કાયદાનો શિક્ષક

જેઠાલાલ ડી. દવે.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૧૨૨૧૮ वर्गांक

पुस्तकनु नाम કાયદાનો શિખાઉ

विषय [illegible]

કાયદાનો શિક્ષક

યાને

ફોજદારી, રેવન્યુ અને દિવાની

કાયદાઓનું જુથ.

(સને ૧૯૨૫ સુધીના સુધારા વધારા સાથે.)

[જેમાં ફોજદારી, રેવન્યુ અને દિવાની કોર્ટોને
લગતા તમામ કાયદાઓનો સંગ્રહ છે.)

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર

જેઠાલાલ દેવશંકર દવે.

તંત્રી ભાગ્યોદય અને હુન્નરવિજ્ઞાન

કર્ત્તા ધનવાન, ભવિષ્યવેત્તા, ડીપાર્ટમેન્ટલ પુસ્તક, ઘરનો વૈદ્ય, હિંદુસ્તાનની તીર્થયાત્રા, સ્ત્રીહિત શિક્ષક, ત્રિકાળદર્શક દર્પણ, માસ્તર ઓફ નોલેજ, સ્વધર્મનિષ્ઠ દૈવીજીવન વિ

ભાગ્યોદય ઑફીસ—અમદાવાદ.

આવૃત્તિ ૪ થી　　સને ૧૯૨૫　　પ્રત ૧૩૫૦

કીંમત રૂ ૧૫—૦—૦

આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ મા આકટ મુજબ તેમજ ૧૯૧૪ ના નવા કૉપીરાઇટના કાયદા પ્રમાણે રજીસ્ટર્ડ કરાવી, ગ્રંથકર્તાએ સર્વ હક્ક પોતાને સ્વાધિન રાખ્યા છે

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ
૧૨૨૧૯

પ્રસિદ્ધ કરનાર
જેઠાલાલ દેવશંકર દવે.
ભાગ્યોદય ઑફીસ—અમદાવાદ

શ્રી "ભાગ્યોદય" પ્રીન્ટીંગ પ્રેસમાં જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યું ખાડીઆ—અમદાવાદ

પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના.

આજકાલ કાયદાનુ બધારણ એવુ છે કે દરેક માણસે કાયદાનુ જ્ઞાન પ્રાપ્ત કરી તે પ્રમાણે વર્તવું જોઇએ જો તે પ્રમાણે ન વર્તે તો તેને ઘણીવાર નુકસાન ખમવુ પડે છે

પરંતુ ઘણા કાયદા અગ્રેજીમા હોવાથી અને ગુજરાતી કાયદા પૈસા ખર્ચતા પણ મળી શકતા નહિ હોવાથી ઘણા માણસો કાયદાનુ જ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી

વળી કેટલાક ગુજરાતી કાયદા મળી શકે તે જુદા જુદા ખરીદ કરવાથી વધારે ખર્ચના બોજામા ઉતરવુ પડે, અને તે પ્રમાણે ખર્ચ કરવાની કેટલાક માણસોની શક્તિ નહિ હોવાથી તેમજ ખર્ચ કરવાની શક્તિ હોય તો મુળ કાયદાની ભાષા સમજી શકવાને કેટલાકો અસમર્થ હોવાથી તેમને કાયદાથી અજ્ઞાન રહેવું પડે છે

કાયદો જાણવો અને એ પ્રમાણે દરેક માણસે વર્તવુજ જોઇએ છતા જ્યારે અડચણોને લીધે આ પ્રમાણે તેઓ કાયદાના જ્ઞાનથી અજ્ઞાન રહે છે, ત્યારે તેમને ઘણી વખત નુકસાનમા ઉતરવુ પડે છે એટલુજ નહિ પણ આબરૂ, ધન અને એવી બીજી હાનીને પણ ખમવી પડે છે, અને વારવાર નજીવી બાબતોમા કાયદાની સલાહ લેવા વિગેરે બાબતોમા પૈસા ખરચતા પણ લોકોના ઓશીઆળા રહેવુ પડે છે

ગેરકાયદેસર કોઈ કૃત્ય કરવાથી શિક્ષાને પાત્ર થવુ પડે ત્યારે કાયદાની અજ્ઞાનતા પુગવામા આવી શકે નહિ કારણ કે સરકારે કાયદો પ્રસિદ્ધ કરી લાગુ કર્યો એટલે તે પ્રમાણે વર્તવાની દરેક માણસને ફરજ પડે છે પછી તે કાયદાનુ જ્ઞાન મેળવે કે ન મેળવે તોપણ, તે કાયદા પ્રમાણે વર્તવાની દરેક માણસને માથે જવાબદારી રહે છે

આથી દરેક માણસ થોડી કિમતે તમામ કાયદાનુ જ્ઞાન પ્રાપ્ત કરી શકે, અને વળી થોડુ ભણેલા માણસો પણ કાયદો સમજી શકે એટલા માટે આ પુસ્તક બહાર પાડવાની જરૂર પડી છે

આ પુસ્તકમા દાખલ કરેલા તમામ કાયદાઓ જો કોઇ માણસ જુદા જુદા ખરીદ કરે તો, તેને લગભગ સો બસો રૂપીઆ ઉપરાંત ખર્ચ થાય તેમ છે, છતા આ પુસ્તકનો લાભ તમામ માણસ ગરીબ અને તવંગર લઇ શકે તેટલા માટે તેની કિમત ઘણીજ જુજ રાખવામા આવી છે તેથી દરેક માણસ આ પુસ્તકનો લાભ લઇ પોતાને પડતી અડચણોથી બચશે એવી આશા છે

આ પુસ્તક રૈયત વર્ગને તેમજ સરકારી નોકરોને તેમજ પરીક્ષા આપનારાઓને ઉપયોગનુ થાય તેવા હેતુથી તેમા જોઇતી તમામ વિગત આપવામા આવેલી છે

આ પુસ્તક દરેક સરકારી નોકર, જેવા કે, કારકુન, તલાટી, પોલીસ અમલદાર, સ્કુલ માસ્તરો અને બીજા તમામ સરકારી નોકરો, અને રૈયત વર્ગના તમામ માણસો જેવા કે, શેઠીઆઓ, શાહુકારો, જમીનદારો, ખેડુતો, નરવાદારો મતાદારો, મુખીઓ ઇનામદારો, અને બીજા તમામ માણસોને અને પરિક્ષા આપનારા અમલદારોને ઉપયોગનુ થાય એવા ક્રમથી લખવામા આવ્યુ છે જેથી આ પુસ્તકનો આશ્રય લઇ દરેક માણસ સુખી થશે તો લેખકનો શ્રમ સાર્થક થશે

આ પુસ્તક દરેક માણસ વાચી તે પ્રમાણે વર્તશે અને બીજાને કાયદાના અજ્ઞાનથી બચાવી પોતે પોતાને તથા બીજાને પડતી અડચણો દુર કરશે તો આ પુસ્તકમા લીધેલો શ્રમ સાર્થક થશે

નાપાડ તા આણંદ
તા ૧૨-૬-૧૯૦૯
સંવત ૧૯૬૫ ના જેઠ વદ ૮ શની

જેઠાલાલ દેવશંકર દવે
પ્રસિદ્ધકર્તા.

બીજી આવૃતિની પ્રસ્તાવના.

દરેક માણસે કાયદો જાણવોજ જોઇયે એવી સરકાર, માણસ માત્રને માટે ફરજ નાખે છે અને તેથી કાયદાના અજ્ઞાનથી કોઈ પણ માણસ ગુન્હો કરે તો તે શિક્ષાથી બચી જઇ શકતો નથી માટે પોતાના હિતની ખાતર, પોતાના હક, ફરજ અને જવાબદારી શુ છે તે જાણવાની ખાતર માણસ માત્રે કાયદાનુ જ્ઞાન મેળવવુ જોઇએ

અમે આ પુસ્તક સન ૧૯૦૯ મા છપાવી બહાર પાડ્યુ હતુ અને તેની બે હજાર નકલો ઘણીજ ટુક સમયમા ખપી ગઈ એજ તે પુસ્તકની લોકપ્રિયતા જણાવે છે પ્રજામા આ પુસ્તક પ્રિય થઈ પડ્યુ હતુ પણ તેમા ઘણા સુધારા વધારા ને ફેરફાર કરવાની મને ઘણા સજ્જનો તરફથી સુચના પણ થઈ હતી તે સુચના અનુસાર આ પુસ્તકની બીજી આવૃત્તિ તદ્દન નવેસરથી લખીને તૈયાર કરવી પડી છે તેમા પ્રથમ આવૃત્તિમા ઘણા કાયદાઓ ટુકાણમા હતા તે આ વખતે ઘણા અગત્યના કાયદાઓ પુરેપુરા અને કેટલાક મુખ્ય અગત્યના હતા તેમા તો અગત્યની ટીકા અને નોટ પણ આપી છે જેવા કે—

ક્રીમીનલ પ્રોસીજર કોડ, ઇંડિઅન પીનલ કોડ, સિવીલ પ્રોસીજર કોડ, લેન્ડ રેવન્યુ કોડ, પુરાવાનો કાયદો, મામલતદારની કોર્ટોનો આક્ટ રેલ્વેના એક્ટ. વિગેરે વિગેરે આ પ્રમાણે પુરેપુરા કાયદા લેવામા પુસ્તક ઘણુજ વધી ગયુ અને તેમ છતા, ચાલુ લડાઇના પ્રસંગેજ પ્રથમ આવૃત્તિ ખુટી જતા તેની ચાલુ માગણી ઉપર ઉપરી થતા અમારે જે કાગળો સાત રૂપિએ મળે તેના પચીસથી ત્રીસ રૂપિએ રીમ ખરીદવા પડ્યા અને એક તો પ્રથમ આવૃત્તિ કરતા કદ મોટુ, લખાણ વધુ અને કાગળોનો ભાવ પણ વધુ એટલુજ નહિ પણ છપામણી તેમજ બાઇંડીગનુ ખરચ પણ—ઘણુજ આવી પડતા આ પુસ્તકમા પ્રથમ આવૃત્તિ કરતા ચાર ઘણુ વધારે ખરચ આવ્યુ છે

કાયદાઓના નામ આપીને અનેક માણસો જેમ તેમા કાયદાનુ નામ નિશાન ન મળે એવા પુસ્તકો પ્રગટ કરે છે જેમકે ઉપર પુસ્તકનુ નામ એવુ હોય કે જેના નામથી અજાણ્યા માણસો એમ ધારે કે, અહો આટલુ મોટુ પુસ્તક અને તેમા આટલા બધા કાયદા હશે છતા કીમત આટલી થોડી, પણ જ્યારે મગાવી જુએ ત્યારે તેમા હેડીગમા કાયદાનુ નામ આપેલુ હોય પણ તેમાની બસ ત્રણસે કલમોમાથી માત્ર પાચ સાત કલમોનો સાર, અને ચાર – પાચ પાનામાજ એટલો મોટો કાયદો પણ થયેલો હોય અને વળી કહે કે સો કાયદાઓનો સગ્રહ અને પાન ત્યારે માત્ર પાચસોજ અને તે વળી એવા કે બે પાનનુ આ પુસ્તકનુ તો એકજ પાન થાય એટલે માત્ર અઢીસો પાન હોય એટલે માત્ર અઢીસોજ પાન અને કાયદા ત્યારે પીનલકોડ જેવા સો કે સવાસો ! આ મેળ કયાથી ખાય ? માટે બધુઓ સાવચેત રહેજો કે તમામ કાયદાઓનો સગ્રહ હોય એવુ એક પણ બીજુ પુસ્તક છેજ નહિ કદાચ કોઈ હશે તો માત્ર સાર રૂપેજ માટે જેમને ખરૂ જ્ઞાન મેળવવુ હોય તેમણે તો આ પુસ્તકજ ખરીદવુ આ એકજ પુસ્તક પાસે રાખવાથી બીજા કાયદા ખરીદવાની કે જોવાની જરૂર પડતી નથી

તેમા—વધારામા—કાયદાઓ ઉપરાત ફોજદારી, રેવન્યુ અને દિવાની કોર્ટોમા કરવાની અરજીઓ અને દાવાઓના, તથા તેના જવાબોના નમુનાઓ તેમજ દસ્તાવજોના નમુનાનો પણ સગ્રહ કરવામા આવ્યો છે તેથી આ પુસ્તક વધુ ઉપયોગી થઇ પડશે એવી આશા છે

કાગળોની ઘણીજ મોઘવારી હોવાથી કોપી પણ ઘણીજ જુજ કઢાવી છે, માટે તાકીદે ખરીદી લેનારને જ તેનો લાભ મળશે

ભાગ્યોદય ઓફીસ—**અમદાવાદ.**
તા ૨૫-૯-૧૯૧૭
સંવત ૧૯૭૩ ના ભાદરવા શુકલ ૧૧

જેઠાલાલ દેવશંકર દવે
ગ્રંથકર્તા.

ત્રીજી આવૃતિની પ્રસ્તાવના.

બીજી આવૃત્તિ સને ૧૯૧૭ મા બહાર પડી હતી, પણ તેની ઉપયાગીતા એટલી બધી વધી ગઇ કે તેની તમામ નકલો માત્ર બેજ વર્ષમા ખપી ગઇ અને તેથી આ ત્રીજી આવૃત્તિ આજ સુધીના સધારા વધારા સાથેની બહાર પાડવામા આવી છે આશા છે કે તે પણ જનસમાજમા વધુ પ્રિય થઇ પડશે

ચાલુ જમાનામા રાજદ્વારી બાબતોમા હિલચાલ કરતા પહેલા તેમજ સામ્રાજ્યની વ્યવસ્થામા ભાગ લેવાની ઇચ્છા રાખતા પહેલા દરેક માણસે કાયદાનુ જ્ઞાન મેળવવુ જોઇએ કાયદો પ્રસિદ્ધ થાય એટલે તે કાયદાનુ જ્ઞાન રૈયતને છે એમ માનીનેજ ઇન્સાફ કરવામા આવે છે કાયદાએ આપણે માથે શી શી ફરજો અને જવાબદારી નાખી છે તે જાણી તે પ્રમાણે વર્તવાથી ભવિષ્યમા કાયદાની ચુગલમા ફસાઇ શકાતુ નથી

કાયદેસર વર્તવાની દરેક માણસની ફરજ છે, કાયદાથી ઉલ્ટો ચાલનાર કે કાયદાના અજ્ઞાનથી કાયદાનો ભગ કરનાર શિક્ષાને પાત્ર ઠરે છે, જો તે એમ કહે કે કાયદાનુ મને જ્ઞાન નહોતુ તેથી મે આ કૃત્ય કર્યું છે તો તેથી તે શિક્ષામાથી બચી જતો નથી માટે દરેક માણસે શી રીતે વર્તવુ જોઇએ તે જાણવા માટે કાયદાનુ જ્ઞાન મેળવવુ જોઇએ, આ પુસ્તકમાની આ આવૃત્તિમા ઘણા નવા કાયદાઓનો પણ સમાવેશ કરેલો છે અને જુના કાયદામા થએલા સુધારા પણ દાખલ કરેલા છે, જેથી તે વધુ ઉપયોગી થવા સભવ છે આશા છે કે તેનો દરેક માણસ લાભ લેશેજ

ભાગ્યોદય ઑફીસ, અમદાવાદ
તા ૨૫—૨—૧૯૨૦
સવત ૧૯૭૬ ના ફાલ્ગુન સુદ ૬-

જેઠાલાલ દેવશંકર દવે
કર્તા

ચોથી આવૃતિની પ્રસ્તાવના.

કાયદાના શિક્ષકની એક પછી એક ત્રણ આવૃત્તિ ખપી જવાથી તેની સુધારા વધારા સાથે આ ચોથી આવૃત્તિ બહાર પાડી છે

આ પુસ્તકમા ક્રિમીનલ પ્રોસીજર કોડ—જે નવો સુધર્યો છે તે નવા સુધારા સાથે દાખલ કર્યો છે તેમજ લોકલબોર્ડ એકટ, ઇન્કમટેક્ષ એકટ વિગેરે ઘણા નવા કાયદાઓ ઉમેર્યા છે તેમા બીજા કાયદાઓમા પણ સુધારા થયેલા તે દાખલ કર્યા છે

કાયદામા વારવાર સુધારા વધારા થયા કરે છે અને તેમા વારવાર ફેરફાર થાય છે, તે સુધારા, વધારા અને ફેરફાર આ પુસ્તકમા ઉમેરવામા આવ્યા છે, જેથી આ પુસ્તક તેનો ઉપયોગ કરનારને ઘણુ ઉપયોગી થશે એવુ અમારૂં માનવુ છે.

આ પુસ્તકને હાઇકોર્ટ જડજ, સેસન્સ જડજો, સ્મોલકોઝ કોર્ટ જડજ, કલેકટરો, દિવાનો, મેજીસ્ટ્રેટા, બારીસ્ટરો અને અન્ય કાયદામા પ્રવિણ વિદ્વાન અમલદારોએ એકે અવાજે વખાણી ઉપયોગી ગણેલુ છે અને તે માટેના તેમના પ્રમાણ પત્રો આ ગ્રથની પાછળ છે, તે જોવાથી સમજાશે કે પુસ્તક ઘણુ જ ઉપયોગી છે આવા ઉપયોગી પુસ્તકથી આ ચોથી આવૃત્તિ પાછળ જનસમાજને લાભ થશે એવી અમે આશા રાખીએ છીએ

ભાગ્યોદય ઓફીસ
સવત ૧૯૮૧ ના ચૈત્ર સુદ ૧
ગુડી પડવો
તા. ૨૫ માર્ચ સને ૧૯૨૫

જેઠાલાલ દેવશંકર દવે.
કર્તા

કાયદાનો શિક્ષક

અને

ફોજદારી રેવન્યુ અને દિવાની કાયદાઓનું જુથ.

ચોથી આવૃત્તિ

વિષયાનુક્રમણિકા.

ભાગ ૧ લો

ફોજદારી વિષયને લગતા કાયદા

ભાગ ૨ જો

રેવન્યુ વિષયને લગતા કાયદા

ભાગ ૩ જો

દિવાનિ વિષયને લગતા કાયદા

ભાગ ૪ થો

ફોજદારી, રૈવન્યુ અને દિવાની કોર્ટમા કરવાની અરજીઓ, જવાબો અને દસ્તાવેજોના નમુના

કાયદાનો શિક્ષક

અને

ફોજદારી રેવન્યુ અને દિવાની કાયદાનું જુથ.

ભાગ ૧ લો.

ફોજદારી કાયદા.

ક્રીમીનલ પ્રોસીજર કોડ

યાને

ફોજદારી કામ ચલાવવાના રીત બાબતનો કાયદો

(સને ૧૮૯૮ નો ઍક્ટ ૫ મો સુધારા સાથે.)

પ્રથમ ઠરાવ.

બાબ ૧ લો.

૧ (૧) આ આક્ટને સને ૧૮૯૮ નો ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો કહેવો (૨) તે એક્ટ આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ છે પરતુ આ આક્ટ માહેનો કોઇ પણ મજકુર (અ) કલકત્તા, મદ્રાસ તથા મુમ્બાઈ શહેરોમા પોલીસ કમીશનરોને અથવા કલકત્તા તથા મુમ્બાઇ એ શહેરોમાં પોલીસને, અને (બ) મદ્રાસ ઇલાકાના ગામના પોલીસ અમલદારોને લાગુ નથી

૨ પહેલા પરિશિષ્ટમા કહેલા કાયદા સદરહુ પરિશિષ્ટના ચોથા આમનમા લખ્યું છે તેટલે સુધી રદ થશે.

૩ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા ઉપર તથા બીજા રદ કરેલા કાયદા ઉપરના હવાલા આપ્યા હોય તે પ્રસ્તુત કાયદા ઉપર કે બાબ કે કલમ ઉપર આપ્યા છે એમ સમજવુ,

૪ હેઠળ લખેલા શબ્દોનો તથા વાકયોનો અર્થ હેઠળ લખ્યા પ્રમાણે થાય છે

(અ) એડવોકેટ જનરલ—સરકારી એડવોકેટ જનરલ અથવા સ્થાનિક સરકાર વખતે આ અર્થે નિમે તે અમલદાર

(બ) જામીન લઈ શકાય એવો ગુન્હો—જે ગુન્હા બાબત જામીન લઈ શકાય તે, અને જામીન નહિ લઇ શકાય એવો ગુન્હો—એટલે બીજો કોઈ પણ ગુન્હો સમજવો.

(ક) ચાર્જ—આ શબ્દમા એવા ચાર્જમા એક કરતા વધારે મદરો હોય ત્યારે તે કોઈ પણ સદરનો સમાવેશ છે

(ડ) ચીફજસ્ટીસ—પંજાબની ચીફ કોર્ટના ચીફ જડજનો અને રંગુનના રેકર્ડરનો પણ સમાવેશ થાયછે

(ઇ) કલાર્ક ઓફ ધી ક્રોન—કાયદાથી કલાર્ક ઓફ ધી ક્રૌનને જે કામો સોપ્યા છે તે કામો બજાવવા માટે ચીફ જસ્ટીસે નિમેલો હરકોઈ અમલદાર

(ફ) કૉગ્નિઝેબલ ગુન્હો—એટલે જે ગુન્હા બાબત અને કૉગ્નિઝેબલ મુકદમો એટલે જે મુકદમામા ઇલાકાના મુખ્ય શહેરોની અંદર તથા બહાર પોલીસ અમલદાર બીજા પરિશિષ્ટ પ્રમાણે અથવા હરકોઇ ચાલુ કાયદા પ્રમાણે વગર વારંટે પકડવાને મુખત્યાર છે તે ગુન્હો અથવા મુકદમો સમજવો

(ગ) કમીશનર ઓફ પોલીસ—આ શબ્દમા ડેપ્યુટી કમીશનર ઓફ પોલીસનો પણ સમાવેશ થાય છે

(હ) ફરીયાદ—એટલે આ કાયદા પ્રમાણે માજીસ્ટ્રેટની પાસે કોઇ માણસે કોઈ ગુન્હો કર્યો છે એવો મજકુર લખીને જાહેર કરવો તે તેમાં પોલીસ અમલદારના રીપોર્ટનો સમાવેશ થતા નથી

"(આઇ)" યુરોપી બ્રિટિશ રૈયત એ શબ્દનો અર્થ,

(૧) બ્રિટિશ ટાપુઓમા અથવા કોઈપણ વસાહતમા મલિક મુઆઝમની જે રૈયત જન્મી હોય અથવા જે રૈયતને ત્યાનો દેશ અધિકાર પ્રાપ્ત થયો હોય અથવા જે રૈયતે ત્યાં હમેશા રહેવાનુ ઠેકાણુ કર્યુ હોય એવી કોઇપણ યુરોપીયન ઓલાદની પુરૂષ જાતીની હરકોઈ રૈયત અથવા

(૨) સદરહુ પ્રકારના હરકોઇ માણસનું ઔરસ છોકરૂ અથવા તે છોકરાનુ છોકરૂ હોય એવી મલેક મુઆઝમની હરકોઇ રૈયત, એવો થાય છે

(જ) હાઇકોર્ટ—રાણીની વિલાયતી રૈયતની ઉપર તહોમત મુકયુ હોય તો તે ચલાવવાના સબંધમા હાઇકોર્ટ એ શબ્દનો અર્થ, કલકત્તા, મદ્રાસ કે મુંબાઇની હાઇકોર્ટ, વાવ્ય પ્રાંતની હાઇકોર્ટ, પંજાબની ચીફ કોર્ટ અને રંગુનના હાઇકોર્ટ, મધ્યપ્રાંત આઉધ તથા સિંધના જ્યુડીશીયલ કમીશનરની કોર્ટ સમજવી

[ ] ચોકશી એ શબ્દમા મેજીસ્ટ્રેટ કે કોર્ટે આ કાયદાની રૂયે ઇન્સાફ સિવાય કરેલી બીજી દરેક ચોકશીનો સમાવેશ થાય છે

[લ] તપાસ આ શબ્દમાં પોલીસ અમલદાર કે જેને આ બાબત કોઇ માજીસ્ટ્રેટે અધિકાર આપ્યો હોય તે સખસે પુરાવો એકઠા કરવા સારૂ આ કાયદા પ્રમાણે ચલાવેલા સઘળા કામનો સમાવેશ થાય છે

[મ] ઇન્સાફી કામ એ શબ્દમા કોઈ પણ કામનો પુરાવો કાયદેસર રીતે સોગન ઉપર લેવામા આવે છે અથવા લેવાનો આધાર છે તેવા કોઇ પણ કામનો સમાવેશ થાય છે

[ન] નાનકોગ્નીઝેબલ ગુન્હો—એટલે જે મુકદમામા પોલીસ અમલદાર વગર વારંટે પકડવાને મુખત્યાર નથી તેવો ગુન્હો

[ઓ] ગુન્હો—કોઇપણ ચાલુ કાયદાથી શિક્ષાલાયક કરેલું કૃત્ય અથવા કસુર

[પી] જે અમલદારના હવાલામાં પોલીસ થાણું હોય તે અમલદાર—જેના તાબામાં થાણુ હોય તે અમલદાર, જ્યારે તે ગેરહાજર હોય ત્યારે તે પછીના દરજ્જાના પોલીસ કોન્સ્ટેબલના ચઢતા દરજ્જાનો જે પોલીસ અમલદાર થાણાના મકાનમા હાજર હોય તે અમલદાર સમજવો

[ક્યુ] જગા—આ શબ્દમા ઘર, ઇમારત, તંબુ તથા વહાણનો સમાવેશ થાય છે

[આર] પ્લીડર—કોઇ પણ કોર્ટમા કામ ચાલતુ હોય તે કામના સબંધમાં 'પ્લીડર' આ શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યારે તે શબ્દનો અર્થ તે કોર્ટમા વકીલનુ કામ કરવાનો અધિકાર કાયદાની રૂયે જે પ્લીડરને અથવા મુખત્યારને આપ્યો હોય તે પ્લીડર, જેમા હાઇકોર્ટના એડવોકેટ, વકીલ તથા અટર્નિનો અને જે કામ ચાલતુ હોય તે કામ કરવા સારૂ કોર્ટની પરવાનગીથી નીમેલા કોઇપણ બીજા સખસનો સમાવેશ થાય છે

ટીકા—મુખત્યાર રાખવો કે નહિ એ માજીસ્ટ્રેટની મુખત્યારી પર રાખેલુ છે (૭. મ હા કો. અપે. ૩૭)

(એસ) પોલીસથાણુ—જે જગાને સ્થાનીક સરકારે સામાન્ય રીતે અથવા વિશેષ કરીને પોલીસ થાણું ઠરાવ્યુ હોય ને જગા.

[ટી] પબ્લીક પ્રોસીક્યુટર—એટલે ૪૯૨ મી કલમ પ્રમાણે નીમેલો કોઇપણ સખસ, કોર્ટ પોતાની ફોજદારી હકુમત ચલાવતી હોય ત્યારે તે કોર્ટમાં મલીકામુઆઝમા તરફથી ફરીયાદીનું કામ ચલાવનાર હર કોઇ સખસ સમજવા

[યુ] પેટાતુકડી—એટલે જીલ્લાની પેટા તુકડી

[વી] સમનનો મુકદ્દમો—એટલે જે મુકદમો વારંટના મુકદમા પૈકી ન હોય અને એકાદા ગુન્હા સબંધી હોય તે મુકદમો

[ડબલ્યુ] વારંટનો મુકદમો—જે ગુન્હા બાબત મોતની કે સમુદ્રપારની કે છ મહીનાથી વધારે મુદત સુધી કેદની શિક્ષા કરી શકાય તેવા ગુન્હા સબંધી કોઈ મુકદમો

(૨) જે શબ્દો કરેલા કૃત્યોના સંબંધમા વાપર્યા હોય તે શબ્દો ગેરકાયદેસર કરેલી કસુરોને પણ લાગુ છે અને જે શબ્દો તથા વાક્યો આ કાયદામા વાપર્યા હોય અને જેઓની વ્યાખ્યા હિંદુસ્તાન ફોજદારી કાયદામા આપી હોય ને ઉપર આપી ન હોય તે સર્વે શબ્દોના તથા વાક્યોના અર્થ સદરહુ કાયદામા જે પ્રમાણે આપ્યા હોય તે પ્રમાણે સમજવા

૫ (૧) હિંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબના સઘળા ગુન્હાઓની આ કાયદામા આગળ કહેલા ઠરાવો પ્રમાણે તપાસ, ચોકસી, તથા ઇન્સાફ કરવો, અને બીજી રીતે નિકાલ કરવો

(૨) બીજા કાયદા મુજબના સઘળા ગુન્હાઓની તપાસ, ચોકશી તથા ઇન્સાફ કે બીજા પ્રકારનો નીકાલ તેજ ઠરાવ પ્રમાણે કરવો, પણ તેવા ગુન્હાની તપાસ, ચોકશી કે ઇન્સાફ કે ઇતર પ્રકારે કરવાનો નીકાલ કરવાની રીત અથવા જગા સબંધી નિયમ ન કરવા બાબત વિદ્યમાન કાળે જે કોઈ કાયદો ચાલુ હોય તેને અનુસરીને કરવી.

ફોજદારી કોર્ટોની તથા હોદ્દાઓનો રચના ને અધિકાર.

બાબ ૨ જો.

ફોજદારી કોર્ટોની તથા હોદ્દાઓની રચના બાબત.

અ ફોજદારી કોર્ટોના દરજ્જા.

૬. હાઈકોર્ટો સિવાય—તથા કાયદા પ્રમાણે ઠરેલી કોર્ટો સિવાય બ્રિટિશ હિંદુસ્તાનમા પાંચ દર જ્જાની ફોજદારી કોર્ટો હશે, એટને—

૧ સેસન કોર્ટો, ૨ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટોની કોર્ટો, ૩ પહેલા વર્ગના મેજીસ્ટ્રેટોની કોર્ટો, ૪ બીજા વર્ગના માજીસ્ટ્રેટોની કોર્ટો, ૫ ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટોના કોર્ટો

ટીકા—પોલીસ પટેલની કોરટ એ ફોજદારી કોર્ટ નથી

બ મુલકની તુકડીઓ

૭. (૧) દરેક પ્રાંત સેસન તુકડી થશે અને આ કાયદાના કારણ સારૂ દરેક સેસન તુકડી જીલ્લો થશે

(૨) તુકડીઓમા તથા જીલ્લાઓમા ફેરફાર કરવાને ગવર્નર જનરલ ઇન કૌન્સિલની અગાઉથી મંજુરી લઇને સ્થાનિક સરકારને અધિકાર છે

(૩) હાલની તુકડીઓ તથા જીલ્લાઓમા જ્યા સુધી ફેરફાર કરવામા ન આવે ત્યા સુધી તે કાયમ રહેશે

(૪) ઇલાકાના મુખ્ય શહેરોને જીલ્લા સમજવા

૮ જીલ્લાઓની પેટા તુકડીઓ કરવાના અધિકાર સ્થાનિક સરકારને છે

ક. ઇલાકાના મુખ્ય શહેરોની બહાર કોર્ટો તથા હોદ્દા

૯ (૧) સ્થાનિક સરકારે દરેક સેસન તુકડી માટે એક સેસન કોર્ટ સ્થાપવી અને તે કોર્ટનો એક જડજ નિમવો

(૨) સેશન કોરટે કેઇક કઇ જગાએ ભરવી તે ફરમાવવાનો સ્થાનિક સરકારને અધિકાર છે.

(૩) એક કે વધુ કોર્ટોમાં હકુમત ચલાવવાને એડીશનલ સેસન જડજો, આસીસ્ટટ જડજો નિમવાનો અધિકાર સ્થાનિક સરકારને છે

(૪) સેસન જડજને બીજી ટુકડીના એડીશનલ સેસન જડજ તરીકે નિમવાનો સ્થાનિક સરકારને અધિકાર છે.

(૫) જે સેસન કોર્ટો ચાલુ હોય તે સઘળી આ કાયદા પ્રમાણે સ્થાપેલી છે એમ સમજવુ

૧૦ જીલ્લા માજીસ્ટ્રેટ—ઇલાકાના મુખ્ય શહેરોની બહાર દરેક જીલ્લામા સ્થાનિક સરકારે પહેલા વર્ગનો એક માજીસ્ટ્રેટ નિમવો અને તેને જીલ્લા માજીસ્ટ્રેટ કહેવો

ટીકા—જીલ્લા માજીસ્ટ્રેટનો અર્થ ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ સમજવો

પોલીસ કમીશનરને તેમના જીલ્લાની અદર અને ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસને આખા ઇલાકાની અદર ફર્સ્ટ ક્લાસ માજીસ્ટ્રેટનો અધિકાર છે પણ તે સરકાર ફરમાવે તેવી હદમા રહીને વાપરવાના છે.

એડીશનલ જીલ્લા માજીસ્ટ્રેટ, જીલ્લા માજીસ્ટ્રેટના તાબાનો માજીસ્ટ્રેટ ગણાશે.

૧૧ જીલ્લા માજીસ્ટ્રેટનો હોદ્દો ખાલી પડે ત્યારે થોડી મુદતને માટે નિમાયલા અમલદારે જીલ્લા માજીસ્ટ્રેટના જે અધિકાર આપ્યા હોય તે ચલાવવા

૧૨ કોઈ પણ જીલ્લામા-જીલ્લા માજીસ્ટ્રેટો સિવાય, પેલા વર્ગના, બીજા કે ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટો પોતાની નજરમાં આવે તેટલા નિમવાને સ્થાનિક સરકારને અધિકાર છે

૧૩ કોઈ પેટા તુકડી પેહેલા, કે બીજા વર્ગના કોઇ માજીસ્ટ્રેટના હવાલામા મકવાને અને તે હવાલો છોડાવવાને સ્થાનિક સરકાર મુખ્તીયાર છે, (૨) તે માજીસ્ટ્રેટોને પેટા તુકડી માજીસ્ટ્રેટો કહેવા (૩) સ્થાનિક સરકારે આ કલમમા કહેલા પોતાના અધિકાર જીલ્લા માજીસ્ટ્રેટને સોપવાને મુખ્તીયાર છે

૧૪ પેલા, બીજા કે ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટને જે અધિકાર આ કાયદા પ્રમાણે આપ્યા છે કે આપી શકાય તે સર્વ કે તેમાના હરકોઇ અધિકાર ઇલાકાના મુખ્ય શહેરોની બહાર હરકોઇ સ્થાનિક પ્રદેશમા અમુક વર્ગના મુકદમાના સબંધમા હરકોઇ માણસને આપવાનો સ્થાનિક સરકારને અધિકાર છે

૧૫ ઇલાકાના મુખ્ય શહેરોના બહાર હરકોઇ જગામા બે અથવા વધારે માજીસ્ટ્રેટોનો બેચ તરીકે બેસવાનુ ફરમાવવાને સ્થાનિક સરકારને અધિકાર છે, અને તે બેચને ૧ લા, ૨જા કે ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટોના અધિકાર આપવાને સ્થાનિક સરકાર મુખ્ત્યાર છે

૧૬ મેજીસ્ટ્રેટોની બેંચોની, તેઓના કામની સમજુત માટે, (અ) ઇન્સાફ કરવાના મુકદમાના વર્ગો (બ) બેસવાની જગા (ક) બેચની રચના (ડ) બેઠેલા માજીસ્ટ્રેટો વચ્ચે મતભેદ પડે તો નિકાલ કરવાની રીત એ સારૂ કાનુનો કરવાને સ્થાનીક સરકાર અથવા જીલ્લા માજીસ્ટ્રેટ મુખ્તીયાર છે,

ટીકા—ગુચવણવાળા અને કઠણ કેસ બેચને સોપવા એ યોગ્ય નથી (ઇ લૉ રી. ૨ ક. ૨૩)

૧૭ (૧) સઘળા માજીસ્ટ્રેટો તથા સઘળી બેચોએ જીલ્લા માજીસ્ટ્રેટના તાબામા રહેવુ.

(૨) પેટા તુકડીમા અધિકાર ચલાવનાર દરેક માજીસ્ટ્રેટ તથા દરેક બેચ પેટા તુકડી માજીસ્ટ્રેટના પણ તાબામા છે એમ સમજવુ. (૩) સઘળા આસિસ્ટટ સેસનજડજોએ સેસનજડજના તાબામાં રહેવુ (૪) સેસનજડજની ગેરહાજરીમા જરૂરી અરજીનો નિકાલ એડીસનલ આસીસ્ટટ સેસન જડજે કરવો (૫) જીલ્લા માજીસ્ટ્રેટ તેમ ૧૨, ૧૩ ને ૧૪ મી કલમ પ્રમાણે નીમેલા માજીસ્ટ્રેટો ને ૧૫ મી કલમ પ્રમાણે રચેલી બેચો, સેસન જડજના તાબામા નથી એમ સમજવુ પણ આ કાયદામા ખાસ ઠરાવ્યુ છે તેટલે સુધી તેના તાબામાં છે એમ સમજવુ

(ડ) પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટોની કોર્ટો

૧૮ (૧) સ્થાનિક સરકારે દરેક ઇલાકાના મુખ્ય શહેરમા જોઇએ તેટલા માણસોને માજીસ્ટ્રેટો તરીકે નીમવા અને તેમાના એક તે દરેક શહેરના ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ તરીકે નીમવો (૨) આ કાયદા મુજબના માજીસ્ટ્રેટના અધિકાર, ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ કે પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ કે પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટની બેચે ચલાવવા (૩) સ્થાનીક સરકાર આ કલમની રૂએ ફરમાવે ત્યા સુધી પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ નીમવાનો અધિકાર છે (૪) તેમ એડીશનલ ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ નીમવાનો અધિકાર છે.

"(૩) સ્થાનિક સરકાર, સામાન્ય અથવા વિશેષ હુકમથી, ઠરાવે તેટલી મુદત માટે આ કલમની રૂએ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ નિમવાનો અધિકાર છે

(૪) સ્થાનિક સરકારને કોઇપણ શખસને એડીશનલ ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ નિમવાનો અધિકાર છે અને એવા એડીશનલ ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટને, સ્થાનિક સરકાર ફરમાવે તે પ્રમાણે, આ કાયદા મુજબના અથવા વિદ્યમાનકાળે અમલમાં હોય એવા બીજા કોઇપણ કાયદા મુજબના ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટના સઘળા અથવા કોઇપણ અધિકાર મળશે.

૧૯ એવા માણસોમાના હરકોઇ બે કે વધારે માણસોએ બેચ તરીકે એકઠા બેસવુ.

૨૦ દરેક પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટે જે ઇલાકાના મુખ્ય શહેર માટે તે નિમાયો હોય તેમાની સઘળી જગામા તે શહેરના બંદરની તથા વહાણ ચાલી શકે એવી તે બંદર તરફ જતી હરકોઇ નદી કે ખાડીની જે હદ ઠરાવેલી હોય તે સઘળી જગાઓમા હકુમત ચલાવવી

૨૧ (૧) દરેક ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટે, જે અધિકાર આ કાયદાથી તેને આપ્યા છે તે સઘળા પોતાના હકુમતની સ્થાનિક હદમા ચલાવવા, (૨) કયા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટો અને એડીશનલ ચીફ પ્રેસીડેન્ટ માજીસ્ટ્રેટો, ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટના તાબા હેઠળ છે તે ઠરાવવાનો ને નક્કી કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે.

(ઈ.) જસ્ટીસ ઑફ ધી પીસ.

૨૨ ગવર્નર જનરલ ઇનકાઉન્સીલ કે સ્થાનિક સરકાર પોતાને યોગ્ય લાગે તેવી બ્રીટીશ હીંદુસ્તાનમા રહેતા હોય પણ કોઇ પણ પરદેશી રાજ્યની રૈયત ન હોય એવા શખસોને સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તે જાહેરનામામા કહેલા મુલકોની અંદર અને તે મુલકો માટે જસ્ટીસ ઑફ ધી પીસ તરીકે નિમવાને મુખત્યાર છે,

૨૫ પોતાના હોદ્દાના સબબથી, ગવર્નર જનરલ, ગવર્નરો, લેફ્ટેનન્ટ ગવર્નરો, ચીફ કમીશનરો, ગવર્નર જનરલની કાઉન્સીલના મામુલ મેમ્બરો, હાઇકોર્ટોના જડજો, એ આખા બ્રીટીશ હીન્દુસ્તાનને માટે જસ્ટીસ ઑફ ધી પીસ છે અને સેસન જડજો, જીલા માજીસ્ટ્રેટો તે જે સ્થાનિક સરકારના તાબામા નોકરી કરતા હશે તે સરકાર વહીવટના સઘળા મુલકને માટે જસ્ટીસ ઑફ ધી પીસ છે, અને પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટો જે શહેરમા તે માજીસ્ટ્રેટ હોય તે શહેરોની અંદર જસ્ટસ ઑફ ધી પીસ છે

૬ સસ્પેન્ડ કરવા બાબત કે દુર કરવા બાબત

૨૬ હાઇકોર્ટો સિવાય બીજી ફોજદારી કોરટના સઘળા જડજોને અને સઘળા માજીસ્ટ્રેટોને સસ્પેન્ડ કરવા કે દુર કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે પણ જેમને હોદા ઉપરથી સસ્પેન્ડ કે દુર કરવાનો અધિકાર ફકત ગવર્નર જનરલ ઇનકૌન્સિલને છે તેમને હોદા ઉપરથી બીજા કોઇએ સસ્પેન્ડ કે દુર કરવા નહિ

૨૭ જે જસ્ટીસ ઑફ ધી પીસને ગવર્નર જનરલ ઇનકૌંસિલે નિમ્યો હોય તેને સસ્પેન્ડ કે દુર કરવો એ ગવર્નર જનરલ ઇનકૌન્સલને અધિકાર છે અને જેને સ્થાનિક સરકારે નિમ્યો હોય તેને સસ્પેન્ડ કે દુર કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે

ભાગ ૩ જો.

કોરટનો અધિકાર.

૨૮ હિંદુસ્થાનના ફોજદારી કાયદા મુજબના હરકોઇ ગુન્હાનો ઇનસાફ આ કાયદાના બીજા ઠરાવોને અનુસરીને, (અ) હાઇકોર્ટને, (બ) સેસનકોર્ટને અને (ક) બીજા પરીશીષ્ટના ૮ મા આસનમા બતાવ્યા પ્રમાણે બીજી જે કોરટથી સદરહુ ગુન્હાનો ઇનસાફ થઇ શકે તે કોરટને છે

૨૯ બીજા કોઇપણ કાયદા મુજબના ગુન્હાનો ઇનસાફ જ્યારે સદરહુ કાયદામા આ બાબત કોઇ બીજા કોરટનુ નામ કહ્યુ હોય ત્યારે તે કોરટે ૪૪૭ મીનકલતના ઠરાવોને પાત્ર રહીને કરવો

૨૯ અ તહોમતવાળો શખસ યુરોપી બ્રિટિશ રૈયત હોય અને તે પ્રમાણે તેના ગુન્હાના ઇન્સાફનુ કામ ચલાવવાને તે દાવો કરે ત્યારે, બીજા અથવા ત્રીજા વર્ગના કેઇપણ મ જીસ્ટ્રે ૫૦ રૂપીઆ કરતા વધારે ન હોય એવા દંડની શિક્ષાને પાત્ર હોય ત શિવાયના બીજા કોઈ પણ ગુન્હાની તપાસ કરવી નહિ. અથવા તેવા ગુન્હાના ઇન્સાફનુ કામ ચલાવવુ નહિ.

૨૯ બ મોતની અથવા જીદગી સુધીની શિક્ષાને પાત્ર સિવાયનો કોઇપણ ગુન્હો જે કોઇ શખસે કર્યો હોય તે શખસ, જે તારીખે કોર્ટ સમક્ષ હાજર થાય અથવા તેને હાજર કરવામા આવે તે તારીખે, પદર વર્ષની ઉમ્મર અદરનો હોય તો, તેના ઇન્સાફનું કામ ચલાવવાનો એકાદા ડિસ્ટ્રિકટ માજીસ્ટ્રેટને અથવા ચીફ પ્રેસીડેન્સી માજિસ્ટ્રેટને અથવા સને ૧૮૯૭ ના સનમાર્ગપ્રવર્તક શાળા માટેના આકટની કલમ ૮ની પેટા-કલમ (૧) ની રૂએ સોપેલા અધિકારો ચલાવવાને સ્થાનિક સરકારે ખાસ અધિકાર આપેના કોઇપણ માજીસ્ટ્રેટન અધિકાર છે અથવા જે કાઇ પ્રદેશમાં નાની ઉમ્મરના ગુન્હેગારોના કબજા, ઇન્સાફ અથવા શિક્ષા માટે ઠરાવ કરનાર કોઇપણ બીજા કાયદાથી સદરહુ આકટ આખો અથવા અશત રદ કર્યો હોય તે પ્રદેશમા, એવા કાયદાથી સોપેલા સઘળા અથવા કોઇપણ અધિકાર ચલાવવાને તે કાયદાથી અથવા તે કાયદા મુજબ અધિકાર આપેલા કોઇપણ માજિસ્ટ્રેટને તેના ઇન્સાફનુ કામ ચલાવવાનો અધિકાર છે

૩૦ જે મુલકોનો કારભાર પજાબને પશ્ચિમોત્તર પ્રદેશના લેફ્ટેનન્ટ ગવર્નરો, અયોધ્યા ને સેન્ટ્રલ પ્રોવીન્સીસ, કુર્ગ ને આસામના ચીફ કમીશનરો, ચલાવતા હોય તે મુલકોમા મોતની શીક્ષાને લાયક નહિ હોય એવા સઘળા ગુન્હાઓનો ઇન્સાફ માજીસ્ટ્રેટ તરીકે કરવાનો અધિકાર જીલ્લા માજીસ્રેટને કે પહેલા વર્ગના કાઇ માજીસ્રેટને આપવાનો સ્થાનિક સરકાર મુખત્યાર છે

બ જુદા જુદા દરજ્જાની કોરટોને જે શિક્ષાના હુકમ કરવાનો અધિકાર છે તે.

૩૧ (૧) જે શિક્ષાનો હુકમ કરવાને કાયદાથી અધિકાર હોય તેની હરકોઇ શિક્ષાનો હુકમ કરવાને હાઇકોર્ટ મુખત્યાર છે.

(૨) જે શિક્ષાનો હુકમ કરવાને કાયદાથી અધિકાર હોય તેવી હરકોઇ શિક્ષા કરવાને સેસનજડજ કે એડીશનલ સેસન જડજ મુખ્તીયાર છે પણ મોતની શિક્ષાનો હુકમ કાયમ થવાને માટે હાઇકોર્ટની મજુરી જોઇએ, (૩) મોતની કે સાત વર્ષ કરતા વધારે મુદતની કે સમુદ્રપારની કે સાત વર્ષ કરતા વધુ મુદતની કેદની શિક્ષા વગર જે શિક્ષાનો હુકમ કરવાનો કાયદાથી અધિકાર મળ્યો હોય તેવી હરકોઇ શિક્ષા કરવાને આસિસ્ટંટ જડજને અધિકાર છે

૩૨ માજીસ્ટ્રેટોને નિચે લખ્યા પ્રમાણે શિક્ષા કરવાનો અધિકાર છે

અ પ્રેસીડેન્સી માજીસ્રેટો તથા પહેલા વર્ગના માજીસ્રેટોની કોર્ટોને	કાયદા પ્રમાણે જેટલી એકાત કેદ થઇ શકતી હોય તેટલી એકાંત કેદ સુદ્ધા બે વર્ષ સુધીની કેદનો અને એક હજાર રૂપીઆ સુધીના દડની અને ફટકા મારવાની શિક્ષા કરવાનો અધિકાર છે.
(બ) બીજા વર્ગના માજીસ્રેટોની કોર્ટોને	કાયદા પ્રમાણે જેટલી એકાંત કેદ થઇ શકતી હોય તેટલી એકાંત કેદ સુદ્ધા છ મહીના સુધીની કેદના અને બસે રૂપીઆ સુધી દડની અને ફટકા મારવા વિશેષ કરીને અધિકાર આપ્યા હોય તો તેને શિક્ષા કરવાના અધિકારછે
(ક) ત્રીજા વર્ગના માજીસ્રેટોની કોર્ટો.	એક મહીના સુધીના મુદતની કેદની અને પચાસ રૂપીઆ સુધીના દડની શિક્ષા કરવાના અધિકાર છે.

(૨) જે શિક્ષા ફરમાવવાનો કાયદેસર પોતાને અધિકાર હોય તમાની ગમે તે શિક્ષા એકઠી કરીને કાયદાસર ગમે તે શિક્ષા ફરમાવવાનો અખત્યાર હરકોઇ માજીસ્રેટને છે

(૩) સ્થાનિક સરકારે વિશેષે કરીને અધિકાર આપ્યો ન હોય તો બીજા વર્ગના માજીસ્ત્રેટોએ ફટકા મારવાની શિક્ષા કરવાનો હુકમ કરવો નહિ

૩૩ (૧) દડ ન આપે તો જેટલી મુદતની કેદ કાયદેસર થઇ શકે તેટલી મુદતની કેદ, તે દડ ન આપે તો ટગવવાને દરેક માજીસ્ત્રેટની કોર્ટ મુખત્યાર છે અ પણ તે મુદત તે માજીસ્ત્રેટના અધિકાર

કરતા વત્તી નહી જોઈએ (બ) જે મુકદમામાં ફેસલો કોઇ માજીસ્ટ્રેટે કર્યો હોય અને જેમાં પહેલાની શિક્ષાના હુકમનો ભાગ કેદ ઠરાવી હોય ને મુકદમામા દડ ન આપે તો કેદ કરવાની જે મુદત ઠરાવી હોય તે, દડ ન આપેથી જે કેદ ઠરાવવામા આવે તે સિવાય, ગુન્હા માટે જેટલી મુદતની બીજી કેદની શિક્ષા કરવા તે માજીસ્ટ્રેટને અધિકાર હોય તે મુદતના ચતુર્થાંશ કરતા વધારે ન હોવી જોઇએ,

(૨) આ કલમ પ્રમાણે કેદ ઠરાવવી તે, ૩૨ મી કલમ પ્રમાણે વધુમાં વધુ જે મુદતની પહેલાની કેદની શિક્ષાનો હુકમ તે માજીસ્ટ્રેટથી કરી શકાય તે ઉપરાત ઠરાવવાનો અધિકાર છે

૩૪ ૩૦ મી કલમ પ્રમાણે વિશેષે કરીને અધિકાર આપેલા કોઇપણ માજીસ્ટ્રેટની કોરટને, મોતની શિક્ષા કે સાત વર્ષ કરતા વધુ સમુદ્રપારની કે કેદની શિક્ષા વગર, બીજી જે કોઇ શિક્ષા કરવાનો અધિકાર કાયદાથી હશે તે બીજી કરવાનો અખત્યાર છે

૩૪ અ કલમો ૩૧, ૩૨, અને ૩૪માં ગમે તે મજકુર હોય તે છતા,—

(અ) કોઈપણ સેશન કોર્ટે, કોઇપણ યુરોપી બ્રીટીશ રૈયતને મોતની, દેશનિકાલને બદલે આપેલી સખત મજુરીની કેદની, અથવા દડ સહિત અથવા દડ વિના કેદની અથવા દડની શિક્ષા શિવાયની બીજી કોઇપણ શિક્ષા કરવી નહી અને

(બ) કોઇપણ જીલ્લા માજીસ્ત્રેટે અથવા પહેલા વર્ગના બીજા કોઇપણ માજીસ્ત્રેટે, કોઇપણ યુરોપી બ્રિટીશ રૈયતને, બે વર્ષ સુધીની કેદની હોય એવી અથવા હજાર રૂપીઆ સુધીના દડની હોય એવી અથવા એ બને શિક્ષા શિવાયની બીજી કોઇપણ શિક્ષા કરવી નહિ

૩૫ (૧) કોઇ સખસની ઉપર એકજ ઇન્સાફના કામમાં બે અથવા વધારે ગુન્હા સાબિત થાય ત્યારે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૭૧ મી કલમને પાત્ર સદરહુ ગુન્હાઓને માટે ઠરાવેલી જુદી જુદી જે શિક્ષાઓ કરવાનો કોરટને અધિકાર હોય તે શિક્ષાઓનો હુકમ તે સખસ ઉપર કરવાને તે કોરટ મુખત્યાર છે. જો તેવી શિક્ષાઓ સાથે ચલાવી જોઇએ એમ સદરહુ ન ફરમાવે તો તે શિક્ષા કોર્ટ ફરમાવે તેવા અનુક્રમમાં, એક પુરી થઇ રહ્યા પછી બીજી શરૂ કરવી જોઇએ

(૨) એક પછી એક શરૂ થવાની શિક્ષાના હુકમની બાબતમા એક જ ગુન્હો સાબીત થયેથી જેટલી શિક્ષા કરવાનો કોર્ટને અધિકાર હોય તે કરતા જુદા જુદા ગુન્હાની એકઠી શિક્ષા વધારે થાય છે એ સબબથી ઉપલી કોર્ટ પાસે ઇન્સાફ થવા મોકલવાની જરૂર નથી, પણ (અ) કોઇપણ મુકદમામા સદરહુ સખસને ચૌદ વષ કરતા વધારે મુદતની કેદની શિક્ષાનો હુકમ કરવો નહિ. (બ) પોતાને જેટલી શિક્ષા કરવાનો અધિકાર હોય તેથી બમણી શિક્ષા કરતાં એકઠી શિક્ષા વધારે ન હોવી જોઇએ. (૪) અપીલના કારણ સારૂ, જુદા જુદા ગુન્હાઓ માટે એક પછી એક શરૂ થનારી એકઠી કરેલી શિક્ષા તે એકજ શિક્ષા છે એમ સમજવુ.

ક સાધારણ ને જાસ્તી

૩૬ સર્વે જીલ્લા માજીસ્ટ્રેટો, પેટા તુકડી, પેલા બીજા કે ત્રીજા વર્ગના માજીસ્ત્રેટોના અધિકાર આ કાયદામા હવે પછી આપેલા છે તે પ્રમાણે સમજવા તે " સાધારણ અધિકાર સમજવા "

૩૭ મેજીસ્ટ્રેટોને સાધારણ અધિકાર સિવાય, સ્થાનિક સરકારથી કે જીલ્લા માજીસ્ટ્રેટથી આપી શકાય તેવા હરકોઇ અધિકાર આપવાને તેઓ મુખત્યાર છે

૩૮ ૪૭ મી કલમથી જીલ્લા માજીસ્ટ્રેટને આપેલો અધિકાર સ્થાનિક સરકારના નિર્બંધહેઠળ રહીને ચલાવવો

અધિકાર આપવા, જારિ રાખવા કે રદ કરવા

૩૯ આ કાયદા પ્રમાણે અધિકાર આપવા તે સ્થાનિક સરકાર હુકમ કરીને અમુક માણસોને તેમના નામથી કે તેમના હોદ્દાના નામથી અધિકાર આપવાને મુખતિયાર છે (૨) જે માણસને સદરહુ પ્રમાણે અધિકાર આપ્યો હોય તે માણસને જે તારીખે તે હુકમ જણાવવામાં આવે તે તારીખથી સદરહુ હુકમ અમલમા આવશે.

૪૦ સરકારી નોકરીમા કોઇ માણસ કોઈ હોદ્દા ઉપર હોય તે માણસને, હરકોઇ સ્થાનિક પ્રદેશમા સઘળે ઠેકાણે આ કાયદા પ્રમાણે હરકોઇ અધિકાર આપ્યા હોય, અને તેજ સ્થાનિક સરકારના તાબાના

તેવાજ સ્થાનિક પ્રદેશમા તેવાજ અથવા તે કરતા ઉચા હોદ્દા ઉપર નિમણુક થાય ત્યારે સ્થાનિક સરકાર બીજી રીતનો હુકમ ન કરે તો જે સ્થાનિક પ્રદેશમા પોતાની નિમણુક થઇ હોય તેમા તેણે તેજ અધિકાર ચલાવવો.

૪૧ આ પ્રમાણે આપેલા અધિકાર રદ કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે, જીલ્લા માજીસ્ટ્રેટે આપેલો અધિકાર તે પોતે પાછો લેવાને મુખત્યાર છે

બાબ ૪ થો.

માજીસ્ત્રેટોને તથા પોલીસને તથા પકડનારા માણસોને મદદ તથા ખબર આપવા બાબત.

૪૨—જીલ્લાના મુખ્ય શહેરોની અંદર કે બહાર કોઇ માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદાર હેઠળ લખેલી બાબતોમા જે માણસની વ્યાજબી રીતે મદદ માગે તેવા દરેક માણસે તેને મદદ કરવી જોઇએ

(અ) બીજા કોઇ પણ માણસને પકડવાનો સદરહુ માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદારને અધિકાર હોય તેવા માણસને પકડવામાં, અથવા તેને નાસી જતો અટકાવવામા

(બ) સુલેહના ભંગનો અટકાવ કરવામા અથવા તે દાબી દેવામા અથવા હરકોઇ રેલવે, નહેર ટેલીગ્રાફ અથવા સાવજનિક મીલકતને નુકશાન કરવાની કોશીશનો અટકાવ કરવામાં

૪૩ જ્યારે પોલીસ અમલદાર સીવાય બીજા કોઇ શખસના નામનુ વારંટ કરવામા આવે ત્યારે જે શખસના નામનુ તે વારંટ કર્યું હોય તે શખસ નજદીક હોય અને વારંટ બજાવવાનુ કામ કરતો હોય તો બીજો કોઇ પણ શખસ તે વારંટ બજાવવામા મદદ કરવાને મુખત્યાર છે

૪૪ હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૨૧ મી, અ, ૧૨૨ મી, ૧૨૩, ૧૨૪ અ, ૧૨૫ મી, ૧૨૬ મી, ૧૩૦ ૩૦૨ જી, ૩૦૩ જી, ૩૦૪ થી, ૩૮૨ મી, ૩૯૨ મી, ૩૯૩ મી, ૩૯૪ મી, ૩૯૫ મી, ૩૯૬ મી, ૩૯૭ મી, ૩૯૮ મી, ૩૯૯ મી, ૪૦૨ જી, ૪૩૫ મી, ૪૩૬ મી, ૪૪૯ મી, ૪૫૦ મી, ૪૫૬ મી, ૪૫૭ મી, ૪૫૮ મી, ૪૫૯ મી, ૪૬૦ મી કલમ પ્રમાણે શીક્ષા થઇ શકતી હોય એવો હરકોઇ ગુન્હો કર્યા વિશે અથવા કરવાના બીજા હરકોઇ શખસના ઇરાદા વિશે જીલ્લાના મુખ્ય શહેરોની અંદર કે બહાર જે શખસ જાણતો હોય તેવા દરેક શખસે વ્યાજબી સબબ હોય તો, પાસેમા પાસેના માજીસ્ત્રેટને અથવા પોલીસ અમલદારને તે બાબતની ખબર તાબડતોબ આપવી વ્યાજબી સબબ છે તે સાબીત કરવાનો બોજો સદરહુ પ્રમાણે જાણનાર શખસને માથે છે એમ સમજવુ

(૨) આ કલમના કારણ સારૂ "ગુન્હો" એ સંજ્ઞામાં જે કોઇપણ કૃત્ય બ્રિટિશ હિંદુસ્તાનમા કરવામા આવ્યુ હોય તો ગુન્હો બનત, તે કૃત્ય બ્રિટીશ હિંદુસ્તાન બહારની કોઇપણ જગાએ કર્યું હોય તેનો સમાવેશ થાય છે

૪૫ દરેક ગામના મુખીએ, ગામના તલાટીએ, ગામના રખવાળે, ગામના પોલીસ અમલદારે, જમીનના ધણીએ અથવા ભોગવટો કરનારે, તથા એવા કોઇપણ ધણીના અથવા ભોગવટો કરનારાના જે મુખત્યારના હવાલામા તે જમીન હોય તે મુખત્યારે તથા સરકારની તરફથી અથવા કોરટ ઓફ વોર્ડસની તરફથી મહેસુલ અથવા જમીનનો ગણોત વસુલ કરવાના કામ ઉપર જે અમલદારને નીમ્યા હોય તે દરેક અમલદારે હેઠળ લખેલી વાતો બાબત જે ખબર પોતાને હોય તે પાસેમા પાસેના માજીસ્ત્રેટને અથવા પાસેમા પાસેનું પોલીસ થાણુ જે અમલદારના હવાલામા હોય તે અમલદારને (એ બેમાથી જે વધારે પાસે હોય તેને) તાબડતોબ આપવી

[અ] જે ગામનો પોતે મુખી, તલાટી, રખવાળ અથવા પોલીસ અમલદાર હોય તે ગામમા અથવા જે ગામમા પોતાની જમીન હોય અથવા પોતે જમીનનો ભોગવટો કરતો હોય અથવા મુખત્યાર હોય અથવા ગણોત અથવા મેહેસુલ વસુલ કરતો હોય તે ગામમા ચોરીની મીલકત લેનારા અથવા વેચનારા હર કોઇ મશહુર માણસનું કાયમ અથવા કામ ચલાઉ રહેવાનું ઠેકાણું હોય એ વાત બાબત.

[બ] કુલાણો ઠગ, અપહરણ કરનાર, નાશી ગયેલો ગુન્હેગાર અથવા ઢંઢેરાથી પ્રસિદ્ધ કરેલો ગુન્હેગાર છે, એવું પોતને માલમ હોય અથવા વ્યાજબી રીતે શક હોય તે માણસ સદરહુ ગામમાંની કોઇ જગાએ આવતો જતો હોય અથવા સદરહુ ગામમા થઇ જતો હોય તે વાત બાબત

(ક) સદરહુ ગામમા અથવા ગામની પાસે જામીન નહીં લઈ શકાય તેવો અથવા હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૪૩–૧૪૪–૧૪૫–૧૪૭ અથવા ૧૪૮ મી કલમ પ્રમાણે શીક્ષા થઈ શકતો હોય એવો હરકોઇ ગુન્હો કર્યાની વાત અથવા કરવાનો ઇરાદો હોય તે વાત બાબત,

[ડ] સદરહુ ગામમા અથવા ગામની પાસે કોઇ પણ આકસ્મીક અથવા સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મોત થયાની વાત અથવા એવી રીતનું મોત થયું છે એવો વ્યાજબી શક આવે એવા સંજોગોમાં કોઇપણ મુડદાનો અથવા મુડદાના ભાગનો એવા ગામમાં અથવા ગામની પાસે પત્તો લાગ્યા બાબત અથવા કોઇપણ સખસના સબંધમાં જામીન નહીં લઇ શકાય એવો ગુન્હો કરવામા આવ્યો છે એવો વાજબી શક આવે એવા સંજોગોમાં તે ગામમાંથી તે સખસના ગુમ થયા બાબત અથવા શકભરેલી કોઇપણ મોત થયાની વાત બાબત.

[ઇ] જે કાંઇ પણ કૃત્ય બ્રીટીશ હિંદુસ્તાનમાં કર્યું હોય તો તે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૩૮, ૩૦૨, ૩૦૪, ૩૮૨, ૩૯૩, ૩૯૪, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૨, ૪૩૫, ૪૩૬, ૪૪૯, ૪૫૦, ૪૫૭, ૪૫૮, ૪૫૯, ૪૬૦, ૪૮૦ અ, બ, ક, ડ, મી કલમો પૈકી કોઇપણ કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુન્હો થાય તેવું કાંઇ પણ કૃત્ય એવા ગામ પાસેની બ્રીટીશ હિંદુસ્તાન બાહારની કોઇપણ જગોએ કર્યાની વાત અથવા કરવાનો ઇરાદો હોય તે વાત બાબત

[ફ] બંદોબસ્ત રાખવામા અથવા ગુન્હો અટકાવવામાં જેથી ખલેલ થવાનો અથવા જાન માલની સહીસલામતીને જેથી ધોકો પહોચવાનો સંભવ હોય તેવી જે કોઇ વાતની ખબર આપવાનું જીલ્લા માજીસ્ટ્રેટ અથવા સ્થાનિક સરકારની અગાઉથી મંજુરી લેઇને કરેલા સામાન્ય અથવા ખાસ હુકમ ઉપરથી પોતાને ફરમાવ્યું હોય તે વાત બાબત તાબડતોબ ખબર આપવી જોઇએ

(૨) આ કલમમા "ગામ" એ શબ્દમાં ગામની જમીનનો સમાવેશ થાય છે અને (૨) "ઢંઢેરાથી પ્રસિદ્ધ કરેલો ગુન્હેગાર" એ સંજ્ઞામા ગવર્નર જનરલ ઇનકૌંસિલે હિંદુસ્તાનના કોઇપણ ભાગમાં સ્થાપેલી અથવા ચાલુ રાખેલી કોઇપણ કોરટ અથવા અધિકારીએ હેઠળ લખેલું કૃત્ય બ્રીટીશ હિંદુસ્તાનમા કર્યું હોય તો તે બદલ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૨, ૩૦૪, ૩૮૨, ૩૯૩, ૩૯૪, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૨, ૪૦૪, ૪૩૬, ૪૪૯, ૪૫૦, ૪૫૭, ૪૫૮, ૪૫૯, અને ૪૬૦ કલમો પૈકી કોઇ પણ કલમ પ્રમાણે શીક્ષા થઇ શકતી હોય એવા કોઇ પણ કૃત્યના સબંધમા જે કોઇપણ શખસ ગુન્હેગાર છે એવો ઢંઢેરો પ્રસિદ્ધ કર્યો હોય તે શખસનો સમાવેશ કરવો જોઇએ

(૩) જે કોઇ ગામ સારૂ બીજા કોઇપણ કાયદા મુજબ ગામનો મુખી નીમવામા આવ્યો હોય કે આવ્યો ન હોય તે ગામમા મુખીની ફરજ બજાવવા માટે આ કલમ મુજબ વખતો વખત એક અથવા વધારે શખસને તેની અથવા તેઓની સંમતિથી ગામના મુખી નીમવાનો જીલ્લા માજીસ્ટ્રેટને અથવા પેટા તુકડી માજીસ્ટ્રેટને અધિકાર છે, માત્ર તેણે એવી નીમણુંક સ્થાનિક સરકાર તરફથી આ અર્થે જે જે કાનુનો કરવામા આવે તેને અનુસરીને કરવી જોઇએ.

બાબ ૫ મો,

પકડવા, નાસી જવા તથા ફરીથી પકડવા બાબાત

અ—પકડવા બાબત સામાન્ય ઠરાવો.

૪૬ (૧) કોઈ શખસને પકડવો તે એવી રીતે કે જે પોલીસ અમલદાર અથવા બીજો શખસ પકડતો હોય તેણે તે શખસના શરીરને ખરેખર અડકવું અથવા કેદ કરવું પણ જો તે શખસ કાંઇ બોલીને અથવા કાંઈ કરીને પોલીસને તાબે થાય તો તેમ કરવું નહિ (૨) જો સદરહુ શખસ પોતાને પકડવા કોશી

શની સામે જબરદસ્તી કરે અથવા પોતે ન પકડાય એવી કોશીશ કરે તો તેને પકડવા સારૂ જે જે ઉપાયો કરવા જરૂર હોય તે સરવે ઉપાયો કરવાને સદરહુ પોલીશ અમલદાર અથવા બીજો અમદાર મુખત્યાર છે.

(૩) જે શખસની ઉપર મોતની અથવા જીવતા સુધીની સમુદ્રપારની શીક્ષા કરવા લાયક કોઈ ગુન્હાનુ તોહોમત આવ્યુ ન હોય તે શખસનુ મોત આણવાનો હક આ કલમ માહેના કોઈ પણ મજકુરથી આપવામા આવતો નથી

૪૭ જો પકડવાના વારંટ પ્રમાણે કામ કરનારા હરકોઇ શખસને અથવા પકડવાના અધીકારવાળા હરકોઇ પોલીસ અમલદારને એવુ માનવાનુ કારણ હોય કે જે માણસને પકડવો છે તે ફલાણી જગામા પેસી ગયો છે અથવા ફલાણી જગામા છે તો જે માણસ સદરહુ જગામા રહેતો હોય અથવા જે માણસના હવાલામા સદરહુ જગા હોય તે માણસે ઉપર કહ્યા પ્રમાણે કામ કરનાર શખસને અથવા સદરહુ પોલીસ અમલદારને તેની માગણી ઉપરથી તે જગામા વગર અડચણે જવા દેવો અને તેમા શોધ કરવા સારૂ સઘળી પ્રકારની યોગ્ય મદદ આપવી જોઇએ

૪૮ અગર ૪૭ મી કલમ પ્રમાણે સદરહુ જગામા જઇ શકાતુ નહી હોય તો ગમે તે પ્રસગે વારંટ પ્રમાણે કામ કરનારા શખસને અને જે પ્રસગે વારંટ કહાડવાનો અધીકાર હોય પણ જે શખસને પકડવો છે તેને નાશી જવાનો તક આપ્યા વગર તે વારંટ મેળવી શકાતુ ન હોય અને કોઇ પણ પ્રસગે કોઇ પોલીસ અમલદારને સદરહુ જગામા પેસીને તેમા શોધ કરવાના મુખત્યાર છે અને તેણે પોતાનો અખત્યાર તથા આવવાનુ કારણ જાહેર કર્યા પછી તથા મને પેસવા દો એમ યોગ્ય રીતે કહ્યા પછી તેને અંદર જવાને બીજી રીતે લાગ ન મળે તો તેને સદરહુ જગામા પેસવાને માટે કોઇ પણ ઘર અથવા જગાનો બહાર કે માહેનો દરવાજો અથવા બારી ફોડવાનો અખત્યાર છે પછી તે ઘર કે જગા જે માણસને પકડવો છે તેની હોય કે કોઇ બીજા શખસની હોય તો પણ

પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારની કોઇ જગા ઓરડો હોય અને તેમા (જે સખસને પકડવો હોય તે સખસ ન હોય એવી) કોઇ બાયડી ખરેખાત રહેતી હોય અને તે બાયડી રીવાજ પ્રમાણે ચાર લોકમા મોહુ' દેખાડતી ન હોય તો સદરહુ સખસે અથવા પોલીસ અમલદારે સદરહુ ઓરડામા પહેલા સદરહુ બાયડીને ખબર આપવી કે તમને એ ઠેકાણેથી નીકળીને બીજે ઠેકાણે જવાની છુટ છે તથા તે બાયડીને ત્યાંથી નીકળી જવુ જેમ સહેલ પડે તેવો દરેક ઘટતો ઉપાય કરવો અને પછી તે સદરહુ ઓરડો ફોડીને તેમા પેસવાને મુખત્યાર છે

૪૯ જે પોલીસ અમલદારને અથવા બીજા સખસને પકડવાનો અધીકાર આપ્યો હોય તે પોલીસ અમલદારને અથવા બીજા સખસને, કોઇ પણ ઘરનો અથવા જગ્યાનો, બહારનો અથવા માહેનો દરવાજો અથવા બારી, ખુદ પોતાને છોડાવવા સારૂ અથવા પકડવા સારૂ કાયદેસર રીતે પેઠેલા જે માણસને તે ઘરમા અથવા જગામા અટકાવી રાખ્યો હોય તેને છોડાવવા સારૂ ફાડીને રસ્તો કરવાનો અખત્યાર છે

૫૦ પકડેલા સખસને નાશી જતો અટકાવવાને માટે જરૂર હોય તે કરતા વધારે પ્રતીબધ કરવો નહી

૫૧ જે વારંટમા જામીન લેવા બાબત લખ્યુ નહીં હોય તેવા વારંટ ઉપરથી કોઇ પોલીસ અમલદારને કોઇ શખસને પકડયો હોય ત્યારે અથવા જે વારંટમા જામીન લેવા બાબત લખ્યુ હોય તેવા વારંટ ઉપરથી કોઇ પોલીસ અમલદારે કોઇ સખસને પકડયો હોય પણ તે સખસને જામીન મળતો નહી હોય ત્યારે અને

કોઇ સખસને વગર વારંટે અથવા કોઇ ખાનગી સખસે વારંટ ઉપરથી પકડયો હોય અને કાયદાસર તેના જામીન લઇ શકાતા ન હોય અથવા તે જામીન આપી શકતો નહી હોય ત્યારે

પકડનારો અમલદાર અથવા પકડવાનુ કામ કોઈ ખાનગી સખસે કર્યુ હોયતો પકડેલા સખસને તે જે પોલીસ અમલદારને હવાલે કરે તે પોલીસ અમલદાર સદરહુ સખસનો ઝાડો લેવાને તથા તેના શરીર ઉપર જરૂરના પહેરવાના કપડા શીવાય બીજી વસ્તુ જડે તે સઘળી સભાળીને રાખવાને મુખત્યાર છે,

૫૨ જ્યારે કોઇ બાયડીનો ઝાડો લેવાની જરૂર હોય ત્યારે લોકલજ્યા ઉપર પકી રીતે નજર રાખીને બીજી કોઇ બાયડી પાસે તે ઝાડો લેવરાવવો

૧૨૨૫૮

૫૩ આ કાયદા પ્રમાણે પકડનારો અમલદાર અથવા બીજો શખસ પકડેલા શખસની પાસે જે કાંઇ મારવાના હથીયારો હોય તે તેની પાસેથી લેવાને મુખ્તીયાર છે અને પકડેલા શખસને આ કાયદા પ્રમાણે જે કોરટની અથવા અમલદારની આગળ પકડનારા અમલદારે અથવા શખસે રજુ કરવા જોઇએ તે કોરટને અથવા અમલદારને ઉપર લખ્યા પ્રમાણે લીધેલા સઘળા હથીયારો તેણે સ્વાધીન કરવા

બ—વગર વારંટે પકડવા બાબત.

૫૪ કોઇ પણ પોલીસ અમલદાર માજીસ્ટ્રેટના હુકમ વગર તથા વગર વારંટે હેઠળ લખેલા સખસોને પકડવાને મુખ્તીયાર છે.

(૧)—પહેલુ જે શખસ હરકોઇ કૉગનીઝેબલ ગુન્હામાં સામીલ થયો છે અથવા જે સખસની ઉપર સદરહુ પ્રમાણે સામીલ થયો છે એવી વ્યાજબી ફરીયાદ કરવામા આવી હોય અથવા ખાતરી લાયક ખબર મળી હોય અથવા વ્યાજબી શક રહેતો હોય તે શખસને

બીજુ—જે શખસના કબજામા ઘર ફોડવાનુ કાંઇ ઓજાર કાયદેસર કારણ વગર હોય તે શખસને, કાયદેસર કારણ સાબીત કરવાનો બોજો તે સખસને માથે છે એમ સમજવુ

ત્રીજુ—જે શખસને આ કાયદા પ્રમાણે અથવા સ્થાનીક સરકારના હુકમથી ઢંઢેરો કહાડીને ગુન્હેગાર તરીકે પ્રસિદ્ધ કર્યો હોય તે શખસને.

ચોથુ—આ ચોરીનો માલ છે એવો વ્યાજબી રીતે શક હોય તેવી કાંઇ પણ વસ્તુ જે શખસના કબજામાંથી જડે તથા જેણે સદરહુ વસ્તુના સંબંધમા કાંઇ ગુનોહ કર્યો છે એવો વ્યાજબી રીતે શક હોય તે શખસને.

પાચમુ—કોઇ પોલીસ અમલદારને પોતાનુ કામ કરવામા જે શખસ હરકત કરે તે શખસને અથવા જે શખસ કાયદેસર પકડમાંથી નાશી ગયો હોય અથવા નાશી જવાની કોશીશ કરતો હોય તે શખસને.

છઠુ—મલીકઃ મઆઝમાની જમીનપરની અથવા દરીઆઇ ફોજમાથી ફલાણો શખસ નાશી ગયો છે એવો અથવા મલીકામઆઝમની ઇન્ડીયન મરીન સરવીસમા હોય અને તે સરવીસમાંથી કાયદેસર રીતે ગેરહાજર રહેલો છે એવો વ્યાજબી રીતે શક હોય તે સખસને

સાતમુ—બ્રીટીશ હીંદુસ્તાનની બહારની કોઇપણ જગાએ કરેલુ જે કાંઇપણ કૃત્ય બ્રીટીશ હિંદુસ્તાનમા કરવામાં આવ્યુ હોત તો તે બદલ તેને ગુન્હા તરીકે શિક્ષા કરી શકાત અને જે બદલ હેઠળ લખેલો શખસ ગુન્હેગારોને સ્વાધીન કરવા બાબતના કોઇપણ કાયદા મુજબ અથવા સન ૧૮૮૧ ના ફ્યુજીટીવ ઓફેન્ડર્સ (નાસી ગએલા ગુન્હેગારો બાબતના) આક્ટ મુજબ અથવા બીજી રીતે બ્રીટીસ હિંદુસ્તાનમા પકડવાને અથવા અટકાયતમા હોવાને પાત્ર થતો હોય તે કૃત્યમા જે કોઇ શખસ સામીલ થયો છે અથવા જે શખસની ઉપર સદરહુ પ્રમાણે સામીલ થયો છે એવી વ્યાજબી ફરીયાદ કરવામા આવી હોય અથવા ખાત્રી લાયક ખબર મળી હોય અથવા વ્યાજબી શક રહેતો હોય તે શખસને.

આઠમુ—કલમ ૫૬૫ ની પેટા કલમ (૩) ની રૂએ કરેલી કોઇપણ કાનુનનો ભંગ જે કોઇપણ છુટી ગએલો ગુન્હેગાર કરશે તેને

નવમુ—જે શખસને પકડવાને માટે બીજા પોલીસ અમલદાર તરફથી માગણી આવી હોય અને જો તે માગણીમા જે સખસને પકડવાનો હોય તે સખસનુ નામ તથા જે ગુન્હો અથવા બીજા કારણ માટે પકડવાનો હોય તે ગુન્હો અથવા બીજા કારણ જણાવ્યા હોય તો અને જે અમલદારે માગણી બહાર પાડી હોય તે અમલદારે તે સખસને કાયદેસર રીતે વગર વારંટે પકડયો હોત એમ તે ઉપરથી જણાય તો તે સખસને

(૨) આ કલમ કલકત્તા તથા મુંબઇ એ શેહેરમાની પોલીસને પણ લાગુ પડે છે

ટીપ—કલમ ૫૬૫ ની પેટા કલમ ૩ ના ફરમાવ્યુ છે કે સ્થાનીક સરકાર ગવરનર જનરલ ઇનકૌંસીલની પ્રથમ મંજુરી લેઇને છોડી મુકેલા ગુન્હેગારોની રહેવાની જગા જાહેર કરવા સંબધી એ કલમના ઠરાવો અમલમા મુકવા સારૂ કાનુનો કરવાને મુખત્યાર છે

૫૫ (૧) તેમજ જેના હદમા કોઇ પોલીસ થાણુ હોય તેવો હરકોઇ પોલીસ અમલદાર હેઠળ લખેલા સખસોને પકડવાને મુખત્યાર છે એટલે,

(અ) સદરહુ થાણાની હદમા કોઈપણ શખસ પોતે નજરે ન પડે તેવો પૂર્વોપાય કરતો માલુમ પડે, અને તે શખસ કોઈ કાગ્નીઝેબલ ગુન્હો કરવાના હેતુથી સદરહુ પૂર્વોપાય કરે છે એવુ માનવાનુ કારણ પ્રસંગ ઉપરથી દેખાતુ હોય તો તે શખસને અથવા,

(બ) સદરહુ થાણાની હદમા જે શખસની પાસે પોતાના ગુજરાનને માટે કાંઈ સાધન જણાતુ નહી હોય અથવા જે પોતાને વીશે ખુલાસા ભરેલા જવાબ આપી શકતો નહી હોય તે શખસને અથવા,

(ક) જે શખસને અપહરણ કરવાની, ઘર ફોડવાની અથવા ચોરી કરવાની અથવા ફલાણી મીલકત ચોરીની છે એમ જાણીને તે ચોરીની મિલકત લેવાની ટેવ છે એવી રીતે મશહુર હોય તે સખસને અથવા જેને જબરીથી કઢાડવાની ટેવ છે અથવા જબરીથી કઢાડવાના સારૂ કોઈ સખસોને હાની કરવાનો ભય દેખાડવાની અથવા હાની કરવાનો ભય દેખાડવાની કોશીશ કરવાની ટેવ છે એવી રીતે મશહુર હોય તે સખસને

(૨) આ કલમ કલકત્તા અને મુબાઈ શહેરની પોલીસને લાગુ પડે છે

૫૬ (૧) જેના હવાલામા કોઈ પોલીસ થાણુ હોય એવો હરકોઈ અમલદાર અથવા ૧૪ મા બાબની રૂએ તપાસ કરતો હોય એવો કોઈપણ પોલીસ અમલદાર જે સખસને વગર વારંટે પકડવાનો પોતાને કાયદેસર અધિકાર હોય તે શખસ (પોતાની સમક્ષ નહી પણ બીજી રીતે) વગર વારંટે પકડવાનુ પોતાના તાબા માહેના કોઈ પણ અમલદારને ફરમાવે ત્યારે તે શખસને પકડવાનુ જે અમલદારને પોતે ફરમાવે તે અમલદારને તેણે એક હુકમ લખીને આપવો, અને તે હુકમ મધ્યે કયા સખસને પકડવો છે તે તથા કયા ગુન્હાને માટે અથવા બીજા કયા કારણસર તેને પકડવો છે તે લખવુ. એવી રીતે જે અમલદારને ફરમાવ્યુ હોય તે અમલદારે, જે શખસને પકડવાનો હોય તે સખસને પકડયા અગાઉ સદરહુ હુકમનો સાર જણાવવો, અને તે સખસ માગણી કરે તો તે હુકમ તેને દેખાડવો

(૧) આ કલમ કલકત્તા અને મુબઈ શહેરની પોલીસને લાગુ પડે છે.

૫૭ (૧) કોઈ પોલીસ અમલદારની સમક્ષ કોઈ પણ શખસ કાંઈ નોનકોગ્નીઝેબલ ગુનોહ કરે અથવા એવો ગુનોહ કરવાનુ તેના પર તહોમત મુકવામા આવે અને કોઈ પોલીસ અમલદારના કહ્યા ઉપરથી તે શખસ પોતાનુ નામ તથા રહેવાનુ ઠેકાણુ આપવાને ના પાડે અથવા એવુ નામ અથવા રહેવાનુ ઠેકાણુ આપે કે જે ખોટુ છે એમ સદરહુ અમલદારને માનવાનુ કારણ હોય ત્યારે તેનુ નામ અથવા રહેવાનુ ઠેકાણુ શુ છે તે બાગી કઢાડવા માટે સદરહુ અમલદાર તે શખસને પકડવાને મુખત્યાર છે

(૨) એવા શખસનુ ખરૂ નામ તથા રહેવાનુ ઠેકાણુ જાણવામા આવે ત્યારે માજીસ્ટ્રેટ આગળ હાજર થવાનુ ફરમાવવામા આવે તો તેની રૂબરૂ હાજર રહેવા બદલ તે જમીન સહીતનુ અથવા જામીનો વગરનુ ખત લખી આપે એટલે તેને છુટો કરવો

પણ એવુ ઠરાવ્યુ છે કે એવો સખસ બ્રીટીશ હીંદુસ્તાનમા રહેનારો ન હોય તો તે ખતના તારણ દાખલ બ્રીટીશ હિંદુસ્તાનમા રહેનારા એક અથવા વધારે શખસો જામીનો હોવા જોઈએ

(૩) તેનુ ખરૂ નામ તથા રહેવાનુ ઠેકાણુ તેને પકડયા પછી ચાવીશ કલાકમા જાણવામા ન આવે તો, અથવા તે ખત ન લખી આપે તો, અથવા તેને પુરતા જામીન આપવાનુ ફરમાવવામા આવેથી જામીન ન આપે તો તેને હકુમત હોય એવા પાસેમા પાસેના માજીસ્ટ્રેટ પાસે તાબડતોબ મોકલી દેવો જોઈએ

૫૮ જે શખસને આ બાબ પ્રમાણે પકડવાનો અધિકાર કોઈ પોલીસ અમલદારને હોય તે શખસને વગર વારંટે પકડવાના કારણ સારૂ તે પોલીસ અમલદાર બ્રીટીશ ઇન્ડીયામાની હરકોઈ જગામા સદરહુ શખસની પાછળ જવાને મુખત્યાર છે

૫૯ (૧) કોઈ પણ ખાનગી સખસ જે કોઈ પણ માણસ, જામીન નહિ લઈ શકાય એવો અને કાગ્નીઝેબલ ગુન્હો પોતાના દેખતા કરે તેને અથવા જે કોઈ પણ માણસના સબંધમા તે ગુન્હેગાર છે એવો ઢંઢેરો કાઢયો હોય તેને પકડવાને મુખત્યાર છે, અને સદરહુ પ્રમાણે પકડેલા કોઈ પણ માણસને નકામી ઢીલ કયા વગર કોઈ પોલીસ અમલદારને સ્વાધીન કરવા, અથવા પોલીસ અમલદારની ગેરહાજરીમા સદરહુ માણસને પકડનારા ઠેકાણાથી પાસેમા પાસેના પોલીસ થાણામા લઈ જવો અથવા લઈ જવડાવવા

(૨) સદરહુ શખસને ૫૪ મી કલમના ઠરાવો લાગુ પડે છે એમ માનવાનુ કારણ હોય, તો તેને કોઈ પોલીસ અમલદારે ફરીથી પકડવો.

(૩) તેણે કાંઇ નૉનકૉગ્નીઝેબલ ગુનોહ કર્યો છે એમ માનવાનું કારણ હોય અને કોઇ પોલીસ અમલદારના પૂછવાથી તે પોતાનુ નામ અથવા રહેવાનુ ઠેકાણુ આપવાને ના પાડે અથવા એવું નામ અથવા રહેવાનુ ઠેકાણુ આપે કે જે ખોટુ છે એમ માનવાનુ સદરહુ અમલદારને કારણુ હોય તો તેની તજવીજ ૫૭ મી કલમના ઠરાવો પ્રમાણે કરવી, તેણે કાંઈ ગુનોહ કર્યો છે એમ માનવાનુ કંઇ પુરતુ કારણુ ન હોય તો તેને એકદમ છોડી મકવો

૬૦. વગર વારટે પકડનારા પોલીસ અમલદારે પકડેલા શખસને તે કામમા હકુમતવાળા માજીસ્ત્રેટની આગળ અથવા જે અમલદારના હવાલામા પોલીસ થાણુ હોય તેની આગળ નકામી ઢીલ કર્યા વગર અને જામીન સબંધી આ કાયદા માહેના ઠરાવોને અનુસરીને લેઇ જવો અથવા મોકલવો

૬૧ વગર વારટ પકડેલા શખસને કોઇ પણુ પોલીસ અમલદારે તે કામની સઘળી હકીકત જોતા યોગ્ય હોય તે કરતા વધારે મુદત સુધી પેહેરામા અટકાવી રાખવો નહી, અને ૧૬૭મી કલમ પ્રમાણુ કોઇ માજીસ્ત્રેટનો ખાસ હુકમ નહી હોય તો સદરહુ મુદત ચોવીશ કલાકથી વધારે ન હોવી જોઇએ પણુ જે જગાએ તે શખસને પકડ્યો હોય ત્યાથી માજીસ્ત્રેટની કોરટ સુધી જતા જેટલો વખત લાગે તેટલો વખત સદરહુ મુદતમા ગણુવો નહી

૬૨ જે અમલદારના હવાલામા પોલીસ થાણા હોય તેમણે પોતપોતાના થાણાઓની હદોમા વગર વારંટે પકડેલા સઘળા શખસો વીશે જીલ્લા માજીસ્ત્રેટને અથવા જીલ્લા માજીસ્ત્રેટ ફરમાવે તો પેટા તુકડી માજીસ્ત્રેટને રીપોટ કરવો, પછી સદરહુ શખસોના જામીન લીધા હોય કે નહિ તોપણુ

૬૩ જે શખસને પોલીસ અમલદારે પકડ્યો હોય તેનુ પોતાનુ ખત લીધા વગર અથવા તેના જામીન લીધા વગર અથવા કોઇ માજીસ્ત્રેટના ખાસ હુકમ વગર તેને છોડી મુકવો નહિ

૬૪ જ્યારે કોઇ ગુન્હો કોઇ માજીસ્ત્રેટની સ્થાનિક હદમા તે માજીસ્ત્રેટની સમક્ષ કરવામાં આવે ત્યારે ગુનેગારને પોતે જાતે પકડવાને અથવા પકડવાનો કોઇ પણુ શખસને હુકમ કરવાને અને ત્યાર પછી જામીન લેવા સબંધી આ કાયદા માહેના ઠરાવોને અનુસરીને તે ગુનેહગારને કેદ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે

૬૫ જે વખતે તથા જે પ્રસગે કોઇ સખસને પકડવાનુ વારટ કહાડવાનો અધીકાર કોઇ માજીસ્ત્રેટને હશે તે વખતે તથા તે પ્રસગે તે સખસને પોતાની હકુમતની સ્થાનીક હદમાંહે પોતાની સમક્ષ પકડવાને અથવા પકડવાનો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે

૬૬ જે સખસ કાયદેસર કેદમા હોય તે સખસ નાશી જાય અથવા તેને છોડવામા આવે તો જે સખસના પહેરામાથી તે નાશી ગયો હોય અથવા તેને છોડાવ્યા હોય તે સખસ તુરત તેની પાછળ જઇને બ્રિટીશ ઇંડીયામાં હરકોઈ જગાએ તેને પકડવાને મુખત્યાર છે,

૬૭ ૬૬ મી કલમ પ્રમાણે પકડનારો સખસ વારટની રૂઇએ ચાલતો ન હોય અને તે શખસ પકડવાના અખત્યારવાળો પોલીસ અમલદાર ન હોય તોપણુ સદરહુ કલમ પ્રમાણે પકડવાની બાબતોને ૪૭ મી, તથા ૪૮ મી તથા ૪૯ મી કલમોના ઠરાવો લાગુ પડશે

બાબ ૬ ઠો

હાજર થવાની જરૂર પાડવા વિશે પ્રોસેસો બાબત

અ—સમન

૬૮. (૧) આ કાયદા પ્રમાણે કોઇ કોરટે કહાડેલો દરેક સમન લખેલો જોઇએ, તથા તે ડુપ્લીકેટ જોઇએ અને તે ઉપર સદરહુ કોરટના પ્રમુખ અમલદારે અથવા હાઇકોરટ વખતે વખતે કાનુન કરીને ફરમાવે તેવા બીજા અમલદારે સહી કરવી તથા મોહોર કરવી

(૨) સદરહુ સમન કોઇ પોલીસ અમલદારે બજાવવો, અથવા કાયદાને અનુસરતી હોય એવી જે

કાનુનો સ્થાનીક સરકાર આ બાબત ઠરાવે તે કાનુનોને અનુસરીને તે સમન કહાડનારી કોરટના કોઇ અમલદારે બજાવવો જોઇએ.

(૩) આ કલમ કલકત્તા તથા મુંબઇ એ શહેરમાં પોલીસને લાગુ છે

૬૯ (૧) સમન કરેલા સખસને જો બની શકે તો તે સમનની એક ડુપ્લીકેટ આપીને અથવા આપવા માટે કહાડી લો એમ કહીને ખુદ તેની ઉપર તે સમન બજાવવા જોઇએ

(૨) જેની ઉપર સદરહુ પ્રમાણે સમન બજાવ્યો હોય તેવા દરેક શખસે જો સમન બજાવનારો અમલદાર કહે તો તેની બીજી ડુપ્લીકેટની પછવાડે તે સમન પહોચ્યાની સહી કરવી જોઇએ

(૩) કોઇ પણ સરકાપીત અથવા બીજી મંડળી ઉપર સમન બજાવવો હોય તો તે સદરહુ મંડળીના સેક્રેટરી ઉપર, સ્થાનીક મેનેજર ઉપર, અથવા બીજા મુખ્ય અમલદાર ઉપર બજાવવો અથવા તે મંડળીનો જે મુખ્ય અમલદાર બ્રીટીશ હિંદુસ્તાનમાં હોય તેના સરનામા ઉપર રજીસ્ટર પોષ્ટથી પત્ર મોકલીને બજાવવો જોઇએ. એવે પ્રસંગે તે પત્ર પોષ્ટના નિત્યક્રમ પ્રમાણે જે વખતે આવી પહોચે તે વખતે સમન બજાવવામા આવ્યો છે એમ સમજવુ જોઇએ.

૭૦ જ્યારે સમન કરેલો શખસ ઘટતી મહેનત કરતાં ન જડે ત્યારે તેના કુટુંબમાના કોઇ પાકી ઉમરના મરદ માણસને અથવા ઇલાકાના મુખ્ય શહેરમા તેની સાથે રહેનારા ચાકરને તે સમનની એક ડુપ્લીકેટ તેને સારૂ સોપીને તે સમન બજાવવાનો અધિકાર છે અને જેને સદરહુ સમન આવી રીતે સોંપ્યો હોય તે શખસે જો સમન બજાવનારો અમલદાર કહે તો તેની બીજી ડુપ્લીકેટની પછવાડે તે સમન પહોચ્યાની સહી કરવી જોઇએ

૭૧ ૬૯ મી અને ૭૦ મી કલમમા કહેલી સહી ઘટતી મેહેનત કરતા ન મળે તો જે ઘરના અથવા ઘર કે વાડીમા સમન કરેલો સખસ ઘણું કરીને રહેતો હોય, તે ઘરના અથવા ઘર કે વાડીમાના કોઇ પ્રસીદ્ધ ભાગ ઉપર તે સમનની એક ડુપ્લીકેટ, સમન બજાવનારા અમલદારે ચોડરી, અને પછી તે સમન યોગ્ય રીતે બજાવ્યો છે એવુ સમજવામા આવશે

૭૨ (૧) સમન કરેલો સખસ સરકારની અથવા કોઇ રેલવે કંપનીની નોકરી (કામગીરીમા) હોય ત્યારે જે કોરટે સમન કહાડ્યો હોય તે કોરટે તે સમન સાધારણ રીતે જે કચેરીમા સદરહુ સખસ નોકરીએ રહેલો હોય તે કચેરીના ઉપરી ઉપર ડુપ્લીકેટ મોકલવો જોઇએ અને પછી સદરહુ ઉપરીએ ૬૯ મી કલમમાં ઠરાવેલી રીતે તે સમનની બજાવણી કરાવવી, અને તે કલમથી ફરમાવેલા શેરા સાથે તે સમન પોતાની સહી સાથે તે કોરટની ઉપર પાછો મોકલવો જોઇએ

(૨) એવી સહી તે સમન યોગ્ય રીતે બજાવ્યાનો પુરાવો થશે એમ સમજવુ જોઇએ.

૭૩. જ્યારે કોઈ કોરટે કહાડેલો સમન પોતાની હકુમતની સ્થાનીક સીમાની બહાર કોઇ પણ જગાએ બજાવવો એવી તે કોરટની મરજી હોય ત્યારે સાધારણ રીતે કોરટે તે સમન જે માજીસ્ત્રેટને ત્યા બજાવવા સારૂ ડુપ્લીકેટ મોકલવો જોઇએ

૭૪ (૧) જ્યારે કોઇ કોરટે કહાડેલો સમન પોતાની હકુમતની સ્થાનિક સીમાની બહાર બજાવ્યો હોય ત્યારે, અને જે અમલદારે સમન બજાવ્યો હોય તે અમલદાર મુકદમાની સુનાવણી વખતે હાજર ન હોય તેવે હરકોઇ પ્રસંગે સદરહુ સમન બજાવ્યો છે, એવી કોઇ માજીસ્ત્રેટની આગળ કરેલી આફીડેવીટ, અને જે શખસને સદરહુ સમનની એક ડુપ્લીકેટ પ્રત આપી હોય અથવા આપવા માટે કહાડી લો એમ કહ્યુ હોય અથવા જેને તે પ્રત સોપી હોય તે શખસે (૬૯ મી અથવા ૭૦ મી કલમથી ઠરાવેલી રીતે) શેરો લખી આપેલી એવી પ્રત પુરાવામાં ગ્રાહ્ય થશે અને તેમાં લખેલા મજકુરની વિરૂદ્ધ સાબીતી આપવામા નહી આવશે તો અને આપવામા આવતા સુધી તે મજકુર ખરો છે એમ સમજવુ.

આ કલમમાં કહેલી અફીડેવીટ સદરહુ સમનની ડુપ્લીકેટ પ્રત સાથે જોડીને સદરહુ કોરટને મોકલી શકાય

બ—પકડવાનુ વારંટ

૭૫ (૧) આ કાયદા પ્રમાણે કોઇ કોરટે કહાડેલુ દરેક પકડવાનું વારંટ લખેલુ હોવુ જોઇએ અને તે ઉપર તે કોરટના પ્રમુખ અમલદારે અથવા માજીસ્ત્રેટોની બેંચ હોય ત્યારે તે બેંચના કોઇ પણ મેમ્બરે

સહી કરવી જોઇએ, અને તે ઉપર કોરટની મોહોર કરવી જોઇએ (૨) જે કોરટે તે વારટ કાહાડયુ હોય તેણે જ્યાં સુધી તે રદ કર્યું નથી ત્યા સુધી અથવા તે બજાવવામા આવે ત્યા સુધી તે દરેક વારટ અમલમા રહેશે

૭૬ (૧) હરકોઇ શખસને પકડવા સારૂ વારટ કહાડનારી હરકોઇ કોરટની નજરમા આવે તો તે કોરટ સદરહુ વારટ ઉપર શેરો લખીને એવુ ફરમાવવાને મુખત્યાર છે કે સદરહુ શખસ કોઇ અમુક વખતે અને પછી કોરટ બીજી રીતે ફરમાવે ત્યા સુધી તે કોરટની આગળ હાજર રહેવા સારૂ જોઇને તેટના જામીન સાથે એક ખત કરી આપે તો જે અમલદારના નામનુ વારટ કર્યું હોય તે અમલદારે સદરહુ તારણુ લવુ અને સદરહુ શખસને પહેરામાથી છુટો કરવો

(૨) સદરહુ શેરાના હેઠળ લખેલી બાબતો લખવી (અ) જામીનોની સખ્યા (બ) તેમણે તથા જે શખસને પકડવા સારૂ તે વારટ કહાડેલુ હોય તેણે જે રકમનો મુચરકા કરી આપવો તે તથા (ક) જે વખતે તેણે કોરટના આગળ હાજર રહેવુ તે,

(૩) જ્યારે આ કલમ પ્રમાણે તારણુ લેવામાં આવે ત્યારે જે અમલદારના નામનુ સદરહુ વારટ કર્યું હોય તે અમલદારે સદરહુ કોરટની ઉપર રવાના કરવુ

૭૭ (૧) પકડવાનુ વારટ ઘણુ કરીને એક અથવા વધારે પોલીસ અમલદારના નામનુ કહાડવુ જોઇએ, અને જ્યારે તે વારટ કોઇ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટે કહાડયુ હોય ત્યારે તે હમેશા તે પ્રમાણેજ કાઢવુ જોઇએ, પણ સદરહુ પ્રકારનુ વારટ કહાડનારી બીજી કોઇ પણ કોરટ જો તે તાબડતોબ બજાવવાની જરૂર હોય અને કોઇ પોલીસ અમલદાર તુરત મળતો ન હોય તો બીજા કોઇ પણ શખસ અથવા શખસો ના નામનુ કહાડવાને મુખત્યાર છે, અને સદરહુ શખસે અથવા શખસોએ તે વારટ બજાવવુ જોઇએ

(૨) જ્યારે કોઇ વારટ એક કરતા વધારે અમલદારો અથવા શખસોના નામનુ કહાડયુ હોય ત્યારે તે અથવા તેઓમાથી ગમે તે એક અથવા વધારે અમલદારો અથવા શખસો તે વારટ બજાવવાને મુખત્યાર છે

૭૮ (૧) કોઇ માજીસ્ટ્રેટ પોતાના જીલ્લામા અથવા પેટા તુકડી માજીસ્ટ્રેટ પોતાની પેટા ટુકડીમાં હરકોઇ જમીનદારના અથવા જમીનના ઇજારદારના અથવા વહીવટદારના નામનું વારટ તકસીરવાર ઠરેલો હરકોઇ શખસ નાસી ગયો હોય તેને અથવા જે ગુન્હેગાર બાબત ઢંઢેરો કહાડયો હોય તે ગુન્હેગારને અથવા કોઇ શખસ ઉપર જામીન લઇ નહી શકાય એવા કોઇ ગુન્હાનુ તોહોમત આવ્યુ હોય, અને તે તેની પાછળ લાગનારાના હાથમાથી છટકી ગયો હોય તો તેને પકડવા સારૂ કહાડવાને મુખત્યાર છે

(૨) સદરહુ જમીનદારે અથવા ઇજારદારે તે વારટની પહોંચ લખીને આપવી, અને જે શખસને પકડવાને સારૂ તે વારટ કહાડયુ હોય તે શખશ પોતાની જમીનમાં અથવા ઇજારાની જમીનમાં, અથવા પોતાના હવાલા માહેની જમીનમાં હોય અથવા પેસે, તો તેણે તે વારટ બજાવવુ

(૩) જે શખશની ઉપર સદરહુ વારટ કહાડયુ હોય તે શખશ પકડાય ત્યારે તેને વારટ સુદ્ધા પાસેમા પાસેના પોલીસ અમલદારને સ્વાધીન કરવો અને ૭૬ મી કલમ પ્રમાણે તારણુ નહી લીધુ હોય તો, તેને તે કામમા હકુમતવાળા માજીસ્ટ્રેટની પાસે મોકલી દેવો.

૭૯ જે પોલીસ અમલદારના નામનુ વારંટ કહાડેલુ હોય તે પોલીસ અમલદાર અથવા જે અમલદારનુ નામ તે વારટની પાછળ લખ્યુ હોય તે અમલદાર તે વારટની પાછળ બીજા જે પોલીસ અમલદારનુ નામ લખે તે પોલીસ અમલદાર પણ તે વારટ બજાવવાને મુખત્યાર છે.

૮૦ પકડવાનુ વારટ બજાવનાર પોલીસ અમલદારે અથવા બીજા શખસે જે શખસને પકડવો હોય તે શખસને તે વારટનો સાર જણાવવો અને તે શખસ કહેતો વારટનો સાર જાહેર કરવો, તેને વારટ બતાવવુ

૮૧ પકડવાનુ વારટ બજાવનારા પોલીસ અમલદારે અથવા બીજા શખસે નકામી ઢીલ ન કરતાં (જામીન સબધી ૭૬ મી કલમના ઠરાવોને અનુસરીને) જે કોરટની આગળ કાયદા પ્રમાણે તે પકડેલા શખશને રજુ કરવો જોઇએ તે કોરટની આગળ તેને આણવો

૮૨ પકડવાનું વારંટ બ્રીટીશ ઇન્ડીયામાં કોઇપણ જગોએ બજાવવાનો અખીત્યાર છે

૮૩. [૧] જ્યારે કોઇ વારંટ કહાડનારી કોરટની હકુમતની સ્થાનિક શીમાની બાહાર તે વારંટ બજાવવું હોય, ત્યારે સદરહુ કોરટે તે વારંટ કોઇ પોલીસ અમલદારના નામનું કહાડવાને બદલે જે માજીસ્ટ્રેટની અથવા ડીસ્ત્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ પોલીસની અથવા ઇલાકાના મુખ્ય શહેરમાં કમીશનર ઓફ પોલીસની હકુમતના સ્થાનીક હદમાં તે વારંટ બજાવવું હોય તે માજીસ્ટ્રેટને ડીસ્ત્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ પોલીસને અથવા કમીશનરને સદરહુ વારંટ ટપાલ અથવા બીજી રીતે મોકલવાને મુખત્યાર છે

(૨) જે માજીસ્ટ્રેટને અથવા ડીસ્ત્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટને અથવા કમીશનરને સદરહુ વારંટ સદરહુ પ્રમાણે મોકલ્યુ હોય તેણે તેની પાછળ પોતાના નામની સહી કરવી અને પોતાની હકુમતની સ્થાનીક હદની અંદર બજાવી શકાતુ હોય તો આમાં આગળ કહેલી રીતે વારંટની બજાવણી કરાવવી

૮૪ (૧) જ્યારે કોઇ પોલીસ અમલદારના નામનું કહાડેલુ વારંટ જે કોરટે તે વારંટ કહાડ્યુ હોય તે કોરટની હકુમતની સ્થાનીક હદની બાહાર બજાવવું હોય ત્યારે જે માજીસ્ટ્રેટની અથવા જે અમલદારના હવાલામાં કોઇ થાણું હોય તે અમલદારના કરતા ઉતરતા દરજાનો ન હોય એવા જે પોલીસ અમલદારની હકુમતની સ્થાનીક હદમાં તે વારંટ બજાવવું હોય ત્યારે તે માજીસ્ટ્રેટની અથવા પોલીસ અમલદારની પાસે સહી કરાવવા સારુ તેણે તે વારંટ સામાન્યત લઇ જવુ.

(૨) સદરહુ માજીસ્ટ્રેટે અથવા પોલીસ અમલદારે તે વારંટની પાછળ પોતાના નામની સહી કરવી અને સદરહુ સહી ઉપરથી જે પોલીસ અમલદારના નામનું વારંટ કહાડ્યુ હોય તે પોલીસ અમલદારને તે વારંટ સદરહુ હદમાં બજાવવાનો પુરતો અખીત્યાર મળશે અને સદરહુ અમલદાર કહે તો સ્થાનીક પોલીસે તેને સદરહુ વારંટ બજાવવામાં મદદ કરવી

(૩) જે માજીસ્ટ્રેટની અથવા પોલીસ અમલદારની હકુમતની સ્થાનીક હદમાં સદરહુ વારંટ બજાવવું હોય તે માજીસ્ટ્રેટની અથવા પોલીસ અમલદારની સહી મેળવવાથી જે ઢીલ થાય તેથી સદરહુ બજાવણી થતી અટકશે એવુ માનવાનુ જ્યારે કારણ હોય ત્યારે જે પોલીસ અમલદારના નામનું વારંટ હોય તે, વારંટ કાહાડનારી કોરટની હકુમતની સ્થાનીક હદની બાહાર કોઇ પણ જગામાં સદરહુ સહી લીધા વગર તે વારંટ બજાવવાને મુખત્યાર છે.

(૪) આ કલમ કલકત્તા તથા મુંબાઇ એ શહેરમાં પોલીસને લાગુ છે

૮૫ જ્યારે પકડવાનુ કોઇ વારંટ જે જીલ્લામાં તે વારંટ કહાડ્યુ હોય તેની બાહાર બજાવ્યુ હોય ત્યારે જે કોરટે તે વારંટ કહાડ્યુ હોય તે કોરટ પકડવાની જગાથી વીશ માઇલની અંદર ન હોય તો જે માજીસ્ટ્રેટની અથવા ડીસ્ત્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ અથવા ઇલાકાના મુખ્ય શહેરમાં પોલીસ કમીશનરની હકુમતની સ્થાનીક હદમાં પકડવાનુ કામ કર્યું હોય તે માજીસ્ટ્રેટ અથવા સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ અથવા પોલીસ કમીશનર કરતા સદરહુ કોરટ પાસે ન હોય તો અથવા ૭૬ મી કલમ પ્રમાણે તારણ લીધુ ન હોય તો પકડેલા સખશને સદરહુ માજીસ્ટ્રેટની અથવા કમીશનરની અથવા ડીસ્ત્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ આગળ લઇ જવો

૮૬ (૧) જે કોરટે સદરહુ વારંટ કહાડ્યુ હોય તેણે જે શખસ ધારેલો તેજ પકડેલો શખસ છે એવુ જણાય તો સદરહુ માજીસ્ટ્રેટે અથવા ડીસ્ત્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટે અથવા કમીશનરે તે શખસને પહેરામાં આપીને સદરહુ કોરટની પાસે લઇ જવાનુ ફરમાવવુ, પણ એવુ ઠરાવ્યુ છે કે જો જામીન લઇ શકાય એવો ગુનોહ હોય અને તે શખસ સદરહુ માજીસ્ટ્રેટની અથવા ડીસ્ત્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ અથવા કમીશનરની ખાત્રી લાયક જામીન આપવાને તઇયાર તથા રાજી હોય, અથવા ૭૬ મી કલમ પ્રમાણે તે વારંટ ઉપર શેરો લખીને હુકમ કરેલો હોય, અને તે શખસ સદરહુ હુકમથી ફરમાવેલુ તારણ આપવાને તઇયાર તથા રાજી હોય તો તે માજીસ્ટ્રેટ, ડીસ્ત્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટે, અથવા કમીશનરે સદરહુ જામીન અથવા તારણ જેમ હોય તેમ લેવુ, અને જે કોરટે વારંટ કહાડ્યુ હોય તેની ઉપર તે ખત રવાના કરવુ

(૨) આ કલમ માહેના કોઇપણ મજકુરથી કોઇ પણ પોલીસ અમલદારને ૭૬ મી કલમ પ્રમાણે તારણ લેવાની મના છે એમ સમજવુ નહી.

ક—જાહેરનામુ તથા જપ્તી.

૮૭. (૧) જો કેઇ કોરટને (પુરાવો લીધા પછી કે લીધા વગર) એમ માનવાનું કારણ હોય કે જે શખસની ઉપર પોતે વારંટ કહાડયુ છે તે શખસ નાહાશી ગયો છે અથવા સતાઇ જાય છે, તેથી સદરહુ કોરટ એક લખેલુ જાહેરનામું પ્રસિદ્ધ કરીને તેમા સદરહુ શખસને કોઈ મુકરર કરેલી જગાએ તથા કોઇ મુકરર કરેલી મુદતે હાજર થવાનુ ફરમાવવાને મુખત્યાર છે તે મુદત સદરહુ જાહેરનામું પ્રસિદ્ધ કરવાની તારીખથી ત્રીસ દિવસ કરતા ઓછી ઠરાવવી નહીં.

(૨) તે જાહેરનામુ હેઠળ લખ્યા પ્રમાણે પ્રસિદ્ધ કરવુ.

(અ) જે શહેરમા અથવા ગામમા સદરહુ શખસ ઘણું કરીને રહેતો હોય તે શહેરની અથવા ગામની કોઇ પ્રસીદ્ધ જગામા તે જાહેરનામુ જાહેર રીતે વાચવું.

(બ) તે શખસ જે ઘરમા અથવા ઘર વાડીમા ઘણુ કરીને રહેતો હોય તે ઘરના અથવા સદરહુ શહેરની અથવા ગામની કોઇ પ્રસીદ્ધ જગાપર તે જાહેરનામુ ચોહોડવુ.

(ક) અને તે જાહેરનામાની એક નકલ તે મકાનના કોઇ પ્રસીદ્ધ ભાગપર ચોહોડવી.

(૩) તે જાહેરનામુ કોઇ અમુક દીવસે યોગ્ય રીતે પ્રસીદ્ધ કર્યું હતુ એ મુજબ તે જાહેરનામુ કહાડનારી કોરટે મજકુર લખ્યો હોય તે મજકુર હેઠળ લખેલી બાબતોનો નીર્ણયકારક પુરાવો છે એમ સમજવુ એટલે આ કલમથી ફરમાવેલી વાતોનો અમલ કરવામા આવ્યો છે અને તે જાહેરનામુ સદરહુ દીવસે પ્રસિદ્ધ કર્યું હતુ

૮૮. (૧) ૮૭ મી કલમ પ્રમાણે જાહેરનામુ કહાડયા પછી જે સખસ બાબત તે જાહેરનામું કહાડયુ હોય તે સખસની જગમ મિલકત અથવા સ્થાવર મીલકત અથવા એ બન્ને મીલકત જપ્ત કરવાનુ ફરમાવવાને તે કોરટ મુખત્યાર છે

(૨) તે હુકમ જે જીલ્લામા કર્યો હોય તે જીલ્લામા સદરહુ સખસની કોઇ પણ મીલકત જપ્ત કરવાનો અખત્યાર તે હુકમ ઉપરથી છે એમ સમજવું અને સદરહુ જીલ્લાની બહાર સદરહુ શખસની કોઇપણ મિલકત જપ્ત કરવાનો અખત્યાર જે જીલ્લા માજીસ્ટ્રેટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટના જીલ્લામાં સદરહુ મીલકત આવેલી હોય તે જીલ્લા માજીસ્ટ્રેટ તે હુકમ પાછળ સહી કરશે એટલે તે હુકમ ઉપરથી છે એવુ સમજવુ

(૩) જે મીલકત જપ્ત કરવાનો હુકમ કર્યો હોય તે મીલકત લહેણું હોય અથવા બીજી જગમ મીલકત હોય તો આ કલમ પ્રમાણે કરવાની જપ્તી હેઠળ લખ્યા મુજબ કરવી એટલે—

(અ) પકડીને અથવા

(બ) ઉપજ વસુલ કરનાર નીમીને, અથવા

(ક) જે શખસ બાબત જાહેરનામુ કહાડયુ હોય તે શખસને અથવા તેની તરફથી કોઇને પણ સદરહુ મીલકત સ્વાધીન કરવાની મના કરવા બાબતનો લેખી હુકમ કરીને, અથવા

(ડ) કોરટને યોગ્ય લાગે તે પ્રમાણે સદરહુ પ્રકારની સઘળી અથવા કોઇપણ બે રીતે

(૪) જે મીલકત જપ્ત કરવાનો હુકમ કર્યો હોય તે મીલકત સ્થાવર હશે ત્યારે આ કલમ પ્રમાણે કરવાની જપ્તી સરકારને મહેસુલ ભરનારી જમીન હોય તો જે જીલ્લામાં તે જમીન આવેલી હોય તે જીલ્લાના કલેકટરની મારફતે કરવી અને બીજી સઘળી બાબતમા હેઠળ લખ્યા પ્રમાણે કરવી

(ઇ) કબજો લઇને, અથવા

(ફ) ઉપજ વસુલ કરનાર નીમીને, અથવા

(ગ) જે શખસ બાબત જાહેરનામુ કહાડયુ હોય તે સખસને અથવા તેની તરફથી કોઇને પણ ભાડુ અથવા ગણોત આપવાની અથવા મીલકત સ્વાધીન કરવાની મના કરવા બાબતનો લેખી હુકમ કરીને, અથવા

(હ) કોરટને યોગ્ય લાગે તે પ્રમાણે સદરહુ પ્રકારની સઘળી અથવા કોઇપણ બે રીતે.

(૫) જે મીલકત જપ્ત કરવાનો હુકમ કર્યો હોય તે મીલકત જીવતા જનાવરો હશે અથવા જલદી નાશ થવા જેવી હશે તો કોરટ પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે તેનુ તાબડતોબ વેચાણ કરવા બાબત

હુકમ કરવાને મુખત્યાર છે, અને એવે પ્રસંગે તે વેચાણના આવેલા પૈસાની વ્યવસ્થા કોરટના હુકમ પ્રમાણે કરવી.

(૬) દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૩૬ મા બાબ પ્રમાણે નિમેલા ઉપજ વસુલ કરનારના જે અધીકાર, કામ તથા જવાબદારી હોય તેજ અધીકાર કામ તથા જવાબદારી આ કલમ પ્રમાણે નિમેલા ઉપજ વસુલ કરનારની છે એમ સમજવુ

"૬. (અ) જાહેરનામુ કાઢયું હોય તે શખસ શિવાયનો બીજો કોઇપણ શખસ, આ કલમની રૂયે જપ્ત કરેલી કોઇપણ મિલકતના સબંધમાં, એવી રીતે જપ્ત કર્યાની તારીખથી છ મહિનાની અંદર, દાવો કરનાર અથવા વાંધો ઉઠાવનારનો તે મિલકતમા હિતસબંધ છે અને તે હિતસબંધ આ કલમની રૂયે જપ્ત થવાને પાત્ર નથી એવા સબબસર કોઇપણ દાવો કરે અથવા વાંધો ઉઠાવે તો, તે દાવાના અથવા વાંધાના સબંધમા તપાસ કરવી, અને તે દાવો અથવા વાંધો આખો અથવા અંશત મંજુર કરવાનો અથવા નામંજુર કરવાનો અખત્યાર છે,

"પણ એવુ ઠરાવ્યુ છે કે, આ પેટા કલમ ઉપરથી આપેલી મુદતની અંદર જે કાંઇપણ દાવો કરવામા આવે અથવા વાંધો ઉઠાવવામા આવે તે દાવો અથવા વાંધો, તે દાવો કરનાર અથવા વાંધો ઉઠાવનાર મરણ, પામે તો તેનો વારસવકીલ ચાલુ રાખવાને મુખ્ત્યાર છે

"(૬-બ) પેટા-કલમ [૬ અ] મુજબના દાવા અથવા વાંધા, જે કોર્ટે જપ્તીનો હુકમ કાઢયો હોય તે કોર્ટમા કરવાનો અથવા લાવવાનો અધિકાર છે, અથવા જો તે દાવો અથવા વાંધો, પેટા કલમ (૨)ના ઠરાવો મુજબ જીલ્લા માજીસ્ત્રેટે અથવા ચીફ પ્રેસિડન્સી માજીસ્ત્રેટે જે હુકમ પાછળ સહી કરી હોય એવા હુકમ ઉપરથી જપ્ત કરેલી મિલકતના સબંધમા હોય, તો તે માજીસ્ત્રેટની કોર્ટમા કરવાનો અથવા લાવવાનો અધિકાર છે.

(૬ ક) એવો દરેક દાવો અથવા વાંધો જે કોર્ટમા કરવામા આવ્યો હોય અથવા લાવવામા આવ્યો હોય તે કોર્ટે તેની તપાસ કરવી

પણ એવુ ઠરાવ્યુ છે કે જો તે ડિસ્ટ્રિક્ટ માજીસ્ત્રેટની અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટની કોર્ટમા કરવામા આવ્યો હોય અથવા લાવવામા આવ્યો હોય તો, એવા માજીસ્ત્રેટને, પ્રસંગ પ્રમાણે, પોતાના તાબાના પહેલા અથવા બીજા વર્ગના કોઇપણ માજીસ્ત્રેટને અથવા કોઇપણ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટને તે નિકાલ માટે સોંપવાનો અધીકાર છે

"(૬ ડ) પેટા કલમ [૬ અ] ની રૂયે કાઢેલા હુકમ ઉપરથી જે કોઇ પણ શખસનો દાવો અથવા વાંધો આખો અથવા અંશત નામંજુર કર્યો હોય તે શખસ, એવા હુકમની તારીખથી એક વર્ષની અંદર, તકરારી મિલકત ઉપર જે હક હોવાનો દાવો કરતો હોય તે હક સાબિત કરવા સારૂ ફરિયાદ માંડવાને મુખત્યાર છે, પણ જો એવી ફરિયાદ કરવામા આવી હોય તો તેના પરિણામને પાત્ર, સદરહુ હુકમ આખરનો સમજવો.

"(૬ ઇ) જે શખસ બાબત જાહેરનામુ કાઢયુ હોય તે શખસ જાહેરનામામા નિર્દિષ્ટ કરેલા વખતમા હાજર થાય તો કોર્ટે જપ્તીમાથી સદરહુ મિલકતને મુક્ત કરવાનો હુકમ કરવો"

(૭) જે સખસ બાબત જાહેરનામુ કહાડયુ હોય તે સખસ જો જાહેરનામામા લખેલી મુદતમાં હાજર ન થાય તો તે જપ્તીવાળી મીલકત ઉપર સરકારનો વ્યવસ્થાધીકાર થશે, પણ જપ્તીની તારીખથી છ મહીના પુરા થતા સુધી તથા પેટા કલમ (૬ અ) મુજબ કરવામા આવેલા અથવા લાવવામા આવેલા કોઇપણ દાવા અથવા વાંધાનો સદરહુ પેટા કાયદા મુજબ નિકાલ થતા સુધી તે મીલકત વેચવી નહિ, પણ તે મીલકત બગડી જાય તેવી હોય અથવા તે વેચાણથી માલીકને ફાયદો થશે એમ કોરટની નજરમા આવે તો એ બંને પ્રસંગે કોરટને જ્યારે યોગ્ય લાગે ત્યારે સદરહુ મીલકત વેચવાને મુખત્યાર છે.

૮૯, ૮૮ મી કલમની પેટા કલમ (૭) પ્રમાણે જે શખસની મીલકત ઉપર સરકારનો વ્યવસ્થાધિકાર થાય અથવા થયો હોય તે શખસ જે કોરટના હુકમથી તે મીલકત જપ્ત કરી હોય તે કોરટની આગળ અથવા જે કોરટના તાબા હેઠળ એવી કોરટ હોય તે કોરટની આગળ જપ્તીની તારીખથી બે વરસમાં પોતાની

મેળે હાજર થાય અથવા તેને પકડીને આણવામા આવે અને સદરહુ કોરટની ખાતરી થાય એવી રીતે તે સાબીતી આપે કે પોતાની ઉપર વારંટ બજે નહિ એવા હેતુથી પોતે નાસી ગયો અથવા સંતાઇ ગયો નહોતો અને જાહેરનામામા લખેલી મુદતમા હાજર થવાનું બની શકે એવી રીતે તે જાહેરનામાની ખબર પોતાને મળેલી નહોતી તો સદરહુ મીલકત અથવા જો તે વેચી હોય તો તે વેચાણનુ નક્કો ઉત્પન્ન અથવા જો તે મીલકતનો ફક્ત થોડોક ભાગ વેચ્યો હોય તો તે વેચાણનુ નક્કી ઉત્પન્ન તથા તે મીલકતનો બાકી રહેલો ભાગ સદરહુ જપ્તીને લીધે થયેલો એ સઘળો ખરચ તેમાંથી લીધા પછી તે સખસને સ્વાધીન કરવો.

ડ—પ્રોસેસ સબંધી બીજી કાનુનો.

૯૦ જે બાબતમા હાજર થવા સારૂ જ્યુરર અથવા આસેસર શીવાય બીજા કોઇપણ શખસની ઉપર સમન કહાડવાનો કોઇ કોરટને આ કાયદા પ્રમાણે અધિકાર હોય તેવી હરકોઇ બાબતમાં તે કોરટ સદરહુ શખસને પકડવા સારૂ પોતાના કારણ લખીને વારંટ કહાડવાને મુખત્યાર છે

(અ) જો સદરહુ સમન કહાડતા પહેલાં અથવા તે કહાડ્યા પછી પણ તે શખસ હાજર થાય તેને માટે મુકરર કરેલા વખત પહેલા તે કોરટને એવુ માનવાનું કારણ જણાય કે તે શખસ નાહાશી ગયો છે અથવા તે સમન નહિ માને તો, અથવા

(બ) જો સદરહુ વખતે તે શખસ હાજર ન થાય અને તે સમન પ્રમાણે હાજર થવાનુ તેનાથી બની શકે એવે વખતે સમન યોગ્ય રીતે બજાવ્યાની સાબીતી થાય અને એ પ્રમાણે હાજર નહીં થયા બાબત કાંઇ વ્યાજબી કારણ આપવામા ન આવે તો

૯૧ જે શખસને હાજર થવા સારૂ અથવા જે શખસને પકડવા સારૂ સમન અથવા વારંટ કહાડવાનો કોઇ પણ કોરટના પ્રમુખ અમલદારને અધિકાર હશે તે શખસ જ્યારે સદરહુ કોરટમા હાજર હોય ત્યારે સદરહુ અમલદાર તે શખસને તે કોરટમા હાજર થવા સારૂ જામીન સાથે અથવા જામીન વગર એક ખત કરી આપવાનુ ફરમાવવાને મુખત્યાર છે

૯૨ આ કાયદા પ્રમાણે લીધેલા કોઇપણ ખત પ્રમાણે જે શખસ કોઇ કોરટની આગળ હાજર થવાને બંધાયેલો હોય ને શખસ એ પ્રમાણે હાજર ન થાય ત્યારે સદરહુ કોરટનો પ્રમુખ અમલદાર વારંટ કહાડીને સદરહુ શખસને પકડીને પોતાની આગળ રજુ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે

૯૩ સમન બાબત તથા વારંટ બાબત તથા તે કહાડવા બાબત તથા બજાવવા બાબત આ બાબ માંહેના ઠરાવો અથવા આ કાયદા પ્રમાણે કહાડેલા હરએક સમનને તથા પકડવાના દરએક વારંટને બની શકે તેટલે સુધી લાગુ પડશે

બાબ ૭ મો.

દસ્તાવેજો તથા બીજી જંગમ મીલકત રજુ કરવાની જરૂર પાડવા સારૂ તથા ગેરવ્યાજબી રીતે કેદ કરેલા શખશોને શોધી કહાડવા સારૂ પ્રોસેસો બાબત.

અ—રજુ કરવા વિશે સમન

૯૪ (૧) જ્યારે કોઇ કોરટની અથવા કલકત્તા અને મુબઇ એ શહેરોની હદ બહાર કોઇ જગામા જે અમલદારના હવાલામા કોઇ પોલીસ–થાણુ હોય એવા કોઇપણ અમલદારની નજરમા આવે કે આ કાયદા પ્રમાણે પોતે અથવા પોતાની આગળ કાંઇ પણ તપાસ અથવા ઇનસાફ અથવા બીજુ કામ ચલાવવાના કારણ સારૂ કોઇપણ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવી જરૂરની અથવા યોગ્ય છે ત્યારે જે શખસના કબજામાં અથવા અખત્યારમાં સદરહુ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ હાજર થઇને રજુ કરવી એવો તેને સમન કરવાને સદરહુ કોરટ અથવા એવો લખેલો હુકમ કરવાને સદરહુ અમલદાર મુખત્યાર છે

(૨) જે શખસને ફક્ત કોઇ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવાનુ આ કલમ પ્રમાણે ફરમાવ્યુ હોય, તે શખસ તે દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવા સારૂ જાતે હાજર થવાને બદલે તે મુખત્યાર મારફત રજુ કરાવે તો તે સદરહુ હુકમ પ્રમાણે ચાલ્યો છે એમ સમજવુ

(૩) આ કલમ માહેના કોઇ પણ મજકુર ઉપરથી સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાણાના આકટના ૧૨૩ મી તથા ૧૨૪ મી કલમોને બાધ આવે છે અથવા તે મજકુર ટપાલ ખાતાના અથવા તાર ખાતાના અધીકારીઓના હવાલામા કોઈ કાગળ પોષ્ટકાર્ડ, તાર અથવા બીજો દસ્તાવેજ અથવા કોઇપણ પારસલ અથવા વસ્તુ હોય તેને લાગુ પડે છે એમ સમજવુ નહિ

૯૫. (૧) જો કોઇ જીલ્લા માજીસ્ટ્રેટ અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટના અથવા હાઇ કોર્ટના અથવા સેશન કોરટના મત પ્રમાણે સદરહુ હવાલા માહેનો કોઇપણ દસ્તાવેજ અથવા પારસલ અથવા વસ્તુ આ કાયદા પ્રમાણે કોઇપણ તપાસ, ચોકસી ઇનસાફ અથવા બીજુ કામ ચલાવવાના કારણ સારૂ જોઇતી હોય તો, સદરહુ માજીસ્ટ્રેટ અથવા કોરટ ફરમાવે તેવા શખસને સદરહુ દસ્તાવેજ, પારસલ, અથવા વસ્તુ સ્વાધીન કરવાનુ. ટપાલ ખાતાના, અથવા તાર ખાતાના, જેમ હોય તેમ અધીકારીઓને ફરમાવવાને તે માજીસ્ટ્રેટ અથવા કોરટ મુખત્યાર છે

(૨) જો બીજા કોઇ પણ માજીસ્ટ્રેટના અથવા કોઇપણ પોલીસ કમીશનર અથવા પોલીસના કોઇ પણ ડીસ્ટ્રીકટ સુપ્રીન્ટેન્ડેન્ટના મત પ્રમાણે સદરહુ પ્રકારનો કોઇ દસ્તાવેજ અથવા પારસલ અથવા વસ્તુ સદરહુ પ્રકારના કોઇ પણ કારણ સારૂ જોઇતી હોય, તો સદરહુ જીલ્લા માજીસ્ટ્રેટનો અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટનો અથવા કોરટનો હુકમ થતાં સુધી સદરહુ દસ્તાવેજની, પારસલની અથવા વસ્તુની શોધ કરાવીને તે અટકાવી રાખવાનુ ટપાલખાતાને અથવા તારખાતાને જેમ હોય તેમ ફરમાવવાને તે મુખત્યાર છે

બ—ઝાડો લેવાના વારંટ બાબત.

૯૬ (૧) જે શખસને ૯૪ મી કલમ પ્રમાણે સમન અથવા હુકમ કર્યો હોય અથવા કરવાનો અધિકાર હોય અથવા જે શખસને ૯૫ મી કલમના પહેલા પેરેગ્રાફ પ્રમાણે ફરમાશ કરી હોય અથવા કરવાનો અધિકાર હોય તે શખસ સદરહુ સમનમાં અથવા ફરમાનમા ફરમાવ્યા મુજબ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરશે નહી એવુ માનવાનુ કોઇ કોરટને કારણ હોય, ત્યારે

અથવા સદરહુ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ ફલાણા સખસના કબજામાં છે એવુ કોરટના જાણવામા ન હોય ત્યારે,

અથવા આ કાયદા પ્રમાણે કોઇ પણ ચોકસી ઇનસાફ અથવા, બીજા કામની મતલબ સામાન્ય રીતે ઝાડો લેવાથી અથવા જોવાથી સરસે એવુ કોરટની નજરમા આવે ત્યારે,

તે કોરટ ઝાડો લેવાનુ વારંટ કહાડવાને મુખત્યાર છે અને જે શખસના નામનુ સદરહુ વારંટ કર્યું હોય તે શખસ તે વારંટ મુજબ અને કાયદામા આગળ કહેલા ઠરાવો મુજબ ઝાડો લેવાને અથવા જઇને જોવાને મુખત્યાર છે.

(૨) ટપાલખાતાને અથવા તારખાતાના અધીકારીઓના હવાલામા કોઇ દસ્તાવેજ પારસલ અથવા બીજી વસ્તુ હોય તે બાબત ઝાડો લેવાનુ વારંટ આપવાનો જીલ્લા માજીસ્ટ્રેટ અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ સીવાય બીજા કોઈ માજીસ્ટ્રેટને આ કલમ માહેના કોઇ પણ મજકુરથી અધિકાર છે એમ સમજવું નહીં.

૯૭. ફક્ત ફલાણી જગાને જ અથવા તેના ફલાણા ભાગનો જ ઝાડો લેવો અથવા જઇને તે જોવો એવુ કોરટ જો પોતાને યોગ્ય લાગે તો વારંટમા લખી જણાવવાને મુખત્યાર છે, અને તે વારંટ બજાવવાનુ કામ જે શખસને સોપ્યું હોય તે સખસે પછી ફક્ત સદરહુ પ્રમાણે લખેલી જગ્યાનોજ અથવા ભાગનોજ ઝાડો લેવો અથવા જઇને તે જોવો

૯૮ (૧) જો કોઈ જીલ્લા માજીસ્ટ્રેટને, પેટા ડુકડી માજીસ્ટ્રેટને, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટને અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટને ખબર મળ્યા ઉપરથી તથા તેની નજરમાં જરૂર જણાય તેવી ચોકશી કર્યા પછી એવુ માનવાનું કારણ હોય, કે ફલાણી જગા ચોરીની મીલકત મુકવા સારૂ અથવા વેચવા સારૂ વાપરવામા આવે છે.

અથવા બનાવટના દસ્તાવેજો, ખોટી મોહોરો, અથવા ખોટા સ્ટાંપ અથવા સીક્કા અથવા ખોટા સીક્કા અથવા સ્ટાંપ બનાવવાના, અથવા ખોટા દસ્તાવેજ બનાવવાના હથીયારો અથવા સામાન મુકવા અથવા વેચવા અથવા બનાવવા સારૂ વાપરવામાં આવે છે

અથવા ફલાણી જગાએ કોઇ પણ બનાવટના દસ્તાવેજો, ખોટી મોહોરો અથવા ખોટા સ્ટાંપ અથવા સીક્કા અથવા ખોટા સીક્કા અથવા સ્ટાંપ બનાવવા માટે અથવા ખોટા દસ્તાવેજ બનાવવા માટે વાપરવાના હથીયારો અથવા સામાન રાખવામાં અથવા મુકવામા આવ્યાં છે.

તો કોનસ્ટેબલના દરજા ઉચા દરજાના કોઇ પણ પોલીસ અમલદારને તે પોતાના વારંટથી હેઠળ લખ્યા પ્રમાણે અધિકાર આપવાને મુખત્યાર છે

(અ) જેટલી મદદ જોઇએ તેટલી મદદ લઇને સદરહુ જગામાં પેસવાને, તથા

(બ) વારંટમા લખેલી રીતે તે જગાએ ઝાડો લેવાને તથા

(ક) કંઇ મિલકત, દસ્તાવેજો, મોહોરો સ્ટાંપ, અથવા સીક્કા તે જગાએ જડે અને તે મીલકત ચોરીની છે, અથવા ગેરકાયદેસર મેળવેલી છે અથવા તે દસ્તાવેજો બનાવટના છે અથવા તે મોહોરો ખોટી છે અથવા તે સ્ટાંપ અથવા સીક્કા ખોટા બનાવેલા છે એવો તેને શક આવે તો તે મિલકતનો, દસ્તાવેજોનો, મોહરોનો, સ્ટાંપનો અથવા સીક્કાઓનો અને વળી સદરહુ પ્રકારના કાંઇ પણ હથીઆરોનો તથા સામાનનો કબજો લેવાને તથા,

(ડ) સદરહુ મીલકત, દસ્તાવેજો, મોહોરો, સ્ટાંપ, સીક્કા, હથીઆરો અથવા સામાન કોઇ માજીસ્ટેટની આગળ લઈ જવાને અથવા જ્યા સુધી ગુન્હેગારને માજીસ્ટેટની આગળ લઇ જવામા આવ્યો ન હોય ત્યાં સુધી તે જગાએ સંભાળી રાખવાને અથવા કોઇ નીરભય જગાએ તેની બીજી રીતે વ્યવસ્થા કરવાને, તથા

(ઇ) સદરહુ પ્રકારની કોઈ મીલકત ચોરેલી છે અથવા બીજી રીતે ગેરકાયદેસર મેળવેલી છે અથવા સદરહુ દસ્તાવેજો અથવા મહોરો, સ્ટાંપ સીક્કા, હથીઆરો અથવા સામાન ખોટા બનાવેલ છે અથવા સદરહુ હથીઆરો અથવા સામાન. ખોટા સીક્કા અથવા સ્ટાંપ બનાવવા માટે અથવા ખોટા દસ્તાવજ બનાવવા માટે વાપરેલો છે અથવા વાપરવા માટે યોજેલો છે એવુ જાણવા છતા અથવા એવો શક લાવવાને વ્યાજબી કારણ છતા ફલાણા શખસે સદરહુ પ્રકારની મીલકત, દસ્તાવેજો, મોહોરો, સ્ટાંપ, સીક્કા, હથીયારો અથવા સામાન મુકવા, વેચવામા અથવ બનાવવામા અથવા રાખવામાં અદરખાનેથી ભાગ લીધેલો છે, એવુ જણાય તેવો જે શખસ સદરહુ જગાએ માલમ પડે તે સખસને પેહેરામાં લેવાને તથા કોઇ માજીસ્ટેટની આગળ લઇ જવાને.

(૨) આ કલમ માહેના ઠરાવો—

(અ) ખોટા સીક્કા બદલ

(ક) ખોટા સીક્કા બનાવવાના હથિઆર અથવા સામાન બદલ.

જેટલે દરજ્જે લાગુ પાડી શકાય તેટલે દરજ્જે નીચે લખેલી બાબતોને અનુક્રમે લાગુ પડશે એમ સમજવુ એટલે—

(અ) સન ૧૮૮૯ ના ધાતુના પ્રતીનાણા બાબતના આકટ વિરૂદ્ધ બનાવેલા ધાતુના કકડાને, અથવા સન ૧૮૭૮ ના જળમાર્ગના કસ્ટમના આકટની ૧૯ મી કલમ મુજબ વિદ્યમાન કાળે અમલમાં હોય એવી હરકોઇ જાહેરખબર વિરૂદ્ધ બ્રિટીશ હિંદુસ્તાનમા આણેલા ધાતુના કકડાને.

[બ] સદરહુ પ્રમાણે બનાવેલા છે અથવા સદરહુ પ્રમાણે બ્રીટીશ હિંદુસ્તાનમાં આણેલા છે એવો શક આવેલા અથવા સન ૧૮૮૯ ના ધાતુના પ્રતીનાણાં બાબતના આકટ વિરૂદ્ધ બહાર પાડવાનો ઇરાદો છે એવા ધાતુના કકડાને, અને

[ક] સદરહુ આકટ વિરૂદ્ધ ધાતુના કપડા બનાવવાના હથીયાર અથવા સામાનને

૯૯. જે કોરટે ઝાડો લેવાનુ વારંટ કહાડયું હોય તે કોરટની હકુમતની સ્થાનીક સીમાની બહાર કોઇ પણ જગાએ તે વારંટ બજાવતાં જે વસ્તુઓને માટે ઝાડો લેવામા આવે તેમાની કોઇ પણ વસ્તુઓ જડે ત્યારે સદરહુ વસ્તુઓ તેમજ આ કાયદામાં આગળ કહેલા ઠરાવો મુજબ તે વસ્તુઓની તઇઆર કરેલી ટીપ તાબડતોબ તે વારંટ કહાડવાની કોરટની આગળ લઈ જવી પણ સદરહુ જગા તે કોરટ કરતાં જે માજીસ્ટેટને તે જગામાં હકુમત હોય તે માજીસ્ટેટની વધારે નજીક હોય તો તે ટીપ અને તે વસ્તુઓ સદરહુ માજીસ્ટેટની આગળ તાબડતોબ લઇ જવી. અને જો વિરૂદ્ધ પડતું પાકુ કારણ ન

હોય તો સદરહુ માજીસ્ટ્રેટે હુકમ કરીને તે ટીપ તથા વસ્તુઓ સદરહુ કોરટની પાસે લઇ જવાનો અધિકાર આપવો,

ક—ગેરવ્યાજબી રીતે કેદ કરેલા શખસોની શોધ કરવા બાબત.

૧૦૦ જો કોઇ પણ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટને અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટને અથવા પેટા ટુકડી માજીસ્ટ્રેટને એવું માનવાનું કારણ હોય કે કોઇ પણ શખસને એવી રીતે અટકાયતમાં રાખ્યો છે કે જેથી કરીને એ પ્રમાણે અટકાયતમા રાખવાનું કૃત્ય ગુનેહ થાય છે તો ઝાડો લેવાનુ વારંટ કાહાડવાને તે મુખત્યાર છે, અને જે સખસના નામનુ તે વારંટ કહાડવામા આવે તે સખસને સદરહુ પ્રમાણે કેદ કરેલા સખસ માટે ઝાડો લેવાનો અધિકાર છે અને તે વારંટ મુજબ સદરહુ ઝાડો લેવો અને જો તે સખસ જડે તો તેને કોઇ માજીસ્ત્રેટની આગળ તાબડતોબ લઇ જવો. અને તે કામની હકીકત ઉપરથી યોગ્ય જણાય એવો હુકમ તે માજીસ્ત્રેટે કરવો ૧૦૧ કલમ રદ થઇ છે

ડ—ઝાડો લેવા સબંધી સામાન્ય ઠરાવો

૧૦૨ (૧) આ બાબ પ્રમાણે જે જગ્યા ઝાડો લેવાને અથવા જઇને જોવાને પાત્ર હોય તે જગા બંધ હોય ત્યારે જે શખસ તે જગામા રહેતો હોય અથવા જે શખસના હવાલામા તે જગા હોય તે સખસે વારંટ બજાવનારા અમલદારની અથવા બીજા શખસની માગણી ઉપરથી તથા વારંટ રજુ કર્યા ઉપરથી તે અમલદારને અથવા બીજા શખસને તે જગાની અંદર વગર હરકતે જવા દેવો તથા ત્યાં શોધ કરવો, જેમ સહેલ પડે તેવા સઘળા ઘટતા ઉપાયો કરી દેવા

(૨) જો સદરહુ જગાની અંદર સદરહુ પ્રમાણે જવા દેવામા ન આવે, તો વારંટ બજાવનારો અમલદાર અથવા બીજો શખસ ૪૮ મી કલમની ઠરાવેલી રીતે ચાલવાને મુખત્યાર છે

(૩) જ્યારે સદરહુ જગાની અંદર અથવા સદરહુ જગાની પાસે હોય એવો કોઇ પણ સખસ જે વસ્તુનો શોધ કરવો જોઇએ એવી કોઇ પણ વસ્તુ પોતાના શરીર ઉપર સંતાડે છે એવો વ્યાજબી શક આવે ત્યારે સદરહુ શખસનો ઝાડો લેવાને અધીકાર છે, જો એવો શખસ કોઇ બાયડી હોય તો ૫૨ મી કલમ માહેના હુકમ પ્રમાણે અમલ કરવો જોઇએ

૧૦૩ (૧) આ બાબ પ્રમાણે ઝાડો લેતા પહેલા ઝાડો લેવા જનારા અમલદારે અથવા બીજા સખસે જે જગાનો ઝાડો લેવો હોય તે જગા જે લત્તામાં આવેલી હોય તે લત્તાના બે અથવા વધારે આબરૂદાર રહેવાશીઓને ઝાડો લેતી વખતે હાજર રહેવા તથા જોવા સારૂ બોલાવવા અને જરૂર જણાય તો તે પ્રમાણે કરવા સારૂ તેમના ઉપર અથવા તેઓમાના કોઇના ઉપર લેખી હુકમ કાઢવાનો તેને અધિકાર છે

(૨) તે ઝાડો તેઓની સમક્ષ લેવો, અને તે ઝાડો લેતી વખતે જપ્ત કરેલી સઘળી ચીજોની તથા જે જે જગાએ તે ચીજો જડી હોય તે તે જગાઓની એક ટીપ સદરહુ અમલદારે અથવા બીજા સખસે તઇયાર કરવી અને તેની ઉપર સદરહુ સાહેદોએ સહી કરવી પણ આ કલમ પ્રમાણે લેવાનો ઝાડો જોનારા કોઇ પણ સખસને કોરટે ખસુસ સમન કર્યો નહી હોય તો તેને કોરટમાં સાહેદ દાખલ હાજર થવાનું ફરમાવવુ નહી

(૩) ઝાડો લેવાની જગાનો ભોગવટો કરનારને અથવા તેની તરફથી કોઇ સખસને દરએક પ્રસંગે ઝાડો લેવાનો હોય ત્યારે હાજર રહેવા દેવા, અને સદરહુ ભોગવટો કરનારો અથવા સદરહુ શખસ કહે એટલે તેને આ કલમ પ્રમાણે તઇયાર કરેલી ટીપની એક નકલ સદરહુ સાહેદોની સહી કરાવીને સ્વાધીન કરવી

(૪) જ્યારે કોઇ સખસનો ૧૦૨ જી કલમની પેટા કલમ (૩) પ્રમાણે ઝાડો લેવામા આવે ત્યારે કબજામા લીધેલી વસ્તુઓની એક ટીપ તૈયાર કરવી અને તેની નકલ તે સખસ માગે ત્યારે આપવી,

૫ જે કોઇ પણ શખસને આ કલમની રૂએ લેવામા આવતા ઝાડા વખતે હાજર રહેવાનુ તથા તે જોવાનુ લેખી હુકમ પહોંચતો કરીને અથવા આપીને માગીને ફરમાવવામા આવે છે ત્યારે તે વ્યાજબી કારણ શિવાય તેમ કરવાની ના કહે અથવા ગફલત કરે તો, તેણે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૮૭ મી કલમ મુજબનો ગુનહો કરેલો ગણાશે

ડ–પરચુરણ.

૧૦૪ આ કાયદા પ્રમાણે પોતાની આગળ રજુ કરેલા હરકોઈ દસ્તાવેજને અથવા બીજી વસ્તુને યોગ્ય લાગે તો અટકાવી રાખવાને હરકોઈ કોરટ મુખત્યાર છે

૧૦૫ જે જગાનો ઝાડો લેવા સારૂ વારંટ કહાડવાનો પોતાને અખત્યાર હોય, તે જગાનો ઝાડો પોતાની સમક્ષ લેવાનુ ફરમાવવાને હરકોઈ માજીસ્ત્રેટ મુખત્યાર છે

બાબ ૮ મો.

ગુન્હા અટકાવવા બાબત

સુલેહ રાખવા સારૂ તથા સારી રીતે ચાલવા સારૂ તારણ બાબત,

અ—ગુનોહ કર્યા ઉપરથી સુલેહ સારૂ તારણ.

૧૦૬ (૧) જ્યારે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૪૩, ૧૪૯, ૧૫૩ મી અ તથા ૧૫૪ મી કલમના રૂએ શિક્ષા કરવા જોગ કોઈ પણ ગુન્હો અથવા હુમલો અથવા સુલેહનો ભંગ કરવાનું મદદગારી કરવાનુ અથવા સાપરાધ ધમકી આપવાનુ તહોમત જે સખસની ઉપર આવ્યુ હોય તે સખસની ઉપર કોઈ હાઈ કોરટની આગળ, સેશન કોરટની આગળ અથવા પ્રેસીડેન્સી માજીસ્ત્રેટની, જીલ્લા માજીસ્ત્રેટની, પેટા ટુકડી માજીસ્ત્રેટના, અથવા પહેલા વર્ગના માજીસ્ત્રેટની કોરટ આગળ તે ગુન્હો કરે,

અને તે કોરટના એવો અભીપ્રાય હોય કે, સુલેહ રાખવા સારૂ ખત કરીને આપવાનુ મજકુર શખસને ફરમાવવાની જરૂર છે

ત્યારે સદરહુ કોરટ તે શખસની ઉપર શિક્ષાનો હુકમ કરતી વખતે ત્રણ વરસ કરતા વધતી ન હોય એવી જે મુદત તે કોરટ મુકરર કરવાનુ યોગ્ય ધારે તે મુદત સુધી સુલેહ રાખવા સારૂ જામીન સાથે કે વગર જામીને, તેની સ્થિતીને ઘટતી રકમનુ ખત કરી આપવાનો તે શખસને હુકમ કરવાને મુખત્યાર છે.

(૨) અપીલ ઉપરથી અથવા બીજી કોઈ રીતે જો ગુન્હા સાબીત થવાનો ઠરાવ રદ થાય તો એ પ્રમાણે કરી આપેલું ખત રદ થશે

(૩) તેમજ આ વખતમુજબ હુકમ ૪૦૭ મી કલમની રૂએ અપીલ સાંભળનારી કોર્ટ સુદ્ધા કોઈપણ અપેલેન્ટ કોર્ટને અથવા હાઈકોરટ જ્યારે પોતાની તપાસણીના અધીકાર ચલાવતી હોય ત્યારે તેને કરવાનો અખતીયાર છે.

બ–બીજા કામોમાં સુલેહ રાખવા સારૂ સારી રીતે ચાલવા સારૂ તારણ.

૧૦૭ [૧] જ્યારે કોઈ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટને, જીલ્લા માજીસ્ત્રેટને, પેટા ટુકડી માજીસ્ત્રેટને અથવા પહેલા વર્ગના માજીસ્ત્રેટને એવી ખબર મળે કે ફલાણો શખ્સ સુલેહનો ભંગ કરશે અથવા લોકની સમાધાનીનો ભંગ કરશે એવો સંભવ છે અથવા જેથી સુલેહનો ભંગ ઘણુ કરીને થાય અથવા લોકની સમાધાનીનો ઘણું કરીને ભંગ થાય એવુ કાંઈ પણ ગેરવાજબી કામ કરશે એવો સંભવ છે ત્યારે એક વરસ કરતાં વધતી ન હોય એવી જે મુદત સદરહુ માજીસ્ત્રેટ જો તેનો કામ ચલાવવા માટે પુરતું કારણ છે એવો અભિપ્રાય હોય તો મુકરર કરવાનું યોગ્ય ધારે તે મુદત સુધી સુલેહ રાખવા સારૂ જામીન સાથે કે વગર જામીને એક ખત કરી આપવાનો હુકમ સદરહુ શખસને શા સારૂ ન કરવો જોઈએ તેનુ કારણ બતાવવાનુ તે શખસને આ કાયદામા આગળ ઠરાવેલી રીતે ફરમાવવાને સદરહુ માજીસ્ત્રેટ મુખત્યાર છે

(૨) જે શખસની સામે ખબર આપી હોય તે શખસ અથવા જે જગાએ સુલેહનો ભંગ અથવા ફીસાદ થવાની ધાસ્તી હોય તે જગા એવા માજીસ્ત્રેટના હકુમતની સ્થાનીક હદમાં ન હોય તો આ કલમ પ્રમાણે કામ ચલાવવામાં આવશે નહી, અને કાંઈ પણ કામ ચીફ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ સીવાય બીજા કોઈ માજીસ્ત્રેટની આગળ ચલાવવુ નહી, પણ જે શખસની સામે ખબર આપી

હોય તે શખસ તથા જે જગામા સુલેહનો ભગ અથવા ફીસાદ થવાની ધાસ્તી હોય તે જગા એવા માજીસ્રેટની હકુમતની સ્થાનીક હદમા હોય તો તે માજીસ્રેટની આગળ કામ ચલાવવાને હરકત નથી

[૩] કલમ [૧] પ્રમાણે કામ ચલાવવાનો જે માજીસ્ત્રેટને અધીકાર ન હોય તે માજીસ્રટને એવુ માનવાનુ કારણ હોય કે ફલાણો શખસ સુલેહનો ભગ અથવા લોકની સમાધાનીનો ભગ અથવા જેથી સુલેહના ભંગ અથવા લોકની સમાધાનીનો ભગ ઘણુ કરીને થાય એવુ કોઇ ગેરવ્યાજબી કામ કરશે એવો સંભવ છે, અને સદરહુ શખસને પેરામા અટકાવી રાખ્યા વગર બીજી રીતે તે સુલેહના ભગનો અટકાવ થઇ શકવાનો નથી ત્યારે (જો તે શખસ પહેરામા અથવા કોરટની આગળ આવી ચુકયો ન હોય તો) તેને પકડવા માટે પોતાના કારણો લખીને વારટ કહાડવાનો તથા તે મુકદમાની તજવીજ કરવાનો તે માજીસ્રેટને અથવા કોરટને અધિકાર છે

(૪) પેટા કલમ (૩) પ્રમાણે જે માજીસ્રેટની આગળ કોઇ શખસને મોકલ્યો હોય તે માજીસ્ત્રેટ આ બાબની રૂએ બીજા પગલાં પોતે ભરે ત્યાં સુધી પોતાની નજરમાં આવે તો તે શખસને અટકાવી રાખવાને મુખત્યાર છે

૧૦૮. જ્યારે જ્યારે કોઇ ચીફ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટને, જીલ્લા માજીસ્ત્રેટને અથવા આ અર્થે સ્થાનીક સરકારે વિશેષ રીતે અધિકાર આપેલ પ્રેસીડેન્સી માજીસ્રેટને અથવા પહેલા વર્ગના માજીસ્રેટને એવી ખબર મળે કે પોતાની હકુમતની સ્થાનિક હદમા એવો કોઇ શખસ છે કે જે એવી હદની અદર અથવા બહાર મોઢેથી અથવા લખીને–અથવા ઇરાદાપૂર્વક બીજી કોઇ પણ રીતે

(અ) જે કોઇપણ દગાખોર મજકુર પ્રસિદ્ધ કરવાથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૨૪ અ મુજબ શિક્ષાને પાત્ર થવાય છે તેવો મજકુર અથવા

[બ] જે કોઇ મજકુર પ્રસિદ્ધ કરવાથી હિદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૫૩ અ મુજબ શીક્ષાને પાત્ર થવાય છે એવો મજકુર, અથવા

[ક] કોઇ જડજ સબધી જે મજકુર હિદુસ્તાનના કાયદા મુજબ સાપરાધ ધમકી જેવો અથવા આબરૂ લેવા જેવો થાય તે મજકુર ફેલાવે છે અથવા ફેલાવવાનો કોશીસ કરે છે અથવા ફેલાવવામા કોઇ પણ રીતે મદદગારી કરે છે, ત્યારે ત્યારે એક વરસ કરતા વધતી ન હોય એવી જે મુદત સદરહુ માજીસ્ત્રેટ પોતાના મત પ્રમાણે કામ આગળ ચલાવવા સારૂ પુરતુ કારણ છે એમ લાગે તો મુકરર કરવાનુ દુરસ્ત ધારે તે મુદત સુધી સારી રીતે ચાલવા સારૂ જામીનો સાથે અથવા વગર જામીને, એક ખત કરી આપવાનો હુકમ સદરહુ શખસને શા સારૂ નહીં કરવો જોઇએ તેનુ કારણ બતાવવાનુ તે શખસને [આ કાયદામા ઠરાવેલી રીતે] ફરમાવવાને સદરહુ માજીસ્રેટ મુખત્યાર છે

સને ૧૮૬૭ ના પ્રેસ બાબત તથા બુકો નોધવા બાબતના આકટમા લખેલી કાનુનો મુજબ નોધેલા અને તેને અનુસરીને તંત્રી તરીકે લખેલા છાપેલા ને પ્રસિદ્ધ કરેલા કોઇ પણ લખાણના એડીટર, માલીક, છાપનાર, અથવા પ્રસીદ્ધ કરનાર સામે એવા લખાણમા આપેલી કોઇપણ બાબતના સબધમા આ કલમની રૂએ કાઇ પણ કામ, ગવર્નર જનરલ ઇન કાઉન્સીલના, સ્થાનીક સરકારના, અથવા આ અર્થે ગવર્નર જનરલ ઇનકાઉન્સીલે અધીકાર આપેલા કોઇ અમલદારના હુકમ વગર અથવા તેના અધીકાર વગર ચલાવવુ નહીં

૧૦૯ જ્યારે જ્યારે કોઇ પ્રેસીડેન્સી માજીસ્રેટને, જીલ્લા માજીસ્રેટને, પેટા ટુકડી માજીસ્રેટને અથવા પહેલા વર્ગના માજીસ્રેટને એવી ખબર મળે કે —

[અ] કોઇ પણ શખસ સદરહુ માજીસ્રેટની હકુમતની સ્થાનીક હદમા પોતાની હાજરી છુપાવવાને પુરવેપાય કરે છે અને સદરહુ શખસ કોઇ ગુન્હો કરવાના હેતુથી આવા ઉપાયો કરે છે એવુ માનવાનું કારણ છે અથવા

સદરહુ હદમાં એવો કોઇ શખસ છે કે જેની પાસે ગુજરાનનુ કાઇ પણ સાધન દેખાતુ નથી અથવા જે પોતાને વિશે કાઇ ખાતરી લાયક હકીકત કહી શકતો નથી, ત્યારે ત્યારે એક વરસ

કરતાં વધતી ન હોય એવી જે મુદત સદરહુ માજીસ્ટ્રેટ મુકરર કરવાનુ દુરસ્ત ધારે તે મુદત સુધી સારી રીતે ચાલવા સારૂ જામીનો સાથે એક ખત કરી આપવાનો હુકમ સદરહુ શખસને શા સારૂ નહી કરવો જોઇએ તેનું કારણ બતાવવાનુ તે શખસને આ કાયદામાં આગળ ઠરાવેલી રીતે ફરમાવવાને સદરહુ માજીસ્ટ્રેટ મુખત્યાર છે

૧૧૦ જ્યારે કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટને, જીલ્લા માજીસ્ત્રેટને, અથવા પેટા ટુકડી મ'જીસ્ત્રેટને અથવા પહેલા વગના જે માજીસ્ત્રેટને સ્થાનીક સરકારે આ બાબત વિશેષે કરીને અખ્તીઆર આપ્યો હોય તે માજીસ્ત્રેટને એવી ખબર મળે કે પોતાની હકુમતની સ્થાનીક હદમા ફલાણા શખસને.

(અ) અપહરણ કરવાની, ઘર ફોડવાની, ચોરી કરવાની અથવા ખોટા લેખ બનાવવાની અથવા

(બ) ફલાણી મીલકત ચોરીની છે એમ જાણીને ચોરીની મીલકત લેવાની ટેવ છે અથવા

(ક) ચોરોનુ સરક્ષણ કરવાની અથવા તેઓને આશરો આપવાની અથવા ચોરીની મીલકતની વ્યવસ્થા કરવાના કામમા અથવા તે સતાડવાના કામમાં મદદ કરવાની ટેવ છે, અથવા.

(ડ) મનુષ્યહરણ કરવાનો મનુષ્ય નયન કરવાનો જબરાઇથી કઢાવવાનો, ઠગવાનો, અથવા બીગાડ કરવાનો અથવા હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૨ મા પ્રકરણની રૂયે શિક્ષાને પાત્ર હોય એવો અથવા સદરહુ કાયદાની કલમ ૪૮૯ અ, ૪૮૯ બ ૪૮૯ ક અથવા ૪૮૯ ડ મુજબનો કોઇ પણ ગુન્હો કરવાની ટેવ હોય અથવા એવા ગુન્હા કરવાની કોશિશ કરવાની ટેવ હોય, અથવા એવા ગુન્હા કરવામા મદદ કરવાની ટેવ હોય અથવા

[ઇ] સુલેહનો ભગ થાય એવા ગુન્હા કરવાની, અથવા ગુન્હાની કોશીશ કરવાની, અથવા એવા ગુન્હા કરવામાં મદદગારી કરવાની ટેવ છે, અથવા

[ફ] તારણ વગર છુટો મુકવામા આવે તો લોકોને જોખમ પહોચવાનો સભવ છે એટલો તે મરણીઓ તથા ભયકર છે

ત્યારે ત્રણ વરસ કરતા વત્તી ન હોય એવી જે મુદત સદરહુ માજીસ્ટ્રેટ મુકરર કરવાનુ દુરસ્ત ધારે તે મુદત સુધી સારી રીતે ચાલવા સારૂ, જામીનો સાથે, એક ખત કરી આપવાનો હુકમ સદરહુ શખસને શા સારૂ નહીં કરવો જોઇએ તેનું કારણ બતાવવાનુ તે શખસને આ કાયદામા આગળ ઠરાવેલી રીતે ફરમાવવાને સદરહુ માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

૧૧૧. જે કામોમા રાણીની વિલાયતી રૈયતની તજવીજ સને ૧૮૭૪ ના યુરોપીયન વેગ્રનસી આકટ પ્રમાણે થઇ શકતી હોય તે કામોમા તે રઇયતને ૧૦૯ મી, તથા ૧૧૦ મી કલમના ઠરાવો લાગુ નથી

૧૧૨ જ્યારે ૧૦૭ મી, ૧૦૮ મી, ૧૦૯ મી, અથવા ૧૧૦ મી કલમ પ્રમાણે ચાલનારા કોઈ માજીસ્ટ્રેટને સદરહુ કલમ પ્રમાણે કારણ બતાવવાનુ કોઇ પણ શખસને ફરમાવવાની જરૂર લાગે ત્યારે તેણે એક લેખી હુકમ કરીને તેમા જે ખબર મળી હોય તેનો સાર તથા કેટલી રકમનું ખત કરી આપવુ તે તથા કેટલી મુદત સુધી તે અમલમા રહેશે તે, તથા જામીન (જોઇતા હોય તો) કેટલા કેવા પ્રકારના, અને કયા વર્ગના જોઇએ તે જણાવવુ

૧૧૩. જે શખસની બાબતમા સદરહુ હુકમ કર્યો હોય તે શખસ જો કોરટમા હાજર હોય તો તે હુકમ તેને વાચી સભળાવવો અથવા તે કહે તો તે હુકમનો સાર તેને સમજાવવો

૧૧૪. જો સદરહુ શખસ કોરટમા હાજર ન હોય તો માજીસ્ટ્રેટે સમન કહાડીને તે શખસને કોરટની આગળ હાજર થવાનુ ફરમાવવુ અથવા, જ્યારે સદરહુ શખસ પેહેરામા હોય ત્યારે માજીસ્ટ્રેટે વારટ કહાડીને જે અમલદારના પેહરામા તે શખસ હોય તેને એવુ ફરમાવવુ કે એને કોરટની આગળ આણો

પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે કોઇ પોલીસ અમલદારના રીપોર્ટ ઉપરથી અથવા બીજી ખબર ઉપરથી (તે રીપોટનો અથવા ખબરનો સાર માજીસ્ટ્રેટે દફતરમાં લખવો) સદરહુ માજીસ્ત્રેટને એવુ જણાય કે સુલેહનો ભગ થવાની બીક રાખવાનું કારણ છે અને તે સદરહુ શખસને તુરત પકડયા વગર બીજી રીતે તે સુલેહના ભંગનો અટકાવ થઇ શકશે નહી તો તે માજીસ્ત્રેટ તેને પકડવા સારૂ ગમે તે વખતે વારટ કહાડવાને મુખત્યાર છે

૧૧૫. ૧૧૪ મી કલમ પ્રમાણે કહાડેલા દરેક સમન અથવા વારટની સાથે ૧૧૨ મી કલમ પ્રમાણે કરેલા હુકમની એક નકલ મોકલવી અને જે શખસને સદરહુ સમન પહોંચાડવામા આવે અથવા જે શખસને વારટ પ્રમાણે પકડવામા આવે તે શખસને તે સમન પહોચાડનારા અથવા તે વારટ બજાવનારા અમલદારે નકલ આપવી.

૧૧૬ સુલેહ રાખવા સારૂ ખત કરી આપવાનો હુકમ શા સારૂ નહી કરવો જોઇએ તેનુ કારણ બતાવવા જે શખસને ફરમાવ્યુ હોય તેને જો માજીસ્ત્રેટને પુરતુ કારણ જણાય તો જાતે હાજર થવાનુ માફ કરવાનો તે માજીસ્ત્રેટને અધીકાર છે તથા કોઈ પ્લીડર મારફતે હાજર થવાની પરવાનગી આપવાને તે માજીસ્ત્રેટને અધીકાર છે

૧૧૭. (૧) જે શખસ કોરટમા હાજર હોય તે શખસને ૧૧૨ મી કલમ પ્રમાણે કરેલો હુકમ ૧૧૩ મી કલમ પ્રમાણે વાચી સભળાવ્યો હોય અથવા સમજાવ્યો હોય અથવા કોઇ પણ શખસ ૧૧૪ મી કલમ પ્રમાણે કહાડેલા સમનની રૂઇએ માજીસ્ત્રેટની આગળ હાજર થાય અથવા તે કલમ પ્રમાણે કહાડેલા વારટની બજાવણી કરીને તેને માજીસ્ત્રેટની આગળ આણ્યો હોય ત્યારે જે ખબરને આધારે ચાલ્યો હોય તે ખબર ખરી છે કે નહી તે વિશે માજીસ્ત્રેટે ચોકસી કરવી અને જે જાસ્તી પુરાવાની જરૂર જણાય તે લેવો.

(૨) જ્યારે સદરહુ હુકમમા સુલેહ રાખવા સારૂ તારણ માગ્યુ હોય ત્યારે સમનના મુકદમામા ઇનસાફ ચલાવવા સારૂ અને પુરાવો લખી રાખવા સારૂ આ કાયદામા આગળ જે રીત કહી છે તે રીતે બની શકે તેટલે સુધી સદરહુ ચોકશી કરવી અને જ્યારે સદરહુ હુકમમા સારી રીતે ચાલવા સારૂ તારણ માગ્યુ હોય ત્યારે વારટના મુકદમામા ઇન્સાફ થવા સારૂ પુરાવા લખી રાખવા સારૂ આ કાયદામાં આગળ જે રીત કહી છે તે રીતે બની શકે તેટલે સુધી સદરહુ ચોકસી કરવી પણ એમાં તોહોમતનામુ તઇયાર કરવાની જરૂર નથી

[૩] આ કલમના કારણ સારૂ કોઇ શખસને ગુન્હો કરવાની ટેવ છે એ વાત અથવા તે એવો જીવ પર આવેલો અને જોખમ ભરેલો છે કે તેને જામીન લીધા વગર છુટો રાખવો એ લોકોને ભયકર્ત્તા છે એ વાત (તેની) સાધારણ લૌકિક સબધી પુરાવા આપીને અથવા બીજી કોઇરીતે સાબીત કરવાનો અધીકાર છે.

(૪) ચોકશી ચાલેલા પ્રકરણમા બે અથવા વધારે શખસો એકઠા સામેલ હોય ત્યારે તેમનો નિકાલ માજીસ્ત્રેટને વ્યાજબી લાગે તે પ્રમાણે એકજ ચોકશી અથવા જુદી જુદી ચોકશી કરીને કરવો

૧૧૮ જે શખસની બાબતમા સદરહુ ચોકસી કરી હોય તે સખસે સુલેહ રાખવા સારૂ અથવા સારી રીતે ચાલવા સારૂ જેમ હોય તેમ જામીન સાથે કે વગર જામીને ખત કરી આપવુ જરૂરનુ છે એવુ જો સદરહુ ચોકશી ઉપરથી સાબીત થાય તો માજીસ્ત્રેટે તે મુજબ હુકમ કરવો

તારણ માગતા પહેલાં પણ એવુ ઠરાવેલુ છે કે —

પહેલુ—૧૧૨ મી કલમ પ્રમાણે કરેલા હુકમમા જે પ્રકારનુ જે રકમનુ અથવા જે મુદતનુ તારણ કહ્યુ હોય તેથી જુદા પ્રકારનુ અથવા વત્તી રકમનુ અથવા વત્તી મુદતનું તારણ આપવાનો કોઇ પણ શખસને હુકમ કરવો નહી.

બીજુ—દરેક ખતની રકમ તે કામની હકીકત ઉપર ઘટતુ ધ્યાન આપીને મુકરર કરવી અને તે અતિશે ભારે હોવી ન જોઇએ

ત્રીજુ—જે શખસ સબધી ચોકશી કરવામા આવે તે શખસ સગીર હોય ત્યારે તેના જામીનોએજ ખત કરી આપવુ

૧૧૯ જે શખસની બાબતમા ૧૧૭ મી કલમ પ્રમાણે ચોકશી કરી હોય તે શખસે સુલેહ રાખવા સારૂ અથવા સારીરીતે ચાલવા સારૂ જેમ હોય તેમ ખત કરી આપવુ જરૂરનુ છે, એવુ સદરહુ ચોકશી ઉપરથી સાબીત ન થાય તો માજીસ્ત્રેટે દફતરમા તેવી મતલબની નોંધ કરવી, અને જો સદરહુ શખસને ફક્ત ચોકસીના કારણ સારૂ પેરામા રાખેલો હોય તો તેને છુટો કરવો, અથવા જો સદરહુ શખસને પેરામાં રાખેલો નહી હોય તો તેને છોડી મુકવો

ક. તારણુ આપવાનો હુકમ કર્યા પછી સઘળી બાબતમાં કામ ચલાવવા બાબત.

૧૨૦. જે શખ્સની બાબતમાં ૧૦૬ ઠી અથવા ૧૧૮ મી કલમ પ્રમાણે તારણુ આપવાનો હુકમ કર્યો હોય તે શખ્સની ઉપર સદરહુ હુકમ કર્યો હોય તે વખતે જો કેદની શીક્ષાનો હુકમ કર્યો હોય અથવા કેદની શીક્ષા તે ભોગવતો હોય તો જે મુદ્દત સુધી સદરહુ તારણુ માગ્યુ હોય તે મુદ્દત સદરહુ શીક્ષાના હુકમની મુદ્દત પુરી થએથી શરૂ થવી જોઇએ.

બીજા કામોમા સદરહુ મુદત માજીસ્ટ્રેટ પુરતા કારણુસર મોડી તારીખ ન ઠરાવે તો તે હુકમની તારીખે શરૂ થવી જોઇએ

૧૨૧ જે ખત સદરહુ પ્રકારના કોઇ શખસે કરી આપવાનું હોય તે ખતમાં પ્રસંગ પ્રમાણે સુલેહ રાખવી અથવા સારી રીતે ચાલવું એ પ્રમાણે તે શખસને બાંધી લેવો અને સારી રીતે ચાલવા બાબત ખત હોય તો કેદની શિક્ષા કરવા લાયક કંઇ પણુ ગુનોહ કરવાથી અથવા કરવાની કોસીશ કરવાથી અથવા કરવામાં મદદગારી કરવાથી, પછી તે ગુનોહ ગમે તે ઠેકાણે બને તો તે ખતની શરત તુટી એમ સમજવું

૧૨૨ (૧) આપવા માંડેલો કોઇ પણુ જામીન અથવા તેણે અથવા તેના પુર્વાધિકારીએ આ બાબની રૂએ અગાઉ સ્વીકારેલો કોઇ પણુ જામીન તે ખતના કારણુસર નાલાયક છે તે સબબસર તેને જામીન તરીકે નાકબુલ કરવાને અથવા નામંજુર કરવાનો માજીસ્ત્રેટને અધિકાર છે.

પણુ એવુ ઠરાવ્યુ છે કે એવા કોઇ પણુ જામીનને એવી રીતે નાકબુલ કરતા અથવા નામંજુર કરતાં પહેલા, તેણે પોતે સોગન આપીને જામીન લાયક હોવા બાબત ચોકસી કરવી અથવા પોતાના તાબા હેઠળના માજીસ્ત્રેટ પાસે એવી ચોકસી કરાવીને તે ઉપર તેનો રીપોર્ટ મંગાવવો

(૨) એવા માજીસ્ત્રેટે, સદરહુ ચોકસી કર્યા પહેલા, સદરહુ જામીનને તથા જે શખસે તેને જામીન તરીકે આપ્યો હોય તેને વાજબી નોટિસ આપવી અને એવી ચોકસી કરતી વખતે પોતાની આગળ રજુ કરેલા પુરાવાની મતલબ નોંધી લેવી

(૩) એવી રીતે પોતાની આગળ અથવા પેટા-કલમ (૧) ની રૂએ તે કામ સારૂ નિમેલા માજિસ્ત્રેટની આગળ રજુ થયેલો પુરાવો તથા એવા માજીસ્ત્રેટે કાંઇ પણુ રીપોર્ટ કર્યો હોય તો તે ધ્યાનમા લીધા પછી, સદરહુ માજીસ્ત્રેટની એવી ખાતરી થાય કે તે જામીનખતના કારણુ સારૂ નાલાયક છે, તો પ્રસંગ પ્રમાણે, તે જામીનને કબુલ કરવાની ના પાડવા બાબતનો અથવા તેમ કરવાનું નામંજુર કરવા બાબતનો તેણે હુકમ કરવો અને તેમ કરવાનાં કારણો તેણે દફતરમા લખવા.

પણુ એવુ ઠરાવ્યુ છે કે અગાઉ સ્વીકારેલો કોઇપણુ જામીન નામંજુર કરનારો કોઇ પણુ હુકમ કરતા પહેલાં માજીસ્ત્રેટે, પોતાને યોગ્ય લાગે તેમ, તેને સમન અથવા વારંટ કાઢવુ અને જે શખસને માટે તે જામીન બંધાયલો હોય તેને પોતાની સમક્ષ હાજર થવાનુ અથવા આણુવાનુ ફરમાવવુ. ”

૧૨૩ (૧) ૧૦૬ ઠી અથવા ૧૧૮ મી કલમ પ્રમાણે તારણુ આપવાનો જે શખસને હુકમ કર્યો હોય તે શખસ જે મુદ્દત સુધી તારણુ આપવાનું હોય તે મુદ્દત જે તારીખે શરૂ થતી હોય તે તારીખે અથવા તે પહેલાં જો સદરહુ તારણુ ન આપે તો આનીજ હેઠળ લખેલા પ્રસંગે ખારેજ કરીને સદરહુ મુદ્દત પુરી થતા સુધી, તે શખસને તુરંગમા મોકલવો અથવા તે અગાઉથીજ તુરંગમા હોય તો તેને તુરંગમાં અટકાવી રાખવો એ પ્રમાણે તુરંગમા મોકલવો અથવા અટકાવી રાખવો, તે સદરહુ મુદત પુરી થાય ત્યા સુધી અથવા તારણુ માગવાનો હુકમ કરનારી કોરટને અથવા માજીસ્ટ્રેને સદરહુ મુદતની અંદર તે તારણુ આપે ત્યાં સુધી તેને તુરંગમા મોકલવો જોઇએ અથવા અટકાવી રાખવો જોઇએ.

(૨) જ્યારે એક વરસ કરતા વધતી મુદ્દત સુધી તારણુ આપવાનો સદરહુ શખસને કોઇ માજીસ્ટ્રેટે હુકમ કર્યો હોય ત્યારે જો સદરહુ શખસ ઉપર કહ્યા મુજબ તારણુ ન આપે તો તે માજીસ્ટ્રેટે વારંટ કહાડીને એવુ ફરમાવવુ કે સેસન કોરટનો હુકમ થતા સુધી અથવા સદરહુ માજીસ્ટ્રેટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ હોય તો હાઇકોરટનો હુકમ થતા સુધી તે શખસને તુરંગમા અટકાવી રાખવો અને બની શકે તેટલી તાકીદે તે કામ સદરહુ કોરટની આગળ રજુ કરવુ

(૩) સદરહુ કોરટ તે કામ તપાસીને કાંઇ પણ વધારે ખબર અથવા પુરાવો પોતાને જરૂરનો લાગે તે સદરહુ માજીસ્ટ્રેટ પાસેથી માગીને તે તે કામમાં પોતે દુરસ્ત ધારે તેવો હુકમ કરવાને મુખત્યાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે તારણુ નહી આપવા બાબત કોઇ પણ શખ્સને કેદ કર્યો હોય તો તે કેદની મુદત ત્રણુ વરસ કરતા વત્તી હોવી ન જોઇએ

" (૩–અ) જે પ્રસંગે એકજ ચાલેલા કામ દરમિયાન બે અથવા વધુ શખસોમાના કોઈ પણ એક શખસ સબધી કામ પેટા-કલમ (૨)ની રૂયે સેશન જડજ અથવા હાઇ કોર્ટને રજુ કરવામા આવે અને તારણુ બે અથવા વધારે શખ્સો પાસેથી માગવામા આવે તે પ્રસગે, એવી રીતે રજુ કરેલા કામમા એવા શખસોમાના જે કોઇ બીજા શખ્સને તારણુ આપવાનો હુકમ કર્યો હોય તેના કામનો પણુ સમાસ થશે, અને તે પ્રસગે, પેટા–કલમ (૨) તથા (૩) ના ઠરાવો એવા બીજા શખ્સના કામને પણ લાગુ પડશે, માત્ર એટલુંજ કે, જો તેને કાંઇ પણ મુદત સારૂ તુરગમાં રાખવામાં આવે તો, તે મુદત, જે મુદત માટે તેને તારણુ આપવાનો હુકમ કરવામા આવ્યો હોય તે મુદતથી, વધુ હોવી જોઇએ નહિ

(૩—બ) સેશન જડજ પેટા–કલમ (૨) અથવા (૨ — અ) મુજબ પોતાની આગળ આણેલુ કોઇપણ કામ, પોતાના મરજીમાં આવે તો, વધારાના સેશન જડજને અથવા આસિસ્ટંટ સેશન જડજને સોંપવાને મુખત્યાર છે, અને એવી રીતે કામ સોંપવામા આવે એટલે, તે વધારાના અથવા આસિસ્ટંટ સેશન જડજને એવા કામના સબધમા આ કલમ મુજબના સેશન જડજના અધિકાર ચલાવવાનો અખત્યાર છે "

(૪) જો તે તુરગ જે અમલદારના હવાલામા હોય તે અમલદારને તારણુ આપવાને કહાડવામા આવે તો, તેણે એકદમ તે બાબત સદરહુ હુકમ કરનારી કોરટ તરફ અથવા માજીસ્ટ્રેટ તરફ ગુજારવી જોઇએ અને સદરહુ કોરટના અથવા માજીસ્ટ્રેટના હુકમની રાહ જોવી જોઇએ

(૫) સુલેહ રાખવા સારૂ તારણુ નહી આપવા બાબત કેદ આશાન હોવી જોઇએ

(૬) સારી રીતે ચાલવા સારૂ તારણુ નહી આપવા બાબત કેદ જ્યારે સદરહુ કામ કલમ ૧૦૮ અથવા ૧૦૯ મુજબ ચલાવવામાં આવ્યુ હોય ત્યારે આશાન ન હોવી જોઇએ અને જ્યારે કલમ ૧૧૦ મુજબ ચલાવવામાં આવ્યુ હોય ત્યારે દરેક કામમા કોરટ અથવા માજીસ્ટ્રેટ ફરમાવે તે પ્રમાણે સખત મજુરી સાથે અથવા આશાન હોવી જોઇએ

૧૨૪. (૧) જ્યારે જ્યારે જીલ્લા માજીસ્ટ્રેટનો અથવા કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટનો એવો મત હોય કે આ બાબ પ્રમાણે તારણુ નહી આપવા બાબત કેદ કરેલા કોઈ પણ સખસને છુટો કરવાથી લોકને અથવા કોઈ પણ બીજા શખ્સને જોખમ પહોચશે નહી ત્યારે તે સદરહુ શખસને છુટો કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે,

(૨) આ બાબ પ્રમાણે તારણુ નહીં આપવા બાબત કોઇ પણ શખસને કેદ કર્યો હશે ત્યારે ચીફ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ [પોતાની કોરટ કરતા કોઈ વરિષ્ટ કોરટે સદરહુ હુકમ કર્યો ન હોય તે પ્રસગે] તારણુની રકમ અથવા જામીનોની સખ્યા અથવા તારણુ જે મુદતને માટે માગ્યુ હોય તે મુદત કમી કરવાને મુખત્યાર છે

"(૩) પેટા-કલમ (૧) મુજબ હુકમ કરીને એવા શખસને શરતો શિવાય અથવા તે શખસ સ્વીકારે તેવી શરતો મુજબ, છુટો કરવાનો અધિકાર છે —

પણુ એવુ ઠરાવ્યુ છે કે જે મુદતને માટે એવા શખસને તારણુ આપવાનુ ફરમાવ્યુ હોય તે મુદત પુરી થાય એટલે કરેલી કોઇપણુ શરતનો અમલ બધ થશે એમ સમજવુ,"

(૪) સ્થાનિક સરકાર જે શરતોને પાત્ર છુટો કરવાનો અધિકાર છે તે શરતો ઠરાવવાને મુખત્યાર છે.

(૫) જો જે શરતથી એકાદા શખ્સને છુટો કરવામા આવ્યો હોય તે કોઇપણ શરત, જે જીલ્લા માજીસ્ટ્રેટે અથવા ચીફ પ્રસીડેન્સી માજીસ્ટ્રેટે અથવા તેના જાયનશીન છુટો કરવાનો હુકમ કર્યો હોય તેના મત પ્રમાણે, પાળવામાં આવી ન હોય તો, તે તે હુકમ રદ કરવાને મુખત્યાર છે.

(૬) જ્યારે પેટા કલમ (૫) મુજબ શરતને પાત્ર, છુટો કરવાનો હુકમ રદ કરવામા આવ્યો હોય ત્યારે, કોઇ પણ પોલીસ અમલદાર એવા શખસને વારંટ વગર પકડવાને મુખત્યાર છે અને તેમ કર-

વામા આવે એટલે, તેને જીલ્લા માજીસ્ટ્રેટ અગર ચીફ્ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ સમક્ષ તેણે રજુ કરવો જોઇએ

પછી જે મુદતને માટે તેને કમિટ કરવામાં અથવા અટકાવી રાખવાનો હુકમ કરવામા આવ્યો હોય તે મુદતના બાકીના ભાગ માટે, અસલ હુકમની બોલીઓ મુજબ તે શખસ તારણ આપે તે શિવાય, જીલ્લા માજીસ્ટ્રેટ અથવા ચીફ્ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ એવા બાકીના ભાગ માટે એવા શખસને તુરગમા મોકલવાને મુખત્યાર છે છુટો કરવાની શરતોનો ભગ કર્યાની તારીખ તથા એવી રીતે શરતોને પાત્ર છુટો કરવામાં ન આવ્યો હોય તો, તેને જે તારીખે છોડી મુકવામા આવતે તે તારીખ વચ્ચેની મુદત એવો બાકીનો ભાગ છે એમ ગણવુ.

જે શખસને આ પેટા કલમ મુજબ પાછો તુરગમા મોકલવામા આવ્યો હોય તે શખસ, કલમ ૧૨૨ ના ઠરાવોને પાત્ર, જે કોર્ટ અથવા માજીસ્ટ્રેટે અથવા તે કોર્ટના અથવા તે માજીસ્ટ્રેટના જાયનશીને એવો હુકમ કર્યો હોય તેને ઉપર જણાવેના બાકીના ભાગ માટે અસલ હુકમની બોલીઓ અનુસાર તારણ આપે થી, કોઇપણ વખતે તેણે તેને છોડી મુકવો"

૧૨૫ ચીફ્ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા જીલ્લા માજીસ્ટ્રેટ પોતાના જીલ્લામાની જે કોર્ટ પોતાની કોર્ટથી ચઢતા દરજાની હોય તેની કોર્ટના હુકમથી સુલેહ રાખવા સારૂ અથવા સારી ચાલચલણ સારૂ જે ખત આ બાબ પ્રમાણે કરી આપ્યુ હોય તે ખત પાકા કારણો સારૂ ગમે તે વખતે રદ કરવાને મુખત્યાર છે. તે કારણો દફતરમાં લખવા

૧૨૬. (૧) કોઇ પણ શખસની સુલેહ ભરેલી અથવા સારી ચાલ માટે બીજો જે શખસ જામીન થયો હોય તે શખસ કોઇ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટની, જીલ્લા માજીસ્ટ્રેટની, પેટાફુકડી માજીસ્ટ્રેટની અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટની હકુમતની સ્થાનીક હદમાહે આ બાબ પ્રમાણે કરી આપેલુ હરકોઇ ખત રદ કરવા બાબતની અરજી ગમે તે વખતે સદરહુ માજીસ્ટ્રેટને કરવાને મુખત્યાર છે

(૨) સદરહુ અરજી થયા ઉપરથી તે માજીસ્ટ્રેટે પોતાને દુરસ્ત લાગે તે પ્રમાણે પોતાનો સમન અથવા વારંટ કહાડીને જે શખસને માટે સદરહુ જામીન બધાએલો હોય તે શખસને પોતાની આગળ હાજર થવાનું અથવા આણવાનુ ફરમાવવુ

૧૨૬ અ જ્યારે કલમ ૧૨૨ ની પેટા કલમ (૩) ના વિશેષ ઠરાવો મુજબ અથવા કલમ ૧૨૬ ની પેટા કલમ (૨) મુજબ જે સખસને હાજર થવા સારૂ વારંટ અથવા સમન્સ કાઢવામા આવ્યો હોય તે સખસ તેની સમક્ષ હાજર થાય અથવા આણવામાં આવે ત્યારે, માજીસ્ટ્રેટે એવા સખસે કરી આપેલુ ખત રદ કરવું. અને તે ખતની મુદતના બાકી રહેલા ભાગને માટે અસલ તારણના જેવાજ પ્રકારનું નવુ તારણ આપવાનો સદરહુ શખસને હુકમ કરવો સદરહુ પ્રકારનો દરેક હુકમ ૧૨૧ મી, ૧૨૨ મી, ૧૨૩ મી અને ૧૨૪ મી કલમના કારણ સારૂ પ્રસગ પ્રમાણે ૧૦૬ ઠો અથવા ૧૧૮ મી કલમ મુજબ કરેલો હુકમ છે એવુ સમજવુ

બાબ ૯ મો.

કાયદા વિરૂદ્ધ મંડળીઓ.

૧૨૭ (૧) કોઇ પણ કાયદા વિરૂદ્ધ મંડળીને, અથવા જેથી લોકની સુલેહમા ગડબડ થવાનો સભવ હોય એવી પાંચ અથવા વધારે શખસોની મડળીને વીખરાઇ જવાનો હુકમ કરવાને કોઇ પણ માજીસ્ટ્રેટ અથવા જે અમલદારના હવાલામા કોઇ પોલીસથાણુ હોય તે અમલદાર મુખત્યાર છે અને એવો હુકમ થએથી તે હુકમ મુજબ વીખરાઇ જવાની તે કાયદા વિરૂદ્ધ મડળીના અગઞુનોની ફરજ છે.

(૨) આ કલમ કલકત્તા તથા મુબાઇ એ શહેરેમા પોલીસને લાગુ છે,

૧૨૮ એ પ્રમાણે હુકમ કર્યા ઉપરથી સદરહુ પ્રકારની કોઇ મડળી વીખરાઇ નહિ જશે. અથવા એ પ્રમાણે હુકમ કર્યા વગર તેની વર્તણુક ઉપરથી વીખરાઇ નહિ જવાનો તેનો નિશ્ચય જણાય તો હરકોઇ

માજીસ્ટ્રેટ અથવા જે અમલદારના હવાલામાં કોઇ પોલીસથાણું હોય તે અમલદાર પછી તે ઇલાકાના મુખ્ય શહેરોની અંદર કે બહાર હોય, સદરહુ મંડળીને જબરીથી વીખેરી નાંખવાને મુખત્યાર છે અને સદરહુ મંડળી વીખેરી નાંખવાના કારણ સારૂ અને જરૂર હોય તો સદરહુ મંડળી વીખેરી નાંખવાને અથવા તે મંડળીના માણસોને કાયદા પ્રમાણે શીક્ષા કરવામાં આવે તે માટે તે માણસોને પકડવા તથા કેદ કરવા સારૂ મલીકામાયાઝમાના લશ્કરમાના અમલદાર અથવા સીપાઇ નહિ હોય તેવા અથવા ૧૮૬૯ ના હિંદુસ્તાનના વોલંટીઅરોના આક્ટ પ્રમાણે નોંધેલા વોલંટીઅર નહિ હોય અને તેવા તરીકે કામ કરતા ન હોય એવા કોઇ પણ મરદ માણસની મદદ માગવાને મુખત્યાર છે.

૧૨૯. જો સદરહુ પ્રકારની કોઇ મંડળી બીજી રીતે વીખેરી નખાતી નહિ હોય અને લોકોની સહિસલામતી રાખવા સારૂ તે મંડળી વીખેરી નાખવાની જરૂર હોય તો ઉંચામાં ઉંચા દરજ્જાનો જે માજીસ્ટ્રેટ હોય તેને તે મંડળી લશ્કરી જબરીથી વીખેરી નાખવાનો અખત્યાર છે

૧૩૦ (૧) જ્યારે કોઈ માજીસ્ટ્રેટ સદરહુ પ્રકારથી કોઇ પણ મંડળી લશ્કરી જબરીથી વીખેરી નાખવાનો નિશ્ચય કરે ત્યારે મલીકામાઆઝમાંના લશ્કરમાંની હરકોઇ સીપાઇઓની, અથવા ૧૮૬૯ ના હિંદુસ્તાનના વોલંટીઅરોના આક્ટ પ્રમાણે નોંધેલા હરકોઇ વોલંટીઅરોની કમાંડ, જે કોઇ સનદી અથવા બીનસનદી અમલદારની પાસે હોય તે અમલદારને સદરહુ મંડળી તેવી જબરીથી વીખેરી નાખવાનું તથા પોતે ફરમાવે તેવી અથવા તે મંડળી વીખેરી નાખવા અથવા કાયદા પ્રમાણે શીક્ષા કરવામાં આવે તે માટે જેમને પકડી અટકાવી રાખવાની જરૂર હોય તેવા તે મંડળીના માણસોને પકડી અટકાવી રાખવાનું ફરમાવવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે

(૨) સદરહુ પ્રકારના દરએક અમલદારે પોતાને દુરસ્ત લાગે એવી રીતે સદરહુ હુકમ પ્રમાણે ચાલવું પણ તેમ કરવામાં તેણે તે મંડળી વીખેરી તો નાખવી જ તથા સદરહુ માણસોને પકડી અટકાવી તો રાખવા જ પણ તેમ કરવામાં જેટલી ઓછી જબરી થાય તેટલી ઓછી જબરી કરવી અને જાનમાલને જેટલું ઓછું નુકશાન થાય તેટલું ઓછું નુકશાન કરવું.

૧૩૧ જ્યારે સદરહુ પ્રકારની કોઇ પણ મંડળીથી લોકોની સહીસલામતીને ઉઘાડી રીતે ધોકો પહોંચતો હોય, અને કોઈ માજીસ્ટ્રેટને જણાવી શકાતું નહી હોય ત્યારે મલીકામાઆઝમાનના લશ્કરના હરકોઈ કમીશનર (સનદી) અમલદારને સદરહુ મંડળી લશ્કરી જબરીથી વીખેરી નાખવાનો અધિકાર છે, તથા સદરહુ મંડળીને વીખેરી નાખવા માટે અથવા કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવે તે માટે તે મંડળીના હરકોઇ માણસોને પકડીને કેદ કરવાનો તેને અધિકાર છે પણ જ્યારે આ કલમ પ્રમાણે તે ચાલતા હોય તેવામાં કોઈ માજીસ્ટ્રેટને તે બાબતની હકીકત જાણવાની તક મળી આવે તો તેણે તેમ કરવું અને ત્યાર પછી તો તેણે સદરહુ પ્રમાણે કરવાનું જારી રાખવું કે નહી તે બાબત તેણે તે માજીસ્ટ્રેટના હુકમ પ્રમાણે ચાલવું

૧૩૨. આ બાબ પ્રમાણે કરેલું છે એવું કહેવામાં આવતું હોય તેવા કોઇ પણ કામ બાબત કોઇ પણ શખસ ઉપર કોઇ પણ ફરિયાદ ગવર્નર જનરલ ઇનકાઉનસીલની મંજુરી વગર કોઇ પણ ફોજદારી કોરટમાં માંડવી નહિ તથા,

(અ) આ બાબ પ્રમાણે શુદ્ધબુદ્ધિથી ચાલનારા કોઇપણ માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદારે

(બ) ૧૩૧ મી કલમ પ્રમાણે શુદ્ધબુદ્ધિથી ચાલનારા કોઇપણ અમલદારે

(ક) ૧૨૮ મી અથવા ૧૩૦ મી કલમ પ્રમાણે કોઇપણ હુકમ મુજબ શુદ્ધબુદ્ધિથી હરકોઈ કામ કરનારા કોઇ શખસે, અને

(ડ) જે હુકમ માનવાને પોતે બંધાયલો હોય તે હુકમને તાબે થઇને કાંઇ પણ કામ કરનારા કોઇ હલકા દરજ્જાના અમલદારે અથવા સિપાઇએ અથવા વોલંટીયરે તે ઉપરથી કાંઇ ગુન્હો કર્યો છે એમ સમજવું નહિ.

બાબ ૧૦ મો.
લોકોપકારક કૃત્યો.

"૧૩૩. (૧) જ્યારે જ્યારે કોઇ પોલીસનો રીપોર્ટ અથવા બીજી ખબર મળ્યા ઉપરથી, તથા પોતે દુરસ્ત ધારે એવો પુરાવો (જો જોઇતો હોય તો) લીધા ઉપરથી કોઇ જીલ્લા માજીસ્ટ્રેટના અથવા કોઇ પેટા ડુકડી માજીસ્ટ્રેટના અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટના વિચારમા એમ આવે કે,—

ફલાણો રસ્તો, નદી અથવા કાસ લોકો કાયદેસર વાપરે છે અથવા લોકોને કાયદેસર વાપરવાનો અધિકાર છે તે રસ્તામાથી, નદીમાંથી અથવા કાસમાંથી અથવા ફલાણી સાર્વજનિક જગ્યામાથી ફલાણી કાયદા વિરૂદ્ધ અડચણ અથવા અપકારક વસ્તુ ખસેડવી જોઇએ, અથવા

ફલાણો વેપાર અથવા ધધો ચલાવવો એ અથવા ફલાણો માલ અથવા વેપારની જણુસ રાખવી એ લોકોની તદુરસ્તીને અથવા શરીરસુખને નુકસાનકારક છે અને તેથી કરીને તે વેપાર અથવા ધધાની મના કરવી જોઇએ અથવા તેના સબધમા બદોબસ્ત કરવો જોઇએ અથવા એવો માલ અથવા વેપારની જણુસ ખસેડવી જોઇએ, અથવા તે રાખવાના સબધમા બદોબસ્ત કરવો જોઇએ, અથવા

ફલાણી ઇમારત બાધવાથી અથવા ફલાણા પદાર્થની વ્યવસ્થા થવાથી આગ લાગવાનો અથવા અવાજ થઇને ફુટવાનો સભવ છે માટે તે અટકાવવી જોઇયે, અથવા તે બધ કરવી જોઇએ, અથવા

ફલાણી ઇમારત તબુ અથવા ઇમલો, અથવા ફલાણુ ઝાડ, એવી હાલતમા છે કે તે પડશે અને તેથી પડોસમા રહેનારા અથવા ધંધો ચલાવનારા લોકોને અથવા પાસે થઇને આવનાર જનાર લોકોને નુકસાન થશે એવો સભવ છે, અને નેટલા માટે તેવી ઇમારત, તબુ અથવા ઇમલો ખસેડવાની, તેને મરામત કરવાની, અથવા ટેકો આપવાની અથવા તેવા ઝાડને ખસેડવાની અથવા તેને ટેકો આપવાની જરૂર છે, અથવા

સદરહુ પ્રકારના ફલાણા રસ્તા પાસેના અથવા ફલાણી સાવર્જનિક જગ્યા પાસેના ફલાણા તળાવની, કુવાની અથવા ખાડાની આસપાસ વાડ અથવા પાળ એવી રીતે બાધી લેવી જોઇએ કે, પછી તેથી લોકોને કાઇ ભય ઉત્પન્ન થાય નહિ, અથવા

કોઈ ભયકારક જનાવરને મારી નાખવુ જાઇએ, તેને પુરી રાખવુ જોઇએ અથવા બીજી રીતે તેની વ્યવસ્થા કરવી જાઇએ,

ત્યારે ત્યારે, જે શખસ તે અડચણ અથવા અપકારક વસ્તુ કરતો હોય અથવા તે વેપાર કે ધધો ચલાવતો હોય અથવા તે માલ કે વેપારનો જણુસ રાખતો હોય અથવા તે ઇમારતનો, તબુનો, ઇમલાનો, પદાર્થનો તળાવનો, કુવાનો, અથવા ખાડાનો માલિક અથવા કબજેદાર અથવા તે ઉપર અખત્યાર ચલાવનાર હોય અથવા તેવા જનાવર અથવા ઝાડનો માલિક અથવા કબજેદાર હોય તે શખસની ઉપર, એક શરતી હુકમ મોકલવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે અને તે હુકમમા તે શખસને એમ ફરમાવવુ કે આ હુકમમા ઠરાવેલી આટલી મુદતમા તમે —

તે અડચણ અથવા અપકારક વસ્તુ કાઢી નાખજો, અથવા

તે વેપાર અથવા ધધો ચલાવતા અટકજો અથવા ફરમાવવામા આવે તેવી રીતે તે ખસેડજો અથવા તેના સબધમાં બદોબસ્ત કરજો, અથવા તે માલ અથવા વેપારની જણુસો ખસેડજો અથવા ફરમાવવામા આવે તેવી રીતે તે રાખવાના સબધમા બદોબસ્ત કરજો, અથવા તે ઇમારત બાધશો નહિ અથવા તે ઇમારત, તબુ અથવા ઇમલો ખસેડી લેઇ જજો અથવા તેની મરામત કરજો અથવા તેને ટેકો આપજો, અથવા તે ઝાડ ખસેડી નાખજો અથવા તેને ટેકો આપજો, અથવા તે પદાર્થની વ્યવસ્થામાં ફેરફાર કરજો,

૧૩૪. અને તે હુકમ તે સખસને પહોચાડવો, અને તેમ ન બને તો તેની ખબર તે સખસને પહોચાડવા માટે પ્રસિદ્ધ જગા ઉપર તેની નકલ ચોટાડવી

૧૩૫. તે સખસે તે હુકમ માનવો, અથવા તેની વિરૂદ્ધ કારણ બતાવવુ, અથવા ઈન્સાફ કરવા જ્યુરી માંગવી

૧૩૬. તે સખસ તે હુકમ નહિ માને અગર તેમ નહિ કરવાનુ કારણ ન બતાવે તો ઈ. પી કોડ. કા ૧૮૮ મુજબ તે શિક્ષાને પાત્ર થશે.

૧૩૭. (૧) જો તે હાજર થઇ હુકમ વિરૂદ્ધ કારણ બતાવે તો માજીસ્ત્રેટે તે બાબત પુરાવો લઇ તપાસ કરવી અને તેમા તે (૨) હુકમ ગેરવ્યાજબી ઠરે તો આગળ કામ ચલાવવું નહિ (૩) જો તેવી ખાત્રી ન થાય તો તે હુકમ નિ.સ કેત કરવો

૧૩૮. જ્યુરી મુકરર કરવા સારૂ ૧૩૫ મી કલમ પ્રમાણે અરજી આવે એટલે માજીસ્ત્રેટે (અ) એક જ્યુરી મુકરર કરવી તેમા પાચ કરતા ઓછા સભાસદો ન હોવા જોઇએ તેમા અડધા સભાસદો તથા પ્રમુખ માજીસ્ટ્રેટે, ને બીજા અરજદારે, મુકરર કરવા, (બ) તેમને માજીસ્ત્રેટ દુરસ્ત ધારે તેવી જગામા હાજર થવા સમન કરવા (ક) અને કેટલી મુદતમાં ઠરાવ આપવો તે મુદત નક્કી કરવી. (૨) આ વખત વધારવાને માજીસ્ત્રેટને અધિકાર છે

૧૩૯. જો તે જ્યુરીને તથા તેમાના અડધાથી વધારે જણને માજીસ્ત્રેટનો હુકમ વ્યાજબી ને યોગ્ય જણાય તો તે હુકમ માજીસ્ત્રેટે નિ સ કેત કરવો.

૧૩૯ અ. (૧) જ્યારે કોઇપણ રસ્તા, નદી કાસ અથવા બીજી જગા વાપરવામા અડચણ, અપકારક વસ્તુ અથવા લોકોને ભય થઇ પડે એવી વસ્તુ ખસેડવાના કારણ સારૂ કલમ ૧૩૩ મુજબ હુકમ કરવામાં આવ્યો હોય ત્યારે, માજીસ્ટ્રેટે, જે શખસની સામા હુકમ કરવામા આવ્યો હોય તે શખસ તેની સમક્ષ હાજર થયેથી, સદરહુ રસ્તો નદી, કાસ અથવા જગાની બાબતમા કોઇપણ સાર્વજનિક હક હોવા બાબત તે ના પાડે છે કે કેમ તે વિશે સવાલ કરવો અને જો તે તેમ ના પાડે તો, સદરહુ માજીસ્ટ્રેટે, કલમ ૧૩૭ અથવા ૧૩૮ મુજબ કામ આગળ ચલાવના પહેલા તે બાબત તપાસ કરવી

(૨) જો એવી તપાસમાં સદરહુ માજીસ્ટ્રેટને એમ માલમ પડે કે એવી રીતે ના પાડવના ટેકામા કોઇપણ વીશ્વાસપાત્ર પુરાવો છે તો, એકાદી લાયકાત ધરાવનારી દીવાની કોર્ટ એવો હક હોવા બાબતનો નીર્ણય કરે નહી ત્યા સુધી તેણે સદરહુ કામ અટકાવી રાખવુ, અને તેને એમ માલમ પડે કે એવો કાંઇ પુરાવો નથી તો પ્રસગ પ્રમાણે કલમ ૧૩૭ અથવા ૧૩૮મા જણાવ્યા પ્રમાણે તેણે કામ આગળ ચલાવવુ

(૩) જે કોઇ સખસ, માજીસ્ટ્રેટે પેટા-કલમ (૧) મુજબ સવાલ કરેથી, તેમા ઉલ્લેખ કરેલા પ્રકારનો સાર્વજનીક હક હોવા બાબત ના પાડવાનું ચુકે, અથવા જે, એવી રીતે ના પાડયા પછી તેના ટેકામા વીશ્વાસ પાત્ર પુરાવો રજુ કરવાનુ ચુકે, તેને ત્યાર પછી ચલાવવાના કામમા, કોઈપણ રીતે એવી ના પાડવા દેવામા આવશે નહી અથવા એવા કાંઇપણ સાર્વજનીક હક હોવા બાબત કાંઇપણ સવાલને લગતી તપાસ કલમ ૧૩૮ની રૂયે નીમેલી કોઇપણ જ્યુરીએ કરવી નહી.”

૧૪૦ (૧) જ્યારે હુકમ નિસકેત કરવામા આવે ત્યારે જે શખસ ઉપર તે કરવામાં આવ્યો હોય તેને તે પ્રમાણે વર્તવાને નોટીસ આપવી

(૨) જો તે ઠરાવેલી મુદતમા હુકમમાં ફરમાવેલુ કામ ન કરે તો માજીસ્ત્રેટે તે કામ કરાવવુ અને તેથી જે ખર્ચ થાય તે તેની મીલકત જપ્ત કરીને કે વેચીને વસુલ કરવાને માજીસ્ટ્રેટ મુખ્તીયાર છે

૧૪૧ જો ગફલતથી કે બીજી રીતે અરજદાર જ્યુરી મુકરર થતી અટકાવે, કે મુકરર કરેલી જ્યુરી ઠરાવેલી મુદતમા પોતાનો ઠરાવ ન આપે તો માજીસ્ત્રેટ પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને મુખતિયાર છે અને તે હુકમ ૧૪૦ મી કલમ પ્રમાણે અમલમા લાવવો.

૧૪૨. (૧) જો ૧૩૩ મી કલમ પ્રમાણે હુકમ કરનારા માજીસ્ટ્રેટના મનમા આવે કે લોકોને તુરત થનાર જોખમ કે ભારે નુકશાન અટકાવવાને તાબડતોબ ઈલાજ કરવો જોઇએ તો તે બાબતનો નિકાલ થતા પહેલા જે શખસની ઉપર હુકમ કર્યો હોય તે શખસને જેવી જોઇએ તેવી તાકીદ મોકલવાને માજીસ્ટ્રેટ મુખતિયાર છે (૨) તે તાકીદ પ્રમાણે ચાલવામા જો તે શખસ કસુર કરે તો તે જોખમ દુર કરવાને માટે પોતે યોગ્ય ધારે તેવા ઇલાજો કરવાને કે કરાવવાને તે માજીસ્ટ્રેટ મુખતિયાર છે. (૩) આ કલમ પ્રમાણે માજીસ્ટ્રેટે કરેલા શુદ્ધબુદ્ધિથી કામ માટે કાંઇપણ દાવો ચાલશે નહિ.

૧૪૩ લોકોપકારક કૃત્યની વ્યાખ્યા ફોજદારી કાયદામાં લખી છે, તે કામ ફરીથી નહી કરવાનો કે જારી નહિ રાખવાનો હુકમ કરવાને જીલ્લા માજીસ્ત્રેટ કે પેટા ટુકડી માજીસ્ત્રેટ કે બીજા જે માજીસ્ત્રેટને અખતિયાર આપ્યો હોય તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

બાબ ૧૧ મો.

અપકારક કૃત્ય સંબંધી કે થવાની ધાસ્તી હોય તેવા ભય સંબંધી તાકીદના મુકરદમાઓમાં હંગામી હુકમો

૧૪૪. (૧) જે બાબતોમા જીલ્લા માજીસ્ટ્રેટ, ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, પેટાતુકડી માજીસ્ટ્રેટ કે ત્રીજા વર્ગનો માજીસ્ટ્રેટ ન હોય તેવા બીજા જે માજીસ્ટ્રેટને અધિકાર હોય તેની નજરમા આ કલમ પ્રમાણે કામ આગળ ચલાવવાને પુરતું કારણ હોય તો તાબડતોબ અટકાવ કરવો કે વહેલો ઇલાજ કરવો યોગ્ય જણાય તે બાબતમાં, જો સદરહુ માજીસ્ટ્રેટના વિચારમા એમ આવે કે ફલાણા સખસને હેઠળ લખ્યા પ્રમાણે ફરમાવ્યાથી કાયદાસર રીતે કામ કરનાર કોઇ માણસોને અડચણ, દુખ કે નુકશાન થતું, અથવા જોખમ થતું. કે માણસની જીદગીને કે તદુરસ્તીને જોખમ થતું કે લોકોની સલામતીનો ભંગ થતો, કે હંગામો કે બખેડો થતો અટકશે કે અટકે એમ છે, તો તે માજીસ્ટ્રેટ એક લખેલો હુકમ કહાડીને તેમા તે કામની મુદ્દાની હકીકત જણાવીને ૧૩૪ મી કલમમા ઠરાવેલી રીતે તે હુકમ પહોંચાડીને તે સખસને એવુ ફરમાવવાને મુખતીયાર છે કે તમારે ફલાણા કામથી દુર રહેવું અથવા તમારા કબજામાની કે વહીવટમાંની ફલાણી મિલકતની તમારે ફલાણી વ્યવસ્થા કરવી

(૨) જરૂરી પ્રસગે કે જે સખસ ઉપર હુકમ ફરમાવ્યો હોય તે સખસની ઉપર યોગ્ય વખતમા નોટીસ બજાવવાનુ બનતું ન હોય એવી હકીકત હોય તેવે પ્રસગે આ કલમ પ્રમાણે એક તરફી હુકમ કરવાનો અધિકાર છે

(૩) આ કલમ પ્રમાણે હુકમ મુકરર માણસનુ નામ લખીને કોઇ મુકરર જગાએ મળતા હોય અથવા જતા હોય ત્યારે સામાન્ય રીતે સઘળા લોકોને ફરમાવવાનો અખત્યાર છે

(૪) પોતાની જાતે કે પોતાના તાબામાના કોઇ માજીસ્ટ્રેટે પોતાના હોદા ઉપર પોતાની અગાઉ જે અમલદાર હોય તેણે આ કલમ પ્રમાણે જે હુકમ કર્યો હોય તે હુકમ પોતાની મુન્સફી ઉપરથી અથવા ગેર ઇન્સાફ થએલા કોઇપણ સખસની અરજી ઉપરથી રદ કરવાનો કે ફેરફાર કરવાનો અખત્યાર કોઈ માજીસ્ટ્રેટને છે.

(૫) જયારે એવી અરજી કરવામા આવે ત્યારે માજીસ્ટ્રેટે સદરહુ અરજદારને જાતે અથવા વકીલ મારફત પોતાનો હાજર થવાની તથા હુકમનો સામા કારણો બતાવવાની તક જલ્દીથી આપવી.

અને જો માજીસ્ટ્રેટ એવી અરજી સર્વંત અથવા અશત નામજુર કરે તો તેમ કરવાના પોતાનાં કારણો તેણે લખી રાખવા.

(૬) માણસની જીદગીને કે તદુરસ્તીને કે સલામતીને જોખમ થાય તેવા પ્રસંગે અથવા કોઇ હંગામો કે બખેડો થવાનો સભવ હોય તેવા પ્રસગે સરકારી ગેઝેટમાં જાહેરનામુ પ્રસિદ્ધ કરીને સ્થાનિક સરકાર બીજી રીતે ફરમાવે નહિ તો આ કલમ મુજબ કરેલો કઇ પણ હુકમ તે કર્યા પછી બે મહીના કરતા વધારે મુદત સુધી અમલમા રહેશે નહિ.

બાબ ૧૨ મો.

સ્થાવર મિલકત સંબંધી તકરારો બાબત

૧૪૫ (૧) કોઈ પણ માજીસ્ટ્રેટની એમ ખાતરી થાય કે પોતાની હકુમતની સ્થાનિક હદમા, કોઇ પણ જમીન સબધી, જલાશય સબધી, કે તેની હદ સબધી. તકરારથી સુલેહનો ભંગ થવાનો સભવ હોય ત્યારે તે માજીસ્ટ્રેટે તકરાર કરનાર પક્ષકારોને, તકરારની વસ્તુ ખરેખર કોના કબજામાં છે તે વાત સાબીત કરવા માટે અમુક મુદતે હાજર થવા એક લખી હુકમ કહાડવો, અને મુદતે રજુ કરે તેવો સબુત પુરાવો લઇ તે બાબત ચોકશી કરી તકરારની વાત ઉપર કહેલા હુકમની તારીખે કોના કબજામાં હતી તે બની શકે તો ઠરાવવું પણ તે તારીખથી અગાઉના બે મહીનાની અદર કબજે જોર જુલમથી ગેરવાજબી

રીતે તે લઈ લેવામા આવ્યો હોય એવુ જણાય તો, જેનો કબજો લઈ લેવામા આવ્યો હોય, તેનો તે તારીખે કબજો હતો અથવા પેટા કલમ (૪) ના ૧ લા વિશેષ ઠરાવ મુજબ હોવાનું ગણવુ જોઇએ તેમ જરૂર લાગે તો પોતાનો ઠરાવ થતા સુધી તકરારી વસ્તુ ગમે તે વખતે જપ્ત કરવાને તે મુખત્યાર છે, પણ તે મુદ્દતે તે પક્ષકાર તકરાર નથી એવુ બતાવે તો કરેલો હુકમ રદ કરવો.

અને જ્યારે તે પેટા કલમ (૪) ના પહેલા વિશેષ ઠરાવ પ્રમાણે કામ ચલાવે ત્યારે, જે પક્ષકારનો કબજો જોરજુલમથી તથા ગેરકાયદેસર રીતે લઈ લીધો હોય તે પક્ષકારને પાછો કબજો આપવાનો અધિકાર તેને છે" [૨–૩–૪–૫–૬]

" (૭) જ્યારે આવી રીતે કોઇપણ ચલાવેલા કામનો કોઇપણ પક્ષકાર મરણ પામે ત્યારે, માજિસ્ટ્રેટને, મરણ પામેલા પક્ષકારના વારસવકીલને તે કામમાં પક્ષકાર બનાવવાનો અધિકાર છે અને ત્યારપછી તેણે તે ચોકસીનું કામ આગળ ચલાવવુ અને જો એવા ચલાવેલા કામને સારૂ મરણ પામેલા પક્ષકારનો વારસવકીલ કોણ છે એવો સવાલ ઉભો થાય તો, મરનાર પક્ષકારના વારસવકીલ હોવાનો દાવો કરતા સઘળા શખસોને તે કામમાં પક્ષકાર બનાવવા જોઇએ

"(૮) જો માજીસ્ટ્રેટનો એવો મત હોય કે પોતાની આગળ આ કલમની રૂએ ચાલતા કામની તકરારનો વિષય જે મિલકત હોય તેનો પાક અથવા બીજુ ઉત્પન્ન એકદમ અને કુદરતી રીતે નાશ પામવાને પાત્ર છે તો, તે, એવી મિલકતને યોગ્ય રીતની સભાળ હેઠળ રાખવાનો અથવા તે વેચવાનો હુકમ કાઢવાને મુખત્યાર છે, અને ચોકસી પુરી થાય એટલે એવી મિલકતની અથવા તેના વેચાણના ઉત્પન્નની વ્યવસ્થા કરવા માટે તેને યોગ્ય લાગે તેવો હુકમ તેણે કરવો જોઇએ

(૯) માજીસ્ટ્રેટને પોતાને યોગ્ય લાગે તો આ કલમ મુજબ ચલાવવાના કામમા કોઇપણ તબક્કે ગમે તે પક્ષકાર અરજી કરેથી કોઇપણ સાક્ષીને હાજર થવાનું અથવા કોઇપણ દસ્તાવેજ અથવા ચીજ રજુ કરવાનુ ફરમાવનારો સમન કાઢવાનો અધિકાર છે

(૧૦) આ કલમમા કોઇપણ મજકુર ઉપરથી માજીસ્ટ્રેટના ૧૦૭ મી કલમની રૂયે કામ ચલાવવાના અધિકાર ઓછા થાય છે એમ સમજવુ નહિ "

૧૪૬ તકરારી વસ્તુ તે વખતે કોઇના કબજા મા નથી, અથવા તો કોના કબજામા છે તે ખાત્રી ન થાય તો માજીસ્ત્રેટે તેનો કબજો કોને મળવાનો છે તે બાબત અધિકારવાળી કોરટનો ફેસલો થતા સુધી તે વસ્તુ જપ્ત કરવી

" પણ એવુ ઠરાવ્યુ છે કે જિલ્લા માજીસ્ટ્રેટ અથવા જે માજીસ્ટ્રેટે તકરારની વસ્તુ જપ્ત કરી હોય તે તકરારની વસ્તુના સબધમા સુલેહનો ભગ થવાનો કોઇપણ વધુ સભવ નથી એમ પોતાની ખાતરી થાય તો કોઇપણ વખતે જપ્તી ઉઠાવી લેવાને મુખત્યાર છે."

અને તે માટે યોગ્ય લાગે તો અને તકરારની વસ્તુવાળી મિલકતના વહીવટદાર કોઇ પણ દિવાની કોર્ટે નિમ્યો ન હોય તો વહીવટદાર નીમવો.

"પણ એવુ ઠરાવ્યુ છે કે, તકરારનો વિષય હોય એવી મિલકતનો પાછળથી કોઈપણ દીવાની કોર્ટે વહીવટદાર નિમ્યો હોય તે પ્રસગે તેને મીલકતનો કબજો માજીસ્ટ્રેટે નીમેલા વહીવટદાર તરફથી સોપી દેવો જોઇયે અને તે ઉપરથી તેને મુક્ત કરવો જોઇએ "

૧૪૭ [૧] જ્યારે જ્યારે કોઇ પોલીસ રીપોર્ટ ઉપરથી અથવા બીજી માહીતી ઉપરથી કોઇપણ જીલ્લા માજીસ્ટ્રેટની પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટની પેટા ટુકડી માજીસ્ટ્રેટની અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટની એમ ખાત્રી થાય કે પોતાની હકુમતની સ્થાનીક હદમા આવેલા કલમ ૧૪૫ (૨) મા ખુલાસો કર્યા મુજબના જમીન અથવા પાણીનો ઉપયોગ કરનારના કોઇપણ કહેવાતા હક (પછી તે હક સુખાધીકાર તરીકે અથવા કોઇ બીજી રીતે માગ્યો હોય તે) બાબત કાંઇ તકરાર ચાલે છે તેથી સુલેહનો ભગ થવાનો સભવ છે ત્યારે ત્યારે એવી રીતે પોતાની ખાતરી થયાનાં કારણો બતાવનારો તથા એવો માજીસ્ટ્રેટ ઠરાવે તે વખતની અંદર કોર્ટમાં જાતે અથવા વકીલ મારફત હાજર થવાનુ અથવા અનુક્રમે પોતાના હકની લેખી હકીકત સહિત તકરારમા સબધ ધરાવતા પક્ષકારોને રજુ કરવાનું ફરમાવનારો લેખી હુકમ કાઢવાને તે મુખત્યાર છે અને ૧૪૫ મી

કલમમાં ઠરાવેલી રીતે તે બાબતની ચોકસી કરવી અને તે કલમના ઠરાવો શક્ય હોય ત્યાં સુધી એવી ચોકસીની બાબતમાં લાગુ પડશે.

(૨) સદરહુ હક વિદ્યમાન છે એમ સદરહુ માજીસ્ટ્રેટને જણાય તો, એવા હકના અમલમા કોઇપણ ખલેલ થતી અટકાવનારો હુકમ કરવાને તે મુખત્યાર છે.

પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે સદરહુ હક વર્ષમા સઘળી વખતે બજાવી શકાય એવો હોય ત્યારે જો તે હકને ચોકસીની શરૂઆત થતા પહેલાના તરત અગાઉના ત્રણ મહિનામા બજાવ્યો ન હોય તો અથવા જ્યારે તે હક ફક્ત મુકરર મોસમેજ અથવા અવસરેજ બજાવી શકાય એવો હોય ત્યારે જો તે હક સદરહુ ચોકસી શરૂ થયા પહેલાની એવી છેલ્લી મોસમે અથવા છેલ્લા અવસરે બજાવ્યો ન હોય તો, એવો કોઇપણ હુકમ કરવો નહી.

(૩) સદરહુ હક વિદ્યમાન નથી એમ સદરહુ માજીસ્ટ્રેટને જણાય તો, કહેવાતા હકનો કાંઈપણ અમલ અટકાવવાનો હુકમ કરવાને મુખત્યાર છે

(૪) આ કલમ મુજબનો કોઇપણ હુકમ, યોગ્ય હકુમતવાળી દીવાની કોર્ટે પાછળથી આપેલા કોઇપણ ચુકાદાને પાત્ર રહેશે "

૧૪૮ જ્યારે આ બાબતના કારણ સારૂ કાંઇ સ્થાનિક ચોકશી કરવાની જરૂર હોય ત્યારે તે ચોકશી કરવાને પોતાના તાબાના માજીસ્ત્રેટને મોકલવાને, અને તેનો ખર્ચ કોણે આપવો તે ઠરાવવાને હરેકોઇ જીલ્લા માજીસ્ત્રેટ કે પેટા તુકડી માજીસ્ત્રેટને અધિકાર છે એવા ખર્ચમા કોર્ટને યોગ્ય લાગે તેવા સાહેદો બાબત તથા પ્લીડરોની ફી બાબત થયેલા ખર્ચનો સમાસ કરવાનો અધિકાર છે

બાબ ૧૩ મો.

અટકાવ કરવા બાબત પોલીસનું કામ.

૧૪૯ કોઇ પણ કાગ્નીઝેબલ ગુનોહ થતો અટકાવવાના કારણ સારૂ દરેક પોલીસ અમલદાર વચ્ચે પડવાને મુખત્યાર છે, અને તેણે બનતો પ્રયત્ન કરીને સદરહુ ગુનોહ થતો અટકાવવો જોઇએ.

૧૫૦ કોઇ પણ કાગ્નિઝેબલ ગુનોહ કરવાની ધારણા વિષે જે પોલીસ—અમલદારને ખબર પડે તે પોલીસ—અમલદારે તે ખબર જે પોલીસ અમલદારના તાબામાં પોતે હોય તે પોલીસ અમલદારને તથા ગુનોહ થતો અટકાવવાનુ અથવા તે સાભળવાનુ બીજા જે અમલદારનુ કામ હોય તે અમલદારને આપવી

૧૫૧ કોઇપણ કાગ્નિઝેબલ ગુનોહ કરવાની ધારણા જે પોલીસ અમલદારના જાણવામા હોય તે પોલીસ અમલદારને જો એમ જણાય કે તે ગુનોહ થતો બીજી રીતે અટકાવી શકાશે નહી, તો કોઈ માજીસ્ટ્રેટના હુકમ શિવાય અને વગર વારંટે તેવી ધારણા કરનાર સખસને પકડવાને તે અમલદાર મુખત્યાર છે.

૧૫૨ કોઇ પોલીસ અમલદારના દેખતા કાંઇ સાર્વજનીક સ્થાવર અથવા જંગમ મીલકતને જે નુકશાન કરવાની કોશીશ કરવામા આવે તે નુકશાન થતું અટકાવવા સારૂ, અથવા સાર્વજનિક ભૂમી, ચિન્હ અથવા બોયુ અથવા વાહાણ ચલાવવાના કામમા વપરાતી હોય એવી બીજી કોઇ નિશાની કાહાડી નંખાતી અથવા તેને નુકશાન થતું અટકાવવા સારૂ પોતાનાજ અખત્યારથી વચ્ચે પડવાને તે પોલીસ અમલદાર મુખત્યાર છે.

૧૫૩ (૧) કોઇ પોલીસ—થાણુ જે અમલદારના હવાલમા હોય તે અમલદારને જ્યારે એમ માનવાનું કારણ હોય કે પોતાના થાણાની હદ માહેની ફલાણી જગામા કાંઇ ખોટા કાટલાં અથવા માપ અથવા તોળવાના યંત્ર છે ત્યારે તે જગામા વપરાતા અથવા રાખેલા કાટલાં અથવા માપ અથવા તોળવાના યંત્ર તપાસવાને અથવા તેનો શોધ કરવાને વગર વારંટે તે જગામા પેસવાને તે અમલદાર મુખત્યાર છે.

(૨) જો તે અમલદારને તે જગામા કાંઇ ખોટા કાટલાં, માપ અથવા તોળવાના યંત્ર જડે, તો તે પકડવાને પોતે મુખત્યાર છે, અને હકુમતવાળા માજીસ્ટ્રેટને તેણે તે પકડયાની તરત ખબર આપવી.

બાબ ૧૪ મો

પોલીસને ખબર આપવા બાબત તથા તપાસ કરવાના તેના અધિકાર બાબત.

૧૫૪ જે અમલદારના હવાલામા કોઇ પોલીસ થાણું હોય તેને કાગ્નિઝેબલ ગુનોહ કર્યા સબંધી જે જે ખબરો મોહોડેથી આપવામા આવે તે દરેક ખબર તેણે અથવા તેના હુકમ પ્રમાણે બીજાએ લખી લેવી અને ખબર આપનારને વાંચી સંભળાવવી અને સદરહુ પ્રકારની ગમે તે ખબર લખીને આપી હોય કે ઉપર કહ્યા મુજબ લીધી હોય તો પણ તે આપનાર શખસે તે દરેક ઉપર સહી કરવી અને આ બાબત સ્થાનીક સરકાર ફરમાવે તેવા નમુનાની જે એક બુક તે અમલદારે રાખવી જોઇએ તે બુકમા તેનો સાર નોંધવો

૧૫૫. (૧) જ્યારે કોઇ પોલીસ થાણાની હદમા કોઇ નોનકોગ્નીઝેબલ ગુનોહ કર્યાની ખબર જે અમલદારના હવાલામા તે પોલીસ થાણું હોય તેને આપવામાં આવે ત્યારે તે અમલદારે ઉપર કહ્યા મુજબ એક બુક રાખીને તેમાં સદરહુ ખબરનો સાર નોંધવો અને તે ખબર આપનારને માજીસ્ત્રેટની આગળ જવાનું ફરમાવવું

(૨) કોઇ નોનકોગ્નીઝેબલ મુકદમાની તપાસ પહેલા વર્ગના અથવા બીજા વર્ગના જે માજીસ્ત્રેટને તે મુકદમાનો ઇન્સાફ કરવાનો અથવા ઇનસાફ કરવા સારૂ તે મુકદમો કમીટ કરવાનો અધીકાર હોય તે માજીસ્ટ્રેટના અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટના હુકમ વગર કોઈ પણ પોલીસ અમલદારે કરવી નહી.

(૩) જે અમલદારના હવાલામા પોલીસ થાણુ હોય તે અમલદાર જેટલો અધીકાર કોગ્નીઝેબલ મુકદમામાં ચલાવી શકતો હોય તેટલોજ અધીકાર (વગર વારંટે પકડવાના અધીકાર સીવાય) સદરહુ હુકમ પહોચેથી હરકોઇ પોલીસ અમલદાર તે તપાસના સબધમા ચલાવવાને મુખત્યાર છે

૧૫૬ (૧) કોઇ પોલીસ—થાણાની હદ માહેના સ્થાનીક ક્ષેત્ર ઉપર જે કોરટને હકુમત હોય તે કોરટને ચોકશી અથવા ઇનસાફની જગા સબધી ૧૫ મા બાબના ઠરાવો પ્રમાણે જે કોગ્નીઝેબલ મુકદમાની તપાસ કોઇ માજીસ્ટ્રેટના હુકમ વગર કરવાનો અધિકાર સદરહુ પોલીસ થાણુ જે અમલદારના હવાલામા હોય તે અમલદારને છે

(૨) સદરહુ પ્રકારના કોઇ પણ મુકરદમામાં કોઇ પોલીસ—અમલદાર જે કાંઈ કામ ચલાવે તે વીશે સદરહુ અમલદારને આ કલમ પ્રમાણે તે મુકદમાની તપાસ કરવાનો અધિકાર નહોતો એ સબબ ઉપરથી મુકરદમો ચાલતાની દરમિયાન કોઇ પણ વખતે તકરાર ઉઠાવવી નહી

(૩) ૧૯૦ મી કલમ મુજબ અધિકાર આપેલા કોઇ પણ માજીસ્ટ્રેટને ઉપર કહેલા પ્રકારની તપાસ કરવાનો હુકમ કરવાનો અધિકાર છે,

૧૫૭ (૧) જે અમલદારના હવાલામા કોઇ પોલીસ થાણું હોય તે અમલદારને ૧૫૬ મી કલમ પ્રમાણે જે ગુન્હાની તપાસ કરવાનો અધિકાર હોય તે ગુન્હો થયો છે એ મુજબ તે અમલદારને ખબર મળ્યા ઉપરથી અથવા બીજી રીતે શક આણવાનુ કારણ હોય તો જે માજીસ્ટ્રેટને પોલીસના રીપોર્ટ ઉપરથી સદરહુ ગુન્હો સાંભળવાનો અધિકાર હોય તે માજીસ્ટ્રેટને તે બાબતનો તાબડતોબ રીપોર્ટ મોકલવો અને તે મુકરદમાની હકીકતની તથા બીનાની તપાસ કરવા સારૂ તથા ગુન્હેગારને શોધી કહાડવા તથા પકડવા માટે જરૂર જણાય તો તેવા ઉપાયો કરવા સારૂ પોતે જાતે તે ઠેકાણે જવુ અથવા સ્થાનિક સરકાર આ અર્થે સામાન્ય અથવા વિશેષ હુકમ કાઢીને ઠરાવે તે દરજ્જાના નહિ એવા પોતાના તાબા માહેના અમલદારોમાંના એક અમલદારને મોકલવો

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે —

(અ) જ્યારે સદરહુ પ્રકારનો કોઇ પણ ગુન્હો થયા વિશે કાંઇ પણ ખબર કોઇ શખસનુ નામ લઇને તે શખસના વિરૂદ્ધ આપવામાં આવે અને તે કામ ભારે ન હોય ત્યારે જે અમલદારના હવાલામાં કોઇ પોલીસ થાણુ હોય તેને તે ઠેકાણે તપાસ કરવા સારૂ જાતે જવાની અથવા તાબા માહેના કોઈ અમલદારને મોકલવાની જરૂર નથી

(બ) જે અમલદારના હવાલામા કોઇ પોલીસ થાણું હોય તે અમલદારને જો એમ જણાય કે તપાસ કરવા માંડવાનો કાંઈ પુરતો સબબ નથી તો તેણે તે મુકદમાની તપાસ કરવી નહી

(૨) પેટા કલમ (૧) ના વીશેષ ઠરાવની (અ) તથા (બ) રકમોમા કહેલે દરેક પ્રસંગે જે અમલદારના હવાલામાં પોલીસ થાણુ હોય તે અમલદારે તે પેટા કલમમા ફરમાવ્યા પ્રમાણે પુરતી રીતે નહી ચાલવાનાં પોતાના કારણ સદરહુ રીપોર્ટમાં લખવા તથા રકમ (બ) માં લખેલા પ્રસંગે, તે અમલદાર પોતે તે કામની તપાસ કરશે નહી અથવા તપાસ કરાવશે નહિ એ બીના તેણે કાઇ ખબર આપનાર શખસ હોય તો તેને સ્થાનિક સરકાર ઠરાવે તે રીતે એકદમ જણાવવી

૧૫૮. (૧) સ્થાનીક સરકાર ફરમાવે તો ૧૫૭ મી કલમ પ્રમાણે માજીસ્ટ્રેટને મોકલવાનો દરેક રીપોર્ટ સ્થાનીક સરકાર સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને પોલીસના જે ઉપરી અમલદારને આ બાબત નીમે તે અમલદારની મારફતે મોકલવો

(૨) જે અમલદારના હવાલામા પોલીસ થાણુ હોય તેને સદરહુ ઉપરી અમલદાર પોતાને દુરસ્ત લાગે એવી સમજુત આપવાને મુખત્યાર છે અને તેણે તે સમજુત સદરહુ રીપોટ ઉપર લખીને તે માજીસ્ટ્રેટને તે રીપોર્ટ વગર ઢીલે મોકલી દેવો.

૧૫૯. સદરહુ રીપોર્ટ પહોચેથી સદરહુ માજીસ્ટ્રેટ આ કાયદામાં ઠરાવેલી રીતે તે કામની તપાસ કરવાને હુકમ કરવાનો અથવા પોતાને દુરસ્ત લાગે તો આ કાયદામા ઠરાવેલી રીતે તેની પ્રથમારંભી ચોકશી અથવા બીજી કાઇ વ્યવસ્થા પોતે તુરત કરવાને અથવા પોતાના તાબા માહેના કોઇ માજીસ્ટ્રેટને કરવાનુ કહેવાને મુખતીયાર છે

૧૬૦ આ બાબ પ્રમાણે હરકોઇ પોલીસ અમલદાર જે કામની તપાસ કરતો હોય તે કામની હકીકત પોતાના થાણાની અથવા કોઇ પાસેના થાણાની હદ માહેનો ફલાણો શખસ વાકેફ છે એમ મળેલી ખબર ઉપરથી અથવા બીજી રીતે તેને જણાય તો તે અમલદાર લેખી હુકમ કરીને તે શખસને પોતાની આગળ હાજર થવાનુ ફરમાવવાને મુખત્યાર છે અને તે હુકમમાં ફરમાવ્યા પ્રમાણે તે સખશે હાજર થવુ જોઇએ

૧૬૧ (૧) આ બાબ પ્રમાણે તપાસ કરનાર હરકોઇ પોલીસ અમલદાર અથવા સ્થાનિક સરકાર આ અર્થે સામાન્ય અથવા વિશેષ હુકમ કાઢીને ઠરાવે તે દરજ્જાથી ઉતરતા દરજ્જાનો નહિ હોય તેવો તે અમલદારની માગણીથી કામ કરનાર કોઇપણ પોલીસ અમલદાર તે કામની બીના તથા હકીકતથી ફલાણો શખસ વાકેફ છે એમ ધારવામા આવે તે શખસની મુખજુબાની લેવાને મુખત્યાર છે

(૨) સદરહુ કામ સંબધી જે સવાલોનો જવાબ દેતા પોતાની ઉપર કોઇ ફોજદારી ગુન્હાનુ તોહોમત આવી પડે અથવા કઇ દંડ અથવા ગુન્હેગારી આપવી પડે તે સવાલો સીવાય બીજા જે સવાલો પોતાને સદરહુ અમલદાર પુછે તે સઘળા સવાલોના ખરા જવાબ સદરહુ સખસે દેવા જોઇએ

૧૬૨ " ૧, આ બાબ પ્રમાણે તપાસ ચાલતી હોય તે દરમિયાન પોલીસ અમલદારને કોઇપણ શખસે કહેલો મજકુર કહેનાર શખસે તે ઉપર સહી કરવી નહિ, તથા પોલીસની ડાયરીમાં અથવા બીજી કોઇ રીતે હોય એવો કોઇપણ મજકુર અથવા કોઇપણ નોંધ અથવા એવા મજકુર અથવા નોંધનો કોઇપણ ભાગ, એવો મજકુર કહેવામાં આવ્યો હોય તે વખતે તપાસ હેઠળ હોય એવા કોઇપણ ગુન્હા બાબત ચાલતી ચોકસી અથવા ઇન્સાફમાં (હવે પછી આમા ઠરાવ્યુ છે તે શિવાયના) કોઇ પણ કારણ સારૂ વાપરવો નહિ.

પણ એવુ ઠરાવ્યુ છે કે જે કોઇપણ શખસનો કહેલો મજકુર ઉપર પ્રમાણે લખી લેવામા આવ્યો હોય તે શખસને ફરીયાદીની તરફથી એવી ચોકશી અથવા ઇન્સાફમા સાહેદ તરીકે બોલાવ્યો હોય ત્યારે, કોર્ટ તોહોમતવાળાની અરજ ઉપરથી, તે મજકુર જોવો અને તેની નકલ તોહોમતવાળાને આપવાનુ ફરમાવવુ. સદરહુ અમલદાર પૂછે તે સઘળા સવાલોના ખરા જવાબ સદરહુ શખસે દેવા જોઇએ.

જેથી કરીને એવા મજકુરનો કોઇપણ ભાગ, જો યોગ્ય રીતે સાબિત થાય તો, તે, સને ૧૮૭૨ના હિંદુસ્તાનના પુરાવાના આક્ટની કલમ ૧૪૫ મા ઠરાવેલી રીતે એવા સાહેદને ખોટો પાડવા સારૂ વાપરી શકાશે જ્યારે એવા મજકુરનો કોઇપણ ભાગ એવી રીતે વાપરવામા આવ્યો હોય ત્યારે, તેનો કોઇપણ ભાગ એવા

સાહેદની ફરી તપાસ માટે પણ વાપરી શકાશે, પણ તે તેની ઉલટ તપાસમા જણાવેલી કોઇ બાબતનો ખુલાસો કરવાના કારણ સારૂજ માત્ર વપરાશે

વધુ એવુ ઠરાવ્યુ છે કે કોર્ટ એવા અભિપ્રાયની હોય કે એવા કહેલા મજકુરનો કોઇપણ ભાગ સદરહુ ચોકસી અથવા તપાસના વિષયને લગતો નથી અથવા તહોમતવાળા શખસને તે જણાવવાનુ ન્યાયના હિતમા જરૂરનુ નથી અને સાર્વજનિક હિતમા અનિષ્ટ છે તો, તેણે તેવો અભિપ્રાય નોધવો (પણ તેને લગતા કારણો નોધવા નહિ) અને તહોમતવાળા શખસને પુરી પાડેલી સદરહુ કહેલા મજકુરની નકલમાંથી તે ભાગ કાઢી નાખવો. ”

(૨) આ કલમ માંહેનો કોઇ પણ મજકુર સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના આકટની ૩૨ મી કલમની રકમ (૧) ના ઠરાવો જેને લાગુ પડતા હોય એવા કોઇ પણ લખી આપેલા મજકુરને લાગુ પડે છે એમ સમજવુ નહી

૧૬૩ (૧) કોઇપણ પોલીસ અમલદારે અથવા અધિકારવાળા શખસે સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના આકટની ૨૪ મી કલમમાં કહ્યું છે તેવી કાંઇ પણ લાલચ અથવા ધમકી દેખાડવી નહી અથવા દેખડાવવી નહી અથવા એવુ વચન આપવુ નહી અથવા અપાવવુ નહી.

(૨) પણ આ બાબ પ્રમાણે કોઇપણ તપામ ચાલતી હોય ત્યારે કાંઇ મજકુર પોતાની રાજી ખુશીથી કહેવાની કોઇપણ શખસની મરજી હોય તે કોઇ પણ પોલીમ અમલદારે અથવા બીજા શખસે ચેતવણી આપીને અથવા બીજી રીતે તે શખસને તે મજકુર કહેતાં અટકાવવો નહી

૧૬૪ (૧) કોઇ પણ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ કોઇપણ પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ અને સ્થાનિક સરકારે આ અર્થે વિશેષ અધિકાર આપ્યો હોય એવો કોઇપણ બીજા વર્ગનો માજીસ્ટ્રેટ જો તે પોલીસ અમલદાર ન હોય તો આ બાબ પ્રમાણે કોઇપણ તપાસ ચાલતી હોય ત્યારે અથવા પછી પણ ચોકશી અથવા ઇન્સાફ શરૂ થતા પહેલા કોઈ પણ વખતે પોતાને કહેલો કાંઇ પણ મજકુર અથવા પોતાની આગળ કબુલ કરેલી કાંઇ પણ વાત દફતરમા દાખલ કરવાને મુખત્યાર છે.

(૨) પુરાવો દફતરમાં દાખલ કરવા સારૂ આ કાયદામાં આગળ કહેલી રીતોમાની જે રીત તે કામની હકીકત જોતા પોતની નજરમા ઘણીજ યોગ્ય આવે તે રીતે સદરહુ મજકુરો દફતરમા દાખલ કરવા ૩૬૪ મા કલમમા ઠરાવેલી રીતે સદરહુ કબુલ કરેલી વાતો દફતરમા દાખલ કરવી તથા તે ઉપર સહી કરવી, પછી જે માજીસ્ટ્રેટ તે કામની ચોકસી અથવા ઈન્સાફ કરવાનો હોય તે માજીસ્ટ્રેટની ઉપર તે કહેલા મજકુર અથવા કબુલ કરેલી વાતો રવાના કરવી.

(૩) માજીસ્ટ્રેટ એવી કોઇપણ કબુલત દફતરમા દાખલ કરતા પહેલાં, તે કબુલત કરનારા શખસને સમજાવવુ જોઇએ કે એવી કબુલત કરવાને તે સખમ બધાયનો નથી અને જો તે એવી કબુલત કરશે તો તે કબુલત તેની સામા પુરાવામા રજુ કરવામા આવશે અને

સદરહુ પ્રકારની કોઇપણ કબુલત રાજીખુશીથી કરવામા આવી છે એમ, તે કબુલત કરનાર શખસને સવાલ પુછ્યા ઉપરથી માનવાનુ કારણ ન હોય તો કોઇપણ માજીસ્ટ્રેટે તે કબુલત દફતરમા દાખલ કરે ત્યારે તે કબુલતની નીચે તેણે હેઠળ લખ્યા પ્રમાણે ટીપ લખવી —

મે (નામ) ને સમજાવ્યુ છે કે તે કબુલત કરવાને બંધાયલો નથી અને જો તે કબુલ કરશે તો જે કાઇપણ કબુલત તે કરશે તે તેની સામા પુરાવામાં રજુ કરવામાં આવશે અને

" મને લાગે છે કે આ કબુલત રાજીખુશીથી કરી છે આ મારી સમક્ષ તથા મારા સાભળતા લીધી છે, અને આ કબુલત કરનાર શખસને તે વાચી સભળાવી છે અને તે ખરી છે એવો તેણે અંગીકાર કર્યો છે, અને તેણે કહેલા મજકુરનો પુરેપુરો તથા ખરો હેવાલ તેમા છે.

(સહી) અ. બ.
"માજીસ્ટ્રેટ"

ખુલાસો—કબુલત અથવા મજકુર લખી લેનારો માજીસ્ત્રેટ તે મુકદમામાં હકુમતવાળો માજીસ્ત્રેટ હોવો જોઇએ એવી જરૂર નથી

૧૬૫ (૧) જે અમલદારના હવાલામાં કોઈ પોલીસ થાણું હોય તેને અથવા કોઇ પોલીસ અમલદાર તપાસ કરતો હોય તેને, જ્યારે જ્યારે પોતાને જે કોઇપણ ગુન્હાની તપાસ કરવાનો અધિકાર હોય તેની તપાસના કારણ સારૂ જરૂરની હોય એવી કાંઈ પણ વસ્તુ જે પોલીસથાણુ તેના હવાલામા હોય અથવા જે થાણામા તેને નિમ્યો હોય તે થાણાની હદમાહેની કોઇપણ જગામા મળી આવવાનો સભવ છે એમ માનવાને વાજબી કારણ હોય અને એવી વસ્તુ તેના મત પ્રમાણે અતિશય ઢીલ કર્યા વગર બીજી રીતે મેળવી શકાય તેમ નહિ હોય ત્યારે, સદરહુ અમલદાર, પોતાની માન્યતાના કારણો લખી લીધા પછી, તથા જે વસ્તુ માટે ઝાડો લેવરાવવાનો હોય તે વસ્તુ, બની શકે ત્યાંસુધી, એવા લખાણમાં નિર્દિષ્ટ કર્યા પછી, તે વસ્તુ માટે સદરહુ થાણાની હદની અદરની કોઇ પણ જગાનો ઝાડો લેવાને અથવા ઝાડો લેવડાવવાને મુખત્યાર છે

(૨) પેટા કલમ (૧)ની રૂયે કામ કરનાર પોલીસ અમલદારે, શક્ય હોય તો, પોતે જાતે ઝાડો લેવો જોઇએ

(૩) જો તે ઝાડો તેનાથી જાતે લેવાનું ન બની શકે, અને તે ઝાડો લેવાને બીજો કોઇપણ લાયક શખસ તે વખતે હાજર ન હોય, તો એમ કરવાના પોતાના કારણો લખી લીધા પછી પોતાના હાથતળેના કોઇપણ અમલદારને તે ઝાડો લેવાનું ફરમાવવાને તે અમલદાર મુખત્યાર છે અને તેણે તે હાથ તળેના એક અમલદારને એક હુકમ લખીને આપવો, અને કઇ જગાનો ઝાડો લેવો છે તે તથા શક્ય હોય તેટલે સુધી કઇ વસ્તુને માટે ઝાડો લેવો છે તે, તે હુકમમાં લખવું, અને ત્યાર પછી તે જગામા તેને માટે ઝાડો લેવાને તે હાથતળેનો અમલદાર મુખત્યાર છે.

(૪) ઝાડો લેવાના વારંટો બાબત તથા ૧૦૨ જી કલમ તથા ૧૦૩ જી કલમમાં આપેલા ઝડો લેવાના સાધારણ ઠરાવો બાબત આ કાયદાના ઠરાવો આ કલમ પ્રમાણે લીધેલા ઝાડાને બની શકે તેટલે સુધી લાગુ પડશે.

"(૫) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૩) મુજબ કરેલા કોઈ પણ રેકાડની નકલો ગુન્હો સાભળવાનો અધિકાર આપેલા સૌથી નજદીકના માજીસ્ટ્રેટપર તાબડતોબ મોકલવી અને ઝાડો લીધેલી જગાના ધણી અથવા ભોગવટો કરનાર અરજી કરેથી, માજીસ્ટ્રેટે તેની નકલ તેને પૂરી પાડવી, પણ એવુ ઠરાવ્યુ છે કે માજીસ્ટ્રેટને કાઇ વિશેષ કારણોને લઇને ખરચ લીધા શિવાય તે મફત પૂરી પાડવાનુ યોગ્ય લાગે તે શિવાય, તે બાબત તેણે પૈસા આપવા પડશે"

ટીકા—તેણે તે હાથ તળેના અમલદારને એક લખીને હુકમ આપવો

૧૬૬ [૧] પોલીસનુ એક થાણુ જે અમલદારના હવાલામા હોય તે અમલદાર અથવા સબઇન્સ્પેક્ટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાનો ન હોય એવો તપાસ કરનાર પોલીસ અમલદાર જે કામમા પોતાના થાણાની હદમા કાઇ ઝાડો લેવરાવવાને મુખત્યાર હોય તે કામમા તેવો ઝાડો કોઇ પણ જગાએ લેવરાવવાનુ પોલીસનુ કોઇ બીજુ થાણુ જે અમલદારના હવાલામા હોય તે અમલદારને ફરમાવવાને મુખત્યાર છે, પછી તે બીજુ થાણુ તેજ જીલ્લામા હોય કે જુદા જીલ્લામા હોય તો પણ.

(૨) સદરહુ પ્રકારના અમલદારને સદરહુ પ્રમાણે ફરમાવ્યુ હોય ત્યારે તેણે ૧૬૫ મી કલમના ઠરાવો પ્રમાણે ચાલવું. અને કાંઇ વસ્તુ જડે તો જે અમલદારના ફરમાવ્યાથી ઝાડો લીધો હોય તે અમલદારની ઉપર તેણે તે મોકલી દેવી

" (૩) જ્યારે જ્યારે એમ માનવાને કારણ હોય કે જે અમલદારના હવાલામાં બીજુ પોલીસથાણુ હોય તે અમલદારને પેટા-કલમ (૧) મુજબ ઝાડો લેવડાવવાનુ ફરમાવ્યાને લીધે થનારી ઢીલથી ગુન્હો કરાયાનો પુરાવો છુપાવવાનો અથવા તેનો નાશ કરવાનો સભવ છે ત્યારે ત્યારે, પોલીસથાણું જે અમલદારના હવાલામા હોય તે અમલદાર અથવા આ બાબતની રૂયે તપાસ કરનાર કોઇપણ અમલદાર ૧૬૫ મી કલમના ઠરાવ મુજબ બીજા પોલીસથાણાની હદમાની કોઈપણ જગાનો ઝાડો, જાણે તે જગા પોતાના થાણાની હદમા હોય તેવી રીતે, લેશે, અથવા લેવડાવશે, તો તે કામ કાયદેસર ગણાશે.

(૪) પેટા-કલમ (૩) મુજબ ઝાડો લેનાર કોઇપણ અમલદારે, તે ઝાડા બાબતની નોટીસ, જે પોલીસ થાણાની હદમાં સદરહુ જગા આવી હોય તે પોલીસથાણુ જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને

એકદમ મોકલવી જોઇએ અને એવી નોટીસની સાથે ૧૦૩ જી કલમની રૂપે તૈયાર કરેલી યાદી (જો કાંઇ હોય તો તે) ની એક નકલ પણ મોકલવી જોઇએ, અને વળી કલમ ૧૬૫ની પેટા-કલમ (૧) તથા (૩) માં ઉલ્લેખ કરેલા રેકાર્ડની નકલ, ગુન્હો સાભળવાનો અધિકાર હોય એવા સૌથી નજદીકના માજીસ્ટ્રેટને મોકલવી જોઇએ "

(૫) જે જગાનો ઝાડો લેવામા આવ્યો હોય તે જગાનો ધણી અથવા ભોગવટો કરનાર અરજી કરેથી તેને પેટા-કલમ (૪) મુજબ માજીસ્ટ્રેટે મોકલેલા કોઇપણ રેકાર્ડની નકલ પુરી પાડવી

પણ એવુ ઠરાવ્યું છે કે માજીસ્ત્રેટને કાઇ વિશેષ કારણોને લઇને ખરચ લીધા શિવાય તે મફત પુરી પાડવાનુ યોગ્ય લાગે તે શિવાય, તે બાબત તેણે પસા આપવા પડશે

૧૬૭ (૧) જ્યારે જ્યારે કોઇ પણ શખસને પકડવામા આવ્યો હોય અને પહેરામા રાખવામા આવ્યો હોય અને કોઇ પણ તપાસ ૬૧ મી કલમથી મુકરર કરેલી ચોવીસ કલાકની મુદતમા પુરી થઇ શકશે નહિ એમ જણાય, અને તોહોમત અથવા આપેની ખબર પાકા આધારવાળી છે એમ માનવાના સબબ હોય, ત્યારે ત્યારે પોલીસ થાણુ જે અમલદારના હવાલામા હોય તે અમલદારે અથવા સબ ઇન્સ્પેક્ટરના દરજ્જા-થી ઉતરતા દરજ્જાનો ન હોય એવા તપાસ કરનાર પોલીસ અમલદારે આ કાયદામા આગળ ફરમાવેલા રોજનામામા તે મુકદમા સંબધી કરેલી નોંધની એક નકલ પાસેમા પાસેના માજીસ્ટ્રેટને તાબડતોબ મોકલવી અને તેજ વખતે તે તોહોમતવાળાને સદરહુ માજીસ્ટ્રેટની આગળ મોકલી દેવો

(૨) જે માજીસ્ટ્રેટની આગળ આ કલમ પ્રમાણે તોહોમતવાળા શખસને મોકલ્યો હોય તે માજીસ્ટ્રેટ તે કામનો ઇન્સાફ કરવાની પોતાને હકુમત હોય કે નહિ હોય તોપણ તે તોહોમતવાળાને બધી મળીને પદર દિવસની મુદતસુધી પોતાને યોગ્ય લાગે તેવા પહેરામા અટકાવી રાખવાને વખતે વખતે અધિકાર આપવાને મુખત્યાર છે. જો તે કામનો ઇનસાફ કરવાની અથવા ઇનસાફ કરવા સારૂ તે કામ કમિટ કરવાની પોતાને હકુમત ન હોય, અને પોતાના વિચારમા એવુ આવે કે તોહોમતવાળાને વધારે વાર અટકાવી રાખવાની જરૂર નથી તો તે માજીસ્ટ્રેટ તેને સદરહુ હકુમતવાળા માજીસ્ટ્રેટની પાસે મોકલવાનો હુકમ કરવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે ત્રીજા વર્ગના કોઇપણ માજીસ્ટ્રેટે અને સ્થાનિક સરકારે આ અર્થે વિશેષ અધિકાર આપ્યો ન હોય એવા બીજા વર્ગના કોઇપણ માજીસ્ત્રેટે પોલીસના પહેરામા અટકાવી રાખવાનો અધિકાર આપવો નહિ

(૩) આ કલમ પ્રમાણે પોલીસના પેહેરામા અટકાવી રાખવાનો અધિકાર આપનારા માજીસ્ટ્રેટે તેમ કરવાનાં પોતાના કારણ દફતરમા લખવાં

(૪) જો તે હુકમ જીલ્લા માજીસ્ટ્રેટ અથવા પેટા તુકડી માજીસ્ટ્રેટ શિવાય બીજા કોઇ માજીસ્ટ્રેટે કર્યો હોય, તો તેણે પોતાના હુકમની નકલ તથા તે હુકમ કરવાના કારણો પોતે જે માજીસ્ટ્રેટના પ્રત્યક્ષ તાબામાં હોય તે માજીસ્ટ્રેટને લખી મોકલવા

૧૬૮ જ્યારે તાબા માહેના કોઇ પોલીસ અમલદારે આ બાબ મુજબ કાંઇ તપાસ કરી હોય ત્યારે જે અમલદારના હવાલામા તે પોલીસથાણુ હોય તે અમલદારને તેણે તે તપાસના પરિણામનો રીપોટ કરવો

૧૬૯ તોહોમતવાળાને કોઇ માજીસ્ટ્રેટની પાસે મોકલવાનું વ્યાજબી થાય એટલો પુરતો પુરાવો અથવા એવા વાજબી આધારવાળો શક નથી એમ જે અમલદારના હવાલમા તે પોલીસ થાણુ હોય તે અમલદારને અથવા તપાસ કરનાર પોલીસ અમલદારને આ બાબ પ્રમાણે તપાસ કર્યા ઉપરથી જણાય તો જે માજીસ્ત્રે-ટને પોલીસ રીપોર્ટ ઉપરથી તે ગુન્હો સાભળવાનો અધિકાર તથા તોહોમતવાળાનો ઇનસાફ કરવાનો કે ઇનસાફ થવા સારૂ તેને કમિટ કરવાનો અધિકાર આપ્યો હોય તે માજીસ્ટ્રેટની આગળ હાજર થવાનું ફર-માવવામા, જો અને જ્યારે આવે, તો અને ત્યારે હાજર થવા બાબત, સદરહુ અમલદાર ફરમાવે તે મુજબ જામીન સાથે અથવા જામીન વગર તે શખસ એક ખત લખી આપે એટલે જો તે પેહેરામા હોય તો, તેને તે અમલદારે છુટો કરવો.

૧૭૦ [૧] ઉપર કહ્યા પ્રમાણે પુરતો પુરાવો અથવા વાજબી આધારવાળો શક છે, એમ જે અમલદારના હવાલામાં તે પોલીસ થાણું હોય તે અમલદારને, આ બાબ પ્રમાણે તપાસ કર્યા ઉપરથી જણાય તો જે માજીસ્ત્રેટને પોલીસ રિપોર્ટ ઉપરથી તે ગુન્હો સાંભળવાનો અખત્યાર તથા તોહોમતવાળાનો ઇનસાફ કરવાનો અથવા ઇનસાફ થવા સારૂ તેને કમિટી કરવાનો અખત્યાર આપ્યો હોય તે માજીસ્ટ્રેટની પાસે સદરહુ અમલદારે તોહોમતવાળાને પેહેરામા આપીને મોકલી દેવો, અથવા જો તે ગુન્હો જામીન લઈ શકાય એવો હોય અને તોહોમતવાળો તારણુ આપી શકતો હોય તો, કોઇ મુકરર દિવસે સદરહુ માજીસ્ત્રેટની આગળ હાજર થવા સારૂ તથા જ્યા સુધી બીજી રીતે ફરમાવવામાં આવે નહિ ત્યા સુધી સદરહુ માજીસ્ટ્રેટની આગળ રોજ રોજ હાજર રહેવા સારૂ તેની પાસેથી તે અમલદારે તારણુ લેવુ.

(૨) જે અમલદારના હવાલામા કોઈ પોલીસ થાણુ હોય તે અમલદાર જ્યારે આ કલમ પ્રમાણે કોઇ તોહોમતવાળા શખસને માજીસ્ત્રેટની પાસે મોકલે અથવા સદરહુ માજીસ્ત્રેટની આગળ હાજર થવા સારૂ તેની પાસેથી તારણુ લે, ત્યારે તે માજીસ્ત્રેટની આગળ જે હથિયાર અથવા બીજી વસ્તુ હાજર કરવાની જરૂર હોય તે પણ તેણે મોકલવા, અને જો ફરીયાદી હોય તો તેને તથા ફલાણા શખસો તે કામની હકીકતથી વાકેફ છે એમ તે અમલદારને જણાય તેમાંના જેટલાની પોતાને જરૂર લાગે તેટલા શખસોને ખતમા ફરમાવેલી વખતે તથા રીતે તોહોમતવાળાની ઉપર મુકેલા તોહોમતના કામમા માજીસ્ટ્રેટની આગળ હાજર થવા સારૂ, તથા પ્રસંગ પ્રમાણે, ફરીયાદનું કામ ચલાવવા તથા પુરાવો આપવા સારૂ, એક ખત લખી આપવાનુ ફરમાવવુ

(૩) જો તે ખતમા જીલ્લા માજીસ્ટ્રેટની અથવા પેટા તુકડી માજીસ્ટ્રેટની કોરટ કહી હોય તો જે કોરટની પાસે સદરહુ માજીસ્ટ્રેટ તે કામ ચોકસી અથવા ઇન્સાફ કરવા સારૂ મોકલે તે કોરટનો તેમા સમાવેશ થાય છે એવુ સમજવુ, પણ એવુ ઠરાવ્યુ છે કે આ પ્રમાણે કામ મોકલવાની વાજબી નોટીસ સદરહુ ફરિયાદીને અથવા શખસોને આપવી જોઇએ.

(૪) આ કલમ પ્રમાણે મુકરર કરવાનો દહાડો તોહોમતવાળા શખસ પાસેથી હાજર થવાનું તારણુ લીધુ હોય તો તેને જે દહાડે હાજર થવાનુ હોય તે દહાડો, અથવા તે શખસને પેહેરામાં આપીને મોકલેલો હોય તો જે દહાડે તે માજીસ્ટ્રેટની કોરટ આગળ આવી પહોચવાની તેની વકી હોય તે દહાડો હોવો જોઇએ

(૫) જે અમલદારની સમક્ષ તે ખત લખી આપ્યુ હોય તે અમલદારે તેની એક નકલ જે શખસોએ તે ખત લખી આપ્યુ હોય તેમાંના એક જણને આપવી, અને પછી તે અસલ ખતને પોતાના રીપોર્ટ સાથે માજીસ્ટ્રેટ ઉપર મોકલવુ.

ટીકા—તારીખ પછી એક મહીને હાજર થવાનો સાહેદીઓનો પોલીસ મુચરકો લઇ શકે નહી.

૧૭૧ કોઇપણુ ફરીયાદી અથવા શાહેદ માજીસ્ટ્રેટની કોરટમાં જતો હોય ત્યારે રસ્તે તેને કોઇ પોલીસ અમલદારની સાથે જવાનુ ફરમાવવુ નહિ

અથવા કોઇપણુ ફરીયાદી અથવા શાહેદને નકામો પ્રતિબંધ અથવા અડચણ કરવી નહિ, અને હાજર થવા બાબત તેના પોતાના જાત મુચરકા શિવાય કાંઇ બીજુ તારણુ આપવાનું તેને ફરમાવવુ નહિ

પણ એવુ ઠરાવ્યુ છે કે, ૧૭૦ મી કલમમા ફરમાવ્યા મુજબ કોઇપણુ ફરિયાદી અથવા શાહેદ હાજર થવાની ના કહે અથવા ખત લખી આપવા ના કહે તો જે અમલદારના હવાલામા પોલીસ થાણુ હોય તે અમલદાર તે ફરિયાદીને અથવા શાહેદને પહેરામા આપીને માજીસ્ટ્રેટની પાસે મોકલવને મુખત્યાર છે; અને તે ફરિયાદી અથવા શાહેદ સદરહુ ખત લખી આપે ત્યા સુધી, અથવા તે કામની સુનાવણી થાય ત્યા સુધી તેને પેહેરામાં અટકાવી રાખવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે

૧૭૨. (૧) આ બાબ મુજબ તપાસ કરનારા દરેક પોલીસ અમલદારે તે તપાસમા ચલાવેલું પોતાનું કામ રોજ એક રોજનામામા લખવુ તે મધ્યે પોતાની આપેલી ખબર, ક્યારે આવી તે વખત, પોતે તપાસ ક્યારે કરવા માંડી તથા ક્યારે બંધ કરી તે વખત, જે જે જગાએ પોતે જઇ આવ્યો હોય, તેઓના નામ તથા પોતે કરેલી તપાસથી જે જે હકીકત માલમ પડી હોય તેની વિગત, એટલી વાત લખવી.

(૨) પોતાની આગળ જે મુકદમાની ચોકસી અથવા ઇનસાફ ચાલતો હોય તે મુકદમા બાબત પોલીસના રોજનામાં મગાવવાનો, અને તે રોજનામા તે મુકદમામા પુરાવા દાખલ નહિ પણ તે ચોકસીમાં અથવા ઇનસાફમા પોતાને મદદ મળે એટલા સારૂ વાપરવાનો હરકોઇ ફોજદારી કોરટને અખત્યાર છે તોહોમતવાળાને અથવા તેના મુખત્યારોને તે રોજનામા મગાવવાનો હક્ક નથી, અથવા પણ જે પોલીસ અમલદારે તે રોજનામા લખ્યાં હોય તેણે પોતાની યાદદાસ્ત તાજી કરવા સારૂ કોરટે તે કામમા લીધા હોય તો સન ૧૮૭૨ ના હિદુસ્તાનના પુરાવાના આક્ટની ૧૬૧ મી અથવા ૧૪૫ મીમા જેમ હોય તેમ, કલમના ઠરાવો લાગુ પડશે.

ટીકા—પોલીસના રોજની નોંધ વાસ્તવીક રીતે કાયદેસર પુરાવામા મૂકવી નહિ અથવા જ્યુરીને વાંચી સભળાવવી નહિ (રાણી વા હરગત ૮ વિ. રી ૬૮)

૧૭૩ " ૧. આ બાબ પ્રમાણેના દરેક તપાસ નકામી ઢીલ નહિ કરતા પુરી કરવી અને તે પુરી થઇ રહે કે તરત જે અમલદારના હવાલમા પોલિસ સ્ટેશન હોય તે અમલદારે—

[અ] સ્થાનિક સરકારે ફરમાવેના નમુના મુજબનો એક રિપોર્ટ, જે માજીસ્ટ્રેટને પોલીસ રિપોર્ટ ઉપરથી તે ગુન્હો સાભળવાનો અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટને, મોકલવો અને તેમાં પક્ષકારોના નામ, ખબરનો પ્રકાર તથા જે શખસો તે મુકદમાની હકીકતથી વાકિફ જણાતા હોય તેઓના નામ લખવા, અને તોહોમતવાળા શખસને (જો પકડ્યો હોય તો) પહેરામાં આપીને મોકલ્યો છે કે તેને તેના ખત ઉપરથી છુટો કર્યો છે, અને જો તેને એ પ્રમાણે છુટો કર્યો હોય તો, જામીન સાથે, કે જામીન વગર છુટો કર્યો છે, તે પણ લખવુ, તથા

[બ] પોતે લીધેલા પગલા, જે શખસે ગુન્હો થયાને લગતી ખબર પહેલવહેલી આપી હોય તે શખસ જો કોઇ હોય તો તેને સ્થાનિક સરકાર ઠરાવે તે રીત મુજબ જણાવવા "

(૨) જ્યારે ૧૫૮ મી કલમ પ્રમાણે કોઇ ઉંચા દરજ્જાના પોલીસ અમલદારને નીમ્યો હોય ત્યારે સદરહુ રીપોર્ટ જે પ્રસંગોમા સ્થાનીક સરકાર મારફત મોકલવા જોઇએ અને માજીસ્ત્રેટને હુકમ થતા સુધી જે અમલદારના હવાલામા તે પોલીસથાણુ હોય તે અમલદારને વધારે તપાસ કરવાનુ ફરમાવવાને સદરહુ અમલદાર મુખત્યાર છે

(૩) આ કલમ પ્રમાણે મોકલેલો રીપોર્ટ જ્યારે એમ જણાય કે તોહોમતવાળાને પોતાના ખત ઉપરથી છુટો કર્યો છે ત્યારે તે માજીસ્ટ્રેટે તે ખત રદ કરવાનો અથવા બીજી રીતનો જે હુકમ તેને વ્યાજબી લાગે તે કરવો.

" (૪) આ કલમની રૂયે મોકલેલા કોઇપણ રિપોર્ટની નકલ, અરજી કરવામા આવેથી, કોઇ ચોકસી અથવા ઇન્સાફના કામની શરૂઆત પહેલા તોહોમતવાળા શખસને પુરી પાડવી

પણ એવુ ઠરાવ્યુ છે કે માજીસ્ટ્રેટને કાઇ વિશેષ કારણોને લઇને ખરચ લીધા શિવાય તે મફત પુરી પાડવાનુ યોગ્ય લાગે તે શિવાય, તે બાબત તે પૈસા લેવામા આવશે. "

૧૭૪. (૧) જે અમલદારના હવાલામા કોઇ પોલીસથાણુ હોય તે અમલદારને કે તે કારણ સારૂ સ્થાનીક સરકારે નીમેલા બીજા દરેક પોલીસ અમલદારને ખબર મળે કે—

[અ] કોઇ શખસે આત્મઘાત કર્યો છે, અથવા

[બ] કોઇ શખસને કોઇ બીજા શખસે અથવા કોઈ જાનવરે મારી નાખ્યો છે અથવા કોઇ શખસ યંત્રથી અથવા અકસ્માતથી મરણ પામ્યો છે, અથવા

[ક] કોઈ શખસ એવી રીતે મરણ પામ્યો છે કે તે ઉપરથી કોઇ બીજા શખસે ગુનોહ કર્યાનો વ્યાજબી શક ઉત્પન્ન થાય છે

એટલે તુરત તે અમલદારે પાસેમા પાસેના જે માજીસ્ટ્રેટને ઇન્કવેસ્ટ ભરવાનો અધીકાર આપ્યો હોય તે માજીસ્ટ્રેટને તે બાબત ખબર આપવી અને સ્થાનીક સરકાર કરેલી કોઇ પણ કાનુનથી અથવા જીલ્લા માજીસ્ટ્રેટના અથવા પેટા ટુકડી માજીસ્ટ્રેટના કોઇપણ સામાન્ય અથવા વિશેષ હુકમથી બીજી રીતે ફરમાવ્યુ ન હોય તો જે જગાએ સદરહુ મરેલા સખસનુ મડદુ હોય તે જગાએ જવુ, અને ત્યા પાડોશમાંના બે

અથવા વધારે આબરૂદાર રહેવાશીઓ સમક્ષ તપાસ કરીને મોતનાં દેખાઇના કારણનો રીપોર્ટ તઇઆર કરવો અને તેમા તે મુડદા ઉપર જે જખમ ભાગેલા અવયવ ચગદાયાની તથા નુકશાનની બીજી નિશાનીઓ માલમ પડે તેનું વર્ણન કરવુ તથા શી રીતે અથવા કેવા (જો હોય તો) શસ્ત્રવડે અથવા હથીયાર વડે સદરહુ નિશાનીઓ કરેલી જણાય છે તે લખવુ

(૨) તે રીપોર્ટ પર તે પોલીસ અમલદારે તથા બીજા શખસોએ અથવા તેઓમાના જેટલાનો વિચાર લખ્યા પ્રમાણે હોય તેટલાઓએ સહી કરવી અને પછી તુરત તે રીપોર્ટ જીલ્લા માજીસ્ટ્રેટ ની પાસે અથવા પેટા ટુકડી માજીસ્ટ્રેટની પાસે મોકલી દેવો

(૩) જ્યારે મોતના કારણ સંબંધી કાંઈ પણ શક હોય અથવા જ્યારે બીજા કોઈ પણ કારણસર પોલીસ અમલદાર તેમ કરવું યોગ્ય ધારતો હોય ત્યારે આ બાબત સ્થાનીક સરકાર જે જે કાનુનો ફરમાવે તે તે કાનુનોને અનુસરીને તે પોલીસ અમલદાર તે મડદુ પાસેમા પાસેના સીવીલસરજન પાસે તપાસવા સારૂ અથવા આ બાબત સ્થાનીક સરકારે બીજા જે યોગ્ય વઇદકીય શખસને નીમ્યો હોય તે શખસ પાસે તપાસવા સારૂ મોકલી દેવુ. પણ હવા તરફ જોતા તથા કેટલે દુર તે મડદુ મોકલવુ છે તેનો વિચાર કરતાં એમ જણાય કે સદરહુ તપાસ નીરૂપયોગી થઇ પડે એવી રીતે તે મડદુ રસ્તે જતાં સડી જવાનો ભય નથી તો એ પ્રમાણે મોકલવુ.

(૪) મદ્રાસ ઈલાકામાં તથા મુમ્બાઇ ઇલાકામા આ કલમ પ્રમાણે તપાસ કરવાનો અધિકાર ગામના મુખીને છે અને પછી એ મુખીએ પાસેમા પાસેના માજીસ્ટ્રેટને ઇન્કોસ્ટ ભરવાનો અધિકાર મળ્યો હોય તે માજીસ્ટ્રેટને તે તપાસના પરિણામનો રીપોર્ટ કરવો,

(૫) હેઠળ લખેલા માજીસ્ટ્રેટોને ઇન્કવેસ્ટ ભરવાનો અધિકાર આપ્યો છે એટલે હરકોઇ જીલ્લા માજીસ્ટ્રેટ પેટા ટુકડી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ તથા જે માજીસ્ટ્રેટને આ બાબત સ્થાનીક સરકારે અથવા જીલ્લા માજીસ્ટ્રેટે વિશેષે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસ્ટ્રેટ.

૧૭૫ [૧] કલમ ૧૬૪ મુજબ કામ ચલાવનારા પોલીસ અમલદારને સદરહુ તપાસ કરવા સારૂ ઉપર કહ્યા પ્રમાણે બે અથવા વત્તા માણસોને અને તે કામની હકીકતથી બીજું જે માણસ વાકેફ જણાતું હોય તે માણસને હુકમ લખીને બોલાવવાનો અખત્યાર છે એ પ્રમાણે બોલાવેલો દરેક માણસ હાજર થવાને અને સવાલોના જવાબ દેતા કાંઇ ફોજદારી ગુન્હાનુ તહોમત પોતાની ઉપર આવી પડે અથવા કાંઇ દંડ અથવા ગુન્હેગારી આપવી પડે એવા સવાલો સીવાય બીજા સઘળા સવાલોના ખરા જવાબ દેવાને બંધાયલો છે એમ સમજવુ

(૨) એવો કોઇ કાગ્નિઝેબલ ગુન્હો હકીકત ઉપરથી દેખાતો ન હોય કે જેને ૧૭૦ મી કલમ લાગુ પડતી હોય તો, તે માણસોને માજીસ્ટ્રેટની કોરટમા હાજર થવાનુ તે પોલીસ અમલદારે ફરમાવવુ નહી

૧૭૬. (૧) જ્યારે કોઇ શખસ પોલીસના હવાલામા હોય તેવામા તે મરણ પામે તો પાસેમાં પાસેના જે માજીસ્ટ્રેટને ઇન્કવેસ્ટ ભરવાનો અધિકાર મળ્યો હોય તેણે તે પોલીસ અમલદારે કરેલી તપાસને બદલે અથવા તે ઉપરાત મોતના કારણની ચાકશી કરવી, અને ૧૭૪ મી કલમની પેટા કલમ ૧ ની [અ] (બ) અને [ક] રકમોમા કહેલી બીજી કોઇ પણ બાબતમા જે માજીસ્ટ્રેટને એ પ્રમાણે અધિકાર મળ્યો હોય તે માજીસ્ટ્રેટ તે પોલીસ અમલદારે કરેલી તપાસને બદલે અથવા તે ઉપરાત મોતના કારણની ચોકશી કરવાને મુખત્યાર છે, અને તે પ્રમાણે ચાકસી કરે તો ગુન્હાની ચાકશી કરવા બાબત તેને જેટલો અધિકાર હોય તેટલો સઘળો અધિકાર તેને સદરહુ પ્રકારની ચોકશી કરવા બાબત છે એમ સમજવુ સદરહુ પ્રકારની કોઇ ચોકશી કરનારા માજીસ્ટ્રેટે તે ચોકસીના સબધમા પોતે લીધેલો પુરાવો કામની હકીકત પ્રમાણે આ કાયદામાં આગળ કહેલી રીતો માહેની ગમે તે રીતે દફતરમા દાખલ કરવો.

[૨] જે શખસનું મડદુ દાટી દીધુ હોય તે શખસના મોતનુ કારણ શોધી કહાડવા માટે તેના મુડદાની તપાસ કરવાનુ જ્યારે એવો માજીસ્ટ્રેટ યોગ્ય ધારે ત્યારે, મુડદુ ખોદી કહાડવાનો તથા તેની તપાસ કરાવવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે

બાબ ૧૫ મો.

ચોકસી તથા ઈનસાફ કરવામાં ફોજદારી કોરટોની હકુમત બાબત

અ.—ચોકસી અથવા ઇનસાફ કરવાની જગા.

૧૭૭. દરેક ગુન્હાની ચોકસી તથા ઈનસાફ જે કોરટની હકુમતની સ્થાનિક હદમા તે ગુન્હો કર્યો હોય તે કોરટે ઘણું કરીને કરવો.

૧૭૮ ૧૭૭ મી કલમમા ગમે તે કહ્યુ હોય તે છતા, ફલાણા જીલામા ઇનસાફ કરવા સારૂ કમિટ કરેલા ફલાણા કે ફલાણા વગના મુકદમાનો ઇનસાફ ફલાણી સેશન તુકડીમા કરવાનો અધિકાર છે એવો હુકમ ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે સન ૧૮૬૧ ના હિંદુસ્થાનની હાઈકોરટો બાબતના આકટની ૧૫ મી કલમ પ્રમાણે અથવા આ કાયદાની ૫૨૬ મી કલમ પ્રમાણે હાઇકોરટે કોઇ હુકમ અગાઉથી કહાડયો હોય તેની વિરૂદ્ધ સદરહુ હુકમ હોવો નહિ જોઇયે.

૧૭૯ કાંઈ વસ્તુ કર્યાના સબબથી, અને તેનુ કાંઈ પરિણામ થયું હોય તે સબબથી કાંઇ ગુન્હો કર્યાનું તોહોમત કોઈ શખસ ઉપર આવ્યું હોય, ત્યારે જે કોરટની હકુમતની સ્થાનિક હદમા એવી કોઇ પણ વસ્તુ કરી હોય અથવા એવુ કોઇ પણ પરિણામ થયુ હોય તે કોરટને તે ગુન્હાની ચોકસી અથવા ઈનસાફ કરવાનો અધિકાર છે

દૃષ્ટાંતો

[અ] અ નામનો શખસ ક્ષ કોરટની હકુમતની સ્થાનિક હદમા જખમી થયો અને તે ઝ કોરટની હકુમતની સ્થાનિક હદમા મરણ પામ્યો અ ના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાની ચોકસી અથવા ઈનસાફ ક્ષ ને અથવા ઝ ને કરવાનો અખત્યાર છે

[બ] અ નામનો સખસ ક્ષ કોરટની હકુમતની સ્થાનિક હદમાં જખમી થયો અને દસ દહાડાસુધી ય કોરટની હકુમતની સ્થાનિક હદમા અને બીજા દસ દહાડા સુધી ઝ કોરટની હકુમતની સ્થાનીક હદમા રહ્યો, અને ય કોરટની કે ઝ કોરટની હકુમતની સ્થાનીક હદમા તેનાથી પોતાનો મામુલ ધંધો કરાયો નહિ, અને મહાવ્યથા કરવાના ગુન્હાની ચોકસી અને ઇનસાફ થવા ક્ષ ને અથવા ઝને અથવા યને કરવાનો અખત્યાર છે

(ક) અ નામના શખસને નુકશાન કરવાનો ભય ક્ષ કોરટની હકુમતની સ્થાનિક હદમા ઉત્પન્ન કર્યો અને જે માણસે એવો ભય ઉત્પન્ન કર્યો તેને તે કારણથી માલ સ્વાધીન કરવાને ય કોરટની હકુમતની સ્થાનીક હદમા અ લલચાયો, અની ઉપર જબરાઈથી કહાડવાનો ગુન્હો કર્યો તેની ચોકસી અથવા ઈનસાફ ક્ષ અથવા ય ને કરવાનો અખત્યાર છે

[ડ] અ વડોદરાના દેશી સસ્થાનમા જખમી થયો, અને તે જખમોથી તે પુનામાં મરી ગયો અનુ મરણ નિપજાવવાના ગુન્હાની ચોકસી તથા ઇનસાફ પુનામા કરવાનો અખત્યાર છે.

ટીકા—'તે વસ્તુ" અને "તે પરીણામ" આ શબ્દો કાઢી નાખી એવી કોઇ પણ વસ્તુ અને એવુ કોઈ પરીણામ આ શબ્દો મુકયા છે દૃષ્ટાંત ડેલુ વધાર્યું અને તે પરથી એમ જણાય છે કે—રાણી સરકાર સાથે મૈત્રી ધરાવનાર દેશી સસ્થાનમાં ગુન્હો કરવામાં આવ્યો હોય અને તેનુ પરીણામ બ્રીટીશ હિંદુસ્થાનમાં થાય ત્યારે બ્રીટીશ ઇંડીયામા કામ ચલાવાય. રાણી વી પીરતાઇ ૧૦ મુ લૉ. રી. ૩૨૬ માં ઠરાવેલુ કે આ કાયદો બ્રીટીશ ઇંડીયામા લાગુ છે અને આ કલમનો ભાવાર્થ એમ દેખાય કે—બ્રીટીશ કોર્ટની હકુમતમા વસ્તુ કરી હોય તે પરહદમા રહેનારા કોઇ પારકા રાજ્યના માણસે ગુન્હો કરવાની ઉશ્કેરણી કરી અને તે ઉશ્કેરણીથી ગુન્હો અંગ્રેજી હદમાં બન્યો તેમાં ઠરાવેલુ કે—આ કોડમાં બતાવેલા કોઇ પણ ડીસ્ટ્રીકટમા ઉશ્કેરણી થએલી નહી હોવાથી ઉશ્કેરનાર માણસ આ કાયદાની બનેલી કોઇ પણ અંગ્રેજી કોર્ટને જવાબદાર નથી

પરિણામ થયું હોય—કીસબણનો ધંધો કરવા એક છોકરીને વેચાણ લઇ કબજે રાખી. તે ગુન્હો જ્યાં વેચાણ રાખી કબજે લીધી ત્યા પૂર્ણ થઇ જાય છે. તેથી કરી દેશી રાજ્યમાં તેવા ઇરાદાથી કબજે લીધી ને પછે બ્રીટીશ ઇંડીયામાં લાવવામા આવી ઠરાવ્યુ કે—માજીસ્ત્રેટને કમીટ કરવાની સત્તા નથી. [રાણી વી લછમનુ ઇં લો, રી. ૧ મુ ૩૪૦] (૧ વી રી ૨)

જે કંપનીની ઓફીસ કાનપુરમાં છે તેની નોકરીમા બ છે તેની સામે ક. ૪૦૮ પ્રમાણે વિશ્વાસઘાતનુ તોહમત છે, ફરીયાદ એવી હતી કે બ ના કબજામા બંગલામા કેટલોક માલ કંપનીની વતી હતો તે માલ કાનપુર મોકલવા કીધો પણ તે મોકલ્યો નહી, ને તેનો હિસાબ પણ આપ્યો નહી ને કંપનીને નુકસાન થયું, ઠરાવ્યુ કે—ફરીયાદની હકીકત પરથી કાનપુરની કોર્ટને હકુમત છે બ ના કૃત્યથી કંપનીને નુકસાન કાનપુરમા થયુ છે (આબીયાન ઇ લો રી ૧૯ અ. ૧૧૧) લાઇબલના કેસની તપાસ જ્યા તે લખાણ થયું હોય ત્યા અથવા જ્યા એ લખાણ પ્રગટ થયુ હોય ત્યા થઇ શકે છે એક માણસે બીજા માણસને કાગળદ્વારે ગુન્હો કરવાની ઉશ્કેરણી કરે નો મદદગારીથી ઉશ્કેરણીનો ગુન્હો જેના નામનુ સરનામુ હોય તેને મળે એટલે ત્યા પૂર્ણ થાય છે ને તેથી જ્યા કાગળ મળે ત્યાં ચોકશી થઈ શકે [રાણી વી શીવો દયાલમાલ ઇ લો રી ૧૬ અ. ૩૮૯]

૧૮૦ જે કૃત્ય ગુન્હો હોય અથવા જે કૃત્યનો કરનાર ગુન્હો કરી શકતો હોય તો તે ગુન્હો થાય તેવા કોઇ કૃત્યની સાથે સબંધ હોવાના સબબથી બીજુ કોઇ કૃત્ય પણ ગુન્હો હોય ત્યારે આ છેલા કહેલા ગુન્હાના તોહોમતની ચોકસી અથવા ઇન્સાફ જે કોર્ટની હકુમતની સ્થાનિક હદમા એ બેમાનુ ગમે તે કૃત્ય કર્યું હોય તે કોર્ટને કરવાનો અધિકાર છે.

દૃષ્ટાંતો

(અ) મદદગારીના તોહોમતની ચોકસી અથવા ઇનસાફ, જે કોરટની હકુમતની સ્થાનિક હદમા મદદગારી કરી હોય તે કોરટને, અથવા મદદગારી કરેલો ગુન્હો જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં કર્યો હોય તે કોરટને કરવાનો અધીકાર છે.

(બ) ચોરીનો માલ લેવાના અથવા રાખવાના તોહોમતની ચોકસી અથવા ઇનસાફ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં માલ ચોર્યો હોય તે કોરટને અથવા તે માલમાંનો કઇ પણ માલ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં કોઇપણ વખતે બદદાનતથી લીધો અથવા રાખ્યો હોય તે કોરટને કરવાનો અધિકારછે.

(ક) કોઇ શખસનું હરણ થયુ છે એવુ જાણીને તે શખસે ગેરવ્યાજબી રીતે સંતાડવાના તોહોમતની ચોકસી અથવા ઇનસાફ, જે કોરટની સ્થાનિક હકુમતની સ્થાનિક હદમાં ગેરવાજબી રીતે સંતાડવાનુ કામ બન્યું હોય તે કોરટને, અથવા જે કોરટની હકુમતની સ્થાનિક હદમા તે સખસનુ હરણ થયુ હોય તે કોરટને કરવાનો અધીકાર છે.

૧૮૧ [૧] ઠગ હોવાના, ઠગ થઇને ખુન કરવાના, ડાકાઇટી કરવાના, ખુન કરીને ડાકાઇટી કરવાના, ડાકાઇટોની ટોળીમા હોવાના, અથવા પેહેરામાથી નાહાસી જવાના ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ જે કોરટની હકુમતની સ્થાનિક હદમા તોહોમતવાળો શખસ હોય તે કોરટને કરવાનો અધિકાર છે,

[૨] સાપરાધ ખોટો ઉપયોગ કરવાના અથવા સાપરાધ વિશ્વાસઘાત કરવાના ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ જે મિલકત બાબત તે ગુન્હો કર્યો હોય તે મિલકતનો કોઇ પણ ભાગ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તોહોમતવાળા શખસે લીધો હોય અથવા રાખ્યો હોય ને કોરટને, અથવા જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તે ગુન્હો કર્યો હોય તે કોર્ટને કરવાનો અધિકાર છે

" (૩) ચોરીના ગુન્હાની, અથવા જે કોઇપણ ગુન્હામા ચોરીનો અથવા ચોરેલી મીલકત કબજામાં રાખવાનો સમાવેશ થતો હોય તે ગુન્હાની ચોકસી અથવા ઈન્સાફ, જે કોર્ટની હકુમતની સ્થાનિક હદમા એવો ગુન્હો થયો હોય અથવા ચોરેલી મિલકત તે ચોરના કબજામા હોય, અથવા તે ચોરેલી છે એવુ જાણ્યા છતાં, અથવા માનવાનુ કારણ છતાં તે લેનારા અથવા રાખનારા કોઇપણ માણસના કબજામાં હોય તે કોર્ટને કરવાનો અધિકાર છે. "

(૪) હરણ કરવાના અથવા ફોસલાવી લઇ જવાના ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ જે કોર્ટની

સ્થાનિક હદમાં સદરહુ હરણ કરેલા અથવા ફોસલાવી લઈ ગયેલા માણસનું હરણ કર્યું હોય અથવા તેને ફોસલાવી લઇ ગયા અથવા સતાડી રાખ્યા હોય અથવા અટકાવી રાખ્યા હોય તે કોર્ટને કરવાનો અધિકાર છે,

૧૮૨ ઘણાએક સ્થાનિક ક્ષેત્રોમાંના કયા સ્થાનિક ક્ષેત્રમા ગુન્હો થયો તેનો નિશ્ચય નહિ હોય ત્યારે, અથવા

ગુન્હાનો કાંઇક ભાગ એક સ્થાનિક ક્ષેત્રમા અને કાંઇક ભાગ બીજા સ્થાનિક ક્ષેત્રમાં થયો હોય ત્યારે, અથવા ગુન્હો ચાલુ રહે તેવો હોય અને એક કરતા વત્તા સ્થાનિક ક્ષેત્રોમા તે કરવાનું ચાલુ રહેલું હોય ત્યારે અથવા જુદા જુદા સ્થાનિક ક્ષેત્રોમા ઘણાએક કૃત્યો મળીને એક ગુન્હો થયો હોય ત્યારે

સદરહુ પ્રકારના ગમે તે સ્થાનિક ક્ષેત્ર ઉપર જે કોરટને હકુમત હોય તે કોરટને તે ગુન્હાની ચોકસી અથવા ઈનસાફ કરવાનો અધિકાર છે

૧૮૩ કોઈ ગુન્હો જ્યારે ગુન્હેગાર મુસાફરી અથવા સફર કરતો હોય ત્યારે કર્યો હોય તે ગુન્હાની ચોકસી અથવા ઈનસાફ, ગુન્હેગાર અથવા જે શખસની વિરૂદ્ધ અથવા જે વસ્તુના સબંધમા તે ગુન્હો કર્યો હોય તે શખસ અથવા વસ્તુ એ પ્રત્યેક એ મુસાફરી અથવા સફર કરતા કરતા જે કોરટની હકુમતની સ્થાનીક હદમા થઇને અથવા હદમાં ગયા હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

૧૮૪ રેલવે, ટેલીગ્રાફ, પોસ્ટઓફીસ—અથવા હથિયાર તથા યુદ્ધસામગ્રી સંબધી હરકોઈ ચાલુ કાયદાના ઠરાવો વિરૂદ્ધ સઘળા ગુન્હાઓની ચોકસી અથવા ઇનસાફ ઇલાકાના મુખ્ય શેહેરમા કરવાનો અધિકાર છે, પછી તે ગુન્હો સદરહુ શેહેરમાહે કરેલો છે એવુ જણાવ્યુ હોય કે નહિ હોય તોપણ એવું ઠરાવ્યુ છે કે ગુન્હેગાર તથા તેની ઉપર મુકદમો ચલાવવા માટે જરૂરના સઘળા શાહેદો સદરહુ શેહેરમાં માલમ પડવા જોઇએ

૧૮૫ (૧) જ્યારે જ્યારે એકજ હાઇ કોર્ટના તાબામાની બે અથવા વધારે કોર્ટમાંની કઈ કોર્ટે કોઇ પણ ગુન્હાની ચોકસી કરવી અથવા ઇન્સાફનુ કામ ચલાવવુ તે બાબત પ્રશ્ન ઉભો થાય ત્યારે ત્યારે તેનો નિર્ણય હાઇકોર્ટે કરવો,

(૨) જ્યારે એકજ હાઇકોર્ટના તાબા હેઠળની ન હોય એવી બે અથવા વધારે કોર્ટોએ એકજ ગુન્હો સાંભળ્યો હોય ત્યારે જે હાઈકોર્ટના અપેલેટ ફોજદારી હકુમતની અદર પહેલુ કામ ચલાવવામા આવ્યુ હોય તે હાઇકોર્ટ પોતાના તાબા હેઠળની કોઇપણ કોર્ટમા એવા ગુન્હાના ઈન્સાફનું કામ ચલાવવાનુ ફરમાવવાને મુખત્યાર છે, અને તે એવો નિર્ણય કરે તો એવા ગુન્હાને લગતા એવા શખસ સામેના બીજા સઘળા કામો બધ કરી દેવા, એવી હાઇકોર્ટ સદરહુ બાબત તેની જાણમા લાવવામા આવેથી એવો નિર્ણય કરે નહિ તો, જે બીજી કોઇપણ હાઇકોર્ટની અપેલેન્ટ ફોજદારી હકુમતની અદર એવુ કામ અટકાવી રાખ્યુ હોય તે હાઇકોર્ટ તેવીજ રીતે ફરમાવવાને મુખત્યાર છે અને તે એમ કરે એટલે એવા બીજાં સઘળા કામો બધ કરી દેવા

૧૮૬ (૧) જ્યારે કોઇ પ્રેસિડન્સી માજીસ્ત્રેટને, કોઇ જીલ્લા માજીસ્ત્રેટને, કોઇ પેટા ટુકડી માજીસ્ટ્રેટને અથવા પહેલા વર્ગના જે માજીસ્ટ્રેટને સ્થાનિક સરકારે આ બાબત વિશષે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસ્ટ્રેટને એવુ માનવાનુ કારણ જણાય કે પોતાની હકુમતની સ્થાનિક હદમાંહેના કોઇપણ શખસે સદરહુ હદની બાહાર (પછી બ્રિટિશ હિંદુસ્તાનની અદર કે બાહાર) એવો કોઇ ગુન્હો કર્યો છે કે ચોકસી અથવા ઇનસાફ ૧૭૭ થી ૧૮૪ સુધીની કલમો (એ બન્ને કલમો સુદ્ધા) કલમોના ઠરાવો પ્રમાણે અથવા બીજા હરકોઇ ચાલુ કાયદા પ્રમાણે સદરહુ હદની અદર થઇ શકે એમ નથી, પણ જેનો ઇનસાફ કાઈ ચાલુ કાયદા પ્રમાણે બ્રિટિશ હિંદુસ્તાનમા થઇ શકે એમ છે ત્યારે તે ગુન્હો જાણે સદરહુ હદમા થયો હોય એવી રીતે તેની ચોકસી કરવાને તથા સદરહુ શખસને પોતાની આગળ હાજર થવાની આ કાયદામા પાછળ ઠરાવેલી રીતે જરૂર પાડવાને, તથા સદરહુ ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ કરવાની હકુમત જે માજીસ્ટ્રેટને હોય તે માજીસ્ટ્રેટની પાસે તે શખસને મોકલવાને અથવા સદરહુ ગુન્હો જામીન લઇ શકાય એવો હોય તો સદરહુ માજીસ્ત્રેટની આગળ હાજર થવા સારૂ તેની પાસેથી જામીન સાથે કે વગર જામીને ખત લખાવી લેવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે,

(૨) જ્યારે સદરહુ હકુમતવાળા એક કરતા વધારે માજીસ્ટ્રેટો હોય અને સદરહુ શખસને કયા માજીસ્ત્રેટની પાસે મોકલવા, અથવા કયા માજીસ્ત્રેટની આગળ થવા સારૂ બાંધી લેવો તે બાબત આ કલમ પ્રમાણે ચાલનારા માજીસ્ત્રેટની ખાત્રી થાય નહિ, ત્યારે હુકમ મળવા સારૂ હાઇકોરટને તે કામનો રીપોર્ટ કરવો

૧૮૭ (૧) ૧૮૬ મી કલમ પ્રમાણે કોઇ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા જીલ્લા માજીસ્ટ્રેટ શિવાય બીજા કોઇ માજીસ્ત્રેટે કહાડેલા વારંટ ઉપરથી જો તે શખસને પકડવામા આવ્યો હોય, તે સદરહુ માજીસ્ટ્રેટે તે શખસને જે જીલ્લા અથવા પેટા ટુકડી માજીસ્ત્રેટના તાબામા પોતે હોય તે જીલ્લા અથવા પેટા ટુકડી માજીસ્ત્રેટની પાસે મોકલવો, પણ તેવા ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ કરવાની જે માજીસ્ટ્રેટને હકુમત હોય તે માજીસ્ત્રેટે જો તે શખસને પકડવા માટે પોતાનુ વારંટ કહાડયુ હોય, તો તે પકડેલા શખસને જે પોલીસ અમલદાર તે વારંટ બજાવતો હોય તે પોલીસ અમલદારને હવાલે કરવો, અથવા જે માજીસ્ત્રેટે તે વારંટ કહાડયું હોય તેની પાસે મોકલવો

(૨) જો તે પકડેલા શખસે જે ગુન્હો કર્યાનુ કહેવામા આવ્યુ હોય અથવા કર્યાનો શક આવ્યો હોય તે ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ તે જ જીલ્લામાં ૧૮૬ મી કલમ પ્રમાણે ચાલનારા માજીસ્ત્રેટની કોર્ટ શિવાય બીજી કોઇ ફોજદારી કોર્ટને કરવાનો અધિકાર હોય તો સદરહુ માજીસ્ત્રેટે તે શખસને સદરહુ કોરટની પાસે મોકલવો

૧૮૮ જ્યારે માલિકામાઆઝમાની હિંદુસ્તાન માહેની કોઈ દેશી રઇયત બ્રિટિશ હિંદુસ્તાનની હદની બાહાર તથા પેલીમમ કોઇ પણ જગાએ કાંઇ ગુન્હો કરે, અથવા

કોઇ બ્રિટિશ રઇયત હિંદુસ્તાન માંહેના કોઇ રાજાના અથવા સરદારના મુલકોમા કાંઇ ગુન્હો કરે, અથવા

રાણીનો કોઇ નોકર (પછી તે બ્રિટિશ રઇયત હોય અથવા ન હોય) હિંદુસ્તાનમાના કોઇ રાજા અથવા સરદારના મુલકમા કંઇ ગુન્હો કરે

ત્યારે બ્રિટિશ ઇંડિયામાંહેની જે જગાએ તે રઇયત જડી આવે તે જગાએ જાણે તે ગુન્હો કર્યો છે એવી રીતે તે ગુન્હા સબંધી તેની તજવીજ કરવાનો અધિકાર છે.

પણ એવુ ઠરાવ્યુ છે કે આ બાબતની અગાઉની કલમોમા ગમે તે ઠરાવ્યુ હોય તે છતા પણ જે મુલકમાં સદરહુ પ્રકારનો કોઇ પણ ગુન્હો કર્યાનુ કહેવામા આવ્યુ હોય તો તેના મત પ્રમાણે તે તોહોમતની ચોકસી બ્રિટિશ હિંદુસ્તાનમાં કરવી જોઇયે એવો દાખલો તે આપે નહિ તો સદરહુ ગુન્હાસબંધી કોઇ પણ તોહોમતની ચોકસી બ્રિટિશ હિંદુસ્તાનમા કરવી નહિ, અને જ્યા ન હોય ત્યાં સ્થાનિક સરકારની મંજુરી મેળવવી જોઇએ.

વળી એવુ પણ ઠરાવ્યુ છે કે. આ કલમ પ્રમાણે કોઇ પણ શખસની ઉપર કાંઇ પણ કામ ચલાવ્યુ હોય તેથી, જો તેજ ગુન્હો બ્રિટિશ હિંદુસ્તાનમાં કર્યો હોત તો તે ગુન્હા બાબત સદરહુ શખસની ઉપર પછીથી કામ ચલાવતા જેમ અટકાવ થાત તેમજ સદરહુ ચલાવેલા કામથી બ્રિટિશ હિંદુસ્તાનની હદની બહાર કોઇ પણ મુલકમા તેજ ગુન્હા સબંધી સન ૧૮૭૯ ના પરરાજમાંહેની હકુમત બાબતના અને ગુન્હેગારો સ્વાધીન કરવા બાબતના આક્ટ પ્રમાણે આગળ બીજાં કામ ચલાવતાં અટકાવ થશે એમ સમજવુ

૧૮૯ જ્યારે જ્યારે ૧૮૮ મી કલમમાં કહેલા કોઇપણ ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ ચાલતો હોય ત્યારે ત્યારે, સ્થાનિક સરકારને યોગ્ય લાગે તો જે મુલકમાં સદરહુ ગુન્હો કર્યાનુ કહેવામાં આવ્યુ હોય તે મુલકમાંના અથવા તે મુલકના પોલીટિકલ એજંટ અથવા કોઇ જુડિશીયલ (યાય ખતાના) અમલદારની આગળ આપેલી જબાની અથવા રજુ કરેલા કાગળો જે બાબતો સાથે સબંધ રખતા હોય તે બાબતો સબંધી પુરાવો લેવા સારૂ સદરહુ ચોકસી અથવા ઇનસાફ કરનારી જે પ્રસંગે કમિશન કાહાડી શકે તે પ્રસંગે સદરહુ જબાનીની અથવા રજુ કરેલા કાગળોની નકલો સદરહુ કોરટે પુરાવા દાખલ લેવી એવુ સ્થાનિક સરકાર ફરમાવવાને મુખત્યાર છે

બ.—કામ ચલાવવા માટે જે શરતો અવશ્ય છે તે.

૧૯૦, (૧) આ કાયદામાં આગળ ઠરાવ્યુ છે તે સિવાય હરકોઇ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, જીલ્લા માજીસ્ટ્રેટ, અથવા પેટા ટુકડી માજીસ્ટ્રેટ, અને બીજા જે માજીસ્ટ્રેટને આ બાબત વિશેષે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસ્ટ્રેટ હેઠળ લખ્યા પ્રમાણે હરકોઇ ગુન્હો સાંભળવાને મુખત્યાર છે

(અ) જે હકીકતનો સદરહુ ગુન્હો બનેલો હોય તે હકીકતની ફરીયાદ આવ્યા ઉપરથી,

(બ) સદરહુ હકીકત વિશે કોઇ પણ પોલીસ અમલદારે કરેલા લેખી રીપોર્ટ ઉપરથી,

(ક) પોલીસ—અમલદાર શિવાય બીજા કોઇ પણ શખસ પાસેથી ખબર મળ્યા ઉપરથી, અથવા સદરહુ ગુન્હો થયો છે એવુ પોતેજ જાણ્યા ઉપરથી અથવા એવો પોતાને જ શક આવ્યા ઉપરથી

(૨) જે માજીસ્ટ્રેટને જે ગુન્હાઓનો ઇનસાફ કરવાનો અથવા ઇનસાફ થવા સારૂ કમીટ કરવાનો અધિકાર હોય તે માજીસ્ટ્રેટને તે ગુન્હો પેટા કલમ [૧] રકમ (અ) અથવા રકમ (બ) પ્રમાણે સાંભળવાનો અધિકાર સ્થાનીક સરકાર અથવા સ્થાનિક સરકારના સામાન્ય અથવા વિશેષ હુકમને અનુસરીને જીલ્લા માજીસ્ટ્રેટ આપવાને મુખત્યાર છે

(૩) પહેલા અથવા બીજા વર્ગના જે માજીસ્ટ્રેટને જે ગુન્હાઓનો તે ઇનસાફ કરવાનો અથવા ઇનસાફ થવા સારૂ કમિટ કરવાનો અધિકાર હોય તે માજીસ્ટ્રેટને તે ગુન્હા, પેટા કલમ (૧) રકમ [ક] પ્રમાણે સાંભળવાનો અધિકાર સ્થાનિક સરકાર આપવાને મુખત્યાર છે

૧૯૧. ઉપલી કલમની પેટા કલમ [૧] રકમ [ક] પ્રમાણે માજીસ્ટ્રેટ મુકદમો હાથમાં લે ત્યારે તોહમતવાળા શખસને કાંઇ પણ પુરાવો લેવાય તે પહેલાં, ખબર આપવી કે તે મુકદમાનો ઇનસાફ બીજી કોઇ કોરટ પાસે કરાવવાનો તેને હક છે, અને કોઇ પણ તોહોમતવાળો શખસ અથવા તોહોમતવાળા શખસો વધારે હોય ત્યારે તેઓમાનો કોઇ એક એવા માજીસ્ટ્રેટથી પોતાનો ઇનસાફ થવા બાબત હરકત લે ત્યારે, તે મુકદમાનો ઇનસાફ તે માજીસ્ટ્રેટ પાસે કરાવવાને બદલે તે મુકદમો સેશન કોરટમા કમિટ કરવો અથવા બીજા માજીસ્ટ્રેટ, પાસે મોકલવો

૧૯૨. (૧) જે મુકદમો પોતે હાથમા લીધો હોય તે મુકદમાની ચોકસી અથવા ઇનસાફ કરવા સારૂ પોતાના તાબા માહેના હરકોઇ માજીસ્ટ્રેટની પાસે તે મુકદમો મોકલવાને હરકોઇ ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, જીલ્લા માજીસ્ટ્રેટ, અથવા પેટા ટુકડી માજીસ્ટ્રેટ મુખત્યાર છે

(૨) પહેલા વર્ગના જે માજીસ્ટ્રેટ જે મુકદમો હાથમા લીધો હોય તે માજીસ્ટ્રેટને તે મુકદમો પોતાના જીલ્લામાનો બીજો વિશેષે કરીને કહેલો જે કોઇ માજીસ્ટ્રેટ આ કાયદા પ્રમાણે તે તોહોમતવાળાનો ઇનસાફ કરવાને અથવા ઇનસાફ થવા સારૂ કમિટ કરવાને લાયક હોય, તે માજીસ્ટ્રેટની પાસે ચોકસી અથવા ઇનસાફ કરવા સારૂ મોકલવાનો અધીકાર આપવાને હરકોઇ જીલ્લા માજીસ્ટ્રેટ મુખત્યાર છે, અને તે મુજબ સદરહુ માજીસ્ટ્રેટને તે મુકદમાની વ્યવસ્થા કરવાનો અધીકાર છે

૧૯૩ (૧) આ કાયદાથી અથવા બીજા હરકોઇ ચાલુ કાયદાથી બીજી રીતે સ્પષ્ટ ઠરાવ કર્યો હોય તે શિવાય, આ અર્થે યોગ્ય અધિકાર મળેલા કોઇ માજીસ્ટ્રેટે તોહોમતવાળા શખસને કમિટ કર્યા વગર કોઇ પણ સેશન કોરટે અસલ હકુમતની કોરટ દાખલ કોઇ પણ ગુન્હો સાંભળવો નહિ

(૨) આડિશનલ સેશન જડજોએ તથા આસિસ્ટન્ટ સેશન જડજોએ ફક્ત જે મુકદમાનો ઇનસાફ કરવાનુ સ્થાનિક સરકાર સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને તેમને ફરમાવે, તેવાજ મુકદમાનો ઇનસાફ તેમણે કરવો અથવા જે મુકદમા તે ટુકડીનો સેશન જડજ સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને ઇનસાફ કરવા સારૂ તેમને સોંપે તેવાજ મુકદમાનો તેમણે ઇનસાફ કરવો

૧૯૪. (૧) હાઇકોર્ટ હરકોઇ ગુન્હો આ કાયદામા આગળ ઠરાવેલી રીતે પોતાને ત્યા કમિટ કર્યા ઉપરથી સાંભળવાને મુખત્યાર છે

સન ૧૮૬૧ ના, હિંદુસ્તાનની હાઇકોરટો બાબતના આકટ પ્રમાણે આપેલા હરકોઇ લેટર્સપેટન્ટના ઠરાવોને અથવા આ કાયદાના બીજા કોઇ પણ ઠરાવને આ કલમ માહેના કોઇપણ મજકુરથી બાધ આવે છે એવુ સમજવુ નહિ.

(૨) [અ] આ આક્ટમા ગમે તે ઠરાવ હોય તો પણ, ગવર્નર જનરલ ઇન કૌન્સિલની અથવા સ્થાનિક સરકારની અગાઉથી મંજુરી લઇને, એડવોકેટ જનરલને, હાઇકોર્ટની હકુમતને પાત્ર થનારા ગુન્હાઓ વિરૂદ્ધ હાઇકોર્ટને, જે કારણ સારૂ

માલિકામાઆઝમના એટર્ની જનરલ ઇંગ્લાંડ વેલ્ઝ માટેની ન્યાયાધિકારી હાઇકોર્ટમાં સરકાર તરફથી માહિતી આપી શકે તે સઘળા કારણોઅન્વર માહિતી આપવાનો અધિકાર છે

(બ) આવી દરેક માહિતીની બાબતમા કામ ચલાવવુ તે, એવી માહિતી મલિકામાઆઝમના એટર્ની જનરલ દાખલ કરે છે તે બાબતમા જે પ્રમાણે કામ કાયદા પ્રમાણે ચલાવવાનો અધિકાર છે

(ક) આવી માહિતી પ્રમાણે અથવા માહિતીની રૂએ વસુલ કરેલો અથવા લીધેલો સઘળો દંડ, શિક્ષા દાખલ દંડ, ગુન્હેગારી બદલનો દંડ, કરજ તથા પૈસાની રકમ હિંદુસ્તાનના સરકારની મિલકત થશે,

(ડ) આ કલમના ઠરાવો અમલમા આણવા સારૂ હાઇકોર્ટને કાનુનો કરવાનો અધિકાર છે

૧૯૫ (૧) (અ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૨ થી ૧૮૮ મી સુધીની કલમો પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઈપણ ગુન્હો જે સરકારી નોકરને લાગતુ વળગતુ હોય તેની અથવા તે જે સરકારી નોકરના તાબા હેઠળ હોય તેની લેખી ફરિયાદ વગર.

(બ) સદરહુ કાયદાની ૧૯૩ મી ૧૯૪ મી, ૧૯૫ મી, ૧૯૬ મી, ૧૯૯ મી ૨૦૦ મી, ૨૦૫ મી, ૨૦૬ મી, ૨૦૭ મી, ૨૦૮ મી, ૨૦૯ મી, ૨૧૦ મી, ૨૧૧ મી, તથા ૨૨૮ મી કલમો પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઇપણ ગુન્હો, જ્યારે તે હરકોઈ કોર્ટમા ચાલેલા હરકોઇ કામમા અથવા કામના સબંધમા કરાયાનુ કહેવામાં આવતું હોય ત્યારે, સદરહુ કોર્ટને અથવા બીજી જે કોર્ટના તાબામા તે કોર્ટ હોય તેની, લેખી ફરિયાદ વગર અથવા

(ક) તેજ કાયદાની ૪૬૩ મી કલમમા વર્ણવેલો અથવા ૪૭૧ મી, ૪૭૫ મી અથવા ૪૭૬ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઇ પણ ગુન્હો, જ્યારે તે હરકોઇ કોર્ટમા હરકોઈ કામમા કોઇ પક્ષકારે તે કામમા પુરાવામા રજુ કરેલા અથવા આપેલા દસ્તાવેજના સબધમા કર્યાનુ કહેવામા આવતું હોય ત્યારે, સદરહુ કોર્ટના અથવા બીજી જે કોઇ કોર્ટના તાબામા તે કોર્ટ હોય તેની, લેખી ફરિયાદ વગેરે.

[૨] પેટા કલમ ૧ ની રકમો [બ] તથા (ક) મા "કોરટ" એ શબ્દમા દિવાની, મુલકી અથવા ફોજદારી કોરટનો સમાવેશ થાય છે, પણ તેમા સને ૧૮૭૭ ના હિંદુસ્તાનના નોંધવાના આક્ટ પ્રમાણેના રજીસ્ટાર, અથવા સબરજીસ્ટારનો સમાવેશ થતો નથી

(૩) આ કલમના કારણો સારૂ, એકાદી કોર્ટ, જે કોર્ટમા એવી પહેલી કોર્ટની અપીલ કરવા જોગ ડીક્રીઓ અથવા શિક્ષા ઉપર સાધારણ રીતે અપીલ કરી શકાય તે કોર્ટના અથવા દિવાની કોર્ટ કે જેની ડીક્રીઓપર સાધારણ રીતે અપીલ કરી શકાય નહીં તેની બાબતમાં, જે મુખ્ય કોર્ટના સાધારણ અસલ દિવાની હકુમતની અંદર એવી દિવાની કોર્ટ આવેલી હોય તે મુખ્ય કોર્ટના તાબામાં છે એમ સમજવુ, પણ એવુ ઠરાવ્યું છે કે—

(અ) જ્યારે અપીલ એક કરતા વધારે કોર્ટને કરી શકાય તેમ હોય ત્યારે, ઓછી હકુમત ધરાવનારી અપેલેટ કોર્ટ, એવી કોર્ટ ગણવી કે જેના તાબા નીચે એવી કોર્ટ છે અને

(બ) જ્યારે અપીલ દિવાની કોર્ટને તેમજ રેવન્યુ કોર્ટને કરી શકાય છે એમ હોય ત્યારે, એવી કોર્ટ જેમુકદમા અથવા કામના સબધમા સદરહુ ગુન્હો કરવામા આવ્યો છે એમ કહેવામા આવતું હોય તે મુકદમા અથવા કામના પ્રકાર પ્રમાણે દિવાની અથવા રેવન્યુ કોર્ટના તાબામા છે એમ ગણવુ

(૪) પેટા કલમ (૧) મા કહેલા ગુન્હાઓ સબધ ઠરાવો એવા ગુન્હા કરવામાં કરવાની મદદગારીને તથા તે ગુન્હા કરવાના પ્રયત્નને પણ લાગુ પડે છે

(૫) જ્યારે કોઇ સરકારી નોકરે પેટા-કલમ (૧) ની રકમ (અ) મુજબ ફરિયાદ કરી હોય ત્યારે જે કોઇપણ અધિકારીના તાબામા એવો સરકારી નોકર હોય તે અધિકારી, એવી ફરિયાદ પાછી ખેંચાવી લેવાનો હુકમ કરવાને મુખત્યાર, છે અને તે તેમ કરે તો, તેણે એવા હુકમની એક નકલ કોર્ટને મોકલી આપવી અને કોર્ટને તે મળે એટલે ફરિયાદ ઉપર આગળ કામ ચલાવવુ નહીં

"૧૯૬–(બ) કલમો ૧૯૬ અથવા ૧૯૬ અના ઠરાવો લાગુ પડે એવા કોઇપણ ગુન્હાની બાબતમા તે કલમોમા અથવા આ કાયદાના કોઇપણ ભાગમા ગમે તે ઠરાવ હોય છતા પણ જીલ્લા માજીસ્ટ્રેટ અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, ઈન્સપેક્ટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાનો નહિ હોય એવા કોઇ પોલીસ અમલદારને પ્રાથમિક તપાસ કરવાનુ ફરમાવવા મુખત્યાર છે, અને તેમ કરવામા આવે ત્યારે, તે પોલીસ અમલદારને કલમ ૧૫૫ પેટા–કલમ (૩) મા જણાવેલા અધિકારો મળશે."

૧૯૬ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૭ મી કલમ શિવાય ૬ ઠ્ઠા બાબ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો અથવા તેજ કાયદાની કલમ ૧૦૮ અ, બ અથવા કલમ ૧૫૪ અ, અથવા કલમ ૨૯૪ અ, અથવા કલમ ૫૦૫ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો કોઇપણ ગુન્હો ગવર્નર જનરલ ઇન કોન્સિલના અથવા સ્થાનિક સરકારના અથવા જે અમલદારને ગવર્નર જનરલ ઇન કોન્સિલે આ બાબત અધિકાર આપ્યો હોય તે અમલદારના હુકમથી અથવા અખત્યારની ફરિયાદ કર્યા વગર કોઇ પણ કોરટે સાભળવો નહિ

ટીકા—ક ૧૦૮ અ તથા ૧૫૩ અ તથા ક ૫૦૫ એ નવીન વધારેલ છે.

૧૯૭ (૧) પેટા–કલમ (૧) ને બદલે હેઠળની પેટા કલમ દાખલ કરવી, એટલે કે—

" (૧) જ્યારે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૯ ના અર્થ પ્રમાણે જડજ હોય તેવો કોઇ પણ શખસ અથવા કોઇપણ માજીસ્ટ્રેટ અથવા સ્થાનિક સરકારની અથવા કોઇ ઉપના દરજ્જાના અધિકારીની મજુરી હોય તે શિવાય અથવા મેળવ્યા શિવાય પોતાના હોદ્દા ઉપરથી ખસેડી ન શકાય એવા કોઇ પણ સરકારી નોકર ઉપર, પોતાના હોદ્દાની ફરજ બજાવતી વખતે અથવા બજાવે છે એમ જણાતુ હોય તે વખતે, તેણે જે ગુન્હો કરેલો છે એમ કહેવામા આવે તેવા કોઇપણ ગુન્હાનુ તોહોમત મકવામા આવે ત્યારે, સ્થાનિક સરકારની અગાઉથી મજુરી લીધા શિવાય, કોઇપણ કોર્ટે તે ગુન્હો સાભળવો નહિ" અને

(૨) કયા શખસે તથા કઇ રીતે તથા કયા ગુન્હા અથવા ગુન્હાઓ બદલ સદરહુ જડજ માજીસ્ટ્રેટ અથવા સરકારી નોકરની ઉપર ફરિયાદનુ કામ ચલાવવુ તે નક્કી કરવાને તથા જે કોરટની આગળ ઇનસાફ કરવાનો હોય તે કોરટ વિશેષે કરીને જણાવવાને એવી સરકાર મુખત્યાર છે

૧૯૮ જે ગુન્હો હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૯ મા અથવા ૨૧ મા બાબમા અથવા તેજ કાયદાની ૪૯૩ થી ૪૯૬ સુધીની (એ બન્ને કલમો સુદ્ધા) કલમોમાં આવતો હોય તે ગુન્હાથી જે શખસને નુકશાન પહોચ્યુ હોય તે શખસે કરેલી ફરિયાદ વગર કોઇ પણ કોરટે તે ગુન્હો સાભળવો નહિ

૧૯૯—હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૯૭ મી અથવા ૪૯૮ મી કલમ મુજબના કોઇ ગુન્હા બાબત, તે સ્ત્રીના ધણીએ, અથવા તેની ગેરહાજરીમા, તેની તરફથી જે શખસની સભાળમા સદરહુ સ્ત્રી તે ગુન્હો કરવામા આવ્યો તે વખતે હોય તે શખસે કોરટની રજા લઇને ફરિયાદ ન કરી હોય, તો કોઇ પણ કોરટે તે ગુન્હો સાભળવો નહિ

"પણ એવુ ઠરાવ્યુ છે કે જે પ્રસગે એવી રીતે નુકશાન પહોચ્યુ હોય તે શખસ, જેને દેશના રીત રીવાજ મુજબ જાહેરમા આવવાની ફરજ પાડવી જોઇએ નહિ, એવી કોઇ સ્ત્રી હોય, અથવા જે ૧૮ વર્ષથી ઓછી ઉમરનો હોય, અથવા મુર્ખ અથવા ગાડો હોય અથવા માંદગી યા વૃદ્ધાવસ્થાના સબબસર ફરિયાદ કરવાને અશક્ત હોય તો, કોર્ટની રજાથી તે પુરૂષ અથવા સ્ત્રીના તરફથી ફરિયાદ કરવાનો કોઈ બીજા શખશને અધિકાર છે"

"પણ એવુ ઠરાવ્યુ છે કે જે પ્રસગે સદરહુ ધણી ૧૮ વર્ષથી ઓછી ઉમ્મરનો હોય અથવા મુર્ખ અથવા ગાડો હોય અથવા માદગી અથવા વૃદ્ધાવસ્થાના કારણસર ફરિયાદ કરવાને અશક્ત હોય તે પ્રસગે કોર્ટની રજાથી તેના તરફથી ફરિયાદ કરવાને કોઇ બીજા શખસને અધિકાર છે"

૧૯૯ (અ) કલમ ૧૯૮ અથવા ૧૯૯ હેઠળ આવતી કોઇ બાબતમા, જે શખસના વતી ફરિયાદ કરવામા આવવાની હોય તે, ૧૮ વર્ષથી ઓછી ઉમરનો હોય અથવા ગાડો હોય અને પરવાનગી માટે અરજી કરનાર શખસ સદરહુ સગીર અથવા ગાડા માણસનો યોગ્ય અધિકારીએ નીમેલો અથવા ઠરાવેલો વાલી ન હોય અને કોર્ટની ખાતરી થાય કે એવી રીતે નિમેલો અથવા ઠરાવેલો વાલી વિદ્યમાન છે ત્યારે એવા વાલીપર એક નોટીસ મોકલવી, અને અરજી મજુર કરતા પહેલા, એવો વાલી જે કાંઈ વાંધો જણાવવા માગતો હોય તે જણાવવાની વાજબી તક કોર્ટે તેને આપવી"

બાબ ૧૬ મો

માજીસ્ત્રેટોને ફરિયાદ કરવા બાબત.

૨૦૦ ફરિયાદ ઉપરથી કોઇ ગુન્હો સાભળનારા માજીસ્ત્રેટે તુરત ફરિયાદીની કસમ ઉપર જબાની લેવી, અને તે જબાનીનો સાર લખી લેવો તથા તે ઉપર ફરિયાદીએ અને માજીસ્ત્રેટે પણ સહી કરવી,

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે.--

(અ) જ્યારે ફરિયાદ લખીને કરવામા આવે, ત્યારે આ કલમ માહેના કોઈ પણ મજકુરથી, ૧૯૨ મી કલમ પ્રમાણે તે મુકદમો બીજાની પાસે મોકલતાં પહેલાં કોઇ માજીસ્ત્રેટને ફરિયાદીની જબાની લેવાની જરૂર છે એવુ સમજવુ નહિ

" (અ-અ) જ્યારે ફરિયાદ લખીને કરવામા આવે ત્યારે, આ કલમમાહેના કોઇ પણ મજકુર ઉપરથી જે કોઈ પણ મુકદમામા કોરટે અથવા જે કોઇ સરકારી નોકરે પોતાના ઓહ્દાની ફરજ બજાવતો હોય તે વખતે અથવા બજાવે છે એમ જણાતું હોય તે વખતે ફરિયાદ કરી હોય તે મુકદમામા, ફરિયાદીની જુબાની લેવાની જરૂર છે એમ સમજવુ નહીં"

(બ) જ્યારે સદરહુ માજીસ્ત્રેટ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ હોય, ત્યારે દરેક મુકદમામાં તે માજીસ્ત્રેટ દુરસ્ત ધારે તે પ્રમાણે સદરહુ જબાની કસમ ઉપર અથવા તે વગર લેવાનો અધિકાર છે, અને તે લખી લેવાની જરૂર નથી, પણ પોતે દુરસ્ત ધારે તો, ફરિયાદની બાબત પોતાની આગળ આણતા પેહેલાં તે માજીસ્ત્રેટ તે બાબત લખી આપવાનુ ફરમાવવાને મુખત્યાર છે.

(ક) જ્યારે તે મુકદમો ૧૯૨ મી કલમ પ્રમાણે કોઇ બીજા પાસે મોકલવામા આવ્યો હોય અને આ પ્રમાણે મોકલનારો માજીસ્ત્રેટ ફરિયાદીની જુબાની લઇ ચુકયો હોય, ત્યારે જે માજીસ્ત્રેટની પાસે તે મુકદમો મોકલવામા આવ્યો હોય તે માજીસ્ત્રેટ ફરીયાદીની જબાની લેવાને બધાયેલો નથી

૨૦૧ (૧) જે માજીસ્ત્રેટને તે મુકદમો સાભળવાનો અધિકાર ન હોય તેને તે ફરિયાદ લખીને કરી હોય તો તેણે તે ફરિયાદ યોગ્ય કોરટની આગળ રજુ કરવા અરજી પાછી આપવી અને તેની ઉપર તે મતલબનો શેરો લખવો.

(૨) જો તે ફરિયાદ લખીને કરી ન હોય, તો, તે માજીસ્ત્રેટે ફરિયાદીને યોગ્ય કોરટ કઇ તે કહેવુ જોઇએ.

૨૦૨" (૧) જે ગુન્હો સાભળવાનો પોતાને અધિકાર હોય તે ગુન્હાની ફરિયાદ અથવા ૧૯૨ મી કલમ મુજબ તેના ઉપર મોકલવામા આવી હોય તે ફરિયાદ કોઇ પણ માજીસ્ત્રેટને મળે એટલે, પોતાને કાઇ કારણો (જે લખી રાખવા જોઇએ) ઉપરથી યોગ્ય લાગે તો, જે શખસની ઉપર ફરિયાદ થઇ હોય તે શખસને હાજર થવની જરૂર પાડવા માટે પ્રોસેસ કાઢવાનુ મુલતવી રાખવાને કોઇ પણ માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને તે ફરિયાદનુ ખરાપણુ અથવા ખોટાપણુ નક્કી કરવા સારૂ, તે મુકદમાની ચોકસી પોતે જાતે કરવાને, અથવા તે ત્રીજા વર્ગના માજીસ્ત્રેટ શિવાયનો માજીસ્ત્રેટ હોય તો, પોતાના તાબા હેઠળના કોઇ પણ માજીસ્ત્રેટને અથવા પોલીસ અમલદારને, અથવા પોતે યોગ્ય ધારે તેવા બીજા શખસને, તેની ચોકસી અથવા તપાસ કરવાનુ ફરમાવવાને તે મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે-

(અ) કલમ ૨૦૦ ના ઠરાવો મુજબ ફરિયાદીની કસમપર જુબાની લેવામા આવી હોય તે શિવાય,

અથવા

(બ) આ કાયદાના ઠરાવો મુજબ કોર્ટે ફરિયાદ કરી હોય ત્યારે,

એવી રીતે કાઇ પણ ફરમાવવુ નહીં

(૨) માજીસ્ત્રેટ અથવા પોલીસ અમલદાર ન હોય તેવો કોઇ શખસ આ કલમ મુજબ ચોકસી અથવા તપાસ કરે તો, જે અમલદારના હવાલામા પોલીસ થાણુ હોય તે અમલદારને આ કાયદાથી આપેલા સઘળા અધિકાર તે શખસે ચલાવવા, માત્ર વગર વારટે પકડવાનો તેને અધિકાર નથી." અને

"(૨ અ) આ કલમ પ્રમાણે મુકદ્દમાની ચોકસી કરનાર કોઇ પણ માજીસ્ત્રેટ, પોતાને યોગ્ય લાગે તો કસમ ઉપર સાહેદોની સાક્ષી લેવાને મુખત્યાર છે"

(૩) આ કલમ કલકત્તા મુંબઇ એ શેહેરોની પોલીસને લાગુ છે.

૨૦૩ જે માજીસ્ટ્રેટની આગળ ફરિયાદ કરી હોય અથવા જે માજીસ્ટ્રેટની પાસે તે ફરિયાદ મોકલી હોય તે માજીસ્ટ્રેટ, ફરિયાદીએ કસમ ઉપર કહેલી કોઇ હકીકત [જો કોઇ હોય તો] ઉપર તથા ૨૦૨ જી કલમ પ્રમાણે અગાઉથી કરેલી કોઇ તપાસ અથવા ચોકસીના પરિણામ ઉપર વિચાર કર્યા પછી આગળ કામ ચલાવવાનો પુરતો સબબ નથી એવુ તેની નજરમા આવે, તો તે ફરીયાદ કાહાડી નાખવાને મુખત્યાર છે, એવે પ્રસંગે એમ કર્યા બાબતના પોતાનાં કારણ ટુકમા લખી રાખવા જોઇએ

ટીકા—આ કલમ પ્રમાણે ફરીયાદ રદ કરતા પહેલા આ કાયદાની ક ૨૦૦ થી ૨૦૩ સુધી સાથે વાંચવી જોઇએ અને નીચે બતાવેલા ત્રણ કારણો જેવા કે-આ કાયદાની ક ૨૦૦ મુજબ લખી લીધેલી ફરીયાદીની હકીકતપરથી કાઇ ગુન્હો બન્યો નથી એમ માલમ પડે તો (૨) અને ફરીયાદીએ બતાવેલી હકીકત પરથી તે વિસ્વાસ રાખતો ના હોય તો (૩) અને તે હકીકત ઉપર તે ભરોસો ના રાખે પણ તે અણભરૂસો જોઇયે તેવો મજબુત નથી કે જેને માટે ક ૨૦૨ મુજબ વધારે તજવીજ કર્યા શીવાય ચાલી શકે એ ઉપરથી તો તેના કારણો લખવા જોઇએ (બઇદનાર ઇ. લો રી ૧૪ ક ૧૪૧) ફરીયાદીની જુબાની લીધા પછી માજીસ્ત્રેટે સમન કાઢવા અથવા ક ૨૦૨ પ્રમાણે તપાસ કરાવવી અથવા આ કલમ પ્રમાણે રદ કરવી (ઉમરઅલી વી શકુરઅલી ઇ. લો રી ૧૩ ક ૩૩૪ રાણી વી જાનકીદાસ ઇ લો રી ૧૨ મુ ૧૬૧] ફરીઆદી જે બાબત કહેતો હોય તે તેની જાત માહીતીની હકીકત કહેતો નથી, એટલા પરથી ફરીયાદ કાઢી ન નાખવી પણ ફરીયાદીને સાબીત કરવાની તક આપવી જોઇએ (કુચદ શીવચદ મુ હા. કો. ક્રી, ૩ ૨૬ જુન ૧૮૯૩) ફરીયાદ અરજી રદ કરી હોય તો તેની તેજ બાબતમાં ફરી ફરી યાદ રદ કર્યાંનો હુકમ રદ થયા શીવાય ચાલી શકે નહી (કેમલચદ્ર પાલ ઇ લો રી ૨૪ ક ૨૮૬)

બાબ ૧૭ મો.

માજીસ્ત્રેટોની આગળ કામ શરૂ કરવા બાબત

૨૦૪ (૧) કોઇ ગુન્હો સાભળનારા માજીસ્ત્રેટના મત પ્રમાણે આગળ કામ ચલાવવાનો પુરતો સબબ હોય, અને બીજા પરિશિષ્ટના ચોથા આસન પ્રમાણે પ્રથમ જ સમન નિકળવો જોઇએ એવો તે મુકદમો જણાય તો, તોહોમતવાળો હાજર થાય એટલા માટે તે માજીસ્ત્રેટે પોતાનો સમન કાહાડવો જો તે મુકદમો એવો જણાતો હોય કે તેમા તે આસન પ્રમાણે પ્રથમ જ વારંટ નિકળવુ જોઇએ તો, તે માજીસ્ત્રેટ તોહોમતવાળાને પોતાની આગળ અથવા (પોતાને હકુમત ન હોય તો) હકુમતવાળા બીજા કોઇ માજીસ્ત્રેટની આગળ અમુક વખતે પકડી મગાવવા સારૂ વારંટ, અથવા પોતાને યોગ્ય લાગે તો સમન કહાડવાને મુખત્યાર છે

(૨) આ કલમ માહેના કોઇ પણ મજકુરથી ૯૦ મી કલમના ઠરાવોને બાધ થાય છે એવુ સમજવુ નહિ

(૩) જ્યારે વિધમાન કાળે અમલમાં હોય એવા કોઈ પણ કાયદાથી કોઇ પણ પ્રોસેસ કાહાડવામા આવશે નહિ, અને વાજબી મુદતની અદર તે ફી ભરવામા નહિ આવે તો તે ફરિયાદ કાઢી નાખવાનો તે માજીસ્ટ્રેટને અધિકાર છે

ટીકા—પ્રોસેસ ફી બાબત નીચે મુજબ નિયમ છે (મુ હા કો સ બુક) જે ગુન્હાને માટે પોલીસ અમલદાર વગર વારંટે પકડે તે શિવાયના ગુન્હાની બાબતમા કોઇપણ માજીસ્ટ્રેટની કોર્ટ તરફથી પ્રોસેસો તૈયાર કરી લાગુ કરવા અને બજાવવા માટે જોઇતી ફી નીચે મુજબની છે

૧ પીનલકોડ કાયદાના ૧૯ ૨૦, ૨૧, મા બાબમા જણાવેલા ગુન્હામા દરેક સમન્સ અથવા નોટીસના ચાર આના, દરેક પકડવાના વારંટનો એક રૂપીઓ, નાસી ગયેલા પક્ષકાર અથવા સાહેદને માટે દરેક

જાહેરનામાનો રૂપીઓ એક, જપતીના દરેક વારંટનો રૂ, એક લેવાશે, તે બાબ શિવાયના બીજા બધા કામોમા દરેક પ્રોસેસ માટે બતાવેલી રીતનો એક ચતુર્થાંશ ભાગ લેવામા આવશે. પરતુ એમ ઠરાવ્યુ છે કે— સરકારી કામ કરતો હોય તેવા કામમા પ્રોસેસ ફી ન લેવા લખ્યુ છે ને કોટ ૧૯, ૨૦, ૨૧, આ બાબ શિવાયના બીજા કામમા થોડી અથવા બધી પ્રોસેસ ફી માફ કરવાને મુખત્યાર છે.

૨૦૫ (૧) જ્યારે માજીસ્ટ્રેટ સમન કહાડે, ત્યારે તોહોમતવાળાને જાતે હાજર થવાનું માફ કરવાનું અને તેના પ્લીડરની મારફતે હાજર થવાની છુટ આપવાનું પોતાને કારણ જણાય તો તેમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે,

(૨) પણ તે મુકદમાની ચોકસી અથવા ઇનસાફ કરનારા માજીસ્ત્રેટની નજરમા આવે તો, કામ ચાલતું હોય ત્યારે ગમે તે વખતે, તે માજીસ્ત્રેટ તોહોમતવાળાને જાતે હાજર થવાનુ ફરમાવવાને, અને જરૂર હોય તો આ કાયદામા પાછળ ઠરાવેલી રીતે તેને જબરસ્તીથી હાજર કરાવવાને મુખત્યાર છે

ટીકા—તોહોમતદારને જાતે હાજર થવાનુ માફ કરવાને ને વકીલ મારફતે હાજર થવાનુ એકલા સમનના મુકરદમામા ફરમાવી શકે એમ નહિ, પણ જે મુકદમામાં સમન કાઢે તેવા તમામ મુકરદમામાં માફ કરી શકે (જસુ મોતી અધકારી (૭ લો રી. ૨૧ ક. ૫૮૮) જો જાતે હાજર થવાનુ માફ કર્યું હોય ને એજટને હાજર થવાની પરવાનગી આપી હોય તો તેનુ મુખત્યારનામુ આઠ આનાના સ્ટામ્પપર જોઇએ)

બાબ ૧૮ મો.

સેસન કોર્ટ અથવા હાઇકોર્ટ ઇનસાફ કરી શકે એવા મુકદમાની ચોકસી બાબત

૨૦૬. (૧) હરકોઇ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, જીલ્લા માજીસ્ત્રેટ, પેટા તુકડી માજીસ્ત્રેટ, પહેલા વર્ગના માજીસ્ત્રેટ, અથવા (ત્રીજાવર્ગના માજીસ્ટ્રેટ ન હોય એવા) જે માજીસ્ટ્રેટને આ બાબત સ્થાનિક સરકારે અધિકાર આપ્યો હોય તે માજીસ્ટ્રેટ સેશન કોર્ટથી અથવા હાઈકોર્ટથી ઇનસાફ થઇ શકે એવા હરકોઇ ગુન્હા બાબત હરકોઇ શખસને સદરહુ કોર્ટમા ઇનસાફ થવા સારૂ કમિટ કરવાને મુખત્યાર છે

(૨) પણ આ કાયદામા બીજી રીતે ઠરાવ્યુ છે તે શિવાય, જે શખસનો ઇનસાફ સેશન કોર્ટથી થઇ શકતો હોય તે શખસને હાઇકોર્ટમા ઇનસાફ થવા સારૂ કમિટ કરવો નહિ

૨૦૭. જે મુકદમાનો ઇનસાફ ફક્ત સેશન કોર્ટજ અથવા હાઇકોર્ટજ કરી શકે, અથવા જે મુકદમાનો ઇનસાફ, માજીસ્ટ્રેટના મત પ્રમાણે સદરહુ કોર્ટે કરવો જોઇએ તેવા મુકદમાની ચોકસી માજીસ્ટ્રેટોની આગળ ચાલતી હોય ત્યારે હેઠળ લખેલી રીત પ્રમાણે કામ ચલાવવુ

૨૦૮ (૧) જ્યારે માજીસ્ટ્રેટની આગળ તોહોમતવાળો હાજર થાય અથવા તેને આણવામા આવે ત્યારે ફરિયાદી હોય તો તેનો મજકુર માજીસ્ટ્રેટે સાભળવો અને ફરિયાદી પક્ષની સાબીતીમાં અથવા તોહોમતવાળાની તરફથી જે પુરાવો રજુ કરવામા આવે અથવા જે પુરાવો માજીસ્ટ્રેટ માગે તે સઘળો પુરાવો આ કાયદામા આગળ ઠરાવેલી રીતે લેવો

(૨) તોહોમતવાળાને, ફરિયાદી પક્ષના સાક્ષીઓની ઉલટપાલટ તપાસ કરવાની છુટ છે, અને એવે પ્રસગે તેઓની ફરી, તપાસ કરવાનો ફરીયાદીને અધીકાર છે

(૩) જો ફરિયાદી અથવા ફરિયાદી પક્ષ ચલાવનારો અમલદાર અથવા તહોમતવાળો હરકોઇ શાહેદને હાજર થવાની અથવા હરકોઇ દસ્તાવેજ અથવા વસ્તુ કરવાની જરૂર પાડવા બાબત પ્રોસેસ કહાડવાની માજીસ્ટ્રેટને અરજી કરે તો તે પ્રોસેસ કહાડવાની જરૂર નથી એમ ધારવામા માજીસ્ટ્રેટને કારણ નહિ હોય તો, (જો હોય તો તે દફતરમાં દાખલ કરવાં જોઇએ) તેણે તે પ્રોસેસ કહાડવું જોઇએ

[૪] આ કલમ માંહેના કોઇપણ મજકુરથી કોઇ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટને પોતાનાં કારણ દફતરમાં દાખલ કરવાની જરૂર છે એવુ સમજવુ

તોહોમતદાર તેની આગળ જે પુરાવો રજુ કરે તે બધો પુરાવો લે નહિ ત્યા સુધી તોહોમત ફરમાવવાનો કે કમીટ કરવાનો અધિકાર માજીસ્ટ્રેટને નથી.

૨૦૯. (૧) જ્યારે ૨૦૮ મી કલમની પેટા કલમ (૧) તથા (૩) મા કહેલો પુરાવો લીધો હોય અને જે હકીકત તોહમતવાળાની વિરૂદ્ધ પુરાવામા જણાતી હોય અને હકીકતનો તે ખુલાસો કરી શકે એટલા સારૂ તે તોહમતવાળાની પોતે જબાની લીધી હોય, ત્યારે, જો પોતે એવુ ઠરાવે કે ઇનસાફ થવા સારૂ તોહમતવાળા શખસને કમિટ કરવાનો પુરતો સબબ નથી તો સદરહુ માજીસ્ટ્રેટે પોતાના કારણ લખી રાખવાં તથા તેને છોડી મુકવો, પણ પોતાની આગળ અથવા બીજા કોઈ માજીસ્ટ્રેટની આગળ સદરહુ શખસનો ઇનસાફ કરવો જોઇએ એવુ તે માજીસ્ટ્રેટને જણાય તો તે મુજબ કરવુ

(૨) જો માજીસ્ટ્રેટ એમ ધારતો હોય કે તોહોમત પાયા વગરનુ છે તો મુકર્દમો ચાલતો હોય તેવામાં અગાઉ કેઇ પણ વખતે તોહોમતવાળાને છોડી મુકતા તેને આ કલમના કોઇપણ મજકુરથી અટકાવ થશે એમ સમજવુ નહિ, પણ સદરહુ માજીસ્ટ્રેટે તેમ કરવાના કારણો દફતરમા દાખલ કરવા

૨૧૦. (૧) જ્યારે સદરહુ પુરાવો લીધા ઉપરથી અને સદરહુ જુબાની (જો હોય તો) લીધા ઉપરથી માજીસ્ટ્રેટની એવી ખાત્રી થાય કે તોહમતવાળાનો ઇનસાફ થવા સારૂ તેને કમિટ કરવાનો પુરતો સબબ છે, ત્યારે તેણે પોતાની સહીવાળુ એક તોહોમતનામુ તઇયાર કરવુ, અને તોહોમતવાળાની ઉપર કયા ગુન્હાનુ તોહમત મુકયુ છે તે તેમા જણાવવુ.

(૨) એવુ તોહમતનામુ તઇયાર થઇ રહે એટલે તુરત તોહોમતવાળાને તે વાચી સભળાવવુ તથા સમજી અને તે માગે તો તેની એક નકલ તેને મફત આપવી,

૨૧૧ (૧) પોતાના ઇનસાફની વખતે પુરાવો આપવા સારૂ જો કોઇ શખસોને સમન કરાવવાની તોહોમતવાળાની મરજી હોય તો તે શખસોની ટીપ મોહોડેથી બોલીને અથવા લખીને, આપવાનુ તેને તુરત ફરમાવવુ.

[૨] માજીસ્ટ્રેટની નજરમા આવે તો પછીથી કોઇ વખતે તે તોહોમતવાળાને શાહેદોની બીજી ટીપ આપવા દેવાને માજીસ્ટ્રેટ મુખત્યાર છે, તોહોમતવાળાને તેનો ઇનસાફ થવા સારૂ હરકોરટમા કમિટ કર્યો હોય, ત્યારે તેના ઇનસાફની વખતે પુરાવો આપવા સારૂ જે શખસોને સમન કરવાની તે તોહોમતવાળાની મરજી હોય તે શખસોની બીજી ટીપ પોતાના ઇનસાફ થવાની અગાઉ કોઇ પણ વખતે, કલાર્ક ઓફ ધી ક્રૌનને આપવામાં આ કલમ માહેના કોઇ પણ મજકુરથી તે તોહોમતવાળાને બાધ છે એવુ સમજવુ નહિ

૨૧૨ માજીસ્ટ્રેટની નજરમાં આવે તો, ૨૧૧ મી કલમ પ્રમાણે પોતાની આવેલી હરકોઈ ટીપમા જે સખસનુ નામ લખેલુ હોય તે શખસને સમન કરીને તેની જબાની લેવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે

૨૧૩. (૧) જ્યારે ૨૧૧ મી કલમ પ્રમાણે ટીપ આપવાનુ તોહોમતવાળાને ફરમાવેથી તેણે તેમ કરવાની ના કહી હોય, અથવા જ્યારે સદરહુ ટીપ તેણે આપી હોય અને તે માહેના (જો હોય તો) જે શાહેદોની જબાની લેવાની તે માજીસ્ટ્રેટની મરજી હોય તે શાહેદોની ૨૧૨ મી કલમ પ્રમાણે સમન કરીને તેમની જબાની લીધી હોય, ત્યારે તે માજીસ્ટ્રેટ તહોમતવાળાનો હાઇકોરટમા અથવા સેશન કોરટમાં (જેમ હોય તેમ) ઇનસાફ થવા સારૂ તેને કમિટ કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે, અને [તે માજીસ્ટ્રેટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ ન હોય તો] તેણે આવી રીતે કમિટ કરવાના કારણ પણ ટુકમા દફતરે દાખલ કરવા,

(૨) બચાવ તરફના શાહેદોને સાભળ્યા બાદ, જો માજીસ્ટ્રટની ખાત્રી થાય કે તહોમતવાળા શખસને કમિટ કરવાનાં પુરતાં કારણ નથી તો તેને તે ચાર્જ રદ કરવાનો તથા તોહોમતવાળા શખસને છોડી દેવાનો અખત્યાર છે

૨૧૪—આ કલમ રદ થઇ છે

૨૧૫ ૨૧૩ મી કલમ પ્રમાણે કોઇ યોગ્ય અધિકારવાળા માજીસ્ટ્રેટે, અથવા ૪૭૮ મી કલમ પ્રમાણે કોઇ દિવાની અથવા મુલકી કોરટે કમિટ કરવાનો હુકમ એક વખતે કર્યો એટલે પછી તે ફક્ત હાઇકોરટથીજ રદ થઇ શકે, અને ફક્ત કાયદાની કોઇ બાબત ઉપરથી જ રદ થઇ શકે

૨૧૬ જ્યારે તોહોમતવાળા શખ્સે ૨૧૧ મી કલમ પ્રમાણે શાહેદોની કોઇ પણ ટીપ આપી હોય અને તેનો ઇનસાફ થવા સારૂ તેને કમિટ કર્યો હોય, ત્યારે તે ટીપમાહેના જે શાહેદો પોતાની આગળ

હાજર થયા ન હોય તે શાહેદોને જે કોરટમા તોહોમતવાળાને કમિટ કર્યો હોય તે કોરટની આગળ હાજર થવા સારૂ તે માજીસ્ત્રેટે સમન કરવા.

પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે સદરહુ શખશને હાઇકોરટમા કમિટ કર્યો હોય, ત્યારે માજીસ્ત્રેટની નજરમાં આવે તો સદરહુ શાહેદોને સમન કરવાનુ કામ ક્લાર્ક ઓફ ધી ક્રૌનની પાસે રહેવા દેવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને સદરહુ શાહેદોને તે પ્રમાણે સમન કરવાનો અધિકાર છે.

વળી એવુ પણ ઠરાવ્યુ છે કે જો તે ટીપમા કોઈ પણ શાહેદનુ નામ તસ્દી આપવા સારૂ અથવા વિલંબ કરવા સારૂ અથવા ન્યાયની મતલબ પાર ન પડે એમ કરવા સારૂ દાખલ કરેલુ છે એવુ તે માજીસ્ત્રેટ ધારે, તો સદરહુ શાહેદોનો પુરાવો મુદ્દાનો છે એવુ માનવાના યોગ્ય કારણો છે એવી પોતાની ખાત્રી કરી આપવાનુ તહોમતવાળાને ફરમાવવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે અને પોતાની તેવી ખાત્રી ન થાય તો, તે સાહેદને સમન કરવાની ના કહેવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે (આ પ્રમાણે ના કહેવાનાં પોતાના કારણ દફતરમા દાખલ કરવા) અથવા તે શાહેદને સમન કરતા પહેલા તેને હાજર કરવાનો ખરચ તથા બીજો સઘળો યોગ્ય ખરચ પુરો પાડવા સારૂ પોતે જરૂરની ધારે તેવી રકમ અનામત મુકવાનુ ફરમાવવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે

૨૧૭. (૧) ફરીયાદીઓ તથા ફરિયાદી પક્ષના અને તહોમતવાળાના શાહેદો, જેઓની હાજરી સેશન કોર્ટમાં જરૂરની હોય, અને જેઓ તે માજીસ્ત્રેટની આગળ હાજર થાય, તેઓએ જ્યારે તેમને ફરમાવવામાં આવે ત્યારે, પ્રસંગ પ્રમાણે ફરિયાદીનુ કામ ચલાવવા સારૂ અથવા સાક્ષી આપવા સારૂ સેસન કોર્ટમા અથવા હાઇકોર્ટમા હાજર થવા બાબતના મુચરકા તે માજીસ્ત્રેટની આગળ લખી આપવા

(૨) જો કોઇપણ ફરીયાદી અથવા શાહેદ સેસનકોર્ટ અથવા હાઇકોર્ટની આગળ હાજર થવાની અથવા ઉપર ફરમાવ્યા મુજબ મુચરકો લખી આપવાની ના કહે તો તે એવો મુચરકો લખી આપે ત્યા સુધી અથવા સેશન કોર્ટમા અથવા હાઇકોર્ટમા તેની હાજરીની જરૂર પડે ત્યાં સુધી તેને પહેરામા અટકાવી રાખવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે અને જ્યારે સદરહુ પ્રમાણે જરૂર પડે ત્યારે તે માજીસ્ત્રેટે તેને પહેરામા આપીને, પ્રસગ પ્રમાણે સેસનકોર્ટની અથવા હાઇકોર્ટની પાસે મોકલી દેવો

૨૧૮ (૧) જ્યારે તહોમતવાળાને તેનો ઈન્સાફ થવા સારૂ કમિટી કરવામા આવે ત્યારે જે શખસને સ્થાનિક સરકાર આ બાબત નિમે તે શખસની ઉપર તે માજીસ્ત્રેટે એ હુકમ મોકલવો. તેમા કમિટી કર્યાની વાત જણાવવી, અને તહોમતનામાના પ્રમાણેજ ગુન્હો લખી જણાવવો પણ કમિટ કર્યાની તહોમતનામાના નમુનાની ખબર સદરહુ શખસને થઇ ચુકી છે એવી તે માજીસ્ત્રેટની ખાત્રી થાય તો તેમ કરવાની જરૂર નથી.

અને તહોમતનામુ ચોકશીનુ દફતર તથા જે હથિયાર અથવા બીજી વસ્તુ પુરાવામા રજુ કરવાની હોય તે, તે માજીસ્ત્રેટે સેશન કોરટને અથવા [જ્યારે તે કામ હાઇકોરટમા કમીટ કર્યું હોય ત્યારે) ક્લાર્ક ઓફ ધી ક્રૌનને અથવા બીજા જે અમલદારને હાઇકોરટે આ બાબત નીમ્યો હોય તે અમલદારને મોકલવુ.

(૨) જ્યારે તે કામ હાઇકોરટમાં કમીટ કર્યું હોય અને દફતરનો કોઇપણ ભાગ અગ્રેજી ભાષામા ન હોય, ત્યારે સદરહુ ભાગનો અગ્રેજીમા તરજુમો દફતર સાથે મોકલવો

૨૧૯. (૧) કમીટ કરનાર માજીસ્ત્રેટ અથવા એવો માજીસ્ત્રેટ ન હોય તો કલમ ૨૦૬ ઠી અથવા તે મુજબ અધિકાર આપેલો કોઇ પણ બીજો માજીસ્ત્રેટ, પોતાને યોગ્ય લાગે તો, કામ કમીટી કર્યા પછી અને ઇનસાફ શરૂ થતા પહેલાં, પુરવણી શાહેદોને સમન કરીને તેઓની જુબાની લેવાને, અને હાજર થઇ ને સાક્ષી આપવા સારૂ આ કાયદામા અગાઉ ઠરાવેલી રીતે તેમને બાંધી લેવાને મુખત્યાર છે.

(૨) સદરહુ જુબાની, બની શકે તો, તોહોમતવાળાની સમક્ષ લેવી, અને, જ્યારે તે માજીસ્ત્રેટ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ ન હોય ત્યારે, તોહોમતવાળાને સદરહુ શાહેદોને પુરાવાના એક નકલ મફત આપવી.

૨૨૦. ઇનસાફ શરૂ થતા સુધી, ઇનસાફનું કામ ચાલતું હોય ત્યારે માજીસ્ત્રેટે જામીન લેવા સબંધી આ કાયદાના ઠરાવોને અનુસરીને, તોહોમતવાળાને વારંટ કહાડીને કેદ કરવો

બાબ ૧૯ મો.

તોહોમતનામા બાબત

તોહોમતનામાનો નમુનો

૨૨૧. [૧] તોહોમતવાળાની ઉપર જે ગુન્હાનુ તોહોમત મૂક્યુ હોય તે ગુન્હો આ કાયદા મુજબના દરેક તોહોમતનામામા લખવો

[૨] જે કાયદા પ્રમાણે જે ગુન્હો થનો હોય તે કાયદામા તેનુ કાઇ મુકરર નામ પડ્યુ હોય તો તોહોમતનામામા ફકત તે નામ લખીને તે ગુન્હાનુ વર્ણન કરવામા આવે તો ચાલે

(૩) જે કાયદા પ્રમાણે તે ગુન્હો થનો હોય તે કાયદામા તેનુ કાઈ મુકરર નામ પાડ્યુ ન હેય, તો તોહોમતવાળાની ઉપર જે બાબતનુ તોહોમત મૂક્યુ હોય તે બાબતની તેને ખબર મળે એટલો તે વ્યાખ્યાનો ભાગ લખવો જોઇએ

(૪) જે કાયદાની તથા તેની જે કલમની વિરૂદ્ધ તે ગુન્હો કર્યાનુ કહેવામા આવ્યુ હોય તે કાયદો તથા કલમ તોહોમતનામામા જણાવવા

(૫) તોહોમતનામુ કર્યું છે એ વાત, જે ગુન્હાનુ તોહોમત મૂક્યુ હોય તે ગુન્હો થવાને કાયદાસર જે જે શરત કાયદા પ્રમાણે જોઇએ તે તે શરત તે અમુક કામમા પાર પડી છે એવુ કહ્યા સમાન છે,

(૬) ઇંગ્લાંડના મુખ્ય શહેરોમા તોહોમતનામુ અગ્રેજીમા લખવુ, બીજે ઠેકાણે તે અગ્રેજીમા અથવા કોરટની ભાષામા લખવુ

(૭) તોહોમતવાળાની ઉપર અગાઉ કાઇ ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તો અગાઉ ગુન્હો સાબિત થયાના ઠરાવની વાત તથા તેની તારીખ તથા જગા તોહોમતનામામા લખવી. તે મજકુર લખવામા આવ્યો નહિ હોય તો શિક્ષાનો હુકમ કરતાં પેહેલાં કોઇપણ વખતે તે મજકુર વધારવાનો કોરટને અધિકાર છે

દૃષ્ટાંતો

(અ) બનુ ખુન કર્યાનુ તોહોમત અની ઉપર મુકયુ છે એ વાત હેઠળ કહ્યા સમાન છે, એટલે, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૯૯ મી અને ૩૦૦ મી કલમમા ખુનની વ્યાખ્યા લખી છે તે વ્યાખ્યામા અનુ કૃત્ય આવે છે, અને તેજ કાયદાના સાધારણ અપવાદમાના કોઈ અપવાદમા તે કૃત્ય આવતું નથી, અને ૩૦૦ મી કલમમા પાચ અપવાદ છે, તેમાના કોઇ અપવાદમા તે કૃત્ય આવતુ નથી અથવા પેહેલા અપવાદમા તે કૃત્ય આવતુ હોય તો તે અપવાદમા ત્રણ શરતો છે તેમાની એક નહીં તો બીજી શરત તેને લાગુ પડે છે

(બ) ગોળી મારવાના હથિયારવડે અને બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાનુ તોહોમત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૬ મી કલમ પ્રમાણે અની—ઉપર મુક્યુ છે એ વાત હેઠળ કહ્યા સમાન છે એટલે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૫૫ મી કલમમા તે બાબત સબબવી ઠરાવ્યુ નથી, અને તે બાબતને સાધારણ અપવાદો લાગુ પડતા નથી.

(ક) અ ની ઉપર ખુનનું અથવા ઠગાઇનુ અથવા ચોરીનું અથવા જબરાઇથી કઢાડાવવાનુ અથવા છિનાળાનું અથવા સાપરાધ ધમકીનુ અથવા મિલકતની ખોટી નિશાની વાપરવાનુ તોહોમત આવ્યુ છે હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં એ ગુન્હાઓની જે વ્યાખ્યાઓ લખી છે તે કાંઇપણ કહ્યા વગર, અ એ ખુન અથવા ઠગાઇ અથવા ચોરી અથવા જબરાઇથી કઢડાવવાનો ગુન્હો અથવા છિનાળુ કર્યું છે અથવા સાપરાધ ધમકી દેખાડી છે, અથવા મિલકતની ખોટી નિશાની વાપરી છે એટલુજ તોહોમતનામામા લખવામા આવે તો ચાલે, પણ તે ગુન્હા બાબત જે કલમો મુજબ શિક્ષા થઇ શકતી હોય તે કલમો પ્રત્યેક પ્રસગે, તોહોમતનામામાં લખવી

(ડ) સરકારી નોકરના કાયદેસર અખત્યારથી વેચવા કઢાડેલી મિલકતના વેચાણમાં ઇરાદાપૂર્વક અડચણ કરવાનુ તોહમત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૮૪ મી કલમ પ્રમાણે અની ઉપર મુકયું છે, ત્યારે તોહોમતનામામાં એ શબ્દો લખવા.

૨૨૨ (૧) જે ગુન્હો કર્યાનું કહેવામાં આવ્યું હોય તે ગુન્હાના વખત સબંધી તથા જગા સંબંધી અને (કોઇ શખસની વિરૂદ્ધ તે ગુન્હો કરવામાં આવ્યો હોય તો તે શખસ સબંધી અથવા કોઇ વસ્તુની બાબતમાં તે ગુન્હો કરવામાં આવ્યો હોય તો) તે વસ્તુ સબંધી જેટલી વિગત તોહોમતવાળાની ઉપર મુકેલા તોહોમતની બાબત વિશે તેને ખબર આપવાને વાજબી રીતે બસ થાય તેટલી વિગત તોહોમતનામામાં લખવી

(૨) જ્યારે તોહોમતવાળાની ઉપર અપરાધ વિશ્વાસઘાતનું અથવા બદદાનતથી પૈસાનો ખોટો ઉપયોગ કરવાનું તોહોમત મુકયું હોય ત્યારે જે રકમના સબંધમાં ગુન્હો કર્યાનું કહેવામાં આવતું હોય તે કુલ રકમ તથા જે તારીખોની દરમિયાન તે ગુન્હો કર્યાનું કહેવામાં આવતુ હોય તે તારીખો લખી એટલે બસ થશે ચોકસ રકમો અથવા ચોકસ તારીખો લખવાની જરૂર નથી, અને એવી રીતે વડેલું તોહોમતનામું ૨૩૪ મી કલમના અર્થ મુજબ એક ગુન્હાનું તોહોમતનામું છે એમ સમજવું

પણ એવું ઠરાવ્યું છે કે એવી તારીખે માની પહેલી તથા છેલ્લી તારીખે વચ્ચાની મુદત એક વર્ષ કરતા વધારે હોવી ન જોઇએ

૨૨૩ જ્યારે કામનું સ્વરૂપ એવું હોય કે ૨૨૧ મી તથા ૨૨૨ મી કલમમાં કહેલી વિગત ઉપરથી તોહોમતવાળાનું મુકેલું તોહોમત તેને પુરતું સમજાતું નહીં હોય, ત્યારે જે ગુન્હો કરવાનું કહેવામાં આવતું હોય તે ગુન્હો જે રીતે કર્યો હોય તે રીત સબંધી જેટલી વિગત તે કારણ સારૂ બસ થાય તેટલી વિગત તોહોમતનામામાં લખવી

દૃષ્ટાન્તો.

(અ) ફલાણી વખતે ફલાણી જગાએ ફલાણી જણસની ચોરી કર્યાનું તોહોમત અ ની ઉપર આવ્યું છે, ત્યારે કઈ રીતે ચોરી કરી તે રીત તોહોમતનામામાં લખવાની જરૂર નથી,

(બ) ફલાણી વખતે ફલાણી જગાએ બ ને ઠગ્યાનું તોહોમત અની ઉપર આવ્યું છે, ત્યારે અ એ બ ને શી રીતે ઠગ્યો તે રીત તોહોમતનામામાં લખવી જોઇએ

(ક) ફલાણી વખતે ફલાણી જગાએ ખોટી શાહેદી આપવાનું તોહોમત અ ની ઉપર આવ્યું છે ત્યારે અ એ આપેલી શાહેદીનો કયો ભાગ ખોટો છે એવું કહેવામાં આવ્યું હોય તે ભાગ તોહોમતનામામાં લખવો જોઇએ

(ડ) ફલાણી વખતે ફલાણી જગાએ બ નામનો કોઇ સરકારી નોકર પોતાનું સરકારી કામ કરતો હતો ત્યારે તેને અડચણ કરવાનું તોહોમત અ ની ઉપર આવ્યું છે, ત્યારે બ પોતાનું કામ કરતો હતો ત્યારે તેને અ એ જે રીતે અડચણ કરી તે રીત તોહોમતનામામાં લખવી જોઇએ

(ઇ) ફલાણી વખતે ફલાણી જગાએ બ નું ખુન શી રીતે કર્યાનું તોહોમત અ ની ઉપર આવ્યું છે, ત્યારે અ એ બ નું ખુન શી રીતે કર્યું તે રીત તોહોમતનામામાં લખવાની જરૂર નથી

(ફ) બ ને શિક્ષામાંથી બચાવવાના ઈરાદાથી કાયદામાં ફરમાવેલો હુકમ નહી માનવાનું તોહોમત અ ની ઉપર આવ્યું છે, ત્યારે જે હુકમ નહી માન્યાનું તોહોમત હોય તે હુકમ નહી માન્યાની વાત અને જે કાયદો તોડયો હોય તે કાયદો એ બેઉ વાના તોહોમતનામામાં લખવા જોઇયે

૨૨૪ દરેક તોહોમતનામામાં ગુન્હાનું વર્ણન કરવામાં વાપરેલા શબ્દો જે કાયદા પ્રમાણે સદરહુ ગુન્હો શિક્ષા કરવા લાયક હોય તે કાયદામાં તેઓનો જે અર્થ કર્યો હોય તે અર્થમાં વાપરેલા છે એવું સમજવું

૨૨૫ તોહોમતનામામાં જે ગુન્હો અથવા વિગત લખવી જોઇયે તે લખવામાં કાંઇ ચુક પડે તેથી અને તે ગુન્હો અથવા વિગત લખવામાં કાંઇ કસુર થાય તેથી તોહોમતવાળો ખરેખર ઉલટું સમજ્યો નહીં હોય તથા અન્યાય થયો નહી હોય તો તે ચુક અથવા કસુર મુદ્દાની છે એવું મુકદ્દમો ચાલતો હોય ત્યારે કોઇપણ વખતે સમજવું નહી

દૃષ્ટાંતો

(અ) "ખોટો શિક્કો પોતાના કબજામાં આવ્યો તે વખતે તે ખોટો છે એમ જાણ્યા છતાં તે શિક્કો પોતાના કબજામાં રાખ્યાનું" તોહોમત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૪૨ મી કલમ પ્રમાણે અ ની ઉપર મુકયું છે "દગાબાજીથી" આ શબ્દ તોહોમતનામામાં મુકી દીધો છે આ શબ્દ મુકી દીધાથી અ ખરેખર ઉલટું સમજ્યો એવું જણાતું નહી હોય તો તે ચુક મુદ્દાની છે એવું સમજવું નહી.

(ખ) ब ને ઠગવાનુ તોહોમત अ ની ઉપર મુક્યુ છે અને તેણે कને શી રીતે ઠગ્યો તે રીત તોહોમતનામામા લખી નથી અથવા ખોટી લખી છે अ પોતાનો જવાબ કરે છે અને શાહેદોને બોલાવે છે તથા એ કામ શી રીતે બન્યુ તે વિષે પોતાનો હવાલ આપે છે, ત્યારે ઠગાઇ શી રીતે કરી તે રીત તોહોમતનામામાં લખવાની કસુર કરી તે મુદ્દાની નથી એવુ અનુમાન કરવાનો અખત્યાર કોર્ટને છે

(ક) ब ને ઠગવાનુ તોહોમત अ ની ઉપર મુક્યુ છે, અને તેણે ब ને શી રીતે ઠગ્યો તે રીત તોહોમતનામામાં લખી નથી अ ને તથા ब ને ઘણી આપ લે થઇ હતી, અને તોહોમત કઇ આપ લે બાબત છે તે જાણવાનુ સાધન अ ની પાસે નહી હતુ માટે તેણે કાઇ જવાબ કર્યો નહી ઠગાઇ શી રીતે કરી તે રીત તોહોમતનામામા લખવાની કસુર કરી તે મુદ્દાની ચુક છે એવુ અનુમાન સદરહુ વાતો ઉપરથી કરવાનો કોર્ટને અખત્યાર છે

[ડ] સન ૧૮૮૨ ના જાન્યુઆરી મહિનાની ૨૧ મી તારીખે ખુદાબક્ષનુ ખુન કર્યાનુ તહોમત अ ની ઉપર મુક્યુ છે ખરૂ જોતા જે માણસનુ ખૂન કર્યું તેનુ નામ હઇદરબક્ષ હતુ અને ખુન થયાની તારીખ ૨૦ મી જાન્યુઆરી સન ૧૮૮૨ એ હતી, એક ખુન શિવાય બીજે કોઇ ખુનનુ તોહોમત अ ની ઉપર મુકેલુ નહિ હતું, અને માજીસ્ટ્રેટની આગળ જે ચોકસી થઇ તે હઇદરબક્ષના મુકદમા બાબતજ હતી, અને તે ચોકસી अ એ સાભળી છે अ ઉલટુ સમજ્યો નથી, અને તોહોમતનામા માહેની તે ચુક મુદ્દાની નથી એવુ એ વાતો ઉપરથી અનુમાન કરવાનો અખત્યાર કોર્ટને છે

[ઇ] अ ની ઉપર સન ૧૮૮૨ જાન્યુઆરી મહિનાની ૨૦ મી તારીખે હઇદરબક્ષનુ ખુન કર્યાનુ અને તેને તે ખુન બાબત પકડાનો યત્ન ખુદાબક્ષે કરેલો હતો તેનુ સન ૧૮૮૨ ના જાન્યુઆરી મહિનાની ૨૧ મી તારીખે ખુન કર્યાનુ તોહોમત મુક્યુ છે હઇદરબક્ષના ખુનનુ તોહોમત મુક્યુ હતુ ત્યારે ખુદાબક્ષના ખુનના તોહોમત બાબત તેનો ઇન્સાફ થયો તેને જવાબ કરતી વખતે જે શાહેદો હાજર હતા તે હઇદરબક્ષના મુકદમાના શાહેદો હતા એ ઉપરથી अ ઉલટુ સમજ્યો હતો, અને તે ચુક મુદ્દાની હતી એવુ અનુમાન કરવાનો અખત્યાર કોર્ટને છે

૨૨૬ જ્યારે કોઇપણ શખસને તોહોમતનામા વગર અથવા અધુરૂ અથવા ભુલ ભરેલુ તોહોમત મુકીને તેનો ઇન્સાફ થવા સારૂ કમિટ કરવામા આવે, ત્યારે કોર્ટને અથવા હાઇકોર્ટની બાબતમાં કલાર્ક ઓફ ધી કાઉનને તોહોમતનામુ તૈયાર કરવાનો અથવા તોહોમતનામામા ઉમેરો કરવાનો અથવા બીજી રીતે ફેરફાર કરવાનો, જેમ હોય તેમ અધિકાર છે, અને તેમ કરવામા તોહોમતનામા બાબત આ કાયદામાહેના નમુના સબંધી કાનુનો ઉપર ધ્યાન આપવુ

દૃષ્ટાંતો

૧ क નુ ખૂન કર્યાનુ તોહોમત अ ની ઉપર મુક્યુ છે તે તોહોમતમા क ના ખુનમા મદદગારી કર્યાનુ તોહોમત ઉમેરવાનો અથવા તેને બદલે તે તોહમત મુકવાનો અધિકાર છે

૨ હિદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૭ મી કલમ મુજબ એક કીંમતી દસ્તાવેજ ઉપર ખોટી સહી કર્યાનુ તોહોમત अ ની ઉપર મુક્યુ છે કલમ ૧૯૬ મુજબ ખોટો પુરાવો બનાવવાનુ તોહોમત ઉમેરવાનો અધિકાર છે

૩ અમુક ચોરેલી મિલકત ચોરાયલી છે એવુ જાણીને તે લેવાનુ તોહોમત अनी ઉપર મુક્યુ છે ઇનસાફ વખતે અકસ્માત એવુ માલમ પડી આવે છે કે તેના કબજામા ખોટા સિક્કા બનાવવાના હથિયાર છે હિદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૩૫ મી કલમ મુજબનુ તોહમત તેના તાહમતનામામા ઉમેરી શકાશે નહી.

૨૨૭ (૧) કોઇપણ કોર્ટ ફેસલો જહેર કરવાના પહેલા અથવા સેશન કોર્ટની અથવા હાઇકોર્ટની આગળ ઇનસાફનો કામ ચાલતા હોય તે બાબતમા જ્યુરી પોતાનો ઠરાવ કરે તેના પહેલા અથવા આસેસરો પોતાનો અભિપ્રાય જણાવે તેની પહેલા કોઇપણ વખતે કોઇપણ તોહોમતનામામા ફેરફાર કરવાને અથવા તેમા વધારે મજકુર દાખલ કરવાને મુખત્યાર છે

[૨] સદરહુ પ્રકારનો દરેક ફેરફાર અથવા વધારેલો મજકુર તોહોમતવાળાને વાચી સંભળાવવો તથા સમજાવવો

૨૨૮. ૨૨૬ મી કલમ મુજબ અથવા ૨૨૭ મી કલમ મુજબ તઈયાર કરેલુ તોહોમતનામુ અથવા કરેલો ફેરફાર અથવા વધારેલો મજકુર જો એવો તરેહનો હોય, કે પછી તુરત તે ઇનસાફનુ કામ ચલાવવાથી કોરટના અભિપ્રાય પ્રમાણે તોહોમતવાળાને પોતાનો જવાબ કરવામા અથવા ફરીયાદનુ કામ ચલાવનારને તે મુકદમો ચલાવવામા કાંઇ નુકશાન થવાનો સંભવ નથી, તો સદરહુ તોહોમતનામુ તઇયાર કર્યા પછી અથવા સદરહુ ફેરફાર અથવા વધારો કર્યા પછી નવુ તે નવુ અથવા ફેરફાર કરેલુ તોહોમતનામુ અસલ તોહોમતનામુ હોય એવી રીતે તે ઇનસાફનુ કામ પોતાની નજરમા આવે તો ચલાવવાને તે કોરટ મુખત્યાર છે

૨૨૯ જો તે નવુ અથવા ફેરફાર અથવા વધારેલુ તોહોમતનામુ એવી તરેહનુ હોય કે પછી તુરત તે ઇનસાફનુ કામ ચલાવવાથી, કોરટના અભિપ્રાય પ્રમાણે તોહોમતવાળાને અથવા ફરિયાદનુ કામ ચલાવનારને ઉપર કહ્યા મુજબ નુકશાન થવાનો સંભવ છે, તો નવેસરથી ઇનસાફ કરવાનું ફરમાવવાને અથવા જેટની મુદત જરૂરની હોય તેટલી મુદત સુધી ઇનસાફનુ કામ મુલતવી રાખવાને તે કોરટ મુખત્યાર છે

૨૩૦ જો તે નવા અથવા ફેરફાર અથવા વધારો કરેલા તોહોમતનામામા લખેલા ગુન્હા બાબત ફરિયાદનુ કામ ચલાવવા સારૂ અગાઉથી મંજુરિયત લેવી જરુરની હોય, તો તે મંજુરિયત મેળવવામા આવે ત્યા સુધી તે મુકદમો ચલાવવો નહી પણ જે હકીકતોને આધારે તે નવુ અથવા ફેરફાર કરેલું તોહોમતનામું બનાવ્યું હોય તેજ હકીકતોને આધારે ફરિયાદનુ કામ ચલાવવા સારૂ મંજુરિયત લેવાઇ ચુકી હોય તો તે મુકદમો ચલાવવાને હરકત નથી

૨૩૧ જ્યારે ઇનસાફ શરૂ થયા પછી કોર્ટ કોઇ તોહોમતનામામા ફેરફાર કરે અથવા તેમા વધારે મજકુર દાખલ કરે ત્યારે જે શાહેદની જુબાની લેવાઇ હોય તે શાહેદને ફરીથી બોલાવીને અથવા ફરીથી સમન કરીને સદરહુ ફેરફારના અથવા વધારેના મજકુરના સબંધમા તેની જુબાની લેવાની તથા જે કોઇ બીજા શાહેદની સાક્ષી કોરટને મુદ્દાની લાગે તેને બોલાવવાની છુટ ફરિયાદનુ કામ ચલાવનારને તથા તોહોમતવાળાને આપવી

૨૩૨ (૧) કોઈ પણ અપેલેટ કોરટના અથવા હાઇકોરટ તપાસ કરવાનો અથવા ૨૭ મા બાબ મુજબનો પોતાનો અધિકાર ચલાવતી હોય ત્યારે કોરટના મતમા એમ આવે કે જે શખસની ઉપર કોઇ ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયેલો છે તે શખસ કાંઇ તોહોમતનામુ નહીં હોવાને લીધે અથવા તોહોમતનામામા કાઇ ચુકને લીધે પોતાના જવાબ કરવામા ઉનદુ સમજ્યો છે, ત્યારે પોતે દુરસ્ત ધારે એવી ગમે તે રીતે તોહોમતનામુ તૈયાર કરીને તે ઉપરથી ઇનસાફ નવેસરથી કરવાનુ તે કોરટે ફરમાવવુ

(૨) જો તે કોરટની નજરમા એવુ આવે કે સાબિતી થયેલી હકીકતોના સબંધમા તોહોમતવાળાની ઉપર કાઇ કાયદેસર તોહોમત મુકી શકાય નહી એવી મુકદમાની હકીકત છે, તો તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ તે કોરટે રદ કરવો

દૃષ્ટાંત

અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૬ મી કલમ પ્રમાણે ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવામા આવ્યો છે, અને જે શાહેદી અથવા પુરાવો ખરી શાહેદી અથવા ખરા પુરાવાની માફક તેણે દુષ્ટ શબ્દ વાપર્યો અથવા વાપરવાની કોશીશ કરી તે શાહેદી ખોટી છે અથવા તે પુરાવો બનાવટનો છે એવુ તે જાણતો હતો એવો મજકુર તોહોમતનામામા મુકી દીધો છે અને સદરહુ પ્રકારનુ જ્ઞાન હતુ અને તે વાતનો મજકુર તોહોમતનામામા મુકી દેવાથી તે પોતાનો જવાબ કરવમા ઉનદુ સમજેલો એવુ તે કોરટને સંભવિત લાગે, તો તોહોમતનામામા સુધારો કરીને તે ઉપરથી ઇનસાફ નવેસરથી કરવાનુ તે કોરટે ફરમાવવુ પણ અને સદરહુ પ્રકારનુ કાંઇ જ્ઞાન હતુજ નહીં એવુ ચલાવેલા કામ ઉપરથી સંભવિત જણાય તો તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ તે કોરટે રદ કરવો

તોહોમત એકઠાં કરવા બાબત.

૨૩૩. કોઇપણ શખસની ઉપર જુદા જુદા ગુનાના તોહોમત મુકવામાં આવે ત્યારે તે દરેક ગુના બાબત જુદુ જુદુ તોહોમત મુકવુ, અને તે દરેક તોહોમતનો ઇનસાફ જુદો જુદો કરવો જોઇએ, પણ ૨૩૪ મી, ૨૩૫ મી, ૨૩૬ મી, અને ૨૩૯ મી કલમમાં કહેલી બાબતોમા તેમ કરવુ નહિ.

દૃષ્ટાંત.

એક વખતે ચોરી કર્યાનું અને બીજી વખતે મહાવ્યથા કર્યાનું તોહોમત અની ઉપર આવ્યું છે ચોરી બાબત અને મહાવ્યથા બાબત અની ઉપર જુદું જુદું તોહમત કરીને જુદો જુદો ઇનસાફ કરવો.

૨૩૪. (૧) જ્યારે એકજ જાતના એક કરતા વત્તા ગુન્હા પહેલેથી તે છેલ્લા ગુન્હા સુધી બાર મહિનાની મુદત માટે કર્યાનું તોહોમત કોઇ શખસની ઉપર આવ્યુ હોય, ત્યારે તે ગુન્હાઓમાના ઘણામા ઘણા ત્રણ ગુન્હા સુધી ગમે તેટલા ગુન્હાઓનું તોહોમત તે શખસની ઉપર મુકીને તે બાબત તેનો એકજ વખતે ઇનસાફ કરવાનો અધિકાર છે. પછી તે ગુન્હા તેજ શખસના સબધમા હોય યા નહિ હોય તેની કાંઇ હરકત નહિ.

(૨) જે ગુન્હાઓ બાબત હિદુસ્તાનના ફોજદારી કાયદાની અથવા હરકોઇ વિશેષ અથવા સ્થાનિક કાયદાની એકજ કલમ પ્રમાણે એક સરખી શિક્ષા થઇ શકે તે ગુન્હાઓ એકજ જાતના છે

" પણ એવુ ઠરાવ્યુ છે કે, આ કલમના સારૂ, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૭૯ મી કલમ મુજબ શિક્ષા થવા જોગ ગુન્હાને તેજ કાયદાની ૩૮૦ મી કલમ મુજબ શિક્ષા થવા જોગ ગુન્હાની જાત નોજ ગુન્હો ગણવામા આવશે અને હિદુસ્તાનના ફોજદારી કાયદાની અથવા કોઇ વિશેષ અથવા સ્થાનિક કાયદાની કોઈપણ કલમ મુજબ શિક્ષા થવા જોગ ગુન્હાને એવો ગુન્હો કરવાના પ્રયત્નના (જ્યારે એવા પ્રયત્નને ગુન્હો ગણતો હોય ત્યારે) જેવોજ ગુન્હો ગણવામા આવશે "

૨૩૫ (૧) કેટલાએક કૃત્યોનો એક બીજા સાથે એવો સબધ હોય કે તેથી તે કૃત્યો મળીને એકજ કામ થાય તેવા કૃત્યો કરવામા જો એકજ શખસે એક કરતાં વત્તા ગુન્હા કર્યા હોય તો એવા દરેક ગુન્હાનું તોહોમત તે શખસની ઉપર મુકીને તે બાબત તેનો ઇનસાફ એકજ વખતે કરવાનો અધિકાર છે

(૨) જે કૃત્યો કર્યાનુ કહેવામા આવતુ હોય તે કૃત્યો મળીને એક ગુન્હો થાય અને જે કોઈ ચાલુ કાયદામા ગુન્હાઓની વ્યાખ્યા અથવા શિક્ષા કહેલી હોય તે કાયદાની બે અથવા વધારે જુદી જુદી વ્યાખ્યા તે ગુન્હાને લાગુ હોય તો જે શખસની ઉપર તે કૃત્યોનુ તોહોમત આવ્યુ હોય તે શખસની ઉપર સદરહુ ગુન્હાઓમાના દરેક ગુન્હાનુ તોહોમત મુકીને તે બાબત તેનો એકજ વખતે ઇનસાફ કરવાનો અધિકાર છે

(૩) જે કૃત્યોમાનુ એક અથવા એક કરતા વધારે કૃત્ય જાતેજ કાંઇ ગુન્હો થાય, તેવા કેટલાક કૃત્યો જ્યારે એકઠા કરવામા આવે ત્યારે કાંઇ જુદોજ ગુન્હો થાય, તો જે શખસની ઉપર તે કૃત્યોનુ તોહોમત આવ્યુ હોય તે શખસની ઉપર જે ગુન્હો સદરહુ કૃત્યોમાંના એક અથવા વધારે કૃત્યથી થતો હોય તે ગુન્હાનુ તોહોમત મુકીને તે બાબત તેનો એકજ વખતે ઇનસાફ કરવાનો અધિકાર છે

(૪) આ કલમના કોઇપણ મજકુરથી હિદુસ્તાનના ફોજદારી કાયદાની ૭૧ મી કલમને બાધ આવશે નહિ

૧ લી પેટા કલમમા

દૃષ્ટાંતો

(અ) ब નામનો સખસ કાયદાસર કેદમા છે, તેને अ છોડાવે છે અને તે કરવામા क નામના જે કોનસ્ટેબલના પેહેરામા ब હતો તે કોનસ્ટેબલને મહાવ્યથા કરે છે अ ની ઉપર હિદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૨૫ મી તથા ૨૩૩ મી કલમમાં કહેલા ગુન્હાનુ તોહોમત મુકવાનો અને તે ગુન્હા સાબિત થવાનો ઠરાવ કરવાનો અધિકાર છે.

(બ) છિનાળુ કરવાના ઇરાદાથી अ દહાડે ઘર ફોડે છે, અને જે ઘરમા એ પ્રમાણે પ્રવેશ કર્યો તે ઘરમાં ब ની બાયડી સાથે છિનાળુ કરે છે अ ની ઉપર હિદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૫૪ મી તથા ૪૯૭ મી કલમ મુજબના ગુન્હાનુ જુદુ જુદુ તોહોમત મુકવાનો અને તેની ઉપર તે ગુના સાબિત થવાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે

(ક) ब જે क ની બાયડી છે તેની સાથે છિનાળુ કરવાના ઇરાદાથી अ ब ને ફોસલાવીને क ની પાસથી લઇ જાય છે, અને પછી તેની સાથે છિનાળુ કરે છે अ ની ઉપર હિદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૯૮ મી તથા ૪૯૭ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત ના જુદાં તોહોમત મુકવાનો અને તેની ઉપર તે ગુન્હા સાબિત થવાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે

(ડ) क ના કબજામા કેટલીએક મોહરો છે અને તે ખોટી છે એવુ તે જાણે છે, અને હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૬ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક કેટલાએક ખોટા લેખ બનાવવાના ગુન્હા કરવા સારૂ તે મોહારોનો ઉપયોગ કરવાનો તે ઇરાદો રાખે છે, क ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૭૩ મી કલમ પ્રમાણે દરેક મોહર રાખવા બાબત જુદુ જુદુ તોહોમત-મુકવાનો અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે

(ઇ) ब ને નુકશાન કરવાના ઇરાદાથી अ તેની ઉપર ફોજદારી કામ માડે છે અને એ પ્રમાણેકામ માંડવા માટે કાઇ વાજબી અથવા કાયદેસર આધાર નથી એવુ તે જાણે છે, અને વળી તે ब ની ઉપર કાંઇ ગુન્હો કર્યાનુ જુદુ તોહોમત મુકે છે અને તે તોહોમત માટે કાઇ વાજબી અથવા કાયદેસર આધાર નથી એવુ તે જાણે છે अ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૧૧ મી કલમ પ્રમાણે બે ગુન્હા કરવા બાબત જુદા જુદા તોહોમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(ઈ) ब ને નુકશાન કરવાના ઇરાદાથી अ તેની ઉપર કાઇ ગુન્હો કર્યાનુ જુદું તોહોમત મુકે છે, અને તે તોહોમત માટે કાઇ વાજબી અથવા કાયદેસર કારણુ નથી એવુ તે જાણે છે ઇનસાફની વખતે अ ब ની વિરૂદ્ધ ખોટી શાહેદી આપે છે, અને એ પ્રમાણે ब ની ઉપર દેહાન્ત શિક્ષા કરવા લાયક કોઇ ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરાવવાનો ઇરાદો રાખે છે, अની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૧૧ મી અને ૧૯૪ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદા જુદા તોહમત મુકવાનો અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે

(ગ) अ બીજા છ માણુસોની સાથે મળીને હગામાનો, મહાવ્યથાનો, અને કોઇ સરકારી નોકર પોતાના હોદાનુ કામ બજાવતા તે હગામો બધ પાડવાનો યત્ન કરતો હોય ત્યારે તેની ઉપર હુમલો કરવાનો ગુન્હો કરે છે अ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૪૭ મી, ૩૩૫ મી અને ૧૫૨ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદા જુદાં તોહોમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે

(ઉ) ब, क અને ड ના મનમા દેહશત ઉત્પન્ન કરવાના ઇરાદાથી अ તેમના શરીરને નુકશાન કરવાની ધમકી એકજ વખતે ત્રણેને દેખાડે છે. अની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૫૦૬ ઠી કલમ પ્રમાણે એ ત્રણ ગુન્હામાનાં દરેક ગુન્હા બાબત જુદુ જુદુ તોહોમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે (अ) થી ह સુધીનાં દષ્ટાનોમા કહેલા જુદા જુદા તોહોમતોનો ઇનસાફ વખતે કરવાનો અધિકાર છે

૨ જી પેટા કલમનાં—

(આઇ) अ એક નેતરવતી ब ને ગેરવાજબી રીતે મારે છે, ब ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૫૨ મી તથા ૩૨૩ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદાં જુદા તોહોમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હો સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે,

(જ) કેટલીએક ચોરેલી દાણુાની ગુણો अ ને તથા ब ને સતાડવાનાં કારણુ સારૂ સ્વાધીન કરવામાં આવી છે, તે ચોરીની મિલકત છે એવુ તેઓ જાણે છે પછી તે ગુણો એક કોઠારને તળીએ સતાડવાને अ તથા ब એક બીજાને બુદ્ધિપુર્વક મદદ કરે છે, अ તથા ब ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૧૧ મી તથા ૪૧૪ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદા જુદાં તોહોમત મુકવાનો, અને તેમની ઉપર તે ગુન્હા સાબીત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે

(કે) अ પોતાનુ બચ્ચુ ખુલ્લુ મુકે છે તેથી તે એનુ મોત આણુશે એવુ તે જાણે છે સદરહુ પ્રમાણે ખુલ્લુ મુકવાથી તે બચ્ચુ મરી જાય છે. अની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૧૭ મી તથા ૩૦૪ થી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદા જુદા તોહોમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(લ) ब નામના એક સરકારી નોકર ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૬૭ મી કલમ પ્રમાણે

ગુન્હો સાબિત કરવા માટે આ એક બનાવટના દસ્તાવેજનો ખરા પુરાવા માફક બદદાનતથી ઉપયોગ કરે છે. આ ની ઉપર તેજ કાયદાની ૪૭૧ મી કલમ (સાથે ૪૬૬ મી કલમ ધ્યાનમાં લઈને) અને ૧૯૬ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદા જુદા તોહોમત મુકવાનો, અને તેની ઉપર ત ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે

૩ જી પેટા કલમનુ—

(મ) આ, બ નુ અપહરણ કરે છે, અને તેમ કરવામાં તેને બુદ્ધિપૂર્વક બ્યથા કરે છે. આ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૧૩ મી તથા ૩૯૨ મી તથા ૩૯૪ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદાં જુદા તોહમતો મુકવાનો અને તેની ઉપર તે ગુન્હા સાબિત થવાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

૨૩૬, જે વાતો સાબિત થઇ શકે છે તે ઉપરથી કેટલાએક ગુન્હાઓમાનો કયો ગુન્હો થાય છે તે બાબત શક પડે એવા પ્રકારનું કૃત્ય હોય અથવા કૃત્યોનો સમુદાય હોય ત્યારે તોહોમતવાળાની ઉપર સદરહુ પ્રકારના સઘળા ગુન્હા અથવા તેમાનો હરકોઇ ગુન્હો કર્યાનુ તોહોમત મુકવાનો અધિકાર છે અને સદરહુ પ્રકારના ગમે તેટલા તોહોમતોનો એકી વખતે ઇનસાફ કરવાનો અધિકાર છે, અથવા સદરહુ ગુન્હાઓમાંનો એક નહી તો બીજો ગુન્હો કર્યાનુ તોહોમત વિકલ્પની રીતે તેની ઉપર મુકવાનો અધિકાર છે

દૃષ્ટાંતો.

(અ) ચોરી કરવાનો અથવા ચોરીની મિલકત લેવાનો, અથવા સાપરાધ વિશ્વાસઘાત કરવાનો, અથવા ઠગાઇ કરવાનો ગુન્હો થાય એવા કાંઇ કૃત્યનુ તોહોમત આ ની ઉપર આવ્યુ છે ત્યારે ચોરી કરવાનુ, ચોરની મિલકત લેવાનું, સાપરાધ વિશ્વાસઘાત કરવાનુ, અને ઠગાઈ કરવાનુ તોહમત તેની ઉપર મુકવાનો અધિકાર છે. અથવા ચોરી કર્યાનુ અથવા ચોરીની મિલકત લીધાનુ અથવા સાપરાધ વિશ્વાસઘાત કર્યાનુ અથવા ઠગાઇ કર્યાનુ તોહોમત તેની ઉપર મુકવાનો અધિકાર છે

(બ) માજીસ્ટ્રેટની રૂબરૂ આ સોગન ઉપર કહે છે કે તેણે ક ને સોટાથી મારતાં બ ને જોયો સેશન કોરટમા આ સોગન ઉપર કહે છે કે બ એ ક ને માર્યોજ નથી, જો કે આ બે વિરોધી હકીકતમાની કઇ ખોટી તે સાબિત થઇ શકે નહી, તોપણ આ ની ઉપર વિકલ્પની રીતે તોહોમત મુકીને તેની ઉપર જાણી બુજીને ખોટી સાક્ષી આપ્યાનું તોહોમત સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે

૨૩૭. [૧] ૨૩૬ મી કલમમાં કહેલી બાબતમાં જો તોહોમતવાળાની ઉપર એક ગુન્હાનુ તોહોમત મુકયુ તો અને જે જુદા ગુન્હા બાબત તે કલમના ઠરાવો પ્રમાણે તેની ઉપર તોહોમત મુકી શકાય તેવો જુદોજ ગુન્હો તેણે કર્યો છે એવુ પુરાવા ઉપરથી દેખાય, તો ફલાણો ગુન્હો તેણે કર્યો છે એવુ બતાવવામા આવે તે ગુન્હાનુ તોહોમત તેની ઉપર મુકેલું ન હોય, તોપણ ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે

દૃષ્ટાંત.

અ ની ઉપર ચોરીનું તોહોમત મુકયુ છે, તેણે સાપરાધ વિશ્વાસઘાત કરવાનો અથવા ચોરીનો માલ લેવાનો ગુન્હો કર્યો એવુ જણાય છે. સાપરાધ વિશ્વાસઘાત કરવાનુ અથવા ચોરીનો માલ લેવાનુ, (પ્રસંગ પ્રમાણે) તોહોમત તેની ઉપર મુકેલુ નથી તોપણ તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે

૨૩૮ (૧) જે ગુન્હાનુ તોહોમત કોઇ સખસની ઉપર મકયુ હોય તે ગુન્હો કેટલીએક બાબતનો બનેલો હોય અને તે બાબતોમાંની ફક્ત કેટલીક બાબતોને એકઠી કરવાથી કોઇ પુર્ણ ન્હાનો ગુન્હો થતો હોય અને સદરહુ રીતે એકઠી કરેલી બાબતો સાબિત કરવામાં આવે પણ બાકી રહેલી બાબતો સાબિત ન કરવામાં આવે ત્યાર તે ન્હાના ગુન્હાનુ તોહોમત તેની ઉપર મુકેલું નથી તોપણ તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે

(૨) કોઇ શખ્સ ઉપર કોઇ ગુન્હાનુ તોહોમત મુકયુ હોય અને એવી હકીકત સાબિત થાય કે તેથી તે ગુન્હો ઓછો થઇને ન્હાનો ગુન્હો થાય ત્યારે તે ન્હાના ગુન્હાનુ તોહોમત તેની ઉપર મુકેલુ નથી તોપણ તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે.

" [૨-અ] જ્યારે એકાદા શખસ ઉપર કોઇ ગુન્હાનું તોહોમત મુકયુ હોય ત્યારે, તે ગુન્હો કરવાનો પ્રયત્ન કીધાનુ જુદું તોહોમત તેના ઉપર મુકયુ ન હોય તોપણ, તે ગુન્હો કરવાનો પ્રયત્ન કરવા માટે તેના ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે "

[૩] જ્યારે ૧૯૮ મી અથવા ૧૯૯ મી કલમથી ફરમાવ્યા પ્રમાણે કાંઈ ફરિયાદ કરવામાં આવી ન હોય ત્યારે તે કલમમાં કહેલો કોઇ પણ ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર આ કલમ માંહેના કોઇ પણ મજકુરથી છે એવુ સમજવુ નહિ.

દૃષ્ટાન્તો

(અ) અ ને ભારવાહક દાખલ કાઇ મિલકત સોંપી તે બાબત સાપરાધ વિશ્વાસઘાત કર્યાનુ તોહોમત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૦૭ મી કલમ પ્રમાણે તેની ઉપર મુકયુ છે તે મિલકત બાબત તેણે ૪૦૬ ઠી કલમ પ્રમાણે વિશ્વાસઘાત કર્યો પણ તે મિલકત તેને ભારવાહક દાખલ સોંપેલી નહી એમ જણાય છે. ૪૦૬ ઠી કલમ પ્રમાણે એ સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે

(બ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૨૫ મી કલમ મુજબ અ ની ઉપર મહાવ્યથા કર્યાનુ તોહોમત મુકયુ છે ભારે તથા આકસ્મીક ક્રોધ ચડયાથી તેણે એમ કર્યું એવુ તે સાબિત કરે છે તે કાયદાની ૧૩૩ મી કલમ મુજબ તેની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે

" ૨૩૯. હેઠળ લખેલા શખસો ઉપર એકઠા તોહોમત મુકી તેમનો ઇન્સાફ કરવાનો અધિકાર છે, એટલે કેઃ—

[અ] એકજ વ્યવહાર દરમિયાન એકજ ગુન્હો કર્યાનુ જે શખસોપર તોહોમત મુકવામા આવ્યું હોય તે શખસો,

[બ] કોઈ ગુન્હો કર્યાનુ તોહોમત મુકવામાં આવ્યુ હોય તે શખસોની તથા જે શખસોના ઉપર સદરહુ ગુન્હો કરવામાં મદદગારી કરવાનુ અથવા તે ગુન્હો કરવાની કોશીશ કરવાનુ તોહોમત મુકવામા આવ્યું હોય તે શખસો,

[ક] ૨૩૪ મી કલમના અર્થ મુજબ એકજ જાતના એક કરતા વત્તા ગુન્હા માટે બાર મહિનાની મુદ્દતની અંદર સાથે મળીને ગુન્હો કર્યાનુ તોહોમત જેમના પર મુકવામાં આવ્યુ હોય તે શખસો,

(ડ) એકજ વ્યવહારમા જુદા જુદા ગુન્હા કર્યાનુ તોહોમત જેમનાપર મુકવામા આવ્યુ હોય તે શખસો,

(ઇ) જેમા ચોરીનો જબરાઇથી કઢાવવાનો અથવા સાપરાધ ખોટા ઉપયોગનો સમાસ થતો હોય એવા ગુન્હાનું તોહોમત જેમનાપર મુકવામા આવ્યુ હોય તે શખસો તથા જેનો કબજો પહેલા લખેલા શખસોએ કરેલા ગુન્હાથી એકની પાસેથી બીજાને આપ્યો હોય એવી મિલકત લેવાનુ અથવા રાખવાનુ અથવા તેને વગે કરવામા અથવા તે સતાડવામા મદદ કરવાનુ અથવા છેલ્લા લખેલા ગુન્હાઓમાનો કોઇ પણ ગુન્હો કરવામાં મદદગારી કરવાનુ અથવા એવો ગુન્હો કરવાની કોશીશ કરવાનુ ,તોહોમત જેમનાપર મુકવામા આવ્યું હોય તે શખસો,

(ફ) જે ચોરીની મીલકતનો કબજો એક ગુન્હાથી એકની પાસેથી બીજાને આપ્યો હોય તે ચોરાની મીલકતના સબધમા હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૧૧ મી તથા ૪૧૪ મી કલમ મુજબના અથવા તેમાંની કોઇપણ કલમ મુજબના ગુન્હાનું તોહોમત જેમનાપર મુકવામાં આવ્યુ હોય તે શખશો, અને

(ગ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૨ મા બાબની રૂયે ખોટા સિક્કાને લગતા કોઈપણ ગુન્હાનુ તોહોમત જેમનાપર મુકવામાં આવ્યુ હોય તે શખસો, તથા તેજ શિક્કાને લગતા સદરહુ બાબ મુજબના બીજા કોઇપણ ગુન્હાનુ અથવા એવો કોઇપણ ગુન્હો કરવામા મદદગારી કરવાનુ અથવા એવો ગુન્હો કરવાની કોશીશ કરવાનુ તોહોમત જેના ઉપર મુકવામા આવ્યુ હોય તે શખસો,

અને આ બાબના પાછલા ભાગ માંહેના ઠરાવો એવા સઘળા તોહોમતોને લાગુ પડી શકે ત્યા સુધી, લાગુ પડશે. "

દૃષ્ટાંતો

(અ) અ તથા બની ઉપર એકજ ખુનનુ તોહોમત આવ્યુ છે, તે ખુન બાબત અ તથા બ ની ઉપર એકઠુ તોહોમત મુકીને ઇનસાફ કરવાનો અખત્યાર છે

(બ) અ તથા બની ઉપર અપહરણ કરવાનુ તોહોમત આવ્યુ છે, તે અપહરણ કરવામા અ એ ખુન કર્યુ એ ખુનમા બ ને કાંઇ સબંધ નથી, તો અ તથા બ એ બેઉની ઉપર અપહરણ કરવાનુ તોહોમત મુકીને અને એકલા બ ની ઉપર ખુનનું તોહોમત મુકીને તેઓનો એકઠો ઇનસાફ કરવાનો અધિકાર છે

(ક) અ તથા બ એ બન્નેની ઉપર એક ચોરી કર્યાનુ તોહોમત મુક્યુ છે, અને તેજ કામમા બ એ બીજી બે ચોરી કર્યાનુ તોહોમત બની ઉપર મુક્યુ છે અ તથા બ એ બેન્નેની ઉપર એક ચોરીનું તોહોમત મુકીને અને એકલા બની ઉપર બીજી બે ચોરીનુ તોહોમત મુકીને એ બન્નેનો એકઠો ઇનસાફ કરવાનો અધિકાર છે.

૨૪૦ જ્યારે એકજ શખસ ઉપર જેમા એક કરતા વધારે બાબત હોય એવુ તોહોમત મુક્યુ હોય અને જ્યારે તેમાના એક અથવા વધારે તોહોમત ઉપરથી ગુન્હો ઠરે, ત્યારે ફરિયાદી અથવા ફરિયાદનુ કામ ચલાવનારો અમલદાર કોરટની સંમતિ લઇને બાકીનુ તોહોમત અથવા બાકીના તોહોમતો પાછા લઇ લેવાને મુખત્યાર છે, અથવા તે કોરટ તે બાકીના તોહોમતો અથવા તોહોમતોની ચોકશી અથવા ઇનસાફ કરવાનુ પોતાની જ મેળે બંધ રાખવાને મુખત્યાર છે સદરહુ પ્રમાણે તોહોમત અથવા તોહોમતો પાછાં લઈ લેવાનુ ફળ, સદરહુ તોહોમત અથવા તોહોમતો બાબત ગુન્હો નાસાબિત થયાના ઠરાવ જેવુ થશે, પણ જો ગુન્હો સાબિત થયાનો ઠરાવ રદ કરવામા આવે તો તે ઠરાવ (તે ગુન્હો સાબિત થયાનો રદ કરનારી કોરટના હુકમને અનુસરીને) સદરહુ કોરટ એ પ્રમાણે લઇ લીધેલા તોહોમતની અથવા તોહમતોની ચોકશી અથવા ઇનસાફનુ કામ ચલાવવાને મુખત્યાર છે

—— ० ——

બાબ ૨૦ મો.

સમનના મુકદમાઓનો માજીસ્ટ્રેટોએ ઇનસાફ કરવા બાબત

૨૪૧ સમનના મુકદમાઓનો ઇનસાફ કરતી વખતે માજીસ્ટ્રેટોએ હેઠળ લખેલી રીતે કામ ચલાવવુ.

ટીકા—વારંટના મુકદમાઓનો ઇનસાફ આ બાબ પ્રમાણે થઈ શકે નહી (રાણી વી ચાપડુ ઇં લો રી ૭ મ ૪૫૪) જો કોઈપણ ફરીયાદમા બે જુદા જુદા વિષયોના તોહોમતો માલમ પડે તેમા એક વારંટ કેસનું અને બીજુ સમન્સ કેસનુ તો તે ગુન્હાઓની તજવીજ વારંટ કેસ મુજબ થવી જોઈએ [રાજનારાયણ કુનવાર વી લાલા ટમ્બોલી ઇ લો રી ૧૧ ક ૯૧]

૨૪૨. જ્યારે માજીસ્ટ્રેટની આગળ તોહોમતવાળો હાજર થાય અથવા તેને આણવામા આવે ત્યારે જે ગુન્હાનુ તોહોમત તેની ઉપર આવ્યુ હોય તે ગુન્હાની વિગત તેને કહી જણાવવી. અને તેને પુછવુ કે તમારી ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ શા સારૂ નહી કરવો જોઇએ, તેનું કોઇ કારણ તમારે બતાવવાનુ છે, પણ કાંઈ પદ્ધતી પ્રમાણે તોહોમતનામુ તૈયાર કરવાની જરૂર નથી.

૨૪૩ તોહોમતવાળાની ઉપર જે ગુન્હાનુ તોહોમત આવ્યુ હોય તે ગુન્હો મે કર્યો છે એવુ તે કબુલ કરે તો તેની કબુલાત બની શકે તેટલે સુધી તેણે વાપરેલા શબ્દોમા નોંધી લેવી, અને તેની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ શા સારૂ નહી કરવો જોઇયે તેનુ પુરતું કારણ તે ન બતાવે, તો એ પ્રમાણે તેની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાને માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

ટીકા—આ બાબ પ્રમાણે ચોકસી ચાલતી હોય ત્યારે તે તેહોમતદાર લખીને જવાબ રજુ કરે તો માજીસ્ટ્રેટ જાતે તપાસી જવાબ લખી લેવાને બંધાએલ નથી (ડીલા મન્ડલ વી કાલગાડ ૧૬ વિ રી ૬)

૨૪૪ (૧) જો માજીસ્ટ્રેટ તહોમતવાળાપર અગાડીની કલમ મુજબ ગુન્હાની સાબીતીનો ઠરાવ કરે નહીં તો અથવા જો તોહોમતવાળો સદરહુ પ્રકારની કાંઇ કબુલત કરે નહીં, તો માજીસ્ટ્રેટે ફરિયાદી હોય તો તેની વાત સાંભળવી, અને ફરિયાદનુ કામ ચલાવનારની પુષ્ટિમા જે પુરાવો રજુ કરવામા આવે તે સઘળો લેવો અને વળી તોહોમતવાળાની વાત સાભળવી તથા તે પોતાના જવાબમાં જે પુરાવો રજુ કરે

તે સબળો લેવો. પણ એવુ ઠરાવ્યુ છે કે. માજીસ્ટ્રેટ, કોર્ટે કરેલી ફરીયાદની બાબતમાં કોઈ પણ સખસને ફરીયાદી તરીકે સાંભળવાને બંધાયેલો નથી

(૨) જો માજીસ્ટ્રેટ દુરસ્ત ધારે તો તે, ફરિયાદીની અથવા તોહોમતવાળાની અરજી ઉપરથી કોઈ પણ શાહેદને હાજર થવાનુ અથવા કોઇ પણ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવાનુ ફરમાવનારો સમન તેના ઉપર કાઢવાને મુખત્યાર છે.

(૩) સદરહુ અરજી ઉપરથી કોઇ પણ શાહેદને સમન કરતા પેહેલા તેને તે ઇનસાફના કારણ સારૂ હાજર થવામાં જે વાજબી ખરચ થાય તે કોર્ટમા અનામત મુકવો, એવુ ફરમાવવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે

૨૪૫ (૧) ૨૪૪ મી કલમમા કહેલો પુરાવો અને પોને પોતાનીજ મેળે કાંઇ વધારે પુરાવો રજુ કરાવે તો તે પુરાવો લીધા ઉપરથી, અને (પોતે યોગ્ય ધારે તો) તોહોમતવાળાની જબાની લીધા ઉપરથી જો માજીસ્ટ્રેટ એવુ ઠરાવે કે તોહોમતવાળો તકસીરવાર નથી. તો તેણે ગુન્હો ના સાબિત થયાના ઠરાવનો હુકમ દફતરમાં નોધવો

(૨) જ્યારે માજીસ્ટ્રેટ કલમ ૩૪૯ અથવા ૫૬૨ ના ઠરાવો મુજબ કામ આગળ ચલાવે નહિ ત્યારે તેણે જો તહોમતવાળો સખસ ગુન્હેગાર છે એમ તેને માલમ પડે તો તે સખસને કાયદા મુજબ શિક્ષા ફરમાવવી

૨૪૬ ફરિયાદનો અથવા સમનનો પ્રકાર ગમે તેવો હોય તોપણ, આ બાબ પ્રમાણે ઇનસાફ થઇ શકે એવો કોઇ પણ ગુન્હો કબુલ કરેલી અથવા સાબિત થયેલી હકીકત ઉપરથી તોહોમતવાળાએ કરેલો છે એમ જણાય તે ગુન્હા બાબત તેની ઉપર ૨૪૩ મી અથવા ૨૪૫ મી કલમ પ્રમાણે ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાને કોઇ પણ માજીસ્ટ્રેટ મુખત્યાર છે

૨૪૭ જો સમન ફરિયાદ થયા ઉપરથી કહાડયો હોય અને તોહોમતવાળાને હાજર થવા સારૂ મુકરર કરેલે દિવસે અથવા ત્યાર પછી જે દિવસ સુધી સુનાવણી મુલતવી રાખવામા આવે તે દિવસે ફરિયાદી હાજર ન થાય, તો આ કાયદામાં પાછળ ગમે તે કહ્યુ હોય તે છતા, માજીસ્ટ્રેટે તોહોમતવાળાની ઉપર ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કરવો, પણ કાઇ કારણસારૂ પોતે તે કામની સુનાવણી બીજા કોઈ દિવસ સુધી મુલતવી રાખવાનુ યોગ્ય ધારે તો, તેમ કરવું નહિ

પણ એવુ ઠરાવ્યુ છે કે ફરિયાદી એકાદો સરકારી નોકર હોય અને તેને જાતે હાજર રહેવાની જરૂર ન હોય, તો માજીસ્ટ્રેટ તેને હાજર રેહેવાની ફરજ ન પાડવાને અને તે મુકદમો આગળ ચલાવવાને મુખત્યાર છે

ટીકા—જે દીવસે કેસ મુલતવી રાખ્યો હોય ને જે દીવસ સુનાવણીનો ઠરાવ્યો હોય તે દીવસે ફરીયાદી હાજર ન થાય તો માજીસ્ટ્રેટ ફરીયાદ કાંઢી વાળી શકે છે (બહુ સુદનશા વી હરીદાસ વી હરીદાસ ૨૨ વિ રી ૪૨ સને ૧૮૮૨) પણ ફરીયાદી તેની શક્તિના બાહરના કૃત્યથી હાજર થવાને અટકે જેમકે મોડી રેલ આવે તેવા કેસોમા માજીસ્ટ્રેટે અવસ્ય કેસ બંધ રાખવો જોઇએ (શ્રીમતી ટાકુનીસા વી વાસીલ ૨૪ વિ રી ૬૪)

આ કલમ મુજબ નાસાબીત ઠરાવ્યા પછી તેજ બાબતની ફરીયાદ ફરીથી તાજી કરી શકે નહી (રાણી વી. ભવાનીપ્રસાદ ક વિનો ૧૮૮૫ પા ૪૩) આ કલમ મુજબ કાઢી નાખવામા આવે તોપણ તેનો ઇનસાફ થએલો ગણાય અને તેનું પરીણામ એક બીજા માણસની ફરીયાદ ઉપરથી તેજ ગુન્હા માટે અને તેજ હકીકતોપર તેનો ફરી ઇનમાફ થાય નહી. (સુરીયાં શાસ્ત્રી મ હા કો. પ્રો. તા ૨૭-૩-૮૮) ફરીથી તાજી ન થાય તોપણ આવી લાયક કારણ બતાવેતો તે ફરીથી તાજી થશે. ને તે અરજ જેણે અરજી કાઢી નાંખી હોય તેને કરવી પણ બીજાને નહી (દયારામ મુ હા કો કી રૂ રૂ ૩૧ અગષ્ટ સ ૧૮૭૧) ફરીયાદી એ અરજ કરી કે અનીવાર્ય કારણને લીધે ગેરહાજર હતી આ બાબતની માજીસ્ટ્રેટે તજવીજ કરી ઠરાવ્યુ કે—ફરીયાદણે બતાવેલી હકીકત માજીસ્ટ્રેટે ધ્યાનમા લઇ વધારે વિચાર કરવો જોઇતો હતો (તાજુનિસ્સા ૨૪ વિ. ૬૪.)

૨૪૮ આ બાબ પ્રમાણે કોઇ પણ કામમા છેવટનો હુકમ થતા પહેલા કોઇ પણ વખતે જો કોઈ ફરીયાદી માજીસ્ટ્રેટની એવી ખાત્રી કરી આપે કે પોતાની ફરિયાદ પાછી લઇ લેવાની પોતાને પરવાનગી આપવાના પાકા કારણ છે, તો તે ફરીયાદ પાછી લઇ લેવાની તેને પરવાનગી આપવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે, અને તે ઉપરથી તેણે તોહોમતવાળાની ઉપર ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કરવો.

૨૪૯ ફરિયાદ શિવાય બીજી રીતે માંડેલા કોઇ પણ મુકદમામાં, ગુન્હો નાસાબિત થયાનો અથવા સાબિત થયાનો ફેસલો આપ્યા વગર કોઇ પણ વખતે કામ બધ કરવાને પ્રેસિડેન્સિ માજીસ્ટ્રેટ અથવા પેહેલા વર્ગના માજીસ્ટ્રેટ, અથવા જીલ્લા માજીસ્ટ્રેટની અગાઉથી મજુરી લઇને બીજો કોઇપણ માજીસ્ટ્રેટ મુખત્યાર છે પણ તેમ કરવાના કારણો તેણે દફતરમાં લખવા, અને પછી તોહોમતદારને છોડી મુકવાને તે મુખત્યાર છે

સમનના તથા વારંટના મુકદમામાં નવી ફરિયાદો બાબત

(અ) જો તોહોમતવાળો અથવા તહોમતવાળાઓમાંનો હરકોઇ કાંઇ મુખજુબાની રજુ કરે તો અથવા

(બ) કાયદાના મુદ્દા ઉપર કોર્ટની પરવાનગી મળી હોય તો અથવા

(ક) જ્યારે જે કોઈપણ દસ્તાવેજ પુરવાર કરવાની જરૂર ન હોય તે દસ્તાવેજ તહોમતવાળો શખસ પોતાનો બચાવ શરૂ કર્યા પછી, રજુ કરે ત્યારે કોર્ટની પરવાનગી મળી હોય તો

પણ એવુ ઠરાવ્યુ છે કે રકમ (ક) મા ઉલ્લેખ કરેલ પ્રસગે, તે પ્રત્યુત્તર, કોર્ટ બીજી રીતે પરવાનગી આપે તે શિવાય, એવા રજુ કરેલા દસ્તાવેજ ઉપરની ટીકાને લગતોજ હોવો જોઇએ

(૩) નુકશાનીનો અવેજ આપવા બાબત બીજા અથવા ત્રીજા વર્ગના કોઈ માજીસ્ત્રેટે જે ફરિયાદીને અથવા ખબર આપનારને પેટા કલમ (૨) મુજબ હુકમ ફરમાવ્યો હોય તે અથવા રૂપીયા પચાસ કરતાં વધારેની નુકશાનીનો અવેજ આપવાનુ બીજા કોઇ પણ માજીસ્ટ્રેટે એવી રીતે ફરમાવ્યુ હોય તે ફરીયાદ અથવા ખબર આપનાર ઉપર જાણે સદરહુ માજીસ્ટ્રેટે કરેલો ઇનસાફ ઉપરથી ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય એવી રીતે તેને, સદરહુ હુકમ અવેજ આપવા બાબતના સબધમા હોય તેટલે સુધી એવા હુકમ ઉપર અપીલ કરવાનો અધિકાર છે

(૪) તોહોમતવાળા શખસને નુકશાનીનો અવેજ આપવા બાબત હુકમ જે મુકદમામા કર્યો હોય તે મુકદમામા પેટા કલમ [૩] મુજબ અપીલ કરવાનો અધિકાર હોય, ત્યારે તે અપીલ રજુ કરવા માટે ઠરાવેલી મુદત પુરી થતા પેહેલા, અથવા, અપીલ રજુ કરવામાં આવી હોય તો તેનો નિકાલ થતા પેહેલા, સદરહુ નુકસાનીનો અવેજ તેને આપવો નહિ

અને એવી રીતે અપીલ થઇ શકે નહિ એવી બાબતમા એવો હુકમ કરવામા આવ્યો હોય ત્યારે સદરહુ અવેજની તારીખથી એક મહીનો પુરો થાય તે પહેલા સદરહુ અવેજ આપવો નહીં

ટીકા—તોહોમતવાળાને હાજર કરવા સારૂ પ્રોસેસ કાઢયા શીવાય ફરીયાદ કાઢી નાખી હોય તો નુકશાન અપાવી શકાય નહીં. (બરતાશીગ કર ૫ રે કો રૂ ન ૮ સને ૧૮૯૭ ક ૨૪૮. એવી ખાત્રી થવી જોઇએ કે ફરીયાદ ખોટી અથવા તસદી આપે એવી હતી, સરનામ (ક. વિ નો ૧૮૮૧ પા. ૧૬૭)

બાબ ૨૧ મો.

વારટના મુકદમાઓનો માજીસ્ત્રેટોએ ઇનસાફ કરવા બાબત

૨૫૧ વારટના મુકદમાએનો ઇનસાફ કરતી વખતે માજીસ્ટ્રેટોએ હેઠળ લખેલી રીત પ્રમાણે કામ ચલાવવુ.

૨૫૨. (૧) જ્યારે માજીસ્ટ્રેટની આગળ તોહોમતવાળો હાજર થાય અથવા તેને આણ્યો હોય, ત્યારે તે માજીસ્ટ્રેટે ફરીયાદી (જો હોય તો) જે કહે તે સાભળવુ, અને ફરિયાદનુ કામ ચલાવવાના ટેકામાં જે પુરાવો રજુ કરવામાં આવ્યો હોય તે સઘળો પુરાવો લેવો પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ માજીસ્ટ્રેટ કોર્ટે કરેલી ફરીયાદની બાબતમાં કોઇપણ સખસને ફરિયાદી તરીકે સાંભળવાને બધાયલો નથી.

[૨] જે શખસો તે મુકદમાની હકીકતથી વાકેફ હોય એવો અને ફરિયાદનુ કામ ચલાવનારની તરફથી શાહેદી આપી શકે એવો સભવ હોય તે શખસોના નામ ફરિયાદી પાસેથી અથવા બીજી રીતે માજીસ્ટ્રેટે નક્કી કરી લેવાં, અને તેમાના જે શખસોની પોતે જરૂર ધારે તેઓની ઉપર પોતાની આગળ શાહેદી આપવા સારૂ સમન કરવા

ટીપ—ફરીયાદી જેટલા સાક્ષીઓનાં નામ લે તેટલા સાક્ષીઓને માજીસ્ટ્રેટે બોલાવવા એવી જરૂર નથી, નજરમાં યોગ્ય લાગે તેટલાને બોલાવે (જલધરસીંગ ૨૩ વિ રી ૯) તોહોમતદારને તેના વિરૂદ્ધનો પુરાવો જેમ બને તેમ જલદીથી લઈ લેવરાવવાનો તેને હક છે. ગુન્હાને લગતી તમામ હકીકત જાણ થઈ શકે એવા પુરાવાથી સાબીત કરવાનો ફરિયાદ પક્ષની જરૂર છે.

૨૫૨. [૧] ૨૫૨. મી કલમમા કહેલો સઘળો પુરાવો અને પોતાને જરૂર લાગે એવી તોહોતવાળાની જુબાની (જો હોય તો) લીધા ઉપરથી જો માજીસ્ટ્રેટ એવુ ઠરાવે કે તોહોમતવાળાની વિરૂદ્ધ એવી કાંઈ બાબત સાબિત કરવામા આવી નથી કે જે તોડી પાડવામા ન આવે તો તેની ઉપર ગુન્હો સાબિત થવાનો ઠરાવ કરવાનુ વ્યાજબી થાય તો તે માજીસ્ટ્રેટે તેને છોડી મુકવો.

[૨] જો કાંઇ કરવાનુ કોઈ માજીસ્ટ્રેટની નજરમા એમ આવે કે તોહોમત પાયા વગરનુ છે, તો તે માજીસ્ટ્રેટને મુકદમો ચાલતો હોય ત્યારે અગાઉ કોઇપણ વખતે તોહોમતવાળાને છોડી મુકવામાં અટકાવ થશે એવુ આ કલમ માહેના કોઇપણ મજકુરથી સમજવુ નહિ સદરહુ કારણો તેણે દફતરમા નોધવા જોઇએ.

ટીકા—તોહોમતનામુ ન ઘડયુ હોય ને તોહોમતદારનો બચાવ પુછયા શિવાય માજીસ્ટ્રેટને એમ માલુમ પડે કે ગુન્હો પુરવાર થયો નથી તો તે ફક્ત છોડી મુકી શકે, પણ તોહોમતદાર નિર્દોષ [એકવીટલ] છે, એમ ઠરાવી શકે નહિ છોડી મુકવુ (ડીસ્ચાર્જ) એ નાસાબીત નથી [એકવીટલ] ને જો નવો પુરાવો મળી આવે અથવા એવો કાંઇ હકીકત મળી આવે તો છોડી મુકેલો ગુન્હેગાર તોહોમત માટે ફરી જવાબદાર થઈ શકે છે, [રાણી વી શાબર્ટ શેરીફ ૬ વિ રી 16]

૨૫૪. એવો પુરાવો તથા જુબાની લીધા પછી, અથવા મુકદમો ચાલતો હોય ત્યારે અગાઉ કોઇ પણ વખતે, જો તે માજીસ્ટ્રેટની નજરમા એમ આવે કે આ બાબ પ્રમાણે ઇનસાફ થઇ શકે એવા જે ગુન્હાનો ઇનસાફ કરવાનો પોતાને અધિકાર છે તથા જે બાબત પોતાના મત પ્રમાણે પોતે યોગ્ય શિક્ષા કરી શકશે તેવો કાંઈ ગુન્હો તોહોમતવાળાએ કર્યો છે એવુ અનુમાન કરવાનો સબબ છે તો તે માજીસ્ટ્રેટે તોહોમતવાળાની ઉપર એક તોહોમતનામુ લખીને તૈયાર કરવુ

૨૫૫ [૧] પછી તે તોહોમતનામુ તોહોમતવાળાને વાચી સભળાવવુ તથા સમજાવવુ, અને તેને પુછવુ કે તું તકસીરવાર છે કે તારે કોઇ જવાબ કરવાનો છે

(૨) જો તે તોહોમતવાળો હું તકસીરવાર છુ એવો જવાબ આપે, તો તે જવાબ માજીસ્ટ્રેટે દફતરમાં લખી લેવો, અને તે ઉપરથી પોતાની નજરમા આવે તો તે માજીસ્ટ્રેટ તેની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાને મુખત્યાર છે

" ૨૫૫–અ. જે કોઈ પ્રસંગે અગાઉ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયો હોય તે વિષે કલમ ૨૨૧ ના પેટા કલમ (૭) ના ઠરાવ મુજબ તોહોમત મુકવામા આવ્યુ હોય અને તોહોમતવાળો પોતા ઉપર અગાઉ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયાનું કબુલ કરે નહિ તો, માજીસ્ટ્રેટ, સદરહુ તોહોમતવાળા પર કલમ ૨૫૫ની પેટા કલમ [૨] અથવા કલમ ૨૫૮ મુજબ ગુન્હાની સાબિતીનો ઠરાવ કર્યા પછી, તે કહેવામા આવતા અગાઉ ગુન્હાની સાબિતીના ઠરાવના સબધમા પુરાવો લેવાને મુખત્યાર છે, અને તે ઉપર તેણે પોતાનો નિર્ણય લખવો જોઇયે.

૨૫૬ (૧) જો તે તોહોમતવાળો જવાબ આપવાની ના કહે અથવા જવાબ આપે નહિ અથવા મારો ઇનસાફ થવો જોઇએ એવો દાવો કરે તો ફરિયાદી પક્ષના જે શાહેદોની જબાની લીધી હોય તેમાંના કોઇ પણ શાહેદની ઉલટ તપાસણી કરવાને તે ખુશી છે કે કેમ અને ખુશી હોય તો કયા શાહેદોની ઉલટ તપાસણી કરવાને તે ખુશી છે તે મુકદમો બીજી વખતે સાભળવામા આવે ત્યારે શરૂઆતમા અથવા માજીસ્ટ્રેટને યોગ્ય લાગે તો કારણો (જે લખીને નોધી રાખવાં જોઇએ) જણાવીને એકદમ કહેવાનુ ફરમાવવુ જો તે એમ કહે કે તે પ્રમાણે કરવાની મારી ખુશી છે તો તેણે નામ દીધેલા શાહેદો પાછા બોલાવવા, અને તેમની ઉલટ તપાસણી તથા ફરી તપાસણી (જો હોય તો) કર્યા પછી તેમને છોડી મુકવા. ત્યાર પછી ફરિયાદી

પક્ષના બાકીના શાહેદોની જબાની લેવી, અને તેમની ઉલટ તપાસણી તથા ફરી તપાસણી [જો હોય તો] કર્યા પછી તેમને પણ છોડી મુકવા ત્યાર પછી તોહોમતવાળાને પોતાનો જવાબ કરવાનુ અને પોતાનો પુરાવો રજુ કરવાનુ ફરમાવવુ.

(૨) જો તોહોમતવાળો કાંઇ લખેલો મજકુર આપશે તો તે દફતરમા માજીસ્ત્રેટે ફૈલ કરવો

૨૫૭ [૧] જો તોહોમતવાળો પોતાનો જવાબ કર્યા પછી કોઇપણ શાહેદની તપાસણી અથવા ઉલટ તપાસણી કરવા સારૂ તેને હાજર થવાની જરૂર પાડવા બાબત અથવા કાંઇ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવાની જરૂર પાડવા બાબત કાંઇ પણ પ્રોસેસ કાહાડવાની માજીસ્ત્રેટને અરજી કરે, અને સદરહુ અરજી તસ્દી આપવા સારૂ અથવા વિલંબ કરવા સારૂ અથવા ઇનસાફનો હેતુ પાર ન પડે એમ કરવા સારૂ કરી છે એવું તેને દેખાઇ ન આવે તો માજીસ્ટેટે તે પ્રોસેસ કહાડવુ જોઇયે. તે મમમ માજીસ્ટ્રેટે દફતરમાં લખવો

પરંતુ એવું ઠરાવ્યું છે કે તોહમતનામુ તૈયાર કર્યા પછી તોહોમતવાળાએ કાંઇ પણ શાહદની ઉલટ તપાસણી કરી હશે અથવા ઉલટ તપાસણી કરવાની તેને તક મળી હશે ત્યારે સદરહુ શાહેદની હાજરીની ઇનસાફના કારણસર જરૂર છે એમ માજીસ્ત્રેટની ખાત્રી થાય તે શિવાય આ કલમની રૂએ તેને હાજર રહે-વાની ફરજ પાડવામા આવશે નહિ.

[૨] સદરહુ અરજી પરથી કોઇપણ શાહેદને સમન કરતા પહેલા તે ઇનસાફના સારૂ તે શાહેદને હાજર થવામા જે વાજબી ખરચ થાય તે કોરટમા અનામત મુકવો એવુ ફરમાવવાને માજીસ્ટ્રેટ મુખત્યારછે

૨૫૮ (૧) આ બાબ પ્રમાણે જે મુકદમામા તોહોમતનામુ તૈયાર કર્યું હોય તે મુકદમામાં જો માજી-સ્ત્રેટ એમ ઠરાવે કે તોહોમતવાળો તકસીરવાર નથી તો તેણે ગુન્હા નામાબિત થયાને હુકમ દફતરમા નોંધવો.

(૨) જ્યારે આ બાબ મુજબના કોઇ પણ મુકદમામા સદરહુ માજીસ્ત્રેટ કલમ ૩૪૯ અથવા કલમ ૫૬૨ ના ઠરાવો મુજબ કામ આગળ ચલાવે નહિ ત્યારે તેણે, જો તોહોમતવાળો શખસ ગુન્હેગાર છે એમ તેને જણાય તો તેને કાયદા મુજબ શિક્ષા ફરમાવવી

૨૫૯. જ્યારે ફરિયાદ થયા ઉપરથી કામ ચલાવવામાં આવ્યુ હોય અને મુકદમાની સુનાવણી માટે મુકરર કરેલે કોઈપણ દિવસે ફરિયાદી ગેરહાજર હોય અને ગુન્હો કાયદા પ્રમાણે માંડી વાળવ તો અધિકાર હોય, અથવા કોગ્નીઝેબલ ગુન્હો નહિ હોય તો આ કાયદામા પાછળ ગમે તે કહ્યુ હોય તે છતા, તોહો-મતનામુ તૈયાર કર્યાની અગાઉ કોઇપણ વખતે પોતાની નજરમા આવે તો માજીસ્ટ્રેટ તોહોમતવાળાને છોડી મુકવાને મુખત્યાર છે

બાબ ૨૨ મો.

સંક્ષિપ્ત રીતે ઇનસાફ કરવા બાબત

૨૬૦ [૧] આ કાયદામા ગમે તે કહ્યુ હોય તે છતા

(અ) જીલ્લા માજીસ્ત્રેટ

(બ) પહેલા વર્ગના જે માજીસ્ત્રેટને સ્થાનિક સરકારે આ બાબત વિશેષે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસ્ટ્રેટ અને

(ક) માજીસ્ત્રેટોની જે બેન્ચને પહેલા વર્ગના માજીસ્ટ્રેટનો અધિકાર આપેલો હોય અને જેને સ્થા-નિક સરકારે આ બાબત વિશેષે કરીને અધિકાર આપેલો હોય તે બેંચ

તેને અથવા તેઓને યોગ લાગે તો, હેઠળ લખેલા સઘળા અથવા હરકોઇ ગુન્હાનો ઇનસાફ સંક્ષિપ્ત રીતે કરવાને મુખત્યાર છે—

(અ) જે ગુન્હા મોતની, સમુદ્રપારની, અથવા ૬ મહિના કરતા વત્તી મુદતની કેદની શિક્ષા કરવા લાયક નહિ હોય તેવા ગુન્હા

(બ) હિન્દુસ્તાનના ફોજદારી કાયદાની ૨૬૪ મી, ૨૬૫ મી, અને ૨૬૬ મી કલમ પ્રમાણે કાટલા તથા માપ સબંધી ગુન્હા

(ડ) તેજ કાયદાની ૩૨૪ મી કલમ પ્રમાણે વ્યથા

(ઢ) તેજ કાયદાની ૩૭૯ મી, અથવા ૩૮૦ મી અથવા ૩૮૧ મી કલમ પ્રમાણે ચોરી, ચોરીની મિલકતની કિંમત પચાસ રૂપિયા કરતા વધારે નહિ હોય ત્યારે

(ઇ) તેજ કાયદાની ૪૦૩ જી કલમ પ્રમાણે બદદાનત'ની મિલકતનો ખોટો ઉપયોગ કરેલી મિલકતની કિંમત પચાસ રૂપિયા કરતા વધારે નહિ, હોય ત્યારે,

(ફ) તેજ કાયદાની ૪૧૧ મી કલમ પ્રમાણે ચોરીની મિલકત લેવી અથવા રાખવી સદરહુ મિલકતની કિમત પચાસ રૂપિયા કરતાં વધારે નહિ હોય ત્યારે

(ગ) તેજ કાયદાની ૪૧૪ મી કલમ પ્રમાણે ચોરીની મિલકત સતાડવામા અથવા તેની વ્યવસ્થા કરવામા મદદ કરવી, સદરહુ મિલકતની કિમત પચાસ રૂપિયા કરતા વધારે નહિ હોય ત્યારે

(હ) તેજ કાયદાની ૪૨૭ મી કલમ પ્રમાણે બિગાડ.

(આઇ) તેજ કાયદાની ૪૪૮ મી કલમ પ્રમાણે ગૃહપ્રવેશ, તથા ૪૫૧ મી, ૪૫૬ મી અને ૪૫૭ મી કલમો પ્રમાણેના ગુન્હા,

[જે] કાયદાની ૫૦૪ કલમ પ્રમાણે સુલેહનો ભંગ કરવાના ઇરાદાથી અપમાન કરવુ, અને તેજ કાયદાની ૫૦૬ ઠી કલમ પ્રમાણે સાપરાધ ધમકી,

(કે) ઉપર કહેલા ગુન્હાઓમાના કોઇ પણ ગુન્હામા મદદગારી કરવી.

[લ] ઉપર કહેલા ગુન્હાઓમાંનો કોઇ પણ ગુન્હો કરવાની કોશિસ, તે કોશિસ ગુન્હો હોય ત્યારે,

(મ) સન ૧૮૭૧ ના ઢોરોના અતિક્રમણ બાબતના આકટની ૨૦ મી કલમ પ્રમાણેના ગુન્હા,

પણ એવુ ઠરાવ્યું છે કે જે મુકદમામા કોઇ જીલ્લા માજીસ્ત્રેટ ૩૪ મી કલમમા આપેલા વિશેષ અધિકાર ચલાવતો હોય તેવા કોઇ પણ મુકદમાનો ઇનસાફ સંક્ષિપ્ત રીતે કરવો નહિ.

(૨) સક્ષિપ્ત રીતે ઇનસાફ ચાલતો હોય તે દરમિયાન માજીસ્ટ્રેટને અથવા બેંચને એમ જણાય કે તે મુકદમો એવી રીતનો છે કે સક્ષિપ્ત રીતે ઇનસાફ કરવો એ ઇષ્ટ નથી, ત્યારે તે માજીસ્ટ્રેટે અથવા બેંચે જે શાહેદોની તપાસ થઇ ગઇ હોય એવા કોઇ પણ સાહેદને પાછો બોલાવી આ કાયદામાં ઠરાવલી રીત પ્રમાણે મુકદમાની ફરીથી સુનાવણી કરવા માંડવી જોઇએ,

૨૬૧. માજીસ્ત્રેટોની જે કોઇ બેંચને બીજા અથવા ત્રીજા વર્ગના માજીસ્ત્રેટનો અધિકાર આપેલો હોય તે બેંચને હેઠળ લખેલા સઘળા ગુન્હાઓનો અથવા અથવા તેઓમાંના કોઇ પણ ગુન્હાનો સક્ષિપ્તરીતે ઇનસાફ કરવાનો અધિકાર આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે —

(અ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૭૭ મી, ૨૭૮ મી, ૨૭૯ મી, ૨૮૫ મી, ૨૮૬ મી, ૨૮૯મી, ૨૯૦ મી, ૨૯૧ મી, ૨૯૩ મી, ૨૯૪ મી, ૩૨૩ મી, ૩૩૪ મી, ૩૩૬ મી, ૩૪૧ મી, ૩૫૨ મી, ૪૨૬મી ૪૪૭ મી, તથા ૫૦૪ મી કલમ વિરૂદ્ધ ગુન્હા --

(બ) મ્યુનિસિપલ આકટ વિરૂદ્ધ અને શેહેરનુ જતન કરવા બાબત જે કલમો પોલીસ આકટમા છે તે કલમો વિરૂદ્ધ જે ગુન્હા માટે ફકત દંડની, અથવા એક મહિના કરતા વધારે ન હોય એટલી મુદતસુધીની દંડ સાથે અથવા દંડ વગરની કેદની શિક્ષા થઇ શકે એવા ગુન્હા --

(ક) ઉપર કહેલા ગુન્હાઓમાના કોઇપણ ગુન્હામા મદદગારી કરવી

[ડ] ઉપર કહેલા ગુન્હાઓમાનો કોઇપણ ગુન્હો કરવાની કોશિશ, તે કોશિસ ગુન્હો હોય ત્યારે

૨૬૨. (૧) આ બાબ પ્રમાણે ઇનસાફ કરતી વખતે સમનના મુકદમા માટે ફરમાવેલી રીત પ્રમાણે સમનના મુકદમામા કામ ચલાવવુ, અને વારંટના મુકદમા માટે ફરમાવેલી રીત પ્રમાણે વારંટના મુકદમામા કામ ચલાવવુ પણ આ કાયદામાં આગળ કહેલી બાબતોમા તેમ કરવું નહિ.

આ બાબ પ્રમાણે હરકોઇ ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવામા આવે ત્યારે ત્રણ મહિના કરતાં વધારે મુદતની શિક્ષાનો હુકમ કરવો નહિ.

૨૬૩. જે મુકદમામા અપીલ ચાલતી નહિ હોય તે મુકદમામાં માજીસ્ટ્રેટને અથવા માજીસ્ટ્રેટોની બેંચને શાહેદોનો પુરાવો દફતરમા દાખલ કરવાની અથવા પદ્ધતિ પ્રમાણે તોહોમતનામુ તૈયાર કરવાની જરૂર

નથી, પણ સ્થાનિક સરકાર ફરમાવે એવા નમુનામાં હેઠળ લખેલી વિગત માજીસ્ટ્રેટે અથવા માજીસ્ટ્રેટોની બેંચે દાખલ કરવી—

[અ] અનુક્રમ નંબર,

[બ] ગુન્હો થયાની તારીખ,

[ક] રીપોર્ટની અથવા ફરિયાદની તારીખ.

[ડ] ફરિયાદી હોય તો તેનું નામ.

[ઇ] તોહોમતવાળાનું નામ, તેના બાપનું નામ, નહિ તો માનું નામ, તથા તેનું રહેવાનું ઠેકાણું,

[ફ] જે ગુન્હાની ફરિયાદ થઇ હોય તે ગુન્હો તથા (કાંઇ) ગુન્હો સાબિત થયો હોય તો તે ગુન્હો, અને ૨૬૦ મી કલમની પેટા કલમ (૧) ની રકમ (ડ), રકમ [ઇ] રકમ (ફ) અથવા રકમ [ગ] માં આવે એવી બાબતોમાં જે મિલકતના સબંધમાં ગુન્હો કર્યો હોય તે મિલકતની કિંમત,

[ગ] તોહોમતવાળાનો જવાબ (લીખીત) તથા તેની જબાની જો હોય તો,

[હ] ગુન્હા બાબત ઠરાવ અને ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય તો તેનાં કારણનો મુકતેસરમાં મજકુર,

[આઇ] શિક્ષાનો હુકમ અથવા બીજો આખરનો હુકમ અને

[જ] જે તારીખે કામ પુરૂ થયુ તે તારીખ

૨૬૪ (૧) જે મુકદમાનો ઇનસાફ કોઇ માજીસ્ટ્રેટ અથવા બેંચ સંક્ષિપ્ત રીતે કરે અને જેમાં અપીલ ચાલતી હોય તેવા દરેક મુકદમામાં તે માજીસ્ટ્રેટે અથવા બેંચે શિક્ષાનો હુકમ કરતા પહેલા ફેંસલો દફતરમાં દાખલ કરવો, અને તે ફેંસલામાં સાક્ષી પુરાવાનો સાર દાખલ કરવો, અને ૨૬૧ મી કલમમાં કહેલી વિગત પણ દાખલ કરવી

(૨) ફક્ત સદરહુ પ્રકારનો ફેંસલો આ કલમ લાગુ હોય તેવા મુકદમાઓનું દફતર છે એમ સમજવું,

૨૬૫. (૧) ૨૬૧ મી કલમ પ્રમાણે તૈયાર કરેલા દફતર તથા ૨૬૪ મી કલમ પ્રમાણે દફતરમાં દાખલ કરેલા ફેસના પ્રમુખ અમલદારે અંગ્રેજીમાં અથવા કોરટની ભાષામાં, અથવા અમલદાર જે કોરટના પ્રત્યક્ષ તાબામાં હોય તે કોરટ ફરમાવે તો પોતાની સ્વભાષામાં લખવા

[૨] માજીસ્ટ્રેટોની જે બેંચને ગુન્હાઓનો સંક્ષિપ્ત રીતે ઇનસાફ કરવાનો અધિકાર આપેલો હોય તે બેંચ જે કોરટના પ્રત્યક્ષ તાબામાં હોય તે કોરટે આ બાબત નિમેલા કોઇ અમલદાર પાસે સદરહુ દફતર અથવા ફેંસલો તૈયાર કરાવવાનો અધિકાર તે બેંચને આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે, અને એ પ્રમાણે તૈયાર કરેલાં દફતર ઉપર અથવા ફેંસલા ઉપર તે બેંચના જે મેમ્બર હાજર રહીને કામમાં ભાગ લેતા હોય તેવા દરેક મેમ્બરે સહી કરવી.

(૩) જો એવો અધિકાર આપવામાં ન આવે તો, બેંચના કોઇ મેમ્બરે તૈયાર કરેલુ તથા ઉપર કહ્યા પ્રમાણે સહી કરેલુ દફતર યોગ્ય દફતર થશે

(૪) બેંચમાં મતભેદ થાય, તો ના કબુલ થનારા મેમ્બરને જુદો ફેંસલો લખવાનો અધિકાર છે.

બાબ ૨૩ મો

હાઇકોરટોની આગળ તથા સેશનકોરટોની આગળ ઇનસાફ ચલાવવા બાબત

અ. પ્રથમ નિયમો.

૨૬૬ ૨૭૬ મી તથા ૩૦૭ મી કલમ શિવાય આ બાબમા તથા ૧૮ મા બાબમા "હાઇકોરટ" એ શબ્દોનો અર્થ સન ૧૮૬૧ ના હિંદુસ્તાનના હાઇકોરટો બાબતના આકટ પ્રમાણે ઇનસાફની જે હાઇ કોરટ સ્થાપી હોય અથવા સ્થાપવાની હોય તે હાઇકોરટો એવો સમજવો, અને તેમાં મધ્યપ્રાંતના ઔધના તથા સિંધના જ્યુડીશીયલ કમીશનરની કોર્ટોને તથા પંજાબની ચીફ કોરટનો રંગુનના રેકાર્ડરની કોરટનો

તથા બીજી જે કોરટને ગવર્નર જનરલ ઇનકૌન્સિલ વખતે વખતે ઇંડીયા ગેઝેટ જાહેરનામા પ્રસિદ્ધ કરીને આ બાબના તથા ૧૮ મા બાબના હાઈકોરટો ઠરાવે એવી કોરટોનો સમાવેશ થાય છે

૨૬૭ હાઈકોરટની આગળ આ બાબ પ્રમાણે સઘળા મુકદમાનો ઇનસાફ જ્યુરીથી કરવો,

અને આ કાયદામાં ગમે તે કહ્યું હોય તે છતા, આ કાયદા પ્રમાણે અથવા સન ૧૮૬૧ ના હિંદુસ્તાનના હાઈકોરટો બાબતના આકટ પ્રમાણે સ્થાપેલી કોઇ પણ હાઇકોરટોના લેટર્સ પેટંટ પ્રમાણે કેઇ હાઇકોરટની પાસે મોકલેલા સઘળા ફોજદારી મુકદમામા જો તે હાઇકોરટ ફરમાવે તો ઇનસાફ જ્યુરીથી કરવાનો અધીકાર છે

૨૬૮ સેશનકોરટની આગળ સઘળા મુકદમાઓના ઇનસાફ જ્યુરીથી અથવા આસેસરોની મદદથી કરવા.

૨૬૯. (૧) કોઈ પણ સેશનકોરટની આગળ સઘળા ગુન્હાઓનો અથવા કોઇપણ અમુક વર્ગના ગુન્હાઓનો ઇનસાફ કોઇપણ જીલ્લામાં જ્યુરીથી કરવો એવુ સ્થાનિક સરકાર ગવર્નર જનરલ ઇનકૌન્સિલની પ્રથમ મંજુરી લઇને તથા સરકારી ગેઝીટમાં હુકમ પ્રસિદ્ધ કરીને ફરમાવવાને અને તે હુકમ એવીજ રીતે મંજુરી લઇને રદ કરવાને અથવા તેમા ફેરફાર કરવાને મુખત્યાર છે

(૨) સ્થાનિક સરકાર એવો જ હુકમ કરીને વળી એમ ફરમાવવાને મુખત્યાર છે કે, જે કોઇ પણ ગુન્હાનો ઇનસાફ જ્યુરીથી થવાનો હોય તે જીલ્લાની બાબતમા તેવા ગુન્હાઓનો ઇનસાફ વિશેષ જ્યુરીની ટીપમાંથી સમન કરીને બોલાવેલા જ્યુરરોથી કરવો એમ સદરહુ જડજ પોતાને અરજી કરવામા આવે તે ઉપરથી અથવા પોતાની મેળે હુકમ કરે તો, તેવા ગુન્હાઓનો ઇનસાફ એવી રીતે કરવો, અને સદરહુ સરકાર એવો હુકમ રદ કરવાને અથવા તેમા ફેરફાર કરવાને મુખત્યાર છે.

(૩) જ્યારે કેટલાએક ગુન્હાઓનું તોહોમત, તોહોમતવાળા ઉપર એકજ ઇનસાફની વખતે મુકવામા આવ્યુ હોય અને તેમાના થોડાએક ગુન્હાઓનો ઇનસાફ જ્યુરીથી થઇ શકે અને થોડાએકનો ઇનસાફ જ્યુરીથી ન થઈ શકે એમ હોય તેમનો ઇનસાફ જ્યુરરોનેજ એસેસરો ગણી તેમની મદદથી સેશનકોરટે કરવો

૨૭૦. સેશનકોરટની આગળ જે જે ઇનસાફ થાય તેમાં ફરીયાદનું કામ પબ્લિકપ્રોસિક્યુટરે કરવુ

બ—કામ ચલાવવાની શરૂઆત.

૨૭૧. (૧) જ્યારે ઇનસાફ શરૂ કરવાને કોરટ તૈયાર હોય ત્યારે તેની આગળ તોહોમતવાળાએ હાજર થવુ અથવા તેને આણવો, અને તોહોમતનામુ કોરટમા વાચી સભળાવવુ તથા તેને સમજાવવુ, અને તેને પુછવુ કે જે ગુન્હાનું તહોમત મુકયું છે તેનો તું તકસીરવાર છે કે તારો ઇનસાફ થાય એવો તું દાવો કરે છે.

(૨) જો તોહોમતવાળો એવો જવાબ આપે કે હું તકસીરવાર છુ, તો તે જવાબ દફતરમા દાખલ કરવો અને તે ઉપરથી તે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવો.

૨૭૨. જો તોહોમતવાળો જવાબ આપવાની ના કહે અથવા જવાબ આપે નહિ અથવા મારો ઇનસાફ થવો જોઇયે એવો દાવો કરે, તો કોરટે જ્યુરરો અથવા આસેસરો આ કાયદામાં આગળ કહ્યા પ્રમાણે પસદ કરીને તે મુકદમાનો ઇનસાફ કરવા માડવો

પણ એવુ ઠરાવ્યુ છે કે આ કાયદામા આગળ હરકત લેવાનો જે હક્ક કહ્યો છે તેને અનુસરીને કોરટને યોગ્ય લાગે તેટલા તોહોમતવાળા શખસોનો એક પછી એક એ રીતે ઇનસાફ તેની તેજ જ્યુરી કરી શકે, અથવા તેના તેજ આસેસરો તે ઇનસાફના કામમાં મદદ કરી શકે

૨૭૩ (૧) હાઇકોરટની આગળ ઇનસાફ ચાલે તેમાં જે શખસની ઉપર તોહોમત મુકયુ હોય તે શખસનો ઇનસાફ શરૂ થતાં પહેલા કોઇપણ વખતે તે હાઇકોરટને એમ જણાય કે તોહોમતનામુ અથવા તેનો કોઇ ભાગ સાબિત થઇ શકશે નહિ એ સ્પષ્ટ છે ત્યારે જડજે તે તોહોમતનામા ઉપર તે મતલબની એક નોંધ કરવી

[૨] સદરહુ નોંધનુ ફળ એવુ થશે કે, પ્રસંગ પ્રમાણે તોહમતનામા ઉપરથી અથવા તેના ભાગ ઉપરથી ચલાવવાનું કામ બંધ થશે.

ક—જ્યુરી પસંદ કરવા બાબત.

૨૭૪ (૧) હાઇકોરટની આગળ ઇનસાફ થતી વખતે જ્યુરીમાં નવ માણુસો હોવા જોઇએ.

(૨) સેશનકોરટની આગળ જ્યુરીથી ઇનસાફ થતી વખતે પાચ કરતા ઓછી ન હોય અને નવ કરતાં વત્તી ન હોય એવી જે વિષમ સખ્યા સ્થાનિક સરકાર કોઇ પણ અમુક જીલ્લાને અથવા તે જીલ્લામા કોઇપણ અમુક વર્ગના ગુન્હાઓને લાગુ પડે એવી વખતે વખતે ફરમાવે તે સખ્યા જ્યુરીના માણુસોની હોવી જોઈએ

પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે કોઇપણ તોહમતદારના સબબ ઉપર મોતની શિક્ષાને પાત્ર ગુન્હો કર્યાનુ તોહોમત મુકવામા આવ્યું હોય ત્યારે જ્યુરીમાં ઓછામા ઓછા સાત માણુસો અને બને તો નવ માણુસો હોવા જોઇએ

"૨૭૫ (૧) આ કાયદાના ઠરાવો મુજબ યુરોપિ અથવા હિંદી બ્રિટીશ રૈયત હોવાનું માલમ પડે એવા શખસનો ઇનસાફ હાઇકોર્ટ અથવા સેશન કોર્ટ આગળ જ્યુરીથી કરવામાં આવે ત્યારે, પહેલા જ્યુરરને બોલાવવામા તથા સ્વીકારવામા આવે તે પહેલા, યુરોપિ બ્રિટીશ રૈયતની બાબતમા એવો શખ્સ એમ જણાવે તો, તે જ્યુરીમા અર્ધાધિક યુરોપિયનો અથવા અમેરિકનો હોવા જોઇએ અને હિંદી બ્રિટિશ રૈયતની બાબતમાં, એવો શખસ એમ જણાવે તો તે જુરીમા અર્ધાધિક હિંદીઓ હોવા જોઇએ.

(૨) આ કાયદાના ઠરાવો મુજબ [યુરોપિ બ્રિટિશ રૈયત શિવાયની બીજી] યુરોપિ અથવા અમેરિકન રૈયત હોવાનુ માલમ પડે એવા શખસના એવો કોઇ પણ ઇનસાફ જ્યુરી આગળ કરવામા આવે ત્યારે બની શકે તો અને પહેલો જ્યુરર બોલાવવામા તથા સ્વીકારવામા આવે તે પહેલાં એવો યુરોપિ અથવા અમેરિકન એમ જણાવે તો, તે જ્યુરીમા અર્ધાધિક યુરોપિયનો અથવા અમેરિકનો હોવા જોઇએ"

૨૭૬ જ્યુરરો પસદ કરવા તે જ્યુરર તરીકે કામ કરવા સારૂ સમન કરેલા માણુસો મધ્યેથી કોરટ વખતો વખતે કાનુન કરીને ફરમાવે તેવી રીતે ચિઠ્ઠી કાહાડીને પસંદ કરવા.—

પણ એવુ ઠરાવ્યુ છે કે—

પ્રથમ, આ કલમ પ્રમાણે કાઇપણ કોરટને માટે કાનુનો કહાડવામા આવે, ત્યાંસુધી તે કોરટમા જ્યુરરો પસદ કરવાની બાબતમા જે રીવાજ હાલ ચાલુ હોય તે રીવાજ પ્રમાણે ચાલવુ,

બીજુ, સમન કરેલા માણુસો પુરતા ન હોય, તો બીજા જે માણુસો હાજર હોય તે મધ્યેથી કોરટની રજા લઇને જ્યુરરોની જોઇતી સખ્યા પસદ કરવાનો અધિકાર છે

ત્રીજુ, કોઇપણ હાઇકોર્ટ આગળના ઇન્સાફમા જે શહેરમા એવી હાઇકોર્ટ સાધારણ રીતે ભરાતી હોય તે શહેરમાં,

(અ) તોહોમતવાળા શખસની ઉપર મોતના શિક્ષા કરવા લાયક કોઈ ગુન્હો કર્યાનુ તોહમત મુકયુ હોય તો અથવા

(બ) બીજા કોઈપણ મુકદમામા હાઇકોરટનો કોઇ જડજ એમ ફરમાવે તો,

આ કાયદામા આગળ વિશેષ જ્યુરીની જે ટીપ કહી છે તે ટીપ મધ્યેથી જ્યુરરો પસદ કરવા, અને

ચોથુ, અમુક ગુન્હાઓનો ઇનસાફ વિશેષ જ્યુરીથી કરવાની છુટ છે એમ કોઇપણ જીલ્લા બાબત સ્થાનિક સરકારે ઠરાવ્યુ હોય તે જીલ્લામા, કલમ ૩૨૫ મા કહેલી વિશેષ જ્યુરીની ટીપમાથી જ્યુરરો પસદ કરવા એવુ જડજ જે કોઈપણ મુકદમામાં ફરમાવે તે મુકદમામાં તે પ્રમાણે જ્યુરરો પસદ કરવા જોઇયે.

૨૭૭ (૧) જ્યુરર પસદ કરવામા આવતા જાય તેમ તેમ દરેકનુ નામ મોઢેથી બોલાવવુ અને તે હાજર થાય એટલે તોહોમતવાળાને પુછવુ કે એ જ્યુરરથી તારો ઇનસાફ થાય એમા તને હરકત છે

(૨) તે વખતે તે જ્યુરર બાબત તોહોમતવાળો અથવા ફરિયાદનુ કામ ચલાવનારો હરકત લેવાને મુખત્યાર છે, અને તે હરકતનાં જે કારણ હોય તે કેહેવાં

પણ એવુ ઠરાવ્યુ કે, હાઇકોરટમાં સરકારની તરફથી આઠ સખ્યા સુધી અથવા જે શખસની અથવા શખસોની ઉપર તોહોમત મુકયુ હોય તે શખસની અથવા તે સઘળા શખસોની તરફથી આઠ સખ્યાસુધી કારણો કહ્યા વગર હરકતો થવા દેવી.

૨૭૮ કોઈ જ્યુરર આગત હેઠળ લખેલા કારણોમાંનાં કોઇપણ કારણપરથી હરકત લીધી હોય અને કોરટની ખાત્રી થાય એવી રીતે તે સાબિત થાય તો તે હરકત મંજુર રાખવી,

[અ] તે જ્યુરર અનુમાન પ્રમાણે અથવા ખરેખરો પક્ષપાત છે,

[બ] જાતનું કોઇ કારણ, જેમ કે પરદેશના વતની હોવુ, અથવા કોઇ પણ ચાલુ કાયદાથી અથવા કાયદા પ્રમાણે અમલ થતો હોય એવી કોઇ પણ કાનુનથી ફરમાવેલી યોગ્યતામા ખામી હોવી, અથવા એકવીસ વર્ષની અંદરની વયના અથવા સાઠ વર્ષની વયના હોવુ,

[ક] તેણે પોતાની રીતથી અથવા ધર્મ સબંધી સંકલ્પથી દુનિયાદારીની સઘળી ચીંતા તજી દીધીછે

(ડ) તે કોરટ મધ્યે અથવા તેના હાથ તળે કંઈ હોદો ધારણ કરે છે

(ઇ) તે પોલીસનુ કાંઇ કામ કરે છે અથવા પોલીસનુ કામ તેને સોપેલુ છે,

(ફ) તેની ઉપર કોઇ પણ ગુન્હો સાબિત થયો છે જે પરથી તે કોરટની નજરમાં જ્યુરીમાં કામ કરવાને તે અયોગ્ય થાય,

(ગ) જે ભાષામા શાહેદી અપાતી હોય તે ભાષા, અથવા જ્યારે તે સાહેદી સમજાવાતી હોય ત્યારે જે ભાષામા તે સમજાવાતી હોય તે ભાષા, સમજવાને તે અશક્ત છે.

(હ) બીજી કોઇ હકીકતથી તે કોરટની નજરમા તે જ્યુરર તરીકે નાલાયક થાય તે હકીકત

૨૭૯ (૧) કોઈ જ્યુરર બાબત જે હરકત લેવામા આવે તે દરેક હરકત વિશે કોરટે ઠરાવ કરવો, અને તે ઠરાવ દફતરમા નોધવો અને તે આખરનો છે એવુ સમજવુ

(૨) જો તે હરકત મંજુર કરવામા આવે, તો તે જ્યુરરને ઠેકાણે સમન મુજબ હાજર થયલા અને ૨૭૬ મી કલમથી ઠરાવેલી રીતે પસંદ કરેલા બીજા કોઇ પણ જ્યુરરને નિમવો અથવા તેવો બીજો કોઇ જ્યુરર હાજર ન હોય, તો જેનુ નામ જ્યુરરોની ટીપમા હોય અથવા જે માણસ કોરટની નજરમાં તે જ્યુરીમા કામ કરવાને યોગ્ય જણાય, એવો બીજો જે માણસ કોરટમા હાજર હોય તે માણસને નિમવો, પણ એવુ ઠરાવ્યુ છે કે મઝકુર જ્યુરર અથવા બીજા માણસ બાબત

૨૭૯ મી કલમ પ્રમાણે હરકત લીધી ન હોય અને તે મંજુર રાખી ન હોય તો તેમ કરવુ

૨૮૦ [૧] જ્યારે જ્યુરરોને પસંદ કરવામા આવે, ત્યારે તેમણે પોતાનામાંથી એક જણને અગ્રેસર નિમવો.

(૨) તે અગ્રેસરે જ્યુરીની તકરારોમા ઉપરીપણુ કરવુ, જ્યુરીનો ઠરાવ કોરટને કહી સંભળાવવો, અને જ્યુરીને તેમાના કોઈ પણ જ્યુરરને કાઇ ખબર જોઇતી હોય તે કોરટ પાસેથી પૂછી લેવી.

[૩] જડજને વાજબી લાગે એટલા વખતમા જો જ્યુરીમાંના ઘણા જણ કોઇ અગ્રેસર નિમવામાં એકમત ન થાય, તો તેની નિમણુક કોરટે કરવી.

૨૮૧ જ્યારે અગ્રેસર નિમવામા આવે, ત્યારે સન ૧૮૭૪ ના હિંદુસ્તાનના સમનના આક્ટ પ્રમાણે જ્યુરરોને સમન ખવડાવવા.

૨૮૨. (૧) જ્યુરીથી ઇનસાફનું કામ ચાલતું હોય તે દરમિયાનમાં જ્યુરીનો ઠરાવ કહી સંભળાવતા પેહેલાં કોઈપણ વખતે કાંઇ પુરતા કારણસર કોઇ જ્યુરર તે ઇનસાફનુ કામ પુરૂ થતા સુધી હાજર ન થઇ શકે, અથવા કોઇ જ્યુરર રહે, અને તેને હાજર ન કરી શકાય એવુ હોય, અથવા જે ભાષામા શાહેદી સમજાવાતી હોય ત્યારે જે ભાષામાં તે સમજાવાતી હોય તે ભાષા સમજી શકતો ન હોય એવુ જો દેખાય તો એક નવો જ્યુરર સાહે લેવો, અથવા તે જ્યુરીને રજા આપવી અને નવી જ્યુરી પસંદ કરવી

(૨) મઝકુર પ્રસંગોમાના દરેક પ્રસંગે ઇનસાફ નવેસરથી શરૂ કરવો

૨૮૩. જ્યારે કેદી પાંજરામા રહેવાને અશક્ત થાય, ત્યારે જ્યુરીને રજા આપવાને પણ જડજ મુખત્યાર છે

ડ—આસેસરો પસંદ કરવા બાબત

૨૮૪. જ્યારે ઇનસાફ આસેસરોની મદદથી કરવાનો હોય, ત્યારે આસેસર તરીકે કામ કરવાને સમન કરેલા માણસોમાંથી ઓછામાં ઓછા ત્રણ અને બની શકે તો ચાર માણસો પસંદ કરવા.

"૨૮૪ અ. (૧) આ કાયદાના ઠરાવો મુજબ યુરોપિ અથવા હિંદી બ્રિટિશ રૈયત હોવાનું માલમ

પડે એવા શખ્સનો ઇન્સાફ આસેસરોની મદદથી કરવાનો હોય ત્યારે, યુરોપ અથવા હિંદી બ્રિટિશ રૈયત તહોમતવાળો અથવા યુરોપિ બ્રિટિશ રઇયત તોહોમતવાળા વધારે હોય તે પ્રસંગે, તે સઘળા એકઠા થઇને પહેલા આસેસરને પસંદ કરવામાં આવે તે પહેલાં, એમ જણાવે તો યુરોપિ બ્રિટિશ રયતની બાબતમાં, સઘળા આસેસરો યુરોપિયન અથવા અમેરિકનો હોવા જોઇએ અથવા હિંદી બ્રિટિશ રઇયતની બાબતમાં, સઘળા આસેસરો હિંદીઓ હોવા જોઇએ

યુરોપિયન અને હિંદી બ્રિટિશ રઇયત તથા બીજાઓનો ઇન્સાફ કરવા સારૂ આસેસરો

(૨) આ કાયદાના ઠરાવો મુજબ (યુરોપી બ્રિટિશ રઇયત શિવાયની બીજી) યુરોપિયન અથવા અમેરિકન રઇયત હોવાનું માલમ પડે એવા શખ્સનો ઇન્સાફ કરવાનો હોય ત્યારે, બની શકે તો અને પહેલા આસેસરને પસંદ કરવામાં આવે તે પહેલા એવે યુરોપિયન અથવા અમેરિકન એમ જણાવે તો, સઘળા આસેસરો યુરોપિયન અથવા અમેરિકનો હોવા જોઇએ'

૨૮૫. (૧) આસેસરોની મદદથી કોઇ ઇનસાફનું કામ ચાલતું હોય તે દરમિયાનમાં જે ઠરાવ થતા પહેલાં કોઇ પણ વખતે કાંઇ પુરતા કારણસર કોઇ આસેસર તે ઇનસાફનું કામ પુરૂ થતા સુધી હાજર ન થઇ શકે અથવા ગેરહાજર રહે અને તેને હાજર કરવાનું બની શકે નહિ તો બાકીના આસેસરની અથવા આસેસરોની મદદથી તે ઇનસાફનું કામ ચલાવવું

(૨) જો સઘળા આસેસરો હાજર થતા અટકે અથવા ગેરહાજર રહે, તો કામ ચલાવવાનું બંધ રાખવું, અને નવા આસેસરોની મદદથી તે ઇનસાફનું કામ નવેસરથી ચલાવવું

ડ ડ. એકઠું ઇન્સાફનું કામ.

"૨૮૫-અ જે કોઇ પણ કામમાં એકાદા યુરોપિ અથવા અમેરિકન ઉપર યુરોપિ અથવા અમેરિકન ન હોય એવા શખ્સની સાથે તહોમત મુકવામાં આવ્યું હોય અથવા એકાદા હિંદી બ્રિટિશ રઇયત ઉપર હિંદી ન હોય એવા શખ્સ સાથે તહોમત મુકવામાં આવ્યું હોય અને એવા યુરોપિયનને હિંદી બ્રિટિશ રયતને અથવા અમેરિકનને ઇનસાફના કામ સારૂ સેશન કોર્ટ આગળ કમિટ કરવામાં આવ્યો હોય તે કામમાં તેને તથા એવા બીજા શખ્સના ઇન્સાફનું કામ સાથે ચલાવવું પણ જો તે એમ જણાવે કે કલમ ૨૭૫ અથવા ૨૮૪ અના ઠરાવો મુજબ તેના ઇન્સાફનું કામ ચલાવવું અને એવી રીતે તેના ઇન્સાફનું કામ ચલાવવામાં આવે, અને તહોમતવાળો બીજો શખ્સ એમ જણાવે કે તેના ઇનસાફનું કામ જુદુ ચલાવવું તે, તેવા બીજા શખ્સના ઇનસાફનું કામ આ બાબતના ઠરાવો મુજબ જુદુ ચલાવવું"

ઇ.—ફીરયાદી તરફનો તથા તોહોમતવાળા તરફનો મુકદમો પુરો થતાં સુધી ઇનસાફનું કામ.

૨૮૬ (૧) જ્યુરરો અથવા આસેસરો પસંદ કરવામાં આવ્યા બાદ ફરિયાદનું કામ ચલાવનારે હિંદુસ્તાનના ફોજદારી કાયદામાંથી અથવા બીજા કાયદામાંથી જે ગુન્હાનું તોહોમત મુકયું હોય તે ગુન્હાનું વર્ણન વાંચીને તથા કયા પુરાવા ઉપરથી તે તોહોમતવાળાની તકસીર સાબીત કરવાની આશા રાખે છે તે ટુંકામાં કહી જણાવીને પોતાનો મુકદમો શરૂ કરવો

(૨) પછી ફરિયાદનું કામ ચલાવનારે પોતાના શાહદોને તપાસવા,

૨૮૭ તોહોમતવાળાની જે જબાની કામટ કરનારા માજીસ્ત્રેટે અથવા તેની રૂબરૂ યોગ્ય રીતે દફતરમાં દાખલ કરી હોય, તે જબાની ફરિયાદનું કામ ચલાવનારે રજુ કરવી અને તે પુરાવા દાખલ વાંચવી.

૨૮૮ ૧૬૪ કલમ મુજબ તોહોમતવાળાની સમક્ષ કોઇ શાહેદની જબાની યોગ્ય રીતે દફતરમાં દાખલ કરી હોય તે જબાની પ્રમુખ જડજની નજરમાં આવે અને તેની તપાસ કરવામાં આવે તો તે કામમાં સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના આકટના ઠરાવોને પાત્ર સઘળાં કારણો સારૂ પુરાવા દાખલ ગણવાનો અધિકાર છે

૨૮૯, (૧) ફરિયાદીનું કામ ચલાવનારની તરફના શાહેદોની જબાની અને તોહોમતવાળાની જબાની (જો હોય તો) પુરી થઇ રહે, ત્યારે તોહોમતવાળાને પુછવું કે તારે પુરાવો રજુ કરવો છે કે નહિ.

(૨) તે કહે કે મારે પુરાવો રજુ કરવો નથી, તો ફરિયાદનું કામ ચલાવનારે પોતાની તરફના મુકદમાનો સાર કહી સંભળાવવો અને, જો કોર્ટની નજરમાં એવું આવે કે તોહોમતવાળાએ ગુન્હો કર્યો છે એવો કાંઇ

પુરાવો નથી તો પછી આસેસરોની મદદથી જે કામમાં ઇનસાફ થતો હોય તે કામમા તકસીરવાર નથી એવો ઠરાવ દફતરમા દાખલ કરવાને, અથવા, જે કામમાં જ્યુરીથી ઇનસાફ થતો હોય તે કામમાં તકસીરવાર નથી એવો ઠરાવ કહી સભળાવવાનુ જ્યુરીને ફરમાવવાને કોરટ મુખત્યાર છે

(૩) જો તોહોમતવાળો અથવા કેટલાએક તોહોમતવાળાઓમાનો હરકોઇ તોહોમતવાળો કહે કે મારે પુરાવો રજુ કરવો છે, અને કોર્ટની નજરમા એમ આવે કે તોહોમતવાળાએ ગુન્હો કર્યો છે, એવો કોઇ પુરાવો નથી તો પછી આસેસરોની મદદથી જે કામમા ઇનસાફ થતો હોય તે કામમા તકસીરવાર નથી એવો ઠરાવ દફતરમા દાખલ કરવાને, અથવા જે કામમાં જ્યુરીથી ઇનસાફ થતો હોય તે કામમાં તકસીર-વાર નથી એવો ઠરાવ કહી સભળાવવાનુ જ્યુરીને ફરમાવવાને કોરટ મુખત્યાર છે

(૪) જો તોહોમતવાળો અથવા કેટલાએક તોહોમતવાળાઓમાંનો હરકોઇ તોહોમતવાળો કહે કે મારે પુરાવો રજુ કરવો છે, અને કોરટની નજરમા એમ આવે કે તેણે ગુન્હો કર્યો છે એવો પુરાવો છે, અ-થવા મારે પુરાવો રજુ કરવો નથી એવુ તેના કહેવા ઉપરથી ફરિયાદનું કામ ચલાવનાર પોતાની તરફના મુકદમાનો સાર કહી સભળાવે અને કોરટની નજરમા એમ આવે કે તોહોમતવાળાએ ગુન્હો કર્યો છે એવો પુરાવો છે, તો તોહોમતવાળાને તેનો જવાબ કરવા ફાડવાનુ કોરટે ફરમાવવુ,

૨૯૦. પછી તોહોમતવાળો અથવા તેનો પ્લીડર પોતાની તરફનો મુકદમો શરૂ કરવાને મુખત્યાર છે, અને તેણે તેમા જે હકીકત ઉપર અથવા કાયદા ઉપર આધાર રાખવાનો પાતાનો ઇરાદો હોય તે હકી-કત અથવા કાયદો કહેવો, તથા ફરીયાદનુ કામ ચલાવનારના તરફના પુરાવા ઉપર જે જે ટીકા પોતાને જરૂરના લાગે તે કરવી, પછી તે પોતાના શાહેદો હોય તો તેઓને તપાસવાને મુખત્યાર છે, અને તેઓની ઉલટ તપાસણી તથા ફરી તપાસણી કરવી હોય તો તે કર્યા પછી પોતાની તરફના મુકદમાનો સાર કહી સભળાવવાને મુખત્યાર છે

૨૯૧ જે શાહેદનુ નામ તોહોમતવાળાએ અગાઉ નહિ કહ્યું હો, ને શાહેદ હાજર હોય તો તેની જબાની તોહોમતવાળાને લેવા દેવી પણ જે માજીસ્ત્રેટે તેનો ઇન્સાફ થવા સારૂ તેને કમિટ કર્યો હોય તે માજીસ્ત્રેટને આપેલી ટીપમા જે શાહેદોના નામ લખ્યા હોય તે શિવાય બીજા કોઇ પણ શાહેદને સમન કરીને બોલાવવાનો હક ૨૧૧ મી તથા ૨૩૧ મી કલમમા કહેલા પ્રસગ શિવાય બીજે પ્રસગે નથી

" ૨૯૨. હેઠળ જણાવ્યા પ્રમાણે હોય તો, ફરિયાદનુ કામ ચલાવનારને પ્રત્યુત્તર આપવાનો હક છે એમ સમજવુ એટલે કે –

(અ) જો તહોમતવાળો અથવા તહોમતવાળાઓમાંનો હરકોઇ કોઇ મુખજુબાની રજુ કરે તો; અથવા

(બ) કાયદાના મુદ્દા ઉપર કોર્ટની પરવાનગી મળી હોય તો, અથવા

(ક) જ્યારે કોઇપણ દસ્તાવેજ પુરવાર કરવાની જરૂર ન હોય તે દસ્તાવેજ તહોમતવાળો શખસ પોતાનો બચાવ શરૂ કર્યા પછી, રજુ કરે ત્યારે કોર્ટના પરવાનગી મળી હોય તો,

પણ એવુ ઠરાવ્યુ છે કે રકમ (ક) મા ઉલ્લેખ કરેલ પ્રસગે, તે પ્રત્યુત્તર, કોર્ટ બીજી રીતે પરવાનગી આપે તે શિવાય, એવા રજુ કરેલા દસ્તાવેજ ઉપરની ટીકાને લગતોજ હોવા જોઇએ.'

૨૯૩ [૧] જ્યારે કોરટ એમ ધારે કે જે ગુન્હાનુ તોહોમત મુક્યુ છે તે ગુન્હો જે જગાએ કર્યાનું કેહેવામા આવ્યુ છે તે જગા, અથવા બીજી જે જગાએ ઇનસાફને લગતી મુદ્દાની બીજી કોઇ પણ વાત બન્યાનુ કેહેવામા આવ્યુ છે તે જગા, જ્યુરીએ અથવા આસેસરે એ નજરે જોવી જોઇએ ત્યારે કોરટે તે પ્રમાણે હુકમ કરવો અને કોરટના કોઇ અમલદારના હવાલામાં તે જ્યુરીને અથવા આસેસરોને એકઠા તે જગાએ લઇ જવા અને તે જગા કોરટે નિમેલા કોઇ શખસે તેઓને દેખાડવી.

[૨] તે અમલદારે કોરટની રજા શિવાય બીજા કોઇ પણ શખસને તે જ્યુરીમાંના અથવા આસેસરો-માંના કોઇની જોડે બોલવા અથવા ચીઠી પત્રી વગેરે વડે વ્યવહાર ચલાવવા દેવો નહિ અને કોરટ બીજી રીતે ફરમાવે નહિ તો તે જગા જોવાનુ કામ પુરૂ થઇ રહે એટલે તુરત તેઓને પાછા કોરટમા લઇ જવા,

૨૯૪ કોઇ જ્યુરર અથવા આસેસર સબધ રાખનારી કોઇ લગતી હકીકતથી પોતાની જાતે વાકેફ હોય તો, હું એ વાતથી વાકેફ છુ એવુ જડજને જાહેર કરવાની તેની ફરજ છે, અને પછી બીજા કોઇ શાહેદની માફક જ તેને સમ આપીને તેની તપાસ કે ઉલટ તપાસણી તથા ફરી તપાસણી કરવાના અધિકારછે

૨૯૫ કોઇ ઇનસાફનુ કામ મુલતવી રાખવ મા આવે તો જ્યુરીએ અથવા આસેસરોએ મુલતવી રાખેલી બેઠકે હાજર થવુ અને ઇન્સાફનુ કામ પુરૂ થતા સુધી પછીની દરેક બેઠકે હાજર રહેવુ.

૨૯૬ હાઇકોર્ટની આગળ કોઇ મુકદમાનો ઇનસાફ એક કરતાં વધારે દિવસ સુધી ચાલે તે દરમિયાનમાં જ્યુરીને એકઠી રાખવા બાબત તે હાઇકોર્ટ વખતે વખતે કાનુનો કરવાને મુખત્યાર છે, અને જ્યુરરોને તે કોરટના કોઈ અમલદારના હવાલામાં એકઠા રાખવા કે તેમને તેમને પોતાને ઘેર પાછા જવા દેવા, અને રાખવા તો કેવી રીતે રાખવા તે બાબત પ્રમુખ જડજ સદરહુ કાનુનોને અનુસરીને હુકમ કરવાને મુખત્યાર છે

૬—જે મુકદમાઓનો ઇનસાફ જ્યુરીથી કર્યો હોય તે મુકદમાઓમાં ઇનસાફનો છેડો.

૨૯૭. જે મુકદમાઓનો ઇનસાફ જ્યુરીથી કર્યો હોય તે મુકદમાઓમા તોહોમતનો જવાબ દેવાનું કામ પુરૂ થઈ રહે અને ફરિયાદનુ કામ ચલાવનારને પ્રત્યુત્તર આપવો હોય તો તે પ્રત્યુત્તર આપે એટલે કોરટે જ્યુરીને આદેશ આપવા માડવા, તેમા ફરિયાદનુ કામ ચલાવનારની તરફના તથા તોહોમતવાળાની તરફના શાહેદી પુરાવાનો સાર કહી સભળાવવો અને જે કાયદા પ્રમાણે જ્યુરીએ ચાલવુ તે કાયદો કહેવો

૨૯૮. (૧) સદરહુ મુકદમાઓમાં જડજનુ કામ હેઠળ લખ્યા પ્રમાણે છે

[અ] કાયદાની જે તકરારો ઇનસાફ ચાલતી વખતે નિકળે તે સઘળી તકરારોનો, અને વિશેષે કરીને જે હકીકતો સાબિત કરવાનો વિચાર હોય તે હકીકતોના લાગુપણા બાબત, તથા કાઇ પણ પુરાવો દાખલ થઇ શકે કે નહિ તે બાબત અથવા પક્ષકારોએ અથવા તેમની તરફથી પૂછેલા સવાલોની યોગ્યતા બાબત સઘળી તકરારોનો ફેસલો કરવો, અને પોતાની નજરમા આવે તો, દાખલ ન થઇ શકે એવો પુરાવો રજુ થતો અટકાવવો. પછી તે પુરાવા બાબત પક્ષકારોએ હરકત લીધી હોય કે ન હોય તો પણ.

[બ] ઇનસાફની વખતે પુરાવામા આપેલા સઘળા દસ્તાવેજોના અર્થ તથા અન્વય બાબત ફેસલો કરવો.

[ક] મુકરર બાબતના પુરાવો અપાય એટલા માટે હકીકતની જે બાબતો સાબિત કરવાની જરૂર હોય તે સઘળી બાબતોનો ફેસલો કરવો

[ડ] કાઇ તકરાર નીકળે તેનો નિકાલ પોતે કરવો કે જ્યુરીએ કરવો તે બાબત ફેસલો કરવો અને એ બાબત તેનો ફેસલો જ્યુરરોને બંધક છે

[૨] શાહેદી પુરાવાનો સાર કહી સભળાવતી વખતે પોતાની નજરમા યોગ્ય જણાય તો હકીકતની કાઇ તકરાર અથવા કાયદાની અને હકીકતની એ બેઉની ભેગી કાઇ તકરાર તે કામને લગતી હોય તે બાબત પોતાનો અભિપ્રાય જ્યુરીને જણાવવાને મુખત્યાર છે

દૃષ્ટાંતો—[અ] જે શખસ તે કામમા શાહેદ ન હોય તે શખશે કાંઇ મજકુર કહ્યો હોય તે મજકુરનો પુરાવો જે હકીકત ઉપરથી દાખલ થઇ શકે તે હકીકત સાબિત થઇ છે એ સબબ પરથી તે મજકુર સાબિત કરવાનો વિચાર છે.

તેવી હકીકત હતી એવુ સાબિત થયુ છે કે નહિ તેનો નિશ્ચય કરવો એ જડજનૂ કામ છે જ્યુરીનુ કામ નથી

[બ] જે અસલ દસ્તાવેજ ખોવાઇ ગયાનુ અથવા જેનો નાશ થઇ ગયાનુ કહેવુ હોય તે દસ્તાવેજનો ઉપપુરાવો આપવાનો વિચાર છે તે અસલ દસ્તાવેજ ખોવાઇ ગયલો છે કે નહિ અથવા તેનો નાશ થઇ ગયો છે કે નહિ તેનો નિશ્ચય કરવો એ જડજનું કામ છે

૨૯૯. જ્યુરીનુ કામ હેઠળ લખ્યા પ્રમાણે છે ——

[અ] મુકદમાની હકીકતોના કઇ બાજુ ખરી છે તે નક્કી કરવુ અને પછી તે બાજુને આધારે જે ઠરાવ જડજના આદેશ પ્રમાણે કહી સભળાવવા જોઇએ તે ઠરાવ કહી સભળાવવો

(બ) (કાયદાના શબ્દો સિવાય બીજા) જે પારિભાષિક શબ્દોનો તથા જે શબ્દોનો અર્થ અસાધારણ અર્થમા કર્યો હોય તથા તે નક્કી કરવાની જરૂર હોય તે સઘળાનો અર્થ નક્કી કરવા પછી તે શબ્દો દસ્તાવેજમા આવ્યા હોય કે નહિ તોપણ,

જે તકરારોને કાયદા પ્રમાણે હકીકતની તકરારો ગણવી જોઈએ તે સઘળી તકરારોનો ફેસલો કરવો,

[ડ] સામાન્ય બોલવામા વાક્યો હોય તે અમુક પ્રસંગને લાગુ છે કે તેનો ફેસલો કરવો, પણ તે વાક્યોનો સબંધ કાયદા પ્રમાણે કામ ચલાવવાની રીત સાથે હોય અથવા તેઓનો અર્થ કાયદાથી નક્કી કર્યો હોય તો એ બેઉ પ્રસંગે તેઓનો અર્થ ઠરાવવો એ જડજનુ કામ છે. જ્યુરીનું કામ નથી.

દૃષ્ટાંતો—[અ] ક ના ખુન બાબત ખ નો ઈન્સાફ થાય છે

ખુનમા અને શિક્ષાપાત્ર મનુષ્ય વધમાં જે ફેર છે તે જ્યુરીને સમજાવવો અને હકીકતોની કઈ સમજ પ્રમાણે ખની ઉપર ખુનનો અથવા શિક્ષાપાત્ર મનુષ્ય વધનો ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવો, અથવા કઈ સમજ પ્રમાણે ખ એ ગુન્હો કર્યો નથી એનો ઠરાવ કરવો એ તેઓને કહેવું, એ જડજનુ કામ છે

હકીકતોની કઈ સમજ ખરી છે એનો નિશ્ચય કરવો અને જડજનો આદેશ ખરો અથવા ખોટો હોય અને તે પ્રમાણેજ પોતાનુ મત હોય કે નહિ તોપણ તે આદેશ પ્રમાણે પોતાનો ઠરાવ કહી સંભળાવવો એ જ્યુરીનુ કામ છે

[બ] તકરાર એવી છે કે કોઈ અમુક બાબત ઉપર કોઈ શખસે વાજબી મત ધારણ કરેલો કે નહિ—કામ ઘટિત હુંશીયારીથી અથવા બરાબર મેહેનત કરીને કરેલુ કે નહિ

આમાની દરેક તકરારનો નિશ્ચય કરવો એ જ્યુરીનુ કામ છે

૩૦૦ જે મુકદમાઓનો ઇનસાફ જ્યુરીથી થતો હોય તે મુકદમાઓમા જડજે પોતાનો આદેશ પુરો કર્યા પછી જ્યુરી પોતાના ઠરાવ બાબત વિચાર કરવાને એકાંતમા જવાને મુખત્યાર છે.

કોરટની રજા વગર જ્યુરર શિવાય બીજા કોઈ શખશે સદરહુ જ્યુરીના કોઈ પણ મેમ્બરની જોડે બોલવુ નહિ અથવા ચિઠ્ઠી પત્રો વગેરે વડે વ્યવહાર ચલાવવો નહિ.

૩૦૧ જ્યારે જ્યુરી પોતાના ઠરાવ બાબત વિચાર કરી રહે ત્યારે તેમનો જે ઠરાવ હોય તે અથવા તેમાના અર્ધાધિકનો જે ઠરાવ હોય તે જ્યુરીના અગ્રેસરે જડજને જણાવવા.

૩૦૨ જ્યુરીના સઘળા માણસો એક મત ન હોય, તો વધારે વિચાર કરવા સારૂ એકાંતમા જવાનુ તે જ્યુરીને ફરમાવવાને જડજ મુખત્યાર છે જડજ યોગ્ય ધારે તેટલી મુદત પછી જ્યુરીના સઘળા માણસો એક મત ન હોય તોપણ તે જ્યુરી પોતાનો ઠરાવ કહી સંભળાવવાને મુખત્યાર છે

૩૦૩ (૧) કોરટે બીજી રીતે હુકમ કર્યો ન હોય, તો જે તોહોમતો ઉપરથી તોહોમતવાળાનો ઈન્સાફ કર્યો હોય તે સઘળા તોહોમતો બાબત જ્યુરીએ પોતાનો ઠરાવ કહી સંભળાવવો, અને તેમનો ઠરાવ શો છે તેનો નિશ્ચય કરવા સારૂ જે સવાલો પૂછવાની જરૂર હોય તે સવાલો તેઓને પુછવાને જડજ મુખત્યાર છે

(૨) સદરહુ સવાલો તથા તેમના જવાબો દફતરમાં દાખલ કરવા

૩૦૪ જ્યારે અકસ્માતથી અથવા ભુલથી ખોટો ઠરાવ કહી સંભળાવ્યો હોય, ત્યારે તે દફતરમા દાખલ કરતા પહેલાં અથવા દાખલ કર્યા પછી તરત તે ઠરાવમા સુધારો કરવાને જ્યુરી મુખત્યાર છે, અને આખરે સુધાર્યા પ્રમાણે તે ઠરાવ થયો જોઈએ

૩૦૫. (૧) જ્યારે હાઈકોરટની આગળ જે મુકદમાનો ઇનસાફ કર્યો હોય તે મુકદમામાં જ્યુરીના સઘળા માણસો એકમત હોય અથવા જ્યારે તેમાના છ જણ એકમત હોય અને જડજ તેમની સાથે મળતો આવે, ત્યારે જડજે સદરહુ મત પ્રમાણે ફેસલો આપવો

(૨) જ્યારે સદરહુ પ્રકારના કોઈ પણ મુકદમામા જ્યુરીની ખાત્રી થાય કે અમે એકમત થઈશું નહિ, પણ તેમાના છ જણ એકમત હોય, ત્યારે અગ્રેસરે જડજને તે મુજબ ખબર આપવી

(૩) જો જ્યુરીમાંના અર્ધાધિક સાથે જડજ મળતો ન આવે, તો તેણે જ્યુરીને એકદમ રજા આપવી

(૪) જ્યુરીમાના નિદાન છ જણ એકમત ન હોય તો, પોતાને યોગ્ય લાગે એટલો વખત વિત્યા પછી જડજે જ્યુરીને રજા આપવી.

૩૦૬. (૧) જે મુકદમાનો ઇન્સાફ સેશન કોરટની આગળ કર્યો હોય તે મુકદમામા જ્યુરરોનો અથવા જ્યુરરોમાના અર્ધાધિકનો ઠરાવ નાકબુલ કરવાની જરૂર નથી એમ જડજને લાગે ત્યારે તેણે તે ઠરાવ મુજબ ફેસલો આપવો.

(૨) તોહોમતવાળો બીનતકસીરવાર ઠરે, તો જડજે તેની ઉપર ગુન્હો નાસાબિત થયાનો ફેસલો દરેક દફતરમા દાખલ કરવો તોહોમતવાળો તકસીરવાર ઠરે, તો જડજે ૫૬૨ મી કલમના ઠરાવ મુજબ પોતે કામ ચલાવે તે સિવાય તે પ્રસંગે હુકમ કરવો

૩૦૭. (૧) સદરહુ પ્રકારના કોઈપણ મુકદમામા જે જે તોહોમત ઉપરથી કોઈપણ તોહોમતવાળા

શખસનો ઇનસાફ કર્યો હોય તે સઘળા અથવા કોઈપણ તોહોમત બાબત જ્યુરરોના ઠરાવથી અથવા જ્યુરરોમાંના અર્ધાધિકોના ઠરાવથી જડજ જુદો પડે અને ઇનસાફની મતલબ પાર પાડવા સારૂ એવા તોહોમતવાળા શખસ સબંધી મુકદમો હાઈકોરટમાં મોકલવાની જરૂર છે એમ તેને સ્પષ્ટપણે લાગે તો તે મુજબ તે મુકદમો તેણે હાઈકોર્ટમાં મોકલવો, અને પોતાના મતનાં કારણ લખવાં, અને જ્યારે જ્યુરીનો ઠરાવ ગુન્હો ના સાબિત થવાનો હોય, ત્યારે જે ગુન્હો થયેલો પોતાને લાગે તે ગુન્હો જણાવવો.

અને એવી બાબતમાં જો તોહોમતવાળા ઉપર વધુમાં ૩૧૦ મી કલમના ઠરાવો મુજબ તહોમત મુકવામા આવ્યુ હોય તો જાણે તેના પર થયેલો એવો ઠરાવ ગુન્હાની સાબીતીનો ઠરાવ હોય તેમ તેણે એવા તહોમત પર તેનો ઇન્સાફ કરવાનુ શરૂ કરવુ.

(૨) આ કલમ પ્રમાણે જડજ કોઇ મુકદમો મોકલે ત્યારે જે તોહોમતો ઉપરથી સદરહુ તોહોમતવાળાનો ઇનસાફ કર્યો હોય તેમાના કોઇપણ તોહોમત બાબત તેણે ગુન્હો નાસાબિત થયાનો અથવા સાબિત થયાનો ફેસલો દફતરમાં દાખલ કરવો નહિ પણ સદરહુ તોહોમતવાળાને પાછો પેહેરામા મોકલવાને અથવા તેના જામીન લેવાને તે મુખત્યાર છે

(૩) અપીલમા હાઈકોરટ જે અખત્યાર ચલાવી શકે તેમાનો હરકોઇ અખત્યાર આવી રીતે મોકલેલા મુકદમાની તજવીજ કરતી વખતે ચલાવવાને તે કોરટ મુખત્યાર છે, અને સદરહુ અધિકારને અનુસરીને તથા સઘળા પુરાવાનો વિચાર કર્યા પછી અને સેશન જડજના તથા જ્યુરીના મતને યોગ્ય વજન આપ્યા પછી, જે તોહોમતનામું તૈયાર કરીને પોતાની આગળ રજુ કર્યું હોય, તે તોહોમતનામા ઉપરથી જે ગુન્હો તહોમતદાર ઉપર જ્યુરી ઠરાવી શકત તેવો કોઇપણ ગુન્હો સદરહુ તોહોમતવાળાની ઉપર નાસાબિત થયાનો અથવા સાબિત થયાનો ઠરાવ કરવો જોઈએ, અને જો તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરે, તો સેશન કોરટ જે શિક્ષાનો હુકમ કરી શકત તેવી શિક્ષાનો હુકમ કરવાને તે મુખત્યાર છે

ગ.—જ્યુરીને રજા આપ્યા પછી તોહોમતવાળાનો ફરીથી ઈનસાફ કરવા બાબત,

૩૦૮. જ્યારે જ્યુરીને રજા આપવામાં આવે ત્યારે તોહોમતવાળાને (પ્રસગ પ્રમાણે) પેહેરામાં અટકાવી રાખવો અથવા જામીન ઉપર છોડવે, અને બીજી કોઈ જ્યુરીથી તેનો ઇનસાફ કરવો, પણ જો જડજની નજરમા એમ આવે કે તોહોમતવાળાનો ફરીથી ઇનસાફ નહિ કરવો જોઇએ, તો તે પ્રસગે જડજે તોહોમતનામાની ઉપર તે મતલબની નોધ કરવી, અને તે નોધનું ફળ ગુન્હો નાસાબિત થયાના ઠરાવ જેવુ થશે

ઘ.—આસેસરોની મદદથી ઇનસાફ કરવાના મુકદમામાં ઇનસાફનો છેડો.

૩૦૯. (૧) જે મુકદમાનો ઇનસાફ આસેસરોની મદદથી કર્યો હોય તે મુકદમામાં જ્યારે તોહોમતનો જવાબ દેવાનું કામ પુરૂ થઇ રહે અને ફરિયાદનુ કામ ચલાવનારને પ્રત્યુત્તર આપવો હોય તો તે આપે એટલે, કોર્ટ ફરિયાદનુ કામ ચલાવનારની તરફના અને તોહોમતવાળાની તરફના શાહેદીપુરાવાનો સાર કહી સભળાવવાને મુખત્યાર છે અને પછી કોરટે દરેક આસેસરને જે ગુન્હાના તહોમત બાબત તહોમતવાળા ઉપર ઇન્સાફનુ કામ ચાલતુ હેય તે સઘળા ગુન્હાના તહોમતો ઉપરનો તેનો મત મોહોડેથી કહેવાનું ફરમાવવુ અને તે મત દફતરમા દાખલ કરવો અને તે કારણો સારૂ આસેસરોનુ શુ મત છે તે નક્કી કરવાને જરૂર ના હોય એવા સવાલો પૂછવાને તે મુખત્યાર છે એવા સઘળા સવાલો તથા તેમના જવાબ દફતરમાં દાખલ કરવા જોઇએ

[૨] પછી જડજે ફેસલો આપવો, પણ તેમ કરવામા તે આસેસરોના મત પ્રમાણે ચાલવાને બધાએલો નથી

(૩) જો તોહોમતવાળા ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થાય, તો જડજે ૫૬૨ મી કલમના ઠરાવો મુજબ તે નામ અનાવે તે શિવાયને પ્રસગે તેની ઉપર કાયદા મુજબ શિક્ષાનો હુકમ કરવો

આઇ.—અગાઉ ગુન્હાની સાબિતીના ઠરાવ થયો હોય તે પ્રસંગે કામ ચલાવવાની રીત.

૩૧૦ જ્યુરીથી અથવા આસેસરોની મદદથી ઇન્સાફ કરવામા આવે તેમાં જ્યારે તોહોમતવાળાની ઉપર ગુન્હાનુ તોહોમત મુકયુ હોય અને વળી એવુ તોહોમત મુકયુ હોય કે તેના ઉપર અગાઉ ગુન્હાની

સાબિતીનો ઠરાવ થયાને લીધે તેવા પછીના ગુન્હા માટે તે વધારેલી શિક્ષાને અથવા બીજી જાતની શિક્ષાને પાત્ર છે ત્યારે, આ બાબના અગાડીના ઠરાવોમાં આપેલી કામ ચલાવવાની રીતમાં હેઠળ મુજબ ફેરફાર કરવો, એટલે કે:—

[અ] (૧) પછીના ગુન્હાની સાબિતિનો ઠરાવ થયો હોય નહિ, અથવા

(૨) પાછળના ગુન્હાના તોહોમતના સબંધમાં જ્યુરીએ પોતાનો ઠરાવ કહ્યો હોય નહિ અથવા આ-સેસરોનો મત દફતરે દાખલ કરવામા આવ્યો હોય નહિ તો અને તેમ કરવામા આવે નહિ ત્યાં સુધી, એવુ વધારાનું તોહોમત કોર્ટમાં વાંચી સંભળાવવુ નહિ અને તે તોહોમતવાળાને તેના સબંધમા જવાબ આપવાનુ કહેવુ નહિ, અથવા તે ફરિયાદી તરફથી જણાવવુ નહિ અથવા તેના સંબધમા કાંઇપણ પુરાવો રજુ કરવો નહિ

(બ) આસેસરોની મદદથી કોઇપણ ઇનસાફ કરવામાં આવે ત્યારે, કોર્ટ, પોતાની મરજીમાં આવે ત્યારે, કોર્ટ, પોતાની મરજીમા આવે તો, અગાઉ ગુન્હાની સાબિતીના ઠરાવના તોહોમત ઉપર તોહોમત વાળાનો ઇનસાફ કરવાનુ ચાલુ કરવાને અથવા બધ રાખવાને મુખત્યાર છે

૩૧૧. ઉપલી છેલ્લી કલમમાં ગમે તે ઠરાવ થયા હોય તોપણ પછવાડેના ગુન્હાનો ઇનસાફ કરતી વખતે અગાઉ કોઇ ગુન્હાની સાબિતીના ઠરાવનો પુરાવો, એવા અગાઉના ગુન્હાની સાબિતીના ઠરાવની હકીકત સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના કાયદાના ઠરાવ પ્રમાણે લગતી હોય તો આપવાનો અધિકાર છે.

૩૧૨. સ્પેશિયલ જ્યુરરોની ટીપમા એકી વખતે કેટલા શખસોનાં નામ નોધવા તે ઠરાવવાને હાઇ કોર્ટ મુખત્યાર છે

જે,—હાઇકોરટ સારૂ જ્યુરરોની ટીપ તથા તે કોરટ સારૂ જ્યુરરોને સમન કરવા બાબત,

૩૧૩. (૧) દરેક વર્ષમા એપ્રિલ મહીનની પહેલી તારીખની અગાઉ અને હાઇકોર્ટ વખતે વખતે ફરમાવે તેવી કાનુનોને અનુસરીને કલર્ક ઓફ ધી ક્રૌને

(અ) કોમન જ્યુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા સઘળા શખસોની ટીપ તૈયાર કરવી, અને

(બ) ફકત સ્પેશિયલ જ્યુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા શખસોની ટીપ તૈયાર કરવી,

(૨) આ બીજી ટીપ તૈયાર કરવામાં, જે શખસોનાં નામ તેમા નોંધવામા આવે તે શખસોની મિલકત આબરૂ તથા કેળવણી ઉપર નજર રાખવી.

[૩] કોઇ શખસનુ નામ કોઇ અગાઉના વર્ષની સ્પેશિયલ જ્યુરરોની ટીપમાં દાખલ કરેલું હતું તેટ-લાજ સબબપરથી તે શખસનુ નામ સ્પેશિયલ જ્યુરરોની ટીપમા દાખલ કરાવવાનો તેને હક થશે નહિ.

(૪) કલકત્તાની હાઇકોરટની બાબતમા ગવર્નર જનરલ ઇન કૌન્સિલ, અને બીજી બાબતમા સ્થાનિક, કોઇપણ પગારવાળા સરકારી અમલદાર જ્યુરર દાખલ કામ કરવાને મુખત્યાર છે

[૫] ઉપર કહેલી કાનુનોને અનુસરીને સદરહુ ટીપ પોતાને વાજબી જણાય તેવી રીતે તૈયાર કરવાની કલાર્ક ઓફ ધી ક્રૌનને પુરતી મુખત્યારી છે એવુ સમજવુ, અને તેના ઉપર કાંઇ અપીલ ચાલશે નહિ અથવા તે ઠરાવની તપાસ થશે નહિ

૩૧૪. [૧] કોમન જ્યુરર દાખલ અને સ્પેશિયલ જ્યુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા શખ-સોની પ્રારંભની ટીપો ઉપર કલાર્ક ઓફ ધી ક્રાને સહી કરવી, અને તે તઇયાર થાય ત્યાર પછીના એપ્રિલ મહિનાની ૧૬ મી તારીખ પેહેલાં એક વખત સ્થાનિક સરકારી ગેઝીટમાં તે ટીપો પ્રસિદ્ધ કરવી

(૨) કોમન જ્યુરર દાખલ તથા સ્પેશિયલ જ્યુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા શખસોની સુધારેલી ટીપો ઉપર સદરહુ મુજબ સહી કરીને તે તઇયાર થાય ત્યાર પછીના મે મહિનાની પેહેલી તારીખ પહેલાં એક વખત સ્થાનિક સરકારી ગેઝીટમાં તે ટીપો પ્રસીદ્ધ કરવી

(૩) સદરહુ ટીપોની નકલો કોરટના મકાનના કોઇ પ્રસીદ્ધ ભાગ ઉપર ચોહોડવી

૩૧૫. (૧) સદરહુ સુધારેલી ટીપોમાં જે શખસોના નામ નોધ્યાં હોય તે શખસોમાથી જેઓ અનુ-

કમે સ્પેશીઅલ જ્યુરીઓમાં કહ્યાં છે કે ધી કાઉન્સને જરૂર જણાય તેટલા શખસોને અથવા કોમન જ્યુરીઓમા કામ કરવાને પાત્ર હોય તેઓમાના જે શહેરમા હમેશ હાઇકોર્ટ સાધારણ રીતે ભરાતી હોય તે શહેરમા સેસન માટે સમન કરવા.

(૨) કોઇ શખસને છ મહિનામા એક કરતા વધારે વાર તેના વગર સંખ્યા પુરી થઇ શકતી ન હોય તો એ પ્રમાણે સમન કરવો નહિ

(૩) કોઇ પણ સેશન ચાલતી હોય તે દરમિયાનમાં જો એમ જણાય કે સદરહુ પ્રમાણે સમન કરેલા શખસોની સંખ્યા પુરતી નથી, તો ઉપર કહ્યા મુજબ કામ કરવાને પાત્ર હોય એવા બીજા શખસોની જેટલી સંખ્યાની જરૂર હોય તેટલી સંખ્યાને સદરહુ સેશન માટે સમન કરવા

૩૧૬. જ્યારે કોઇ હાઇકોરટે પોતાની અમલ ફોજદારી હકુમત ચલાવવા સારૂ જે શહેરમાં એવી હાઇકોર્ટ સાધારણ રીતે ભરાતી હોય તે શહેરની બહાર કોઇ પણ જગાએ બેઠા કરવાના પોતાના ઈરાદાની નોટીસ આપી હોય, ત્યારે તે હાઇકોરટ કાંઇ પણ હુકમ કરે તેને અનુસરીને, સદરહુ જગાની સેશન કોરટે પોતાની આગળ જ્યુરરોને સમન કરવા બાબત આ કાયદામા આગળ ફરમાવેલી રીતે પોતાની ટીપમાથી જ્યુરરોની પુરતી સંખ્યાને સમન કરવી.

૩૧૭ (૧) એ પ્રમાણે જ્યુરર દાખલ સમન કરેલા શખસો ઉપરાંત જો સદરહુ સેશન કોરટને જરૂર લાગે તો મલિકામાઆઝમાના લશ્કરમાના જે સનદી તથા વગર સનંદી અમલદારો પોતાની બેડકની જગાથી દસ માઇલની અંદર રહેતા હોય તે અમલદારોની જેટલી સંખ્યા ઉપર કહ્યા મુજબ હાઇકોરટની આગળ જે શખસોની ઉપર ગુન્હાના તોહોમત મુકયા હોય તે શખસોનો ઇનસાફ કરવા સારૂ જોઇતી જ્યુરીઓ પુરી કરવાને પોતે જરૂરની ધારે તેટલી સંખ્યાને તે સેશન કોરટે, કમાંડીંગ અમલદારને લખી જણાવ્યા પછી, સમન કરાવવી.

(૨) એ પ્રમાણે સમન કરેલા સઘળા અમલદારો, આ કાયદામાં ગમે તે કહ્યું હોય તે છતાં, સદરહુ જ્યુરીઓમા કામ કરવાને પાત્ર થશે, પણ સદરહુ પ્રકારના જે અમલદારને તેનો કમાંડીંગ અમલદાર તાકીદના લશ્કરી કામના સબબથી અથવા બીજા કોઇપણ વિશેષ લશ્કરી કારણસારૂ માફ કરાવવા માગતો હોય તે અમલદારને સમન કરવો નહિ.

૩૧૮. ૩૧૫ મી, ૩૧૬ મી અથવા ૩૧૭ મી કલમ પ્રમાણે સમન કરેલો જે શખસ કાયદેસર કારણ વગર તે સમનથી ફરમાવ્યા મુજબ હાજર થવાને ચુકે, અથવા હાજર થઇને જડજની રજા લીધાવગર જતો રહે અથવા કોરટે કામ મુલતવી રાખીને પછી હાજર થવાનો હુકમ કર્યો હોય તે વખતે હાજર થવાને ચુકે, તે શખસે તિરસ્કારનો ગુન્હો કર્યો છે એવું સમજવું અને જડજને યોગ્ય લાગે એટલો દંડ તેના હુકમથી આપવાને તે શખસ પાત્ર થશે અને સદરહુ દંડ આપવામાં કસુર થાય તો તે આપે ત્યાં સુધી દિવાની તુરંગમા વધારેમા વધારે છ મહીનાની મુદત સુધી કેદને પાત્ર થશે

પરંતુ એવું ઠરાવ્યું છે કે કોરટની નજરમા આવે તો આ પ્રમાણે કરેલો કોઇપણ દંડ અથવા કેદ માફ કરવાનો તેને અધિકાર છે

કે—સેશન કોરટ સારૂ જ્યુરરોની તથા આસેસરોની ટીપ. અને તે કોરટ સારૂ જ્યુરરોને તથા આસેસરોને સમન કરવા બાબત

૩૧૯. હેઠળ કહ્યું છે તે સિવાય કરીને એકવીસથી તે સાઠ વરસની ઉમ્મર સુધીના સઘળા મરદો જે જીલ્લામા તેઓ રહેતા હોય તે જીલ્લાની અંદર, અથવા સ્થાનિક સરકારે સ્થાનિક હકીકતનો વિચાર કરીને આ બાબતમા બીજો કોઇપણ તેનાથી નાનો પ્રદેશ મુકરર કર્યો હોય તો તે પ્રમાણે મુકરર કરેલા પ્રદેશની અંદર જે ઈનસાફ કરવામા આવે તેમા જ્યુરરો અથવા આસેસરો દાખલ કામ કરવાને પાત્ર છે એવું સમજવું.

૩૨૦. હેઠળ લખેલા શખસોને જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાની જવાબદારીમાંથી માફી છે એટલે—

[અ] જીલ્લા માજીસ્ટ્રેટથી ઉંચા દરજ્જાના જે અમલદારો સિવિલ ખાતામાં ચાકરીએ હોય તે અમલદારો,

[બ] પધારવાળા જડજો,

[ક] રેવન્યુ અથવા કસ્ટમના કમિશનરો તથા કલેક્ટરો,

(ડ) પોલીસ અમલદારો તથા કસ્ટમ ખાતામા પ્રિવેનટિવ સર્વિસમા કામે લાગેલા શખશો,

(ઇ) મેહેસુલની વસુલાતના કામમા લાગેલ જે શખસોને તેઓના હોદાના કામના સબબથી માફ કરવાનું કલેકટર યોગ્ય ધારે તે શખસો,

(ફે) જે શખસો પોતપોતાના ધર્મમા ખરેખર ઉપાધ્યાય અથવા ઉપદેશકનું કામ કરતા હોય તે શખસો,

(ગ) મ. વકામાઆઝમના લશ્કરમાના શખસો, પણ જ્યારે વિદ્યમાનકાળે અમલમાં હોય એવા કોઇ કાયદાથી તેઓને જ્યુરર અથવા, આસેસર દાખલ કામ કરવાને વિશેષે કરીને પાત્ર કર્યાં હોય તે શિવાય કરીને

(ઍ) સર્જન તથા બીજા જે શખસો ખુલ્લી રીતે તથા હમેશ વૈદનો ધંધો કરતા હોય તે શખસો,

(આઇ) સન ૧૮૭૯ ના કાયદાનો ધંધો ચલાવનારા બાબતના આકટમાં વ્યાખ્યા કર્યા પ્રમાણે કાયદાનો ખરેખર ધંધો ચલાવનારા,

(જે) જે શખસો પોસ્ટ ઓફીસમા તથા તાર ખાતાઓમાં નોકર હોય તે શખશો.

(કે) દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૬૪૦ મી તથા ૬૪૧ મી કલમના ઠરાવો પ્રમાણે જે શખસોને કોરટમા જાતે હાજર થવાનું માફ કર્યું હોય તે શખશો,

(લ) બીજા જે શખસોને જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાની જવાબદારીમાથી સ્થાનિક સરકારે માફી આપી હોય તે શખસો,

૩૨૧ (૧) જે શખસો જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાને પાત્ર હોય, અને જેઓ સેસન જડજના તથા જીલ્લાના કલેકટરના અથવા બીજા જે અમલદારને સ્થાનિક સરકાર આ બાબત નીમે તે અમલદારના વિચાર પ્રમાણે જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાને યોગ્ય હોય, અને જેઓની વિરૂદ્ધ ૨૭૮ મી કલમની ગ થી ઇ સુધીની [એ બન્ને સુદ્ધા] રકમો મુજબ સફળ થાય એવી રીતે હરકત લેવાનુ સંભવતુ ન હોય તે શખસોની ફકરાવાર એક ટીપ સેશન જડજે તથા કલેકટરે અથવા ઉપર કહ્યા મુજબ બીજા અમલદારે તૈયાર કરવી

(૨) ટીપમા સદરહુ પ્રકારના દરેક શખસનુ નામ, રેહવાનું ઠેકાણુ અને તે કોણ છે તે અથવા તેનો ધંધો શો છે તે લખવુ, અને જો તે શખસ યુરોપિયન અથવા અમેરીકન હોય, તો તેની કોમ તે ટીપમાં લખવી

૩૨૨. સદરહુ ટીપની નકલો કલેકટરની અથવા ઉપર કહેલા બીજા અમલદારની ઓફિસમાં તથા જીલ્લા માજીસ્ત્રેટની કોરટના તથા જીલ્લા કોરટના મકાનોમા ચોડાવી તથા જે શહેર અથવા શેહેરોમા અથવા જે જે શહેર અથવા શહેરોની પાસે તે ટીપમા કહેલા શખસો રહેતા હોય તે શહેર અથવા શહેરોમાંની કોઇ પ્રસિદ્ધ જગામા તે ટીપમાના ઇન્તખાબ ચોડવા

૩૨૩. તેની દરેક નકલ નીચે અથવા તેવા દરેક ઇન્તખાબ નીચે એક નોટીસ જોડવી એવી રીતે કે એ ટીપ બાબત જે હરકતો કરવામા આવશે તે, સેશનકોરટના મકાનમા ફલાણી વખતે સેશનજડજ તથા કલેકટર અથવા ઉપર લખેલા બીજો અમલદાર સાભળીને તેનો ફેસલો કરશે, અને તે વખત નોટીસમાં લખવો.

૩૨૪. (૧) સદરહુ હરકતો સાભળવા માટે સેસનજડજે, કલેકટર અથવા ઉપર કહેલા બીજા અમલદારની સાથે બેસવુ, અને તે નોટીસમા લખેલી વખતે તથા જગાએ, તે ટીપ તપાસવી અને તે સુધારવામાં જેઓનું લાગતું વળગતું હોય તેવા શખસોની હરકતો (જો હોય તો) સાંભળવી, અને પોતાની નજરમાં જે શખસ જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાને યોગ્ય ન જણાય તેવા શખસનું નામ અથવા જે શખસ ૨૨૦ મી કલમ ઉપરથી આપેલી માફી ઉપર પોતાનો હક સાબિત કરે તેવા શખસનું નામ કહાડી નાંખવુ, અને તે ટીપ મધ્યે જે શખસનુ નામ લખ્યુ નહિ હોય પણ જેને તે કામસારૂ પોતે યોગ્ય સમજે તે શખસનુ નામ તેમાં દાખલ કરવુ

(૨) સેશનજડજનુ અને કલેકટરનુ અથવા ઉપર લખેલા બીજા અમલદારનુ મત જુદુ પડે તો જે શખસને જ્યુરર અથવા આસેસર કરવાનો વિચાર હોય તેનુ નામ ટીપમાથી કહાડી નાખવુ

(૩) તે તપાસેલી ટીપની એક નકલ ઉપર સેશનજડજે તથા કલેકટરે અથવા ઉપર લખેલા બીજા અમલદારે સહી કરવી અને સેશનકોરટને તે નકલ મોકલવી.

(૪) તે ટીપ તયાર કરવામાં તથા તપાસવામાં સદરહુ સેશનજડજે તથા કલેકટરે અથવા ઉપર લખેલા બીજા અમલદારે કાંઇપણ હુકમ કર્યો હોય તે આખરનો છે એવુ સમજવુ.

(૫) આ કલમ મુજબ માફીનો દાવો કર્યો નહિ હોય તો તે ટીપ પાછી તપાસવામાં આવે ત્યા સુધી તે માફી હક છોડી દીધો છે એમ સમજવુ

(૬) એ પ્રમાણે તયાર કરેલી તથા તપાસેલી ટીપ દરવરસે એકવાર ફરી તપાસવી

(૭) એ પ્રમાણે તપાસેલી ટીપને નવી ટીપ ગણવી, અને અસલ તયાર કરેલી ટીપ બાબત આ કાયદામાં પાછળ કહેલી સઘળી કાનુનો તેને લાગુ પડશે,

૩૨૫. જે કોઇપણ જીલ્લા બદલ સ્થાનિક સરકારે એમ ઠરાવ્યુ કે અમુક ગુન્હાઓનો ઇનસાફ, જડજ ફરમાવે તો, વિશેષ જ્યુરીથી કરવો, તે જીલ્લાની બાબતમા, સેશન જડજે અને તે જીલ્લાના કલેકટરે અથવા સદરહુ બીજા અમલદારે આમા અગાઉ કહેલી તપાસેલી ટીપ સિવાય વળી એવી તપાસેલી ટીપમા જે જ્યુરરોનાં નામો દાખલ કર્યા હોય અને જેઓ મિલકતની, ચાલ ચલણની અથવા કેળવણીની બાબતમા વિશેષ લાયકી ધરાવવાના કારણથી સદરહુ સેશનજડજના અને કલેકટરના અથવા સદરહુ બીજા અમલદારના અભિપ્રાય પ્રમાણે વિશેષ જ્યુરરો તરીકે કામ કરવાને યોગ્ય હોય તેવા જ્યુરરોના નામ દાખલ કરીને એક વિશેષ ટીપ તૈયાર કરવી જોઇએ, પણ હમેશાને માટે એવુ ઠરાવવામા આવે છે કે એવી વિશેષ ટીપમા કોઈ પણ માણસનુ નામ દાખલ કર્યાને લીધે તપાસેલી ટીપમાથી તેનુ નામ કહાડવાનુ થશે નહિ, તેમજ વિશેષ જ્યુરીથી ઇનસાફ ન થયેલા મુકદમામા સાધારણ જ્યુરર દાખલ કામ કરવાની તેની પાત્રતામાથી તે મુક્ત થાય છે એમ સમજવુ નહિ

૩૨૬. [૧] સેશન ભરવા સારૂ વખતે વખતે જે દિવસ સેશનજડજ ઠરાવે તે દિવસથી ઘણું કરીને ઓછામાં ઓછા સાત દિવસ પહેલા સેશનજડજે જીલ્લા માજીસ્ટ્રેટને પત્ર મોકલવો અને તેમા લખવું કે તે સેશનમાં જ્યુરીથી જે કામોના ઇનસાફ થવાનો હોય તથા આસેસરોની મદદથી જે કામોનો ઇનસાફ થવાનો હોય તે કામોના ઇનસાફને સારૂ જેટલાનો ખપ સેશનજડજને જણાય તેટલા સદરહુ તપાસેલી ટીપ મધ્યે અથવા સદરહુ વિશેષ ટીપ મધ્યે લખેલા શખસોને સમન કરવા, તેવા હરકોઇ કામના ઇનસાફને સારૂ જેટલા શખશોનો ખપ હોય તેના બમણા કરતા ઓછાને સમન કરવા નહિ,

"કોઇપણ તહોમતવાળો શખસ એકાદો યુરોપિયન અથવા અમેરિકન હોય ત્યારે, ઇન્સાફના કામ માટે જ્યુરરો અથવા આસેસરો પસંદ કરવા સારૂ જેટલા જોઇએ તેટલા યુરોપિયનો અથવા અમેરિકનોનો તેમા સમાસ કરવો, "

(૨) જે શખસોને સમન કરવા હોય તેઓના નામ ખુલ્લી કોરટમા ચીઠ્ઠીથી કહાડવા, અને જે શખસોએ છ મહિના મધ્યે કામ કર્યું હોય તે શખસોને બાતલ કરવા, પણ જોઇતી સખ્યા તેમના વગર પુરી ન થાય તો તેમને બાતલ કરવા નહિ, અને એ પ્રમાણે કહાડેલા નામ સદરહુ પત્રમાં વિશેષે કરીને જણાવવા

(૩) જ્યારે તહોમતવાળો શખસ એમ જણાવે અને કલમ ૨૭૫ ના ઠરાવો મુજબ તેના ઇન્સાફનું કામ ચલાવવાનો તેને હક હોય ત્યારે પ્રસગ પ્રમાણે, યુરોપિયનોની અથવા યુરોપિયનો તથા અમેરિકનોના અથવા હિંદીઓની યોગ્ય સખ્યાનો જ્યુરી બને નહી ત્યાસુધી, જ્યુરી બનાવવા સારૂ બોલાવેલા સઘળા જ્યુરરોમાથી કલમ ૨૭૬ થી અથવા તે મુજબ ઠરાવેલી રીતે ચીઠી કાઢીને પસંદ કરવા.

પણ એવુ ઠરાવ્યું છે કે જે કોઇપણ કામમા યુરોપિયનો અથવા અમેરિકનોની યોગ્ય સખ્યા બીજી રીતે મળી શકે એમ ન હોય તે કામમા, કોર્ટ, જ્યુરી બનાવવા સારૂ પોતાની મુનસફીમા આવે તો, કલમ ૩૨૦ મુજબ તેને માફી આપી હોય તે સબબથી સદરહુ ટીપમાથી બાતલ કરેલા કોઈ પણ શખસને સમન કરવાને મુખત્યાર છે.

(૪) જ્યારે પેટા-કલમ (૩)ના વિગેષે ઠરાવ મુજબ, કોર્ટ મલિક મુઆઝમના લશ્કરના કોઇપણ શખસને જ્યુરર તરીકે સમન કરવાનું જણાવે ત્યારે કલમ ૩૧૭ ના ઠરાવો, કલમ ૩૧૬ અન્વયેના ઇન્સા

ફના કામ માટે લશ્કરી જ્યુરરોને સમન કરવાના કારણો સારૂ તે લાગુ પડે છે તેવીજ રીતે લાગુ પડશે એમ સમજવુ "

૩૨૭ સેશન્કોરટની આગળ એટલાં બધા કામનો ઈનસાફ થવાનો હોય કે એકજ વરસના જ્યુરરોનો અથવા આસેસરોને એક આખી સેશન સુધી રાખવા એ જુલમ ભરેલુ થાયે, અથવા બીજા કારણોને લીધે તેમ કરવાની જરૂર જણાય, ત્યારે ૩૨૬ મી કલમમા કહેલા વખત સિવાય બીજે વખતે જ્યુરરોને અથવા આસેસરોને સમન કરવાનુ ફરમાવવાને તે સેશન કોરટ મુખત્યાર છે

ટીકા—મુંબાઇ હાઇકોરટે સરકયુલર બુકમાં જણાવ્યું છે કે આસેસરો તથા જ્યુરરોની મહત્તા લોકોના વિચારમા જળવાઈ રહે અને તેમના કામથી તેમને જેમ બને તેમ કટાળો ન ઉપજે એમ ધારવું એ ઘણુ વાસ્તવીક છે કોઇપણ આસેસરને જરૂર કર્તા વધારે વાર વાર સમન કરવા નહી જ્યારે આસેસરો કે જ્યુરરોને સમન કરવામા આવે ત્યારે તેઓના ઉપર રીવાજ તથા નિયમ પ્રમાણે નોટીસ મોકલવી અને તેઓની મહત્તા રહે એવી રીતે તથા માનથી તેઓની સાથે વર્તવું જ્યારે કોર્ટની રૂબરૂ તેઓની હાજરીની જરૂર હોય ત્યારે તેમને માટે બેસવાની જગા આપવી

૩૨૮. જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાને સમન કરેલો કોઇ પણ શખસ સરકારની અથવા કોઇ રેલવે કંપનીની ચાકરીમા હોય, અને જે ઓફીસમા તે નોકર હોય તે ઓફીસના ઉપરીએ જાહેર કરવા ઉપરથી એમ જણાય કે લોકોને અડચણ થયા વગર તે શખસથી પ્રસંગ પ્રમાણે, જ્યુરર અથવા આસેસરનુ કામ થઈ શકશે નહિ તો જે કોરટમા કામ કરવા સારૂ તે શખસને એ પ્રમાણે સમન કર્યો હોય તે કોરટ તે શખસને હાજર થવાનુ માફ કરવાને મુખત્યાર છે

૩૩૦, (૧) યોગ્ય કારણસર કોઇ પણ જ્યુરરને અથવા આસેસરને કોઇ પણ અમુક સેશનમા હાજર થવાનું માફ કરવાને સેશન કોરટ મુખત્યાર છે

(૨) વિશેષ જ્યુરરની મદદથી કરેલો કોઇપણ ઈનસાફ પુરો થાય ત્યારે, સેશન કોરટ પોતાને વાજબી જણાય તો, જે જ્યુરરોએ એવી જ્યુરીમાં કામ કીધુ હોય તેઓને બાર મહીના સુધી જ્યુરરો તરીકે ફરી નહિ બોલાવવાનો હુકમ કરવાને મુખત્યાર છે

૩૩૧ (૧) દરેક સેશને તે સેશનમા જ્યુરર અથવા આસેસર દાખલ જે શખસો હાજર થયા હોય તેઓનાં નામની ટીપ સદરહુ કોરટે તૈયાર કરાવવી.

(૨) ૩૨૪ મી કલમ પ્રમાણે તપાસેલી જ્યુરરોની તથા આસેસરોની ટીપની સાથે સદરહુ ટીપ રાખવી.

(૩) આ કલમ પ્રમાણે તૈયાર કરેલી ટીપમા જે નામો લખેલાં હોય તેમાનાં દરેક નામ વિશેષનો સદરહુ તપાસેલી ટીપના હાંસીઆમા હવાલો આપવો

૩૩૨. (૧) જ્યુરર અથવા આસેસર દાખલ હાજર થવાને સમન કરેલો જે શખસ કાયદેસર કારણ વગર, સમનમા ફરમાવ્યા મુજબ હાજર થવાને ચુકે, અથવા હાજર થઇને કોરટની રજા લીધા વગર જતો રહે, અથવા કોરટ કામ મુલતવી રાખીને પછી હાજર થવાનો હુકમ કર્યો હોય તે વખતે હાજર થવાને ચુકે, તે શખસ, સેશનકોરટના હુકમથી સો રૂપિયા સુધીના દંડને પાત્ર થશે

સદરહુ જ્યુરરની અથવા આસેસરથી કાંઈ પણ જંગમ મિલકત તે હુકમ કરનારી કોરટની હકુમતની સ્થાનિક હદ માંહે હોય તે મિલકત જપ્ત કરીને તથા વેચીને જીલ્લા માજીસ્ટ્રેટે સદરહુ દંડ વસુલ કરવો.

(૩) સારૂ કારણ બતાવવામાં આવે, તો આ પ્રમાણે કરેલો કોઇ પણ દંડ માફ કરવાનો અથવા કમી કરવાનો, તે કોરટને અધિકાર છે

(૪) સદરહુ જપ્તિ તથા વેચાણથી જો તે દંડ વસુલ ન થાય તો સદરહુ જ્યુરરને અથવા આસેસરને સેશન કોરટના હુકમથી પંદર દિવસની મુદત સુધી દિવાની તુરંગમા કેદ કરવાનો અધિકાર છે, પણ જો સદરહુ મુદત પુરી થતાં પહેલાં તે દંડ આપવામા આવે તો તેને તરત છોડી મુકવો

લ —હાઇકોરટો બાબત વિશેષ ઠરાવો.

૩૩૩. આ કાયદા પ્રમાણે કોઇ હાઇકોરટની આગળ કોઇ પણ કામનો ઇનસાફ થાય ત્યારે જ્યુરીનો ઠરાવ કહી સંભળાવવામા આવે તેની અગાઉ કોઇ પણ વખતે આડવોકેટ જનરલને યોગ્ય લાગે તો

મલિકામાઝમના તરફથી કોરટને એમ જાહેર કરવાને તે મુખત્યાર છે કે તોહોમતવાળાની ઉપર મુકેલા તોહોમત બાબત હુ ફરિયાદનુ કામ આગળ ચલાવીશ નહિ અને તે ઉપરથી સદરહુ તોહોમત બાબત તોહોમતવાળાની ઉપર સઘળુ કામ ચલાવવાનુ બંધ કરવુ, અને તને તે તોહોમત બાબત અને તેમાથી છોડી મુકવો પણ પ્રમુખ જડજ બીજી રીતે નહિ ફરમાવે તો એ પ્રમાણે છોડી મુકવાની વાત ગુન્હો નાસાબીત થવાના ઠરાવની બરાબર છે એમ સમજવુ નહિ

૩૩૪. દરેક હાઇકોર્ટે પોતાની અસલ ફોજદારી હકુમત ચલાવવા સારૂ તે કોરટનો ચીફ જસ્ટીસ વખતે વખતે ઠરાવે એવે દિવસે તથા એવે અંતરે બેઠકો ભરવો

૩૩૫ (૧) હાઇકોરટે પોતાની બેઠકો જે જગાએ તે હાલ કરતી હોય તે જગાએ અથવા કલકત્તાની હાઇ કોરટની બાબતમા ગવરનર જનરલ ઇન કૌન્સિલ અને બીજી હાઇકોરટોની બાબતમા સ્થાનિક સરકાર ફરમાવે તેવી બીજી [જો હોય તો] જગાએ કરવી

(૨) પણ કલકત્તાની હાઇકોરટ ગવરનર જનરલ ઇનકૌન્સિલની સંમતિથી અને બીજી સઘળી હાઇકોરટો સ્થાનિક સરકારની સંમતિથી, પોતાની અપીલેટ ક્ષેત્રની હદમાહેની બીજી જે જગાઓ પોતે મુકરર કરે તે જગાએ વખતે વખતે બેઠકો કરવાને મુખત્યાર છે

(૩) જે અમલદારને ચીફ જસ્ટીસ ફરમાવે તે અમલદારે હાઇકોરટની અસલ ફોજદારી હકુમત ચલાવવા સારૂ જે બેઠકો કરવાનો વિચાર હોય તે સઘળી બેઠકોની નોટીસ અગાઉથી સ્થાનિક સરકારી ગેઝેટમા આપવી

૩૩૬ આ કલમ રદ થઈ છે

બાબ ૨૪ મો.

ચોકસી તથા ઇનસાફ બાબત સામાન્ય ઠરાવો

૩૩૭ " (૧) જે ગુન્હાનો ઇનસાફ હાઇકોર્ટથીજ અથવા સેશન કોર્ટથીજ થઇ શકે તેવા કોઇપણ ગુન્હાની બાબતમા, અથવા દશ વર્ષ સુધીની કેદની શિક્ષા કરી શકાય એવા કોઇપણ ગુન્હાની બાબતમાં, અથવા હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ મુજબ સાત વર્ષ સુધીની કેદની શિક્ષા કરી શકાય એવા કોઇપણ ગુન્હાની બાબતમા અથવા હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૧૬-અ, ૩૬૯, ૪૦૧, ૪૩૫ અને ૪૭૭-અ કલમોમાંની કોઇપણ કલમ મુજબના ગુન્હાની બાબતમા જિલ્લા માજીસ્ટ્રેટ, પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ, સબ-ડિવિઝનલ માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો કોઇપણ માજીસ્ટ્રેટ, સદરહુ ગુન્હાની તપાસ અથવા ચોકસી અથવા ઇનસાફના કામમા કોઇપણ વખતે, તે ગુન્હામા ફસાયેલો શખશ અથવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સામેલ છે અથવા તે બાબત જાણીતો છે એમ ધારવામા આવતું હોય તે શખસની શાહેદી લેવાના હેતુથી તેને તે ગુન્હા સબંધી તથા બીજા જે શખસો તે ગુન્હો કરવામાં મુખ્ય અથવા મદદગાર તરીકે સામીલ હોય તે દરેક શખસ સબંધી જે જે કેફીયત તેના જાણવામા હોય તે સઘળી કેફીયત પુરેપુરી તથા ખરેખરી તેણે જાહેર કરવી એવા શરતથી માફી આપવાનુ વચન આપવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે તે ગુન્હાની ચોકસીનુ અથવા ઇન્સાફનુ કામ ચાલતું હોય ત્યારે, જીલ્લા માજીસ્ટ્રેટ શિવાયના બીજા પહેલા વર્ગના કોઇપણ માજીસ્ટ્રેટ, પોતે ચોકસીનું અથવા ઇન્સાફનુ કામ ચલાવનાર માજીસ્ટ્રેટ હોય તે શિવાય આ ઉપરથી આપેલા અધિકાર ચલાવવા નહી અને જ્યારે તે ગુન્હાના તપાસનુ કામ ચાલતું હોય ત્યારે, એવા કોઇપણ માજીસ્ટ્રેટે પોતે જે જગામા તે ગુન્હાની ચોકસીનુ તથા ઇન્સાફનું કામ ચલાવી શકાય તે જગાપર હકુમત ચલાવતો માજીસ્ટ્રેટ હોય અને સદરહુ અધિકારો ચલાવવા સારૂ જીલ્લા માજીસ્ટ્રેટની મંજુરી મેળવી હોય તે શિવાય, તે અધિકારો ચલાવવા નહિ.

(૧-અ) જે માજીસ્ટ્રેટ પેટા કલમ (૧) મુજબ માફી આપવાનુ વચન આપે તે દરેક માજીસ્ટ્રેટે તેમ કરવાના પોતાના કારણો નોંધવા અને તોહોમતવાળો શખસ અરજ કરે એટલે, એવી નોંધની નકલ તેને તેણે પુરી પાડવી,

પણ એવુ ઠરાવ્યુ છે કે માજીસ્ત્રેટ કાંઈ ખાસ કારણોને લઈને તેને તે મફત પુરી પાડવાનું યોગ્ય ધારે તે શિવાય તે તોહોમતવાળા શખસે તેને માટે પૈસા આપવા પડશે, "

(૨) આ કલમ પ્રમાણે માફી આપવા માડી હોય તે કબુલ કરનારા દરેક શખસની તે ગુન્હાની તપાસ કરનાર માજીસ્ત્રેટની કોર્ટમાં અને ત્યાર પછી કાંઇ ઇન્સાફનુ કામ હોય તો તેમા સાહેદ દાખલ જુબાની લેવી

(૨–અ) જે દરેક મુકદમામાં કોઇ શખસે આપવા માડેલી માફી કબુલ રાખી હોય અને પેટા-કલમ (૨) મુજબ જુબાની લેવામા આવી હોય તે દરેક મુકદમામા જે માજીસ્ત્રેટની આગળ કામ ચાલતું હોય તે માજીસ્ત્રેટની એવી ખાતરી થાય કે તોહોમતવાળો કોઇ ગુન્હા માટે તકસીરવાન છે એમ માનવાને વાજબી કારણો છે તો તેણે તેને પ્રસગ પ્રમાણે, સેશનકોર્ટમાં અથવા હાઇકોર્ટમા ઇનસાફ થવા સારૂ કમિટ કરવો,

(૩) સદરહુ શખસને તે અગાઉથીજ જામીન ઉપર ન હોય તો તે ઇનસાફનુ કામ પુરૂ થાય નહી ત્યાં સુધી તેને પેહેરામા અટકાવી રાખવો.

૩૩૮, મુકદમો કમિટ થયા પછી પણ ફેંસલો કરતા પહેલા ગમે તે વખતે, જે કોરટમાં મુકદમો કમિટ કર્યો હોય તે કોરટ સદરહુ પ્રકારના કોઇપણ ગુન્હામા ફલાણો શખસ પોતે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સામિલ છે અથવા તે તે બાબત જાણીતો છે, એમ ધારવામાં આવતુ હોય તે શખસની શાહેદી ઇનસાફની વખતે લેવાના હેતુથી તે શખસને તેજ શરતથી માફીનુ વચન આપવાને અથવા કમિટ કરનારા માજીસ્ત્રેટે તેજ શરતે તેવા સખસને માફીનુ વચન આપવુ એવુ ફરમાવવાને મુખત્યાર છે

૩૩૯, (૧) જ્યારે ૩૩૭ મી અથવા ૩૩૮ મી કલમ પ્રમાણે માફીનુ વચન આપ્યું હોય, અને પબ્લિક પ્રોસીક્યુટર એવો દાખલો આપે કે તેના મત પ્રમાણે જે શખસે સદરહુ માફીનું વચન કબુલ કર્યું હોય તે શખસ જાણી જોઇને કાંઈ મુદ્દાની વાત છુપાવીને અથવા ખોટી શાહેદી આપીને જે શરતથી સદરહુ માફી આપેલી તે શરત પ્રમાણે ચાલ્યો નહિ હોય, ત્યારે જે ગુન્હા બાબત તે માફીનુ વચન એ પ્રમાણે આપેલુ હોય તે ગુન્હા માટે અથવા તેજ બાબતના સબધમાં બીજા જે ગુન્હાનો એવો સખસ તકસીરવાર થયેલો જણાય તે ગુન્હા માટે તેનો ઇનસાફ કરવાનો અધીકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે એવા શખસનો, કોઇ બીજા તોહોમતવાળાની સાથેજ ઇનસાફ કરવો નહિ. અને જે શરતોએ તેને એવી માફીનુ વચન આપ્યુ હતું તે શરતો તેણે પાળી છે એવુ કારણ એવા ઇન-સાફ વખતે બતાવવાનો તેને હક્ક છે, અને એમ કરવામા આવે તે પ્રસગે, એવી શરતો પાળવામાં આવી નથી તે સાબિત કરવાનુ કામ ફરિયાદીનું છે,

(૨) જે શખસે માફીનુ વચન કબુલ કર્યું હોય તે શખસે જે મજકુર કર્યો હોય તે મજકુર એવા ઇન્સાફનુ કામ ચલાવતી વખતે તેની વિરૂદ્ધ પુરાવામા આપવાને અધિકાર છે

(૩) સદરહૂ મજકુરના સબધમાં ખોટી શાહેદી આપ્યાના ગુન્હા બદલ હાઇકોરટની મજુરી વગર કાંઇ પણ ફરિયાદ લેવી નહિ

૩૩૯, અ (૧) જે શખસે માફી સ્વીકારી હોય તે શખસનુ કલમ ૩૩૯ મુજબ ઇનસાફનું કામ ચલાવનારી કોર્ટે —

(અ) જો તે કોર્ટ હાઇકોર્ટ અથવા સેશનકોર્ટ હોય તો, કલમ ૨૭૧ ની પેટા કલમ (૧) મુજબ તોહોમતનામુ તોહોમતવાળા શખસને વાંચી સભળાવવામાં તથા સમજાવવામાં આવે તે પહેલા, અને

(બ) જો તે કોર્ટ એકાદા માજીસ્ત્રેટની કોરટ હોય તો, ફરિયાદના કામના સાહેદોની જુબાની લેવામાં આવે તે પહેલાં,

તહોમતવાળા શખસને પૂછવુ કે, જે શરતોથી તેને માફી આપવામા આવી હોય તે શરતો પાળી છે કે કેમ તેનો તેણે જવાબ આપવો

[૨] જો તોહોમતવાળો શખસ એવો જવાબ આપે તો, કોર્ટે તે જવાબ દફતરમાં દાખલ કરવો. અને ઇન્સાફનુ કામ આગળ ચલાવવુ અને પ્રસગ પ્રમાણે જ્યુરીએ અથવા આસેસરોની મદદથી કોર્ટે

અથવા માજીસ્ત્રેટે, તે મુકદ્દમાનો ફેસલો કરવામાં આવે તે પહેલાં તોહોમતવાળા શખસે મરીની શરતો પાળી છે કે નહિ તેનો નિર્ણય કરાવો, અને તેણે તે શરતો પાળી છે એમ જણાય તો કોર્ટે આ કાયદામા ગમે તે મજકુર ઠરાવ્યો હોય તે છતા, તેને છોડી મુકવાનો હુકમ કરવો "

૩૪૦. (૧) જે કોઇપણ શખસના ઉપર ફોજદારી કોર્ટ આગળ કોઇ ગુન્હાનુ તોહોમત મુકવામાં આવ્યુ હોય, અથવા જેની સામા એવી કોઇપણ કોર્ટમા આ કાયદા મુજબ ફોજદારીમા કામ ચલાવ્યું હોય તેને, કોઇ પ્લીડરની મારફત પોતાનો જવાબ કરવાનો હક્ક છે

(૨) જે કોઇપણ શખસની સામા કલમ ૧૦૭ અથવા ૧૦ મા, ૧૧ મા, ૧૨ મા અથવા ૩૬ મા બાબ અથવા ૫૫૨ મી કલમ મુજબ એવી કોઇપણ કોરટમા ફોજદારીમા કામ ચલાવ્યુ હોય તે શખસ આવા કામમા શાહેદ તરીકે જુબાની આપવાને મુખત્યાર છે

૩૪૧ તોહોમતવાળો દિવાનો નહિ હોય તોપણ ચાલેલુ કામ તેને સમજાવી શકાતુ નહિ હોય તો ચોકસી અથવા ઇનસાફનુ કામ ચલાવવા કોરટને અખત્યાર છે અને હાઇકોરટ શિવાય બીજી કોઈ કોરટની બાબતમા, જો તે ચોકસી કરતા તોહોમતવાળાને કમિટ કરવો પડે, અથવા તે ઇનસાફ કરતાં તેની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવો પડે, તો ચલાવેલા કામના કાગળ તથા તે કામની હકીકતનો રીપોર્ટ હાઇકોરટમાં મોકલવો, અને હાઇકોરટને યોગ્ય લાગે તેવો તે બાબત હાઇકોરટે હુકમ કરવો

૩૪૨ (૧) તોહોમતવાળાની વિરૂદ્ધ પુરાવામા કાંઇ હકીકત જણાતી હોય તેનો ખુલાસો તોહોમતવાળો કરી શકે એટલા સારૂ, હરકોઇ ચોકસી અથવા ઇનસાફ ચાલતો હોય ત્યારે કોઇ પણ વખતે, તેને અગાઉથી ચેતવણી આપ્યા વગર, તેને જે સવાલો પુછવા જરૂર જણાય તે સવાલો પુછવાને તે કોરટ મુખત્યાર છે અને ફરિયાદનુ કામ ચલાવનારની તરફના શાહેદોની જબાની લેવાઇ રહ્યા પછી અને તે તોહોમતવાળાને જવાબ આપવાનુ ફરમાવતા પહેલા, ઉપર કહેલાં કારણસારૂ કોરટે તે મુકદ્દમા બાબત તેને સવાલ સામાન્યત પુછવા

(૨) તે સવાલોના જવાબ આપવાની ના કહેવાથી, અથવા તે સવાલોના ખોટા જવાબ દેવાથી, તે તોહોમતવાળો શિક્ષાને લાયક થશે નહિ, પણ એ પ્રમાણે ના કહેવા ઉપરથી અથવા એવા જવાબ આપવા ઉપરથી પોતાને વ્યાજબી લાગે એવુ અનુમાન કોરટ તથા જ્યુરી હોય તો તે કરવાને મુખત્યાર છે.

(૩) તોહોમતવાળાએ આપેલા જવાબો સદરહુ ચોકસી અથવા ઇનસાફની વખતે ધ્યાનમા લેવાનો અખત્યાર છે, અને સદરહુ જવાબો ઉપરથી બીજો જે ગુન્હો તેણે કર્યાનુ દેખાતુ હોય તે ગુન્હા બાબત ચોકસી અથવા ઇનસાફ થતી વખતે તે જવાબો તેની તરફ અથવા વિરૂદ્ધ પુરાવામાં આપવાનો અખત્યારછે

(૪) તોહોમતવાળાને કાંઇ સોગન આપવા નહિ.

૩૪૩ ૩૩૭ મી અને ૩૩૯ મી કલમમાં ઠરાવ્યુ છે તે શિવાય, કોઇ તોહોમતવાળા શખસના જાણવામા કાંઈ પણ વાત હોય તે પ્રગટ કરવાને અથવા નહિ કરવાને તે લલચાય એટલા માટે તેને કાંઇ પણ વચન અથવા ધમકી આપીને અથવા બીજી રીતે તેની ઉપર કાંઈ દાબ વાપરવો નહિ,

ટીકા—માજીસ્ત્રેટ ફરીયાદી તરીકે કેદીને ગુન્હો કબુલ કરવાની કાંઇ લાલચ બતાવે તો તે પુખ્ત વિચાર કર્યા વગર કામ ચલાવે છે એમ કહી શકાય (રાણી વી રામવતસીંગ ૬ વિ રી ૨૪) ગેર રીતે કબુલત મેળવી છે એવા પુરાવાની ગેરહાજરીમા કબુલાત લાલચથી મેળવી છે એવુ અનુમાન થઇ શકે નહી ગેરરીતે કબુલાત મેળવી છે એમ જ્યારે કોરટ ધારે ત્યારે ગેરવ્યાજબી છે (રાણી વી મલાત ૧૧ બુ. હા કો રી ૧૩૭) તોહમતદારને જવાબ લેતા પહેલા તેને ચેતવણી આપવાની જરૂર નથી (૫ મ મપે ૧૧)

૩૪૪ (૧) કોઇ શાહેદની ગેરહાજરીને લીધે, અથવા બીજા કાંઇ યોગ્ય કારણને લીધે, કોઇ પણ ચોકશી અથવા ઇનસાફનુ કામ શરૂથી અથવા વચમા મુલતવી રાખવુ જરૂર અથવા યોગ્ય જણાય, તો કોરટ પોતાને યોગ્ય લાગે તો વખતો વખત લખેલો હુકમ કરીને અને તે બાબતમા કારણ જણાવીને પોતાને દુરસ્ત લાગે એવી શરતે, અને પોતાને યોગ્ય લાગે એટલી મુદત સુધી, સદરહુ ચોકસી અથવા ઇનસાફનું કામ શરૂથી અથવા વચમાંથી મુલતવી રાખવાને મુખત્યાર છે, અને તોહોમતવાળો પહેરામા હોય તો વારંટ કહાડીને તેને પાછો મોકલવાને મુખત્યાર છે.

પણ એવુ ઠરાવ્યુ છે કે કોઇપણ માજીસ્ત્રેટે આ કલમ પ્રમાણે કાંઈ તોહમતવાળા શખસને એકી વખતે પંદર દિવસ કરતા વધી મુદત સુધી પેહેરામા પાછો મોકલવો નહિ.

(૨) હાઇકોરટ શિવાય બીજી કોઇ કોરટે આ કલમ પ્રમાણે કરેલા દરેક હુકમ લખેલો હોવો જોઇએ અને તેની ઉપર પ્રમુખ જડજે અથવા માજીસ્ટ્રેટે સહી કરવી

ખુલાસો—તોહોમતવાળાએ કાંઇ ગુન્હો કર્યો હશે એવો વેહેમ આવે તેવો પુરતો પુરાવો મળ્યો હોય અને તેને પાછો મોકલવાથી વધારે પુરાવો મળે તેવું છે એવુ દેખાય તો તેને પાછો મોકલવાનો આ વ્યાજબી સબબ છે

૩૪૫. (૧) આ નીચેના કોષ્ટકના પહેલાં બે આસનોમા હિંદુસ્તાનના ફોજદારી કાયદાની જે કલમો નિર્દિષ્ટ કરી છે તે કલમો મુજબ શિક્ષા કરવા લાયક ગુન્હાઓ તે કોષ્ટકના ત્રીજા આસનમાં કહેલા શખસોને માંડીવાળવાનો અધિકાર છે.—

ગુન્હો	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની લાગુ પડતી કલમો	જે શખસને ગુન્હો માંડી વાળવાનો અધિકાર છે તે શખસ.
ધર્મસંબંધી કોઇપણ શખસનુ દિલ દુખાવવાના પાકા ઇરાદાથી કાંઇ શબ્દો બોલવા વગેરે	૨૯૮ ..	ધર્મ સબંધી જે શખસનું દિલ દુખવવાનો ઇરાદો હોય તે શખસ
વ્યથા કરવી ..	૩૨૩, ૩૨૪ ...	જે શખસને વ્યથા કરી હોય તે શખસ
હરકોઇ શખસને ગેરવાજબી અટકાવ કરવો અથવા કેદ કરવો	૩૪૧, ૩૪૨	જે શખસને અટકાવ કર્યો હોય અથવા કેદ કર્યો હોય તે શખસ.
હુમલો અથવા સાપરાધબળ વાપરવું.	૩૫૨, ૩૫૫, ૩૫૮	જે શખસની ઉપર હુમલો કર્યો હોય અથવા સાપરાધ બળ વાપર્યું હોય તે શખસ.
કાયદાવિરૂદ્ધ જબરાઇથી મજુરી કરાવવી	૩૭૪	જે શખસ પાસે જબરાઇથી મજુરી કરાવી હોય તે શખસ.
બિગાડ, જ્યારે જે હાનિ અથવા નુકશાન કરવામા આવે તે ફક્ત કોઇ ખાનગી શખસને કરેલી હાની અથવા નુકશાન હોય ત્યારે	૪૨૬, ૪૨૭ ..	જે શખસને હાનિ અથવા નુકશાન કરવામા આવે તે શખસ.
સાપરાધ પ્રવેશ ગૃહ પ્રવેશ	૪૪૭ ૪૪૮	જે મિલકતમા પ્રવેશ કર્યો હોય તે મિલકત જે શખસના કબજામા હોય તે શખસ.
નોકરી કરવાનો કરાર સાપરાધ રીતે તોડવો	૪૯૦, ૪૯૧, ૪૯૨ ...	જે શખસની સાથે ગુન્હેગારે કરાર કર્યો હોય તે શખસ
છિનાળું .. સાપરાધ ઇરાદાથી કોઇ પરણેલી સ્ત્રીને ફોસલાવી જવી અથવા લઇ જવી અથવા રાકી રાખવી	૪૯૭ ૪૯૮	જે સ્ત્રી હોય તેનો ધણી
આબરૂ લેવી ... કોઇ બાબત આબરૂ લેવા જેવી છે એવુ જાણીને તે છાપવી અથવા કોતરવી.	૫૦૦ .. ૫૦૧	જે શખસની આબરૂ લીધી હોય તે શખસ

ગુન્હો	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની લાગુપડતી કલમો	જે શખસોને ગુન્હો માડીવાળવાનો અધીકાર છે તે શખસ.
છાપેલી અથવા કોતરેલી વસ્તુમા આબરૂ લેવા જેવી બાબત છે એવુ જાણીને તે વસ્તુ વેચવી	૫૦૨ .	જે શખસની આબરૂ લીધી હોય તે શખસ.
સમાધાનીનો ભગ કરાવવાના ઇરાદાથી તિરસ્કાર કરવા	૫૦૪ .	જે શખસને તિરસ્કાર કર્યો હોય તે શખસ.
સાપરાધ ધમકી, જ્યારે તે ગુન્હો સાત વર્ષની કેદની શિક્ષા કરવા લાયક ન હોય ત્યારે.	૫૦૬ .	જે શખસને ધમકી આપી હોય તે શખસ
કોઇ માણુસ દૈવી કોપનો ભોગ થશે એમ મનાવવા સારૂ કરેલુ કૃત્ય	૫૦૮ .	જે શખસની સામા ગુન્હો કરવામાં આવ્યો હોય તે શખસ

(૨) આ નીચેના કોષ્ટકનાં પહેલાં બે આસનોમાં હિંદુસ્તાનના ફોજદારી કાયદાની જે કલમો નિર્દિષ્ટ કરી છે તે કલમો મુજબ શિક્ષા કરવા લાયક ગુન્હાઓ, જે કોર્ટની આગળ એવા ગુન્હા માટે ફોજદારીમા કામ ચાલતું હોય તે કોર્ટની પરવાનગીથી, તે કોષ્ટકના ત્રીજા આસનમા કહેલા શખસોને માડી વાળવાનો અધિકાર છે ——

ભયકર શસ્ત્રની અથવા સાધન વડે બુદ્ધિપુર્વક વ્યથા કરવી ...	૩૨૪	જે શખસને વ્યથા કરી હોય તે શખસ
બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી ..	૩૨૫	એજન
ભારે તથા આકસ્મિક ક્રોધ ચઢવેથી મહા વ્યથા કરવી	૩૩૫	એજન
માણુસની જીદગી અથવા બીજા શખસોના શરીરની સલામતી જોખમમાં આવે એવી બેફીકરી તથા ગફલત ભરેલીરીતે કાંઇ કામકરીનેવ્યથા કરવી.	૩૩૭	એજન
માણુસની જીદગી અથવા બીજા શખસોના શરીરની સલામતી જોખમમા આવે એવી બેફીકરી તથા ગફલત ભરેલી રીતે કાંઇ કામ કરીને મહા વ્યથા કરવી	૩૩૮	એજન
ત્રણ અથવા વધારે દિવસ કોઇ શખસને ગેરવાજબી કેદ કરવો	૩૪૩	જે શખસને કેદ કર્યો હોય તે શખસ.
કોઇ શખસને છાનો ગેરવ્યાજબી કેદ કરવો.	૩૪૬	એજન

ગુન્હો	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની લાગુ પડતી કલમો	જે શખસોને ગુન્હો માંડી વાળવાનો અધિકાર છે તે શખસ
કોઈ શખસને ગેરવ્યાજબી કેદ કરવાની કોશિશમાં હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવુ	૩૫૭	જે શખમના ઉપર હુમલો કર્યો હોય તે શખસ અથવા જેનાપર સાપરાધ બળ વાપર્યું હોય તે શખસ
બદદાનતથી મીલકતનો ખોટો ઉપયોગ કરવો	૪૦૩	જે મિલકતનો બદદયાનતથી ખોટો ઉપયોગ કરવામા આવ્યોહોયતેનોમાલીક
ઠગાઇ	૪૧૭	ઠગવામા આવ્યો હોય તે શખસ.
જે શખમનો લાભ જાળવવાની કાયદા પ્રમાણે અથવા કાયદેસર કરાર પ્રમાણે ગુન્હો કરનાર શખસની ફરજ છે એવુ જાણીને તે શખસની સાથે ગુન્હો કરનાર શખસે ઠગાઇ કરવી	૪૧૮	એજન
વેશ લઇને ઠગાઇ કરવી	૪૧૯	એજન
ઠગાઇ કરીને કાંઇ મિલકત બદદયાનતથી અપાવવી અથવા કિમતી મિલકત બનાવવી, ફેરવવી અથવા તેનો નાશ કરવો	૪૨૦	એજન
ગેરવ્યાજબી રીતે પાણીનો રસ્તો બદલીને પાણી સીંચવાનાકામોને નુકશાન કરીને બિગાડ કરી ગેરફાયદો કે હાની થયાં હોય તે જ્યારે ફક્ત કોઇ ખાનગી શખસને થયા હોય.	૪૩૦	જે શખસને એવો ગેરફાયદો કે હાનિ થયા હોય તે શખસ.
કેદની શિક્ષા થઇ શકે એવો (ચોરી શિવાયનો) ગુન્હો કરવામાટે ગૃહપ્રવેશ કરવો	૪૫૧	ગૃહ પ્રવેશ કર્યો હોય તે ઘર જે શખસના કબજામાં હોય તે શખસ
વેપારની અથવા મિલકતની કાંઇ ખોટી નિશાની વાપરવી	૪૮૨	એવી રીતે વાપરવાથી જે શખસને કાંઇ ખોટ અથવા નુકશાન થાય તે શખસ.
કોઇ બીજો માણસ કાંઇ વેપારની અથવા મિલકતની નિશાની વાપરતો હોય તેવી નિશાની ખોટી બનાવવી	૪૮૩	જે શખસના કાંઇ વેપારની અથવા મીલકતની ખોટી નીશાની બનાવો હોય તે શખસ.
વપારની અથવા મીલકતની ખોટી નીશાનીવાળો માલ જાણીબુઝીને વેચવો અથવા વેચવા અથવા વેપારના અથવા બનાવવાના કારણસારૂ ખુલ્લો મુકવો અથવા કબજામા રાખવો	૪૮૬	એજન
વરની અથવા વધુની હયાતીમા ફરીથી લગ્ન કરવુ	૪૯૪	એવી રીતે પરણનાર શખસનો વર અથવા વધુ
કોઇ સ્ત્રીને લજાવવાનો વિચાર કરીને કાંઇ શબ્દ બોલવા અથવા કાંઇ અવાજ કે ચાળા કરવા અથવા કાંઇ વસ્તુ દેખાડવી અથવા કોઇ સ્ત્રીની એકાંત જગામા વગર રજાએ ઘુસવુ	૫૦૯	જે સ્ત્રીને લજાવવાનો ઇરાદો હોય અથવા જેની એકાંત જગ્યામા વગર રજાએ ઘુસવામા આવ્યુ હોય તે સ્ત્રી.

(૩) આ કલમ મુજબ હરકોઈ ગુન્હો માડી વાળવાનો અધિકાર હોય ત્યારે તે ગુન્હામા મદદગારી કરવાનો ગુન્હો અથવા (જ્યારે સદરહુ ગુન્હો કરવાની કોશિસ જાતે ગુન્હો હોય ત્યારે) તે કોશિસ કરવાનો ગુન્હો એવીજ રીતે માડી વાળવાનો અધિકાર છે.

(૪) જો કોઇ શખસ અઢાર વર્ષની અંદરની ઉમ્મરનો હોય અથવા ગાડો અથવા દિવાનો હોયઅને જો તેવો ન હોય તો તે આ કલમ મુજબ કાંઇ ગુન્હો માડીવાળવાને લાયક થાત તો તે શખસની તરફથી કરાર કરવાનો જે શખસને અધિકાર હોય તે શખસ કોર્ટની પરવાનગીથી સદરહુ ગુન્હો માંડી વાળવાને મુખત્યાર છે,

(૫) જ્યારે તોહોમતવાળાનો ઇનસાફ કરવા સારૂ કમિટ કર્યો હોય અથવા તેનાપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયો હોય અને અપીલ થઇ હોય, ત્યારે, પ્રસગ પ્રમાણે જે કોરટમાં તેને કમિટ કર્યો હોય, અથવા જેની રૂબરૂ તે અપીલની સુનાવણી થવાની હોય તે કોરટની પરવાનગી શિવાય ગુન્હો માડી વાળવા દેવો નહિ.

" (૫—અ) કલમ ૪૩૯ મુજબ તપાસ કરવાના પોતાના અધિકાર ચલાવીને, કોઇ હાઇકોરટ, આ કલમ મુજબ જે કોઇપણ ગુન્હા માડીવાળવાને જે કોઇપણ શખસ લાયક હોય તેને તે માડીવાળવાની રજા આપવાને મુખત્યાર છે "

(૬) આ કલમ મુજબ કાંઇ ગુન્હો માડી વાળવાનુ ફળ એવુ થશે કે જે તહોમતવાળાની સાથે ગુન્હો માંડી વાળ્યો હોય તે તોહોમતવાળાની ઉપર ગુન્હો નાસાબિત થવાનો ઠરાવ થશે

(૭) આ કલમમા ઠરાવ્યુ છે તે શિવાય બીજી રીતે) કોઇપણ ગુન્હો માડી વાળવા નહિ.

૩૪૬ (૧) ઇલાકાના મુખ્ય શેહરોની બહાર કોઇપણ જીલ્લામા કોઈપણ માજીસ્ટ્રેટની આગળ કાંઇ ચોકશી અથવા ઇનસાફનુ કામ ચાલતુ હોય ત્યારે જો પુરાવા ઉપરથી તે માજીસ્ત્રેટને એવુ અનુમાન કરવુ વાજબી જણાય કે સદરહુ જીલ્લામા બીજા કોઇ માજીસ્ટ્રેટે તે મુકદમાનો ઇનસાફ કરવો જોઇયે, અથવા કરવા સારૂ તે કમિટ કરવો જોઇયે, તો તેણે તે કામ ચલાવવુ બધ રાખીને જે માજીસ્ટ્રેટના હાથ તળે પોતે હોય તે માજીસ્ત્રેના આગળ અથવા જીલ્લા માજીસ્ત્રેટ ફરમાવે તેવા બીજા હકુમતવાળા માજીસ્ત્રેટની આગળ તે મુકદમો મોકલવા,અને તેની સાથે ટુકામા એક રિપોર્ટ કરીને તેમા તે મુકદમાનો પ્રકાર સમજાવવો

[૨] જે માજીસ્ટ્રેટની પાસે તે મુકદમો મોકલવામા આવે, તેને જો ઇનસાફ કરવાનો અખત્યાર આપેલો હોય, તો તે મુકદમાનો ઇનસાફ તે જાતે કરવાને અથવા પોતાના હાથ તળેના જે માજીસ્ટ્રેટને હકુમત હોય તે માજીસ્ટ્રેટને તે મુકદમો સોપવાને, અથવા તોહોમતવાળાને તેનો ઇનસાફ થવા સારૂ કમિટ કરવાને મુખત્યાર છે

૩૪૭ (૧) કોઇ માજીસ્ટ્રેટની આગળ કોઇ પણ ચોકસીનુ કામ ચાલે તેમા, અથવા કોઇ માજીસ્ટ્રેટની આગળ કોઈપણ ઇનસાફનુ કામ ચાલે તેમા ફેસલા ઉપર સહી કરતા પહેલા, તેને કોઇપણ વખતે એમ જણાય કે તે કામનો ઇનસાફ સેશન કોરટે અથવા હાઇકોરટે કરવો જોઇએ, અને જો ઇનસાફ થવા સારૂ કમિટ કરવાનો અખત્યાર તેને આપેલો હોય, તો તેણે આ કાયદામા પાછળ કહેલા ઠરાવો પ્રમાણે તોહોમતવાળાને કમિટ કરવો

(૨) જો ઇનસાફ થવા સારૂ કમીટ કરવાનો અખત્યાર સદરહુ માજીસ્ટ્રેટને આપેલો ન હોય તો તેણે ૩૪૬ મી કલમ પ્રમાણે ચાલવુ

૩૪૮ (૧) હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૨ મા અથવા ૧૭ મા બાબ પ્રમાણે ત્રણ વરસની અથવા તે ઉપરાતની મુદત સુધી કેદની શિક્ષા કરવા લાયક કોઇ ગુન્હાનું ફરીથી તોહોમત આવ્યુ હોય, તેને જે માજીસ્ત્રેટ આગળ કામ ચાલતું હોય, તે માજીસ્ત્રેટની એવી ખાત્રી થાય કે તહોમતવાળાને કમીટ કરવાના પુરતા કારણો છે તે અને સદરહુ મુકદમામાં ઇનસાફનુ કામ ચલાવવાને તે લાયકાત ધરાવતો ન હોય તો તથા તોહોમતવાળા ઉપર ગુન્હો સાબિત થાય તે પોતે પુરતી શિક્ષા કરી શકશે, એમ તેની નજરમા ન આવે તો તેણે, પ્રસગ પ્રમાણે સેશન કોરટમા અથવા હાઇકોરટમાં કમિટ કરવો જોઇયે

પણ એવુ ઠરાવ્યુ છે કે જીલ્લામના કાંઇ પણ માજીસ્ટ્રેટને કલમ ૩૦ પ્રમાણે અધિકાર આપ્યો હોય તો, તે મુકદમો સેશન કોરટમા કમિટ નહિ કરતા તે માજીસ્ટ્રેટને ત્યા મોકલવાનો અધિકાર છે.

" (૨) જ્યારે પેટા–કલમ (૧) ની રૂયે કોઈપણ શખસને સેશન કોર્ટમાં અથવા હાઈ કોર્ટમાં કમિટ કરવામાં આવે ત્યારે, તેજ ચોકશી અથવા ઇનસાફના કામમા તે શખસની સાથે જે બીજા શખસપર ગુન્હો કરવાનુ તોહોમત મુકવામાં આવ્યુ હોય તેને એવી રીતે કમિટ કરવો, શિવાય કે, માજીસ્ટ્રેટ એવા બીજા શખસને ૨૦૯ મી કલમ મુજબ છોડી મુકે. "

૩૪૯. (૧) જ્યારે બીજા અથવા ત્રીજા વર્ગના જે માજીસ્ટ્રેટને હકુમત હોય તે માજીસ્ટ્રેટ ફરિયાદનું કામ ચલાવનારની તરફનો તથા તોહોમતવાળાની તરફનો શાહેદી પુરાવો સાંભળે ત્યારપછી તેનો મત એવો થાય કે તોહોમતવાળો તકસીરવાર છે અને તેને જે શિક્ષા કરવાનો પોતાને અધિકાર છે તેથી જુદી જાતની અથવા તે કરતાં વધારે સખત શિક્ષા તે તોહોમતવાળાને મળવી જોઇએ, અથવા તેને ૧૦૬ ઠી કલમ પ્રમાણે ખત કરી આપવાનું ફરમાવવુ જોઇએ, ત્યારે તે માજીસ્ટ્રેટ પોતાનો મત લખીને પોતે ચલાવેલું કામ તથા તોહોમતવાળાને જે જીલ્લા માજીસ્ટ્રેટના અથવા પેટા ટુકડી માજીસ્ટ્રેટના તાબામાં પોતે હોય તેની પાસે મોકલવાને મુખત્યાર છે

' (૧–અ) જ્યારે એક કરતા વધારે તોહોમતવાળાઓનો એકઠો ઇનસાફ કરવામા આવતો હોય અને તેવા તોહોમતવાળાઓમાના કોઇપણ તોહોમતવાળાના સબંધમા પેટા કલમ (૧)ની રૂયે કામ ચલાવવાની જરૂર છે એમ માજીસ્ટ્રેટને લાગે તો, પોતાના મત પ્રમાણે જેઓ ગુન્હેગાર હોય એવા સઘળા તોહોમતવાળાઓને તેણે જીલ્લા માજીસ્ટ્રેટ આગળ અથવા પેટા ટુકડી માજીસ્ટ્રેટ આગળ મોકલવા જોઇએ "

(૨) જે માજીસ્ટ્રેટની પાસે તે કામ મોકલવામા આવે તે માજીસ્ટ્રેટને દુરસ્ત લાગે તો તે પક્ષકારોની જુબાની લેવાને તથા જે શાહેદ તે મુકદમામા શાહેદી આપી ચુક્યો હોય તે શાહેદને પાછો બોલાવીને તેની જુબાની લેવાને મુખત્યાર છે, અને કાંઈ પણ વધારે પુરાવો માંગવાને તથા લેવાને મુખત્યાર છે, અને તે મુકદમામાં પોતાને યોગ્ય લાગે એવો, અને કાયદા પ્રમાણે હોય એવો ફેંસલો અથવા શિક્ષાનો હુકમ અથવા હુકમ તે માજીસ્ટ્રેટે કરવો

પણ એવુ ઠરાવ્યુ છે કે ૩૨ મી તથા ૩૩ મી કલમ પ્રમાણે જેટલી શિક્ષા કરવાનો પોતાનો અધિકાર હોય તે કરતા વધારે સખત શિક્ષા તેણે કરવી નહિ.

૩૫૦ (૧) જ્યારે કોઈ મુકદમાની ચોકસીમા અથવા ઇન્સાફમા સઘળો પુરાવો અથવા તેમાનો કોઇ ભાગ સાંભળ્યા પછી તથા દફતરમા દાખલ કર્યા પછી કોઇ માજીસ્ટ્રેટ તેમાં હકુમત ચલાવતો બંધ પડે, અને તેની પછી તેની જગા ઉપર બીજો જે માજીસ્ટ્રેટ આવે તેને સદરહુ હકુમત હોય અને તે સદરહુ હકુમત ચલાવતો હોય, ત્યારે જે પુરાવો પોતાની અગાઉના માજીસ્ટ્રેટે એ પ્રમાણે દફતરમાં દાખલ કર્યો હોય તે પુરાવાને આધારે, અથવા જે પુરાવો થોડોક પોતાની અગાઉના માજીસ્ટ્રેટે અને થોડાક પોતે જાતે દફતરમા દાખલ કર્યો હોય તે પુરાવાને આધારે સદરહુ પછીથી આવેલો માજીસ્ટ્રેટ કામ ચલાવવાને મુખત્યાર છે, અથવા તે શાહેદોને ફરીથી સમન કરવાને અને તે ચોકસી અથવા ઇનસાફ ફરીથી શરૂ કરવાને મુખત્યાર છે

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે —

(અ) કોઈ પણ ઇનસાફના કામમા તે બીજો માજીસ્ટ્રેટ પોતાનુ કામ શરૂ કરે ત્યારે શાહેદોને અથવા તેઓમાના હરકોઇને ફરીથી સમન કરવાની તથા તેઓની જબાની ફરીથી સાંભળવાની માગણી કરવાને તોહોમતવાળો મુખત્યાર છે.

(બ) કોઇ માજીસ્ટ્રેટની આગળ ગુન્હો સાબિત થયો તે સાબિતી જે પુરાવા ઉપરથી થઇ તે સઘળો તેણે લીધેલો નથી તેથી તોહોમતવાળાને મુદ્દાની બાબતમા ન્યાય મળવામા હરકત થઈ છે એમ હાઇકોરટની, અથવા, જે મુકદમાઓનો ઇનસાફ જીલ્લા માજીસ્ટ્રેટના તાબા મહિના માજીસ્ટ્રેટો કરે તે મુકદમામા જીલ્લા માજીસ્ટ્રેટની, નજરમાં આવે, તો સદરહુ કોર્ટ અથવા જીલ્લા માજીસ્ટ્રેટ તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ રદ કરવાને મુખત્યાર છે, પછી તે ઠરાવ ઉપર અપીલ હોય કે નહિ હોય તોપણ અને નવેસરથી ચોકસી અથવા ઇનસાફ કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

(૨) જે મુકદ્દમાઓમાં ૩૪૮ મી કલમ પ્રમાણે કામ આગળ ચલાવવું બંધ કર્યું હોય અથવા જે મુકદ્દમાનુ કામ ૩૪૯ મી કલમ મુજબ કોઇ વરીષ્ટ માજીસ્ત્રેટને મોકલવામાં આવ્યું હોય તે મુકદ્દમાઓને આ કલમ માહેનો કંઇ પણ મજકુર લાગુ નથી

" (૩) જ્યારે આ કાયદાના ઠરાવ મુજબ કોઇ મુકદ્દમો એક માજીસ્ત્રેટની પાસેથી બીજા માજીસ્ત્રેટને મોકલવામાં આવે ત્યારે, પહેલે માજીસ્ત્રેટ સદરહુ મુકદ્દમામાં હકુમત ચલાવતો બંધ થયેલો અને પેટા કલમ (૧) ના અર્થ પ્રમાણે, તેની જગા ઉપર તે બીજો માજીસ્ત્રેટ આવેલો ગણવામાં આવશે "

" ૩૫૦ અ. જે કોઇ મુકદ્દમામાં જે કોઇ માજીસ્ત્રેટોની ન્યાય બેન્ચે કાંઇ હુકમ અથવા ફેસલો કર્યો હોય તે બેન્ચ કલમ ૧૫ તથા ૧૬ મુજબ યોગ્ય રીતે રચાએલી હોય અને તે રચનારા માજીસ્ત્રેટો સદરહુ મુકદ્દમાના કામકાજ દરમિયાન હાજર રહ્યા હોય તો તે મુકદ્દમામાં, તે બેન્ચની રચનામાં ફેરફાર થયાને લીધેજ ફક્ત તે બેન્ચનો હુકમ અથવા ફેસલો રદ બાતલ છે એમ સમજવું નહિ. "

૩૫૧ (૧) કોઇ શખસ ફોજદારી કોર્ટમાં હાજર હોય, પછી તે પકડાઇને અથવા સમન થઇને નહિ આવ્યો હોય તોપણ, તે શખસને સદરહુ કોર્ટ સાંભળી શકે એવા કારણો ગુન્હો કરવામાં આવ્યો છે, એવું પુરાવા ઉપરથી જણાય તે ગુન્હા બાબત ચોકસી કરવા સારૂ અથવા ઇનસાફ કરવા સારૂ અટકાવી રાખવાનો તે કોર્ટને અખત્યાર છે, અને જાણે તેને પકડેલો હોય અથવા સમન કરેલો હોય એવી રીતે તેની ઉપર કામ ચલાવવાનો અખત્યાર છે

(૨) જ્યારે (સદરહુ શખસને) ૧૮ મા બાબ પ્રમાણે ચોકસી ચાલતી હોય તે દરમિયાન અથવા ઇનસાફનુ કામ ચાલવા માંડ્યા પછી અટકાવી રાખ્યો હોય ત્યારે તે શખસ બાબત કામ નવેસરથી ચલાવવું અને શાહેદોની જુબાની ફરીથી સાંભળવી

૩૫૨, કોઇ ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ કરવા સારૂ જે જગાએ કોઇ ફોજદારી કોર્ટ બેઠી હોય તે જગા ખુલ્લી કોર્ટ સમજવી અને તેમાં વગર અડચણે માઇ શકે ત્યાં સુધી સામાન્ય રીતે સઘળા લોકોને તેમાં જવાનો અખત્યાર છે પણ એવું ઠરાવ્યું છે કે, કોઇ પણ અમુક મુકદ્દમાની ચોકસી અથવા ઇનસાફ ચાલે ત્યારે કોઇ પણ વખતે પ્રમુખ જડજ અથવા માજીસ્ત્રેટ, જો તેને યોગ્ય લાગે તો, એવો હુકમ કરવાને મુખત્યાર છે કે સામાન્ય રીતે લોકોએ, અથવા કોઇ પણ અમુક શખસે કોર્ટના ઉપયોગ માહેના ઓરડામાં અથવા મકાનમાં આવવું, હોવું અથવા રહેવું નહિ

ટીકા—જે પોલીસ અમલદારે કામની તપાસ કરી હોય તેને કોર્ટમાં તે કામની તજવીજ ચાલતી હોય ત્યારે હાજર નહી રાખવો જોઇએ [રાણી વી શામાનંદ ક વિ નોટસ સન ૧૮૮૫ પા ૨૨૮]

બાબ ૨૫ મો.

ચોકસી તથા ઇનસાફ કરતાં વખતે પુરાવો લેવાની તથા દફતરમાં દાખલ કરવાની બાબત

૩૫૩ સ્પષ્ટ રીતે જુદી રીતનો ઠરાવ કર્યો હોય તે શિવાય, ૧૮ મા, ૨૦ મા, ૨૧ મા, ૨૨ માં, અને ૨૩ મા બાબ પ્રમાણે લેવાનો સઘળો પુરાવો તોહોમતદારની સમક્ષ લેવો, અથવા, જ્યારે તેને જાતે હાજર થવું માફ કર્યું હોય, ત્યારે તેના પ્લીડરની સમક્ષ લેવો

૩૫૪ આ કાયદા પ્રમાણે (પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ શિવાય બીજા) કોઇ માજીસ્ત્રેટે અથવા માજીસ્ત્રેટની આગળ અથવા શેસન જડજે અથવા સેશન જડજની આગળ કરવાના ચોકસીઓમાં શાહેદી હેઠળ લખેલી રીતે દફતરમાં દાખલ કરવી

૩૫૫ (૧) પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ શિવાય બીજા કોઇ માજીસ્ત્રેટના આગળ સમનના જે મુકદ્દમાઓનો ઇનસાફ કરવાનો હોય તેમાં, તથા ૨૬૦ મી કલમની પેટા કલમ (૧) ની [બ] થી [મ], એ બંને સુદ્ધાં] કલમોમાં કહેલા ગુન્હાઓનો ઇનસાફ પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ત્રેટ કરે ત્યારે તે ગુન્હાઓની બાબતમાં, તથા ૫૨૮ મી કલમ પ્રમાણે ચલાવેલા સઘળા કામ (ઇનસાફની દરમિયાનમાં ન

હોય તો તે] મા, દરેક સાહેદની જબાની ચાલતી જાય તેમ તેની સાહેદીની મતલબની યાદ તે માજીસ્ત્રેટે લખવી.

(૨) તે યાદ તે માજીસ્ત્રેટે પોતાને હાથે લખીને તે ઉપર સહી કરવી, અને તે દફતરમા દાખલ કરવી

[૩] ઉપર ફરમાવ્યા મુજબ જો તે માજીસ્ત્રેટ યાદ લખી ન શકે તો તે પોતે કા લખી શકતા નથી, તેનુ કારણ દફતરમા દાખલ કરવુ, અને ખુલી કોરટમા પોતે મોઢેથી બોલીને તે યાદ કરાવાને તે ઉપર સહી કરવી, અને તે યાદ દફતરમાં રાખવી

૩૫૬ (૧) સેશન કોરટોની આગળ તથા (પ્રેસિડેન્સી માજીસ્ત્રેટો સિવાય બીજા) માજીસ્ત્રેટોની આગળ બીજા સઘળા મુકદમાઓનો ઇનસાફ ચાલે તેમા, અને ૧૨ મા તથા ૧૮ મા બાબ પ્રમાણે ચોકસીઓમા દરેક શાહેદીની શાહેદી માજીસ્ત્રેટે અથવા સેશનજડજે, અથવા તેની હજુરમા તે સાભળે તેમ, તેના ફરમાવ્યા મુજબ તથા તેની નિગેહબાની નીચે કોરટની ભાષામાં લખી લેવી અને તે ઉપર માજીસ્ત્રેટે અથવા સેશન જડજે સહી કરવી

(૨) જ્યારે સદરહુ સાહેદની શાહેદી અંગ્રેજીમા આપવામાં આવે ત્યારે તે માજીસ્ત્રેટ અથવા સેશન જડજ તે શાહેદી પોતાને યોગ્ય લાગે તે ભાષામા લખી લેવાને મુખત્યાર છે, અને તોહોમતવાળો અંગ્રેજી સારી રીતે જાણતો ન હોય, અથવા કોરટની ભાષા અંગ્રેજી ન હોય, તો કોરટની ભાષામા સદરહુ શાહેદીનો સહી સાથેનો તરજુમો દફતરમાં રાખવો

" (૨-અ) જ્યારે એવા સાહેદોની સાહેદી કોર્ટની ભાષા શિવાયની અંગ્રેજી ન હોય એવી બીજી કોઇપણ ભાષામા આપવામા આવે ત્યારે, માજીસ્ત્રેટ અથવા સેશન જડજ પોતે તે ભાષામા તે લખી લેવાને અથવા તેની હજુરમા તે સાભળે તેમ, તેના ફરમાવ્યા મુજબ તથા તેની નીઘેબાની નીચે લખાવી લેવડાવવાને મુખત્યાર છે અને કોર્ટની ભાષામા અથવા અંગ્રેજીમાં સદરહુ સાહેદીનો સહી સાથેનો તરજુમો દફતરમા રાખવો "

(૩) જે મુકરદમામા તે માજીસ્ત્રેટ અથવા સેશન જડજ પોતે શાહેદી લખી લેતા ન હોય તેમા તેણે દરેક શાહેદના શાહેદી લેવાતી જાય તેમ તેમ શાહેદની જુબાનીની મતલબની એક યાદ કરવી, અને તે યાદ તે માજીસ્ત્રેટ અથવા સેશન જડજે પોતાને હાથે લખીને તે પર સહી કરવી. અને તે દફતરમા રાખવી.

[૪] ઉપર ફરમાવ્યા મુજબ તે માજીસ્ત્રેટ અથવા સેશન જડજ યાદ રાખી ન શકે તો તે પોતે કેમ લખી શકતો નથી તેનુ કારણ તેણે દફતરમા દાખલ કરવુ

૩૫૭. (૧) કોઇ જીલ્લામા અથવા જીલ્લાના કોઇપણ ભાગમા અથવા કોઇ સેશન કોરટની આગળ અથવા કોઈ માજીસ્ત્રેટની અથવા કોઇપણ માજીસ્ત્રેટના વર્ગની આગળ ચાલેલા કામમાં, ૩૫૬ મી કલમમા કહેલે પ્રસગે દરેક શાહેદની શાહેદી સેશન જડજે અથવા માજીસ્ત્રેટે પોતાના હાથે પોતાની ભાષામાં લખવી તેવુ ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે, પણ કાંઈ પુરતા કારણને લીધે કોઇપણ શાહેદની શાહેદી તેનાથી લખી ન લેવાય તો તેનુ કારણ તેણે દફતરમા દાખલ કરવુ અને પોતે ખુલી કોરટમાં મોઢેથી બોલીને તે શાહેદી લખવી એવુ ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે,

(૨) એ પ્રમાણે લખી લીધેલી સાહેદી ઉપર તે સેશન જડજે અથવા માજીસ્ત્રેટે સહી કરવી, અને તે દફતરમા દાખલ કરવી

પણ એવુ ઠરાવ્યુ છે કે સેશન જડજે અથવા માજીસ્ત્રેટે શાહેદી અંગ્રેજી ભાષામા અથવા કોરટની ભાષામાં લખી લેવી, એવુ તેને ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે, તે ભાષા તેની સ્વભાષા ન હોય તો પણ,

૩૫૮ ૩૫૫ મી કલમમા કહેલી જાતના મુકદમાઓમા જો માજીસ્ત્રેટને દુરસ્ત લાગે તો તે કોઇ પણ સાહેદની શાહેદી ૩૫૬ મી કલમમાં ઠરાવેલી રીતે લખી લેવાને મુખત્યાર છે, અથવા જો સદરહુ માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદની અદર ૩૫૭ મી કલમના કલમ હુકમ સ્થાનિક સરકારે કર્યો હોય તો, તેજ કલમમા ઠરાવેલી રીતે લખી લેવાને મુખત્યાર છે

૩૫૯. (૧) ૩૫૬ મી અથવા ૩૫૭ મી કલમ પ્રમાણે લીધેલી શાહેદી ઘણુ કરીને સવાલ જવાબના રૂપમાં લખી લેવી નહિ, પણ બયાનના રૂપમા લખી લેવી.

(૨) માજીસ્ટ્રેટની અથવા સેશન જડજની નજરમાં આવે તો કોઇપણ અમુક સવાલ જવાબ લખી લેવાને અથવા લખી લેવડાવવાને મુખત્યાર છે

૩૬૦. (૧) ૩૫૬ મી અથવા ૩૫૭ મી કલમ પ્રમાણે લીધેલી દરેક શાહેદની શાહેદી પુરી થાય ત્યારે જો તોહોમતવાળો હાજર હોય તો તેની સમક્ષ અથવા તે પ્લીડર મારફતે હાજર થાય તો તેના પ્લીડરની સમક્ષ તે શાહેદી તે શાહેદને વાચી સભળાવવી, અને જરૂર હોય તો સુધારવી

(૨) જ્યારે તે શાહેદી શાહેદને વાચી સંભળાવવામા આવે ત્યારે તે શાહેદ શાહેદીના કોઇ ભાગના ખરાપણાની ના કહે, તો તે શાહેદી સુધારવાને બદલે તે ભાગપર શાહેદે જે હરકત લીધી હોય તેની તે ઉપર યાદ કરી લેવાને માજીસ્ટ્રેટ અથવા સેશન જડજ મુખત્યાર છે અને પોતાને જરૂર જણાય એવો અભિપ્રાય માજીસ્ત્રેટે અથવા સેશન જડજે લખવો

(૩) જે ભાષામા તે શાહેદી આપી હોય તેથી જુદી ભાષામા તે લખી હોય અને જે ભાષામા તે લખી લાધી હોય તે ભાષા શાહેદ સમજતો ન હોય, તો તે લખી લીધેલી શાહેદી જે ભાષામા આપી હોય તે ભાષામા અથવા જે ભાષા શાહેદ સમજતો હોય તે ભાષામા તેને સમજાવવો

૩૬૧. [૧] તોહોમતવાળો સમજતો ન હોય એવી ભાષામા કાઇપણ શાહેદી આપવામા આવે,, અને તે જાતે હાજર હોય, ત્યારે તે સમજતો હોય એવી ભાષામા તે શાહેદી તેને ખુલી કોરટમા સમજાવવી.

(૨) જો તે પ્લીડરની મારફતે હાજર થાય અને તે શાહેદી કોરટમાની ભાષા શિવાય બીજી કોઇ ભાષામા આપવામાં આવે, અને તે ભાષા તે પ્લીડર સમજતો ન હોય તો તે શાહેદી સદરહુ પ્લીડરને કોરટની ભાષામા સમજાવવી

(૩) જ્યારે પ્રકૃતિ પ્રમાણે પુરાવા સારૂ દસ્તાવેજો રજુ કર્યા હોય, ત્યારે કોરટની નજરમાં આવશે તો તે દસ્તાવેજનો જેટલો ભાગ સમજાવવાની જરૂર જણાય તેટલો ભાગ સમજાવવો

૩૬૨. (૧) અપીલ થઇ શકે એવા મુકદમાનો ઇન્સાફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ આપે તેવા દરેક મુકદમામા તેણે એવા માજીસ્ત્રેટ શાહેદોની શાહેદી પોતાને હાથે લખી લેવી, અથવા ખુલ્લી કોરટમાં પોતે મોઢેથી બોલીને લખી લેવડાવવી એ પ્રમાણે લખી લીધેલી સઘળી શાહેદી ઉપર તે માજીસ્ટ્રેટે સહી કરવી અને તેને દફતરમાં રાખવી

(૨) એ પ્રમાણે લખી લીધેલી શાહેદી ઘણુ કરીને બ્યાનના રૂપમા દફતરમા દાખલ કરવી, પણ માજીસ્ત્રેટની નજરમા આવે તો કોઇપણ અમુક સવાલ અથવા જવાબ લખી લેવાને અથવા લખી લેવડાવવાને તે મુખત્યાર છે

" (૨-૫) પેટા-કલમ (૧) મા ઉલ્લેખ કરેલા દરેક મુકદમામા માજીસ્ટ્રેટે તહોમતવાળા શખસની જુબાનીના સારાશની નોધ કરવી. એવી નોધ ઉપર માજીસ્ત્રેટે પોતાની સહી કરવી અને તે દફતરનો એક ભાગ છે એમ ગણવુ "

(૩) એજ કામમા ૩૫ મી કલમ પ્રમાણે કરેલા શિક્ષાના હુકમ સાથે સાથે ભોગવવાની કેદની શિક્ષાના હુકમ હોય તે શિવાય આ કલમના કારણ સારૂ, એકજ શિક્ષાના હુકમ દાખલ ગણવા જોઇએ

' (૪) પેટા-કલમ (૧) મા નિર્દિષ્ટ કરેલા મુકદમા શિવાયના બીજા મુકદમામા, પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટને સાહેદી દફતરે દાખલ કરવાની અથવા તોહોમતનામુ તૈયાર કરવાની જરૂર પડશે નહિ "

૩૬૩ સેશન જડજે અથવા માજીસ્ત્રેટે શાહેદોની શાહેદી દફતરમા દાખલ કરી હોય, ત્યારે તેણે શાહેદ શાહેદી આપતો હોય તે વખતની તેની વર્તણુક સબધી પોતાને મુદ્દાનો લાગે એવો કાંઇ શેરો હોય તો તે શેરો પણ દફતરમાં દાખલ કરવો.

૩૬૪ (૧) જ્યારે કોઇ પણ માજીસ્ત્રેટે અથવા ગવલ ચાર્ટરથી સ્થાપેલી હાઇકોરટ શિવાય અથવા પંજાબની ચીફ કોરટ શિવાય બીજી કોઇપણ કોરટ તોહોમતવાળાની જુબાની લે, ત્યારે તેને પુછેલો દરેક સવાલ અને તેણે આપેલો દરેક જવાબ સુદ્ધા તે સઘળી જુબાની જે ભાષામા લીધી હોય તે ભાષામાં અથવા તેમ ન બની શકે તો કોરટની ભાષામા અથવા અગ્રેજીમા પુરેપુરી દફતરમાં નોંધવી, અને તે જબાની તે તોહોમતવાળાને બતાવવી અથવા વાચી સભળાવવી, અથવા જે ભાષામાં તે જબાની લખેલી

હોય તે ભાષા તે સમજતો નહિ હોય તો જે ભાષા તે સમજતો હોય તે ભાષામાં તેને સમજાવવી, અને તેના જવાબો માહેના કોઇ વાતનો ખુલાસો કરવાને અથવા કાંઈ વાત વધારવાને તે મુખત્યાર છે.

(૨) એ સઘળી જબાની બરોબર છે એવુ તે કહે, ત્યારે તે દફતર ઉપર તોહોમતવાળાએ તથા માજીસ્ત્રેટે અથવા સદરહુ કોરટના જડજે સહી કરવી અને તે જુબાની મારી સમક્ષ અને મારા સાભળતા લીધી છે તથા તોહોમતવાળાએ કહેલા મજકુરનું પુરેપુરૂ તથા ખરૂ બ્યાન તે દફતરમા છે એ પ્રમાણે સદરહુ માજીસ્ત્રેટે અથવા જડજે લખીને તેપર સહી કરવી

[૩] જે મુકદમાઓમા તોહોમતવાળાની જુબાની તે માજીસ્ત્રેટ અથવા જડજ પોતાની જાતે દફ્તરમાં દાખલ ન કરે તે મુકદમાઓમાં જુબાની લેવાતી જાય તેમ તેમ તેની યાદ કોરટની ભાષામા અથવા અંગ્રેજી ભાષા પોતાને બરાબર આવડતી હોય તો, તે ભાષામાં તે માજીસ્ત્રેટે અથવા જડજે, કરવી જોઇયે, અને સદરહુ યાદી તે માજીસ્ત્રેટે અથવા જડજે પોતાના હાથે લખીને તે ઉપર સહી કરવી, અને તે દફ્તરની સાથે જોડી રાખવી ઉપર ફરમાવ્યા મુજબ ને માજીસ્ટ્રેટથી અથવા જડજથી યાદ ન થાય તો, તે પોતાથી ન થવાનું કારણ તેણે દફતરમા દાખલ કરવુ

(૪) આ કલમ માહેનો કોઈ પણ મજકુર ૨૬૩ મી કલમ અથવા કલમ ૬૬૨ પેટા કલમ (૨) [અ] મુજબની કોઈ તોહોમતવાળા શખસની જુબાનીને લાગુ છે એવુ સમજવુ નહિ.

૩૬૫ રોયલ ચાર્ટરથી સ્થાપેલી દરેક હાઇકોરટે તથા પંજાબની ચીફ કોરટે પોતાની આગળ જે મુકદમા આવે તેમા શાહેદી લેવાની રીત વખતે વખતે સામાન્ય કાનુન કરીને ફરમાવવી જોઇએ અને એવી કાનુન મુજબ સાહેદી લખી લેવી

બાબ ૨૬ મો

ફેસલા બાબત.

૩૬૬ (૧) અસલ હકુમતની કોઇ પણ ફોજદારી કોરટમાં દરેક મુકદમાના ઇનસાફનો ફેસલો—

(અ) ખુલ્લી કોરટમા સદરહુ ઇનસાફ પુરો થયા પછી તરતજ અથવા ત્યાર પછી કોઇ વખતે કહી સભળાવવો અથવા તેનો સાર સમજાવવો. પણ તે પછીના વખતની નોટીસ પક્ષકારોને અથવા તેઓના પ્લીડરોને આપવી જોઇએ અને

(બ) કોરટની ભાષામા અથવા તેનો પ્લીડર સમજતો હોય એવી બીજી કોઈ ભાષામા કહી સભળાવવો અથવા તેનો સાર સમજાવવો.

પરંતુ એવુ ઠરાવ્યુ છે કે ફરિયાદનુ અથવા તોહોમતવાળા તરફનુ કામ ચલાવનાર, સદરહુ આખો ફેસલો વાચવાની પ્રમુખ જડજને અરજ કરે તો તેણે તે આખો ફેંસલો વાચવો જોઇયે

(૨) ફેસલો આપવામા આવે તે સાભળવા માટે જો તહોમતવાળો પેહેરામા હોય તો તેને આણવો જોઇયે અથવા જો તે પેહેરામા ન હોય તો કોરટે તેને હાજર થવાનું ફરમાવવુ જોઇયે, પણ ઇનસાફ ચાલતો હોય ત્યારે જાતે હાજર થવાનુ તેને માફ કર્યું હોય અને ફક્ત દંડની શિક્ષાનો હુકમ કરવો હોય અથવા તેના ઉપર ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કરવો હોય, તો તે પ્રસંગે તે ફેસલો તેના પ્લીડરની સમક્ષ કહી સભળાવવાનો અધિકાર છે

(૩) કોઇ પણ ફોજદારી કોરટે આપેલો ફેસલો, તે આપવા સારૂ જાહેર કરેલી તારીખે અથવા જગાએ કોઇ પણ પક્ષકાર અથવા તેનો પ્લીડર ગેરહાજર હોય એટલાજ કારણને લીધે, અથવા એવી તારીખ તથા જગાની નોટીસ પક્ષકારો ઉપર અથવા તેઓના પ્લીડરો ઉપર અથવા તેમનામાંના કોઇ પણ પક્ષકાર અથવા પ્લીડર ઉપર બજાવવામા કોઇપણ કસુર અથવા ખામી થઇ હોય એટલાજ કારણને લીધે, ગેરકાયદેસર થાય છે એમ સમજવુ નહિ

(૪) આ કલમના કોઇ પણ મજકુર ઉપરથી ૫૩૭ મી કલમના ઠરાવોની વ્યાપ્તિ કોઈપણ રીતે ઓછી થાય એવો તે મજકુરનો અર્થ કરવો નહિ

૩૬૭ (૧) આ કાયદાથી બીજી રીતે સ્પષ્ટપણે ઠરાવ્યુ હોય તે શિવાય, સઘળા પ્રકારનો દરેક ફેસલો તે કોરટના પ્રમુખ અમલદારે અથવા એવા પ્રમુખ અમલદાર લખાવે તે પ્રમાણે કોરટની ભાષામા અથવા અંગ્રેજીમા લખવો, અને જે મુદ્દાની વાત અથવા વાતો ઠરાવવાની હશે તે તથા તે વિશે કરેલો ઠરાવ, તથા તે ઠરાવના કારણ તે ફેસલામા લખવાં, અને તે ફેસલો કહી સભળાવતી વખતે પ્રમુખ અમલદારે ખુલી કોરટમા તેના ઉપર તારીખ લખીને સહી કરવી અને પ્રમુખ અમલદારે પોતાને હાથે તે ફેસલો લખ્યો ન હોય તેવે પ્રસગે એવા ફેસલાના દરેક પાનાપર તેણે સહી કરવી જોઇએ.

(૨) તોહોમતવાળાની ઉપર કાંઇ ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તો તે ગુન્હો અને હિંદુસ્તાનના ફોજદારી કાયદાની અથવા બીજા કાયદાની જે કલમ પ્રમાણે તેના ઉપર ગુન્હો સાબિત થવાનો ઠરાવ થયો હોય તે કલમ તથા તેની ઉપર જે શિક્ષાનો હુકમ કર્યો હોય તે શિક્ષા, એટલુ તે ફેસલામા લખવુ જોઇયે

(૩) જ્યારે હિંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય, અને તે કાયદાની બે કલમોમાની કઇ કલમમાં અથવા તે કાયદાની એકજ કલમના બે ભાગોમાના ક્યા ભાગમાં તે ગુન્હો આવે છે એ વિશે શક હોય, ત્યારે કોરટે તે શક સ્પષ્ટ રીતે બતાવીને વિકલ્પની રીતે ફેસલો કરવો

(૪) જો તે ફેસલામા ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કર્યો હોય તો તોહોમતવાળાની ઉપર જે ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કર્યો હોય તે ગુન્હો તે ફેસલામા લખવા, અને તોહોમતવાળાને છુટો કરવો એવુ તેમા ફરમાવવુ

(૫) જે ગુન્હા બાબત મોતની શિક્ષા થઇ શકતી હોય તે ગુન્હો તોહોમતવાળાની ઉપર સાબિત થયાનો ઠરાવ થયો હોય, અને તેની ઉપર મોતની શિક્ષા શિવાય બીજી કોઇ પણ શિક્ષાનો હુકમ તે કોરટ કરે, તો મોતની શિક્ષાનો હુકમ નહિ કર્યાનુ કારણ પોતાના ફેસલામાં તે કોરટે લખવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે, જ્યુરીથી ઇનસાફ કર્યો હોય તેમા ફેસલો લખવાની કોરટને જરૂર નથી પણ સેશન કોરટે જ્યુરીને આપેલા આદેશના મથાળાં દફતરમા દાખલ કરવાં.

" (૬) આ કલમના કારણો સારૂ, કલમ ૧૧૮ અથવા કલમ ૬૨૩, પેટા-કલમ (૩), મુજબનો હુકમ ફેસલો છે એમ ગણવુ "

૩૬૮ [૧] જ્યારે કોઇ શખસની ઉપર મોતની શિક્ષાનો હુકમ કરવામા આવે, ત્યારે તે શિક્ષાના હુકમમા એમ ફરમાવવુ કે એ શખસને મરતા સુધી ગળેથી લટકાવવો

(૨) સમુદ્રપારની શિક્ષાના કોઇ પણ હુકમમા, જે શખસની ઉપર તે શિક્ષાનો હુકમ કર્યો હોય તે શખસને સમુદ્રપાર કઇ જગાએ લઇ જવો તે લખવુ નહિ.

૩૬૯ ' આ કાયદા ઉપરથી અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઇપણ કાયદા ઉપરથી અથવા રોયલ ચાર્ટરથી સ્થાપેલી કોઇ હાઇકોર્ટની બાબતમા એવી હાઇકોરટના લેટર્સ પેટન્ટ ઉપરથી બીજી રીતે સમે તે ઠરાવ્યુ હોય તે શિવાય, કોઇપણ કોર્ટે પોતાના ફેસલા ઉપર સહી કરી એટલે કાંઇ હસ્તદોષની ચુક સુધારવાની હોય તે શિવાય, તે કોરટે તે ફેસલામા ફેરફાર કરવો નહિ અથવા તે તપાસવો નહિ

૩૭૦ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે આ કાયદામા પાછળ ઠરાવેલી રીતે ફેસલો દફતરમા દાખલ કરવાને બદલે, ટુંકી લખની નીચેની વિગત દફતરમા દાખલ કરવી—

(અ) મુકદમાનો અનુક્રમ નબર

(બ) ગુન્હો કર્યાની તારીખ

(ક) ફરિયાદી હોય તો તેનુ નામ

(ડ) તોહોમતવાળા શખસનુ નામ, અને (તોહોમતવાળો યુરોપીઅન બ્રીટીશ રૈયત ન હોય તો,) તેના બાપનુ અગર ના હોય તો તેનુ નામ અને રહેવાનુ ઠેકાણુ

(ઈ) જે ગુન્હા વિશે ફરિયાદ થઈ હોય અથવા જે ગુન્હો સાબિત થયો હોય તે ગુન્હો,

(ફ) તોહોમતવાળાનો જવાબ અને તેની જબાની [જો હોય તો]

(ગ) આખરનો હુકમ.

(ઘ) સદરહુ હુકમની તારીખ, અને

(આઇ) જે મુકદમાઓમાં તે માજીસ્ત્રેટ કેદની, અથવા બસેં રૂપિઆથી વત્તા દંડની અથવા એ બન્નેની, શિક્ષા કરે તે સઘળા મુકદમામા, ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યાના કારણોના મુખ્તેસરમાં વિગત લખવી

૩૭૧ [૧] તોહોમતવાળાની અરજી ઉપરથી ફેંસલાની એક નકલ, અથવા તે માગે ત્યારે બની શકે તો, તેની પોતાની ભાષામા, અથવા કોરટની ભાષામા તે ફેંસલાનો તરજુમો તેને વગર ઢીલે આપવો સમનના મુકદમા શિવાય બીજા કોઇપણ મુકદમામા સદરહુ નકલ મફત આપવી

(૨) સેશન કોરટમા જ્યુરીથી ઇનસાફ કરવામા આવે તેમા તોહોમતવાળો માગે તો, જ્યુરીને આપેલા આદેશના મથાળાનો એક નકલ તેને વગર ઢીલે અને મફત આપવી

(૩) જ્યારે તોહોમતવાળાની ઉપર સેશન જડજ મોતની શિક્ષાનો હુકમ કરે ત્યારે તે જડજે તેને એ પ્રમાણે કહેવુ કે અપીલ કરવાની તમારી મરજી હોય તો આટલી મુદતમા તમારે અપીલ કરવી જોઇયે.

૩૭૨ અસલ ફેંસલો કામના કાગળોની સાથે દફતરમા દાખલ કરવો, અને તે અસલ ફેંસલો કોરટની ભાષાથી જુદી ભાષામા લખ્યો હોય અને તોહોમતવાળો કહે ત્યારે, કોરટની ભાષામા તેનો તરજુમો કરીને સદરહુ દફતરમા દાખલ કરવો જોઇયે

૩૭૩ સેશન કોરટે ઇનસાફ કરેલા મુકદમાઓમા, તે કોરટે પોતાના ઠરાવની તથા (જો હોય તો) શિક્ષાના હુકમની એક નકલ જે જીલ્લા માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદમા ઇનસાફ કર્યો હોય તે જીલ્લા માજીસ્ત્રેટની ઉપર મોકલવી

બાબ ૨૭ મો

શિક્ષાનો હુકમ મંજુર થવા માટે મોકલવા બાબત.

૩૭૪ જ્યારે સેશન કોરટ મોતની શિક્ષાનો હુકમ કરે ત્યારે ચલાવેલા કામના કાગળપત્ર હાઇકોરટમા મોકલવા જોઇએ, અને તે શિક્ષાનો હુકમ હાઇકોરટે મંજુર કર્યા વગર અમલમા લાવવો નહિ

૩૭૫ (૧) જ્યારે તે ચલાવેલા કામના કાગળપત્ર હાઇકોરટમા મોકલવામાં આવે, ત્યારે જો હાઇકોરટ એમ ધારે કે જે શખશની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો છે તે શખશ તકસીરવાર છે કે બીન તકસીરવાર છે એ વીશેની કોઇ બાબત સારૂ વધારે ચોકસી કરવી જોઇયે અથવા વધારે પુરાવો લેવો જોઇએ તો તે ચોકસી જાતે કરવાને અથવા એવો પુરાવો જાતે લેવાને અથવા તે ચોકસી કરવાનુ અથવા તે પુરાવો લેવાનું સેશનકોરટને ફરમાવવાને મુખત્યાર છે.

(૨) જ્યુરરોની અથવા આસેસરોની સમક્ષ સદરહુ ચોકસી કરવી નહિ અથવા સદરહુ પુરાવો લેવો નહિ. અને હાઇકોરટ બીજી રીતનો હુકમ ન કરે તો, જે શખશની ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયો હોય તે શખસને તે ચોકસી કરતી વખતે અથવા તે પુરાવો લેતી વખતે હાજર નહિ રાખશે તો ચાલશે.

(૩) જ્યારે હાઇકોરટે તે ચોકસી (હોય તો) કરી નહિ હોય તથા તે પુરાવો (હોય તો) લીધો ન હોય, ત્યારે તે ચોકસીનુ પરિણામ તથા તે પુરાવો દાખલા સહિત તે કોરટને મોકલવો

૩૭૬. જે મુકદમો ૩૭૪ મી કલમ પ્રમાણે મોકલ્યો હોય તે મુકદમાનો ઇનસાફ આસેસરોની મદદથી અથવા જ્યુરીથી કરેલો હોય તે મુકદમામા હાઇકોર્ટ—

(અ) શિક્ષાનો હુકમ બહાલ કરવાને, અથવા બીજી જે શિક્ષાનો હુકમ કરવાનો કાયદાથી અધિકાર હોય તે શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે, અથવા

(બ) ગુન્હાની સાબિતીનો ઠરાવ રદ કરવાને, તથા જે ગુન્હો તોહોમતવાળાની ઉપર સાબીત થયાનો ઠરાવ સેશનકોરટ કરી શકત તેવો કોઇ ગુન્હો તેની ઉપર સાબીત થયાનો ઠરાવ કરવાને અથવા તેજ તોહમત બાબત અથવા સુધારેલા તોહમત બાબત નવેસરથી ઇનસાફ કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે, અથવા

(ક) તોહોમતવાળા શખસની ઉપર ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કરવાને મુખત્યાર છે;

પણ એવુ ઠરાવ્યુ છે કે અપીલ કરવા સારૂ જે મુદ્દત આપી હોય તે મુદત પુરી થાય ત્યાં સુધી અથવા અપીલ સદરહુ મુદતની અંદર કરી હોય તો તે અપીલનો નિકાલ થાય ત્યા સુધી આ કલમ પ્રમાણે મંજુરીયતનો કોઇ પણ હુકમ કરવો નહિ

૩૭૭ એ પ્રમાણે મોકલેલા દરેક મુકદમામાં તે શિક્ષાના હુકમની મંજુરીયત, અથવા હાઇકોરટ જે નવી શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કરે તો સદરહુ કોરટમાં બે અથવા વધારે જડજો હોય. ત્યારે તેમાના ઓછામા ઓછા બે જડજોએ આપવી જોઇયે, અને હુકમ કહેવો જોઇયે અને તેની ઉપર સહી કરવી જોઇયે

૩૭૮ જ્યારે સદરહુ પ્રકારના કોઇપણ મુકદમાની સુનાવણી જડજોની બેચ આગળ થાય અને સદરહુ જડજોના બે પક્ષ થઇને તે બેઉ પક્ષના સરખા મત પડે, ત્યારે તેઓના મત સુદ્ધા તે મુકદમો બીજા કોઈ જડજની પાસે મુકવો, અને સદરહુ જડજે પોતાને યોગ્ય લાગે એવી સુનાવણી કર્યા પછી પોતનો મત આપવો, અને સદરહુ મતને અનુસરીને ફેસલો અથવા હુકમ થવો જોઇયે

૩૭૯ મોતની શિક્ષાનો હુકમ મંજુર થવા સારૂ શેશન કોર્ટ જે મુકદમાઓ હાઇકોરટમા મોકલે તે મુકદમાઓમાં હાઇકોરટ મંજુરિયતનો અથવા બીજો હુકમ કરે ત્યાર પછી હાઇકોરટના યોગ્ય અમલદારે તે હુકમની એક નકલ ઉપર હાઇકોરટની મોહોર કરીને અને પોતાના હાથની સહી કરીને તે નકલ સેશનકોરટને વગર ઢીલે મોકલી દેવી

૩૮૦ જ્યારે ૫૧૨ મી કલમમા ઠરાવ્યા પ્રમાણે કાગળ પત્ર એકાદા પહેલા વર્ગના માજીસ્ટ્રેટની અથવા પેટા તુકડી માજીસ્ટ્રેટને મોકલ્યા હોય ત્યારે એવા માજીસ્ટ્રેટે તે મુકદમો પોતે અસલ સાભળ્યો હોત તો જે શિક્ષાનો હુકમ અથવા જે હુકમ પોત કરી શકત તે શીક્ષાનો હુકમ અથવા બીજો કાઇ પણ હુકમ કરવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે અને બીજી કોઇપણ બાબતમાં વધારે ચોકસી કરવાની અથવા વધારે પુરાવો લેવાની જરૂર છે એમ તેને લાગે તો તે, પોતાની જાતે સદરહુ ચોકસી કરવાને અથવા સદરહુ પુરાવો લેવાને મુખત્યાર છે, અથવા તે ચોકસી કરવાનુ અથવા તે પુરાવો લેવાનુ ફરમાવવાને મુખત્યાર છે

બાબ ૨૮ મો

અમલમાં લાવવા બાબત

૩૮૧ સેશન કોરટે મોતની શીક્ષાનો હુકમ કર્યો હોય તે મંજુર થવા સારૂ હાઇકોરટની પાસે મોકલ્યો હોય ત્યારે, તે ઉપરથી હાઇકોરટે જે મંજુરિયતનો અથવા બીજો હુકમ કરે તે પોહોચેથી સદરહુ શેશનકોરટે વારંટ કાહાડીને અથવા બીજા જે ઉપાયો જરૂરના હોય તે ઉપાયો કરીને સદરહુ હુકમ અમલમાં અણાવવો.

૩૮૨. જે સ્રીને મોતની શિક્ષાનો હુકમ કર્યો હોય તે ગર્ભવતી છે એવુ દેખાય, તો હાઇકોરટે તે શિક્ષાના હુકમનો અમલ બધ રાખવાનો હુકમ કરવો, અને તેને યોગ્ય લાગે, તો તે શિક્ષાને બદલે જીવતા સુધી સમુદ્રપારની શિક્ષાનો હુકમ કરવાને હાઇકોરટ મુખત્યાર છે

૩૮૩ જે મુકદમાઓ બાબત ૩૮૧ મી કલમમા ઠરાવ્યુ છે તે મુકદમાઓ શિવાય બીજા મુકદમાઓમાં તોહોમતવાળાને સમુદ્રપારની અથવા કેદની શિક્ષાનો હુકમ કર્યો હોય ત્યારે તે શિક્ષાનો હુકમ કરનારી કોરટે જે તુરંગમા તેને કેદ રાખ્યો હોય અથવા રાખવો હોય તે તુરંગમા તાબડતોબ એક વારંટ મોકલવુ અને તોહોમતવાળાને તુરંગમા અગાઉ કેદ રાખેલો નહિ હોય તો તે વારંટ સુદ્ધાં તેને એવી તુરંગમા મોકલવો.

૩૮૪, કેદની શિક્ષાનો હુકમ અમલમા લાવવા બાબતનુ દરેક વારંટ, જે તુરંગમા અથવા બીજી જગામાં કેદીને રાખ્યો હોય અથવા કેદ રાખવો હોય તે તુરંગ અથવા બીજી જગા જે અમલદારના હવાલામા હોય તે અમલદારના નામનું કરવુ,

૩૮૫ જ્યાર કેદીને કોઈ તુરંગમાં કેદ રાખવો હોય ત્યારે તે વારંટ જેલરની પાસે રાખવુ.

દંડ વશુલ કરવા બાબતનું વારંટ

૩૮૬ [૧] કોઇ ગુન્હેગારની ઉપર દડની શિક્ષાનો હુકમ કરવામાં આવે ત્યારે, તે શિક્ષાનો હુકમ

કરનારી કોર્ટ; હેઠળ જણાવેલી ગમે તે એક રીતે અથવા બંને રીતે દંડ વસુલ કરવા સારૂ પગલાં લેવાને મુખત્યાર છે, એટલે કે —

[અ] સદરહુ ગુન્હેગારની કોઇપણ જંગમ મિલકતની જપ્તી કરીને તથા તે વેચીને તે દંડની રકમ વસુલ કરવાનું વારંટ કહાડવાને,

[બ] દંડ ન આપનારની જંગમ અથવા સ્થાવર મિલકત અથવા એ બન્નેમાંથી દિવાની પ્રોસેસની રૂએ બજાવણી કરીને દંડ વસુલ કરવાની જીલ્લાના કલેક્ટરને સત્તા આપીને તેને વારંટ કહાડી આપવાને, તે મુખત્યાર છે

પણ એવું ઠરાવ્યું છે કે જો તે શિક્ષાના હુકમમાં એવું ફરમાવવામાં આવ્યું હોય કે દંડ ન આપવામાં આવે ત્યારે, તે ગુન્હેગારને કેદ કરવો અને દંડ ન આપ્યાને લીધે એવી આખી કેદની શિક્ષા તે ગુન્હેગારે પુરી કરી હોય તો, કોઇપણ કોર્ટ પોતાને તેમ કરવાનું જરૂરનું જણાય છે એમ વિશેષ લેખી કારણો જણાવ્યા શિવાય, એવું વારંટ કહાડવું નહિ

(૨) સ્થાનિક સરકાર પેટા-કલમ (૧) રકમ (અ) પ્રમાણેના વારંટો જે રીતે બજાવવાં જોઇએ તે રીતનું નિયમન કરનારી તથા એવું વારંટ બજાવતી વખતે જપ્ત કરેલી કોઇપણ મિલકતના સબંધમાં ગુન્હો કરનાર શખસ શિવાયના બીજા કોઇપણ શખસે કરેલા કોઇપણ દાવાનો સંક્ષિપ્ત રીતે નિર્ણય કરવા માટેની કાનુનો કરવાને મુખત્યાર છે,

(૩) જ્યારે કોર્ટ પેટા-કલમ (૧) રકમ (બ) પ્રમાણે જીલ્લાના કલેક્ટરને વારંટ કહાડી આપે ત્યારે, એવા વારંટો, સને ૧૯૦૮ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાના અર્થ પ્રમાણે, હુકમનામું ગણાશે, અને એવા કલેક્ટર હુકમનામું ધારણ કરનાર ગણાશે, અને એવી રકમ માટેનું હુકમનામું જે સૌથી નજીકની દિવાની કોર્ટથી બજી શકતું હશે તે દિવાની કોર્ટને, સદરહુ કાયદાના કામો સારૂ, હુકમનામું કરનારી કોર્ટ છે એમ ગણવું અને હુકમનામાની બજાવણીને લગતા તે કાયદાના સઘળા ઠરાવો તે મુજબ લાગુ પડશે,

પણ એવું ઠરાવ્યું છે કે ગુન્હેગારને પકડીને અથવા તુરંગમાં અટકાવી રાખીને એવું કોઇપણ વારંટ બજાવવું નહિ

૩૮૭. કલમ ૩૮૬ પેટા કલમ (૧) રકમ [અ] પ્રમાણે કોઇપણ કોરટે કાઢેલું વારંટ એવી કોરટની હકુમતની સ્થાનિક હદમાં અમલમાં લાવી શકાશે, અને સદરહુ દંડની બહાર જે જીલ્લા માજીસ્ટ્રેટની અથવા ચીફ પ્રેસીડન્સી માજીસ્ટ્રેટની અથવા ચીફ પ્રેસીડન્સી માજીસ્ટ્રેટની હકુમતની સ્થાનિક હદમાં સદરહુ પ્રકારની કોઈપણ મિલકત જડે તે જીલ્લા માજીસ્ટ્રેટ અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ તે વારંટની પાછળ શેરો કરશે એટલે તે વારંટ ઉપરથી તે મીલકતની જપ્તી (એટેચમેન્ટ) કરીને વેચી શકશે

૩૮૮. (૧) કોઇ ગુન્હેગારની ઉપર માત્ર દંડની જ શિક્ષાનો અને તે દંડ ન આપે તો કેદની શિક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય, અને દંડ તાબડતોબ ભરવામાં ન આવે તો કોર્ટને——

[અ] સદરહુ દંડ હુકમની તારીખથી ૫૦૨ દિવસ કરતાં વધારે લાંબી મુદત ન થાય તેવી તારીખે અથવા તે પહેલા પુરેપુરો અથવા જેનો પહેલો હફ્તો હુકમની તારીખથી ૫૦૨ દિવસ કરતાં લાંબી મુદત ન થાય તેવી તારીખે અથવા તે પહેલા તથા બીજો અથવા ત્રીજા હફતા, પ્રસંગ પ્રમાણે, ત્રીસ દિવસ કરતાં વધારે મુદતના ન હોય એવા અંતરે અથવા અંતરોએ આપી શકાય એવા બે અથવા ત્રણ હફતામાં આપવાનો હુકમ કરવાનો, તથા

[બ] કેદની શિક્ષાનો હુકમ બજાવવાનું મોકુફ રાખવાનો, અને પ્રસંગ પ્રમાણે દંડ અથવા તેના હફતા જે તારીખે અથવા તારીખોએ અથવા તે પહેલાં ભરવાના હોય તે તારીખે અથવા તારીખોએ અથવા તે પહેલા સદરહુ કોર્ટની આગળ હાજર થવાની શરતનું એક વખત તે કોર્ટને દુરસ્ત લાગે તે પ્રમાણે, જામીન સાથે કે વગર જામીને, તે ગુન્હેગાર પોતાની સહી સાથે કરી આપે એટલે તેને છુટો કરવાનો અધિકાર છે, તથા સદરહુ હુકમ મુજબ જે છેલ્લામાં છેલ્લી તારીખે આપવાના હોય તે તારીખે અથવા તે અગાઉ પ્રસંગ પ્રમાણે સદરહુ દંડ અથવા કોઇપણ હફતાની રકમ વસુલ ન થાય તો, કેદની શિક્ષાનો હુકમ તાબડતોબ અમલમાં લાવવો એવું ફરમાવવાનો અધિકાર છે

[૨] જે બાબતના સંબંધમા પૈસા ભરવા માટે હુકમ કરવામા આવ્યો હોય (કે જે નહિ વસુલ થાય તો કેદની શિક્ષા ફરમાવવી) તથા પૈસા તાબડતોબ ભરવામાં નહિ આવે તેવી કોઇપણ બાબતને પણ પેટા-કલમ (૧) ના કલમો લાગુ પડશે, અને જે શખસ સામે સદરહુ હુકમ કાઢવામાં આવ્યો હોય તેને તે પેટા કલમમા જણાવ્યા પ્રમાણેનુ ખત કરી આપવાનું ફરમાવવામાં આવે ત્યારે તે તેમ કરવાને ચુકે તો, કોર્ટને કેદની શિક્ષા તાબડતોબ ફરમાવવાનો અધિકાર છે ”

૩૮૯. જે જડજે અથવા માજીસ્ત્રેટે શિક્ષાનો હુકમ કર્યો હોય તે જડજને અથવા માજીસ્ત્રેટને અથવા તેના હોદા ઉપર જે સ્થાપન થાય તે તે શિક્ષાનો હુકમ અમલમા લાવવા બાબતનુ દરેક વારંટ કહાડવાને અખત્યાર છે.

૩૯૦ જ્યારે તોહોમતવાળાની ઉપર ફકત ફટકા મારવાની શિક્ષાનો હુકમ કરવામાં આવે ત્યારે કોરટ ફરમાવે તેવી જગાએ તમામ વખતે શિક્ષાનો હુકમ અમલમા લાવવો

૩૯૧ (૧) જ્યારે તોહોમતવાળાને તે શિક્ષાના હુકમની તારીખથી પંદર દિવસ સુધી, અથવા તે મુદતમાં અપીલ કરી હોય તો તે શિક્ષાનો હુકમ અપીલ કોરટ મંજુર કરે ત્યાં સુધી તે ફટકા મારવા નહિ પણ પંદર દિવસ થયા પછી જેમ બને તેમ જલદીથી અથવા અપીલ કરી હોય તો શિક્ષાનો હુકમ મંજુર કર્યાનો અપીલ કોરટનો હુકમ આવી પહોચ્યા પછી જેમ બને તેમ જલદીથી તે ફટકા મારવા

[અ] ફકત ફટકા મારવાની શિક્ષા કરવામા આવી હોય અને કોર્ટ ફરમાવે તેવા વખતે તથા જગાએ પોતે હાજર થવા માટે કોરટની ખાતરી લાયકનો જામીન આપે ત્યારે, અથવા

[બ] કેદ સિવાય વળી ફટકા મારવાની શિક્ષા કરવામા આવે ત્યારે

(૨) જડજ અથવા માજીસ્ત્રેટ તે ફટકા પોતાના દેખતા મારવાનો હુકમ ન કરે તો જે અમલદારના હવાલામા તુરંગ હોય તે અમલદારના દેખતા ફટકા મારવા.

[૩] જ્યારે એકાદા તોહોમતવાળાને કેદની શિક્ષા કરી હોય અને તે કેદની મુદત ૩ મહીનાથી ઓછી હોય, ત્યારે તેને કેદ ઉપરાંત ફટકા મારવાની શિક્ષા કરવી નહિ.

૩૯૨ [૧] સોળ વરસની ઉમરનો અથવા તે કરતા વત્તી ઉમરનો સખસ હોય ત્યારે જેનો વ્યાસ અડધા ઈંચ કરતાં ઓછો ન હોય એવી ઝીણી નેતરવડે સ્થાનિક સરકાર ફરમાવે તે રીતે અને શરીરના તે ભાગ ઉપર ફટકા મારવા અને સોળ વર્ષ કરતા ઓછી ઉમરનો શખસ હોય ત્યારે સ્થાનિક સરકાર ફરમાવે તેવી રીતે અને શરીરના તેવા ભાગ ઉપર તથા તેવા સાધનવડે ફટકા મારવા

[૨] કોઇપણ પ્રસંગે સદરહુ શિક્ષા ૩૦ ફટકા કરતાં વત્તી હોવી નહિ જોઇએ

૩૯૩ ફટકા મારવાની શિક્ષાનો કોઇપણ હુકમ કડકે કડકે અમલમા લાવવો નહિ, અને હેઠળ લખેલા શખસમાના કોઈપણ શખસને ફટકા મારવાની શિક્ષા કરી શકાશે નહિ (એટલે)—

[અ] સ્ત્રીઓને,

(બ) જે મરદોની ઉપર મોતની અથવા સમુદ્રપારની અથવા શાસનિક દાસત્વની અથવા પાચ વર્ષ કરતા વત્તી મુદતની કેદની શિક્ષાનો હુકમ કર્યો હોય તે મરદોને

[ક] જે મરદોને પીસતાલીસ વર્ષ કરતા વત્તી ઉમરના છે એવુ કોરટને લાગતુ હોય તે મરદોને.

૩૯૪ (૧) ફટકા મારવાની શિક્ષા ખમવા લાયક ગુન્હેગારની પ્રકૃતિ છે એવો દાખલો વૈદકીય અમલદાર હાજર હોય તો તેણે આપ્યા વગર અથવા વૈદકીય અમલદાર હાજર નહિ હોય તો જે માજીસ્ત્રેટ અથવા અમલદાર હાજર હોય તેની નજરમાં એ પ્રમાણે આવ્યા વગર, સદરહુ શિક્ષા કરવી નહિ.

(૨) ફટકા મારવાની શિક્ષાનો હુકમ અમલમા આવતો હોય ત્યારે બાકી રહેલી શિક્ષા ખમવા લાયક ગુન્હેગારની પ્રકૃતિ નથી એવો દાખલો વૈદક અમલદાર આપે, અથવા માજીસ્ત્રેટ અથવા અમલદાર હાજર હોય તેની નજરમા એ પ્રમાણે આવે, તો ફટકા મારવાનુ છેક મોકુફ રાખવુ

૩૯૫ (૧) ૩૯૪ મી કલમ પ્રમાણે ફટકા મારવાની શિક્ષાનો હુકમ સર્વત અથવા અંશત. અમલમા આણ્યો નહિ હોય એવે કોઇ પણ પ્રસંગે, જે કોરટે તે શિક્ષાનો હુકમ કર્યો હોય તે કોરટ તે હુકમ દુરસ્ત કરે ત્યાસુધી ગુન્હેગારને કેદમા રાખવો, અને સદરહુ કોરટના નજરમા આવે તો તે સદરહુ

શિક્ષાનો હુકમ માફ કરવાને મુખત્યાર છે, અથવા ફટકા મારવાને બદલે અથવા ફટકા મારવાની જેટલી શિક્ષાનો હુકમ અમલમા આણ્યો નહિ હોય, તેટલી શિક્ષાને બદલે બાર મહિના સુધીની હરકોઇ મુદતની કેદની અથવા વત્તામા વત્તા પાચસો રૂપીયા સુધીના દડની શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે, અને આ ફટકા મારવાને બદલે કરેલી શિક્ષા તેજ ગુન્હા બાબત ગુન્હેગાર ઉપર બીજી શિક્ષા કરી હશે તે શિક્ષા ઉપરાંત થઇ શકસે

(૨) કાયદા પ્રમાણે જેટલી મુદતની કેદની શિક્ષાને તોહોમતદાર પાત્ર હોય તેટલી મુદતમા અથવા કોરટને જેટલી મુદતની કેદની અથવા જેટલી રકમના દડની શિક્ષા કરવાનો અધીકાર હોય તેટલી મુદત કરતા વત્તી મુદતની કેદની નેટલી રકમ કરતાં વત્તી રકમના દડની શિક્ષા કરવાનો અધિકાર તે કોરટને આ કલમ માહેના કોઇ પણ મજકુરથી છે એમ સમજવુ નહિ

૩૯૬ (૧) જયારે કોઇ ફરારી થયેલા ગુન્હેગારની ઉપર આ કાયદા પ્રમાણે શિક્ષાનો હુકમ કરવામા આવે, ત્યારે જો સદરહુ શિક્ષા મોતની, દડની અથવા ફટકા મારવાની હોય, તો કાયદામાં પાછળ કહેલા ઠરાવોને અનુસરીને તે તાબડતોબ અમલમા આવશે અને જો સદરહુ શિક્ષા કેદની, શાસનિકદાસત્વની અથવા સમુદ્રપારની હોયતો તે હેઠળ લખેલી કાનુનો પ્રમાણે અમલમા આવશે, એટલે,—

(૨) જો નવી શિક્ષા સદરહુ ગુન્હેગાર ફરારી થયો ત્યારે જે શિક્ષા તે ભોગવતો હતો તે કરતા વધારે સખત પ્રકારની હોય, તો તે નવી શિક્ષાનો હુકમ તાબડતોબ અમલમા આવશે.

(૩) જ્યારે નવી શિક્ષા તે ગુન્હેગાર ફરારી થયો ત્યારે જે શિક્ષા તે ભોગવતો હતો તે કરતા વધારે સખત પ્રકારની ન હોય ત્યારે તે ગુન્હેગાર ફરારી થયો તે વખતે તેની આગલી શિક્ષાની જેટલી મુદત બાકી રહેલી હોય તેટલી બીજી મુદત સુધી તેણે કેદ, શાસનિકદાસત્વ અથવા સમુદ્રપાર, જેમ હોય તેમ ભોગવ્યા પછી તે નવી શિક્ષાનો હુકમ અમલમાં આવશે

ખુલાશો—આ કલમના કારણ સારૂ

[અ] સમુદ્રપારની અથવા શાસનિકદાસત્વની શિક્ષા કેદની શિક્ષા કરતા વધારે સખત છે એમ સમજવુ

(બ) એકાત કેદ સાથે કેદની શિક્ષા, એકાત કેદ વગર તેજ પ્રકારની કેદની શિક્ષા કરતાં વધારે સખત છે એમ સમજવુ, અને

(ક) સખત મજુરી સાથે કેદની શિક્ષા, એકાત કેદ સાથે કે એકાત કેદ વગર આસાન કેદની શીક્ષા કરતા વધારે સખત છે એમ સમજવુ

૩૯૭. કોઇ શખ્સ કેદની શાસનિક દાસત્વની અથવા સમુદ્રપારની શિક્ષા ભોગવતો હોય, તેવામાં તેની ઉપર કેદનો, શાસનિકદાસત્વની અથવા સમુદ્રપારની શિક્ષાનો હુકમ કરવામા આવે ત્યારે તેની ઉપર આગળ થયલા શિક્ષાના હુકમમાં ફરમાવેલી કેદની, શાસનિકદાસત્વની અથવા સમુદ્રપારની શિક્ષાની મુદત પુરી થયેથી સદરહુ કેદની શાસનિક દાસત્વની અથવા સમુદ્રપારની શિક્ષા શરૂ થશે. પણ પછી કરેલી શિક્ષા એવી રીતે આગળ કરેલી શીક્ષાની સાથે સાથે ભોગવવી એવો કોર્ટ હુકમ કરે તો તેમ થશે નહીં

" વધુ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે તારણ આપવામા કસુર કરવા માટે ૧૨૩ મુજબ હુકમ કરીને જે કોઇ શખ્સને કેદની શિક્ષા ફરમાવવી હોય તે કોઇ શખ્સને, તે એવી શિક્ષા ભોગવતો હોય તે વખતે, એવો હુકમ કરવામા આવે તે પહેલા કરેલા ગુન્હા માટે, કેદની શિક્ષા ફરમાવવામાં આવે ત્યારે પાછળથી ફરમાવેલી સજા તરતજ શરૂ થાય છે એમ સમજવુ. "

પણ એવુ ઠરાવ્યુ છે કે, જો તે શખ્સ કેદની શિક્ષા ભોગવતો હોય અને તેના ઉપર એ પ્રમાણે પાછવાડેથી ગુન્હા સાબીત થયાનો ઠરાવ કરીને કરેલી શિક્ષા સમુદ્રપારની હોય, તો તે કોરટની નજરમા આવે તો, આ બીજી શિક્ષાના હુકમનો અમલ તુરત શરૂ થાય એવુ ફરમાવવાને અથવા તે શખસને આગળ કરેલી કેદની શિક્ષાની મુદત પુરી થયેથી તે શરૂ થાય એવુ ફરમાવવાને અથવા તે શખસને આગળ કરેલી કેદની શિક્ષાની મુદત પુરી થયેથી તે શરૂ થાય એવુ ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

૩૯૮. (૧) ૩૯૬ મી અથવા ૩૯૭ મી કલમમાહેના ઠરાવ ઉપરથી એમ સમજવુ નહિ કે કોઇપણ શખસ તેના આગલા કે પાછલા સાબીત થયલા ગુન્હાને માટે જે શિક્ષાને લાયક થયો હોય તે શિક્ષાના કોઇપણ ભાગમાથી તે શખસ બચી જશે.

(૨) જ્યારે કેદની મુખ્ય શિક્ષાના ઠરાવ ઉપરાંત અથવા કેદની શિક્ષા કરવા લાયક ગુન્હા બદલની સમુદ્રપારની અથવા શાસનિકદાસત્વની શિક્ષાના ઠરાવ ઉપરાંત દંડ ન આપે તો કેદ કરવાની શિક્ષાનો ઠરાવ કર્યો હોય, અને સદરહુ શિક્ષા ભોગવનારા શખસને તે શીક્ષા પુરી થયા પછી કેદની સમુદ્રપારની અથવા શાસનિકદાસત્વની મુખ્ય શિક્ષા અથવા શિક્ષાઓ ભોગવે ત્યાં સુધી દંડ નહિ આપે તો કેદ કરવાનો ઠરાવ અમલમા આણવો નહિ.

૩૯૯. (૧) જ્યારે પંદર વરસ કરતા ઓછી ઉમરના કોઇપણ શખસની ઉપર કોઇપણ ગુન્હા માટે કોઇપણ ફોજદારી કોરટ કેદની શિક્ષાનો હુકમ કરે, ત્યારે, તેને ફોજદારી તુરંગમા કેદ કરવાને બદલે હેઠળ લખેલા પ્રકારની કોઈપણ સન્માર્ગ પ્રવર્તક શાળામા કેદ રાખવો એવો હુકમ કરવાને તે કોરટ મુખત્યાર છે, એટલે કેદ રાખવાની લાયક જગા દાખલ જે સન્માર્ગ પ્રવર્તકશાળા સ્થાનિક સરકારે કાહાડી હોય, અને જેમા ઘટિત કેળવણી આપવાના તથા કાંઇ ઉપયોગી ધંધો શિખવવાના સાધન હોય, તેવી સન્માર્ગપ્રવર્તકશાળામા, અથવા સન્માર્ગપ્રવર્તક શાળામા કેદ કરેલા શખસોને કેળવણી આપવા તથા શિખવવા સંબંધી સ્થાનિક સરકાર ફરમાવે એવા નિયમ પ્રમાણે ચાલવાને રાજી હોય એવા કોઈ સખસને જે સન્માર્ગપ્રવર્તક શાળા રાખેલી હોય તેમા કેદ કરવો એવો હુકમ કરવાને તે કોરટ મુખત્યાર છે

(૨) આ કલમ મુજબ કેદ કરેલા સઘળા સખસોને ઉપર મુજબ ઠરાવેલા નિયમ લાગુ પડશે

(૩) આ કલમ જે કોઇ જગામા, સન ૧૮૯૭ નો સન્માર્ગપ્રવર્તકશાળા બાબતનો આક્ટ લાગુ હશે તે જગામાં લાગુ પડશે નહિ

૪૦૦ જ્યારે કોઈ શિક્ષાના હુકમ પુરેપુરો બજી રેહે ત્યારે તે બજાવનાર અમલદારે, તે શિક્ષાનો હુકમ શી રીતે બજાવ્યો છે તે વિશે પોતાની સહી સાથેનો તે વારંટની પાછળ શેરો કરીને તે વારંટ જે કોરટમાથી નિકળ્યુ હોય તે કોરટમા પાછુ મોકલી દેવુ

બાબ ૨૯ મો

શિક્ષા મોકુફ રાખવા માફ કરવા, તથા બદલવા બાબત

૪૦૧ (૧) જ્યારે કોઇપણ શખસની ઉપર કાંઇ ગુન્હા બાબત શિક્ષાનો હુકમ કર્યો હોય, ત્યારે કોઇ પણ વખતે, બિના સરતે અથવા જે શખસની ઉપર શિક્ષાનો હુકમ કર્યો હોય તે શખસ કબુલ કરે એવી કાંઇ સરત કરીને તેની ઉપર જે શિક્ષાનો હુકમ કર્યો હોય તે અમલમા લાવવાનુ મોકુફ રાખવાનો અથવા જે શિક્ષાનો હુકમ તેની ઉપર કરેલો હોય તે સઘળી શિક્ષા અથવા તેમાંનો કોઇ પણ ભાગ માફ કરવાનો ગવર્નર જનરલ ઇનકૌન્સલ અથવા સ્થાનિક સરકારને અધિકાર છે

(૨) જ્યારે કોઇ શિક્ષા મોકુફ રાખવા અથવા માફ કરવા સારૂ ગવર્નર જનરલ ઇનકાન્સિલને અથવા સ્થાનિક સરકારને અરજી કરવામા આવે, ત્યારે જે કોરટની આગળ અથવા જે કોરટે ગુન્હાની સાબિતીનો ઠરાવ કર્યો હોય અથવા મંજુર કર્યો હોય તે કોરટના પ્રમુખ જડજને, પ્રસંગ પ્રમાણે, ગવર્નર જનરલ ઇનકાઉન્સિલ અથવા સ્થાનિક સરકારને, તે અરજી કબુલ કરવી જોઇયે કે ના કબુલ કરવી જોઇયે તે વિશે તે જડજનો મત તથા તે મતના કારણ જણાવવાનુ તથા એવા મતની કેફીયત સાથે કામના કાગળોની અથવા એવા ઇન્સાફના કામના જે કાગળો હોય તેની દાખલાવાળી નકલ મોકલવાનુ પણ ફરમાવવાનો અધિકાર છે

(૩) જે કોઇપણ શરતે કોઇ શિક્ષા મોકુફ રાખી હોય અથવા માફ કરી હોય તે શરત પાળવામાં નથી આવી એમ પ્રસંગ પ્રમાણે ગવર્નર જનરલ ઇનકાન્સિલને, અથવા સ્થાનિક સરકારને લાગે તો આ પ્રમાણે મોકુફ રાખવાનો અથવા માફ કરવાનો હુકમ, ગવર્નર જનરલ ઇનકૌન્સિલ અથવા સ્થાનિક સરકાર રદ કરવાને મુખત્યાર છે, અને તે પછી જે શખસ બાબત તે શિક્ષા મોકુફ રાખી હોય અથવા માફ કરી હોય તે શખસ છુટો હોય તો તેને કોઇ પણ પોલીસ અમલદારને વગર વારંટે પકડવાનો અને બાકી રહેલા ભાગની શિક્ષા ભોગવવા માટે તેને પાછો કેદમા મોકલવાનો અધિકાર છે

(૪) કાંઇ શિક્ષા જે શરતો આ કલમ પ્રમાણે મોકુફ કરી હોય અથવા માફ કરી હોય તે સરત જે

શખસ બાબત તે શિક્ષા મોકુફ રાખી હોય અથવા માફ કરી હોય તેણે પુરી કરવી એવી હોવી જોઇયે અથવા તેની ઇચ્છા ઉપર આધાર ન રાખે તેવી હોવી જોઇયે

' (૪ અ) ઉપરની પેટા-કલમોના ઠરાવો, આ કાયદાની અથવા બીજા કોઇપણ કાયદાની કોઈપણ કલમની રૂયે કોઇ ફોજદારી કોર્ટે કરેલો જે કોઈપણ હુકમ કોઇ શખસની સ્વતંત્રતા ઉપર અંકુશ મુકનો હોય અથવા તેના ઉપર અથવા તેની મિલકત ઉપર કાંઇપણ જોખમદારી નાખનો હોય તે હુકમને પણ લાગુ પડે છે એમ સમજવુ. "

(૫) માફી આપવાના, શિક્ષા મોકુફ રાખવાના, મુલતવી રાખવાના અથવા માફ કરવાના મલીકા માઆઝમના અથવા જયારે એવા અધિકાર ગવર્નર જનરલને આપવામા આવ્યો હોય ત્યારે તેના અધિકારને આ કલમ માહેના કોઇ પણ મજકુરથી બાધ આવે છે એમ સમજવુ નહિ.

"(૫-અ) જયારે મલીક મુઆઝમ અથવા ગવર્નર જનરલને સોપેના કોઇપણ અધિકારની રૂયે ગવર્નર જનરલ શરતી માફી આપે ત્યારે, તે ઉપરથી નાખેલી, ગમે તે પ્રકારની, શરત, આ કાયદાની રૂયે લાયકાત ધરાવનારી કોર્ટે કરેલી શિક્ષાથી નાખવામા આવી છે એમ ગણવુ અને તે મુજબ તેનો અમલ થશે એમ સમજવુ

(૬) શિક્ષા તહકુબ રાખવાના સબધમા અને જે શરતોએ અરજીઓ રજુ કરવાની તથા તેની વ્યવસ્થા કરવાની તે શરતોના સબધમા, સાધારણ કાનુનો અથવા વિશેષ હુકમ કરીને હુકમ ફરમાવવાનો ગવર્નર જનરલ ઇનકાન્સિલને અથવા સ્થાનિક સરકારને અધિકાર છે

૪૦૨ [૧] જે શખસની ઉપર શિક્ષાનો હુકમ કર્યો હોય તે શખસની સમતિવગર ગવર્નર જનરલ ઇનકૌન્સિલ અથવા સ્થાનિક સરકાર હેઠળ કહેલી શિક્ષાઓમાની કોઈ પણ શિક્ષાને બદલે તે શિક્ષાની આગળ લખેલી બીજી કોઇ પણ શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે—

મોત, સમુદ્રપાર, શાસનિકદાસત્વ, જેટલી મુદતની શિક્ષાનો હુકમ તે શખસની ઉપર થયો હોય તેટલી મુદત સુધીની સખત મજુરીની કેદ, તેટલીજ મુદત સુધીની આસન કેદ, દંડ.

" [૨] આ કલમના કોઇપણ ઠરાવથી હિન્દુસ્થાનના ફોજદારી કાયદાની ૫૪ મી અથવા ૫૫ મી કલમના ઠરાવોને બાધ આવશે નહિ "

બાબ ૩૦ મો

અગાઉ ગુન્હો નાસાબિત થયાનો અથવા સાબિત થયાનો ઠરાવ થયો હોય તે બાબત.

૪૦૩ [૧] યોગ્ય હકુમનવાળી કોઇ કોરટે કોઇ ગુન્હા બાબત કોઇ શખસનો એક વખત ઇનસાફ કર્યો હોય, અને તે ગુન્હો તનો ઉપર સાબિત થયાનો અથવા નાસાબિત થયાનો ઠરાવ કર્યો હોય, ત્યારે જ્યા સુધી તે ગુન્હો સાબિત થયાનો અથવા નાસાબિત થયાનો ઠરાવ અમલમા રહે ત્યા સુધી તે શખસ તેજ ગુન્હા બાબત ફરીથી ઇનસાફને પાત્ર થશે નહિ અથવા તેની ઉપર મુકેલા તોહોમતથી કોઇ જુદુ તોહોમત જે બીજા ગુન્હા બાબત તેની ઉપર ૨૩૬ મી કલમ મુજબ મુકી શકાય તે ગુન્હા બાબત અથવા બીજો જે ગુન્હા ૨૩૭ મી કલમ મુજબ તેની ઉપર સાબીત થઇ શકત તે ગુન્હા બાબત તેને તેજ હકીકત ઉપરથી તે શખસ ફરીથી ઇનસાફને પાત્ર થશે નહિ

[૨] જે શખસની ઉપર કોઇ ગુન્હો નાસાબિત થયાનો અથવા સાબિત થયાનો ઠરાવ થયો હોય તે શખસનો અગાઉ ઇનસાફ થયો તે વખતે જે કોઇ પણ જુદા ગુન્હા બાબત તેની ઉપર ૨૩૫ મી કલમની [૧] લી પેટા કલમ મુજબ જુદુ તોહોમત મુકી શકાત તેવા ગુન્હા બાબત પછી ઇનસાફ કરવાનો અખત્યાર છે

[૩] કોઇ શખસની ઉપર કોઇ પણ ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય અને જે કૃત્યથી તે ગુન્હો બનેલો હોય તે કૃત્ય તથા તે ઉપરથી થયલું પરિણામ એ બેઉ મળીને એવો એક ગુન્હો થયોહોય કે તે ગુન્હો મજકુર શખસની ઉપર સાબિત થયેલા ગુન્હાથી જુદો હોય, ત્યારે આ છેલ્લા કહેલા ગુન્હા બાબત તે સખશનો પછી ઇનસાફ કરવાનો અખત્યાર હેઠળ લખેલે પ્રસંગે છે. એટલે, તે શખસની ઉપર

ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો તે વખતે સદરહુ પરિણામ થયલાં નહતા અથવા તે થયા છે એવી કોરટને ખબર નહતી એમ હોય તો

[૪] કાંઇ પણ કૃત્યોથી બનેલો કાંઇ ગુન્હો નાસાબિત થયાનો અથવા સાબિત થયાનો ઠરાવ જે શખસની ઉપર થયો હોય તે શખસે તેજ કૃત્યોથી બનેલો બીજો જે કોઇ પણ ગુન્હો કર્યો હોય તે ગુન્હા બાબત આગળ તેની ઉપર, સદરહુ ઠરાવ થયો હો । તોપણ તોહોમત મુકીને તેનો ઇનસાફ કરવાનો અધિકાર ન હતો એમ હશે તો

[૫] આ કલમ માહેના કોઇ પણ મજકુર ઉપરથી સન ૧૮૯૭ ના સામાન્ય કલમો બાબતના આકટની ૨૬ મી કલમના અથવા આ નવદાના ૧૮૮ મી કલમના ઠરાવોને બાધ આવે છે એમ સમજવું નહિ

ખુલાસો—કોઇ પણ ફરિયાદ કાઢી નાખવી, ૨૪૯ મી કલમ મુજબ કામ ચલાવવાનું બંધ કરવું, તોહોમતવાળાને છોડી મુકવો અથવા ૨૭૩ મી કલમ પ્રમાણે તોહોમતનામા ઉપર નોંધ કરવી, એ આ કલમના કારણ સારૂ ગુન્હો નાસાબિત થયાના ઠરાવ બરાબર નથી.

દૃષ્ટાંતો—(અ) એ ચાકર થઇને ચોરી કરી તે વિશેના તોહોમત બાબત તેના ઇનસાફ થયો અને તેના ઉપર ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કર્યો. જ્યા લગી તે ઠરાવ અમલમાં હોય ત્યા લગી તેની ઉપર થઇને ચોરી કર્યાનું અથવા તેની તેજ હકીકત ઉપરથી એકલી ચોરી કર્યાનું અથવા સાપરાધ વિશ્વાસઘાત કર્યાનું તોહોમત પછી મુકાશે નહિ

(બ) ખુનના તોહોમત બાબત અ નો ઇનસાફ થયો અને તેના ઉપર ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કર્યો અપહરણ કરવાનું તોહોમત તેની ઉપર નહિ હતું, પણ ખુન કર્યું તે વખતે અ એ અપહરણ કર્યું એવું હકીકત ઉપરથી જણાય છે, અપહરણ કરવાનું તોહોમત તેની ઉપર પછી મુકીને તેને ઇનસાફ કરવાનો અખત્યાર છે

(ક) મહાવ્યથા કરવા બાબત અનો ઇનસાફ થયો અને તેના ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ કર્યો જે શખસને વ્યથા કરી તે શખસ પછી મરણ પામ્યો શિક્ષણીય મનુષ્યવધના ગુન્હા બાબત અનો ફરીથી ઇનસાફ કરવાનો અખત્યાર છે

(ડ) બ નું શિક્ષણીય મનુષ્યવધ કર્યાનું તોહોમત અની ઉપર સેશનકોરટની આગળ મુકવામાં આવ્યું અને તેની ઉપર તે ગુન્હો સાબીત થયો પછી તેજ હકીકત ઉપરથી બ ના ખુન બાબત અ નો ઇનસાફ કરી શકાશે નહિ

(ઇ) બ ને બુદ્ધિપુર્વક વ્યથા કરવાનું તોહોમત પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે અ ની ઉપર મુકીને તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કર્યો ને કામને આ કલમનો બીજો પારેગ્રાફ લાગુ ન હોય, તો બને બુદ્ધિપુર્વક મહાવ્યથા બાબત તેજ હકીકત ઉપરથી અનો પછી ઇનસાફ કરી શકાશે નહિ

(ફ) બ ના શરીર ઉપરથી મિલકત ચોરવાનું તોહોમત બીજા વર્ગના માજીસ્ટ્રેટે અની ઉપર મુકીને ગુન્હો તેની ઉપર સાબીત થયાનો ઠરાવ કર્યો પછી તેજ હકીકત ઉપરથી અપહરણ કરવાનું તોહોમત અની ઉપર મુકીને તેનો ઇનસાફ કરવાનો અખત્યાર છે

(ગ) ડ નું અપહરણ કર્યાનું તોહોમત પેહેલા વર્ગના માજીસ્ત્રેટે અ, બ તથા ક ની ઉપર મુકીને તે ગુન્હો તેઓની ઉપર સાબિત થવાનો ઠરાવ કર્યો પછી તેજ હકીકત ઉપરથી ડાકાઇટી કર્યાનું તોહોમત અ, બ તથા કની ઉપર મુકીને તેઓનો ઇનસાફ કરવાનો અખત્યાર છે.

અપીલ બાબત, લખી મોકલવા બાબત તથા તપાસ બાબત.

બાબ ૩૧ મો.

અપીલો બાબત

૪૦૪ આ કાયદાથી અથવા વિદ્યમાનકાળે ચાલુ હોય એવા બીજા કોઇપણ કાયદાથી ઠરાવ્યુ હોય તે શિવાય ફોજદારી કોરટના કોઇપણ ફેસલા અથવા હુકમ ઉપર અપીલ ચાલશે નહિ.

૪૦૫ મિલકત અથવા તેના વેચાણનું ઉત્પન્ન પાછુ આપવા બાબતની જે કોઈ શખસની ૮૯ મી

કલમ મુજબ કરેલી અરજી કોઇ કોરટે નામંજુર કરી હશે તે શખસને તે કોરટે કરેલા શિક્ષાના હુકમો ઉપર જે કોરટમાં સામાન્યત અપીલ ચાલતી હશે તે કોરટને અપીલ કરવાનો અધિકાર છે

૪૦૬. સુલેહ જાળવવા બાબત અથવા સારી રીતે ચાલવા બાબત, કલમ ૧૧૮ મુજબ, જે શખસને તારણ આપવાનું ફરમાવ્યુ હોય તે શખસ, એવો હુકમ—

[અ] પ્રેસિડેન્સી માજીસ્ત્રેટે કર્યો હોય તો, હાઇ કોર્ટને,

(બ) બીજા કોઇપણ માજીસ્રેટે કર્યો હોય તો, સેશન કોર્ટને તે હુકમની સામા અપીલ કરવાને મુખત્યાર છે,

પણ એવુ ઠરાવ્યુ છે કે સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ કાઢીને એવુ ફરમાવવાને મુખત્યાર છે કે, તે જાહેરનામામા નિર્દિષ્ટ કરેલા કોઇપણ જીલ્લામા, જીલ્લા માજીસ્રેટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ સિવાયના બીજા માજીસ્ત્રેટે કરેલા એવા હુકમ ઉપર અપીલ સેશન કોર્ટને નહિ પણ જીલ્લા માજીસ્ત્રેટને કરવી

" વળી એવુ ઠરાવ્યુ છે કે ૧૨૩ મી કલમની પેટા કલમ (૨) અથવા (૩-અ) ના ઠરાવો મુજબ જે શખસોની સામે મુકદમાના કામ સેશન જડજની અગાડી રજુ કર્યું હોય તે શખસોને આ કલમનો કોઇપણ ઠરાવ લાગુ પડશે નહિ. "

" ૪૦૬-અ. ૧૨૨ મી કલમ મુજબ જામીન સ્વીકારવાની ના પાડવાના અથવા તે નહિ સ્વીકારવાના હુકમથી નારાજ થયો હોય તે શખસ હેઠળ પ્રમાણે અપીલ કરવાને મુખત્યાર છે, એટલે —

(અ) જો સદરહુ હુકમ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે કર્યો હોય તો હાઇકોર્ટને,

[બ] જો જીલ્લા માજીસ્રેટે કર્યો હોય તો સેશન કોર્ટને, અથવા

[ક] જો જીલ્લા માજીસ્રેટ શિવાયના કોઇ બીજા માજીસ્ટ્રેટે કર્યો હોય તો, જીલ્લા માજીસ્ટ્રેટને

૪૦૭ (૧) બીજા અથવા ત્રીજા વર્ગના કોઇપણ માજીસ્ત્રેટે ઇનસાફ કરીને જે શખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય તે શખસ, અથવા બીજા વર્ગના કોઇ પેટાતુકડી માજીસ્ત્રેટે ૩૪૯ મી કલમ પ્રમાણે જે શખસની ઉપર શિક્ષાનો હુકમ કર્યો હોય અથવા જેના સબધમા ૩૮૦ મી કલમ પ્રમાણે હુકમ કર્યો હોય અથવા શિક્ષા કરી હોય તે શખસ, જીલ્લા માજીસ્રેટને અપીલ કરવાને મુખત્યાર છે

(૨) આ કલમ પ્રમાણેની કોઇપણ અપીલ અથવા કોઇપણ વર્ગની એવી અપીલો, સાભળવાનો અધિકાર સ્થાનિક સરકારે જીલ્લા માજીસ્રેટના તાબામાહેના પેહેલા વર્ગના જે કોઇપણ માજીસ્ટ્રેટને આપ્યો હોય તે માજીસ્રેટ તે અપીલો સાભળવી એવુ ફરમાવવાને જીલ્લા માજીસ્ત્રેટને અધિકાર છે, અને એ પ્રમાણે ફરમાવેથી તેવી અપીલ અથવા તેવા વર્ગની અપીલો તે તાબામાહેના માજીસ્ત્રેટને કરવી અથવા, તે જીલ્લા માજીસ્ત્રેટને કરવામા આવી ચુકી હોય તો તે સદરહુ પ્રકારના તાબા માહેના માજીસ્રેટ પાસે મોકલવી એ પ્રમાણે કરેલી અથવા મોકલેલી કોઇપણ અપીલ અથવા કોઇપણ વર્ગની અપીલો સદરહુ માજીસ્ત્રેટની પાસેથી લઇ લેવાનો જીલ્લા માજીસ્રેટને અધીકાર છે

૪૦૮ આસિસ્ટન્ટ સેશન જડજે, જીલ્લા માજીસ્રેટે અથવા પેહેલા વર્ગના બીજા કોઇ માજીસ્રેટે ઇનસાફ કરીને જે શખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય તે શખસ, અથવા પેહેલા વરગના કોઈ માજીસ્ત્રેટે ૩૪૯ મી કલમ પ્રમાણે જે શખસના ઉપર શિક્ષાનો હુકમ કર્યો હોય અથવા જે સખસના સબધમા ૩૮૦ મી કલમ પ્રમાણે હુકમ કર્યો હોય અથવા શિક્ષા કરી હોય તે શખસ, સેશન કોરટને અપીલ કરવાને મુખત્યાર છે, પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે –

(બ) જ્યારે કોઇપણ મુકદમામા કોઇ આસિસ્ટન્ટ સેશન જડજ અથવા ૩૦ મી કલમની રૂએ ખાસ અધીકાર આપ્યો હોય એવો કોઇ માજીસ્રેટ ચાર વર્ષથી વધારે મુદતસુધીની કોઇપણ કેદની શિક્ષા અથવા કોઇપણ સમુદ્રપારની શિક્ષાનો હુકમ કરે એવા ઇન્સાફની વખતે શિક્ષા કરેલા સઘળા અથવા કોઇપણ તહોમતવાળાની અપીલ હાઇકોરટમા ચાલશે,

[ક] જ્યારે કોઇપણ શખસ ઉપર કોઇ માજીસ્ત્રેટે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૨૪ અ ની રૂએ કોઇ ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય, ત્યારે અપીલ હાઇકોરટમા ચાલશે,

૪૦૯ સેશન કોરટને અથવા સેશન જડજને કરેલી અપીલ સેશન જડજે અથવા આડિશનલ સેશન જડજે સાંભળવી.

" પણ એવું ઠરાવ્યું છે કે વધારના સેશનજડજે, સ્થાનિક સરકાર સામાન્ય અથવા વિશેષ હુકમ કાઢીને ફરમાવે તેવીજ અથવા તે વિભાગના સેશન જડજ તેને મોકલી આપે તેવીજ અપીલો ફકત સાંભળવી"

૪૧૦. કોઈ શેશનજડજે અથવા આડિશનલ સેશનજડજે ઇનસાફ કરીને જે શખસની ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ કર્યો હોય તે શખસ હાઇકોરટને અપીલ કરવાને મુખત્યાર છે.

૪૧૧ કોઇ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટે ઇનસાફ કરીને કોઇપણ શખસના ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય, ત્યારે જો તે માજીસ્ત્રેટે તે શખસની ઉપર ૭ મહિના કરતા વત્તી મુદતની કેદની શિક્ષાનો હુકમ અથવા બસે રૂપીયા કરતા વત્તા દડની શિક્ષાના હુકમ કર્યો હોય તો તે શખસ હાઇકોરટને અપીલ કરવાને મુખત્યાર છે

૪૧૨ આ કાયદામા પાછળ ગમે તે કહ્યુ હોય તે છતા, જ્યારે તોહોમતવાળા શખસે પોતે તકસીરવાર છે એવો જવાબ આપ્યો હોય અને સેશન કોરટે અથવા કોઇપણ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે અથવા પહેલા વરગના માજીસ્ટ્રેટે સદરહુ જવાબ ઉપરથી તેનો ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ કર્યો હોય, ત્યારે શિક્ષા ઘણી છે અથવા કાયદાસર નથી એવા સબબ શિવાય બીજા કોઇપણ સબબથી અપીલ ચાલશે નહીં

૪૧૩ આ કાયદામા પાછળ ગમે તે કહ્યુ હોય તે છતા, જે મુકદમાઓમા સેશન કોરટ વધારેમા વધારે ફક્ત એક મહીના સુધી કેદની, અથવા જેમાં સેશન કોર્ટ અથવા જીલ્લા માજીસ્ટ્રેટ કે પહેલા વર્ગનો બીજો કોઈ માજીસ્ટ્રેટ વધારેમાં વધારે ફક્ત પચાસ રૂપીયા સુધી દડની શિક્ષાનો હુકમ કરે, તે મુકદ્દમાઓમા જે શખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરવા થયો હોય તે શખસની અપીલ ચાલશે નહિ.

ખુલાશો—જ્યારે પહેલા કેદની શિક્ષાનો હુકમ કર્યો ન હોય, અને દડ ન આપવામા આવે તો કેદની શિક્ષાનો હુકમ સદરહુ કોરટે અથવા માજીસ્ત્રેટે કર્યો હોય, ત્યારે તે શિક્ષાના હુકમ ઉપર કાંઇ પણ અપીલ ચાલશે નહિ.

૪૧૪. આ કાયદામા પાછળ ગમે તે કહ્યું હોય તે છતા, જે મુકદમાનો ઇનસાફ સંક્ષિપ્ત રીતે કર્યો તે મુકદમામા ૨૬૦ મી કલમ પ્રમાણે કામ કરવાનો માજીસ્ત્રેટને અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટ વધારેમા વધારે ફકત બસે રૂપિયા સુધી દડની અથવા શિક્ષાનો હુકમ કરે તે મુકદમામાં જે શખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તે શખસની અપીલ ચાલશે નહિ.

૪૧૫. ૪૧૩ મી અથવા ૪૧૪ મી કલમમા કહેલા કોઇપણ શિક્ષાના હુકમથી તે કલમોમા કહેલી કોઇપણ બે અથવા વધારે શિક્ષા એકઠી કરી હોય તે શિક્ષાના હુકમ ઉપર અપીલ કરવાનો અધિકાર છે પણ જે શિક્ષાના હુકમ ઉપર બીજી રીતે અપીલ થઇ શકતી નહિ હોય તે શિક્ષાના હુકમ ઉપર જ શખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તે શખસને સુલેહ રાખવા માટે તારણ આપવાનું ફરમાવ્યું હોય તેટલાજ સબબથી, અપીલ કરવાનો અધિકાર નથી

ખુલાશો—દડ ન આપવામા આવે તો કેદની શિક્ષા આ કલમના અર્થ પ્રમાણે બે અથવા વધારે શિક્ષા જેમા એકઠી આવી છે એવા પ્રકારની શિક્ષા છે એમ સમજવુ નહિ.

" ૪૧૫–અ આ ભાગમા ગમે તે ઠરાવ હોય તે છતાં, એકજ ઇન્સાફના કામમા એક કરતાં વધારે શખ્સો ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય અને એવા કોઈપણ શખ્સના સબંધમાં અપીલ થઈ શકે એવો ફેસલો અથવા હુકમ કરવામા આવ્યો હોય ત્યારે, એવા ઇનસાફ વખતે જેમના પર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તે સઘળા અથવા તેમાના કોઇપણ એકને અપીલ કરવાનો હક્ક છે, એમ સમજવુ.

૪૧૭ હાઇ કોરટ શિવાય બીજી કોઈપણ કોરટે ગુન્હો નાસાબિત થયાનો હુકમ અસલ કામમા અથવા અપીલમા કર્યો હોય તે હુકમ ઉપર હાઈકોરટમા અપીલ કરવાનુ પબ્લીક પ્રોસીક્યુટરને ફરમાવવાનો સ્થાનિક સરકારને અધિકાર છે

૪૧૮. (૧) હકીકતની કોઇ વાત બાબત તેમજ કાયદાની કોઇ વાત બાબત અપીલ કરવાનો અધિકાર પણ જ્યા તે ઇનસાફ જ્યુરીએ કર્યો હોય ત્યા તે ફકત કાયદાનીજ કોઇ વાત બાબત અપીલ ચાલશે

[૨] પેટા-કલમ (૧) મા અથવા કલમ ૪૨૩ પેટા-કલમ (૨) મા ગમે તે ઠરાવ હોય તે છતા, જ્યુરીએ કરેલા ઇનસાફના કામમાં, કોઇ શખસને મોતની શિક્ષા કરી હોય ત્યારે, એવી રીતે શિક્ષા કરેલા શખસની સાથે તેજ ઇનસાફના કામમા જે કોઇપણ બીજા શખસ ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તે શખસ હકીકતનો કોઇ મુદ્દા બાબત અપીલ કરવાને મુખત્યાર છે. ”

ખુલાશો—કોઇ શિક્ષાનો હુકમ સખત છે એવુ કહેવામા આવ્યુ હોય તે વાત આ કલમના કારણુ સારૂ કાયદાની વાત છે એમ સમજવુ

૪૧૯. દરેક અપીલ લખેલી અરજીના રૂપમા કરવી અને તે અરજી અપેલેન્ટે અથવા તેના પ્લીડરે આપવી. અને (જે કોરટને તે અરજી આપવામા આવે તે કોરટ બીજી રીતે નહિ ફરમાવે તો) જે ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ કરી હોય તે ફેસલાની અથવા હુકમની એ નકલ, અને જે મુકદમાઓનો ઇનસાફ જ્યુરીએ કર્યો હોય તે મુકદમાઓમા ૩૬૭ મી કલમ પ્રમાણે દફતરમા દાખલ કરેલા આ દેશના મથાળાની એક નકલ સદરહુ પ્રકારની દરેક અરજી સાથે આપવી

૪૨૦. જો અપેલેન્ટ તુરગમા હોય, તો જે અમલદારના હવાલામા તે તુરગ હોય તે અમલદારને તે પોતાની અપીલની અરજી તથા તેની સાથે જોડેલી નકલો આપવાને મુખત્યાર છે, અને પછી તે અમલદારે સદરહુ અરજી તથા નકલો યોગ્ય અપીલ કોરટની પાસે મોકલવી.

૪૨૧ (૧) ૪૧૯ મી અથવા ૪૨૦ મી કલમ પ્રમાણે અરજી તથા નકલ આવી એટલે અપીલ કોરટે તે વાચી જોવી, અને તે કામમા હાથ ઘાલવાનો કાંઇ પુરતો સબબ નથી એમ તેની નજરમા આવે, તો તે અપીલ સક્ષિપ્ત રીતે કાઢી નાખવાને તે કોરટ મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે ૪૧૯ મી કલમ પ્રમાણે અપીલ કરવામા આવે ત્યારે તેના ટેકામા તકરાર કહી સભળાવવાની વાજબી તક અપેલેન્ટને અથવા તેના પ્લીડરને આપ્યા વગર તે અપીલ કાહાડી નાખવી નહિ.

(૨) આ કલમ પ્રમાણે કોઇ અપીલ કહાડી નાખતા પહેલા, સદરહુ કોરટ તે મુકદમાનુ દફતર મગાવવાને મુખત્યાર છે, પણ તેમ કરવાને તે બધાયલી છે એમ સમજવુ નહિ.

૪૨૨ જો અપીલ કોરટ તે અપીલ સક્ષિપ્ત રીતે કહાડી ન નાખે, તો તે અપીલ સાભળવાના વખતની તથા જગાની નોટીસ અપેલેન્ટને અથવા તેના પ્લીડરને તથા જે અમલદારને સ્થાનિક સરકાર આ બાબત નિમે તેને તે કોરટે અપાવવી, અને અપીલના સબબની એક નકલ સદરહુ અમલદાર માગે તો તેને તે કોરટે આપવી

અને ૪૧૭ મી કલમ પ્રમાણે કરેલી અપીલોની બાબતમા તેવીજ એક નોટીસ તોહોમતવાળાને અપીલ કોરટે અપાવવી

૪૨૩. (૧) પછી તે મુકદમાનુ દફતર અપીલ કોરટમા આવી ચુકયું ન હોય તો તે કોરટે તે મંગાવવુ દફતર વાંચી જોયા પછી અને અપેલેન્ટ અથવા તેનો પ્લીડર હાજર થાય તો તેની તકરાર તથા પબ્લિક પ્રોસિક્યુટર હાજર થાય તો તેની તકરાર અને ૪૧૭ મી કલમ પ્રમાણે કરેલી અપીલની બાબતમા તોહોમતવાળો હાજર થાય તો તેની તકરાર સાભળ્યા પછી, જો તે કોરટની નજરમાં એમ આવે કે તે કામમાં હાથ ઘાલવાનો કાંઇ પુરતો સબબ નથી તો, તે સદરહુ અપીલ કાહાડી નાખવાને મુખત્યાર છે, અથવા

(અ) ગુન્હો નાસાબિત થયાના હુકમ ઉપર અપીલ કરી હોય તેમા પ્રસગ પ્રમાણે સદરહુ હુકમ રદ કરીને વધારે ચોકસી કરવાનું ફરમાવવા, અથવા તોહોમતવાળાનો ફરીથી ઇનસાફ કરવાનુ, અથવા તેને ઇનસાફ સારૂ કમિટ કરવાનું, ફરમાવવાને, અથવા તેને તકસીરવાર ઠેરવીને તેની ઉપર કાયદા પ્રમાણે શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે,

(બ) ગુન્હો સાબિત થયાના ઠરાવ ઉપર અપીલ કરી હોય તેમા (૧) ઠરાવ તથા શિક્ષાનો હુકમ રદ કરીને તોહોમતવાળાની ઉપર ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કરવાને અથવા તેને છોડી મુકવાને, અથવા પોતાના તાબામાહેની યોગ્ય હકુમતવાળી હરકોઇ કોરટે તેનો ફરીથી ઇનસાફ કરવો એમ ફરમાવવાને અથવા તેવા ઇનસાફ સારૂ કમીટ કરવો એમ ફરમાવવાને મુખત્યાર છે, અથવા (૨) શિક્ષાનો હુકમ કાયમ રાખીને ઠરાવમા ફેરફાર કરવાને અથવા ઠરાવમાં ફેરફાર કરીને અથવા ફેરફાર કર્યા વગર શિક્ષા ઓછી કરવાને

મુખત્યાર છે, અથવા (૩) એ પ્રમાણે શિક્ષા ઓછી કરીને અથવા ઓછી કર્યા વગર તથા ઠરાવમાં ફેરફાર કરીને અથવા ફેરફાર કર્યા વગર શિક્ષાના પ્રકારમા ફેરફાર કરવાને મુખત્યાર છે પણ કલમ ૧૦૬ ની પેટા કલમ (૩) ના ઠરાવને પાત્ર રહીને, તે શિક્ષા વધે એમ કરવુ નહિ જોઇયે,

(ક) બીજા કોઈ પણ હુકમ ઉપર અપીલ કરી હોય તેમા સદરહુ હુકમમાં ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને મુખત્યાર છે.

(ડ) યોગ્ય અથવા વાજબી હોય એવો કઇપણ સુધારો અથવા કોઇપણ અનુસારી અથવા આનુષંગિક હુકમ કરવાને મુખત્યાર છે.

(૨) આ કલમમોના કોઇપણ મજકુરથી જ્યુરીના ઠરાવમાં ફેરફાર કરવાનો અથવા તે રદ કરવાનો અધિકાર તે કોરટને છે એમ સમજવુ નહિ, પણ તે કોરટના મત પ્રમાણે જડજે ખોટો આદેશ કર્યો તેથી અથવા તેણે કહ્યા પ્રમાણેનો કાયદો જ્યુરી ખોટો સમજી તેથી સદરહુ ઠરાવ ભુલ ભરેલો હોય તો અધીકાર છે

૪૨૪ અસલ હકુમતની ફોજદારી કોરટના ફેસલા બાબત ૨૬ મા બાબ માંહિની કાનુનો બની શકે તેટલે સુધી હાઇકોરટ શિવાય બીજી કોઇપણ અપીલ કોરટના ફેસલાને લાગુ પડશે પણ એવુ ઠરાવ્યુ છે કે, અપીલ કોરટ બીજી રીતનો હુકમ નહિ કરે, તો ફેસલો આપવામા આવે તે સાભળવા સારૂ તોહોમતવાળાને આણવો નહિ અથવા તેને હાજર થવાનુ ફરમાવવુ નહિ

૪૨૫. (૧) જ્યારે જ્યારે આ બાબ પ્રમાણે હાઇકોરટ અપીલમાં કોઇ મુકદમાનો ફેસલો કરે ત્યારે ત્યારે જે ઠરાવ અથવા શિક્ષાના હુકમ અથવા (બીજા) હુકમ ઉપર અપીલ કરી હોય તે ઠરાવ અથવા શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ જે કોરટે દફતરમાં નોધ્યા હોય અથવા કર્યા હોય તે કોરટને સદરહુ હાઇકોરટે પોતાનો ફેસલો દાખલા સહિત લખી મોકલવો જો તે ઠરાવ, શિક્ષાનો હુકમ અથવા [બીજો] હુકમ જીલ્લા માજીસ્રેટ શિવાય બીજા કોઈ માજીસ્રેટે દફતરમાં નાખ્યો હોય અથવા કર્યો હોય, તો તે દાખલો જીલ્લા માજીસ્રેટની મારફતે મોકલવો જોઇએ.

(૨) જે કોરટને હાઇકોરટ પોતાના ફેસલા બાબત અથવા હુકમ બાબત દાખલો લખી મોકલે તે કોરટે તે ઉપરથી હાઇકોરટના ફેસલાને અથવા હુકમને અનુસરતા હુકમ કરવા, અને જરૂર હોય તો દફતરમા તે પ્રમાણે સુધારો કરવો

૪૨૬ [૧] જે શખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તે શખસે કરેલી અપીલ ચાલતી હોય ત્યાંસુધી જે શિક્ષાના હુકમ ઉપર અથવા (બીજા) હુકમ ઉપર અપીલ કરી હોય તે અમલમા લાવવાનુ મોકુફ રાખવાનો, અને જો તે શખસ કેદમા હોય તો, તેને જામીન ઉપર અથવા તેના પોતાના ખતઉપર છોડવાનો હુકમ કરવાને અપીલકોરટ મુખત્યાર છે, પણ તેમ કરવાના કારણો દફતરમા લખવા જોઇયે.

[૨] આ કલમથી અપીલ કોરટને જે અધીકાર આપ્યો છ તે અધીકાર જે શખસની ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયો હોય તે શખસે હાઇકોરટના તાબામાહેની કોરટમા અપીલ કરી હોય તે બાબતમા હાઇકોરટને પણ ચલાવવાને મુખત્યાર છે

(૩) જ્યારે અપેલેન્ટના ઉપર આખરે કેદની, સાસનીકદાસતના અથવા સમુદ્રપારની શિક્ષાનો હુકમ કરવામા આવે, ત્યારે જેટલો વખત તે એ પ્રમાણે છુટો રહેલો હોય તેટલો વખત તેની ઉપર સદરહુ પ્રમાણે કરેલા શિક્ષાન હુકમની મુદત ગણવામા બાતલ કરવો.

૪૨૭ જ્યારે ૪૧૭ મી કલમ પ્રમાણે અપીલ કરવામા આવે, ત્યારે હાઇકોરટને વારંટ કાહાડીને તેમા તોહોમતવાળાને પકડીને પોતાની આગળ અથવા પોતાના તાબામાહેની કોઇપણ કોરટની આગળ આણવાનું ફરમાવવાને મુખત્યાર છે, અને જે કોરટની આગળ તેને આણ્યો હોય તે કોરટને તે અપીલનો નિકાલ થતા સુધી તેને કેદ કરવાનો અથવા તેના જામીન લેવાનો અધીકાર છે

૪૨૮. (૧) આ બાબ પ્રમાણે કોઇપણ અપીલની તજવીજ કરવામાં જો અપીલ કોરટને વધારે પુરાવાની જરૂર લાગે તો તે કોરટે પોતાના કારણો દફતરમા લખી મુકવા જોઇયે. અને તે કોરટને સદરહુ પુરાવો પોતાની જાતે લેવાનો, અથવા તે લવાનું કામ માજીસ્રેટને ફરમાવવાના અથવા અપીલકોરટ હાઇકોરટ હોય ત્યારે સેશન કોરટને અથવા કોઈ માજીસ્રેટને ફરમાવવાનો મુખત્યાર છે.

(૨) જ્યારે તે સેશનકોરટ અથવા તે માજીસ્ટ્રેટ વધારે પુરાવો લે, ત્યારે તેણે અપીલ કોરટને તે પુરાવાનો દાખલો લખી મોકલવો, અને તે પછી સદરહુ કોરટે તે અપીલનો નિકાલ કરવા માંડવો.

(૩) અપીલ કોરટ બીજી રીતે ફરમાવે નહિ તો, જ્યારે તે વધારે પુરાવો લેવાય ત્યારે તોહોમતવાળાએ અથવા તેના પ્લીડરે હાજર રહેવું, પણ સદરહુ પુરાવો જ્યુરરોની અથવા આસેસરોની સમક્ષ લેવો નહિ.

(૪) આ કલમ પ્રમાણે પુરાવો લેવો તે, ચોકસીમા આવે છે તે પ્રમાણે ૨૫ મા બાબના ઠરાવોને અનુસરીને લેવો જોઇએ.

૪૨૯ જ્યારે અપીલ કોરટના જડજોના બે પક્ષ થઇને બેઉ પક્ષનાં સરખા મત પડે, ત્યારે તે મુકદમો તેઓના અનુમત સુદ્ધાં તેજ કોરટના બીજા કોઇ જડજની પાસે મોકલવો, અને તે જડજને યોગ્ય લાગે એવી સુનાવણી (જો હોય તે તે) કર્યા પછી તેણે પોતાનો મત આપવો, અને ફેસલો અથવા હુકમ સદરહુ મત પ્રમાણે કરવો જોઇયે

૪૩૦ અપીલ ઉપરથી જે ફેસલા તથા હુકમ અપીલ કોરટ કરે તે ફેસલા તથા હુ-મ આખરના છે એમ સમજવુ, પણ ૪૧૭ મી કલમમા તથા ૩૨ મા બાબમા જે બાબતો વિશે ઠરાવ્યુ છે તે બાબતોમાં તેમ સમજવુ નહિ

૪૩૧ ૪૧૭ મી કલમ મુજબ કરેલી દરેક અપીલ, જ્યારે તોહોમતવાળો મરણ પામે ત્યારે આખરની બધ પડશે, અને (દડની શિક્ષા ઉપર કીધેલી અપીલ શિવાય) આ બાબ પ્રમાણે કરેલી બીજી દરેક અપીલ જ્યારે અપેલેન્ટ મરણ પામે ત્યારે આખરની બધ પડશે

બાબ ૩૨ મો

લખી મોકલવા બાબત તથા તપાસણી બાબત.

૪૩૨. કોઇ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટને યોગ્ય લાગે તો તે પોતાની આગળ ચાલતા કોઇપણ મુકદમાની સુનાવણી વખતે કાયદાની જે તકરાર નિકળે તે તકરાર હાઇકોરટના અભિપ્રાય માટે લખી મોકલવાને મુખત્યાર છે અથવા એ પ્રમાણે લખી મોકલ્યા ઉપરથી હાઇકોરટ જે ઠરાવ કરે તે ઠરાવને પાત્ર રાખીને સદરહુ પ્રકારના કોઇ પણ મુકદમામા ફેસલો આપવાને મુખત્યાર છે અને સદરહુ ઠરાવ થતા સુધી, તોહોમત વાળાને તુરગમા પુરવાને, અથવા જ્યારે તેને ફરમાવવામા આવે ત્યારે ફેસલા માટે હાજર થવાને તેના જામીન લઇને તેને છોડવાને મુખત્યાર છે

૪૩૩. (૧) જ્યારે કાંઇ તકરારના સબંધમા એ પ્રમાણે લખી મોકલ્યુ હોય, ત્યારે તે ઉપર હાઇકોરટે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો, અને જે માજીસ્ટ્રેટે તે તકરારના સબંધમા લખી મોકલ્યુ હોય તે માજીસ્ટ્રેટને સદરહુ હુકમની એક નકલ મોકલાવવી, અને તે માજીસ્ટ્રેટે સદરહુ હુકમને અનુસરીને તે મુકદમાનો નિકાલ કરવો,

(૨) એ પ્રમાણે લખી મોકલવાનો ખરચ કોણે આપવો તે બાબત હાઇકોરટ હુકમ કરવાને મુખત્યાર છે.

૪૩૪ (૧) એક કરતાં વધ્ધા જડજોની અને અસલ ફોજદારી હકુમત ચલાવતી હોય એવી કોઇ હાઇકોરટના કોઇ જડજની આગળ થયલા ઇનસાફમા કોઈ પણ શખસની ઉપર કાંઇ ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય ત્યારે તે શખસનો ઇનસાફ થતી વખતે કાયદાની જે કઇ તકરાર નિકળી હોય અને જેના નિકાલની અસર તે ઇનસાફનાં પરિણામ ઉપર થાય એમ હોય તે તકરાર પોતાને યોગ્ય લાગે તો, અનામત રાખીને સદરહુ કોરટના બે અથવા વધારે જડજોની કોરટના ઠરાવ માટે લખી મોકલવાને તે જડજ મુખત્યાર છે.

(૨) જો તે જડજ સદરહુ પ્રકારની કાઇ પણ તકરાર અનામત રાખી મુકે તો તકરાર બાબત ઠરાવ થતાં સુધી, જે શખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તે સખસને તુરંગમા પાછો મોકલવો, અથવા જો તેજ મુકદમો અથવા તેનો જેટલો ભાગ જરૂરનો હોય તેટલો ભાગ તપાસવાનો તથા સદરહુ તકરારનો છેવટ નિકાલ કરવાનો અને તે ઉપરથી અસલ હકુમતવાળી કોરટે જે શીક્ષાનો હુકમ કર્યો

હોય તે શીક્ષાના હુકમમા ફેરફાર કરવાનો અને પોતાને યોગ્ય લાગે એવો ફેસલો આપવાનો અથવા હુકમ કરવાનો અધિકાર તે હાઇકોરટને છે એમ સમજવુ,

૪૩૫ (૧) હાઇકોરટની અથવા કોઈપણ સેશન જડજની અથવા જીલ્લા માજીસ્ટ્રેટની અથવા જે પેટા તુકડી માજીસ્ટ્રેટને આ બાબત સ્થાનિક સરકારે અખત્યાર આપ્યો હોય તેની હકુમતની સ્થાનિક હદમાં આવેલી કોઇપણ નીચલી ફોજદારી કોરટે કરેલો અથવા દફતરમા દાખલ કરેલો કોઇપણ ઠરાવ, હુકમ અથવા (બીજો) હુકમ ખરો અથવા કાયદેસર અથવા વાસ્તવિક છે કે નહિ તે બાબત, અને સદરહુ નીચલી કોરટમા ચલાવવુ કાંઇ કામ નિયમસર ચલાવેલુ છે કે નહિ તે બાબત પોતાની ખાત્રી કરવા સારૂ તે હાઇકોરટ અથવા સેશનકોરટ અથવા જીલ્લા માજીસ્ટ્રેટ અથવા પેટા તુકડી માજીસ્ટ્રેટ સદરહુ નીચલી કોરટ આગળ ચાલેલાં કોઇપણ કામનુ દફતર મગાવીને તપાસી જોવાને મુખત્યાર છે

" અને એવુ દફતર મગાવતી વખતે, તે દફતરની તપાસ કરવામા આવે ત્યા સુધી, કોઇપણ શિક્ષાનો અમલ કરવાનુ મોકુફ કરવુ એવુ, તથા તોહોમતવાળો કેદમા હોય તો તેને જામીનપર અથવા તેના પોતાના ખતપર છોડવો એવુ ફરમાવવાને તે મુખત્યાર છે "

(૨) પેટા કલમ (૧) મુજબ ચાલનારા કોઇપણ પેટા તુકડી માજીસ્ટ્રેટની નજરમા એમ આવે કે સદરહુ પ્રકારનો કોઈપણ ઠરાવ, શિક્ષાનો હુકમ અથવા [બીજો] હુકમ કાયદેસર અથવા વાસ્તવિક નથી, અથવા સદરહુ પ્રકારનુ કોઈપણ કામ નિયમસર ચલાવેલુ નથી, તો તેણે દફતર ઉપર જે શેરો પોતાને યોગ્ય લાગે તે શેરો કરીને જીલ્લા માજીસ્ટ્રેટ ઉપર તે મોકલી દેવુ.

(૩) આ કલમ મુજબ એકાદી દરખાસ્ત સેશન જડજ અથવા જીલ્લા માજીસ્ટ્રેટ પૈકી એકને કરી હોય, તો બીજાએ કોઇપણ દરખાસ લેવી નાહ

૪૩૬ ૪૩૫ મી કલમ પ્રમાણે અથવા બીજી કોઇ રીતે કોઇ પણ દફતર તપાસી જોયા ઉપરથી હાઇકોરટ અથવા સેશન જડજ એવુ ફરમાવવાને મુખત્યાર છે કે, ૨૦૩ જી કલમ પ્રમાણે અથવા ૨૦૪ થી કલમની પેટા કલમ (૩) પ્રમાણે કાહાડી નાખેલી કોઇપણ ફરિયાદ બાબત અથવા જે સખસ ઉપર ગુન્હાનુ તહોમત મુકવામા આવ્યુ હોય અને જેને છોડી મુકયા હોય તે સખસના મુકદમા બાબત વધારે ચોકસી જીલ્લા માજીસ્ટ્રેટે પોતાની જાતે કરવી અથવા પોતાના તાબા માહેના કોઇપણ માજીસ્ત્રેટની પાસે કરાવવી, અને તે ચોકસી જાતે કરવાને અથવા કોઇપણ તાબા માહેના માજીસ્ટ્રેટને તેમ કરવાનુ ફરમાવવાને જીલ્લા માજીસ્ત્રેટ મુખત્યાર છે

૪૩૭ જ્યારે ૪૩૫ મી કલમ પ્રમાણે અથવા બીજી કોઇ રીતે કોઇપણ મુકદમાનું દફતર તપાસી જોયા ઉપરથી સેશન જડજની અથવા જીલ્લા માજીસ્ટ્રેટની નજરમા એમ આવે કે તે મુકદમો ફક્ત સેશન કોરટજ ઇનસાફ કરી શકે એવો છે, અને નીચલી કોરટે તોહોમતવાળા શખસને ગેરવાજબી રીતે છોડી મુકયો છે, ત્યારે સેશન જડજ અથવા જીલ્લા માજીસ્ટ્રેટ તેને પકડાવવાને અને ત્યાર પછી નવેસરથી ચોકસી કરવાનુ ફરમાવવાને બદલે પોતાના મતપ્રમાણે જે બાબતમા તેને ગેરવાજબી રીતે છોડી મુકયો હોય તે બાબતપર ઇન્સાફ થવા સારૂ તેને કમિટ કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે —

(અ) તોહોમતવાળાને શા સારૂ કમિટ નહિ કરવો જાઇએ, તેનુ કારણ સદરહુ જડજને અથવા માજીસ્ત્રેટને બતાવવાની તક તોહોમતવાળાને મળેલી જોઇએ

(બ) પુરાવો જોતા તોહોમતવાળાએ બીજો કોઈ ગુન્હો કરેલો છે એમ સદરહુ જડજ અથવા માજીસ્ત્રેટ ધારે, તો નીચલી કોરટને સદરહુ ગુન્હાની ચોકસી કરવાનુ ફરમાવવાને તે જડજ અથવા માજીસ્ટ્રેટ મુખત્યાર છે

ખુલાસો—સઘળા માજીસ્ટ્રેટો, પછી તેઓ અસલ અથવા એપેલેટ હકુમત ચલાવતા હોય, તોપણ, આ પેટા-કલમના તથા કલમ ૪૩૭ ના કારણો સારૂ સેશન જડજથી ઉતરતા દરજ્જાના છે એમ ગણવામાં આવશે, અને

પણ એવુ ઠરાવ્યુ છે કે છોડી મુકેલા કોઇપણ સખસને એવી રાતે કેમ ફરમાવવુ નહી તેનું કારણ બતાવવાની તક આપ્યા સિવાય, એવા શખસના મુકદમાની ચોકશી માટે કોઇપણ કોરટે આ કલમ મુજબ કાઇ ફરમાવવુ નહી

૪૩૮ (૧) સેશન જડજ અથવા જીલ્લા માજીસ્ટ્રેટ કોઈ પણ ચલાવેલાં કામનું દફતર ૪૩૫ મી કલમ પ્રમાણે અથવા બીજી કોઇ રીતે તપાસી જોઇને પોતાને યોગ્ય લાગે તો તે તપાસના પરિણામનો રિપોર્ટ હાઇકાર્ટના હુકમ માટે કરવાને મુખત્યાર છે અને જ્યારે સદરહુ રીપોટમાં કોઇ શિક્ષાનો હુકમ ફેરવવાની અથવા તેમાં ફેરફાર કરવાની ભલામણ કરવામા આવે, ત્યારે સદરહુ શિક્ષાનો હુકમ અમલમાં લાવવાનુ મોકુફ રાખવાનો, અને જે તોહોમતવાળો કેદમાં હોય તો તેને જાંમીન ઉપર તેના પોતાના ખત ઉપર છોડવાનો હુકમ કરવાને મુખત્યાર છે

(૨) જે કોઇ પણ મુકદમો સેશન જડજના સામાન્ય અથવા વિશેષ હુકમથી અથવા તેની રૂયે આ-ડિશનલ સેશન જડજને મોકલવામા આવે તે મુકદમાના સબંધમા આ બાબની રૂયે સેશન જડજના સઘળા અધિકાર એડિશનલ સેશન જડજને છે એમ સમજવુ અને તે સઘળા અધિકાર ચલાવવાને આડિશનલ સેશન જડજ મુખત્યાર છે

૪૩૯ (૧) જ્યારે કોઇ પણ ચાલેલા કામનુ દફતર હાઇકોરટે પોતે જ મગાવ્યું હોય, અથવા હુકમ થવા માટે તે કામનો રિપોર્ટ આવ્યો હોય, અથવા બીજી રીતે તે કામ હાઈકોરટના જાણવામાં આવે, ત્યારે ૪૨૩ મી, ૪૨૬ મી, ૪૨૭ મી, અને ૪૨૮ મી કલમથી અપીલ કોરટને અથવા ૪૩૮ મી કલમથી કોઇ કોરટને આપેલા અધિકારમાંનો કોઈ પણ અધિકાર પોતાની નજરમાં આવે તો, ચલાવવાને અને શિક્ષા વધારવાને હાઇકોરટ મુખત્યાર છે, અને જ્યારે તપાસની કોરટના જડજોના બે પક્ષ થઇને બેઉના સરખા મત પડે, ત્યારે ૪૨૯ મી કલમથી ઠરાવેલી રીતે તે કામનો નીકાલ કરવો જોઇએ.

(૨) તોહોમતવાળાને પોતાના જવાબમાં જે કહેવુ હોય તે જાતે અથવા પ્લીડરની મારફતે કહી સભ-ળાવવાની તેને તક આપ્યા વગર તેને નુકશાન થાય એવો કોઇપણ હુકમ આ કલમ પ્રમાણે કરવો નહિ

(૩) જે શિક્ષાના હુકમની તજવીજ આ કલમ પ્રમાણે કરવામાં આવે તે શિક્ષાનો હુકમ ૨૪ મી કલમમાં ઠરાવ્યુ છે તે શિવાય બીજી રીતે કામ કરનાર માજીસ્ટ્રેટે કર્યો હોય ત્યારે જે ગુન્હો તે કોરટના મત પ્રમાણે તોહમતવાળાએ કર્યો હોય તે ગુન્હા બાબત જેટલી શિક્ષા કોઈ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા પેહેલા વર્ગનો માજીસ્ત્રેટ કરી શકત તે કરતાં વત્તી શિક્ષા તે ગુન્હા બાબત તે કોરટે કરવી નહી.

(૪) આ કલમ માંહેનો કોઈપણ મજકુર ૨૭૩ મી કલમ પ્રમાણે કરેલી નોંધને લાગુ છે એમ અથવા તે ઉપરથી ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ બદલીને ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર હાઈકોરટને છે એમ સમજવુ નહિ

(૫) આ કાયદા અન્વયે અપીલ ચાલી શકતી હોય અને અપીલ આણી ન હોય તે પ્રસગે જે પક્ષ-કાર અપીલ કરી શકતે તેના કેહેવા ઉપરથી તપાસ માટેનુ કાંઇપણ કામ દાખલ કરવુ નહિ.

" [૬] આ કલમમા ગમે તે મજકુર હોય તે છતાં ગુન્હાની સાબીતીનો ઠરાવ થયો હોય તેવા જે કોઇપણ શખસને તેની શિક્ષામાં વધારો કેમ ન કરવો તેનુ કારણ બતાવવાની પેટા કલમ [૨] મુજબ તક આપવામા આવી હોય તે શખસને, તે કારણ બતાવતી વખતે પોતાની ઉપર થયેલા ગુન્હાની સાબીતીના ઠરાવ સામે પણ કારણ બતાવવાનો હક છે એમ સમજવુ "

૪૪૦ જ્યારે કોઇપણ કોરટ તપાસ કરવાનો પોતાના અધિકાર ચલાવતી હોય ત્યાર તેની આગળ જાતે અથવા પ્લીડરની મારફતે પોતાની હકીકત કહી સભળાવવાનો હક કોઇપણ પક્ષકારને નથી.

પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ અધિકાર ચલાવતી વખતે કોઇપણ પક્ષકાર જાતે અથવા પ્લીડરની મારફતે જે કહે તે સાભળવાનુ કોરટને દુરસ્ત લાગે તો, સદરહુ કોરટ સાભળવાને મુખત્યાર છે અને આ કલમ ઉપરથી ૪૩૯ મી કલમની પેટા કલમ (૨) ને બાધ આવે છે એમ સમજવુ નહિ

૪૪૧. જ્યારે કોઇપણ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટે ચલાવેલા કોઇ પણ કામનુ દફતર ૪૩૫ મી કલમ પ્રમાણે હાઇકારટે મગાવ્યુ હોય ત્યારે તે માજીસ્ટ્રેટ પોતાના ઠરાવના અથવા હુકમના કારણોનો, તથા જે કંઇ હકીકત તકરારી વાત બાબત પોતાને મુદ્દાની લાગે તે હકીકતનો મજકુર તે દફતરની સાથે મોકલવાને મુખ ત્યાર છે, અને સદરહુ ઠરાવ અથવા હુકમ નામજુર કરતા પેહેલા અથવા રદ કરતા પેહેલાં તે કોરટે સદરહુ મજકુર ધ્યાનમા લેવો

૪૪૨ જ્યારે આ બાબ પ્રમાણે હાઈકોરટે કોઈ મુકદમો તપાસ્યો હોય ત્યારે તપાસેલો ઠરાવ શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ જે કોરટે દફતરમા દાખલ કર્યો હોય તે કોરટને હાઈકોરટે પોતાનો ઠરાવ અથવા હુકમ, આમા આગળ ૪૨૫ મી કલમમા ઠરાવેલી રીતે સહી સીકા સહિત લખી જણાવવો અને પછી જે કોરટને અથવા માજીસ્રેટને તે ઠરાવ અથવા હુકમ એ પ્રમાણે લખી જણાવ્યો હોય તે કોરટે અથવા માજીસ્રેટે એ પ્રમાણે લખી જણાવેલા ઠરાવને અનુસરતો હુકમ કરવો અને જરૂર હોય તો તે મુજબ દફતર સુધારવુ

વિશેષ કામ ચલાવવા બાબત

બાબ ૩૩ મો.

યુરોપી તથા હિદી બ્રિટિશ રૈયતને જેમાં સબંધ હોય તેવા મુકદમાને લગતા ખાસ ઠરાવો

૪૪૩ (૧) કેદની શિક્ષાને પાત્ર કોઈપણ ગુન્હાના ઇન્સાફનું કામ ઇલાકાના મુખ્ય શહેરની બહાર ચાલતું હોય તે દરમિયાન તહોમતવાળા શખસને, પ્રસગ પ્રમાણે, કલમ ૨૧૩ મુજબ ઇન્સાફ સારૂ કમિટ કરવામાં આવે તે પહેલા કોઈપણ વખતે અથવા કલમ ૨૪૨ મુજબ કારણ બતાવવાનુ ફરમાવ્યુ હોય તે પહેલા કોઈપણ વખતે અથવા કલમ ૨૫૬ મુજબ પોતાનો બચાવ કરવા માટે તે પહેલા કોઈપણ વખતે તે એવો દાવો કરે કે મુકદમાના ઇન્સાફનુ કામ આ બાબના ઠરાવો મુજબ ચલાવવુ જોઈએ ત્યારે, પોતાને જરૂર જણાય તેવી તપાસ કર્યા પછી અને તહોમતવાળા શખસને પોતાના દાવાના ટેકામા પુરાવો રજુ કરવાને વ્યાજબી વખત આપ્યા પછી, સદરહુ મુકદમાની તપાસ કરનાર અથવા તેના ઇન્સાફનુ કામ ચલાવનાર માજીસ્રેટની એવી ખાતરી થાય કે,-

(અ) ફરિયાદી અને તહોમતવાળા શખસો અથવા તેમાનો કોઈપણ શખસ, અનુક્રમે, યુરોપિ અને હિદી બ્રિટીશ રૈયત છે અથવા હિદી અને યુરોપિ બ્રિટિશ રૈયત છે અથવા

(બ) યુરોપી બ્રિટિશ રૈયત તથા હિદી બ્રિટીશ રૈયત એ બન્નેનો સદરહુ મુકદમા સાથેનો સબધ ધ્યાનમા લેતા, ન્યાયનો હેતુ બર લાવવા માટે, તે મુકદમાના ઇન્સાફનુ કામ આ બાબના ઠરાવો મુજબ ચલાવવુ ઇષ્ટ છે

તો, તેણે એવો નિર્ણય કરવો કે સદરહુ મુકદમો, જે મુકદમાના ઇન્સાફનુ કામ આ બાબના ઠરાવો મુજબ ચલાવવુ જોઈએ તેવી જાતનો છે, અથવા જો તેની એવી એવી ખાતરી થાય નહીં તો, તેણે એવો નિર્ણય કરવો કે તે એવી જાતનો મુકદમો નથી

(૨) જ્યારે માજીસ્ત્રેટ સદરહુ દાવો સ્વીકારવાની ના પાડે ત્યારે, જે શખસે તે દાવો કર્યો હોય તે શખસ સેસન જડજને અપીલ કરવાને મુખત્યાર છે અને તે ઉપરનો સેશન જડજનો નિર્ણય છેવટનો છે એમ ગણવુ અને અપીલમા અથવા ફરી તપાસમા કોઈપણ કોર્ટમા વાધો લઇ શકાશે નહીં

(૩) જ્યારે માજીસ્રેટ સદરહુ દાવો સ્વીકારવાની ના પાડે ત્યારે અપીલ રજુ કરવા માટે ઠરાવેલી મુદત પુરી થાય નહીં ત્યા સુધી અથવા જો અપીલ રજુ કરવામા આવી હોય તો, તેનો નિર્ણય થાય નહીં ત્યા સુધી, તેણે સદરહુ કામકાજ અટકાવી રાખવુ

૪૪૪ કલમ ૪૪૩ ના કારણો સારૂ, "ફરીયાદી" એ શબ્દનો અર્થ, ફરિયાદ કરનાર કોઈપણ શખસ અથવા, જે કોઈપણ મુકદમો કલમ ૧૯૦ ની પેટા કલમ (૧) ની રકમ [બ] મુજબ સાંભળવામાં આવ્યો હોય તે મુકદમાના સબધમા, કલમ ૧૫૪ ના અર્થ પ્રમાણે ગુન્હો થયા બાબતની ખબર આપનાર કોઈ પણ શખસ એવો થાય છે

પણ એવુ ઠરાવ્યું છે કે પબ્લિક પ્રોસિક્યુટર સરકારી નોકર કોઈપણ સ્થાનિક અધિકારીનો સભ્ય અમલદાર અથવા નોકર, સન ૧૮૯૦ના હિદુસ્તાનના રેલ્વેના આક્ટની કલમ ૩મા વ્યાખ્યા કર્યા પ્રમાણેનો કોઈપણ રેલ્વેનો નોકર અથવા સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝેટમાં સામાન્ય અથવા વિશેષ હુકમ

પ્રસિદ્ધ કરીને, જે કોઈપણ કંપની એસોસીએશન અથવા બીજા મંડળને આ કલમના ઠરાવો લાગુ પડશે એમ જાહેર કરે તે કોઇ કંપની, એસોસિએશન અથવા બીજા મંડળનો અમલદાર અથવા નોકર, એવા પબ્લિક પ્રોસિક્યુટર તરીકેના, સરકારી નોકર તરીકેના, રેલ્વેના નોકર તરીકેના, સભ્ય અમલદાર અથવા નોકર તરીકેના હોદ્દાથી તેણે એકાદા ગુન્હા વિશે ફરીયાદ કરી હોય અથવા ખબર આપી હોય તે કારણ-થીજ ફક્ત, આ કલમના અર્થ પ્રમાણે ફરિયાદી છે એમ ગણવું નહિ. તેમજ કોઇ પોલીસ અમલદારે એકાદા મુકદમાને લગતો કલમ ૧૭૩ મુજબનો રીપોર્ટ કર્યો હોય અથવા તેની મારફત તેવો રીપોર્ટ કર-વામા આવ્યો હોય તે કારણથીજ ફક્ત, તે પોલીસ અમલદાર એવો ફરીયાદી છે એમ ગણવું નહી.

૪૪૫. (૧) જ્યારે કોઈ માજીસ્ત્રેટ અથવા સેશન જડજ કલમ ૪૪૪ મુજબ એવો નિર્ણય કરે કે એકાદા મુકદમાના ઇનસાફનું કામ આ બાબના ઠરાવો મુજબ ચલાવવું જોઇએ અને તે મુકદમો સમનનો મુકદમો હોય તે મુકદમાના ઇન્સાફનું કામ કરનાર માજીસ્ત્રેટે ફરમાવવું કે તે મુકદમો બે માજીસ્ત્રેટની બનેલી બેન્ચ સમક્ષ મોકલી આપવો અને તેણે એવા હુકમની નકલ જીલ્લા માજીસ્ત્રેટને મોકલવી સદરહુ જીલ્લા માજી-સ્ત્રેટે પહેલા વર્ગના બે માજીસ્ત્રેટની બેન્ચ માટે તાત્કાલિક ગોઠવણ કરવી અને સદરહુ મુકદમાના ઇન્સાફને માટે આમાનો એક યુરોપીયન તથા બીજો હિંદી હોવો જોઇએ.

[૨] જ્યારે આ કલમ મુજબ એકાદા મુકદમાના ઇન્સાફનું કામ કરનારી બેન્ચના માજીસ્ત્રેટો ભિન્ન અભિપ્રાય ધરાવે ત્યારે, તે મુકદમો, તે ઉપરના તેમના અભિપ્રાય સાથે સેશન જડજ સમક્ષ રજુ કરવો અને સેશન જડજ કોઇપણ પક્ષકારની તપાસ કરવાને તથા તે મુકદમામા જે કોઇપણ સાક્ષીએ ત્યાર આગ-મચ સાહેદી આપી હોય તે સાક્ષીને ફરીથી બોલાવીને તપાસવાને મુખત્યાર છે, તથા કોઇ પણ વધુ પુરાવો મંગાવવાને તથા તે લેવાને મુખત્યાર છે, અને ત્યારપછી તેણે યોગ્ય લાગે અને કાયદાનુસાર હોય તેવો ફેસલો કરવો શિક્ષા ફરમાવવી અથવા હુકમ કરવો

(૩) આ કલમ મુજબ એકાદી બેન્ચે ગુન્હેગાર ઠરાવેલા કોઇપણ શખસને પહેલા વર્ગના માજીસ્ત્રેટે તેને ગુન્હેગાર ઠરાવ્યો હોય ત્યારે, અપીલ કરવાના તેને જે હક છે તેજ હક છે અને પેટા-કલમ (૨) મુજબ સેશન જડજે ગુન્હેગાર ઠરાવેલા કોઇપણ શખસને, આ કાયદા મુજબ સેશન જડજે પોતે ઇન્સાફનું કામ કરતી વખતે તેને ગુન્હેગાર ઠરાવ્યો હોય ત્યારે હાઇકોર્ટને અપીલ કરવાના તેને જે હક છે તેજ હક છે એમ સમજવું

(૪) કોઇપણ જીલ્લામાં પેટા કલમ (૧) ના ઠરાવો મુજબ બેન્ચ બનાવવાનું બની શકે એમ ન હોય તેવા કોઈપણ મુકદમામાં જીલ્લા માજીસ્ત્રેટે, હાઇકોર્ટ, સામાન્ય અથવા વિશેષ હુકમ કાઢીને ફરમાવે તેવા બીજા જીલ્લાના તેવીજ બેન્ચને, તે મુકદમાના ઇન્સાફનું કામ મોકલી આપવું

(૫) આ કલમમાં ગમે તે મજકુર હોય તે છતાં, સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેર-નામું પ્રસીદ્ધ કરીને, એવું ફરમાવવાને મુખત્યાર છે કે સદરહુ જાહેરનામામા જાહેર કરેલા કોઇપણ જીલ્લામા આ બાબના ઠરાવો મુજબ ઇન્સાફના કામ માટેના સઘળા સમન મુકદમાઓના ઇન્સાફનું કામ વારંટના મુકદમાઓના ઇન્સાફના કામ માટે આ બાબમાં હવે પછી જણાવેલા ઠરાવો મુજબ તે વારંટના મુકદમાઓ હોય તેવી રીતે ચલાવવું

૪૪૬. (૧) જ્યારે કોઈ માજીસ્ત્રેટ અથવા સેશન જડજ કલમ ૪૪૩ મુજબ એવો નિર્ણય કરે કે એકાદા મુકદમાના ઇન્સાફનું કામ આ બાબના ઠરાવો મુજબ ચલાવવું જોઇએ અને તે મુકદમો હોય તો, મુકદમાના ઇન્સાફનું કામ ચલાવનાર માજીસ્ત્રેટે, પ્રસંગ પ્રમાણે કલમ ૨૦૯ અથવા ૨૫૩ મુજબ જે પોતે સદરહુ તોહોમતવાળા શખસને છોડી મુકે નહી તો. સદરહુ મુકદમાના ઇનસાફનું કામ ખાસ સેશનકોર્ટથી ચલાવાય કે ન ચલાવાય તેવું હોય તોપણ સેશન કોર્ટ આગળ તેના ઇન્સાફનું કામ ચલાવવા સારૂ કમીટ કરવો

(૨) જ્યારે કોઈ તોહોમતવાળા શખસને પેટા કલમ [૧] ના ઠરાવો મુજબ સેશન કોર્ટ આગળ કમીટ કરવામાં આવ્યો હોય ત્યારે, કોરટે સદરહુ તોહોમતવાળા શખસે કલમ ૨૭૫ના ઠરાવો મુજબ પોતાના ઇન્સાફનું કામ ચલાવવાની ઇચ્છા દર્શાવી હોય તે મુજબ તે મુકદમાના ઇન્સાફનું કામ આગળ ચલાવવું અને તે કલમના ઠરાવો તથા બાબ ૨૩ ના બીજા ઠરાવો તે લાગુ પડે ત્યાં સુધી તે મુજબ લાગુ પડશે એમ સમજવું

પણ એવું ઠરાવ્યું છે કે જ્યારે સેશન કોર્ટ આગળના ઇન્સાફનું કામ સાધારણ રીતે આસેસરોની મદદથી કરવાનું હોય અને તહોમતવાળા શખસ અથવા તેઓ સઘળા એકઠા થઈને કલમ ૨૮૪ મના ઠરાવો મુજબ પોતાના ઇન્સાફનું કામ ચલાવવાની ઇચ્છા દર્શાવે ત્યારે તે ઇન્સાફનું કામ આસેસરોની મદદથી કરવું અને યુરોપી બ્રિટિશ રૈયતની બાબતમાં સઘળા આસેસરો યુરોપિયન અથવા અમેરીકનો હોવા જોઈએ અથવા હિંદી બ્રિટીશ રૈયતની બાબતમાં સઘળા આસેસરો હિંદીઓ હોવા જોઈએ.

૪૪૭. આ કાયદા મુજબની કોઈપણ તપાસ અથવા ઇન્સાફના કામમાં કોઈ પણ વખતે માજીસ્ત્રેટને એમ જણાય કે તે મુકદમો, જે મુકદમાના ઇન્સાફનું કામ આ બાબના ઠરાવો મુજબ ચલાવવું જોઈએ તેવો મુકદમો છે અથવા તેવો મુકદમો હોય એમ ગણી શકાય તો, તેણે તહોમતવાળા શખસને આ બાબ મુજબના તેના હકો વિષે તાબડતોબ ખબર આપવી

૪૪૮ આ બાબના ઠરાવો મુજબ કોઈપણ શખસના ઇન્સાફનું કામ રંગુનમાં ચલાવવાના કારણો સારૂ સેશન જડજનો હવાલો રંગુનની હાઈકોર્ટ ઓફ જ્યુડિકેચરનો હવાલો છે એમ સમજવું

અપીલને લગતા ખાસ ઠરાવો

૪૪૯. (૧) જ્યારે,–

(અ) કોઈ મુકદમાના ઇન્સાફનું કામ, આ બાબના ઠરાવો મુજબ હાઈકોર્ટ અથવા સેશન કોર્ટ આગળ જ્યુરીથી ચલાવવામાં આવે, અથવા

(બ) જે મુકદમાના ઇન્સાફનું કામ બીજી રીતે આ બાબના ઠરાવો મુજબ ચલાવવામાં આવ્યું હોય તે મુકદમો આ કાયદા મુજબ હાઈકોર્ટમાં કમીટ કરવામાં અથવા તબદીલ કરવામાં આવે અને હાઈકોર્ટમાં જ્યુરીથી તેના ઇન્સાફનું કામ ચલાવવામાં આવે, અથવા

(ક) કોઈ મુકદમાના ઇનસાફનું કામ ઇલાકાના મુખ્ય શહેરમાં હાઈકોર્ટમાં જ્યુરીથી ચલાવવામાં આવે અને હાઈકોર્ટ, સદરહુ મુકદમાના ઇન્સાફનું કામ ઇલાકાના મુખ્ય શહેર બહાર ચલાવવામાં આવ્યું હોત તો તે આ બાબના ઠરાવો મુજબ ચલાવી શકાત એ કારણથી અપીલ કરવાની રજા આપે

ત્યારે કલમ ૪૧૮ અથવા ૪૨૩ પેટા કલમ (૨) માં અથવા કોઈપણ હાઈ કોર્ટના લેટર્સ પેટન્ટમાં ગમે તે મજકુર હોય તે છતાં, વાસ્તવિક હકીકત તેમજ કાયદાના મુદ્દા ઉપર હાઈ કોર્ટને અપીલ કરવાનો અખત્યાર છે

(૨) કોઈપણ હાઈ કોર્ટના લેટર્સ પેટન્ટમાં ગમે તે મજકુર હોય તે છતાં પેટા કલમ (૧) માં ઉલ્લેખ કરેલા કોઈપણ એવા ઇન્સાફના કામમાં હાઈકોર્ટે કરેલા છોડી મુકવાના અસલ હુકમ ઉપર હાઈ કોર્ટમાં અપીલ કરવાનું પબ્લિક પ્રોસિક્યુટરને ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે

(૩) પેટા કલમ [૧] અથવા પેટા કલમ (૨) મુજબની અપીલ હાઈકોર્ટમાં એક કરતા વધારે જડજો હોય ત્યારે, તે હાઈકોર્ટના બે જડજોએ સાંભળવી "

૪૫૦ (૧) હાઈકોરટની અથવા સેશન કોરટની આગળ યુરોપીયન બ્રિટિશ રઇયતનો ઇનસાફ કરવામા આવે ત્યારે, પ્રસંગ પ્રમાણે પેહેલા જ્યુરરને બોલાવવામા આવે અને કબુલ રાખવામા આવે તે પહેલા, અથવા પેહેલા આશેસરને નીમવામા આવે તે પેહેલા એવી કોઈ રઇયત મિશ્ર જ્યુરીથી પોતાનો ઇનસાફ કરવાનું માગે તો જે જ્યુરીમા ઓછામાંઓછા અડધા યુરોપીયન અથવા અમેરિકન હોય, અથવા યુરોપીયન અને અમેરીકન એ બન્ને હોય તે જ્યુરીથી તે ઇનસાફ થવો જોઇયે,

(૨) જ્યારે સેશન કોરટની આગળ એવો કોઈ ઇનસાફ સાધારણ રીતે આસેસરોની મદદથી થવાનો હશે, ત્યારે જે યુરોપીયન બ્રિટીશ રઇયત તોહોમતદાર હોય તે, અથવા યુરોપીયન બ્રિટીશ રઇયત હોય એવા કેટલાએક તોહોમતદારો હોય તો તે સઘળાઓ એકત્રપણે પેટા કલમ (૧) પ્રમાણે મિશ્ર જ્યુરીથી પોતાનો ઇનસાફ થવો જોઇએ એવું માગવાને બદલે ઓછામા ઓછા અડધા આસેસરો યુરોપીયન અથવા અમેરીકન હોવા જોઇએ, અથવા યુરોપીયન અને અમેરીકન એ બન્ને હોવા જોઈએ એવી માગણી કરવાને મુખત્યાર છે

૪૫૧ (૧) યુરોપીયન બ્રિટિશ રઇયતનો ઇન્સાફ જીલ્લા માજીસ્ટ્રેટની આગળ ચાલતો હોય ત્યારે એવી કોઇ રઇયતને સમનના મુકદમામા ૨૪૪ મી કલમ પ્રમાણે તેના જવાબમા તેનુ કહેવુ સાંભળવામાં આવે તેની અગાઉ અથવા વારટના મુકદમામા ૨૫૬ મી કલમ પ્રમાણે જવાબ આપવાનુ કામ તેણે શરુ કર્યાની અગાઉ ૪૫૦ મી કલમમાં કહેલી રીતે બનેલી જ્યુરીથી પોતાનો ઇનસાફ કરવા એવો દાવો કરવાનો અખત્યાર છે.

(૨) સમનના મુકદમામા તોહોમતદારનુ કહેવુ સાંભળવાનુ ૨૪૪ મી કલમ પ્રમાણે માજીસ્ટ્રેટ શરૂ કરે તે વખતે, અથવા વારટના મુકદમામાં તોહોમતદારને પોતાનો જવાબ કરવાનુ ૨૫૬ મી કલમ પ્રમાણે માજીસ્ટ્રેટ કહે તે વખતે પેટા કલમ (૧) પ્રમાણે દાવો કર્યો હોય તો ઉપર કહ્યા પ્રમાણે જ્યુરીથી ઇનસાફ સારૂ જરૂરનો હુકમ માજીસ્ટ્રેટે તાબડતોબ કરવો જોઇએ

(૩) જો સદરહુ પ્રકારનો દાવો ચાલતા કામમા અગાઉ તે કોઇ વખતે કર્યો હોત તો લખી લીધેલા પુરાવા ઉપરથી જ્યારે જ્યારે માજીસ્ટ્રેટને લાગે કે જ્યુરી આગળ જવા જોગ મુકદમો છે ત્યારે ત્યારે તેવા પ્રકારનો હુકમ કરવો

(૪) એવા દરેક મુકદમામાં ઉપર કહ્યા પ્રમાણેનો હુકમ કરવાની અગાઉ ૨૪૨ મી કલમમા ગમે તે કહ્યુ હોય તો પણ માજીસ્ટ્રેટે પદ્ધતિ પ્રમાણે તોહોમતનામુ તઇયાર કરવુ જોઇએ.

(૫) આ કલમ પ્રમાણે ચલાવવાના દરેક ઇનસાફની વખતે ફરિયાદી, તોહોમતદારો તથા સાહેદોને હાજર થવુ પડે એમ કરવા સારૂ ૨૧૧ મી ૨૧૬, ૨૧૭ મી, ૨૧૯ અને ૨૨૦ મી કલમના ઠરાવ બને તેટલે સુધી લાગુ થશે

(૬) સેશન કોરટની આગળ જ્યુરીથી કરવાના ઇનસાફમાં કામ ચલાવવા સબંધી આ કાયદાના ઠરાવ, બને તેટલે સુધી આ કલમ પ્રમાણે ચલાવવાના દરેક ઇનસાફને, જાણે જીલ્લા માજીસ્ટ્રેટ સેશનજડજ હોય અને તોહોમતવાળાને ઇનસાફ થવા સારૂ તેની કોરટમા કમિટ કર્યો હોય તે પ્રમાણે લાગુ પડશે.

(૭) સનદી કોરટો પેટા કલમ (૫) અથવા (૬) મા કહેલા કોઇ પણ ઠરાવ, તે પેટા કલમો ઉપરથી લાગુ કર્યા હોય તેટલે સુધી, તે પોતાની રૂબરૂ ચાલતા કામમાં લાગુ થાય એટના સારૂ જરૂરના અથવા યોગ્ય હોય એવા શાબ્દિક ફેરફાર ઉપરથી તે ઠરાવોના મતલબને બાધ ન આવે તે ફેરફાર સહીત તેમનો અર્થ કરવાને મુખત્યાર છે

(૮) આ કલમમાં કોઇપણ ઠરાવ ઉપરથી, ૩૪૭ મી અથવા ૪૪૭ મી કલમ પ્રમાણે તહોમતવાળાને ઇનસાફ થવા સારૂ કમિટ કરવાના માજીસ્ટ્રેટના અધિકારને બાધ આવે એમ સમજવુ નહિ

(૯) તોહોમતદાર આ કલમ પ્રમાણે પોતાનો ઇનસાફ જ્યુરીથી થવો જોઇએ એવો દાવો કરે અને જીલ્લા માજીસ્ટ્રેટના મત પ્રમાણે ૪૫૦ મી કલમમા ફરમાવેલી રીતે બનેલી જ્યુરી પોતાની આગળ ઇનસાફ થવા સારૂ ભરવાનુ અશકય છે એવુ, અથવા ઘણો વિલબ, ખરચ અથવા અગવડ પડયા વગર એ પ્રમાણે તે ભરી શકવાનુ અશકય છે, તથા તેવો વિલબ ખરચ અથવા અગવડ કરવી એ તે મુકદમાની હકીકત જોતાં ગેરવાજબી થશે એવુ માનવાને કારણ હશે તો, તે આ કલમ પ્રમાણે પોતાની સમક્ષ ઇનસાફ થવા બાબતનો હુકમ કરવાને, હાઇકોરટ આ બાબત પોતે કરેલી તથા સ્થાનીક સરકારે મંજુર કરેલી કાનુનોથી અથવા ખાસહુકમ કરીને વખતે વખતે ફરમાવે તેવા બીજા જીલ્લા માજીસ્ટ્રેટ પાસે અથવા તેવા સેશનજડજ પાસે તે મુકદમો મોકલવાને મુખત્યાર છે

[૧૦] આ કલમ પ્રમાણે સેશનજડજની આગળ અથવા જીલ્લામાજીસ્ટ્રેટની આગળ મુકદમો મોકલવામા આવે, ત્યારે તેણે તે મુકદમાનો ઇનસાફ પોતે આ કલમ પ્રમાણે કામ કરનારો જીલ્લા માજીસ્ટ્રેટ હોય તે પ્રમાણે તેવાજ અધિકાર, (કમીટ કરવાના અધીકાર સહિત) ચલાવીને અને તેવીજ રીતે કામ ચલાવીને બનતી તાકીદે કરવો જોઇએ.

૪૫૨. કોઇ યુરોપીયન બ્રિટીશ રઇયત ઉપર યુરોપીયન બ્રિટીશ રઇયત ન હોય તેવા સખસની સાથે એકઠુ તોહોમત આવે, અને સદરહુ યુરોપીયન બ્રિટીશ રઇયતને હાઇકોરટની અથવા સેશનકોરટની આગળ ઇનસાફ સારૂ થવા કમીટ કરવામા આવે, ત્યારે સદરહુ રઇયતનો તથા શખસનો ઇનસાફ એકઠો કરવાનો

અધીકાર છે, અને સદરહુ યુરોપીયન બ્રિટીશ રઇયતનો જુદો ઇનસાફ કર્યો હોત તો જે રીત પ્રમાણે કામ ચલાવવામાં આવત તેજ રીતે સદરહુ ઇનસાફની વખતે કામ ચલાવવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે જો સદરહુ યુરોપીયન બ્રિટીશ રઇયત ૪૫૦ મી કલમ પ્રમાણે મિશ્ર જુરીથી અથવા મિશ્ર આસેસરોથી પોતાનો ઇનસાફ કરવાનુ માગે, અને જે શખસ યુરોપીયન રઇયત ન હોય તે શખસ પોતાનો ઇનસાફ જુદો કરવાનું માગે, તો આ છેલા શખસનો ઇનસાફ ૨૩ મા બાબના ઠરાવો મુજબ જુદો દાવો કરવો જોઇએ

૪૫૩ [૧] જ્યારે કોઇ પણ શખસ યુરોપીયન બ્રિટીશ રઇયત પ્રમાણે તજવીજ થવી જોઇએ એવો દાવો કરે, ત્યારે જે માજીસ્ટ્રેટની આગળ ચોકસી અથવા ઇનસાફના કારણ સારૂ તેને આણવામા આવે તે માજીસ્ટ્રેટને તે શખસે સરદહુ દાવાના સબબો જાહેર કરવા, અને તે માજીસ્ટ્રેટે સદરહુ મજકુરના ખરાપણુ બાબત ચોકસી કરવી અને તે મજકુર ખરો છે એવુ સાબિત કરવા માટે તે મજકુર કહેનારા શખસને યોગ્ય વખત આપવો અને પછી તે યુરોપીય રઇયત છે કે નહિ તે બાબત નિશ્ચય કરવો અને તે ઠરાવ સદરહુ માજીસ્ટ્રેટ કરે, અને તે ઠરાવ ઉપર તે શખસ અપીલ કરે, તો તે માજીસ્ટ્રેટનો સદરહુ નિશ્ચય ખોટો છે એવુ સાબીત કરવાનો બોજો તે શખસને માથે છે

(૨) જ્યારે સદરહુ પ્રકારના કોઇ પણ શખસને માજીસ્ટ્રેટ સેશન કોરટની આગળ ઇનસાફ થવા સારૂ કમિટ કરે, અને તે શખસ યુરોપીયન બ્રિટિશ રઇયત પ્રમાણે પોતાની તજવીજ થવી જોઇએ એવો દાવો સદરહુ કોરટની આગળ કરે, ત્યારે કાંઈ પણ જાસ્તી ચોકસી કરવાનુ સદરહુ કોરટને યોગ્ય લાગે તો તે કર્યા પછી, તે શખસ યુરોપીયન બ્રિટિશ રઇયત છે કે નહિ તે બાબત નિશ્ચય કરવો, અને તે મુજબ તે શખસની તજવીજ કરવી. જો સદરહુ કોરટ તે શખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરે, અને ઠરાવ ઉપર તે શખસ અપીલ કરે, તો તે કોરટનો સદરહુ નિશ્ચય ખોટો છે એવુ સાબિત કરવાનો બોજો તે શખસને માથે છે,

(૩) જે કોરટ એવો નિશ્ચય કરે તે શખસ યુરોપીયન બ્રિટીશ રઇયત નથી, ત્યારે સદરહુ ઇનસાફ-મા જે શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કરવામા આવે તે ઉપર અપીલ કરવાને સદરહુ નિશ્ચય એક સબબ થશે

૪૫૪ [૧] જે માજીસ્ટ્રેટની આગળ કોઇ યુરોપીયન બ્રિટીશ રઇયતનો ઇનસાફ કરવામા આવે, અથવા જે માજીસ્ત્રેટ તે રઇયતને કમીટ કરે તે માજીસ્ત્રેટે તેની તજવીજ યુરોપીયન બ્રિટીશ રઇયત પ્રમાણે કરવી જોઇયે એવો દાવો ન કરે, અથવા જો સદરહુ દાવો કમીટ કરનારા માજીસ્ત્રેટની આગળ કર્યા છતા માજીસ્ત્રેટે ના મજુર કર્યા પછી જે કોરટમા તેને કમીટ કરવામાં આવે તે કોરટની આગળ તે દાવો તે ફરીથી ન કરે, તો તેણે યુરોપીયન બ્રીટીશ રઈયત પ્રમાણે પોતાની તજવીજ થવાનો પોતાનો હક છોડી દીધો છે એમ ગણવુ, અને તેજ મુકદ્દમો ચાલે તેમાં પછી કોઈપણ વખતે તે હક તેણે જાહેર કરવો નહિ.

(૨) માજીસ્ટ્રેટની આગળ જે શખસને આણ્યો હોય તે શખસ યુરોપીયન બ્રિટિશ રઈયત નથી એવુ માનવાનું કારણ તે માજીસ્ત્રેટે તેને પૂછવુ જોઇએ,

૪૫૫ જે શખસ યુરોપીયન બ્રિટિશ રઇયત ન હોય તે શખસની તજવીજ આ બાબ મુજબ યુરોપીયન બ્રિટિશ રઈયત પ્રમાણે કરવામા આવે, અને તે બાબત તે શખસ હરકત ન લે તો તેની એ પ્રમાણે તજવીજ કર્યાના સબબથી, તેની ચોકસી અથવા તેને કમીટ કરવાનો હુકમ અથવા ઇનસાફ અથવા શિક્ષાનો હુકમ, જેમ હોય તેમ, ગેરવાજબી થશે નહિ

૪૫૬ જ્યારે કોઇ પણ યુરોપીય બ્રિટિશ રઇયત કોઈ પણ શખસે કાયદા વિરૂદ્ધ પેહેરામા અટકાવી રાખી હોય, ત્યારે જે જગાએ તે રઇયતને અટકાવી રાખી હોય તે જગાએ. સદરહુ યુરોપીયન બ્રિટિશ રઈયતે કરેલા કોઇ પણ ગુન્હા બાબત તેની ઉપર જે હાઇકારટને હકુમત હોય તે હાઇકોર્ટને, અથવા સદરહુ પ્રકારનો કોઇપણ ગુન્હો તેની ઉપર સાબિત થયાના ઠરાવ ઉપરથી જે હાઇકોરટમા અપીલ કરવાનો તે રઇયતનો હક હોય તે હાઈકોરટને, સદરહુ રઈયત અથવા તેની તરફથી કોઇ પણ શખસ એવી અરજી કરવાને મુખત્યાર છે કે તે રઈયતને અટકાવી રાખનાર માણસ તેને હાઇકોરટની આગળ હાજર કરે અને તે કોરટ બીજો જે હુકમ કરે તે પ્રમાણે તે માણસ ચાલે એવો હુકમ કરો.

૪૫૭ સદરહુ હુકમ કરતા પહેલાં જો તે હાઇકોરટને યોગ્ય લાગે તો જે સખશો વિશે, સોગનનામુ લઇને અથવા બીજી રીતે, ચોકસી કર્યા પછી સદરહુ અરજી કબુલ કરવાને અથવા તે હાઇકોરટ તે હુકમ પ્રથમ કરવાને મુખત્યાર છે, અને પછી જ્યારે તે હુકમ થવા બાબત અરજી કરનારા સખસને તેની આ'- ગળ આણુવામા આવે ત્યારે તેને કાંઇપણ ચોકસી કરવાની જરૂર લાગે તો તે કર્યા પછી તેને યેગ્ય લાગે એવો બીજો હુકમ તે કામમા કરવાને મુખત્યાર છે

૪૫૮. હાઇકોરટને પોતાની આપેલેટ ફોજદારી હકુમતની સ્થાનિક હદમાં મુલકોમા, અને ગવર્નર જનરલ ઇન કૌન્સીલ ફરમાવે તેવા બીજા મુલકોમા, સઘળે ઠેકાણે સદરહુ પ્રકારના હુકમ કરવાનો અખત્યાર છે

૪૫૯ (૧) અગલા પાછલા સબધ ઉપરથી બાધ આવતો ન હોય તો, ગવર્નર જનરલ ઇન કૌન્સીલ જે જે કાયદાઓ અત્યાર સુધીમા કર્યા હોય અથવા તે હવે પછી કરે અને જેમા ગુન્હાઓ સબધી હકુમત માજીસ્ટ્રેટોને અથવા શેશન કોરટને અપી હોય તે સઘળા કાયદાઓ યુરોપીઅન બ્રિટિશ રઇયતને લાગુ છે એમ સમજવુ, પછી તે રઇયત વીશે તેમા સ્પષ્ટ રીતે જણાવ્યું ન હોય તો પણ —

(૨) આ કલમ માંહેના કોઇપણ મજકુરથી એમ સમજવુ નહિ કે, કોઇ પણ કોરટને યુરોપીયન બ્રિટિશ રઇયતને શિક્ષા કરવાની હદ બાબત જે મર્યાદા આ બાબ ઉપરથી ઠરાવેલી હોય તે મર્યાદાબહાર જવાનો તે કોરટને અધીકાર મળે છે અથવા જે માજીસ્ત્રેટ અથવા સેશન કોરટમા પ્રમુખ સ્થાને બીરાજનાર જે જડજ ઓફ ધી પીસ ન હોય તે માજીસ્ટ્રેટને અથવા તે જડજને હકુમત મળે છે.

૪૬૦. જે મુકદમાનો ઇનસાફ જ્યુરીથી અથવા આસેસરોની મદદથી થઇ શકે તેવા દરેક મુકદમામાં તોહોમતવાળો શખસ અથવા તોહોમતવાળાઓમાનો એક શખસ (યુરોપીયન બ્રિટિશ રઇયત ન હોય એવો) યુરોપીયન અથવા અમેરીકન હોય ત્યારે બની શકે તો અને સદરહુ યુરોપીયન અથવા અમેરીકન દાવો કરે તો, ઓછામા ઓછા અડધા જ્યુરરો અથવા આસેસરો યુરોપીઅન અથવા અમેરિકન હોવા જોઇયે

૪૬૧. જ્યારે જ્યારે સેશન કોરટની આગળ કોઇ યુરોપીયન અથવા અમેરીકન ઉપર, યુરોપીયન અથવા અમેરિકન ન હોય એવા શખસ સાથે એકઠુ તોહમત મૂકવામા આવે, અને ૪૬૦ મી કલમ મુજબ કરેલો દાવો મજુર કરીને જેમા ઓછામા ઓછી અડધી સખ્યા યુરોપીયનોની હોય એવી જ્યુરીથી અથવા એવા વર્ગના આસેસરોની મદદથી સદરહુ યુરોપીયનો અથવા અમેરીકનનો ઇનસાફ કરવામાં આવે ત્યારે ત્યારે જો સદરહુ પાછળ કહેલો સખસ દાવો કરે તો, તેનો ઇનસાફ જુદો કરવો

૪૬૨ (૧) જ્યારે સેશન કોરટની આગળ કોઇ મુકદમાનો ઇનસાફ થવાનો હોય અને તેમા તોહમતવાળા શખસને અથવા તહોમતવાળાઓમાંના એક શખસને પોતાનો ઇનસાફ ૫૨૦ મી અથવા ૫૬૧ મી કલમના ઠરાવો પ્રમાણે રચાયેલી જ્યુરીથી થવાનો હક હોય ત્યારે અથવા ૪૫૧ મી કલમ પ્રમાણે કામ ચલાવનારા જીલ્લા માજીસ્ટ્રેટની અથવા સેશન જડજની કોરટમા ઇનસાફ થવાનો હોય ત્યારે સદરહુ ઇનસાફ કરવા માટે મુકરર કરેલા દીવસથી ઓછામા ઓછા ત્રણ દીવસ પહેલા તે કોર્ટે સદરહુ ઇનસાફ સારુ જેટલા જોઇએ તેટલા યુરોપીયન તથા અમેરીકન જ્યુરરોને, આ કાયદામા પાછળ ઠરાવેલી રીતે સમન કરાવવા.

(૨) વળી તપાસેલી ટીપમા બીજા જે શખસોના નામ લખ્યાં હોય તે શખસોમાની તેટલીજ સખ્યા તે કોરટે તેજ વખતે અને તેવીજ રીતે સમન કરાવવી, પણ જો તે સેશનમાં જ્યુરીએ કરવાના ઇનસાફ સારૂ સદરહુ પ્રકારના બીજા શખસોની સદરહુ સખ્યા સમન થઇ ચુકી હોય તો તેમ કરવાની જરૂર નથી

(૩) સમન પોહોંચાડીને જેઓના નામ રીપોર્ટ કર્યા હોય તે સઘળા શખસોમાથી જ્યુરી રચવા માટે ૨૭૬ મી કલમમાં ઠરાવેલી રીતે ચિઠ્ઠી કરીને જ્યુરરો પસદ કરવા, અને જ્યુરી માટે યુરોપીયનોની અથવા અમેરિકનોની યેગ્ય સખ્યા, અથવા બની શકે તેટલે સુધી તે સખ્યાની લગભગ હોય એવી સખ્યા પૂરી થઇ રહે ત્યાંસુધી તેમ કરવુ

પણ એવુ ઠરાવ્યું છે કે જે મુકદમામા યુરોપીયનોની તથા અમેરિકનોની યોગ્ય સખ્યા બીજી કોઇ રીતે પુરી ન થઇ શકે, તો કોરટની ધ્યાનમા આવે તો જ્યુરી રચવા માટે જે શખસને ૩૨૦ મી કલમ મુજબ માફ કર્યાના સબબથી બાતલ કર્યો હશે તેવા કોઇપણ સખસને સમન કરવાને તે કોરટ મુખ્ત્યાર છે

૪૬૩ બીજી રીતને સ્પષ્ટ ઠરાવ કર્યો હોય તે સિવાય કોરટની તથા હાઇ કોરટની આગળ યુરોપીયન બ્રિટિશ રઇયત ઉપર, તથા યુરોપીયન બ્રિટિશ રઇયત ન હોય એવા યુરોપીયનો ઉપર તથા અમેરિકનો ઉપર ફોજદારી કામ આ કાયદાના ઠરાવો પ્રમાણે ચલાવવુ

બાબ ૩૫ મો.

ગાંડા માણસ બાબત.

૪૬૪ (૧) કોઇ મુકદમાની ચોકસી અથવા ઇનસાફ કરનાર માજીસ્ટ્રેટને એમ માનવાનુ કારણ હોય કે તોહોમતવાળો ગાંડો છે અને તેથી કરીને પોતાનો જવાબ કરવાને અશક્ત છે, ત્યારે તે ગાંડપણની બાબત તે માજીસ્ટ્રેટે ચોકસી કરવી, અને તે જીલ્લાના સિવિલ સર્જન પાસે અથવા સ્થાનિક સરકાર ફરમાવે એવા બીજા વૈદકીય અમલદાર પાસે તે શખ્સની પરિક્ષા કરાવવી અને તે ઉપરથી સદરહુ સરજન અથવા બીજા અમલદારની શાહેદ દાખલ જબાની લેવી, અને તે જબાની લખી લેવી

(૨) તોહોમતવાળો ગાંડો છે અને તેથી કરીને પોતાનો જવાબ કરવાને અશક્ત છે, એવો સદરહુ માજીસ્ટ્રેટનો મત થાય, તો તેણે એ મતલબનો કરાર દફતરે દાખલ કરવા અને તે મુકદમામાં આગળ કામ ચલાવવાનુ મુલતવી રાખવુ

૪૬૫ (૧) સેશન કોરટમા અથવા હાઇકોરટમા ઇનસાફ કરવા સારૂ કમિટ કરેલો શખસ પોતાના ઇનસાફની વખતે તે કોરટને ગાંડો અને તેથી કરીને પોતાનો જવાબ કરવાને અશક્ત જણાય, તો તે શખસ એ પ્રમાણે ગાંડો તથા અશક્ત છે એવી

(૨) તોહોમતવાળો ગાંડો તથા અશક્ત છે કે નહિ તે વાતનો જે ઇનસાફ કરવામાં આવે તે સદરહુ કોરટની આગળ તોહોમતવાળાના ઇનસાફનો ભાગ છે એમ સમજવુ.

૪૬૬ (૧) જ્યારે જ્યારે તોહોમતવાળો શખસ ગાંડો તથા પોતાનો જવાબ કરવાને અશક્ત છે એવુ ઠરે, ત્યારે ત્યારે, પ્રસંગ પ્રમાણે, માજીસ્ટ્રેટ અથવા કોરટ તે મુકદમો એવો હોય કે તેમાં જામીન લેવાનો અધિકાર હોય, કે ન હોય તોપણ તે શખસની બરાબર સંભાળ લેવા બાબત તથા તેના જાનને અથવા બીજા કોઇપણ શખસને નુકશાન નહિ કરવા દેવા બાબત, અને તે માજીસ્ટ્રેટની આગળ અથવા કોરટની આગળ અથવા આ બાબત જે અમલદારને તે માજીસ્ટ્રેટ અથવા કોરટ નીમે તેની આગળ, હાજર થવાનુ ફરમાવવામા આવે ત્યારે હાજર થવા બાબત પુરતું તારણ આપેથી તે શખસને છુટો કરવાને મુખત્યાર છે,

"(૨) જો તે મુકદમો એવો હોય કે માજીસ્ટ્રેટના અથવા કોર્ટના મત પ્રમાણે જામીન લેવો જોઇએ તો અથવા પુરતું તારણ આપવામા ન આવે તો, પ્રસંગ પ્રમાણે માજીસ્ટ્રેટ અથવા કોર્ટ પોતાને યોગ્ય લાગે તેવી જગામા તથા તેવી રીતે, તોહોમતવાળાને સહીસલામત રીતે પહેરામાં અટકાવી રાખવાનો હુકમ કરવો અને પોતે લીધેલા પગલાનો સ્થાનિક સરકારને રીપોર્ટ કરવો,

પણ એવુ ઠરાવ્યુ છે કે—

તોહોમતવાળાને ગાંડા માણસોના આશ્રયસ્થાનમા અટકાવી રાખવાનો કોઇપણ હુકમ સ્થાનિક સરકારે સને ૧૯૧૨ ના હિંદુસ્તાનના ગાંડાપણા બાબતના આકટ મુજબની જે કાનુનો કરી હોય તે કાનુનો શિવાય બીજી રીતે કરવો નહિ "

૪૬૭ (૧) મી અથવા ૪૬૫ મી કલમ પ્રમાણે કાંઇ ચોકસી અથવા ઇનસાફનુ કામ મુલતવી રાખવામા આવે ત્યારે, પ્રસંગ પ્રમાણે માજીસ્ટ્રેટ અથવા કોરટ, કોઇપણ વખતે તે ચોકસી અથવા ઇનસાફ પાછા જારી કરવાને તથા તોહોમતવાળાને પોતાની આગળ હાજર થવાનુ અથવા આણવાનું ફરમાવવાને મુખત્યાર છે

(૨) જ્યારે તોહોમતવાળાને ૪૬૬ મી કલમ પ્રમાણે છુટો કર્યો હોય અને તેના હાજર થવા બાબત જેઓ તેના જામીન થયા હોય તેઓ, જે અમલદારને તે માજીસ્ટ્રેટ અથવા કોરટ આ બાબત નીમે તે અમલદારની આગળ તોહોમતવાળાને રજુ કરે, ત્યારે તોહોમતવાળો પોતાનો જવાબ કરવાને શક્તિવાન છે એવુ સદરહુ અમલદારનુ સરટીફીકેટ પુરાવામાં લઇ શકાશે.

૪૬૮. (૧) જ્યારે તોહોમતવાળો પ્રસંગ પ્રમાણે માજીસ્ટ્રેટ અથવા કોરટની આગળ હાજર થાય અથવા તેને ફરીથી આણવામા આવે, ત્યારે તેને પોતાનો જવાબ કરવાને શક્તિવાન છે એવુ જો તે માજીસ્ટ્રેટની અથવા કોરટની નજરમા આવે તો તે ચોકસી અથવા ઇનસાફ આગળ ચલાવવો

(૨) જો તોહોમતવાળો પોતાનો જવાબ કરવાને હજુ અશક્ત છે એવુ તે માજીસ્ટ્રેટની અથવા કોરટની નજરમા આવે તો, તે માજીસ્ટ્રેટે અથવા કોરટે પ્રસંગ પ્રમાણે ૪૬૪ મી અથવા ૪૬૫ કલમના ઠરાવ પ્રમાણે પાછુ કામ ચલાવવુ. અને જો તહોમતવાળો ચળી ગયેલા મનનો તથા પોતાનો જવાબ કરવાને અશક્ત માલમ પડે તો એવા તોહોમતવાળાના સબધમાં ૪૬૬ મી કલમના ઠરાવો પ્રમાણે વ્યવસ્થા કરવી.

૪૬૯ જ્યારે ચોકસી અથવા ઇનસાફની વખતે તોહમતવાળો ગાડો નથી એમ જણાય, અને માજીસ્ટ્રેટની આગળ આપેલા પુરાવા ઉપરથી તેની એવી ખાત્રી થાય કે જે કૃત તોહોમતવાળાએ કરેલું છે તે જો ગાડો ન હોત તો, ગુન્હો થાત અને તે કૃત્ય કરતી વખતે તે ગાડો હોવાને લીધે, તે કૃત્યનો પ્રકાર, અથવા તે ખોટુ અથવા કાયદા વિરૂદ્ધ છે એવુ જાણવાને અસકત હતો એમ માનવાનુ કારણ છે ત્યારે તે માજીસ્ટ્રેટે તે મુકદમો આગળ ચલાવવો, અને જો તોહોમતવાળાને સેશનકોરટમાં અથવા હાઇકોરટમાં કમીટ કરવો જોઇએ એમ હોયતો તેને પ્રસગ પ્રમાણે સેશન કોરટની અથવા હાઇકોરટની આગળ ઇનસાફ થવા સારૂ મોકલવા

૪૭૦ જ્યારે જ્યારે કોઇ માણસના ઉપર એવા કારણ ઉપરથી ગુન્હો નાસાબીત થયાનો ઠરાવ કરવામા આવે કે તેણે જે વખતે કાઇ ગુન્હો કર્યાનુ કેહેવામા આવ્યુ હોય તે વખતે તે ગાડો હોવાને લીધે તેનું જે કૃત્ય ગુન્હો થાય છે એવુ કહેવામાં આવ્યુ હોય તે કૃત્યનો પ્રકાર જાણવાને અથવા તે ખોટુ અથવા કાયદા વિરૂદ્ધ છે એવુ જાણવાને તે શખસ અશક્ત હતો ત્યારે ત્યારે ઠરાવમા તે શખસે તે કૃત્ય કરેલુ કે નહિ તે વિશેષે કરીને જણાવવુ

૪૭૧. (૧) જ્યારે જ્યારે તે ઠરાવ એમ જણાવવામા આવે કે, જે કૃત્ય કર્યાનુ કેહેવામાં આવ્યુ હોય તે કૃત્ય તોહોમતવાળા શખસે કરેલું છે ત્યારે ત્યારે જે મનની અશકિત ઠરાવવામાં આવી તે અશકિત ન હોત તો સદરહુ કૃત્ય ગુન્હો થાત એમ હોય તો, જે માજીસ્ત્રેટની અથવા કોરટની આગળ તે શખસનો ઇનસાફ થયો હોય તે માજીસ્ત્રેટને અથવા કોરટને યોગ્ય લાગે તેવી જગાએ તથા તેવી રીતે સદરહુ શખસને સુરક્ષિત પહેરામાં અટકાવી રાખવાનો હુકમ તે માજીસ્ત્રેટે અથવા કોરટે કરવો, તથા લીધેલા પગલાંનો સ્થાનીક સરકારને રીપોર્ટ કરવો અને સ્થાનીક સરકારના હુકમ માટે તે મુકદમાનો રીપોર્ટ કરવો

"પણ એવુ ઠરાવ્યુ છે કે તોહોમતવાળાને ગાડા માણસોના આશ્રયસ્થાનમા અટકાવી રાખવાનો કોઇ પણ હુકમ સને ૧૯૧૨ ના હિંદુસ્તાનના ગાડાપણાના આકટની રૂયે સ્થાનિક સરકારે જે કાનુનો કરી હોય તે સિવાય બીજી રીતે કરવો નહિ

(૨) સ્થાનિક સરકાર સદરહુ શખસને ગાડા માણસના કોઇ આશ્રયસ્થાનમા અથવા તુરગમા અથવા સુરક્ષિત બીજી યોગ્ય જગામા કેદ રાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે

[૩] ગવર્નર જનરલ ઇન કોન્સિલને સાધારણ અથવા વિશેષ હુકમ કરીને એવુ ફરમાવવાનો અધિકાર છે કે જે કોઇ સખસને સ્થાનિક સરકારે આ બાબ પ્રમાણે ગાડાઓના આશ્રયસ્થાનમા, તુરગમા અથવા સુરક્ષિત કબજામા રાખવાની બીજી જગામા કેદ રાખવાનો હુકમ કર્યો હશે તેને તે જગામા પુરી રાખ્યો હશે તે જગાએથી બ્રિટીશ હિંદુસ્તાન માહેના કોઇપણ ગાડાઓનાં આશ્રયસ્થાનમા તુરગમા અથવા સુરક્ષિત કબજામા રાખવાની બીજી જગાએ લઇ જવો

(૨) કલમ ૪૬૬ મી અથવા આ કલમ મુજબ જે તુરગમા કોઈ શખસને કેદ રાખ્યો હોય તે તુરગ જેના તાબામાં હોય તે અમલદારને ૪૭૨ મી ૪૭૩ મી અથવા ૪૭૪ મી કલમ મુજબના ઇન્સ્પેકટર જનરલ ઓફ પ્રિઝન્સના સઘળાં અથવા કોઇ કામો કરવાનો અખ્ત્યાર આપવાને સ્થાનિક સરકાર મુખત્યારછે.

૪૭૨. જ્યારે કોઇ શખસને ૪૬૬ મી અથવા ૪૭૧ મી કલમના ઠરાવો મુજબ કેદ રાખ્યો હોય ત્યારે જો તે સખસને કોઇ તુરંગમા કેદ રાખ્યો હોય તો તુરગનો ઇન્સ્પેકટર જનરલ અથવા જો ગાડા માણસોના આશ્રય સ્થાનમા કેદ રાખ્યો હોય તો, ગાડા માણસોના આશ્રયસ્થાનના વિજીટરો અથવા તે

વિઝીટરોમાના કોઇ બે તે શખસના મનની સ્થિતી કેવી છે તે નક્કી કરવા સારૂ તેને જોવા જવાને મુખત્યાર છે અને દર છ મહિનામા ઓછામા ઓછી એકવાર સદરહુ ઇન્સપેક્ટર જનરલે અથવા ઉપર લખેના વિઝીટરોમના બે વિઝીટરોએ જઇને તે શખસને જોવો જોઇયે અને સદરહુ ઇન્સપેક્ટર જનરલે અથવા વિઝીટરોએ તે શખસના મનની સ્થિતી સબધી એક વિશેષ રીપોર્ટ સ્થાનિક સરકારને મોકલવો જોઇએ

૪૭૩ જો તે શખસને ૪૬૬ મી કલમના ઠરાવો પ્રમાણે કેદ અટકાવી રાખ્યો હોય અને સદરહુ ઇન્સપેક્ટર જનરલ અથવા વિઝીટરો તે સખશ પોતનો જવાબ કરવાને શક્તિવાન છે, એવો પોતાના અભિપ્રાયનો દાખલો આપે, ત્યારે પ્રસગ પ્રમાણે માજીસ્ટ્રેટ અથવા મુકરર કરે તે વખતે માજીસ્ટ્રેની અથવા કોરટની પાસે તે શખશને લઇ જવો અને તે માજીસ્ટ્રેટે અથવા કોરટે તે શખશની તજવીજ ૪૬૮મી કલમના ઠરાવો મુજબ કરવી અને તુરગમા અટકાવી રાખેલા સખસની બાબતમાં ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પ્રીઝન્સ અથવા ગાડા માણુસોના આશ્રમ સ્થાનમાં અટકાવી રાખેલા સખસની બાબતમા સદરહુ માણસ સ્થાનના વીઝીટરો અથવા તેમનામાના કોઇ પણ બે જણનો દાખલો પુરાવામા લઇ શકાશે

૪૭૪ (૧) જો તે શખસને ૪૬૬ મી અથવા ૪૭૧ મી કલમના ઠરાવો મુજબ અટકાવી રાખ્યો હોય, અને સદરહુ ઇન્સ્પેક્ટર જનરલ અથવા વિઝીટરો એવો દાખલો આપે કે તેને છોડી મુકવામા આવે તો પોતાની જાતને અથવા બીજા કોઇ પણ શખસને નુકશાન કરે એવો ભય નથી એવુ અમારી નજરમા આવે છે તો તે દાખલા ઉપરથી સ્થાનિક સરકાર તે શખસને છોડી મુકવાનો, અથવા પહેરામા અટકાવી રાખવાનો, અથવા તેને ગાંડા માણુસોના કોઇ સાર્વજનિક આશ્રયસ્થાનમાં નહિ મોકલ્યો હોય તો તેવા કોઈ આશ્રયસ્થાનમા મોકલવાનો હુકમ કરવાને મુખત્યાર છે, અને સ્થાનિક સરકાર તેને આશ્રયસ્થાનમાં મોકલવાનો હુકમ કરે તો એક ઇનસાફ ખાતાના અમલદાર અને બે વૈદકીય અમલદારનુ કમિશન નીમવાને મુખત્યાર છે

(૨) જરૂર હોય તેવો પુરાવો લઇને સદરહુ કમિશને તે શખસના મનની સ્થીતી વિશે રીત પ્રમાણે ચોકસી કરવી, અને સ્થાનિક સરકારને રીપોર્ટ કરવા, અને તે સરકાર પોતાની નજરમા આવે તે પ્રમાણે તે શખસને છોડી મુકવાને અથવા અટકાવી રાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે,

૪૭૫ (૧) જ્યારે જ્યારે ૪૬૬ મી અથવા ૪૭૧ મી કલમના ઠરાવો પ્રમાણે અટકાવી રાખેલા કોઇ પણ શખસનો કોઇ સગો અથવા મિત્ર તે શખસને પોતાની સભાળમા તથા હવાલામાં લેવાની ખાએશ બતાવે ત્યારે ત્યારે તે સગો અથવા મિત્ર અરજી કરે એટલે સ્થાનિક સરકારની ખાત્રી થાય એવી રીતે હેઠળ પ્રમાણે કરવામા આવશે, એ બાબત, એટલે –

(અ) તે હવાલે કરેલા શખસની બરાબર સભાળ લેવામા આવશે તથા તે પોતાની જાતને, અથવા બીજા કોઈ માણસને ઇજા કરતો અટકાવવામા આવશે એ બાબત, તથા

(બ) તે હવાલે કરેલા શખસને સ્થાનિક સરકાર ફરમાવે એવા અમલદારને ફરમાવે તે જગાએ તથા તે વખતે જોવા માટે હાજર કરવામા આવશે એ બાબત તથા

[ક) ૪૬૬ મી કલમ મુજબ અટકાવી રાખેલા શખસની બાબતમા, તે શખસને એવા માજિસ્ટ્રેટ અથવા કોર્ટ આગળ જરૂર પડે ત્યારે હાજર કરવામા આવશે, એ બાબત,

જામીન આપે એટલે, તે શખસને સદરહુ સગા અથવા મિત્રના હવાલામા સોંપવાનો હુકમ કરવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે

(૨) આવી રીતે સોંપેલા શખસના ઉપર એવા કોઇપણ ગુન્હાનુ તોહોમત આવ્યુ હોય કે જે ગુન્હાનો ઇન્સાફ કરવાનુ તે શખસ ચળી ગયેલા મનનો તથા પોતાનો બચાવ કરવાને અશક્ત હોવાના કારણસર મુલતવી રાખ્યુ હોય તો, અને પેટા-કલમ (૧) ની રકમ (બ) મા જણાવેલો તપાસ કરનારા અમલદાર સદરહુ માજિસ્ટ્રેટ અથવા કોર્ટને કોઇપણ વખતે એવો દાખલો આપે કે સદરહુ શખસ પોતાનો બચાવ કરવાને શક્તિમાન છે તો, સદરહુ માજિસ્ટ્રેટે અથવા કોર્ટે જે સગા અથવા મિત્રને એવા તોહોમતવાળાને સોંપ્યો હોય તે સગા અથવા મિત્રને તે તોહોમતવાળાને પોતાની આગળ હાજર કરવાનો હુકમ

કરવો, અને એવી રીતે તેને હાજર કરવામાં આવે એટલે સદરહુ માજીસ્ત્રેટે અથવા કોર્ટે ૪૬૮મી કલમ પ્રમાણે કામ ચલાવવુ અને સદરહુ તપાસ કરનાર અમલદારનો દાખલો પુરાવામાં દાખલ કરવા યોગ્ય ગણાશે

(૩) ૪૭૨ મી તથા ૪૭૪ મી કલમના ઠરાવો આ કલમના ઠરાવો; પ્રમાણે સોંપેલા શખસોને જરૂરના ફેરફાર સાથે લાગુ પડશે એમ સમજવુ, અને આ કલમ પ્રમાણે જે અમલદારને જોવા સારૂ નિમવામાં આવે તેણે આપેલો દાખલો પુરાવામા લેવાઇ શકાશે

બાબ ૩૫ મો.

ઇનસાફ ચલાવવાની હરકત થાય એવા કેટલાક ગુન્હાઓની બાબતમાં કામ ચલાવવા બાબત.

૪૭૬ [૧] જ્યારે કોઇપણ દીવાની, મુલકી અથવા ફોજદારી કોર્ટને, આ અર્થે તેને કરેલી અરજી ઉપરથી અથવા બીજી કોઇ રીતે, એમ લાગે કે, કલમ (૧૯૫) (૧) (બ) અથવા [ક] માં કહેલા તથા પોતાની આગળ કર્યાનુ અથવા પોતાની આગળ ચાલતા કામની બાબતમા કર્યાનું જણાય એવા કોઇ ગુન્હાની ન્યાયના હિત ખાતર ચોકસી કરવાનો સબબ છે, ત્યારે તે કોર્ટે પોતાને કાંઇ જરૂરની જણાય તો તેવી પ્રથમ ચોકસી કર્યા પછી તે બાબતનો ઠરાવ દફતરમા નોધવો અને કોર્ટના અધ્યક્ષ અમલદારની સહી સાથેની લેખી ફરિયાદ કરવી, તથા હકુમતવાળા પહેલા વર્ગના માજિસ્ટ્રેટને તે મોકલવી. અને એવો તહોમતવાળો શખસ એવા માજીસ્ટ્રેટ આગળ હાજર થાય તેટલા સારૂ પુરતું તારણ લેવાને અથવા જે ગુન્હો કરવાનુ કહેવામાં આવતુ હોય તે ગુન્હો જામીન નહિ લઇ શકાય એવો ગુન્હો હોય તો તોહોમતવાળાને પહેરામાં આપીને સદરહુ માજિસ્ટ્રેટની પાસે મોકલવાને મુખત્યાર છે, તથા તેવા માજિસ્ટ્રેટની આગળ હાજર થઇને પુરાવો આપવા માટે કોઇપણ શખસને બાંધી લેવાને મુખત્યાર છે

આ પેટા–કલમના કારણ સારૂ ચીફ પ્રેસિડેન્સી માજિસ્ત્રેટને પહેલા વર્ગનો માજિસ્ત્રેટ ગણવો

(૨) સદરહુ માજિસ્ટ્રેટે પછી કાયદા મુજબ અને જાણે ૨૦૦ મી કલમ પ્રમાણે ફરીઆદ થઇ હોય તે મુજબ પ્રમાણે કામ ચલાવવુ.

[૩] જ્યારે એવા માજિસ્ત્રેટની, અથવા બીજા જે કોઇ માજિસ્ત્રેટને તે મુકદમો મોકલવામાં આવ્યો હોય તેની જાણમા એવુ લાવવામા આવે કે જે ઇન્સાફી મુકદમામાથી એ બાબત ઉભી થઇ હતી તેઇન્સાફી મુકદ્દમાની સામા અપીલ ચાલે છે ત્યારે, તેને ઇષ્ટ લાગે તો, ન્યાયના હિત ખાતર તે અપીલનો નિકાલ થતાં સુધી, તે મુકદમો કોઇપણ પાયરીએ મુલતવી રાખવાને તે મુખત્યાર છે

૪૭૬ અ કલમ ૪૭૬ ની પેટા કલમ (૧) થી દિવાની, મુલકી અથવા ફોજદારી કોર્ટને આપેલા અધિકાર, એવી કોર્ટે એવા ગુન્હાની બાબતમા કલમ ૪૭૬ મુજબ ફરિયાદ ન કરી હોય અથવા એવી ફરિયાદ કરવા માટેની અરજી સ્વીકારવાની ના નહીં પાડી હોય તેવે પ્રસંગે, એવી કોર્ટ કલમ ૧૯૫ ની પેટા–કલમ ૩ ના અર્થ પ્રમાણે, જે કોર્ટના તાબા હેઠળ હોય તે કોર્ટ, તેમા ઉલ્લેખ કરેલા અને એવી કોઇપણ કોર્ટ આગળ કર્યાનું અથવા તેના આગળ ચાલતા કોઇપણ કામની બાબતમાં કર્યાનું કહેવામાં આવતું હોય, એવા ગુન્હાની બાબતમા, ચલાવવાને મુખત્યાર છે, અને એવી વરિષ્ટ કોર્ટ એવી ફરિયાદ કરે તે પ્રસંગે કલમ ૪૭૬ ના ઠરાવો તે મુજબ લાગુ પડે છે એમ સમજવુ

૪૭૬ બ. જે કોઈપણ શખસની અરજી ઉપરથી કોઇપણ દિવાની મુલકી અથવા ફોજદારી કોર્ટે કલમ ૪૭૬ અથવા ૪૭૬ અ મુજબ ફરિયાદ કરવાની ના પાડી હોય, અથવા જે કોઇપણ શખસની સામા એવી ફરિયાદ કરવામા આવી હોય તે શખસ, એવી કોર્ટ કલમ ૧૯૫ ની પેટા–કલમ ૩ ના અર્થ પ્રમાણે જે કોર્ટના તાબા હેઠળ હોય તે કોર્ટને અપીલ કરવાને મુખત્યાર છે, અને વરિષ્ટ કોર્ટ તે ઉપરથી લાગતા વળગતા પક્ષકારોને નોટીસ આપ્યા પછી, ફરિયાદ પાછી ખેચી લેવાનો હુકમ કરવાને, અથવા પ્રસગ પ્રમાણે, તાબા હેઠળની કોર્ટે કલમ ૪૭૬ મુજબ જે ફરિયાદ કરી હોત તે ફરિયાદ પોતે કરવાને, મુખત્યાર છે અને તે એવી ફરિયાદ કરે તો તે કલમના ઠરાવો તે મુજબ લાગુ પડે છે એમ સમજવુ. ”

કલમ ૪૭૭ રદ થઇ છે

૪૭૮. (૧) જ્યારે સદરહુ પ્રકારનો કોઈપણ ગુન્હો કોઇ દિવાની અથવા મુલકી કોરટની આગળ કરવામાં આવે, અથવા કોઈ ઇનસાફી મુકદમો ચાલતો હોય તે દરમિયાનમાં કોઇ દિવાની અથવા મુલકી કોરટની નજર હેઠળ આણવામા આવે, અને તે મુકદમાનો ઇનસાફ ફક્ત હાઇકોરટ અથવા સેશન કોરટ કરી શકે એમ હોય, અથવા તે મુકદમાનો ઇનસાફ હાઇકોરટે અથવા સેશનકોરટે કરવો જોઇયે એમ સદરહુ દિવાની અથવા મુલકી કોરટ ધારે, ત્યારે સદરહુ દિવાની મુલકી કોરટ ૪૭૬ મી કલમ પ્રમાણે કોઈ માજીસ્રેટની પાસે તે મુકદમો ચોકસી માટે મોકલવાને બદલે પોતાની મેળે તે ચોકસી પુરી કરવાને, અને તોહોમતવાળા શખસને, પ્રસગ પ્રમાણે, હાઇકોરટની અથવા સેશનકોરટની આગળ ઇનસાફ થવા સારૂ કમિટ કરવાને અથવા તેને જામીન ઉપર છોડવાને મુખત્યાર છે

(૨) આ કલમ પ્રમાણે કોઇ ચોકસી કરવાનાં કારણસારૂ, તે દિવાની અથવા મુલકી કોરટ માજીસ્રેટના સઘળા અખત્યાર ચલાવવાને મુખત્યાર છે, અને એવી ચોકસીમાનુ તે કોરટનું કામ, બની શકે તેટલે સુધી, ૧૮ મા બાબના તથા જ્યા બાબ ૩૪ મો લાગુ પડે ત્યા તે બાબના ઠરાવો પ્રમાણે ચલાવવુ, અને તે કામ કોઇ માજીસ્રેટે ચલાવ્યુ હતુ એમ સમજવુ.

૪૭૯. જ્યારે કોઇ દિવાની અથવા મુલકી કોરટ એ પ્રમાણે કોઇપણ મુકદમો કમિટ કરે, ત્યારે તે કોરટે તોહોમતનામુ તથા મુકદમો કમિટ કરવા બાબતનો હુકમ તથા તે મુકદમાનુ દફતર પ્રેસીડેન્સી માજીસ્રેટની અથવા જીલ્લા માજીસ્રેટની અથવા ઇનસાફ સારૂ કમીટ કરવાનો અધિકાર બીજા જે માજીસ્રેટને હોય તે માજીસ્ત્રેટની પાસે મોકલી દેવુ, અને એવા માજીસ્રેટે તે મુકદમો તથા ફરિયાદી તરફનો અને તોહોમતવાળા તરફના શાહેદોને પ્રસગ પ્રમાણે, હાઇકોરટની અથવા સેશનકોરટની આગળ આણવો

૪૮૦ (૧) જ્યારે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૫ મી, ૧૭૮ મી, ૧૭૯ મી, ૧૮૦ મી, અથવા ૨૨૮ મી કલમમાં વરણવેલો કોઇપણ ગુન્હો કોઈ પણ દિવાની, ફોજદારી અથવા મુલકી કોરટના દેખતા અથવા તેની સમક્ષ કરવામા આવે, ત્યારે તે કોરટ તે ગુન્હેગારને પેહેરામા અટકાવી રાખવાને મુખત્યાર છે, અને તેજ દિવસે તે કોરટ ઉઠે તેની પેહેલાં કોઇ પણ વખતે, પોતાને દુરસ્ત લાગે તો, તે કોરટ તે ગુન્હો સાંભળવાને અને ગુન્હેગારને ઘણામા ઘણા બસે રૂપિઆ સુધી દડની અને, દડ ન આપે તો એક મહિના સુધીની મુદતની આસાન કેદની શિક્ષા કરવાને મુખત્યાર છે. પણ જો સદરહુ દડ તે મુદત પુરી થતા પેહેલા આપવામા આવે તો તેને તરત છોડી દેવો.

(૨) કા. ૨૯ અ માહેના અથવા બાબ ૩૪ માંહેના કોઈપણ ઠરાવ આ કલમ પ્રમાણે ચલાવેલા કામને લાગુ પડે છે એમ સમજવુ નહિ.

૪૮૧ (૧) સદરહુ પ્રકારના દરેક મુકદમાાંમાં, તે ગુન્હો જે હકીકતનો બનેલો હોય તે હકીકત, તથા ગુન્હેગારે કાંઇ મજકુર જાહેર કર્યો હોય તો તે મજકુર, તેમજ ઠરાવ તથા શિક્ષાનો હુકમ તે કોરટે દફતરમાં દાખલ કરવા

(૨) જો તે ગુન્હો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૨૮ મી કલમ પ્રમાણે હોય, તો જે કોરટને હરકત કરી હોય અથવા જે કોરટની બેઅદબી કરી હોય, તે કોરટ જે ઇનસાફી મુકદમો ચલાવવાને બેઠી હતી તે ઇન્સાફી મુકદમાનો પ્રકાર તથા કેટલે સુધી ચાલ્યો હતો તે, અને જે હરકત અથવા બેઅદબી કરી હોય, તેનો પ્રકાર દફતરમા બતાવવા

૪૮૨ (૧) જો તે કોરટને કોઇપણ કામમા એમ લાગે કે ૪૮૦ મી કલમમા કહેલા ગુન્હાઓમાનો કોઇપણ ગુન્હો પોતાના દેખતા અથવા પોતાની સમક્ષ કર્યાનુ તોહોમત જે શખસની ઉપર આવ્યું હોય તે શખસને દડ ન આપેથી કેદની શિક્ષા કરવામા આવે તે શિવાય બીજી રીતની કેદની શિક્ષા કરવી જોઇયે, અથવા તેને બસે રૂપિયા કરતા વધતો દડ કરવો જોઇયે, અથવા બીજા કોઈ પણ કારણને લીધે તે કોરટનો મત એમ હોય કે તે મુકદમાનો નિકાલ ૪૮૦ મી કલમ પ્રમાણે કરવો નહિ જોઇયે, તો તે ગુન્હો આ કાયદામા પાછળ ઠરાવ્યા પ્રમાણે જે હકીકતનો બનેલો હોય તે હકીકત તથા તોહોમતવાળાનો મજકુર દફતરમા દાખલ કર્યા પછી સદરહુ કોરટ, તે મુકદમાનો ઇનસાફ કરવાની હકુમત જે માજીસ્ત્રેટને હોય તે માજીસ્રેટની પાસે તે મુકદમો મોકલવાને મુખત્યાર છે, અને તે તોહોમતવાળા

શખસને સદરહુ માજીસ્ત્રેટની આગળ હાજર થવા બાબત તારણ આપવાનું ફરમાવવાને મુખત્યાર છે, અથવા પુરતુ તારણ આપવામા ન આવે તો, તે કોરટે સદરહુ શખસને પેહેરામા આપીને સદરહુ માજીસ્ત્રેટની પાસે મોકલવો.

(૨) જે માજીસ્ત્રેટની પાસે આ કલમ પ્રમાણે કેઇપણ મુકદમો મોકલવામા આવે તે માજીસ્ત્રેટે તોહોમતવાળા શખસની ઉપર થએલો ફરિયાદ આ કાયદામા પાછળ ઠરાવેલી રીતે સાભળવા માડવી.

૪૮૩ સન ૧૮૭૭ ના હિંદુસ્તાનના નોંધવા બાબતના આકટ પ્રમાણે નિમેલો હરકોઇ રજીસ્ટાર અથવા હરકોઇ સબરજીસ્ટાર, સ્થાનિક સરકાર એમ ફરમાવે ત્યારે, ૪૮૦ મી તથા ૪૮૨ મી કલમના અરથ પ્રમાણે દિવાની કોરટ છે એમ સમજવુ

૪૮૪. કોઈ શખસને કાયદા મુજબ કાઇ વસ્તુ કરવાનુ ફરમાવ્યું હોય તે કરવાની તેણે ના કહી હોય અથવા કસુર કરી હોય તેને સારૂ અથવા તે શખસે જાણી જોઇને બેઅદબી અથવા હરકત કરી હોય તેને સારૂ કોઇ કોરટે ૪૮૦ મી કલમ પ્રમાણે તેને શિક્ષા કરવાનો ઠરાવ કર્યો હોય, ત્યારે તે ગુન્હેગાર સદરહુ કોરટના હુકમ અથવા ફરમાનને તાબે થાય, અથવા તે કોરટ સતોષ પામે તે રીતે તે માફી માગે એટલે તે કોરટ પોતાની મરજી મુજબ તેને છોડી દેવાને અથવા શિક્ષા માફ કરવાને મુખત્યાર છે

૪૮૫ જો કોઇ ફોજદારી કોરટમાં એકાદો દસ્તાવેજ અથવા વસ્તુ હાજર કરવા સારૂ બોલાવેલા કોઇપણ સાહેદને અથવા શખસને જે સવાલો પુછવામા આવે તે સવાલોના જવાબ દેવાની અથવા તે શખસના કબજા માહેનો અથવા અખત્યાર માહેનો જે દસ્તાવેજ અથવા વસ્તુ રજુ કરવાનુ તે કોરટ તેને ફરમાવે તે દસ્તાવેજ અથવા વસ્તુ રજુ કરવાની તે સખસ ના કહે અને એ પ્રમાણે ના કેહેવાનુ કોઇપણ વાજબી કારણ તે શખસ ન બતાવે, તો સદરહુ કોરટ ઘણામા ઘણા સાત દિવસ સુધીની ગમે તે મુદત સુધી તે સાહેદને આસન કેદની શિક્ષાનો હુકમ કરવાને, અથવા પ્રમુખ માજીસ્ત્રેટની અથવા જડજની સહીનુ વારંટ કાહાડીને કોરટના કોઇ અમલદારને હવાલે કરવાને મુખત્યાર છે, અને તેમ કરવાનાં કારણો તે કોરટે દફતરમા લખવા, પણ જો દરમ્યાનમા સદરહુ સખસ જમાની આપવાને તથા જવાબ દેવાને અથવા સદરહુ દસ્તાવેજ અથવા વસ્તુ રજુ કરવાને કબુલ થાય તો તેમ કરવુ નહી, જો તે ઉપર મુજબ ના કબુલ કરે, તો ૪૮૦ મી તથા ૪૮૨ મી કલમના ઠરાવો પ્રમાણે તેની તજવીજ કરવાનો અધિકાર છે, અને રાયલ ચારટરથી સ્થાપેલી કોઇ કોરટની બાબતમા તે સાહેદે તિરસ્કારનો ગુન્હો કર્યો છે એમ સમજવુ.

૪૮૬ (૧) જે કોઇ પણ શખસને ૪૮૦ મી અથવા ૪૮૫ મી કલમ પ્રમાણે કોઇ પણ કોરટે શિક્ષાનો હુકમ કર્યો હોય તે સખસ આ કાયદામા પાછળ ગમે તે કહ્યુ હોય તે છતા તે કોરટમા કરેલા હુકમનામા અથવા હુકમો ઉપર અપીલો સાધારણ રીતે જે કોરટને થઇ શકતી હોય તે કોરટને અપીલ કરવાને મુખત્યાર છે

[૨] ૩૧ મા બાબના ઠરાવો જેટલે સુધી લાગુ પડી શકતા હોય તેટલે સુધી આ કલમ પ્રમાણે કરેલી અપીલોને લાગુ પડશે, અને જે ઠરાવ ઉપર અથવા જે શિક્ષાના હુકમ ઉપર અપીલ કરવામાં આવી હોય તે ઠરાવમા ફેરફાર કરવાનો અથવા તે રદ કરવાનો અથવા તે શિક્ષા ઓછી કરવાનો અપીલ કોરટને અધિકાર છે

(૩) ઇલાકા શેહેરમાંની કોઇ સ્માલકાઝ કોરટે એ પ્રમાણે ગુન્હાની સાબિતીનો ઠરાવ કર્યો હોય તે ઉપર અપીલ હાઇકોરટમાં ચાલશે, અને

બીજી કોઇ સ્માલકાઝ કોરટે એ પ્રમાણે ગુન્હાની સાબિતીનો ઠરાવ કર્યો હોય તે ઉપર અપીલ જે સેશનતુકડી માહે સદરહુ કોરટ આવેલી હોય તે સેશનતુકડીની સેશન કોરટમા ચાલશે.

(૪) ઉપર કહ્યા મુજબ નિમેલા રજીસ્ટાર અથવા સબરજીસ્ટાર જેવા કોઈ પણ અમલદારે એ પ્રમાણે ગુન્હાની સાબિતીનો ઠરાવ કર્યો હોય, અને સદરહુ અમલદાર કોઈ દિવાની કોરટનો જડજ પણ હોય, ત્યારે જો સદરહુ ઠરાવ તે અમલદારે સદરહુ પ્રકારના જડજ તરીકે પોતાના હોદ્દાની રૂએ કરેલુ હુકમનામું હોય તો આ કલમના પાછલા ભાગ પ્રમાણે, જે કોરટને અપીલ કરવામા આવે તે કોરટને સદરહુ ઠરાવ ઉપર અપીલ કરવાનો અધિકાર છે, અને બીજા કામોમા જીલ્લા જડજને અથવા ઇલાકાના શહેરોમાં હાઈકોરટને તે અપીલ કરવાનો અધિકાર છે

૪૮૭ (૧) ૪૮૦ મી અને ૪૮૫ મી કલમમા ઠરાવ્યું છે, તે શિવાય બીજી રીતે કોઇ હાઇકોરટના જડજ શિવાય, તથા રગુનના રિકોર્ડર શિવાય, બીજા કોઈ ફોજદારી કોરટના જડજે અથવા માજીસ્ત્રેટે ૧૯૫ મી કલમમાં કહેલો કોઇ પણ ગુન્હો તેના આગળ અથવા તેના અધિકારનો તિરસ્કાર થાય એવી રીતે કરવામાં આવે અથવા કોઇ ઇનસાફી મુકદમો ચાલતો હોય ત્યારે સદરહુ જડજ અથવા માજીસ્ત્રેટ તરીકે તેની નજર હેઠળ આણવામા આવે ત્યારે તેણે તે ગુન્હા બાબત કોઇ પણ શખસનો ઇનસાફ કરવો નહિ

(૨) ૪૭૬ મી અથવા ૪૮૨ મી કલમ માહેના કોઇપણ ઠરાવ ઉપરથી એમ સમજવુ નહિ કે સેશન કોરટમા અથવા હાઇકોરટમા કમિટ કરવાનો અધિકાર જે માજીસ્ત્રેટને હોય તે માજીસ્ત્રેટને પોતાને કાઇ પણ મુકદ્દમો સદરહુ કોરટમા કમિટ કરવાની મનાઇ છે

બાબ ૩૬ મો.

ઓરતોનાં તથા બાળકોનાં ગુજરાન બાબત.

૪૮૮ (૧) જો કોઇ શખસની પુરતી દ્રવ્યશક્તિ હોય, અને તે પોતાની ઓરતનુ અથવા પોતાની મેળે પોતાનું ગુજરાન ચલાવવાને અશક્ત હોય એવા કોઇ ઔરસ અથવા અનારસ છોકરાનુ ગુજરાન ચલાવવની ગફલત કરે અથવા ના કહે તો, એ પ્રમાણે ગફલત કર્યાનુ અથવા ના કહ્યાનુ પુરવાર થએથી, જીલ્લા માજીસ્ત્રેટ, કોઇ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ, કોઈ પેટા તુકડી માજીસ્ત્રેટ અથવા કોઇ પેહેલા વરગનો માજી- જીસ્ત્રેટ તે શખસની ઓરતનાં અથવા સદરહુ પ્રકારના બાળકના ગુજરાનને માટે દર મહિને એકદર સો રૂપિયાથી વધારે નહિ હોય એવુ જે લવાજમ સદરહુ માજીસ્ત્રેટને યોગ્ય લાગે તે લવાજમ કહાડીને તે માજીસ્ત્રેટ વખતે વખતે ફરમાવે તેવા શખસને આપવાનો હુકમ સદરહુ શખસની ઉપર કરવાને અખત્યાર છે

(૨) સદરહુ લવાજમ હુકમની તારીખથી અથવા તેવો હુકમ કરવામાં આવે તો પોષણુ સારૂ કરેલી ફરીયાદની તારીખથી આપવુ પડશે.

(૩) જે શખસને એ પ્રમાણે હુકમ કર્યો હોય તે શખસ તે પુરતાં કારણો વગર હુકમ ના માન કરે, તો સદરહુ પ્રકારનો કોઇપણ માજીસ્ત્રેટ તે હુકમ જેટલીવાર તોડવામાં આવે તેટલીવાર, લેહેણી રકમ, દંડ વસુલ કરવા માટે જે રીત આ કાયદામાં પાછળ ઠરાવી છે તે રીત પ્રમાણે, વસુલ કરવા માટે વારંટ કાઢવાને મુખત્યાર છે, અને તે વારંટ બજાવ્યા પછી બાકી રહેલા દરેક મહિનાના સઘળા લવાજમ બદલ અથવા તેના કોઇપણ ભાગ બદલે એક મહિનાની મુદત અથવા લવાજમની રકમ વહેલી ભરવામાં આવે તો તે ભરવામાં આવે ત્યા સુધી, સદરહુ શખસને કેદની શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે.

પણુ એવુ ઠરાવ્યુ છે કે જો તે શખસ એમ કહે કે મ્હારી ઓરત મહારી સાથે રહે તો તેનુ ગુજ- રાન ચલાવવાને હું તઇયાર છુ, અને તેની ઓરત તેની સાથે રેહેવાની ના કહે, તો એ પ્રમાણે કેહેવાના જે કાઇ કારણો તે ઓરત જણાવે તે કારણો ધ્યાનમાં લેવાને સદરહુ માજીસ્ત્રેટ મુખત્યાર છે અને આ કલમ પ્રમાણે હુકમ કરવાનુ યોગ્ય કારણ છે એવી તે માજીસ્ત્રેટની ખાત્રી થાય તો, તે શખસ ઉપર કહ્યા પ્રમાણે ગુજરાન કરવાનુ કહેતો હોય તોપણુ, તે પ્રમાણે હુકમ કરવાને મુખત્યાર છે,

"વળી એવુ ઠરાવ્યુ છે કે, આ કલમની રૂએ કોઇપણુ લેહેણી થયલી રકમ વસુલ કરવા માટે કોઇ પણ વારંટ કાઢવુ તે, જે તારીખે તે રકમ લેહેણી થઇ હોય તે તારીખથી ૧ વર્ષની મુદતની અંદર એવી રકમ વસુલ કરવા માટે કોર્ટને અરજી કરવામા ન આવે તો કાઢવુ નહી"

(૪) જો કોઈ ઓરત છિનાળુ કરતી હશે, અથવા કાઇ પૂરતા કારણુ વિના પોતાના ધણીની સાથે રેહેવાની ના કેહેશે, અથવા તેઓ બેઉ માંહોમાંહે સમજુતી કરીને જુદા રેહેતા હશે, તો તે ઓરતને આ કલમ પ્રમાણે તેના ધણી પાસેથી કાંઇ લવાજમ મળવાને હક થશે નહી

(૫) જે ઓરતના લાભમા આ કલમ પ્રમાણે હુકમ કર્યો હોય તે ઓરત છિનાળુ કરે છે અથવા પુરતા કારણુ વિના પોતાના ધણીની સાથે રહેવાની ના કહે છે અથવા તેઓ બેઉ સમજુતી કરીને જુદાં રહે છે એવી સાબિતી થયેથી તે માજીસ્ત્રેટે તે હુકમ રદ કરવો

(૬) આ બાબ પ્રમાણે સઘળો પુરાવો, પ્રસંગ પ્રમાણે, ધણીની અથવા બાપની સમક્ષ લેવો, અથવા તેને જાતે હાજર થવાનુ માફ કર્યું હોય ત્યારે તેના પ્લીડરની સમક્ષ લેવો, અને સમનના મુકદમાઓની બાબતમાં ઠરાવેલી રીતે તે દફતરમા દાખલ કરવો,

પણ એવુ ઠરાવ્યું છે કે માજીસ્ત્રેટની ખાત્રી થાય કે તે શખસ જાણી જોઇને બજાવણી કરવાનુ ટાળે છે અથવા કોરટમા હાજર થવાની જાણીજોઇને ગફલત કરે છે, તો તે માજીસ્ત્રેટ તે કામ એક તરફી સાંભળી લઇને તેનો નિકાલ કરવાનુ કામ શરૂ કરવાને મુખત્યાર છે, આ પ્રમાણે કરેલા કોઇપણ હુકમની તારીખથી ત્રણ મહિનામા અરજી કરીને સારૂ કારણ બતાવવામા આવે તો, તે હુકમ રદ કરવાનો અધિકાર છે

(૭) આ કલમ મુજબ અરજીઓની વ્યવસ્થા કરતી વખતે કોરટને ખરચ સબધી વાજબી હોય એવો હુકમ કરવાનો અધિકાર છે એમ સમજવુ.

(૮) કોઇ પણ સખસની સામા આ કલમની રૂયે કામ ચલાવવુ તે જે જીલ્લામાં તે રહેતો હોય અથવા હોય, અથવા જે કોઇપણ જીલ્લામા તે, પ્રસગ પ્રમાણે, પોતાની ઓરત સાથે અથવા અનૌરસ બાળકની મા સાથે છેલ્લો રહ્યો હોય તે જીલ્લામા ચલાવવુ

ટીકા—આ બાબનો મતલબ ધણીઆણીનો લગ્ન સબધ જારી હોય તે વખતને માટે છે, તે જ્યારે લગ્ન સબધ બધ પડે છે ત્યારે ભરણપોષણ બાબત કરેલો હુકમ પણ બધ પડે છે જે છોકરો બેહરો ને બોબડો છે ને જે ગુજરાન ચલાવવાને અશક્ત છે તે જો કે ઉમરે પુગ્યો હોય તોપણ ભરણ પોષણ માગવાને હકદાર છે (ઢેડની અરજી બાબત ૫ નો વે પ્રે ૨૩૭) ઓરસ અથવા અન ઓરસ છોકરાની મા બીજાની સ્ત્રી છે એટલા પરથી ફરીયાદ કાઢી ' શકાય (કનાકા મહા કો રી ૧૨—૧૦—૮૬) પરણેલી સ્ત્રી તેના અનઔરસ છોકરા માટે ગુજરાનનો દાવો કરી શકે એટલા બોહોળા આ કલમના શબ્દો છે [રોટરીઓ ઇ લો રી. ૧૮ મુ ૪૬૮ પણ જો તેમની મા છીનાળ હોય અને તેની મા તેના બાપની વગર રજા લઇ ગઈ હોય ને છોકરા તેની મા સાથે રહેવા ખુશી હોય તો હુકમ ન કરી શકાય (વેનકઠા સુબઇય ન મ હા કો પ્રો ૧૦—૯—૮૬) ધણીએ પોતાની સ્ત્રીને ખોરાકી તરીકે દર માસે અમુક રકમ આપવી, એવો માજીસ્ટ્રેટે હુકમ કરેલો તે હુકમ હાઇકોરટે એવા કારણથી રદ કરેલો કે—સ્ત્રી જે તેણીના બાપના ઘરમા રહેતી હતી તેણીનુ ગુજરાન કરવાને માટે ધણીને પુછવામા નહિ આવેલ ને બાપે પૈસા લીધા શીવાય તેણીને ધણીને ત્યા મોકલવાની ના પાડેલી એવુ સાબિત થવાથી રદ કર્યો (મુસામત સોમરી વી જીટન સોનાર ૨૨ વિ રી ૩૦) ધણી પોતાની ઓરતનુ ગુજરાન કરવામાં ગફલત કરે અથવા ના કહે અને તે વાત પુરવાર કરવામા આવે ને ધણી સાથે રેહેતો ગુજરાન કરવાની હા પાડે ને સ્ત્રી સાથે રહેવાની ના પાડે તો માજીસ્ટ્રેટ, ધણી નિરદયપણાથી વર્તે છે એવા સબબથી ગુજરાન આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે. પણ ધણીએ ભરણપોષણ આપવાને ના પાડી ના હોય અથવા ગફલત કરી ના હોય પણ પોતાની ખુશીથી ધણીના ઘરનો આશ્રય છોડીને નિરદયપણે વર્તે છે એવુ કારણ બતાવી જુદી ભરણપોષણ માટે અરજી કરે તેવી અરજી સાભળવાને અને નિરદયતાના પુરાવાપરથી લવાજમ આપવાનો અધીકાર નથી [ઘોગ્સ સબ અરજી બાબત ૬ નો. વે પ્રો ૨૦૫]

૪૮૯. (૧) ૪૮૮ મી કલમ પ્રમાણે માસિક લવાજમ જે કોઇ શખસને મળતુ હોય તે શખસની, અથવા તેજ કલમ પ્રમાણે પોતાની ઓરતને અથવા બાળકને માસિક લવાજમ આપવાનો હુકમ જે શખસની ઉપર કર્યો હોય તે શખસની, હાલતમાં ફેરફાર થયો છે એવુ પુરવાર થયેથી તે લવાજમમાં પોતાને યોગ્ય લાગે એવો ફેરફાર કરવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે, માત્ર એટલુજ કે જો તે સદરહુ લવાજમ વધારે તો એક દર દરમહીનાની રકમ સો રૂપયાથી વધારે થવી નહિ જોઇયે

" (૨) જ્યારે માજિસ્ટ્રેટને એમ જણાય કે લાયકાત ધરાવનારી દિવાની કોર્ટના કોઇ પણ ફેસલાને લીધે, કલમ ૪૮૮ મુજબ કરેલો કોઇ પણ હુકમ રદ કરવો જોઇએ અથવા તેમા ફેરફાર કરવો જોઈએ ત્યારે, તેણે, પ્રસગ પ્રમાણે, તે હુકમ રદ કરવો અથવા તેમા તે મુજબ ફેરફાર કરવો. "

૪૯૦ ગુજરાનનો હુકમ જે શખસના લાભમા કર્યો હોય તે શખસને, અથવા તેનો કોઇ વાલી હોય તો તેને અથવા જે શખસને તે લવાજમ આપવાનુ હોય તેને. વગર ખરચે તે હુકમની એક નકલ આપવી, અને જે શખસની ઉપર હુકમ કર્યો હોય તે શખસ જે જગાએ હોય તે જગામાં કોઇ પણ માજીસ્ટ્રેટની એવી ખાત્રી થાય કે હુકમના પક્ષકાર તેજ છે, અને જે લવાજમ દેવુ થયુ છે તે લવાજમ આપ્યું નથી, તો સદરહુ હુકમ અમલમા લાવવાનો અધિકાર સદરહુ માજીસ્ત્રેટને છે

બાબ ૩૭ મો

હેબીયસકાર્પસના જેવા પ્રકારના હુકમ બાબત

૪૯૧ (૧) કોઇ પણ હાઇકોરટને દુરસ્ત લાગે ત્યારે, તે હેઠળ લખ્યા મુજબ ફરમાવવાને મુખત્યાર છે—

(અ) પોતાની અપેલેટ ફોજદારી હકુમતની કોઇ શખસની કાયદા મુજબ તજવીજ થવા માટે તે શખસને પોતાની આગળ આણવો.

(બ) સદરહુ હદ માંહે સરકારી અથવા ખાનગી પેહેરામા ગેરકાયદેસર અથવા ગેરવાજબી રીતે અટકાવી રાખેલા કોઈ શખસને છોડી દેવો,

(ક) સદરહુ હદમાંહે આવેલી કોઇ પણ તુરંગમા અટકાવી રાખેલા કોઈ કેદીને સદરહુ કોરટમા જે કામ ચાલુ હોય અથવા જે કામની ચોકસી કરવાની હોય તે કામમા સાહેદ દાખલ તપાસવા માટે તેને તે કોરટની આગળ આણવો.

(ડ) ઉપર કહ્યા મુજબ અટકાવી રાખેલા કોઇ કેદીને કોઇ કોરટ માર્શીયલની આગળ અથવા ગવરનર જનરલ ઇન કાઉન્સિલ તરફથી કહાડેલા કોઇ પણ કમિશનને આધારે કામ કરનારા કોઇ પણ કમિશનરોની આગળ ઇનસાફ થવા સારૂ અથવા સદરહુ કોરટ માર્શિયલની અથવા કમિશનરોની આગ઼ જે બાબત ચાલુ હોય તે બાબત સબધી તેને તપાસવા સારૂ સદરહુ કોરટ માર્શિયલની અથવા કમિશનરોની આગળ આણવો

(ઇ) સદરહુ હદ માહેના કોઇ કેદીનો ઇનસાફ થવા સારૂ તેને એક પેહેરામાથી ખસેડીને બીજા પેહેરામાં લઈ જવા, અને

(ફ) પકડવાના હુકમ ઉપરથી શેરીફ શિપીકાર્પસનુ ×રિટર્ન મોકલે એટલે સદરહુ હદમાહેના કોઇ પ્રતિવાદીને જાતે આણવો

(૨) સદરહુ હાઇકોરટ, આ કલમ મુજબની બાબતમાં કામ ચલાવવાની રીત સબંધી નિયમ કરવા સારૂ વખતે વખતે કાનુનો કરવાને મુખત્યાર છે.

(૩) આ કલમ માહેનો કોઇ પણ મજકુર બગાળાના સન ૧૮૧૭ ના રાજકારણ વાસ્તે બદીખાનામા આવેલા માણસો બાબતના કાયદા પ્રમાણે અથવા મુબઇના સન ૧૮૨૭ ના ૨૫ મા કાયદા પ્રમાણે અથવા સન ૧૮૫૦ ના રાજકારણ વાસ્તે બદીખાનામા આવેલા આકટ પ્રમાણે અટકાવી રાખેલા સખસોને લાગુ નથી.

૪૯૧ અ. લેટર્સ પેટન્ટથી સ્થાપેલી કોઇ પણ હાઇ કોર્ટ, પોતાની અપેલેટ ફોજદારી હકુમતની હદની અદરના હોય તે શિવાયના ગવર્નર જનરલ ઇન્ કાઉન્સિલ ફરમાવે તેવા, બીજા, મુલકમાની કોઇ પણ યુરોપિ બ્રિટિશ રઇતની બાબતમા કલમ ૪૯૧ થી મળેલા અધિકારો ચલાવવાને મુખત્યાર છે, ”

બાબ ૩૮ મો.

પબ્લિક પ્રોસિક્યુટર બાબત (એટલે સરકાર તરફથી ફરિયાદ પક્ષનું કામ ચલાવવા સારૂ ઠરાવેલા માણસ બાબત.

૪૯૨ (૧) સામાન્ય રીતે અથવા ગમે તે મુકદમામાં અથવા ગમે તે નિર્દિષ્ટ કરેલા વર્ગના મુકદમાઓ સારૂ કોઇપણ સ્થાનિક ક્ષેત્રમા એક અથવા વધારે અમલદારો (જેમને પબ્લિક પ્રોસિક્યુટરો કહેવા તેમને) નિમવાને ગવરનર જનરલ ઇનકાઉન્સિલ અથવા સ્થાનિક સરકાર મુખત્યાર છે

(૨) પબ્લિક પ્રોસીક્યુટર ગેરહાજર હોય, અથવા કોઇપણ પબ્લિક પ્રોસીક્યુટર નીમ્યોજ ન હોય, ત્યારે બીજો સખસ સ્થાનિક સરકાર આ અર્થે ઠરાવે તેવા દરજ્જાથી ઉતરતા દરજ્જાનો પોલીસ અમલદાર ન હોય તે શખસને કોઈ પણ મુકદમાના કારણ સારૂ પબ્લિક પ્રોસીક્યુટર નીમવાને જીલ્લામાજીસ્ટ્રેટ, અથવા જીલ્લામાજીસ્ટ્રેટના નિર્બંધ હેઠળ રહી ને પેટાતુકડી માજીસ્ટ્રેટ મુખત્યાર છે

× જેને પકડવો હોય તેને કબજામા લીધો છે. એવું પત્રક

૪૯૩ પબ્લિક પ્રોસીક્યુટરે સોંપેલા હરકોઇ મુકદમાની ચોકસીનું. ઇનસાફનુ અથવા અપીલનુ કામ જે કોઇપણ કોરટમા ચાલુ હોય તે કોરટમાં તેને લખેલા કોઇપણ મુખત્યારનામાં વગર હાજર થઇને બોલવાનો અખત્યાર છે, અને સદરહુ પ્રકારના કોઇપણ મુકદમામાં કોઇપણ શખસની ઉપર કોઇ પણ કોરટમા ફરિયાદ ચલાવવા માટે કોઈ પણ સખસ કોઇ પ્લીડરને નીમે, તો ફરિયાદનુ કામ પબ્લિક પ્રોસીક્યુટરે ચલાવવુ, અને જે પ્લીડરને એ પ્રમાણે નીમ્યો હોય તેણે તે મુકદમામા તેના હુકમ પ્રમાણે ચાલવુ

૪૯૪. કોઇપણ પબ્લિક પ્રોસીક્યુટર જ્યુરીથી ઇનસાફ કરવાના મુકદમાઓમાં જ્યુરીનો ઠરાવ કહી સંભળાવતા પહેલા અને બીજા મુકદમાઓમા ફેસલો આપતા પહેલાં કોરટની સમતીથી કોઇ પણ શખસની ઉપર કાતો સામાન્ય રીતે અથવા જે ગુન્હાના સંબંધમા ઇન્સાફ કરવાનુ કામ ચાલતુ હોય તેમા તેના કોઇ પણ એક અથવા વધારે મુજમના સંબંધમા ફરીયાદનુ કામ ચલાવવાનું છોડી દેવાને મુખત્યાર છે, અને આ પ્રમાણે કામ ચલાવવાનુ છોડી દેવામાં આવેથી,—

(અ) જો તોહોમતનામુ તઇયાર કરતાં પેહેલા એ પ્રમાણે કામ ચલાવવાનુ છોડી દેવામા આવે તો તોહોમતવાલાને એવા ગુન્હાઓના સંબંધમા છોડી મૂકવો.

(બ) જો તોહોમતનામુ તઇયાર કર્યા પછી એ પ્રમાણે કામ ચલાવવાનુ છોડી દેવામા આવે તો અથવા આ કાયદા પ્રમાણે તોહોમતનામાની જરૂર ન હોય ત્યારે, તોહમતવાળા ઉપર એવા ગુન્હા અથવા ગુન્હાઓની બાબતમા ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કરવો

૪૯૫ (૧) કોઇપણ મુકદમાની ચોકસી અથવા ઇનસાફનુ કામ કરનાર કોઇપણ માજીસ્ત્રેટ ગવરનર જનરલ ઇન કૌન્સિલની પ્રથમ મંજુરી લઇને સ્થાનિક સરકાર જે દરજ્જો ઠરાવે તેથી ઉતરતા દરજ્જાના પોલીસ અમલદાર શિવાય બીજા કોઇપણ શખસને ફરિયાદ પક્ષનું કામ ચલાવવાને પરવાનગી આપવાને મુખત્યાર છે, પણ એડવોકેટ જનરલ, સ્ટાંડીંગ કૌન્સેલ, સરકારી સોલિસિટર, પબ્લિક પ્રોસિક્યુટર અથવા બીજા જે અમલદારને સ્થાનિક સરકારે આ બાબત સામાન્ય રીતે અથવા વિશેષે કરીને અધિકાર આપેલો હશે તે અમલદાર શિવાય બીજા કોઇપણ શખસને સદરહુ પરવાનગી વગર એ પ્રમાણે કામ ચલાંવવાનો હક નથી

(૨) આવા કોઇપણ અમરદારને ફરિયાદનુ કામ છોડી દેવા બાબત ૪૯૪ મી કલમમાં જે અધિકાર ઠરાવ્યો છે તેવો અધિકાર છે અને તે કલમના ઠરાવો એવા અમલદારે કામ ચલાવવાનું છોડી દીધુ હોય તેને લાગુ પડશે

(૩) ફરિયાદ પક્ષનું કામ ચલાવનાર કોઈપણ સખસ પોતાની જાતે અથવા કોઈ પ્લીડરની મારફતે એમ કરવાને મુખત્યાર છે

(૪) જે ગુન્હાને સારૂ તોહમતવાળા ઉપર ફરિયાદ ચાલતી હોય તે ગુન્હા વિશેની તપાસમાં કંઈ પણ ભાગ લીધો હોય તેવા પોલીસ અમલદારને ફરિયાદ પક્ષનુ કામ ચલાવવાની પરવાનગી આપવામા આવશે નહિ.

બાબ ૩૯ મો.

જામીન બાબત.

૪૯૬ જામીન નહિ લઇ શકાય એવા કોઈ ગુન્હાનુ તોહોમત જે સખસ ઉપર આવ્યુ હોય તે શિવાય બીજા કોઇપણ સખસને જે અમલદારના હવાલામાં કોઇ પોલીસ થાણુ હોય તે અમલદાર વગર વારંટે પકડે અથવા અટકાવી રાખે, અથવા કોઈ કોરટની આગળ તે સખસ હાજર થાય અથવા તેને આણવામાં આવે, અને તે સખસ સદરહુ અમલદારના પહેરામા હોય ત્યારે અથવા સદરહુ કોરટની આગળ કામ ચાલતું હોય ત્યારે કોઇપણ વખતે જામીન આપવાને તઇયાર હોય, ત્યારે તેને જામીન ઉપર છોડવો, પણ એવુ ઠરાવ્યું છે કે જો સદરહુ અમલદારને અથવા કોરટને દુરસ્ત લાગે, તો તે સદરહુ સખસ પાસેથી જામીન લેવાને બદલે તે શખસ હાજર થવા બાબત આ કાયદામાં આગળ ઠરાવેલી રીતે વગર જામીને એક ખત કરી આપે એટલે તેને છોડી દેવાને મુખત્યાર છે

"વધુ એવુ ઠરાવ્યુ છે કે આ કલમમાંના કોઇ પણ મજકુર ઉપરથી કલમ ૧૦૭ પેટા કલમ (૪) અથવા કલમ ૧૧૭ પેટા કલમ [૩]ના ઠરાવોને બાધ આવે છે એમ સમજવુ નહી"

૪૯૭ (૧) જામીન નહી લઇ શકાય એવા કોઇપણ ગુન્હાનું તોહોમત જે શખસની ઉપર આવ્યું હોય તે શખસને જે અમલદારના હવાલામા કોઇ પોલીસ ચાર્ગું હોય તે અમલદાર વગર વારટે પકડે અથવા અટકાવી રાખે અથવા કોઇ કોરટની આગળ તે સખસ હાજર થાય અથવા તેને આણવામા આવે, ત્યારે તેને જામીન ઉપર છોડવાનો અધિકાર છે, પણ મોતની અથવા કાળા પાણીની શિક્ષા થઈ શકે એવો તે ગુન્હો તેણે કર્યો છે એમ માનવાના વાજબી સબબ જણાય તો તેને એ પ્રમાણે છોડવો નહિ

"પણ એવુ ઠરાવ્યુ છે કે, કોર્ટ, સોળ વર્ષની અંદરના જે કોઇ પણ શખસ અથવા કોઇ પણ સ્ત્રી અથવા માંદા અથવા અશક્ત માણસના ઉપર, એવા ગુન્હાનુ તોહોમત મુકવામા આવ્યુ હોય તે શખસ, સ્ત્રી અથવા માંદા અથવા અશક્ત માણસને, જામીન ઉપર છોડવાનો હુકમ કરવાને મુખત્યાર છે"

(૨) જો પ્રસંગ પ્રમાણે, તપાસ, ચોકસી અથવા ઇંનસાફ ચાલતો હોય ત્યારે કોઇ પણ વખતે સદરહુ અમલદારને અથવા કોરટને એમ જણાય કે તોહોમતવાળાએ જામીન નહિ લઇ શકાય એવો ગુન્હો કર્યો હોય એમ માનવાના વ્યાજબી સબબ નથી, પણ તેના તકસીર બાબત વધારે ચોકસી કરવાનાં પુરતા સબબ છે તો સદરહુ ચોકસી થતા સુધી તોહોમતવાળાને જામીન ઉપર છોડવો, અથવા સદરહુ અમલદારની અથવા કોરટની નજરમા આવે તો, આ કાયદામાં ઠરાવ્યા પ્રમાણે તોહોમતવાળો હાજર થવા માટે વગર જામીને ખત લખી આપે તો તેને છોડવો.

"(૩) પેટા-કલમ (૧) અથવા પેટા કલમ (૨) મુજબ કોઇ પણ શખસને જામીનપર છોડનાર કોઇ અમલદારે અથવા કોર્ટે પોતાના તેમ કરવાના કારણ લખીને દફતરમા નોંધવા

(૪) જામીન લઇ નહી શકાય એવા ગુન્હાનું તહોમતવાળા શખસનુ ઇન્સાફનુ કામ પુરૂ થાય ત્યાર પછી અને ફેસલો આપવામા આવે તે પહેલા, કોર્ટ એવા મતની થાય કે તહોમતવાળો શખસ એવા ગુન્હા માટે ગુન્હેગાર નથી એમ માનવાને પુરતા કારણો છે તો, તેણે તહોમતવાળો શખસ પહેરામા હોય તો ફેસલો અપાતી વખતે તે સાભળવાને પોતે હાજર થશે એવી મતલબનુ તારણ શિવાયનુ ખત કરી આપેથી તેને છોડી મુકવો" અને

'(૫) હાઈકોર્ટ અથવા સેશન કોર્ટ અને કોઈ શખસને પોતે છોડી મુકયો હોય તે પ્રસંગે કોઇ પણ બીજી કોર્ટ આ કલમ પ્રમાણે જે શખસને છોડવામાં આવ્યો હોય તે શખસને, પકડાવવાને અને તેને કેદમા મોકલવાને મુખત્યાર છે"

૪૯૮ આ બાબ પ્રમાણે કરી આપવાના દરેક ખતની રકમ, મુકદમાની હકીકત તરફ યોગ્ય લક્ષ આપીને, મુકરર કરવી, અને તે અતિશય ભારે હોવી નહિ જોઇયે, અને કોઇ પણ મુકદમામાં કોઇ પણ સખસના જામીન લેવાનુ અથવા કોઇ પોલીસ અમલદારે અથવા માજીસ્ટ્રેટે માગેલા જામીનની રકમ ઓછી કરવાનુ ફરમાવવાને કોઇ કોરટ અથવા સેશન કોરટ મુખત્યાર છે, પછી તે મુકદમામા ગુન્હો સાબિત થયાના ઠરાવ ઉપરથી અપીલ ચાલતી હોય કે નહિ હોય તોપણ

૪૯૯ (૧) કોઈપણ શખસને જામીન ઉપર અથવા તેના પોતાના ખત ઉપર છોડતા પહેલા જેટલી રકમ, પ્રસગ પ્રમાણે, પોલીસ અમલદારને અથવા કોરટને, પુરતી જણાય તેટલી રકમનુ ખત સદરહુ શખસે કરી આપવુ, અને તેને જામીન ઉપર છોડવામા આવે ત્યારે એક અથવા વધારે પુરતા જામીનોએ સદરહુ ખત કરી આપવુ, એવી સરતે કે ખતમા જણાવેલે વખતે તથા જગાએ સદરહુ સખસ હાજર થશે, અને પ્રસગ પ્રમાણે, તે પોલીસ અમલદાર અથવા કોરટ જુદી રીતે ફરમાવે ત્યા સુધી, તે તે પ્રમાણે હાજર થયા કરશે

(૨) જો તેની જરૂર હોય તો, વળી જામીન ઉપર છોડેલા સખસને હાઇકોરટમાં, સેશનકોરટમા અથવા બીજી કોરટમા તોહોમતનો જવાબ દેવાને જ્યારે ફરમાવવામા આવે ત્યારે હાજર થવાને તેને તે ખતથી બાંધી લેવો

૫૦૦ (૧) તે ખત કરી આપવામાં આવે એટલે તુરત જે સખસે હાજર થવા બાબત તે ખત

કરી આપ્યું હોય તે સખસને છોડી મુકવો; અને તે તુરંગમા હોય. ત્યારે જે અમલદારના હવાલામાં તે તુરગ હોય તે અમલદારની ઉપર તોહોમતવાળાના જામીન લેનારી કોરટે છોડી દેવાનો હુકમ મોકલવો, અને તે હુકમ પોહોંચેથી સદરહુ અમલદારે તેને છોડી મૂકવો.

(૨) આ કલમમાંહેના અથવા ૪૯૬ મી અથવા ૪૯૭ મી કલમમાહેના કોઇ પણ મજકુરથી એમ સમજવુ નહિ કે જે બાબતના સબધમા તે ખત કરી આપ્યુ હોય તે શિવાય બીજી કોઈ બાબત સારૂ અટકાવી રાખવા લાયક કોઇ સખસને છોડવાની જરૂર છે

૫૦૧. જે ભુલથી, દગાથી અથવા બીજી રીતે કાચા જામીન કબુલ કરવામા આવ્યા હોય, અથવા પછવાડેથી તેઓ કાચા થાય, તો કોરટ પકડવાનુ વારટ કહાડીને જામીન ઉપર છોડેલા શખસને પોતાની આગળ આણવાનુ ફરમાવવાને અને પુરતા જામીન ખોળી આપવાને તેને હુકમ કરવાને, અને એ પ્રમાણે કરવામાં તે કસુર કરે તો તેને તુરગમા મોકલવાને કોરટ મુખત્યાર છે

૫૦૨. (૧) જામીન ઉપર છોડેલા કોઇ શખસે હાજર રહેવા બાબત તથા હાજર થવા બાબત જેઓ જામીન થયા હોય તે સઘળા અથવા હરકોઇ જામીન સદરહુ ખત તદ્દન અથવા જેટલું પોતાની સાથે સબધ રાખતું હોય તેટલું રદ કરવાની અરજી કોઇ પણ વખતે કોઇ માજીસ્ત્રેટને કરવાને મુખત્યારછે

[૨] સદરહુ અરજી કર્યા ઉપરથી તે માજીસ્રેટે પોતાનું પકડવાનુ વારંટ કાહાડીને એ પ્રમાણે છોડેલા શખસને પોતાની આગળ આણવાનુ ફરમાવવુ જોઇએ

[૩] સદરહુ શખસ તે વારટની રૂએ હાજર થાય અથવા તે પોતાની મેળે આવીને તાબે થાય એટલે તે માજીસ્રેટે તે લખત તદન અથવા જેટલું અરજદારોની સાથે સબધ રાખતું હોય તેટલું રદ કરવાનુ ફરમાવવુ અને સદરહુ શખસને બીજા પુરતા જામીન ખોળી આપવાનુ કહેવુ, અને જો તે એ પ્રમાણે ન કરે, તો તેને પેહેરામા મોકલવાને તે માજીસ્રેટ મુખત્યાર છે

બાબ ૪૦ મો

શાહેદોની જબાની લેવા સારૂ કમિશનો બાબત.

૫૦૩ (૧) આ કાયદા પ્રમાણે કોઇ ચોકસીનું, ઇનસાફનુ અથવા બીજુ કામ ચાલતું હોય તે દરમિયાનમા કોઇ પ્રેસિડેન્સી માજીસ્રેટને, જીલ્લા માજીસ્રેટને, સેશનકોરટને અથવા હાઇકોરટને એમ જણાય કે ઇનસાફના હેતુ પાર પાડવા માટે કોઇ શાહેદની જબાની લેવની જરૂર છે અને ઘણી વાર લાગ્યા વગર અથવા ઘણો ખરચ થયા વગર અથવા ઘણી અડચણ પડયા વગર સદરહુ શાહેદને હાજર કરી શકાતો નથી, અને તેટલી બધી વાર લગાડવી, ખરચ કરવો અથવા અડચણ કરવી તે વાત મુકદમાની હકીકત ઉપરથી વાજબી નથી ત્યારે સદરહુ માજીસ્રેટ અથવા કોરટ તે શાહેદ હાજર ન થાય તો ચાલે એવુ ઠરાવવાને મુખત્યાર છે અને જે જીલ્લા માજીસ્રેટની અથવા પહેલા વર્ગના માજીસ્રેટની હકુમતની સ્થાનિક હદ માંહે સદરહુ શાહેદ રહેતો હોય તે જીલ્લામાજીસ્ત્રેટની અથવા પહેલાવર્ગના માજીસ્ત્રેટની ઉપર સદરહુ શાહેદનો પુરાવો લેવા સારૂ કમિશન મોકલવાને મુખત્યાર છે

[૨] જ્યારે તે શાહેદ હિન્દુસ્તાનમાંના કોઈ પણ રાજાના અથવા સરદારના મુલકોમા રહેતો હોય અને તેમાં હિંદુસ્તાનની બ્રિટિશ સરકાર તરફનો અમલદાર હોય, ત્યારે કમિશન સદરહુ અમલદાર ઉપર મોકલવાનો અધિકાર છે

(૩) જે માજીસ્રેટની અથવા અમલદારની ઉપર તે કમિશન મોકલવામા આવે તે માજીસ્રેટે અથવા અમલદારે, અથવા જો તે જીલ્લા માજીસ્રેટ હોય તો તેણે, અથવા પેહેલા વર્ગના જે માજીસ્રેટને તે આ બાબત નિમે તે માજીસ્રેટે, જે જગાએ તે શાહેદ હોય ત્યા જવુ અથવા તે શાહેદને પોતાની આગળ સમન કરી બોલાવવો, અને આ કાયદા પ્રમાણે વારટના મુકદમાઓનો ઇનસાફ કરવા સારૂ જબાની લખી લેવાની જે રીત ઠરાવી છે તે રીતે જબાની લખી લેવી, અને સદરહુ પ્રકારના મુકદમાઓનો ઇનસાફ કરવા સારૂ જે અધીકાર આપેલા છે તે અધીકાર આ કારણ સારૂ ચલાવવાને તે માજીસ્રેટ મુખત્યાર છે

(૪) સદરહુ કમીસન પેટાકલમ (૨) મા કહેલા પ્રકારના કોઇ અમલદાર ઉપર મોકલ્યું હોય ત્યારે, તે અમલદારને તે કમીશનની રૂએ જે અધીકાર તથા કામ હોય તે અધિકાર તથા કામ પોતાના હાથ હેઠળના

અમલદારના અધિકાર બ્રિટિશ હિંદુસ્તાનમાના પહેલા વર્ગના માજીસ્ટ્રેટના અધીકાર કરતા ઓછા નહિ હોય તેને સોંપવાને તે અમલદાર મુખત્યાર છે

૫૦૪ (૧) જો તે શાહેદ કોઇપણ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટની હકુમતની સ્થાનીક હદમાહે હોય, તો કમીશન કહાડનારો માજીસ્ટ્રેટ અથવા કોરટ તે કમીશન એવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટની ઉપર મોકલવાને મુખત્યાર છે, અને તે ઉપરથી તે પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ સદરહુ શાહેદ જાણે પોતાની આગળ કોઇ ચાલુ મુકદમામા શાહેદ હોય તેને હાજર થવાની જરૂર પાડવાને અને તેની જબાની લેવાને મુખત્યાર છે

" (૧—અ) જ્યારે આ કલમની રૂયે ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટના ઉપર કોઇ કમિશન મોકલ્યુ હોય ત્યારે, તે કમીશન હેઠળના પોતાના અધિકાર તથા કામ પોતાના તાબામાના બીજા કોઇ પણ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટને સોંપવાને તે મુખત્યાર છે. "

(૨) આ કલમ માહેના કોઇપણ મજકુરથી એમ સમજવુ નહિ કે સન ૧૮૭૬ ના ગુલામોના ધધા બાબતના આક્ટની ૩ જી કલમ પ્રમાણે કમીશનો કહાડવાનો હાઇકોરટને જે અધીકાર છે તેને બાધ થશે

૫૦૫ (૧) કાયદા પ્રમાણે ચલાવેલા કોઇપણ કામમા કમીશન કહાડ્યુ હોય તે કામના પક્ષકારો જે સવાલો તે કમીશન મોકલનારો માજીસ્ટ્રેટ અથવા કોરટ તકરારી બાબતને લગતા ધારે તેવા પોતપોતાના સવાલો લખીને મોકલવાને મુખત્યાર છે, અને જે માજીસ્ટ્રેટની અથવા અમલદારની ઉપર તે કમીશન મોકલવામા આવે અથવા જેને એવુ કમીશન બજાવવાનુ કામ સોંપવામાં આવે તે માજીસ્ટ્રેટે અથવા અમલદારે સદરહુ સવાલો ઉપર તે શાહેદની જબાની લેવી જોઇએ.

(૨) સદરહુ પ્રકારનો હરકોઇ પક્ષકાર તે માજીસ્ટ્રેટની અથવા અમલદારની આગળ પ્લીડરની મારફતે અથવા જો તે પેહેરામાં ન હોય તો, જાતે હાજર થવાને મુખત્યાર છે, અને સદરહુ શાહેદની તપાસણી ઉલટ તપાસણી તથા ફરી તપાસણી (જેમ હોય તેમ) કરવાને મુખત્યાર છે

૫૦૬. જ્યારે જ્યારે પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટે અથવા જીલ્લા માજીસ્ટ્રેટ શિવાય બીજા કોઇપણ માજીસ્ટ્રેટની આગળ આ કાયદા પ્રમાણે કાંઇ ચોકસી અથવા ઇનસાફ અથવા કોઇપણ બીજુ કામ ચાલે તે દરમિયાનમા એમ જણાય કે ઇનસાફનો હેતુ પાર પાડવા માટે જેનો પુરાવો જરૂરનો છે એવા શાહેદની જબાની લેવા માટે એક કમીશન મોકલવુ જોઇયે, અને ઘણીવાર લાગ્યા વગર અથવા ઘણો ખરચ થયા વગર અથવા ઘણી અડચણ પડયા વગર સદરહુ શાહેદને હાજર કરી શકાતો નથી અને તેટલીબધી વાર લગાડવી અથવા ખરચ કરવો અથવા અડચણ કરવી તે વાત મુકદમાની હકીકત ઉપરથી વાજબી નથી ત્યારે ત્યારે સદરહુ માજીસ્ટ્રેટે જીલ્લા માજીસ્ટ્રેટને અરજી કરવી, અને તેમા તે અરજી કરવાનાં કારણ જણાવવા, અને જીલ્લા માજીસ્ટ્રેટ આમા પાછળ ઠરાવેલીરીતે કમીશન કાહાડવાને અથવા તે અરજી નાકબુલ કરવાને મુખત્યાર છે

૫૦૭ (૧) ૫૦૩ જી અથવા ૫૦૬ ઠી કલમ પ્રમાણે મોકલેલુ કોઇપણ કમીશન યોગ્યરીતે બજાવી રહ્યા પછી, જે કોરટમાથી તે મોકલ્યુ હોય તે કોરટની ઉપર તે કમિશન અને તે ઉપરથી તપાસેલા શાહેદની જબાની, એ પાછા મોકલવાં, અને તે કમીશન તથા તેનું રીટર્ન (પરિણામની હકીકત) તથા સદરહુ જબાની સઘળે યોગ્ય વખતે જોવાની તે પક્ષકારોને છુટ છે એમ સમજવુ, અને સઘળા વાજબી અપવાદોને અનુસરીને તે કમીશન તથા તેનું રીટર્ન તથા તે જબાની બેમાના ગમે તે પક્ષકારને તે પુરાવામાં વાચવાને અધીકાર છે, અને તે દફતરમા દાખલ કરવી

(૨) એવી રીતે લીધેલી કોઇપણ જબાની સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના આક્ટની ૩૩ મી કલમમાં ઠરાવેલી સરતે બરહુકમ હોય તો તે જબાની બીજી કોઇપણ કોરટમા તે મુકદમામા પાછલી વખતે દાખલ કરવાનો પણ અધીકાર છે

૫૦૮ જે જે મુકદમામા ૫૦૩ જી અથવા ૫૦૬ ઠી કલમ પ્રમાણે કમીશન મોકલવામા આવે તે તે મુકદમામાં તે કમીશન બજાવવા તથા રીટર્ન મોકલવા માટે જેટલો વખત વાજબી રીતે જોઇયે તેટલા અમુક વખત સુધી ચોકસી અથવા ઇનસાફ અથવા બીજુ કામ મુલતવી રાખવાનો અધીકાર છે

બાબ ૪૧ મો
પુરાવા બાબત વિશેષ નિયમો.

૫૦૯. (૧) કોઇ સિવિલ સરજન અથવા વૈદકીય શાહુદની જે જબાની કોઇ માજીસ્ટ્રેટે તોહોમતવાળાની સમક્ષ લઇને તે ઉપર સહી કરી હોય અથવા જે ૪૦ મા બાબની રૂએ કમીશનથી લીધી હોય તે જબાની આ કાયદા પ્રમાણે કોઇપણ ચોકસી, ઇનસાફ અથવા બીજા કામમા પુરાવામાં આપવાનો અધીકાર છે, પછી તે જબાની આપનારને શાહેદ દાખલ બોલાવ્યો ન હોય તોપણ હરકત નથી.

(૨) જો કોરટને દુરસ્ત લાગે તો તે સદરહુ જબાની આપનારને સમન કરીને તેની જબાનીના વિષય બાબત તેને તપાસવાને મુખત્યાર છે.

૫૧૦. આ કાયદાપ્રમાણે કોઈપણ કામ ચાલતુ હોય તે દરમીયાનમા, કોઇ પદાર્થ અથવા વસ્તુની પરીક્ષા અથવા પૃથક્કરણ કરીને તે બાબત રીપોર્ટ કરવાનુ કામ સરકારના કોઈ કેમિકલ એકઝામિનર (રસાયન પરિક્ષક) ને અથવા આસિસ્ટંટ કેમિકલ એકઝામિનરને બરાબર રીતે મોકલ્યુ હોય તે બાબત તેની સહીવાળા રિપોર્ટ તરીકે જે દસ્તાવેજ હોય તે દસ્તાવેજ આ કાયદાપ્રમાણે કોઇપણ ચોકસી, ઇનસાફ અથવા બીજા કામમાં પુરાવા દાખલ વાપરવાનો અધીકાર છે

૫૧૧. આ કાયદાપ્રમાણે કોઇપણ ચોકસી ઇનસાફ અથવા બીજુ કામ ચાલે તેમા અગાઉ ગુન્હો સાબીત થયાનો અથવા નાસાબિત થયાનો ઠરાવ કોઇપણ વિદ્યમાનકાળે ચાલુ કાયદામાં ઠરાવેલી બીજી કોઇપણ રીત ઉપરાત હેઠળ લખેલી રીતે સાબીત કરવાનો અધિકાર છે, એટલે,

(અ) જે કોરટમા સદરહુ ગુન્હો સાબિત થયાની અથવા નાસાબિત થયાનો ઠરાવ થયો હોય તે કોરટના દફતર જે અમલદારના હવાલામા હોય તે અમલદારે જે ઇન્તેખાબ બાબત પોતાની સહી કરીને દાખલો આપ્યો હોય એ ઇન્તેખાબ શિક્ષાના હુકમની અથવા બીજા હુકમની નકલ છે તે ઇન્તેખાબથી, અથવા

(બ) ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તો, જે તુરગમાં શિક્ષા અથવા તેનો કોઇ પણ ભાગ અમલમા આણ્યો હતો તે તુરગ જે અમલદારના હવાલામા હોય તે અમલદારની સહીવાળા દાખલાથી અથવા કેદ કરવાના જે વારંટ પ્રમાણે શિક્ષા ભોગવવામા આવી હતી તે વારંટ રજુ કર્યાથી, અને આમાંના દરેક પ્રસગે, જે શખસની ઉપર સદરહુ ગુન્હો સાબિત થયાનો અથવા નાસાબિત થયાનો ઠરાવ થયો હોય તે સખસ આજ તોહોમતવાળો સખસ છે એવો પુરાવો આપ્યાથી.

૫૧૨ (૧) જો એવુ સાબિત થાય કે કોઇ તોહોમતવાળો શખસ નાસી ગયો છે, અને તેને પકડવાની તુરત કાંઇ આશા નથી, તો જે ગુન્હાની ફરિયાદ થઇ હોય તે ગુન્હા માટે સદરહુ સખસનો ઇનસાફ કરવા માટે કમિટ કરવાને જે કોરટ લાયક હોય તે કોરટ તે સખસની ગેરહાજરીમા ફરિયાદી પક્ષ તરફથી શાહેદો રજુ કર્યા હોય તો તેઓની જબાની લેવાને અને તે જબાનીઓ દફતરમા લખી લેવાને મુખત્યાર છે. સદરહુ સખસને પકડવામા આવે એટલે, જો તે જબાનો આપનાર મરણ પામ્યો હોય અથવા શાહેદી આપવાને અશક્ત હોય અથવા ઘણીવાર લાગ્યા વગર અથવા ઘણો ખરચ થયા વગર અથવા ઘણી અડચણ પડયા વગર તેને હાજર કરી શકાતો નહિ હોય અને તેટલી બધી વાર લગાડવી અથવા ખરચ કરવો અથવા અડચણ કરવી તે વાત મુકદમાની હકીકત ઉપરથી બાજબી થતી નહિ હોય તો, જે ગુન્હાનુ તોહોમત મૂક્યુ હોય તે ગુન્હાબાબત તોહોમતવાળાની ચોકસી અથવા ઇનસાફ થાય, તે તે વખતે સદરહુ જબાની તેની વિરૂદ્ધ પુરાવામા આપવાનો અધીકાર છે.

(૨) એવુ માલમ પડે કે મોતની અથવા દેશનીકાલની સજા કરવા લાયક ગુન્હો કોઇ શખસ અથવા શખસોએ કર્યો છે અને તેઓ માલમ પડયા નથી, ત્યારે હાઇકોરટ એવુ ફરમાવવાને મુખત્યાર છે કે પહેલા વર્ગના કોઇ માજીસ્ટ્રેટે ચોકસી કરવી, અને તે ગુન્હા બાબત પુરાવો આપી શકે એવા શાહેદોને તપાસવા. જો જુબાની આપનાર સખસ મરણ પામ્યો હોય અથવા પુરાવો આપવાને અશક્ત હોય અથવા બ્રિટિશ હિંદુસ્તાનની હદની પેલીગમ હોય, તો સદરહુ પ્રમાણે લીધેલી જુબાની પછીથી તે ગુન્હા સારૂ જેના ઉપર તોહોમત આણવામાં આવે તે શખસની વિરૂદ્ધ પુરાવામા આપી શકાશે.

ભાગ ૪૨ મો.
ખત સબંધી ઠરાવો.

૫૧૩ જ્યારે કોઈપણ કોરટ અથવા અમલદાર કોઇ સખસને જામીનસાથે અથવા વગર જામીને ખત કરી આપવાનુ ફરમાવે, ત્યારે સારી રીતે ચાલવા બાબત ખત કરી આપવાનુ હોય તે શિવાય, તે ખત કરી આપવાને બદલે નાણાની અથવા સરકારી પ્રોમિસરી (વ્યાજની) નોટની જેટલી રકમ સદરહુ કોરટ અથવા અમલદાર ઠરાવે તેટલી રકમ અનામત મુકવાની પરવાનગી તે શખસને આપવાને સદરહુ કોરટ અથવા અમલદાર મુખત્યાર છે

૫૧૪. (૧) જ્યારે જ્યારે જે કોરટે આ કાયદા પ્રમાણે કાઇ ખત લીધુ હોય તે કોરટની અથવા કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટની કોરટની અથવા પહેલા વર્ગના માજીસ્ત્રેટની કોરટની ખાત્રી થાય એવી રીતે નીચે પ્રમાણે સાબિત કરવામા આવે.

અથવા સદરહુ ખત કોઇ કોરટની આગળ હાજર થવા બાબતનુ હોય ત્યારે, તે કોરટની ખાત્રી થાય એવી રીતે નીચે પ્રમાણે સાબીત કરવામાં આવે.

કે સદરહુ ખત દડમા લેવા જોગ થયું છે, ત્યારે ત્યારે સદરહુ કોરટે તે સાબિતિના સબબ દફતરમા દાખલ કરવા, અને તે ખતમા કહેલો દડ આપવાનું અથવા તે શાસારૂ નહિ આપવો જોઇયે તેનું કારણ બતાવવાનું સદરહુ ખતથી બાધી લીધેલા કોઇ પણ શખસને ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

(૨) જો પુરતુ કારણ બતાવવામાં ન આવે અને સદરહુ દડ આપવામા ન આવે તો સદરહુ સખસની જગમ મિલકત અથવા સદરહુ સખસ મરી ગયો હોય તો તેની ઇસ્ટેટ જપ્ત કરવા તથા વેચવાસારૂ વારટ કાહાડીને તે દડ વસુલ કરવા માડવાને તે કોરટ મુખત્યાર છે

(૩) સદરહુ વારટ જે કોરટે કાહાડયુ હોય તે કોરટની હકુમતની સ્થાનિક હદમા તે વારટ બજાવવાનો અધિકાર છે, અને સદરહુ હદની બાહાર તે શખસની કાઇ પણ જગમ મીલકત હોય, તો જે જીલ્લા માજીસ્ત્રેટની અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદમાહે સદરહુ મિલકત જડે તે જીલ્લા માજીસ્ત્રેટ અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ તે વારટની ઉપર શેરો કરે એટલે તે મિલકત જપ્ત કરીને વેચવાનો અધિકાર તે વારંટથી મળશે

(૪) જો સદરહુ દડ આપવામા નહિ આવે, અને સદરહુ જપ્તી તથા વેચાણથી તે વસુલ કરી શકાય નહિ, તો સદરહુ પ્રમાણે જે સખસને બાધી લીધો હોય તે સખસ તે વારટ કાહાડનારી કોરટના હુકમથી દીવાની તુરગમા વધારેમાં વધારે છ મહિના સુધીની મુદતની કેદને લાયક થશે

[૫] સદરહુ કોરટની નજરમાં આવે, તો તે લખી આપેલા દડનો કોઇ પણ ભાગ માફ કરવાને અને ફક્ત થોડોક ભાગજ વસુલ કરવાને મુખત્યાર છે

(૬) ખત દડમાં લેવા જોગ થાય તે પેહેલા જો તે ખતનો જામીન મરણ પામે તો, તેની ઇસ્ટેટ સદરહુ ખત બાબતની સર્વ જવાબદારીમાથી મુક્ત છે, એમ સમજવુ

[૭] જ્યારે જે કોઇ પણ શખસે કલમ ૧૦૬ અથવા ૧૧૮ અથવા ૫૬૨ પ્રમાણે તારણુ આપ્યુ હોય તે શખસના ઉપર એવા ગુન્હાની સાબિતીનો ઠરાવ કરવામાં આવે કે જે ગુન્હો કર્યાથી તેના ખતના અથવા કલમ ૫૧૪-બ મુજબ તેના ખતની રૂયે કરેલા ખતની શરતોનું ઉલ્લઘન કર્યું ગણાય ત્યારે, તેના ઉપર એવા ગુન્હાની સાબિતીનો ઠરાવ જે કોર્ટે કર્યો હોય તે કોર્ટના ફેસલાની દાખલાવાળી નકલ, તેના જામીન અથવા જામીનોની સામા આ કલમ મુજબ ચલાવવાના કામમા પુરાવા તરીકે વાપરવાનો અખત્યાર છે અને એવી દાખલાવાળી નકલ એવી રીતે વાપરવામા આવે તો, કોર્ટે એવુ અનુમાન કરવુ કે વિરૂદ્ધની મતલબ પુરવાર કરવામા આવે તે શિવાય, તેણે એવો ગુન્હો કર્યો છે. ”

“ ૫૧૪—અ જ્યારે આ કાયદા મુજબના કોઇ ખતનો કોઇપણ જામીન નાદાર થાય અથવા મરણ પામે અથવા ૫૧૪ મી કલમના ઠરાવ પ્રમાણે કોઇપણ ખત દડમા લેવાજોગ થાય ત્યારે, જે કોર્ટના હુકમથી સદરહુ ખત લીધુ હોય તે કોટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ત્રેટ જે શખસની પાસેથી એવુ તારણુ માગવામા આવ્યુ હોય તે શખસને અસલ હુકમમા ફરમાવ્યા પ્રમાણે નવું

તારણ આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે, અને એવું તારણ આપવામાં ન આવે તો, જાણે સદરહુ અસલ હુકમનો અમલ કરવામાં કસુર કરવામાં આવી હોય તે પ્રમાણે સદરહુ કોર્ટ અથવા માજીસ્ટ્રેટ કામ ચલાવવાને મુખત્યાર છે. "

'૫૧૪—બ. જ્યારે કોઇ પણ કોર્ટે અથવા અમલદારે જે શખસને લખત લખી આપવાનું જણાવ્યું હોય તે શખસ સગીર હોય ત્યારે, એવી કોર્ટ અથવા અમલદાર, તેને બદલે એક અથવા વધારે જામીનોએ કરી આપેલુ ખત સ્વીકારવાને મુખત્યાર છે

૫૧૫ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા જીલ્લા માજીસ્ટ્રેટ શિવાય બીજા કોઇ પણ માજીસ્ત્રેટે ૫૧૪ મી કલમ પ્રમાણે કરેલા સઘળા હુકમો ઉપર જીલ્લા માજીસ્ત્રેટને અપીલ કરી શકાશે, અથવા જો એ પ્રમાણે અપીલ કરવામા નહિ આવે તો તે હુકમો દુરસ્ત કરવાનો જીલ્લા માજીસ્ટ્રેટને અધિકાર છે

૫૧૬ હાઇકોરટમા અથવા સેશનકોરટમા હાજર થવા તથા હાજર રેહવા બાબતના ખત ઉપરથી લેહેણી થયલી રકમ વસુલ કરવાનુ કોઇ પણ માજીસ્ત્રેટને ફરમાવવાને સદરહુ હાઇકોરટ અથવા સેશન કોરટ મુખત્યાર છે.

ભાગ ૪૩ મો

મિલકતની વ્યવસ્થા કરવા બાબત

૫૧૬-અ જ્યારે જે મીલકતના સબંધમા કાંઇ પણ ગુન્હો કર્યાનું જણાતું હોય, અથવા જેનો કોઇ પણ ગુન્હો કરવામા ઉપયોગ કર્યાનુ જણાતું હોય, તે મિલકત કોઇપણ ફોજદારી કોર્ટમાં કોઇપણ ચોકસી અથવા ઇન્સાફના કામ દરમિયાન રજુ કરવામાં આવે ત્યારે, તે ચોકસી અથવા ઇન્સાફનુ કામ પુરૂ થતા સુધી, એવી મિલકત યોગ્ય રીતે હવાલામા રાખવા માટે તે કોર્ટ પોતાને યોગ્ય લાગે તેવા હુકમ કરવાને મુખત્યાર છે, અને જો તે મીલકત વહેલી અથવા એની મેળે બગડી જવાને પાત્ર હોય તો, પોતાને જરૂર જણાય તેવો પુરાવો દફતરે દાખલ કર્યા પછી, તે વેચવાનો અથવા તેની બીજી રીતે વ્યવસ્થા કરવાનો હુકમ કરવાને તે કોર્ટ મુખત્યાર છે "

૫૧૭. (૧) જ્યારે કોઇપણ ફોજદારી કોરટમા કાંઇ ચોકશી અથવા ઇનસાફનુ કામ પુરૂ થઇ રેહે, ત્યારે તે કોરટના આગળ રજુ કરેલી અથવા તેના કબજામાહેની કોઇ પણ મીલકત અથવા દસ્તાવેજ તેનો નાશ કરીને તે સરકાર દાખલ કરીને તેનો કબજો મેળવવાનો પોતાને હક છે એવો દાવો કરનાર સખસને તે પાછાં આપીને અથવા બીજી રીતે વ્યવસ્થા કરવા બાબત, અથવા જે મીલકત અથવા દસ્તાવેજ સબંધી કાંઇ પણ ગુન્હો કર્યાનુ જણાતુ હોય અથવા જે દસ્તાવેજનો અથવા મીલકતનો ઉપયોગ કોઇ પણ ગુન્હો કરવા માટે કરવા માટે કરવામા આવ્યો હોય તેવા દસ્તાવેજની અથવા મીલકતની તેનો નાશ કરીને તે સરકાર દાખલ કરી તેનો કબજો મેળવવાનો પોતાને હક છે એવો દાવો કરનાર સખસને તે પાછા આપીને અથવા બીજી રીતે વ્યવસ્થા કરવા બાબત, પોતાને યોગ્ય લાગે એવો હુકમ કરવાને તે કોરટ મુખત્યાર છે.

[૨] જ્યારે કોઇ હાઇ કોરટ અથવા સેશન કોરટ સદરહુ પ્રકારનો હુકમ કરે, અને સદરહુ મિલકત ઉપર જે શખસનો હક હોય તે શખસને તે મિલકત તે કોરટના પોતાના અમલદારની મારફતે સ્વાધીન કરવાનુ સુગમ પડી શકતું નહિ હોય ત્યારે જીલ્લા માજીસ્ટ્રેટે તે હુકમ અમલમા લાવવો એવુ ફરમાવવાને સદરહુ કોરટ મુખત્યાર છે.

"(૩) આ કલમ મુજબ કાંઇ હુકમ કરવામાં આવે ત્યારે, તે હુકમનો અમલ, તે મિલકત જીવતા જાનવર હોય અથવા વહેલી અથવા એની મેળે બગડી જાય એવી હોય તે શિવાયને પ્રસંગે અને પેટાકલમ (૪) માં ઠરાવ્યું છે તેમ હોય તે શિવાય, એક મહિના સુધી કરવો નહિ અથવા અપીલ કરવામાં આવે ત્યારે સદરહુ અપીલનો નિકાલ કરવામા આવે ત્યાસુધી, તે હુકમનો અમલ કરવો નહી

" (૪) કોઇપણ મિલકત કબજામાં રાખવાનો હક હોવાનો દાવો કરનાર કોઇપણ શખસ, આ કલમની રૂએ કરેલા હુકમમાં અપીલમાં ફેરફાર કરવામા આવે અથવા તે રદ કરવામા આવે તો, કોર્ટને તે

મિલકત પાછી આપી દેવાને જે ઉપરથી બંધાતો હોય એવુ કોર્ટની ખાત્રી થાય એવી રીતનુ જામીન સાથનુ અથવા વગરનુ ખત કરી આપે એટલે, તેને પેટા કલમ (૧) ના ઠરાવો પ્રમાણે તે આપવાને કોઈ પણ કોર્ટને આ કલમના કોઈપણ ઠરાવ ઉપરથી પ્રતિબંધ થાય છે એમ સમજવુ નહીં. ”

ખુલાસો—આ કલમમા “ મિલકત એ શબ્દમા, જે મિલકત સબધી ગુન્હો કર્યાનુ જણાતુ હોય તેવી મિલકત હોય તો, જે મિલકત અસલ કોઈ પણ પક્ષના કબજામા અથવા અખત્યારમા હોય તેવી મિલકતનો સમાવેશ થાય છે એટલુ ‹ નહિ, પણ તે મિલકતથી જે બીજી મિલકત કરી હોય તેનો અથવા તે મિલકત બદલીને જે બીજી મિલકત લીધી હોય તેનો પણ સમાવેશ થાય છે, અને એ પ્રમાણે રૂપાતર કરીને અથવા અદલો બદલો કરીને સાક્ષાત અથવા બીજી રીતે સપાદન કરેલી કોઇ પણ વસ્તુનો સમાવેશ થાય છે

૫૧૮ કોરટે પોતે જાતે ૫૧૭ મી કલમ પ્રમાણે હુકમ કરવાને બદલે તે મિલકત જીલ્લા માજીસ્ત્રેટને અથવા પટા ટુકડી માજીસ્ત્રેટને સ્વાધીન કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે, અને તે માજીસ્ત્રેટે, એવે પ્રસગે, જાણે તે મીલકત પોલીસે પકડેલી હોય અને તે પકડાયાનો રીપોર્ટ આ કાયદામાં આગળ કહેલી રીતે પોતાને કર્યો હોય એવા રીતે તે મીલકતની તજવીજ કરવી

૫૧૯ જે ગુન્હામા ચોરીનો અથવા ચોરીની મિલકત લેવાનો સમાસ થતો હોય તે ગુન્હો અથવા જે ગુન્હા ચોરી અથવા ચોરીની મિલકત લેવી એવો થતો હોય તે ગુન્હો, કોઇ પણ શખસની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવામા આવે અને એવુ સાબિત થાય કે મિલકત ચોરેલી છે એવુ જાણ્યા વગર અથવા એવુ માનવાનુ કારણ હોયા વગર બીજા કોઈ શખસે તે ચોરીની મિલકત તેની પાસેથી ખરીદ કરેલા તથા ગુન્હો સાબિત થયલા શખસને પકડયો ત્યારે તેના કબજામાથી કાઇપણ પૈસા કહાડેલા છે, ત્યારે સદરહુ કોરટ ખરીદદારની અરજી ઉપરથી અને ચોરીની મીલકતનો કબજો લેવાનો જે શખસનો હક હશે તે શખસને તે મીલકત પાછી આપવામા આવેથી, સદરહુ ખરીદદારે આપેલો કિમત કરતા વત્તી ન હોય એવી એક રકમ તેને સદરહુ પૈસામાથી આપવાનો હુકમ કરવા મુખત્યાર છે

૫૨૦, અપીલની, મજુરિયતની, લખીને મોકલવાની અથવા તપાસની કોઇ પણ કોરટ ૫૧૭ મી, ૫૧૮ મી, અથવા ૫૧૯ મી કલમ મુજબ પોતાના તાબામાહેની કોઇ કોરટે કરેલા કોઇ હુકમ બાબત પોતે વિચાર કરે ત્યા સુધી તે હુકમ અમલમા લાવવાનુ બધ રાખવાનુ ફરમાવવાને મુખત્યાર છે, અને તે હુકમ બદલવાને અથવા તેમા ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને અને યોગ્ય લાગે તેવા બીજા હુકમ ફરમાવવાને તે કોરટ મુખત્યાર છે

૫૨૧. (૧) હિદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૯૨ મી, ૨૯૩ મી, ૫૦૧ મી, અથવા ૫૦૨ મી કલમ પ્રમાણે ગુન્હો સાબિત થયાના ઠરાવ કરવામા આવે, ત્યારે જે વસ્તુના સબધમા તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય તે વસ્તુની જે નકલો કોરટના હવાલામાં હોય અથવા ગુન્હો સાબિત થયેલા શખસના કબજામાં અથવા અખત્યારમાં રહેલી હોય તે સઘળી નકલોનો નાશ કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે

(૨) તેવીજ રીતે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૭૨ મી, ૨૭૩ મી ૨૭૪ મી અથવા ૨૭૫ મી કલમ પ્રમાણે ગુન્હા સાબિત થયાનો ઠરાવ કરવામાં આવે ત્યારે ખાવાની અથવા પીવાની જે વસ્તુના સબધમા, અથવા જે વસાણાના સબધમા અથવા તૈયાર કરેલા જે ઔષધના સબધમા તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય તેનો નાશ કરવાને તે કોરટ મુખત્યાર છે.

૫૨૨ [૧) જેમા સાપરાધબળ વાપર્યું હોય અથવા બળ દર્શાવ્યુ હોય અથવા સાપરાધ ધમકી આપી હોય એવો ગુન્હો સાબિત થયાનો ઠરાવ કોઇ શખસની ઉપર કરવામા આવે, અને સદરહુ બળ વાપર્યા અથવા સદરહુ બળ દર્શાવ્યાથી અથવા સદરહુ ધમકી આપ્યાથી કોઇ સ્થાવર મિલકતનો કોઇ શખસની પાસેથી છીનવી લેવામાં આવ્યો છે એમ તે કોરટને જણાય, ત્યારે તે કોરટ જો યોગ્ય ધારે તો એવા સખસ ઉપર ગુન્હાની સાબીતીનો ઠરાવ કરતી વખતે અથવા ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયાની તારીખથી એક મહીનાની અદર કોઇ પણ વખતે તે મિલકતનો કબજો જે શખસની પાસેથી કબજો છીનવી લેવામા આવ્યો હોય તેને પાછો આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

(૨) આ પ્રકારના કોઇપણ હુકમ ઉપરથી, કોઇ શખસ દિવાનીમાં ફરિયાદ કરીને તે સ્થાવર મિલ્કત ઉપર કાંઇ હક્ક અથવા તે મિલકતમાં કાંઈ હિત સબંધ સાબિત કરી શકે તે હક્કને અથવા હિત-સબંધને હરકત પોહોંચશે નાહ.

"(૩) અપીલ સાંભળનારી, સજા કાયમ રાખનારી જેને હવાલો મોકલવામા આવ્યો હોય તે, અથવા ફરી તપાસ કરનારી કોઇપણ કોર્ટ આ કલમ મુજબનો હુકમ કરવાને મુખત્યાર છે"

૫૨૩ (૧) ૫૧ મી કલમ મુજબ લીધેલી મિલકત, અથવા કાંઇ મિલકત. ચોરેલી છે એવુ કહેવામાં આવે અથવા એવો શક જાય તેવી મિલકત, અથવા કાંઇ પણ ગુન્હો થયાનો શક ઉત્પન્ન થાય એવી સ્થિતિમાં જડેલી મિલકત કોઈપણ પોલીસ અમલદારના પકડવામા આવે તો તે બાબત તુરત કોઇ માજીસ્ટ્રેટને રિપોર્ટ કરવો, અને તે મિલકતની વ્યવસ્થા કરવાનો અથવા તે મિલકતનો કબજો લેવાનો જે શખસનો હક્ક હોય તે શખસને તે મિલકત સ્વાધીન કરવા સબધી, અથવા સદરહુ શખસ કોણ છે તે નક્કી થઇ શકે નહિ તો, તે મિલકત પેહેરામાં રાખવા સબંધી તથા રજુ કરવા સબધી પોતાને દુરસ્ત લાગે એવો હુકમ તે માજીસ્ટ્રેટે કરવો.

(૨) જે શખસનો એ પ્રમાણે હક્ક હોય તે શખસ માલમ પડ્યો હોય, તો તે માજીસ્ત્રેટને કાંઇ શરત કરવાનુ દુરસ્ત લાગે તે શરતે તે મિલકત તે શખસને સ્વાધીન કરવાનો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે જો સદરહુ શખસ માલમ નહિ પડ્યો હોય, તો તે માજીસ્ટ્રેટ તે મિલકત અટકાવી રાખવાને મુખત્યાર છે અને તે પ્રસગે તે માજીસ્ત્રેટે એક જાહેરનામુ કાહાડીને તે મિલકતમાં જે જે ચીજો હોય તે વિશેષે કરીને જણાવવી, અને તેમા એમ ફરમાવવુ કે જે શખસનો એ મિલકત ઉપર દાવો હોય તે શખસે એવા જાહેરનામાની તારીખથી છ મહિનામા હાજર થઇને પોતાનો દાવો સાબિત કરવો.

૫૨૪ (૧) જો સદરહુ મુદતમા કોઇ શખસ સદરહુ મિલકત ઉપર પોતાનો દાવો સાબિત ન કરે, અને તે મિલકત જે સખસના કબજામાંથી જડેલી હોય તે શખસને તે મિલકત કાયદાસર મળેલી હતી એવુ તે બતાવી નહિ શકે, તો તે મિલકતપર સરકારનો વ્યવસ્થાધિકાર થશે અને પ્રેસિડેન્સી માજીસ્ત્રેટના અથવા જીલ્લા માજીસ્ટ્રેટના અથવા પેટા તુકડી માજીસ્ત્રેટના અથવા પેહલા વરગના જે માજીસ્ટ્રેટને સ્થાનિક સરકારે આ બાબત અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટના હુકમ પ્રમાણે તે મિલકત વેચવાનો અખત્યાર છે,

(૨) આ કલમ પ્રમાણે કરેલા દરેક હુકમની બાબતમા, અપીલ, સદરહુ પ્રકારનો હુકમ કરનારી કોરટ શિક્ષાના જે હુકમો કરે તે હુકમો ઉપર અપીલો જે કોરટમા ચાલતી હોય તે કોરટમાં ચાલશે

૫૨૫ સદરહુ પ્રકારની મિલકતનો કબજો લેવાનો જે સખસનો હક્ક હોય તે શખસ માલમ પડયો ન હોય અથવા ગેરહાજર હોય, અને સદરહુ મિલકત એની મેળે વેહલી બગડી જાય એવી હોય, અથવા જે માજીસ્ત્રેટને તે મિલકત પકડયાનો રિપોર્ટ કર્યો હોય તેનો એવો મત હોય કે તે મિલકત વેચવાથી તેના ધણીને ફાયદો થશે અથવા એવી મિલકતની કિમત ૧૦ રૂપિયાથી ઓછી છે તો તે માજીસ્ત્રેટ ગમે તે વખતે તે મિલકત વેચવાનુ ફરમાવવાને મુખત્યાર છે, અને સદરહુ વેચાણના નક્કી ઉત્પન્નને ૫૨૩ મી તથા ૫૨૪ મી કલમના ઠરાવો બની શકે તેટલે સુધી, લાગુ પડશે

બાબ ૪૪ મો

ફોજદારી મુકદમા બીજાની પાસે મોકલવા બાબત.

૫૨૬ [૧) જ્યારે હાઇકોરટને એટલું દેખાડવામા આવે કે,—

[અ] તેના તાબા માહેની કોઇપણ ફોજદારી કોરટમા કાંઇ ચોકસી અથવા ઇનસાફ વાજબી રીતે અને નિષ્પક્ષપણે થઈ શકશે નહી, અથવા

(બ) કાયદાની અસાધારણ મુશ્કેલીવાળી કાંઇ તકરાર ઉઠવાનો સંભવ છે અથવા

(ક) જે જગાએ અથવા જે જગાની પાસે કોઈ પણ ગુન્હો કરવામાં આવ્યો હોય તે જગા સદરહુ ગુન્હાની ખાત્રી લાયક ચોકશી અથવા ઇનસાફ કરવા માટે જોવાની જરૂર પડે, અથવા

(ડ) આ કલમ પ્રમાણે હુકમ કરવાથી પક્ષકારોને અથવા શાહેદોને સામાન્ય રીતે સગવડ પડશે અથવા

(ઇ) ઇનસાફના કારણ સારૂ એવા પ્રકારનો હુકમ યોગ્ય છે, અથવા આ કાયદાના કોઈ ઠરાવ મુજબ તે જરૂરનો છે, ત્યારે તે હેઠળ લખ્યા મુજબ હુકમ કરવાને મુખત્યાર છે—

(૧) કોઇ પણ ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ, ૧૭૭ થી ૧૮૪ મી (એ બંને કલમો સુદ્ધાં) કલમો પ્રમાણે અધીકાર મળેલો ન હોય એવી પણ તે ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ કરવાને બીજી રીતે લાયક હોય એવી કોઇ પણ કોરટે કરવો,

(૨) કોઈપણ મુકરર મુકદમો અથવા અપીલ અથવા કોઇપણ મુકરર વગના મુકદમા અથવા અપીલો પોતાના અખત્યાર હેઠળની કોઇ ફોજદારી કોરટમાથી ખસેડીને સમાન અથવા ઉચી હકુમતવાળી સદરહુ પ્રકારની બીજી કોઇપણ ફોજદારી કોરટની પાસે મોકલવી

(૩) કોઈપણ મુકરર ફોજદારી મુકદમો અથવા અપીલ પોતાની પાસે મોકલવી અને તેનો ઇનસાફ પોતે કરવો, અથવા

(૪) કોઇ તોહોમતવાળા શખસને ઇનશાફ સારૂ પોતાની આગળ અથવા સેશન કોરટ આગળ કમીટ કરવો

[૨] પ્રેસીડેન્સી માજીસ્રેટની કોરટ શીવાય બીજી કોઈ પણ કોરટ માહેના કોઇપણ મુકદમાનો ઇનસાફ પોતાની આગળ કરવા માટે હાઇકોરટ તે મુકદમો ને કોરટમાથી ખસેડી લે, ત્યારે જો તે મુકદમો એ પ્રમાણે ખસેડી લેવામા આવ્યો નહોત તો જે રીતે તે કોરટ કામ ચલાવત તેજ રીતે હાઇકોરટે ૨૬૭ મી કલમમા ઠરાવ્યુ છે તે શિવાય બીજે પ્રસગે સદરહુ ઇનસાફ કરવામા કામ ચલાવવું.

(૩) હાઇકોરટ નીચલી કોરટના રીપોર્ટ ઉપરથી અથવા હિતસબંધ હોય તેવા પક્ષકારની અરજ ઉપરથી અથવા પોતાની મેળે કામ ચલાવવાને મુખત્યાર છે

(૪) આ કલમથી આપેલો અધિકાર ચલાવવા બાબતની દરેક અરજી દરખાસ્ત કરીને કરવી અને અરજદાર આડવોકેટ જનરલ ન હોય, ત્યારે તે દરખાસ્તના ટેકામા આફિડેવિટ (સોગનનામુ) અથવાપ્રતિજ્ઞા કરવી જોઇયે

(૫) જ્યારે કોઇ તોહોમતવાળો શખસ આ કલમ પ્રમાણે અરજી કરે ત્યારે જો એવુ ફરમાવવામા આવે તો જે રકમ હાઇકોર્ટે આ કલમની રૂએ અરજીની સામે થનાર સખસને ખરચ તરીકે અપાવવાને મુખત્યાર હોય તે કોઇપણ રકમ આપશે એવી શરતથી એક ખત જામીન સાથે કે વગર જામીને લખી આપવાનુ તેને ફરમાવવાને હાઇકોરટ મુખત્યાર છે.

(૬) સદરહુ પ્રકારની કોઇ પણ અરજી કરનારા દરેક તોહોમતવાળા શખસે તે અરજીની લેખી નોટીસ તથા જે આધારે તે અરજી કરી હોય તે આધારોની એક નકલ પબ્લિક પ્રોસીક્યુટરને આપવા, અને સદરહુ નોટીસ આપવામા આવે ત્યારથી તે અરજીની સુનાવણી થતાં સુધીમાં ઓછામા ઓછા ૨૪ કલાક ગયા વગર તે અરજીના ગુણદોષ ઉપરથી કાંઇ પણ હુકમ કરવો નહિ

(૬–અ) જ્યારે આ કલમ મુજબ આપેલા અધીકાર ચલાવવા માટેની કોઇપણ અરજી કહાડી નાખવમા આવે ત્યારે હાઇકોર્ટનો એમ મત હાય કે તે અરજી નજીવી અથવા હેરાન કરે એવી છે તો, તે અરજીની સામે થનારે તે અરજીને લીધે કરેલો કઇપણ વાજબી ખરચ અરજદારે ખરચ તરીકે આપવો એવો હુકમ કરવાને ત મુખત્યાર છે ' અને

(૭) ૧૯૭ મી કલમ મુજબ કરેલા કોઇ પણ હુકમને આ કલમ માહેના કોઇ પણ મજકુરથી બાધ થાય છે એવુ સમજવુ નહિ

(૮) જે કોઇપણ ચોકસી અથવા ઇન્સાફ દરમીયાન અથવા કોઇપણ અપીલની સુનાવણી શરૂ થયાની અગાઉ પબ્લિક પ્રોસિક્યુટર ફરિયાદી અથવા તોહોમતવાળો જે કોર્ટમા તે મુકદ્દમા અથવા અપીલ ચાલતી હશે તે કોર્ટને તે મુકદ્દમા અથવા અપીલના સબધમા આ કલમ પ્રમાણે અરજી કરવાનો પોતાનો ઇરાદો જાહેર કરે, તો તે કોટ એવી અરજી કરવામા આવે અને તે ઉપર હુકમ મેળવવામા આવે તેટલા સારૂ વાજબી વખત મળે તેટલી મુદત સુધી તે મુકદમો મુલતવી રાખવો અથવા તે અપીલ મુલતવી રાખવી.

(૯) આમાં ઉપર ગમે તે ઠરાવ હોય છતાં પણ સેશન્સ કોર્ટમાં બેસનાર જડજને એમ લાગે કે આ કલમ પ્રમાણે અરજી કરવાનો પોતાનો ઇરાદો જાહેર કરનાર શખસને એવી રીતની અરજી કરવાની વ્યાજબી તક હતી અને પૂરતા કારણ વગર તેનો લાભ લેવાને તે ચુક્યો છે તો તે સેશન્સ જડજે પેટા કલમ (૮) મુજબ ઇન્સાફનું કામ તહકુબ રાખવાની જરૂર નથી

૫૨૭. (૧) કોઈ પણ મુકરર મુકદમો અથવા અપીલ એક હાઇ કોરટમાંથી બીજી કોઇ હાઇકોરટની પાસે અથવા એક હાઇ કોરટના તાબા માંહેની કોઇ પણ ફોજદારી કોરટમાંથી બીજી કોઇ હાઇ કોરટના તાબા માંહેની સમાન અથવા ઉંચી હકુમતવાળી બીજી કોઇ પણ ફોજદારી કોરટની પાસે મોકલવાથી ન્યાયનો હેતુ પાર પડશે અથવા પક્ષકારોને અથવા શાહેદોને સામાન્ય રીતે સગવડ પડશે એમ ગવર્નર જનરલ ઇન કૌન્સિલને જણાય, ત્યારે તે ઇંડિયા ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને તેવો મુકદમો અથવા અપીલ તે પ્રમાણે મોકલવાનું ફરમાવવાને મુખત્યાર છે

(૨) જે કોરટની પાસે સદરહુ મુકદમો અથવા અપીલ મોકલવામાં આવે તે કોરટે જાણે તે મુકદમો અસલ પોતાને ત્યાં માંડેલો હોય અથવા તે અપીલ પોતાને કરી હોય એવી રીતે તેની તજવીજ કરવી.

૫૨૮ (૧) કોઇપણ સેશન જડજ પોતાના તાબા હેઠળના આસિસ્ટન્ટ સેશન જડજ પાસેથી કોઈપણ મુકદમો લઇ લેવાને અથવા એવા આસિસ્ટન્ટ સેશન જડજને પોતે જે કોઈ મુકદમો સોંપ્યો હોય તે પાછો મંગાવી લેવાને મુખત્યાર છે "

[૨] કોઈ પણ ચીફ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ, જીલ્લા માજીસ્ટ્રેટ અથવા પટા તુકડી માજીસ્ટ્રેટ પોતાના તાબા માંહેના કોઇ પણ માજીસ્ટ્રેટની પાસેથી કોઇ પણ મુકદમો લઇ લેવાને અથવા સદરહુ પ્રકારના કોઇ પણ માજીસ્ટ્રેટને જે મુકદમો પોતે સોંપ્યો હોય તે મુકદમો પાછો મંગાવી લેવાને મુખત્યાર છે, અને તે મુકદમાની ચોકસી અથવા ઇનસાફ પોતે કરવાને, અથવા તેની ચોકસી અથવા ઈનસાફ કરવાને લાયક હોય એવા સદરહુ પ્રકારના બીજા કોઇ પણ માજીસ્ટ્રેટની પાસે ચોકસી અથવા ઇનસાફ થવા માટે તે મુકદમો મોકલવાને મુખત્યાર છે

(૩) જીલ્લા માજીસ્ટ્રેટને પોતાના તાબા માંહેના કોઇ પણ માજીસ્ટ્રેટ પાસેથી પોતાને દુરસ્ત લાગે એવા વર્ગના મુકદમા અથવા મુકરર વર્ગના મુકદમા લઇ લેવાનો અખીતાર આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે

(૪) કોઇપણ માજીસ્ટ્રેટ કલમ ૧૯૨ ની પેટા કલમ (૨) મુજબ બીજા કોઇપણ માજીસ્ટ્રેટને પોતે સોંપેલો કોઇપણ મુકદમો પાછો મંગાવી લેવાને અને પોતે તેની તપાસ અથવા તેના ઇન્સાફનું કામ ચલાવવાને મુખત્યાર છે" અને

(૫) આ કલમ પ્રમાણે હુકમ કરનારા માજીસ્ટ્રેટે તેમ કરવાનું પોતાનું કારણ દફતરમાં દાખલ કરવું જોઇયે

(૬) સન ૧૮૨૧ ના મદ્રાસના ૪ થા કાયદા પ્રમાણેનો ગામનો મુખ્ય આ કલમનાં કારણો સારૂ માજીસ્ટ્રેટ છે

(૬) સને ૧૮૧૦ ના મદ્રાસના વિલેજ પોલિસ રેગ્યુલેશન અથવા સને ૧૮૨૧ ના મદ્રાસના વિલેજ પોલિસ રેગ્યુલેશન પ્રમાણે ગામનો મુખી આ કલમના કારણ સારૂ માજીસ્ટ્રેટ છે એમ સમજવું

બાબ ૪૫ મો.

ગેરશિરસ્તે ચલાવેલાં કામ બાબત

૫૨૯. જો હેઠળ લખેલી વાતોમાંની કોઇ પણ વાત કરવાનો અધીકાર કાયદાથી જે માજીસ્ટ્રેટને ન મળ્યો હોય, એટલે —

(અ) ૯૮ મી કલમ પ્રમાણે ઝાડો લેવાનું વારંટ કહાડવાનો

(બ) ૧૫૫ મી કલમ પ્રમાણે પોલીસને કોઇ ગુન્હાની તપાસનું ફરમાવવાને,

૫૨૮ (બ) જો એવા કોઇપણ મુકદમામા, કોઇ યુરોપી બ્રિટિશ રૈયત અથવા હિંદી બ્રિટિશ રૈયત શિવાયનો બીજો) યુરોપિયન અથવા અમેરિકન, જે માજીસ્ત્રેટ આગળ તેના ઇન્સાફનુ કામ ચાલે અથવા જે માજીસ્ત્રેટે તેને કમિટ કર્યો હોય તે માજીસ્ત્રેટ આગળ એવા તરીકે ગણાવવાનો દાવો કરે નહીં તો, અથવા જો, કમિટ કરનાર માજીસ્ત્રેટ આગળ એવો દાવો કરવામા આવ્યો હોય અને તેણે એવો દાવો સ્વીકારવાની ના પાડી હોય ત્યારે, જે કોર્ટ સમક્ષ એવો શખસ કમિટ કરવામા આવ્યો હોવ ત્યા તે એવો ફરીથી દાવો કરે નહીં તો, પ્રસગ પ્રમાણે, યુરોપિ બ્રિટિશ રૈયત અથવા હિદી બ્રિટિશ રઇયત અથવા યુરોપિયન અથવા અમેરિકન તરીકે ગણાવવાનો દાવો કરવાનો પોતાનો હક તેણે છોડી દીધો છે એમ ગણવુ, અને ત્યાર પછી તે મુકદમાના કોઇ પણ વખતે તેણે તે દાવો સ્થાપત કરવો નહીં

૫૨૮ (ક) જ્યારે જે શખસ, યુરોપી બ્રિટીશ રૈયત ન હોય તે શખસ યુરોપિ બ્રિટિશ રૈયત તરીકે ગણવામાં આવ્યો હોય અથવા જે કોઇ હિદી બ્રિટિશ રૈયત તરીકે ગણવામાં આવ્યો હોય અથવા જે કોઇ (યુરોપિ બ્રિટિશ રૈયત શિવાયનો બીજો) યુરોપિયન અથવા અમેરીકન તરીકે ગણવામાં આવ્યો હોય અને તે શખસ વાધો ઉઠાવે નહીં ત્યારે, પ્રસંગ પ્રમાણે તપાસ કમીટ કરવાનું કામ ઇન્સાફનુ કામ અથવા શિક્ષા તેને એવી રીતે ગણવામા આવ્યો હોય તે સબબથી રદ બાતલ છે એમ ગણવુ નહી

૫૨૮ ડ (૧) આગલા પાછલા સબધ ઉપરથી કાઇપણ બાધ આવે તે શિવાય ગવર્નર જનરલ ઇનકાઉન્સિલે અથવા હિદુસ્તાનના ધારામંડળે કરેલા જે સઘળા કાયદાઓથી ગુન્હાઓ ઉપર માજીસ્ત્રેટોને અથવા સેશન કોર્ટને હકુમત આપવામા આવે છે તે સઘળા કાયદાઓ તેમા યુરોપિ બ્રિટિશ રઇયત એવો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો ન હોય તોપણ યુરોપી બ્રિટીશ રઇયતને લાગુ પડે છે એમ સમજવુ

[૨] આ કલમના કોઇપણ મજકુર ઉપરથી કોઇપણ કોર્ટને કાંઈ યુરોપી બ્રિટીશ રઇયતને તે કટલી સજા ફરમાવી શકે તેની આ કાયદાની રૂએ ઠરાવેલી મર્યાદા કરતા વધારે સજા ફરમાવવાનો અધીકાર આપ્યો છે એમ અથવા એવી રૈયતના ઇન્સાફના કામ સારૂ બીજા અથવા ત્રીજા વર્ગના માજીસ્ત્રેટને હકુમત આપી છે એમ ગણવુ નહિ

(ક) ૧૭૬ મી કલમ પ્રમાણે ઇનકવેસ્ટ ભરવાનો

(ડ) પોતાની હકુમતની સ્થાનીક હદમાહેના કોઇ શખસે સરહદ હદની બહાર કાંઈ ગુન્હો કર્યો હોત તે શખસને પોતાની હદમા પકડવા માટે ૧૮૬ મી કલમ પ્રમાણે પ્રોસેસ કહાડવાનો.

(ઇ) ૧૯૦ મી કલમની પેટા કલમ (૧) ના રકમ (અ) અથવા (બ) પ્રમાણે કોઇ ગુન્હો સાભળવાનો

(ફ) ૧૯૨ મી કલમ પ્રમાણે કોઈ મુકદમો બીજાની પાસે મોકલવાની.

(ગ) ૩૩૭ મી અથવા ૩૩૮ મી કલમ મુજબ માફીનુ વચન આપવાનો

(હ) ૫૨૪ મી અથવા ૫૨૫ મી કલમ મુજબ મિલકત વેચવાનો અથવા.

[આઇ] ૫૨૮ મી કલમ પ્રમાણે કોઈ મુકદમો લઈ લેવાનો અને તેનો અધિકાર ન હતો એટલાજ સબબથી તેનુ ચલાવલું કામ રદ કરવુ નહિ

તે માજીસ્ટ્રેટ ભુલમા શુદ્ધબુદ્ધિએ વાત કરે તો તેને એવો અધિકાર મળ્યો ન હતો એટલાજ સબબથી તેનુ ચલાવેલું કામ રદ કરવુ નહિ.

૫૩૦ કોઇ પણ માજીસ્ત્રેટને હેઠળ લખેલી વાતોમાંની કોઇ પણ વાત કરવાનો અધિકાર કાયદાથી મળેલો ન છતા તે વાત તે કરશે, એટલે —

(અ) ૭૮ કલમ પ્રમાણે મિલકત જપ્ત કરીને વેચશે,

(બ) પોસ્ટ ઓફિસમા કોઈ કાગળ, પારસલ અથવા બીજી વસ્તુને માટે, અથવા તાર ખાતામા કોઇ તારને માટે, ઝાડો લેવાનુ વારંટ કહાડશે,

(ક) સુલેહ રાખવા સારૂ તારણ માગશે

(ડ) સારી રીતે ચાલવા બાબત તારણ માગશે,

(ઇ) સારી રીતે ચાલવાને કાયદાની રૂએ બાધી લીધેલા કોઇ શખસને છોડી મૂકશે,

(ફ) સુલેહ રાખવા બાબતનુ ખત રદ કરશે,

(ગ) કોઇ સ્થાનિક અપકારક કૃત્ય સબંધી ૧૩૩ મી કલમ પ્રમાણે કાંઈ હુકમ કરશે

(હ) કોઇ લોકોપકારક કૃત્ય ફરીથી નહિ કરવા બાબત અથવા જા‍ગી નાંહ રાખવા બાબત ૧૪૩ મી કલમ પ્રમાણે હુકમ કરશે

(આઇ) ૧૪૪ મી કલમ પ્રમાણે કાંઇ હુકમ કાહાડશે,

(જે) ૧૨ મા બાબ પ્રમાણે કાંઇ હુકમ કરશે,

(કે) ૧૯૦ મી કલમની પેટા કલમ (૧) ની રકમ [ક] પ્રમાણે કોઇ ગુન્હો સાંભળશે,

(લ) બીજા કોઇ માજીસ્ત્રેટે ચલાવેલાં તથા લખી લીધેલાં કામ ઉપરથી ૩૪૯ મી કલમ પ્રમાણે શિક્ષાનો હુકમ કરશે,

(મ) ૪૩૫ મી કલમ પ્રમાણે ચાલેલુ કામ મગાવશે,

(ન) ગુજરાન બાબત કંઈ હુકમ કરશે,

(ઓ) ૫૧૪ મી કલમ પ્રમાણે કરેલો કોઇ હુકમ ૫૧૫ મી કલમ પ્રમાણે તપાસશે,

(પી) કોઇ ગુન્હેગારનો ઇન્સાફ કરશે,

(ક્યુ) સંક્ષિપ્ત રીતે કોઇ ગુન્હેગારનો ઇનસાફ કરશે, અથવા (૨) અપીલનો નિકાલ કરશે, તો તેણે ચલાવેલુ કામ રદ થશે

૫૩૧. કોઇપણ ચોકસી, ઇનસાફ અથવા બીજુ કામ ચાલતું હોય ત્યારે કોઇ પણ ફોજદારી કોરટનો ઠરાવ થયો હોય અથવા તે કોરટે શિક્ષાનો હુકમ કર્યો હોય ત્યારે તે ચોકસી અથવા ઇનસાફ અથવા બીજુ કામ જે સેશન તુકડીમાં, જીલ્લામાં, પેટા તુકડીમાં અથવા બીજા સ્થાનિક ક્ષેત્રમાં થવુ જોઇયે ત્યાં નહિ થયુ એટલાજ સબબ ઉપરથી સદરહુ ઠરાવ અથવા શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ રદ કરવો નહિ પણ સદરહુ ચુકથી ઇનસાફ બરાબર થયો નહિ એમ જણાય તો જુદી વાત છે.

૫૩૨ (૧) જો કોઇપણ માજીસ્ટ્રેટ અથવા બીજો અધિકારી જે અખત્યાર પોતાને આપેલા ન હોય તે જાણે પોતાને યોગ્ય રીતે આપેલા છે એવી રીતે તે ચલાવીને કોઇ તોહોમતવાળા શખસને સેશન કોરટ અથવા હાઇ કોરટની આગળ તેનો ઇનસાફ થવા સારૂ કમિટ કરે, તો જે કોરટમાં તેને કમિટ કરવામા આવે તે કોરટ, તે કામના કાગળપત્રો વાંચી જોયા પછી જો એમ ધારે કે તોહોમતવાળાને નુકશાન થયુ નથી તો તે કમિટ કરવાનો હુકમ કબુલ રાખવાને મુખત્યાર છે, જો તે કામની ચોકસી ચાલતા દરમિયાન અને કમિટ કરવાનો હુકમ થતાં પેહેલા સદરહુ માજીસ્ટ્રેટની અથવા બીજા અધિકારીની હકુમત વિશે તોહોમતવાળા તરફથી અથવા ફરિયાદી તરફથી હરકત લેવામાં આવી ન હોય, તોજ માત્ર તે હુકમ કબુલ રાખવાને મુખત્યાર છે.

[૨] જો તોહોમતવાળાને નુકશાન થયુ છે એવું તે કોરટની નજરમા આવે અથવા ઉપર કહ્યા મુજબ હરકત લેવામા આવી હોય, તો તેણે કમીટ કરવાનો હુકમ રદ કરવો; અને કોઇ લાયક માજીસ્ત્રેટને નવી ચોકસી કરવાનુ ફરમાવવુ

૫૩૩. [૧] કોઇ તોહોમતવાળા સખસની કબુલત ૧૬૪ મી અથવા ૩૬૪ મી કલમ મુજબ લખી લીધેલી અથવા લખી લીધી છે એમ જણાતુ હોય એવી કબુલત અથવા બીજો મજકુર જે કોરટની આગળ પુરાવામાં આપ્યો હોય અથવા પુરાવામાં લેવામાં આવ્યો હોય તે કોરટ જો એમ ઠરાવે કે તે મજકુર લખી લેનારો માજીસ્ત્રેટ સદરહુ પૈકી કોઇ પણ એક કલમમાં કોઇ પણ ઠરાવ પ્રમાણે પૂર્ણ રીતે ચાલેલો નથી. તો તે કોરટે લખી લેવામાં આવેલો મજકુર સદરહુ શખસે યોગ્ય રીતે કહ્યો હતો તે બાબતનો પુરાવો લેવો, અને હિંદુસ્તાનના પુરાવાના આકટની ૯૧ મી કલમમાં ગમે તે કહ્યું હોય તોપણ, જો તે ચુકથી તોહોમતવાળાને તે મુકદમાના ગુણદોષ ઉપરથી પોતાનો જવાબ કરવામા નુકશાન નહિ પહોંચ્યું હોય, તો સદરહુ મજકુર પુરાવામાં લેવો જોઇએ.

[૨] આ કલમમાંના ઠરાવ અપીલ કોરટોને જે કોરટોને કામ લખી મોકલ્યું હોય તે કોરટોને, તથા તપાસ કરનારી કોરટોને લાગુ છે

૫૩૪. બાબ ૩૩ મુજબના તેના હક વિશે કલમ ૪૪૭ મુજબ ખબર નહી આપવામાં આવે તેથી કોઇપણ ચલાવેલા કામના કાયદેસરપણાને બાધ આવશે નહી. ".

૫૩૫. (૧) કોઇ ઠરાવ કહી સંભળાવ્યો હોય અથવા કોઇ શિક્ષાનો હુકમ કર્યો હોય ત્યારે તોહોમતનામું

તઈયાર કર્યું નહોતુ એટલાજ સબબ ઉપરથી તે ઠરાવ અથવા શિક્ષાનો હુકમ ગેરકાયદેસર થાય છે એમ સમજવુ નહિ, પણ જો તેથી ઇનસાફ બરાબર થયો નથી એમ અપીલ કોરટની અથવા તપાસ કરનારી કોરટની નજરમા આવે તો ગેરકાયદેસર થાય છે એમ સમજવુ.

(૨) જો અપીલ કોરટ અથવા તપાસ કરનારી કોરટ એમ ધારે કે તોહોમતનામુ તઈયાર કરવાનો તથા તે તઈયાર કર્યા પછીના લગતના પર્યાયથી ઇનસાફ પાછો શરૂ કરવાનો હુકમ કરવો

૫૩૬ (૧) આસેસરોની મદદથી ઈનસાફ જોઇયે એવા કોઈ ગુન્હાનો ઇનસાફ જ્યુરીથી કરવ મા આવે તો તેજ સબબ ઉપરથા તે ઈનસાફનુ કામ ગેરકાયદેસર થશે નહિ

(૨) જ્યુરીથી ઇનસાફ કરવો જોઇએ એવા કોઇ ગુન્હાનો ઇનસાફ આસેસરોની મદદથી કરવામા આવે, તો કોરટ પોતાનો ઠરાવ દફતરમા દાખલ કરે તેની અગાઉ તે વિશે હરકત લેવામા ન આવે તો, તેજ સબબ ઉપરથી તે ઇનસાફનુ કામ ગેરકાયદેસર થશે નહિ

૫૩૭. યોગ્ય હકુમતવાળી કોઇ કોરટે કાઇ ઠરાવ, શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કર્યો હોય તે, આ કાયદામા પાછળ કહેલા ઠરાવોને પાત્ર રહીને. ૨૭ મા બાબ પ્રમાણે અથવા અપીલમા અથવા તપાસમા હેઠળ લખેલા કારણસર રદ કરવો નહિ અથવા ફેરવવો નહિ, એટલે—

(અ) ફરિયાદમા, સમનમા, વારટમા તાહોમતનામામા, જાહેરનામામા, હુકમમા, ફેસલામા, અથવા ઇનસાફ થતા પહેલા અથવા ઇનસાફ થતો હોય ત્યારે ચલાવેના બીજા કામમા અથવા આ કાયદા પ્રમાણે કાઈપણ ચોકસીમા અથવા બીજા ચલાવેના કામમા, કાઇ પણ ચુક અથવા કસુર અથવા ગેરશિરસ્તો થયાને લીધે, અથવા

[ક] ૩૨૪ મી કલમ પ્રમાણે જ્યુરરોની અથવા આસેસરોની ટીપ સુધારવાની કસુરને લીધે, અથવા

(ક) જ્યુરીને કરેલા આદેશમા કોઇ પણ ચુક થયાને લીધે,

પણ જો સદરહુ ચુકથી, કસુરથી, ગેરશિરસ્તપણાથી, અથવા જ્યુરીને કરેલા આદેશ માહેની ચુકથી ખરેખર ઈનસાફ થયો હોય તો રદ કરવો અથવા ફેરવવો

ખુલાસો.—આ કાયદા મુજબ ચલાવેલા કાઇ પણ કામમા, કઇ પણ ચુક, કસુર, અથવા ગેરશિરસ્તાની ગેર ઈનસાફ થયો છે કે નહિ તે નકી કરવામા કોરટે તે હરકત ચાલેલા કામના આગલા ભાગમા લઇ શકાત કે નહિ અથવા લેવી જોઈતી હતી કે નહિ તે બાબત વિચાર કરવો જોઇએ

૫૩૮. આ કાયદા પ્રમાણે કાઇ જપ્તિ કરવામા આવે ત્યારે સમનના, ગુન્હાની સાબિતીના ઠરાવમા જપ્તિના હુકમમા અથવા તે સબધી ચલાવેના બીજા કામમા કાઇ પણ ખામીને લીધે અથવા રીતની કસુરને લીધે તે જપ્તિ ગેરકાયદેસર ગણવી નહિ અને તે જપ્તિ કરનાર શખસને સાપરાધ પ્રવેશ કરનાર ગણવો નહિ.

બાબ ૪૬ મો

પરચુરણ

૫૩૯ કોઇ પણ હાઇકોર્ટની આગળ અથવા સદરહુ કોરટના કોઈ પણ અમલદારની આગળ કામમાં લેવાના સોગનનામા તથા પ્રતિજ્ઞાઓ સદરહુ કોરટની આગળ, અથવા કલાર્ક ઓફ ધી કૌનની આગળ, અથવા તે કામ માટે એવી કોરટે નિમેલા કાઇ પણ કમિશનર અથવા બીજા શખસની આગળ અથવા કોઈ પણ જડજની આગળ, અથવા બ્રિટિશ હિંદુસ્તાનમાં રેકાર્ડની કોઇ પણ કોરટમાં કોઇ પણ સોગનનામાં લેવા માટે નિમેલા કોઈ પણ કમિશનરની આગળ અથવા ઈંગ્લાડમા અથવા આયર્લાન્ડમાં સોગન આપવા માટે નીમેલા કોઇ પણ કમિશનરની આગળ, અથવા સ્કોટલાંડમા સોગનનામા અથવા પ્રતિજ્ઞાઓ લેવાનો અધિકાર જે માજીસ્ટ્રેટને આપેલો હોય તે માજીસ્ટ્રેટની આગળ કરવાનો અધિકાર છે

૫૩૯ અ (૧) જ્યારે આ કાયદા પ્રમાણે કોઇ પણ ચોકસી ઈન્સાફના કામ અથવા બીજા કામ દરમિયાન કોઇપણ કોર્ટને કાઇપણ અરજી કરવામાં આવે અને તેમા કોઇપણ સરકારી નોકરીના સબધમા આક્ષેપો મૂકવામા આવે ત્યારે, અરજદારને અરજીમા જણાવેલી હકીકતો બાબત સોગનનામાથી પુરાવો આપવાનો અધીકાર છે, અને કોર્ટ પોતાને યોગ્ય લાગે તો અરજીમા કહેલી હકીકતનો પુરાવો એવી રીતે આપવો એવો હુકમ કરવાને મુખત્યાર છે

આ કલમ મુજબ હાઈકોર્ટ શિવાયની બીજી કોઈપણ કોર્ટ આગળ કામમા લેવાનું સોગનનામુ ૫ ૯ મી કલમમા ઠરાવેલી રીતે, અથવા કોઇપણ માજીસ્ટ્રેટની આગળ કરવાનો તથા પ્રતિજ્ઞા લેવાનો અધીકાર છે

આ કલમ મુજબના સોગનનામામાં જે હકીકત સાહેદી આપનાર પોતાની જાતની માહિતી ઉપરથી સાબીત કરી શકે તેમ હોય તથા જે હકીકત ખરી છે એમ માનવાનુ તેને વ્યાજબી કારણ હોય તેજ માત્ર દાખલ કરવી, અને તે હકીકત જુદી જુદી લખવી, અને તે ખરી છે એમ માનવાનુ તેને વાજબી કારણ હોય તે પ્રસંગે, એવી રીતે માનવાનાં કારણ તેણે સ્પષ્ટ રીતે જણાવવા

(૨) કોર્ટ, કાંઇ સોગનનામામાનો કોઇપણ બદનક્ષી ભરેલો મજકુર તથા લાગુ ન પડતો હોય એવો મજકુર કાઢી નાંખવાનો અથવા સુધારવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

૫૩૯ બ કોઇપણ જડજ અથવા માજીસ્ટ્રેટ, કોઇપણ ચોકસી, ઇન્સાફના કામ, અથવા બીજા કામની કોઇપણ પાયરીએ, પક્ષકારોને યોગ્ય નોટીસ આપ્યા પછી જે કોઇપણ જગામા ગુન્હો થયાનુ કહેવામા આવતુ હોય તે જગ્યાએ અથવા જે કોઇપણ જગા તેના મત પ્રમાણે એવી ચોકસી અથવા ઇન્સાફના કામમાં આપેલા પુરાવાની યોગ્ય રીતે કદર કરવા સારૂ જોવાની જરૂર હોય તે જગાએ જવાને અને તપાસવાને મુખત્યાર છે, અને એવી તપાસ કરતી વખતે, જે કોઇપણ લગતી હકીકત જોવામા આવે તેની એક યાદી કાઇપણ બીનજરૂરી ઢીલ કર્યા વગર તેણે લખી લેવી જોઇયે

(૨) આવી યાદી મુકરદમાના કાગળોનો એક ભાગ ગણાશે પબ્લિક પ્રોસીક્યુટર ફરિયાદી અથવા તોહોમતવાળાની મરજી થાય તો, યાદીની એક નકલ તેને મફત આપવામા આવશે

પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યુરીથી અથવા આસેસરોની મદદથી ઇન્સાફ કરવામા આવતો હોય તે પ્રસંગે તેવી જ્યુરી અથવા આસેસરોને ૨૯૩ મી કલમ પ્રમાણે નજરે જોવા દેવામાં આવ્યા શિવાય આ કલમ પ્રમાણે જડજે વર્તવું નહીં ”

૫૪૦. આ કાયદા પ્રમાણે કાંઇ પણ ચોકસી ઇનસાફ અથવા બીજુ કામ ચલાવવામા આવતું હશે ત્યારે ગમે તે વખતે કોઇ પણ કોરટ કોઇ પણ શખસને શાહેદ દાખલ સમન કરવાને, અથવા કોઇ પણ શખસ હાજર હોય તેને શાહેદ દાખલ સમન કર્યો ન હોય તો પણ તેની જબાની લેવાને, અથવા જે શખસની જબાની લેવાઇ ચુકી હોય તે શખસને ફરીથી બોલાવીને તેની ફરી જબાની લેવાને મુખત્યાર છે અને જો સદરહુ પ્રકારના કોઇપણ શખસની શાહેદી તે મુકદમાનો વાજબી ફેસલો કરવા માટે તે કોરટને જરૂરની જણાય તો તેણે તે શખસને સમન કરીને તેની જબાની લેવી અથવા તે શખસને ફરીથી બોલાવીને તેની ફરી જબાની લેવી

૫૪૦ અ (૧) જ્યારે બે અથવા વધારે તોહોમતવાળા કોર્ટની આગળ હોય એવી આ કાયદા મુજબ કોઈ ચોકસી અથવા ઇન્સાફના કામની કોઇ પણ પાયરીએ જડજ અથવા માજિસ્ટ્રેટની કોઇ કારણોસર (જે લખી રાખવા જોઇએ) એવી ખાતરી થાય કે એવા તોહોમતવાળામાનો એક અથવા વધારે કોર્ટ આગળ રહેવાને અશક્ત છે તો, એવા તોહોમતવાળાનો વકીલ હોય તો તે તોહોમતવાળાને હાજર રહેવામ થી મુક્ત કરવા અને તેની ગેરહાજરીમા એવી ચોકસી અથવા ઇન્સાફનું કામ આગળ ચલાવવાને મુખત્યાર છે, તથા કામની કોઇ પછીની પાયરીએ એવા તોહોમતવાળાને જાતે હાજર થવાનુ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે

(૧) એવા કોઇપણ મુકદમામાં તોહોમતવાળાનો વકીલ ન હોય તો, અથવા જડજ અથવા માજિસ્ટ્રેટને એમ લાગે કે તોહોમતવાળાએ જાતે હાજર રહેવાની જરૂર છે તો, તેણે પોતાને યોગ્ય જણાય તો તથા કારણોસર (જે લખી રાખવા જોઇયે) તેવી ચોકસી અથવા ઇન્સાફનુ કામ તહકુબ રાખવુ અથવા એવા તોહોમતવાળાનો મુકદમો જુદો ચલાવવાનુ અથવા તેનો જુદો ઇન્સાફ કરવાનુ ફરમાવવુ ”

૫૪૧ (૧) વિદ્યમાનકાળે ચાલુ હોય એવા કોઈ પણ કાયદાથી બીજી રીતે ઠરાવ્યુ નહિ હશે, તો જે શખસને આ કાયદા પ્રમાણે કેદ કરવાનો અથવા પેહેરામા મોકલવાનો અધીકાર હશે તે શખસને કઇ જગામા કેદ રાખવો એ ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે

(૨) જો આ કાયદા પ્રમાણે તુરગમાં નાખવાને અથવા પેહેરામાં આપવાને પાત્ર હોય એવો કોઇ શખસ દિવાની તુરંગમા કેદમા હોય, તો તે શખસને ફોજદારી તુરંગમા લઇ જવો એવુ ફરમાવવાને અધિ-

કાર જે કોરટે અથવા માજીસ્ટ્રેટે તેને તુરગમા નાખવાનો અથવા પેહેરામા આપવાનો હુકમ કર્યો હશે તે કોરટને અથવા માજીસ્ત્રેટને છે.

[૩] જ્યારે કોઇ શખસને પેટા કલમ [૧] પ્રમાણે ફોજદારી તુરગમા લઈ ગયા હોય, ત્યારે તેને ત્યાંથી છોડી મૂકયા પછી દિવાની તુરગમા પાછો મોકલવો, પણ હેઠળ લખેલી બે વાતો પૈકી કોઇ પણ વાત બનેલી ન હોય તો, એટલે—

(અ) તેને ફોજદારી તુરગમાં લઇ ગયા પછી ત્રણ વર્ષ થઇ ગયા હોય, તેમ થયુ હોય, ત્યારે તેને ઇનસાફનુ કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૩૪૨ મી કલમ પ્રમાણે તેને દિવાની તુરંગમાથી છોડી મુકયો છે એમ સમજવુ, અથવા

(બ) જે કોરટે તેને દિવાની તુરગમા રાખવાનો હુકમ કર્યો હશે તે કોરટે જે અમલદારને સ્વાધીન ફોજદારી તુરગ હોય તે અમલદારને એવો દાખલો લખી આપ્યો હોય કે દિવાની ઇનસાફનુ કામ ચલાવવાની રીતના કાયદાની ૩૪૧ મી કલમ પ્રમાણે છુટી જવાનો તેને હક છે.

૫૪૨. (૧) સન ૧૮૬૯ ના કેદીઓની શાહેદી બાબતના આકટમા ગમે તે કહ્યુ હોય તે છતા કોઇપણ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ પોતાની હકુમતની સ્થાનિક હદમાહેની કોઈ પણ તુરગમા કેદ રાખેલા કોઈ પણ શખસને પોતાની આગળ કોઇપણ ચાલુ મુકદમામા સાહેદ દાખલ અથવા તોહોમતવાળા સખસ દાખલ તપાસવાની ખાયશ રાખતો હોય, તો સદરહુ તુરગ જે અમલદારના હવાલામા હોય તે અમલદારને હુકમ મોકલીને તે માજીસ્ટ્રેટ, તે કેદીને તેની આગળ જબાની આપવા સારૂ યોગ્ય પેહેરા સાથે તે હુકમમા જણાવેલે વખતે આણવાનું ફરમાવવાને મુખત્યાર છે

(૨) સદરહુ તુરગ જે અમલદારના હવાલામા હોય તે અમલદારે સદરહુ હુકમ પહોચેથી તે મુજબ ચાલવુ, અને ઉપર કહેલા કારણસારૂ તે તુરગમાથી કેદી ગેરહાજર રહે તે દરમિયાનમા તેને સુરક્ષિત રીતે પહેરામા રાખવા માટે બદોબસ્ત કરવો.

૫૪૩. જ્યારે કોઈ પુરાવો અથવા મજકુર તરજુમો કરીને સમજાવવા સારુ કોઈ પણ ફોજદારી કોર્ટનો કોઇ દુભાષીઆનો ઉપયોગ કરવો પડે, ત્યારે તે પુરાવાનો અથવા મજકુરનો ખરેખરો તરજુમો કરીને કેહેવાની તે દુભાષીઆની ફરજ છે એમ સમજવુ

૫૪૪. ગવર્નર જનરલ ઇનકૌન્સિલની અગાઉથી મજુરી લઇને સ્થાનિક સરકાર કાઈ પણ કાનુનો કરી હોય તેમને અનુસરીને, કોઇ પણ ફોજદારી કોરટ, પોતાને યોગ્ય જણાય તો આ કાયદા પ્રમાણે પોતાની આગળ કોઈ પણ ચોકશી, ઇનસાફ અથવા બીજું કામ ચલાવવામાં આવે તે કારણ સારૂ કોઇ પણ ફરિયાદી અથવા શાહેદ હાજર થાય તેનો વાજબી ખરચ, સરકાર તરફથી, આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે

૫૪૫ [૧] જ્યારે કોઈ ફોજદારી કોરટ કોઇ પણ વિદ્યમાન કાળે ચાલુ હોય એવા કાયદા પ્રમાણે દડ કરે અથવા અપીલમાં અથવા તપાસવામા અથવા બીજી રીતે દડની શિક્ષા અથવા જે શિક્ષાનો એક ભાગ દડ હોય તેવી શિક્ષા મંજુર કરે, ત્યારે ફેસલો કરતી વખતે તે કોરટે, વસુલ કરેલો સઘળો દડ અથવા તેમાંનો ગમે તે ભાગ હેઠળ લખ્યા પ્રમાણે ઉપયોગમાં લેવાનો હુકમ કરવાને મુખત્યાર છે,

[અ] ફરિયાદનુ કામ ચલાવવામાં વાજબી રીતે થયેલો ખરચ પુરો પાડવા સારૂ.

' (બ) જ્યારે, તે કોર્ટના મત પ્રમાણે, દિવાની કોર્ટમાં નુકસાનીનો ભારે બદલો એવા શખસને મળી શકતો હોય ત્યારે, ગુન્હાથી થયલા કાઇ પણ તોટા અથવા નુકશાનનો બદલો કોઇ પણ શખસને આપવા સારૂ, " અને

" (ક) જે ગુન્હામા ચોરીનો, સાપરાધ ખોટા ઉપયોગનો, સાપરાધ વિશ્વાસઘાતનો, અથવા ઠગાઇનો સમાસ થતો હોય એવા કોઇ પણ ગુન્હાની અથવા ચોરીની મિલકત છે એમ જાણ્યા છતાં અથવા માનવાનુ કારણ હોવા છતા તે બદદાનતથી લેવાના અથવા રાખવાના અથવા પોતાની ઇચ્છાથી તે વગે કરવામા મદદ કરવાના ગુન્હાના સાબિતીનો ઠરાવ કોઇ માણસના ઉપર થાય ત્યારે, એવી મીલકત શુદ્ધબુદ્ધિથી વેચાતી લેનારને તે મીલકત ઉપર જે માણસનો હક હોય તેના કબજામાં તે પાછી સોપવાથી જે નુકશાન થાય તેનો બદલો તે વેચાતી લેનારને આપવા સારૂ. "

(૨) જેમા અપીલ થઇ શકે એવા કોઈ મુકદમામા જો તે દંડ કરવામાં આવે તો, અપીલ કરવા માટે આપેલી મુદત વીતી ગયા પહેલા અથવા જો અપીલ કરવામા આવે તો, તેનો ફેંસલો થના પહેલાં સદરહુ ખરચ અથવા નુકસાનીનો બદલો આપવો નહિ.

૫૪૬ પછી તેજ બાબત સંબંધી દિવાની દાવો કરવામા આવે તેમાં નુકસાનીનો બદલો આપવાનો હુકમ કરતી વખતે, ૫૪૫ મી કલમ પ્રમાણે નુકસાનીના બદલા દાખલ જે રકમ આપી હોય અથવા વસુલ કરી હોય તે રકમ કોરટે હિસાબમાં લેવી.

' ૫૪૬–અ (૧) જ્યારે જ્યારે નૉન–કૉગ્નિઝેબલ ગુન્હા બાબત કાંઇ પણ ફરિયાદ કોઇપણ કોર્ટને કરવામાં આવે ત્યારે ત્યારે, તે કોર્ટ, તોહોમતવાળાના ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરે તો, તેને જે શિક્ષા કરવામા આવે તે ઉપરાંત તેણે,—

(અ) ફરિયાદની અરજી ઉપર અથવા ફરીયાદીની તપાસ કરવા સારૂ, જો કાંઇ ફી આપી હોય તો તે, ફી, તથા

(બ) ફરિયાદીએ પોતાના સાહેદો ઉપર તોહોમતવાળા ઉપર પ્રોસેસો બજાવવા સારૂ કાંઈ ફી આપી હોય, તો તે

ફરિયાદીને આપવી એવો હુકમ કરવો, અને એવી ફી આપવાનુ સદરહુ તહોમતવાળો ચુકે તો, તે તહોમતવાળાને ૩૦ દીવસ કરતા વધુ ન હોય તેટલી મુદતના સાદી કેદની શિક્ષા ફરમાવવાનો વધુ હુકમ કરવાને તે કોર્ટ મુખત્યાર છે.

(૨) આ કલમ મુજબનો હુકમ એપેલેટ કોર્ટને અથવા હાઇકોર્ટને ફરી તપાસ કરવાના પોતાના અધિકાર ચલવતી વખતે કરવાનો પણ અધિકાર છે ''

૫૪૭ આ કાયદા પ્રમાણે કરેલા કાંઇ પણ હુકમની રૂયે (દંડ શિવાય બીજા) જે પૈસા આપવાના હશે અને જે વસુલ કરવાની રીત સ્પષ્ટપણે ઠરાવી નહિ હશે તે જાણે દંડ હોય એવી રીતે વસુલ કરી શકાશે

૫૪૮ કોઇ ફોજદારી કોરટે કરેલા ફેસલા અથવા હુકમમા જે શખસનો સબંધ હોય તે શખસ જ્યુરીને જડજે જે આદેશ કર્યો હોય તેની અથવા કોઇ પણ હુકમની અથવા જુબાનીની અથવા દફતરના બીજા કોઇપણ ભાગની નકલ લેવાની ખાયશ રાખતો હોય, તો તે અરજી કરે એટલે તેને તે નકલ આપવી

પણ એવુ ઠરાવ્યુ છે કે, કાંઇ વિશેષ કારણસર તે નકલ મફત આપવાનુ કોરટને યોગ્ય લાગતું હોય તે શિવાયને પ્રસંગે તે શખસે તે નકલનો ખરચ આપવો.

૫૪૯ (૧) જે શખસોને લશ્કરી કાયદો લાગુ હોય તે શખસોનો ઇનસાફ જે કોરટને આ કાયદો લાગુ હોય તે કોરટે કરવો જોઇએ કે કોરટ માર્શિયલથી કરવો જોઇયે, તેવી બાબતો સબંધી ગવર્નર જનરલ ઇનકૌંસિલ આ કાયદાને તથા આર્મી આકટને અથવા વિદ્યમાન કાળે ચાલુ હોય એવા હરેક કાયદાને અનુસરતી કાનુનો કરવાને મુખત્યાર છે, અને જ્યારે કોઇપણ શખસને કોઇ માજીસ્ટ્રેટ આગળ આણ્યો હોય અને જે ગુન્હાબાબત આર્મી આકટની ૪૧ મી કલમ પ્રમાણે તેનો ઇન્સાફ કોરટ માર્શિયલથી કરવા જોગ હોય તે ગુન્હાનુ તોહોમત તેની ઉપર મુકયુ હોય, ત્યારે તે માજીસ્ટ્રેટે સદરહુ કાનુનો નજરમા રાખવી, અને યોગ્ય પ્રસંગે તે શખસને કોરટ માર્શિયલથી તેનો ઇનસાફ થવા માટે જે રેજીમેંટ, પલટણ અથવા ટુકડીમા તે શખસ હોય તે રેજીમેંટ, પલટણ અથવા ટુકડીના કમાંડીંગ અમલદારને, અથવા પાસેમા પાસેની લશ્કરી છાવણીના કમાંડીંગ અમલદારને જે ગુન્હાનુ તોહોમત તે શખસ ઉપર આવ્યુ હોય તે ગુન્હાની હકિકત સાથે સ્વાધીન કરવો.

(૨) સદરહુ પ્રકારની કોઇપણ જગાએ લશ્કરી સિપાઇની જે ટોળી છાવણી કરીને રહી હોય અથવા કામ કરતી હોય તે ટોળીનો કમાંડીંગ અમલદાર, જે શખસની ઉપર સદરહુ ગુન્હાનુ તોહોમત આવ્યું હોય તે શખસને પકડીને જાપ્તામા રાખવા સારૂ લખેલી દરખાસ્ત કરે તે માજીસ્ટ્રેટને પોહોચેથી તેણે તેમ કરવા સારૂ પોતાથી બનતી કોશીશ કરવી

૫૫૦. કોઈ પણ પોલીસ અમલદારને, જે કોઇ પણ મિલકત ચોરાયલી કહેવાતી હોય, અથવા ચોરાયલી છે એમ શક આવતો હોય અથવા ગુન્હો થયાનો શક પેદા થાય એવા સંજોગમા માલમ પડે

તે મિલકત પકડવાનો અધિકાર છે આવો પોલીસ અમલદાર જે અમલદારના હવાલામા પોલીસ થાણું હોય તેના—તાબાનો અમલદાર હોય, તો તેણે તે અમલદારને તે મિલકત પકડાયા બદલ ખબર આપવી જોઇએ

૫૫૧, જે અમલદારના હવાલામા પોલીસ—થાણુ હોય તે અમલદાર પોતાના થાણાની હદમાં જે અધિકાર ચલાવી શકે, તેજ અધિકાર સદરહુ અમલદારથી ઉચા દરજ્જાના અમલદારો જે સ્થાનિક હદમાં પોતાને નિમ્યા હોય તે સ્થાનિક હદમાહે સઘળે ઠેકાણે ચલાવવાને મુખત્યાર છે

૫૫૨, કોઇપણ ગેરકાયદેસર કારણ સારૂ કોઇ સ્ત્રીનું અથવા ચૌદ વર્ષની ઉમ્મરની કોઈ છોકરીનુ હરણ થયા વિશે, અથવા તેને ગેરકાયદેસર રીતે અટકાવી રાખ્યા વિશે કોઇ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટને અથવા જીલ્લા માજીસ્ત્રેટને સોગન ઉપર ફરિયાદ કરવામાં આવે તે ઉપરથી સદરહુ સ્ત્રીને તુરત છુટી કરવાનો અથવા સદરહુ છોકરી તેના ધણીને, મા બાપને, વાલીને અથવા બીજા જે શખસના કાયદેસર હવાલામાં તે હોય તે શખસને તરત પાછી આપવાનો હુકમ કરવાને, અને તે હુકમ પ્રમાણે ચાલવાની જરૂર પાડવાને અને જરૂર પડે તેવુ બળ વાપરવાને, તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે

૫૫૩ (૧) જ્યારે ઇલાકાના મુખ્ય શહેરમાં કોઈ પણ શખસ બીજા કોઇ શખસને કોઇ પોલીસ અમલદાર પાસે પકડાવે ત્યારે જે માજીસ્ટ્રેટ તે મુકદમો સાભળે તે માજીસ્ટ્રેટને જો એમ જણાય કે એ પ્રમાણે પકડાવવાનો કાંઇ પુરતો સબબ નહોતો, તો તે માજીસ્ટ્રેટ યોગ્ય ધારે તેટલો નુકસાનીનો બદલો એ પ્રમાણે પકડાવનાર શખસે એ પ્રમાણે પકડેલા શખસને તેના વખતના નુકશાન બદલે તથા તે બાબતમા થયેલા ખરચ બદલ આપવાનો હુકમ કરવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે, પણ તે પચાસ રૂપીઆ કરતા વધારે હોવો જોઇએ નહિ

(૨) સદરહુ પ્રકારના મુકદમાઓમાં, જો એક કરતા વધારે શખસોને પકડવામા આવે તો સદરહુ માજીસ્ત્રેટ યોગ્ય ધારે તેટલો નુકસાનીનો બદલો તેવીજ રીતે, તેમાના દરેક શખસને આપવાનો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે, પણ તે પચાસ રૂપિયા કરતા વધારે હોવો જોઇયે નહિ

(૩) આ કલમ પ્રમાણે જે નુકસાનીનો બદલો આપવાને હુકમ કર્યો હોય તે જાણે તે દંડ હોય એવી રીતે, વસુલ કરવાનો અધિકાર છે અને જો તે એ પ્રમાણે વસુલ થઇ શકે નહિ તો, જે શખસે તે આપવાનો હોય તે શખસને ત્રીસ દિવસ સુધીની જેટલી મુદ્દત તે માજીસ્ટ્રેટ ફરમાવે તેટલી મુદ્દત સુધીની આસાન કેદની શીક્ષાનો હુકમ કરવો, પણ જો સદરહુ રકમ તે મુદ્દત પુરી થતા પેહેલા આપવામા આવે તો તેને છોડી મુકવો

૫૫૪ (૧) કલકત્તાની હાઇકોરટ, ગવર્નર જનરલ ઇનકોન્સિલની અગાઉથી મંજુરી લઇને, અને રાયલ ચાર્ટ થી સ્થાપેલી બીજી કોઈ હાઇકોરટ સ્થાનિક સરકારની અગાઉથી મંજુરી લઇને તાબા માહેની કોરટોના દફતર તપાસવા સારૂ વખતે વખતે કાનુનો કરવાને મુખત્યાર છે

(૨) જે હાઇકોરટ રાયલ ચાર્ટરથી સ્થાપેલી ન હોય તેવી દરેક હાઇકોરટ સ્થાનીક સરકારની અગાઉથી મંજુરી લઇને વખતે વખતે,

[અ] પોતાના તાબામાહેની સઘળી ફોજદારી કોરટોમાં જે ચોપડીઓ નોંધો, તથા હિસાબો રાખવાના હોય તે સર્વે ચોપડીઓ, નોંધો તથા હિસાબો રાખવા માટે તથા સદરહુ કોરટોએ જે પત્રકો (રિટર્નો) અથવા વિગતો તૈયાર કરીને મોકલવાની હોય તે પત્રકો અથવા વિગતો તૈયાર કરીને મોકલવા માટે, કાનુનો કરવાને

(બ) સદરહુ કોરટોમાં જે જે કામ ચલાવવા માટે કાંઇ નમુના ઠરાવવા જોઇએ, એવુ પોતે ધારે તેવા દરેક કામ માટે નમુના તૈયાર કરવાને

(ક) પોતાના વહીવટ તથા કામ ચલાવવા માટે તથા પોતાના તાબા માહેની સઘળી ફોજદારી કોરટોના વહીવટ તથા કામ ચલાવવા માટે કાનુનો કરવાને અને,

(ડ) દંડ વસુલ કરવા સારુ આ કાયદા પ્રમાણે કહાડેલા વારંટો બજાવવા બાબત નિયમન કરવા સારૂ કાનુનો કરવાને, મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યું છે કે આ કલમ મુજબ કરેલી કાનુનો તથા નમુના આ કાયદાથી અથવા વિદ્યમાન કાળે ચાલુ હોય એવા બીજા કોઇ પણ કાયદાથી વિરૂદ્ધ પડતાં હોવા નહિ જોઇયે

(૩) આ કલમ પ્રમાણે કરેલી સઘળી કાનુનો સ્થાનિક સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવી જોઇયે

૫૫૫ ૫૫૪ મી કલમથી તથા સન ૧૮૬૧ ના હિંદુસ્તાનના હાઇકોરટના આકટની ૧૫ મી કલમથી આપેલા અધીકારને પાત્ર રહીને, પાચમા પરિશિષ્ટમા લખેલા નમુના તેમા કહેલા કામો સારૂ દરેક કામની હકીકત પ્રમાણે જોઈતા ફેરફાર કરીને વાપરવા, અને વાપરવામાં આવશે તો પુરતા થશે

૫૫૬ કોઇ પણ જડજે અથવા માજીસ્ત્રેટે, પોતાની કોરટ ઉપર જે કોરટમા અપીલ ચાલતી હશે તે કોરટની રજા લીધા વગર, જે મુકદમાનો પોતે પક્ષકાર હોય અથવા જે મુકદમામા પોતનો ખુદ હિત સબધ હોય તે મુકદમાનો ઈનસાફ કરવો નહિ અથવા ઇનસાફ થવા સારૂ તે મુકદમો કમિટ કરવો નહિ, અને કોઈ પણ જડજે અથવા માજીસ્ત્રેટે પોતે કરેલા કોઇ પણ ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ સાભળવી નહિ

ખુલાસો—કોઇ જડજ અથવા માજીસ્ત્રેટ મ્યુનિસિપાલ કમીશનર છે અથવા કોઇ પણ મુકદમામા તેનો સરકારી નાતાથી સબધ છે અથવા જે જગામા ગુન્હો થયેલો કહેવાતો હોય તે જગા અથવા બીજી જગા જયા કામને ઉપયોગી એવુ બીજુ કઇ કૃત્ય બન્યાનુ કહેવાનુ હોય તે જગા તેણે જોઇ છે અને મુકદમાના સબધમા ચોકસી કરી છે એટલાજ ફક્ત સબબથી તે આ કલમના અર્થ પ્રમાણે તે મુકદમાનો પક્ષકાર છે અથવા તે મુકદમામા તેનો ખુદ પોતાનો હિત સબધ છે એવુ સમજવુ નહિ.

દૃષ્ટાંત—અ કલેકટર તરીકે પોતાને પુરી પાડેલી ખબર ઉપર વિચાર કરીને, જકાત સબધી કાયદા તોડવા સારૂ બ ના ઉપર કામ ચલાવવાનુ ફરમાવે છે માજીસ્ત્રેટ તરીકે આ મુકદમાનો ઇનસાફ કરવાને અ નાલાયક છે

૫૫૭ ઇલાકાના મુખ્ય શેહેરોમાંના અથવા જીલ્લામાના કોઇ પણ માજીસ્ત્રેટની કોરટમા વકીલાત કરનાર કોઇ પણ પ્લીડર સદરહુ કોરટમા અથવા તે કોરટની હકુમતની અંદર કોઇ પણ માજીસ્ત્રેટ તરીકે બેસી શકશે નહિ

૫૫૮ જે મુલકોનો રાજ્યકારભાર સ્થાનિક સરકાર ચલાવતી હોય તે મુલકોમાંની રોયલ ચાર્ટરથી સ્થાપેલી હાઇકોરટો શિવાય બીજી દરેક કોરટમા કઇ ભાષા, આ કાયદાના કારણસારૂ તે કોરટની ભાષા સમજવી તે નક્કી કરવાને સદરહુ સરકાર મુખત્યાર છે

(૨) જ્યારે કોઈ પણ માજીસ્ત્રેટનો સ્થાનાપન્ન કોણ છે તે બાબતમાં કાંઇ સશય હોય ત્યારે ઇલાકાના મુખ્ય શહેરમા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે તથા એવા શહેર બહાર જીલ્લા માજીસ્ત્રેટે, આ કાયદાના અથવા તે મુજબ કોઇ પણ ચાલેલા કામના અથવા હુકમના કારણસર કયા માજીસ્ત્રેટને એવા માજીસ્ત્રેટને સ્થાનાપન્ન ગણવો તે લેખી હુકમ કરીને નક્કી કરવુ

(૩) જ્યારે કોઈપણ એડીશનલ અથવા આસીસ્ટન્ટ સેશન જડજનો સ્થાપન્ન કોણ છે તે બાબતમાં કાંઇપણ સશય હોય ત્યારે સેશન જડજે આ કાયદાના અથવા તે મુજબ કોઇપણ ચાલેલા કામમાં અથવા હુકમના કારણસર કયા જડજને એવા આડીશનલ અથવા આસીસ્ટન્ટ સેશન જડજનો સ્થાપન્ન ગણવો તે લેખી કામ કરીને નક્કી કરવુ."

૫૫૯ (૧) આ કાયદાના બીજા ઠરાવોને પાત્ર કોઇ જડજ અથવા માજીસ્ત્રેટના અધીકાર તથા કામ તેમના સ્થાનાપન્નો ચલાવવા અથવા કરવાને મુખત્યાર છે.

૫૬૦ આ કાયદા પ્રમાણે કોઇપણ મીલકતના વેચાણના સબધમાં કાંઇપણ ફરજ બજાવતી હોય એવા કોઇ સરકારી નોકરે તે મીલકત વેચાતી લેવી નહિ અથવા તેવી માગણી કરવી નહિ

૫૬૧ (૧) આ કાયદામાં ગમે તે ઠરાવ હોય તોપણ ચીફ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ સિવાય બીજા કોઈપણ માજીસ્ત્રેટે નીચે પ્રમાણે કરવુ નહિ, અથવા

(અ) એકાદ પુરૂષે પોતાની વહુ સાથે બલાત્કાર સંભોગ કર્યો હોય તે પ્રસંગે તે બલાત્કાર સંભોગનો ગુન્હો સાંભળવો નહી અથવા

(બ) સદરહુ પુરૂષને એવા ગુન્હા માટે ઇનસાફ થવાસારૂ કમીટ કરવો નહિ.

(૨) અને, આ કાયદામા ગમે તે ઠરાવ હોય તે છતાં જો આ કલમની પેટા કલમ (૧) મા કહેલા પ્રકારના ગુન્હાના સબંધમા કોઇપણ પોલીસ અમલદાર મારફત તપાસ કરવાને હુકમ કરવાનું ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટને અથવા જીલ્લા માજીસ્ટ્રેટને જરૂર દેખાય તો, એવી તપાસ કરવા સારૂ અથવા તેમા ભાગ લેવા સારૂ પોલીસ ઇન્સ્પેકટરના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના કોઇપણ પોલીસ અમલદારને કામે લગાડવો નહિ

૫૬૧ અ આ કાયદાના કોઇપણ ઠરાવ ઉપરથી આ કાયદા પ્રમાણેના કોઇપણ હુકમનો અમલ કરવા સારૂ અથવા કોઇપણ કોર્ટના પ્રોસેસનો ખોટે ઉપયોગ થતો અટકાવવા સારૂ અથવા બીજી રીતે ન્યાય મેળવવા સારૂ જરૂરના હોય તેવા હુકમ કરવાના હાઇકોર્ટના સ્વાભાવિક અધીકાર મર્યાદીત થાય છે અથવા તેને બાધ આવે છે એમ સમજવુ નહી ”

પ્રથમ ગુન્હાના કરનારા

૫૬૨ (૧) જે કોઇપણ મુકદમામા ૨૧ વર્ષની અંદરની ઉમરનો ન હોય એવા કોઇ માણસ ઉપર વધારેમાં વધારે સાત વર્ષની કેદની શિક્ષા કરવાજોગ ગુન્હાની અથવા ૨૧ વર્ષની અંદરની ઉમરની કોઈપણ સ્ત્રી ઉપર મોતની અથવા કાળાપાણીની શિક્ષા ન હોય એવા ગુન્હાની સાબીતીનો ઠરાવ થયો હોય અને તેના ઉપર તે અગાઉ ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયો નહી હોય તે મુકદમામાં જો તે માણસ ઉપર જે કોર્ટ આગળ સદરહુ પ્રમાણે ગુન્હાની સાબીતીનો ઠરાવ થયો હોય તે કોર્ટને એમ લાગે કે તે ગુન્હેગારની ઉમ્મર ચાલચલણ અથવા અગાઉની વર્તણુક તથા જે સંજોગોમા ગુન્હો કરવામા આવ્યો તે સંજોગો તે ગુન્હેગારને સારી વર્તણુકની સરતે છોડી મુકવા યોગ્ય છે તો તેને એકદમ કોઇપણ શિક્ષા કરવાને બદલે તે કોર્ટ એવુ ફરમાવવાને મુખત્યાર છે કે તે ગુન્હેગાર પોતાને બોલાવવામા આવે ત્યારે હાજર થઇને શિક્ષા લેવા સારૂ તથા તે દરમિયાન સુલેહ રાખવા તથા સારી રીતે ચાલવા સારૂ જામીનો સાથનુ અથવા વગર જામીનોનુ તથા કોર્ટ ફરમાવે તેટલી (વધારેમા વધારે ૩ વર્ષની મુદત સુધીનુ ખત લખી આપે તો તેને છોડી મુકવો

પણ એવુ ઠરાવ્યુ છે કે, ત્રીજા વર્ગના માજિસ્ટ્રેટ અથવા એ કામ સારૂ ખાસ અધિકાર નહિ આપ્યો હોય એવા બીજા વર્ગના માજિસ્ટ્રેટે પ્રથમ ગુન્હો કરનાર કોઇપણ શખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય અને તે માજિસ્ત્રેટના નજરમા એમ આવે કે આ કલમની રૂયે આપેલા અધિકાર ચલાવવા જોઇયે ત્યારે તેણે પોતાનો એવી રીતનો તે દફતરમા દાખલ કરવો, તથા ચલાવેલું કામ પહેલા વર્ગના માજિસ્ટ્રેટને અથવા પેટા તુકડી માજીસ્ત્રેટને મોકલવુ તથા તોહોમતદારને તે માજિસ્ટ્રેટ આગળ મોકલવો અથવા તેની આગળ હાજર થવા બાબત તેનો જામીન લેવો અને તે માજીસ્ટ્રેટે ૩૮૦ મી કલમમા ઠરાવેલી રીતે તે મુકદમાનો નિકાલ કરવો.

૫૬૨ '(૧-અ) જે કોઇપણ મુકદમામા એકાદા માણસ ઉપર કોઇપણ કોર્ટમાં ચોરીના એકાદા ઘરમા ચોરીના સાપરાધ ખોટા ઉપયોગના, ઠગાઇના અથવા હિંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબ વધારેમા વધારે બે વર્ષ સુધીની કેદની શિક્ષા જ બદલ ઠરાવી હોય એવા કોઈપણ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયો હોય અને તેના ઉપર તે અગાઉ કોઇપણ ગુન્હાની સાબીતીનો ઠરાવ થયો નહી હોય તે મુકદમામાં જો તે માણસ ઉપર જે કોર્ટ આગળ સદરહુ પ્રમાણે ગુન્હાની સાબીતીનો ઠરાવ થયો હોય તે કોર્ટ યોગ્ય ધારે તો તે ગુન્હેગારની ઉમ્મર, ચાલચલણ, અગાઉની વર્તણુંક, અથવા શારિરીક અથવા માનસિક સ્થિતી તરફ તથા ગુન્હાના નજીવા સ્વરૂપ તરફ અથવા ગુન્હો ઓછો કરનારા જે કોઇપણ પ્રસંગે ગુન્હો કરવામાં આવ્યો હો તો તે પ્રસંગ તરફ જોતા કોઇપણ શિક્ષા કરવાને બદલે ઠપકો આપીને છોડી દેવાને મુખત્યાર છે."

(૨) આ કલમ મુજબનો હુકમ કોઈપણ અપીલ કોર્ટ અથવા હાઇકોર્ટ પોતાના ફરી તપાસ કરવાના અધિકાર ચલાવતી વખતે કરવાને મુખત્યાર છે

(૩) જ્યારે કોઇપણ ગુન્હેગારના સબંધમા આ કલમ પ્રમાણે હુકમ કર્યો હોય ત્યારે હાઇકોર્ટ એવી કોર્ટ તરફ અપીલ કરવાનો હક્ક હોય ત્યારે અપીલમા, અથવા પોતાના ફરી તપાસવાના અધિકાર ચલાવતી વખતે, એવો હુકમ રદ કરવાને અને તેને બદલે એવા ગુન્હેગારને કાયદા પ્રમાણે શિક્ષા કરવાને મુખત્યાર છે;

પણ એવુ ઠરાવ્યું છે કે જે કોર્ટે તે ગુન્હેગાર ઉપર ગુન્હાની સાબિતીનો ઠરાવ કર્યો હોય તે કોર્ટ જે શિક્ષા કરતે તેના કરતા વધારે શિક્ષા હાઇકોર્ટે આ પેટા કલમ પ્રમાણે કરવી નહિ.

(૪) ૧૨૨મી, ૧૨૬મી તથા ૪૦૬-અ કલમના ઠરાવ, લાગુ કરી શકાય તેટલે સુધી, આ કલમના ઠરાવની રૂએ આપેલા સઘળા જામીનોની બાબતમાં લાગુ પડશે"

૫૬૩ (૧) જે કોરટે ગુન્હેગાર ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ કર્યો હોય, તેની અથવા જે કોરટ ગુન્હેગારના અસલ ગુન્હાની વ્યવસ્થા કરી શકતે, તે કોરટની એવી ખાત્રી થાય કે તે ગુન્હેગાર પોતાના મુચરકામાની કોઇપણ શરત પાળવાને ચુકયો છે તો, તે કોરટ તેને પકડવાનું વારંટ કહાડવાને મુખત્યાર છે

વ્યવસ્થા કરી શકતે તે કોરટની એવી ખાત્રી થાય કે તે ગુન્હેગાર પોતાના મુચરકામાંની કોઇપણ શરત પાળવાને ચુકયો છે તો તે કોરટ તેને પકડવાનુ વારંટ કહાડવાને મુખત્યાર છે.

(૨) કોઇ ગુન્હેગારને એવા કોઇપણ વારંટ ઉપરથી પકડવામા આવે ત્યારે, જે કોરટે વારંટ કાઢયું હોય તેની આગળ તેને તાબડતોબ આણવો જોઇયે. અને તે કોરટ તે મુકદમો સાભળવામાં આવે ત્યા સુધી તેને કેદમા પાછો મોકલવાને અથવા શિક્ષાનો હુકમ સાંભળવાસારૂ તે હાજર થશે એવી શરતે પુરતા તારણ સહીત તેના જામીન લેવાને મુખત્યાર છે તે કોરટ તે મુકદમો સાંભળ્યા પછી શીક્ષા કરવાને મુખત્યાર છે

૫૬૪ (૧) ૫૬૨ મી કલમના ઠરાવ મુજબ ગુન્હેગાર તે છોડી મકવાનુ ફરમાવતા પેહેલા કોરટની નીચેની બાબત એટલે જે જગામાં તે કોરટ કામ કરતી હશે તે જગામા અથવા સદરહુ શરત પાળવા સારૂ ઠરાવેલી મુદતમા ગુન્હેગારનો જે જગામા રેહેવાનો સભવ હોય તે જગામા ગુન્હેગારનુ અથવા તેના જામીનનુ કાયમનુ રહેવાનુ ઠેકાણું કે અથવા હમેશનો ધંધો છે એ બાબત ખાત્રી થવી જોઇએ

(૨) આ કલમમાહેના અથવા કલમો ૫૬૨ તથા ૫૬૩ માહેના કોઇ પણ ઠરાવો ઉપરથી સન ૧૮૯૭ ના સનમાર્ગ પ્રવર્તક શાળા બાબતના આકટની ૩૧ મી કલમ માહેના ઠરાવોને બાધ આવે છે એમ સમજવુ નહિ

અગાઉ જેમના પર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તેવા ગુન્હેગારો.

૫૬૫. (૧) જ્યારે કોઇ પણ શખસના ઉપર—

(અ) બ્રિટિશ હિંદુસ્તાનની કોઇ કોર્ટે હિંદુસ્તામના ફોજદારી કાયદાની કલમ ૨૧૫, ૪૮૯ અ, ૪૮૯ બ, ૪૮૯ ક, અથવા ૪૮૯ ડ, મુજબ અથવા સદરહુ કાયદાના ૧૨ મા બાબ મુજબ ત્રણ વર્ષ અથવા તેથી વધારે મુદતની બેમાથી ગમે તે પ્રકારના કેદની શિક્ષાની શિક્ષા થવાજોગ કોઇ પણ ગુન્હાની સાબિતીનો ઠરાવ કર્યો હોય, અથવા

(બ) ગવર્નર જનરલ ઇન્ કાઉન્સિલના અથવા કોઈ પણ સ્થાનિક સરકારના સામાન્ય અથવા વિશેષ અધિકાર પ્રમાણે કામ કરનાર કોઈ દેશી રાજ્ય અથવા સંસ્થાનના મુલકોમાની કોઇ કોર્ટે અથવા ન્યાયસભાએ જે કોઇ પણ ગુન્હો, જો બ્રિટિશ હિન્દુસ્તાનમા કર્યો હોત તો, હિન્દુસ્તાનના ફોજદારી કાયદાની ઉપર કહેલી કોઇ પણ કલમો અથવા બાબ મુજબ તેટલીજ મુદત સુધીની તેરીજ કેદની શિક્ષા કરવામા આવતે એવા કોઇ પણ ગુન્હાની સાબિતીનો ઠરાવ કર્યો હોય,

અને તેના ઉપર ફરીથી તવીજ જાતના અથવા હાઇ કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, જીલ્લા માજીસ્ટ્રેટ, પેટા-ડુ ડી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના કોઇ પણ માજીસ્ટ્રેટ સદરહુ કલમો અથવા બાબોમાની કોઇ પણ કલમ અથવા બાબ મુજબ ત્રણ વર્ષની અથવા તેથી વધારે મુદત સુધી કેદની શિક્ષા થવાજોગ કોઇ પણ ગુન્હાની સાબિતીનો ઠરાવ કરે, ત્યારે તે કોર્ટ અથવા માજીસ્ટ્રેટ યોગ્ય ધારે તો તે કોર્ટ અથવા તે માજીસ્ટ્રેટ તે શખસને સમુદ્રપારની અથવા કેદની શિક્ષા કરતી વખતે એવો પણ હુકમ કરવાને મુખત્યાર છે કે સદરહુ શિક્ષા જે તારીખે પુરી થાય તે તારીખથી વત્તામા વત્તો પાચ વર્ષની મુદત સુધી, આમા આગળ ઠરાવ્યા પ્રમાણે, તેને છોડી મુકવામા આવ્યા પછી તેનુ રહેવાનુ ઠેકાણુ તથા તેમા કાંઇ ફેરફાર કરવામાં આવે તો તે અથવા તેમાથી ગેરહાજર રહે તો તે ગેરહાજરી જાહેર કરવી

(૨) જો સદરહુ ગુન્હાની સાબીતીનો ઠરાવ, અપીલમાં અથવા બીજી રીતે રદ કરવામા આવે, તો સદરહુ પ્રકારનો હુકમ રદ થશે એમ સમજવુ.

(૩) સ્થાનિક સરકાર, છોડી મુકેલા ગુન્હેગારની રહેવાની જગા અથવા તેમા ફેરફાર કર્યો હોય તે ફેરફાર અથવા તેમાથી ગેરહાજર રહ્યા હોય તો તે રહાજરી જાહેર કરવા સંબધી આ કલમના ઠરાવો અમલમાં મુકવા સારૂ કાનુનો કરવાને મુખત્યાર છે

(૪) આ કલમ મુજબનો હુકમ પણ કાઇ પીલ કોર્ટ અથવા હાઇ કોર્ટ પોતાના ફરી તપાસવા-ના અધિકારો ચલાવતી વખતે કરવાને મુખત્યાર છે

(૫) જે કોઇપણ શખસની સામા આ કલમ મુજબ હુકમ કર્યો હોય અને જે એવી રીતે કરેલી કોઇપણ કાનુન મુજબ ચાલવાને ના પાડશે અથવા ગફલત કરશે તેણે, હિદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૬ કલમના અર્થ પ્રમાણે ગુન્હો થતો અટકાવવાના કારણ સારૂ નોટીસ આપવી જોઇએ તે આપવાની ચુક કરી છે એમ ગણવુ,

(૬) જે કોઇપણ શખસના ઉપર એવી કોઇપણ કાનુનો ભગ કરવાનુ તોહોમત મુક્યુ હોય તે શખસનો ઇન્સાફ, તેણે પોતાની રહેવાની જગા તરીકે જે જગા છેલ્લી જાહેર કરી હોય તે જગા, જે જીલ્લામા આવી હોય તે જીલ્લામા યોગ્ય હકુમતવાળા માજીસ્ટ્રેટે કરવો,

ઇંડિઅન પીનલ કોડ

હિંદુસ્તાનનો ફોજદારી કાયદો.

(સન ૧૮૬૦ નો આકટ ૪૫ મો.)

બાબ ૧ લો

૧ બ્રિટિશ ઇંડિઆને માટે એક સામાન્ય ફોજદારી કાયદો કરવો એ યોગ્ય છે માટે નીચે મુજબ ઠરાવ્યું છે હિંદુસ્તાનનો ફોજદારી કાયદો, અને હિંદુસ્તાનનો રાજકારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો એકટ એ નામના વિકટોરીઆના રાજના ૨૧ મા તથા ૨૨ મા વર્ષમાં કરેલા કાયદાના બાબ ૧૦૬ ઉપરથી રાણી સાહેબને હાથે જે મુલક આવ્યો છે અથવા આવે તે સઘળા મુલકમાં

૨ સદરહુ મુલક મધ્યે આ કાયદાના ઠરાવો વિરૂદ્ધનાજ કામ અથવા કસુરનો જે સખસ ગુન્હેગાર થશે, તે સખસને તે કામ અથવા કસુર બાબત આ કાયદા મુજબ શિક્ષા કરવામા આવશે બીજી રીતે કરવામાં આવશે નહિ.

૩ સદરહુ મુલકની હદની બહાર કોઇ ગુન્હાને માટે જે સખસની તજવીજ હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઇન કૌંસિલે કરેલા કોઇ કાયદાથી થઇ શકતી હોય તે શખસના ઉપર સદરહુ મુલકની બહાર કરેલા કામને માટે તે કામ જાણે સદરહુ મુલકની મહિજ કર્યું હોય એ પ્રમાણે આ કાયદા પ્રમાણે કાયદાના ઠરાવો મુજબ અમલ કરવામા આવશે,

૪ તેમજ આ કાયદાના ઠરાવો

૧ રાણી સાહેબની હિંદુસ્તાન માંહેની કોઇ પણ દેશી રૈયતે બ્રિટિશ ઇંડીઆની બહારની તથા પેલી ગમની કોઇ પણ જગાએ.)

૨ બીજી કોઇ પણ બ્રિટિશ રૈયતે હિંદુસ્તાન માહેના કોઇ પણ દેશી રાજા અથવા સરદાર મુલકોની અંદર

૩ રાણીનો જે કોઇ નોકર બ્રિટિશ રૈયત હોય કે ન હોય તેણે હિંદુસ્તાન મહિના કોઇ પણ દેશી રાજા અથવા સરકારના મુલકોની અંદર, કરેલા કોઇપણ ગુન્હાને લાગુ છે

ખુલાસો—આ કલમમા 'ગુન્હો' આ શબ્દમા બ્રિટિશ ઇંડિઆની બહાર કરેલુ જે કાઇ કામ બ્રિટિશ ઇંડિયામા કર્યું હોત તો તે બદલ આ કાયદા મુજબ શિક્ષા કરી શકાત, તે દરેક કામનો સમાવેશ થાયછે

દૃષ્ટાંતો—(અ) અ એક મજુર હિંદુસ્તાનની દેશી રૈયત છે, અને તે યુગંડામાં ખુન કરે છે, તે બ્રિટિશ ઇંડીઆ માહેની જે કોઇ પણ જગામાંથી મળી આવે તે જગાએ તેનો ઇન્સાફ કરી શકાય તથા તેના ઉપર ખુનની સાબીતીનો ઠરાવ કરી શકાય

(બ) બ એક યુરોપીય બ્રિટીશ રૈયત છે, અને તે કાશ્મરીમા ખુન કરે છે તે બ્રિટીશ ઇંડીઆ માંહેના જે કોઇ પણ જગામાથી મળી આવે તે જગાએ તેનો ઇન્સાફ કરી શકાય તથા તેના ઉપર ખુનની સાબિતિનો ઠરાવ કરી શકાય,

(ક) ક એક પરદેશી માણસ જે પંજાબ સરકારની નોકરીમાં છે, તે જીંદમા ખુન કરે છે તે બ્રિટીશ ઇંડીઆ માહેની જે કોઈ પણ જગામાથી મળી આવે તે જગાએ તેનો ઇન્સાફ કરી શકાય તથા તેનાઉપર ખુનની સાબિતિનો ઠરાવ કરી શકાતી

(ડ) ડ એક બ્રિટીશ રૈયત ઇંદોરમાં રહે છે, અને ઇ ને મુબાઇમા ખુન કરવાને ઉશ્કેરે છે, ખુન કરવામા ડ એ મદદ કરી એમ સમજવુ.

૫ ચોથા વીલ્યમ રાજાના ૩ જા તથા ચોથા વરસમા કરેલા કાયદાના ૨૮ મા બાબના અથવા ત્યાર પછી કોઇ પ્રકારે ઇસ્ટ ઇન્ડીઆ કંપની કે પાર્લામેન્ટના કરેલા આકટના કે રાણી સાહેબની કે ઇસ્ટ ઇન્ડીઆ કંપનીની નોકરી માંહેના ઓફીસરો કે સોલજરો બંડ કરે કે નાસી જાય તેમને શિક્ષા

કરવા સારૂ કરેલા આકટ કે હિંદુસ્તાનની દરિયાઇ ફોજનો બંદોબસ્ત કરવાના કોઇ પણ આકટના કે કોઇ પણ વિશેષ કે સ્થાનિક કાયદાના કોઇપણ ઠરાવને આ આકટમાંની કોઈ બીનાથી રદ કરવાનો કે ફેરફાર કરવાનો કે મોકુફ કરવાનો કે તે પર કોઇ રીતે અસર કરવાના ઇરાદો નથી

બાબ ૨ જો.

સાધારણ સમજણ

૬ આ કાયદામાં સઘળે ઠેકાણે ગુનાના પ્રત્યેક લક્ષણને તથા શીક્ષા સબંધી પ્રત્યેક ઠરાવને તથા એવા પ્રત્યેક લક્ષણને, પ્રત્યેક દ્રષ્ટાંતને "સાધારણ અપવાદો" એ નામના બાબ મધે લખેલા અપવાદો લાગુ પડે છે, એમ સમજવું અગર તે અપવાદો, લક્ષણો કે શીક્ષા સબંધી ઠરાવમાં અથવા દ્રષ્ટાંતમા ફરીથી લખ્યા નથી તોપણ.

દ્રષ્ટાંતો (અ) આ કાયદામા જે જે કલમોમાં ગુન્હાનાં લક્ષણો લખ્યા છે તેમા એમ લખ્યું છે કે એ ગુન્હા સબંધી સાત વર્ષથી ઓછી ઉમ્મરનો બાળકથી થઈ શકે નહિ પણ જે સાધારણ અપવાદમા લખેલુ છે કે સાત વરસથી ઓછી ઉમરના બાળકે કરેલુ કાઇપણ કામ ગુન્હો ગણાશે નહિ, તે અપવાદ, તે લક્ષણોને લાગુ પડે છે એમ સમજવુ

(બ) ઝએ ખુન કર્યું તેને અપોલીસે વગર વારંટે પકડયો તો એથી અ ગેરવ્યાજબી કેદના ગુન્હાનો તકસીરવાર નથી, કેમકે કાયદા પ્રમાણે પકડવાની તેની ફરજ છે, જેથી "જે કામ કરવાની કાયદા પ્રમાણે જે સખસની ફરજ છે તે કામ તે સખસે કર્યું તો તે ગુન્હો નથી" તે સાધારણ અપવાદમાં આ બીના દાખલ થાય છે

૭ આ કાયદાના કોઈ પણ ભાગમા જે શબ્દનો અર્થ સમજાવ્યો છે તે શબ્દ આ કાયદાના પ્રત્યેક ભાગમા તેજ અર્થ પ્રમાણે વાપર્યો છે

૮ પુરૂષ સર્વનામ 'તે' તથા 'તે' ને વિભક્તિ લાગીને સીદ્ધ થયેલા શબ્દો પુરૂષ તથા સ્ત્રી બંનેને લાગુ પડે છે

૯ એક વચનમા લખેલા શબ્દોને અનેક વચનમાં અને અનેક વચનમા લખેલા શબ્દોને એક વચનમાં સમજવા

૧૦ 'પુરૂષ' શબ્દવડે કોઈપણ વયનો માનવી પુરૂષ, અને સ્ત્રી' શબ્દમા કોઈ પણ વયની સ્ત્રી સમજવી

૧૧ સખસ એ શબ્દમા કોઇપણ કંપની, સભા કે માણુસોની મંડળીનો સમાવેશ થાય છે.

૧૨ લોક એ શબ્દમા કોઇપણ વર્ગ કે જમાતનો સમાસ થાય છે.

૧૩ રાણી—એ શબ્દવડે ગ્રેટબ્રિટન તથા આયર્લૈંડના એકઠા મળેલાં રાજ્યનો જે વખતે જે સત્તાધિશ હોય તે સમજવા

ટીકા—નામદાર શહેનશાહ બાનુ કે રાણી, એ શબ્દે મા તેના વારસોનો સમાવેશ થાય છે

૧૪ રાણીનો નોકર—એ શબ્દમા હિંદુસ્તાનનો રાજકારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો એકટ એ નામનો વિકટોરીયાના રાજ્યમા ૨૧ મા કે ૨૨ મા વરસમાં કરેલા સદરહુ કાયદાના બાબ ૧૦૬ ઠાએ અથવા તેના આધાર ઉપરથી કે હિંદુસ્તાની સરકારે કે કોઇપણ સરકારે કે તેની સત્તાથી હિંદુસ્તાન મધે કાયમ રાખેલા, ઠરાવેલા કે મકરર કરેલા સઘળા અમલદારો અથવા નોકરો સમજવા

૧૫ બ્રિટીશ ઇન્ડીયા—એ શબ્દ હીંદુસ્તાનનો રાજકારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો એકટ એ નામના વીકટોરીયાના રાજ્યના ૨૧ મા તથા ૨૨ મા વરસમાં કરેલા સદરહુ કાયદાના બાબ ૧૦૬ ઠા ઉપરથી રાણી સાહેબને હાથે જે મુલક આવ્યો છે, અથવા આવે તે મુલક સમજવો

૧૬ હીંદુસ્તાન સરકાર—એ શબ્દવડે હીંદુસ્તાનના ગવર્નર જનરલ પોતાની ઇનકોંસિલથી ગેરહાજર હોય તે દરમીયાનમા પ્રેસીડેન્ટ ઈનકાંસિલ અથવા એકલા હીંદુસ્તાનના ગવર્નર જનરલ સમજવા ને તેઓ અથવા જે જે અખત્યાર પ્રમાણે કાયદા મુજબ અમલ કરી શકે તે તે અખત્યારને સબંધે સમજવો,

૧૭ સરકાર—એ શબ્દ વડે જે સખસ અથવા સખસોને બ્રિટિશ ઈન્ડીયાના કોઇપણ ભાગમા હુકમત કરવાનો કાયદા પ્રમાણે અખત્યાર છે તે સખસ અથવા સખસો સમજવા

૧૮ પ્રેસીડેન્સી-એ શબ્દ વડે એક પ્રેસીડેન્સી સરકારનો તાબાનો મુલક સમજવો

૧૯ જડજ-એ શબ્દવડે જે સખસને તેના ઓહદ્દાને લીધે જડજનુ નામ આપ્યું હોય તે સખસ જ નહી પણ જે જે સખસને કાયદાથી કોઇપણ દીવાની કે ફોજદારી મુકરદમામાં આખરી ફેસલો અથવા જે ઉપર અપીલ ન થાય તો આખરી ગણાય એવા ફેસલા અથવા બીજા કોઇ અધિકારીએ બહાલ રાખેથી આખરી થાય એવો ફેસલો આપવાનો અખતીયાર હોય અથવા એવો ફેસલો આપવાને કાયદાથી અખ્તીયાર પામેલા અનેક સખસોમાનો। જે એક હોય તે દરેક સખસ પણ સમજવો

૨૦ ઇન્સાફની કોર્ટ—એ શબ્દો વડે જે જડજને કાયદાથી એકઠા રહીને ઇન્સાફનુ કામ કરવાનો અખતીયાર મળ્યો હોય અથવા જે જડજોને કાયદાથી એકઠા રહીને ઇન્સાફનુ કામ કરવાનો અખ્તીયાર મળ્યો હોય તે જડજ અથવા જડજો સમજવા પણ જયારે તે જડજ અથવા જડજો ઇન્સાફનુ કામ કરતા હોય ત્યારે.

૨૧ સરકારી નોકર—એ શબ્દોમા રાણીનો દરેક કવેનાજન્ડેટ સરવન્ટ રાણીની જમીન પરની કે દરીયાઇ ફોજનો કમીશન્ડ ઓફીસર, દરેક જડજ ઇન્સાફની કોરટનો દરેક અમલદાર જુરી આસેસર કે ઇન્સાફની કોર્ટને મદદ કરનારી પચાયતનો માણુસ લવાદ કે બીજો માણુસ જેને કોઇ સખસને કેદ કરવાનો હોદ્દાની રૂયે અખત્યાર હોય છે, સરકારનો હરકોઇ અમલદાર સરકારની વતી મીલકત લેવાનુ માપણી જમાબધી કે કરાર કરવાનુ હોય તે અમલદાર, દિવાની પ્રોસેસ બજાવનાર કેદના વારટો બજાવનાર પટાવાળાઓ, એ સર્વે સરકારી અમલદાર છે. મ્યુનીસીપાલ કમીશનર સરકારી નોકર છે

૨૨ જગમ મીલકત—એ શબ્દોમાં જમીન અને જમીનને ચોટેલી વસ્તુ અથવા જમીનની વસ્તુ અથવા જમીનની વસ્તુ જોડે જાથુ જોડાયલી વસ્તુ સિવાયની કોઈપણ પ્રકારની મિલકત સમજવી.

૨૩ ગેરવ્યાજબી લાભ—કાયદાવિરૂદ્ધ ઉપાયોથી મીલકતનુ મેળવવુ કે જે મીલકતપર તે મેળવનાર સખસને કાયદા પ્રમાણે હક નથી

ગેરવ્યાજબી હાની—એટલે કાયદા વિરૂદ્ધ ઉપાયોથી મીલકતનુ જવુ, જે મીલકતપર તે જેની પાસેથી જાય છે તે સખસને કાયદા પ્રમાણે હક છે. ગેરવ્યાજબી લાભમા મીલકતનુ ગેરવ્યાજ રાખવુ પણ સમજવુ. ગેરવ્યાજબી હાનીમાં કાંઇ મીલકત લેવામાં ગેરવ્યાજબી પ્રતિબધ થાય તે પણ સમજવું.

૨૪ બદદાનતથી—જે માણુસ જે કાંઇ વસ્તુ એક સખસને ગેરવ્યાજબી લાભ કરવાના અથવા બીજા સખસને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી કરે તે માણુસે તે વસ્તુ બદદાનતથી કરી એમ સમજવુ

૨૫ દગલબાજી—જો કોઇ સખસ કાંઇ વસ્તુ દગો કરવાના ઇરાદાથી કરે તે વસ્તુ તેણે દગલબાજીથી કરી એમ સમજવુ.

૨૬ માનવાનું કારણ—જે કોઇ સખસને કાંઇ વસ્તુ માનવાનુ પાકુ કારણ હોય તો તેને વસ્તુ માનવાનુ કારણ છે એમ સમજવુ, નહિ તો નહી

૨૭ સ્ત્રી, મહેતા, કે નોકરના કબજામાંની મીલકત—જયારે કાંઇ મીલકત કોઇ સખસની વતી તે સખસની સ્ત્રી, મહેતા કે નોકરના કબજામા હોય ત્યારે આ કાયદાના અર્થ પ્રમાણે તે તેજ સખસના કબજામાં છે એમ સમજવુ.

૨૮ ખોટું બનાવવું—જે સખસ એક વસ્તુ બીજી વસ્તુના સરખી કરે એવા ઇરાદાથી કે તે સરખાપણામાંથી ફરેબ કરવો અથવા એવુ જાણીને તે શખસે તે વસ્તુ ખોટી બનાવી એમ સમજવુ.

૨૯ લેખ—એ શબ્દવડે જે કાંઇ બાબત કાંઇ વસ્તુ ઉપર અક્ષર આંક કે ચિન્હવડે સમજાવી કે જાહેર કરેલી હોય અને જે સાબીતો તે બાબતના પુરાવા દાખલ વાપરવાનો ઇરાદો હોય અથવા વપરાય,

૩૦ કીંમતી દસ્તાવેજ—એ શબ્દોવડે જે લેખથી કાંઇ કાયદેસર હક ઉત્પન્ન થતો હોય વધતો હોય કે બીજાને અપાતો હોય ઓછો થતો હોય, નાબુદ થતો હોય કે છોડી દેવાતો હોય, કે જે લેખથી કોઈ સખસ કબુલ કરતો હોય કે મારી જુમેદારી છે કે ફલાણો કાયદેસર હમારો નથી એવો લેખ અથવા મતલબનો લેખ સમજવો

૩૧ વીલ—એ શબ્દવડે, કોઇપણ વસીયતનામાનો લેખ સમજવો

૩૨ કાયદેસર કસુરો—આ કાયદામા, કરેલા કામોનો બોધ કરનારા શબ્દો હોય તે શબ્દો કાયદા વિરૂદ્ધ કસુરોને પણ લાગે છે એમ સમ ``, પણ ઉલટો અર્થ જણાતો હોય તો તેમ અર્થ કરવો

૩૩. કામ —એ શબ્દ એક કામને તેમ એક પછી એક એ પ્રમાણે કરેલા અનેક કામોને પણ લાગે છે. અને કસુરો એ શબ્દ એક કસુર તેમજ એક પછી એક એ પ્રમાણે કરેલી અનેક કસુરોને પણ લાગે છે

૩૪ ઘણા શખસોનો ઇરાદો હોય તે પાર પાડવા સારુ તે સઘળા સખસોએ મળીને જ્યારે કંઇ ગુન્હાનું કામ કર્યું હોય ત્યારે તેઓમાનો હરએક સખસ તે કામ તેણે એકલાએજ કયુ હોય એ રીતે તે કામને માટે જવાબદાર છે

૩૫, જયારે એવું કાઇ કામ સાપરાધ કે જ્ઞાન ઇરાદાથી થવાને લીધે ગુન્હો ગણાતું હોય તો તેઓમાંનો દરેક શખસ જે તે કામમા તેવા જ્ઞાન અથવા ઇરાદાથી સામેલ થયો હોય તે તેણે એકલાએજ તેવો જ્ઞાન અથવા ઇરાદાથી તે કામ કર્યું હોય એ રીતે તે કામને માટે જવાબદાર છે

૩૬ જે કામથી કે કસુરથી કોઇ અસર કરવી, તે ગુન્હો ગણાતો હોય, તો તેજ અસર થોડા કામથી કે કસુરથી કરવી તે પણ ગુન્હો છે એમ સમજવુ

૩૭. ઘણા કામો મળીને કાઇ ગુન્હો થતો હોય તો જે સખસ એકલો કે બીજાની સાથે રહીને તેઓમાનુ એક કામ કરીને ગુન્હો કરવામા ઇરાદાથી મદદ કરે તો તે સખસે તે ગુન્હો કર્યો છે એમ સમજવુ

૩૮ કોઇ ગુન્હાનુ કામ કરવામાં ઘણા સખસો લાગેલા કે સામેલ હોય તો તેઓ તે કામથી જુદા જુદા ગુન્હાના તકસીરવાર થઇ શકે,

૩૯. બુદ્ધિપૂર્વક—જ્યારે કોઈ શખ્સે જે ઉપાયથી કઈ અસર પેદા કરવાનો ઈરાદો કર્યો હોય તે ઉપાય કામે લગાડતી વખતે તેણે જાણ્યુ કે માન્યું હોય કે તે ઉપાયથી તે, તે અસર પેદા કરે, તો તેણે બુદ્ધિપૂર્વક તે અસર પેદા કરી એમ સમજવુ

૪૦ ગુન્હો—આ કલમની બીજી ને ત્રીજી રકમમાં લખેલા બાબ અને કલમો સિવાય ગુન્હો એ શબ્દ વડે જે વસ્તુને માટે આ કાયદામા શીક્ષા કરવાનુ ફરમાવ્યું છે તે વસ્તુ સમજવી.

૪૧ વીશેષ કાયદો—એટલે કાઇ ખાસ બાબતને લાગુ પડે તેવો કાયદો.

૪૨. સ્થાનીક કાયદો—એટલે બ્રીટીશ ઇંડિઆના કોઇ વિશેષ ભાગનેજ લાગુ પડે તેવો કાયદો

૪૩. કાયદા વીરૂદ્ધ—એ શબ્દો જે વસ્તુ ગુન્હો છે, કે કાયદાએ મના કરેલી છે કે, દીવાની ફરીયાદનું કારણ થાય છે તે પ્રત્યેકને લાગુ પડે છે, અને જે શખશ જે વસ્તુ કરવામા કસુર કરે તો કાયદા વિરુદ્ધ થાય તે વસ્તુ કરવાની તે શખસની 'કાયદા પ્રમાણે ફરજ છે' એમ સમજવુ.

૪૪. નુકશાન—એ શબ્દવડે કોઇપણ શખશના શરીરને, મનને, આબરૂને અથવા મીલકતને કાયદા વિરૂદ્ધ રીતે કરેલી કાઇપણ હાની સમજવી

૪૫. જીંદગી—એટલે માણસની જીંદગી સમજવી.

૪૬. મોત—એટલે માણસનુ મોત સમજવુ

૪૭ જાનવર—એટલે માણસ શિવાય બીજી કાંઇપણ જીવવાળી વસ્તુ સમજવી

૪૮ વહાણ—એ શબ્દ વડે જળમાર્ગે માણસોને કે મીલકતને લઇ જવા કરેલી કોઇપણવસ્તુ સમજવી.

૪૯ વરસ—કે મહીનો એટલે ઇંગ્રેજી પર્ચાંગ પ્રમાણે તે વરસ અથવા મહીનો ગણુવો

૫૦ કલમ—એટલે કાયદાના જે ભાગોની આગળ આંકડા લખીને તેઓને જુદા પાડેલા છે તેઓમાંનો એક ભાગ સમજવો

૫૧. સોગદ—એટલે ધર્મપૂર્વક પ્રતીજ્ઞા કરવાનુ કાયદામા ફરમાવ્યું હોય તે પ્રતીજ્ઞા તથા ઇન્સાફની કોર્ટમા કેવળ જે ઠેકાણે કાઇ સરકારી નોકરની આગળ કોઇપણ એકરાર કરવાનુ કાયદામાં ફરમાવ્યુ હોય કે રજા આપી હોય કે જે ઇકરાર પુરાવાના કારણસર વાપરવો હોય તે એકરારનો પણ સમાશ થાય છે એમ સમજવુ.

૫૨ શુદ્ધબુદ્ધિથી જે વસ્તુ ઘટતી સભાળ તથા ધ્યાનવિના કરી કે માની હોય તે કરી અથવા માની એમ સમજવુ

બાબ ૩ મો

શિક્ષા બાબત

૫૩ શિક્ષા—આ કાયદા પ્રમાણે ગુન્હેગારો જે શિક્ષાઓને લાયક છે તે નીચે પ્રમાણે—

પહેલી મોત—બીજી સમુદ્રપાર, ત્રીજી આસનીક દાસત્વ, ચોથી કેદ, કેદ બે પ્રકારની છે (૧) સખત એટલે સખત મજુરી સાથે અને [૨] આસાન, પાચમી મીલકત સરકાર જપ્ત કરવી, છઠી દંડ અને સાતમી ફટકા

ટીકા—મોતની સજા વધુીજ થોડી કરવી જોઇએ, અને જ્યા ખુન કે રાજ્યની સામે મોટામા મોટો ગભીર ગુન્હો કરવામા આવ્યો હોય તેવાજ કેસમા માત્ર મોતની સજા કરવી

ફટકાની શીક્ષા—૧૬ વર્ષથી ઓછી ઉમ્મરનાને ફટકા મારવાની શિક્ષા કરવી.

૫૪ જે બાબત મોતની શિક્ષા કરવામા આવી હોય તે બાબતમા ગુન્હેગારોની રજામદી સિવાય હીંદુસ્તાનની સરકાર કે જે ઠેકાણે ગુન્હેગારને શીક્ષાનો હુકમ થયો હોય તે ઠેકાણાની સરકાર તે શીક્ષાને બદલે આ કાયદામા ઠરાવેલી બીજી ગમે તે શીક્ષા કરવાને મુખત્યાર છે

૫૫ જે બાબતમા જીવતા સુધી સમુદ્રપારની શીક્ષાનો હુકમ કરવામા આવ્યો હોય તે બાબતમા ગુન્હેગારની રજામદી સિવાય હીંદુસ્તાનની સરકાર કે જે ઠેકાણે તે ગુન્હેગારને શીક્ષાનો હુકમ થયો હોય તે ઠેકાણાની સરકાર તે શીક્ષાને બદલે ચાદ વરસની મુદત સુધીની બેમાની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવાને મુખત્યાર છે

૫૬ જે બાબત કોઇ સખસ યુરોપીઅન અમેરીકન છતા આ કાયદામા જેને માટે સમુદ્રપારની શીક્ષા ઠરાવી છે, એવા કોઇ ગુન્હા તેની ઉપર સાબીત થાય તે બાબતમાં સમુદ્રપારની શીક્ષાનો હુકમ ન કરતાં સન ૧૮૫૫ના ૨૪ મા આક્ટના ઠરાવો મુજબ કોરટે તે ગુન્હેગારોને સાશનીકદાસત્વની શીક્ષાનો હુકમ કરવો.

પણ જીવતા સુધીની શીક્ષાનો ઠરાવ નક્કી હોય અને દશ વરસ કરતાં વધુ મુદત કેદની શીક્ષાનો ઠરાવ હોય તે બાબત તે માણસ કોર્ટની નજરમા આવશે તે પ્રમાણે છ વરસ કરતા વધુ મુદત સુધી શાસનીક દાસત્વની શિક્ષા પામવાને તે લાયક થશે. પણ જીવતાં સુધી શાસનીક દાસત્વની શિક્ષાને લાયક થશે એમ સમજવુ

ટીકા—શાસનીક દાસત્વની શિક્ષા માત્ર યુરોપીઅન અને અમેરિકાને માટેજ છે, (૪ લો રી ૯ મુદ્રા ૪૮૩)

૫૭ શિક્ષાની મુદતોના ભાગોની ગણતરી કરવામા જીવતા સુધી સમુદ્રપારની શિક્ષાને વીસ વરસની સમુદ્રપારની શિક્ષાની બરોબર ગણવી.

૫૮ જે ગુન્હેગારોને સમુદ્રપારની શિક્ષાનો હુકમ કરવામાં આવે તે ગુન્હેગારોને સમુદ્રપાર કરતા સુધી તેને સખ્ત કેદની શિક્ષાનો હુકમ થયો હોય એ રીતે તેની ઉપર અમલ કરવો અને તે મુદતમા તેણે સમુદ્રપારની શીક્ષા ભોગવી એમ સમજવુ

૫૯ જે બાબતમા ગુન્હેગારને સાત વરસ અથવા તેથી વધારે મુદતની કેદની શીક્ષા થઈ શકતી હોય તે બાબતમા તે ગુન્હેગારને કેદની શિક્ષાનો હુકમ ન કરતા સમુદ્રપારનો હુકમ કરવાને તે ગુન્હેગારને શિક્ષાનો હુકમ કરનારી કોર્ટ મુખત્યાર છે પણ તે સમુદ્રપારની શિક્ષા સાત વરસ કરતાં ઓછી મુદતની હોવી ન જોઇએ તેમ જેટલી મુદતની કેદની શીક્ષાને તે ગુન્હેગાર લાયક હોય તે કરતાં વધુ મુદતની પણ હોવી ન જોઇએ

૬૦ જે બાબતમા ગુન્હેગારને બેમાની ગમે તે પ્રકારની કેદની શિક્ષા થઇ શકે તે બાબતમા આખી સખ્ત કેદ કે આખી આસાન અથવા તેમાથી કોઇ ભાગ સખ્ત ને બાકીનો આસાન એ પ્રમાણે શિક્ષા કરવાને કોર્ટ મુખત્યાર છે

ટીકા—સોળ વર્ષની ઉમરના ગુન્હગારોને દેશનીકાલની કે કેદની સજા કરવામા આવી હોય ત્યારે તેને કોર્ટના હુકમથી ફોજદારી જેલમા મોકલવાને બદલે ઉદ્યોગશાળામા મોકલાવાય.

૬૧ જે બાબતમા જે સખસની ઉપર એવો ગુન્હો સાબીત થાય કે તે ગુન્હાને માટે તે ગુન્હેગાર પોતાની સઘળી મીલકત સરકાર જપ્ત થવાને લાયક છે, તે બાબતમા ફરમાવેલી શીક્ષા ભોગવી રહ્યા વિના કે તે માફ થયા વિના સરકારના લાભ સિવાય બીજી રીતે તેની કોઈ મીલકત મેળવી શકાશે નહિ.

૬૨ જે બાબત જે સખસની ઉપર મોતની શિક્ષા થઇ શકે એવો ગુન્હો સાબીત થાય તે બાબત તે સખસની સ્થાવર, જંગમ સઘળી મીલકત સરકાર જપ્ત થાય એવો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે. જે બાબતમાં જે સખસને સમુદ્રપાર કરવામા આવે કે સાત વરસ કે તેથી વધુ મુદતની કેદની શિક્ષાનો હુકમ કરવામા આવે તો તે બાબતમા તેને સમુદ્રપારની કે કેદની મુદતના દરમિયાનમા તે સખસના કુટુંબને માટે સરકારની નજરમા દુરસ્ત જણાય તેવો બંદોબસ્ત સરકાર કરે એવી છુટ રાખીને તે મુદતની દરમિયાનમાં તેની સર્વે સ્થાવર જંગમ મિલકતનુ ભાડુ કે ઉપજ સરકાર જપ્ત થાય એવા હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે.

ટીકા—સાત વર્ષ કે ઉપરાંત સજા કરવામા આવી હોય તોજ આ કલમ પ્રમાણે મીલકત જપ્ત કરવાનો હુકમ થઇ શકે [૮ વી રી. ૩૫) આ કલમ ઘણા ભયકર ગુન્હા કરેલા બહાર પડે કે જુલમ ભરેલા સંજોગોમા ગુન્હો થયો હોય તોજ લાગુ કરવામા આવે છે [ઇ લો રી ૨૯ અલહા ૨૫)

૬૩ દંડની રકમ—જેટલે સુધી દંડ કરવો એની રકમ ક્યાય ઠરાવી નથી ત્યાં ગુન્હેગારને જે થઇ શકે તે દંડની કંઇ હદ બાંધી નથી પણ અતિશય દંડ કરવો નહિ

૬૪ દંડ ન આપે તો કેદ—કેદની તથા દંડની શિક્ષા થઇ શકે એવા ગુન્હાની જે બાબતમા ગુન્હેગારને કેદ સાથે કે કેદ વગર દંડની શિક્ષાનો હુકમ કરવામા આવે તે બાબતમાં અને કેદની અથવા દંડની કે ફક્ત દંડની શીક્ષા થઇ શકે એવા ગુન્હાની જે બાબતમાં ગુન્હેગારને દંડની શિક્ષા થઇ શકે એવા ગુન્હાની જે બાબતમા ગુન્હેગારને દંડની શીક્ષાનો હુકમ કરવામા આવે તે બાબતમા તે ગુન્હેગારે દંડ ન આપે તો તે આટલી મુદત સુધી કેદ ભોગવે એ પ્રમાણે તે ગુન્હેગારને શીક્ષાનો હુકમ કરનારી કોર્ટ તે હુકમમા ફરમાવવાને મુખત્યાર છે અને તે કેદ બીજી કોઇ કેદની શિક્ષાનો હુકમ તેના ઉપર થયો હોય તે કેદની ઉપરાંત અથવા એકે શીક્ષાને બદલે બીજી શીક્ષા કરવાના હુકમ ઉપર જે કેદને તે લાયક હોય તે કેદની ઉપરાંત સમજવી

ટીકા—વીલેજ પોલીસ પટેલને દંડને બદલે કેદની સજા કરવાને અધિકાર નથી

૬૫ કોઈ ગુન્હાને માટે કેદ તથા દંડ એ બને શીક્ષા થઈ શકતી હોય તો તે ગુન્હો કરનાર દંડ ન આપે તો તેને આટલી મુદત સુધી કેદ કરવો એ પ્રમાણે જે કોર્ટ ફરમાવે તેણે તે મુદત તે ગુન્હાને માટે ઠરાવેલી ઘણાંમા ઘણી કેદની જે મુદત હોય તેના ચતુર્થાંશ કરતાં વધારે ઠરાવવી નહી.

૬૬ દંડ ન આપવાને સારૂ જે કેદનો કોર્ટ હુકમ કરે તે કેદ તે ગુન્હાને માટે ગુન્હેગારને જે પ્રકારની કેદની શિક્ષાનો હુકમ થઇ શકે તે પ્રકારની થઇ શકે,

૬૭ દંડનીજ શીક્ષા થઇ શકે એવો ગુન્હો હોય, તો તે દંડ ન આપે તો કોર્ટ જે કેદની શિક્ષા કરે તે આસાન હોવી જોઇએ અને દંડ ન આપે તેને બદલે તે ગુન્હેગારને કેદ કરવાનુ કોરટ ફરમાવે તેવી મુદત નીચે લખી છે તે કરતા વધારે હોવી ન જોઇએ, એટલે દંડની રકમ પચાસ રૂપિયાથી વધારે ન હોય તો કેદની મુદત બે મહીનાથી વધારે ન હોવી જોઈએ અને દંડની રકમ ૧૦૦ રૂપીયાથી વધારે ન હોય તો મુદત બાર મહીનાથી વધારે ન હોવી જોઈએ અને બીજી બાબતમા છ મહીનાથી વધારે ન હોવી જોઇએ

૬૮ દંડ નહિ આપવાથી જે કેદ કરી હોય તે કેદ તે દંડ આપવામાં આવે અથવા કાયદાના હુકમથી વસુલ કરવામા આવે એટલે બંધ થશે.

૬૯ દંડ ન આપે તેને માટે કેદની જે મુદત ઠરાવી હોય તે મુદત પુરી થતા પહેલા અગર તે દંડનો જે ભાગ આપવામા કે વસુલ કરવામાં આવે કે દંડનો જેટલો ભાગ બાકી રહ્યો હોય તેના પ્રમાણમા દંડ ન આપવાથી આવેલા કેદની મુદત ઓછી ન હોય તો કેદ બંધ થશે

૭૦ દંડ અથવા તેનો જે ભાગ આપવાનો બાકી રહે તેટલો ભાગ શીક્ષાનો હુકમ થયા પછી ૬ વરસ સુધીમા કોઇપણ વખતે વસુલ થઈ શકે, અગર તે શીક્ષાના હુકમ મુજબ ગુન્હેગાર ૬ વરસ કરતાં વધારે મુદતની કેદને લાયક હોય તો તે મુદત પુરી થતા પહેલાં કોઇપણ વખતે વસુલ થઇ શકે અને ગુન્હેગારના મોતથી જે મીલકત તેનુ મરણ થયા પછી તેના કરજને સારૂ કાયદા પ્રમાણે જવાબદાર હોય તે મીલકત તે દંડની જવાબદારીમાંથી છુટતી નથી.

ટીકા—દંડ ન આપવાના બદલામા અમુક પ્રમાણમા ભોગવેલી સજાથી તેટલા પુરતા દંડની રકમ આપવાની જવાબદારીમાથી મુક્ત થઈ શકાતુ નથી. [અલ્હા વી નો (૧૮૮૨) ૮૫] દંડ ભરવાને માટે સ્થાવર મીલકત જવાબદાર થઈ શકે નહિ

૭૧. જે વસ્તુ ગુન્હો છે તે જુદા જુદા ભાગોથી બનેલી હોય અને તે ભાગ માહેલો હરકોઇ ભાગ જાતેજ ગુન્હો હોય તો એથી બીજી રીતે કરવું એવો સાફ ઠરાવ ન કર્યો હોય તો ગુન્હેગારને તેના ગુન્હાઓમાંના એક કરતાં વધારે ગુન્હાની શિક્ષા કરવી નહિ

૭૨ જુદા જુદા ગુન્હાઓમાનો એક ગુન્હો ફલાણા સખસે કર્યો છે પણ તે કયો એક કર્યો છે તેનો શક છે એ પ્રમાણે જ્યારે ફેસલામાં લખવામાં આવે ત્યારે તે બાબતોમાં જે ને સઘળા ગુન્હાઓને સારૂ એક સરખીજ શીક્ષા ઠરાવી ન હોય તો જે ગુન્હાને સારૂ ઓછામા ઓછી શીક્ષા ઠરાવી હોય તે શીક્ષા તે ગુન્હેગારને કરવામાં આવશે

૭૩ એકાંત કેદ—કોઈ સખસની ઉપર એવો ગુન્હો સાબિત થાય કે તેને માટે આ કાયદા મુજબ સખત કેદની શીક્ષા કરવાને કોરટને અખતીયાર છે, તો તે ગુન્હેગારને જેટલી મુદતની કેદનો હુકમ કરવામાં આવે તે મુદતના આટલા ભાગ અથવા ભાગો સુધી તેને એકાંત કેદમા રાખવો, એ રીતે તેના શીક્ષાના હુકમમાં ફરમાવવાને કોરટ મુખતીઆર છે પણ સઘળુ મળીને તે એકાંત કેદની મુદત ત્રણ મહીનાથી વધારે ન હોવી જોઇએ અને તે નીચેના હીસાબ પ્રમાણે હોવી જોઇએ એટલે,

જો કેદ ૭ મહીનાથી વધારે ન હોય તો એકાંત કેદની મુદત એક મહીનાથી વધારે ન જોઇએ.

જો કેદ ૭ મહીનાથી વધારે હોય અને એક વરસથી વધારે ન હોય તો એકાત કેદની મુદત બે મહીનાથી વધારે ન જોઇએ.

જો કેદની મુદત એક વરસથી વધારે હોય તો એકાત કેદની મુદત ત્રણ મહીનાથી વધારે ન જોઇએ.

૭૪ એકાંત કેદની હદ—એકાંત કેદની શીક્ષાનો હુકમ બજાવવામાં તેવી કેદ એકી વખતે કદાપી ચઉદ દીવસ કરતાં વધારે ન હોવી જોઇએ અને એકાત કેદની મુદતોની વચ્ચે તે મુદતો કરતા ઓછી વેળા ન જવી જોઈએ, અને જ્યારે કેદની શીક્ષા ત્રણ મહીનાથી વધારે હોય તો ફરમાવેલી આખી કેદની મુદતના કોઇ પણ એક મહીનાથી સાત દીવસ કરતાં વધારે એકાંત કેદ ન હોવી જોઇએ અને એકાંત કેદની મુદતોની વચ્ચે તે મુદત કરતાં ઓછી વેળા ન જવી જોઇએ

૭૫ જે સખસની ઉપર એકવાર આ એક્ટના ૧૨ મા કે ૧૭ મા બાબ મુજબ આગળ ત્રણ વરસ કે તેથી વધારે મુદતની કેદની શીક્ષા થઇ શકે એવો ગુન્હો સાબીત થયો હોય તે શખસ ફરીથી એવો ગુન્હો કરે કે જેને માટે ત્રણ વરસ કે તેથી વધારે મુદતની કેદની શીક્ષા થઇ શકે, તો તે સખસ એવા પાછળના દરેક ગુન્હાને માટે જીવતા સુધી સમુદ્રપારની શીક્ષાને કે દસ વરસ સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદને લાયક થશે.

બાબ ૪ થો.

સાધારણ અપવાદ

૭૬. જે સખસની જે વસ્તુ કરવાની કાયદા પ્રમાણેજ ફરજ છે અથવા કાયદાની કાંઇ ભુલના સબબથી નહી પણ હકીકતના કે કંઇ ભૂલના સબબથી જે સખસ શુદ્ધબુદ્ધિથી એમ માને કે એ વસ્તુ કરવાની મ્હારી કાયદા પ્રમાણે ફરજ છે તે સખસ જો તે વસ્તુ કરે તો તે ગુન્હો છે એમ સમજવુ નહિ

દૃષ્ટાંત (અ) અ એક સોલજર કાયદાના હુકમ મુજબ પોતાના ઉપરી અમલદારના ફરમાવ્યાથી લોકોના એક ટોળા ઉપર બંદુકનો એક બહાર કરે તો અ એ કોઇ ગુન્હો કર્યો છે એમ માનવુ નહિ

(બ) એક ઇન્સાફની કોર્ટના અમલદારને અને તે કોરટે ય ને પકડવાનો હુકમ કર્યા ઉપરથી ઘટતી તજવીજ કરીને જ ને ય માનીને તે જ ને પકડે તો અ એ કાંઇ ગુનો કર્યો એમ સમજવુ નહિ.

૭૭. જે અખતીયાર જે જડજને કાયદાએ આપેલો છે અથવા જે જડજ શુદ્ધબુદ્ધિથી એમ માને તે, કે આ અખતીઆર અને કાયદાએ આપેલો છે, તેવો કોઇ અખતીઆર અમલમા લાવતા તે જડજ ઇન્સાફનુ કામ કરવામા જે વસ્તુ કરે તે ગુન્હો છે એમ સમજવુ નહિ.

૭૮ કોઇ ઇન્સાફની કોર્ટનો ફેસલો અથવા હુકમ કાયમ હોત તે દરમ્યાનમાં તે ફેસલો અથવા હુકમ મુજબ કરેલી કાંઈ વસ્તુ અથવા તે ફેંસલો અથવા હુકમથી થઇ શકે એવી કોઇ વસ્તુ ગુન્હો છે એમ સમજવુ નહિ પછી તે ફેસલો કે હુકમ કરવાનો તે કોટનો અધીકાર ન હોય તેની કાંઇ ચીતા નહિ પણ તે કામ કરનાર સખસ શુદ્ધબુદ્ધિથી એમ માનવુ જોઇએ કે તે કોર્ટ ને તે અધીકાર છે

૭૯ જે સખસને જે વસ્તુ કરવાની કાયદાની રજા છે અથવા કાયદાની કાઇ ભૂલના સબબથી નહિ પણ હકીકતની કાઇ ભૂલના સબબથી જે સખસ શુદ્ધબુદ્ધિથી એમ માને છે કે, એ વસ્તુ કરવાની મને કાયદાથી રજા છે તે સખસ જો તે વસ્તુ કરે તો તે ગુન્હો છે એમ સમજવું નહિ

દષ્ટાંત—જ ખુન કરે છે એવુ સમજીને આ, જ ને પકડે હવે ખુન કરનારાઓને ખુન કરતાં પકડવાનો અધિકાર કાયદે સઘળાને આપ્યો છે, તે અધિકાર પોતાની અક્કલ શુદ્ધબુદ્ધિથી ચલાવીને અમલમાં લાવતાં આ, જ ને પકડે એવા હેતુથી કે તેને યોગ્ય અમલદારની આગળ હાજર કરવો તો આ એ કાઇ ગુન્હો કર્યો છે એમ સમજવુ નહી, પછી એમ માલમ પડે કે જ પોતાના બચાવમા કાંઈ કામ કરતો હતો તોપણ.

૮૦ કાઇ કાયદેસર કામ કાયદેસર રીતે કાયદેસર ઉપયોગથી તથા ઘટતી સભાળ અને ખબરદારીથી કરતાં ઇતેફાકન અથવા કમનસીબથી અને સાપરાધ ઇરાદા કે ગ્નાન વીના થયેલી કાંઇ વસ્તુ ગુન્હો છે એમ સમજવુ નહી

દૃષ્ટાત—[આ] એક કોહાડો લઇને મજુરીનુ કામ કરે છે એટલામાં તેનુ માથુ હાથમાંથી જુદૂ થઇને ઉડીને પાસે ઉભેલા એક માણુસને લાગીને તે માણુસ મરી જાય તો આ ઠેકાણે જો બરાબર ખબરદારી રાખવામા આ ની તરફથી કાંઇ કસુર ન હોય તો આ નું કામ માફ કરવા જેવુ છે. ગુન્હો નથી એમ સમજવુ.

૮૧. જો કાંઇ વસ્તુ હાનિ કરવાના સાપરાધ ઇરાદા વગર, તથા શુદ્ધબુદ્ધિથી શરીર અથવા મીલકતને થતી બીજી હાની અટકાવવાને અથવા તેથી તે બચાવવાને કરી હોય તો તે વસ્તુની હાની થશે એવો સંભવ છે એમ જાણીને તે વસ્તુ કીધી એટલાજ સબબપરથી તે ગુન્હો છે એમ સમજવુ નહી

ખુલાસો—એવી બાબતમાં તે અટકાવવાની અથવા બચાવ કરવાનો તે હાની એવી તરેહની તથા એટલી નજદીકની હતી કે કામથી બીજી હાની થશે એવો સભવ છે એમ જાણ્યા છતા તે કામનુ જોખમ માથે લેવુ એ કાયદેસર અથવા માફ કરવા જેવુ ગણાય, એ હકીકતની બાબત છે

દૃષ્ટાત—એક મોટી આગમાં આ લોકોના ઘરો તોડી પાડે એટલા સારૂ કે તે આગ પથરાતી અટકે, અને એ કામ તે શુદ્ધબુદ્ધિથી માણસની જીંદગી અથવા મિલકત બચાવવાના ઇરાદાથી કરે તો એ ઠેકાણે જો એમ માલમ પડે કે અટકાવવાની હાની એવી તરેહની તથા એટલી નજીકની હતી કે તેથી આ નું કામ માફ થાય આ એ ગુન્હો કીધો એમ સમજવુ નહી

ટીકા—પોતાને કાંઇ ફાયદો કરવાની ખાતર બીજાને નુકશાન કરનાર આ કલમનો બચાવ લઈ શકતો નથી

૮૨. સાત વરસથી ઓછી ઉમરના બાળકે કરેલી કાંઇ વસ્તુ ગુન્હો છે એમ સમજવુ નહી

૮૩ સાત વરસથી વધારે અને બાર વરસથી ઓછી ઉમરનુ બાળક જેની અક્કલ તે વખતે પોતાની ચાલ કેવી છે તથા તેથી શુ પરીણામે થશે, એ બાબત વિચાર કરી શકે એટની પુખ્ત થઇ નથી તેણે કરેલો કાઇ પણ વસ્તુ ગુન્હો છે એમ સમજવુ નહીં

૮૪ જે શખસ કાઇ કામ કરતી વખતે દીવાનગીના સબબથી હું કેવી રીતનુ કામ કરૂછુ એ અથવા જે કામ કરૂ છુ તે ખોટુ છે, અથવા કાયદાથી ઉલટુ છે એવુ જાણી શકતો નથી, તેનું કરેલું તે કામ ગુન્હો છે એમ સમજવુ નહિ,

૮૫ જે શખસ કાંઇ કામ કરતી વખતે કેફના સબબથી હું કેવી રીતનું કામ કરૂં છુ અથવા હું જે કામ કરૂ છુ તે ખોટુ છે અથવા કાયદાથી ઉલટુ છે એવુ જાણી શકતો નથી, તેનુ કરેલુ તે કામ ગુન્હો છે એમ સમજવુ નહિ, પણ જે વસ્તુથી તેને કેફ ચઢી હોય તે વસ્તુ તે ન જાણે એમ અથવા તેની ખુશી ન છતા તેને ખવાડી હોય તો.

ટીકા—દારૂ પીવાના સબબથી કાયદાની દ્રષ્ટાંતમા અમુક ગુન્હાનું સ્વરૂપ હોય તે કરતા વધારે ભયકર થતુ નથી પોતાની મેળે કેફ કરીને ગુન્હો કરે તેને આ કલમ લાગુ નથી

૮૬ જે બાબતોમાં કાંઇક કામ, અમુક જ્ઞાન અથવા ઇરાદાથી કર્યું ન હોય તો તે ગુન્હો ન ગણાય એવો હોય તે બાબતોમાં જે શખસ કેફની હાલતમા હોઇને તે કામ કરે તે શખસની ઉપર જાણે તેને કેફ ચડી ના હોય તો જે જ્ઞાન હોત, તેજ જ્ઞાન તેને હતું એમ સમજીને અમલ થવાને તે લાયક થશે પણ જે વસ્તુથી તેને કેફ ચડી તે વસ્તુ તે ના જાણે એમ અથવા તેની ખુશી ન છતા તેને ખવડાવી ન હોય તો

ટીકા—પોતાની મરજી વિરૂદ્ધ કેફ કરી હોય તેની અગર આગલી કલમમા લખ્યા પ્રમાણે ડીવાનાપણાની અસર જેટલીજ થશે.

૮૭ જે વસ્તુથી મોત અથવા મહાવ્યથા કર્યાનો ઇરાદો કર્યો નથી અને જેથી મોત અથવા મહાવ્યથા થશે એવો સભવ છે એમ તેનો કરનાર જાણતો નથી તે વસ્તુ કરવાથી થતી હાની ખમવાની જે સખસે સાફ રીતે અથવા અર્થ સમજાય એવી રીતે રજામદી આપી હોય એવા અઢાર વરસથી વધારે ઉમ્મરના કોઇ સખસને કાંઇ હાની થાય અથવા કોંઇ હાની કરવાનો તે વસ્તુ કરનારે ઇરાદો કર્યો હોય, તે હાનીના સબબથી અથવા જે સખસે તે હાનીનુ જોખમ માથે લેવાની રજામદી આપી હોય તે સખસને તે વસ્તુથી કાઇ હાની થશે એવો સભવ છે એમ તે વસ્તુ કરનાર જાણતો હોય તે હાનીના સબબથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવુ નહીં

દ્રષ્ટાંત—અ તથા જ રમતમા પટો ખેલવાનું કબુલ કરે, તો એ કબુલાતમા એવી રજામદી સમજાય છે કે વગર દગલબાજીએ તે પટો ખેલતાં જે હાની થાય તે ખમવી, હવે અ થી બાજબી રીતે ખેલતા જ ને કાંઇ વ્યથા થાય તો અ એ કાઇ ગુન્હો કર્યો એમ સમજવુ નહિ.

ટીકા—કબુલતથી કોઇનુ મરણ નીપજે તો તે શીક્ષણીય મનુષ્યવધ થાય છે સતી થનાર સ્ત્રીને મદદ કરનાર પણ શીક્ષણીય મનુષ્યવધના ગુન્હેગાર થાય છે

૮૮ જે વસ્તુથી મોત થાય એવો ઇરાદો કયો નથી વસ્તુથી થતી હાની ખમવાની અથવા તે હાનીનું જોખમ માથે લેવાની જે સખસે સાફ રીતે અથવા સમજાય એવી રીતે રજામદી આપી હોય તે ઇરાદો તે કરનારે કર્યો હોય અથવા તેને તેથી કાઇ હાની થશે એવો સંભવ છે, એમ તે કરનારે જાણ્યુ હોય તે હાનીના સબબથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી

દ્રષ્ટાંત—અમુક શસ્ત્રક્રિયા કરવાથી જનું મોત થવાનો સભવ છે એમ જાણીને પણ જનુ મોત આણવાનો ઇરાદો ન કરતા અને જ કાઇ દુખકારક રોગથી પીડા પામે તેને ફાયદો થાય એવા ઇરાદાથી શુદ્ધ બુદ્ધિએ જ ની રજામદી લઇને તેની ઉપર શસ્ત્રક્રિયા, અ ડાક્તર કરે તો અ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવુ નહિ

ટીકા—કબુલતથી કોઈને કઇ ઇજા કરવામા આવે તે કામ શુદ્ધબુદ્ધિથી તેના ફાયદાને માટે હોવુ જોઈએ કોઇ શખસ વૈદના ધધામા નિપુણ ન હોય પણ તેમ હોવાનો ઢોગ કરી અયોગ્ય દવાથી બીજાને નુકશાન કરે તો તેમા તે જવાબદાર છે.

૮૯ કોઇ બાર વરસથી ઓછી ઉમરના અથવા દીવાના સખસના ફાયદાને માટે તેના મસ જે વાલી હોય અથવા જે બીજા સખસના કાયદેસર હવાલામા તે સખસ હોય તે અથવા તેની સાફ રીતે અર્થાત સમજાય તેવી રજામદી લઇને કોઇ બીજા સખસ શુદ્ધબુદ્ધિથી કાઇ વસ્તુ કરે અને તે વસ્તુથી તે શખસને કાંઇ હાની થાય અથવા તેને કાંઇ હાની કરવાનો ઇરાદો તે કરનારે કર્યો હોય અથવા તેને કાઈ હાની થશે એવો સભવ છે, એમ તે કરનારે જાણ્યુ હોય તો તે હાનીના સબબથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવુ નહી, પરતુ.

૧ ઇરાદાથી મોત આણવાને કે મોત આણવાની કોશીશ કરવાને અપવાદ લાગુ પડશે નહિ

૨ કાંઇ વસ્તુનો કરનાર સખસ એમ જાણતો હોય કે એથી મોત પાવે એવો સભવ છે તે વસ્તુ મોત અથવા મહાવ્યથા અટકાવવા કે કાંઇ મોટો રોગ કે અશક્તતા દૂર કરવાના કારણથી કાંઇ બીજા કારણ માટે તે સખસ કરે તેને આ અપવાદ લાગુ પડશે નહી

૩ મોત અથવા મહાવ્યથા અટકાવવા કે કાંઇ મોટો રોગ કે અશક્તતા દુર કરવાના કારણ શિવાય બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવાને કે મહાવ્યથા કરવાની કોશીશ કરવાને આ અપવાદ*લાગુ પડશે નહીં.

૪ જે ગુન્હો કરવાને આ અપવાદ લાગુ પડતો નથી, તે ગુન્હો કરવામાં મદદગારી કરવાને પણ એ લાગુ પડશે નહિ.

દૃષ્ટાંત—ઞ શુદ્ધબુદ્ધિથી પોતાના બાળકના ફાયદાને સારૂ પોતાના બાળકની રજામંદી સિવાય તેને પથરી કાઢવા તેના જાગ દાક્તર પાસે ચીરાવે અને તેથી બાળકનો મોત થવાનો સંભવ છે, પણ તેનો જીવ જાય એવો તેનો ઇરાદો ન હોય તો ઞ આ અપવાદમાં દાખલ થાય છે

ટીકા—માબાપ કે શિક્ષકો છોકરાની સુધારણાને માટે સામાન્ય રીતે તેને શિક્ષા કરે તે આ કલમની અંદર રહેલા બચાવનો લાભ લઇ શકે છે

૯૦ કાંઇ નુકશાનની દેહશતથી અથવા હકીકતની ખોટી સમજથી કાંઇ રજામંદી કોઇ સખસથી અપાઇ હોય અને તે રજામંદી તેવી દેહશતથી અથવા ખોટી સમજથી અપાઇ છે એમ તે કામ કરનાર સખસ જાણતો હોય એમ માનવાનું તેને કારણ હોય અથવા જે સખસ દીવાનગીરી અથવા કેફના સબબથી જે કામ બાબત પોતાની રજામંદી અપાતી હોય તે કામ કેવી તરેહનું છે તથા તેનો પરીણામ કેવો થશે એ સમજવાને અશક્ત હોય એવા સખસે રજામંદી આપી હોય તો તે રજામંદીને આ કાયદાની કોઇપણ કલમમાં લખેલી રજામંદી પ્રમજવી નહિ

ટીકા—એક બાજીગર સાપનો ડંખ ઉતારવામાં ફતેહમંદ છે એમ જણાવી બીજાને સાપ કરડાવે અને થી તે મરી જાય તો બાજીગરને આ અપવાદનો લાભ મળી શકે નહીં

૯૧ જે સખસ રજામંદી આપનો હોય અથવા જેની વતી રજામંદી અપાવી હોય તે સખસને હાની થાય અથવા જે હાની કરવાનો ઇરાદો થયો હોય અથવા જે હાની થશે એવો સંભવ છે એમ જાણવામાં આવ્યું હોય અથવા જે હાનીના સંબંધ વીના પણ જે કામો ગુન્હો છે તે કામોને ૮૭, ૮૮, ૮૯ મી કલમમાના અપવાદો લાગુ પડતા નથી.

દૃષ્ટાંત—કોઇ સ્ત્રીની અથવા તેના વાલીની રજામંદી લઇને તેનો ગર્ભપાત કર્યો હોય તો તે રજામંદીથી તે કામ ગુન્હો નથી એમ થતું નથી.

૯૨ જે સખસના ફાયદાને માટે કાંઇ વસ્તુ કરી છે, તે એવી હાલતમાં આવી પડયો હોય કે તેથી રજામંદી બતાવી શકાતી ન હોય અને કોઇ વાલી અથવા તેને કાયદેસર હવાલામાં રાખનારો કોઇ બીજો સખસ ન હોય કે તે વસ્તુ કરેથી ફાયદો થાય એ રીતે વખતસર તેની રજામંદી મેળવી શકાય ના તેવી વેળાએ શુદ્ધબુદ્ધિથી તે શખસના ફાયદાને સારૂ તેની રજામંદી વગર કાંઇ વસ્તુ કરી હોતનો તેથી તે સખસને કાંઇ હાની થાય તે હાનીના સબબથી ગુન્હો છે એમ સમજીવું નહિ, પરંતુ.

૧ ઇરાદાથી મોત આણવાને અથવા મોત આણવાની કોશીશ કરવાને આ અપવાદ લાગુ પડશે નહિ. ૨. કોઇ શખસ જાણતો હોય કે એથી મોત આવે એવો સંભવ છે તે વસ્તુ મોત કે મહાવ્યથા અટકાવવાનો કે કાંઇ મોટો રોગ કે અશક્તતા દુર કરવાના કારણ માટે તે સખસ કરે તેને આ અપવાદ લાગુ પડશે નહીં ૩ મોત કે વ્યથા અટકાવવાના કારણથી કાંઇ બીજા કારણ માટે બુદ્ધપુર્વક વ્યથા કરનારને, કે વ્યથા કરવાની કોશીશ કરનારને આ અપવાદ લાગુ પડશે નહીં ૪ જે ગુનો કરવાને આ અપવાદ લાગુ પડતો નથી તે ગુનો કરવામાં મદદગારી કરવાને પણ લાગુ પડશે નહિ

દૃષ્ટાંત—જ પોતાના ઘોડા પરથી પડી ને બેહોશ થાય અને તેવામાં ઞ દાક્તર ત્યાં આવી પહોંચે, તેના વિચારમાં એમ આવે કે જની ખોપરી કાપવી જોઇએ, પછી જને વિચાર કરવાની શક્તિ પાછી આવતા પહેલા ઞ, જનું મોત આણવાના ઇરાદાથી નહિ પણ શુદ્ધબુદ્ધિથી જ ના ફાયદાને માટે જ ની ખોપરી કાપે તો ઞ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહિ

(બ) જને એક વાઘ લઇ જાય છે તે જોઇને ઞ તે વાઘને તાકીને ગોળી મારે અને તે ગોળીથી જ નો જીવ જાય એવો સંભવ છે એમ જાણીને પણ જ નો જીવ લેવાના ઇરાદાથી નહિં પણ શુદ્ધબુદ્ધિ એ જ ને ફાયદો કરવાના ઇરાદાથી તે ગોળી મારે, અને તેની ગોળીથી જ ને તેનો જીવ જાય એવું જોખમ લાગે તો ઞ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહિ,

ટીકા—ચોખી ના પાડયા છતાં કોઇ સરજન શસ્ત્રક્રિયા કરે તો તેને આ અપવાદનો લાભ ન મળે.

૯૩ કોઈ સખશના ફાયદાને સારૂ તેને શુદ્ધ બુદ્ધિએ કાંઇ કહેવામા આવે અને તેથી તે શખસને કાંઇ હાની થાય તો તે હાનીના સબંધથી તે કહેવુ ગુન્હો છે એમ સમજવુ નહીં.

દ્રષ્ટાંત—એક માદા માણસને આ દાકતર શુદ્ધબુદ્ધિએ કહે કે તું જીવી શકવાનો નથી અને તે હેબક-થી તે માણસ મરી જાય તો તેથી આ એ ગુન્હો કર્યો એમ સમજવુ નહિ.

૯૪ ખુન કે રાજ વિરૂદ્ધ જે ગુન્હાને માટે મોતની શીક્ષા ઠરાવેલી છે તે ગુન્હાઓ સિવાય જે કામ કોઇ સખસને કાંઇ ધમકીને લીધે કરવુ પડે, તે ધમકી એવી હોય કે જેથી તે કામ કરતી વેળાએ તે સખસના મનમા એવી દેહશત પેદા થાય કે જો હું એ કામ નહીં કરૂ તો મારૂ મોત થશે, તો તે કામ ગુન્હો છે એમ સમજવું નહિ. પણ તે કામ કરનાર સખસ પોતાની ખુશીથી અથવા પોતાને તાત્કાળીક મોત કરતા કાંઇ ઓછી હાનિના કારણસર દેહેસતથી એવી હાલતમા પોતે આવ્યો હોય કે તેથી તેની ઉપર તે દાબ થયો એમ ન થવુ જોઇએ

ખુલાસો ૧—જે સખસ પોતાની ખુશીથી કે મારમા વાની ધમકીના ભયથી આ માણસો ડાકાયટી છે એમ જાણીને તેમની ટોળીમા ભળે અને પછી કાયદેસર ગુન્હો હોય એવી વસ્તુ તેના સોબતીઓના જોરથી તેને કરવી પડે તો તેને આ અપવાદનો ફાયદો મળી શકતો નથી,

ખુલાસો—૨ કોઇ સખસને ડાકાયટીની એક ટોળી પકડે અને તરત મારી નાંખવાથી ધમકી દેખાડીને કાયદા મુજબ ગુન્હો થતો હોય એવી કાંઇ વસ્તુ તેની પાસે કરાવે, જેમકે કોઇ લુહાર પાસે તેના હથીઆર લેવાડીને પોતે કોઇ ઘરમા પેસીને તે લુટી લેવા સારૂ તે ઘરનાં બારણા ઉઘડાવે તો તેને આ અપવાદનો લાભ મળી શકે છે

ટીકા—ગમે તેટલો ડર બતાવવામા આવે પણ ખુન કે રાજ્યવિરૂદ્ધ ગુન્હો કરવાથી આ અપવાદનો લાભ મળતો નથી

૯૫ કાંઇ વસ્તુથી કાંઇ હાની થાય અથવા હાની કરવાનો ઇરાદો કર્યો હોય અથવા કાંઇ હાની થશે એવો સભવ જાણ્યામા હોય પણ તે હાની એટલી જુજ હોય કે સાધારણ સમજ તથા સ્વભાવનો કોઇ સખસ તે હાની બાબત ફરીયાદ કરે નહિ તો તે હાનીના સબંધથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવુ નહિ.

ટીકા—રસ્તે ચાલતા અથડાઅથડી થાય, કે બીજાની છરી અડકે તો તે ગુન્હો નથી, ત્રણ પાઇની કીમતથી સરકારી જમીનમાની પાપડી ચોરવા માટે માજીસ્ટ્રેટે એક ગુન્હેગારને સજા કરી હતી તે હાઇ કોરટે રદ કરી હતી

ખાનગી બચાવના હક બાબત.

૯૬ ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં કરેલી કાંઇ પણ વસ્તુ ગુન્હો છે એમ સમજવુ નહીં

ટીકા—તોહોમતદારે ખાનગી બચાવનો હક રજુ કરીને પુરવાર કરવો જોઇએ તે હક નીચેની કોર્ટમા રજુ ન કર્યો હોય તો અપીલમાં રજુ ન થઇ શકે

૯૭ દરેક માણસને નીચે લખેલા બચાવ કરવાનો હક છે, પણ તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદો લાગુ પડે છે

૧ શરીર સબધી કોઇ પણ ગુન્હાથી પોતાના કે બીજા કોઈ સખસના શરીરનો બચાવ.

૨, ચોરી, અપહરણ, બીગાડ કે સાપરાધ પ્રવેશ એ ગુન્હાઓના લક્ષણોમા દાખલ થઇ શકે એવો ગુન્હો જે કામ હોય અથવા જે કામ ચોરી, અપહરણ, બીગાડ કે સાપરાધ પ્રવેશ કરવાની કોશીશ હોય તે કામથી પોતાની કે બીજા કોઇ સખસની સ્થાવર જંગમ મિલકતનો બચાવ.

ટીકા—ખાનગી બચાવમા સામે થનાર સખસે શુદ્ધ બુદ્ધિથી જાણવું જોઈએ કે, જો તે પોતાનો બચાવ નહિ કરે તો આ કલમમા બતાવેલા ગુન્હા તેની જાત કે મિલકત સામે થશે, રાત્રે કોઇ પેઠી ઉઘાડતો હોય તો તેને મારવા માટે ખાનગી બચાવનો હક પહોચી શકે છે

૯૮—જે કામ બીજી હાલતમા થયેથી અમુક ગુન્હો ગણાય તેવુ હોય તે જે તે કામ કરનારની નાની ઉમરના, બુદ્ધિની કચાશના કે દીવાનગીના સબબથી કે તેને કેફ ચડી હોય કે તે સખસની કાંઇ ખોટી સમજ હોય તે સબબથી તે ગુન્હો થઇ શકતો ન હોય તોપણ જાણે તે કામ તે ગુન્હો હોય એવી રીતે તેથી ખાનગી બચાવ કરવાનો દરેક સખસનો તેવોજ હક છે.

દ્રષ્ટાંત—[અ] દીવાનગીના જોરથી જ, બનો જીવ લેવાની કોશીશ કરે તો જ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવુ નહીં પણ જ ડાહ્યો હોય એવીજ રીતે ખાનગી બચાવનો બને હક છે.

(ઘ) જે ઘરમાં પેસવાનો અ નો કાયદા પ્રમાણે હક છે તે ઘરમા અ રાતને વખતે પેસે જ શુદ્ધ બુદ્ધિએ અને ઘર ફોડનારો સમજીને અ ની ઉપર હુમલો કરે તો એ ઠેકાણે ખોટી સમજને લીધે અ ની ઉપર હુમલો કરવાથી જ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવુ નહિ. પણ જ તે ખોટી સમજથી કામ ના કરતો હોય એવી રીતે જ ની સામા ખાનગી બચાવનો અ નો હક છે

(૧) ખાનગી બચાવ કરવાનો હક નથી તે કામ

૯૯ જે કામથી મોત અથવા મહાવ્યથા થવાનો કારણસર ભય ઉત્પન્ન થતો નથી એવુ કામ કોઇ સરકારી નોકર પોતાના હોદ્દાની રૂએ શુદ્ધબુદ્ધિથી અમલ કરતા જો કરે અથવા કરવાની કોશીશ કરે તો પછી તે કામ બરાબર કાયદા મુજબ ન હોય તોપણ તે કામથી ખાનગી બચાવનો હક નથી

[૨] ઉપર પ્રમાણે સરકારી નોકર પોતાના હોદ્દાની રૂએ અમલ કરતા કરેલા હુકમ ઉપરથી જો કાંઇ કરે કે કરવાની કોશીશ કરે તો પછી તે હુકમ બરાબર કાયદા મુજબ ન હોય તોપણ તે કામથી ખાનગી બચાવનો હક નથી

(૩) સરકારી અધિકારીઓને આશરો માગવા જવાની વેળા હોય, એવી બાબતોમા ખાનગી બચાવનો હક નથી

(૪) કોઇપણ બાબતમાં બચાવ કરવાના કારણસર કરવી જરૂર હોય તે કરતા વધારે હાની કરવા સુધીનો ખાનગી બચાવનો હક નથી

ખુલાસો (૧) આ કામ કરનાર સરકારી નોકર છે એવુ જે સખસ જાણતો નથી કે એવુ માનવાને કારણ નથી તે સખસનો તે સરકારી નોકર જે કામ કરે તે કામથી ખાનગી બચાવનો હક જતો નથી

ખુલાસો, (૨) આ કામ કરનારો માણસ સરકારી નોકરના હુકમથી એ કરે છે એવુ જે સખસ જાણતો નથી. કે એવુ માનવાનુ જેને કારણ નથી, અથવા ફલાણા અખત્યારથી એ કામ કરૂં છુ એમ તે માણસ કહે નહી, અગર તે અખત્યાર લખેલો હોય તો માગેથી તે બતાવે નહીં તો તે સખસનો સરકારી નોકરના હુકમથી તે માણસ જે કામ કરે તે કરવાની કોશીશ કરે તે કામથી ખાનગી બચાવનો હક જતો નથી

૧૦૦ જે ગુન્હા ઉપર ખાનગી બચાવનો હક અમલમા લાવવો પડે તે ગુન્હો જો નીચે લખેલા પ્રકારોમાનો કોઇપણ પ્રકારનો હોય તો હુમલો કરનારને બુદ્ધિપુર્વક મોત કે બીજી કાંઇ હાની કરતાં સુધી શરીરના ખાનગી બચાવનો હક પહોચે છે, પણ તે હકને ઉપલી કલમમા લખેલી હદો લાગુ પડે છે

ગુન્હાઓના પ્રકારો

૧ જો બચાવનો હક એટલે સુધી અમલમા ન લેવાય તો તેનુ પરિણામ મોત થશે એવો કારણસર ભય જેથી ઉત્પન્ન થાય એવો હુમલો,

૨ જો બચાવનો હક એટલે સુધી અમલમા ન લેવાય તો તેનો પરિણામ મહાવ્યથા થશે એવો કારણસર ભય જેથી ઉત્પન્ન થાય એવો હુમલો,

૩ બળાત્કારે સંભોગ કરવાના ઇરાદાથી હુમલો કરવો, ૪ સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈથુનની ઇચ્છા પૂર્ણ કરવાના ઇરાદાથી હુમલો ૫ મનુષ્યહરણ કે મનુષ્યનયન કરવાના ઇરાદાથી હુમલો. ૬ કોઇ સખસને ગેર વ્યાજબી રીતે કેદ કરવાના ઇરાદાથી હુમલો, અને તે એવી હાલતમાં હોય કે તેથી પેલા સખસને કારણસર એવો ભય ઉત્પન્ન થાય કે પછી એ કેદમાથી છુટવાને સારૂ સરકારી અધિકારીઓને અરજ કરવાનું મહારાથી બની શકશે નહિ

૧૦૧ જો ગુન્હો ઉપલી કલમમા લખેલા પ્રકારોમાના કોઇપણ પ્રકારનો ન હોય તો શરીરના ખાનગી બચાવનો હક હુમલો કરનારને બુદ્ધિપૂર્વક મોત કરતા સુધી પોચતો નથી. પણ હુમલો કરનારને મોત સિવાયની બુદ્ધિપૂર્વક કાંઇ બીજી હાની કરતા સુધી પહોચે છે, અને તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદો લાગુ પડે છે

૧૦૨ અગર ગુન્હો નહી થયો હોય તોપણ ગુન્હો કરવાની કાંઇ કોશીશ અથવા ધમકીથી શરીરને જોખમ પોચવાનો કારણસર ભય ઉત્પન્ન થાય કે તુરત શરીરના ખાનગી બચાવનો હક શરૂ થાય છે, અને જ્યાં સુધી શરીરને જોખમનો ભય જારી રહે ત્યાં સુધી તે હક જારી રહે છે.

ટીકા–ખાનગી બચાવનો હક તેની જરૂર બંધ પડે કે તરત જતો રહે છે, એક સખસ પાસે તલવાર લટકાવી હોય તેની સામે ખાનગી બચાવ કરવા માટે તેને મારી નાંખવાની હદ સુધી જઈ શકાય નહિ,પણ તે સખસ તરવાર મ્યાનમાથી ઉઘાડવાનુ શરૂ કરે ત્યારે તો પછી ઉઘાડે ત્યા સુધી વાટ ન જોઈ શકાય, તેની રીતે એક માણસ રાતે ચોરને તાળા સાથે ગરબડ કરતો જુવે ત્યારે તેની સામે પીસ્તોલ ફોડી શકે અને ચોર અંદર પ્રવેશ કરે ત્યા સુધી વાટ જોવી જોઈએ નહીં. પણ કમ્પાઉડમા રાતે કોઈ આટા મારતો હોય તેની સામો વ્યાજબી શકા વગર તેટલે દરજ્જે જવુ નહી ખાનગી બચાવનો હક વાસ્તવીક ભયને માટે વાજબી દેહશત કેટલી હતી તે ઉપર આધાર રાખે છે

૧૦૩ મિલકતના બચાવ માટે મોત કરતાં સુધી હક—જે ગુનો કરવા કે તેની કોશીશ કરવા ઉપરથી ખાનગી બચાવનો હક અમલમા લાવવો પડે, તે ગુન્હો જો નીચેના કોઈ પણ પ્રકારમાનો હોય તો ગુન્હો કરનારને બુદ્ધિપુર્વક મોત કે બીજી કોઈ પણ હાની કરતા સુધી મીલકતના ખાનગી બચાવનો હક પહોંચે છે, પણ તે હકને ૯૯ મી કલમમા લખેલી હદો લાગુ પડે છે

ગુન્હાઓનો પ્રકાર

૧ અપહરણ, ૨ રાતને વખતે ઘર ફોડવુ, ૩ કોઈ ઇમારત, તંબુ કે વહાણ માણસના ઘર દાખલ વપરાતુ હોય અથવા મીલકત રાખવાની જગા દાખલ વપરાતું હોય, તે ઇમારત, તબુ કે વહાણપરથી આગથી બીગાડ કરવો, ૪ ચોરી, બીગાડ, કે ઘરપ્રવેશ અને તે એવી હાલતમા કરવો કે તેથી કારણુસર એવો ભય ઉત્પન્ન થાય કે જો ખાનગી બચાવનો હક અમલમા નહિ લેવાય તો તેનુ પરીણામ મોત કે મહાવ્યથા થશે.

ટીકા–રાતની વખતે ઘર ફોડવાનો તેમ આગ લગાડવાનો ગુન્હો ઘણો ભયકર માનવામા આવે છે, કેમકે રાતે ઓચીંતોજ એક માણસ પોતાના ઘરમા ચોર જુએ, તેની સામે થવામા તેને લાંબી હદ કાયદો આપે છે, એક માણસ ગેરકાયદેસર રીતે જમીન કબજામા રાખી રહ્યો હોય અને બીજો આવીને તેને કહાડી મુકવા માડે તો તે કબજાવાળા સખસે તેની સામે રહી તેને દુર કરવો એ કાયદેસર છે

૧૦૪ જો ગુન્હો કરવા કે જેની કોશીશ કરવા ઉપરથી ખાનગી બચાવનો હક અમલમા લાવવો પડે તે જો ઉપલી કલમમાં લખેલા પ્રકારોમાના કોઈ પણ પ્રકારની ચોરી, બીગાડ કે સાપરાધ પ્રવેશ નહી હોય તો તે હક બુદ્ધિપુર્વક મોત કરતાં સુધી પહોચતો નથી. પણ ગુન્હેગારને મોત સિવાયની બુદ્ધિપૂરક બીજી કોઈ પણ હાની કરતા સુધી પહોચે છે અને તે હકને ૯૯ મી કલમમા લખેલી હદો લાગુ પડે છે.

૧૦૫ (૧) મીલકતના ખાનગી બચાવના હકની શરૂઆત, ૧ જ્યારથી કાંઈ મીલકતને જોખમના કારણુસર ભય ઉત્પન્ન થાય ત્યારથી તે મીલકતના ખાનગી બચાવનો હક શરૂ થાય છે, ૨ ચોરીની મીલકત-ખાનગી બચાવનો હક મીલકત લઈને ગુન્હેગાર નાશી જાય અથવા સરકારી અધીકારીઓનો આશરો મળે કે મીલકત પાછી હાથ લાગે ત્યા સુધી જારી રહે છે ૩ અપહરણની મીલકતના ખાનગી બચાવનો હક જ્યાં સુધી ગુન્હેગાર કોઈ સખસને મોત અથવા મહાવ્યથા કે ગેરવ્યાજબી અટકાવ કરે અથવા કરવાની કોશીશ કરે કે જ્યા સુધી તાત્કાળીક વ્યથાનો કે શરીર સબધી તાત્કાળીક અટકાવનો ભય જાગતો રહે ત્યાં સુધી જારી રહે છે. ૪ સાપરાધ પ્રવેશ–કે બીગાડથી મીલકતના ખાનગી બચાવનો હક જ્યા સુધી ગુન્હેગાર સાપરાધ પ્રવેશ બીગાડ કરવામા જારી રહે ત્યાં સુધી જારી રહે છે, ૫ રાતને વખતે ઘર ફોડવાથી શરૂ થવાનો ઘર પ્રવેશ જ્યાં સુધી જારી રહે ત્યાં સુધી જારી રહે છે,

૧૦૬ જો કાંઈ હુમલો એવો થાય કે તેથી મોતનો કારણુસર ભય ઉત્પન્ન થાય અને તે હુમલાથી ખાનગી બચાવનો હક અમલમાં લાવતા પોતાનો બચાવ કરનાર સખસ એવી હાલતમા આવી ગયેલો હોય કે કોઈ બેગુના સખસને હાની કરવાના જોખમ શીવાય તેથી તે હક ધાર્યું થાય એવી રીતે અમલમાં લાવી શકાય નહી, તો તે જોખમમાં પડતાં સુધી ખાનગી બચાવનો તેનો હક પહોંચે છે.

દ્રષ્ટાંત–અ ની ઉપર એક ટોળીએ હુમલો કર્યો અને તેનુ ખુન કરવાની કોશીશ કરે છે, તો તે ટોળાની ઉપર બદુક ફોડ્યા સિવાય ધારેલુ થાય એવી રીતે ખાનગી બચાવનો હક અ અમલમાં લાવી શકે

એવું નથી, અને તે ટોળામાં કેટલાંક બાળક છોકરાં છે, તેઓની હાની કરવાના જોખમ શીવાય આ બંદુક છોડી શકતો નથી, હવે એવુ છતા બંદુક છોડેથી જો આ થી તે છોકરાઓમાના કોઇ છોકરાઓને કાંઇ હાની થાય તો આ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહિ

બાબ ૫ મો.

મદદગારી બાબત.

૧૦૭. મદદગારી કાંઇ વસ્તુ સબંધી નીચે લખ્યા પ્રમાણે જે માણસ કરે તે માણસે વસ્તુ કરવામા મદદગારી કરી એમ સમજવુ.

૧ જે માણસ તે વસ્તુ કરવાને કોઇ શખસને ઉશ્કેરે,

૨ જે માણસ તે વસ્તુ કરવાને કોઇ સખસ કે સખસોની સાથે કાંઇ મસલતમાં સામેલ થાય, પણ તે ક્યારે કે તે મસલત મુજબ તે વસ્તુ કરવા માટે કાંઇ કામ કે કાયદા વિરૂદ્ધ કસુર કરવામા આવે તો,

૩ જે માણસ કાંઇ કામ કે કાયદા વિરૂદ્ધ કસુર કરવામા આવે તો,

ખુલાસો-૧ કોઇ સખસ જાણી જોઇને કાંઇ વાત કહીને કે જે જરૂરનં હકીકત કરવાની પોતાની ફરજ હોય તે હકીકત જાણી જોઇને છુપાવીને બુદ્ધિપૂર્વક કાંઇ વસ્તુ કરાવ કે કરાવવાનાં કોશીશ કરે તો તેણે તે વસ્તુ કરવાની ઉશ્કેરણી કરી એમ સમજવુ

દ્દષ્ટાંત—અ એક સરકારી નોકર છે તેને ઇન્સાફી કોર્ટનું વારંટ જ ને પકડવાનુ મળ્યું છે, પછી બ અ ને કહે કે ક તે જ છે અને અ ની પાસે ક ને પકડાવે તો બ એ ક ને પકડવામાં મદદગારી કરી એમ સમજવુ.

ખુલાસો—૨ કામ કરતા પહેલાં કે તે વખતે તે કામ કરવુ સહેલ કરવા સારૂ જે માણસ કાંઇ વસ્તુ કરીને તે કામ સહેલ કરે તો તે માણસે તે કામ કરવામાં સહાય કરી એમ સમજવુ.

ટીકા—ત્રણ રીતે મદદગારી થાય છે ઉશ્કેરણીથી, તેમા ૨ સામેલ થવાથી, અને ૩ સહાય કરવાથી ત્રણમાંથી એક વાત બને તો તે કલમ પ્રમાણે ગુન્હો કરે છે.

જે વખતે પોલીસ કોન્સ્ટેબલો કોઇને માર મારી ગુન્હો મનાવતા હોય તે વખતે તેમનો ઉપરી ત્યાથી જાણીને ખસી જાય તો તેના ઉપર મદદગારીનો આરોપ મુકી શકાય. બીજા માણસને કાંઇ કૃત્ય કરવાની સલાહ, હુકમ કે ઉતેજન આપવાથી ઉશ્કેરણી થઇ શકે, કેટલાક માણસો પોતે ઘેર બેસી રહી બીજાને પૈસા આપીને, સલાહ આપીને કે ઉધુચતુ સમજાવીને ગુન્હા કરાવે છે તે આ કલમ પ્રમાણે સજાને પાત્ર છે.

૧૦૮ મદદગાર જે સખસ કાંઇ ગુન્હો કરવામાં મદદગારી કરે અથવા જે કામ મદદગાર સખસના ઇરાદા કે ગ્નાનથી ગુન્હો કરવાને કાયદા પ્રમાણે કોઇ શકિતમાન સખસે કર્યું હોય તો ગુન્હો થાય એવુ કાંઇ કામ કરવામાં મદદગારી કરે તે સખસે ગુન્હામા મદદગારી કરી એમ સમજવુ

ખુલાસો—(૧) કાંઇ કામની કાયદા વિરૂદ્ધ કસુર કરવામા મદદગારી કરવી તે ગુન્હો થઇ શકે છે, પછી તે કામ કરવાની અગર તે મદદગારની પોતાની ફરજ નહી હોય તો પણ

ખુલાસો—(૨) મદદગારીનો ગુન્હો થવામા એવુ કાંઇ જરૂર નથી કે મદદગારી કરેલું કામ થવુ જોઇએ અથવા જે અસર તે ગુન્હો થવામા જરૂર છે તે અસર પેદા થવી જોઇએ

દ્દષ્ટાંતો (અ) અ, બને જનું ખુન કરવાને ઉશ્કેરે બ તેમ કરવાની ના કહે તોપણ બને ખુન કરવામાં અએ મદદગારી કરી એમ સમજવુ.

(બ) અ, બ ને, ડ નુ ખુન કરવાને ઉશ્કેરે ને તે ઉશ્કેરણી મુજબ બ, ડ, ને એક ખંજર મારે તે જખમથી ડ સારો થાય તોપણ અ એ બને ખુન કરવાની ઉશ્કેરણી કરી એમ સમજવુ

ખુલાસો—(૩) એવુ કાંઇ જરૂરનુ નથી કે જે સખસને મદદગારી કરી હોય તે સખસ કાંઇ ગુનો કરવાને કાયદા પ્રમાણે શક્તિમાન જોઇએ અથવા તે મદદગારના જે જ તે સખસનો સાપરાધ ઇરાદો કે ગ્નાન જોઇએ

દ્રષ્ટાંતો-(અ) અ સાપરાધ ઇરાદાથી એક બાળકને કે ગાંડા માણસને કાંઇ કામ કરવાને ઉશ્કેરે અને તે કામ એવું હોય કે ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શક્તિમાન હોય એવો સખસ અ ના જેવા ઇરાદાથી તે કામ કરે તો તે ગુન્હો ગણાય તો એ ઠેકાણે અ એ ગુન્હામાં મદદગારી કરી એમ સમજવું, પછી તે કામ કરવામાં આવે, કે નહીં તોપણ;

(બ) જ નું ખુન કરવાના ઇરાદાથી અ સાત વરસથી ઓછી ઉમરના એક બાળક બ ને ઉશ્કેરે જેથી તે કામ તે કરે તો તેમાં બ ગુન્હો કરવાને શક્તિમાન નથી તો પણ જાણે શક્તિમાન હોય તે જ રીતે અ ને મદદગારી માટે શીક્ષા થઈ શકે

(ક) અ એક ઘરને આગ લગાડવાને બ ને ઉશ્કેરે, ને અની ઉશ્કેરણી ઉપરથી બ તેમ કરે અને બ દીવાનગીના સબબથી તે કામ ખોટું કે કાયદા વિરૂદ્ધ છે તે જાણવાને અશક્ત હોય તો બ એ ગુન્હો કર્યો એમ સમજવું નહિ, પણ અ ને તે ગુન્હામા મદદગારી કર્યાની શીક્ષા થઇ શકે.

(ડ) ચોરી કરવાના ઇરાદે જ ના કબજામાંથી કાંઇ મીલકત લેવાને અ બ ને ઉશ્કેરે અને અ બ ના મનમા એવો વિશ્વાસ ઉત્પન્ન કરે કે મિલકત અ ની છે, પછી શુદ્ધ બુદ્ધિથી તે મિલકત અ ની છે એમ માનીને બ તે મીલકત જ ના કબજામાંથી લે તો એ ખોટી સમજણથી કામ કર્યું તેથી તેણે બદ-નિયતથી લીધી એમ કહેવાય નહી. માટે તેણે ચોરી કરી એમ સમજવું, પણ અ એ ચોરી કરવામા મદદગારી કરી અને બ, અ એ ચોરી કરી હોય ને જે શીક્ષા બ ને થાય તેજ શીક્ષાને અ લાયક છે એમ સમજવું.

ખુલાસો (૪) કોઇ ગુન્હામા મદદગારી કરવી એ ગુન્હોછે, માટે એવી મદદગારી કરવી એ પણ ગુન્હો છે.

દ્રષ્ટાંત—જ નું ખુન કરવાને ક ને ઉશ્કેરવાને અ, બ, ને ઉશ્કેરે ને તે ઉપરથી જ નું ખુન કરવા બ ક ને ઉશ્કેર્યો માટે અ પણ તેજ શીક્ષાને લાયક છે.

ખુલાસો—(૫) મસલતથી મદદગારીનો ગુન્હો કરવામાં એવું જરૂરનું નથી કે જે સખસ ગુન્હો કરે તે શખસની સાથે તે મદદગારે તે ગુન્હા બાબત મનસુબો કરવો જોઇએ, જે મસલત મુજબ તે ગુન્હો કરવામા આવે તે મસલતમા તે સામીલ થયો તો બસ છે

દ્રષ્ટાંત—અ બ ની સાથે મનસુબો કરીને તેઓ જ ને ઝેર દેવાની ગોઠવણ કરે તેમાં એમ ઠરે કે અ એ ઝેર આપવું, પછી તે ગોઠવણ બ, ક ને સમજાવે અને એમ કહે કે ત્રીજો સખસ ઝેર આપવાનો છે, પણ અ નું નામ કહે નહી. ક ઝેર લઇ આવવું કબુલ કરે અને સમજાવેલી રીતે વાપરવા સારૂ તે ઝેર લાવી બ ને હવાલે કરે, પછી અ તે ઝેર આપે, અને તેના જોરથી જ મરી જાય તો એ ઠેકાણે અ તથા ક એઓએ મળીને કાંઇ મસલત કરી નથી તો પણ જે મસલત મુજબ જ નું ખુન થયું તે મધે ક સામીલ થયો માટે ક એ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કર્યો અને તે ખુનની શીક્ષાને લાયક છે એમ સમજવું.

ટીકા—મદદગારી એજ વસ્તુત સ્વતંત્ર રીતે ગુન્હાઇત કૃત્ય છે એટલે મુખ્ય ગુન્હેગાર ગુન્હો કરવા ઉપર એનો આધાર રહેતો નથી (ઇં લો રી, ૧ મું. ૧૫ (મારૂતી દાદા) તેમ તેને મુળ ગુન્હો બન્યો તો કે નહિ તે બતાવવું પણ જરૂરનું નથી (ઇં લો ૪ કલકત્તા ૭૬૬, ૧૮ વી. રી. ૩૧)

૧૦૮ (અ) જે કઇ પણ કામ બ્રિટિશ ઇન્ડિયામા કર્યું હોય તો ગુન્હો થાય, એવું કાંઈ કામ બ્રિટિશ ઈંડિયાની બહાર તથા પેલીગમ કર્યું હોય તેમા જે શખસ બ્રિટિશ ઇંડિયામા મદદગારી કરે તે શખસ આ કાયદાના અર્થ પ્રમાણે ગુન્હો કરવામા મદદગારી કરે છે એમ સમજવું.

૧૦૯ કોઇ માણુસ કાંઈ ગુન્હામાં મદદગારી કરે અને તે ઉપરથી તે કામ કરવામાં આવે, અને મદદગારીની શીક્ષાને માટે આ કાયદામા કાંઇ સાફ ઠરાવ ન હોય તો, તે ગુન્હાને માટે ઠરાવેલી શીક્ષા તે માણુસને કરવામા આવશે.

ખુલાસો—૧ મદદગારી કરવા ઉપરથી કોઇ ગુન્હો કરવામાં આવ્યો એમ ક્યારે સમજવું કે તે ગુન્હો મદદગારીમાં ઉશ્કેરણી, મસલત કે સહાય કરવામાં આવી હોય તે ઉપરથી કરવામા આવે ત્યારે,

દ્રષ્ટાંત—ખોટી શાહેદી આપવાને અ, બ ને ઉશ્કેરે તે ઉપરથી બ તે ગુન્હો કરે તો અ એ તે ગુન્હામાં મદદગારી કરી તથા બ ના જેવીજ શીક્ષાને તે લાયક છે એમ સમજવું

૧૧૦ કોઈ માણસ કાંઇ ગુન્હામાં મદદગારી કરે તે મદદગારના ઇરાદા કે જ્ઞાન કરતાં જુદા ઇરાદાથી કરે તોપણ મદદગારના જેવાજ ઇરાદાથી તે કામ કર્યું હોય તો જે ગુન્હો થાય તે ગુન્હાને માટે ઠરાવેલી શીક્ષા તે માણસને કરવામા આવશે.

૧૧૧ એક કામમાં મદદગારી કરવામા આવે અને બીજુ કામ બને તો જાણે તેજ કામમાં મદદગારી કરી હોય એવીજ રીતે તથા તેટલેજ દરજ્જે તે મદદગાર તે બનેલા કામને માટે જવાબદાર છે. પણ તે બનેલું કામ તે મદદગારીનું સંભાવ્ય ફળ હોવુ જોઇએ, અને જે ઉશ્કેરણી સહાય કે મસલતથી તે મદદગારી કરવામા આવી હોય તે ઉશ્કેરણીના જોરથી કે મસલત મુજબ તે કામ થવુ જોઇએ.

દૃષ્ટાંત—(૧) જના ખોરાકમા ઝેર ઘાલવાને અ એક બાળકને ઉશ્કેરીને તેને ઝેર આપે અને તેથી જ ના ખોરાકની પાસે ય નો ખોરાક હોવાથી ભૂલથી યના ખોરાકમાં ઝેર ઘાલે તોપણ જાણે અ એ ય નાજ ખોરાકમાં ઝેર ઘાલવા ઉશ્કેર્યો હોય તેવીજ રીતે અ જવાબદાર છે

(૨) જ નુ ઘર બાળવા અ, બ ને ઉશ્કેરે, અને તેથી બ આગ લગાડીને ત્યા કાંઇ મિલકત ચોરે તો અ ઘર બાળવામા મદદગારીનો તકસીરવાન છે, તોપણ ચોરીમા મદદગારી કરી એમ સમજવુ નહી, કેમકે ચોરી તો જુદુ જ કામ છે,

(૩) અ, બ, તથા ક ને અપહરણ માટે એક વાસેલું ઘર ફોડવાને ઉશ્કેરે અને તે માટે તેને શસ્ત્ર આપે, પછી બ તથા ક ઘર ફોડીને અંદર જતાં ઘરનો જ માણસ સામો થાય તો તેનુ તેઓ ખુન કરે તો તેથી આ ઠેકાણે જો તે ખુન તે મદદગારીનુ સંભાવ્ય ફળ હોય તો અ ખુનને માટે ઠરાવેલી શીક્ષાને લાયક છે, એમ સમજવુ.

૧૧૨. મદદગારી કરેલું કામ પણ કરવામા આવે અને ઉપલી કલમ પ્રમાણે જે કામને માટે મદદગાર જવાબદાર છે, તે કામ પણ કરવામા આવે, અને તે કામ જુદોજ ગુન્હો થાય તો તે મદદગાર તે ગુન્હાઓમાના દરેક ગુન્હાની શીક્ષાને લાયક છે

દૃષ્ટાંત—એક સરકારી નોકરે કરેલી જપ્તીના સામે થવાને અ બ ને ઉશ્કેરે, પછી તેથી બ જપ્તીની સામે થાય અને જપ્તી કરનારા અમલદારને બુદ્ધિ પુર્વક મહાવ્યથા કરે તો તે જપ્તીના સામો થવાનો ગુન્હો તથા બુદ્ધિ પૂર્વક મહાવ્યથા કરવાનો ગુન્હો એને બ એકલાએ કર્યા જેથી તે બંને ગુન્હાની શીક્ષાને બ લાયક છે અને અ બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરશે એવો સંભવ છે નો અ પણ તે ગુનાઓમાના દરેક ગુનાની શીક્ષાને લાયક છે, એમ સમજવુ.

૧૧૩. એક મુકરર અસર પેદા કરવાના ઇરાદાથી મદદગાર શખસ કાંઇ કામમા મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે કામને માટે જવાબદાર હોય ને કામ તેણે ધારેલ હોય તે કરતા જુદી અસર પેદા કરે તો તે મદદગારે તેજ અસર પેદા કરવાના ઇરાદાથી તે કામમા મદદગારી કરી હોય એવીજ રીતે તથા તેટલેજ દરજ્જે તે મદદગાર તે પેદા કરેલી અસરને માટે જવાબદાર છે, પણ તે મદદગારી કરેલા કામથી તે અસર થવાનો સંભવ છે એમ તેણે જાણ્યુ હોય તો,

દૃષ્ટાંત—જ ને મહાવ્યથા કરવા માટે અ, બ ને ઉશ્કેરે પછી બ તેથી જ ને મહાવ્યથા કરે, તેથી કરીને જ મરી જાય તો તે ઠેકાણે અ એ જાણ્યુ હોય તે મદદગારી કરેલી મહાવ્યથાથી જ નુ મોત થશે એવો સંભવ છે તો ખુનને માટે ઠરાવેલી શીક્ષાને અ લાયક છે એમ સમજવુ.

ટીકા—મદદગારીના પરિણામે કાંઇ ગુન્હો બને નહિ, અગર મદદગાર શખસે ધારેલોજ ગુનો બને કે તેથી કંઇ જુદોજ ગુન્હો બને, તેમાં જ્યાં ગુનો ન બને ત્યા ગુનાના પ્રમાણમાં મદદગારી કરનાર શખસને ક ૧૧૫–૧૬ પ્રમાણે શિક્ષા થાય ને તે શખસો વધારે હોય તો ક ૧૧૭ પ્રમાણે શિક્ષા થાય, ગુના વખતે મદદગાર હાજર હોય કે ગેરહાજર હોય તોપણ મુખ્ય ગુનેગારની પંક્તિમાંજ તેને મુકાય છે, પણ મદદગાર શખસે કરેલી મદદગારીને અનુસરીને મુખ્ય ગુનેગારે કૃત્ય કર્યું ન હોય તો મદદ કરનાર શખસને દોષિત ઠરાવી શકાતો નથી મદદગારે ઉશ્કેરણીને અનુસરીને મુખ્ય ગુનેગાર, ગુનો કરવામાં માત્ર વખત સ્થળ કે વિધીનો ફેરફાર કરીને કૃત્ય કરે તો તેથી મદદગાર શિક્ષાથી મુક્ત થતો નથી.

વળી મદદગારની ઉશ્કેરણીથી આગળ વધીને, મુખ્ય ગુન્હેગાર, વધારાનુ કંઇ કૃત્ય કરે તો, જો તે વધારાનું કૃત્ય મદદગારીનું સભાવ્ય ફળ હોય તો મદદગાર તે વધારાના કૃત્ય માટે પણ ગુન્હેગાર ઠરી શકે. જેમકે એક માણુસને આગ લગાડવાની ઉશ્કેરણી કરે ને તેમા કોઇ માણસ બળી મરે, અમુક જગ્યાનો કબજો લેવા લાકડીઓ આપી પોતાના નોકરને કોઇ ઉશ્કેરે તેમા કોઇનુ ખુન થાય, લુટ કે ગ્રહપ્રવેશ કરવાની ઉશ્કેરણીમાં સામો ધણી સામો થતા તેનું ખુન થાય તો તેવા કેસોમા વધારાના પરિણામ માટે મદદગાર ગુન્હેગાર થઇ શકે છે, કારણ કે તે પરિણામો તે મુખ્ય બીનાનાં સભાવ્ય ફળ છે, એટલે તેણે ગુન્હો કરવાની સલાહ આપી તે વખતે આવી જાતનુ બળ વાપરવાની જરૂર પડે તો તે પણ વાપરવાની સલાહ કે ભલામણનો સમાવેશ તે મદદગારની સુચનામા થઇ શકે [ઈ. લો રિ. ક અલ્હા. ૪૯૧] મદદગાર સખસે એકજ ગુન્હો કરવાની સુચના આપી હોય, અને તેમ છતા બે ગુન્હા બને, તે એવો હોવો જોઇએ કે મદદગારી કરનાર સખસે તે બનશે તેમ આગળથી જાણેલુ હોવુ જોઇએ.

૧૧૪ ગુન્હો થતી વખતે મદદગાર હાજર હોય તો જે સખસ ગેરહાજર હોય તો મદદગાર દાખલ શીક્ષા પામવાને લાયક થાય તે સખસ તે મદદગારીને લીધે જે કામ કે ગુન્હાને માટે શીક્ષા થઇ શકે એવુ હોય તે કામ કે ગુન્હો થતી વખતે તે શખસ જો ત્યા હાજર હોય તો તેણે તે કામ કે ગુન્હો કર્યો એમ સમજવુ

૧૧૫ મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો કાંઈ ગુન્હો કરવામાં કોઇ માણુસ મદદગારી કરે અને તેમ મદદગારી ઉપરથી તે ગુન્હો કરવામા આવે નહિ તથા તે મદદગારી માટે શીક્ષા સબધી આ કાયદામા કાંઇ સાફ ઠરાવ નહીં કરેલો હોય તો તે માણુસને સાત વરસની મુદ્દત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દડને પણ લાયક થશે, અગર તે મદદગારી ઉપરથી જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય અને જે કામથી કોઇ સખસને વ્યથા થાય તેવુ કાંઇ કામ કરવામા આવે તો તે મદદગારને ચૌદ વરસની મુદ્દત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી દંડને પણ લાયક થશે,

દષ્ટાંત–જનું ખુન કરવા અ, બને ઉશ્કેરે પણ તે ગુન્હો કરવામા આવે નહિ પણ જો બ, જ નુ ખુન કરે તો મોત કે સમુદ્રપારપારની શીક્ષાને લાયક થાય છે. માટે અ સાત વરસની કેદ અને દડને પણ લાયક છે અને જો જને વ્યથા કરવામા આવે તો અ ને ૧૪ વર્ષ સુધીની કેદ તથા દડને તે લાયક થશે

૧૧૬ કેદની શિક્ષા થઇ શકે એવા કોઇ ગુન્હામા કોઈ માણુસ મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે ગુન્હો કરવામા આવે નહીં તથા તે મદદગારી સંબધી શિક્ષા, આ કાયદામાં કાંઇ વિશેષ ઠરાવ ન હોય, તો તે માણુસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હામા ઘણુામા ઘણી જે મુદ્દત ઠરાવી હોય તેની મુદત સુધીની અને દડની અથવા એ બનેની શિક્ષા કરવામા આવશે, અને તે મદદગારી કરી હોય તે સખસ સરકારી નોકર હોય અને તેની ફરજ તે ગુન્હો થતો અટકાવવાની હોય તો તે મદદગારને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે કેદની ઘણુામા ઘણી જે મુદત ઠરાવી હોય તેને અડધી મુદત સુધીની કેદની અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

દૃષ્ટાંત—બ એક સરકારી નોકર છે, તે પોતાના હોદ્દાના સબબથી અ ના ઉપર મહેરબાની કરે, અને તેના બદલામાં અ, બને લાંચ આપે, બ ન લે, તોપણ અને આ કલમ મુજબ શીક્ષા થાય.

૨ ખોટી સાહેદી આપવા અ, બને ઉશ્કેરે પણ ખોટી સાહેદી આપે નહિ તો પણ અ ને આ કલમ મુજબ શિક્ષા થાય.

૧૧૭ લોકો પાસે કે કોઇ પણ વર્ગના દસથી વધુ માણુસો પાસે કાંઇ ગુન્હો કરવા માટે જે માણુસ મદદગારી કરે તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની કે બંનેની શીક્ષા કરવામા આવશે

દષ્ટાંત—અ એક શરીયામ રસ્તા ઉપર જાહેરનામુ ચોઢીને દસથી વધારે માણુસોના તડવાળાને ઉશ્કેરે કે, તમારા સામા તડવાળા ફલાણે વખતે વરઘોડો લઇ જવાના છે માટે તેમના ઉપર હુમલો કરવા એકઠા થવુ તો બ એ આ કલમમા લખેલો ગુન્હો કર્યો એમ સમજવુ.

૧૧૮ મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઈ ગુન્હો કરવો સ્હેલ કરવાના ઈરાદાથી, કે તે સહેલ છે એવો સભવ જાણ્યા છતા, અગર કોઇ માણસ કાંઇ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરીને તે ગુન્હો કરવાની ધારણા થઇ હોય, તે ધારણા બુદ્ધિપૂર્વક છુપાવે અથવા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય એવી કાંઇ વાત જાહેર કરે, તો તે માણસને જો તે ગુન્હો થાય તો સાત વરસની અને ન થાય તો ત્રણ વરસની બેમાથી ગમે તે પ્રકારના કેદની શિક્ષા કરવામા આવશે અને ગુન્હો થાય કે ન થાય તો પણ ઉપલી શીક્ષાની સાથે દડને પણ તે લાયક થશે

દૃષ્ટાંત—ડકાયટીનો ગુન્હો જે જગાએ થવાનો હોય તે જગાને બદલે તે ગુન્હો કરવો સહેલ થાય તે માટે બીજી જગાએ થવાનો છે, એવી ખોટી ખબર અ કોઇ માજીસ્ટ્રેટને આપે તો અ ને આ કલમ મુજબ શીક્ષા થઈ શકે.

૧૧૯. કોઇ સરકારી નોકર ગુન્હો થતો અટકાવવાની પોતાની ફરજ છતા, તે ગુન્હો કરવો સહેલ થાય તે માટે મઇ કસુર કરીને તે ગુન્હો કરવાના ધારણા બુદ્ધિપૂર્વક છુપાવે અથવા તેવી ધારણા બાબત કાંઈ ખોટી વાત જાહેર કરે તો તે માણસને જો તે ગુન્હો થાય તો, તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા કેદની ઘણામા ઘણી જે મુદત ઠરાવવી હોય તેની અડધી મુદત સુધી કેદની અથવા દડની, અથવા બને શિક્ષા કરવામાં આવશે. જો તે ગુન્હો મોતની કે સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો હોય તો તે માણસને દસ વરસની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા થશે અને જો તે ગુન્હો ન થાય તો તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે માટે તે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તે મુદત સુધીની કેદની, દડની અથવા બંને શિક્ષા કરવામા આવશે.

દૃષ્ટાંત—અ એક પોલીસ અમલદાર છે અને અપહરણ કરવાની ધારણા તેના જાણવામા આવે તો તેની ખબર આપવી એ તેની કાયદા મુજબ ફરજ છે, તેના જાણવામા આવે કે બની અપહરણ કરવાની ધારણા છે. છતા તે ગુન્હો સહેલ કરવાને ખબર આપવામા કસુર કરે તો અ ને આ કલમ પ્રમાણે શિક્ષા થાય.

૧૨૦ કેદની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવો સહેલ કરવાના ઇરાદાથી કે કાયદાવિરૂદ્ધ કસુર કરીને તે ગુન્હો કરવાની ધારણા થઈ હોય તે બુદ્ધિપુર્વક છુપાવે અથવા તે બાબત પોતે જેને ખોટી જાણતો હોય એવી કાંઇ વાત જાહેર કરે, તો તે માણસને જો તે ગુન્હો થાય તો તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની કેદની જે ઘણામાં ઘણી શિક્ષા ઠરાવી હોય તેની પા મુદત સુધીનો અને જો તે ગુન્હો ન થાય તો તેને ઘણામા ઘણી તેથી ⅛ મુદત સુધીની કેદની અથવા દડની શિક્ષા થશે.

બાબ ૫ અ મો

સાપરાધ કાવતરૂ.

૧૨૦ અ જ્યારે બે અથવા વધારે શખસો (૧) કાંઇ કાયદા વિરૂદ્ધ કામ કરવાનું, કે કરાવવાનુ કે, (૨) કાયદા વિરૂદ્ધ ન હોય એવુ કામ કાયદા વિરૂદ્ધ સાધનોને કરવાનુ કે કરાવવાનુ કબુલ કરે ત્યારે તેવી કબુલતને સાપરાધ કાવતરૂ કહેવુ, પણ ગુન્હો કરવા માટેની કબુલત સિવાયની કોઇપણ કબુલત એવી કબુલતના એક અથવા વધારે પક્ષકારો તે કબુલતને અનુસરીને તે કબુલત સિવાય કાંઇપણ કૃત્ય કરે નહિ તો સાપરાધ કાવતરૂ ગણાશે નહિ

૧૨૦ બ (૧) જે ગુન્હા માટે મોતની સમુદ્રપારની અથવા બે કે વધારે વર્ષની સખત મજુરીની કેદની શિક્ષા થઇ શકે તેવો ગુન્હો કરવા માટે સાપરાધ કાવતરૂ કરવામા જે કોઇ સખસ પક્ષકાર હોય તેને એવા કાવતરા માટે શિક્ષા કરવા માટે આ કાયદામા વિશેષ ઠરાવ ન હોય ત્યારે, તે સખસે તેવો ગુન્હો કરવામા મદદગારી કરી હોત તો તેને જેવી રીતે શિક્ષા થતે તેવીજ રીતે શિક્ષા કરવામાં આવશે, આ ઉપર લખ્યા પ્રમાણે શિક્ષા થઇ શકે તેવો ગુન્હો કરવા માટેના સાપરાધ કાવતરા સિવાયના સાપરાધ કાવતરામા જે કોઇ સખસ પક્ષકાર હોય તેને છ મહિનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા બેમનેની શિક્ષા કરવામાં આવશે

બાબ ૬ ઠો.

રાજ્યવિરૂદ્ધ ગુન્હાઓ બાબત.

૧૨૧ જે માણસ રાણીની સામે લડાઈ કરે અથવા લડાઇ કરવાની કોશીશ કરે, અથવા લડાઇ કરવામાં મદદગારી કરે તેને મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારના શીક્ષા કરવામાં આવશે અને તેની સઘળી મીલકત જપ્ત થશે.

દૃષ્ટાંત—રાણીની સામે બંડ થાય તેમાં અ સામેલ થાય તો, તેમ સીલોનમાં હથીયાર મોકલીને અ ત્યાના બંડખોરોને હિંદુસ્થાનમા રહી મદદગારી કરે તોપણ અએ આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો સમજવુ.

૧૨૧ અ જે માણસ ૧૨૧ મી કલમ પ્રમાણે શીક્ષા કરવા લાયક કોઇ ગુનહો કરનારો કે બ્રિટિશ ઇંડીઆનું કે તેના કોઇ ભાગનુ રાણી સાહેબનું રાજ્ય છીનવી લેવાનો સંપ કરશે કે ઈંડીઆ સરકારને કે કોઈ ઇલાકાની સરકારને સાપરાધ બળથી કે નવા બળના દેખાવથી કરાવવાનો સંપ કરશે તે માણસને જીવતાં સુધી કે થોડી મુદત સુધી સમુદ્રપારની શીક્ષા કરવી કે ઘણામાં ઘણી દશ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારનો કેદની શિક્ષા કરવી

ખુલાસો—સંપ કરવાનો ગુન્હો થવા સારૂ કાયદા વિરૂદ્ધ કસુર થવી જોઇએ એવુ સમજવું નહિ.

૧૨૨ જે સખસ રાણીની સામે લડાઇ કરવાના કે લડાઇ કરવાને તૈયાર થવાના ઇરાદાથી માણસો હથીઆરો કે દારૂગોળા એકઠા કરે કે બીજી રીતે તૈયારી કરે તે સખશને જીવતાં સુધી સમુદ્રપારની કે દશ વરસની મુદત સુધી સમુદ્રપારની કે દશ વરસની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે અને તેની સઘળી મીલકત સરકાર જપ્ત થશે.

૧૨૩ રાણી સામે લડાઈ કરવાની થયેલી ધારણા કાયદા વિરૂદ્ધ કસુર કરીને કે જે લડાઇ કરવી સહેલ થાય તે માટે જો કોઇ માણસ છુપાવે તો તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે, અને તે દંડને પણ પાત્ર થશે.

૧૨૪ હિંદુસ્તાનના ગવર્નર જનરલ કે પ્રેસીડેન્સીના ગવર્નર કે લેફ્ટેનન્ટ ગવર્નર કે તેમની કૌન્સિલના કોઈ સભાસદના કાયદેસર અખતીઆરમાંના કોઇ પણ અખતીયાર તેઓને સમજાવીને જબરજસ્તીથી કે કોઇપણ રીતે અમલમા અણાવવા કે ન અણાવવાના ઇરાદાથી જે માણસ તેઓની ઉપર હુમલો કરે કે ગેરવ્યાજબી અટકાવ કરે કે ને કરવાની કોશીશ કરે કે સાપરાધ બળથી. દેખાવથી તેમને ડરાવે કે ડરાવવાની કોશીશ કરે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૧૨૪ (અ) જે કોઇ માણસ રાણી સાહેબ બાબત અથવા બ્રિટિશ ઇંડિયામા કાયદાની રૂયે જે સરકારનો અમલ સ્થાપાયલો છે તે સરકાર બાબત દ્વેષ કે તિરસ્કાર કે, બેદિલી, બોલેલા કે લખેલા શબ્દો વડે, કે પ્રત્યક્ષ કાંઇ દેખાડીને કે બીજી રીતે ઉત્પન્ન કરશે, કે ઉત્પન્ન કરવાની કોશીશ કરસે, તેને જીવતા સુધી કે કોઇ ઓછી મુદત સુધી સમુદ્રપારની શિક્ષા અને દંડ પણ કરવો. અથવા ત્રણ વરસ સુધીની કેદની શિક્ષા અને દંડ પણ કરવો.

ખુલાસો—૧—બેદીલી—આ સંજ્ઞામાં બેવફાઇ અને વૈરભાવનો સમાસ થાય છે, (૨) સરકારની યોજનામાં કાયદેસર સાધનોવડે ફેરફાર કરી લેવાના હેતુથી દ્વેષ, તિરસ્કાર કે બેદિલી ઉત્પન્ન કર્યા વગર તે યોજના બાબત નાપસંદગી બતાવવા માટે કરેલી ટીકા આ કલમ મુજબ ગુન્હો થતો નથી

(૩) દ્વેષ, તિરસ્કાર કે બેદિલી ઉત્પન્ન કર્યા વગર, સરકારના કારોબારને લગતી કે બીજી કૃતી બાબત નાપસંદગી બતાવવા માટે કરેલી ટીકા આ કલમ મુજબ ગુન્હો થતો નથી

ટીકા—આરોપીએ વાપરેલી ભાષા શા ઇરાદાથી વાપરી છે એ ઉપર આધાર છે બેદીલી ફેલાવનારૂં લખાણ લખીને કબજામા રાખવાથી ગુન્હો થતો નથી, પણ તે બહાર પડે કે આ લખાણથી કોઇ એક સખસને વાકેફ કરતાંની સાથેજ તેની પ્રસિદ્ધિ થાય છે, જાહેર પત્રકારને સરકારના ઉપર અપ્રમાણિકપણાના અને અનીતિમાન હેતુઓના આરોપ મુકવાનો હક નથી જાહેર ટીકા એવી જોઇએ કે જેથી સરકાર સામે દુશ્મનાવટ કે ધિક્કાર કે બેદીલી ન ફેલાય (૧૦) મુબઇ લો. રિ. ૮૪૮)

૧૨૫ રાણીની સાથે મત્રી કે સલાહ હોય એવા એશીયાના કોઇ પણ રાજાના રાજ્યની સામે જે માણસ લડાઇ કરે કે લડાઇ કરવાની કોશીશ કરે કે તેમા મદદગારી કરે તે માણસને જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા અને તેની સાથે દડ, અથવા સાત વરસની મુદત સુધીની એમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે અને તેની સાથે દડ પણ થઇ શકે અથવા દડની શિક્ષા કરવામાં આવશે.

૧૨૬ રાણીની સાથે મૈત્રી કે સલાહ રાખનારા કોઇપણ રાજાના મુલક ઉપર જે માણસ લુંટ કરે કે લુટ કરવાની તૈયારી કરે તેને સાત વરસ સુધીની એમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે અને તે દડને તથા લુટ કરવામા વાપરેલી કે લુટમાથી મળેલી મીલકત સરકાર જપ્ત થવાને લાયક થશે

૧૨૭ ૧૨મી તથા ૧૨૬ મી કલમોમા લખેના ગુન્હાઓ માહેના કોઇ ગુન્હા કરવામા મળેલી કાંઇ મિલકત જે માણસ તે તે રીતે મેળવેલી છે એમ જાણીને લે, તેને સાત વરસની મુદત સુધીની એમાના ગમે તે પ્રકારની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને તથા તે લીધેલી મીલકત સરકાર જપ્ત થવાને લાયક થશે

૧૨૮ જે માણસ સરકારી નોકર છતાં, પોતાના હવાલામાના કોઇ રાજકીય કે લડાઇના કેદીને કેદ કરેલી જગામાથી બુદ્ધિપૂર્વક નાશી જવા દેશે તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસ સુધીની એમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે અને દડને પણ પાત્ર થશે.

૧૨૯ જે માણસ સરકારી નોકર છતા પોતાના હવાલામાના કોઈ રાજકીય કે લડાઇના કેદીને કેદની જગાએથી ગફલતથી નાશી જવા દે તેને ત્રણ વરસ સુધીની આસન કેદની અને દડની પણ શિક્ષા થશે

૧૩૦ કોઇ રાજકીય કેદીને કે લડાઇના કેદીને કાયદેસર કેદમાંથી નાશી જવામા જે માણસ સહાય કે મદદ કરે કે છોડાવે કે છોડાવવાને કોશિશ કરે કે તેવા નાશી ગયેલા કેદીને જે ઘરમા રાખે કે સતાડે કે તેને પાછો પકડવામા જે હરકત કરે કે હરકત કરવાની કોશીશ કરે તે માણસને જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે. અને તે દડને પણ પાત્ર થશે.

ખુલાસો—જે રાજકીય કે લડાઈના કેદીને તેના વચનપરથી બ્રિટિશ ઇંડિયામા કેટલીક મુકરર કરેલી હદમા છુટો રહેવા દીધો હોય તે કેદી જે હદમા છુટો રહેવાની તેને રજા હોય તે હદમાથી બહાર જાય તો તે કાયદેસર કેદમાથી નાશી ગયો એમ સમજવુ

બાબ ૭ મો.

જમીનપરની તથા દરિયાઇ ફોજ સંબંધી ગુન્હા

૧૩૧ રાણીની જમીન પરની અથવા દરીઆઇ ફોજમાના કોઇ ઓફીસર સોલજર કે ખલાશીને બડ કરવામા જે માણસ મદદગારી કરે કે તેમને પોતાના પ્રજાધર્મથી કે સેવાધર્મથી ભ્રષ્ટ કરવાની જે માણસ કોશિશ કરે તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની એમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવમા આવશે અને તે દડને પણ પાત્ર થશે,

૧૩૨ રાણીની જમીન પરની કે દરીયાઇ ફોજમાના કોઇ ઓફીસરે, સોલજરે કે ખલાસીએ બડ કરવામાં જે કોઇ માણસ મદદગારી કરે અને તેથી બડ થાય તો તે માણસને મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને તે દડને પણ પાત્ર છે.

૧૩૩ રાણીને જમીનપરની કે દરીઆઈ ફોજમાના કોઇ ઓફીસરે, સોલજરે, ખલાશીએ, કોઈ ઉપરી અમલદાર પોતાના હોદાનું કામ કરતો હોય તેવામાં, તેની ઉપર હુમલો કરવામાં જે માણસ મદદગારી કરે તેને ત્રણ વરસની મુદત સુધીની એમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને દંડને પણ પાત્ર થશે.

૧૩૪ રાણીની જમીન પરની કે દરીઆઈ ફોજમાંના કોઇ ઓફીસરે, સોલજરે કે ખલાશીએ કોઇ ઉપરી અમલદાર પોતાના હોદાનું કામ કરતો હોય તેવામા તેની ઉપર હુમલો કરવામાં જે કોઇ માણસ

મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે હુમલો થાય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને દંડને પણ તે પાત્ર થશે

૧૩૫ રાણીની જમીન પરની અથવા દરીઆઇ ફોજમાના કોઇ ઓફીસરે, સોલજરે કે ખલાસીએ નાશી જવામાં જે માણસ મદદગારી કરે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામા આવશે.

૧૩૬ રાણીની જમીન પરની અથવા દરીઆઈ ફોજમનિા ફલાણો ઓફીસર સોલજર કે ખલાસી નાશી આવેલો છે એમ જાણીને કે એમ માનવનું કારણ છતા નીચેનો અપવાદ ન લાગતાં જે માણસ તે અધીકારી, સોલજર કે ખલાશીને ઘરમા રાખે તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની કે બંનેની શીક્ષા કરવામા આવશે

અપવાદ—કોઇ સ્ત્રી પોતાના વરને ઘરમા રાખે તેને આ ઠરાવ લાગુ પડતો નથી.

૧૩૭ જે વેપારી વહાણમા રાણીની જમીન પરની કે દરીયાઈ ફોજમાંથી કોઇ નાશી જનારો સંતાયો હોય તે વહાણનો માસ્તર, કે જે લખશના હવાલામા વહાણ હોય તે શખસ, તે તાબાની વાતથી અજાણ્યો હોય તો પણ જો તેણે પોતાને હોદો બજાવવામાં ગફલત ન કરી હોત અને વહાણપર પાકો બંદોબસ્ત રાખ્યો હોત તો તેના જાણવામાં તે વાત આવત એવુ હોય તો તે માસ્તર અથવા જેને હવાલામા તે વહાણ હોય તે શખસ પાચસો રૂપીઆ સુધીના દંડને પાત્ર થશે

૧૩૮ ફલાણુ કામ ના ફરમાનીનું છે એમ જાણીને તે કામ રાણીની જમીન પરની કે દરીયાઇ ફોજમાંના કોઈ ઓફીસરે, સોલજરે કે ખલાશીએ કરવામા જો કોઇ માણસ મદદગારી કરે અને તે મદદગારીથી તે ફરમાનીનુ કામ થાય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

૧૩૮ (અ) આ બાબમાની આગળ ગયેલી કલમો માલિકામાઆઝમાની ઇંડીયન મરીન સરવીસ રાણી સાહેબની દરીયાઇ ફોજમા જાણે સમાઇ જતી હોય એમ લાગુ પડશે

૧૩૯. રાણીની જમીન પરની તથા દરીયાઇ ફોજને સારૂ અથવા રાણીની જમીનપરની અથવા દરીઆઇ ફોજના કોઇ ભાગને સારૂ કરેલા કોઇ લશ્કરી કાયદાને તાબે હોય એવા કોઇ સખસને આ કાયદા મુજબ આ બાબમાં બ્યાન કરેલા ગુન્હાઓમાના કોઇ ગુન્હાને સારૂ શીક્ષા થઇ શકશે નહીં.

૧૪૦ રાણીની જમીન પરની અથવા દરીયાઇ ફોજમાનો જે માણસ સોલજર નથી તે માણસ તેવો સોલજર પહેરનો હોય એવો કોઇ પોશાક પહેરે અથવા તેવો સોલજર જે ચિન્હ વાપરતો હોય તેના જેવુ કોઇ ચીન્હ વાપરે એવા ઇરાદાથી કે તેવો શોલજર છે એમ માનવામાં આવે તો તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના અથવા પાચસો રૂપીયા સુધીની દંડની અથવા એ બંનેની શિક્ષા થશે.

બાબ ૮ મો

લોકોની સમાધાની વિરૂદ્ધ ગુન્હાઓ બાબત.

૧૪૧ જો પાંચ કે વધારે સખ્સોની એક મંડળી મળે અને જે સખ્સો તે મંડળીમાં હોય તેઓનો સામાન્ય હેતુ નીચે લખ્યા પ્રમાણે હોય તો તે મંડળીને કાયદા વિરૂદ્ધ મંડળી કહેવી

૧ હિંદુસ્તાનના કાયદા કરનારી ને હકુમત કરનારી સરકારને કે કોઇ પ્રેસીડેન્સીની સરકારને કે લેફટેનન્ટ ગવર્નરને કે પોતાના હોદ્દાનો કોઇ કાયદેસર અખ્તીઆર અમલમાં લાવતા કોઇ સરકારી નોકરને સાપરાધ બળ કરીને કે સાપરાધ બળ દેખાડીને ડરાવવો.

ટીકા—રાજદ્વારી વિષય ઉપર ભાષણ સાંભળવા માટે સખ્યાબંધ માણસો ભેગાં મળે તો તેવી રીતના જાહેર સવાલો સાંભળવાની મોટી સભાઓ કાયદેસર છે.

૨ કોઇ કાયદો કે કોઇ કાયદેસર હુકમ બજાવતાં હરકત કરવી,

ટીકા—સરકારી અમલદાર પોતાની ફરજ અયોગ્ય રીતે બજાવતો હોય તો તેને તેમ કરતાં અટકા-

વવાનો હક માત્ર જે શખસને ગેરકાયદેસર નુકશાન થતુ હોય તેનેજ છે. બીજાને તેની વતી અટકાવ કરવાનો હક નથી

૩ કાંઇ બીગાડ કે સાપરાધ પ્રવેશ કે બીજો ગુન્હો કરવો.

ટીકા—ઇરાદાની જરૂર હોય તેવા ગુન્હામાં ઇરાદો સાબિત થવો જોઇએ, જે માણસને અમુક કૃત્ય કરવાનો હક છે તેને આ કલમ લાગુ પડે નહીં, એક જમીનના અ અને બ ભાગીદાર હતા, તે જમીનમાં બની રજા વિના અ એ મકાન બાંધ્યુ પણ બ એ સીવીલ કોર્ટથી તે મકાન તોડી પાડવાનું હુકમનામુ મેળવી તોડી પાડયુ, પછી બના નોકરોએ અ ના નોકરોને મકાન ચણતા જોયા જેથી તેમણે શરૂ કરેલો ભાગ તોડી પાડયો. અને નોકરોને એક બાજુ કહાડયા આ કેસમાં નીચલી કોર્ટે હગામાં માટે સજા કરી, પણ હાઇકોર્ટે રદ કરી કારણ તે કૃત્ય તે બીગાડ કરતા નહોતા પણ તેના શેઠને જે કૃત્ય કરવાનો હક હતો તે તેઓ કરતા હતા (રાણી વિ રાજકુમારસીંઘ ૪-લો. રિ. કલકત્તા પા ૫૭૩)

૪ કોઇ સખસની ઉપર સાપરાધ બળ કરીને અથવા તેને સાપરાધ બળ દેખાડીને કાંઇ મિલકતનો કબજો લેવો અથવા મેળવવો કે કોઇ સખસનો આવવા જવાનો હક અથવા પ્રાણી વાપરવાનો હક કે બીજો જે નીરાકાર વસ્તુ સબધી હક તે શખસના કબજામાં કે ભોગવટામા હોય તે તેની પાસેથી લઇ લેવો કે કાંઇ હક કે ધારેલો હક અમલમાં લાવવો,

ટીકા—તકરારી મીલકત ઉપર ખરો હક કાનો હતો એ સવાલ નથી જે જમીનપર તેને હક છે તે બીજાના કબજામાંથી બળથી લેવા માટે ગુન્હેગાર બને છે. વરઘોડાને સાપરાધ બળ સાથે અટકાવવો તે પણ આ કલમમા આવી શકે.

૫ સાપરાધ બળ કરીને કે બળ દેખાડીને જે કામ કરવાની જે શખસની કાયદા પ્રમાણે ફરજ નહીં હોય તે કામ તે શખસ પાસે કરાવવુ કે જે કરવાનો તેને કાયદા પ્રમાણે હક હોય તે કરવામા તેની પાસે કસુર કરાવવી,

ટીકા—લીલામમાં રાખેલી મીલકતનો કબજો લેતાં અટકાવનાર ટોળુ, કારખાનાના મજુરો કામ બધ કરે તો તેમને જોરથી ફરજ પાડનાર, અને નાટકમા તોફાન કરી પ્રયોગ અટકાવનાર શખસો આ કલમમાં આવી શકે છે

ખુલાસો—જે મંડળી પ્રથમ કાયદા વીરૂદ્ધ ન હોય તે પાછળથી કાયદા વીરૂદ્ધ મડળી થઇ શકે

૧૪૨ જે હકીકતોને લીધે કોઈ મંડળી કાયદાવિરૂદ્ધ મડળીમા થતી હોય તે હકીકતો જણાયા છતાં જે માણસ ઇરાદાથી તે મડળીમા સામેલ થાય કે તેમાં જારી રહે તે માણસને કાયદા વિરૂદ્ધ મડળીનો અગભૂત સમજવો,

૧૪૩ જે માણસ કોઇ કાયદા વિરૂદ્ધ મડળીનો અંગભૂત હોય તેને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની કે દડની કે બનેની શીક્ષા થશે

૧૪૪ જીવ લેનારૂ કાંઇ હથીઆર અથવા જે મારવાથી સામા માણસનો પ્રાણ જાય એવો સભવ હોય એવી કાંઇ વસ્તુ પાસે છતાં જે માણસ કોઇ કાયદા વિરૂદ્ધ મડળીનો અગભુત થાય તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની કે દડની કે બનેની શીક્ષા કરવામાં આવશે.

૧૪૫ કોઇ કાયદા વિરૂદ્ધ મડળીને કાયદામાં ફરમાવેલી રીતે વીખરાઇ જવાનુ ફરમાવ્યું છે, એવુ જાણ્યા છતા જે માણસ કોઇ કાયદા વિરૂદ્ધ મડળીમા સામીલ થાય કે જારી રહે તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની કે દડની કે બનેની શીક્ષા થશે

૧૪૬ કોઇ કાયદા વિરૂદ્ધ મડળીનો સામાન્ય હેતુ પાર પાડવામા તે કાયદા વિરૂદ્ધ મડળી અથવા તેનો કોઇ અગભુત બળ કે જુલમ વાપરે તો તે મડળીના દરેક અગભૂતે હગામાનો ગુન્હો કર્યો એમ સમજવુ

ટીકા—ગેર કાયદાની મડળીમા સામેલ થવુ એજ એક ગુન્હો છે. જો તે મડળી કે તેનો કોઇ અંગભૂત બળ વાપરે તો તે મડળીનો દરેક અગભૂત આ કલમ મુજબ હગામાનો ગુન્હો કરે છે.

૧૪૭ જે માણસ હગામાનો ગુન્હો કરે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની. કે દંડની કે બને શીક્ષા કરવામા આવશે.

૧૪૮ જીવ લે એવુ હથીયાર પાસે રાખીને કોઇ હગામો કરે તો તેને ત્રણ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, કે દડની કે બંનેની શીક્ષા કરવામા આવશે.

૧૪૯ કાંઇ કાયદા વિરૂદ્ધ મડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં તે મડળીના કોઇ અગભૂતથી કાંઇ ગુન્હો થાય અથવા એવો કાંઈ ગુન્હો થાય કે તે હેતુ પાર પાડવામાં તે ગુન્હો થશે એવો સભવ તે મડળીના અગભુતોને જાણવામાં હોય તે ગુન્હો થતી વખતે જે જે શખસ તેજ મડળીના અગભૂત હોય તે દરેક શખસ તે ગુન્હો કર્યો એમ સમજવુ.

૧૫૦ જે માણસ કોઈ શખમને કોઇ કાયદા વિરૂદ્ધ મડળીમા સામેલ થવાને કે અગભૂત થવાનો પસા આપવા કરી ને કે બીજી રીતે રાખે કે રાખવામાં મદદ કરે કે ચશમ પોશી કરે, તે માણસને તે કાયદા વિરૂદ્ધ મડળીના અગભૂત ।ખલ જે કાઇ ગુન્હો થાય તે ગુન્હાને માટે જાણે તે માણુસે તે કાયદા વિરૂદ્ધ મડળીનો અંગભુતજ હોય કે જાણે તેણે પોતેજ ગુન્હો કર્યો હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

૧૫૧ જેથી લોકોની સુલેહમાં ગરબડ થાય એવો સભવ હોય એવી પાચ કે તેથી વધારે સખસોની મંડળીને વીખરાઇ જવાનો કાયદેસર રીતે હુકમ થયા પછી જે માણસ જાણી બુજીને તે મડળીમા સામેલ થાય કે જારી રહે તેને છ મહીનાની મુદત સુધીના બેમાના ગમે પ્રકારની કેદની કે દડની કે એ બનેની સજા કરવામા આવશે.

ખુલાસો—અગર તે મડળી ૧૪૧ મી કલમના અર્થ પ્રમાણેની કાયદાવિરૂદ્ધ મંડળી ન હોય તો તે ગુન્હેગારને ૧૪૫ મી કલમ મુજબ શીક્ષા કરવામાં આવશે,

ટીકા—ધર્મ ફેલાવવાના હેતુથી એક મડળના સખસો મોટા વરઘોડા ક્હાડે તે ગેરકાયદે નથી.

૧૫૨ કોઇ સરકારી નોકર પોતાનો હોદ્દો બજાવવામા કાયદા વિરૂદ્ધ મડળીને વીખેરી નાંખવાની કે કોઇ હગામો કે બખેડો બંધ પાડવાની મહેનત કરતો હોય તેવામાં તેની ઉપર જે માણસ હુમલો કરવાનો ડર દેખાડે અથવા તેને હરકત કરે કે તેમ કરવાની કોશીશ કરે કે તેના ઉપર સાપરાધ બળ વાપરે કે તે વાપરવાનો ડર દેખાડે કે તે વાપરવાની કોશીશ કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની દડની કે બનેના શિક્ષા થશે.

૧૫૩ જે માણસ દ્વેષબુદ્ધિથી કે દુષ્ટતાથી કાંઇ કાયદા વિરૂદ્ધ વસ્તુ કરીને કોઇ સખસના મનમાં ક્રોધ ઉત્પન્ન કરે અને તે એવા ઇરાદાથી કે ક્રોધ હગામાનો ગુન્હો કરાવે કે તેમ થવાનો સભવ છે એમ જાણીને એ પ્રમાણે કરે અને તે ક્રોધ ઉત્પન્ન થવાથી હંગામાનો ગુન્હો થાય તો તે માણસને એક વરસની મુદત સુધી બેમાના ગમે તે પ્રકારની કેદની, અથવા દડની કે બંનેની શીક્ષા કરવામા આવશે જો હગામાનો ગુન્હો ન થાય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની, કેદની અથવા બંનેની શીક્ષા કરવામા આવશે.

૧૫૩ અ જે કોઇ બોલેલા કે લખેલા શબ્દો વડે, કે ઇશારત કરીને કે પ્રત્યક્ષ કાંઇ દેખાડીને કે બીજી રીતે રાણી સાહેબની રઇયત પૈકી જુદા જુદા વર્ગો વચ્ચે વૈરભાવ કે દ્વેષભાવ વધારશે કે વધારવાની કોશિસ કરશે, તેને બે વરસ સુધીની કેદની અથવા દડની કે બનેની શિક્ષા કરવામાં આવશે.

ખુલાસો—જે બાબતોને લીધે રાણી સાહેબની રઇયત પૈકી જુદા જુદા વર્ગો વચ્ચે વેર ભાવ કે દ્વેષ ભાવ ઉત્પન્ન થતો હશે કે ઉત્પન થવા તરફ જેમનુ વલણ હશે તે બાબતો દુષ્ટ ઇરાદા વગર અને તે દુર થાય એવા ખરા હેતુથી બતાવી હોય તો, તે આ કલમના અર્થ પ્રમાણે ગુન્હો થતો નથી

ટીકા—શુદ્ધ બુદ્ધિથી કેટલોક મત ભેદ ઓછાં કરનારા લખાણો કરવા એ કલમ ગુન્હો નથી.

૧૫૪. જ્યારે કાંઇ કાયદા વિરૂદ્ધ મડળી મળે અથવા હગામો થાય ત્યારે જે જમીનપર તે મળે કે હગામો થાય તે જમીનના માલેક કે કબજેદારને તથા તે જમીનમા જેનો હક હોય એવા સખસને એક હજાર રૂપીઆ સુધીના દંડની શીક્ષા કરવામા આવશે પણ તે ક્યારે કે જો તેણે તે ગુન્હો થાય છે કે થવાનો સભવ છે એવુ જાણીને પાસેમાં પાસેની પોલીસ ચોકી પરના અમલદારને જલ્દી ખબર નહિં આપે તો અથવા ગુન્હો અટકાવવા સારૂ પોતાથી બનતા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો અને

તે ગુન્હો થયા પછી તે હગામો બંધ પાડવાને કે તે કાયદા વિરૂદ્ધ મડળીને વીખેરી નાખવાને પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહિ લગાડે તો,

૧૫૫. જો કોઇ શખસના ફાયદા સારૂ કે તેની વતી કાઇ હંગામો કરવામાં આવે અને જે જમીન બાબત તે હગામો થાય તે જમીનનો તે સખસ માલીક કે કબજેદાર હોય તે જમીનમાં, જે તકરાર ઉપરથી હગામો થયો હોય તે તકરારની બાબતમાં કાઇ હકનો તે શખસ દાવો કરતો હોય કે તેમાંથી તે સખસને કાંઇ ફાયદો થયો હોય અથવા તેણે કાંઇ ફાયદો કબુલ કર્યો હોય, તો તે શખસને દંડની શીક્ષા કરવામાં આવશે, પણ તે ક્યારે કે જો તે અથવા તેનો મુખતીઆર કે કારભારી તે હગામો થવાનો સંભવ છે એમ માનવાનું તેને કારણ છતાં તે મડળી મળતી અથવા હગામો થતો અટકાવવાને તથા તે હગામો બધ પાડવાને અને તે મડળીને વીખેરી નાંખવાને પોતપોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહિ લગાડે તો.

૧૫૬ જો કોઇ સખસના કાયદાને સારૂ અથવા તેની વતી કઇ હંગામો કરવામા આવે અને જે જમીન બાબત તે હગામે થાય તે જમીનનો તે શખસ માલીક અથવા કબજેદાર કે તે જમીનમાં કે જે કાંઇ તકરાર ઉપરથી તે હગામો થયો હોય તે તકરારની બાબતમાં કાંઇ હકનો તે શખસ દાવો કરતો હોય અથવા તેમાંથી તે શખસને કાઇ ફાયદો થયો હોય અથવા તેણે કાઇ ફાયદો કબુલ કયો હોય તો તે શખસ કે તેના મુખત્યાર અથવા કરભારીને દડની શીક્ષા કરવામા આવશે, પણ તે ક્યારે કે જો તેવો કોઇ માણસ હગામો થવાના સભવ વિષે કે તે કાયદા વિરૂદ્ધ મડળીના મળવા વિષે તે અટકાવવાને કે બંધ પાડવાને કે તેને વિખેરી નાંખવાને પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહીં લગાડે તો

૧૫૭ જે માણસ પોતાના કબજા, હવાલા કે અખતિઆર માહેના કોઇ ઘર કે જગામાં કોઇ શખસોને રાખે, અથવા રહેવા દે, કે એકઠા કરે અને તે એવુ જાણીને કે એ શખસે પૈસા આપીને કે બીજી રીતે કાયદા વિરૂદ્ધ મડળીમા સામેલ થવાને રાખવાના છે, તો તે માણસને ૬ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની દડની કે એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૧૫૮ ૧૪૧ મી કલમમાંના કોઇ પણ કામ કરવાને કે તેમા મદદ કરવાને જે માણસ પૈસા લેવા કરીને કે બીજી રાતે રહે, કે રહેવાનુ કહે, કે કોશીશ કરે તે માણસને ૭ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની કે બંનેની શીક્ષા થશે. ઉપર પ્રમાણે પૈસા લેવા કરીને કે બીજી રીતે રહ્યા પછી જે માણસ જીવ લેનારૂં કાંઇ હથીઆર કે જે મારવાથી સામા માણસનો પ્રાણ જાય તેવી કોઈ વસ્તુ સાથે લઇને ફરે કે ફરવાનુ કબુલ કરે કે કહે તો તેવા માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની કે બંનેની શીક્ષા થશે

૧૫૯ બખેડો—જ્યારે બે અથવા વધારે શખસો કોઇ જાહેર જગામા મારામારી કરીને લોકોની સુલેહમા ગરબડ કરે ત્યારે તેઓએ તે બખેડો કર્યો એમ સમજવુ

ટીકા—બખેડા વાળી જગા જાહેર જગા હોવી જોઇએ. અને તેથી પ્રજાની સુલેહમા ગરબડ થવી જોઇએ તો આ કલમ પ્રમાણે ગુન્હો થાય.

૧૬૦ જે માણસ બખેડો કરે તેને એક મહીના સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એકસો રૂપીયા સુધીની દડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

બાબ ૯ મો.

સરકારી નોકરોના અથવા તેઓ સંબધી ગુન્હાઓ બાબત

૧૬૧ સરકારી નોકરે કાયદેસર મહેનતાણા સિવાય બીજો અવેજ લેવો. જે માણસ સરકારી નોકર હોય કે સરકારી નોકર થવાની ઉમેદ રાખતો હોય તે માણસ પોતાના હોદ્દાનુ કાંઇ કામ કરવા કે ન કરવાને માટે, કે બદલામા કે પોતાના હોદ્દાનો અમલ ચલાવવામા, કોઇ સખસની ઉપર મહેરબાની કે ઇતરાજી કરવા કે ન કરવાના કારણ દાખલ કે બદલામા, અથવા હીંદુસ્તાનના કાયદા બા-

ધનારી કે હકુમત કરનારી સરકારની જોડે કે કોઇ પ્રેસીડેન્સી સરકારની જોડે કે કોઇ લેફ્ટેનન્ટ ગવર્નરની જોડે કે કોઇ પણ સરકારી નોકરની જોડે તેના સરકારી હોદ્દા સબંધી કોઇ શખસને માટે અથવા કોઇ શખસની વિરૂદ્ધ કાંઈ વગ ચલાવવાના કે વગ ચલાવવાની કોશીશ કરવાના કારણ માટે અથવા બદલામાં કોઇ પણ સખસ પાસે, પોતાને માટે અથવા કોઇ બીજા સખસને માટે કાયદેસર મહેનતાણા શીવાય બીજો કાંઇ પણ અવેજ લે અથવા મેળવે અથવા લેવાને કબુલ કરે કે મેળવવાની કોશીશ કરે તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે

ખુલાસો—'સરકારી નોકર થવાની ઉમેદ રાખતો હોય' અગર કોઇ સખસ સરકારી નોકર થવાની ઉમેદ રાખતો ન હોય અને તે બીજાઓને એમ સમજાવે કે મને સરકારી નોકરી મળવાની છે, ત્યારે હું તમારૂં કામ કરી આપીશ અને એ પ્રમાણે તેઓને ઠગીને કાંઇ અવેજ મેળવે તો તે ઠગાઇનો ગુન્હેગાર થઇ શકે પણ તે કાંઈ આ કલમમા બ્યાન કરેલા ગુન્હાને માટે તકસીરવાન ગણાય નહીં.

'અવેજ' શબ્દવડે એકલા પૈસાજ અથવા જેની કીમત પૈસાથી થઇ શકે એવો અવેજ સમજવો નહિ'

'કાયદેસર મહેનતાણુ'—એ શબ્દોવડે કોઇ સરકારી નોકર જે મહેનતાણું કાયદા મુજબ માગી શકે તે મહેનતાણુંજ સમજવુ નહી પણ જે સરકારની તે નોકરી કરતો હોય તે સરકારની તેને જે જે મહેનતાણું લેવાની પરવાનગી હોય તે સઘળા મહેનતાણાનો તેઓમા સમાવેશ થાય છે

'કરવાનું કારણ અથવા બદલો'—કોઇ સખસ જે વસ્તુ કરવાનો ઇરાદો રાખતો ન હોય તે વસ્તુ કરવાના કારણ દાખલ અથવા જે વસ્તુ તેણે કરી ન હોય, તે વસ્તુ કરવાના બદલામાં કાંઇ અવેજ લે તો તે આ શબ્દોમાં દાખલ થાય છે.

દૃષ્ટાંત—(અ) એક મુનસફ, અ, એક શરાફ જની તરફનુ હુકમનામુ કરી આપવાના બદલામા પોતાના ભાઇને જ ની પેઢીમા એક જગા અપાવે તો અ એ આ કલમમા બીયાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવુ.

(બ)—એક કુમક કરનારા રાજાના દરબારમા રેસીડેન્ટના હોદ્દાપર છતાં તે રાજાના પ્રધાન પાસેથી અ એક લાખ રૂપીયા લે અને એમ માલમ પડે કે પોતાના હોદ્દાનુ ફલાણું મુકરર કામ કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામા અથવા તે રાજાને માટે પોલીટીકલ સરકારની સાથે કાંઈ મુકરર બાબતમાં વગ ચલાવવા કે વગ ચલાવવાની કોશીશ કરવાના કારણ માટે અથવા બદલામા અ એ ઉપલી રકમ લીધી, કે પોતાના હોદ્દાનો અમલ ચલાવવામા તે રાજાની ઉપર મહેરબાની રાખવાના કારણ દાખલ કે બદલામાં તે રકમ લીધી અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) કોઈ અ નામનો સરકારી નોકર જને ખોટુ સમજાવે કે સરકારની સાથે મારા વગથી તને ખીતાબ મળ્યો અને એમ કરીને તે ચાકરીના બદલામાજ તેને કાંઇ નાણું આપે, એમ કરે તો, અ એ કલમમા બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવુ

ટીકા—આ કલમ મુજબ ગુન્હો ફક્ત લાંચ લેવામા અગર તો લાંચ લેવાનો પ્રયત્ન કરવામાંજ સમાયલો છે પછી તે લઇ કાંઇક ગેર કાયદેસર કૃત્ય કરે કે ન કરે તે છતા માત્ર લેવાથીજ ગુન્હો થાય છે (રાણી, વિ બળદેવ ઇ લો. રિ ૩, અલ્હાબાદ પાનું ૨૫૭)

જ્યારે એક અમલદાર કાંઇ પણ બક્ષીસ સ્વિકારે ત્યારે તે લાંચ તરીકેજ અને પોતાના હોદ્દાને અંગે કાંઈ પણ મહેરબાની દેખાડવા માટે લીધેલી હોવી જોઇએ એવુ કોર્ટ અનુપાન કરે છે કોઇ પણ જાતની ભેટ સ્વીકારવાના કૃત્યને પણ ગુન્હો ગણેલો છે.

૧૬૨ લાંચના કાયદા વિરૂદ્ધ ઉપાયથી કોઇ સરકારી નોકરને પોતાના હોદ્દાનુ કાંઇ કામ કરવા કે ન કરવાને લલચાવવાના કારણ દાખલ કે બદલામાં તે સરકારી નોકરને પોતાના હોદ્દાનો અમલ ચલાવવામાં કોઇ શખ્સની ઉપર મહેરબાની કે ઇતરાજી કરવાને લલચાવવાના કારણ દાખલ કે બદલામાં, હિંદુસ્તાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની જોડે કે કોઇ પ્રેસીડેન્સી સરકારની જોડે કે કોઇ લેફ્ટેનન્ટ ગવર્નરની જોડે કે કોઇ પણ સરકારી નોકરની જોડે તેના સરકારી હોદ્દા સબંધી કોઇ શખ્સને માટે

અથવા કોઇ સખસની વિરૂદ્ધ વર્ગ ચલાવવાનો અથવા વર્ગ ચલાવવાની કોશીશ કરવાને લલચાવવાના કારણ દાખલ કે બદલામાં જે માણસ કોઇ પણ સખસ પાસે પોતાને માટે અથવા બીજા કોઇ પણ સખસને માટે કાંઇ પણ અવેજ લે અથવા મેળવે કે લેવાને કબુલ કરે અથવા મેળવવાની કોશીશ કરે તે માણસને ત્રણવરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે

૧૬૩ પોતાનો ખાનગી વગ ચલાવીને કોઇ સરકારી નોકરને પોતાના હોદ્દાનુ કાઇપણ કામ કરવા કે ન કરવાને લલચાવવાના કારણ દાખલ કે બદલામા, કે તે સરકારી નોકરને પોતાના હોદ્દાનો અમલ ચલાવવામા કોઇ સખસની ઉપર મહેરબાની અથવા ઇતરાજી કરવાને લલચાવવાના કારણ દાખલ કે બદલામાં અથવા હિંદુસ્થાનની કાયદા બાંધનારી કે હુકમત કરનારી સરકારની જોડે કે પ્રેસીડેન્સી સરકારની જોડે કે લેફ્ટેનન્ટ ગવર્નરની જોડે કે કોઇ પણ સરકારી નોકરની જોડે તેના સરકારી હોદ્દા સબંધી કોઈ સખસને મટે અથવા કોઇ સખસની વગ ચલાવવાને કે વગ ચલાવવાની કોશીશ કરવાને લલચાવવાના કારણ દાખલ કે બદલામાં જે માણસ કોઇ પણ સખસ પાસે પોતાને માટે કે બીજા કોઇ સખસને માટે કાંઇપણ અવેજ લે, અથવા મેળવે કે લેવાને કબુલ કરે કે મેળવવાની કોશીશ કરે, તે માણસને એક વરસની મુદત સુધીની આસન કેદની અથવા દંડની કે બનેની શિક્ષા થશે,

દૃષ્ટાંત—કોઇ વકીલ કોઇ જડજની આગળ કોઇ મુકદમામાં તકરાર કરવાને ફી લે, અરજીની બીના બરોબર ગોઠવી અરજી કરવા સારૂ કોઇ કાંઇ અવેજ લે, તકસીરવાર ન ઠરેલા માણસના પૈસા લઇને કોઇ મુખત્યાર તેને ગેરવાજબી તકસીરવારન ઠરાવ્યો છે એવુ બતાવવાને સરકારની આગળ કાંઈ લખીને રજુ કરે તો, તેવા સખસો આ કલમમા દાખલ થતા નથી કેમકે તેઓ પોતાનો ખાનગી વગ ચલાવવા કહેતા નથી

૧૬૪ કોઈ સરકારી નોકર હોય તેની બાબતમાં ઉપલી બે કલમોમા બ્યાન કરેલા બે ગુન્હાઓમાંનો ગમે તે ગુન્હો કરવામા આવે અને તેમાં તે મદદગારી કરે તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શિક્ષા થશે.

દૃષ્ટાંત—અ એક સરકારી નોકર છે, તેની વહુ બ, અની પાસે કોઇ મુકરર સખસને કાઇ જગ્યા આપવાનુ અને કહેવાના કારણ દાખલ કાંઈ નજરાણુ લે, અને અ, બ ને તે લેવામાં મદદગારી કરે તો બને ૧૬૩ મી કલમ પ્રમાણે ત્રણ વરસ સુધીની અને અ ને કા ૧૬૪ પ્રા ત્રણ વરસની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા બનેની શીક્ષા થાય.

૧૬૫ કોઇ સરકારી નોકર જે મુકદ્દમો કે મામલો ચલાવતો હોય કે ચલાવવાનો હોય, અથવા જે મુકદમો કે મામલો પોતાના અથવા પોતે જે સરકારી નોકરને તાબે હોય એવા કોઇ સરકારી નોકરના હોદ્દાના અમલની સાથે નિસ્બત રાખતો હોય એવા કોઇ મુકરદમામા કે મામલા મધે જે સખસનુ કાઇ લાગતું વળગતું હતુ અથવા છે, અથવા થવાનો સભવ છે એમ તે જાણતો હોય એવા કોઇ સખસની પાસેથી અથવા એ પ્રમાણે લાગતું વળગતુ હોય તેવા સખસની સાથે જે સખસનો કાઇ સબધ અથવા સગપણ છે એમ તે જાણતો હોય એવા કોઇપણ સખસ પાસેથી તે સરકારી નોકર કીંમત આપ્યા વગર અથવા પોતાના જાણ્યા મુજબ ઓછી કીંમત આપીને પોતાને માટે અથવા બીજા કોઇ શખસને માટે કઇ કીંમતી વસ્તુ લે અથવા મેળવે કે લેવાને કબુલ કરે કે મેળવવાની કોશીશ કરે તો તેને બે વરસની મુદત સુધીની આસન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

દૃષ્ટાંત—(અ) અ એક કલેકટર છે. તેની આગળ જમાબદી બાબતનો જ નો એક મુકદમો ચાલે છે. હવે જ નુ ઘર કે જેના મહિને બસો રૂપીઆ ભાડુ ઉપજે તેવુ હોય તે ઘર અ દર મહીને પચાસ રૂપીઆ ભાડુ ઠરાવીને રાખે તો અ એ જ ની પાસેથી પુરતી કીંમત આપ્યા વિના કિમતી વસ્તુ મેળવી એમ સમજવુ,

(બ) અ એક જજ છે, તેની કોર્ટ મધે જ નો એક મુકદમો ચાલે છે, તે જ ની પાસેથી સરકારી પ્રોમીસરી નોટો બજારમા વધારે ભાવે વેચાતી હોય, તે ઓછે ભાવે અ ખરીદ કરે તો અ એ જ ની પાસેથી પુરી કીમત આપ્યા વિના કીંમતી વસ્તુ મેળવી એમ સમજવુ

(ક) જ ના ભાઇને ખોટી સાહેદી આપવાના તહોમત ઉપરથી પકડીને અ માજીસ્ટ્રેટની આગળ લઇ

ગયા છે, હવે કોઇ બેંકના શેર બજારમા ઓછે ભાવે મળતા હોય તે શેર અ, જ ને વધારે ભાવે વેચે અને તે પ્રમાણે જ, અ ને નાણું ભરે તો અ એ એ રીતે મેળવેલા નાણા પુરી કીંમત આપ્યા વિના લીધેલી કીમતી વસ્તુ સમજવી.

ટીકા—આ કલમ મુજબ કોઇ સરકારી અમલદારની તપાસ ચલાવતા પહેલા સેકશન મેળવવુ જોઇએ

૧૬૬. કોઇ માણુસ સરકારી નોકર હોય અને તેણે પોતાના સરકારી હોદા પર કેમ ચાલવુ એ બાબતનો કાંઇ કાયદાનો હુકમ જાણી બુજને ન માને, તે એવા ઇરાદાથી કે તે ન માનવાથી કોઇ સખસને કાંઈ નુકશાન કરવુ, કે નુકશાન થશે એવો સભવ છે, એમ જાણવા છતા નુકશાન કરે તો તે માણુસને એક વરસની મુદત સુધીની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા થશે

દષ્ટાંત--જ ની તરફનુ એક ઇન્સાફની કોર્ટે હુકમનામું કરી આપ્યું હોય, તે હુકમનામુ પુરૂ કરવા સારૂ તે બજાવવામા કાંઇ મિલકત જપ્ત કરવાનો કાયદાએ અ અમલદારને હુકમ કર્યો હોય, પણ તે કાયદાનો હુકમ અ જાણીબુજીને ન માને, અને તે જાણુતો હોય કે હુ એ હુકમ નહી માનુ તો જ ને નુકશાન થવાનો સભવ છે, તો અ એ આ કલમમા બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવુ.

૧૬૭ કોઇ માણુસ સરકારી નોકર હોય અને તેને પોતાના સરકારી હોદાના જોરથી કાંઇ લેખ કરવાનુ કે તેનો તરજુમો કરવાનુ સોંપ્યુ હોય અને તે માણુસ પોતે જેને ખોટી જાણુતો હોય કે માનતો હોય તે રીતે તે લેખ બનાવે કે તેનો તરજુમો કરે તે એવા ઇરાદાથી કે તેમ કરીને પોતે કોઇ શખસનું નુકશાન કરવુ અથવા તેમ કરવાથી પોતાથી કોઇનુ નુકશાન થાય એવો સભવ છે, એમ જાણ્યા છતાં નુકશાન કરે તો તે માણુસને ત્રણુ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે

૧૬૮ જે માણુસ સરકારી નોકર હોય અને પોતાને હોદાને લીધે કાયદા મુજબ જેની વેપાર નહીં કરવાની ફરજ હોય તે માણુસ જો વેપાર કરે તો તેને એક વરસની મુદત સુધીની આસન કેદની અથવા દડની એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૧૬૯ જે માણુસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદાને લીધે કાયદા મુજબ જેની કાંઇ મીલકતની ખરીદી અથવા માગણી નહીં કરવાની ફરજ હોય તે માણુસ જો પોતાને નામે અથવા બીજાને નામે અથવા બીજાની સાથે રહીને કે ભાગમા તે મીલકતની ખરીદી કે માગણી કરે તો તેને બે વરસની મુદત સુધીની આસન કેદની અથવા દડની કે બંનેની શીક્ષા થશે અને તે મીલકત ખરીદ થઇ હશે તો તે સરકારમા જપ્ત કરવામાં આવશે

૧૭૦ જે શખસ પોતે અમુક હોદા ઉપર નથી એમ જાણ્યા છતાં સરકારી નોકર દાખલ તે હોદ્દાપર હોવાનો ઢોંગ કરે અથવા તે હોદ્દાપર હોય એવા કોઇ બીજા શખસનો વેશ લે, અને તે વેશ લઇને તે હોદાથી કરતો હોય એવી રીતે કાંઇ કામ કરે કે કરવાની કોશીશ કરે, તે શખસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની કે બંનેની શીક્ષા થશે

ટીકા—અમુક હોદ્દો ધારણુ કરવાનો ઢોંગ કે વેશ કરવાથી ગુન્હો નથી, પણ તેમ કરીને કંઈક ફૂલ કરે કે તેમ કરવાનો પ્રયત્ન કરે ત્યારે ગુન્હો બને છે (૯ મુબાઇ લૉ રીપોર્ટ ૨૨૨૨, ૭૦૬)

૧૭૧ જે માણુસ સરકારી નોકરોનો અમુક વર્ગનો નહી છતાં તે વર્ગના સરકારી નોકરનો પોશાક જેવો પોશાક પહેરે કે તેઓની નીશાની જેવી નીશાની સાથે રાખે એવા ઇરાદાથી કે તે માણુસ સરકારી નોકરોના તે વર્ગમાનો છે એમ માનવામા આવે અથવા એમ માનવામા આવશે એવો સંભવ છે, એમ જાણ્યા છતાં તો, તે માણુસને ત્રણુ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા બસે રૂપીયા સુધીના દડની કે બંનેની શીક્ષા થશે.

બાબ ૧૦ મો

સરકારી નોકરના કાયદેસર અખત્યારના તીરસ્કાર બાબત

૧૭૨ જે સરકારી નોકરે પોતાના હોદ્દાના જોરથી, કાયદા મુજબ અધીકાર પ્રમાણે કરેલો સમન, નોટીસ કે હુકમ, પોતાને ન પહોંચાડાય એટલા માટે જે માણસ નાશી જાય તેને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે જો તે સમન, નોટીસ કે હુકમ જાતે, કે મુખત્યારની મારફતે કોઇ ઇનસાફની કોર્ટમા હાજર થવા બાબતનો કે કાંઇ લેખ હાજર કરવા બાબતના હશે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની કે એ બનેની શીક્ષા થશે

ટીકા—એક માજીસ્ત્રેટે કાઢેલુ વારંટ ન બજે તે માટે એક શખસ નાશી જાય તો તેને આ કલમ પ્રમાણે શીક્ષા થઇ શકે નહી તેની સામે નો ક્રી પ્રે કો ક, ૮૧ ને ૧૧૩ મુજબ પગલા ભરવા (રા ગ્રી વિ. વોમેશ. ૫ સધર લાન્ડ ક્રી. ૨) આ કલમ મુજબ તપાસ ચલાવતા પહેલા સેક્શનની જરૂર છે

૧૭૩ જે સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાના જોરથી કાયદા મુજબ અધીકાર હોય તેણે કરેલા સમન, નોટીસ કે હુકમ પોતાને કે બીજા કોઇ શખસને પહોચતો કે કોઇ જગોપર, ચોંટાડવા જે માણસ કોઇ પણ ઇરાદાથી અટકાવે કે તે ચોડયો હોય ત્યાથી ઇરાદાથી ખશેડે અથવા જે સરકારી નોકરને પોતાના હોદ્દાના જોરથી કાયદા મુજબ કોઇ જાહેરખબર આપવાનુ ફરમાવવાનો અધિકાર હોય તેના હુકમથી તેવી કોઇ જાહેરખબર આપવાને જે માણસ કોઇ પણ રીતે ઇરાદાથી અટકાવે તેને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાચસે રૂપીઆ સુધીના દંડની કે એ બનેની શીક્ષા કરવામા આવશે

ટીકા—કોઇ માણસ સમનમા સહી ન કરી આપે તો તેથી ગુન્હો થતો નથી (ઇ લા રી ૫ મદ્રા. ૧૯૯)

૧૭૪ જે સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાના જોરથી કે કાયદા મુજબ અધીકાર હોય તેણે કરેલા સમન, નોટીસ, હુકમ કે જાહેરખબર ફરમાવ્યા ઠેકાણે કે ફરમાવી વખતે જાતે કે મુખત્યારની મારફતે હાજર થવાની જેની કાયદા મુજબ ફરજ હોય તે જો ઇરાદાથી તે ઠેકાણે કે વખતે હાજર થવામા કસુર કરે, અથવા જે ઠેકાણે હાજર થવાની ફરજ હોય ત્યાથી જવાના કાયદેસર વખત થતા પહેલા જાય તો તે માણસને એક મહિનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાચસો રૂપીઆ સુધીની દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે જો તે સમન, નોટીસ, હુકમ કે જાહેરખબર જાતે કે મુખત્યારની મારફતે કોઇ ઇન્સાફની કોર્ટમા હાજર થવા બાબતની હશે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીની દંડની અથવા એ બનેની શીક્ષા થશે.

દ્રષ્ટાંત—(અ) કોઇ કોર્ટથી થયેલા સમન મુજબ તે કોર્ટ મધે હાજર થવાની કાયદા મુજબ ફરજ છતા અ હાજર થવામા કસુર કરે તો, (બ) અથવા કોઇ જીલ્લા જજે કરેલા સમન મુજબ તેની હજુર હાજર થવાની કાયદેસર ફરજ છતા અ હાજર થવામા ઇરાદાથી કસુર કરે તો અ એ આ કલમમા કહેલો ગુન્હો કર્યો એમ સમજવુ

ટીકા—તેવો સમન, નોટીસ કે હુકમ કહાડવાની તે અમલદારને હકુમત હતી કે કેમ તે ઉપર ગુન્હાનો આધાર છે જો હકુમત ન હોયતો કાઢેલા હુકમને તાબે ન થનાર ગુન્હેગાર થઇ શકતો નથી (૫ મુબઇ હાઇકોર્ટ પા ૩૩) સીવીલકોર્ટથી નીકળેલો સમન તેની જાતપર બજાવ્યો ન હોય પણ તેના ઘરને બારણે ચોટાડયો હોય તો તથી કોર્ટમા હાજર ન થનાર શખસે ગુન્હો કર્યો ન કહેવાય (ઇ. લો રી. મદ્રા એ હે ૨૯)

૧૭૫ સરકારી હોદ્દાના જોરથી કોઈ સરકારી નોકરની આગળ કાંઈ લેખ હાજર કરવામાં કે સ્વાધિન કરવામાં ઈરાદાથી કસુર કરે તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેની શિક્ષા કરવામા આવશે તે લેખ કોઇ ઇન્સાફની કોર્ટમા હાજર

કે સ્વાધીન કરવાનો હોય તો તે માણસને ૭ મહીનાની મુદત સુધી આસાન કેદની અને એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંને શિક્ષા થશે

દૃષ્ટાંત—કોઇ જીલ્લા કોર્ટમાં કાંઇ લેખ હાજર કરવાની કાયદા મુજબ ફરજ છતાં અને લેખ હાજર કરવામાં ઇરાદાથી કસુર કરે તો તેણે આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો એમ સમજવું

૧૭૬ સરકારી હોદ્દાના જોરથી કોઇ સરકારી નોકરને કાંઇ બાબત સબંધી કાંઇ નોટીસ કે ખબર આપવાની કાયદા મુજબ ફરજ છતાં જે માણસ કાયદેસર રીતે તથા વખતે તેની ખબર આપવામાં ઇરાદાથી કસુર કરે તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચસે રૂપિઆ સુધીની દંડની અથવા એ બન્નેની શીક્ષા કરવામાં આવશે. જો તે નોટીસ કે ખબર કાંઈ ગુન્હો થવા બાબતની કે ગુન્હો થતાં અટકાવવાની કે ગુન્હેગારને પકડવા માટે આપવી જોઇતી હોય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની કે એક હજાર રૂપીઆ સુધીના દંડની કે એ બનેની શીક્ષા થશે,

૧૭૭ સરકારી હોદ્દાના જોરથી કોઇ સરકારી નોકરને કાંઇ બાબત સબંધી કાંઇ ખબર આપવાની કાયદા મુજબ ફરજ છતાં તે બાબત સબંધી જે ખબર પોતે ખોટી છે એમ જાણતો હોય કે એમ માનવાનું કારણ હોય એવી કાંઇ ખોટી ખબર ખરી દાખલ જે માણસ આપે તેને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની કે એક હજાર રૂપીઆ સુધીના દંડની કે એ બનેની શીક્ષા કરવામાં આવશે. અગર જે ખબર આપવાની તેની કાયદા મુજબ ફરજ હોય તે ખબર કાંઇ ગુન્હો થવા બાબતની કે ગુન્હો થતો અટકાવવાના કારણસર કે ગુન્હેગારને પકડવા માટે આપવી જોઇતી હોય તો, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત—(અ) ક નામનો જમીનદાર પોતાની હદમાં એક ખુન થયેલું જાણતાં છતાં માજીસ્ટ્રેટને ખોટી ખબર આપે કે સાપ કરડવાથી તે મોત થયું છે તો તેણે આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો સમજવું.

ટીકા—પોલીસ અમલદાર કે જે ગુન્હાનું રજીસ્ટર રાખવાને બંધાયેલો છે, તે એક રીપોર્ટ કરવામાં આવે તે નોંધે નહી પણ તેથી જુદો રીપોર્ટ કરે તો આ કલમ મુજબ તે ગુન્હો કરે છે (ઇ લો રિ. ૨૦ અલ્હા ૧૫૧)

૧૭૮ સાચું બોલવાને સોગન કે પ્રતિજ્ઞા આપવાનો જે સરકારી નોકરને કાયદા પ્રમાણે અધિકાર હોય તેવા કોઇ સરકારી નોકરે સાચું બોલવાને બાંધવા સારૂ કોઇ માણસને સોગન કે પ્રતિજ્ઞા ખાવાનું ફરમાવ્યા છતાં તે માણસ તે પ્રમાણે સોગન ખાવાની ના કહે તો તેને છ મહીના સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે

ટીકા—જુઓ—ક્રી—પ્રો—કો—કા ૪૮૦—૪૮૨—૪૮૫)

૧૭૯ કોઇ સરકારી નોકર પોતાના સરકારી, હોદ્દાના કાયદેસર અખત્યારનો અમલ કરતાં કોઇ બાબતમાં કાંઇ સવાલો પુછે અને તે બાબતમાં તે સરકારી નોકરને સાચી વાત કહેવાની કાયદા મુજબ પોતાની ફરજ છતાં જે માણસ તે સવાલનો જવાબ દેવાની ના કહે તે માણસને છ મહીનાની મુદત સુધી આસાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—ક્રી—પ્રો—કોડના ૧૬૦ અને ૧૬૧ કલમ, આ કલમ સાથે વાચવી.

૧૮૦ કોઇ માણસે કાંઇ મજકુર કહ્યો હોય તે મજકુર ઉપર તેની સહી કરવાનું ફરમાવવાને કાયદા પ્રમાણે અધિકાર હોય તેવા કોઇ સરકારી નોકરે તે મજકુર ઉપર સહી કરવાનું ફરમાવ્યા છતાં અગર તે માણસ ઉપર સહી કરવાની ના કહેતો તેને ત્રણ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની કે બંનેની શિક્ષા થશે

ટીકા—રેવન્યુ ઈન્કવાયરી પ્રમાણે લેવાયલી જુબાની પર સહી કરવાને તે બંધાયલો નથી, તેમ પોલીસ ઓફીસર આગળની જુબાનીમાં લખાવનારે સહી કરવાની જરૂર નથી. એક આરોપીને પુછવાથી આપેલા સવાલોના જવાબમાં તે સહી કરવાની ના પાડવાથી આ કલમ મુજબ ગુન્હો થતો નથી (ઇ. લો. રિ ૪ મુ પા ૧૫) પણ અમુક સાહેદ પ્રતિજ્ઞા ઉપર જુબાની આપે અને તેને તે વાંચી બતાવ્યાથી તેનું ખરાપણું તે સ્વિકારે તે છતાં સહી કરવા ના પાડે તો આ કલમ પ્રમાણે ગુન્હો થાય છે [અલ્હા. વી. નો પા ૪૫ ૧૮૮૧]

૧૮૧ કોઇ સરકારી નોકર કે જેને અખત્યાર હોય એવા કોઇ બીજા સખસને કાયદા મુજબ સોગન

કે પ્રતિજ્ઞા આપવાનો અધિકાર હોય તેની આગળ કોઇ પણ બાબતમાં સાચી વાત કહેવાને કોઇ સોગન કે પ્રતીજ્ઞાથી કાયદેસર બંધાયા છતાં જે માણસ, જે મજકુર ખોટો હોય કે ખોટો છે એમ પોતે જાણતો કે માનતો હોય ને ખરો છે તેમ માનતો ન હોય તો, તેવો કોઇ મજકુર કહે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને તે વળી દંડને પણ લાયક થશે.

ટીકા--ગુન્હો પુરવાર કરવામાં, આરોપીને કાયદેસર સોગન આપવામાં આવ્યા હતા, તે સોગન આપવાની તે અમલદારને સત્તા હતી અને આરોપીના જાણવા કે માનવા પ્રમાણે તે કહેલો મજકુર જુઠો હતો એટલું સાબિત કરવું જોઇએ

૧૮૨ જે ખબરને કોઈ સખસ ખોટી જાણતો કે માનતો હોય તેવી ખબર કોઇ પણ સરકારી નોકરને આપવાથી

(અ) જે વાત સબંધી ખબર આપવામાં આવી હોય તે વાતની સાચી હકીકત તેના જાણવામાં આવી હોય તો, જે વસ્તુ આ સરકારી નોકરે ન કરવી જોઇએ કે જે વસ્તુ કરવામાં તેણે કસુર ન કરવી જોઇએ તે વસ્તુ કરે, અથવા તે કરવામાં કસુર કરે, અથવા

(બ) પોતાની કાયદેસર સત્તા કોઇ પણ સખસને નુકશાન કે દુખ થાય એવી રીતે વાપરે, એવા ઇરાદાથી, અથવા તે એમ કરશે એવો સંભવ છે, એવું જાણ્યા છતાં તેવી ખબર તે સરકારી નોકરને સદરહુ સખસ આપે તો, તે સખસને છ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદના, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે

દ્રષ્ટાંતો—અ કોઈપણ માજીસ્ત્રેટને એવી ખબર આપે કે તમારા હાથ તળેના ઝ પોલીસ અમલદારે ગફલત કરી છે, અથવા ગેરચાલ ચલાવી છે અને તે ખબર ખોટી છે એમ તે પોતે જાણતો હોય અને તે ખોટી ખબરપરથી તે માજીસ્ત્રેટ ઝ ને બરતરફ કરશે એવો સંભવ છે એમ પણ તે જાણતો હોય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું

(બ) અ કોઇ સરકારી નોકરને એવી ખોટી ખબર આપે કે મના કરેલું નિમક ઝ એ એક છાને ઠેકાણે સંતાડયું છે અને તે ખબર ખોટી છે તેમ પોતે જાણતો કે માનતો હોય તેમ તેથી ઝની જગાનો ઝાડો લેવાશે તથા તેને દુખ થવાનો સંભવ છે એમ પણ જાણતો હોય તો અ એ આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો એમસમજવું.

(ક) અ એક પોલીસના માણુસને એવી ખોટી ખબર આપે કે અમુક ગામની પાડોશમાં મારા ઉપર હુમલો કરીને મને લુટી લીધો છે, પણ તેના પર હુમલો કરનાર કોઇપણ સખસનું તે નામ આપતો નથી, અને તે ખબરથી તે ગામના લોકોને દુખ થાય તે રીતે પોલીસ ચોકશી કરશે કે ઝાડા લેશે એવો સંભવ છે એમ તે જાણતો હોય તો, અ એ આ કલમ પ્રમાણેનો ગુન્હો કર્યો છે એમ સમજવું

ટીકા—અમુક સખસને નુકશાન કરવાના ઇરાદાનીજ ખોટી ખબર અપાયલી હોવી જોઇએ માજીસ્ટ્રેટને કે પોલીસને ખોટી બાતમી આપ્યાથી જનસમાજની શાંતિમાં ભંગાણ પડે તેમ હોય તો તે ગુન્હો છે, ખોટી ખબર આપ્યા ઉપરથી સરકારી અમલદાર કંઇ કૃત્ય કરે તો પણ માત્ર ખોટી ખબર આપે એટલે ગુન્હો પુરો થાય છે [ઇ, લો, રિ, ૧૫ અ ૩૩૬)

એક જમીનદાર સરકારી જમીન પચાવી પડયો છે એવી કલેકટરને ખબર આપવી એ ગુન્હો નથી. [ઈ લો રિ ૪ મ. ૪૯૮]

૧૮૩ આ સખસ સરકારી નોકર છે એમ જાણીને કે એમ માનવાનું કારણ છતાં તે સરકારી નોકરના કાયદેસર અખત્યારથી કોઇ મીલકત જપ્ત થતી હોય તેમાં જે માણસ સામો થાય તેને છ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની કે હજાર રૂપીયા સુધીના દંડની કે એ બંનેના શીક્ષા થશે

ટીકા—એક જણને ત્યાં જપ્તી થતાં બેલીફની આગળ એક સખસ મીન [illegible] માં તે મીલકત તેની છે એમ ન લખે ત્યાં સુધી તે આપવા ના પાડે તેથી આ કલમ પ્રમાણે ગુન્હો થતો નથી ઈ ના ગી ૧૫ મુ ૫૬૪)

૧૮૪ કોઇ સરકારી નોકરના પોતાના હોદાના કાયદેસર અખત્યારથી વેચવા કાઢેલી મીલકત વેચાણમાં જે માણસ ઇરાદાથી કંઇ અડચણ કરે, તે માણસને એક મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની કે એ બંનેની શીક્ષા થશે.

૧૮૫ કોઇ સરકારી નોકરના કાયદેસર અખત્યારથી કાંઇ મીલકતનું વેચાણ થતું હોય તે વેચાણમાંથી તે મીલકત ખરીદ કરવાને ફલાણો શખસ કાયદા મુજબ અશક્ત છે એમ જાણ્યા છતાં તે શખસને હિસાબે પોતે કે બીજો જે માણસ તે મીલકતનો ખરીદ કે માગણી કરે, અથવા માગણી કરેથી જે ફરજ ગેતાની ઉપર આવતી હોય તે ફરજ અદા કરવાનો પોતાનો ઇરાદો નહી છતા જે માણસ તે મીલકતની માગણી કરે તેને એક મહીનાની મુદત સુધીની બેમા ા ગમે ને પ્રકારની કેદની અથવા બસેં રૂપીઆ સુધીના દડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

ટીકા—હુકમનામાની બજાવણીના સંબંધમાં કામ કરનાર અમલદાર કે કોરટની પરવાનગી સિવાય હુકમનામુ મેળવનાર સખસ તે મિલકતની ખરીદી કે માગણી કરી શકતા નથી.

૧૮૬. કોઇ સરકારી નોકરને તેના સરકારી કામ કરવામા જે સખસ બુદ્ધિપૂર્વક અડચણ કરે તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસો રૂપીઆ સુધીના દંડની કે એ બનેની શીક્ષા થશે

ટીકા—સરકારી નોકર પોતાની હકુમતની બહારનું કાંઈ કૃત્ય કરતો હોય તે વખતે તે કંઈ સરકારી કામ કરે છે એમ સમજવુ નહિ. (૯ મુ. ૧૬૫) એક ગામડાના માલકિ સરકારી અમલદારે માગેલું ગાડું ન આપ્યુ તેથી તેને શિક્ષા કરી પણ હાઈકોરટે રદ કરી હતી (૯–મુ–૧૬૫)

૧૮૭ કોઈ સરકારી નોકરને તેની સરકારી નોકરી બજાવવામા મદદ કરવા કે આપવાની જે માણસની કાયદા પ્રમાણે ફરજ હોય તે માણસ અગર ઇરાદાથી તે પ્રમાણે મદદ આપવામા કસુર કરે તો તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા બસેં રૂપીઆ સુધીની દડની કે એ બંનેની શીક્ષા થશે. અને મદદ કરવાનો કાયદા પ્રમાણે જેને અધીકાર હોય એવા કોઈ સરકારી નોકરે કોઈ ઇનસાફની કોરટે કાયદા મુજબ કરેલા કોઇ હુકમ બજાવવાના કારણસર કે કાંઈ ગુન્હો થતાં અટકાવવના કારણસર કે કાંઈ હગામો કે બખેડો બધ પાડવાના કારણસર કે જે શખસના ઉપર કાંઈ ગુન્હાનુ તહોમત મુક્યુ હોય કે જે કાંઈ ગુન્હાનો તકસીરવાર હોય કે કાયદેસર કેદમાથી નાશી ગયો હોય એવા કોઈ શખસને કારણસર તે મદદ માગી હોય, તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાચશે રૂપીઆ સુધીના દડની કે બંનેની શીક્ષા થશે.

૧૮૮ કોઇ સરકારી નોકરને કાંઈ હુકમ જાહેર કરવાનો કાયદા મુજબ અખત્યાર હોય તે પ્રમાણે હુકમ જાહેર કરીને તે કોઈ માણસને એ પ્રમાણે ફરમાવે કે તમારે ફલાણા કામમાથી દુર રહેવુ, અથવા તમારા કબજામા કે તમારા વહીવટમા ફલાણી મીલકત છે તે બાબત ફલાણી તરેહનો બદોબસ્ત રાખવો અને તે પ્રમાણે એ સરકારી નોકરે ફરમાવેલું છે તેમ જાણ્યા છતા તે માણસ તે હુકમ ન માને અને તે ન માનવાથી કાયદેસર કહેલા કોઈ શખસોને કાંઈ નુકશાન કે દુખ થશે, તેનુ જોખમ થશે એવુ થાય તો તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા બસો રૂપીઆ સુધીના દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે. અને અગર તેણે તે હુકમ ન માનવાથી માણસની જીદગીને તદુરસ્તીને કે સલામતીને જોખમ થાય કે થશે એવુ થાય, અથવા હગામો કે બખેડો થાય એવુ થશે એવુ થાય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દડની અથવા એ બંનેની શીક્ષા થશે.

ખુલાસો—તે ગુન્હેગારે હાની કરવાનો ઈરાદો કરવો જોઇએ, અથવા ને હુકમ ન માનેથી હાની થવાનો સભવ છે એવો તેને વિચાર થવો જોઇએ એમ કાંઇ જરૂર નથી. તે એમ માને કે હું ફલાણો હુકમ માનતો નથી તથા તે હુકમ તેણે ન માનવાથી હાની થાય અથવા થશે એવો સભવ હોય તો બસછે.

દૃષ્ટાંત—જે સરકારી નોકરને કાયદા મુજબ હુકમ જાહેર કરવાનો અખતીઆર હોય એવા કોઈ સરકારી નોકર અગર એ પ્રમાણે એક હુકમ જાહેર કરે કે ફલાણો ધર્મ સબધી વરઘોડો ફલાણે રસ્તે થઇને જાય નહી ને પછી જાણી બુજીને તે હુકમ ન માને અને તેથી હગામાનુ જોખમ થાય તો એ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવુ

ટીકા—આ કલમ પ્રમાણે ગુન્હો પુરવાર કરવા માટે, (૧) સરકારી નોકરે કહાડેલો કાયદેસરનો હુકમ,

(૨) જાણી જોઇને તે હુકમનુ તોડવુ અને (૩) એવી જાતની વર્તણુકથી થતી માઠી અસર, આ ત્રણ બાબતો સાબીત થવાની જરૂર છે

ક્રી–પ્રો–કો ના બાબ ૧૧–૧૨ તેમ ક્રી પ્રો કો. કા ૧૩૩–૧૩૬–૧૩૭–૧૩૯–૧૪૪–૧૪૫–૧૪૭ પ્રમાણે એવા કેટલાક હુકમો કરવાની માજીસ્ટ્રેટને સત્તા આપેલી છે. સરકારી નોકરે કહાડેલો હુકમ તેણે કહાડવો જોઇતો નહોતો એવુ બચાવમા લાવી શકાય નહી તે હુકમ જ્યાં સુધી રદ થાય નહી, ત્યાં સુધી બરોબર સમજવો, [ઈ, લો. રિ મદ્રા ૪૭૫] આવા હુકમ દિવાની કોર્ટ રદ કરી શકે નહી ૧૨ મા બાબ મુજબ હુકમો અને દિવાની કોર્ટથી હક સાબીત થાય ત્યા સુધી તે હુકમ ‘ રીવ્યુ ’ મા લેવાને હાઇકોર્ટને પણ સત્તા નથી. [૧૫ સધર લેન્ડ ક્રી ૮૬] જે હુકમ કાઢવાની માજીસ્ટ્રેટને સત્તા નથી તેવા હુકમોનો અનાદાર કરનાર શિક્ષાને પાત્ર નથી આ કલમ જાહેર કામો માટે સરકારી નોકરોએ કરેલા હુકમો માટે છે સનાઇ હુકમનુ અપમાન કરવા માટે ઉપર કોર્ટનું અપમાનનુ તહોમત મુકવુ (ઇ. લો. રિ. ૬ કલ. ૪૪૫)

૧૮૯. કોઈ સરકારી નોકરને પોતાના હોદ્દા સબધી કોઈ કામ કરવાને કે ન કરવાને કે તમો ઢીલ કરવાને લલચાવવાના કારણસર તેને પોતને કે જેના સાથે તેનો સબંધ છે તેવા કોઈ શખસને કાંઈ નુકશાન કરવાનો જે માણુસ ડર દેખાડે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે

૧૯૦ કોઈ નુકશાનથી કોઈનુ રક્ષણ કરવાનો કે કરાવવાનો જે સરકારી નોકરને કાયદેસર અધીકાર હોય તેવા કોઇ સરકારી નોકરના આગળ કોઈ શખસને કાંઈ નુકશાનથી પોતાનુ રક્ષણ થવા બાબત કાયદેસર અરજ ન કરવાને કે અરજ કરતો અટકાવવાને, લલચાવવાના કારણસર જે માણુસ તે સખસને કાંઈ નુકશાન કરવાનો ડર દેખાડે. તેને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની કે એ બનેની શીક્ષા કરવામાં આવશે

બાબ ૧૧ મો.

ખોટા પુરાવા તથા સરકારી ઇન્સાફ વીરૂદ્ધ ગુન્હા બાબત

૧૯૧ ખોટી સાહેદી આપવી—કોઇ સોગનથી કે કાયદાના ખાસ ઠરાવથી સાચુ બોલવાને જે માણુસ કાયદા મુજબ બધાયલો હોય અથવા કાંઇ બાબત સંબધી કાઇ ઇકરાર કરવાને કાયદાથી બધ.-યલો હોય તે માણુસ એવી કાંઈ વાત કહે કે, જે ખોટી હોય અને જે ખોટી છે એમ તે જાણતો કે માનતો હોય, કે ખરી છે તે માનતો ન હોય તો તેણે ખોટી સાહેદી આપી એમ સમજવુ

ખુલાસો—૧ કાંઇ વાત મહોડેથી કે કાઇ બીજી રીતે કહી હોય તોપણ તેને આ કલમના અર્થ પ્રમાણેની વાત સમજવી, (૨) સાહેદી આપનાર સખસ પોતાના માનવા બાબત જે ખોટી વાત કહેતો તેને પણ આ કલમના અર્થ પ્રમાણે વાત સમજવી અને જેમ જે વસ્તુ કોઇ સખસ જાણતો ન હોય અને કહે કે હું તે જાણુ છુ તો તેથી તે સખસ ખોટી સાહેદી આપ્યાનો ગુન્હેગાર થાય, તેમ જે વસ્તુ તે માનતો ન હોય તે વિશે તે એમ કહે કે હુ એ માનુ છુ તો તેથી પણ તે સખસ ખોટી સાહેદી આપ્યાનો ગુન્હેગાર થઈ શકે છે

દ્રષ્ટાંત—[૧] (અ) જ ની ઉપર બ નો હજાર રૂપીઆનો દાવો છે, તેની મજબુતીમાં ઇન્સાફ વખતે અ આવીને ખોટા સોગન ખાય કે બ નો દાવો વાજબી છે એમ જ ને કબુલ કરતા મે સાભળ્યો તો અ એ ખોટી સાહેદી આપી સમજવી (બ) કોઇ સોગનથી સાચુ બોલવાને બધાયનો છતાં અ કહે કે ફલાણી સહી જ ની લખેલી છે એમ હુ માનુ છુ, અને જ ની લખેલી છે એમ તે માનતો ન હોય તો એ ઠેકાણે અ જે વાત પોતે ખોટી જાણે છે તે કહે છે માટે તેણે ખોટી સાહેદી આપી એમ સમજવુ

(ક) જ ના અક્ષરનુ વલણ અ જાણે છે અને તે કહે ફલાણી સહી જ ની લખેલી છે એમ હુ માનું છુ અને તે સહી તેની લખેલી છે, એમ અ શુદ્ધ બુદ્ધિએ માનતો હોય તો એ ઠેકાણે અ ની

વાત ફક્ત તેના માનવા વિશે છે અને તેના માનવા વિશે તે સાચી છે માટે તે સહી જ ની લખેલી ન હોય તો પણ અ એ ખોટી સાહેદી આપી સમજવી નહિ

(ડ) અ સોગનથી સાચુ બોલવા બધાયલો છતા કહે કે જ ફલાણે દહાડે ફલાણે ઠેકાણે હતો એમ હું જાણું છુ અને તે બાબત અ કાંઇ જાણતો ન હોય તો, અગર તે દહાડે જ તે ઠેકાણે હતો નહીં તોપણ અ એ ખોટી સાહેદી આપી એમ સમજવુ.

(ઈ) કોઇ સમજાવનાર કે તરજુમો કરનાર જે વાત ખરી રીતે સમજાવવા કે તેનો તરજુમો કરવા સોગદથી બધાયલો છતા તે વાતની એવી સમજણ આપે કે તરજુમો કરે કે તે સમજણ કે તરજુમો ખરો છે એવુ સરટીફીકેટ આપે કે સમજણ અથવા તરજુમો ખરો ન હોય અને તેને ખરો માનતો ન હોય તો અ એ ખોટી સાહેદી આપી સમજવુ

ટીકા—સાહેદી બાબતના ગુન્હા માટે ૧ સાક્ષીએ પુરાવા તરીકે કાંઇ કહેવુ જોઇએ, ૨ તે ખોટુ હોવુ જોઇએ અને ૩ તે ખોટું છે એવુ તે સખસે જાણવુ જોઇએ આ ત્રણ બનવું જોઇએ.

જ્યાં સાક્ષીને સોગન આપવાને જડજ કે માજીસ્ટ્રેટને આધકાર ન હોય છતા તે શોગન ઉપર જુબાની લે, અને તેમા જુઠી જુબાની આપ્યા બદલ કામ ચલાવી શકાય નહી, (પંજાબ રેકર્ડ ૧૯—૧૫ મુ)

દિવાની દાવા અરજીમાં કે પ્રતિવાદીની લેખી હકીકતમા ઉપર લખેલી હકીકત સાચી છે એવો ઇકરાર કરવો જોઇએ છીએ, તેથી તેનો આ કલમમા સમાવેશ થાય છે ઇન્કમટેક્ષ કમીશનર આગળ જુઠી હકીકત જાહેર કરનારને સજા થઇ છે (૮ મુ હા. કો. રિ. પા ૨૧) સાક્ષી કે હકીકત કહેનાર ઇકરાર કરીને કે પ્રતિજ્ઞા ઉપર જે હકીકત લખાવે તે તે જુઠી હોય તો તેને જુઠી જુબાની સમજવી

૧૯૨ જે માણુસ કાંઇ બીના બનાવે કે કાંઈ ચોપડી કે દફતર મધે કાંઇ ખોટી રકમ લખે કે કાંઇ લેખ કરે અને તેમા કાંઇ ખોટી વાત લખે એવા ઇરાદાથી કે કોઇ ઇન્સાફી મુકરદમામાં કે કોઇ સરકારી નોકરની આગળ તેના સરકારી હોદ્દાથી કાયદા મુજબ ચાલતા મુકરદમામા કે કોઇ લવાદની આગળ, તે ખોટી બીના કે ખોટી વાત પુરાવામાં રજુ થાય તથા તે વાતથી તે મુકદમામા પુરાવા ઉપરથી જે શખસ કાંઇ અભીપ્રાય બાંધનાર હોય તે શખસના મનમા તે મુકરદમાના ફેસલાને લગતી કાંઇ જરૂરની બાબત સબધી ખોટો અભીપ્રાય આપે તો તે માણુસે ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવુ

દષ્ટાંત—(અ) જ ની એક પેટીમા અ કાંઇ ઘરેણા મુકે, એવા ઇરાદાથી કે તે ઘરેણા તે પેટીમાથી જડે તથા તે બીનાથી જ ની ઉપર ચોરી સાબિત થાય તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવુ

(બ) અ પોતાની દુકાનના ચોપડામા એક ખોટી રકમ લખે એટલા સારૂ કે કોઇ ઇન્સાફની કોર્ટમા તે પુષ્ટિકર પરમાણુ દાખલ વાપરવી, તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવુ.

(ક) જ ની ઉપર બદમસર વરતનનો ગુન્હો સાબીત કરવાના ઇરાદાથી અ, જ ના જેવા અક્ષર કરીને એક કાગળ લખે કે જાણે તે કાગળ બદમસર વરતનમાના કોઈ સોબતીનો લખેલો હોય અને પોલીસના અમલદારો ફલાણે ઠેકાણે ખોળ કરશે, એવો સભવ છે, એમ જાણીને તે કાગળ તે ઠેકાણે મુકે તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવુ.

ટીકા (૧) ૧ કાંઇ બીના બનાવવી કે કાંઇ ખોટી રકમ લખવી કે કાંઇ લેખ કરવો કે તેમા કાંઇ ખોટી વાત લખવી; ૨ એવા ઇરાદાથી કે તે કોઇ ઇનસાફી મુકરદમામાં કે કોઇ સરકારી નોકરની આગળ તેના સરકારી ઓદ્ધાથી કાયદા મુજબ ચાલતા મુકરદમામા કે કોઈ લવાદની આગળ તે બીના, ખોટી રકમ કે ખોટી વાત પુરાવામા રજુ થાય, ૩ તથા તે મુકદમામા પુરાવા ઉપરથી જે સખસની કાંઇ અભિપ્રાય બાંધવાની ફરજ હોય તે સખસના મનમા તે મુકદમાના ફેસલાને લગતી કાંઈ જરૂરની બાબત સબધી ખોટો અભિપ્રાય બધાવવાને સારૂ આ ત્રણ તત્વો ખોટો પુરાવો બનાવવા માટે એકઠા થવા જોઇએ. ખોટી બનાવેલી વસ્તુ પુરાવા તરીકે વાપરવાનો ઇરાદો હોવો જોઇએ.

૧૯૩. જે માણુસ કોઈ ઇન્સાફી મુકરદમાના કોઇપણ ભાગમા ઇરાદાથી ખોટી સાહેદી આપે કે કોઇ ઇન્સાફી મુકરદમાના કોઇ ભાગમા વપરાય એવા કારણસર ખોટો પુરાવો બનાવે તે માણુસને સાત વર-

સન્ની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને તે દંડને પણ લાયક થશે. તેમ બીજી કોઇ બાબતમા જે માણુસ ઇરાદાથી ખોટી સાહેદી આપે અથવા ખોટો પુરાવો આપે તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને તે વળી દંડને પણ લાયક થશે.

ખુલાસો—[૧] કોઇ કોર્ટ માર્શલ મીલીટરી કોર્ટ ઓફ રીક્વેસ્ટની આગળ તજવીજ ચાલતી હોય તેને ઇન્સાફી મુકરદમો સમજવો.

ખુલાસો—(૨) કોઇ ઇન્સાફની કોર્ટ આગળ મુકરદમો ચાલતા પહેલા કાયદાએ ફરમાવેલી તજવીજ થતી હોય તો ઇન્સાફી મુકરદમાનો એક ભાગ સમજવો, પછી તે તજવીજ કોઇ ઇન્સાફની કોર્ટની આગળ ન થતી હોય તોપણુ

દ્દષ્ટાંત—જ ને તેનો ઇન્સાફ થવા સારૂ કમીટ કરવો જોઇએ કે નહીં એ ઠરાવવા સારૂ કોઇ માજીસ્ટ્રેટની આગળ ચાલતી તજવીજમાં અ સોગન ખાઇને એવી વાત કહે કે જે ખોટી છે એમ તે જાણતો હોય તો એ તજવીજ ઇનસાફી મુકરદમાનો એક ભાગ છે માટે અ એ ખોટી સાહેદી આપી એમ સમજવુ.

ખુલાસો—(૩) જો કોઇ ઇન્સાફની કોરટે કાયદા મુજબ કાંઇ તજવીજ કરવાનું ફરમાવ્યુ હોય અને તે તજવીજ કોઇ ઇન્સાફની કોર્ટના હુકમ મુજબ થતી હોય તો તે તજવીજને ઇન્સાફી મુકરદમાનો એક ભાગ સમજવો, પછી તે તજવીજ કોઈ ઇન્સાફની કોર્ટની આગળ નહી થતી હોય તોપણુ કોઈ જમીનની હદ મુકરર કરવા સારૂ એક ઇન્સાફની કોરટે કોઇ અમલદારને તે જગોપર મોકલ્યો હોય તે અમલદાર ॥ આગળ થતી તજવીજમાં અ સોગન ખાઇને એવી એક વાત કહે કે જે ખોટી છે એમ તે જાણુતો હોય તો એ તજવીજ ઇન્સાફી મુકરદમાનો એક ભાગ છે, માટે અ એ ખોટી સાહેદી આપી એમ સમજવુ

૧૯૪. જો કોઇ માણુસ ખોટી સાહેદી આપે કે ખોટો પુરાવો બનાવે તે એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ શખસની ઉપર બ્રિટીશ ઇંડીયાના અથવા ઈંગ્લાંડના કાયદા મુજબ દેહાંત શીક્ષા જોગ હોય એવો કોઈ ગુન્હો સાબીત થાય અથવા તેમ કરવાથી સાબીત થાય અથવા તેમ કરવાથી સાબીત થશે એવો સભવ છે એમ જાણ્યા છતા તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની કે દસ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણુ લાયક થશે. જો તે ખોટી સાહેદીને લીધે કોઇ એ ગુન્હા શખસના ઉપર ગુન્હો સાબીત થઇ તેનો જીવ લેવામા આવે તો તે ખોટી સાહેદી આપનાર શખસને અગર તો મોતની કે ઉપર બ્યાન કરેલી શીક્ષા કરવામા આવશે.

૧૯૫. જે માણુસ ખોટી સાહેદી આપે કે ખોટો પુરાવો બનાવે એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ શખસની ઉપર બ્રિટીશ હિંદુસ્તાનના અથવા ઇંગ્લાંડના કાયદા મુજબ દેહાંત શીક્ષા જોગ નહી પણુ જીવતા સુધી સમુદ્રપારની કે સાત વરસ કે તેથી વધારે મુદત સુધી કેદની શીક્ષા થઇ શકે, એવો કોઇ ગુન્હો સાબીત થાય અથવા તેમ કરવાંથી સાબીત થશે એવો સભવ છે એમ જાણ્યા છતા તો તે માણુસને જે માણુસની ઉપર તે ગુન્હો સાબીત થયો હોય તેને જે શીક્ષા કરવામા આવે તે શીક્ષા કરવામા આવશે.

દષ્ટાંત—એક ઇન્સાફની કોર્ટની આગળ અ ખોટી સાહેદી આપે એવા ઇરાદાથી કે તેમ કરવાથી જ ની ઉપર ડાકાઇટીનો ગુન્હો સાબીત થાય, ડાકાયટીની શીક્ષા જીવતા સુધી સમુદ્રપાર કે દસ વરસની મુદત સુધીની દંડ સાથે કે દંડ વિના કેદ છે માટે અ તે સમુદ્રપારની કે દંડ સાથે કે દંડ વીના કેદની શીક્ષાને લાયક છે

૧૯૬ કોઇ સાહેદી ખોટી છે કે પુરાવો બનાવટનો છે એવુ જાણીને જે માણુસ દુષ્ટ ભાવથી તે સાહેદી કે પુરાવાને જે ખરી સાહેદી કે પુરાવાની માફક વાપરે કે વાપરવાની કોશીશ કરે તે માણુસને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય કે ખોટો પુરાવો બનાવ્યો હોય એવી રીતે શીક્ષા કરવામા આવશે.

૧૯૭ જે સરટીફીકેટ આપવાનુ કે તે પર સહી કરવાનું કાયદામા ફરમાવ્યું હોય, એવુ સરટીફીકેટ અથવા જે હકીકતના પુરાવામા જે સરટીફિકેટ કાયદા પ્રમાણે લઇ શકાય તેવી કાંઇ હકીકત બાબતનું કાંઇ સરટીફીકેટ, કાંઇ જરૂરની બાબતમા ખોટુ છે એમ જાણીને અથવા એમ માનીને જે માણુસ તે

સરટીફીકેટ આપે કે તે પર સહી કરે તેને જાણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

ટીકા—પુરાવો ખોટો ને બનાવટી હતો, અને તે એ વાત પ્રથમથી જાણતો હતો એ વાત આ કલમ પ્રમાણે સાબીત થવાની જરૂર છે.

૧૯૮ એવું કાંઇ સરટીફીકટ કાંઇ જરૂરની બાબતમા ખોટું છે એમ જાણી જે માણસ દુષ્ટ ભાવથી તે સરટીફીકેટને ખરા તરીકે વાપરે કે વાપરવાની કોશીશ કરે તેને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામા આવશે

૧૯૯ જે એકરાર કોઇ ઇન્સાફી કોર્ટ કે કોઇ સરકારી નોકર અથવા બીજો સખસ કાંઇ હકીકતના પુરાવા દાખલ કબુલ કરવાને કાયદાથી બંધાએલો કે અખત્યાર પામેલો હોય એવા કોઇ એકરાર મધે જે કારણ કે સરતે એકરાર કરવામાં કે વાપરવામાં આવે તેને લગતી કાંઇ જરૂરની બાબત સબંધી ખોટી હોય એવી તથા ખોટી છે એવુ પોતે જાણતો કે માનતો હોય એવી અથવા ખરી છે એવુ પોતે ન માનતો હોય એવી કાંઈ કેફીયત જે માણસ તે એકરાર કરે કે તે પર સહી કરે તે માણસ લખે તો તેને જાણે ખોટી સાહેદી આપી એવી રીતે શીક્ષા કરવામાં આવશે

૨૦૦ એવો કોઇ એકરાર કાંઇ જરૂરની બાબતમા તે ખોટો છે એમ જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે એકરારને ખરા એકરારની માફક વાપરે કે વાપરવાની કોશિશ કરે, તેને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શિક્ષા કરવામા આવશે

૨૦૧ કાંઇ ગુન્હો થયો છે એવુ જાણીને અથવા એવુ માનવાનુ કારણ છતાં જે માણસ તે ગુન્હેગારને કાયદા મુજબ થતી શીક્ષાથી બચાવવાના ઇરાદાથી તે ગુન્હો થવાનો કાંઈ પુરાવો ઉડાવે તે એવા ઇરાદાથી કે જે માણસ પોતે ખોટુ જાણતો કે માનતો હોય એવી કાંઇ ખબર તે ગુન્હા બાબત આપે તે માણસને અગર જે ગુન્હો થયો એવું તે જાણતો કે માનતો હોય તે ગુન્હાને માટે મોતની શિક્ષા થઇ શકતી હોય તો સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે. અને તે દંડને પણ લાયક થશે, જો તે ગુન્હાને માટે જીવતા સુધી સમુદ્રપારની કે દસ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા થઇ શકતી હોય તો તેને ૩ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની તથા દંડની શિક્ષા થશે, અને જો તે ગુન્હાને માટે ૧૦ વર્ષથી ઓછી મુદતની કેદની શીક્ષા જોગ હોય તો તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની મુદત સુધીની કેદની કે દંડની કે એ બનેની શીક્ષા થશે.

દૃષ્ટાંત—બ એ જ નું ખુન કર્યું છે, એવુ જાણીને બ ને શીક્ષાથી બચાવવાના ઇરાદાથી લાશ સતાડવામાં બ ને અ મદદ કરે તો સાત વરસની બેમાના ગમે તે પ્રકારની કેદને તથા દંડને પણ અ લાયક છે

ટીકા—ગુન્હો સાબીત થવા માટે, ગુન્હો, ખરેખરી રીતે બન્યો હતો તે સાબીત કરવુ, ૨ તોહમતદાર જાણતો હતો કે, એક સાધારણ બુદ્ધિવાળા માણસ તરીકે તેને એમ માનવાનુ કારણ હતું કે ગુન્હો કરવામાં આવ્યો હતો. અને ગુન્હેગારને બચાવવાના હેતુથી તેણે જણાવેલાં પગલા લીધાં હતાં આ ત્રણ વાનાંની જરૂર છે આ કલમ બીજાએ કરેલા ગુન્હાનો પુરાવો ઉડાવી દેવાને લાગુ પડે છે, જેથી, કોઇ પોતે કરેલા ગુન્હાનો પુરાવો ઉડાવે તેને આ કલમ લાગુ નથી. (૭ સધરલાન્ડ, વી–રી, પા–૫૨)

૨૦૨ જે ગુન્હા બાબત કંઇ ખબર આપવાની જે માણસની કાયદા પ્રમાણે ફરજ હોય તે માણસ તે ગુન્હો થયો છે એવુ જાણીને કે માનવાનું તેને કારણ છતાં ઇરાદાથી તે ખબર આપવામા કસુર કરે તો તે માણસને ૭ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની તથા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૨૦૩ કાંઇ ગુન્હો થયો છે એવુ જાણીને કે એવુ માનવાનુ કારણ છતાં તે ગુન્હા બાબત પોતે ખોટી જાણતો કે માનતો હોય એવી કાંઇ ખબર જે માણસ આપે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૨૦૪ કોઇ ઇન્સાફની કોર્ટમાં અથવા કોઇ સરકારી નોકરની આગળ તેના હોદ્દાના જોરથી કાયદા પ્રમાણે ચાલતા કોઇ મુકદમામાં જે લેખ કોઇ માણસ પાસે કાયદા પ્રમાણે પુરાવા દાખલ હાજર કરાવી

શકાય એવો કાંઇ લેખ તે માણસ છુપાવે કે તેનો નાશ કરે કે ઉપર લખ્યા મુજબની કોર્ટ કે સરકારી નોકરની આગળ પુરાવા દાખલ તે લેખ હાજર થતો કે વપરાતો અટકાવવાના ઇરાદાથી કે તે કારણસર તે લેખ હાજર કરવાનો તેને કાયદા પ્રમાણે સમન કે હુકમ થયા પછી તે માણસ તે આખા લેખને કે તેમાના કોઇ ભાગને ચોરી નાખે કે વચાય નહીં એવો કરે તો તેને બે વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

ટીકા—બે પક્ષકારોમાંના એક પક્ષકારે પુરાવામાં રજુ કરેલો દસ્તાવેજ ઝુટાવી લીધો તે, એક સાક્ષીને તેનો સબધ બતાવતો અટકાવવાના હેતુથી તે લઇને નાશી ગયો, તો તે પક્ષકારે આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો સમજવું (સુબ્રમણ્ય, વિધકવીન, ૩ મા ૨૬૧) જે માણસ દસ્તાવેજ પોતાની પાસે જુદુ ખાતુ કાઢીને દબાવી રાખે, ને રજુ ન કરે તેને આ કલમ પ્રમાણે શીક્ષા ન થાય, (નોર્થ વેસ્ટ પ્રો–રી–૫૧–૬૪)

૨૦૫ જે માણસ ખોટી રીતે કોઈ બીજાનો વેશ લે, અને તે વેશ લઇને કાંઈ કબુલત કરે કે કાંઇ મજકુર કહે કે કબુલતથી ફેંસલો કરાવે કે કાંઇ હુકમ કહડાવે કે હાજર જામીન કે બીજી તરેહનો જામીન થાય કે કાંઇ દીવાની કે ફોજદારી મુકરદમામા, કાંઇ બીજુ કામ કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

ટીકા—ખોટો વેશ ધારણ કરવા માટે જે સખસનો વેષ ધારણ કર્યો હોય તેણે પરવાનગી આપી હોય તો પણ આ કલમ મુજબ ગુન્હો થાય છે

૨૦૬ જો કોઇ માણસ કાંઇ મીલકત કે તેમાનો કોઇ હક દગલબાજીથી કઇક ખસેડે કે છુપાવે કે કોઇ સખસના નામ ઉપર ચડાવે કે કોઇને સ્વાધિન કરે, એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ ઇન્સાફની કોર્ટથી કે બીજા મુખ્તીઆર અધિકારીએ કાંઇ શીક્ષાનો હુકમ કર્યો હોય કે કાંઈ હુકમ કરશે તેવો સભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમ મુજબ તે મિલકત અથવા તેમાનો હક સરકાર જપ્ત થતો કે દડને પેટે વસુલ થતો અટકે કે કોઈ ઇન્સાફની કોર્ટે કોઇ દીવાની મુકરદમામાં ..ઈ હુકમનામુ કે હુકમ કર્યો હોય કે કોઇ હુકમનામુ કે હુકમ કરશે એવો સભવ છે, એમ તે માણસ જાણતો હોય તે હુકમનામુ બજાવવામા તે મિલકત કે તેમાનો તે હક લેવાનો અટકે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારના કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા થશે

ટીકા—કાંઇ મિલકતનો માલીક દીવાની કોર્ટના હુકમનામા અન્વયે કે ફોજદારી કોર્ટે કરેલી શીક્ષા મુજબ તે મિલકત જપ્ત થતી અટકાવવા સારૂ તેને આવી પાછી ખસેડી ઉડાવી દે છે તેવી યુક્તિયોને ગુન્હેગાર ઠરાવવાનો આ કલમનો હેતુ છે. મીલકત ઉડાવી દેનાર માણસ તે મિલકતનો માલીક ન હોય તો પણ આ કલમ પ્રમાણે તે ગુન્હેગાર થાય છે (સ્ટો, કૃત, એન્ગ્લો ઈંડીઅન કોડઝ) દગલબાજીથી મિલકત બે રીતે ઉડાવાય, ૧ નોમીનલ (નામની) ખોટી વેચાણ કે ગીરો આપીને, અને ૨ બક્ષીસ આપીને, તોપણ જો તે મીલકત શુદ્ધ બુદ્ધિથી વેચાણ ગીરો કે બક્ષીસ આપવામા આવે તો પછી તે મિલકત જપ્તીમાંથી બચી જાય અને આ કલમ પ્રમાણે ગુન્હો થતો નથી આ કલમ પ્રમાણે ગુન્હો બનવામાં તો તે મિલકત જપ્ત થતી અટકાવવા ખસેડેની કે વેચેલી કે તબદીલ કરી આપેલી હોવી જોઇએ (૧૦ સધરલાડ વી રી ૫૧–૬૫)

૨૦૭ ફલાણી મિલકત કે તે મહિલા ફલાણા હક ઉપર મારો કાંઇ હક કે વ્યાજબી દાવો નથી એવુ જાણીને જે માણસ દગલબાજીથી તે મિલકત કે માંહેલો હક કબુલ કરે અથવા લે તેનો દાવો કરે, અથવા જે માણસ કાંઇ મીલકત કે તે માંહેલા કંઇ હક પરના કાંઇ હક બાબત કોઇ તરેહની ઠગબાજી કરે એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઈ ઇન્સાફની કોર્ટ કે બીજા મુખ્તીઆર અધીકારીએ કાંઈ શીક્ષાનો હુકમ કર્યો હોય કે કાંઈ હુકમ તે કરશે એવો સભવ છે, એમ તે જાણતો હોય તે હુકમ મુજબ તે મીલકત કે તેમનો તે હક સરકાર જપ્ત થતો અથવા દડને પેટે વસુલ થતો અટકે અથવા કોઇ ઇન્સાફની કોર્ટે કોઈ દીવાની મુકરદમામા કોઇ હુકમનામુ અથવા હુકમ કર્યો હોય કે કાંઈ હુકમનામુ કે હુકમ તે કરશે એવો સભવ છે, એમ તે માણસ જાણતો હોય તે હુકમનામુ અથવા હુકમ બજાવવામા તે મીલકત અથવા તેમાનો હક લેવાતો અટકે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની કે એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૨૦૮ કોઈ સખસે ફરીઆદી કર્યા ઉપરથી જે રકમ લેણી ન હોય તે રકમને સારૂ અથવા તે સખસને જેટલી રકમ દેવી હોય તે કરતા વધારે રકમને સારૂ અથવા જે મીલકતપર કે તેના જે હક પર તે શખસનુ કાંઈ પહોંચતું ન હોય એવી મીલકતને સારૂ અથવા એવા હકને સારૂ જે માણસ દગલબાજીથી પોતાની ઉપર કાઇ હુકમનામું કે હુકમ કરાવે, અથવા થવા દે અથવા કાંઈ હુકમનામુ કે હુકમ પુરો થયા પછી અથવા જે વસ્તુ સબધી તે પુરો થયો હોય તે વસ્તુ સબધી જે માણુસ દગલબાજીથી પોતાની ઉપર તે હુકમનામુ કે હુકમ બજવાવે કે બજવવા દે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે

દૃષ્ટાંત—અ, જ ની ઉપર ફરીયાદ કરે કે, અ નું મારી પર હુકમનામુ થશે એવો સભવ છે, એમ જાણીને બ જેનો જની ઉપર કાઇ વાજબી દાવો નથી તેણે ફરીયાદ કરેથી વધારે રકમનુ હુકમનામુ જ દગલબાજીથી પોતાના ઉપર થવા દે, એવા હેતુથી કે અ ના હુકમનામાની રુઇએ જ ની મીલકતનુ જે વેચાણુ થાય તેમાથી જે રૂપીઆ ઉપજે તેમાં બ પોતાને હીસાબે અથવા જ ના ફાયદાને સારૂ ભેગો મળે તો આ કલમ મુજબ જ એ ગુન્હો કર્યો એમ સમજવુ

૨૦૯ જે માણુસ દગલબાજીથી અથવા બદદાનતથી કોઈ સખસને નુકશાન કરવાના કે દુ:ખ દેવાના ઇરાદાથી કોઇ દાવો ખોટો છે એમ જાણીને કોઈ ઇન્સાફની કોરટમા તે દાવો કરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને દડને પણુ તે પાત્ર થશે

૨૧૦. જે રકમ લેણી ન હોય તે રકમને સારૂ અથવા લેણી હોય તે કરતા વધારે રકમને સારૂ અથવા જે મીલકત ઉપર કે તેમાના જે હક ઉપર પોતાનું પહોંચતું ન હોય એવી મીલકતને સારૂ અથવા એવા હકને સારૂ જે માણુસ દગલબાજીથી કોઈ સખસની ઉપર કાંઈ હુકમનામુ કે હુકમ કરાવી લે અથવા હુકમનામુ કે હુકમ પુરો થયા પછી અથવા જે વસ્તુ સબધી તે પુરો હોય તે સબધી જે માણુસ દગલબાજીથી કોઈ શખસની ઉપર તે હુકમનામું કે હુકમ બજવાવે કે દગલબાજીથી એવુ કાંઈ કામ પોતાને નામે થવા દે, અથવા કરવાની રજા આપે તે માણુસને બે વરસની મુદત સુધીની ગમે તે પ્રકારની કેદની, દડની કે એ બનેની શિક્ષા કરવામા આવશે.

૨૧૧ જો કોઇ શખસ કોઈ શખસને નુકશાન કરાવાના ઇરાદાથી તે શખસની ઉપર કાંઈ ફોજદારી કરે કે કરવાવે કે કોઈ શખશની ઉપર કાંઈ ગુન્હો કર્યાનું ખોટુ તહોમત મુકે અને તે એવુ જાણીને કે તે શખસની ઉપર તે ફોજદારી કરવા અથવા તે તહોમત મુકવાનું કાઇ વાજબી કે કાયદા મુજબ કારણુ નથી, તો તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની કે દડની એ બનેની શીક્ષા કરવામા આવશે, જો તે ફોજદારીના ખોટા તહોમતને માટે મોતની કે જીવતા સુધી સમુદ્રપારની કે સાત વરસની કે વધારે મુદતની કેદની શીક્ષા થઇ શકતી હોય તો, તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને તે દડને પણુ પાત્ર થશે.

ટીકા—ફોજદારી કરવી અને કાંઈ ગુન્હો કર્યાનું ખોટુ તહોમત મુકવું, એ બે ગુન્હાઓનો આ કલમમા સમાવેશ થાય છે. પોલીસના અમલદાર આગળ કોઇ માણુસના ઉપર બુદ્ધિપુર્વક ખોટુ તહોમત મુકે તોપણુ આ કલમ પ્રમાણે ગુન્હો બને છે. ખોટુ તહોમત માજીસ્રેટની આગળ મુક્યું હોય તોપણુ ગુન્હો થાય છે ખોટું તહોમત પોલીસ આગળ મુકી શકાય છે. જ્યારે ફોજદારી માજીસ્રેટની રૂબરૂ થઈ શકે છે આ બને ગુન્હા માટે આ કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે (મ હા. રિ પાં—૧૦) [૮ સધરલેન્ડ વી રી પા ૮૭] જો માજીસ્ટ્રેટ આગળ ખોટું તહોમત મૂકવામાં આવ્યુ હોય તો આ કલમ પ્રમાણે કામ ચલાવા સારૂ માજીસ્રેટની મજુરી (સેકશન) લેવી જોઇએ. પણુ પોલીસ આગળ કરેલી જુઠી ફરીયાદમા આવી મજુરીની જરૂર નથી (સી. પ્રો. કો કા. ૧૯૫) (૭—મ—૨૯૨)

૨૧૨ કાંઈ ગુન્હો થયો હોય અને ફલાણો શખસ તે ગુન્હાનો કરનાર છે એવુ જે માણુસ જાણુતો હોય કે એમ માનવાનું જેને કારણુ હોય, તે માણુસ જો તે શખ્સને કાયદા પ્રમાણે થતી શીક્ષાથી બચાવવાને ધરમાં રાખે કે કઇ સતાડે તે, અગર તે ગુન્હાને માટે મોતની શીક્ષા થઇ શકતી હોય તો તે માણુસને પાચ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદનો શીક્ષા કરવામા આવશે, અને વળી તે

દંડને પણ લાયક થશે, જો તે ગુન્હાને માટે જીવતા સુધી સમુદ્રપારની કે દશ વરસ સુધીની કેદની શીક્ષા થઇ શકતી હોય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે અને જો તે ગુન્હાને માટ દસ વરસની મુદત સુધીનો નહિ પણ એક વરસ સુધીની કેદની શીક્ષા થઇ શકતી હોય તો તે માણસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાતે માટે કેદની ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

" કનમમા ગુન્હો એ શબ્દમા બ્રીટીશ ઇંડિયા બહારની કોઇ પણ જગામા કરેલુ જે કોઇ પણ કૃત્ય બ્રીટીશ ઇંડિયામા કર્યું હોય તો તે બદલ ૩૦૨ જી, ૩૦૪, ૩૮૨, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૯ ૪૦૨, ૪૩૫ ૪૩૬, ૪૪૯, ૪૫૦, ૪૫૭, ૪૫૮, ૪૫૯, તથા ૪૬૦ મી કલમો પૈકી કોઇ પણ કલમ પ્રમાણે શિક્ષા થઇ શકની હોય તે કૃત્યનો સમાવેશ થાય છે, અને આ કલમના કારણ સારૂ, એવુ દરેક કૃત્ય જાણે તહોમતવાળા શખસે બ્રીટીશ ઈંડિયામા કર્યું હોય તે પ્રમાણે તે શિક્ષાને લાયક થશે એમ સમજવુ.

અપવાદ—ગુન્હેગારના વરથી કે ગુન્હેગારની વહુથી ગુન્હેગારને ઘરમા રાખવા કે સતાડવાનુ કામ થયુ હોય તો તે બાબતમા આ ઠરાવ લાગુ પડશે નહી.

દૃષ્ટાંત—બ એ ડાકાઇટીના ગુન્હો કર્યો છે એમ જાણીને કાયદા પ્રમાણે થતી શીક્ષાથી બ ને બચાવવાના હેતુથી અ, બ ને જાણી બુજીને સંતાડે તો એ ઠેકાણે બ જીવતા સુધી સમુદ્ર પાર થવાને લાયક છે, માટે અ ત્રણ વરસની મુદત સુધીની બેમાની ગમે તે પ્રકારની કેદને લાયક છે, અને વળી તે દંડને લાયક છે.

ટીકા—ગુન્હો ખરેખરી રીતે બન્યો હતો, નહીં કે ગુન્હો બન્યાનો વ્હેમ માત્ર આણવામા આવ્યો હતો, ૨ બીજુ ગુન્હેગારને છુપાવવામાં આવ્યો હતો અને ત્રીજુ કાયદેસર કરવામા આવ્યુ હતુ આ ત્રણ વાના આ કલમ પ્રમાણે ગુન્હો સાબીત કરવા સારૂ જરૂરના છે.

૨૧૩ પોતે કોઇ ગુન્હો છુપાવવાના અથવા કોઈ ગુન્હાની કાયદેશર શિક્ષાથી કોઇ શખસને પોતે બચાવવાના કે કાયદેસર શીક્ષાએ પહોચાડવાને કોઈ શખસની ઉપર પોતે કાઇ મુકરદમો નહીં ચલાવવાના બદલામા જે માણસ પાતાને વાસ્તે કે બીજા કોઇ સખસને વાસ્તે કાંઇ અવેજ કબુલ કરે અથવા મેળવવાની કોશીશ કરે અથવા કબુલ કરવાની હા કહે, અથવા કાઇ મિલકત પોતે અથવા બીજાની વતી પાછી લે અથવા પાછી મેળવવાની કોશીશ કરે, અથવા પાછી લેવાની હા કહે તે માણસને, અગર તે ગુન્હાને માટે મોતની શીક્ષા થઇ શકતી હોય તો સાત વરસની મુદત સુધીના બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ પાત્ર થશે, અગર તે ગુન્હાને માટે જીવતા સુધી સમુદ્રપારની કે દસ વરસ સુધીની કેદની શીક્ષા થઇ શકતી હોય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારના કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને જો તે ગુન્હાને માટે દસ વરસ સુધીની કેદની શીક્ષા નહી થઇ શકતી હોય તો તે માણસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૨૧૪ કોઇ શખસ કાંઇ ગુન્હો છુપાવે તેના અથવા કે કોઇ ગુન્હાની કાયદેસર શીક્ષાથી કોઇ સખસને બચાવે તેના અથવા કાયદેસર શીક્ષાએ પહોંચાડવાને કોઇ શખસની ઉપર તે કાઇ મુકદમો નહી ચલાવે તેના બદલામાં જે માણસ તે શખસને કાઇ અવેજ આપે અથવા બદલો વાળે અથવા અવેજ કે બદલો વાળવાનુ કહે કે કબુલ કરે અથવા કાંઇ મીલકત તે સખસને પાછી આપવાનુ કહે કે કબુલ કરે તે માણસને, જો તે ગુન્હાને માટે મોતની શીક્ષા થઇ શકતી હોય તો સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અગર તે ગુન્હાને માટે જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસ સુધીની કેદની શીક્ષા થઇ શકની હોય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને જો તે ગુન્હાને માટે દશ વરસની મુદત સુધીની કેદની શીક્ષા નહી થઇ

શક્તી હોય તો તે માણુસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામા ઘણી જે મુદ્દત ઠરાવી હોય તેની પા મુદ્દત સુધીની કેદની અથવા દડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

અપવાદ—જે બાબતમા થયેલો ગુન્હો ગુન્હેગારના ઈરાદા સાથે નીસ્બત ન રાખતું ફક્ત તેનું કાંઇ કામકાજ હોય અને જે કામને માટે જેને નુકશાન થયું હોય તે શખસ દીવાનીમાં ફરીયાદ કરી શકતો હોય તો એવી કોઇ પણ બાબતને ૨૧૩–૨૧૪ મી કલમોના ઠરાવો લાગુ પડતા નથી

દષ્ટાંત—(અ) ખુન કરવાના ઇરાદાથી અ–બ ની ઉપર હુમલો કરે તો એ ઠેકાણે જે ગુન્હો છે તે કરવાના ઇરાદા સાથે નીસ્બત નહી રાખતા ફક્ત હુમલો નથી માટે તે આ અપવાદમા દાખલ થતો નથી અને તે કારણને લીધે તે માડી વળાય નહીં.

(બ) અ બ ની ઉપર હુમલો કરે તો એ ઠેકાણે ગુન્હો જે છે તે ગુન્હેગારના ઇરાદા સાથે નીસ્બત ન રાખતું ફક્ત કામ છે અને તે હુમલાને માટે બ દીવાનીમા ફરીયાદ કરી શકે છે માટે તે આ અપવાદમાં દાખલ થાય છે, અને તે માંડી વળાય છે.

(ક) અ પોતાનો વર કે પોતાની વહુ હયાત છતા બીજી વહુ કે બીજો વર કરવાનો કરે તો એ ગુન્હા બાબત દીવાનીમાં ફરીઆદ થઇ શકતી નથી માટે તે માડી વળાય નહીં.

(ડ) બ એ ધણીવાળી સ્ત્રીની સાથે છીનાળુ કરે તો તે ગુન્હો માડી વળાય.

ટીકા—આ કલમ પ્રમાણે ગુન્હો ખરેખર બન્યો છે એમ સાબીત કરવુ જોઇએ.

૨૧૫ કોઇ સખસની પાસેથી તે સખસની કઇ જગમ મીલકત આ કાયદાથી શીક્ષા થઇ શકે એવા કાંઇ ગુન્હાથી થઈ હોય, તે શખસને તે મીલકત પાછી મળવામા મદદ કરવાના બાનાથી અથવા મદદ કરવા સારૂ જે માણુસ કાંઇ અવેજ લે અથવા લેવાને હા કહે અથવા કબુલ કરે તે જો તે ગુન્હેગારને પકડવાને તથા તેની ઉપર તે ગુન્હો સાબીત કરવાને પોતાથી બનતા સઘળા ઈલાજો કામે ન લગાડે તો તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

૨૧૬ કોઇ શખસ ઉપર કાઇ ગુન્હો સાબીત થયો હોય અથવા કોઇ ગુન્હાનુ તહોમત મુક્યું હોય, અને તે ગુન્હાને માટે તે શખસ કાયદેસર કેદમા હોય, તે શખસ જો તે કેદમાથી નાશી જાય અથવા કોઇ સરકારી નોકર પોતાના સરકારી હોદાનો કાયદેસર અખત્યાર અમલમા લાવતા કોઇ શખસને કાંઇ ગુન્હાને માટે પકડવાનો હુકમ કરે ત્યારે જે માણુસ નાશી જવાની કે પકડવાના ગુન્હાની વાત જાણ્યા છતા તે શખસ પકડાતો અટકાવવાના ઇરાદાથી તેને ઘરમા રાખે કે કઈં સતાડે તે માણુસને નિચે મુજબ શીક્ષા કરવામા આવશે, એટલે જે ગુન્હાને માટે તે કેદમા હોય કે તેને પકડવાનો હુકમ કર્યો હોય તે ગુન્હાને માટે જો મોતની શીક્ષા થઇ શકતી હોય તા તે માણુસને સાત વરસની મુદ્દત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે અને જો તે ગુન્હાને માટે જીવતા સુધી સમુદ્રપારની કે દસ વરસ સુધીની કેદની શીક્ષા થઇ શકતી હોય તો તેને ત્રણ વરસની મુદ્દત સુધીની ગમે તે પ્રકારની શીક્ષા, દડ સાથે કે દડ વિના કરવામા આવશે, અને જો તે ગુન્હાને માટે દસ વરસ સુધીની નહી પણ એક વરસ સુધીની શીક્ષા થઇ શકતી હોય તો તે માણુસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની ઘણામા ઘણી જે કેદની મુદત ઠરાવેલી હોય તેની પા મુદ્દત સુધીની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

અપવાદ—જે માણુસને પકડવુ હોય તેના વરથી અથવા તેની વહુથી તે માણુસને ઘરમા રાખવા કે સતાડવાનુ કામ થયુ હોય તો તે બાબતને આ ઠરાવ લાગુ પડતો નથી

૨૧૬ (અ) કોઇપણ શખસો અપહરણ અથવા ડાકાઈટી કરવાના છે, અથવા તેમણે થોડા વખત ઉપર અપહરણ અથવા ડાકાયટી કરી છે એવુ જાણીને અથવા એવુ માનવાનુ કારણ છતાં જે કોઇ પણ શખસ એવુ અપહરણ અથવા ડાકાયટી કરવાનુ સહેલ થાય એવા ઇરાદાથી અથવા તે સવળાં કે તેમાંના કોઇપણ સખસને શીક્ષામાથી બચાવવાના ઈરાદાથી તે સઘળાને કે તેમાંના કોઈ શખસને ઘરમાં રાખશે તેને સાત વરસની મુદ્દત સુધીની સખત કેદની શીક્ષા કરવામા આવશે અને દડને પણ પાત્ર થશે.

ખુલાસો—આવુ અપહરણ અથવા આવી કાકાઈટી બ્રિટીશ ઈંડીયામાં કે બ્રિટીશ ઈંડીયાની બહાર કરવાનો ઈરાદો કર્યો હોય તે વાત આ કલમના કારણ સારૂ મુદ્દાની નથી એમ સમજવુ

અપવાદ—ગુન્હેગારના વરથી કે ગુન્હેગારની વહુથી ગુન્હેગારને ઘરમાં રાખવાનુ કામ થયુ હોય તો તે બાબતમાં આ ઠરાવ લાગુ પડશે નહી

ટીકા—આ કલમ આ પ્રમાણે ગુન્હો સાબીત થવા સારૂ ખબર અને ઈરાદો બંને સાબીત કરવાનીજરૂરછે.

૨૧૬ (બ) ૨૧૧ મી, ૨૧૬ મી ૨૧૬ અ મી કલમોમાં 'ઘરમા રાખવો' એ સંજ્ઞામા કોઈપણ શખ્સને આશ્રય, ખોરાક પીવાનો પદાર્થ, પૈસા, કપડાં, હથીયાર, યુદ્ધ સામગ્રી અથવા વાહન પુરા પાડવા એનો અથવા કોઇપણ શખ્સને તે પકડાય નહી તે માટે ગમે તે પ્રકારે સહાય કરવી એનો સમાવેશ થાય છે એમ સમજવુ

૨૧૭ કોઇ માણુસ સરકારી નોકર હોય, તેણે પોતાના સરકારી હોદ્દાના જોરથી કેમ ચાલવુ એ બાબતનો કાંઇ કાયદાનો હુકમ અગર તે માણુસ જાણી બુજીને માને એવા ઈરાદાથી કે તેમ કરવાથી કોઇ સખસ કાયદેસર શીક્ષાથી બચે અથવા જે શીક્ષાને તે લાયક હોય તેથી તેને ઓછી શીક્ષા થાય અથવા મારા તેમ કરવાથી તે શીક્ષાથી બચશે અથવા તેને ઓછી શીક્ષા થશે એવો સભવ છે, એમ જાણ્યા છતા તો અથવા એવા ઇરાદાથી કે તેમ કરવાથી કાંઇ મીલકત સરકાર જપ્ત થતી અથવા કાંઇ રૂપીયા તેમાથી કાયદા મુજબ આપવા જેવા હોય તે આપવાથી તે બચી જાય અથવા બચી જશે એવો સભવ છે એમ છતાં તો તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડના અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

ટીકા—ગુન્હેગારને શિક્ષામાંથી બચાવવો તેમા ગુન્હો બનતો નથી, પરંતુ તેની બાબતમા ન્યાયના યોગ્ય માર્ગમા હરકત નાખવી તે ગુન્હેગારી ભર્યું છે [એમ્પ્રેસ. વી, અમીર—ઉદ—દીન ૩—૬—૪૧૨]

૨૧૮ કાઇ માણુસ સરકારી નોકર હોય અને તેના સરકારી હોદ્દાસર તેને કાંઇ દફતર અથવા બીજુ લખાણ તૈયાર કરવાનુ કામ સોપ્યુ હોય તે માણુસ જો તે દફતર અથવા લખાણ જે રીતે ખોટુ છે એવુ તે જાણતો હોય તેવી રીતે તૈયાર કરે એવા ઈરાદાથી કે તે લોકને અથવા કોઇ શખસને ટોટો અથવા નુકશાન થાય અથવા ટોટો કે નુકશાન થશે એવા સભવ છે, એમ જાણીને અથવા એવા ઇરાદાથી કે તેથી કોઇ શખસને કાયદેસર શીક્ષાથી બચાવવો અથવા તેથી કોઇ શખસ કાયદેસર શીક્ષાથી બચશે એવો સભવ છે એમ જાણીને અથવા તેથી કાંઇ મીલકત સરકાર જપ્ત થતી અથવા કાંઇ રૂપીઆ તેમાથી કાયદા મુજબ આપવા જેવા હોય તે આપવાથી તે બચી જાય કે બચી જશે એવો સભવ છે, એમ જાણીને તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા—આ કલમ પ્રમાણે ઇરાદો એ ગુન્હાનુ મુખ્ય અને જરૂરનુ તત્વ છે,

૨૧૯. કોઇ માણુસ સરકારી નોકર છતાં લાચ લઇને અથવા દ્વેષ બુદ્ધિથી કાંઇ ઇન્સાફી મુકદમાના કોઈ પણ ભાગમા કાઇ રીપોર્ટ, હુકમ, ફેસલો, અથવા ઠરાવ કરે કે સભળાવે એવો કે જે કાયદાથી વિરૂદ્ધ છે, એમ તે માણુસ પોતે જાણતો હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

૨૨૦ કોઇ માણુસનો ઓધ્ધો એવી તરેહનો હોય કે તેથી કોઇ સખસોને તેઓના ઇન્સાફ થવા સારૂ કમીટ કરવાનો અથવા તેઓને કેદમાં મોકલવાનો કે કોઇ સખસોને કેદમા રાખવાનો તેને કાયદેસર અખત્યાર મળ્યો હોય તે માણુમ તે અખત્યાર અમલમાં લાવતા લાચ લઇને અથવા દ્વેષ બુદ્ધિથી જો કોઇ સખસને ઇનસાફ થવા સારૂ કમીટ કરે, કેદમા મોકલે કે રાખે, અને તે કાયદાથી ઉલટો ચાલુ છુ એમ જાણીને તેમ કરે તો તેને સાત વરસની બેમાંના ગમે તે પ્રકારની કેદની, દડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

૨૨૧ કોઇ માણુસ સરકારી નોકર હોય અને કોઇ સખસની ઉપર ગુન્હાનું ત્હોમત મુકેલુ હોય અને તે ગુન્હા માટે તે પકડવા જોગ હોય એવા કોઇ સખસને પકડવા કે કેદમાં રાખવાની તે માણુસની

પોતાની સરકારી હોદ્દાને લીધે કાયદા મુજબ ફરજ હોય, તે માણુસ, તે શખસને પકડવાને ઇરાદાથી કસુર કરે, કે ઇરાદાથી તેને નાશી જવા દે કે તે શખસને કેદમાથી નાશી જવામા કે નાશી જવાની કોશીશ કરવામાં ઇરાદાથી મદદ કરે તે માણુસને નીચે પ્રમાણે શિક્ષા કરવામાં આવશે.

જેને કેદ કરવો કે પકડવો જોઇતા હતો તે શખસ ઉપર મોતની શિક્ષા થઇ શકે એવા ગુન્હાનુ તહોમત મુકવામા આવ્યુ હોય, કે એવા ગુન્હા માટે તે પકડવા જોગ થયો હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના દડ સાથે કે દડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે. અથવા દડ કે કેદ કરેલા કે જેને પકડવો જોઇતો હતો તે સખસની ઉપર જીવતા સુધી સમુદ્રપારની કે દશ વરસની મુદ્દત સુધીની કેદની શીક્ષા કરવામા આવશે અથવા કેદ કરેલા કે જેને પકડવો જોઇતો હતો તે સખસની ઉપર દસ વરસથી ઓછી મુદતની કેદની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તહોમત મુકવામા આવ્યુ, અથવા એવા ગુન્હાને માટે તે પકડવા જોગ થયો હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની દડ સાથે કે દડ વીના કેદની શીક્ષા કરવામા આવશે.

૨૨૨ કોઇ માણુસ સરકારા નોકર હોય અને કોઇ સખસની ઉપર કાંઇ ગુન્હાને માટે કોઇ ઇન્સાફી કોરટે શીક્ષાનો હુકમ કર્યો હોય તે સખસને અથવા જે સખસને કાયદેસર રીતે કેદમા રાખ્યો હોય તેવા સખસને પકડવાની અથવા કેદમાં રાખવાની તે માણુસની પોતાના સરકારી હોદ્દાને લીધે કાયદા મુજબ ફરજ હોય તે માણુસ અગર તે સખસને પકડવાના ઇરાદાથી કસુર કરે, અથવા ઇરાદાથી તે સખસને નાશી જવા દે અથવા નાશી જવાની કોશીશ કરવામાં ઇરાદાથી સહાય કરે અથવા જો તે સખસને કાયદેસર રીતે કેદમાં રાખ્યો હોય તો તે માણુસને નીચે પ્રમાણે શીક્ષા કરવામાં આવશે. જો કેદ કરેલા કે જેને પકડવો જોઇતો હતો તે સખસની ઉપર મોતની શીક્ષાનો હુકમ થયેલો હોય તો તે માણુસને ચૌદ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની દંડ સાથે કે દંડવીના કેદની શીક્ષા કરવામાં આવશે,અથવા જો કેદ કરેલો કે જેને પકડવો જોઇતો હોય તે શખસ કોઇ ઇન્સાફની કોર્ટે કરેલા શીક્ષાના હુકમથી કે તેને બદલે બીજી શીક્ષા કરવાના કોઇ હુકમથી જીવતાં સુધી સમુદ્રપારની કે જીવતાં સુધી સાસનીક દાસત્વને, અથવા દસ વરસ કે તેથી વધારે મુદત સુધી સમુદ્રપાર કે શાસનિકદાસત્વ કે કેદને લાયક હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની દડ સાથે કે દડ વીના કેદની શીક્ષા કરવામા આવશે.

જો કે કેદ પકડવો જોઇતો હતો તે સખસ કોઇ ઇન્સાફની કોરટે કરેલી શીક્ષાના હુકમથી દશ વરસની મુદત સુધીની કેદને લાયક ન હોય તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે,

૨૨૩ જે સરકારી નોકર, જે શખસની ઉપર કોઈ ગુન્હાનું તહોમત મુકયુ હોય કે ગુન્હો સાબીત થયો હોય તેને કેદમા રાખવાની કાયદા પ્રમાણે જે માણુસની પોતાના સરકારી હોદ્દાને લીધે ફરજ હોય તે માણુસ અગર ગફલતથી તે શખસને કેદમાથી નાશી જવા દે તો તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે,

૨૨૪ જે સખસની ઉપર કાંઇ ગુન્હો સાબીત થયો હોય તે ગુન્હાને માટે તે સખસને કાયદેસર પકડવામા તે શખસ ઇરાદાથી સામો થાય કે કાયદા વિરૂદ્ધ કાંઇ અડચણ કરે કે તેવા કાંઇ ગુન્હાને માટે તેને કાયદેસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાથી જો તે નાસી જાય કે નાસી જવાની કોશીશ કરે તો તે સખસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, દડની કે એ બનેની શીક્ષા કરવામા આવશે.

ખુલાસો—આ કલમમા લખેલી શીક્ષા તે જે ગુન્હાનુ તહોમત તે સખસની ઉપર મૂકયું હોય અથવા જે ગુન્હો તેની ઉપર સાબીત થયો હોય તે ગુન્હાને માટે તે પકડવાનો તથા કેદમાં રાખવાનો શખસ જે શીક્ષાને લાયક હોય તે શીક્ષાની ઉપરાંત સમજવી

ટીકા—આ કલમ પ્રમાણે નાસી જવુ એટલે કેદમાંથી નાસી જવુ તે છે, દીવાની દુરગમાંથી નાસી જવુ તે આ કલમ મુજબ શીક્ષાને પાત્ર નથી. (બો લો. રી પા ૩૫૯.)

૨૨૫. જે સખસ કોઇ બીજા સખસને કોઇ ગુન્હાને માટે કાયદેસર પકડવામાં ઇરાદાથી સામો થાય કે કાયદા વિરૂદ્ધ કાંઇ અડચણ કરે કે કોઇ બીજા શખસને કાંઇ ગુન્હાને માટે કાયદેસર જે કેદમા હોય તે કેદમાંથી તેને છોડાવી મુકે કે છોડાવી મૂકવાની કોશીશ કરે તે શખસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની કે દંડની કે એ બનેની શીક્ષા કરવામા આવશે જો પકડવામા કે છોડાવી મૂકેલા કે જેને છોડાવી મુકવાની કોશીશ થઇ હોય તેની ઉપર જીવતા સુધી સમુદપારની કે દશ વરસની મુદત સુધીની કેદની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનુ તહોમત મૂકયુ હોય કે એવા ગુન્હાને માટે તે પકડવા લાયક થયો હોય તો પેલા શખસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થયો હોય તો પેલા શખસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે. જો તેવો શખસ જીવતા સુધી સમુદપાર કે સાસનીકાસત્વ કે કેદની શીક્ષાને લાયક હોય તો પેલા શખસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને તે દંડને પણ પ્રાપ્ત થશે. અથવા જો તે પકડવાનો કે છોડાવી મૂકેલા કે તેવી કોશીશ થઇ હોય તેવા શખસની ઉપર મોતની શીક્ષાનો હુકમ થયો હોય તો પેલા સખસને જીવતા સુધી સમુદપારની કે દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ લાયક થશે

૨૨૫ (અ) કોઇ માણુસ સરકારી નોકર હોય અને કલમ ૨૨૧ મી, કલમ ૨૨૨ મી, અથવા કલમ ૨૨૩ મી મા અથવા તે વખતે ચાલુ હોય એવા કોઇ કાયદામા ઠરાવ નહીં કરેલો એવા કોઇ પ્રસંગમા ફરજ હોય તે તે શખસને પકડવામાં કસુર કરે કે તે સખસને કેદમાથી નાસી જવા દે તો તે માણુસને નીચે પ્રમાણે શીક્ષા થશે.

(अ) જો તે ઇરાદાથી તેમ કરે તો ૩ વરસની બેમાંના ગમે તે પ્રકારની અને

(ब) જો તે ગફલતથી તેમ કરે તો બે વરસ સુધીની આસાન કેદ, દંડ, અથવા એ બનેનીશીક્ષા થશે,

૨૨૫ (બ) ૨૨૪ મી કે ૨૨૫ મી કલમમાં કે બીજા કોઇ ચાલુ કાયદામાં જે રીતે ઠરાવ કરેલો નહી હોય એવા કોઇપણ પ્રસંગમા જે કોઇ શખસ પોતાને અથવા બીજા કોઇ સખસને કાયદાસર પકડવામા ઇરાદાથી સામો થાય કે તેમા કાયદા વિરૂદ્ધ કોઇ અડચણ કરે કે તેને કાયદાસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી નાસી જાય કે નાસી જવાની કોશીશ કરે કે બીજા કોઇ સખસને કાયદાસર જે કેદમા રાખ્યો હોય તે કેદમાથી તેને છોડાવી મુકવાની કોશીશ કરે તો તેને ૭ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

ટીકા—જેના ઉપર વારંટ કહાડયુ હોય તે માણુસને વારંટની મતલબ જણાવ્યા સિવાય પોલીસ તેને પકડે તો તે કાયદેસર ગણાશે નહીં, અને આવા પકડવાની સામે થવુ તે આ કલમ મુજબ ગુન્હો નથી(૨૬-ક ૭૪૮)

૨૨૬ જે માણુસને કાયદા મુજબ સમુદ્રપાર કર્યો હોય તે માણુસને પોતાની સમુદ્રપારની મુદત વીત્યા પહેલા તથા શીક્ષા માફ ન થાય છતા અગર સમુદ્રપારથી પાછો આવે તો તેને જીવતા સુધી સમુદ્રપારની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને તથા પાછો સમુદ્રપાર થતા પહેલા ત્રણ વરસની મુદત સુધીની સખત કેદની શિક્ષાને લાયક થશે

૨૨૭ કોઇ માણુસે શીક્ષાની કાંઇ શરતે માફી કબુલ કરી હોય તે માણુસ અગર જે શરતથી તેને માફી કરી હોય તે શરત જાણી બુજીને તોડે તો તે માણુશને અગર તેણે અસલ શીક્ષામાંથી કોઇ ભોગવી નહી હોય તો જે શીક્ષાનો અમલ હુકમ થયે તે શીક્ષા કરવામા આવશે અને તે શીક્ષામાની કઇ તેણે ભોગવી હોય તો તે શીક્ષામાની જેટલી નહી ભોગવી હોય તેટલી શીક્ષા કરવામાં આવશે

૨૨૮ કોઇ સરકારી નોકર, કોઇ ઇન્સાફી મુકરદમાના કાંઇ પણ ભાગમા બેઠો હોય તે વેળાએ તે સરકારી નોકરનુ જે માણુસ ઇરાદાથી અપમાન કરે કે તેને હરકત કરે તે માણુસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

૨૨૯ ફલાણી બાબતમાં જ્યુરર કે આસેસર દાખલ મારૂ નામ લખી મોકલાય કે ટીપમા લખાય અને મને સોગન અપાય એવો કાયદા મુજબ મારો હક નથી, એવુ જે માણુસ જાણતો હોય તે માણુસ વેશ લઇને કે બીજી રીતે જો તે બાબત જ્યુરર કે અસેસર દાખલ ઇરાદાથી પોતાનુ નામ લખી મોકલાવે કે

ટીપમાં લખાવે, કે સોગન ખાય કે પોતે જાણ્યા છતા તેમ થવા દે, કે કાયદા વિરૂદ્ધ મારૂં નામ લખી મોકલ્યું છે કે સોગન આપ્યા છે એમ પોતે જાણ્યા છતાં કરે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, દંડની કે એ બન્નેની શીક્ષા કરવામાં આવશે

બાબ ૧૨ મો.

શીક્કા તથા સરકારી સ્ટાંમ્પસ સંબંધી ગુન્હાઓ બાબત.

૨૩૦ શીક્કો એટલે જે ધાતુ નાણાં દાખલ વપરાતો હોય તથા જેપર છાપ મારીને નાણાં દાખલ વાપરવા માટે તેને કોઇ સરકારે પાડયો હોય તે ધાતુ.

રાણીનો શીક્કો—એટલે જે ધાતુપર છાપ મારીને રાણીના હુકમથી અથવા હીંદુસ્તાનની સરકારના કે કોઈ પણ પ્રેસીડેન્સી સરકારના કે રાણીના રાજ્ય માહેની કોઈ પણ સરકારના હુકમથી નાણાં દાખલ વપરાવા માટે બહાર પાડી હોય તે ધાતુ અને આ પ્રમાણે છાપ મારીને બહાર પાડેલી ધાતુ નાણાં દાખલ વપરાતી બંધ થઇ હોય તો પણ તે આ બાબતના કામ સારૂ રાણીનાશીક્કા તરીકે ચાલુ રહેશે

દૃષ્ટાંત—(અ) કોડીઓ શીક્કો નથી (બ) વગર છાપેલા તાંબાના ગઠા અગર નાણા દાખલ વપરાય તેપણ શીકકો નથી (ક)ચાંદ કાંઇ શીકકો ન ગણાય,કેમકે તે નાણા દાખલ વાપરવાના ઇરાદાથી થએલા નથી

(ડ) જે શીક્કાનું નામ કંપનીનો રૂપીઓ પડયું છે, તે રાણીનો શિકકો છે (ઇ) ફરૂકાબાદી રૂપીઓ—જે હીંદુસ્તાનની સરકારના હુકમનો તે હવે સદરહુ પ્રમાણે વાપરવામા આવતો હતો તે હવે સદરહુ પ્રમાણે વાપરવામા આવતો નથી તોપણ રાણીનો શીક્કો છે

૨૩૧ જે માણસ સીકકો ખોટો બનાવે કે જાણી બુજીને શીકકો ખોટો બનાવવાની ક્રિયાનો કાંઈ પણ ભાગ કરે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—જે શખસ ઠગબાજી કરવાના ઇરાદાથી અથવા એમ કરવાથી ઠગબાજી થશે એવો સંભવ છે, એમ જાણ્યા છતાં કોઈ ખરા શીક્કાને બીજા શીક્કાને સરખો દેખાતો કરે તે શખસે આ ગુન્હો કર્યો એમ સમજવુ

૨૩૨ જે માણસ રાણીનો શિકકો ખોટો બનાવે, કે જાણી બુજીને તે બનાવવાની ક્રિયાનો કાંઇ પણ ભાગ કરે, તે માણસ જીવતા સુધી સમુદ્રપારની કે દસ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

૨૩૩ શીકકો ખોટો બનાવવાના કારણસર, વાપરવાને વાસ્તે કે વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતાં જે માણસ કોઇ છાપ કે હથીયાર બનાવે કે સમારે કે બનાવવાની કે સમારવાની ક્રિયાનો કોઇ પણ ભાગ કરે કે તે ખરીદ કરે કે તે વેચે કે કોઇને આપે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને લાયક થશે,

૨૩૪ રાણીનો શીકકો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે કે તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતા જે માણસ કાંઇ છાપ અથવા હથીયાર બનાવે કે સમારવાની કે બનાવવાની કે સમારવાની ક્રિયાનો કાંઇ પણ ભાગ કરે કે તે ખરીદ કરે, વેચે કે કોઇને આપે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૨૩૫ શીકકો ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ પોતાના કબજામા કાંઇ હથીઆર અથવા સામાન રાખે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે વળી તે દંડને પણ લાયક થશે અને જો ખોટો બનાવવાનો શીકકો રાણીનો શીકકો હોય તો તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ પાત્ર થશે.

૨૩૬ જે માણસ બ્રીટીશ ઇન્ડીઆની બહાર કાંઇ શીકકો ખોટો બનાવવામાં મદદગારી કરે તે માણસને જાણે તેણે બ્રીટીશ ઈંડીઆની માહેજ શીકકો ખોટો બનાવવામા મદદગારી કરી હોય એવી રીતે શીક્ષા કરવામા આવશે

૨૩૭ ફલાણો શીક્કો ખોટો બનાવેલો છે એમ જાણીને કે માનવાનુ કારણ છતાં જે માણસ તે શીક્કો બ્રીટીશ ઈંડીઆ મધે લાવી બહાર લઈ જાય તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૨૩૮ ફલાણો ખોટો શીક્કો રાણીનો શીક્કો ખોટો બનાવેલો છે એમ જાણીને કે માનવાનું કારણ છતા જે માણસ તે શીક્કો બ્રીટીશ ઇંડીઆ મધે લાવે કે બ્રીટીશ ઇન્ડીઆ મધેથી બહાર લઇ જાય તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની કે દસ વર્ષની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૨૩૯ કોઈ માણસની પાસે કાંઇ ખોટો શીકકો હોય અને તેની પાસે તે શીકકો આવ્યો ત્યારે તેણે એમ જાણ્યું હોય કે આ શીકકો ખોટો છે તે માણસ અગર દગલબાજીથી કે દગો થાય એવા ઇરાદાથી તે શીકકો કોઇ શખસને આપે અથવા કોઇ શખસને તે લેવાને લલચાવવાની કોશીશ કરે તો તે માણસને પાચ વર્ષની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૨૪૦ કોઈ માણસની પાસે કાંઇ ખોટો શીક્કો હોય અને તે શીકકો રાણીનો ખોટો બનાવેલો હોય અને તેની પાસે તે શીકકો આવે ત્યારે તેણે એમ જાણ્યુ હોય કે આ રાણીનો શીકકો ખોટો બનાવેલો છે, તે માણસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીકકો કોઇ શખસને આપે અથવા કોઈ શખસને તે લેવાને લલચાવવાની કોશીશ કરે તે માણસને દશ વર્ષની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

૨૪૧ કોઇ ખોટો શીકકો છે એમ તે શખસ જાણતો હોય પણ તે પોતાના કબજામાં લેતી વખતે તે ખોટો છે એમ જે શખસે જાણ્યું ન હોય તે શખસ અગર તે શીકકો ખરા શીકકા દાખલ કોઇ બીજા શખસને આપે અથવા કોઇ બીજા શખસને તે ખરા શીકકા દાખલ લેવાને લલચાવવાની કોશીશ કરે તે શખસને બે વર્ષની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની, અથવા જેના જેવો ખોટો બનાવેલો હોય તે શીકકાની કીમતની દસ ધણી રકમ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

૨૪૨ કાંઈ ખોટો શીક્કો પોતાના કબજામા આવ્યો હોય તે વખતે તે ખોટો છે એમ જાણ્યા છતાં જે માણસ દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે ખોટો શીક્કો પોતાના કબજામાં રાખે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

૨૪૩ રાણીના શીકકા જેવો ખોટો બનાવેલો કોઇ શીક્કો પોતાના કબજામા આવ્યો હોય તે વખતે તે શીક્કો ખોટો બનાવેલો છે. એમ જાણ્યા છતાં જે માણસ દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કો પોતાના કબજામા રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને તે દંડને પણ લાયક થશે.

૨૪૪ બ્રીટીશ ઈંડીઆ મધ્યે કાયદા મુજબ સ્થાપેલી કોઇ પણ ટંકશાળમા જે માણસ નોકરી રહેલો હોય તે માણસ તે ટંકશાળમા નીકળતો કોઇ શીક્કો તે શીક્કાનું વજન અથવા મેળવણી કાયદાથી કહી હોય તેથી જુદા વજન અથવા મેળવણીનો થાય એવા ઇરાદાથી અગર કાંઇ કામ કરે અથવા જે કામ કરવાની તેને કાયદા મુજબ ફરજ હોય તે કામ કરવામા કસુર કરે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

૨૪૫ બ્રીટીશ ઇંડીઆ મધે કાયદા મુજબ સ્થાપેલી કોઇ પણ ટંકશાળ મધેથી કાયદાસર અખ્તીઆર વીના જે માણસ કાંઇ શીક્કો પાડવાનુ હથીઆર કે ઓજાર લઇ જાય તે માણસને સાત વરસની

મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે. અને વળી તે દડને પણ પાત્ર થશે.

૨૪૬ કોઇપણ શીક્કા ઉપર જે માણુસ દગલબાજીથી કે બદદાનતથી એવી કોઇ ક્રીયા કરે કે તેથી તે શીક્કાનું વજન ઓછુ થાય અથવા તેની મેળવણીથી બદલાય તે માણુસને ત્રણ વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને તે દડને પણ પાત્ર થશે.

ખુલાસો–કોઇ સખસ એક શીક્કાનો કાઇ અક્ષર કોરી કઢાડે અને તે છેદમા કાઇ બીજી વસ્તુ મુકે તો તેણે તે શીક્કાની મેળવણી કરી એમ સમજવુ,

૨૪૭ રાણીના શીક્કા ઉપર જે માણુસ દગલબાજીથી અથવા બદદાનતથી એવી કાંઇ ક્રીયા કરે કે તેથી તે શીક્કાનું વજન ઓછુ થાય અથવા તેની મેળવણી બદલાય તે મ ગુમને સાત વરસની મુદ્દત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે,

૨૪૮ કોઇ પણ શીક્કા ઉપર જો કોઇ માણુસ એવી કાંઇ ક્રીયા કરે કે તેથી તે શીક્કો કોઈ બીજા પ્રકારના શીક્કાને ઠેકાણે ચાલે તો તે માણુસને ત્રણ વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે,

૨૪૯ રાણીના શીક્કાઓમાં કોઇ પણ શીક્કા ઉપર જો કોઇ માણુસ એવી કાઇ ક્રીયા કરે કે તેથી શીક્કાનું રૂપ બદલાય અને તે એવા ઇરાદાથી કે શીક્કો કોઇ બીજા પ્રકારના શીક્કાને ઠેકાણે ચાલે તો તે માણુસને સાત વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે.

૨૫૦ કોઈ સખસના કબજામાં કાંઇ શીક્કો હોય અને તે શીક્કા બાબત ૨૪૬ મી અથવા ૨૪૮ મી કલમમા બ્યાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય અને તે શીક્કા બાબત તે ગુન્હો કરવામા આવેલો છે એમ તે સખસના કબજામા તે શીક્કો આવતી વખત તેણે તે જાણ્યુ હોય તે સખસ જો દગલબાજીથી કે દગો થાય એવા ઇરાદાથી તે શીક્કો કોઇ બીજા સખસને આપે અથવા કોઈ બીજા સખસને તે શીક્કો લેવાને લલચાવવાની કોશીશ કરે તો તેને પાચ વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને તે દડને પણ પાત્ર થશે.

૨૫૧ કોઇ સખસના કબજામાં કોઇ શીક્કો હોય અને શીક્કા બાબત ૨૪૭ મી અથવા ૨૪૯ મી કલમમા બ્યાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય અને તે શીક્કા બાબત તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તે સખસના કબજામા તે શીક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય, તે સખસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી કોઇ બીજા સખસને આપે અથવા કોઇ બીજા સખસને તે શીક્કો લેવાને લલચાવવાની કોશીશ કરે તો તેને દસ વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે,

૨૫૨ જે શીક્કા બાબત ૨૪૬ મી તથા ૨૪૮ મી એ બે કલમોમાથી ગમે તે કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય, તે શીક્કો દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી કોઇ માણુસના કબજામા હોય અને શીક્કા બાબત તે ગુન્હો કરવામા આવેલો છે એમ તે માણુસના કબજામાં તે શીક્કો આવતા તેણે જાણ્યું હોય તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દડને પણ લાયક થશે

૨૫૩ જે શીક્ષા બાબત ૨૪૭, મી તથા ૨૪૮ મી એ બે કલમોમાની ગમે તે કલમમા બ્યાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય તે શીક્કો દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી કોઇ માણુસના કબજામાં હોય અને તે શીકા બાબત ગુન્હો કરવામાં આવેલો છે એમ તે માણુસના કબજામા તે શિક્કો આવતી વખત તેણે જાણ્યુ હોય તો તે માણુસને પાચ વરસની મુદ્દત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દડને પણ પાત્ર થશે,

૨૫૪ જે શિક્કા બાબત કોઈ એમ જાણુતો હોય કે એની ઉપર કલમ ૨૪૬,૨૪૭,૨૪૮ અથવા ૨૪૯ મીમાં લખેલી છે તેવી કાઇ ક્રીયા કરવામાં આવી છે. પણ જે શિક્કા તે સખસના કબજામાં આવતી વખતે તે બાબત તેવી કોઈ ક્રીયા કરવામા આવેલી છે, એમ તેણે જાણેલું ન હોય તે સખસ અગર કોઇ ખોટો

સખસને તે શીક્કો ખરા શીક્કા દાખલ અથવા તે શિક્કો જે પ્રકારનો હોય તેથી જુદા પ્રકારના શિક્કા દાખલ આપે અથવા કોઇ સખસને તે શિક્કો ખરા શીક્કા દાખલ, અથવા તો હોય તેથી જુદા પ્રકોરના શીક્કા દાખલ લેવાને લલચાવવાની કોશીશ કરે તો, તે શખસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા બદલેલો શીક્કો જે શીક્કાને ઠેકાણે ચલાવ્યો હોય અથવા ચલાવવાની કોશીશ કરી હોય તે શિક્કાની કીંમત કરતા દશગણી રકમ સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે.

૨૫૫ મહેસુલના કારણસર સરકારે બહાર પાડેલો કોઇ પણ સ્ટાપ જે માણસ ખોટો બનાવે અથવા જાણીજોઇને તે ખોટો બનાવવાની કીયાનો કાઇ પણ ભાગ કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દડને પણ લાયક થશે

ખુલાસો—કોઇ સખસ એક પ્રકારના ખરા સ્ટાપને બીજા પ્રકારના ખરા સ્ટાપ સરખો દેખાતો કરીને ખોટો સ્ટાંપ બનાવે તેણે આ ગુન્હો કર્યો એમ સમજવુ

૨૫૬ મહેસુલના કારણસર સરકારે બહાર પાડેલા કોઇ સ્ટાપ ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતા જે માણસ પોતાના કબજામા કાઇ હથીઆર અથવા સામાન રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે

૨૫૭ મહેસુલના કારણસર સરકારે બહાર પાડેલો કોઇ સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ કાઇ હથીઆર બનાવે અથવા તે બનાવવાની ક્રિયાનો કાંઇ પણ ભાગ કરે કે તે ખરીદ કરે કે કોઇને આપે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને તે દડને પણ પાત્ર થશે

૨૫૮ ફલાણો સ્ટાંપ મહેસુલના કારણસર સરકારે બહાર પાડેલો કોઇ સ્ટાંપ જેવો ખોટો બનાવેલો છે, એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતાં જે માણસ તે સ્ટાપ વેચે અથવા વેચવાનું કહે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને તે દડને પણ પાત્ર થશે

૨૫૯ ફલાણો સ્ટાંપ મહેસુલના કારણસર સરકારે બહાર પાડેલા કોઇ સ્ટાપ જેવો ખોટો બનાવેલો દાખલ વાપરવામા આવે એટલા માટે જે માણસ તે સ્ટાપ પોતાના કબજામા રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે.

૨૬૦ ફલાણો સ્ટાપ મહેસુલના કારણસર સરકારે બહાર પાડેલા કોઇ સ્ટાપ જેવો ખોટો બનાવેલો છે એમ જાણીને જે માણસ તે સ્ટાપને ખરા સ્ટાપ દાખલ વાપરે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની, દડની અથવા એ બન્નેની શીક્ષા કરવામાં આવશે

૨૬૧ જે પદાર્થ મહેસુલના કારણસર સરકારે બહાર પાડેલો સ્ટાંપ લગાડેલો હોય તે પદાર્થ ઉપરથી જે લખાણ અથવ લેખને માટે સ્ટાપ વાપર્યો હોય તે લખાણ અથવા લેખ જે માણસ દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઠગાઇથી કહાડી ને ચેરી નાખે અથવા કોઇ સ્ટાપ કઇ બીજા લખાણ અથવા લેખને માટે વાપરવામા આવે એટલા માટે જે લખાણ અથવા લેખને માટે જે સ્ટાપ વાપર્યો હોય તે લખાણ અથવા લેખ પરથી જે માણસ તે સ્ટાંપને કહાડી નાખે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બન્નેની શીક્ષા કરવામાં આવશે

૨૬૨ મહેસુલના કારણસર સરકારે બહાર પાડેલો કોઇ પણ સ્ટાપ વપરાયલો છે એમ જાણ્યા છતા દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઇરાદાથી જે માણસ કાઇ પણ કારણસર તે સ્ટાંપ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બન્નેની શીક્ષા કરવામા આવશે.

૨૬૩ મહેસુલના કારણસર સરકારે બહાર પાડેલો કોઇપણ સ્ટાપ વપરાયેલો છે એમ દેખાડવા સારૂ તે સ્ટાપ પર કરેલી અથવા મારેલી કાંઇ નીશાની દગલબાજીથી અથવા સરકારને હાનિ કરવાના ઇરાદાથી જે માણુસ છોલી અથવા કાઢી નાંખે અથવા જે સ્ટાપ ઉપરથી એવી કાંઇ નીશાની છોલી અથવા કહાડી નાંખી હોય એવો કોઇ સ્ટાપ જે માણુસ જાણી બુજીને પોતાના કબજામા રાખે, અથવા વેચે અથવા કોઇને આપે અથવા એવો કોઇ સ્ટાંપ વપરાએલો જાણ્યા છતા જે માણુસ તે સ્ટાપ વેચે અથવા કોઇને આપે તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની, દડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૨૬૩ અ (૧) કોઈ પણ શખસ

(અ) કોઇ પણ બનાવટી સ્ટાંપ બનાવે, જાણી બુજીને ચલાવે, તેનો વેપાર કરે કે વેચે, કે કોઇ પણ બનાવટી સ્ટાંપ ટપાલ સબધી કોઇ પણ કારણ સારૂ જાણી બુજીને વાપરે, અથવા [બ] કોઇ પણ બનાવટી સ્ટાપ કાયદાસર સબબ વગર પોતાના કબજામાં રાખે, અથવા (ક) કોઇ પણ બનાવટી સ્ટાપ બનાવવા સારૂ કોઈ પણ છાપ, પતરૂ હથિઆર અથવા સાહિત્ય બનાવે અથવા કાયદેસર સબબ વગર પોતાના કબજામા રાખે તે માણુસને બસે રૂપિઆ સુધીના દડની શિક્ષા કરવામા આવશે.

(૨) કોઇ પણ બનાવટી સ્ટાંપ બનાવવા સારૂ કોઇ માણુસના કબજામા સદરહુ પ્રકારનો કોઇ પણ સ્ટાંપ, છાપ, પતરૂ, હથીઆર કે સાહિત્ય હોય તે પકડવાનો અખીકાર છે અને તે સરકાર દાખલ થશે.

(૩) આ કલમમાં બનાવટી સ્ટાંપ એટલે જે કોઇ પણ સ્ટાપ ટપાલ હાસલનો દર બનાવવાના કારણ સારૂ સરકારે કહાડયો છે એવુ ખોટી રીતે જણાતુ હોય તે સ્ટાપ અથવા એવા કારણ સારૂ સરકારે કહાડેલા કોઇ પણ સ્ટાંપની આગળ ઉપર અથવા બીજી રીતે કરેલી કોઇ પણ આબેહુબ નકલ અથવા અનુકૃતિ અથવા પ્રતિમા, (૪) ૧૭ મી કલમમા ગમે તે ઠરાવ હોય તો પણ આ કલમમા તેમજ ૨૫૫ થી ૨૬૬ સુધીની કલમોમા ટપાલ હાસલનો દર બનાવવા સારૂ કહાડેલા હરકોઇ સ્ટાપની બાબતમા અથવા તેના સબધમાં સરકારે એ શબ્દ વાપર્યો હોય ત્યારે તે શબ્દમા જે કોઇ પણ શખસ અથવા શખસોને કાયદા ઉપરથી હિંદુસ્તાનના કોઇ પણ ભાગમા તેમજ મલીકામાઆઝમાના મુલકના કોઇ પણ ભાગમા અથવા કોઇ પણ પારકા દેશમા રાજ્ય કારભાર ચલાવવાનો અધીકાર આપેલો હોય તે શખસ અથવા શખસોનો સમાવેશ થાય છે એમ સમજવુ

બાબ ૧૩ મો.

કાટલાં તથા માપ સબંધી ગુન્હા બાબત

૨૬૪ તોળવાનું કોઇ પણ યત્ર ખોટુ છે એવું જાણીને જે માણુસ દગલબાજીથી વાપરે તેને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની, અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૨૬૫ જે માણુસ કાંઇ પણ ખોટુ કાટલું અથવા લબાઇનું કે ભરતનુ ખોટુ માપ દગલબાજીથી વાપરે, અથવા એ કાટલાને અથવા લબાઈના કે ભરતના માપના તે છે તેથી જુદા કાટલા અથવા માપને ઠેકાણે દગલબાજીથી વાપરે તેને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે

૨૬૬ તોળવાનાં કોઇ પણ યત્ર અથવા કાંઇ કાટલું લબાઇનુ કે ભરતનુ કાંઇ માપ ખોટુ છે એવુ જાણીને તથા તે દગલબાજીથી વાપરવામાં આવે એવા ઇરાદાથી જે માણુસ પોતાની પાસે રાખે તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની અથવા દડની અથવા એ બનેના શીક્ષા કરવામા આવશે.

૨૬૭ તોળવાનુ કઈ યત્ર અથવા કાટલુ અથવા લબાઇનુ કે ભરતલનુ કાંઈ માપ ખોટુ છે એવુ જાણીને જે માણુસ બનાવે, વેચે કે કોઇને આપે, એટલા સારૂ કે તે ખરાને ઠેકાણે વપરાય એવો સભવ છે તો તેને એક વરસના મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા થશે.

બાબ ૧૪ મો.

લોકોની તંદુરસ્તી, અનુકુળતા, લજ્જા તથા નીતિ સંબંધી ગુન્હાઓ બાબત

૨૬૮ લોકોપકારક કૃત્ય—જે સખસ એવુ કોઇ કામ કરે કે કાંઇ કાયદા વિરૂદ્ધ કસુર કરે કે જેથી લોકોને અથવા જે માણસો પાડોશમા રહેતા હોય, અથવા જેઓના કબજામાં અથવા પાડોશમાં કાંઇ મીલ્કત હોય તે સર્વ માણસોને કાંઇ સાધારણ નુકશાન, ભય અથવા દુખ થાય અથવા જેથી જે માણસોને કાંઇ સાર્વજનિક હક વાપરવાની જરૂર પડે તે શખસોને નુકશાન, અડચણ, ભય અથવા દુખ થયા વિના રહેજ નાહ, તે શખસે લોકોપકારક કૃત્ય કર્યું એમ સમજવુ

કોઇ લોકોપકારક કૃત્યથી કાંઇ અનુકુળતા અથવા લાભ થતો હોય તો તે સબબથી તે ગુન્હો માફ થતો નથી

ટીકા—અપકારકકૃત્ય બે પ્રકારના છે, [૧] લોકોપકારકકૃત્ય અને (૨) વ્યકિત અપકારકકૃત્ય—વ્યકિત અપકારકકૃત્ય એવા છે કે જેથી સામાન્ય લોકસમુહને નહી, પણ અમુક માણસોને અથવા અમુક વર્ગના માણસોને હરકત કે ઇજા થાય છે લોકોપકારક કૃત્યને માટે ફોજદારી કામ ચલાવી શકાય ત્યારે વ્યકિત અપકારક કૃત્યને માટે દીવાની કોરટમાં દાવો કરી શકાય છે, વ્યકિત અપકારકકૃત્યથી નુકશાન ખમનાર શખસ ફોજદારીમા ફરીઆદ કરી શકે નહીં, (રેજા વિ. લો ૪ એસ્પ્રીનેસીમં—રી—પા—૨૦૦) ઘોઘાટ કે નુકશાનકારક હવા વગરનો ધુમાડો, એકલો ઘોઘાટ જાથુકનુ મોટા ઘંટોનુ વાગવું, મોટેથી થતું ગાનતાન, બુમો પાડવી, મોટા અવાજો, ઘોઘટભર્યા તમાસાથી લોકોના ટોળાનું એકઠું થવુ કે જેથી પડોશીઓને ભારે દુખ કે કંટાળો ઉપજે તે બધા અપકારકકૃત્ય છે જે ધધાથી નુકશાનકારક દુર્ગંધ ફેલાય, જાનમાલનુ નુકશાન થાય તેવા સળગી ઉઠે તેવા પદાર્થો મોટા જથામા રાખવા, જુગારખાનુ રાખવાથી તોફાની માણસોના ટોળા એકઠાં થાય કે જેથી લોકોને દુ.ખ અને કટાળો ઉપજે તો તેને આ કલમ મુજબ શીક્ષા થાય, (રે. વિ—થ—૧૪—મ—૭૬૪,)

૨૬૯. જે માણસ કાયદા વિરૂદ્ધ અથવા ગફલતથી એવુ કામ કરે કે જેથી જીદગીને જોખમવાળા કોઇ રોગનો ચેપ પ્રસરે એવો સભવ છે એમ તે જાણતો હોય કે માનવાનું તેને કારણ હોય તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

૨૭૦, જે માણસ દ્વેષબુદ્ધિથી એવુ કાંઇક કામ કરે કે જેથી જીદગીને જોખમવાળા કોઇ રોગનો ચેપ પ્રસરે એવો સંભવ છે એમ તે જાણતો હોય વા માનવાનુ તેને કારણ હોય તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની દંડની અથવા કેદની અથવા એ બનેની શીક્ષા થશે.

૨૭૧ કોઇ વહાણને રોગના સબબથી દુર રાખવા બાબતના અથવા તે બાબતથી દુર રાખેલા વહાણોના કીનારા સાથેનો અથવા બીજા વહાણો સાથેનો વહેવાર કેમ ચાલે તેનો બંદોબસ્ત કર્યા બાબતની અથવા જે જગોમા કાંઇ ચેપી રોગ ચાલતો હોય તે જગો તથા બીજી જગોની વચ્ચે વહેવાર કેમ ચાલે તેનો બદોબસ્ત કરવા બાબતની હિંદુસ્થાનની સરકારે અથવા કોઈ પણ સરકારે જાહેર કરીને કરેલી કોઇ કાનુન જે માણસ જાણીબુજીને ન માને તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૨૭૨ કોઇ માણસ કાંઈ ખાવાની અથવા પીવાની વસ્તુમાં ભેળ કરે એવી રીતે કે તેથી જે વસ્તુ ખાવાથી કે પીવાથી અવગુણ થાય અને એવા ઇરાદાથી કે તે વસ્તુ ખાવા કે પીવાને વેચવી કે તે માટે તે વેચાશે એવો સભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એકહજાર રૂપીઆ સુધીના દડની અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે

૨૭૩ જે વસ્તુ અવગુણકારક કરેલી અથવા થએલી હોય અથવા ખાવા કે પીવા જોગ સ્થિતિમાં ન હોય તેવી કાંઇ વસ્તુ ખાવા કે પીવાની વસ્તુ દાખલ કોઇ માણસ વેચે, વેચવાનુ કહે વેચવા મુકે, કે તે વસ્તુ ખાવા કે પીવામા અવગુણકારક છે એમ જાણીને તે માનવાનુ કારણ છતા એ પ્રમાણે કરે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

૨૭૪ કોઇ માણસ કાંઈ વસાણામા અથવા તૈયાર કરેલા ઔષધમાં કાંઇ ભેળ કરે એવી રીતે કે તેથી તે વસાણાનો અથવા તૈયાર કરેલ આષધનો ગુણ ઓછો થાય અથવા તેની અસર બદલાય કે તે અવગુણકારક થાય અને તેમા તેવી કાંઇ ભેળ ન થઇ હોય એ પ્રમાણે ને કાંઈ દવાના કામમાં તે વેચશે અથવા વાપરશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે એ પ્રમાણે કરે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૨૭૫ કાંઇ વસાણામાં અથવા તૈયાર કરેલા ઓષધમા તેનો ગુણ ઓછો થાય અથવા તેની અસર બદલાય અથવા તે અવગુણકારક થાય એવી રીતે કાંઈ ભેળ થએલી છે, એમ જાણીને જે માણસ તે વસાણુ અથવા તૈયાર કરેલું ઔષધ તેમા ભેળ ન થઇ હોય એ પ્રમાણે કોઇ દવાના કામને સારૂ વેચે, વેચવાનું કહે કે કોઇ દવાખાનામાથી આપે અથવા તે ભેળસેળની ખબર ન હોય તેવા માણસ પાસે તે દવા કામમા વપરાવે તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની, એક હજાર રૂપીઆ સુધીની દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

ટીકા—દવાનો ગુણ ઓછો થાય તેવી કોઇ બહારની વસ્તુ ભેળવવી એ આ કલમ પ્રમાણે સાબીત કરવાની જરૂર છે

૨૭૬ કાંઇ વસાણુ અથવા તૈયાર કરેલું ઔષધ તે જુદું વસાણુ કે તૈયાર કરેલુ ઔષધ હોય એવી રીતે કાંઇ દવાના કામને સારૂં જે માણસ જાણી જોઇને વેચે અથવા વેચવાનુ કહે, કે વેચવા મુકે કે કોઈ દવાખાનામા આપે તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમમા દવા ઉપર જે દવા છે એવું બતાવ્યુ હોય, તે દવા તે ખરી રીતે નથી એટલુંજ સાબીત કરવુ બસ છે

૨૭૭ કોઇ પણ સાર્વજનિક ઝરા અથવા જળાશયનુ પાણી જે માણસ બુદ્ધિપૂર્વક બીગાડે અથવા મેલું કરે એવી રીતે કરે કે તેથી તે પાણી રોજ જે કામમા વપરાતું હોય તે કામને સારૂ તે ઓછુ લાયક થાય તો તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા પાચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૨૭૮ કોઇ જગ્યાની હવા જે માણસ બુદ્ધિપૂર્વક બગાડે એવી રીતે કે તેથી તે જગ્યાની પાડોશમા ઘણુ કરીને રહેનારા અથવા ધંધો કરનારા અથવા કોઇ સરીઆમ રસ્તા ઉપર ફરનારા શખસોની તંદુરસ્તીમાં બગાડ થાય તે માણસને પાંચસેં રૂપીઆ સુધી દંડની શીક્ષા થશે.

૨૭૯ કોઇ સરિઆમ રસ્તા ઉપર જે શખસ કોઇ ગાડી એવી બેપીકરી કે ગફલતી ભરેલી રીતે હાંકે કે સવારી કરે કે, તેથી માણસની જીંદગી જોખમમા આવે અથવા કોઈ બીજા શખસને વ્યથા કે નુકશાન થશે એવો સંભવ દેખાય તે શખસને છ મહીનાના મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા—અકસ્માત થયો હોય, જેમકે ઘોડો હાથમા રહ્યો ન હોય તો, તે ભડકયો હોય તો તે બચાવમા લાવી શકાય બેપીકરાઇથી સ્વારી કરવાને માટે ગાડીનો માલેક નહી પણ ખરેખર હાકનાર જવાબદાર છે, ફોજદારી ગુન્હામાં કૃત્ય કરનાર જવાબદાર છે, ને દીવાની કેસમા દરેક માણસ તેના નોકરના કૃત્ય માટે જવાબદાર થશે (સ. વી–રી. પા–૩૨–કેરી, એક, પેઇન પાન ૧૫૩)

૨૮૦ જે શખસ કંઇ વહાણ એવી બેપીકરાઇ કે ગફલત ભરેલી રીતે ચલાવે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે, અથવા કોઇ બીજા શખસને વ્યથા કે નુકશાન થવાનો સંભવ દેખાય તે શખસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા થશે

૨૮૧ કોઇ માણસ કાંઇ ખોટુ અજવાળુ નીશાની કે બોયું દેખાડે, એવા ઇરાદાથી કે તે દેખાડેથી કોઇ વહાણ ચલાવનારો ઠગાય કે ઠગાશે એવો સંભવ છે, એવુ જાણીને તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાની ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની કે એ બંનેની શીક્ષા થશે

૨૮૨ જે વહાણ એવી હાલતમાં કે એટલુ હોય કે તેમા જનારા શખસની જીંદગી જીંદગી જોખમમાં રહે

તેવા કોઇ ભરેલા વહાણમાં બેસાડીને ભાડાને સારૂ જે માણસ જાણી બુજીને કે ગફલતીથી કેઇ માણસને જળમાર્ગે લઇ જાય કે મોકલે તે માણસને ૭ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે

૨૮૩ જે માણસ કાંઇ કરવાથી કે પોતાના કબજા કે હવાલા માંહેની કાંઇ મીલકતનો બદોબસ્ત રાખવામા કસુર કરવાથી ખુશકીના કે તરીના સરીઆમ રસ્તામા કોઇ શખસને ભય કે અડચણ કે નુકશાન કરે તે માણસને બસે રૂપીઆ સુધીના દડની શીક્ષા કરવામા આવશે

૨૮૪ કાંઇ ઝેરી પદાર્થથી જે માણસ કાંઇ કામ એવી બેપીકરાઇથી કે ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીદગી જોખમમાં આવે અથવા કોઇ બીજા શખસને વ્યથા કે નુકશાન થશે એવો સભવ દેખાય કે જે માણસ પોતાના કબજામાના કાંઈ ઝેરી પદાર્થ સંબધી તે ઝેરી પદાર્થથી માણસની જીદગીને સભાવ્ય જોખમ થતુ અટકે એવો બદોબસ્ત રાખવામાં જાણી બુજીને કે ગફલતીથી કસુર કરે તે માણસને ૭ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૨૮૫ અગ્નિ કે કાંઇ શીઘ્રજ્વાળા પદાર્થથી જે માણસ કાંઈ કામ એવી બેપીકરી કે ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીદગી જોખમમાં આવે અથવા બીજા કોઇ શખસને વ્યથા કે નુકશાન થશે એવો સભવ દેખાય અથવા જે માણસ પોતાના કબજા માહેના કાંઇ અગ્નિ અથવા કાંઇ શીઘ્ર જ્વાળાગ્રાહી પદાર્થ સબધી તે અગ્નિ અથવા શીઘ્ર જ્વાળાગ્રાહી પદાર્થથી માણસની જીદગીને કાંઇ સભાવ્ય જોખમ થતુ અટકે એવો બંદોબસ્ત રાખવામા જાણી બુજીને અથવા ગફલતીથી કસુર કરે તે માણસને ૭ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૨૮૬ અવાજ સાથે ફુટે એવા કાંઇ પદાર્થથી જે માણસ કાંઈ કામ એવી બેપીકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે જેથી માણસની જીદગી જોખમમા આવે અથવા કોઈ બીજા શખસને વ્યથા કે નુકશાન થશે એવો સભવ દેખાય કે અથવા જે માણસ પોતાના કબજા માહેના અવાજ સાથે ફુટે એવા કાંઇ પદાર્થ સબંધી તે પદાર્થથી માણસની જીદગીને કાંઇ સભાવ્ય જોખમ થતું અટકે એવો બદોબસ્ત રાખવામા જાણીબુજીને કે ગફલતીથી કસુર કરે તે માણસને ૭ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીની દડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

૨૮૭ કાંઇ સાંચાથી જે માણસ કાંઇ કામ એવી બેપીકરી કે ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીદગી જોખમમાં આવે અથવા કોઇ બીજા શખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સભવ દેખાય કે જે માણસ પોતાના કબજા કે હવાલામાંના કાંઇ સાંચા સબધી તે સાંચાથી માણસની જીદગીને કાંઇ સભાવ્ય જોખમ થતું અટકે એવો બંદોબસ્ત રાખવામા જાણીબુજીને કે ગફલતીથી કસુર કરે, તે માણસને ૭ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે

૨૮૮ કાંઇ ઇમારત તોડી પાડવામા અથવા તેને મરામત કરવામા જે માણસ તે ઇમારત બાબતમા તે ઇમારતના અથવા તેના કોઇ ભાગના પડવાથી માણસની જીદગીને કંઇ સભાવ્ય જોખમ થતું અટકે એવો બદોબસ્ત રાખવામા જાણીબુજીને અથવા ગફલતીથી કસુર કરે તે માણસને ૭ મહીનાની મુદત સુધીની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીની દડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૨૮૯ જે માણસ પોતાના કબજા માંહેના કોઈ પશુ જાનવર સબધી તે જાનવરથી માણસની જીદગીને કાંઇ સભાવ્ય જોખમ થતુ અટકે અથવા મહાવ્યથાનુ સભાવ્ય જોખમ થતુ અટકે એવો બદોબસ્ત રાખવામા જાણી બુજીને ગફલતીથી કસુર કરે તે માણસને ૭ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે

ટીપ—પાળેલું પ્રાણી ક્રુર સ્વભાવનું તોફાની, કે મારકણું હતું તેની તેના માલીકને ખબર હતી એ પુરવાર થવુ જોઇએ, અને તેની ગફલતીથી થયેલી કસુરમા આ ગુન્હાનુ તત્વ રહેલું છે (રા રી ક્રી.લે. પા.૮)

૨૯૦ જે બાબતને સારૂ બીજી રીતે શીક્ષા કરવાનું આ કાયદામા ઠરાવ્યું નથી એવી બાબતમા જે માણસ કાંઈ લોકોપકારક કૃત્ય કરે તેને બસે રૂપીઆ સુધીના દડની શીક્ષા કરવામાં આવશે.

૨૯૧ ફલાણુ લોકાપકારક કૃત્ય તુ ફરીથી કરીશ અથવા જારી રાખીશ નહીં એવી તાકીદ કરવાનો જે સરકારી નોકરને અખત્યાર હોય તે સરકારી નોકરે એવી તાકીદ કીધા પછી જે માણસ તે લોકોપકારક કૃત્ય ફરીથી કરે અથવા જારી રાખે તે માણસને છ મહિનાની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૨૯૨ કાંઇ બીભત્સ ચોપાનીયુ કાગળ, ચીત્ર તસ્વિર, કે પ્રતીમા જે માણસ વેચે અથવા વહેચે અથવા વેચવાને કે ભાડાને સારૂ પરદેશથી આ દેશમા આણે અથવા છાપે અથવા સર્વે લોકો જુવે એવી રીતે જાણી જોઇને દેખાડે અથવા તેમ કરવાનો કોશીશ કરે અથવા તેમ કરવાનુ કહે તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે

અપવાદ—કોઇ દેવસ્થાન મધ્યે કે મૂર્તીઓને બેસાડવા સારૂ વપરાતા કોઇ રથ ઉપર કોરેલી અથવા નકશી પાડેલી કે ચીતરેલી કે બીજી રીતે કહાડેલી કે ધર્મક્રિયા સબધી કોઇ કારણસર રાખેલી કે વપરાતી કોઇ પણ પ્રતિમાને આ કલમ લાગુ પડતી નથી

ટીકા—જુવાન સ્ત્રી પુરૂષોના મનને, અથવા વધારે વયોવૃદ્ધ મનુષ્યોને પણ ઘણાજ અપવિત્ર અને બીભત્સ વિચારો તેથી સુઝે, એવો વિષય બીભત્સ છે. જેમના હાથમા આવી ચોપડી જાય તેમને તેથી બગડવાનો અને અનીતિમાન થવાનો સભવ છે કે કેમ તે જોવુ જોઇએ. બીભત્સ એ હકીકતનો સવાલ છે. (૧-વિ—પરશરામ યશવત ૨૦ મુ, ૧૯૭,)

૨૯૩ ઉપલી કલમમા લખ્યુ છે તેવુ બીભત્સ પુસ્તક અથવા તેવી બીજી કોઇ વસ્તુ વેચવા કે વહેચવા સારૂ કે સઘળા લોકોને દેખાડવા સારૂ જે માણસ કબજામાં રાખશે તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

૨૯૪ જે કોઇ પણ માણસ—(અ) કોઇ જાહેર જગામાં કોઇ બીભત્સ કૃત્ય કરીને અથવા (બ) કોઇ જાહેર જગામાં તેવાં બીભત્સ ગીત, લાવણી કે શબ્દો ગાઇ બોલી કે ઉચ્ચારીને બીજાઓને દુઃખ આપે તે માણસને ત્રણ મહીના સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની, દડની, અથવા તે બનેની શીક્ષા કરવામા આવશે

૨૯૪ અ) સરકારે હુકમ આપ્યો નહી હોય તેવી સોરટી કહાડવા સારૂ કાંઈ ઓફીસ અથવા જગા જે માણસ રાખશે તેને ઘણામા ઘણા છ મહીના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા અથવા દડ અથવા એ બેઉની શીક્ષા કરવામા આવશે, અને સદરહુ પ્રકારની હરકોઈ સોરટીમા હરકોઇ ટીકીટ, અથવા લાટ અથવા નબર અથવા અક કહાડવા બાબત અથવા તેને લાગતી વળગતી ફલાણી વાત બનશે તો ફલાણા માણસના ફાયદા સારૂ ફલાણી રકમ અથવા માલ આપવામા આવશે અથવા કરવામાં આવશે નહી એવો હરકોઇ ઠરાવ જે માણસ પ્રસીદ્ધ કરશે તેને એક હજાર રૂપીઆ સુધી દડ કરવો.

ટીકા—કીસ્મતથી ચીઠીમાં આવે તે ઇનામ વહેચવાં તે સોરટી છે. આ કલમના છેલ્લા પેરેગ્રાફમા આવેલો "પ્રસીદ્ધ કરનાર" જે માણસ 'ઠરાવ' મોકલે છે તે માણસનો તેમજ જે વર્તમાનપત્રનો માલીક તે ઠરાવને એક જાહેરખબર તરીકે છાપે તે વર્તમાનપત્રના માલીકનો સમાવેશ થઇ જાય છે (૧૦—મુ ૯૭) એક વેપારીએ એક પાઉડના ચાના ડબા ૨ શીલીંગ ૬ પેન્સમા વેચ્યા, દરેક ડબામા એક એક ચીઠી મુકી હતી, અને તે ચીઠીમાં જે ઇનામ લખ્યું હતું તે ડબો ખરીદનારને મળતું હતું. આમા તે સોરટી હતી એમ ઠરાવવામા આવ્યુ હતું. કારણ કે ખરીદનારને ઇનામની લાલચ આપવામા આવતી હતી. (ટેલર વિ-સ્મીથ ૧૧-ક્વી—બે. ડી, પા, ૨૦૭) ગવર્નર જનરલ કે સ્થાનિક સરકાર કે તેમના નીમેલા અમલદારીના હુકમ વગર આ કલમ પ્રમાણે ફરીયાદ થઇ શકે નહીં. (ક્રી પ્રો કો—કો, ૧૯૬)

બાબ ૧૫ મો
ધર્મ સબંધી ગુન્હાઓ બાબત

૨૯૫ જો કોઇ માણસ કોઈ પુજાના ઠેકાણાનો અથવા જે પદાર્થને કોઇપણ જાતીના લોકો પવીત્ર ગણતા હોય તે પદાર્થનો નાશ કરે અથવા તેને નુકશાન કરે કે ભ્રષ્ટ કરે એવા ઇરાદાથી કે તેમ કરીને કોઈ પણ જાતીના લોકોના ધરમને અપમાન પહોચાડયુ, અથવા એવુ જાણીને કે એ પ્રમાણે નાશ અથવા નુકશાન અથવા ભ્રષ્ટ કરવાથી કોઇપણ જાતીના લોકો પોતાના ધરમને અપમાન પહોચ્યુ એમ સમજશે એવો સંભવ છે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા થશે.

ટીકા—આ કલમમા વાપરેલ 'પદાર્થ' એ નીરજીવ વસ્તુ, મદીર, મુરતીઓ વિ. ને લાગુ પડે છે, આ કલમ પ્રમાણે ગુન્હો બનવા માટે અમુક વર્ગના લોકોના ધર્મને અપમાન કરવાનો ઇરાદો હોવો જોઇએ, અથવા અમુક વર્ગના માણસો ભ્રષ્તાને ધર્મસંબધી અપમાન તરીકે ગણવાને સભવ છે એવી જાણ હોવી જોઇએ, (રે વિ, મુસા ૭ મન્દ, પ્રો, રી, પા, ૪૫)

૨૯૬ કોઈ પણ મડળી દેવ પુજન કે ધમ સબધી ક્રીયા કરવામા કાયદા મુજબ રોકાયેલી હોય તેને જે માણસ બુદ્ધિપૂર્વક અડચણ કરે તે માણસને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા થશે

ટીકા—આ કલમ પ્રમાણે ગુન્હો બનવા સારૂ ધર્મસબધી ક્રીયા કરવાને કાયદેસર રીતે રોકાયેલી મડળીને બુદ્ધિપૂરવક અડચણ કરેલી હોવી જોઇએ (જય—વિ—ધરમપાળ ૩૩-૩-૬૦)

૨૯૭ કોઇપણ સખસનું દીલ દુખવવાના ઇરાદાથી અથવા કોઇ પણ સખસના ધરમને અપમાન પહોચાડવાના ઇરાદાથી અથવા એમ કરવાથી દીલ દુખાશે કે ધર્મને અપમાન પહોચશે એવો સભવ છે, એમ જાણીને કોઇ પુજાની જગામાં કે કબ્રસ્તાનમાં કે પ્રેત સસ્કાર કરવા કે મુડદાં મુકવા સારૂ જુદી કહાડેલી જગામા જે માણસ વગર રજાએ પ્રવેશ કરે અથવા કોઇ પ્રેતનુ અપમાન કરે અથવા પ્રેત સસ્કાર કરવા મળેલા કોઇ શખસને અડચણ કરે તે માણસને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

૨૯૮ ધર્મ સબધી કોઇપણ સખસનુ દીલ દુખાવવાના પાકા ઇરાદાથી જે માણસ તે સખસ સાંભળે એમ કોઇ શબ્દ બોલે અથવા અવાજ કરે અથવા તે શખસની દ્રષ્ટિ પડે એમ કોઇ પદાર્થ મુકે તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા બનેની શિક્ષા થશે.

બાબ ૧૬ મો.
માણસના શરીર સંબધી ગુન્હાઓ બાબત જીદગી સબધી ગુન્હાઓ બાબત

૨૯૯ મોત આણવાના ઇરાદાથી, જેથી મોત થવાનો સભવ હોય એવુ કાંઈ શરીરનુ નુકશાન કરવાના ઇરાદાથી, કાંઈ કામ કરીને અથવા કરવાનું કામ કરેથી મોત થશે એવો સભવ છે એમ જાણ્યા છતાં તે કામ કરીને જે માણસ મોત આણે તે માણસે શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો કર્યો એમ સમજવું.

દ્રષ્ટાંતો—(અ) મોત આણવાના ઇરાદાથી અથવા તેથી મોત થશે એવો સભવ છે એમ જાણીને અ એક ખાડાની ઉપર લાકડીઓ ગોઠવીને ઘાસ પાથરે અને તે જમીન મજબુત છે, એમ માનીને જ તે પર ચાલતા અદર પડીને તેનો જીવ જાય તો અ એ શીક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો કર્યો એમ સમજવુ.

(બ) જ એક ઝાડી પાછળ છે એવુ અ જાણે છે, બ ને તે વાતની ખબર નથી હવે જ નું મોત થશે એવો સભવ છે એમ જાણીને અ, બ ને તે ઝાડીમાં બદુક ભરીને મારવાને લલચાવે અને તે પ્રમાણે બ બદુક મારી જ નો પ્રાણ લે તો એ ઠેકાણે બ કાંઈ ગુન્હાનો તકસીરવાર નહીં થાય એમ બની શકે છે પણ અ એ શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો કર્યો એમ સમજવુ

(ક) એક પક્ષીને મારીને તે ચોરી લઈ જવાના ઇરાદાથી તેને ગોળી મારવામાં અ એક ઝાડી પાછળ બેઠેલા બ નો જીવ લે અને બ ત્યાં બેઠેલો છે એમ અ જાણતો ન હોય તો એ ઠેકાણે અગર અ એક કાયદા વિરૂદ્ધ કામ કરતો હતો તોપણ તે શિક્ષણીય મનુષ્ય વધના ગુન્હાનો તકસીરવાર નથી કેમકે તેણે બ નો જીવ લેવાનો અથવા જે કામથી મોત થવાનો સંભવ તેના જાણવામાં હોય એવું કામ કરીને મોત આણવાનો ઇરાદો કર્યો નહી હતો.

ખુલાસો—૧ લો–જે શખસને કાંઇ રોગ કે વ્યાધી કે શરીરની અશકતતા થઈ હોય એવા કેઈ શખસને માણસ જે શરીરનું નુકશાન કરે અને તેથી કરીને પેલા શખસનું મોત વહેલું થાય તો તે માણસે તે શખસનું મોત આણ્યું એમ સમજવું ખુ. ૨ જો–જે ઠેકાણે કઈ શરીરના નુકશાનથી મોત થય તે ઠેકાણે જે શખસે તે શરીરનું નુકશાન કર્યું હોય તેણે તે મોત આણ્યું એમ સમજવું પછી અગર બરાબર ઇલાજ કરે એથી તથા હોશીઆર હકીમની દવા કરેથી તે મોત થતું બચી શકત એમ હોય તોપણ ખુ ૩ જો–માના પેટમાના બચ્ચાનું મોત આણવું તે મનુષ્યવધનો ગુન્હો નથી, પણ કોઈ જીવતા બચ્ચાનો કંઈ પણ ભાગ બહાર નીકળ્યો હોય પછી તે બચ્ચાથી શ્વાસોશ્વાસ ન લેવાયા હોય અથવા તે પુરેપુરૂં જન્મ્યું ન હોય તોપણ જીવતા બચ્ચાનું મોત આણવું તે શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થઇ શકે

ટીકા–મનુષ્યે મનુષ્યને મારી નાખવું તે મનુષ્યવધ છે, મનુષ્યવધ ત્રણ પ્રકારનો છે, ૧ સાદો ૨ શિક્ષણીય. ૩ ગફલતી ભરેલો.

સાદો મનુષ્ય વધ—નીચે જણાવેલા કોઇ કેસમા મોત નીપજ્યું હોય તેને સાદો મનુષ્યવધ ગણાય છે (અ) જ્યાં કાયદેસર કે ગેરકાયદેસર કોઈ કૃત્ય કરવામા અકસ્માતથી, અને કોઈ પણ બેદરકારી કે ગફલતી વગર કે ગુન્હેગારી ભરેલા ઇરાદા કે જાણ વગર મરણ નીપજ્યું હોય, (બ) જ્યા વ્યાજબી રીતે મોત નીપજ્યું હોય, એટલે કે—[૧) જે અખતીયાર કાયદાએ આપેલો અથવા શુદ્ધબુદ્ધિથી એમ માને કે આ અખતીઆર મને કાયદાએ આપેલો છે તે તેવો કોઇ અખતીઆર અમલમા લાવવામાં જડજ જ્યારે ઈન્સાફનું કામ કરે છે ત્યારે, (૨) કોઈ કોર્ટનો હુકમ અમલમા લાવવામા વર્ત્તનાર માણસ જે શુદ્ધબુદ્ધિથી એમ માને કે આવો હુકમ કરવાની તે કોર્ટને હકુમત હતી તેવા માણસથી (મોત નીપજ્યું હોય) (૩) મરણ નીપજાવવાની જે માણસની કાયદા પ્રમાણે ફરજ છે, અથવા કાયદાથી રજા છે અથવા જે માણસ હકીકતની ભુલના સબબથી શુદ્ધ બુદ્ધિથી એમ માને છે કે (મરણ નીપજાવવાની) કાયદા પ્રમાણે મારી ફરજ છે અથવા કાયદાથી મને રજા છે તે માણસથી (મોત નીપજ્યું હોય) (૪) હાની કરવાના સાપરાધ ઇરાદા વગર તથા શુદ્ધબુદ્ધિથી શરીર અથવા મીલકતને થતી બીજી હાની અટકાવવાને અથવા તેથી બચાવવાના કામને સારૂ વર્તનાર માણસથી (મોત નીપજ્યું હોય) (૫) શરીર અથવા મીલકતનો ખાનગી બચાવ કરવાનો હક વાપરવામા મોત નીપજ્યું હોય (૬) જ્યા કા. ૮૨–૮૩–૮૪–૮૫ માં જણાવેલા બાળકથી કે દીવાના મનના માણસથી કે કેફ કરેલા માણસથી મોત નીપજ્યું હોય (૭) જ્યાં મરનાર માણસના હીતને સારૂ શુદ્ધબુદ્ધિથી કરેલા કૃત્યથી વગર ઇરાદે મોત નીપજ્યું હોય પણ તે ક્યારે ? કે જ્યારે (૧) તે મરનાર માણસે,કે તે સગીર કે દીવાનો હોય તો તેના વાલીએ સ્પષ્ટ રીતે કે ગર્ભિત રીતે આવું કૃત્ય કરવાની રજા આપી હોય, અથવા (૨) જ્યારે રજા આપવાનું મરનાર માણસને માટે અસંભવીત હોય (૨) નીચે જણાવેલી કોઈ પણ સ્થિતીની અંદર અ કૃત્યથી, અથવા બ કસુરથી મોત નીપજાવવું તે શિક્ષણીય મનુષ્ય વધ છે

અ કૃત્ય—મોત નીપજાવવાના ઇરાદાથી કોઇ કૃત્ય કરવાથી, જેથી મોત નીપજાવવાનો સંભવ હોય એવું કાંઈ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી કોઇપણ કૃત્ય કરવાથી, અથવા ૩ આવું કૃત્ય કરવાથી મોત થશે એવો સંભવ છે, એવું જાણ્યા છતા કોઇપણ કૃત્ય કરવાથી

મોત આણવું—જ્યારે કરેલા કૃત્યથીજ અથવા તે કૃત્યથી અવશ્ય કરીને કે કુદરતી રીતે થતાં,અને તે કૃત્યના પરીણામ તરીકે વાસ્તવિક રીતે ધારેલા કોઇ પરીણામથી મોત નીપજે છે, ત્યારે આ કલમના અર્થની અંદર તે કૃત્યે મોત નીપજાવેલું કહેવાય છે ઇરાદો–ધારેલા પરીણામની આશા તે ઇરાદો છે. ખુનનું કે શિક્ષણીય મનુષ્ય વધનું તહોમત સાબીત કરવા સારૂ ઇરાદો અથવ જ્ઞાન પુરવાર કરવા જોઇએ. જો તે પુરવાર ન થાય તો મહાવ્યથાનોજ ગુન્હો થાય (સ. વી. રી, પા. ૩૯)

૩૦૦ ખુન નીચે બાતલ કરેલી બાબતો મુકી દઈને બીજી સર્વ બાબતોમા શિક્ષણીય મનુષ્ય વધને ખુન સમજવુ પણ ક્યારે કે જો જે કામથી મોત થાય તે કામ મોત આણવાના ઇરાદાથી કર્યું હોય તો અથવા [૨] કોઈ શખસને જેથી તે શખસનું મોત થવાનો સભવ તકસીરવાર માણસ જાણતો હોય એવુ કાંઇ શરીરનુ નુકશાન કરવાના ઈરાદાથી તે કામ કયુ હોય તો અથવા (૩) કોઈ શખસને કાંઈ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી તે કામ કર્યું હોય અને તે ઈરાદો કરેલું શરીરનું નુકશાન એવી રીતનું હોય કે ચાલતા સૃષ્ટ કર્મ પ્રમાણે મોત કરવાને તે સમર્થ હોય અથવા [૪] તે કામ એવુ તરત ભયકર છે કે તેથી સો વસા મોત અથવા જેથી મોત થવાનો સભવ છે, એવુ શરીરનુ નુકશાન થશે જ એમ તે કામ કરનાર શખસ જાણતો હોય અને મોત આણવાના અથવા ઉપલા પ્રકારના નુકશાનના જોખમમાં પડવા કાંઈ કારણ વિના તે શખસ તે કામ કરે તો

દ્દષ્ટાંત—(અ) જ ને મારી નાખવાના ઇરાદાથી અ તેને ગોળી મારે અને તેથી જ મરી જાય તો અ એ ખુન કર્યું એમ સમજવુ [બ] જ ને એવો રોગ થએલો છે કે એક સપાટો મારેથી તેનુ મોત થવાનો સભવ છે એમ જાણ્યા છતા અ તેના શરીરને નુકશાન કરવાના ઇરાદાથી સપાટો મારે અને તેથી જ મરી જાય તો, જો ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે સારી તદુરસ્તીવાળા શખશનુ મોત આણવાને તે સપાટો સમર્થ ન હોય તોપણ અ ખુનનો તકસીરવાર છે

(ક) અ ઈરાદાથી જ ને એક તલવાર અથવા ડાગથી જખમ કરે એવુ કે તેથી ચાલતા સૃષ્ટિકર્મ પ્રમાણે માણસનું મોત થાય અને જ તે જખમથી મરી જાય તો એ ઠેકાણે અગર તેને જ નુ મોત આણવનો ઇરાદો ન કર્યો હોય તો પણ અ ખુનનો તકસીરવાર છે એમ સમજવુ ડ લોકોનુ એક ટોળુ છે તેમા વગર કારણે અ એક ભરેલી તોપ છોડે અને તેથી તેઓમાંના એક જણનો જીવ જાય તો અગર ફલાણા સખસનો જીવ લેવો એવો તેણે આગળથી વિચારપુર્વક ઇરાદો ન કર્યો હોય તો પણ અ ખુનનો તકસીરવાર છે એમ સમજવુ

અપવાદ—૧ ભારે કે આકસ્મીક ક્રોધ ઉત્પન્ન થવાથી જેને પોતાનો જીવ વશ રાખવાની શક્તિ ગઇ છે એવી અવસ્થામા છતા કોઇ માણસ તે ક્રોધ ઉત્પન્ન કરનાર સખસનુ મોત આણે અથવા ભુલથી તે ઇતેફાકને બીજા સખસનુ મોત આણે તો તે શીક્ષણીય મનુષ્યવધ ખુન નથી ઉપલા અપવાદને નીચેની સરતો લાગુ પડે છે

૧ કેઇ શખસને મારી નાખવા અથવા કાંઈ હાની કરવાના બહાના દાખલ તે ક્રોધ ગુન્હેગારે માગી આણેલો અથવા બુદ્ધિપુર્વક ઉત્પન્ન કરેલો ન હોવો જોઇએ ૨ કાયદા મુજબ અથવા સરકારી નોકરીનો અખત્યાર અમલમા લાવતાં કોઇ સરકારી નોકરે કરેલી કોઇ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થએલો ન હોવો જોઇએ. ૩ ખાનગી બચાવનો હક કાયદા મુજબ અમલમા લાવતા કરેલી કાંઈ વસ્તુથી ક્રોધ ઉત્પન્ન થયેલો ન હોવો જોઇએ

ખુલાસો—તે ક્રોધ એવો ભારે તથા આકસ્મીક હતો કે તેથી તે ગુન્હો ખુન થઇ શકે નહી, એ હકીકતની બાબત છે.

દ્દષ્ટાંત - અ ક્રોધ ઉત્પન્ન થાય એવુ કાંઇ કામ અ એ કર્યાથી ક્રોધાધીન થઇને તે અવસ્થામાં અ જનું છોકરૂ ય છે તેને ઇરાદાથી મારી નાખે તો તે ખુન સમજવુ, કેમકે તે ક્રોધ ઉત્પન્ન થવાનું કામ તે છોકરાએ કર્યું નથી અને તે ક્રોધ થએલું કાંઇ કામ કરવામા ઇત્તેફાક અથવા કમનસીબથી તે છોકરાનુ મોત થયુ નથી. [બ] અ ને ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થાય એવુ કાંઇ કામ ય કરે અને તેથી ક્રોધ ચડીને અ, ય ના ઉપર એક પીસ્તોલ છોડે, અને પાસે ઉભેલો પણ નહીં દીઠેલો જ તેથી મરી જાય, પણ તેને મારી નાખવાનો અ એ ઇરાદો ન કર્યો હોય તથા પોતાને હાથે તેનુ મોત થવાનો સંભવ પણ અ એ જાણ્યો ન હોય તો એ ઠેકાણે અ એ ખુન નહી પણ માત્ર શિક્ષણીય મનુષ્યવધ કર્યો એમ સમજવુ [ક] અ ને એક નાજરનો સીપાઇ જ કાયદા મુજબ પકડે અને તે પકડવાથી આકસ્મીક તથા ભારે ક્રોધ ચડીને અ, જ ને મારી નાખે તો એ ખુન સમજવુ, કેમકે ક્રોધ ઉત્પન્ન થયો તે સરકારી નોકરે પોતાનો અખત્યાર અમલમા લાવતાં કરેલી વસ્તુથી થયો (ડ) એક જ માજીસ્ટ્રેટની આગળ

અ સાહેદ દાખલ હાજર થાય અને જ એ પ્રમાણે બોલે કે અ ની જુબાનીમાંનો એક શબ્દ પણ હું માનતો નથી તેથી અ એ ખોટી સાહેદી પુરી છે અને એ શબ્દ સાભળીન આરમીક ક્રોધ ચડીને અ, જ ને મારી નાંખે તો એ ખુન સમજવુ (ઘ) જ તુ નાક ખેચવાની અ કોશીશ કરે અને તને તેમ કરતા અટકાવવા સારૂ ખાનગી બચાવનો હક અમલમા લાવીને જ, અ નો હાથ પકડે તેથી આકસ્મીક તથા ભારે ક્રોધ ચઢીને અ, જ ને મારી નાખે તો એ ખુન સમજવુ, કેમકે ક્રોધ જે ઉત્પન્ન થયો તે ખાનગી બચાવનો હક અમલમાં લાવતા કરેલી વસ્તુથી ઉત્પન્ન થયો (ક) જ, બ ને મારે અને તેથી બ ને ભારે ક્રોધ ચડે, અને તે ક્રોધનો ફાયદો લેવાના ઇરાદાથી તથા તેની પાસે જ ને મારી નાંખવાના ઇરાદાથી એક પાસે ઉભેલો માણસ અ ને કારણસર બ ના હાથમાં એક છરી આપે અને તે છરીવતી બ, જ ને મારી નાંખે તો એ ઠેકાણે બ એ માત્ર શીક્ષણીય મનુષ્યવધ કર્યો એમ થઇ શકે, પણ અ તો ખુનનો તકસીરવાર છે એમ સમજવુ.

અપવાદ ૨ જો—કોઇ માણસ શુદ્ધ બુદ્ધિએ શરીર અથવા મીલકતના ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં કાયદાએ તેને આપેલા અખત્યારની હદની બહાર જાય અને આગળ વિચાર કર્યા વીના તથા તે બચાવ કરવામા જરૂર કરતાં વધારે હાની કરવાના ઇરાદા વગર જે સખસની સામા તે બચાવનો હક અમલમાં લાવતો હોય તે શખસનુ મોત આણે તો તે શીક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

દ્રષ્ટાંત—અ ને મહાવ્યથા ન થાય એવી રીતે ઘોડાની ચાબુકથી તેને મારવાની જ કોશીશ કરે, અ એક પીસ્તોલ ખેચી કહાડે, જ હુમલામાં જારી રહે અને ચાબુકનો માર પડતો બીજા કોઇ ઇલાજથી અટકાવશે નહી એવુ શુદ્ધ બુદ્ધિથી અ માને ને અ ગોળી મારીને જ નો પ્રાણ લે તો અ એ ખુન નહીં પણ માત્ર મનુષ્યવધ કર્યો એમ સમજવુ.

અપવાદ ૩ જો—કોઇ માણસ સરકારી નોકર હોય અથવા સરકારી ઇનસાફનો ધારો કરવાને કામ કરનારા કોઇ સરકારી નોકરને સહાય કરતો હોય તે માણસ કાયદએ તેને આપેલા અખત્યારની હદની બહાર જાય અને સરકારી નોકર દાખલ પોતાની ફરજ બરાબર રીતે બજાવવાને સારૂ પોતે જે કામને શુદ્ધ બુદ્ધિએ કાયદેસર તથા જરૂર માનતો હોય એવુ કાઇ કામ કરવાથી તે મોત આણે પણ જે શખસનુ મોત થાય તે શખસની ઉપર તેનો કાંઇ દ્વેષભાવ ન હોય તો તે શીક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

અપવાદ ૪ થો—આગળ વિચાર કર્યા વીના એકાએક ઝગડો થઇને ઘણો ક્રોધ ચડયો હોય તેવામાં એકાએક મારા મારી થઇને શીક્ષણીય મનુષ્યવધ થાય અને તે ગુન્હો કરનારને કાઇ ગેરવ્યાજબી ફાયદો લીધો ન હોય અને તે ઘાતકી રીતે અથવા નવાઇની રીતે ચાલ્યો ન હોય તોય તો તે શીક્ષણીય મનુષ્યવધ ખુન નથી

ખુલાસો—એવી બાબતોમા ક્રોધ ઉત્પન્ન કરનાર કોણ અથવા પહેલો હુમલો કરનાર કોણ એ વાતની કાંઇ જરૂર નથી

અપવાદ ૫ મો—જે શખસનું મોત થયું હોય તે સખસ અઢાર વરસથી વધારે ઉમરનો છતા તેને પોતાની રજા મરજીથી પોતાનું મોત થવા દીધું હોય અથવા મોતનુ જોખમ માથે લીધુ હોય તો તે ઠેકાણે શીક્ષણીય મનુષ્ય વધ ખુન નથી

દ્રષ્ટાંત—જ અઢાર વરસથી ઓછી ઉમરનો એક સખસ છે તેને ઉશ્કેરીને અ બુદ્ધિપુર્વક તેની પાસે આપઘાત કરાવે તો એ ઠેકાણે જ ની નાની ઉમરના સબબથી જ પોતાનું મોત થવા બાબત પોતાની રજામરજી આપવાને અશક્ત છે, માટે અ એ ખુન કરવામાં મદદગારી કરી એમ સમજવુ

ટીકા—ખુન અને શીક્ષણીય મનુષ્યવધમા ભેદ આ પ્રમાણે છે, જે કોઇ ગુન્હો શીક્ષણીય મનુષ્યવધની વ્યાખ્યામા ન આવતો હોય તો તે ખુન હોઇ શકે નહી કોઇ ગુન્હો ખુન થયા વગર શીક્ષણીય મનુષ્યવધ થઇ શકતો નથી મોત આણવાના ઇરાદાથી કાંઇ કામ કરીને મોત આણવુ તે શિક્ષણીય મનુષ્યવધ છે ને તે ખુન પણ છે, ફલાણુ કરેથી મોત થશે એવો સંભવ છે એમ જાણ્યા છતા તે કામ કરીને મોત આણવુ તે શિક્ષણીય મનુષ્યવધ છે વ્યભીચાર કરવાના કૃત્યમા પકડાયો હોય તે માણસને જે સ્ત્રી સાથે તેણે વ્યભિચાર કર્યો હોય તે સ્ત્રીનો ધણી મારી નાખે તો તે ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય

વધ છે. ટ નામના માણસની સાથે તેની બેન વ્યભીચાર કરતાં તેને માલમ પડવાથી ક્રોધના આવેશમાં ત્યાંજ તેણે બન્નેને મારી નાખ્યા હતા, મરનારની વર્તણુંકને લાધે તેનો ભારે અને આકસ્મીક ક્રોધનો બચાવ બરાબર યોગ્ય ગણવામાં આવ્યો હતો અને ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો ખાનગી બચાવનો હક સાબીત કરવાનો બોજો તહોમતદારને માથે છે. [૮. ક વિ પા ૧૪)

૩૦૧ જે વસ્તુથી મોત આણવાનો ઇરાદો કર્યો હોય અથવા જેથી મોત થવાનો સભવ છે એમ પોતાના જાણવામા હોય એવી કોઇ વસ્તુ કરવાથી કે કોઇ સખસ જેનું મોત આણવાનો તેણે ઇરાદો નહી કર્યો હોય અને જેનું મોત પોતાનાથી થવાનો સભવ તેના જાણવામા પણ ન હોય, એવા કોઇ શખસનું મોત આણીને શીક્ષણીય મનુષ્ય વધ કરે તો, જે સખસનુ મોત આણવાનો તેણે ઇરાદો કર્યો હોય અથવા જેનુ મોત પોતાથી થવાનો સભવ તેના જાણવામા હોય તે સખસનું તેણે મોત આણ્યુ હોય તો તે જે પ્રકારનો શીક્ષણીય મનુષ્ય વધ થાય તેજ પ્રકારનો તે ગુન્હેગારે કરેલો મનુષ્ય વધ છે એમ સમજવુ

ટીકા—જે સખસ બીજાને મારી નાખવાના ઇરાદાથી તેના ઉપર બદુક છોડે અને તે ત્રીજાજ માણસને વાગે તો તે ખુન ગણાશે, પણ આકસ્મીક લડાઇ દરમીયાન તાકેલો ઘા છુટા પાડનાર બીજા માણસને વાગે અને તેથી તે મરી જાય તો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થશે

૩૦૨ જે માણસ ખુન કરે તેને મોતની અથવા જીવતા સુધી સમુદ્રપારની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે.

ટીકા—તહોમતદારને ખુનનો ગુન્હો ઠરાવ્યા પછી ઉપલી કલમમા બતાવેલી બે સજાઓમાથી ગમે તે એક સજા કરવીજ જોઇયે બેમાથી કઇ સજા કરવી તેનો નિર્ણય જડજે કરવો.(૮ સ, વી રી પા ૭૮]

ફોજદારી ગુન્હાઓને મુદતનો કાયદો લાગુ પડતો નથી. પણ ૧૩ કે ૧૯ વરસ ઉપર કરેલા ખુનને વાસ્તે કોર્ટે ભારેમાં ભારે સજા (મોત)ની કરવાને બદલે જન્મ દેશનિકાલની કરી હતી, કારણકે લોકમા દાખલો બેસાડવાની જરૂર ન હોતી.(મ હા ફુલ બેંચ)

૩૦૩ જીવતા સુધી સમુદ્રપારની શીક્ષાનો હુકમ જે માણસની ઉપર થએલો હોય તે માણસ જો ખુન કરે તો તેને મોતની શિક્ષા કરવામા આવશે.

૩૦૪ ખુનથી ઉતરતા દરજ્જાનો શીક્ષણીય મનુષ્ય વધ જે માણસ કરે, અગર જે કામથી મોત થયુ હોય તે કામ તેણે મોત આણવાના ઇરાદાથી અથવા જેથી મોત થવાનો સભવ હોય એવુ કોઇ શરીરનુ નુકશાન કરવાના ઇરાદાથી કર્યું હોય તો જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે, અને અગર તે કામથી મોત થવાનો સભવ હોય એવુ કોઈ શરીરનુ નુકશાન કરવાના ઇરાદા વગર તે કામ તેણે કર્યું હોય તો તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બન્નેની શીક્ષા કરવામા આવશે

૩૦૪ અ શીક્ષણીય કરતા ઉતરતા દરજ્જાનું હરકોઇ અત્યાચારનું અથવા ગફલતી ભરેલું કામ કરીને કોઇ માણસ કોઇનુ મોત લાવે તો તેને ઘણામા ઘણુ બે વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવી અથવા દડ કરવો અથવા એ બેઉ શીક્ષા કરવી.

ટીકા—વધ બુદ્ધિપુર્વક કરેલી હોય તેના કેસમા આ કલમ લાગુ પડતી નથી, પણ બેપીકરાઇ ભરેલા કે ગફલતી ભરેલા કૃત્યોને જ આ કલમ લાગુ પડે છે (બો લૉ રી પા ૩૨૫)

૩૦૫ જે અઢાર વરસથી ઓછી ઉમરનો શખસ અથવા કોઇ દીવાનો શખસ અથવા કોઇ અજ્ઞાનો સખસ જન્મથી ગાંડો એવો કોઇ શખસ અથવા કેફની હાલતમા હોય એવો કોઈ શખસ આત્મઘાત કરે તો તે આત્મઘાત કરવામા જે માણસ મદદગારી કરે તે માણસને મોતની અથવા જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દડને પણ લાયક થશે

૩૦૬ જો કોઇ માણસ આત્મઘાત કરે તો તે આત્મઘાત કરવામા જે માણસ મદદગારી કરે તે

માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ પાત્ર થશે.

૩૦૭ જો કોઇ માણસ એવા ઇરાદાથી અથવા એવા જ્ઞાનથી તથા એવી હાલતમા કાંઇ કામ કરે કે અગર તે કામથી તે મોત આણે તો તે માણસ ખુનનો તકસીરવાર થાય, તો તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે. અને તે કામથી જો કોઇ સખસને વ્યથા થાય તો તે ગુન્હેગાર, અગર તો જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને અથવા ઉપર લખેલી છે તે શીક્ષાને લાયક થશે જે માણસના ઉપર જીવતા સુધી સમુદ્રપારની શીક્ષાનો હુકમ થઇ ચુકેલો હોય તે માણસ આ કલમ પ્રમાણે ગુન્હો કરશે અને તેજ ગુન્હાથી વ્યથા થઇ હોય તો તેને મોતની શીક્ષા થઇ શકશે.

દૃષ્ટાંત—(અ) જ ને મારી નાંખવાના ઇરાદાથી અ, જ ને ગોળી મારે એવી હાલતમા કે અગર જ નું મોત થાય તો અ ખુનનો તકસીરવાર થાય તો અ આ કલમ મુજબ શીક્ષાને લાયક છે (બ) એક કુમળી વયના બચ્ચાનુ મોત આણવાના ઇરાદાથી અ તે બચ્ચાને એક જંગલમા ખુલ્લુ મુકે તો પછી તે બચ્ચાનું મોત ન થાય તોપણ અ એ આ કલમમા બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવુ (ક) જનુ ખુન કરવાના ઇરાદાથી અ એક બંદુક વેચાતી લઇને તેને ભરી હજુ સુધી અ એ ઉપર લખેલો ગુન્હો કર્યો નથી અ તે બંદુક જની ઉપર છોડે તો તેણે આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવુ અને જો તે બંદુક છોડવાથી જ ને જખમ થાય તો આ કલમના પહેલા પેરાગ્રાફના પાછલા ભાગમા ઠરાવેલી શીક્ષાને તે લાયક થશે

(ડ) ઝેર ખવરાવીને જનુ ખુન કરવાના ઇરાદાથી અ કાંઇ ઝેર ખરીદ કરે અને તે ઝેર કાંઇ ખોરાકમા મેળવે અને તે ખોરાક અ ના કબજામાં રહે ત્યાં સુધી અ આ કલમમા બ્યાન કરેલો ગુન્હો કર્યો નથી, પણ અ તે જની ટેબલ ઉપર મેલે અથવા જના ટેબલ ઉપર મેલવા માટે તે ખોરાક જના ચાકરોને આપે તો અ એ આ કલમમા બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવુ

ટીકા—તહોમતદારે ફરીઆદી ઉપર કરેલા ઘા જોખમ ભરેલા કે મોત નીપજાવવાનો સંભવ છે, એવુ બતાવનારા પુરાવાની ગેરહાજરીમાં તહોમતદારને કોશીશકે શીક્ષણીય મનુષ્યવધની કોશીશ કરવાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહીં પણ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાના ગુન્હાનો તેને ગુન્હેગાર ઠરાવી શકાય

૩૦૮ જે કોઇ માણસ એવા ઇરાદા કે જ્ઞાનથી, કે એવી હાલતમા કાંઈ કામ કરે કે અગર તે કામથી મોત આણે તો તે માણસ ખુનથી ઉતરતા દરજાના મનુષ્યવધનો તકસીરવાર થાય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અને તે કામથી અગર કોઇ શખસને વ્યથા થાય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

૩૦૯ જે માણસ આત્મઘાત કરવાની કોશીશ કરે તથા તે ગુન્હો કરવા તરફ કાંઇ કામ કરે તે માણસને એક વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

ટીકા—આત્મઘાત કરવાની કોશીશ કરનારને થોડી પણ કેદની સજા કરવી જોઇએ, એકલી દંડ આપવાની સજા કરવી તે બસ નથી (બો, હા, રી,) એક સ્ત્રી હું કુવામા પડુંછુ એમ કહીને કુવા તરફ દોડી પણ તેને પહોંચતા પહેલા તો પકડી લીધી આ કેસમાં આત્મઘાત કરવાની કોશીશ કરવા માટે ગુન્હેગાર ઠરાવી શકાય નહી કેમકે તે કુદે ગયા પછી વીચાર ફેરવે. (રે વિ ૮ મદ્રાસ હા. રી, પા ૫)

૩૧૦ ઠગ. આ આક્ટ પસાર થયા પછી કોઇ પણ વખતે જે માણસ ખુનના ઉપાયથી અથવા ખુનની સાથે અપહરણ અથવા છોકરા ચોરવાનો ગુન્હો કરવાના કારણસર નિત્ય કોઇ બીજા માણસ અથવા માણસોની જોડે મળેલો રહેશે તે માણસને ઠગ સમજવો.

૩૧૧ જે ઠગ હોય તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ગર્ભપાત કરવો નહી જન્મેલા બચ્ચાંઓને નુકશાન બાબત, બચ્ચાંઓને ખુલ્લા મુકવા બાબત તથા જન્મ છુપાવવા બાબત.

૩૧૨ જે માણસ બુદ્ધિપુર્વક કોઇ ગર્ભવતી સ્રીનો ગર્ભપાત કરે તે માણસને અગર તે ગર્ભપાત શુદ્ધબુદ્ધિએ તે સ્રીના જીવ બચાવવાના કારણસર ન કર્યો હોય તો ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે, અને અગર તે સ્રી ચલીતગર્ભા હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

ખુલાસો—જે સ્રી પોતે પોતાનો ગર્ભપાત કરે તે પણ આ કલમના અર્થમા દાખલ થાય છે

ટીકા—સ્રી ગર્ભવતી કે ચલીતગર્ભા હોય ત્યાંજ આ ગુન્હો થઈ શકે—'ચલિતગર્ભા' ગર્ભ ધારણ કર્યાની આગળ વધેલી અવસ્થા દેખાડવાને માત્ર આપવામા આવ્યો છે

૩૧૩ **સ્રીની રજામંદી વગર** જે માણસ ઉપલી કલમમા બ્યાન કરેલો ગુન્હો કરે તે માણસને પછી તે સ્રી ચલીતગર્ભા હોય કે નહી તોપણ જીવતા સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદને અને દંડને પણ લાયક થશે

૩૧૪ કોઇ ગર્ભવતી સ્રીનો ગર્ભપાત કરવાના ઇરાદાથી કોઇ માણસ એવું કાંઇ કામ કરે કે તેથી સ્રીનું મોત થાય, તો તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે સ્રીની રજામંદી વગર તે કામ કર્યું હોય તો તે માણસને જીવતા સુધી સમુદ્રપારની શીક્ષા અથવા ઉપર લખેલી શીક્ષા કરવામા આવશે

૩૧૫ જે માણસ કોઇ બચ્ચુ જનમતા પહેલાં, તે બચ્ચુ જીવતું જનમતાં અટકાવવાના અથવા જન્મ્યા પછી તે મરી જાય એવુ કરવાના ઇરાદાથી કાંઇ કામ કરે, અને તે કામ કરેથી તે બચ્ચુ જીવતું જન્મતું અટકે અથવા જન્મ્યા પછી તે મરી જાય તો તે માણસને અગર તે કામ શુદ્ધબુદ્ધિથી એ બચ્ચાની માનો જીવ બચાવવાના કારણસર નહી કર્યું હોય તો દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

૩૧૬ કોઈ માણસ કાંઇ કામ કરે એવી હાલતમાં કે જો તે કામથી મોત થાય તો તે માણસ શીક્ષણીય મનુષ્ય વધનો તકસીરવાર થાય અને તે કામ કરેથી કે કોઇ નહી જન્મેલાં જીવતા બચ્ચાંનુ મોત આણે તો તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ પાત્ર થશે

દૃષ્ટાંત—ક્ષણી ગર્ભવતી સ્રીનુ મારાથી મોત થવાનો સંભવ છે એમ જાણ્યા છતા અ એવુ કાંઈ કામ કરે કે અગર તે કામથી તે સ્રીનુ મોત થાય તો તે શીક્ષણીય મનુષ્યવધ ગણાય, અને તે સ્રીને નુકશાન થાય તો પણ તે મરી જાય નહી પણ તેના પેટમા જે જીવતું બચ્ચુ હોય તેનુ તે કામથી મોત થાય છે તો અ આ કલમમા બ્યાન કરેલા ગુન્હાનો તકસીરવાન છે.

૩૧૭ જે માણસ કોઈ બાર વરસથી ઓછી ઉમ્મરના બચ્ચાનો બાપ અથવા તેની મા હોય, અથવા જે માણસના હવાલામા એવુ બચ્ચુ હોય તે માણસ અગર તે બચ્ચાને બીલકુલ તજવાના ઇરાદાથી તે બચ્ચાને કોઇ જગમા ખુલ્લુ મુકે અથવા મુકે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

ખુલાસો—અગર તે પ્રમાણે ખુલ્લુ મુકવાથી બચ્ચુ મરી જાય તો તે મુકરદમાની હકીકત મુજબ, તે ગુન્હેગારની ખુન અથવા શીક્ષણીય મનુષ્યવધને માટે તજવીજ થવામા અટકાવ કરવાની આ કલમની મતલબ નથી.

ટીકા—મા કે બાપ, પોતાની કુમળી વયના બાળકને તજી દે કે, બાળક તેમની પોતાની સંભાળ લેવાને શક્તિમાન નહી હોવાથી મરી જવાના કે કાંઇ ઇજા થવાના જોખમમા આવી પડે તેવી રીતનું માબાપનુ તેના બાળકને તજી દેવુ અટકાવવાનો આ કલમનો હેતુ છે

૩૧૮ જે માણસ કોઇ બચ્ચાનું મુડદુ છાનીરીતે દાટીને અથવા બીજી રીતે વગે કરીને તે બચ્ચાનો જન્મ ઇરાદાથી છુપાવે અથવા છુપાવવાની કોશીશ કરે તે માણસને પછી જો તે બચ્ચુ જન્મતા પહેલા અથવા જન્મ્યા પછી અથવા જનમતા મરી ગયુ હોય તોપણ બે વરસની મુદત સુધની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બન્નેની શીક્ષા કરવામા આવશે.

ટીકા—બચ્ચુ એટલે બચ્ચુ હોવુ જોઇએ, ગર્ભ હોવો જોઇએ નહી, જો બચ્ચુ જન્મતી વખતે પરીપક્વપણાની અવસ્થાએ પહોચ્યુ હોય કે જો તે જીવતું બચ્ચુ હોઇ શકે તોજ ગુન્હો બની શકે, નહીતો નહીં.

વ્યથા બાબત

૩૧૯ જે માણસ કોઇ સખસને કોઇ શરીરનું દુઃખ રોગ કે અશક્તતા કરે તેણે વ્યથા કરી એમ સમજવુ

ટીકા—કોઇ સ્રીને ચોટલો ખેચીને તાણુવી તે વ્યથા ગણાશે, એક માણસે નોકરને લાત મારી કે જે નોકરની બરોળ વધેલી હતી તેની તોમતદારને ખબર નહોતી, અને તે નોકરનુ મોત થયુ ત્યા તેને વ્યથા કરવાનો ગુન્હેગાર ઠરાવ્યો હતો, (રે, વિ, ફો, ૨, અ, ૫૨૨) ઝટકો મારવો, અવયવ તોડી નાંખે તેવો ઘા કે ફટકા મારવો, શરીર પર ઉનુ પાણી રેડવુ તે હુમલા સાથ વ્યથા કરનારા કૃત્યો છે ત્યારે ઝેરી કવાથ બનાવીને ટેબલ ઉપર મુકવો, ઘાસ ઉપર જતો હોય તેમા દાતરડુ છુપાવવુ, બીજો માણસ ખાડામા પડે એવા ઇરાદાથી જે માણસ જાહેર રસ્તામા ખાડો ખોદે તે બધાને વ્યથા કર્યા બદલ સજા થશે (પીનલકોડ ઘડનારાઓની નોટ પા ૬૩)

૩૨૦ નીચે લખેલા પ્રકારની વ્યથાને મહાવ્યથા એવુ નામ આપેલુ છે,—

૧ પુરૂષત્વનો નાસ, ૨ બેમાંની કોઇ પણ આખની જોવાની શક્તિ જાથુ જવી, ૩ બેમાના કોઇપણ કાનની સાંભળવાની શક્તિ જાથુ જવી ૪ કોઇ અવયવ અથવા સાંધે જવો ૫ કોઇ અવયવ અથવા સાંધાની શક્તિ નાશ થવી કે તેની જાથુ ક્ષીણતા થવી ૬ ડોકાની અથવા ચ્હેરાની જાથુ બદશીકલ થવી ૭ કોઇ હાડકાનુ અથવા દાતનુ ભાગવુ કે ખસી જવુ. ૮ જે વ્યથાથી જીંદગી જોખમમાં આવે અથવા જથી વીશ દીવસની મુદત સુધી વ્યથા થએલા માણસને શરીરનુ ભારે દુખ ખમવુ પડે અથવા તે પોતાનો હમેશનો ધધો કરવાને અશકતના રહે એવી કોઇ પણ વ્યથા—

ટીકા—જ્યારે હુમલામા કરેલી ઇજા મોત નીપજાવશે કે તેથી મોત થઇ શકે એવો ઈરાદો જાણુ કે સભવ ન હોય ત્યા ખુનથી ઉતરતા દરજાન મનુષ્યવધનો ગુન્હો નથી પણ મહાવ્યથાનો છે મહાવ્યથાના કેસમા જેની દવા કરી હોય તે ડાકટરની જુબાની લેવી જોઇએ જે વ્યથા ભોગવનારને દુખને રોગમાં નાંખે અને વીસ દીવસ સુધી તેનો હમેશનો ધધો રોજગાર કરવાને તે અશક્ત કરે તેવી સઘળી મહાવ્યથા સમજવી.

૩૨૧. જે માણસ કોઇ શખસને વ્યથા કરવાના ઇરાદાએ અથવા તેથી કોઇ શખસને પોતાની વ્યથા થવાનો સભવ છે એમ જાણ્યા છતાં કાઇ કામ કરે, અને તે કામથી કોઇ શખસ વ્યથા કરે તો તે માણસે બુદ્ધિપૂર્વક વ્યથા કરી એમ સમજવુ.

૩૨૨ કોઇ માણસ બુદ્ધિપૂર્વક વ્યથા કરે અને વ્યથા કરવાને તેનો ઇરાદો હોય અથવા જે વ્યથા પોતાથી થવાનો સભવ તેના જાણવામા હોય તે વ્યથા અગર મહાવ્યથા હોય તથા જે વ્યથા તે કરે તે વ્યથા મહાવ્યથા હોય તો તે માણસે બુદ્ધિપુર્વક મહાવ્યથા કરી એમ સમજવુ,

ખુલાસો—કોઇ શખસ આ બને વાત કરે એટલે મહાવ્યથા કરે તથા મહાવ્યથા કરવાનો ઇરાદો કરે અથવા મહાવ્યથા પોતાથી થવાનો સંભવ તેના જાણવામા હોય તોજ તેણે બુદ્ધિપુર્વક મહાવ્યથા કરી એમ સમજવુ નહીં તો નહીં. પણ એક પ્રકારની મહાવ્યથા કરવાનો ઇરાદો કરીને અથવા એક પ્રકારની મહાવ્યથા પોતાથી થવાનો સભવ જાણ્યા છતા તે ખરેખર બીજા પ્રકારની મહાવ્યથા કરે તો તેણે બુદ્ધિપુર્વક મહાવ્યથા કરી એમ સમજવુ.

દ્રષ્ટાંત—જ નો ચ્હેરો જાથુ બદશીકલ કરવાના ઇરાદાથી અથવા તે પોતાથી બદશીકલ થવાનો સંભવ

જાણ્યા છતાં અ જ ને એક ભપાટો મારે અને તે સપાટાથી જનો ચ્હેરો બદશીકલ નહીં થાય પણ તેથી વીસ દીવસની મુદત સુધી જ ને શરીરનું ભારે દુખ ખમવું પડે તો અ એ બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરી એમ સમજવું

૩૨૩ ૩૨૪ મી કલમમા લખેલી બાબત સીવાય બીજી કોઇપણ બાબતમા જે માણસ બુદ્ધિપૂર્વક વ્યથા કરે તેને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીની દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

ટીકા—એક સ્ત્રીએ તેના ધણીને ગુસ્સો કર્યાથી તેણે તે સ્ત્રીને લાત મારી અને લાત તે સ્ત્રીની બરોળ ઉપર વાગવાથી તે મરી ગઇ અને તેના ધણીને બરોળની ખબર નહોતી, તેમ તેથી મનુષ્યની જીંદગીને જોખમ કે વ્યથા કરવાનો તેનો ઇરાદો નહોતો, તો તેમા તેને ૩૨૩ પ્રમાણે ગુન્હેગાર ગણ્યો હતો (મ, વી રી, ૫ા ૨૯)

૩૨૪ ૩૦૪ મી કલમમા લખેલી બાબત સીવાય બીજી કોઇપણ બાબતમા ગોળી અથવા તીર મારવામા ખોસી ઘાલવાના કે કાપવાના કોઈ હથીઆર વડે અથવા જે હથીઆર મારેથી સામાનુ મોત થવાનો સંભવ હોય એવા કોઇ હથીઆર વડે અથવા અગ્નિ કે કંઇ ગરમ પદાર્થ વડે અથવા કોઇ ઝેર કે ખાઇ જાય એવા કોઇ પદાર્થ વડે અથવા અવાજ સાથે ફુટે એવા કોઇ પદાર્થ વડે અથવા દમ લેવાથી, ગળી જવાથી અથવા લોહીમા જવાથી જે પદાર્થ માણસના શરીરને નુકશાનકાર હોય એવા કોઇ પદાર્થ વડે અથવા કોઇ જાનવરની મારફતે જે માણસ બુદ્ધિપૂર્વક વ્યથા કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

૩૨૫ ૩૩૫ મી કલમમા લખેલી બાબત સીવાય બીજી કોઇ પણ બાબતમા જે માણસ બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરે તેને સાત વરસની મુદત સુધીની બેમાની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને લાયક થશે

ટીકા—જે કેદીના ઉપર ' મહાવ્યથા ' કરવાનુ તહોમત મુકવામાં આવ્યુ હોય તેને તપાસને માટે સેસન્સ કોર્ટમા નોંધવા જોઇએ, બુદ્ધિપૂર્વક મહાવ્યથાનો ગુન્હો સાબીત થવા સારૂ બુદ્ધિપૂર્વક કરેલી ખાસ ઇજા હોવી જોઇએ.

૩૨૬ ૩૨૫ મી કલમમાં લખેલી બાબત સીવાય બીજી કોઈપણ બાબતમા ગોળી અથવા તીર મારવાના, ખોસી ઘાલવાના, અથવા કાપવાના કોઇ હથીઆર વડે કે જે હથીઆર મારેથી સામાનુ મોત થવાનો સંભવ હોય એવા કોઇ હથીઆર વડે અથવા અગ્નિ કે કોઇ ગરમ કરેલા પદાર્થ વડે અથવા કોઇ ઝેર કે ખાઇ જાય એવા પદાર્થ વડે અથવા અવાજ સાથે ફુટે એવા કોઇ પદાર્થ વડે અથવા દમ લેવાથી, ગળી જવાથી, અથવા લોહીમાં જવાથી જે પદાર્થ માણસના શરીરને નાશકારક હોય એવા કોઈ પદાર્થ વડે અથવા કોઈ જાનવરની મારફતે જે માણસ બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરે તો તે માણસને જીવતા સુધી સમુદ્રપારની અથવા દશવરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

ટીકા—જે માણસ મુખ્ય કૃત્ય તે પોતેજ કરે અર્થાત પીનલકાડમા વર્ણવેલી મહાવ્યથા કરે એવો ફટકો મારે તેને આ કલમ લાગુ છે (૬, ૨. વિ. નો પા, ૯૮)

૩૨૭ કોઈ સખસને વ્યથા કરીને તે સખસ પાસે અથવા તેની સાથે સબંધ રાખનારા કોઇ સખસ પાસે જબરાઇથી કોઈ મીલકત કે કીંમતી દસ્તાવજ કહાડવાના કારણસર અથવા વ્યથા કરેલા સખસ પાસે કે તેની સાથે સબંધ રાખનાર કોઇ સખસ પાસે જબરજસ્તીથી કાંઇ કાયદા વિરૂદ્ધ કામ અથવા જે કામથી કોઇ ગુન્હો કરવો સહેલ થાય એવું કામ કરવાના કારણસર જે માણસ બુદ્ધિપૂર્વક વ્યથા કરે તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

૩૨૮ કોઇ સખસને વ્યથા કરવાના ઇરાદાથી અથવા કોઇ ગુન્હો કરવાના કે કોઇ ગુન્હો કરવો સહેલ કરવાના ઇરાદાથી અથવા તેથી પોતાથી વ્યથા થશે એવો સંભવ છે એમ જાણ્યા છતા જે માણસ

તે સખસને કાંઈ ઝેર, અથવા બેહોશ કરે કે કેફ આવે કે અવગુણ કરે એવુ કાંઇ વસાણુ અથવા બીજી વસ્તુ આપે, અથવા લેવડાવે તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે

ટીકા—જે માણસ ઝેર અને તેનો ઉતાર બંને એકી વખતે ખવડાવે તે ઝેર ખવડાવવાનો ગુન્હેગાર થશે નહીં, (૪, કોકસ કૃત્ય ક્રી, કે, પા, ૮૪)

૩૨૯ કોઇ શખસને મહાવ્યથા કરીને તે શખસ પાસે અથવા તેની સાથે સબંધ રાખનારા કોઇ શખસ પાસે જબરાઇથી કાંઇ મીલકત અથવા કીમતી દસ્તાવેજ કઢાવવાના કારણસર અથવા મહાવ્યથા કરેલા શખસ પાસે કે તેની સાથે સબધ રાખનારા કોઇ શખસ પાસે જબરજસ્તીથી કાઇ કાયદા વિરૂદ્ધ કામ અથવા જે કામથી કાંઈ ગુન્હો કરવો સહેલ થાય એવુ કામ કરવાના કારણસર જે બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દડને પણ લાયક થશે

૩૩૦ કોઇ શખસને વ્યથા કરીને તે શખસ પાસે અથવા તે શખસની સાથે સબંધ રાખનારા કોઇ શખસ પાસે જેથી કાંઇ ગુન્હો અથવા બદચાલ પકડાય એવી કાંઇ ખબર અથવા કબુલાત જબરજસ્તીથી લેવાના કારણસર વ્યથા કરેલા શખસ પાસે કે તેની સાથે સબધ રાખનારા કોઇ શખસ પાસે જબરજસ્તીથી કાંઇ મીલકત અથવા કીમતી દસ્તાવેજ પાછો અપાવવા અથવા અપાવવાના કારણસર અથવા તે કાંઇ લેહેણુ કે માગણુ પતાવે અથવા જેથી કાઇ મીલકત કે કીંમતી દસ્તાવેજ પાછો મળી શકે, એવી કાંઇ ખબર આપે એમ કરવાના કારણસર જે માણુસ બુદ્ધિપૂર્વક વ્યથા કરે તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દડને પણ લાયક થશે.

દ્રષ્ટાંત—(અ) જ ની પાસે કાંઇ ગુન્હો કર્યો કબુલ કરાવવા સારૂ જો અ પોલીસ અમલદાર જ ને શરીરવેદના કરે તો અ આ કલમમાં લખેલા ગુન્હાનો તકસીરવાર છે સમજવું

(બ) અમુક ચોરેલી મીલકત કયા મૂકેલી છે તે દેખાડવાને બ લલચાય, એટલા સારૂં જો અ પોલીસ અમલદાર તેને શરીરવેદના કરે તો અ આ કલમમાં લખેલા ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવુ.

(ક) જ ની પાસે મહેસુલની કાંઇ બાકી લહેણી છે તે તેની પાસે ભરાવવા સારૂ જો અ મેહેસુલનો અમલદાર જ ને શરીરવેદના કરે તો અ આ કલમમાં લખેલા ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવુ,

(ડ) એક રૈયતની પાસે તેનું ગણોત ભરાવવા સારૂ જો અ જમીનદાર તેને શરીરવેદના કરે તો અ આ કલમમાં લખેલા ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવુ

૩૩૧—કોઇ શખસને મહાવ્યથા કરીને તે શખસ પાસે અથવા તે શખસની સાથે સબધ રાખનારા કોઇ શખસ પાસે કાઇ ગુન્હો અથવા બદચાલ પકડાય એવી જેથી કાંઇ ખબર અથવા કબુલાત જબરજસ્તીથી લેવાના કારણસર અથવા મહાવ્યથા કરેલા શખસ પાસે કે તેની સાથે સબંધ રાખનારા કોઇ શખસ પાસે જબરજસ્તીથી કાંઇ મીલકત અથવા કીંમતી દસ્તાવેજ પાછો અપાવવાના કારણસર અથવા તે કાંઇ લેણુ કે માગણુ પતાવે અથવા જેથી કાંઇ મીલકત કે કીંમતી દસ્તાવેજ પાછો મળી શકે, એવી કાઇ ખબર આપે એમ કરવાના કારણસર જે માણુસ બુદ્ધિપુર્વક વ્યથા કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે.

૩૩૨ કોઇ શખસ સરકારી નોકર હોય અને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતો હોય તેવામાં તે શખસને જે માણુસ બુદ્ધિપૂર્વક વ્યથા કરે અથવા તે શખસને અથવા કોઇ બીજા સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતાં અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતો બધ રાખવાના ઇરાદાથી અથવા તે શખસે પોતાના સરકારી હોદ્દાનો કાયદા મુજબ અમલ ચલાવતા કાંઇ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય તેટલા વાસ્તે જે માણુસ તે શખસને બુદ્ધિપૂર્વક વ્યથા કરે તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવસે.

૩૩૩ કોઇ શખસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતો હોય

તેવામાં તે શખસને જે માણુસ બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરે અથવા તે શખસને અથવા બીજા કોઇ સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતાં અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતો બંધ રાખવાના ઇરાદાથી અથવા તે શખસે પોતાના સરકારી હોદ્દાનો કાયદા મુજબ અમલ ચલાવતાં કાંઇ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય તેટલા વાસ્તે તે માણુસ તે શખસને બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવસે, અને વળી તે દંડને પણુ લાયક થશે

૩૩૪ ભારે તથા આકસ્મીક ક્રોધ ચડેથી કોઇ માણસ બુદ્ધિપુર્વક વ્યથા કરે અને તે ક્રોધ ઉત્પન્ન કરનાર શીવાય બીજા કોઇ શખ્સને વ્યથા કરવાનો તેણે ઇરાદો કર્યો ન હોય તથા તે શીવાય બીજા કોઇ શખસને પોતાની વ્યથા થવાનો સંભવ પણ તેના જાણવામા ન હોય તો તે માણુસને ૧ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસેં રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

ટીકા—ભારે તથા આકસ્મીક ક્રોધ ચડેથી ક્રોધ ચડાવનાર માણસને વ્યથા કરવી તે બદલ ૧૧૪ મી કલમ પ્રમાણે નહી પણ ૩૨૪ મી કલમ પ્રમાણેના ગુન્હાનુ તહોમત મુકવું જોઈએ (૧ બો હા રી પા ૧૭)

૩૩૫. ભારે તથા આકસ્મીક ક્રોધ ચડેથી કોઇ માણસ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરે અને તે ક્રોધ ઉત્પન્ન કરનાર શીવાય બીજા કોઇ શખસને મહા વ્યથા કરવાનો તેણે ઇરાદો કર્યો ન હોય, તથા તે શીવાય બીજા કોઇ શખસને પોતાથી મહા વ્યથા થવાનો સંભવ પણ તેના જાણવામાં ન હોય તો તે માણુસને ચાર વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા બે હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો એ ઉપલી બે કલમોને પણ ૩૦૦ મી કલમના પહેલા અપવાદને જે સરતો લાગુ પડે છે તે સરતો લાગુ પડે છે

૩૩૬ જે માણસ કાંઇ કામ એવી બેપ્રીકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણુસની જીંદગી અથવા બીજા શખ્સોના શરીરની સલામતી જોખમમા આવે,તે માણુસને ત્રણુ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

૩૩૭ જેથી માણુસની જીંદગી અથવા બીજા શખશોના શરીરની સલામતી જોખમમા આવે એવી બેપ્રીકરી અથવા ગફલતી ભરેલી રીતે કાંઇ કામ કરીને જે માણુસ કોઈ શખસને વ્યથા કરે તે માણુસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચશે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

૩૩૮ જેથી માણુસની જીંદગી અથવા બીજા શખશોના શરીરની સલામતી જોખમમા આવે એવી બેપ્રીકરી અથવા ગફલતી ભરેલી રીતે કાંઈ કામ કરીને જે માણુસ કોઈ માણુસને મહાવ્યથા કરે તે માણુસને ૨ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

ગેરવ્યાજબી અટકાવ તથા ગેરવ્યાજબી કેદ બાબત.

૩૩૯ કોઇ શખસનો જેની મેર જવાનો હક્ક હોય તેણી મેર જતો તે શખસ અટકે એવી રીતે જે માણુસ તે શખસને બુદ્ધિપુર્વક હરકત કરે તે માણુસે તે શખસને ગેરવ્યાજબી અટકાવ કર્યો એમ સમજવુ

અપવાદ—જમીન અથવા પાણી ઉપરથી જવા આવવાનો કાંઇ ખાનગી રસ્તો હોય અને તે રસ્તો બંધ કરવાનો મારો કાયદા મુજબ હક છે એમ જે સખસ શુદ્ધબુદ્ધિએ માનતો હોય તે શખસે તે રસ્તો બંધ કરવો એ આ કલમના અર્થ પ્રમાણે ગુન્હો નથી.

દ્રષ્ટાંત—જે રસ્તા ઉપરથી જ ને જવાનો હક્ક છે એવો એક રસ્તો અ બંધ કરે અને શુદ્ધ બુદ્ધિએ અ એ પ્રમાણે માનતો ન હોય કે રસ્તો બંધ કરવાનો મારો હક્ક છે અને તે રસ્તો બંધ કરવાથીજ તે ઉપરથી જતો અટકે તો અ એ જ ને ગેરવ્યાજબી અટકાવ કર્યો એમ સમજવુ ૧

૩૪૦ કોઇ શખસ મુકરર કરેલી ચોતરફી હદની બહાર જતો અટકે એવી રીતે જે માણુસ તે શખસને ગેરવ્યાજબી અટકાવ કરે તે માણુસે તે શખસને "ગેરવ્યાજબી કેદ" કર્યો એમ સમજવું.

દષ્ટાંત—અ એક દીવાલ બાંધી લીધેલી જગામાં જ ને મોકલીને અ બહારથી તાળું મારીને જ ને અંદર બંધ કરે અને તેમ કરવાથી તે હદ વાળી દીવલની બહાર કોઇ પણુ તરફ જ થી જઇ શકાય નહીં તો અ એ જ ને ગેરવ્યાજબી કેદ કર્યો એમ સમજવું

ટીકા—ગેરવ્યાજબી કેદનું તહોમત સાબીત કરવા સારૂ ખરેખર શારીરિક અટકાવ સાબીત કરવાની જરૂર નથી, હરેક કેસમાં એ સાબીત કરવું જોઇએ કે તે માણુસના મનમાં એવી લાગણી ઉત્પન્ન થઇ હતી કે જેથી તે વ્યાજબી રીતે એવું માનવાને દોરાય કે તેને (ત્યાંથી) જવાની છુટ નહોતી, અને જો તેમ કરવાની (જવાની) કોશીશ કરશે તો તેને તરતજ અટકાવવામાં આવશે, જો તે માણુસ એમ જાણુતો હોય કે જવાને તે સ્વતંત્ર છે, અને રખેને ભવિષ્યમાં તેને કાંઇ નુકશાન થવાની ધાસ્તી માત્ર બસ થશે એવી. પણુ જો હકીકત એવી હોય કે જેથી તેનું એમ ધારવું વ્યાજબી ગણાય કે જો તે જશે તો એવા નિર્ણય ઉપર આવવું વ્યાજબી ગણાશે કે તેને અટકાવવામાં આવ્યો હતો અને કેદ કરવામાં આવ્યો હતો (બાં, લૉ, રી, પા, ૭૪૨)

૩૪૧ જે માણુસ કોઈ સખશને ગેરવ્યાજબી અટકાવ કરે તે માણુસને એક મહીનાની મુદત સુધીની આસન કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

૩૪૨ જે માણુસ કોઇ શખશને ગેરવ્યાજબી કેદ કરે તે માણુસને એક વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

ટીકા—જે પોલીસ અમલદારને તકરારી (કામમાં) કેદ પકડવાની કાંઇ પણુ સત્તા ન હોય તે અમલદાર જો કેદ પકડે તો તે આ કલમ પ્રમાણે ગેરવ્યાજબી અટકાવ ગણાશે.

૩૪૩—જે માણુસ કોઇ શખસને ત્રણુ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદ કરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૩૪૪ જે માણુસ કોઇ શખસને દશ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદ કરે તે માણુસને ત્રણુ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણુ લાયક થશે.

૩૪૫ ફલાણુા શખશને છોડવવાને કાયદા મુજબ હુકમ સાદર થઇ ચુકયો છે એમ જાણ્યા છતાં જે માણુસ તે શખસને ગેરવ્યાજબી કેદમાં રાખે તે માણુસને આ કાયદાની કોઇ બીજી કલમ પ્રમાણે જેટલી મુદતની કેદને તે માણુસ લાયક હોય તે ઉપરાંત બે વરસની મુદત સુધીના બેમાંની ગમે તે પ્રકારની બીજી કેદ કરવામાં આવશે.

૩૪૬ કોઇ માણુસ અગર કોઇ શખસને એવી રીતે ગેરવ્યાજબી કેદ કરે કે તેથી તે શખસનો કેદની વાત તે કેદ થએલા શખસની સાથે સબંધ રાખનારા કાઈ શખસના જાણવામાં અથવા કોઇ સરકારી નોકરના જાણવામાં ન આવે અથવા તે કેદનું ઠેકાણું ઉપર લખેલા પ્રકારના કોઇ શખસ અથવા સરકારી નોકરના જાણવામાં ના આવે અથવા તેને જડે નહી એવો ઇરાદો તે કેદ કરનારા માણુસના દીલમાં આવે તો તે માણુસને ગેરવ્યાજબી કેદને માટે બીજી જે કાંઈ શીક્ષાને તે માણુસ લાયક હોય તેથી ઉપરાંત બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની બીજી શીક્ષા કરવામાં આવશે.

૩૪૭. કોઇ શખસને કેદ કરીને તે શખસ પાસે અથવા તેની સાથે સબંધ રાખનારા કોઇ શખસ પાસે જબરાઇથી કાંઈ મીલકત અથવા કીંમતી દસ્તાવેજ કઢાવવાના કારણુસર અથવા કેદ કરેલા શખસ પાસે કે તેની સાથે સબંધ રાખનારા કોઇ શખસ પાસે જબરજસ્તીથી કંઈ કાયદા વિરૂદ્ધ કામ કરાવવાના અથવા જેથી કાંઈ ગુન્હો કરવો સેહેલ થાય એવી કાંઇ ખબર મેળવવાના કારણુસર જે માણુસ તે શખસને ગેરવ્યાજબી કેદ કરે તે માણુસને ત્રણુ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણુ લાયક થશે.

૩૪૮. કોઇ શખસને કેદ કરી તે શખસ પાસે અથવા તે શખસની સાથે સબંધ રાખનારા કોઇ શખસ પાસ જેથી કાઇ ગુન્હો અથવા બદચાલ પકડાય એવી કાઇ ખબર અથવા કબુલાત જબરજસ્તીથી લેવાના કારણસર અથવા કેદ કરેલા શખસ પાસે કે તેની સાથે સંબધ રાખનારા કોઇ શખસ પાસે જબરજસ્તીથી કાંઇ મીલકત અથવા કીંમતી દસ્તાવેજ પાછો અપાવવાના કારણસર અથવા તે કાંઇ લેહેણુ કે માગણુ પતાવે અથવા જેથી કાઇ મીલકત કે કીમતી દસ્તાવેજ પાછો મળી શકે એવી કાઇ ખબર આપે એમ કરવાના કારણસર જે માણસ તે શખસને ગેરવ્યાજબી કેદ કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે

સાપરાધ બળ તથા હુમલા બાબત

૩૪૯. બળ જો એક શખસ કોઇ બીજા શખસને ગતી આપે, તેની ગતીમાં ફેરફાર કરે, અથવા જો તે શખસ કાંઇ પદાર્થને એવી રીતે કાંઇ ગતી આપે કે તેની ગતીમાં ફેરફાર કરે અથવા તેની ગતી બધ કરે કે તેથી તે પદાર્થ તે બીજા શખસના શરીરના કોઇ ભાગને અથવા તે બીજા શખશે કાઈ વસ્તુ પહેરી હોય અથવા તે સાથે લઈ જતો હોય તે વસ્તુને અડકે, અથવા બીજી કાઇ વસ્તુને અડકે એવી રીતે કે તેથી તે બીજા શખસની સપરહેદરી પર અસર થાય તો તે શખસે બીજા શખસપર બળ વાપર્યું એમ સમજવુ. પણ જે શખન ગતી આપતો, ગતીમા ફેરફાર કરતો, અથવા ગતી બધ કરતો હોય, તેણે નીચે બતાવેલા ત્રણ પ્રકારોમાંના કોઇ પ્રકારે તે ગતી આપતો, ગતીમા ફેરફાર કરવો અથવા ગતી બધ કરવી જોઇએ.

પહેલો—પોતાના શરીરની શક્તિથી,

બીજો—કોઇ પદાર્થ એવી રીતે મુકવો કે પછી પોતાની તરફથી અથવા બીજા કોઇ શખસની તરફથી કાઇ બીજુ કામ થયા સીવાય તે ગતી થાય અથવા ગતીમા ફેરફાર થાય અથવા ગતી બધ થાય એમ કાંઇ રચના કરીને.

ત્રીજો—કાઈ જાનવરને ગતીમાન કરીને, તેની ગતીમાં ફેરફાર કરીને અથવા ગતી બંધ કરીને

૩૫૦ જો કોઇ શખસ કોઇ બીજા શખસની રજામદી સીવાય તે બીજા શખસની ઉપર કાંઇ ઇરાદાથી બળ વાપરે અને તે કાઇ ગુન્હો કરવા સારૂ અથવા તે બળ જે શખસની ઉપર વાપરે તે શખસને તે બળથી કાંઇ નુકશાન, ભય, અથવા દુખ કરવાના ઇરાદાથી અથવા તેને તે બળ વાપરવાથી પોતાથી કાઇ નુકશાન ભય અથવા દુખ થવાનો સભવ છે એમ જાણ્યા છતાં તો તે શખસે બીજા શખસની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવુ

દષ્ટાંત—(અ) એક નદીમા બાધેલી હોડીમા જ બેઠો હોય અને અ તેના દોરડા છોડી નાખે અને એ પ્રમાણે ઇરાદાથી તે હોડીને પ્રવાહથી ખેચાઇ જવા દે તો એ ઠેકાણે અ એ ઇરાદાથી જ ને ગતી આપી અને તે પદાર્થોને એવી રીતે મુકવાથી કે પછી કોઇ શખસની તરફથી બીજુ કામ થયા શીવાય તે ગતી ઉત્પન્ન થાય માટે અ એ ઇરાદાથી જ ની ઉપર બળ વાપર્યું એમ સમજવુ, અને અગર કોઇ ગુન્હો કરવા સારૂ અથવા જ ને કાંઇ નુકશાન ભય અથવા દુખ કરવાના ઇરાદાથી કે એ પ્રમાણે બળ વાપરેથી કાઇ નુકશાન ભય કે દુખ થશે એવો સભવ જાણ્યા છતા તેણે એ કામ જ ની રજામદી શીવાય કર્યું માટે અ એ જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવુ.

(બ) જ એક શીગરામમા બેસી જાય છે તેના ઘોડાઓને અ ચાબક મારીને તેની ચાલ ઉતાવળી કરે તો એ ઠેકાણે જાનવરો પાસે પોતાની ગતી બદલાવીને અ એ જ ની ગતીમાં ફેરફાર કર્યો, માટે અ એ જ ની ઉપર બળ વાપર્યું એમ સમજવુ અ ને અગર જ ને કાઈ નુકશાન ભય અથવા દુખ કરવાના ઇરાદાથી કે તેથી અ ને કાંઇ નુકશાન ભય અથવા દુખ થાય એવો સભવ જાણ્યા છતા તેણે એ કામ જ ની રજામદી શીવાય કર્યુ હોય તો અ એ જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવુ,

(ક) જ એક પાલખીમા બેસીને જાય છે તેની પાસેથી અપહરણ કરવાના ઇરાદાથી અ દાંડો ઝાલીને ને પાલખીને અટકાવે તો એ ઠેકાણે અ એ જ ની ગતી બધ કરી અને તેણે પોતાના શરીરની શક્તિથી તેમ કર્યું માટે અ એ જ ની ઉપર બળ વાપર્યું એમ સમજવુ અને એ પ્રમાણે અ અ ઇરાદાથી

જ ની રજામંદી સીવાય તથા ગુન્હો કરવા સારૂ કર્યું માટે અ એ જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું,

(ડ) રસ્તામાં અ ઇરાદાથી જ ને ધક્કો મારે તો એ ઠેકાણે અ એ પોતાની શરીરની શક્તિથી પોતાના શરીરને એવી રીતે ગતી આપી કે તે જ ને અડક્યું માટે તેને ઇરાદાથી જ ની ઉપર બળ વાપર્યું એમ સમજવું. અને અગર જ ને કાંઈ નુકશાન ભય અથવા દુખ કરવાના ઇરાદાથી અથવા તેથી જ ને કાંઇ નુકશાન ભય કે દુખ થાય એવો સંભવ જાણ્યા છતા તેણે જ ની રજામંદી શીવાય એ પ્રમાણે કર્યું હોય તો તેણે જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું.

(ઇ) અ એક પથ્થર ફેંકે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તે પથ્થર જ ને અડકશે અથવા જ ના કપડાંને અડકશે અથવા જ કાંઇ વસ્તુ લેઈ જાય છે તેને અડકશે અથવા તે પથ્થર પાણીને લાગીને તે પાણીથી જ નાં કપડા અથવા જ કાંઈ વસ્તુ લઇ જાય છે તે છંટાશે, તો એ ઠેકાણે અગર તે પથ્થર ફેંકવાથી કાંઈ પદાર્થ આવીને જ ને અથવા જ ના કપડાંને અડકે તો અ એ જ ની ઉપર બળ વાપર્યું એમ સમજવું અને અગર જ ને કાંઈ નુકશાન, ભય કે દુઃખ કરવાના ઇરાદાથી તેણે જ ની રજામંદી શિવાય એ પ્રમાણે કર્યું હોય તો તેણે જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું.

(ફ) અ ઇરાદાથી કોઈ સ્ત્રીનો બુરખો ઉંચો ખેંચે તો એ ઠેકાણે તે સ્ત્રીની ઉપર ઇરાદાથી બળ વાપર્યું એમ સમજવું અને જો તે સ્ત્રીને કાંઈ નુકશાની ભય કે દુખ કરવાના ઇરાદાથી અથવા તેથી નુકશાન ભય કે દુ.ખ થાય એવો સંભવ જાણીને તેણે તે સ્ત્રીની રજામંદી સીવાય એ પ્રમાણે કર્યું હોય તો તેણે તે સ્ત્રીના ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું

(ગ) જ નાહવા બેઠો છે તેવામાં પોતે ઉકળતું જાણતો હોય એવું પાણી અ હમામખાનામાં રેડે તો એ ઠેકાણે અ એ ઇરાદાથી પોતાના શરીરની શક્તિ વડે તે ઉકળતા પાણીને એવી ગતિ આપી કે તે પાણી જ ને અડકે અથવા બીજા પાણીને અડકે અને તે એવી રીતે કે તે અડકવાથી જ ની સ્પર્શેન્દ્રિયપર અસર થાયજ, તો અ એ ઇરાદાથી જ ની ઉપર બળ વાપર્યું એમ સમજવું અને અગર જ ને કાંઇ નુકશાન ભય કે દુખ કરવાના ઇરાદાથી અથવા તેથી નુકશાન ભય કે દુખ થાય એવો સંભવ જાણીને તેણે જ ની રજામંદી સિવાય એ પ્રમાણે કર્યું હોય તો અ એ જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું.

(હ) જ ની રજામંદી સીવાય અ એક કુતરાને જ ની ઉપર કુદાવે તો એ ઠેકાણે અ એ જ ને કાંઇ નુકશાન ભય કે દુખ કરવાનો અ નો ઇરાદો હોય તો તેણે જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું.

૩૫૧ હુમલો જે માણસ કાંઇ ચાળા અથવા તૈયારી કરે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તે ચાળા અથવા તૈયારીથી કોઇ શખ્સ હાજર હોય તેને એવો ભય ઉત્પન્ન થશે કે એ ચાળા અથવા તૈયારી કરનારો માણસ મારી ઉપર હમણા સાપરાધ બળ વાપરવાનો છે તો તે માણસે હુમલો કર્યો એમ સમજવું,

ખુલાસો–માત્ર શબ્દોથી હુમલો થતો નથી પણ કોઇ શખસ કાંઇ શબ્દો બોલે તે શબ્દો તેના ચાળા અથવા તૈયારીનો એવો અર્થ ઉત્પન્ન કરી શકે તેથી તે ચાળા અથવા તૈયારી હુમલો ગણાય

દૃષ્ટાંત–(અ) અ મુઠી વાળીને જ ની તરફ ધરીને હલાવે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી જ એમ માનશે કે અ હમણા કુતરા પાસે મને કરડાવશે તો અ એ હુમલો કર્યો એમ સમજવું

(બ) અ એક ભયંકર કુતરાનું મુખ છોડાવવા માંડે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી જ એમ માનશે કે અ હમણા તે કુતરા પાસે મને કરડાવશે તો અ એ જ ની ઉપર હુમલો કર્યો એમ સમજવું

[ક] અ એક લાકડી લઇને જ ને એમ કહે કે હું તારી વલે કરૂં છું તો એ ઠેકાણે અ એ વાપરેલા શબ્દો કોઇ પણ બાબતમાં હુમલો ગણાય નહી તથા માત્ર નીચું વળીને લાકડી લેતી એ બીજી કંઇ બીના શિવાય હુમલો ગણી ન શકાય એવું હોય તોપણ તે લાકડી લેવાના ચાળાનો અર્થ તે શબ્દોથી સમજાઇને તે હુમલો થઇ શકે.

૩૫૨ કોઈ માણસે ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન ન કર્યા છતા તે શખસની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદના અથવા પાંચસે રૂપીઆ સુધી ી દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે

ખુલાસો—અગર તે ગુન્હો કરવાના મહાના ખ્યાલ તે ક્રોધ ગુન્હેગારે માગી આણેલો અથવા બુદ્ધિપૂર્વક ઉત્પન્ન થયો હોય અથવા

અગર કાયદા મુજબ કે સરકારી નોકરીનો અખતીઆર અમલમાં લાવતા કોઈ સરકારી નોકરે કરેલી કાંઇ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થયો હોય અથવા

અગર ખાનગી બચાવનો હક કાયદા મુજબ અમલમા લાવતાં કરેલી કાંઈ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થયે હોય તો તે ભારે આકસ્મીક ક્રોધના સબબથી આ કલમ મુજબ કાંઇ ગુન્હાની શીક્ષા ઓછી થશે નહી.

તે કામ એવો ભારે તથા આકસ્મીક હતો કે તેથી તે ગુન્હો ઓછો થઇ શકે એ હકીકતની બાબતછે.

૩૫૩ કોઇ શખસ સરકારી નોકર હોય અને પોતાના સરકારી હોદાનો અમલ ચલાવતો હોય તેવામાં ત શખસની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે અથવા તે શખસને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતો અટકાવવા અથવા ડરાવીને તે અમલ ચલાવતા બંધ રાખવાના ઇરાદાથી અથવા તે શખસે પોતાના સરકારી હોદ્દાનો કાયદા મુજબ અમલ ચલાવતા કાંઈ વસ્તુ કરી હોય અથવા કરવા ી કોશીશ કરી હોય તટલા વાસ્તે જે માણસ તે શખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારનો કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા—એક કલેકટર ખાતાનો પીઆદો કે જેને (મેહેસુલ વસુલ કરવા સારૂ જપ્તી કરતાની દરમીઆનમાં સુલેહ જાળવવા સારૂ મોકલવામા આવ્યો હતો તેના ઉપર જ્યારે તે હુકમ બજાવવા સરૂ રસ્તામા જતો હતો તે વખતે, કેદીઓએ હુમલો કર્યો, અને તેનો પરવાનો ખુચવી લેવાની કોશીશ કરી તે કેસમાં એવુ ઠરાવવામાં આવ્યુ હતું કે કલમ ૩૫૩ મુજબ સરકારી નોકરને તેની ફરજ બજાવતી વખતે હુમલો કરવા બદલ કેદીઓને બરાબર રીતે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી, [૧૩—મ,વી,રી પા,૪૯]

આ ૩૫૩ મી કલમ મુજબનો ગુન્હો માંડી વળાય એવો (રાજીનામુ થાય એવો) નથી. (મું ૩—૧૮૮ નું ૨૨ મુ)

એક કેસમા એક પરવાનાવાળા શીતલા કાઢનારે એક માણસના છોકરાને શીતળા કાઢવા સારૂ એક બીજા માણસ (આ કામના અરજદાર) ના છોકરા (હાથ) ઉપરથી રસી લેવાની કોશીશ કરી, અને તેના પરિણામે તે બીજા માણસે તેના ઉપર હુમલો કર્યો અને તેથી તે (શીતળા કાઢનાર) ને સહેજ ઇજા થઇ તેમાં એવુ ઠરાવવામા આવ્યુ હતું કે જે માણસ વાંધો લે તેવા કોઈ પણ માણસના હાથ ઉપરથી રસી લેવાનો તેને હક નહોતો, અને તેણે તેમ કરવાની કોશીશ ગેરકાયદેસર હતી, અને અરજદારો તેના ઉપર હુમલો કરવામા વ્યાજબી હતા, (૩ ક વી. નો પા, ૬૨૭)

૩૫૪ કોઈ સ્ત્રીની લાજ લેવા ઇરાદાથી અથવા પોતે તેમ કરવાથી તેની લાજ જવાનો સંભવ છે એમ જાણ્યા છતા જે માણસ તે સ્ત્રીની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

ટીકા—જો કોઇ માણસના ઉપર, કોઈ સ્ત્રી ઉપર અસભ્ય હુમલો કરીને બળાત્કાર સંભોગ કરવાની કોશીશ કરવાનુ તહોમત મુકવામા આવ્યું હોય, પરંતુ જો તે તહોમતદાર માણસે તેની દુષ્ટ વાંછના ગમે તેમ કરીને પણ અને ગમે તેટલો અટકાવ થાય તો પણ પુરી પાડવાનો નીશ્ચય કર્યો હતો એવી કોર્ટની ખાતરી ન થઈ હોય તો તેને આ ૩૫૪ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવી જોઇએ

૩૫૫ કોઈ શખસે ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન ન કર્યો છતા તે શખસને બે આબરૂ કરવાના ઇરાદાથી જે માણસ તે શખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે

૩૫૬ કોઈ શખસે કાંઈ વસ્તુ પેહેરી હોય અથવા તે લઇ જતો હોય તેની ચોરી કરવાની કોશીશ

કરવામાં તે શખ્સની ઉપર, જે માણસ હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ એવા બનાવોને લાગુ પડે છે કે જ્યારે ચોરી કરવાની કોશીશમાં સાપરાધ બળ વાપરવામાં આવ્યું હોય જે ચોરી કરવામાં આવી હોય તેવા સંજોગોમાં આ કલમ લાગુ પડતી નથી [૨ આર્ગી ક્રી કેસ]

૩૫૭ કોઈ શખ્સને ગેરવાજબી કેદ કરવાની કોશીશ કરવામાં જે માણસ તે શખ્સની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીની દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૩૫૮ કોઈ શખ્સે ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન કર્યા ઉપરથી જે માણસ તે શખ્સની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણસને એક મહીનાની મુદત સુધીની આસન કેદની અથવા બસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

ખુલાસો—૩૫૨ મી કલમનો જે ખુલાસો લખેલો છે, તે આ છેલ્લી કલમને લાગુ પડે છે

મનુષ્યહરણ, મનુષ્યનયન ગુલામી તથા વેઠ બાબત

૩૫૯ મનુષ્યહરણ—બે પ્રકારનું છે, એક બ્રીટીશ ઇંડીઆમાંથી અને બીજું કાયદેસર વાલીના હવાલામાંથી,

ટીકા—આ ગુન્હો બાળક ઉપર તે બાળકને તેના કાયદેસર વાલી અથવા રક્ષણ તળેથી ખસેડવાથી થઇ શકે પુખ્ત ઉમ્મરના સખસ ઉપર તેને કંપની સરકારના મુલકની હદની બાહાર લઇ જવાથી અથવા તે કામને સારૂ તેને કોઇ વહાણ ઉપર બેસાડવાથીજ માત્ર થઇ શકે

૩૬૦ જે માણસ કોઈ શખ્સને તે શખ્સની રજામંદી શીવાય અથવા તે શખ્સની વતી રજામંદી આપવાનો જેનો કાયદા મુજબ અખ્તીઆર હોય એવો કોઇ શખ્સની રજામંદી શીવાય બ્રીટીશ ઇંડીઆની હદની બહાર લઈ જાય તે માણસે બ્રીટીશ ઇંડીયામાંથી તે શખ્સનું હરણ કર્યું એમ સમજવું

૩૬૧ ચઉદ વરસથી ઓછી ઉમરના કોઇ છોકરાને અથવા સોળ વરસથી ઓછી ઉમરની કોઇ છોકરીને અથવા કોઇ દીવાના શખ્સના કાયદેસર વાલીના હવાલામાંથી તે વાલીની રજામંદી શીવાય જે માણસ લઇ જાય અથવા ફોસલાવીને તેડી જાય તેણે બાળક અથવા તે શખ્સનું કાયદેસર વાલીનાહવાલા-માંથી હરણ કર્યું એમ સમજવું,

ખુલાસો—આ કલમ મધે " કાયદેસર વાલી " એ શબ્દો લખ્યા છે તે શબ્દો મધે તે બાળક અ-થવા તે બીજા શખ્સને રાખવાનું અથવા તેની સંભાળ કરવાનું કામ કાયદા મુજબ જે શખસને સોંપ્યું હોય એવા કોઇપણ શખસનો સમાવેશ થાય છે.

અપવાદ—કોઇ શખ્સ શુદ્ધબુદ્ધિથી એમ માનતો હોય કે લગ્ન સબંધ વીના ઉત્પન્ન થએલા કલાણા બચ્ચાનો હું બાપછું, શુદ્ધબુદ્ધિએ એમ માનતો હોય કે બચ્ચાને કાયદેસર હવાલામાં રાખવાનો મારો હક છે અને તે શખ્સ અગર કાંઇ અનીતીના અથવા કાઇ કાયદા વિરૂદ્ધ કારણસર એવું કામ ન કરે તો તેના કામને આ કલમ લાગુ પડતી નથી

ટીકા—કાયદેસર વાલી એ શબ્દોમાં માબાપ અથવા સગા વહાલા કે જેમના ઘરમાં તે સગીર રહે છે અને ઉછેરે છે તેમનો સમાવેશ થાય છે એટલુંજ નહી પણ બીજું કોઇ પણ માણસ કે જેની સાથે તે સગીર જે માણસોના તેના ઉપર વધારે કાયદેસર હક છે તે માણસોની સ્પસ્ટ અથવા ગર્ભીત સંમતીથી રહે છે તેવા માણસનો પણ તેમાં સમાવેશ થાય છે દાખલા તરીકે નીશાળનો ઉપરી જે શેઠ અથવા શેઠા-ણીની નોકરીમાં બાળકને મુક્યું હોય તે શેઠ અથવા શેઠાણી.

પરણેતર સ્ત્રીનો કાયદેસર વાલી તેનો ધણી છે. તેથી જો તે ધણી પોતાની વહુને લઇ જાય તેને માટે તેને મનુષ્યહરણ કરવાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી તેમજ જે માણસો તેમ કરવામાં તેને મદદ કરે તે પણ ગુન્હેગાર ઠરી શકે નહી, તેમજ મુજબ પંદર વરસની (પરણેલી હિન્દુ છોકરીનો કાયદે-સર વાલી તેનો ધણી છે, તેથી કરીને જો તે છોકરીનો બાપ તેણીને ધણીના કબજામાથી તે (ધણી)ની રજા સીવાય ખસેડે તો વાલીપણામાથી તેણીનું હરણ કરવાનો ગુન્હો તે કરે છે. [૨ ધ. ૧૭ કે ૨૯૭]

છોકરીનો માત્ર વિવાહ [સગાઇ] કર્યો હોય, પણ તેને પરણાવી ન હોય ત્યા સુધી તેણીનો બાપ તેણીનો કાયદેસર વાલી છે. એક કેશમાં બાપે પોતાની છોકરી તે તોહોમદદારની સાથે વિવાહ કયે હતો, અને તે [તહોમતદાર] ના ઘરના અવારનવાર (કોઇક પ્રસગે) તે છોકરીને તે રહેવા દેતો હતો. પરતુ તે [બાપે] પાછળથી એકદમ પોતાને(વિચાર ફેરવીને તહોમતની સાથે કરેલો વિવાહ તોડી નાખ્યો. તે પછી તહોમતદાર તે છોકરીને તેણીના કાયદેસર વાલી [તેણીના બાપ) ના રજામંદી સીવાય લઇ ગયો, તેમા તેને કાયદેસર વાલીપણામાથી તે છોકરીનુ હરણ કરવાનો ગુન્હેગાર ઠરાવવામા આવ્યો હતો. [૪, સ વી, રી પા, ૭)

સગીર વયની હિદુ છોકરીને માટે ધણી પસદ કરવાનો અને લગ્નની ક્રિયા કરવાનો (તે છોકરીના બપના) પીત્રાઈ સગાનો હક તે બાળક છોકરીની સામે અથવા તેણીના વાલીની સામે સ્વતત્ર)[અપ્રતીબધક) નથી અને તે સગો જો તે છોકરીની પોતાની ઇચ્છાની કાંઈ પણ દરકાર કર્યાં વગર અને તેણીના વાલીએ લીધેલી હરકત છતા તે છોકરીનુ લગ્નકરી નાખવાને સારૂ લુચ્ચાઇ કરીને અથવા જોર જુલમથી તે છોકરીને ખસેડે, તો તેમ કરવામા તે હિદુધર્મ શાસ્ત્ર પ્રમાણે વ્યાજબી કરતો નથી, એક કેસમા એક બાર વરસની કુંવારી હિદુ છોકરીના એક દુરના પીત્રાઇએ તે છોકરીની વાલીની મરજી વિરૂદ્ધ તે છોકરીને દગાથી તે વાલીયોની પાસેથી ખસેડી અને એક ઘણા વયોવૃદ્ધ માણસની સાથે તે છોકરીનુ લગ્ન ઉતાવળથી કરી નાખ્યુ અથવા કરી નાખવાનો પ્રયત્ન કર્યો તેમા એવુ ઠરાવવામા આવ્યુ હતુ કે હકીકત ઉપરથી આ ૩૬૧ મી કલમમાં વર્ણવેલો મનુષ્યહરણનો ગુન્હો બનતો હતો, તેમજ ૩૬૧ મી કલમમા જણાવેલા મનુષ્ય નયનનો ગુન્હો પણ બનતો હતો, અને આ કેસ ૩૬૧ મી કલમના અપવાદની અદર આવતો નહોતો કેમકે તે કેસમાં શુદ્ધબુદ્ધિનો કાઇ પણ પુરાવો નહોતો તેમજ આ કેસ ૩૬૬ મી કલમમાથી લઇ લેવાતો નહોતો કેમકે તે છોકરીજ તે લગ્નની સામે વાધો લેતી હતી, અને તે પીત્રાઇને તેણે પોતે ઠરાવેલા (પસદ કરેલા) માણસની સાથે તે છોકરીનું લગ્ન, ગમે તેમ થાય તોપણ, કરવાની હઠ લેવાનો કાઇ પણ અધીકાર નહોતો [મુ હા કો, ક્રી. ૨ ૧૮૯૫ નું ૬૬ મુ.)

મુસલમાની કાયદા પ્રમાણે સુન્ની મહજબ મુજબ છોકરો સાત વર્ષનો થાય ત્યા સુધી અને છોકરી જુવાન વયની થાય ત્યા સુધી તે છોકરા તથા છોકરીને રાખવાનો બાપની સામે પણ માનો હક્ક છે, અને શીઆ મહજબ મુજબ છોકરો તથા છોકરી સાત વર્ષનાં થાય ત્યા સુધી તેમને રાખવાનો માનો હક્ક છે તેજ પ્રમાણે અનઉરસ બાળક (વ્યભીચારથી ઉત્પન્ન થયેલુ) રાખવાનો માનો હક્ક છે તેથી તેવા અનઉરસ બાળકનો અથવા ઉપર જણાવેલી ઉમ્મરની હદ સુધીના છોકરા અથવા છોકરીનો બાપ માના કબજામાંથી માની સમતી વગર લઇ જાય તો તે બાપ મુસલમાની કાયદાને અનુસરીને આ ૩૬૧ મી કલમ પ્રમાણે મનુષ્યહરણના ગુન્હાનો ગુન્હેગાર થશે (૨ સ વી રી પા ૭૬)

જો કોઈ છોકરી પોતાના મોહોલ્લામા અથવા ખેતરમાં એકલી જાય, અને તેને પાછી ઘેર જવાને તેણીનો ઇરાદો હોય તો તે તે પ્રમાણે બહાર ગયેલી હોય તોપણ તે તેના મા અથવા બાપના કાયદેસર હવાલામાં હતી એમ ગણાશે ૭ તેથી કરીને જાહેર રસ્તા ઉપર રમતા બાળકને ફોસલાવી લઈ જવુ તે કાયદેસર વાલીપણામાથી હરણ કરવુ ગણાશે ૮ તેજ પ્રમાણે જ્યા છોકરી પાડોશીને ઘેર મળવા ગઈ હોય તે વખતે તેણીનુ હરણ કરવુ તે પણ તેણીને કાયદેસર વાલીપણામાથી હરણ કર્યાનો ગુન્હો ગણાશે (૩ સ. વી રી. પા ૧૫)

જો બાળક કાયદેસર વાલીના હવાલામાં ન હોય તો તે બાળકને લઈ જનારનું ગમે તેવુ માનવુ હોય તોપણ આ હરણ કરવાનો ગુન્હો બની શકતો નથી. (૫ રે ૧૮૮૭ નું ૫૨ મું.)

બાળકની ઉમ્મરના સબધમાં એવો ફેસલો કરવામાં આવ્યો છે કે છોકરી સોળ વરસની ઉપર હતી એવુ યોગ્ય રીતે ધારીને શુદ્ધબુદ્ધિથી માનવુ તેથી પણ તહોમતદારનો કાઇ પણ બચાવ થશે નહી (લો. રી, ૨ ક્રી કે પા ૧૫૪)

૩૬૨. કોઇ શખસને કોઈ જગેથી જવાને જે માણસ બળથી જરૂર પાડે અથવા કોઈ ફરેબી ઇલાજોથી લલચાવે તે માણસે તે શખસનુ નયન કર્યું એમ સમજવું.

ટીકા—આ કલમ પ્રમાણે મનુષ્યના નયનના ગુન્હાને માટે બળ અથવા ફરેબ [દગલબાજી]ની જરૂર છે, જે મનુષ્યહરણમાં ગુન્હો વાલીના કબજાની સામે થાય છે, જ્યારે અહીંયા નયન થયેના માણસની પોતાની સામે ગુન્હો થાય છે, મનુષ્યહરણમા હરણ થયેલું શખસ સગીર વયનું બાળક હોવુ જોઇએ, જ્યારે નયનનો ગુન્હો કોઇ પણ ઉમ્મરના શખસની સામે થઈ શકે.

પીનલકોડ મુજબ (એકલુ) મનુષ્ય નયન એવો કોઇ પણ ગુન્હો નથી, પરંતુ અમુક ઇરાદા સાથે કરેલુ મનુષ્યનુ નયન ગુન્હો થાય છે. (૧૫ સ. વી. રી પા ૩૩)

૩૬૩. જે માણસ બ્રિટીશ ઇન્ડીઆમાથી અથવા કાયદેસર વાલીના હવાલામાંથી કોઇ શખસનું હરણ કરે તે માણસને સાત વરસની મુદત સુધીની ભેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે

ટીકા—આ કલમ મુજબ તહોમતદારને મનુષ્યહરણનો ગુન્હેગાર ઠરાવાને સારૂ એવુ બતાવવુ જોઇયે કે હરણ થએલા શખસને તહોમતદાર કાયદેસર વાલીપણામાંથી લઇ ગયો હતો અથવા ફોસલાવીને તેડી ગયો હતો, અને વાલીની સમંતિ વગર તેણે તેમ કર્યું હતું (૧૬ સ વી રી પા ૪૨)

મનુષ્ય હરણનો અથવા નયનનો ગુનો જે કોર્ટની હદમા જે મનુષ્યનુ હરણ અથવા નયન કરવામા આવ્યુ હોય તે કોર્ટથી અથવા સદરહુ શખસને જે કોર્ટની હકુમતમા થઇ કે લઇ જવાનો હોય, અથવા રાખ્યો હોય અગર સતાડયો હોય તે કોર્ટથી તેનો ઇનસાફ થઇ શકે છે,

૩૬૪ કોઇ શખસનુ ખુન કરવામા આવે એટલા માટે અથવા પોતાનું ખુન થવાના જોખમમાં તે શખસ આવે એવી રીતે તેને વગે કરવામા આવે એટલા માટે જે માણસ તે શખસનુ હરણ અથવા નયન કરે તે માણસને જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે

દૃષ્ટાંત—(અ) બ્રીટીશ ઇન્ડીઆમાથી બનું હરણ કરે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે એક મુર્તિને જ નો ભોગ આપવામા આવે તો અ એ આ કલમમા બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવુ

(બ) બનું ખુન કરવામાં આવે એટલા માટે અ બને તેને ઘેરથી અ બલથી અથવા ફોસલાવીને લઇ જાય તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવુ

૩૬૫ કોઇ શખસને છાની રીતે ગેરવ્યાજબી કેદ કરવાના ઇરાદાથી જે માણસ તે શખસનુ હરણ અથવા નયન કરે તે માણસને સાત વરસની મુદત સુધીના બમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે.

૩૬૬ કોઇ સ્ત્રીને તે સ્ત્રીની મરજી નહી છતા કોઈ પુરૂષની સાથે જુલમથી પરણાવવામા આવે એવા ઇરાદાથી અથવા જુલમથી પરણાવવામાં આવશે એવો સભવ છે એમ જાણીને અથવા જુલમથી ફોસલાવીને તે સ્ત્રીની જોડે જારકરમ કરવામાં આવે એટલા માટે અથવા જુલમથી કે ફોસલાવીને તેની જોડે જારકરમ કરવામા આવશે એવો સભવ છે એમ જાણીને જે માણસ તે સ્ત્રીનું હરણ અથવા નયન કરે તે માણસને દસ વરસની મુદત સુધીની એનાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે.

'તથા કોઈ સ્ત્રીને, તે સ્ત્રી સાથે બીજો પુરૂષ જુલમથી કે ફોસલાવીને જારકર્મ કરે એવા ઇરાદાથી અથવા તે પુરૂષ જુલમથી કે ફોસલાવીને તેની સાથે જારકર્મ કરશે એવો સભવ છે એમ જાણીને, જે માણસ તે સ્ત્રીને આ કાયદામાં વ્યાખ્યા કરેલી સાપરાધ ધમકી અથવા અધીકારનો ગેરઉપયોગ કરીને અથવા બીજી કોઇ જુલમી રીતે, કોઇ પણ જગાએથી જવાને ઉશ્કેરે તે માણસ પણ ઉપર જણાવેલી શિક્ષાને પાત્ર થશે"

"૩૬૬ અ. કોઈ પણ સગીર વર્ષની અંદરની સગીર છોકરીને, તે છોકરી સાથે બીજો પુરૂષ જુલમથી કે ફોસલાવીને જારકર્મ કરે એવા ઇરાદાથી અથવા તે પુરૂષ જુલમથી કે ફોસલાવીને તેની સાથે જારકર્મ કરશે એવો સભવ છે એમ જાણીને, જે માણસ તે સગીર છોકરીને ગમે તે કોઇ રીતે કોઈપણ જગાએથી જવાને અથવા કાંઇપણ કૃત્ય કરવાને ઉશ્કેરે તે માણસ દશ વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે, અને વળી તે દડને પણ લાયક થશે

૩૬૬ બ. કોઇ પણ એકવીશ વર્ષની અંદરની છોકરીને, તે છોકરી સાથે બીજો પુરૂષ જુલમથી કે ફોસલાવીને જારકર્મ કરે એવા ઇરાદાથી અથવા તે પુરૂષ જુલમથી કે ફોસલાવીને તેની સાથે જારકર્મ કરશે

એવો સભવ છે એમ જાણીને, જે માણુસ તે છોકરીને હિંદુસ્તાન બહારના કોઇ પણ દેશમાંથી બ્રિટીશ હિંદુસ્તાનમાં લાવે, તે માણુસ,

તથા એવી જે કોઇ પણ છોકરીને હિંદુસ્તાનમા તેવાજ ઇરાદાથી અથવા તેમ જાણીને લાવવામા આવી હોય, પછી લાવનાર તે માણુસ પોતે અથવા બીજા માણુસ હોય તે કોઈ પણ છોકરીને જે માણુસ તેવાજ ઇરાદાથી અથવા તેમ જાણીને હિંદુસ્તાનના કોઇ પણ સસ્થાનમાથી બ્રિટીશ હિંદુસ્તાનમાં લાવે તે માણસ દશ વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે, અને વળી તે દંડને પણ લાયક થશે

ટીકા—મી મેઈન સાહેબ કહે છે કે આ કલમ વચ્ચેનો ભેદ એ છે કે—જ્યાં સ્ત્રીનું નયન થતી વખતે તે સ્ત્રીને પરણવાનો અથવા જાર કરમ કરવાનો કાઇ પણ ઇરાદો ન હોય પરંતુ (નયન કરનારની તરફથી) એવી ધારણા રાખવામા આવી હોય કે પાછળથી તેના ઉપર વાપરેલા બળથી અથવા પાછળથી તેને આપેલી ફોસલામણી (લાલચ)થી તેનુ લગ્ન અથવા તેની સાથે જાર કર્મ કરવામાં આવશે, તેવા કેસને આ કલમ લાગુ પડે છે જ્યારે ૪૯૮ મી કલમમાં આવતા કેશોમા સ્ત્રીને લઈ જવાનો અથવા ફોસલાવીને તેડી જવાનો હેતુ એ છે કે તે પરણેલી સ્ત્રી બીજા કોઇ માણુસની સાથે જાર કર્મ કરવામા તે સ્ત્રી પોતે સમતી આપે છે

૩૬૭ કોઈ સખસને મહાવ્યથા કરવામાં આવે છે અથવા તેને ગુલામ કરવામા અથવા તેની ઉપર કોઇ શખસની સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈથુન કરવાની ઇચ્છા પુર્ણ થાય એટલા માટે અથવા તેના ઉપર એ પ્રમાણે ગુજારવાના જોખમમા તે આવે એવી રીતે તેનો વગ કરવામાં આવે એટલા માટે અથવા તે શખસની ઉપર એ પ્રમાણે ગુજરશે અથવા તેનો એ પ્રમાણે વગ કરવામા આવશે એવો સભવ છે એમ જાણીને જે માણુસ તે શખસનુ હરણ અથવા નયન કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, વળી તે દંડને પણ લાયક થાય

૩૬૮ કુલાણા શખસનું હરણ અથવા નયન થએલું છે એમ જાણ્યા છતાં જે માણુસ તે શખસને —ગેરવ્યાજબી રીતે સતાડે અથવા કેદ કરે તે માણુસને જે ઇરાદા કે જ્ઞાનથી જે કારણુસર તે માણુસ તે શખસને સતાડે અથવા કેદમા રાખે તેજ ઇરાદા કે જ્ઞાનથી અથવા તેજ કારણુસર જાણે તે માણુસે તે શખસનુ હરણ કર્યું હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે

ટીકા—જે શખસનુ હરણ કર્યુ હોય તેવા કોઇપણ શખસને વેચવામાં જે માણુસ મદદ કરે છે તેવા માણુસને આ કલમ લાગુ પડે છે, અને હરણ કરનાર સખસોને તે લાગુ પડતી નથી, (સ, વી, રી, પા ૧૭

૩૬૯ દસ વરસની ઓછી ઉમરના કોઈ બચ્ચાના શરીર ઉપરથી કાઇ જંગમ મીલકત બદદાનતથી લેવાના ઇરાદાથી જે માણુસ તે બચ્ચાનુ હરણ અથવા નયન કરે તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને તે દંડને પણ લાયક થશે

૩૭૦ કોઇ શખસને ગુલામ દાખલ જે માણુસ આ દેશમા લાવે અથવા આ દેશમાથી બહાર મોકલે અથવા ખસેડે અથવા ખરીદ કરે અથવા વેચે અથવા કોઇને આપે અથવા તે શખસની મરજી નહી છતાં તેને ગુલામ દાખલ કબુલે અથવા રાખે તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

ટીકા—ગુલામ કોને કહેવો—ગુલામ એ કોઇ પણ બીલકુલ હક વગરનુ અને દુનિઆમા સ્થિતી વગરનું એક પ્રાણી છે, જો કેવળ (નિરજીવ માલમતા તરીકે બીજાના મીલકત છે અથવા બીજાની મીલકત થાય છે કેમકે કોઇ પણ કાયદેસર અધિકારીને જવાબદાર થયા વગર તે ગુલામના વેચી દેવાની બક્ષીસ કરી દેવાની અથવા બીજી રીતે તેનો નીકાલ કરી દેવાની તેમજ તેના જીવીત અને મોતની પણ તે ગુલામના માલીકને તે ગુલામ ઉપર કુલ સ્વતંત્ર સત્તા છે [ર, અ, ૭૧]

૩૭૧ જે માણુસ નિત્ય ગુલામોને આ દેશમા લાવે અથવા આ દેશમાથી બહાર મોકલે અથવા ખસેડે અથવા ખરીદ કરે અથવા વેચે અથવા તેઓનો વેપાર ધંધો કરે તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૩૭૨ અઢાર વરસથી ઓછી ઉમરનુ કોઇ બાળક જાર કરમના કારણુસર અથવા કાઇ કાયદા વિરૂદ્ધ તથા અનીતિના કારણુસર રાખવામા કે વાપરવામા આવે એવા ઇરાદાથી અથવા તે બાળક તેવા કાંઈ કારણુસર રાખવામા આવશે એવો સભવ છે એમ જાણ્યા છતા જે માણુસ તે બાળકને વેચે અથવા ભાડે આપે અથવા બીજી રીતે કોઇને આપે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ એ જરૂરનું નથી કે બાળકની જાત ઉપર(કુલ) સત્તાની અથવા બાળકની જાત ઉપરના કબજાની તબદીલની બરાબર હોય તેવી રીતનુ તે બાળકનુ આપી દેવુ હોવું જોઇએ એક મદીરની નાચનારી છોકરીઓ કે જેમનો ધધો ઉઘાડી રીતે વેશ્યા કર્મનો છે તે છોકરીની અદર તે તહોમતદારે પોતાની બાળક છોકરીનુ એક મુરતીની સાથે એક પ્રકારનુ લગ્ન કરીને બાવીસી તરીકે તે છોકરીને અર્પણ કરી દીધી, એવુ જણાતું હતુ કે બાવીસી કાયદેસર લગ્ન કરવાને અયોગ્ય છે, અને સાધારણ રીતે ગમે તે માણસની સાથે વ્યવહાર ભોગવે છે, અને તેણીના છોકરાઓ તેણીના બાપની મીલકતના વારસ થાય છે તેમા એવુ ઠરાવવામાં આવ્યુ હતું કે તે તહોમતદારે આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો હતો (૧૫ મુ ૭૫)

૩૭૩ અઢાર વરસથી ઓછી ઉમરનું કોઇ બાળક જાર કરમના કારણસર અથવા કોઇ કાયદા વિરૂદ્ધ તથા અનીતિના કારણસર રાખવામા કે વાપરવામા આવે એવા ઇરાદાથી અથવા તે બાળક તેવા કારણસર રાખવામાં કે વાપરવામાં આવશે એવો સભવ છે એમ જાણ્યા છતા તે બાળકને ખરીદ કરે, ભાડે લે, અથવા બીજી રીતે પોતાના કબજામા લે તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ તથા ૩૭૩ મી કલમ માત્ર વ્યભિચારના (જાર કર્મના) કેસને લાગુ પડે છે એમ નથી જો નાની ઉમ્મરના છોકરાઓને ગુન્હા ભરેલા ધધા, દાખલા તરીકે ચોરી કરવાનો, ઘર ફોડવાનો, ખુન કરવાનો અને એવાજ બીજા ધંધાઓની તાલીમ આપવાનો તહોમતદારનો ઇરાદો હોય તો તે આ કલમો પ્રમાણે ગુન્હેગાર થશે, દાખલા તરીકે ચાર્લ્સ ડીકન્શ કૃત "ઓલીવર ટ્વીસ્ટ" નામના વાર્તાના પુસ્તકમા ફેગીન નામનો ચોરનો સરદાર નાના છોકરાઓને એકઠા કરીને તેમને ખીસ્સા કાતરવાના ધધાની તાલીમ આપે છે, ફેગીન જો હિંદુસ્તાનમા એવુ કરતો હોત તો તેને આ કલમ મુજબ શિક્ષા થાત.

એક કેસમા હકીકત એવી હતી કે તહોમતદાર એક અગીઆર વરસની છોકરીને રસ્તામાં મળ્યો. અને તેને એક પઇસો આપવાની લાલચ આપીને તેની સાથે એક વખત સભોગ કરવાનો સમજાવી, તે છોકરીએ તે વાત ખુશીથી કબુલ કરી. અને તહોમતદારના કહેવાથી તે છોકરી તેના સાથે તે કામને સારૂ પોતાની મરજીથી એક વસ્તી વીનાના અવડ ઘરમાં ગઈ, કૃત્ય કરતા તેઓ બને ઝલાઇ ગયા અને તે તહોમતદારને એકદમ કેદ પકડવામાં આવ્યો, તે છોકરી કોઇની રજા વગર બહાર ગઇ હતી અને યોગ્ય ઉમ્મરની થઇ ન હોતી તેમજ પુરાવા ઉપરથી એવુ માલમ પડતુ હતું કે તે છોકરીએ આગળ કોઇવાર સભોગ કરેલો નહોતો, તે કેસમા જડજોએ એવો અભીપ્રાય આપ્યો હતો કે તે તહોમતદારને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા ગેરકાયદેસર હતી (૫ મ, હા રી, પા ૪૭૩)

૩૭૪ કોઇ શખસની મરજી નહી છતા જે માણસ તેની પાસે કાયદા વિરૂદ્ધ જબરાઇથી મજુરી કરાવે તે માણસને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે,

બળાત્કાર સંભોગ બાબત

૩૭૫ નીચે બાતલ કરેલી બાબત શીવાય બીજી સઘળી બાબતમા જે પુરૂષ નીચે બયાન કરેલી પાચ હાલતોમાની કોઇપણ હાલતમા કોઇ સ્ત્રીની સાથે સગ કરે તેણે બળાત્કાર સભોગ કર્યો એમ સમજવુ.

પહેલી—તે સ્ત્રીની મરજી નહી છતાં.

બીજી—તે સ્ત્રીની રજામદી વગર.

ત્રીજી—સ્ત્રીને મોતનો અથવા બધાનો ભય ઉત્પન્ન કરીને તેની રજામદી લીધી હોય તો તે રજામદી છતાં પણ,

ચોથી—તે પુરૂષ એમ જાણતો હોય કે હું તે સ્ત્રીનો વર નથી અને તે સ્ત્રી જે બીજા પુરૂષની સાથે કાયદા મુજબ પરણેલી છે અથવા પોતાને પરણેલી માને છે, તે પુરૂષ હું છુ એમ માનીને તેણે આપણે પોતાની રજામદી છતા પણ

પાંચમી—તે સ્ત્રી બાર વરસથી ઓછી ઉમ્મરની હોય તો પછી તેની રજામદી હોય કે નહી તોપણ.

ખુલાસો—બળાત્કાર સભોગના ગુન્હામા જે સગ થવો જરૂર છે, તેમાં પ્રવેશ થયો તો બસ છે.

અપવાદ—કોઇ પુરૂષ પોતાની વહુની સાથે સંગ કરે અને તે સ્ત્રી બાર વરસથી ઓછી ઉમ્મરની નહી હોય તો તે બળાત્કાર સંભોગ નહી ગણાય.

ટીકા—આ ગુન્હાનું તત્વ તે સ્ત્રીની મરજી નહી છતા અથવા તેણીની રજામંદી વગર કૃત્ય કરવામાં રહેલું છે, જ્યારે તે સ્ત્રી શું થાય છે તે જાણે છે, અને તેની સામે વાંધો લે છે અથવા તે અટકાવે ત્યારે તે કૃત્ય તે સ્ત્રીની મરજી વિરૂદ્ધ કરેલુ ગણાય છે- રજામંદી કોને કહેવી તેના સંબંધમાં જુઓ કલમ ૯૦ જ્યારે કોઇપણ કારણને લીધે તે સ્ત્રી શું થાય છે તે જાણવાને અશક્ત હોય અથવા એવું ધારે કે (ખરેખર થતા કૃત્યથી) કાંઇક જુદું થાય છે, અથવા એવુ ધારે કે જેથી તે કૃત્ય નિર્દોષ કૃત્ય થાય તેવી સ્થીતીની અંદર તે કૃત્ય કરવામા આવે છે, ખરેખર વાંધો લેતી તે સ્ત્રી બંધ પડી છે તે વાત માત્ર તેણીની સંમતીનો પુરાવો ગણાશે નહી,

ખુલાસો—જો કે પ્રવેશથી યોનીનો અંદરનો પડદો ફુટી ન જાય તો પણ જરીક સહેજ પ્રવેશ [આ ગુન્હાને વાસ્તે] બસ છે, ર પરંતુ યોનીની અંદર ગમે તો ઘણોજ થોડો સહેજ પણ પ્રવેશ થયા વગર આ ગુન્હો બનતો નથી (ર સ, વી, રી, પા, ર૧)

૩૭૬ જે માણસ બળાત્કાર સંભોગ કરે તે માણસને જીવતા સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદ્દત સુધી બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે,

૩૭૭ જે માણસ બુદ્ધિપૂર્વક કોઇ પુરૂષ, સ્ત્રી અથવા જાનવર સાથે સૃષ્ટિ કર્મ વિરૂદ્ધ મૈથુન કરે તે માણસને જીવતા સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદ્દત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—આ કલમમાં બયાન કરેલા ગુન્હામા જે મૈથુન થવુ જરૂર છે, તેમાં પ્રવેશ થયો તો બસછે

ટીકા—આ કલમ પ્રમાણે ગુન્હો સાબીત કરવાને સારૂ જે માણસના ઉપર ગુન્હો કરવામાં આવ્યો હોય તે માણસની સંમતી તદ્દન બીન ઉપયોગી છે, અને ગુન્હો કરનાર અને જે માણસના ઉપર ગુન્હો કરવામા આવ્યો હોય તે બને સરખી રીતે ગુન્હેગાર થશે, (૮, કે, પા, ૬૦૪)

એક માણસના ઉપર સૃષ્ટિક્રમ વિરૂદ્ધ ગુન્હો કરવા બદલ કામ ચલાવવામા આવ્યુ હતુ, અને તે ગુન્હાના તહોમતનો તેને ગુન્હેગાર ગણવામાં આવતો હતો, પરંતુ તે તહોમતમા ક્યા વખતે અથવા કઇ જગ્યાએ તે ગુન્હો બન્યો હતો તે જણાવવામા આવ્યુ નહોતુ, અને આ બાબતોની કાંઈ પણ સાબીતી આપવામા આવી નહોતી તે માત્ર એટલીજ હતી કે તે માણસ ઘણું ખરૂ હમેશ સ્ત્રીના લુગડાં પહેરતો, અને સૃષ્ટિકર્મ વિરૂદ્ધ ગુન્હો કર્યાની તેના શરીર ઉપર નીશાનીઓ માલમ પડતી હતી તેમા એવુ ઠરાવવામાં આવ્યુ હતુ કે તે માણસને ગુન્હેગાર ઠરાવી શકાય નહી,

એક કસમા તહોમતદારે એક બાળકનુ મો જોરજુલમથી ઉઘાડીને તેમા પોતાના ગુહ્ય ભાગ (જનનેન્દ્રિ વિગેરે) ઘાલ્યા અને તે તહોમતદારે (તેમ કરીને) પોતાનો કામ વિકાર પરિતૃપ્ત કરવા લાગ્યો તેમા એવુ ઠરાવવામા આવ્યુ હતુ કે તેણે સૃષ્ટિ કર્મ વિરૂદ્ધ ગુન્હો કર્યો નહોતો. [ક્રી કે રી પા. ૩૩૧)

જ્યાં એક માણસે પોતાની સ્ત્રી ઉપર અથવા એક બાળક ઉપર સૃષ્ટિકર્મ વિરૂદ્ધ ગુન્હો કર્યો હતો ત્યા તે માણસને આવા ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો [ક્રી, નુ, પા ૨૭-૮ કે પા૬૦૪)

બાબ ૧૭ મો.

મિલકત વિરૂદ્ધ ગુન્હાઓ બાબત, ચોરી બાબત,

૩૭૮ ચોરી—જે માણસ કોઈ શખસના કબજામાથી તે શખસની રજામંદી શીવાય કાંઇ જંગમ મીલકત બદદાનતથી લેવાનો ઇરાદો કરીને તે પ્રમાણે લેવા સારૂ તે મીલકતને ખસેડે, તે માણસે ચોરી કરી એમ સમજવુ.

ખુલાસો ૧ લો—કાંઇ વસ્તુ જ્યા સુધી જમીનમા ચોટેલી હોય ત્યા સુધી તે જંગમ મીલકત નથી માટે તેની ચોરી થઇ શકે નહી પણ જમીનથી તે જુદી પાડવામા આવે કે પછી તેની ચોરી થઇ શકે

ખુલાસો ૨ જો—જે કામથી જુદુ પાડવુ હોય તેજ કામથી જે ખસેડવુ થાય તે ખસેડવુ ચોરી થઈ શકે

ખુલાસો ૩ જો—કોઇ શખસ ખરેખર કોઈ વસ્તુને ખસેડે ત્યારે અને તેમની તેનુ ચાલવુ થવામાં અટકાવ કરનારી કાંઇ અડચણ દુર કરે અથવા તે વસ્તુને કાંઇ બીજી વસ્તુથી જુદી પાડે ત્યારે પણ તે શખસે તે વસ્તુ ખસેડી એમ સમજવુ.

ખુલાસો ૪ થો—કોઇ શખ્સ કાંઇ પણ ઉપાયથી કોઇ જાનવરને ગતિમાન કરે તો તેણે તે જાનવરને ખસેડયું તથા તે જાનવરને ગતિ થયાથી તે જાનવરે જે જે વસ્તુ ખસેડી હોય તે વસ્તુ ખસેડી એમ સમજવું

ખુલાસો ૫ મો—ઉપલા લક્ષણમા રજામંદી લખી તે માફ રજામંદી હોય અર્થાત સમજાય એવી રજામંદી હોય અને તે કબજેદાર શખસ અથવા કારણસર જેને સાફ અર્થાત સમજાય એવો અખતીઆર હોય તેવો કોઈ પણ શખસ આપી શકે,

દષ્ટાંત—[અ] જ ની જમીનપરનુ એક ઝાડ જ ના કબજામાથી બદદાનતથી લઇ જવાના ઇરાદાથી જ ની રજામંદી શીવાય અ કાપી નાખે તો એ ઠેકાણે તે પ્રમાણે લઇ જવા સારૂ અ એ તે ઝાડ જુદુ પાડયુ કે તેણે ચોરી કરી સમજવુ,

(બ)કુતરાઓને લલચાવવાની કાઇ વસ્તુ અ પોતાના ખીસ્સામા રાખે અને તેથી જ ના કુતરાને પાછળ ચાલ્યો જવાને લલચાવે તો એ ઠેકાણે અગર અ નો ઇરાદો તે કુતરાને જ ના કબજામાથી જ ની રજામંદી શીવાય બદદાનતથી લઈ જવાનો હોય તો જ ના કુતરાએ અ ની પાછળ ચાલવા માંડયુ કે અ એ ચોરી કરી એમ સમજવુ

(ક) એક બળદને નગદી ભરેલી એક પેટી લઇ જતાં જોઈને તે નગદી બદદાનતથી લેવા સારૂ તે બળદને એક તરફ જો અ હાંકી જાય તો બળદે ચાલવા માંડયુ કે અ એ તે નગદીની ચોરી કરી એમ સમજવુ

(ડ) અ જ નો ચાકર કે તેને જ એ પોતાની રૂપાની તબકડીઓ રાખવાની સોપી છે તે તબકડીઓ લઇને જ ની રજામંદી શીવાય જો તે બદદાનતથી નાશી જાય તો અ એ ચોરી કરી એમ સમજવુ.

[ઇ] જ એક મુસાફરી પર જાય છે તે એક એક વખારવાળા અ ને પોતાની રૂપાની તબકડીઓ સોપે અને એમ કહે કે હું પાછો આવુ ત્યા સુધી એ તમે રાખજો. અ કોઇ ચોકશીને ઘેર જઇને તે તબકડીઓ વેચે તો એ ઠેકાણે તે તબકડીઓ જ ના કબજામા ન હતી માટે તે જ ના કબજામા લઇ શકાય નહી અને અગર અ એ સાપરાધ વીશ્વાઘાત કર્યો હોય તો પણ અ એ કાંઇ ચોરી કરી એમ સમજવુ નહી

(ફે) જે ઘરમા જ રહે છે તે ઘરમાં એક મેજ પર વીંટી પડેલી અ જુવે તો એ ઠેકાણે તે વીંટી જ ના કબજામા છે અને જો એ બદદાનતથી તે ખસેડે તો અ એ ચોરી કરી એમ સમજવુ

[ગ]એક ધોરી રસ્તા ઉપર કોઇ સખસના કબજામાં નહી એવી એક વીંટી પડેલી અ જુવે તો તે વીંટી લેવાથી અગર અ તે મીલકતના સાપરાધ ખોટા ઉપયોગનો ગુન્હેગાર થાય તો પણ અ એ કાંઇ ચોરી કરી એમ સમજવુ નહી.

[ડ) જ ના ઘરમાં જ ની એક વીંટી એક મેજપર પડેલી અ જુવે અને તજવીજ થઇને પકડવાના ભયથી તરત તે વીંટીનો ઉપયોગ કરવાની હીમ્મત નહી ચાલેથી તે એક એવી જગોએ તે વીંટી સતાડે કે ત્યાથી કોઇપણ વખતે તે જ ને પાછી જડવાનો ઘણો અસંભવ હોય અને તે વેળાએ તેનો ઇરાદો એવો હોય કે એ વીંટીનું ખોવાઇ જવુ સઉ ભુલી જશે ત્યારે સંતાડેલે ઠેકાણેથી તે વીંટી કહાડીનેહું વેચીશ તો એ ઠેકાણે તે વીંટી પહેલી ખસેડતી વેળાએજ અ એ ચોરી કરી એમ સમજવું

[ઇ] જ ઘડીઆળીને અ પોતાનુ ઘડીઆળ ઠીક કરવા સારૂ આપે, જ તે પોતાની દુકાને લઇ જાય પછી અ ની પાસે તે ઘડીઆળીને કાંઈ એવુ લ્હેણુ નથી કે તેના અવેજમા તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી શકે એમ છતા ખુલ્લી રીતે દુકાનમા અ પેશી જ ના હાથમાથી બળથી પોતાનું ઘડીઆળ છીનવી લઇને તે લઈ જાય તો એ ઠેકાણે અ એ સાપરાધ પ્રવેશ તથા હુમલો કર્યો હોય તોપણ અ એ ચોરી કરી એમ સમજવુ નહીં, કેમકે તેણે જે કીધુ તે બદદાનતથી કીધુ નથી

(જ] અગર તે ઘડીઆળ સમરામણીમાના કાંઈ પૈસા જ ના અ ની પાસે લેહણા હોય અને તે લેહેણાના અવેજમા અગર જ તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી રાખે અને પછી જ ને પોતાના લહેણાના અવેજમા રહેલી મીલકતથી રહિત કરવાના ઇરાદાથી અ તે ઘડીઆળ જ ના કબજામાંથી લઇ લે તો તેણે ચોરી કરી એમ સમજવુ કેમકે તેણે ઘડીઆળ બદદાનતથી લીધુ

(ૡ) અગર બ એ પોતાનુ ઘડીઆળ જ ને ઘરેણે આપ્યુ હોય અને પછી જ ની રજામદી સીવાય તથા જ ની પાસેથી તે ઘડીઆળ ઉપર કરજ લીધેલા રૂપીઆ પાછા ન આપ્યા છતાં તે ઘડીઆળ જ ના કબજામાંથી લઇ લે તો તે ઘડીઆળ તેની મીલકત છે ખરી તોપણ તેણે ચોરી કરી એમ સમજવુ કેમકે તેણે બદદાનતથી લીધુ

(લ) અ જ ના કબજામાથી જ ની રજામદી શીવાય જ ની કાંઇ વસ્તુ લે એવા ઇરાદાથી કે તે વસ્તુ પાછી આપવાના બદલામા જ કાંઈ પૈસા આપે ત્યાંસુધી તે રાખવી તો એ ઠેકાણે અ એ તે વસ્તુ બદદાનતથી લીધી માટે ચોરી કરી એમ સમજવુ,

[મ] અ જ નો દોસ્તદાર છે તે જ નહી છતા બ ના કીતાબખાનામા જાય અને માત્ર વાચવા સારૂ તથા પાછી આપવાના વિચારથી જ એ સાફ રજામંદી આપ્યા શીવાય કોઇ ચોપડી તેમાથી લઇ જાય તો એ ઠેકાણે જ ની ચોપડી વાપરવી એવી અર્થાત સમજાય એવી મને રજામદી છે એમ અ ના મનમા હોય એવો સભવ છે જો એ પ્રમાણે અ ના મનમાં હોય તો તેણે ચોરી કરી એમ સમજવુ નહી.

(ન] અ જ ની સ્ત્રી પાસે ભીખ માગે અને તે સ્ત્રી અ ને કાઇ કીમતી મીલકત આપે અને તે મીલકત તેના વરનીજ છે તથા તે એવાં છે કે જે આપવાનો જ એ તેને અખતીયાર આપેલો નથી એમ અ તે મીલકત બદદાનતથી લે તો તેણે ચોરી કરી એમ સમજવુ

(ઓ) કાંઈ મીલકત જ ની હોય તે મીલકત મારી પોતાની છે એમ શુદ્ધબુદ્ધિએ માનીને અ મીલકત બ ના કબજામાંથી લઇ લે તો એ ઠેકાણે અ એ બદદાનતથી લીધી નથી માટે તેણે ચોરી કરી એમ સમજવુ નહી

ટીકા—આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને માર ચાર બાબતો જરૂરની છે (૧) જગમ મીલકત(૨] કોઇ પણ શખસના કબજામાથી (૩) તે માણસના કબજામાંથી તે માણસની રજામદી શિવાય તે લેવાનો બદદાનત ભર્યો ઈરાદો (૪) અને આ પ્રમાણે લેવાને સારૂ તેને ખસેડવી

મજીઆરો કબજો—હીન્દુ એકત્ર સહ કુટુબનો એક જો મજીઆરી મીલકત એકત્ર કબજામાથી લઇ લે, અને આવા એકત્ર કબજામાને બદલે તે મીલકત ઉપર પોતાનો જુદો કબજો કરી લે તો તેણે તે મીલકતની ચોરી કરી ગણાશે

ધણી—ધણીઆણીનુ–સ્ત્રીધન ચોરી લે તો તે ચોરીના ગુન્હાનો ગુન્હેગાર થસે તેજ પ્રમાણે જો સ્ત્રી ધણીની મીલકત બદદાનતથી તેના ઘરમાથી ખસેડે તો તે ચોરીની ગુન્હેગાર થશે

૧ જો કોઇ હીંદુ સ્ત્રી પોતાના ધણીના કબજામાંથી અને તેની સમતી વગર પોતાના પક્ષાનુ ઘરાણુ અથવા સ્ત્રીધન લઇ લે તો તેણીને ચોરીનો ગુન્હેગાર ઠરાવી શકાય નહીં (૮ મું હા રી પાઈ]

ઇંગ્રેજી કાયદો—ઈંગ્રેજી કાયદાએ ધણીધણીઆણી વચ્ચે અભેદ માની લીધેલો છે, અર્થાત ઈંગ્રેજી કાયદા પ્રમાણે ધણીધણીઆણી એકજ શખસ છે એમ ગણાય છે તેથી ધણી અથવા ધણીઆણી એક બીજાની મીલકત ચોરવાના ગુન્હેગાર થઇ શકે નહીં, [૨૩ લો, જ મા, કે પા. ૧૮૫)

બદદાનત ભર્યો ઇરાદો ચોરીનુ કૃત્ય કરતી વખતે હોય નહી તો ચોરીનો ગુન્હો થતો નથી,

જ્યારે એક માણસ, બીજાની મીલકત લઇ લેવાનો તેને હક છે એવુ કાયદાના અજાણપણામાં અને (સત્ય) વાતની ભુલથી માનીને તે બીજાની મીલકત લઇ લે તો તે ચોરીનો ગુન્હેગાર થશે નહી, કેમકે જો કે તે [બીજા માણસને] ગેરવ્યાજબી નુકશાન કરે તો પણ તેમા પણ બદદાનત ભર્યો ઇરાદો નથી, (૧૫ મુ ૩૪૪)

જ્યા અમુક વસ્તુનો માલીક તે વસ્તુ લેવાની ખરેખર રજામદી આપે, અથવા તે વસ્તુ લેવાનો અધીકાર આપે ત્યા ચોરી થઇ શકે નહી, (૪ ક ૩૬૬)

ખસેડવુ—મીલકત લેવાને સારૂ તે મીલકતનુ ખસેડવુ થવુ જોઇએ, નહી તો ચોરીના ગુન્હાને માટે જરૂરનું એક તત્વ અધુરૂ રહેશે જે કૃત્યથી એક વસ્તુને છુટી પાડવામા આવે તેજ કૃત્યથી તેને ખસેડવી તે ચોરી ગણાશે, ગમે તેટલા ટુકા વખતને માટે પણ બદદાનતથી મીલકત ખસેડવી તે ચોરી છે, (મુ ક્રી રૂ. ૧૮૯૭, ૧૯ મુ)

૩૭૯. જે માણસ ચોરી કરે તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બન્નેની શીક્ષા કરવામાં આવશે.

૩૮૦, જે ઇમારત તંબુ અથવા વહાણ માણસના રહેવામાં આવતું હોય અથવા જેમાં કંઇ મીલકત રાખવામાં આવતી હોય એવી કોઈ ઈમારત તંબુ અથવા વહાણમાંથી જે માણસ ચોરી કરે તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

ટીકા—આ કલમનો હેતુ ઘરના રક્ષણ તળે રહે તેવી રીતે ઘરમા મુકેલી મીલકતનુ માત્ર વધારે સારૂ રક્ષણ કરવાનો છે અને કોઇ શખસના શરીર ઉપર જે મીલકત હોય તે મીલકતને રક્ષણ આપવાનો આ કલમનો હેતુ નથી. તેથી કરીને રહેવાના ઘરમા કોઇ શખસના શરીર ઉપરથી લીધેલી મીલકતની ચોરી ૩૭૯ મી કલમ પ્રમાણે સાદી ચોરી છે (૫ રે ૧૮૭૬ નુ સમુ)

૩૮૧. કોઈ માણસ મેહેતો અથવા ચાકર હોય અથવા મેહેતા દાખલ કે ચાકર દાખલ રાખેલો હોય તે માણસ અગર પોતાના શેઠ અથવા રાખનારના કબજા માહેલી કાંઇ મીલકતની ચોરી કરે તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૩૮૨ જે માણસ ચોરી કરે તેણે અગર તે ચોરી કરવા સારૂ અથવા તે ચોરી કર્યા પછી નાશી જવા સારૂ અથવા તે ચોરીથી મળેલી મીલકત રાખવા સારૂ કોઇ શખસનુ મોત આણવાની યા કોઇને વ્યથા કરવાનો ભય ઉત્પન્ન કરવાની કાંઇ તૈયારી કરી હોય તો તે માણસને દશ વરસની મુદત સુધીની સખ્ત કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

દ્રષ્ટાંત—(અ) જ ના કબજા માહેલી કાંઇ મીલકતની અ ચોરી કરે અને એ ચોરી કરતી વેળાએ તેના કપડામા રાખેલી એક ભરેલી પીસ્તોલ હોય અને તે પીસ્તોલ અગર જ સામો થાય અથવા અ ને પકડવાની કોશીશ કરે તો તેઓ જ ને ધમકાવે તો અ એ આ કલમમા બયાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવુ

જબરાઇથી કહાડવા બાબત.

૩૮૩. જે માણસ ઈરાદાથી કોઇ શખસને પોતાને અથવા બીજા કોઇને નુકશાન કરવાનો ભય ઉત્પન્ન કરે અને તેમ કરીને તે ભય પામેલો શખસ કંઇ મીલકત અથવા કીમતી દસ્તાવેજ બનાવી શકાય એવી કાંઇ વસ્તુ કોઇ શખસને આપે એમ બદદાનતથી કરે તો તે માણસે જબરાઈથી કઢાવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

દ્દષ્ટાંત—(અ) તું મને પૈસા આપ નહી તો તારી આબરૂ જાય એવું હું કાંઇ છાપીશ એમ કહીને અ જ ને ધમકાવે અને એમ કરીને જ તેને પૈસા આપે, એમા અ એ જબરાઇથી કહાડાવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

(બ) તુ આટલા રૂપીઆ મને આપવાની એક ચીઠી લખી તે પર સહી કરી આપ, નહી તો તારા બાળકને ગેરવ્યાજબી કેદમા રાખીશ એવી રીતે અ જ ને ધમકાવે અને જ તેવી ચીઠી લખી તે ઉપર સહી કરી આપે તો અ એ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ.

(ક) મારા ખેતરમાના પાકનો આટલો ભાગ હુ બ ને આપીશ અને તે ના આપુ તો આટલો દંડ આપીશ એવી શરતનું એક ખત કરીને તે તે પર સહી કરીને તુ બ ને આપ નહી તો. તારા ખેતર મધેના પાકનો નાશ કરવાને કજીઆરાવાળા માણસને મોકલીશ એવી રીતે અ જ ને ધમકાવે અને તેથી કરીને જ તેવુ ખત લખી તે પર સહી કરી આપે, એમ કરે તો અ એ જબરાઇથી કઢાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

(ડ) જ ને મહાવ્યથાનો ભય પમાડીને અ બદદાનતથી એવુ કરે કે એક કોરા કાગળ ઉપર પોતાની સહી અથવા મહોર કરીને તે કાગળ જ ને આપે અને તે પ્રમાણે જ તે કોરા કાગળ પર સહી કરીને તે કાગળ અ ને આપે તો એ ઠેકાણે તે સહી કરેલા કાગળનો કાંઇ મીલકતી દસ્તાવેજ બનાવી શકાય માટે અ એ જબરાઇથી કહાડાવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

ટીકા—જબરાઈથી કઢાવવાનો ગુન્હો બનવાને સારૂ કોઇ માણસને પોતાને નુકશાન થવાના ભયમા ઇરાદા પૂર્વક મુકીને અને તેમ કરીને તેની મીલકત આપી દેવાને તેને બદદાનતથી લલચાવીને મીલકત મેળવેલી હોવી જોઈએ, (૪. સ વી, રી પા)

૩૮૪ જે માણુસ જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરે તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાની ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૩૮૫ જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવા સારૂ જે માણુસ જે શખસને કાંઇ નુકશાનનો ભય ઉત્પન્ન કરે અથવા ભય ઉત્પન્ન કરવાની કોશીશ કરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૩૮૬ કોઇ શખસને તે શખસને પોતાને અથવા બીજા કોઇને મોત અથવા મહાવ્યથા કરવાનો ભય ઉત્પન્ન કરીને જે માણુસ જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાનો ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૩૮૭ જે માણુસ જબરાઇથી કઢાવવાના ગુન્હો કરવા સારૂ કોઇ શખસને તે શખસને પોતાને અથવા બીજા કોઇને મોત અથવા મહાવ્યથા કરવાનો ભય ઉત્પન્ન કરે અથવા ભય ઉત્પન્ન કરવાની કોશીશ કરે તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની શીક્ષા કરવામા આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે

૩૮૮ મોતની અથવા જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની કેદની શીક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કર્યાનુ અથવા કરવાની કોશીશ કરવાનુ અથવા એવો ગુન્હો બીજા કોઇ શખસ પાસે કરાવવાને તેને લલચાવવાની કોશીશ કર્યાનુ તહોમત કોઇ શખસની પોતાની ઉપર અથવા કોઇ બીજાની ઉપર મુકવાનો ભય તે શખસને ઉત્પન્ન કરીને જે માણુસ જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરે તો તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે અગર ૩૭૭ મી કલમ મુજબ શીક્ષા થઈ શકે એવો તે ગુન્હો હોય તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે.

૩૮૯ જબરાઈથી કઢાવવાનો ગુન્હો કરવા સારૂ મોતની અથવા જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની કેદની શીક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કરવાનુ અથવા કરવાની કોશીશ કર્યાનુ તહોમત કોઇ શખસની પોતાની ઉપર અથવા કોઇ બીજાની ઉપર મુકવાનો ભય તે શખસને જે માણુસ ઉત્પન્ન કરે અથવા ઉત્પન્ન કરવાની કોશીશ કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર ૩૭૭ મી કલમ મુજબ શીક્ષા થઇ શકે એવો તે ગુન્હો હોય તો તે માણુસને જીવતા સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે

અપહરણ તથા ટાકાઇટી બાબત.

૩૯૦ અપહરણ—સર્વે અપહરણમા અગર તે ચોરી અથવા જબરાઇથી કઢાવવાનો ગુન્હો હોય છે અગર કાંઇ ચોરી કરવા સારૂ અથવા ચોરી કરવામાં અથવા ચોરીથી મળેલી મીલકત લઇ જવાની કોશીશ કરવામા તે ગુન્હેગાર મતલબસર બુદ્ધિપૂર્વક કોઈ શખસનુ મોત આણે અથવા તેને વ્યથા કે ગેરવ્યાજબી અટકાવ કરે અથવા મોત, વ્યથા કે ગેરવ્યાજબી અટકાવ કરવાની કોશીશ કરે અથવા તાત્કાળીક વ્યથા કે ગેરવાજબી અટકાવ કરવાનો ભય ઉત્પન્ન કરવાની કોશીશ કરે તો તે ચોરી અપહરણ થાય એમ સમજવુ

અગર જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરતી વખતે તે ગુન્હો કરનાર ભય પમાડેલા શખસની આગળ હાજર હોય અને તાત્કાળીક મોત અથવા તાત્કાળીક વ્યથા અથવા તાત્કાળીક ગેરવાજબી અટકાવ તે શખસે અથવા કોઇ બીજા શખસને કરવાનો ભય તે શખસને ઉત્પન્ન કરીને તે જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરે અને એ પ્રમાણે ભય ઉત્પન્ન કરીને તે ભય પમાડેલા શખસનુ મન એવુ કરે કે તે શખસ તેજ વખતે અને તેજ ઠેકાણે જબરાઇથી કઢાવેલી વસ્તુ આપી દે તો તે જબરાઈથી કઢાવવુ અપહરણ થાય છે એમ સમજવુ

ખુલાસો—અગર તે ગુન્હો કરનાર એટલો નજદીક હોય કે તેથી તે બીજા શખસને તાત્કાળીક

મોતનો અથવા તાત્કાળીક વ્યથાનો અથવા તાત્કાળીક ગેરવ્યાજબી અટકાવનો ભય ઉત્પન્ન થાય તો તે હાજર છે, એમ સમજવુ.

દ્રષ્ટાંત—(અ) બ જને નીચે દાબીને ઝાલી રહે અને જ ની રજામંદી શિવાય જ ના કપડામાંથી જ ના પૈસા તથા દાગીના દગલબાજીથી કહાડી લે તો એ ઠેકાણે અ એ ચોરી કરી અને તે ચોરી કરવા તેણે બુદ્ધિપૂર્વક જ ને ગેરવ્યાજબી અટકાવ કર્યો માટે તેણે અપહરણ કર્યું એમ સમજવું.

[બ] અ જ ને ધોરી રસ્તા ઉપર મળે અને એક પીસ્તોલ દેખાડીને કહે કે તારી નાણાંની થેલી આપ અને તે ઉપરથી જ પોતાની થેલી આપી દે તો એ ઠેકાણે તાત્કાળીક વ્યથાનો ભય ઉત્પન્ન કરીને અ એ જ ની પાસેથી તે થેલી જબરાઈથી કઢાવવાનો ગુન્હો કર્યો અને તે ગુન્હો કરતી વખતે તે જ ની આગળ હાજર હતો માટે અ એ અપહરણ કર્યું એમ સમજવુ.

(ક) જ પોતાના બાળકને લેઈ જાય છે એવામા ધોરી રસ્તાપર તેને અ મળે અને તે બાળકને લેઈને અ જ ને એમ કહે કે તું તારી નાણાંની થેલી આપ નહી તો હું આ બાળકને પેલી ટેકરી ઉપરથી નીચે ફેંકી દઈશ અને તે ઉપરથી જ પોતાની થેલી આપી દે. એ ઠેકાણે જે બાળક ત્યાં હાજર છે. તે બાળકને તાત્કાળીક વ્યથા કરવાનો ભય જ ને ઉત્પન્ન કરીને જ ની પાસેથી તેની થેલી અ એ જબરાઈથી કઢાવી માટે અ એ જની પાસેથી અપહરણ કર્યું એમ સમજવુ,

(ડ) તારૂં બાળક મારી ટોળીના હાથમાં છે અને તું હમને દશહજાર રૂપીઆ મોકલે નહી તો અમે તારા બાળકનો જીવ લઈશુ એમ કહીને અ જ ની પાસેથી કાંઈ મીલકત મેળવે તો એનું નામ જબરાઈથી કઢાવવુ અને તે માટે ગુન્હાની શીક્ષા થઈ શકે પણ પોતાના બાળકનુ તાત્કાળીક મોત થવાનો ભય જ ને ઉત્પન્ન કરવામા આવે નહી તો અપહરણ ગણાય નહી.

૩૯૧. અગર પાંચ અથવા વધારે શખસો એકઠા મળીને કંઈ અપહરણ કરે અથવા કરવાની કોશીશ કરે અથવા જે શખસો એકઠા મળીને અપહરણ કરવા અથવા કરવાની કોશીશ કરતા હોય તથા જે શખસો હાજર હોય અને તે અપહરણ તથા કોશીશ કરવામા સહાય કરતા હોય, તો એ બંને મળીને તેઓની આખી સંખ્યા પાંચ અથવા વધારે થાય તો એ પ્રમાણે અપહરણ કરનાર, કોશીશ કરનાર અને સહાય કરનાર હરએક શખસે ડાકાઈટી કરી એમ સમજવુ.

ટીકા—અપહરણ કરવામાં ગુન્હેગાર માણસો ભેગા મળેલા હોવા જોઈએ જો તેઓ અપહરણ ન કરતા હોય તો તેઓ ડાકાઈટી પણ કરતા નથી, (સ, ની રી, સંને ૧૮૬૪ પા ૯,)

૩૯૨ જે માણસ અપહરણ કરે, તેને દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અગર તે અપહરણ ધોરી રસ્તાપર સૂર્ય અસ્ત તથા સૂર્યોદયની વચ્ચે કરવામા આવે તો ચૌદ વરસ સુધીની કેદ થઈ શકે

૩૯૩. જે માણસ અપહરણ કરવાની કોશીશ કરે તેને સાત વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૩૯૪. અગર કોઈ શખસ અપહરણ કરવામા અથવા અપહરણ કરવાની કોશીશ કરવામા બુદ્ધિપુર્વક વ્યથા કરે તો તે શખસને તથા બીજો શખસ તેની સાથે અપહરણ કરવામા અથવા અપહરણ કરવાની કોશીશ કરવામા સામીલ હોય તે શખસને જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૩૯૫. જે માણસ ડાકાઈટી કરે તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૩૯૬. અગર પાંચ અથવા વધારે શખસો સાથે મળીને ડાકાઈટી કરતા હોય તેઓમાનો કોઈ તે પ્રમાણે ડાકાઈટી કરવામા ખુન કરે તો તે શખસોમાના હરએકને મોતની અથવા જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

ટીકા—આ કલમ પ્રમાણેના ગુન્હાનુ પેહેલું જાહેરનુ તત્વ એ છે કે ડાકાઈટી તેમા સામેલ માણસોનું એકત્ર કૃત્ય છે, અને આ ગુન્હાનું બીજું તત્વ એ છે કે ડાકાઈટી કરવાની દરમીયાનમા ખુન કરવામા આવ્યુ છે

૩૯૭ અપહરણ અગર ડાકાઈટી કરતી વખતે તે ગુન્હેગાર કાંઈ ભયંકર શસ્ત્ર વાપરે અથવા કોઈ શખસને મહાવ્યથા કરે અથવા કોઈ શખસનું મોત આણવાની કે તેને મહાવ્યથા કરવાની કોશીશ કરે તો તે ગુન્હેગારને જે કેદની જે શિક્ષા કરવામા આવશે તે સાત વરસથી ઓછી થશે નહી

૩૯૮ અગર અપહરણ અથવા ડાકાઈટી કરવાની કોશીશ કરતી વખતે તે ગુન્હેગારે કાંઈ ભયંકર શસ્ત્ર ધારણ કર્યું હશે તો તે ગુન્હેગારને કેદની શીક્ષા કરવામા આવશે તે સાત વરસથી ઓછી થશે નહી.

૩૯૯ જે માણુસ ડાકાઈટી કરવાની કાંઈ તૈયારી કરે તેને દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૪૦૦ આ આકટ પસાર થયા પછી કોઈ વખતે નિત્ય ડાકાઈટી કરવાના કારણસર મળેલા શખસોની કોઈ ટોળીમા જે માણુસ હશે તેને જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે,

ટીકા—જે સ્ત્રીઓ, ડાકાઈટી કરવાના શખસોની વહુઓ તરીકે અથવા રાખેલી બાઈડીઓ તરીકે તેમની સાથે રહે છે તે વાત માત્ર, જો તે સ્ત્રીઓ પોતે નિત્ય ડાકાઈટી કરવાના કારણસર તેમના ધણીઓની સાથે મળેલી છે, એવી સાબીતી ન હોય તો, તે સ્ત્રીઓને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવાને માટે બસ નથી, (મુ, હા, રી પા ૧૨૦)

૪૦૧ આ આકટ પસાર થયા પછી કોઈ પણ વખતે નિત્ય ચોરી અથવા અપહરણ કરવાના કારણસર મળેલા સખસોની કોઈ ભટકની અથવા બીજી ટોળીમા જે માણુસ હશે અને તે ટોળી ઠગ અથવા ડાકાઈટી ટોળી નહી હશે તો તે માણુસને સાત વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૪૦૨, આ આકટ પસાર થયા પછી કોઈ પણ વખતે ડાકાઈટી કરવાના કારણસર એકઠા થએલા પાંચ અથવા વધારે શખસોમાનો જે માણુસ હશે તેને સાત વરસની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને લાયક થશે

મીલકતના સાપરાધ ખોટા ઉપયોગ બાબત.

૪૦૩. જે માણુસ બદદાનતથી કાંઈ પણ જંગમ મીલકતનો ખોટો ઉપયોગ કરે અથવા તે પોતાને કામે લગાડે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારના કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

દ્રષ્ટાંત—(અ) અ જ ની મીલકત જ ના કબજામાથી લે, અને તે લેતી વખતે શુદ્ધબુદ્ધીથી તે એમ માનતો હોય કે એ મીલકત મારી છે તો અ એ ચોરીનો તકસીરવાર નથી, પણ પોતાની ભુલ માલમ પડયા પછી અગર અ બદદાનતથી તે મીલકત પોતાને કામે લગાડે તો તેણે આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવુ,

(બ) અ ને જની સાથે દોસ્તી છે અને તે જના કીતાબખાનામાં જ નહી હોય એવી વેળાએ જઈને જ ની સાફ રજામંદી શિવાય તેમાંથી એક ચોપડી લઈ જાય હવે એ ઠેકાણે અગર અના મનમાં એમ હોય કે ચોપડી વાચવાના કારણસર લેવાની મને જની અર્થાત તે સમજાય એવી રજામંદી છે તો અ એ ચોરી કરી નથી પણ પાછળથી અ પોતાના ફાયદાને સારૂ તે ચોપડી વેચે તો તેને આ કલમ મુજબ આ ગુન્હો કર્યો એમ સમજવુ

(ક) અ તથા બ બંને એક ઘોડાના એકઠા માલીક છે. અને બ વાપરવાનો ઈરાદો કરીને તે ઘોડાને બના કબજામથી લઈ જાય તો એ ઠેકાણે તે ઘોડો વાપરવાનો અ નો હક છે માટે તેણે બદદાનતથી તે ઘોડાનો ઉપયોગ કર્યો એમ સમજવુ નહી પણ અગર અ તે ઘોડો વેચે અને તેની કીંમત સઘળી પોતાને કામે લગાડે તો તેણે આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવુ

ખુલાસો ૧ લા—ફક્ત થોડીવાર સુધી જ ખોટો ઉપયોગ કર્યો હોય તે પણ આ કલમના અર્થ મુજબનો ખોટો ઉપયોગ છે એમ સમજવુ

દ્રષ્ટાંત—જ ની એક સરકારી પ્રોમીસરી નોટ ખોવી ગએલી અ ને જડે, અને તે નોટ જ ની છે

એમ જાણ્યા છતાં અ એક સરાફને ત્યાંથી કાંઇ રૂપીઆ કાહાડીને તેના અવેજમાં તે નોટ ગીરો મુકે એવા ઇરાદાથી કે પછી તે છોડાવીને હું જ તે આપીશ તો અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવુ.

ખુલાસો ૨ જો—જે મીલકત કાંઇ બીજા શખસના કબજામા ન હોય એવી કાંઇ મીલકત કોઇ શખસને જડે અને તે મીલકત સાચવવાના અથવા તેના માલીકને પાછી આપવાના કારણસર તે શખસ તે મીલકત લે તો તે શખસે તે મીલકત બદદાનતથી લીધી અથવા તેનો ખોટો ઉપયોગ કર્યો નથી અને તેણે ગુન્હો કર્યો એમ સમજવુ નહી, પણ તે મીલકતનો માલીક કોણ છે એ વાતની તેને ખબર હોય અથવા શોધી કાહાડવાનો તેની પાસે ઇલાજ હોય તે છતા અથવા માલીકને શોધી કહાડીને તેને ખબર આપવાના ઘટતા ઇલાજ વાપર્યા પહેલાં તથા માલીક આવીને તે મીલકતનો દાવો કરે એટલા સારૂ ઘટતી મુદત સુધી તે મીલકતમા રાખ્યા પહેલા અગર તે શખસ તે મીલકત પોતાને કામે લગાડે તો તેણે ઉપર બીયાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવુ.

એવી બાબતમા ઘટતા ઉપાય તે કયા અથવા ઘટતી મુદત તે કેટલી એ હકીકતની બાબત છે મીલકત જેને જડે તે શખસે તે મીલકતનો ધણી કોણ છે અથવા તેનો ધણી કોઇ અમુક શખસ છે એમ જાણવુ જોઇએ એવુ કાંઇ જરૂર નથી અગર તે મીલકત કામે લગાડતી વખતે તે મીલકત પોતાની છે એમ તે માનતો ન હોય અથવા તેનો માલીક જડતો નથી એમ જો શુદ્ધબુદ્ધિથી માનતો ન હોય તો બસ છે,

દ્રષ્ટાંત—(અ) ધોરી રસ્તા ઉપર પડેલો એક રૂપીઓ અ જુવે તે કોનો છે તે અ ને ખબર નહી હોય અને અ ને રૂપીઓ ઉચકી લે, તો અ એ આ કલમમા બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવુ.

(બ) ધોરી રસ્તા ઉપર પડેલો એક કાગળ અ ને જડે તે કાગળમા એક બેંક નોટ હોય અને તે કાગળના શરનામાપરથી તથા તેમા લખેલી બીના પરથી તે નોટ કોની છે, એ વાત તેના જાણવામાં આવે અને પછે તે નોટ તે વાપરે તો તેણે આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવુ.

[ક] આ લાવે તેને નાણાં આપજો એવી તરેહના અ ને એક ચેક જડે. તે ચેક કોનો ગયો છે એ વાતની અટકળ થઈ શકે નહીં પણ જે શખસે તે ચેક લખ્યો હોય તે સખસનું નામ તે ચેકમા લખેલું હોય અને અ એમ જાણતો હોય કે તે શખસ મને બતાવી શકશે કે ફલાણા ધણીને માટે એ ચેક લખ્યો હતો તેવું છતાં તે માલીકને શોધી કહાડવાની કોશીશ ન કરતા અ તે ચેક વાપરે તો તેણે આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવુ.

(ડ) જ ની પસા ભરેલી એક થેલી જ ના હાથમાંથી નીકળી પડી. અ જાય અને તે જને પાછી આપવાના ઇરાદાથી અ ઉચકી લે પણ પાછળથી તે તેને પોતાને કામે લગાડે તો અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવુ.

(ઇ) અ ને એક પસા ભરેલી થેલી જડે છે થેલી કોની છે એ વાત અ જાણતો નહી હોય પણ પાછળથી તેને ખબર પડે કે તે જ ની છે અને તેવુ છતા તે થેલી પોતાને કામે લગાડે તો અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવુ

(ફ) અ ને એક કીમતી વીંટી જડે તે વીંટી કોની છે એ વાત અ જાણતો નહીં હોય પણ તેને માલીક શોધી કહાડવાની કોશીશ કર્યા શીવાય તુરત અ તે વીંટી વેચે તો અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા—જ્યારે કોઇ માણસ જે મીલકત તેની પોતાની ન હોય તે મીલકતને પોતાના ઉપયોગમા લઇ લે ત્યારે જો કે કોઇ ભવિષ્યના વખતે તેના માલીકને પાછી સોપવાનો ઈરાદો હોય તો પણ, એ પ્રમાણે ઉપયોગ કરવો તે બદદાનત ભર્યું છે.(૧ બ, સી, જ, પા ૧૧૫)

જ્યાં એક નોકરને પોતાના શેઠની તરફથી નાણા એકઠા કરવાનો અધીકાર મળ્યો હોય અને તે નાણાં એકઠાં કરે, પરંતુ પોતાનો પગાર લેહેણો થયો હોય તે પેટે તેને એકઠા કરેલા નાણા તે નોકર પોતાના હાથમાં રાખે અને શેઠને આપે નહી ત્યા તે સાપરાધ ખોટા ઉપયોગના ગુન્હાનો ગુન્હેગાર થશે. [૧૨ સ. વી રી પા ૫૧]

ભાગીઆરી મીલકત—ભાગીઆર હિંદુ કુટુંબમાં કોઇ પણ સહભાગીદારને ભાગીઆરી કુટુંબની મીલકતની વેહેંચણી થાય તે પેહેલાં તે મીલકત કોઈ અમુક વસ્તુમાં કાંઇ પણ મુકરર ભાગ હોવાનો હક નહીં

હોવાથી, જ્યાં સુધી મીલકતના ભાગ જુદા પાડીને સર્વને તેમને ભાગ આપી દીધા નથી ત્યાં સુધી તે કુટુંબના વહીવટદારની સામે બદદાનત ભર્યા ખોટા ઉપયોગ બાબત ફરીયાદ ચાલી શકે નહી.

૪૦૪ જો કોઇ માણસ બદદાનતથી કાંઈ મીલકતનો ખોટો ઉપયોગ કરે, અથવા તેને પોતાને કામે લગાડે અને તે એમ જાણતો હોય કે ફલાણો શખસ ગુજરી ગયો તે વખતે એ મીલકત તેના કબજામા હતી તથા ત્યાર પછી તે કબજામા લેવાને કાયદા મુજબ જેને હક હોય એવા કોઇ શખસના કબજામા લેવાને કાયદા મુજબ જેનો હક હોય એવા કોઈ શખસના કબજામા આવી નથી તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે ગુન્હો કરનારને તે શખસે તે મુઓ ત્યારે મેહેતા અથવા ચાકર દાખલ રાખેલો હોય તો તે કેદ સાત વરસની થઇ શકે.

દ્રષ્ટાંત—જના કબજામાં કેટલોએક ઘરનો સમાન તથા નાણું છતા જ ગુજરી જાય પછી તે નાણું કબજામા આવતા પહેલાં જ નો ચાકર બદદાનતથી તેનો ખોટો ઉપયોગ કરે તો, અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવુ.

સાપરાધ વિશ્વાસઘાત.

૪૦૫ જે માણસને કોઇ પણ રીતે કાંઇ મીલકતપરનો અખ્તીઆર સોપ્યો હોય તે માણસ અગર બદદાનતથી તે મીલકતનો ખોટો ઉપયોગ કરે અથવા તે પોતાને કામે લગાડે અથવા તે સોંપણ શી રીતે બજાવવી એ વિષે કાયદાએ કાંઈ હુકમ ફરમાવ્યો હોય તે હુકમ તોડીને અથવા સોપણ બજાવવા વિષે તેણે સાફ અર્થાત્ સમજાય એવો કાંઇ કાયદેસર કરાર કર્યો હોય તે કરાર તોડીને બદદાનતથી તે મીલકત વાપરે અથવા તેના વગ કરે અથવા જાણી જોઇને કોઇ બીજા માણસને તેમ કરવા દે તે માણસે સાપરાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવુ.

દ્રષ્ટાંત—(અ) એક મરનાર સખશના વીલમા અ ને વકીલ ઠરાવેલો છે તે અગર તે મરનારની મીલકતની વેહચણ તે વીલ પ્રમાણે કરવાને કાયદાનો હુકમ બદદાનતથી નહી માનીને તે મીલકત પોતાને કામે લગાડે તો અ એ સાપરાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવુ.

[બ] અ એક વખારવાળો છે અને બ કોઇ ગામ જાય છે તે પોતાનો સામાન અ ને સોપે એવો કરાર કરીને કે એ સામાન રાખવા માટે હુ તમને આટલું વખારનું ભાડુ આપુ ત્યારે તમારે એ સામાન મને પાછો આપવો, આમાં અ બદદાનતથી તે માલ વેચી નાખે તો અ એ સાપરાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવુ.

(ક) અ કલકત્તામાં રહીનેજ દીલ્હીમા રહે છે, તેના આડતીઆ દાખલ કામ કરે છે અને અ તથા જ ની વચ્ચે સાફ અર્થાત સમજાય એવો એક રીતનો કરાર થએલો છે કે જ જેટલુ નાણુ મોકલે તેટલુ સઘળુ અ એ જ ના હુકમ મુજબ વાપરવુ પછી જ એક લાખ રૂપીઆ અ ને મોકલે અને એમ લખી મોકલે કે અ એ તે રૂપીઆની કંપનીની નોટો લેવી. અ બદદાનતથી તે હુકમ નહી માને અને તે રૂપીઆ પોતાના ધંધામા વાપરે તો અ એ વિશ્વાસઘાત કર્યો એમ સમજવુ

[ડ] પણ ઉપના દ્રષ્ટાનમા અગર એમ બને કે બદદાનતથી પણ બંગાળાની બેંકના શેર રાખવામાં જ ને વધારે ગુણ થશે, એવુ માનીને શુદ્ધબુદ્ધિથી કંપનીની નોટો નહી ખરીદ કરતા જ ને માટે તે બંગાળાની બેંકના શેર અ ખરીદ કરે તો એ ઠેકાણે અગર જ ને હાની થાય અને તે હાનીને માટે અ ની ઉપર દીવાનીમા ફરીઆદ કરવાનો તેનો હક હોય તો પણ અ એ બદદાનતથી કામ કર્યુ નથી, માટે તેણે સાપરાધ વિશ્વાસઘાત કર્યો નથી એમ સમજવુ

(ઇ) એક મહેસુલી અમલદાર ઝ તેને સરકારી નાણુ સોંપેલુ છે, અને જે નાણુ તેના હવાલામાં હોય તે તેણે ફલાણું તીજોરીમા ભરવુ એવો તેને કાયદાનો હુકમ છે અથવા એમ કરવાને તે સરકાર સાથેના સાફ અથવા સમજાય એવી રીતે કરેલા કોઈ કરારથી બંધાએલો છે, એમ છતા બદદાનતથી તે નાણું વાપરે તો અ એ સાપરાધ વીસ્વાસઘાત કર્યો એમ સમજવું

(ફ) અ એક ભારવાહક છે તેને ખુશકી કે તરીને રસ્તે લઈ જવાને કોઇ મીલકત જ એ સોપી છે તે મીલકતનો તે બદદાનતથી ખોટો ઉપયોગ કરે તો તેણે સાપરાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવુ.

ટીકા—આ સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો સાબીત કરવાને સારૂ બે બાબતો બતાવવાની જરૂર છે—(૧) અસલ સોપણ [સુપ્રત] અને (૨) સોપેલી મીલકતનો બદદાનત ભર્યો ઉપયોગ

૪૦૬. જે માણસ સાપરાધ વિશ્વાસઘાત કરે તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

૪૦૭. કોઇ સખસને ભારવાહક દાખલ અથવા ડક્કાવાળા કે વખારવાળા દાખલ કાંઇ મીલકત સોપી હોય અને તે મીલકત બાબત સાપરાધ વિશ્વાસઘાત કરે તો તે શખસને સાત વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૪૦૮. કોઇ માણસ મહેતો અથવા ચાકર હોય અથવા કોઇને મહેતા કે ચાકર દાખલ રાખ્યો હોય અને તે દરજાની તેને કાંઈ મીલકત ઉપર અખ્તીઆર કોઇ પણ રીતે સુપ્યો હોય તે માણસ તે મીલકત બાબત સાપરાધ વિશ્વાસઘાત કરે તો તે શખસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૦૯. કોઈ માણસને તેના દરજાથી સરકારી નોકર દાખલ અથવા તેના ધંધા સારૂ તેનો સરાફ વેપારી કે કોઠીદાર વકીલ કે આડતીઆ દાખલ કાંઇ મીલકત અથવા કાંઈ મીલકત ઉપર અખ્તીઆર કોઇ પણ રીતે સોપ્યો હોય, તે માણસ તે મીલકત બાબત સાપરાધ વિશ્વાસઘાત કરે તો તેને જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

ચોરીની મીલકત લેવા બાબત.

૪૧૦. જે મીલકતનો કબજો ચોરીથી અથવા જબરાઇથી કઢાવવાથી અથવા અપહરણથી એકની પાસેથી બીજાની પાસે ગયો હોય તે મીલકત તથા જે મીલકતનો સાપરાધ ખોટો ઉપયોગ થયો હોય અથવા જે બાબત સાપરાધ વિશ્વાસઘાત થયો હોય તે મીલકતનું નામ ચોરીની મીલકત પાડ્યું છે પછી બ્રીટીશ ઇંડીઆની માંહે અથવા બહાર તે કબજો એકની પાસેથી બીજાની પાસે ગયો હોય અથવા તે સાપરાધ ખોટો ઉપયોગ અથવા વિશ્વાસઘાત થયો હોય તોપણ અગર તે મીલકત જે શખસને પોતાના કબજામા લેવાનો કાયદા મુજબ હક હોય તેવા કોઇ શખસના કબજામા પાછી આવે પછી તે ચોરીની મીલકત સમજવી નહી

૪૧૧. કોઇ માણસ બદદાનતથી કાંઇ ચોરીની મીલકત લે અથવા રાખે, અને તે ચોરીની મીલકત છે એમ તે જાણતો હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે,

ટીકા—આ કલમ પ્રમાણેનો ગુન્હો બનવાને સારૂ ત્રણ તત્વ જરૂરનાં છે—(૧) મીલકત ચોરેલી મીલકત હોવી જોઇયે, તે મીલકત ચોરીની મીલકતનું રૂપાંતર થયેલી અથવા તેને બદલે બીજી મીલકત હોવી જોઇયે નહી, (૨) મીલકત બદદાનતથી લીધેલી અથવા રાખેલી હોવી જોઇયે (૩) અને તે ચોરીની મીલકત હતી એવુ તહોમતદાર જાણતો હોવો જોઇએ, કે તેમ માનવાને તેને કારણ હોવુ જોઇયે

૪૧૨ કોઈ માણસ બદદાનતથી કાંઈ ચોરીની મીલકત લે, અથવા રાખે અને તે મીલકતનો કબજો ડાકાઇટી કરવાથી એકની પાસેથી બીજાની પાસે અપાવેલો છે એમ તે માણસ જાણતો હોય અથવા હતો એમ માનવાનુ તેને કારણ હોય અથવા જે શખસ ડાકાયટીની ટોળીમાં છે અથવા તેઓની ટોળીમા હતો એવુ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતા એવા કોઇ શખસ પાસેથી કોઇ માણસ બદદાનતથી કાંઇ મીલકત લે અને તે મીલકત ચોરેલી છે એમ તે જાણતો હોય અથવા એમ માનવાનુ તેને કારણ હોય તો તે માણસને જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે,

૪૧૩ જે મીલકત ચોરીની મીલકત છે, એમ જાણીને અથવા એમ માનવાનુ પોતાને કારણ છતા જે માણસ નિત્ય તેવી મીલકત લે અથવા તેનો ધંધો કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૧૪ કોઇ મીલકત ચોરીની મીલકત છે, એમ જાણીને અથવા એમ માનવાનું પોતાને કારણ છતાં તે મીલકત સંતાડવામાં અથવા તેનો વગે ૨સ્તો કે તેને ખસેડવામાં જે માણસ બુદ્ધિપૂર્વક મદદ કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ઠગાઇ બાબત.

૪૧૫. જે માણસ કોઇ શખસ સાથે ફરેબ કરીને દગલબાજીથી અથવા બદદાનતથી એવું કરે કે જેની સાથે ફરેબ કર્યો હોય તે શખસને કાંઇ મીલકત આપે અથવા અગર ફરેબ નહી કર્યો હોય તો જે વસ્તુ તે શખસ કરે નહી અથવા કરવામાં કસુર કરવાને ઇરાદે ઇરાદાપૂર્વક તે કામ અથવા કસુર એવી હોય કે તેથી તે શખસને શરીર મન આબરૂ કે મીલકત તરફની કાંઇ નુકશાની કે હાની થાય અથવા થશે એવો સંભવ હોય તો તે માણસે ઠગાઇ કરી એમ સમજવું.

ખુલાસો—કાંઇ હકીકતને બદદાનતથી છુપાવવી તે પણ આ કલમના અર્થ પ્રમાણેનો ફરેબ છે એમ સમજવું.

દૃષ્ટાંત—(અ) હું સીવીલ સર્વીસમાં છું એવો ખોટો ઢોંગ કરીને અ ઇરાદાથી જ ને ફરેબ દે, અને તે પ્રમાણે બદદાનતથી એમ કરે કે જ તેને કાંઇ માલ ઉધાર લઇ જવા દે, અને અ તે માલના નાણાં આપવાનો ઇરાદો રાખતો નહી હોય તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(બ) અ કોઇ વસ્તુ ઉપર એક ખોટી નીશાની કરીને ઇરાદાથી જ ને ફરેબ દે, તેના મનમાં એવો ભરુસો ઉત્પન્ન કરે એ વસ્તુ ફલાણા નામીચા કારીગરે બનાવેલી છે અને એમ કરીને તે વસ્તુ ખરીદ કરીને તેની કીંમત આપવાને જ ને બદદાનતથી લલચાવે તો એ ઠગાઇ કરી એમ સમજવું

(ક) અ કાંઇ માલનો ખોટો નમુનો બતલાવીને ઇરાદાથી જ જે ફરેબ દે, અને તેના મનમાં એવો ભરૂસો ઉત્પન્ન કરે કે તે માલ નમુના જેવોજ છે અને એમ કરીને તેની કીંમત આપવાને જ ને બદદાનતથી લલચાવે તો અ એ ઠગાઇ કરી એમ સમજવું

(ડ) અ એ કોઇ માલ ખરીદ કર્યો છે તેની કીમત આપવાને બદલે અ એક પહેડી ઉપર હુંડી લખી આપે અને તે પહેડીમાં અનું કાંઇ નાણું હોય નહીં અને તેથી અ ને ઉમેદ હેમ કે હું જે હુંડી આપું છું તે શીકારવાની નથી. તેમ છતા તે હુંડી આપીને અ ઇરાદાથી જ ને ફરેબ દે અને એમ કરીને તે માલ આપવાને જ ને બદદાનતથી લલચાવે અને તેને નાણું આપવાનો પોતાનો ઇરાદો હોય નહી તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

[ઇ] કોઈ વસ્તુ હીરા નથી એમ અ જાણતો હોય તે વસ્તુ હીરા છે એમ કહીને અ તે ગીરો મુકે અને તે ઇરાદાથી જ ને ફરેબ દે અને એમ કરીને રૂપીઆ ધીરવાને જ ને બદદાનતથી અ લલચાવે તો અ એ કાંઇ ઠગાઈ કરી એમ સમજવું.

(ફ) અ ઇરાદાથી જ ને ફરેબ દેઈને તેના મનમાં એવો ભરૂસો ઉત્પન્ન કરે કે, હું અ ને જે રૂપીઆ ધીરીશ તે અ મને પાછા આપશે અને એમ કરીને રૂપીઆ ધીરવાને જ ને બદદાનતથી અ લલચાવે અને તે રૂપીઆ પાછા આપવાનો પોતાનો ઇરાદો નહી હોય તો અ એ ઠગાઇ કરી એમ સમજવું

(ગ) અ ઇરાદાથી ફરેબ દઇને જ ના મનમાં એવો ભરૂસો ઉત્પન્ન કરે કે અ મને આટલા ગળીના છોડવા આપવાનો ઇરાદો રાખે છે અને અ નો કાંઇ આપવાનો ઇરાદો નહીં હોય અને એમ કરીને તે આપવાના ભરોસા ઉપર કાંઇ નાણું આગળથી આપવાને જ ને બદદાનતથી લલચાવે તો અ એ ઠગાઇ કરી એમ સમજવું, પણ અગર તે રૂપીઆ લેતી વખતે અ નો ઇરાદો તે છોડવા આપવાનો હોય અને પછી પોતાનો કરાર તોડીને તે છોડવા નહીં આપે તો તેણે ઠગાઇ કરી એમ સમજવું નહીં પણ તેની ઉપર કરાર તોડવાની દીવાનીમાં ફક્ત ફરીઆદી ચાલી શકે

(હ) અ એ જ ની સાથે કાંઈ કરાર કર્યો છે તે કરારમાંનો જેટલો ભાગ અ એ બજાવવાનો છે તેટલો અ બજાવી ચુકયો, એ પ્રમાણે અ ફરેબ દઇને જ ના મનમાં ભરૂસો ઉત્પન્ન કરે અને એમ કરીને પૈસા આપવાને જ ને બદદાનતથી લલચાવે તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

[આઇ] અ એક સ્થાવર મીલકત બ ને વેચીને તેના નામનું ખત કરી આપે પછી તે મીલકત વેચી માટે હવે મારો તે પર કાંઇ હક રહ્યો નથી એમ જાણવા છતા અ ગળ થએલા વેચાણ તથા ખતની જ ને ખબર નહીં આપતા તે મીલકત અ જ ને વેચાતી અથવા ગીરો આપે અને જ ના પાસેથી તેની કીમતના કે ગીરો બાબતમા નાણા લે તો અ એ ઠગાઈ કરી એમ સમજવું

ટીકા—પીનલકોડ ઘડી કાઢનારાઓ આ કલમ ઉપર નીચે મુજબ ટીકા કરે છે—જબરાઇથી કઢાવવાની માફક, ઠગાઈનો ગુન્હો (પણ) ગેરવ્યાજબી રીતે રજામંદી (સમતી) મેળવીને કરેલો હોવો જોઇએ ફેર એટલો (જ) છે કે જબરાઇથી કઢાવનાર વાસ્તી આપીને રજામંદી મેળવે છે અને ઠગારા ફરેબ કરીને રજામંદી મેળવે છે

જો કોઇ માણસ પોતાને જાગીર છે, અથવા પોતાને જાગીર મળવાની તઇયારીમા છે અથવા પોતાને શ્રીમત વહુ છે, અથવા તો તે શ્રીમત સ્ત્રી સાથે પરણવાની તઈયારીમા છે. એવું ખોટુ જણાવીને ઉધારે રકમો મેળવે તો તે પણ ઠગાઇ છે.

જ્યાં અમુક દાગીનો માત્ર છ કેરેટ (હલકા) સોનાનો હતો એવુ પ્રતીવાદી જાણતો હતો તે છતાં તેણે ખોટી રીતે એવુ જણાવ્યુ કે તે પંદર કેરેટ (ઉંચા) સોનાનો હતો, અને તેમ કરીને તેના ઉપર કામ ચલાવનાર માણસને તે દાગીનો ખરીદવાને લલચાવ્યો ત્યાં એવુ ઠરાવવામા આવ્યુ હતું કે તે ઠગાઇનો ગુન્હો હતો તેજ પ્રમાણે જ્યા એક માણસે એવુ ખોટુ જણાવ્યુ કે ચાના પડીકામા સારી ચ્હા હતી જ્યારે ખરેખરી રીતે તે પડીકામાની પૂણા ભાગની ચ્હા પીવાને અયોગ્ય અને તનદુરસ્તીને નુકશાન કર્તા હતી ત્યા પણ એવુ ઠરાવવામા આવ્યુ હતુ કે તે માણસે ઠગાઇ કરી હતી (૨ ક્વી, ડી ૫૫, ૭૦૧)

એક માણસે એક લગનમા વાપરવાને સારૂ અમુક સામાન ભાડે લીધે, થોડાક ભાડાના પૈસા અગાઉથી આપ્યા અને લગન થઇ ગયા પછી ભાડાના બાકીના પૈસા આપવાનું અને તે સામાન પાછો સોપી દેવાનું તે માણસને લખીત વચન આપ્યું પરંતુ તે સારી પેઠે જાણતો હતો કે લગન બગન કાંઇ થવાનુ ન હોતું અને તે સામાન તેને મળે (તેના કબજામા આવે) એટલે તેણે જણાવેલા લેહેણાના સબંધમાં તેણે કરેલા એક દીવાની દાવામા તે સામાન જપ્તીમા લેવાની અરજી કરવાનો તેનો ઇરદો હતો તેમા એવુ ઠરવવામાં આવ્યુ હતું કે તે માણસ ઠગાઇ કરવાનો ગુન્હેગાર હતો. (૩. નો વે,પ્રો,રી, પ ૧૬)

જે વેશ્યા ચાદીના રોગથી હેરાન હોય અને પોતે તદન તનદુરસ્ત છે એવુ જણાવીને કોઈ માણસને પોતાની સાથે સભોગ કરવાને લલચાવે અને તેમ કરીને તે ચાદીનો રોગ તે માણસને ચડાવે તે વેશ્યા ઠગાઇ કરવાની ગુન્હેગાર થાય છે, (૧૧ મુ ૫૯)

૪૧૬ પોતે કોઈ બીજો શખસ હોવાનો ઢોંગ કરીને અથવા જાણીબુજીને એક શખસને ઠેકાણે બીજો શખસ મુકીને અથવા પોતે અથવા કોઇ બીજો શખસ ખરેખર જે હોય તેથી જુદોજ શખસ છે, એવુ બતાવને, અગર કોઈ માણસ ઠગાઇ કરે તો તેણે વેશ લેઇ ઠગાઇ કરી એમ સમજવુ

ખુલાસો—જે શખસનો વેશ લીધો હોય તે શખસ ખરેખર કોઇ હોય અથવા નહી હોય તો પણ એ ગુન્હો થયો એમ સમજવુ

દષ્ટાંત—(અ) હું અ નામનો ફલાણો માલદાર શરાફ છુ એમ કોઇ ઢોંગ કરીને ઠગાઇ કરે તો અ એ વેશ લઇને ઠગાઈ કરી એમ સમજવુ

(બ) હુ બ છુ એમ ઢોંગ કરીને અ ઠગાઇ કરે અને બ જો મરી ગએલો શખસ હોય તો અ એ વેશ લઇને ઠગાઇ કરી એમ સમજવુ

ટીકા—એક યુનીવર્સીટીની પરીક્ષામા અ પોતે બ છે એવુ જુઠુ જણાવ્યું અને બ નામે પરિક્ષાના મંડપમા પેસવાની ટીકીટ મેળવીને બ ના નામથી સવાલ પત્રકો લખ્યા તેમા એવુ ઠરાવવામાં આવ્યુ હતું કે અ એ ખોટો લખ બનાવવાના તથા ઠગાઇ કરવાના ગુન્હા કર્યા હતા.

૪૧૭ જે માણસ ઠગાઇ કરે તેને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનની શીક્ષા કરવામા આવશે.

૪૧૮. કોઇ શખસ ઠગાઇ કરે અને તે એમ જાણતો હોય કે જે પ્રકરણમાં હું ઠગાઇ કરે છું તે

પ્રકરણમાં ફલાણા શખસનો લાભ જાળવવાની કાયદા પ્રમાણે અથવા કાંઇ કાયદાસર કરાર પ્રમાણે માથે ફરજ છે તે શખસને એ ઠગાઇથી ગેરવ્યાજબી હાની મારાથી થાય એવો સંભવ છે તો તે શખસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

૪૧૯. જે માણુસ વેશ લેઇને ઠગાઇ કરે તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા—કેદી એ પોતે પોલીસનો અમલદાર છે એવો ડોળ કરીને કેટલા ગામડીઆઓની પાસેથી પૈસા ઠગી લીધા તેમાં તેને સરકારી નોકરનો જુઠો વેશ ધારણ કરવાનો અને ઠગાઇ કરવાનો ગુન્હેગાર ઠરાવવામા આવ્યો હતો (સ. વી રી પા. ૨૦)

૪૨૦ કોઇ માણુસ ઠગાઈ કરે અને તેથી કરીને બદદાનતથી એમ કરે કે ફરેબ દીધેલો શખસ કાંઇ મીલકત કોઇ શખસને આપે અથવા કાંઇ કીમતી દસ્તાવેજ અથવા સહી કે મોહોર કરેલી કાંઇ વસ્તુ જેનો કીંમતી દસ્તાવેજ બની શકે તે આખી કે થોડી ઘણી બનાવે, ફેરવે, કે તેનો નાશ કરે, તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

દગાનાં ખતો તથા મિલકતની વ્યવસ્થા બાબત.

૪૨૧. જે માણુસ બદદાનતથી કે દગલબાજીથી કાંઇ મીલકત ખસેડે અથવા છુપાવે અથવા પુરેપુરી કીમત લીધા વીના કોઇ શખસને આપે કે તેને નામે કરી આપે કે કરાવી આપે, એવા ઇરાદાથી કે તેમ કરીને પોતાના કે કોઇ બીજા શખસના માગનારાઓમા તે મીલકત કાયદા મુજબ વેચાતી અટકે અથવા તેમ કરવાથી તે વેચાતી અટકશે એવો સંભવ છે, એમ જાણ્યા છતા તો તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

૪૨૨ પોતાનુ અથવા કોઈ બીજા શખસનુ કાંઇ લેણું કે માગણું હોય તે પોતાનું અથવા તે શખસનું કરજ અદા કરવાના કાયદા મુજબ કામે આવતુ, જે માણુસ બદદાનતથી અથવા દગલબાજીથી અટકાવે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૪૨૩. જે ખત કે દસ્તાવેજ, કાંઇ મીલકત અથવા તે માંહેલો કાંઇ હક કોઇ શખસના નામપર કરી આપવાની મતલબનો અથવા કાંઇ મીલકતમાથી કે તે માહેલા કાંઇ હકમાથી કાંઇ રકમ અપાતી થાય એવી મતલબનો હોય, અને જેમા તે નામપર કરી આપવાની અથવા તે રકમ અપાતી થવાની કીમત બાબત કે જે સખસ અથવા સખસોના ઉપયોગ અથવા લાભમા તે ખત અથવા દસ્તાવેજનો અમલ થવાને ખરેખર ઇરાદો કર્યો હોય તે શખસ અથવા શખસો બાબત કાંઇ ખોટો જીકર લખેલો હોય એવા કોઈ ખત કે દસ્તાવેજપર જે માણુસ બદદાનતથી અથવા દગલબાજીથી સહી કરે અથવા એવુ ખત કે દસ્તાવેજ લખી આપે, અથવા લખી આપનાર કે લખાવી લેનાર થાય, તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા—જે કલમમા વર્ણવેલો ગુન્હો બનવાને સારૂ બે તત્વોની જરૂર છે; દગલબાજી ભરેલો ઇરાદો, અને (૨) દસ્તાવેજના અવેજના સબંધમા જુઠી હકીકત અથવા જે માણસના લાભમા તે દસ્તાવેજ કરવામા આવ્યો હોય તે માણસ સબંધી જુઠી હકીકત

આ કલમ પ્રમાણે બીજાના નામથી બદદાનતથી ખત લખાવી લેવુ તે સજાને પાત્ર થશે. આ કલમ પ્રમાણે ફોજદારી કોર્ટમા તહોમત મુકવાને માટે દીવાની દાવો કરવો તે જરૂરની સરત નથી [૨૨. સ. વી રી, પા ૪૬]

૪૨૪ પોતાની અથવા બીજા કોઇ સખશની કાંઇ મીલકત જે માણુસ બદદાનતથી અથવા દગલબાજીથી છુપાવે, કે ખસેડે અથવા તે છુપાવવામા કે ખસેડવામાં જે માણુસ બદદાનતથી અથવા દગલબાજીથી મદદ કરે, અથવા કાંઇ માગણું કે લેહણાપર પોતાનો હક હોય તે જે માણુસ બદદાનતથી કે દગલબાજીથી મુકી દે, તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમમાં એ સંભાળ રાખવી જોઇએ કે દીવાની હકો બદલ ફોજદારી ફરીયાદ થાય નહીં (૮. સ. વી રી પા. ૭૦)

બીગાડું બાબત.

૪૨૫. લોકોને અથવા કોઇ શખસને ગેરવ્યાજબી હાનિ અથવા નુકશાની કરવાના ઇરાદાથી અથવા તેવી હાનિ કે નુકશાની થવાનો સંભવ છે એમ જાણીને જે માણસ કોઇ મીલકતનો નાશ કરે, અથવા કોઇ મીલકતમાં કે તેની સ્થિતિમા એવો કોઈ ફેરફાર કરે કે તેથી તે મિલકતની કીમતનો અથવા ઉપયોગી પણાનો નાશ થાય અથવા તેની કીમત કે ઉપયોગીપણું ઓછુ થાય અથવા તેથી તે ઉપર નુકશાન ભરેલી અસર થાય તો તે માણસે બીગાડો કર્યો એમ સમજવુ.

ખુલાસો ૧લો— જે મીલકતને નુકશાન કર્યું હોય અથવા જેનો નાશ કર્યો હોય તે મીલકતના ધણીને કાંઈ હાની અથવા નુકશાની કરવાનો ઇરાદો તે ગુન્હો કરનારે કરવો જોઇએ, એવુ કાંઈ બીગાડના ગુન્હામાં જરૂર નથી અગર મીલકતને નુકશાન કરીને કોઇ પણ શખસને ગેરવ્યાજબી હાની અથવા નુકશાની કરવાનો તેનો ઇરાદો હોય અથવા તેની હાની કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે એમ તેના જાણવામાં હોય તો બસ છે, પછી તે મીલકત તે શખસની હોય કે નહી તો પણ.

ખુલાસો ૨ જો—પોતાનીજ સાથે અથવા બીજા શખસોના રાશ ખાતાની કાંઈ મીલકત બાબત કાંઈપણ કામ કરીને તે કામ કરનાર તે કામથી બગાડ કરી શકે.

દૃષ્ટાંત—(અ) જ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી જ નો એક કીમતી દસ્તાવેજ અ બુદ્ધિપૂર્વક બાળી નાખે તો અ એ બીગાડ કર્યો એમ સમજવુ.

(બ) જ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી જ ની એક બરફની વખારમા અ પાણી દાખલ કરે અને તેથી કરીને તે બરફ પીગળી જાય તો અ એ બીગાડ કર્યો એમ સમજવુ.

(ક) જ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી જ ની એક વીંટી અ બુદ્ધિપૂર્વક નદીમાં નાંખી દે તો અ એ બીગાડ કર્યો એમ સમજવુ

(ડ) મારી પાસે જ ના આટલા રૂપીઆ નીકળે છે તે અદા થવા સારૂ હુકમનામું બજીને મારી મીલકત જપ્ત થવાની છે એમ અ ના જાણ્યામા હોય અને જ ને રૂપીઆ મળતા અટકાવવાના તથા એમ કરીને જ ને નુકશાની કરવાના ઇરાદાથી અગર ને મીલકત બાળી નાખે તો અ એ બીગાડ કર્યો એમ સમજવુ

[ઇ] અ એ એક વહાણનો વીમો ઉતરાવ્યો છે, હવે વીમાવાળાઓને નુકશાની કરવાના ઇરાદાથી અગર અ તે વહાણને બુદ્ધિપૂર્વક ખરાબાપર ચઢાવી દે તો તેણે બીગાડ કર્યો એમ સમજવુ.

[ફ] જ એ એક વહાણપર જોખમી નાણા ધીર્યાં છે તેને નુકશાની કરવાના ઇરાદાથી અગર અ તે વાહાણને ખરાબા ઉપર ચઢાવી દે તો અ એ બીગાડ કર્યો એમ સમજવુ.

[ગ) એક ઘોડો અ તથા જ એ બનેની રાશ ખાતાની મીલકત છે તે ઘોડાને અ ગોળી મારે, એવા ઇરાદાથી કે તેમ કરીને જ ને ગેરવ્યાજબી હાની કરવી તો અ એ બીગાડ કર્યો એમ સમજવુ

(હ] અ જના ખેતરમાં કેટલાએક ઢોરને મોકલે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી જ ના પાકને નુકશાની થાય તો અ એ બીગાડ કર્યો એમ સમજવુ

ટીકા—બીગાડનો ગુન્હો બનવાને સારૂ કરેલા કૃત્યથી કાંઇ મીલકતનો નાશ થએલો બતાવવો જોઇએ અથવા તે મીલકતમા અથવા તેની સ્થિતિમા એવો ફેરફાર થયેલો બતાવવો જોઇએ કે જેથી તે મીલકતની કીંમતનો અથવા ઉપયોગીપણાનો નાશ થાય, અથવા તેની કીમત કે ઉપયોગી પણું ઓછુ થાય અથવા જેથી તે ઉપર નુકસાની ભરેલી અસર થાય બીજી મીલકતને નુકશાન થવાનુ સંભવિત પરિણામ એકલું બીગાડનો ગુન્હો બનશે નહી (૪ મ, હા, રી, ૫ પા ૧૫ માં)

૪૨૬. જે માણસ બિગાડ કરે તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા કરવામા આવશે

૪૨૭ જે માણસ બીગાડ કરે અને તેથી ૫૦ રૂપીઆની કે તેથી વધારેની હાની અથવા નુકશાની કરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૪૨૮ દશ રૂપીઆની અથવા તેથી વધારે કીંમતના કોઇ જાનવર અથવા જાનવરોને મારી નાખીને

અથવા ઝેહેર દેઇને અથા લગડાં લુલાં કરીને જે માણસ બીગાડ કરે તેને બે વરસના મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદના અથવા દંડના અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૪૨૯ કોઈ હાથી, ઉંટ, ઘોડો, ખચ્ચર, ભેસ અથવા પાડો, ગોધો, ગાય અથવા બળદ એ જાનવરની પછી ગમ તે કીંમત હોય, તોપણ તેને અથવા ૫૦ રૂપૈઆના કે તેથી વધારે કીંમતના કોઇ બીજા જાનવરને મારી નાખીને ઝેર દઇને અથવા લગડુ લુલું કરીને અથવા નકામુ કરીને જે માણસ બીગાડ કરે તેને પાંચ વરસના મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

૪૩૦ ખેતીવાડીના કારણસર અથવા માણુસોના અથવા જે જાનવરો કોઈની મીલકત હોય એવા જાનવરોના ખાવા પીવાના કારણસર અથવા સ્વચ્છતાના કારણસર અથવા કોઇ કારખાનાનુ કામ ચલાવવાના કારણસર પહોંચતું પાણી જેથી ઓછુ થાય અથવા જેથી તે ઓછુ થવાનો સભવ પોતાને માલુમ હોય તેવુ કાઇ કામ કરાને જે માણુસ બીગાડ કરે તે માણુસને પાંચ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

૪૩૧ કોઇ સરીઆમ રસ્તો પુલ નઉકાગમ્ય નદી, અથવા નઉકાગમ્ય નદી કે નહેર, પછી તે કર્ત્રીમ હોય કે જેથી અગમ્ય થાય અથવા મુસાફરી કરવાને કે માલ લઇ જવાને ઓછી સલામતી ભરેલી થાય અથવા જેથી તે તેવી થવાનો સભવ પોતાના જાણુવામા હોય તેવુ કાઇ કામ કરીને જે માણુસ બીગાડ કરે તે માણુસને પાચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બંનેના શીક્ષા કરવામાં આવશે.

૪૩૨ જેથી કોઇ સરીઆમ ગટરમાંથી પાણી રેલાઇ જાય અથવા તો ગટર બધ થઇ જાય અને તેથી નુકશાનની હાની પણ થાય અથવા જેથી તેમ થવાનો સભવ પોતાના જાણ્યામાં હોય એવુ કાંઇ કામ કરીને જે માણુસ બીગાડ કરે તે માણુસને પાંચ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૪૩૩. કાઇ હાડીનો દીવો અથવા બીજી રોશની દરીઆની નીશાની દાખલ કરવામાં આવતી હોય અથવા કાંઇ દરીઆની નીશાની અથવા બોયુ અથવા વાહણુ ચલાવનારાને સુચના દાખલ મુકેલી બીજી કાંઇ વસ્તુ હોય તેનો નાશ કરીને અથવા તેને ખસેડીને અથવા જેથી તે હાડીનો દીવો દરીઆની નીશાની, બોયુ અથવા ઉપર લખેલા પ્રકારની બીજી વસ્તુ વાહાણ ચલાવનારાઓને સુચના દાખલ ઓછી ઉપયાગી થઇ પડે, એવુ કાઇ કામ કરીને જે માણુસ બીગાડ કરે તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમ તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બંને શીક્ષા કરવામાં આવશે

૪૩૪ કોઇ સરકારી નોકરના અખતીઆરથી ઉભી કરેલી કાંઇ જમીનની નીશાનીઓ નાશ કરીને અથવા તેને ખસડીને અથવા જેથી તે જમીનની નીશાની દાખલ ઓછી ઉપયોગી થઇ પડે એવુ કાંઇ કામ કરીને જે માણુસ બીગાડ કરે તે માણુસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

૪૩૫. જા કોઇ માણુસ અગ્નિથી અથવા અવાજ સાથે ફુટે એવા કાઇ પદાર્થથી બીગાડ કરે અને તેથી કાઇ મીલકતનો સો અથવા વધારે રૂપીઆની અથવા (જ્યારે મીલકત ખેતરમા ઉત્પન્ન થએલો માલ હોય ત્યારે) દશ અથવા વધારે રૂપીઆની નુકશાની થાય, એવા સભવ છે એમ તે જાણુતો હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણુ લાયક થશે

૪૩૬ જો કોઇ માણુસ અગ્નિથી અથવા અવાજ સાથે ફુટે એવા કાઇ પદાર્થથી બીગાડ કરે અને તેથી જે ઇમારત ઘણુ કરીને પુજાના ઠેકાણા દાખલ અથવા માણુસના રહેવાના ઠેકાણા દાખલ અથવા માલ ભરવાના ઠેકાણા દાખલ વપરાતી હોય એવી કોઇ ઇમારતનો નાશ કરવો એવો તેનો ઇરાદો અથવા તેથી તેનો નાશ થશે એવો સભવ છે એમ છે જાણુતો હોય તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વર્ષની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દડને પણુ લાયક થશે

૪૩૭ કોઇ તુતકવાળા વાહાણુને અથવા વીસ ટનના કે તેથી વધારે ટાન વાહાણુનો કોઇજોખમ માણુસ બીગાડ કરે, અને તેથી ને વાહાણુનો નાશ કરવાનો અથવા તેને જોખમ ભરેલું કરવાનો વે મા-

ણુસનો ઇરાદો અથવા તેથી વાહાણનો નાશ કરવાનો અથવા તેને જોખમ ભરેલું થશે એવો સંભવ છે. એમ તે જાણતો હોય, તો તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૩૮. ઉપલી કલમમાં જે બગાડનું બ્યાન કર્યું છે એવો બીગાડ જે માણુસ અગ્નિ વડે, કે અવાજ સાથે ફુટે એવા કાંઇ પદાર્થ વડે કરે અથવા કરવાની કોશીશ કરે, તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૩૯ કોઇ વહાણમાં જે કાંઇ માલ હોય તે માલની ચોરી કરવાના ઇરાદાથી અથવા તે માલનો બદદાનતથી ખોટો ઉપયોગ કરવાના ઇરાદાથી અથવા તે માલની ચોરી કે ખોટો ઉપયોગ કરવામાં આવે એવા ઇરાદાથી જે માણુસ જાણી જોઇને તે વાહાણની જમીનપર અથવા કીનારાપર ચડવા દે, તે માણુસને દશ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૪૦. કોઇ શખસનું મોત આણુવાની અથવા કોઇને વ્યથા કરવાની કે ગેરવ્યાજબી અટકાવ કરવાની અથવા મોતની વ્યથાનો કે ગેરવ્યાજબી અટકાવવાનો ભય ઉત્પન્ન કરવાની તૈયારી કરીને જે માણુસ બીગાડ કરે તે માણુસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આ-વશે અને વળી તે દંડને પણ લાયક થશે.

સાપરાધ પ્રવેશ બાબત

૪૪૧ જે શખસના કબજામા કાંઇ મીલકત હોય તે શખસને ધમકી દેવાના, તેનો તીરસ્કાર કરવાના અથવા તેને દુઃખ આપવાના ઇરાદાથી અથવા કાંઇ ગુન્હો કરવાના ઇરાદાથી તે મધ્યે અથવા તે ઉપર જે માણુસ પ્રવેશ કરે, અથવા તે મીલકત મધ્યે કે તે ઉપર કાયદા મુજબ પ્રવેશ કર્યા પછી તેવા કોઇ શખ-સને ધમકી દેવાના, તેનો તીરસ્કાર કરવાના અથવા તેને દુઃખ આપવાના ઇરાદાથી જે માણુસ કદાચ કાયદા વિરૂદ્ધ ત્યાં રહે તે માણુસે સાપરાધ પ્રવેશ કર્યો એમ સમજવુ

ટીકા—પીનલકોડ ઘડનારાઓ આ કલમ ઉપર નીચે મુજબ ટીકા કરે છે,—મીલકત ઉપરની, ગમે તેવી થોડી પણ સત્તા બળાત્કારથી છીનવી લેવાના દરેક કૃત્યને અમે પ્રવેશનુ નામ આપ્યુ છે જે મીલકત ઉપર પ્રવેશ કરવામા આવ્યો હોય તે મીલકતમાં હિત ધરાવતા કોઇપણ ગુન્હો કરવાને સારૂ અથવા આવા માણસને દુઃખ આપવાને સારૂ જ્યારે પ્રવેશ કર-વામા આવ્યો હોય, તે સિવાય પ્રવેશ તરીકે ગુન્હો ગણવાનું અમે ઠરાવતા નથી તે વખતે (એટલે ગુન્હો કરવાને સારૂ અથવા દુઃખ આપવાને સારૂં પ્રવેશ કરવામા આવ્યો હોય ત્યારે) પણ જો તે (પ્રવેશ) ની સાથે વધારે ભારે [ગભીર] હકીકત સામેલ ન હોય તો, તે બદલ હલકી સજા કરવાનો અમે ઠરાવ કરીએ છીએ.

૪૪૨. કાંઇ ઇમારત તંબુ અથવા વાહાણુ જે માણુસને રહેવાનાં ઠેકાણા દાખલ વપરાતું હોય, તેમાં અથવા કાંઇ ઇમારત, પુજાસ્થાન, અથવા માલ રાખવાના ઠેકાણા દાખલ વપરાતુ હોય, તેમા પેસીને અ-થવા તે મધે રહીને જે માણુસ સાપરાધ પ્રવેશ કરે તેણે " ગૃહ પ્રવેશ કર્યો એમ સમજવુ

ખુલાસો—પેસવામાં તે સાપરાધ પ્રવેશ કરનાર શરીરના કાંઇ પણ ભાગનો પ્રવેશ થયો તો ગૃહ-પ્રવેશ થવામાં તેટલો પ્રવેશ બસ છે

ટીકા—જે રેહેઠાણોમાં માણુસો વસે છે, અને જે મકાનોમા માણુસો પોતાનો સામાન રાખે છે તે રહેઠાણો અને મકાનો જેવી બીજી કોઇપણ પ્રકારની મીલકત નથી કે જેનું ગેરકાયદેસર ઘુસવાના (પ્રવે-શની) સામે રક્ષણ કરવું એટલું બધુ જરૂરનુ છે, આ જગાઓ ઉપર પ્રવેશ કરવાના ગુન્હાને અમે ઘર-પ્રવેશનું નામ આપ્યું છે, અને અમે તેને સાપરાધ પ્રવેશનું ગભીર રૂપ ગણીએ છીએ

૪૪૩. ગુપ્ત ઘરપ્રવેશ—કોઇ માણુસ ઘરપ્રવેશ કરે અને આગળથી તેણે તદબીર કરી હોય કે જે ઇમારત તંબુ અથવા વહાણુ તે પ્રવેશનુ સ્થાન હોય તે મધે તે પ્રવેશ કરનારને જતો બંધ કરવાનો અ-થવા તે મધેથી તેને બહાર કાહાડી મુકવાનો જેનો હક હોય એવા કોઇ શખસથી તે ઘરપ્રવેશ છાનો રહે તે માણુસે ગુપ્ત ઘરપ્રવેશ કર્યો એમ સમજવુ.

૪૪૪ સુર્યનો અસ્ત થયા પછી તથા સુર્યનો ઉદય થતા પહેલા જે માણુસ ગુપ્ત ઘરપ્રવેશ કરે "તેણે રાતે ઘરપ્રવેશ કર્યો" એમ સમજવુ,

૪૪૫. કોઇ શખસ ઘરપ્રવેશ કરે, તે જો તે ઘર મધે અથવા તેના કોઇ પણ ભાગ મધે પ્રવેશ નીચે બ્યાન કરેલા છ પ્રકારોમાના કોઇ પણ પ્રકારે અથવા ત્યા કાંઇ ગુન્હો કરવાના કારણસર તે ઘર મધે અથવા તેના કોઇપણ ભાગ મધે ગયા પછી, અથવા તે મધે કાંઇ ગુન્હો કરી રહ્યા પછી, જો તે શખસોને તે ઘર મધેથી અથવા તેમાથી કોઇ પણ ભાગ મધેથી, તે છ પ્રકારોમાના કોઇ પણ પ્રકારે બહાર નીકળે તો તે શખસે ઘર ફોડવાનો ગુન્હો કર્યો એમ સમજવુ, પ્રકારોની વીગત

પહેલો—તે ઘરપ્રવેશ કરવા સારૂ પોતેજ જે રસ્તો કર્યો હોય અથવા તે ઘર પ્રવેશ મધે મદદગારી કરનાર કોઇ માણુસે જે રસ્તો કર્યો હોય એવા કોઇ રસ્તે થઇને અગર તે માંહિ પેસે અગર બહાર નીકળે તો

બીજો—પોતે અથવા તે ગુન્હામા મદદગારી કરનાર કોઈ માણુસ એ શીવાય બીજા કોઇ શખસને કે માણુસને પેસવા માટે કર્યો નહી હોય, એવે કોઇ રસ્તે થઇને જો તે માંહે પેસે અગર બહાર નીકળે અથવા કોઇ ભીત અથવા ઇમારતપર શીડીથી અથવા બીજી રીતે ચડી જઇને જે રસ્તો હાથ લાગે એવા કોઇ રસ્તે અગર તે માંહે પેસે અથવા બહાર નીકળે તો,

ત્રીજો—ઘર પ્રવેશ કરવા માટે તે ઘર મધે રહેનાર માણુસે જે સાધનવડે કોઇ રસ્તો ઉઘાડવાનો ઇરાદો રાખ્યો નહી હોય એવા કોઇ સાધન વડે પોતે અથવા તે ઘર પ્રવેશમા મદદગારી કરનાર કોઇ સખસે જે રસ્તો ઉઘાડ્યો હોય એવે કોઇ રસ્તે થઇને અગર તે માંહિ પેસે અથવા બહાર નીકળે તો.

ચોથો—તે ઘર પ્રવેશ કરવા માટે અથવા કાંઇ ઘર પ્રવેશ કર્યા પછી તે ઘરમાથી બહાર નીકળવા માટે જો તે કાંઇ કળ ઉઘાડીને માંહે જાય અથવા બહાર નીકળે તો.

પાચમો—સાપરાધ બળ વાપરીને અગર હુમલો કરીને અથવા કોઇ સખસને હુમલાનો ડર દેખાડીને જો તે માંહે જાય અથવા બહાર નીકળે તો.

છઠો—જે રસ્તેથી કોઇ એ પ્રમાણે આવે જાય નહિ, એટલા માટે તે બંધ કરેલો છે, એમ તે જાણુતો હોય તથા જે રસ્તાને પોતેજ અથવા તે ઘર પ્રવેશમા મદદગારી કરનાર કોઇ સખશે ઉઘાડેલો છે, એમ તે જાણુતો હોય એવા કોઇ રસ્તે થઇને જો તે માંહિ જાય અથવા બહાર નીકળે તો.

ખુલાસો—કોઇ ઉપગ્રહ અથવા ઇમારત કોઇ ઘરની સાથે ઉપભોગમાં આવતી હોય, ને તે ઉપગ્રહ તથા ઘર એઓની વચ્ચે બીજે કઇ ન જતાં એકમાથી બીજામાં જવાનો રસ્તો હોય તો તે ઉપગ્રહને તે ઘરનો આ કલમના અર્થ પ્રમાણેનો ભાગ સમજવો

દૃષ્ટાંત—(અ) જ ના ઘરની ભીંતમા એક ખાતર પાડીને તે બાકા મધે પોતાનો હાથ ઘાલીને જો અ ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો

(બ) અગર કોઇ વહાણુના બે તુતકોની વચેની એક બારીમાથી ઘુશીને અ ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો

(ક) અગર એક બારીમાંથી જ ના ઘરમા પેસીને અ ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો

(ડ) અગર કોઇ દરવાજો બંધ કરેલો હોય તે ઉઘાડીને જ ના ઘરના દરવાજામાંથી જ ના ઘરમા પેશીને અ ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો,

(ઇ) એક દરવાજા મધે કાણું છે તે કાણા મધે એક તાર ઘાલીને તે દરવાજાની આગળી ઉઘાડી નાંખીને જો તે દરવાજામાંથી જ ના ઘરમા પેસીને અ ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(ફ) જ થી પોતાના ઘરના દરવાજાની કુચી ખોવાઈ ગઇ છે તે જો અ ને જડે અને તે કુચી વડે દરવાજો ઉઘાડીને જ ના ઘરમાં પેસીને અ ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

[ગ] જ પોતાના દરવાજામા ઉભો છે તેને નીચે પાડી નાખીને જબરાઇથી અ રસ્તો કરે અને ઘરમા પેસીને ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(હ) જ ય નો દરવાન છે તે ય ના દરવાજામાં ઉભો છે તેને મારવાનો ડર દેખાડીને સામો થતો અટકાવી જો અ તે ઘરમા પેસીને ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

ટીકા-ભીંત ઉપર નીસરણી મુકીને ચડી જઇ રાત્રે ઘરમાં પ્રવેશ કરવો તે આ કલમ પ્રમાણે રાત્રે ઘર ફોડવાનો ગુન્હો બને છે [૨ સ. વી રી પા. ૬૫]

જો કોઇ માણસ ઉઘાડા બારણામાં થઇને એક ઘરમા પેઠા હોય અને પછીથી તે ઘરના અંદરના બીજા ઓરડામા પેસવાના કરણસર તે અંદરનું કોઈ પણ બારણું તોડે અથવા તેનું તાળુ ઉઘાડી નાખે તો તે પણ ઘર ફોડવુ ગણાશે [૨. ઇ, ફ્ર પ્રી ઓફ ધી કો પા. ૪૮૮]

૪૪૬ ઘર ફોડવુ, જે માણસ સુરજનો અસ્ત થયા પછી તથા સુરજનો ઉદય થના પહેલા ઘર ફોડવાનો ગુન્હો કરે તેણે રાતે ઘર ફોડવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

૪૪૭ જે માણસ સાપરાધ પ્રવેશ કરે તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાચસ રૂપીઆ સુધીના દડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

૪૪૮ જે માણસ ઘર પ્રવેશ કરે તેને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

૪૪૯ મોતની શીક્ષા થઈ શકે એવા કોઇ ગુન્હો કરવા સારૂ, જે માણસ ઘર પ્રવેશ કરે તે માણસને જીવતા સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દડને પણ લાયક થશે

૪૫૦ જીવતા સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ જે માણસ ઘર પ્રવેશ કરે તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી ત દડને પણ લાયક થશે

૪૫૧ કેદની શીક્ષા થઈ શકે, એવો કોઇ ગુન્હો કરવા સારૂ જે માણસ ઘર પ્રવેશ કરે, તે માણસને બે વરસના મુદત સુધીની બેમાની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે વરસ પણ લાયક થશે. અને અગર ચોરીનો ગુન્હો કરવાનો ઇરાદો કર્યો હોય તો તે કેદના મુદત સાત દડને સુધીની શીક્ષા થઇ શકે

ટીકા—જ્યારે ઘર પ્રવેશ કરનારાએ કરવા ધારેલો ગુન્હો છીનાળાનો હોય ત્યારે એ સાબીત કરવુ જરૂરનુ છે કે જે સ્ત્રીની સાથે છીનાળુ કરવાના ઇરાદાનુ તોહોમત, તોહોમતદાર ઉપર મુકવામાં આવ્યું હોય, તે સ્ત્રીના ધણીની તરફથી તે કૃત્યની રજામદી અથવા આંખમીચામણી હતી નહી (૧૯ અ, ૭૪)

૪૫૨ કોઇ શખસને બ્યથા કરવાની અથવા કોઇ શખસની ઉપર હુમલો કરવાની અથવા કોઇ શખસને ગેરવ્યાજબી રીતે અટકાવવાની અથવા કોઇ શખસને વ્યથા, હુમલો, અથવા ગેરવ્યાજબી રીતે અટકાવવાનો ભય ઉત્પન્ન કરવાની તૈયારી કરીને જે માણસ ઘર પ્રવેશ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની શીક્ષા કરવામાં આવશે અને વળીતે દડને પણ લાયક થશે.

૪૫૩ જે માણસ ગુપ્ત ઘર પ્રવેશ કરે અથવા ઘર ફોડવાનો ગુન્હો કરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દડને પણ લાયક થશે.

૪૫૪ કેદની શીક્ષા થઇ શકતી હોય એવો કોઈ ગુન્હો કરવા સારૂ જે માણસ ગુન્હો કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે અને જો ચોરીનો ગુન્હો કરવાનો ઇરાદો કર્યો હોય તો તે કેદની મુદત વરસ દશ સુધીની થઇ શકે

૪૫૫ કોઇ શખસને બ્યથા કરવાની અથવા કોઇ શખસને ગેરવ્યાજબી રીતે અટકાવવાની અથવા કોઇ શખસને વ્યથા હુમલો અથવા ગેરવ્યાજબી અટકાવવાનો ભય ઉત્પન્ન કરવાની તૈયારી કરીને જે માણસ ગુપ્ત ઘર પ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરે તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે

૪૫૬ જે માણસ રાત્રે ગુપ્ત ઘર પ્રવેશ કરે અથવા રાત્રે ઘર ફોડવાનો ગુન્હો કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ મુજબના ગુન્હાની તપાસમાં તહોમતદાર એમ બચાવ ખડો કરે કે તેનો ઇરાદો તદન નિર્દોષ હતો તો તેણે પુરવાર કરી આપવુ જોઇએ (ઇ. લો, રી, ૨૯ અ. ૪૬,)

૪૫૭ કેદની શીક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કરવા સારૂ જે માણસ રાતે ગુપ્ત ઘર પ્રવેશ કરે, અથવા રાતે ઘર ફોડવાનો ગુન્હો કરે તે માણસને પાચ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની

શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે. અને જો ચોરીનો ગુન્હો કરવાનો ઈરાદો કર્યો હોય તો તે કેદની મુદત ચૌદ વરસ સુધીની થઇ શકે

ટીકા—એક કેસમા આ કલમ પ્રમાણે છીનાળુ કરવાના ઈરાદાથી તહોમતદારને રાત્રે ઘર ફોડવાના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, પરંતુ ફરીયાદી કે જે ઘરનો માલીક હતો જે સ્ત્રીની સાથે છીનાળુ કરવાનું હતું તે સ્ત્રીનો ધણી નહોતો, અને છીનાળા સીવાય બીજો કોઇપણ ગુન્હો કરવાનો તહોમતદારનો ઈરાદો નહોતો હાઇ-કોર્ટે એવું ઠરાવ્યુ હતું કે છીનાળા બદલ ફરીયાદ કરવામાં તે સ્ત્રીના ધણીએ કસુર કરવાથી આ કલમ પ્રમાણેની ફોજદારી જવાબદારીમાથી કદી છુટતો નહોતો (મું. હા કો, રૂ. સ, ૧૮૯૪ ૧૧ મુ,)

૪૫૮ કોઇ શખસને વ્યથા કરવાની અથવા કોઇ શખસની ઉપર હુમલો કરવાની અથવા કોઇ શખસને ગેરવ્યાજબી રીતે અટકાવવાની અથવા કોઈ શખસને વ્યથા હુમલો, અથવા ગેરવ્યાજબી અટકાવનો ભય ઉત્પન્ન કરવાની તૈયારી કરીને માણસ રાત્રે ગુપ્ત ઘર પ્રવેશ કરે, અથવા રાત ઘર ફોડવાનો ગુન્હો કરે તે માણસને ચૌદ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૫૯ કોઇ માણસ ગુપ્ત ઘરપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરતો હોય તેવામા જો તે કોઇ શખસને મહાવ્યથા કરે અથવા કોઇ શખસનું મોત આણવાની કે કોઇને મહાવ્યથા કરવાની કોશીશ કરે, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૬૦. અગર રાત્રે ગુપ્ત પ્રવેશ કરતી વખતે અથવા રાત્રે ઘર ફોડવાનો ગુન્હો કરતી વખતે તે ગુન્હાનો તકસીરવાર કોઇ શખસ બુદ્ધિપૂર્વક કોઇનુ મોત આણે અથવા કોઇને મહાવ્યથા કરવાની કોશીશ કરે, તો જે શખસ રાતે તે ગુપ્ત ઘરપ્રવેશ કરવામાં અથવા રાતે ઘર ફોડવાનો ગુન્હો કરવામા જોડે સામેલ હોય, તે હરેક શખસને જીવતા સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

૪૬૧. જે નીધાન મધ્યે કાંઇ મીલકત રહેલી હોય અથવા જે મધ્યે કાંઇ મીલકત રહેલી છે એમ પોતે માનતો હોય એવા કોઇ બંધ કરેલા નીધાનને જે માણસ બદદાનતથી અથવા બગાડ કરવાના ઇરાદાથી ફોડીને ઉઘાડે અથવા તેનો બંધ છોડે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની કે એ બન્નેની શીક્ષા કરવામા આવશે

૪૬૨ જે નીધાન મધ્યે કંઈ મીલકત રહેલી હોય અથવા જે મધ્યે કાંઇ મીલકત રહેલી છે એમ પોતે માનતો હોય એવું બંધ કરેલુ કાંઇ નીધાન કોઇ માણસને સોપ્યું હોય, અને તે માણસને તે ઉઘાડવાનો અખતીઆર નહીં છતા અગર તે માણસ બદદાનતથી અથવા બીગાડ કરવાના ઇરાદાથી તે નીધાનને ફોડીને ઉઘાડે અથવા તેના બંધ છોડે તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બન્નેની શીક્ષા કરવામા આવશે.

બાબ ૧૮ મો.

લેખ સંબંધી તથા વેપારના અથવા મીલકતની નીશાનીઓ સંબંધી ગુન્હાઓ બાબત.

૪૬૩ જે કોઇ માણસ કાંઇ લેખ અથવા લેખનો કાંઇ ભાગ ખોટો બનાવે. એવા ઇરાદાથી કે લોકને અથવા કોઇ શખસને કાંઇ હાની કે નુકશાન કરવુ અથવા કાંઇ દાવાને કે હકને મજબુતી આપવી અથવા કોઇ શખસ પાસે કાંઇ મીલકત છોડાવવી અથવા તેની પાસે કાંઇ માફ કે અથવા સમજાય એવો લેખ કરાવવો અથવા એવા ઇરાદાથી કે દગો કરવો અથવા દગો કરવામા આવે તો તે માણસે ખોટા લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

૪૬૪ જે માણસ નીચે લખ્યા પ્રમાણે કરે તેણે ખોટા લેખ બનાવ્યો એમ સમજવું

પહેલુ—જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી કાંઇ લેખ અથવા લેખનો ભાગ બનાવે, તે ઉપર સહી કરે, મહોર કરે અથવા તે લખી આપે અથવા કોઈ લેખ લખી આપ્યો છે, એવુ બતાવવાની

કાંઇ નીશાની કરે એવા ઇરાદાથી કે જે શખસે અથવા જેના અખ્તીઆરથી તે લેખ અથવા તેનો તે ભાગ બન્યો નથી અથવા તેપર સહી કે મહોર થઇ નથી અથવા તે લખી આપ્યો નથી એવું તે માણસ પોતે જાણતો હોય તે શખસે અથવા તેના અખ્તીઆરથી તે લેખ અથવા તેનો તે ભાગ બન્યો છે અથવા તેપર સહી કે મહોર થઇ છે, અથવા તે લખી આપ્યો છે. આવો વિશ્વાસ ઉત્પન્ન કરવો અથવા જે વખતે તે બન્યો નથી તેપર સહી કે મહોર થઇ નથી અથવા તે લખી આપ્યો નથી એવું તે માણસ પોતે જાણતો હોય તે શખસે અથવા તેના અખ્તીઆરથી તે લેખ અથવા તેનો તે ભાગ બન્યો છે. અથવા તેપર સહી કે મહોર થઇ છે અથવા તે લખી આપ્યો નથી એવું તે માણસ જાણતો હોય તે એવે વખતે તે બન્યો છે. તેપર સહી કે મહોર થઇ છે અથવા તે લખી આપ્યો છે એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો, અથવા.

બીજું—જે માણસ કાંઇ લેખ પોતે પુ૦ કે બીજા કોઇ શખસે કર્યા અથવા લખી આપ્યા પછી ચોરીને અથવા બીજી રીતે કંઇ જરૂરના ભાગમા તે લેખને કાયદેસર અખ્તીઆર શીવાય બદદાનતથી અથવા દગલબાજીથી ફેરવે, પછી ફેરવતી વખતે તે બીજો શખસ હયાત હોય કે મરી ગયો હોય તો પણ.

ત્રીજું—જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી કોઇ શખસ પાસે કાંઇ લેખ ઉપર સહી કે મહોર કરાવે અથવા કાંઇ લેખ તે શખસ લખી આપે એમ કરે અથવા તેની પાસે કાંઇ લેખને ફેરવાવે એવુ જાણ્યા છતા કે તે લેખમા શુ લખ્યુ છે અથવા હું શો ફેરફાર કરૂં છું એ વાત તે શખસ દીવાનગીથી અથવા કેફના સબબથી જાણવાને શક્તિમાન નથી અથવા તેને ફરેબ દીધો છે તે સબબથી તે વાત તે શખસ જાણતો નથી

દૃષ્ટાંત—(અ) અ ની પાસે જ નો લખેલો બ ની ઉપરનો ૧૦૦૦૦ રૂપીઆનો એક ભલામણનો કાગળ છે હવે બ ને દગો દેવા સારૂ જો અ તે ૧૦૦૦૦ પર ૧ મીડુ વધારીને તે રકમને ૧૦૦૦૦૦ કરે એવા ઇરાદાથી કે તે કાગળ જ એ તેટલી રકમનો લખ્યો છે એમ બ માને તો એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો અ એ કર્યો એમ સમજવુ.

(બ) કાંઇ સ્થાવર મીલકત જ એ અ ને લખી આપી હોય એવી મતલબના એક ખત પર જ ના અખ્તીઆર સીવાય અ જ ની મહોર કરે એવા ઇરાદાથી કે તે મીલકત બ ને વેચીને તેની કીમતના રૂપીઆ બ પાસથી લેવા તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ.

(ક) એક ચેકમા બ ની સહી છે અને તે ચેક જે લઇ આવે તેને તે નાણાં મળે એવી તરેહનો છે, પણ તે મધ્યે દશ હજાર રૂપીઆની રકમ ભરે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ.

(ડ) અ એ પોતાના માણસ બ ને એક સરાફ ઉપર ચેક લખીને તેપર સહી કરીને આપે પણ તેમા આપવાની કાંઈ રકમ લખે નહિ અને બ ને એવો અખ્તીઆર આપે કે ફલાણા ફલાણા લોકોના રૂપીઆ આપવા છે માટે દશ હજાર રૂપીઆ સુધીની રકમ તુ ચેકમાં ભરજે, પછી બ દગલબાજીથી તે ચેકમાં વીશ હજાર રૂપીઆની રકમ ભરે તો બ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ઇ) બ ના અખ્તીઆર સીવાય અ, બ ના નામથી પોતાની ઉપર એક હુંડી લખે એવા ઇરાદાથી કે તે હુંડીને ખરી હુંડી દાખલ કોઇ સરાફને ત્યાં વટાવવી તથા તે હુંડી પાકેથી તે સરાફ પાસેથી તે લઇને તેના નાણા અપાવવા તો તો એ ઠેકાણુ બ ની જામીની છે, એવો પોતાના મનમા વિચાર ઉત્પન્ન થઇને તે સરાફ તે હુંડીનાં નાણા આપે એ રીતે તેને છેતરવા સારુ અ એ તે હુંડી લખી માટે અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

(ફ) જ ના વીલમા આ શબ્દો લખેલા છે, હુ ફરમાવુ છું કે મારી સઘળી બાકી રહેલી મીલકત અ બ અને ક એઓની વચ્ચે સરખે હીસ્સે વહેંચવી, અ બદદાનતથી વીલ મધેથી બ નું નામ છેકી નાખે એવા ઇરાદાથી કે તેથી એમ માનવામા આવે કે સઘળી મીલકત અ તથા ક ને માટે જ લખી ગયા છે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

(ગ) જ ને અથવા તે ફરમાવે તેને આપજો એ પ્રમાણે એક સરકારી પ્રોમીસરી નોટની પાછળ શેરો કરીને તે શેરાપર સહી કરીને તેના નાણા જ ને અથવા જ ફરમાવે તેને મળે એવું અ કરે, પછી જ ને અથવા તે ફરમાવે તેને આપજો એ શબ્દો બ બદદાનતથી છેકી નાખે અને એ પ્રમાણે તે ખાસ શેરાનો ખાલી શેરો કરે તો બ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

(હ) અ એક સ્થાવર મીલકત જ ને વેચીને તેનુ ખત કરી આપે પછી જ ને દગો દઇને તેની પાસેથી તે મીલકત જાય એવું કરવા સારૂ તેજ મીલકતનુ અ એક ખત બ ને લખી આપે અને તે ખત ઉપર જ ને કરી આપેલા ખતના તારીખથી છ મહીનાની પહેલાની તારીખ લેખે એવા ઇરાદાથી કે તે મીલકતનુ ખત જ ને કરી આપ્યા પહેલા તેણે તે મીલકતનુ ખત બ ને કરી આપ્યું છે એમ માનવામાં આવે તો અ એ ખોટા લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

(ઇ) જ બોલે બોલ બોલીને પોતાનું વીલ અ પાસે લખાવે તેમાં વરીઆત આપવાને જેનુ નામ લખવાનું જ એ કહ્યુ હોય તેનુ નામ નહિ લખના અ ઇરાદાથી એક બીજા શખસનુ નામ લખે અને તમારા કહ્યા મુજબ આ વીલ લખ્યુ છે એમ અ જ ને સમજાવીને તે વીલપર જ ની સહી કરાવે તો અ એ ખોટા લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

(જ) અ એક પાસે કાગળ લખીને બ ના અખતીઆર સિવાય તેપર બ ના નામની સહી કરે અને તેમા એમ લખે કે અ સારી આબરૂનો માણસ છે અને નહિ ધારેલી કમનશીબીથી માઠી હાલતમા આવી પડેલો છે અને તેનો ઇરાદો એવો હોય કે તે તે કાગળ બતાવીને જ પાસે તથા બીજા શખસો પાસે ભીખ મેળવવી તો એ ઠેકાણે જ ને પોતાની મીલકત છોડાવવાને લલચાવવાને સારૂ અ એ લેખ ખોટો બનાવ્યો, માટે અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

(ટ) બ ના અખ્તીઆર સિવાય અ એક કાગળ લખીને તેપર બ ના નામની સહી કરે અને તે કાગળ મધે એમ લખે કે અ ની આબરૂ સારી છે અને તેનો ઇરાદો એવો હોય કે તે કાગળ બતાવીને જ ના હાથ તળે કાંઇ નોકરી મેળવવી તો અ એ ખોટા લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ, કેમકે તે બનાવટના સરટીફીકેટથી જ ને છેતરીને જ ની પાસે નોકરી બાબતનો કાંઇ સાફ કે અર્થાત્ સમજાય તેવા કરાર કરવાનો અ નો ઇરાદો છે

ખુલાસો ૧ લો—કોઇ માણસ પોતાના નામની સહી કરે તો તે પણ ખોટા લેખ બનાવવાનો ગુન્હો થઇ શકે છે

દૃષ્ટાંત—(અ) એક હુંડીપર અ પોતાના નામની સહી કરે એવા ઇરાદાથી કે તે જ નામના એક બીજા શખસે તે હુંડી લખી છે, એમ માનવામા આવે તો અ એ ખોટા લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

(બ) એક કાગળના કકડાપર 'સરકાર' એટલો શબ્દ લખીને તે પર અ ક ના નામની સહી કરે એટલા સારૂ કે પછી તે કાગળપર ક ઉપરની એક હુંડી બ લખે અને તે હુંડી જાણે ક એ શીકારી હોય એ રીતે બજારમાં ચલાવે તો એ અ એ ખોટા લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ અને અગર તે હકીકત જાણીને અ ના ઇરાદા મુજબ બ તે કાગળ ઉપર હુંડી લખે તો બ એ પણ ખોટા લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ.

(ક) અ ના નામનોજ કોઇ બીજો શખસ ફરમાવે તે ધણીને નાણા આપવા એવી એક હુંડી અ ને જડે અને તેની પાછળ અ પોતાનાજ નામનો શેરો કરે એવા ઇરાદાથી કે એ શખસ ફરમાવે તે ધણીની નાણા આપવાની એ હુંડી છે તેજ શખસે એ શેરો કર્યો છે એમ માનવામા આવે તો એ ઠેકાણે અ એ ખોટા લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

(ડ) બ ના ઉપર એક હુકમનામુ થયેલુ બ જ તેમા એક સ્થાવર મીલકત વેચાય તે અ ખરીદ કરે હવે તે મીલકત જપ્ત થયા પછી બ ઝ ની સાથે મળી જઇને કાંઇ જુજ ભાડે આપે તે મીલકતની લાંબી મુદતનુ એક ભાડાનામુ ઝ ને લખી આપે અને તે ભાડાનામામા તે જપ્તીની તારીખથી છ માહના આગળની તારીખ ભરે એવા ઇરાદાથી કે અ ને દગો કરવો તથા જપ્તી થવા પહેલા તે ભાડાનામુ લખી આપ્યું છે એમ માનવામા આવે તો અગર બ એ તે ભાડાનામાપર પોતાના નામની સહી કરી છે, તોપણ તેણે આગળની તારીખ લખી તેથી તેણે ખોટા લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ

(ઢ) દેવાળુ કહાડવાનો આગળથી વીચાર કરીને અ વેપારી પોતાના ફાયદાને સારૂ તથા પોતાના માગનારાઓને દગો દેવાના ઇરાદાથી કાંઇ મીલકત બ ની પાસે રાખે અને તે કામ બહારથી વાજબી જણાય એટલા માટે તે બ ને એક ચીઠી લખી આપે કે તમારી પાસેથી અવેજ લીધો છે તે બાબતની મારે તમને આટલી રકમ દેવી અને તે ચીઠીપર આગળની તારીખ નાખે, એવા ઇરાદાથી કે અ દેવાળુ

કહાડવાની તૈયારીમાં હતો ત્યાર પહેલા એ ચીઠી તેણે લખી છે એમ માનવામા આવે તો અ એ ઉપર લખેલા લક્ષણના પહેલા પ્રકાર પ્રમાણે ખોટા લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવુ.

ખુલાસો ૨ જો—કોઇ માણસ કોઇ ખોટા શખસના નામથી કાંઇ ખોટો લેખ કરે એવા ઇરાદાથી કે તે લેખ કોઇ ખરા શખસ કરેલા છે એવું માનવામાં આવે અથવા કોઇ મુએલા શખસના નામથી કરે એવા ઇરાદાથી કે તે શખસે પોતાના હયાતીમા તે લેખ કર્યો છે એવુ માનવામા આવે તો તે પણ ખોટો લેખ બનાવવાનો ગુન્હો થઇ શકે,

દ્રષ્ટાંત—(અ) એક ખોટા શખસની ઉપર એક હુંડી લખે અને તે ચલાવવાના ઇરાદાથી તે ખોટા શખસના નામે તે હુડી દગલબાજીથી શીકારે તો અ એ ખોટા લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું

૪૬૫ જે માણસ ખોટા લેખ બનાવવાનો ગુન્હો કરે તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૪૬૬ કોઇ ઇનસાફની કોર્ટનુ દફતર અથવા તે કોર્ટ મધે ચાલેલા કામનો કાગળ હોય એવી મતલબનો કોઇ લેખ અથવા બાપ્તીઝમ લગન કે ગાડવા બાબતનો કઇ રજીસ્ટરો અથવા કોઇ સરકારી નોકર પોતાના સરકારી હોદ્દાના જોરથી રાખતો હોય એવો કાઇ રજીસ્ટર અથવા કોઇ સરકારી નોકરે પોતાના સરકારી હોદ્દાના જોરથી કરેલા હોય એવી મતલબનો કાંઇ દાખલા કે લેખ અથવા કાંઇ ફરીઆદી કે જવાબ કરવાનો અથવા તેમાં કાઇ પણ કામ ચલાવવાનો અથવા કબુલતથી હુકમનામુ થવા દેવાનો જેમાં અખ્તીઆર આપ્યો હોય એવો લેખ અથવા વકીલાતનામુ અથવા મુખ્તીઆરનામુ જે માણસ ખોટુ બનાવે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૬૭ જે લેખ કાંઇ કીંમતી દસ્તાવેજની મતલબનો અથવા કાંઇ વીલની મતલબનો અથવા દત્તક લેવાના અખતીઆરનામાની મતલબનો હોય અથવા જે લેખ કોઇ શખસને કાંઇ કીમતી દસ્તાવેજ કરવાનો અથવા મુદલ રૂપીઆ વ્યાજ કે નફાનુ વેચાણુ લેવાનો અખ્તીઆર આપવાની મતલબનો હોય અથવા કાંઇ નાણુ, જગમ મીનકત અથવા કીંમતી દસ્તાવેજ લેવાનો કે આપવાનો અખ્તીઆર આપવાની મતલબનો હોય અથવા જે લેખ કાઇ ફારગતી અથવા નાણા ભર્યાની પહોચની મતલબનો અથવા કાઇ ફારગતી કે કાંઇ જગમ મીનકત અથવા કાંઇ કીમતી દસ્તાવેજ આપ્યાના પહોચના મતલબનો હોય એવા કાંઇ લેખ જે માણસ ખોટા બનાવે તેને જીવતા સુધી સમુદ્રપારના અથવા દશ વર્ષની મુદત સુધીની બેમાના ગમ તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—કલેક્ટરની ઓફીસમાથી નીકળેલા ચલનમા દગા ભરેલી રીતે ફેરફાર કરવો તે આ કલમમાં જણાવેલુ લેખ ખોટા બનાવવુ થાય છે, (સ, વી. રી સ. ૧૮૬૪ પા. ૨૨)

૪૬૮ જો કોઈ માણસ ખોટા લેખ બનાવે એવા ઇરાદાથી કે તે બનાવટનો લેખ ઠગાઇ કરવાના કારણસર વપરાય તો તે માણસને સાત વરસની મુદત સુધીના બેમાની ગમે તે પ્રકારના કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તેદંડને પણ લાયક થશે.

૪૬૯ જો કોઇ માણસ ખોટા લેખ બનાવે, એવા ઇરાદાથી કે તે બનાવટનો લેખ કોઇ ધણીની આબરૂને હાની કરે અથવા તે લેખ તેવા કારણસર વાપરવામા આવશે એવો સભવ છે એમ જાણ્યા છતા તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારના કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૪૭૦ જે ખોટો લેખ સઘળો કે થોડો ઘણો ખોટો લેખ બનાવવાના ગુન્હાથી બન્યો હોય તેનું નામ બનાવટનો લેખ પાડયુ છે.

૪૭૧ જે લેખ છે એમ પોતે જાણતો હોય અથવા એમ માનવાનું પોતાને કારણ હોય એવો કાંઇ લેખ જે માણસ દગલબાજીથી અથવા બદદાનતથી ખરા દાખલ વાપરે તે માણસને જાણે તેણે તે લેખ ખોટો બનાવ્યોજ હોય એવી રીતે શીક્ષા કરવામા આવશે.

૪૭૨ જો કોઇ માણસ કાઇ મોહોર અથવા પતરૂ અથવા છાપ પાડવાનુ કાંઇ બીજું હથીઆર બનાવે અથવા ખોટુ બનાવે એવા ઇરાદાથી કે તે ૪૬૭ મી કલમ મુજબ શીક્ષા થઇ શકે, એવો કોઇ ખોટા લેખ બનાવવાનો ગુન્હો કરવાના કારણસર વાપરવામાં આવે અથવા તે મોહોર પતરૂ અથવા બીજુ હથીઆર ખોટું બનાવેલું છે, એમ જાણીને ઉપલા ઇરાદાથી અગર કોઇ માણસ તે મહોર પતરૂ

કે બીજુ હથીઆર પોતાના કબજામા રાખે તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

૪૭૩. જો કોઇ માણસ કોઇ મહોર પતરૂ અથવા છાપ પાડવાનુ કાંઇ બીજુ હથીઆર બનાવે અથવા ખોટુ બનાવે એવા ઇરાદાથી કે તે આ બાબ માંહેલી ૪૬૭ મી શીરાયની કોઈ પણ કલમ મુજબ શીક્ષા થઇ શકે એવો કોઇ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના કારણસર વાપરવામા આવે' અથવા તે મહોર પતરૂં અથવા બીજુ હથીઆર ખોટુ બનાવેલું છે એમ જાણીને ઉપલા ઇરાદાથી અગર કોઈ માણસ તે મોહોર તરફ અથવા બીજુ હથીઆર પોતાના કબજામાં રાખે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૭૪ જો કોઇ માણસના કબજામા કાંઇ લેખ હોય અને તે લેખ ખોટો બનાવેલો છે એમ તે જાણતો હોય તો તથા તે લેખ ખરા દાખલ દગલબાજીથી અથવા બદદાનતથી વાપરવામા લેવો એવો તે માણસનો ઇરાદો હોય તો અગર તે લેખ ૪૬૬ મી કલમમાં લખેલા પ્રકારનો હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અગર તે લેખ ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારનો હોય તો તે માણસને જીવતા સુધી સમુદ્ર પારની અથવા સાત વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૪૭૫. ૪૬૭ મી કલમમા લખેલા પ્રકારના લેખનું ખરાપણું દેખાડવાના કારણસર વપરાતી હોય એવી કાંઇ મુદ્રા કે નીશાની કોઇ માણસે કાંઇ પદાર્થ ઉપર અથવા કાંઇ પદાર્થ મધે ખોટી બનાવે એવા ઇરાદાથી કે તે પદાર્થ ઉપર તે વખતે કાંઇ લેખ ખોટો બનાવેલો હોય અથવા ત્યાર પછી ખોટો બનાવવાનો હોય તે લેખ ખરાપણાનો આભાસ આપવાના કારણસર તે મુદ્રા અથવા નીશાની વાપરવામાં આવે અથવા જે પદારથ ઉપર અથવા જે પદારથ મધે એવી કોઇ મુદ્રા અથવા નીશાની ખોટી બનાવવામાં આવી હોય તેવો કાંઇ પદાર્થ ઉપર લખેલા ઇરાદાથી અથવા કોઇ માણસ પોતાના કબજામા રાખે તો તે માણસને જીવતાં સુધીની સમુદ્ર પારની અથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૭૬ ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના કોઇ લેખનુ ખરાપણુ દેખાડવાના કારણસર વપરાતી હોય એવી કાંઇ મુદ્રા કે નીશાની કોઇ માણસ કાંઇ પદાર્થ ઉપર અથવા કાંઇ પદાર્થ મધે બનાવે એવા ઇરાદાથી કે તે ઉપર તે વખતે કાંઇ લેખ ખોટો બનાવેલો હોય અથવા ત્યાર પછી ખોટો બનાવવો હોય તે લેખને ખરાપણાનો આભાસ આપવાના કારણસર તે મુદ્રા અથવા નીશાની વાપરવામાં આવે અથવા જે પદાર્થ ઉપર અથવા જે પદાર્થ મધે એવી કાંઇ મુદ્રા અથવા નીશાની ખોટી બનાવવામાં આવી હોય તેવો કાંઇ પદાર્થ ઉપર લખેલા ઇરાદાથી કોઇ માણસ પોતાના કબજામા રાખે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૭૭ કાંઇ લેખ વીલ હોય કે વીલની મતલબનો હોય અથવા લેવાનું અખતીઆરનામુ હોય કે તેવી મતલબનો હોય અથવા કાંઇ કીમતી દસ્તાવેજ હોય કે તેવી મતલબનો હોય તેવા કોઇ લખને અગર કોઇ માણસ દગલબાજીથી કે બદદાનતથી અથવા લોકને કે કોઇ શખસને હાની અથવા નુકશાન કરવાના ઇરાદાથી છેકી નાંખે તેનો નાશ કરે અથવા છેકી નાંખવાની, નાશ કરવાની, કે ચોરી નાંખવાની કોસીશ કરે અથવા છુપાવે. કે છુપાવવાની કોશીશ કરે અથવા તે લેખ સબધી બીગાડ કરે તો તે માણસને જીવતા સુધી સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૭૭ અ જે કોઇ પણ માણસ કારકુન અમલદાર અથવા નોકર હોય, અથવા જેને કારકુન અમલદાર અથવા નોકર તરીકે કામે રાખ્યો હોય અથવા જે રીતે કામ કરતો હોય તે માણસ, તેને કામે લગાડનાર શખસની અથવા તેવા શખસના કબજામાની અથવા તે શખસની તરફથી અથવા તેની પોતાની પાસે આવેલી કોઇ પણ બુક, કાગળ, લેખ, કિમતી દસ્તાવેજ અથવા હિસાબનો બુદ્ધિપૂર્વક તથા દગો

કરવાના ઇરાદાથી નાશ કરશે, તેમાં ફેરફાર કરશે, તે છીનત્રિછીન કરશે, અથવા તે ખોટો કરશે, અથવા બુદ્ધિપુર્વક તથા દગો કરવાના ઇરાદાથી એવી કોઇ પણ બુકમાં, કાગળમા, લેખમા કિમતી દસ્તાવેજમા, અથવા હિસાબમાં કાંઇ પણ ખોટી નોંધ કરશે અથવા કરવામાં મદદગારી કરશે અથવા એવી કોઇપણ બુકમાં, કાગળમાં કિમતી દસ્તાવેજમા અથવા હિસાબમાં કોઇપણ મુદ્દાની નકી, તેની બાબત લખશે અથવા તેમાની કોઇપણ મુદ્દાની બાબતમાં ફેરફાર કરશે, અથવા તે નહી લખવામાં અથવા તેમાં ફેરફાર કરવામા મદદગારી કરશે તે માણુસને સાત વરસની મુદ્દત સુધીની ગમે તે પ્રકારની કેદની, દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો—આ કલમ મુજબના કોઇપણ તહોમતનામામાં કોઇપણ મુકરર માણુસને દગો દેવાનો ઇરાદો હોય તે માણુસનું નામ ન લખતાં અથવા નાણાંની કોઇપણ મુકરર રકમના સબધમા તે દગો કરવાનો ઇરાદો હોય તે રકમ ન લખતાં અથવા સદરહુ ગુન્હો કોઇ પણ અમુક દીવસે કર્યો હોય તે દીવસ ન લખતાં દગો કરવાનો સાધારણુ ઇરાદો જણાવવો બસ છે

વેપારની મીલકતની તથા બીજી નીશાનીઓ બાબત

૪૭૮. આ માલ ફલાણા કારીગરે બનાવેલો છે, અથવા ફલાણા કારીગરના વેપારની જણસ છે એ બતાવવાને માટે જે નીશાની વાપરવામાં આવે તેનું નામ 'વેપારની નીશાની" પાડયુ છે. આ કાયદાના કારણુસાર "વેપારની નીશાની" આ શબ્દોમાં સને ૧૮૮૩ ના પેટન્ટ ડીઝાઇન અને ટ્રેડમાર્કસના આકટ મુજબ રાખેલા રજીસ્ટરમા જે કોઇપણ વેપારની નીશાનો નોંધી હોય તે નીશાનીનો તથા સને ૧૮૮૩ ના પેટન્ટ ડીઝાઇન અને ટ્રેડમારકસ આકટની કલમ ૧૦૩ માંના ઠરાવ કોંસીલમા કરેલા હુકમની રૂયે વિદ્યમાન કાળે જે કોઇપણુ બ્રિટીશ મુલકને અથવા પારકા રાજ્યને લાગુ હોય તે મુલકમા અથવા રાજ્યમા નોંધેલી અગર વગર નોંધેલી વેપારની જે નીશાનીનું કાયદાથી રક્ષણુ થતું હોય તે નીશાનીનો સમાસ થાય છે

ટીકા—એક નીશાની ટ્રેડમાર્ક (વેપારની–નીશાની)થવાનો સાર, અમુક માલ અમુક માણુસની બનાવટનો છે અથવા અમુક માણુસનો પોતાનો માલ છે એવુ બનાવવાને વાસ્તે વાપરેલી નીશાની (માર્ક) હોવી જોઇએ.

૪૭૯. આ જગમ મીલકત ફલાણા શખસની છે, એ બતાવવાને માટે જે નીશાની વાપરવામા આવે તેનુ નામ "મીલકતની નીશાની" પાડયુ છે

૪૮૦ જે કોઇ માણુસ કાંઇ માલ ઉપર અથવા માલ ભરેલી કાંઇ પેટી કે ઘર ઉપર ગાસડી ઉપર, કે બીજા કોઈ બારદાન કાંઈ નીશાની કરે તે અથવા જે પર કાંઈ નીશાની હોય એવી પેટી કે ઘર ગાસડી કે બીજુ બારદાન વાપરે, તે એવી રીતે કે સદરહુ પ્રમાણે નીશાની કરેલો માલ અથવા સદરહુ પ્રમાણે નીશાની કરેલા એવા કોઇપણુ બારદાનમા ભરેલો કાંઇ માલ જે કારીગરે બનાવ્યો ન હોય તેણે બનાવ્યો છે એવો અથવા જે કારીગરના વેપારની જણસ ન હોય તે તેની જણસ છે એવો વ્યાજબી રીતે વિશ્વાસ ઉત્પન્ન થાય તો તે માણુસે વેપારની ખોટી નીશાની વાપરી એમ સમજવુ

૪૮૧. જો કોઈ માણુસ કાંઇ જગમ મીલકત કે માલ ઉપર, અથવા જગમ મીલકત કે માલ ભરેલી કાંઇ પેટી કે ઘર ઉપર ગાંસડી ઉપર અથવા બીજુ કાંઇ બારદાન ઉપર કાંઇ નીશાની કરે તે અથવા જે પર કાંઈ નીશાની હોય એવી કાંઇ પેટી કે ઘર, ગાસડી કે બીજુ બારદાન વાપરે તે એવી રીતે કે સદરહુ પ્રમાણે નીશાની કરેલી મીલકત અથવા માલ, અથવા સદરહુ પ્રમાણે નીશાની કરેલા એવા કોઇપણુ બારદાનમા રાખેલી કાંઇ મીલકત કે માલ જે શખસનો ન હોય તે શખસનો છે, એવો વ્યાજબી રીતે વિશ્વાસ ઉત્પન્ન થાય તો તે માણુસે મીલકતની ખોટી નીશાની વાપરી એમ સમજવુ

૪૮૨. જે માણુસ વેપારની કંઇ ખોટી નીશાની અથવા મીલકતની કાંઇ ખોટી નીશાની વાપરે તે માણુસને એક વરસની મુદ્દત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની શીક્ષા કરવામા આવશે પરંતુ તે માણુસે દગલબાજી કરવાના ઇરાદાથી તેમ કર્યું નથી, એવુ તે સાબીત કરશે તો તે સદરહુ શીક્ષાને પાત્ર થશે નહી.

૪૮૩ જે માણુસ બીજો કોઇ પણ શખસ વાપરતો હોય એવી કાંઇ વેપારની અથવા મીલકતની નીશાની ખોટી બનાવે તે માણુસને બે વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૪૮૪ કોઇ સરકારી નોકર વાપરતો હોય તેવી કાંઈ મીલકતની નીશાની અથવા આ મીલકત ફલાણા

કારીગરે અથવા ફલાણી વખતે કે ઠેકાણે બનાવેલી છે અથવા તે ફલાણી જાતની છે અથવા ફલાણી ઓફીસમાથી પાસ થઇ છે અથવા કાંઇ મારીને લાયક છે એવુ બતાવવાને સારૂ કોઇ સરકારી નોકર જે નીશાની વાપરતો હોય તેવી કાંઈ નીશાની જો કોઇ માણુસ ખોટી બનાવે અથવા એવી કાંઇ નીશાની ખોટી બનાવેલી છે એમ જાણ્યા છતાં તેને ખરી દાખલ વાપરે તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દડને પણ લાયક થશે

૪૮૫ વેપારની નીશાની અથવા મીલકતની નીશાની ખોટી બનાવવાના કારણુસર કાંઇ છાપ પતરૂ અથવા બીજુ હથીયાર જો કોઇ માણુસ બનાવે, અથવા પોતાના કબજામા રાખે અથવા કાંઇ માલ જે કારીગરે બનાવ્યો ન હોય તેણે તે બનાવ્યો છે એમ અથવા તે જે કારીગરીના વેપારની જણુસ ન હોય તેની જણુસ છે એમ અથવા જે શખસનો તે માલ અથવા જણુસ ન હોય તે શખસનો છે એમ બતાવવાના કારણુસર કોઇ માણુસ કાંઇ વેપારની નીશાની અથવા મીલકતની નીશાની પોતાના કબજામાં રાખે તો તે માણુસને ત્રણુ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે

૪૮૬ વેપારની ખોટી નીશાની અથવા મીલકતની ખોટી નીશાની જે કાંઇ માલ ઉપર અથવા પદાર્થ ઉપર અથવા એવા માલવાળી કાંઈ પેટી કે ઘર ગાસડી અથવા બીજા બારદાન ઉપર ચોઢેલી અથવા પાડેલી હોય તે માલ અથવા પદાર્થ જે કોઇ માણુસ વેચે અથવા વેચવા સારૂ અથવા વેપારના અગર તેમાંથી બીજી જણુસ તૈયાર કરવાનાં કોઇપણુ કારણુસર માંડી મુકે અથવા પોતાના કબજામા રાખે તે માણુસને એક વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

માત્ર —

[અ] આ કલમ વિરૂદ્ધ કાંઇ પણુ ગુન્હો ન કરવા બાબત સઘળા પુર્વોપાય લીધા પછી જે ગુન્હો કર્યાનું તહોમત આવ્યુ છે તે ગુન્હો કરવાની વખતે સદરહુ નીશાનના ખરાપણા બાબત વહેમ લાવવાને મને કઇ પણુ કારણુ નહોતું, અને

(બ) જે માણુસો પાસેથી સદરહુ પ્રકારનો માલ અથવા પદાર્થ મને મળ્યો તે માણુસો સબધી મે મારી પોતાની યથાશકિત પ્રમાણે સઘળી હકીકત ફરીયાદીએ અથવા તેના તરફથી બીજા કોઇએ પુછી એટલે આપી હતી અથવા.

(ક) બીજી બધી રીતે હું પોતે નાષ્કપટી ચાલ્યો હતો.

એમ કોઇ માણુસ સાબીત કરી આપશે તો તે સદરહુ શીક્ષાને પાત્ર થશે નહી

ટીકા—આ કલમ પ્રમાણે અથવા આના પહેલાની કલમ પ્રમાણે કોઇ માણુસને ગુન્હેગાર ઠરાવવા સારૂ તે નીશાનીનો ઉપભોગજ માત્ર નહી, પરતુ તે નીશાનીમા માલકીપણુ પણુ સાબીત કરવાની જરૂર છે.

૪૮૭ કોઇ માલ ભરેલી પેટી કે ઘર, ગાસડી અથવા બીજા કોઇ બારદાન ઉપર જો કોઇ માણુસ ખોટી નીશાની કરે તે એવી રીતે કે કોઈ સરકારી નોકર અથવા કોઇ બીજા શખસના મનમાં એવો વાજબી રીતે વિશ્વાસ ઉત્પન્ન થાય કે તે બારદાન મધે જે માલ ન હોય તે તે મધે છે અથવા તે મધે જે માલ હોય તે તે મધે નથી, અથવા તે બારદાન મધેનો માલ ખરેખર જે જાતનો અથવા તરેહનો હોય તેથી જુદી જાતનો અથવા તરેહનો છે તો તે માણુસને ત્રણુ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે પરતુ તે માણુસે દગલબાજી કરવાના ઈરાદાથી તેમ કર્યું નથી એમ તે સાબીત કરી આપશે તો તે સદરહુ શીક્ષાને પાત્ર થશે નહી

૪૮૮ કોઇ માણુસ ૪૮૭ મી કલમ ઉપરથી મના કરેલી કોઈપણુ રીતે એવી કાંઇપણુ ખોટી નીશાનીનો ઉપયોગ કરે તો તે માણુસે સદરહુ કલમ વિરૂદ્ધ ગુન્હો કર્યો છે એમ જાણી તેને શીક્ષા કરવામા આવશે પરતુ તે માણુસે દગલબાજી કરવાના ઇરાદાથી તેમ કર્યું નથી એમ તે સાબીત કરી આપશે તો તે સદરહુ શીક્ષાને પાત્ર થશે નહી

૪૮૯ કોઇ માણુસ કાંઈ મીલકતના નીશાની કહાડી નાખે, તેનો નાશ કરે, તેને ચેહેરી નાખે અ-

થવા તેમા ઉમેરો કરે એવા ઇરાદાથી અથવા એવો સભવ જાણીને કે એમ કરવાથી પોતાથી કોઇ શખસને નુકશાન થાય તો તે માણસને એક વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે

ચલણી નોટો તથા બેંક નોટો બાબત.

૪૮૯ અ જે માણસ ચલણી નોટ અથવા બેંક નોટ ખોટી બનાવે અથવા જાણીબુઝીને ખોટી બનાવવાની ક્રિયાનો કાંઈ પણ ભાગ કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—આ કલમના તથા કલમો ૪૮૯ [બ] ૪૮૯ (ક) તથા ૪૮૯ (ડ) નાં કારણ સારૂ "બેંક નોટ" એ શબ્દનો અર્થ દુનિઆના કોઇ પણ ભાગમા સરાફી ધધો ચલાવનાર માણસે અથવા કોઇ પણ સ્ટેટ અથવા રાજ્ય કર્તાએ જાતે અથવા તેના અધીકારની રૂયે લાવનાર ધણીને માગે ત્યારે નાણા આપવાની આપેલી ને તે નાણા તરીકે અથવા નાણાને બદલે વાપરવાનો ઇરાદો હોય એવી વાયદા ચીઠી અથવા કરાર પત્ર

૪૮૯. બ કોઈ ખોટી અથવા બનાવટી ચલણી નોટ અથવા બેક નોટ, તે ખોટી છે અથવા બનાવટી છે એમ જાણીને, અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ તે નોટ બીજા કોઇ માણસને વેચે અથવા તેની પાસેથી ખરીદ કરે અથવા તેનો બીજી કોઇ રીતે વેપાર કરે અથવા ખરી નોટ દાખલ વાપરે તે માણસને જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દડને પણ લાયક થશે

૪૮૯. ક કોઇ ખોટી અથવા બનાવટી ચલણી નોટ અથવા બેક નોટ તે ખોટી છે અથવા બનાવટી છે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતા તેને ખરી નોટ દાખલ વાપરવાના ઇરાદાથી અથવા તે ખરી નોટ દાખલ વાપરવામા આવે એટલા માટે જે માણસ તે નોટ પોતાના કબજામાં રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની કેદની અથવા દડની ગમે તે પ્રકારની અથવા બંને શીક્ષા કરવામા આવશે.

૪૮૯ ડ કોઇ પણ ચલણી નોટ અથવા બેક નોટ ખોટી અથવા બનાવટી બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતા જે માણસ કાઇ યંત્ર, હથીઆર અથવા પદાર્થ બનાવે, અથવા તે બનાવવાની ક્રિયાનો કાંઇ પણ ભાગ કરે અથવા તે ખરીદ કરે, વેચે, અથવા તેની વ્યવસ્થા કરે અથવા તે પોતાના કબજામા રાખે તે માણસને જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દડને પણ લાયક થશે.

બાબ ૧૯ મો.

નોકરી કરવાના, કરાર તોડવાના ગુન્હા બાબત

૪૯૦ કોઈ શખસને અથવા કાઇ મીલકતને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવા અથવા પહોચાડવામા પોતાના અગની નોકરી કરવાને અથવા તરી કે ખુશકીના રસ્તાની કાઇ મુસાફરીમા કોઇ શખસને નોકર દાખલ કામ કરવાને અથવા તરી કે ખુશકીના રસ્તાની કોઈ મુસાફરીમા કોઇ શખસને કે કાઇ મીલકતને સભાળવાને જે માણસ કાયદેસર કરારથી બધાયો હોય તે માદગી અથવા પોતાની સાથે માઠી વરતણુંકના સબબ શીવાય તે પ્રમાણે કરવામાં બુદ્ધિપૂર્વક કસુર કરે તો તે માણસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એકસો રૂપીઆ સુધીના દડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

દૃષ્ટાંત—(અ) એક પાલખી ઉચકનારો જ ને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાને કાયદેસર બધાએલો છતા રસ્તામાથી અધવચ નાશી જાય તો અ એ આ કલમમાં લખેલો ગુન્હો કર્યો એમ સમજવુ.

(બ) અ એક મજુર જ નો સામાન એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાને કાયદેસર કરારથી બધાએલો છતા, તે સામાન ફેંકી દે તો અ એ આ કલમમા લખેલો ગુન્હો કર્યો એમ સમજવુ.

(ક) અ એક બળદીઆઓનો માલીક પોતાના બળદીઆ ઉપર ભરીને કાંઇ માલ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાને કાયદાસર કરારથી બધાએલો છતાં તેમ કરવામાં કાયદા વીરૂદ્ધ કસુર કરે તો અ એ આ કલમમાં લખેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(ડ) અ કાયદા વીરૂદ્ધ ઉપાયથી પોતાનો સામાન લઇ જવાની બ મજુરને જરૂર પાડે અને બ ચાલતા ચાલતા રસ્તામા તે સામાન મુકીને નાસી જાય, તો એ ઠેકાણે બ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવુ નહિ, કેમકે તે સામાન લઇ જવાની કાયદા પ્રમાણે તેની ફરજ નથી.

ખુલાસો—આ ગુન્હામાં એવુ કાંઇ જરૂરનું નથી કે જે સખસને સારૂ નોકરી કરવી છે તેનો જ સાથે કરાર થવો જોઇએ, જે શખસ તે કરવાનો છે, તે શખસે કાયદા પ્રમાણે કોઇ પણ શખસની સાથે સાફ રીતે કે અર્થાત સમજાય એવી રીતે તે કરાર કીધો હોય તો બસ છે

દ્રષ્ટાંત—અ એક ડાક કંપનીની સાથે એક મહીના સુધી પોતાની ગાડી હાકવાનો કરાર કરે અને તે ડાક કંપનીની સાથે ખુસકીએ કાંઇ મજલપર પોતાને પહોંચાડવાનો બંદોબસ્ત કરે અને પેલી એક મહીનાની મુદ્દત સુધી તે કંપના બ ને અ હા કહે, એવી એક ગાડી આપે અને અ રસ્તામા અધવચ તે ગાડી બુદ્ધિપુર્વક મુકીને જતો રહે તો એ ઠેકાણે અગર અ એ બ ની સાથે કરાર કર્યો નથી તો પણ અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવુ.

૪૯૧. જે શખસ પોતાની નહાની ઉમરના અથવા ગાંડાપણાના અથવા રોગ કે કાંઇ શરીરની નબળાઇના સબબથી લાચાર અથવા પોતાની સલામતીનો બંદોબસ્ત રાખવાને અથવા પોતાની હાજતો પુરી પાડવાને અશક્ત હોય તેની ખીજમત કરવાને અથવા તેની હાજતો પુરી પાડવાને જે માણસ કાયદાસર કરારથી બધાએલો છતા તેમ કરવામા બુદ્ધિપુર્વક કસુર કરે તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા બસે રૂપીઆ સુધીના દડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૪૯૨. બ્રીટીશ ઈંડીઆ માહેની કોઇ પણ જગાપર કોઇ શખસને વાસ્તે ત્રણ વરસ સુધીની કોઇ પણ મુદ્દત સુધી કારીગર કામ કરનાર અથવા મજુર દાખલ કામ કરવાને જે સખસ લખેલા કાયદેસર કરારથી બધાએલો હોય અને તે કરારની શરત મુજબ તેને જગોપર તે બીજા શખ્સને ખરચે લઇ ગયા અથવા લઇ જવાના હોય તે શખસ પોતાનો કરાર કાયમ છે તે દરમીઆનમા બુદ્ધિપુર્વક તે બીજા શખસની ચાકરી છોડી દે અથવા કબુલ કરેલી ચાકરી બ્યાજબી અને યોગ્ય સબબ છતાં બ્યાજબી સબબ વગર તે ચાકરી કરવાની ના કહે, તો તે શખસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા તે ખરચથી બમણી રકમ સુધીના દડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે, પણ જો તેના શેઠે તેની સાથે કાંઇ માઠી વર્તણુક કરી હોય અથવા પોતેજ તે કરાર મુજબ અમલ કરવામાં ગફલત કરી હોય, તે ચાકરને કાંઇ શીક્ષા કરવામાં આવશે નહી.

બાબ ૨૦ મો.

લગન સંબંધી ગુન્હાઓ બાબત.

૪૯૩. પોતાની સાથે કાયદા મુજબ જે સ્ત્રી પરણી નથી તે સ્ત્રીને કપટથી તે પુરુષ એવો વિશ્વાસ બેસાડે કે હું એ પુરૂષની સાથે કાયદા મુજબ પરણી છુ અને એવો વીશ્વાસ છતા તે સ્ત્રી તેની સાથે તેની વહુ હોય એવી રીતે રહે અથવા સંભોગ કરે એમ તે પુરૂષ કરે તો તેને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે.

ટીકા—જ્યારે પરણેલો અથવા વગર પરણેલો માણસ કોઇ સ્ત્રીને તેણીના ધારવા પ્રમાણે તેની વહુ થવાને, પણ ખરેખરી રીતે તેની રાખેલી સ્ત્રી થવાને લલચાવે ત્યારે તે માણસથી કરવામાં આવતા ગુન્હા બદલ આ કલમ સજા કરે છે જે સ્ત્રી જે લગ્ન તેણીના જાણવા પ્રમાણે ગેરકાયદેસર છે તેવું લગ્ન પોતાની સાથે કરવાનો કોઇ માણસને છેતરીને લલચાવે તે સ્ત્રીને સજા કરવાને વાસ્તે આને મળતી બીજી કલમ નથી.

૪૯૪. જેનો વર અથવા જેની વહુ હયાત હોય તે જો પરણે અને તે એવી રીતે કે તે વર અથવા વહુની હયાતીમા થયાના સબબથી તે લગન થએલું રદ ગણાય તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દડને પણ લાયક થશે

અપવાદ—જે શખસનો વર અથવા વહુ હયાત છે પણ જેનું તેની સાથે થએલુ લગ્ન કોઇ મુખ્તીઆર કોર્ટે રદ ઠરાવ્યુ છે તેને આ કલમ લાગુ પડતી નથી અને જે શખસનું તે પાછળનું લગન થતા પહેલાં સાત વરસની મુદત સુધી નીરતર તેનો વર અથવા વહુ બહાર રહ્યો હોય અથવા રહી હોય અને તે દરમીયાનમાં તે શખસને તે વર અથવા વહુ હયાત છે એવી ખબર નહિ મળી હોય અને તે શખસ પોતાના આગલા વર અથવા વહુની હયાતીમાં લગન કરે તેને પણ આ કલમ લાગુ પડતી નથી. પરતુ જે શખસ એ પ્રમાણે પાછળનુ લગન કરે તેણે જેની સાથે તે લગન કરે તેને તે લગન થના પહેલા સર્વ બીના ખરેખરી પોતાના જાણવામાં હોય તેટલી જણાવવી જોઈએ.

ટીકા—આ કલમ હિદુ અથવા મુસલમાન પુરૂષોને લાગુ પડતી નથી, કેમકે તેમને એક કરતાં વધારે સ્ત્રીઓ પરણવાની છુટ આપવામાં આવેલી છે પરતુ તે હિંદૂ અને મુસલમાન સ્ત્રીઓને લાગુ પડે છે, અને ખ્રીસ્તી અને પારસી સ્ત્રીઓ તેમજ પુરૂષોને લાગુ પડે છે

૪૯૫. જેની સાથે પાછળનું લગ્ન કરવામા આવે તેનાથી આગલા લગ્નની વાત છુપાવીને જે શખસ ઉપરની કલમમાં લખેલો ગુન્હો કરે તેને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે

૪૯૬. જે માણસ બદદાનતથી અથવા દગલબાજીના ઇરાદાથી પોતાનો લગ્ન વીધી થવા દે એવુ જાણીને કે તેમ થવાથી કાયદા મુજબ લગ્ન થતુ નથી, તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દડને પણ લાયક થશે.

૪૯૭ આ શખસ બીજા પુરૂષની સ્ત્રી છે એવુ જે જાણે છે અથવા એવુ માનવાનુ જેને કારણ છે તે માણસ તે શખસની સાથે પેલા બીજા પુરૂષની રજામદી સીવાય અથવા તે પુરૂષે જાણ્યું અજાણ્યું ન કરતા સભોગ કરે અને તે સભોગ બળાત્કાર સભોગનો ગુન્હો ન થતો હોય તો તે માણસે છીનાળાનો ગુન્હો કર્યો એમ સમજવુ અને તેને પાચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે, એવી બાબતમાં તે સ્ત્રીને મદદગારીની માફક શીક્ષા કરવામાં આવશે,.

ટીકા—"રજામદી"—જ્યારે કોઇ સ્ત્રીનો ધણી તે સ્ત્રીની સાથે તેણીના જારને સભોગ કરવાની પરવાનગી આપે ત્યારે તે પરવાનગી આપવી તે રજામદી છે. 'જાણ્યું અજાણ્યું કરવુ' તે મુગે મોએ રજામંદી આપવા થાય છે. તે જે વર્તણુક બાબત ફરીઆદ કરવામાં આવની હોય તે વર્તણુકની જાણ અને તેની મજુરી છે. (૩૩ ચો, જ. મે કે પા. ૩૩)

લગ્નની સાબીતી.—પુરાવાના કાયદાની ૫૦ મી કલમનો ઠરાવ એવુ બતાવે છે કે જ્યાં કોઇ ગુન્હામા, જેવા કે એક ધણી અથવા ધણીધણીઆણી હયાત છતાં બીજીવાર પરણવામા, છીનાળામાં અને પરણેલી સ્ત્રીઓને ફોસલાવી લઇ જવામા લગ્ન એક (જરૂરનું) તત્વ હોય ત્યા લગનની વાત ચોકસ રીતે સાબીત કરવી જોઇએ. [૪ સ. વી, રે. પા. ૩૧)

છીનાળાના કેસમા, બળાત્કાર સભોગની માફકજ તેટલેજ દરજ્જે સભોગ [સગ) સાબીત કરવો જોઇએ. એ જરૂરનું નથી કે છીનાળાના કૃત્યનો સીધો પુરાવો હોવો જોઇએ તેમજ જો છીનાળુ કરનાર શખસ તે સ્ત્રી પરણેલી સ્ત્રી હતી એટલું જાણતો હોય તો તે સ્ત્રી કોની સ્ત્રી હતી, એ છીનાળુ કરનાર શખસ જાણતો હોવો જોઇએ એ જરૂરનું નથી (૨૧. સ. વી. રી. પા ૧૩)

જે સ્ત્રીના ધણીએ તે સ્ત્રીનો ગુન્હો દર ગુજર (માફ) કર્યો હોય તે સ્ત્રી સાથે સભોગ કરવો તે છીનાળુ નથી. (૪. વી. રી. પા. ૩૧).

છીનાળાની ફરીયાદમાં તે સ્ત્રીના ધણીએ ફરીયાદ કરેલી હોવી જોઇએ.

૪૯૮. જે સ્ત્રી કોઇ બીજા પુરૂષની સ્ત્રી છે એવુ જે માણસ જાણે છે, અથવા એવુ માનવાનું જેને કારણ છે તે અગર તે સ્ત્રીને તે પુરૂષ પાસેથી અથવા તે પુરૂષની વતી જે સખસના હવાલામા તે સ્ત્રી હોય તે શખસ પાસેથી લઈ જાય અથવા ફોસલાવીને લઇ જાય એવા ઇરાદાથી તે સ્ત્રી કોઇ શખસની સાથે જાર કરમ કરે અથવા એવી કોઇ સ્ત્રી તેને ઇરાદાથી સતાડી અથવા રોકી રાખે તો તે માણસને

બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ ગુન્હો બનવાને સારૂ નીચેની ચાર બાબતો સાથે હોવી જોઇએ, (૧) લઇ જવી, અથવા ફોસલાવી લઇ જવી, અથવા સતાડી રાખવી અથવા રોકી રાખવી, (૨) એવા ઇરાદાથી કે તે સ્ત્રી કોઇ શખસની સાથે જારકરમ કરે. (૩) જે સ્ત્રી કોઇ બીજા પુરૂષની સ્ત્રી છે અથવા જે સ્ત્રી કોઇ બીજા પુરૂષની સ્ત્રી છે એવુ જાણવામા આવ્યુ હોય અથવા એવુ માનવાને કારણ હોય તેવી કોઇપણ સ્ત્રી, (૪) તે બીજા માણસની પાસેથી અથવા તે બીજા માણસની તરફથી જે માણસની સભાળ તળે તે સ્ત્રી હોય તેવા માણસની પાસેથી લઇ જવી, ફોસલાવી લઇ જવી વિગેરે

બાબ ૨૧ મો

આબરૂ લેવા બાબત.

જે માણસ બોલેલા અથવા વાચવાને ઇરાદે રાખેલા શબ્દોથી અથવા કાંઈ ચીન્હો કે આકારોથી કોઇ શખસની બાબત કાંઇ આરોપ મુકે અથવા પ્રગટ કરે એવા ઇરાદાથી કે તેને આરોપથી તે શખસની આબરૂની હાની પહોચાડવી અથવા હાની પહોચાડશે એવું જાણીને અથવા એવુ માનવાનુ કારણ છતા તો તેણે તે શખસની આબરૂ લીધી એમ સમજવુ પણ નીચેના અપવાદો મધેની બાબતોમા એમ સમજવુ નહી.

ખુલાસો ૧ લો—કોઈ મુએલા શખસની ઉપર કાંઇ આરોપ મુકવો એ આબરૂ લેવી થઇ શકે જો તે આરોપ એવો હોય કે તેથી તે શખસ જીવતો હોય તો તેની આબરૂને હાની પહોંચે તથા એવા ઇરાદથી તે આરોપ મુક્યો હોય કે તેથી તે શખસના કુટુંબને અથવા પાસેના બીજા સગાઓને માઠુ લાગે

ખુલાસો ૨ જો—કોઇ કંપની અથવા મંડળી અથવા મનુષ્ય સમુદાય વીશે કાંઇ આરોપ મુકવો એ આબરૂ લેવી થઇ શકે

ખુલાસો ૩ જો—વઇકલપીક રીતે અથવા વાક્રોક્તીની રીતે મુકેલો આરોપ આબરુ લેવી થઇ શકે

ખુલાસો ૪ થો—જે આરોપ પોતેજ અથવા દવારાતરે બીજાઓની નજરમાં જે શખસની નીતિ અથવા બુદ્ધિ વીશે હલકો વીચાર ઉત્પન્ન ન કરે અથવા જે શખસનુ પોતાની જાતી અથવા ધધા સબંધી માન ઓછુ ન કરે અથવા જે શખસની સાખ ઓછી ન કરે અથવા જે શખસનું શરીર કંટાળો ઉપજાવે એવી હાલતમા અથવા જે હાલત ઘણા માણસોના વીચાર પ્રમાણે શરમ ભરેલી ગણાય છે તેની હાલતમા છે એવુ માનવાનુ કારણ ન થઇ પડે તે આરોપથી તે શખસની આબરૂને હાની પહોચી એમ સમજવુ નહિ

દર્ષ્ટાંત—(અ) "ભલો માણસ છે તેણે કદી બ નુ ઘડીઆળ ચોર્યું નથી' એ પ્રમાણે અ બોલે એવા ઈરાદાથી કે જ એ બ નુ ઘડીઆળ ચોર્યું એમ માનવામા આવે તો એ આબરૂ લેવી છે પણ જો એકાદ અપવાદમાં એ દાખલ થાય તો નહી

(બ) બ નું ઘડીઆળ કોણે ચોર્યું એવો સવાલ અ ને પુછતા અ જ ની તરફ આંગળી કરે એવા ઇરાદાથી કે બ નુ ઘડીઆળ જ એ ચોર્યું એમ માનવામા આવે તો અ એ આબરૂ લેવી છે પણ જો એકાદ અપવાદમા દાખલ થાય તો નહી.

(ક) બનું ઘડીઆળ લઇને જ નાશી જતો હોય એવુ અ એક ચીત્ર પાડે એવા ઇરાદાથી કે બ નુ ઘડીઆળ જ એ ચોર્યું એમ માનવામા આવે તો એ આબરૂ લેવી છે, પણ જો તે એકાદ અપવાદમા દાખલ થાય તો નહિ

પહેલો અપવાદ—જે કાંઇ સાચી વાતનો આરોપ જે શખસની ઉપર મૂકવો અથવા પ્રગટ કરવો લોક કલ્યાણાર્થે જરૂર હોય તે આરોપ મૂકવો અથવા પ્રગટ કરવો એ આબરૂ લેવી છે એમ સમજવું નહિ તેમ કરવુ લોક કલ્યાણાર્થે જરૂર છે કે નહી એ હકીકતની બાબત છે

બીજો અપવાદ—પોતાનો સરકારી અમલ ચલાવવા સબંધીની કોઇ સરકારી નોકરની ચાલ બાબત અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તેની આબરૂ બાબત શુદ્ધબુદ્ધથી કાંઇ પણ અભીપ્રાય આપવો એ આબરૂ લેવી છે એમ સમજવુ નહિ.

ત્રીજો અપવાદ—કાંઇ સાર્વજનીક વિષય સબંધી કોઈ પણ શખસની ચાલ બાબત અથવા તે ચાલ ઉપરથી જ નજર આવતી તેની આબરૂ બાબત શુદ્ધબુદ્ધિથી કાંઇ પણ અભીપ્રાય આપવો એ આબરુ લેવી એમ સમજવુ નહિ.

દ્રષ્ટાંત—કાંઇ સાર્વજનીક વિષય સબંધી સરકારને અરજી કરવામાં અથવા કાંઇ સાર્વજનીક વિષય સબધી એક મંડળી મેળવવાની દરખાસ્ત ઉપર સહી કરવામા અથવા તે મડળમા અથવા તે મડળીના પ્રમુખ થવામા અથવા લોકનો આશ્રય માગનારી કોઇ સભા ઉભી કરવામાં અથવા તેમા સામીલ થવામા અથવા જે જગાનુ કામ સારી રીતે ચલાવવામા લોકોનો ફાયદો હોય એવી કોઇ જગાને કોઇ ઉમેદવારની તરફ સમન માગવા અથવા આપવામા જ ની ચાલ સબધી શુદ્ધબુદ્ધિથી અ ગમે તે અભીપ્રાય આપે તો તે આબરૂ લેવી છે એમ સમજવુ નહિ.

ચોથો અપવાદ—કોઇ ઈનસાફની કોર્ટમાંનો અથવા તેવા કોઇ મુકદમાનો નીવેડાનો મતલબ બરાબર હોય એવો ખરેખરો હેવાલ જાહેર કરવો એ આબરુ લેવી છે એમ સમજવુ નહિ.

ખુલાસો—કોઈ ઇનસાફની કોર્ટમાં ચોકશી થતાં પહેલા ખુલી કોર્ટમા કોઇ સુલેહનો અમલદાર અથવા બીજો અમલદાર કાંઇ તજવીજ કરતો હોય તે ઉપલી કલમના અર્થ પ્રમાણેની કોર્ટ છે એમ સમજવુ.

પાંચમો અપવાદ—કોઇ ઇનસાફની કોર્ટમાં જે દીવાની કે ફોજદારી મુકદમાનો ફેસલો થઇ ચુક્યો હોય તે મુકદમાની કેફીયત બાબત અથવા એવા કોઇ મુકદમામા પક્ષકાર સાહેદ અથવા મુખતીઆર દાખલ કોઈ પણ શખસની ચાલ બાબત અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તે શખસની આબરૂ બાબત શુદ્ધબુદ્ધિથી ગમે તે અભીપ્રાય આપવો એ આબરૂ લેવી છે એમ સમજવુ નહિ

દ્રષ્ટાંત—(અ) 'પેલા મુકદમામા જ એ આપેલી સાહેદી એવી ઉનટી છે કે મને એમ લાગે છે કે તે મુર્ખ અથવા અપ્રમાણીક હોવો જોઇએ, એ પ્રમાણે જો અ શુદ્ધબુદ્ધિથી કહે તો તે આ અપવાદમાં દાખલ થાય છે કેમકે જે અભીપ્રાય તે આપે છે તે સાહેદ દાખલ જની આબરૂ બાબત છે.

(બ) પણ જો તે એ પ્રમાણે કહે કે તે મુકદમામા જ એ જે કહ્યુ તે હુ ખરૂ માનતો નથી કેમકે હું જાણું છુ કે એ અપ્રમાણીક માણસ છે, તો અ આ અપવાદમા દાખલ થતો નથી કેમકે જ ની આબરુ બાબત જે અભીપ્રાય તે આપે છે તે સાહેદ દાખલ જ ની ચાલ ઉપરથી આધાર રાખનો અભીપ્રાય નથી.

૬ ઠો અપવાદ—જે કૃતિ તેના કર્તાએ લોકોના વિચાર પર રજુ કરી છે એવી કોઇ કૃતીના ગુણદોષ અથવા તે કૃતીમાંજ નજર આવતી તેના કરતાની આબરુ વિષે શુદ્ધબુદ્ધિથી કાંઈ પણ અભીપ્રાય આપવો એ આબરૂ લેવી છે એમ સમજવુ નહિ

ખુલાસો—કાંઇ કૃતી લોકના વિચાર પર સ્પષ્ટ રીતે રજુ થાય અથવા તેના કરતાના કામો ઉપરથી તે લોકોના વિચાર પર રજુ કરી એવુ સમજવું.

દ્રષ્ટાંત—(અ) જે શખસ કોઇ પુસ્તક પ્રગટ કરે છે, તે તે પુસ્તક લોકોના વિચાર પર રજુ કરે છે.

(બ)—જે શખસ જાહેર રીતે કાંઈ ભાષણ કરે છે તે ભાષણ લોકાના વિચાર પર રજુ કરે છે.

(ક)—જે નાટકવાળો અથવા ગાનારો લોકની આગળ નાટકમા વેશ લઇને આવે તે પોતાની નાટકની અથવા ગાયનની કૃતિ લોકના વીચારપર રજુ કરે છે

(ડ) જ એ એક પુસ્તક પ્રગટ કર્યું તો તે વીશે અ એમ કહે છે કે "જ નુ પુસ્તક બેવકુફી ભરેલુ છે માટે જ મદબુદ્ધિ હોવો જોઇએ, જ નું પુસ્તક બીભસ્ત છે માટે જ નઠારા મનનો માણસ હોવો જોઇએ હવે જો એ પ્રમાણે અ શુદ્ધબુદ્ધિથી કહેતો હોય તો તે આ અપવાદમાં દાખલ થાય છે, કેમકે જ બાબત જે અભીપ્રાય તે આપે છે તે ફક્ત જ ના પુસ્તકમાજ નજર આવતી જની આબરુ બાબત છે

(ઇ)—પણ જો તે એમ કહે કે જ નું પુસ્તક બેવકુફી ભરેલું તથા બીભસ્ત છે એ જોઇને મને કઈ આશ્ચર્ય લાગતું નથી કેમકે તે જાતેજ મદબુદ્ધિનો તથા સોદો છે, તો અ આ અપવાદમા દાખલ થતો નથી કેમકે જ ની આબરૂ બાબત જે અભીપ્રાય તે આપે છે તે જ ના પુસ્તક ઉપર આધાર રાખતો અભીપ્રાય નથી,

સાતમો અપવાદ—જે શખસને કોઇ બીજા શખસની ઉપર કાયદાએ આપેલો કાંઈ અખ્તીઆર

હોય અથવા તે બીજા શખસની માથે કરેલા કોઇ કાયદેસર કરારનામાથી નીકળતો અખ્તીઆર હોય તે શખસ જે બાબતોને કાયદેસર અખ્તીઆર છે ને બાબતોમા તે બીજા શખસની ચાલ સબંધી શુદ્ધબુદ્ધિથી કાંઈ ઠપકો દે તો તે આબરૂ લેવી છે એમ સમજવુ નહિ.

દ્રષ્ટાંત–જે જડજની કોઇ સાહેદની અથવા કોર્ટના કોઇ અમલદારની ચાલ સંબંધી શુદ્ધબુદ્ધિથી ઠપકો દે ને કોઇ ખાતાનો ઉપરી પોતાના હુકમ તળેના માણસને શુદ્ધબુદ્ધિથી ઠપકો દે તે, મા અથવા બાપ પોતાના છોકરાને બીજા છોકરાઓના દેખતા શુદ્ધબુદ્ધિથી ઠપકો દે તે, કોઇ મહેતાજી જેનો અખત્યાર મા અથવા બાપથી મળેલે છે તે કોઇ નીશાળીઆને બીજા નીશાળીઓના દેખતાં શુદ્ધબુદ્ધિથી ઠપકો દે, કે નોકરીમા આળસ કરવા સારૂ કોઇ શેઠ પોતાના ચાકરને શુદ્ધબુદ્ધિથી ઠપકો દે, કે કોઈ શરાફ પોતાની પેઢીના કીલીદારને તે કીલીદારની કીલીદારી બાબતની કાંઈ ચાલને વાસ્તે શુદ્ધબુદ્ધિથી ઠપકો દે તે એ સઘળા આ અપવાદમા દાખલ થાય છે.

આઠમો અપવાદ–કોઇ પણ શખસની ઉપર તહોમતની બાબતમા તે શખસની ઉપર જે શખસોનો કાયદા પ્રમાણે અખ્તીઆર હોય તે શખસોમાના કોઇ શખસની આગળ શુદ્ધબુદ્ધિથી કાંઇ તહોમત મુકવુ એ આબરૂ લેવી છે એમ સમજવું નહિ.

દ્રષ્ટાંત જો અ કોઈ માજીસ્ટ્રેટની આગળ જ ની ઉપર શુદ્ધબુદ્ધિથી કાંઇ તહોમત મુકે, જો અ કોઇ જ ચાકરની ચાલ બાબત જ ના શેઠની આગળ શુદ્ધબુદ્ધિથી ફરીઆદ કરે તો આ અપવાદમા દાખલ થાય છે.

નવમો અપવાદ—બીજાની આબરૂપર કાંઈ આરોપ મુકવો એ આબરૂ લેવી ન ગણાય પણ ક્યારે કે તે આરોપ મુકનારા શખસ પોતાનો અથવા કોઇ બીજા શખસનો લાભ જાળવવાને અથવા લોક કલ્યાણાર્થે શુદ્ધબુદ્ધિથી તે આરોપ મુકતો હોય તો

દ્રષ્ટાંત-(અ) એક દુકાનદાર પોતાના ગુમાસ્તા બ ને એ પ્રમાણે કહે કે જ રોકડા નાણાં તેને ન આપ તો તેને કાંઇ માલ તુ વેચીશ માં, કેમકે તેના પ્રમાણીકપણા વીશે મારો વીચાર સારો નથી હવે જો પોતાનો લાભ જાળવવા સારૂ શુદ્ધબુદ્ધિથી અ એ જ ની ઉપર આ આરોપ મૂક્યો હોય તો અ આ અપવાદમા દાખલ થાય છે

(બ) અ એક માજીસ્ટ્રેટ પોતાના ઉપરી અમલદારને રીપોર્ટ કરવામા જ ની આબરૂ બાબત કાંઇ આરોપ મૂકે હવે શુદ્ધબુદ્ધિથી લોકકલ્યાણાર્થે તે આરોપ મુકયો હોય તો અ આ અપવાદમા દાખલ થાયછે

દસમો અપવાદ—ફલાણાથી હોશીયાર રહેજે એવી શુદ્ધબુદ્ધિથી કોઇ શખસને સુચના આપી એ આબરૂ લેવી ગણાય નહિ, પણ ક્યારે કે જે શખસને તે સુચના આપી હોય તે શખસનો અથવા જે શખસની સાથે તેનો સંબંધ હોય એવા કોઈ શખસને ફાયદો થાય એવા ઇરાદાથી અથવા લોકકલ્યાણના ઇરાદાથી તે સુચના કરી હોય તો

ટીકા–આ ગુન્હો બનવાને સારૂ એ જરૂરનુ નથી કે એવુ બતાવનારો પુરાવો હોવો જોઇએ કે આવી કહેવાતી બદનક્ષીથી ફરિયાદીને નુકશાન થાય તેવી રીતે અસર થઇ હતી એટલુંજ બસ છે કે: એવો ઇરાદો હોવો જોઇએ કે જે માણસે કાંઇ પણ આરોપ મૂકેલો અથવા પ્રગટ કરેલો હોય તે માણસે આવા શખસને (ફરીયાદીને) હાની પોચાડવાના ઇરાદાથી અથવા આવો આરોપ તે શખસની આબરૂને હાની પોચાડશે એવુ જાણીને અથવા એવુ માનવાનું કારણ હો । છતા એ પ્રમાણે કર્યું હતું (ક. વી સે પા.૮૧૯)

૫૦૦ જે માણુસ કોઇ બીજા માણુસની આબરૂ લે તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૫૦૧ કાંઈ બાબત કોઈ શખસની આબરૂ લેવા જેવી છે એવુ જાણીને અથવા એવુ માનવાનું સારૂ કારણ છતાં જે માણુસ તે બાબત છાપે અથવા કોતરે તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે;

આ કલમ સાથે ક્રી પ્રો ક ૫૨૧ વાંચવાનો છે.

૫૦૨ કાંઇપણ છાપેલી અથવા કોતરેલી વસ્તુમા આબરૂ લેવા જેવી કાંઇ બાબત છે. એવું જાણીને જે માણુસ તે વસ્તુ વેચે અથવા વેચવા માંડે તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

બાબ ૨૨ મો.

સાપરાધ ધમકી, તીરસ્કાર તથા દુઃખ બાબત

૫૦૩ સાપરાધ ધમકી જે શખસ કોઈ બીજા શખસને, તેના શરીરને, આબરૂને અથવા મીલકતને કાંઇ નુકશાન કરવાને અથવા જેની સાથે તે બીજા શખસને સબંધ હોય તેના શરીરને અથવા આબરૂને કાંઇ નુકશાન કરવાને ડર દેખાડે, એવા ઇરાદાથી કે તે શખસને ગભરાટ પેદા થાય અગર તે ડર અમલમા ન આવે એટલા માટે જે કામ કરવાની તેની કાયદા પ્રમાણે ફરજ ન હોય તે કામ તે શખસ કરે અથવા જે કામ કરવાનો તેનો કાયદા પ્રમાણે હક હોય તે કામ કરવામા તે શખસ કસુર કરે તેણે સાપરાધ ધમકીનો ગુન્હો કર્યો એમ સમજવુ.

ખુલાસો—કોઈ મુવેલા શખસની સાથે જે શખસને સબધ હોય તે શખસને તે મુવેલા શખસની આબરૂને નુકશાન કરવાનો ડર દેખાડવો તે આ કલમમાં દાખલ થાય છે.

દર્ષ્ટાંત—અ એક દીવાની મુકદમો ચલાવનો બધ થાય એવા હેતુથી અ બ ને ડર દેખાડે કે હુ તારૂં ઘર બાળી નાંખીશ તો અ સાપરાધ ધમકીના ગુન્હાનો તકસીરવાર છે એમ સમજવુ,

ટીકા—આ કલમમા જણાવેલી ધમકી જે માણુસને ડર દેખાડવામાં આવ્યો હોય તે માણુસના મન ઉપર અસર કરવાને સારૂ તે માણુસને જણાવેલી હોવી જોઇએ, અથવા તે માણુસને જણાવવાના ઇરાદાથી તે ધમકી મોઢેથી ઉચ્ચારેલી (બોલેલી) હોવી જોઇએ. (૧૫ ક. ૬૭૧).

૫૦૪. જે માણુસ ઇરાદાથી કોઈ શખસનો તીરસ્કાર કરીને તેને ક્રોધ ઉત્પન્ન કરે એવા ઇરાદાથી કે તે ક્રોધને લીધે તે લોકની સુલેહમાં ભંગ કરે, અથવા કાંઇ બીજો ગુન્હો કરે અથવા એમ જાણીને કે તે શખસ તે ક્રોધને લીધે લોકની સુલેહમા ભંગ અથવા કાંઈ બીજો ગુન્હો કરશે એવો સંભવ છે તે માણુસને બે વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બન્નેની શીક્ષા કરવામાં આવશે.

૫૦૫ જે કોઇ (અ) રાણી સાહેબની જમીનપરની અથવા દરીયાઈ ફોજ માંહેલા અથવા રાયલ ઇંડીઅન મરીન માંહેલા અથવા ઇમ્પીરીયલ સર્વીસ ફુંપ્સ માહેના કોઇ ઓફીસર, સોલજર અથવા ખલાસી બંડ કરે અથવા એવો ઓફીસર, સોલજર અથવા ખલાસી એવા સબધથી પોતાના કામ તરફ બીજી રીતે દુર્લક્ષ કરે અથવા, પોતાનું કામ ન કરે એવા ઇરાદાથી, અથવા

[બ] લોકોમા અથવા લોકોના કોઇપણુ ભાગમા ભય અથવા ગભરાટ પેદા થઇને કોઇ શખસને રાજ્યવિરૂદ્ધ અથવા લોકોની સમાધાની વિરૂદ્ધ કાંઈ ગુન્હો કરવાનુ મન થાય એવા ઇરાદાથી, અથવા

[ક] કોઇ પણુ વર્ગના અથવા જમાતના માણુસોને બીજા કોઇ પણુ વર્ગ વિરૂદ્ધ અથવા જમાત વિરૂદ્ધ કાંઇ ગુન્હો કરવાને ઉશ્કેરવાના ઇરાદાથી,

અથવા એ પ્રમાણે થવાનો સભવ હોય એવી કાંઇ વાત, અફવા અથવા ગુમ કરે, પ્રગટ કરે અથવા ચલાવે, તેને બે વરસ સુધીની કેદની અથવા દંડની, અથવા એ બન્નેની શીક્ષા કરવામા આવશે.

અપવાદ—એવી કોઇ પણુ વાત, અફવા અથવા ગુમ કરનારા, પ્રગટ કરનારા અથવા ચલાવનારા શખસને જ્યારે એવી વાત, અફવા અથવા ગુમ ખરી છે એવુ માનવાને વાજબી સબબ હોય અને તે શખસ એવી વાત, અફવા અથવા ગુમ ઉપર કહેલા પ્રકારના કોઇ પણ ઇરાદા વગર કરે, પ્રગટ કરે અથવા ચલાવે, ત્યારે તેમ કરવુ આ કલમના અર્થ પ્રમાણે ગુન્હો થતો નથી

ટીકા—આ કલમ સાથે ક્રી-પ્રો-કોડની નીચેની ૧૯૮ મી કલમ વાંચવી

૧૯૮ જે ગુનો હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૯ મા અથવા ૨૧ મા બાબમા અથવા તેજ કાયદાની ૪૯૩ થી ૪૯૬ સુધીની [એ બને કલમો સુદ્ધા] કલમોમા આવતો હોય તે ગુનાથી જે શખસને નુકશાન પહોચ્યુ હોય તે શખસે કરેલી ફરિયાદ વગર કોઇ પણુ કોરટ તે ગુનો સાંભળવો નહિ

૫૦૬ જે માણુસ સાપરાધ ધમકીનો ગુન્હો કરે તેને બે વરસની મુદત સુધીની બેમાની ગમે તે પ્રકારની કેદની અથવા દંડની એ બન્નેની શીક્ષા કરવામા આવશે અને અગર મોત અથવા મહાવ્યથા કરવાનો અથવા આગથી કાંઇ મીલકતનો નાશ કરવાનો અથવા મોતની સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીની કેદની શીક્ષા થાય એવો કાંઇ ગુન્હો કર્યાનો અથવા કોઇ સ્ત્રીની સાથે વ્યભીચારનો દોષ મુકવાનો ડર દેખાડયો હોય તો તેને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એ બન્નેની શીક્ષા કરવામા આવશે,

ટીકા—જો કે આ કલમના પાછલા ભાગ પ્રમાણેનો ગુન્હો કર્યાની ફરીયાદનુ સ્હેજ સહેજ રાજીનામું થઇ શકે નહિ તોપણ યોગ્ય કેસમાં ફારયાદ પાછી ખેંચી લેવા દેવાની પરવાનગી મળી શકે [મુ કી.રૂ ૧૮૮૭નુ૨૦]

૫૦૭ કોઇ નનામા સંદેશાવડે અથવા ડર દેખાડનારા શખસનુ નામ કે તેનું રહેવાનુ ઠેકાણુ છુપાવવાની આગળની તદબીર કરીને જે માણસ સાપરાધ ધમકીનો ગુન્હો કરે તેને તે ગુન્હાને માટે ઉપલી કલમમાં ઠરાવેલી શીક્ષાની ઉપરાંત બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા બીજી શીક્ષા કરવામા આવશે.

૫૦૮ કોઇ પણ શખસની જે વસ્તુ કરવાની કાયદા પ્રમાણે ફરજ નહી હોય તે વસ્તુ જે માણસ બુદ્ધિપૂર્વક તે શખસ પાસ કરાવે અથવા કરાવવાની કોશીશ કરે અથવા જે વસ્તુ કરવાનો તે શખસનો કાયદા પ્રમાણે હક હોય તે વસ્તુ કરવામા તેની પાસે કસુર કરાવે અથવા કસુર કરાવવાની કોશીશ કરે અને તે એવી રીતે કે જે વસ્તુ મારી પાસે ઠરાવવાની એ ગુન્હેગારની મતલબ છે, તે હુ નહી કરૂં તો અથવા જે વસ્તુ કરવામાં મારી પાસે કસુર કરાવવાની એ ગુન્હેગારની મતલબ છે, તે હું કરૂં તો મારી ઉપર અથવા જેની સાથે મારો સંબધ છે, એવા કોઇ સખસની ઉપર ઇશ્વરની અપ્રસન્નતા થશે એમ એ ગુન્હેગાર કાંઇ કરીને ઇશ્વરની અપ્રસન્નતા કરાવશે એવો ભય તે શખસના મનમાં બેસાડી અથવા બેસાડવાડવાની કોશીશ કરીને તે એ પ્રમાણે કરે તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે

દ્રષ્ટાંત—(અ) અ જ ને આગણે લાંધવા બેસે એવા ઇરાદાથી કે એમ તેને બારણે બેસવાથી જ ની ઉપર ઇશ્વરની અપ્રસન્નતા થશે એવો સભવ ઉત્પન્ન થાય તો આ કલમમા બ્યાન કરેલો ગુન્હો અ એ કીધો એમ સમજવુ

(બ) અ જ ને એવી રીતે ડરાવે કે જો તું ફલાણુ કામ નહિ કરે તો હુ મારા છોકરાઓમાના એક છોકરાનો જીવ તને આપીશ અને તે એવી હાલતમા હોય કે તે પોતાના છોકરાનો જીવ આપશે તો તેથી જ ની ઉપર ઇશ્વરની અપ્રસન્નતા થશે એવો ભય ઉત્પન્ન થાય તો અ એ આ કલમમાં બીયાન કરેલા ગુનો કીધો એમ સમજવુ

૫૦૯ કોઇ સ્ત્રીને લજવવાનો વિચાર કરી જે માણસ કાંઈ શબ્દ અથવા તે અવાજ સાંભળે એમ બોલે અથવા ચાળા કરે અથવા કાંઇ વસ્તુ દેખાડે એવા ઇરાદાથી કે તે સ્ત્રી આ શબ્દ અથવા અવાજ સાંભળે અથવા તે ચાળા અથવા વસ્તુ જુવે અથવા તે તેની એકાંત જગા પર જે માણસ વગર રજાએ ઘુસે તેને એક વરસની મુદત સુધીની આમન કેદની અથવા દડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

૫૧૦ જે માણસ કેફની હાલતમા છતાં કોઇ જાહેર જગામા જાય અથવા જે જગામાં તેણે વગર રજાએ જવુ કાયદા વિરૂદ્ધ હોય એવી કોઇ જગામાં જાય અને ત્યા કોઇ શખસને દુઃખ થાય એવી રીતે ચાલે તેને ચોવીસ કલાકની મુદત સુધીની આસન કેદની અથવા દશ રૂપીઆ સુધીના દડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે,

બાબ ૨૩ મો.

ગુન્હો કરવાની કોશીશ બાબત

૫૧૧ જે ગુન્હાને માટે આ કાયદામાં સમુદ્રપારની અથવા કેદની શીક્ષા ઠરાવી હોય એવો કોઇ ગુન્હો કરવાની અથવા એવો કોઇ ગુન્હો કરવાની જે માણસ કોશીશ કરે અને તે કોશીશ ને ગુન્હો કરવા તરફ કાંઇ કામ કરે તે માણસને તેવી કોશીશને માટે શીક્ષા સબધી આ કાયદામાં કાંઇ સાફ ઠરાવ ન કર્યો હોય તેવે ઠેકાણે તે ગુનાને માટે જે પ્રકારની કેદની શીક્ષા ઠરાવી હોય તે પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની અથવા સમુદ્રપારની ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય તેની અડધી મુદત સુધીની કેદની અથવા સમુદ્રપારની અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત—(અ) અ એક પેટી ફોડીને કાંઇ ઝવેરાત ચોરવાની કોશીશ કરે અને તે પેટી ફોડયા પછી તેને માલમ પડે કે માંહે કાંઈ ઝવેર નથી તો તેણે ચોરી કરવા તરફ એ કામ કીધુ માટે આ કલમ પ્રમાણે તે તકસીરવાર થયો એમ સમજવુ,

(બ) જ ના ખીસામાં હાથ ઘાલીને તેમાથી ચોરી કરવાની અ કોશીશ કરે અને જના ખીસામાં કાંઇ વસ્તુ ન હોવાને લીધે અ તે કોસીશમા પાર ન પડે તો આ કલમ પ્રમાણે અ તકસીરવાર થયો એમ સમજવુ.

ટીકા—આ કલમ પ્રમાણે કોશીશ કરવાનો ગુન્હો બનવાને સારૂ ગુન્હો કરવાના ઇરાદાથી, અને તે ગુન્હો કરવાના કારણસર કાંઈ કૃત્ય કરેલુ હોવુ જોઇએ, અને તે ગુન્હો કરવાની કોશીશમા તે કરેલુ હોવુ જોઇએ,

સમાપ્ત.

પરિશિષ્ટ

ખુલાસો—ગુન્હો તથા હીંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબ શિક્ષા એવા મથાળાના આ પરિશિષ્ટના બીજા તથા સાતમા આસન મધ્યે જે મજકુર લખ્યો છે તે તેમના સંબંધનો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની જુદી જુદી કલમોમાં બ્યાન કરેલા ગુન્હાઓ તથા શિક્ષાઓની વ્યાખ્યા દાખલ લખ્યો છે એમ સમજવુ નહી પણ તે તો પહેલા આસન મધ્યે જે કલમની સંખ્યા લખી છે તે કલમમાં શો વિષ છે તેની માત્ર સુચનાર્થે લખ્યો છે આ પરિશીષ્ટનું ૩ જું આસન–કલકત્તા તથા મુબાઇ એ શહેરોની પોલીસને પણ લાગુ છે.

બાબ ૫ મદદગારીના ગુન્હા બાબત નીચે પ્રમાણે શિક્ષા થઇ શકે.

કલમ	ગુન્હો.	(વગર વારટે પોલીસ પકડી શકે કે નહી એ ટલે) કાગ્નીઝેબલ કે નોન કાગ્નીઝેબલ,	પ્રથમ વારંટ નીકળે કે સમન	જામીન લઇ શ કાય કે નહિ	માંડી વાળી શકાય કે નહિ	હીંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબ શીક્ષા	કઇ કોર્ટથી ઇન્સાફ થઇ શકે.
૧૦૮	કોઇ ગુન્હાનો મદદગારી જો તે મદદગારી પરથી કરેલુ કામ કરવામાં આવે અને તેવી મદદગારીને માટે સાફ શિક્ષા ઠરાવી નહી હોય તો	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે વગર વારંટે પકડી શકતા હોય તો વગર વારંટે પકડી શકે નહી તો નહી.	જે ગુન્હાને માટે મદદગારી કરી હોય તેને માટે વારંટ નીકળી શકતું હોય તો વારંટ નહીં તો સમન	જે ગુન્હા માટે મદદગારી કરી હોય તેને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય નહી તો નહી,	જે ગુન્હાની મદદગારી કરી હોય તે માંડી વાળી શકાતો હોય તો માંડી વાળી શકાય. નહી તો નહી	જેગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જે શીક્ષા હોય તેજ શીક્ષા.	જે ગુન્હાની મદદગારી કરી હોય તેગુન્હાનો ઇન્સાફ જે કોરટથી થઇ શકે તે કોરટ
૧૧૦	કોઇ ગુન્હાની મદદગારીને જે મદદગારી કરેલો સખસ તે કામ મદદગારના ઇરાદા કરતાં જુદા ઇરાદાથી કરે તો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૧૧	કોઇ ગુન્હાની મદદગારી જ્યારે એક કામમાં કરી હોય અને જુદુજ કામ બને ત્યારે શરતને પાત્ર	એજ	એજ	એજ	એજ	જે ગુન્હાની મદદગારી કરવાનો ઇરાદો કર્યો હોય તે ગુન્હાને માટે જે શીક્ષાહોય તે જ શિક્ષા.	એજ
૧૧૩	કોઇ ગુન્હાની મદદગારી જ્યારે મદદગારી કરેલા કામથી મ-	એજ	એજ	એજ	એજ	કરેલા ગુન્હાને માટે જે શીક્ષા હોય તેજ શીક્ષા.	એજ

દદગારના ધાર્યા કરતાં જુદી અસર પેદા થાય ત્યારે						
૧૧૪ કોઇ ગુન્હાની મદદગારી જો ગુન્હો થતી વખતે મદદગાર હાજર હોય તો	એજ	એજ	એજ	એજ	કરેલા ગુન્હાને માટે જે શીક્ષા ઠરાવી હોય તેજ શીક્ષા.	એજ
૧૧૫ મોતની અથવા જીવતા સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવા ગુન્હામાં મદદગારી કરવામા આવે અને તે ગુન્હો તે મદદગારી ઉપરથી નહી થાયતો.	એજ	એજ	જામીન નહિ લઇ શકાય.	એજ	૭ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
અગર જેથી વ્યથા થાય એવુ કોઇ કામ તે મદદગારી ઉપરથી કરવામા આવે તો	એજ	એજ	એજ	એજ	૧૪ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૧૧૬ કેદની શીક્ષા થઇ શકે એવા ગુન્હામાં મદદગારીકરવામાં આવે અને તે ગુન્હો મદદગારી ઉપરથી નહી થાય તો	એજ	એજ	જે ગુન્હાને માટે મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય નહી તો નહી	એજ	જે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા વધુમાં વધુ મુદત ઠરાવી હોય તેની ¼ મુદત સુધી કેદ અથવા દંડ અથવા બન્ને.	એજ
અગર તે મદદગાર અથવા મદદગારી કરેલો સખસ સરકારી નોકર હોય, અને તેની ફરજ તે ગુન્હો અટકાવવાની હોય તો	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા વધુમા વધુ મુદત ઠરાવી હોય તેની ½ મુદત સુધી કેદ અથવા દંડઅથવા બને	એજ
૧૧૭ લોક પાસે, અથવા દસથી વધારે માણસો પાસ કોઈ ગુન્હો કરાવવામાં મદદગારી કરવી.	એજ	એજ	એજ	એજ	ત્રણ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બને	એજ
૧૧૮ મોતની અથવા જીવતા સુધી	એજ	એજ	જામીન નહિ લઇ	એજ	સાત વરસ સુધી બેમાંના	એજ

	સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાની ધારણા છુપાવવી અગર તે ગુન્હો થાય તો			શકાય		ગમે તે પ્રકારની કેદ તથા દંડ	
	અગર તે ગુન્હો નહી થાય તો	એજ	એજ	જામીન લઇ શકાય	એજ	ત્રણ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૧૧૯	જે ગુન્હો અટકાવવાની પોતાની ફરજ હોય એવો ગુન્હો કરવાની ધારણા કોઇ સરકારી નોકરે છુપાવવી, અગર તે ગુન્હો થાય તો,	એજ	એજ	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય, તો લઇશકાય નહી તો નહી.	એજ	જે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેની ½ મુદત સુધી કેદ અથવા દંડ અથવા બન્ને	એજ
	અગર તે ગુન્હો મોત, અથવા સમુદ્રપારની શીક્ષા જોગ હોયતો	એજ	એજ	જામીન નહી લઇ શકાય.	એજ	દશ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ	એજ
	અગર ગુન્હો નહી થાય તો	એજ	એજ	જામીન લઇશકાય	એજ	જે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી જે મુદત ઠરાવેલી હોય તેની ¼ મુદતસુધી કેદ અથવા દંડ અથવા બન્ને.	એજ
૧૨૦	કેદની શીક્ષા થઇ શકે એવો, ગુન્હો કરવાની ધારણા છુપાવવી જો તે ગુન્હો થાય તો,	એજ	એજ	જે ગુન્હાની ધારણા છુપાવવી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોયતો લઇ શકાય નહી તો નહી	એજ	એજ	એજ
	અગર જો તે ગુન્હો નહી થાયતો	એજ	એજ	જામીન લઇ શકાય	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેના ⅛ ભાગ સુધી કેદ અથવા દંડ અથવા બન્ને	એજ

૧૨૦ અ	પોતની સમુદ્રપારની અથવા બે અથવા તેથી વધારે વર્ષની સખત મજુરીની કેદની શિક્ષા થઇ શકે એવો ગુન્હો કરવા માટેનું સાપરાધ કાવતરૂં	સદરહુ કાવતરાનો ઉદ્દેશ જે ગુન્હો કરવાનો હોય તે ગુન્હા માટે વગર વારંટે પકડી શકાતુ હોય તો વગર વારંટે પકડી શકાય, નહી તો નહી.	સદરહુ કાવતરાનો ઉદ્દેશ જે ગુન્હો કરવાનો હોય તે ગુન્હા માટે વારંટ નીકળી શકતુ હોય તો વારંટ, અથવા સમન નીકળી શકતો હોય તો સમન	સદરહુ કાવતરાનો ઉદ્દેશ જે ગુન્હો કરવાનો હોય તે ગુન્હા માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય, નહી તો નહી	માફી વાળી નહી શકાય	સદરહુ કાવતરાનો ઉદ્દેશ જે ગુન્હો કરવાનો હોય તે ગુન્હાની મદદગારી માટે જે શિક્ષા ઠરાવી હોય તેજ શીક્ષા	સદરહુ કાવતરાનો ઉદ્દેશ જે ગુન્હો કરવાનો હોય તે ગુન્હાનો ઇન્સાફ ફક્ત સેશન કોર્ટથી થઇ શકતો હોય તો, તે કોર્ટ. બીજા સઘળા ગુન્હાની બાબતમાં સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટની કોર્ટ, અથવા ૧લા વર્ગના માજીસ્ટ્રેટની કોર્ટ
	બીજું કોઇ સાપરાધ કાવતરૂં	વગર વારંટે પકડાય નહી	સમન	જામીનલઇ શકાય	એજન	બન્નેમાંથી કોઇ પણ પ્રકારની ૭ મહીનાની કેદ તથા વારંટ અથવા બન્ને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૫ હેલા વર્ગનો માજીસ્ટ્રેટ

ભાગ ૬, રાજ્યવિરૂદ્ધ ગુન્હા માટે ૧૨૧ થી ૧૩૦ મી સુધીની કલમો મુજબ નીચે પ્રમાણે શીક્ષા થઇ શકે.

૧૨૧	રાણીની સામા લડાઇ કરવી, અથવા લડાઇ કરવાની કોશીશ કરવી, અથવા લડાઇ કરવાની મદદગારી કરવી.	વગર વારંટે પકડાય નહિ	વારંટ	જામીન લઇ શકાય નહિ.	માફી વાળી નહિ શકાય	મોત અથવા જીવતા સુધી સમુદ્રપાર અથવા દંડ	સેશનકોરટ
૧૨૧ અ	રાજ્ય વિરૂદ્ધ કેટલાક ગુન્હા કરવા	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા હરકોઇ	એજ

	શારૂ સંપે કરવો					થોડી મુદત સુધી સમુદ્ર પારની શીક્ષા અથવા દશ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	
૧૨૨	રાણીની સામે લડાઇ કરવાના ઇરાદાથી હથીયારો વિગેરે એકઠાં કરવા.	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્ર પાર અથવા ૧૦ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૧૨૩	લડાઇનું કામ મહેલ કરવાના ઇરાદાથી લડાઇની ધારણા છુપાવવી.	એજ	એજ	એજ	એજ	દશ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૧૨૪	કાંઈ કાયદેસર અખત્યાર અમલમાં અણાવવાના ઇરાદાથી ગવનર જનરલ વિગેરે ઉપર હુમલા કરવો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૧૨૪ અ	બોલેલા અથવા લખેલા શબ્દો વડે અગર ઇસારત વડે સરકાર વીરૂદ્ધ બેદીલી ઉત્પન્ન કરવાની કોશીશ કરવી	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી અથવા હરકોઇ થોડી મુદત સુધી સમુદ્રપારની શીક્ષા તથા દંડ અથવા ત્રણ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બને	સેશન કોરટ ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ અથવા આ અર્થે સરકારે ખાસ અધિકાર આપ્યો હોય એવો ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૨૫	રાણીની સાથે સલાહ અથવા મૈત્રી રાખનારા એશીયાના કોઈ રાજાની ઉપર લડઇ કરવી અથવા તેવી લડાઇ કરવામા મદદગારી કરવી.	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર, અથવા દંડ અથવા ૭ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારના કેદ તથા દંડ અથવા બને	સેશનકોરટ
૧૨૬	રાણીની સાથે મૈત્રી અથવા સલાહ રાખનારા કોઇ રાજાના મુલક ઉપર લુંટ કરવી.	એજ	એજ	એજ	એજ	૭ વર્ષ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા કાંઇ મુકરર મિલકત સરકાર જપ્ત કરવી.	એજ

૧૨૭	૧૨૫ મી અથવા ૧૨૬ મી કલમોમા કહેલી લડાઈ અથવા લુંટથી મળેની મીલકત લેવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૨૮	સરકારી નોકર બુદ્ધિપૂર્વક પોતાના હવાલામા કોઇ રાજકીય અથવા લડાઇના કેદીને નાસી જવા દે તો	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા દશ વરસ સુધી બેમાના ગમે તે પ્રકાર ની કેદ તથા દંડ	એજ
૧૨૯	સરકારી નોકર ગફલતથી પોતાના હવાલામાંના કોઇ રાજકીય અથવા લડાઇના કેદીને નાસી જવા દે તો,	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી આસાન કેદ તથા દંડ	સેશન કોરટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ
૧૩૦	તેવા કેદીને નાસી જવામાં સાહ્ય કરવુ, છોડાવવો અથવા ઘરમા રાખવો અથવા તેને પાછો પકડે તેમા સામા થવુ	વગર વારંટ પકડાય નહી	વારંટ	જામીન લઇ નહિ શકાય	માંડી વાળી શકાય નહીં	જીવતાં સુધી સમુદ્રપાર અથવા દશ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ

ટીપ—કલમ ૧૨૧ થી ૧૨૬ સુધી તથા ૧૨૮ થી ૧૩૦ સુધીની ફરીયાદ સરકાર તરફથી કર્યા વગર કોઇ પણ કોરટ સાંભળી શકતી નથી. (ક્રી પ્રો કો કા. ૧૯૫)

બાબ ૭ મો જમીન સંબંધી તથા દરીઆઇ ફોજ સંબંધિ ગુન્હા બાબત.

નીચે પ્રમાણે કા. ૧૩૧ થી ૧૪૦ મી કલમ મુજબ શીક્ષા થઇ શકે.

૧૩૧	બંડમા મદદગારી કરવી અથવા કોઇ ઓફીસરને અથવા સોલજરને કે ખલાસીને પોતાની નોકરીથી અથવા પ્રજા ધર્મથી ભ્રષ્ટ કરવાની કોશેશ કરવી	વગર વારંટ પકડી શકે	વારંટ	જામીન લઇ નાહ શકાય	માંડીવાળી શકાય નહિ	જીવતાંસુધી સમુદ્રપાર અથવા દશ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ
૧૩૨	બંડ કરવામા મદદગારી કરવી જો તેથી બંડ થાય તો,	એજ	એજ	એજ	એજ	મોત અથવા જીવતાં સુધી સમુદ્રપારની અથવા ૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૧૩૩	કોઇ ઉપરી અમલદાર પોતાનો હોદો ચલાવતો હોય તે દરમ્યાનમાં તેનો ઉપર કોઇ ઓફીસરે, સોલજરે	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ પ્રેસીડેન્સી માજી-

	અથવા ખલાસીએ હુમલો કરવામા મદદગારી કરવી.						સ્ટેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૩૪	આવા હુમલામા મદદગારી જો તે હુમલો થાય તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ
૧૩૫	કોઇ ઓફીસર સોલજર અથવા ખલાસીને નાસી જવામાં મદદગારી કરવી	એજ	એજ	જામીન લઇશકાય	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૧૩૬	નાસી આવેલા સદરહુ પ્રકારના કોઈ ઓફીસર સોલજર અથવા ખલાસીને ઘરમાં રાખવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૩૭	કોઇ વેપારીના વહાણમા માસ્તરની અથવા જેના હવાલામા તે વહાણ હોય તેના ગફલતથી કોઇ નાસી જનારો સતાયો હોય તો,	વગરવારંટે પકડાય નહિ	સમન	એજ	એજ	૫૦૦) રૂપીઆનો દંડ	એજ
૧૩૮	કોઇ ઓફીસર, સોલજર અથવા ખલાસીના હુકમાનીનું કોઈ કામ કરવામાં મદદગારી કરવી, જો તેથી તે ગુન્હો થાય તો,	વગરવારંટે પકડી શકાય	વારંટ	એજ	એજ	૬ મહીના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને,	એજ
૧૪૦	સોલજરમા ખપવાના ઇરાદાથી સોલજરનો પોશાક પહેરવો અથવા સોલજરનું કોઇ ચિન્હ ધારણ કરવું.	એજ	એજ	એજ	એજ	૩ મહીના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપીઆ સુધી દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ

બાબ ૮ મો લોકોની સલામતીની વીરૂદ્ધ ગુન્હા બાબત નીચે પ્રમાણે શીક્ષા થઇ શકે.

૧૪૩	કાયદા વિરૂદ્ધ મંડળીના અગત્યત હોવું	વગર વારંટપકડી	સમન.	જામીન લઇશકાય	માંડીવાળી નહીશકાય	૬ મહિનાસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	કોઈ પણ માજીસ્ટ્રેટ

		શો					
૧૪૪	જીવલે એવુ કાઇ હથીઆર પાસે રાખીને કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામેલ હોવુ	એજ	વારંટ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૧૪૫	કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીને વીખરાઇ જવાનો હુકમ થયો છે એમ જાણ્યા છતા તેમા સામેલ થવુ.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૪૭	હંગામો કરવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૪૮	જીવલે એવુ હથીઆર પાસે રાખીને હંગામો કરવો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	સેશન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૧૪૯	એકાદી કાયદા વિરૂદ્ધ મંડળીનો કોઇ અંગભૂત કાઇ ગુન્હો કરે, તો તે મંડળીના બીજા પ્રત્યેક અંગભૂતને તે ગુન્હાનો તકસીરવાર સમજવો	તે ગુન્હાને માટે વગર વારંટ પકડી શકતો હોય તો પકડી શકાય, નહી તો નહી	તે ગુન્હાને માટે વારંટ નીકળી સકતું હોય તો વારંટ નહી તો સમન	તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય નહી તો નહીં.	એજ	તે ગુન્હાને માટે જે હોય તે	તે ગુન્હાનો જે કોરટથી ઇનસાફ થતો હોય તે કોરટ
૧૫૦	કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીમા સામેલ થવાને કોઇ શખસોને ભાડે રાખવા, રોકવા અથવા કામે લગાડવા	વગર વારંટ પકડી શકાય.	તે ભાડે રાખેલા રોકેલા અથવા કામે લગાડેલા શખસે તે ગુન્હો કર્યો હોય તે મુજબ	તે ગુન્હાને માટે જામીન લઇ શકતો હોય તો લઇ શકાય નહી તો નહી	માંડી વાળી નહીં શકાય	તે મંડળીના અંગભૂતનીજ શીક્ષા તથા તે મંડળીનો કોઇ પણ અંગભૂત જે ગુન્હો કરે તેને જે શીક્ષા હોય તેજ	તે ગુન્હાનો જે કોરટથી ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ

૧૫૧	પાંચ અથવા વધારે શખ્સોની કોઇ મંડળીને વીખ રાઇ જવાનો હુકમ થયા પછી જાણી બુજીને તે મંડળીમાં સામીલ થવું, અથવા જારી રહેવું.	એજ	સમન	જામીન લઇ શકાય	એજ	૬ મહિના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ
૧૫૨	હંગામો બંધ પાડવા વીગેરેનું કામ કરતો હોય તેવામાં કોઇ સરકારી નોકરની ઉપર હુમલો કરવો અથવા તેને હરકત કરવી.	એજ	વારંટ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૫૩	હંગામો કરાવવાના ઇરાદાથી દુષ્ટતાથી કોઇના મનમાં ક્રોધ ઉત્પન્ન કરવો જો હંગામો થાય તો	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકાર કેદ, અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ.
	જો નહી થાય તો	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ
૧૫૩ અ	જુદા જુદા વર્ગના લોકો વચ્ચે દુશ્મનાઇ વધારવી.	વગર વારંટ પકડાય નહિ.	વારંટ	જામીન લઇ શકાય નહિ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૧૫૪	જમીનનો માલીક અથવા કબજેદાર હંગામા વીગેરેની ખબર નહી આપે તો	એજ	સમન	જામીન લઇ શકાય	એજ	૧૦૦૦ રૂપીઆનો દંડ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અગર ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૧૫૫	જે સખ્સના ફાયદાને સારૂ અથવા જેની વતી કોઇ હંગામો કરવામાં આવે, તે સખ્સ તે અટકાવવાને સઘળા કાયદેસર ઇલાજો નહી કરે તો	એજ	એજ	એજ	એજ	દંડ	એજ
૧૫૬	જે માલીક અથવા કબજેદારના ફાયદાને સારૂ કોઇ હંગામો કરવામાં આવે, તે શખ્સ તે અટકાવવાને સઘળા કાયદેસર ઇલાજો નહી કરે તો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ

૧૫૭	કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીને સારૂ ભાડે રાખેલા સખસોને ઘરમા રાખવા	વગર વા-રંટે પકડી શકાય	એજ	એજ	એજ	૭ મહિના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બને.	એજ
૧૫૮	કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીમાં અથવા હંગામામા સામીલ થવા સારૂ પૈસા લેવા કરી રહેવુ.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બને,	એજ
૧૫૯	અથવા હથીઆરબંધ થઇને ફરવુ.	એજ	વારંટ	એજ	એજ	એજ	એજ
૧૬૦	બખેડો કરવા	વગર વારંટે પકડી શકાયનહી	સમન	એજ	એજ	૧ મહીના સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦ રૂપીઆનો દંડ અથવા બને	કોઇ પણ માજીસ્ટ્રેટ

બાબ ૯ મી, સરકારી નોકરોના અથવા તેઓ સબંધી ગુન્હાઓ માટે નીચે પ્રમાણે શિક્ષા થઇ શકે.

૧૬૧	સરકારી નોકર હોય અથવા થવાની ઉમેદ હોય અને કોઇ સરકારી નોકરીના કામ સબંધી કાયદેસર મહેનતાણા સિવાય કોઇ બીજો અવેજ લેવો	વગર વારંટે પકડાયનહી	સમન	જામીન લઇ શકાય	માંડીવાળી નહી શકાય	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બને.	સેસનકોરટ પ્રેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ
૧૬૨	કોઇ સરકારી નોકર ઉપર લાંચના અથવા કાયદા વિરૂદ્ધ ઉપાયથી વર્ગ ચલવવા માટે કાંઇ અવેજ લેવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૬૩	કોઇ સરકારી નોકરના ઉપર ખુદ પોતાનો વગ ચલાવવા સારૂ કાંઇ અવેજ લેવો	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધીની આસાન કેદ અથવા દંડ અથવા બને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૬૪	સરકારી નોકર પોતાની બાબતમાં ઉપલી છેલ્લી બે કલમોમા બ્યાન કરેલા ગુન્હામાં મદદગારી કરે, તો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા બને	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ

							અથવા ૧લા વર્ગ-નો માજીસ્ટ્રેટ.
૧૬૫	કોઇ સરકારી નોકર, કોઇ મુકદમો અથવા મામલો ચલાવતો હોય તેમાં નીસબત રાખનારા કોઇ શખસ પાસેથી તે સરકારી નોકરે કાંઇ અવેજ આપ્યા વગર કાંઈ કીમતી વસ્તુ લેવી.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની આસાન કેદ, અથવા દંડ, અથવા બને.	પ્રેસીડેન્સી મા-જીસ્ટ્રેટ અથવા૧ લા અગર ૨ જો વર્ગનો માજીસ્ટ્રેટ
૧૬૬	કોઇ શખસને નુકશાન કરવાના ઇરાદાથી કોઇ સરકારી નોકરે કાયદાનો હુકમ નહી માનવો	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધીની આસાન કેદ,અથવા દંડ અથવા બને	એજ
૧૬૭	નુકશાન કરવાના ઇરાદાથી કોઇ સરકારી નોકરે ખોટો લખ બનાવવો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બને	સેશનકોરટ પ્રેસી-ડેન્સી માજી-સ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૧૬૮	સરકારી નોકરે કાયદાવિરૂદ્ધ વેપાર કરવો.	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધીની આસાન કેદ અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજી-સ્ટ્રેટ અથવા ૧ લાવર્ગનો માજી સ્ટ્રેટ
૧૬૯	સરકારી નોકરે કાયદા વિરૂદ્ધ કોઇ મિલકતની ખરીદી અથવા માગણી કરવી.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની આસાન કેદ,અથવા દંડ અથવા બને તથા જો મીલકત ખરીદ કરી હોય તો તે સરકાર જપ્ત થવી.	એજ
૧૭૦	કોઈ સરકારી નોકરનો વેષ લેવો,	વગર વા રંટ પકડી શકે	વારંટ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકા-રની કેદ, અથવા દંડ અથવા બને	કોઇ પણ મા-જીસ્ટ્રેટ,
૧૭૧	કોઇ સરકારી નોકર જેવો પોશાક પહેરતો હોય અ-થવા જેવી નીશાની સાથે રાખતો હોય તેવો પોશાક અથવા તેવી નિશાની દગલબાજીના ઇરાદાથી પહેરવો અથવા સાથે રાખવી.	એજ	સમન	એજ	એજ	૩ મહિના સુધી બેમાંના ગમે તે પ્રકા-રની કેદ અથવા ૨૦૦ રૂપીઆનો દંડ અથવા બને	એજ

બાબ ૧૦ મો—સરકારી નોકરોનો કાયદેસર અખત્યારના તીરસ્કાર કરવા બાબત

નીચેના કોષ્ટકમાં બતાવેલી કલમો મુજબ નીચે પ્રમાણે શીક્ષા થઇ શકે,

૧૭૨	કોઇ સરકારી નોકરના તરફથી થએલો સમન કે હુકમ નહી પહોંચે એટલા માટે નાસી જવુ	વગર વારંટે પકડાય નહી.	સમન	જામીનથી છુટી શકાય	માંડીવાળી શકાય નહી.	૧ મહિના સુધીની આસાન કેદ, અથવા ૫૦૦ રૂપીઆ સુધીનો દંડ અથવા બંને	કોઇ પણ માજીસ્ટ્રેટ
	જો તે સમન અથવા નોટીસમાં કોઇ શખસને કોઇ ઇનસાફની કોરટમાં જાતે હાજર થવા વગેરે ફરમાવ્યુ હોય તો.	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધીની આસાન કેદ અથવા ૧૦૦૦ રૂપીઆ સુધીનો દંડ અથવા બંને	એજ
૧૭૩	સમન અથવા નોટીશ પહોંચતી ચોંટાડતી અટકાવવી, અથવા ચહોંટાડયા પછી કહાડી નાંખવી, અથવા જાહેરનામું નહી થવા દેવુ.	એજ	એજ	એજ	એજ	૧ મહિના સુધીની આસાન કેદ અથવા ૫૦૦ રૂપિઆનો દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
	જો તે સમન વીગેરેમાં કોઇ શખસને કોઇ ઇનસાફની કોરટમાં જાતે હાજર થવા વીગેરે ફરમાવ્યુ હોય તો	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધીની આસાન કેદ, અથવા ૧૦૦૦ રૂપીઆનો દંડ અથવા બંને	એજ
૧૭૪	કોઇ ઠેકાણે જાતે અથવા મુખત્યારની મારફતે હાજર થવાને કાયદેસર હુકમ થયો હોય, તે નહી માનવો અથવા તે ઠેકાણેથી વગર રજાએ જવુ	એજ	એજ	એજ	એજ	૧ મહિના સુધીની આસાન કેદ, અથવા ૫૦૦ રૂપીઆનો દંડ અથવા બંને	કોઇપણ માજીસ્ટ્રેટ
	જો તે હુકમમાં કોઇ શખસને કોઇ ઇનસાફની કોરટમાં જાતે હાજર થવા વીગેરે ફરમાવ્યુ હોય તો.	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધીની આસાન કેદ અથવા ૧૦૦૦ રૂપીઆનો દંડ અથવા બંને	એજ
૧૭૫	કંઇ સરકારી નોકરની આગળ કાંઇ લેખ હાજર કરવાની અથવા સ્વાધીન કરવાની જે શખસને કાયદા મુજબ ફરજ હોય તે શખસે તે લેખ હાજર કરવામાં ઇરાદાથી કસુર કરવી	એજ	એજ	એજ	એજ	૧ મહિના સુધીની આસાન કેદ અથવા ૫૦૦ રૂપીઆનો દંડ અથવા બંને,	જે કોરટમાં તે ગુન્હો થયો હોય તે કોર્ટ, આ કાયદાના ૩૫ મા બાબના

							ઠરાવોને અનુસરીને અથવા તે ગુન્હો કોઈ કોરટમાં નહી થયો હોય તો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અગર ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
	જો લેખ, કોઈ ઇન્સાફની કોરટમાં હાજર કરવાનુ, અથવા સ્વાધિન કરવાનું ફરમાવ્યું હોય તો.	એજ	એજ	એજ	એજ	૬ માહના સુધીની આસાન કેદ અથવા ૧૦૦૦ રૂપીઆનો દંડ અથવા બને	એજ
૧૭૬	કોઇ સરકારી નોકરને નોટીસ અગર ખબર આપવાની જે શખસને કાયદા મુજબ ફરજ હોય તે શખસે તે નોટીસ અથવા ખબર ધરાદાથી નહી આપવી.	એજ	એજ	એજ	એજ	૧ મહિના સુધીની આસાન કેદ અથવા ૫૦૦ રૂપીઆનો દંડ અથવા બને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
	જો નોટીસ અથવા ખબર આપવી જોઇએ તે કોઈ ગુન્હો થયા વીગેરેની હોય તો.	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધીની આસાન કેદ અથવા ૧૦૦૦ રૂપિઆનો દંડ, અથવા બને	એજ
૧૭૭	જાણી જોઇને કોઈ સરકારી નોકરને ખોટી ખબર આપવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	જો ખબર આપવી જોઇએ તે કાંઇ ગુન્હો થયા વીગેરેની હોય તો.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બને.	એજ
૧૭૮	કોઇ સરકારી નોકરે કાયદા મુજબ સોગન ખાવાનુ ફરમાવ્યા છતાં સોગન ખાવાની ના કહેવી.	એજ	એજ	એજ	એજ	૧ મહિના સુધીની આસાન કેદ અથવા ૧૦૦૦ રૂપિઆનો દંડ અથવા બને.	જે કોરટમાં તે ગુન્હો થયોહોય તે કોરટ અથવા ૩૫ મા

						શાખને અનુસરીને જો તે ગુન્હો કોઇ કોરટમાં નહી થયો હોય તો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અગર ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૧૭૯ માચુ બોલવાને કાયદા પ્રમાણે બંધાયા છતા કોઇ સવાલોના જવાબ દેવાની ના કહેવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૮૦ કોઇ સરકારી નોકરની આગળ કહેલા કોઇ મજકુર ઉપર સહી કરવાને કાયદા મુજબ ફરમાવ્યા છતા તેમ કરવાની ના કહેવી	એજ	એજ	એજ	એજ	૩ મહિના સુધીની આસાન કેદ અથવા ૫૦૦ રૂપીઆનો દંડ અથવા બંને	એજ
૧૮૧ કોઇ સરકારી નોકરની આગળ સોગન ખાકને જુઠો મજકુર ખરા તરીકે જાણી બુજીને કહેવો.	એજ	વારંટ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	સેશન કોરટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૧૮૨ કોઇ સરકારી નોકરને તેનો કાયદેસર અખત્યાર અમલમા આણીને બીજા શખસને નુકશાન અથવા ઇજા કરાવવા સારુ ખોટી ખબર આપવી	એજ	સમન	એજ	એજ	૬ મહિના સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂપીઆ સુધીનો દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૧૮૩ કોઇ સરકારી નોકરના કાયદેસર અખત્યારથી કોઇ મીલકત લેવાતી હોય તેમા સામા થવુ	વગર વારંટ પકડાય નહિ.	સમન	જામીન લઇ શકાય	માંડી વાળી શકાય નહિ	એજ	એજ
૧૮૪ કોઇ સરકારી નોકરના અખત્યારથી વેચવા કહાડેલી મીલકતના વેચાણમાં અડચણ કરવી.	એજ	એજ	એજ	એજ	૧ મહીના સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપીઆનો દંડ અથવા બંને	એજ

૧૮૫	કોઈ કાવરેસ્ટર અખત્યારથી વેચવા કહાડેલી મીલકત ખરીદ કરવાને જે શખસ કાયદા પ્રમાણે અશકત હોય તે શખસે તેની માગણી કરવી અથવા માગણી કર્યાથી જે ફરજ પોતાની ઉપર આવતી હોય તે અદા કરવાનો ઇરાદો નહી છતા માગણી કરવી	એજ	એજ	એજ	એજ	૧ મહિના સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ, અથવા ૨૦૦ રૂપીઆનો દંડ અથવા બને.	એજ
૧૮૬	કોઇ સરકારી નોકરને તેના સરકારી કામ કરવામાં અડચણ કરવી	એજ	એજ	એજ	એજ	૩ મહિના સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપીઆનો દંડ, અથવા બને.	એજ
૧૮૭	કાયદા મુજબ મદદ કરવાની ફરજ છતા કોઇ સરકારી નોકરને મદદ કરવામા કસુર કરવી	એજ	એજ	એજ	એજ	૧ મહિના સુધીની આસાન કેદ અથવા ૨૦૦ રૂપીઆનો દંડ, અથવા બને,	એજ
	પ્રોસેસ બજાવવાના, ગુન્હો અટકાવવાના વિગેરે કામે મા કોઇ સરકારી નોકરે મદદ માગ્યા છતાં તેને જાણી જોઇને મદદ કરવામાં કસુર કરવી	એજ	એજ	એજ	એજ	૭ મહિના સુધીની આસાન કેદ, અથવા ૫૦૦ રૂપીઆનો દંડ અથવા બને.	એજ
૧૮૮	કોઈ સરકારી નોકરે કાયદા મુજબ જાહેર કરેલો હુકમ નહી માનવો, જો તે નહી માનવાથી કાયદાસર રહેલા શખસોને અડચણ દુખ અથવા નુકશાન થાય તો	એજ	એજ	એજ	એજ	૧ મહિના સુધીની આસાન કેદ, અથવા ૨૦૦ રૂપીઆનો દંડ, અથવા બને	એજ
	તે નહી માનવાથી માણસની જીંદગીને, તંદુરસ્તીને અથવા સલામતી વીગેરેને જોખમ થાય તો,	એજ	એજ	એજ	એજ	૭ મહિના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂપીઆનો દંડ અથવા બને,	એજ
૧૮૯	કોઇ સરકારી નોકર પોતાના હોદ્દાનુ કામ કરવાને અથવા નહી કરવાને લલચાય એટલા સારૂ ખુદને તેને અથવા જેની સાથે તેનો સબંધ હોય તેન નુકશાન કરવાનો ડર દેખાડવો	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ બને	એજ

૧૯૦	નુકશાનમાંથી રક્ષણ થવા સારૂ કાયદાસર અરજ કરવાથી દુર રહેવાને કોઇ શખસને લલચાવવા સારૂ તેને ડર દેખાડવો	એજ	એજ	એજ	એજ	એક વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	એજ

બાબ ૧૧ મો—ખોટા પુરાવ તથા સરકારી ઇનસાફ વીરૂદ્ધ ગુન્હાઓ બાબત નીચેના કોઠામાં બતાવ્યા મુજબ શિક્ષા થઇ શકે છે

૧૯૩	કોઇ ઇનસાફી કામમા ખોટી સાહેદી આપવી, અથવા ખોટો પુરાવો બનાવવો	વગરવારંટે પકડાય નહી	વારંટ	જામીનથઇ શકાય	માંડીવાળી શકાય નહી.	૭ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશનકોરટ,પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
	બીજા કોઇ કામમાં ખોટી સાહેદી આપવી, અથવા ખોટો પુરાવો બતાવવો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૧૯૪	દેહાત શીક્ષા જેમ ગુન્હો કોઇની ઉપર સાબીત કરાવવાના ઇરાદાથી ખોટી સાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	એજ	એજ	જામીન નહીં થઇ શકાય	એજ	જીવતાં સુધી સમુદ્ર પાર અથવા ૧૦ વરસ સુધી સખત કેદ તથા દંડ	સેશનકોરટ
	તેમ કરવાથી કાઇ બીન ગુન્હેગાર સખસની ઉપર ગુન્હો સાબીત થઇને તેનો જીવ લેવામાં આવે તો	એજ	એજ	એજ	એજ	મોત અથવા ઉપર મુજબ	એજ
૧૯૫	જીવતાં સુધી સમુદ્રપારની, અથવા સાત વર્ષની અથવા તે કરતાં વધારે કેદની શીક્ષા થઇ શકે એવો ગુન્હો કોઇના ઉપર સાબીત કરાવવાના ઇરાદાથીખોટી સાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો	વગર વારંટે પકડાય નહીં	વારંટ	જામીન થઇ શકાય	માંડીવાળી નહીશકાય	તે ગુન્હાને માટે જે શીક્ષા હોય તેજ.	એજ
૧૯૬	કોઇ ઇનસાફના કામમા બનાવટી અથવા ખોટો છે એમ જાણેલો પુરાવો વાપરવો	એજ	એજ	તેવી સાહેદી આપવાના ગુન્હાને માટે જામીન થઇ શકાતો હોય	એજ	ખોટી સાહેદી આપવા અથવા ખોટો પુરાવો બનાવવા માટે જે શીક્ષા હોય તેજ.	સેશનકોરટ,પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ

				તો લઈ શકાય નહી તો નહી			
૧૯૭	જે હકીકત પુરવામા કાયદા મુજબ તેવું સરટીફીકેટ લઇ શકાતું હોય તે હકીકત બાબત જાણીબુજીને કોઇ ખોટુ સર્ટીફિકેટ આપવુ અથવા તે પર સહી કરવી	એજ	એજ	જામીન લઇ શકાય	એજ	ખોટી "સાહેદી આપવા માટે જે હોય તેજ	એજ
૧૯૮	કોઈ જરૂરની બાબતમાં ખોટુ છે એવુ જાણેલુ સરટીફીકેટ ખરાની માફક વાપરવુ	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૯૯	કાયદા પ્રમાણે પુરાવામા લઇ શકાય એવા કોઇ એકરારમાં લખેલી ખોટી કેફીયત	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૦૦	એવો એકરાર ખોટો છે એમ જાણ્યા છતા તે એકરારને ખરાની માફક વાપરવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૦૧	કોઇ ગુનો કરનારને બચાવવાના ઇરાદાથી તે ગુન્હો થયાનો પુરાવો ઉડાવવા અથવા તે બાબત ખોટી ખબર આપવી, જો તે ગુન્હો દેહાત શીક્ષા જોગ હોય તો ·	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ	સેશન કોરટ
	જીવતા સુધી સમુદ્રપારની શીક્ષા જોગ અથવા ૧૦ વરસની કેદની શીક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
	૧૦ વરસથી ઓછી મુદતની કેદની શીક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની, તથા ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની ¼ મુદત સુધીની કેદ, અથવા દંડ, અથવા બંને,	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ અથવા જે કોરટથી તે ગુન્હાનો ઇનસાફ થઈ

							શકતો હોય તે કોરટ
૨૦૨	કોઇ ગુન્હા બાબત ખબર આપવાની જેની કાયદાસર ફરજ હોય તેણે ઇરાદાથી તે બાબત ખબર આપવમા કસુર કરવી	એજ	સમન	એજ	એજ	છ મહિના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૨૦૩	ગઇ ગુન્હો થયો હોય તેની ખોટી ખબર આપવી	એજ	વારંટ	એજ	એજ	૨ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બને	એજ
૨૦૪	કોઇ લેખને પુરાવા દાખલ હાજર થતો અટકાવવાને તેનો નાશ કરવો અથવા તેને સતાડવો,	એજ	એજ	એજ	એજ	એજ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અગર ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૨૦૫	કોઈ દીવાની કે ફોજદારી મુકદમા મધ્યે કોઇ કામ કરવા સારૂ અથવા જામીન થવા સારૂ ખોટો વેષ લેવો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બને	સેશન કોરટ અગર પ્રેસીડેન્સી કે ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૨૦૬	કોઇ મીલકત સરકારમા જપ્ત થતી અથવા શીક્ષાના હુકમથી દંડમા વસુલ થતી, અથવા હુકમનામુ બજાવવામા લેવાતી અટકાવવા સારૂ તે મીલકત દગલબાજીથી ખસેડવી અથવા છુપાવવી વીગેરે	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અગર ૧લા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૦૭	અથવા તેવી મીલકત અટકાવવા સારૂ તે મીલકત ઉપર હક નહી છતા, દાવો કરવો અથવા તેના કાઇ હક બાબત દગાઇ કરવી	વગર વારંટ પકડાય નહી	વારંટ	જામીન લઇ શકાય	માંડી વાળી નહી શકાય	૨ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બને	એજ
૨૦૮	જે રકમ લહેણી નથી તેને સારૂ દગલબાજીથી હુકમનામુ થવા દેવુ અથવા હુકમનામું પુરૂ થયા પછી તે બજવા દેવુ	એજ	એજ	એજ	એજ	એજ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ

૨૦૯	કોઇ ઇનસાફની કોરટમાં ખોટો દાવો કરવો	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બને.	એજ
૨૧૦	જે રકમ લહેણી નહિ હોય, તેને સારૂ દગલબાજીથી હુકમનામુ કરાવી લેવું, અથવા હુકમનામું પુરૂ થયા પછી તે બજાવવું.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બને.	એજ
૨૧૧	નુકશાન કરવાના ઇરાદાથી ગુન્હાનું ખોટુ તહોમત મુકવું	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	જે ગુન્હાનું તહોમત મુકયું હોય તે ગુન્હો સાત વરસની કેદની શીક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેસન કોરટ પ્રેસીડેન્સી કે ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ
	જે ગુન્હાનું તહોમત મુકયું હોય તે ગુન્હો દેહાંત શીક્ષા જોગ અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	એજ	સેસન કોરટ
૨૧૨	કોઇ ગુન્હેગારને ઘરમા રાખવો, તે ગુન્હો જો દેહાંત શીક્ષા જોગ હોય તો,	વગર વારંટ પકડી શકે	એજ	એજ	એજ	૫ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેસન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
	તે ગુન્હો જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસ સુધી કેદની શીક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
	તે ગુન્હો ૧૦ વરસ સુધી સમુદ્રપારની અથવા દશ વરસની કેદની શીક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેના ¼ મુદત સુધી કેદ, અથવા દંડ અથવા બને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લાવર્ગનો માજીસ્ટ્રેટ અથવા જે કોરટથી તે ગુન્હાનો ઇન્સાફ થઇ શકતો હોય તે કોરટ

૨૧૩	કોઇ શખસને શીક્ષાથી બચાવવાને બક્ષીશ વિગેરે લેવી તે ગુન્હો દેહાંત શીક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ
	તે ગુન્હો જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા ૧૦ વરસ સુધીની શીક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ
	જો ૧૦ વરસ કરતાં ઓછી મુદતની કેદની શીક્ષા જોગ હોય તો,	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામા ઘણી મુદત જે ઠરાવી હોય તેની ¼ મુદત સુધી કેદ, અથવા દંડ અથવા બને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ અથવા જે કોરટથી તે ગુન્હાનો ઇનસાફ થતો હોય તે કોરટ
૨૧૪	કોઈ ગુન્હેગારને બચાવવા બદલામા કોઈ બક્ષીશ આપવી અથવા મીલકત પાછી આપવી, તે ગુન્હો જો દેહાંત શીક્ષા જોગ હોય તો,	વગર વારંટે પકડાય નહીં	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેશનકોરટ
	તે ગુન્હો જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા ૧૦ વર્ષની કેદની શીક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
	જો ૧૦ વરસ કરતા ઓછી મુદતની કેદની શીક્ષા જોગ હોય તો,	વગરવારંટે પકડાય નહિ	વારંટ	જામીન લઈ શકાય	માફી વાળી શકાય નહીં	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય તેની ¼ મુદત સુધી કેદ અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ અથવા જે કોરટથી તે ગુન્હાનો ઇન્સાફ થઈ શકતો હોય

							તે કોરટ
૨૧૫	ગુન્હાથી ગયેલી જંગમ મિલકત પાછી મેળવવામાં મદદ કરવા સારૂ કાંઇ બક્ષીસ લેવી અને ગુન્હેગારને પકડાવવો નહી.	વગર વા રંટે પકડી શકે	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બને.	પ્રેસીડેન્સી માજી- સ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજી સ્ટ્રેટ
૨૧૬	જે ગુન્હેગાર કેદમાંથી નાઠો હોય અથવા જેને પક- ડવાનો હુકમ થયો હોય તે ગુન્હેગારને ઘરમાં રાખવો તે ગુન્હો દેહાંત શીક્ષાજોગ હોય તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બને	સેસનકોરટ પ્રેસી- ડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
	જીવતા સુધી સમુદ્રપારની અથવા ૧૦ વરસ સુધી કેદની શીક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્ર- કારની કેદ તથા દંડ કરે અથવા ન કરે	એજ
	જો દશ વરસ સુધી નહી પણ ૧ વરસ સુધી કેદની શીક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા વધારેમાં વધારે મુદત જે મુદત ઠરાવી હોય તેના ¼ મુદત સુધી કેદ, અથવા દંડ અથવા બને	પ્રેસીડેન્સી માજી- સ્ટ્રેટ અથવા ૧ ના વર્ગના માજી- સ્ટ્રેટ અથવા જે કોરટથી તે ગુ- ન્હાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ
૨૧૬ અ	અપહરણ તથા ઠેકાઠગી કરનારાઓને ઘરમાં રાખવા	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી સખત મજુરીની કેદ તથા દંડ	સેશન કોરટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૧૭	કોઇ શખસને શીક્ષાથી અથવા કાંઇ મીલકત સરકાર જપ્ત થતી બચાવવાના ઇરાદાથી કોઇ સરકારી નોકર કાયદાના હુકમ નહી માને તો.	વગર વ રંટે પકડાય નહી	સમન	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકા રની કેદ તથા દંડ અથવા બને.	પ્રેસીડેન્સી મા જીસ્ટ્રેટ અથવા ૧ ના અગર ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ

૨૧૮ સરકારી નોકર કોઈ શખ્સને શીક્ષાથી અથવા કોઈ મીલકતને સરકાર જપ્ત થતી બચાવવાના ઇરાદાથી કોઈ ખોટું દફતર અથવા લખાણ બનાવે તો	એજ	વારંટ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	સેશન કોરટ
૨૧૯ કોઈ ઇનસાફી મુકદમામાં કોઈ સરકારી નોકર કોઈ હુકમ, રીપોર્ટ, ફેંસલો અથવા ઠરાવ કાયદાવિરૂદ્ધ છે એમ જાણીને તે હુકમ, રીપોર્ટ, ફેંસલો અથવા ઠરાવ લાંચ લઈને કરે અને કહી સંભળાવે તો	એજ	એજ	એજ	એજ	૭ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	એજ
૨૨૦ જે શખ્સને અખત્યાર હોય તે શખ્સ પોતે કાયદાથી વિરૂદ્ધ ચાલે છે એમ જાણીને ઇનસાફ થવા સારૂ કોઈને કમીટ કરે અથવા કેદમાં મોકલે તો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૨૧ જે સરકારી નોકરની કાયદા મુજબ કોઈને પકડવાની ફરજ હોય તે સરકારી નોકર તેને પકડવામાં ઇરાદાથી કસુર કરે અને તે ગુન્હો દેહાંત શીક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ કરે અથવા ન કરે	એજ
જીવતાં સુધી સમુદ્રપારની અથવા ૧૦ વરસ સુધી કેદની શીક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે	સેસનકોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અગર ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૧૦ વરસ કરતાં ઓછી મુદત સુધીની કેદની શીક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ કરે અથવા ન કરે	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૨૨૨ જે શખ્સની ઉપર કોઈ ઇન્સાફની કોરટે શીક્ષાનો હુકમ કર્યો હોય તે શખ્સને પકડવાની જે સરકારી નોકરની કાયદા મુજબ ફરજ હોય તે શખ્સને પકડવામાં ઇરાદાથી કસુર કરે, અને તેની ઉપર મોતની શીક્ષાનો હુકમ થયો હોય તો.	એજ	એજ	જામીન લાયક નથી	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૪ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ કરે અથવા ન કરે	સેસનકોરટ

	જીવતા સુધી સમુદ્રપારની અથવા શાસનીક દાસત્વની અથવા ૧૦ વરસની કે તેથી વધારે મુદતની સમુદ્ર પારની અથવા શાસનીક દાસત્વની શીક્ષાનો હુકમ થયો હોય તો	વગર વારંટ પકડાય નહિ.	વારંટ	એજ	માંડી વાળી શકાય નહિ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ કરે અથવા ન કરે	સેસન કોરટ
	૧૦ વરસ કરતાં ઓછી કેદની શીક્ષાનો હુકમ થયો હોય તો, અથવા કાયદાસર રીતે કેદમાં મોકલ્યો હોય તો.	એજ	એજ	જામીન લઈ શકાય	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ અથવા બંને	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૨૨૩	સરકારી નોકર ગફલતથી કોઇ કેદીને કેદમાંથી નાસી જવા દે તો	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની આસાન કેદ અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ ના વર્ગનો કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ
૨૨૪	કોઇ શખસને કાયદા મુજબ પકડતા હોય તેમાં તેણે સામા થવું, અથવા હરકત કરવી.	વગર વારંટે પકડી શકે.	વારંટ	એજ	એજ	૨ વરસ સુધી આસાન કેદ અથવા દંડ અથવા બંને	એજ
૨૨૫	કોઇ શખસને કાયદા મુજબ પકડતા હોય તેમાં કોઇ બીજા શખસે સામા થવું, અથવા હરકત કરવી અથવા કાયદેસર કેદમાંથી તેને છોડાવવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	તેની ઉપર જીવતા સુધી સમુદ્રપારની અથવા ૧૦ વરસ સુધી કેદની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તહોમત હોય તો	એજ	એજ	જામીન લઇ શકાય નહીં	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગના માજીસ્ટ્રેટ.
	દેહાંત શીક્ષા થઇ શકે તેવા ગુન્હાનું તહોમત હોય તો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ	સેસનકોરટ
	તે શખસની ઉપર જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાનો	એજ	એજ	એજ	એજ	એજ	એજ

	અથવા ૧૦ વરસ કે તેથી વધારે મુદત સુધી સમુદ્રપાર, સાસનીક દાસત્વ અથવા કેદની શીક્ષાનો હુકમ થયો હોય તો						
	મોતની શીક્ષાનો હુકમ થયો હોય તો	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૨૨૫ આ	બીજી રીતે ઠરાવ કર્યો ન હોય એવા પ્રસંગોમાં સરકારી નોકર કોઇ સખસને પકડવાની કસુર કરે અથવા નાસી જવા દે આ ઇરાદાથી કસુર કરે અથવા નાસી જવા દે તો.	વગર વારંટ પકડાય નહી	એજ	જામીન લઇ શકાય	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદ, અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
	જો ગફલતથી કસુર કરે અથવા નાસી જવા દે તો	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની આસાન કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી મજીસ્ટ્રેટ અથવા ૧ લા અપર ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૨૫ બ	બીજી રીતે ઠરાવ કર્યો ન હોય એવા પ્રસંગોમા કાયદાસર પકડવાની સામા થવુ અથવા હરકત કરવી, અથવા નાસી જવુ અથવા છોડાવવુ	વગર વારંટ પકડી શકે	એજ	એજ	એજ	૧ મહિના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બને	એજ
૨૨૬	સમુદ્રપારથી કાયદા વિરૂદ્ધ પાછુ આવવુ.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય	એજ	જીવતાં સુધી સમુદ્રપાર, તથા દંડ. તથા સમુદ્ર પાર જતા પહેલાં ૩ વરસ સુધીની સખત કેદ	સેશન કોરટ.
૨૨૭	શિક્ષાની માફીની સરત તોડવી.	એજ	સમન.	એજ	એજ	અસલ હુકમની શીક્ષા અથવા જો તે તે માંહની કાઇ ભોગવી હોય તો બાકી રહી હોય તે.	જે કોરટથી અસલ ગુન્હાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ

૨૨૮	કોઇ સરકારી નોકર કોઇ ઇનસાફી મુકદમાના કોઇ પણ ભાગમાં બેઠો હોય તેનું ઇરાદાથી અપમાન કરવું અથવા તેને હરકત કરવી.	એજ	એજ	જામીન લઇ શકાય	એજ	૬ મહિના સુધીની આસાન કેદ, અથવા ૧૦૦૦ રૂપીઆનો દંડ, અથવા બંને.	જે કોરટમાં ગુન્હો થયો હોય તે કોરટ, ૫ મા ભાગમાં લખેલા ઠરાવોને અનુસરીને.
૨૨૯	જ્યુરર અથવા આસેસરનો વેશ લેવો	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.

ભાગ ૧૨ મો,——સીક્કા તથા સરકારી સ્ટાંપ સબંધી ગુન્હાઓ માટે નીચેના કોષ્ટક પ્રમાણે થઇ શકે.

૨૩૧	સીક્કો ખોટો બનાવવો, અથવા તે ક્રિયાનો કોઇ પણ ભાગ કરવો.	વગર વારંટે પકડાય નહી	વારંટ	જામીન ન લઇ શકાય	માંડીવાળ નહી શકાય	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેસન કોરટ
૨૩	રાણીનો સીક્કો ખોટો બનાવવો, અથવા તે ક્રિયાનો કોઇ પણ ભાગ કરવો,	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૨૩	સીક્કો ખોટો બનાવવા માટે હથીઆર બનાવવું, ખરીદવું અથવા વેચવું	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૩૪	રાણીનો સિક્કો ખોટો બનાવવાના કારણસારૂ હથીઆર બનાવવું, ખરીદવું અથવા વેચવું	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેસન કોરટ

૨૩૫	સિક્કો ખોટો બનાવવાના કારણસર હથીઆર અથવા કંઈ સામાન પાસે રાખવો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ પ્રેસીડેન્સી મજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગને માજીસ્ટ્રેટ (?)
	રાણીનો સિક્કો બનાવવાના કારણસર હોય તો	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેશનકોર્ટ
૨૩૬	બ્રીટીશ હિંદુસ્તાનમા રહીને બ્રીટીશ હિંદુસ્તાનની બહાર કોઇ સિક્કો ખોટો બનાવ ામા મદદગારી કરવી	એજ	એજ	એજ	એજ	બ્રીટીશ હિંદુસ્તાન મધ્યે સિક્કા ખોટો બનાવવામા મદદગારી કરવાને માટે જે શીક્ષા ઠરાવી) તે શીક્ષા	એજ
૨૩૭	સિક્કો ખોટો બનાવેલો છે એમ જાણીને તે આ દેશમા લાવવો, અથવા આ દેશમાથી બહાર લઇ જવો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંનો ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગના માજીસ્ટ્રેટ
૨૩૮	રાણીનો સિક્કો ખોટો બનાવેલો છે એમ જાણીને આ દેશમા લાવવો. અથવા આ દેશમાંથી બહાર લઇ જવો	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશનકોરટ
૨૩૯	કોઇ સિક્કો ખોટો છે એમ તે લેતી વખત જાણીને રાખવો તથા તે બીજાને આપવો	એજ	એજ	એજ	એજ	૫ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગના માજીસ્ટ્રેટ
૨૪૦	રાણીના કોઇ સિક્કા બાબત તેમ કરવુ.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૨૪૧	કોઇ માણસની પાસે કોઇ સિક્કો પહેલાં આવે તે વખતે ? એમ જાણતા નહી હોય કે આ સિક્કા ખોટા છે, તે સિક્કા તે માણસે કોઇને જાણી બુ-	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા જેટલી કીમતનો તે ખોટા સિક્કા કર્યો હોય તેથી દશ ગણો દંડ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ ના ૧ ૨ જા

	જીને ખરા દાખલ આપવો.					અથવા બંને	વર્ગનો માજી-સ્ટ્રેટ.
૨૪૨	કોઇ સીક્કો કોઇ શખસની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યું હોય કે આ સીક્કા ખોટો છે, તે શખસે તે સિક્કો પાસે રાખવો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેશનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગ ના માજીસ્ટ્રેટ
૨૪	રાણીનો કોઇ સિક્કો કોઇ શખસની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યુ હોય કે તે સીક્કો ખોટો છે તે શખસે તે સીક્કા પાસ રાખવો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૨૪૪	ટંકશાળમા નોકર રહેલા માણસે કાયદાના ઠરવેલા વજન અથવા મેળવણીથી જુદાં વજન અથવા મેળવણીનો સીક્કો બનાવવો	એજ	એજ	એજ	એજ	એજ	સેસનકોરટ
૨૪૫	સીક્કો પાડવાનું કાંઇ હથીઆર કોઇ ટંકશાળમાથી કાયદા વિરૂધ લઇ જવુ.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૪૬	દગલબાજીથી રાણીના સીક્કાનું વજન ઓછુ કરવું અથવા તેની મેળવણીમાં ફેરફાર કરવો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૨૪૭	દગલબાજીથી કોઈ સીક્કાનું વજન ઓછુ કરવુ અથવા તેની મેળવણીમા ફેરફાર કરવો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૨૪૮	કોઇ સીક્કો બીજા સીક્કાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે સીક્કાનુ રૂપ બદલવુ	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ,

૨૪૯	ગણીનો કોઈ સીકકો બીજા સીકકાને ફેકાણે ચાલે એવા ઇરાદાથી તે સીક્કાનું રૂપ બદલવું.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૨૫૦	અમુક સીક્કામાં ફેરફાર થયેલો છે એમ જાણી તે પાસે રાખીને બીજાને આપવો	એજ	એજ	એજ	એજ	૫ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૨૫૧	અમુક રાણીના સીક્કામાં ફેરફાર થયેલો છે એમ જાણીને તે પાસે રાખીને બીજાને આપવો.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી બેમાના ગમે તે પ્રકાર કેદ, તથા દંડ	એજ
૨૫૨	કોઇ શખસની પાસે કાંઇ ફેરફાર થયેલો સીક્કો આવતી વખતે તેમાં ફેરફાર થયેલો છે એમ તેણે જાણ્યા છતાં તે પાસ રાખવો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૨૫૩	કોઇ શખસની પાસે કાંઈ ફેરફાર થયેલો રાણીનો સીક્કો આવતી વખતે તેના ફેરફાર થયેલો છે એમ તેણે જાણ્યા છતાં તે પાસે રાખવો.	એજ	એજ	એજ	એજ	૫ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૨૫૪	જે સીક્કો કોઈ માણસની પાસે પ્રથમ આવતી વખતે તેમાં ફેરફાર થયેલો છે એમ તેણે જાણ્યું નહી હોય તે સીક્કો તેણે બીજાને ખરા સીક્કા દાખલ આપવો,	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા જેટલી કીંમતનો તે સીક્કો હોય તેથી દશ ગણો દંડ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૫૫	સરકારી સ્ટાંપ ખોટો બનાવવો	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા દશ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેસનકોરટ
૨૫૬	કોઈ સરકારી સ્ટાંપ ખોટા બનાવવાના કારણસર કાંઇ હથીઆર અથવા સામાન પાસે રાખવો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૨૫૭	કોઈ સરકારી સ્ટાંપ ખોટા બનાવવાના કારણસર હથીઆર બનાવવું, ખરીદવું અથવા વેચવું,	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૫૮	સરકારી સ્ટાંપ ખોટા બનાવેલો વેચવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ

૨૫૯	સરકારી સ્ટાંપ ખોટા બનાવેલો પાસે રાખવો.	એજ	એજ	એજ	એજ	એજ	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૬૦	કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો છે એમ જાણ્યા છતાં તે ખરા દાખલ વાપરવો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બન્ને	એજ
૨૬૧	સરકારને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી જે પર સ્ટાંપ હોય એવા કોઇ પદાર્થ ઉપરથી કોઇ લખાણ ચહેરી નાંખવું. અથવા કોઇ લેખને માટે જે સ્ટાંપ વાપર્યો હોય તે તે લેખ ઉપરથી કહાડી નાંખવો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બન્ને.	એજ
૨૬૨	કોઇ સરકારી સ્ટાંપ આગળ વાપરેલો છે એમ જાણ્યા છતાં તે પાછો વાપરવો.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૬૩	સ્ટાંપ વાપરેલો છે એવી રીતની કોઇ નીશાની છોણી નાંખવી.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેસનકોરટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૬૩ અ	બનાવટી સ્ટાંપ.	એજ	એજ	એજ	એજ	૨૦૦ રૂપીઆનો દંડ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ

બાબ ૧૩ મો. કાટલાં તથા માપ સંબંધી ગુન્હા.

૨૬૪	તોળવાનુ ખોટુ યંત્ર ઠગાઇબાજીથી વાપરવુ.	વગર વારંટે પકડાય નહી	સમન	જામીન થઇ શકાય	માંડી વાળી નહીં શકાય	૧ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૨૬૫	ખોટું કાટલું અથવા માપ ઠગાઇબાજીથી વાપરવુ	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૨૬૬	ખોટા કાટલાં અથવા માપ ઠગાઇબાજીથી વાપરવાને પાસે રાખવાં	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૬૭	ખોટાં કાટલા અથવા માપ ઠગાઇબાજીથી વાપરવાને બનાવવાં અથવા વેચવુ.	એજ	એજ	એજ	એજ	એજ	એજ

બાબ ૧૪ તથા ૧૫ મો લોકની તંદુરસ્તી, સલામતી, અનુકુળતા, લજ્જા, નીતિ તથા ધર્મસંબંધી ગુન્હા કરવા બાબત નીચેની કલમોમાં લખ્યા મુજબ શીક્ષા થઇ શકે

૨૬૯	જીંદગીને જોખમ પહોંચે એવા રોગનો ચેપ જેથી પસરવાનો સંભવ છે એમ માલુમ હોય એવું કોઇ કૃત્ય ગફલતથી કરવુ.	વગરવારંટે પકડી શકે	સમન.	જામીન થઇ શકાય	માંડીવાળી નહી શકાય	૬ મહિના સુધીની બેમાના ગમે તે પ્રકારના કેદ, અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૭૦	જીંદગીને જોખમ પહોંચે એવા રોગનો ચેપ પસરવાનો સંભવ છે એમ માલુમ હોય એવું કોઇ કૃત્ય દ્વેષબુદ્ધિથી કરવુ	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	એજ
૨૭૧	રોગના સબબથી દુર રહેવા સબંધીની કોઇ કાનુન જાણીબુજીને નહી માનવી	વગર વારંટે ૫	એજ	એજ	એજ	૬ મહિના સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	એજ

૨૭૨	વેચવાને ઇરાદો રાખેલી, માણસને ખાવાની કે પીવાની વસ્તુમાં કાંઇ ભેળ કરીને તે અવગુણકારક કરવી	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦, રૂપિઆ સુધીનો દંડ અથવા બંને.	એજ
૨૭૩	માણસને ખાવાની અથવા પીવાની કાંઇ વસ્તુ અવગુણકારક છે એમ જાણીને તે ખાવાની તથા પીવાની વસ્તુ દાખલ વેચવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૪	કાંઇ વેચવાના વસાણામાં અથવા ઓસડમાં ભેળ કરવી એવી રીતે કે તેથી તેનો ગુણ ઓછો થાય અથવા તેની અસર બદલાય, અથવા તે અવગુણકારક થાય	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૫	કાંઇ વસાણામાં અથવા ઓસડમાં ભેળ કરેલો છે એમ જાણીને તે વેચવા કહાડવું, અથવા કોઇ દવાખાનામાંથી આપવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૬	જાણી બુજીને કાંઇ વસાણાને અથવા ઓસડને જુદા વસાણા અથવા તૈયાર કરેલા ઓસડ તરીકે વેચવું. અથવા દવાખાનામાં આપવું	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૭	સાર્વજનીક ઝરા અથવા જળાશયનું પાણી મેલું કરવું	વગર વારંટે પકડી શકે	એજ	એજ	એજ	૩ મહિના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૫૦૦ રૂપિઆ સુધીનો દંડ, અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૨૭૮	હવાને તંદુરસ્તીમાં બીગાડ કરે એવી કરવી,	વગર વારંટે પકડાય નહિ	એજ	એજ	એજ	૫૦૦ રૂપિઆ સુધીનો દંડ.	એજ
૨૭૯	સરીયામ રસ્તા ઉપર બેપીકરાઇ અથવા ગફલત ભરેલી રીતે હાંકવું, અથવા સ્વારી કરવી એવી રીતે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે વગેરે,	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	એજ	૫૦૦ રૂપિઆ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦ રૂપિઆ સુધીનો દંડ અથવા બંને	એજ

२८०	બેપીકરાઇ અથવા ગફલત ભરેલી રીતે વહાણ ચલ વવુ, એવી રીતે કે તેથી માણસની જીદગી જોખમ મા આવે વગેરે	એજ	એજ	એજ	એજ	એજ	પ્રેસીડેન્સી માજી સ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો મા જીસ્ત્રેટ.
२८१	ખોટુ અજવાળુ, નીશાની અથવા બોયુ દેખાડવુ	એજ	વારંટ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્ર- કારની કેદ તથા દંડ અથવા બને	સેસન કોરટ
२८२	ઘણો ભાર ભરેલા અથવા દહેશતવાળા વહાણમાં ભાડુ કરીને કોઇ શખસને જળ મારગે લઇ જવો જેથી તેની જીદગી જોખમમા આવે	એજ	સમન	એજ	એજ	૬ મહીના સુધી બેમાંના ગમે તે પ્ર કારની કેદ અથવા ૧૦૦૦ રૂપીઆ સુધીનો દંડ અથવા બને	પ્રેસીડેન્સી માજી સ્ત્રેટ અગર૧લા કે બીજા વર્ગનો માજીસ્ત્રેટ
२८३	સરીયામ રસ્તામા અથવા વહાણના રસ્તામા ભય અ થવા અડચણ અથવા નુકશાન કરવુ	એજ	એજ	એજ	એજ	૨૦૦ રૂપીઆ સુધીનો દંડ	એજ
२८४	કોઇ ઝેરી પદાર્થથી એવુ કામ કરવુ કે જેથી માણ- સની જીદગી વગેરે જોખમમા આવે વગેરે.	વગર વા રંટ પકડાય નહી	એજ	એજ	એજ	૬ મહીના સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂપીઆ સુધીનો દંડ અથવા બને.	એજ
२८५	અગ્ની અથવા શીઘ્ર જ્વાળાગ્રાહી પદાર્થથી એવુ કરવુ કે તેથી માણસની જીદગી જોખમમાં આવે વગેરે.	એજ	એજ	એજ	એજ	એજ	કોઇપણ માજી સ્ટ્રેટ.
३८६	કોઇ પણ ભારીક પદાર્થથી એવુ કામ કરવુ	એજ	એજ	એજ	એજ	એજ	"
२८७	કોઇ સાંચાથી એવુ કામ કરવુ	એજ	એજ	એજ	એજ	એજ	પ્રેસીડેન્સી માજી સ્ત્રેટ અથવા પહેલા કે ૨જા વર્ગનો માજી સ્ત્રેટ.
२८८	માણસની જીદંગીને જોખમ થતું અટકે એવી ઇમા- રતો તોડી પાડવામાં અથવા મરામત કરવામાં	એજ	એજ	એજ	એજ	એજ	એજ

	જાણીજોઇને ગફલત કરવી						
૨૮૯	કોઇ શખસના કબજામાં કોઇ જાનવર હોય તે જાનવર માણસની જીંદગીને કાંઇ નુકશાન થાય નહી, અથવા તેથી કોઇને મહાવ્યથા થાય નહી એવો બંદોબસ્ત રાખવામાં તે શખસ કસુર કરે તો.	વગર વાર ટે પકડી શકે	એજ	એજ	એજ	એજ	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૨૯૦	કોઇ લોકાપકારક કૃત્ય કરવું	વગર વારંટ પકડાય નહીં.	એજ	એજ	એજ	૨૦૦ રૂપીઆનો દંડ	એજ
૨૯૧	બંધ કરવાની તાકીદ થયા પછી, અપકારક કૃત્ય જારી રાખવું.	વગર વાર ટે પકડાય નહી	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસાન કેદ અથવા દંડ અથવા બને,	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૯૨	બીભત્સ પુસ્તકો વિગેરેનું વેચાણ કરવું.	એજ	એજ	એજ	એજ	૩ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બને	એજ
૨૯૩	વેચવા અથવા દેખાડવા સારૂ બીભત્સ પુસ્તક વગેરે કબજામાં રાખવું	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૯૪	બીભત્સ ગાતો ગાવાં.	એજ	એજ	એજ	એજ	એજ	કોઇ પણ માજીસ્ટ્રેટ
૨૯૪ અ	સરકારે હુકમ આપ્યો નહી હોય તેવી લોટરીની ઓફીસ રાખવી	વગર વાર ટે પકડાય નહી	સમન	એજ	એજ	૬ મહીના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બને	કોઇ પણ માજીસ્ટ્રેટ,

બાબ ૧૫ મો. ધર્મ સંબંધી ગુન્હા બાબત.

	લોટરી બાબતના ઠરાવ પ્રસિધ્ધ કરવા	એજ	એજ	એજ	”	૧૦૦ રૂપીઆ સુધીનો દંડ.	એજ
૨૯૫	કોઇપણ જાતીના લોકોને ધર્મને અપમાન કરવાના	વગર વાર	સમન	જામીન	માંડીવાળી	બે વરસ સુધીની બેમાંના ગમે તે પ્ર.	પ્રેસીડેન્સીમાજી

	ઇરાદાથી કેઈ પુજાના ઠેકાણાનો અથવા, પવિત્ર વસ્તુનો નાશ કરવો, અથવા તેને નુકશાન કરવુ. અથવા તેને ભ્રષ્ટ કરવી	ટે પકડી શકે		લઈ શકાય	જી નહિ શકાય.	કારની કેદ, અથવા દંડ, અથવા બન્ને	સેટ અથવા ૧ લા અગર ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૯૬	કોઇ ધર્મ સબધી મડળી પુજાના કામમા છતા તેને અડચણ કરવી	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બન્ને	એજ
૨૯૭	પુજાની જગા અથવા કબરસ્તાનમાં વગર રજાએ જવુ, અથવા કોઇ શખસના મનને, દુખ કરવાના અથવા તેના ધર્મને અપમાન કરવાના ઇરાદાથી પ્રેતસંસ્કાર થતો હોય ત્યા ગડબડ કરવી, અથવા કોઈ પ્રેતનુ અપમાન કરવુ	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૯૮	ધર્મસબધી કોઇ પણ સખસનુ દીલ દુખવવાના ઇરાદાથી તે સાંભળે તેમ કાંઇ શબ્દ બોલવો અથવા ધ્વની કરવો, અથવા તે દેખે તેમ ચાળા કરવા અથવા કાંઇ વસ્તુ કરવી.	વગર વાર ટે પકડાય નહી	એજ	એજ	માંડીવાળી શકાય	એજ	એજ

બાબ ૧૬ મો, માણસના શરીરસંબંધી ગુન્હાઓ તથા જીંદગી સંબંધી ગુન્હાઓ બાબત નીચેના કોઠામાં બતાવ્યા મુજબ શીક્ષા થઇ શકે

૩૦૨	ખુન	વગર વારટે પકડીશકે	વારટ.	જામીન નહી લઇ શકાય	માંડીવાળી નહી શકાય	મોત અથવા જીવતા સુધી સમુદ્રપાર, તથા દંડ.	સેસન કોરટ
૩૦૩	જીવતા સુધી સમુદ્રપારની શિક્ષાના ગુન્હેગારે કરેલુ ખુન	એજ	એજ	એજ	એજ	મોત	એજ
૩૦૪	ખુ થી ઉતરતા દ રજાનો શિક્ષણીય મનુ'ષ વધ, જો, જે કામથી મોત થયુ હોય તે મોત આણવાના ઇરાદાથી કર્યું હોય તો.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા દશ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ

	જો તે કામ મોત આણવાના ઇરાદાથી નહી પણ તેથી મોત થવાનો સંભવ છે એમ જાણીને કર્યું હોત તો	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	એજ
૩૦૪ અ	અવિચારનું અથવા ગફલત ભરેલું કામ કરીને મોત આણવું	એજ	એજ	જામીન લઇ શકાય	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૩૦૫	કોઇ બાળક અથવા દિવાનો અથવા જન્મથી ગાંડો અથવા કેફવાળો શખસ આત્મઘાત કરે તેમાં મદદગારી કરવી.	એજ	એજ	એજ	એજ	મોત અથવા જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી કેદ તથા દંડ,	સેસનકોરટ
૩૦૬	આત્મઘાત કરવામાં મદદગારી	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૦૭	ખુનની કોશીશ કરવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	જો તે કામથી કોઇ શખસને વ્યથા થાય તો	એજ	એજ	એજ	એજ	જીવતાસુધી સમુદ્રપાર અથવાઉપરમુજબ	એજ
	જન્મટીપના ગુન્હેગારે ખુનની કોશીશ કરવી, જો તેથી વ્યથા થાય તો	એજ	એજ	એજ	એજ	મોત અથવા ઉપર મુજબ	એજ
૩૦૮	શિક્ષણીય મનુષ્યવધ કરવાની કોશીશ	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીનીબેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બંને	એજ
	જો તે કામથી કોઇને વ્યથા થાય તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંનો ગમે તે પ્રકારની કેદ	એજ
૩૦૯	આત્મઘાત કરવાની કોશીશ	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધી આસાન કેદ અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૩૧૦	ઠગ હોવું	એજ	એજ	જામીન નહિ લઇ શકાય	એજ	જીવતાં સુધી સમુદ્રપાર તથા દંડ	સેસનકોરટ

ગર્ભપાત કરવા બાબત નહીં જન્મેલાં બચ્ચાંઓને નુકશાન બાબત, બચ્ચાંઓને ખુલ્લાં મુકવા બાબત, તથા

છુપાવવા બાબત નીચેના કોષ્ટક પ્રમાણે થઇ શકે

૩૧૨	ગર્ભપાત કરવો	વગર વારંટે પકડાય નાહ	વારંટ	જામીન લઇ શકાય	માંડી વાળી નહીં શકાય	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બંને	સેસન કોરટ
	જો તે સ્ત્રી ચલીત ગર્ભા થઇ હોય તો	એજ	વારંટ	એજ	માંડીવાળી નહીં શકાય	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૩૧૩	સ્ત્રીની રજામંદી વગર ગર્ભપાત કરવો	એજ	એજ	માંડી વાળી નાહ શકાય	એજ	જીવતા સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૧૪	ગર્ભપાત કરવાના ઇરાદાથી કરેલાં કાંઇ કામથી થયેલું મોત	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
	તે સ્ત્રીની રજામંદી વગર તે કામ કર્યું હોય તે	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ઉપર મુજબ	એજ
૩૧૫	કોઇ બચ્ચું જીવતું જન્મતાં અટકાવવાના અથવા જન્મ્યા પછી તે મરી જાય એવું કરવાના ઇરાદાથી કરેલું કામ.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ અથવા બંને	એજ
૩૧૬	જે કામ ત્રિકુણીય મનુષ્ય વધ ગણાતુ હોય એવા કામથી કોઇ નહીં જન્મેલા જીવતાં બચ્ચાનું મોત આણવું.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૩૧૭	કોઇ ૧૨ વરસથી ઓછી ઉમરના બચ્ચાને તેના માબાપે અથવા જે શખસના હવાલામાં તે બચ્ચું હોય તે શખસે તેને બીલકુલ તજી દેવાના ઇરાદાથી ખુલ્લું મુકવું.	વગર વારંટે પકડી શકો	એજ	જામીન લઇ શકાય	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગ નો માજીસ્ટ્રેટ.

૩૧૮	મુડદું છાની રીતે વગે કરી કાઈને જન્મ છુપાવવો	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	સેશનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.

વ્યથા મહાવ્યથા, બુદ્ધિપુર્વક વ્યથા અને બુદ્ધિપુર્વક મહાવ્યથા સબંધી ગુન્હાઓ માટે નીચે પ્રમાણે શીક્ષા થઇ શકે.

૩૨૩	બુદ્ધિપૂર્વક વ્યથા કરવી.	વગર વારંટે પકડાય નહી	સમન	જામીન લઇ શકાય	માંડી વાળી શકાય	૧ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦રૂપીઆ નો દંડ અથવા બંને	કોઇપણ માજીસ્ટ્રેટ
૩૨૪	ભયંકર શસ્ત્ર અથવા સાધન વડે બુદ્ધિપૂર્વક વ્યથા કરવી.	વગર વારંટે પકડી શકે	એજ	એજ	જે કોરટમાં ફરીયાદીનુ કામ ચાલતું હોય તે કોરટ પરવાનગી આપે ત્યારે માંડી વાળી શકાય	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ
૩૨૫	બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવી.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ

૩૨૬	ભયકર શસ્ત્ર અથવા સાધનવડે મહાવ્યથા કરવી.	એજ	એજ	જામીન થઈ શકાય નહિ.	માંડી વાળી શકાય.	જીવતાં સુધી સમુદ્ર પાર અથવા ૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૨૭	જબરદસ્તીથી કોઈ મીલકત અથવા કીમતી દસ્તાવેજ કઢાવવા સારૂ, અથવા કાંઈ કાંઈ કાયદા વિરૂદ્ધ કામ અથવા જે કામથી ગુન્હો કરવો સહેલ થાય એવુ કામ કરાવવા સારૂ બુદ્ધિપૂર્વક વ્યથા કરવી	એજ	એજ	એજ	એજ	૫ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૩૨૮	વ્યથા કર્યાના ઇરાદાથી બેહોશ કરે એવી કાંઈ વસ્તુ ખવડાવવી વિગેરે	એજ	એજ	એજ	એજ	એજ	સેસન કોરટ.
૩૨૯	જબરદસ્તીથી કોઈ મીલકત અથવા કીમતી દસ્તાવેજ કઢાવવા, અથવા કોઈ કાયદા વિરૂદ્ધ કામ અથવા જે કામથી ગુન્હો કરવો સહેલ થાય એવુ કામ કરાવવા સારૂ બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવી.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૩૦	જબરજસ્તીથી કબુલાત કરાવવા અથવા કોઈ ખબર મેળવવા કે મિલકત પાછી અપાવવા સારૂ બુદ્ધિપૂર્વક વ્યથા કરવી, વિગેરે	એજ	એજ	જામીન થઈ શકાય	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	[illegible]
૩૩૧	જબરજસ્તીથી કબુલાત કરાવવા અથવા કોઈ ખબર મેળવવા કે મીલકત પાછી અપાવવા સારૂ બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવી	એજ	એજ	જામીન નહિ થઈ શકાય	એજ	૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૩૩૨	કોઈ સરકારી નોકરને ડરાવીને તેને કામ કરતો બંધ રાખવાને મહાવ્યથા કરવી	એજ	એજ	જામીન થઈ શકાય	જાહેર	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેસનકોરટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૩૩	કોઈ સરકારી નોકરને ડરાવીને તેનું કામ કરતો બંધ રાખવાને બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવી	એજ	એજ	જામીનહિ થઈશકાય	એજ	૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ

૩૩૪	જ્યારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થયેથી ક્રોધ ઉત્પન્ન કરનાર સિવાય બીજાને વ્યથા કરવાનો ઇરાદો નહી છતાં બુદ્ધિપુર્વક વ્યથા કરવી.	વગર વાૉરંટે પકડાય નહી	સમન	જામીનલઇ શકાય	માંડીવાળી શકાય	૧ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપીઆ સુધીનો દંડ અથવા બન્ને,	કોઇપણ માજીસ્ટ્રેટ
૩૩૫	જ્યારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થયેથી ક્રોધ ઉત્પન્ન કરનાર સિવાય બીજાને વ્યથા કરવાનો ઇરાદો નહી છતા મહાવ્યથા કરવી	વગર વારંટે પકડી શકે	એજ	એજ	જે કોરટની ફરીયાદીનું કામ ચાલ્યુહોય તે કોરટ પરવાનગી આપે ત્યારે માંડીવાળી શકાય.	૪ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૨૦૦૦ રૂપીઆ સુધીનો દંડ, અથવા બન્ને	સેશનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૩૩૬	જે કામથી માણસની જીંદગી જોખમમાં આવે. અથવા બીજાઓનાં શરીરની સલામતી જોખમમાં આવે તે કામ કરવું.	એજ	એજ	એજ	માંડીવાળી નહી શકાય.	૩ મહિના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૨૫૦ રૂપીઆ સુધીનો દંડ, અથવા બન્ને	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૩૩૭	માણસની જીંદગી વીગેરે જોખમમાં આવે એવું કામ કરીને વ્યથા કરવી	એજ	એજ	એજ	જે કોરટની આગળ ફરીયાદીનું કામ ચાલ્યુ હોય તે કોરટ પરવાનગી આપેત્યારે માંડીવાળી શકાય.	૬ મહિના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૫૦૦ રૂપીઆ સુધીનો દંડ અથવા બન્ને	પ્રેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૩૮	માણસની જીંદગીને જોખમમાં આવે એવું કામ કરીને મહાવ્યથા કરવી	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂપીઆ સુધીનો દંડ અથવા બન્ને.	એજ

ગેરવ્યાજબી કેદ તથા ગેરવ્યાજબી અટકાવ માટે નીચે પ્રમાણે શીક્ષા થઇ શકે.

૩૪૧	કોઇને ગેરવ્યાજબી અટકાવ કરવો.	વગરવારંટે પકડી શકે	સમન	જામીન લઇ શકાય	માંડી વાળી નહીં શકાય	૧ મહીના સુધીની આસાન કેદ અથવા ૫૦૦ રૂપીઆનો દંડ અથવા બન્ને,	કોઇપણ માજીસ્ટ્રેટ,
૩૪૨	કોઇને ગેરવ્યાજબી કેદ કરવો.	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂપીઆ સુધીનો દંડ અથવા બન્ને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૪૩	ત્રણ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદ કરવો	એજ	એજ	એજ	જે કોર્ટની આગળ ફરીયાદીનું કામ ચાલતું હોય તે કોર્ટ પરવાનગી આપે ત્યારે માંડીવાળી શકાય	૨ વરસ સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ અથવા બન્ને	એજ
૩૪૪	દશ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદ કરવો	એજ	એજ	એજ	માંડીવાળી નહી શકાય	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશનકોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ
૩૪૫	કોઇ શખસને છોડવાનો હુકમ સાદર થયો છે એમ જાણ્યા છતાં તે શખસને ગેરવ્યાજબી કેદમાં રાખવો	વગર વારંટે પકડાય નહીં.	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા બીજી કોઇ કલમ મુજબ જે કેદ થતી હોય તે.	એજ

૩૪૬	છાની ગેરબ્યાજબી કેદ	વગર વારંટે પકડી શકે	એજ	એજ	જે કોર્ટની આગળ ફરીયાદીનું કામ ચાલુ હોય તે કોર્ટ પરવાનગી આપેથી માંડીવાળી શકાય	એજ	એજ
૩૪૭	જબરજસ્તીથી કાંઈ મીલકત કઢાવવાના અથવા કાંઇ કાયદા વિરૂદ્ધ કામ કરાવવા વગેરેના કારણસર ગેર બ્યાજબી કેદ	એજ	એજ	એજ	માંડીવાળી નહી શકાય	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ,	એજ
૩૪૮	જબરજસ્તીથી કબુલાત કરાવવાના અથવા ખબર મેળવવાના અથવા કાંઇ મીલકત પાછી અપાવવા વગેરેના કારણસર ગેરબ્યાજબી કેદ	એજ	એજ	એજ	એજ	એજ	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ

બાબ ૧૬ મો.—અપરાધ બળ તથા હુમલા બાબત નીચેના કોષ્ટક મુજબ શીક્ષા થઇ શકે.

૩૫૨	ભારે ક્રોધ ઉત્પન્ન નહી કર્યા છતાં કોઇની ઉપર હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવુ	વગર વારંટે પકડાય નહી	સમન	જામીન લઇ શકાય	માંડી વાળી નહિ શકાય	૩ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપીઆનો દંડ અથવા બને	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૩૫૩	કોઇ સરકારી નોકરને ડરાવીને તેનું કામ કરતો બંધ રાખવાને હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું.	વગર વારંટે પકડી શકે.	વારંટ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ અથવા બને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.

૩૫૪	કોઇ સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી તેની ઉપર હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું	'એજ	એજ	એજ	એજ	એજ	એજ
૩૫૫	ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન નહી કર્યા છતા કોઇ સખસને બેઆબરૂ કરવાના ઇરાદાથી તેના ઉપર હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું	વગર વારંટે પકડાય નહિ	સમન	એજ	માંડીવાળી શકાય	એજ	એજ
૩૫૬	કોઇ શખસે કાંઇ વસ્તુ પહેરી હોય અથવા લઇ જતો હોય તે વસ્તુની ચોરી કરવાની કોશીશ કરવામા હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું	વગર વારંટે પકડી શકે.	વારંટ	એજ	માંડીવાળી નહીંશકાય	એજ	કોઇ પણ મા-જીસ્ટ્રેટ
૩૫૭	કોઇ શખસને ગેરવ્યાજબી કેદ કરવાની કોશીશમાં હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું	એજ	એજ	એજ	જે કોર્ટની આગળ ફરીયાદીનું કામ ચાલુ હોયતે કોર્ટ પરવાનગી આપે ત્યારે માંડીવાળી શકાય	૧ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦, રૂપિઆ સુધીનો દંડ અથવા બને.	એજ
૩૫૮	કોઇએ ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન કર્યા પરથી તેની ઉપર હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું.	વગર વારંટે પકડાય નહિ.	સમન	એજ	એજ	૧ મહિના સુધીની આસાન કેદ, અથવા ૨૦૦ રૂપિઆ સુધીનો દંડ, અથવા બને	સેસન કોર્ટ

મનુષ્ય હરણ, મનુષ્ય નયન, ગુલામગીરી તથા વેઠ બાબત નીચે પ્રમાણે શિક્ષા થઇ શકે.

૩૬૩	મનુષ્ય હરણ કરવુ	વગરવાર ટે પકડી શકે	વારંટ	જામીન લઇ શકાય	માંડીવાળી શકાય	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેસનકોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગ નો માજીસ્ટ્રેટ
૩૬૪	ખુન કરવા માટે મનુષ્ય હરણ અથવા મનુષ્ય નયન	એજ	એજ	જામીન નહીં લઇ શકાય	એજ	જીવતા સુધી સમુદ્રપાર, અથવા દસ વરસ સુધીની સખત કેદ તથા દંડ	સેસનકોરટ
૩૬૫	કોઇ શખસને છાની અને ગેરવાજબી રીતે કેદ કરવાના ઇરાદાથી તેનું અપન અથવા નયન કરવુ	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે જા વર્ગનો માજીસ્ટ્રેટ
૩૬૬	કોઇ સ્ત્રીના જુલમથી લગ્ન કરાવવા અથવા તેની ઉપર જુલમ કરાવવા વીગેરે કારણ સારૂ તે સ્ત્રીનું હરણ અથવા નયન કરવુ.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેસન કોરટ
૩૬૬ અ	સગીર છોકરી મેળવી આપવી	વગરવારંટે પકડી શકે	વારંટ	જામીન નહીં લઇ શકાય	માંડીવાળી નહીં શકાય	૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ	સેસન કોરટ
૩૬૬ બ	પરદેશથી છોકરી આ દેશમા લાવવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૩૬૭	કોઇ શખસને મહાવ્યથા થાય, તેને ગુલામ કરવામાં આવે વગેરે કારણ સારૂ તેનું હરણ અથવા નયન કરવુ.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૩૬૮	હરણ થએલા શખસને સતાડવો અથવા કેદમા રાખવો.	એજ	એજ	એજ	એજ	મનુષ્ય હરણ અથવા મનુષ્યનયનની શીક્ષા	સેસનકોર્ટ પ્રેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા૧લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ

૩૬૯	કોઇ બચ્ચાના શરીરથી કાંઇ મીલકત ચોરવાના ઇરાદાથી તે બચ્ચાનું હરણ અથવા નયન ,	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	શેસન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લાવર્ગનો માજીસ્ટ્રેટ
૩૭૦	કોઇ શખસને ગુલામ દાખલ ખરીદવો અથવા આપવો.	વગર વારંટે પકડાય નહી	એજ	જામીન લઇ શકાય	એજ	એજ	સેશન કોરટ.
૩૭૧	નિત્ય ગુલામનો વેપાર કરવો.	વગરવારંટે પકડી શકે	એજ	જામીન નહી લઇ શકાય	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૩૭૨	જાર કર્મને માટે કોઇ બાળકને વેચવું અથવા ભાડે આપવુ, વિગેરે	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ અથવા બંને.	સેશન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૭૩	તેવાંજ કામ માટે કોઇ બાળકને ખરીદવુ અથવા કબજામાં લેવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૩૭૪	કાયદા વીરૂદ્ધ જબરાઇથી મજુરી કરાવવી.	વગર વારંટે પકડાય નહી	એજ	જામીન લઇ શકાય	માંડીવાળી શકાય	૧ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ

બળાત્કાર સંભોગ તથા સૃષ્ટીક્રમ વિરૂદ્ધ ગુન્હા બાબત નીચે મુજબ શીક્ષા થશે

૩૭૬	બળાત્કાર સંભોગ. જો કોઇ મનુષ્યે પોતાની સ્ત્રી સાથે સંભોગ કર્યો હોય તો.	વગર વારંટે પકડાય નહી	સમન	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	જીવતા સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ.
	બીજે કોઇ પણ પ્રસંગે	વગર વારંટે પકડી	વારંટ	જામીન નહી લઇ	એજ	એજ	એજ

સૃષ્ટીક્રમ વિરૂદ્ધ ગુન્હા માટે નીચે મુજબ શાક્ષા થશે.

૩૭૭	જો કોઇ માણસ બુદ્ધિપુર્વક કોઇ પુરૂષ, સ્ત્રી અથવા જાનવર સાથે સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈથુન કરે તો	એજ	એજ	એજ	એજ	એજ	સેશનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ

બાબ ૧૭ મો–ચોરી બાબતના ગુન્હાઓ માટે નીચે પ્રમાણે શીક્ષા થઇ શકે.

૩૭૯	ચોરી કરવી	વગરવારંટે પકડી શકે	વારંટ	જામીન નહી લઇ શકાય.	માંડી વાળી નહિ શકાય	૩ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ
૩૮૦	કોઇ ઇમારત, તંબુ અથવા વહાણમાંથી ચોરી કરવી	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૩૮૧	શેઠ અથવા રાખનારના કબજા માંહેલી મીલકતની મહેતા અથવા ચાકરે ચોરી કરવી.	એજ	એજ	એજ	એજ	એજ	સેસન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૮૨	ચોરી કરવા સારૂ, અથવા ચોરી કર્યા પછી નાશી જવા સારૂ, અથવા ચોરેલી મીલકત પાસે રાખવા સારૂ, મોત અથવા બ્યથા અથવા અટકાવ કરવાની, અથવા મોત અથવા બ્યથા અથવા અટકાવ કરવાનો ભય ઉત્પન્ન કરવાની તૈયારી કરીને પછી ચોરી કરવી.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની સખત કેદ, તથા દંડ.	સેસન કોરટ, પ્રસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ

જબરાઇથી કહડાવવાના ગુન્હાઓ બાબત નીચે પ્રમાણે શીક્ષા થઇ શકે

૩૮૪	જબરાઇથી કહડાવવુ	વગરવારંટે પકડાય નહી	વારંટ	જામીનલઇ શકાય	માડીત ઞી નહી શકાય	બે વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બને.	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૩૮૫	જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ કોઇ શખ્સને નુકશાનનો ભય ઉત્પન્ન કરવો અથવા તેમ કરવાની કોશીશ કરવી	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને	એજ
૩૮૬	મોત અથવા મહાવ્યથાનો ભય કોઇ શખ્સને પમાડીને જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવો.	એજ	વારંટ	જામીનલઇ નહી શકાય	એજ	૧૦ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેસનકોરટ
૩૮૭	જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ કોઇ શખસને મોત અથવા મહાવ્યથાનો ભય ઉત્પન્ન કરવા અથવા તેમ કરવાની કોશીશ કરવી	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાનો ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૮૮	મોત અથવા જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસની કેદની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનુ તહોમત મુકવાનો ડર દેખાડીને જબરાઇથી કહડાવવાના ગુન્હા કરવા	એજ	એજ	જામીનલઇ શકાય	એજ	૧૦ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
	જો સૃષ્ટિક્રમ વિરૂદ્ધ ગુન્હાનો ડર દેખાડયો હોય તો.	એજ	એજ	એજ	એ	જીવતાં સુધી સમુદ્રપાર	એજ
૩૮૯	જબરાઇથી કહડાવ્વાનો ગુન્હો કરવા સારૂ મોત, અથવા સમુદ્રપાર અથવા ૧૦ વરસની કેદની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તહોમત મુકવાનો કોઇ શખસને ડર દેખાડવો	એજ	એજ	એજ	જ	૧૦ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
	જો સૃષ્ટિક્રમ વિરૂદ્ધ ગુન્હો થયો હોય તો	એજ	એજ	એજ	એજ	જીવતાસુધી સમુદ્રપાર	એજ

અપહરણ તથા ડાકાઇટીના ગુન્હાઓ માટે નીચે પ્રમાણે શીક્ષા થઇ શકે.

૩૯૨	જે માણુસ અપહરણ કરે	વગર વારંટ પકડી શકે	વારંટ	જામીન નહી લઇ શકાય	માંડીવાળી નહીં શકાય	૧૦ વરસ સુધીની સખત કેદ તથા દંડ	સેશનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
	જો સુરજ આથમ્યા પછી તથા સુરજ ઉગ્યા પહેલા કોઇ ધોરી રસ્તા ઉપર કર્યું હોય તો	એજ	એજ	એજ	એજ	૧૪ વરસ સુધીની સખત કેદ અથવા દંડ	એજ
૩૯૩	અપહરણ કરવાની કોશીશ કરવી	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધીની સખત કેદ અથવા દંડ	એજ
૩૯૪	અપહરણ કરવામા અથવા કરવાની કોશીશમાં બુદ્ધિપૂર્વક વ્યથા કરવી અથવા બીજા કોઇ શખ્સે આવુ અપહરણ કરવામા સામીલ રહેવુ	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા દશ વરસ સુધી સખત કેદ તથા દંડ	એજ
૩૯૫	ડેકાઇટી કરવી	એજ	એજ	એજ	એજ	એજ	સેસનકોરટ
૩૯૬	ડેકાઇટીમાં ખુન કરવુ.	એજ	એજ	એજ	એજ	મોત, જીવતા સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધીની સખત કેદ તથા દંડ	એજ
૩૯૭	ખુન અથવા મહાવ્યથા કરવાની કોશીશની સાથે અપહરણ અથવા ડેકાઇટી કરવી	એજ	એજ	એજ	એજ	૭ વરસ કરતાં ઓછી નહીહોય એટલાં વરસ સુધીની સખત કેદ	એજ
૩૯૮	કોઇ ભયકર શસ્ત્ર ધારણ કર્યું હોય તે વખતે તે અપહરણ અથવા ડેકાઇટી કરવાની કોશીશ કરવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૩૯૯	ડેકાઇટી કરવાની તૈયારી કરવી	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની સખત કેદ, તથા દંડ	એજ
૪૦૦	નિત્ય ડેકાઇટી કરવાના કારણસર એકઠા મળેલા શખ્સોની ટોળીમાં રહેવુ	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધીની સખત કેદ, તથા દંડ	એજ

૪૦૧	નિત્ય ચોરી ક૨વાના કારણુસર એકઠા મળેલો શખ્સોની ભટકતી ટોળીમાં હોવુ	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની સખ્ત કેદ, તથા દંડ.	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૦૨	ઉઠાઉગીરી ક૨વાના કારણસર એકઠા થએલા પાંચ અથવા વધારે શખ્સોમાંના એક હોવુ	એજ	એજ	એજ	એજ	એજ	સેસન કોરટ

મીલકતના સાપરાધ ખોટા ઉપયોગ બાબત નિચે પ્રમાણે શિક્ષા થાયછે

૪૦૩	બદદાનતથી જંગમ મિલકતનો ખોટો ઉપયોગ કરવો, અથવા તે પોતાને કામે લગાડવી	વગર વારંટે પકડાય નહી	વારંટ	જામીન લઇ શકાય.	જે કોર્ટની આગળ ફરીયાદીનુ કામ ચાલુ હોય તે કોર્ટ પર વાનગી આપેલારે માંડીવાળી શકાય	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	કોઇ પણ માજીસ્ટ્રેટ
૪૦૪	કોઇ શખ્સ મરી જાય તે વખતે તેની પાસે જે મિલકત હોય અને જે તેના વારસના કબજામાં આવી નથી એમ જાણવામાં હોય તે મિલકતનો બદદાનતથી ખોટો ઉપયોગ કરવો	એજ	એજ	એજ	માંડી વાળી નહિ શકાય	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેસનકોરટ,પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજી૦
	જો તે મરનારની નોકરીમાં કોઇ મહેતો અગર બીજો શખ્સ હોય, તે ઉપલો ગુન્હો કરે તો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ

સાપરાધ વિશ્વાસઘાતના ગુન્હાઓ બાબત નીચે પ્રમાણે શીક્ષા થઈ શકે

૪૦૬	સાપરાધ વિશ્વાસઘાત કરવો	વગર વારંટે પકડી શકે	વારંટ.	જામીન નહી લઇ શકાય	માંડી વાળી નહી શકાય	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	સેસનકોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ

૪૦૭	ભારવાહક ઠકાવાળો કે વખારવાળો સાપરાધ વિશ્વાસ ઘાત કરે તો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	શેસન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લાવર્ગનો માજીસ્ટ્રેટ
૪૦૮	કોઈ મહેતા અથવા ચાકરને સોપેલી મીલકતના સંબંધમાં તે સાપરાધ વિશ્વાસઘાત કરે તે.	એજ	એજ	એજ	એજ	એજ	સેશન કોરટ પ્રેસીડેન્સી માજીસ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્રેટ
૪૦૯	કોઇ સરકારી નોકર, સરાફ, વેપારી કે આડતીઆને સોંપેલી મિલકતના સબંધમાં તે સાપરાધ વિશ્વાસઘાત કરે તો.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેસનકોરટ પ્રેસીડેન્સીમાજીસ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્રેટ

ચોરીની મીલકત લેવાના ગુન્હા બદ્દલ નીચે પ્રમાણે શીક્ષા થઇ શકે.

૪૧૧	ચોરીની મિલકત ચોરીની છે એમ જાણીને બદદાનતથી લેવી.	વગરવારંટે પકડી શકે	વારંટ	જામીન નહી લઇ શકાય	માંડીવાળી નહી શકાય	૩ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેશન કોરટ પ્રેસીડેન્સી માજીસ્રેટ, અથવા ૧લા કે ૨ જા વર્ગનો માજીસ્રેટ
૪૧૨	આ મીલકત ડકાયટીથી મળી છે એમ જાણીને તે મીલકત બદદાનતથી લેવી.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધીની સખત કેદ તથા દંડ	સેસનકોરટ
૪૧૩	નિત્ય ચોરીની મીલકતનો ધંધો કરવો	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૪૧૪	આ મીલકત ચોરીની છે એમ જાણવા છતાં તે સંતાડવામાં અથવા વગે કરવામાં બુદ્ધિપૂર્વક મદદ	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ અથવા બન્ને.	સેસનકોરટ પ્રેસીડેન્સી માજી

	કરવી						સ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ

ઠગાઈ બાબતના ગુન્હાઓ માટે નીચે પ્રમાણે શીક્ષા થઇ શકે.

૪૧૭	ઠગાઇ કરવી,	વગર વારંટે પકડાય નહી	વારંટ	જામીન લઇ શકાય	જે કોર્ટની આગળ ફરીયાદનું કામ ચાલુ હોય તે કોરટ પરવાનગી આપેથી માંડીવાળી શકાય	૧ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૧૮	જે શખસનો લાભ જાળવવાની કાયદાથી કે કાયદેસર કરારથી જે શખસની ફરજ હોય તેને ગેરવ્યાજબી હાની થશે એવું જાણીને તે શખસે ઠગાઇ કરવી	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બને	સેશનકોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૧૯	વેષ લઇને ઠગાઇ કરવી.	વગર વારંટે પકડી શકે	એજ	એજ	એજ	એજ	એજ
૪૨૦	ઠગાઈ કરીને બદદાનતથી કાંઇ મિલકત અપાવવી, અથવા કાંઇ કીમતી દસ્તાવેજ ફેરવવા અથવા તેનો નાશ કરવો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બને	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અગર ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ

દગાના ખત મીલકતની વ્યવસ્થા બાબતના ગુન્હાઓ માટે નીચે પ્રમાણે શીક્ષા થઇ શકે

૪૨૧	માગનારાઓમા વહેચણ થતી અટકાવવાને કાંઇ મિલકત બદદાનતથી કે દગલબાજીથી ખસેડવી, છુપાવવી અથવા આપી દેવી.	વગર વારંટે પકડાય નહી	વારંટ	જામીન લઇ શકાય	માંડીવાળી નહી શકાય	૧ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારના કેદ, અથવા દંડ, અથવા બને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૨૨	ગુન્હેગારનું કાંઇ લહેણું કે માગણુ હોય તે પોતાના માગનારાઓને મળતુ તેણે દગલબાજીથી અટકાવવુ,	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૨૩	કોઇના નામની કાંઇ મિલકત કરી આપવાના જે ખતમાં કીંમતનો જીકર ખોટો લખ્યો હોઇ એવા ખતપર દગલબાજીથી સહી કરવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૨૪	પોતાની કે પારકી કાંઇ મિલકતનુ દગલબાજીથી ખસેડવુ કે છુપાવવુ અથવા તેમ કરવામા મદદ કરવી, અથવા ખઇ લહેણું કે દાવો બદદાનતથી મુકી દેવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ

બિગાડના ગુન્હાઓ માટે નીચે પ્રમાણે શીક્ષા થઇ શકે

૪૨૬	બિગાડ કરવો.	વગર વારંટે પકડાય નહી	સમન	જામીન લઇ શકાય	જે હાની અથવા નુકસાન થયુ હોય તે માત્ર ખાનગી થયુ હોય ના માંડી વાળી શકાય	૩ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બને	કોઇપણ માજીસ્ટ્રેટ

૪૨૭	બિગાડ કરીને ૫૦ રૂપિઆની અથવા વધારે નુકશાની કરવી	એજ	વારંટ	એજ	એજ	૧ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૨૮	૧૦ રૂપિઆની કે તેથી વધારે કીંમતના કોઈ જાનવરને મારી નાખીને ઝેર દઈને અથવા લંગડુ લુલુ કરીને કે નિરૂપયોગી કરીને બિગાડ કરવો	વગર વારંટે પકડી શકે	એજ	એજ	માંડીવાળી નહી શકાય	એજ	એજ
૪૨૯	કોઈપણ કિંમતના હાથી, ઊંટ, ઘોડા વિગેરે અથવા ૫૦ કે વધારે રૂપિઆની કિંમતના કોઈ બીજા જાનવરને મારી નાંખીને અથવા ઝેર દઈને અથવા લંગડુ લુલુ કરીને કે નિરૂપયોગી કરીને બિગાડ કરવો.	એજ	એજ	એજ	એજ	૫ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	સેસન્સકોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૩૦	ખેતીના કામોને પાણીનું પહોંચવું ઓછું કરીને બીગાડ કરવો વિગેરે.	એજ	એજ	એજ	જે કોર્ટની આગળ ફરીયાદીનું કામ ચાલુ હોયતે કોર્ટ પરવાનગી આપે ત્યારે માંડીવાળી શકાય	એજ	એજ
૪૩૧	મુસાફરી કરવાને કે માલ જવાને જોખમ ભરેલ થાય એમ અથવા અગમ્ય થાય એમ કોઈ સરીઆમ રસ્તાને, પૂલને નદીને અથવા વહાણ ચાલે એવી નહેરને નુકશાન કરીને બિગાડ કરવો	એજ	એજ	એજ	માંડીવાળી નહી શકાય	એજ	એજ
૪૩૨	નુકશાની થાય એવી રીતે કોઈ સરીઆમ ગટરને રેલાવીને અથવા બંધ કરીને બિગાડ કરવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ

૪૩૩	કોઇ દાડીનો દીવો અથવા વહાણ ચલાવનારને સુચ-ના દાખલ મુકેલું બોયુ, નિશાની કે વસ્તુનો નાશ કરીને, ખસેડીને અથવા ઓછી ઉપયોગી કરીને બિગાડ કરવો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ, અથવા બને	સેશનકોરટ પ્રેસીડેન્સી માજીસ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્રેટ
૪૩૪	સરકારી નોકરના અખત્યારથી ઉભી કરેલી કાંઇ જમીનની નીશાનીનો નાશ કરીને, ખસેડીને બિગાડ કરવો.	વગર વારંટ પકડાય નહી	એજ	એજ	એજ	૧ વરસ સુ઼ ની બેમાના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બને	સેસન કોરટ
૪૩૫	૧૦૦ અથવા વધારે રૂપીઆની નુકશાની અથવા ખેતીના ઉત્પન્નની બાબતમા ૧૦ અથવા વધારે રૂપીઆની નકશાની કરવાના ઇરાદાથી આગ્નવડે અથવા ખારીક પદાર્થવડે બીગાડ કરવો	વગર વારંટ પકડી શકાય	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બને	એજ
૪૩૬	કાંઇ ઘર વીગેરેનો નાશ કરવાના ઇરાદાથી અગ્નિવડે અથવા ખારી પદાર્થવડે બીગાડ કરવો	એજ	એજ	જામીન નહી લઇ શકાય	એજ	જીવતા સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૪૩૭	તુતકવાળા વહાણનો કે ૨૦ ટનના ભારના વહાણનો નાશ કરવાના ઇરાદાથી અથવા તેવા વહાણને જોખમ ભરેલુ કરવાના ઇરાદાથી બગાડ કરવો	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૩૮	છેલી કલમમા બ્યાન કરેલો બીગાડ અગ્નિવડે અથવા અવાજ સાથે ફુટે એવો કોઇ પદાર્થવડે કર્યો હોય તો	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૩૯	વહાણમાના માલની ચોરી કરવાના ઇરાદાથી અથવા તે માલનો બદદાનતથી ખોટો ઉપયોગ કરવાના ઇરાદાથી તે વહાણને જાણીજોઇને જમીન પર કે કિનારા પર ચહડાવી દેવું	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ

૪૪૦	મોત, વ્યથા કે ગેરવ્યાજબી અટકાવ કરવાની તૈયારી કરીને બિગાડ કરવો.	એજ	એજ	એજ	એજ	૫ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશનકોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.

સાપરાધ પ્રવેશ બાબતના ગુન્હાઓ માટે નીચે પ્રમાણે શીક્ષા થશે

૪૪૭	સાપરાધ પ્રવેશ કરવો.	વગર વારંટે પકડી શકે	સમન	જામીન લઈ શકાય	માંડીવાળી શકાય	૩ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપીઆ સુધીનો દંડ અથવા બને	કોઈપણ માજીસ્ટ્રેટ
૪૪૮	ગ્રહપ્રવેશ કરવો.	એજ	વારંટ	એજ	એજ	૧ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂપીઆનો દંડ અથવા બને	એજ
૪૪૯	મોતની શીક્ષા થઈ શકે એવો કોઈ ગુન્હો કરવા સારુ ગ્રહ પ્રવેશ કરવો.	એજ	એજ	જામીનલઈ શકાય નહી	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધીની સખત કેદ તથા દંડ	એજ
૪૫૦	જીવતા સુધી સમુદ્રપારની શીક્ષા થઈ શકે એવો કોઈ ગુન્હો કરવા સારૂ ગ્રહ પ્રવેશ કરવો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૫૧	કેદની શીક્ષા થઈ શકે એવો કોઈ ગુન્હો કરવા સારૂ ગ્રહ પ્રવેશ કરવો	એજ	એજ	જામીન લઈ શકાય	જે કોર્ટની આગળ ફરીયાદીનું કામ ચાલુ હોય તે કોર્ટ પર વાનગી આપેથીજ માંડી વાળી નહિ શકાય	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	કોઈપણ માજીસ્ટ્રેટ

	જો તે ગુન્હો ચોરીનો હોય તો.	એજ	એજ	જામીનલઇ શકાયનહિ	માંડી વાળી નહી શકાય	૭ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેસનકોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૫૨	કોઇ શખસને બચા, હુમલો કે ગેરવ્યાજબી અટકાવ કરીને ગ્રહપ્રવેશ કરવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૫૩	ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવ દંડ	પ્રેમીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો,માજીસ્ટ્રેટ
૪૫૪	કેદની શીક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગુપ્ત ગ્રહ પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું,	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
	જો તે ગુન્હો ચોરીનો હોય તો	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ.	એજ
૪૫૫	કોઇ શખસને બચા હુમલો કે ગેરવ્યાજબી અટકાવ કરવાની તૈયારી કરીને ગુપ્ત પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું	એજ	એજ	એજ	એજ	એજ	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨જા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૫૬	રાત્રે ગુપ્ત ગ્રહ પ્રવેશ કરવો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેસન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.

૪૫૭	કેદની શીક્ષા થઇ શકતી હોય એવો ગુન્હો કરવા સારુ રાત્રે ગુપ્ત પ્રવેશ કરવો અથવા ઘર ફોડવુ	એજ	એજ	એજ	એજ	૫ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ.	એજ
	તે ગુન્હો ચોરીનો હોય તો					૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૫૮	કોઇ શખસને વ્યથા કરવાની કે ગેરવ્યાજબી અટકાવ કરવાની તૈયારી કરી રાત્રે ગુપ્ત ગૃહ પ્રવેશ કરવો, અથવા ઘર ફોડવુ	એજ	એજ	એજ	જામીન નહી લઇ શકાય	એજ	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૫૯	ગુપ્ત પ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરતા કોઇને મહાવ્યથા કરવી અથવા મોત આણવાની કે મહાવ્યથા કરવાની કોશીશ કરવી	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેસન કોરટ
૪૬૦	ઘણા શખશો રાતે ગુપ્ત ગૃહ પ્રવેશ કે ઘર ફોડવામા શામેલ હોય અને તેઓમાનો કોઇ એક મોત અથવા મહાવ્યથા કરે તો જે શખસો એ ગુન્હો કરવામા સામેલ હોય તે દરેકને સજા	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૬૧	કોઇ બંધ કરેલા નીધાનમા કાંઇ મિલકત હોય અથવા કાંઇ મિલકત છે એમ મનાતુ હોય તે નિધાનને બદદાનતથી કે બિગાડ કરવાના ઇરાદાથી ફોડને ઉઘાડવુ અથવા તેના બંધ છોડવા	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૬૨	તેજ ગુન્હો જ્યારે તે નિધાન જેને સોપ્યુ હોય તે માણસ ઉઘાડવાનો અખત્યાર ન છતા, બદદાનતથી તે નિધાનને ફોડીને ઉઘાડે અથવા તેના બંધ છોડે તો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ અથવા બંને	સેસનકોરટ,પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.

આબ ૧૮ મો લેખ સબંધી તથા વેપારની અથવા મીલકતની નિશાનીઓ સંબંધી ગુન્હાઓ માટે

નિચે પ્રમાણે શીક્ષા થાય છે.

૪૬૫	લેખ ખોટો બનાવવો	વગર વાર ટે પકડાય નહિ	વારંટ	જામીન લઈ શકાય	માંડી વાળી નહી શકાય	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૬૬	કોઇ ઇન્સાફી કોરટનું દફતર, અથવા જન્મ વિગેરે બાબતોનો સરકારી નોકર રાખતો હોય તેવો રજીષ્ટર (પત્રક) ખોટો બનાવવો	એજ	એજ	જામીન નહી લઇ શકાય	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેશન કોરટ
૪૬૭	કોઇ કીમતી દસ્તાવેજ વીલ, દતક લેવાનો અધિકાર પત્ર, મુખત્યારનામું વગેરે ખોટાં બનાવવાં	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
	જો કીંમતી દસ્તાવેજ, હીંદુસ્તાન સરકારની પ્રોમીસરી નોટ હોય તો.	વગર વારંટ પકડી શકે	એજ	એજ	એજ	એજ	એજ
૪૬૮	ઠગાઇ કરવાના કારણસર વપરાય એવા ઇરાદાથી ખોટો લેખ બનાવવો.	વગર વારંટે પકડાય નહિ.	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ દંડ તથા બંને.	સેસન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વર્ગના માજીસ્ટ્રેટ
૪૬૯	કોઇ શખ્સની આબરૂને હાની કરવાના ઇરાદાથી અથવા તેવા માટે વાપરવામાં આવશે એમ જાણીને ખોટો લેખ બનાવવો	એજ	એજ	એજ	એજ	૨ મહિના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૭૦	આ બનાવટનો લેખ છે એમ જાણતાં કે માનતાં છતાં તે અદાલતથી કે દગલબાજીથી ખરા દાખલ	એજ	એજ	એજ	એજ	આવો લેખ ખોટો બનાવવાની શીક્ષા	જે કોરટથી લેખ ખોટો બનાવવા

	વાપરવો.						બદલ ઇનસાફ થઇ શકતો હશે તે કોરટ
૪૭૧	તે ખોટો બનાવટનો લેખ હીંદુસ્તાન સરકારની પ્રોમીસરી નોટ હોય તો	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૭ વરસ સુધીનીબેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૪૭૨	ઉપરની ૪૬૭ મી કલમ મુજબ શિક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના ઇરાદાથી બનાવટી હથીઆર વડે, ખોટી મહોર, પતરૂ વગેરે બનાવવું અથવા તેવું જાણી જોઇને કબજામાં રાખવું.	વગરવારંટે પકડાય નહી	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૪૭૩	ઉપરની ૪૬૭ મી કલમ સિવાય બીજી કોઇ કલમ મુજબ શિક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના ઇરાદાથી બનાવટી હથીઆર વડે, ખોટી મહોર, પતરૂ વગેરે બનાવવું, અથવા તેવા ઇરાદાથી કબજામાં રાખવું.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૪૭૪	કોઇ લેખ ખોટો બનાવેલો છે એવું જાણીને તે ખરા દાખલ વાપરવાના ઇરાદાથી કબજામાં રાખવો, જો તે દસ્તાવેજ ઉપરની ૪૬૬ મી કલમમાં કહેલા કોઇ પ્રકારમાંનો હોય તો,	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	જો તે દસ્તવેજ ઉપરની ૪૬૭ મી કલમમાં કહેલા કોઇ પ્રકારમાંનો હોય તો,	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૪૭૫	ઉપરની ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારના લેખોનું ખરાપણું દેખાડવા સારૂ વપરાતી હોય એવી કોઇ મુદ્રા અથવા નિશાની ખોટી બનાવવી અથવા ખોટી નિશાની કરેલો પદાર્થ કબજામાં રાખવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૭૬	ઉપરની ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના લેખનું ખરાપણું દેખાડવા સારૂ વપરાતી	એજ	એજ	જામીન નહી લઈ	એજ	૭ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ

	હોય એવી કોઇ મુદ્રા અથવા નીશાની ખોટી ગનાવવી, અથવા ખોટી નીશાની કરેલો પદાર્થ કબજામા રાખવો			શકાય.			
૪૭૭	કોઇ વીલ, દત્તક લેવાનું અખત્યારનામુ કે બીજા કોઇ કીંમતી દસ્તાવેજને કોઇ શખસને નુકશાન કરવાના ઇરાદાથી દગલબાજીથી કે બદદાનતથી છેકી નાખવો નાશ કરવો, ચહેરી નાંખવો અથવા એવી કોઇ કોશીશ કરવી, અથવા તે છુપાવવુ	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્ર પાર અથવા ૧૦ વરસ સુધી એમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ.
૪૭૭ અ	દગલબાજીથી કે બદદાનતથી હીસાબ ખોટા બનાવવા	એજ	એજ	જામીનલઇ શકાય	એજ	૭ વરસ સુધીની એમાના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બને	સેસનકોરટપ્રેસીડેન્સી માજીસ્ટ્રેટઅથવા ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ

વેપારીની તથા મિલકતની નિશાનીઓ બાબત ગુન્હાઓ.

૪૮૨	કોઇ શખસને છેતરવા અથવા નુકશાન કરવાના ઇરાદાથી કાંઇ ખોટી વેપારની અથવા મીલકતની નિશાની વાપરવી	વગર વારંટે પકડાય નહી	વારંટ	જામીનલઇ શકાય	જે કોર્ટની આગળ ફરીયાદીનુ કામ ચાલુ હોયતેકોર્ટ પરવાનગી આપેત્યારે માંડીવાળી શકાય	૧ વરસ સુધીની એમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૮૩	કોઇ બીજો માણસ કાંઇ વેપારની અથવા મીલકતની નીશાની વાપરતો હોય તેવી નિશાની તેને નુકશાન કરવાના ઇરાદાથી ખોટી બનાવવી.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની એમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બને	એજ
૪૮૪	કોઇ સરકારી નોકર જે મીલકતની નીશાની વાપરતો હોય, અથવા કોઇ મીલકતની જાત વીગેરે બતાવવા સારૂ તે જે નીશાની વાપરતો હોય, તેવી નીશાની બીજાને નુકશાન કરવાના ઇરાદાથી ખોટી બનાવવી અથવા બનાવટી છે એમ જાણ્યાછતાં ખરી દાખલ વાપરવી	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાની ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેસન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ

૪૮૫	કોઇ છાપ, પતર અથવા કોઇ સરકારી કે ખાનગી મિલકતની અથવા વેપારની નિશાની ખોટી બનાવવાનુ કોઇ બીજુ હથીયાર દગલબાજીથી બનાવવુ, અથવા કબજામાં રાખવુ એવા ઇરાદાથી કે જે માલ અમુક કારીગરોએ બનાવેલો ન હોય, તે તેણે બનાવ્યો છે એમ અથવા જે જાતનો તે ન હોય તે જાતનો તે માલ છે એમ બતાવવાના કારણસર તે નિશાની વાપરવામા આવે	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બને	એજ
૪૮૬	આ ખોટી મિલકતની કે વેપારની નિશાની છે એમ જાણવા છતા બીજાને નુકશાન કરવાના કે છેતરવાના ઇરાદાથી તે નિશાનીવાળો માલ વેચવો.	એજ	એજ	એજ	જે કોર્ટની આગળ કે ચોપાટી આવુ હોય તે કોર્ટ પર વાનગી આપે ત્યારે માડીવાળી શકાય	૧ વર્ષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૮૭	કાંઇ ગાસડી કે બારદાન મધ્યે માલ હોય તે ઉપર દગલબાજીથી કાંઇ ખોટી નિશાની કરવી એવા ઇરાદાથી કે તેમાં માલ છે તે અમુક જાત કે તરેહનો છે એવો વિશ્વાસ બીજાના મનમા ઉત્પન્ન થાય	એજ	એજ	એજ	માડીવાળી નહી શકાય	૩ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બને	સેશનકોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૮૮	ઉપરની ૪૮૭ મી કલમમા લખેલા ઇરાદાથી એવી કાંઇ નિશાની ખોટી છે એમ જાણ્યા છતા તે ખોટી નિશાનીનો દગલબાજીથી ઉપયોગ કરવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૮૯	બીજાને નુકશાન કરવાના ઇરાદાથી કાંઇ મિલકતની નીશાની કહાડી નાખવી તેનો નાશ કરવો અથવા તે અહેરી નાખવી	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨

							૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૮૯ અ	ચલણી નોટો અથવા બેંક નોટો બનાવવી ખોટી અથવા બનાવટી ચલણી નોટો અથવા બેંક નોટોને ખરી નોટો તરીકે વાપરવી	વગરવારંટે પકડી શકે	વારંટ	જામીન નહીં લઈ શકાય	માંડી વાળી નહિ શકાય	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૭ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેસન કોરટ,
૪૮૯ બ	ખોટી અથવા બનાવટી ચલણી નોટો અથવા બેંક નોટોને ખરી નોટો તરીકે વાપરવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૮૯ ક	ખોટી અથવા બનાવટી ચલણી નોટો અથવા બેંક નોટો કબજામાં રાખવી	એજ	એજ	જામીન લઈ શકાય	એજ	૭ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૪૮૯ ડ	ચલણી નોટો અથવા બેંકનોટો ખોટી બનાવટી બનાવવા સારૂ કાંઈ પણ હથીઆર અથવા પદાર્થ બનાવવા અથવા કબજામાં રાખવા	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ

બાબ ૧૯ મો નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા બાબત

૪૯૦	તરી અથવા ખુશકીના રસ્તાની મુસાફરીમાં નોકરી કરવાનો અથવા કોઈ શખસ કે મિલકતને કહે ત્યાં લઈ જવાનો કાયદેસર કરાર કરીને બંધાયા છતાં તે કરાર મુજબ બુદ્ધિપૂર્વક નહી ચાલવું. (માંદગી અથવા માઠી વર્તણુકસર કરાર તોડી શકાય છે)	વગરવારંટે પકડાય નહી	સમન	જામીનલઈ શકાય	માંડીવાળી નહીશકાય	૧ મહીના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૨૦૦ રૂપીઆ સુધીનો દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૪૯૧	બાળપણ, ગાંડપણ, અથવા રોગના સબબથી લાચાર હોય તેવા શખસોની ખીદમત કરવા તથા તેઓની હાજતે પુરી પાડવાનો કરાર કરીને બંધાયા છતા, તે કરાર મુજબ બુદ્ધિપૂર્વક નહી ચાલવું	એજ	એજ	એજ	એજ	૩ મહીના સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા ૨૦૦ રૂપીઆનો દંડ અથવા બંને	એજ
૪૯૨	મુકરર મુદત સુધી કોઈ દુર જગોપર ચાકરી કરવાનો કરાર કર્યો હોય અને તે જગોપર શેઠને ખરચે ચાકરને લઈ ગયા હોય, અથવા લઈ જવાના હોય તેવા કરારથી બંધાયા છતાં, બુદ્ધિપૂર્વક તે ચાકરી	એજ	એજ	એજ	એજ	૧ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા થયેલા ખર્ચથી બમણો દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ

	કોડવી, અથવા કામ કરવાની ના કહેવી [પણ શેઠ જો તે ચાકર સાથે માઠી વર્તણુક કરી હોય, અથવા તેણેજ તે કરાર મુજબ અમલ કરવામાં ગફલત કરી હોય, તો તે ચાકર શિક્ષાને પાત્ર નથી]						
	બાબ ૨૦ લગ્ન સંબંધી ગુન્હા						
૪૯૩	જે પુરૂષની સાથે જે સ્ત્રીના કાયદા મુજબ લગ્ન થયાં નથી તે પુરૂષ તે સ્ત્રીને કાયદા મુજબ લગ્ન થયાનો કપટથી વિશ્વાસ બેસાડીને તેની જોડે દંપતીભાવે રહેવું, અથવા સંભોગ કરવો.	વગરવારંટે પકડાય નહી	વારંટ	જામીન લઇ શકાય નહી	માંડી વાળી નહી શકાય	૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ	સેસન કોરટ.
૪૯૪	વર અથવા વહુની હયાતીમાં ફરી લગ્ન કરવું. તે એવી રીતે કે હયાતીમા થયાથી તે લગ્ન થયેલુ રદ ગણાય	એજ	એજ	જામીન લઇશકાય	જે કોર્ટની આગળ ફરીયાદીનું કામ ચાલુ હોય તે કોટ પરવાનગી આપે ત્યારે માંડી વાળી શકાય	૭ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેસનકોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૯૫	આગળના લગનની વાત છુપાવીને, ઉપલી કલમમા કહેલો ગુન્હો કરવો	વગરવારંટે પકડી શકે	વારંટ	એજ	માંડીવાળી નહી શકાય	૧૦ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ
૪૯૬	કાયદા મુજબ લગ્ન થતું નથી એમ જાણવા છતાં કોઇ શખસ દગલબાજીના ઇરાદાથી પોતાના લગ્ન વિધી થવા દે તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૯૭	છીનાળું કરવું.	વગરવારંટ પકડાય નહી	વારંટ	જામીન લઇ શકાય.	માંડી વાળી શકાય	૫ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ	સેસનકોર્ટ પ્રેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા૧લા વર્ગનો

							માજીસ્ટ્રેટ
૪૯૮	જાર કર્મ કરવાના સાપરાધ ઇરાદાથી કોઇ પરણેલી સ્ત્રીને ફોસલાવી લઇ જવી, અથવા રોકી રાખવી	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ	પ્રેસીડન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.

બાબ ૨૧ મો—આબરૂ લેવા બાબત ગુન્હાઓની શીક્ષા.

૫૦૦	આબરૂ લેવી.	વગરવારંટે પકડાય નહિ.	વારંટ	જામીન લઇ શકાય	માંડીવાળી શકાય.	૨ વરસ સુધીની આસાન કેદ અથવા દંડ, અથવા બંને	સેસનકોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૫૦૧	કોઇ બાબત આબરૂ લેવા જેવી છે એવું જાણીને તે બાબત છાપવી અથવા કોતરવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૫૦૨	આબરૂ લેવા જેવી બાબત છે એવું જાણીને તે બાબત છાપેલી અથવા કોતરેલી વસ્તુ વેચવી કે વેચવા માંડવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ

બાબ ૨૨ મો—સાપરાધ ધમકી તિરસ્કાર તથા દુખ બાબતના ગુન્હાઓની શિક્ષા.

૫૦૪	લોકની સુલેહનો ભંગ કરાવવાના ઇરાદાથી કોઇનો તિરસ્કાર કરી તેને ક્રોધ ઉત્પન્ન કરવો	વગરવારંટે પકડાય નાહ	વારંટ	જામીન લઇ શકાય.	માંડી વાળી શકાય	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ, અથવા બંને	કોઇપણ માજીસ્ટ્રેટ.
૫૦૫	ફોજ માંહેલા ઓફીસર, સોલજર કે ખલાસી બંડ કરે એવા ઇરાદાથી અથવા લોકની સુલેહની વિરૂદ્ધ	એજ	એજ	જામીન નહિ લઇ	માંડી વાળી નાહ	એજ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથ-

	અથવા રાજ્યવિરૂદ્ધ કાંઈ ગુન્હો કરાવવાના ઇરાદાથી, ખોટી વાત, અફવા અથવા ગુમ ચલાવવી			લઈ શકાય	શકાય		વા ૧ લા વર્ગ નો માજીસ્ટ્રેટ
૫૦૬	સાપરાધ ધમકી આપવી	એજ	એજ	જામીન લઇ શકાય	માંડી વાળી શકાય	એજ	એજ
	જો તે ધમકીથી મોતનો, મહાવ્યથાનો આગથી નુકશાન કરવાનો બીજો કોઇ ભારે સજા થાય એવો ગુન્હો કરાવવાનો, અથવા કોઇ સ્ત્રીની સાથે વ્યભીચારના દોષ મુકવાનો ડર દેખાડ્યો હોય તો	એજ	એજ	એજ	માંડી વાળી નહી શકાય	૭ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બન્ને	સેસન્સ કોરટ પ્રેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૫૦૭	નનામા સદેશાની મારફતે અથવા ધમકી ક્યાંથી આવે છે તેની ખબર નહી પડે એવી તદબીર કરીને સાપરાધ ધમકી આપવી,	એજ	એજ	એજ	એજ	ઉપલી કલમ મુજબની શીક્ષા ઉપરાંત ૨ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ	એજ
૫૦૮	ઇશ્વરની અપ્રસન્નતા થશે એવો ભય ઉત્પન્ન કરીને કોઇ શખસની જે વસ્તુ કે કામ કરવાની ફરજ નહી હોય તેવી વસ્તુ કે કામ તેની પાસે કરાવવું અથવા કોઇ કામ કરવામાં કસુર કરાવવી,	એજ	એજ	એજ	માંડી વાળી શકાય	૧ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ ના કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
૫૦૯	કોઇ સ્ત્રીને લજવવાના ઇરાદાથી કાંઈ શબ્દ બોલવા અથવા અવાજ કે ચાળા કરવા કાંઇ વસ્તુ દેખાડવી, અથવા તે સ્ત્રીની એકાંત જગાપર વગર રજાએ ઘુસવું,	એજ	એજ	એજ	જે કોર્ટની આગળ ફરીયાદીનું કામ ચાલતું હોય તે કોર્ટ પરવાનગી આપે ત્યારે માંડી વાળી શકાય	૧ વરસ સુધીની આસન કેદ, અથવા દંડ અથવા બન્ને,	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વર્ગનોમાજીસ્ટ્રેટ

૫૧૦	કોઇ જાહેર જગામા, અથવા કોઇના કંપાઉન્ડમા વગર રજાએ કેફની હાલતમા (છાકટા થઇને) જઇ કોઇ શખસને દુખ થાય એવી રીતે ચાલવુ	એજ	એજ	એજ	માડીવાળી નહી શકાય	૨૪ કલાક સુધીની આસાન કેદ અ-થવા ૧૦ રૂપીઆનો દંડ, અથવા બને,	કોઇ પણ માજી-સ્ટ્રેટ

બાબ ૨૩ મો. ગુન્હો કરવાની કોશીશો બાબત.

૫૧૧	જે ગુન્હાઓને માટે સમુદ્રપારની અથવા કેદની શીક્ષા ઠરાવી છે તે ગુન્હા કરવાની કોશીશ કરવી અને તે કોશીશો કરવામાં તે ગુન્હો કર । તરફ કાંઇ કામ કરવુ. દૃષ્ટાંત—ખાલી પેટી અથવા ખીસ્સામા ચોરવાના ઇરાદાથી હાથ ચાલવો એ કૃત્યો ચોરી કરવાના કો-શીશ કહેવાય, અને આ કલમ મુજબ ગુન્હેગાર સજાને પાત્ર થાય	તે ગુન્હાને માટે વગ-વારંટ પકડવાનો પોલીસને અખત્યાર હોય તો પકડી શકે, નહીતોનહી	તે ગુન્હાને માટે સમન્સ નીકળતો હોય તો સમન્સ અને વારંટ નીકળતું હોય તો વારંટ	જે ગુન્હા નો તકસી રવાર (વ ચાર કર્યો હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય નો લઇ શકાય નહીં તો નહી	જે ગુન્હો કરવાની કોશીશ કરી તે ગુન્હો માડીવાળ શકાતો હોય તો માડી વાળી શકાય	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની અડધી મુદત સુધી કેદ અથવા સમુદ્રપાર અથવા દંડ અથવા બને.	કોશીશ કરેલા ગુન્હાનો ઇનસાફ જે કોરટથી થઇ શકતો હોય તે કોરટ

બીજા કાયદાઓ તોડીને કરેલા ગુન્હાઓ,

	આ ગુન્હાઓ જો મોતની, ,સમુદ્રપારની અથવા ૭ વરસ સુધીની અથવા તે કરતા વધારે મુદતની કેદ ના શીક્ષા જોગ હોય તો	વગર વારંટે પક । શકે	વારંટ	જામીનલઇ શકાય નહી	એજ	. ... ..	સેશન કોરટ

૩ વરસ સુધીની અથવા તે કરતા વધારે મુદતની પણ ૭ વરસથી ઓછી મુદતની કેદની શીક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ પણ અથવા દફતરી કે ફકત હથીઆર આક્ટની કલમ ૧૯ મુજબના ગુન્હાઓના કામમા જામીન લઇ શકાતો હોય તો જામીન લઇ શકાય	એજ	...	...	...	.	સેસન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
એક વરસની અથવા તે કરતા વધારે મુદતની પણ ૩ વરસ કરતાં ઓછી મુદતની કેદની શીક્ષા જોગ હોય તો	વગર વારંટે પકડાય	સમન	જામીન લઇ શકાય	એજ		.	...		સેસન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા કે ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ
એક વરસની ઓછી મુદતની કેદની શીક્ષા અથવા ફક્ત દંડની શીક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એ.	...	.	...	..	કોઇ પણ માજીસ્ટ્રેટ

સમાપ્ત.

મુંબાઇનો ડીસ્ટ્રીકટ પોલીસ એકટ

(સને ૧૮૯૦ નો આકટ નંબર ૪ થો આજ સુધી સુધારેલો)

બાબ ૧ લો પ્રથમ નિયમ

૧ (૧) આ આકટને ' સને ૧૮૯૦ નો મુબાઇનો ડીસ્ટ્રીકટ પોલીસ આકટ" કહેવો.

(૨) તે સિંધ, મુંબાઇ શહેર, અને એડન સિવાય આખા મુબાઇ ઇલાકાને આ આકટ લાગુ પડે છે

૨ પરિશીષ્ટ અ મા જણાવેલા કાયદાઓ તેના ત્રીજા આમનમા કહ્યુ છે તેટલે સુધી રદ કર્યા છે

૩ આ અ કટમાં વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી બાધ આવતો નહિ હશે તો

अ "ઇન્સ્પેકટર જનરલ" "ડેપ્યુટી ઇન્સ્પેકટર જનરલ." "ડીસ્ટ્રીકટ સુપરીન્ટેન્ડેન્ટ" એડીશનલ સુપ્રીન્ટેન્ડેન્ટ અને "આસિસ્ટન્ટ સુપરીન્ટેન્ડેન્ટ" એ શબ્દનો અર્થ અનુક્રમે આ આકટ મુજબ નિમાયેલો ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ, ડેપ્યુટી ઇનસ્પેકટર જનરલ આફ પોલીસ, ડીસ્ટ્રીકટ સુપ્રીન્ડેન્ડેન્ટ આફ પોલીસ, એડીશનલ સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ તથા આસીસ્ટન્ટ સુપરીન્ટેન્ડેન્ટ આફ પોલીસ થાય છે, એમ સમજવુ

ब. ' પોલીસ અમલદાર" એ શબ્દોનો અર્થ આ આકટ મુજબ નિમાયેલો, પોલીસ ફોજનો કોઇ પણ આસામી થાય છે

क. ' કોન્સ્ટેબલ" આ શબ્દનો અર્થ સઉના કરતા નીચા દરજ્જાનો પોલીસ અમલદાર થાય છે.

ड ' જીલ્લો" એ શબ્દનો અર્થ સન ૧૮૮૨ ના ક્રીમીનલ પ્રોસીજર કોડના કાયદા સારૂ જીલ્લા તરીકે ઠરાવેલો મુલકનો ભાગ થાય છે

इ રસ્તો એ શબ્દમા કોઇ પણ રાજમાર્ગનો તથા કોઇ ઉપરના અથવા ન્હાર્ફ (ડક્કા) ઉપરના રસ્તાનો તથા લોકાથી અવાતુ જવાતુ હશે એવા કોઇપણ રોડના, ગલીનો, પરવાનો, ચોકનો, આંગણાનો, એલી (બાગ માંહેના રસ્તા) નો અથવા મારગનો સમાસ થાય છે, પછી તે રાહદારીનો રસ્તો હોય કે ન હોય.

फ, "ઢોર" એ શબ્દમા હાથીનો, ઉંટનો, ઘોડાનો, ગધેડાનો, ખચરનો, ઘેટાનો, બકરાનો તથા ડુક્કરનો સમાસ થાય છે.

ग, સન ૧૮૮૨ ના ક્રિમિનલ પ્રોસીજર કોડમાં વ્યાખ્યા કરેલા શબ્દો તથા સજ્ઞાનો જે અર્થ સદરહુ કોડમાં કરેલો છે તેજ અર્થ આ આકટમાં થાય છે એમ સમજવુ.

બાબ ૨ જો પોલીસ રચના–સાધારણ પોલીસ.

૪ આ આકટ લાગુ પડતો હોય એવા મુબઇ ઇલાકાના દરેક જીલ્લામા, ગવનર જનરલ ઇન્કાઉન્સીલના નિરબધને પાત્ર રહીને સરકાર પોલીસ ફોજ સ્થાપવાને તથા રાખવાને મુખત્યાર છે, એવી ફોજમાના જુદા જુદા દરજ્જાના માણસોની સખ્યા તથા ફોજની રચના તથા ફરજો, હક તથા અધિકાર હવે પછી નિર્દિષ્ટ કરીને ઠરાવ્યુ છે તે પ્રમાણે હોવા જોઇએ તથા ઉપર કહેલા અધિકારીઓ તરફથી

વખતે વખતે ઠરાવી મજુર કરવામા આવે એવા પગાર તથા લવાજમ તે ફોજને મળવા જોઇએ

૫ આ આકટ લાગુ પડતો હોય એવા મુબાઇ ઇલાકાના દરેક ભાગની પોલીસ ફોજ ઉપર હકુમત ચલાવવાને તથા દેખરેખ રાખવાને સરકારે એક ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસની નિમણુક કરવી અને આ આકટના ઠરાવોને તથા આ અર્થે સરકાર વખતે વખતે કરે તેવી કાનુનો તથા હુકમોને અનુસરીને તે ઇનસ્પેકટરે, આ આકટમા હવે પછી ઠરાવેલા પ્રકારનાં કામ તથા અધિકાર ચલાવવા અને ઠરાવેલી જવાબદારીને પાત્ર રહેવુ.

(૨) ગવરનર જનરલ ઇનકાઉન્સીલની અગાઉથી મંજુરી લેઇને, સરકાર એક અથવા તેથી વધારે ડેપ્યુટી ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ નિમવાને મુખત્યાર છે, તથા પોતાને યોગ્ય દેખાય એવી ફરજો તે ડેપ્યુટી ઇન્સ્પેકટરને સોંપવાને સરકાર મુખત્યાર છે પછી તે ફરજો ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસની કાયદેસર ફરજોમાંની કેટલીક હોય અથવા તેનો હેતુ પાર પાડવામા મદદગાર થાય એવી હોય.

(૩) ઇન્સ્પેકટર જનરલને તથા ડેપ્યુટી ઇન્સ્પેકટર જનરલને તેમના હુદ્દા ઉપરથી સસ્પેન્ડ કરવાનો અથવા દુર કરવાનો અધીકાર સરકારને છે

૬. હરેક જીલ્લા સારૂ એક સુપરીન્ટેન્ડેન્ટ એડીશનલ સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ નીમવાને તેમજ પોતાને યોગ્ય દેખાય તે પ્રમાણે સદરહુ અમલદારો પૈકી હરકોઈ અમલદારને બરતરફ કરવાને, કામ ઉપરથી સસ્પેંડ કરવાને, ઓછા પગાર ઉપર નીમવાને, દુર કરવાને, અથવા તેની બદલી કરવાને સરકાર મુખત્યાર છે.

(ચ) સરકારના સામાન્ય અથવા ખાસ હુકમથી એડીશનલ સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ પોલીસને જે જીલ્લા માટે તેની નીમણુક થઇ હોય તે જીલ્લામા અથવા તે જીલ્લાના કોઇ પણ ભાગમા આ આક્ટની મૂજબના સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ પોલીસના સઘળા અથવા કોઇ પણ અધીકાર ચલાવવાનો અથવા સઘળી અથવા કોઇ પણ ફરજ બજાવવાનો અધીકાર આપવાનો અખત્યાર છે,

૭. પોતાના તાબાના જીલ્લાઓમા એક છેડેથી બીજા છેડા સુધી દરેક કમીશનરને તથા ઇલાકામા એક છેડેથી બીજા છેડા સુધી ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસને પહેલા વર્ગના માજીસ્ટ્રેટના અધિકાર છે પણ તેમણે સદરહુ અધીકાર સરકાર વખતે વખતે જે શરતો ઠરાવે તે સરતોને અનુસરીને ચલાવવા,

૮, ઇન્સ્પેક્ટર જનરલ સરકારની કાનુનો તથા હુકમને અનુસરીને દરેક જીલ્લામા નોકરી કરવા સારૂ જરૂર હોય તેટલા ઇન્સ્પેક્ટરો, તથા સાર્જંટો નીમવાને મુખત્યાર છે

૯. મજુરી બાબત હોદાના નામ બાબત પરસ્પર સબંધ બાબત તથા નોકરીની શરત બાબત જે કાનુનો વિદ્યમાનકાળે અમલમાં હોય એના કાયદાને અનુસરીને સરકાર વખતે વખતે ઠરાવે તે કાનુનોને પાત્ર રહીને, ડીસ્ટ્રીક્ટ સુપરીન્ટેન્ડેન્ટે દરેક જીલ્લા સારૂ હેડ કોન્સ્ટેબલ તથા કોન્સ્ટેબલના દરજ્જાના પોલીસ અમલદારો નીમવા જોઇએ

૧૦. ઇન્સપેક્ટરની નીમણુક થયા પછી તેને, કોમ, નામ, ઉમ્મર, જાત અથવા ધર્મ બાબતની તથા તેણે પ્રથમ કોઇ પણ નોકરી કરી હશે તો તે બાબતની હકીકત લખેલો નીમણુકનો દાખલો ઇન્સ્પેક્ટર જનરલ તરફથી મળશે,

૧૧ (૧) ઇન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાનો દરેક પોલીસ અમલદારની નિમણુક થયા પછી તેને સબ ઇન્સ્પેક્ટરની બાબતમા ઇન્સ્પેક્ટર જનરલના, ને ઉતરતા દરજ્જાની બાબતમા જીલ્લાના ડીસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટના શિક્કાવાળો ચ પરિશિષ્ટના નમુના મુજબનો દાખલો મળશે

(૨) સદરહુ પ્રમાણે નિમાયેલા દરેક શખસને એવી નિમણુક થયાને લીધે પોલીસ અમલદારના અધિકાર, ફરજ, હક્ક તથા જવાબદારી પ્રાપ્ત થાય છે એમ સમજવુ.

(૩) [અ] નિમણુંકના દરેક દાખલામાં જે શખસનુ નામ લખ્યુ હોય, તે સખસનો કોઇ પણ કારણને લીધે પોલીસ ખાતા સાથેનો સબંધ તુટે એટલે તે દાખલો રદ બાતલ થશે એમ સમજવુ

ચ પોલીસ અમલદારને મળેલા અધિકાર તથા ફરજ તથા હકનો અમલ, એવા પોલીસ અમલદારને હોદા ઉપરથી સસ્પેંડ કરવામા આવ્યો હોય તે દરમિઆન બંધ રહેશે આ પ્રમાણે હોદા ઉપરથી સસ્પેંડ થયાને લીધે તે પોલીસ અમલદાર નથી એમ સમજવુ નહી, પણ આ પ્રમાણે સસ્પેન્ડ થયો ન હોય તો જે જવાબદારીને પાત્ર તે રહેત તે જ જવાબદારીને તે પાત્ર રહેશે તેમજ જે અધિકારીના તાબામાં રહેત તેજ અધીકારીના તાબામા રહેશે

૧૨ ઇન્સ્પેક્ટર જનરલ તથા જીલ્લા માજીસ્ટ્રેટ પોત પોતાના અખત્યારની હદમા રહીને જે જે હુકમ કરે તેને અનુસરીને ડીસ્ટ્રીક્ટ સુપરીન્ટેન્ડેન્ટે હથીઆર સબંધી, કવાયત સબંધી માણસો ઉપર તથા બનતા બનાવ ઉપર નજર રાખવા સબંધી તથા પરસ્પર સબંધ, કામની વહેંચણી, કાયદાનુ તથા હુકમનુ તથા કામ ચલાવવાની રીતનુ, અધ્યયન એ સબંધી સરવે બાબતો વીશે તેમજ પોતાના જીલ્લાની પોલીસ ફોજે પોતાનુ કામ કરતી વખતે બજાવણીની જે જે વીગતવાર બાબતો ઉપર લક્ષ આપવુ જોઇએ, તે સરવે બાબતો વિશે હુકમ કરીને નિયમન કરવુ

૧૩ [૧) કોઇ પણ જીલ્લાનો ડીસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટ તથા ત્યાની પોલીસ ફોજ, તે જીલ્લાના માજીસ્ટ્રેટના હુકમમા તથા તેના નિબંધ હકુમ રહેશે

(૨) ઉપરની પેટા કલમ મુજબ અધિકાર ચલાવતી વખતે જીલ્લા માજીસ્ટ્રેટે, સરકાર આ અર્થે વખતે વખતે જે કાનુનો તથા હુકમો કરે તે પ્રમાણે ચાલવુ જોઇએ અને કમીશનરના કાયદેસર હુકમને પાત્ર રહેવુ જોઇએ

(૩) આ આકટ મુજબ પોતે જે કાનુનો તથા હુકમો કરે તેમા ઇન્સ્પેકટર જનરલ પેટા કલમ [૧) ના હેતુ પાર પાડવાને બધાયલો છે.

૧૪. વિદ્યમાન કાળે અમુક પોલીસ ફોજની ઘણીજ જરૂર છે અથવા કોઇ પણ ખાસ પ્રસંગે તેની ગણી જરૂર પડશે અને તેટલી પોલીસ ફોજ પોતાના જીલ્લામાજીસ્ટ્રેટને લાગે તો તેણે તે બાબત ઇન્સ્પેકટર જનરલને લખાણ કરવું અને ઇન્સ્પેકટર જનરલે, બનતા સુધી, તથા સરકારના હુકમને અનુસરીને સદરહુ જીલ્લા માજીસ્ત્રેટની માગણી કબુલ કરવી

૧૫ જીલ્લા માજીસ્ટ્રેટ ડીસ્ટ્રીકટ સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી, ગુન્હાને લગતી, ગુન્હેગાર લોકોની સ્થિતિને લગતી, અવ્યવસ્થા ન થવા દેવાને લગતી મંડળીઓનુ તથા રમતગમતોનું નિયમિત કરવાને લગતી પોલીસ ફોજ શી રીતે વહેંચી આપવી તેને લગતી, ડીસ્ટ્રીકટ સુપ્રીન્ટેન્ડેન્ટના તાબામાના કોઇ પોલિસ અમલદારની વર્તણુંક અને ચાલચલગતને લગતી તથા સહાયકારક સાધનો શી રીતે વાપરવા તેને લગતી હરકોઇ બાબત વીશે તથા પોલીસ ફોજ ઉપરનો પોતાનો નિરબંધ પાકો કરવાની તથા બંદોબસ્ત રાખવાનુ કામ પાર પાડવાની બીજી સઘળી બાબતો વીશે ખાસ અથવા સામાન્ય રીપોર્ટ માગવાને મુખત્યાર છે.

૧૬ ડીસ્ટ્રીકટ સુપરિન્ટેન્ડેન્ટના તાબામાનો કોઇ પણ અમલદાર જે ઠેકાણે નીમવામા આવ્યો હોય તે ઠેકાણા સારૂ અથવા તેની ખાસ ફરજ બજાવવા સારૂ તે નાલાયક અથવા બિનકાબેલ છે એમ જીલ્લા માજીસ્ટ્રેટને લાગે અને એવા અમલદારને દુર કરવાનો તે સુપરિન્ટેન્ડેન્ટને અધિકાર હોય તો એવા અમલદારને બદલે બીજા શખસ નીમવા વિશે તે સુપરિન્ટેન્ડેન્ટને હુકમ કરવાને સદરહુ માજીસ્ટ્રેટ મુખત્યાર છે, અને તે સુપરિન્ટેન્ડેન્ટે તે હુકમ પ્રમાણે ચાલવુજ જોઇએ ઇન્સપેકટરની અથવા તેના કરતા ઉંચા દરજાના અમલદારની બાબતમાં તે જીલ્લા માજીસ્ટ્રેટ ઇન્સ્પેકટર જનરલને લખી જણાવવાને મુખત્યારે છે અને તે ઉપરથી ઇન્સ્પેકટેર જનરલને સદરહુ માજીસ્ટ્રેટનો અભિપ્રાય લક્ષપૂર્વક ધ્યાનમા લેઇ જે તજવીજ કરવી જોઇએ તે નક્કી કરવી અને પોતે કરેલા હુકમ વીશે તેને ખબર આપવી જોઇએ

૧૭. (૧) કોઇ પણ કમિશનર પોતાના અધિકાર હેઠળના ભાગમાના કોઇ પણ જીલ્લાની પોલીસ ફોજના સબંધમાં, તે જીલ્લાનો માજીસ્ટ્રેટ જે હુકમ કરી શકે તે હુકમ કરવાને તેમજ આ આકટના અથવા વિદ્યમાન કાળે અમલમાં હોય એવા કાયદાના ઠરાવને અનુસરીને સરકારે કાયદેસર રીતે કરેલી હરકોઇ કાનુન ઉપરથી જે કાંઇ પણ હુકમ કરવાનો પોતાનો અધિકાર હોય તે હુકમ કરવાને, અને જરૂરને પ્રસંગે પોતાના ભાગના એક જીલ્લા માટે નિમાયેલી એવી ફોજના કોઇ માણુસ તેજ ભાગના બીજા કોઇ ભાગમા મોકલવાનુફરમાવવાને મુખત્યાર છે

(૨) પેટાકલમ (૧) મુજબ કરેલો હુકમ સામાન્યત. લાગતા વળગતા જીલ્લા માજીસ્ત્રેટ તરફ મોકલવો જોઇએ પરતુ જરૂરને પ્રસગે એવો હુકમ ડીસ્ટ્રીકટ સુપરિન્ટેન્ડેટ તરફ બારોબાર મોકલવાનો અધિકાર છે અને આવે પ્રસગે તે હુકમની ખબર જીલ્લા માજીસ્ત્રેટને આપવી સદરહુ હુકમની ખબર દરેક પ્રસગે કમીશનરે ઇન્સ્પેકટર જનરલને આપવી જોઇએ,

૧૮ કોઇ કમીશનરે દ્રષ્ટિએ પડતી જે બાબતો ઇન્સ્પેકટર જનરલના અખત્યારની હદમા હોય તે બાબતો સબધમા સદરહુ કમીશનરે પોતાના અધિકાર નીચેના ભાગમાની કોઇ પણ જગામાંની પોલીસ બંદોબસ્તમાં અથવા તેના માણુસોની યોગ્યતામા જે ખામી હોય તે ઉપર ઇન્સ્પેકટર જનરલનુ લક્ષ ખેંચવાને મુખત્યાર છે આવે દરેક પ્રસગે ખામી સુધારવાને તથા ફરીયાદિના કારણો દુર કરવાને તથા કમીશનરની સુચના કાયદેસર હોય અને સરકારના હુકમને તથા બીજો કાયદેસર હુકમને સુચનાને તથા સમજુતીને અનુસરતી હોય ત્યારે તે પ્રમાણે ચાલવાને ઇન્સ્પેકટર જનરલ બધાયેલો છે. અને તેણે આ બાબતમા પોતે કરેલી તજવીજ વીશે કમીશનરને ખબર આપવી.

૧૯ કોઇ પણ કમીશનર પોતાના અધિકાર નીચેના ભાગમા કારભાર સારી રીતે ચાલે તે માટે કોઇ પણ જીલ્લામાં ગુન્હાની સ્થિતિ સબંધી તથા ગુન્હા તથા અવ્યવસ્થા બંધ પાડવા સારૂ કરેલી તજવીજ સબંધી પોતાને જરૂરના લાગે તેવા રીપોર્ટ તથા માહિતી મોકલવાનું તે જીલ્લા માજીસ્ત્રેટને ફરમાવવાને

તથા તે આવ્યા પછી કાયદાને અનુસરતા હોય એવા હુકમ કહાડવાને મુખ્ત્યાર છે એવો દરેક હુકમ જીલ્લા માજીસ્ત્રેટ ઉપર કરવો, અને તેની ખબર ઇન્સ્પેકટર જનરલને આપવી

૨૦ સરકારના હુકમને અનુસરીને પોતાના અધિકાર નીચેના પોલીસના હીસાબને લગતી સઘળા બાબતો વીશે તપાસ કરીને તેનું નિયમન કરવાનો અધિકાર ઇન્સ્પેકટર જનરલને છે તથા લાગતા વળગતા સઘળા માણસો આવી તપાસ કરવામા તેને વાસ્તવીક મદદ તથા સગવડ કરી આપવાને અને એવી તપાસ પછી તે જે કાયદેસર હુકમ કાઢે તે પ્રમાણે ચાલવાને બધાયલા છે

વીશેષ પોલીસ

૨૧ (૧) એકાદ શહેરમાં અથવા જગામાં હકુમત હોય એવા ૨ જા વર્ગના અથવા તેથી ચઢતા દરજાના કોઇ માજીસ્ત્રેટને જ્યારે એમ લાગે કે કાયદા વિરુદ્ધ કોઈ પણ મડળીનો જમાવ, હંગામો અથવા સુલેહનો બીજો કાઇ પણ ભગ થયો છે અથવા થવાનો વાસ્તવીક રીતે સભવ છે અને જે સ્થાનીક ક્ષેત્રની અદર આવી કાયદા વિરૂદ્ધ મડળીનો જમાવ હગામો અથવા સુલેહનો ભગ થયો હોય અથવા થવાનો સભવ હોય તે ક્ષેત્રની અદર સુલેહ રાખવા સારૂ તથા ત્યાના રહેવાશીઓના જાન માલના રક્ષણ સારૂ જે પોલીસ ફોજ છે તે પુરતી નથી ત્યારે સબઇન્સપેકટર કરતા ઉતરતા દરજાનો હોય એવા કોઇ પણ પોલીસ અમલદારની અરજી ઉપરથી સદરહુ માજીસ્ત્રેટ પોતાને હાથે સહી કરેલા તથા પોતાના હુદ્દાના સીક્કા વતી મોહોર કરેલા લેખી હુકમથી વીશેષ પોલીસ અમલદાર તરફે કામ કરવાને લાયક તથા ઉત્સુક હોય એવા માણસો પઇકી પોતાને યોગ્ય લાગે તેટલા માણસોને પોતાને જરૂર દેખાય તેટલી મુદત સુધી તથા તેટલી હદમા વીશેષ પોલીસ અમલદાર તરીકે નીમવાને મુખત્યાર છે,

(૨) આ પ્રમાણે નીમાયેલા દરેક વિશેષ પોલીસ અમલદારને સાધારણ પોલીસ અમલદારના જેવાજ અધીકાર, ફરજ, હક તથા માફી છે. તથા તેના જેવાંજ કામો બજાવવાને તથા જવાબદારી ધારણ કરવાને પાત્ર છે અને સાધારણ પોલીસ અમલદાર જે અધિકારીના તાબા હેઠળ હોય તેજ અધિકારના તાબા હેઠળ સદરહુ વીશેષ પોલીસ અમલદાર છે એમ સમજવુ પરંતુ તેને ૧૧ મી કલમ મુજબ હોદ્દાનો દાખલો લેવાની જરૂર નથી

વધારાની પોલીસ

૨૨ [૧] જીલ્લામા ફલાણે ઠેકાણે સુલેહનો ભગ થતો અટકાવવા સારૂ અથવા પોલીસના બીજા કામ કરવા સારૂ વધારે પોલીસ મોકલવાની જરૂર છે, એવુ દેખાડી એવી વધારે પોલીસ મોકલવાને મુખત્યાર છે.

(૨) આવી વધારાની પોલીસ અરજી કરનાર માણસના ખરચે કામે લગાડવામા આવશે, પણ તે પોલીસ અધીકારીઓના હુકમને પાત્ર રહેશે તથા ડીસ્ટ્રીકટ સુપરિન્ટેન્ડેન્ટને યોગ્ય લાગશે તેટલી મુદત સુધી તે રાખવામાં આવશે

[૩] પરતુ એવુ ઠરાવ્યુ છે કે જે માણસ અરજી ઉપરથી સદરહુ વધારાની પોલીસ કામે લગાડી હોય તે માણસ ડીસ્ટ્રીકટ સુપરિનટેન્ડેન્ટને સદરહુ પોલીસ ઉઠાવી લેવાની કોઇ પણ વખતે લખી સુચના કરે તો, સદરહુ સુચના પહોચ્યાની તારીખથી એક મહીના કરતા વધારે નહી હોય એવી જે મુદત તે ડીસ્ટ્રીકટ સુપરીન્ટેન્ડેન્ટ ઠરાવે તે મુદત પુરી થયેથી સદરહુ વધારાની પોલીસના ખર્ચનો બોજો તે માણસને માથેથી ઉતરશે.

[૪] આ કલમ મુજબ ચાલતી વખતે ડીસ્ટ્રીકટ સુપરીન્ટેન્ડેન્ટે ૧૩ (૧) ઠરાવોને અનુસરીને ચાલવુ જોઇએ.

૨૩ (૧) પોતાના જીલ્લામાંની કોઇ પણ જગાએ બધાતી હોય અથવા ચાલુ હોય એવી કોઇ પણ રેલવે, નહેર અથવા બીજા સારવજનીક કામ ઉપર અથવા કોઇપણ કારખાનામા અથવા વેપારના કામમા અથવા તે ઉપર રાખેલા માણસોનીચાલ ચલગત ઉપરથી અથવા તેઓ ફલાણી રીતે ચાલશે એવુ

નજરમાં આવે ત્યારે, કમીશનરની મંજુરી લઇને, પોતાને યોગ્ય લાગે તેટલી વધારે પોલીસ તે જગાએ મોકલવાનો અને એવી પોલીસ જેટલા દીવસ સુધી ત્યા રાખવાની પોતાને જરૂર લાગે તેટલા દિવસ સુધી ત્યાં રાખવાનો સદરહુ જીલ્લા માજીસ્ટ્રેટને અધિકાર છે

(૨.) જે માણસ સદરહુ કામ કારખાનુ અથવા વેપારનુ કામ બંધાવતો હોય અથવા ચલાવતો હોય તે માણુસના ખરચે આવી વધારાની પોલીસ કામે લગાડવામાં આવશે અને તેણે તે પોલીસનો ખરચ સદરહુ જીલ્લા માજીસ્ટ્રેટ કમીશનરની મંજુરી લઇને વખતે વખતે ફરમાવશે તેવા દરે તથા તેવે વખતે આપવો જોઇએ.

૨૪. ૨૨ મી અથવા ૨૩ મી કલમ મુજબની કોઇપણ બાબતમા કાંઇ પણ વાંધો ઉઠે ત્યારે કેટલી રકમ આપવા અને તે કોણે આપવી તે વીષે જીલ્લા માજીસ્ટ્રેટનો ઠરાવ નીરણયકારક છે એમ સમજવુ. અને એવી રીતે ઠરાવેલી રકમ આપવાને જે શખસ જવાબદાર માલમ પડયો હોય તે શખસ પાસે જમીન મહેસુલની બાકી લહેણી હોય તે પ્રમાણે જીલ્લા માજીસ્ત્રેટની માગણી ઉપર કલેકટરે તે રકમ વસુલ કરવી. કોઇપણ સ્થાનિક ક્ષેત્રમા દગો ફીસાદ થવાથી સરકાર વધારાની પોલીસ રાખવા મુખત્યાર છે.

સરકારે સદરહુ માણુસોથી જે માણુસને નુકશાન થયુ હોય તેનો બદલો સદરહુ માણુસોપર ફાળો નાખી નુકશાનીનો બદલો અપાવવો.

૨૫. (૧) જે કોઇ પણુ સ્થાનીક ક્ષેત્રમાં દગોફીસાદ થયો છે અથવા થ-ાની ધાસ્તી છે. એમ પોતાને લાગે અથવા જે કોઇ પણુ સ્થાનિક ક્ષેત્રના રહેવાશીઓની અથવા તે રહેવાશીમાના અમુક જાતના લોકની ચાલચલગત ઉપરથી પોલીસના માણુસોની સંખ્યા થોડા વખત સુધી વધારવી યોગ્ય છે એવો પોતાનો અભિપ્રાય હોય તે ક્ષેત્રમા પોતાને યોગ્ય લાગે તેટલી મુદત સુધી વધારાની પોલીસ બાબત જાહેરનામું પ્રસિદ્ધ કરી વખતે વખતે હુકમ કરવાને સરકાર મુખત્યાર છે.

(૨) આવી વધારાની પોલીસનો સરવે ખરચ અથવા તેનો કાંઇ ભાગ સરકાર હુકમ કરશે તો, સદરહુ જાહેરનામુ જે સ્થાનીક ક્ષેત્રને લાગુ હશે તે ક્ષેત્રના સાધારણુ તથા સરવે રાશીઓ ઉપર અથવા તેમાંના અમુક જાતના લોકો ઉપર કર બેસાડીને અદા કરવામાં આવશે.

(અ) સાધારણુત એવુ જાહેરનામુ જે સ્થાનિક ક્ષેત્રને લાગુ હશે તે ક્ષેત્રના રહેવાસીઓ હોય તે સઘળા સખસો ઉપર અથવા (બ) વિશેષત. આવા સખસોના કોઈ પણુ ચોરસ ભાગ અથવા ભાગો ઉપર અથવા વર્ગ અથવા વર્ગો ઉપર, અને એવો વેરો અથવા કર કયા પ્રમાણુમા લેવો તે ફરમાવવાનો અધીકાર સરકારને છે

ખુલાસો—આ કલમના તથા ૨૫ અ નાં કારણુ સારૂ રહેવાસીઓ આ શબ્દમા જે સખસો પોતે અથવા પોતાના એજટો (મુખત્યારો) અથવા નોકરોની મારફતે એવા ક્ષેત્રમા જમીન અથવા બીજી સ્થાવર મીલકત ધારણુ કરતા હશે તેઓ તથા જે જમીનદાર પોતે અથવા પોતાના એજંટો (મુખત્યારો) ની અથવા નોકરોની મારફત એવા ક્ષેત્રમાં પ્રત્યક્ષ રૈયત પાસેથી અથવા ભોગવટો કરનારાઓની પાસેથી મહેસુલ વસુલ કરતા હશે તેઓ તે ક્ષેત્રમાં ખરેખરા રહેતા ન હોય તોપણુ તેમનો સમાવેશ થાય છે

(૩) એવો વેરો અથવા કર આપવાની મુદત આવી વધારાની પોલીસ જે મુદત માટે ખરેખર રાખી હશે તે મુદત કરતા કોઇ પણુ બાબતમા વત્તામા વત્તા પાંચ વર્ષ સુધી વધારવાનો સરકારનો અધીકાર છે.

(૪) મ્યુનીસીપાલ ડીસ્ટ્રીકટ સીવાયની બીજી જગામા કલેકટરે પોતાની મરજી મુજબ સદરહુ કર આકારવા. જે સ્થાનીક ક્ષેત્રમા આવો કોઇ પણુ કર બેસાડવાનો હોય તે ક્ષેત્ર મ્યુનીસીપાલ ડીસ્ટ્રીકટ હોય તો, તે ખરચની રકમ મ્યુનીસીપાલીટીના ફંડમાંથી આપવી જોઇએ અને પેટા કલમ (૨) ની રૂઇએ સરકારે કરેલા હુકમને અનુસરીને તે કર મ્યુનીસીપાલીટીએ પોતે આકારવો,

(૫) કોઇ પણુ સખસોને આવા ખર્ચનો કોઇ પણુ ભાગ ખમવાની જવાબદારીમાથી હુકમ કરીને બાતલ કરવાનો સરકારને અધીકાર છે.

૨૫ અ (૧) સરકારની અગાઉથી મંજુરી લઇને જીલ્લા માજીસ્ટ્રેટ (અ) પોતાને જરૂર લાગે તેવી ચોકસી કર્યા પછી, (૧) એકાદી કાયદા વિરૂદ્ધ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામા કરેલા કોઇ

પણ કૃત્યથી કોઇ પણ મિલકતને કાંઇ પણ હાની અથવા નુકશાન થયુ હોય તે બાબત અથવા કોઇ પણ સખસ અથવા સખસસોનુ મરણ થયુ હોય તેને અથવા તેમને મહાવ્યથા થઇ હોય તે બાબત કોઇ પણ સખસને અથવા સખસોને પોતાના અભિપ્રાય પ્રમાણે કેટલી રકમની નુકશાનીનો બદલો આપવો તે ઠરાવવને અને [૨] સ્થાનિક ક્ષેત્રમાંના રહેવાસીઓએ પોતાની વર્તણુંક આવી મડળી ભરાવી હોય અથવા ભરવામા મદદ કરી હોય એવુ પોતાને લાગે તે ક્ષેત્ર ઠરાવવાને મુખત્યાર છે

(બ) એવી રીતે ઠરાવેલી રકમ ઉપર કહ્યા પ્રમાણે ઠરાવેલા સ્થાનિક ક્ષેત્રના સઘળા રહેવાસીઓ પાસેથી અથવા આવા સખસોના કોઇ ભાગ અથવા ભાગો પાસેથી અથવા વર્ગ કે વર્ગો પાસેથી જીલ્લા માજીસ્ટ્રેટ એવી મજુરી લઇને હુકમ કરે તે પ્રમાણમાં વસુલ કરવાનુ કલેકટરને ફરમાવવાને મુખત્યાર છે

(ક) આવુ ક્ષેત્ર મુનીસીપલ ડિસ્ટ્રીકટ હોય તો, તેની નજરમા આવે તે પ્રમાણે મ્યુનીસીપાલીટીને એવી રકમ વેરો અથવા કર નાખીને વસુલ કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે અને તે વેરો અથવા કર મ્યુનીસીપાલીટીએ સદરહુ હુકમને અનુસરીને સદરહુ પ્રમાણમાં સદરહુ સખસો ઉપર નાખીને વસુલ કરવા જોઇએ, અને

(ડ) આ પ્રમાણે વસુલ કરેલા સઘળા પૈસા અથવા કંઈ પૈસા ઉપર કહેલા પ્રમાણે હાની અથવા નુકશાની અથવા મરણ અથવા મહાવ્યથા થયાના સબધમાં જે કોઇ સખસને અથવા સખસોને નુકશાનીનો બદલો મળવાનો હક છે એવુ જીલ્લામાજીસ્ટ્રેટને લાગે તે સખસને આપવાનુ અથવા તે સર્વ અથવા કોઇ સખસોમા વહેચી આપવાનુ, પ્રસગ પ્રમાણે કલેકટરને અથવા મ્યુનીસીપાલીટીને ફરમાવવાને મુખત્યાર છે

(૨) આવી નુકશાનીના બદલાનો કોઈપણ ભાગ આપવાની જવાબદારીમાથી કોઇપણ સખસોને હુકમ કરીને બાતલ કરવાનો સરકારને અધિકાર છે

(૩) ઉપર કહ્યા પ્રમાણે જે મરણ, મહાવ્યથા, હાની અથવા નુકશાનીના સબધમા જે દાવો કરવામા આવ્યો હોય તે દાવો તે મરણની, મહાવ્યથાની હાનીની અથવા નુકશાનીની તારીખથી એક મહીનાની અદર કરવામા આવ્યો ન હોય તો અને નુકશાનીના બદલા બદલ દાવો કરનારા સખસ ઉપર કહ્યા પ્રમાણે થયલું મરણ, મહાવ્યથા, હાની અથવા નુકશાની જે વાતને લીધે બની તે વાતના સબધમાં નિર્દોષી છે, એવી જીલ્લા માજીસ્ટ્રેટની ખાત્રી થયા સિવાય આ કલમ મુજબ કાંઈ પણ પૈસા વસુલ કરવા નહી તથા કોઇ પણ નુકસાનીનો બદલો આપવો નહીં.

(૪) પેટા કલમ (૧) મુજબ જીલ્લા માજીસ્ટ્રેટે કરેલો પ્રત્યેક ઠરાવ, આકાર અને હુકમ, સરકાર તરફથી અથવા આ બાબતમાં સરકાર વખતો વખત જે અમલદારને અધીકાર આપશે તેના તરફથી તપાસવાને પાત્ર થશે, પણ તે સિવાયને પ્રસગે તે આખરના છે એમ સમજવુ,

(૫) જે હાની અથવા નુકશાની બદલ આ કલમની રૂએ નુકશાનીનો બદલો આપ્યો હોય તેની કોઇ પણ હાની અથવા નુકશાનીના સબધમા કાઇ પણ દીવાની ફરીયાદ ચાલી શકશે નહિ

૨૬. (૧) ઉપરની છેલ્લી બે કલમ મુજબ અથવા આ આકટના બીજા ઠરાવો મુજબ મ્યુનીસીપાલીટીએ નાખેલો દરેક વેરો અથવા આકારેલો દરેક કર આપવાને જે શખસ જવાબદાર હોય તે શખસ પાસે જાણે એકાદો મ્યુનીસીપાલ કર લહેણો હોય તે પ્રમાણે તેની પાસેથી સદરહુ મ્યુનીસીપાલીટીએ તે કર વસુલ કરવો જોઇએ

(૨) ઉપર કહ્યા મુજબ કલેકટરે નાખેલો દરેક જાતનો વેરો અથવા આકારેલો દરેક જાતનો કર આપવાને પાત્ર થનારા શખસ પાસે જાણે જમીન મહેશુલની બાકી લહેણી હોય તે પ્રમાણે તે અવેજ કલેકટરે વશુલ કરવો

બાબ ૩ જો પોલીસ ફોજનું નિયમન કરવા બાબત તથા તેના ઉપર નિર્બંધ રાખવા બાબત તથા તેની કવાયત વિગેરે બાબત

૨૭ સરકારના હુકમને પાત્ર રહીને હેઠળ લખેલી બાબતો વિશે આ આકટને અથવા વિદ્યમાન કાળે અમલમાં હોય એવા બીજા કોઇ પણ કાયદાને અનુસરતી કાનુનો અથવા હુકમો વખતે વખતે કરવાને ઇન્સ્પેકટર જનરલ મુખત્યાર છે

अ. પોલીસમા નવા માણસો રાખવા બાબત, તેની રચના બાબત, તેના વરગ કરવા બાબત, તથા તેની કવાયત વિગેરે બાબત.

ब પોતાના તાબાના માણસો તરફથી પોલીસની તપાસણી કરવાની રીતનું નિયમન કરવા બાબત

क. પોલીસને કેવા તથા કેટલા હથિયાર, સામાન, સરજામ, કપડા તથા બીજી જરૂરી જણસો, આપવી તે ઠરાવવા બાબત

ड. પોલીસના કારભાર સબંધી કોઇપણ કારણ સારૂ કાંઇ પણ પોલીસ ફંડ, સ્થાપીને તેનો વહીવટ તથા નીયમન કરવા બાબત

इ પોલીસની વહેચણી કરવાનું તેને એક જગાએથી બીજી જગાએ લઇ જવાનુ તથા તેને કઇ જગાએ રાખવી તેનુ ૧૩ મી કલમની રકમ (૧) ના તથા ૧૭ મી કલમના ઠરાવોને અનુસરીને નિયમન કરવા બાબત."

फ જુદા જુદા દરજ્જાના પોલીસ અમલદારે શુ શુ કામ કરવુ તે ઠરાવવા બાબત

ग પોલીસે ખબર તથા બાતમી મેળવીને જાણ કરવા સબધી નિયમન કરવા બાબત.

ह. સાધારણ રીતે પોલીસને તેના કામમાં હુંશિયાર કરવા બાબત તથા તેનું કામ ગેરરીતે નહિ થવા દેવા અથવા કામમા ગફલત નહી થવા દેવા બાબત.

૨૮. સરકારે કરેલી કાનુનો ને તથા હુકમોને અનુસરીને, ઇનસ્પેકટર જનરલ ઓફ પોલીસ, પોતાના તાબાના નોકરો ગુન્હા બધ પાડવાને લગતી, બદોબસ્ત રાખવાને લગતી તથા તેમના કામકાજની બજાવણીને લગતી બાબતો વિશે સાદર કરી શકે એવા પત્રક, રીપોર્ટ તથા હકીકત તેમની પાસેથી માગવાને મુખત્યાર છે ઉપર કહેલા કારણ સારૂ અથવા પોતાને મળેલી બાતમી ઉપરથી પોતે જે કંઇ સાધારણ હુકમ કાઢયા હોય તે તેમજ જે કાંઇ હુકમ સરકાર ફરમાવે તે સદરહુ ઇનસ્પેકટર જનરલે જીલ્લા માજીસ્ટેટને તથા કમિશનરને લખી જણાવવા

૨૯. (૧) ફલાણો પોલીસ અમલદાર તેના કામમા નિરદય અડીઅલ અથવા સુસ્ત છે, અથવા ગફલત કરે છે અથવા કામને નાલાયક છે એવુ પોતાની નજરમાં આવે ત્યારે તે અમલદારને સસ્પેડ કરવાનો, ઓછા પગાર ઉપર નિમવાનો અથવા બરતરફ કરવાનો અધિકાર, તથા આસિસ્ટટ સુપરિનટેનડેનટથી હલકા દરજાનો જે પોલીસ અમલદાર, નિયમના જે ઉલ્લઘન માટે અથવા જે ગેરવર્તણુક માટે તેને સસ્પેડ કરવાની અથવા બરતરફ કરવાની જરૂર ન હોય, તે ઉલઘન કર્યા બદલ અથવા ગેર વર્તણુક ચલાવ્યા બદલ ગુનેહગાર થાય અથવા જે પોતાનાજ કાંઇ પણ કૃત્યથી પોતાનું કામ બજાવવા માટે પોતાની મેળે નાલાયક ઠરે, તે પોલીસ અમલદારને વત્તામા વત્તા તેના એક મહિનાના પગાર જેટલી રકમનો દંડ કરવાનો અધીકાર, ગવરનર ઇનકૌસીલને અથવા આ અરથે પેટા કલમ (૩) ઉપરથી અખત્યાર મળેલા કોઇ પણ અમલદારને છે

(૨) આ કલમ મુજબ કોઇ પોલીસ અમલદારને જે કાંઇ પણ શિક્ષા કરી હોય તે, આ આકટની ૭૬ મી, ૬૩ મી અથવા ૬૪ મી કલમ મુજબ અથવા અમલમા હોય એવા બીજા કોઇ પણ કાયદા મુજબ જે શિક્ષાને સદરહુ અમલદાર પાત્ર હોય તે શિક્ષા ઉપરાત છે એમ સમજવુ.

[૩] પેટા કલમ [૧] મુજબ કોઇ પણ ઇન્સપેકટરને શિક્ષા કરવાનો અધીકાર ઇનસપેકટર જનરલને છે, અને ડીસ્ટ્રીકટ સુપરિનટેનડેનટને ઇન્સપેકટરથી ઉતરતા દરજાના પોતાના તાબાના હરકોઇ પોલીસ અમલદારના સબંધમા તેવોજ અધિકાર છે, તથા તે ડીસ્ટ્રીકટ સુપરિનટેનડેનટ પોતાના તાબાના ઇન-

સ્પેક્ટર વિરૂદ્ધ ભારે ફરીયાદની ચોકસી થતી હોય તે દરમીઆન તથા ઇનસપેક્ટર જનરલનો હુકમ આવે ત્યાં સુધી એવા ઇનસપેક્ટરને કામ ઉપરથી મોકુફ કરવાને મુખત્યાર છે, પરંતુ આ પેટા કલમથી મળેલો હરકોઇ અધિકાર બજાવવાનો તે આ અરથે સરકાર કરે તે કાનુનોને તથા હુકમોને હમેશાં અનુસરીને બજાવવો જોઇએ

૩૦ જ્યારે કોઈ પણ અમલદાર એકાદ પોલીસ અમલદારનો દંડ કરવાનો, સસ્પેંડ કરવાનો, ઓછા પગાર ઉપર નીમવાનો, અથવા બરતરફ કરવાનો હુકમ કરે ત્યારે તેણે તે હુકમ તેના કારણ સહિત તથા કરેલી ચોકશીના ટીપણ સહીત, પોતાના જીલ્લાની ભાષામાં અથવા ઈંગ્રેજી ભાષામાં પોતાની સહી સાથે દફતરમાં લખી મુકવો અથવા લખી મુકાવવો

૩૧ (૧) ઇનસપેક્ટર જનરલને, તથા ડીસ્ટ્રીક્ટ સુપરિનટેનડેનટને તથા જીલ્લાનો કાઇ ભાગ જેના હવાલામાં તે આસિસ્ટંટ સુપરિનટેનડેનટને હેડકાનસ્ટેબલથી ઉતરતા દરજાનો જે કોઇ પણ પોલીસ અમલદાર પોતાની સમક્ષ અયોગ્ય રીતે સિરજોરી કરે અથવા પોતાના પ્રત્યે ઉદ્ધત રીતે વર્તે તેને વત્તામાં વત્તા ત્રણ દીવસની મુદત સુધી અટકાયતમાં રાખવાની શિક્ષા કરવાનો અધિકાર છે

(૨) ઉપર કહ્યા પ્રમાણે પોલીસ અમલદારને શિક્ષા કરવા બાબતનો દરેક હુકમ ૩૦ મી કલમમાં નિરદિષ્ટ કરેલી રીતે દફતરે લખી રાખવો જોઇએ, તથા ડીસ્ટ્રીક્ટ સુપરિનટેનડેનટે અથવા આસિસ્ટંટ સુપરિનટેનડેનટે કરેલા એવા દરેક હુકમની નકલ તેણે પોતપોતાના પ્રત્યક્ષ ઉપરી [અમલદાર] તરફ રવાના કરવી જોઇએ

૩૨ [૧] જે કોઇ પણ પોલીસ અમલદારની જે ક્ષેત્રમાં નિમણુંક થઇ હોય અથવા જે ક્ષેત્રમાં કાયદેસર રીતે બદલી થઇ હોય તે ક્ષેત્રમાં તે હમેશાં કામ ઉપર છે એવું આ આક્ટના સરવે કારણો માટે સમજવું અને ઇલાકાના એક ભાગમાં નિમાયલા કોઇ પણ પોલીસ અમલદારને તથા નિમાયલી પોલીસ અમલદારોની અમુક સંખ્યા અથવા મંડળીને. સરકાર અથવા ઇનસપેક્ટર જનરલ તેવો હુકમ કરશે તો ઇલાકાના જે કોઇ પણ બીજા ભાગમાં તેની જ્યાં સુધી જરૂર લાગે તે ભાગમાં ત્યાં સુધી હરકોઇ વખતે પોલીસની કામગીરી ઉપર રાખવાનો અધિકાર છે.

[૨] ઘણીજ તાકીદના પ્રસંગ શિવાયના કોઇ પ્રસંગે, આ કલમ મુજબ જે કોઇ પણ બદલી કરવાનું ચોક્કસ હશે તે બદલીની ખબર ઇનસપેક્ટર જનરલે કમિશનરને અથવા જીલ્લા માજીસ્ટ્રેટને વખતસર આપવી જોઇએ અને ગુપ્તપણું રાખવાની જરૂર હશે તે શિવાય તે પ્રસંગે એવી બદલી કરવાના કારણનો ખુલાસો માગવો જોઇએ, અને પછી ઉપર નિરદીષ્ટ કરેલા અમલદારોએ તથા તેમના તાબાના નોકરોએ સદરહુ બદલી કરવાનું કામ સુગમ થાય એવી રીતે સરવે પ્રકારનો વ્યાજબી તજવીજ કરવું જોઇએ

૩૩. [૧] જીલ્લા માજીસ્ટ્રેટની અથવા સરકારની પરવાનગી સીવાય કોઈ પણ પોલીસ અમલદારે વેપાર કરવો નહી અથવા જે જીલ્લામાં તે કામે લાગેલો હોય તે જીલ્લામાંની જમીનના વેચાણમાં અથવા ખરીદમાં, અથવા વેપારના કોઇ પણ કામમાં તેણે મુખ્ય તરીકે અથવા મુખત્યાર તરીકે કોઈ પણ રીતે સબંધ રાખવો નહીં

(૨) આસિસ્ટંટ સુપરિન્ટેન્ડેન્ટના દરજાથી ઉતરતા દરજાના કોઇ પણ પોલીસ અમલદારે, ઇનસપેક્ટર જનરલની લખી પરવાનગી વગર, એવા પોલીસ અમલદાર તરીકે પોતાના હુદ્દા અથવા કામ શિવાય બીજો કોઇ પણ હુદ્દો ધારણ કરવો નહી. અથવા કોઇપણ ધંધાનું અથવા નોકરીનું કામ ચલાવવું નહી

[૩] પેટા કલમ (૧) તથા [૨] માંના બાધક ઠરાવો પોલીસ અમલદાર કામ ઉપર હોય ત્યારે જેવી રીત લાગુ પડે છે તેરીજ રીતે તે રજા ઉપર હોય અથવા સસ્પેંડ થયો ત્યારે પણ લાગુ પડે છે એમ સમજવું,

૩૪ [૧] ડીસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટની લખી પરવાનગી શિવાય અથવા એવી પરવાનગી આપવાનો જે બીજા કોઇ પોલીસ અમલદારને ઇન્સપેક્ટર જનરલ અધિકાર આપ્યો હોય તે અમલદારના

લેખી પરવાનગી શીવાય આસીસ્ટન્ટ સુપ્રીન્ટેન્ડેન્ટના કરતા ઉતરતા દરજ્જાના કોઇ પણ પોલીસ અમલદારે પોતાના હુદ્દાનું રાજીનામુ આપવુ હોય અથવા પોતાના હુદ્દાનું કામ છોડવુ હોય તો તેણે,

(અ) તેમ કરવાના પોતાના ઇરાદા બાબતની લેખી નોટીસ ડીસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટને આપ્યા પછી બે મહીનાની મુદત વીતે નહી ત્યા સુધી

(બ) અને એવા પોલીસ અમલદાર તરીકે સરકારને અથવા કોઇ પણ પોલીસ ફંડ ખાતે જે દેવુ હોય તે પુરેપુરૂ ફેડવામા આવે નહી ત્યા સુધી તેમ કરવુ નહી.

(૨) પરંતુ એવુ ઠરાવ્યુ છે કે એવો કોઇ પણ પોલીસ અમલદાર પોતે રોગને લીધે, માનસીક અથવા શારીરિક નાલાયકીને લીધે પોલીસમાં વધારે મુદત સુધી નોકરી કરવાને અયોગ્ય છે એ બદલ સીવીલ સરજનની સહીવાળો દાખલો રજુ કરશે તો ઉપર કહ્યા મુજબનું પોતાનું હરકોઇ જાતનું દેવુ આપે એટલે અથવા તે આપવા માટે યોગ્ય તારણ આપે એટલે રાજીનામુ આપવા માટે જોઇતી લેખી પરવાનગી તેને તાબડતોબ આપવામા આવશે

(૩) એવો કોઇ પણ અમલદાર આ કલમના ઠરાવ વિરૂદ્ધ પોતાના હોદ્દાનુ રાજીનામુ આપે અથવા પોતાના હુદ્દાનું કામ છોડી જાય તો ડીસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટના હુકમથી, તે વખતે તેના પગારની ચઢેલી સઘળી બાકી સરકાર દાખલ થવાને પાત્ર થશે, પગારની બાકી સરકાર દાખલ થવા બદલની ઉપર કહેલી શિક્ષા આ આક્ટની ૩૬ મી કલમ મુજબ અથવા અમલમા હોય એવા બીજા કોઇ કાયદા મુજબ જે શિક્ષાને તે પાત્ર થાય તે ઉપરાત છે એમ સમજવુ

૩૫ (૧) કાંઇ પણ કારણને લીધે પોલીસ અમલદારના કામ ઉપરથી દુર થયેલા પ્રત્યેક માણસે પોતાની નિમણુકનો અથવા હોદ્દાનો દાખલો તથા જે હથિઆર, શાજ, સરંજામ, કપડા તથા જરૂરની બીજી જણસો પોતાનુ કામ બજાવવા સારૂ પોતાને મળી હોય તે લેવાને ડીસ્ટ્રીક્ટ સુપરીન્ટેન્ડેન્ટે બીજા કોઇ અમલદારને અધિકાર આપ્યો હોય તે અમલદારને તે તાબડતોબ સ્વાધીન કરવી જોઇએ

(૨) ઉપર પ્રમાણે સ્વાધીન નહિ કરેલા કોઇ પણ દાખલા હથીઆર, સરંજામ, કપડા અથવા જરૂરની બીજી જણસો બાબત તપાસ કરીને તે જ્યા જ્યાં માલુમ પડી આવે ત્યાથી પકડવાનું વારંટ કહાડવાનો અધિકાર કોઇ પણ માજીસ્ત્રેટને તથા ખાસ કારણ સારૂ કોઇ પણ ડીસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ અથવા આસીસ્ટન્ટ ડેપ્યુટી સુપરીન્ટેન્ડેન્ટને છે, અને એવા ખાસ કારણો તેજ વખતે દફતરે નોધી રાખવાં જોઇએ એવી રીતે કાઢેલું વારંટ સન ૧૮૯૮ ના ક્રિમીનલ પ્રોસીજર કોડના ઠરાવ મુજબ એકાદા પોલીસ અમલદારે અથવા વારંટ કહાડનાર માજીસ્ટ્રેટ અથવા ડીસ્ટ્રીક્ટ કે આસીસ્ટન્ટ કે ડીપોટી સુપરીન્ટેન્ડેન્ટ એમ ફરમાવે તો, બીજા કોઇ હરકોઇ માણસે બજાવવુ જોઇએ,

[૩] કોઇ પણ માણસને આપવામા આવેલી જે કોઈ પણ જણસ ઇનસપેક્ટર જનરલના હુકમ ઉપરથી તેની મીલકત થઈ હોય તે જણસને આ કલમમાનો કોઇ પણ મજકુર લાગુ પડતો નથી એમ સમજવુ

૩૬ [૧] જે કોઇ પણ માણસ પોલીસ અમલદારની જગા મેળવવા સારૂ અથવા પોલીસ અમલદારના કામમાથી પોતાનો છુટકો મેળવવા સારૂ ખોટી હકીકત કહેશે અગર ખોટા દસ્તાવેજનો ઉપયોગ કરશે અથવા,

(૨) જે કોઇ પણ પોલીસ અમલદાર,

(અ) ૩૩ મી કલમના હરકોઇ ઠરાવનું ઉલ્લંઘન કરશે, અથવા

[બ] બિહીકણપણું બતાવશે અથવા

(ક) ૩૪ મી કલમ વિરૂદ્ધ પોતાના હોદ્દાનુ રાજીનામું આપશે અથવા પોતાના હોદ્દાનું કામ પોતાની મેળે છોડશે, અથવા,

(ડ) એવા પોલીસ અમલદાર તરીકે પાળવાને અથવા માનવાને પોતાની ફરજ હોય તેવા કાયદાના કોઈ પણ ઠરાવનો અથવા તેવી કાનુનનો અથવા હુકમનો જાણી જોઇને ભંગ અથવા અનાદર કરવા બદલ ગુન્હેગાર થશે, અથવા.

(ઇ) હરકોઇ ફરજ તોડવાનો તકશીરવાર થશે અને એવી તકશીર બદલ અમલમાં હોદ ઔર બીજા કોઇ પણ કાયદામાં ખાસ શીક્ષા કરવી ન હશે,

તેને ત્રણ મહીનાના મુદત સુધીનો કેદની અથવા સો રૂપીઆ સુધીની દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે,

(૩)રજા ઉપર ગેરહાજર હોય એવો પોલીસ અમલદાર પોતે સદરહુ રજા પુરી થયેથી નોકરી ઉપર હાજર થવાને પોતે તઇયાર છે એવો રીપોર્ટ કરવામાં વાસ્તવીક કારણ સીવાય ચુકશે તો તેણે રકમ (ક) નાં કારણ સારૂ ૩૪ મી કલમના અથ મુજબ પોતાના હુદ્દાનું કામ પોતાની મેળે છોડયુછે એમ સમજાશે,

૩૭ ૩૫ મી કલમની પેટા કલમ ૧ ના ઠરાવ મુજબ જે કોઇ પણ પોલીસ અમલદાર પોતાની નામણુક અથવા હુદ્દાનો દાખલો અથવા બીજી કોઇ પણ જણસ સ્વાધીન કરવામા જાણી બુજીને ગફલત કરશે અથવા તેમ કરવાને ના પાડશે તેને એક મહિના સુધીની કેદની અથવા બસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા થશે

૩૮ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૪ મુજબ એકાદા માજીસ્ટ્રેટ કરેલો જે કોઇ પણ હુકમનો અમલ સદરહુ કાયદા પ્રમાણે સરકાર જારી રાખી શકે છે તેવી મતલબવાળો કોઇ પણ હુકમ જરૂર લાગે ત્યારે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને કરવાનો સરકારને અધિકાર છે,

---

બાબ ૪

પોલીસ સંબંધી નિયમ.

૩૯ (૧) જીલ્લા માજીસ્ટ્રેટ, આ અરથે અખત્યાર મળેલા મ્યુનીસીપાલીટીના કોઇ અધિકારીએ અથવા બીજા કોઇ અધિકારીએ કર્યા હોય એવા હુકમને પાત્ર રહીને પોતાને યોગ્ય લાગે એવા કોઇ પણ શહેરમાં અથવા બીજી કોઇ પણ જગોમાં હેઠળ લખેલી બાબતો સારૂ વખતે વખતે કાનુનો અથવા હુકમો કરવાને મુખત્યાર છે,

[અ] ભાંગી તુટેલી ઇમારતોથી અથવા બીજા કારણથી થતા ભયને પ્રસંગે ચોકસ રસ્તા અથવા જગા પોતાને યોગ્ય દેખાય એવી બાબતોનો અપવાદ રાખીને થોડા વખત સુધી બંધ રાખવા બાબત.

(બ] જે ઇમારતો પ્લેટફોર્મ તથા બીજુ બાંધકામ બાંધતા તેની મરામત કરતાં તથા પાડી નાંખતા રસ્તે જનારા લોકોને, પાડોશીઓને અથવા લોકોને ભય ઉત્પન્ન થાય તે ઇમારતો, પ્લાટફોર્મ તથા બીજુ કામ બાંધતી વખતે, તેની મરામત કરતી વખતે તથા પાડી નાખતી વખતે લોકોના જાનમાલને નુકશાન ન થાય તે વિશે બંદોબસ્ત રાખવા બાબત

(ક) કોઇ પણ હાથીને અથવા કોઇ પણ જંગલી અથવા ભયકર જનાવરને કોઇ પણ રસ્તામાથી અથવા રસ્તામા દોડી લઇ જવા બાબત, હાકવા બાબત લેઇ જવા બાબત અથવા [ગાડી વિગેરેમા ઘાલીને) લઇ જવા બાબત નિયમન કરવા વિશે

(ડ) રાહદારીને અથવા સારૂ અજવાળુ તથા હવા મોકળેથી આવવા જવાને અડચણ પડે તેવી રીતે કોઇ પણ રસ્તામાં અથવા રસ્તાના ભાગમાં આડુ કાઇ પણ દોરડુ અથવા કાડી ટાંગવા અથવા મુકવાની, અથવા બહાર નીકળી આવે એવુ કાઇ કામ અથવા બીજું કાઇ બાંધકામ કરવાની મના કરવા બાબત

(ઇ) આ અરથે જે વાજબી નિયમ પોતાની તરફથી ઠરાવવામા આવે તેને અનુસર્યા શીવાય મના કરેલી જગામાથી ચોકસ રસ્તાઓના ઘરો અથવા ઇમારતોમાથી બાહાર અથવા તે ઘરોમાં ઇમારતોમા અથવા એવા રસ્તામા થઇને નરક અથવા દુરગંધકારક વસ્તુ અથવા પદાર્થ કયારે લઇ જવા નહી, તથા સદરહુ રસ્તામા થઇને અથવા કેટલાક મુકરર કરેલા રસ્તામા થઇને ઢોર કયારે લઇ જવા નહી તે ઠરાવવા બાબત

(ફ) આ અરથે જે વાજબી નિયમ પોતાની તરફથી ઠરાવવામા આવે તેને અનુસર્યા શિવાય કોઇ રસ્તામાં અથવા ઇમારતમા અથવા તેના ઉપર અથવા તેનાથી ૫૦ ફુટની અંદર કઇ પણ ઘાસ અથવા બીજી વસ્તુમા દેવતા મુકવાની, અથવા જયસુચક અગ્નિ સળગાવવાની અથવા ગમ્મતથી અગ્નયશસ્ત્ર મુકવાની અથવા બંદુકના ખાલી બાર કરવાની અથવા આતશબાજી સળગાવીને નાખવાની અથવા આતશબાજીનાં વિમાન સળગાવીને ઉરાડવાની, અથવા રોશની કરવા સારૂ ફાનસો અથવા બીજી કઇ જુક્તિથી કરેલી થાળ્લામાં અથવા બીજી ચીજમાં ઘાલીને તે થાભના અથવા ચીજ કોઇ રસ્તાની બાજુએ અથવા આડા દાટીને ઉભા કરવાની મના કરવા બાબત

[ગ] કોઇ પણ રસ્તામા ખાડો ખોદવા બાબત ઇમારતને લગતો સામાન અથવા બીજી ચીજો મુકવા બાબત અથવા કોઇ પણ ઘોડો અથવા બીજુ જનાવર બાંધવા અથવા રાખવા બાબત જીલ્લા માજીસ્રેટે જે વાજબી નિયમ કર્યા હોય તેને અનુસરીને ચાલ્યા શિવાય તે કામ કરવાની મના કરવા બાબત

[હ] કોઇ પણ રસ્તામા ચેપી અથવા સસર્ગીક રોગવાળા શખસોને અથવા જનાવરોને તથા મુવેલા જનાવરોના મડદાને અથવા તેના કાંઇ ભાગને તથા મુવેલા શખસોના પ્રેતને ઉઘાડા રહેવા દેવા બદલ અથવા તેમની હીલચાલ થવા બદલ સદરહુ પ્રકારના જે નિયમો કર્યા હોય તેને અનુસરીને ચાલ્યા શીવાય તેમ કરવાની મના કરવા બાબત

(આઇ) જનાવર કાપવાની જનાવરનાં મડદા અથવા ચામડા સાફ કરવાની ઉપદ્રવકારક અથવા દુરગધકારક વસ્તું મુકવાની તથા ઝાડેઝપટે જવાની જગાઓ જુદી રાખવા બાબત.

[જે] લોકોમા અથવા જનાવરોમા ભારે રોગ અથવા સસર્ગીક રોગ થયો છે અથવા થશે એમ લાગે તે પ્રસગે, સદરહુ રોગ બધ પડવાના અથવા તેનો પ્રસાર થતો અટકાવવાના ઇરાદાથી સરકારે ફરમાવી હોય તે પ્રમાણે અથવા પસદ કરી હોય તે પ્રમાણે, જગા વિગેરેનો ભોગવટો કરનારે અથવા રહેનારાઓએ જગા વિગેરે સ્વચ્છ રાખવા બાબત તથા તેમાએ રોગ બીજનો નાશ કરવા બાબત, અને એવા રોગવાળા અથવા એવો રોગ થયો છે એમ દેખાતું હોય એવા માણસોને અથવા જનાવરોને એકમેકથી છુટા રાખવા તથા તેમની વ્યવસ્થા કરવા બાબત.

(કે) પાણીનાં કોઇ પણ સ્થળ, સાધન કે જગા, સઘળા અથવા ચોકસ કારણ સારૂ બધ કરવાનું અથવા તેનો વાપર નહી કરવાનું અથવા ચોકસ કારણ સારૂજ તેનો વાપર કરવાનું ફરમાવવા બાબત, અને એવા સ્થળનો, સાધનનો, અથવા જગાનો, અથવા તેમાના પાણીનો, બગાડ ન થાય તે સારૂ ઠરાવ કરવા બાબત.

(લ) પ્રેતની વ્યવસ્થા કરવાની કોઇ પણ જગ્યા, કોઇ પણ ધર્મશાળા, ગામના દરવાજા, અથવા લોકો આવજાવ કરવાની બીજી જગ્યાનો ફાયદા ભરેલો તથા સગવડ ભરેલો ઉપયોગ સર્વને સરખી તથા યોગ્ય રીતે થાય તે માટે અને ત્યા આવજાવ કરનાર લોકોમાં યોગ્ય બદોબસ્ત રહે તે માટે તેનો ઉપયોગ કીયા વખતે અને કઇ રીતે કરવો તે વખતનું અને તે રીતનું નિયમન કરવા બાબત.

[મ] જે જગાએ તથા વખતે લોકોની સલામતી તથા સગવડ સારૂ ખાસ નિયમ કરવાની માજીસ્રેટને જરૂર દેખાય તે જગાએ તથા વખતે લોકોએ, જનાવરોએ તથા વાહનોએ શી રીતે જવુ આવવુ તેનું નિયમન કરવા બાબત

(૨) રકમ હ મુજબ કરવાની દરેક કાનુન અથવા પ્રેતની વ્યવસ્થા કરવાની કોઇ પણ જગાના વાપર સબધી (લ) રકમની રૂઇએ કરવાની દરેક કાનુન મામુલ તથા સ્થાપીત થયેલા રીવાજ તરફ અને કેટલીક બાબતમા પ્રેતની વ્યવસ્થા જલદીથી કરવાની જરૂરીઆત તરફ નજર રાખીને કરવી જોઇએ. અને રકમ (ક) (ઇ) (ફ) (ગ) [હ] અથવા [આઇ] મુજબ જીલ્લા માજીસ્રેટે કરેલી પ્રત્યેક કાનુનનો અથવા હુકમનો અમલ જે શહેરમા અથવા જગ્યામા ચાલવાનો હોય તે શેહેર અથવા જગ્યાના ચોરામા અથવા બીજી કોઇ પણ સારવજનીક ઇમારતમા તે જીલ્લાની ચાલતી ભાષામા તેની નકલ ચોહોડીને સદરહુ કાનુન અથવા હુકમ પ્રસિદ્ધ કરવો જોઇએ, અને રકમ [અ] (બ) (જે) (કે) અથવા (લ) મુજબ કરેલી પ્રત્યેક કાનુનની અથવા હુકમની નકલ તે જીલ્લાની ચાલતી ભાષામા એવી કાનુન અથવા હુકમ વિશેષ કરીને જે ઇમારત, બાધણી, બાંધકામ, અથવા જગા સબધી ઇમારત હોય તે ઇમારત બાધણી, બાધકામ અથવા જગ્યાના પાસેના પ્રસીદ્ધ સ્થળે ચોહોડેલી રાખવી જોઇએ.

(૩) આ કલમની રકમ ૧ ની આરટીકલ (જે) ઉપરથી મળેલા અધીકારની રૂઇએ પ્રસીદ્ધ કરેલી દરેક કાનુન વીશે કમીશનરને તાબડતોબડ રીપોર્ટ કરવો અને તે પંદર દિવસ કરતાં વધારે મુદત સુધી અમલમા રહેશે નહી પણ કમીશનર તે મુદત વધારશે તો તે પ્રસંગે સરકાર ફરમાવશે ત્યાં સુધી તે અમલમાં રહેશે.

(૪) ઉપર કહ્યા પ્રમાણે યોગ્ય રીતે કરેલો હરકોઇ હુકમ જ્યા સુધી અમલમા હોય ત્યા સુધી તે પ્રમાણે ચાલવાને લાગતા વળગતા સરવે માણસોની ફરજ છે

૩૯ અ—ગવર્નર ઇનકાઉન્સિલની અગાઉથી મંજુરી લઇને, જીલ્લાનો માજીસ્ટ્રેટ વખતો વખત નાટકશાળા, તથા બીજી લોકોની ગમ્મતની ખાનપાનની તથા એકઠા થવાની જગાનું લાઇસન્સ આપવા માટે તથા તે ઉપર નિર્બંધ મૂકવા માટે (આમા તે જગાએ લોકોના આવગા જવાનો તથા સભ્યરીતે અને બંદોબસ્તથી કામ ચલાવવાનો સમાવેશ થાય છે) તથા લોકોની ગમ્મતની, ખાનપાનની તથા એકઠા થવાથી જગાની પડોસમા રહેનારાઓનો અથવા આવજા કરનારાઓને હરકત, અગવડ, ત્રાસ, ભય, જોખમ અથવા નુકશાન થતું અટકાવવાને માટે તે જગાઓ રાખવાની મનાઇ કરવાની કાનુનો કરવાને મુખત્યાર છે

૪૦ પોતાના જીલ્લામા આવેલા કોઇપણ શહેરમાંના અથવા ગામડામાના કોઇપણ રસ્તા પાસે ખડકો સુરંગ મુકી ઉરાડવા માટે અથવા ખાડા ખોદવા માટે વખતે વખતે કાનુન કરવાને, તથા તેવી કાનુનોમા આવા કામ સારૂ પરવાના આપવા માટે ઠરાવ કરવાને દરેક જીલ્લા માજીસ્ટ્રેટ મુખત્યાર છે

૪૧ કોઇ પણ જીલ્લામાના અથવા પેટા તુકડીમાના જે શહેર અથવા ગામડાને સરકારે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને આ કલમ લાગુ પડી હોય તે શહેરોમના અથવા ગામડામાના હરકોઇ ઘરની પાસે રહેતા આબરૂદાર લોકોને ઇજા થાય તેવી રીતે તે ઘર જારકર્મ કરવાના કારખાન તરીકે અથવા વસ્યાને અથવા હરકોઇ જાતના લફંગા લોકોને રહેવાના ઘર તરીકે અથવા તેને આવજાવ કરવાની જગા તરીકે વપરાય છે એવી તે જીલ્લાના માજીસ્ટ્રેટ અથવા તે પેટા તુકડીના કોઇ માજીસ્ટ્રેટને ફરીયાદ થએથી સદરહુ માજીસ્ત્રેટ તે ફરિયાદનો જવાબ દેવા સારૂ તે ઘરના માલીકને અથવા તેમા રહેનારને સમન કરી બોલાવવાને મુખત્યાર છે અને સદરહુ ઘર ઉપર કહ્યા પ્રમાણે વપરાવાથી તેવી ઇજા થાય છે એવી પોતાની ખાત્રી થએથી વાસ્તવીક મુદતમાં તે ઘરનો તેવી રીતે ઉપયોગ કરતા બંધ થવુ એમ તેના માલીકને અથવા તેમા રહેનારને હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને આ મુદત સદરહુ હુકમમાં નીરદીસ્ટ કરવી જોઇએ

૪૨. (૧) જીલ્લા માજીસ્ત્રેટને અથવા તેની ગેરહાજરીમાં અને તેના હુકમને પાત્ર રહીને કોઇ પણ શહેરમાં અથવા ગામડામાં હકુમત હોય તથા તે શહેરમા અથવા ગામડામાં અથવા તેની પડોશમા હાજર હોય એવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટને જરૂર લાગે ત્યારે અને તેટલી મુદત સુધી સાર્વજનીક રીતે અથવા અમુક શખસોના નામના કાઢેલા જાહેરનામાની મારફત હેઠળ લખેલા કૃત્ય કરવાની મના કરવાનો અખત્યાર છે. એટલે એવા શહેરમા અથવા ગામડામા અથવા તેની પડોશમા શસ્ત્ર, સોટા અથવા બીજી જાતના હથીઆર લઇ જવાથી, પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા બીજા અસ્ત્રો ફેકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધન લઇ જવાથી, એકઠા કરવાથી તથા તૈઆર કરવાથી માણસો, મડદાં અથવા તેમના પુતળા દેખાડવાથી, લોકોએ બુમો પાડવાથી, ગીત ગાવાથી, વાજીત્ર વગાડવાથી, અલંકારિક ભાષણ આપવાથી તથા ચાળા પડવાથી અથવા નકલ કરવાથી તથા છબીઓ, નિશાનીઓ તથા જાહેર ખબરો અથવા બીજો કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તઇઆર કરીને બતાવ્યાથી અથવા તેનો ફેલાવો કરવાથી નીતિ અથવા મરીયાદનો ભંગ થાય એમ હોય અથવા જેથી સદરહુ માજીસ્ત્રેટના અભિપ્રાય પ્રમાણે જુદી જુદી જાતના લોકો વચ્ચે ધરમ સંબંધી વેર ઉત્પન્ન થવાનો અથવા દુશ્મનાઇ થવાનો સંભવ હોય અથવા જેથી ગુન્હો થવાનો અથવા લોકોની સુલેહનો ભંગ થવાનો અથવા કાયદાના ઠરાવના અમલમા હરકત થવાનો અથવા તે ઠરાવનો અથવા કાયદેસર અધીકારીના હુકમના તીરસ્કાર થવાનો સંભવ હોય તે પ્રસંગે તે તે કૃત્ય સદરહુ શહેરમાં અથવા ગામડામાં અથવા તેની પડોશમા કરવાની મના કરવાને મુખત્યાર છે.

(૨) પહેલા વરગના બે અથવા વધારે માજીસ્ત્રેટો કોઇપણ શહેરમા અથવા ગામડામા અથવા તેની પડોશમાં હાજર હોય અને તેમની હકુમત એ ઠેકાણે ચાલતી હોય તો ઉપર કહ્યા મુજબ મનાઇનો હુકમ કરવાને તે પૈકી હરકોઇ માજીસ્ત્રેટ મુખત્યાર છે.

(૩) તાબાના માજીસ્ત્રેટે આ કલમ મુજબ જે કાંઇ હુકમ કર્યો હોય તેની ખબર જીલ્લા માજીસ્ત્રેટને તાબડતોબ આપવી જોઇએ, અને ત્યાર પછી સદરહુ જીલ્લા માજીસ્ત્રેટે યોગ્ય લાગે તે પ્રમાણે તે હુકમ મજુર કરવો રદ કરવો અથવા તેમા ફેરફાર કરવો.

૪૩ જે હગામો અથવા સુલેહનો ભારે ભગ જલદીથી થવાનો હોય અથવા જેના વીશે ધાસ્તી હોય તે ન થવા દેવા માટે જીલ્લા માજીસ્ત્રેટે કોઇપણ ઇમારત અથવા જગા થોડા વખત સુધી બંધ કરવાને અથવા તેનો કબજો લેવાને, અને ત્યા સઘળા અથવા કોઈ પણ શખસોને ન આવવા દેવાને અથવા પોતાને યોગ્ય લાગે એવી સરતે તથા પોતાને યોગ્ય લાગે તેવા શખસોનોજ ત્યાં આવવા જવા દેવાને મુખત્યાર છે આ કલમ ઉપરથી પોતાને મળેની સત્તા ચલાવીને સદરહુ માજીસ્ટ્રેટ જે હુકમ કરીને પ્રસિદ્ધ કરે, તે હુકમ મુજબ ચાલવાને લાગતા વળગતા શખસો બધાએલા છે એમ સમજવું

૪૪. (૧) ધરમ સબધી અથવા સરકાર સબધી અથવા સામાજીક ઉત્સવ પ્રદરશન અથવા વ્યવસ્થિત મેળાવડો કોઇ પણ રસ્તામા થતા હોય અથવા કરવાનો ઇરાદો હોય તે ઉત્સવ વીગેરેના સબધમાં અથવા તે ચલાવવાના સબધમાં અથવા તે સામેલ થવાના સબધમા એના વાદ અથવા તકરાર છે કે જેથી સુલેહનો ભારે ભગ થવાનો સંભવ છે એમ જીલ્લા માજીસ્ટ્રેટને લાગે ત્યારે તેને હીત સબધવાળા શખસોએ અરસપરસ તથા બીજા લોકો તરફ કેવી રીતે વરતવુ તે બદલ તે પ્રસગે જે હુકમ કરવાનું અવશ્ય તથા વાસ્તવિક દેખાય તે હુકમ કરવાનો અધિકાર છે એવા પ્રત્યેક હુકમનો જે શહેરમાં અથવા જગામા અમલ થવાનો હોય તે શહેરમાં અથવા જગામા તે પ્રસિદ્ધ કરવા જોઇએ, અને તે હુકમ મુજબ ચાલવાને લાગતા વળગતા સઘળા સખસો બંધાએલા છે એમ સમજવુ

૨. ઉપરની છેલ્લી પેટા કલમની રૂએ કરેલો કોઇ પણ હુકમ હકુમતવાળી કોરટે કરેલા હુકમનામાને તાકીદ હુકમને અથવા હુકમને અનુસરતો હોવા જોઇએ, અને જીલ્લા માજીટ્રેટને જ્યારે એમ દેખાડી આપવામા આવે કે તે હુકમ જે લોકોને લાગુ હોય તેમના હક તથા કામના સબધમાં લાગતા વળગતા કોઇ પણ માણસની ફરીઆદ ઉપરથી દાવા ઉપરથી, અથવા અરજી ઉપરથી તેની કોરટે કરેલા કોઇ ફેસલા, હુકમનામા, તાકીદ હુકમ, અથવા હુકમને અનુસરતો નથી ત્યારે તે હુકમ રદ કરવા જોઇએ, અથવા તેમાં ફેરફાર કરવા જોઈએ

૪૫ (૧) પોતાના જીલ્લામાના કોઈ પણ જગાએ મેળા, જાતરા અથવા બીજા એવા કોઇ કારણને લીધે ઘણા લોકોના જમાવ થયા હોય અથવા જમાવ થવાનો સભવ હોય તે જગાએ ભારે રોગ થયો છે અથવાં સો વસા થશે એમ જીલ્લા માજીસ્ત્રેટને લાગે ત્યારે સદરહુ રોગ ન થવા દેવા સારૂ અથવા તેનો ફેલાવ અટકાવવા સારૂ પોતાને જરૂરના જણાય તેવા વિશેષ ઉપાયો લેવાને તથા પોતાને જરૂર જણાય તેવા, સદરહુ જગાના રહેનારા લોકોએ તથા ત્યા હાજર હોય તે લોકોએ અથવા ત્યા આવનારા લોકોએ અથવા ત્યાંથી પાછા જનારા લોકોએ પાળવાના નીયમો જાહેરનામુ પ્રસિદ્ધ કરી ઠરાવવાને તે મુખત્યાર છે

(૨) કમીશનરના હુકમને અનુસરીને જીલ્લા માજીસ્ત્રેટને, અથવા જીલ્લા માજીસ્ત્રેટના હુકમથી કલેકટરને જમાવની જગાએ, તથા તેની આશપાસ આરોગ્ય રક્ષણ બાબતની ગોઠવણ કરવાનો તથા ત્યાં બંદોબસ્ત રાખવાને ખરચ અદા કરવા સારૂ બસ થાય એવી વ્યાજબી ફી પેટા કલમ ૧ ના ઠરાવોની અંદર આવનારા શખસોની ઉપર આકારીને વસુલ કરવાની છુટ છે

(૩) જમાવની જગા એકાદી મ્યુનીસીપાલીટીની હદમા હોય ત્યારે, ઉપર કહેલા કારણ સારૂ જરૂર હોય તેટલી રકમ સદરહુ મ્યુનીસીપાલીટી પાસેથી વસુલ કરવાનો અધિકાર છે

૪૬ કોઇ પણ જીલ્લા માજીસ્ટ્રેટને અથવા પેટા તુકડીના કોઇ પણ માજીસ્ટ્રેટને જ્યારે જ્યારે એમ દેખાય કે તે જીલ્લામા કોઇ પણ જાતના લોકોની ટોળી અથવા મડળીના આવજાવથી અથવા ત્યા રહેવાથી ભય ઉત્પન્ન થયો છે અથવા ઉત્પન્ન થવાનો સભવ છે, અથવા સદરહુ ટોળીએ અથવા મડળીએ અથવા તેના આશામીઓએ ગેરકાયદેસર બદઇરાદો કર્યો છે એવી ધાસ્તી અથવા વાસ્તવીક શક ઉત્પન્ન થયો છે અથવા ઉત્પન્ન થવાનો સભવ છે ત્યારે સદરહુ ટોળીના અથવા મડળીના આશામીઓને દગો તથા ભય ઉત્પન્ન ન થવા દેવા માટે જેમ ચાલવાની જરૂર હોય તેમ ચાલવા બદલ, અથવા તે ટોળી અથવા

મંડળી વીખરાઈ જઈને તેમાંના દરેકે એવો માજીસ્ટ્રેટ ઠરાવે તે રસ્તે થઈને તે ઠરાવે તે જગાએ જવા બદલ સદરહુ ટોળીના અથવા મંડળીના આગેવાન અથવા મુખ્ય માણસો દેખાતા હોય તેમના નામનું જાહેરનામુ ઢોલ વગાડીને અથવા પોતાને યોગ્ય લાગે તેમ બીજી રીતે પ્રસિદ્ધ કરીને હુકમ કરવાનો તે માજીસ્ટ્રેટને અખત્યાર છે

૪૭ (૧) ગમ્મત કરવાની જે કોઇ પણ સાર્વજનીક જગામા અથવા જે કોઈ સભામા અથવા મંડળીમા લોકોને તેડવા હોય અથવા જેમાં લોકોને આવવાની છુટ હોય તે જગામાં, સભામાં અથવા મંડળીમાં ભારે ગેરબંદોબસ્ત અથવા કાયદાનુ ઉલંઘન થતુ અટકાવવા સારૂ અથવા એકઠા થયેલા લોકો ઉપર સ્પષ્ટ અને થોડી વારમા આવી પડશે એવુ ભય અટકાવવા સારૂ સદરહુ ગમ્મત કરવાની જગાએ અથવા સદરહુ સભા અથવા મંડળીમા કોન્સ્ટેબલના કરતા ચઢતો સઉથી ઉંચા દરજ્જાનો જે વડો પોલીસ અમલદાર હાજર હોય તે પોલીસ અમલદાર કાયદેસર રીતે કરેલી કાનુનો તથા હુકમોને અનુસરીને, સદરહુ ગમ્મત કરવાની જગામાં, અથવા સદરહુ સભામા અથવા મંડળીમા લોકોએ શી રીતે દાખલ થવુ તે બાબત તથા ત્યા ચાલવાનુ કામ સલાહસંપથી તથા કાયદેસર રીતે ચાલે તથા લોકોની સહી સલામતી જળવાય તે બાબત પોતાને જરૂરના લાગે તેવા વાસ્તવીક હુકમ કરવાને મુખત્યાર છે, અને આવા પ્રત્યેક વાસ્તવીક હુકમ મુજબ ચાલવાને સઘળા માણસો બંધાયેલા છે એમ સમજવુ

(૨) પેટા કલમ ૧ ના ઠરાવ તથા તે મુજબ કરેલા કોઇ પણ હુકમ અમલમા લાવવા સારૂ આવી દરેક ગમ્મત કરવાની જગામાં, સભામાં અથવા મંડળીમા જવા આવવાને પોલીસને છુટ છે

૪૮ (૧) કોઇ પણ માજીસ્ટ્રેટે અથવા આ અર્થે અખત્યાર મળેલા કોઇ પણ અધિકારીએ જે કોઇ પણ કાનુન અથવા હુકમ કાયદેસર રીતે કોઇ પણ વખતે કર્યો હોય તે કાનુન અથવા હુકમને અનુસરીને ડીસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટ કે આસિસ્ટંટ સુપરિન્ટેન્ડેન્ટ હેઠળ લખ્યા પ્રમાણે કરવાને મુખત્યાર છે એટલે —

(અ) રસ્તા ઉપર અથવા રસ્તામા મંડળીએ, સરઘસે, તથા એકઠા થઇને જનારા લોકોએ અથવા સમુદાએ શી રીતે વર્તવુ તે બાબત કાનુનો કરીને હુકમ કરવાને તથા સરઘસની બાબતમાં, તેણે કયે રસ્તે તથા કીયા ક્રમ પ્રમાણે તથા કયે વખતે જવુ તે ઠરાવવાને, (બ) રસ્તામા અથવા રસ્તાની પાસે વાદ્ય, ઢોલ, નગારા અથવા બીજા વાજીંત્ર વગાડવા બાબત તથા રણ શીંગડા અથવા કાન ફોડે એવા વાજીંત્ર ફુકવા અથવા વગાડવા બાબત પરવાના આપીને અથવા બીજી રીતે નિયમન કરીને નિરબંધ રાખવાને

(ક) આ આકટની ૩૯ થી ૪૬ કલમો સુધીની કોઇપણ કલમ ઉપરથી કોઇ માજીસ્ટ્રેટે જે કોઇ પણ હુકમ કર્યો હોય તેના પેટા હુકમ તરીકે તથા તે હુકમનો હેતુ પાર પાડનાર હુકમ તરીકે વાજબી હુકમ કરવાને.

(૨) આ કલમની રૂઇએ કરેલી દરેક કાનુન તથા હુકમ, જે જગાએ અમલમા આવવાના હોય તે જગાએ અથવા જગા નજીક પ્રસિદ્ધ કરવો જોઇએ અગર તેમાં હિત સંબંધવાળા સખસને તેની ખબર આપવી જોઇએ અને લાગતા વળગતા સઘળા સખસો તે મુજબ ચાલવાને બંધાયલા છે એમ સમજવુ

૪૯. (૧) જીલ્લાનો માજીસ્ટ્રેટ લોકોને જાહેરખબર આપીને એવો હુકમ કરવાને મુખત્યાર છે કે કોઇ પણ માણસના હવાલામા ન હોય એવુ કોઈ પણ કુતરૂ રસ્તામા રખડતુ હોય ત્યારે તેનું મો તે કુતરૂ બીન હરકતે શ્વાસોશ્વાસ લઇ શકે તથા પાણી પી શકે પણ કરડી શકે નહી એવી રીતે જાળીથી બંધ કરવુ, અને તે જાહેરખબર તેમા નિરદિષ્ટ કરેલી જીલ્લામાની જગા અથવા જગાઓને લાગુ પડે છે અને આવો હુકમ અમલમાં હોય તે દરમીયાન, પેટા કલમ ૨ મા હવે પછી ઠરાવ્યુ હોય તે સિવાયને પ્રસંગે, પોલીસને કોઇ પણ કુતરૂ તેના ધણીની જગાની બહાર રખડતું માલુમ પડે તેનો નાશ કરવાનો, અથવા તેવુ કોઇ પણ કુતરૂ કબજામા લઇને તેનો ધણી દાવો કરે ત્યા સુધી, યોગ્ય જાગી કરીને ધાને ત્યાં સુધી તથા તેને પકડી રાખવાથી જે સઘળો ખરચ થયો હોય તે આપે ત્યા સુધી અટકાવી રાખવાનો અધિકાર છે

(૨) પોલીસને જાણીતા ધણીના નામવાળો પટો ગળામાં હોય એવુ કોઇપણ કુતરૂ હડકાયલું હોય તે સિવાયને પ્રસંગે, તેના ધણી તરફથી તે ઉપર દાવો થઇને તેને રાખવા બદલ થયેલો સરવ ખર્ચ અપાયા

વગર તે કુતરૂ ચોખા ત્રણ દિવસ લગણ પોલીસના કબજામા રહે, ત્યાં પોલીસે તેનો નાશ કરવો નહી પણ જે કોઇ પણ કુતરૂ સદરહુ મુદ્દત સુધી પોલીસના કબજામા રહે અને તે દરમીયાન તેનો ધણી તેના ઉ૫ર દાવો કરીને સદરહુ ખરચ આપે નહીં તો તે કુતરાને વેચવાને અથવા તેનો નાશ કરવાને પોલીસ મુખત્યાર છે.

(૩) ઉપરની પેટા કલમો મુજબ થયેલા ખરચ માટે, કુતરાનો ધણી જમીન મહેસુલની થયેલી બાકી પ્રમાણે જવાબદાર છે એમ સમજવુ

(૪) પોલીસે કબજામા લીધેલા કોઇ પણ કુતરાને ગળે કોઇપણ માણસના ખરા દેખાતા નામ ઠામવાળો પટો હોય ત્યારે એવા પ્રકારનુ કુતરૂ કબજામા લીધાની હકીકત લખીને એક પત્ર ઉપર કરેલા શીરનામે ટપાલની મારફતે તાબડતોબ મોકલવો

૫૦ આ બાબ મુજબ જે કોઇ પણ અધીકાર ડીસ્ટ્રીકટ સુપરીન્ટેન્ડેન્ટને અથવા તેના તાબાના અમલદારને આપવામાં આવ્યા હોય તે તેણે જીલ્લા માજીસ્ટ્રેટના હુકમને પાત્ર રહીને ચલાવવા અને આ બાબ મુજબ જીલ્લા માજીસ્ટ્રેટે કરવાની સઘળી કાનુનો, નિયમો તથા હુકમો કલમ ૧૩ (૨) ના ઠરાવોને પાત્ર રહેશે.

બાબ ૫ મો

પોલીસની અમલ કરવાની સત્તા તથા તેમની ફરજો

૫૧. (૧) દરેક પોલીસ અમલદારે હેઠળ લખ્યા પ્રમાણે કરવુ એટલે—

अ. યોગ્ય અધીકારીએ જે દરેક વારંટ અથવા બીજો હુકમ કાયદેસર રીતે પોતાને કર્યો હોય તે તેણે તાબડતોબ માનીને અમલમા લાવવો. અને પોતાના ઉપરી અમલદારના હુકમ અમલમા લાવવા સારૂ સર્વ પ્રકારના કાયદેસર ઉપાય લેવો જોઇએ.

ब. પોતે બનતો પ્રયત્ન કરીને કોગ્નિઝેબલ ગુન્હા થયા વિશે અથવા તે ગુન્હા કરવાની ધારણા વિશે બાતમી મેળવવી, તથા ગુન્હેગારોને સાબીત કરાવવા માટે અથવા ગુન્હા થતા અટકાવવા માટે ઉત્તમ દેખાય એવી તથા કાયદાને અને પોતાના ઉપરી અમલદારોએ કરેલા હુકમને અનુસરતી હોય એવી ખબર કરવી તથા બીજા ઉપાય લેવા

क પોતે બનતો પ્રયત્ન કરીને લોકાપકારક કૃત્ય થતા અટકાવવા,

ड જે માણસોને પકડવાનો પોતાને કાયદાની રૂએ અધીકાર હોય અને જે માણસોને પકડવાનુ પુરતું કારણ હોય તે સર્વને પકડવા

इ બીજો કોઇ પોલીસ અમલદાર તેનુ કામ કરતી વખતે પોતાને બોલાવે ત્યારે અથવા તેની વખતે તેને મદદની જરૂર પડે ત્યારે, તે મદદ કરેલા અમલદારની બાબતમાં કાયદેસર અને વ્યાજબી હોય એવી રીતે મદદ કરવી.

क વિદ્યમાનકાળે અમલમા હોય એવા મહેસુલ સબંધીના કોઇપણ કાયદાની રૂએ અથવા બીજી કોઇ પણ રૂએ પોતાને જે કામ કરવાનાં હોય તે કામ બજાવવા

(૨) સરકારે અથવા કાયદેસર રીતે અખત્યાર મળેલા શખસે કરેલી કાનુનો તથા હુકમોને અનુસરીને, પ્રત્યેક પોલીસ અમલદારને ઉપર કહેલા કારણો પૈકી હરકોઇ કારણ સારૂ, લોકોને આવવા જવાની હરકોઇ જગ્યામા તથા જે કોઇ પણ જગા પીઠા તરીકે અથવા કેફી વસાણા વેચવાની દુકાન તરીકે અથવા હલકા તથા બેઢંગા માણસોને આવવા જવાની જગ્યા તરીકે વપરાય છે એમ માનવાનુ પોતાને કારણ હોય તે જગામાં વારંટ વગર પેશીને ચોકશી કરવાનો અધિકાર છે

(૩) એકાદા રસ્તામા અથવા લોકોને આવવા જવાની જગામા કોઇ શખસના કબજામાં કાંઇ વસ્તુ હોય અથવા છે એમ દેખાય અને તે ચોરેલી મિલકત છે એવો કોઇ પોલીસ અમલદારને શુદ્ધબુદ્ધિથી વહેમ આવે ત્યારે, એવા પોલીસ અમલદારને એવી વસ્તુ સારૂ ઝાડો લેવાનો અને તે તપાસવાનો તથા તે કયાથી આવી તે બદલ જવાબ આપવાનો હુકમ કરવાનો, અને જેના કબજામા તે હોય તે શખસે આપેલો

જવાબ ખુલી રીતે ખાટો અથવા વહેમ ભરેલા હોય તો એવી વસ્તુ અટકાવી રાખીને એકાદા માજીસ્ટ્રેટને સદરહુ બિનાનો રીપોટ કરવાનો અધિકાર છે અને તે ઉપરથી તે માજીસ્ટ્રેટે ક્રિમિનલ પ્રોસીજર કોડના ૫૨૩ મી અને ૫૨૫ મી કલમો પ્રમાણે અથવા અમલમા હોય એવા બીજા કોઇ કાયદા પ્રમાણે કામ ચલાવવુ જોઇએ.

૫૨ નિચે લખેલાં કામ કરવાની પ્રત્યેક પોલીસ અમલદારની ફરજ છે એમ સમજવુ એટલે—

अ રસ્તામાના અશક્ત અથવા નિરાધાર માણસોને પોતાથી બને તેટલી દરેક જાતની મદદ આપવી, તથા કેફ ચઢેલા જે શખસો તથા ગાડા માણસો અહિ તહિ રખડતા હોઇને ભયકારક અથવા પોતાની સંભાળ લેવા અશકત દેખાતા હોય તેમને પોતાના તાબામાં લેવા

ब પકડેલો અથવા પહેરામા રાખેલા જે કોઇ પણ માણસ જખમી અથવા આજારી હોય તેને માટે જરૂરી મદદ મેળવવા સારૂ તાબડતોબ ઉપાય લેવા તથા એવા કોઇ પણ માણસ ઉપર ચાકી રાખતી વખત અથવા તેને લઇ જતી વખત તેની સ્થિતિ તરફ યોગ્ય નજર રાખવી.

क. પકડેલા અથવા પહેરામાં રાખેલા પ્રત્યેક માણસને જોઇએ એટલા ખોરાક તથા આશ્રય આપવાનો બંદોબસ્ત કરવો.

ड ઝાડો લેતી વખતે નિરર્થક બેઅદબી કરવી નહી અથવા બીન જરૂરી દુઃખ દેવુ નહી

इ સ્ત્રી તથા છોકરાઓની સાથે કામ લેતી વખતે મરીયાદાથી તથા વાસ્તવીક સભ્યતાથી ચાલવુ

फ આગથી કાઇ પણ નુકશાન અથવા તોટો ન થવા દેવા માટે પોતાથી બનતા ઉપાય લેવા

ग કોઇ પણ સાર્વજનીક, અકસ્માત અથવા જોખમ દુર કરવા સારૂ પોતાથી બનતા ઉપાય લેવા

૫૩. (૧) હેઠળ લખ્યા પ્રમાણે કામ કરવાની પોલીસ અમલદારની ફરજ છે એમ સમજવુ એટલે—

अ રસ્તામા રાહદારીનુ નિયમન કરી તે ઉપર નિબંધ રાખવો, રસ્તાની અંદર કાંઇ પણ અડચણ થવા ન દેવી તથા પોતાથી બને તેટલા પ્રયત્ન કરીને, રસ્તામા અથવા તેની નજીક લોકોને પાળવા સારૂ આ આકટ મુજબ અથવા અમલમા હોય એવા બીજા કોઇ પણ કાયદા મુજબ જે કાંઇ પણ કાનુન અથવા હુકમ કરવામા આવ્યો હોય તેનુ ઉલ્લંઘન થવા ન દેવુ

ब રસ્તામાં તથા નાહાવાની, ધોવાની તથા ઉતરવાની સાર્વજનીક જગા, મેળા, દેવમંદીર, તથા લોકોને આવવા જવાની બીજી સઘળી જગા, આ ઠેકાણે તથા તેની અંદર તથા લોકો ભકિત કરતા હોય ત્યારે ભકિત કરવાની જગાનો આસપાસ બંદોબસ્ત રાખવો.

क. નાહાવાની, ધોવાની તથા ઉતરવાની સાર્વજનીક જગાએ લોકોને જવા આવવાનુ નીયમન કરવુ. સદરહુ જગામા તથા સાર્વજનીક ભૂમા ઘણી ભીડ ન થવા ન દેવી, તથા પોતાથી બને તેટલો પ્રયત્ન કરીને આવી કોઇ પણ જગાએ અથવા આવી કોઇ પણ તર ઉપર લોકોને મળવા સારૂ કાયદેસર રીતે કરેલી કોઇ પણ કાનુન અથવા હુકમનું ઉલંઘન થવા ન દેવુ

[૨] સદરહુ ફરજો કોઇ ફરજ અદા કરતી વખતે પોલીસ અમલદારે કરેલા વાસ્તવીક હુકમ મુજબ ચાલવાને સઘળા માણસો બંધાએલા છે એમ સમજવુ,

(૩) કોઇ પણ પોલીસ અમલદાર ઉપર કહ્યા પ્રકારના કોઇ પણ હુકમની વિરૂદ્ધ થતા અથવા તે મુજબ ચાલવાને ના પાડનારા અથવા ચાલનાર કોઈ પણ માણસને તેમ કરતા અટકાવવાને અથવા ખસેડી મુકવાને તથા એવા કોઇ પણ માણસને એકાદા માજીસ્ટ્રેટ આગળ લઇ જવાને અથવા નજીવી બાબતમા અવસર વીતે છોડી મુકવાને મુખત્યાર છે,

૫૬ ૪૨ મી કલમ પ્રમાણે કોઇ જાહેરનામુ યોગ્ય રીતે પ્રસિદ્ધ કર્યા પછી અથવા કલમ ૪૩ અગર ૪૪ પ્રમાણે કોઇ હુકમ કર્યા પછી જો કોઇપણ માણસ એવા જાહેરનામા અથવા હુકમ વિરૂદ્ધ ચાલતો હોય અથવા ચાલવાનો હોય તે માણસને તે પ્રમાણે ચાલતા બંધ પડવાને અથવા નહિ ચાલવા ફરમાવવાને તથા (તેમ કરવાને) ના પાડે અથવા આજ્ઞા ભંગ કરે તે પ્રસંગે તકસીરવાન માણસને પકડવાને હરકોઇ માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદાર મુખત્યાર છે વળી એવા જાહેરનામા અગર હુકમ વિરૂદ્ધ જે કાંઇ ચીજ પદાર્થ અથવા વસ્તુ વાપરી હોય અથવા વાપરવાની હોય તે પકડવાનો અધિકાર સદરહુ માજીસ્ટ્રેટ અથવા પોલિસ અમલદારને છે અને તે પકડેલી વસ્તુનો સદરહુ જગામા હકુમત વાળા હરકોઈ માજીસ્ટ્રેટના હુકમથી નિકાલ કરવામા આવશે.

૫૫. જીલ્લા માજીસ્ટ્રેટે ૪૫ મી કલમ મુજબ અથવા જીલ્લા માજીસ્ટ્રેટે અથવા પેટા તુકડીના માજીસ્ટ્રેટે ૪૬ મી કલમ મુજબ કરેલા પ્રત્યેક હુકમ તથા કાઢેલા પ્રત્યેક જાહેરનામા યથાવિધિ પળાય તેવી તજવિજ કરવી તથા જે માણસો અજ્ઞાનતથી એવા નિયમ તથા જાહેરનામા પાળવાને ચુકતા હોય તેમને ચેતાવવા, તથા જે માણસો જાણી બુજીને પાળતા ના હોય તેમને પકડવા એ પોલીસની ફરજ છે

૫૬. ઢોરોના અતિક્રમણ બાબતના આક્ટના ઠરાવો લાગુ પડતા કોઇ પણ જાનવર કોઇ રસ્તામા રખડતું માલમ પડે તેને પોતાના તાબામા લઇને છેક નજીકના ડબામાં લઇ જવાનો અથવા મોકલવાનો પોલીસ અમલદારને અધિકાર છે, અને પછી તે જનાવરના ધણીને તથા હિત સબધવાળા બીજા માણસોને સદરહુ આક્ટના ઠરાવો લાગુ પડશે

૫૭. પોતાને જડી આવેલી અથવા પોતાને સ્વાધીન કરવામા આવેલી સઘળી દાવો ન કરેલી મિલકત પોલીસે પોતાના તાબામા થોડા વખત સુધી લેવી અને તે મીલકત જે શહેરમાથી અથવા ગામડામા જડી આવી હોય તે શહેરમા અથવા ગામડામા જે કોઇ પોલીસપટેલ હોય તો તેને તે સઘળી મિલકત આપી તે બદલ તેની પહોચ લેવી, અને તે પોલીસ પટેલે જે માજીસ્ટ્રેટના તાબાનો પોતે નોકર હોય તે માજીસ્ટ્રેટ તરફ રીપોર્ટ કરવો ને તે ફરમાવેથી તે મોકલવો આવા કોઇપણ પ્રસગે એવા શહેરમા અથવા ગામડામા પોલીસ પટેલ ન હોય તો આ અર્થે તે જીલ્લાનો માજીસ્ટ્રેટ વખતે જે માજીસ્ટ્રેટની નીમણુક કરે તે તરફ માજીસ્ટ્રેટ તરફ સદરહુ પોલીસે તાબડતોબ રિપોર્ટ કરવો અને ત્યાર પછી તે માજીસ્ટ્રેટના હુકમ પ્રમાણે તેણે ચાલવુ.

૫૮. (૧) ઉપરની કલમ મુજબ અથવા સને ૧૮૬૭ ના મુબઇના ગામની પોલીસ બાબતના આક્ટની ૧૯ મી કલમ મુજબ જે કોઇપણ મિલકત મૃત્યુપત્રક કર્યા સિવાય મરી ગયેલા અથવા જાણીતા વારસો મૂકી ગયા સિવાય મરી ગયેલા માણસની છે એમ અને તે જાહેર લીલામથી વેચવામાં આવે તો તેની નક્કી દશ રૂપીઆ કરતા વધારે કીમત ઉપજશે, એમ સદરહુ માજીસ્ટ્રેટને લાગે તો તેની સન ૧૮૨૭ના ૮ મા કાયદાની (વારસ અથવા મામુલ ચાલ પ્રમાણે વારસાનો વહીવટ કરનાર અથવા મૃત્યુ પત્ર ચલાવનાર મજુર થવા સારૂ ઠરાવ કરવા બાબત કાયદાની) ૧૦ મી કલમના અથવા અમલમાં હોય એવા બીજા કોઇ કાયદાના ઠરાવ મુજબ વ્યવસ્થા કરવા સારૂ તેણે જીલ્લા જડજને લખવુ જોઇએ

(૨) બીજે કોઇ પણ પ્રસગે તે માજીસ્ટ્રેટે એક જાહેરનામુ કાહાડીને તે મિલકતમાં જે ચીજો હોય તે વિશેષે કરીને જણાવવી અને એવા જાહેરનામાથી તેને એમ ફરમાવવુ કે જે સખસને એ મિલકત ઉપર દાવો હોય તે શખસે આ જાહેરનામાની તારીખથી છ મહીનામાં પોતાની રૂબરૂ અથવા આ અર્થે પોતે જે બીજા કોઇ અમલદારને નીમે તેની રૂબરૂ હાજર થઇને પોતાનો દાવો સાબીત કરવો, સદરહુ મુદતની અદર કોઇ શખસ સદરહુ મિલકત ઉપર પોતાનો દાવો સાબિત ન કરે તો, તે મિલકત ઉપર સરકારનો વ્યવસ્થાધિકાર થશે અને સદરહુ માજીસ્ટ્રેટના હુકમથી તે મિલકત જાહેર લીલામથી વેચી શકાશે.

(૩) મૃત્યુપત્ર કર્યા સિવાય મરી ગયેલા માણસની જે મીલકતની વ્યવસ્થા પેટા કલમ (૨) મુજબ કોઇ માજીસ્ટ્રેટે કરી હોય તે મીલકતને ઉપર કહેલા સન ૧૮૨૭ ના કાયદાની ૧૦ મી કલમના ઠરાવો લાગુ પડતા નથી એમ સમજવુ

૫૯. ઉપર કહ્યા પ્રમાણે જે મીલકત વિષે રીપોર્ટ કરવામા આવ્યો હોય તે મીલકત એની મેળે વહેલી બગડી જાય એવી હોય અથવા ઢોરઢાકણ હોય અથવા પાંચ રૂપીઆ કરતા ઓછી કીમતની દેખાતી હોય તો તે જાહેરલીલામથી વેચવાનું તાબડતોબ ફરમાવવાને સદરહુ માજીસ્ટ્રેટ મુખત્યાર છે, અને સદર વેચાણના નક્કી ઉત્પન્ન આ આક્ટની ૫૮ મી કલમના ઠરાવો, બની શકે તેટલે સુધી લાગુ પડશે

૬૦. કોન્સ્ટેબલના દરજાથી ચઢતા દરજાનો કોઇ પોલીસ અમલદાર પોતાના હાથ હેઠળના કોઇ પણ અમલદારને કાયદાથી અથવા કાયદેસર હુકમથી સોંપેલી કોઇ પણ ફરજ પોતે જાતે બજાવવાને મુખત્યાર છે, અને એવા હાથ હેઠળના અમલદાર ઉપર કોઇ ફરજ નાખી હોય તે પ્રસગે, કાયદાનો, ધારાનો પુરણ રીતે અથવા વધારે સોઇથી અમલ ચાલે અથવા કાયદાનો ભગ ન થાય તે માટે, તે હાથ હેઠળના અમલદારના કામમાં મદદ કરવાને, જાસ્તી તજવીજ કરવાને, તે રદ કરવાને અથવા અટકાવવાને જરૂર

આના યોગ્ય દેખાય ત્યારે કોઈ ઉપરી અમલદાર, પોતાની જાતે અથવા પોતાના હુકમ અથવા અધીકારની રૂયે કાયદેસર રીતે કામ કરનારા કોઇપણ શખસની મારફત તેમ કરવાને મુખત્યાર છે

બાબ ૬.

ગુન્હા તથા શિક્ષા.

૬૧ કમિશનર જાહેરનામુ પ્રસિદ્ધ કરીને જે કોઇ પણ સ્થાનિક ક્ષેત્રમા આ કલમ અથવા તેમાનો કોઇપણ ભાગ લાગુ કરે તે ક્ષેત્રમા કોઇપણ માણસ તે કલમ વિરૂદ્ધ અથવા તેના તે ભાગ વિરૂદ્ધ

(અ) ચંદનો ખીલવાથી બરાબર અજવાળુ પડતુ હોય અને તેથી દીવાની જરૂર ન હોય તે સિવાયને પ્રસંગે એક અથવા વધારે પુરતા દીવા વગર સુર્યાસ્ત થયા પછી અરધા કલાક તથા સુર્યોદય થયા પહેલા એક કલાકની દરમિયાન કોઇ પણ વખતે હરકોઇ પ્રકારનુ વાહન કોઇપણ રસ્તામા કાયદેસર સબબ સિવાય હાંકશે અથવા તેમા ઉભુ રાખશે

(બ) કોઇ રસ્તામા થઇને હરકોઇ પ્રકારનું વાહન હાકી જતી વખતે (હેઠળ લખ્યા પ્રમાણે ચાલવાને ખરેખર જરૂરનું અથવા કાંઈ વાજબી કારણ હોય તે શિવાયને પ્રસંગે) સદરહુ રસ્તાની ડાબી બાજુએ જશે નહિ અને એકજ દીશામા જતા બીજા કોઇ પણ વાહનની આગળથી પસાર થતી વખતે આ વાહનની જમણી બાજુએ જશે નહી

(ક) કોઇ પણ જનાવર અથવા વાહનને સભાળવાનો અથવા તેની રાખણ કરવાનો પુરો બદોબસ્ત કર્યા વગર તે કોઇ પણ રસ્તામા મુકી જશે.

(ડ) કોઇ પણ જનાવર અથવા વાહનને હાકતી વખતે, તેની દેખરેખ અથવા સભાળ રાખતી વખતે કંઇ પણ ગેરવર્તણુક ચલાવીને, બેપરવાઇ રાખીને અથવા નિર્દયપણુ વાપરીને અથવા સુતાર કામમા લાકડા, કાઠીયો અગર મુશ્કેલાઇથી ખસેડાઇ શકાય એવી બીજી કાંઇ વસ્તુ લીધેલુ કોઇ પણ વાહન અથવા જનાવર કોઇપણ રસ્તામા હાકવા બાબત, જે કોઇ પણ નિયમ ઘડવામા આવ્યો હોય અને જીલ્લા માજીસ્ટ્રેટે પ્રસિદ્ધ કર્યો હાય તે નિયમ વિરૂદ્ધ તેવુ વાહન અથવા જનાવર હાકીને કોઇપણ રસ્તામા અડચણ, ઇજા, ભય, અથવા ધાસ્તી ઉત્પન્ન કરશે અથવા નુકશાન કરશે.

(ઇ) જેથી રાહદારીને મોટી અડચણ થાય અથવા રહેવાસીઓને અથવા લોકોને ત્રાસ થાય એવી રીતે કોઇ પણ રસ્તામા કોઈપણ જનાવર અથવા વાહન ભાડે આપવા માટે અથવા વેચવા માટે મૂકશે કોઇપણ સર સામાન અથવા વાહન સાફ કરશે અથવા કોઇપણ ઘોડો અથવા બીજુ જનાવર સાફ કરશે, તેની ચાકરી કરશે, તેને શીખવશે અથવા તેને પલોટશે, અથવા કોઇ પણ વાહન અથવા તેનો કોઇ પણ ભાગ (અકસ્માતને લીધે તેજ જગા ઉપર મરામત કરવાની જરૂર હોય તે સીવાયને પ્રસંગે) તૈયાર કરશે અથવા તેની મરામત કરશે, અથવા કોઇપણ કારખાનાનુ કામ અથવા બીજુ કૃત્ય કરશે

(ફ) જે કોઇ પણ જનાવર ઉપર અથવા વાહનમા માલ ભરવાનો હોય અથવા જે ઉપરથી અથવા જેમાથી માલ ખાલી કરવાનો હોય અથવા જે ઉપર ઉતારૂ લેવાના હોય અથવા જે ઉપરના ઉતારૂ ઉતારવાના હોય તે જનાવર અથવા વાહન, સદરહુ કારણ સારૂ જરૂર હોય તેની કરતા વધારે વખત સુધી કોઇ પણ રસ્તામા રહેવા દઇને અથવા ઉભુ રાખીને અથવા કોઇપણ રસ્તામા કોઇપણ વાહન ઉભુ રહેવા દઇને, અથવા કોઈપણ જનાવર બાધીને અથવા વાહનને અથવા ઢોરને ઉભા રહેવાની જગા તરીકે, કોઇ રસ્તાનો કોઇપણ ભાગ વાપરીને અથવા કોઇ રસ્તામા અથવા કોઇ રસ્તા ઉપર કોઇપણ પેટી, ગાસડી, પાકેટ અથવા બીજી કોઇપણ ચીજ અયોગ્ય વખત સુધી રહેવા દઇને, અથવા જીલ્લા માજીસ્ટ્રેટે ઘડીને પ્રસિદ્ધ કરેલા કોઇપણ નિયમ વિરૂદ્ધ કોઇપણ દુકાન, બુથ (છાપરી), પાટીઆ પીપ અથવા ટોપલી એમા અથવા એ ઉપર કોઇપણ વસ્તુ વેચવા માટે માંડી મુકીને અથવા રચી મુકીને અથવા બીજી કોઇપણ રસ્તામા અડચણ કરશે

(ગ) કોઇપણ પગવાટ ઉપર અડચણ કરશે અથવા તે ઉપર કોઇ પણ જનાવર હાકીને અથવા કોઇ પણ જનાવર ઉપર બેશીને, જઇને અથવા કોઇપણ જનાવર ત્યા મુકી દઇને અથવા એવી પગવાટ ઉપર કોઇ પણ વાહન હાકી અથવા ખેચી જઇને અથવા એવી પગવાટ ઉપર આડા ઉભા રહે અથવા તેમા ઉભા રહે એવી રીતે કોઇપણ જનાવરને બાધીને, ભય, ધાસ્તી અથવા ત્રાસ ઉત્પન્ન કરશે.

(ગ) કોઇપણ પગવાટ ઉપર અડચણ કરશે અથવા તે ઉપર કોઇ પણ જનાવર હાંકીને અથવા કોઇ-પણ જનાવર ઉપર બેશીને, જઇને અથવા કોઇપણ જનાવર ત્યા મુકી દઇને અથવા એવી પગવાટ ઉપર કોઇ પણ વાહન હાંકી અથવા ખેચી જઇને અથવા એવી પગવાટ ઉપર આડા ઉભા રહે અથવા તેમાં ઉભા રહે એવી રીતે કોઇપણ જનાવરને બાંધીને ભય, ધાસ્તી અથવા ત્રાસ ઉત્પન્ન કરશે.

(હ) લોકો ભેગા થાય એવી રીતે સોગના, ગાનતાનના અથવા બીજા કોઇ પ્રકારના ખેલ, જીલ્લા માજીસ્ટ્રેટે ઘડીને પ્રસિદ્ધ કરેલા કોઇ પણ નિયમ વિરૂદ્ધ ચાલશે, અથવા જેથી આવનાર જનાર લોકોને અડચણ થાય અથવા રહેવાશીઓને ત્રાસ ઉપજે એવી રીતે કોઇપણ રસ્તામા મોટા કદના જાહેરનામા, છબીઓ, આકૃતિ અથવા નીશાન લઇ જશે અથવા મૂકશે

(આઇ) કોઇપણ રસ્તામાં જુગાર રમવામા અથવા સટ્ટો કરવાના કારણ સારૂ ભેગા થયેલા બીજા શખસોની સાથે ભેગો થશે અથવા એવા કારણ સારૂ ભેગી થયેલી કોઇ પણ મંડળીમા સામેલ થશે.

(જે) કોઇ રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા રસ્તા ઉપરથી દેખાય એવી જગ્યાએ પડોશમા રહેનારને અથવા ત્યાથી જનાર લોકોને કંટાળો આવે એવી રીતે, કોઇપણ જનાવરનો વધ કરશે, અથવા પોતાનું શરીર સાફ કરશે,(પણ જીલ્લા માજીસ્ટ્રેટના અથવા આ અરથે કાયદેસર અધિકારવાળા બીજા કોઇ માણસના હુકમથી સદરહુ કામ સારૂ જગ્યા જુદી રાખી હશે તે ઠેકાણે તેમ કરશે તો હરકત નથી)

(કે) કોઇપણ ઘોડાને અથવા બીજા જનાવરને બેપરીકરાઇથી એવી રીતે છુટો મુકશે કે તેથી ભય, ઇજા, ધાસ્તી અથવા ત્રાસ થાય, અથવા એકાદા ક્રુર કુતરાને જાળી વગર છુટો ફરવા દેશે. અથવા કોઇપણ માણસ ઘોડા અથવા કોઇપણ જનાવર ઉપર હુમલો કરવા સારૂ અથવા તેને હેરાન કરવા સારૂ અથવા તેને ભયમાં નાંખવા સારૂ કોઇ કુતરાને દોડાવશે અથવા ઉશ્કેરશે.

[લ] જીલ્લા માજીસ્ટ્રેટના હુકમથી આ અરથે કાયદેસર અધિકાર હોય એવા બીજા કોઇ પણ માણસના હુકમથી નાહાવા ધોવા સારૂ જુદા નહી રાખેલા સારવજનીક કુવામા, તળાવમા અથવા હોજમા અથવા તેની બાજુએ નાહાશે અથવા ધોશે અથવા જીલ્લા માજીસ્ટ્રેટે અથવા આ અરથે કાયદેસર અધિકાર હોય એવા બીજા માણસે જે કોઇપણ સરોવર, ખાબોચીયું, નહેર, અથવા નદીનો ભાગ, વહેળો, નાળુ અથવા પાણી પુરૂ પાડવા માટેનુ કાંઇપણ સ્થળ અથવા સાધન, એમા નાહવા ધોવાની મના કરી હોય તેમા અથવા તેની બાજુએ નાહાશે અથવા ધોશે

(મ) સારવજનીક કુવો, તળાવ, હોજ, સરોવર, ખાબોચીયું. નહેર અથવા નદીનો, વેહેળો, નાળુ, અથવા પાણી પુરૂ પાડવા માટેનું કાંઇ પણ સ્થળ અથવા સાધન ઉપર કહ્યા પ્રમાણે જે કોઇપણ કામને માટે જુદુ રાખવામાં આવ્યુ હોય તે કામમા ઓછુ ઉપયોગી થઇ પડે તેવી રીતે તેમાંનુ પાણી ખરાબ કરશે અથવા ખરાબ કરાવશે.

[ન] ઉપર કહ્યા પ્રમાણે નાહવા સારુ જુદી રાખેલી જગામા નાહનારા કોઇ શખસને, એવી જગામા જાણીજોઇને અતિક્રમણ કરીને અથવા જે કોઇપણ કામ માટે સદરહુ જગ્યા જુદી ન રાખી હોય તેનુ કામ સદરહુ જગ્યામા કરીને, અડચણ કરશે અથવા અગવડમા નાંખશે

[ઓ] કોઇ રસ્તામાં અથવા લોકોને આવવા જવાની જગ્યામા અથવા કોઇ પણ સરકારી કચેરીમાં થાણામા અથવા થાણાના મકાનમા જાણીજોઇને તથા નિર્લજપણે પોતાનું શરીર ઉઘાડુ મુકશે. અથવા બીભસ્ત શબ્દો બોલશે, અથવા નિર્લજપણે વર્તશે અથવા હગામો કરશે અથવા મસ્તી કરશે

(પી) દારૂ વગેરે પિને રસ્તામા અથવા લોકોને આવવા જવાની જગ્યામા પોતાનાથી પોતાની સભાળ નહી થશે તેવો છાટકો થશે

(ક્યુ) રસ્તામાં કોઇપણ આવનાર જનાર શખસને જાણીજોઇને ધકો મારશે, દાબશે, હડસેલશે. અથવા અડચણ કરશે, અથવા તોફાની ચાલ ચલાવીને, ભય ઉપજાવે એવા ચાળા કરીને, મનમા આવે તેમ કોઇની જાત ઉપર ત્રાસ આપીને ચીચીઆરી પાડીને, હોહા કરીને, ઘોડા અથવા ઢોરને જાણીજોઇને બીવરાવીને અથવા બીજી કોઇ રીતે સાર્વજનિક સુલેહમાં અથવા બંદોબસ્તમાં અડચણ કરશે.

[આર] સુલેહનો ભંગ કરાવવાના ઇરાદાથી અથવા જેથી સુલેહનો ભગ થાય એમ હોય તે રીતે

કોઇપણ રસ્તામાં ભય ઉત્પન્ન કરનારા, નિંદા ભરેલા અથવા અપમાન ભરેલા શબ્દો વાપરશે અથવા તેવી વર્તણુંક ચલાવશે

(એસ) કોઇપણ રસ્તામા અથવા રસ્તા નજીક અથવા જયાંથી નજરે પડે તેવી જગ્યાએ જીવ ખાઇને ભીખ માગશે અથવા દાન કરાવવાના ઇરાદાથી કોઇપણ ખોડખાપણ અથવા રોગ અથવા કોઇપણ ત્રાસદાયક ચાંદુ અથવા જખમ ખુલો મુકશે અથવા દેખાડશે.

તે માણસને પચાસ રૂપીઆ સુધીના દંડની શિક્ષા થશે,

૬૨ [૧] જે કોઇપણ શખ્સ કોઇપણ જનાવરને ઘાતકીપણે મારશે પરોણી ઘોચશે અથવા તેની પાસેથી વધારે કામ લેશે અથવા તેની તરફ ગેરરીત ચલાવશે અથવા તેનાપર જુલમ કરશે અથવા એવુ કોઇ કામ તેની પાસેથી સારી રીતે અથવા આડી રીતે કરાવશે, તેને એક મહિના સુધીની કેદની અથવા સો રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા થશે

(૨) આ કલમ મુજબ ઉભા થતા મુકદમાની બાબતમા અધિકાર ચલાવે તે બીજા વર્ગના માજીસ્ટ્રેટના દરજ્જા કરતા હલકા દરજાના કોઇપણ માજીસ્ટ્રેટે ચલાવવો નહી પણ માજીસ્ટ્રેટને આ કારણ સારૂ સરકારે મુદામ અધિકાર આપ્યા હશે તો તે અધિકાર ચલાવવાને મુખત્યાર છે

૬૩ જે કોઇપણ પોલીસ અમલદાર

[અ] કાયદેસર અધિકાર વગર અથવા વાસ્તવીક કારણ સિવાય કોઇ પણ ઇમારતમા, વહાણમા તંબુમા અથવા જગામા પેસશે અથવા કોઇને પેસાડશે, અથવા તેનો ઝાડો લેવડાવશે, અથવા

[બ] કોઇપણ માણસની મિલકત ત્રાસદાયક રીતે તથા વિના કારણે પકડશે અથવા

[ક] કોઇપણ માણસને ત્રાસદાયક રીતે તથા વિના કારણે અટકાવી રાખશે તેનો તેવી રીતે ઝાડો લેશે અથવા તેને તેવી રીતે પકડશે, અથવા

(ડ) પોતાના હવાલામા હોય એવા કોઇપણ માણસની જાત ઉપર કાંઇ પણ ગેરવ્યાજબી જુલમ કરશે, અથવા

(ઇ) કાયદામા ઠરાવી ન હોય એવી કાંઇ પણ ધાસ્તી અથવા વચન કોઇ પણ તોહોમતવાળા માણસને આપશે

તેને એવા પ્રત્યેક ગુન્હા બદલ વત્તામાંવત્તી બે મહીનાની મુદત સુધી કેદની, અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા થશે,

૬૪ જે કોઇ પણ પોલીસ અમલદાર પકડેલા કોઇ પણ શખસને જે માજીસ્ટ્રેટ પાસે અથવા બીજા જે કોઇ પણ અધીકારી પાસે મોકલવાને તે કાયદેસર રીતે બંધાયેલો હોય તે માજીસ્ટ્રેટ અથવા અધીકારી પાસે મોકલવાને ત્રાસદાયક રીતે તથા વીના કારણે વાર લગાડશે તેને બસ રૂપીઆ સુધીના દંડની શિક્ષા થશે.

૬૫. જે કોઇ પણ શખસ

અ, ૩૯ મી કલમ અથવા ૩૯ અ કલમ મુજબ કરેલી કોઇ પણ કાનુન વિરૂદ્ધ ચાલશે અથવા—

બ, ૫૩ મી કલમ મુજબ પોલીસે કરેલા કોઇ પણ હુકમ વીરૂદ્ધ ચાલશે અથવા તે પ્રમાણે ચાલવાને ચુકશે,

ક, રકમ [અ] અથવા (બ) મુજબનો કોઇ પણ ગુન્હો કરવામા મદદગારી કરશે તેને પચાસ રૂપિયા સુધીના દંડની શીક્ષા થશે

૬૬ જે કોઇ પણ શખસ ૪૦ મી કલમ મુજબ કરેલી કોઇ પણ કાનુન તોડશે અથવા એવી કાનુનો મુજબ આપેલા કોઇ પણ પરવાનાની કોઈ પણ શરત તોડશે તેને સો રૂપીઆ સુધી દંડની શીક્ષા થશે.

૬૭ જે કોઇ પણ શખસ ૪૧ મી કલમ મુજબ કરેલા કોઈ પણ હુકમ પ્રમાણે ચાલવાને ચુકશે તેને જેટલા દિવસ સુધી તે સદરહુ હુકમ માનશે નહી તેટલા દિવસ બદલ ૨૫ રૂપીઆ સુધીના દંડની શીક્ષા થશે.

૬૮. જે કોઇ પણ શખસ,

(અ) ૪૨, ૪૩, અથવા ૪૪ મી કલમ મુજબ કાયદેસર રીતે કરેલો કોઈ હુકમ માનશે નહી, અથવા

(બ) ૩૭ મી કલમ મુજબ પોલીસે કરેલા કોઇ પણ હુકમ વિરૂદ્ધ ચાલશે અથવા કરેલા હુકમ વિરૂદ્ધ ચાલશે અથવા તે માનશે નહી, અથવા

(ક) ૪૮ મી કલમ મુજબ પોલીસે કરેલી કોઇ પણ કાનુન વિરૂદ્ધ અથવા કરેલા હુકમ વિરૂદ્ધ ચાલશે અથવા તે માનશે નહી અથવા

(ડ) સદરહુ કલમની રકમ (બ) મુજબ આપેલા પરવાનાની કોઈ પણ સરત તોડશે, અથવા

(ઇ) રકમ (અ) (બ) (ક) અથવા [ડ] મુજબનો કોઇ પણ ગુન્હો કરવામા, મદદગારી કરશે તેને બસે રૂપીઆ સુધીના દંડની શીક્ષા થશે,

૬૯. જે કોઇ પણ શખસ ૪૫ મી કલમ મુજબ કરેલો કોઇ પણ નિયમ તોડશે અથવા તોડવામાં મદદગારી કરશે તેને ત્રણ મહિના સુધીની કેદની, અથવા બસે રૂપીઆ સુધીના દંડની, અથવા એ બનેની શીક્ષા થશે

૭૦. ૪૬ મી કલમ મુજબ કોઇ જીલ્લા અથવા પેટા ટુકડી માજીસ્ટ્રેટે આપેલા કોઇ પણ હુકમ વિરૂદ્ધ જે કોઇપણ શખસ ચાલશે અથવા તેવા હુકમ વિરૂદ્ધ ચાલવામા અથવા તે નહી માનવામાં મદદગારી કરશે તેને એક મહીના સુધીની કેદની, અથવા સો રૂપીઆ સુધીની દંડની, અથવા એ બનેની શિક્ષા થશે.

૭૧. જે કોઇ પણ શખસ ૫૪ મી કલમ મુજબ કોઇ પણ માજીસ્ટ્રેટે અથવા પોલીસ અમલદારે કરેલા હરકોઈ વાસ્તવીક હુકમ વિરૂદ્ધ ચાલશે અથવા તે તાબડતોબ પાળવાને ચુકશે અથવા તેવા હુકમ વિરૂદ્ધ ચાલવામા અથવા તે નહી પાળવામા મદદગારી કરશે તેને ત્રણ મહિના સુધીની કેદની અથવા પાંચસો રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા થશે

૭૨. તોહોમતદાર અથવા તોહોમતદારો પૈકી કોઇ પણ એક તોહોમતદાર કોન્સ્ટેબલના દરજાથી ઉપરના દરજાનો પોલીસ અમલદાર હોય ત્યારે, આ આક્ટ વિરૂદ્ધના ગુન્હા બીજા વરગથી ઉતરતા દરજાનો માજીસ્ટ્રેટ સાભળી શકશે નહી

૭૩. ૬૧, ૬૨, ૬૫, ૬૭, ૬૮, ૬૯, અથવા ૭૦ મી કલમ મુજબ શિક્ષા કરવા લાયક ગુન્હાથી ભારે નુકશાન થયુ ન હોય અથવા તાકીદ આપ્યા પછી તે એકદમ બધ પડી ગયો હોય ત્યારે તેવા ગુન્હા માટે ફરીયાદ માડવાને પોલીસ બધાયેલી છે એમ સમજવુ નહી માત્ર સરકારે અથવા જીલ્લા માજીસ્ટ્રેટે કાનુન અથવા હુકમ કરીને ઠરાવેલી બાબતમા સદરહુ ઠરાવ લાગુ પડશે નહી

૭૪ આ આક્ટ મુજબ જે કોઇ પણ ગુન્હા શિક્ષા કરવા લાયક હોય તે ગુન્હા બાબત બીજા કોઇ પણ કાયદા પ્રમાણે કોઇ પણ શખસ ઉપર ફરીયાદ માડીને તેને શિક્ષા કરવાની અગર બીજા કોઇ પણ કાયદા મુજબ જે ગુન્હા શીક્ષા કરવા લાયક હોય તે ગુન્હા બાબત આ આક્ટ પ્રમાણે ફરીયાદ માડીને તેને શિક્ષા કરવાની મના છે એવો આ આક્ટના કોઇ પણ ઠરાવનો અર્થ કરવો નહી, માત્ર આવા સર્વ કામને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૩ ના ઠરાવ લાગુ પડશે

—— o ——

બાબ ૭ મો.

પરચુરણ.

૭૫. પોલીસ અમલદારના હાથથી સમન વિગેરે હુકમ પહેચાડવા બાબત જે અવેજ આવે તે સઘળો અવેજ, તથા ઇનામ, દંડ તથા ગુન્હેગારીનો અથવા તેના હિસ્સાનો જે અવેજ કાયદા પ્રમાણે પોલીસ અમલદારને ખબર આપનાર તરીકે આપવાનો હોય તે સઘળો અવેજ આ કલમમા હવે પછી ઠરાવવામાં આવ્યુ છે તે શિવાયને પ્રસગે, સરકારને ખાતે જમે કરવો, પરતુ એમ ઠરાવ્યુ છે કે સરકારની મજુરીથી અથવા આ બાબે સરકારે કરેલી કોઇપણ કાનુનની રૂએ, અથવા કોઇપણ ઇનામ, દંડ અથવા ગુન્હેગારીનો સઘળો અવેજ અથવા તેનો કોઇપણ ભાગ વિશેષ નોકરી કર્યા બદલ કોઇ પોલીસ અમલદારને આપવાનો અથવા તે અગર વધારે પોલીસ અમલદારમા વ્હેંચી આપવાનો અધીકાર છે.

૭૬. હરકોઇ જીલ્લા માજીસ્ટ્રેટ પોલીસના કારણ સારૂ ગામના હરકોઇ પોલીસ અમલદાર ઉપર પોતાને

જે અધીકાર હોય તે અધીકાર ડીસ્ટ્રીક્ટ સુપ્રિન્ટેન્ડેન્ટને સોંપવાને તથા આવો આપેલો અધિકાર પાછો લેવાને મુખત્યાર છે,

૭૭ (૧) પોલીસ ફોજના આસામીઓએ પોતાનુ કામ યોગ્ય રીતે બજાવવા માટે જે કોઇ પણ ધર અથવા જગા ભોગવટામા અથવા ઉપયોગમાં રાખી હશે તે ધર અથવા જગા બદલ કાંઇ પણ મ્યુનીસીપાલ અથવા સ્થાનીક કર આપવાને સરકાર પાત્ર થશે નહી

[૨] સુલેહ, તથા સાર્વજનીક બંદોબસ્ત રાખવા માટે તથા લોકોના રક્ષણ માટે તથા ગુન્હો ન થવા દેવા માટે જે મ્યુનીસીપાલેટીની નોકરીમા તેની હદની અંદર જે પોલીસ ફોજ રાખવામા આવી હશે, તે મ્યુનીસીપાલીટીની ફરજ છે કે તેણે એવુ કામ કરનારી સદરહુ પોલીસ ફોજને વ્યાજબી રીતે જરૂર હોય એવી જગાની અથવા તે પૈકી સરકારને યોગ્ય લાગે, એટલી જગાની સરકારના હુકમથી સગવડ કરી આપવી જોઇએ.

(૩) ઉપર પ્રમાણે જગાની સગવડ કરી આપવી તે, અથવા આ કલમની બીજી માગણીઓ માન્ય કરવી તે, સન ૧૯૦૧ ના મુંબઈના ડીસ્ટ્રીક્ટ મ્યુનીસીપાલ એક્ટ મુજબનું કામ છે એમ સમજવું.

૭૮ સરકારે અથવા એકાદા માજીસ્ટ્રેટે અથવા અમલદારે આ આક્ટના કોઈપણ ઠરાવ મુજબ પ્રસિદ્ધ કરેલો અથવા કાઢેલો કોઈપણ હુકમ અથવા જાહેરનામુ સાબીત કરવુ હોય ત્યારે તથા તે યોગ્ય રીતે પ્રસિદ્ધ કરવામા તથા કાઢવામા આવ્યુ હતું ને વાત સાબીત કરવી હોય ત્યારે એવા હુકમ અથવા જાહેર-નામાની મુબાઇ સરકારી ગેઝેટમાની એક નકલ હાજર કરીને, અથવા તેની જે નકલ ઉપર એવા માજી-સ્ટ્રેટે અથવા અમલદારે સહી કરીને, દાખલો લખ્યો હોય કે એવો હુકમ અથવા જાહેરનામુ પ્રસિદ્ધ કરવા તથા કાઢવાની બાબતમા લાગુ હોય એવા આ આક્ટની કલમના ઠરાવો મુજબ પ્રસિદ્ધ કરેલા તથા કાઢેલા અસલ હુકમ અથવા જાહેરનામાની ખરી નકલ છે, તે હાજર કરીને સાબીત કરવાનો અધીકાર છે

૭૯ આ આક્ટમાંના કોઇપણ ઠરાવ મુજબ અથવા તે પ્રમાણે યથાર્થ રીતે ચાલીને ઘડેલી અથવા પ્રસિદ્ધ કરેલી કોઇપણ કાનુન, હુકમ, સુચના, ઠરાવ, તપાસ, અથવા જાહેરનામુ તથા કરેલુ કોઇપણ કૃત્ય પદ્ધતિમાં અથવા પ્રસિદ્ધ કરવાની રીતમા કાંઇ ખોડને લીધે, અથવા કામ ચલાવવાની રીતમા કાંઇ અનિયમિતપણાને લીધે, ગેરકાયદેસર, રદ, નિરૂપયોગી અથવા અપુરતુ છે એમ સમજવુ નહી

૮૦ (૧) જે કોઇપણ કમિશનર માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદાર આ આક્ટના અથવા આ આક્ટની રૂયે કાયદેસર રીતે કરેલી કોઇપણ કાનુન અથવા આપેલા કોઇ પણ હુકમ અથવા સુચનાના કોઇ પણ ઠરાવથી પોતાના ઉપર નાખવામા આવેલી કોઇપણ ફરજને અથવા સોંપવામા આવેલા કોઇ પણ અ-ધિકારને અનુસરીને અથવા અનુસરે છે, એમ ધારીને શુદ્ધબુદ્ધિથી જે કાંઇપણ કૃત્ય કરે તેને લીધે તે કાંઇ પણ શીક્ષાને અથવા નુકશાની આપવાને પાત્ર થશે નહીં

(૨) યોગ્ય રીતે નિમાયેલો અથવા અધિકાર મળેલો જે કોઇ પણ સરકારી નોકર અથવા કોઇ શ-ખસ, સદરહુ પ્રકારનો જે કોઇપણ હુકમ અથવા સુચના સરકારે અથવા આ અર્થે આ આક્ટની રૂયે અથવા આ આક્ટના કોઈ પણ ઠરાવ મુજબ કરેલી કોઇપણ કાનુનની રૂયે સત્તા મળેલા કોઇ શખસે પો-તાને અધીકાર છે એમ સમજીને કરી હશે તે હુકમ અથવા સુચના શુદ્ધબુદ્ધિથી અમલમા લાવશે તે માટે ઉપર કહ્યા પ્રમાણે પાત્ર થશે નહીં

(૩) ઉપર કહેલા પ્રકારની કોઇપણ ફરજ અથવા અધિકારને નિમિત્તે અથવા તેની હદની બહાર કાંઇપણ કૃત્ય કરીને અમુક માજીસ્ટ્રેટે, પોલીસ અમલદારે અથવા બીજા કોઇ શખસે ગુન્હો કર્યો છે અથવા ગેરવ્યાજબી કામ કર્યું છે, એમ કહેવામા આવે તે પ્રસંગે અથવા જ્યારે એવો ગુન્હો અથવા ગેરવ્યાજબી કામ જો કરવામા આવ્યુ હોય તો સદરહુ પ્રકારનુ છે એમ કોરટને લાગે તે પ્રસંગે, ફોજદારીમા અથવા દિવાનીમા કરવાની ફરીયાદ, જે કૃત્ય બદલ તકરાર હોય તે કૃત્ય થવાની તારીખથી છ મહીના વીત્યા પછી માંડી હોય તો તે દાખલ કરવી નહી અથવા કાઢી નાખવી

(૪) ઉપર કહેલા પ્રકારના ગેરવ્યાજબી કામને લીધે દાવો માંડવાનો ઇરાદો હોય ત્યારે જે શખ-સનો દાવો માંડવાનો ઇરાદો હોય તે શખસ જે ગેરવ્યાજબી કામ માટે ફરીયાદ કરવો હોય તેની પુરતી

વિગત સહીત ધારેલા દાવાની નીદાન એક મહીનાની નોટીસ તેણે કહેવાના ગેરવ્યાજબી કામ કરનારને આપવી જોઇએ. નહી તો એવો દાવો કાઢી નાંખવામા આવશે

[૫] ફરીયાદ અરજીમા લખવુ જોઇએ કે પ્રતિવાદી ઉપર સદરહુ પ્રકારની નોટીસ બજાવી છે અને તે ફલાણી તારીખે બજાવી છે, અને પ્રતીવાદીએ ગેરવ્યાજબી કામનો કાંઇ પણ બદલો આપવાનું કહ્યું હતું કે નહી અને હોય તો કેટલો બદલો આપવાનું કહ્યુ છે તે પણ તેમાં જણાવવુ જોઇએ, સદરહુ નોટીસની એક નકલ ફરીયાદ અરજી સાથે જોડવી જોઇએ અને વાદીએ તે નોટીસ કયારે અને કેવી રીતે બજાવી હતી તે વિશેનો એકરાર સદરહુ નોટીસ ઉપર લખવો અથવા તેની સાથે જોડવો જોઇએ.

૮૧ (૧) આ આકટથી મળેલી સત્તા ચલાવીને સરકારે પોતે કરેલો જે કોઇ પણ કાનુન અથવા હુકમ ઉપરથી લોકોને અથવા અમુક વર્ગના સખસોને કાંઇ પણ ફરજ અથવા કૃત્ય કરવાનું અથવા તેમાં લખેલી રીતે તેમણે પોતે જાતે ચાલવાનું અથવા પોતાના તાબાના માણસોને ચલાવવાનું ફરમાવ્યુ હોય તે કાનુન અથવા હુકમની બાબતમા હિતસબંધવાળા કોઇપણ શખસને, એવી કાનુન, અથવા હુકમ ગેર-કાયદેસર, જુલમ ભરેલો અથવા અયોગ્ય છે એ આધાર બતાવીને તે રદ કરવા ફેરવવા અથવા તેમાં ફેરફાર કરવા માટે સરકારના એઆદ સેક્રેટરી જોગ મેમોરીયલ [અરજી] આપીને સરકારને અરજી કર-વાનો અધીકાર છે

[૨] ઉપર કહ્યા પ્રકારની અરજી કર્યા પછી અને તે સર્વંત અથવા અશત નામજુર થયા પછી અથવા એવી અરજીનો જવાબ અથવા સરકારનો તે ઉપર ઠરાવ પ્રસિદ્ધ થયા સિવાય ચાર મહિના વીતી જાય ત્યાર પછી હિતસંબધવાળા અને તે કાનુન અથવા હુકમ ગેરકાયદેસર છે એવુ માનનારા શખસને, તે કાનુન અથવા હુકમ સર્વંત અથવા અશત ગેરકાયદેસર છે એવો જે જીલ્લામાં તે કાનુન અથવા હુકમ અમલમા હોય તે જીલ્લા કોર્ટનો ઠરાવ મેળવવા સારૂ તે કોર્ટમા સરકાર વિરુદ્ધ દાવો કરવાનો અધિકાર છે એવા દાવામા થયેલા ઠરાવ ઉપર અપીલ થઇ શકશે, અને જે કાનુન અથવા હુકમ ગેરકાયદેસર છે એવુ છેવટે ઠરાવવામા આવે તે સરકારે રદ કરવા જોઇએ, ફેરવવા જોઇએ અથવા તે કાયદેસર થાય એવી રીતે તેમા ફેરફાર કરવો જોઇએ, (૮૨ મી કલમ રદ થઇ છે]

૮૩, સને ૧૮૮૨ ના પોલીસ આકટના અગર સને ૧૮૮૧ ના મ્યુનીસીપાલ કર બાબતના આકટના ઠરાવમાના હરકોઇ ઠરાવને આ આકટના મજકુરથી કઇપણ બાધ આવે છે એમ સમજવુ નહી.

(ડબા ઍકટ) ઢોરાના અતિક્રમણુ બાબતનો આકટ સને ૧૮૯૧ નો આકટ ૧ લો

બાબ ૧ લો પ્રથમ નિયમો

૧. (૧) આ આકટને ઢોરાના અતિક્રમણુ બાબતનો આકટ કહેવો, અને

[૨) તે ઇલાકામાં મુખ્ય શહેરો સિવાય તથા સ્થાનિક સરકાર સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને જે સ્થાનીક પ્રદેશને તે લાગુ નથી એમ વખતો વખત ઠરાવે તે પ્રદેશ શીવાય આખા બ્રિટીશ ઇંડીઆને લાગુ છે

(૩) સ્થાનિક સરકાર સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, પેટા કલમ (૨) ની રૂઇએ પ્રસિદ્ધ કરવામા આવેલુ કોઇ જાહેરનામુ ગમે તે વખતે રદ કરવાને અથવા તેમા ફેરફાર કરવાને મુખતીયાર છે.

૨, આ આકટને જોડેલા પરિશિષ્ટમા આકટો લખ્યા છે તે રદ કર્યા છે

૩ આ આકટમા ' પોલીસના અમલદાર ' આ શબ્દો લખ્યા છે, તેમા ગામના રખવાળનો સમાસ થાય છે " ઢોરો " આ શબ્દ લખ્યા છે તેમા હાથીઓનો તથા ઉંટનો તથા ભેંસોનો તથા ઘોડાઓનો ઘોડીઓનો તથા ખાશી કરેલા ઘોડાઓનો તથા ટટુઓનો તથા વછેરાઓનો તથા વછેરીઓનો તથ ખચ્ચરોનો તથા ગધેડાઓનો તથા ડુકરોનો, ઘેટાઓનો તથા મેઢાઓનો તથા મેઢીઓનો તથા ઘેટાના બચ્ચાઓનો તથા બકરાઓનો અને બકરીના બચ્ચાઓનો સમાસ થાય છે, એવુ સમજવુ

બાબ રજો ડબા અને ડબાવાળાઓ

૪ સ્થાનીક સરકારના સામાન્ય નીબધ પ્રમાણે ડીસ્ત્રીકટનો માજીસ્ત્રેટ જે જગ્યાએ ડબા કરવનું વખતે વખતે ફરમાવે તે જગાએ ડબા કરવા

કયાં કયાં ગામોએ કયા કયા ડબાનો ઉપયોગ કરવો તે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે ઠરાવવુ

૫, ડીસ્ત્રીકટના માજીસ્ત્રેટે દરેક ડબા સારૂ ડબાવાળો નીમવો

પણ એવુ ઠરાવ્યુ છે કે મદ્રાસ ઇલાકામા ગામના મુખીઓએ અને મુબાઇ ઇનાકામા પોલીસ પટેલોએ અથવા જ્યાં પોલીસ પટેલ નહી હોય ત્યા ગામના મુખીએ પોતાના હોદ્દાના સબબથી ગામમા ડબાવાળાનુ કામ કરવુ માજીસ્ત્રેટે જેને ડબાવાળો નીમ્યો હોય તે દરેક જણને કામ ઉપરથી મોકુફ અથવા બરતરફ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે,

હરકોઇ ડબાવાળાને સરકારના તાબામા બીજી હરકોઇ ચાકરી કરવાનો અખીકાર છે દરેક ડબાવાળો હિંદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે સરકારી નોકર છે એવુ સમજવુ.

ડબાવાળાઓનું કામ

૭. સ્થાનીક સરકાર વખતે વખતેફરમાવે તેવા રજીષ્ટરો (એટલે નોધો) રાખવા અને પત્રકો મોકલવા

૮ જ્યારે ઢોરો ડબામાં આણે ત્યારે ડબાવાળાએ પોતાના રજીષ્ટરમા હેઠળ લખેલો મજકુર દાખલ કરવો એટલે

(અ) જનાવરોની સખ્યા તથા વર્ણન

(બ) તેઓને સદરહુ પ્રમાણે આણ્યાની તારીખ તથા વખત,

(ક) પકડી લાવનારનુ નામ તથા રહેવાનુ ઠેકાણુ અને

(ડ) માલમ હોય તો ધણીનુ નામ તથા રહેવાનુ ઠેકાણુ એવી વીગતે મજકુર દાખલ કરવો અને રજીસ્ટરમા દાખલ કરેલા મજકુરની નકલ પકડનારને અથવા મુખતીઆરને આપવી

૯ ડબાવાળા બે ઢોર પોતાને સ્વાધીન લઇને આ આકટમા આગળ કહ્યુ છે તે પ્રમાણે તેઓની બાવસ્થા થાય ત્યાં સુધી તેમને ઘાસ પુળે વિગેરે નાખવો અને પાણી પાવુ.

બાબ ૩ જો ઢોરોને ડબામાં ઘાલવા

૧૦ હરકોઈ જમીન ખેડનારો અથવા તેનો વહિવટ કરનારો, અથવા હરકોઈ જમીનના પાકનું અથવા ઉપજ અથવા તેનો હરકોઇ ભાગ વેચાતો લેનારો અથવા ધરેણે રાખનારો

સદરહુ પ્રકારની જમીન ઉપર અતીક્રમણ કરીને તે જમીનનો અથવા તે પાકનો અથવા ઉપજનો બીગાડો કરનારા ઢોરને પકડવાને અથવા પકડાવવાને અને જે ગામની તે જમીન હોય તે ગામને સારૂ કરેલા ડબામા તે ઢોરોને ચોવીસ કલાકના અદર મોકલાવવાને અથવા મોકલાવવાને મુખત્યાર છે

ઢોરોને સદરહુ પ્રમાણે પકડવાની (અ) હરકત નહિ થવા બાબત અને ઢોરોને સદરહુ પ્રમાણે પકડનારા માણસોની પાસેથી ઢોરો (બ) નહી છોડાવવા બાબત મદદ માગે તો પોલીસના સઘળા અમલદારોને મદદ કરવી

૧૧ સાર્વજનીક રસ્તા તથા રમવાની જગા તથા વાડીઓ તથા નહેરો તથા મોરીના કામો તથા બાધો અને તેવાજ બીજા કામો જે માણસોને સ્વાધીન હોય તે માણસોને તથા પોલીસ અમલદારોને સદરહુ રસ્તા તથા જગા તથા વાડીઓ તથા નહેરો તથા મોરીના કામો તથા બાધો અને તેવાજ બીજા કામો અથવા સદરહુ રસ્તાની અથવા નહેરની અથવા મોરીના કામની અથવા બાધાની બાજુ અથવા બાજુના ઢોળાવ બગાડનારા ઢોરોને અથવા તે ઉપર અતીક્રમણ કરનારા ઢોરોને પકડવાનો અથવા પકડાવવાનો અધિકાર છે તે ઢોરોને ૨૪ કલાકની અદર છેક પાસેના ડબામા તેઓએ મોકલવા જોઇએ અથવા મોકલાવવાં જોઇએ

૧૨ ઉપર કહ્યા પ્રમાણે ડબામા ગોધેલા દરેક ઢોર બદલ ડબાવાળાએ સ્થાનિક સરકારે સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને વિધાયાનકાળે ઠરાવે તે દર પ્રમાણે દંડ લેવો જુદા જુદા સ્થાનિક પ્રદેશો માટે જુદા જુદા દર ઠરાવવાનો અધિકાર છે

સદરહુ પ્રમાણે લીધેલો સઘળો દંડ સ્થાનિક સરકાર ફરમાવે તે અમલદારની મારફતે ડિસ્ટ્રીક્ટના માજીસ્ટ્રેટને મોકલવો

દંડની અને ઢોરોને ચાર પુજે નિરવાના તથા પાણી પાવાના ખરચના દરની યાદી દરેક ડબા ઉપર અથવા ડબા પાસે લોકોની નજરે સેહેજ પડે તેવે ઠેકાણે મારવી

(હાલ નીચે લખેલા કોષ્ટક મુજબ દંડ લેવાનો ઠરાવ છે

હાથી	... ચાર રૂપીઆ
ઊંટ અથવા ભેસ.	... એક રૂપીઓ
ઘોડો અથવા ઘોડી અથવા ખસી કરેલો ઘોડો અથવા ટટુ અથવા વછેરો અથવા વછેરી અથવા ખચ્ચર અથવા બળદ અથવા ગોધો અથવા સાંઢ અથવા ગાય અથવા કનોડી...	આઠ આના.
વાછરડો અથવા વાછરડી અથવા ગધેડુ અથવા ડુકર ..	ચાર આના
ઘેટો અથવા ઘેટી અથવા મેંઢો અથવા ઘેટાનુ બચ્ચુ અથવા બકરીનુ બચ્ચુ	ચાર આના

સદરહુ પ્રમાણે જે દંડ લીધો હોય તે સઘળો દંડ સ્થાનીક સરકાર વખતે વખતે ફરમાવે તે અમલદારની મારફતે ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટની પાસે મોકલવો દંડની અને ઢોરને ચાર પુજો નીરવાના તથા પાણી પાવાના ખરચના દરની યાદી દરએક ડબા ઉપર અથવા ડબા પાસે લોકોની નજરે સેહેજ પડે તેવે ઠેકાણે મારવી

" આ કલમમા ૧ લા પેરેગ્રાફના વીશેષ ઠરાવની રૂયે પ્રસીદ્ધ કરેલુ કોઇ જાહેરનામુ સરકારી ગેઝીટમા બીજુ જાહેરનામુ પ્રસિદ્ધ કરીને ગમે તે વખતે રદ કરવાનો અથવા તેમા ફેરફાર કરવાનો સ્થાનીક સરકારને અધિકાર છે

ભાગ ૪ થો ઢોરો સ્વાધીન કરવાં અથવા તેઓનું લીલામ કરવું.

૧૩ ડબામા ઘાલેલા ઢોરનો ધણી અથવા તેઓનો મુખતીઆર હાજર થઇને ઢોર તેને સ્વાધીન કરવા.

ધણીએ અથવા તેના મુખત્યારે ઢોર પાછા લેતી વખતે તે બાબત કોઈ દાવો ન કરે તો ડબાવાળાએ છેક પાસેના પોલીસથાણાના અમલદારને તે બાબત રીપોર્ટ કરવો, અથવા તે કામ સારૂ ડીસ્ટ્રીક્ટના માજી-સ્ટ્રેટે જે બીજો અમલદાર નીમ્યો હોય તેને રીપોર્ટ કરવો

પછી તે અમલદારે પોતાની કચેરીનો જે ભાગ લોકોની દ્રષ્ટીએ સહેજ પડતો હોય તે ભાગમા એક નોટીસ (એટલે સુચના) મારવી તે નોટીસમા હેઠળ લખેલો મજકુર લખવો એટલે

(અ) ઢોરોની સખ્યા તથા વર્ણન

(બ) જે ઠેકાણે તે પકડયા હોય તે ઠેકાણુ એણી વીગતે મજકુર લખવો

(ક) જે ઠેકાણે તેઓને ગોધ્યાં હોય તે ઠેકાણુ એણી વીગતે મજકુર લખવો

અને ઢોરો પકડવાની જગા પાસે જે ગામ તથા બજાર હોય તે ગામમા તથા બજારમાં દાંડી પીટા વવી, નોટીસની તારીખથી સાત દિવસની અંદર ઢોર બાબત કોઇએ દાવો ન કીધો હોય તો ડીસ્ટ્રીક્ટના માજીસ્ટ્રેટ વખતે વખતે સામાન્ય અથવા વીશેષ હુકમ કરીને જે જગા તથા વખત અને સરત ઠરાવી હોય તે જગાએ વખતે અને તે સરત પ્રમાણે તે અમલદારે તે ઢોર જાહેર લીલામ કરીને વેચવા, અથવા એ કામ સારૂ તે અમલદારની કચેરીમાથી જે અમલદારને મોકલ્યો હોય તેણે જાહેર લીલામ કરીને વેચવા. પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારના ઢોર ઉપર કહ્યા પ્રમાણે વેચતા વાજબી કીમત ઉપજે તેવુ નથી એવો ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટનો અભિપ્રાય હોય તે રીતે તેણે તે ઢોરની વ્યવસ્થા કરવી

૧૫. ધણી અથવા તેનો મુખત્યાર હાજર થશે અને ઢોરો પકડ્યાં તે વાત કાયદા વિરૂદ્ધ છે અને ૨૦ મી કલમ પ્રમાણે ધણી ફરીઆદ કરનાર છે એવા સબબથી દંડ તથા ખરચ આપવાની ના કહેશે તો ઢોરો બાબત થએલા દંડ તથા ખરચ તે અનામત મુકે એટલે ઢોર તેને સ્વાધીન કરવા.

૧૬ ધણી અથવા તેનો મુખત્યાર હાજર થઇને સદરહુ દંડ તથા ખરચ આપવાની કહે નો અથવા નહી આપે અથવા ૧૫ મી કલમમા કહેલે પ્રસગે અનામત નહી મુકે તો તે ઢોરો અથવા તેમાંથી જેટ-લાની જરૂર હોય તેટલા ૧૪ મી કલમમા કહેલી જગાએ તથા વખતે અને સરત પ્રમાણે સદરહુ અમલદારે

દડ લેવો હોય તે તથા ઢોરોને ચાર પુળો નીરવાનો અને પાણી પાવાનો ખરચ અને વેચવાનો કાંઈ ખરચ થયો હોય તો તે ખરચ વેચાણની ઉપજમાથી બાદ કરવો.

બાકીના ઢોર તથા વેચાણના અવેજમાથી કાંઈ બાકી રહ્યુ હોય તો તે તથા હેઠળ લખ્યા પ્રમાણે હીસાબ ધણીને અથવા તેના મુખત્યારને આપવો એટલે

(અ) ઢોર કેટલા પકડયા તેનો

(બ) કેટલી મુદ્દત સુધી તે ગોંધી મુકયા હતા તે મુદ્દતનો,

(ક) દડ અને ખરચ મળીને કેટલા રૂપીઆ લેવા તેનો,

ડ) કેટલાં ઢોરો વેચ્યા તેનો

(ઇ) લીલામની ઉપજનો અને

(ફ) તે ઉપજની વ્યવસ્થા શી રીતે કરી તેનો હીસાબ આપવો

સદરહુ પ્રકારના હીસાબ પ્રમાણે પોતાને સ્વાધીન ઢોર થાય તથા વેચાણના અવેજમાથી કાંઇ અવેજ બાકી રહ્યો હોય અને પોતાને મળે તે બાબત ધણીએ અથવા તેના મુખત્યારે પહોચ આપવી

૧૭ સદરહુ પ્રમાણે કાપી લીધેલો દડ જે અમલદારે લીલામ કીધુ હોય તે અમલદારે ડીસ્ત્રીક્ટના માજીસ્ત્રેટ પાસે મોકલવો.

ચાર પુળા કરવાનો તથા પાણી પાવાનો ખરચ ૧૬ મી કલમ પ્રમાણે કાપી લીધો હોય તે ડબાવાળાને આપવો ૧૩ મી કલમ પ્રમાણે સદરહુ પ્રકારના ખરચ બાબત જે રકમો ડબાવાળાને પહોચે તે સઘળી રકમો તેણે પાસે રાખીને ખરચ કરવો

ઢોરના લીલામની ફાજલ ઉપજ બાબત દાવો કર્યો નહીં હોય તે ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટની પાસે મોકલવી માજીસ્ત્રેટે તે અવેજ ત્રણ મહિના સુધી અનામત રાખવો, અને તે મુદતમા તે અવેજ બાબત કોઇ દાવો કરીને સાબીત નહી કરે તો મુદ્દત પુરી થયા પછી આ આકટમા આગળ કહ્યુ છે તે પ્રમાણે માજીસ્ત્રેટે તે અવેજની વ્યવસ્થા કરવી

૧૮ દડની તથા ઢોરના વેચાણની ઉપજ બાબત દાવો કર્યો નહી હોય તે ઉપજના અવેજની રકમો આવે તેમાથી

(ક) સ્થાનીક સરકારના હુકમથી ડબાવાળાનો પગાર ઠરાવ્યો હોય તે આપવો।

(બ) ડબા બાંધવાનો તથા તેને ઠીકઠાક રાખવાનો ખરચ થાય તે અથવા આ આકટ અમલમાં લાવવા સબધી બીજા કંઇ કામ બાબત ખરચ થાય તે આપવો

એને કાંઇ અવેજ ફાજલ રહે તો તે સ્થાનીક સરકારના હુકમ પ્રમાણે રસ્તા તથા તેઓની મરામત કરવામા અને લોકો ઉપયોગી બીજા કામમા ખરચવો

૧૯ આ આકટ પ્રમાણે ઢોરનુ લીલામ થાય ત્યારે પોલીસ અમલદારે અથવા આ આકટ પ્રમાણે બીજા નીમેલા અમલદારે અથવા ડબાવાળાએ હસ્તે તે ઢોર ખરીદ કરવા નહી

ડબામા ઘાલેલુ ઢોર છોડી મુકવાનો અથવા સ્વાધીન કરવાનો માજીસ્ત્રેટે અથવા દીવાની કોરટે હુકમ કીધો નહી હોય તો ડબાવાળાએ તે ઢોર આ બાબના પહેલા ભાગમા જે રીત કહી છે તે રીત શીવાય બીજી રીતે છોડી મુકવુ નહી અથવા તે સ્વાધીન કરવુ નહી.

બાબ ૫ મો, ઢોરોને કાયદા વિરૂદ્ધ પકડયા બાબતની અથવા અટકાવી રાખ્યા બાબતની ફરીઆદ

૨૦ જે કોઇ પણ માણસના ઢોરો આ આકટની રૂએ પકડયા હોય, અથવા એ પ્રમાણે પકડીને આ આકટની વિરૂદ્ધ અટકાવી રાખ્યા હોય તે માણસને તે ઢોર પકડવા બાબત, પકડવાની તારીખથી દસ અંદર ગમે તે વખતે ડીસ્ત્રીક્ટના માજીસ્ટ્રેટને ત્યા અથવા ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટને ત્યાંથી ફરીઆદ આવ્યા વગર ફરીઆદ લઇને ઇનસાફ કરવાનો અધિકાર જે માજીસ્ત્રેટને આપ્યો હોય તે માજીસ્ત્રેટને ત્યાં ફરીઆદ કરવાનો અધિકાર છે.

૨૧ ફરીઆદ કરવી તે ફરીઆદ કરનારે પોતાની જાતે કરવી અથવા તે બાબતની, હકીકતથી પોતાની જાતે વાકેફગાર હોય એવા મુખત્યારે કરવી તે મરજીમા આવે તો લખીને કરવી અથવા મુખ જુબાનીએ કરવી મુખજુબાનીએ ફરીઆદ થાય ત્યારે તે ફરીઆદની મતલબ માજીસ્ત્રેટે લખી લેવી

ફરીઆદ કરનારની અથવા તેના મુખત્યારની જુબાની લીધા પછી ફરીઆદ વ્યાજબી છે એવુ માનવાનુ માજીસ્ત્રેટને કારણ દેખાય તો જે માણસ ઉપર ફરીઆદ કરી હોય તેને તેણે સમન કરવો, અને તે મુકદમાની ચોકશી કરવી

૨૨ ઢોર પકડયા કે અટકાવી રાખ્યા હોય તે વાત કાયદા વિરૂદ્ધ છે એવુ ઠરે તો, તેઓને પકડયા બાબત કે અટકાવી રાખ્યા બાબત ફરીઆદ કરનારે જે નુકશાન થયુ હોય તે બદલ માજીસ્ત્રેટને યોગ્ય જણાય તે પ્રમાણે તેણે ઢોર પકડનાર કે અટકાવી રાખનાર પાસથી ફરીઆદ કરનારને સો રૂપીઆ સુધી નુકશાનીનો બદલો અપાવવો, અને ઢોર છોડાવવાનો ફરીઆદ કરનારને જે ખરૂચ થયો હોય તે સઘળો ખરચ અને તેણે જે દંડ ભર્યો હોય તે સઘળો દંડ પણ અપાવવો

અને ઢોર છોડી મુક્યા નહી હોય તો આવો નુકશાનીનો બદલો આપવાનો હુકમ કરીને વળી તે માજીસ્ત્રેટે તે ઢોર છોડી મુકવાનો અને આ આકટ પ્રમાણે લેવાનો દંડ તથા ખરચ તે ઢોર પકડી લાવનારે અથવા અટકાવી રાખનારે આપવો એવો હુકમ કરવો

૨૩ ૩૨ મી કલમમા કહેલો નુકશાનીનો બદલો તથા દંડ અને ખરચ માજીસ્ત્રેટે કર્યો હોય તે પ્રમાણે વસુલ કરવાનો અધીકાર છે

બાબ ૬ ઠો શિક્ષા—નુકશાનીના બદલાની વસુલાત

૨૪ આ આકટ પ્રમાણે પકડવા લાયક જે ઢોરો પકડવાના કામમા કોઇ માણસ જબરાઇથી હરકત કરશે, અથવા તે પકડયા પછી તેઓને ડબામાથી અથવા જે માણસ તેઓને ડબામા લઇ જતો હોય અથવા લઇ જનાર હોય તે માણસની પાસે હોય ત્યારે અને આ આકટ ઉપરથી આપેલા અધિકાર પ્રમાણે કામ કરતો હોય ત્યારે છોડાવશે

તેની ઉપર તે વાત માજીસ્ત્રેટની આગળ સાબિત થશે તો ઘણામા ઘણા છ મહિના સુધી કેદની સજા કરવી, અથવા પાચસે રૂપીઆ સુધી દંડ કરવો અથવા એ બેઉ શીક્ષા કરવી

૨૫ આ કલમ પછીની એટલે ૨૬ મી કલમ મુજબ દંડ થયો હોય અથવા જમીન ઉપર ઢોરોની પાસે અતિક્રમણ કરાવીને બીગાડ કરવાના ગુન્હા બાબત દંડ થયો હોય તે દંડ જે ઢોરોએ અતિક્રમણ કર્યું હોય તે ઢોરો અથવા તેમાના કેટલાએક વેચીને વસુલ કરી લેવાનો અધિકાર છે, પછી તે ઢોરો અતિક્રમણ કરતા પકડાયા હોય અથવા ન હોય તો પણ તે વાતની ચીંતા નથી અને જે માણસ ઉપર ગુન્હો સાબિત થયો હોય તેના તે ઢોર હોય અથવા અતીક્રમણ થયુ હોય ત્યારે તે ઢોર ફક્ત તેને સ્વાધિનજ હોય તો પણ તે વેચવાનો અધિકાર છે

૨૬ કોઇ માણસ ડુક્કરનો ધણી અથવા રાખનારો હોય તો ગફલતથી અથવા બીજી રીતે કોઇ જમીન ઉપર અથવા પાક ઉપર અથવા જમીનની ઉપજ ઉપર અથવા હરકોઇ સાર્વજનીક રસ્તા ઉપર ઢોરોનો અથવા ડુક્કરોને અતીક્રમણ કરવા દેઇને જમીનનો અથવા પાકનો અથવા જમીનની ઉપજનો અથવા સાર્વજનીક રસ્તાનો બીગાડ કરશે અથવા કરાવશે અથવા કરવા દેશે તો તે વાત માજીસ્ત્રેટની આગળ સાબીત થાય એટલે તેનો પચાસ રૂપીઆ સુધી દંડ લેવો

૨૭ કોઇ ડબાવાળો ૧૯ મી કલમના ઠરાવ વિરૂધ ઢોર છોડી મુકશે અથવા ખરીદ કરશે અથવા બીજાને સ્વાધીન કરશે અથવા ડબામા ઘાલેલા ઢોરને જોઇએ તેટલો ચારપુંજો નાખશે નહી અને પાણી પાશે નહી અથવા જે કામો કરવાનુ તેને આ આકટમા કહ્યુ છે તેમાનુ કાઇ કામ કરવાને ચુકશે તો તે બીજી કાઈ શીક્ષાને લાયક થશે તે શીક્ષા સિવાય વળી તેને માજીટની આગળ તેની ઉપર તે ગુન્હો સાબિત થાય તો પચાસ રૂપીઆ સુધી દંડ લેવો

ઉપર કહેલો દંડ ડબાવાળાના પગારમાથી કાપી લેવાનો અધિકાર છે

૨૮ ૨૫ મી અથવા ૨૬ મી અથવા ૨૭ મી કલમ પ્રમાણે જે દંડ વસુલ થયો હોય તે સઘળો દંડ અને તેનો કાંઇ ભાગ ગુન્હો ઠરાવનાર માજીસ્ત્રેટની ખાતરી થાય તે રીતે સાબીત કરેલા ટોટાનો અ-થવા નુકશાનનો બદલો આપવામા વાપરવાનો અધિકાર છે

બાબ ૭ મો નુકશાની ભરી લેવા બાબતની ફરીયાદ

૨૯ ઢોરે અતીક્રમણ કરવાથી જે માણસની જમીનનો, પાકનો અથવા બીજી ઉપજનો બીગાડો થયો હોય તે માણસને હરકોઈ મુખતીયાર કોરટમા નુકશાન ભરી લેવા સારૂ ફરીયાદ કરવાની આ આકટ મા-હેના કોઇ પણ ઠરાવ ઉપરથી મનાઇ છે એવુ સમજવુ નહિ

૩૦ ગુન્હો ઠરાવનાર માજીસ્ત્રેટના હુકમથી સદરહુ પ્રકારના કોઇ માણસને આ આકટ પ્રમાણે બદલો આપ્યો હોય તે સદરહુ પ્રકારના મુકદમામા જેટલા રૂપીઆનો દાવો કર્યો હોય અથવા જે રકમ તેણે નુકશાનીના બદલામા આપવાને ઠરાવી હોય તેમા મજરે લેઇને કાપી લેવો

બાબ ૮ મો. પુરવણી.

૩૧. સ્થાનિક સરકાર સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને વખતે વખતે હેઠળ લખ્યા પ્રમાણે કરવાને મુખત્યાર છે, એટલે —

(અ) તેઓ જે મુલકનો રાજ્યકારભાર ચલાવતા હશે તે મુલકના, જે કોઇ ભાગમા આ આકટ ચાલુ હશે તે ભાગના કોઇ પણ સ્થાનિક અધિકારીને તેની હકુમતને પાત્ર હોય તેવા સ્થાનીક ક્ષેત્રમા, આ આકટ મુજબના સ્થાનિક સરકારના અથવા જીલ્લા માજીસ્ત્રેટના સઘળા કામ અથવા તે પૈકી કાંઇ પણ કામ આપવાને અથવા —

(બ) આ આકટની ૧૮ મી કલમ પ્રમાણે કોઇ પણ જીલ્લામા ફાજલ ઉપજ રહે તે સઘળી ઉપજ અથવા તેનો કાંઇપણ ભાગ તે જીલ્લામા જે એક અથવા વધારે સ્થાનીક ક્ષેત્રો હોય તે અથવા તેઓ સારૂ જે લોકલફંડો ઉભા કરવામા આવે તેને અથવા તેઓને ખાતે જમે કરવી એવુ ફરમાવવાને મુખત્યાર છે સદરહુ સ્થાનીક સરકાર આ કલમની રૂઇએ પ્રસિદ્ધ કરેલુ કોઇ જાહેરનામુ, સરકારી ગેઝેટમા બીજુ જાહે-રનામુ, પ્રસિદ્ધ કરીને ગમે તે વખતે રદ કરવાને અથવા તેમા ફેરફાર કરવાને મુખત્યાર છે

વિલેજ પોલીસ એકટ

મુંબઇ ઇલાકાના ગામની પોલીસ બાબત નિયમ ઠરાવવા બાબતનો આકટ.

(વિલેજ પોલીસ આકટ. સને ૧૮૬૭ એક્ટ નો ૮ મો)

મુબઇ ઇલાકાના ગામના પોલીસ બાબત નિયમ ઠરાવવા યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે

૧. પોલીસનો "ડિસ્ત્રિકટ સુપ્રીન્ટેન્ડેન્ટ" તથા "પોલીસનો આસીસ્ટંટ સુપ્રીન્ટેન્ડેન્ટ" તથા "પોલીસ અમલદાર" તથા "જીલ્લાની પોલીસ" એ શબ્દો આ આકટમા જ્યા લખ્યા છે ત્યા તે શબ્દો ઉપરથી "સન ૧૮૫૭ (તથા ૧૮૯૦ ના) મુબાઇના ડિસ્ત્રિકટ પોલીસ આકટ" પ્રમાણે નીમેલા તે અમ-લદારો સમજવા

૨. બીજી કલમ ૧૮૭૩ ના એકટ ૧ થી રદ થઇ છે

૩. દરએક જીલ્લાના ગામની પોલીસના બંદોબસ્તનુ કામ કમિશનરના નિબધ તથા હુકમ પ્રમાણે જીલ્લા માજીસ્ત્રેટે કરવુ આસીસ્ટંટ અથવા ડેપ્યુટી કલેકટર પ્રમાણે જે ફુલપાવર માજીસ્ત્રેટને તાબે મુલકી કામ હોય તે માજીસ્ત્રેટને ગામની પોલીસનો બંદોબસ્ત કરવાના કામનો હર કાંઇ ભાગ કમીશનરની મંજુરી લઇને આપવાનો જીલ્લા માજીસ્ત્રેટને અધિકાર છે.

૪. પોલીસના કારણુ સારૂ ગામના હરકોઈ પોલીસ અમલદાર ઉપર જે અખતીઆર ચલાવવાને જીલ્લાનો માજીસ્ટ્રેટ મુખત્યાર છે તે અખતીઆર પોલીસ કમીશનરની મંજુરી લઇને ડીસ્ટ્રીક્ટ પોલીસ સુપરીન્ટેન્ડેન્ટને આપવાને જીલ્લા માજીસ્ટ્રેટ મુખતીયાર છે

૫. (૧) જીલ્લા માજીસ્ટ્રેટ લખીને જે માણુસને પોલીસપટેલ નીમશે તેને સ્વાધીન દરએક ગામની પોલીસ રહેશે, અને જે માણુસ મુલકી પટેલનું કામ ચલાવતો હોય તેજ માણુસને જીલ્લાના માજીસ્ટ્રેટ પોલીસ પટેલ નીમવો, પણુ ગામ મ્હોટુ હોય તે સબબથી અથવા બીજા કાંઈ વ્યાજબી સબબથી જુદી જુદી નીમણુક કરવી યોગ્ય છે એવુ પોલીસ કમીશનરની નજરમા આવે તો મુલકી પટેલને પોલીસને પટેલ નીમવા નહીં

(૨) નીમણુક કરતી વખતે સદરહુ માજીસ્ટ્રેટે "મુબઇ પ્રેસીડેન્સીના તાબામાહેના દેશમાના વતનના અમલદારોએ પોતાનો અમલ સી રીતે ચલાવવો તે રીત ઠરાવવા બાબત" સને ૧૮૪૩ નો ૧૧ મો આક્ટ છે તેના ઠરાવ ઉપર અને વંશપરપરાના અમલદારોની (એટલે વતનદારોની) ચાકરી બાબત નીયમ ઠરાવવા વિશે બીજા કોઇ આક્ટ ચાલુ હોય તેના ઠરાવ લાગુ હોય તે પ્રમાણે તે ઠરાવ ઉપર બરાબર નજર રાખીને નીમણુક કરવી પણ મુલકી પટેલનેજ પોલીસ નીમ્યો નહીં હોય અને તે કામ વરાફરતી અથવા બીજી રીતે કરવા બાબત એક કરતા વધા જણા દાવો કરે ત્યારે તેઓમાથી જે વધારે લાયક હોય તેને નીમવાને જીલ્લાનો માજીસ્ટ્રેટ મુખત્યાર છે

(૩) કોઈ શહેરમા અથવા જગોએ (ગામની પોલીસનુ) કામ એક પોલીસ પટેલથી બરાબર રીતે ચલાવવાનુ નહીં હોય ત્યારે કમીશનરનુ અનુમત લઇને તે શહેરની અથવા જગાની જુદી જુદી તુકડી સારૂ જરૂર હોય તેટલા પોલીસપટેલ નીમવાનો જીલ્લાના માજીસ્ટ્રેટને અધિકાર છે.

૬. પોલાસપટેલ ઉપર જીલ્લાના માજીસ્ટ્રેટની હકુમત ચાલે છે, તે શિવાય વળી જે માજીસ્ટ્રેટની હકુમતની હદની અંદર તેનૂ ગામ હોય તે માજીસ્ટ્રેટના હુકમ પ્રમાણે તેણે કામ કરવુ અને તે માજીસ્ટ્રેટ જે પત્રકો અથવા ખબર માગે તે તેને તેણે આપવી, અને ગુનાહ બાબત તથા ગામની પોલાસને લગતા સઘળા કામ બાબત અને પોતાના ગામના લોકોની આરોગ્યતા તથા તેઓની સામાન્ય સ્થિતી કેવી છે તે બાબત હમેશા ખબર આપ્યા કરવી પોલીસ અમલદારો પોતાના કામ સારૂ મદદ માગે તો પોલાસપટેલે જેટલી થાય તેટલી મદદ તેઓને કરી માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદાર પોલીસપટેલની ઉપર જે હુકમ તથા વારંટ મોકલે તે હુકમ તથા વારંટ તાબડતોબ માથે ચડાવીને અમલમા લાવવા અને સુલેહ બાબત ખબર કહાડીને ડીસ્ત્રીક્ટ પોલીસને જાહેર કરવી

અને પોતાના ગામની હદમા ગુનાહ તથા લોકોપદ્રવક કૃત્ય થતા અટકાવવાનો બંદોબસ્ત રાખવો, અને ગુનેહગારોને પકડીને તેઓના ઇનસાફ થવા સારૂ તેઓને મોકલવા

૭. ગામના ચાકરનું ઘણું કરીને ગમે તે કામ હોય તો પણુ તે સરવેના પાસે પોતાના કામમા મદદ માગવાનો પોલીસપટેલને અધિકાર છે, અને પોલીસપટેલને સઘળા પત્રકો તથા પ્રોસીડીંગ લખીને તઇયાર કરી આપવાનું કામ ગામના વંશપરપરાના અથવા નીમણુકી તલાટીનુ છે એવુ સમજવુ

૮. ચોરી નહી થાય તથા સુલેહનો ભંગ નહી થાય તથા મુસાફર લોકોને તથા ગામના લોકોને ઇજા થાય, તેવા કામો નહીં થાય તેવા બને તેટલા બંદોબસ્ત રાખવા સારૂ ગામના ચાકર લોકોની વ્યવસ્થા પોલીસપટેલે કરવી અને, તે ચાકર લોકોમાથી કાંઈ માણસ ગેર રીતે ચાલે અથવા ગફલત કરે તો તે સઘળી વાત પોલીસપટેલ જે માજીસ્ટ્રેટના પ્રત્યક્ષ તાબામા હોય તે માજીસ્ટ્રેટને તેણે જાહેર કરવી

૯. પોલીસપટેલ અથવા પોલીસનુ કામ પડે ત્યારે ગામના ચાકરોમાથી જે માણસને તે કામ કરવુ પડે તે માણુસ પોલીસનુ કામ કરવામા ગફલત અથવા આળસ કરશે તો પહેલા વર્ગના માજીસ્ટ્રેટના હુકમથી તે માણુસ તેમના વાર્ષિક પગારના ચોથા ભાગ કરતા વધારે ન હોય તેવા હરકોઇ જો તે ફરજ અથવા નિયમના ભંગ માટે અથવા આવા માજીસ્ટ્રેટને ભારે શિક્ષા કરવાની જરૂ જણાય તેવી કોઇ ગેર વર્તણુક માટે દોષિત હશે તો, તેવા આરોપની ચોકશી ચાલતા દરમ્યાન તેઓ તેને સસ્પેન્ડ કરવા મુખત્યાર છે અને તેવી ચોકશી પુરી થઇ ગયા પછી, તેવી શિક્ષાને પાત્ર થાય તેવી ગેરવર્તણુક માટે આવા માજીસ્ટ્રેટ તેને દોષિત માને તો ૭

મહીના કરતા વધારે ન હોય તેવી વધારે મુદત માટે તેને સસ્પેન્ડ કરવા અથવા તેને બરતરફ કરવા તેવો માજીસ્ટ્રેટ મુખત્યાર છે પરંતુ એવુ ઠરાવ્યુ છે કે, પટેલના દરજ્જાનો કોઇપણ શખ્સ જો વંશપરંપરાના આક્ટના ઠરાવોની રૂઇએ વહીવટદાર હોય તો તેને સરકારની મંજુરી વગર આ કલમ પ્રમાણે બરતરફ કરવો નહીં

૯ આગ ગઈ છેલી કલમમા કહેલી કોઇ પણ વાતથી, કોઈ પણ પોલીસપટેલ અથવા ગામ નોકરના બીજા માણસની, તેના સામે જે ફોજદારી ગુન્હાનુ તહોમત રાખેલ હોય તે બાબતમા ફોજદારી કામ ચલાવવાની જવાબદારીને અસર થતી નથી

૧૦ ગામની હદમા ગુનોહ કરીને ગુનેગાર નાશી ગયો હોય અથવા માલમ પડતા નહિ હોય તો પોલીસપટેલે પોતાનુ ગામ જે ડીસ્ટ્રીકટ પોલીસ થાણાની હદમા હોય તે થાણાના અમલદારને તાબડતોબ ખબર મોકલવી, અને પોતાની જાતે ચોકસી કરવા માડવી, અને તે બાબત જે પુરાવો મળે તે લઇને સદરહુ અમલદારની પાસે તેણે મોકલવો

૧૧ (૧) ગામની હદમા કોઈ માણસ કમોતે અથવા અકસ્માત મરણ પામે અથવા કાઇનુ મુડદુ જડે તો પોલીસ પટેલે તે ગામના અથવા આસપાસના બે અથવા વત્તા હુશીઆર માણસોને પંચાતનામુ કરવા તાબડતોબ બોલાવીને એકઠા કરવા, પછી તે માણસોએ મરણના કારણની તથા તેને લગતી સઘળી હકીકતની ચોકસી કરીને લખેલો રીપોર્ટ કરવો તે રીપોર્ટ પોલીસપટેલે તે ગામ જે ડીસ્ટ્રીકટ પોલીસ થાણાની હદમા હોય તે થાણુ જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારને તુરત પહોચતો કરવો

(૨) પોલીસ પટેલ કોઇ માણસને સદરહુ પ્રકારની પંચાતમા બેસવાનુ કહે તે માણસ વાજબી કારણ વગર પંચાતમા બેસવાની ના કહેશે અથવા ગફલત કરશે તો તે ગુન્હો તેની ઉપર માજીસ્ટ્રેટની આગળ સાબીત થયા પછી તે ઘણામા ઘણા પચાસ રૂપીઆ સુધી દડને અથવા દડ નહી આપશે તો એક મહીના સુધી કેદની સજાને લાયક થશે

(૩) કાયદા વિરૂદ્ધ રીતે મરણ થયુ છે એવુ પંચાતનામાની હકીકત ઉપરથી જણાય તો પોતાનુ ગામ જે ડીસ્ટ્રીકટ પોલીસ થાણાની હદમા હોય તે થાણુ જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારને પોલીસ પટેલે તાબડતોબ સુચના કરવી અને મોકલતા રસ્તામા મડદુ કોહી જવાની ધાસ્તી નહીં હોય તો પાસેના સીવીલસર્જનની પાસે એવે પ્રસગે મુડદા તપાસવાને વઇદક ખાતાના જે અમલદારને સરકારે નીમ્યો હોય તેની પાસે મુડદુ તરત મોકલી દેવુ પછી તે સીવીલસર્જને અથવા વઇદક ખાતાના બીજા અમલદારે મરણનુ કારણ શોધી કહાડવાનો પ્રયત્ન કરવો મડદુ મોકલીશુ તો કોહી જશે અને તેની તપાસ કરવાથી કાઈ ફાયદો થશે નહી અને ઉલટો ધોકો પહોચશે એવા સબબથી પોલીસપટેલથી મુડદુ મોકલી શકાતુ નહી હોય ત્યારે જે ડીસ્ટ્રીકટ પોલીસ થાણાની હદમા તેનુ ગામ હોય તે થાણુ જે પોલીસ અમલદારને સ્વાધીન હોય તે અમલદાર અને તેણે પોતાના તાબા માહેના અમલદારોમાથી કોઇ અમલદારને મોકલ્યા હોય તે અમલદાર અથવા માજીસ્ટ્રેટ મુડદુ બાળવાના અથવા દાટવાના હુકમ આપે ત્યા સુધી પોલીસ પટેલે તે મુડદુ બાળવાની અથવા દાટવાની રજા આપવી નહીં

૧૨ (૧) પોતાના ગામના ફલાણા માણસ મ્હોટો ગુન્હો કર્યો છે એવુ માનવાનો સબબ હોય તો તેને પોલીસ પટેલે પકડવો અને પુરાવાના કામમા આવે તેવી જે જણસો સુદ્ધા તે માણસને પોતાનું ગામ જે પોલીસ થાણાની હદમા હોય તે થાણુ જે પોલીસ અમલદારને સ્વાધીન હોય તે પોલીસ અમલદારની પાસ મોકલવો

(૨) ઉપર કહ્યા પ્રમાણે પકડેલા માણસને ૨૪ કલાકની અંદર જે ડીસ્ટ્રીકટ પોલીસ થાણાની હદમા પોતાનુ ગામ હોય તે થાણામા મોકલવો

૧૩ (૧) જે મુકદમામા શીક્ષા કરવાનો પોતાનો અધિકાર નહી હોય તે મુકદમાની પોતાના કામના સબબથી પોલીસ પટેલને ચોકસી કરવી પડે તે કરતી વખતે સાહેદોને બોલાવીને તેઓને પુછવાનો તથા તેઓની પાસ સત્ય સ્મરણપૂર્વક પ્રતિજ્ઞા કરાવીને તેઓની જુબાની લેવાનો અધીકાર અને સંતાડેલી જણસોને માટે ઝાડા લેવાનો અધિકાર પોલીસ પટેલને છે પણ રહેવાના ઘરનો ઝાડો ઘણીજ અગત્ય નહી હોય તો પોલીસ પટેલે સુરજ આથમે ત્યાંથી તે સુરજ ઉગે ત્યા સુધી લેવો નહી

(૨) ઝાડો લેવા સારૂ અથવા ફલાણુ માણુસ ગુન્હેગાર છે એવુ લાગતું હોય તે માણુસનો પીછો લેવા સારૂ બીજા ગામની હદમા જઇને કામ કરવાનો પણ અધિકાર પોલીસ પટેલને છે પણ તે બાબત તેણે તે ગામના પોલીસપટેલને તાબડતોબ ખબર કરવી અને તે ગામના પટેલે થાય તેટલી તેને મદદ કરવી અને ઝાડો લેવાનુ અથવા પાછળ દોડવાનુ કામ ચલાવવાનો જોખમ તે બીજા ગામના પટેલને માથે છે

૧૪ પોતાના ગામની હદમા હલકી મારામારી અથવા ગાળાગાળી કરવાનુ કોઇ માણુસ ઉપર તોહોમત આવ્યુ હોય તો તેનો ઇનસાફ કરવાનો અને ગુન્હો સાબીત થાય તો તેને ઘણામા ઘણા ૨૪ કલાક સુધી ગામને ચોરે કેદ ગખવાનો પોલીસપટેલને અખતીયાર છે, પણ ગુન્હો થયા પછી આઠ દહાડામા ફરીયાદ થવી જોઇએ

૧૫ (૧) જે ગામના તમે પોલીસ પટેલ છો તે ગામની હદમા હેઠળ લખેલા ગુન્હામાથી હરકોઈ ગુન્હાનુ એટલે ચોરીના માલની આકેલી કીમત બે રૂપિયા ઉપર નહી હોય તેવી હલકી ચોરીનુ અથવા અપક્રિયાથી થયેલુ નુકશાન બે રૂપિઆ કરતા વત્તા રૂપિઆનુ નહી હોય તેની અપક્રિયા કીધાનુ અથવા તમે પોતાની જાતે કાયદેસર હુકમ આપ્યો હોય તે હુકમને હરકત કગ્વાનુ અથવા તે હુકમ માનવાની ના કહેવાનું તોહોમત કોઇ માણુસ ઉપર આવે તો તેનો ઇનસાફ તમોએ કરવો એવી સનદ પોલીસ પટેલનુ કામ કરનારા માણુસને આપવાનો અધિકાર જીલ્લાના માજીસ્ટ્રેટને છે

(૨)—અને ઉપર કહેલા કામોમાનુ હરકોઇ કામ કગ્વાની સાબિતી પોતાની આગળ જે માણુસ ઉપર થશે તેને પાચ રૂપિઆ સુધી દડ કરવાના અથવા ઘણામા ઘણી અડતાળીસ કલાક સુધી ગામને ચોરે કેદ રાખવાનો અધિકાર, સદરહુ પ્રમાણે જે પોલીસ પટેલને અખત્યાર મળ્યા હોય તે પટેલને છે કાયદાસર હુકમને હરકત કરી હોય અથવા તે પ્રમાણે ચાલવાની ના કહી હોય તે પ્રસગે દડ નહિ આપે તોજ કેદ કરવા

૧૬ પોલીસ પટેલને ૧૫ મી કલમની ૧ લી રકમ પમાણે અખત્યાર આપવામા આવશે, ત્યારે અને જ્યા સુધી તેને તે અખત્યાર હશે ત્યા સુધી તેને હેઠળ લખેલો અધિકાર પણ છે એવુ સમજવુ એટલે હેઠળ લખેલુ હરકોઇ લોકાપકારક કૃત્ય અથવા બેઢગુ કામ કોઇ માણુસ કરશે તો તેને એક રૂપીઆ સુધી દડ કરવાનો અથવા દડ નહી આપશે તો ગામને ચોરે ઘણામા ઘણા બાર કલાક સુધી કેદ રાખવાનો અધિકાગ અને સદરહુ લોકોપકાગક કૃત્ય અથવા બેઢગુ કામ કરવાનુ જારી ગખવાની અથવા ફરીથી કરવાની મના કગ્વાનો પોલીસ પટેલને અધીકાર છે એમ સમજવુ

(૧) કોઇ માણુસ કોઇ જનાવરને મનમા આવે તેમ અવિચારથી અથવા નિર્દયપણે બગડશે અથવા તેનો ગેર ઉપયોગ કરશે અથવા તેની ઉપર જુલમ કરશે તે

(૨) સાર્વજનીક કુવા અથવા તળાવ અથવા હવાડા જે કામ સારૂ નીમ્યા હોય તે કામમા ઓછા ઉપયોગી થઈ પડે તેવી રીતે તેમાં કોઈ માણુસ નહાશે અથવા ધોશે અથવા બીજી રીતે ખગાબ કરશે અથવા કરાવશે તે

(૩) કોઈ માણુસ મના કરેલી જગાએ કચરો અથવા ગોજવાડ કે પુજો મુકશે તે

(૪) કોઇ માણુસ હરકોઈ સાર્વજનીક રસ્તામા અથવા મોહોલામા અથવા માગ્ગમા અથવા રાહદારીની જગાએ ઝાડો પેસાબ કરીને ગદકી કરશે અથવા દારૂ વગેરે પીને તોફાન અથવા મસતી કરશે, અથવા પોતાનાથી પોતાની સભાળ નહિં થાય તેવા થઇ જશે તે

(૫) પાસે રહેનારાઓને તથા આવનાર જનાર લોકોને કટાળો આવે તે રીતે ટાકીમા અથવા ઉકરડામા અથવા તેવાજ બીજા કશામા કોઇ માણુસ ગોજો પદાર્થ પાકા કાગ્ણ વગર જાણી જોઈને એકઠો થવા દેશે અથવા કોઇ ઘરમાથી અથવા કારખાનામા અથવા તબેલામાથી અથવા સડાસમાથી અથવા બીજા તેવા કશામાથી લોકોને આવવા જવાની જગોએ બીજો પદાર્થ પાકા કારણ વગગ જાણી જોઇને રહેવા દેશે, અથવા જે તળાવ અથવા હોજ પાણી પીવા સારૂ નીમ્યો હોય તેમા ચોમાસામા જે વેહેળામાથી પાણી આવતુ હોય તે વહેળામા મુવેલુ જનાવર નાખ્યાથી લોકોને ઉપદ્રવ થાય તે જગોએ નાખશે તે

૧૭, આ આકટની ૧૪ મી, ૧૬ મી, અને ૧૬ મી, કલમ પ્રમાણે કામ ચલાવવુ હોય તે પક્ષકારોના દેખતા મહોડે ચલાવવુ, ગુન્હો સાબીત થવાનુ ફકતગ લખ્યા પહેલા ગમે તે, વખતે ફરિયાદ કહાડી

નાખવાનો અધિકાર ફરિયાદ કરનારને છે પક્ષકારોના નામો તથા પોતાનો અભિપ્રાય તથા શિક્ષાનો ઠરાવ અથવા હુકમ અથવા ફરિયાદ કહાડી નાખવાની વાત તથા કામ ચલાવ્યાની તારીખ પોલીસ પટેલે દફતરમા લખવા, અને જીલ્લાના માજીસ્ત્રેટ ફરમાવે તે નમુના પ્રમાણે તથા તે રસ્તે તથા તે વખતે તે દફતર (પોલીસ) પટેલ જે માજીસ્ત્રેટના પ્રત્યક્ષ તાબામા હોય તે માજીસ્ત્રેટને તેણે મોકલવુ.

૧૮ આ આક્ટની ૧૫ મી કલમ પ્રમાણે સનદ આવી હોય તે સનદ કમિશનરની મંજુરી લઇને પછી હુકમ લખીને સઘળી અથવા થોડી ઘણી રદ કરવાને જીલ્લાના માજીસ્ત્રેટ મુખત્યાર છે

૧૯ પોતાના ગામમા જે બેવારસી માલ જડ્યો હોય તે સઘળો માલ અથવા સન ૧૮૬૭ ના મુબઇના ડીસ્ટ્રીક્ટ પોલીસ આક્ટના ઠરાવ પ્રમાણે પોતાને જે માલ આપ્યો હોય તે સઘળો માલ પોલીસ પટેલે પોતાને સ્વાધીન રાખવો, અને પોલીસ પટેલ જે માજીસ્ત્રેટના તાબામા હોય તે માજીસ્ત્રેટને તેણે રીપોર્ટ કરવો, અને સદરહુ માજીસ્ત્રેટ હુકમ કરે તે પ્રમાણે કરવુ, પણ "ઢોરોના અતિક્રમણ બાબત" સને ૧૮૭૫ નો ૩ જો આક્ટ છે તેમા કહેલા પ્રકારનો તે માલ હોય તો તે આક્ટમા કહ્યા પ્રમાણે પોલીસ પટેલે ચાલવવુ

૨૦ આ આક્ટમા જે ગુન્હા બાબત શીક્ષા ઠરાવી છે તે ગુન્હા બાબત બીજા કોઇ કાયદા પ્રમાણે અથવા આક્ટ પ્રમાણે કોઇ માણસ ઉપર ફરિયાદ કરવાની મના છે એવો આ આક્ટના કોઈ ઠરાવનો અર્થ કરવો નહી, અથવા તેવા ગુન્હા બાબત આ આક્ટમા શીક્ષા ઠરાવી છે તેથી બીજી કાઇ જુદી અથવા વત્તા શીક્ષા બીજા કોઈ કાયદા ઉપરથી અથવા આ આક્ટ ઉપરથી થવાને તે માણસ લાયક નથી એવો પણ અર્થ કરવો નહીં પણ એવુ ઠરાવ્યુ છે કે એકના એક ગુન્હા બાબત કોઇ માણસને બે વાર શિક્ષા થશે નહી

૨૧ પોલીસ પટેલ જરૂરના કામને લીધે ગામમાથી ગેરહાજર હોય તે સબબથી અથવા એકાએક માંદો પડયાથી અથવા બીજા કાઇ સબબથી તેનાથી પોતાનુ કામ નહી થાય ત્યારે તેણે પોતાનુ કામ પોતાનો કોઈ કુટુબી લાયક હોય તેને સોપવુ અથવા કોઇ કુટુબી લાયક નહી હોય તો બીજા કોઈ લાયક માણસને સોપવુ અને પે તે જે માજીસ્ત્રેટના પ્રત્યક્ષ તાબામા હોય તે માજીસ્ત્રેટને તે બાબત તાબડતોબ રીપોર્ટ કરવો અને જે માણસને કામ સોપ્યુ હોય તે માણસે પોલીસપટેલનુ કામ કરવુ નહિ, એવો માજીસ્ત્રેટને ત્યાથી હુકમ આવે ત્યા સુધી તેણે ગુન્હેગારનો ઇન્સાફ કરી શિક્ષા કરવાના કામ સિવાય પોલીસ પટેલનુ સઘળુ કામ કરવુ

૨૨ આ આક્ટમા "ડીસ્ટ્રીક્ટ પોલીસ થાણુ" આ શબ્દો લખ્યા છે તેમા જે પોલીસ અમલદારને સ્વાધીન થાણુ હોય તે પોલીસ અમલદારના મુલકની હદમાના ગામનો અથવા જગાનો સમાસ થાય છે એવુ સમજવુ

૨૩. મી કલમ ૧૮૬૭ ના એક્ટ ૧૨ થી રદ થઇ છે

૨૪. આ આક્ટને "સન ૧૮૬૭ નો મુબાઇની ગામની પોલીસનો આક્ટ કહેવો

હિંદુસ્તાનનો પોલીસ એક્ટ

(સને ૧૮૬૧ નો આક્ટ ૫ મો.)

૧. હેઠળ લખેલા શબ્દોનો તથા વાક્યાનો અર્થ હેઠળ લખ્યા પ્રમાણે સમજવો, પણ તેવા અર્થને વિષય ઉપરથી અથવા મમર ઉપરથી બાધ આવતો હોય તો તેવો અર્થ સમજવો નહીં

જીલ્લાનો કારભાર ચલાવવાનુ કામ જે મુખ્ય અમલદારને સોપ્યુ હોય, અને જે માજીસ્ત્રેટનો અધિકાર ચલાવતો હોય તે મુખ્ય અમલદારના હોદ્દાનુ ગમે તે નામ હોય તોપણ "જીલ્લા માજીસ્ટ્રેટ આ શબ્દ ઉપરથી તે અમલદારનો બોધ થાય તે એવુ સમજવુ જનરલ પોલીસના જીલ્લાના જે માણસો માજીસ્ટ્રેટનો સઘળો અથવા હરકોઇ અધિકાર ચલાવતા હોય તે સર્વનો "માજીસ્ટ્રેટ" આ શબ્દમા સમાસ થાય છે એવુ સમજવુ આ આક્ટ પ્રમાણે જે માણસો ચાકરીએ રાખવામા આવે તે સઘળાનો "પોલીસ" આ શબ્દમા સમાસ થાય છે એવુ સમજવુ

જે પ્રેસીડેન્સીમા, અથવા પ્રાતમા અથવા જગામા અથવા પ્રેસીડેન્સીમા અથવા પ્રાતમા અથવા જગાના જે ભાગમા આ આક્ટ ચાલુ થશે તે પ્રેસીડેન્સી અથવા પ્રાત અથવા જગા, અથવા પ્રેસીડેન્સીનો અથવા જગાનો ભાગ મળી જનરલ પોલીસનો જીલ્લો થાય છે એવુ સમજવુ

જે પ્રેસીડેન્સીમા, અથવા પ્રાતમા અથવા જગામા અથવા પ્રેસીડેન્સીમા અથવા પ્રાતમા અથવા જગાના જે ભાગમા આ આક્ટ ચાલુ થશે તે પ્રેસીડેન્સી અથવા પ્રાત, અથવા જગા, અથવા પ્રેસીડેન્સીનો અથવા પ્રાતનો અથવા જગાનો ભાગ મળી જનરલ પોલીસનો જીલ્લો થાય છે એવુ સમજવુ

" ડીસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડન્ટ અને ' ડિસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ પોલીસ એ શબ્દોની અદર, હરકોઇ આસીસ્ટટ ડિસ્ટ્રિક્ટ સુપ્રીન્ટેન્ડન્ટ અથવા સ્થાનીક સરકારના સામાન્ય અથવા ખાસ હુકમથી આ આક્ટની રૂએ હરકોઇ ડિસ્ટ્રિક્ટમા ડિસ્ટ્રિક્ટ પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટની હરકોઇ ફરજ બજાવવા માટે નીમાએલ બીજા માણસનો સમાવેશ થાય છે હરકોઇ જગમ માલનો અથવા નાણાનો અથવા નાણાના દસ્તાવેજનો સમાસ, " માલ આ શબ્દમા થાય છે એવુ સમજવુ, એક વચનનો, અને અનેક વચનની શબ્દોમા એક વચનનો સમાસ થાય છે એવુ સમજવુ પ્રત્રગ શબ્દોણા સ્ત્રીઓનો સમાસ થાય છે એવુ સમજવુ

માણસ–આ શબ્દમા મડળીનો, અથવા સનદી મડળીનો સમાસ થાય એમ શમજવુ,

મહિનો આ શબ્દનો અર્થ કયાલેડર મહિનો સમજવો

" ઢોરો " આ શબ્દમા શિગડાવાળા ઢોરોનો સમાસ થાય છે તે શિવાય હાથીનો તથા ઉટનો, તથા ઘોડાનો તથા ગધેડાનો, તથા ખચ્ચરનો, તથા ઘેટાનો તથા બકરાનો, તથા ડુક્કરોનો સમાસ થાય છે એવુ સમજવુ

૨—ઠેકાણા ઠેકાણાની સરકારના તાબામા પોલીસના લોક હોય તે સઘળા મળીને આ આક્ટના કારણ સારૂ એકજ પોલીસ ફોજ થાય છે એવુ સમજવુ અને તેઓના નામો પદ્ધતિ પ્રમાણે પત્રકમા દાખલ કરવા અને ઠેકાણા ઠેકાણાની સરકાર ઈંડીયાના ગવર્નર જનરલ ઇનકોન્સીલની મજુરી લઇને વખતે વખત હુકમ કરે તે પ્રમાણે સદરહુ ફોજમા અમલદાર તથા માણસો રાખવા, તથા તે ફોજની ગોઠવણ કરવી, તથા તે ફોજના માણસોનો પગાર આપવો

૩—જનરલ પોલીસનો જીલ્લો જે સરકારના તાબામા હોય તે સરકાર જીલ્લાની પોલીસની તપાસ રાખશે, અને ઈંડીયાના ગવર્નર જનરલ ઇન કોન્સીલના હુકમ પ્રમાણે તે સરકારે તે તપાસ રાખવી, અને પોલીસના હરકોઇ કામ ઉપર કોઇને નીમવા બાબત અથવા તેની જગાએ બીજાને નીમવા બાબત, અથવા તેની ઉપર હુકમ ચલાવવા બાબત કોઇ માણસને, અથવા અમલદારને, અથવા કોર્ટને ઠેકાણા ઠેકાણાની સરકારે આ આક્ટના ઠરાવ પ્રમાણેજ મુખત્યારી આપવી, બીજી રીતે આપવી નહી

૪–જનરલ પોલીસના જીલ્લાની પોલીસનો કારભાર પોલીસનો ઇન્સ્પેક્ટર જનરલ આ નામના અમલદાર નીમીને તેને અને ઠેકાણા ઠેકાણાના સરકારની નજરમા આવે તેટલા ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલને તથા આસિસ્ટટ ઇન્સ્પેક્ટર જનરલને સોપવો, જીલ્લાના માજીસ્ટ્રેટના હકુમતના સ્થલ સીલાના પોલીસનો કારભાર ડિસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટને સોપવો અને સદરહુ માજીસ્ટ્રેટ તેઓની તપાસ રાખશે ઇન્સ્પેક્ટર જનરલને તથા ઉપર કહેલા બીજા અમલદારને વખતો વખત ઠેકાણાની સરકારે નીમવા, અને તેને કામ પરથી ઉખરતરફ કરવાને પણ તે સરકાર મુખત્યાર છે

૫—પોલીસના ઇન્સ્પેક્ટર જનરલને જનરલ પોલીસના જીલ્લામા માજીસ્ટ્રેટના સઘળા અધિકાર છે એવુ સમજવુ પણ તે અધિકાર તેણે ઠેકાણા ઠેકાણાની સરકાર વખતો વખત મર્યાદા ઠરાવે તે મર્યાદા પ્રમાણે ચલાવવા.

૬ ઠી કલમ ૧૮૮૨ ના આક્ટ ૧૦ થી રદ થઇ છે

૭—આ આક્ટની ૪ થી કલમમા કહેલા પોલીસ અમલદાર સીવાય બીજા સઘળા પોલીસ અમલદારને, ઠેકાણા ઠેકાણાની સરકાર વખતો વખત કાનુનો ઠરાવશે તે પ્રમાણે નીમવાને પોલીસના ઇન્સ્પેક્ટર જનરલ, તથા ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ તથા આસીસ્ટટ ઇન્સ્પેક્ટર જનરલ, તથા ડિસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ મુખત્યાર છે આ અમલદારોને સદરહુ કાનુન પ્રમાણે હેઠળ લખ્યા મુજબ કરવાને અધિકાર છે, એટલે ફલાણો પોલીસ અમલદાર પોતાનુ કામ કરવામા સુસ્ત છે અથવા ગફલત કરે છે, અથવા કામને લાયક

નથી એવુ પોતાની નજરમા આવે તેને ગમે તે વખતે બરતરફ કરવાનો, અથવા કામ ઉપરથી મોકુફ કરવાનો, અથવા તેને ઓછા પગાર ઉપર નેમવાનો અધિકાર છે (અથવા જે પોલીસ અમલદાર તેની ફરજ બેદરકારીથી અથવા ગફલતાઇ ભરેલી રીતે અદા કરશે અથવા જે તેના હરકોઇ કૃત્યથી સદર ફરજ અદા કરવાને લાયક થશે તેને નીચેની શીક્ષાઓમાની હરકોઇ એક અથવા વધારે શિક્ષા, એટલે કે, (અ) એક મહીનાના પગાર કરતા વધારે ન હોય તેની હરકોઇ રકમનો દંડ, (બ) પંદર દીવસ કરતા વધારે નહીં એટલી મુદત સુધી કવોરટરમા કેદ, (ક) સારી વર્તણુક બદલનો પગાર છીનવી લેવાની, (ડ) અથવા કોઇ પણ કિર્તિ અથવા ખાસ લાભના હોદ્દા ઉંપરથી દુર કરવાની શિક્ષા કરવાને મુખત્યાર છે

૮—સદરહુ પ્રકારના દરએક પોલીસ અમલદારની નેમણુક થશે, એટલે તેને આ આકટને જોડેલા નમુના પ્રમાણે ઇન્સ્પેકટર જનરલના શિક્કાનો અથવા ઇન્સ્પેકટર જનરલ જે બીજા અમલદારને નીમે તેના શિક્કાનો દાખલો આપવા તે જે માણસને મળ્યો હોય તે માણસને તે દાખલા ઉપરથી પોલીસ અમલદારનો અધિકાર, તથા કામ, તથા હક મળે છે એવુ સમજવુ, તે દાખલામા લખેલો માણસ પોલીસ ફોજની ચાકરી ઉપરથી મોકુફ અથવા બરતરફ થશે અથયા બીજી રીતે કામ ઉપરથી દૂર થશે, એટલે તે દાખલો રદ થશે એવુ સમજવુ, અને સદરહુ પ્રકારના માણસની ઉપર જે અમલદાર હોય તેને સ્વાધીન અથવા દાખલો લઇ લેવાનો અધિકાર જે અમલદારને આપ્યો હોય તેને સ્વાધીન તે દાખલો તાબડતોબ કરવો જોઇએ

તે દાખલામા લખેલો માણસ કોઇ પણ કારણથી પોલીસ અમલદાર તરીકે બંધ થશે એટલે તે દાખલો રદ થશે, અને તે તેવા અમલદાર તરીકે બંધ થાય કે તરતજ, જે અમલદારને તે દાખલો લઈ લેવાનો અધિકાર હોય તેને તે દાખલો તાબડતોબ સ્વાધીન કરવો જોઇએ, પોલીસ અમલદારને હોદ્દા ઉપરથી મોકુફ કર્યો હોય તેટલા ઉપરથી તે પોલીસ અમલદાર તરીકે બંધ થશે નહી, આવી બરતરફીની મુદત દરમ્યાન, પોલીસ અમલદાર તરીકે તેને જે અધિકાર, ફરજો અને હક હોય તે બંધ પડશે, પરંતુ તેને મોકુફ કરવામા આવેલ નહોય તેવીજ રીતે તેજ જવાબદારીઓ, અને શિક્ષા તથા તેજ અધિકારોને પાત્ર રહીને તે પોલીસ અમલદાર તરીકે ચાલુ રહેશે

૯—ડિસ્ટ્રીક્ટ સુપરીન્ટેન્ડેંટે ખસુસ કરીને પરવાનગી આપ્યા વગર અથવા પરવાનગી આપવાનો અધિકાર જે બીજા અમલદારને હોય તેણે આપ્યા વગર કોઈ પોલીસ અમલદારથી પોતાના હોદ્દાનુ કામ છોડાશે નહી અથવા ચાકરીનું રાજીનામુ આપવાના ઇરાદાની ઓછામા ઓછા બે મહિના આગમચ પોતાના ઉપરી અમલદારને સુચના લખી આપી નહી હશે તો ડિસ્ટ્રીકટ સુપરીન્ટેન્ડેન્ટની રજા વગર પોતાની ચાકરીનુ રાજીનામુ અપાશે નહી

૧૦—આ આકટ પ્રમાણે પોલીસ અમલદારનુ જે જે કામ હોય તે શિવાય બીજી કંઈ ચાકરી અથવા કામ તેને ઈન્સ્પેકટર જનરલની ખસુસ કરીને લખેલી પરવાનગી લીધા વગર કબુલ કરવુ નહી

૧૧ મી કલમ ૧૮૭૪ ના એકટથી રદ થઈ છે

૧૨—પોલીસ ફોજ કરવા બાબત તથા તેના વર્ગ તથા તેના ભાગ ઠેર ઠેર નીમવા બાબત અને પોલીસ ફોજના માણસોએ કયા રહેવુ તે બાબત અને તેઓને કયા કયા કામો વિશેષે કરીને કરવા તે બાબત અને તેઓને ઝડતી લેવા બાબત હથીઆરો વીગેરે સરંજામ આપવા બાબત, અને તેઓએ ખબર બાતમી કાઢીને જાહેર કરવી તે બાબત પોતાને યોગ્ય લાગે તેવા હુકમ તથા કાનુનો ઠેકાણા ઠેકાણાની સરકારની મંજુરી લઇને વખતો વખત કરવાનો અધિકાર પોલીસના ઈન્સ્પેકટર જનરલને છે અને કામ ગેર રીતે નહી થવા બાબત અથવા કામમા ગફલત નહી થવા બાબત તથા પોલીસ ફોજ પોતાનુ કામ સારી રીતે કરે તે પ્રમાણે તે ફોજને હુશીયાર કરવા બાબત પોતાને યોગ્ય લાગે તેવા બીજા હુકમ તથા કાનુનો વખતો વખત કરવાનો પોલીસના ઇન્સ્પેકટર જનરલને અધિકાર છે

૧૩—જનરલ પોલીસના જીલ્લામા કોઈ ઠેકાણે સમાધાન રાખવા સારૂ વળી બીજા પોલીસ અમલદાર મોકલવાની જરૂર છે એવો સબબ લખીને કોઇ માણસ અરજી કરે તો તે પ્રમાણે વળી બીજા પોલીસ અમલદાર યોગ્ય દેખાય તેટલા મુદત સુધી મોકલવાને પોલીસના ઇન્સ્પેકટર જનરલ, અથવા ડેપ્યુટી ઇનસ્પેકટર જનરલ,

અથવા આસીસ્ટંટ ઇન્સ્પેક્ટર જનરલ મુખત્યાર છે, અને જીલ્લા માજીસ્ટ્રેટનો હુકમ લઇને તે પ્રમાણે કરવાને ડીસ્ત્રીક્ટ સુપરીન્ટેન્ડન્ટ મુખત્યાર છે સદરહુ પ્રકારની ફોજ ઉપર ડીસ્ત્રીક્ટ સુપરીન્ટેન્ડેન્ટનોજ હુકમ ચાલશે, અને તેનો ખર્ચ અરજ કરનારા માણસે આપવો જોઇએ ઇન્સ્પેક્ટર જનરલને અથવા ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલને અથવા આસિસ્ટંટ ઇન્સ્પેક્ટર જનરલને, અથવા ડિસ્ટ્રિક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટને એક મહિનો આગમચ લખેલી સુચના આપીને, સદરહુ પ્રમાણે મોકલેલો પોલીસ અમલદાર ઉઠાવી લેવો એવુ કહેવાનો જે માણસની અરજી ઉપરથી સદરહુ પ્રમાણે અમલદાર મોકલ્યો હોય તેને અધિકાર છે, અને સદરહુ પ્રકારની સુચનાની મુદત પુરી થાય એટલે સદરહુ પ્રકારના વધતા માણસાના ખર્ચનો ભાર તે માણસને માથેથી ઉતરે છે એવુ સમજવુ

૧૪—લોઢાના રસ્તાનુ અથવા નહેરનુ અથવા બીજુ સાર્વજનીક કામ અથવા કારખાનુ અથવા વેપારનુ કામ મુલકના કોઇ ભાગમા ચાલશે, અથવા ચાલતું હશે, અને તે કામ ઉપર અથવા કારખાના ઉપર રાખેલા માણસની ચાલચલગતથી, અથવા તે ફલાણી રીતે ચાલશે એવુ લાગવાથી તે ઠેકાણે વધતી પોલીસ ફોજ રાખવાની જરૂર છે એવુ ઇન્સ્પેક્ટર જનરલની નજરમા આવશે ત્યારે ઠેકાણા ઠેકાણાની સરકારનુ અનુમત લઇને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર છે, એટલે વધતી ફોજ તે ઠેકાણે મોકલવાનો તથા જરૂર હોય ત્યા સુધી તે ફોજ ત્યા રાખવાની અને જે માણસને સ્વાધિન તે કામ અથવા કારખાનુ અથવા વેપાર ચલાવવાનો અવેજ હોય તે માણસ ઉપર સદરહુ પ્રમાણે વધતી ફોજ રાખવાની જરૂર પડી હતી તે ફોજના પગાર સારૂ વખતો વખત લખીને નાણુ મંગાવવાનો અધિકાર છે અને સદરહુ પ્રમાણે લખી મોકલે એટલે તે માણસને અવેજ આપવો જોઇએ

૧૫—(૧) સરકારી ગેઝેટમા અથવા સ્થાનીક સરકાર હુકમ કરે તેવી બીજી રીતે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, પોતાના તાબાના હરકોઇ ક્ષેત્રફળમા ફીસાદ થયેલી અથવા જોખમકારક સ્થિતિમા જણાયેલ છે, અથવા તેવા ક્ષેત્રફળના રહેવાશીઓ અથવા તેઓમાના હરકોઈ વર્ગ અથવા જાતની વર્તણુક ઉપરથી પોલીસની સંખ્યા વધારવાની જરૂર છે એમ ઠરાવવા સ્થાનિક સરકારને અધિકાર છે

(૨) સ્થાનીક સરકારે તે પ્રમાણે ઠરાવ્યા ઉપરથી પોલીસના ઇન્સ્પેક્ટર જનરલને અથવા આ બાબતમા સ્થાનીક સરકારે અધિકાર આપેલ હોય તેમ બીજા અમલદારને સ્થાનીક સરકારની મંજુરીથી તેવા જાહેરનામામા જણાવેલા ક્ષેત્રફળમા મામુલ પ્રમાણે રાખવાની પોલીસ ફોજ રાખવાનો અધિકાર છે

(૩) આ કલમની પેટા કલમ ૫ મા જણાવેલા નીયમોને પાત્ર રહીને આવી વધારાની પોલીસનો ખર્ચ તે જાહેરનામામા જણાવેલા ક્ષેત્રફળના રહેવાસીઓએ ખમવો પડશે

(૪) પોતાને જરૂર જણાય તેવી ચોકસી કર્યા પછી, ડિસ્ટ્રીક્ટના માજીસ્ટ્રેટ, ઉપર કહ્યા પ્રમાણે ખર્ચ સોસવાને જવાબદાર હોય તેવા રહેવાસીઓ કે તેઓને હવે પછીની પેટા કલમ પ્રમાણે માફી આપી ન હોય તેવા રહેવાશીઓ દરમ્યાન આવા ખર્ચની વહેંચણી કરશે,

(૫) આવા રહેવાસીઓ પૈકી હરકોઇ માણસ, વર્ગ અથવા જાતને તેવા ખર્ચના હરકોઈ ભાગની જવાબદારીમાથી મુક્ત કરવા સ્થાનિક સરકારને અધિકાર છે

(૬) આ કલમની પેટા કલમ ૧ પ્રમાણે પ્રસિદ્ધ કરેલા હરએક જાહેરનામામા, તે અમલમાં રહેવાની મુદ્દત ઠરાવવી જોઇએ, પરંતુ તે હરકોઇ વખતે પાછુ ખેંચી લઇ શકાશે અથવા જે તે કેસમા સ્થાનિક સરકારને જે પ્રમાણે ફરમાવવુ યોગ્ય લાગે તે પ્રમાણે વિશેષ મુદ્દત અથવા મુદ્દતો માટે તે વખતો વખત ચાલુ રાખી શકાશે

ખુલાસો—આ કલમના કારણ અર્થે " રહેવાશીઓ " એ શબ્દોની અંદર સદરહુ ક્ષેત્રફળની અંદર જે માણસો જાતે અથવા પોતાના મુખત્યાર અથવા નોકરો મારફત જમીન અથવા બીજી સ્થાવર મીલકતનો ભોગવટો કરતા હોય અથવા ધારણ કરતા હોય તેઓનો, તથા તેવા ક્ષેત્રફળમા જે જમીનદારો જાતે અથવા મુખત્યાર અથવા નોકર મારફત રૈયત અથવા કબજેદાર પાસેથી બારોબાર સાથે એકઠી કરતા હોય તેઓનો સમાવેશ થાય છે, પછી તેઓ તેવા ક્ષેત્રફળમા ખરેખર રહેતા ન હોય તોપણ

૧૫—અ—(૧) જે ક્ષેત્રફળ સબંધમાં ગઇ છેલી કલમ પ્રમાણે કાઢેલું જાહેરનામું અમલમાં હોય તે

ક્ષેત્રફળમા, તેવા ક્ષેત્રફળના રહેવાસીઓ અથવા તેઓના કોઇપણ વર્ગ અથવા જાતની ગેરવર્તણુકને લીધે મોત અથવા મહાવ્યથા થઇ હોય અથવા મીલકતનો નાશ અથવા નુકશાન થયુ હોય તો વા ક્ષેત્રફળનો જે રહેવાશી તેવી ગેરવર્તણુકને લીધે નુકશાન થયેલ હોવાનો દાવો રાખતો હોય તેને, તેવા નુકશાનની તારીખથી એક મહીનામા અથવા જે ઓછી મુદત ઠગવવામા આવે તે મુદત દરમ્યાન, જે જીલ્લા અથવા પેટા ટુકડીની અદર તેવી હદ હોય તે જીલ્લાના અથવા પેટા ટુકડીની અદ તેવી હદ હોય તે જીલ્લાના અથવા પેટા ટુકડીના માજીસ્ટ્રેટને વળતર માટે અરજી કરવાનો અધિકાર છે

(૨) આવી અરજી ઉપરથી, તેવા જીલ્લામા ગઇ છલી કલમ પ્રમાણે વધારાની પોલીસ રાખી હોય કે નહિ તોપણ સ્થાનીક સરકારની મજુરી લઇને પોતાને જરૂર જણાય તેની ચોકસી કર્યા પછી

(અ)—જે માણસોને નુકશાન કરવામા આવેલ હોય અથવા જે માણસને તેવી ગેરવર્તણુકથી નુકશાન થયેલ હોય તેવા માણસો ઠગવવાનો

(બ)—તેવા માણસોને આપવાની નુકશાનીની રકમ તથા તેઓ દરમ્યાન કેવી રીતે વહેચી આપની તેની રીત ઠગવવાનો

(ક)—અરજદાર શિવાયના બીજા જે રહેવાશીઓને હવે પછીની પેટા કલમ પ્રમાણે તે આપવાની જવાબદારીથી મુક્ત કરેલ નહોય તેવા રહેવાશીઓએ કયા પ્રમાણમા આપવુ તે ઠરાવી આપવાનો જીલ્લા માજીસ્ટ્રેટને અધિકાર છે

પરતુ એવુ ઠરાવ્યુ છે કે, ઉપર કહેલી ઇજા તેવા ક્ષેત્રફળ માહેની ગર્યિત અથવા ગેરકાયદે મડળીએ કરી છે અને જે માણસને ઇજા થયેલ છે તે, જે બનાવ ઉપરથી તેવી તપાસ કરવી પડી તે બનાવ સબધમા ઠપકાને પત્ર નથી એવો માજીસ્ટ્રેટનો અભિપ્રાય થાય નહીં તો, તેઓ આ પેટા કલમ પ્રમાણે કાઇ પણ ઠગવશે નહી અથવા રકમ નક્કી કરશે નહીં

(૩) સ્થાનીક સરકારને હુકમ કરીને તેવા રહેવાશીઓ પૈકી હરકોઇ માણસો અથવા વર્ગો અથવા જાતને તેવી નુકશાનીનો કાઇ પણ ભાગ આપવાની જવાબદારીમાથી મુક્ત કરવાનો અધિકાર છે

(૪) પેટા કલમ ૨ પ્રમાણે જીલ્લા માજીસ્ટ્રેટે કરેલા હરકોઇ ઠરાવ અથવા મુકરર કરેલી રકમ અથવા કરેલો હુકમ, વિભાગના કમીશનર અથવા સ્થાનીક સરકારના તપાસણી અધિકારને પાત્ર છે, પરતુ તે શિવાય કરીને તે આખરના ગણાશે

(૫) આ કલમ પ્રમાણે જે કોઇ ઇજા સબધમા નુકશાની અપાયેલ હશે તે સબધ કોઇપણ દીવાની દાવો ચાલશે નહીં

ખુલાસો—આ કલમમા "રહેવાશીઓ" એ શબ્દ છે તેનો ગઈ છેલી કલમની માફકજ અર્થ થશે

૧૬—ક ૧૨, ૧૪, ૧૫ અને ૧૫ (અ) પ્રમાણે આપવાના તમામ પૈસા, અને ૧૮૮૨ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની ક ૩૮૬ અને ૩૮૭ મા દડ વસુલ કરવા માટે જે રીત જણાવી છે તે રીતે અથવા હરકોઈ યોગ્ય કોર્ટમા દાવા કરીને ડિસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ વસુલ કરી શકશે

(૨) ક ૧૩, ૧૪ અને ૧૫ પ્રમાણે વસુલ આવેલા અથવા વસુલ કરેલા તમામ પૈસા "જનરલ પોલીસ ફડ" એ નામના ફડમા જમે કરવા અને સ્થાનીક સરકાર હુકમ કરે તે પ્રમાણે પોલીસ ફોજના ખર્ચમા વાપરવા

(૩) ક ૧૫ (અ) પ્રમાણે વસુલ આવેલા અથવા વસુલ કરેલ તમામ પૈસા, તે કલમ પ્રમાણે જે માણસોને તથા જે વગડથી આપવાના હોય તે પ્રમાણે ડિસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે આપવા

૧૭—જ્યારે કોઇ ઠેકાણે ગેરકાયદાસર મડળી મળી છે અથવા હુલ્લડ અથવા ફીસાદ થયો છે, અથવા તેવું થવાની ધાસ્તી છે, અને મામુલ પ્રમાણે પોલીસ ફોજ છે તે ત્યાહા સમાધાન રાખવા જેટલી તથા રહેનારા લોકોની સભાળ કરવા જેટલી તથા માલમિલકતનુ રક્ષણ કરવા જેટલી નથી એવુ દેખાય ત્યારે ઈન્સ્પેકટરના દરજ્જા કરતા જે પોલીસ અમલદારનો દરજ્જો ઓછો નહીં હોય તે પોલીસ અમલદાર, હેઠળ લખ્યા પ્રમાણે કરવાને મુખત્યાર છે, એટલે પોતાને જરૂર દેખાય તેટલી મુદ્દત સુધી તથા તેટલી હદમા સ્પેશીયલ પોલીસ અમલદારનુ કામ કરવા સારૂ આસપાસ રહેનારા લોકોમાથી જેટલા માણસોની પોતાને જરૂર હોય તેટલા માણસોને સ્પેશીયલ પોલીસ અમલદાર નેમવાની અરજી પાસેના માજીસ્ટ્રેટને કરવાને તે પોલીસ અમ-

લદાર મુખત્યાર છે, અને જે માજીસ્ત્રેટને સદરહુ પ્રમાણે અરજી કરવામા આવે તેણે તે અરજી હરકત નહિં હોય તો, કબુલ કરવી

૧૮-મામુલ પોલીસ અમલદારને જે અધિકાર તથા હક હોય છે તેજ અધિકાર તથા હક સદરહુ પ્રમાણે નીમેલા સ્પેશીયલ પોલીસ અમલદારને છે એવુ સમજવુ અને મામુલ પોલીસ અમલદારે જે કામ કરવા જોઇએ તે કામો તેણે કરવા જોઈયે અને મામુલ પોલીસ અમલદાર જે ગુન્હેગારીને પાત્ર હશે તેજ ગુન્હેગારીને તે પાત્ર છે, અને મામુલ પોલીસ અમલદાર જે અધિકારીના તાબામા હોય તેજ અધિકારીના તાબામા તે છે એવુ સમજવુ

૨૪-માજીસ્ત્રેટની રૂબરૂ મજકુર જાહેર કરવાનો, અને ગુન્હો કરનારા હરકોઇ માણસ ઉપર કાયદા પ્રમાણે કાઢવાનો હોય તેવો સમન અથવા વારંટ, અથવા ઝાડો લેવાનુ વારંટ, અથવા કાયદાસર બીજો કાંઈ હુકમ માગવાનો પોલીસ અમલદારને અધિકાર છે

૨૫ સઘળો બેવારશી માલ પોતાના તાબામા લઇને તેની યાદ જીલ્લા માજીસ્ત્રેટને આપવાનુ કામ સઘળા પોલીસ અમલદારોનુ છે, તે માલની પોલીસ અમલદારે જીલ્લા માજીસ્ત્રેટનો હુકમ આવે તે પ્રમાણે વ્યવસ્થા કરવી

૨૬-માલ અટકાવીને તે બાબત હેઠળ લખેલા મજકુરનુ જાહેરનામુ મારવાનો જીલ્લાના માજીસ્ત્રેટને અધિકાર છે, એટલે ફલાણી ફલાણી જણસો છે અને તે ઉપર જે માણસનો દાવો હોય તેણે જાહેરનામાની તારીખથી છ મહિનામા હાજર થઇને પોતાનો હક સાબીત કરવો હોય એવા મજકુરનુ જાહેરનામુ માગવાનો અધિકાર છે

(૨) આ કલમમા જણાવેલી મીલકત સબધમા સને ૧૮૯૨ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની ક ૫૨૫ ના નીયમો લાગુ પડશે

૨૭--(૧) ઠરાવેલી મુદતમા સદરહુ માલ બાબત અથવા તે વેચાયેલ હોય તો તેની કીંમત બાબત કોઇ માણસ દાવો નહીં કરે, અને તે ગઇ છેલી કલમની પેટા કલમ ૨ પ્રમાણે વેચાયેલ નહીં હોય તો તે જીલ્લાના માજીસ્ત્રેટના હુકમ ઉપરથી વેચી શકાશે

(૨) ઉપલી પેટા કલમ પ્રમાણે વેચેલી મીલકતના અને ક ૨૬ પ્રમાણે વેચેલી મીલકતના જે ઉત્પન્ન સબધમા કાંઇ પણ દાવો સ્થાપીત કરવામા આવેલ નહીં હોય તેની વ્યવસ્થા કરવા સરકાર મુખત્યાર છે

૨૮-આ આક્ટ પ્રમાણે પત્રકમા દાખલ થયલા પોલીસ અમલદારનુ નામ પત્રકમાથી કાઢી નાખ્યા પછી તે પોતાનો દાખલો, અને કામ કરવા સારૂ કપડા તથા હથીયારો વીગેરે સરંજામ તેને આપ્યો હોય તે તાબડતોબ પાછો નહી આપશે, તો તેની ઉપર તે વાત માજીસ્ત્રેટની આગળ સાબીત થયા પછી તે બસે રૂપીયા સુધી દંડને અથવા સખત મજુરી સાથે અથવા સખત મજુરી વગર ઘણામા ઘણા છ મહિના સુધી કેદની શિક્ષાને, અથવા આ બેઉ શિક્ષાને પાત્ર થશે

૨૯-પોલીસ અમલદાર પોતાને જે કરવુ જોઇયે તેથી ઉલટી રીતે ચાલશે, અથવા યોગ્ય અધિકારીએ કરેલી કાનુન અથવા કાયદો અથવા કાયદેસર હુકમ જાણી જોઇને તોડશે, અથવા તેની ગફલત કરશે, અથવા પરવાનગી વગર અથવા બે મહિના આગમચ સુચના આપ્યા વગર પોતાના હુદ્દાનુ કામ છોડશે અથવા જે રજા ઉપર ગેરહાજર હોય તે તેની રજા પૂરી થાય એટલે વાસ્તવીક કારણ શિવાય ડયુટી માટે રીપોર્ટ કરવાને ચુકશે અથવા પોલીસના કામ શિવાય બીજુ કઈ કામ હુકમ વગર માથે લેશે, અથવા બીકીકણપણુ કરશે અથવા પોતાના તાબા માંહેના કોઇ માણસને આધાર વગર મારકુટ કરશે તેની ઉપર તે વાત માજીસ્ત્રેટની આગળ સાબિત થશે એટલે તે ઘણામા ઘણા ત્રણ મહિનાના પગાર સુધી દંડને અથવા ઘણામા ઘણા ત્રણ મહિના સુધી સખત મજુરી સાથે અથવા સખત મજુરી વગર કેદની શિક્ષાને અથવા બેઉ શિક્ષાને પાત્રથશે

૩૦-(૧) પ્રસંગને અનુસરી જરૂર હોય તે પ્રમાણે સાર્વજનીક રસ્તામા અથવા ગલીમા અથવા રાહદારીને બીજે રસ્તે મંડળીઓ અને વરઘોડાઓ શી રીતે લઈ જવા તે સંબધમા, તથા આવા વરઘોડાઓ કયે રસ્તે અને કયે વખતે લઇ જવા એ ઠરાવવાનો અધિકાર પોલીસના ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને અથવા પોલીસના આસીસ્ટંટ ડિસ્ટ્રિક્ટ સુપ્રીનન્ડન્ટને છે

(૨) ડિસ્ટ્રિક્ટના અથવા જીલ્લાની પેટા ટુકડીના માજીસ્ત્રેટના અભિપ્રાય પ્રમાણે હરકોઇ માણસો અ થવા માણસોના વર્ગોને, આવા કોઈ રસ્તા, શેરી અથવા ગહદારીના બીજે ઠેકાણે, મંડળી બોલાવવાનો અથવા ભેગી કરવાનો ઇરાદો છે અને તે ઉપર અંકુશ રાખવામા નહીં આવે તો સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવી ખાત્રી થાય તો તેવી મંડળી બોલાવનારા અથવા એકઠી કરનારા અથવા તેવો વરઘોડો કઢાવનારા અથવા તેમા સહાય કરનારા માણસોએ પરવાના માટે અરજી કરવી એવી સામાન્ય અથવા ખાસ નોટીસ આપીને તેઓ ફરજ પાડી શકે

(૩) તેવી અરજી કરવામા આવે એટલે, પરવાનો મેળવનારાઓના નામ જણાવીને અને જે સરતોથી તેવી મંડળી અથવા વરઘોડાની પરવાનગી આપવાની હોય તે સરતો જણાવીને તથા બીજી રીતે આ કલમને અનુસરીને તેઓ પરવાનગી આપવાને મુખતીયાર છે

પરંતુ એવુ ઠરાવ્યુ છે કે, તેવી અરજી ઉપર અથવા તેવો કોઇ પણ પરવાનો આપવા સંબધમા કાંઇ પણ ફી લેવામા આવશે નહી

(૪) વળી ઓચ્છવના અને ઉત્સવના પ્રસંગે શેરીઓમા વાજા વગાડવાની હદ સંબધમા તેઓ નીયમન કરવાને મુખતીયાર છે

૩૦ (અ)—હરકોઇ માજીસ્ત્રેટ અથવા પોલીસના ડીસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ અથવા આસીસ્ટંટ ડીસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડન્ટ અથવા પોલીસ ઇન્સ્પેક્ટર અથવા થાણાનો હરકોઇ પોલીસ અમલદાર, ગઇ છેલી કલમ પ્રમાણે આપેલ પરવાનાની સરતોનો ભંગ કરનારો હરકોઇ વરઘોડો અટકાવવાને, અને તેવો કોઇ પણ વરઘોડો અથવા તેવી હરકોઈ સરતનો ભંગ કરનારી મંડળી વીખરાઇ જવાનો હુકમ કરવાને મુખત્યાર છે

ગઇ છેલી પેટા કલમ પ્રમાણે કરેલો કાંઇ પણ હુકમ નહી માનનારા હરકોઈ વરઘોડાને અથવા મંડળીને ગેરકાયદે મંડળી ગણવામા આવશે

૩૧—સાર્વજનીક રસ્તામા તથા ગલીમા તથા રાહદારીને ઠેકાણે તથા ઘાટ ઉપર તથા ઉતરવાની જગાએ સ્વસ્થતા રાખવી, અને સાર્વજનીક રસ્તામા તથા ગલીમા લોકો એકઠા થાય અને એકઠા થઇને જાય ત્યારે રસ્તો બંધ નહી થાય તેવો બંદોબસ્ત કરવો, અથવા ઇશ્વરની ભક્તિ કરવાની જગાએ લોકો ભેગા કરતા હોય ત્યારે તે જગાની આસપાસનો રસ્તો બંધ નહી થઈ જાય તેવો બંદોબસ્ત કરવો, અને હરકોઇ રસ્તામા અથવા ગલીમા અથવા ગહદારીને ઠેકાણે અથવા ઘાટ ઉપર અથવા ઉતરવાની જગાએ લોકોની ભીડ થાય અથવા રસ્તો બંધ થવા સરખુ હોય ત્યારે રસ્તો બંધ નહી થઇ જાય તેવો બંદોબસ્ત કરવો તે પોલીસનુ કામ છે

૩૨—ઉપરની છેલ્લી (ત્રણ) કલમો પ્રમાણે આપેલા હુકમને કોઇ માણસ હરકત કરશે, અથવા નહી માનશે, અથવા વાજીત્ર વગાડવા બાબત, અથવા લોકોએ શી રીતે એકઠા થવુ તે બાબત, અથવા એકઠા થઇને શી રીતે જવુ તે બાબત પોલીસના ડીસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડન્ટ અથવા આસીસ્ટંટ સુપ્રીન્ટેન્ડેન્ટે જે પરવાનો આપ્યો હોય તેની સરતો તોડશે તેની ઉપર તે ગુન્હો માજીસ્ટ્રેટની આગળ સાબીત થશે એટલે તે બસો રૂપીઆ સુધી દંડને પાત્ર થશે

૩૩—ઉપરની છેલ્લી (ચાર) કલમોમા કહેલી બાબતમા જીલ્લાના માજીસ્ટ્રેટનો સામાન્ય અધિકાર છે તે અધિકારને તે કલમોના ઠરાવ ઉપરથી હરકત થાય છે એવુ સમજવુ નહી

૩૪—ઠેકાણા ઠેકાણાની સરકારે આ કલમ ખસુસ કરીને જે શહેર લાગુ કરી હોય તે શહેરની હદ માહેના રસ્તામા અથવા ખુલી જગ્યામા અથવા ગલીમા અથવા રાહદારીને ઠેકાણે કોઇ માણસ હેઠળ લખેલા ગુન્હા માહેનો કંઇ ગુન્હો કરીને ત્યાના રહેવાસીઓને તથા આવનાર જનાર લોકોને હરકત અથવા હેરાનગતી અથવા જોખમ અથવા ધાસ્તી અથવા નુકશાન કરશે તેની ઉપર તે ગુન્હો માજીસ્ટ્રેટની આગળ સાબીત થશે એટલે તે પચાસ રૂપીયા સુધી દંડ અથવા વધારેમા વધારે આઠ દહાડા સુધી (સખત મજુરીની અથવા આસન) કેદની શિક્ષાને પાત્ર થશે અને સદરહુ પ્રકારનો હરકોઇ ગુન્હો કરતા કોઇ માણસ પોતાની નજરે પડે તેને વારંટ વગર કેદ કરવાનો પોલીસ અમલદારને અધિકાર છે એવુ સમજવુ ગુન્હાની વિગત—

પહેલી,—જે માણસ ઢોર મારશે અથવા મારી નાખેલા ઢોરના ચામડા વીગેરે કહાડીને માસ સાફ કરશે તે માણસ અને જે માણસ જનાવર ઉપર બેસીને અથવા બીજી રીતે તેને અવિચારથી અથવા

ઘણા જોરથી હાકશે તે માણુસ અથવા હરકોઈ ઘોડાને અથવા બીજા જનાવરને શીખવશે તે માણુસ

બીજી—કોઇ માણુસ અવિચારથી અથવા નિર્દયપણે કોઈ જનાવરને દોડાવશે, અથવા તેની ઉપર જુલમ કરશે તે માણુસ

ત્રીજી—માલ ભરવા સારૂ અથવા ખાલી કરવા સારૂ ઉતારૂ લેવા સારૂ અથવા ઉતારવા સારૂ જરૂર હોય તેટલી વાર કરતા વધતીવાર સુધી જે માણુસ કઇ જનાવર અથવા હરકોઇ જાતનુ વાહન ઉભુ રાખી મુકશે, અથવા કોઇ કઇ વાહન લોકોને અડચણ થાય અથવા ભય લાગે તેવી રીતે રાખી મુકશે તે માણુસ

ચોથી—કોઇ માણુસ કઇ માલ વેચવાને માંડી મુકશે તે માણુસ

પાચમી—કોઇ માણુસ કઇ કચરો અથવા ગદવાડ અથવા કાદવ કુચો અથવા પથરા અથવા બાધકામનો સામાન નાખશે અથવા મુકશે તે માણુસ, અથવા ગાયનો ગોડો અથવા તબેલો અથવા તેવુ જ બીજુ કઇ બાધશે તે માણુસ, અથવા કોઇ ઘરમાથી અથવા કારખાનામાથી અથવા ઉકરડામાથી અથવા તેવા બીજા કશામાથી કઇ ઉપદ્રવકારક પદાર્થ વેહેવા દેશે તે માણુસ

છઠ્ઠી—કોઇ માણુસ દારૂ વગેરે પીઇને છાકટો થયેલો અથવા મસ્તી કરતા માલમ પડે તે માણુસ, અથવા જેનાથી પોતાની સભાળ થતી નથી તે માણુસ

સાતમી—કોઇ માણુસ કુવાને અથવા તળાવને અથવા બીજી ભયકર જગોને અથવા ઇમારતને આડ કરવાની અથવા તેનો યોગ્ય રીતે બદોબસ્ત કરવાની ગફલત કરશે તે માણુસ

૩૫—આ આક્ટ પ્રમાણે ગુન્હો સાબીત થયા પછી ઇન્સાફ કરનારા અમલદારે શિક્ષા ઠરાવવી તે પોતાને જેટલો દડ અથવા કેદની શિક્ષા કરવાનો અધિકાર હોય તે અધિકારની અદર ઠરાવવી, પણ એવુ ઠરાવ્યુ છે કે જે પોલીસ અમલદારનો દરજો કોન્સ્ટેબલના દરજા કરતા ઉચો હોય તેની ઉપર આ આક્ટ પ્રમાણે તોહોમત આવ્યુ હોય તેની ચોકસી માજીસ્ટ્રેટના અધિકાર ચલાવનારા અમલદારેજ કરીને નિકાલ કરવો

૩૬—આ આક્ટમા જે ગુન્હા બાબત શિક્ષા ઠરાવી છે તે ગુન્હા બાબત બીજા કોઇ કાયદા પ્રમાણે અથવા આ આક્ટ પ્રમાણે કોઈ માણુસ ઉપર ફરીયાદ કરવાને હરકત છે એવો અર્થ આ આક્ટના કોઇ ઠરાવનો કરવો નહી, અથવા તે ગુન્હા બાબત આ આક્ટમા શિક્ષા ઠરાવી છે તે કરતા વત્તી અથવા બીજી શિક્ષા બીજા કોઇ કાયદા ઉપરથી અથવા આ આક્ટ ઉપરથી થવાને તે માણુસ પાત્ર થતો નથી એવો પણ અર્થ કરવો નહી પણ એવુ ઠરાવ્યુ છે કે એકજ ગુન્હા બાબત કોઇ માણુસને બે વાર શિક્ષા કરવી નહી

૩૭—દડ સબધના હિદુસ્તાનના પીનલ કોડની કલમ ૬૪ થી ૭૦ સુધીના અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૮૬ થી ૩૮૯ બને સુધાતના નીયમો, માજીસ્ટ્રેટ પાસે ગુન્હા સાબીતીનો ઠરાવ થયેથી આ કાયદા પ્રમાણે કરેલી શિક્ષા અથવા દડને લાગુ પડશે

પરતુ એવુ ઠરાવ્યુ છે કે પીનલ કોડ ક ૬૫ મા ગમે તે કહ્યુ હોય તોપણ આ કાયદાની કલમ ૩૪ પ્રમાણે શિક્ષા કરી હોય એવો હરકોઇ માણુસ તેવો દડ આપવામા કસુર કરે તો તેને આઠ દિવસ કરતા વધારે ન હોય તેવી હરકોઇ મુદતની કેદ કરી શકશે

કલમ ૩૮, ૩૯ અને ૪૦ સને ૧૮૯૫ ના એક્ટ ૮ ની ક ૧૪ થી રદ થઇ છે

૪૧—પોલીસ અમલદારના હાથથી સમન વિગેરે હુકમ પોહોચાડવા બાબત અવેજ આવે તે અને ઇનામનો તથા દડનો અથવા ઇનામના અથવા દડના હિસ્સાનો અવેજ ખબર આપનારને કાયદા પ્રમાણે આપવામા આવે છે તેવો અવેજ પોલીસ અમલદાર ખબર આપે તે ઉપરથી આવે ત્યારે તે જનરલ પોલીસ ફડમા જમે કરવુ

૪૨—આ આક્ટના ઠરાવ ઉપરથી અથવા આ આક્ટ પ્રમાણે પોલીસનો સામાન્ય અધિકાર આપ્યો છે તે અધિકાર ઉપરથી કાઇ વાત કરવા બાબત અથવા કરવાનો ઇરાદો કરવા બબત કોઇ માણુસ ઉપર ફરિયાદ કરવાનો કાયદા પ્રમાણે આધાર હોય તે ફરિયાદ જે વાત બાબત કરવી હોય તે વાત થયા પછી ત્રણ મહિનાની અદર શરૂ કરવી જોઇએ, નહી તો ચાલશે નહિ, અને તે ફરિયાદ શરૂ કર્યા પહેલા નિદાન એક મહિના આગમચ તે ફરિયાદની તથા તેવા કારણથી લખેલી સુચના પ્રતિવાદીને, અથવા જે જીલ્લામા વાત થઇ હોય તે જીલ્લાના ડિસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ અથવા આસિસ્ટટ ડિસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટને આપવી એ પ્રમાણે ફરિયાદ કર્યા પહેલા પ્રતિવાદીએ નુકશાનીનો પુરો બદલો કેવો કહાડ્યો હશે ત્યારે અથવા ફરિયાદી કર્યા પછી પ્રતિવાદીએ અથવા પ્રતિવાદીની તરફથી પુરેપુરી રકમ કોર્ટમા ભરશે તો

વાદીની ફરિયાદ ચાલશે નહિ અને સદરહુ પ્રકારના મુકરદમામા વાદીની તરફનુ હુકમનામુ થશે તોપણ પ્રતિવાદી પાસેથી તેને ખર્ચ મળશે નહી, પણ જે જડજની આગળ તે મુકરદમાનો ઇનસાફ થાય તે જડજ એવો દાખલો આપશે કે એ ફરિયાદ કરી છે તે યોગ્ય છે તો પ્રતિવાદીની પાસેથી ખર્ચ મળશે પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારના અમલદાર ઉપર જે વાત બાબત ફોજદારીમા ફરિયાદ થઇ હોય તેજ વાત બાબત તેની ઉપર દિવાનીમા ફરિયાદ ચાલશે નહી

૪૩–કોઇ પોલીસ અમલદારે પોતાના હુદાના જોરથી કઇ વાત કરી હોય તે બાબત તેની ઉપર કઇ ફરિયાદ થાય, અથવા કામ ચાલે ત્યારે તેને નીચે લખ્યા પ્રમાણે જવાબ દેવાનો અધીકાર છે એટલે એ વાત મે કરી તે માજીસ્ટ્રેટે આપેલા વારંટના આધારથી કરી છે એવો જવાબ આપવાનો તેને અધિકાર છે, સદરહુ વાત કરવા બાબત જે વારંટમા ફરમાવ્યુ હોય અને જે ઉપર માજીસ્ટ્રેટની સહી હોય તે રજુ કરીને તે જવાબ સાબીત કરવો પછી માજીસ્ટ્રેટની હકુમતમા કઇ ખામી હોય તોપણ પ્રતિવાદીની તરફનુ હુકમનામુ કરવુ, માજીસ્ટ્રેટની સહી ખરી છે કે નહીં તે બાબત કોર્ટને શક આણવાનુ કારણ નહીં હોય તો માજીસ્ટ્રેટની સહી બાબત પુરાવાની જરૂર નથી પણ એવુ ઠરાવ્યુ છે કે, તે વારંટ આપનારા અધિકારી ઉપર લોકોનો જે ઉપાય ચાલતો હોય તે કરવાને આ કલમના કોઇ ઠરાવથી હરકત થાય છે એવુ સમજવુ નહી

૪૪–ઠેકાણા ઠેકાણાની સરકાર વખતે વખતે ફરમાવે તે નમુના પ્રમાણે રોજનામુ રાખીને તેમા જે ફરીયાદ થાય તે ફરીયાદ, અને જે માણસો પકડાય તેઓના નામો, તથા ફરીયાદ કરનારના નામો, અને કેદીઓની ઉપર તોહોમત મુકયા હોય તે તોહોમત અને તેઓના કબજામાથી અથવા બીજી રીતે લીધેલા હથીઆરો અથવા માલ અને જે શાહેદોની જુબાની લીધી હોય તેઓના નામ રોજનામામા દાખલ કરવ એ જે અમલદારને સ્વાધીન પોલીસનુ થાણુ હોય તે અમલદારનુ કામ છે, તે રોજનામુ મગાવીને જોવાને જીલ્લા માજીસ્ટ્રેટ મુખત્યાર છે

૪૫–ઠેકાણા ઠેકાણાની સરકારને યોગ્ય લાગશે તેવા પત્રકો મોકલવાનુ ઇન્સ્પેકટર જનરલને તથા બીજા પોલીસ અમલદારને ફરમાવવાને, અને તે પત્રકો કયા નમુના પ્રમાણે તૈયાર કરવા તે નમુના ઠરાવવાને ઠેકાણા ઠેકાણાની સરકાર મુખત્યાર છે

૪૬–(૧) આ કાયદો તેના પોતાનાજ અમલથી કોઇ પણ પ્રેસીડેન્સીમા અથવા પ્રાતમા અથવા જગ્યામા અમલમા આવશે નહીં, પરતુ ગવરનર જનરલ ઇન કાઉન્સીલ ઇંડીયા ગેઝેટમા હુકમ પ્રસિદ્ધ કરીને આ આખો આકટ અથવા તેનો હરકોઇ ભાગ હરકોઈ પ્રેસીડેન્સી, પ્રાત અથવા જગ્યાને લાગુ પાડવાને મુખત્યાર છે, અને આ આખો કાયદો અથવા તેનો જે ભાગ તેવા હુકમમા જણાવવામા આવશે તેવા પ્રેસીડેન્સી પ્રાત અથવા જગ્યામા અમલમા આવશે

(૨) આ આખો કાયદો અથવા તેનો હરકોઇ ભાગ તેની રીતે લાગુ પાડેલ હશે ત્યારે સ્થાનીક સરકાર સરકારી ગેઝેટમા જાહેરનામુ કાઢીને,

(અ)–આ આકટથી અથવા આકટની રૂએ માજીસ્ટ્રેટો અથવા પોલીસ અમલદારો ઉપર નાખેલી ફરજ તેઓએ શી રીતે અદા કરવી તે બાબતનુ નીયમન કરવા સબધી

(બ) ક ૧૫ (અ) પ્રમાણે કપનસેશન સબધના દાવાઓ કેટલા વખતમા કેવી રીતે અને કઈ સરતે કરવા તેવા દાવાઓમા કઇ કઇ બાબતો જણાવવી જોઇએ, તે તજે કેવી રીતે પ્રતિજ્ઞા લેખ કરવા, અને તે ઉપરથી કેવી રીતે કામ ચલાવવુ જરૂર હોય તો સ્થાનીક તપાસ સહીત તે [illegible] સબધમા અને

(ક)–સામાન્ય રીતે આ કાયદાના નીયમોનો અમલ કરવા માટે આ આકટને અનુસરતી હોય તેવી વખતો વખત કાનુનો કરવાને મુખત્યાર છે

આ આકટ પ્રમાણે કરેલી દરેક કાનુનો સ્થાનીક સરકાર વખતો વખત દુરસ્ત કરી શકશે, તેમા ઉમેરો કરી શકશે અથવા તે રદ કરી શકશે

૪૭–પોતાના તાબા માહેના મુલકના કોઈ ભાગમા આ આકટ અમલમા લાવતી વખતે ઠેકાણા ઠેકાણાની સરકાર ગામના રખેવાલ ઉપર અથવા ગામના બીજા પોલીસ અમલદાર ઉપર પોલીસના કામ સારૂ જીલ્લા માજીસ્ટ્રેટ જે અધિકાર ચલાવે છે અથવા જે અધિકાર ચલાવવાનો તેનો અખત્યાર છે તે અધિકાર પોલીસના ડીસ્ટ્રીકટ સુપ્રીન્ટેન્ડેન્ડે જીલ્લા માજીસ્ટ્રેટના હુકમ પ્રમાણે ચલાવવો એવુ ઠરાવવાને મુખત્યાર છે

રેલવેનો કાયદો.

(૧૮૯૦ નો નવમો સુધારા વધારા સાથે.)

બાબ ૧ લો પ્રથમ નિયમો.

૧ (૧) આ આકટને સન ૧૮૯૦ નો હિદુસ્તાનની રેલવેનો આકટ કહેવો

(૨) આ આકટ ઉત્તર બ્રહ્મદેશ તથા બ્રિટિશ બલુચિસ્તાન સુદ્ધા સઘળા બ્રિટિશ હિદુસ્તાનને લાગુ પડશે, અને મલિકામાઆજમા સાથે મૈત્રી રાખનારા હિદુસ્તાનના રાજાઓના અને સસ્થાનોના મુલકોમા રહેનારી મલિકા માઆઝમાની સઘળી પ્રજાને અને બ્રિટિશ હિંદુસ્તાનના તેમજ સદરહુ મુલકોની હદ બહાર તથા પેલીગમ રહેનારી મલીકા માઆઝમાની સઘળી એકદેશિય પ્રજાને આ આકટ લાગુ પડશે

૨ (૧) પહેલા પરિશિષ્ટમા લખેલા કાયદા તેજ પરિશિષ્ટના ત્રીજા આસનમા લખ્યુ છે તેટલે સુધી સદરહુ તારીખે તથા તે તારીખથી રદ કર્યા છે

૩–આ આકટમા વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી બાધ આવતો ન હોય તો નીચેના શબ્દોનો અર્થ નીચે પ્રમાણે ઠરવો

(૧) " ટ્રામ્વે " એ શબ્દનો અર્થ સન ૧૮૮૬ ના હિદુસ્તાનના ટ્રામ્વે આકટ મુજબ અથવા ટ્રામ્વે સબધી કોઈ પણ વિશેષ આકટ મુજબ બાધેલી ટ્રામવે એવો સમજવો

(૨) ' તર " આ શબ્દમા મછવાના હોડીના અથવા ત્રાપાના પુલનો, ફરતા પુલનો લશ્કરને જવા સારૂ કરેલા પુલનો તથા હગામી પુલનો, તથા તરણી પાસે જવાના રસ્તાનો તથા તર ઉપરથી ઉતરવાની જગાનો સમાસ થાય છે

(૩) 'ભુમધ્ય જળાશય " એટલે બ્રિટિશ હિદુસ્તાનમાની કોઇ પણ નેહેર, નદી, સરોવર અથવા નોકાગમ્ય જળાશય

(૪) " રેલવે " એ શબ્દનો અર્થ ઉતારૂ, જનાવર અથવા માલ સાર્વજનીક રીતે લઇ જવાનીરેલવે અથવા રેલવેનો કોઇ પણ ભાગ એવો સમજવો અને એ શબ્દમા નીચે લખેલાનો સમાસ થાય છે, એટલે

(અ) રેલવેને લગતી જમીનની હદ બતાવનારી વાડ માહેની અથવા બીજી કોઇ હદ નિશાન માહેની સઘળી જમીનનો,

(બ) રેલવેની જે સઘળી લાઇન, સાઇડીંગ અથવા શાખા રેલવેના કારણ સારૂ અથવા રેલવેના સબધમા ચલાવવામા આવતી હોય તેનો,

(ક) રેલવેના કારણ સારૂ અથવા રેલવેના સબધમા બાધેલા સઘળા સ્ટેશનો, ઓફીસો, વખારો, ડકા, વર્કશોપ શિલ્પશાળા કારખાના જડેલા સામાન તથા યત્ર અને બીજા કામનો, અને

(ડ) રેલવેના ટ્રાફીકના કારણ સારૂ ભુમધ્ય જળાશય ઉપર વપરાતી જે તરો, વહાણ મછવા તથા ત્રાપા રેલવેનો વહીવટ ચલાવનાર અધિકારીના તાબામા હોય અથવા તેણે ભાડે રાખ્યા હોય અથવા તે ચલાવતો હોય તે સઘળી તરો, વહાણ, મછવા તથા ત્રાપાનો

(૫) " રેલવે કપની " એ સજ્ઞામા જે માણસો રેલવેના ધણી અથવા પટે રાખનાર હોય અથવા રેલવે ચલાવવા માટે થએલી કબુલાયતના પક્ષકાર હોય તેઓનો સમાસ થાય છે, પછી તેઓ સસ્થાપિત થયા હોય કે ના હોય,

(૬) " રેલવે આડમિનિસ્ટ્રેશન " અથવા " આડમિનિસ્ટ્રેશન " આ શબ્દોનો અર્થ, સરકાર અથવા એકદેશીય સસ્થા તરફથી વહિવટ થતો હોય એવી રેલવેને પ્રસગે, તે રેલ્વેનો મ્યાનેજર એવો સમજવો, અને તે શબ્દમા તે સરકારને અથવા તે એતદેશીય સસ્થાનો સમાસ થાય છે, અને કોઇ રેલવે કમ્પની તરફથી વહિવટ થતો હોય એવી રેલવેને પ્રસગે "રેલ્વે આડમિનિસ્ટ્રેશન"અથવા" આડમિનિસ્ટ્રેશન " આ શબ્દોનો અર્થ તે રેલવે કમ્પની એવો સમજવો

(૭) " રેલવેનો નોકર " એ સજ્ઞાનો અર્થ રેલવેનુ કામ કરવાના સબધમા રેલવે, આડમિનિસ્ટ્રેશને ચાકરીમા રાખેલો કોઇ પણ માણસ એવો સમજવો

(૮) " ઇન્પેક્ટર " આ શબ્દનો અર્થ આ આકટ પ્રમાણે નિમાયલો રેલવેનો ઇન્સ્પેકટર એવો સમજવો,

(૯) માલ" આ શબ્દમા દરેક જાતની જડ વસ્તુનો સમાસ થાય છે,

(૧૦) " રોલીંગ સ્ટોક " આ શબ્દમા સર્વ જાતના લોકોમોટિવ એનજીનનો ટેકરનો, ગાડીયો, વાગનનો, ટ્રકનો અને ટ્રોલીનો સમાસ થાય છે

(૧૧) ' ટ્રાફીક " આ શબ્દમા દરેક પ્રકારના રોલીંગ સ્ટોકનો તેમજ ઉતારૂ જનાવર તથા માલનો સમાસ થાય છે,

(૧૨) " સલગ ટ્રાફીક " આ શબ્દનો અર્થ બે અથવા વધારે રેલવે આડમિનિસ્ટ્રેશનના તાબાની રેલવે ઉપર લઇ જવાનો હોય એવો ટ્રાફીક

(૧૩) " દર " આ શબ્દમા કોઇ પણ ઉતારૂ, જનાવર, અથવા માલ લઈ જવા માટેના ભાડાનો, ચાર્જ । અથવા આપવાની બીજી કઇ રકમનો સમાસ થાય છે

(૧૪) ' ટરમીનલ"આ શબ્દમા સ્ટેશન, સાઇડીંગ, કકડા, ડીપો, વખાર યારી, અને તેની બીજી બાબતને લગતા ખર્ચનો તથા તે ઠેકાણે કરવામા આવેલા હરકોઇ કામને લગતા ખર્ચનો સમાસ થાય છે

(૧૫) " પાસ " આ શબ્દાર્થનો અર્થ રેલવે આડમિનિસ્ટ્રેશને અથવા આ અર્થે રેલવે આડમિનિસ્ટ્રેશન તરફથી નિમાયલા કોઈ અમલદારે કોઇ માણસને આપેલા જે કોઇ પણ અધિકાર પત્ર ઉપરથી તે માણસને ઉતારૂ તરીકે રેલવમા મફત મુસાફરી કરવાનો અખત્યાર મળતો હોય તે અધિકાર પત્ર એવો સમજવો

(૧૬) ' ટીકીટ " આ શબ્દમા જવાની (સીંગલ) ટીકીટ, જવા આવવાની (રીટર્ન) ટીકીટ તથા અમુક મુદતની (સીઝન) ટીકીટનો સમાસ થાય છે

(૧૭) ' મણ " એટલે ૧૮૦ ગ્રેન ટોય વજનવાલા તોલા લેખે ૩૨૦૦ તોલાનુ વજન, અને

(૧૮) " કલેકટર " એ શબ્દનો અર્થ જીલ્લાની જમીન મહેસુલનો વહિવટ જેને સ્વાધીન હોય એવો મુખ્ય અમલદાર સમજવો, અને તે શબ્દમા આ આકટ મુજબનુ કલેકટરનુ કામ બજાવવા સારૂ સ્થાનિક સરકારે ખાસ રીતે નિમેલા કોઇ પણ અમલદારનો સમાસ થાય છે

બાબ ૨ રેલવે તપાસવા બાબત.

૪ –૧ ગવર્નર જનરલ ઇન કૌંસિલ કોઇપણ માણસોને તેમના નામથી અથવા તેમના હુદ્દાના સબબથી રેલવેના ઇન્સ્પેકટરો તરીકે નિમવાને મુખત્યાર છે

(૨) રેલવેના ઇન્સ્પેકટરના કર્તવ્ય કર્મ નીચે લખ્યા મુજબ છે, એટલે—

(અ) સાર્વજનિક રીતે ઉતારૂઓને લઈ જવા સારૂ અમુક રેલવે ચાલુ કરવી યોગ્ય છે કે નહિ એ નક્કી કરવાના હેતુથી રેલવે તપાસી જોવી, અને આ આકટમા ફરમાવ્યા મુજબ ગવર્નર જનરલ ઇન કૌંસિલને તે બાબતનો રિપોર્ટ કરવો

(બ) ગવર્નર જનરલ ઇન કૌંસિલ ફરમાવે તે પ્રમાણે કોઇ પણ રેલવેની અથવા તે ઉપર વપરાતા કોઈ પણ રોલીંગ સ્ટોકની મુદતે મુદતે અથવા બીજી રીતે તપાસ કરવી

(ક) રેલવે ઉપર કઇ અકસ્માત્ થયો હોય તે શાથી થયો તેની આ આકટ પ્રમાણે ચોકશી કરવી,

(ડ) આ આકટથી અથવા રેલવે સબધી વિદ્યમાનકાળે જે બીજો કોઇ કાયદો અમલમા હોય તે કાયદાથી પોતાને માટે બીજા જે કર્ત્તવ્યકર્મો ઠરાવ્યા હોય તે બજાવવા

૫–આ આકટ મુજબ જે કર્ત્તવ્યકર્મ કોઇ ઇન્સ્પેકટરે બજાવવા જોઇએ અથવા જે બજાવવાનો તેને અધિકાર હોય તે પૈકી કોઈ પણ કર્ત્તવ્ય કર્મના કારણ સારૂ સદરહુ ઇન્સ્પેકટર ઈંડિયન પીનલ કોડના અર્થ પ્રમાણે સરકારી નોકર છે એમ સમજવુ, અને તેને સદરહુ કારણ સારૂ હેઠળ લખેલા અધિકાર ગવર્નર જનરલ ઇન કૌંસિલના નિબધને અનુસરીને છે, એટલે —

(અ) કોઇપણ રેલ્વે ઉપર અથવા ત્યા વપરાતા કોઇ પણ રોલીંગ સ્ટોક ઉપર જઇને તે તપાસી જોવાનો

(બ) રેલ્વે આડમિનિસ્ટ્રેશન ઉપર પોતાની સહીનો હુકમ લખી મોકલીને રેલ્વેના કોઇ પણ નોકર ને પોતાની આગળ હાજર થવાનુ ફરમાવવાનો, અને જે ચોકસી કરવી પોતાને યોગ્ય જણાય તે ચોકસીના કામમા એવા રેલ્વેના નોકર પાસેથી અથવા તે આડમિનિસ્ટ્રેશન પાસે બજાવવા અથવા પત્રકો માગવાનો,

(૩) (કોઇ રેલ્વે કમ્પની તથા કાયદા સબધી તેના સલાહકારની વચ્ચે ચાલેલા પત્રવ્યવહાર શિવાય) કોઇ પણ રેલ્વે આડમિનિસ્ટ્રેશનની અથવા તેના કબજામાની અથવા તેના નિર્બંધ નિચેની જે કોઇ પણ ચોપડી અથવા દસ્તાવેજ તપાસી જોવાની જરૂર છે એમ પોતાને દેખાય તે ચોપડી અથવા દસ્તાવેજ રજુ કરવાનું ફરમાવવાનો

૬—આ આકટથી ઇન્સ્પેકટરને માથે નાખેલા કર્તવ્ય કર્મો તે બજાવે તથા આપેલા અધિકાર તે ચલાવે એટલા માટે તેની સઘળી વ્યાજબી સુગમતા રેલ્વે આડમિનિસ્ટ્રેશને કરી આપવી

૭—આ આકટના, તથા રેલ્વે આડમિનિસ્ટ્રેશનની નહી હોય એવી સ્થાવર મિલકતની બાબતમા સાર્વજનિક કામ સારૂ તથા કપનીઓ સારૂ જમીન લેવા બાબતના વિદ્યમાનકાળે ચાલુ હોય એવા કોઇ પણ કાયદાના ઠરાવોને પાત્ર રહીને, અને એકાદી રેલ્વે કપનીની બાબતમા તે કપની અને સરકાર વચ્ચે જે કંઈ કરાર થયો હોય તે કરારના ઠરાવોને પણ પાત્ર રહીને વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઇ પણ કાયદામા ગમે તે મજકુર હોય તોપણ, રેલ્વે બાધવા સારૂ અથવા તેના સંબધમા સગવડ અથવા બીજા કંઈ કામ કરી આપવા માટે નીચે લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર છે એટલે-

(અ) કોઇ પણ જમીન, અથવા કોઇ પણ સ્ટ્રીટ, ડુગર, ખીણ, રસ્તા રેલ્વે અથવા ટ્રામવે, અથવા કોઈ પણ નદી, નહેર, નાળા, વેહેળા, અથવા બીજા જળાશય અથવા કોઇ પણ મોરી, પાણીના નળ, ગ્યાસની નળી, અથવા તારની લાઇન હોય તેમા અથવા તેની ઉપર, વચ્ચે અથવા નીચે રેલ્વે આડમિનિસ્ટ્રેશનને યોગ્ય લાગે એવા હગામી અથવા કાયમ ઉતરણ, આદકા, વિવર, માર્ગ, ગરનાળા, બાધ, પાણીના નળ, પુલ + રેલ્વે લાઇન, રસ્તા, માર્ગ, વાટ, નીક, મોરી, ડકકા, ડુગર કોરેલા રસ્તા તથા વાડ કરવા અથવા બાધવાનો

(બ) કોઇ પણ નદી, નાળા વેહેળા અથવા ઝરા ઉપર અથવા તેમની નીચે વિવર માર્ગ, પુલ, વાટ અથવા બીજો બાધકામ બાધીને ટકાવી રાખવા સારૂ રેલ્વે આડમિનિસ્ટ્રેશનને યોગ્ય લાગે તે પ્રમાણે તેમના પ્રવાહમાં ફેરફાર કરવાનો તથા તેજ પ્રમાણે કોઇ પણ નદી, નાળા, વહેળા અથવા ઝરા અથવા કોઇ પણ રસ્તા, સ્ટ્રીટ અથવા માર્ગ રેલ્વેની ઉપરથી, નિચેથી અથવા તેની બાજુએથી વધારે સોઇ ભરેલી રીતે જાય તે સારૂ પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે તેમનો પ્રવાહ અથવા દિશા થોડા વખત સારૂ અથવા કાયમને માટે વાળવાનો અથવા તેમા ફેરફાર કરવાનો, તેમની સપાટી ઉંચી નીચી કરવાનો

(ક) રેલ્વેથી અથવા રેલ્વે ઉપર પાણી લઈ જવા માટે તે રેલ્વેની કોઈ પણ જમીનમા, જમીન નીચે અથવા જમીનમા થઈને મોરી અથવા નીક કરવાનો

(ડ) રેલ્વે આડમિનિસ્ટ્રેશનને યોગ્ય લાગે તેવા ઘરો, વખારો, ઓફીસો તથા બીજી ઇમારતો, તથા યાર્ડ (ચોક) સ્ટેશન, ડકા, એનજીન સાચાકામ, ઓજાર અને બીજા કામ તથા જરૂરી સાહીત્ય ઉભા કરવાનો તથા બાધવાનો,

(ઈ) ઉપર કહેલા પ્રકારની ઇમારતોમા, કામમા અથવા જરૂરી સાહિત્યમા અથવા તેમાની કોઈ પણ ઇમારતમા, કામમા અથવા જરૂરી સાહિત્યમા કરવાનો, તેની મરામત કરવાનો અથવા તે બધ કરવાનો, અને તેમને બદલે બીજી ઇમારતો, કામ તથા સાહિત્ય દાખલ કરવાનો, અને

(ફ) રેલ્વે કરવામા, ટકાવી રાખવામા, તેમા ફેરફાર કરવામા, અથવા તેની મરામત કરવામા અને તેને વાપરવામા જરૂર લાગે એવા બીજા સઘળા કામ કરવાનો,

(૨) પેટા કલમ (૧) ની રૂયે એકાદ રેલ્વે આડમિનિસ્ટ્રેશનને મળેલો અધિકાર ગવરનર જનરલ ઇન કોંસિલના નિર્બંધ હેઠળ રહીને ચલાવવો જોઈએ

૮—આ આકટ ઉપરથી રેલ્વે આડમિનિસ્ટ્રેશનને આપેલો અધિકાર ચલાવવાના કારણ સારૂ તે રેલ્વે

આડમિનિસ્ત્રેશન ગ્યાસ અથવા પાણી અથવા દાબેલી હવા પુરી પાડનારી કોઇ પણ નળીની અથવા વાજળીના કોઈ પણ તારની અથવા મુખ્ય મોરી શિવાયની બીજી કોઈ પણ મોરીની જગા બદલવાને મુખત્યાર છે, પણ એવુ ઠરાવ્યુ છે કે,–

(અ) જ્યારે એવી કોઈપણ નળીની તારની અથવા મોરીની જગા બદલવાની રેલવે આડમીનિસ્ત્રેશનની મરજી હોય ત્યારે તેણે એમ કરવાના પોતાના ઇરાદાની અને એ કામનો પ્રારંભ પોતે કયારે કરશે તે વખતની નોટીસ, જે સ્થાનિક અધિકારીના અથવા કમ્પનીના નિબંધ હેઠળ તે નળી, તાર અથવા મોરી હોય તે સ્થાનિક અધિકારી અથવા કમ્પનીને, અથવા તે નળી, તાર અથવા મોરી સ્થાનિક અધિકારી અથવા કમ્પનીના નિબંધ હેઠળ નહોય ત્યારે, તે નળી, તાર અથવા મોરી જે માણુસના નિબંધ હેઠળ હોય તે માણસને આપવી જોઈએ

(બ) જે સ્થાનિક અધિકારીને, કમ્પનીને અથવા માણસને વિશેષ ઠરાવ (અ) પ્રમાણે નોટીસ પહોચે તે મજકુર કામની દેખરેખ રાખવા સારૂ માણસને મોકલવાને મુખત્યાર છે, અને રેલવે આડમિનિસ્ત્રેશને તે કામ આ પ્રમાણે મોકલેલા માણસની યોગ્ય રીતે ખાત્રી થાય એવી રીતે કરવુ જોઈએ, તથા એવુ કામ ચાલતુ હોય તે દરમિયાન, પ્રસંગ પ્રમાણે ગ્યાસ, પાણી, દાબેલી હવા અથવા વીજળી પુરી પાડવાની અથવા મોરીના પાણીનો નિકાલ કરવાની તજવીજ રાખવી જોઇએ

૯ (૧) ગવર્નર જનરલ ઇન કોંસિલ, કોઈપણ રેલવે આડમિનિસ્ત્રેશનના નિબંધ હેઠળના કોઇપણ ડુંગર કાપીને કરેલા રસ્તાની, બાંધની અથવા બીજા કાંઈ કામની ભેખડ તુટી પડે અથવા તુટી પડવાની ધાસ્તી હોય અથવા બીજો કાઇ અકસ્માત બને અથવા બનવાની ધાસ્તી હોય તે પ્રસંગે, તે રેલવે આડમિનિસ્ત્રેશનને તે અકસ્માત થયા પછી મરામત કરવા સારૂ અથવા તે અકસ્માત ન થવા દેવા સારૂ તે રેલવે પાસેની કોઇપણ જમીન ઉપર પ્રવેશ કરવાનો તથ તે મરામત કરવા સારૂ અથવા તે અકસ્માત ન થવા દેવા સારૂ જે કામ કરવાની જરૂર હોય તે કરવાનો અધિકાર આપવાને મુખત્યાર છે

(૨) જરૂરીના પ્રસંગે ગવર્નર જનરલ ઇન કૌસિલની પ્રથમ મંજુરી મેળવ્યા શિવાય સદરહુ જમીન ઉપર પ્રવેશ કરીને ઉપર કહેલા કામો કરવાનો રેલવે આડમિનિસ્ત્રેશનને અધિકાર છે, પણ આવે પ્રસંગે, તે રેલવે આડમિનિસ્ત્રેશને તે થયેલો અથવા થવાની ધાસ્તી રાખેલો અકસ્માત શી જાતનો હતો તે બાબતનો તથા કેવી જાતના કામ કરવાની જરૂર છે તે બાબતનો રિપોર્ટ ગવર્નર જનરલ ઇન કૌંસિલને આવો પ્રવેશ કર્યા પછી ૭૨ કલાકની અંદર કરવો જોઈએ, અને તે રિપોર્ટ ઉપર વિચાર કર્યા પછી ગવર્નર જનરલ ઇન કૌંસિલને એમ લાગે કે આ પેટા કલમ મુજબ રેલ્વે આડમિનિસ્ત્રેશનનો આપેલો અધિકાર લોકોની સલામતી માટે ચલાવવાની જરૂર નથી તો તે અધિકાર રદ થશે તથા બંધ પડશે,

૧૦—(૧) ઉપરની છેલ્લી ત્રણ કલમો પૈકી કોઈપણ કલમથી આપેલા અધિકાર ચલાવતા રેલવે આડમિનિસ્ત્રેશને બને તેટલુ થોડુ નુકશાન કરવુ, અને તે અધિકાર ચલાવતા જે કાંઇ નુકશાન થાય તે તે નુકશાનનો બદલો આપવો

(૨) એવો બદલો લેવાની બાબતમા કોઈ ફરીયાદ ચાલશે નહી પણ તકરાર પડે તે પ્રસંગે, કલેકટરને અરજી કરેથી, નુકશાનના બદલાની રકમ ' ૧૮૯૪ ના જમીન લેવા બાબતના આકટની કલમો ૧૧ થી ૧૫ (બને સુદ્ધા) ના, કલમો ૧૮ થી ૩૫ અને ક ૫૩ અને ૫૪ (બને સુદ્ધા) ના ઠરાવો પ્રમાણે નક્કી કરવામા તથા આપવામા આવશે, અને તેજ આકટની ૫૧ તથા ૫૨ મી કલમોના " ઠરાવો તે નુકશાનના બદલા બાબતના ફેસલાને લાગુ પડશે

૧૧ (૧) રેલવેને લગતી જમીનના ધણી તથા ભોગવટો કરનારની સુગમતા સારૂ રેલવે આડમિનિસ્ટ્રેશને નીચે લખેલા કામો કરીને ટકાવી રાખવા, એટલે––

(અ) જે જમીનમાથી રેલવે કાઢી હોય તે જમીનનો ઉપયોગ કરવામા તે રેલવેથી જે કઇ પણ હરકત થતી હોય તેનો બદલો વાળવા માટે, ગવર્નર જનરલ ઇન કૌંસિલના અભિપ્રાય પ્રમાણે જરૂરના હોય તેના અને તેટલા યોગ્ય ક્રોસિંગ પુલ, આરકા, ગરનાળા તથા રસ્તા સદરહુ રેલવે ઉપર તેના તળે, અથવા તેની બાજુએ કરીને ટકાવી રાખવા અથવા તેની તરફ જાય અથવા ત્યાથી નીકળે એમ કરીને ટકાવી રાખવા, અને

(બ) તે રેલવેની પાસે આવેલી અથવા તે રેલવેથી જેને હરકત થતી હોય એવી જમીનમાથી અથવા જમીનમા, તે રેલવે બાધવામા આવી તે પહેલા જેવા ખુલાસાથી પાણી વહેતું હોય તેટલા ખુલાસાથી અથવા બને તેટલા ખુલાસાથી સઘળે વખતે પાણી વહે તે માટે ગવર્નર જનરલ ઇન કૌસિલના અભિપ્રાય પ્રમાણે જોઇએ તેવા કદના, રેલવેની ઉપર, તેની તળે અથવા તેની બાજુએ સઘળા જરૂરી આરકા, વિવર માર્ગ, ગરનાળા મોરી, પાણીના માર્ગ અથવા બીજા રસ્તે કરીને ટકાવી રાખવા

(૨) આ આકટના બીજા ઠરાવોને અનુસરીને, પેટા કલમ (૧) ની રકમ (અ) તથા (બ) મા નિર્દિષ્ટ કરેલા કામો, જે જમીન ઉપર થઇને તે રેલવે જતી હોય તે જમીન ઉપર, તે રેલવે આકતી અથવા બાધતી વખતે અથવા આક્યા પછી અથવા બાધ્યા પછી તરતજ કરવા જોઇએ, અને તે એવી રીતે કરવા જોઈએ કે તે જમીનમા હિત સબંધ હોય એવા માણસોને અથવા સદરહુ કામોથી જેના વહિવટમા હરકત થતી હોય એવા માણસોને બને તેટલુ થોડુ નુકશાન થાય અથવા બને તેટલી થોડી અગવડતા પડે

(૩) આ કલમના ઉપર કહેલા ઠરાવો નીચે લખેલા વિશેષ ઠરાવોનો પાત્ર છે એટલે-

(અ) રેલવે ચલાવવામા અથવા તેનો ઉપયોગ કરવામા અટકાવ અથવા હરકત થાય એવી રીતે સુગમતાના કઇપણ કામ બાધવા માટે, અથવા સુગમતાના જે કામના સબધમા, જમીનના ધણી અથવા ભોગવટો કરનારાઓ તે કામ કરવાની ફરજ નહીં પાડવાના અવેજમા નુકશાનનો બદલો લેવા કબુલ થયા હોય તથા તે તેમને મળ્યો હોય તે સુગમતાના કામ બાધવા માટે રેલવે આડનિસ્ટ્રેશનને ફરજ પાડવી નહીં જોઇએ

(બ) આ બાબતમા હવે પછી ઠરાવ્યુ છે તે શિવાયને પ્રસગે, સદરહુ જમીનમાથી જતી રેલવે સાર્વજનીક ટ્રાફીક સારૂ પહેલ પહેલી ઉઘાડી હોય તે તારીખથી દસ વર્ષ વિત્યા પછી સદરહુ જમીનના ધણી અથવા ભોગવટો કરનારના ઉપયોગ સારૂ સુગમતાના કોઇ પણ વધારે અથવા જાસ્તી કામ બાધવાનુ ખરચ આપવાને ગવર્નર જનરલ ઇન કૌસિલ હુકમ કરે તે શિવાય રેલવે આડમિનિસ્ટ્રેશનને ફરજ પાડવી નહીં જોઇએ

(ક) કોઇ રસ્તો અથવા વહેળો ઓળગવા સારૂ કોઈ રેલવે આડમિનિસ્ટ્રેશનને યોગ્ય સુગમતા કરી આપ્યા પછી તે રસ્તા અથવા વહેળાના માર્ગમા, જે માણસના નિર્બધ હેઠળ તે હોય તે માણસના કૃત્યને લીધે અથવા ગફલતને લીધે ફેરફાર થાય, તે રસ્તો અથવા વહેળો ઓળવા સારૂ બીજી સુગમતા કરી આપવા માટે રેલવે આડમિનિસ્ટ્રેશનને ફરજ પાડવી નહીં જોઇએ

(૪) પેટા કલમ (૧) મુજબ કરવાનુ કોઈ પણ કામ કઈ વખતે શરૂ કરવુ તે ઠરાવવાને ગવર્નર જનરલ ઇન કૌશિલ મુખત્યાર છે, અને તે વખત પછી ચૌદ દિવસમા તે કામ શરૂ કરવાને રેલવે આડમિનિસ્ત્રેશન ચુકે તો, અથવા તે શરૂ કર્યા પછી યોગ્ય રીતે તથા કાળજીથી તે પુરૂ કરવાને ચુકે તો, તે કામ કરીને તેનો થયેલો ખરચ રેલવે આડમિનિસ્ત્રેશન પાસેથી વસુલ કરવાનો ગવનર જનરલ ઇન કૌસિલન અધિકાર છે

૧૨—કોઇ રેલવેથી હરકત થયેલી કોઇ પણ જમીનના કોઇ પણ ધણી અથવા ભોગવટો કરનારને એમ લાગે કે ઉપરની છેલ્લી કલમ મુજબ કરેલા કામ તે જમીનનો સગવડ ભરેલી રીતે ઉપયોગ કરવાને પુરતા નથી, અથવા એકાદી રેલવેની આરપાર, તેની હેઠળ અથવા ઉપર સાર્વજનીક રસ્તો અથવા બીજુ કાઇ કામ બાધવાની સ્થાનિક અધિકારીની ઇચ્છા હોય તો, તે કારણ સારૂ જે સુગમતાના જાસ્તી કામ કરવાનુ પોતાને જરૂર લાગે તથા જે કરી આપવાને રેલવે આડમિનિસ્ત્રેશન કબુલ કરે, અથવા મતભેદ પડે તે પ્રસગે, ગવર્નર જનરલ ઇન કૌસિલ જે સુગમતાના જાસ્તી કામ કરવાનો અધિકાર આપે તેવા કામ પોતાને ખરચે કોઇ પણ વખતે કરવાની રેલવે આડમિનિસ્ત્રેશનને ફરજ પાડવાને તે ધણી અથવા ભોગવટો કરનાર અથવા અધિકારી મુખત્યાર છે

૧૩—ગવર્નર જનરલ ઇન કૌસિલ પોતાના ફરમાનમા લખેલી મુદતની અદર અથવા આ અર્થે પોતે જે વધારે મુદત ઠરાવે તેની અદર નિચે લખેલા કામો કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે એટલે—

(અ) રેલવે માટે અથવા તેના કોઇ પણ ભાગ માટે તથા તેમના સંબંધમા બાંધેલા રસ્તા માટે રેલ્વે આડમિનિસ્ટ્રેશને હદ નિશાન અથવા વાડ કરવી અથવા ફરીથી નવી કરવી,

(બ) રેલવે થતા પહેલા બાંધેલા કોઇપણ સાર્વજનિક રસ્તા ઉપર આવજાવ કરનાર લોકોને તે રેલવે ઉપર ચાલતાં રોલીંગ સ્ટોક નજરે પડવાથી અથવા તેનો અવાજ સાભળવાથી ઘોડા અથવા બીજા જનાવર ભડકે તેને લીધે થતું જોખમ અટકાવવા સારૂ તે રસ્તા પાસે અગર તે રસ્તાની બાજુ પાસે પડદા જેવુ કઇ પણ કામ રેલ્વે આડમિનિસ્ટ્રેશને કરવુ અથવા ફરીથી નવુ કરવુ

(ક) જે જે ઠેકાણે સાર્વજનિક રસ્તાની સપાટી ઉપર થઇને રેલવે ગઇ હોય તે તે ઠેકાણે રેલવે આડમિનિસ્ટ્રેશને યોગ્ય, દરવાજા, સાકળો, પગથીઆ અથવા કઠેરા કરવા અથવા ફરીથી નવા કરવા,

(ડ) આવા દરવાજા, સાકળો અથવા સળીઆ ઉઘાડવા તથા વાસવા સારૂ રેલવે આડમિનિસ્ટ્રેશને માણસો રાખવા

૧૪ (૧)—કોઇ રેલવે આડમિનિસ્ટ્રેશને સાર્વજનીક રસ્તાની સપાટી ઉપર આડી રેલવે બાંધી હશે તે પ્રસંગે, ગવર્નર જનરલ ઇન કોંસિલ કોઇ પણ વખતે, લોકોની સલામતીને માટે પોતાને જરૂરનું દેખાય તો, સદરહુ રેલવે આડમિનિસ્ટ્રેશનને નીચે લખ્યા પ્રમાણેનુ કામ, પોતાને યોગ્ય લાગે તે મુદતની અંદર કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે એટલે–તે રસ્તાની સપાટી ઉપર થઇને તે રેલવે લઇ જવાને બદલે તે રસ્તો તે રેલવેની નીચેથી અથવા તેની ઉપરથી પુલ અથવા આરકા બાંધીને વાળવાનુ, તથા તેના સબધમા સોઇવાળા ચઢાવ તથા ઉતરણ તથા તેની પાસે જવાના બીજા સોઇવાળા માર્ગ બાંધવાનુ, અથવા એકદર હકીકત જોતા, લેવલ ક્રોસીંગથી થતુ જોખમ દુર કરવા માટે ગવર્નર જનરલ ઇન કૌંસિલને ઘણાજ યોગ્ય દેખાય તેવા બીજા કાંઇ કામ કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે

(૨) પેટા કલમ (૧) મુજબના ફરમાન પ્રમાણે અમલ કરવામા રેલવે આડમિનિસ્ટ્રેશનને થાય તે સર્વ ખર્ચ અથવા ગવર્નર જનરલ ઇન કૌંશિલને યોગ્ય લાગે તેટલો તેનો ભાગ જો કોઇ સ્થાનિક અધિકારી તરફથી સદરહુ રસ્તો ટકાવી રાખવામા આવતો હોય તો તે અધિકારીએ આપવા માથે લેવુ જોઇએ એવી શરતે સદરહુ પેટા કલમ પ્રમાણે હુકમ કરવાનો ગવર્નર જનરલ ઇન કૌંસિલને અધિકાર છે

૧૫ (૧) નીચે લખેલી બેમાની કોઇ પણ બાબતમા એટલે–

(અ) કોઇ રેલવે પાસેનુ એકાદુ ઉભુ ઝાડ તે રેલવે ઉપર પડીને ટ્રાફીકને હરકત કરશે એવી ધાસ્તી હોય

(બ) કોઇ પણ કાયમ સિગનલ નજરે પડવામા એકાદુ ઝાડ આડે આવતુ હોય

ત્યારે તે રેલવે આડમિનિસ્ટ્રેશનને કોઇપણ માજીસ્ટ્રેટની પરવાનગીથી તે ઝાડ કાપી નાખવાનો અથવા પ્રસગ પ્રમાણે તે ધાસ્તી અથવા તે હરકત આડમિનિસ્ટ્રેશનના અભિપ્રાય પ્રમાણે જે બીજી રીતે દુર થઇ શકે તે રીતે ઝાડની વ્યવસ્થા કરવાનો અધિકાર છે

(૨) પેટા કલમ (૧) મા કહેલો અધિકાર જરૂરના પ્રસગે, માજીસ્ટ્રેટની પરવાનગી શિવાય ચલાવવાનો રેલવે આડમિનિસ્ટ્રેશનને અખત્યાર છે

(૩) પેટા કલમ (૧) અથવા પેટા કલમ (૨) મુજબ કાપી નાખેલુ અથવા બીજી રીતે વ્યવસ્થા કરેલુ ઝાડ તે રેલવે બાંધવામા આવી તે પહેલાનુ અથવા તે સીગનલ ઉભી કરવામા આવી તે પહેલાનુ હોય તો, સદરહુ ઝાડમા હિત સબધ હોય એવા માણસોએ કોઇપણ માજીસ્ટ્રેટને અરજી કર્યા ઉપરથી માજીસ્ટ્રેટ પોતાને યોગ્ય લાગે તેવો નુકશાનનો બદલો તે માણસોને આપવાનો ઠરાવ કરવાને મુખત્યાર છે

(૪) આવો કોઇપણ ઠરાવ આખરનો છ એમ સમજવુ, પરતુ જો ઇલાકાના શહેરમા ચીફ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ શિવાય બીજા કોઇપણ માજીસ્ટ્રેટ તે કર્યો હોય તો તે ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા જે ઇલાકાના શહેરની બાહાર બીજે કોઇપણ જગાએ ડિસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ શિવાય બીજા કોઈ પણ માજીસ્ટ્રેટે કયો હોય તો ડિસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ તેની તપાસ કરી શકશે

(૫) આ કલમ મુજબ કાપેલા અથવા બીજી રીતે વ્યવસ્થા કરેલા કોઇપણ ઝાડ બદલ નુકશાનનો મનો વસુલ કરવા બાબતની ફરિયાદ દિવાની કોરટે દાખલ કરવી નહી

ભાગ ૪.

રેલવે ચાલુ કરવા બાબત

૧૬—(૧) ગવર્નર જનરલ ઇન કૌંસિલની પ્રથમ મંજુરી લઇને, કોઇ પણ રેલવે આડમિનિસ્ટ્રેશનને રેલવે ઉપર લોકોમોટિવ એનજીનનો અથવા બીજી ચાલક શક્તિનો અને તે એનજીનવડે અથવા શક્તિવડે ખેંચવાના અથવા ધકેલવાની રોલીંગસ્ટોકનો ઉપયોગ કરવાનો અધિકાર છે

(૨) પરંતુ કોઇપણ રેલવે સંબંધી જરૂર જણાય એવી સાધારણ કાનુનો આ આક્ટ મુજબ ઘડવામાં, મંજુર કરવામાં તથા પ્રસિદ્ધ કરવામાં આવે ત્યાં સુધી તે રેલવે ઉપર વરાળના જોરથી અથવા બીજી ચાલાક શક્તિથી રોલીંગસ્ટૉક ચલાવવું નહીં જોઇએ

૧૭—(૧) સાર્વજનીક રીતે ઉતારૂઓને લઇ જવા સારૂ કોઇપણ રેલવે ચાલુ કરવાનો કોઇ રેલવે આડમિનિસ્ટ્રેશનનો ઇરાદો હોય તે પહેલા નિદાન એક મહિના આગમજ પોતાના એવા ઇરાદા બાબતની ગવર્નર જનરલ ઇન કૌંસિલને લેખી નોટીસ તે રેલવે આડમિનિસ્ટ્રેશને આપવી જોઇએ પણ તેમા પેટા કલમ (૨) ના ઠરાવો લાગુ રહેશે.

(૨) ગવર્નર જનરલ ઇન કૌંસિલ કોઇપણ પ્રસંગે, પોતાને યોગ્ય લાગે તો, પેટા કલમ (૧) મા કહેલી નોટીસની મુદ્દત કમી કરવાને અથવા નોટીસ માફ કરવાને મુખત્યાર છે,

૧૮—ગવર્નર જનરલ ઇન કૌંસિલ અથવા આ અર્થે ગવર્નર જનરલ ઇન કૌંસિલ તરફથી અધિકાર મળેલો કોઇ ઇન્સ્પેકટર સાર્વજનીક રીતે ઉતારૂઓને લઇ જવા સારૂ રેલવે ચલાવવાની મંજુરીનો હુકમ આપે ત્યા સુધી સદરહુ રેલવે તે કામ સારૂ ચલાવવી નહિ

૧૯—(૧) રેલવે તપાસ કર્યા પછી ઇન્સ્પેકટર નિચે લખ્યા પ્રમાણે ગવર્નર જનરલ ઇન કૌંસિલને લેખી રિપોર્ટ કરે ત્યા સુધી ઉપરની છેલ્લી કલમ મુજબ ગવર્નર જનરલ ઇન કૌંસિલની મંજુરી આપવામા આવશે નહીં તે રીપોર્ટ એવો કે—

(અ) રેલવે તથા રોલીંગ સ્ટોક કાળજીથી તપાસ્યા છે,

(બ) જડ બાંધકામના તથા ફરતી ગાડી વિગેરેના માપની ગવર્નર જનરલ ઇન કૌંસિલે જે મર્યાદા ઠરાવી છે તેનું અતીક્રમણ થયુ નથી,

(ક) રેલ (પાટા) નુ વજન, પુલની મજબુતી, કામની બાંધણીનુ સાધારણ ધોરણ તથા કોઇપણ રોલીંગસ્ટોકની ધરીનુ કદ તથા તે ઉપર પાડનારા ભારનુ એક દર પરિમાણ ગવર્નર જનરલ ઇન કૌંસિલે ઠ-રાવ્યા પ્રમાણે છે

(ડ) રેલવે ઉપર જોઇએ તેટલા રોલીંગ સ્ટોક રાખેલા છે

(ઇ) ઉતારૂઓને સાર્વજનિક રીતે લઇ જવા માટે રેલવે ચાલુ કરવામા આવે ત્યારે તે રેલવે ચ-લાવવા માટેની સાધારણ કાનુનો આ આક્ટ મુજબ ઘડવામા મંજુર કરવામા આવી છે, અને

(ફ) સાર્વજનિક રીતે ઉતારૂઓને લઇ જવા માટે સદરહુ રેલવે ચાલુ કરવામા આવે તો તેનો ઉપયોગ કરનારા સઘળા લોકોને જોખમ પહોચશે નહીં એવો મારો અભિપ્રાય છે

(૨) સદરહુ રેલવેનો ઉપયોગ કરનારા સઘળા લોકોને જોખમ પહોચ્યા શિવાય તે રેલવે સાર્વજ-નીક રીતે ઉતારૂઓને લઇ જવા માટે ચાલુ કરી શકાય તેમ નથી એવો તે ઇન્સ્પેકટરનો અભિપ્રાય હોય તો તેણે તે અભિપ્રાય તથા તેના કારણો ગવર્નર જનરલ ઇન કૌંસિલને લખી મોકલવા જોઇએ અને તે ઉપ-રથી રેલવે ચાલુ કરવાનુ મુલતવી રાખવાનુ મુલતવી રાખવા બાબત રેલવે આડમિનિસ્ટ્રેશનને હુકમ કરવાનો ગવર્નર જનરલ ઇન કૌંસિલને અધિકાર છે

(૩) તે રેલવે ચાલુ કરવાની મંજુરી મળતા પહેલા શરત તરીકે જે બાબતો પાળવી જોઇએ તે ઉપરની છેલી પેટા કલમ મુજબ કરેલા હુકમમા લખવી જોઇયે અને તે હુકમમા એમ ફરમાવવુ જોઇયે કે સદરહુ બાબતો પાળવામા આવે ત્યા સુધી, અથવા તે રેલવેનો ઉપયોગ કરનાર સઘળા લોકોને જોખમ પહો-ચ્યા શિવાય તે રેલવે ચાલુ કરી શકાશે એમ બીજી રીતે ગવર્નર જનરલ ઇન કૌંસિલની ખાત્રી થાય ત્યા સુધી, રેલવે ચાલુ કરવાનુ મુલતવી રાખવુ.

(૪) આ કલમ પ્રમાણે આપવાની મંજુરી કાંઇપણ સરત વગર, અથવા ગવર્નર જનરલ ઇન કૌંસિલના અભિપ્રાય પ્રમાણે જે શરત લોકોની સલામતી સારૂ જરૂરની હોય તે શરતે આપવાનો અધિકાર છે

(૫) જ્યારે કોઇ રેલવે ચાલુ કરવા બાબતની મંજુરી શરત કરીને આપી હોય અને રેલવે આડમિનિસ્ટ્રેશન તે શરત પુરી કરવાને ચુકે, ત્યારે તે મંજુરી રદ થઇ એમ સમજવુ જોઇએ અને ગવર્નર જનરલ ઇન કોાંસિલની ખાત્રી થાય તે રીતે તે શરત પુરી કરવામા આવે ત્યા સુધી તે રેલવે ચલાવવી નહીં અથવા તેનો ઉપયોગ કરવો નહીં

૨૦—(૧) પેટા કલમ (૨) મા કહેલા જે કામો સાર્વજનીક રીતે ઉતારૂઓને લઇ જવા સારૂ વપરાતી રેલવેના અંશભુત તરીકે હોય, અથવા જેમાનો તે રેલવેની સાથે પ્રત્યક્ષ સંબંધ હોય અને જે રેલવે પ્રથમ ચાલુ કરવામા આવી તે પહેલા થયેની તપાસ પછી બાધેલા હોય તે કામો ચાલુ કરવાના હશે તો તેને રેલવે ચાલુ કરવા સબંધી કલમ ૧૭, ૧૮ અને ૧૯ ના ઠરાવ લાગુ પડશે

(૨) પેટા કલમ (૧) મા કહેલા કામોની વિગત નીચે પ્રમાણે છે રેલવેની વધારાતી લાઇનો, મુખ્ય લાઇનના ફાટા, સ્ટેશનો, સાધા તથા સપાટી ઉપરના ક્રોસિંગ, તથા જે કોઇ પણ કામને કલમ ૧૭, ૧૮ તથા ૧૯ ના ઠરાવો લાગુ પડતા હોય અથવા આ કલમથી લાગુ કર્યો છે તે કામની બાધણીના સ્વરૂપ વિશેષ રીતે અસર કરે એવો હરકોઈ ફેરફાર અથવા ફરીથી બાધેલુ કામ

૨૧—એકાદ અકસ્માતને લીધે થોડાક વખત સુધી ટ્રાફીક બંધ પડયો હોય અને મુખ્ય લાઇન તથા કામો પ્રથમ જેવા હતા તેવાજ જલદીથી કરી દેવામા આવ્યા હોય અથવા એ સ્થળે વચેનો વ્યવહાર બંધ પડેલો પાછો ચલાવવા સારૂ મુખ્ય લાઇન મૂકીને બીજી હંગામી લાઈન એટલે ફાટો નાખવામા આવ્યો હોય ત્યારે પ્રસગ પ્રમાણે ઉપર કહ્યા મુજબ પ્રથમ હતી તેવી પાછી કરેની અસલ લાઈન તથા અસલ કામો અથવા આ પ્રમાણે કરેલો હંગામી ફાટો ઈન્સ્પેકટર હાજર ન હોય તે નીચેની શરતોને અનુસરીને, સાર્વજનીક રીતે ઉતારૂ લઈ જવા સારૂ, ચાલુ કરવાનો અધિકાર છે, એટલે—

(અ) તે અકસ્માતને લીધે માથે લીધેલા કામો રેલવેના જે કોઈ નોકરને સોપ્યા હોય તે નોકરે એવો લેખી દાખલો આપવો જોઇએ કે પ્રથમ હતી તેવી કરેલી તે લાઈન તથા કામો અથવા તે હંગામી ફાટો ચાલુ કર્યાથી મારા મત પ્રમાણે સદરહુ લાઈન તથા કામોનો અથવા સદરહુ ફાટાનો ઉપયોગ કરનાર લોકોને કંઈ પણ જોખમ પહોચશે નહિ, અને

(બ) તે લાઇન તથા કામો અથવા તે હંગામી ફાટો ચાલુ કર્યાની નોટીસ તે રેલવે સારૂ નીમેલા ઈન્સ્પેકટરને બનતી તાકીદે તાર મારફત મોકલવી જોઈએ.

૨૨—કલમ ૧૭ થી ૨૦ એ ચાર કલમોમા ઠરાવેલી તજવીજ કીયા પ્રસંગે ન કરવામા આવે તો ચાલે તથા તે તે પ્રસગે કેટલે સુધી ન કરવામા આવે તો ચાલે એ ઠરાવવા બાબતની કાનુનો ઘડવાનો ગવર્નર જનરલ ઈન કૌંસિલને અધિકાર છે

૨૩ (૧) સાર્વજનીક રીતે ઉતારૂઓને લઈ જવા સારૂ વપરાતી કોઈપણ ચાલુ રેલવે અથવા તે ઉપર વપરાતા કોઈપણ રોલીંગ સ્ટોક તપાસ્યા પછી ઈન્સ્પેકટરને એમ લાગે કે તે રેલવે અથવા નિર્દિષ્ટ કરેલા કોઈપણ રોલીંગ સ્ટોક વાપરનાર લોકોને તેનો ઉપયોગ કર્યાથી જોખમ પહોચશે ત્યારે તેણે પોતાનો એવો અભિપ્રાય તથા તેના કારણો ગવર્નર જનરલ ઈન કૌંસિલને લખી મોકલવા જોઇએ, અને તે ઉપરથી ગવર્નર જનરલ ઈન કૌંસિલને નિચે લખ્યા પ્રમાણે હુકમ કરવાનો અધિકાર છે, એટલે ઉતારૂઓને સાર્વજનીક રીતે લઇ જવા માટે તે રેલવે બંધ કરવી અથવા એ પ્રમાણે નિર્દિષ્ટ કરેલો રોલીંગ સ્ટૉક વાપરવાનુ બંધ કરવુ અથવા તો રેલવેનો અથવા એ પ્રમાણે નિર્દિષ્ટ કરેલા રોલીંગ સ્ટોકનો સાર્વજનીક રીતે ઉતારૂઓને લઈ જવા સારૂ ઉપયોગ કરવો તે લોકોની સલામતી સારૂ ગવર્નર જનરલ ઈન કૌંસિલને જરૂરની જણાય એવી શરતેજ માત્ર કરવો

(૨) પેટા કલમ (૧) મુજબ કરેલા હુકમમા તે બાબતના કારણો લખેલા હોવા જોઈએ,

૨૪ (૧)—ઉપરની છેલ્લી કલમ મુજબ એકાદી રેલવે બંધ કરી હોય તે આ આકટના ઠરાવો પ્રમાણે તપાસવામા આવે ત્યા સુધી તથા તે ફરી ચાલુ કરવાની મંજુરી મળે ત્યા સુધી ઉતારૂઓને સાર્વજનીક રીતે લઇ જવા સારૂ તે ફરી ચાલુ કરવી નહી

(૨) કોઈ નિર્દિષ્ટ કરેલો રોલીંગ સ્ટોક વાપરવાનુ બધ કરવા વીશે ગવર્નર જનરલ ઇન કૌસિલે ઉપરની છેલ્લી કલમ મુજબ હુકમ કર્યો હશે ત્યારે તે રોલીંગ સ્ટોકમા વાપરવા લાયક છે એવો રીપોર્ટ ઇન્સ્પેક્ટર કરે નહી ત્યા સુધી અને તે વાપરવાની મજુરી ગવર્નર જનરલ ઇન કૌસિલ આપે નહિ ત્યા સુધી વાપરવો નહી

(૩) કોઈ પણ રેલવે અથવા રોલીંગ સ્ટોક વાપરવા સબધી, ઉપરની છેલ્લી કલમ મુજબ ગવર્નર જનરલ ઇન કૌસિલે જે કઇ પણ શરત ઠરાવી હોય તે તેઓ રદ કરે નહી ત્યા સુધી પાળવા જોઇએ

૨૫ (૧) ગવર્નર જનરલ ઇન કોસિલ, આ બાબ મુજબના પોતાના કામ પૈકી કોઇ પણ કામ કરવાનો, સાધારણ અથવા વિશેષ હુકમથી, ઇન્સ્પેક્ટરને અધિકાર આપવાનો અને આવુ કોઈ પણ કામ કરનાર ઇન્સ્પેક્ટરે આપેલી કઇ પણ મજુરી અથવા હુકમ રદ કરવાને, અથવા તે મજુરી અથવા હુકમ ગવર્નર જનરલ ઇન કૌસિલે પોતે આપ્યો હોત તો જે શરત પોતે ઠરાવી શકત તેવી કોઈ પણ શરત તે હુકમ અગર મજુરી સાથે જોડવાને મુખત્યાર છે

(૨) પેટા કલમ (૧) મુજબ ઠરાવેલી શરત ગવર્નર જનરલ ઇન કૌસિલે આપેલી મજુરી અથવા હુકમ સાથે જોડી હોત તો તે જેવી રીતે અમલમા આવત તેવીજ રીતે આ આકટના સઘળા કારણ સારૂ અમલમા આવશે એમ સમજવુ

બાબ ૫.

રેલવે કમિશન તથા ટ્રાફીકની સગવડ. રેલવે કમિશન.

૨૬ (૧) આ બાબના કારણ સારૂ ગવર્નર જનરલ ઇન કૌસિલે, પ્રસગને અનુસરીને પોતાને જરૂર લાગે તે પ્રમાણે રેલવે કમિશન જેને આ આકટમા કમીશનરો કહેવામા આવશે એ નામનુ એક કમીશન નીમવુ જોઇએ, અને તેમા કાયદા ખાતાનો એક કમિશનર તથા બે સાધારણ કમિશનર હોવા જોઇએ

(૨) ગવર્નર જનરલ ઇન કૌસિલ ઠરાવશે તેવે વખતે અને તેવી જગાએ સદરહુ કમીશનરોની બેઠક થશે

(૩) કાયદા ખાતાનો કમિશનર, જે જગાએ કમિશનરોની બેઠક થવાની હોય તે જગામા, સને ૧૮૮૨ ના ક્રિમિનલ પ્રોસીજર કોડ મુજબ રાણીની વીલાયતી રૈયતના સબધમા હકુમતવાળી હાઇકોર્ટનો કોઇ જડજ હોવો જોઈએ, અને તે જડજ જે હાઈકોર્ટની સ્થાપના વિકટોરીઆ રાણીની કારકીર્દની ૨૪ તથા ૨૫ મા વર્ષમા પસાર થયેલા સ્ટાટયુટના ચાપટર ૧૦૪ મુજબ થઈ હોય, તે હાઈકોર્ટની બાબતમા તેના ચીફ જસ્ટીસ, અથવા પજાબની ચીફ કોર્ટની બાબતમા સીનિયર જડજે, અથવા રગુનના રેકાર્ડરની કોર્ટની બાબતમા બ્રહ્મદેશના ચીફ કમીશનરે, ગવર્નર જનરલ ઇન કૌસિલ તરફથી કહેવામા આવે એટલે પોતાની સહીવાળા લખાણથી નીમવો જોઇએ

(૪) સાધારણ કમિશનરોને ગવર્નર જનરલ ઇન કૌસિલ નિમશે, અને તેમાનો નિદાન એક કમિશનર રેલવેના કામકાજમા માહિતગાર હોવો જોઇએ

૨૭—ગવર્નર જનરલ ઇન કૌસિલ કમિશનરોની આગળ જે કઇ મુકદમા મોકલે તેજ તેઓએ સાભળવા

૨૮—નીચે લખેલા પ્રસગ પૈકી કોઇપણ પ્રસગે, એટલે—

(અ) કોઇ પણ રેલવે આડમીનસ્ટ્રેશનને આ બાબનો કોઈપણ ઠરાવ તોડીને અથવા તે વિરૂદ્ધ ચાલીને કઇ પણ કામ કર્યા બદલ અથવા ન કર્યા બદલ ગવર્નર જનરલ ઇન કૌસીલને ફરીયાદ થઈ હોય

(બ) જે કોઇ પણ તકરાર લવાદને સોપવા બદલ કોઈપણ કરારના ઠરાવમા ફરમાવ્યુ હોય અથવા અધીકાર આપ્યો હોય તેવી તકરાર રેલવે આડમીનીસ્ટ્રેશનો વચ્ચે ઉઠે અને તકરાર કમીશનરો આગળ મુકવા માટે તે રેલવે આડમીનીસ્ટ્રેશનો ગવર્નર જનરલ ઇન કૌસીલને અર્જ કરે,

(ક) રેલવે આડમીનીસ્ટ્રેશનોની દરમ્યાન અથવા કોઇ રેલવે આડમીનીસ્ટ્રેશન જેમા પક્ષકાર હોય એવી બીજી કઇ તકરાર ઉઠે અને તેના પક્ષકારો તે તકરાર કમીશનરો આગળ મુકવા ગવર્નર જનરલ ઇન કૌસીલને અર્જ કરે

તે પ્રસંગે, ગવર્નર જનરલ ઇન કાઉન્સીલને યોગ્ય લાગે તો, ઠરાવ કરવા સારૂ તે કામ કમીશનરો તરફ પોતે મોકલવાને મુખત્યાર છે

૨૯—આ બાબ મુજબ ઠરાવ કરવા સારૂ કમીશનરો તરફ મોકલેલા કોઇ પણ કામની સુનાવણી વખતે ત્રણ કમિશનરોએ હાજર રહેવુ જોઇએ અને તે વખતે કાયદા ખાતાના કમીશનરે અધ્યક્ષ સ્થાને બેસવુ

૩૦—(૧) અવલ દિવાની ફરીઆદની સુનાવણી વખતે જે અધિકાર હાઇકોર્ટ ચલાવી શકે તે સઘળા અધિકાર આવા કોઇપણ કામની સુનાવણી વખતે કમીશનરોને છે એમ સમજવુ

(૨) ઠરાવ કરવાના સબંધમા કમીશનરોમા મતભેદ પડે તો બહુમતથી ઠરાવ કરવો જોઇએ, અને એવા કામમા છેવટનો હુકમ આપવો તે તાકીદ હુકમના રૂપમા હોવો જોઇએ, બીજા રૂપમા હોવો નજોઇએ

(૩) સુનાવણી વખતે કોઇ પણ પક્ષકારને જાતે અથવા કોઇ પણ હાઇકોર્ટમા કામ કરવાનો હક હોય એવા કોઇ પણ લીગલ પ્રાકટીશનર (વકીલ) ની મારફત પોતાની રૂબરૂ હાજર થવાની પરવાનગી આપવાનો કમીશનરોને અધિકાર છે

૩૧—(૧) હકીકતની જે કોઇ પણ તકરાર સબધી કમીશનરો પૈકી બે જણ એકમત થયા હય તે તકરાર સબધી તે કમીશનરોએ કરેલા કોઇ પણ હુકમ ઉપર અપીલ ચાલશે નહી.

(૨) પેટા કલમ (૧) ના ઠરાવોને પાત્ર રહીને કમીશનરોના હુકમ ઉપર નીચે લખેલી કોર્ટમા અપીલ ચાલશે—(અ) કાયદા ખાતાના કમીશનર રજીસ્ટ્રારનો રેકાર્ડર અથવા આડિશનલ રેકાર્ડર હોય તે બંગાલા ઇલાકામા એટલે કલકત્તાની ન્યાયની હાઇકોર્ટમા, અને

(બ) બીજા હરકોઇ પ્રસંગે, કાયદા ખાતાનો કમીશનર જે હાઇકોર્ટનો મેમ્બર હોય તે હાઇકોર્ટમા,

(૩) જે હુકમ ઉપર અપીલ કરવાની હોય તે હુકમની તારીખથી છ મહીનાની અંદર તે અપીલ કરવી જોઇએ, અને હાઇકોર્ટ કાનુન ઘડીને ઠરાવશે તેટલા જડજોની બેંચ આગળ સદરહુ અપીલની સુનાવણી થવી જોઇએ, પરંતુ સદરહુ જડજો ત્રણ કરતા ઓછા હોવા નહી જોઇયે

(૪) સીવીલ પ્રોસીજર કોડ મુજબ અપીલ કોર્ટ તરીકે તે હાઇકોર્ટને જે સત્તા છે તે સઘળી સત્તા, આ બાબના બીજા ઠરાવોને પાત્ર રહીને, સદરહુ હાઇકોર્ટને તે અપીલની સુનાવણી વખતે છે એમ સમજવુ, અને કમીશનરો જે કઇ પણ હુકમ કરી શકત તે કરવાને સદરહુ હાઇકોર્ટ મુખત્યાર છે

૩૨—કમીશનરોના કોઇ હુકમ ઉપર હાઇકોર્ટમા અપીલ થઇ હોય તોપણ કમીશનરોને અથવા તેઓમાના બહુ જણને તે હુકમનો અમલ થોડા વખત સુધી, બધ રાખવાનુ યોગ્ય લાગે તે શિવાયને પ્રસંગે, તે હુકમ તે કોર્ટ રદ કરે અગર તેમા ફેરફાર કરે ત્યા સુધી અમલમા રહેશે

૩૩—(૧) આ બાબ મુજબની પોતાની હકુમત ચલાવતી વખતે કમિશનરોને, ગવર્નર જનરલ ઇન કોઉસિલની સાધારણ અથવા ખાસ મંજુરીથી ઇજનેરનુ કામ જાણનાર અથવા કળા જાણનાર એક અથવા વધારે માણસોને આસેસર તરીકે કામ કરવાને વખતે વખતે બોલાવવાનો અધિકાર છે

(૨) કમીશનરોની ભલામણ ઉપરથી ગવર્નર જનરલ ઇન કોંસિલ ઠરાવશે તેટલું મેહેનતાણું તે આસેસરોને આપવુ જોઇએ

૩૪—કમીશનરોની રૂબરૂ શી રીતે કામ ચલાવવુ તે બાબત નિયમન કરવા સારૂ તથા આ બાબના ઠરાવો કમીશનરો અમલમા લાવી શકે તે સારૂ તથા કમીશનરોની રૂબરૂ ચાલવાનાં કામમા કેટલી ફી લેવી તે ઠરાવવા સારૂ કાનુનો ઘડવાને ગવર્નર જનરલ ઇન કોંસિલને અધિકાર છે

૩૫—આ બાબ મુજબ કમીશનરોની અથવા હાઇકોર્ટની આગળ ચાલેલા કોઇ પણ કામનો તથા તેને લીધે થયેલો ખરચ આપવા સબધી નીકાલ કરવાનો અધિકાર, પ્રસંગ પ્રમાણે, કમીશનરોને અથવા હાઇકોર્ટને છે, અને કમીશનરોએ ઠરાવી આપેલા ખરચની રકમ જાણે એકાદી હાઇકોર્ટના હુકમનામાથી ઠરાવી હોય તે પ્રમાણે કાયદા ખાતાનો કમીશનર જે કોર્ટનો જડજ હોય તે કોર્ટ આપવાને મુખત્યાર છે

૩૬—(૧) કમીશનરોની આગળ ચાલેલા કામમા અથવા હાઇકોર્ટની આગળ ચાલેલી અપીલના કામમા જે કોઇ પણ માણસ પક્ષકાર હોય તે માણસની અથવા એવા કોઇ પણ માણસના વારસ વાલી-

લની અરજ ઉપરથી એવું માલમ પડે કે આ બાબની રૂયે કમીશનરોએ અથવા હાઇકોર્ટે કરેલો કોઇ પણ તાકીદ હુકમ જેના ઉપર કર્યો હોય તેણે માન્યો નથી તો કાયદા ખાતાનો કમીશનર જે કોર્ટનો જડજ હોય તે કોર્ટને સદરહુ પક્ષકારને એવો હુકમ કરવાનો અધિકાર છે કે, તે હુકમથી તારીખથી જેટલા દીવસ સુધી તે તાકીદ માનવામા નહીં આવે તેટલા દિવસ સુધી દર દીવસ બદલ તે પક્ષકારે વત્તામા વત્તા ૧૦૦૦ રૂપીયા સુધીની જે રકમ ઠરાવવામા આવે તે આપવી જોઇયે

(૨) સદરહુ હુકમ જે કોર્ટે કર્યો હોય તે કોર્ટને, જાણે સદરહુ પ્રકારની રકમ આપવા બાબત પોતે હુકમનામુ કર્યુ હોય તે પ્રમાણે તે રકમ અપાવવાનો, અને સદરહુ સઘળી રકમ અથવા તેનો કાઇ ભાગ, પેટા કલમ (૧) મુજબ અરજી કરનાર માણસને અથવા સરકારને આપવા વિશે હુકમ કરવાનો અધિકાર છે

૩૭—કમિશનરોએ અથવા તે પૈકી કોઇ પણ કમિશનરે જેના ઉપર સહી કરી છે એમ દેખાતુ હોય એવો કોઇ દસ્તાવેજ તે ઉપરની સહી સાબીત કર્યા શીવાય પુરાવામા લેવામા આવશે, અને વિરૂદ્ધ પક્ષે સાબીત થાય ત્યા સુધી તે દસ્તાવેજ તે પ્રેમાણે કમીશનરોની સહીવાળો છે તથા તેમણે તે યોગ્ય રીતે કર્યો છે અથવા આપ્યો છે એમ સમજવુ

૩૮—કમીશનરોને સોપેલા દરેક કામનો નિકાલ કર્યા પછી બનતી તાકીદે તેમણે તે કામ બાબતનો એક ખાસ રીપોર્ટ ગવર્નર જનરલ ઇન કોસિલને મોકલવો જોઇએ અને તે રીપોર્ટના વિષયમા હીત સબધ રાખનાર માણસોને જાણ થવા સારૂ ગવર્નર જનરલ ઇન કૌસિલે પોતાને યોગ્ય લાગે તેવી રીતે તે રીપોર્ટ છપાવવો જોઇએ

૩૯—ઉપરની છેલી કલમના કારણ શિવાય બીજે પ્રસગે, કમિશનરોને સોપેલા કામનો નિકાલ કરવા સારૂ તે કમીશનરોની છેલી બેઠકની આખરે રેલવે કમિશન બરખાસ્ત થયુ એમ સમજવુ

પરતુ એવુ ઠરાવ્યુ છે કે કમિશનરોની રૂબરૂ ચાલેલા કામમા પક્ષકાર હોય એવા કોઈ પણ માણસોનો મુકદમો કમીશનરોના વિચાર પ્રમાણે ફરી સાભળવા લાયક હોય તો તે અરજી મજુર કરીને તે મુકદમો ફરી સાભળવા સારૂ કમીશનરોને પાછા નીમવાને મુખત્યાર છે

૪૦—કમીશનરોએ કરેલો હુકમ, આ બાબતમા ઉપર કહેલા ઠરાવોને તથા મલીકામાઆઝમા ઈન કૌસિલના કોઇ પણ ફરમાનને પાત્ર રહીને, આખરનો છે એમ સમજવુ, અને તે વિશે કોઈપણ કોર્ટમા વાધો લેવો નહીં અથવા તેને કોઇપણ કોરટે પ્રતિબધ કરવો નહીં

૪૧—આ બાબના કોઈપણ ઠરાવનો અથવા આ બાબની રૂયે કમીશનરોએ અથવા હાઈકોર્ટે કરેલા કોઈપણ હુકમનો ભગ કરીને અથવા તે વિરૂદ્ધ ચાલીને રેલવે આડમિનિસ્ટ્રેશને કાઈ પણ કૃત્ય કર્યું હશે અથવા કાઇ પણ કસુર કરી હશે તે બાબત, આ આકટમા ઠરાવ્યુ છે તે શિવાયને પ્રસંગે કોઇપણ ફરીયાદ માડવી નહીં અથવા કાઇપણ કામ ચલાવવુ નહી

ટ્રાફીક સારૂ સગવડ કરી આપવી.

૪૨—(૧) પોતાની માલકીની અથવા પોતે ચલાવતા હોય એવી જુદી જુદી રેલવે ઉપર અથવા તે ઉપરથી ટ્રાફીક લેવા સારૂ, રવાને કરવા સારૂ તથા સ્વાધીન કરવા સારૂ તથા રોલીગ સ્ટોક પાછો મોકલવા સારૂ સઘળી યોગ્ય સગવડ, પોતાની શક્તિ પ્રમાણે દરેક રેલવ આડમીનીસ્ટ્રેશને કરી આપવી જોઇયે,

(૨) કોઈપણ રેલવે આડમીનિસ્ટ્રેશને, કોઇપણ ખાસ માણસને અથવા રેલવે આડમીનીસ્ટ્રેશનને અથવા કોઈ પણ અમુક જાતના ટ્રાફીકને અથવા તેની તરફેણમા કાઇપણ અયોગ્ય અથવા ગેરવાજબી હોય એવો ચઢીઆતો હક અગર લાભ કોઈપણ બાબતમા કરી આપવો નહિ, અથવા કોઇપણ અમુક માણસને અથવા રેલ્વે આડમિનિસ્ટ્રેશનને અથવા કોઇપણ અમુક જાતના ટ્રાફીકને કોઇપણ બાબતમા કાઇપણ અયોગ્ય અથવા ગેરવાજબી હરકત અથવા ગેરલાભ કરવો નહિ

(૩) રેલવેના રસ્તાની સળગ લાઇનનો જે જે રેલવેનો ભાગ હોય તે તે રેલવે ધારણ કરનાર અથવા ચલાવનાર રેલવે આડમીનીસ્ટ્રેશને, અથવા જે રેલવે આડમિનિસ્ટ્રેશનના ટરમીન્સ અગર સ્ટેશનની

એક માઈલની અંદર બીજા કોઇ રેલવે આડમીનીસ્ત્રેશનનું ટરમીન્સ અથવા સ્ટેશન હોય તે રેલવે આડમીનીસ્ત્રેશને, તે એક રેલવેના ટરમીન્સ અગર સ્ટેશન ઉપર આવી પહોચનાર સર્વ ટ્રાફીકને બીજી એવી રેલવે ઉપર લઇ રવાને કરવા સારૂ સઘળી યોગ્ય તથા વાજબી સગવડ કરી આપવી જોઇયે અને આ પ્રમાણે ટ્રાફીક લઇ રવાને કરવામા કંઇપણ ગેરવાજબી વિલંબ કરવો નહિ તથા ઉપર કહ્યા પ્રમાણેનો કોઇપણ ચઢીઆતો હક અથવા લાભ કરી આપવો નહિં અથવા હરકત કે ગેરલાભ કરવો નહિ, અને તે રેલવેનો સળંગ રસ્તા તરીકે ઉપયોગ કરવાને ઇચ્છનાર લોકોને કાઇ પણ હરકત ન થાય અને તે અર્થે આવી રેલવેથી લોકોને સર્વ વખતે સર્વ પ્રકારની વાજબી સગવડ થાય એવી રીતે તે ટ્રાફીક લઇને રવાને કરવો જોઇએ

(४) આ કલમ મુજબ કરી આપવાની સગવડમા નીચે લખેલી બાબતનો સમાસ થાય છે, એટલે કોઇ પણ રેલવે આડમીનિસ્ત્રેશનની રેલવે ઉપર જનાર અગર તે ઉપરથી આવનાર સળંગ ટ્રાફીક કોઇપણ રેલવે આડમિનિસ્ત્રેશનના કહેવા ઉપરથી બીજા કોઈપણ રેલવે આડમિનિસ્ત્રેશને સળંગ દરે યોગ્ય તથા વાજબી રીતે લેવા, રવાને કરવો તથા સ્વાધીન કરવો, માત્ર એટલુજ કે —

(અ) ટ્રાફીક રવાને કરનાર દરેક રેલવે આડમિનીસ્ત્રેશનને તે રવાને કરાવનાર રેલવે આડમિનિસ્ત્રેશને પોતે યોજેલા સળંગ દરની લેખી નોટીસ આપવી જોઇએ, અને તે નોટીસમા તે દરની રકમ તથા તેના ભાગ તથા તે ટ્રાફીક જે રસ્તે થઇને રવાને કરવાનો હોય તે રસ્તો એ લખવુ જોઇએ જનાવર અથવા માલ સારૂ યોજેલો સળંગ દર પ્રત્યેક ટ્રેક અથવા મણ ઉપર હોય તો ચાલે

(બ) આવી નોટીસ મળ્યા પછી, ઠરાવેલી મુદતની અંદર, (ટ્રાફીક) લઇને રવાને કરનાર દરેક રેલવે આડમિનિસ્ત્રેશનને ટ્રાફીક રવાને કરાવનાર રેલવે આડમિનિસ્ત્રેશનને તે દર તથા તેના ભાગ તથા રસ્તો કબુલ છે કે નહિં તે બાબતની અને તે દર ભાગ તથા રસ્તા સબંધી પોતાને કંઇ હરકત હોય તો તે હરકતના કારણની ખબર લેખી નોટીસથી આપવી જોઈએ

(ક) ઠરાવેલી મુદતની આખરે (ટ્રાફીક) રવાને કરનાર કોઇ પણ રેલવે આડમિનિસ્ત્રેશને આવી કોઈ પણ હરકત લખી મોકલી ન હોય તો તે મુદતને અંતે તે દર અમલમા લાવશે એમ સમજવુ,

(ड) તે દર, ભાગ અથવા રસ્તા સબંધી કંઈ પણ હરકત ઠરાવેલી મુદતની અંદર લખી મોકલી હોય તો ગવર્નર જનરલ ઇનકૌન્સિલ પોતાને યોગ્ય લાગે તો, તે રેલવે આડમીનીસ્ત્રેશનની અરજી ઉપરથી, સદરહુ પ્રકરણ કમીશનરોના ઠરાવ સારૂ તેમની તરફ લખી મોકલવાને મુખત્યાર છે

(इ) તે દર કરવા સબંધી અથવા તે રસ્તા સંબંધી હરકત હોય તો, તે દર કબુલ કરવાથી લોકોને યોગ્ય તથા વાજબી સગવડ મળી આવશે કે નહિ તેનો અને સર્વ બાબતનો વિચાર કરતા, યોજેલો રસ્તો વાજબી રસ્તો છે કે નહિ તેનો કમીશનરોએ વિચાર કરીને તે પ્રમાણે દર મંજુર કે નામંજુર કરવો જોઇએ અથવા કમિશનરોને યોગ્ય તથા વાજબી લાગે તેવો બીજો કોઈ દર ઠરાવવો જોઇએ

(ફ) તે દરના ભાગ પાડવા સબંધી માત્ર હરકત હોય અને તે બાબત કમીશનરોની આગળ મૂકી હશે તો તે દર ઠરાવેલી મુદત વીતે અમલમા આવશે, પણ તે દરના ભાગ પાડવા સબંધી કમીશનરોએ કરેલા ઠરાવ તે અમલમા આવ્યાની તારીખથી તે અમલમા આવશે એમ સમજવુ, બીજી પણ હરકતને પ્રસંગે કમીશનરો તે હરકતની બાબતમા હુકમ કરશે ત્યાં સુધી તે દરનો અમલ તહકુબ રાખવો જોઈએ

(ગ) સળંગ દરનો ભાગ પાડતી વખતે, તે રસ્તો અથવા તેનો કોઈ પણ ભાગ બાંધવા સારૂ ટકાવી કરવા સારૂ અથવા ચલાવવા સારૂ થયેલો કાઇ પણ વીશેષ ખરચ તેમજ રસ્તા અથવા તેના ભાગ સબંધી હરકોઇ રેલવે આડમીનીસ્ત્રેશનને કંઇ વિશેષ ચાર્જ કરવાનો હક હોય તે ચાર્જ વીગેરે સર્વ બાબતનો વિચાર કમીશનરોએ કરવો જોઇએ

(હ) કમીશનરોએ કોઈ પણ બાબતમા, કોઈપણ રેલવે આડમીનીસ્ત્રેશન વિદ્યમાનકાળે જે કોઇ પણ બે ઠેકાણા વચેની રેલવે ઉપર જે કોઇપણ ટ્રાફીક જે કોઈપણ રીતે લઇ જવા લાવવા સારૂ જે મેલ દર કાયદેસર રીતે લેતુ હશે તે દરના કરતા ઓછો દર તે ઠેકાણા વચેની આડમીનીસ્ત્રેશનના બીજી કોઇ

પણ રેલવે ઉપર તેવોજ ટ્રાફીક તેવીજ રીતે લઈ જવા લાવવા કબુલ કરવાની ફરજ પાડવી નહીં, માત્ર સદરહુ ઠેકાણા પૈકી એક સદરહુ સળગ રસ્તા ઉપરનુ ટ્રેન ઉપડવાનુ અને બીજુ ટ્રેન આવવાનુ ઠેકાણુ હોવુ જોઇએ

(આઇ) રવાને કરનાર હરકોઇ રેલવે આડમીનીસ્ત્રેશનને વત્તામા વત્તો જે દર લેવાનો હક હોય તેના કરતા ઓછી રકમ સળગ દરમાથી તે રેલવે આડમીનીસ્ત્રેશનને આપવામા આવે તે છતા આ પેટા કલમના ઉપર કહેલા ઠરાવોને અનુસરીને, કનીશનરોને સુચવેલો કોઇ પણ સળગ દર યોગ્ય તથા વ્યાજબી છે એમ ઠરાવવાનો તથા તે પ્રમાણે તે સળગ દર મજુર કરીને તેના ભાગ પાડવાનો પૂર્ણ અધિકાર છે એમ સમજવુ

(જે) આ પેટા કલમમા ઠરાવેલી મુદત વિશે કહ્યુ છે તે મુદત એક મહિનાની અથવા ગવર્નર જનરલ ઇન કોઉિલ સાધારણ અગર વિશેષ હુકમ કરીને ઠરાવે તે પ્રમાણે એક મહીનાથી વધારે છે એમ સમજવુ

૪૩—(૧) એકાદુ રેલવે આડમીનીસ્ત્રેશન એકાદા વેપારી પાસેથી અથવા કોઇએક વર્ગના વેપારીઓ પાસેથી અથવા કોઇપણ સ્થાનીક ક્ષેત્રના વેપારીઓ પાસેથી કોઇ જનાવર અથવા માલ બાબત અથવા કોઇ કામ બાબત જે દર લેતુ હોય તે કરતા કમી દર તેજ અથવા તેના જેવા જનાવર અથવા માલ બાબત અથવા તેજ અથવા તેના જેવા કામ બાબત બીજા કોઇ વેપારીઓ પાસેથી અથવા બીજા કોઈ વર્ગના વેપારીઓ પાસેથી અથવા બીજા કોઈ સ્થાનીક ક્ષેત્રના વેપારીઓ પાસેથી લે છે એવુ દેખાડવામા આવે ત્યારે આ પ્રમાણે કમી દર લીધાથી અયોગ્ય પક્ષપાત થયો નથી એવુ સાબીત કરવાનો બોજો તે રેલવે આડમીનીસ્ત્રેશન ઉપર છે એમ સમજવુ

(૨) કમી દર લીધાથી અયોગ્ય પક્ષપાત થાય છે કે નહી એ ઠરાવતી વખતે જે ટ્રાફીક સબધમા કમી દર લીધો તે ટ્રાફીક લોકોના હીતને સારૂ મેળવવા માટે તે પ્રમાણે તે દર કમી કરવાનુ જરૂરનુ હતું કે નહી તે વીશેનો વિચાર, તે વિષયની સાથે સબધ ગખનારી બીજી બાબતો સાથે, પોતાને વ્યાજબી લાગે તેટલે સુધી કરવાનો કમીશનરોને અધીકાર છે

૪૪—એકાદુ રેલવ આડમીનીસ્ત્રેશન, તે રેલવે ઉપરનો ટ્રાફીક પોતાના તાબામા ન હોય, પોતે ભાડે, રાખી નહોય અથવા ચલાવતી નહોય એવી કોઇ પણ તર, વહાણુ, મછવા અથવા ત્રાપાની મારફતે કોઈ એક ભુમધ્ય જળાશય ઉપરથી લઇ જવા માટેના કરારમા પક્ષકાર હોય ત્યારે, રેલવેને લાગુ પડનાગ ઉપરની છેહ્લી બે કલમના ઠરાવો, તે તર, વહાણુ, મછવો અથવા ત્રાપો રેલવેના ટ્રાફીકના કારણુ માટે વપરાતો હોય તેટલી બાબતમા તેને લાગુ પડે છે એમ સમવુ

૪૫—વાજબી ટરમીનલ લેવાનો ગેલવે આડમીનીસ્ત્રેશનને અધિકાર છે

૪૬—(૧) કોઇ રેલને આડમીનીસ્ત્રેશને આકારેલા ટગ્મીનલ સબધી કઇ પણ સવાલ અથવા તકરાર ઉઠે તેનો નીકાલ થવા માટે તે કમીશનરોની આગળ મુકવાનો ગવર્નર જનરલ ઇન કૌસીલની નજરમા આવે તો તેઓને અધીકાર છે, અને તે ઉપરથી ટરમીનલ સબધી આડમીનીસ્ત્રેશનને આપવી વ્યાજબી છે તે ઠરાવવાનો અધીકાર કમશીનરોને છે

(૨) કમિશનરોએ તે સવાલ અથવા તકરાગ સબધી નીકાલ કરતી વખતે જે સગવડના સબધમા ટગ્મિનલ આકારવામા આવ્યુ હોય તે સગવડ કરી આપવામા રેલવે આડમિનિસ્ત્રેશનને જે ખરચ ખરેખરો થયો હશે તે ખરચનો વિચાર કરતા તે સગવડ કરી આપવામા વાજબી રીતે જે ખરચની જરૂગ લાગે તેજ ખગ્ચનો વિચાર કગ્વો જોઈએ

બાબ ૬. રેલવે ચલાવવા બાબત-સામાન્ય.

૪૭—(૧) દરેક રેલવે કમ્પનીએ, તથા રેલવે સરકારના વહિવટમા હોય તે રેલવેની બાબતમા, આ અર્થે ગવર્નર જનરલ ઇન કૌસિલ નીમે તે અમલદારે આ આકટને અનુસરતી સામાન્ય કાનુનો નીચે લખેલા કારણુ સારૂ કરવી જોઈએ, એટલે—

(અ] રેલવે ઉપર વાપરવાનુ રોલીંગ સ્ટોક જે રીતે અને જે વેગથી ચલાવવાનું હશે અથવા ધકેલવાનુ હશે તે રીત અને વેગનુ નિયમન કરવા સારૂ,

(બ]—ઉતારૂઓને માટે જવા તથા સગવડની તજવીજ કરવા સારૂ તથા તેમનો લગેજ લઈ જવા બાબતનુ નિયમન કરવા સારૂ,

[ક]—આ આકટના કારણ સારૂ જોખમકારક અથવા ઉપદ્રવકારક માલ કયો સમજવો તે ગ્રાપિત કરવા સારૂ, તથા તે માલ લઈ જવાનુ નિયમન કરવા સારૂ,

[ડ) સંસર્ગીક અથવા ચેપી રોગથી પીડાતા ઉતારૂઓએ વાપરેલી ગાડીઓમાથી રોગ બીજનો નાશ કરવાની તજવીજ કરવા સારૂ,

(ઈ)—રેલવેના નોકરોએ પોતાની વર્તણુક કેવી રાખવી એ બાબતનુ નિયમન કરવા સારૂ;

(ફ)—રેલવે આડમિનિસ્રેશને કનસાઈનીની અથવા ધણીની વતી કોઇપણ સ્ટેશન ઉપર કઈ શરતે તથા બોલીએ માલ વખારમા ભરી મુકવો અથવા રાખવો તે શરત અથવા બોલી બાબતનુ નિયમન કરવા સારૂ અને,

(ગ)—સામાન્ય રીતે, રેલવેમા મુસાફરી કરવા બાબત અને તેનો ઉપયોગ કરવા બાબત, તે ચલાવવા બાબત અને તેની વ્યવસ્થા રાખવા બાબતનુ નિયમન કરવા સાર

(૨) સદરહુ પ્રકારની કાનુનો પૈકી કોઇ પણ કાનુન કોઈ પણ માણુસ તોડશે તો તેને વત્તામા વત્તા પચાસ રૂપીઆ સુધીના દડની શિક્ષા થશે એવો ઠરાવ, અને પેટા કલમ ૧) ની રકમ (ઇ) ની રૂયે કરેલી કાનુન કોઇ પણ રેલવેનો નોકર તોડશે તો તેને વત્તામા વત્તા એક મહિનાના પગાર જેટલી રકમ ગુન્હેગારીમા આપવાને તે પાત્ર થશે એવા ઠરાવ, તે કાનુનોમા કરવાનો અધિકાર છે, અને એવી રકમ રેલવે આડમિનિસ્રેશનને તે નોકરના પગારમાથી કાપી લેવાનો અધીકાર છે

(૩) આ કલમ મુજબ કરેલી કાનુન ગવર્નર જનરલ ઇન કૌસિલ તરફથી મજુર કરવામા અને ઇંડીયા ગેઝીટમા પ્રસીદ્ધ કરવામા આવશે ત્યા સુધી તે અમલમા આવશે નહીં

પરતુ એવુ ઠરાવવામા આવ્યુ છે કે, ઇંડીયા ગેઝીટમા પુરે પુરી પ્રસીદ્ધ કરેલી એકાદી કાનુનના જેવાજ મજકુરની તે કાનુન હોય ત્યારે, તે પ્રસીદ્ધ કરેલી કાનુન ઉપર જેમા હવાલો આપ્યો હોય તથા તે કાનુન દાખલ કરવા બદલ જેમા જાહેર કરવામા આવ્યુ હોય એવુ જાહેરનામુ તે ગેઝીટમા પ્રસીદ્ધ કર્યુ એટલે આ પેટા કલમના અર્થ મુજબ તે કાનુન ઇડીયાગેઝીટમા પ્રસીદ્ધ કરવામા આવી છે એમ સમજવુ

(૪) આ કલમ મુજબ કરેલી કોઈ પણ કાનુન રદ કરવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કૌસિલને છે, અને પેટા કલમ (૧) પ્રમાણે જે અધિકારીને કાનુન કરવાનુ ફરમાવ્યુ છે તે અધિકારી, ગવર્નર જનરલ ઇન કૌસીલની અગાઉથી મજુરી લઇને, કોઇ પણ કાનુન રદ કરવાને અથવા તેમા ફેરફાર કરવાને મુખત્યાર છે

[૫] જે કાનુન અમુક રેલવે સારૂ સન ૧૮૭૯ ના હિંદુસ્તાનની રેલવના આકટની ૮ મી કલમ મુજબ કરી છે અમ દેખાતુ હોય, તથા જે આ આકટની શરૂઆતથી તે રેલવને લાગુ કરવાની છે એમ ઇંડીયા ગેઝીટ ઉપરથી જણાતુ હોય તે પ્રત્યેક કાનુન, તે કરવામા અથવા પ્રસીદ્ધ કરવામા કાઇ ગેરશીસ્તપણું થયુ હોય તે છતા પણ, તે કાનુન આ કલમ મુજબ કરેલી છે તથા અમલમા આવેલી છે એમ સમજવુ

(૬] પ્રત્યક રેલવે આડમીનીસ્રેશનને પોતાની રેલવના પ્રત્યેક સ્ટેશન ઉપર આ કલમ મુજબ તે રેલવે ઉપર વિદ્યમાન કાળે અમલમા હોય એવી સામાન્ય કાનુનની એક પ્રત રાખવી જોઇએ, અને હરકોઇ માણસને, પૈસા લીધા શીવાય, સઘળા યોગ્ય વખતે તે જોવા દેવી જોઈએ

૪૮—જે બે અથવા વધારે રેલવે આડમિનિસ્રેશનોની રેલવેઓનુ ટરમીનલ અથવા લોઢાની સડકની લાઇનનો એકજ ભાગ સામાઇક હોય અથવા જેની રેલવેઓ એક સળગ લાઇનના રસ્તાના જુદા જુદા ભાગ હોય તે રેલવે આડમિનિસ્રેશનો, પોતાનો સામાઇક ટ્રાફીક અથવા સામાઇક ટરમીનસ ઉપર અથવા તે રેલવેના જકશનની જગાએ લોકોને જોખમ ન પહોચે તેવી રીતે લઇ જવા સારૂ ગોઠવણ કરવાની બાબતમા એકમત થઈ શકે નહીં ત્યારે, તે પૈકી હરકોઇ આડમિનિસ્રેશનની અર્જ ઉપરથી, લોકોની સલા-

મતી સબંધી જેટલી તકરારી બાબત હોય તેટલી તકરારી બાબતનો નીકાલ કરવાનો ગવર્નર જનરલ ઈન કૌંસિલને અધિકાર છે, અને તેવી ગોઠવણ કરવામા થનારો સઘળો ખરચ અથવા તે ખરચનો કેટલો હીસ્સો તે પૈકી કીયા કીયા આડમિનીસ્ત્રેશને આપવો એ ઠરાવવાનો અધીકાર ગવર્નર જનરલ ઇન કૌંસીલને છે

૪૯—વિકટોરીયા રાણીની કારકીર્દીના ૪૨ મા તથા ૪૩ મા વર્ષમા પસાર થયેલા સ્ટાટયુટના ચાપટર ૪૧ મા ઠરાવ્યા મુજબની કપની ન હોય એવી કોઇ પણ રેલવે કપની, રેલવે ઉપર અથવા તેના સબંધમા વાપરવામા આવે એવા રોલીંગ સ્ટોક, ઓજાર, અથવા યત્રો તૈયાર કરવા સારૂ, અથવા રેલવે ઉપર વાપરવા માટે જરૂરના કોઇ પણ રોલીંગ સ્ટોક, ઓજાર, યત્ર અથવા સામાન સરજામ પટે આપવા સારૂ અથવા પટે લેવા સારૂ અથવા રોલીંગ સ્ટોક ટકાવી રાખવા સારૂ વખતે વખતે ગવર્નર જનરલ ઈનિ કૌસીલ સાથે કરાર કરીને તે અમલમા આણવાને મુખત્યાર છે

૫૦—વિકટોરીયા રાણીની કારકીર્દીના ૪૨ તથા ૪૩ મા વર્ષમા પસાર થયેલા સ્ટાટયુટના ચાપટર ૪૧ મા ઠરાવ્યા મુજબની કપની ન હોય એવી, કોઇપણ રેલવે કપની, નીચે લખેલી બાબતો પૈકી કોઇ પણ બાબત સબધી ગવર્નર જનરલ ઇન કૌઉન્સીલની સાથે અગર ગવર્નર જનરલ ઇન કૌઉસીલની મજુરીથી બીજા હરકોઇ રેલવે આડમિનિસ્ત્રેશનની સાથે, વખતે વખતે કઇપણ કબુલ કરીને તે અમલમા આણવાને મુખત્યાર છે. તે બાબતોની વિગત —

(અ) હરકોઇ રેલવે ચલાવવા, તેનો ઉપયોગ કરવા, તેની વ્યસ્થા કરવા તથા તે ટકાવી ગખવા સબધી,

[બ] રકમ અ મા નિરદિષ્ટિ કરેલા કારણમાના હરકોઇ કારણ સારૂ જરૂર હોય એવા રોલીંગ સ્ટોક તથા યત્ર પુરા પાડવા સબધી તથા આવી કોઈ પણ રેલવેનો ટ્રાફીક લઇ જવા સારૂ અમલદાર તથા નોકરો પુરા પાડવા સબધી

(ક) આવી રીતે રેલવે ચલાવવા બાબત, તેનો ઉપયોગ કરવા બાબત, અને તેની વ્યવસ્થા કરવા બીજા ટ્રાફીક સારૂ માર્ગ કરી આપીને તે ટકાવી રાખવાનો અધિકાર છે

(ડ) કબુલત કરનાર પક્ષકારોની પોત પોતાની રેલ્વે ઉપરના અથવા તે રેલ્વે મારફત આવેલા અ-થવા તે રેલ્વે જવાના ટ્રાફીકની અદલાબદલી, સગવડ તથા તે લઇ જવા સબધી, અને તે ટ્રાફીકથી થતુ ઉત્પન્ન ઠરાવવા, વસુલ કરવા, વહેચી આપવા તથા તેનો ઉપયોગ કરવા સબધી

(ઇ) સામાન્ય રીતે, આ રકમમા ઉપર નીર્દિષ્ટ કરેલી બાબતો પૈકી કોઇ પણ બાબતના સબધમા જે ઠરાવ અગર જે શરત સદરહુ કબુલ કરનાર પક્ષકારને યોગ્ય લાગે તથા પરસ્પર કબુલ હોય તે ઠરાવ અગર શરત અમલમા આણવા સબધી

પરતુ એવુ ઠરાવ્યુ છે કે, તે કબુલતમા પક્ષકાર હોય એવા રેલ્વે આડમીનીસ્ત્રેશનને કોઇ પણ માણસ પાસેથી જે દર વખતે વખતે માગવાનો તથા લેવાનો અધીકાર આપ્યો હોય તે દર પૈકી કોઇ પણ દરને સદરહુ કબુલતથી બાધ આવશે નહીં, અને તે કબુલત કરવામા આવી ન હોય તો, તે કબુ-લતમા પક્ષકાર હોય એવા કોઇ પણ રેલવે આડમીનિસ્ત્રેશનની રેલવેનો જેવો ઉપયોગ તથા ઉપભોગ જે શરતે તથા બોલીએ તથા જે દર આપીને કોઇ પણ માણસે કર્યો હોત તેવો ઉપયોગ તથા ઉપભોગ તેજ શરતે તથા બોલીએ તથા તેજ દર આપીને તે માણસને કરવાનો હક, તે કબુલત કરી હોય તે છતા પણ છે, એમ સમજવુ

૫૧—વીકટોરીયા રાણીની કારકીર્દિના ૪૨ તથા ૪૩ મા વર્ષમા પસાર થયેલા સ્ટાટયુટના ચાપટર ૪૧ મુજબની કપની ન હોય એવી કોઇ પણ રેલવે કપનીને, ગવર્નર જનરલ ઇન કોસિલની મજુરીથી, નીચે લખેલા સર્વ અથવા તેમાના હરકોઈ અધિકાર વખતે વખતે ચલાવવાનો અખત્યાર છે એટલે —

(અ) તર ચલાવવા સારૂ સારી પ્રતના તથા યોગ્ય પરીમાણના યત્ર તથા ઓજારથી યોગ્ય રીતે યુક્ત એવી તર, પોતાની રેલવે ઉપરના ટ્રાફીકની સગવડ સારૂ સ્થાપવાનો અધીકાર છે

(બ) તે રેલવેના ટ્રાફીકની સગવડતા શીવાયના બીજા કારણ સારૂ આ કલમ મુજબ પોતે સ્થા-પેલી તર ચલાવવાનો અધીકાર છે

(ક) પોતાના હરકોઈ પુલ ઉપર પગે જનાર લોકો સારૂ, ઢોર સારૂ, ગાડી સારૂ, ગાડા સારૂ અથવા બીજા ટ્રાફીક સારુ માર્ગ કરી આપીને તે ટકાવી રાખવાનો અધિકાર છે

(૩) પોતાની રેલવે ઉપર આવતા અથવા ત્યાથી જતા ટ્રાફીકની સગવડ સારૂ રસ્તા બાધીને તે ટકાવી રાખવાનો અધિકાર છે,

(૪) પોતાની રેલવેમા લઈ ગયેલા અથવા લઇ જવાના ઉતારૂની, જનાવરની અથવા માલની યોગ્ય સવડ સારૂ જરૂર હોય એવા સ્થલાતર કરવાના કોઇ પણ સાધન કરી આપીને તે ટકાવી રાખવાનો અધિકાર છે,

(૬) આ કલમ મુજબ પોતે કરી આપે તેવી તર, માર્ગ, રસ્તા અથવા સ્થલાતર કરવાના સાધન જે ટ્રાફીકના કામમા આવતા હોય તે ટ્રાફીક ઉપર, ગવર્નર જનરલ ઇન કૌસિલની મ જુરીથી વખતે વખતે ઠરાવવામા આવે તે તારીફ પ્રમાણે, ટોલ (દસ્તુરી) લેવાનો અધિકાર છે

૫૨—પ્રત્યેક રેલવે આડમિનિસ્ત્રેશને ગવર્નર જનરલ ઇન કૌસિલ ઠરાવે તેવા નમુના મુજબ પોતાની થાપણ બાબતના, તથા ઉત્પન્નના વહીવટ બાબતના તથા પોતાના ટ્રાફીક બાબતના ગવર્નર જનરલ ઇન કૌસિલ ફરમાવે તેવા પત્રકો છ છ મહીને અથવા ગવર્નર જનરલ ઇન કૌસિલ ઠરાવે તે તે મુદતે તૈયાર કરવા જોઇએ, અને ગવર્નર જનરલ ઇન કૌસિલ ફરમાવે તેવે વખતે આવા પત્રકોની એક એક પ્રત તેમની તરફ મોકલવી જોઈએ

માલ લઇ જવો.

૫૩ (૧)—પોતાના કબજા માહેની દરેક વાગન અથવા ટ્રકમા વતામા વતું કેટલુ વજન ભરવામા આવશે તે પ્રત્યેક રેલવે આડમીનીસ્ત્રેશને નક્કી કરવુ અને આ પ્રમાણે નક્કી કરેલુ વજન કેટલુ છે તે બતાવી આપનારા શબ્દો અથવા આકડા આપી પ્રત્યેક વાગન અથવા ટ્રકની બહારની બાજુએ સહેજ નજરે પડે તેવી રીતે લખવા જોઇએ

(૨) કોઇ રેલવે ઉપર પસાર થતી વાગન અથવા ટ્રકના પ્રત્યેક ધણીએ સદરહુ વાગનમા અથવા ટ્રકમા વતામા વતુ કેટલુ વજન ભરવામા આવશે તે ઉપર કહ્યા પ્રમાણે નક્કી કરીને બતાવવુ જોઈએ

(૩) સદરહુ પ્રમાણે નક્કી કરેલી હદ સુધી ભરેલી વાગનનુ અથવા ટ્રકનુ તેની ધરી ઉપર પડનારૂ એકદર વજન, સદરહુ વાગન અથવા ટ્રકની તે પ્રકારની ધરી ઉપર પડનારા વજનની જે મર્યાદા ગવર્નર જનરલ ઇન કૌસિલ ઠરાવશે તે મર્યાદા કરતા વધારે હોવુ નહીં જોઇએ

૫૪-(૧) હરકોઈ જનાવર અથવા માલ લેવા સબધી, રવાને કરવા સબધી અથવા સ્વાધીન કરવા સબધી, આ આકટથી અથવા આ આકટ મુજબ કરેલી કોઇ પણ સામાન્ય કાનુનથી વિરૂદ્ધ નહિ હોય એવી શરતો ગવર્નર જનરલ ઇન કૌસિલના નીર્બધને અનુસરીને ઠરાવવાનો અધિકાર રેલવે આડમિનિસ્ત્રેશનને છે

(૨) પેટા કલમ (૧) મુજબ જે શરતો પોતાની રેલવેના સ્ટેશન ઉપર વિદ્યમાનકાળે અમલમા હોય તે શરતોની એક પ્રત રેલવે આડમીનીસ્ત્રેશન તેવી દરેક સ્ટેશન ઉપર રાખવી જોઇએ, અને હરકોઇ માણસને સઘળા યોગ્ય વખતે તે મફત જોવા દેવી જોઇએ

(૩) કોઇ પણ સસર્ગીક અથવા ચેપી રોગથી પીડાતા કોઇ પણ જનાવરને લઇ જવાને રેલવે આડમીનીસ્ટ્રેશન બધાયલુ નથી એમ સમજવુ,

૫૫ (૧)—કોઈ પણ માણસ પાસે કોઇ પણ જનાવર અથવા માલ બદલ કઇ પણ દર ટરમીનલ અથવા બીજો ચાર્જ લેહેણો હોય તે બાબત કોઈ પણ રેલવે આડમીનીસ્ટ્રેશન અથવા તેની વતી કોઇ માગણી કરેથી સદરહુ માણસ તે આપવાને ચુકશે તો, સદરહુ સઘળા જનાવર અથવા માલ અથવા તે પૈકી કોઇ પણ જનાવર અથવા માલ અથવા રેલવેમાથી તે કહાડી લઇ જવામા આવ્યા હશે તો એવા માણસના બીજા કાઇ જનાવર અથવા માલ તે રેલવેના કબજામા તે વખતે હશે અથવા પછીથી તેના કબજામા આવશે તે, અટકાવી નાખવાનો અધિકાર તે રેલવે આડમિનિસ્ટ્રેશનને છે

(૨) પેટા કલમ [૧] મુજબ કોઇ પણ જનાવર અથવા માલ અટકાવી રાખ્યો હોય ત્યારે માલ બગડી જાય એવો હશે તો, તરતજ તથા બીજા કઇ પણ માલ અથવા જનાવરની બાબતમા, એક અથવા વધારે સ્થાનીક વર્તમાન પત્રોમા અથવા એવા વર્તમાન પત્ર નહીં હશે ત્યારે ગવર્નર જનરલ ઇન કૌસીલ ઠરાવશે તે રીતે લીલામ કરવાના ઇરાદાની નોટીસ પ્રસિદ્ધ કર્યા પછી ઓછામા ઓછા ૧૫ દીવસ બાદ

તે ચાર્જ તથા સદરહુ પ્રમાણે અટકાવી રાખવાના અને નોટીસના અને લીલામના, તથા જનાવરની બાબતમા, ચારો ખવડાવવાના, પાણી પાવાના અને ચાકરી કરવાના ખર્ચ જેટલી રકમ ઉત્પન્ન થાય એટલા જનાવર અથવા માલ જાહેર લીલામ કરીને વેચવાનો અધિકાર તે રેલવે આડમીનિસ્ટ્રેશનને છે

(૩) લીલામનો ઉપજ થશે તેમાથી સદરહુ ચાર્જ તથા સદરહુ ખરચ જેટલી રકમ તે ઉપજમાથી કાઇ ફાજલ અવેજ રહે તો તે, અને કાઇ જનાવર અથવા માલ વેચાયા વગર રહ્યા હશે તો તે, હકદાર માણસને આપવાનો અધિકાર રેલવે આડમિનિસ્ટ્રેશનને છે

[૪] જે માણસ પાસે લેહેણો હોય એવો કઇપણ દર, ટરમીનલ અથવા બીજો ચાર્જ માગવામા આવે તે માણુસ, પેટા કલમ [૧] મુજબ અટકાવી રાખેલા કાઇપણ જનાવર અથવા માલ અથવા જે કઇપણ જનાવર અથવા માલ પેટા કલમ [૨] મુજબ લીલામ કર્યા પછી વેચવામા બાકી રહ્યા હશે તે જનાવર અથવા માલ વાજબી વખતની અંદર રેલવે ઉપરથી લઇ જવાને ચુકશે તો, તે સઘળા જનાવર અથવા માલ વેચી તેની ઉપજનો નિકાલ ઉપરની પેટા કલમ [૩] ના ઠરાવો મુજબ બનતા સુધી કરવાનો અધિકાર રેલવે આડમિનિસ્ટ્રેશનને છે

(૫) ઉપરની પેટા કલમોમા ગમે તે મજકુર હોય તે છતા પણ ઉપર કહ્યા મુજબનો કઇપણ દર, ટરમીનલ અથવા બીજો ચાર્જ અથવા તેમાની કઇપણ બાકી રકમ ફરીઆદ માંડીને વસુલ કરવાનો અધિકાર રેલવે આડમિનિસ્ટ્રેશનને છે

૫૬—(૧) લઇ જવા સારૂ અથવા બીજા કામ સારૂ કોઇપણ રેલવે આડમિનિસ્ટ્રેશનના કબજામા આવેલા કોઇપણ જનાવર અથવા માલનો ધણી, અથવા તે ઉપર જે બીજા કોઇ માણસનો હક છે એમ રેલવે આડમિનિસ્ટ્રેશનને દેખાય તે માણસ તે જનાવર અથવા માલ માગે નહિ તો તે રેલવે આડમિનિસ્ટ્રેશને તે ધણી અથવા માણુસ ઓળખીતો હશે તો તેને તે જનાવર અથવા માલ લઇ જવા વીષેની નોટીસ આપવી જોઇએ.

(૨) જો એવો ધણી અથવા માણુસ ઓળખીતો ન હોય અથવા એવી નોટીસ તેના ઉપર બજાવી શકાતી ન હોય, અથવા તે તે નોટીસમાનો હુકમ માન્ય ન કરે તો, તે રેલવે આડમિનિસ્ટ્રેશનને, યોગ્ય મુદતની અંદર, વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઇપણ કાયદાના ઠરાવોને અનુસરીને, ઉપરની છેલ્લી કલમના ઠરાવ મુજબ વેચવાનુ બને ત્યા સુધી તે પ્રમાણે તે જનાવર અથવા માલ વેચવાનો અખત્યાર છે, અને તે વેચાણુના ઉપજની કાઇ રકમ રહે તો તે, હકદારને આડમિનિસ્ટ્રેશને આપવી જોઇએ

૫૭ કોઇ રેલવે આડમિનિસ્ટ્રેશનના કબજામાના કોઇપણ જનાવર અથવા માલ અથવા વેચાણુના ઉત્પન્ન બાબત બે અથવા વધારે માણુસો દાવો કરતા હોય તે પ્રસંગે, અથવા તે જનાવર બદલ અથવા માલ બદલ આપેલી ટીકીટ અથવા પહોચ હાજર કરવામા ન આવે તે પ્રસંગે, તે જનાવર અથવા માલ ઉપર અથવા વેચાણુના ઉત્પન્ન ઉપર જે માણુસનો હક પહોચે છે એમ રેલવે આડમીનીસ્ત્રેશનનો અભિપ્રાય હોય તે માણુસ તે જનાવરના અથવા માલના અથવા વેચાણુના ઉત્પન્નના સબંધમા બીજા કોઇપણ માણુસના હકથી તે રેલવે આડમિનિસ્ત્રેશનને નુકશાન ન થવાની હામી આપે ત્યા સુધી તે જનાવર, માલ અથવા વેચાણુનુ ઉત્પન્ન સ્વાધીન નહીં કરવાનો અધીકાર તે આડમીનીસ્ત્રેશનને છે, ઉપર કહેલી હામી તે રેલવે આડમીનીસ્ત્રેશનની ખાત્રી થાય એવી હોવી જોઇએ

૫૮—(૧) જે કોઇ પણ માલ કોઇપણ રેલવેની મારફત લઈ જવા સારૂ તે રેલવે ઉપર આણ્યો હશે તેના ધણીએ અથવા તે જેના ચાર્જમા હોય એવા શખશે, અને જે કોઇપણ માલ રેલવે મારફત લઇ ગયા હશે તેના કનસાઇનીએ, આ અર્થે રેલવે આડમીનીસ્ત્રેશનને નિમેલો રેલવેનો કોઇપણ નોકર માગે ત્યારે, તે માલ ઉપર તે રેલવે આડમિનિસ્ત્રેશનને કેટલો દર લેવાનો હક છે તે ઠરાવવા સારૂ બસ થાય એવી તે માલના પ્રકારની લેખી તપસીલ પ્રસંગ પ્રમાણે સદરહુ ધણીએ, શખસે અથવા કનસાઇનીએ સહી કરીને તે નોકરને આપવી જોઇએ

(૨) જો એવો ધણી, શખસ અથવા કનસાઇની એવી તપશીલ આપવાને ના પાડે અથવા તેમા ગફલત કરે અને તે માલના પ્રકારની ખાત્રી કરી આપવા સારૂ તે માલ જે પાર્સલ અથવા બીંડીમા હોય

તે પાર્સલ અથવા બાંડડી ખુલ્લી કરવાની ના કહે તો, તે રેલવે આડમિનીસ્ત્રેશનને (અ) રેલવેની મારફત લઇ જવા માટે આણેલા માલની બાબતમા કોઇપણ વર્ગના માલ માટે તે વખતે તે રેલવે ઉપર જે કાઇ પણ વધારેમા વધારે દર અમલમા હશે તેના કરતા વત્તો નહીં હોય એવો દર આપે નહીં તો તે માલ લઇ જવાનો ઇનકાર કરવાનો, અથવા (બ) તે રેલવે મારફત લઇ ગયેલા માલની બાબતમા, એવા વધારે દરથી વત્તો ન હોય એવો દર આકારવાનો અધીકાર છે

(૩) પેટા કલમ (૧) મુજબ આપેલી તપસીલ રેલવે મારફત લઇ ગયેલા જે કોઈ પણ માલ સબધી છે એમ તે ઉપરથી દેખાતુ હોય તે માલના પ્રકાર સબધી તે તપશીલ મુદ્દાની બાબતમા ખોટી હોય તો, તે માલ લઇ જવા બદલ, તે રેલવે ઉપર કોઇપણ વર્ગનો માલ લઇ જવા બદલ વિદ્યમાનકાળે જે સૌથી વધારેમા વધારે દર ચાલુ હોય તેની વધુમા વધુ બમણો દર લેવાનો અધિકાર તે રેલવે આડ-મિનીસ્ત્રેશનને છે

(૪) જે કોઇપણ માલ કોઇપણ રેલવેની મારફત લઇ જવા સારૂ આણ્યો હશે અથવા કોઇપણ રેલવેની મારફત લઈ જવામા આવ્યો હશે તે માલ અમુક પ્રકારનો છે તે વિશેની તપસીલ આ કલમ મુજબ આપ્યા ઉપરથી તે પ્રકાર સબધી કોઇ રેલવેના નોકર તથા તે માલના ધણી અથવા તે માલ જે માણસના ચાર્જમા હશે તે માણસ અથવા તે માલના કનસાઈની એમની વચ્ચે તકરાર પડે તો તે માલ અટકાવીને તપાસવાનો અધીકાર તે રેલવેના નોકરને છે

(૫) પેટા કલમ (૧) મુજબ આપેલી તપસીલમા માલ જે પ્રકારનો લખ્યો હોય તેના કરતા જુદા પ્રકારનો છે એમ તપાસ કર્યા ઉપરથી દેખાય તો, જે માણસે તે તપસીલ આપી હોય તે માણસ, અગર ને માણસ તે માલનો ધણી ન હોય તો તે માણસ તથા તે માલનો ધણી એ બે સામાન્ક રીતે તથા પૃથક પૃથક તે માલ અટકાવી રાખવાનો તથા તપાસવાનો ખરચ રેલવે આડમીનીસ્ત્રેશનને આપવાને પાત્ર થશે એમ સમજવુ, તથા તે માલ અટકાવી રાખ્યાથી અથવા તપાસ્યાથી જે કઇ પણ નુકશાન થયુ હોય તેની જવા-બદારી તે રેલવે આડમિનીસ્ટ્રેશન ઉપર બીલકુલ નથી એમ સમજવુ

(૬) પેટા કલમ (૧) મુજબ આપેલા તપશીલમા માલ જે પ્રકારનો લખ્યો હોય તેનાથી જુદો નથી એમ દેખાય તો, તે માલ અટકાવી રાખવાનો તથા તપાસવાનો ખરચ રેલવે આડમીનીસ્ત્રેશને આપવો જોઇએ, તથા ઉપર કહ્યા પ્રકારનુ જે કઇ પણ નુકશાન થયુ હશે તે નુકશાન બદલ તે માલના ધણીને રેલવે આડમીનીસ્ત્રેશન જવાબદાર થશે એમ સમજવુ

૫૯ (૧)—કઇ પણ ભયકારક અથવા ત્રાસદાયક માલ પોતાની સાથે લઇ જવાનો અથવા કોઇ રેલવે આડમિનીસ્ત્રેશનને લઇ જવાનુ કહેવાનો કોઇપણ માણસને હક છે એમ સમજવુ નહીં

(૨) આવો કોઇપણ માલ રેલવે ઉપરની જે જગા ઉપર જે કોઇ પણ માણસ લાવે તે જગા જે સ્ટેશન માસ્તર અથવા બીજા કોઇ રેલવેના નોકરના હવાલામા હોય તે સ્ટેશન માસ્તર અથવા બીજા નોકરને તે માલના પ્રકારની નોટીસ આપ્યા શિવાય તે રેલવે ઉપર સદરહુ માલ તે માણસે પોતાની સાથે લઈ જવો નહી, અથવા કોઇપણ માલ જે બીદડીમા હશે તે બીદડીની બાહેરની બાજુએ તે માલનો પ્રકાર સ્પષ્ટરીતે બતાવ્યા શીવાય બીજી રીતે તે માલના પ્રકારની લેખી નોટીશ જે રેલવેના નોકરને તે માલ આપવા માડે અથવા આપે તે રેલવેના નોકરને આપ્યા શીવાય સદરહુ માલ રેલવે મારફત લઈ જવા સારૂ આપવા માડવો નહિ અથવા આપવો નહીં

(૩) આવો કાઇ પણ માલ રેલવેમા લઈ જવા માટે લેવાની ના પાડવાનો અધીકાર હરકોઈ રેલવેના નોકરને છે અને પેટા કલમ (૨) મા કહેલી નોટીસ આપ્યાની રેલવેના કોઇ નોકરને ખબર ન હોય ત્યારે, તે પ્રમાણે લીધેલો માલ લઈ જવાની ના પાડવાનો અથવા તે માલ જતો અટકાવવાનો અધીકાર તે નોકરનેછે.

(૪) જે બીડડીમાના માલ સબધી પેટા કલમ (૨) મા કહેલી નોટીસ આપ્યાની કોઇપણ રેલવેના નોકરને ખબર ન હોય તે બીંદડીમા ઉપર કહેલા પ્રકારનો માલ છે એમ માનવાને તે નોકરને કારણ હોય તો સદરહુ બીંદડીમા શુ છે તેની ખાત્રી કરવા સારૂ તે ઉઘડાવવાનો અધીકાર તે નોકરને છે

(૫) સન ૧૮૮૪ ના હીંદુસ્થાનમા બારી પદાર્થ બાબતના આકટને અથવા તે આકટ મુજબ કરેલી

કોઇપણ કાનુનને આ કલમના કોઇ પણ મચકુરથી બાધ આવે છે એમ સમજવુ નહિ તથા સરકારના હુકમથી અથવા સરકારની તરફથી જે કઇપણ માલ કોઈ રેલવેમા લઈ જવા સારૂ આપવા માડ્યો હોય અથવા આપ્યો હોય તે માલને, અથવા કોઈ અમલદાર, સોલજર (સીપાઈ) ખલાસી અથવા પોલીસ અમલદાર અથવા સને ૧૮૬૯ ના વોલન્ટીયરો બાબતના આકટ મુજબ વાલન્ટીયર તરીકે નોધાયલો કોઈ શખસ તે હુદ્દાના સબધથી પોતે ચાકરીમા હોય ત્યારે, અથવા પોતે કામ કરતો હોય ત્યારે પોતાની સાથે કોઈ રેલવે ઉપર જે માલ લઈ જાય તે માલને પેટા કલમ (૧) (૩) અને (૪) માનો કોઇપણ મચકુર લાગુ પડે છે એવો તે પેટા કલમોનો અર્થ કરવો નહીં

૬૦—ઉતારૂ તથા તેમના લગેજ શીવાયનો બીજો કોઇ ટ્રાફીક લઈ જવા સારૂ બીજા કોઈપણ સ્ટેશન સુધી પડનારો જે પ્રત્યેક સ્ટેશન ઉપર રેલવે આડમીનીસ્ટ્રેશન જાહેર કરતું હશે તે પ્રત્યેક સ્ટેશન ઉપર તે દર જાહેર કરવા સારૂ રેલવે આડમીનીસ્ટ્રેશને નીમેલા રેલવેના નોકરે, કોઈપણ શખશ જોવા માગે એટલે તેને, સબધવાળા રેલવે આડમીનીસ્ટ્રેશને અથવા રેલવે આડમીનીસ્ટ્રેશનોએ જે દરની બુકમા અથવા બીજા દસ્તાવેજમા તે દર જાહેર કર્યો હશે તે બુક અથવા દસ્તાવેજ યોગ્ય વખતે કાઇ પણ ફી લીધા વગર દેખાડવો જોઇએ

૬૧—(૧) કોઇ પણ રેલવે આડમિનિસ્ટ્રેશને પોતાની રેલવે મારફત માલ લઇ જવા સબધી આકારેલો ચાર્જ તેને આપ્યો હોય તે પ્રસગે તે ચાર્જ જે શખસે અથવા જેની વતી ભર્યો હશે તેના અરજી ઉપરથી તે ચાર્જ પૈકી કઇ કઇ રકમ હેઠળ લખેલા સદરમાના પ્રત્યેક સદરે નીચે આવે છે તેની વિગત તે અરજદારને તે આડમિનિસ્ટ્રેશનલ આપવી જોઇએ, એટલે,—

(અ) રેલવે મારફત માલ લઈ ગયા બદલ, (બ) ટરમીનલ બદલ, (ક) માલ પડી રહ્યા બદલ, તથા (ડ) વસુલ કરવા બદલ, સ્વાધીન કરવા બદલ તથા બીજા ખરચ બદલ

પરતુ તે પ્રત્યેક સદર નીચેના ચાર્જની જુદી જુદી વિશેષ બાબત દાખલ કરવી નહી

(૨) પેટા કલમ (૧) મુજબ કરવાની અરજી લેખી હોવી જોઇએ તથા અરજદારે અથવા તેની વતીના માણસે તે ચાર્જ ભર્યાની તારીખથી એક મહિનાની અદર તે રેલવે આડમિનિસ્ટ્રેશનને કરવી જોઇએ, અને તે અરજી પોહોચ્યા પછી બે મહિનાની અદર તે આડમિનિસ્ટ્રેશનને તે તપસીલ સદર કરવી જોઇએ.

ઉતારૂઓને લઇ જવા બાબત

૬૨—કોઇ પણ રેલવે આડમિનિસ્ટ્રેશન ઉતારૂ લઈ જવા સારૂ જે કોઇ ટ્રેન ચલાવતી હોય તે ટ્રેનમાંના ઉતારૂઓ તથા તે ટ્રેન જે રેલવેના નોકરો એ બેની દરમિયાન નિવેદન કરવા બાબતના ગવર્નર જનરલ ઇન કાઉન્સીલે મજુર ક્યાં હોય તેવા યોગ્ય સાધનો માટે તે ટ્રેનમા તજવીજ કરીને તે યોગ્ય સ્થિતીમા રાખવાનું તે રેલવે આડમિનિસ્ટ્રેશનને ફરમાવવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કાઉન્સીલને છે.

૬૩—પ્રત્યેક વર્ગની ગાડીના પ્રત્યેક ખાનામા વત્તામા વત્તા કેટલા ઉતારૂ લઈ જવા તે દરેક રેલવે આડમીનીસ્ટ્રેશનને ગવર્નર જન ઇનરલ કાઉન્સીલની સમતિથી નક્કી કરવું જોઇએ, અને આ પ્રમાણે નક્કી કરેલી ઉતારૂની સંખ્યા, તે રેલવે આડમિનિસ્ટ્રેશને પ્રત્યેક ખાનાની અદરની અથવા બહારની બાજુએ, ઈંગ્રેજીમા અથવા તે રેલવે જે મુલકમા થઇને જતી હોય તે મુલકમા સાધારણ રીતે વપરાતી હોય એવી એક અથવા વધારે દેશી ભાષામા, અથવા ઈંગ્રેજીમા તથા ગવર્નર જનરલ ઇન કાઉન્સીલ તે રેલવે આડમિનિસ્ટ્રેશનનો અભિપ્રાય લઇને ઠરાવે તેવી એક અથવા વધારે દેશી ભાષામા સહેલથી દેખાઇ શકે તેવી રીતે દર્શાવવી જોઇએ

૬૪. (૧) સન ૧૮૯૧ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખે તથા ત્યાર પછી પ્રત્યેક રેલવે આડમિનિસ્ટ્રેશને ઉતારૂની પ્રત્યેક ટ્રેનમા તે ટ્રેન માહેની સઉથી હલકા કલાસની ગાડીનું નિદાન એક ખાનું સ્ત્રીઓને સારૂ જુદુ રાખવુ જોઇએ

(૨) જો તે ટ્રેન ૫૦ મેલ કરતા વધારે દુર જવાની હશે તો આવી રીતે જુદા રાખેલા [illegible] એક પીસાબખાનું રાખવું જોઇએ.

૬૫.--પ્રત્યેક રેલવે આડમીનીસ્ત્રેશને પોતાની રેલવે ઉપરના પ્રત્યેક સ્ટેશન ઉપર સર્વને દેખાય તથા વાચવાનુ બની શકે એવી જગાએ, ઈંગ્રેજી ભાષામા તથા તે સ્ટેશન જે મુલકમા હોય તે મુલકમા સાધારણ રીતે વપરાતી હોય એવી દેશી ભાષામા, વિદ્યમાનકાળે તે રેલવે ઉપર અમલમા હોય એવા ટાઇમટેબલની એક પ્રત તથા ભાડાની યાદી ચોહોડવી જોઇએ અને તે યાદી જે સ્ટેશન ઉપર ચોહોડેલી હોય તે સ્ટેસન-થી ઉતારૂઓને સાધારણ રીતે જે જે જગાની કાઈ ટીકીટ આપવામા આવે તે તે જગા સુધી મુસાફરી કરતા કેટલુ ભાડુ પડશે તે તે યાદીમા લખવુ જોઇએ

૬૬ (૧)--રેલવેમા મુસાફરી કરવાની જે માણસની ઇચ્છા હશે તે પોતાનુ ભાડુ આપે એટલે તેને એક ટીકીટ આપવી, અને તે ટીકીટમા કયા કલાસની ગાડીનુ અને કઇ જગાથી કઇ જગા સુધીનુ કેટલુ ભાડુ આપ્યુ છે તે નિર્દિષ્ટ કરવુ જોઇએ

(૨) પેટા કલમ (૧) મુજબ ટીકીટ ઉપર લખવાની હકીકત--

(અ) સહુથી હલકા કલાસની ગાડી તે ટીકીટ ઉપર બતાવવાની હોય તો, તે રેલવે જે મુલકમા થઇને જતી હોય તે મુલકમા સાધારણ રીતે વપરાતી હોય એવી દેશી ભાષામા નિરદીષ્ટ કરવી જોઇએ અને

(બ) સહુથી હલકા કલાસ શિવાયના બીજા કોઇ કલાસની ગાડી ટીકીટ ઉપર બતાવવાની હોય તો, ઈંગ્રેજીમા નિરદીષ્ટ કરવી જોઇએ

૬૭ [૧] જે ટ્રેન સારૂ ટીકીટ આપવામા આવશે તે ટ્રેનમા જગા હોવાની સરતેજ ભાડુ લઇને ટીકીટ આપી છે એમ સમજવુ

(૨) જે કોઈ માણસને ટ્રેન સારૂ ટીકીટ આપી હશે તે ટ્રેનમા તેને વાસ્તે જગા નહિં થશે ત્યારે તે ટ્રેન ઉપડી ગયા પછી ત્રણ કલાકની અંદર તે પોતાની ટીકીટ પાછી આપશે તો, પોતાનુ ભાડુ લાગલુજ પાછુ મળવાનો તેને હક છે

[૩] કોઈ પણ માણસે જે કલાસની ગાડીની ટીકીટ લીધી હશે તે ગાડીમા જગા ન મળવાને લીધે તેને ઉતરતા કલાસની ગાડીમા મુસાફરી કરવી પડે તો, તે પોતાની ટીકીટ બતાવે કરે એટલે, તેણે આપેલુ ભાડુ તથા જે કલાસની ગાડીમા મુસાફરી કરી હોય તેનુ ભાડુ એ બે વચેનો તફાવત પાછો મળવાનો તેને હક છે

૬૮--કોઈ પણ માણસે પોતાની પાસે યોગ્ય પાસ અથવા ટીકીટ હોવા શિવાય કોઇ રેલવે ઉપર કોઈ પણ ગાડીમા ઉતારૂ તરીકે જવા સારૂ તે ગાડીમા રેલવેના નોકરની પરવાનગી વગર પેસવુ નહીં

૬૯--આ અર્થે રેલવે આડમિનિસ્ત્રેશને નિમેલા કોઇ પણ રેલવેના નોકરની માગણી ઉપરથી રેલવેના દરેક ઉતારૂએ પોતાનો પાસ અથવા ટીકીટ તપાસવા સારૂ તે નોકરને બતાવવી જોઇએ અને તે પાસ અથવા તે ટીકીટ જે મુસાફરી સારૂ આપી હોય તે પુરી થાય અથવા પુરી થવા આવે એટલે અથવા મુદતી પાસ અથવા ટીકીટની બાબતમા જે મુદત સુધી તે પાસ અગર તે ટીકીટ ચાલુ હોય તે પુરી થાય એટલે, તે પાસ અથવા તે ટીકીટ રેલવેના નોકરોને સ્વાધીન કરવી જોઇયે

૭૦--જવા આવવાની ટીકીટ અથવા મુદતની ટીકીટ બીજાને આપી શકાશે નહિં, તથા તે ટીકીટ ઉપર નિર્દીષ્ટ કરેલી જગાએ જવા આવવા સારૂ તે ટીકીટ જે માણસને આપી હશે તેજ માણસને તેનો ઉપયોગ કરવાનો અધિકાર છે

૭૧--(૧) ૭૭ મી કલમની પેટા કલમ [૧] ની રકમ [૭] ની નિર્દિષ્ટ કરેલી સરતો પાળવામા આવે તે શિવાયને પ્રસંગે, હરકોઈ જાતના સંસર્ગીક અથવા ચેપી રોગથી પીડાતા માણસને લઇ જવાની ના પાડવાનો અધિકાર રેલવે આડમિનિસ્ત્રેશનને છે

(૨) આવા રોગથી પીડાતા માણસે, જે જગાએ પોતે રેલવે ઉપર દાખલ થાય તે જગાના સ્ટેશન માસ્તરની અથવા તે જગા જે બીજા કોઇ રેલવેના નોકરના હવાલામા હોય તે નોકરની મુદ્દામ પરવાનગી લીધા શિવાય તે રેલવે ઉપર દાખલ થવુ નહિ અથવા તે રેલવેમા મુસાફરી કરવી નહી

[૩] પેટા કલમ [૨] મા કહ્યા મુજબની પરવાનગી આપનાર રેલવેના નોકર સદરહુ રોગથી પીડાતા માણસને, તે રેલવે ઉપર હોય તેવા અથવા તેમા મુસાફરી કરનારા બીજા માણસાથી જુદો રાખવાની તજવીજ કરવી જોઇએ

બાબ ૭.

રેલવે આડમિનિસ્ત્રેશનની ટ્રાફીક લઈ જનારા તરીકેની જવાબદારી.

૭૨—[૧) રેલવેમા લઈ જવા સારૂ કાઈ રેલવે આડમિનિસ્ત્રેશનને આપેલા જનાવર અથવા માલ ખોવાઇ જશે નાશ પામશે અથવા બગડી જશે તે બદલ સદરહુ આડમિનિસ્ત્રેશનની જવાબદારી, આ આકટના બીજા ઠરાવોને પાત્ર રહીને, સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના કરારના આકટની ૧૫૧ મી ૧૫૨ મી તથા ૧૬૧ મી કલમ મુજબ નિક્ષેપી ઉપર જે જવાબદારી છે તેટલીજ છે, એમ સમજવુ

(૨) તે જવાબદારી કમી કરવા બાબત જે કબુલત કર્યાનુ જણાતું હોય તે કબુલત પ્રમાણે જવાબદારી કમી કરવા સબધી જેટલી દેખાતી હોય તેટલી રદ થશે એમ સમજવુ, માત્ર

[અ) જો તે કબુલત સદરહુ જનાવર અથવા માલ મોકલનાર અથવા આપનાર માણુસે અથવા તેની તરફથી લખીને સહી કરેલી હશે અને,

(બ) જો તે કબુલત બીજી રીતે, ગવર્નર જનરલ ઇન કોઉન્સીલે પસદ કરેલા નમુના પ્રમાણે હશે. તો તે રદ થશે એમ સમજવુ નહીં

(ક) જનાવર અથવા માલ લઇ જવા બાબતની સાધારણુ હુડાભાડાવાળાની જવાબદારી સબંધી ઇંગ્લિડના માસુલ કાયદામા અથવા સને ૧૮૬૫ ના હુંડા ભાડાવાળાના આકટમાના કોઇપણુ ઠરાવ ઉપરથી આ કલમમા નિર્દીષ્ટ કરેલી રેલવે આડમિનિસ્ત્રેશનની જવાબદારીને બાધ આવે છે એમ સમજવુ નહીં

૭૩—(૧) રેલવેમા લઈ જવા સારુ કોઇ પણુ રેલવે આડમિનિસ્ત્રેશનને આપેલા જનાવર ખોવાઈ જશે, નાશ પામશે અથવા બગડી જશે તે બદલ ઉપરની છેલી કલમ મુજબની સદર આડમીનીસ્ત્રેશનની જવાબદારી, કોઈ પણુ પ્રસગે હાથી અથવા ઘોડાની બાબતમા માથા દીઠ પાચસો રૂપીયાથી વધારે નથી, અથવા ઉંટથી અથવા સીંગડાવાળા જનાવરની બાબતમા, માથાદીઠ પચાસ રૂપીયાથી વધારે નથી, અથવા "ગધેડા" ઘેટાની, બકરાની, કુતાની અથવા બીજા જનાવરની બાબતમા માથાદીઠ દસ રૂપીયાથી વધારે નથી એમ સમજવુ, પરતુ તે આડમીસ્ત્રેશનને તે જનાવર મોકલનાર અથવા આપનાર માણુસ તે જનાવરો રેલવે મારફત લઇ જવા સારૂ આપતી વખતે, ઉપર કહેલા દરેક જનાવરની અનુક્રમ, પ્રસગોપાત પાચસો પચાસ અથવા દશ રૂપીયા કરતા વધારે કીંમત છે એમ જાહેર કરવે અથવા કરે તો સદરહુ ઠરાવ લાગુ પડશે નહીં

(૨) આવી જાસ્તી કિંમત જાહેર કરી હોય ત્યારે અનુક્રમે ઉપર કહેલી રકમો ઉપર જેટલી જાસ્તી કીંમત જાહેર કરવામા આવે તેટલી જાસ્તી કીંમત ઉપર, જોખમ વધવાને લીધે, સેકડે અમુક ટકા લેવાનો અધિકાર રેલવે આડમિનિસ્ત્રેશનને છે

(૩) કોઈ પણુ જનાવર ખોવાઇ ગયા બદલ નાશ પામ્યા બદલ અથવા બગડી ગયા બદલ નુકશાન ભરી લેવાનુ કોઇ રેલવે આડમિનિસ્ત્રેશન ઉપર કામ ચાલે તેવા દરેક વખતે, તે જનાવર શી કીંમતનુ છે તે સાબીત કરવાનો અને જનાવરને કઇ નુકશાન થયુ હોય તે પ્રસગે નુકશાન કેટલુ થયુ છે તે સાબીત કરવાનો બોજો, નુકશાની માટે દાવો કરનાર માણુસ ઉપર છે એમ સમજવુ

ક ૭૩ (૧) મા "ગધેડા" શબ્દ સને ૧૮૯૬ ના એકટ ૯ ની ક ૪ થી દાખલ કર્યા છે

૭૪—કોઇ ઉતરૂની માલકીનો અથવા તેના હવાલામાનો લગેજ રેલવેના કોઇ નોકરે નોધીને તે બદલ પહોચ આપી નહીં હોય તો, તે લગેજ ખોવાય બદલ અથવા નાશ પામ્યા બદલ અથવા બગડયા બદલ તે રેલવે આડમીનીસ્ત્રેશન જવાબદાર નથી

૭૫ (૧)—રેલવે મારફત લઇ જવા સારૂ રેલવે આડમિનિસ્ત્રેશનને સ્વાધીન કરેલા કાઇ પણુ પારસલ અથવા બીંડીમા ૨ જા પરિશિષ્ટમા કહેલી કોઇ પણુ વસ્તુઓ હશે, અને તે પારસલ અથવા બીંડીમાની આવી વસ્તુઓની કીમત રૂપીયા સો કરતા વધારે હશે ત્યારે, તે પારસલ અથવા બીંડી તે આડમિનીસ્ત્રેશનને મોકલનાર અથવા સ્વાધીન કરનાર માણુસે તે રેલવેની મારફત લઈ જવા સારૂ સ્વાધીન કરતી વખતે તે વસ્તુઓની કીમત તથા તે પારસલ અથવા બીંડીમા શુ છે તે જાહેર કરાવ્યુ નહિ હશે અથવા

કર્યું નહિ હશે તથા રેલવે આડમિનિસ્ટ્રેશનની માગણી ઉપરથી આ પ્રમાણે જાહેર કરેલી કીંમત ઉપર વધારે જોખમને લીધે નુકશાનના બદલા તરીકે સેકડે અમુક ટકા આપ્યા નહીં હશે અથવા આપવાનુ કબુલ કર્યું નહિ હશે તો, તે રેલવે આડમિનિસ્ટ્રેશન, તે પારસલ અથવા બીંદડી ખોવાયા બદલ અથવા નાશ પામ્યા બદલ અથવા બગડયા બદલ જવાબદાર નથી

(૨) જે કોઇપણ પારસલ અથવા બીંદડીની કીંમત પેટા કલમ (૧) મુજબ જાહેર કરી હશે તે પારસલ અથવા બીંદડી ખોવાશે, નાશ પામશે અથવા બગડશે ત્યારે, એ પ્રમાણે ખોવાયા બદલની નુકશાની વસુલ કરવી તે સદરહુ પ્રમાણે જાહેર કરેલી કીંમત કરતા વધારે હોવી ન જોઇએ, અને આ પ્રમાણે જાહેર કરેલી કીમત ખરી કીમત છે તે સાબીત કરવાનો બોજો, જાહેર કરેલા ઇકરારમા ગમે તે મજકુર હોય તો પણ નુકશાનીનો દાવો કરનાર માણસ ઉપર છે

(૩) બીજા પરીશીષ્ટમા લખેલી કોઇ પણ વસ્તુ અમુક પારસલમા છે એવું જાહેર કર્યું હશે તે પારસલ લઇ જવા બાબત આડમીનીસ્ટ્રેશનને નીચે પ્રમાણે શરત કરવાનો અધિકાર છે તે એ કે સદરહુ પારસલમા જે વસ્તુ હોવા બદલ જાહેર કરવામા આવ્યુ હશે તે વસ્તુ તેમા ખરેખરી છે તે બાબત તપાસ ઉપરથી અથવા બીજી કોઇ રીતે આ અર્થે અધિકાર મળેલા રેલવેના નોકરની ખાત્રી થવી જાઇએ

૭૬—રેલવે મારફત લઇ જવા સારૂ રેલવે આડમીનીસ્ટ્રેશનને સ્વાધીન કરેલા જનાવર અથવા માલ ખોવાયા બદલ, નાશ પામ્યા બદલ અથવા બગડયા બદલ નુકશાની મળવા સારૂ તે રેલવે આડમીનીસ્ટ્રેશન ઉપર કરેલી હરકોઇ ફરીયાદમા, તે કઇ રીતે ખોવાયા, નાશ પામ્યા અથવા બગડયા એ સાબીત કરવાની વાદીને જરૂર નથી

૭૭—રેલવેની મારફત લઇ જવાયલા જનાવર અથવા માલ ઉપર વધારે લીધેલા પૈસા પાછા મળવાનો અથવા એવી રીતે લઇ જવા સારૂ સ્વાધિન કરેલા જનાવર અથવા માલ ખોવાયા બદલ, નાશ પામ્યા બદલ અથવા બગડ્યા બદલ નુકશાની મળવાનો કોઇ માણસને હક નથી પણ તે વધારે લીધેલા પૈસા પાછા મળવાનો અથવા નુકશાની મળવાનો પોતાનો દાવો તે માણસે અથવા તેના તરફથી બીજા કોઇએ રેલવેની મારફત લઇ જવા સારૂ તે જનાવર અથવા માલ સ્વાધિન કર્યાની તારીખથી છ મહિનાની અંદર તે રેલવે આડમીનીસ્ટ્રેશનને લખીને ગુજાર્યો હશે તો તે માણસને ઉપર કહ્યા પ્રમાણેનો ઠરાવ લાગુ નથી એમ સમજવુ

૭૮—આ બાબના ઉપરના ઠરાવોમા ગમે તે કહ્યુ હોય તોપણ, જે કોઇ પણ માલના પ્રકાર બદલ કલમ ૫૮ પેટા કલમ (૧) મુજબ આપેલી તપશીલ મુદ્દાની બાબતમા ખોટી હોવાને લીધે કોઇ પણ રીતે તે માલ ખોવાયો હોય, નાશ પામ્યો હોય અથવા બગડ્યો હોય ત્યારે તે પ્રમાણે તે માલ ખોવાયા બદલ, નાશ પામ્યા બદલ અથવા બગડયા બદલ, અથવા કોઇ પણ પ્રસંગે તે ખોટી તપશીલમા લખેલા પ્રકાર મુજબ તે માલની જે કીમત આકારવામા આવે તેનાથી વધારે રકમ બદલ, રેલવે આડમીનીસ્ટ્રેશન જવાબદાર નથી એમ સમજવુ

૭૯—કોઇપણ અમલદાર, સોલજર અથવા બુણુગુ સરકારની માલકીની તથા સરકાર ચલાવતી હોય એવી રેલવે ઉપર પોતાના હુદ્દાના નાતાથી નોકરી ઉપર હોય અથવા મુસાફરી કરતો હોય તે વખતે, તેનો એવી રીતે જાન જાય અથવા તેની જાતના એવી રીતે કાઇ ઇજા થાય કે, જો તે પોતાના હુદ્દાના નાતાથી તે રેલવે ઉપર ન હોત અથવા મુસાફરી કરતો ન હોત તો, પ્રસંગોપાત, સને ૧૮૫૫ ના આકટ ૧૩ મુજબ નુકશાનનો બદલો આપવાનો થાત અથવા તેને પોતાને તે બદલો આપવાનો થાત ત્યારે જે લશ્કરી કાયદાનો તેના છેક મરણ સમયે અથવા તેને ઇજા થઇ તે વખતે તે પાત્ર હોય તે લશ્કરી કાયદામા એવી રીતે કોઇનો જીવ ગયા બદલ અથવા કોઇને ઇજા થયા બદલ નુકશાનનો બદલો મળવા સંબંધી ઠરાવ હોય તે પ્રસંગે, તેનો જાન ગયાને લીધે અથવા તેને ઇજા થયાને લીધે કેવી જાતનો તથા કેટલો બદલો આપવો તે સદરહુ કાયદાને અનુસરીને નક્કી કરવામા આવશે, પણ બીજી રીતે નક્કી કરવામા આવશે નહિ

૮૦—એક રેલવે આડમિનિસ્ટ્રેશનની રેલવે ઉપર હોય એવા ટ્રાફીક સંબંધી બીજા રેલવે આડમિનિસ્ટ્રેશનની જવાબદારી કમી થાય એવી મતલબની કરેલી કોઇ પણ કબુલતમા ગમે તે કહ્યુ હોય તોપણ કોઇ ઉતારૂ મુવા બદલ અથવા તેને શારીરિક ઇજા થયા બદલ અથવા જનાવર અથવા માલ ખોવાયા બદલ નાશ

પામ્યા બદલ અથવા બગડ્યા બદલ નુકસાની લેવા માટે કરેલી ફરિયાદ, તે ઉતારૂ અથવા તે જનાવર અથવા માલ બે અથવા વધારે રેલવે આડમિનિસ્ટ્રેશનની રેલવે ઉપર સળંગ લઇ જવા સારૂ નોંધેલો હોય ત્યારે, પ્રસંગ પ્રમાણે તે ઉતારૂએ પોતાની ટીકીટ અથવા પાસ જે રેલવે આડમિનિસ્ટ્રેશન પાસેથી લીધી હોય, અથવા તે જનાવર અથવા માલના કનસાઇનરે તે જે રેલવે આડમિનિસ્ટ્રેશનને સ્વાધીન કર્યો હતુ તે રેલવે આડમિનિસ્ટ્રેશન ઉપર અથવા જે રેલવે આડમિસ્ટ્રેશનની રેલવે ઉપર જનાવર અથવા માલ ખોવાયો હશે, નાશ પામ્યો હશે અથવા બગડ્યો હશે, અથવા ઉતારૂ મુવો હશે અથવા તેને ઇજા થઇ હશે તે રેલ્વે આડમિનિસ્ટ્રેશન ઉપર આણવાનો અધિકાર છે

૮૧—જનાવર અથવા માલ કોઇ પણ ભુમધ્ય જળાશય ઉપરથી લઇ જવાનો કરાર કર્યો હોય એવુ કોઇ પણ રેલવે આડમિનિસ્ટ્રેશન તે જનાવર અથવા માલ આ આક્ટમા વ્યાખ્યા કર્યા પ્રમાણે રેલવે ન હોય એવા વહાણમા લેવડાવી જશે તો તે જનાવર અથવા માલ તે વહાણમા લઇ જવામા આવે તે દરમિયાન તે ખોવાયા બદલ, નાશ પામ્યા બદલ, અથવા બગાડ્યા બદલ તે રેલવે આડમિનિસ્રેશનની જવાબદારી જો તે વહાણ એવી રેલવે હોત તો જેટલી ઠરત તેટલીજ ઠરશે

૮૨—(૧) ઉતારૂ, જનાવર અથવા માલ અંશત. રેલવે મારફત તથા અંશત. સમુદ્ર મારફત લઇ જવાનો કરાર કોઇ રેલવે આડમિનિસ્રેશન કરે ત્યારે સમુદ્ર ઉપર તે લઇ જતા ઇશ્વરી કૃત્યને લીધે રાજાના શત્રુને લીધે, આગને લીધે યંત્ર તથા બાઇલર તથા વરાળથી થનારા અકસ્માતને લીધે તથા પ્રત્યેક પ્રકારના બીજા જોખમને લીધે તથા અકસ્માતને લીધે જાન જાય, શારીરિક ઇજા થાય, અથવા જનાવર અથવા માલ ખોવાય અથવા તેને નુકશાન થાય તે બદલ તે રેલવે આડમિનિસ્રેશન જવાબદાર નથી એવી શરત એ કરારમા સ્પષ્ટ રીતે લખી નહિ હશે તોપણ તે સદરહુ કરારનો એક અંશ છે એમ સમજવુ, અને આ શરત લાગુ કર્યા બાદ તે રેલવે આડમિનિસ્રેશન સમુદ્ર મારફત ઉતારૂ વિગેરે લઇ જવા સારૂ જે વહાણનો ઉપયોગ કરતી હશે તે વહાણ ગમે તે પ્રજાનુ અથવા ધણીનુ હોય તો પણ એ પ્રમાણે સમુદ્ર મારફત લઇ જતા કોઇનો જાન જાય, શારીરિક ઇજા થાય કિંવા જનાવર અથવા માલ ખોવાય અથવા તેને નુકશાન થાય તે બદલ તે રેલવે આડમિનિસ્રેશન હેઠળ લખ્યા મુજબ જવાબદાર થશે એટલે જો સદરહુ વહાણ સન ૧૮૫૪ ના મરચંટ શિપીંગ આક્ટ મુજબ નોંધેલુ હોય તથા તે રેલ્વે આડમિનિસ્રેશનના ધણીપણાનુ હોય ત્યારે તે આક્ટની રૂએ તથા સને ૧૮૬૨ ના મરચંટ શિપીંગ આક્ટ સુધારવા બાબતના આક્ટ મુજબ જેટલે સુધી તે રેલવે આડમિનિસ્રેશન જવાબદાર થાય તેટલે સુધી જવાબદાર થશે, પણ તેથી વધારે જવાબદારી તેને માથે પડશે નહિ એમ સમજવુ

(૨) પેટા કલમ (૧ મા નિર્દીષ્ટ કર્યા પ્રમાણેની કોઇ જાન કે માલની હાનિ અથવા ઇજા થઇ હોય અથવા નુકશાન થયુ હોય ત્યારે તે બનાવ સમુદ્ર મારફત લઇ જતા નિપજ્યો છે એ વાત સાબીત કરવાનો બોજો તે રેલવે આડમિનિસ્રેશન ઉપર છે એમ સમજવુ

—

બાબ ૮. અકસ્માત બાબત.

૮૩—કોઇ પણ રેલવે ચલાવવામા આવતી હોય તે દરમ્યાન નીચે લખેલા અકસ્માત પૈકી હરકોઇ અકસ્માત થાય ત્યારે તે રેલવે ચલાવનાર રેલવે આડમિનિસ્રેશનને તથા બીજા કોઇ પણ રેલ્વે આડમીનીસ્રેશનની ટ્રેનને તે અકસ્માત થાય તો બીજા આડમિનિસ્રેશને પણ નકામી ઢીલ ન કરતા તે અકસ્માતની નોટીશ સ્થાનિક સરકારને તથા તે રેલવે સારૂ નીમાયેલા ઇન્સ્પેક્ટરને મોકલવી જોઇએ, અને જે ઠેકાણે અકસ્માત બન્યો હશે તે ઠેકાણાની છેક નજીકના સ્ટેશન માસ્તરે અથવા એવો સ્ટેશન માસ્તર ન હોય ત્યારે રેલવેના જે સેકશન (ભાગ) ઉપર અકસ્માત બન્યો હશે તે રેલવેનુ સેકશન જે રેલવેના નોકરને સ્વાધિન હશે તેણે જે જીલ્લાના માજીસ્રેટને તથા જે પોલિસ થાણાની સ્થાનિક હદમા તે અકસ્માત બન્યો હોય તે પોલીસ થાણું જે અમલદારના હવાલામા હોય તે અમલદારને અથવા ગવર્નર જનરલ ઇન કાઉન્સીલ આ બાબત વખતે વખતે નિમશે તેવા માજીસ્ટ્રેટને તથા પોલિસ અમલદારને તે અકસ્માતની નોટીસ નકામી ઢીલ ન કરતા આપવી જાઇએ સદરહુ અકસ્માતની વિગત —

(અ) જે અકસ્માતથી માણુસના જીવની હાની થઇ હશે અથવા ઇન્ડિયન પિનલકોડમા વ્યાખ્યા કર્યા પ્રમાણે મહાવ્યથા થઈ હશે અથવા માલને ભારે નુકશાન થયુ હશે તેવા અકસ્માત

(બ) જે ટ્રેનો પૈકી એક ઉતારૂઓની ટ્રેન હોય એવી ટ્રેનોનુ સામાસામી અથડાવુ તે

(ક) ઉતારૂ લઇ જનારી ત્રેનનુ અથવા તેના કોઇ પણ ભાગનુ રેલ ઉપરથી નીચે ઉતરી આવવુ તે

(ડ) જે જાતના અકસ્માતથી હમેશા માણુસના જીવની હાની થતી હોય અથવા ઉપર કહેલા પ્રકારની મહાવ્યથા થતી હોય અથવા માલને ભારે નુકશાન થતુ હોય તેવો અકસ્માત,

(ઇ) ગવર્નર જનરલ ઇન કોસીલ આ અર્થે ઇન્ડિઆ ગેઝેટીમા જાહેરખબર છપાવી પ્રસિદ્ધ કરે તેવા બીજા કોઇ પ્રકારનો કોઇપણુ અકસ્માત

૮૪—નીચે લખેલા સર્વ અથવા તે પૈકી કોઇ પણ કારણુ સારૂ આ આકટને તથા વિદ્યમાન કાળે અમલમા હોય એવા બીજા કોઇ પણુ કાયદાને અનુસરતી કાનુનો કરવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કોસિલને છે તે કારણોની વીગત—

(અ) ઉપરની છેલ્લી કલમમા કહેલી નોટીસોના નમુના ઠરાવવા સારૂ તથા અકસ્માત બદલ તે નોટીસોમા શી શી હકીકત આવવી જોઇએ તે ઠરાવવા સારૂ,

(બ) કયા પ્રકારના અકસ્માતની બાબતમા અકસ્માત બન્યા પછી તારખતોબ તારની મારફત નોટીસ મોકલવી જોઇએ તે ઠરાવવા સારૂ

(ક) કોઈ અકસ્માત બનેથી રેલવેના નોકરોની, પોલીસ અમલદારોની, ઇન્સ્પેકટરોની તથા માજીસ્ત્રેટોની શી શી ફરજ છે તે ઠરાવવા સારૂ

૮૫—દરેક રેલવે આડમીનિસ્ટ્રેશને પોતાની રેલવે ઉપર બનેલા અકસ્માતનુ પત્રક પછી કાતો તે અકસ્માતથી માણુસના શરીરને ઇજા થઇ હોય કે નહી તો પણ ગવર્નર જનરલ ઇન કોસિલ ઠરાવે તેવા નમુના પ્રમાણે તથા તેવી રીતે તથા તેટલી તેટલી મુદતે ગવર્નર જનરલ ઇન કાસિલને મોકલવુ જોઇએ

૮૬—રેલ્વે ઉપરના કોઈ અકસ્માતથી ઇજા થએલા હરકોઇ માણુસ તે ઇજા બદલ નુકશાનીનો દાવો કરે ત્યારે કાયદાથી અથવા પક્ષકારોની સમતિથી તે દાવાનો નિકાલ કરવના અધિકારવાળી હાઇકોર્ટ અથવા માણુસ તે ઇજા પામેલા માણુસને યોગ્ય લાયકી પામેલા એવા વૈદ્યનો ધધો ચલાવનારા તથા કોઇ પણુ પક્ષકારોનો સાક્ષીદાર ન હોય એવા ફલાણુા માણુસને તપાસવો એવો હુકમ કરવાને તથા તે તપાસના ખરચ બદલ પોતાને યોગ્ય લાગે એવો હુકમ કરવાને મુખત્યાર છે

બાબ ૯. દંડ તથા ગુન્હા.

રેલવે કપનીઓએ ગુન્હેગારી દાખલ આપવાની રકમ

૮૭—કલમ ૧૩ પ્રમાણે કરેલા કોઇપણુ હુકમ નહિ માનવાને કાઇ રેલવે કપની ચુકરે તો તે કપનીએ તે હુકમ નહિ માનવા બદલ બસે રુપિયા સરકારને ગુન્હેગારી દાખલ આપવા જોઇએ, અને તે ફેરા ન પહેલા દીવસ પછી જ્યા સુધી તે હુકમ માનવામા ન આવે ત્યા સુધી દર એક દીવસના પચાશ રૂપીઆ લેખે સરકારને ગુન્હેગારી આપવી જોઇએ

૮૮—કોઇ રેલવે કપની ૧૮ મી કલમની પેટા કલમ (૨) વિરૂદ્ધ કોઇ રેલવ ઉપર કાઇ પણુ રોલીંગ સ્ટોક ચળાવી અથવા બીજી યાત્રિક શક્તિથી ચલવશે, અથવા ૧૮ મી ૧૯ મી, ૨૦ મી અથવા ૨૧ મી કલમ વિરૂદ્ધ કોઇ પણ રેલવે અથવા કામ ચાલુ કરશે અથવા તેનો ઉપયોગ કરશે, અથવા ૧૪ મી કલમ વિરૂદ્ધ કોઇ પણુ રેલવે ફરી ચાલુ કરશે અથવા કોઈ પણુ રોલીંગ સ્ટોકનો ઉપયોગ કરશે તો, જેટલા દીવસ સુધી મજકુર કલમો પૈકી કોઇપણુ કલમ વિરૂદ્ધ તે યાત્રિક શક્તિનો રેલવેનો, કામનો અથવા રોલીંગ સ્ટોકનો ઉપયોગ કરવામા આવશે તેટલા દીવસ સુધી દરએક દીવસના બસે રૂપિઆ લેખેની રકમ તે કપનીએ સરકારને ગુન્હેગારીમા આપવી જોઇએ

૮૯—કોઇપણ રેલવે કંપની પોતાની રેલ્વેના સ્ટેશનો ઉપર અમુક ચોપડીઓ અથવા બીજા લેખ લોકોને જોવા સારૂ ખુલ્લા રાખવા અથવા પ્રસિદ્ધ જગાએ ચોહોડવા સબંધી ૪૭ મી કલમની પેટા કલમ ૬) ૫૪ મી કલમની પેટા કલમ (૨) અથવા ૬૫મી કલમના ઠરાવો અમલમા આણવાને ચુકશે તો જેટલા દીવસ સુધી તે ઠરાવ પ્રમાણે ચાલવામા ન આવે તેટલા દીવસ બદલ દરએક દીવસના પચાસ રૂપીઆ લેખેની રકમ તે રેલવે કંપનીએ સરકારને આપવી જોઇએ

૯૦—સામાન્ય કાનુનો કરવા સબંધી ૭ મી કલમના ઠરાવો અમલમા આણવાને કોઇ રેલવે કંપની ચુકશે તો, સદરહુ પ્રકારની ચુક જેટલા દીવસ ચાલુ રહેશે તેટલા દીવસ બદલ દરએક દીવસના પચાશ રૂપીઆ લેખેની રકમ તે કંપનીએ સરકારને ગુન્હેગારીમા આપવી જોઇએ

૯૧—૪૮ મી કલમ મુજબ ગવર્નર જનરલ ઇન કૌંસિલે કરેલા કોઇપણ ઠરાવ પ્રમાણે ચાલવાને એકાદી રેલવે કંપની ઇનકાર અથવા ગફલત કરશે તો જેટલા દીવસ સુધી સદરહુ ઇનકાર અથવા ગફ્લત ચાલુ રહે તેટલા દીવસ સુધી દર દીવસના બસે રૂપીઆ લેખેની રકમ તે કંપનીએ સરકારને ગુન્હેગારીમા આપવી જોઇએ

૯૨—કોઇપણ પત્રક મોકલવા સબધી ૫૨ મી કલમના અથવા ૮૫ મી કલમના ઠરાવો પ્રમાણે કોઇ રેલવે કંપની ચાલે નહિ તો, તે પત્રક મોકલવા સારૂ ઠરાવેલી તારીખથી ચૌદ દીવસ વિત્યા પછી જેટલા દીવસ સુધી સદરહુ પત્રક મોકલવામા નહિ આવે તેટલા દીવસ બદલ દરએક દીવસના પચાસ રૂપીઆ લેખેની રકમ તે કંપનીએ સરકારને ગુન્હેગારીમા આપવી જોઇએ

૯૩—કોઇપણ વાગનમા અથવા ટ્રકમા વત્તામા વત્તુ કેટલું વજન ભરી લઇ જવુ તે સબધી અથવા કોઇપણ ખાનામા વત્તામા વત્તા કેટલા ઉતારૂ બેસાડવા તે સબધી અથવા તે વાગન ઉપર અથવા તે ટ્રક ઉપર સદરહુ વજન દરશાવવા સબધી અથવા તે ખાનામા અથવા ખાના ઉપર સદરહુ ઉતારૂની સંખ્યા દરશાવવા સબધી કલમ ૫૩ અથવા કલમ ૬૩ મા કહેલા ઠરાવો વિરૂદ્ધ કોઇ રેલવે કંપની ચાલશે, અથવા પોતાની રેલવે ઉપર જનારી વાગન અથવા ટ્રકના કોઇપણ ધણીને કલમ ૫૩ ના ઠરાવો જાણી બુજીને તે કંપની તોડવા દેશે તો જેટલા દીવસ સુધી સદરહુ એ કલમો પકી કોઇપણ કલમના ઠરાવ તોડવામા આવે તેટલા દીવસ બદલ દરએક દીવસના વીસ રૂપીઆ લેખેની રકમ તે કંપનીએ સરકારને ગુન્હેગારીમા આપવી જોઇએ

૯૪—કોઇપણ રેલવે કંપની ચલાવતી હોય એવી ઉતારૂ લઇ જનારી હરકોઇ ટ્રેનમા ગવર્નર જનરલ ઇન કૌંસિલ મંજુર કરે તેવા, ઉતારૂ તથા રેલવેના નોકરની દરમ્યાન નિવેદન કરવાના યોગ્ય સાધનો કરીને તે યોગ્ય સ્થિતિમા ટકાવી રાખવા બદલ કલમ ૬૨ મુજબ ગવર્નર જનરલ ઇન કૌંસિલે કરેલો હરકોઇ હુકમ માનવા તેને તે કંપની ચુકશે તો, તે હુકમ ન માનીને ચલાવેલી દરેક ટ્રેન બદલ તે કંપનીએ સરકારને વીશ રૂપીઆ ગુન્હેગારીમા આપવા જોઇએ

૯૫—સ્ત્રીઓ માટે ખાના જુદા રાખવા સબંધી અથવા તે ખાનામા પીશાબખાનાની સોઇ કરવા સબધી ૬૪ મી કલમના ઠરાવો પ્રમાણે કોઇ રેલવે કંપની ચાલશે નહિ તો આ પ્રમાણે જે ટ્રેનના સબંધમા ચુક થશે તે પ્રત્યેક ટ્રેન માટે તે કંપનીએ સરકારને વીસ રૂપીઆની રકમ ગુન્હેગારીમા આપવી જોઇએ

૯૬—૮૩ મી કલમમા તથા ૮૪ મી કલમ મુજબ વિદ્યમાનકાળે અમલમા હોય એવી કાનુનોમા કહ્યા મુજબની કોઇ અકસ્માતની નોટીસ આપવાને કોઇ રેલવે કંપની ચુકશે તો જેટલા દીવસ સુધી તે નોટીસ આપવામા ન આવે તેટલા દીવસ બદલ દરએક દીવસના સો રૂપીયા લેખેની રકમ તે કંપનીએ સરકારને ગુન્હેગારીમા આપવી જોઇએ

૯૭—કોઇ પણ કૃત્ય અથવા કસુર કર્યાને લીધે કોઇ રેલવે કંપનીએ આ બાબના ઉપર કહેલા ઠરાવો મુજબ સરકારને કાંઇ રકમ ગુન્હેગારીમા આપવાની હોય ત્યારે તે કૃત્ય અથવા કસુર તમામ અથવા કોઇ પણ અંશે જે જગાએ થઇ હોય તે જગાએ હકુમત ધારણ કરનારી ડીસ્ત્રીક્ટ કોર્ટમા ફરિયાદ કરી તે દંડની રકમ વસુલ કરી શકશે એમ સમજવુ.

(૨) આવી ફરિયાદ કરવાની તે ગવર્નર જનરલ ઇન કૌંસિલની પ્રથમ મંજુરી લઇને ફરવી જોઇએ, અને તે ફરિયાદમા હિંદુસ્તાનના સેક્રેટરી ઑફ સ્ટેટ ઇન કાંસિલને વાદી કરવા જોઇએ

(૩) આ બાબના ઉપર કહેલા ઠરાવ મુજબ કોઇ રેલવે કંપનીએ સરકારને ગુન્હેગારીમા આપવાની સર્વ રકમ અથવા તેનો કોઈ પણ ભાગ માફ કરવાનો અધિકાર ગવરનર જનરલ ઇન કૌંસિલને છે

૯૮—આ આકટથી કોઇ રેલવે કંપની ઉપર નાખેલી કોઈ પણ જવાબદારી અદા કરવાની તે કંપનીને ફરજ પાડવા સારૂ, ઉપરની છેલી કલમમા કહેલી ફરીયાદ ન કરતા બીજી કોઇ પણ પ્રકારની તજવીજ કરવાનો અથવા તે ફરીયાદ ઉપરાત બીજી કાઇ પણ પ્રકારની તજવીજ કરવાનો સરકારને પ્રતિબધ થાય એમ આ બાબના કોઇ પણ ઠરાવનો અર્થ કરવો નહિ

રેલવેના નોકરોએ કરેલા ગુન્હા

૯૯—રેલવેના જે કોઇ નોકરનુ કામ ૬૦ મી કલમના ઠરાવ માન્ય કરવાનુ હશે તે નોકર તે ઠરાવ ગફલતથી અથવા જાણી જોઇને માન્ય નહીં કરશે તો તેનો વીશ રૂપીયા સુધીનો દંડ થશે

૧૦૦—જે કોઈ પણ રેલવેનો નોકર કામ ઉપર છતા કેફી અવસ્થામા હોય તો તેને પચાસ રૂપીયા સુધીના દંડની શિક્ષા થશે, અથવા જે પ્રસંગે સદરહુ કામ અયોગ્ય રીતે કર્યાને લીધે રેલવે ઉપરની અથવા રેલવેમા મુસાફરી કરનારા કોઈ પણ શખસની સલામતીને જોખમ પહોચવાનો સંભવ હોય તે પ્રસંગે તેને એક વર્ષની મુદ્દત સુધીની કેદની અથવા દંડની અથવા એ બન્નેની શીક્ષા થશે.

૧૦૧—રેલવેનો કોઇ નોકર, પોતે કામ ઉપર હોય તે વખતે

[અ] આ આકટ મુજબ કરેલી અને મંજુર તથા પ્રસિદ્ધ તથા જાહેર કરેલી કોઇ પણ સામાન્ય કાનુન માન્ય નહી કરીને, અથવા

(બ) જે કોઇ પણ કાનુન અથવા હુકમ આવી કોઇ પણ સામાન્ય કાનુનથી વિરૂદ્ધ નહીં હશે અને જે પ્રમાણે ચાલવાને તે પોતાની પાયરીની શરતથી બધાયલો હશે, અને જે વિશેની પોતાને નોટીસ મળી હશે તે કાનુન અથવા હુકમ માન્ય નહીં કરીને અથવા

(ક) કાઇ પણ અવિચારનુ અથવા ગફલતનુ કામ અથવા કસુર કરીને.

કોઈ પણ માણસની સલામતી જોખમમા નાખશે તો તેને બે વર્ષની મુદ્દત સુધીની કેદની અથવા પાચસો રૂપીયા સુધીના દંડની અથવા એ બન્નેની શીક્ષા થશે

૧૦૨—૯૩ મી કલમ મુજબ વરાામા વત્તા આટલા ઉતારૂઓ ફલાણા ખાનામા બેસે એમ તે ખાનાનો અંદરની અથવા બહારની બાજુએ દર્શાવ્યુ હશે તેટલા પુરેપુરા ઉતારૂઓ તેમા હોવા છતા રેલવેનો કોઇ નોકર કોઇ પણ ઉતારૂને તે ખાનામા જોરજુલમથી દાખલ કરશે અથવા જોરજુલમથી દાખલ કરવાની કોશિષ કરશે અથવા દાખલ કરાવશે તો તેને વીશ રૂપિયા સુધીના દંડની શીક્ષા થશે

૧૦૩—કોઇ સ્ટેશન માસ્તર અથવા રેલવેનુ કોઈ સેકશન (ભાગ) જેના હવાલામા હોય એવો રેલવેનો કોઇ નોકર ૮૨ મી કલમમા તથા ૮૩ કલમ મુજબ વિદ્યમાનકાળે અમલમા હોય એવી કાનુનોમા કહેલી અકસ્માતની નોટીસ નહિ આપશે તો તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે

૧૦૪—રેલવેનો કોઇ નોકર જરૂર સિવાય—

(અ) જે જગાએ રેલવે સાર્વજનિક રસ્તાની સપાટી ઉપર થઇને જતી હોય તે જગાએ કોઈ પણ રોલીંગ સ્ટોક ઉભુ રહેવા દેશે અથવા

(બ) કોઈ પણ લેવલક્રોસીંગ બંધ કરીને લોકોને ત્યાથી જવા આવવા નહિ દેશે, તો તેને વીશ રૂપીયા સુધીના દંડની શીક્ષા થશે

૧૦૫ આ આકટ મુજબ મોકલવાના જે કોઇ પણ પત્રકમા કોઇ પણ હકીકત ખોટી દાખલ કરી હોય અને તે બાબતની ખબર તે ઉપર સહી કરનારા કોઇ પણ માણસને હોય તો તેને પાચસો રૂપિયા સુધીના દંડની અથવા એક વર્ષ સુધીની કેદની અથવા એ બનેની શિક્ષા થશે

બીજા ગુન્હા.

૧૦૬—કોઇ પણ માલ સબધી તપશીલ આપવાનુ જે કોઇ માણસને ૫૮ મી કલમ મુજબ કહેવામા આવ્યુ હશે તે માણસ સુદ્ધાની બાબતમા ખોટી હોય એવી તપશીલ આપશે તો તે માણસને અને જો તે

માણુસ માલનો ધણી ન હોય તો તે માલના ધણીને પણ દરેક મણુ બદલ અથવા મણુના ભાગ બદલ દશ રૂપિયા સુધીના દડની શીક્ષા થશે, અને તે માલ જે કાઇ દર અથવા બીજો ચાર્જ આપવાને પાત્ર થશે તે દર અથવા બીજા ચાર્જ ઉપરાત તે દડ લેવામા આવશે એમ સમજવુ

૧૦૭—કોઈ પણ ૫૯ મી કલમ તોડીને પોતાની સાથે કાઇ પણ ભયકારક અથવા દુઃખકારક માલ રેલવે ઉપર લઈ જશે, અથવા રેલવેની મારફત લઇ જવા સારૂ આવો કઇ પણ માલ આપવા માડશે અથવા આપશે, તો તેને પાચસો રૂપિયા સુધીના દડની શિક્ષા થશે અને આવો માલ તે રેલવે આણવાને લીધે જે કઇપણ હાનિ, ઇજા અથવા નુકશાન થાય તે બદલ પણ તે માણુસ જવાબદાર છે એમ સમજવુ

૧૦૮—ઉતારૂ તથા રેલવેના જે નોકરના હવાલામા ટ્રેન હોય તે નોકર એમની દરમિયાન નિવેદન કરવા સારૂ રેલવે આડમિનિસ્ટ્રેશને કરી આપેલું કોઇપણ સાધન વ્યાજબી તથા પુરતા કારણ શિવાય, કોઇ ઉતારૂ વાપરશે અથવા તેની છેડ કરશે તો તેને પચાસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

૧૦૯—જો કોઇ ઉતારૂ, જે ખાનુ રેલવે આડમિનિસ્ટ્રેશનને બીજા કોઇ ઉતારૂ સારૂ જુદુ રાખ્યુ હશે અથવા જેમા વત્તામા વત્તા આટલા ઉતારૂ બેસાડવા તે તે ખાનાની બહાર અથવા અદર ૬૩ મી કલમમા કહ્યા પ્રમાણે દર્શાવ્યુ હશે તેટલા ઉતારૂ તેમા બેઠેલા છતા તે ખાનામા પ્રવેશ કરે બાદ રેલવેના કોઇપણ નોકરે તેને તેમાથી ઉતારવાનુ કહ્યા છતા તે ઉતરવાને ના પાડે તો તેને વીશ રુપિયા સુધીના દડની શિક્ષા થશે.

(૨) જો કોઇ પણ ઉતારૂ પોતાના ઉપયોગ માટે રેલવે આડમિનિસ્ટ્રેશને જે ખાનુ જુદુ રાખ્યુ ન હોય તે ખાનામા અથવા જેની અદર વત્તામા વત્તા આટલા ઉતારૂ બેસે તે તેની બહાર અથવા અદર ૬૩ મી કલમમા કહ્યા પ્રમાણે દર્શાવ્યુ હોય તેટલા ઉતારૂ તેમા બેઠેલા નહી છતા તે ખાનામા બીજા કોઇ પણ ઉતારૂને કાયદેસર રીતે પેસતા અટકાવશે તેને વીશ રૂપીયા સુધીના દડની શિક્ષા થશે

૧૧૦ (૧) જે ખાનુ તમાકુ વિગેરે પીવા સારૂ ખસુસ રાખેલુ હશે તે ખાના શિવાય બીજા કોઇ પણ ખાનામા જે કોઇ પણ માણુસ, તે ખાનામા બીજા કોઇ ઉતારૂ હોય તો તેઓની સમતી વગર તમાકુ વિગેરે પીશે તેને વીશ રૂપીયા સુધીના દડની શિક્ષા થશે

(૨) તમાકુ ન પીવાની રેલવેના કોઇ પણ નોકરે તાકીદ કર્યા પછી જે કોઇ પણ માણુસ સદરહુ પ્રમાણે તમાકુ વિગેરે પીવાનુ જારી રાખશે તે પેટા કલમ (૧) મા કહેલી શિક્ષાને પાત્ર થવા ઉપરાત વળી જે ગાડીમા તે મુસાફરી કરતો હશે તે ગાડીમાથી તેને કહાડી મૂકવાનો અધિકાર રેલવેના કોઇ પણ નોકરને છે

૧૧૧ રેલવે આડમીનીસ્ટ્રેશનના હુકમથી કોઇ રેલવે ઉપર અથવા રોલીંગ સ્ટોક ઉપર રાખેલુ કોઇ પણ પાટીયુ અથવા ચોહોડેલો કોઇ પણ લેખ કોઇ પણ માણુસ, આ અર્થે અધીકાર શીવાય કાઢી નાખશે અથવા જાણી જોઇને ખરાબ કરશે અથવા તેના કોઈ પણ પાટીઆ અથવા લેખ ઉપરના કોઇ પણ અક્ષર અથવા આકડા છેકી નાખશે અથવા ફેરવશે તો તે માણુસને પચાસ રૂપીઆ સુધીના દડની શીક્ષા થશે.

૧૧૨. જો કોઇ પણ માણુસ, કોઈ પણ રેલવે આડમીનીસ્ત્રેશનને છેતરવાના ઇરાદાથી (અ) ૬૮ મી કલમ વિરૂદ્ધ રેલવે ઉપરની કોઈ પણ ગાડીમા પેસશે, અથવા

(બ) માત્ર એકજ મજલને માટે આપેલા જે પાસનો અથવા ટીકીટનો ઉપયોગ આગળ કરેલી મુસાફરી વખતે થઇ ચુકયો હશે તે, અથવા રીટર્ન ટીકીટની બાબતમા તેના જે અડધા ભાગનો તેવી રીતે ઉપયોગ થઇ ચુકયો હશે તે વાપરવાની કોશિષ કરશે,

તો તેણે જેટલી મુસાફરી કરી હશે તેના એકવારના ભાડાની રકમ ઉપરાત તેને સો રૂપીઆ સુધીનો દડ થશે

૧૧૩ (૧) પોતાની પાસે યોગ્ય પાસ અથવા યોગ્ય ટીકીટ હોવા શિવાય જો કોઇ ઉતારૂ કોઇ ટ્રેનમા મુસાફરી કરશે અથવા પોતે ટ્રેનમા હોય તે વખતે અથવા ટ્રેનમાથી ઉતર્યો હોય તે વખતે ૬૯ મી કલમ મુજબ તેનો પાસ અથવા ટીકીટ રજુ કરવા અથવા આપી દેવા બાબત માગણી કરવામા આવે એટલે તરત પોતાનો પાસ અથવા ટીકીટ તપાસવા સારૂ રજુ કરવાને અથવા તે આપી દેવાને ચુકશે અથવા ના પાડશે તો આ અર્થે રેલવે આડમિનિસ્ટ્રેશને નીમેલા રેલવેના કોઈ પણ નોકરની માગણી ઉપરથી, આ કલ-

મમા નીચે લખેલું જાસ્તી હાસલ આપવાને તે માણુસ પાત્ર છે એમ સમજવુ, અને તે શિવાય વળા તે ઉતારૂ આ પ્રમાણે ભાડુ આપવાને પાત્ર છે એટલે જેટલા અતર સુધી તેણે મુસાફરી કરી હશે તેટલા અંતરનુ મામુલ રીતે લેવાતુ એક વારનુ ભાડુ અથવા તે કયે સ્ટેશનથી નીકળ્યો તે વીશે કાઇ પણ શક હોય ત્યારે, જે સ્ટેશનથી તે ટ્રેન પ્રથમ નીકળી તે સ્ટેશનથી મામુલ રીતે લેવાતુ એકવારનુ ભાડુ અથવા ત્રેનમા મુસાફરી કરનારા ઉતારૂઓની ટીકીટો તે ટ્રેન પ્રથમ નીકળી ત્યાર પછી તપાસવામા આવી હોય તો જે જગાએ તે ટીકીટો તપાસવામા આવી તે જગાથી અથવા એક કરતા વધારે વખત તે ટીકીટો તપાસ-વામા આવી હોય તે પ્રસગે તે છેલવેલી જે જગાએ તપાસવામા આવી તે જગાથી મામુલ રીતે લેવાતું એક વારનુ ભાડુ તે આપવાને પાત્ર છે

(૨) જે કલાસની ગાડી માટે અથવા ટ્રેન માટે કોઇ ઉતારૂએ પાસ મેળવી હોય અથવા ટીકીટ વેચાતી લીધી હોય તેના કરતા ઉપલા કલાસની ગાડીમા અથવા ગાડી ઉપર ટ્રેનમા બેસીને તે મુસાફરી કરશે અથવા મુસાફરી કરવાની કોશીશ કરશે અથવા તેની પાસ અથવા ટીકીટ વડે જેટલે સુધી મુસાફરી કરવાનો અધીકાર હોય તે કરતા વધારે અતર સુધી તે કોઈ ગાડીમા અથવા ગાડી ઉપર બેસીને મુસાફરી કરશે તો, આ અર્થે રેલવે આડમીનીસ્ત્રેશને નીમેલા રેલવેના કોઇ પણ નોકરની માગણી ઉપરથી, આ કલ-મમા નીચે લખેલુ જાસ્તી હાસલ આપવાને તે માણુસ પાત્ર છે એમ સમજવુ, અને તે શીવાય વળી તેણે જે કાઇ ભાડુ આપ્યુ હશે અને તેણે કરેલી મુસાફરી માટે જે ભાડુ આપવાનુ હશે તે બે વચ્ચેના તફાવતની રકમ આપવાને તે પાત્ર છે

(૩) સોથી ઉપલા કલાસની અથવા સોથી નીચલા કલાસની અથવા બીજા કોઈ પણ કલાસની અથવા જાતની ગાડીમા તે ઉતારૂ મુસાફરી કરતો હોય અથવા તેણે મુસાફરી કરી હોય અથવા મુસાફરી કરવાની કોશિશ કરી હોય તે પ્રમાણે, પેટા કલમ (૧) તથા પેટા કલમ (૨) મા કહેલુ જાસ્તી હાસલ નીચે મુજમ હોવુ જોઇએ, એટલે

(અ) ચાર્જ આપવાને પાત્ર થયા પછી તથા રેલવેના કોઇ નોકરને તે બાબતની ખબર પડે તે પહેલા તુરતજ ઉપર કહેલો ઉતારૂ પોતેજ તે ચાર્જ આપવાને પાત્ર છે એ હકીકત તે ટ્રેન જે રેલવેના નોકરના હવાલામા હોય તે નોકરને જાહેર કરે તે પ્રસગે અનુક્રમે એક રૂપિયો બે આના અથવા આઠ આના

(બ) બીજા કોઇ પણ પ્રસગે છ રૂપિયા, એક રૂપીઓ અથવા ત્રણ રૂપીઆ પરતુ એવુ ઠરાવ્યુ છે કે આવુ જાસ્તી હાસલ કોઈ પણ પ્રસગે—

(અ) તે પેટા કલમ (૧) ની રૂયે આપવાનુ થાય ત્યારે, તે આપવાને પાત્ર થયેલો ઉતારૂ તે પેટા કલમ મુજબ જે સાધારણ એકવારનુ ભાડુ આપવાને પાત્ર હોય તેના કરતા વધારે હોવુ નહિ જોઇએ, અથવા

(બ) તે પેટા કલમ (૨) ની રૂયે આપવાનુ થાય ત્યારે તે આપવાને પાત્ર થયેલા ઉતારૂએ આપેલુ ભાડુ તથા તેણે કરેલી મુસાફરી માટે આપવાનુ ભાડુ બે વચ્ચેની તફાવત કરતા વધારે હોવુ જોઇએ નહી

(૪) પેટા કલમ (૧) મા કહેલુ જાસ્તી હાસલ તથા ભાડુ, અથવા પેટા કલમ (૨) મા કહેલુ જાસ્તી હાસલ તથા ભાડાની કાઇપણ બાકી આપવાને પાત્ર થનારો કોઈ ઉતારૂ પ્રસગ પ્રમાણે પેટા કલમ (૧) અથવા પેટા કલમ (૨) મુજબ માગણી કરવામા આવે ત્યારે તે આપવાને ચુકશે અથવા ના પાડશે તો, આ અર્થે રેલવે આડમિનિસ્ત્રેશને નિમેલો રેલવેને કોઇપણ નોકર હરકોઇ માજીસ્ત્રેટને અરજી કરે એટલે તે માજીસ્ત્રેટે સદરહુ રકમ જાણે તે ઉતારૂને પોતે દડ કર્યો હોય તેવી રીતે તે ઉતારૂ પાસેથી વસુલ કરવી, અને તે રકમ વસુલ થતી જશે તેમ તે રેલવે આડમીનીસ્ત્રેશનને આપવી

૧૧૪—કોઈ પણ માણુસ, કોઇ રીટર્ન ટીકીટના રીટર્ન (આવવાના) અડધીયાથી બીજો હરકોઇ માણુસ મુસાફરી કરી શકે તે માટે " કોઈ પણ અડધીયુ વેચશે અથવા વેચવાની કોશીશ કરશે અથવા પોતાની પાસેથી આપી દેશે અથવા આપી દેવાની કોશીષ કરશે અથવા કોઇ પણ માણુસ કોઇ રીટર્ન ટીકીટનુ આવુ અડધીયુ ખરીદશે તો તેને પચાસ રૂપીઆ સુધી દડની શીક્ષા થશે, અને રીટર્ન ટીકીટનુ આવુ અડધીયુ વેચાતુ લેનારો સખસ તે વડે પ્રવાસ કરશે અથવા પ્રવાસ કરવાની કોશીષ કરશે તો તેને

તે ટીકીટથી જેટલી રીટર્ન (આવવાની) મુસાફરી કરવાનો અધીકાર હશે તે બદલાના એકવારના ભાડાની રકમ સુધીના જાસ્તી દંડની શીક્ષા કરવામા આવશે

૧૧૫—૧૧૨ મી કલમ મુજબ અથવા ઉપરની છેલ્લી કલમ મુજબ કરેલા હરકોઈ દંડનો કોઇ ભાગ સરકાર ખાતે જમે કરવામા આવે તે પહેલા સદરહુ કલમમા કહેલા એકપટ ભાડાની રકમ જેટલી તે દંડ પૈકીની રકમ તે દંડ વસુલ થાય તેમ રેલવે આડમીનીસ્ટ્રેશનને આપવી જોઇએ

૧૧૬.—કોઇ ઉતારૂ પોતાની પાસની અથવા ટીકીટની તારીખ, નબર અથવા બીજો કાંઇ પણ મહત્વનો ભાગ વચાઇ ન શકે એવી રીતે તે પાસમા અથવા ટીકીટમા જાણીબુજીને ફેરફાર કરશે અથવા તે વીરુપ કરશે તો તેને પચાસ રૂપીઆ સુધીના દંડની શીક્ષા થશે

૧૧૭.—કોઇ પણ સસર્ગીક અથવા ચેપી રોગથી પીડાતો કોઇ માણસ કલમ ૭૧ ની પેટા કલમ (૨) વિરૂદ્ધ કોઇ રેલવે ઉપર પ્રવેશ કરશે અથવા તેમા મુસાફરી કરશે તો તેને, તથા તેણે ઉપર પ્રમાણે રેલવે ઉપર પ્રવેશ કર્યો તે વખતે અથવા મુસાફરી કરી તે વખતે તે માણસ રેલવે ઉપર જે બીજા કોઇ માણસના હવાલામા હોય તે માણસને વીસ રૂપીઆ સુધીના દંડની શિક્ષા થશે, અને વળી તે શિવાય, તેઓમાના ગમે તે જણે જે કાઇ પણ ભાડુ આપ્યુ હશે તે ભાડુ ખોટુ થશે તથા જે કાઇ પણ પાસ અથવા ટીકીટ તેઓમાના ગમે તે જણે મેળવી હશે અથવા ખરીદ કરી હશે તે પાસ અથવા ટીકીટ ખોટી થશે, અને તેઓને રેલવે ઉપરથી કહાડી મુકવાના અધિકાર રેલવેના કોઇપણ નોકરને છે

(૨) અમુક માણસને સસર્ગીક અથવા ચેપી રોગ થયો છે એ વાત ૭૧ મી કલમની પેટા કલમ (૨) મા નિર્દીષ્ટ કરેલા રેલવેના નોકરને માલમ છતા તે નોકર તે માણસને બીજા ઉતારૂઓથી વેગળો રાખવાની ગોઠવણ કર્યા શિવાય જાણી બુજીને રેલવે ઉપર મુસાફરી કરવા દેશે તો તેને ૧૦૦ રૂપીઆ સુધીના દંડની શિક્ષા થશે

૧૧૮.—ત્રેન ચાલતી હોય તે વખતે કોઇ પણ ગાડીમા કોઇ ઉતારૂ ચઢશે અથવા ચડવાની કોશીશ કરશે અથવા તેમાથી ઉતરશે અથવા ઉતરવાની કોશીશ કરશે અથવા ગાડીમા ચઢવા તેમાથી ઉતરવા સારુ ઉતારૂ માટે રેલવે આડમીનીસ્ટ્રેશને નિમેલા પ્લાટફાર્મને અથવા બીજી જગાને ગાડીની જે બાજુ લાગતી હોય તે બાજુએથી નહિ પણ બીજે ઠેકાણેથી કોઇ ઉતારૂ ચઢશે અથવા ચઢવાની કોશીશ કરશે અથવા ઉતરશે અથવા ઉતરવાની કોશીશ કરશે અથવા ત્રેન ચાલતી હશે તે વખતે કોઇપણ ગાડીનુ બાજુનુ બારણું કોઇ ઉતારૂ ઉઘાડશે તો તેને વીશ રૂપીઆ સુધીના દંડની શિક્ષા થશે

(૨) રેલવેના નોકરે ના કહ્યા છતા કોઇ પણ ઉતારૂ કોઇ પણ ગાડીના છાપરા ઉપર અથવા પગથીયા ઉપર અથવા પગ મુકવાના પાટીયા ઉપર અથવા એન્જીન ઉપર અથવા ટ્રેનનો જે કોઇ પણ બીજો ભાગ ઉતારૂના ઉપયોગ માટે યોજેલો નહી હોય તે તે ભાગમા હકથી મુસાફરી કરશે તો તેને પચાસ રૂપીયા સુધીના દંડની શીક્ષા થશે, અને તેને રેલવે ઉપરથી બહાર કાઢી મુકવાનો અધિકાર રેલવેના કોઇપણ નોકરને છે

૧૧૯.—રેલવે આડમીનીસ્ટ્રેશને કોઇ ગાડી, ખાનુ, ઓરડી અથવા બીજી જગા માત્ર સ્ત્રીઓના ઉપયોગ સારૂજ રાખેલી છે એવી ખબર છતા કોઇ પુરૂષ કાયદાસર કારણ વગર તેમા પેસશે, અથવા તેમા પેઠા પછી, રેલવેનો હરકોઇ નોકર તેમાથી બહાર જવાનુ કહે ત્યાર પછી તેમા રહેશે, તો તેને સો રૂપીયા સુધીના દંડની શીક્ષા થશે, અને વળી તે શીવાય તેણે જે કાઇપણ ભાડુ આપ્યુ હશે તે ભાડુ ખોટુ થશે તથા જે કાંઈ પણ પાસ અથવા ટીકીટ મેળવી હશે તે પાસ અથવા ટીકીટ ખોટી થશે, અને તેને રેલવે ઉપરથી બહાર કાઢી મુકવાનો અધિકાર રેલવેના કોઇ પણ નોકરને છે

૧૨૦.—રેલવેની કોઇપણ ગાડી અથવા કોઇ પણ ભાગ ઉપર કોઇ માણસ

(અ) કેફી અવસ્થામા હશે, અથવા

(બ) કાઇ પણ અપકારક કૃત્ય કરશે અથવા કાઇ પણ નિર્લજપણે કૃત્ય કરશે અથવા બીભત્સ શબ્દો બોલશે અથવા ગાળો દેશે, અથવા

(ક) જાણી જોઇને અને કાયદાસર કારણ વગર કોઇ પણ ઉતારૂના સુખમા હરકત કરશે અથવા કોઇ પણ દીવો હોલવશે

તો તેને પચાસ રૂપીયા સુધીના દડની શીક્ષા થશે, અને વળી તે સીવાય, તેણે જે કાંઇપણ ભાડુ આપ્યુ હશે તો ખોટુ થશે, તથા જે કાઇ પણ પાસ અથવા ટીકીટ મેળવી હશે અથવા ખરીદ કરી હશે તે પાસ અથવા ટીકીટ ખોટી થશે, અને તેને રેલવે ઉપરથી બહાર કાઢી મુકવાનો અધીકાર રેલવેના કોઇ પણ નોકરને છે

૧૨૧.—રેલવેનો કોઇપણ નોકર પોતાનુ કર્તવ્ય કર્મ કરતો હશે ત્યારે તેને કોઈ માણસો જાણી જોઇને હરકત કરશે અથવા અટકાવશે તો તેને સો રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

૧૨૨.—(૧) કોઈ માણસ ગેરકાયદેસર રીતે રેલવે ઉપર પ્રવેશ કરશે તો તેને વીશ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

(૨) સદરહુ પ્રમાણે પ્રવેશ કરનારા કોઇ માણસને રેલવે ઉપરથી બહાર જવાનુ રેલવેનો કોઇ પણ નોકર અથવા રેલવે આડમિનિસ્ટ્રેશન તરફથી બીજો કોઇ પણ માણસ કહે તે છતા તે માણસ તે ઉપરથી બહાર જવાની ના કહેશે તો તેને પચાસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે, અને તેને રેલવે ઉપર તેમજ તેને અદરથી બહાર કાઢી મુકવાનો અધિકાર સદરહુ નોકરને અથવા બીજા માણસને છે

૧૨૩.—કોઈ ગ્રામની ગાડીનો, આમનીબસનો, સાધારણ ગાડીનો અથવા બીજા વાહનનો કોઇ હાકનાર અથવા કડકટર રેલવેની જગા ઉપર હોય ત્યારે રેલવેના કોઇ પણ નોકરનો અથવા પોલીસ અમલદારનો વાજબી હુકમ ન માને તો તેને વીશ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

૧૨૪.—નીચે લખેલા બે પ્રસગ પૈકી કોઇ પણ પ્રસગે, એટલે,

(અ)—કોઇ એનજીન અથવા ટ્રેન રેલવેને રસ્તે આવે છે એવુ કોઇપણ માણસ જાણતો હોય અથવા માનવાનુ તેને કારણ હોય તેમ છતા તે માણસ એકાદા રસ્તાની વચ્ચે રેલવેની ગમે તે બાજુપર ઉભો કરેલો કોઇપણ દરવાજો ઉઘાડશે, અથવા રેલવે ઓળગીને જશે અથવા જવાની કોશીશ કરશે અથવા કોઇ પણ જનાવર અથવા વાહન અથવા બીજી વસ્તુ, તે રેલવેની વચ્ચેથી હાકી જશે અથવા લઇ જશે અથવા હાકી જવાની અથવા લઈ જવાની કોશિશ કરશે, અથવા

(બ) દરવાજે બેસનારો માણસ ગેરહાજર હોય ત્યારે, કોઇ માણસ પોતે તથા પોતાના તાબા માહેનુ કોઇ પણ જનાવર, વાહન, અથવા બીજી વસ્તુ ઉપર કહેલા દરવાજામાથી પસાર થયા પછી તાબડતોબ તે દરવાજો બધ કરીને તેને આગળો દેવામા કસુર કરશે

તો તેને પચાસ રૂપીયા સુધીના દડની શિક્ષા થશે

૧૨૫.—(૧) ઢોરને અદર ન આવવા દેવા સારૂ જેને યોગ્ય વાડ કરી હોય એવી કોઇ પણ રેલવે ઉપર અતિક્રમણ કરનારા ઢોર જે માણસના હશે અથવા જે માણસના હવાલામા હશે તે માણસને, સન ૧૮૭૧ ના ઢોરના અતિક્રમણ બાબતના આકટ મુજબ જે કાઇપણ રકમ તેની પાસેથી વસુલ કરવામા આવી હોય અથવા વસુલ કરવાની હોય તે રકમ શિવાય દરેક ઢોર બદલ પાચ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

(૩) આ કલમ મુજબ કરેલો કાઇપણ દડ કોર્ટ ફરમાવશે તો, સને ૧૮૭૧ ના ઢોરના અતિક્રમણ બાબતના આકટની પચીસમી કલમમા ઠરાવેલી રીતે વસુલ કરવાનો અધિકાર છે

(૪) સને ૧૮૭૧ ના ઢોરના અતિક્રમણ બાબતના આકટની અગિયારમી તથા છવીસમી કલમ માહેના "સાર્વજનીક રસ્તા" આ શબ્દોમા રેલવેનો સમાસ થાય છે એમ સમજવુ, અને સદરહુ અગિયારમી કલમ મુજબ પોલીસ અમલદારને આપેલો અધિકાર રેલવેનો કોઇ પણ નોકર ચલાવવાને મુખત્યાર છે

(૫) સને ૧૮૭૧ ના ઢોરના અતિક્રમણ બાબતના આકટમા 'ઢોર' એ શબ્દનો જે અર્થ થાય છે તેજ અર્થ આ કલમમા થાય છે એમ સમજવુ

૧૨૬.—કોઈપણ રેલવે ઉપર મુસાફરી કરનાર અથવા તે ઉપર હોય એવા હરકોઇ માણસની સલામતીને જોખમમા નાખવાના ઇરાદાથી અથવા જોખમ પોહોચવાનો સભવ છે એમ જાણીને હરકોઇ માણસ ગેરકાયદેસર રીતે નિચે લખ્યા પ્રમાણે કૃત્ય કરશે તો તેને જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વર્ષ સુધીની કેદની શિક્ષા કરવામા આવશે, તે કૃત્યની વિગત

(અ) કોઇપણ લાકડુ, પથર અથવા બીજી વસ્તુ અથવા પદાર્થ તે રેલવે ઉપર અથવા વચ્ચે મુકશે અથવા ફેંકશે અથવા

(બ) કોઇ પણ રેલવેની કોઈપણ રેલ, સ્લીપર, અથવા બીજી વસ્તુ અથવા પદાર્થ ઉપાડી લેશે, કાહડી નાખશે, ઢીલો કરશે અથવા ખસેડશે, અથવા

(ક) કોઇપણ રેલવેના હરકોઇ સાધા અથવા બીજા યંત્ર ફેરવશે, ચલાવશે, ઉઘાડશે અથવા વાળશે, અથવા

(ડ) કોઇપણ રેલવે ઉપર અથવા તેની નજીક હરકોઈ સીગનલ (નીશાની) અથવા દીવો કરશે અથવા બતાવશે અથવા સંતાડી દેશે અથવા કહાડી નાખશે, અથવા

(ઇ) કોઈપણ રેલવે સબધી બીજુ કાઇ પણ કૃત્ય અથવા વાત કરશે અથવા કરાવશે અથવા કરાવવાની કોશિષ કરશે

૧૨૭—જે કોઈ પણ માણસ ટ્રેનનો ભાગ હોય એવા કોઇપણ રોલીંગ સ્ટોકમા અથવા તે ઉપર અથવા ટ્રેનનો ભાગ હોય એવા બીજા કોઈ રોલીંગ સ્ટોકમા અથવા તે ઉપર બીજો કોઈ માણસ હોય તેવી સલામતીને જોખમમા નાખવાના ઇરાદાથી અથવા જોખમ થવાનો સભવ છે એમ જાણીને તે રોલીંગ સ્ટોક તરફ અથવા તેની સામા અથવા તેની અદર અથવા તેની ઉપર ગેરકાયદાસર રીતે કઇ પણ લાકડુ, પથર અથવા બીજી વસ્તુ અથવા પદાર્થ નાખશે અથવા પડાવશે અથવા અથડાવશે તો, તેને જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વર્ષ સુધીની કેદની શિક્ષા કરવામા આવશે

૧૨૮—જે કોઇ પણ માણસ કઈપણ ગેરકાયદેસર કૃત્ય કરીને અથવા કઇ પણ કસુર અથવા ગફલત જાણી જોઇને કરીને હરકોઇ રેલવેમા મુસાફરી કરનાર અથવા તે ઉપર હોય એવા હરકોઇ માણસની સલામતીને જોખમમા નાખશે અથવા નખાવશે અથવા હરકોઇ રેલવે ઉપરના હરકોઇ રોલીંગ સ્ટોકને અડચણ કરશે, અથવા કરાવશે અથવા કરવાની કોશીષ કરશે તો તેને બે વર્ષ સુધીની કેદની શીક્ષા કરવામા આવશે

૧૨૯—કોઇ માણસ અવિચારથી અથવા ગફલતથી કાઇ પણ કૃત્ય કરશે અથવા જે કૃત્ય કરવાને પોતે કાયદા મુજબ બધાયેલો હશે તે કરવામા કસુર કરશે અને એવુ કૃત્ય કર્યાથી અથવા કસુર કર્યાથી રેલ્વેમા મુસાફરી કરનાર અથવા રેલવે ઉપર હોય એવા કોઈ પણ માણસની સલામતીને જોખમમા નાખવાનો સભવ હશે તો, તેને એક વર્ષની મુદત સુધીની કેદની, અથવા દડની, અથવા એ બનેની, શિક્ષા કરવામા આવશે

૧૩૦—(૧) ઉપરની છેલ્લી ચાર કલમો પૈકી કોઈ પણ કલમમા કહેલુ અથવા સુચવેલુ કઇ પણ કૃત્ય અથવા કસુર કર્યા બદલ બાર વર્ષની અદરની વયનો કોઇ સગીર માણસ હરકોઇ રેલવેના સબધમા ગુન્હેગાર હશે તેણે, હિદુસ્તાનના ફોજદારી કાયદાની ૮૨ મી અથવા ૮૩ મી કલમમા ગમે તે ઠરાવ હોય તોપણ ગુન્હો કર્યો છે એમ સમજવુ અને તેના ઉપર ગુન્હાની સાબીતીનો ઠરાવ કરનાર કોર્ટને યોગ્ય લાગે તો તે કોર્ટ, જો સગીર પુરૂષ હોય તો તેને ફટકા મારવાનો હુકમ કરવાને અથવા તે કોર્ટ ઠરાવશે તે મુદતમા તે સગીર માણસના બાપે અથવા પાલન કરનારાએ તે સગીર માણસ સદરહુ કૃત્ય અથવા કસુર પૈકી કોઇપણ કૃત્ય અથવા કસુરનો ફરીથી તકસીરવાર નહિ થાય તે બાબત તે કોર્ટ ફરમાવે એટલી ગુન્હેગારીની રકમનો એક મુચરકો લખી આપવો જોઇએ એવો હુકમ કરવાને મુખત્યાર છે

(૨) તે મુચરકામા લખેલી રકમ ગુન્હેગારીના આપવાની થઇ હશે તો જાણે તે કોર્ટ પોતે દડ કર્યો હોય તે પ્રમાણે તે રકમ વસુલ કરી શકશે

(૩) પેટા કલમ (૧) મુજબનો મુચરકો તે કોર્ટે ઠરાવેલી મુદતની અદર લખી આપવાને તે બાપ અથવા પાલન કરનારા ચુકશે તો તેને પચાસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

કામ ચલાવવા બાબત

૧૩૧--(૧) કલમો ૧૦૦, ૧૦૧, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૬, ૧૨૭, ૧૨૮ અથવા ૧૨૯ મી અથવા કલમ ૧૨૦ પેટા કલમ (૧) મા કહેલો કાઇ પણ ગુન્હો કોઈ માણસ કરશે તો તેને વારંટ અથવા બીજા લેખી હુકમ વગર પકડવાનો અધિકાર રેલવેના કોઇપણ નોકરને અથવા કોઇપણ પોલીસ અમલદારને

અથવા સદરહુ પ્રકારનો નોકર અથવા અમલદાર પોતાને મદદ કરવા સારૂ જે બીજા કોઇપણ માણસને બોલાવશે તે બીજા માણસને છે

(૨) આ પ્રમાણે પકડેલા માણસને ઇન્સાફ કરવાનો અથવા ઇનસાફ થવા સારૂ કમિટ કરવાનો અધિકાર જે માજીસ્ટ્રેટને હશે તે માજીસ્ટ્રેટની પાસે બનતી તાકીદે તેને લઇ જવો

૧૩૨ (૧) ઉપરની છેલ્લી કલમમા કહેલા કોઇ ગુન્હા શિવાય આ આકટ મુજબનો બીજો કોઇ પણ ગુન્હો કોઇ માણસ અથવા કલમ ૧૧૩ મુજબ માગેલુ જાસ્તી હાસલ અથવા બીજી રકમ આપવાને ચુકશે અથવા ના પડશે અને તે નાસી જશે એમ માનવાનુ કારણ હોય અથવા તેનુ નામ તથા ઠેકાણું ખબર નહિ હોય તથા તે પોતાનુ નામ તથા ઠેકાણું પૂછેથી તે કહેવાની ના પાડે અથવા તેણે કહેલુ નામ અથવા ઠેકાણુ ખોટુ છે એમ માનવાને કારણ હોય તો રેલવેના કોઇ પણ નોકરને અથવા કોઇ પણ પોલીસ અમલદારને અથવા તે રેલવેનો નોકર અથવા પોલીસ અમલદાર પોતાને મદદ કરવા સારૂ જે બીજા કોઇ માણસન બોલાવશે તે બીજા માણસને વારટ અથવા બીજો કાઇ લેખી હુકમ વગર તે ગુન્હેગારને પકડવાનો અધિકાર છે

(૨) પકડેલો માણસ હુકમ થાય તે વખતે માજીસ્ટ્રેટની રુબરુ હાજર થવા બદલ જામીન આપે એટલે અથવા તેનુ ખરૂ નામ ઠેકાણું જણાયુ હોય તો, એ પ્રમાણે હાજર થવા બદલ જામીન શિવાયનો મુચરકો લખી આપે એટલે, તેને છોડી દેવો

(૩) જો એવો માણસ જામીન આપી ન શકે તથા તેનુ ખરૂ નામ ઠેકાણુ જણાય નહી તો તેને હકુમત હોય એવા માજીસ્ટ્રેટની રૂબરૂ બનતી તાકીદે લઇ જવો

(૪) સન ૧૮૮૨ ના ક્રીમીનલ પ્રોસીજર કોડના ૩૯ મા તથા ૪૨ મા બાબના ઠરાવો લાગુ પડે તેટલે સુધી, આ કલમની રૂએ આપવાના જામીનને તથા લખી આપવાના મુચરકાને લાગુ પડશે

૧૩૩—આ આકટ મુજબ કરેલા કોઈ પણ ગુન્હાનો ઇન્સાફ પ્રેસીડન્સી માજીસ્ટ્રેટ શિવાય અથવા જે માજીસ્ટ્રેટનો અધીકાર બીજા વર્ગના માજીસ્ટ્રેટ કરતા ઓછો નહીં હશે તે માજીસ્ટ્રેટ શિવાય બીજા કોઈ પણ માજીસ્ટ્રેટે કરવો નહી.

૧૩૪ (૧) આ આકટ વિરૂદ્ધ અથવા આ આકટ મુજબ કરેલી કોઈ પણ કાનુન વિરૂદ્ધ કઇ પણ ગુન્હો કરનારા કોઇ પણ માણસનો ઇનસાફ તે જગામા હશે તે જગાએ, અથવા સ્થાનિક સરકાર આ બાબત જે જગા વિશે જાહેરનામુ પ્રસિદ્ધ કરશે તે જગાએ તેમજ વિદ્યમાન કાળે જે કોઇ પણ કાયદો અમલમા હશે તે કાયદા મુજબ જે બીજી જગાએ તેનો ઇનસાફ કરી શકાતો હશે તે બીજી જગાએ કરવાનો અધિકાર છે

(૨) પેટા કલમ (૧) મુજબ કરવાનુ દરએક જાહેરનામુ સ્થાનિક સરકારી ગેઝીટમા પ્રસિદ્ધ કરવુ અને તેની એક એક નકલ સ્થાનિક સરકાર ફરમાવશે તેવા રેલવેના દરેક સ્ટેશન ઉપર લોકોને જાણવા સારૂ સહેજ નજરે પડે એવી કોઇ જગાએ ચોહોડવી

બાબ ૧૦ પુરવણી ઠરાવો.

૧૩૫.— કાઇ પણ કાયદામા અથવા કોઇ પણ કાયદા ઉપરથી કરેલી હરકોઇ કબુલાતમા અથવા ફેસલામા આ કલમના ઠરાવ વિરૂદ્ધ ગમે તે ઠરાવ હશે તે છતા સ્થાનિક અધિકારીઓના ફંડમા મદદ કરવા સારૂ રેલવેના સબંધમા તથા રેલ્વે આડમીનીસ્ટ્રેશન પાસેથી કર લેવા તે નીચે લખેલી કાનુનો મુજબ લેવા, એટલે

(૧) હરકોઇ સ્થાનિક અધિકારીના ફંડમા મદદ કરવા સારૂ કાઇ કર આપવાને અમુક રેલવે આડમિનિસ્ટ્રેશન પાત્ર છે એમ ગવર્નર જનરલ ઇન કાઉંસિલે સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને જાહેર કર્યું નહિ હશે તો તે રેલવે આડમિનિસ્ટ્રેશન કર આપવાને પાત્ર થશે નહી

(૨) આ કલમની રકમ (૧) મુજબ ગવર્નર જનરલ ઇન કૌંસિલે કોઇ જાહેરનામું અમલમા રહેશે ત્યા સુધી, તેમા કહેલો કર, અથવા તે કરને બદલે ગવર્નર જનરલ ઇન કૌંસિલે આ અર્થે

નીમેલા અમલદાર તે પ્રકરણની સર્વ હકીકત તરફ લક્ષ આપીને અમુક રકમ બરાબર અને વ્યાજબી છે એવુ વખતે વખતે ઠરાવશે તો તે રકમ, તે સ્થાનિક અધિકારીને આપવાને સદરહુ આડમિનીસ્ટ્રેશન પાત્ર છે એમ સમજવુ

(૩) આ કલમની પેટા કલમ (૧) મુજબનુ કોઇ પણ જાહેરનામુ ગમે તે વખતે રદ કરવાનો અથવા તેમા ફેરફાર કરવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કૌંસિલને છે

(૪) પાણી અથવા દીવા પુરા પાડવા બદલ, અથવા રેલવેની જગામા ઝાડુ કાહાડવા બદલ, અથવા કોઇ પણ સ્થાનીક અધિકારી પોતાના તાબાના સ્થાનીક ક્ષેત્રમાના કોઇ પણ ભાગમા જે બીજુ કંઈ કામ કરતો હશે અથવા કરવાને તૈયાર હશે તે કામ કરવા બદલ, હરકોઇ રેલવે આડમિનિસ્ટ્રેશનને સ્થાનીક અધિકારી સાથે કરાર કરવામા બાધ આવે છે એવો આ કલમના કોઈ પણ મજકુરનો અર્થ કરવો નહી

(૫) આ કલમમા " સ્થાનીક અધિકારી " આ શબ્દોનો અર્થ સને ૧૮૮૭ ના સામાન્ય કલમોના આકટમા સ્થાનિક અધિકારીનો જે અર્થ છે તેજ થાય છે એમ સમજવુ, અને પહેરેગીર રાખવા બદલના અથવા નદીનુ પાણી સ્વચ્છ રાખવા બદલના કોઇ પણ ફંડ ઉપર નિર્બંધ રાખવાનો અથવા તેનો વહીવટ કરવાનો જેને કાયદેસર રીતે હક હોય અથવા તે કામ જેને સોંપ્યુ હોય એવા કોઇ પણ અધિકારીનો સદરહુ શબ્દોમા સમાસ થાય છે એમ સમજવુ

૧૩૬—(૧) કોઇ રેલવે આડમિનીસ્ટ્રેશને પોતાની રેલવેના ટ્રાફીકના કારણ સારૂ અથવા પોતાના સ્ટેશનો અથવા વર્કશોપના કારણ સારૂ ઉપયોગમા લીધેલા અથવા પુરા પાડેલા કોઇ પણ રોલીંગ-સ્ટોક યંત્ર, ઓજાર, હથિયાર, સાધન, સામાન અગર કાઇ પણ જણસ, ગવર્નર જનરલ ઇન કૌંસિલની અગાઉથી મંજુરી લીધા શીવાય, હરકોઇ કોર્ટના અથવા મીલકતની જપ્તી કરવા અથવા અટકાવી રાખવા અથવા બીજી રીતે મીલકત બજાવણીમા લેવા એમ કરવા કાયદા પ્રમાણે અધિકાર હોય એવા કોઇ પણ સ્થાનીક અધિકારી અથવા માણસ કોઇ પણ હુકમનામાની અથવા હુકમની બજાવણીમા જપ્ત થવાને પાત્ર નથી એમ સમજવુ

(૨) કોઇ હુકમનામાની અથવા હુકમની બજાવણીમા કોઇ રેલવેની પેદાશ જપ્ત કરવાના હરકોઈ કોર્ટના અધિકારને પેટા કલમ (૧) ના કોઇ પણ મજકુરથી બાધ આવે છે એમ તેનો અર્થ કરવો નહિ

૧૩૭.—(૧) ઇંડિયન પિનલકોડના બાબ ૯ ના કારણ સારૂ રેલવેનો પ્રત્યેક નોકર સરકારી નોકર છે એમ સમજવુ

(૨) તે કોડની કલમ ૧૬૧ મા " કાયદેસર મહેનતાણું " એ શબ્દોની વ્યાખ્યામા " સરકાર " એ શબ્દમા, રેલવેના નોકર તરીકે રેલવેના નોકરને કામે રાખનારનો પેટા કલમ (૧) ના કારણ સારૂ સમાસ થાય છે એમ સમજવુ

(૩) રેલવેના કોઈ નોકરે નીચે લખ્યા પ્રમાણે કરવુ નહિ, એટલે

(અ) કલમ ૫૫ અથવા ૫૫ મુજબ લીલામ કરવા સારૂ કાઢેલા હરકોઇ માલની પોતે અથવા પોતાના એજન્ટની મારફતે પોતાને નામે અથવા બીજાને નામે અથવા બીજાઓની સાથે રહીને અગર ખરીદી અથવા માગણી કરવી નહી અથવા,

(બ) વેપાર નહી કરવા બાબત રેલવે આડમિનીસ્ટ્રેશને તેને હુકમ કર્યો હોય તે વિરૂદ્ધ વેપાર કરવો નહી

(૪) ઇંડિયન પિનલકોડની કલમ ૨૧ મા ગમે તે ઠરાવ હોય તે છતા પણ પેટા કલમ (૧) મા કહેલા કારણો શિવાયના સદરહુ કોડના હરકોઇ કારણ સારૂ રેલવેનો કોઈ નોકર સરકારી નોકર છે એમ સમજવુ નહિ

૧૩૮.—રેલવેના કોઇ નોકરને તેના હુદ્દા ઉપરથી બરતરફ કરવામા આવે, તે વખતે અથવા સસપેન્ડ કરવામા આવે તે વખતે અથવા તે મરી જાય, નાશી જાય અથવા પોતાની મેળે ગેરહાજર રહે તે વખતે રેલવે આડમિનિસ્ટ્રેશનની માલકીમા તથા સદરહુ નોકરના કબજામા અથવા હવાલામા હોય એવુ કોઈપણ સ્ટેશન, રહેવાનુ ઘર, અફીસ અથવા બીજી ઇમારત તેના પ્રત્યાગ સહીત, અથવા હરકોઇ ચોપડી કાગળ પત્ર અથવા બીજા પદાર્થ તે રેલવે આડમિનિસ્ટ્રેશનને અથવા તે રેલવે આડમિનિસ્ટ્રેશન નિમે તે કોઈ માણસને સ્વાધીન કરવા બદલની લેખીત નોટીસ પોતાને મળ્યા પછી તેમ કરવામા તે નોકર અથવા સ્ત્રી અથવા તેની

વીધવા અથવા તેના કુટુંબી પૈકી અથવા તેના વારસ વકીલ પૈકી કોઇ પણ શખ્સ ના પાડશે અથવા ગફલત કરશે તો તે રેલવે આડમિનિસ્ત્રેશને અથવા તેના વતી કોઇએ કરેલી અરજી ઉપરથી નીચે લખ્યા પ્રમાણે હુકમ કરવાનો અધિકાર હરકોઈ પહેલા વર્ગના માજીસ્ટ્રેટને છે, એટલે અમુક પોલિસ અમલદારો યોગ્ય મુદત સહીત તે ઇમારતમા પ્રવેશ કરીને તેમા હરકોઈ માણસ માલુમ પડે તેને બહાર કાઢીને ઇમારતનો કબજો લેવો અથવા સદરહુ ચોપડીઓ કાગળ અથવા બીજો પદાર્થ પોતાના કબજામા લેવો અને તે સર્વ રેલવે આડમિનિસ્ત્રેશનને અથવા આ અર્થે તે આડમિનિસ્ત્રેશને નીમેલા કોઇ માણસને સ્વાધીન કરવો એવો હુકમ કરવાનો અધિકાર છે

૧૩૯.—આ આકટના હરકોઈ કારણ સારૂ અથવા તેના સબંધમા, ગવર્નર જનરલ ઈન કૌંસિલ તરફથી આપવાની અથવા જાહેર કરવાની હરકોઇ નોટીસ, ઠરાવ, હુકમ, ફરમાન, નીમણુંક, અભીપ્રાય, સમતી અથવા મંજુરી હીંદુસ્તાન સરકારના કોઈ સેક્રેટરીએ ડેપ્યુટી સેક્રેટરીએ, અંડર સેક્રેટરીએ, અથવા આસીસ્ટંટ સેક્રેટરીએ, અથવા જે બાબતને લગતી તે નોટીસ વિગેરે હશે તે બાબતના સબંધમા ગવર્નર ઈન કૌંસિલની વતી કામ કરવાને અધીકાર મળેલા બીજા હરકોઈ અમલદારે લખીને તે ઉપર કહેલી રીતે સહી કરી હશે તો તે પુરતી તથા બંધનકારક છે એમ સમજવુ, અને ઉપર કરેલી રીતે સહી થયેલો એકાદો લેખ કરવામા નહી આવ્યો હશે તો ઉપરની બાબતો પૈકી હરકોઇ બાબતના સબંધમા ગવર્નર જનરલ ઈન કૌંસિલ કોઈ પણ પ્રસંગે બંધાશે નહી એમ સમજવુ

૧૪૦.—જે કોઈપણ નોટીસ અથવા તે લેખ કોઇ રેલવે આડમિનિસ્ત્રેશન ઉપર આ આકટ મુજબ બજાવવો જોઇતો હોય અથવા બજાવવા માટે અધિકાર મળ્યો હોય, તે નોટીસ અથવા લેખ, સરકાર અથવા દેશી સંસ્થાન વહિવટ કરતુ હોય એવી રેલવેની બાબતમા તે રેલવેના મનેજર ઉપર, અને એકાદી રેલવે કંપની વહીવટ કરતી હોય એવી રેલવેની બાબતમા તે રેલવે કંપનીના હીંદુસ્તાનમા રહેનારા એજન્ટ ઉપર નીચે લખ્યા પ્રમાણે બજાવવાનો અધિકાર છે એટલે (અ) તે નોટીસ અથવા બીજો લેખ તે મેનેજર અથવા એજન્ટને સ્વાધીન કરીને અથવા (બ) તે તેની આફીસમા મુકી આવીને, અથવા (ક) જે બદલ હાસલ આપ્યુ હોય અને જેની ઉપર તે મેનેજરનુ અથવા એજન્ટનુ નામ તથા તેની આફીસનુ ઠેકાણુ લખ્યુ હોય એને હિંદુસ્તાનના સને ૧૮૬૬ ના પોસ્ટ આફીસના આકટના ભાગ ૩ મુજબ રજીષ્ટર કર્યો હોય એવા લખોટામા ટપાલ મારફતે રવાને કરીને,

૧૪૧.—આ આકટ મુજબ જે કોઇ પણ નોટીસ અથવા બીજો લેખ કોઇ રેલવે આડમિનીસ્ત્રેશને હરકોઈ માણસ ઉપર બજાવવો જોઇતો હોય અથવા બજાવવા માટે અધિકાર મળ્યો હોય તે નોટીસ અથવા લેખ નીચે પ્રમાણે બજાવવાનો અધિકાર છે એટલે (અ) તે માણસને તે નોટીસ અગર બીજો લેખ સ્વાધિન કરીને અથવા (બ) તે માણસના હમેશના રહેવાના ઠેકાણે અથવા તે જ્યા છેલ્લાવેલ્લો રહેતો હોય એમ માલુમ હોય તે જગાએ તે મુકી આવીને અથવા (ક) જે બદલ હાસીલ આપ્યુ હોય અને જે ઉપર તે માણસનુ હમેશનુ રહેવાનુ ઠેકાણુ અથવા તે છેલવેલ્લો જ્યા રહેતો હતો તે માલુમ હોય તે જગાનો પત્તો લખ્યો હોય અને હિંદુસ્તાનના સને ૧૮૬૬ ના પોસ્ટ ઓફીસના આકટના ભાગ ૩ મુજબ રજીષ્ટર કર્યો હોય એવા લખોટામા ટપાલ મારફતે રવાના કરીને

૧૪૨.—કોઇ નોટીસ અથવા બીજો લેખ ટપાલ મારફતે બજાવ્યો હોય ત્યારે ટપાલ મામુલ રીવાજ પ્રમાણે જે વખતે તે નોટીસ અથવા લેખવાળો લખોટો રીવાજ પ્રમાણે જે વખતે તે નોટીસ અથવા તે લેખથી બજાવણી થઇ એમ સમજવુ અને આવી બજાવણી શાબીત કરવા માટે તે નોટીસ અથવા તે લેખવાળા લખોટા ઉપર યોગ્ય રીતે પત્તો લખીને તે રજીષ્ટર કરાવ્યો હતો એ વાત સાબીત કરી એટલે બસ છે

૧૪૩. (૧) ૨૨ મી કલમ, ૩૪ મી કલમ અથવા ૮૪ મી કલમ મુજબ કરેલી કોઇ કાનુન અથવા સદરહુ કલમો પૈકી કોઇપણ કલમ મુજબ અથવા કલમ ૪૭ પેટા કલમ (૪) મુજબ કોઇ કાનુન મોકુફ કરવાનો અથવા રદ કરવાનો અથવા તેમા ફેરફાર કરવાનો હુકમ ઇંડીયા ગેઝીટમા પ્રસીદ્ધ થશે ત્યા સુધી, તે કાનુન અથવા હુકમ અમલમા આવશે નહિ એમ સમજવુ

(૨) આ આકટ મુજબ કરેલી કોઈપણ કાનુન, અથવા એવી કોઇપણ કાનુન મોકુફ કરવાનો, રદ

કરવાનો અથવા તેમા ફેરફાર કરવાનો હુકમ, ઇંડિયા ગેઝીટમા પ્રસિદ્ધ કરવાનુ આ આકટથી ફરમાવ્યુ હોય ત્યારે તે કાનુન અથવા હુકમ તે પ્રમાણે પ્રસિદ્ધ કરવો જોઇએ એટલુંજ નહિ પણ તેમા જે માણસોનો સબંધ હોય તે માણસોને ગવર્નર જનરલ ઇન કોંસિલ સાધારણ અથવા ખાસ હુકમથી ફરમાવે તેવી રીતે તેવી ખબર આપવી જોઇએ

(૩) આ આકટ મુજબ પોતે કરેલી હરકોઇ કાનુન રદ કરવાનો અથવા તેમા ફેરફાર કરવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કૌંસિલને છે

૧૪૪ (૧) ગવર્નર જનરલ ઇન કોંસિલ, કોઇ પણ રેલવેના સબંધમા આ આકટ મુજબના પોતાના અધિકારો અથવા કામો પકી કોઇ પણ અધિકાર અથવા કામ કોઇપણ સ્થાનિક સરકારને ઇંડિયા ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરી બીન શરતે અથવા શરત કરીને સોપવાને, તથા આ પ્રમાણે સોપેલા અધિકાર અથવા કામ બજાવવાના કારણ સારૂ કઇ સ્થાનિક સરકાર તે રેલવેના સબંધમા સ્થાનિક સરકાર ગણાશે એ વાત તેજ અથવા તેની જાતના બીજા જાહેરનામામા જાહેર કરવાને મુખત્યાર છે

(૨) ગવર્નર જનરલ ઇન કૌંસિલે ચલાવવાના કામના સંબંધમા કલમ ૧૩૯ ના ઠરાવો લાગુ પાડી શકાય તેટલે સુધી પેટા કલમ (૧) મુજબના જાહેરનામાની રૂએ ગવર્નર જનરલ ઇન કૌંસિલના અધિકાર ચલાવનાર અથવા કામ બજાવનાર સ્થાનિક સરકારે ચલાવેલા કામને લાગુ પડશે એમ સમજવુ

૧૪૫—(૧) સરકારથી અથવા દેશી સંસ્થાનથી વહીવટ થતી રેલવેના મેનેજર અથવા કોઈ રેલવે કંપનીથી વહિવટ થતી રેલવેનો હિંદુસ્થાનમા રહેનારો એજન્ટ, હરકોઇ દીવાની ફોજદારી અથવા બીજી કોર્ટમા કંઇપણ કામ ચાલતું હોય તે વખતે પોતાની વતી કામ ચલાવવા સારૂ અથવા પોતાને બદલે હાજર થવા સારૂ લેખી દસ્તાવેજથી રેલવેના હરકોઇ નોકરને અથવા બીજા કોઇ માણસને અધિકાર આપવાને મુખત્યાર છે

(૨) કોઇ રેલવે આડમિનિસ્ટ્રેશનની તરફથી ફરીઆદ પક્ષનુ કામ ચલાવવા સારુ કોઇ મેનેજર અથવા કોઈ એજન્ટે અધિકાર આપેલા કોઈ માણસને, સને ૧૮૮૨ ના ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૫ મા ગમે તે ઠરાવ હોય તોપણ, એવુ ફરીયાદ પક્ષ માજીસ્ટ્રેટના હુકમ શિવાય ચલાવવાનો હક પ્રાપ્ત થશે.

૧૪૬.—વરાળથી અથવા બીજી કઇ યાંત્રિક શક્તિથી ચાલતી હરકોઇ ટ્રામવેને આ આકટ અથવા આનો કોઇ પણ ભાગ ઇંડીયા ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને લાગુ કરવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કૌંસિલને છે

૧૪૭.—સદરહુ પ્રકારનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરીને આ આટકના ઠરાવો પૈકી હરકોઈ ઠરાવ કોઈપણ રેલવેને લાગુ નહી કરવા બાબત ઠરાવ કરવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કૌંસિલને છે,

૧૪૮. (૧) કલમ ૩ રકમો (૫) (૬) તથા (૭) તથા કલમો ૪ થી ૧૯ (બંને સુધ્ધા ૪૭ થી ૫૨ (બને સુધ્ધા) ૫૯, ૭૯, ૮૩ થી ૯૨ (બને સુધ્ધા) ૯૬, ૯૭, ૯૮, ૧૦૦, ૧૦૧ ૧૦૩, ૧૦૪, ૧૦૭, ૧૧૧, ૧૧૨, ૧૧૪ થી ૧૩૨ (બને સુધ્ધા) ૧૩૪ થી ૧૪૮ (બને સુધ્ધા) ૧૪૦ ૧૪૧ ૧૪૪, ૧૪૫ તથા ૧૪૭ ના કારણ સારૂ " રેલવે " આ શબ્દ પછી તે એકલો આવતો હોય અથવા કોઇ શબ્દની પહેલા આવતો હોય તોપણ બધાતી હોય તે રેલવેને અથવા તેના કોઇપણ ભાગને તથા ઉતારૂ જનાવર અથવા માલ સાર્વજનીક રીતે લઇ જવા સારૂ જે રેલવે અથવા જેના કોઇ પણ ભાગનો ઉપયોગ કરવામા આવતો ન હોય તેને તેમજ કલમ ૩ પેટા કલમ (૪) મા રેલવેની વ્યાખ્યા કરેલી છે તેમા જે કોઇ રેલવેનો સમાસ થતો હોય તેને લાગુ પડે છે એમ સમજવુ

(૨) કલમો, ૫, ૨૧, ૮૨, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪, ૧૨૧, ૧૨૨ ૧૨૫, તથા ૧૩૭ પેટા કલમ (૧) (૨) તથા (૪) તથા કલમ ૧૩૮ ના કારણ સારૂ " રેલવેનો નોકર ' આ આ શબ્દમા રેલવે આડમિનીસ્ટ્રેશન સાથે કરેલો કરાર પુરો કરનાર માણસે જે બીજા કોઇ માણસને કોઈ રેલવેના કામના સંબંધમાં રેલવે ઉપર ચાકરીમા રાખ્યો હશે તે માણસનો સમાસ થાય છે.

૧૪૯.—ઇંડિયન પીનલ કોડની ૧૫૪ મી અને ૧૫૫ મી કલમમાં " આ કાયદા મુજબ અથવા

ઇંગ્લંડ દેશના કાયદા મુજબ " એ શબ્દોને બદલે "બ્રિટિશ હિંદુસ્તાનના અથવા ઇંગ્લંડ દેશના કાયદા મુજબ ' આ શબ્દો દાખલ કરવા

૧૫૦.—આ કલમ મુંબઇ ઇલાકાને લાગુ નથી

બીજું પરિશિષ્ટ.

જાહેર કરવાની તથા વીમો ઉતારવાની જણસો.

(૭૫ મી કલમ જુઓ)

(અ) નાણું પાડેલું અથવા નાણું નહી પાડેલું ઘાટ ઘડેલું અથવા ઘાટ ન ઘડેલું સોનું અથવા રૂપું, (બ) રૂપાનો ઢોળ ચઢાવેલા પદાર્થ, (ક) જેમાં સોનાનો અથવા રૂપાનો અંશ હશે એવું કાપડ તથા વણેલો પદાર્થ તથા રીત પણ તે જનસોની અંદર કોઈ ઓફિસના, માલજરના, બલાઝીના પોલીસ અમલદારના અથવા સન ૧૮૬૯ ના હિંદુસ્તાનના વાલન્ટીઅર આકટ મુજબ વાલન્ટીઅર તરીકે જે કોઇ માણસનું નામ નોંધાયું હોય તે માણસના અથવા બ્રિટિશ અથવા પારકા રાજ્યના કોઈ પણ સરકારી નોકરને યુનિફોર્મ (કરેલી પોશાક) પહેરવાનો હક હોય એવા અમલદારના યુનિફાર્મનો યુનીફાર્મના કોઇ પણ ભાગનો સમાસ થતો નથી, (ડ) મોતી જવ્હેર, જરિયાન તથા દાગીના, (ઇ) કોઇ પણ પ્રકારના વૉચ (નાના ગજવામાં રાખવાના ઘડીઆળ) તથા કલાક (મોટા ઘડીઆળ) તથા ટાઇમપીસ (ટકોરી વગરના વડીયાળ), (ફ) સરકારી સિક્યુરીટી, (ગ) સરકારી સ્ટાંપ (હ) બીલ ઓફ એક્સચેંજ હુંડી, પ્રોમીસરી નોટો (વાયદા ચીઠીઓ), બાંક—નોટો તથા નાણું આપવા વીશેના હુકમ અથવા બીજી સિક્યુરીટી (આઇ) નકશા લેખ તથા ખત પત્રો (જે) રંગવતી કહાડલા ચિત્રો કોરેલા ચિત્રો, છાપથી છાપેલા ચિત્રો ફોટોગ્રાફ નકશી કામ પત્થરનું કોરેલું કામ તથા કળા કૌસલ્યના બીજા કામ, (કે) માટીના હુન્નર કામ, તથા કાચની, ચીનાઇ માટીની તથા આરસપાહાણની બનાવેલી સર્વ વસ્તુ, (લ) તૈયાર કરેલી અથવા તૈયાર ન કરેલી સ્થિતિમાં હોય એવું તથા બીજા પદાર્થની સાથે વણેલું અથવા ન વણેલું હોય એવું રેશમ, (મ) શાલ, (ન) રીત તથા રૂઆં વાળા ચામડાં, (ઓ) અફીણ (પી) હાથીદાંત અબુનસ, પરવાળા તથા સુખડનું લાકડું (ક્યુ) કસ્તુરી, સુખડનું તેલ, તથા અત્તર અથવા બીજી સુગંધી તૈયાર કરવામાં વપરાતું જલદી ઉડી જાય એવું તેલ, (ર) વાદ્યો તથા શાસ્ત્રીય યંત્રો, (સ) ગવર્નર જનરલ ઇન કૌંસિલ ઇંડિયા ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને જે કોઇપણ ખાસ મુલ્યવાન જણસ આ પરિશિષ્ટમાં દાખલ કરશે તે જણસ

બાર થનારા પદાર્થો સબંધી કાયદો જાસ્તી સુધારવા બાબતનો આકટ.

(સને ૧૯૦૮ નો આકટ નંબર ૬.)

બાર થનારા પદાર્થો સબંધી કાયદો જાસ્તી સુધારવાની જરૂર છે વાસ્તે આ ઉપરથી નીચે પ્રમાણે ઠરાવ્યું છે—

૧.—(૧) આ આકટને સને ૧૯૦૮ નો બાર થનારા પદાર્થો બાબતનો આકટ કહેવો (૨) આ આકટ આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે, એને તે—(અ) બ્રિટિશ હિંદુસ્તાન બહારની થાપેલી ગમની કોઈ પણ જગામાની મલિક મુઆઝમની સઘળી દેશી હિંદી પ્રજાને, (બ) હિંદુસ્તાનમાંના કોઇપણ દેશી રાજાના અથવા હાકેમના મુલકમાંની બીજી સઘળી બ્રિટિશ પ્રજાને પણ લાગુ પડે છે

૨.—આ આકટમાં "બાર થનારા પદાર્થ" આ સંજ્ઞામાં, કોઇપણ બાર થનાર પદાર્થથી તૈયાર કરવા માટેની કોઇપણ વસ્તુનો, તેમજ કોઇ પણ બાર થનારા પદાર્થમાં અથવા તેવા પદાર્થથી કોઇપણ બાર કરવા સારૂ અથવા બાર કરવાના કામમાં મદદ કરવા સારૂ વાપરેલા અથવા વાપરવાનો ઇરાદો હોય એવા અથવા લાયક કરેલા યંત્રનો, સંચાનો, હથીયારના અથવા સામાનના તેમજ એવા કોઇપણ યંત્રના, સંચાના હથિયારના કોઈપણ ભાગનો સમાવેશ થાય છે

૩.—જે કોઇ પણ શખસ ગેરકાયદેસર રીતે તથા દ્વેશભાવથી કોઇપણ બાર થનારા પદાર્થ વડે, જીંદગી જોખમમાં નાખે એવો અથવા માલમતાને ગંભીર નુકશાન કરે એવો બાર કરશે તેને જીંદગીને અથવા

માલમતાને કાંઈપણ ખરેખર નુકશાન થયુ હોય કે ન હોય તોપણ જીવતા સુધી અથવા તેથી ઓછી મુદ્દત સુધી સમુદ્રપારની શિક્ષા કરવામા આવશે અને તે ઉપરાત દડ કરવાનો અધિકાર છે, અથવા વત્તામા વત્તા દશ વર્ષ સુધીની કેદની શિક્ષા કરવામા આવશે અને તે ઉપરાત દડ કરવાનો પણ અધિકાર છે

૪.—જે કોઇ પણ શખસ, ગેરકાયદેસર રીતે અથવા દ્વેષ બુદ્ધિથી (અ) જીદગી જોખમમા નાખે એવા અથવા માલમતાને ગભીર નુકશાન પહોચે એવા પ્રકારનો બાર, બ્રિટિશ હિદુસ્તાનમા બાર થનારા પદાર્થથી કરવાના ઇરાદાથી કોઇ પણ કૃત્ય કરશે, અથવા બાર થનારા પદાર્થથી કરવાનો સપ કરશે, અથવા [બ] બ્રિટિશ હિદુસ્તાનમા કોઇપણ બાર થનારા પદાર્થથી જીદગી જોખમમા નાખવાના અથવા માલમતાને ગભીર નુકશાન કરવાના ઇરાદાથી, અથવા બીજો કોઈપણ શખસ તે પદાર્થથી બ્રિટિશ હિદુસ્તાનમા જીદગી જોખમમા નાખી શકે અથવા માલમત્તાને ગભીર નુકશાન કરી શકે એવા ઇરાદાથી તે બાર થનારો પદાર્થ તૈયાર કરશે અથવા પોતાના કબજામા અથવા નિર્બંધ હેઠળ રાખશે, તેને પછી કોઇપણ બાર થાય અથવા ન થાય તોપણ તથા શરીરને અથવા માલમત્તાને કોઇપણ નુકશાન થયુ હોય અથવા થયુ નહોય તોપણ વત્તામા-વત્તા વીસવર્ષ સુધી સમુદ્રપારની શિક્ષા કરવામા આવશે તથા તે ઉપરાત દડ કરવાનો અધિકાર છે અથવા વત્તામાવત્તી સાત વર્ષની કેદની શિક્ષા કરવામા આવશે અને તે ઉપરાત દડ કરવાનો અધિકાર છે

૫.—જે કોઇપણ શખસ કોઇપણ બાર થનારો પદાર્થ એવા સજોગો વચ્ચે તૈયાર કરશે અથવા જાણી જોઇને પોતાના કબજામા અથવા નિર્બંધ હેઠળ રાખશે કે તેથી એવો વાજબી શક આવવાને કારણ મળે કે સદરહુ શખસ તે બારી પદાર્થ તૈયાર કરે છે અથવા પોતાના કબજામા અથવા નિર્બંધ હેઠળ રાખે છે તે કાયદેસર કારણસારૂ નથી તેને, તે પદાર્થ પોતે કાયદેસર કારણસારૂ તૈયાર કર્યો છે અથવા પોતાના કબજામા અથવા નિર્બંધ હેઠળ રાખ્યો છે એમ તે સાબિત ન કરે તો, વત્તામાવત્તા ચૌદ વર્ષ સુધી સમુદ્રપારની શિક્ષા કરવામા આવશે અને તે ઉપરાત દડ કરવાનો અધિકાર છે, અથવા વત્તામા વત્તા પાચ વર્ષ સુધીની કેદની શિક્ષા કરવામા આવશે અને તે ઉપરાત દડ કરવાનો અધિકાર છે

૬.—જે કોઇ પણ સખસ, પૈસા પુરા પાડીને અથવા પૈસા માટે યાચના કરીને, મકાન પુરૂ પાડીને, સામાન પુરો પાડીને અથવા બીજી કોઇ પણ રીતે, આ આકટ મુજબનો કોઇ પણ ગુન્હો કરાવશે અથવા તે કરાવામા સલાહ આપશે, સહાય કરશે મદદ કરશે, અથવા સામેલ થશે તેને, તે ગુન્હા માટે જે શિક્ષા ઠરાવી છે તેજ શિક્ષા થશે

૭.—કોઇ પણ કોર્ટ સ્થાનીક સરકારની અથવા ગવર્નર જનરલ ઇન કાંસિલની સમતિ વગર, આ આકટ વિરૂદ્ધના કોઇ પણ ગુન્હા બાબત કોઇ પણ શખસનો ઇનસાફ કરવા માડવો નહિ

વર્તમાનપત્રોમાં ખુન તથા બીજા ગુન્હાઓ કરવાની ઉશ્કેરણી અટકાવવા બાબતનો આકટ.

સને ૧૯૦૮ નો આકટ ૭ મો.

વર્તમાનપત્રોમા ખુન તથા બીજા ગુન્હાઓ કરવાની ઉશ્કેરણી અટકાવવા માટે વધારે બદોબસ્ત કરવો યોગ્ય છે વાસ્તે આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે

૧.—(૧) આ આકટને સને ૧૯૦૮ નો વર્તમાનપત્રોનો (ગુન્હાઓની ઉશ્કેરણી બાબતનો) આકટ કહેવો (૨) તે આખા બ્રિટીશ હિદુસ્તાનને લાગુ પડે છે

૨.—(૧) આ આકટમા વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી બાધ ન આવતો હોય તો—(અ) "માજીસ્ટ્રેટ" એ શબ્દનો અર્થ જીલ્લા માજીસ્ટ્રેટ અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ એવો થાય છે, (બ) "વર્તમાનપત્ર" એ શબ્દનો અર્થ જેમા સાર્વજનીક વર્તમાન હોય અથવા સાર્વજનીક વર્તમાન ઉપર ટીકા હોય એવો કોઇ પણ નિયમીત મુદ્દતે પ્રગટ થતો લેખ એવો થાય છે (ક) "છાપખાનુ" આ શબ્દમા છાપવાના કારણસારૂ ઉપયોગ કરેલા સઘળા એન્જીનોનો, સાચાકામનો, બીબાનો છાપવાની શીલાનો, હથીઆરોનો, વાસણોનો તથા બીજા સઘળા સામાન અથવા સાહિત્યનો સમાવેશ થાય છે (૨) આ આકટમા બીજી રીતે ઠરાવ્યુ હોય તે શિવાયને પ્રસગે, આ આકટમાના સઘળા શબ્દોનો તથા

વાક્યોનો અર્થ, સને ૧૯૧૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામા તેમનો અનુક્રમે જે અર્થ કર્યો છે તે તે થાય છે એમ સમજવુ

૩.—(૧) જે બાબતોમા સ્થાનિક સરકારના હુકમ ઉપરથી અથવા સ્થાનિક સરકાર તરફથી મળેલા અધિકારની રૂયે, કરેલી અરજી ઉપરથી માજીસ્ટ્રેટનો એવો મત થાય કે તે પ્રાતમા છાપીને પ્રસિદ્ધ થયેલા અમુક વર્તમાનપત્રોમા ખુન કરવાની અથવા સને ૧૯૦૮ ના બાર થનારા પદાર્થો બાબતના આકટ મુજબનો કોઇપણ ગુન્હો કરવાની અથવા કોઇપણ જાસ્તી ગુજારવાનુ કાઇપણ કૃત્ય કરવાની કોઇ પણ જાતની ઉશ્કેરણી કરેલી છે તે બાબતોમા એવો માજીસ્ટ્રેટ કાચો હુકમ કરીને તેમા એવુ ફરમાવવાને મુખત્યાર છે કે એવુ વર્તમાનપત્ર છાપવાના અથવા પ્રસિદ્ધ કરવાના કારણસાર વાપરેલુ અથવા વાપરવાનો ઇરાદો હોય એવુ, અથવા જ્યા એવુ વર્તમાનપત્ર છાપ્યુ હોય અથવા એવી ફરીયાદનો મજકુર છાપતી વખતે છાપ્યુ હતુ તે જગામા અથવા જગાઉપર મળેલુ છાપખાનુ, અને એવા વર્તમાનપત્રની નકલો જ્યા જ્યા મળે ત્યા ત્યા તે સઘળી મલિક માઆઝમને ગુન્હેગારી દાખલ આપી દેવી અને તેણે એવા હુકમમા મુખ્ય બાબતો લખીને તે હુકમ પાકો શા વાસ્તે ન કરવો તેનુ કારણ બતાવવા સારૂ તે હુકમમા નીમેલી જગાએ તથા વખતે પોતાની રૂબરૂ હાજર થવાનુ સબધ હોય એવા સઘળા માણસોને ફરમાવવુ જોઇયે

(૨) એવા હુકમની એક નકલ, સને ૧૮૬૭ ના છાપવાના પ્રેસો બાબતના તથા બુકો નોધવા બાબતના આકટની ૫ મી કલમની રૂયે એવા વર્તમાનપત્રના સબધમા કરેલા એકરારમા લખેલી જગાના અથવા એવુ વર્તમાનપત્ર બીજી કે કોઇપણ જગાએ છાપેલુ હોય તે જગાના કોઇપણ સહેજ દેખાય એવા ભાગ ઉપર ચોહોડવી જોઇએ, અને એવી નકલ એ પ્રમાણે ચોટાડવામા આવે એટલે, સબધ હોય એવા સઘળા શખસો ઉપર સદરહુ હુકમ યોગ્ય રીતે બજાવવામા આવ્યા છે એમ સમજવુ

(૩) અગત્યને પ્રસગે, અથવા ઢીલ થવાથી સદરહુ અરજીનો હેતુ પાર નહિ પડવાનો સભવ હોય ત્યારે, માજીસ્ટ્રેટ, પેટાકલમ (૧) મુજબ કાચો હુકમ કરતી વખતે અથવા કર્યા પછી, તે કાચા હુકમમા લખેલુ છાપવાનુ અથવા બીજી મિલકત જપ્ત કરવા માટે એક તરફી હુકમ કરવાને પણ મુખત્યાર છે

(૪) સબધ હોય એવો કોઇ પણ સખસ હાજર થઇને સદરહુ કાચા હુકમ વિરૂદ્ધ કારણ બતાવે તો, માજીસ્ટ્રેટે સને ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૩૫૬ મી કલમમા ઠરાવેલી રીતે પુરાવો લેવો જોઇએ, પછી એવો પુરાવો સદરહુ હુકમના ટેકામા હોય અથવા તે વિરૂધ્ધ હોય

(૫) પેટા કલમ [૧] મા લખેલા પ્રકારનો મજકુર સદરહુ વર્તમાનપત્રમા છે એવી તે માજીસ્ટ્રેટની ખાત્રી થાય તો, તેણે સરકાર દાખલ કરવા સબધી સદરહુ કાચો હુકમ, જે મિલકત સદરહુ પેટા કલમના ઠરાવ હેઠળ આવી જતી હોય એમ તેને દેખાય તે મીલકતના સબધમા પાકો કરવો જોઇએ

(૬) જો તે માજીસ્ટ્રેટની સદરહુ પ્રમાણે ખાત્રી ન થાય તો, તેણે સરકાર દાખલ કરવા સબધી સદરહુ કાચો હુકમ તથા જપ્તીનો કોઈ પણ હુકમ કર્યો હોય તો તે કરવો જોઇએ

૪. [૧] માજીસ્ટ્રેટ વારટ કાઢીને, સબ ઇન્સ્પેકટરના દરજાથી ઓછા દરજાનો ન હોય એવા કોઈ પણ પોલીસ અમલદારને ૩ જી કલમની પેટા કલમ [૩] મુજબ જે કાઇ પણ મિલકત જપ્ત કરવાનો હુકમ કર્યો હોય તે મિલકત પકડીને અટકાવી રાખવાનો અથવા ૩ જી કલમની પેટા કલમ [૫] મુજબ જે કાઇપણ મિલકત સરકાર દાખલ કરવા બાબત હુકમ કર્યો હોય તે મિલકત જડે તે ઠેકાણેથી પકડી લઈ જવાનો, અને

(અ) એવા વારટમા લખેલુ વર્તમાનપત્ર જે કાઇ પણ જગામા છાપ્યુ અથવા પ્રસિધ્ધ કર્યુ હોય તે જગામા અથવા

(બ) એવી કોઇ પણ મિલકત જે જગામા હોય અથવા હોવાના વાજબી શક હોય તે જગામા અથવા

(ક) એવા વર્તમાનપત્રની કાઇ પણ નકલ જે કોઇ પણ ઠકાણે વેચવા સારૂ વહેચવા સારૂ, પ્રકટ કરવા સારૂ અથવા લોકોને જોવા સારૂ રાખી હોય અથવા એવી રીતે રાખ્યાનો વ્યાજબી શક હોય તે જગામા, પેસીને તે મિલકત માટે તે જગાની ઝડતી લેવાનો અધિકાર આપવાને મુખત્યાર છે

(૨) પેટા કલમ (૧) ની રૂએ કાઢેલુ દરેક વારટ, ઝડતી લેવાના કામ સાથે તેનો સબંધ હશે તેટલે

સુધી સને ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામા ઝડતી લેવાના વારંટ બજાવવા બાબત જે રીત ઠરાવી છે તે રીતે બજાવવુ જોઇએ

૫—જે કોઈ પણ શખસે હાજર થઇને સરકાર દાખલ કરવા માટેના કાચા હુકમ સામે કારણ બતાવ્યુ હશે તેને એવો હુકમ પાકો ક્યાની તારીખથી ૫ંદર દીવસની અંદર હાઇકોર્ટને અપીલ કરવાનો અધિકાર છે

૬—પાચમી કલમમા ઠરાવ્યુ છે તેટલુ બાદ કરીને, ૩ જી કલમની રૂયે માજીસ્ટ્રેટે યોગ્ય રીતે કરેલા કોઇ પણ હુકમ બાબત કોઇ પણ કોર્ટમા તકરાર ચાલશે નહિ

૭—સરકાર દાખલ કરવા બાબતનો કોઇ પણ હુકમ કાઇ પણ વર્તમાનપત્રના સબધમા પાકો કરવામા આવ્યો હશે ત્યારે, સ્થાનિક સરકાર સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને સને ૧૮૬૭ ના છાપવાના પ્રેસો બાબતના તથા બુકો નોધવા બાબતના આકટની રૂયે એવુ વર્તમાનપત્ર છાપનારે અથવા પ્રસિધ્ધ કરનારે કરેલો કોઇપણ એકરાર રદ કરવાને મુખત્યાર છે, અને એવા જાહેરનામા મારફત સદરહુ વર્તમાનપત્રના સબધમા અથવા જે કોઇ પણ વર્તમાનપત્ર વસ્તુત સદરહુ વર્તમાનપત્રના જેવુજ હશે તે વર્તમાનપત્રના સબધમા સદરહુ આકટની રૂએ વળી બીજો કાઇપણ એકરાર કરવાનો અથવા તેના ઉપર સહી કરવાનો મનાઇનો હુકમ રદ કરવામા આવે ત્યા સુધી તેમ કરવાની મનાઇ કરવાને મુખત્યાર છે

૮—જે કોઈ પણ શખસ ૭ મી કલમની રૂઇએ જાહેર કરેલા કોઇ પણ મનાઇના હુકમમા લખેલુ કોઇ પણ વર્તમાનપત્ર તે મનાઇનો હુકમ ચાલુ હોય તે મુદ્દતમા છાપશે અથવા પ્રસિધ્ધ કરશે, તેના ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયેથી તે સને ૧૮૬૭ ના છાપવાના પ્રેસો બાબતના તથા બુકો નોધવા બાબતના આકટની ૧૫ મી કલમમા લખેલી શિક્ષાને પાત્ર થશે

૯—આ આકટ મુજબ ચલાવવાનુ સઘળુ કામ બનતા સુધી સને ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ઠરાવ પ્રમાણે ચલાવવુ જોઇએ

૧૦—આ આકટ મુજબ કોઇપણ કામ ચલાવ્યુ હોય તેને લીધે જે કઇ પણ કૃત્ય કર્યાથી બીજા કાયદા પ્રમાણે ગુન્હો થતો હોય તેવા કૃત્ય બાબત કાઇ પણ શખસ ઉપર ફોજદારીમા કામ ચલાવવાની મનાઈ છે એમ સમજવુ નહી

કેટલાક ગુન્હાઓનો વધારે જલદીથી ઇન્સાફ થઇ શકે તેટલા સારૂ તથા જાહેર સુલેહને હાનિકારક મંડળીઓનો અટકાવ કરવા સારૂ તજવીજ કરવા બાબતનો આક્ટ.

સને ૧૯૦૮ નો આકટ ૧૪ મો

૧ (૧) આ આકટને સન ૧૯૦૮ નો હિંદુસ્તાનનો ગુન્હા બાબતનો કાયદો સુધારવા બાબતનો આકટ કહેવો (૨) તે બંગાળા, પુર્વ બંગાળા તથા આસામ પ્રાંતોને લાગુ છે, પણ ગવર્નર જનરલ ઇનકૌંસિલ, કોઈ પણ વખતે ઈંડિયા ગેઝેટમા જાહેરનામુ છપાવીને તે આખો અથવા તેના કોઇ પણ ભાગ બીજા કોઇ પણ પ્રાંતને લાગુ કરવાને મુખત્યાર છે

વિશેષ કામ ચલાવવાની રીત.

૨ (૧) જ્યારે પરિશિષ્ટમા નિર્દિષ્ટ કરેલા કોઇપણ ગુન્હાનો ઇનસાફ કરવાનુ કામ માજીસ્ટ્રેટે શરૂ કર્યુ હોય, અને ગવર્નર જનરલ ઇન કૌંન્સિલને અથવા સ્થાનીક સરકારને એમ જણાય કે સુલેહ તથા સારા બંદોબસ્ત સારૂ એવા ગુન્હાના સબધમા ચાલાવેલા કામને આ ભાગના ઠરાવ લાગુ કરવા જોઇએ, ત્યારે ગવર્નર જનરલ ઇન કાઉનસીલ અથવા ગવર્નર જનરલ ઈન કાઉનસીલની અગાઉથી મંજુરી લઇને સ્થાનીક સરકાર તેવી મતલબનો લેખી હુકમ કરવાને, તથા તે હુકમમા સદરહુ ચલાવેલા કામને આ ભાગના ઠરાવ લાગુ છે એમ ઠરાવવાને મુખત્યાર છે

(૨) જે કોઈ પણ કામના સબધમા સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂએ હાઇકોર્ટમા અથવા સેશન કોર્ટમા કમિટ કરવાનો હુકમ થયો હોય તે કામમા પેટા કલમ (૧) ની રૂએ કોઇ પણ હુકમ કરવા નહી, પણ ઉપર જણાવેલા પ્રસંગ શિવાય, આ આકટ શરૂ થતા પહેલા

અથવા શરૂ થયા પછી, અથવા કલમ ૧ ની રૂયે આ ભાગ જે પ્રાંતને લાગુ કર્યો હોય તે પ્રાંતના સંબંધમા, તે સદરહુ પ્રમાણે લાગુ કરતા પહેલા અથવા લાગુ કર્યા પછી, કોઈ પણ ગુન્હો કર્યો હોય તેના સબંધમા હુકમ કરવાનો અધિકાર છે

૩—(૧) કલમ ૨ ની રૂયે હુકમ મળ્યા પછી જે માજીસ્ટ્રેટે ગુનાના ઇનસાફ કરવાનુ શરૂ કર્યું હોય અથવા જે કોઇ પણ બીજા માજીસ્ટ્રેટને તે મુકદમો મોકલ્યો હોય તેણે, ફરીયાદી તરફથી આપવામા આવેલો પુરાવો પરિશિષ્ટમા જણાવેલા એકાદ ગુન્હાને સારૂ તોહમતદારનો ઇન્સાફ કરવાનુ કામ ચલાવવાને પુરતો છે કે કેમ તે બાબતની ચોકસી કરવા માડવી જોઇએ, તથા તે કારણસર ફરીયાદી તરફથી હાજર કરવામા આવે તે સઘળા શખસોની સોગન આપીને લીધેલી જુબાની લખી લેવી જોઇએ તથા તોહમતદાર કોઈ પણ મજકુર પોતાની ખુશીથી લખાવે તો તે લખી લેવાનો તેને અધિકાર છે

(૨) જ્યારે આ આકટની રૂએ ચલાવવાનુ કામ શરૂ કરતા પહેલા, તે કામ જે ગુન્હાના સબંધમા હોય તેજ ગુન્હાની ચોકશી દરમીયાન એકાદ સાક્ષીની જુબાની સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂએ લખી લીધી હોય, ત્યારે તે જુબાનીનો ઉપયોગ, પેટા કલમ (૧) ની રૂએ તે લીધી હોય તે પ્રમાણે આ આકટના કારણ સારૂ કરવાનો અધિકાર છે

૪—કલમ ૩, પેટા કલમ (૧) રૂયે ચોકશી કરવામા આવે તે વખતે, તોહમતદારને હાજર રહેવાનુ માજીસ્ટ્રેટે ફરમાવ્યુ હોય તે શિવાય, તે તોહમતદારને હાજર રહેવા દેવામા આવશે નહી, તેમજ એવી રીતની ચોકશી દરમીયાન તેની તરફથી વકીલને હાજર રહેવા દેવામા આવશે નહી. તથા માજીસ્ટ્રેટ તે ચોકશી કરતો હોય તે વખતે તેની કોર્ટમા આવવાનો કોઇ પણ માણસને હક મળશે નહી

૫—કલમ ૩ મા જણાવેલો પુરાવો લેવામા આવે પછી માજીસ્ટ્રેટે પરિશિષ્ટમા જણાવેલા ગુન્હાને સારૂ તોહમતદારનો ઇનસાફ કરવા માટે તે પુરાવો પુરતો નથી એમ તેને જણાય તો, કારણો લખી રાખીને તોહમતદારને છોડી મુકવો, પણ જો તે માજીસ્ટ્રેટને એમ જણાય કે તોહમતદારના બીજા કોઇ પણ ગુન્હાને સારૂ સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂયે ઇન્સાફ કરવો જોઇએ, અથવા તેનો ઇન્સાફ થવા સારૂ તેને કમીટ કરવો જોઇએ તો તે માજીસ્ટ્રેટ તે પ્રમાણે આગળ કામ ચલાવવુ

૬—જ્યારે સદરહુ પ્રકારનો પુરાવો લેવામા આવ્યા પછી, માજીસ્ટ્રેટની ખાત્રી થાય કે તે પુરાવો પરિશિષ્ટમા જણાવેલા એકાદ ગુન્હા સારૂ તે તોહમતદારનો ઇન્સાફ કરવાનુ કામ ચલાવવા માટે પુરતો છે, ત્યારે, તેણે (અ) પોતાની સહી સાથનુ તોહમતનામુ તૈયાર કરવુ અને તેમા તોહમતદારના ઉપર કયા ગુન્હાનુ તોહમત મુકવામા આવ્યુ છે તે લખવુ, (બ)* હુકમ કાઢીને, તોહમતદારને ઇન્સાફ થવા સારૂ હાઇકોર્ટમા મોકલવાનુ કરમાવવુ, (ક) તોહમતદારને તે હુકમની તથા ૩ જી કલમની રૂયે લીધેલા પુરાવાની એક નકલ પુરી પાડવાની તજવીજ કરવી

૭—કલમ ૬ ની રૂયે કોઇપણ તોહમતનામુ તૈયાર કરતી વખતે માજીસ્ટ્રેટને પરિશિષ્ટમા જણાવ્યો નહી હોય એવા કોઇપણ ગુન્હાને સારૂ પણ તોહોમતનામુ કરવાનો અધિકાર છે તથા તે તોહમતદારના ઉપર તે ગુન્હાનુ તોહોમત તેજ ઇન્સાફની વખતે મુકવાનો અધિકાર છે અને એવા કાઇપણ તોહમતને આ આકટની કામ ચલાવવાની રીત લાગુ પડશે

૮—ઇન્સાફ કરવા સારૂ કલમ ૬ ની રૂયે હુકમ કરવામા આવે ત્યારે, માજીસ્ટ્રેટ તે હુકમ તોહમતનામા સાથે તથા ચોકશીના કાગળો તથા પુરાવામા બીજુ જે કાંઈ દાખલ કરવાનુ હોય તે સાથે ક્લાર્ક ઓફ ધી ક્રાઉનને અથવા હાઇકોર્ટ આ કામ માટે જે બીજો અમલદાર નીમે તેને મોકલવો જોઇએ

૯—(૧) માજીસ્ટ્રેટને વાજબી જણાય તો તેને ઇનસાફના હુકમ પછી તથા ઇનસાફ શરૂ થાય તે પહેલા વધારાના સાક્ષિઓને સમનથી બોલાવીને તેની જુબાની લેવાનો અધીકાર છે

(૨) જ્યારે માજીસ્ટ્રેટ પેટા કલમ (૧) ની રૂયે સાક્ષીઓની જુબાની લે ત્યારે તેણે એવા સાક્ષીઓની જુબાનીની એક નકલ તોહમતદારને તાબડતોબ આપવી જોઇએ

૧૦—તોહમતદારને તેના ઇન્સાફ થવાની પહેલા કોઇપણ વખતે ક્લાર્ક ઓફ ધી ક્રાઉનને અથવા

ઉપર જણાવેલા બીજા અમલદારને, જે શખસોને પોતાના ઇન્સાફની વખતે સાક્ષી આપવાને બોલાવવા માગતો હોય તેમની યાદિ આપવાનો અધિકાર છે

૧૧.—(૧) આ આક્ટની રુયે હાઇકોર્ટમા ઇન્સાફ થવા સારૂ મોકલેલા સઘળા શખ્સોને ઇનસાફ તે કોર્ટના ત્રણ જડજોની સ્પેશિયલ બેંચે કરવો જોઇએ

(૨) સ્પેશિયલ બેન્ચ આગળ કોઇપણ ઇન્સાફ જ્યુરીથી કરવામા આવશે નહી

(૩) સ્પેશિયલ બેન્ચના જડજો વચ્ચે મતભેદ પડે તો જડજોના બહુમત મુજબ નિકાલ થશે

૧૨.—આ આક્ટની રૂયે કામ ચાલતુ હોય ત્યારે જે કોઇપણ માણસને પાછો પેહેરામા સોપ્યો હોય, તેને, તેના ગુન્હાને સારૂ વધારે ચોકસી કરવાના પુરતા કારણો જણાય તો, સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૪૯૭ મી કલમના ઠરાવોની રૂયે જામીન ઉપર છોડવામા આવશે નહી

૧૩—સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના કાયદાની ૩૦ મી કલમમા ગમે તેમ ઠરાવ્યુ હોય તો પણ, આ ભાગ પ્રમાણે ચલાવેલા કામમા માજીસ્ટ્રેટે કોઇપણ સાક્ષીની લીધેલી જુબાની તે સાક્ષિ મરણ પામે અથવા તેને હાજર કરવામા નહી આવે તો, અને તોહોમતદારના ફાયદા સારૂ તેનુ મોત નીપજાવવામા આવ્યુ છે અથવા તેને ગેરહાજર રાખવામા આવ્યા છે એમ હાઇકોર્ટને માનવાનુ કારણ હોય તો, હાઇકોર્ટ આગળ પુરાવા તરીકે ગણવામા આવશે

૧૪.—(૧) સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ઠરાવ, આ ભાગની રૂયે ચલાવેલા કામને, આ ભાગમા ઠરાવેલી કામ ચલાવવાની વિશેષ રીતથી વિરૂદ્ધ હોય એટલે સુધી લાગુ પડશે નહી

(૨) કલમ ૧૧ ની રૂયે ઇન્સાફ કરતી વખતે, સ્પેશિયલ બેન્ચે સદરહુ કાયદાના ૨૩ મા બાબના ઠરાવ, હાઇકોર્ટની આગળ જ્યુરી વગર ઇન્સાફ કરવા માટે તે ઠરાવમા જે ફેરફાર જણાય તે ફેરફાર કરીને લાગુ કરવી

કાયદા વિરૂદ્ધ મંડળી.

૧૫.—આ ભાગમા—

(૨) મંડળીનો અર્થ માણસોનો જમાવ સમુહ, પછી તે કાઇ ચોકસ નામથી ઓળખાતો હોય કે ન હોય, તથા

(૨) ' કાયદા વિરૂદ્ધ મંડળી " નો અર્થ-(અ) જબરજસ્તીના અથવા ભય પેદા કરનાર કામો કરવા સારૂ માણસોને ઉત્તેજન આપતી હોય અથવા મદદ કરતી હોય એવી અથવા તેવા સભાસદો એવા કામો હમેશ કરતા હોય એવી મંડળી, અથવા (બ) જે મંડળી, આ આક્ટની રૂયે આપેલા અધિકાર ઉપરથી ગવર્નર જનરલ ઇન કૌંસિલે કાયદા વિરૂદ્ધ ઠરાવી હોય તે મંડળી એવો થાય છે એમ સમજવુ

૧૬.—જો ગવર્નર જનરલ ઇનકૌંસિલનો એવો અભિપ્રાય હોય કે અમુક મંડળી કાયદાનો અમલ બજાવવાના અથવા કાયદાના તથા બદોબસ્ત રાખવાના કામને આડે આવે છે અથવા તેવો તેનો ઉદ્દેશ છે અથવા તેનાથી જાહેર સુલેહને હાની પહોચે તેમ છે તો, ગવર્નર જનરલ ઇનકૌંસિલને સરકારી ગેઝિટમા જાહેરનામુ છપાવીને તે મંડળીને કાયદા વિરૂદ્ધ ઠરાવવાનો અધિકાર છે

૧૭.—(૧) જે કોઇ માણસ કોઇ પણ કાયદાવિરૂદ્ધ મંડળીનો સભાસદ હોય અથવા એવી કોઇ પણ મંડળીની મીટીંગોમા ભાગ લેતો હોય અથવા એવી કોઇપણ મંડળીસારૂ કાંઇ વર્ગણી ભરતો હોય અથવા લેતો હોય અથવા માગતો હોય અથવા એવી કોઇ પણ મંડળીના કામમા કોઇ પણ રીતે મદદ કરતો હોય તેને વધારેમા વધારે છ મહિના સુધીની કેદની શિક્ષા અથવા દંડ અથવા એ બંને શિક્ષા કરવામા આવશે

(૨) જે કોઇ પણ માણસ કાયદા વિરૂદ્ધ મંડળીની વ્યવસ્થા કરતો હોય અથવા તેની વ્યવસ્થા કરવામા મદદ કરતો હોય અથવા એવી કોઇ મંડળીના કોઇ સભાસદોની તેવા સભાસદો તરીકે સભા ભરાવતો હોય અથવા ભરાવવાના કામમા મદદ કરતો હોય તેને વધારેમા વધારે ત્રણ વર્ષની મુદ્દતની શિક્ષા અથવા દંડ અથવા એ બને શિક્ષા કરવામાં આવશે

૧૮.—કોઇ પણ મંડળી બધ પડયાનુ કંઇ રીતસરનું કામ માત્ર કર્યાથી અથવા તેનુ નામ બદલવાથી

તે મડળી બધ પડી એમ સમજવામા આવશે નહી પણ જ્યા સુધી તેવી મડળીના હેતુ પાર પાડવા સારૂ તે મડળીના કોઇ પણ સભાસદોની વચ્ચે વસ્તુત સંબધ ચાલુ હશે ત્યા સુધી તે મડળી ચાલુ છે એમ સમજવામા આવશે

પરિશિષ્ટ (કલમ ૩ જુઓ)

૧—હિંદુસ્થાનના ફોજદારી કાયદાની નીચે લખેલી કલમો હેઠળનો કોઈ પણ ગુન્હો એટલે કે--બાબ ૬ કલમો ૧૨૧ ૧૨૧ અ ૧૨૨, ૧૨૩ તથા ૧૨૪, બાબ ૭ કલમો ૧૩૧ તથા ૧૩૨ બાબ ૮ કલમ ૧૪૮ બાબ ૧૬ કલમો ૩૦૨ ૩૦૪ ૩૦૭ ૩૦૮ ૩૨૯ ૩૪૭ ૩૨૫ ૩૩૧ ૩૩૩, ૩૪૩, ૩૬૪, ૩૬૫, તથા ૩૬૮- બાબ ૧૭ કલમો ૩૮૫, ૩૮૬ ૩૮૭, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૯ ૪૦૦ ૪૦૧, ૪૦૨, ૪૩૧ ૪૩૫, ૪૩૬ ૪૩૭ ૪૩૮ ૪૪૦ ૪૫૪, ૪૫૫, ૪૫૭ ૪૫૮, ૪૫૯ તથા ૪૬૦ બાબ ૨૨, કલમ ૫૦૬, (૨) સને ૧૯૦૮ ના ભારી પદાર્થો બાબતના આકટ હેઠળનો કોઇ પણ ગુન્હો, તથા (૩) સદરહુ ગુન્હાઓમાનો કોઇ પણ ગુન્હો કરવાની કોશીષ કરી અથવા તે કરવાના કામમા મદદ કરી

મુંબઇનો જુગાર રમવાની મના કરવા બાબતનો આકટ.

મુંબઇનો ૧૮૮૭ નો આકટ ૪ થો સુધારા વધારા સાથે.

જે અર્થે મુબઇ ઇલાકામા જુગાર રમવાની મના કરવા બાબતનો કાયદો એકત્ર કરી સુધારવો યોગ્ય છે તે અર્થે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે —

૧.—આ આકટને સને ૧૮૮૭ નો મુબઇનો જુગાર રમવાની મના કરવા બાબતનો આકટ કહેવો તે મુબઇ શહેરને સાષ્ટીના ટાપુને, તથા સદરહુ શહેર તથા ટાપુ બહારના રેલવે સ્ટેશનના સઘળા ઘરોને તથા સદરહુ પ્રકારના સ્ટેશનના ઘરોના કોઇપણ ભાગમા ત્રણ માઇલ કરતા વધારે છેટે નહિ હશે એવી સઘળી જગાઓને લાગુ છે, અને મુબઇ ઇલાકામાની કોઈ પણ સ્થાનીક હદને સદરહુ આકટના સઘળા અથવા કોઇપણ ઠરાવો મુબઈ સરકારી ગેઝીટમા એકાદો હુકમ પ્રસિદ્ધ કરીને વખતે વખતે લાગુ પાડવાનો ગવર્નર ઇનકાઉસીલ મુખત્યાર છે

ઉપર કહ્યા પ્રમાણે એકાદો હુકમ પ્રસિદ્ધ કરીને ગવર્નર કૌસિલને આ કલમની રૂયે પોતે કરેલો કોઇ પણ હુકમ વખતે વખતે રદ કરવા અથવા ફેરવવાનો અધિકાર છે

૨. પરીશીષ્ટમા કહેલા કાયદા તેજ પરીશીષ્ટના ત્રીજા આસનમા નિર્દિષ્ટ કરવામા આવ્યા છે તેટલે સુધી રદ કર્યા છે "જુગાર રમવો" એ સજ્ઞા જ્યારે જ્યારે આવતી હોય ત્યારે તેમા સટ્ટો કરવો, સરત મારવી એ શબ્દનો સમાવેશ થાય છે "જુગાર રમવાના સાધનો" એ સજ્ઞામા જુગાર રમવાના વિષય અથવા સાહિત્ય તરીકે વપરાતી કોઇ પણ વસ્તુનો તથા કોઇપણ રજીષ્ટરનો સમાવેશ થાય છે

૩. જે કોઇ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો જે માણસ ધણી હોય અથવા જે જેનો વહીવટ કરતો હોય અથવા જેણે જે તે વાપરતો હોય અથવા જેણે તે રાખી હોય તે માણસના ફાયદા સારૂ અથવા નફા સારૂ તે ઘરમા અથવા ઓરડીમા અથવા જગામા જુગાર રમવાના પાના અથવા પાસા અથવા મેજો અથવા બીજા સાધનો રાખ્યા હોય, અથવા જુગાર રમવાના પાના અથવા પાસા અથવા મેજો અથવા બીજા સાધનો વપરાતા હોય, અને તે ઘર અથવા ઓરડી અથવા જગા એનો અર્થ, "જુગારનો અખાડો" એ શબ્દોનો આ આકટમા સમાવેશ થાય છે એમ સમજવુ પછી તે ફાયદો અથવા નફો તેને તે જુગારના સાધનો અથવા ઘર અથવા ઓરડી અથવા જગા વાપરવા બાબત ભાડાનો દાખલો મળતો હોય કે બીજી રીતે મળતો હોય તે વાતની ચીતા નથી

૪. (અ) કોઇપણ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો ધણી, અથવા તેનો વહીવટ કરનારો અથવા તે વાપરનારો જુગારના અખાડાના કામ સારૂ તે કહાડશે અથવા રાખશે, અથવા વાપરશે, તેને

(બ) સદરહુ પ્રકારના હરકોઈ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો ધણી અથવા તેનો વહિવટ કરનારો ઉપર કહેલા કારણ સારૂ બીજા કોઇ માણસને તે ઘર અથવા ઓરડી અથવા જગા જાણી બુજીને અથવા જાણી જોઈને કહાડવા દેશે, અથવા તેનો વહિવટ કરવા દેશે અથવા તે રાખવા દેશે અથવા તેનો ઉપયોગ કરવા દેશે તેને (ક) સદરહુ કારણ સારૂ કહાડેલા, વહીવટમા લીધેલા, રાખેલા અથવા ઉપયોગમા લીધેલા સદરહુ પ્રકારના હરકોઈ ઘરમા અથવા ઓરડીમા અથવા જગામા જુગારના કામની સભાળ અથવા વ્યવસ્થા જે રાખતો હશે અથવા તે કામ ચલાવવામા કોઇ રીતે જે મદદ કરતો હશે તેને (ડ) સદરહુ પ્રકારના હરકોઇ ઘરમા અથવા ઓરડીમા અથવા જગામા આવજા કરનાર માણસો સાથે જુગાર રમવા સારૂ પૈસા જે માણસ ધીરશે અથવા પુરા પાડશે તેને, પાચસે રૂપિયા સુધીના દડની શિક્ષા થશે, અથવા ત્રણ મહિના સુધીની કેદની શિક્ષા થશે

૫ પાને અથવા પાસે અથવા બોદે અથવા જુગાર રમવાના બીજે સાધને કોઇ પણ જુગારના અખાડામા કોઇ માણસ રમતા અથવા જુગાર રમતા પકડાશે, અથવા કાઇપણ પૈસા સારૂ અથવા સરત સારૂ અથવા વળતી સારૂ અથવા બીજી રીતે જુગાર રમવા સારૂ ત્યા હાજર હોઇને પકડાશે તો તેને બસે રૂપિયા સુધીના દડની શિક્ષા થશે અથવા એક મહીના સુધીની કેદની શિક્ષા થશે કોઇ પણ જુગારના અખાડામા જુગાર અથવા દાવ ચાલતો હશે તે વખતે ત્યા કોઇ પણ માણસ પકડાશે તો, વિરૂદ્ધ સાબીતી થાય ત્યા સુધી તે જુગાર રમવા સારૂ ગયો હતો એવુ અનુમાન કરવામા આવશે

૬ મુબઇ શહેરમા પોલીસ કમીશનરની આગળ અને બીજી જગાએ કોઇ પણ ફર્સ્ટ ક્લાસ માજીસ્ટ્રેટની આગળ અથવા જીલ્લાના પોલીસ સુપરિન્ટેન્ડની આગળ અથવા જે આસીસ્ટટ સુપ્રીન્ટેન્ડન્ટને આ અર્થે સરકારથી અધિકાર મળ્યો હોય તે આસીસ્ટટ સુપ્રીન્ટેન્ડેન્ટની આગળ ફલાણુ ઘર અથવા ઓરડી અથવા જગા જુગારના અખાડા સારૂ વાપરવામા આવે છે એવુ માનવાનો સબબ છે એ રીતે કસમ ઉપર ફરીઆદ થયા ઉપરથી જે ચોકસી કરવાની જરૂર હોય તે ચોકસી કર્યા પછી તેવો શક આવવાનો વ્યાજબી સબબ છે એવી તે પોલીસ કમીશનરની અથવા માજીસ્ટ્રેટની અથવા પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટની અથવા આસિસ્ટટ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટની ખાત્રી થયા પછી હરકોઇ ઈન્સ્પેકટરને અથવા ચીફ કાનસ્ટેબલથી ઉતરતો દરજ્જો જેનો ન હોય એવા પોલીસના બીજા વડા અમલદારને પોતાની નજરમા આવશે ત્યારે પોતાની સહીનુ વિશેષ વારટ આપીને નીચે લખ્યા પ્રમાણે એટલે (અ) સદરહુ પ્રકારના કોઇ પણ ઘરમા અથવા ઓરડીમા અથવા જગામા જરૂર પડે તેટલા માણસોની મદદ લઇને રાત્રે અથવા દહાડે અને જરૂર હોય તો જબરજસ્તીથી પેસવાનો અને (બ) ત્યા જે માણસો મળે તે, વખતે ખરેખર જુગાર રમતા હોય કે નહી તોપણ તે સર્વને કેદ કરીને કોઈ માજીસ્ટ્રેટની આગળ લઈ જવાનો, અને (ક) જે જુગાર રમવાના સાધનો, તથા પૈસા તથા પૈસા બાબતના કારણ, તથા કીમતી જણસો ત્યા જડે અને જેમનો જુગાર રમવા સારૂ ઉપયોગ કર્યો છે એવો અથવા તેવો ઉપયોગ કરવાનો ઇરાદો હતો એવો સંશય લાવવાનુ વાજબી કારણ હોય તે સર્વે પકડવાનો અને (ડ) પોતે જે ઘરમા અથવા ઓરડીમા અથવા જગામા સદરહુ પ્રમાણે પેઠો હોય તેમા જુગાર રમવાના સાધનો, સતાડયા છે એવુ માનવાનો સબબ હોય ત્યારે તે ઘરના અથવા ઓરડીના અથવા જગાના સઘળા ભાગોનો તથા તેમા સદરહુ મુજબ પકડેલા અથવા કેદ કરેલા માણસોનો ઝાડો લેવાનો અને સદરહુ પ્રકારનો ઝાડો લેતા જુગાર રમવાના સાધનો જડે તે સર્વે પકડીને કબજામા લેવાનો અખત્યાર આપવાને સદરહુ કમીશનર અથવા માજીસ્ટ્રેટ અથવા આસીસ્ટટ પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ મુખત્યાર છે

૭ છેલ્લી કલમના ઠરાવોની રૂએ વારટ આપ્યુ હોય તે ઉપરથી જે કોઇ પણ ઘરમા અથવા ઓરડીમા અથવા જગામા પ્રવેશ કર્યો હોય તે ઘરમા અથવા ઓરડીમા અથવા જગામા અથવા તેમા જે માણસો પકડાયા હોય તેમાના કોઇ પણ પાસે કુશળતાની રમત વગરની બીજી કોઇ પણ રમતમા વપરાતા હોય તેવા કોઇ પણ પાના અથવા પાસા અથવા જુગાર રમવાનો મેજ અથવા બોદ અથવા પટ અથવા પાટીયુ અથવા જુગાર રમવાના બીજાં સાધનો જડે, ત્યારે માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદાર અથવા તે બંનેમાના કોઇએ પણ આપેલી સત્તાની રૂએ વર્તનારા કોઈ પણ માણસના દેખતા ખરેખાત દાવ ચાલ્યો નહીં હોય તોપણ

ઉલટું સાબીત નહી થાય ત્યા સુધી તે ઘરમા અથવા ઓરડીમા અથવા જગામા જુગારનો અખાડો છે, અને તેમા પકડાયલા માણસો જુગાર રમવા સારુ હાજર હતા એવો પુરાવો થાય છે એવુ સમજવુ.

૮ જુગારનો અખાડો કહાડવાનો, રાખવાનો અથવા વાપરવાનો ગુન્હો કોઇ માણસ ઉપર સાબીત થાય એટલે તે ઘરમા અથવા તે ઘરમા જે માણસો પકડાયા હોય તેઓની પાસે જુગાર રમવાના સાધનો જડયા હોય તે સર્વનો તાબડતોબ નાશ કરી નાખવાનો હુકમ કરવાનો અધિકાર ગુન્હો સાબીત કરનારા માજીસ્ટ્રેટને છે અને વળી જુગાર રમવાના સાધન ન હોય તેવા પકડેલા પૈસા બાબતના તારણ બધા અથવા તેમાના કોઇ પણ તથા પકડેલી બીજી જણસો બધી અથવા તેમાની કોઇ પણ વેચની અને તેમાથી ઉપજેલા નાણા, તેના પકડેલા સઘળા પૈસા સુદ્ધાત સરકાર દાખલ કરવા એવો હુકમ કરવાનો સદરહુ માજીસ્ટ્રેટને અધિકાર છે અથવા તેની નજરમા આવે તો સદરહુ પ્રકારના ઉપજેલા નાણાનો તથા બીજા પૈસામાનો કોઇ પણ ભાગ તે ઉપર જે માણસનો હક જણાતો હોય તે માણસને આપવાનો હુકમ કરવાનો તેને અધિકાર છે

૯ ૪ થી અને પાચમી કલમોના ઠરાવોમા કોઇ પણ ઠરાવની વિરુદ્ધ કોઇ પણ ગુન્હો કોઇ માણસ ઉપર ઠરાવવા સારૂ હેઠળ લખ્યા પ્રમાણે સાબીતી કરવાની જરૂર નથી, એટલે ગમે તે દાવ રમતા કોઇ પણ માણસ પકડાય તે પૈસા સારૂ અથવા સરત સારૂ અથવા વળતી સારૂ રમતો હતો એવુ સાબીત કરવાની જરૂર નથી

૧૦ આ આકટ વિરુદ્ધ જુગાર રમવામા જે માણસ સામેલ હોય તેની જુબાની સદરહુ પ્રમાણે જુગાર રમવા બાબત સાહેબની જુબાની પ્રમાણે માજીસ્ટ્રેટ જુગારના અખાડાના ધણીની ઉપરના અથવા તેના વહીવટદારની ઉપરના અથવા તે જુગારના અખાડાની સભાળ અથવા વ્યવસ્થા જે રાખતો હોય તેની ઉપરના તોહોમતનો ઇન્સાફ કરતી વખતે લેશે, અથવા માજીસ્ટ્રેટની રૂબરૂ લેવામા આવશે, અને જુબાની આપતી વખતે તેને જે વાત પૂછે તે સઘળી વાત તે માણસ પોતાની માહિતગારી પ્રમાણે ખરેખરી અને જેવી હકીકત બની હોય તેવી જાહેર કરશે અને તે ઉપરથી તેને માજીસ્ટ્રેટની પાસેથી તે વાત જાહેર કર્યા બાબતનો લખેલો દાખલો મળશે તો તે માણસે તે વખત પહેલા તે જુગાર સબધી જે કઇ કર્યુ હશે તે બાબત તેના ઉપર આ આક્ટ ઉપરથી કઇ ફરીઆદ ચાલશે નહી

૧૧ ૪ થી અથવા ૫ મી કલમ પ્રમાણે જે દડ વસુલ થાય તેના ચતુર્થાંસ સુધી તેનો ગમે તે ભાગ અથવા ૮ મી કલમની રૂએ પકડેલી જણસોના જે ઉપજેલા નાણા, અથવા પકડેલા પૈસા સરકાર દાખલ થવાનો કોઇ પણ ભાગ, ખબર આપનારને આપવાનો હુકમ કરવાનો અખત્યાર સદરહુ ૪ થી અને ૫ મી કલમના ઠરાવ પ્રમાણે હરકોઇ મુકદ્દમાનો ઇનસાફ કરનારા માજીસ્ટ્રેટને છે

૧૨ પોલીસ અમલદારને નીચે પ્રમાણે કરવાનો અધિકાર છે, એટલે

(અ) હરકોઇ રાજમાર્ગમા અથવા જગામા અથવા રાહદારીના ઠેકાણામા કોઇપણ માણસ કુશળતાની રમત વગરની બીજી કોઇ પણ રમતમા વપરાતા હોય તેને પાને અથવા પાસે અથવા ઓદે અથવા જુગાર રમવાના બીજા સાધને પૈસા સારૂ અથધા બીજી કીમતદાર વસ્તુ સારૂ જુગાર રમતાં પકડાશે તેને, (બ) સદરહુ પ્રમાણે પક્ષીઓ તથા જનાવરો પ્રસિદ્ધપણે લડાવવામા કોઇ પણ માણસ હાજર રહીને મદદ અથવા સહાય કરતા પકડાશે તેને, વારટ વગર પકડવાનો અધિકાર છે ગુન્હો સાબીત થયે સદરહુ પ્રકારના કોઇ પણ માણસને ૫૦ રૂપિયા સુધીના દડની શીક્ષા થશે અથવા એક મહિના સુધીની કેદની શિક્ષા થશે અને સદરહુ પ્રકારના રાજમાર્ગમા અથવા રાહદારીના ઠેકાણામા અથવા જે માણસને સદરહુ પ્રકારનો પોલિસ અમલદાર પકડશે તેની પાસે જે પક્ષીઓ તથા જનાવરો તથા જુગાર રમવાના સાધનો જડશે તે સઘળા પકડવાને તે અમલદાર મુખત્યાર છે અને ગુન્હેગારની ઉપર ગુન્હો સાબીત થાય એટલે તે સાધનોનો તાબડતોબ નાશ કરવાનો તથા સદરહુ પક્ષીઓ તથા જનાવરોને વેચીને તેના ઉપજેલા નાણા સરકાર દાખલ કરવાનો હુકમ કરવાને માજીસ્ટ્રેટ મુખત્યાર છે

૧૩ હરકોઇ જગાએ ફક્ત કુશળતાની જ રમત રમાતી હોય તેને આ આકટનો કોઇ ઠરાવ લાગુ છે એમ સમજવું નહી

ફટકા મારવાની શિક્ષા કરવા બાબતનો કાયદો.

(હીંદુસ્તાનનો સને ૧૯૦૯ નો આક્ટ ૪ થો.)

જે અર્થે ફટકા મારવા બાબતનો કાયદો એકત્ર કરીને સુધારવો યોગ્ય છે, તે અર્થે આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે કાયદો કરવામા આવે છે—

૧ (૨)—આ આક્ટને સન ૧૯૦૯ નો ફટકા મારવાની શિક્ષા કરવાનો આક્ટ કહેવો, અને (૨) તે બ્રિટિશ બલુચિસ્તાન તથા સંતાલ પરગણા સુદ્ધા આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે

૨ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૫૩ મી કલમમા કહેલી શિક્ષા ઉપરાત, ગુન્હેગારો ફટકા મારવાની શિક્ષાને પણ પાત્ર છે એમ સમજવુ

૩ " જે કોઇ હેઠળ લખેલા ગુન્હામાનો કોઇ પણ ગુન્હો કરશે, એટલે કે—

(અ) ધણીના તાબામાના માલની કારકુને અથવા નોકરે કરેલી ચોરી શિવાયની, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૭૮ મી કલમમા વ્યાખ્યા કર્યા પ્રમાણે ચોરી કરશે, (બ) સદરહુ કાયદાની ૩૮૦ મી કલમમા વ્યાખ્યા કર્યા પ્રમાણે ઇમારતમા, તબુમા અથવા વહાણમા ચોરી કરશે, (ક) સદરહુ કાયદાની ૩૮૨ મી કલમમા વ્યાખ્યા કર્યા પ્રમાણે મોત આણવાની અથવા વ્યથા કરવાની તૈયારી કર્યા પછી ચોરી કરશે, (ડ) આ કલમની રૂએ જે ગુન્હા સારૂ ફટકા મારવાની શિક્ષા ઠરાવી છે તેવો કોઇ પણ ગુન્હો કરવા માટે સદરહુ કાયદાની ૪૩૩ મી કલમ તથા ૪૪૫ મી કલમોમા વ્યાખ્યા કર્યા પ્રમાણે ગુપ્ત ગ્રહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરશે, (ઇ) આ કલમની રૂયે જે ગુન્હા સારૂ ફટકા મારવાની શિક્ષા ઠરાવી છે તેવો કોઈ પણ ગુન્હો કરવા માટે સદરહુ કાયદાની ૪૪૪ મી તથા ૪૪૬ મી કલમોમા વ્યાખ્યા કર્યા પ્રમાણે રાતે ગુપ્ત ગ્રહપ્રવેશનો અથવા રાતે ઘર ફોડવાનો ગુન્હો કરશે, તેને એવા ગુન્હા માટે સદરહુ કાયદાની રૂયે જે શિક્ષાને તે પાત્ર થતો હશે તે શિક્ષાને બદલે ફટકા મારવાની શિક્ષા કરવાનો અધિકાર છે

૪ જે કોઇ શખસ—

(અ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૭૫ મી કલમમા વ્યાખ્યા કર્યા પ્રમાણેનો બળાત્કાર સંભોગનો ગુન્હો કરવામા મદદગારી કરશે, અથવા એવો ગુન્હો કરશે અથવા કરવાની કોશીશ કરશે, (બ) કોઇપણ માણસને શારીરિક નુકસાન કરવાની બ્હીક આપીને સદરહુ કાયદાની ૩૭૭ મી કલમમા વ્યાખ્યા કર્યા પ્રમાણેનો સૃષ્ટીક્રમ વિરૂદ્ધ મૈથુન કરવાની ફરજ પાડસે અથવા લલચાવશે, (ક) સદરહુ કાયદાની ૩૯૦ મી કલમમા વ્યાખ્યા કર્યા પ્રમાણેનો અપહરણનો ગુન્હો કરવામા અથવા કરવાની કોશીશ કરવામા બુદ્ધિપૂર્વક વ્યથા કરશે (ડ) સદરહુ કાયદાની ૩૯૧ મી કલમમા વ્યાખ્યા કર્યા પ્રમાણેનો ડાકાઇટીનો ગુન્હો કરશે તે શખસ એવા ગુન્હાની મદદગારી અથવા કોશીશ માટે સદરહુ કાયદા પ્રમાણે જે શિક્ષાને પાત્ર હોય તેને બદલે અથવા તે ઉપરાત તેને ફટકાની શિક્ષા કરવાનો અધિકાર છે

૫. જે કોઇ નાની ઉમ્મરનો ગુન્હેગાર—

(અ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૬ ઠા ભાગમા તથા તેની કલમો ૧૫૩ અ અને ૫૦૫ મા જણાવેલા ગુન્હા તથા મોતની શિક્ષા કરવા જોગ ગુન્હા શિવાય જે કાયદાની રૂયે શિક્ષા કરવા જોગ કોઇ પણ ગુન્હો અથવા (બ) બીજા કોઇ પણ કાયદાની રૂયે કેદની શિક્ષા કરવા લાયક જે કોઇપણ ગુન્હો, ગવર્નર ઇન કોંસિલ, આ બાબતમા ગેઝેટ ઓફ ઇંડિયામા જાહેરનામુ છપાવીને નિર્દિષ્ટ કરશે તે ગુન્હો, કરવામા મદદ કરશે અથવા તે ગુન્હો કરશે અથવા તે કરવાનો પ્રયત્ન કરશે તો, એવા ગુન્હાને સારૂ, મદદ કરવા સારૂ અથવા પ્રયત્ન કરવા સારૂ જે કોઇ પણ બીજી શિક્ષાને પાત્ર હોય તે શિક્ષાને બદલે તેને ફટકા મારવાની શિક્ષા કરવાનો અધિકાર છે

ખુલાસો—આ કલમમા ' નાની ઉમ્મ નો ગુન્હેગાર " એ મજાનો અર્થ જે કાઇ ચોકસી કરવાની જરૂર જણાય તે કર્યા પછી, કોર્ટ જે ગુન્હેગાર સોળ વર્ષથી ઓછી ઉમરનો છે એમ ઠરાવે તે ગુન્હેગાર એવો છે એમ તથા કોર્ટનો તે ઠરાવ સઘળે પ્રસગે આખરનો તથા નિર્ણયાત્મક ગણાશે એમ સમજવુ

૬ પોતાની હકુમતમાના કોઇપણ સરહદ્દ ઉપરના પ્રાંતમા અથવા કોઇપણ જંગલી પ્રદેશમા આ પ્રસિદ્ધ કરીને જાહેર કરશે ત્યારે ત્યારે ઉપર જણાવેલુ જાહેરનામુ પ્રસીદ્ધ કર્યા પછી જે કોઇપણ માણસ

હિંદુસ્તાનમા ફોજદારી કાયદાની રૂયે ત્રણ વર્ષની અથવા તેથી વધારે મુદતની કેદની શિક્ષા કરવા જોગ કોઇ પણ ગુન્હો સદરહુ પ્રાત અથવા પ્રદેશમા કરશે તે સદરહુ કાયદા પ્રમાણે જે બીજી શિક્ષાને પાત્ર હશે તે શિક્ષાને બદલે તેને ફટકા મારવાની શિક્ષા કરવાનો અધિકાર છે

૭ સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ ૩૯૨, પેટા કલમ (૨) મા " સોળ વર્ષ કરતા ઓછી ઉમ્મરના શખસનો બાબતમા તે ૧૬ ફટકાથી વધારે ન હોવી જોઇએ " એ શબ્દો જાસ્તી દાખલ કરવા

પરિશિષ્ટમા જણાવેલા કાયદા તેના ૪ થા આસનમા નીર્દિષ્ટ કર્યા છે તેટલે સુધી આ ઉપરથી રદ કર્યા છે

ઝેરી જણસો બાબતનો આકટ.

(હિંદુસ્તાનનો સને ૧૯૦૪ નો આકટ ૧ લો.)

૧—(૧) આ આકટને સને ૧૯૦૪ નો ઝેરી જણસો બાબતનો આકટ કહેવો, અને (૨) તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ છે

સઘળી ઝેરી જણસો વિશે.

૨—(૧) ગવર્નર જનરલ ઇન કૌંસિલના નિર્બંધને પાત્ર રહીને, સ્થાનિક સરકાર, કાનુન કરીને, કાઇ પણ મ્યુનિસિપાલિટીની અથવા કેન્ટોન્મેન્ટના હદની અદર કોઇ પણ નિર્દિષ્ટ કરેલા ઝેરી જણસ જથાબધ અથવા પરચુરણ વેચવા સારૂ કબજામા ગખવાનુ અને કોઇપણ ઝેરી જણસ જથાબધ અથવા પરચુરણ વેચવાનુ નિયમન કરવાને મુખત્યાર છે

(૨) વિશેષ કરીને, અને પેટા કલમ (૧) ની રૂઇએ આપેલા અધિકારની સામાન્ય વ્યાપ્તિને બાધ ન આવે એવી રીતે, તે પેટા કલમની રૂયે કરેલી કાનુનોમા બીજી બાબતોની સાથે નિચેની બાબતો વિષે ઠગવ કરવાનો અખત્યાર છે

(અ) જથાબધ અથવા પરચુરણ વેચવા માટે કોઇપણ અમુક નિર્દિષ્ટ કરેલી ઝેરી જણસ કબજામા રાખવા સારૂ લાઇસેન્સ આપવા વિષે, તથા એવા લાઇસન્સ માટે કાઇ ફી લેવાની હોય તો તે ઠરાવવા વિશે (બ) કયા વર્ગના લોકોને માત્ર એવુ લાઇસેન્સ આપી શકાય તે વિષે (ક) કયા વર્ગના લોકોને માત્ર એવી કોઇ પણ ઝેરી જણસ વેચી શકાય તે વિષે (ડ) એવી ઝેરી જણસ કોઇ પણ માણસને વધારેમા વધારે કેટલી વેચી શકાય તે વિષે (ઈ) એવી ઝેરી જણસ કોઇ પણ વેચનારાઓએ વેચાણનુ રજીસ્ટર રાખવા વિષે, તે રજીસ્ટરમા દાખલ કરવાની તપસીલ વિષે, અને તેની તપાસ વિષે, (ફ) એવી ઝેરી જણસો સહી સલામત કબજામા રાખવા વિશે, અને એવી કોઇ પણ જણસ જે પાત્રોમા, પેકેજોમા અથવા બારદાનોમા વેચવામા અથવા વેચવા સારૂ કબજામા રાખવામા આવે તે પાત્રો પેકેજો અથવા બારદાનો ઉપર લેબલો મારવા વિશે, અને (ગ) એવી કોઇ પણ ઝેરી જણસ કોઇ પણ વેચનાર વેચવા માટે કબજામા રાખે ત્યારે તે તપાસવા તથા જોવા વિશે

(૩) આ કલમની રૂયે કરેલી કાઇ પણ કાનુનમા જે કોઇ પણ જણસ ઝેરી છે એમ લખ્યુ હોય તે જણસ આ કલમના કારણ સારૂ ઝેરી છે એમ સમજવુ

ફટકિઆ સોમલ વિશે.

૩. ગવર્નર જનરલ ઇન કૌંસિલને ઇંડિઆ ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તે દ્વારે લાઇસેન્સ વગર તથા તેની શરતો વિરૂદ્ધ બ્રિટીશ હિંદુસ્તાનમા ફટકીઓ સોમલ આયાત કરવાની મનાઈ કરવાનો, અને કાનુન કરીને તેની મારફતે લાઇસન્સ આપવાનુ નિયમન કરવાનો અને એવા લાઇસન્સમા આ કલમની રૂયે કઇ શરતો દાખલ કરી શકાય તે ઠરાવવાનો અખત્યાર છે

૪ (૧) ગવર્નર જનરલ ઇન કૌંસિલના નિર્બંધને પાત્ર રહીને, સ્થાનિક સરકારને, પોતાના તાબા માહેના સઘળા મૂલકોમા અથવા તેના કોઇ પણ ભાગમા, ફટકિયો સોમલ જથાબધ અથવા પરચુરણ વેચવાનું કાનુન કરી નિયમન કરવાનો અખત્યાર છે

(૨) વિશેષે કરીને તથા પેટા કલમ (૧) ઉપરથી આપેલા અધિકારની સામાન્ય વ્યાપ્તિને બાધ ન આવે તે રીતે, તે પેટા કલમની રૂયે કરેલી કાનુનોમા બીજી બાબતની સાથે કલમ ૨, પેટા કલમ (૨) માં નિર્દિષ્ટ કરેલી સઘળી અથવા કોઇપણ બાબત વિશે ઠરાવ કરવાનો અખત્યાર છે

[૩] પેટા કલમ (૧) ની રૂયે કરેલી કાનુનોમા વળી એમ પણ ઠરાવવાનો અખત્યાર છે કે, કોઇ પણ માણસે ભૂકી કરેલો ફટકીયો સોમલ વેચવો હોય તો તેમા તે વેચાતો આપ્યાની પહેલા, મેસ, કાજળ, ગળી, અથવા પ્રશિયન બ્લ્યુ (આસમાની રંગ) ભેળ્યા વગર વેચવો નહિ સામલ એક રતલ હોય તો તેમા નિદાન અડધો ઔંસ મેસ ગળી અથવા પ્રસિયન બ્લ્યુ ભેળવવો

પણ એમ ઠરાવ્યુ છે કે તે સોમલ અમુક કામ સારૂ જોઇએ છે એવુ ખરીદ કરનાર કહે અને તે કામમા ભેળવાયલો સોમલ ચાલશે નહી એવુ ખરીદ કરનારના કહ્યાથી માલમ પડે, ત્યારે ભેળ કર્યા વગર એક ખેપે નિદાન દશ રતલ વેચવાનો અધિકાર છે

૫—(૧) સ્થાનિક સરકારને, ગવર્નર જનરલ ઇન કૌન્સિલની અગાઉથી મજુરી લઇને જે કોઈ પણ પ્રદેશોમા ફટકીયો સોમલ નાખીને ખુન કરવાના અથવા તે વડે ઢોરોને ઝેર દઇને મારી નાખવાના ગુન્હા એટલા વારવાર બનતા હોય કે ઝેર કબજામા રાખવાના સબધમા નિર્બંધ રાખવો ઇષ્ટ છે, એમ પોતાને લાગે તે પ્રદેશમા ફટકીયો સોમલ કબજામા રાખવાનુ કાનુન કરીને નિયમન કરવાનો અધિકાર છે

(૨) પેટા કલમ (૩) ની રૂયે કોઇ પણ કાનુન કરતી વખતે સ્થાનિક સરકારને એમ ઠરાવવાનો અખત્યાર છે કે, તે કાનુનનુ ઉલઘન કરેથી એક વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા ૧૦૦ રૂપીઆ સુધીના દડની શિક્ષા અથવા એ બને શિક્ષા થશે, અને જે ફટકીયા સોમલના સંબધમા તે ઉલ્લઘન કર્યુ હશે તો સોમલ અને જે પાત્રો, પેકેજો અથવા બારદાનોમાથી મળશે તે પાત્રો પેકેજો અથવા બારદાનો જપ્ત થવાને પાત્ર થશે

બીજી ઝેરી જણસો વિશે.

૬ (૧) ઇડિયા ગેઝેટમા જાહેરનામુ પ્રસિધ્ધ કરીને, માત્ર ફટકિઆ સોમલ સબધી આ આકટના સઘળા અથવા કોઇ પણ ઠરાવ, ફટકિયા સોમલ શિવાય બીજી નિર્દિષ્ટ કરેલી કોઇ પણ ઝેરી જણસને લાગુ કરવાનો ગવર્નર જનરલ ઇન કૌંસિલને અખત્યાર છે

(૨) પેટા કલમ (૧) ની રૂયે કહાડેલા જાહેરનામામા જે કોઈ પણ જણસ ઝેરી છે એમ લખ્યુ હોય તે જણસ આ આકટના કારણ સારુ ઝેરી જણસ છે એમ સમજવુ

શિક્ષા તથા કામ ચલાવવાની રીત વિષે

૭. (૧) જે કોઈ માણસ—

(અ) કલમ ૨ અથવા કલમ ૪ ની રૂયે કરેલી કોઇ પણ કાનુનનુ ઉલ્લઘન કરશે, અથવા (બ) જે ફટકિયો સોમલ આયાત કરવાની કલમ ૩ ની રૂયે વિદ્યમાનકાળે મના કરેલી હોય તે સોમલ લાઇસન્સ વગર બ્રિટીશ હિંદુસ્તાનમા આયાત કરશે, અથવા (ક) ફટકિયો સોમલ આયાત કરવા માટે પોતાને ૩ જી કલમની રૂયે મળેલા લાઇસેન્સની કોઈ પણ શરત તોડશે, [૧] તે, તેના ઉપર ગુન્હાની સાબીતીનો પ્રથમ ઠરાવ થયેથી ત્રણ મહિના સુધીની કેદની શિક્ષાને અથવા પાચસે રૂપીઆ સુધીના દડની શિક્ષાને અથવા એ બને શિક્ષાને પાત્ર થશે અને (૨) બીજો અથવા ત્યાર પછી કોઇ પણ સાબીતીનો ઠરાવ થયેથી ૭ મહીના સુધીની કેદની શિક્ષાને અથવા એક હજાર રૂપીઆ સુધીના દડની શિક્ષાને અથવા એ બને શિક્ષાને પાત્ર થશે

[૨] જે કોઈ પણ ઝેરી જણસના સબધમા આ કલમની રૂય ગુન્હો હશે તે ઝેરી જણસ અને જે પાત્રમા, પેકેજોમા અથવા બારદાનોમા તે ઝેરી જણસ મળશે તે પાત્રો, પેકેજો અથવા બારદાનો, તથા પેટા કલમ [૧] ની રકમો (બ) અથવા (ક) મા કહેલા કોઈ પણ ગુન્હાની બાબતમા, તે લઇ જવા માટે જે જનાવરોનો અને વાહનોનો ઉપયોગ કર્યો હશે તે જનાવરો તથા વાહનો જપ્ત થવાને પાત્ર થશે

૮—(૧) જીલ્લા મેજીસ્ટ્રેટને, પેટા ડુકડી માજીસ્ટ્રેટને તથા ઇલાકાના શહેરમા પોલીસ કમીશનરને, જે જગાએ આ આકટ વિરૂદ્ધ અથવા આ આકટ મુજબ કરેલી કોઇ પણ કાનુન વિરુધ્ધ કોઈ પણ ઝેરી જણસ

વેચવા માટે કબજામા રાખી છે એમ અથવા વેચવામા આવે છે એમ અથવા આ આકટની રુએ જપ્તીને પાત્ર હોય એવી કાંઈ પણ ઝેરી જણસ રાખી છે એમ અથવા સતાડી છે એમ માનવાનું અથવા એવો વહેમ આવવાનુ કારણ દેખાતું હોય તો તેઓ, પોતપોતાના પ્રદેશમા, તે જગાનો ઝાડો લેવા સારૂ વારટ કહાડવાને મુખત્યાર છે

[૨] જે માણસને તે વારટ બજાવવા માટે આપ્યુ હોય તેને, તે વારટના આધારે, તે જગામા પેસીને ઝાડો લેવાનો અધિકાર છે, અને સન ૧૮૯૦ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામાના ઝાડો લેવાના વારટ બાબતના ઠરાવ, બને ત્યા સુધી તે વારટની બજાવણીને લાગુ છે એમ સમજવુ જોઈએ

૯—[૧] કાનુનો કરવાનો આની અગાઉ જે કાંઇપણ અધિકાર આપ્યો હોય તે ઉપરાત ગવર્નર જનરલ ઇન કૌન્સિલ, અથવા ગવર્નર જનરલ ઈન કૌન્સિલના નિર્બંધને પાત્ર, સ્થાનીક સરકાર, આ આકટના કારણ તથા હેતુ પાર પાડવા સારૂ સામાન્ય રીતે કાનુનો કરવાને મુખત્યાર છે

[૨] કાનુનો કરવાનો આ આકટની રૂએ આપેલો દરેક અધિકાર, તે કાનુનો પ્રથમ પ્રસિધ્ધ કર્યાં પછી કરવી જોઇએ, એ શરતને પાત્ર રહેવો જોઇએ

(૩) ગવર્નર જનરલ ઇન કૌસિલે અથવા સ્થાનિક સરકારે આ આકટની રૂએ કરેલી સઘળી કાનુનો પ્રસંગ પ્રમાણે, ઈંડીયા ગેઝીટમા અથવા સ્થાનીક સરકારી ગેઝીટમા પ્રસિધ્ધ કરવી જોઇએ, તથા તે પ્રમાણે પ્રસિદ્ધ કર્યાં પછી કાનુનો આ આકટની રૂએ કરી હોય તે પ્રમાણે અમલમા આવશે

બચાવ

૧૦—[૧] આ આકટમાનો અથવા તેની રૂએ આપેલા કોઇપણ લાઇસેન્સમાનો, અથવા કરેલી કાનુનમાનો કોઇપણ મજકુર હેઠળ લખેલા શખસોએ પોતાનો ધધો ચલાવતી વખતે અથવા તેવા સબધથી પોતાનુ કામ કરતી વખતે શુદ્ધબુદ્ધિથી કરેલા કૃત્યોને લાગુ પડશે નહિ અથવા તેમને બાધ આવશે નહિ.

(અ) મેડિકલ અથવા વેટરનરી પ્રેકટીશનરે, અથવા [બ] સયુક્ત રાજ્યમા વિદ્યમાન કાળે અમલમા હોય એવા કાયદાની રૂએ કેમિસ્ટ અથવા ડ્રગીસ્ટ તરીકે કામ કરવાને યોગ્ય રીતે લાયક ઠરેલા કોઇપણ કેમિસ્ટે અથવા ડ્રગીસ્ટે, અથવા, (ક) મેડિકલ અથવા વેટરનરી પ્રેકટીશનરે આપેલી ઓસડની યાદી ઉપરથી ઓસડ આપનારા અથવા તૈયાર કરનારા કેમિસ્ટે અથવા ડગીસ્ટે અથવા કપાઉન્ડરે, અથવા [ડ] પાચમી કલમની રૂએ કરેલી વિદ્યમાન કાળે અમલમા હોય એવી કોઇપણ કાનુનોને પાત્ર, ચામડા કેળવનારાઓએ અથવા ચામડાનો વેપાર કરનારાઓએ

(૨) આ આકટમા આગળ ગમે તે કહ્યુ હોય તો પણ સ્થાનિક સરકારને યોગ્ય જણાયેથી, સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને, એમ ફરમાવવાનો અધિકાર છે કે, આ આકટના સઘળા અથવા કોઈ પણ ઠરાવ, તે હુકમમા નિર્દિષ્ટ કરેલી વેપારની જણસોને અથવા જણસોના વર્ગને અથવા તેમા નિર્દિષ્ટ કરેલા કાંઈ પણ કારણ સારૂ વાપરવામા આવવાથી કોઈ પણ ઝેરી જણસને અથવા ઝેરી જણસના વર્ગને લાગુ નથી એમ સમજવુ, અને તે સરકારને એવા કોઈ પણ ઠરાવ વખતે વખતે બદલવાનો અથવા ફેરવવાનો અખત્યાર છે

(૩) જે અધિકારીને આ આકટની રૂયે કાનુનો કરવાનો અધિકાર આપ્યો હશે તે અધિકારી, સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને કોઇ પણ શખસને અથવા કાઇ પણ શખસોના વર્ગને, સામાન્ય રીતે અથવા એવા હુકમમા લખેલા કોઇ પણ ઝેર અથવા ઝેરોના સબધમા એવી કોઇ પણ કાનુનના અમલમા બાતલ કરવાને મુખત્યાર છે

રદ કરવા બાબત.

૧૧—સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને આ અર્થે ઠરાવે તે તારીખથી, સન ૧૮૬૬ નો મુબઇનો આકટ ૮ (મુબઇ ઇલાકામા ઝેર વેચવાનું નિયમન કરવા તથા તે ઉપર નિબંધ નાખવા બાબતનો આકટ) મુબઈના ગવર્નર ઈન કૌન્સિલની વિદ્યમાનકાળની હકુમત હેઠળના મુલકમા

અને સન ૧૯૦૦ ને વાવ્ય પ્રાતો તથા અયોધ્યાની મુનીસીપાલીટીનો આકટ (સન ૧૯૦૦ નો વાવ્ય પ્રાતો તથા અયોધ્યાનો આકટ નબર ૧] ની કલમ ૧૨૮, રકમ (લ) આગ્રા તથા અયોધ્યાના સયુક્ત પ્રાતોના ગવર્નરની વિદ્યમાન કાળની હકુમત હેઠળના મુલકમા રદ થશે

કાટલાં તથા ભરતલના માપોનો આકટ.

સન ૧૮૭૧ ને આકટ ૩૧ મો.

૧ પ્રથમ નિયમો.

૧—આ આકટને " સને ૧૮૭૧ નો હિદુસ્તાનનો કાટલાનો તથા ભરતલના માપોનો આકટ કહેવો, અને આ આકટ આખા બ્રીટીશ ઈંડીયાને લાગુ છે

૨ પ્રમાણો (એટલે સાખુ)

૨—કાટલાના મૂળ પ્રમાણને શેર કહેવો, અને તે પ્રમાણે ઈંડીયા સરકારના કબ્જા માહેના ધાતુના એક કાટલા જેવડુ જોઇએ તે કાટલુ હવા વગરની જગામા તોળીએ તો ફ્રાસ દેશમા કિલોગ્રામ દેઆરશીવ એ નામનુ જે કાટલુ મશહુર છે તે કાટલા જેવડુ થાય

૩—મુળભુત કાટલા તથા ભરતલના માપો હેઠળ લખ્યા પ્રમાણે જોઇએ, એટલે કાટલા બાબત સદરહુ શેરને મુળભુત કાટલુ સમજવુ —

ભરતલ બાબત, હવા વગરની જગામા જોખેલા પરમાવધીના ઘનત્વનુ સદરહુ પ્રકારના એક શેર પાણીના તોલ જેટલુ જે માપમા માય તે માપને મુળભુત માપ સમજવુ

૪—સદરહુ મુળભુત કાટલા તથા ભરતલના માપો શીવાય બીજા કાટલા તથા ભરતલના માપો કેવડા અને ક્યા નમુનાના આ આકટ પ્રમાણે કબુલ કરવામા આવશે તે ઇંડીયા ગેઝીટમા વખતે વખતે જાહેરનામુ છપાવીને ઠરાવવાને ગવર્નર જનરલ ઇનકૌસિલ મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે, ઉપર કહેલુ બીજુ હરેક કાટલુ અથવા ભરતલનુ માપ સદરહુ પ્રકારના મુળભુત કાટલા અથવા ભરતલના માપને હરકોઈ પૂર્ણાંક સંખ્યાએ ગુણતા જે ગુણાકાર આવે અથવા ભાગતા ભાગાકાર આવે તેવડુ જોઇએ

સદરહુ જાહેરનામુ ઉપર કહ્યા પ્રમાણે રદ કરવાને પણ ગવર્નર જનરલ ઇન કૌઉન્સીલ મુખત્યાર છે

સદરહુ પ્રકારના હરકોઈ જાહેરનામામા બીજી રીતે ફરમાવ્યુ નહી હોય તો સદરહુ પ્રકારના સઘળા કાટલાના તથા ભરતલના માપના વિભાગ દશાશના માપ પ્રમાણે (એટલે દશાશને વરાડે) કરવા

૫—આ આકટના કારણો સારૂ ડિસ્ટ્રિકટની હદો સરકારી ગેઝીટમા વખતે વખતે જાહેરનામુ છપાવીને ઠરાવવાનો અધિકાર ગવર્નર જનરલ ઇનકૌસીલને છે

આ આકટના કારણો સારૂ સબ ડિસ્ટ્રિકટની હદો સરકારી ગેઝીટમા વખતે વખતે જાહેરનામુ છપાવીને ઠરાવવાનો અધિકાર સ્થાનિક સરકારને છે

૬—સદરહુ પ્રમાણે કબુલ કરેલા કાટલાના તથા ભરતલના માપોના મુળ પ્રમાણો તથા* શટ ગવર્નર જનરલ ઇન કૌસિલની નજરમા આવે તે ડીસ્ટ્રીકટોને સારૂ પુરી પાડવાનો તેઓને અધીકાર છે

સદરહુ પ્રમાણો આ આકટના કારણો સારૂ સદરહુ ડીસ્ટ્રીકટોને સારૂ પ્રમાણો છે એવુ સમજવુ

૭—ઉપર કહ્યા પ્રમાણે કબુલ કરેલા કાટલાના જેવા કાટલા તથા ભરતલના માપના જેવા ભરતલના માપો સ્થાનિક સરકાર નજરમા આવે તે સબ ડીસ્ટ્રીકટોમા સ્થાનિક પ્રમાણોની પેઠે વાપરવા સારૂ જોઇએ તેટલા સબ ડીસ્ટ્રીકટોને સારૂ પુરા પાડવાનો અધીકાર સ્થાનિક સરકારને છે

સદરહુ સ્થાનિક પ્રમાણો બરાબર નથી એવુ સાબીત કરવામા આવશે ત્યા સુધી તે બરાબર છે એવુ સમજવુ

૩ નવાં કાટલાં તથા ભરતલનાં માપો વાપરવા બાબત.

૮—સરકારી કોઈ કચેરીમા અથવા મ્યુનિસીપાલ મડળીમા અથવા રેલવે કપનીમા વાપરવાના

---

* શટ એટલે ન્હાના મોટા નમુનામા કાટલા તથા માપો.

કાટલા તથા ભરતલના માપો બરાબર છે કે નહી તે તપાસી જોવા સારૂ યોગ્ય પ્રમાણોના કાટલા તથા ભરતલના માપો હવે મળે છે એવુ ગવર્નર જનરલ ઇન કાઊન્સીલની નજરમા આવે ત્યારે ફલાણી તારીખ પછી સદરહુ કચેરી અથવા મડળી અથવા કપની આપ લે નો જે વહેવાર અને કરાર કરશે તે વહેવારમા અને કરારમા સદરહુ પ્રમાણે કબુલ કરેલા સઘળા કાટલા તથા ભરતલના માપો અથવા તે માહેનુ હરકોઇ કાટલુ અથવા ભરતલનુ માપ વાપરવુ એવુ ઇન્ડીઆ ગેઝેટમા જાહેરનામુ છપાવીને ફરમાવવાનો અધીકાર ગવર્નર જનરલ ઇન કાઉન્સીલને છે, અને તેજ પ્રમાણે વખતે વખતે સદરહુ હુકમ બદલવાને અથવા રદ કરવાને તેઓ મુખત્યાર છે

૯—૮ મી કલમ પ્રમાણે છપાવેલા જાહેરનામામા તારીખ લખી હોય ત તારીખ પછી તે જાહેરનામામા કહેલા અમલદારોનુ અથવા મડળીઓનુ અથવા કપનીઓનુ હરકોઇ કામ તોલથી અથવા ભરતલના માપથી કરવા બાબત અથવા તોલથી અથવા ભરતલના માપથી માલ વેચવા બાબત જે વહેવાર તથા કરાર થયા હોય અથવા કરવામા આવ્યા હોય તે સઘળા વહેવાર તથા કરાર હેઠળ લખ્યા પ્રમાણે થયા છે અથવા કર્યા છે એવુ સમજવુ એટલે, સદરહુ અમલદારોએ અથવા મડળીઓએ અથવા કપનીઓએ ફલાણા કાટલા અથવા ભરતલના માપો વાપરવા, એવુ સદરહુ જાહેરનામામા ફરમાવ્યુ હોય તે તે કાટલાએ તોળીને અથવા ભરતલના માપે ભરીને (આપવા લેવાના) તે વહેવાર તથા કરાર થયા છે અથવા કર્યા છે એવુ સમજવુ, પણ બીજી રીતે ખસુસ કરીને કબુલત કરી હોય તો તેવુ સમજવુ નહી

૪ વારડન.

૧૦—આ આકટમા પાછળ કહેલા મૂળ પ્રમાણો તથા કબુલ કરેલા કાટલાના માપોના સેટ સભાળીને રાખવા સારૂ ગવર્નર જનરલ ઇન કાઉન્સીલે વારડન નીમવા, અને સદરહુ સ્થાનિક પ્રમાણો તથા કબુલ કરેલા કાટલાના તથા ભરતલના સેટ સભાળીને રાખવા સારૂ સ્થાનીક સરકારે વારડન નીમવા

ઉપર કહેલા હરકોઈ વારડનને હરકોઇ વખતે કામ ઉપરથી મોકુફ અથવા બરતરફ કરવાને અને તેની જગાએ બીજા માણસને નીમવાને પ્રસગ પ્રમાણે ગવર્નર જનરલ ઇન કાઉન્સીલ અથવા સ્થાનિક સરકાર મુખત્યાર છે

૧૧. હેઠળ લખેલી વાતોનો બંદોબસ્ત કરવા બાબત આ આકટનુ ધોરણ રાખીને વખતે વખતે કાનુનો કરવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કાઉન્સીલને છે

(અ) વારડનની નિમણુક કરવા બાબત (બ) વારડનને પોતાના કામ કરવા બાબત શી રીતે ચાલવુ તે બાબત, (ક) પ્રમાણો પુરા પાડવા અને તેઓને બદલે બીજા કરવા તથા તે સભાળીને રાખવા અને તે વાપરવા બાબત (ડ) સ્થાનિક પ્રમાણો અને આ આકટ ઉપરથી કબુલ કરેલા કાટલા તથા તોલવાના યત્રો તથા ભરતના માપો અને તાજવા બરાબર છે એવુ ઠરાવવાની રીત બાબત અને તે બાબત છે એવુ ઠરવ્યાનો દાખલો આપવાની રીત બાબત પણ એવું ઠરાવ્યુ છે કે તે બરાબર છે એવુ નક્કી ઠરાવવાને બે વરસમા એક કરતા વધારે ફરમાવવુ નહી (ઇ) આ આકટ પ્રમાણે કબુલ કરેલા કાટલામા તથા તોળવાના યત્રમા તથા ભરતલના માપમા અને તાજવામા કઇ કઇ ખામી એટલે બાધ હશે તો ચાલશે તે બાબત (ફ) આ આકટ પ્રમાણે કબુલ કરેલા કાટલા તથા તોળવાના યત્રો તથા ભરતલના માપો અને ત્રાજવા કેવા આકારના અને કેવા પ્રમાણના અને કાટલા મોટા અને શાના કરવા તે બાબત (ગ) આ આકટ પ્રમાણે કબુલ કરેલા કાટલા તથા ભરતલના માપ ઉપર તેના જુદા જુદા નામ પાડવા બાબત (હ) સરકારી કચેરીઓ તથા મ્યુનીસીપાલ મડળીઓ તથા રેલવે કપની આ આકટ પ્રમાણે કબુલ કરેલા કાટલા તથા તોળવાના યત્રો તથા ભરતલના માપો અને ત્રાજવા વાપરતી હોય તે બાબત તેઓની તપાસ કેવી શરતથી રાખવી અને તે (કાટલા વગેરે) બરાબર છે એવુ કેવી શરતથી ઠરાવવુ તે બાબત

(આ) આ આકટ પ્રમાણે કબુલ કરેલા તથા તોળવાના યત્રો તથા ભરતલના માપો અને ત્રાજવા બરાબર છે એવુ ઠરાવવા બાબત તથા બરાબર કરી આપવા બાબત અને બરાબર છે એવુ ઠરાવ્યાનો દાખલો આપવાની ફી આપવા બાબત કાનુન કરવાનો અધિકાર છે

૧૨—સદરહુ કાનુનો ઈંડીઆ ગેઝીટમા છપાવીને પ્રસિદ્ધ કરવી

અને હરકોઇ સરકારી કચેરી બાબત અથવા મ્યુનીસીપાલ મડળા બાબત અથવા રેલવે કપની બાબત તે સઘળી કાનુનો અથવા તેમાની કાઇ કાનુન ફલાણી તારીખથી અમલમા આવશે એવુ જાહેરનામુ ઇડીઆ ગેઝેટમા છપાવીને ઠરાવવાનો ગવર્નર જનરલ ઇન કાઉન્સિલને અધિકાર છે અને પછી તે જાહેરનામામા લખ્યુ હશે તેટલે સુધી ઉપર કહેલી કાનુનો અથવા કાનુન, કાયદાની પેઠે ચાલશે

૧૩—સદરહુ કાનુનો પોતાને લાગુ હોય એટલે સુધી તે પ્રમાણે સરકારના સઘળા અમલદારોએ તથા મ્યુનિસીપાલ (ખાતાના) અમલદારોએ તથા રેલવે કપનીઓના અમલદારોએ તથા નોકરોએ ચાલવુ, અને સદરહુ કાનુનમા જે ફી કહી હોય તે આપવી

૧૪—ઉપર પ્રમાણે આણેલી જણસ બરાબર છે કે નહી તે તપાસી જોવાને અથવા બરાબર કરી આપવાને લાયક નથી એવુ નજરમા આવે તો તે ભાગી તોડી નાખવાનો અથવા નકામી કરી નાખવાનો અથવા બરાબર છે કે નહી તે તપાસી જોવાની અથવા બરાબર કરી આપવાની ના કહેવાનો અધિકાર વારડનને છે

૧૫—આ આકટમા વારડનને જે અધિકાર આપ્યો છે અને જે કામો સોપ્યા છે તે માહેનો કાઇ અધિકાર તથા કામો સ્થાનીક સરકાર વખતે વખતે જે બીજા અમલદારને નીમશે તે ચલાવવાને મુખ્તીયાર છે

૧૬—૧૪ મી કલમ પ્રમાણે વારડન વાપરતો હોય તે નિશાની કોઇ માણસ જાણી જોઇને ખોટી બનાવશે તો તેને ઘણામા ઘણા ત્રણ વરસ સુધી કેદની સજા કરવી અને તે દડને પણ લાયક થશે

૧૭—આ આકટ પ્રમાણે કબુલ કરેલા જે કાટલા તથા ભરતલના માપો હોય તેના માપ (એટલે વરાડ) પ્રમાણે બાજા કાટલાના તથા ભરતલના માપોના સમમાનના કોષ્ટકો વખતે વખતે તૈયાર કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે અને એ પ્રમાણે સમમાનો ઠરાવ્યા હોય તે ઠેકાણા ઠેકાણાના સરકારી ગેઝીટમા છપાવીને જાહેર કરે ત્યાર પછી તે ખરા સમમાનો છે એવુ સમજવુ

---

૨ સંબંધી દગાનો આકટ, (સન ૧૮૭૮ નો મુંબઇનો આકટ ૭ મો.)

પ્રથમ નિયમો.

૧—આ આકટને "મુબઇનો સન ૧૮૭૮ નો ૨ સબધી દગાનો આકટ" કહેવો

આ આકટ એડન શીવાય આખા મુબઇ ઇલાકાને લાગુ છે

સને ૧૮૬૩ નો મુબઈનો ૯ મો આકટ આ કલમ ઉપરથી રદ કર્યો છે

૨—સદરહુ આકટ પ્રમાણે જે નિમણુકો કરી છે તથા જે હુકમો કર્યા છે તથા જે જાહેરનામા પ્રસિદ્ધ કર્યા છે તથા જે કાનુન ઠરાવી છે તથા જે હાલ અમલમા છે તે સઘળી નેમણુકો તથા હુકમ તથા જાહેરનામા તથા કાનુન આ આકટને અનુસરીને હોય તેટલે સુધી તે સઘળી આ આકટ પ્રમાણે કરી છે તથા પ્રસિદ્ધ કરી છે તથા ઠરાવી છે એવુ સમજવુ

અને સદરહુ આકટ પ્રમાણે જે કામ શરૂ કર્યા હોય તે સઘળા કામ આ આકટ પ્રમાણે શરૂ કર્યા છે એમ સમજવુ તથા તે હવેથી આ આકટના ઠરાવ પ્રમાણે ચલાવવા, પણ એવુ ઠરાવ્યુ છે કે, કોઈ માણસ આ આકટ ઠર્યા અગાઉ કરેલા કોઈ ગુન્હા બાબત આ આકટ કદી પણ ઠર્યો નહોત તો જે શિક્ષા થાત તેથી વધારે શીક્ષાને તે પાત્ર થનાર નથી

૩—આ આકટમા વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી બાધ આવતો ન હોય તો—

(૧) "ગાસડી' આ શબ્દમા રૂના ધોકડાનો અથવા બીજા હરકોઇ પાકેજનો સમાસ થાય છે એમ સમજવુ (૨) " સીકજો ' આ શબ્દમા રૂ ચાલવા સારૂ ઉપયોગ કરેલા સઘળા પ્રકારના સાચાનો સમાસ થાય છે એમ સમજવુ (૩) " પારકે મુલક મોકલવુ " આ શબ્દનો અર્થ બ્રિટીશ ઇંડીયામાથી બહાર મોકલવુ એવો સમજવો (૪) " બ્રિટીશ ઇંડીયા " આ શબ્દનો અર્થ ઇડીયાનો રાજકારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો આકટ એ નામનો વીકટોરીઆ રાણીની કારકીર્દીના ૨૧ મા તથા ૨૨ મા વારસામા થએલા સ્ટાટયુટનુ ૧૦૬ ચાપટર છે તે પ્રમાણે મલીકામાયાઝમાને સ્વાધિન પ્રીન્સ ઓફ વેલ્સ આયર્લાડ તથા શીકાપુર તથા મલાકા એ સસ્થાનો શીવાય બીજો મુલક જે વખતે જે હશે તે મુલક એવો

સમજવો. (૫) " કેદ " આ શબ્દનો અર્થ હીદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે એમાના હરકોઈ પ્રકારની કેદ એવો સમજવો

અમલદારોની નીમણુંક તથા કર્તવ્ય કર્મો.

૪—" રૂના ઈન્સ્પેક્ટર " એ નામના જે તથા જેટલા અમલદાર વખતે વખતે યોગ લાગશે તે તથા તેટલા અમલદાર નીમવાનો અધિકાર ગવર્નર ઈન કૌંસિલને છે

સદરહુ ઇન્સ્પેક્ટર મુબઈ શહેરમા કસ્ટમના કમીશનરના તાબામા છે એમ સમજવુ અને આ ઇલાકાના બીજા સઘળા ભાગમા જે ડિસ્ટ્રિક્ટમા તેઓની નિમણુક હશે તે ડિસ્ટ્રિક્ટના અથવા જે વખતે જે ડિસ્ટ્રિક્ટમા તેઓ કામ કરતા હોય તે વખતે તે ડિસ્ટ્રિક્ટના કલેક્ટરના તાબામા છે એમ સમજવુ, અને પોતાના કર્તવ્ય કરમો કરવામા તેઓએ ગફલત કર્યા બાબત અથવા ગેરચાલ ચલાવ્યા બાબત તેઓ ગવર્નર ઇન કૌંસિલના હુકમથી સસપેડ અથવા બરતરફ થવાને પાત્ર છે એમ સમજવુ

૫—આ આક્ટ પ્રમાણે જે સકચાને પરવાના મળ્યા નહી હોય તે સકચાનો ઉપયોગ કરવાનુ બધ કરવુ અને જે રૂ ચાપવા સારૂ આપવાને કહાડ્યુ હોય તે અથવા જે રૂ વેચવા સારૂ માડી મૂક્યુ હોય અથવા વેચવાનુ હોય તે તપાસવુ એ રૂના ઇન્સ્પેક્ટરોનુ કર્તવ્ય છે એમ સમજવુ

સદરહુ કર્તવ્ય કર્મ કરતી વેળાએ જે ઇમારતમા અથવા ઘેરી લીધેલી જગામા સકજો ચાલે છે અથવા ચલાવવા સારૂ તૈયાર કર્યો છે અથવા રૂના ઘોકડા બાધવાનુ કામ ચાલે છે એવુ પોતાને લાગવાનો સબબ હોય તે ઇમારતમા અથવા ઘેરી લીધેલી જગામા હરકોઇ વખતે જવાનો અધિકાર ઇન્સ્પેક્ટરને છે

૬—જે કાઇ રૂ આ આક્ટ પ્રમાણે જપ્ત થઇને સરકાર દાખલ થવાને પાત્ર છે એવુ લાગવાનો પોતાને સબબ હોય તે રૂ ગમે ત્યા હોય તે પકડીને અટકાવી રાખવાના તથા તે રૂ હરકોઇ પોલીસ ઓફી-સરને સ્વાધીન આપવાનો અધિકાર રૂના ઇન્સ્પેક્ટરને છે

સદરહુ પ્રકારનુ રૂ પકડીને અટકાવી રાખવામા રૂના ઈન્સ્પેક્ટરને મદદ કરવી એ દરેક પોલીસ ઓફી-સરને અવશ્ય છે

પણ પારકે મુલક મોકલવા સારૂ કોઇ ગાસડી આબરની ચાપી કહાડી હોય તે, માજીસ્ટ્રેટના ઝાડો લેવાના વારટ વગર ઉઘાડવાનો અખીકાર રૂના કોઇ પણ ઇન્સ્પેક્ટરને નથી

૭—જે જે ઈન્સ્પેક્ટર આ આક્ટ પ્રમાણે રૂ પકડીને અટકાવી રાખે તેણે સદરહુ પ્રમાણે પકડીને અટકાવી રાખ્યાની તારીખથી સાત દીવસની અદર હેઠળ લખ્યા પ્રમાણે કરવુ જોઈએ, એટલે સદરહુ પ્રમાણે પકડીને અટકાવી રાખવાનુ કામ મુબઈ શહેરમા થયુ હોય તો સમન સારૂ દરખાસ્ત કરીને પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટની પાસેથી સમન લેવા જોઇએ જે માણસના કબજામા તે રૂ મળ્યુ હોય તે માણસના નામનો તે સમન જોઇએ તથા તે રૂ જપ્ત કરીને સરકાર દાખલ શા વાસ્તે ન કરવુ એનુ કારણ સમનમા લખેલા દિવસે બતાવવુ એવુ તે માણસને તે સમનમા ફરમાવેલુ જોઇએ સદરહુ પ્રકારનો ઈન્સપેક્ટર સદરહુ મુદતમા સદરહુ પ્રકારના સમન સારૂ દરખાસ્તો કરીને તે ન મેળવે તો તે રૂ જે માણસના કબજામા મળ્યુ હોય તેને પાછુ આપવુ, અને તે ફરીથી પકડવાને અથવા અટકાવી રાખવાને પાત્ર થનાર નથી

૮—ગવર્નર ઈન કાઉન્સીલ વખતે વખતે ફરમાવશે તેટલા તાબા માહેના કામદાર રૂના દરેક ઈન્સ્પેક્ટરની પાસે હશે અને આ આક્ટ ઉપરથી ઇન્સ્પેક્ટરને જે અધિકાર આપ્યા છે તે અધિકારો પૈકી જે અધિકાર પોતે જે ઇનસ્પેક્ટરના તાબામા હશે તે ઈન્સ્પેક્ટર પોતાને તેની સહીના લેખથી વખતે વખતે આપે તે અધિકાર ચલાવવાને સદરહુ પ્રકારનો તાબામાનો કામદાર મુખત્યાર છે

સીકંજાના પરવાના.

૯ આ આક્ટમા આગળ કહેલી રીતે મેળવેલા પરવાના વગર રૂ ચાપવાના કારણ સારૂ કોઇપણ સીકજાનો ઉપયોગ કરવો નહિ

૧૦ સીકજા ચલાવવા સારૂ પરવાનો મળવા બાબતની અરજી તે શીકજો જે ડીસ્ટ્રિક્ટમા ચલાવવાનો હોય તે ડીસ્ટ્રિક્ટના કલેક્ટરને કરવી અથવા ગવર્નર ઈન કાઉન્સીલ ફરમાવે તે બીજા અમલદારને કરવી, અને સદરહુ સીકજો ચલાવવા સારૂ જે શકિતનો ઉપયોગ કરવાનો ઇરાદો હોય તે શક્તિ બાબત લખેલી હકીકત તે અરજી સાથે જોઇએ.

જે શીકજા બાબત પરવાનો મળવા સારૂ અરજી કરી હશે તે શીકજો અરજદારના કબજામા છે એવી કલેકટરની અથવા બીજા અમલદારની ખાત્રી થાય તો તે અરજદારને પરવાનો આપવાનો અધિકાર તે કલેકટરને અથવા બીજા અમલદારને છે સદરહુ પ્રમાણે આપેલ પરવાનાની મુદત આગળ શરૂ થનારી સાલના જાનેવારી મહીનાની ૧ લી તારીખે પુરી થશે, પણ આ બાબત ગવર્નર ઇન કાઉન્સીલ વખતે વખતે જે કાનુન કરશે તે કાનુનને અનુસરીને તે પરવાના વરસો વરસ જાનેવારી મહિનાની પહેલી તારીખે નવા કરાવી લેવાનો અધિકાર રહેશે અને સદરહુ પ્રમાણે આપેલા અથવા નવા કરાવી લીધેલા પરવાના બદલવામા આવે ત્યારે નવા પરવાના સારૂ કલેકટરને અથવા બીજા અમલદારને અરજી કરવાની પરવાનાવાળાને જરૂર છે એમ સમજવુ

પોતે પોતાની સહી સુદ્ધા જે કાગળો અરજી કરનારને લખી જણાવશે તે કાગળો ઉપરથી સદરહુ પ્રકારનો હરકોઇ પરવાનો આપવાની અથવા નવો કરી આપવાની ના કહેવાનો અધિકાર કલેકટરને અથવા બીજા અમલદારને છે

૧૧—સદરહુ પ્રકારનો દરેક પરવાનો એક અથવા વધારે શીકજા બાબત આપવાનો અધિકાર છે અને તેમા હેઠળ લખેલો મજકુર નીરદીષ્ટ કરેલો જોઇએ (અ) જેટલા શીકજા બાબત તે આપ્યો હોય તે શીકજાની સખ્યા (બ) જે ઠેકાણે સદરહુ શીકજા હોય તે ઠેકાણું (ક) સદરહુ શીકજા ચલાવવા સારૂ જે શક્તિનો ઉપયોગ કરવાનો હોય તે શક્તિ એવી વિગતે મજકુર નિર્દિષ્ટ કરવો જોઇએ

અને આ પ્રકારના હરકોઇ પરવાના બાબત આ આકટને જોડેલા પરીશીષ્ટમા જે દર લખેલા છે તે દર પ્રમાણે ફી લેવી

૧૨—સદરહુ પ્રકારના હરકોઈ પરવાના બાબત જે માણસ અરજી કરે તેણે જે શીકજા બાબત પરવાનો મળવા સારૂ અરજી કરી હોય તે શીકજાની જે નિશાનીનો ઉપયોગ કરવાનો ઇરાદો હોય તે નિશાનીનો કાપડ ઉપર અથવા પાર્ચમેન્ટ ઉપર (ચામડાના કાગળ ઉપર) અથવા કાગળ ઉપર કહાડેલો હોય તે કલેકટરની પાસે અથવા સદરહુ પ્રકારના બીજા અમલદારની પાસે આવી મૂકવાની જરૂર છે

આ આકટ પ્રમાણે આપેલા શીકજાનો દરેક પરવાનો જે શીકજા બાબત તે આપ્યો હોય તે શીકજાની જે નિશાનીનો નમુનો આ કલમ પ્રમાણે કલેકટરને અથવા બીજા અમલદારને આપી મૂકયા હોય તે નીશાનીનો ઉપયોગ કર્યા બાબતનો પણ પરવાનો છે એમ સમજવુ અને શીકજામા જે જે ગાસડી ચાપવામા આવે તે ગાસડીના જે બારદાન બધની અથવા પટાની હેઠળ હોય તે બારદાન ઉપર શીકજાની સદરહુ નિશાની પરવાનાવાળાએ કરવી અથવા કરાવવી જોઇએ

૧૩—જે માજીસ્રેટની રૂબરૂ અથવા કોર્ટની રૂબરૂ આ આકટની સાતમી કલમ પ્રમાણે ગુન્હો કર્યાની સાબિતી પરવાનાવાળા ઉપર થાય, અથવા રૂના ઇન્સેસ્પેકટર અથવા તેના તાબા માહેના કામદાર પૈકી હરકોઇ કામદાર પોતાના કર્તવ્યકર્મો કરતો હોય ત્યારે તેને પ્રતિબધ કરવાની સાબીતી જે માજીસ્રેટની રૂબરૂ, અથવા કોર્ટની રૂબરૂ પરવાનાવાળા ઉપર અથવા એજન્ટ ઉપર (મુખત્યાર ઉપર) થાય તે માજીસ્રેટને અથવા કોર્ટને રૂબરૂ પરવાનાવાળાનો પરવાનો રદ કરવાનો અધિકાર છે અથવા પોતાને યોગ્ય લાગે તેટલી મુદત સુધી તે પરવાનો સસપેડ કરવો એવો હુકમ કરવાનો અધિકાર છે

શિક્ષા તથા ગુન્હા તથા ફરિયાદી ચલાવવી.

૧૪—આ આકટની સાતમી કલમ પ્રમાણે કરેલ સમનની ચોકશી કર્યા પછી માજીસ્રેટની અથવા કોર્ટની આ આકટની ૬ ઠી કલમના ઠરાવ પ્રમાણે પકડીને અટકાવી રાખેલા કોઈ રૂ બાબત હેઠળ લખ્યા પ્રમાણે ખાત્રી થાય તો એટલે

(અ) તે રૂમા દગાથી અથવા બદદાનતથી ભેગ કર્યો છે અથવા તે ખરાબ કર્યું છે અથવા તે વજનમા ભારે કર્યું છે તેમા કપારીઆનુ અથવા કચરાનુ અથવા પથરાનુઅથવા પદાર્થનુ મિશ્રણ કરીને અથવા તે ઝાકળમા રાખીને અથવા બીજા કોઈ સાધનથી, અથવા (બ) સદરહુ પ્રકારના રૂ સાફ કરેલુ તથા સાફ કર્યા વગરનુ (જેને ઘણું કરીને કપાસ કહે છે) અથવા જુદી જુદી જાતના અથવા પ્રતના રૂની એક ગાસડીમા દગાથી અથવા બદદાનતથી કરેલો ભેગ છે એવી ખાત્રી થાય તો માજીસ્ટ્રેટે અથવા કોર્ટ લખ્યા પ્રમાણે હુકમ કરવો એટલે, સદરહુ મુજબ સાફ કરવુ અને તે રૂ જે માણસના કબજામા મળ્યુ હોય તે

માણુસને, તે સદરહુ પ્રમાણે સાફ કર્યા પછી તે સાફ કરવાનો ખરચ તથા સદરહુ પ્રકારનો માજીસ્ટ્રેટ અથવા કોર્ટ ફરમાવે તે દડ તે માણુસ આપે તો તે રૂ સદરહુ પ્રકારના ઇનસ્પેકટરે પાછુ આપવુ અને સદરહુ પ્રકારનો દડ તથા સાફ કરવાનો તથા વેચવાનો ખરચ બાદ કરીને બાકી રહે તે સદરહુ પ્રકારના માણુસને આપવુ એવો હુકમ કરવો

૧૫—જે કોઇ આ આકટના ઠરાવ પ્રમાણે અગાઉ પરવાનો લીધા વગર અથવા નવો કરાવી લીધા વગર અથવા નવો પરવાનો લીધા વગર અથવા સદરહુ પ્રકારનો પરવાનો આપવાની ના કહ્યા પછી અથવા તે રદ કર્યા પછી અથવા જે મુદત સુધી તે સસ્પેડ કર્યો હશે તે મુદતમા રૂ ચાપવા સારૂ કોઇ શીકજાનો જાણી જોઇને ઉપયોગ કરશે અથવા ઉપયોગ કરવાની કોશીશ કરશે અથવા તેનો ઉપયોગ કરાવશે અથવા કરવા દેશે તેને ઘણામા ઘણી એક હજાર રૂપીઆ સુધી દડ થશે

૧૬—શીકજાની જે નિશાનીનો ઉપયોગ કરવા બાબત બીજા કોઇ માણુસને આ આકટ પ્રમાણે પરવાનો આપ્યો હશે તે નીશાની જે માણુસ જાણી જાઇને ખોટી કરશે, અથવા જે માણુસ શીકજાની જે નિશાનીનો ઉપયોગ કરવા બાબત પોતાને પરવાનો મળ્યો નહીં હોય તે નાશાનીથી કાઇ ગાસડી ઉપર નીશાની કરશે અથવા કરાવશે અથવા કરવા દેશે તેને ઘણામા ઘણા બે વર્ષ સુધી કેદની શિક્ષા થશે અથવા દડ થશે અથવા બેઉ શિક્ષા થશે

૧૭—જે કોઇ પરવાનાવાળો શીકજાની જે નીશાનીનો ઉપયોગ કરવા બાબત પોતાને પરવાનો મળ્યો હશે તે નીશાનીથી પોતાના શીકજામા ચાપેલી કોઈ ગાસડી ઉપર નીશાની કરવાની અથવા કરાવવાની ગફલત કરશે તેને સદરહુ પ્રકારની દરેક ગફલત બાબત ઘણામા ઘણા સો રૂપીયા સુધી દડ થશે

૧૮—આ આકટ પ્રમાણે ચલાવવાના સઘળા કામનો તથા આ આકટ તોડીને કરેલા સઘળા ગુન્હાનો ઇન્સાફ કરવાનો અધિકાર, ગુન્હાનો ઇન્સાફ કરવા બાબત જે વખતે જે કાયદો અમલમા હશે તે કાયદાના ઠરાવને અનુસરીને મુબઈ શહેરમા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટને છે અને બીજે ઠેકાણે બીજા વર્ગના માજીસ્ટ્રેટના અધિકારના કરતા ઓછો અધિકાર જે કોઈ ફોજદારી કોર્ટ ચલાવતી નહીં હોય તે કોર્ટને છે, પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારના કોઈ ગુન્હા બાબત કોઈ માણસ ઉપર કામ ચલાવવુ હોય તે રૂના ઇન્સ્પેકટરે અથવા બીજા કોઇ માણસે ફરીઆદ કર્યા ઉપરથી સમન કર્યા વગર કામ ચલાવવુ નહી

૧૯—આ આકટ તોડીને કરેલા કોઈ ગુન્હા બાબત કાઈ કામ ચાલએ તેમા કોઇ વિશેષ માણસનુ નુકશાન કરવાનો ઇરાદો હતો એવુ સાબીત કરવાની જરૂર નથી

૨૦—હિદુસ્થાનના ફોજદારી કાયદાની ચોસઠમીથી તે શીતેરમી સુધીની કલમો માહેના ઠરાવ આ આકટ પ્રમાણે કરેલા સઘળા દડને લાગુ છે એમ સમજવુ અને મુબઈ શહેરમા સદરહુ પ્રકારનો સઘળો દડ સન ૧૮૭૪ ના ૪ થા આકટમા (પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટોના આકટમા) અથવા મુબઈ શહેરની પોલીસનુ નીયમન કરવા બાબત જે વખતે જે કોઇ બીજો આકટ અમલમા હશે તે આકટમા કહેલી રીતે વસુલ કરવાનો અધિકાર છે

પરચુરણ ઠરાવ.

૨૧—બે આનાથી વધારે નહીં હોય એવો જે દર મુબઇના સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને સરકાર વખતે વખતે ફરમાવશે તે દર પ્રમાણે શ્રી મુબઈ ઇલાકાના હરકોઈ ભાગમાથી બ્રિટીશ ઇન્ડીઆના કોઈ બદર શીવાય અથવા જગા શીવાય બીજે કોઇ બદર અથવા જગાએ સરકારી નહી હોય એવી રૂની જે ગાસડી મોકલવામા આવે તે દરેક ગાસડી ઉપર લેવી

૨૨—આ આકટના ઠરાવ મુજબ સરકાર દાખલ કરેલા અથવા સાફ કરીને વેચવાનો હુકમ કરેલા કોઇ પણ રૂમા કોઇ પણ માણુસનો હરકોઈ રીતે હક સબધ હશે તે માણુસના દીવાની હકને આ આકટના કોઈ પણ ઠરાવ ઉપરથી બાધ આવે છે એવુ સમજવુ નહી પણ આ આકટ કર્યો ન હોત તો સદરહુ પ્રકારના દરેક માણુસને ફરીયાદ કરવાનો જે હક હોત તે ફરીયાદ કરવાનો હક તેને છે એમ સમજવુ, અને સદરહુ પ્રકારનુ રૂ અટકાવી રાખ્યાને લીધે તથા તે પછી જે દડ તથા સાફ કરવાનો તથા વેચવાનો ખરચ આપ્યો હોય તે સઘળો અને કાયદેસર તથા બીજો ખરચ કર્યો હોય તથા નુકશાન થયુ હોય તે ખરચ તથા નુકશાન સદરહુ પ્રકારની ફરીઆદી કરીને વસુલ કરવાના નુકશાનના અવેજનો ભાગ છે એમ સમજવુ

હથિયારનો કાયદો

(સન ૧૮૭૮ નો આક્ટ ૧૧ મો. (સુધારા વધારા સાથે)

હથિયાર તથા યુદ્ધ સામગ્રી તથા લશ્કરી સ્ટોર (સામાન) સબંધી કાયદો છે તે એકઠો કરીને સુધારવા બાબતનો આક્ટ.

હથીયાર તથા યુદ્ધ સામગ્રી તથા લશ્કરી સ્ટોર સબધી કાયદો છે તે એકઠો કરીને સુધારવો યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે

૧ આ આક્ટને "સન ૧૮૭૮ નો હિંદુસ્તાનનો હથિયાર બાબતનો આક્ટ" કહેવો અને આ આક્ટ આખા બ્રિટિશ ઇડિયાને લાગુ છે પણ આ કલમના કોઈપણ ઠરાવ હેઠળ લખેલાને લાગુ નથી એમ સમજવુ

(અ) સમુદ્રમા જનારા કોઇ વહાણુ ઉપરના હથિયાર અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર હશે તથા તે તે વહાણના સામાન્ય હથિયારનો અથવા સામાન સરજામનો ભાગ હશે તે હથિયારને અથવા યુદ્ધ સામગ્રીને લશ્કરી સ્ટોરને અથવા (બ) સરકારી કોઇ નોકર અથવા સન ૧૮૯૮ ના હિદુસ્તાનના વોલેન-ટીયરોના આક્ટ પ્રમાણે પટામા નામ દાખલ થએલા કોઈ વોલનટીઅર સદરહુ પ્રકારના સરકારી નોકર અથવા વોલેનટીયર તરીકે પોતાનુ કર્તવ્ય કર્મ કરતો હોય ત્યારે અથવા સરકારના હુકમથી હથિયાર અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર તૈયાર કરવાને અથવા તેઓનુ રૂપાતર કરવાને અથવા તે વેચવાને અથવા તે (દેશની) અદર લાવવાને અથવા (દેશની) બહાર મોકલવાને અથવા એક જગાએથી બીજી જગાએ મોકલવાને અથવા ધારણ કરવાને અથવા કબજામા રાખવાને લાગુ નથી

૨ જે તારીખ ગવર્નર જનરલ ઇન કૌન્સિલ ઈંડિયા ગેઝેટમા જાહેરનામુ પ્રસીદ્ધ કરીને નિમશે તે તારીખે આ આક્ટ અમલમા આવશે

૩ સદરહુ તારીખે તથા તે તારીખથી આ આક્ટને જોડેલા પરિશિષ્ટમા આક્ટ લખ્યા છે તે સદરહુ પરિશિષ્ટના ત્રીજા આસનમા નિર્દીષ્ટ કર્યુ છે તેટલે સુધી રદ છે એમ સમજવુ

૪ આ આક્ટમા વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી બાધ આવતો ન હોય તો.

"**તોપ**" આ શબ્દમા સઘળા હાવિટઝર[1] તથા ગરનાળ[2] તથા વાલપીસીલ તથા મોરટીસ[3] તથા બીજા પ્રકારની તોપ તથા મશીનગન્સ તથા તેઓના સઘળા ભાગનો તથા તે ચાલવાનો તથા એક જગા-એથી બીજી જગાએ લઈ જવાનો તથા તેના કામમા ઉપયોગી પડવાની સઘળી ગાડીઓ તથા પ્લાટફોર્મ તથા તે ચઢાવવાના સાધનોનો પણ સમાસ થાય છે

"**હથીયારો**" આ શબ્દમા અગ્નિશસ્ત્રોનો તથા સગીનનો તથા તરવારનો તથા ખજરનો એટલે કટારીનો તથા ભાલાનો તથા ભાલાના ફળનો તથા કામઠાનો તથા તીરનો સમાસ થાય છે, અને તોપ તથા હથિયારના ભાગનો અને હથિયારો તૈયાર કરવાના યત્રનો પણ સમાસ થાય છે

"**યુદ્ધસામગ્રી**" આ શબ્દમા ટારપીડોના કામમા ઉપયોગી થઇ પડવા સારૂ અથવા સમુદ્રની હેઠળ સુરગ મારવા સારૂ ખસુસ યોજેલા સઘળા પદાર્થ તથા બાણુ તથા ગનકાટન તથા ડૈનમેટ તથા લીથોફ્રાકટર તથા અવાજ સાથે ફુટે તેવા તથા ધક્કા લાગ્યાથી અથવા ઘસાયા વગેરેથી મ્હોટા અવાજ થઇને ફુટનારા બીજા પદાર્થ તથા બદુકનો ચકમક તથા ગનવાડસ તથા તોટી તથા ફયુજી અને ફ્રીકશન ટયુબ તથા યુધ્ધ સામગ્રીના સઘળા ભાગ તથા યુધ્ધ સામગ્રી કરવાના સઘળા યત્રોનો પણ સમાસ થાય છે પણ સીસુ અથવા ગધક અથવા સુરાખારનો સમાસ થતો નથી

"**લશ્કરી સ્ટોર**" બ્રિટિશ ઈંડિઆના કોઇ ભાગને લાગુ કરેલી આ આક્ટની કોઇ કલમ માહેના "લશ્કરી સ્ટોર" આ શબ્દનો જે કોઈ લશ્કરી સ્ટોરને સદરહુ કલમ સદરહુ પ્રકારના ભાગમા ગવર્નર જનરલ ઈન કૌઉન્સીલ ઈંડિયા ગેઝીટમા જાહેરનામુ પ્રસિધ્ધ કરીને ખસુસ લાગુ કરશે તે લશ્કરી સ્ટોર એવો

---

૧ એક જાતની તોપ ૨ કોર્ટ ઉપરની તોપ ૩ મોરચો

સમજવો અને "લશ્કરી સ્ટોર " આ શબ્દોમા સઘળુ સીસુ તથા ગંધક તથા સુરોખાર તથા બીજા પદાર્થ જેને સદરહુ કલમ ગવરનર જનરલ ઈન કૌન્સિલ વખતે સદરહુ પ્રમાણે લાગુ કરશે તેનો પણ સમાસ થાય છે એમ સમજવુ

"લાઇસન્સ" શબ્દનો અર્થ આ આકટ પ્રમાણે આપેલુ લાઇસન્‌ અને "લાઈસન્સ આપ્યુ" શબ્દનો અર્થ સદરહુ પ્રકારનુ લાઈસન્સ ધારણ કરવુ,

૫ કોઈ માણસ કોઈ હથીયારો અથવા યુધ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર લાઇસન્સ વગર તથા તે લાઈસન્સ ઉપરથી જે રીતની પરવાનગી આપી હશે તે સિવાય બીજી રીતે તથા જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતા વધારે તૈયાર કરવો નહી અથવા તેઓનુ રૂપાતર કરવુ નહી, અથવા તે વેચવો નહી અથવા વેચવા સારૂ રાખવો નહી અથવા વેચવા સારૂ કાઢવો નહી અથવા માડી મૂકવો નહી

કોઈ માણસના કાયદાસર કબજામા પોતાના ખાનગી ઉપયોગ સારૂ હથીયારો અથવા યુધ્ધસામગ્રી હશે તે વેચવાની આ કલમના કોઇ ઠરાવ ઉપરથી તેને મના છે એમ સમજવુ નહી, એટલે તે હથીયારો અથવા યુદ્ધસામગ્રી કબજામા રાખવાની મના જે માણસને જે વખતે જે આકટ અમલમા હશે તે આકટ મુજબ નહીં હોય, તે માણસને વેચવાની મના છે એમ સમજવુ નહીં પણ જે માણસને આ આકટની સત્તાવીશમી કલમ પ્રમાણે આપેલી માફીના સબબથી હથીયારો અથવા યુદ્ધ સામગ્રી કબજામા રાખવાનો અધિકાર હશે તે માણસ શિવાય બીજા કોઈ માણસને જે જે માણસ હથીયારો અથવા યુદ્ધસામગ્રી સદરહુ પ્રમાણે વેચશે તે તે માણસે વેચાણ બાબતની તથા ખરીદનારના નામ તથા ઠેકાણા બાબતની નોટીસ વગર કારણે વાર ન લગાડતાં ડિસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને અથવા છેક નજીકનુ પોલીસ થાણુ જે અમલદારને સ્વાધીન હોય, તે અમલદારને આપવી

૬ કોઇ માણસે કોઇ હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર લાઇસન્સ વગર તથા સદરહુ પ્રકારના લાઇસન્સ ઉપરથી જે રીતની પરવાનગી આપી હશે તે શિવાય બીજી રીતે અથવા જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતા વધારે બ્રિટિશ ઇંડીયાની બહાર જળમાર્ગે અથવા ખુશ્કીને રસ્તે લાવવો નહી અથવા લઇ જવો નહી

જે કોઇ માણસને હથીયારો અથવા યુદ્ધસામગ્રી કબજામા રાખવાનો કાયદેસર રીતે હક હશે તે માણસે પોતાના ખાનગી વાપર સારૂ માફક પરિણામ પ્રમાણે આણેલા અથવા બહાર મોકલેલા (તોપ શિવાય બીજા) હથિયારોને અથવા યુદ્ધસામગ્રીને આ કલમની પેહેલી રકમના કોઇ ઠરાવ લાગુ નથી પણ સદરહુ પ્રકારના હથિયારો બાબત અથવા યુદ્ધસામગ્રી બાબત સ્થાનિક સરકારનો પોતાનો હુકમ પહોચતા લગી તે હરકોઇ વખતે અટકાવી રાખવાનો અધિકાર કસ્ટમના કલેકટરને અથવા આ બાબત જે બીજા અમલદારને તેના નામથી અથવા હુદ્દાના સબધથી સ્થાનિક સરકારે અખત્યાર આપ્યો હશે તેને છે

ખુલાસો.—જે હથીયારો તથા યુદ્ધસામગ્રી તથા લશ્કરી સ્ટોર બ્રિટિશ ઇંડીયાના એક ભાગમાથી બીજા ભાગમા જળમાર્ગે અથવા બ્રિટિશ ઇંડીયાનો ભાગ નહી હોય તેવા દેસ્થાનના મુલકમાથી લઇ ગયા હશે તે આ કલમના અર્થ પ્રમાણે બ્રિટિશ ઇંડીયામાથી લઇ ગયા છે તથા બ્રિટિશ ઇંડીયામા આણેલો છે એમ સમજવુ

૭ સન ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટમા ગમે તે ઠરાવ હોય, તો પણ કોઇ હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર તે આકટની સોળમી કલમ પ્રમાણે લાઈસન્સ આપેલી કોઇ વખારમા સ્થાનિક સરકારની મજુરી વગર રાખવો નહી

કલમ.—૮ તથા ૯ સને ૧૮૯૧ ના એકટ ૧૨ થી સુધરી છે

૧૦ ઇંડીયા ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને વખતે વખતે હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કાસિલને છે

(અ) આખા બ્રિટિશ ઇંડીયામા અથવા તેના કોઇ ભાગમા કોઇ પ્રકારના હથીયાર અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર એક જગાથી બીજી જગાએ લઇ જવાનુ નિયમન અથવા મના, બીલકુલ અથવા લાઇસન્સ હોય તે પ્રસગે તથા લાઇસન્સમા જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતા વધારે તથા જે રીતની

પરવાનગી આપી હશે તે શિવાય બીજી રીતે ફરવાનો અધિકાર અને (બ) સદરહુ પ્રકારનુ કોઇ જાહેરનામુ રદ કરવાનો અધિકાર છે

ખુલાસો.—હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર બ્રિટિશ ઇંડીયાના કોઇ બદરમા એક વહાણમાથી બીજા વહાણમા ચઢાવ્યા હશે, તે આ કલમના અર્થ પ્રમાણે એક જગાએથી બીજી જગાએ લઇ ગયા છે એમ સમજવુ

૧૧—બ્રિટિશ ઇંડીયા તથા પારકા મુલકની દરમ્યાનની હદની લાઇન ઉપર કોઇ જગોએ તથા તે લાઇનની અંદર પોતાને યોગ્ય લાગે તે અંતર ઉપર ઝાડા લેવાના થાણા સ્થાપવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કૌંસિલની અગાઉથી મંજુરી લઇને સ્થાનિક સરકારને છે તે થાણામા સઘળા વહાણ, તથા ભાર બરદારી જનાવરો, તથા સઘળી પેટીઓ તથા ગાસડીઓ તથા પાર્સલો રસ્તે જતા હોય તે ઉભા રાખવાનો તથા હથીયારો સારૂ તથા યુદ્ધ સામગ્રી સારૂ તથા લશ્કરી સ્ટોર સારૂ તેઓને ઝાડો લેવાનો અધિકાર જે કોઇ અમલદારને તેના નામથી અથવા હોદ્દાના સંબધથી આ બાબત સદરહુ પ્રકારનો સરકારે અખત્યાર આપ્યો હશે તે અમલદારને છે

૧૨.—કોઇ હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર (તે બાબત લાઇસન્સ હોય કે ન હોય તો પણ) હેઠળ લખેલી રીતે તથા હેઠળ લખેલે પ્રસંગે લઈ જતા કોઇ માણસ મળે ત્યારે એટલે કોઇ ગેરકાયદેસર કારણ સારૂ વાપરવાના ઇરાદાથી અથવા તે ઉપયોગી થઇ પડવાના ઇરાદાથી તે લઇ જવામા આવે છે એવો શક આવવાનો વ્યાજબી સબબ મળે એવી રીતે અથવા એવે પ્રસંગે લઇ જતા જડે ત્યારે વગર વારંટે તેને પકડવાનો તથા તેની પાસેથી સદરહુ પ્રકારના હથીયારો અથવા યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર લઈ લેવાનો અધિકાર કોઇ પણ માણસને છે

માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદાર નહીં હોય તેવા કોઇ માણસે પકડેલુ કોઇ માણસ અને સદરહુ પ્રમાણે લીધેલા હથીયારો અથવા યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર બને તેમ જલ્દી પોલીસ અમલદારને સ્વાધીન કરવો

પોલીસ અમલદારે પકડેલા અથવા પોલીસ અમલદારને સ્વાધીન કરેલા સઘળા માણસો અને સદરહુ પ્રકારના કોઇ અમલદારે પકડેલા અથવા આ કલમ પ્રમાણે તેને સ્વાધીન કરેલા સઘળા હથીયારો તથા યુધ્ધ સામગ્રી વગર કારણે વાર ન લગાડતા માજીસ્ટ્રેટની પાસે લઇ જવી

૧૩.—લાઇસન્સ વગર તથા લાઇસન્સમા જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતા વધારે તથા જે રીતની પરવાનગી આપી હશે તે શિવાય બીજી રીતે કોઇ પણ હથીયારો બાધીને કોઈ માણસે ફરવુ નહી.

લાઇસન્સ વગર અથવા લાઇસન્સના ઠરાવ તોડીને કોઈ માણસ હથીઆરો બાધીને સદરહુ પ્રમાણે ફરશે તેની પાસેથી હથીયારો લેવાનો અધિકાર કોઇ માજીસ્ટ્રેટને અથવા પોલીસ અમદારને અથવા જે બીજા અમલદારને તેના નામથી અથવા તેના હોદ્દાના સંબધથી સ્થાનિક સરકારે આ બાબત અખત્યાર આપ્યો હશે તેને છે.

૧૪.—લાઇસન્સ વગર તથા લાઇસન્સમા જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતા વધારે તથા જે રીતની પરવાનગી આપી હશે તે શિવાય બીજી રીતે કોઇ માણસો તોપ અથવા અગ્નિશસ્ત્રો અથવા યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર પોતાના કબજામા અથવા પોતાના નિર્બંધમા રાખવો નહીં

આ કલમના આ પછીના ત્રણ પારા ૧૮૯૧ ના એક્ટ ૧૨ થી ભૂસી દીધા છે

૧૫.—જે જગામા સન ૧૮૬૦ ના ૩૧ મા આક્ટની ૩૨ મી કલમની ૨ જી રકમ આ આક્ટ અમલમા આવશે તે વખતે લાગુ હશે તે જગામા અથવા જે જગાએ આ કલમ સ્થાનિક સરકાર ગવર્નર જનરલ ઇન કૌંસિલની અગાઉથી મંજુરી લઇને તથા સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને ખસુસ લાગુ કરશે તે જગામા કોઇ માણસે કાંઈ પ્રકારના હથીયારો લાઇસન્સ વગર તથા લાઇસન્સમા જે રીતની પરવાનગી આપી હશે, તે રીત સિવાય બીજી રીતે તથા જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતા વધારે પોતાના કબજામા રાખવા નહી.

૧૬.—કોઇ માણસે હથીયારો અથવા યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર પોતાના કબજામા રાખવો એ લાઇસન્સ રદ થયાને લીધે અથવા તેની મુદત પુરી થયાને લીધે અથવા ૫ દરમી કલમ પ્રમાણે જાહેરનામું

કર્યાને લીધે ગેરકાયદાસર થયુ હશે તે માણસના કબજામા હથીયારો અથવા યુધ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર હશે, તે તેણે છેક નજીકનુ પોલીસ થાણુ જે અમલદારને સ્વાધીન હશે, તે અમલદારની પાસે વગર કારણે વાર ન લગાડતા અનામત મૂકવો

આ કલમ પ્રમાણે અનામત મુકેલા કોઈ પદાર્થનો માલીક તે પદાર્થ પોતાના કબજામા રાખવાનો અધિકાર પોતાને છે એ બાબતનુ લાઇસન્સ સદરહુ પ્રકારનો પદાર્થ સદરહુ પ્રમાણે જે તારીખે અનામત મૂક્યો હશે તે તારીખથી ત્રણ વર્ષની અંદર હાજર નહીં કરે, તથા તે પદાર્થ પોતાને સોપવા બાબતની અરજી નહીં કરે તો, તે પદાર્થ સરકાર દાખલ થશે

૧૭.—લાઇસન્સ કયા અમલદારે આપવુ, તે અમલદાર ઠરાવવા બાબતની તથા જે નમુના પ્રમાણે તથા જે મર્યાદાથી તથા શરતથી તથા જે મર્યાદાને તથા સરતને અનુસરીને કોઇ લાઇસન્સ આપવુ તે મર્યાદા તથા શરત ઠરાવના બાબતની ઇંડીયા ગેઝીટમા જાહેરનામુ પ્રસિધ્ધ કરીને વખતે વખતે કાનુન કરવાનો અધિકાર અને સદરહુ પ્રકારની કાનુનમા બીજી વાત ઠરાવવાની તેમા હેઠળ લખેલી વાત ઠરાવવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કૌસિલને છે

(અ) સદરહુ પ્રકારનુ લાઇસન્સ અમલમા રહેવાની મુદત ઠરાવવાનો, અને (બ) આ આકટ અમલમા આવશે તે વખતે જે જગ્યાને સ ૧૮૬૦ ના ૩૧ મા આકટની ૩૨ મી કલમની ૨ જી રકમ લાગુ હશે, તે જગામા આપેલા સદરહુ પ્રકારના કોઈ લાઇસન્સ બાબત અથવા બીજી કોઇ જગામા (હથીયાર વિગેરે રાખવાના) કબજા બાબત આપેના લાઇસન્સ સિવાય સદરહુ પ્રકારની બીજા કોઈ લાઇસન્સ બાબત સ્ટાપથી અથવા બીજી રીતે લેવાની ફી ઠરાવવાનો અને (ક) (હથીયાર વગેરે) કબજામા રાખવા બાબતના લાઇશન્સ શિવાય સદરહુ પ્રકારના બીજા કોઇ લાઇસન્સના ધારણ કરનારાઓએ, તે બીજા લાઇસન્સ પ્રમાણે કરેલી કોઇ વાત બાબત સ્થાનિક સરકાર ફરમાવે તેના નમુના પ્રમાણે દફતર અથવા હિસાબ રાખવો તથા સરકારનો અમલદાર સદરહુ પ્રકારનુ દફતર અથવા હિસાબ બતાવવાનુ કહે તો, તે બતાવવો એવુ ફરમાવવાનો, અને (ડ) પાચમી કલમમા અથવા છઠ્ઠી કલમમા કહેલા પ્રકારનુ લાઇસન્સ ધારણ કરનાર કોઇ માણસ જે ઠેકાણે હથીયારો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર તૈયાર કરતું હોય અથવા તેણે રાખ્યો હોય, તે ઠેકાણામા પેસવાનો તથા તે તપાસી જોવાનો અખત્યાર સરકારના કોઇ પણ અમલદારને આપવાનો, અને (ઇ) સદરહુ પ્રકારના કોઇ માણસના કબજામા અથવા તેના નિર્બંધમા હથીયારોનો તથા યુદ્ધ સામગ્રીનો તથા લશ્કરી સ્ટોરને સગ્રહ હશે, તે સઘળો તેણે સદરહુ પ્રમાણે અખત્યાર આપેલા સરકારના અમલદારને બતાવવો, એવુ ફરમાવવાનો, અને (ફ) કોઇ લાઇસન્સ ધારણ કરનાર માણસને અથવા કોઇ લાઇસન્સ ઉપરથી કામ ચલાવનાર માણસને તે લાઇસન્સ હાજર કર, અને તે લાઇસન્સ જે હથીઆરો બાબત અથવા યુદ્ધ સામગ્રી બાબત હશે, તે હથીઆરો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર હાજર કર, અથવા તે બાબતનો જવાબ દે એવુ સરકારનો અમલદાર કહે તો, તેણે તે હાજર કરવો અથવા જવાબ આપવો, એવો ઠરાવ કરવાનો અધિકાર છે

૧૮—કોઇ પણ લાઇસન્સ રદ કરવાનો અથવા મોકુફ કરવાનો અધિકાર હેઠળ લખેલા અમલદારને છે એટલે —

(અ) જે અમલદારે તે લાઇસન્સ આપ્યુ હશે તેને અથવા તે અમલદાર જે કોઇ અધિકારીના તાબામા હશે તેને અથવા ડિસ્ટ્રિકટનો કોઇ માજીસ્ટ્રેટ અથવા ઇલાકાના મુખ્ય શહેરની પોલીસનો કમીશનર જેની હકુમતની સ્થળ સીમમા સદરહુ પ્રકારનો લાઇસન્સ ધારણ કરનારો હશે, તે ડિસ્ટ્રિકટના માજીસ્ટ્રેટને અથવા પોલીસના કમીશનરને લોકની સુલેહ રાખવા સારૂ સદરહુ પ્રકારનુ લાઇસન્સ રદ કરવાની અથવા મોકુફ કરવાની જરૂર લાગે ત્યારે કારણો હોય તે દફતરમા લખીને તે પ્રમાણે કરવાનો અધિકાર સદરહુ પ્રકારના અમલદારને અથવા અધિકારીને અથવા માજીસ્ટ્રેટને અથવા કમીશનરને છે, અને (બ) જે કોઇ જડજની પાસે અથવા મજીસ્ટ્રેટની પાસે આ આકટ વિરૂદ્ધ ગુન્હો કર્યાની સાબીતી સદરહુ પ્રકારના લાઇસન્સ ધારણ કરવાની ઉપર થશે, તે જડજને અથવા માજીસ્ટ્રેટને, અને જે મુલકનો રાજકારભાર પોતે ચલાવતો હશે, તે આખા મુલકમા અથવા તેના કોઇ ભાગમા સઘળા અથવા કોઇ પણ લાઇસન્સો સ્થાનિક સરકારી

ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને પોતાના પ્રસંગાનુસાર વર્તનાધિકારથી રદ અથવા મોકુફ કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે

૧૯—જે કોઇ હેઠળ લખેલા ગુન્હા પૈકી કોઇ પણ ગુન્હો કરશે એટલે—

(અ) પાચમી કલમના ઠરાવ તોડીને કોઇ હથીયારો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર તૈયાર કરશે અથવા તેનુ રૂપાતર કરશે અથવા તે વેચશે અથવા રાખશે અથવા વેચવાને કાઢશે અથવા માડી મુકશે, અથવા (બ) તેજ કલમમા નોટીસ આપવાનુ કહ્યુ છે તે પ્રમાણે નોટીસ આપવાને ચુકશે, અથવા (ક) છઠ્ઠી કલમના ઠરાવ તોડીને કોઇ હથીયારો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર લાવશે, અથવા બહાર મોકલશે, અથવા (ડ) દશમી કલમ પ્રમાણે કરેલા કોઇ નિયમ અથવા મના તોડીને કોઇ હથીયારો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર એક જગાએથી બીજી જગાએ લઇ જશે, અથવા (ઇ) તેરમી કલમના ઠરાવ તોડીને હથીયાર બાધીને ફરશે, અથવા (ફ) ચૌદમી અથવા પદરમી કલમના ઠરાવ તોડીને કોઈ હથીયાર અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર પોતાના કબજામા અથવા નિર્બધમા રાખશે, અથવા (ગ) સત્તરમી કલમની (ક) રકમ પ્રમાણે કરેલી કાનુન પ્રમાણે જે દફતર અથવા હિસાબ તેણે રાખવો જોઈએ તેમા ખોટો મજકુર જાણી જોઇને લખશે, અથવા (હ) સત્તરમી કલમની (ઈ) રકમ પ્રમાણે કરેલી કાનુન મુજબ જે પદાર્થ તેણે બતાવવો જોઈએ, તે પદાર્થ તે બતાવવાને જાણી જોઈને ચુકશે, અથવા (આઈ) ચૌદમી અથવા સોળમી કલમમા કહ્યા પ્રમાણે હથીયારો અથવા યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર અનામત મુકવાને ચુકશે, તેને ઘણામા ઘણા ત્રણ વર્ષ સુધી કેદની અથવા દડની શિક્ષા અથવા આ બેઉ શિક્ષા થશે

૨૦—ઓગણીસમી કલમની (અ) અથવા (ક) અથવા (ડ) અથવા (ફ) રકમમા કહેલા કોઇ કૃત્ય હિદુસ્થાનના ફોજદારી કાયદામા સરકારી નોકરોની વ્યાખ્યા કરી છે, તેવા કોઇ સરકારી નોકરને અથવા લોઢાની સડક ઉપર ચાકરીએ હોય તેવા કોઇ માણસને અથવા કોઈ હુડાભાડુ કરનારના નોકરને ખબર ન પડે, એવો ઇરાદો જે રીતે માલમ પડે તે રીતે જે કોઇ સદરહુ પ્રકારનુ કૃત્ય કરશે

અને પચીસમી કલમ પ્રમાણે ઝાડો લેવામા આવતો હોય, ત્યારે જે કોઈ માણસ હથિયારો અથવા યુધ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર સતાડશે અથવા સંતાડવાની કોશિશ કરશે, તેને ઘણામા ઘણા સાત વર્ષ સુધીની કેદની અથવા દડની શિક્ષા, અથવા આ બેઉ શિક્ષા થશે

૨૧—જે શરતને અનુસરીને લાઇસન્સ આપ્યુ હશે તે શરત તોડીને જે કોઈ હેઠળ લખેલે પ્રમાણે કોઇ કૃત્ય કરશે, અથવા કરવાનુ વર્જ કરશે એટલે સદરહુ પ્રકારનુ કૃત્ય કર્યાં બદલ અથવા કરવાનુ વર્જ કર્યા બદલ ઓગણીસમી અથવા વીસમી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકતી નહીં હોય તેવુ કાઈ કૃત્ય કરશે, અથવા કરવાનુ વર્જ કરશે તેને ઘણામા ઘણા છ મહિના સુધી કેદની અથવા ઘણામા ઘણા પાચશે રૂપિઆ સુધી દડની શિક્ષા અથવા આ બેઉ શિક્ષા થશે

૨૨—જે માણસ હથિયારો અથવા યુધ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર વેચવા બાબતનુ જે માણસને પાચમી કલમના વિશેષ ઠરાવ મુજબ લાઇસન્સ આપ્યુ નહીં હોય, અથવા અધિકાર આપ્યો નહીં હોય તેની પાસેથી જાણી જોઈને તે ખરીદ કરશે, અથવા કોઈ હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર કબજામા રાખવાનો કાયદાસર રીતે અધિકાર આપ્યો છે કે નહીં, તેની અગાઉથી ચોકશી કર્યા વગર તે કોઈ માણસના કબજામા આપશે તેને ઘણામા ઘણા છ મહીના સુધી કેદની અથા ઘણામા ઘણા પાચશે રૂપીયા સુધી દડની અથવા આ બેઉ શિક્ષા થશે

૨૩—જે કાનુન આ આકટ પ્રમાણે કરી હશે તથા જે તોડ્યા બાબત આ આકટમા શિક્ષા ઠરાવી નહીં હોય તે કાનુન જે માણસ તોડશે તે માણસને ઘણામા ઘણા એક મહીના સુધી કેદની અથવા ઘણામા ઘણા બસે રૂપીયા સુધી દડની શિક્ષા અથવા એ બેઉ શિક્ષા થશે

૨૪—કોઈ હથીયાર બાબત અથવા યુધ્ધસામગ્રી બાબત અથવા લશ્કરી સ્ટોર બાબત આ આકટ પ્રમાણે શિક્ષા કરવા જોગ ગુન્હો કર્યાની સાબીતી થઈ હશે ત્યારે સદરહુ પ્રકારના સઘળા હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર અથવા તેના કાઈ ભાગ અને તે લઈ જવા સારૂ ઉપયોગ કરેલુ કોઈ

વહાણુ અથવા ગાડુ અથવા ભારબરદારી જનાવર અને જે પેટીમા અથવા પેકેજમા અથવા ગાસડીમા તે સતાડ્યો હોય તે પેટી અથવા પ્યાકેજ અથવા ગાસડી તથા તે પેટીમાનો અથવા પ્યાકેજમાનો અથવા ગાસડીમાનો બીજો માલ જપ્ત કરવા બાબતના, વળી બીજા પ્રસગાનુસાર વર્તનાધિકાર ગુન્હાની સાબીતી કરનાર કોર્ટને અથવા માજીસ્ટ્રેટને છે

૨૫—પોતાની હકુમતની સ્થળસીમમા રહેનાર કોઈ માણસના કબજામા કોઈ ગેરકાયદાસર કામ સારૂ કોઈ હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર છે એવુ લાગવાનો, અથવા લોકની સુલેહને ધોકો લાગ્યા વગર સદરહુ પ્રકારના કોઈ હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશકરી સ્ટોર સદરહુ પ્રકારના કોઈ માણુસના કબજામા રાખી શકાશે નહીં, એવુ લાગવાનો કોઈ માજીસ્ટ્રેટને સબબ હોય ત્યારે

પોતાને લાગવાના કારણ હોય તે પ્રથમ દફતરમા લખી મૂકીને, જે ઘરનો અથવા ઠેકાણાનો ઉપયોગ સદરહુ પ્રકારનુ માણસ કરતુ હોય તે ઘરનો અથવા ઠેકાણાનો અથવા જે ઘરમા અથવા ઠેકાણામા સદરહુ પ્રકારના હથીયારો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર છે અથવા મળશે, એવુ લાગવાનો પોતાને સબબ હોય તે ઘરનો અથવા ઠેકાણાનો ઝાડો લેવરાવવાનો અધિકાર અને તે બાબત લાઇસન્સ હોય તોપણ તે પકડવાનો તથા પોતાને જરૂર લાગે તે વખત સુધી સુરક્ષિત જગાએ અટકાવી રાખવાનો અધિકાર સદરહુ પ્રકારના માજીસ્ટ્રેટને છે

સદરહુ પ્રકારને પ્રસગે માજીસ્ટ્રેટે અથવા માજીસ્ટ્રેટની સમક્ષ અથવા જે અમલદારને તેના નામથી અથવા હોદ્દાના સબધથી સ્થાનીક સરકારે આ બાબત ખસુસ અધિકાર આપ્યો હશે, તે અમલદારે અથવા તે અમલદારની સમક્ષ ઝાડો લેવો

૨૬—કોઇ હથિયારો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર કબજામા રાખવા બાબતનુ કોઇ માણસને લાઇસન્સ આપેલુ હશે, તો પણ તે માણસના કબજામાના કોઈ પણ હથીઆરો અથવા સામગ્રી અથવા લશ્કરી સ્ટોર હરકોઇ વખતે પકડવા બાબતનો હુકમ કરવાનો અથવા પકડવાનો અધિકાર અને લોકની સલામતી સારૂ પોતાને જરૂર લાગે તે વખત સુધી તે અટકાવી રાખવાનો અધિકાર સ્થાનિક સરકારને છે

૨૭—ઇડીયા ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને વખતે વખતે હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કાઉન્સીલને છે એટલે—

(અ) આ આક્ટ માહેની કોઇ મનાના અથવા હુકમના અમલમાથી કોઇ માણસને તેના નામથી અથવા તેના હુદ્દાના સબધથી અથવા હરકોઇ વર્ગના લોકને કાઢવાનો, અથવા હરકોઇ પ્રકારના હથીયારો અથવા યુદ્ધ સામગ્રી ખારેજ કરવાનો અથવા બ્રિટીશ ઇંડીયાનો કોઇ પણ ભાગ કાઢવાનો અને

(બ) સદરહુ પ્રકારનુ કોઇ જાહેરનામુ રદ કરવાનો અને સદરહુ પ્રકારની મનાનો અથવા હુકમનો અમલ તે માણસોને અથવા પદાર્થોને અથવા જાહેરનામામા લખેલા બ્રિટીશ ઇન્ડીયાના ભાગને ફરીથી લાગુ કરવાનો અધિકાર છે

૨૮—આ આક્ટ મુજબ શિક્ષા કરવા જોગ કોઈ ગુન્હો કર્યાની જે જે માણસને ખબર હશે, તેણે તે બાબતની ખબર ન આપવાનુ વ્યાજબી કારણ ન હોય ત્યારે છેક નજીકના પોલીસ અમલદારને અથવા માજીસ્ટ્રેટને ખબર આપવી જોઇએ વ્યાજબી કારણ નહીં હતું એ સાબિત કરવાનો બોજો તે માણસ ઉપર રહેશે જે હથીયાર બાબત અથવા યુદ્ધ સામગ્રી બાબત અથવા લશ્કરી સ્ટોર બાબત આ આક્ટ વિરૂદ્ધ ગુન્હો કર્યો છે અથવા કરવામા આવે છે તે હથીયારો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર રસ્તે જતી કોઇ પેટીમા અથવા પ્યાકેજમા અથવા ગાસડીમા છે, એવો પોતાનો શક હોય તે પેટી બાબત અથવા પ્યાકેજ બાબત અથવા ગાસડી બાબત ખબર ન આપવાનું વ્યાજબી કારણ નહીં હશે ત્યારે કોઈ લોઢાની સડક ઉપર ચાકરીમા હોય તેવા અથવા કોઈ હુડાભાડુ કરનારે ચાકરીમા રાખેલા દરેક માણસે છેક પાસેના પોલીસ અમલદારને ખબર આપવી જોઇએ વ્યાજબી કારણ ન હતું એ સાબીત કરવાનો બોજો તે માણસ ઉપર રહેશે

(૨૯) ઓગણીસમી કલમની (૬) રકમ પ્રમાણે શિક્ષા કરવા જોગ કોઈ ગુન્હો હેઠળ લખેલા

પ્રાંતમા આ આકટ જે તારીખે અમલમા આવે તે તારીખથી ત્રણ મહિનાની અંદર કર્યો હશે ત્યારે એટલે જે પ્રાતને અથવા ડિસ્ટ્રિકટને અથવા જગાને સન ૧૮૪૦ ના ૩૧ મા આકટની ૩૨ મી કલમની ૨ જી રકમ સદરહુ પ્રકારની તારીખે લાગુ હશે તે પ્રાતમા અથવા ડિસ્ત્રિકટમા અથવા જગ્યામા કર્યો હશે ત્યારે અથવા બ્રિટિશ ઇંડિયાનો જે ભાગ સદરહુ પ્રકારનો પ્રાત અથવા ડિસ્ત્રિકટ અથવા જગા નહિ હશે તે ભાગમા કરવામા આવશે ત્યારે સદરહુ પ્રકારના ગુન્હા બાબત કોઇ માણુસ ઉપર કામ ચલાવવુ હોય તે, તે ડિસ્ત્રિકટના માજીસ્ટ્રેટની અથવા ઇલાકાના મુખ્ય શહેરમા પોલીસના કમીશનરની મંજુરી લીધા વગર ચલાવવું નહિ

૩૦ ઓગણીસમી કલમની (ફ) રકમ પ્રમાણે શિક્ષા કરવા જોગ ગુન્હા બાબત કોઈ કામ ચલાવવુ હોય, તે ચાલતું હોય ત્યારે ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે અથવા સન ૧૮૭૭ ના પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટના આકટ પ્રમાણે ઝાડા લેવાના હશે ત્યારે તે ઝાડા સદરહુ કાયદામા અથવા આ-કટમા ગમે તે ઠરાવ હોય તોપણુ આ બાબત જે અમલદારને નામથી અથવા હુદ્દાના સંબધથી સ્થાનિક સરકારે ખસુસ નીમ્યો હશે તે અમલદારની રૂબરૂ લેવા અને બીજી રીતે લેવા નહીં

૩૧—જે કાઈ કૃત્ય કર્યું હોય અથવા કરવાનું વર્જ કર્યું હોય તો, આ આકટ વિરૂદ્ધ અથવા આ આકટ પ્રમાણે કરેલી કાયદાની વિરૂદ્ધ ગુન્હો થતો હશે તે કૃત્ય બાબત અથવા વર્જ કર્યા બાબત કોઈ માણુસ ઉપર બીજા કોઇ કાયદા પ્રમાણે કામ ચલાવવાને અથવા આ આકટમા ઠરાવેલી શિક્ષા કરતા અથવા દડ કરતા કોઇ મ્હોટી શીક્ષાને અથવા દડને સદરહુ પ્રકારના બીજા કાયદા ઉપરથી તે માણુસ પાત્ર થવાને આ આકટના કોઇ ઠરાવ ઉપરથી હરકત છે એમ સમજવુ નહીં, પણુ એવુ ઠરાવ્યુ છે કે કોઇ માણુસને એકજ ગુન્હા બદલ બે વખત શિક્ષા કરવી નહીં

૩૨—સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને હરકોઇ પ્રદેશ માહેના સઘળા અગ્નિ-શસ્ત્રોની ગણત્રી કરવી એવો હુકમ વખતે વખતે કરવાનો અધિકાર અને સદરહુ પ્રકારની ગણત્રી કરવાનો અખત્યાર કાઈ પણુ માણુસને તેના નામથી અથવા હુદ્દાના સબધથી આપવાનો અધિકાર સ્થાનિક સરકારને છે

સદરહુ પ્રકારનુ કોઇ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું હોય ત્યારે સદરહુ પ્રકારના પ્રદેશમા સદરહુ પ્રકારના કાઇ હથિયારો કોઈ માણુસના કબજામા હશે તે સઘળા માણુસોએ તે હથિયારો બાબત જે માહિતી સદરહુ પ્રમાણે અખત્યાર આપેલુ માણુસ માગે તે તેને આપવી અને સદરહુ પ્રકારના હથિયારો તેણે પોતાની પાસે હાજર કરવાનુ કહ્યુ હોય તો હાજર કરવા

સદરહુ પ્રકારના કોઇ હથિયારો હાજર કરવાનુ કહ્યુ હોય ત્યારે તે હાજર કરવાની કોઇ માણુસ ના કહેશે અથવા ગફલત કરશે તેને ઘણામા ઘણુ એક મહિના સુધી કેદની અથવા ઘણામા ઘણુ બસે રૂપીઆ સુધી દડની શિક્ષા અથવા આ બેઉ શિક્ષા થશે

૩૩—આ આકટ પ્રમાણે કોઇ વાત કર્યા બદલ કોઇ માણુસ ઉપર ફરિઆદ શીવાય બીજુ કાઈ પણુ કામ ચલાવવુ હોય તે કામ ચલાવવાનો ઇરાદો હોય તે બાબત એક મહીના આગમચ લખેલી નોટીસ તેને આપ્યા વગર અથવા સદરહુ પ્રકારનુ કારણુ ઉત્પન્ન થયાની તારીખથી ત્રણ મહીના થયા પછી ચલાવવુ નહીં

કારીગર, મજુર અને બેગારી લોક કરાર તોડે તે બાબતનો કાયદો.

(સને ૧૮૫૯ નો આકટ ૧૩ મો. સુધારા વધારા સાથે)

૧—હરકોઇ શેહેરમા, અથવા પ્રિન્સ ઑફ વેલ્સ, આયર્લેંડ, સિંકાપુર અને મલાકા એ સેટલમેંટ માહેના હરકોઇ થાણામા રહેનારા, અથવા કામ ચલાવનારા ધણી પાસેથી, અથવા કામ ઉપર રાખનારની તરફથી કામ ચલાવનારા હરકોઈ માણુસની પાસેથી કોઇ કારીગરે, અથવા મજુરે, અથવા બેગારીએ કામ કરવાનો કરાર કરીને, અથવા બીજા કારીગર પાસે, અથવા મજુર પાસે, અથવા બેગારી પાસે કામ કરાવી આપવાનો કરાર કરીને, તે બાબત અગાઉ નાણું લીધુ હોય તે કારીગર, અથવા મજુર, અથવા બેગારી પોતાના કરારની સરતો પ્રમાણે કામ કરવાની અથવા કરાવી આપવાની જાણી જોઇને

તથા કાયદાસર અથવા યોગ્ય કારણ વગર ગફલત કરશે, અથવા ના કહેશે, તો પોલીસ માજીસ્ટ્રેટને ત્યા ફરીયાદ કરવાનો અધિકાર સદરહુ પ્રકારના ધણીને અથવા કામ ઉપર રાખનારને, અથવા સદરહુ પ્રકારના માણસને છે પછી માજીસ્ત્રેટે તે કારીગરને અથવા મજુરને, અથવા બેગારીને પોતાની રૂબરૂ બોલાવવ મગાવવા સારૂ નજરમા આવે તો, સમન અથવા વારંટ આપવુ, અને મુકદમાની ચોકસી કરીને ફેસલો કરવો

૨. સરદહુ પ્રકારના કારીગરે, અથવા મજુરે અથવા બેગારીએ ફરીઆદ કરનારની પાસેથી હર કંઈ કામ બાબત અગાઉ નાણા લઇને પોતાના કરારની સરત પ્રમાણે તે કામ કરવાની અથવા કરાવ આપવાની જાણી જોઇને, તથા કાયદાસર અથવા યોગ્ય કારણ વગર ગફલત કરી અથવા ના કહી એવ માજીસ્ટ્રેટની ખાત્રી થાય તે રીતે સાબીત થાય, તો ફરીઆદ કરનારની મરજી પ્રમાણે માજીસ્ટ્રેટે તે નાણું પાછુ આપવાનો તથા પોતાને વ્યાજબી તથા યોગ્ય લાગે તેટલો તેનો ભાગ પાછો આપવાનો તે કારીગરને, અથવા મજુરને અથવા બેગારીને, હુકમ કરવો, અથવા તેના કરારની સરતો પ્રમાણે તે કામ કરવાનો, અથવા કરાવી આપવાનો હુકમ કરવો, અને તે કારીગર, અથવા મજુર, અથવા બેગારી, સદરહુ હુકમ પ્રમાણે ચાલવાને ચુકશે, તો તેને ઘણામા ઘણા ત્રણ મહિના સુધી સખત મજુરી સાથે કેદની સજા કરવાનો ઠરાવ કરવાને માજીસ્ટ્રેટ મુખત્યાર છે, અથવા નાણુ પાછુ આપવાનો હુકમ કર્યો હોય તોપણ ઘણામા ઘણા ત્રણ મહિના સુધી, અથવા તે મુદતની અદર નાણુ આપે ત્યા સુધી તેને સખત મજુરી સાથે કેદની સજા કરવાનો ઠરાવ કરવાને માજીસ્ટ્રેટ મુખત્યાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે આ આકટ કર્યો ન હોત તો ફરીયાદ કરીને, અથવા બીજી રીતે નાણુ વસુલ કરવાનો દિવાની ઇલાજ ફરીયાદ કરવાનો ચાલતે તે ઇલાજ, નાણુ વસુલ થવાનુ બાકી રહ્યુ હોય તે વસુલ થાય ત્યા સુધી નાણુ પાછુ આપવાનો સદરહુ પ્રમાણે હુકમ થયો છે તેથી ચાલશે નહિ એવુ સમજવુ નહી

૩—જ્યારે માજીસ્ત્રેટ કોઈ કારીગરને, અથવા મજુરને અથવા બેગારીને તેના કરારની સરતો પ્રમાણે હરકોઈ કામ કરવાનો અથવા કરાવી આપવાનો હુકમ કરે ત્યારે ફરીયાદ કરનાર કહે તો હુકમ પ્રમાણે ચાલવા સારૂ યોગ્ય જામીન સુદ્ધા મુચરકો આપવાનુ તે કારીગરને, અથવા મજુરને, અથવા બેગારીને ફરમાવવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને એ પ્રમાણે તે મુચરકો આપશે નહી અથવા માજીસ્ટ્રેટની ખાત્રી થાય તે રીતે જામીન નહીં આપશે તો, તેને ઘણામા ઘણા ત્રણ મહિના સુધી સકત મજુરી સાથે કેદની સજા કરવાનો ઠરાવ કરવાને માજીસ્ટ્રેટ મુખત્યાર છે

૪—કરાર તથા કબુલત મોહોરબધ દસ્તાવેજ કરી આપીને કરી હોય, અથવા લખીને કરી હોય થવા બીજા પ્રકારનો હોય તે સર્વનો બોધ આ આકટમા "કરાર" આ શબ્દ લખ્યો છે તે ઉપરથી થાય છે એવુ સમજવુ

૫—ગવર્નર જનરલ ઇન કાઉસિલ અથવા હરકોઈ પ્રેસીડેન્સીના, અથવા જગાનો રાજકારભાર ચલાવનારી સરકાર પોતપોતાની હકુમત માહેની હરકોઈ જગાએ આ આકટ લાગુ કરવાને મુખત્યાર છે, આ આકટ સદરહુ પ્રમાણે લાગુ કરવામા આવશે ત્યારે આ આકટ ઉપરથી પોલીસ માજીસ્ટ્રેટને અધિકાર ચલાવવા સારૂ સરકાર જે અમલદારને અથવા અમલદારોને, ખસુસ કરીને નિમે તે અમલદારે અથવા અમલદારોએ તે અધિકાર ચલાવવો

જનાવર તરફ થતું ઘાતકીપણું અટકાવવા બાબતનો આકટ.
સન ૧૮૯૦ નો આકટ નંબર ૧૧.

જે અર્થે જનાવર તરફ થતુ ઘાતકીપણુ અટકાવવા સારૂ વધારે ઠરાવ કરવાનુ યોગ્ય છે, તે અર્થે આ ઉપરથી નીચે પ્રમાણે ઠરાવ્યુ છે—

૧—(૧) આ આકટને સન ૧૮૯૦ નો જનાવર તરફ થતું ઘાતકીપણુ અટકાવવા બાબતનો આકટ કહેવો

(૨) આ કલમ આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ છે, અને સ્થાનિક સરકાર પોતાને યોગ્ય લાગે તેના કોઈ પણ સ્થાનિક ક્ષેત્રને આ આકટનો બાકીનો સઘળો અથવા કાંઇ ભાગ સરકારી ગેઝીટમા

જાહેરનામુ પ્રસિધ્ધ કરીને એવા જાહેરનામામા નિર્દીષ્ટ કરવામા આવે તે તારીખે તથા તારીખથી લાગુ કરવાને મુખત્યાર છે

(૩) જ્યારે આ આકટનો કોઈ પણ ભાગ પેટા કલમ (૨) ની રૂયે એકાદ સ્થાનિક ક્ષેત્રને લાગુ કરવામા આવ્યો હોય ત્યારે, જનાવર તરફ થતું ઘાતકીપણુ અટકાવવા બાબતનો બીજો જે કોઈ પણ કાયદો સદરહુ ક્ષેત્રમા અમલમા હોય તે આખા કાયદાનો અથવા તેના કોઈ ભાગનો અમલ, કરેલા કાઇ પણ કૃત્ય સબંધી અથવા કરવામા આવેલા કોઇ પણ ગુન્હા સબધી અથવા થયેલા કોઈ પણ દડ અથવા ગુન્હેગારી સબધી અથવા શરૂ કરેલા કોઇ પણ કામ સંબંધી હોય તે સિવાયને પ્રસંગે, સદરહુ ક્ષેત્રમા બધ પડશે એવો હુકમ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિધ્ધ કરીને કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે, અને તે ઉપરથી એવા આખા કાયદાનો અથવા એવા કોઈ પણ ભાગના અમલ, તે સ્થાનિક સરકાર એવુ બીજુ જાહેરનામુ પ્રસિદ્ધ કરીને વિરૂધ્ધ હુકમ કરે નહીં ત્યા સુધી એવી રીતે બધ રહેશે

(૪) પેટા કલમ (૨) અથવા પેટા કલમ (૩) મુજબ પ્રસિધ્ધ કરેલું જાહેરનામુ રદ કરવાનો અથવા તેમા ફેરફાર કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે

૨—વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો આ આકટમા

(૧) "જનાવર" એ શબ્દનો અર્થ પાળેલુ અથવા પકડેલુ કોઇ પણ જનાવર એવો થાય છે, અને.

(૨) "રસ્તો" એ શબ્દમા લોકોને જવા આવવાની છુટ હોય એવા ગહદારીના અથવા બીનરાહદારીના કોઇપણ માર્ગનો, સડકનો, ગલીનો, ચોકનો, આગણાનો અલી (બાગ માહેના રસ્તા) નો, વાટનો અથવા ઉઘાડી જગાનો સમાસ થાય છે

૩—જો કોઈ પણ શખસ, કોઇ પણ રસ્તામા અથવા લોકોને જવા આવવાની છુટ હોય એવી બીજી કોઇ પણ ઉઘાડી અથવા બધ કરેલી જગામા, અથવા કોઇ પણ રસ્તામાના અથવા એવી કોઇ પણ જગામાના માણસની નજરે પડે એવે ઠેકાણે —

(અ) કોઇ પણ જનાવરને ઘાતકી રીતે અને વિના કારણે મારે, ગજા ઉપરાત હાકે, ગજા ઉપરાત બોજો લાધે અથવા બીજી રીતે દુઃખ દે, અથવા (બ) જનાવરને વિના કારણ વેદના અથવા દુઃખ થાય એવી રીતે અથવા એવી સ્થિતિમા તેને બાધે અથવા લઇ જાય, અથવા (ક) અગછેદન થયાને લીધે ભૂખે મારવાને લીધે અથવા બીજી કોઇ ઘાતકી વર્તણુકને લીધે પીડા પામનાર કોઇ પણ જીવતા જનાવરને અથવા વિના કારણ ઘાતકીપણે મારી નાખેલુ છે એમ માનવાને પોતાને કારણ હોય એવા કોઇ પણ જનાવરને વેચવા માટે કાઢે, અથવા પોતાના કબજામા રાખે, તો તે શખસને એકસો રૂપીઆ સુધીના દડની અથવા ૩ મહીના સુધીની કેદની અથવા એ બંનેની શીક્ષા થશે

૪—જો કોઇ પણ શખસ કોઇ પણ ગાય ઉપર ફુકા નામની ક્રિયા કરશે તો તે શખસને એકસો રૂપીઆ સુધીના દડની, અથવા ૩ મહીના સુધીની કેદની અથવા એ બંનેની શિક્ષા થશે

૫—જો કોઈ પણ શખસ કોઈ પણ જનાવરને વિના કારણ ઘાતકીપણે મારી નાખશે તો તેન બસો રૂપીયા સુધીના દડની અથવા ૬ મહીના સુધીની કેદની અથા એ બનેની શીક્ષા થશે

૫—(અ) જો કોઇપણ શખસની પાસે તેના કબજામા બકરાનુ ચામડુ હોય અને તેને એમ માનવાને કારણ હોય કે સદરહુ બકરાને વિનાકારણ ઘાતકીપણે મારી નાખવામા આવ્યુ છે, તો તેને રૂ ૧૦૦ સુધીના દડની અથવા ત્રણ મહિના સુધીની કેદની અથવા એ બન્ને શિક્ષા થશે અને ચામડુ જપ્ત કરવામા આવશે

૫—(બ) જો કોઇપણ શખસ ઉપર કલમ ૫ ના ઠરાવો વિરૂધ્ધ બકરૂ મારી નાખવાના ગુન્હાનુ અથવા કલમ ૫ અ ની રૂયે શિક્ષા થવા જોગ ગુન્હાનુ તોહોમત મુકાયુ હોય અને સદરહુ ગુન્હો થયો હોય તે વખતે એવા શખસના કબજામા માથાના ચામડાનો કોઈ પણ ભાગ જેની સાથે વળગેલો હોય એવુ બકરાનુ ચામડુ હતું એમ પુરવાર કરવામા આવે તો, તેથી ઉલટુ પુરવાર કરવામા આવે નહી ત્યા સુધી એવા બકરાને વિનાકારણ ઘાતકીપણે મારી નાખવામા આવ્યુ હતુ અને એવુ ચામડુ જે શખસના કબજામા હોય તેને તેમ માનવાને કારણ હતું એમ અનુમાન કરવામા આવશે

૬ (૧) કોઇ પણ રોગને લીધે, અશક્તિને લીધે, જખમને લીધે, માદાને લીધે અથવા બીજા કાર-

ણુને લીધે કાંઈ પણ કામમા અથવા મહેનતમા લગાડવાને અયોગ્ય હોય એવા કોઇ પણ જનાવરને પોતાના કબજામા અથવા તાબામા હોય તેને એવા કામમા અથવા મહેનતમા લગાડવા દેશે તેને એકસો રૂપીયા સુધીના દંડની શિક્ષા થશે

(૨) સ્થાનિક સરકાર, સામાન્ય અથવા વિસેષ હુકમથી, પેટા કલમ (૧) વિરૂધ્ધના ગુન્હા જેજે જનાવરના સબધમા થયા હોય તે તે જનાવરને ઔષધોપચાર કરવા સારૂ તથા તેમની સભાળ લેવા સારૂ અમુક જગા ઇસ્પીતાલ તરીકે નીમી આપવાને મુખત્યાર છે

(૩) જે માજીસ્ટ્રેટની રૂબરૂ સદરહુ પ્રકારના ગુન્હા બદલ ફોજદારીમા કામ માડ્યુ હોય તે માજીસ્ટ્રેટને નીચે પ્રમાણે ફરમાવવાનો અધિકાર છે, એટલે જે જનાવરના સંબધમા સદરહુ ગુન્હો થયો છે એમ કહેવાતું હોય અથવા સાબીત થયુ હોય તે જનાવરને ઔષધોપચાર કરવા સારૂ તથા તેની સભાળ લેવા સારૂ એવી ઇસ્પીતાલમા મોકલવુ અને તે જે કામમા અથવા મહેનતમા હરહમેશ વપરાતું હોય તે કામ અથવા મહેનત સારૂ હવે યોગ્ય થયુ છે એમ પોતાના અથવા બીજા કોઇ માજીસ્ટ્રેટના અભિપ્રાયમા આવે નહી ત્યા સુધી તેને ત્યા રાખી મુકવુ

(૪) જનાવર ઇસ્પીતાલમા હોય ત્યારે તેને ઔષધોપચાર કર્યાનો, ખવડાવ્યાનો અથવા પાણી પાયાનો, ખર્ચ તે જનાવરના ધણીએ, જીલ્હા માજીસ્ટ્રેટ અથવા ઇલાકાના મુખ્ય શહેરમાની એવી ઇસ્પીતાલ બાબતમા પોલીસ કમીશનર વખતે વખતે ઠરાવે તે દર આપવો જોઇએ

(૫) જો સદરહુ ધણી સદરહુ ખર્ચ આપવાની અને માજીસ્ટ્રેટ ઠરાવે તે મુદતમા સદરહુ જનાવરને લઈ જવાના ના પાડે અથવા ગફલત કરે, તો સદરહુ માજીસ્ટ્રેટ તે જનાવરને વેચવાનુ અને વેચાણનું ઉત્પન્ન સદરહુ ખર્ચની રકમ અદા કરવામા કામે લગાડવાનુ ફરમાવવાને મુખત્યાર છે

(૬) સદરહુ વેચાણના ઉત્પન્નમાથી કાઇ બાકી રહે તો તે, વેચાણની તારીખથી બે મહિનાની અદર સદરહુ ધણીએ અરજ કરેથી તેને આપવુ પણ તે ધણી વેચાણમા ઉત્પન્ન કરતા વધારે રકમ આપવાને પાત્ર થસે નહી

૭—જો કોઇ પણ શખસ જે જનાવરનો પોતે ધણી હોય તે જનાવરને ચેપી અથવા સંસર્ગિક રોગ થયો હોય ત્યારે તેને કોઇ પણ રસ્તામા જાણીબુજીને રખડવા દે, અથવા જે કોઇ પણ રોગી અથવા નિર્બળ જનાવરનો પોતે ધણી હોય તેને કોઇ પણ રસ્તામા વાજબી કારણ શિવાય મરવા દે, તો તે શખસને સો રૂપિયા સુધીના દડની શિક્ષા થસે

" ૭—(અ) જો સબઇન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાનો ન હોય એવા કોઇ પણ પોલિસ અમલદારને એમ માનવાને કારણ હોય કે કોઈ પણ બકરાની બાબતમા કલમ ૬ મુજબ ગુન્હો કોઇપણ જગ્યાએ થાય છે, થવાની તૈયારીમા છે અથવા થયો છે અથવા કોઇપણ શખસના કબજામા માથાના ચામડાનો કોઇપણ ભાગ જેની સાથે વળગેલો હોય એવુ બકરાનુ ચામડુ છે તો, તેને એવી જગ્યામા અથવા એવુ કોઇપણ ચામડુ હોવાનુ માનવાને તેને કારણ હોય એવી કોઇ પણ જગ્યામા દાખલ થવાનો તથા ઝાડો લેવાનો અધિકાર છે, અને એવુ કોઈપણ ચામડુ તથા એવો ગુન્હો કરવામા વાપરેલી અથવા વાપરવાનો ઇરાદો રાખ્યો હોય એવી કોઇપણ વસ્તુ અથવા ચીજ જપ્ત કરવાનો તેને અધિકાર છે

૮ (૧) જો કોઈ પહેલા વર્ગના માજીસ્ટ્રેટને, પેટા તુકડીના માજીસ્ટ્રેટને, પોલિસ કમીશનરને અથવા ડિસ્ત્રીકટ સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ પોલીસને લેખી ખબર મળ્યા ઉપરથી તથા તેની નજરમા જરૂર જણાય તેવી ચોકસી કર્યા પછી એવુ માનવાનુ કારણ હોય કે અમુક જગ્યામા ચોથી, પાચમી અથવા છઠ્ઠી કલમ વિરૂદ્ધ ગુન્હો થાય છે, થવાની તૈયારીમા છે અથવા થયો છે, તો સદરહુ જગામા પોતે જાતે દાખલ થઇને તેનો ઝાડો લેવાને અથવા પોતાના વાગટવી કોન્સ્ટેબલના કરતા ઉંચા દરજ્જાના કાઈ પણ પોલીસ અમલદારને સદરહુ જગામા દાખલ થઇને તેનો ઝાડો લેવાનો અધિકાર આપવાને મુખત્યાર છે

(૨) સન ૧૮૮૨ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની રૂયે લેવાના ઝાડાસબધી તે કોડના ઠરાવો પેટા કલમ (૧) અથવા કલમ + અ મુજબ લેવાના ઝાડાના સબધમા જેટલે સુધી લાગુ પાડી શકાય તેટલે સુધી તે ઠરાવો લાગુ પડશે

૯—આ આકટ વિરૂધ્ધના ગુન્હા બદલ ફોજદારીમા ચલાવવાનુ કામ એવો, ગુન્હો થયાની તારીખથી ત્રણ મહિના વિત્યા પછી માડવુ નહી

૧૦—કોઇ પણ માજીસ્ટ્રેટને, પોલીશ કમીશનરને અથવા ડિસ્ટ્રિકટ સુપ્રાન્ટેન્ડન્ટ ઓફ પોલીસને એમ માનવાનુ કારણ હોય કે અમુક જનાવરના સબધમા આ આકટ વિરૂધ્ધ કાંઇ ગુન્હો થયો છે ત્યારે તેને સદરહુ જનાવરની પીડા એવા પ્રકારની હોય કે તેના તાબડતોબ નાશ કરવા વિષે હુકમ ફરમાવવાનુ પોતાના વિચાર પ્રમાણે યોગ્ય હોય તો, તે પ્રમાણે ફરમાવવાનો અધીકાર છે

૧૧—કોઇ પણ કોમ, પથ, જાત અથવા વર્ગના લોકોના ધર્મથી અથવા ધર્મ સબધી વિધી તથા રીવાજથી ફરમાવેલી રીતે કોઈ પણ જનાવરને મારી નખવાનુ કૃત્ય આ આકટ મુજબ ગુન્હો થાય છે એમ આ આકટના કોઇ પણ મજકુરથી સમજવુ નહીં

૧૨—૧ લી કલમમા ગમે તે ઠરાવ હોય તો પણ ગુન્હા બાબતની આ આકટની કોઇ પણ કલમ વિદ્યમાન કાળે જે સ્થાનિક ક્ષેત્રમા અમલમા હોય તે દરેક સ્થાનિક ક્ષેત્રને ૯ મી ૧૦ મી તથા ૧૧ મી કલમો લાગુ પડશે

હિંદુસ્તાનનો મોટર વાહનો બાબતનો આકટ સન ૧૯૧૪ નો આકટ નંબર ૮ મો.

ભાગ ૧ લો—પ્રથમારંભી ઠરાવો.

૧ આ આકટને સને ૧૯૧૪ નો હિદુસ્તાનનો મોટર વાહનો બાબતનો આકટ કહેવો

(૨) આ આકટના ત્રીજા ભાગ સીવાયનો બાકીનો આકટ બ્રિટિશ બલુચિસ્તાન, સોથલ પરગણા તથા સ્પિટ પરગણા સુધ્ધા આખા બ્રિટિશ હિદુસ્તાનને લાગુ પડે છે ત્રીજો ભાગ પ્રથમત, માત્ર મદ્રાસ મુબઇ બગાળી, આગ્રા તથા અયોધ્યાના સયુક્ત પ્રાતો, પજાબ, બ્રહ્મદેશ, બિહાર અને ઓરિસ્સા, નોર્થ વેસ્ટ ફ્રોન્ટીઅર પ્રાત તથા દિલ્લીને લાગુ પડે છે બીજા કોઈ પણ પ્રાતની સ્થાનીક સરકાર, સ્થાનીક સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિધ્ધ કરીને, ત્રીજો ભાગ તે આખા પ્રાતને અથવા તેના કોઈ પણ ભાગને લાગુ પાડવાને મુખત્યાર છે

(૩) તે આકટ ગવર્નર જનરલ ઇન કૌસિલ ઇંડિયા ગેઝેટમા જાહેરનામુ પ્રસિધ્ધ કરીને ઠરાવે તે તારીખે અમલમા આવશે

૨ " મોટર વાહન " એ સજ્ઞામા જે વાહન, ગાડી અથવા જવા આવવાનુ બીજુ સાધન રસ્તા ઉપર સર્વત. અથવા અશત વીજળીક અથવા યાત્રિક શકિતથી ચલાવવામા આવતુ હોય અથવા ચલાવી શકાય એમ હોય તેનો સમાવેશ થાય છે

" સાર્વજનીક જગા " એ સજ્ઞાનો અર્થ જે રસ્તા, સ્ટ્રીટ, માર્ગ અથવા બીજી જગા (પછી તે રાહદારીનો માર્ગ હોય કે ન હોય તે) મા લોકોને જવા આવવા દેવામા આવતા હોય અથવા જે ઉપરથી પસાર થવાનો હક હોય તે રસ્તો, સ્ટ્રીટ, માર્ગ અથવા બીજી જગા એવો થાય છે

ભાગ ૨ જો—સામાન્ય રીતે લાગુ પડનારા ઠરાવો.

૩ (૧) અઢાર વર્ષની અદરની ઉમરના કોઈ પણ શખસે મોટર વાહન કોઇપણ સાર્વજનિક જગામા ચલાવવુ નહીં

(અ) મોટર વાહનના કોઇ પણ માલિકે અથવા તે જેના હવાલામા હોય એવા કોઇ પણ શખસે એવુ વાહન કોઈ પણ સાર્વજનિક રસ્તામા અઢાર વર્ષની અદરની ઉમ્મરના કોઇ પણ શખસને ચલાવવા દેવુ નહીં, અને પેટા કલમ (૧) નુ ઉલ્લઘન થાય તે પ્રસગે તે મોટર વાહન માલિકની અથવા જેના હવાલામા તે હોય તે શખસની સમ્મતિથી ચલાવવામા આવ્યુ હતુ એવુ અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે

૪ (અ) કોઇ પણ પોલિસ અમલદાર રાહદારીનુ નિયમન કરવા સારૂ અથવા એવા શખ્સ ઉપર આ આકટની રૂએ ફોજદારીમા કામ ચલાવવા માટે તેનુ નામ તથા પત્તો નકી કરવા સારૂ અથવા આ આકટના ઠરાવોનો અથવા તેની રૂએ કરેલી કાનુનોનો અમલ કરવા માટેના કોઇ પણ કારણ સારૂ તેમ કરવાનું કહે, ત્યારે, અથવા (બ) જેના હવાલામા કોઇ પણ જનાવર હોય તે શખસને એવો ભય લાગે કે તે જનાવર એવા મોટર વાહનથી ભડકે છે અથવા ભડકશે તો તે શખસ તેમ કરવાનુ કહે ત્યારે અથવા (ક) જ્યારે

તે એમ જાણતો હોય અથવા તેને એમ માનવાને કારણ હોય કે એવુ મોટર વાહન રસ્તા ઉપર હોવાથી કોઈ પણ શખસ અથવા કોઇ શખસના હવાલામાના કોઇ પણ જનાવર અથવા વાહનને અકસ્માત થયો છે ત્યારે તેણે તેમ કરવુ જોઇએ અને તેની પાસે તેનુ પોતાનુ તથા તે મોટર વાહનના માલિકનુ નામ તથા પત્તો માગવામા આવે તો તે પણ આપવા જોઇએ

૫ જે કોઇ શખસ કોઇ મોટરવાહન સાર્વજનિક જગામા બેદરકારી અથવા ગફલતથી ચલાવશે, અથવા તે બાબતની સઘળી હકીકત જોતા તેમજ તે જગાના પ્રકાર તથા તેની સ્થિતિ તથા તેના ઉપયોગ તરફ જોતા તે વખતે તે જગામા જેટલી ગરદદારી ખરેખર ચાલુ હોય અથવા ચાલુ હોવાનો વાજબી રીતે સભવ રાખી શકાય તે જોતા તે ઝડપથી અથવા જે રીતથી લોકોને જોખમ થવાનો સભવ હોય તે ઝડપે અથવા તે રીતે ચલાવશે તે શખસ ઉપર ગુન્હાની સાબિતિનો ઠરાવ થયેથી તેને પાચસો રુપિયા સુધીના દડની શિક્ષા થશે

ભાગ ૩ જો—લાઇસન્સ આપવા બાબત તથા નિર્બંધ રાખવા બાબત.

૬ કોઇ પણ શખસ પોતાને ઠરાવેલી રીતે લાઇસન્સ મળ્યુ ન હોય તો, સાર્વજનિક જગામા મોટર વાહન ચલાવવુ નહીં, અને મોટર વાહનના કોઇ પણ માલાકે અથવા મોટર વાહન જેના હવાલામા હોય તે શખશે જે કોઇ પણ શખસને એવી રાતનુ લાઇસન્સ મળ્યુ ન હોય તે શખસને મોટર વાહન ચલાવા દેવુ નહિ

પણ એવુ ઠરાવ્યુ છે કે સ્થાનિક સરકાર આ અર્થે જે કાનુનો કરે તેમને પાત્ર આ કલમ જે શખસ મોટર વાહન ચલાવવાનુ કામ શીખતો હોય તેને લાગુ પડશે નહીં

૭—લાઇસન્સધારણ કરનારે પોતાના લાઇસન્સનો બીજા કોઇ પણ શખસને ઉપયોગ કરવા દેવો નહીં

૮—મોટર વાહન ચલાવનારે પોતાનુ લાઇસન્સ કોઇપણ પોલીસ અમલદાર માગે એટલે હાજર કરવુ જોઇએ

૯—મોટર વાહન ચલાવવા બાબતનુ દરેક લાઇસન્સ તેમા લખવામા આવે તે પરદેશી વ્યવહારોપયોગી છે એમ સમજવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે, ગવરનર જનરલ ઈન કૌાસલ ઠરાવે તેવા અધિકારીઓ અને તેવી શરતનો તથા બધનોને પાત્ર આપવામા આવ્યુ હોય નહી તેવા કોઈ પણ લાઇસન્સમા જે પ્રાત માટે લાઇસેન્સ આપ્યુ હોય તેની બહારનો કોઇ પણ પ્રદેશ નિર્દીષ્ટ કરવો નહિ

૧૦—(૧) દરેક મોટર વહાનના માલિકે મોટર વાહન ઠરાવેલી રીતે નોધાવવુ જોઇએ મોટર બાબત

(૨) આવી રીતનુ નોધાવેલુ જે પ્રદેશ નોધવાનો દાખલામા નિર્દીષ્ટ કરવામા આવે તે પ્રદેશમા વ્યવહારોપયોગી થશે નહી

પણ એવુ ઠરાવ્યુ છે કે ગવર્નર જનરલ ઈન કૌન્સિલ ઠરાવે તેવી શરતો અને બધનોને પાત્ર આપવામા આવ્યો હોય નહીં તેવો કોઇ પણ નોધવાનો દાખલો જે પ્રાત માટે તે આપ્યો હોય તે પ્રાતની બહાર વ્યવહારોપયોગી થશે નહી

૧૧—(૧) સ્થાનિક સરકાર, પોતે કરવાની કાનુનો પ્રથમ પ્રસિદ્ધ કરવાની શરતને પાત્ર આ આકટના ઠરાવો અમલમા આણવાના કારણ સારૂ તથા સાર્વજનીક જગાઓમા મોટર વાહનો અથવા કોઇપણ વર્ગના મોટર વાહનો વાપરવાનુ, પોતાના વહિવટ હેઠળના એક દર સઘળા મુલકોમા અથવા તેના કોઇપણ ભાગમા નિયમત કરવા સારૂ કાનુનો કરવાને મુખત્યાર છે

(૨) વિશેષ રીતે અને ઉપર કહેલા અધિકારની સામાન્ય વ્યાપ્તિને બાદ ન આવે તે રીતે સ્થાનિક સરકાર નીચેના સઘળા અથવા કોઈ પણ કારણ સારૂ કાનુનો કરવાને મુખત્યાર છે, એટલે—

(અ)-મોટર વાહનો નોધવા બાબત તથા તે કઇ શરતે નોધી શકાય તે શરતો બાબત, નોધવાના સબધમા તથા નોધવા માટે આપવાની ફી બાબત, નોધવાના દાખલા આપવા બાબત, માલકીના કોઇ પણ ફેરફારની જાહેરખબર બાબત તથા (૧૦ મી કલમના ઠરાવોને પાત્ર) નોધવાના દાખલા જે પ્રદેશમા વ્યવહારોપયોગી થશે તે પ્રદેશ બાબત ઠરાવ કરવાના, [બ) એવા મોટર વાહનોને જુદા જુદા ઓળખવાનુ સહેલુ થવા માટે ઠરાવ કરવાના, [ક] બત્તા ઘટડી, ભુગળા, બ્રેક, ઝડપ બતાવનારા યત્રો અથવા બીજા

સાધનો રાખવા તથા વાપરવાની બાબત સુદ્ધા મોટર વાહનોની બનાવટનુ તથા તેમા રાખવાની સામગ્રીનું નિયમન કરવાના, (ડ) મોટર વાહન ચલાવનારાઓને અથવા એવા ચલાવનારાઓના કોઇ પણ વર્ગને કયા અધિકારીઓથી અને કઇ શરતે લાઇસેન્સ આપી શકાય તે બાબત, તથા એવા લાઇસન્સ માટે આપવાની ફી બાબત તથા (૯ મી કલમના ઠરાવોને પાત્ર) કયા પ્રદેશની અંદર તથા કેટલા મુદતસારૂ એવા લાઇસેન્સ વ્યવહારોપયોગી થશે તે બાબત ઠરાવ કરવાના (ઇ) કઇ શરતોથી તથા કેટલી ફી (જો કાઇ હોય તો તે] આપીને મોટર વાહનો સામાન્યત અથવા કોઇપણ ખાસ સાર્વજનીક જગામા ભાડે આપવાનો અથવા ભાડે ફેરવવાનો અધિકાર છે તે ઠરાવવાના [ગ] મોટર વાહન સામાન્યત અથવા કોઇ પણ ખાસ સાર્વજનીક જગામા કેટલી ઝડપે ચલાવવા તે ઠરાવવાના (હ) જ્યા ચલાવ્યાથી લોકોને જોખમ થવાનો અથવા અગવડ થવાનો સભવ છે એવો સ્થાનિક સરકારનો મત હોય તેવા સાર્વજનીક જગાઓમા મોટર વાહનો ચલાવવાની મના કરવામા અથવા તેનુ નિયમન કરવાના, અને (આઇ) સામાન્યત લોકોને કોઇ પણ શખસને જોખમ, ઇજા અથવા હરકત થતી અટકાવવાના અથવા રાહદારીને હરકત થતી અટકાવવાના,

(૩) આ કલમની રૂયે કરેલી સઘળી કાનુનો સ્થાનિક સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવી અને તે એવી રીતે પ્રસિધ્ધ થાય એટલે તેમનો અમલ જાણે આ આકટમા ઘડી હોય તેવી રીતે થશે

૧૨—જે કોઇપણ કાનુન ૧૧ મી કલમની રૂયે સ્થાનિક સરકારે કરી હોય અથવા એવી કોઇપણ સાર્વજનીક જગામા મોટરવાહનો ચલાવવાની મના કરી હોય અથવા ચલાવવાનુ નિયમન કર્યું હોય અથવા એવી કોઈપણ જગામા મોટર વાહનોની ઝડપ મર્યાદિત કરી હોય તે કાનુન બાબત, ઠરાવેલા અધિકારીઓએ ઠરાવવામા આવે તેવી રીતે જાહેર નોટીસ આપવી, અને તે અધિકારીઓએ એવી કોઈ પણ કાનુન અમલમા લાવવાના કારણસારૂ, તે કાનુન જે જગા સબધી હોય તે જગાએ અથવા તેની નજીક સહેજ નજરે પડે એવી નોટીસો લગાડવી જોઇએ

૧૩—સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, એવા જાહેરનામામા નિર્દીષ્ટ કરેલો કાઇપણ પ્રદેશ આ ભાગના અમલમાથી બાતલ કરવાને મુખત્યાર છે, અને એવુ જાહેરનામુ પસિધ્ધ કરીને કોઇપણ મોટર વાહનને અથવા મોટર વાહનોના વર્ગને આ ભાગના સઘળા અથવા કોઇપણ ઠરાવોના અમલમાથી સામાન્યત અથવા ચોક્કસ ઠરાવેલી મુદ્દત સુધી બાતલ કરવાને મુખત્યાર છે

ભાગ ૪ થો.

થોડા વખત સારૂ બ્રિટિશ હિન્દુસ્તાન છોડી જનાર અથવા તેમાં આવનાર મોટર વાહનો.

૧૪—(૧) ગવર્નર જનરલ ઇન કૌસિલ નીચે લખેલા સઘળા અથવા કોઈ પણ કારણ માટે કાનુનો કરવાને મુખત્યાર છે, એટલે—

(૧) જે સખસો પોતાના મોટરવાહનો થોડા વખત માટે બ્રિટિશ હિદુસ્તાનની બહાર લઇ જતા હોય તેમના ઉપયોગ સારૂ તેમને અથવા એવા વાહનના જે ચલાવનાર એવા વાહન ચલાવવા સારૂ બ્રિટિશ હિદુસ્તાનની બહાર જતા હોય તેમને મુસાફરીના પાસો, દાખલા અથવા અખત્યારપત્રો આપવા માટે તથા તે સપ્રમાણ ઠરાવવા માટે અને

(૨) જે શખસો બ્રિટિશ હિદુસ્તાનમા થોડા વખત રહેવાના ઇરાદાથી જે મોટર વાહનો બ્રિટિશ હિદુસ્તાનમા થોડા વખત માટે લાવે તે મોટર વાહનો કઇ સરતોએ કબજામા રાખી શકાય, વાપરી શકાય તથા ચલાવી શકાય તે ઠરાવવા માટે

(૨) આ કલમની રૂએ કરેલી સઘળી કાનુનો ઇન્ડિઆ ગેઝેટમા પ્રસિધ્ધ કરવી, અને તે એવી રીતે પ્રસિદ્ધ થયેલી તેમનો અમલ જાણે તે આ એકટમા ઘડી હોય તેવી રીતે થશે

૧૫—(અ) મોટરવાહનો નોધવા સબધી,

(બ) એવા વાહનો બનાવવા, ઓળખવા અથવા તેમા સામગ્રી પુરી પાડવા બાબતના ઠરાવ સંબધી, અથવા (ક) એવા વાહનો ચલાવનારાઓને લાઇસન્સ આપવા સબંધી અથવા તેમની લાયકાત સબંધી

આ આકટમાના અથવા આ આકટની રૂયે કરેલી કોઇ પણ કાનુનના ઠરાવો ૨૪ મી કલમની પેટા

કલમ ૧ ની રકમ [૨] મા ઉલ્લેખ કરેલા કોઈ પણ મોટર વાહનની બાબતમા અથવા એવુ વાહન જેના કબજામા હોય, જે વાપરતો હોય અથવા ચલાવતો હોય તેવા કોઈ પણ શખસની બાબતમા, જો સદરહુ રકમની રૂએ કરેલી કોઈપણ કાનુનના જે ઠરાવો એવા વાહન અથવા શખસને લાગુ પડતા હોય તે ઠરાવો પ્રમાણે અમલ કરવામા આવ્યો હોય તો લાગુ પડશે નાહ

ભાગ ૫ મો—પરચુરણ.

૧૬—જે કોઈ સખસ આ આકટના કોઇ પણ ઠરાવોનુ અથવા આ આકટની રુએ કરેલી કોઇપણ કાનુનનુ ઉલ્લઘન કરશે તેને, એવા ઉલ્લઘન માટે આ આકટમા બીજી કોઇ જગાએ બીજી કોઇ શિક્ષા ઠરાવી નહોય તો વત્તામા વત્તા સો રૂપીઆ સુધીની દડની શિક્ષા થશે અને જો એવા સખસની ઉપર પહેલા આ આકટ મુજબનો અથવા આ આકટની રુએ કરેલી કોઇ પણ કાનુન મુજબનો ગુન્હો કર્યાનો ઠરાવ સાબીત થયો હશે તો, તેને વત્તામા વત્તા બસો રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

૧૭—આ આકટની રૂએ અથવા આ આકટ મુજબ કરેલી કોઈ પણ કાનુનની રૂએ શિક્ષા કરવા લાયક કોઇ પણ ગુન્હાનો ઇન્સાફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટની અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટની કોર્ટથી ઉતરતા દરજ્જાની કોઇ પણ કોર્ટે કરવો નહી

૧૮—(૧) સ્થાનિક સરકાર પોતાની મુખત્યારીથી,

(૧) આ આકટની રૂએ આપેલુ કોઈ પણ લાઇસન્સ રદ કરવાને અથવા થોડી મુદ્દત સુધી પાછુ ખેચી લેવાને અને [૨) કોઈપણ સખસો આ આકટની રૂએ લાઈસન્સ મેળવવા સારૂ કાયમને માટે અથવા પોતાને યોગ્ય લાગે તેટલી મુદત માટે નાલાયક છે એમ ઠરવાને મુખત્યાર છે

(૧-અ) ઠરાવેલો અધિકારી ઠરાવવામા આવે તે સરતો તથા નિર્બધને પાત્ર આ આકટની રૂએ લાયસન્સ રદ કરવાને અથવા મોકુફ રાખવાને મુખત્યાર છે,

(૨) જે કોઈપણ કોર્ટે કોઇ પણ સખશ ઉપર આ આકટના ઠરાવો વિરૂધ્ધ અથવા આ આકટની રૂએ કરેલી કોઇ પણ કાનુનોના ઠરાવો વિરૂધ્ધ ગુન્હો સાબીત થયાનો અથવા મોટરવાહન ચલાવવા સબધી કોઇ પણ ગુન્હો સાબીત થયાનો ઠરાવ કર્યો હોય તે કોર્ટે જો એવા શખસ આ આકટની રૂએ લાઈસન્સ ધારણ કરતો હશે તો, સદરહુ સાબીતીના ઠરાવની વિગત તે લાઇસન્સ ઉપર લખાવવી, અને તે કોર્ટે એવા શખસના સબધમા અને તેનુ લાઇસન્સ હોય તો તેના સબધમા, જે અધિકાર પેટા કલમ (૧) ની રૂએ સ્થાનીક સરકારને આપવામા આવ્યા છે તેવા અધિકાર ચલાવવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે આ પેટા કલમની રૂએ કોઇ કોર્ટે કરેલો હુકમ એવી રીતના ગુન્હાની સાબીતીના ઠરાવની તારીખથી એક વર્ષ કરતા વધારે મુદત સુધી કોઇ પણ શખસને અથવા લાઇસન્સને લાગુ પડશે નહીં

(૩) જે કોઈ પણ કોર્ટમા આ આકટ મુજબ લાઇસન્સ ધારણ કરનાર ઉપર પેટા કલમ (૨) મા લખેલા કોઇ પણ ગુન્હાનુ તહોમત મુકવામા આવ્યુ હોય તે કોર્ટ પોતાને ત્યા ચાલતું કામ પુરૂ થાય ત્યા સુધી એવુ લાઇસન્સ થોડી મુદત સુધી પાછુ ખેચી લેવાને મુખત્યાર છે

(૪) કોઇ પણ લાઇસન્સના સંબધમા અથવા કોઇ લાઇસન્સ ધારણ કરનારના સબધમા એવુ લાઇસન્સ રદ કર્યા બાબતના, થોડી મુદત માટે પાછુ ખેચી લીધા બાબતના અથવા નાલાયક ઠરાવ્યા બાબતના દરેક હુકમની નકલ તે લાઇસન્સની ઉપર કરવી અને આ કલમના ઠરાવો મુજબના એવા દરેક શેરાની નકલ એવુ લાઇસન્સ જે અધિકારીએ આપ્યુ હોય તે અધિકારીની ઉપર મોકલાવવી

(૫) લાઇસન્સ ધારણ કરનાર દરેક શખસે, તેને તેમ કરવાનુ ફરમાવવામા આવે ત્યારે, આ કલમની રૂએ કામ કરનારા કોઇ પણ અધિકારીની આગળ પોતાનુ લાઇસન્સ હાજર કરવુ જોઇએ

(૬) જે શખસનુ લાઇસન્સ આ કલમના ઠરાવોની રૂએ રદ કરવામા આવ્યુ હોય અથવા થોડી મુદત સુધી પાછુ ખેચી લેવામા આવ્યુ હોય તે શખસ પ્રસગ પ્રમાણે, એવી રીતના રદ કર્યાના હુકમનો અમલ ચાલુ હોય તે મુદત દરમ્યાન અથવા જે થોડી મુદત માટે લાઇસન્સ પાછુ ખેચી લેવામા આવ્યુ હોય તે મુદત દરમિયાન, લાઇસન્સ મેળવવા માટે નાલાયક છે એમ સમજવુ

(૭) જે શખસના લાઇસન્સ ઉપર શેરો લખવામા આવ્યો હશે અથવા જે શખસનું લાઇસન્સ પાછુ ખેચી લેવામા આવ્યુ હોય તેવા સખસે લાઇસન્સ મેળવવા માટે અરજી કરવી નહીં અથવા લાઇસન્સ મેળવવુ નહીં

૧૯ —પરિશિષ્ટમા લખેલા કાયદા તેના ૪ થા આસનમા લખ્યુ છે તેટલે સુધી રદ કર્યા છે

પણ એવુ ઠરાવ્યુ છે કે કોઇ પણ નિમણુક, જાહેરનામુ હુકમ, કાનુન, નમુનો, અથવા લાઇસન્સ સદરહુ આકટોમાના કોઈ પણ આકટની રૂએ કર્યા હશે તે જેટલે સુધી આ આકટના ઠરાવોને અનુસરતા હોય તેટલે સુધી જો અને જ્યા સુધી તે આ આકટની રૂએ કરેલા કોઇ પણ નિમણુક, જાહેરનામુ હુકમ, કાનુન નમુનો અથવા લાઇસન્સ ઉપરથી રદ કરવામા નહીં આવ્યા હોય તો અને તેટલે સુધી અમલમા રહીને આ આકટની રૂએ કરવામા આવ્યા છે એમ સમજવુ.

સરકારી દસ્તાવેજો તથા ખબર બહાર ન પડવા દેવા બાબતનો એકટ.

(સને ૧૮૮૯ નો આકટ ૧૫, સને ૧૯૦૪ ના ૫ થી સુધરેલો.)

જે અર્થે સરકારી દસ્તાવેજો તથા ખબર બહાર ન પડવા દેવી યોગ્ય છે, તે અર્થે આ ઉપરથી નિચે પ્રમાણે ઠરાવ્યુ છે—

૧.—(૧) આ આકટને સન ૧૮૮૯ નો હિંદુસ્તાનનો સરકારી છુપી વાતો બાબતનો આકટ કહેવો, અને (૨) તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને તથા નીચે લખેલી પ્રજાને લાગુ છે, એટલે (અ) માલિકા માઆઝમાની સાથે એક સંપ રાખનારા હિંદુસ્તાનમાના રાજા તથા સંસ્થાનના મુલકમાની મલિકા માઆઝમાની સર્વ પ્રજા, અને (બ) બ્રિટિશ હિંદુસ્તાનની બહાર અને પેલી બાજુએ રહેનારી મલિકા માઆઝમાની હિંદુસ્તાનની સર્વ દેશી પ્રજા

૨.—વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો આ આકટમા નિચેના શબ્દોનો અર્થ નિચે પ્રમાણે થાય છે

(૧) માલિકા માઆઝમાના તાબાની કાઈ જગ્યા વિષે જે કાઇ પણ હવાલો આપ્યો હોય તેમા સરકારના કોઇ પણ ખાતાના તાબામાની જગાનો સમાસ થાય છે, પછી એવી જગા મલિકા માઆઝમાના ધણીપણામા વાસ્તવિક રીતે હોય અથવા ન હોય

(૨) ખબર જણાવવા બાબતના સજ્ઞાઓમા હરકોઇ જણાવેલી બાબતનો સમાસ થાય છે, પછી તે પુરેપુરી જણાવી હોય અથવા થોડે અશે જણાવી હોય અને ખુદ કાઇ દસ્તાવેજ, સ્કેચ (આકૃતિ), પ્લાન (નકશો) મોડેલ (નમુનો) અથવા ખબર જણાવી હોય અથવા તેની મતલબ અથવા સારાશ જણાવ્યો હોય, (૩) " દસ્તાવેજ " એ શબ્દમા દસ્તાવેજના કોઇ ભાગનો સમાસ થાય છે, (૪) " મોડેલ " એ શબ્દમા ડીસાઇન (યોજના નો પાટર્ન (ફરમા) નો અને સ્પેસીમેન (માસલા) નો સમાસ થાય છે, (૫) " સ્કેચ " એ શબ્દમા કોઇ પણ જગા અથવા વસ્તુના કોઇ પણ ફોટોગ્રાફનો અથવા તેવી આકૃતિ દેખાડનાર બીજી કોઈ પદ્ધતિનો સમાસ થાય છે, (૬) " મલિકામાઆઝમાના તાબાનો હુદ્દો " એ શબ્દોમા સરકારના કોઇપણ ખાતામાના અથવા એવા ખાતા હેઠળના કોઇપણ હુદ્દાનો અથવા ચાકરીનો સમાસ થાય છે (૭) " દિવાની કામકાજ " એ સજ્ઞાનો અર્થ જે કામ કાજ—(અ) મલિક મુઆઝમની સરકારનો અથવા ગવર્નર જનરલ ઇન કૌસિલનો બીજા કોઇપણ પારકા ગજ્ય સાથે જે સબધ હોય તે સબધને લગતું હોય તે કામ કાજ, અથવા (બ) ગવર્નર જનરલ ઇનકૌસિલનો હિંદુસ્તાનમા કોઇપણ દેશી સસ્થાન સાથે જે સબંધ હોય તે સબધને લગતું હોય અથવા જે કામકાજ હિંદુસ્થાનના સરકારના સરકારી કરજ બાબત અથવા તે સરકારે કરેલી નાણા સબધી ગોઠવણ બાબત હોય અથવા રાજ્ય કારભારની બીજી કોઈ પણ અગત્યની બાબતને લગતું હોય, અને એવુ કામકાજ એવી રીતે છુપુ રાખવા જેવુ હોય કે તે ઉઘાડું પાડયાથી સાર્વજનિક હિતને બાધ આવે તેમ હોય તે કામકાજ

૩.—(૧) (અ) જ્યારે કોઈ શખસ ખોટી રીતે ખબર મેળવવાના કારણ માટે નિચે પ્રમાણે વર્તે, એટલે—(૧) મલિકા માઆઝમાના તાબાની કોઇ જગાના એટલે કોઇ પણ કીલ્લાના દારૂખાનાના (આર્સીનલના), કારખાનાના, ગોદીના, કાપના વાહાણના અથવા તેવી બીજી કોઇ જગાના જે કોઈ પણ ભાગમા

હોવાનો તેને હક ન હોય તે ભાગમા દાખલ થાય અથવા હોય, અથવા (૨) ઉપર કહ્યા પ્રકારની કોઇપણ જગામા (અથવા મલીકસુઆઝમની તાબાની કોઇ પણ કચેરીમા) કાયદેસર રીતે અથવા ગેરકાયદેસર રીતે હોય ત્યારે, તેને મેળવવાનો હક ન હોય એવો કોઇ પણ દસ્તાવેજ, સ્કેચ, પ્લાન, મોડેલ અથવા કોઇપણુ (મલિકસુઆઝમના દરીયાઇ કાફલાના લશ્કર અથવા દિવાની કામકાજને લગતી કાઇ પણુ માહિતી અથવા એવા કોઇ પણુ દસ્તાવેજ, સ્કેચ, પ્લાન અથવા મોડેલની નકલ) મેળવે, (અથવા મેળવવાની કોશીષ કરે) અથવા કાયદેસર અખત્યાર શિવાય (એવો) કોઇ પણુ સ્કેચ અથવા પ્લાન પાડે, અથવા (પાડવાની કોશીષ કરે) અથવા (૩) માલિક માઆઝમાના તાબાના કોઇ પણુ કીલ્લાની, દારૂખાનાની, કારખાનાની, ગોદીની અથવા કાપની બહાર હોય ત્યારે મલિકા માઆઝમાએ અથવા તેની વતી આપેલા અખત્યાર શિવાય તે કીલ્લાની, દારૂખાનાની, કારખાનાની, ગોદીની અથવા કાપની કોઈ પણુ સ્કેચ અથવા પ્લાન પાડે અથવા પાડવાની કોશીસ કરે અથવા (બ) આ આક્ટ વિરૂદ્ધ ગુન્હો થતો હોય એવુ કોઇ પણુ કૃત્ય કરીને મેળવેલો કોઇ પણુ દસ્તાવેજ, સ્કેચ, પ્લાન, મોડેલ અથવા માહિતી અથવા પાડેલી કોઈપણુ સ્કેચ અથવા પ્લાન, પોતાના કબજામા અથવા અખત્યારમા જાણી બુજીને રાખનારો કોઇ પણુ શખસ, તે દસ્તાવેજ, સ્કેચ, પ્લાન, મોડેલ અથવા માહિતી, સરકારના હિત માટે જે કોઇપણુ માણસને જે વખતે જણાવવી યોગ્ય ન હોય તે વખતે તે માણુસને જાણી જોઇને અને કાયદેસર અખત્યાર શિવાય જણાવે અથવા જણાવવાની કોશીશ કરે, અથવા (ક) જે પ્રસગે, ઉપગ કહ્યા પ્રકારની કોઇ જગા સબધી, અથવા મલિકા માઆઝમના લશકરના અથવા દરીયાઇ કાફલાના (અથવા દિવાની) કામકાજ સબધી કોઇ પણુ દસ્તાવેજ, સ્કેચ, પ્લાન, મોડેલ અથવા માહિતી મલિકા માઆઝમાના તાબા હેઠળના કોઇ અમલદારે વિશ્વાસ રાખીને જે શખસને સોપી હોય તે શખસ એવો દસ્તાવેજ, સ્કેચ, પ્લાન મોડેલ અથવા માહિતી, સગકારના હિત માટે બીજા કોઇને જણાવવાનુ યોગ્ય ન છતા જાણી જોઇને અને વિશ્વાસઘાત કરીને જણાવે

તે પ્રસગે તે શખસને એક વર્ષની મુદત સુધીની કેદની અથવા દડની અથવા એ બનેની શિક્ષા થશે

(૨)—જ્યારે કોઇ શખસ પેટા કલમ (૧) ના પેટા સદર (અ)ની પેટા રકમો (૧) (૨) તથા (૩) મા લખેલુ કોઇપણુ કૃત્ય કાયદેસર અખત્યાર અથવા પગવાનગી શિવાય (જે સાબીત કરવાનો બોજો તેના પર રહેશે) કરશે, ત્યારે તેણે એવુ કૃત્ય ખોટી રીતે ખબર મેળવવાના કારણુસર કર્યું છે એવુ અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે," અને (૩) જે પ્રસગે કોઇ પણુ શખસ, અથવા બીજી કોઇ જગા સબંધી મલિકા માઆઝમાના તાબામા કોઇપણુ કીલ્લા, દારૂખાના, કારખાના, ગોદી, કાપ, વહાણુ, કચેરી અથવા તેવી બીજી કોઇ જગા સબધી અથવા મલિકા માઆઝમાના લશ્કરના અથવા દરીયાઇ કાફલાના (અથવા દિવાની) કામકાજ સબધી જે કોઇપણુ દસ્તાવેજ સ્કેચ, પ્લાન, મોડેલ અથવા માહિતી પોતાના કબજામા હોય તે, સરકારના હિત માટે જે માણુસને જે વખતે જણાવવા યોગ્ય નથી એવુ તેને માલમ હોય તે માણુસને તે વખતે જાણી જોઇને જણાવે, તે પ્રસગે સદરહુ શખસ તેણે આ કલમના ઉપરના ઠરાવ મુજબ ગુન્હો કર્યો હોત તો જે શિક્ષાને પાત્ર થાત, તે શિક્ષાને પાત્ર થશે, પછી ઉપગ કહ્યા પ્રકારનો દસ્તાવેજ, સ્કેચ, પ્લાન મોડેલ અથવા માહિતી ગમે તે રીતે મેળવી હોય અથવા સદરહુ સ્કેચ અથવા પ્લાન ગમે તે રીતે પાડયો હોય

(૪) જે પ્રસગે કોઇપણુ શખસ અમુક કૃત્ય કર્યાથી ગુન્હો થાય છે એમ આ કલમથી ઠરાવ્યુ હોય તે કૃત્ય કરશે તે પ્રસગે તેને, પોતે પાડેલી કોઇપણુ સ્કેચ અથવા પ્લાન, અથવા પોતે મેળવેલી અથવા ઉપર કહ્યા પ્રમાણે પોતાને સોપવામા આવેલી કોઇપણુ ખબર દસ્તાવેજ, સ્કેચ, પ્લાન, મોડેલ, અથવા માહિતી પારકા ગજ્યને જણાવવાનો તેનો ઇરાદો હશે તો અથવા તે પોતે પારકા રાજ્યના કોઇપણુ એજન્ટને જણાવશે તો, જીવતા સુધીની અથવા ઓછામા ઓછા પાચ વરસની મુદત સુધીની સમુદ્રપાગની, અથવા બે વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા થશે

૪.—(૧) જે પ્રસગે કોઇપણુ શખસ, પોતે મલિકા માઆઝમાના તાબા હેઠળનો કોઈ હુદ્દો ધારણુ કરતો હોય અથવા એવો હુદ્દો ધારણુ કર્યો હોય તેને લીધે કાયદેસર અથવા ગેરકાયદેસર રીતે પોતાના કબજામા અથવા અખત્યારમા આવેલો કોઇપણુ દસ્તાવેજ, સ્કેચ, પ્લાન અથવા મોડેલ અથવા પોતે પ્રાપ્ત થયેલી કાઇપણુ માહિતી સાર્વજનિક હિત માટે જે શખસને જે વખતે જણાવવી યોગ્ય ન હોય તે વખતે તે શખ-

સને લાચ લઈને અથવા પોતાના હુદાની ફરજની વિરૂદ્ધ જણાવે અથવા જણાવવાની કોશીશ કરે તે પ્રસંગે તે શખસ હુદાનો લગતો વિશ્વાસઘાત કર્યા બદલ ગુન્હેગાર થાય છે એમ સમજવુ

(૨) હુદાને લગતો વિશ્વાસઘાત કર્યા બદલ ગુન્હેગાર થયેલા શખસને નિચે પ્રમાણે શિક્ષા થશે એટલે

(અ) જો કોઈ પારકા રાજને ખબર જણાવવામા આવી હોય અથવા જણાવવાની કોશીશ કરવામા આવી હોય તો, જીવતા સુધીની અથવા ઓછામા ઓછા પાચ વર્ષની મુદત સુધીની સમુદ્રપારની અથવા બે વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા થશે અને (બ) બીજે કોઇપણ પ્રસગે એક વર્ષની મુદત સુધીની કેદની અથવા દડની, અથવા એ બંનેની શિક્ષા થશે (ક) આ કલમ સરકારના કોઈપણ ખાતા સાથે અથવા મલિકામાઆઝમના તાબા હેઠળનો કોઇ પણ હુદ્દો ધારણ કર્યો હોય ત્યારે તેવા ધારણ કરનાર તરીકે સાથે કોઇ શખસે કરાર કર્યો હશે અને એવા કરાર ઉપરથી જે પ્રસગે કાઇ વાત છુપી રાખવાની જવાબદારી તેને માથે પડતી હશે તે પ્રસગે તે સખસને, અને સદરહુ પ્રકારનો કરાર કરનાર કોઇપણ શખસે શખસોની મહળીએ કામે લગાડેલા જે કોઈપણ આસામીને માથે વાત છુપી રાખવાની તેવીજ જવાબદારી પડતી હશે તે આશામીને, જાણે સદરહુ કરાર કરનાર શખસ તથા કામે લગાડેલા આસામી મલિકામાઆઝમાના તાબા હેઠળનો હુદ્દો ધારણ કરતા હોય તે પ્રમાણે લાગુ પડશે

' ૫.—(૧) સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામા ગમે તે ઠરાવ હોય તોપણ, મલિકા મુઆઝમના તાબાના કોઇપણ કીલ્લા સબધી, દારૂખાના સબધી, કારખાના સબધી, ગોદી સબધી, કાપ સબધી, અથવા વહાણ સબધી અથવા મલિકામુઆઝમના લશ્કરના અથવા દરી-આઈ કાફલાના કામકાજ સબંધી આ આકટ મુજબનો કરેલો દરેક ગુન્હો સદરહુ કાયદાના કારણ સારૂ કોગ્નિઝેબલ ગુન્હો છે એમ સમજવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે એવુ કોઇપણ જાતનુ તોહોમત જેની ઉપર આવ્યુ હોય તે શખસને પહેલા વર્ગના માજીસ્રેટના હુકમ વગર જામીન ઉપર છુટો કરવો નહિ,

(૨) અથવા વિરૂદ્ધ કરેલો બીજો દરેક ગુન્હો નોનકોગ્નિઝેબલ છે એમ સમજવુ

૬ —(૧) હિદુસ્તાનના ફોજદારી કાયદામા વ્યાખ્યા કર્યા પ્રમાણે સરકારી નોકર હોય એવો કોઈ પણ શખસ, જે કોઈ શખસ તેના મત પ્રમાણે ૫ મી કલમની પેટા કલમ (૧) મા લખેલા ગુન્હા પૈકી કોઈપણ ગુન્હો કરે તેને પકડવાને મુખત્યાર છે, અને એવા શખસે, અથવા જે પોલીસ અમલદારે કોઈપણ માણસને, એવો ગુન્હો કર્યાના તહોમત માટે પકડયો હોય તે પોલીસ અમલદારે, અને એવા કોઈ પણ તોહોમત માટે પકડેલા કોઇપણ માણસને જે કોઇપણ પોલીસ અમલદારને હવાલ કર્યો તે પોલીસ અમલદારે એવા માણસને એવો કીલ્લો, દારૂખાનું, ગોદી, કાપ અથવા વહાણ વિદ્યમાન કાળે જેના કમાડમા હોય એવા અમલદાર પાસે અથવા પાસેમા પાસેનુ લશ્કરી થાણુ જેના કમાડમા હોય એવા અમલદાર પાસે. અથવા પહેલા વર્ગના માજીસ્રેટ પાસે લઇ જવો અથવા મોકલવો.

(૨) જ્યારે એકાદા માણુસને પેટા કલમ (૧) ની રૂએ કોઈ કમાડિંગ અથવા બીજા અમલદારે પોતાને યોગ્ય લાગે તો, એવા માણુસને છોડી મૂકવાને મુખત્યાર છે, પણ જો તે તેને છોડી ન મૂકે તો તેણે તે માણુસને નકામી ઢીલ કર્યા વગર, પાસેમા પાસેના પોલીસ થાણામા અથવા પહેલા વર્ગના કોઇપણ માજીસ્ટ્રેટ પાસે લઇ જવો અથવા મોકલવો

(૩) જ્યારે એકાદા માણુસને પેટા કલમ (૨) ની રૂએ એકાદા પોલીસ થાણામા અથવા એકાદા માજીસ્રેટ પાસે લઇ જવામા અથવા મોક્લવામા આવ્યો હોય ત્યારે જાણે તેને સદરહુ કમાડિગ અથવા બીજા અમલદાર પાસે ન લઇ જતા અથવા ન મોકલતા એવા પોલીસ થાણામા અથવા એવા માજીસ્રેટ પાસે લઇ જવામા આવ્યો હોય, તે પ્રમાણે સન ૧૮૯૮ ના ફોજદાગી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ઠરાવ કલમ ૭ મા બીજી રીતે ઠરાવ્યુ હોય તે શિવાયને પ્રસગે લાગુ પડશે

૭—(૧) બીજા વર્ગના કોઇપણ માજીસ્રેટને આ આકટ વિરૂદ્ધ કરવામા આવેલા કોઇપણ ગુન્હા માટે કોઇપણ માણસનો ઇન્સાફ કરવાનો અધિકાર નથી

(૨) કોઇપણ કોર્ટે આ આકટ વિરૂદ્ધ કોઇપણ માણસે કરેલા ગુન્હા માટે તેનો ઇન્સાફ કરવો હોય તો, તેણે સ્થાનીક સરકારની અથવા ગવર્નર જનરલ ઇન કૌસિલની સમત્તી વગર કરવો નહિ ”

આબકારી આકટ

(સને ૧૮૭૮ ના મુંબઇનો આકટ ૫ મો અત્યાર સુધી સુધારેલો.)

૧—પ્રથમ નિયમો.

૧ આ આકટને " સને ૧૮૭૮ નો આબકારી આકટ " કહેવો તે આખા મુબઇ ઇલાકાને લાગુ છે અને તે સદરહુ ઇલાકાના કોઇપણ ભાગમા, સરકાર, મુબઇ સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને જે તારીખ ફરમાવશે તે તારીખે અમલમા આવશે

૨ (કાયદા તથા આકટ રદ કરવા બાબત) સન ૧૮૯૫ ના ૧૬ મા આકટ ઉપરથી રદ કરી છે

૩ આ આકટમા વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી બાધ આવતો ન હોય તો,

૧ " **આબકારી મહેસુલ** " આ શબ્દનો અર્થ આ આકટના, અથવા દારૂ બાબત અથવા કેફ લાવનારા વસાણા બાબત વિદ્યમાન કાળે જે બીજો કોઇ કાયદો અમલમા હોય તે કાયદાના ઠરાવો પ્રમાણે જે કાઇ ડયુટી, ફી, કર, અથવા દડ બેસાડયો હશે અથવા સરકાર દાખલ કરવાનો હુકમ કર્યો હશે તેથી મળેલુ અથવા મળવાનુ મહેસુલ

૨ " **આબકારી અમલદાર** " આ શબ્દોનો અર્થ કમિશનર, અથવા કલેકટર અથવા છઠ્ઠી કલમ પ્રમાણે કાયદેસર રીતે નીમેલો અથવા અધિકાર આપેલો કોઇ અમલદાર અથવા બીજુ માણસ એવો થાય છે

(ક)

૩ '**કમીશનર**' આ શબ્દમા આ આકટના કારણ સારૂ સરકાર જે અમલદારને કમિશનર તરીકે નીમે તે અમલદારનો સમાસ થાય છે

૪ ' **કલેકટર** ' આ શબ્દમા આઆકટ પ્રમાણે કલેકટરનો અધિકાર ચલાવવા સારૂ તથા તેના કર્તવ્ય કર્મો કરવા સારૂ પાચમી કલમ પ્રમાણે નીમેલા કોઇ પણ માણસનો સમાસ થાય છે,

૫ ' **માજીસ્ટ્રેટ** ' આ શબ્દનો અર્થ મુબઈ શહેરમા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અને બીજે ઠેકાણે પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ અથવા આ બાબતમા ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે ખાસ અધીકાર આપ્યા હોય તેવો ત્રીજા વર્ગનો માજીસ્ટ્રેટ એવો થાય છે

ટીકા—આબકારી એકટની રૂએ બનેલા ગુન્હા સેકન્ડ કલાસ માજીસ્ટ્રેટ સાભળી શકે છે એટલે તેવા માજીસ્ટ્રેટ રૂબરૂ અમુક સખસની તપાસ ચાલી તેમા તે નિર્દોષ થઇ છુટયો હોય તો પછી પાછી તેજ કામ માટે તેના ઉપર તજવીજ ચાલી શકતી નથી, પરતુ ગવર્નમેટથી અપીલ ,અથવા ઉપરથી હાઇકોર્ટે એકવીટલ (નિર્દોષપણુ) રદ કરેલ હોય તો ફરીથી તજવીજ થઇ શકે

૬ " **તાડી** ' આ શબ્દનો અર્થ નાળીએરીમાથી અથવા તાડમાથી અથવા ખજુરીમાથી અથવા કોઇપણ જાતના તેવા ઝાડમાથી કહાડેલો રસ એવો થાય છે, પછી તે ફરમેટેડ સ્થિતીમા હોય કે અન-ફરમેટેડ સ્થિતીમા હોય

ટીકા—ચડુલ એ અફીણની એક બનાવટ છે, અને જેના કબજામાથી ચંડુલ મળી આવે તેના સબધમા આબકારી એકટના કાનુનો લાગુ પડતા નથી, પરતુ ઓપીઅમ રૂએ તેવા સખસ ઉપર કામ ચલાવી શકાય છે (૯ ક્રી લો જ ૨૩૪)

૭ "**દારૂ**" શબ્દમા નીચેના પદાર્થોનો સમાવેશ થાય છે—

(અ) વૈન દારૂના અર્ક, મીથીલેટેડ અર્ક, વૈન, તાડી, બીર, તથા આલ્કોહોલથી થયા હોય એવા અથવા જેમા આલ્કોહોલ હોય એવા સઘળા પ્રવાહી પદાર્થો, અને " અર્ક " નો અર્થ જે દારૂમા આલ્કોહોલ હોય અને જે ગાળીને તૈયાર કરેલો હોય તેવો કોઇ પણ દારૂ થાય છે, પછી તે વિકૃત થયેલો હોય કે ન હોય તેની હરકત નાહ

(બ) આ આકટના કારણ સારૂ જે કોઇ પણ બીજો કેફ લાવનારો પદાર્થ, સરકાર, મુબઇ સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, દારૂ છે એમ ઠરાવે તે પદાર્થ

૮ " **ગામઠી દારૂ** " આ શબ્દોમા હિંદુસ્થાનમા ઉત્પન્ન થયેલા અથવા તૈયાર કરેલા સઘળા દારૂનો સમાસ થાય છે

" **પરદેશી દારૂ** " આ શબ્દોમા હિંદુસ્તાનમા જળમાર્ગે અથવા ખુસ્કીને રસ્તે લાવવામા આવેલા સઘળા દારૂનો સમાસ થાય છે

પણ એવુ ઠરાવ્યુ છે કે ગવરનર જનરલ ઇન કાઉન્સીલની મંજુરી લઇને, સરકાર મુંબઇ સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, કોઇપણ નિર્દિષ્ટ કરેલા પ્રકારનો ગામઠી દારૂ આ આક્ટના કારણ સારૂ પરદેશી દારૂ ગણવો એમ ઠરાવવાને મુખત્યાર છે

(૯) " **કેફ લાવનારૂં વસાણું** " આ શબ્દોમા ગાંજાનો, ભાગનો, ચરસનો તથા તેમાથી તથા તે મેળવીને તૈયાર કરેલા દરએક પદાર્થનો સમાસ થાય છે અને ગાંજામાથી અથવા ધાન્યમાથી અથવા બીજા પદાર્થમાથી તૈયાર કરેલા જે જે કેફ લાવનારા પીવાના પદાર્થનો અથવા કેફ લાવનારી જણસનો સમાસ થાય છે પણ અફીણનો સમાસ થતો નથી

(અ) તેમજ સન ૧૮૭૮ ના અફીણના આક્ટમા અફીણ શબ્દની વ્યાખ્યા કરી છે તે પ્રમાણે તે શબ્દના અર્થમા જે કોઇ પદાર્થનો સમાસ થતો હશે તે પદાર્થનો સમાસ થતો નથી

(બ) " ભાગનો છોડ " આ શબ્દનો અર્થ, જે કોઇપણ જાતના ભાગના છોડમાથી કેફ લાવનારા વસાણા તૈયાર કરી શકાય છે તે છોડ એવો થાય છે

" પણ એવુ ઠરાવ્યુ છે કે સરકાર, મુંબઇ સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, કોઇ પણ બીજો પદાર્થ તથા તેવાથી તથા તે મેળવીને તૈયાર કરેલા દરેક પદાર્થ આ આક્ટના કારણ સારૂ કેફ લાવનારા વસાણા ગણવા એમ ઠરાવવાને મુખત્યાર છે "

ટીકા—૬૨ કલમમા (મેડીકેટેડ આરટીકલ) વૈદ્યકીય રીતે તૈયાર કરેલ વસ્તુનો અર્થ કોઇ રીતે વૈદ્યકીય ચીજો મેળવી બનાવટ કરેલી વસ્તુ સમજવાનો છે કોકેનનો તેમા સમાસ થતો નથી, કારણ કે કોકેન વસ્તુત. વૈદ્યકીય ચીજ છે

(૧૦) ' લાવવુ ' શબ્દનો અર્થ મુંબઇ ઇલાકામા લાવવુ એવો અર્થ થાય છે

' બહાર મોકલવુ ' શબ્દોનો અર્થ સદરહુ ઇલાકાની બહાર લઇ જવુ એવો થાય છે

' એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવુ ' એ શબ્દોનો અર્થ સદરહુ ઇલાકાની અંદર એક જગાએથી બીજી જગાએ લઈ જવુ એવો થાય છે

(૧૧) 'તૈયાર કરવો' એ શબ્દોમા જે જે સ્વાભાવિક અથવા માનુષીક ક્રિયાથી કોઇપણ જકાતી પદાર્થ તૈયાર થાય છે તે તે ક્રિયાનો તથા દારૂને શુદ્ધ કરવાની, સુવાસિત કરવાની, ભેળ કરવાની, અથવા રંગિત કરવાની દરેક ક્રિયાનો પણ સમાવેશ થાય છે "

(૧૨) " શેર " આ શબ્દનો અર્થ એંશી તોલાભાર વજન થાય છે,

(૧૩) "મહુડા" એ શબ્દોમા મહુડાના ઝાડના ફળ અથવા બીજનો સમાસ થતો નથી એમ સમજવુ

(૧૪) 'વિકૃત થયેલો' એ શબ્દોનો અર્થ માણસને પીવા માટે પુરેપુરી રીતે તથા કાયમને માટે નાલાયક થયેલો એવો થાય છે

(૧૫) ' જકાતી પદાર્થ ' આ શબ્દોનો અર્થ આમા આગળ વ્યાખ્યા કર્યા પ્રમાણેનો કોઈપણ દારૂ અથવા કેફ લાવનારૂં વસાણું એવો થાય છે તથા તેમા તેમનો સમાવેશ થાય છે

(૧૬) પરદેશી દારૂના સબંધમા, 'શીશીમા ભરવુ' એ શબ્દોનો અર્થ પીપમાથી અથવા બીજા કોઇ વાસણમાથી શીશીમા અથવા બીજા કોઇપણ પાત્રમા વેચાણ માટે ભરવુ એવો થાય છે

(૧૭) " છેદવુ " શબ્દનો અર્થ, કોઇ ઝાડમાથી રસ કાઢવા માટે તે ઝાડનો કોઈપણ ભાગ તૈયાર અથવા કાઇપણ સાધન વાપરવુ એવો થાય છે

(૧) ' હિંદુસ્તાન ' આ શબ્દનો અર્થ, બ્રિટીશ હિંદુસ્તાન, તથા જે કોઇપણ દેશી રાજા કે હાકેમ ઉપર મલિકામોઆઝમની સર્વોપરી સત્તા ચલાવવામા આવતી હોય તે રાજા અથવા હાકેમનો કોઇ પણ મુલક એવો થાય છે '

" ૩. અ (૧) જ્યારે કોઇપણ શખસે બીજા કોઇપણ શખસને હિસાબે કોઇપણ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ તૈયાર કર્યો હોય, અથવા વેચ્યો હોય, અથવા કબજામા રાખ્યો હોય, અને એ એમ

બીજા શખશે તે વખતે એમ જાણ્યુ હોય અથવા તેમ માનવાનું તેને કારણ મળ્યુ હોય તો, અથવા સદરહુ પદાર્થ પોતાને હિસાબે કબજામા રાખવામા આવે છે એમ તે જાણતો હોય અથવા તેમ માનવાનુ તેને કારણુ હોય તો સદરહુ પદાર્થ આ આક્ટના કારણુ સારૂ આવા બીજા માણસે તૈયાર કર્યો છે, અથવા વેચ્યો છે, અથવા તેના કબજામા છે એમ સમજવુ

(૨) જે કોઇપણુ શખસ બીજા કોઇપણુ શખસને હિસાબે કોઇ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ તૈયાર કરે, વેચે, અથવા કબજામા રાખે, તે શખસ, આવો પદાર્થ ગેરકાયદેસર રીતે તૈયાર કરવા માટે વેચવા માટે અથવા કબજામા રાખવા માટે આ આક્ટની રૂએ કાઇપણુ શિક્ષાને પાત્ર થવાના જવાબદારીમાથી, પેટા કલમ (૧) ના કોઇપણુ ઠરાવ ઉપરથી છુટી જાય છે એમ સમજવુ નહિ ”

૨—એસ્ટાબ્લીશમેંન્ટ તથા નિર્બંધ.

૪. કમીશનરોના નિબંધને તથા હુકમને અને સરકારના હુકમોને અનુસરીને આબકારી મેહેસુલ વસુલ કરવાનુ તથા આ આક્ટના ઠરાવ અમલમા લાવવાનુ કામ કલેકટરોને સોપ્યુ છે

આ આક્ટના કામણો સારૂ મુબઇનો કલેકટર સરકાર ફરમાવશે તે કમીશનરના તાબામા રહેશે

૫. કમિશનરના તથા સરકારના નિર્બંધ શિવાય વળી કાઇપણુ નિર્બંધ સરકાર વખતે ફરમાવે તો તે નિર્બંધને અનુસરીને, આ આક્ટની રૂએ કલેકટરને આપેલા સઘળા અધિકાર તથા તેને સોપેલા સઘળા કર્તવ્ય-કર્મો કોઇપણુ ડિસ્ટ્રિક્ટમા અથવા જગામા ચલાવવા સારૂ તથા કરવા સારૂ જમીન મહેસુલના કલેકટર શિવાય બીજા કોઇ માણસને મુબઇ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને નીમવાને સરકાર મુખત્યાર છે

૬. આ આક્ટના ઠરાવો અમલમા લાવવાના કામમા કલેક્ટરોને મદદ કરવા, કમિશનરો આ બાબત સરકારે વખતે વખતે જે હુકમ કર્યા હશે તે હુકમોને અનુસરીને પોતાને યોગ્ય લાગે તેવા તાબામાના અમલ-દારોને પોતાને યોગ્ય લાગે તેવા નામથી નિમવાને તથા પોતાને યોગ્ય લાગે તેવા આ આક્ટ પ્રમાણેના અધિકાર તથા કર્તવ્યકર્મો તે દરેકને સોપવાને મુખત્યાર છે

આ આક્ટ પ્રમાણેના પોતાને યોગ્ય લાગે તેવા અધિકાર તથા કર્તવ્યકર્મો કોઇ પણુ ખાતાના કોઇપણુ સરકારી અમલદારને તેના જાતના અથવા તેના હોદ્દાના સબધથી અથવા બીજા કોઈ માણસને આપવાનો તથા સોપવાનો અધિકાર સરકારને અથવા સદરહુ પ્રકારના હુકમોને અનુસરીને કમિશનરોને છે અને પછી સદરહુ પ્રકારના અમલદારે પોતાના મુખ્ય હોદ્દાના અધિકાર શિવાય તથા કર્તવ્યકર્મો શિવાય વળી સદરહુ અધિકાર ચલાવવા તથા કર્તવ્યકર્મો કરવા

પણુ એવુ ઠરાવ્યુ છે કે છત્રીસમી કલમ પ્રમાણેના તથા ચાળીસમી કલમની (બ) રકમ પ્રમાણેના અધિકાર કોઇ ખાતાના જે કોઈ અમલદારનો દરજ્જો પટાવાળાના અથવા કોનસ્ટેબલના કરતા મ્હોટો નહિ હોય તે અમલદારને કોઈ પણુ પ્રસગે આપવા નહિ, અને આ કલમ પ્રમાણે કાઈ અધિકાર અથવા કર્તવ્યકર્મો આપ્યા હોય અથવા સોપ્યા હોય તે આપવુ અથવા સોપવુ જે અધિકારીએ કર્યું હોય તેને, તે હરકોઇ વખતે રદ કરવાનો અથવા તેમા ફેરફાર કરવાનો અધિકાર છે

૭. ઉપરની છેલ્લી કલમના ઠરાવ પ્રમાણે કમિશનરોએ જે કોઇ તાબામાના અમલદારને નીમ્યો હોય અથવા જે કોઇ અમલદારને વળી બીજો અધિકાર આપ્યો હોય અથવા કર્તવ્યકર્મો કહ્યા હોય તેને ખાતાની કાનુન અથવા બદોબસ્ત તોડ્યા બદલ અથવા બેફિકરાઇ કર્યા બદલ અથવા નાલાયકી બદલ અથવા કર્તવ્ય કર્મની ગફલત બદલ અથવા બીજી ગેરચાલ બદલ ચોકશી કરીને તથા તે દફતરમા લખી દરજા ઉપર ઉતાર-વાનો અધિકાર કમિશનરોને ઉપર કહેલા પ્રકારના હુકમને અનુસરીને છે

૮. ઉપરની બેઉ કલમો ઉપરથી પોતાને જે અધિકાર હોય તે સઘળો અથવા થોડા અધિકાર પોતાના તાબામાના કલેકટરોને અથવા કોઇ કલેકટરને આપવાનો અખત્યાર કમિશનરોને છે અને સદરહુ પ્રમાણે કાઇ અધિકાર આપ્યો હોય તે આપવાનુ હરકોઇ વખતે રદ કરવાનો અધિકાર પણુ તે કમિશનરોને છે

“ બાબ ૩—લાવવું, બહાર મોકલવું તથા એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવું ”

૯—(૧) હેઠળ લખ્યા પ્રમાણે હકિકત હોવા શિવાય કોઇ પણ જકાતી પદાર્થ તથા ભાગના છોડ લાવવા નહિ—

(અ) તે લાવવા માટે સરકાર તરફથી સામાન્ય અથવા વિશેષ પરવાનગી આપવામા આવ્યા શિવાય, (બ) સરકાર નાખે તેવી શરતો (જો નાખી હોય તો) પાળવામા આવ્યા શિવાય, અને (ક) ૧૯ મી કલમની રૂએ જો કાઇ ડયુટી નાખવામા આવી હોય તો તે આપવામા આવ્યા શિવાય, અથવા તે અથવા તે આપવા માટે બાડ કરી આપવામા આવ્યા શિવાય

(ક) ૧૯ મી કલમની રૂએ જો કાઈ ડયુટી નાખવામા આવી હોય તો તે આપવામા આવ્યા શિવાય અથવા તે આપવા માટે બાડ કરી આપવામા આવ્યા શિવાય

(૨) જે કોઈ પણ પદાર્થ બ્રિટિશ હિંદુસ્તાનમા લાવવામા આવ્યો હોય તથા એવી રીતે લાવતી વખતે, સન ૧૮૯૪ ના હિંદુસ્તાનના તારીફ આકટની રૂએ અથવા સન ૧૮૭૮ ના જળમાર્ગના કસ્ટમના આકટની રૂએ ડયુટીનો પાત્ર હોય તેવા કોઈ પણ પદાર્થને પેટા કલમ (૧) લાગુ પડશે નહિ (૩) જે દારૂ બ્રિટિશ હિંદુસ્તાનમા તૈયાર કરવામા આવ્યો હોય તથા જે ૩ જી કલમની (૮) મી રકમની રૂએ જાહેરનામુ પ્રસિદ્ધ કરીને પરદેશી દારૂ ઠરાવવામા આવ્યો હોય તે દારૂને પેટા કલમ (૧) ની રકમો (અ) તથા (બ) લાગુ પડશે નહિ.

ટીકા—કોઈ દેશી રાજ્યમાથી બ્રિટિસ ઇન્ડિયામા આબકારી એકટ મુજબની પાસ ચીઠ્ઠી વગર દારૂ લાવવો તે સદરહુ એક્ટ મુજબ ગુન્હો છે, અને તેજ દેશી રાજ્યના બીજા ગામે તે દારૂ લઈ જવાનો હોય તો પણ તે ગુન્હો બને છે, (રતનલાલ અનરી કી ૩૧૩)

૧૦. હેઠળ લખ્યા પ્રમાણે હકીકત હોવા શિવાય, કોઈ પણ જકાતી પદાર્થ તથા કોઈ ભાગના છોડ બહાર મોકલવા અથવા એક ઠેકાણેથી બીજે લઈ જવા નહિ —

(અ) ૧૯ મી કલમની રૂએ કાઈ પણ ડયુટી નાખવામા આવી હોય તો તે, અથવા (બ) સદરહુ પદાર્થ આગળથી લાવવામા આવ્યો હોય તો, તે લાવતી વખતે સન ૧૮૯૪ ના હિંદુસ્તાનના તારીફ આકટની રૂએ અથવા સન ૧૮૭૮ ના જળમાર્ગના કસ્ટમની રૂએ કાઈ પણ ડયુટી નાખવામા આવી હોય તો તે આપવામા આવ્યા શિવાય, અથવા તે આપવા માટે બાડ કરી આપવામા આવ્યા શિવાય

૧૧ સરકાર મુબાઈ સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને

(અ) ગવર્નર જનરલ ઇન કૌન્સિલની અગાઉથી મંજુરી લઇને મુંબઈ ઇલાકામા અથવા તેના કોઈ પણ ભાગમા કોઈ પણ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ લાવવાની અથવા મુંબઈ ઇલાકામાથી અથવા તેના કોઈ પણ ભાગમાથી તે બહાર મોકલવાની,

(બ) કોઈ પણ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ એક ઠેકાણેથી બીજે ઠેકાણે મોકલવાની મનાઈ કરવાને મુખત્યાર છે.

૧૨. એકંદર રીતે આખા ઇલાકા સારૂ અથવા વિશેષ રીતે કોઈ પણ સ્થાનિક પ્રદેશ સારૂ જે પરિમાણ મુબાઈ સરકારી ગેઝેટમા જાહેરનામું પ્રસિદ્ધ કરીને સરકાર ઠરાવે તે પરિમાણના કરતા વધારે પરિમાણનો કોઈ પણ જકાતી પદાર્થ તથા ભાગનો છોડ, તરત નીચેની કલમના ઠરાવોની રૂએ આપવામા આવેલો પાસ ન હોય તો, લાવવા અથવા બહાર મોકલવા અથવા એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવા નહિ. પણ એવુ ઠરાવ્યુ છે કે—

(૧) વિકૃત થયેલા અર્ક સિવાયના ડયુટી ભરેલી હોય એવા પરદેશી દારૂની બાબતમા સરકાર મુબાઈ સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને કોઇ પણ સ્થાનિક પ્રદેશ માટે બીજી રીતે ફરમાવે તે સિવાયને પ્રસંગે પાસ મેળવવાની જરૂર રહેશે નહિ, (૨) સરકાર બીજી રીતે ફરમાવે તે શિવાયને પ્રસંગે આ બાબતમા યોગ્ય અધિકાર મળેલો હોય એવા અમલદારે આપેલા પાસથી મુબઈ ઇલાકાની હદ બહારની કોઈ પણ જગાએથી તે ઇલાકાની હદબહારની બીજી કોઈ પણ જગાએ લઈ જવામા આવેલા કોઈ પણ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ લાવવા માટે, એક ઠેકાણે લઈ જવા માટે અને બહાર મોકલવા માટે કોઈ પણ પાસની જરૂર પડશે નહિ

૧૩ જકાતી પદાર્થો અથવા ભાગના છોડ લાવવા, બહાર મોકલવા અથવા એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવા માટે પાસ આપવાનો અધિકાર કલેકટરને અથવા આ બાબતમા યોગ્ય રીતે મુખત્યાર આપેલા બીજા કોઇ પણ આબકારી અમલદારને છે

સદરહુ પ્રકારના દરેક પાસમા હેઠળ લખેલી બાબતો નિર્દીષ્ટ કરેલી હોવી જોઇએ—

(અ) જે શખ્સને જકાતી પદાર્થો અથવા ભાગનો છોડ લાવવાનો, બહાર મોકલવાનો અથવા એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાનો અધિકાર આપવામા આવ્યો હોય તે સખસનું નામ, (બ) જે મુદત સુધી તે પાસ અમલમા રહેવાનો હોય તે મુદત (ક) જે જકાતી પદાર્થો અથવા ભાગના છોડ માટે સદરહુ પાસ આપવામા આવ્યો હોય તેનુ પરિણામ તથા વર્ણન, અને (ડ) જે જગાએથી તથા જે જગામા જકાતી પદાર્થો અથવા ભાગના છોડ લાવવાના હોય, બહાર મોકલવાના હોય અથવા એક ઠેકાણેથી બીજે ઠેકાણે મોકલવાના હોય તે જગા, અને તે જગાઓ વચ્ચેનુ અતર દશ માઇલના કરતા વધારે હોય તેવે પ્રસંગે જે માર્ગે તે લઇ જવાના હોય તે માર્ગ ”

બાબ ૪—વાવેતર કરવું તથા તૈયાર કરાવવું.

૧૪ (૧) આમા હવે પછી બીજી રીતે ઠરાવ્યુ હોય તે શિવાયને પ્રસગે, તે બાબત કલેકટરે આપેલા લાઇસન્સના અધિકાર શીવાય તથા તે લાઇસન્સની શરતોને પાત્ર રહ્યા શિવાય—

(અ) કોઈ પણ જકાતી પદાર્થ તૈયાર કરવો નહિ, (બ) કોઈ પણ ભાગના છોડનુ વાવેતર કરવુ નહિ અથવા તે એકઠો કરવો નહિ, (ક) કોઇ પણ તાડી ઉત્પન્ન કરનાર ઝાડને છેદવુ નહિ, (ડ) કોઇ પણ ઝાડમાથી તાડી કાડવી નહિ, (ઇ) કોઇપણ પરદેશી દારૂને શીશીમા ભરવો નહિ, અને (ફ) કોઇ પણ માણસે તાડી શિવાયના કોઇ પણ જકાતી પદાર્થ તૈયાર કરવા સારૂ કાઇ પણ માલ મસાલાનો, અર્ક કાઢવાના યત્રોનો, પાત્રનો અથવા ઓજારનો અથવા સચાનો ઉપયોગ કરવો નહિ, અથવા તે રાખવા નહી અથવા તે પોતાના કબજામા રહેવા દેવા નહિ (૨) કોઈ પણ દારૂના ભઠ્ઠા અથવા બ્રુઅરી, (બીર વીગેરે તૈયાર કરવાનુ કારખાનુ) ૧૫ મી કલમની રૂયે કમિશનરને તે બાબતમા આપેલા લાઇસન્સના અધિકાર શિવાય તથા તેની શરતોને પાત્ર રહ્યા શિવાય બનાવવી નહિ અથવા ચલાવવી નહિ

૧૪. અ કોઇ પણ શખસે કાયદેસર અધિકાર રિવાય કોઇ પણ જકાતી પદાર્થ અથવા ભાગના છોડ ગેરકાયદેસર રીતે લાવવામા આવ્યા છે, બહાર મોકલવામા આવ્યા છે, એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવામા આવ્યા છે અથવા તૈયાર કરવામા આવ્યા છે એમ જાણ્યા છતા અથવા તેમના ઉપર ઠરાવેલી ડયુટી ભરવામા આવી નથી એમ જાણ્યા છતા તે પદાર્થ અથવા ભાગના છોડ કોઇ પણ પરિમાણમા કબજામા રાખવા નહિ

૧૪. બ (૧) કોઇ પણ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ તૈયાર કરવાનુ અથવા વેચવાનુ લાઈ-સન્સ ન મળ્યુ હોય એવા કોઇ પણ શખસે અને વેચવાનુ લાઇસન્સ મળેલુ હોય એવા કોઇ પણ શખસે પોતાના લાઇસન્સમા અધિકાર આપ્યો હોય તે રીત સીવાયની કોઈ પણ રીતે, સરકાર ૧૭ મી કલમની રૂયે છુટક વેચાણનુજ પરિમાણ ઠરાવે તે પરિમાણથી વધારે પરિમાણમા કોઇ પણ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ કલેકટરની પરવાનગી ચિઠી શિવાય પોતાના કબજામા રાખવો નહિ

પણ એવુ ઠરાવ્યુ છે કે—પેટા કલમ (૧) માનો કોઇ પણ ઠરાવ, વિકૃત થયેલો અર્ક ન હોય એવો કોઈ પણ પરદેશી દારૂ કોઈ પણ સામાન્ય હુડાભાડાવાળા અથવા વખારવાળાના કબજામા ભાડાવાળા અથવા વખારવાળા તરીકેજ હોય, અથવા કોઇપણ માણસે વેચાણ માટે નહિ પણ પોતાના ખરેખરા ખાનગી વપરાશ માટે ખરીદેલો હોય તેવા પરદેશી દારૂને લાગુ પડશે નહિ, (૨) પેટા કલમ (૧) મા ગમે તે રીતે ઠરાવ્યુ હોય તે છતા સરકાર મુબઇ સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને કોઇ પણ માણસે અથવા કોઇ પણ વર્ગના માણસોએ, આખા ઇલાકામા સઘળે ઠેકાણે અથવા કોઇ પણ સ્થાનિક પ્રદેશમા કોઇ પણ જકાતી પદાર્થ બિલકુલ કબજામા રાખવો નહી અથવા પોતે ઠરાવે તે શરતોએ રાખવો એમ ઠરાવવાને મુખત્યાર છે

“ ૧૫ કમિશનરને—(અ) ૧૪ મી કલમ ઉપરથી આપેલા લાઈસન્સ પ્રમાણે અર્ક તૈયાર કરી શકાય એવી દારૂની ભઠ્ઠી, સરકારને જે શરતો લાગુ કરવાનુ યોગ્ય લાગે તે શરતોએ સ્થાપવાનો,

(બ) સદરહુ પ્રમાણે સ્થાપેલી કોઇ પણ દારૂની ભઠ્ઠી બધ કરવાનો, (ક) સરકારને જે શરતો લાગુ કરવાનુ યોગ્ય લાગે તે શરતોએ દારૂની ભઠ્ઠી અથવા બ્રુઅરી બનાવવા માટે તથા ચલાવવા માટે લાઇસન્સ

આપવાનો (ડ) કોઇ પણ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ જ્યા ડયુટી આપ્યા વિના અનામત મૂકી શકાય તથા રાખી શકાય એવી વખાર સ્થાપવાનો અથવા તે માટે લાઇસન્સ આપવાનો, અને (ઈ) સદરહુ પ્રમાણે સ્થાપેલી કોઇ પણ વખાર બંધ કરવાનો અધિકાર છે, '

" ૧૫ અ આ આકટની રૂયે સ્થાપવામા આવેલી અથવા જે માટે લાઇસન્સ આપવામા આવ્યુ હોય એવી કોઇ પણ દારૂની ભઠ્ઠીમાથી, બ્રુઅરીમાથી વખારમાથી અથવા બીજી કોઈ ભરી રાખવાની જગામાથી, ૧૯ મી કલમની રૂયે જો કોઇ પણ ડયુટી લાગુ કરવામા આવી હોય તો તે અપાયા શિવાય અથવા તે આપવા બદલનું બાંડ કરી અપાયા સિવાય, કોઇપણ જકાતી પદાર્થ ખસેડવો નહિ.

બાબ ૫—મો-વેચાણ.

૧૬ (૧) આ કલમમા આગળ બીજી રીતના ઠરાવ કર્યા છે તે શિવાયના બીજે કોઈપણ પ્રસગે પદાર્થ અથવા ભાગના છોડ તથા કેફ લાવનારા વસાણા કલેકટરે આપેલા લાઇસેન્સ વગર અથવા પાસ વગર વેચવા નહિ,

પણ એવુ ઠરાવ્યુ છે કે, કોઈ દારૂ હિન્દુસ્તાનમા તૈયાર કરેલો નહિ હોય અથવા ઉત્પન્ન કર્યો નહિ હોય તે જે પીપમા અથવા પ્યાકેજમા આણેલો હશે તેવોજ તે તેના અસલના પીપમા અથવા પ્યાકેજમા હોય ત્યારે અથવા ખરેખરા નમુના તરીકે થોડા થોડા જથામા મુબઈ શહેરમા તથા જે બીજી જગો સરકાર વખતે વખતે ફરમાવે તે બીજી જગામા વેચવાને સદરહુ પ્રકારના કોઈ પણ લાઈસેન્સની જરૂર નથી

(૧) એવુ ઠરાવ્યુ છે કે વેચાણ કરવા સારૂ નીચે લખેલા સખસને સદરહુ પ્રકારના લાઈસેન્સની જરૂર નથી, એટલે,-(૨) ભાગના છોડ શિવાય જે છોડમાથી કાઈ કેફ લાવનારૂ વસાણું ઉત્પન્ન થતું હશે તે છોડનુ વાવેતર કરનારાએ અથવા ધણીએ તે છોડના જે ભાગોમાથી એવુ કેફ લાવનારૂં વસાણું તૈયાર કરવામા આવતું હશે અથવા ઉત્પન્ન થતું હશે તે ભાગોનુ વેચાણ, કેફ લાવનારા વસાણા વેચવાનુ લાઈસેન્સ, આ કલમ પ્રમાણે જે માણસ ધારણ કરતો હશે તે માણસને અથવા કેફ લાવનારા વસાણા તૈયાર કરવા બાબતનુ અથવા બહાર મોકલવા બાબતનુ જે માણસને આ આકટ પ્રમાણે યોગ્ય રીતે લાઈસેન્સ આપ્યુ હશે તે માણસને કરવા સારૂ તે વાવેતર કરનારને અથવા ધણીને

" અને (૩) કોઈ પણ શખસે પોતાના ખાનગી વપરાશ માટે કાયદેસર રીતે મેળવેલા તથા તેનાથી વેચાયલા અથવા તેણે કોઈ સ્ટેશન છોડયા પછી અથવા તેના મરણ પછી તેના તરફથી અથવા તેનામા હિત સબધ ધરાવનારા વારસ વકીલ તરફથી વેચવામા આવેલા કોઈ પણ પરદેશી દારૂના વેચાણ માટે " (૨) બ્રિટિશ હિન્દુસ્તાનના બીજા ભાગોમા વિદ્યમાનકાળે અમલમા હોય તેવા એક લાઇસેન્સના કાયદાની રૂયે આપવામા આવેલુ વેચવા માટેનુ લાઇસિન્સ કમિશનર ઠરાવે તેવી સરતોએ, આ આકટની રૂયે તે બાબત (વેચવા માટે) આપવામા આવેલું લાઇસિન્સ ગણવાનો આધકાર છે "

૧૭ (૧) કોઈ પણ જકાતી પદાર્થ અથવા ભાગના છોડનુ વેચાણ જે પરિમાણની મર્યાદાની અદર તથા બહાર અનુક્રમે છુટક વેચાણ તથા જથ્થાબધ વેચાણ ગણાશે તે પરિમાણની મર્યાદા મુબઈ સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને સરકારને ઠરાવવાનો અધિકાર છે, આવી મર્યાદા આખા મુમઈ ઇલાકાના સબધમા અથવા કોઇપણ સ્થાનિક પ્રદેશના સંબધમા અને સામાન્ય રીતે બધા ખરીદનારાઓના સંબધમા અથવા કોઈ પણ નિર્દિષ્ટ કરેલા વર્ગના ખરીદનારોના સબધમા અને કોઈ પણ નિર્દિષ્ટ કરેલા પ્રસગના સબધમા અથવા સામાન્ય પ્રસગના સબધમા નક્કી કરવાનો અધિકાર છે

(૨) જ્યારે કોઈ પણ જકાતી પદાર્થ અથવા ભાગના છોડના છુટક વેચાણ માટે આવી કોઈ પણ પરિમાણની મર્યાદા ઠરાવવામા આવી હોય ત્યારે તે મર્યાદા કરતા વધુ પદાર્થ કોઈ પણ માણસને એકજ વખતે અથવા કોઈ એકજ માણસને એકજ દિવસે એકદર પરચુરણ વેચાણથી વેચવો નહિ,

પણ એવુ ઠરાવ્યુ છે કે, કલેકટર અથવા આ બાબતમા યોગ્ય રીતે અધિકાર આપેલો કોઈ પણ આબકારી અમલદાર, ૩૫ અ કલમ પ્રમાણે કરવામા આવેલી હોય એવી કોઈ પણ કાનુનોને પાત્ર રહીને કોઈ પણ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ કોઈ કોઈ વખતે આવી મર્યાદા કરતા વધારે છુટક વેચાણથી વેચવાનો વિશેષ હુકમ કરવાને મુખત્યાર છે "

" ૧૭ અ વેચવાને માટે લાઇસન્સ મળેલુ હોય એવા કોઇ પણ શખસે, અથવા એવા શખસને ત્યા કામે રહેલા અથવા તેની સ્પષ્ટ ગર્ભિત પરવાનગીથી તેના તરફથી કામ કરતા કોઇ પણ શખસે, દેખાતી ૧૪ વરસની ઉમ્મરની નીચેના કોઈ પણ શખસને કોઇ પણ જકાતી પદાર્થ તેના પોતાના વપરાશ માટે હોય અને એવા વેચવાને લાઇસન્સ મળેલુ હોય તેવા શખસના મકાન ઉપર અથવા ત્યાથી દુર વપરાશ માટે હોય તેની હરકત નહિ

૧૮ તાડી ઉત્પન્ન કરનારા કોઈ ઝાડના ધણીએ તથા સદરહુ પ્રકારના કોઇ ઝાડના રસ ઉપર હક્ક હોય તેવા કોઇ માણસને તથા કોઈ પણ તાડી કહાડનારે અને ૧૩ મી કલમ પ્રમાણે આપેલી પરવાનગી ચિઠ્ઠી ઉપરથી તાડી એક જગાથી બીજી જગાએ લઇ જનાર અથવા સ્થળાતર કરનાર કોઇ માણસે હેઠળ લખેલા લાઇસેન્સ વગર બીજી રીતે અથવા હેઠળ લખેલા માણસ શિવાય બીજા માણસને તાડી વેચવી નહિ, એટલે—

(અ) સોળમી કલમ પ્રમાણે આપેલા લાઇસેન્સવગર અથવા (બ) દારૂ બનાવવાનુ અથવા વેચવાનું લાઇસન્સ આ એકટ પ્રમાણે જે માણસને આપ્યુ હશે તે માણસ શિવાય બીજા કોઇ માણસને વેચવી નહિ

૧૮ અ. આ આકટના તાડી સબધી કોઈ પણ અથવા સઘળા ઠરાવ મુબઈ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને કોઇ પણ પ્રદેશ બાબત વખતે વખતે સસ્પેડ (મોકુફ) કરવાનો અધિકાર સરકારને છે, અને પછી આ આકટમા ગમે તે ઠરાવ હોય તો પણ સદરહુ પ્રકારનુ જાહેરનામુ જે મુદ્દતસુધી અમલમા રહેશે તે મુદ્દતની દરમીયાન સદરહુ પ્રકારના પ્રદેશમા લાઇસેન્સવગર અથવા પાસ વગર તાડી કહાડવાનો તથા વેચવાનો અધિકાર છે

બાબ ૫—અ મહુડાં બાબતમાં વિશેષ ઠરાવ.

૧૮ (બ) (૧) પેટા કલમ (૩) મા ઠરાવ્યુ છે તે શિવાયને બીજે કોઇ પણ પ્રસંગે, કલેકટરે અથવા આ અર્થે યોગ્ય રીતે અધિકાર મળેલા બીજા કોઇ પણ અમલદારે આપેલા લાઈસેન્સ, પરવાનગી ચિઠ્ઠી અથવા પાસના આધાર શિવાય તથા તેમાની શરતો તથા બોલીને અનુસર્યા શિવાય કોઇ પણ શખસે, ઠરાવેલા વજન કરતા વધારે મહુડા કોઇ પણ ઠરાવેલા પ્રદેશમાથી બાહાર મોકલવા નહિ અથવા તેની અદર આણુવા નહિ, અથવા એવા પ્રદેશમા એકઠા કરવા નહિ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવા નહિ, વેચવા નહિ અથવા પોતાના કબજામા રાખવા નહિ,

(૨) આ કલમમા " ઠરાવેલો પ્રદેશ " એ શબ્દનો અર્થ ભરૂચ, ખેડા, નાસિક (પેટ તાલુકા શિવાય થાણા તથા કુલાબા જિલ્લાના અને સુરત જિલ્લાના પારડી, વલસાડ અને ચીખલી તાલુકાના સઘળા અથવા કાઇક ભાગનો જેમા સમાસ થતો હોય એવો આલીજા ગવર્નર ઇન કૌંસિલ વખતે વખતે આ અર્થે જાહેર કરે તે પ્રદેશ સમજવો અને " ઠરાવેલુ વજન " એ શબ્દોનો અર્થ ચાર શેર અથવા આલીજા ગવર્નર ઈન કૌંસિલ આ અર્થે વખતે વખતે જાહેર કરે તેટલુ ચાર શેરથી વધારે વજન એવો સમજવો

(૩) પરતુ એવુ ઠરાવ્યુ છે કે દરવર્ષે તારીખ ૧૬મી ફેબ્રુવારીથી તે તારીખ ૧૫ મી એપ્રીલ સુધીના બે મહિનામા અથવા આલીજા ગવર્નર ઇનિ કૌન્સિલ મુબઈ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને વખતે ફરમાવે તેની સદરહુ બે મહિના સુદ્ધાની કોઇ પણ વધારે મુદ્દતની અદર, કલ્યાણ, ભીંવડી, કરજત, મુરબાડ, શાહાપુર, અને વાડા તાલુકાની હદ અદરની કોઇ પણ જગામા અથવા આલીજા ગવર્નર ઇનિ કૌન્સલે ઠરાવેલા પ્રદેશમાનો જે કાઇ પણ બીજો ભાગ સદરહુ પ્રમાણે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને નિર્દિષ્ટ કોઈ પણ એક અથવા વધારે તાલુકાઓની અથવા સદરહુ પ્રમાણે ઠરાવેલા પ્રદેશનો બીજો કાઇ ભાગ નિર્દિષ્ટ કર્યો હોય તો તે ભાગના પેદાશના ગમે તેટલા મહુડા એકઠા કરવા બદલ, એક ઠેકાણે લઇ જવા બદલ, વેચવા અથવા કબજામા રાખવા બદલ લાઇસેન્સ, પરવાનગી ચિઠ્ઠી અથવા પાસની જરૂર છે એમ સમજવુ નહિ

વળી એવુ ઠરાવ્યુ છે કે, દરવર્ષે ૧૬ મી ફેબરૂઆરીથી ૧૫ મી જુલાઈ સુધીના પાંચ મહિનાની મુદ્દત દરમિયાન અથવા મુબઇ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને ગવર્નર ઇન કૌન્સિલ સદરહુ પાચ મહિનાનો સમાવેશ થઇ જતો હોય એવી લાબી મુદ્દત વખતો વખત ફરમાવે તે મુદ્દત દરમિયાન,

ખેડા જિલ્લાની હદમા કોઈ પણ જગ્યાએ તે વર્ષે ઉત્પન્ન થયલા મહુડાનો કોઈપણ ભાગ એકઠો કરવા માટે, એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવા માટે, વેચવા માટે અથવા કબજામા રાખવા માટે લાઇસન્સ, પરવાનો અથવા પાસ લેવાની જરૂર પડશે નહિ

બાબ ૬—ડયુટી.

૧૯ સરકાર ફરમાવે તેવા દરે અથવા દરોએ, કોઇ પણ જકાતી પદાર્થ ઉપર હેઠળ લખેલા પ્રસંગોએ સામાન્ય રીતે અથવા કોઇપણ નિરદિષ્ટ કરેલા સ્થાનિક પ્રદેશ માટે ડયુટી બેસાડવાનો અધિકાર છે

(અ) ૯ મી કલમની પેટા કલમ (૧) ના ઠરાવો મુજબ લાવવામા આવેલા કોઇ પણ જકાતી પદાર્થ ઉપર, અથવા (બ) ૧૦ મી કલમના ઠરાવો મુજબ બહાર મોકલવામા આવેલા અથવા એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવામા આવેલા કોઇ પણ જકાતી પદાર્થ ઉપર, અથવા (ક) ૧૪ મી કલમ અથવા ૧૬ મી કલમના ઠરાવો મુજબ આપવામા આવેલા લાઇસન્સની રૂએ તૈયાર કરવામા આવેલા કોઇ પણ જકાતી પદાર્થ ઉપર પણ એવુ ઠરાવવામા આવ્યુ છે કે—(૧) જે કોઈ પણ પદાર્થ બ્રિટિશ હિંદુસ્તાનમા લાવવામા આવતી વખતે સન ૧૮૯૪ ના હિંદુસ્તાનના તારીફ આકટની રૂએ અથવા સન ૧૮૭૮ ના જલમાર્ગની કસ્ટમ આકટની રૂએ જે ડયુટીને પાત્ર થયો હશે તેની ઉપર ડયુટી બેસાડવી નહિ, (૨) હિંદુસ્તાનમા કરેલા વિકૃત થયેલા અર્કો અથવા બીર ઉપર બેસાડવાની ડયુટી, હિંદુસ્તાન સરકારની અગાઉથી મંજુરી લઇને સરકાર બીજી રીતે ઠરાવે તે સિવાયને પ્રસંગે, સન ૧૮૯૪ ના હિંદુસ્તાનના તારીફના આકટની રૂએ અથવા બ્રિટિશ હિંદુસ્તાનમા આણેલા માલ ઉપરની કસ્ટમની ડયુટી સંબંધી વિદ્યમાનકાળે જે બીજો કોઇ કાયદો અમલમા હોય તે બીજા કાયદાની રૂએ, બ્રિટિશ હિંદુસ્તાનમા અનુક્રમે જળમાર્ગે આણેલા વિકૃત થયેલા અર્કો અથવા બીર જે ડયુટીને લાગુ હશે તેટલીજ રાખવી

ખુલાસો—કોઇ પણ જકાતી પદાર્થ જે જે ઠેકાણે વપરાશ માટે લઇ જવામા આવવાનો હોય તે પ્રમાણે, અથવા આવા પદાર્થના જુદા જુદા કસ તથા ગુણ પ્રમાણે આ કલમની રૂએ જુદા જુદા દરે ડયુટી બેસાડવાનો અધિકાર છે

૧૯ (અ) આ બાબતમા કમિશનરે, ડયુટી આપવાનો વખત, ઠેકાણુ તથા રીત નિયમન કરવા બાબતની કોઇ પણ કાનુનો કરી હોય તેને પાત્ર રહીને, તરત ઉપરની કલમમા લખેલી ડયુટી નીચે લખેલી એક અથવા વધારે રીતો પ્રમાણે લેવી —(અ)૯ મી કલમની પેટા કલમ (૧) ના ઠરાવો પ્રમાણે લાવવામા આવેલા જકાતી પદાર્થોની બાબતમા કે(૧) જે પ્રાંતમા તે લાવવામા આવ્યા હોય તે પ્રાંતમા અથવા જે પ્રાંત અથવા મુલકમાથી તે બહાર મોકલવામા આવ્યા હોય તે પ્રાંત અથવા મુલકમા ડયુટી આપીને, અથવા (૨) ૧૧ મી કલમની રૂએ સ્થાપવામા આવી હોય અથવા જેનુ લાઇસન્સ આપવામા આવ્યુ હોય તેવી વખારમાથી વેચાણ માટે કાઢતી વખતે ડયુટી આપીને, (બ) ૧૦ મી કલમના ઠરાવો પ્રમાણે બહાર મોકલેલા જકાતી પદાર્થોની બાબતમા જે પ્રાંતમાથી બહાર તે મોકલવામા આવ્યા હોય તે પ્રાંતમા અથવા જે પ્રાંત અથવા મુલકમા ડયુટી આપીને (ક) ૧૦ મી કલમના ઠરાવો પ્રમાણે એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવામા આવેલા જકાતી પદાર્થોની બાબતમા (૧) જે જિલ્લામાથી તે બીજે ઠેકાણે લઇ જવામા આવ્યા હોય તે જિલ્લામા ડયુટી આપીને, (૨) ૧૫ મી કલમની રૂએ સ્થાપવામા આવી હોય અથવા જેનુ લાઇસન્સ આપવામા આવ્યુ હોય તેવી વખારમાથી વેચાણ માટે કાઢતી વખતે ડયુટી આપીને, (ડ) ૧૫ મી કલમની રૂએ સ્થાપવામા આવેલી કોઇ પણ દારૂની ભઠ્ઠી અથવા બ્રુઅરીમા તૈયાર કરવામા આવેલા અર્ક અથવા બીરની બાબતમા (૧) પ્રસંગ પ્રમાણે સદરહુ દારૂની ભઠ્ઠી અથવા બ્રુઅરીમા ઉત્પન્ન થયેલા અથવા તેમાથી બહાર કાઢવામા આવેલા અથવા ૧૫ મી કલમ પ્રમાણે સ્થાપેલી અથવા જેનુ લાઇસન્સ આપ્યુ હોય એવી વખારમાથી કાઢવામા આવેલા પરિણામ ઉપર નાખેલા દરે, અથવા (૨) એક સરખા પ્રમાણુ બાબતનુ જે સ્કેલ સરકાર ઠરાવે તે સ્કેલ પ્રમાણે લેવાના દરે આ સ્કેલ વાપરેલા માલ મસાલાના પરિમાણ પ્રમાણે અથવા પ્રસંગ પ્રમાણે ખમીરી પદાર્થ (વોશ અથવા વર્ટ) જે પ્રમાણમા ભેરીને તે અર્ક અથવા બીર પાતળો કર્યો હોય તે પ્રમાણ પ્રમાણે ગણવો,(ઇ)૧૪ મી કલમના ઠરાવો પ્રમાણે તૈયાર કરેલા કેફ લાવનારા વસાણાની બાબતમા, ૧૪ મી કલમના ઠરાવો પ્રમાણે

ઉત્પન્ન કરવામા અથવા તૈયાર કરવામા આવેલા હોય તેટલા પરિમાણુ ઉપર ડ્યુટી આપીને અથવા ૧૫ મી કલમની રૂએ સ્થાપવામા આવેલી અથવા જેનુ લાઇસન્સ આપવામા આવ્યુ હોય એવી વખારમાથી કાઢેલા પરિમાણુ ઉપર ડ્યુટી આપીને

પણ એવુ ઠરાવ્યુ છે કે, જ્યારે ૧૫ મી કલમની રૂએ સ્થાપવામા આવેલી અથવા જેનુ લાઇસન્સ આપવામા આવ્યુ હોય એવી વખારમાથી વેચાણુ માટે કાઢતી વખતે ડ્યુટી આપવામા આવે ત્યારે, તે વખારમાથી વેચાણુ માટે કાઢવામા આવે તે તારીખે જે ડ્યુટીનો દર અમલમા હોય તે ડ્યુટીના દરે સદ-રહુ ડ્યુટી આપવી,

વળી એવુ પણુ ઠરાવ્યુ છે કે, જ્યારે એકજ માણુસને-(૧) ગામઠી દારૂ અથવા કોઇ પણુ કેફ લાવનારૂ વસાણુ તૈયાર કરવાની અથવા લાવવાની અને તે વેચવાની અથવા (૨) તૈયાર કરવાની અને બહાર મોકલવાની પરવાનગી આપવામા આવી હોય ત્યારે, સદરહુ પ્રમાણે આપવામા આવેલા એકઠા હકો ધ્યાનમા લેતા જે ડ્યુટી, સરકારના સામાન્ય અથવા વિશેષ હુકમ મુજબ ચાલીને કલેકટરને યોગ્ય લાગે તે ડ્યુટી લેવી ”

૨૦ સરકાર ફરમાવે તો તાડી ઉત્પન્ન થનારા જે જે ઝાડમાથી તાડી કાહાડવામા આવતી હશે તે તે ઝાડ છેદવામા આવે અથવા જે મુદત માટે તે તે ઝાડ છેદવાનુ લાઇસન્સ આપવામા આવ્યુ હોય, તે મુદત બદલ સરકાર વખતે વખતે ઠરાવે તે ડ્યુટી લેવી, અને તાડી કહાડવા બાબત ચૌદમી કલમ પ્રમાણે આપેલા દરએક લાઇસન્સમા ત્રીસમી કલમ પ્રમાણે જે બીજી કાઈ તપશીલ સરકારે ઠરાવી હશે તે શિવાય વળી હેઠળ લખેલી વાત નિર્દિષ્ટ કરવી જોઇએ

(અ) છેદવાના ઝાડ કેટલા તથા ક્યા પ્રકારના તથા ક્યા છે તે, (બ) લાઇસન્સમા દાખલ કરેલા દરેક ઝાડ બાબત લેવાની ડ્યુટીની રકમ, (ક) સદરહુ ડ્યુટી હફતે હફતે લેવાની હોય તો કયે કયે હફતે તથા કઇ કઇ મુદતે લેવી તે હફતા તથા તે મુદત.

૨૧. સદરહુ ડ્યુટી તાડી કહાડવાનુ લાઇસન્સ ધારણુ કરનારા માણુસની પાસેથી પ્રથમત. લેવાનો અધિકાર છે, અને તે તે આપવાને ચુકે તો અથવા વગર લાઇસન્સે છેદે તો ઝાડના ધણીની પાસેથી લેવાનો અધિકાર છે

૨૨. ઝાડના ધણી પાસેથી ઉપરની છેલ્લી કલમ પ્રમાણે કોઇ ડ્યુટી વસુલ કરવામા આવે, ત્યારે તે લાઇસન્સ ધારણુ કરનાર માણુસની પાસેથી વસુલ કરવા સારૂ સદરહુ ધણીને હેઠળ લખેલી કાયદાસર મદદ મળવાનો હક છે એટલે જમીનના ઉપરી ધારણુ કરનારાને તેના ખેડુત પાસેથી પોતાનુ લેણુ વસુલ કરવા બાબત વિદ્યમાનકાળે જે કાયદો અમલમા હોય તે કાયદાના ઠરાવ પ્રમાણે મદદ મળવાનો હક છે

૨૩. જે કોઇ પ્રદેશને આ કલમના ઠરાવ લાગુ કરવાનુ સરકારને યોગ્ય લાગે તે પ્રદેશમા જે જે ઝાડમાથી તાડી કાહાડવામા આવતી હશે તે તે ઝાડ ઉપર વીસમી કલમ પ્રમાણે ડ્યુટી લેવાનુ ફરમાવવાને બદલે સદરહુ પ્રકારના પ્રદેશમાના તાડી ઉત્પન્ન થનારા સઘળા ઝાડમાથી તાડી કહાડવાના હકકનો ઇજારો પોતાને યોગ્ય લાગે તે મુદતનો તથા પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે ડ્યુટી ઉધડી રકમે અથવા મુદતે મુદતે હફતાથી આપે તો તથા પોતાને યોગ્ય લાગે તે સરતો ઠરાવીને આપવાનો અધિકાર સરકારને છે

સદરહુ હકક જે માણુસને ઇજારો આપ્યો હોય તેની લખેલી પરવાનગી વગર સદરહુ પ્રકારના કોઇ પ્રદેશમા કોઇ માણુસે તાડી ઉત્પન્ન થનારા કોઇ ઝાડમાથી તાડી કહાડવી નહિ

૨૪ (સને ૧૯૧૨ ના ૧૨ મા એક્ટથી આ કલમ રદ કરવામા આવી છે)

૨૫. જે ઝાડ ઉપર સરકારનો હક છે તે ઝાડમાથી તાડી કહાડવાનો હક સરકારના સામાન્ય હુકમને અનુસરીને જે સરતો કરવાનુ કલેકટરને યોગ્ય લાગે તે સરતો પ્રમાણે દરસાલ લીલામ કરીને અથવા બીજી રીતે વેચવાનો અધિકાર છે

૨૬. ૨૭. ૨૮. (આ કલમો સને ૧૯૧૨ ના ૧૨ મા એક્ટથી રદ કરવામા આવી છે)

૨૯. સદરહુ પ્રકારના તાડી કહાડવાના હકકના ઇજારદારને તાડી ઉત્પન્ન થનારા કોઇ પણુ ઝાડમાથી જે માણસે તાડી કહાડી હશે તે માણુસની પાસે કાઇ રકમ લેવાતી હશે ત્યારે તે ઇજારદાર પોતાની તરફથી

સદરહુ પ્રકારની રકમ વસુલ કરવા માટે ક્લેક્ટરને અરજી કરવાને મુખત્યાર છે, અને ક્લેક્ટર પોતાની નજરમા આવે તો સદરહુ પ્રકારની રકમ, જમીન મેહેસુલની ચઢેલી બાકી હોય તે પ્રમાણે વસુલ કરવાને મુખત્યાર છે, સદરહુ પ્રમાણે વસુલ કરેલી રકમ ક્લેક્ટરે તે અરજદારને આપવી

પણ એવું ઠગવ્યું છે કે સદરહુ પ્રકારની રકમ વસુલ કરવા સારૂ ક્લેક્ટરે કરેલા કોઇપણ પ્રોસેસ બજાવવો હોય તે હેઠળ લખ્યા પ્રમાણે હકીકત હોય તો મોકુફ ગખવો, એટલે સદરહુ પ્રકારની રકમ જે માણુસ પાસેથી વસુલ કગવાની હશે તે માણસ ઇજારદારના માગણાનો ઇન્સાફ થવા સારૂ દિવાની કોર્ટમા ફરિયાદ કરે તથા પોતાની પાસેથી સદરહુ પ્રકારના ઇજારદારને જે રકમ આપવાનુ કોર્ટ ઠરાવે તે રકમ આપવા બાબત ક્લેક્ટરની ખાત્રી થાય તેવો જામીન આપે તો મોકુફ રાખવો

૩૦ આ આક્ટ પ્રમાણે આપવામા આવેલુ દરેક લાઇસન્સ, પરવાનગી ચિઠી અથવા પાસ, લાઇસન્સની બાબતમા સરકાર, તથા પરવાનગી ચિઠીની બાબતમા કમિશ્નર, આ બાબત સાધારણત અથવા કોઇ વિશેષ પ્રસગે કરેલી આ આક્ટ વિરૂદ્ધ નહિ હોય તેની કાનુન અથવા હુકમો કાઢીને ફરમાવે તેવી ફી (જો ફરમાવે તો તે) આપેથી, તથા તેના નિર્બંધોને પાત્ર રાખીને તથા તેવી સરતોએ આપવા તથા તે ઉપર કહેલી રીતે સરકાર અથવા કમિશનર ફરમાવે તેવા નમુનાના તથા તેવી વિગતોવાળા અને તે લાઇસન્સ પરવાનગી ચિઠ્ઠી અથવા પાસ ધારણ કરનારે કાઇ ફી અથવા આપવાની હોય તે ન આપી હોય તો, તે ઉપર ચઢેલુ વ્યાજ સદરહુ સરકાર અથવા કમિશનર સદરહુ પ્રમાણે ફરમાવે તે દરેક ભરવાની જોખમદારી નાખનારા હોવા જોઇએ

૩૧. કોઇ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ તૈયાર કગ્વા બાબત આ આક્ટ પ્રમાણે જે જે માણસ લાઇસન્સ લેશે તેણે પોતાના લાઇસન્સના ધોરણ પ્રમાણેની કબુલાયત કરી આપવી જોઇએ, અને પોતાની કબુલાયત પુરી કરવા ક્લેક્ટર માગે તેવુ તારણ આપવુ જોઇએ

અને જે કોઇ પણ શખસ આ આક્ટ મુજબ ભાગનુ વાવેતર કરવાનુ લાઇસેન્સ લે તેણે ક્લેક્ટર તેમ ફરમાવે તો, આવા લાઇસન્સની શરતો પાળવા બદલ ક્લેક્ટર માગે તેવુ તારણ આપવુ જોઇયે

૩૨ (૧) સરકાર ઠગવે તેવા બધનોને પાત્ર રહીને, આ આક્ટની રૂયે કોઇપણ લાઇસન્સ પરવાનગી ચિઠી, અથવા પાસ આપનાર અધિકારી, હેઠળ લખ્યા પ્રમાણેની હકીકત હોય તો, તે લાઇસન્સ, પગ્વાગી ચિઠી અથવા પાસ રદ કરવાને અથવા તહકુબ કરવાને મુખત્યાર છે —

(અ) તેની ધારણ કરનારાએ આપવાની કાઇ ડયુટી અથવા ફી યોગ્ય રીતે ન આપી હોય તો, અથવા (બ) સદરહુ પ્રકારના લાઇસન્સના, અથવા પરવાનગી ચિઠીના અથવા પાસના ધારણ કરનારાએ અથવા તેના નોકરે અથવા તેની સ્પષ્ટ ગર્ભિત પરવાનગીથી તેના તરફથી કામ કરનારા કોઇ માણસે સદરહુ પ્રકારના લાઇસન્સની અથવા પરવાનગી ચિઠીની અથવા પાસની અથવા આવા ધારણ કરનારાએ અગાઉ ધારણ કરેલા કોઇપણ લાઇસન્સની પરવાનગી ચિઠીની અથવા પાસની બોલી પૈકી અથવા શરતો પૈકી કોઇ બોલી અથવા શરતો તોડી હોય તો અથવા (ક) તેના ધારણ કરનારા ઉપર અથવા ધારણ કરનારાએ કામ લગાડેલા અથવા તેમા સ્પષ્ટ અથવા ગર્ભિત પરવાનગીથી તેના તરફથી કામ કરનાર કોઇપણ માણસ ઉપર આ આક્ટ મુજબના કોઇપણ ગુન્હાની, અથવા આબકારી મહેસુલ સંબધી વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઇપણ કાયદા મુજબના કોઇપણ ગુન્હાની સાબીતી થઇ હોય તો, અથવા તે લાઇસન્સ, પરવાનગી ચિઠી, અથવા પાસ ધારણ કરનારા ઉપર કોઇપણ કોગ્નીઝેબલ અથવા નોનકોગ્નીઝેબલ (જામીન લેવા લાયક ન હોય એવા) ગુન્હાની, અથવા સન ૧૮૮૯ ના હિંદુસ્તાનના વેપારના માલ ઉપર નિશાનીઓ કરવા સબંધી આક્ટ મુજબના કોઇપણ ગુન્હાની અથવા સન ૧૮૬૦ ના હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૮૨થી૪૮૯ કલમો (આ બન્ને સુધા) મુજબ શિક્ષાને પાત્ર હોય એવા કોઇપણ ગુન્હાની, અથવા સન ૧૮૭૮ ના જલમાર્ગની કસ્ટમ બાબતના આક્ટની ૧૬૭ મી કલમના પરિશિષ્ટના નબર ૮ મુજબ શિક્ષાને પાત્ર હોય એવા કોઇપણ ગુન્હાની સાબીતીનો ઠરાવ થયો હોય તો (૨) જ્યારે કોઇપણ માણસે ધારણ કરેલા લાઇસન્સ પરવાનગી ચિઠ્ઠી અથવા પાસ પેટા કલમ (૧)ની (અ) અથવા (બ) રકમની રૂયે રદ કરવામા આવ્યા હોય ત્યારે ઉપર કહેલો અધિકારી, આ આક્ટની રૂયે અથવા આબકારી

મહેસુલ સબધી વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇ બીજા આકટની રૂયે અથવા સન ૧૮૭૯ ના અફીણ બાબતના આકટની રૂયે આપવામા આવેલુ બીજુ કોઇપણ લાઇસન્સ પરવાનગી ચિઠી ઉપર પાસ રદ કરવાને મુખત્યાર છે (૩) આ કલમની રૂયે પોતાના કોઇપણ લાઇસન્સ પરવાનગી ચિઠી અથવા પાસ રદ કરવામા આવ્યા હોય અથવા તહકુબ કરવામા આવ્યા હોય તો તેના ધારણ કરનાર તે બાબત નુકશાનીનો બદલો મેળવવાને, અથવા તે લાઇસન્સ, ચિઠી અથવા પાસ બદલ કાઇપણ ફી આપવામા આવી હોય અથવા કાઇપણ રકમ અનામત મુકવામા આવી હોય તો તે ફી અનામત રકમ પાછી મેળવવાને હકદાર થશે નહી

૩૨ (અ.) (૧) જ્યારે જ્યારે લાઇસન્સ આપનાર અધિકારીને એમ લાગે કે ૩૨ મી કલમમા નિર્દિષ્ટ કરેલા કારણો સિવાયના કાઇ બીજા કોઇ પણ કારણને લીધે રદ કરવુ જોઇએ, ત્યારે ત્યારે તે અધિકારી

(અ) પોતાનો રદ કરવાનો ઇરાદો દર્શાવનારી ઓછામા ઓછી ૧૫ દિવસની લેખી નોટીસ પુરી થયેથી, અથવા (બ) નોટીસ આપ્યા વિના તાબડતોબ, લાઇસન્સ રદ કરવાને મુખત્યાર છે

(૨) જ્યારે કોઇ લાઇસન્સ પેટા કલમ (૧) ની રૂયે રદ કરવામા આવે ત્યારે તે રદ કરનાર અધિકારીએ લાઇસન્સ બદલ ૧૫ દિવસ માટે ભરવાની ફીની રકમ જેટલી રકમ તથા કમિશનર ફરમાવે તેટલી વધુ રકમ નુકસાનીના બદલા તરીકે આપવી

(૩) જ્યારે આ કલમની રૂયે કોઇ લાઇસન્સ રદ કરવામા આવે, ત્યારે, તે બદલ અગાઉથી આપેલી કાઇ પણ ફી અથવા અનામત મુકેલી કાઇ પણ રકમ, લાઇસન્સવાળા પાસેથી સરકારની માગતી રકમ (જો કાઇ હોય તો તે) તેમાથી બાદ કરી લાઇસન્સવાળાને પાછી આપવામા આવશે

૩૨ બ. ૩૨ મી કલમમા ગમે તે ઠરાવ્યુ હોય તે છતા, જ્યારે કોઇ લાઇસન્સ, તેના ધારણ કરનારે ભરવાની કાઇ પણ ડયુટી અથવા ફી ન ભરાયાને લીધે તે કલમની રૂયે રદ થવાને પાત્ર હોય ત્યારે તે લાઇસન્સ આપનારા અધિકારીને તે લાઇસન્સ જપ્ત કરવાનો તથા પોતાના વહીવટમા લઇ લેવાનો અધિકાર છે, અને આવી રીતે વહીવટમા લીધાથી મળેલો નફો, તે જપ્ત કરવાને તથા વહીવટને અગે થયેલો સઘળો ખર્ચ કર્યા પછી, જે ન ભરાયલી બાકીની રકમને લીધે તે લાઇસન્સ જપ્ત કરવામા આવ્યુ હતુ તે રકમ તથા લાઇસન્સની બાકીની મુદત દરમ્યાન તે માટે ભરવાની રકમ કરતા ઓછો થાય તો આ રકમો તથા તે નફા વચ્ચેના તફાવત જેટલી રકમ, આ આકટના આગળ લખેલા ઠરાવોમા કોઇ પણ ઠરાવની રૂયે લેવા યોગ્ય ડયુટી અથવા ફી છે, એમ ગણી, લાઇસન્સ ધારણ કરનાર પાસેથી વસુલ કરવી અને જો સદરહુ બાકી નીકળતી રકમો કરતા વધારે હશે તો, ધારણ કરનાર નફાનો કાઈ પણ ભાગ લેવાને હકદાર થશે નહિ

બાબ ૮–સામાન્ય ઠરાવ.

૩૩. જે જે માણસ આ આકટ પ્રમાણે લાઇસન્સ ઉપરથી કાઇ પણ જકાતી પદાર્થ તૈયાર કરશે અથવા વેચશે તે પ્રત્યેક માણસે હેઠળ લખ્યા પ્રમાણે કરવાની જરૂર છે, એટલે—

(અ) જે માપ તથા દારૂનો કસ અથવા પ્રત તપાસવાના જે યત્રો કલેકટર કહે તે માપ અને તોલ તથા યત્રો પોતે મેળવી લેવા તથા તે સારી સ્થિતીમા રાખવા, અને (બ) આ બાબત યોગ્ય રીતે અધિકાર આપેલા કોઇ આબકારી અમલદારે ફરમાવ્યુ હોય તો પોતાના કબજામાનો કાઇ જકાતી પદાર્થ સદરહુ આબકારી અમલદાર કહે તે રીતે હરકોઇ વખતે માપવાની, તોલવાની, અથવા તેનો કસ તપાસવાની જરૂર છે

૩૪ આ આકટના પાછલા ઠરાવો પૈકી અથવા આ આકટ પ્રમાણે આપેલા લાઇસન્સના અથવા પરવાનગી ચિઠીના અથવા પાસના ઠરાવો પૈકી કોઇ ઠરાવ પ્રમાણે જે ડયુટી તથા કર તથા દડ તથા ફી લેવાની હોય તે સર્વ અને આ આકટ પ્રમાણે કોઇ ઇજારદાર પાસે જે રકમ લેણી હોય તે સઘળી રકમ હેઠળ લખેલી રીતે વસુલ કરવાનો અધિકાર છે એટલે તે આપવાને પાત્ર હશે તેવા કોઇપણ માણસની પાસેથી અથવા તેના જામીન હોય તો તે જામીનની પાસેથી જમીનમહેસુલની ચઢેલી બાકી હોય તે પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે

બાબ ૯—આબકારી અમલદારોના અધિકાર.

૩૫. (૧) આ આક્ટના અથવા આબકારી મહેસુલ સબધી વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇ બીજા કાયદાના ઠરાવો અમલમા આણવા માટે સરકારને કાનુનો કરવાને અધિકાર છે

(૨) વિશેષત અને ઉપરના ઠરાવની સામાન્યતાને બાધ ન આવે એવી રીતે સરકારને નીચે પ્રમાણેની કાનુનો કરવાનો અધિકાર છે–(અ) કમિશનરને અથવા કલેક્ટરોએ કોઇપણ અધિકારો બીજાને સોપવાનુ નિયમન કરવા બાબતની, (બ) આબકારી ખાતાના અમલદારો અધિકારો અને ફરજો ઠરાવવા બાબતની (ક) કોઇપણ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ લાવવાનુ, બહાર મોકલવાનુ અથવા એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાનુ નિયમન કરવા બાબતની (ડ) જે જે મુદત તથા જે જે ઠેકાણા માટે કોઇ પણ જકાતી પદાર્થ અથવા ભાગના જથ્થાબન્ધ અથવા પરચુરણ વેચાણના લાઇસન્સો આપી શકાય તે તે મુદત તથા ઠેકાણાનુ નિયમન કરવા બાબતની, (ઇ) લોકમતની સહાય લેવાનો ઠરાવ કરવા બાબતની તથા, કોઇપણ ઠેકાણા માટે આવા વેચાણનુ કોઇપણ લાઇસન્સ આપવામા આવે તે પહેલા કઇ રીતે કામ ચલાવવુ તથા કઇ કઇ બાબતોની ચોકસી કરવી જોઇએ તે ઠરાવવા બાબતની, (ફ) લાઇસન્સ ધારણ કરનારને, પોતાના ધધામા મદદ કરવા માટે, કોઇપણ માણુસને અથવા કોઇપણ વર્ગના માણસોને કોઇપણ કામ ઉપર કામે લગાડવાની મનાઈ કરવા બાબતની, (ગ) કોઇપણ જકાતી પદાર્થ કયા માણસોને અથવા ક્યા વર્ગના માણસોને વેચવો અથવા ન વેચવો તે ઠરાવવા બાબતની (હ) કોઇપણ લાઇસન્સ આપેલા મકાનમા અથવા મકાન પાસે દારૂડીઆ થવાનુ, જુગાર રમવાનુ અથવા અસભ્ય રીતે વર્તવાનુ, તથા આવા મકાનોમા ખરાબ ચાલચલગતના લોકોનુ ભેગા થવાનુ અથવા રહેવાનુ અટકાવવા બાબતની, (આઇ) આબકારી અમલદારોએ ચલાવેલી તપાસોમા ખબર આપવા માટે બોલાવવામા આવેલા શખસોને આપવાના ખર્ચનુ નિયમન કરવા બાબતની, અને આ આક્ટની રૂએ શિક્ષાને પાત્ર હોય એવા ગુન્હા કર્યાનુ તોહોમત મૂકવામા આવેલા, પણ ગુન્હો નાસાબીત થયાનો ઠરાવ થયલા શખસોને નુકશાનીનો બદલો આપવાનુ નિયમન કરવા બાબતની

(૩) આ કલમની રૂએ કાનુનો કરવાનો અધિકાર, તે કાનુનોને પ્રથમથી પ્રસિદ્ધ કરવાની સરતને પાત્ર રહેશે પણ એવુ ઠરાવ્યુ છે કે આવી કોઇપણ કાનુનો સરકારને એમ લાગે કે તાબડતોબ અમલમા આણવી જોઇએ, તો તે પ્રથમથી પ્રસિદ્ધ કર્યા વિના કરવાનો અધિકાર છે

૩૫. (અ) કમિશનરને નીચેની બાબતોની કાનુનો કરવાનો અધિકાર છે—

(અ) કોઇપણ જકાતી પદાર્થ અથવા ભાગના છોડ તૈયાર કરવાનુ, પુરા પાડવાનુ અથવા ભરી રાખવાનું નિયમન કરવા બાબતની, આમા નીચેની બાબતોનો પણ સમાવેશ થશે—

(૧) આવા પદાર્થ અથવા ભાગના છોડ તૈયાર કરવા માટેના, પુરા પાડવા માટેના અથવા ભરી રાખવા માટેના કોઇપણ ઠેકાણાની, બાધની, તપાસ, દેખરેખ, વ્યવસ્થા, તથા નિર્બધનો, અને તે ઠેકાણામા ફિટિંગ, ઓજારો તથા યંત્રો રાખવાનો, (૨) ભાગના છોડના વાવેતરનો તથા આવા છોડમાથી સ્વાભાવિક રીતે ઉગી નીકળેલા પદાથ એકઠા કરવાનો અને એવા ઉગી નીકળેલા પદાર્થમાથી કાઇપણ કેફ લાવનારૂ વસાણુ તૈયાર કરવાનો; (૩) તાડી ઉત્પન્ન કરનારા ઝાડો છેદવાનો તથા તેમાથી તાડી કાઢવાનો, (૪) પરદેશી દારૂ શીશીમા ભરવાનો

(બ) કોઇ વખારમા કોઇપણ જકાતી પદાર્થ અથવા ભાગના છોડ અનામત મૂકવાનુ તથા આવી કોઇપણ વખારમાથી અથવા કોઇપણ ભઠ્ઠા અથવા બ્રુઅરીમાથી આવો પદાર્થ ખસેડવાનુ નિયમન કરવા બાબતની, (ક) કોઈ પણ જકાતી પદાર્થની બાબતમા, તે ઉપર ડ્યુટી કેવી રીતે લેવા તે ઠરાવવા બાબતની (ડ) કોઈ પણ લાઇસન્સ પરવાનગી ચિઠ્ઠી અથવા પાસ બદલ, અથવા કોઇપણ જકાતી પદાર્થ અથવા ભાગના છોડ ભરી રાખવાની બદલ આપવાની ફીના દર અથવા તે ફી નક્કી કરવાની રીત ઠરાવવા બાબતની (ઈ) કોઇપણ ડ્યુટી અથવા ફી આપવાનો વખત, ઠેકાણુ, તથા રીતનુ નિયમન કરવા બાબતની (ર) જે જે નિયમને પાત્ર રાખીને તથા જે જે શરતોએ કોઇપણ લાઇસન્સ પરવાનગી ચિઠ્ઠી અથવા પાસ આપી શકાય તે બધનો તથા સરતો ઠરાવવા બાબતની આમા નીચેની બાબતોનો પણ સમાવેશ થાય છે—

(૧) નુકશાનકારક અથવા વાધા ભરેલો જણાતો હોય એવો કોઇપણ પદાર્થ કોઇપણ જકાતી પદાર્થમા ભેળવવાની મનાઇ કરવાનો, (૨) જે કસ, કિમત અથવા પરિમાણથી વધુ અથવા ઓછા કસ, કિમત અથવા પરિમાણનો કોઇપણ જકાતી પદાર્થ વેચવો અથવા પુરો પાડવો જોઇએ નહિ, તે કસ, કિમત અથવા પરિમાણ, તથા જે પરિમાણથી વધુ પરિમાણનો વિકૃત થયલો અર્ક કબજામા રાખવો જોઇએ નહિ તે પરિમાણ નક્કી કરવાનો તથા કોઇપણ જકાતી પદાર્થની જાતનું પ્રમાણ નક્કી કરવાને, (૩) રોકડ શિવાય કોઇપણ રીતે વેચવાની મનાઇ કરવાનો, (૪) કોઇપણ લાઇસન્સ આપેલા મકાન કયા કયા દિવસો તથા કયા કયા કલાકો દરમ્યાન ઉઘાડા રાખવા અથવા ન રાખવા તે ઠરાવવાનો તથા ચોક્કસ પ્રસગોએ આવા મકાનો બધ રાખવાની તજવીજ કરવાની, (૫) કોઇપણ જકાતી પદાથ કેવા પ્રકારના મકાનમા વેચી શકાય તે ઠરાવવાનો તથા આવા મકાનોમા ખુલ્લી રાખવાની જાહેરખબરો ઠરાવવાનો, (૬) લાઇસન્સ ધારણ કરનારાઓએ રાખવાના હીસાબ તથા સાદર કરવાના પત્રકો ઠરાવવાનો, [૭] લાઇસન્સો બીજાને આપવાનુ નિયમ અથવા મનાઇ કરવાનો

(ગ) (૧) અર્કો, આ આકટ જે જે પ્રદેશોને લાગુ પડે છે તે તે પ્રદેશોમા કઈ રીતે વિકૃત કરવા તે ઠરાવવા બાબતની, (૨) આવા અર્કો સરકારી અમલદારોની મારફત અથવા તેમની દેખરેખ નીચે વિકૃત ઠરાવવા માટેની, (૩) આવા અર્કો વિકૃત થયેલા છે કે નહિ તે બાબત નક્કી કરવા માટેની,

(હ) વપરાશ માટે નાલાયક ગણાયો હોય એવો, કોઇ પણ જકાતી પદાર્થ નાશ કરવાની અથવા બીજી કોઇ રીતે તેનો નીકાલ કરવાનુ ઠરાવવા બાબતની, (આઇ) સરકાર દાખલ થયેલા પદાર્થોનો નિકાલ કરવા બાબતનું નિયમન કરવા બાબતની, (જે) ૧૭ મી કલમ મુજબ કાઢેલા કોઇપણ જાહેરનામામા ઠરાવેલા પરિમાણોથી વધારે પરિમાણમા દેશી દારૂ અથવા કેફ લાવનારા વસાણા છુટક વેચવા માટે તે કલમ મુજબ કયા કયા વિશેષ પ્રસગોએ ખાસ હુકમો કાઢી શકાય તે, તથા જે જે શરતોએ એવા વેચાણો કરી શકાય તે શરતો ઠરાવવા બાબતની (કે) કોઇપણ લાઇસન્સ પરવાનગી ચિઠ્ઠી અથવા પાસની શરતો પાળવા બદલ તેના ધારણ કરનારે અનામત મૂકવાની રકમ ઠરાવવા બાબતની

૩૬. કોઇ કમિશનરને અથવા કલેકટરને અથવા આ બાબત જે બીજા આબકારી અમલદારને યોગ્ય રીતે અધિકાર આપ્યો હોય તે બીજા અમલદારને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર છે, એટલે —

(અ) જે કોઇ વખારમા અથવા દુકાનમા અથવા ઠેકાણામા કોઇ લાઇસેન્સવાળો, કારખાનાવાળો અથવા વેચનારો કોઇ-કોઇ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ તૈયાર કરવાનુ અથવા વેચવાનુ કામ ચલાવતો હોય અથવા તાડી કહાડતો હોય, અથવા સદરહુ પ્રકારનો કોઇ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ ભરી રાખતો હોય તે વખારમા અથવા દુકાનમા અથવા ઠેકાણામા દિવસે અથવા રાત્રે હરકોઇ વખતે પેસવાનો તથા તે વખાર અથવા દુકાન અથવા ઠેકાણુ તપાસી જોવાનો અને સદરહુ પ્રકારના કોઇ માણસનું કોઇ જકાતી પદાર્થનુ અથવા ભાગના છોડનુ અથવા માલ મસાલાનું દાસ્તાન તપાસવાનો તથા તેઓનો કસ કહાડવાનો અથવા તે આપવાનો અથવા વજન કરવાનો, અથવા (બ) જે કોઇ ઇમારતમા અથવા વહાણમા અથવા વાહનમા અથવા ઘેરી લીધેલી જગામા આ આકટ પ્રમાણે સરકાર દાખલ થવાને પાત્ર હોય તેવા કોઇ જકાતી પદાર્થ અથવા ભાગના છોડ તૈયાર કરવામા આવે છે અથવા રાખ્યુ છે અથવા સતાડયુ છે અથવા તોડી કહાડવામા આવે છે અથવા કોઇ જકાતી પદાર્થ આ આકટના ઠરાવ વિરૂદ્ધ તૈયાર કરવા સારૂ કોઇ અર્ક કહાડવાના યત્રનો અથવા પાત્રનો અથવા ઓજારનો અથવા સચાનો ઉપયોગ કરવામા આવે છે અથવા રાખ્યુ છે અથવા સતાડયુ છે એવુ લાગવાનો પોતાને સબબ હોય તે ઇમારતમા અથવા વહાણમા અથવા ઘેરી લીધેલી જગામા દિવસે અથવા રાત્રે હરકોઇ વખતે પેસવાનો, અને

(ક) કાઇ અટકાવ કરવામા આવે તો સદરહુ પ્રકારની કોઇ દુકાનમા અથવા ઇમારતમા અથવા વહાણમા અથવા વાહનમા અથવા બીજી જગામા પોતે પેસવા સારૂ કોઈ દરવાજો ભાગવાનો તથા બીજો કાઇ પ્રતિબધ હોય તે કહાડી નાખવાનો, અને [૨] તથા તૈયાર કરવામા ઉપયોગ કરેલો કાઇ માલ મસાલો અને અર્ક કહાડવાનુ કાઈ યત્ર અથવા પાત્ર, ઓજાર અથવા સચા, અને બીજી કાઈ વસ્તુ જે આ આકટ પ્રમાણે અથવા આબકારી મેહેસુલ સબધી વિદ્યમાનકાળે જે બીજો કાયદો અમલમા હોય તે બીજા કાયદા પ્રમાણે

સરકાર દાખલ થવાને પાત્ર છે એવુ લાગવાનો પોતાને સબબ હોય તે પકડવાનો, અને (બ) જે માણસે આ આકટ પ્રમાણે અથવા આબકારી મેહેસુલ સબધી વિદ્યમાનકાળે જે બીજો કાયદો અમલમા હોય તે બીજા કાયદા પ્રમાણે કાઇ ગુન્હો કર્યો છે એવુ લાગવાનો પોતાને સબબ હોય તે માણસને અટકાવી રાખવાનો તથા તેનો ઝાડો લેવાનો અને પોતાને યોગ્ય લાગે તો તેને પકડવાનો અધિકાર છે

૩૭ કોઇ કમિશનરને અથવા કલેકટરને અથવા આ બાબત જે બીજા આબકારી અમલદારને યોગ્ય રીતે અધિકાર આપ્યો હોય તે બીજા આબકારી અમલદારને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર છે, એટલે—

(અ) કોઇ જકાતી પદાર્થ અથવા ભાગના છોડ, વસાણુ અથવા બીજી કાઇ વસ્તુ આ આકટ પ્રમાણે અથવા આબકારી મહેસુલ સબધી વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઇ કાયદા પ્રમાણે સરકાર દાખલ થવાને પાત્ર છે, એવુ લાગવાનો પોતાને સબબ હોય તે જકાતી પદાર્થ અથવા ભાગના છોડ અથવા બીજી વસ્તુ કોઇ ખુલ્લી જગામા અથવા રસ્તામા પકડવાનો [બ] જે માણસે આ આકટ વિરૂદ્ધ અથવા સદરહુ પ્રકારના બીજા કોઇ કાયદા વિરુદ્ધ ગુન્હો કર્યો છે એવુ લાગવાનો પોતાને સબબહોય તે માણસને અટકાવી રાખવાનો તથા તેનો ઝાડો લેવાનો અને સદરહુ પ્રકારના માણસના કબજામા સદરહુ પ્રકારનો કાઇ દારૂ અથવા ભાગના છોડ અથવા વસાણુ અથવા બીજી વસ્તુ હોય તો તેને પકડવાનો અધિકાર છે

૩૮ ઉપરની છેલ્લી બે કલમો પ્રમાણે લેવાના સઘળા ઝાડા સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ઠરાવ પ્રમાણે લેવા

૩૮ અ કોઇ કમિશનર અથવા કલેકટર, અથવા આ બાબતમા યોગ્ય અધિકાર મળેલો હોય એવો કોઇ પણ આબકારી અમલદાર માજીસ્ટ્રેટના હુકમ વગર તથા વગર વારટે જે કોઇ શખસ આ આકટની રૂયે કરવાનુ પોતાનુ કામ કરવામા પોતાને હરકત કરે તે શખસને અથવા આ આકટની રૂયે કાયદેસર પહેરામાથી નાશી ગયો હોય અથવા નાશી જવાની કોશીશ કરતો હોય તે સખસને, પકડવાને મુખત્યાર છે

૩૮ બ આમા હવે પછી લખેલા જામીન સબધી ઠરાવોને પાત્ર રહીને, ૩૮ અ કલમ પ્રમાણે પકડવામા આવેલા દરેક શખસને બીન જરૂરી ઢીલ કર્યા વગર જે શખસે તેને પકડવો હોય તે શખસે, તે બાબતમા હકુમત ધરાવતા હોય એવા માજીસ્ટ્રેટ આગળ અથવા એકાદા પોલિસ થાણા ઉપરના અમલદાર આગળ લઇ જવો અથવા મોકલી આપવો

૩૮ ક આબકારી અમલદારોએ વગર વારંટે પકડેલા સઘળા દાખલાઓને, સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૬૧ મી કલમના ઠરાવો લાગુ પડશે

૩૮ ડ (૧) જ્યારે કોઇ પણ શખસે સરકાર ઠરાવે તેવા દરજ્જાના આબકારી ખાતાના કોઇ અમલદારની રૂબરૂમા, આ આકટ મુજબ કોઇ પણ ગુન્હો કર્યો હશે અથવા તેના ઉપર તેવો ગુન્હો કરવાનુ તોહોમત મુકવામા આવ્યુ હશે ત્યારે તે આવો કોઇ પણ અમલદાર તેનુ નામ અને પત્તો માગે તો તે આપવાની ના કહેશે અથવા એવુ નામ અથવા પત્તો આપશે કે જે ખોટા છે એમ આવા કામને સારૂ શકા રાખવાનુ કારણ હોય ત્યારે, તેનુ નામ તથા પત્તાની ચોકસી કરવામા આવે તે માટે તે સખસને પકડવાને આવો અમલદાર મુખત્યાર છે

(૨) જ્યારે આવા સખસનુ ખરૂ નામ તથા પત્તો ચોક્કસ કરવામા આવ્યા હશે ત્યારે માજીસ્ટ્રેટ સમક્ષ હાજર થવાનુ તેને ફરમાવવામા આવે તો તેમ કરશે એવી મતલબનો (જામીન સાથે અથવા જામીન વગર,) બાંડ કરી આપેથી તેને છોડી દેવામા આવશે

પણ એવુ ઠરાવ્યુ છે કે, જો આવો શખસ બ્રિટિશ હિંદુસ્તાનનો રહેવાશી ન હોય તો સદરહુ બાંડ બ્રિટિશ હિંદુસ્તાનમા રહેતા શખસ અથવા શખસોના જામીન અથવા જામીનથી તારવી લેવુ

(૩) જો આવા શખસનું ખરૂ નામ તથા પત્તો, સદરહુ શખસને પકડવાના વખતથી ૨૪ કલાકની અદર ચોક્કસ કરી શકાશે નહિ, અથવા જો તે બાડ કરી આપવાને ચુકશે અથવા જો જામીન માગવામા આવે તો તે આપવાને ચુકશે તો, તેને હકુમત હોય એવા પાસેમા પાસેના માજીસ્ટ્રેટને મોકલી આપવો

૩૯. સઘળા ગામ અમલદારો, સરકારને ઉપયોગી થઇ પડતા સઘળા ગામના નોકરો, તથા પોલીસ

ફોરેસ્ટ, કસ્ટમ, સૉલ્ટ અને રેવન્યુ ખાતાના અને મુબાઈ, કરાચી અને એડનના પોર્ટટ્રસ્ટના સઘળા અમલદારો નીચે પ્રમાણે વર્તવાને બધાયલા છે—

(અ) આ આકટ પ્રમાણેનો ગુન્હો થયાનું પોતાને જણાય તેની, તથા આ આકટ પ્રમાણે કોઈપણ ગુન્હો કરવાનો ઇરાદો અથવા તૈયારી પોતાને જણાય તેની આબકારી અમલદારને તાબડતોબ ખબર આપવાને, (બ) આવો કોઇ પણ ગુન્હો થાય એમ છે એવુ તેમને જણાય અથવા એવુ માનવાનુ તેમને કારણ મળે તો તે ગુન્હો થતો અટકાવવાને તેમનાથી બની શકે તેટલા વાજબી ઉપાયો લેવાને, (ક) આ આકટના ઠરાવો અમલમા લાવવામા કોઇ પણ આબકારી અમલદારને મદદ કરવાને

૩૯ અ આ આકટ પ્રમાણે તૈયાર કરવાને લાઇસન્સ આપ્યુ ન હોય એવો કોઇ પણ જકાતી પદાર્થ જે જમીન ઉપર તૈયાર થતો હશે અથવા જેમાથી કેફ લાવનારૂં વસાણું ઉત્પન્ન થઇ શકે એવા છોડ જે જમીન ઉપર ગેરકાયદેસર રીતે વાવવામા અથવા એકઠા કરવામા આવતા હશે તેવી જમીનનો દરેક ધણી અથવા ભોગવટો કરનારનો એજન્ટ (મુખત્યાર) વાસ્તવિક સબબ હોય તે શિવાયને પ્રસગે પોતાને તેમ થયાની ખબર પડે કે તરતજ, તેમ થયાની નોટીસ માજીસ્ટ્રેટને અથવા આબકારી પોલિસ અથવા મહેસુલ ખાતાના અમલદારને આપવાને બધાયલો છે

૪૦ હેઠળ લખેલા કારણસારૂ વારટ કરવાનો અધિકાર કોઇપણ કમિશનરને અથવા કલેકટરને અથવા આ બાબત યોગ્ય રીતે અધિકાર આપેલા બીજા આબકારી અમલદારને અથવા કોઇ માજીસ્ટ્રેટને છે

(અ) જે કોઇ માજીસ્ટ્રેટ આ આકટ વિરૂદ્ધ અથવા આબકારી મહેસુલ સંબધી વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કાઇ પણ કાયદા વિરૂદ્ધ ગુન્હો કર્યો છે એવુ માનવાનો પોતાને સબબ હોય તે માણસને પકડવા સારૂ અથવા (બ) જે કોઇ ઇમારતમા અથવા વહાણમા અથવા જગામા આ આકટના ઠરાવ વિરૂદ્ધ જકાતી પદાર્થ અથવા ભાગનો છોડ તૈયાર કરવામા આવે છે અથવા વેચવામા આવે છે અથવા તાડી કઢાડવામા આવે છે અથવા આ આકટ પ્રમાણે અથવા આબકારી મહેસુલ સબધી વિદ્યમાનકાળે અમલમા હોય તે કાયદાના ઠરાવ પ્રમાણે સરકાર દાખલ થવાને પાત્ર હોય તેવો કાઇ જકાતી પદાર્થ અથવા ભાગના છોડ અથવા બીજી વસ્તુ રાખી છે અથવા સતાડી છે એવુ માનવાનો પોતાને સબબ હોય તે ઇમારતનો અથવા વહાણનો અથવા જગાનો દિવસે અથવા રાત્રે ઝાડો લેવા સારૂ, વારટ કરવાનો અધિકાર છે આ કલમ પ્રમાણે કરેલા સઘળા વારટો પોલીસ અમલદારે અથવા આ બાબત યોગ્ય રીતે અધિકાર આપેલા આબકારી અમલદારે અથવા વારટ કરનારા અમલદારને યોગ્ય લાગે તો બીજા કોઇ પણ માણસે સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ઠરાવ પ્રમાણે બજાવવા

૪૧ (૧) સરકાર ઠરાવે તેના કરતા નીચા દરજ્જાનો ન હોય એવા દરેક આબકારી અમલદારને પોતે જે પ્રદેશ માટે નીમાયલો હશે તે પ્રદેશમા, આ આકટની રૂએ શિક્ષાને પાત્ર હોય એવા સઘળા ગુન્હા સંબધી તપાસ ચલાવવાનો અધિકાર રહેશે

(૨) આવી તપાસ ચલાવતા દરમ્યાન, આવા દરેક અમલદારે સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂએ પોલીસ થાણાનો હવાલો રાખનાર પોલીસ અમલદારને કોગ્નીઝેબલ ગુન્હાની તપાસના સબધમા જે અધિકારો આપવામા આવ્યા છે તે અધિકારો ચલાવવા

પણ એવુ ઠરાવ્યુ છે કે—(૧) જો આવા અમલદારનો એવો અભિપ્રાય થાય કે કોઇ તોહોમતદારને માજીસ્ટ્રેટ પાસે મોકલવાનુ વાજબી ગણાય એવો સશય ઉત્પન્ન કરતો કોઇ પુરતો પુરાવો અથવા વાજબી સબબ નથી, અથવા પકડેલા માણસને તાકીદ આપી છોડી મુકવામા હરકત નથી તો, આવા અમલદારે, સદરહુ માણસ સદહુ ગુન્હો સાભળવાને અધિકારવાળા માજીસ્ટ્રેટ સમક્ષ હાજર રહેવાનો પોતાને હુકમ કરવામા આવે તો અને ત્યારે હાજર રહેવા બાબતનુ જામીનનુ અથવા વગર જામીનનુ ખત લખી આપે એટલે તેને છોડી દેવો, અને તે મુકદ્દમા બાબત તેણે તેના ઉપરી અમલદારને સંપૂર્ણ રિપોર્ટ ઉપર પોતાને જે હુકમ મળે તે પ્રમાણે અમલ કરવો

(૨) આ કલમ મુજબ અધિકાર આપેલા અમલદારના અધિકારો, સરકાર ઠરાવે તેવા વધારે ફેરફારો તથા નિયમોને પાત્ર રહેશે

૪૨. આ. ૩૬ મી અથવા ૪૭ મી ૪૦ મી. કલમ પ્રમાણે પકડેલો દરેક માણસ તથા પકડેલી

દરેક વસ્તુ, ૪૧ મી કલમ મુજબ અધિકાર ચલાવનારા આબકારી અમલદારે તેને પકડયા ન હોય તો, વાર ન લગાડતા છેક નજીકમા આવા અધિકાર ચલાવનારો જે આબકારી અમલદાર હોય તેને મોકલવા, અથવા આવો કોઇ અમલદાર વાજબી અંતરની અંદર ન હોય તો છેક નજીકનુ પોલિસ થાણુ જે અમલદારના હવાલામા હોય તેને મોકલવા

૪૧ બ (૧) આ આક્ટની રૂયે શિક્ષાને પાત્ર હોય એવા ગુન્હાની તપાસ કરવાનો અધિકાર મળ્યો હોય એવા કોઇ પણ આબકારી અમલદારને, સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ઠરાવો મુજબ, આ આક્ટ મુજબ શિક્ષાને પાત્ર હોય તેવા ગુન્હા માટે વગર વારંટે પકડેલા કોઇ પણ શખસને જામીન આપવાનો અધિકાર રહેશે

(૨) જ્યારે કોઇ પણ શખસને ૩૮ અ કલમ મુજબ હિંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે શિક્ષાને પાત્ર હોય એવા બેલેબલ ગુન્હા માટે પકડવામા આવ્યો હોય ત્યારે, પેટા કલમ (૧) ની રૂયે જામીન આપવાને અધિકાર મળેલો હોય એવા કોઇ પણ આબકારી અમલદારને, સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂયે સદરહુ શખસને જામીન આપવાનો અધિકાર રહેશે

૪૧ ક. જ્યારે ૪૧ મી કલમ મુજબ અધિકાર ચલાવનારા આબકારી અમલદારે કાઇ પણ વસ્તુ પકડી હોય અથવા ૪૧ અ કલમના ઠરાવો પ્રમાણે કાઇ પણ વસ્તુ તેને મોકલવામા આવી હોય ત્યારે, આવા અમલદારે, જરૂરની ચોકશી કર્યા પછી—(અ) કોઈ પણ પકડેલા માણસના મુકદમામા આવી વસ્તુની પૂરાવા તરીકે જરૂર પડશે એમ જણાય તો—જે માજીસ્રેટને સદરહુ માણસ મોકલવામા આવ્યો હોય, અથવા જેની સમક્ષ તેના હાજર રહેવા બદલ જામીન લેવામા આવ્યા હોય તે માજીસ્રેટને તે વસ્તુ મોકલવી, (બ) જો એમ જણાય કે આવી વસ્તુ સરકાર દાખલ થવાને પાત્ર છે પણ ઉપર કહ્યા પ્રમાણે પુરાવા તરીકે જરૂરની નથી તો,—તે પકડવાની પુરેપુરી વીગત સહિત તે વસ્તુ કલેકટરને મોકલવી જો કોઇ પણ ગુન્હો થયો નથી એમ જણાય તો,—જે માણસના કબજામાથી તે લેવામા આવી તે પાછી મોકલવી ”

૪૨ જે દુકાનમા કાઇ જકાતી પદાર્થ પરચુરણ વેચવામા આવતો હોય તે દુકાન લોકોમા સ્વસ્થ રહેવા સારૂ જે વખત સુધી બધ રાખવાની પોતાને જરૂર દેખાય તે વખત સુધી તે બધ રાખવા, લાઇસેન્સવાળાને લેખી નોટીસ આપીને ફરમાવવાનો કલેકટરને અધિકાર છે

સદરહુ પ્રકારની કોઇ દુકાનની આસપાસ જો કોઇ હગામો અથવા કાયદાવિરૂદ્ધ મંડળી થવાની તૈયારી ઉપર હોય અથવા થતી હોય તો જે માજીસ્રેટ અથવા પોલીસ અમલદાર હાજર હોય તેને હેઠળ લખ્યા પ્રમાણે ફરમાવવાનો અધિકાર છે એટલે પોતાને યોગ્ય લાગે તે મુદત સુધી તે દુકાન બધ રાખવી એવું ફરમાવવાનો અધિકાર છે

બાબ ૧૦—શિક્ષા.

૪૩. “ [૧] આ આક્ટ વિરૂદ્ધ, અથવા આ આક્ટની રૂયે કરેલી કોઇ પણ કાનુન અથવા હુકમ વિરૂદ્ધ અથવા આ આક્ટની રૂયે મેળવેલા કોઇ પણ લાઇસન્સ પરવાનગી અથવા પાસ વિરૂદ્ધ જે કોઇ શખસ—

[અ] કોઇ પણ જકાતી પદાર્થ અથવા ભાગના છોડ લાવશે, બહાર મોકલશે, એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જશે અથવા કબજામા રાખશે, અથવા (બ) કોઈ પણ જકાતી પદાર્થ તૈયાર કરશે, અથવા (ક) ભાગના છોડ વાવશે, અથવા એકઠા કરશે, અથવા (ડ) કોઇ તાડી ઉત્પન્ન કરનારા ઝાડ છેદશે, અથવા (ઇ) કોઈ ઝાડમાથી તાડી કહાડશે, અથવા ચલાવશે, અથવા [ફ] કોઇ દારૂની ભઠ્ઠી અથવા બ્રુઅરી બનાવશે અથવા ચલાવશે, અથવા [ગ] કોઈ પરદેશી દારૂ બાટલીમા ભરશે, અથવા (હ) તાડી સિવાયના કોઈ પણ જકાતી પદાર્થ તૈયાર કરવાના કોઇ પણ કારણ સારૂ કાંઈ પણ માલ મસાલાનો અથવા અર્ક કાઢવાના કોઇ યત્રનો અથવા ઓજારનો અથવા સંચાનો ઉપયોગ કરશે, રાખશે, અથવા (આઇ) કોઇ પણ જકાતી પદાર્થ અથવા ભાગના છોડ વેચશે

તેને માજીસ્ટ્રેટ સમક્ષ, ગુન્હાની સાબીતી થયાનો ઠરાવ થયેલી સદરહુ પ્રકારના દરેક ગુન્હા બાબત ઘણામા ઘણા ૬ મહિના સુધીની કેદની અથવા ઘણામા ઘણા એક હજાર રૂપીઆ સુધીની દંડની અથવા આ બન્નેની શિક્ષા થશે ”

પણ એવુ ઠરાવ્યુ છે કે જે કોઇ પણ સખસ ઉપર આ કલમ કોકેન અથવા તેના કોઇ પણ મિશ્રણના સબધમા કરેલા ગુન્હાની સાબિતી થયાનો ઠરાવ થયો હશે તે ગુન્હાની સાબિતીનો ઠરાવ થયાની પહેલી વખતે એક વર્ષ સુધીની કેદની અથવા રૂપીઆ બે હજાર સુધીના દડની શિક્ષાને અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે, અને પછીથી કોઇ પણ વાર સાબીતી થાય ત્યારે બે વર્ષ સુધીની શિક્ષાને અથવા ચાર હજાર રૂપિયા સુધીના દડની શિક્ષાને અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે ”

(૨) જે કોઇ શખસ આ આકટ વિરૂદ્ધ અથવા આ આકટની રૂએ કરેલી હરકોઇ કાનુન અથવા હુકમ વિરૂદ્ધ, અથવા આ આકટની રૂએ આપેલા કોઈ લાઇસેન્સ, પરવાનગી ચિઠ્ઠી અથવા પાસ વિરૂદ્ધ મહુડા બહાર ગામથી લાવશે, બહાર ગામ મોકલશે, એકઠા કરશે, એક જગાએથી બીજી જગાએ લઇ જશે, વેચશે અથવા પોતાના કબજામા રાખશે તે શખશને સદરહુ પ્રકારના દરેક ગુન્હા બદલ ઘણામા ઘણા પાચશે રૂપિઆ સુધીના દડની અથવા ઘણામા ઘણા ત્રણ મહિના સુધીની કેદની શિક્ષા અથવા આ બેઉ શિક્ષા થશે પરતુ એવુ ઠરાવ્યુ છે કે જે કાઇ મહુડા ઝાડ ઉપર હશે અથવા જે ઝાડ ઉપરથી ખરી જઇને જમીન ઉપર એકઠા કર્યા શિવાય પડી રહ્યા હશે તે મહુડાના સબધમા કોઇ પણ શખસને શિક્ષા થશે નહિ

ટીકા—આબકારી એક્ટ મુજબ બનાવટ કરવી એમા જેમાથી આલકોહોલ નીકળે તેની બનાવટ કરવી એટલોજ માત્ર સકુચિત અર્થ નથી પરતુ ભેળમેળ કરવાનો પણ સમાવેશ થાય છે આબકારી એક્ટની ૪૩ (સી) કલમ મુજબ રેકટીફાઇડ—સ્પીરીટ—વોટર (સ્વચ્છ કરેલ સ્પીરીટના) પાણીમા સુગધી તેલ નાખી યુ ડી કોલોન (કોલાન વોટર) બનાવવુ તે લીકરની બનાવટ કરવી એમ થાય છે (રતનલાલ અનરી ક્રી કે ૮૩૪)

પરવાના વગર દારૂ બનાવવાના વાસણો કબજામા હોવા તે ક ૪૩ મુજબનો ગુન્હો નથી પરતુ જ્યારે તે બાબત સંતોષકારક ખુલાસો કરવામા ન આવતો હોય ત્યારેજ ક ૫૩ મુજબ બીજી રીતે સાબીતીને અભાવે, તહોમતદારે ક૦ ૪૩ મુજબ ગુન્હો કરેલો છે એવુ અનુમાન બાધવાનું છે (ઇ લો રિ ૯ મુબઇ ૪૫૬)

ગેરકાયદાનો દારૂ બનાવવા માટે મહુડા પાસે રાખવામા આવ્યા હતા તેવુ પ્રોસીક્યુસન સાબીત કરે તે શિવાય મ્હોડાનો કબજો હોવો એ આબકારી એક્ટ મુજબ ગુન્હો નથી તેમજ મહુડાના વેચનાર પાસેથી તે ગયા તે પછી તેનો ગેરકાયદાનો દારૂ બને તે માટે તે વેચનાર જવાબદાર નથી (૯ મુબઇ ૫૫૬)

૬૨ મી કલમમા (મેડીકેટેડ આર્ટીકલ) વૈદ્યકીય રીતે તૈયાર કરેલ વસ્તુનો અર્થ કોઇ રીતે વૈદ્યકીય ચીજો મેળવી બનાવટ કરેલો વસ્તુ સમજવાનો છે કોકેનનો તેમા સમાસ થતો નથી, કારણ કે કોકેન વસ્તુ વૈદ્યકીય ચીજ છે

૪૩ (અ) જે કોઇ પણ સખસ, પોતે જેનો માલિક અથવા ભોગવટો કરનાર હોય અથવા જે પોતાના વપરાશમા હોય એવુ કોઇ પણ ઘર, ઓરડો અથવા જગા, એવા સજોગોમા ભાડે આપશે અથવા વાપરશે કે તે ઉપરથી તે ઘર, ઓરડો કે જગા કોકેન અથવા તેનુ કોઇ પણ મિશ્રણ આયાત કરનારા, નિકાસ કરનારા એક જગાએથી બીજી જગાએ લઇ જનારા કબજામા રાખનારા અથવા વેચનારાનો વારવાર એકઠા થવાની જગા તરીકે આ આકટના કોઇપણ ઠરાવનો ભગ થઇને વપરાય છે એવુ તે જાણે છે અથવા તેને માનવાને કારણ છે એમ માલુમ પડે તો તેના ઉપર પહેલીવાર ગુન્હાની સાબીતીનો ઠરાવ થએથી તેને વત્તામા વત્તા એક વર્ષની મુદત સુધીની કેદની, અથવા વત્તામા વત્તા બે હજાર રૂપીઆ સુધીના દડની અથવા તે બન્ને શિક્ષા થશે અને ત્યાર પછી કોઇ પણ બીજી વખત ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી વત્તામા વત્તા બે વર્ષની મુદત સુધીની કેદની અથવા વત્તામા વત્તા ચાર હજાર રૂપીઆ સુધીના દડની અથવા તે બન્નેની શિક્ષા થશે

૪૩ (બ) (૧) જ્યારે જ્યારે જે કોઇ પણ સખસના ઉપર આ આકટ મુજબના કોકેન અથવા તેના કોઇપણ મિશ્રણને લગતા કોઇ પણ ગુન્હાનુ તોહોમત મૂકવામા આવ્યુ હોય તે સખસના ઉપર હાઇકોર્ટ અથવા સેસન કોર્ટ અથવા પ્રેસીડન્સી માજીસ્ટ્રેટ, જીલ્લા માજીસ્ટ્રેટ, પેટા તુકડી માજીસ્ટ્રેટ અથવા પહેલા

વર્ગના માજીસ્ટ્રેટની કોર્ટ આગળ તેવા ગુન્હાની સાબિતીનો ઠરાવ થયો હોય અને એવી કોર્ટનો એવો અભિપ્રાય હોય કે કોકેન અથવા તેના કોઇ પણ મિશ્રણને લગતા આ આકટ મુજબના ગુન્હાઓથી દુર રહેવા માટે એવા સખસ પાસેથી દસ્તાવેજ કરાવી લેવાની જરૂર છે ત્યારે તે કોર્ટે તે શખસ ઉપર શિક્ષાનો ઠરાવ કરતી વખતે ત્રણ વર્ષથી વધારે ન હોય એવી જે મુદત ઠરાવવાનુ તેને યોગ્ય જણાય તેટલી મુદત સુધી તેવા ગુન્હાથી દુર રહેવા માટે, જામીન લઇને અથવા જામીન લીધા વગર, તેની આયપતના પ્રમાણને અનુસરતી રકમનો દસ્તાવેજ લખી આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે

(૨) સદરહુ ગુન્હાની સાબીતીનો ઠરાવ અપીલમા અથવા બીજી રીતે રદ કરવામા આવે તો એવી રીતે લખી આપેલો દસ્તાવેજ રદ બાતલ થશે (૩) આ કલમ મુજબનો હુકમ, કોઇ અપીલ કોર્ટ અથવા હાઇકોર્ટ પોતાના ફરી તપાસના અધિકાર ચલાવતી હોય ત્યારે તે કોર્ટને પણ કરવાનો અધિકાર છે

(૪) આ કલમ મુજબનો કોઇપણ હુકમ કર્યા પછી ચલાવવાના કામનું નિયમન જાણે તે હુકમ સને ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૧૦૬ ઠી કલમની રૂયે કર્યો હોય તેમ સદરહુ કાયદાની કલમો ૧૨૦, ૧૨૨ ૧૨૩, ૧૨૪, ૧૨૫ તથા ૧૨૬ ના ઠરાવો મુજબ બની શકે તેટલે સુધી કરવુ, અને સદરહુ કાયદાની કલમો ૫૧૩, ૫૧૪, ૫૧૫ ના ઠરાવો શકય હોય તેટલે સુધી આ કલમ મુજબ આપેલા દસ્તાવેજોને લાગુ પડશે

૪૪ જે કોઇ શખસ આ આકટ વિરૂદ્ધ અથવા આ આકટ પ્રમાણે કરેલી કોઇ કાનુન અથવા હુકમ વિરૂદ્ધ અથવા આ આકટ પ્રમાણે લીધેલા કોઈ લાઇસેન્સ અથવા પરવાનગી ચિઠ્ઠી અથવા પાસ વિરૂદ્ધ ચાલીને

(અ) કોઇપણ જકાતી પદાર્થ માપવા સારૂ તથા તોલવા સારૂ માપ અને તોલ અથવા દારૂનો કસ તપાસવા સારુ યંત્રો મેળવી રાખવાની અથવા તે સારી સ્થિતિમા રાખવાની ગફલત કરશે, અથવા

(બ) પોતાના કબજામાનો કોઇ જકાતી પદાર્થ માપવાની, તોલવાની અથવા તેનો કસ કહાડવાની ના કહેશે તેને સદરહુ પ્રકારના દરેક ગુન્હા બદલ ઘણામા ઘણા બસે રૂપિયા સુધી દંડ થશે

૪૫ જે કોઈ શખસ આ આકટ પ્રમાણે આપેલુ લાઈસેન્સ અથવા પરવાનગી ચીઠ્ઠી અથવા પાસ ધારણ કરનારો અથવા આવા ધારણ કરનારાએ કામે લગાડેલો અથવા તેની સ્પષ્ટ અથવા ગર્ભિત પરવાનગીથી તેના તરફથી કામ કરતો હોઇને—

(અ) સદરહુ પ્રકારનુ લાઇસેન્સ અથવા પરવાનગી ચિઠ્ઠી અથવા પાસ પોતાની પાસે અથવા પોતાના નિર્બંધમા હશે, અને જો યોગ્ય રીતે અધિકાર મળેલો કોઇ આબકારી ખાતાનો અમલદાર વા ઓગણચાળી-સમી કલમમા કહેલા ખાતાનો કોઇ અમલદાર તે લાઇસેન્સ અથવા પરવાનગી ચિઠ્ઠી અથવા પાસ માગે ત્યારે હાજર કરવાને ચુકશે, અથવા (બ) આ આકટ પ્રમાણે કરેલી કોઇ કાનુન અથવા હુકમ તોડીને કોઇ વાત જાણી જોઇને કરશે અથવા કરવાને ચુકશે, અથવા (ક) જે કોઇ કૃત્ય બાબત આ આકટમા બીજી રીતે ઠરાવ કરેલો નહિ હોય એવુ કૃત્ય આવા લાઇસન્સમાની, પરવાનગી ચિઠ્ઠીમાની અથવા પાસમાની શરતો પૈકી કોઈ શરત વિરૂદ્ધ જાણી જોઇને કરશે, અથવા કરવાને ચુકશે, " તેનો માજીસ્ટ્રેટ સમક્ષ ગુન્હાની સાબીતીનો ઠરાવ થયેથી સદરહુ પ્રકારના દરેક ગુન્હા બાબત ઘણામા ઘણા ત્રણ મહિના સુધીથી કેદની અથવા ઘણામા ઘણા બસો રૂપીઆ સુધીના દંડની અથવા આ બનેની શિક્ષા થશે "

ટીકા—એક કેસમા તહોમતદારે ફરીયાદીની સાથે એવો કરાર કર્યો હતો કે એ દુકાનોના સબધમા સરકારની સાથે તેનુ (તહોમતદારનુ નામ રાખવુ, કોન્ટ્રાકટરને માટે જરૂરના નાણા ફરીયાદીએ આપવાના હતા અને તહોમતદાર પોતાનુ નામ આપે તે માટે તેને કંઇક રકમ (ફરીઆદીએ) આપવી ઠરાવેલી હતી તહોમતદારને કોન્ટ્રાકટ આપવામા આવ્યો અને તેના નામના પરવાના કરી આપવામા આવ્યા આ ઉપરથી તેના ઉપર ક ૪૫ (ક) મુજબનુ તહોમત રાખવામા આવ્યુ હતું, તેમા તેણે એવો બચાવ રજુ કર્યો કે લાઇસન્સની રૂએ મળેલો વેચવાનો હક તેની મારફતે બી નામીદાર તરીકે બીજાએ પ્રાપ્ત કર્યો હતો તેથી તેનો (તહોમતદારનો) ગુન્હો ગણી શકાય નહી તેમા એમ ઠરાવવામા આવ્યુ કે—

પૈસા આપવાથી લાઇસન્સમા લખેલ સિવાયનો બીજો સખસ તેના વેચાણના ઉત્પન્નમાથી ફાયદો ઉઠાવી શકે, પરતુ તેથી વેચવાનો હક તેને મળી શકે નહી તે તો ફકત જેનુ નામ લાઇસન્સમા હોય

તેનેજ મળી શકે છે અને તેથી તેવો (નામવાળો) સખસ એવો બચાવ ખડો કરી શકે નહી કે બીજાએ બીનામીદાર તરીકે વેચવાનો હક પ્રાપ્ત કર્યો છે (૮, મુબઇ લો રિપોર્ટર ૯૯૦ શહેનશાહ વિ, માધવ આપા)

"૪૫ (અ) કોઇ શખસ આ આકટના કોઈ પણ ઠરાવનુ અથવા આ આકટની રૂએ કરેલી કોઇ પણ કાનુન અથવા હુકમનુ ઉલ્લંઘન કરીને કોઇ પણ કૃત્ય અથવા જાણીજોઇને કસુર કરવા બદલ તકસીર-વાર હશે અને એવા કૃત્ય અથવા કસુર માટે આ આકટમા બીજી રીતે ઠરાવ કર્યો નહિ હશે તે સખસના ઉપર માજીસ્ટ્રેટ આગળ ગુન્હાની સાબીતીનો ઠરાવ થયેથી તેને એવા દરેક કૃત્ય અથવા કસુર બાબત બસો રૂપીઆ સુધીના દંડની શિક્ષા થશે"

૪૬ "જે કોઈ આ આકટ પ્રમાણે કોઇ પણ જકાતી પદાર્થ વેચવાનો અથવા તૈયાર કરવાનો લાઇ-સન્સ ધારણ કરનાર હોઇને અથવા એવા કોઈ પણ ધારણ કરનારે કામે લગાડેલો અથવા તેની સ્પષ્ટ અથવા ગર્ભિત પરવાનગીથી તેની વતી કામ કરનારો હોઇને" (અ) પોતે વેચવાના અથવા તૈયાર કરેલા જકાતી પદાર્થનો વાસ્તવિક અથવા દેખાઇતો કેફ લાવવાનો ગુણ અથવા કસ વધારે તેવુ કાઇ ઉપદ્રવકારક વસાણું અથવા બહારની કાઇ જણુસ અથવા કલમ ૩૫ અ ની રકમ ફ (૧) પ્રમાણે કરેલી કોઈ કાનુન ઉપરથી અથવા દારૂ લાઇસન્સમા ઠરાવેલા કસનો કરવા માટેના પાણી શિવાયનુ પાણી અથવા ભેળ કરનારો અથવા રંગ આપનારો કોઇ પણ પદાર્થ અથવા કોઈ પણ જકાતી પદાર્થનો કસ જેથી ઓછો થવાનો સંભવ હોય એવી કોઇ પણ જણુસ (પછી તે જણુસ ઉપર કલમ પ્રમાણે મના કરેલી હોય કે ન હોય તેની હરકત નહિ) તે દારૂમા અથવા કેફ લાવનારા વસાણામા મિશ્ર કરશે અથવા મિશ્ર કરવા દેશે અને સદરહુ પ્રકારનુ મિશ્ર કરવુ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની બસો બોતેરમી કલમ પ્રમાણે ભેળ કરવાનો ગુન્હો થતો નહિ હોય ત્યારે, અથવા (બ) ફલાણો દારૂ ગામઠી દારૂ છે એવી પોતાને ખબર છતા અથવા એમ માનવાનો સબબ છતા તે દારૂ પારકા દેશના દારૂ તરીકે વેચશે અથવા રાખશે અથવા વેચવાને માંડી મુકશે, અથવા (ક) જે બાટલીમા અથવા પેટીમા અથવા પ્યાકેજમા અથવા બીજા પાત્રમા ગામઠી દારૂ હશે તે બાટલીના બુચ ઉપર અથવા બાટલી ઉપર અથવા પેટી ઉપર અથવા પ્યાકેજ ઉપર અથવા બીજા પાત્ર ઉપર હેઠળ લખેલા ઇરા-દાથી નિશાની કરશે અથવા જે બાટલીમા અથવા પેટીમા અથવા પ્યાકેજમા અથવા બીજા પાત્રમા ગામઠી દારૂ હોય તે બાટલીનો અથવા પેટીનો અથવા પ્યાકેજનો અથવા બીજા પાત્રનો, તેની ઉપર અથવા તેના બુચ ઉપર કાંઈ નિશાની હોય તેનો હેઠળ લખેલા ઇરાદાથી ઉપયોગ કરશે એટલે, તે બાટલીમા અથવા પેટીમા અથવા પ્યાકેજમા અથવા બીજા પાત્રમા પારકા દેશનો દારૂ છે એવુ લાગે એવા ઇરાદાથી નિશાની કરશે અથવા ઉપયોગ કરશે અને સદરહુ પ્રકારનુ કૃત્ય, કોઇ માણુસને ફસાવવાના અથવા તેને નુકશાન કરવાના ઇરાદાથી વેપારની ખોટી નિશાની કરવાનો ગુન્હો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૮૨ મી કલમ પ્રમાણે થતો નહિ હોય ત્યારે, અથવા (ડ) કોઈ બાટલી ઉપર અથવા પેટી ઉપર અથવા પ્યાકેજ ઉપર અથવા બીજા પાત્ર ઉપર અથવા તેના બુચ ઉપર કાઇ નિશાની હોય તે હેઠળ લખેલા ઇરાદાથી તે બાટલીમા અથવા પેટીમા અથવા પ્યાકેજમા અથવા બીજા દારુમા કાંઈ ગામઠી દારૂ વેચશે અથવા રાખશે અથવા વેચવાને માંડી મુકશે એટલે તે બાટલીમા અથવા પેટીમા અથવા પ્યાકેજમા અથવા બીજા પાત્રમા પારકા દેશનો દારૂ છે એવુ લાગે, એવા ઇરાદાથી વેચશે અથવા રાખશે અથવા વેચવાને માંડી મુકશે અને તે કૃત્ય, વેપારની બનાવટની નિશાની જેના ઉપર છે એવો માલ વેચવાનો ગુન્હો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૮૬ મી કલમ પ્રમાણે, થતો નહિ હોય ત્યારે, અથવા (ઇ) ખરીદનારે માગ્યા પ્રમાણેના, પ્રકારનો, જાતનો, તથા ગુણુનો ન હોય એવો કોઇ પણ જકાતી પદાર્થ વેચશે અથવા લાઇસન્સ ધારણ કરનારને વેચવા સારૂ રાખવા માટે તે લાઇસન્સની શરત ઉપરથી અધિકાર હોય એવા પ્રકારનો, જાતનો તથા ગુણુનો ન હોય એવો કોઇપણ જકાતી પદાર્થ રાખશે અથવા વેચવાને માંડી મુકશે

તેને સદરહુ પ્રકારના દરેક ગુન્હા બાબત પાચસે રૂપીઆ સુધી દંડની અથવા ઘણામા ઘણા ત્રણ મહિના સુધી કેદની શિક્ષા અથવા આ બેઉ શિક્ષા થશે

"૪૭. આ આકટ મુજબ લાઇસન્સ અથવા પરવાનગી ચિઠ્ઠી અથવા પાસ ધારણ કરનાર પણ વાસ્તવિક ગુન્હો કરનારની માફક પોતાની ચાકરીમાના અથવા પોતાની સ્પષ્ટ અથવા ગર્ભિત પરવાનગીથી

પોતાના તરફથી કામ કરનારા કોઇ પણ શખસે ૪૩ મી, ૪૪ મી, ૪૫ અ, અથવા ૪૬ મી કલમ પ્રમાણે કાંઈ ગુન્હો કર્યો હોય તો તે માટે તે ગુન્હો પોતે જાતે કર્યો હોય તો પ્રમાણે સરખી રીતે જવાબદાર થશે, પણ સદરહુ પ્રકારનો ગુન્હો ન થાય તેટલા માટે પોતે સઘળા યોગ્ય તથા વ્યાજબી પૂર્વોપાયો લીધા હતા એવુ સાબીત કરશે તો તે જવાબદાર થશે નહિ.

પણ એવુ ઠરાવ્યુ છે કે વાસ્તવિક ગુન્હેગાર સિવાયના કોઈ પણ શખસને, દડ ન ભર્યો હોય ત્યારે કેદની શિક્ષા કરવામા આવે છે તે શિવાય, કેદની શિક્ષા કરવામા આવશે નહી

૪૮ કોઈ માણુસે આ આકટ વિરૂદ્ધ ગુન્હો કર્યો છે અથવા તે કરવામા તે સામેલ છે એવી ખોટી બાતમી દ્વેષથી જે કોઇ શખસ હેઠળ લખેલા ઇરાદાથી આપશે, એટલે તે માણુસને પકડવામા આવે અથવા કોઈ ઇમારતનો અથવા વહાણુનો અથવા બીજી જગાનો ઝાડો લેવામા આવે તથા તેથી કરીને સદરહુ પ્રકારના માણુસનુ અથવા બીજા કોઇ માણુસનુ નુકસાન થાય અથવા તે ત્રાહે ત્રાહે થાય, એવા ઇરાદાથી આપશે, તેને ઘણુામા ઘણુા છ મહિના સુધીની કેદની શિક્ષા અથવા ઘણુામા ઘણુા પાચસે રૂપિયા સુધી દડ અથવા એ બેઉ શિક્ષા થશે

૪૯. જે કોઇ આબકારી અથવા બીજો અમલદાર વેહેમના વાજબી સબબ વગર કોઇ ઇમારતમા અથવા વહાણુમા અથવા જગામા પેસશે અથવા તેનો ઝાડો લેશે અથવા ઝાડા લેવડાવશે, અથવા આ આકટ પ્રમાણે સરકાર દાખલ થવાને પાત્ર હોય તેવી કાઇ વસ્તુ પકડવાના અથવા તે બાબત ઝાડા લેવાના બાહાનાથી કોઇ માણુસનો માલ ત્રાસદાયક રીતે તથા કારણુ વગર પકડશે, અથવા કોઇ માણુસને ત્રાસદાયક રીતે તથા કારણુ વગર અટકાવી રાખશે અથવા તેનો ઝાડો લેશે અથવા તેને પકડશે, તેને સદરહુ પ્રકારના દરેક ગુન્હા બાબત ઘણુામા ઘણુા પાચશે રૂપિયા સુધી દડ થશે

૪૯. અ જે કોઈ પણુ આબકારી અમલદાર કાયદેસર સબબ શિવાય પોતાના હુદ્દાની ફરજ, કમિશનરની ખાસ લેખી પરવાનગી વગર, અથવા તેમ કરવાના પોતાના ઇરાદાની પોતાના વરિષ્ટ અમલદારને બે મહિનાની નોટીસ આપ્યા વગર બજાવશે નહી અથવા બજાવવાને ના પાડશે અથવા બજાવવામાથી ખસી જશે, અથવા જે શખસ હીચકારાપણુા માટે તકસીરવાન થશે તેને મેજીસ્ટ્રેટ આગળ ગુન્હાની સાબીતીનો ઠરાવ થયા પછીથી ત્રણુ મહિનાની મુદ્દત સુધીની કેદની અથવા ત્રણુ મહિનાના પગાર સુધીના દડની અથવા એ બન્નેની શિક્ષા થશે "

૫૦. જે કોઇ આબકારી અથવા બીજો અમલદાર અથવા માણુસ કલમ ૩૮ અ પ્રમાણે પકડેલા કોઇ માણુસને કલમ ૩૮ બ મા કહ્યા પ્રમાણે પોલીસ થાણુા ઉપરના અમલદારની પાસે અથવા માજીસ્ટ્રેટ પાસે મોકલવાને ત્રાસદાયક બુદ્ધિથી તથા કારણુ વગર વાર લગાડશે તેને ઘણુામા ઘણુા બસો રૂપીયા સુધીનો દડ થશે

૫૦. અ જે કોઈ આબકારી અથવા બીજો અમલદાર અથવા માણુસ. આ આકટ પ્રમાણે પકડેલા કોઇ માણુસના અથવા પકડેલા કાંઈ ગેરકાયદેસર પદાર્થના સબધમા કલમ ૪૧ અ, અથવા ૪૧ (ક) મા કહ્યા પ્રમાણે ચાલવાને ત્રાસદાયક બુદ્ધિથી તથા કારણુ વગર વાર લગાડશે તેને ઘણુામા ઘણુા બસો રૂપીયા સુધીનો દડ થશે "

૫૧. જે કોઈ આબકારી અથવા બીજો અમલદાર આ આકટ પ્રમાણે પકડેલા કોઇ માણુસને ગેર કાયદાસર રીતે છોડી દેશે, અથવા તે નાશી જવા તરફ આખઆડા કાન કરશે અથવા આ આકટ વિરૂદ્ધ કાઇ ગુન્હો કર્યા તરફ આખ આડા કાન કરશે અથવા જે કોઇ વાત ઉપરથી આ આકટના ઠગવો પૈકી કોઈ ઠરાવમાથી છટકી જવાની અથવા તે તોડવાની અથવા આબકારી મેહેસુલ ડુબાવવાની વાત કોઇ માણુસથી કરી શકાય એટલા સારૂ પોતાના કર્તવ્યકર્મ વિરૂદ્ધ કોઇ ગીતે વર્તશે

અને ઓગણુચાળીસમી કલમમા કહેલા બીજા કોઇ ખાતાના જે કોઇ ઓફીસરને સ્થાનિક હકુમત આપેલી હશે તે અમલદાર પોતાની હકુમત માહેની કોઇ જગામા આ આકટવિરૂદ્ધ કાઇ ગુન્હો થાય તે તરફ આખઆડા કાન કરશે, તેને સદરહુ પ્રકારના દરેક ગુન્હા બાબત ઘણુ.મા ઘણુા પાચસે રૂપિઆ સુધી દંડની શિક્ષા અથવા ઘણુામા ઘણુા છ મહિના સુધી કેદની શિક્ષા અથવા આ બેઉ શિક્ષા થશે

પર. ૩૯ કલમમા કહેલો જે કોઈ અમલદાર ખબર આપવામા અથવા અટકાવ કરવાના ઉપાયો લેવામા અથવા સદરહુ કલમમા કહેલી રીતે આબકારી અમલદારને મદદ કરવામા કાયદાસર કારણ વગર ગફલત કરશે અથવા ના કહેશે તેને પાચશે રૂપિયા સુધી દડ થશે

પ૩. ૪૩ મી કલમ પ્રમાણે ફરિયાદ થાય તેમા ઉલટુ સાબીત કરવામા આવે ત્યા સુધી હેઠળ લખ્યા પ્રમાણે સિદ્ધવત સમજવુ, એટલે જે કોઇ અથવા તૈયાર કરવા માટેનુ અર્ક કહાડવાનુ યત્ર અથવા પાત્ર અથવા ઓજાર અથવા સાચો, અથવા મહુડા અથવા તૈયાર કરવામા જે માલમસાલાનો ઘણુ કરીને ઉપયોગ થાય છે તે માલમસાલો પોતાના કબજામા હોવા બાબત જે તોહોમતદારથી ખાત્રી થાય એવો જવાબ આપી શકાતો ન હોય તેણે તે જકાતી પદાર્થ અથવા ભાગના છોડ બાબત અથવા મહુડા કહાડવાના યત્ર બાબત અથવા પાત્ર બાબત અથવા ઓજાર બાબુત અથવા સાચા બાબત અથવા મહુડા બાબત અથવા માલ મશાલા બાબત, સદરહુ કલમ પ્રમાણે ગુન્હો કર્યો છે એવુ વધારે પુરાવા વગર સિદ્ધવત સમજવુ

"પ૪ જ્યારે આ આકટ મુજબ ગુન્હો કરવામા આવે ત્યારે "

(અ) જે કોઇપણ જકાતી પદાર્થ, ભાગના છોડ, મહુડા, માલમશાલો, યત્ર, પાત્ર, ઓજાર અથવા સચાના સબધમા સદરહુ ગુન્હો કરવામા આવ્યો હોય તે, (બ) રકમ (અ) પ્રમાણે સરકાર દાખલ થવાને પાત્ર હોય એવા કોઇપણ પદાર્થ સાથે અથવા ઉપરાત કાયદેસર રીતે આણેલો, એક ઠેકાણેથી બીજે ઠેકાણે મોકલેલો, તૈયાર કરેલો, કબજામા રાખેલો, અથવા વેચેલો, કોઇ પણ જકાતી પદાર્થ, ભાગનો છોડ અથવા મહુડા (ક) રકમ (અ) અથવા રકમ (બ) ની પ્રમાણે સરકાર દાખલ થવાને પાત્ર હોય એવો કોઇપણ પદાર્થ જે પાત્રોમા, પેકેજોમા તથા આચ્છાદનોમાથી મળ્યો હોય તે, તથા તે પાત્રો પેકેજો અને આચ્છાદનોમા જે બીજી વસ્તુઓ હોય તે બીજી વસ્તુઓ તથા એવો કોઇ પણ પદાર્થ લઇ જવામા ઉપયોગ કરેલા જનાવરો, ગાડા, વહાણ બથવા બીજા વાહનો

પપ (૩) માજીસ્ટ્રેટે જે કોઇપણ મુકદ્દમાનો ઇન્સાફ કર્યો હોય તે મુકદ્દમામા જ્યારે તે એમ ઠરાવે કે તરત ઉપરની કલમ પ્રમાણે ફલાણી ચીજ સરકાર દાખલ કરવાને પાત્ર છે ત્યારે તે તે ચીજ ઉપર હક ધરાવનારો જો કોઇ સખસ હોય તો તેને સાભળ્યા પછી, તથા તે પોતાનો હક સાબીત કરવાને જે પુરાવો રજુ કરે તે પુરાવો સાભળ્યા પછી, સરકાર દાખલ કરવાનો હુકમ કરવાને અથવા જકાતી પદાર્થ અથવા ભાગના છોડ શિવાયના બીજા કોઇ પણ પદાર્થની બાબતમા, સરકાર દાખલ કરવાને બદલે જે દડ કરવાનો માજીસ્ટ્રેટને યોગ્ય દેખાય તે દડ આપવાની છુટ તે ધણીને આપવાને મુખત્યાર છે (૨) જ્યારે આ આકટ મુજબ ગુન્હો થયો હોય અને ગુન્હેગાર જાણવામા આવ્યો ન હોય અથવા જડતો ન હોય ત્યારે, અથવા આ આકટ મુજબ સરકાર દાખલ થવાને પાત્ર હોય, અને કોઇ પણ માણસના કબજામા ન હોય એવી ચીજ બાબત સંતોષકારક કારણ રજુ થતું ન હોય ત્યારે તે મુકદ્દમાની કલેકટરે ચોકશી કરીને નિકાલ કરવો, અને તે કલેકટર સરકાર દાખલ કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે એવો કોઇપણ હુકમ જે વસ્તુ સરકાર દાખલ કરવાનો ઇરાદો હોય તે વસ્તુ પકડાયાની તારીખથી એક મહિનો વીત્યા પહેલા અથવા તેના સબધમા કોઇપણ હક કરનાર હોય તો તેનું સાભળ્યા વગર તથા તે પોતાનો હક સાબીત કરવાને જે કઈ પુરાવો રજુ કરે તે પુરાવો સાભળ્યા વગર કરવો નહિ

વળી એવુ ઠરાવ્યુ છે કે સદરહુ વસ્તુ જલ્દી અને કુદરતી રીતે નાશ પામે એવી હોય અથવા તેનુ વેચાણ કરવાથી તેના ધણીને લાભ થશે એવો કલેકટરનો અભિપ્રાય હોય તો કલેકટર તે વસ્તુ વેચવાનો કોઈ પણ વખતે હુકમ કરવાને મુખત્યાર છે, અને ત્યાર પછી આ કલમના ઠરાવો એવા વેચાણની નક્કી ઉપજને બનતા સુધી લાગુ પડશે

વળી એવુ ઠરાવ્યુ છે કે જે કોઇ પણ વસ્તુ જલ્દી અને કુદરતી રીતે નાશ થાય એવી હોય તે વસ્તુની બાબતમા કલેકટર તે વસ્તુ નાશ કરવા જેવા સજોગો હોય તો, તેનો નાશ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે (૩) કલેકટર આ કલમ પ્રમાણેના પોતાના અધિકાર કોઇ પણ આસિસ્ટન્ટ અથવા ડેપ્યુટી કલેકટરને તેના નામથી અથવા હોદ્દાના સબબથી સોપવાને મુખત્યાર છે

ટીકા—અમુક ચીજો પકડવામા આવી હોય તે પકડયાની તારીખથી એક મહિના પહેલા તે જપ્ત કરવાનો કલેકટર હુકમ કરી શકે નહીં (ઈ લો રિ ૧૭ મુબઇ ૧૫૪)

૫૫.—આ કોઇપણ કમિશનર અથવા કલેકટર અથવા આ અર્થે સરકારે વિશેષ રીતે અધિકાર આપેલો કોઈ પણ આબકારી અમલદાર, જે કોઇ પણ માણુસનુ લાઇસન્સ, પરવાનગી ચિઠ્ઠી અથવા પાસ, ૩૨ મી કલમની રકમ (અ) અથવા રકમ (બ) ની રૂયે રદ થવાને અથવા તહકુબ થવાને પાત્ર હોય, અથવા જેણે ૪૩ મી, ૪૪ મી, ૪૫ મી, અ અથવા ૪૬ મી કલમ મુજબ ગુન્હા કર્યાનો વ્યાજબી રીતે શક આવતો હોય તે શખસ પાસેથી પ્રસગ પ્રમાણે એવી રીતે લાઇસેન્સ પરવાનગી ચિઠ્ઠી અથવા પાસ રદ કરવા અથવા તહકુબ કરવા બદલ અથવા જે ગુન્હો થયો હોય તે ગુન્હાની તોડજોડ તરીકે, અમુક રકમ લેવાને મુખત્યાર છે, અને જે સઘળી બાબતમા જકાતી પદાર્થ અથવા ભાગના છોડ સિવાયની જે કોઇપણ મીલકત આ આક્ટ પ્રમાણે સરકાર દાખલ થવાને પાત્ર હોવા તરીકે પકડેલી હોય તે સઘળી બાબતોમા તે મિલકત તેની જે કિમ્મત એવો અમલાર અડસટ્ટે ઠરાવે તે આપેથી છોડી દેવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે ૪૩ અથવા ૪૪ આ કલમ મુજબનો ગુન્હો કર્યાનો જેની ઉપર વાજબી રીતે શક જતો હોય એવો શખસ જ્યારે, આ આકટની રૂયે આપવામા આવેલા લાઇસન્સ, પરવાનગી ચિઠ્ઠી અથવા પાસનો ધારણ કરનાર અથવા આવા ધારણ કરનારે કામે લગાડેલો માણુસ અથવા આવા ધારણ કરનારની સ્પષ્ટ અથવા ગર્ભિત પરવાનગીથી તેના તરફથી કામ કરનાર શખસ ન હોય ત્યારે તેવા માણુસ પાસેથી તોડજોડ તરીકે જે રકમ લેવામા આવે તે રકમ ૨૦૦ રૂપીઆથી વધુ હોવી જોઇએ નહિ

પ્રસગ પ્રમાણે સદરહુ પૈસાની રકમ અથવા સદરહુ કિમ્મત અથવા તે બન્ને એવા શખસ તરફથી એવા અમલદારને આપવામા આવે એટલે, જો તેવો શખસ પેરામા હોય તો તેને છોડી મૂકવો પકડેલી મિલ્કત છોડી દેવી અને આવા શખસ સામે જો માજીસ્ટ્રેટે કામ ચલાવવા માડયુ હશે તો, સદરહુ ગુન્હો માડી વાળવાનુ ફળ એવુ થશે કે તે તોહોમતદારની ઉપર ગુન્હો નાસાબીત થયાનો ઠરાવ થશે અને પછીથી એવી જ બાબતના સબધમા એવા શખસ અથવા એવી મિલકત સામે કોઇ પણ પ્રસગે કાઇ પણ વધારે કામ ચલાવવુ નહિ ”

બાબ ૧૧. કામ ચલાવવાની રીત.

૫૬. આ આકટવિરૂદ્ધના સઘળા ગુન્હાનો ઇન્સાફ કરવાનો અધિકાર માજીસ્ટ્રેટને છે

૫૭—૫૮. ૫૮. અ. ૫૯. આ કલમો સને ૧૯૧૨ ના ૧૨ મા એકટથી રદ કરવામા આવી છે

૬૦. કલેકટર અથવા કમિશનર શિવાય બીજા કોઇ પણ આબકારી અમલદારે આ આક્ટ પ્રમાણે કરેલા સઘળા હુકમ ઉપરની અપીલ જે હુકમ વિરૂદ્ધ તકરાર હશે તે હુકમની તારીખથી સાઠ દિવસની અંદર હરકોઇ વખતે કલેકટરને ત્યા ચાલશે

કલેકટરે કરેલા સઘળા હુકમ ઉપર કમિશનરને ત્યા અથવા કમિશનરે કરેલા સઘળા હુકમ ઉપર સરકારમા અપીલ જે હુકમની વિરૂદ્ધ તકરાર હશે તે હુકમની નેવુ દિવસની અદર હરકોઇ વખતે ચાલશે પણ એવુ ઠરાવ્યુ છે કે કમિશનરે અપીલમા કરેલા હુકમ ઉપર અપીલ ચાલશે નહિ

રેવન્યુ ખાતામા અપીલ સબધી જે કાનુનો જે વખતે અમલમા હશે તે કાનુનો આ આકટ પ્રમાણે કરેલી અપીલોને, ઉપરના ઠરાવોને અનુસરીને લાગુ થશે

બાબ ૧૨ પરચુરણ.

૬૧. સન ૧૮૮૯ ના કેન્ટોન્મેન્ટ બાબતના આકટ અથવા સન ૧૮૬૧ ના નવેમ્બર મહિનાની ૧૬ મી તારીખે હિદુસ્તાનનો કૌાસલ બાબતનો આકટ અમલમા આવ્યો તે તારીખ પછી ગવર્નર જનરલ ઇન કોન્સિલે પસાર કરેલા હરકોઇ આકટને આ આકટના કોઇપણ ઠરાવથી બાધ આવે છે એમ સમજવુ નહિ.

૬૨. શુદ્ધબુદ્ધિથી કાઇ ઓસડ તરીકે કરેલો પદાર્થ અથવા પદાર્થોનો વર્ગ ઓસડના કારણ સારૂ વૈદોએ અથવા રસાયણ શાસ્ત્ર સબધી પદાર્થ તૈયાર કરનારાઓએ અથવા વેચનારાઓએ અથવા વસાણા વેચનારાઓએ અથવા એપોથેકેરીઓએ અથવા દવાખાનાવાળાઓએ તૈયાર કરવાને અથવા વેચવાને અથવા પુરો પાડવાને આ આકટની આગળ ગયેલા ઠગવ લાગુ છે એમ સમજવુ નહિ. પણ કોઈ નિર્દિષ્ટ કરેલા

સ્થાનિક પ્રદેશમા અથવા જગામા અથવા સામાન્યત કલેકટરે આપેલા લાઇસેન્સ વગર સદરહુ પ્રકારનો કોઈ પદાર્થ વેચવાની મના મુબઇ સરકારી ગેઝેટમા જાહેરનામુ છપાવીને હરકોઈ વખતે કરવાનો અધિકાર સરકારને છે સદરહુ પ્રકારનુ લાઇસેન્સ, જે ફી તથા જે શરતો ઠગવવાનુ સરકારને યોગ્ય લાગે તે ફી આપેથી તથા તે શરતો મુજબ આપવામા આવશે

ટીકા—વૈદકીય રીતે તૈયાર કરેલ વસ્તુનો અર્થ–કોઈ રીતે વૈદકીય ચીજો મેળવી બનવટ કરેલી વસ્તુઓ સમજવાનો છે

૬૩.—સન ૧૮૬૭ ના મુબઈના આકટ પ્રમાણે લાઇસેન્સ આપ્યાથી અથવા વસ્તુ સરકાર દાખલ કર્યાથી અથવા દડ કર્યાથી અથવા ગુન્હેગારી ઠરાવ્યાથી જે નાણુ વસુલ થાય અથવા જમા થાય અથવા મળે તે સઘળુ નાણુ મ્યુનિસિપાલ કારણ સારૂ મુબઇ શહેરના મ્યુનિસિપાલ ફડ ખાતે જમે કરવુ એવુ સદરહુ આકટની ૧૪ મી કલમમા ઠરાવ્યુ છે વાસ્તે આ કલમ ઉપરથી એવુ ઠરાવ્યુ છે કે જે નાણુ મુબઇ શેહેરની મ્યુનિસિપાલ કોર્પોરેશનને આજસુધી સદરહુ પ્રમાણે મળતું હતું તેને બદલે સન ૧૮૭૮ ના ઓગસ્ટ મહિનાની ૧ લી તારિખથી તથા તે તારીખ પછી સરકારે સદરહુ કોર્પોરેશનને સદરહુ કારણ સારૂ દર વરસે ૧, ૪૩, ૭૫૦ રૂપિયાની મુકરર રકમ આપે જવી

૬૪. આ આકટની રૂએ આપેલા કોઇ પણ અધિકાર પ્રમાણે કરેલી સઘળી કાનુનો મુબઇ સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવી અને એવી રીતે પ્રસિદ્ધ થયા પછી તેમનો અમલ જાણે તે આ આકટમા દાખલ કરી હોય તેવી રીતે થશે. "

૬૫ ૬૬ ૬૭.—આ કલમો સને ૧૯૧૨ ના ૧૨ મા એકટથી રદ કરવામા આવી છે

કાયદાના શિક્ષક સંબંધમાં અમલદારો શું કહે છે ?

વડોદરા રાજ્યના વરીષ્ટ કોર્ટના–હાઇકોર્ટ જડજ સાહેબ, મે રા. બા. ગોવીંદભાઇ હાથીભાઇ દેસાઇ બી. એલ. એલ. બી. લખે છે કે:—

રા રા જેઠાલાલ દેવશકર દવે કૃત " કાયદાનો શિક્ષક " એ નામના પુસ્તકની પહેલી આવૃત્તિ મારા જોવામા આવી હતી તેમ હાલમા નવીન આવૃત્તિ પ્રસિદ્ધ થઇ છે તે પણ મારા જોવામા આવી છે આ પુસ્તક દરેક માણસને કાયદાની સાધારણ રીતે વ્યવહારપયોગી માહીતી મેળવવાનુ એક સાધન પુરૂ પાડે એવુ છે અને તેથી તે દરેક જણે પોતાના ઘરમા રાખવા જેવુ છે, એકજ પુસ્તકમા દિવાની ફોજદારી તથા મુલકી સંબધી તમામ માહીતી મળે એવુ ગુજરાતી ભાષામા આ એકજ પુસ્તક છે, અને સાધારણ બાબતોમા વકીલને ઘેર જવાની તસ્દી ન લેતા દરેક માણસ જરૂરની કાયદા સબધી માહિતી મેળવી શકે એવુ ઉપયોગી છે

સુરતના મે. ડીસ્ટ્રીકટ અને સેશન્સ જડજ મે ચિમનલાલ એન મહેતા, એમ એ એલ એલ બી લખે છે કે—તમારૂ પુસ્તક કાયદાનો શિક્ષક મળ્યુ તેમા તમામ ઉપયોગી કાયદાઓનો સમાવેશ કરેલો છે તેમા હીદુ અને મુસલમાન લૉ પણ છે જેથી ગુજરાતી જાણનાર વર્ગ માટે તમે એક લાબા વખતની ખોટ પુરી પાડી અને મહત્વનુ કાર્ય કર્યુ છે તે પુસ્તક ગુજરાતી જાણનારા વકીલો, માજીસ્ટ્રેટો રેવન્યુ ઓફીસરો અને જડજોને અને કાયદાના અભ્યાસીઓને ઘણુ જ ઉપયોગી થઇ પડશે, એટલુ જ નહી પણ તે પુસ્તક એટલુ બધુ ઉપયોગી છે કે તેને રેફરન્સ માટે દરેક કાયદા જાણનાર માણસે પોતાના ટેબલ ઉપર હરહમેશ ગખવુ જ જોઇએ હુ તમારા આ કાર્યમા તમને ફતેહ મળે તેવુ ઇચ્છુ છુ

ના **મુંબઇ હાઇકોર્ટના ચીફ જસ્ટીસ સર લલ્લુભાઇ આશારામ શાહ** લખે છે તમારૂ પુસ્તક કાયદાનો શિક્ષક ' મળ્યુ તેમા ઘણા નાના મોટા ગુજરાતી કાયદાઓનો સમાવેશ કરેલો છે આવો સગ્રહ અગ્રેજી નહિ જાણનાર કાયદાના ગુજરાતી અભ્યાસકોને ઉપયોગી થાય તે સ્વાભાવિક છે

પુસ્તક તૈયાર છપી જવા આવ્યુ છે માટે તાકીદે મગાવી લેવુ કી, રૂ ૧૫–૦–૦

ભાગ્યોદય ઓફીસ—અમદાવાદ.

મ્યુનિસીપાલ ઍક્ટ

(સન ૧૯૦૧ નો આક્ટ ૩ જો.)

બાબ ૧.—પ્રથમારંભી ઠરાવો.

૧ (૧) આ આક્ટને સન ૧૯૦૧ નો મુબઇનો ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપાલ આક્ટ કહેવો (૨) તે મુબઇ શહેર સિવાય આખા મુબઇ ઈલાકાને લાગુ છે (૩) તે સને ૧૯૦૧ ના એપ્રિલ મહિનાની પહેલી તારીખથી અમલમા આવશે

૨, [૧] સન ૧૮૭૩ ના તથા સન ૧૮૮૪ ના મુબઇ ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ આક્ટો આ ઉપરથી રદ કર્યાં છે પણ એવુ ઠરાવ્યુ છે કે—

(અ) સદરહુ રદ કરવા બાબતના ઠરાવથી, સદરહુ બેમાના કોઇ પણ આક્ટ ઉપરથી જે કાંઈ પણ કામ આ અગાઉ કરવામા આવ્યુ હશે તેના કાયદેસરપણાને અથવા ગેરકાયદેસરપણાને બાધ આવશે નહિ, (બ) સદરહુ આક્ટોની રૂયે અથવા તે ઉપરથી રદ કરેલા કોઇ પણ કાયદાઓની રૂયે જે જે મ્યુનિસિપાલીટીઓ રચાઇ હશે, જે જે મ્યુનિસિપલ કમિશનરો નિમાયા હશે અથવા ચુટાયા હશે, જે જે કમિટીઓ સ્થપાઇ હશે જે જે હદ ઠરાવી હશે, જે જે નિમણુકો, કાનુનો હુકમો તથા પેટા કાયદા હશે, વીગેરે આ આ આક્ટ મુજબ છે એમ સમજવુ [ક] મુબઇના ગવર્નર ઈન કૌંસિલના કોઇપણ કાયદામા અથવા કોઈ પણ દસ્તાવેજમા સદરહુ પ્રકારના કોઈ પણ રદ કરેલા કાયદા ઉપગ જે હવાલો આપ્યો હોય તે, બને તેટલે સુધી, આ આક્ટ ઉપર આ આક્ટના મળતા આવતા ભાગ ઉપર આપ્યો છે એમ સમજવુ

(૨) સન ૧૮૯૯ ના મુબઈના ભેળસેળ કરવાની મનાઈ કરવા બાબતના આક્ટની ૫ મી કલમની પેટા કલમ [૨] આખી તથા પેટા કલમ (૩] ની રકમ (બ), તથા ૬ ઠી કલમની પેટા કલમ [૨] આખી આ ઉપરથી રદ કરી છે

૩ આ આક્ટમા તથા આ આક્ટના પરિશિષ્ટોમા વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબધ ઉપરથી બાધ આવતો ન હોય તો—

(૧) " શેહેરની મ્યુનિસિપાલીટી " એ સજ્ઞાનો અર્થ જે કોઇ પણ મ્યુનિશીપાલીટી (અ) ઈ પારશિષ્ટમા નિર્દિષ્ટ કરેલી મ્યુનિસિપાલીટીઓમાની એકાદી મ્યુનિસિપાલાટી હોય, અથવા (બ) ૧૮૧ મી કલમની પેટા કલમ (૧) ની રૂયે શેહેરની મ્યુનિસિપાલીટી ઠરાવવામા આવી હોય, અને જે ૧૮૧ મી કલમની પેટા કલમ (૨) ના અર્થ મુજબ શહેરની મ્યુનિસિપાલીટીનો કાયદેસર રીતે મેમ્બર હોય તે શખસ એવો થાય છે.

[૨] " કૌન્સિલર " આ શબ્દનો અર્થ, જે કોઇ પણ શખસ આ આક્ટની રૂયે રચાયલી મ્યુનિસિપાલીટીનો કાયદેસર રીતે મેમ્બર હોય તે શખ્સ એવો થાય છે

(૩) " કમિશનર ' એ શબ્દનો અર્થ, સન ૧૮૭૯ ના મુબઈના જમીનમેહેસુલના કાયદાની રૂયે નિમાયલો ભાગનો કમિશનર એવો, અને સિધમા, સિધનો કમિશનર એવો થાય છે

[૩] અ, 'મ્યુનિસિપલ કમિશનર " એ સજ્ઞાનો અર્થ કલમ ૧૮૬ અ ના ઠરાવોની રૂયે નિમાયલો શખ્સ એવો થાય છે અને તેમા કલમ ૧૮૬ ડ ની પેટા કલમ [૩] ની રૂયે મ્યુનિસિપલ કમિશનરને બદલે નિમાયલા શખ્સનો સમાવેશ થાય છે એમ સમજવુ "

[૪] "જડજ" એ શબ્દનો અર્થ જિલ્લા જડજ, જોઈન્ટ જડજ, આસિસ્ટટ જડજ, સ્મોલકોઝ કોર્ટનો જડજ, સબોર્ડિનેટ જડજ, અથવા સન ૧૮૭૯ થી ૧૮૮૫ સુધીના દક્ષીણના ખેડુતોને કરજમાથી

મુક્ત કરવા બાબતના આકટોની રૂએ નિમેલો જડજ એવો થાય છે

(૫) " મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટ " એ સંજ્ઞાનો અર્થ, જે કોઇ પણ પ્રદેશ હાલમા મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટ હોય તે પ્રદેશ, અને જે કોઈ પણ પ્રદેશ હવે પછી ૪ થી કલમ પ્રમાણે મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટ કરવામા આવે તે પ્રદેશ જો સદરહુ કલમના ઠરાવ પ્રમાણે મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટ હોવાને બંધ થયો ન હોય તો તે પ્રદેશ એવો થાય છે

[૬] " જમીન " એ શબ્દમા જેની ઉપર કાંઈ બાંધવામા આવ્યુ હોય અથવા જે પાણીથી ઢંકાઇ ગયેલી હોય તે જમીનનો પણ સમાસ થાય છે

(૭) " ઇમારત " એ શબ્દમા, જે કોઇ પણ ઝુંપડુ, છાપરૂં અથવા વાડ ભરીને ઘેરી લીધેલી જે બીજી જગા માણસને રહેવાના ઘર પ્રમાણે વપરાતી હોય અથવા બીજા કશા માટે વપરાતી હોય તેનો, તેમજ ભીંતનો, વરંડાનો (ઓટલા, ગેલેરી ઇત્યાદિનો), જોડેલા પ્લાટફોર્મનો, પ્લીથનો, બારણાના પગથીઆનો તથા ઇમારતના તેના જેવાજ બીજા ભાગોનો સમાસ થાય છે

[૮] "ધણી" એ શબ્દમા જે શખસ જમીનોનુ તથા ઇમારતોનુ અથવા જમીનોને અથવા ઇમારતોનું ભાડુ પોતાને સારૂ અથવા બીજા કોઇ માણસના એજંટ કે ટ્રસ્ટી દાખલ વિદ્યમાનકાળે લેતો હોય તે શખસનો, અથવા, એવી જમીન અથવા ઇમારત ભાડુતને ભાડે આપી હોય તો તે જમીનનું અથવા ઇમારતનુ ભાડુ જે શખસ એવી રીતે લે તે શખસનો સમાસ થાય છે

(૯) " સરકારનો પગારદાર નોકર ' એ શબ્દોમા જેણે સરકારી નોકરી છોડી હશે પણ જેને પેન્શન મળતું હશે એવા સરકારી નોકરનો, અથવા જેને સરકારમાથી પગાર મળતો હોય પણ જે સરકારને આખા વખતનો નોકર નહિ હોય તેનો સમાસ થતો નથી

(૧૦) " સરકારી સાલ " એ શબ્દાનો અર્થ, એપ્રિલ મહિનાની ૧ લી તારીખે શરૂ થતું વર્ષ એવો થાય છે

(૧૧) વાર્ષિક ભાડુ" એ શબ્દોનો અર્થ, કોઈ પણ ઇમારત અથવા જમીન, તેમા અથવા તે ઉપર જે સામાન અથવા સાચા કામ હોય અથવા આવેલુ હોય તે બાદ કરતા, જે વાર્ષિક ભાડે વાજબી રીતે વર્ષો વર્ષ આપી શકાય તે વાર્ષિક ભાડુ એવો થાય છે

(૧૨) " સ્ટ્રીટ " એ શબ્દનો અર્થ જે કોઇ પણ રસ્તેથી, પગવાટેથી, ચોકમાથી આગણામાથી મોહોલ્લામાથી અથવા વાટેથી જાથુને માટે અથવા થોડા વખતને માટે જવા આવવાનો લોકોને હક હશે પછી તે આરપાર જવાનો માર્ગ હોય કે નહિ હોય, તે રસ્તો, પગવાટ, ચોક, આગણુ, મોપોલો અથવા વાટ એવો થાય છે

અને જે કોઇ પણ ખાલી જગાના સીમાડા ઉપર થરો, દુકાનો અથવા બીજી ઇમારતો આવી હોય અને જે જગા કોઇ પણ સાર્વજનિક રસ્તા ઉપર અથવા રાહદારાના રસ્તા ઉપર જવા આવવાના સાધન તરીકે કોઇ પણ લોકો (પછી તેઓ એવી ઇમારતોના ભોગવટા કરનાર હોય અથવા ન હોય તો પણ) વાપરતા હોય તે દરેક જગાનો સદરહુ "સ્ટ્રીટ" શબ્દમા સમાસ થાય છે, પછી એવી જગા ખાનગી માલકીની હોય અને તે થોડે અંશે અથવા સર્વાંશે કોઇ પણ દરવાજાથી, થાભલાથી, સાકળથી અથવા અટકાવવાના બીજા સાધનથી બંધ કરેલી હોય તેની હરકત નહિ, પણ એવી ઇમારતના જે કોઇ પણ ભોગવટો કરનારને એવી જગાનો જે કોઇ પણ ભાગ ઉપર કહ્યા પ્રમાણે સઘળા લોકોને કોઇ પણ વખતે ન વાપરવા દેવાનો હક હોય તે ભાગનો સદરહુ શબ્દમા સમાસ થતો નથી.

[૧૩] 'સાર્વજનિક સ્ટ્રીટ" એ શબ્દનો અર્થ—(અ) જે સ્ટ્રીટમા જવા આવવાનો લોકોને હક છે તે સ્ટ્રીટ અથવા (બ) જે સ્ટ્રીટ મ્યુનિસિપલ ફંડમાથી અથવા બીજાં સાવજનીક ફંડમાથી આજ સુધી સપાટ કરી હશે, અથવા જે ઉપર ફરસબંધી કરી હશે, કાકરા પૂર્યા હશે, જેમા નળ કર્યા હશે, મોટી ગટર બાંધી હશે અથવા જેની મરામત કરી હશે તે સ્ટ્રીટ, અથવા [ક] જે સ્ટ્રીટ થતા હશે તે સ્ટ્રીટ, એવો થાય છે

(૧૪) " કર " એ શબ્દમા, આ આકટની રૂએ વસુલ કરવા લાયક કોઇ પણ ટોલ, રેટ, સેસ ફી,

અથવા બીજા માલનો સમાસ થાય છે

(૧૫) " અપરાધ કૃત્ય " એ શબ્દમા ચક્ષુરિંદ્રિયને, ઘ્રાણેંદ્રિયને અથવા કર્ણેન્દ્રિયને ઇજા થાય, જોખમ લાગે, કંટાળો આવે અથવા ઉપદ્રવ થાય, અથવા ઇજા થવાનો, જોખમ લાગવાનો કંટાળો આવવાનો અથવા ઉપદ્રવ થવાનો સંભવ હોય, એવા કોઇ પણ કૃત્ય, કસૂર જગા અથવા વસ્તુનો, અથવા જે કોઇપણ કૃત્ય, કસૂર, જગા અથવા વસ્તુ જીવને જોખમકારક અથવા પ્રકૃતિને અથવા મિલ્કતને હાનિકારક હોય અથવા થાય તે કૃત્ય કસુર, જગા અથવા વસ્તુનો સમાસ થાય છે

(૧૬) " ભય ભરેલો રોગ, " એ શબ્દોનો અર્થ કોગળીયુ, પ્લેગ સીતળા તથા જેને લીધે માણસની જીંદગી જોખમમા આવે એવો કોઇ અમુક સ્થળનો કે મોસમનો રોગ, મરકી અથવા ઉડતો રોગ એવો થાય છે.

(૧૭) " વાહન, એ શબ્દમા બાઇસિકલોનો, ત્રાઈસીકલોનો તથા મોટો મોટરગાડીઓનો અને પૈડાવાળી જે કોઈ પણ ગાડી સાર્વજનીક સ્ત્રીટ ઉપર વપરાતી હોય અથવા વાપરી શકાય એવી હોય તે દરેક ગાડીમા સમાસ થાય છે

(૧૮) " પબ્લિક સિક્યુરિટીઓ " એ શબ્દનો અર્થ (અ) હિંદુસ્તાન સરકારની સિક્યુરિટીઓ, (બ) રેલવે કંપનીઓના અથવા બીજી કંપનીઓના જે સ્ટોક, ડિબેંચરો, અથવા શેરોના વ્યાજ માટે સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈંડિયા ઇન કોન્સિલે બાહેધરી આપી હોય તે સ્ટાક, ડિબેંચરો અથવા શેર્સ (ક) બ્રિટિશ હિંદુસ્તાનમા સ્થાપેલી કાયદા કરનારી મંડળીએ કરેલા કોઇ પણ આક્ટ ઉપરથી આપેલા અધિકાર ચલાવીને કોઇ પણ સ્થાનિક અધિકારીએ અથવા તેની વતી કાઢેલા પૈસા બાબતમા ડિબેંચરો અથવા બીજી સિક્યુરિટીઓ, અથવા (ડ) ગવર્નર ઇન કોસિલ કોઈપણ હુકમ કરીને જે સિક્યુરિટી બદલ " વિશેષ અધિકાર આપે તે "સિક્યુરિટી" એવો થાય છે

(૧૯) 'મુંબઇ સરકારી ગેઝેટ' એ શબ્દો આ આક્ટમા જ્યા જ્યા આવતા હોય ત્યા ત્યા તેમને બદલે "સિંધ સરકારી" એ શબ્દો દાખલ કર્યા છે એમ સિંધમા સમજવુ

ભાર ૨—મ્યુનિસિપાલીટીઓની રચના.

(૧) મ્યુનિસિપલ ડિસ્ટ્રીક્ટો

૪ (૧) ૬ ઠી, ૭ મી તથા ૮ મી કલમોના ઠરાવોને પાત્ર રહીને ગવર્નર ઈન કોસિલને મુંબઇ સરકારી ગેઝીટમા વખતે વખતે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને કોઈ પણ પ્રદેશ મ્યુનિસિપલ ડિસ્ત્રિકટ છે એવુ ઠરાવવાનો અધિકાર છે

(૨) કોઇ નવી મ્યુનિસિપલ ડિસ્ત્રિકટની હદમા ફેરફાર કરવા બાબતના સદરહુ પ્રકારના દરેક જાહેર નામામા, પ્રસગ પ્રમાણે, એવા મ્યુનિસિપલ ડિસ્ત્રિકટમા જે પ્રદેશનો સમાસ કરવાનો હોય તેની અથવા તેમાથી જે પ્રદેશ બાતલ કરવાનો હોય તેની સ્થાનિક હદ સ્પષ્ટપણે નિર્દિષ્ટ કરવી જોઇએ

(૩) દરેક વિદ્યમાન મ્યુનિસિપલ ડિસ્ત્રિકટમાની મ્યુનિસિપાલીટીએ, પોતાના અધિકાર નીચેની મ્યુનિસિપલ ડિસ્ત્રિકટની સદરહુ જાહેરનામામા નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની હદ અથવા ફેરવેલી હદ બતાવનારા મજબુત હદ નિશાન કલેક્ટર મંજુર કરે તેવા પ્રકારના અને તેવી જગાએ ખુદ પોતાને ખર્ચે બંધાવવા અથવા ઉભા કરાવવા, અને ત્યાર પછી તે પોતાને ખર્ચે ટકાવી રાખવા એ તેની ફરજ છે

(૪) જ્યારે કોઇ પ્રદેશ મ્યુનિસિપલ ડિસ્ત્રિકટ હોવાને બંધ થાય, ત્યારે ત્યા સ્થાપેલી મ્યુનિસિપાલીટી બંધ થશે, તો તેને પ્રાપ્ત થયલી મિલ્કત તથા હક, તે સંબંધી સઘળા ચાર્જ (બોજા) તથા જવાબદારીઓને પાત્ર, મલિકમુઆઝમને પ્રાપ્ત થશે, અને તેનુ કાંઇ ઉત્પન્ન આવે તો તે, એવી મ્યુનીસિપાલીટીની હકુમત જે પ્રદેશમા હતી તેના હિત સારૂ ગવર્નર ઇન કોન્સિલના હુકમની રૂયે ખર્ચવુ જોઇયે

૫ ૩ જી કલમની રૂયે સ્થાપેલી મ્યુનિસિપલ ડિસ્ત્રિકટો મુદત મુદતની અથવા કાયમની હોઈ શકે.

૬ જે કોઇ પ્રદેશમા મુદતે મુદતે મેળો ભરાતો હોય, અથવા જ્યાં જાત્રાળુ લોકો મુદતે મુદતે જતા હોય તે પ્રદેશ તેમજ એવો મેળો અથવા જાત્રાળુ રહે ત્યા સુધી એવા મેળામા અથવા જાત્રામાં જનારા લોકો જે કોઇ પાસેના પ્રદેશમા જતા આવતા હશે તે પ્રદેશ, ફરી ફરીને આવનારી જે

અમુક મોસમો નિર્દિષ્ટ કરવામા આવે તેની શરૂઆતથી તે આખર સુધી, મુદત મુદતની મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટ છે એવુ ઠરાવવાનો અધીકાર છે

૭ (૧) જે કોઇ પણ પ્રદેશમા (અ) કોઈ શહેર, કસ્બો અથવા થાણુ અથવા બે અથવા વધારે પાસે પાસેના શહેરો, કસ્બા તથા થાણા, તેની અથવા તેમની પાસેના કોઇપણ ગામડા, પરા અથવા જમીન સુદ્ધા અથવા એ વગર આવેલા હોય, અથવા (બ) કોઈ ગામડુ અથવા પરૂ અથવા વધારે પાસે પાસેના ગામડા તથા પરા આવેલા હોય, તે પ્રદેશને કાયમ મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટ કરવાનો અધિકાર છે, પણ એવો ઠરાવ છે કે (અ) હિલ સ્ટેશનો બાદ કરીને, અથવા (બ) વિશેષ કારણ હોયા વગર (૧) જે કોઇ પણ શહેર, કસ્બો, થાણુ અથવા પરૂ જે બીજા કોઇ પણ શહેર, કસબા થાણા, અથવા પરાથી, જેની ઉપર ઘરો નહિ હોય એવી એક મૈલ કરતા વધારે વિસ્તારની જમીનથી છુટુ પડેલુ હોય તેની સાથે તે શેહેરનો, કસ્બાનો થાણાનો અથવા પરાનો કાયમ મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટમા સમાસ કરવાનુ, અથવા (૨) જે કોઇપણ પ્રદેશની વસ્તી બે હજાર માણસો કરતા ઓછી હોય તે પ્રદેશમા કોઈ પણ મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટ સ્થાપવાનુ, કાયદેસર થશે નહિ

(૨) જ્યારે જુદા જુદા નામવાળી બે અથવા વધારે જગાઓની એક મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટ કરી હોય ત્યારે, તે મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટનુ નામ કમીશનરે ઠરાવવુ જોઇએ

૮. (૧) કોઇ પણ પ્રદેશને કાયમ મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટ ઠરાવનારૂ અથવા એવા કોઇ પણ ડિસ્ટ્રિક્ટની હદમા ફેરફાર કરનારૂ, અથવા કોઈ પણ પ્રદેશ મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટ હોવાને બધ થશે એવુ ઠરાવનારૂ કોઈ પણ જાહેરનામુ પ્રસિદ્ધ કરવાની અગાઉ ઓછામા ઓછા બે મહિના આગમજ, ગવર્નર ઇન કૌન્સિલે, પ્રસગ પ્રમાણે એવુ ઠરાવવાનુ યોજ્યુ છે, એવા મજકુરનો એક ઢઢેરો મુબઇ સરકારી ગેઝેટમા અંગ્રેજી ભાષામા અને સ્થાનિક વર્તમાનપત્રો હોય તો, તેઓમાના ઓછામા ઓછા એક વર્તમાનપત્રમા, જે જીલ્લામા એવો પ્રદેશ હશે તે જીલ્લાની ભાષામા પ્રસિદ્ધ કરાવવો જોઈએ અને સદરહુ પ્રદેશ માહેના પ્રસિદ્ધ ઠેકાણે સદરહુ જીલ્લાની ભાષામા તે ચહોડાવવો જોઇએ, અને તેમા લખવુ જોઇએ કે સદરહુ યોજના બાબત જે માણસોને કાઇ હરકત હોય તેમણે તે હરકત કારણો સુદ્ધા સદરહુ ઢઢેરાની તારીખથી બે મહિનાની અદર કલેકટરને લખી મોકલવી અને જ્યારે જ્યારે જેમા લોકો વસતા હોય એવો કોઈ પણ પ્રદેશ મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટમા ઉમેરવાનુ અથવા તેમાથી બાતલ કરવાનુ યોજ્યુ હોય ત્યારે ત્યારે એવા પ્રદેશમા પ્રસિદ્ધ ઠેકાણે સદરહુ ઢઢેરાની એક નકલ પણ ચહોડી રખાવવી એ મ્યુનિસિપાલીટીનુ કામ છે

(૨) એવી રીતે લખી મોકલવામા આવેલી દરેક હરકત કલેકટરે, બનતી તાકીદે, સરકાર ઉપર રવાના કરવી જોઇએ (૩) સદરહુ પ્રમાણે જે કોઈ પણ હરકતો લખી મોકલવામા આવી હોય તો તે ગવર્નર ઇન્ કાઉન્સીલના મત પ્રમાણે અપુરતી અથવા ગેરકાયદેસર હોય તે શિવાયને પ્રસંગે, તેણે ઉપર કહેલા પ્રકારનુ જાહેરનામુ કાઢવુ નહિ

(૨)—મ્યુનિસિપાલિટિઓ.

૯ દરેક મ્યુનિસિપલ ડિસ્ટ્રીકટમા એક મ્યુનિસિપાલિટી હોવી જોઇએ, અને એવી દરેક મ્યુનિસિપાલીટી '______________ની મ્યુનિસિપાલીટી " એ નામની એક વ્યક્તીભુત મડળી થશે, અને તેનુ સ્થાપન્નત્વ કાયમ ચાલુ રહેશે અને તેનો એક મજીઆરો સિકકો રહેશે, અને તેને અને તેની ઉપર તેના એક વ્યક્તિભુત નામથી ફરિયાદ કરવાનો અધિકાર રહેશે

૧૦ (૧) આ આકટમા આગળ બીજી રીતે ઠરાવ્યુ છે તે સિવાયને પ્રસગે, એવી દરેક મ્યુનિસિપાલીટીમા (અ) ચુટી કહાડેલા કાઉન્સિલરો [બ] નિમાયલા કાઉન્સિલરો, જો હોય તો, એટલે, (૧) કમિશનર, વખતે વખતે આ અર્થે જે કોઇ પણ શખ્સોને નામથી નિમશે તે શખ્સોને અથવા [૨] જે શખ્સો કમિશનર તરફથી આ અર્થે વખતે વખતે નિર્દિષ્ટ કરેલા કોઇપણ હોદ્દાનુ કામ વખતે વખતે બજાવતા હશે તે શખ્સો હોવા જોઇએ

પણ એવુ ઠરાવ્યુ છે કે ચુટી કહાડેલા કાઉન્સિલરોની સંખ્યા, પ્રેસીડેન્ટ સુદ્ધા કુલ સંખ્યાના અડધા

કરતા ઓછી ન હોવી જોઈએ, અને નિમાયલા કાઉન્સિલરોમાના અડધા કરતા વધારે કાઉન્સિલરો સરકારના પગારદાર નોકરો હોવા ન જોઇએ.

[૨] આ કલમ મુજબ જેટલા કાઉન્શીલરો ચુટી કહાડવાનો અધિકાર હોય તેટલા સઘળા કાઉન્સીલરો ચુટી ન કહાડ્યાને લીધે જે જગા ખાલી રહી હોય તે જગા, આ આકટમા ગમે તે કહ્યુ હોય તે છતા કાઉન્સિલરોની નીમણુક કરી તે પુરવાનો કમિશનરને અધિકાર છે

૧૧ —ગવર્નર ઇન કાઉન્સીલને વખતે વખતે, દરેક મ્યુનિસિપાલીટી સારૂ સામાન્યત કાઉન્સીલરોની કુલ સખ્યા ઠરાવવાનો, ચુટી કહાડલાને નિમેલા કાઉન્સીલરોનુ પ્રમાણ ઠરાવવાનો અને ચુટણી નિયમન કરવા સારૂ કાનુનો કરવાનો અધિકાર છે

૧૨—[૧] (અ) જે કોઇ પણ ઓનરરી માજીસ્ટ્રેટ, તથા [બ] કોઇપણ યુનિવર્સિટીનો જે કોઈપણ ફેલો તથા જે કોઇપણ ગ્રેજ્યુએટ, તથા (ક) હાઇ કોર્ટનો જે કોઈપણ એડવોકેટ અને હાઇકોર્ટની સનદ ધારણ કરનારો જે કોઇ પણ પ્લીડર, તથા (ડ) જે કોઇપણ જ્યુરર અને આસેસર કોઈ મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમા ચુટણીના કારણ સારૂ મત આપનારાઓની યાદી ૧૧ મી કલમની (ક) રકમમા ઉલ્લેખ કરેલી કાનુનો મુજબ જે તારીખે તૈયાર કરવાની અથવા તપાસવાની હશે તે તારીખથી તરત અગાઉના ઓછામા ઓછા ૭ મહિનાની મુદ્દત સુધી તે ડિસ્ટ્રિકટમા રહેલો હશે, તે દરેક જણ સદરહુ ડિસ્ટ્રિકટ માટે ઉમેદવાર થવાને અને સદરહુ ડિસ્ટ્રિકટના મત આપનારાઓની યાદીમા દાખલ થવાને લાયક થશે, અને [૨) જે કોઇપણ સખસે, તેટલીજ મુદ્દત સુધી લાયક કરનાર કર આપ્યો હશે તે દરેક સખસ સદરહુ ડિસ્ટ્રિકટના આપનારાઓની યાદીમા દાખલ થવાને લાયક થશે, અને તે ડિસ્ટ્રિકટમા અથવા તેની હદની માઇલની અદર તેટલીજ મુદ્દત સુધી રહેલો હશે તો ઉમેદવાર તરીકે તે પણ દાખલ થશે

ખુલાસો ૧.—જો કોઈપણ સખસ કોઇ મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમા અથવા તેની હદની સાત માઇલની અદર ખરૂ રહેતો હોય અથવા તેની રહેવાની મુખ્ય જગા એવા ડિસ્ટ્રિકટમા અથવા તેની હદની સાત માઇલની અદર રહે એમ ગણવુ

ખુલાસો ૨ —આ કલમના કારણસર " લાયક કરનાર કર " એ સજ્ઞાનો અર્થ કોઇ મ્યુનિસિપાલ ડિસ્ટ્રીકટમા બેસાડેલો, ઓકટ્રોઇ, ટોલ (દસ્તુરી) તથા ભાડે ફરતા અથવા ભાડે ફેરવવા માટે આપવાના કારણસર ગણેલા વાહનો તથા જનાવરો ઉપરના કર શિવાયનો, શહેરની મ્યુનિસિપાલીટીની બાબતોમા કમિશનરે વિદ્યમાનકાળે ઠરાવેલી ઓછામા ઓછી, રકમ કરતા ઓછી ન હોય એટલી રકમનો કર થાય છે એમ સમજવુ "

૧૩ —(૧) ૧૧ મી કલમની (ક) રકમની ૩ જી અને (૪) થી પેટા રકમો ઉપરથી કરેલી કાનુનોની રૂએ જ્યારે મત આપનારાની યાદી તૈયાર કરવામા આવે અથવા સાધારણ તપાસ કર્યા પછી પુરી કરવામા આવે, ત્યારે તેની એક નકલ ઉપર સદરહુ કાનુનોમા આ અર્થે જણાવેલા માણસના સહી કરવામા આવે એટલે તે નકલ મ્યુનિસિપલ ચુટણીની યાદી થઇ એમ સમજવુ

૧૩ **અ** —કોઇ પણ સખસનુ નામ મ્યુનિસિપલ ચુટણીની યાદીમા નોધવામા આવ્યા સિવાય તે સખસ કૌસિલર ચુટી કઢાવવાને લાયક થશે નહી,

પણ એવુ ઠરાવ્યુ છે કે કોઇ પણ કપની સ્થાપિત મડળ અથવા માણસોની બીજી મડળીનુ નામ મ્યુનિસિપલ ચુટણીની યાદીમા નોધાયુ હશે તો એવી મડળીની વતી આ અર્થે કામ કરવાને યોગ્ય રીતે અધિકાર મળેલો કોઇપણ એક શખસ કૌસિલર ચુટી કઢાવવાને લાયક ગણાશે "

(૨) પેટા કલમ (૧) ની રૂએ વિદ્યમાનકાળે અમલમા હોય એવી મ્યુનિસિપલ ચુટણીની યાદીમા નોધાયલા દરેક શખસને કૌસિલરોની દરેક ચુટણી વખતે મત આપવાનો હક છે એમ સમજવુ, અને એવી રીતે નહિ નોધાયલા દરેક શખસને મત આપવાનો હક નથી એમ સમજવુ

૧૪ તરત ઉપરની છેલ્લી ત્રણ કલમો માહેના ઠરાવ હિલ સ્ટેશનના કોઇ પણ કાયમ મ્યુનિસિપલ ડિસ્ટ્રીકટને વિશેષ કારણને લીધે સદરહુ કલમના ઠરાવ તેને લાગુ પડવા જોગ નથી એવુ ગવર્નર ઇન કૌન્સિલ, મુબઈ સરકારી ગેઝીટમા એક જાહેરનામુ પ્રસીદ્ધ કરીને ફરમાવશે તે કાયમ મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટને લાગુ છે એમ સમજવુ નહી

(૩) મ્યુનિસિપલ કૅાંસિલરો.

૧૫.—(૧) કોઇપણુ શખ્સ—(અ)-(૧) જેને કોઇ ફોજદારી કોર્ટે છ મહિના કરતા વધારે મુદ્દતની કેદની શિક્ષા કરવા લાયક કોઇ ગુન્હા સારૂ કેદની શીક્ષા અથવા ફટકા મારવાની શિક્ષા કરી હશે, અથવા જેને સમુદ્રપારની શિક્ષા કરી હશે, અને આવી શિક્ષા પછીથી ફેરવવામા અથવા રદ કરવામા આવી નહિ હશે, અથવા (૨) જેને સરકારી નોકરીમાથી " બરતરફ કર્યો હશે અને એવી રીતે બરતરફ કર્યાનુ મુબઇ સરકારી ગેઝીટમા જાહેર કર્યું હશે " અથવા (૩) જે પ્લીડર હશે અને જેની સનદ હાઇકાર્ટે ખેચી લીધી હશે. અથવા (૪) જેને ૧૬ મી કલમની રૂયે હુદ્દા ઉપરથી દૂર કર્યો હશે, અને જેને આવી શિક્ષાને લીધે, બરતરફીને લીધે અથવા સનદ ખેચી લીધાને અથવા હુદ્દા ઉપરથી દુર કર્યાને લીધે થયેલી નાલાયકીમાથી મુક્ત કરવાનો ગવર્નર ઇન કૌન્સિલને યોગ્ય લાગે તો હુકમ કરવાનો અધિકાર આ ઉપરથી આપ્યો છે તેણે તેવો હુકમ કરીને મુક્ત કર્યો નહી હશે અથવા.

(બ) જે સરટીફીકેટ ન મળેલો દેવાળીઓ અથવા છુટકારો નહી મળેલો નાદાર હશે, અથવા (ક) જેની ઉમ્મર એકવીસ વરસ કરતા ઓછી હશે અથવા જે સ્ત્રી જાતનો હશે અથવા (ડ) જે જડજ હશે, તે કૌન્સિલર થઇ શકશે નહી, અને કોઇ પણુ સખસ—(ઇ) જે મ્યુનિસિપાલીટીના તાબા માહેનો અમલદાર અથવા નોકર હશે, અથવા (ફ) જેનો, હવે પછી ઠરાવ્યુ છે તે શિવાયને પ્રસગે, મ્યુનિસિપાલીટીના હુકમથી કરેલા કોઇ પણુ કામમા અથવા તેની સાથે કે તેના હાથ હેઠળ કે તેની વતી કરેલા કોઇ પણુ કરારમા કે સોપેલા કોઇ પણુ કામમા તેનો પોતાનો અથવા પોતાના ભાગીદારની મારફત કાઇ પણુ ભાગ અથવા હિતસબધ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે હશે, તે એવી મ્યુનિસિપાલીટીના કૌન્સિલર થઇ શકશે નહિ, પણુ એવુ ઠરાવ્યુ છે કે કોઇ પણુ સખસ—૧) જેનો, કોઇ પણુ સ્થાવર મિલકતના કોઈ પણુ લીઝમા (પટામા), વેચાણુમા અથવા ખરીદીમા અથવા તે બાબતની કોઇ પણુ કબુલતમા કાઇ પણુ ભાગ અથવા હિતસબધ હશે, (૨) જેનો, જે કોઇ પણુ સંયુક્ત ધનવિશિષ્ટ મડળી તે મ્યુનિસિપાલીટીની સાથે કરાર કરશે, અથવા જેનો તે મ્યુનિસિપાલીટીએ અથવા તે મ્યુનિસિપાટીની વતી કામે લગાડી હશે તેમા અથવા (૩) જેનો જે કોઇ પણુ વર્તમાનપત્રમા તે મ્યુનિસિપાલીટી કામકાજ સંબધી કોઇ પણુ જાહેરખબર દાખલ કરી શકાય તે વર્તમાનપત્રમા ભાગ અથવા હિતસબધ હશે, અથવા (૪) જે મ્યુનિસિપાલીટીએ અથવા મ્યુનિસિપાલીટીની તરફથી કહાડવામા આવેલા કોઇ પણુ લોનમાનુ ડીબેચર ધારણુ કરતો હશે અથવા જેનો એવી લોનમા બીજી રીતે કાઈ હિતસંબધ હશે, અથવા (૫) જેને ધધાના સબબથી મ્યુનિસિપાલીટીની તરફથી વકીલાત કરનાર તરીકે કામે લગાડયા હશે, અથવા (૬) જેનો જે કોઇ પણુ માલનો પોતે નીયમસર વેપાર કરતો હોય તે માલનુ મ્યુનિસિપાલીટીને વખતો વખત વેચાણુ કરવામા આવતું હોય તેમા અથવા કોઇ માલ મ્યુનિસિપાલીટી પાસેથી ખરીદવામા આવતો હોય તેમા, બેમાની કોઇ પણુ બાબતમા, કોઇ પણુ એકાદી સરકારી સાલમા, વત્તામા વત્તા પાચસો રૂપિયા સુધીનો અથવા સરકારની મજુરીથી તેથી વધારે વત્તામા વત્તા બે હજાર સુધીની જે રકમ મ્યુનિસિપાલીટી આ અર્થે ઠરાવે તેટલી રકમ સુધીનો ભાગ અથવા હિતસબધ હશે, અથવા, " (૭) જે ૭૧ મી કલમના ઠરાવોની રૂયે અથવા ૧૫૬ મી કલમની પેટાકલમ (૧) ના વિશેષ ઠરાવ (અ) ના ઠરાવોની રૂયે મ્યુનિસિપાલીટી સાથે કરેલી કોઇ પણુ કબુલતમા પક્ષકાર હશે, તેટલાજ કારણુને લીધે તે સખસ સદરહુ પ્રમાણે નાલાયક થયો છે અથવા તેનો સદરહુ પ્રકારના કોઇ પણુ કામમા અથવા કરારમા કાઇ પણુ ભાગ અથવા હિત સબધ છે એમ સમજવુ નહિ (૨) જો કોઇ પણુ કૌન્સિલર, તેને જે મુદ્દત સારૂ ચુટી કહાડયો હશે અથવા નીમ્યો હશે તે મુદતમા (અ) પેટા કલમ (૧) ની રૂયે નાલાયક થશે, અથવા (બ) જે કોઇ પણુ બાબતમા (૧) પ્રત્યક્ષ અથવા પરોક્ષ તેનો પોતાનો અથવા પોતાના ભાગીદાર મારફત પેટા કલમ (૧) ના વિશેષ ઠરાવની (૧), (૨), (૩) (૬), અથવા (૭) મી રકમમા કહેલા પ્રકારનો કઇપણુ ભાગ અથવા હિતસબધ હશે, અથવા (૨) કોઇ પણુ અસીલની મુખ્યની અથવા બીજા માણુસની તરફથી ધધાના કારણુથી જેનો હિત સબધ હશે, તે બાબતમા સલાહકાર પ્રમાણે કામ કરશે, અથવા (ક) એક સરખા છ મહીનાથી વધારે મુદત સુધી ગેરહાજર રહેવાના જણાવેલા અથવા જાણ્યામા આવ્યા હોય એવા કારા-

દાથી ઇલાકાની હદ બહાર જશે અથવા (ડ) સરકારનો પગારદાર નોકર થઇને, જે નિમેલા કમિશનરો સરકારના પગારદાર નોકર હોય તેમની સંખ્યા ૧૦ મી કલમની પેટા કલમ (૧) ના વિશેષ ઠરાવમા જણાવેલા પ્રમાણથી વધારતો હશે, અથવા " (ઇ) પ્રેસિડટ અથવા વાઇસ-પ્રેસિડન્ટ અથવા સરકારનો પગારદાર નોકર ન હોય અને મ્યુનિસિપાલીટીની રજા લીધા સિવાય મ્યુનિસિપાલીટીની મિટીગોમાથી લાગલાગટ ચાર મહિના દરમિઆન ગેરહાજર રહેશે તો તે કોન્સિલર " તરીકે ચાલુ રહેવાને નાલાયક થશે, અને તેની જગા ખાલી પડશે

(૩) આ કલમની રૂયે કોઈ પણ જગા ખાલી પડે છે કે નહી એ બાબત કોઇ પણ સવાલ અથવા તકરાર ઉત્પન્ન થાય, તો તે નિર્ણય કરવાના સબધમા કમિશનરનો હુકમ આખરનો છે એમ સમજવુ

૧૫. (અ.) કોઇ પણ કૌન્સિલર પ્રેસિડટને લેખી નોટીસ આપીને પોતાની જગાનું રાજીનામુ આપવાને મુખત્યાર છે અને પ્રેસિડટ કમિશનરને લેખીત નોટીસ આપીને પોતાની જગાનુ રાજીનામુ આપવાને મુખત્યાર છે "

૧૬. શહેરની મ્યુનિસિપાલીટીઓની બાબતમા ગવર્નર ઇન કૌન્સિલ અને બીજી બાબતમા કમીશનર પોતાને યોગ્ય લાગે તો, આ આકટની રૂયે ચુટી કાઢેલો અથવા નિમેલો જે કોઇ પણ કૌન્સિલર પોતાનું કામ કરવામા ગેરવર્તણુક ચલાવ્યા બદલ અથવા કઇ પણ શરમ ભરેલુ કામ કર્યા બદલ તકશીરવાન થયો અથવા કૌન્સિલર તરીકેની પોતાની ફરજ બજાવવાને અશક્ત થયો હોય તો, તેને મ્યુનિસિપાલેટીની ભલામણ ઉપરથી હુદ્દા ઉપરથી દુર કરવાને મુખત્યાર છે

૧૭. તરત નીચેની કલમમા ઠરાવ કર્યો છે તે શિવાયને પ્રસંગે, આ આકટ પ્રમાણે સાધારણ ચુટણી વખતે નીમેલા અથવા ચુટી કહાડેલા કૌન્સિલરોએ, દરમિયાન તેઓ નાલાયક થયા ન હોય અથવા તેમને ૧૬ મી અથવા ૧૭૭ મી કલમની રૂયે હુદ્દા ઉપરથી દુર કરવામા આવ્યા નહી હોય તો, ત્રણ વર્ષની મુદ્દત સુધી હુદ્દો ધારણ કરવો અને મુદ્દત કોઇપણ પ્રસગે કોઇપણ કારણ સારૂ વધારવાનુ કમિશનરને યોગ્ય લાગે તો તે મુદ્દત, તેના હુકમથી એકદર ચાર વર્ષની મુદ્દત સુધી વધારી શકાશે, સદરહુ કારણો તથા હુકમ મુબઈ સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવા જોઇએ

૧૮. કોઈ કૌન્સિલર પોતાના હુદ્દાની મુદ્દત પુરી થવાની અગાઉ મરણ પામેથી, તેણે રાજીનામુ આપ્યુ હોય તેથી, તે નાલાયક થયાથી અથવા તેને હુદ્દા ઉપરથી દુર કરવામા આવ્યો હેય તેથી તેની ખાલી જગા સગવડ ભરેલી રીતે જેટલા જલ્દીથી ભરી શકાય તેટલી જલ્દીથી, તે જગા ઉપર કોઈ માણસને, પ્રસગ પ્રમાણે ચુટી કહાડીને અથવા નીમીને ભરવી જોઇયે, અને તે શખસને જે કૌન્સિલરની જગા ઉપર ચુટી કહાડયો હશે અથવા નિમ્યો હશે તે કૌન્સિલરે તે જગા ખાલી થઇ ન હોત તો જેટલી મુદ્દત સુધી ધારણ કરી હોત તેટલી મુદ્દત સુધીજ માત્ર તેણે તે જગા ધારણ કરવી

૧૯. જે કોઇપણ સખસને અગાઉ એક અથવા વધારે પ્રસગે કૌન્સિલર તરીકે ચુટી કહાડયો હોય અથવા નિમ્યો હોય, તે જો બીજે પ્રકારે યોગ્ય રીતે લાયક હોય તો, તે હરકોઈ વખતે ફરીથી ચુટી કહાડવા અથવા નિમાવાને લાયક થશે

૨૦ કોઈ પણ મ્યુનિસિપાલીટી સારૂ આખરે ચુટી કહાડેલા સઘળા કૌન્સિલરોના નામ, અને તે પ્રમાણેજ તેમા નિમેલા કૌન્સિલરો કોઈ હોય તો તેમના નામ, સગવડ ભરેલી રીતે જેટલી જલદીથી બને તેટલી જલદીથી, મુબઈ સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવા જોઇએ

(૪) મ્યુનિસિપલ ચુંટણીયો.

૨૧. જે કોઈ પણ શખસ એકવીશ વર્ષ કરતા ઓછી ઉમ્મરનો હશે તેને મ્યુનિસિપાલીટીની કોઇ પણ ચુટણીમા મત આપવાનો હક નથી

૨૨. (૧) કૌન્સિલરની કોઈ પણ ચુટણીના કાયદેસરપણા બાબતની તકરાર એવી ચુટણીની વખતે, ચુટી કહાડવાને અથવા મત આપવાને લાયક હોય એવા કોઈ પણ માણસે કરી હોય, તો એવા માણસને, તે ચુટણીનુ પરિણામ જાહેર થયાની તારીખ પછી દસ દિવસની અંદર હરકોઈ વખતે, જે ડિસ્ટ્રિ-

કટમા તે ચુટણી થઈ હોય અથવા થવી જોઇતી હતી તે ડિસ્ટ્રિકટના ડિસ્ટ્રિકટ જડજને અરજી કરવાનો અધિકાર છે

(૨) સદરહુ ડિસ્ટ્રિકટ જડજ, અથવા આ સબધમા ગવર્નર ઇન કૌસિલ નિમે તેવો બીજો જડજ, પોતાને જરૂરની જણાય તેવી ચોકશી કર્યા પછી અને પેટા કલમ ૩) ના ઠરાવોને પાત્ર રહીને, તે ચુટણીનુ જે પરિણામ જાહેર થયુ હશે તે કાયમ કરવાને અથવા દુરસ્ત કરવાને અથવા તે ચુટણી રદ કરવાને મુખત્યાર છે તેમ તેનો ખર્ચ કાણે આપવો તે ફરમાવવાને અધિકાર છે સદરહુ ઠરાવ અથવા હુકમ છેવટનો સમજવો જો તે ચુટણી રદ કરે, તો નવી ચુટણી કરવા સારૂ તરત જ તારીખ નિમવી તથા જરૂરની તજવીજ કરવી

(૩) (અ) કોઇ ઉમેદવાર તરફથી લાચ રૂસ્વતની તજવીજ થઈ હોય તો તેની ચુટણી રદ કરવી જોઇયે (૩) (બ) રકમ લાગુ ન પડે એવા જે કોઈ પણ બાબતમા અપાયલા મતોની બારીકાઈથી તપાસ કરીને તથા તે ગણીને, જે ઉમેદવાર તરફેણમા અપાયલા કાયદેસર મતોની સખ્યા સૌથી વધારે હોય તે યોગ્ય રીતે ચુટી કાઢયો છે એમ ઠરાવવુ જોઇયે

ખુલાસો—" ખાનગી ફાયદો કરી આપવાનુ વચન " એ સજ્ઞામા જે માણસને તે વચન આપ્યુ હોય તેના પોતાના, અથવા તે માણસ જે શખસનુ હિત, ચાહતો હોય તે શખસના, ફાયદા માટેના વચનનો સમાસ થાય છે તેમા કોઈ પણ ચોકસ મ્યુનસિપલ બાબતના સબધમા અનુકુળ અથવા પ્રતિકુળ મત આપવાના વચનનો સમાસ થતો નથી

(૫) ૧૧ મી કલમની (ક) રકમ મુજબ કરેલી કાનુનો અમલમા આણવાનુ કામ સોપેલા અમલદાર અથવા અમલદારોના હાથે કાઇ ભુલ થઇ હોય એટલાજ કારણને લીધે, અથવા લાચ રૂશવતથી થયુ ન હોય એવુ કાઇ ગેરશિરસ્તપણુ અથવા એવી કાઈ ગેરપદ્ધતિ થઈ હોય એટલાજ કારણને લીધે ચુંટણીના કાયદેસરપણા બદલ તકરાર લીધી હોય તો, સદરહુ જડજે તે ચુટણી રદ કરવી નહિ

(૬) જો તે જડજ પેટા કલમ (૩) ની રકમ (અ) મુજબ કોઇ પણ ચુટણી રદ કરે તો તેને યોગ્ય લાગે તો, જે કોઈ માણસે આ કલમના અર્થ મુજબ લાચ રૂશવતની કાઇ પણ તજવીજ કરી હશે તે સાત વષથી વધારે ન હોય એવા વર્ષની મુદત સુધી, તે અથવા બીજા કોઇ પણ મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમા ઉમેદવાર થવાને નાલાયક છે એમ ઠરાવવાનો અધીકાર છે અને તે જડજનો ફેંસલો છેવટનો થશે, પણ એવુ ઠરાવ્યુ છે કે ગવર્નર ઈન કૌસિલ પોતાને યોગ્ય લાગે તો હુકમ કરીને એવા કોઈ પણ શખસને એવી કોઇ પણ નાલાયકીમાથી કોઈ પણ વખતે મુક્ત કરવાને મુખત્યાર છે, અને એવા હુકમ કરવાનો તેને આ ઉપરથી અધિકાર આપવામા આવે છે

(૫) પ્રેસિડન્ટ તથા વાઇસ પ્રેસિડન્ટ.

૨૩. (૧) દરેક મ્યુનિસિપાલીટીમા અધ્યક્ષસ્થાને એક પ્રેસિડટ હોવો જોઇએ, અને તે કૌસિલરોએ પોતામાહેનો ચુટી કહાડેલો એક સખસ હોવો જોઇએ

(૨) દરેક પ્રેસીડટ (અ) ગવર્નર ઇન કૌસિલે નિમેલો હોવા જોઇયે, અથવા (બ) હુદ્દાની રૂયે નિમાયલો પ્રેસિડટ હોવો જોઇયે, એટલે, ગવર્નર ઇન કૌસિલ આ અર્થે વખતે વખતે જાહેર કરે એવા કોઈ પણ હુદ્દાનુ કામ ચલાવનાર શખસ હોવો જોઇએ, અથવા (ક) મ્યુનિસિપાલીટીએ ચુટી કહાડવો એવુ ગવર્નર ઇન કૌસિલ ફરમાવે તો મ્યુનિસિપાલીટીએ ચુટી કહાડેલો હોવો જોઇએ

(૩) દરેક મ્યુનિસિપાલીટીનો એક વાઇસ પ્રેસિડટ હોવો જોઇએ અને તેને કૌસિલરોએ પોતામાથી ચુટી કહાડલો હોવો જોઇએ, પણ પ્રેસિડેટ ગવનર ઈન કૌસિલે નિમ્યો હોય તો અથવા હુદ્દાની રૂયે પ્રેસિડટ હોય, તો ગવર્નર ઇન કૌસિલ સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને વખતે વખતે એમ ફરમાવે તો તે ચુટણીનો નિકાલ ગવર્નર ઇન કૌસિલની અથવા કમિશનરની પસદગીને પાત્ર રહેશે

(૪) જ્યારે પેટા કલમ (૨) ની રકમ (બ) મુજબ કોઈપણ હુદ્દો જાહેર કરવામા આવે ત્યારે તે હુદ્દાનું કામ વખતે વખતે જે શખસ કરતો હોય તે શખસ, સદરહુ જાહેરનામુ ગવર્નર ઈન કૌસિલ તરફથી ફેરવવામા અથવા રદ કરવામા ન આવે ત્યા સુધી પ્રેસીડટ થશે અને ચાલુ રહેશે

(૫) સરકારનો પગારદાર નોકર હોય અને નિમેલો અથવા હુદ્દાની રૂયે પ્રેસિડટ હોય તે સિવાયનો જે બીજો કોઇ પ્રેસિડટ ત્રણ મહીનાથી વધારે મુદ્દત સુધી, અને જે વાઇસ પ્રેસિડટ, પદર દિવસથી વધારે મુદ્દત સુધી, પ્રેસિડટના અથવા વાઇસ પ્રેસિડટના હુદ્દાનુ પોતાનુ કામ કરી શકે નહી એવી રીતે મ્યુનિસિપાલ ડિસ્ટ્રિકટમાથી ગેરહાજર રહે તેવો દરેક પ્રેસિડટ તથા વાઇસ પ્રેસિડટ—(અ) પેટા કલમ (૨) ની (અ) રકમની રૂયે નિમેલા પ્રેસિડટના સબધમા કમીશનરે, (બ) ચુટી કહાડેલા પ્રેસિડટ અથવા વાઇસ પ્રેસિડટના સંબધમા મ્યુનિસિપાલીટીએ, સદરહુ પ્રમાણે ગેરહાજર રહેવા સારૂ રજા આપી ન હોય તો, પ્રેસિડટ અથવા વાઇસ પ્રેસિડટ તરીકે રહેવાને બધ થશે પણ એવુ ઠરાવ્યુ છે કે વાઇસ પ્રેસિડટને રજા આપવી તે, (૧) ગવર્નર ઇન કૌસિલની મજુરીને પાત્ર રાખીને ચુટી કાઢેલા વાઇસ પ્રેસિડટની બાબતમા કમીશનરની, મજુરીને પાત્ર રાખીને આપવી જોઇએ

(૬) ઉપરની છેલ્લી પેટા કલમની રૂયે આપવાની રજા છ મહિનાથી વધારે હોવી ન જોઇએ, અને જ્યારે જ્યારે તે પેટા કલમની રૂયે વાઇસ પ્રેસિડેટને રજા આપવામા આવે ત્યારે ત્યારે એ પ્રમાણે ગેરહાજરીની રજા લેનાર વાઇસ પ્રેસિડટની ચુટણીને જે શરતો લાગુ હોય તે શરતોને પાત્ર રાખીને એક કૌસિલને જેટલી મુદ્દતની રજા આપવામા આવે તે મુદ્દત દરમીઆન સઘળા કામો કરવા સારૂ તથા તેના સઘળા અધિકાર ચલાવવા સારૂ ચુટી કાઢવો જોઇએ

(૭) દરેક પ્રેસિડડની તથા વાઇસ પ્રેસિડટની તેની ગેરચાલ બદલ અથવા તેણે પોતાના કામમા ગફલત કર્યા બદલ, અથવા તે પોતાનુ કામ કરવાને અસમર્થ હોવા બદલ તેને તેના પ્રેસિડટના અથવા વાઇસ પ્રેસિડટના હુદ્દા ઉપરથી ગવર્નર ઇન કૌસિલ કહાડી મુકી શકશે, અને દરેક પ્રેસિડટના તથા વાઇસ પ્રેસિડટના હુદ્દાની મુદ્દત, તેના કૌસિલરપણાના હુદ્દાની મુદ્દત પુરી થાય એટલે, પુરી થશે

(૮) હુદ્દાની રૂયે અથવા પ્રેસિડટ સિવાયના કોઈ પ્રેસિડટ, અથવા વાઇસ પ્રેસિડટ પોતાના કામમા પ્રેસિડટની અથવા, વાઇસ પ્રેસિડટના હુદ્દાની મુદ્દત પુરી થયાની અગાઉ મરણ પામેથી, તેને રાજીનામું આપેથી અથવા તેને હુદ્દા ઉપરથી કહાડી મૂકયાથી, અથવા તે એવા હુદ્દાનુ કામ કરવાને અસમર્થ થવાથી અથવા તે ૧૫ મી કલમની પેટા કલમ (૨) ની રૂયે કૌસિલર હોતો બધ થયાથી, તેની ખાલી થયેલી જગા, બીજા કોઇપણ કૌસિલરની પ્રસગ પ્રમાણે નીમણુક અથવા ચુટણી કરીને ભરવામા આવશે

૨૩ અ. (૧) આ આકટમા બીજી રીતે સ્પષ્ટ ઠરાવ કર્યો હોય તે સિવાય મ્યુનિસિપલ ડિસ્ત્રિકટનો મ્યુનિસિપલ વહીવટ મ્યુનિસિપાલાટીને હસ્તક રહેશે (૨) જે મ્યુનિસપલ ડિસ્ત્રિકટ માટે મ્યુનિસિપલ કમિશનર હોય તે મ્યુનિસિપલ ડિસ્ત્રિકટમા આ આકટના ઠરાવોનો અમલ કરવાના કારણસર અમલ બજાવણી કરવાનો અધિકાર, આ આકટમા જ્યા જ્યા સ્પષ્ટ રીતે તે મુજબ ફરમાવ્યુ હોય ત્યા ત્યા મ્યુનિસિપાલિટીની પસદગી અથવા મજુરીને પાત્ર, તથા આ આકટથી જે બીજા બધનો, મર્યાદા તથા સરતો નાખવામા આવે તેને પણ પાત્ર, મ્યુનિસિપલ કમિશનરને હસ્તક રહેશે ”

૨૪. (૧) મ્યુનિસિપાલીટીના પ્રેસીડટનુ કામ.—

(અ) વ્યાજબી કારણને લીધે ન બની શકે તે સિવાય તે મ્યુનિસિપાલીટીની સઘળી મિટીગોમા અધ્યક્ષ સ્થાને બેસવુ અને ૪૬ મી કલમની (અ) રકમની રૂએ તે વખતે અમલમા હોય તે કાનુનોના ઠરાવોને પાત્ર રહીને એવી મિટીગમાના કામનુ નિયમન કરવુ, (બ) તે મ્યુનિસીપાલીટીના નાણા સબધી તથા એકિઝકયુટિવ કારભાર ઉપર નજર રાખવી, અને વિદ્યમાનકાળે તે મ્યુનિસીપાલીટીના જે નિયમો અમલમા હશે તેમને પાત્ર રહીને, જે મ્યુનિસીપાલીટીના અધ્યક્ષસ્થાને તે હશે તે મ્યુનિસીપાલીટી કરી શકે અથવા તેની વતી કરી શકાય તેવા એકિઝકયુટીવ કામ કરવા, (૧) તે મ્યુનિસીપાલીટીના એકિઝકયુટીવ કારભારની બાબતમા અને તેના હિસાબ તથા કાગળપત્ર સબધી બાબતમા મ્યુનિસીપાલીટીના સઘળા અમલદારોના તથા નોકરોના કૃત્યો ઉપર તથા કામ ઉપર દેખરેખ રાખવી તથા અધિકાર ચલાવવો, અને તે મ્યુનિસીપાલીટીના વિદ્યમાનકાળે અમલમા હોય તે નિયમોને અનુસરીને, સદરહુ અમલદારોની તથા નોકરોની નોકરી સબધી, તથા તેમના પગાર સબધી તથા વિશેષ હક તથા નિમણુક સબધી સઘળી તકરારોનો નિકાલ કરવો (ડ) તે મ્યુનિસીપાલીટીએ અથવા કોઇ કમિટિએ ચલાવેલા કામના ટાચણનો

કોઇપણ ઉતારો, અથવા જે બીજો દસ્તાવેજ અથવા વસ્તુ કલેકટર ૧૭૩ મી કલમ પ્રમાણે વખતે વખતે માગે તે બીજો દસ્તાવેજ અથવા વસ્તુ તે કલેકટરને, અથવા કલેકટર આ બાબતમા જે બીજા અમલદારને વખતે વખતે નીમે તે અમલદારને આપવી પણ એવુ ઠરાવ્યુ છે કે જે મ્યુનિસીપલ ડિસ્ટ્રિક્ટ સારૂ મ્યુનિસીપલ કમીશનર હોય તે મ્યુનીસીપલ ડીસ્ટ્રીકટમા આ પેટા કલમની રકમો (બ), (ક), તથા [ડ] મુજબના પ્રેસીડેન્ટના કામ તથા અધિકાર આ આકટના ઠરાવોને પાત્ર, તથા આ આકટમા સ્પષ્ટ રીતથી બીજી રીતે ઠરાવ્યુ હોય તે શિવાય, એવા મ્યુનીસીપલ કમીશનરે કરવા તથા ચલાવવા ’

[૨] જ્યારે કોઇ મ્યુનિસીપાલીટીનો પ્રેસિડ ટ સરકારનો પગારદાર નોકર હોય અને તે હુદ્દાના સબબથી નીમાયલો પ્રેસિડ ટ હોય અથવા તેને ગવર્નર ઇન્ કાઉન્સિલે પ્રેસિડ ટ નીમ્યો હોય ત્યારે, નિકાલ કરવા સારૂ એવી મ્યુનિસીપાલીટીની આગળ જે બાબત આવે તેવી કોઇપિણ બાબતમા તેને મત આપવો નહીં પણ જે દરખાસ્ત ઉપર વિચાર ચાલ્યો હશે તેની તરફેણમા તથા વિરૂદ્ધમા, હાજર રહેલા કાઉન્સીલરોના બે પક્ષ થઇને બેઉ પક્ષોના મત સરખા પડે તો, તે પ્રસગે તે નિર્ણાયક મત આપી શકશે

૨૫ મ્યુનીસીપાલીટીના વાઇસ પ્રેસીડ ટનુ કામ, (અ) પ્રસીડ ટ ગેરહાજર હોય અને વાજબી કારણને લીધે અટકી પડયો ન હોય ત્યારે તેણે મ્યુનીસીપાલીટીની સઘળી મીટીગોમા અધ્યક્ષ સ્થાને બેસવુ અને તે એ પ્રમાણે અધ્યક્ષ સ્થાને બેસે ત્યારે તેણે ૨૪ મી કલમની [૧] લી પેટા કલમની “ રકમ [અ] ની ’ રૂએ પ્રેસીડ ટને પ્રાપ્ત થયેલો અધિકાર ચલાવવો, [બ] પ્રેસીડ ટ પોતાના જે અધિકાર અને જે કામ તેને વખતે વખતે સોપે તે અધિકાર ચલાવવા અને તે કામ કરવા, અને [ક] પ્રેસીડ ટની જગાએ બીજો કોઇ આવે અથવા તેની નિમણૂક અથવા ચુ ટણી થાય ત્યા સુધી અથવા પ્રેસીડ ટ રજા લઇને ગેરહાજર રહે તે દરમીયાન પ્રેસીડ ટના અધિકાર તથા કામ ચલાવવા

બાબ ૩.—કામકાજ ચલાવવા બાબત.

૨૬. મ્યુનિસીપાલીટીની મીટીંગોના સબધમા હેઠળ લખેલા ઠરાવ પાળવા જોઇએ,—

[૧] મુદત મુદતની મ્યુનિસીપાલીઓ તથા હિલ સ્ટેશનોની મ્યુનિસીપાલીટીઓ બાદ કરીને બીજી મ્યુનિસીપાલાટીઓમા સાધારણ કામનો નિકાલ કરવા સારૂ દરવરસે અનુક્રમે જાનેવારી, એપ્રિલ, જુલાઇ, અને અકટોબર મહિનાની દસમી તારીખે અથવા તે તારીખને સુમારે મળીને ચાર મામુલ સાધારણ મીટીગો, તથા પ્રેસીડ ટને જરૂર જણાય તેની બીજી મામુલ સાધારણ મીટીંગો ભરવી જોઇએ હાલ સ્ટેશનોની મ્યુનિસીપાલીટીઓમા ઉપર કહેલા કારણ સારૂ દર વરસે એપ્રિલ મહીનાની દસમી તારીખે અથવા તે તારીખને સુમારે એક મામુલ સાધારણ મીટીંગ ભરવી જોઇએ અને ઓછામા ઓછી બીજી એક મામુલ સાધારણ મીટીંગ ભરવી જોઇએ, દરેક મુદત મુદતની મ્યુનિસીપાલીટીમા, તેનો પ્રેસિડ ટ વખતે વખતે ઠરાવે તેવી અને તેટલી મામુલ સાધારણ મીટીંગો ભરવી જોઇએ સઘળી મામુલ સાધારણ મીટીંગોની તારીખો નીમવી એ પ્રસીડ ટનુ કામ છે

[૨] પ્રેસીડ ટને યોગ્ય લાગે ત્યારે ત્યારે તે વિશેષ સાધારણ મીટીગ બોલાવવાને મુખત્યાર છે, અને કાઉન્સિલરોમાથી એક ચતુર્થાંસ કરતા ઓછા નહી હોય, એટલા આસામીઓએ લેખી દરખાસ્ત કરી હોય તો તેણે વિશેષ સાધારણ મીટીંગ બોલાવવીજ જોઇએ

(૩) મામુલ સાધારણ મીટીંગની બાબતમા નિદાન સાત દિવસની નોટીસ, અને વિશેષ સાધારણ મીટીંગની બાબતમા નિદાન ત્રણ દિવસની નોટીસ, જે દિવસે તથા જે જગાએ તેવી મીટીંગ ભરવાની હશે તે જગા તથા તે વખત અને ત્યા જે કામ ચલાવવાનુ હશે તે કામ એવી નોટીસમા લખીને કોસિલરોમા ફેરવવી જોઇએ, અને તે મ્યુનિસીપાલ ડિસ્ટ્રિકટમાની મ્યુનિસીપલ કચેરીમા અથવા સ્થાનિક કચેરીમા અથવા બીજી કોઇ પણ સાર્વજનિક ઇમારત ઉપર ચોહોડવી જોઇએ સદરહુ નોટીસમા, જે કાઇ સુચના અથવા દરખાસ્ત તે મીટીગમા રજુ કરવાનો પોતાનો ઉદ્દેશ છે એવી લેખી નોટીસ કોઇ કોસિલરે તે મીટીગના ઓછામા ઓછા દસ દિવસ આગમજ આપી હશે તે સુચના અથવા દરખાસ્ત અને વિશેષ સાધારણ મીટીંગની બાબતમા એવી મીટીંગ બોલાવવાની લેખી વિનતી કરેલી કોઈ પણ સુચના અથવા દરખાસ્ત દાખલ કરવી જોઇએ

(૪) મ્યુનિસીપાલીટી દરેક મીટીંગ, ખાસ કારણ સિવાય (આવા કારણો તે મીટીંગ બોલાવવાની બાબતની નોટીસમા લખવા જોઇએ) જે ઇમારત એવી મ્યુનિસીપાલીટી મ્યુનિસીપલ કચેરી તરીકે વાપરતી હશે તે ઇમારતમા ભરવી જોઇએ

(૫) દરેક મીટીંગમા જો પ્રેસિડટ અને વાઇસ પ્રેસિડટ બેઉ ગેરહાજર હોય તો, જે કૌંસિલરો હાજર હોય તેઓ પૈકી જે એક કાઉન્સિલરને તે મીટીંગ તે પ્રસગને માટે ચેરમેન તરીકે પસદ કરે તેણે અધ્યક્ષસ્થાને બેસવુ જોઇએ, અને એવા ચેરમેને ૨૪ મી કલમની પેટા કલમ ૧ ની રકમ (અ) ની રૂએ પ્રેસિડટને પ્રાપ્ત થયેલા અધિકાર તે મીટીંગમા ચલાવવા

(૬) મ્યુનિસીપાલીટી આગળ ચાલતી હોય તે કોઇપણ ચોકસી અથવા ચરચા ગુપ્ત રીતે કરવી જોઇએ એવુ અધ્યક્ષસ્થાને બેસનારા અધિકારીને લાગે તે શિવાયને પ્રસગે દરએક મીટીંગ લોકોને જવાને સારૂ ખુલ્લી હોવી જોઇએ, પણ એવુ ઠરાવ્યુ છે કે ચાલતા કારણમા કોઇ સખસ હરકત કરે તો તેને કોઇપણ વખતે કાહાડી મૂકવાને સદરહુ અધિકારી મુખત્યાર છે

(૭) કૌન્સિલરોની એકદર સખ્યામાથી શહેરની મ્યુનિસીપાલીટીની મીટીંગમા એક તૃતિઆશથી ઓછા અને બીજી કોઇપણ મ્યુનિસીપાલીટીની મીટીંગમા અડધાથી ઓછા કૌન્સિલરો મીટીંગની શરૂઆતથી આખર સુધી કોઇપણ વખતે હાજર હશે તો, અધ્યક્ષસ્થાને બેસનારા અધિકારીએ બીજા અથવા ત્યાર પછીના કોઇ પણ દીવસે જે વખત નીમવાનુ પોતાને વાજબી લાગે તે વખત સુધી તે મીટીંગ મુલતવી રાખવી, અને એવી રીતે મુલતવી રાખ્યાની નોટીસ મ્યુનિસીપલ કચેરીમા ચોહોડવી જોઇયે અને ગઇ મીટીંગની વખતે કોરમ થયુ હોત તો જે કામ તે મીટીંગ આગળ આવ્યુ હોય તે કામ તે મુલતવી રહેલી મીટીંગ પાછી ભરાયા પછી તેમા કોરમ થાય કે ન થાય તોપણ તે આગળ આણવુ જોઇયે, અને તે કામનો નિકાલ તે મીટીંગમા અથવા ત્યાર પછીના કોઇ પણ દિવસે મુલતવી રાખેલા મીટીંગમા કોરમ થાય કે ન થાય તો પણ તેમા કરવાનો અધિકાર છે

(૮) અધ્યક્ષસ્થાને બેસનારા અધિકારીની પરવાનગી સિવાય, (આવી પરવાનગી કોઇપણ ઠરાવ ફેરવવાની અથવા રદ કરવાની સૂચના અથવા દરખાસ્તની બાબતમા તે ઠરાવ થયા પછી ત્રણ મહિનાની અદર આપવી નહી) કઇ પણ કામ, કોઇપણ સાધારણ મીટીંગમા એવી મીટીંગ બાબતની નોટીસની અદર અથવા વિશેષ સાધારણ મીટીંગની બાબતમા તે મીટીંગ ભરવા બદલની લેખી વિનતીની અદર નમુદ કરવામા આવ્યુ હોય તે સિવાય ચલાવવુ નહી તથા તેજ પ્રમાણે તેમા કોઇપણ દરખાસ્તના સબધમા વાદવિવાદ તે સદરહુ પ્રમાણે નમુદ કરવામા આવી હોય તે સિવાય કરવો નહી આ પેટા કલમની રૂયે કોઇપણ મીટીંગમા ચલાવવાના કોઇપણ કામનો અથવા જે ઉપર વાદવિવાદ કરવાનો હોય એવી કોઈ પણ દરખાસ્તનો ક્રમ અધ્યક્ષસ્થાને બેસનારા અધિકારીએ ઠરાવવો જોઈયે આવા કામમાનુ કોઇપણ ખાસ કામ અથવા કોઇપણ ખાસ દરખાસ્ત પહેલી હાથમા ધરવાની કોઇપણ સભાસદે દરખાસ કરી હોય તે પ્રસગે તે દરખાસ્ત સદરહુ અધિકારીએ તે મીટીંગ આગળ મૂકવી જોઈએ, અને તેની તરફેણમા અથવા વિરૂદ્ધ વધારે મત પડવા મુજબ ચાલવુ જોઇએ

(૯) દરેક સાધારણ મીટીંગમા જે કાઉન્સિલરો હાજર હોય તેઓના, અને પેટા કલમ (૧૪) ના ઠરાવ પ્રમાણે જો કોઇ સરકારી અમલદારો હાજર હોય તો તેઓના નામ સુદ્ધા તે મીટીંગમા ચાલેલા કામની મીનીટ, દરેક શહેરની મ્યુનિસિપાલીટીની બાબતમા અગ્રેજીમા, અને જો તે મ્યુનિસીપાલીટી તેવા ઠરાવ કરે તો, દેશી ભાષામા પણ અને બીજી દરેક મ્યુનિસિપાલીટીમા દેશી ભાષામા અને જો તે મ્યુનિસીપાલીટી તેવો ઠરાવ કરે તો સદરહુ દેશી ભાષાને બદલે, અથવા તેની સાથે અગ્રેજીમા પણ આ કામ સારૂ કરી રાખવાની એક બુકમા રાખવી જોઈએ, અને તે મીનીટ ઉપર બનતી તાકીદે એવી મીટીંગના અધ્યક્ષસ્થાને બેસનારા અમલદારે સહી કરવી જોઇયે, અને તે સદરહુ મ્યુનિસીપલ ડિસ્ટ્રિક્ટના કોઈ પણ રેહેવાસીને સઘળા વાજબી વખતે જોવા સારૂ ખુલ્લી હોવી જોઇએ

(૧૦) સઘળા સવાલોનો નિકાલ હાજર હોય અને મત આપ્યો હોય તે કાઉન્સિલરોના બહુમતથી કરવો જોઇયે અને જે પ્રસગે બે પક્ષ થઇને ઉભય પક્ષોના મત સરખા પડે તે સમયે અધ્યક્ષસ્થાને બેસનારો

અધિકારી ૨૪ મી કલમની પેટા કલમ (૨) મા ઠરાવ્યુ છે તે સિવાયને પ્રસગે એ બીજુ અથવા નિર્ણાયક મત આપી શકશે, મત લેવાનુ તથા તેનુ પરિણામ લખી રાખવાનુ કામ તે બાબત કલમ ૪૬ ની (અ) કલમની રૂયે વિદ્યમાનકાળે અમલમા હોય તે કાનુનોમા ઠગવવામા આવે તેવી રીતે કરવુ

(૧૧) કોઇપણ સાધારણ મીટીગ, તેમા જે કાઉન્સિલરો હાજર હોય તેઓના બહુ મતથી, વખતે વખતે, મુલતવી રાખવાનો અધિકાર છે, પણ મુલતવી રાખેલી કોઈ પણ સભા ભરાય તેમા, જે સભા મુલતવી રાખી હોય તેમા જે કામનો પુરો નિકાલ થયો નહિ હોય તે કામશિવાય બીજુ કાઈ પણ કામ ચલાવવુ નહિ

(૧૨) મ્યુનિસીપાલીટીનો કોઈ પણ ઠરાવ, તે પસાર થયા પછી ત્રણ મહિનાની અદર ફેરવવો અથવા રદ કરવો હોય તો, તે મ્યુનિસિપાલીટી એકાદી સાધારણ મીટીગમા સઘળા કાઉન્સીલરોમાના ઓછામા ઓછા અડધા કાઉન્સિલરોએ ટેકો આપીને ઠરાવ કર્યો હોય તે સિવાય બીજી રીતે ફેરવવો અથવા રદ કરવો નહી આવી મીટીગની નોટીસ પેટા કલમ (૩) મા ફરમાવ્યુ છે તે પ્રમાણે ચાલીને આપવી જોઈયે, અને તેમા એવી મીટીગમા જે ઠરાવ ફેરવવાનુ અથવા રદ કરવાનુ યોજ્યુ હશે તે ઠરાવ અને તે ફેરવવા બાબતની અથવા રદ કરવા બાબતના સૂચના અથવા દરખાસ્ત પૂર્ણપણે મૂકવી જોઈએ

(૧૩) જે કોઈ પણ કામ મ્યુનિસીપાલીટીને વાસ્તે સરકારી એક્ઝિક્યુટીવ એન્જિનીયર તરફથી બાધવામા આવતું હશે તે કામ સબધી, અથવા શિક્ષણની કોઇ પણ બાબત સબધી કોઇ પણ કામકાજ મ્યુનિસિપાલીટીની કોઈપણ માટીગમા ચલાવવુ તે, જે કારણો અધ્યક્ષસ્થાને બેસનારા અધિકારીને જરૂરના લાગે તે કારણો હોયા સિવાય સદરહુ એક્ઝિક્યુટીવ એન્જિનીયરને અથવા જિલ્લાના એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટરને એવી મીટીંગમા એવુ કામ ચલાવવાના ઇરાદા બાબત તથા એવા કામ સબધી જે દરખાસ્તો અથવા સૂચનાઓ રજુ કરવામા આવવાની હોય તે બાબત એક પત્ર એવી મીટીગના ઓછામા ઓછા ૫દર દિવસ આગમજ લખી મોકલ્યા વગર ચલાવવુ નહિ

(૧૩) (અ) સેનિટરી બોર્ડના મેમ્બરો તથા એકાદા જિલ્લાનો એક્ઝિક્યુટીવ એન્જિનીયર, એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર તથા ડેપ્યુટી સેનિટરી કમિશનર, અને એકાદા જિલ્લામાના સિવિલ સર્જનને, તે જીલ્લાના હેલ્થ ઓફિસરના કામ પૈકી કાઈ કામ આપેલુ હોય ત્યારે તે સિવિલ સર્જન, જો તે જીલ્લામાની કોઇ પણ મ્યુનિસીપાલીટીના મેમ્બરો ન હોય તો, તેઓને સદરહુ મ્યુનિસિપાલીટીની કોઇ પણ મીટીંગમા હાજર રહેવાનો હક છે એમ સમજવુ, અને તેઓ પૈકી દરેક જણ એવી મીટીંગમા જે કોઈ સવાલ વિષે પોતાનુ મત અથવા પોતે આપી શકે તે માહિતી તે મ્યુનિસીપાલાટીને ઉપયોગી થઇ પડશે એવુ તેને પોતાના હુદ્દાના કામ ઉપરથી લાગે તે સવાલ બદલ વાદવિવાદ અથવા વિચાર ચાલે તેમા, તે મ્યુનિસીપાલીટીના અનુમતથી સામેલ થવાને મુખત્યાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ અમલદારો તે મ્યુનિસીપાલિટીના મેમ્બરો ન હોય તો તેમને એવી કોઇ પણ બાબતમા મત આપવાનો અધિકાર નથી

(બ) જો કોઇ મ્યુનિસીપાલીટીને એવુ લાગે કે સદરહુ જિલ્લાની એક્ઝિક્યુટિવ એન્જિનિયરે એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટરે, ડેપ્યુટી સનિટરી કમિશનરે અથવા જિલ્લામાના સિવિલ સર્જને એવી મ્યુનીસીપાલીટીની કોઇ પણ મીટીગમા ઉપર લખેલા કારણ સારૂ હાજર રહેવુ ઈષ્ટ છે, તો યોજેલી મીટીગમા ઓછામા ઓછા પદર દિવસ આગમજ એવા અમલદારને પત્ર લખીને તે મીટીગમા તેને હાજર રહેવાનુ કહેવાનો સદરહુ મ્યુનિસીપાલીટીને અખત્યાર છે, અને સદરહુ અમલદાર માદગીના સબબથી અથવા બીજા વાજબી કારણથી હાજર થઈ ન શકે એમ હોય તે સિવાયને પ્રસગે, તેણે સદરહુ મીટીંગમા હાજર થવુજ જોઇએ

પણ એવુ ઠરાવ્યુ છે કે જો એવો પત્ર મળેથી એવા અમલદારને એમ લાગે કે પોતે જાતે હાજર રહી શકે એમ નથી તો, પોતે ત્યા હાજર રહેવાને બદલે પોતાના વિચાર બાબત કોઇ ડેપ્યુટી અથવા આસિસ્ટટ અથવા બીજા તાબા હેઠળના લાયક અમલદારને સમજુતી આપીને તેને પોતાના પ્રતિનિધિ તરીકે તે મીટીગમા મોકલવાનો તેને અધિકાર છે

૨૬ અ. મ્યુનિસિપાલીટીની મિટીગોમા હાજર રહેવાનો તથા ત્યા ચાલતા વાદવિવાદમા ભાગ લેવાનો જે હક કાઉન્સિલરને છે તેજ હક મ્યુનિસિપલ કમિશ્નરને મળશે અને તેને હાજર હોય તે કાઉન્સિલરો-

માના અડધા કરતા વધારે કૌંસિલરોની મંજુરીથી (જે હાથ ઉંચા કરી નક્કી કરવી જોઇએ) વાદવિવાદ કર્યા વગર, કોઇ પણુ વખતે હકીકત જણાવવાનો અથવા તેના સબંધમા ખુલાસો કરવાનો અધિકાર છે, પણ એવી મિટીંગમા કોઇપણ દરખાસ્ત ઉપર મત આપવાની અથવા કંઇ પણુ દરખાસ્ત કરવાની તેને છુટ મળશે નહી ”

(૨) કમિટીઓ

૨૭. (૧) દરેક મ્યુનિસીપાલીટીમા મેનેજીંગ કમિટી નામની કમિટી હેવી જોઇયે, અને તેમા ૪૬ મી કલમ (અ) કલમ મુજબ કરેલી કાનુનો પ્રમાણે, વધારે એક વર્ષ સુધી, નવથી વધારે નહિ અથવા ચારથી ઓછા નહી એવા જેટલા કાઉન્સિલરો ચુંટી કહાડવામા આવ્યા હોય તેટલા કાઉન્સિલરો હોવા જોઇએ

પણુ એવુ ઠરાવ્યુ છે કે જ્યા ચેમ્બર ઓફ કોમર્સ હોય એવા કોઇ મ્યુનિસીપલ ડિસ્ટ્રિક્ટમા એવી ચેમ્બરને, ગવર્નર ઇન્ કાઉન્સિલ એમ ફરમાવે તો એવી મેનેજીંગ કમિટીના સભાસદ તરીકે એક કાઉન્સિલર ચુંટવાનો હકક છે એમ સમજવુ (૨) મેનેજીંગ કમિટીએ, (૧) મ્યુનિસીપાલીટી તરફથી આ સબંધમા વિશેષત અને ૪૬ મી કલમની (અ) કલમની રૂયે કરેલી કાનુનોમા સામાન્યત ઠરાવવામા આવેલી કોઇ પણુ મર્યાદાને, અને (૨) "બાબ ૧૩ તથા બાબ ૧૩ (અ) ના ઠરાવોને," પાત્ર રહીને, મ્યુનિસીપાલિટીના સર્વે અધિકાર ચલાવવા જોઈએ, પણુ એમ ઠરાવ્યુ છે કે કોઇપણુ મેનેજીંગ કમિટીએ—(અ) જે કોઇપણુ શાળાના અથવા શિક્ષણુ સબંધી સસ્થાના સબંધમા ૨૮ મી કલમની રૂયે કમિટી નિમિ હશે તેના સબંધમા કાઇ પણુ અધિકાર, અથવા (બ) ૨૯ મી કલમની રૂયે નિમેલા કોઇ પણુ કમિટીને જે કાઈ પણુ અધિકાર પ્રાપ્ત થયા હશે તે અધિકાર ચલાવવા નહિ

૨૮ મ્યુનિસીપાલીટી, કનિષ્ટ વર્ગની અથવા ઇતર વર્ગની જે શાળાઓ પોતાને પ્રાપ્ત થઇ હોય અથવા પોતે ટકાવી રાખતી હોય તે સઘળી અથવા કોઇ પણુ શાળાઓને વહીવટ કરવા સારૂ, અથવા જે કોઇ પણુ વિદ્યાલયોને પોતે મદદ આપતી હોય તેમના સબંધમા પોતાનુ કામ ચલાવવા સારૂ, ૪૬ મી કલમ મુજબની વિદ્યમાનકાળે અમલમા હોય એવી કાનૂનોમા ઠરાવેલી મર્યાદાને તેમજ વળી ૫૮ મા કલમમાના વિશેષ ઠરાવને પાત્ર રહીને પોતાને યોગ્ય લાગે તેટલા કાઉન્સિલરોની કમિટી નીમવાને મુખત્યાર છે

૨૯ ઉપર કહેલી કાનુનોમા ઠરાવેલી મર્યાદાને પાત્ર રહીને મ્યુનિસિપાલીટીને વધારેમા વધારે એક વર્ષની મુદ્દત સુધી, ૨૮ મી કલમમા કહેલા કારણો સિવાય બીજા જે કાઈ કારણુ સારૂ અથવા જે જુદા જુદા કારણુ સારૂ મેનેજીંગ કમિટી ૨૭ મી કલમ મુજબ મ્યુનિસીપાલીટીના અધિકાર ચલાવી શકે તે કોઇ પણુ કારણુ સારૂ અથવા તેવા કોઇ પણુ અનેક કારણો સારૂ પોતાને યોગ્ય લાગે તેવી અને તેટલા કાઉન્સિલરોની સદરહુ પ્રકારની કોઈ પણુ કમિટી અથવા કમિટીઓ નિમવાનો અને આ પ્રમાણે નિમેલી દરેક કમિટિને, તે જે કામ સારૂ નિમી હશે તે પુરૂ કરવા સારૂ સદરહુ અધિકાર પૈકી જે અધિકાર જરૂરના તથા ઇષ્ટ હશે તે આપવાનો અધિકાર છે.

૩૦ મ્યુનિસીપાલીટી પોતાને યોગ્ય લાગે તેવી અથવા તેટલી તથા પોતાને યોગ્ય લાગે તેટલા કાઉન્સિલરોની બીજી કમિટીઓ વખતો વખત નિમવાને મુખત્યાર છે, અને આ આકટના હેતુ બાબતના પોતાને યોગ્ય લાગે તેવા વિશેષ વિષયો, ચોકસી કરી તે ઉપર રીપોર્ટ કરવા સારૂ અથવા તે ઉપર અભિપ્રાય આપવા સારૂ સદરહુ કમિટીઓને સોપવાને મુખત્યાર છે, અને તે મ્યુનિસીપાલીટી ગમે તે વખતે એવી કોઈપણુ કમિટી બધ કરવાને અથવા તેની રચનામા ફેરફાર કરવાને મુખત્યાર છે કે એવી કોઇપણુ કમિટીનો રિપોર્ટ મ્યુનિસીપાલીટીને ન કરતા મેનેજીંગ કમિટીને કરવો

૩૧. આ આકટમા ગમે તે ઠરાવ હોય તોપણુ, ૨૮ મી, ૨૯ મી અથવા ૩૦ મી કલમની રૂયે કોઈ પણુ કમિટીમા, જે માણસો (પછી તે પુરૂષ હોય અથવા સ્ત્રિઓ હોય) કૌન્સિલરો ન હોય પણુ જેઓ એવી કમિટીમા કામ કરવાને વિશેષ રીતે લાયક છે એમ મ્યુનિસિપાલીટીને લાગે તેમને સઘળા કૌન્સિલરો પૈકી નિદાન અડધા કૌન્સિલરોના અનુમતે થયેલા ઠરાવ ઉપરથી વખતે વખતે સભાસદો નિમવાનો તે તે મ્યુનિસીપાલીટીને અધિકાર છે, પણુ એવુ ઠરાવ્યુ છે કે એવી કોઇપણુ કમિટીમા એ પ્રમાણે

નિમાયલા માણસોની સખ્યા એવી કમિટીના મેમ્બરોની એકદર સખ્યાના એક તૃતીયાશથી વધારે હોવી ન જોઇએ

કૌન્સિલરોના કામ, અધિકાર, જવાબદારીઓ તથા નાલાયકી બાબત આ આક્ટના સઘળા ઠરાવ, સ્ત્રી હોવાના કારણથી થનારી નાલાયકી બાબતના ઠરાવ શિવાય, બનતા સુધી એવા માણસોને લાગુ પડશે

૩૨. મેનેજીગ કમિટીમા ખાલી પડેલી જગા, જે મેમ્બરની જગા ભરવાની હોય તેને જે ઠરાવોની રૂયે ચુટી કહાડ્યો હતો તેજ ઠરાવોને પાત્ર રહીને એકદર કૌન્સિલરોમાથી એક મેમ્બર ચુટી કહાડીને બનતી તાકીદે ભરવી જોઇએ, અને બીજી કોઇ કમિટીમાં ખાલી પડેલી જગા તેજ પ્રમાણે ભરવાનો અધિકાર છે કોઇ કૌન્સિલર એવી કોઇ કમિટીનો પેહેલા મેમ્બર હોય તોપણ તે એવી કમિટીના મેમ્બર દાખલ નમે તે વખતે ફરીથી ચુટી કહાડવાને લાયક છે એમ સમજવુ

૩૩ (૧) પ્રેસિડેન્ટને અથવા વાઇસ પ્રેસિડેન્ટને કોઇપણ કમિટીનો મેમ્બર નિમ્યો હોય તો તે તેના હુદ્દાના સબબથી તેનો ચેરમેન થશે

(૨) જે કમિટીનો હુદ્દાના સબબથી થયલો ચેરમેન ન હોય તેવી દરેક કમિટીનો ચેરમેન નિમવાનો મ્યુનિસિપાલીટીને અધિકાર છે

(૩) જે કોઇપણ કમિટીનો હુદ્દાના સબબથી થયેલો ચેરમેન હશે અથવા મ્યુનિસિપાલીટીએ નિમેલો ચેરમેન હશે તે કમિટીએ, એવો ચેરમેન જે કોઇ પણ મીટીગમાના મેમ્બરોમાથી એક જણને ચેરમેન નિમવો જોઇએ

(૪) જે કોઇપણ કમિટીનો હુદ્દાના સબબથી થયેલો અથવા મ્યુનિસિપાલીટીએ નિમેલો ચેરમેન ન હોય તેણે પોતાના મેમ્બરોમાથી વખતે વખતે પોતાનો ચેરમેન નિમવો જોઇયે

૩૪. (૧) ૨૬ મી કલમની પેટા કલમો (૪), (૯), (૧૦) અને (૧૪) માના ઠરાવોમા મ્યુનિસિપાલીટીની મીટીગો ઉપર આપેલા સઘળા હવાલા કમિટીની મીટીગોને લાગુ પડતા હોય તે પ્રમાણે અને ૨૬ મી કલમની પેટા કલમ (૧૪), રકમ (અ) ના વિશેષ ઠરાવમા "મ્યુનિસિપાલાટી" શબ્દ જ્યા આવે છે ત્યા તેને બદલે "કમીટી" શબ્દ દાખલ કર્યો હોય તે પ્રમાણે તે ઠરાવો કમીટીમા ચાલેલા સઘળા કામમા પાળવા જોઇએ

પણ એવુ ઠરાવ્યુ છે કે, ૨૬ મી કલમની પેટા કલમ ૯ મા કાઇ પણ વિરૂદ્ધ રીતે ઠરાવ્યુ હોય તોપણ, કમીટીમા ચલાવેલા સઘળા કામની નોધ કમિટી પોતાને યોગ્ય લાગે તેમ અગ્રેજીમા અથવા દેશી ભાષામા રાખવાને મુખત્યાર છે "

(૨) કમિટી પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે મીટીગો બોલાવવાને તથા તે મુલતવી રાખવાને મુખત્યાર છે, પણ કમિટીનો ચેરમેન જ્યારે જ્યારે પોતાને યોગ્ય લાગે ત્યારે ત્યારે, એવી કમિટીની વિશેષ મીટીગ બોલાવવાને મુખત્યાર છે, અને મ્યુનિસીપાલીટીનો પ્રેસિડેન્ટ અથવા કમિટીના નિદાન બે મેમ્બરો લેખી અરજી કરે તો તેણે એવી કમિટીની વિશેષ મીટીગ બોલાવવીજ જોઇયે

(૩) કમિટીની દરેક મીટીગમા તેના મેમ્બરો પૈકી અડધો અડધ કરતા વધારે મેમ્બરો હાજર ન હોય તો તેમા કાઈ પણ કામ ચલાવવુ નહિ

૩૫. (૧) ઉપરની કલમમા ગમે તે ઠરાવ હોય તોપણ કમીટીના ચેરમેનને જ્યારે જ્યારે એમ લાગે કે મીટીગ બોલાવવાની જરૂર નથી ત્યારે ત્યારે એવી મીટીગ બોલાવવાને બદલે, પોતાની અથવા કમિટીના બીજા કોઈ મેમ્બરની અથવા મ્યુનિસિપાલીટીના કોઈ પણ એક્ઝિક્યુટીવ અમલદારની લેખી દરખાસ્ત કમિટીના મેમ્બરના અભિપ્રાય સારૂ તથા મત સારૂ તેઓને લખી મેકલવાને તે મુખત્યાર છે

(૨) એવી કોઇ પણ દરખાસ્ત લખીને ફેરવવાની અગાઉ ચેરમેન પોતાને યોગ્ય લાગે તો, કૌન્સિલર નહિ હોય એવા જે કોઇ સરકારી અમલદારને ૨૬ મી કલમની પેટા કલમ (૧૪) ની (બ) રકમના ઠરાવો પ્રમાણે હાજર રહેવાનુ ફરમાવવાનો મ્યુનિસિપાલીટીને હક હશે તે અમલદાર ઉપર તે દરખાસ્ત મોકલવાને અને તે બાબત તે અમલદારને કાઈ અભિપ્રાય આપવાનો હોય તો તે લેવાને મુખત્યાર છે, અને જે કામ સબંધી તે દરખાસ્ત હશે તે કામ ૨૬ મી કલમની પેટા કલમ (૧૩) મા કહેલા પ્રકા-

રવુ હશે તો ચેરમેને તે દરખાસ્ત તે અમલદાર ઉપર મોકલીને તે અમલદારને તે ઉપર કાંઇ અભિપ્રાય આપવો હોય તો તે લેવોજ જોઇએ

(૩) આ પ્રમાણે લખીને ઠેરવેલી કોઇપણ દરખાસ્તનો નિકાલ, તે દરખાસ્તનો વિચાર કરવા સારૂ વિશેષ મીટીગ બોલાવી નહિ હશે તો, કમિટીના જે મેમ્બરો તે બાબત મત આપે તેઓના બહુમત પ્રમાણે કરવો જોઇયે

(૪) આ કલમ પ્રમાણે કમિટીએ કરેલો દરેક નિકાલ, ૨૬ મી કલમની પેટા કલમ (૯) પ્રમાણે રાખેલી મિનિટ બુકમા દાખલ કરવો જોઇયે

(૫) આ આકટમા ગમે તે ઠરાવ હોય તોપણ, કમીશનર જાહેરનામાની મારફતે, શેહેર મ્યુનિસિપાલીટી ન હોય એવી જે કોઈ મ્યુનિસિપાલીટી તે જાહેરનામામા નિર્દિષ્ટ કરી હોય તેને, અમુક કામ સારૂ જનરલ મિટીંગ બોલાવવાની જરૂર નથી એમ જ્યારે જ્યારે મ્યુનિસિપાલીટીના પ્રેસીડેન્ટને લાગે ત્યારે ત્યારે તે કામનો નિકાલ આ કલમમા કહેલી રીતે કરવાનો અધિકાર આપવાને મુખત્યાર છે

૩૬. (૧) દરેક કમિટીએ, પોતાને મ્યુનિસિપાલીટી તરફથી વખતો વખત જે કાંઇ પણ સમજુતી મળે તે પ્રમાણે ચાલવુ જોઇયે, મ્યુનિસિપાલીટીને, કોઇ પણ કમિટીએ ચલાવેલા કોઇ પણ કામના કાગળોમાથી હરકોઇ ઇન્તેખાબ ગમે તે વખતે મગાવવાનો, અને કોઇપણ કમિટીને જે કઇ બાબતમાં તજવીજ કરવાનો અધિકાર અથવા હુકમ મળ્યો હોય તે બાબત સબંધી અથવા તેને લાગતુ કઇપણ રીટર્ન, સ્ટેટમેન્ટ અથવા હકીકત અથવા રિપોર્ટ ગમે તે વખતે મગાવવાનો અખત્યાર છે, અને આવી દરેક માગણી જે કમિટીને કરી હશે તેણે તે માગણી ગેરવાજબી ઢીલ કર્યા શિવાય માન્ય કરવી જોઇયે

(૨) મેનેજીગ કમિટીએ અથવા ૨૮ મી અથવા ૨૯ મી કલમની રૂયે નિમેલી કમિટીએ કરેલા ૬૬ મી કલમની પેટા કલમ (૩) મુજબના હુકમ શિવાય બીજા દરેક હુકમ, ૪૬ મી કલમની રૂયે વિદ્યમાનકાળે અમલમા હોય એવી મ્યુનિસિપાલીટીની કોઇ પણ કાનુનોમા તેના સબધમા મ્યુનિસિપાલીટી તરફથી જે તપાસણી થવાની જરૂર છે અથવા તે ઉપર જે અપીલ કરવાની પરવાનગી છે તે તપાસને પાત્ર રહેશે તથા તે ઉપર તેને અપીલ કરવાની છુટ રહેશે

(૩) વ્યક્તિને અધિકાર સોંપી દેવા બાબત.

૩૭. મ્યુનિસિપાલીટીએ અથવા તેની વતી ચલાવવાના કામ પૈકી અથવા એક્ઝિક્યુટીવ કામ પૈકી અથવા અધિકારો પૈકી કાંઈ પણ કામ અથવા એક્ઝિક્યુટીવ કામ અથવા અધિકાર, આ અર્થે મ્યુનિસિપાલીટી જે કાનુનો કરે તેમને અનુસરીને, પ્રેસિડેન્ટને અથવા વાઇસ પ્રેસિડેન્ટને અથવા મેનેજીગ, સ્કુલ અથવા બીજી કમિટીના ચેરમેનને અથવા એક અથવા વધારે પગારદાર અથવા માન્યાધિકારી (ઓનરરી) અમલદારોને સોપવાનો અધિકાર છે, પણ એવી રીતે નહિ કે જેથી ૧૩ મા બાબની રૂયે શેહેરની મ્યુનિસિપાલીટીના ચીફ આફીસરને, અથવા ૨૭ મી, ૨૮ મી અથવા ૨૯ મી કલમમા અથવા કલમો મુજબ કોઇ પણ કમિટીને જે અધિકાર સોપ્યા હોય તેમને બાધ આવે, અને આ પ્રમાણે સોંપેલો અધિકાર અથવા સોપેલુ કામ જે સખસ ચલાવતો હોય તે દરેક સખસે એવી બાબતમા જે જરૂરનો ખર્ચ કર્યો હોય તે સઘળો ખરચ તેને આપવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે જે મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટ માટે મ્યુનિસિપલ કમિશનર હોય તે મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમા આ આકટ અથવા તેની રૂયે કરેલી કોઇ પણ કાનુન અથવા પેટા કાયદા મુજબના કમિશનરને આપેલા અધિકાર અથવા તેનાપર નાખેલી ફરજો અથવા તેને પ્રાપ્ત થયલા અમલ બજાવણીના કામ કલમ ૧૮૬ મ મા ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય બીજી રીતે સોપવા નહીં "

(૪) ચલાવેલાં કામના કાયદાસરપણા બાબત.

૩૮ (૧) કોન્સિલર તરીકે, અથવા સાધારણ મીટીંગના પ્રેસિડેન્ટ તરીકે અથવા એવી મીટીંગમા અધ્યક્ષસ્થાને બેસનારા અધિકારી તરીકે અથવા આ આકટની રૂયે નિમેલી કમિટીના ચેરમેન તરીકે કામ કરનારા કોઈ પણ માણસની નાલાયકીને લીધે, અથવા તેને ચુટણીમા અથવા નિમણુકમા કાંઇ ખામી હોવાને લીધે, પ્રસંગ પ્રમાણે સદરહુ મ્યુનિસિપાલીટીના અથવા એવી કોઇ પણ કમિટીના જે કાંઈ પણ

કૃત્યમા આવા કામમા સામેલ થયેલા માણસો પૈકી અર્ધાધિક માણસોને આ પ્રમાણે સામેલ થવાનો જે જે પ્રસંગે હક હોય તે તે પ્રસંગે બાધ આવે છે એમ સમજવુ નહિ

(૨) ઉલટુ સાબિત થાય ત્યા સુધી, મ્યુનિસીપાલીટીની અથવા આ આકટની રૂયે નિમેલી કમિટીની જે કોઇ પણ મીટીંગમા ચાલેલા કામના સબંધમા આ આકટ મુજબ મીનીટ લખવામા આવી હોય અને તે ઉપર સહી થઇ હોય તે યોગ્ય રીતે બોલાવીને ભરી હતી તથા તેના સઘળા મેમ્બરો, યોગ્ય રીતે લાયક હતા એમ સમજવુ જોઇયે, અને એવુ કામ કમિટીમા ચાલેલુ કામ હોય તો, તે કમિટીની રચના યોગ્ય રીતે થયેલી હતી અને તેની મિનિટમા લખેલી બાબતોની વ્યવસ્થા કરવાનો તેને યોગ્ય અધિકાર હતો એમ સમજવુ જોઇયે

(૩) મ્યુનિસિપાલીટીમા અથવા કમિટીમા કૌંસિલરની અથવા મેમ્બરની જગા ખાલી પડી હોય તે મુદતમા બાકી રહેલા કૌન્સિલરો અથવા મેમ્બરો તે જગા ખાલી થઇ ન હોય તે પ્રમાણેજ કામ કરવાને મુખત્યાર છે

(૫) બીજી મંડળીઓ સાથે સામાયિક વ્યવહાર

૩૯ કોઇપણ મ્યુનિસિપાલીટી, વખતે વખતે,-(અ) બીજી કોઇ પણ મ્યુનિસિપાલિટીની સાથે અથવા કોઇપણ લોકલબોર્ડની સાથે, સેનીટરી કમિટીની સાથે અથવા ૧૪ મા બાબની રૂયે ઠરાવેલા પ્રદેશ સારૂ નિમેલી કમિટીની સાથે, અથવા એવી એક કરતા વધારે મ્યુનિસિપાલીટીઓ, બોર્ડ, અધિકારીઓ અથવા કમિટીઓની સાથે નીચેનુ કામ કરવા સારૂ જોડાવાને એટલે—

(૧) જે કોઈ કામમા તેઓનો સામાયિક હિતસબંધ હોય તે કામ સારૂ પોતપોતાની મંડળીમાથી એક સામાયિક કમિટી નિમવા સારૂ, અને એવી કમિટીનો ચેરમેન નિમવા સારૂ, અને

(૨) એવી કોઈ પણ કમિટીને, કોઇપણ સામાયિક કામ બાધવાના તથા તે આગળ ટકાવી રાખવાના સબંધમા જે સરતો ઉપરથી એવી દરએક મંડળી બંધાય તે સરતો ઠરાવવાનો અધિકાર, અને એવી મંડળીઓ પૈકી કોઇ પણ મંડળી ચલાવી શકે એવો કોઇ પણ અધિકાર સોપવા સારૂ અને

(૩) એવી કોઇ પણ કમિટી જે કારણ સારૂ નિમાયલી હશે તે કારણ સબંધી એવી કમિટીએ ચલાવવાના કામનુ નિયમન કરવા બાબત કાનુનો કરવા તથા તેમા ફેરફાર કરવા સારૂ, જોડાવાને મુખત્યાર છે, અને (બ) ગવર્નર ઇન કૌંસિલની મંજુરીને પાત્ર રહીને, કોઇ પણ મ્યુનિસિપાલીટીની સાથે કેન્ટોનમેન્ટ અધિકારીની સાથે અથવા ઉપર કહ્યા પ્રમાણે ઠરાવેલા પ્રદેશ સારૂ નિમેલી કમિટીની સાથે ઓકટ્રોઇ ડયુટી, લેવાના સબંધમા કબુલાત કરવાને મુખત્યાર છે એવી કબુલાત ઉપરથી, આ પ્રમાણે કબુલાયત કરનારી મંડળીઓએ જુદી જુદી લેવાની ઓકટ્રોઇ ડયુટી સદરહુ મંડળીના નિબંધ હેઠળની ડિસ્ટ્રિકટો જે પ્રદેશમા આવેલી હોય તે પ્રદેશની હદની અંદર જુદી જુદી લેવાને બદલે એકઠી લઇ શકાશે.

આ કલમ પ્રમાણે કામ કરનારી સ્થાનિક મંડળીઓમા જો કાઇ મતભેદ પડે, તો તે બાબત ગવર્નર ઇન કૌન્સિલ અથવા તેણે નીમેલો કોઇ અમલદાર, જે નિકાલ કરશે તે આખરનો સમજવો

(૬) કરાર

૪૦ (૧) દરેક મ્યુનિસિપાલીટીને, પેટા કલમ (૨) માહેની મર્યાદાને પાત્ર રહીને, જે કાઇ પણ જંગમ અથવા સ્થાવર મિલકત આ આકટના કારણ સારૂ તેને પ્રાપ્ત થઇ હોય અથવા તેણે સપાદન કરી હોય તે પટે (લીસથી) આપવાનો, વેચવાનો અથવા બીજે પ્રકારે બીજાને નામે કરી આપવાનો, અને આ આકટના ઠરાવોને તથા હેતુને અનુસરતુ હોય ત્યા સુધી, સદરહુ ઠરાવ તથા હેતુ અમલમા લાવવા સારૂ જે કરાર તેને જરૂરના અથવા યોગ્ય લાગે તે સઘળા કરાર કરવાનો તથા તે પ્રમાણે ચાલવાનો અધિકાર છે

(૨) સાત વર્ષથી વધારે મુદતના સ્થાવર મિલકતના દરેક પટાની બાબતમા અને એવી કોઇ પણ મિલકતના વેચાણની અથવા તે બીજાને નામે કરી આપવાની બાબતમા કમિશનરની પ્રથમ મંજુરી લેવાની જરૂર છે

(૩) (અ) કોઇ પણ સ્થાવર મિલકતના એક વર્ષથી વધારે મુદતના પટાની, અથવા વેચાણની અથવા તે બીજી રીતે બીજાને નામે કરી આપવાની, અથવા તેની ખરીદી બાબતના કરારની બાબતમા,

(બ) બજેટમા મંજુર થયેલી રકમમા જેનો સમાવેશ થતો ન હોય એવો ખર્ચ જે કરારને લીધે કરવો પડે તેવા દરેક કરારની બાબતમા, (ક) કરારની તારીખની વખતે ચાલુ હોય તે સરકારી સાલની અંદર પુરો કરી ન શકાય તેવા દરેક કરારની બાબતમા, સાધારણ મીટીંગમા ઠરાવ પસાર કરીને આપેલી મ્યુનિસિપાલીટીની મંજુરીના જરૂર છે

(૪) જંગમ મિલકતની ખરીદીના કરારની, અથવા મ્યુનિસિપાલીટીની કોઈ પણ જંગમ મિલકતના વેચાણના કરારની બાબતમા, ખરીદી કરવામા થનારો ખર્ચ અથવા વેચવાની મિલકતની (મ્યુનિસિપાલીટીના હિસાબના અંદાજ કરેલી કિંમત,) શહેરની મ્યુનિસિપાલીટીની બાબતમા રૂ ૫૦૦) થી વધારે હોય (અ) (બ) બીજી કોઇ પણ મ્યુનિસિપાલીટીની બાબતમા રૂ ૨૫૦) થી વધારે હોય, તો મ્યુનિસિપાલીટીની મંજુરીની જરૂર છે

(૫) આ કલમની ઉપરની પેટા કલમોમા જે કરારબદલ બીજી રીતે ઠરાવેલુ ન હોય તે દરેક કરારની બાબતમા, મેનેજીંગ કમિટીની અથવા આ આકટના અથવા તે મુજબ કરેલી અને વિદ્યમાનકાળે અમલમા હોય તે કાનુનોના ઠરાવ મુજબ જે બીજી કમિટીને અથવા જે વ્યક્તિને આ અર્થે અધિકાર આપ્યો હોય તેની મંજુરીની જરૂર છે

(૬) જે કરારને પેટા કલમ (૫) લાગુ હોય તે સિવાય જે બીજો કોઈપણ કરાર મ્યુનિસીપાલીટીએ અથવા મ્યુનિસિપાલીટીની તરફથી કર્યો હોય તે લખેલો હોવો જોઇએ અને તે ઉપર પ્રેસિડન્ટ અથવા વાઇસ પ્રેસિડન્ટે અને બીજા બે કાઉન્સીલરોએ સહી કરવી જોઇએ અને તેની ઉપર મ્યુનિસિપાલીટીના સામાયિક સિક્કાથી મોહર કરવી જોઈએ જે કોઈ પણ કરારને પેટા કલમ (૫) લાગુ હોય તે દરેક કરાર મેનેજીંગ કમિટીના ચેરમેન અથવા આ અર્થે અધિકાર મળ્યો હોય એવી બીજી કોઈ કમિટીના ચેરમેને અથવા એવી બીજી વ્યક્તિએ એવી રીતે તથા એવા નમુના પ્રમાણે કરવો જોઇએ કે જે રીત તથા જે નમુના ઉપરથી જો એવો કરાર એવા ચેરમેને અથવા વ્યક્તિએ પોતાને માટે કર્યો હોત તો તે ચેરમેન અથવા તે વ્યક્તિ વિદ્યમાન કાળે જે કાયદો અમલમા હોય તે મુજબ બધાત

(૭) આ કલમમા કહેલી કોઇ પણ બાબતમા મ્યુનિસિપાલીટી કોઈપણ કરાર ઉપરથી નીચે પ્રમાણે ન હોય તો, બધાય છે એમ સમજવુ નહિ, એટલે એવી બાબતના સબંધમા પેટા કલમો (૨), (૩) (૪) અથવા (૫) માના સઘળા ઠરાવ પુરા કરવામા ન આવે તો અને એવો કરાર તેને લગતા પેટા કલમ (૬) માહેના ઠરાવ પ્રમાણે કરવામા ન આવે તો, બધાય છે એમ સમજવું નહિ

(૮) આ કલમના ઠરાવો બાબ ૧૩ અ ના ઠરાવોને પાત્ર રહેશે

(૭) ફરજ પાડીને જમીન લેવા બાબત.

૪૧. જે કોઇપણ જમીન અથવા ઇમારત આ આકટના કારણ સારૂ જોઇતી હોય તે નાણું આપીને હમેશને વાસ્તે અથવા થોડી મુદતને વાસ્તે લેવામા કાંઇ હરકત આવતી હોય, ત્યારે ગવર્નર ઇન કાઉન્સિલ સન ૧૮૯૪ ના જમીન લેવા બાબતના આકટની અથવા બીજા કોઇ વિદ્યમાન કાયદાની રૂએ તે જમીનનો અથવા ઇમારતનો કબજો સરકાર સારૂ લઈને, તે જમીન અથવા ઇમારત નુકશાનીનો ઠરાવેલો અવેજ તથા તે જમીન અથવા ઇમારત લેવામા સરકારને થયેલો સઘળો ખરચ સરકારને મ્યુનિસિપાલીટી આપે ત્યાર પછી તે મ્યુનીસીપાલીટીને સ્વાધીન કરવાને મુખત્યાર છે

(૮) કૌંસિલરો, અમલદારો તથા નોકરોની પાત્રતા

૪૨ જે કોઇપણ કૌસિલર કોઈપણ ફંડના ગેરઉપયોગમા સામેલ હશે, અથવા જે ગેરઉપયોગ કૌસિલર તરીકેની પોતાના કામની ભારે ગફલત થયાથી થયો હશે અથવા થવાનુ મેહેલુ થયુ હશે તે ગેરઉપયોગ બદલ એવો દરેક કૌસિલર જાતે જવાબદાર થશે, અને આ પ્રમાણે ગેરઉપયોગ કરેલુ નાણુ સરકારનુજ નાણુ હોય તે પ્રમાણે તે વસુલ કરવા સારૂ તેના ઉપર દાવો કરવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે કોઇપણ કૌસિલર, મ્યુનીસીપાલીટીએ અથવા મ્યુનીસીપાલીટીની તરફથી કરેલા કોઈપણ કરાર અથવા કબુલાયતના સબંધમા અથવા કરેલા કોઇપણ ખરચ બદલ જાતે જવાબદાર થશે નહિ,

દરેક મ્યુનીસીપાલીટીના અધિકાર હેઠળ જે ફંડ હશે તે એવા કોઇપણ કરાર અથવા કબુલાયત બાબતનો સઘળો ખરચ અને ઉપર કહેલા પ્રકારનો સઘળો ખરચ આપવાને પાત્ર થશે અને તેના ઉપર તેનો બોજો પડશે,

૪૩. (૧) મ્યુનીસીપાલીટીની સાથે અથવા મ્યુનીસીપાલાટીએ અથવા મ્યુનીસીપાલીટી તરફથી કરેલા કોઇપણ કરાર અથવા તેની વતી કરેલા કંઈ કામમા જે માણસનો મ્યુનીસીપાલીટીના અમલદાર કે નોકર તરીકે નહિ પણ બીજી રીતે પોતાનો અથવા પોતાના ભાગીદાર મારફત કાંઇ ભાગ અથવા હીતસબંધ પ્રત્યક્ષ કે પરોક્ષરીતનો હોય તે માણસ એવી મ્યુનીસીપાલીટીનો અમલદાર અથવા નોકર થવાને લાયક નથી એમ સમજવુ

(૨) મ્યુનીસીપાલીટીના જે કોઇપણ અમલદાર અથવા નોકર ઉપર કહેલા પ્રકારના કોઇપણ કરારમા અથવા કામમા પોતાની જાતે અથવા પોતાના ભાગીદાર મારફત પ્રત્યક્ષ અથવા પરોક્ષરીતે કાંઈપણ ભાગ અથવા હીતસબંધ પ્રાપ્ત કરશે તે મ્યુનિસિપાલીટીના અમલદારનો અથવા નોકરનો હુદ્દો ધારણ કરતો બંધ પડશે, અને તેની જગા ખાલી પડશે

(૩) મ્યુનિસિપાલીટીની સાથે અથવા મ્યુનિસિપાલીટીના હાથ હેઠળ અથવા મ્યુનિસિપાલીટીએ અથવા મ્યુનિસિપાલીટી તરફથી કરેલા કોઇપણ કરારમા અથવા સોપેલા કોઈપણ કામમા જે ભાગ અથવા હિત સબંધ, ૧૫ મી કલમની પેટા કલમ (૧) ના વિશેષ ઠરાવની રકમો (૨) તથા (૪) મુજબ કોઈપણ માણસને ગણવાની છુટ ' અને જે ગણવાથી તે કૌસિલરના હુદ્દા માટે નાલાયક થતો નથી તેવા કોઇ ભાગને અથવા હીતસબંધને આ કલમ માહેનો કોઇપણ ઠગવ લાગુ પડશે નહીં

૪૪ (અ) કોઇ માણસને જે ભાગ અથવા હીતસબંધ ૧૫ મી કલમની રૂએ ગણવાની છુટ છે અને જે ગણ્યાથી તે કૌસિલરના હુદ્દા માટે નાલાયક થતો નથી તે ભાગ અથવા હિતસબંધ સિવાય બીજો કોઈ પણ ભાગ અથવા હિતસબંધ, જે કોઇ કૌસિલર જે મ્યુનિસિપાલીટીનો પોતે મેમ્બર હશે તેની સાથે અથવા તેના હાથ હેઠળ અથવા તેણે અથવા તેની વતી કરેલા અથવા સોપેલા કોઈપણ કરારમા અથવા કામમા, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, જાણી જોઇને સંપાદન કરશે, અને (બ) મ્યુનિસિપાલીટીનો જે કોઇપણ અમલદાર અથવા નોકર, જે ભાગ અથવા હિતસબંધ કોઇપણ માણસને ૧૫ મી કલમની પેટા કલમ (૧) ના વિશેષ ઠરાવની રકમો (૨) તથા (૪) ની રૂએ રાખવાની છુટ છે અને જે ગણ્યાથી તે કૌસિલર થવાને નાલાયક થતો નથી તે ભાગ અથવા હિતસબંધ સિવાયનો જે કોઇપણ ભાગ અથવા હિતસબંધ, જે મ્યુનિસિપાલીટીનો પોતે અમલદાર અથવા નોકર હોય તેની સાથેના અથવા તેના હાથ હેઠળના અથવા, તેની વતીના અથવા તેણે અથવા તેની તરફથી કરેલા કોઇ કરારમા મ્યુનિસિપાલીટી સાથેના અથવા તેના હાથ હેઠળના અથવા તેની વતીના અથવા તેણે અથવા તેની તરફથી કરેલા કોઇપણ કામમા, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, જાણી જોઇને સંપાદન કરશે, તેના ઉપર કોઈ ફોજદારી કોર્ટમા ગુન્હાની સાબીતીનો ઠરાવ થયેથી તે પાચસો રૂપિયા સુધીના દંડને પાત્ર થશે

૪૫. (અ) મ્યુનિસિપાલીટીની કૌસિલરનો અથવા અમલદારનો અથવા નોકરનો હુદ્દો ધારણ કરનારો જે કોઇપણ શખસ, અને મ્યુનિસિપાલાટીએ પોતાના તરફથી કોઇપણ કર એકઠો કરવાનો અથવા વસુલ કરવાનો અધિકાર આપેલો જે કોઈપણ શખસ—

(૧) કોઇપણ હુદ્દાનુ કામ કરવાના અથવા ન કરવાના બદલામા, અથવા પોતાના હુદ્દાનો અમલ ચલાવતા કોઇ શખસની ઉપર મહેરબાની અથવા ઇતરાજી કરવાના અથવા ન કરવાના બદલામા, અથવા મ્યુનિસિપાલાટીની જોડે અથવા કાંઈ પણ સરકારી નોકર જોડે અથવા મ્યુનિસિપાલ કમીટી, અમલદાર અથવા નોકરના સબબથી કોઈપણ મ્યુનિસિપલ કમીટી, અમલદાર અથવા નોકરની જોડે, અથવા સરકારની જોડે કંઇ શખસને માટે અથવા કોઇ શખસની વિરૂદ્ધ કંઇ વગ ચલાવવાના અથવા વગ ચલાવવાની કોશિશ કરવાના બદલામા, કોઇપણ શખસ પાસેથી પોતાને માટે અથવા બીજા શખસને માટે કાયદાસર મહેનતાણા શિવાય બીજુ કાંઇ લેશે, અથવા મેળવશે, અથવા લેવાને કબુલ કરશે અથવા મેળવવાની કોશિસ કરશે. અથવા

(૨) જે કોઇપણ કૃત્ય કરવા બદલ અથવા જે કોઈપણ કૃત્ય ન કરવા બદલ, જો તે હિંદુસ્તાનના

ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે સરકારી નોકર હોત તો તે કાયદા મુજબ શિક્ષાને અથવા વધારેલી શિક્ષાને પાત્ર થાત, તેવુ કોઇપણ કૃત્ય અથવા કસુર કરશે, અને

[બ] જે કોઇપણ સખસ-(૧) સદરહુ પ્રકારનો હુદ્દો પોતે ધારણ કરે છે અથવા પોતાને તેનો અધિકાર મળેલો છે એવો ખોટો ઢોગ કરશે, અને એવા વેશમા, એવી રીતે વેષ લીધેલી વ્યક્તિનો આધાર છે એમ માનીને, કોઇપણ કૃત્ય કરશે અથવા કરવાની કોશિસ કરશે અથવા

(૨) જે કોઇપણ કૃત્ય અથવા કસુર જે ઇરાદાથી અથવા જે માહિતીથી અથવા જે પ્રસગે કર્યાથી સદરહુ પ્રકારનો હુદ્દો ધારણ કરનાર અથવા સદરહુ પ્રમાણે અધિકાર મળેલો સખસ હિદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે સરકારી નોકર હોત તો સદરહુ પ્રમાણે કૃત્ય અથવા કસુર કરનારા સખસ તે કાયદા ઉપરથી શિક્ષાને અથવા વધારેલી શિક્ષાને પાત્ર થાય, તે કૃત્ય અથવા કસુર સદરહુ પ્રકારનો હુદ્દો ધારણ કરનાર અથવા સદરહુ પ્રકારના અધિકાર મળેલા સખસ અથવા તે સબધમા, તે ઇરાદાથી તે માહિતીથી અથવા તે પ્રસંગે કરશે

તે શખસ, આ આકટમા આના સંબધમા બીજે કોઇ ઠેકાણે શિક્ષા ઠરાવી નહિ હશે તો, એવો હુદ્દો ધારણ કરનારો અથવા સદરહુ પ્રમાણે અધિકાર મળેલો પ્રત્યેક સખસ જો હિદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે સરકારી નોકર હોત તો તે ગુન્હા બદલ તે કાયદા ઉપરથી જે શિક્ષાને પાત્ર થયો હોત તે શિક્ષાને પાત્ર થશે

બાબ ૪.—કાનુનો તથા પેટા કાયદા.

૪૬. દરેક મ્યુનિસિપાલીટી રચના થયા પછી "તથા બાબ ૧૩ અ ના ઠરાવોને પાત્ર" તેણે સગવડથી જેમ બને તેમ જલ્દી આ આકટને અનુસરે એવી રીતે હેઠળ લખેલા વાતો બાબત કાનુનો કરવી જોઇએ, અને તેજ પ્રમાણે તે વખતે વખતે ફેરવવાનો અથવા રદ કરવાનો તેને અધિકાર છે, એટલે

(અ) કામ ચલાવવાના સબધમા નિયમ કરવા બાબત (બ) (૧) પ્રેસીડન્ટે તથા એસ્ટાબ્લિશમેન્ટના કામ ઠરાવવા બાબત કોઇપણ કમિટીના ચેરમેને, અને શેહેરની તથા કામ સોપવાનુ ઠરાવવા બાબત.

(૨) મ્યુનિસિપાલીટીએ જે અમલદારને તથા નોકરોને ચાકરી રાખવા, તથા તેઓના હુદ્દા, કામ, પગાર ફી અને ગેરહાજર હોય તે વખતની અથવા બીજી નિમણુકો ઠરાવવા બાબત, અને ૧૭ મી કલમની રૂયે તેમને સોપવાના અધિકાર તથા કામ ઠરાવવા બાબત.

(ક) મ્યુનિસિપલ કારભાર ચલાવવા સંબંધી સઘળી બાબતોમા તેના અમલદારોની તથા નોકરોની એકદર સમજુતી થવા બાબત (ડ) જે કોઇ અમલદારની અથવા નોકરની પાસેથી તારણ લેવુ યોગ્ય છે એવુ લાગે તે અમલદારે અથવા નોકરે આપવાની તારણની રકમ તથા પ્રકાર ઠરાવવા બાબત, (ઇ) મ્યુનિસિપલ નોકરોની નિમણુકો વિગેરે કરવાની રીત ઠરાવવા બાબત (ફ) અમલદારોને અથવા નોકરોને રજા આપવાના સંબધમા નિયમન કરવા બાબત (ગ) સઘળા અમલદારોની તથા નોકરોની નોકરીની મુદ્દતનું નિયમન કરવા બાબત અને એઓના પેન્શન, ગ્રાચ્યુઇટી, અથવા કમ્પાશનેટ એલાઉન્સ મળે તે સરતો અને એવા પેન્શન, ગ્રાચ્યુઇટી અથવા કમ્પાશનેટ એલાઉન્સની રકમ ઠરાવવા બાબત (હ) પેનશન ફડ અથવા પ્રોવિડન્ટ ફડમા વર્ગણી અથવા તો અધિકાર આપવા બાબત (આઇ) મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમા મ્યુનિસિપલ હેતુ સારૂ લેવાના કર, વિગેરે ઠરાવવા બાબત (જ) કોઇ પણ કરની અથવા કોઈપણ કર વસુલ કરવાના ખર્ચની રકમો વસુલ થવા જોગ નથી એમ ગણીને જે સરતોને પાત્ર રહીને લખી વાળી શકાય તે સરતો, અને જપ્તી બદલ લેવાની સઘળી અથવા કાઇ ફી મેનેજીગ કમિટી જે સરતને પાત્ર રહીને માફ કરી શકે તે સરતો ઠરાવવા બાબત, પણ એવુ ઠરાવ્યુ છે કે—

(અ) આ કલમ પ્રમાણે કરેલી કોઇ પણ કાનુન અથવા કાનુનમા કરેલો કોઇપણ ફેરફાર અથવા તે રદ કરવાનો કોઇપણ ઠરાવ, શહેરની મ્યુનીસીપાલીટીઓની બાબતમા ગવર્નર ઇન્ કોસિલે, અથવા બીજી બાબતોમા કમિશનર, મજુર કરે ત્યા સુધી તે અમલમા આવશે નહિ (બ) કોમે મ્યુનીસીપાલીટીના તાબામા નોકરી કરનારો અથવા નોકરી કરેલો કોઇ પણ અમલદાર સરકાર તરફથી અથવા સરકારને આપ-

વામા આવે અથવા આવ્યો હોય અથવા કેટલેક અંશે સરકારની ચાકરીમા અને કેટલેક અંશે મ્યુનીસીપાલીટીની ચાકરીમા હોય, તો તે મ્યુનીસીપાલીટીએ તેના પેન્શન સબધી અને રજા સબધી નીમણુક બદલ આ અર્થે ગવર્નર જનરલ ઇન્ કૌંસિલે કરેલી વિદ્યમાનકાળે અમલમા હોય એવી કાનુનોમા કહ્યુ હોય તેટલો ફાળો આપવો જોઇએ (ક) મ્યુનીસીપાલીટીએ, સરકારની સમતી ન હોય તો, સરકારને છ મહિના અગાઉથી નોટીસ આપ્યા વગર, એવા જે કોઈપણ અમલદારને સરકારે મ્યુનીસીપાલીટીને આપ્યો હોય અથવા જે કેટલેક અંશે સરકારની ચાકરીમા અને કેટલેક અંશે મ્યુનીસીપાલીટીની ચાકરીમા હોય તેને રજા આપવી નહી અથવા જે કોઇ અમલદારને મ્યુનીસીપાલીટીને સરકારે આપ્યો હોય તેને મ્યુનીસીપાલીટીની નોકરીમાથી આખરનો બરતરફ કરવો નહિ

૪૭ ૪૬ મી કલમના વિશેષ ઠરાવની (અ) રકમના ઠરાવોને પાત્ર, દરેક મ્યુનીસીપાલીટીને ૭૪ મી કલમના વિશેષ ઠરાવની (બ) રકમમા બીજી રીતે ઠરાવ્યુ હોય તે સિવાયને પ્રસગે કે કોઈપણ વખતે કોઇ પણ પુરતા કારણ સારૂ, ચાલુ હોય એવો કોઇપણ કર તે ૪૬ મી કલમની રકમ (આઈ) ના તથા તેના વિશેષ ઠરાવની ૧ લી રકમના ઠરાવોની રૂએ જે કાનુન ઉપરથી ઠરાવ્યો હશે તે કાનુન તહકુબ કરીને, તેમા ફેરફાર કરીને અથવા તે રદ કરીને, મોકુફ કરવાનો, ઓછો કરવાનો, અથવા કાઢી નાખવાનો અધિકાર છે

૪૮ (૧) દરેક મ્યુનીસીપાલીટીને, વખતે વખતે શહેરની મ્યુનીસીપાલીટીઓની બાબતમા ગવર્નર ઇન્ કૌંસિલની, અને બીજી બાબતોમા કમિશનરની, અગાઉથી મજુરી લઇને, હેઠળ લખેલી વાતો બાબત આ આકટને પ્રતિકુલ ન હોય એવા પેટા કાયદા કરવાનો, તેમા ફેરફાર કરવાનો અથવા તે રદ કરવાનો અધિકાર છે, એટલે—

(અ) માર્કીટોના તથા કસાઇખાનાના અને જે જનાવરો વેચવામા આવતા હશે અથવા ભાડે આપવામા આવતા હશે અથવા જેઓથી થનારી પેદાસ વેચવામા આવતી હશે તે વાપરતા હોય અથવા તેમને સારૂ વાપરવામા આવતી હોય તે સઘળી જગાના નિયમન બાબત તથા તે ઉપર દેખરેખ રાખવા બાબત, અને તેમાનુ કામ સ્વચ્છ અને યોગ્ય રીતે ચાલે તે બાબત, અને તે પૈકી જે કોઇપણ માર્કીટો, કસાઇખાના અને જગા મ્યુનિસીપાલીટી હોય તે વાપરવા સારૂ આપવાનુ ભાડુ તથા બીજો ખર્ચ ઠરાવવા બાબત (બ) મ્યુનિસિપાલીટીની ન હોય એવી જે કોઇપણ જગા—

(૧) કસાઇખાના તરીકે, (૨) માણસના ખોરાક સારૂ યોજેલા જનાવર, અથવા માસ અથવા માછલા વેચવા સારૂ મારકીટ અથવા દુકાન તરીકે, અથવા ફળ અથવા ભાજીપાલા વેચવા સારૂ મારકીટ તરીકે, (૩) ૧૫૧ મી કલમની પેટા કલમ (૧) મા કહેલા કોઇ પણ કારણ સારૂ, ઉપયોગ કરવા માટે જે સરતે અથવા સરતોને અનુસરીને, જે પ્રસગે અથવા જે સ્થળોના અથવા લત્તાના સબધમા લાઇસન્સ આપી શકાય, કે આપવાની ના પાડી શકાય, મોકુફ કરી શકાય અથવા પાછા લઇ શકાય તે સરતો તે પ્રસગ, તે સ્થળો અથવા લત્તા ઠરાવવા બાબત, (બ) કારખાનાઓ અથવા બીજી જગામા કામે લગાડેલા કારીગરો અથવા બીજા સખસોને કામપર બોલાવવા અથવા છોડી મૂકવા સારૂ વરાળથી અથવા યાન્ત્રિક સાધનોથી વગાડવાનો સીસોટો તથા તુરાઇ વાપરવાના લાઇસન્સો આપવા બાબત, (ક) ઘોડા ઉંટ, ઢોર, ગધેડા, મેંઢા અથવા બકરા વિગેરે ઢોરો બાધવાની જગાનુ નિયમન કરવા બાબત (ડ) [૧] દુઝતા ઢોર તપાસવા બાબત અને માખણ, પનીર વગેરે બનાવનારના તથા દુધ વેચવાનો ધધો કરનારના ભોગવટામા જે ગૌશાળા અને ઢોરના વાડા હોય તેમની બાધણી, લબાઇ, પોહોળાઇ, વિગેરેનુ નિયમન કરવા બાબત (૨) દુધ વેચનાર અથવા માખણવાળા જે દુધની વખારો, દુધની દુકાનો અને વાસણ દુધ અથવા માખણ રાખવા સારૂ વાપરતા હોય તેમની સ્વચ્છતા રાખવા બાબત

(ઇ) ૨૪૩ મી કલમ મુજબ વજન તથા માપ તપાસવા બાબત (ઇ-ઇ) મ્યુનીસીપલ ડિસ્ટ્રીકટના કયા પ્રમાણના વજન તથા માપ વાપરવા તે નક્કી કરવા બાબત [ફ] મ્યુનીસીપલ ડીસ્ટ્રીકટમા જન્મની મરણની તથા લગ્નની નોધ તથા વસ્તીની ગણતરી બાબત, [ગ] મુડદાની વ્યવસ્થા કરવા સારૂ જે જગા હોય તે જગાનો ઉપયોગ કરવાનો જે જાતને અથવા જે પથને હક હોય તેના ધર્મ સબધી રીવાજ તરફ

યોગ્ય લક્ષ આપીને, મડદાની વ્યવસ્થા કરવા બાબતનુ નિયમન કરવા બાબત [હ] કોઇ પણ ભય ભરેલા રોગથી કોઇ પીડાય ત્યારે તે બાબત ખબર આપવાની ફરજ બાબત (આઇ) મ્યુનિસિપલ ડિસ્ટ્રીકટમાના જુદા જુદા રહેવાસીઓ તે ડિસ્ટ્રિકટમા બેસાડેલા કોઇ પણ કર કયા પ્રમાણમા આપવાને-પાત્ર છે તે બદલ ખાતરી કરી લેવા સારૂ જે માહિતીની જરૂર પડે તે આપવાની તે રહેવાસીઓને ફરજ પાડવા બાબત (જે) આકટ્રોઇની હદ તથા થાણા ઠરાવવા બાબત, આકટ્રોઇના કોષ્ટકો જાહેરમા મૂકવા વિષે ઠરાવ કરવા બાબત (કે] મ્યુનીસિપલ ડીસ્ટ્રીકટની હદમા અથવા હદબહાર પાણી પુરૂં પાડવાના સાધનો તથા પાણી વહેચી દેવાના સાધનો સભાળવા બાબત તથા તેમને નુકશાન ન થવા દેવા બાબત [લ] મ્યુનિસિપલ હદની અદરની તથા નાહાવા તથા ધોવાની જગા કેમ વાપરવી તેનું નિયમન કરવા બાબત (મ) આરોગ્ય રક્ષણનું, જતનનુ અને મુવેલા જનાવરના મુડદાની વ્યવસ્થા કરવાનુ નિયમન કરવા બાબત, (ન) સાર્વ-જનીક સ્ટ્રીટના હગામી ભોગવટા સારૂ અને તે ઉપર હગામી બાધકામ ઉભા કરવા સારૂ જે સરતે પરવા-નગી આપવામા આવે તેમનુ નિયમન કરવા બાબત, અને મજબૂતી જાળવી રાખવા સારૂ, આગ અટકાવવા સારૂ અને તદુરસ્તીના કારણ સારૂ નવી ઇમારતોની પ્લાનો ભીતો, પાયા, છાપરા અને ધુમાડીયાની બાધણી તથા લબાઇ પહોળાઈ વિગેરે કેવી હોવી જોઇએ તેનુ નિયમન કરવા બાબત (ઓ) સ્ટ્રીટો આકવા માટે તથા તેમની જગા ઠરાવવા બાબત યોગ્ય તજવીજ થયા સિવાય ઇમારતો બાધવાની મના બાબત બાબત (પી) ઈમારતોની અદરની અથવા બહારની બાજુએ પુરતી ખુલ્લી જગાની અને દરવાજા તથા બારી-ઓની તથા હવા સારી રીતે આવજા કરવાના બીજા સાધનોની તજવીજ કરીને તથા તે ટકાવી રાખીને ઇમારતોમા પુરતી હવા મળે તેની તજવીજ કરવા બાબત (કયુ) શહેની મ્યુનિસિપાલીટીમા લાયક સર્વેયરો રાખવા બાબત (ર) આ આકટમા જે બદ્દલ વિશેષ ઠરાવ કર્યો ન હોય એવી બીજી કોઇ બાબતમા, મોરીઓ, ગટરો, હવાના સ્તભ, છાણ તથા ખાતરના પાત્ર, ખાળકુડીઓ વાટરકલોસેટસ (તાજખાના) જાજરૂ, પાયખાના પીશાબખાના અને હરેક પ્રકારના મોરી કામ અથવા ગટર કામો પછી તે મ્યુનીસીપાલીટીની માલીકીના હોય અથવા ન હોય તે બાધવાનુ, ટકાવી રાખવાનુ તથા તે ઉપર નિર્બંધ રાખવાનુ નિયમન કરવા બાબત (સ) ૯૨ મી તથા ૯૬ મી કલમો મુજબ મ્યુનિસિપાલીટીએ માગવાની માહિતી તથા પ્લાન ઠરાવવા બાબત (ટી) રસ્તાને અથવા તે ઉપરના કોઇપણ બાધકામને નુકસાન થવાનો અથવા કોઇ સ્ટ્રીટની બાજુએ અથવા તે ઉપર હોય તેવી બીજી ગાડીયોને અથવા પગે ચાલનારા માણસને ભય થવાનો અથવા હરકત થવાનો સભવ છે એમ લાગે એવા નમુનાની ઘણીજ મોટી ગાડીઓ વીગેરેના સબધમા નિર્બંધ રાખવા બાબત

(યુ) એકદર મ્યુનિસીપાલીટીના કારભાર સબંધી સઘળી બાબતોનુ નિયમન કરવા બાબત, અને એવી દરેક મ્યુનિસીપાલીટીને એવો કોઇ પણ પેટા કાયદો તોડવા બદલ તેવીજ મજુરી લઇને, પાચસો રૂપિયા સુધીનો દડ ઠરાવવાનો અધિકાર છે

(૨) દરેક મ્યુનીસીપાલીટીએ, આ કલમ પ્રમાણે કોઈપણ પેટા કાયદો કરવાની અગાઉ તે પેટા કાયદો જે માણસોને લાગુ હોવાનો સભવ હોય તે માણસોને જાહેર થવા સારૂ, તેવા પેટા કાયદાનો ખરડો, તે ઉપર જે તારીખે અથવા તારીખ પછી વિચાર કરવામા આવશે તે તારીખ એક નોટીસમા લખીને તે નોટીસ સહીત પ્રસિદ્ધ કરવો જોઇએ, અને આ પ્રમાણે નિર્દિષ્ટ કરેલી તારીખ અગાઉ તે ખરડા બાબત કોઇ પણ માણસે કાઇ પણ લેખી વાધો લીધો હોય અથવા લેખી સૂચના કરી હોય તો એવો પેટા કાયદો કરવાની અગાઉ, દાખલ કરીને તેનો વિચાર કરવો જોઇએ

(૩) જ્યારે મ્યુનીસીપાલીટીએ કરેલો કોઇ પણ પેટા કાયદો ગવર્નર ઇન કૌન્સિલની પાસે અથવા કમિશનર પાસે મજુરી સારૂ મોકલવામા આવે, ત્યારે ઉપર કહ્યા પ્રમાણે પ્રસિદ્ધ કરેલી નોટીસની અને સદરહુ પ્રમાણે લીધેલા દરેક વાધાની અથવા કરેલી દરેક સૂચનાની એક નકલ સદરહુ પેટા કાયદા સાથે ગવર્નર ઇન કૌન્સિલને અથવા કમીશનરને જાહેર થવા સારૂ મોકલવી જોઇએ

૪૯ વિદ્યમાનકાળે અમલમા હશે તે કાનુનો અને પેટા કાયદા સઘળે વાજબી વખતે લોકો જોઇ શકે એટલા સારૂ મ્યુનીસીપલ કચેરીમા ખુલ્લા રાખવા જોઇએ, અને તેમની તથા આ આકટની તે જીલ્લાની દેશી

ભાષામા છાપેલી પ્રતો, અને શહેરની મ્યુનીસીપાલીટીઓની બાબતમા અંગ્રેજીમા તથા દેશી ભાષામા છાપેલી પ્રતો, પડતર કિંમતે વેચવા સારૂ રાખવી જોઇએ.

બાબ ૫.—મ્યુનિસિપલ મિલ્કત અને ફંડ.

૫૦ (૧) મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટની હદની અંદર અથવા બહાર જંગમ તથા સ્થાવર એવી બન્ને પ્રકારની મિલકત સંપાદન કરીને ધારણ કરવાનો અધિકાર દરેક મ્યુનિસિપાલીટીને છે

(૨) આ કલમમા આગળ કહેલા પ્રકારની સઘળી મિલકત જે ગવર્નર ઇન કૌન્સિલે ખાસ પોતાની પાસે રાખી નહીં હશે તે મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થશે અને તેની માલીકીની થશે, અને તે, તથા ગમે તે પ્રકારની અથવા જાતની બીજી જે મિલ્કત ગવર્નર ઇન કૌન્સિલે ખાસ પોતાની પાસે રાખી નહિ હશે તથા જે તે મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થશે તે સઘળી મિલ્કત ને મ્યુનિસિપાલીટીના અખત્યારમા તથા વ્યવસ્થા તથા નિબંધ હેઠળ હેશે અને તે મિલકત તે મ્યુનિસિપાલીટીએ ટ્રસ્ટી પ્રમાણે આ આકટના ઠરાવોને પાત્ર રહીને તથા તેના હેતુ સારૂ ધારણ કરી અને કામમા લેવા જોઇએ, એટલે—

(અ) સઘળા સાર્વજનિક કોટ દરવાજા, મારકીટો, કસાઇખાના, ખાતર તથા નરક રાખવાની જગા તથા દરેક પ્રકારની સાર્વજનિક ઇમારતો, (બ) સઘળા સાર્વજનિક વહેળા, તળાવો, હોજો, ટાંકિઓ, કુવા, પાણીના ઝરા, પાણી લઈ જવાના નળો તથા નળીઓ, વિવર માર્ગ તથા પાઇપ (એટલે નળીઓ) તથા પંપ (બંબા) અને પાણીના બીજા કામો, અને તેઓને જોડેલા અથવા તેઓને લગતા સઘળા પુલો, ઇમારતો, એન્જીનો, કામો, સામાન સરંજામ તથા વસ્તુ અને કોઇ પણ સાર્વજનિક તળાવ અથવા કુવાને લગતી પાસેની જે જમીન ખાનગી મિલકત નહિ હોય તે જમીન, (ક) સઘળી સાર્વજનિક ગટરો તથા મોરીઓ, અને હરકોઇ સ્ટ્રીટમાહેની અથવા સ્ટ્રીટની બાજુની અથવા સ્ટ્રીટની હેઠળની સઘળી ગટરો, મોરીઓ, વગેરે માર્ગ, ગળનારા, અને પાણીના માર્ગ અને તેમને લગતા સઘળા બાંધકામ, સામાન સરંજામ તથા ચીજો તેમજ સ્ટ્રીટમાથી, જાજરૂમાથી, ગટરમાથી, ખાળકુંડીઓમાથી અથવા બીજે ક્યાહીંથી મ્યુનિસિપાલીટીએ એકઠી કરેલી સઘળી ધુળ, કચરો, છાણ, લાદ, રાખ, પાણી સંબંધી પદાર્થ અથવા ગોજવાડ અથવા હરકોઈ જાતનો કચરો, પુંજો (ડ) સઘળા સાર્વજનિક દીવા, દીવાના થાંભલા અને તેઓને જોડેલો અથવા તેઓને લગતો સામાન, (ઇ) કોઇપણ સ્થાનિક સાર્વજનિક કામ સારૂ જે જે જમીન મ્યુનિસિપાલીટીને સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા ઇન કૌન્સિલ તરફથી અથવા બક્ષીસમા કે બીજી રીતે તબદીલ કરી આપેલી હોય તે સઘળી જમીન, (ફ) સઘળી સાર્વજનિક સ્ટ્રીટ, તથા તેમની ફરસબંધી પથરા તથા બીજો સામાન અને એવી સ્ટ્રીટને સારૂ પુરા પાડેલા સઘળા ઝાડો, સામાન હથીયારો, જણસો અને ઉભા કરેલા ઉપાયો

૫૦ અ. [૧] સાધારણ રીતે ફક્ત ખેતીવાડીના કામ માટેજ વપરાતી હોય એવી જમીનો સિવાયની બીજી જમીનોની સર્વે વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇ પણ કાયદાની રૂયે જે કોઇ પણ મ્યુનિસિપાલ ડિસ્ટ્રીકટને લાગુ કરી હોય અથવા લાગુ કરવામા આવે તે મ્યુનિસીપલ ડિસ્ટ્રીકટમા, જ્યારે કોઇપણ મિલકત માટે અથવા કોઇપણ મિલ્કતમાના અથવા તે ઉપરના કોઇપણ હક માટે મ્યુનિસિપાલીટી પોતે દાવો કરે અથવા મ્યુનિસિપાલીટીની તરફથી દાવો કરવામા આવે અથવા મ્યુનિસિપાલીટીની વિરૂદ્ધ કોઇપણ સખસ દાવો કરે ત્યારે કલેકટરની રીતસરની તપાસ કર્યા પછી (આવી તપાસ કરવાની યોગ્ય નોટીસ આપેલી હોવી જોઇયે) તે દાવાનો નિકાલ કરીને હુકમ કરશે તો તે કાયદાસર થશે

(૨) પેટા કલમ (૧) ની રૂયે કલેકટરે કરેલા કોઇપણ હુકમની તારીખથી અથવા એવા હુકમ ઉપર એક અથવા વધારે અપીલો મુદતની અંદર કરી હોય તો સને ૧૮૭૯ ના મુંબઇના જમીન મેહેસુલના કાયદાની ૨૦૪ થી કલમ મુજબ નક્કી થયેલા છેવટના અપીલ અધિકારીએ કરેલા હુકમની તારીખથી એક વર્ષ વિત્યાબાદ કોઇપણ દીવાની કોર્ટમા માંડેલી કોઇપણ ફરિયાદ સદરહુ હુકમ રદ કરાવવા સારૂ માંડી હોય અથવા તેમા માગેલી દાદ સદરહુ હુકમની વિરૂદ્ધ હોય તો તે ફરિયાદ (મુદત વીતી ગઈ છે એવો જવાબ

આપ્યો ન હોય તોપણ) કાઢી નાખવી, પણ એવુ ઠરાવ્યુ છે કે વાદીને સદરહુ પ્રકારના હુકમની યોગ્ય નોટીસ મળેલા હોવી જોઇએ

(૩) (અ) આ કલમ ઉપરથી કલેકટરે આપેલા અધિકાર ચલાવવાનો અખત્યાર આસિસ્ટન્ટ અથવા ડેપ્યુટી કલેકટરને અથવા સન ૧૮૭૯ ના મુબઇના જમીનમહેસુલના કાયદામા વ્યાખ્યા કર્યા પ્રમાણેના સર્વે અમલદારને પણ છે (બ) આ કલમમા ઉલ્લેખ કરેલી રીતસરની તપાસ ઉપર લખેલા કાયદાના ઠરાવોની રૂયે કરવી (ક) આ કલમ મુજબની તપાસ અથવા હુકમની ગવર્નર ઇન કાઉન્સિલે આ અર્થે કરેલી કાનુનો મુજબ આપી હશે તો કોઇપણ સખસને એવી તપાસ અથવા હુકમની યોગ્ય નોટીસ મળી છે એમ ગણવુ ”

૫૧. (૧) આ આકટની અથવા બીજા કોઇ આકટની રૂયે મ્યુનિસિપાલીટીને અથવા મ્યુનિસિપાલીટીની વતી કોઇને જે નાણું મળે તે સઘળુ નાણુ, આ આકટ પ્રમાણે તેને આપેલા અથવા તેણે લીધેલા સઘળા કર, ટોલ તથા બીજી જકાત, દડ, ફી, તથા ગુન્હેગારી, મ્યુનિસિપાલીટીએ જે જમીન અથવા બીજી મિલકત વેચી હોય તેનો જે અવેજ ઉપજ્યો હોય તે સઘળો અવેજ અને તે મ્યુનિસિપાલીટીની જમીનનું અથવા બીજી મિલકતનુ જે ભાડુ ઉપજતું હોય તે સઘળુ ભાડુ, તેમજ સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા ઇન કાઉન્સિલે અથવા ખાનગી લોકોએ આપેલી બક્ષિસોના અથવા કરેલી તબદીલીના સબબથી અથવા બીજી રીતે ઉત્પન્ન થતું સઘળુ વ્યાજ, નફો તથા બીજુ નાણુ, એ સઘળુ મળીને મ્યુનિસિપલ ફડ થાય છે એવું સમજવુ, અને તે “ ૫૦ મી ” કલમમા નિર્દિષ્ટ કરેલી મિલકતના સબધમા જે રીત કહેલી છે તેના જેવી રીતે ધારણ કરીને તેનો વહિવટ કરવો

પણ એવુ ઠરાવ્યુ છે કે-(અ) કોઇપણ મ્યુનીસપાલીટીએ અથવા તેની વતી બીજા કોઈએ કરેલા કોઇ પણ ટ્રસ્ટ સંબધી ઠરાવ ઉપરથી અથવા કોઇ પણ ટ્રસ્ટના વહિવટ સારૂ સન ૧૮૯૦ ના ધર્માર્થ દેણગી બાબતના આકટની રૂયે ઠરાવેલી કોઈ પણ યોજના ઉપરથી એવી મ્યુનિસપાલીટીએ કબુલ કરેલી અથવા તેની ઉપર નાખેલી કોઇ પણ જવાબદારીઓને, આ કલમના અથવા “ ૫૦ મી ” કલમમાના કોઇ પણ ઠરાવ ઉપરથી કોઇ પણ રીતે બાધ આવશે નહિ (બ) કલમો ૬૪ અથવા ૫૫ મા અથવા કલમ ૬૧ અથવા ૭૨ અથવા બાબ ૧૨ મા અથવા તેમની રૂયે મ્યુનિસિપાલીટી ઉપર નાખેલી અથવા નાખવામા આવે તે સઘળી જવાબદારી પુરી કરવા માટે યોગ્ય તજવીજ કરવી જોઇયે એ શરતને પાત્ર રહીને, મ્યુનિસિપાલીટીને, શાળા અથવા દવાખાનાના, અથવા પાણીના કામના ફાયર બ્રિગેડના કારણુ સારૂ અથવા કમિશનર તરફથી આ બાબતમા પસદ કરવામા આવે તે બીજા કારણ સારૂ પોતાને વિશેષ રીતે મળેલા અથવા પોતે તે કારણુ સારૂ લગાડેલા મ્યુનિસિપાલ ફડના કોઇ પણ ભાગ મ્યુનિસિપલ હીસાબમા એક જુદા સદર હેઠળ જમા કરવાનો અધિકાર છે, અને એવા વિશેષ સદરમા, તે સદરના નામનુ ફડ જે કારણુ સારૂ કાઢેલુ હોય તે કારણુ સાથે સ્પષ્ટ રીતે સંબધ હોય એવી રકમો માત્ર જમા કરી હોય તો, મ્યુનિસિપાલીટીને, આ પ્રમાણે જમા કરેલી રકમો, જે હેતુ સારૂ તે જમા કરી હોય તે હેતુ માટે માત્ર ખરચવાનો અધિકાર છે

૫૨. આ આકટ મુજબ મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થયેલી સઘળી મિલકત અને આ આકટના ઠરાવો મુજબ તેને મળેલા સઘળા ફડ તેમજ વિદ્યમાન કાળે અમલમા હોય એવા કોઇ પણ કાયદાના ઠરાવો મુજબ તેને મળતી સઘળી રકમો, આ આકટના ઠરાવોને પાત્ર તથા આ આકટના કારણુ માટે તે મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટની હદમા વાપરવા જોઇએ

પણ હમેશને માટે એવુ ઠરાવ્યુ છે કે મ્યુનિસિપાલીટીને ગવર્નર ઇન કાઉન્સિલની અથવા આ અર્થે તેણે અધિકાર આપેલા કોઇ પણ અમલદારની મ જુરી લઇને—(અ) તે મ્યુનિસિપલ ડિસ્ટ્રીકટના રહેવાસીઓ સારૂ જોઇતુ પાણી મેળવવા સારૂ, અથવા સદરહુ હદની બહાર કસાઇખાના સ્થાપવા સારૂ અથવા મળમુત્રની અથવા ગટરોની અથવા જનાવરોના મુડદાની વ્યવસ્થા કરવા સારૂ, અથવા મોરી કામ સારૂ અથવા જે બીજા કામથી સદરહુ ડિસ્ટ્રીકટના રહેવાસીઓની તદુરસ્તી, સહીસલામતી અથવા સગવડ વધારવા જેવુ હોય તેવા બીજા કોઇ પણ કારણુ સારૂ (૧) સદરહુ હદની બહાર જમીન લેવામા અથવા—

(૨) સદરહુ હદની બહાર બાંધકામ બાંધવામાં, ટકાવી રાખવામાં અથવા તેમની મરામત કરવામાં, ખર્ચ કરવાનો અથવા (બ) લોકોની તંદુરસ્તી, વિદ્યાભ્યાસ અથવા સગવડ સારૂ કરેલી જે તજવીજથી તે મ્યુનિસીપાલીટીની હદમાં રહેનારા લોકોને ફાયદો થવા જેવુ હોય તે તજવીજ કરવા સારૂ બીજી કોઇ મ્યુનિસીપાલીટી તરફથી કરવામાં આવેલા, અથવા કોઇ લોકલબોર્ડની અથવા કેન્ટોન્મેન્ટ અધિકારીની અથવા સેનીટરી બોર્ડની અથવા કમીટીની હકુમત હેઠળના કોઇ પ્રદેશમાં અથવા ૧૮૭ મી કલમની રૂએ જાહેર કરેલા પ્રદેશ માટે ૧૮૮ મી કલમ મુજબ નિમાયલી કમીટીની હકુમત હેઠળના કોઇ પણ પ્રદેશમાં કરવામાં આવેલા, અથવા કોઇ સાર્વજનીક ફંડમાંથી કરવામાં આવેલા ખર્ચમાં ફાળો આપવાનો અથવા (ક) તે મ્યુનિસિપલ ડીસ્ટ્રીકટની હદ બહાર ધારણ કરી શકાય એવી સ્કોલરશીપો સ્થાપવાનો અધિકાર છે

વળી એવુ ઠરાવ્યુ છે કે, કોઇ પણ મ્યુનિસીપાલીટીએ, ઉપર કહેલા પ્રકારની મંજુરીથી, ઉપર કહ્યા પ્રમાણે પાણી પુરૂ પાડવા માટે અથવા પાણીનો નીકાલ કરવા માટે સદરહુ ડીસ્ટ્રીકટની હદની બહાર કોઇ પણ બાંધ કામ બાંધ્યા હશે ત્યારે તે મ્યુનિસીપાલીટી—(અ) કોઇ પણ જગામાના (પછી એવી જગા સદરહુ ડિસ્ટ્રીકટની હદમાં હોય અથવા ન હોય) કોઇ પણ માણસની સાથે અથવા કોઇ પણ ઇમારતોના અથવા જમીનોના ભોગવટો કરનારની અથવા ધણીની સાથે કબુલત કરીને તે મ્યુનિસીપાલીટીએ ઠરાવેલી પૈસા આપવા સબંધી, અને પાણી પુરૂ પાડવાની અથવા પાણીનો નિકાલ કરવા બાબતના કામનો ફાયદો આપવાની મુદત સબંધી શરતોએ, એવા કોઇ પણ માણસને અથવા એવી ઇમારતોને અથવા એવી જમીનોને અથવા તેના અથવા તેમના ફાયદા માટે સદરહુ ડિસ્ટ્રીકટની અંદર આ આકટના કારણ સારૂ જોઇતો ન હોય એટલો પાણીનો જથો પુરો પાડશે અથવા તેને અથવા તેમને તેવો ફાયદો કરી આપશે, અથવા

(બ) પૈસા આપવાના સબંધમાં જે સરતો ઉપર કહ્યા પ્રમાણે ઠરાવવામાં આવે તે સરતોએ, સદરહુ પ્રમાણે પાણી આપવા સારૂ અથવા એવા લાભ આપવા સારૂ જરૂરના હોય એવા કોઇ પણ કનેકશન પાઇપો અથવા બીજાં કામ કરવાને ટકાવી રાખવાનો, તેમની મરામત કરવાનો અથવા તેમાં ફેરફાર કરવાનો કોઇ પણ ખરચ કરશે,

તે આ કલમમાના અથવા આ આકટમાના કોઇ પણ મજકુર ઉપરથી ગેરકાયદેસર થશે એમ સમજવુ નહિ

૫૩. (૧) મ્યુનીસીપાલીટીની પાસનો ફાજલ અવેજ ચાલુ ખર્ચને સારૂ જોઇતો નહિ હોય તે મુબઇ બેંકમાં અથવા મલિક મુઆઝમની મુબઇની ટ્રેઝરીનુ કામ ચલાવવા સારૂ જે બીજી બેંક આજ પછી ઠરાવવામાં આવે તે બેંકમાં અથવા ગવર્નર ઇન કાઉન્સિલની મંજુરીથી મુબઇ ઇલાકામાની કોઇ પણ બેંકમાં વ્યાજે મૂકવાનો, અને સદરહુ અવેજની સરકારી સિકયુરીટી મ્યુનિસીપાલીટીને નામે લેવાનો અને તે સિકયુરિટીની જરૂર પડે તે પ્રમાણે વખતે વખતે વ્યવસ્થા કરવાનો અધિકાર મ્યુનિસીપાલીટીને છે

(૨) ચાલુ ખર્ચ સારૂ અવેજ જોઇતો હોય તે સિવાય ફાજલ અવેજ હોય તે સઘળો અવેજ પેટાકલમ (૧) માં ઠરાવ્યા પ્રમાણે વ્યાજે મૂકયો નહી હોય અથવા રોકયો નહી હોય તો સ્થાનિક સરકારી ટ્રેઝરીમાં અથવા સદરહુ મ્યુનીસીપાલીટીની કાનુનોમાં જે બીજી નિર્ભય જગા ઠરાવી હોય તે જગાએ મૂકવો

બાબ. ૬—મ્યુનિસિપાલીટીઓએ અવશ્ય કરવાનાં તથા પોતાની નજરમાં આવે તો કરવાનાં કામ.

૫૪. દરેક મ્યુનિસિપાલીટીની ફરજ છે કે તેણે—

(૧) પોતાની હકુમતની અંદરની મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમાં હેઠળ લખેલી બાબતો સારૂ વ્યાજબી તજવીજ કરવી જ જોઇએ, એટલે (અ) સાર્વજનિક સ્ટ્રીટોમાં જગાઓમાં અને ઇમારતોમાં દીવા કરવા, (બ) સાર્વજનિક સ્ટ્રીટોમાં અને જગાઓમાં પાણીનો છંટકાવ કરવો, (ક) સાર્વજનિક સ્ટ્રીટો, જગાઓ અને ગટરો તથા નાકના ઉપભોગ માટે ખુલ્લી હોઇને ખાનગી મીલકત ન હોય એવી સઘળી જગા (પછી તે મ્યુનિસીપાલીટીને પ્રાપ્ત થઇ હોય અથવા ન હોય) સાફ કરવી, ઉપદ્રવકારક જે ઘાસ ઉગ્યુ હોય તે

કહાડી નાખવુ અને સઘળા લોકાપકાર કૃત્ય ઓછા કરવો (ડ) આગ લાગે તે હોલવવી અને જ્યારે આગ લાગે ત્યારે જીદગીનો તથા મિલકતનો બચાવ કરવો, (ઈ) ઉપદ્રવકારક અથવા ભય ભરેલા ધધા અથવા કામનુ નિયમન કરવુ અથવા શમન કરવુ, (ફ) સાર્વજનિક સ્ત્રીટામાની અથવા જગાઓમાની તથા લોકોના ઉપભોગ માટે ખુલ્લી હોઇને ખાનગી મિલકત ન હોય એવી જે જગા મ્યુનિસીપાલીટીને પ્રાપ્ત થઈ હોય અથવા મલિક મુઆઝમની માલકીની હોય તેમાની અડચણ કરનારી વસ્તુઓ તથા ઘર વગેરેના બહારના નીકળી આવેલા ભાગ કહાડી નાખવા (ગ) ભય ભરેલી ઈમારતો અથવા જગાઓનો ભય ટાળવાનો બદોબસ્ત કરવો અથવા તેવી ઇમારતો અથવા જગા કહાડી નાખવી, અને તદુરસ્તી બગડે તેવા લતા, ભરણી વીગેરે નાખીને સુધારવા, (હ) મુડદાની વ્યવસ્થા કરવા સારૂ જગા મપાદન કરવી તથા ટકાવી રાખવાને બદલવી અને તેનુ નિયમન કરવુ, [આઇ] સાર્વજનિક સ્ત્રીટો, ગરનાળા, મ્યુનીસીપલ હદનિશાન, માર્કીટો કસાઈખાના, પાયખાના, જાજરૂ, પિશાબખાના, મોરીઓ, ગટરો, પાણીનો નિકાલ કરવાના કામ, ગટર કામ, નાહવાની જગા, ધોવાની જગા, પાણી પીવાના ફુવારા (ફાટનો) તળાવો, કુવા, બાધ અને તેવા બીજા કામ બાધવા, તેમા ફરફાર કરવો અને તે ટકાવી રાખવા, (જે) વિદ્યમાનકાળે જે પાણી મળતુ હોય તે ઓછુ હોવાને લીધે અથવા બગડી જવાને લીધે રહેવાસીઓની તદુરસ્તીને જે ભય હોય તે ટાળવા સારૂ યોગ્ય અને પુરતુ પાણી અથવા વધારે પાણી વાસ્તવિક ખર્ચે મળતુ હોય ત્યારે તે આણી આપવુ, (કે) સ્ટ્રીટાને નામ આપવા તથા ઘરોને નબર આપવા, (લ) જન્મ તથા મરણો નોધવા, (મ) લોકોને ગોમીતળા કહાડવા, (ન) જનાવરની રસી પૂરી પાડવા સારૂ મ્યુનિસીપલ ડિસ્ટ્રીકટમા જોઇતા વછેરા, ગાયો અથવા ભેસો અથવા પાડા માટે યોગ્ય રહેવાના ઠેકાણા કરી આપવા, (ઓ) સાર્વજનિક ઇસ્પિતાલો તથા દવાખાના સ્થાપવા તથા ટકાવી રાખવા, અને લોકોને વૈદ્યકીય મદદ કરી આપવી, (પ) પ્રાથમિક કેળવણીની શાળાઓ સ્થાપવી તથા ટકાવી રાખવી, (કે) ગવર્નર ઇન કાઉંસીલ, સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને, મ્યુનિસીપાલીટીને તે ડિસ્ટ્રીકટના મ્યુનિસિપલ કારભાર બદલ જે વાર્ષીક રીપોર્ટ મોકલવાનુ ફરમાવે તે છાપવા

(૨) આ આકટના કારણ સારૂ અથવા કોઇ પણ મ્યુનિસીપલ મિલકતના સરક્ષણ સારૂ મ્યુનિસીપાલીટીને કામ કરવા સારૂ જોઇતી હોય તે પોલીસનો અથવા ગાર્ડનો (રખેવાલનો) પગાર તથા કટીજન્ટ ખર્ચ આપવો, અને સદરહુ પ્રકારની વાજબી તજવીજને પાત્ર રહીને, (૨) હેઠળની વિશેષ બાબતો સારૂ તજવીજ કરવી જોઈએ

(અ) ભયકર રોગની વખતે માદા માણસોને વિશેષ વૈદ્યકીય મદદ અને રેહેવા વગેરેની સગવડ કરી આપવી, અને તે રોગ ફાટી ન નીકળે તે સારૂ અથવા તે બધ કરવા સારૂ તથા તે ફરી ન થાય તે સારૂ જરૂર હોય તે તજવીજ કરવી, (બ) દુકાળની વખતે અથવા મોતનારીની વખતે મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટની હદની અદરના નિરાધાર લોકોને અથવા તેમને સારૂ મદદ આપવી અને મદદના કામ સ્થાપવા અને ટકાવી રાખવા

૫૫ દરેક મ્યુનિસિપાલીટીએ વળી મ્યુનિસાપાલીટીની મીલકત તથા ફડમાથી, (અ) જેમને કેદ કરવા માટે સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૩૪ મા બાબ મુજબ એકાદો હુકમ અમલમા હોય એવા ગાડા માણસો સિવાયના જે ગાડા માણસો અને (બ) જે રગતપીતીઆઓ મ્યુનિસિપલ ડિસ્ત્રિકટમા હમેશ રહેતા હોય, અથવા જેમને એવા ડિસ્ત્રિકટમાથી વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઈ પણ કાયદાની રૂયે ખસેડી લઇ જવામા આવ્યા હોય, તેમને સદરહુ મ્યુનિસિપલ ડિસ્ત્રિકટમા અથવા એવા ડિસ્ત્રિકટની અદરનુ અથવા બહારનુ જે કોઈ પણ આશ્રયસ્થાન, ઇસ્પીતાલ અથવા ઘર એવા કારણસર યોગ્ય છે એમ ગવર્નર ઈન કૌન્સિલ જાહેરનામુ પ્રસિદ્ધ કરીને ઠરાવે તે આશ્રયસ્થાનમા, ઇસ્પીતાલમા અથવા ઘરમા પેસવા સારૂ તથા તેમની સારવાર કરવા સારૂ, ગવર્નર ઇન કૌન્સિલ વખતે વખતે સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને ઠરાવે તેવે દરે પૈસા આપવા જોઇયે

પણ એવુ ઠરાવ્યુ છે કે જે કોઈપણ બાબતમા એવા કોઇ પણ ગાડા માણસને અથવા રગતપીતીઆને રહેવાનો, પેસવાનો, કપડાનો, દવાનો તથા તેની સભાળનો ખરચ વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇ પણ કાયદાની રૂયે, જે ઇસ્ટેટ તે માણસને પોસવા સારૂ કામે લગાડી શકાત તેમાથી અથવા તેને

પોસવાને કાયદાસર રીતે બંધાયલા કોઇ પણ માણસ પાસેથી વસુલ કરવા જોગ હોય અથવા વસુલ કર્યો હોય તે બાબતમા, તે મ્યુનિસિપાલીટી, જે કોઈ પણ માજીસ્ટ્રેટને એવો ખર્ચ વસુલ કરવા માટે કામ ચલાવવાનો એવા કાયદા ઉપરથી અધિકાર હોય તેને અરજી કરવાને મુખ્ત્યાર છે, અને પછી એવા માજીસ્ટ્રેટે, તે અગાઉ એવુ કામ ચલાવ્યુ ન હોય તો તે ચલાવવુ જોઇયે, અને એવા કાયદાની રૂયે જે રકમો વસુલ થઈ હોય તેમાથી, મ્યુનિસિપાલીટીએ તે માણસના સબધમા આ કલમની રૂયે જેટલા પૈસા આપ્યા હોય તેટલા પૈસા તે મ્યુનિસિપાલીટીને ખાતે જમે કરવા જોઇયે

૫૬. મ્યુનિસિપાટીઓ પોતાની નજરમા આવે તો, સદરહુ મિલ્કતમાથી તથા ફડમાથી હેઠળ લખેલી બાબતોનો સઘળો અથવા થોડો ખરચ આપવાની તજવીજ કરવા મુખ્ત્યાર છે—

(અ) જેમા અગાઉથી ઇમારતો બાધેલા હોય કે બાધેલા ન હોય તે પ્રદેશમા નવી સાર્વજનિક સ્ટ્રીટો કરવી અને એવી સ્ટ્રીટની બાજુ ઉપર ઇમારતો બાધવા સારૂ અથવા તેમના કર્ટીલેજ (આગણા વિગેરેને છુટી જગા) સારૂ જોઈતી જમીન સુદ્ધા તે સ્ટ્રીટ માટે જમીન સપાદન કરવી, (બ) સાર્વજનિક બાગ બગીચા, પુસ્તકાલયો, મ્યુઝીયમો, ગાડાઓના આશ્રયસ્થાનો, હૉલો (પૂરાલયો, કચેરીઓ, ધર્મશાળાઓ, વિશ્રાંતિની જગાઓ અને બીજી સાર્વજનિક ઇમારતો બાધવી સ્થાપવી અથવા ટકાવી રાખવી) (ક) ૫૪ મી કલમની પેટા રકમ (પ) મા લખેલી બાબતો સિવાય કેળવણીની બીજી બાબતોને ઉત્તેજન આપવુ, (ડ) રસ્તાની બાજુએ અને બીજે ઠેકાણે ઝાડ રોપવા અને તેમનુ જતન કરવુ, (ઇ) વસ્તીની ગણતરી કરવી, અને જન્મમરણની નોધ બરોબર રીતે કરવામા આવે એવા પ્રકારની ખબર આપવા બદલ ઇનામો આપવા, (ફ) સર્વે કરવી, (ગ) કોઇ પણ પગારદાર અથવા ઓનररी માજીસ્ટ્રેટની કોર્ટ ચલાવવા સબધી પગાર તથા એલાઉન્સ, ભાડુ તથા બીજો ખર્ચ, અથવા એવા કોઇ પણ ખર્ચનો કોઇ પણ ભાગ, (હ) જે કુતરાની વ્યવસ્થા સન ૧૮૯૦ ના મુબઇના ડિસ્ટ્રિક્ટ પોલીસ આક્ટની ૪૯ મી કલમની રૂયે કરવાનો અધિકાર છે તે કુતરાનો મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટમા નાશ કરવાની અથવા તેમને અટકાવી રાખવાની તથા પાળવાની ગોઠવણ કરવી (આઈ) ૧૫૧ મી કલમની પેટાકલમ (૧) મા કહેલા ત્રાસદાયક ધધા ચલાવવા સારૂ યોગ્ય જગા મેળવવી અથવા મેળવવામા મદદ કરવી, (જે) સેનિટરી બોર્ડે પસદ કરેલી સામાન્ય પદ્ધતિ મુજબ, ખાનગી જગામા અથવા જગાના ઉપયોગ માટે, તે જગામાનુ પાણી મ્યુનિસિપાલીટીના નિબધ હેઠળ હોય તે ગટરમા લેવા તથા છોડવા સારૂ, પાત્રો, ફિટિંગ, નળ તથા બીજા હરેક પ્રકારના સાધનો પુરા પાડવા, બાધવા તથા ટકાવી રાખવા (કે) ગટરોમા પાણીનો નિકાલ કરવા સારૂ ખેતરની અથવા કારખાનાની યોજના કરવી તથા તે ટકાવી રાખવા, (એલ) ૫૪ મી કલમમા નિર્દિષ્ટ કરી ન હોય એવી બીજી જે કોઇ પણ યોજનાને લીધે લોકોની સલામતી, તદુરસ્તી, સગવડ અથવા કેળવણી વધે એમ હોય તે કરવી અને (એમ) કલેક્ટરની અગાઉથી મજુરી લઇને મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટમા કોઇ પણ સાર્વજનિક આદરાતિથ્ય, સમારભ રજન અથવા પ્રદર્શન ભરવા

૫૭. જ્યારે મ્યુનિસિપાલીટીએ કોઇ પણ કેળવણી ખાતાને અથવા ધર્માદા ખાતાને તે મ્યુનિસિપાલીટીની મિલકતમાથી અથવા ફડમાથી કાઇ વાર્ષિક વર્ગણી આપવા બદલ પોતાને અથવા પોતાના સ્થાનાપન્નોને કેટલાક વર્ષોની અથવા અનિયમિત મુદતસુધી બાધી આપવા જેવી દેખાતી હોય એવી કાઇ વ્યવસ્થા કરી હશે અથવા એવુ કાઇ પણ વચન આપ્યુ હશે, ત્યારે તે મ્યુનિસિપાલીટીને અથવા તેના સ્થાનાપન્નોને શેહેરની મ્યુનિસિપાલીટીની બાબતમા ગવર્નર ઇન કૌન્સિલની અને બીજી કોઈ પણ મ્યુનિસિપાલીટીની બાબતમા કમિશનરની મજુરીથી, એવી વ્યવસ્થા અથવા એવુ વચન રદ કરવાનો અથવા એવી વાર્ષિક વર્ગણી બધ અથવા ઓછી કરવાનો અધિકાર છે, પણ તેમ કરવાબદલ પોતાના ઇરાદાની નિદાન બાર મહિનાની નોટીસ તે મ્યુનિસિપાલીટીએ અથવા તેના સ્થાનાપન્નોએ એવા ખાતાના મેનેજર અથવા મેનેજરોને આપવી જોઇયે

૫૮. જે સાર્વજનિક ખાતાનો ખર્ચ મ્યુનિસિપાલીટીની મિલકતમાથી તથા ફડમાથી સઘળો ચલાવવામા આવતો હશે તે દરેક ખાતાની વ્યવસ્થા નિર્બધ અને કરભાર તે ખરચ ચલાવનારી મ્યુનિસિપાલીટીના સ્વાધિન થશે

પણ એવુ ઠરાવ્યુ છે કે સાર્વજનીક કેળવણીના સબધમા કોઇપણ મ્યુનિસિપાલીટીના સ્વતંત્ર અધિકારની મર્યાદા અને સરકારના કેળવણી ખાતાના સાથે તેનો સબધ, વખતે વખતે ગવર્નર ઇન્ કૌસિલ કરાવશે

ભાગ ૭—મ્યુનિસિપલ કર.

(૧) કર બેસાડવા બાબત.

૫૯. ગવર્નર જનરલ ઇન્ કૌસિલ આ અર્થે જે સામાન્ય અથવા વિશેષ હુકમ કરે તેને પાત્ર રહીને, કોઇપણ મ્યુનિસિપાલીટીને—

(અ) ૬૦ મી કલમમા કહેલુ પ્રથમ ચલાવવાનુ કામ ચલાવ્યા પછી, અને (બ) શેહેરની મ્યુનિસિપાલીટીની બાબતમા ગવર્નર ઇન્ કાઉન્સીલની તથા બીજી બાબતમા કમિશનરની મજુરીથી, અને ૬૧ મા કલમની રૂયે ગવર્નર ઇન્ કૌસિલને અથવા કમિશનરને સદરહુ પ્રકારની મજુરી આપતી વખતે જે ફેરફાર અથવા જે સરતો યોગ્ય લાગે તેમને પાત્ર રહીને, નીચે લખેલા કરો પૈકી કોઇ પણ કર આ આક્ટના કારણ સારૂ બેસાડવાનો અધિકાર છે, તે કર નીચે પ્રમાણે—

(૧) મ્યુનિસિપલ ડિસ્ટ્રીકટમાની ઇમારતો ઉપર અથવા જમીનો ઉપર અથવા એ બન્ને ઉપર રેઇટ (કર)

(૨) એવા ડિસ્ત્રિકટમા વાપરવા સારૂ રાખેલા સઘળા અથવા કોઈ પણ વહન ઉપર અથવા બોટ (હોડીઓ) ઉપર, અથવા બેસવા સારૂ, જોડવા સારૂ, અથવા ભાર લઇ જવા સારૂ વપરાતા જનાવર ઉપર કર

(૩) સદરહુ ડિસ્ત્રિકટમા બાહારથી આવનારા પણ ઉપરની છેલ્લી રકમમા કહેલા કરને પાત્ર ન હોય એવા વાહન ઉપર તથા સદરહુ પ્રમાણે વાપરવામા આવતા તેવા જનાવર ઉપર ટોલ

(૪) આકટ્રોઈ હદની અદર ખપ સારૂ અથવા વાપરવા સારૂ આણેલા જનાવર અથવા માલ ઉપર અથવા એ બન્ને ઉપર આકટ્રોઇ

(૫) સદરહુ ડિસ્ટ્રીકટની અદર રાખેલા કુતરા ઉપર કર

(૬) આમા આગળ કહ્યુ છે તે પ્રમાણે નોટીસ આપ્યા પછી મ્યુનિસિપાલીટીના માણસો પામે સાફ કરાવેલા ખાનગી પાયખાના ઉપર, જગા ઉપર અથવા કમ્પાઉન્ડ ઉપર આરોગ્ય રક્ષણ બાબતનો વિશેષ સેસ (કર),

(૭) સાર્વજનિક પાયખાના બાધવા સારૂ અથવા ટકાવી રાખવા સારૂ અથવા એ બન્ને કારણ સારુ અને કચરો વિગેરે કાઢી લઇ જઇને તેની વ્યવસ્થા કરવા સારૂ આરોગ્યરક્ષણ બાબતનો સાધારણ સેસ (કર)

(૮) મ્યુનિસિપાલીટીએ પુરા પાડેલા પાણી બદલ એક અથવા અનેક પાણીના કર, આ કર, ઇમારતો તથા જમીનો ઉપર આકારેલા રેઇટના રૂપમા અથવા સદરહુ પ્રમાણે પાણી પુરૂ પાડવાના ચાર્જ વિગેરેના બીજા કોઈ પણ રૂપમા બેસાડવાનો અધિકાર છે, અને કર, કોઇ પણ પ્રકારના પ્રસગોની અથવા કોઇ પણ વિશેષ પ્રસગની જુદી જુદી સ્થિતિ તરફ જોતા સૌથી યોગ્ય દેખાય એવી રીતે અથવા રીતોએ બેસાડવો જોઇએ

(૯) દીવાનો કર

(૧૦) મ્યુનિસિપલ ડિસ્ટ્રીકટની હદની અદરના કોઇ દેવસ્થાનમા મુદતે મુદતે જનારા જાત્રાળુ ઉપર કર

(૧૧) જે કોઇ પણ બીજા કરના પ્રકાર માટે અને હેતુ માટે, તે કર ૬૦ મી કલમની રકમ (અ) પેટા રકમ (૧) મા કહ્યા પ્રમાણે પસંદ કરવાની પહેલા ગવર્નર ઇન કૌન્સીલની મજુરી મેળવી હશે તે કર, પણ એવુ ઠરાવ્યુ છે કે —

(અ) આરોગ્ય રક્ષણ બાબતના વિશેષ સેસ સિવાય અથવા પાણીના કર સિવાય બીજો કોઇ પણ સદરહુ પ્રમાણે બેસાડેલો કર મલિકસુઆઝમની હોય તથા ફક્ત સાર્વજનિક કારણ સારૂ વાપરવામા આવતી હોય અને નફો કરવાના કારણ સારૂ વાપરવામા આવતી ન હોય અથવા વાપરવાનો ઇરાદો ન હોય એવી કોઇ પણ ઇમારતના અથવા કોઇ પણ ઇમારતના ભાગના અથવા કોઇ પણ વાહનના, જનાવરના અથવા

બીજી મીલકતના સબંધમા, સરકારની ખાસ મમતી સિવાય, લેવા લાયક થશે નહિ, અને સૈન્ય જવા બદલ અથવા સરકારી સ્ટોર અથવા બીજી કોઇ પણ સરકારી મીલકત લઈ જવા બદલ અથવા કામ ઉપર હોય એવા લશ્કરી અથવા પોલીસ અમલદાર જવા બદલ અથવા તેના કબજામા હોય તે કોઇ પણ માણસ અથવા મીલકત લઇ જવા બદલ કોઈ પણ ટોલ લઇ શકાશે નહિ, (બ) કાંઇ પણ ખાનગી પાયખાના, જગા અથવા કમ્પાઉન્ડના સબધમા આરોગ્ય રક્ષણ બબતનો વિશેષ સેસ લેવો તે, સદરહુ મ્યુનિસિપાલીટી તરફથી—

(૧) તે પાયખાનુ, જગા અથવા કમ્પાઉન્ડ માણસો પાસે સાફ કરાવવા સારૂ અથવા તેમાનુ પાણી મ્યુનિસિપાલીટીની ગટરમા લઇ જવા અથવા છોડવા સારૂ તજવીજ કરવામા આવ્યા વગર તથા આવે ત્યા સુધી, અને

(૨) સદરહુ પ્રમાણે સાફ કરાવવાના તથા સદરહુ પ્રકારનો સેસ લેવાના પોતાના ઇરાદાની એક મહિનાની નોટીસ, એવો સેસ જે માણસો ઉપર બેસાડવાનો હોય તેમાના પ્રત્યેક માણસને અથવા તે સેમ ડિસ્ટ્રીકટના અથવા ડિસ્ટ્રીકટના ભાગના જે રહેવાસીઓ ઉપર બેસાડવાનો હોય તે રહેવાસીઓને સામાન્ય રીતે, આપવામા આવ્યા વગર અથવા આવે ત્યા સુધી, લઇ શકાશે નહિ

(ક) મ્યુનિસિપાલાટીને, કલમો (૧) (૭), (૮), (૯) મા કહેલા કરો પૈકી કોઇ પણ બે અથવા વધારે કર જુદા જુદા બેસાડવાને બદલે તે મ્યુનિસિપલ ડિસ્ટ્રીકટમાની ઇમારતો ઉપર તથા જમીનો ઉપર અથવા એ બન્ને ઉપર રેટ તરીકે તેટલીજ રકમનો એકજ કર બેસાડવાનો અધિકાર છે

૬૦. દરેક મ્યુનિસિપાલીટીએ, કોઇ પણ કર બેસાડવાની અગાઉ, પ્રથમત નીચે કહેલી રીતે કામ ચલાવવુ જોઇએ

(અ) તેણે, સાધારણ સભામા એક ઠરાવ પસાર કરીને

(૧) ૫૯ મી કલમમા કહેલા કરો પૈકી જે કોઇ પણ કર બેસાડયો હોય તે પસદ કરવો

(૨) ૪૬ મી કલમની પેટા કલમ (આઇ) ના કારણ સારૂ, પસદ કરેલો કર ઠરાવવા બાબત કાનુનો તૈયાર કરવી

અને એવા ઠરાવમા તથા એવી કાનુનોમા—

(૩) જે વર્ગના અથવા વર્ગોના માણસોને અથવા મિલકતને અથવા જે વર્ગના અથવા વર્ગોના માણસોને તથા મિલકતને તે કર આપવાને પાત્ર કરવાને તથા જે કોઈ પણ માફી આપવાનો તે મ્યુનિસિપાલિટીનો વિચાર હશે તે વર્ગ અથવા વર્ગો અને તે માફી નિર્દિષ્ટ કરવી જોઇએ

(૪) એવા વર્ગો જે રકમને અથવા જે દરને પાત્ર કરવાનો વિચાર હશે તે રકમ તથા તે દર નિર્દિષ્ટ કરવા જોઇયે

(૫) ગવર્નર ઇન કૌન્સિલ જે બીજી બાબતો એવી રીતે નિરદિષ્ટ કરવાનુ કહે તે સર્વે નિર્દિષ્ટ કરવી જોઇએ

(બ) આવો ઠરાવ પસાર થયા પછી, મ્યુનિસિપાલીટીએ, સદરહુ પ્રમાણે તૈયાર કરેલી કાનુનોનો ખરડો, પરિશિષ્ટ અમા આપેલા નમુનાની એક નોટીસ તેની શરૂઆતમા દાખલ કરીને પ્રસિદ્ધ કરવો જોઇએ

(ક) તે મ્યુનિસિપલ ડિસ્ટ્રીકટના જે કોઈ પણ રહેવાસીને સદરહુ કર બેસાડવાની સામુ અથવા સદરહુ પ્રકારે યોજેલી રકમ સામુ અથવા દર સામુ અથવા તે કરને, રકમને અથવા દરને જે વર્ગના માણસોને અથવા મિલકતને પાત્ર કરવાના હોય તે વર્ગ સામુ અથવા કોઈ યોજેલી માફી સામુ જે કાંઇ હરકત હોય તેને સદરહુ નોટીસ પ્રસિદ્ધ થયા પછી એક મહિનાની અદર પોતાની હરકત લખીને મ્યુનિસિપાલીટીને મોકલવાનો અધિકાર છે, અને તે મ્યુનિસિપાલીટીએ એવી સર્વ હરકતોનો વિચાર કરવો જોઈએ, અથવા એકાદિ કમિટીને તેનો વિચાર કરીને તે ઉપર રિપોર્ટ કરવાનો અધિકાર આપવો જોઈએ, અને તે યોજેલા કર એવી હરકતને લીધે ન બેસાડવા બદલ અથવા તેમા ફેરફાર કરવા બદલ મ્યુનિસિપાલીટીએ ઠરાવ કર્યો ન હોય, તો તે મ્યુનિસિપાલીટીએ, તે હરકતો તે બાબતના પોતાના અભિપ્રાય સુદ્ધા સદરહુ નોટીસ તથા

કાનુનો સહિત શેહેરના મ્યુનિસિપાલીટીની બાબતમા ગવર્નર ઈન કૌંસિલ તરફ બીજી કોઈ મ્યુનિસિપાલીટીની બાબતમા કમીશનર તરફ રવાના કરવી જોઇએ

૬૧ પ્રસગ પ્રમાણે ગવર્નર ઇન કૌંસિલને અથવા કમિશનરને પોતાની તરફ રવાના કરેલી કાનુનો નામજુર કરવાનો અથવા વધારે વિચાર કરવા સારૂ મ્યુનિસિપાલીટી તરફ પાછી મોકલવાનો, અથવા સદરહુ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી એક મહિનામા યોજેલા કરના સબધમા કોઈ પણ હરકત, અથવા પોતાના મત પ્રમાણે પુરતી હોય એવી હરકત લેવામા આવી ન હોય તો, તે કાનુનો—

(અ) ફેરફાર કર્યા વગર મજુર કરવાનો, અથવા (બ) પોતાને યોગ્ય લાગે (૧) એવા જે ફેરફાર ઉપરથી બેસાડવાની રકમ વધારે થાય નહિ એવા ફેરફારને પાત્ર રહીને, અથવા (૨) એવી જે સરતોએ, એવા કરથી ઉત્પન્ન થનારી સઘળી રકમ અથવા તેનો કોઈ પણ ભાગ, મ્યુનિસિપલ ડિસ્ત્રિકટમા, આ આકટના (તે સરતોમા કહેલા) કોઈ પણ એક અથવા વધારે કારણ માટે વાપરવાનો તે સરતોને પાત્ર રહીને, મજુર કરવાનો અધિકાર છે

૬૨ મ્યુનિસિપાલીટીએ, ૬૧ મી કલમની રૂયે મજુર કરવામા આવેલી સઘળી કાનુનો જે ફેરફારને પાત્ર તે મજુરી આપી હશે તે સઘળા ફેરફાર સહિત, તે કાનુનો જે ડિસ્ત્રિકટ માટે ઠરાવી હશે તે ડિસ્ત્રિકટમા, એવી મજુરી તથા તેની તારીખ તથા અનુક્રમ નબર જેમા લખ્યા હશે એવી એક નોટીસ સહિત પ્રસિદ્ધ કરવી જોઈએ, અને પછી, આ પ્રમાણે પ્રસિદ્ધ કરેલી કાનુનોમા ઠરાવ્યા પ્રમાણેનો તે કર, તે નોટીસમા નિર્દિષ્ટ કરેલી અને તે નોટીસ પ્રસિદ્ધ કર્યાની તારીખથી એક મહિનાની અદરની ન હોય એવી તારીખથી બેસાડવો જોઇએ, અને તેથી ઉત્પન્ન થનારી રકમ મ્યુનિસિપાલટીએ, સદરહુ મજુરી ૬૧ મી કલમની રૂયે જે સરતોને પાત્ર આપવામા આવી હોય તે સઘળી સરતોને અનુસરીને વાપરવી જોઇએ, પણ એવુ ઠરાવ્યુ છે કે,

(અ) વર્ષે વર્ષે લેવાનો કર—

(૧) કોઈ પણ સાલની એપ્રિલની ૧ લી તારીખ—જુલાઇની ૧ લી તારીખ, અકટોમ્બરોની ૧ લી તારીખ–જાનેવારીની ૧ લી તારીખ–એ તારીખો પૈકી કોઈ પણ તારીખ સિવાય બીજી કોઇ પણ તારીખે અમલમા આવશે નાહ અને (૨) એપ્રિલની ૧ લી તારીખ સિવાય બીજી કોઈ પણ તારીખે અમલમા આવે તો તે ત્યાર પછીના એપ્રિલની ૧ લી તારીખ સુધી, દર ત્રણ ત્રણ મહિને વસુલ કરી શકાશે

(બ) આ કલમ મુજબની નોટીસ જે દિવસે કાઢવામા આવે તે દિવસે અથવા તેની આગમચ મ્યુનિસિપાલટીએ જરૂર હોય એવા તથા ૪૬ મી કલમના વિશેષ ઠરાવની પહેલી રકમની રૂયે, પ્રસગ પ્રમાણે, ગવર્નર ઇન કૌંસિલે અથવા કમિશનરે પસદ કરી હોય એવી, વધારાની વિગતવાર કાનુનો પ્રસિદ્ધ કરવી જોઈયે, આ કાનુનોમા, તેમા નિર્દિષ્ટ કરેલો કર નાખવાની તથા વસુલ કરવાની રીત, અને તે તારીખો પણ નિર્દિષ્ટ કરવી જોઇયે

(ક) જો કોઇ પણ કર અથવા કોઇ પણ કરનો વિશેષ ભાગ ઠરાવેલી મુદત માટે માત્ર લેવાની મજુરી આપેલી હોય, તો તે કર, તે મુદતમા જે ચઢેલી બાકી અપાયા વગર રહી હશે તે બાદ કરીને, તે મુદતની આખરે લેવાનુ બધ કરવુ જોઇયે

(૧)—રેટ-(કર) ની આકારણી તથા તે આપવાની પાત્રતા

૬૩ (૧) જ્યારે ઇમારતો ઉપર અથવા જમીનો ઉપર, અથવા આ બન્ને ઉપર કાઈ પણ રેટ બેસાડવામા આવે ત્યારે, મ્યુનિસીપાલીટીએ મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટમાની સઘળી ઈમારતો અથવા જમીનોનું અથવા ઈમારતો તથા જમીનોનું એક એસેસમેન્ટ લીસ્ટ તૈયાર કરાવવુ જોઇયે, અને તેમા—

(અ) તે મિલક્ત જે સ્ટ્રિટમા અથવા ભાગમા આવી હશે તે સ્ટ્રિટ અથવા ભાગનુ નામ, (બ) તે મિલકત પુરતી રીતે ઓળખાય એવુ તેનુ નામથી અથવા નબરથી વર્ણન (ક) ધણીનુ તથા ભોગવટો કરનારનુ નામ માલમ હોય તો તે, (ડ) જે વાર્ષિક ભાડાની રકમ ઉપરથી અથવા જે કીમત ઉપરથી તે મિલકત ઉપરનો રેટ આકાર્યો હોય તે રકમ અથવા કિમત, અને (ઈ) તે મિલકત ઉપર આકારેલી કરની રકમ હોવા જોઈયે

(૨) સદરહુ પ્રકારે મિલકત ઉપર રેટ આકારવા સારૂ મ્યુનિસિપાલીટીનો કોસિલર હોય અથવા ન હોય અને મેહેનતાણુ મળતુ હોય અથવા ન હોય એવા કોઈ માણસને અથવા માણસોને વખતે વખતે નિમવાનો અધિકાર છે, અને તેને એવી મિલકતની તપાસણી કરવાનો અધિકાર છે

" પણ એવુ ઠરાવ્યુ છે કે જે મ્યુનિસિપલ ડીસ્ટ્રિકટ સારૂ મ્યુનિસિપલ કમિશનર હોય તે મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમા એવા મ્યુનિસિપલ કમિશનરને એવી તપાસણી કરવાનો અધિકાર છે "

(૩) " પ્રસગ પ્રમાણે મ્યુનિસિપાલીટીની અથવા એવા માણસની અથવા મ્યુનિસીપલ કમિશનરની" માગણી ઉપરથી, એવી કોઈ પણ ઇમારતનો અથવા જમીનનો ધણી અથવા ભોગવટો કરનાર' તે માગણીમા લખવામા આવે તે વાજબી મુદતની અદર, પોતાના જાણવા અથવા માનવા પ્રમાણે ખરૂ હોય એવુ તથા પોતાની સહીવાળુ એક પત્રક મોકલવાને બધાયલો છે, તે પત્રકમા—

(અ) ધણી અથવા ભોગવટો કરનારના એ બન્નેના નામ તથા રહેવાના ઠેકાણા, (બ) એવી ઇમારત અથવા જમીનની લબાઈ પોહોળાઈ વિગેરે તથા તેની વાર્ષિક ભાડાની રકમ અથવા તેની કિમત લખવા જોઇએ.

૬૪ એસેસમેન્ટ લીસ્ટ પુરૂ થાય એટલે, તે વાતબાબત તથા તે લીસ્ટ અથવા તેની નકલ કયા જોવાને મળશે તે બાબત મ્યુનિસીપાલીટીએ જાહેર નોટીસ આપવી જોઇયે, અને જે કોઈ પણ સખસ પોતે એવા લીસ્ટમા સમાયલી કોઇપણ મીલકતનો ધણી અથવા ભોગવટો કરનાર છે એમ દાવો કરતો હશે તથા એવા સખસનો કોઇપણ એજટ છે તે લીસ્ટ મફત જોઈ શકશે તથા તેમાથી મફત ઉતારા લઇ શકાશે

૬૫ (૧) મ્યુનિસીપાલીટીએ એવુ એસેસમેન્ટ લીસ્ટ પ્રસિદ્ધ કરતી વખતે, આકારેલી કિમતની તથા આકારણીની તપાસ તે પછીના એક મહિનાથી ઓછી ન હોય એવી જે મુદતે પોતે શરૂ કરવાની હોય તે બાબત એક જાહેર નોટીસ આપવી જોઇયે અને જે જે પ્રસંગે જે કોઈ પણ મિલકત ઉપર પ્રથમ કર આકરવામા આવે અથવા જે ઉપર તે આકારણી વધારવામા આવે તે પ્રત્યેક પ્રસગે તે બાબતની નોટીસ, તે મિલકતનો ધણી અથવા ભોગવટો કરનાર માલમ હોય તો તેને આપવી જોઇયે

(૨) સદરહુ કિમત સબંધી તથા આકારણી સંબધી સઘળી હકીકતો સદરહુ નોટીસમા લખેલા મુદતની અદર લેખી અરજીના રૂપમા મ્યુનિસિપાલીટીને કરવી જોઇયે, તે અરજીમા જે કારણસર સદરહુ કિમત તથા આકારણીના સબધમા હરકત લીધી હોય તે કારણો લખવા જોઇએ, અને એવી રીતે કરવામા આવેલી સઘળી અરજીઓ, તે નોધવા સારૂ મ્યુનિસિપાલીટીએ રાખવાની એક ચોપડીમા નોધવી જાઇએ

(૩) " જે મ્યુનિસીપલ ડીસ્ટ્રીકટ માટે મ્યુનિસિપાલ કમિશનર હોય તે મ્યુનિસિપલ ડીસ્ત્રીકટમા એવો મ્યુનિસિપલ કમીશનર અને બીજે ઠેકાણે " મેનેજીગ કમીટીએ અથવા મ્યુનિસીપાલીટી જે કોઇ પણ કમિટી અથવા કમિટીઓને આ બાબતમા મેનેજીગ કમીટીના અધિકાર તથા કામ સોપે તેણે અથવા જે કોઇ પણ સરકારી અમલદારને મ્યુનિસીપાલીટી કમીશનરની પરવાનગીથી આ બાબતના મેનેજીગ કમીટીના અધિકાર તથા કામ સોપે (અને એવી રીતે સોપવાનો મ્યુનિસિપાલીટીને આ ઉપરથી અધીકાર આપેલો છે તે અમલદારે, તે અરજદારને જાતે અથવા એજટની મારફત સુનાવણીની તક આપ્યા પછી, (અ) સદરહુ હરકતોની તપાસ કરીને તેમનો નિકાલ કરવો જોઇયે, (બ) તેમનુ પરિણામ પેટા કલમ (૨) મુજબ રાખેલી ચોપડીમા નોધી રખાવવુ જોઇએ, અને (ક) આવા પરિણામને અનુસરીને એસેસમેન્ટ લીસ્ટમા જે કોઇ પણ સુધારો કરવાની જરૂર હોય તે કરાવવો જોઈએ

(૪) જ્યારે આ કલમ મુજબ લીધેલી સઘળી હરકતોનો નિકાલ કરવામા આવ્યો હોય, અને પેટા કલમ (૯) મુજબ કરવાના સઘળા સુધારા એસેસમેટ લીસ્ટમા કરવામા આવ્યા હોય ત્યારે તે લીસ્ટના ખરાપણા બદ્દલ તે ઉપર જે મ્યુનિસીપલ ડિસ્ત્રીકટ માટે મ્યુનીસિપલ કમીશનર હોય તે મ્યુનિસિપલ ડીસ્ત્રીકટમા એવા મ્યુનિસીપલ કમીશનરની અને બીજે ઠેકાણે મેનેજીગ કમીટીના ચેરમેનની અને નિદાન કોઇપણ એક મેમ્બરની અથવા, મ્યુનિસિપાલીટીએ આ બાબતના મેનેજીગ કમીટીના અધિકાર તથા કામ બીજી કોઈ કમિટીને અથવા એકાદા સરકારી અમલદારને સોપ્યા હોત તો, તે કમિટીના નિદાન બે મેમ્બરોની અથવા તે સરકારી અમલદારની સહી થવી જોઇએ, અને આ પ્રમાણે તે લીસ્ટના ખરાપણા બદ્દલ તે ઉપર સહી

કરનારા સખસે અથવા સખસોએ એવો દાખલો લખી આપવો જોઈએ કે તે લીસ્ટમા જે બાબતોમા સુધારો કર્યો છે તે બાદ કરીને બીજી કોઇ પણ બાબતમા કિંમતના તથા આકારણીના સબધમા કોઈપણ કાયદેસર હરકત લેવામા આવી નથી

(૫) એ પ્રમાણે સહી કરેલુ લીસ્ટ મ્યુનિસિપલ કચેરીમા રાખવુ જોઈએ, અને તે ત્યા, કચેરીના વખતમા, તેમા લખેલા મિલકતના સઘળા ધણીઓને તથા ભોગવટો કરનારાઓને અથવા એવા લોકોના એજટોને જોવાસારૂ ખુલ્લુ હોવુ જોઇયે, અને તે આ પ્રમાણે ખુલ્લુ હોવા બાબતની નોટીસ તાબડતોબ પ્રસિદ્ધ કરવી જોઇએ

(૬) આ પ્રમાણે સહી કરેલા અને રાખવામા આવેલા લીસ્ટમાની નોધ

(અ) તરત નિચેની કલમના ઠરાવોની રૂયે ત્યારપછી જે કાઇ પણ ફેરફાર કરવામા સહી કરેલુ લીસ્ટ કેટલે સુધી આવે તેમને પાત્ર, અને નિરૂત્તર છે તે (બ) ૮૬ મી કલમ મુજબ કરેલા કોઈ પણ અપીલના નિકાલને પાત્ર

(૧) સઘળા મ્યુનિસિપલ કરોના કારણ સારૂ, એવી નોધ જે ઇમારતો સબધી તથા જમીનો સબધી હોય તે સઘળી ઈમારતોની તથા જમીનોના વાર્ષિક ભાડાની રકમો અથવા તેમની કિંમતનો, અને

(૧) ઈમારતો અથવા જમીનો ઉપર બેસાડેલા કોઇ પણ કરના કારણ સારૂ, તે લીસ્ટ જે સરકારી સાલ માટે હોય તે આખી સાલમા તે ઈમારતો ઉપર અથવા જમીનો ઉપર આપવાના એવા દરેક કરની રકમનો નિરૂત્તર પુરાવો છે એમ સમજવુ જોઇએ

૬૬. (૧) મ્યુનીસિપાલીટીને, કોઇ પણ વખતે, સદરહુ લીસ્ટમા જે કોઇ પણ માણસનુ નામ દાખલ કરવુ જોઈતું હતું તેનુ નામ તેમા દાખલ કરીને, અથવા જે કોઇ પણ મિલકત તેમા દાખલ કરવી જોઇતી હતી તે તેમા દાખલ કરીને, અથવા કોઇ પણ મિલકતની કિંમતનો અથવા કરનો જે આકાર, દગાને લીધે, અકસ્માતને લીધે અથવા ભૂલને લીધે તેમા નજર ચુકથી દાખલ થયો હશે તેમા ફેરફાર કરીને તે લીસ્ટ-ફેરવવાનો અધિકાર છે, માત્ર આમ કરતા પહેલા તે ફેરફાર સાથે હિત સબધ હોય એવા કોઇપણ સખસને એક નોટીસ આપીને તે મારફત તેની બજાવણીની તારીખથી નિદાન એક મહિના કરતા ઓછો ન હોય એવા જે વખત તે ફેરફાર કરવાનો હોય તે વખત તેને જણાવવો જોઇએ

(૨) એવા કોઇ પણ ફેરફાર સાથે હિત સબધ હોય એવા કોઇ પણ સખમે સદરહુ નોટીસમા ઠરાવેલા વખતની અદર અને તરત ઉપરની કલમની પેટા કલમ (૨) મા કહેલી રીતે મોકલેલી દરેક હરકતની વ્યવસ્થા સર્વ બાબતોમા જાણે તે સદરહુ કલમ પ્રમાણે અરજી હોય તે પ્રમાણેજ કરવી જોઇએ

[૩] આ કલમ પ્રમાણે કરેલો દરેક ફેરફાર તે કરવાનુ જે હકીકત ઉપરથી યોગ્ય થયુ હોય તે હકીકત જે ચાલુ સરકારી સાલમા બની હોય તે સાલના સર્વથી પહેલા દિવસથી કર્યો હોય તે પ્રમાણે ૮૬ મી કલમ મુજબ કરેલી અપીલના નિકાલને પાત્ર, અમલમા આવશે

૬૭.)૧) દરવર્ષે નવુ એસેસમેન્ટ લીસ્ટ તૈયાર કરવાની જરૂર નથી એસેસમેન્ટ લીસ્ટનો દરેક ભાગ દર ચાર વર્ષે નિદાન એક વખત પૂર્ણપણે દુરસ્ત કરવો જોઇયે એવી સરતને પાત્ર રહીને, મ્યુનિસીપાલીટીને કોઈ પણ વર્ષના લીસ્ટમા દાખલ કરેલી કિંમત તથા આકારણી જરૂરના દેખાય તે ફેરફાર સહિત, ત્યાર પછીના તરતના વર્ષને માટે કાયમ કરવાનો અધિકાર છે

(૨) પણ ૬૪ મી, ૬૫ મી કલમોના ઠરાવો, સરકારી સાલની શરૂઆતે નવુ એસેસમેન્ટ લીસ્ટ પૂર્ણ કર્યું હોય તે પ્રમાણે દરેક વર્ષે લાગુ પડશે

૬૮. ઇમારતો અથવા જમીનો ઉપર અથવા એ બન્ને ઉપર રેટના રૂપમા બેસાડેલો દરેક કર, પ્રથમત, એવો કર જે મિલકત ઉપર આકારેલો હોય તેનો ખરેખર ભોગવટો કરનાર તેમનો ધણી હોય અથવા તે સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇડિયા ઇન કૌન્સિલ પાસેથી અથવા મ્યુનિસીપાલીટી પાસેથી મળેલા ઇમારતપટાની અથવા બીજા પટાની રૂયે અથવા કોઇપણ માણસ પાસેથી મળેલા ઇમારત પટાની રૂયે ધારણ કરતો હોય, તો તેની પાસેથી લઇ શકશે, બીજે પ્રસગે, તે કર પ્રથમત. નિચે લખેલા માણસો પાસેથી લઈ શકશે એટલે.

(અ) જો તે મિલકત ભાડે આપી હશે, તો ભાડે આપનાર પાસેથી (બ) જો તે મિલકત પેટા ભાડે આપી હશે, તો વરિષ્ટ ભાડે આપનાર પાસેથી, (ક) જો તે મિલકત ભાડે આપી નહિ હશે, તો જે માણુસને તે ભાડે આપવાનો હક હશે તે માણુસ પાસેથી

પણ એવુ ઠરાવ્યુ છે કે, એવા કર બદલ લહેણી થયેલી કોઇપણ રકમ, તે પ્રથમ આપવાને પાત્ર થયેલા માણુસ પાસેથી વસુલ ન થાય તો તે જે ઇમારતો અથવા જમીનોના સબધમા લહેણી થઇ હશે તેમના કોઇ પણ ભાગના ભોગવટો કરનારા પાસેથી, તેણે દર સાલ આપવાનુ ભાડુ અને તે સઘળી ઇમારતો બદલ અથવા જમીનો બદલ તે પ્રમાણે આપવાનુ એક દર ભાડુ અથવા સહીવાળા એસેસમેન્ટ લીસ્ટમા તેમની એક દર ભાડાની રકમ દાખલ કરી હોય તો તે એટલે આમાની જે રકમ વધારે હોય તે, એમની વચ્ચે જે પ્રમાણે હોય તે પ્રમાણુ મુજબ તે કરની લેહેણી રકમનો ભાગ વસુલ કરવાનો અધિકાર છે

વળી એવુ પણ ઠરાવ્યુ છે કે, આ કલમની રૂએ કરની રકમ આપવાને પ્રથમ પાત્ર ન હોય એવા કોઈ પણ ભોગવટો કરનારે કાઇ પણ રકમ આપી હોય અથવા તેની પાસેથી વસુલ કરવામા આવી હોય તો, તે રકમ આપવાને પ્રથમ પાત્ર થનારા માણુસ સાથેના હિસાબમા સદરહુ ભોગવટો કરનારને તે રકમ મજરે મળવાનો હક્ક છે

૬૯ (૧) જે કોઇપણુ ઇમારત ઉપર અથવા જમીન ઉપર દર વર્ષે લેવાનો રેટ બેસાડયો હશે અથવા જે બદલ કોઇપણુ વિશેષ આરોગ્ય રક્ષણુ સબધી કર વર્ષે વર્ષે અથવા હપ્તે હપ્તે આપવાનો હશે તે ઇમારત અથવા તે જમીન આખા વર્ષ સુધી અથવા જે મુદ્દત બદલ એવો હપ્તો આપવાનો હશે તે સઘળી મુદ્દત સુધી ખાલી તથા ભાડુ ઉત્પન્ન થયા વગર રહી હશે તો મ્યુનિસીપાલીટીએ પ્રસગ પ્રમાણે તે રેટની અથવા કરની અથવા કરના હમાની બે તૃતિયાશ કરતા ઓછી નહિ હોય એટલી રકમ માફ કરવી જોઇયે

પણ એવુ ઠરાવ્યુ છે કે, એવી કોઇપિણુ મારી તે ઇમારત અથવા જમીન આખા વર્ષ સુધી ખાલી તથા ભાડુ ઉત્પન્ન થયા વગર રહી છે એ બાબતની લેખી નોટીસ મ્યુનિસીપાલીટીને આપ્યા વગર આપવામા આવશે નહિ, અને એવી નોટીસ જે દિવસે સ્વાધિન કરી હશે તે દિવસ અગાઉની કોઇપણુ મુદ્દત સારૂ તે રકમ માફ કરવામા અથવા પાછી આપવામા આવશે નહિ

(૨) જ્યારે સદરહુ પ્રકારની કોઇ પણુ ઇમારત અથવા જમીન—

(અ) લાગલાગટ સાઠ દિવસથી ઓછી ન હોય એટલી મુદ્દત સુધી ખાલી હોય તથા તેનુ ભાડુ ઉત્પન્ન થયુ નહિ હોય, અથવા (બ) જુદા જુદા ગાળાની બનેલી હોય અને તેમાના એક અથવા વધારે ગાળા સદરહુ કોઇપણુ મુદ્દતમા ખાલી હોય તથા તેમનુ ભાડુ ઉત્પન્ન થયુ ન હોય અથવા (ક) સર્વાશે અથવા ઘણે અશે પાડી નાખેલી હશે અથવા આગથી બળી ગયેલી હશે અથવા તેની કિમત બીજી રીતે નહિ જેવી થઈ ગઇ હશે ત્યારે, મ્યુનિસીપાલીટીને તે રેટનો અથવા હમાનો કાઇ ભાગ માફ કરવાનુ અથવા પાછો આપવાનુ યોગ્ય લાગે તો તેને તેમ કરવા અધિકાર છે

(૩) કોઇ પણુ માણુસને આ કલમની રૂયે છુટ મળવાનો જે બાબતો ઉપરથી હક પ્રાપ્ત થતો હશે તે બાબતો સાબિત કરવાનો બોજો તેના ઉપર રહેશે

(૪) કોઇપણુ ઇમારત અથવા જમીનનો ભોગવટો કરવાનો ચાલુ હક્ક હોય એવા કોઇ પણ ભાડુતને તે ભાડે આપી હશે, તો આ કલમના કારણુસારૂ, તે ઇમારત અથવા જમીનનુ ભાડુ ઉત્પન્ન થાય છે એમ સમજવુ જોઇયે, પછી તે એવા ભાડુતના પ્રત્યક્ષ ભોગવટામા હોય અથવા ન હોય

૭૦. (૧) જ્યારે મ્યુનિસીપાલીટી તરફથી આ આકટ મુજબ કોઇપણુ લાઇસન્સ આપવામા આવે ત્યારે, અથવા કોઇપણુ હગામી ઇમલો બાધવા સારૂ અથવા ઘર વગેરેનુ બાહાર આવનારૂ, ઉપાય કરવા સારૂ અથવા મ્યુનિસીપાલીટીને પ્રાપ્ત થયેલી કોઇ પણુ સાર્વજનિક સ્ટીટનો અથવા જમીનનો થોડા વખત માટે ભોગવટો કરવા સારૂ પરવાનગી આપવામા આવે ત્યારે, તે મ્યુનિસીપાલીટીને એવા લાઇસન્સ બદલ અથવા પરવાનગી બદલ ફી લેવાનો અધિકાર છે

(૨) તેમજ, ૪૮ મી કલમની પેટા કલમ [૧] મા જે જગા મ્યુનિસીપાલીટીની માલકીની છે એમ

કહ્યુ છે તે વાપરવા બદલ તેજ પેટા કલમની (અ) રકમ મુજબ કરેલા પેટા કાયદાઓમા જે ફી ઠરાવવામા આવી હોય તે લેવાનો તે મ્યુનિસીપાલીટીને અધિકાર છે

(૪)—કેટલાક કરો બદલ વિશેષ ઠરાવ

૭૧. (૧) મ્યુનિસીપાલીટીને, પાણીનો કર બેસાડવાને બદલે, અથવા, તે મ્યુનિસીપાલીટીનુ પાણી કોઇપણ ખાનગી જમીનોને અથવા ઇમારતોને અથવા તેમના સબધમા ઉપયોગ કરવા સારૂ પુરૂ પાડવા બદલ બેસાડેલો કર વિશેષ બાબતોમા વસુલ કરવાને બદલે, (અ) એવી રીતે પાણી પુરૂ પાડવા માટે, પાણી કેટલુ વાપર્યુ તે તે માપવતી જોઇને તે પ્રમાણે ૪૬ મી કલમની રૂયે અમલમા હોય એવી કાનુનોમા નિર્દીષ્ટ કરેલા દરના કરતા વધારે ન હોય એવા દરે ચાર્જ ઠરાવવાનો અધિકાર છે

(બ) કોઇપણ સખસની અરજી આવેથી તેને, મુદતે મુદતે અથવા બીજી રીતે પૈસા લઇને, મ્યુનિસીપાલીટીનુ પાણી, મ્યુનિસીપાલાટી તે સખસની સાથે કરાર કરીને પોતે ઠરાવે તેટલુ, અથવા તેવા ઘરગુતી, શોભાના અથવા જમીન પાવાના કારણ સારૂ, અથવા વેપાર, કારખાના અથવા બીજા કારણ સારૂ તેવી સરતોએ તથા તેવી બોલીને પાત્ર રહીને, પુરૂ પાડવા બદલ તે સખસ સાથે ગોઠવણ કરવાનો અધિકાર છે, પણ એવુ ઠરાવ્યુ છે કે —

(અ) એવી રીતે પાણી પુરૂ પાડવા સારૂ જરૂરના હોય તથા અનુષગીક હોય એવા મીટર, કનેક્શન પૈપ તથા બીજા સઘળા બાધકામ, તથા એવા કામના સબધમા ત્યાર પછી કરવાની મરામત, વધારો તથા ફેરફાર મ્યુનિસીપાલીટીના નિર્બંધ હેઠળ રહેશે, અને તે બાબતનો ખર્ચ મ્યુનિસીપાલીટીની કાનુનો અથવા પેટા કાયદાને અનુસરતો હોય તેટલે સુધી, એવા પાણીના જથા બદલ પૈસા આપવાને જવાબદાર હોય તે સખસોએ આપવો જોઇએ, અને

(બ) એવી રીતે પાણીનો જે જે જથો પુરો પાડવો તે ૪૮ મી કલમની રૂયે વિદ્યમાનકાળે અમલમા હોય તે પેટા કાયદામા, પાણીનો જથો પુરો પાડવાની હદ બાબત તથા તે બધ કરવા બાબત અને પાણી નકામુ જતુ અથવા તેનો ગેર ઉપયોગ થતો અટકાવવા બાબત જે સરતો દાખલ કરવામા આવી હશે તેમને પાત્ર રહીને, પુરો પાડવામા આવશે તથા પુરો પાડવામા આવ્યો છે એમ સમજવુ

(૨) જ્યારે મુનિસિપાલીટીએ કોઇપણ કારખાનુ, હોટલ, કલબ અથવા કોઇપણ એકજ કારણ સારૂ ઉપયોગમા આવતી તથા એકજ વ્યવસ્થા હેઠળની ઇમારતો અથવા જમીનનો સમુદાય સાફ કરવા બદલ તજવીજ કરી હોય તેને તે કારખાના વિગેરે ઉપર આ બાબ મુજબ આરોગ્ય રક્ષણ બાબતનો વિશેષ સેસ બેસાડવાને બદલે એક વિશેષ રેટ બેસાડવાનો અને તે મુદતે મુદતે ભરવાની તારીખો તથા બીજી સરતો ઠરાવવાનો અધિકાર છે, આ રેટ તારીખો તથા સરતો—

(૧) ૪૬ મી કલમ મુજબ વિદ્યમાનકાળે અમલમા હોય એવી કાનુનોને અનુસરીને અથવા (૨) જે સખસની બીજે પ્રસગે તે આરોગ્ય રક્ષણ બાબતનો સેસ આપવાને પાત્ર થયો હોય તે સખસની સાથે લેખી કબુલત કરીને, ઠરાવવી જોઈયે, પણ એવુ ઠરાવ્યુ છે કે તે રકમ ઠરાવતી વખતે, સદરહુ પ્રમાણે સાફ કરવાનુ કામ કરવા બદલ મ્યુનિસિપાલીટીને થનારા ખરચ તરફ યોગ્ય લક્ષ આપવુ જોઈયે

(૩) મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટમા વાપરવા સારૂ રાખેલા વાહન ઉપર અથવા જનાવર ઉપર મ્યુનિસિપાલીટીએ કર બેસાડ્યો હોય ત્યારે, કોઈ પણ અશ્વશાળાનો અથવા વેચવા સારૂ અથવા ભાડે આપવા સારૂ રાખેલા ઘોડા અથવા ગાડીઓનો ધણી સદરહુ પ્રમાણે બેસાડેલા કર બદલ જે કોઈ પણ રકમ આપવાને પાત્ર થાય તેને બદલે તે રાખનારની સાથે મ્યુનિસિપાલીટીને એકી વખતે એક વર્ષ કરતા વધારે નહિ હોય એવી કોઈ પણ મુદત સારૂ એક ઉધડી રકમ આપવા બાબત તોડજોડ કરવાનો અધિકાર છે

(૪) પેટા કલમ (૧) મુજબ કબુલ કરીને અથવા બીજી રીતે ઠરાવેલા પાણી પુરૂ પાડવા બદલના ચાર્જ તરીકે અથવા તે પેટા કલમમા કહ્યા પ્રમાણે આપવાના ખરચ તરીકે, અથવા પેટા કલમ (૨) મુજબ વિશેષ સેસ તરીકે, અથવા પેટા કલમ (૩) મુજબ આપવાની ઉધડી રકમ તરીકે, લહેણી થયલી જે કાઇ પણ રકમ બદલ મ્યુનિસિપાલીટી તરફથી દાવો કરવામા આવે તે રકમ ૮ મા બાબના કારણ સારૂ,

સદરહુ બાબ મુજબ વસુલ કરવા લાયક કોઇ પણ કર બદલ માગવાની રકમ સમજવી, અને તે તે પ્રમાણે જ વસુલ કરી શકાશે

પણ એવુ ઠરાવ્યુ છે કે મ્યુનિસિપાલીટીની માલીકીનુ પણ આ આકટના કારણ સારૂ જરૂરનુ ન હોય એવુ કોઇ પણ પાણી મ્યુનિસિપલ ડિસ્ત્રિકટની હદની બહાર વાપરવા સારૂ મ્યુનિસિપાલીટીને યોગ્ય લાગે તે દરે તથા સરતે પુરૂ પાડવા બદલ કોઇ પણ સખસ સાથે કરાર કરવાનો મ્યુનિસિપાલીટીને જે હક અથવા અધિકાર છે તેને આ કલમના કોઇ પણ ઠરાવ ઉપરથી બાધ આવે છે એમ સમજવુ નહિ

૭૨. જો આ આકટ પ્રમાણે બેસાડેલો કોઈ કર મ્યુનિસિપલ ડિસ્ત્રિકટની હદ માહેના કોઇ દેવમદિરમા મુદ્દને મુદ્દતે જનારા જાત્રાળુ ઉપરનો કર હોય તો, કમિશનરને, સદરહુ પ્રકારના કર બાબત એકદર વસુલ થયલી રકમનો પોતાને યોગ્ય લાગે તે ભાગ, જિલ્લા, તાલુકા લોકલબોર્ડને સોપી આપીને તેમને તે અદા કરવા વિશે સદરહુ ડિસ્ત્રિકટની મ્યુનિસિપાલીટીને ફરમાવવાનો અધિકાર છે, અને સદરહુ પ્રમાણે સોપી દીધેલો ભાગ સદરહુ બોર્ડે અથવા બોર્ડોએ પોત પોતાની હકુમતના પ્રદેશમા સદરહુ જાત્રાળુઓની તદુરસ્તીને, સગવડને અને સલામતીને ફાયદો કરે તેવા કામમા ખરચવો જોઇએ

૭૩. મ્યુનિસિપાલીટીએ લેવાનો કોઈ પણ કર ગેરવાજબી પ્રમાણથી બેસાડયો છે એવુ, અથવા તે કર અથવા તેનો કોઈ પણ ભાગ વસુલ કર્યાથી એકદર લોકોના હિતને અનિષ્ટ છે એવુ ગવર્નર ઇન કૌસિલને ફરિયાદ થયા ઉપરથી અથવા બીજી રીતે હરકોઈ વખતે દેખાઈ આવે તો સદરહુ કર બાબત જે કાંઈ હરકત છે એવુ તેમને લાગે તે હરકત, આ બાબતમા તેઓ ઠરાવે તેવી મુદતની અદર દુર કરવા સારૂ તજવીજ કરવાનુ સદરહુ મ્યુનિસિપાલીટીને કહેવાનો અધિકાર તેને છે અને આ પ્રમાણે ઠરાવેલી મુદતની અદર સદરહુ ફરમાવ્યા પ્રમાણે ગવર્નર ઇન કૌંસિલને સતોષ થાય તેવી રીતે વહીવટ કરવામા નહી આવે, તો તેને સદરહુ પ્રકારનો કર અથવા તેનો સદરહુ ભાગ લેવાનુ કામ, તે બાબત હરકત હોય તે દુર કરવામા આવે ત્યા સુધી, મુબઇ સરકારી ગેઝેટમા જાહેરનામુ છાપીને, મોકુફ કરવાનો અધિકાર છે ગવર્નર ઇન કૌસીલને તેવુજ જાહેરનામુ છાપીને સદરહુ પ્રકારની મોકુફી હરકોઇ વખતે રદ કરવાનો અધીકાર છે

૭૪ જ્યારે કોઇ પણ મ્યુનિસીપાલીટીના મ્યુનિસીપલ ફડની શીલક ૧૭' મી કલમ મુજબ કરેલા ખરચ માટે અથવા જે કાંઈ પણ કૃત્યો તેણે કર્યા નથી એવુ ૧૭૮ મી કલમની રૂયે ઠરાવવામા આવ્યુ હોય તે કૃત્યો કરવા માટે ઓછી છે એમ ગવર્નર ઇન કૌસીલને દેખાય ત્યારે, તેને જાહેરનામાદ્વારા, તેમા નિર્દીષ્ટ કરેલો તથા જે ૫૯ મી કલમ મુજબ બેસાડવા જોગ હોઇને તે મ્યુનીસીપલ ડીસ્ત્રીકટમા તે વખતે બેસાડેલો ન હોય એવો કર તે મ્યુનીસીપલ ડીસ્ટ્રીકટમા બેસાડવાનો અથવા કોઇ પણ ચાલુ કર પોતાને યોગ્ય લાગે તે રીતે તથા તેટલે સુધી વધારવાનો મ્યુનિસીપાલીટીને હુકમ કરવાનો અધિકાર છે

ઓકટ્રોઈ તથા ટોલ.

૭૫. દરેક મ્યુનિસિપાલીટીએ, ઓકટ્રોઇ બેસાડવાની દરખાસ્ત મજુરી સારૂ સાદર કરતી વખતે તેની સાથે ૪૮ મી કલમની પેટા કલમ (જે) ના કારણ સારૂ અને તે કલમની પેટા કલમો (૨) તથા (૩) મા કહેલી બાબતો કરીને, પેટા કાયદાઓનો એક ખરડો મજુરી સારૂ સાદર કરવો જોઈયે

૭૬. (૧) ઓકટ્રોઈ આપવાને પાત્ર હોય એવી કોઈ પણ વસ્તુ મ્યુનિસિપલ ડિસ્ત્રિકટની ઓકટ્રોઇ હદમા આણનાર અથવા મ્યુનિસિપલ ડિસ્ત્રિકટની ઓકટ્રોઇ હદની બહારથી આવેલી તેવી વસ્તુ લેનાર દરેક સખસે, મ્યુનિસિપાલીટી તરફથી આ બાબત અધિકાર મળેલો કોઈ અમલદાર માગે એટલે, અને તે કર બદલ લેવાની રકમ નક્કી કરવા સારૂ જરૂર હોય તેટલે સુધી નીચે પ્રમાણે કરવુ જોઈયે એટલે—

(અ) તે અમલદારને તે વસ્તુ જોવા દેવી જોઇયે, તપાસવા દેવી જોઇયે, જોખવા દેવી જોઇયે અને તેની બીજી રીતે વ્યવસ્થા કરવા દેવી જોઈએ, અને (બ) તે વસ્તુ બાબત પોતાને જે ખબર હોય તે તે અમલદારને જણાવવી જોઇયે અને તે વસ્તુ સબધી કોઇપણ બીલ, ઇનવોઇસ અથવા એવો કોઇ દસ્તાવેજ પોતાની પાસે હોય તે તેને દેખાડવો જોઇયે

(૨) જે મ્યુનિસીપલ ડિસ્ત્રિકટમા ઑકટ્રોઈ લેવા જોગ હોય તેની આકટ્રોઇ હદમા કોઇ પણ વાહન

અથવા પ્યાકેજ લાવનાર અથવા તે હદબાહારથી આવેલુ કોઈ પણ વાહન અથવા પ્યાકેજ લેનાર કોઇ પણ સખસ, મ્યુનિસીપાલીટીએ આ અર્થે અધિકાર આપેલા કોઇ અમલદાર માગે એટલે તેને તે વાહન અથવા પ્યાકેજમા ઓકટ્રોઇ લેવાજોગ કાઈ પણ વસ્તુઓ છે કે નહિ તેની ખાતરી કરવા સારૂ તેને તે વાહન અથવા પ્યાકેજમાની જણસો તપાસવા દેવાની ના કહેશે, તો તે અમલદારને, તે વાહન અથવા પ્યાકેજ, નકામી ઢીલ કર્યા વગર, માજીસ્ટ્રેટ આગળ અથવા ગવર્નર ઇન કાઉન્સિલ આ અર્થે મ્યુનિસીપાલીટીના જે અમલદારને તેના નામથી અથવા હુદ્દાથી નીમે તેની આગળ લઇ જવડાવવાનો અધિકાર છે, અને તે માજીસ્ટ્રેટે અથવા અમલદારે તે તપાસ પોતાની રૂબરૂ કરાવવી જોઇએ

૭૭. (૧) મ્યુનિસીપાલીટીએ આપેલા અધિકાર ઉપરથી ઓકટ્રોઈ માગનારા દરેક અમલદારે તે કર જે કોઇ પણ વસ્તુ ઉપર લેવાનો હોય તે વસ્તુ (મ્યુનિસીપાલીટીની) હદમા આણનારા અથવા લેનારા દરેક સખસને એક બીલ આપવુ જોઇયે અને તેમા તે કર જેના ઉપર લેવાનો હોય તે વસ્તુનુ નામ, માગેલા કરની રકમ, અને તે કર જે દરે ગણ્યો હોય તે દર, એટલી વિગત લખેલી હોવી જોઇએ

(૨) મ્યુનિસીપલ ડિસ્ત્રિકટમા જનારો માલ ઓકટ્રોઈ આપવાને પાત્ર હોય તો, જે કોઈ પણ સખસ, મ્યુનિસીપાલીટીને ઠગવાના ઇરાદાથી એવો કોઈ પણ માલ, તે ઉપર એવા ડિસ્ત્રિકટની ઓકટ્રોઇ હદમા તે આણ્યા બદલ આપવાની ઓકટ્રોઈ આપ્યા વગર અથવા આપવા માડયા વગર તે ડિસ્ત્રિકટમા અપાવશે અથવા અણાવવાના કામમા મદદ કરશે, અથવા પોતે જાતે આણશે અથવા આણવાનો પ્રયત્ન કરશે તે દરેક સખસ તે ઓકટ્રોઇની દસગણી રકમ સુધી અથવા પચાસ રૂપીયા સુધી, એટલે આ બે પૈકી જે રકમ મોટી હોય તે રકમ સુધી, દડ આપવાને પાત્ર થશે

૭૮. આ આકટ મુજબ કોઈ પણ ટોલ બેસાડનારી દરેક મ્યુનિસિપાલીટીએ તે ટોલ લેવાતા હોય તે દરેક ઠેકાણે, કાનુનોમા કહેલી સઘળી બાબતોમા લેવાની રકમો બતાવનારૂ એક કોષ્ટક એવો ટોલ આપવાની પાત્રતાની તોડજોડ જે સરતોએ મુદતે મુદતે રકમ ભર્યાથી કરી શકાય તેવી સરતો હોય તો તે સરતો સુદ્ધા, તે જીલ્હાની દેશી ભાષામા રખાવવુ જોઇએ, અને જે કોઈ પણ સખસને ટોલ માગવાનો અધીકાર આપ્યો હશે તે સખસની ફરજ છે કે તેણે જે કોઈ સખસ પાસે એવી માગણી કરવામા આવે તે સખસ માગે એટલે તેને તે કોષ્ટક બતાવવુ

૭૯ (૧) મ્યુનિસિપાલીટીએ લેવાના કોઈ પણ ઓકટ્રોઈ અથવા કોઇ પણ ટોલ માગ્યા પછી આપવામા ન આવે તેવા પ્રસગે, તે વસુલ કરવાને નીમાયલા શખસને, તે ઓકટ્રોઈ જે કોઈ ચીજના ઉપર આપવાની હોય તે ચીજ અથવા તે ટોલ જે વાહન અથવા જનાવર બદલ લેવાનો હોય તે વાહન અથવા જનાવર, અથવા માગણીની ભરપાઇ થવાને બસ થાય તેટલી કિમતનો તે વાહનમા અથવા જનાવર ઉપર લાદેલા માલનો ભાગ પકડીને અટકાવી રાખવાનો અધિકાર છે, ત્યાર પછી તેણે, પકડેલુ વાહન, જનાવર અથવા ચીજ જેના કબજામા હોય તે માણસને તે મિલકતની એક યાદી તથા પરિશિષ્ટ ડ મા આપેલા નમુના પ્રમાણેની એક લેખી નોટીસ આપવા જોઇયે, અને તે નોટીસમા જણાવવુ જોઇયે કે તેમા લખ્યા પ્રમાણે તે મીલકત વેચવામા આવશે

(૨) જ્યારે પકડેલી કોઈ પણ ચીજ સ્વાભાવિક રીતે જલ્દીથી બગડી જાય એવી હોય અથવા તે રાખવાને ખર્ચ તથા તેના ઉપર લેવાના ઓકટ્રોઈની અથવા ટોલની રકમ તે ચીજની કિંમત કરતા વધારે થતી હોય ત્યારે, તે ચીજ પકડનાર સખસે તે ચીજ જેના કબજામા હોય તેને ખબર આપવી કે તે ચીજ તાબડતોબ વેચી નાખવામા આવશે, અને તેણે તે ચીજ, માગવામા આવેલા ઓકટ્રોઇ અથવા ટોલની રકમ તાબડતોબ આપવામા ન આવે તો વેચી નાખવી અથવા વેચાવી નાખવી જોઇયે

(૩) એવા લીલામની શરૂઆત પહેલા કોઇ પણ વખતે, જે સખસની મિલકત સદરહુ પ્રમાણે પકડી હોય તે સખસ, થયલા સઘળા ખર્ચની તથા લેવા જોગ સઘળા ઓકટ્રોઈ તથા ટોલની રકમ મ્યુનિસિપલ ઓફીસમા ભરે તો મ્યુનિસિપાલીટીએ તે પકડેલી મિલકત તાબડતોબ છોડી દેવી જોઇયે

(૫) વેચાણના ઉત્પન્નમાથી કાઈ રકમ બાકી રહે, તો તે મ્યુનિસીપલ ફડ ખાતે જમાં કરવી જોઇયે અને તે રકમ વેચાણ પછીના લગતના ૭ મહીનાની અંદર મ્યુનિસીપાલીટીને, અરજ કરવામા

આવે તો, તે મિલકત પકડતી વખતે તે જેના કબજામા હોય તેને આપવાનો અધિકાર છે, અને જો એવી કોઇ પણ અરજી કરવામા ન આવે તો તે રકમ મ્યુનસાપાલાટીની મિલકત થશે

૮૦ જે વસ્તુઓ બદલ ઓકટ્રોઈ લેવાની હોય તે વસ્તુઓ મ્યુનિસિપાલ ડિસ્ટ્રીકટની ઓકટ્રોઇ હદમા આણતી વખતે તે બદલ કોઇ પણ વખતે, પોતે આ અર્થે એવી જે પેઢી અથવા મ ડળીનુ નામ નિર્દિષ્ટ કરે તે પેઢી પાસેથી અથવા મ ડળી પાસેથી આ પ્રમાણે લેવાની ઓકટ્રોઇનુ ચ લુ ખાતુ મ્યુનિસીપાલીટીની તરફથી રાખવાનો હુકમ કરવાનો અધિકાર છે

૮૧ જ્યારે ૩૯ મી કલમની (બ) રકમમા હવાલો આપેલી કોઇ પણ કબુલાત કરવામા આવે ત્યારે તે કબુલાત કરનાર મ ડળીઓમાની જે મ ડળી તે કબુલાતની સરતો આ સ બધમા નિર્દિષ્ટ કરી હોય તેને આકટ્રોઇ વસુલ કરવાના સઘળા પ્રદેશમા, પોતાને જરૂર જણાય તેટની ઓકટ્રોઇની હદ તથા જરૂર જણાય તેટલા થાણા સ્થાપવાનો અધીકાર, તથા એ પ્રમાણે સ્થાપેલા હદની અ દર આણેના જનાવરો ઉપર અથવા માલ ઉપર ઓકટ્રોઇ લેવાના અધિકાર ઉપર અથવા એ બન્ને એ પ્રમાણે સ્થાપન કરેલી હદ જે મ ડળીના નિર્બધ હેઠળના પ્રદેશમા હોય તે પ્રમાણે રહેશે

૮૧ અ (૧) આ આકટની રૂયે નાખી શકાય એવા કોઇ પણ ટોલ લેવાનો ઇજારો જાહેર લીલામથી અથવા ખાનગી કરારથી મ્યુનિસીપાલીટી આપશે તો તે કાયદાસર ગણાશે પણ એવુ ઠરાવ્યુ છે કે ઇજારદારે ઇજારાની સરતો યોગ્ય રીતે પુરી કરવા સારૂ તારણ આપવુ જોઇયે

(૨) જ્યારે કોઇપણ ટોલ આ કલમની રૂયે ઇજારો આપ્યો હોય ત્યારે, એવો ટોલ કરવાનો ઇજારદારે રાખેલા માણસને, ઇજારાની શરતોને પાત્ર, ૪૯ મી કલમની પેટા કલમો (૧) તથા (૨) મા ઉલ્લેખ કરેલા અધિકાર રહેશે

પણ એવુ ઠરાવ્યુ છે કે જે જપ્ત કરેલો કોઇપણ માલ મ્યુનિસિપાલિટીના હુકમ મુજબ હોય તે સિવાય વેચવાનો અધિકાર નથી ”

બાબ. ૮—મ્યુનિસિપલ માંગણું વસુલ કરવા બાબત.

૮૨. (૧) જે કોઇપણ રકમ—(અ) આ આકટના કોઇપણ ઠરાવમા અથવા ઠરાવની રૂયે, આ બાબતમા કહેલી રીતે વસુલ કરવા લાયક છે એમ ઠરાવ્યુ હશે, અથવા (બ) ૭૯ મી કલમની પેટા રકમ (૧) ની રૂયે લેવા લાયક અથવા ઓકટ્રોઇ અથવા ટોલના સબધમા માગે એટલે તરત મળવા લાયક ન હોઈને જે બીજો કોઇ પણ કર કોઇપણ મ્યુનીસીપલ ડીસ્ટ્રીકટમા હાલ બેસાડવામા આવ્યો હશે અથવા હવે પછી બેસાડવામા આવે તેની રકમ તરીકે અથવા તેના હપ્તા તરીકે માગી શકાય એવી હશે

તે લહેણી થાય ત્યારે, મ્યુનીસિપાલીટીએ, બનતી તાકીદે, તે રકમ આપવાને પાત્ર હોય તે સખસને તે રકમ બદલ એક બીલ અપાવવુ જોઇયે

(૧) એવા દરેક બીલમા—(અ) તે રકમ જે મુદત બદલ માગી હશે તે મુદત, અને (બ) તે રકમ જે મીલકત બદલ, ધધા બદલ અથવા વસ્તુ બદલ માગી હોય તે મીલકત, ધધો અથવા વસ્તુ, લખીને વળી તેમ-(૧) તે રકમ ન આપવામા આવે તો જે જવાબદારી ઉત્પન્ન થાય તે બાબત, અને (૨) આમા આગળ કહ્યા પ્રમાણે તે માગણી વિરૂદ્ધની અપીલ જે મુદતની અ દર કરી શકાય તે મુદત બાબત નોટીસ પણ આપેલી હોવી જોઇયે

[૩] જે રકમ બદલ ઉપર કહ્યા પ્રમાણે કોઇપણ બીલ આપવામા આવ્યુ હશે તે રકમ તે બીલ આપ્યાની તારીખથી પ દર દિવસની અ દર મ્યુનિસિપલ ઓફિસમા અથવા તે રકમ લેવા બાબતની કાનુનની રૂયે જે માણસને તે લેવાનો અધિકાર આપ્યો હોય તેને ભરવામા ન આવે તો, તે મ્યુનિસાપાલાટીને તે રકમ ભરવાને જવાબદાર હોય તે શખ્સ ઉપર, બ પરિશિષ્ટના નમુના મુજબ અથવા તેના છેલ્લા નમુના મુજબ માગણાની નોટીસ, બજાવવાને અધિકાર છે

૮૩ [૧] જો સદરહુ રકમ ભરવાને પાત્ર હોય તે શખ્સ, આવા માગણાના નોટીસની બજાવણીની તારીખથી પ દર દિવસની અ દર—[૧] તે નોટીસમા માગેલી રકમ ન આપે, અથવા (બ) તે રકમ પોતે

શા વાસ્તે ન આપવી તે બદલ મ્યુનિસીપાલીટી અથવા મ્યુનિસીપાલીટી કાનુન કરીને આ અર્થે નિમે તે અમલદારની અથવા શહેરની મ્યુનિસીપાલીટીની બાબતમા કોઇ ચીફ ઓફિસર હોય તો તેની ખાત્રી થાય એવુ કારણ ન બતાવે, અથવા (ક) કલમ (૮૬) ના ઠરાવ મુજબ સદરહુ માગણા વિરૂદ્ધ અપીલ ન કરે, તો તે રકમ, તથા તે વસુલ કરવાનો સઘળો ખર્ચ, [ક] પરિશિષ્ટના નમુના પ્રમાણે અથવા તેના જેવા નમુના પ્રમાણે મ્યુનિસીપાલીટીએ કઢાવેલા વારટની રૂયે, તે રકમ ન આપનાર માણસની જગમમિલક્ત જપ્ત કરીને તથા વેચીને વસુલ કરવાનો અધિકાર છે

(૨) આ કલમ મુજબ કાઢેલા દરેક વારટ ઉપર, તે કઢાવનારી મ્યુનિસીપાલીટીના પ્રેસિડેન્ટે અથવા મ્યુનિસિપલ કમીશનર જો કોઈ હોય તો તેણે અથવા શેહેરની મ્યુનિસીપાલીટીએ પોતાના અધિકાર જે અમલદારને સોપ્યા હોય તે અમલદારે, અથવા ચીફ ઓફિસર હોય તો તેણે સહી કરવી જોઈએ

(૨) (અ] જ્યારે મિલ્કત મ્યુનિસીપલ ડિસ્ત્રિકટમા આવી હોય ત્યારે વારટ મ્યુનિસિપાલીટીના એકાદા અમલદારના નામનુ કહાડવુ જ્યારે મિલ્કત બીજા મ્યુનિસિપલ ડિસ્ત્રિકટમા આવી હોય અથવા કોઈ મ્યુનિસીપલ ડિસ્ત્રિકટની મ્યુનિસીપાલીટીના વાઇસ પ્રેસિડેન્ટના નામનુ અથવા મહાલકરીથી ઉતરતા દરજ્જાનો ન હોય એવા સરકારી અમલદારના નામનું કાઢવુ મિલ્કત મુબઇ શેહેરમા આવી હોય ત્યારે તે મુબઈ શેહેરના મ્યુનિસીપલ કમિશનરના નામનુ કાઢવુ ”

(ક) પેટા કલમ (૨) ની રૂયે કાઢેલુ વારટ જે કોઈ પણ અમલદારના નામનું કાઢ્યુ હશે તેને તે વારટમા ખાસ હુકમ કરીને આ અર્થે અધિકાર આપ્યો હશે તો (પણ તે સિવાય નહી) તે સુર્યોદય અને સૂર્યાસ્તની દરમિયાન કોઈ પણ વખતે, તે વારટમા જણાવેલી જગા કરવા સારૂ તે વારટની રૂયે પકડવાને પાત્ર હોય તે મિલ્કત તે વારટમા જણાવેલી ઇમારતમા છે એમ માનવાનુ તેને વાજબી કારણ હોય તથા પોતાને આપેલો અધિકાર તથા પોતાનો હેતુ જણાવીને યોગ્ય રીતે અદર જવા દેવાની માગણી ક્ર્યા છતા તે ઘરમા તે પ્રવેશ કરી ન શકે તો તે ઇમારતના બહારના અથવા અદરના દરવાજા અથવા બારીઓ જોરથી ઉઘાડીને અદર જશે તે કાયદેસર ગણાશે પણ એવુ ઠરાવ્યુ છે કે સ્ત્રિઓને સારૂ ઇલાયદા રાખેલા કોઈ પણ ઓરડામા એવા અમલદારને દાખલ થવુ હોય અથવા તેના બારણા જોરથી ઉઘડાવવા હોય, તો તેણે તેમ કરવાના પોતાના ઇરાદાની સુચના ત્રણ કલાક અગાઉ આપ્યા શિવાય તથા તેમાની સ્ત્રીઓને તે ઓરડો છોડી જવાની તક આપ્યા શિવાય તેમ કરવુ નહી

(૪) એવા કોઇ પણ અમલદાર નીચેની સરતો, અપવાદ તથા માફીને પાત્ર રહીને, તે વારટમા જે માણસે પૈસા ભર્યા નથી, એવુ લખ્યુ હશે તેની કોઇ પણ જગમ મિલકત મળે ત્યા જપ્ત કરશે તો તે પણ કાયદાસર થશે સદરહુ સરતો, અપવાદ તથા માફી નીચે પ્રમાણે,

(અ) નીચેની મીલક્ત જપ્ત કરવી નહી —

(૧) પૈસા ન આપનારા, તેની સ્ત્રીના તથા છોકરાના જરૂરના પેહેરવાના કપડા તથા બીછાના, (૨) કારીગરીના હથીઆર (૩) પૈસા ન આપનાર સખસ ખેડુત હોય તો તેના ખેતીવાડી સબધી ઓજાર, બી, અને જે જનાવર તે પોતાનું ગુજરાન મેળવવા સારૂ જરૂરના હોય તે જનાવર, (બ) જપ્તી હદ બહાર હોવી ન જોઈએ, એટલે જપ્ત કરેલી મીલક્તની કીમત, બને તેટલે સુધી, વારટની રૂયે જે રકમ વસુલ કરવાની હશે તેના જેટલીજ આશરે હોવી જોઇએ અને વારટ ઉપર સહી કરવાનો જે સખસને પેટા કલમ (૨) મા અથવા તેની રૂયે અધીકાર આપ્યો હશે તેના વિચાર પ્રમાણે જપ્ત ન કરવા જેવી ચીજો જપ્ત કરી હોય તો તે તાબડતોબ પાછી આપવી જોઈયે (ક) તે અમલદારે તે મીલક્ત પકડયા પછી તાબડતોબ તેની એક યાદી કરવી જોઈએ, અને તે મિલક્ત લઇ જતા પહેલા, તે પકડતી વખતે જેના કબજામા હોય તે માણસને પરિશિષ્ઠ (ક) નમુના પ્રમાણેની એક લેખી નોટીસ આપવી અને તેમ લખવુ કે નોટીસમા લખ્યા પ્રમાણે તે મિલ્કત વેચવામા આવશે

૮૪ (૧) જ્યારે પકડેલી મિલ્કત સ્વાભાવિક રીતે જલ્દી બગડી જાય એવી હોય અથવા તે કબજામા રાખવાનો ખર્ચ તથા વસુલ કરવાની રકમ તેની કિંમત કરતા વધારે થવાનો સંભવ હોય ત્યારે, તે વારટ ઉપર સહી કરનાર પ્રસિડેન્ટે અથવા ચેરમેને અથવા અમલદારે તે મિલ્કત પકડતી વખતે તેને જેના

કબજામા હોય તે માણસને તે એકદમ વેચવામા આવશે, એ બદલની નોટીસ તાબડતોબ આપવી જોઇએ અને તે પ્રમાણે તેણે તે મિલ્કત વારટમા લખેલી રકમ તાબડતોબ આપવામા ન આવે તો વેચવી જોઇએ

(૨) પકડેલી મિલ્કત પેટા કલમ (૧) મુજબ એકદમ વેચવામા ન આવે તો તે અથવા તેનો જોઇયે તેટલો ભાગ, તે વારટ ઉપર જેણે સહી કરી હશે તે સખશે તે વારટની બજાવણી મોકુફ રાખી નહી હશે તો, અથવા પૈસા ન આપનાર પાસે લેહેણી થયલી રકમ, તથા તે નોટીસ, વારટ તથા જપ્તીનો તથા અટકાવી રાખવા બાબતનો સઘળો ખર્ચ ભરવામા નહીં આવે તો વારટ બજાવનાર અમલદારે બજાવેલી નોટીસમા લખેલી મુદત પુરી થએથી, મ્યુનિસીપાલીટીના હુકમથી જાહેર લીલામ કરીને વેચી નાખવાનો અધિકાર છે અને જે ઉપજશે તે અથવા તેનો જરૂર હશે તેટલો ભાગ લેહેણી થયેલી રકમ તથા ઉપર કહ્યા પ્રમાણેનો સઘળો અનુસગી ખર્ચ અદા કરવામા કામે લગાડવો

(૩) જો કાઇ સિલક રહે તો તે તાબડતોબ મ્યુનીસિપલ ફડને ખાતે જમે કરવી જોઇએ, તથા તેજ વખતે તેમ કર્યાની નોટીસ તે મિલ્કત જે માણસના કબજામાથી લીધી હોય તેને આપવી જોઇયે, પણ જો સદરહુ નોટીસની તારીખથી એક વર્ષની અદર મ્યુનીસીપાલાટીને લેખી અરજી આપીને તે રકમ માગવામા આવે તો, તે માણસને તે પાછી આપવી જોઇયે, જે કોઈ પણ રકમ એવા વેચાણની તારીખથી એક વર્ષની અદર માગવામા નહી આવશે તે મ્યુનિસીપાલીટીની મિલક્ત થશે

૮૪. (અ) જ્યારે વારટ મ્યુનિસિપલ ડિસ્ટ્રીકટની બહાર કાઢ્યુ હોય ત્યારે વારટ કાઢનાર અધિકારી જે અમલદારના નામનુ વારટ કાઢ્યુ હોય તે અમલદારને જપ્ત કરેલી મિલ્કત વેચવાનુ શેરો કરીને ફરમાવવાને મુખત્યાર છે, અને એવે પ્રસગે સદરહુ અમલદાર તે મિલ્કત વેચશે તથા વેચાણને લગતા સઘળા કામ કરશે તો કાયદાસર થશે અને ઉપરના ઠરાવોમા તે મુજબનો ફેરફાર કરવો જોઇયે

૮૫. (અ) ૮૨ મી કલમની પેટા કલમ (૩) મુજબ કાઢેલી દરેક નોટીસ ફી (બ) ૮૩ મી કલમની પેટા કલમ (૪) મુજબ કરેલી દરેક જપ્તીની ફી, અને (ક) સદરહુ પેટા કલમ મુજબ પકડેલા કોઇ પણ જીવતા જનાવર પાળવાનો ખર્ચ, મ્યુનિસીપાલીટીની આ બાબતની કાનુનોમા જે જે દર નિર્દિષ્ટ કર્યો હશે તે તે દર પ્રમાણે આકારવા જોઇયે, અને ૮૩ મી કલમ પ્રમાણે લેવાના વસુલાતના ખર્ચમા તેમનો સમાસ કરવો જોઇયે

૮૬. ૮૨ મી કલમની પેટા કલમ (૬) ની રૂયે કાઢેલી માગણાની કોઇપણ નોટીસો વિરુદ્ધ કરવાના અપીલો, આવા પ્રકારના મુકદ્દમાઓનો ઇન્સાફ ગવર્નર ઇન્ કોન્સિલના અથવા જીલ્લા માજીસ્ટ્રેટના હુકમની રૂયે જે કોઇપણ માજીસ્ટ્રેટે અથવા માજીસ્ટ્રેટની બેચે કરવાનો હોય પણ—

(અ) જે માગણીની નોટીસ બદલ તકરાર હોય તે બજાવ્યા પછીના પદર દીવસની અદર તે અપીલ કરી ન હોય તો, અને (બ) મ્યુનિસીપાલીટીની માગણી બદલ જે કારણોસર હરકત લેવામા આવતી હોય તે કારણો જેમા લખ્યા હોય એવી એક લેખી અરજી, નિચે લખ્યા પ્રમાણે, એટલે—

(૧) ઇમારતો અથવા જમીનો ઉપરના રેટની બાબતમા, તે રેટનુ જે આકાર પ્રમાણે અથવા ફેરવેલા આકાર પ્રમાણે બીલ તૈયાર કર્યું હોય તે આકાર બદલ અથવા ઠેરવેલા આકાર બદલ ૬૫ મી અથવા ૬૫ મી કલમ મુજબ આપેલી નોટીસમા ઠરાવેલા મુદતની અદર, (૨) જે કોઇપણ બીજી માગણાના સબધમા ૮૨ કલમની પેટા કલમ (૧) મુજબ બીલ આપ્યુ હોય તેની બાબતમા, તે બીલ આપ્યાની તારીખ પછીના પદર દિવસની અદર, મ્યુનિસીપાલાટીને ન કરી હોય તો, અને (ક) અપેલેન્ટ પાસેથી માગેલી રકમ તેણે મ્યુનિસીપલ ઓફિસમા અનામત મૂકી ન હોય તો એવી કોઇ પણ અપીલ સાભળવામા આવશે નહિ તથા તેનો નિકાલ કરવામા આવશે નહિ

૮૭. જમીનો ઉપર અથવા ઇમારતો ઉપર અથવા એ બન્ને ઉપર રેટના રૂપમા નાખેલા ૬૮ મી કલમમા લખેલા કોઇ પણ કર બદલ લહેણી થયેલી સઘળી રકમો, એવો કર જે ઇમારતો અથવા ઉપર જો કાઇ જગમ મિલકત જડે અને તે મિલકત એવા અથવા એવા કર આપવાને પાત્ર થનારા સખસની માલકીની હોય તો તેમાથી પ્રથમ લેવાશે, પણ સદરહુ ઇમારતો અથવા જમીનો ઉપર મલકિમુઆઝમનુ કાઇ જમીન મહેસુલનુ લહેણું હશે, તો તે પહેલા લેવામા આવશે નહિ

પણ એવુ ઠરાવ્યુ છે કે, એવા કોઇપણ કરની ચઢેલી બાકી એક વર્ષ કરતા વધારે મુદતની અથવા ધણી ન હોય એવા ભોગવટો કરનારે તે ઇમારતો અથવા જમીનોને ભોગવટો જેટલી મુદત દરમીઆન કર્યો ન હોય તેટલી મુદતની ચઢેલા હશે તો તે તેવા ભોગવટો કરનારા પાસે વસુલ કરવી નહી

૮૮ ગવર્નર ઇન્ કૌન્સિલને, કોઇપણ વખતે જાહેરનામુ કાઢીને, જે કોઇપણ મ્યુનિસીપલ ડિસ્ટ્રીક્ટમા શહેરની મ્યુનિસીપાલાટી ન હોય તો ત્યા કલમો ૮૩ તથા ૮૪ નો અમલ કરવાનુ તહકુબ રાખવાનો અધિકાર છે, અને તે જાહેરનામામા જે સબધમા જે તારીખ નીમવામા આવે તે તારીખથી, સદરહુ કલમોની રૂયે તે તારીખ સુધી વસુલ કરવા જેવા કોઇપણ કરની લેણી થયલી દરેક રકમ, ૧૬૧ મી કલમની પેટા કા (૨) મા જણાવેલી દડ વસુલ કરવાની રીત પ્રમાણે, માજીસ્ટ્રેટને અરજી કર્યાથી વસુલ કરી શકાશે નહીં

૮૯ આ આક્ટ મુજબ કોઇપણ કર બદલ ભરેલી સઘળી રકમો બદલ એવુ ભરણુ લેનારે પહોચ આપવા માડવી જોઇયે, અને તે પોહોચમા ભરેલા રકમ અને જે કર બદલ તે ભરી હોય તે કર નિર્દિષ્ટ કરવા જોઇયે

બાબ ૯—મ્યુનિસિપાલીટીના અધિકાર તથા મ્યુનિસિપાલીટી સંબંધી ગુન્હા.

(૧) સ્ટ્રીટો સંબંધી અધિકાર

૯૦ (૧) નવી સાર્વજનિક સ્ટ્રીટો આકીને કરવાનો અને વિવરમાર્ગ તથા તેમના પેટાના બીજાં કામો બાધવાનો, અને એવી હરકોઇ સ્ટ્રીટો પોહોળી કરવાનો, ખુલ્લી કરાવાનો, મ્હોટી કરવાનો અથવા બીજી રીતે સુધારવા, અને એવી હરકોઇ સ્ટ્રીટો ફેરવવાનો, વાળવાનો, તેની રાહદારી મોકુફ કરવાનો અથવા સ્ટ્રીટો બધ કરવાનો, અને એવી સ્ટ્રીટો સારૂ વાપરેલી અથવા સપાદન કરેલી જે જમીન કોઈપણ સાર્વજનીક-સ્ટ્રીટ સારૂ અથવા આ આકટના બીજા કોઇપણ કારણો સારૂ જોઇતી નહિ હોય તે, કલમ ૪૦ ની પેટા કલમ (૨) ના ઠરાવોને પાત્ર વેચવાનો અધિકાર મ્યુનિસીપાલાટીને છે.

(૨) હરકોઇ સાર્વજનીક સ્ટ્રીટ આકતી વખતે અથવા કરતી વખતે અથવા ફેરવતી વખતે, વાળતી વખતે પોહોળી કરતી વખતે, ખુલ્લી કરતી વખતે, મ્હોટી કરતી વખતે અથવા બીજી રીતે સુધારતી વખતે તે સ્ટ્રીટની ગાડીના રસ્તા સારૂ અને માણસોને ચલાવવાના રસ્તા સારૂ અને મોરીઓ સારૂ જેટલી જમીનની જરૂર હોય તે શિવાય વળી બીજી જેટલી જમીન સદરહુ સ્ટ્રીટની બાજુના ઘરો તથા ઇમારતો બાધવા સારૂ જોઇતી હોય તેટલી જમીન વેચાતી લેવાનો, અને ૪૦ મી કલમની પેટા કલમ (૨) ના ઠરાવોને પાત્ર, તે જમીન ઉપર બાધવાના ઘરોની અથવા ઈમારતોની જાત અને પ્રકાર બાબત પોતાને યોગ્ય જણાય તેવી સરતો ઠરાવીને તે સરતોએ તે વેચવાનો અને તેના કાયમની વ્યવસ્થા કરવાનો અથવા તે અમુક વરસોને મુદતને માટે પટે આપવાનો અધિકાર મ્યુનિસીપાલીટીને છે

(૩) જ્યારે મ્યુનિસીપાલીટીને એમ લાગે કે મ્યુનિસીપલ ડિસ્ટ્રીક્ટમાની સાર્વજનિક સ્ટ્રીટ ન હોય એવી કોઈપણ સ્ટ્રીટમા અથવા કોઇપણ ભાગમા લોકોની તદુરસ્તી, સગવડ અથવા સહીસલામતી સારૂ, તે અથવા તેનો ભાગ સપાટ કરવા સારૂ, કાકરા પુરવા સારુ, ચોરસા જડવા સારૂ, તેમાના પાણીનો નિકાલ કરવા સારૂ ગટર કરવા સારૂ, અથવા તે સાફ કરવા સારૂ કાઇ કામ કરવાની જરૂર છે, ત્યારે તે મ્યુનિસી-પાલાટીને તે સ્ટ્રીટની અથવા તેના ભાગની સામે, લગન અથવા તેના સીમાડા પર આવેલા જમીનના અથવા ઇમારતોના જુદા જુદા ધણીઓને લેખી નોટીસમા લખેલી રીતે તથા મુદતની અદર કરવાનુ ફરમાવવાનો અધિકાર છે

(૪) એવુ કામ એવા ધણીઓ અથવા ૧૬૦ મી કલમમા ઠરાવ્યુ છે તે પ્રમાણે સદરહુ ધણીઓને ખર્ચે મ્યુનિસીપાલાટી કરે ત્યાર પછી, જે સ્ટ્રીટમા અથવા જેના ભાગમા એવુ કામ કરવામા આવ્યુ હોય તે સ્ટ્રીટ અથવા ભાગમા મ્યુનિસીપાલાટીએ લેખી નોટીસ ચ્હોડીને તે સાર્વજનિક સ્ટ્રીટ છે એમ ઠરાવવાનો અધિકાર છે અને સદરહુ ધણીઓનો અર્ધા કરતા વધારે ભાગ સામાજીક અરજી કરે તો તેણે તેમ ઠરાવવુ જોઇએ

(૫) મ્યુનિસિપાલીટીને, કોઇ પણ વખતે પોતે ટકાવી રાખી શકતી ન હોય એવી કોઇપણ સ્ટ્રીટમા અથવા તેના ભાગમા નોટીસ ચોહોડીને, તે સ્ટ્રીટ અથવા તે ભાગ સાર્વજનીક સ્ટ્રીટ ઠરાવવાના પોતાના ઇરાદાના ખબર આપવાનો અધીકાર છે અને એવી નોટીસ સદરહુ પ્રમાણે ચોહોડવામા આવે ત્યારપછી તરતના એક મહિનાની અંદર એવો સ્ટ્રીટનો અથવા કોઇ સ્ટ્રીટના એવા ભાગને ધણી અથવા તેના જુદા જુદા ધણીઓને અડધા કરતા વધારે ભાગ તેના સબંધમા પોતાની હરકત મ્યુનિસિપલ ઓફિસમા મોકલે નહિ તો, તે મ્યુનિસિપાલીટીને એવી સ્ટ્રીટમા અથવા એવા ભાગમા લેખી નોટીસ ચોહોડીને, તે સ્ટ્રીટ અથવા ભાગ સાર્વજનિક સ્ટ્રીટ છે એમ ઠરાવવાનો અધિકાર છે

૯૧ હરકોઇ નવી સ્ટ્રીટ આંકવાનો અથવા કરવાનો જે માણસનો ઇરાદો હોય તે દરેક માણસે તે બાબતની લેખી નોટીસ મ્યુનિસિપાલીટીને આપવી જોઈયે, અને તે સ્ટ્રીટની ધારેલી સપાટીની ઉંચાઇ સબધી તેમાના પાણીનો નિકાલ થવાના સાધનો સબધી, તે સ્ટ્રીટની દિશા તથા પહોળાઇ સબધી પ્લાન તથા નકશા મ્યુનિસિપાલીટીએ માગ્યા હોય તો તે તેણે આપવા, અને તે દરેક સ્ટ્રીટની સપાટીની ઉંચાઇ તેમાનો પાણીનો નિકાલ થવાના સાધનો, તેની દિશા તથા પહોળાઇ મ્યુનિસીપાલીટીએ ઠરાવવી અથવા પસદ કરવી જોઇએ

(૨) પેટા કલમ (૧) ની રૂએ હુકમ કરતા પહેલા મ્યુનિસીપાલિટીને, (અ) કામ ચલાઉ હુકમ કરીને એવુ ફરમાવવાનો અધિકાર છે કે તે હુકમમા લખેલી મુદત સુધી (જે મુદત સદરહુ હુકમની તારીખથી એક મહિના કરતા વધારે ન હોવી જોઇયે) કરવા ધારેલુ કામ આગળ ચલાવવુ નહિ, અથવા (બ) વધારે વીગત માગવાનો અધીકાર છે (અ) પેટા કલમ (૧) ની રૂએ આપેલી નોટીસ પહોચ્યા પછી એક મહિનાની અંદર મ્યુનિસીપાલીટીએ, (૧) પેટા કલમ મુજબ સાદર કરવામા આવેલી સ્ટ્રીટની સપાટની ઉંચાઇ સબધી, તેમના પાણીના નિકાલના સાધનો સબધી, તેની દિશા અથવા પોહોળાઇ સબધી દરખાસ્ત કાયમ કરવા બાબતના અથવા નાપસદ કરવા બાબતના હુકમ કર્યા નહિ હોય અથવા તેની નોટીસ બજાવી નહીં હોય, અને (૨) પેટા કલમ [૨) મુજબ કામ ચલાઉ હુકમ કર્યો ન હોય અથવા વધારે વિગત માગી ન હોય, અથવા જો

(બ) તે મ્યુનિસિપાલીટીએ, એવી વધારે વીગત માટે એવી માગણી કર્યા પછી, અને એવી માગણી મુજબ તથા આ અર્થે અમલમા હોય તે પેટા કાયદા મુજબ એવી વધારે વીગત મળ્યા પછી, એવી વીગત મળ્યા બાદ એક મહીનાની અંદર જુદા હુકમ કર્યા નહિ હોય, તો એવી નોટીસમા લખેલી અને આ આકટના કોઇ પણ ઠરાવને અથવા તે મુજબ વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇપણ પેટા કાયદાના ઠરાવોને અનુસરતી હોય તે રીતે તે સ્ટ્રીટ આંકીને કરવાનો અધીકાર છે

(૪) જે કોઇ પણ શખ્સ પેટાકલમ (૧) મા કહેલા પ્રકારની નોટીસ આપ્યા વગર, અથવા પેટા કલમ (૩) ના ઠરાવોને અનુસરીને હોય તે શિવાયને પ્રસગે મ્યુનિસિપાલીટીએ આપવાની સમજુતીની રાહ ન જોતા અથવા તે મુજબ અનુસર્યા સીવાય બીજી રીતે, અથવા આ આકટના અથવા આ આકટ મુજબ અમલમા હોય એવા કોઇ પણ પેટા કાયદાના ઠરાવોની વિરૂદ્ધ હોય તે રીતે, સદરહુ પ્રકારની કોઇ સ્ટ્રીટ આંકશે અથવા કરશે અથવા તે ઉપર કાંઈ બાધશે, તેને અઢીસો રૂપીયા સુધીના દડની શિક્ષા થશે અને તે મ્યુનિસિપાલીટીને સદરહુ પ્રમાણે જે કોઇપણ સ્ટ્રીટ આંકી હશે અથવા કરી હશે તેમા ફેરફાર કરાવવાનો અને સદરહુ સ્ટ્રીટમા પોતાના હુકમ વિરૂદ્ધ કાંઇ ઇમારત બાધી હશે તેમા ફેરફાર કરાવવાનો અથવા તે કાઢાડી નખાવવાનો અધિકાર છે, અને તે બદલ જે ખરચ થાય તે સદરહુ ગુન્હેગાર માણસે મ્યુનિસિપાલીટીને આપવો, અને તે ખરચ ૮ મા બાબની રૂએ વસુલ કરવા લાયક કોઇપણ કર ખાતે માગેલી રકમ જે રીતે વસુલ કરી શકાશે તેજ રીતે વસુલ કરી શકાશે,

૯૧ અ (૧) મ્યુનિસિપલ ડીસ્ટ્રીકટમા દરેક સાર્વજનીક સ્ટ્રીટની દરેક બાજુએ હદ ઠરાવવી એ દરેક મ્યુનિસિપાલીટીની ફરજ ગણાશે, અને આવી રીતે કોઇપણ હદને અથવા તેના કોઇ પણ ભાગને બદલે વખતો વખત નવી હદ ઠરાવવાને સદરહુ મ્યુનિસિપાલીટી મુખત્યાર છે, પણ એવુ ઠરાવ્યુ છે કે.—

(અ) પ્રસગ પ્રમાણે એવી હદ અથવા એવી નવી હદ ઠરાવવાની અગાઉ એક મહીના પહેલા મ્યુનિસિપાલીટીએ સદરહુ દરખાસ્તની જાહેર નોટીસ આપવી જોઇયે, અને જે સ્ટ્રીટ માટે અથવા સ્ટ્રીટના જે ભાગ માટે એવી હદ અથવા એવી નવી હદ ઠરાવવાની દરખાસ્ત થઇ હોય તે સ્ટ્રીટમા અથવા સ્ટ્રીટના ભાગમા મ્યુનિસિપાલીટીએ તે દરખાસ્તની ખાસ નોટીસ ચ્હોડવી જોઇયે અને

(બ) એવી દરખાસ્તના સબધમા જે કોઇપણ તેવી હકીકત અથવા સુચના મ્યુનિસિપાલીટી એવી જાહેર અથવા ખાસ નોટીસમા નિરદિષ્ટ કરે તે વખતની અંદર મ્યુનિસિપાલીટીની ઑફીસમા સ્વાધીન કરવામા આવે તે ઉપર તેણે વિચાર કરવો જોઇયે ”

(૨) તે વખતે આવી રીતે ઠરાવેલી હદને “સાર્વજનિક સ્ટ્રીટની સીધી હદ” કહેવી

(૩) ૧૧૩ મી કલમના ઠરાવો મુજબ હોય તે સિવાયને પ્રસગે કોઇ પણ સખસે સાર્વજનિક સ્ટ્રીટની સીધી હદની અદર કોઇ પણ ઇમારતનો કોઈ પણ ભાગ બાધવો નહી, અથવા ૯૬ મી કલમ મુજબ મ્યુનિસિપાલીટીની પરવાનગી સિવાય ફરીથી બાધવો નહી

(૪) જે કોઇ સખસ પેટા કલમ (૩) ના ઠરાવોનુ ઉલ્લઘન કરશે તેને વત્તામા વત્તા એક હજાર રૂપીયા સુધીના દડની શીક્ષા થશે અને મ્યુનિસિપાલીટીને—(અ) તે ઇમારતનુ કામ બધ કરવાનુ ફરમાવવાનો, તથા (બ) લેખી નોટીસ આપીને એવી ઇમારત અથવા તેનો ભાગ પોતાને યોગ્ય લાગે તેમ ફેરવવાનો અથવા પાડી નાખવાનો હુકમ કરવાનો અધીકાર છે ”

(૨) ઇમારતો બાંધવા વિગેરેનું નિયમન કરવાનો અધિકાર.

૯૨ (૧) જો કોઈ ઇમારતનો કાઇ ભાગ, સાર્વજનીક સ્ટ્રીટ હમણા જેવી હોય અથવા આયદે જેવી કરવાનુ ઠરાવ્યુ હોય તે સ્ટ્રીટની સરખી લાઇનથી આગળ નીકળી આવ્યો હોય અથવા તેની બે બાજુ પૈકી ગમે તે બાજુની ઇમારતના મોહોડાથી આગળ નીકળી આવ્યો હોય તો, મ્યુનિસિપાલીટીને (અ) જો એવી ઇમારતનો આગળ નીકળી આવેલો ભાગ એકાદો ઓટલો (વરડા), પગથીયુ અથવા મુખ્ય ઇમારતના બહારનું કાઇપણ બાધકામ હોય તો, હરકોઇ વખતે, અથવા

(બ) જો એવો આગળ નીકળી આવેલો ભાગ ઉપર કહેલુ બાહારનુ બાધકામ ન હોય તો, જ્યારે એવી ઇમારતનો ઘણો ખરો ભાગ અથવા તેના આગળ નીકળી આવેલા ભાગનો અગત્યનો ભાગ પાડી નાખવામા આવે અથવા બળી જાય અથવા પડી જાય તે વખતે, સદરહુ ઠરાવેલી લાઇનના આગળ અથવા પાસેની બન્ને બાજુની ઇમારતોના સદરહુ મોહોડાની આગળ જે ભાગ નિકળી આવ્યો હોય તે ભાગ અથવા તેનો થોડો અશ કહાડી નાખવો એવુ અથવા એવી ઇમારત ફરીથી બાધતી વખતે તે ઇમારત સદરહુ ઠરાવેલી લાઇન સુધી અથવા તરફ અથવા એવી ઇમારતના મોહોડા સુધી અથવા તરફ હઠાવવો એવુ લખી નોટીસથી ફરમાવવાનો અધિકાર છે અને સદરહુ પ્રમાણે હઠાવ્યાના સબબથી અથવા કાહાડી નાખ્યાના સબબથી જમીનનો જે ભાગ સ્ટ્રીટમા ઉમેરાયો હોય તે ભાગ તે વખતથી સાર્વજનિક સ્ટ્રીટનો ભાગ સમજવો અને તે મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થશે,

(૨) જે મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થઇ ન હોય એવી કોઇ પણ ખુલ્લી અથવા વાડ કરેલી જમીન કોઈ સાર્વજનિક સ્ટ્રીટની સરખી લાઈનની અદર આવેલી હોય અને તેની ઉપર પ્લાટફોર્મ, ઓટલો, પગથીયુ, અથવા એવા બીજા બહારના બાધકામ સિવાયનુ બીજુ કાઇ બાધકામ ન હોય, તો મ્યુનિસિપાલીટી પોતાના ઇરાદાની ઓછામા ઓછા ચોખા પદર દીવસની લેખી નોટીસ તે જમીનના ધણીને આપીને, અથવા તે જમીન મલિકસુઆઝમને પ્રાપ્ત થઈ હોય તો કલેકટરની લેખી પરવાનગી લઇને, સદરહુ જમીનનો તથા તેની આસપાસ જો કાઈ ભીત, વાડ અથવા તટ્ટી હોય તો તેનો કબજો લેવાને, અને જરૂર હોય તો તે સાફ કરવાને મુખત્યાર છે, અને એવી રીતે સપાદન થયેલી જમીન તે વખતથી તે સાર્વજનિક સ્ટ્રીટનો ભાગ છે એમ સમજવુ, અને તે મ્યુનિસીપાલીટીને પ્રાપ્ત થશે

(૩) પેટાકલમ (૧) ની રૂયે સ્ટ્રીટમા દાખલ કરેલા અથવા પેટાકલમ (૨) ની રૂયે સપાદન કરેલી જમીનના ધણીને તે જમીનની કિમતના બદલામા, તથા કોઇપણ ઇમારતના ધણીને સદરહુ પેટા કલમોમાની કોઇ પણ પેટા કલમની રૂયે મ્યુનિસિપાલીટીએ કરેલા કામને લીધે તે ધણીને ગયેલી ખોટના

બદલામા, થયેલા નુકશાન બદલ અથવા ખરચ બદલ વળતર, કે જેની રકમ તકરાર પડે તો, ૧૬૦ મી કલમમા જણાવેલી રીત પ્રમાણે ચોકસી કરીને ઠરાવવી જોઇયે, તે મ્યુનિસિપાલીટીએ આપવુ જોઇયે, પણ એવુ ઠરાવ્યુ છે કે જે બાબતમા ૧૧૯ મી કલમ લાગુ પડે તે બાબતમા એવુ વળતર આપવામા આવશે નહી

૯૩. મ્યુનિસિપાલીટી પોતાને યોગ્ય લાગે તેવી સરતે, કોઈ પણ ઇમારત જે કોઇપણ સાર્વજનિક સ્ટ્રીટમા આવી હોય તે સ્ટ્રીટની લાઇન સુધારવા સારૂ તે ઇમારતને આગળ લાવવાની પરવાનગી આપવાને અખત્યાર છે

૯૪. (૧) આ આકટ અમલમા આવ્યા પછી જે ઇમારતો બધાય અથવા ફરીથી બધાય તેમના બહારના છાપરા તથા ભીતો, મ્યુનિસિપાલીટીની લેખી સમતી વગર, ઘાસની, લાકડાની, લુગડાની કતાનની, પાતરાની, સાદડીની અથવા બીજા જ્વાલાગ્રાહી પદાર્થોની કરવી નહી, અને એવી સમતી અમુક અમુક બાબતમા વીશેષ રીતે આપવાનો અથવા તે સમતીના લેખમા લખેલા કોઇપણ પ્રદેશના સબધમા સામાન્ય રીતે આપવાનો અખત્યાર છે

(૨) જે કોઇપણ ઇમારતનુ છાપરૂ અથવા ભીત ઉપર કહેલા પ્રકારના કોઇ પણ પદાર્થની હશે તે ઇમારતના ધણીને કોઇ પણ વખતે, લેખી નોટીસ આપીને તેમા જણાવેલી વાજબી મુદતની અદર તે છાપરૂ અથવા ભીત કાઢી નાખવાનો હુકમ કરવાનો મ્યુનિસિપાલીટીને અધીકાર છે, પછી તે છાપરૂં અથવા ભીત આ આકટ અમલમા આવતા પહેલા બાધી હોય અથવા ન હોય અથવા મ્યુનિસિપાલીટીની સમતીથી અથવા સમતી વગર બાધી હોય તેની હરકત નહી

(૩) જે કોઇપણ શખસ પેટા કલમ (૧) મુજબ જે સમતી લેવાની જરૂર છે તે લીધા વગર ઉપર કહેલા પ્રકારની વસ્તુનુ છાપરૂ આથવા ભીત કરે અથવા કરાવે, અથવા પેટા કલમ (૨) ની રૂયે આપેલી નોટીસમા જણાવેલા હુકમનો અનાદર કરીને એવુ છાપરૂ અથવા ભીત રહેવા દે, તેને પચીસ રૂપીઆ સુધીના દડની શિક્ષા થશે, અને પહેલીવાર ગુન્હાની સાબીતીનો ઠરાવ થયા પછી જેટલા દીવસ તે ગુન્હો ચાલુ રહે તે દરેક દીવસ બદલ તેને દસ રૂપીઆ સુધીનો વધારે દડ થશે

૯૫. હવે પછી કોઇ પણ ઇમારત બાધવાની હોય તો તેનુ પાણી, તે વખતે વિદ્યમાન હોય અથવા મ્યુનિસિપાલીટીએ યોજી હોય એવી સાર્વજનિક ગટરમા અથવા મોરીમા, અથવા કોઇ પણ વહેળામા અથવા નદીમા, અથવા સમુદ્રમા, અથવા કોઇ ખાળકુડીમા અથવા મ્યુનિસિપાલીટી પસદ કરે તેવી બીજી યોગ્ય જગામા જેટલી ઉચી સપાટી ઉપરથી લઈ જઈ શકાય તેના કરતા નિચે સપાટી ઉપર તે બાધવી નહિ

૯૬. (૧) કોઈ પણ ઇમારત બાધવાનો અથવા કોઈ પણ વિદ્યમાન ઇમારતમા બહારનો ફેરફાર કરવાનો અથવા તેમા કાઈ વધારો કરવાનો અથવા ઇમારતના જે કાઈ આગળ આવેલા ભાગ કાઢી નાખવાનો અથવા પાછળ હઠાવવાનો હુકમ કરવાનો અધીકાર ૯૨ મી કલમ ઉપરથી "અથવા ફરીથી બાધવાની પરવાનગી આપવાનો અધિકાર કલમ ૮૧ અ ઉપરથી" મ્યુનિસિપાલીટીને છે તે ભાગ ફરીથી બાધવાનો જે માણસનો ઇરાદો હોય તેણે તે પ્રમાણે બાધવા માડયા પહેલા અથવા ફેરફાર અથવા વધારો કરવા માડયા પહેલા અથવા ફરીથી બાધવા માડયા પહેલા તે બાબત મ્યુનિસિપાલીટીને લેખી નોટીસ આપવી જોઇયે, અને પેટા કાયદા ઉપરથી અથવા વિશેષ હુકમ ઉપરથી તેમ કરવાની જરૂર હોય તો, તેણે, મ્યુનિસિપાલીટીને, તેજ વખતે—

(અ) એવી યોજેલી ઇમારતના ગભાણુ સબધી સન ૧૮૫૮ ના મુબઈના ૪ થા આકટની ૧૦ મી કલમ મુજબ આપેલી અથવા સન ૧૮૭૯ ના મુબઈની જમીન મહેસુલના કાયદાની ૧૩૩ મી કલમની રૂયે અથવા કસ્બાની તથા શહેરના જમીનોની સર્વે સબધી બીજા કોઈ કાયદાની રૂયે બક્ષેલી જો કોઈ પણ સનદ અમલમા હોય તો તે સનદ અને (બ) મ્યુનિસિપાલીટીની જાણમા હોય એવી કોઇ સપાટી સાથે સરખાવતા, એવી ઇમારતનો પાયો તથા ભોયતળીયુ જેટલી ઉચી સપાટીએ રાખવાનુ યોજ્યુ હોય તે સપાટી બતાવનારો નકશો, અને યોજેલી ઇમારતની હદ બાબત, ડિઝાઇન બાબત, હવા આવવા જવા બાબત તથા સામાન, બાબત

અને તે ઇમારતના સબધમા જે કાઈ મોરીઓ, ગટરો જાજરૂ, વોટરકલોસેટો તથા ખારકુડીઓ વાપરવાની હોય તો તે કયા અને કેવી રીતે બાધવાનો ઈરાદો છે તે બાબત વિદ્યમાન અથવા યોજેલી કોઈ પણ સ્ટ્રીટોના સબધમા તે ઈમારત કયે ઠેકાણે આવવાની છે તે બાબત જે ખબર મ્યુનિસિપાલોટી માગે તે સઘળી ખબર, સાદર કરવી જોઇએ

(૨) મ્યુનિસિપાલાટીને, સદરહુ પ્રકારની નોટીસમા કહેલા કામના સબધમા પોતાને યોગ્ય લાગે તેવા અને આ આકટની વિરૂદ્ધ ન હોય એવા હુકમ કરવાનો, અને સાદર કરેલા નકશા તથા ખબર પ્રમાણે તે ઈમારત બાધવાના અથવા તેમા ફેરફાર કરવાની અથવા તેમા વધારો કરવાની પરવાનગી આપવાનો અથવા સપાટી, પાણીનો નિકાલ, આરોગ્ય રક્ષણ, તથા સામાન બાબત, અથવા ઓરડીઓ, બારણા, બારીઓ અને હવા આવવા જવા માટેના બાકોરાની લબાઇ પહોળાઈ તથા ઘનફળ બાબત, અથવા વિદ્યમાન અથવા યોજેલી કોઈ પણ સ્ટ્રીટના સબંધમા, તે ઈમારતના સ્થળ બાબત પોતાને યોગ્ય જણાય તેવી લેખી સરતો ઠરાવવાનો, અથવા તે ઈમારતના તથા સ્ટ્રીટના સ્થળ સંબધી સવાલોનો નિકાલ તે મ્યુનિસિપાલીટીને સતોષ થાય એવી રીતે ન થાય તો તથા થાય ત્યાસુધી તે કામ આગળ ચલાવવુ નહિ એવો હુકમ કરવાનો અધિકાર છે

(૩) પેટા કલમ (૨) મુજબ કાઈપણ હુકમ કરતા પહેલા મ્યુનિસીપાલીટીને, સદરહુ પ્રકારની નોટીસ પહોચ્યા પછી એક મહિનાની અદર,

(અ) એક કામ ચલાઉ હુકમ કહાડીને એવુ ફરમાવવાનો અધિકાર છે કે, એવા હુકમની તારીખથી એક મહિનાથી વધારે નહિ એવી મુદ્દત સુધી તે યોજેલુ કામ ચાલુ કરવુ નહિ, અથવા (બ) વધારે તપસીલ માગવાનો અધીકાર છે

(૪) પેટા કલમ (૧) ની રૂયે આપેલી નોટીસમા બતાવ્યા પ્રમાણે તથા આ આકટના ઠરાવોને અથવા જે કોઈપણ પેટા કાયદો તે તે વખતે અમલમા હોય તેના કોઇપણ ઠરાવોને બાધ ન આવે એવી રીતે હેઠળને પ્રસંગે ચાલુ કરવાનો અધિકાર છે, એટલે કે—

(અ) પેટા કલમ (૧)ની રૂયે આપેલા નોટીસ પોહોચ્યા પછી એક મહિનાની અદર મ્યુનિસીપાલીટીએ

(૧) કરવા ધારેલા કામના સબધમા પેટા કલમ (૨) ની રૂયે હુકમ કર્યો નહી હશે, અને તેની નોટીસ બજાવી નહીં હશે, અથવા

(૨) પેટા કલમ (૩) ની રૂયે કઈ પણ કામ ચલાઉ હુકમ કર્યો નહી હશે અથવા વધારે તપસીલ પણ માગી નહીં હશે, તેવે પ્રસગે, તથા

(૩) મ્યુનિસાપાલીટીએ એવી વધારે તપસીલ મગાવ્યા ઉપરથી તેને આ સબધમા અમલમા હોય તેવા પેટા કાયદાની રૂયે તે વધારાની તપશીલ મળી હશે અને તે તપસીલ તેને પોહોચ્યા પછી એક મહિનાની અદર બીજો કઇ જુદો હુકમ કહાડયો નહીં હશે, તેવે પ્રસગે

(૫) જે કોઇ શખસ પેટા કલમ (૧) મુજબ જે નોટીસ આપવાનુ ફરમાવ્યુ છે તે આપ્યા વગર અથવા ઉપર કહેલા દસ્તાવેજ સાદર કર્યાવગર અથવા ઉપર કહેલી ખબર આપ્યા વગર, અથવા પેટા કલમ (૪) મા ઠરાવેલુ છે તે સિવાયને પ્રસગે, આ કલમ મુજબ મ્યુનિસીપાલીટી જે કાયદાસર હુકમ કરનાર હોય તે હુકમની રાહ ન જોતા, અથવા કોઇપણ રીતે તે હુકમની વિરૂદ્ધ અથવા બીજા કોઈ પ્રકારે આ આકટના અથવા તે મુજબ અમલમા હોય એવા કોઇ પેટા કાયદાના ઠરાવ વિરુદ્ધ કોઈ પણ ઈમારતનુ અથવા તેમા ફેરફાર કરવાનુ અથવા વધારો કરવાનુ કામ શરૂ કરશે અથવા કરશે તેને એક હજાર રૂપિયા સુધીની દડની શિક્ષા થશે, અને તે મ્યુનિસીપાલીટીને

(અ) તે ઇમારતનું કામ, તેમા ફેરફાર કરવાનુ કામ અથવા તેમા વધારો કરવાનુ કામ બધ કરવાનું ફરમાવવાનો, તથા (બ) પોતાને જરૂર લાગે તે પ્રમાણે તે ઇમારતમા, તેમા કરેલા ફેરફારમા અથવા વધારામા ફેરફાર કરવા બાબત અથવા તે તોડી પાડવા બાબત લેખીત નોટીસ આપીને હુકમ કરવાનો અધિકાર છે

(૬) તે મ્યુનિસિપાલીટીને અથવા તેણે નીમેલા કોઈપણ અમલદારને, હરકોઇ વખતે, તેમ કરવાનો

પોતાનો ઇરાદો ન જણાવતા કોઈ ઇમાગ્ત બાધવાનુ કામ શરૂ હોય તે ગમે તે વખતે તપાસવાનો અખત્યાગ છે, અને તેને કોઇપણુ ઇમાગત બાધવાનુ કામ ચાલુ હોય તે દગમિયાન અથવા ઉપર કહેલા પ્રકારનુ કોઈપણુ કામ કરવામા આવતું હોય તે વખતે અથવા તે ઈમારત અથવા તે કામ પુરૂ થયા પછી અથવા પેટા કલમ (૧) મુજબ નોટીસ આપવા સારૂ જવાબદાર હોય તે માણુસ તરફથી તે ઈમારતનુ અથવા ઉપર જણુાવેલા પ્રકારનુ કોઇ પણુ કામ પુરૂ થયાની લેખી ખબર મળ્યા પછી એક મહિના કરતા વધારે ન હોય તે મુદતમા કોઈ પણુ વખતે, લેખી નોટીસ આપીને તે દ્વારા, જે કાઈ બાબતના મબંધમા એવી ઈમારત બાધવાનુ અથવા એવુ કાઇ પણુ કામ કરવાનુ આ આકટના કોઇ પણુ ઠરાવ વિરૂદ્ધ અથવા આ આકટ પ્રમાણે કરેલા વિદ્યમાનકાળે અમલમા હોય તેવા કોઇ પેટા કાયદા વિરૂદ્ધ હોય તે બાબત નિર્દિષ્ટ કગ્વાનો અને એવી ઇમાગત જે માણુસ બાધતો હોય અથવા જેણે બાધેલી હોય અથવા એવુ કામ જે માણુસ કરતો હોય અથવા જેણે કયુ હોય તે માણુસને અથવા જે માણુસે તે ઇમારત બાધી અથવા તે કામ કર્યું તે માણુસ નોટીસની વખતે તે ઇમારતનો અથવા કામનો ધણી ન હોય તો, તે ઇમારતના અથવા કામના ધણીને, એવા કોઇ પણુ ઠસવ વિરૂદ્ધ અથવા પેટા કાયદા વિરૂદ્ધ જે કાઇ કરવામા આવ્યુ હોય તે સુધરાવવાનુ કહેવાનો અથવા એવા કોઇ પણુ ઠરાવ ઉપરથી અથવા પેટા કાયદા ઉપગ્થી જે કાઇ પણુ બાબત તેને કરવાની જરૂર હોય અને તે કરવામા આવેલી ન હોય તે કરવાનુ કહેવાનો અખત્યાગ છે

ખુલાસો—આ બાબમા સઘળે ઠેકાણે, " ઇમાગ્ત બાધવી " એ મજ્ઞામા લખેલી બાબતોનો સમાસ થાય છે, એટલે

(અ) કોઈ પણુ ઈમા તમા કાઇ પણુ મહત્વનો ફેરફાગ કગ્વો, વધારો કરવો અથવા તે ફરીથી બાધવી વ, (બ) જે કોઇ પણુ ઇમાગત પ્રથમ માણુસોને ગ્હેવા સારૂ બાધેલી નહિ હોય તે માણુસોને ગ્હેવાની જગામા બદલવી વ, (ક) જે કોઈ પણુ ઇમાગ્ત માણુસોને રહેવા માટેની એકજ જગા તરીકે પ્રથમ બાધેલી હોય તે ઈમાગ્ત માણુસોને રહેવા માટેની એક્થી વધારે જગામા બદલવી તે (ડ) માણુસ રહેવાની બે અથવા વધારે જગા બદલી તેમની તે કરતા વધારે જગા બનાવવી તે, (ઇ) ઇમારતની અંદરની વ્યવસ્થામા કરેલા જે ફેરફાગ ઉપરથી તેના મોરી કામમા, હવાની આવજામા અથવા બીજી આરોગ્ય રક્ષણુની વ્યવસ્થામા ફેરફાર થતો હોય અથવા તે ઇમારતના સુરક્ષિતપણુાને અથવા ટકાઉપણુાનો બાધ આવતો હોય તેવા ફેગ્ફાર કરવા તે, અને (ફ) કોઈ પણુ ઇમારતમા કોઇ પણુ ઓગ્ડીઓ, ઇમારતો અથવા બીજા ઇમલા વધારવા તે,

અને એની રીતે ફેરફાર કરેલી, વધારો કરેલી, ફરીથી બાધેલી, બદલેલી, અથવા વધારેલી ઇમારતનો, આ બાબમા સઘળે ઠેકાણે " નવી ઇમારત " એ સજ્ઞામા સમાસ થાય છે

૯૭ મ્યુનિસિપાલીટીને અગાઉથી નોટીસ આપ્યા વગર, કોઇપણુ ઝુપડુ અથવા છાપરૂ અથવા ઝુપડાની અથવા છાપરાની ઓળ અથવા સમુદાય (જથો) બાધવાનો અથવા આ આકટ અમલમા આવતી વખતે વિદ્યમાન હોય એવા ઝુપડાની અથવા છાપરાની કોઇ પણુ ઓળમા અથવા સમુદાયમા કોઇ પણુ ઝુપડુ અથવા છાપરૂ વધારવાનો કોઇ પણુ માણુસને કાયદેસર અધિકાર નથી, અને તે ઝુપડા અથવા છાપરા બરાબગ સરખી લાઇનમા આવે તેમ બાધવા વિશે, અને હવા આવવા જવા સારૂ તથા કચરો વિગેરે કહાડવાનુ ઠીક પડવા સારૂ મ્યુનિમિપાલીટીને યોગ્ય દેખાય તેટલી પોહોળાઇનો ખુલ્લો માર્ગ અથવા રસ્તો બન્ને લાઇનની સામે તથા વચ્ચે રાખવા વિષે તથા તેમના પાણીનો બરાબર નિકાલ થાય તેટલી તેમની લેવલ (સપાટી) રાખવા વિશે હુકમ ફરમાવવાનો, અને તે ઝુપડા વાસ્તે પોતાને જરૂર દેખાય તેટલા જાજરૂ તથા તેવા પાણીના નિકાલના સાધનો કરવા વિશે હુકમ ફરમાવવાનો અધિકાર મ્યુનિસિપાલીટીને છે, જો મ્યુનિસિપાલીટીને સદરહુ પ્રકાગની નોટીસ આપ્યા વગર અથવા મ્યુનિસિપાલીટીએ જે ફરમાવ્યુ હોય તે શિવાય બીજી રીતે, કોઈ પણુ ઝુપડુ અથવા છાપરૂ અથવા કોઇ પણુ ઓળ અથવા સમુદાય બાધવામા આવે, તો તે ઝુપડુ વિગેરે વાજબી વખતની અદર તોડી પાડીને લઈ જવા બદલ અથવા આરોગ્યરક્ષણુ બાબતનો વિચાર કરતા મ્યુનિસિપાલીટીને યોગ્ય દેખાય તેવો તેમા ફેરફાર કરવા બદલ અથવા તેમા વધારો કરવા બદલ લેખી નોટીસ તેના ધણીને અથવા તે બાધનારને, અથવા તે ઝુપડું અથવા છાપરૂં

વિગેરે જે જમીનમા બાધ્યા હોય અથવા બાધતા હોય તે જમીનના ધણીને અથવા ભોગવટો કરનારને આપવાનો અધિકાર મ્યુનિસિપાલીટીને છે, સદરહુ વખત સદરહુ નોટીસમા નાખવો જોઈયે

૯૮. (૧) જ્યારે જ્યારે મ્યુનિસિપાલીટીનો એવો અભિપ્રાય હોય કે કોઇ પણ ઝુપડા અથવા છાપરા, પછી તે માણુસોને રહેવા સારૂ અથવા તબેલા સારૂ અથવા બીજા કાઈ પણ કામ સારૂ વાપરવામા આવતા હોય અને આ એકટ અમલમા આવતી વખતે વિદ્યમાન હોય અથવા ત્યાર પછી બાધ્યા હોય, (અ) તેમા પુરતી હવાની આવજા ન હોવાને લીધે અથવા જે રીતે એવા ઝુપડા અથવા છાપરા છેકજ પાસે પાસે બાધ્યા હોય તે રીતને લીધે, અથવા (બ) તેને વાટો (પ્લીન્થ) ન હોવાને લીધે અથવા પુરતો વાટો ન હોવાને લીધે અથવા પાણીના નિકાલના પુરતા સાધન ન હોવાને લીધે, અથવા (ક) તેમાં કચરો વિગેરે કહાડી શકાય એમ નહિ હોય તેને લીધે, ત્યાના રહેનારાઓને અથવા આસપાસના રહેનારાઓને રોગ થવાની ધાસ્તી છે, ત્યારે ત્યારે તેને એવા દરેક ઝુપડાના અથવા છાપરાના કાઇ પ્રસિદ્ધ ભાગ ઉપર ચોહોડાવીને તેમા તે ઝુપડાના અથવા છાપરાના ધણીને અથવા ભોગવટો કરનારને અથવા જે જમીનપર એવુ ઝુપડુ અથવા છાપરૂ બાધ્યુ હોય તે જમીનના ધણીને, પોતે આ અર્થે જે યોગ્ય મુદ્દત ઠરાવે તેટલી મુદ્દતમા, એવુ ઝુંપડુ અથવા છાપરૂ તોડી પાડીને લઇ જવાનુ અથવા સદરહુ ધાસ્તી ટાળવા સારૂ જે કામની પોતાને જરૂર દેખાય તે કામ કરવાનુ ફરમાવવાનો અધિકાર છે

(૨) જો એવો કોઇ પણ ધણી અથવા ભોગવટો કરનારો ઠરાવેલી મુદ્દતમા એવા ઝુપડા અથવા છાપરા તોડી પાડીને લઇ જવાની અથવા એવુ કામ કરવાની ના કહેશે અથવા ગફલત કરશે, તો સદરહુ ઝુપડા અથવા છાપરા તોડી પાડવાને અથવા સદરહુ ધાસ્તી ટાળવા સારૂ તે ઝુપડાના અથવા છાપરાના સબધમા જે કામની મ્યુનિસિપાલીટીને જરૂર જણાય તે કામ કરાવવાને મ્યુનિસિપાલીટી મુખત્યાર છે

(૩) એવા ઝુપડા અથવા છાપરા મ્યુનિસિપાલીટી તરફથી તોડી પાડવામા આવે, તો તે દરેકનો સામાન જુદો જુદો વેચાય તો તે તેવી રીતે વેચાવવો, અને જે ઉપજે તેમાથી તમામ ખર્ચ કાપતા વધે તે અવેજ તે ઝુપડાના અથવા છાપરાના ધણીને આપવો, અથવા ધણી માલમ નહિ હોય અથવા તે ઉપરના હક બાબત તકરાર હોય, તો જે માણસનો તેમા હિતસબધ હોય તે માણસ તે અવેજ મળવાનો હુકમ યોગ્ય કોર્ટમાથી લાવે ત્યા સુધી તે અવેજ મ્યુનિસિપાલીટીએ અનામત રાખવો

પણ હમેશને માટે એવુ ઠરાવ્યુ છે કે જ્યારે કોઈ જમીન પ્રથમ જ મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમા આવે તે વખતે તે ઉપર જે કાઇ ઝુપડા અથવા છાપરા હોય તે આ કલમ પ્રમાણે મ્યુનિસિપાલીટીના હુકમથી અથવા તેની નોટીસ ઉપરથી તોડી પાડવામા આવે, તો તેમના ધણીને અથવા ધણીઓને વળી નુકશાનનુ વળતર આપવુ, અને તે વળતરની રકમ બાબત વાધો પડે તો ૧૬૦ મી કલમમા ઠરાવેલી રીતે ચોકસી કરીને તે રકમ નક્કી કરવી

(૩)—પાણીનો નિકાલ કરવા, વિગેરે બાબત અધિકાર.

૯૯. (૧) મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમાની સઘળી ગટરો, મોરીઓ, જાજરૂ, વોટરકલોસેટ, ઘરની ગલીઓ અને ખાળકુડીઓ ઉપર મ્યુનિસિપાલીટીની દેખરેખ અને નિર્બધ હેઠળ રહેશે

(૨) સાર્વજનિક અથવા ખાનગી સઘળી ઢાકણાવાળી ગટરોને તથા મોરીઓને તથા સઘળી ખાળકુડીઓને મ્યુનિસિપાલીટીએ અથવા તે જુદા જુદા બીજા માણસોની હોય તે માણસોએ યોગ્ય ફટકીયુ, ટ્રામ અથવા હવા આવવા જવાના બીજા ઢાકણા અથવા સાધનો કરવા જોઇયે.

અને સદરહુ પ્રકારની હરકોઈ ઢાકેલી ગટરના, મોરીના અથવા ખાળકુડીના ધણીને લેખી નોટીસ આપી તે પ્રમાણે કરવાનુ ફરમાવવાનો મ્યુનિસિપાલીટીને અધિકાર છે

૧૦૦. (૧) ઘર વિગેરેના પાણીનો નિકાલ કરવાની કોઈ પણ યોજના અમલમા લાવવા સારૂ મ્યુનિસિપાલીટીને, કોઈ પણ મોરી, ગટર, નિક, ટનેલ (વિવર માર્ગ,) કલવર્ટ, (કમાનદાર ઘડનાળુ) નળ અથવા પાણીનો માર્ગ કોઇ પણ સ્ટ્રીટમાથી, સ્ટ્રીટની આડા અથવા સ્ટ્રીટની હેઠળ, અથવા સ્ટ્રીટ માટે આકેલી અથવા યોજેલી કોઈ પણ જમીનમાથી, જમીનની આડા અથવા જમીન હેઠળથી, અથવા કોઇ પણ સ્ટ્રીટ નિચેના કોઇ પણ ભોયરા અથવા વોલ્ટ (મેહેરાબ) ના હેઠળના અને મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટ માંહેની

હરકોઈ જમીનના ધણી અથવા ભોગવટો કરનારને યોગ્ય લેખી નોટીસ આપ્યા પછી તે જમીનમા અથવા જમીનમાથી અથવા જમીન હેઠળથી લઈ જવાનો અધિકાર છે

(૨) મ્યુનિસિપાલીટીને અથવા મ્યુનિસિપાલીટીએ તે કારણ સારૂ નીમેલા કોઇ પણ અમલદારને, જે કોઇ જમીનમા મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થયેલી કોઈ પણ મોરી અગાઉથી બાધી હશે તે જમીનમા પ્રવેશ કરીને, વિદ્યમાન મોરી હોય તેન બદલે કોઈ પણ નવી મોરી કરવાનો અથવા મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થયેલી કોઈ પણ મોરીની મરામત કરવાનો અથવા તેમા ફેરફાર કરવાનો અખત્યાર છે

(૩) આ કલમની રૂએ આપેલો કોઈપણ અધિકાર ચલાવતા નકામુ નુકશાન કરવુ નહિ અને એવો અધિકાર ચલવ્યાથી જ કોઇ પણ માણસને નુકશાન થયુ હોય તેને મ્યુનિસિપાલીટીએ વળતર આપવુ જોઈયે, અને એવા વળતર બદલ તકરાર પડે તે પ્રસગે તેની રકમ ૧૬૦ મી કલમમા કહેલી રીતે ચોકસી કરીને ઠરાવવી જોઇએ

૧૦૧. (૧) કોઇ પણ ઈમારતનુ અથવા જગાનુ પાણી જવા સારૂ મોરી વગેરેની યોજના કોઈપણ વખતે કરેલી નહિ હોય અથવા તે પાણી મ્યુનિસિપાલીટીની ખાત્રી થાય તેવી રીતે લઇ જવામા આવ્યુ નહિ હોય, તો તે ઇમારતનુ અથવા જમીનનુ પાણી (અ) એવી ઇમારતના અથવા જમીનના કોઈ પણ ભાગથી પચાસ ફુટની અદર એકાદી યોગ્ય મોરી અથવા ગટર હોય તો તે મોરી અથવા ગટરમા, અથવા [બ] એવા ધણીએ રાખવાની ઢાકેલી ખાળકુડીમા લઈ જવા સારૂ મ્યુનિસિપાલીટીને જરૂર દેખાય તેટલા કદની, તેવા પદાર્થની તથા તેટલી ઉંચાઇની અને તેટલા ઢાળની મોરી અથવા નળ તે ઇમારત આગળથી અથવા જમીન આગળથી બાધવાનુ અથવા મૂકવાનુ તે ધણીને લેખી નોટીસ આપીને ફરમાવવાના તે મ્યુનિસિપાલીટીને અધિકાર છે.

(૧) કોઇ પણ ઇમારત નવેસરથી બાધવી તે, અથવા કોઇપણ ઈમારત ફરી બાધવી અથવા નવેસર બાધેલી અથવા ફરીથી બાધેલી કોઇ પણ ઈમારતનો ભોગવટો કરવો તે, હેઠળ મુજબ બદોબસ્ત કરવામા ન આવે તો અને ત્યા સુધી કાયદાસર નથી એમ સમજવુ, એટલે-(અ) સદરહુ પ્રકારની ઇમારતના પાણીનો સારી રીતે નિકાલ થવા સારૂ મ્યુનિસિપાલીટીને જરૂરના લાગે તેવા કદની તેવા પદાર્થની તથા તેવા પ્રકારની, તથા તેવી ઉચાઈની તથા તેવા ઢાળવાળી મોરી બાધવામા ન આવે તો અને ત્યા સુધી (બ) સદરહુ પ્રકારની ઈમારતમાનુ તથા તેને લગતી જમીનમાનુ પાણી ભેગુ કરવા તથા ગ્રહણ કરવા સારૂ તથા તેમાનુ સદરહુ પાણી બહાર લઇ જવા સારૂ તથા સદરહુ ઈમારતની મોરી તથા તેની સાથેના દરેક જડીત સામાનને પાણીવતી ધોઇને સારી રીતે સાફ કરવા સારૂ મ્યુનિસિપાલીટીને જરૂરના દેખાય તેવા સઘળા સાહિત્ય તથા ઘીટીંગ સદરહુ ઈમારત તથા જમીન માટે પુરા પાડીને તેની અદર બેસાડવામા ન આવે તો અને ત્યા સુધી કાયદાસર નથી એમ સમજવુ

(૪) ઉપર કહ્યા પ્રમાણે જે મોરી બાધવાની હોય તે મોરીનુ પાણી, સદરહુ પ્રકારની ઇમારતથી પચાસ ફીટથી વધારે નહિ એટલે અતરે આવેલી મ્યુનિસિપાલીટીની મોરીમા, અથવા પાણીના નિકાલ સારૂ કાયદેસર રીતે જુદી રાખેલી કોઈ જગ્યામા ખાલી થવુ જોઈએ, પણ તે અતરની અદર સદરહુ પ્રકારની કોઈ મોરી અથવા જગ્યા ન હોય તો, સદરહુ મોરીનુ પાણી મ્યુનિસિપાલીટી ફરમાવશે તેવી ખાળકુડીમા ખાલી થવુ જોઇયે

૧૦૨ મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટ માહેની કોઈપણ ઇમારતના અથવા જમીનના ધણીને અથવા ભોગવટો કરનારને પોતાની મોરીનું પાણી મ્યુનિસિપાલીટીની ગટરોમા વહેવરાવવાનો હક્ક છે, પરતુ એવુ ઠરાવ્યુ છે કે, તેમ કરવાને તેણે પ્રથમ મ્યુનિસિપાલીટીની લેખી પરવાનગી મેળવવી જોઈયે, અને મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થયેલી ન હોય એવી મોરીઓ તથા મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થયેલી હોય એવી મોરીઓનુ જે રીતે તથા જે દેખરેખ હેઠળ જોડાણ કરવુ જોઈયે તે રીત તથા તે દેખરેખ બાબત મ્યુનિસિપાલીટી ઠરાવે તેની સરતો પ્રમાણે ચાલવુ જોઇયે

૧૦૩ (૧) કોઇ પણ ઇમારતના અથવા જમીનના ધણીને અથવા ભોગવટો કરનારને તે ઇમારત અથવા જમીનની મોરી, બીજા કોઇ પણ માણસની માલકીમા અથવા તેના ભોગવટામા અથવા વપરાશમા

હોય તેવી જમીનમાથી બાધીને અથવા તેવી મોરી સાથે જોડીને મ્યુનિસિલીટીની કોઈ મોરી સાથે જોડવાની હોય, ત્યારે તેમ કરવા સારૂ મ્યુનિસિપાલીટીને લેખી અરજી કરવાનો અધિકાર છે

(૨) પછી તે મ્યુનિસિપાલીટી સદરહુ અરજીની બાબતમા કઈ પણ હરકત હોય તો જણાવવાની યોગ્ય તક તે બીજા માણસને આપ્યા પછી, જો કઈ હરકત લેવામા ન આવે તો અથવા જે કઈપણ હરકત લેવામા આવી હોય તે પુરતી નથી એમ મ્યુનિસિપાલીટીને માલમ પડે તો પોતાને યોગ્ય તથા વાજબી લાગે તે રીતે તથા ભાડુ અથવા નુકસાનીનો બદલો આપવા બાબત તથા સદરહુ મોરી ટકાવી રાખવાની, તેને મરામત કરવાની, તેને પાણી વતી ધોઈ નાખવાની, અને પક્ષકારોની પોતપોતાની જવાબદારી બાબત પોતાને યોગ્ય તથા વાજબી લાગે તે સરતે અરજદારને લેખી હુકમ કરીને, તેની મોરી, પ્રસંગ પ્રમાણે, તે જમીનમા અથવા તે જમીનમા થઇને અથવા તે જમીનની હેઠળથી અથવા સદરહુ મોરીમા લઈ જવાનો અધિકાર આપવાનો મુખત્યાર છે

(૩) સદરહુ પ્રકારનો દરેક હુકમ જે માણસના લાભમા કરવામા આવ્યો હોય તે માણસને અથવા આ અર્થે તે માણસે કામે લગાડેલા કોઇપણ એજન્ટને અથવા બીજા માણસને તે હુકમ ઉપરથી, તે હુકમમા કોઇ નુકસાનીનો બદલો અથવા ભાડુ આપવાનુ લખ્યુ હોય તો તે બદલો અથવા ભાડુ તે જમીનના અથવા મોરીના ધણીને અથવા ભોગવટો કરનારને આપ્યા પછી અથવા આપવા માડયા પછી, તથા તે હુકમમાની સરતો બીજી રીતે પુરી કરી શકાય એમ હોય તેટલે સુધી તે પુરી કરીને, તથા તે ધણીને અથવા ભોગવટો કરનારને વાજબી લેખી નોટીસ આપ્યા પછી, તે હુકમમા જણાવેલી જમીનમા મદદગાર તથા મજુરો સહિત, સુર્યોદય અને સુર્યાસ્ત વચમા ગમે તે વખતે પ્રવેશ કરવાનો, અને આ આકટના સઘળા ઠરાવોને પાત્ર રહીને —

(અ) તે હુકમમા અધિકાર આપ્યા પ્રમાણે તે મોરી બાધવા સારૂ અથવા જોડવા સારૂ (બ) તે મોરી, જરૂર પડે તે પ્રમાણે વખતો વખત, નવી કરવા સારૂ, તેની મરામત કરવા સારૂ અથવા તેમા ફેરફાર કરવા સારૂ, અથવા (ક) તે મોરી અથવા તેનો કોઇ પણ ભાગ ટકાવી રાખવા બાબત, તેની મરામત કરવા બાબત, તે પાણીવતી ધોવા બાબત, સાફ કરવા બાબત,અથવા ખાલી કરવા બાબત, તે હુકમની શરતોની રૂયે તેના ઉપર જે જવાબદારી હોય તે બજાવવા સારૂ, જરૂર હોય તેવા સઘળા કામ કરવાનો અધિકાર મળે છે એમ સમજવુ

૧૦૪ કલમ ૧૦૩ ની રૂયે કોઇપણ કામ કરતી વખતે બને તેટલુ થોડુ નુકસાન કરવુ, અને સદરહુ કામ જે ઇમારતોના અથવા જમીનોના ફાયદા સારૂ કર્યું હશે તેમના ધણી અથવા ભોગવટો કરનારે —

(અ) સદરહુ કામ બને તેટલી થોડી ઢીલે કરાવવુ, [બ] સદરહુ કામ કરવા સારૂ જે જમીન, અથવા કોઇ પણ ઇમારતનો અથવા બીજા બાધ કામનો જે કાંઇપણ ભાગ ખુલ્લો કરવામા, તોડી પાડવામા અથવા કાઢી નાખવામા આવ્યો હશે તે જમીન અથવા ભાગ પોતાને ખરચે તથા બને તેટલી થોડી ઢીલે પુરી નાખવો, હતો તેવો કરવો, તથા દુરસ્ત કરવો, અને (ક) સદરહુ કામ કર્યાથી જે કોઈ પણ માણસને નુકશાન થાય તે માણસને નુકશાનનો બદલો આપવો

૧૦૫ જે કોઈ પણ જમીનમા, અથવા તેમા થઇને અથવા તેની હેઠળથી એકાદી મોરી, જે જમીન ઉપર ઇમારત બાધેલી ન હોય તે દરમિયાન ૧૦૩ જી કલમની રૂયે લઈ જવામા આવી હોય, તે જમીનનો ધણી ત્યાર પછી કોઇ પણ વખતે તે ઉપર કોઇ પણ ઇમારત ચણવાની ઇચ્છા કરે તો, મ્યુનિસિપાલીટીએ જો પોતે એવી ઇમારત બાધવાની મજુરી આપે તો, જે ઇમારતના અથવા જમીનના ફાયદા સારૂ તે મોરી બાધી હશે તે ઇમારતના અથવા જમીનના ધણીને અથવા ભોગવટો કરનારને લેખી નોટીસ આપીને, યોજેલી ઇમારત બાધી શકાય તે માટે અથવા તેનો વગર અડચણે ઉપયોગ થઈ શકે તે માટે મ્યુનિસિપાલીટીને જરૂર જણાય તેવી રીતે તે મોરી બધ કરવાનું, કાઢી નાખવાનુ, બીજી ગમ વાળવાનુ તથા તે જમીન પુરી નાખવાનુ તે હતી તેવી કરવાનુ, તથા દુરસ્ત કરવાનુ ફરમાવવુ જોઈએ

૧૦૬ [૧] જો મ્યુનિસિપાલીટીનો એવો અભીપ્રાય થાય કે કોઇ પણ ઇમારતમા અથવા જમીન ઉપર કોઇ પણ જાજરૂ અથવા ખાળકુડીઓ કરાવવી જોઇયે, અથવા જે કોઇ પણ મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટમા

સૅનિટરી બોર્ડની મંજુરીથી વોટર કલોસેટની વ્યવસ્થા દાખલ કરી હશે તે મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટની અંદર કોઇ પણ ઇમારતમા અથવા જમીન ઉપર ચાલુ જાજરૂને બદલે વૉટરકલૉસેટ કરાવવા જોઇયે તો તે મ્યુનિસિપાલીટીને, લેખી નોટીસ આપીને, પોતાને યોગ્ય લાગે તેવા જાજરૂ, ખાળકુડીઓ અથવા વૉટર કલૉસેટ કરવાનુ એવી ઇમારતના અથવા જમીનના ધણીને હુકમ કરવાનો અધિકાર છે

(૨) જે કોઇ પણ માણસ અથવા માણસો વીસ કરતા વત્તા કારીગર અથવા મજુરો રાખતા હશે અથવા જે કોઇ માર્કીટના, શાળાના, નાટકશાળાના અથવા લોકોને એકઠા થવાની બીજી જગાના ધણી હશે અથવા વહિવટ કરતા હશે તેને અથવા તેમને લેખી નોટીસ આપીને, મ્યુનિસિપાલીટી પોતે ફરમાવે તેવા પાયખાના તથા પિશાબખાના કરવા વિશે તથા તે સારી સ્થિતિમા રખાવવા તથા દરરોજ સાફ કરાવવા વિશે હુકમ કરવાને મુખત્યાર છે

(૩) મ્યુનિસિપાલીટી જે કોઈ પણ જમીનમા જાજરૂ હોય તે જમીનના ધણીને અથવા ભોગવટો કરનારને લેખી નોટીસ આપીને એમ ફરમાવવાને મુખત્યાર છે કે એવા ધણીએ અથવા ભોગવટો કરનારે તે જાજરૂ આવનાર જનાર લોકોની અથવા પાસે રહેનારાઓની નજરે નહિ પડે તે માટે તે જોઇયે તેવુ છાપરૂ તથા ભીંત અથવા વાડ કરીને બંધ કરાવવુ, અથવા જે કોઇ પણ જાજરૂનુ બારણુ અથવા ફટકીયુ હરકોઇ સ્ટ્રિટમા પડતુ હોય અને તેથી અપકારક કૃત્ય થાય છે એવુ પોતાને લાગતુ હોય તે બારણુ અથવા ફટકીયુ પોતે ફરમાવે તે પ્રમાણે ફેરવવુ

૧૦૭ [૧] મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટમાની સઘળી ગટરો, મોળીઓ, જાજરૂ, વોટરકલોસેટો, ઘરની, ગલીઓ અને ખાળકુડીઓ મ્યુનિસિપાલીટીના ખર્ચે બાંધી ન હોય તો, તે જે જમીનોની તથા ઇમારતોની હોય અથવા જે જમીનના અથવા ઇમારતના વાપરવા સારૂ બાંધી હોય અથવા ચાલુ રાખી હોય તે જમીનોના તથા ઇમારતોના ધણીઓને ખર્ચે તેમા ફેરફાર કરવો જોઇયે, તથા તેઓની મરામત કરવી જોઇયે તથા તે સારી સ્થિતિમા રાખવી જોઇયે, અને મ્યુનિસિપાલીટી, પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે તેમા ફેરફાર કરવાને, તેની મરામત કરવાનો અને સારી સ્થિતિમા આણવાનો એવા ધણીને લેખી નોટીસ આપીને હુકમ કરવાને મુખત્યાર છે

(૧) આ આક્ટ અમલમા આવતા પહેલા તે પછી બાંધેલુ જે કોઇપણ જાજરૂ અથવા ખાળકુડી મ્યુનિસિપાલીટીના અભિપ્રાય પ્રમાણે અપકારક કૃત્ય હોય, અથવા એવા રીતે બાંધેલી હોય કે તેમાનુ ગોબ્જુ કાઢવા સારૂ જવાને રસ્તો નહી હોય અથવા તે યોગ્ય રીતે સાફ કરી શકાય અથવા સારી વ્યવસ્થામા રાખી શકાય એવી ન હોય તો મ્યુનિસિપાલીટી લેખી નોટીસ આપીને, તે જાજરૂ અથવા ખાળકુડી પાડી નાખવાને અથવા બંધ કરવાને મુખત્યાર છે

૧૦૮ મ્યુનિસિપાલીટીની હદ માહેની કોઇ પણ ઇમારતની અથવા જગાની મોરીનુ જોડાણ કોઇ પણ ખાળકુડી સાથે અથવા ગટર સાથે હોય ત્યારે, મ્યુનિસિપાલીટી, જો પોતાને એમ લાગે કે, એવી મોરી તે ઇમારત અથવા જગામાનુ પાણી વહી જવાને પુરતી છે તથા તે બીજી કોઇ રીતે વાંધો લેવા લાયક નથી, તો પણ તે મોરી તે ડિસ્ટ્રિક્ટમાની ગટરોની એકંદર વ્યવસ્થાને મળતા આવતી નથી તો, એવી ઇમારતનુ અથવા જગાનુ પાણી વહી જવા સારૂ વપરાતી મોરીના જેવી એક અથવા અનેક મોરીઓની તજવીજ કરીને તે મોરી તથા તે ખાળકુડી અથવા ગટર [પછી તે મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થયેલી જમીનમા હોય અથવા ન હોય તો પણ] બંધ કરવાને, અને તે કારણ સારૂ જરૂર હોય તે કોઇ પણ કામ કરવાને મુખત્યાર છે

૧૦૯ મ્યુનિસિપાલિટિ લેખી નોટીસથી એમ ફરમાવવાને મુખત્યાર છે કે મ્યુનિસિપાલીટીની હદની અંદરની કોઇ પણ જમીન ઉપર એવી જે કોઇ ગટર, મોરી, જાજરૂ, વોટર કલૉસેટ, ઘરની ગલી અથવા ખાળકુડી—

[અ] એવી જમીન મ્યુનિસિપાલીટી ડિસ્ટ્રિક્ટમા સામેલ થયા પછી, અને (બ) મ્યુનિસિપાલીટીની સમતિ વગર, અથવા તેના હુકમ, ફરમાન અથવા સામાન્ય નિયમ અથવા તો પેટા કાયદા વિરૂદ્ધ તે

જ્યારે બાધી, ફરીને બાધી અથવા ઉઘાડી ત્યારે અમલમા હોય તેવા કોઇ પણ કાયદાના ઠરાવ વિરૂદ્ધ બાધેલી હોય, ફરીથી બાધેલી હોય અથવા ઉઘાડી હોય તે

જે સખસે બાધી હોય, ફરીથી બાધી હોય અથવા ઉઘાડી હોય તો તે સખસે મ્યુનિસિપાલીટીને યોગ્ય લાગે તેમ તે ભાગી નાખવી, સુધારવી અથવા ફેરવવી અને સદરહુ પ્રકારની કોઇ પણ ગટર મોરી, જાજરૂ વોટરક્લોસેટ, ઘરની ગલી અથવા ખાળકુડી એવી રીતે બાધનાર ફરીથી બાધનાર અથવા ઉઘાડનાર દરેક સખસને, પછી તેને સદરહુ પ્રકારની નોટીસ મળે, અથવા તે નોટીસ પ્રમાણે તે ચાલે અથવા ન ચાલે તો પણ, સદરહુ નોટીસ પ્રમાણે ન ચાલવાથી જે કોઇ શિક્ષાને પાત્ર થાય તે ઉપરાત વળી પચીસ રૂપીયા સુધીના દડની શિક્ષા થશે

૧૧૦ (૧) જે ગટરો અથવા મોરીઓ મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થઇ હોય તેઓમાની કોઈ પણ ગટરમા અથવા મોરીમા અથવા કોઇ પણ ગટરમાથી અથવા મોરીમાથી જે કોઇ માણસ, મ્યુનિસીપાલીટીની લેખી સમતિ અગાઉથી લીધા વગર, કોઇ પણ મોરી મુકશે અથવા મુકાવશે તેને પચીસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે અને તે મ્યુનિસીપાલીટી પોતાની નજરમા આવે તે પ્રમાણે સદરહુ પ્રકારના મોરી ભાગી નાખવાનુ અથવા તેમા ફેરફાર કરવાનુ' અથવા તે ફરીથી કરવાનુ અથવા તેની બીજી અવસ્થા કરવાનુ તે માણસને લેખી નોટીસ આપીને ફરમાવવાને મુખત્યાર છે

[૨] જે કોઇ પણ ગટર (સુવરેટી) મોરી, વિવર માર્ગ, અથવા ગટર મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થઇ હશે, તે ઉપર કોઇ પણ ઇમારત મ્યુનિસિપાલીટીની લેખી સમતિ લીધા વગર નવેસરથી બાધવી નહિ અથવા ફરીથી બાધવી નહિ, અને જે માણસે સદરહુ પ્રકારની ઇમારત બાધી હશે અથવા ફરીથી બાધી હશે તે માણસને મ્યુનિસીપાલીટી, પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે, તે ઇમારત પાડી નાખવાનુ અથવા તેની બીજી વ્યવસ્થા કરવાનુ લેખી નોટીસ આપીને ફરમાવવાને મુખત્યાર છે

૧૧૧. (૧) મ્યુનિસિપાલીટીને અથવા તેમા કારણ સારૂ તેને નીમેલા કોઇ પણ અમલદારને હરકોઇ ગટર, મોરી, જાજરૂ, વોટરક્લોસેટ, ઘરની ગલી અથવા ખાળકુડી, આ આકટમા કહેલા બધનોને પાત્ર રહીને તપાસી જોવાનો, અને તે કારણસારૂ સુરજ ઉગે ત્યારથી તે સુરજ આથમે ત્યા સુધીમા હરકોઈ વખતે હરકોઈ જમીનોમા અથવા ઇમારતોમા મદદગારો તથા મજુરો લઇને પેસવાનો તથા પોતાને યોગ્ય દેખાય તે જગા બને તેટલુ ઓછુ નુકસાન કરીને ખોદાવવાનો અધિકાર છે

(૨) જો તે ગટર, મોરી, જાજરૂ વોટરક્લોસેટ, ઘરની ગલી અથવા ખાળકુડી, ખરાબ હાલત અથવા ખરાબ સ્થિતિમા માલમ ન પડે અથવા તે વખતે ચાલુ હોય એવા કોઇ પણ કાયદાના ઠરાવ વિરૂદ્ધ અથવા મ્યુનિસીપાલીટીના કોઇ પણ પેટા કાયદા વિરૂદ્ધ બાધી ન હોય તો એવી તપાસનો અને તે જગા પુરી નખાવી અસલ પ્રમાણે બરાબર કરાવવાનો ખર્ચ મ્યુનિસીપાલીટીએ આપવો જોઇયે, પણ જો તે ઉપર પ્રમાણે માલમ પડે અથવા બાધી હોય તો, સદરહુ ખર્ચ એવી ગટર, મોરી, જાજરૂ, વોટરક્લોસેટ, ઘરની ગલી અથવા ખાળકુડીના ધણીએ આપવો જોઇયે અને તે ખર્ચ બાબ ૮ પ્રમાણે વસુલ કરવાના કોઇ પણ કર ખાતે માગેની રકમ જેવી રીતે વસુલ કરાય તેવી રીતે વસુલ કરવાનો અધિકાર છે

૧૧૨. (૧) આ પેટા બાબ જેને લાગુ હોય તેવા પ્રકારનુ કોઈપણ કામ જે માણસને બીજે પ્રસગે કરવુ પડત તેને તે જાતે કરી લેવાની પ્રથમ સવડ ન આપતા મ્યુનિસીપાલીટી પોતાને યોગ્ય લાગે તો, તે કામ પોતે કરવાને અથવા પોતાના હુકમથી બીજા કોઇ પાસે કરાવી લેવાને મુખત્યાર છે

(૨) મ્યુનિસીપાલીટી, આવુ કામ મ્યુનિસીપાલ ફડને ખર્ચે કરવાની સામાન્ય અથવા ખાસ હુકમથી અથવા ઠરાવથી મજુરી આપે તે સિવાયને પ્રસગે, એ પ્રમાણે કરવામા આવેલા કોઇ પણ કામનો ખર્ચ ઉપર કહેલા માણસે આપવો જોઇયે, અને મ્યુનિસીપાલીટીને એવી રીતે મજુરી આપવાનો આ ઉપરથી અધિકાર આપવામા આવે છે

(૩) ખાનગી ઇમારતોમાનુ અથવા જમીનોમાનુ પાણી કહાડી નાખવા માટેની અથવા કાહાડી નાખવાને લગતી કોઇપણ નળીઓ, ફીટીગો, પાત્રો અથવા બીજા સાહીત્યો જો મ્યુનિસીપાલીટીને ખર્ચે

પુરા પાડવામા, બાધવામા અથવા ઉભા કરવામા આવ્યા હોય તો તે, મ્યુનિસીપાલીટીએ તેમાનો પોતાનો હિતસબધ સદરહુ ઈમારતો અથવા જમીનોના ધણીને તબદીલ કરી આપ્યો હોય તે સિવાયને પ્રસગે, મ્યુનિસીપાલીટીની મીલકત ગણાશે

(૪)—બહાર આવનારાં ઉપાંગો વિગેરે બાબત અધિકાર.

૧૧૩ (૧) સાર્વજનિક સ્ટ્રિટોમાહેની ઇમારતોના ધણીઓને અથવા ભોગવટો કરનારાઓને, તે સ્ટ્રિટોની સપાટીથી જે ઉંચાઈ મ્યુનિસીપાલીટી વખતે વખતે પેટા કાયદાથી ઠરાવે તેટલી ઉંચાઇએ અને પ્લીથની અથવા ભીંતની લાઇનની બહાર ઘણામા ઘણા ચાર ફુટ બહાર નીકળે તેવી ઉઘાડી ગેલેરી (વરડા) જરૂખા (બીલકની) અથવા ઓરડીઓ એવી ઇમારતોના હરકોઈ માળે કરવાની લેખી પરવાનગી આપવાને, અને સદરહુ સ્ટ્રિટોમા ઘરોના છાપરા, પાખો વાછટીઓ "દુકાનના પાટીયા" ઇત્યાદિ કેટલી હદસુધી અને શી સરતે બહાર આવવા દેવા તે ઠરાવવાને મ્યુનિસીપાલીટી મુખત્યાર છે

(૨) એવી પરવાનગી સિવાય અથવા એવા હુકમોની વિરૂદ્ધ એવો જે કોઇ ધણી અથવા ભોગવટો કરનાર ઉપર કહેલા પ્રકારના કાઈપણ બહાર આવનારા ઉપાગો કરશે તેને પચીસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે, અને એવો કોઈ ધણી અથવા ભોગવટો કરનાર એવા કોઇપણ ઉપાયને માટે આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામા આવ્યા પછી તે ઉપાગ કાહાડી નાખવાને ચુકશે, તો એવી ચુક અથવા ગફલત જારી રહેશે, તે દરમિયાનના દરેક દિવસ બદલ તેને પાચ રૂપિઆ સુધીના વધુ દડની શિક્ષા થશે

(૩) મ્યુનિસીપાલીટીને જે કોઇપણ ઇમારતની સામે અથવા આગળ કોઇપણ બહાર આવેલુ ઉપાગ, અથવા અતિક્રમણ કરનારો અથવા હરકત કરનારો ભાગ, એવી ઇમારતનું ગામાણુ મ્યુનિસીપાલ ડિસ્ટ્રીક્ટમા સામેલ થયાની પહેલા અથવા પછી બાધેલો અથવા કરેલો હોય, અને જે (અ) કોઇ પણ સાર્વજનિક સ્ટ્રિટમાથી નિર્ભયપણે તથા સુગમતાએ જવા આવવામા હરકત થાય એવી રીતે તે સ્ટ્રિટ ઉપર અથવા સ્ટ્રિટમા પાડતો હોય અથવા આવતો હોય અથવા કોઇપણ પ્રકારે બહાર આવતો હોય અથવા અતિક્રમણ કરતો હોય અથવા (બ) તે સ્ટ્રિટમાહેના કોઇપણ ઉઘાડા નળને, મોરીને અથવા ગટરને અથવા તેનુ કામ બરાબર ચાલવાને હરકત થાય એવી રીતે તે નળ મોરી અથવા ગટરમા અથવા તે ઉપર બહાર આવતો હોય અને અતિક્રમણ કરતો હોય, તે ઇમારતના ધણીને અથવા ભોગવટો કરનાર લેખીને લેખી નોટીસ આપીને તે કહાડી નાખવાનુ અથવા તેમા ફેરફાર કરવાનુ ફરમાવવાનો અધિકાર છે, પણ હમેશને માટે એવુ ઠરાવ્યુ છે કે એવુ ઉપાગ, અતિક્રમણ કરનારો અથવા હરકત કરનારો ભાગ કોઇપણ જગામા, એવી જગા મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમા સામેલ થયાની તારીખ પેહેલા અથવા મ્યુનિસીપાલીટીની લેખી પરવાનગી સદરહુ તારીખ પછી, કરવામા આવ્યો હોય તો તે આ પ્રમાણે કહાડી નાખવાથી અથવા તેમા ફેરફાર કરવાથી જે માણસને નુકસાન થાય તે દરેક માણસને મ્યુનિસીપાલીટીએ વાજબી વળતર આપવુ જોઇયે, અને સદરહુ વળતરની રકમ બાબત કાઈ પણ વાધો પડે તો તે રકમ કલમ ૧૬૦ મા જે રીત કહી છે તે રીતે ચોકસી કરીને ઠરાવવી જોઇયે

૧૧૪. મ્યુનિસીપાલીટી હરકોઇ સ્ટ્રિટમાની દરેક ઇમારતના છાપરાનુ તથા બીજા ભાગોનુ પાણી તે સ્ટ્રિટમાથી આવનારા જનારા લોકોની ઉપર પડે નહિ તેમ કરવા સારૂ મ્યુનિસીપાલીટીને યોગ્ય દેખાય તે રીતે તે પાણી ઝીલીને લઇ જવા સારૂ તથા તે વહી જવા સારૂ યોગ્ય પરનાળ તથા નળીઓ મુકવાનુ અને તે સારી સ્થિતિમા રાખવાનુ તે ઇમારતના ધણીને લેખી નોટીસ આપીને ફરમાવવાને મુખત્યાર છે

૧૧૫. મ્યુનિસીપાલીટી કોઇ ઇમારતની બહારની બાજુએ, તેલના અથવા ગ્યાસના દીવા સારૂ, અથવા સન ૧૮૮૭ ના હિંદુસ્તાનના વિજળીના દીવા બાબતના આકટના ઠરાવને પાત્ર વિજળીના અથવા બીજા પ્રકારના દિવા સારૂ, અથવા ૧૮૮૫ પછી કરેલા કાયદા ઉપરથી સુધરેલા સન ૧૮૮૫ ના હિંદુસ્તાનના ટેલિગ્રાફ બાબતના આકટના ઠરાવોને પાત્ર ટેલિગ્રાફના અથવા ટેલિફોનના તાર સારૂ, અથવા સ્થળાતરના કારણ માટે વીજળી લઇ જવા સારૂ ખુણીઆ અથવા ગટરમા અને પાણીના કામમા યોગ્ય રીતે હવા જવા આવવા સારૂ પોતાને જરૂરની દેખાય તેવી નળીઓ ઉભી કરવાને અથવા જડવાને મુખત્યાર છે, અને

સદરહુ પ્રકારના ખુણીઆ તથા નળીઓ સદરહુ ઇમારતને અથવ' પાસેની કોઈ ઇમારતને ગેરસોઇ અથવા અપકારકકૃત્ય ન થાય એવી રીતે ઉભા કરવા જોઇએ

૧૧૬. [૧] દરેક સ્ત્રિટ જે નામથી ઓળખાવવી હોય તે નામ તે સ્ત્રિટના દરેક છેડા ઉપરની અથવા ખુણા ઉપરની અથવા નાકા ઉપરની અથવા તેની પાસેની હરકોઈ ઇમારતના કોઇ પ્રસિદ્ધ ભાગ ઉપર વખતે વખતે મરાવવાનો અથવા રંગથી કહાડવાનો, અને હરકોઇ ઇમારતની બહારની બાજુના એકાદ પ્રસિદ્ધ ભાગ ઉપર અથવા તે ઇમારતની વાડનો જે દરવાજો સ્ત્રિટ ઉપર પડતો હોય તે દરવાજા ઉપર વખતે વખતે નંબર મરાવવાનો અધિકાર મ્યુનિપાલીટીને છે

[૨] જે કોઇ માણસ સદરહુ નામનો અથવા નંબરનો નાશ કરશે અથવા તે કહાડી નાખશે અથવા ચેહેરી નાખશે અથવા મ્યુનિસીપાલીટીએ જે નામ અથવા નંબર માર્યો હોય તેથી જુદુ નામ અથવા નંબર મારશે તે માણસ, અને કોઇપણ ઇમારતનો જે કોઈ પણ ધણી અથવા ભોગવટો કરનારો એવી ઇમારત ઉપર સદરહુ નંબર માર્યા પછી તેને પોતાને ખરચે ઠીકઠાક નહિ રાખશે તેને પચીસ રૂપિયા સુધીની દંડની શિક્ષાથશે

૧૧૭. જે કોઇ સખસ—

(અ) ધણીની અથવા ભોગવટો કરનારની સંમતિ સિવાય, કોઇપણ પોસ્ટિંગ બિલ, પ્લેકાર્ડ અથવા જાહેરખબરનો બીજો કાગળ અથવા સાધન કોઈપણ ઇમારતને અથવા ઇમારત ઉપર ભીતને અથવા ભીત ઉપર પાટીયાને અથવા પાટીયા ઉપર વાડને અથવા વાડઉપર અથવા કઠેડાને અથવા કઠેડા ઉપર ચોહડશે, અથવા (બ) સદરહુ પ્રકારની સંમતિ શિવાય, આકથી અથવા રંગથી અથવા કોઇપણ બીજી રીતે એવી કોઈ પણ ઇમારત ઉપર, ભીત ઉપર પાટીયા ઉપર વાડ ઉપર અથવા કઠેડા ઉપર કાંઈ લખશે અથવા બગાડશે અથવા તેને ખરાબ કરસે અથવા તે ઉપર કાંઈ નિશાની કરશે, તેને વીસ રૂપીયા સુધીના દંડની શિક્ષા થશે

૧૧૮ મ્યુનિસીપાલીટી લેખી નોટીસ આપીને કોઇપણ જમીનના ધણીને અથવા ભોગવટો કરનારને એવુ ફરમાવવાને મુખત્યાર છે કે તેણે તે જમીનની જે વાડ જે કોઈ પણ સાર્વજનિક સ્ટ્રિટની બાજુએ હોય તે સ્ટ્રિટની સપાટીથી તે વાડ ચાર ફુટ કરતા ઉંચી ન રહે અને ચાર ફુટ કરતા પોહોળી ન રહે તે પ્રમાણે તે કાપવી અથવા ઝારી નાખવી અને જે ઝાડ અથવા ઝાડવા હરકોઈ સાર્વજનિક સ્ટ્રિટઉપર હરકોઈ રીતે લટકતા હોય, અથવા જેથી તેને ભય પહોચતો હોય અથવા હરકત થતી હોય તે ઝાડ અથવા ઝાડવા, અથવા જે ઝાડવા તેવી સ્ટ્રિટ ઉપર લટકી આવે અથવા જેથી તે સ્ટ્રિટને ભય પોહોચે અથવા, હરકત થાય અથવા નુકસાની લાગે તેવો સંભવ છે એવુ પોતાને લાગતુ હોય તે ઝાડ અથવા ઝાડવા, અથવા જે ઝાડ અથવા ઝાડવા કોઈ સર્વજનિક તળાવનુ અથવા કુવાનુ અથવા પાણી પુરૂ પાડવાનુ બીજુ સ્થળ કર્યું હોય તેનુ પાણી બગડે અથવા બગડવાનો સંભવ રહે તેવી રીતે તે તળાવ-ઉપર અથવા કુવા ઉપર અથવા પાણી પુરૂ પાડવાના બીજા સ્થળ ઉપર લટકતા હોય તે કાપી નાખવા અથવા ઝારી નાખવા

(૫)–લોકોની આરોગ્યતા, સહિસલામતી અને સગવડ વધારવા બાબત અધિકાર,

૧૧૯ (૧) કોઈપણ ઇમારત અથવા તેને કાંઈ જડ્યુ હોય તે જીર્ણ થયુ છે અથવા પાડવા જેવુ થયુ છે, અથવા તેનાથી બીજી કોઇ રીતે તે ઇમારતમા અથવા તેની પાસેની કોઇપણ ઇમારતમા રહે-નારા કોઇપણ માણસને અથવા તેનો ભોગવટો કરનારને અથવા રસ્તે આવનાર જનાર લોકોને જોખમ છે એમ મ્યુનિસિપાલીટીને લાગે, તો રસ્તે આવનાર જનાર લોકોનો બચાવ થવા સારૂ વાડ ભરી લેવાની પોતાનો જરૂર દેખાય તો મ્યુનિસિપાલીટીએ યોગ્ય વાડ તાબડતોબ ભરાવવી જોઈયે આ પેટા કલમની રૂએ મ્યુનિસિપાલીટીને જે ખર્ચ થાય તે ઇમારતના ધણીએ અથવા ભોગવટો કરનારે આપવો, અને તે ખર્ચ, બાબ ૮ પ્રમાણે વસુલ કરાવાના કોઇ પણ કર બદલની રકમ જે રીતે વસુલ કરાય તે રીતે વસુલ કરવાનો અધિકાર છે

(૨) વળી મ્યુનિસિપાલીટીએ સદરહુ ધણી અથવા ભોગવટો કરનારને લેખી નોટીસ આપીને તેમ તેને ફરમાવવુ કે તેણે, જરૂર હોય તે પ્રમાણે, સદરહુ પ્રકારની ઇમારત અથવા તેને તે જડ્યુ હોય તે તાબડ-તોબ પાડી નાખવુ, નિર્ભય કરવુ અથવા તેની મરામત કરવી, અને જો સદરહુ પ્રમાણે નોટીસ મળ્યા પછી

ત્રણ દિવસની અંદર તે ધણી અથવા ભોગવટો કરનારો તે ઇમારત અથવા વસ્તુની મરામત કરવાનુ અથવા તે પાડવાનુ અથવા તે નિર્ભય કરવાનુ શરૂ કરસ નહિ અને તે કામ યોગ્ય ત્વરાથી પુરૂ કરશે નહિ તો તે ઇમારત અથવા તેને જડેલી વસ્તુ અથવા તે પૈકી પોતાને જરૂર લાગે તેટલો ભાગ મ્યુનિસી-પાલીટીએ પડાવવો અથવા તેની મરામત કરાવવી અથવા તે બીજી રીતે નિર્ભય કરાવવો

પણ એવુ ઠરાવ્યુ છે કે જોખમ તાત્કાલિક ન હોય તે પ્રસંગે પોતે વાડ ન ભરાવતા યોગ્ય વાડ ભરવાની ધણીને અથવા ભોગવટો કરનારને પ્રથમ લેખી નોટીસ આપવાનુ મ્યુનિસીપાલીટીની મરજી ઉપર છે, અને તે નોટીસ બજ્યાની તારીખથી બે દિવસની અંદર તે ધણી અથવા ભોગવટો કરનાર એવે પ્રસંગે મ્યુનિસીપાલીટીને યોગ્ય લાગે એવી વાડ ભરવાને ચુકશે, તો મ્યુનિસીપલીટીએ એવી વાડ તરતજ ભરાવવી અને તે પછી પેટા કલમ (૧) તથા (૨) મા કહ્યા પ્રમાણે આગળ તજવીજ કરવી

૧૨૦ (૧) મ્યુનિસીપાલીટીને, હરકોઈ વખતે, લેખી નોટીસની મારફત, કોઇ કુવાના, ઝરાના, નેહેરના, તળાવના અથવા પાણીના જથ્થાના બીજા કોઈ સાધનના ધણીને અથવા તે ઉપર અધિકાર હોય તેવા કોઈપણ સખસને એવો હુકમ કરવાનો અખત્યાર છે કે, તેણે તે કુવા વિગેરે ખાનગી મિલકત હોય અથવા ન હોય તોપણ,

(અ) ઝરા સિવાય પાણીના જથ્થાનુ એવુ બીજુ કોઈપણ સાધન સારી સ્થિતિમા રાખવુ તથા ટકાવી રાખવુ, અથવા (બ) નોટીસમા લખવામા આવે તે વાજબી મુદતની અંદર, એવા કોઇ પાણીના જથ્થાના સાધનમાથી ગાળ, કચરો તથા કોહી જતો ઝાડપાલો કહાડીને તે સાફ કરવુ, અથવા (ક) એવા કોઇ પણ પાણીના જથ્થાનુ સાધન જમીન ઉપરની મોરીના પાણીથી બગડે નહિ માટે, મ્યુનિસીપાલીટી કહે તે રીતે તેનુ સંરક્ષણ કરવુ, અથવા (ડ) કુદરતી રીતે વેહેનારા ઝરા સિવાય પાણીના જથ્થાનુ એવુ બીજુ જે કોઇપણ સાધન પુરતી મરામત સંરક્ષણ અથવા વાડ ન હોવાને લીધે લોકોની અથવા તે વાપરવાનો અથવા ત્યાથી અથવા તેની પાસે જવાનો જે શખ્સોને પ્રસંગ હોય તે શખસાની આરોગ્યતાને અથવા સુરક્ષિતપણાને જોખમકારક છે એમ મ્યુનિસીપાલીટીને લાગે, તો તે સાધન સદરહુ નોટીસ પોહોચ્યા પછી ચોવીસ કલાકની અંદર મ્યુનિસીપાલીટી પસંદ કરે તે રીતે દુરસ્ત કરવુ, અથવા સુરક્ષિત કરવુ અથવા (ફ) જો (ઇ) હુકમ પ્રમાણે એવા કોઈપણ નોટીસ આપ્યા છતા એવો વાપર જારી રહે અને તે બીજી રીતે બંધ કરી શકાય તેમ નથી એવો મ્યુનિસીપાલીટીનો મત હોય તો, એવો વાપર બંધ કરવા સારૂ જે રીત મ્યુનિસિપાલીટીને પુરતી દેખાય તે રીતે ઉપર કહેલા પ્રકારના પાણીના જથ્થાના સાધનને કાયમને માટે અથવા થોડા વખતને માટે બંધ કરવુ અથવા તે ભરી નાખવુ અથવા તેની આજુબાજુ વંડો અથવા વાડ કરવી, અથવા (ગ) એવા પાણીના કોઇ જથ્થાના સાધનમાનુ અથવા તે સાધનને જોડાયલી અથવા તેની પાસેની કોઇ પણ જમીન અથવા જગા અથવા પાત્ર અથવા ટાંકીમાનું જે કાંઇ પણ ભરાઈ રહેલુ પાણી મ્યુનિસીપાલીટીના મત પ્રમાણે તંદુરસ્તીને નુકશાનકારક અથવા પડોસના લોકોને ત્રાસદાયક હોય તે પાણી તે સાધનમાથી, જમીનમાથી, જગામાથી અથવા પાત્રમાથી અથવા ટાંકીમાથી નીકવાટે અથવા બીજી રીતે કહાડી નાખવુ

(૨) ઉપર કહેલો ધણી અથવા અધિકારવાળો સખસ, પેટા કલમ (૧) ના મુજબ, અથવા ઠરાવની રૂયે કહેલી મુદતમા સદરહુ પ્રકારનો કોઇ પણ હુકમ પાળવાને ચુકે અથવા ગફલત કરે તો, એવી નોટીસના રૂએ જરૂર હોય તે કામ એકદમ શરૂ કરવાને મ્યુનિસીપાલીટી મુખત્યાર છે, અને તેના મને કોઇ પણ માણસની તંદુરસ્તીના અથવા સુરક્ષિતપણાના બચાવ સારૂ તાત્કાલિક તજવીજ કરવાની જરૂર હોય તો તેણે તે કામ એકદમ શરૂ કરવુ જોઇએ, અને આ મ્યુનિસીપાલીટીને જે કાંઇ પણ ખર્ચ થાય તે સઘળો ખર્ચ, એવા પાણીના જથાના ધણીએ અથવા એવા પાણીનો જથ્થો જેના અધિકારમા હોય તેણે ભરી આપવો જોઈએ, અને તે ખર્ચ બાબ ૮ પ્રમાણે વસુલ કરવાના કોઇપણ કર બદલની રકમ જેવી રીતે વસુલ કરાય તેવી રીતે વસુલ કરવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે, જેનું પાણી સઘળા લોકો અથવા તેનો કોઈપણ ભાગ હકથી વાપરતા હોય તેવા કોઈપણ કુવાના અથવા ખાનગી ઝરાની અથવા ખાનગી ન્હેરની, તળાવની અથવા જથ્થાના

બીજા એકાદા સાધનની બાબતમા મ્યુનિસીપાલીટીએ કરેલો ખર્ચ, અથવા ધણીએ અથવા એવા અધિકારવાળા સખસે કરેલો જરૂરનો ખર્ચ, મ્યુનિસીપાલીટી તેવો હુકમ કરે તો મ્યુનિસીપાલ ફડમાથી આપવાનો અખત્યાર છે

૧૨૧ (૧) મ્યુનિસીપાલીટીની લેખી સમતિ લીધા વગર અથવા કાયદાસર બીજા અધિકાર વગર કોઇ માણુસ કોઈ સાર્વજનિક સ્ટ્રીટની ફરસબધી, ગટર, લાદી અથવા તેનો બીજો સામાન, અથવા તેની વાડ, ભીંત અથવા થાભલા અથવા કોઇપણુ મ્યુનિસીપલ દીવા, દીવાના થાભલા, ખૂણીઆ, પાણીના થાભના હાઇડ્રન્ડ અથવા તેમાના એવી બીજી મ્યુનિસીપલ મીલકત કહાડી નાખશે અથવા ઉખેડશે અથવા તેમા ફેરફાર કરશે તો તેને સો રૂપીયા સુધીની દડની શિક્ષા થશે

(૨) જે કોઇ પણુ માણુસ કોઇપણુ સાર્વજનિક સ્ટ્રીટ માહેની સદરહુ પ્રકારની કાઈ ફરસબધી, ગટર, લાદી અથવા બીજો સામાન, અથવા વાડ, ભીંત, થાભલા અથવા કોઇપણુ મ્યુનિસીપલ દીવા, દીવાના થાભલા, ખૂણીઆ, પાણીના થાભલા, હાઈડ્રન્ડ અથવા બીજી મ્યુનિસિપલ મિલ્કત કહાડી નાખ્યા પછી, ઉઘડયા પછી અથવા તેમા ફેરફાર કર્યા પછી, નોટીસ આપ્યા છતા, મ્યુનિસિપાલીટીની ખાત્રી લાયક રીતે સદરહુ પ્રકારની કોઈ વસ્તુ પાછી બેસાડવાને અથવા જેમ હતી તેમ કરવાને ચૂકશે, તો તેને પચાસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે અને તે સ્ટ્રીટ પહેલાની સ્થિતિમા આણુવાનો જે ખર્ચ થાય તે તેણે આપવો જોઈયે, અને તે ખર્ચ, બાબ ૮ પ્રમાણે વસુલ કરવાના કોઇપણુ કર બદલની રકમ જેવી રીતે વસુલ કરાય તેવી રીતે વસુલ કરવાનો અધિકાર છે

૧૨૨. (૧) હરકોઇ જગા મ્યુનિસીપલ ડિસ્ટ્રીકટમા થયા પછી, તેમા હરકોઇ સાર્વજનીક સ્ટ્રિટમા જે કોઇપણુ માણુસે કોઇપણુ ભીત અથવા કાઇ વાડ, કઠેરો, થાભલો, દુકાન, વરડા (ઓટલો) તખ્ક, પ્લીથ, પગથીઉ અથવા કાઇ બહાર આવનારૂ ઉપાગ અથવા વસ્તુ અથવા બીજુ અતિક્રમણુ અથવા હરકત કરનારૂ કામ બાધ્યુ હશે અથવા કર્યું હશે અથવા જે બાધશે અથવા કરશે અથવા જે કોઇ માણુસ સદરહુ સ્ટ્રિટમા, અથવા એવી સ્ટ્રીટ માહેની કોઇ ઉઘાડી મોરી અથવા ગટર, અથવા નહેરમા અથવા તે ઉપર કાઇ પેટી અથવા ગાસડી અથવા માલનો દાગીના અથવા વેપારની જણુસ અથવા બીજી કાઇ જણુસ મૂકશે અથવા મૂકાવશે, તેને પચીસ રૂપિયા સુધીની દડની શિક્ષા થશે

(૨) મ્યુનિસીપાલિટીને, સદરહુ પ્રકારની હરકત અથવા અતિક્રમણુ કરનારૂ, કામ કહાડી નાખવાનો તેમજ ખાનગી મિલકત ન હોય એવી કોઇ પણુ ખુલ્લી જગામા પછી તે જગા મ્યુનિસીપાલીટીને પ્રાપ્ત થઈ હોય અથવા ન હોય, તેમા અધિકાર વગર કરેલુ કાઈ તેવાજ પ્રકારનુ હરકત અથવા અતિક્રમણુ કરનારૂ કામ કહાડી નાખવાનો અધીકાર છે, પણુ એવુ ઠરાવ્યુ છે કે તે જગા મલિક મુઆઝમની થઇ હોય તો, તેમ કરવાને કલેકટરની પરવાનગી પ્રથમ લેવી જોઇયે, અને એ પ્રમાણે કહાડી નાખવાનો જે ખર્ચ થાય તે જે માણુસે સદરહુ હરકત અથવા અતિક્રમણુ કરનારૂ કામ કર્યું હોય તે માણુસે આપવો, અને તે ખર્ચ બાબ ૮ પ્રમાણે વસુલ કરવાના કોઇપણુ કર બદલની રકમ જેવી રીતે વસુલ કરાય તેવી રીતે વસુલ કરવાનો અધિકાર છે

(૩) જેને નીચે પ્રમાણે કરવાનો યોગ્ય અધિકાર મળ્યો ન હોય એવો જે કોઇ માણુસ ખાનગી મિલ્કત ન હોય એવી કોઇ પણુ ખુલ્લી જગામાથી માટી, રેતી અથવા બીજી વસ્તુ કહાડી લઇ જશે અથવા તેમા અથવા તે ઉપર કાઇપણુ અતિક્રમણુ કરશે, તેને પચાસ રૂપીઆ સુધીના દડની શિક્ષા થશે, અને અતિક્રમણુના પ્રસગે, એવા ગુન્હાની સાબિતીના ઠરાવ પહેલેથી થયાની તારીખ પછી જે જે દિવસ સુધી તે અતિક્રમણુ જારી રહેશે તે દરેક દિવસ બદલ વળી દસ રૂપીઆ સુધીની દડની શિક્ષા થશે

(૪) લોકોને અથવા કોઈપણુ સખસને અડચણુ ન થાય તે રીતે, વાર ત્હેવારને દહાડે તેવા કાર્ય પ્રયોજનની વખતે હરકોઈ સાર્વજનીક સ્ટ્રિટને થોડા દહાડા માટે રોકવા દેવાની અથવા તેમા કાઇ કામ ઉભુ કરવા દેવાની અથવા ચાર દહાડા કરતા વધતી નહિ હોય તેટલી મુદ્દત સુધી બાઇ સ્ટ્રીટ (ગલી) આ તથા જગામા સર્પણુ સીચી મૂકવા દેવાની આ કલમ માહેના કોઇપણુ ઠરાવથી મ્યુનિસીપાલીટીને મના છે એવુ સમજવુ નહિ.

(૫) આ કલમમાનો કોઇપણ ઠરાવ, ૧૧૩ મી કલમની પેટા કલમ (૧) ની રૂઇએ જે બહાર આવનારા ઉપાગો માટે યોગ્ય અધિકાર મળ્યો હશે તેમને અથવા પેટા કલમ (૪) ની રૂઇએ જે બાબતમા પરવાનગી આપવામા આવી હશે તેને લાગુ પડશે નહીં. ”

૧૨૩. (૧) કોઈપણ માણસનો હરકોઇ ઇમારત એવી રીતે અથવા એવે પ્રસગે બાધવાનો અથવા તોડી પાડવાનો અથવા તેના બહારના ભાગમા ફેરફાર કરવાનો અથવા તેની મરામત કરવાનો ઇરાદો હોય કે તે કામથી કોઇપણ સ્ટ્રીટમા હરકત અથવા જોખમ અથવા અડચણ થવા જેવુ હોય અથવા થાય તો તેના દરેક માણસે એવુ કામ શરૂ કરતા પહેલા (અ) તેમ કરવા સારૂ મ્યુનિસીપાલીટીનુ પ્રથમ લેખી લાઇસન્સ લેવુ જોઇયે, અને (બ) જ્યા આગળ સદરહુ પ્રમાણે કામ ચાલતું હોય ત્યા આગળ તે ઇમારત સ્ટ્રીટથી જુદી રાખવા સારૂ જોઇએ તેવી વાડ ભરાવવી, અને લોકોના સુરક્ષિતપણા સારૂ અથવા તેઓની સગવડ સારૂ જેટલી મુદત સુધી તે વાડનો જરૂર હોય તેટલી મુદત સુધી, મ્યુનિસીપાલીટીની ખાત્રી લાયક રીતે, તે વાડ ટકાવી રાખીને સારી હાલતમા રાખવી, અને રાત્રે તેની નજીક જોઇએ તેટલુ અજવાળુ રખાવવુ જોઇએ, અને મ્યુનિસીપાલીટી હુકમ કરે ત્યારે તે કહાડી નાખવી જોઇએ

(૨) જે કોઈ માણસ આ કલમના કોઇપણ ઠરાવ વિરૂદ્ધ ચાલશે તેને પચાસ રૂપીઆ સુધીના દડની શિક્ષા થશે, અને પહેલીવાર ગુન્હો સાબીત થયાની તારીખ પછી, પ્રસગ પ્રમાણે જે જે દિવસ તથા રાતના સબધમા તે વિરૂદ્ધ વર્તન ચાલુ રાખશે તેવા દરેક દિવસ બદલ અથવા દરેક રાત બદલ તેને દસ રૂપીઆ સુધીના વધારે દડની શિક્ષા થશે

૧૨૪. (૧) જે સ્ટ્રીટો, ગટરો, મોરીઓ, અથવા બીજી જગા મ્યુનિસીપાલીટીને પ્રાપ્ત થઈ હશે તેમાની કોઇપણ સ્ટ્રીટ, ગટર અથવા મોરી અથવા બીજી જગા બાધતી વખતે અથવા તેની મરામત કરતી વખતે મ્યુનિસીપાલીટીએ પડોસની ઇમારતોને ટેકા આપીને તથા તેમનો બચાવ કરીને અકસ્માત નહિ થાય એવો યોગ્ય બદોબસ્ત અને તે કામ ચાલતું હોય ત્યારે ગાડીઓ અથવા ગાડા અથવા બીજા વાહનો અથવા ઢોરો અથવા ઘોડા આવતા જતા અટકાવવા સારૂ પોતાની નજરમા યોગ્ય આવે તેની આડ, સાકળો અથવા થાભલા સદરહુ પૈકી હરકોઈ સ્ટ્રીટમા અથવા તેની વચ્ચે આડા બેસાડવા જોઇયે, અને તે સ્ટ્રિટમાની હરકોઇ ગટર અથવા મોરી અથવા બીજુ કામ બધાતું હોય તે વખતે અથવા તેની મરામત થતી હોય તે વખતે મ્યુનિસિપાલીટીની પરવાનગી અથવા સમતિ વગર તે આડમાની કોઇ આડ અથવા તે સાકળોમાની કોઇ સાકળ અથવા તે થાભલાઓમાનો કોઇ થાભલો તોડી પાડશે અથવા તેમા ફેરફાર કરશે અથવા તે કહાડી લઇ જશે, અથવા એવા હરકોઇ દીવા કહાડી જશે અથવા ઓલવશે, તેને પચાસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

૧૨૫. (૧) કોઇ માણસે મ્યુનિસીપાલીટીની લેખી પરવાનગી વગર અથવા તેમા લખેલી સરતોને અનુસર્યા સિવાય બીજી રીતે કોઇપણ સ્ટ્રીટમા ખાડો ખોદવો નહિ અથવા ઇમારત બાધવા સારૂ વપરાયલા અથવા તો વાપરવા ધારેલા ઇમારતી લાકડા, પથ્થર ઈંટ માટોડી અથવા બીજો કોઈપણ સામાન ઉભો કરવો નહી અથવા મૂકવો નહિ, અને તે પરવાનગીનો અમલ મ્યુનિસીપાલીટી પોતાની નજરમા આવે ત્યારે બધ કરી શકશે, અને સદરહુ પ્રકારના પરવાનગી કોઈ માણસને આપી હોય, ત્યારે તે સામાન કહાડી લઇ જવામા આવે ત્યા સુધી અથવા મ્યુનિસીપાલીટીની ખાત્રી લાયક રીતે ખાડો પૂરી નાખવામા આવે અથવા બીજી રીતે જોખમ વગરનો કરવામા આવે ત્યા સુધી તે માણસ પોતાના ખર્ચથી તે સામાન અથવા ખાડાની આસપાસ પુરતી વાડ ભરાવી લેવા અને રાત્રે ત્યા આગળ પુરતું અજવાળુ કરાવવુ જોઇયે

(૨) જે કોઇ માણસ પેટા કલમ (૧) ના ઠરાવ વિરૂદ્ધ ચાલશે તેને પચીસ રૂપિયા સુધીના દડની શિક્ષા હશે, અને પહેલીવાર ગુન્હો સાબીત થયાની તારીખ પછી, પ્રસંગ પ્રમાણે, જે જે દિવસ અથવા રાતના સબધમા તે વિરૂદ્ધવર્તન ચાલુ રાખશે તેવા દરેક દિવસ બદલ અથવા દરેક રાતબદલ તેને દસ રૂપિયા સુધીના વધારે દડની શિક્ષા થશે

૧૨૬. જો મ્યુનિસિપાલીટીના મત પ્રમાણે, કોઈ પણ પથ્થરની ખાણુ ખોદવાનુ, અથવા કોઇ પણ

જગામા પથ્થર, મટોડી અથવા બીજો પદાર્થ કહાડી લઈ જવાનુ કામ સદરહુ ખાણુ અથવા જગાની પડોશમા રહેનારા અથવા તેની પાસે જવાના કાયદેસર હક હોય તે માણસોને જોખમ ભરેલુ હોય અથવા તેથી અપકારક કૃત્ય થતું હોય અથવા થવાના સંભવ હોય, તો તે મ્યુનિસીપાલીટી તે ખાણુના અથવા જગાના ધણીને અથવા એવા ખોદકામ માટે અથવા એવા પદાર્થ કહાડી લઇ જવા માટે જવાબદાર હોય તે માણુસને લેખી નોટીસ આપીને એમ ફરમાવવાને મુખત્યાર છે કે તેણે એવી ખાણુ ખોદવાનું અથવા એવો પદાર્થ કહાડી લઈ જવાનુ કામ આગળ ન ચલાવવુ અથવા ન ચલાવવા દેવુ અથવા તેથી થતું અથવા થવાનો સંભવ હોય તેવુ જોખમ અટકાવા સારૂ અથવા તેવુ અપકારક કૃત્ય દૂર કરવા સારૂ પોતે કહે તે બંદોબસ્ત તે ખાણુના અથવા જગાના સબધમા કરવો

પણુ એવું ઠરાવ્યુ છે કે, જો તે ખાણુ અથવા જગા મલિકમુઆઝમને પ્રાપ્ત થઈ હોય અથવા તે ખાણુ સદરહુ પ્રમાણે ખોદવાનુ અથવા તે જગામાથી પદાર્થ સદરહુ પ્રમાણે કહાડી લઇ જવાનુ કામ સરકાર તરફથી અથવા સરકારની વતી કરવામા આવતું હોય અથવા સરકારની અથવા સરકારના અમલદાર તરીકે કામ કરનારા કોઇ અમલદારની પરવાનગીથી અથવા તેણે આપેલા અધિકાર મુજબ ચાલનાર કોઈ માણસથી અથવા તેની વતી કરવામા આવતુ હોય તો મ્યુનિસીપાલાટીએ સદરહુ પ્રમાણે કરવા બાબત કલેક્ટર પાસે તેમ કરવાની સંમતિ મેળવ્યા સિવાય તથા મળે ત્યા સુધી તે પ્રમાણે કરવુ નહિ

વળી એવુ ઠરાવ્યુ છે કે આ કલમમા કહેલી કોઇપણુ બાબતમા તાત્કાલિક ભય ટાળવા સારૂ એવી ખાણુની પાસે અથવા જગાની પાસે યોગ્ય વાડ ભરવાની મ્યુનિસીપાલીટીને જરૂર જણાય તો, આવનાર જનાર લોકોના સરક્ષણુ સારૂ તાબડતોબ તેમ કરવાનો તેને અધિકાર છે, અને આ કલમની રૂયે કોઇ પણુ કામ કરતા મ્યુનિસીપાલીટીને જે કાંઈ ખચ થાય તે સદરહુ ધણીએ અથવા બીજા માણસે આપવો જોઇયે, અને તે ખર્ચ બાબ ૯ પ્રમાણે વસુલ કરવાના કોઇ પણુ કર બદલ માગેલી રકમ જેવી રીતે વસુલ કરાય તેવી રીતે વસુલ કરવાનો અધિકાર છે

(૬) અપકારક કૃત્ય અટકાવવાનો અધિકાર.

૧૨૭. (૧) મ્યુનિસિપાલીટી જે ઠેકાણા, રીત તથા વખત ઠરાવે તે સિવાય બીજે ઠેકાણે રીત અને વખતે કોઇ સ્ટ્રિટમા અથવા સ્ટ્રિટની નીચેની કમાનમા અથવા સ્ટ્રિટની બાજુની કોઇ પણુ મોરીમા અથવા કોઈ પણુ ખુલ્લી જગા ઉપર અથવા સાર્વજનિક ઓવાસ (ઘી) ઉપર અથવા ધક્કા ઉપર (જેટી ઉપર) અથવા ઉતારવાની જગા ઉપર અથવા સમુદ્ર કિનારાના અથવા જેમા ભરતીઓટ થતી હોય એવી નદીના કીનારાના ભાગ ઉપર, પછી તે ભાગ ભરતીની રેષાની નીચે અથવા ઉપર હોય તે ઉપર અથવા કોઇપણુ નદીના, પાણીના માર્ગના અથવા નળાના કાઠા ઉપર જે કોઈ માણુસ ધૂળ, કચરો, છાણુ, ગબ, વાડીમાનો અથવા રસોડાનો અથવા તબેલાનો કચરો, અથવા હરકોઇ પ્રકારનો ગોજવાડ અથવા પ્રાણીજન્ય હરકોઇ પદાર્થ અથવા કાચનો અથવા ચિનાઈ માટીનો ફુટી ગયેલો કાંઈ સામાન અથવા બીજો કાઇ કચરો કે પુજો અથવા જે બીજી કાઇ વસ્તુ અપકારક હોય અથવા થઈ શકે તે વસ્તુ નાખશે અથવા પોતાના કુટુબમાના અથવા ઘરમાના કોઇ માણુસ પાસે ન ખાવશે અથવા તેને નાખવા દેશે, અને જે કોઇ માણુસ ઉપર કહેલે કોઈ પણુ ઠેકાણે અપકારક કૃત્ય કરશે અથવા પોતાના કુટુબમાના અથવા ઘરમાના કોઇ માણુસને કરવા દેશે, તેને પચીસ રૂપીયા સુધીના દડની શિક્ષા થશે

(૨) જે કોઇ માણુસ હરકોઇ ગટરમા, મોરીમા ગરનાળામા વિવરમાર્ગમા અથવા પાણીના માર્ગમા ઉપર કહેલો કોઈ પણુ પદાર્થ, અથવા મ્યુનિસીપાલાટીની પરવાનગી વગર નરક નાખસે અથવા મૂકશે અથવા પોતાના ઘરમાના કોઈ માણુસ પાસે ન ખાવશે અથવા મૂકાવશે અથવા તેને તેવુ કરવા દેશે તેને અને જે કોઈ માણુસ એવી કોઈ મોરીમા ગરનાળામા, વિવરમાર્ગમા અથવા પાણીના માર્ગમા અથવા તો તેમા બગાડ થાય એવી રીતે તેની નજદીકમા અપકારક કૃત્ય કરશે અથવા પોતાના કુટુબના કોઇ માણુસને કરવા દેશે તેને પચીસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

૧૨૮. જે કોઈ માણુસ હરકોઈ ટાકીનુ અથવા ગટરનું પાણી અથવા પોતાની ઇમારતમાનો અથવા પોતાના નિર્બંધ હેઠળની કોઇ જમીનમાનો બીજો જે કોઇ પ્રવાહી અથવા પોતાની ઇમારતમાનો અથવા

પોતાના નિર્બંધ હેઠળની કોઇ જમીનમાને બીજો જે કોઇ પ્રવાહી અથવા ઇતર પદાર્થ ત્રાસદાયક હોય અથવા ત્રાસદાયક થવા સરખો હોય તે, મ્યુનિસિપાલીટીની લેખી પરવાનગી વગર, હરકોઇ સ્ટ્રિટ ઉપર અથવા ખુલ્લી જગા ઉપર ઉજડાવશે અથવા જવા દેશે, વેહેવડાવશે અથવા વહેવા દેશે, નખાવશે અથવા નાખવા દેશે, ઝરફવા દેશે, અથવા કોઇ પણ ગટરમાથી અથવા કોઇ પણ બહારની ભીંતમાથી ઝરફાવશે અથવા હરકોઇ સ્ટ્રિટમાની ઉઘાડી ગટરમા જવડાવશે અથવા જવા દેશે અથવા વહેવડાવશે અથવા વહેવા દેશે અથવા પડાવશે અથવા પડવા દેશે, અથવા એવી પરવાનગીમા કહેલી કોઇ પણ સરત પાળવાને ચુકશે, તેને પચીસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે

૧૨૯. જે કોઇ પણ ઇમારતનો અથવા જમીનનો ધણી અથવા ભોગવટો કરનારો હોય તે માણસ તે ઇમારત ઉપર અથવા જમીન ઉપર કાંઇ કચરો, છાણ, લાદ અથવા હાડકા અથવા ગખ અથવા નરક અથવા ગોબરવાડ અથવા હરકોઇ ઉપદ્રવકારક અથવા ગોબો પદાર્થ ચોવીસ કલાક કરતા વત્તોવાર સુધી ગખશે અથવા રાખવા દેશે અથવા યોગ્ય પાત્ર સિવાય બીજા કશામા રાખશે અથવા રાખવા દેશે અથવા સદરહુ પાત્ર ગોબરુ અથવા ઉપદ્રવકારક સ્થિતિમા રહેવા દેશે અથવા તેમાથી ગોબરવાડ કરીને તે સાફ અને ચોખુ કરવા માટે યોગ્ય તજવીજ કરવાની ગફલત કરશે, અથવા સદરહુ ઇમારતમા કે ઇમારત ઉપર અથવા જમીનમા કે જમીન ઉપર કાંઇ જનાવર અપકારક કૃત્ય કરે તેવી રીતે રાખશે અથવા ગખવા દેશે તેને પચીસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે અને પહેલાવાર ગુન્હો સાબિત થયાની તારીખ પછી જે જે દિવસના સબધમા એવો ગુન્હો ચાલુ રહેસે તેવા દરેક દિવસ બદલ તેને પાચ રૂપિયા સુધીના વધારે દડની શિક્ષા થશે

૧૩૦. (૧) નરક અથવા તેવો બીજો દુર્ગંધવાળો પદાર્થ ફલાણા જ વખતે કહાડી લઇ જવાનુ કાયદાસર છે એવુ વખતે વખતે ઠરાવવાનો મ્યુનિસિપાલાટીને અધિકાર છે

(૧) જે કોઇ માણસ—

(અ) મ્યુનિસિપાલાટીએ એ પ્રમાણે વખત ઠરાવીને તેની નોટીસ દાડી પીટાવીને આપી હશે ત્યારપછી કોઇ સ્ટ્રિટમાથી એવી રીતે ઠરાવેલા વખત સિવાય બીજે કોઇપણ વખતે સદરહુ પ્રકારનો કોઇપણ દુર્ગંધવાળો પદાર્થ લઇ જશે અથવા જવડાવશે અથવા (બ) સદરહુ પ્રમાણે મ્યુનિસિપાલીટીએ વખત ઠગવ્યો હોય અથવા ન હોય, હરકોઈ વખતે, (૧) જે કોઇ પણ ગાડી માહેનો અથવા પાત્ર માહેનો અથવા વાસણ માહેનો પદાર્થ તથા તેમાની ગધ બહાર નહિ નીકળે તેટલા માટે તેને યોગ્ય ઢાકણુ ન હોય એવુ ગાડુ અથવા ગાડી અથવા પાત્ર અથવા વાસણ એવા કોઇપણ કામ સારૂ વાપરશે, અથવા (૨) એવો દુર્ગંધવાળો પદાર્થ કહાડી લઈ જતી વખતે તે જાણી જોઇને અથવા ગફલતથી પાડશે અથવા ઢોળશે અથવા (૩) જે ઠેકાણે એવા કોઇ પણ દુર્ગંધવાળો પદાર્થ પાડ્યો હોય અથવા ઢોળ્યો હોય તે દરેક જગા સભાળથી વાળીને સાફ કરશે નહિ, અથવા (૪) જે વાસણમા એવો દુર્ગંધવાળો પદાર્થ હોય તે વાસણ કોઈ સાર્વજનિક જગાએ મૂકશે અયવા ગખશે, અથવા (૫) ઉપર કહેલા કોઇ પણ કાગ્ણ સારૂ વાપરેલુ ગાડુ અથવા ગાડી અથવા વાસણ લઇ જવા સારૂ મ્યુનિસિપાલીટીએ જાહેર નોટીસ આપીને જે સ્ટ્રિટ અથવા રસ્તો ઠગવ્યો હશે તે સિવાયના કોઇ પણ સ્ટ્રિટમાથી અથવા રસ્તેથી તે ગાડુ વિગેરે હાકી જશે અથવા લઇ જશે અથવા હકાવશે અથવા લઇ જવડાવશે, તે માણસને પચીસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

૧૩૧. (૧) જે કોઇ માણસ જે કોઇ ઈમારત અથવા જમીન રહેવા લાયક હોય કે ન હોય તેનો ધણી અથવા ભોગવટો કરનારો હોય અને જે એવી ઇમારત અથવા જમીનને ગોબરી અથવા નુકશાનકારક સ્થિતિમા રહેવા દેશે, અથવા તે ઇમારતની અથવા જમીનની પાસે રહેનારા લોકોને મ્યુનિસીપાલીટીની નજરમા ઉપદ્રવ થાય તેવી સ્થિતિમા રહેવા દેશે, અથવા તે ઉપર ફાફડો થોર અથવા ઉપદ્રવકારક ઘાસ વીગેરે જે ઘાસ લઇ જવા દેશે, અને તે સાફસુફ કરવા બાબત અથવા બીજી રીતે યોગ્ય સ્થિતીમા આણવા બાબત મ્યુનિસીપાલીટી લેખી નોટીસ આપે ત્યાર પછી વાજબી વખતની અદર તેમા ફરમાવ્યા પ્રમાણે અમલ નહિ કરશે તેને પચીસ રૂપીયા સુધીના દડની શિક્ષા થશે, અને પહેલી વાર ગુન્હો સાબીત થવાની તારીખ

પછી જે જે દિવસના સબધમા આવી નોટિસ પ્રમાણે અમલ નહી કરવા ચાલુ રહેશે તેવા દરેક દિવસ બદલ તેને પાચ રૂપિયા સુધીના વધારે દડની શિક્ષા થશે

[૨] જો તે ઇમારત, માણસને રહેવા લાયક સ્થિતિમા નથી એવુ મ્યુનિસીપાલીટીની નજરમા આવશે, તો તે પ્રમાણે લાયક થાય ત્યા સુધી તે કામ સારૂ વાપરવાની લેખી નોટીસથી મના કરવાનો મ્યુનીસીપાલીટીને અધિકાર છે

(૩) જો કોઇપણ ઇમારત પડી જવાની હાલતમા આવ્યાને લીધે, ગફલતને લીધે, છોડી દેવામા આવ્યાને લીધે ઉપયોગમા ન લેવાયાને લીધે, અથવા માલકીની તકરાર હોવાને લીધે અથવા તેમા કોઈ રહેતુ નહિ હોય તેને લીધે [અ] આળસુ તથા બેકેદ લોકોના અથવા જેમને દેખીતુ ઉપજીવિકાનુ સાધન ન હોય એવા અથવા જેઓ પોતાના વિશે ખાત્રી લાયક હકીકત કહી શકતા ન હોય એવા લોકોનુ એકઠા થવાનુ ઠેકાણુ થઇને અથવા (બ) આરોગ્યતાને નુકશાનકારક હોય એવા અથવા દુરાચરણના કોઈ પણ કારણ સારૂ વાપરવામા આવતુ હોઇને, અથવા (ક) સર્પો, ઉંદરો અથવા ત્રાસદાયક જનાવરોનુ આશ્રયનુ ઠેકાણુ થઈને, તે એક પ્રકારનુ અપકારક કૃત્ય થયુ છે એવી હરકત, અથવા આડોશીપાડોશીને અથવા તે પાસેથી આવનાર જનાર લોકોને અસુખ, ગેરસોઈ અથવા ત્રાસનુ સાધન થાય એવી ખરાબ અથવા બેડોળ થઇ છે એવી હરકત, તે બદલ લઇ શકાય એમ હોય, તો મ્યુનીસીપાલીટીને, તે હરકત આ આકટના બીજા કોઇપણ ઠરાવ મુજબ બીજી રીતે દૂર ન થઇ શકે એમ નથી એમ લાગે તો, તે મ્યુનીસીપલ ડિસ્ટ્રીકટમા જાણીતો અથવા રહેતો જે કોઇ સખસ પોતે તે ઇમારતનો ધણી છે એમ કહેતો હોય તેને લેખી નોટીસ આપીને તે સખ્સને અથવા બીજે કોઈ પણ પ્રસગે, તે ઇમારતના દરવાજા ઉપર આગળ બીજો કોઇપણ સહેજ નજરે પડે એવા ભાગ ઉપર લેખી નોટીસ ચોહેડીને એવી ઇમારતમા હિત સબધ હોવાનુ કહેનારા સઘળા માણસને એમ ફરમાવવાનો અધિકાર છે કે, એવી નોટીસની તારીખથી સાત દિવસથી ઓછી નહિ હોય એવી તે નોટીસમા લખેલી મુદતની અદર તેણે અથવા તેઓએ તે ઇમારત પડાવીને તેનો સામાન કહાડાવી લઈ જવો, અને એવો હુકમ પાળવામા ન આવે, તો તે મ્યુનિસિપાલીટીને, ઉપર કહેલી મુદત પુરી થયા પછી, તે ઈમારત તરત જ પડાવવાનો તથા તેનો સામાન કહાડાવી લઇ જઈને તે વેચવાનો, અને તેના વેચાણની ઉપજમાથી, સદરહુ પ્રમાણે કરતી વખતે પોતાને થયેલો ખર્ચ વસુલ કરવાનો અધિકાર છે અને આ પ્રમાણે વસુલ ન થયેલો સઘળો ખર્ચ, બાબ ૮ પ્રમાણે વસુલ કરવાના કોઇ પણ કર બદલ માગેલી રકમ જેવી રીતે વસુલ કરાય તેવી રીતે વસુલ કરવાનો અધિકાર છે

૧૩૨ પ્રેસિડેન્ટને અથવા વાઇસ પ્રેસિડેન્ટને અથવા કોઇપણ કૌન્સિલરને અથવા તે કામ સારૂ મ્યુનિસિપાલીટીએ અધિકાર આપેલા કોઇપણ અમલદારને, આમા આગળ કહ્યા પ્રમાણેની નોટીસ આપીને સુરજ ઉગે ત્યારથી તે સુરજ આથમે ત્યા સુધીમા ગમે તે વખતે સઘળી ઇમારતોમા તથા જમીનોમા પેસીને જોવાનો અને લેખી નોટીસ આપીને લોકોની આરોગ્યતાના કારણ સારૂ તે સર્વને અથવા તેના કોઇ ભાગને માહેથી અને બહારથી તુરત ચુનો ધોળવાનુ અથવા તે બીજી રીતે સાફસુફ કરવાનુ ફરમાવવાનો અધિકાર છે

૧૩૩ (૧) મ્યુનિસિપાલીટીને જોઇયે તેટલી સાર્વજનિક જગા અથવા સમુદ્ર કિનારાનો જે ભાગ ખાનગી મિલકત નહિ હોય તે ભાગ નહાવાના કામમા વાપરવા સારૂ કહાડી આપવાનો અધિકાર છે અને તેમજ રહેવાસીઓને નાહાવાને જોઇયે તેટલા વગ પડતા તળાવો અથવા વેહેળા પણ પુરા પાડવાનો અથવા જુદા રાખવાનો અધિકાર છે, અને તેજ પ્રમાણે જનાવરો અથવા કપડા ધોવા સારૂ અને લોકોની તદુરસ્તી તથા સ્વચ્છતા અને સુખ સબધી બીજા કારણ સારૂ તળાવો અથવા હોજો અથવા વહેળા પણ જુદા રાખવાનો અધિકાર છે અને મ્યુનિસિપલ ડિસ્ટ્રીકટ માહેની કોઇપણ એક અથવા સઘળી સાર્વજનિક જગા આ કલમમા કહેલા કોઇ કારણસારૂ વાપરવાના મના કરવાનો પણ અધિકાર મ્યુનિસિપાલીટીને છે

[૨] આ કલમ મુજબ મ્યુનિસીપાલીટીએ કહાડેલા તથા વિદ્યમાનકાળે અમલમા હોય તે સઘળા હુકમોની તથા નોટીસોની નકલો મ્યુનીસીપલ ઑફીસમા રાખવી જોઈયે, અને તે સઘળા વાજબી વખતે જોવાની લોકોને છુટ હોવી જોઈયે

૧૩૪ [અ] જે કોઇ, ૧૩૩ મી કલમ પ્રમાણે મ્યુનીસીપાલીટીએ કરેલા કોઈ હુકમનુ અથવા કોઈ પણ

પેટાકાયદાનું ઉલંઘન કરીને મ્યુનીસીપાલીટીના કોઇ ઝરામાં, ખાબોચીઆમાં, અથવા હોજમાં કુવામાં અથવા ટાંકીમાં અથવા નળમાં અથવા નહેરમાં નાહાશે, અથવા તેમાં કાંઈ જનાવર હરકોઈ પ્રકારની વસ્તુ ધોશે અથવા ધોવડાવશે, અથવા તેમાં કોઇ જનાવર અથવા કોઈ પણ વસ્તુ ફેંકશે અથવા નાખશે અથવા ઝોકાવશે અથવા પેસાડશે, અથવા તેમાં જે કોઇપણ પદાર્થ અપકારક હોય અથવા થાય તેવો હોય તે પદાર્થ તેમાં વેહે તેમ કરશે અથવા વેહેવા દેશે અથવા તેમાં આણાવશે અથવા આણવા દેશે, અથવા તે માહેનું કાંઇ પાણી જેથી કરીને કાંઇપણ અંશે ખરાબ થાય અથવા બગડે એવું કાંઇ કામ કરશે, અને

(બ) જે કોઇ માણસ મ્યુનિસીપાલ ડિસ્ટ્રીકટમાંના અથવા તેની હદ ઉપરના કોઈ તલાવનું અથવા વેહેળાનું અથવા ચળનું પાણી ગંધાતું અથવા અપકારક થવાનો જેથી સંભવ હોય એવા કાંઇ પ્રાણીજન્ય અથવા વનસ્પતીજન્ય અથવા ખનિજ પદાર્થ તે તળાવમાં અથવા વેહેળામાં અથવા ચરમાં મ્યુનિસિપાલીટીની પરવાનગી વગર ભીંજવશે, તેને પચાસ રૂપીયા સુધીના દંડની શિક્ષા થશે

૧૩૫. કોઇપણ ખાનગી વંડામાં હોય કે બીજે ઠેકાણે હોય એવું ખાબોચીયું, ચર, તળાવ, તળાવડી કુવો અથવા ખાડો અથવા કોઇપણ નિરૂપયોગી અથવા એકઠું થઈને ભરાઈ રહેલું ગંધાતું પાણી અથવા ગંધાતા પાણીની અથવા ત્રાસદાયક અથવા ઇજાકારક બીજા પદાર્થની નહેર અથવા કુંડી રહેનારા લોકોની તબિયતને ઇજાકારક અથવા પડોશીઓને ઉપદ્રવકારક થવાનો સંભવ છે, એવું મ્યુનિશીપાલીટીની નજરમાં આવે ત્યારે, તે સાફ કરવા અથવા પુરી નાખવા અથવા તેમાથી પાણી વહી જાય એમ કરવા બાબત અથવા તે કહાડી નાખવા બાબત અથવા તે પીડા કમી કરવાને અથવા તે દૂર કરવાને જે બંદોબસ્ત કરવાની પોતાના અભિપ્રાય પ્રમાણે જરૂર હોય તે બંદોબસ્ત કરવા બાબત તેના ધણીને લેખી નોટીસ આપીને ફરમાવવાનો અધીકાર છે

૧૩૬ જે કોઇ માણસ, મ્યુનિસીપાલીટીની લેખી પરવાનગી વગર અને તે પરવાનગીમાં કાંઇ રીત કહી હોય તો તે રીત વગર બીજી રીતે, નરક અથવા જેમાથી દુર્ગંધ નીકળે એવું બીજું ખાતર અથવા પદાર્થ ભરી રાખશે અથવા વાપરશે તેને પચીસ રૂપીઆ સુધીના દંડની શિક્ષા થશે.

૧૩૭ જે કોઇ માણસ, કોઇ સાર્વજનીક સ્ટ્રીટમાં અથવા જગામાં લોકોની રાહેદારીને અડચણ અથવા જોખમ થાય અથવા તેમાં અપકારક કૃત્ય થાય તેવી રીતે તેમાં ઢોરોને અથવા બીજા જનાવરોને બાંધશે અથવા પોતાના કુટુંબમાંના અથવા ઘરમાંના કોઈ માણસ પાસે તેવું કરાવશે અથવા તેને તેવું કરવા દેશે, અથવા રખવાળ વગર સદરહુ પ્રકારના જનાવરોને આમ તેમ ભટકાવશે અથવા ભટકવા દેશે તેને પચીસ રૂપીઆ સુધીના દંડની શિક્ષા થશે

૧૩૭ (બ) જે કોઇ પણ જનાવરને દુધશાળા (ડેરી) ના કામ સારૂ રાખવામાં આવતું હોય અથવા જેનો ખોરાક તરીકે ઉપયોગ કરવાનો ઇરાદો હોય તે જનાવરને જે કોઇ પણ માણસ વિષ્ટા, તબેલાનો કચરો, ગોજવાડ અથવા બીજો ગંદો પદાર્થ ખવડાવશે, અથવા તેને એવો પદાર્થ ખાવા દેશે અથવા ખવડાવવા દેશે તે માણસને વત્તામાં વત્તા પચાસ રૂપીઆ સુધીની દંડની શિક્ષા થશે

૧૩૮ (૧) મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટમાં હદમાં કાંઇપણ વેપાર અથવા જણસ બનાવવાના કારણસારૂ વાપરવામાં આવતા હોય તેવા કોઈપણ બાંધકામમાં અથવા ઇમારતોમાં વપરાતી અથવા વપરાવાની દરેક ભઠ્ઠીમાથી ધુમાડો નિકળે તેનો બને તેટલો નાશ થાય અથવા બળી જાય અથવા ઓછો થાય એવી રીતે તે ભઠ્ઠી સઘળે પ્રસંગે બાંધવાનું અથવા તેમાં ઉમેરો કરવાનો અથવા તેમાં ફેરફાર કરવાનો હુકમ જાહેર નોટીસ આપીને કરવાનો અધિકાર મ્યુનિસીપાલીટીને છે, પછી તેમાં વગળ સંચાનો ઉપયોગ કર્યો હોય કે નહિ હોય તેની ચિંતા નથી

(૨) સદરહુ પ્રકારનો હુકમ થયા પછી એવી રીતે ન બાંધેલી, ઉમેરો કર્યા વગરની અથવા ફેરફાર કર્યા વગરની સદરહુ પ્રકારની ભઠ્ઠી કોઈ માણસ વાપરશે અથવા વાપરવા દેશે, અથવા સદરહુ પ્રકારની કોઇ ભઠ્ઠીમાથી ધુમાડો નીકળે તેનો સારી રીતે નાશ ન થાય અથવા બને તેટલે બળી ન જાય તેવી રીતે તે ભઠ્ઠી ગફલતથી વાપરશે અથવા વાપરવા દેશે તો, સદરહુ પ્રમાણે ગુન્હો કરનારો દરેક માણસ તે કારખાનાનો અથવા ઇમારતના ધણી અથવા ભોગવટો કરનાર હોય અથવા ધણીએ અથવા ભોગવટો કરનારે તેની વ્યવસ્થા

કરવા સારૂ રાખેલો એજન્ટ અથવા બીજો માણસ હોય, તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે, અને ત્યાર પછી તેની ઉપર બીજીવાર ગુન્હો સાબિત થશે તો તેને પાચસો રૂપીઆ સુધીના દંડની શિક્ષા થશે, પણ એવુ ઠરાવ્યુ છે કે જે લોકોમોટિવ એન્જીન હરકોઇ રેલ્વે ઉપર લાવ લઈ જા કરવા સારૂ વપરાતા હોય તેમની અથવા જે રસ્તાની મરામત સારૂ વપરાતા હોય તેમને આ કલમનો કોઈ પણ ઠરાવ લાગુ છે એવુ સમજવુ નહિ

(૭) માર્કીટો બાબત, ખાવાની જણસોના વેચાણ બાબત વિગેરે બાબત નિયમ.

૧૩૯. (૧) જે સાર્વજનીક મારકીટો અથવા કસાઇખાના મ્યુનિસીપાલીટીએ બાધ્યા હોય અથવા ચાલુ કર્યા હોય અથવા જે બીજી મારકીટોને અથવા કસાઇખાનાને મ્યુનસીપાલીટીએ લેખી લાઇસેન્સ આપ્યા હોય તે સિવાય બીજી કોઇ જગા, માણસના ખાવાના કામમા યોજેલા જનાવર, માસ, માછલી, ફળ અથવા ભાજીપાલો વેચવાની મારકીટ દાખલ અથવા કસાઈખાના દાખલ સાધારણ રીતે વાપરવી નાહ એવો હુકમ કરવાનો મ્યુનિસીપાલીટીને અધિકાર છે સદરહુ પ્રકારના લાઇસન્સ પોતાની નજરમા આવે તે પ્રમાણે સામાન્યત અથવા કોઈ બાબતમા વખતે વખતે આપવાનો, તહકુબ કરવાનો અથવા નહિ આપવાનો, અથવા પાછા લેવાનો મ્યુનિસિપાલીટીનો અખત્યાર છે

(૨) એવા પ્રકારના માલ વેચવા માટે દુકાનોના લાઇસન્સ જે સરતોએ અને જે સરતોને પાત્ર રહિને, જે પ્રસગે આપવા અથવા આપવા નહિ અથવા તહકુબ કરવા અથવા પાછા લેવા તે સરતો તથા તે પ્રસંગ ઠરાવવાના પેટા કાયદા જે મ્યુનિસિપલ ડિસ્ટ્રીકટમા અમલમા હોય ત્યા કોઇ પણ માણસે ૪૮ મી કલમની પેટા કલમ (૧) ની રકમ (બ) મુજબ કરેલા પેટા કાયદા પ્રમાણે મ્યુનિસીપાલીટીએ લાઇસન્સ આપ્યા સિવાય, મ્યુનિસીપલ અથવા લાઇસન્સવાળી મારકીટ, શિવાય બીજી કોઇપણ જગા, માણસના ખાવાના કામમા યોજેલા જનાવરો, માસ અથવા માછલી વેચવાની દુકાન દાખલ વાપરવી નહિ

(૩) જે કોઇ માણસ સદરહુ પ્રકારના હુકમ વિરુદ્ધ, અથવા ઉપર ફરમાવેલા પ્રકારના લાઇસન્સ વગર, અથવા સદરહુ લાઇસિન્સ જે સરતોએ અથવા જે સરતોને પાત્ર આપવામા આવ્યુ હશે તે સિવાય બીજી રીતે સદરહુ પ્રકારના કાઇ જનાવરો અથવા માલ વેચશે અથવા વેચવા મૂકશે, અથવા કોઇ જગા સદરહુ જનાવરો વિગેરે વેચવા માટે દુકાન દાખલ વાપરશે અથવા વાપરવા દેશે, અથવા કોઇ જગા કસાઇખાના દાખલ વાપરશે, તેને પચીસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે

(૪) લાઇસન્સ વગર અથવા તે તહકુબ હોય તે મુદતમા અથવા તે પાછુ લીધા પછી જે કોઇપણ જગા ઉપર કહેલા પ્રકારના વેચાણ સારૂ દુકાન દાખલ વાપરી હોય અથવા વાપરવા દીધી હોય તેના સંબધમા ગુન્હાની સાબિતીનો ઠરાવ થયા પછી, મ્યુનિસીપાલીટીની અરજી ઉપરથી (બીજી રીતે નહિ) એવી જગા બધ કરવા બાબત માજીસ્ટ્રેટે હુકમ કરવો જોઈયે, અને પછી તેણે એવી જગાનો એવો ઉપયોગ ન થવા દેવા સારૂ માણસો નિમવા જોઇયે અથવા બીજી તજવીજ કરવી જોઇયે અને એવી જગા બધ કરવાનો એવા પ્રકારે હુકમ કર્યા પછી જે કોઇપણ માણસ તે એવી રીતે વાપરશે અથવા વાપરવા દેશે તે દરેક માણસને તે જગા આ પ્રમાણે બધ કરવાનો હુકમ થયા પછી જે જે દિવસે તે જગા-તે માણસ આ પ્રમાણે વાપરવાનુ જારી રાખશે અથવા જારી રાખવા દેશે તેને દરેક દિવસ બદલ પાચ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે

(૫) આ કલમ માહેના કોઇપણ ઠરાવ જે કોઈ પણ હોટેલ અથવા વીશીમા ખાવા સારૂ આપેલા ખાવાના પદાર્થોના વેચાણ સારૂ તે હોટેલ અથવા વીશી વાપરવાની બાબતમા લાગુ નથી

૧૪૦ (૧) હરકોઇ સાર્વજનીક માર્કીટ અથવા કસાઇખાનુ વખતે વખતે ચાલુ કરવાનો અથવા બંધ કરવાનો અધીકાર મ્યુનિસીપાલીટીને છે સદરહુ પ્રકારની કોઇપણ મારકીટ અથવા કસાઇખાનુ કોઇ માણસ વાપરે તે બાબત દુકાનનુ ભાડુ અથવા બીજુ ભાડુ અથવા ફી લેવાનો, અથવા સદરહુ માર્કીટમાની અથવા કસાઇખાનામાની કોઇ દુકાનનો અથવા જગાનો ભોગવટો કરવાનો હક્ક અથવા સદરહુ પ્રકારની હરકોઇ મારકીટ અથવા કસાઇખાનું બીજી રીતે વાપરવાનો હક્ક વખતે વખતે જાહેર લીલામ કરીને અથવા બીજી રીતે વેચવાનો પણ અધીકાર મ્યુનિસીપાલીટીને છે

(૨) જે કોઇ પણ માણસ મ્યુનસીપાલીટીની પરવાનગી વગર અથવા લાઇસન્સ વગર સરદહુ મારકી-ટોમા કોઈપણ જણસ વેચશે અથવા વેચવા મૂકશે, અથવા સદરહુ કસાઇખાના વાપરશે, તેને પચીસ રૂપીયા સુધીના દંડની શિક્ષા થશે

૧૪૧ કમિશનરની અથવા તેણે કલેકટરને અધિકાર આપ્યો હોય તો તેની મંજુરીથી મ્યુનિસીપલ ડીસ્ટ્રીકટની હદ બહાર કસાઇખાના અથવા જનાવરોના મુડદાંની વ્યવસ્થા કરવાની જગાએ નિમવાનો મ્યુનીસીપાલીટીને કાયદાસર અધીકાર છે અને મ્યુનિસિપલ હદમા સદરહુ પ્રકારની જગાનો વહીવટ કરવા સબધી આ આકટના તથા તેની રૂયે ચાલતા પેટા કાયદાના સઘળા ઠરાવ સદરહુ પ્રકારની જગામા, તે જગા જાણે મ્યુનિસિપલ હદમા હોય તે પ્રમાણે પૂર્ણ રીતે અમલમા રહેશે

૧૪૨ (૧) પ્રેસિડેન્ટને, વાઇસ પ્રેસિડેન્ટને અથવા મ્યુનિસીપાલીટીએ આ અર્થે અધિકાર આપેલા કોઈપણ કૌન્સિલરને અથવા અમલદારને

(અ) જે જનાવરો, મડદા, ઘોષ, મરઘા, બતકા, શિકાર, માસ, માછલી, ફળફળાદિક, ભાજીપાલો, રોટલી, આટો, દુધ, ઘી, માખણ અથવા માણસોના ખોરાક સારૂ અથવા પીવા સારૂ અથવા દવા સારૂ યોજેલી બીજી જણસો વેચવાને માટે માંડેલી હોય અથવા વેચવા સારૂ ફેરી ફરવામા આવતી હોય અથવા કોઇ પણ જગાએ વેચવાના અથવા વેચવા માટે તૈયાર કરવાના કારણ સારૂ મૂકવામા અથવા આણવામા આવી હોય તે તપાસવાને માટે, સઘળે વાજબી વખતે કોઇ પણ જગામા પેસીને તે જગો તપાસવાનો, અથવા કસાઈખાના સારૂ જે જગા વપરાતી હોય તે જગામા પેસીને તે જગા તપાસવાનો, અને તે માહેની કોઇપણ જણસ તપાસવાનો, અને (બ) એવા કોઇ પણ જનાવરો, મડદા અથવા ઉપર કહેલી બીજી જણસ રોગિષ્ટ અથવા નબળી અથવા અવગુણકારક સારૂ અથવા પીવા સારૂ અથવા દવા સારૂ નાલાયક છે એવુ જણાય, તો તે પકડવાનો અધિકાર છે

જલ્દી બગડી જનારી કોઇપણ જણસ પ્રેસિડંટના, વાઇસ પ્રેસિડન્ટના અથવા મેનેજીંગ કમીટીના ચેરમેનના અથવા આ પેટા બાબની રૂયે મ્યુનિસીપાલીટીને મળેલા સઘળા અથવા તેમાના કાઇપણ અધિકાર ચલાવવાને ૨૯ મી કલમ પ્રમાણે નિમાયલી કમીટીના ચેરમેનના અથવા જો કોઇ મ્યુનિસીપલ કમીશનર હોય તો તેના મત પ્રમાણે રોગીષ્ટ, નબળી, અવગુણકારક અથવા ખાવાને, પીવાને અથવા દવાને લાયક ન હોય તો તેનો તેઓના હુકમથી તાબડતોબ નાશ કરવાનો અધિકાર છે

જે દરેક જનાવર અને જલ્દી બગડે નહિ એવી જે દરેક જણસ ઉપર કહ્યા પ્રમાણે પકડવામા આવે તે માજીસ્ટ્રેટની રૂબરૂ લઇ જવી જોઇએ

જો માજીસ્ટ્રેટને પુરતા પુરાવા ઉપરથી એમ દેખાય કે એવી કોઇપણ જણસ રોગિષ્ટ અથવા નબળી અથવા અવગુણકારક અથવા માણસને ખાવા પીવા સારૂ અથવા દવા સારૂ લાયક નથી તો, તેના ધણીને અથવા તેનો માત્ર નિક્ષેપી અથવા હુડાભાડાવાળો ન હોય એવા જે માણસના કબજામાથી તે મળી આવી હોય તેને, હિંદુસ્થાનના ફોજદારી કાયદાની ૨૭૩ મી કલમના ઠરાવ લાગુ પડતા ન હોય તો, સો રૂપીઆ સુધીના દંડની શિક્ષા થશે, અને તે માજીસ્ટ્રેટે તે જણસનો નાશ કરવો જોઇયે અથવા તે જણસ વેચવા માટે મંડાય નહિ અથવા તેનો ખાવા અથવા પીવા અથવા દવા સારૂ ઉપયોગ થાય નહિ એવી રીતે તેની વ્યવસ્થા કરાવવી

(૨) જે કોઇ પણ મ્યુનિસીપલ ડિસ્ટ્રીકટમા આ પેટા કલમ, સન ૧૮૯૯ ના મુબઇના ભેળ કરવાની મનાઇ કરવા બાબતના આકટ મુજબ કાહાડેલા જાહેરનામાની રૂયે જાણે તે પેટા કલમ સદરહુ આકટની ૫ મી કલમનો ભાગ હોય એવી રીતે વિદ્યમાનકાળે અમલમા હોય અને સઘળી જાતની અથવા કોઈ પણ નિર્દીષ્ટ કરેલી જાતની ખાવાની જણસને લાગુ હોય તે દરેક મ્યુનિસીપલ ડિસ્ટ્રીકટમા, જે કોઈ પણ જણસને આ પેટા કલમ ઉપર કહ્યા પ્રમાણે લાગુ પડતી હોય તે જણસ ખાવા અથવા પીવાને યોજેલી હોય અને પેટા કલમ (૧) મા કહેલી કોઇ પણ જગામા હોય તો, પ્રેસિડંટને, વાઇસ પ્રેસિડંટને અથવા ઉપર કહ્યા પ્રમાણે અધિકાર આપેલા અમલદારને, એવી જણસ, તે વિષે જે પ્રમાણે દર્શાવવામા આવ્યુ છે તેવી નથી એમ દેખાય તે પ્રસગે તે પકડવાનો અધિકાર છે, અને જો પુરાવા ઉપરથી માજીસ્ટ્રેટની

નજરમા આવે કે એવી જણસ તે વિશે દર્શાવવામા આવ્યુ છે તેવી નથી તો તે માજીસ્ટ્રેટને, તેનો નાશ કરવાનો અથવા તે વેચવા મડાય નહિ અથવા તેને ખાવા અથવા પીવાને ઉપયોગ કરાય નહિ એવી રીતે તેની વ્યવસ્થા કરવા બાબત હુકમ કરવાનો અધિકાર છે, અને તેના ધણીને અથવા તે જેના કબજામાંથી મળી આવી હશે તે સખસ તેનો માત્ર હૂડાભાડાવાળો અથવા નિક્ષેપી ન હોય તો તેને, તે બાબતમા હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૭૩ મી કલમના ઠરાવો લાગુ પડતા ન હોય તો સો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે

ખુલાસો—જો એવી કોઇ પણ જણસ પેટા કલમ (૧) મા કહેલી કોઈ પણ જગામા ધી દાખલ વેચવા માટે માંડેલી હોય, ભરેલી હોય, અથવા આણેલી હોય અને તેમા, સર્વાશે દુધમાંથી નીકળેલી ન હોય એવી વસ્તુ હોય, તો તે જણસ જે પ્રમાણે તે વિશે દર્શાવવામા આવ્યું હોય તેવી નથી એમ આ પેટા કલમના કારણ સારૂ સમજવુ જોઇએ

પણ એવુ ઠરાવ્યું છે કે, આ પેટા કલમમા હવાલો આપેલી ખાવાની કોઇપણ જણસ જેવી હોવાનું દર્શાવવામા આવ્યુ હોય તેવી તે નથી એમ, તેમા તંદુરસ્તીને ઇજાકારક ન હોય એવી કાંઈ વસ્તુ ઉમેર્યાના જ કારણને લીધે માજીસ્ટ્રેટને જણાય ત્યારે તે જણસનો ધણી અથવા તે જણસ જેના કબજોમાંથી મળી આવી હશે તે સખસ માજીસ્ટ્રેટની ખાત્રી થાય એવી રીતે નીચે પ્રમાણે સાબિત કરે તો, તે ધણીએ અથવા સખશે ગુન્હો કર્યો નથી એમ સમજવુ, એટલે—

(અ) એવી ખાવાની જણસ વેપારની જણસ તરીકે બનીને અથવા તૈયાર થઇને લઇ જવા સારૂ અથવા ખપ સારુ યોગ્ય થવા માટે તેમાં એવી વસ્તુ ઉમેરવાની જરૂર હોવાથી તે ઉમેરી છે, અને તેથી તે જણસનું કદ, વજન અથવા માપ વધે તે માટે અથવા તેની હલકી જાત છુપાય તે માટે તે કપટથી ઉમેરી નથી અથવા (બ) એવી ખાવાની જણસ બનતી વખતે, તૈયાર થતી વખતે અથવા લઇ જતી વખતે તેમા સદરહુ બહારની વસ્તુ અનિવાર્ય ભેળાઇ ગઇ છે, અથવા (ક) સ્પષ્ટ તથા વંચાય એવી રીતે લખેલું અથવા છાપેલુ લેબલ એવી ખાવાની જણસ ઉપર ચહોડીને અથવા તે સાથે રાખીને અથવા લોકોને જાહેર કરવાની બીજી રીતે તેણે એવી વસ્તુ એવી રીતે ઉમેરાયની વાતની પુરતી સૂચના આપી છે, અથવા (ડ)—(૧) સદરહુ જણસ અમુક સ્વરુપની, સત્વની, તથા પ્રકારની હોવા બાબતની ખાત્રીનો લેખી દાખલો લઇને તેણે તે ખરીદ કરી હતી, (૨) તે ઉપગ પ્રમાણેના સ્વરૂપની, સત્વની તથા પ્રકારની ન હતી એવુ માનવાને તેને કાઇજ કારણ ન હતું, અને (૩) તે જણસ, તે બાબતના લેખી દાખલામાં જેવા સ્વરુપની, સત્વની તથા પ્રકારની લખી હતી તે સિવાય બીજી જણસ તરીકે તેને વેચવા સારૂ માંડી ન હતી, ફેરીએ લઈ ગયો નહોતો અથવા આણી ન હતી, અને તેણે તે જે સ્થિતિમાં ખરીદ કરી હતી તેજ સ્થિતિમા તે હતી

(૩) આ કલમ મુજબ ચલાવવાના સઘળા ફોજદારી કામમાં એવી કલમ વિરુદ્ધ ગુન્હો કર્યાનું જે સખસની ઉપર તોહોમત આવ્યુ હોય તે સખસને હાજર રહેવા બાબતના સમંન માટેની અરજી, એવા શખસ ઉપર જે ગુન્હાનું તોહોમત આવ્યું હોય તે ગુન્હો જે તારીખે થયાનું કહેવાતુ હોય તે તારીખથી વાજબી મુદતની અંદર કરવામા ન આવે તો, માજીસ્ટ્રેટ તે સમન આપવાની ના કહેવી

૧૪૩ પ્રેસિડંટને, વાઇસ પ્રેસિડંટને, અથવા આ અર્થે મ્યુનિસિપાલીટીએ અધિકાર આપેલા કોઇ પણ કોંસિલરને અથવા અમલદારને, માણસોના ખોરાક માટે વાપરવાની જણસોનું વેચાણ કરવા માટે વપરાતી કોઈ પણ જગામા સઘળા વાજબી વખતે પેસવાનો, અને વાપરવામાં આવતાં હોય તે કાટલાં તથા માપ તપાસવાનો અધિકાર છે, અને ખોટા અથવા ઓછા કાટલાં અથવા માપ, અથવા જે કાટલાં તથા માપ વાપરવાથી લોકો છેતરાય એવા કાટલાં તથા માપ સદરહુ જણસ જે સખસના હવાલામાં હોય તે સખસના કબજામાંથી મળે તો, તેને બસે પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે

(૭)—ચેપ ભરેલા રોગોનો અટકાવ કરવા બાબત.

૧૪૪ (૧) પેટા કલમ (૨) મા કહેલા સઘળા અથવા કોઈપણ અધિકાર જાહેરનામાની મારફતે તેમાં લખેલી હરકોઇ મ્યુનિસિપાલીટીને કોઇપણ વખતે આપવાનો ગવર્નર ઇન કૌન્સિલને અખત્યાર છે. એમ તે

જાહેરનામામા અથવા તે પછીના કોઇપણ જાહેરનામામા શહેરની મ્યુનિસીપાલીટીએ બાબતમા ગવર્નર ઇન કૌન્સિલ અને બીજી બાબતોમા કમીશનર એ બાબત કાંઈ મર્યાદા, બધી તથા સરતો ઠરાવે તે સઘળાને પાત્ર રહીને તે મ્યુનિસીપાલીટીએ, આ પ્રમાણે તેને આપેલા દરેક અધિકાર, એવા કોઇપણ જાહેરનામામા એ બાબત કહેલી મુદત સુધા, અથવા એવી મુદત કહી ન હોય તો, તે અધિકાર પાછો લેવામા આવે ત્યા સુધી, તે મ્યુનિસીપલ ડિસ્ત્રીકટમા ચલાવવો જોઇએ

(૨) જે અધિકાર સઘળો અથવા થોડે અશે આગલી પેટા કલમ (૧) મુજબ આપી શકાય તે હેઠળ પ્રમાણે છે, એટલે—

(અ) વિશેષ અથવા સામાન્ય હુકમ કરીને નીચે પ્રમાણે ફરમાવવાનો અધિકાર, એટલે જે જે વૈદ્યકીય ધધો કરનાર એમ જાણતો હોય અથવા જેને એમ માનવાનુ કારણ હોય કે પોતે ઇસ્પિતાલ ન હોય એવા કોઈ પણ રહેઠાણમા જે કોઇ માણસની પોતાના ધધાની રૂયે મુલાકાત લીધી હોય તે માણસ વાજબી રીતે ભય ભરેલો રોગ કહેવાય એવા રોગથી પીડાય છે, તો તે દરેક વૈદ્યકીય ધધા કર-નારે તે બાબતની ખબર, અથવા કોઇ પણ કારખાનાનો અથવા કેળવણીને લગતા કોઇ પણ ખાતાનો જે મેનેજર અથવા કોઈ પણ કુટુબનો જે મુખ્ય એમ જાણતો હોય અથવા જેને એમ માનવાનું કારણ હોય કે પોતાના વહિવટ અથવા નિબધ હેઠળના કોઇ પણ રહેઠાણમા રહેનારા અમુક માણસ વાજબી રીતે ભય ભરેલો રોગ કહેવાય એવા રોગથી પીડાય છે તો તે દરેક તે બાબતની ખબર, મ્યુનિસીપાલીટી આ અર્થે ઠરાવશે તે સખસને બને તેટલી તાકીદથી આપવી (બ) જે કોઇ પણ જગામા કોઇપણ ભય ભરેલો રોગ હોવાની ખબર મળી હોય અથવા સશય હોય તે જગા, નોટીસ ન આપતા, અથવા તપાસવાનો હુકમ કરેલા અથવા અખત્યાર મળેલા સખસને વાજબી દેખાય તેવી નોટીસ આપીને તપાસવા બદલ તથા એવી જગા બહાર રોગ ન પસરે તેની તજવીજ કરવા બદલ હુકમ કરવાનો અથવા અખત્યાર આપવાનો અધિકાર, (ક) જેથી કોઇ ભય ભરેલો રોગ ઉત્પન્ન થવાનો અથવા ફેલાવવાનો સભવ છે એમ કોઇ વૈદ્યકીય અમલદારની સલાહ ઉપરથી મ્યુનિસીપાલીટીને લાગે એવુ કોઈ પણ કુવાનુ, તળાવનું અથવા બીજી જગોનુ પાણી પીવા સારૂ લઇ જવાની મનાઇ કરવાનો અધિકાર, (ડ) જે માણસને ઉતારાની અથવા રેહેવાની યોગ્ય સગવડ ન હોય અથવા જે એક કરતા વધારે કુટુબના ભેગવટામા હોય એવા ઓરડામા અથવા સાથે સાથેની કોટડીઓમા ઉતર્યો હોય અને જે ભય ભરેલા રોગથી પીડાતો હોય તેને સદરહુ રોગથી પીડાતા માણસોને જે કોઇ પણ ઇસ્પિતાલમા અથવા જગામા ઓસડવેસડ કરવા સારૂ દાખલ કરવામા આવતા હોય ત્યા મ્યુનિસિપાલીટીએ આ સંબંધમા અધિકાર આપેલા તથા યોગ્ય રીતે લાયક હોય એવા કોઇ વૈદનો ધધો ચલાવનારા સખસની સહીના દાખલા ઉપરથી, લઇ જવાનો હુકમ કરવાનો લઈ જવડાવાનો અધિકાર, (ઇ) કોઈપણ ઇમારતના અથવા ઇમારતના ભાગના ધણીને અથવા ભોગવટો કરનારને, અથવા તે ઇમારત માહેની અથવા ભાગ માહેની કોઇપણ વસ્તુ જે માણસની માલિકીની હવે અથવા જેના તાબામા હશે તેને, તેના પોતાના ખર્ચે, અથવા તે ગરીબ હોય તો અથવા તે બાબતની હકીકત જોતા મ્યુનિસિપાલીટીને વાજબી લાગે એવુ બીજુ કારણ હોય તો મ્યુનિસિપાલીટીના ખર્ચે, તે ઇમારત અથવા તેનો ભાગ અથવા વસ્તુ સાફ કરવાનુ લેખી નોટીસથી ફરમાવવાનો અધિકાર, (ફ) જે ઓઢવા પાથરવાની અથવા બીજી જણસો કોઇપણ ભય ભરેલા રોગથી દુષિત થવાનો સંભવ હોય તે જણસોમાના રોગબીજનો નાશ કરવાના અથવા તે જણસો ધોવાના સાધનો પુરા પાડવાનો તથા તેમ કરવા સારૂ જગા ઠરાવવાનો, અને તેમનો નાશ કરવાનુ ફરમાવવાનો અધિકાર, (ગ)—(૧) કોઈપણ ભય ભરેલા રોગથી પીડાતા સખસોને મફત લઈ જવા સારૂ યોગ્ય વાહનો પુરા પાડવાનો તથા તે ટકાવી રાખવાનો અધિકાર (૨) એવી રીતે વાહનો પુરા પાડવામા આવ્યા હોય ત્યારે, એવા સખસોને સઘળા અથવા કોઈપણ ભાડાના વાહનમા લઇ જવાની મનાઈ કરવાનો અધિકાર, અને (૩) એવા કોઇ પણ સખસને લઇ જવા માટે જે વાહન કોઇ પણ વખતે વાપરેલુ હોય તેમાના રોગબીજનો તાબડતોબ નાશ કરવો જોઇએ, એવો હુકમ ફરમાવવાનો અધિકાર, (હ) (૧) કોઇ પણ ભય ભરેલા રોગથી પીડાતા કોઈ પણ માણસને સદરહુ રોગ ફેલાતો અટકાવવાને યોગ્ય સાવચેતીઓ લીધા સિવાય કોઇ પણ સ્ટ્રીટમા અથવા કોઇ પણ નિશાળ અથવા કારખા-

નામા અથવા કોઇ પણ ધર્મશાળા, નાટકશાળા, મારકીટ અથવા સાર્વજનિક વપરાસના બીજી જગ્યામા, જાણીબુજીને ખુલ્લો રહેતા અટકાવવાનો અધિકાર, અથવા (૨) એ પ્રમાણે પીડાતા કોઈપણ માણસના હવા-લાવાળા માણસને એવા દરદીને એ પ્રમાણે ખુલ્લો મૂકતા અટકાવવાનો અધિકાર, (આઇ) જે કોઈ પણ માણસ એમ જાણતો હોય અથવા જેને એમ માનવાનુ કારણ હોય કે અમુક જણસ હરકોઇ ભય ભરેલા રોગથી કોઇ પણ પ્રકારે દુષિત થવાનો સંભવ થગો છે તે માણસને જણસમાના રોગબીજનો નાશ કરવાના કારણ શિવાય બીજા કારણ સારૂ બીજી જગાએ લઈ જવાની અથવા બીજા માણસને આપવાની મનાઇ કરવાનો અધિકાર, (જે) જે કોઈ પણ વીસીમા, ઇનમા (ધર્મશાળામા) અથવા સરાઈમા કોઈ માણસ ભય ભરેલા રોગથી પીડાતો હોય અથવા પીડાય છે એમ માનવાનુ કારણ હોય તે વીસી વિગેરે ભાડે આપવાને ઇચ્છનારા અથવા ત્યા રહેવાની સગવડ કરી આપનાર સખસે, તે ઇમાગત અથવા તેનો ભાગ, અને જેમા રોગબીજ રહેવાનો સભવ હશે એવી ત્યાની જણસ મ્યુનિસિપાલીટીની અથવા એ બાબત તેણે નિમેલા અમલદારની ખાત્રી થાય એવી રીતે રોગબીજ વગર કર્યા વગર અથવા તે તે પ્રમાણે કરાય ત્યા સુધી, તે વીસી વિગેરે ભાડે આપવાની અથવા ત્યા રેહેવાની સગવડ કરી આપવાની મનાઈ કરવાનો અ-ધિકાર, (ક) બીજા વર્ગના અધિકારથી ઓછો અધિકાર જેને ન હોય એવા માજીસ્ટ્રેટની દરેક બાબતમા પ્રથમ પરવાનગી લઇને આરોગ્યતાને નુકશાનકારક જે ઝુપડા અથવા છાપરામા માણસો ભય ભરેલા રોગથી પીડાય છે એમ માનવાનું કારણ હોય એવા ઝુપડા અથવા છાપરાનો નાશ કરવાનો અધિકાર છે

(૩) મ્યુનિસિપાલીટી, પોતાની નજરમા આવે તો, આ કલમ મુજબ કોઇપણ મિલકતનો નાશ કર્યાને લીધે જેને સારૂજ નુકશાન થયુ હોય એવા કોઇપણ માણસને વળતર આપવાને મુખત્યાર છે પણ મ્યુનિ-સિપાલીટીએ કબુલ કર્યા હોય તે સિવાય, આ કલમમા કહેલા અધિકાર કોઇપણ પ્રસંગે ચલાવ્યાના કારણથી થયેલા કોઇપણ નુકસાનના અથવા નુકશાનીના વળતર બદલ કોઇપણ દાવો ચાલશે નહિ

(૪) જે કોઇ માણસ મ્યુનિસિપલ ડિસ્ત્રિકટમા વિદ્યમાનકાળે અમલમા હોય અને આ કલમની રૂયે મ્યુનિસિપાલીટીને આપેલા કોઇપણ અધિકારની રૂયે મ્યુનિસિપાલીટીએ કર્યો હોય અને આ કોઇપણ ઉપયોગનું ઉલઘન કરીને અથવા મ્યુનિસિપાલીટીનો કોઇપણ અમલદાર અથવા તેના હુકમ મુજબ કામ કરનારો કોઇપણ સખસ એવો કોઇપણ હુકમ બજાવતો હોય તે વખતે તેને હરકત કરશે, તેને બસો રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

૧૪૫ (૧) કોઇપણ મ્યુનિસિપલ ડિસ્ત્રિકટમાં અથવા તેના કોઇપણ ભાગમા કોઇપણ ભય ભરેલો રોગ ફાટી નીકળવાની ધાસ્તી હોય અથવા તે ફાટી નીકળ્યો હોય ત્યારે તેની મ્યુનિસિપાલીટીએ તે રોગનો ઉદ્ભવ અટકાવવા સારૂ અથવા તેનો બંદોબસ્ત કરવા સારૂ અથવા તે ઓછો કરવા સારૂ અથવા તેનો નાશ કરવા સારૂ તેને જરૂર જણાય તેવી સત્રળી તજવીજો કરી જોઇયે

(૨) ઉપર કહેલા પ્રકારના પ્રસગે શહેરની મ્યુનિસિપાલીટીની બાબતમા ગવર્નર ઇન કૌન્સીલને અને બીજી બાબનમા કમીશનરને વિશેષ જાહેરનામાની મારફત અમુક ડિસ્ત્રિકટમા ભય ભરેલો રોગ થવાની ધાસ્તી છે અથવા તે શરૂ થયો છે એવુ જણાવીને તે ડિસ્ત્રિકટની મ્યુનિસિપાલીટીને નીચેની પેટા કલમમા કહેલા સઘળા અથવા કોઇપણ જુદા અધિકાર આપવાનો અખત્યાર છે અને તે મ્યુનિસિપાલીટીએ તે ઉપરથી, તે જાહેરનામામા અથવા તે પછીના કોઇપણ જાહેરનામામા ગવર્નર ઇન કોન્સિલે કોઇ મર્યાદા બધન તથા સરતો ઠરાવી હોય તો તે સઘળાને પાત્ર રહીને, પોતાને આ પ્રમાણે મળેલો દરેક અધિકાર એવો અધિકાર સરરહુ પ્રકારના જાહેરનામા મારફત પાછો લઇ લેવામા આવે ત્યાસુધી ચલાવવો જોઇયે

(૩) જે અધિકાર ઉપરની પેટા કલમ મુજબ સઘળા અથવા થોડા આપવામા આવે તે નિચે પ્રમાણે છે, એટલે—(અ) જે કોઈપણ રોગબીજ યુક્ત ઇમારત રહેવાના ઘર દાખલ વાપરવામા આવે તે નિચે હોય તે ઇમારતમા અથવા તેના કોઇપણ ભાગમા અથવા આવી ઇમારતની પાસેની એવી રીતે વપરાતી ઇમારતમા જાથુને માટે અથવા થોડા વખત માટે રહેનાર માણસને અથવા માણસોને તે ઇમારત અથવા તે ભાગ છોડી જવા બાબત નિચેની સરતોને પાત્ર રહીને હુકમ કરવાનો અધિકાર છે, તે સરતો હેઠળ પ્રમાણે છે એટલે—

(૧) દરેક બાબતમા જેને બીજા વર્ગના અધિકારથી ઓછો અધિકાર ન હોય એવા માજીસ્ટ્રેટની પરવાનગી પ્રથમ મેળવવી જોઇએ, અને,

(૨) જે માણસોના સબંધમા તે હુકમ કર્યો હોય તે સઘળાની રહેવાની સગવડ બીજે ઠેકાણે થવા જોગ હોવી જોઇએ અથવા કરવી જોઇયે

(બ) તે મ્યુનિસિપલ ડિસ્ત્રિકટની બહારની જગાએથી આવનારા અથવા કોઈપણ રોગબીજ યુક્ત ઇમારત પાસેની કોઇપણ ઈમારતમા રહેનાર માણસોના શરીરની વૈદ્યકીય અમલદાર પાસે તપાસ કરાવવા વિશે અને જરૂર હોય તો એવા માણસોના કપડા ઓઢવા પાથરવાની અથવા સશય આવતો હોય તેવી બીજી જણસોમાના રોગબીજનો નાશ કરવા વિશે ફરમાનનો અને એવા કોઇપણ માણસને પોતાનુ ઠામ ઠેકાણું આપવાનુ, અને ઠરાવેલે વખતે તથા જગાએ વત્તામા વત્તા ૧૦ દિવસ સુધી રોજ વૈદ્યકીય તપાસણી સારૂ હાજર થવાનુ ફરમાવવાનો અધિકાર છે.

(ક) જિલ્લાના સિવીલ સર્જનના અથવા આ અર્થે ગવર્નર ઇનિ કોન્સિલે નિમેલા બીજા કોઇ વૈદ્યકીય અમલદારના લેખી મત પ્રમાણે, કોઇપણ સાર્વજનિક અથવા ખાનગીજગામા, અથવા કોઇપણ પ્રસંગે અથવા કોઇપણ કારણસાર પચાસથી વધારે લોક એકઠા થયાથી સદરહુ રોગ પસરવાનો અથવા તે વધારે ભયભરેલો થવાનો સંભવ હોય તો એવી જગાએ અથવા પ્રસગે અથવા કારણસાર એવી રીતે એકઠા થવાની, સાધારણ રીતે, અથવા કોઈપણ વિશેષ બાબતમા વિશેષ હુકમ કરીને, મનાઇ કરવાનો અધિકાર છે

(૪) મ્યુનીસીપાલીટી, પોતાની નજરમા આવે તો, આ કલમ મુજબ કોઇપણ મિલકત નાશ કર્યાને લીધે જેને સારૂજ નુકશાન થયુ હોય એવા કોઇપણ માણસને વળતર આપવાને મુખત્યાર છે, પણ મ્યુનીસીપાલીટીએ કબુલ કર્યો હોય તે સિવાય, તેમા કહેલા અધિકાર કોઇપ્રસગે ચલાવ્યાના કારણથી થયેલા કોઇપણ નુકશાનના અથવા નુકશાનીના વળતર બદલ કોઈપણ દાવો ચાલશે નહિ

(૫) પેટા કલમ (૨) મુજબ ઉપર કહેલા પ્રકારનો ઠરાવ જે મ્યુનિસિપલ ડિસ્ત્રિકટમા વિદ્યમાનકાળે અમલમા હોય તેમા, જે કોઇપણ સખસ, (અ) જે કોઇપણ હુકમ તે ડિસ્ત્રિકટમા વિદ્યમાનકાળે અમલમા હોય અને જે ૧૪૪ મી કલમ અથવા આ કલમ મુજબ મ્યુનીસીપાલીટીને આપેલો કોઇપણ અધિકાર ચલાવીને મ્યુનીસીપાલીટીએ કરેલો હોય તે હુકમ જાણી જોઇને તોડશે, અથવા

(બ) મ્યુનિસીપાલીટીના કોઇપણ અમલદારને, અથવા તેણે આપેલા અધિકારની રૂયે કામ કરનારા બીજા માણસને, એવો કોઇપણ હુકમ અમલમા આણવામા હરકત કરશે, તેને એક હજાર રૂપીઆ સુધીના દડની શિક્ષા થશે

૧૪૬. (૧) ગવર્નર ઇન કાઉન્સિલને કોઈપણ વખતે—(અ) ૧૪૪ મી કલમ મુજબ અથવા ૧૪૫ મી કલમ મુજબ આપેલો કોઈપણ અધિકાર પાછો લેવાનો (બ) એવા કોઇપણ અધિકારના સબધમા ઠરાવેલી હદ, બધન અથવા સરત રદ કરવાનો અથવા ફેરવવાનો, અથવા (ક) એવા કોઇપણ અધિકાર ચલાવીને મ્યુનિસીપાલીટીએ કરેલો કોઈપણ હુકમ રદ કરવાનો અધિકાર છે

(૨) ઉપર કહેલા પ્રકારનો કોઈપણ અધિકાર ચલાવીને મ્યુનિસીપાલીટીએ કરેલા દરેક હુકમનો અમલ તે અધિકાર પાછો લીધા પછી, તે મ્યુનિસિપલ ડિસ્ત્રિકટમા બધ થશે.

૧૪૭. જો કોઇપણ મ્યુનિસિપલ ડિસ્ત્રિકટની અદર ઢોરમા, મેઢામા અથવા બકરામા કોઈપણ ચેપી રોગ ઉદ્ભવે, અથવા તેવો કોઈપણ રોગ દાખલ થવાનો સભવ જણાય, તો ત્યાની મ્યુનીસીપાલીટીએ તે રોગ, અથવા તેનો ઉદ્ભવ, અથવા તેનુ દાખલ થવુ અટકાવવા સારૂ અથવા તે બાબત ઉપાય કરવા સારૂ, અથવા તે ઓછો કરવા અથવા દાબી દેવા સારૂ જરૂર જણાય તેવા સઘળા ઉપાય કરવા જોઇયે

૧૪૮. (૧) જ્યારે જ્યારે મ્યુનીસીપાલીટીને એમ જણાય કે કોઇ ઈમારતની અંદર એટલી બધી ગરદી થઇ છે કે તેથી તેમા અથવા તેની પાસેની ઇમારતમા રહેનારાઓની તદુરસ્તીને હાનિ અથવા નુકશાન થયુ છે અથવા થવાનો સભવ છે, ત્યારે ત્યારે એવી ગરદી અટકાવવાનો હુકમ મેળવવાસારૂ પહેલા વર્ગના માજીસ્ટ્રેટની આગળ કામ ચલાવવાની તજવીજ કરાવવાનો તે મ્યુનીસીપાલીટીને અધિકાર છે

(૨) એવો માજીસ્ટ્રેટ જે ગરદી વિષે ફરિયાદ કરવામા આવી છે તેથી રોગ થવાનો સંભવ છે અથવા રોગ થવાની ધાસ્તી છે એવા અભિપ્રાયનો વૈદ્યકીય અમલદારનો દાખલો પોતાની આગળ રજુ કરવામા આવે, અને પોતાને બીજી જે કંઈ તજવીજ કરવાની જરૂર જણાય તે કરીને સદરહુ ઇમારતમા ઉતરનારાઓની, ભાડુતોની અથવા બીજા રહેનારાઓની સંખ્યા, જેટલી હદ ઓછી કરવાની જરૂર છે એમ પોતે ઠરાવે તેટલી હદ સુધી વ્યાજબી મુદતની અંદર (જે મુદત છ અઠવાડીયાથી વધારે નહિ હોય એવી અથવા દસ દહાડેથી ઓછી ન હોય એવી હોવી જોઇએ)કમી કરવાનો હુકમ તે ઇમારતના ધણીને કરવાને મુખત્યાર છે, અથવા પોતાને વાજબી અને યોગ્ય જણાય એવો બીજો કાંઈ હુકમ કરવાને મુખત્યાર છે

(૩) જો સદરહુ ઇમારતના ધણીએ તે ઇમારત પેટા ભાડે આપી હોય, તો તેમા ઉતરનારાઓ ભાડુતો અથવા બીજા ખરેખરા રહેનારાઓએ જેની પાસેથી તે જગા ભાડે લીધી હોય તેને આ કલમના કામસારૂ, તે ઇમારતનો ધણી સમજવો જોઇયે

(૪) પેટા કલમ (૨) મુજબ જે કોઈપણ ઘરધણીપર હુકમ કહાડવામા આવ્યો હોય તે ઘરધણીની ફરજ છે કે તેણે એવા હુકમમા ઠરાવવામા આવેલી સરતો પૂરી કરવાને જરૂર જણાય તેટલા સદરહુ ઇમારતમાના ઉતરનારાઓ, ભાડુતો અથવા બીજા ખરેખર રહેનારાઓને સદરહુ ઇમારત એવા હુકમમા કહેલી મુદતની અંદર ખાલી કરવાને લેખી નોટીસ તુરતાતુરત આપવી જોઇએ, અને એવા જે કોઇ પણ ઉતરનારાઓ, ભાડુતો અથવા રહેનારાઓને એવી નોટીસ મળે તે પ્રમાણે ચલાવવાને બધાયલા છે.

(૫) પેટા કલમ (૨) ની રૂએ કહાડવામા આવેલા કોઇપણ હુકમમા કહેલી તારીખ પછી જે કોઇ ઘરધણી તે હુકમનો ભંગ કરીને કોઇપણ મકાનમા ઘણી ગરદી થવા દેશે તેને અને જે કોઇ માણસ પેટા કલમ (૪) ની રૂએ પોતાને મળેલી નોટીસ મુજબ એવુ કોઇ મકાન ખાલી કરશે નહીં તેને, એવા હુકમમા કહેલી તારીખ પછીના જેટલા દીવસ સુધી એવી ગરદી જારી રહે અથવા એ પ્રમાણે ખાલી કરવામા નહિ આવે તે દરેક દીવસ બદલ ૧૦ રૂપીયા સુધીના દંડની શિક્ષા થશે

૧૪૯. (૧) જે હેઠળ જણાવેલી ખામીઓમાની કોઇપણ ખામીને લીધે કોઇ પણ પ્રદેશમાના કોઇ પણ ભોગવટો કરનારમા અથવા કોઇ પણ પ્રદેશની પાડોશમા રહેનારાઓમા રોગનો ભય ઉત્પન્ન થયો છે અથવા ઉત્પન્ન થવાનો સંભવ છે એમ ગવર્નર ઇન કૌસિલને જણાય, તો તેને, જાહેરનામુ પ્રસિદ્ધ કરીને જે મ્યુનિસીપાલીટીના તાબામા સદરહુ પ્રદેશ હોય તે મ્યુનિસીપાલીટીને પેટા કલમ (૨) મા જણાવેલા સઘળા અથવા તેમાનો કોઇપણ અધિકાર આપવાનો અખત્યાર છે, અને જે મર્યાદા, બંધન, ફેરફાર, સરત અથવા નિયમને પાત્ર રહીને તે મ્યુનિસિપાલીટીએ એવી રીતે આપેલા સઘળા અધિકાર ગવર્નર ઇન કૌન્સિલના ત્યાર પછી કાઢેલા જાહેરનામાથી તે અધિકાર લઇ લેવામા નહી આવે તો અને લઇ લેવામા આવે ત્યા સુધી, સદરહુ પ્રદેશમા ચલાવવા જોઈયે, તે મર્યાદા, બંધન, ફેરફાર સરત અથવા નિયમ પોતાને જરૂર જણાય તો, પોતે કોઇપણ વખતે કાનુનો કરીને ઠરાવવાને મુખત્યાર છે સદરહુ ખામીઓ નીચે પ્રમાણે એટલે.—

(અ) સદરહુ પ્રદેશમા આગળથી જ બાંધેલી હોય એવી અથવા બાંધવા ધારેલી ઇમારતો અથવા ઇમારતોનો સમૂહ જે રીતે ખીચોખીચ આવેલો હોય, અથવા આવવાનો સંભવ હોય તે રીત, અથવા (બ) એવી આગળથીજ બાંધેલી હોય એવી અથવા બાંધવા ધારેલી કોઇ પણ ઇમારતો અથવા ઇમારતોના સમૂહ સાફ કરવાની અશકયતા, અથવા (ક) ઉપર કહ્યા પ્રમાણેની કોઇ પણ ઇમારતોમાથી અથવા ઇમારતોના સમૂહમાથી અથવા પ્રદેશમાથી ગંદા પાણીનો નીકાલ નહી થતો હોય, અથવા તેમાથી નરક વગેરે નહિ કઢાતું હોય અથવા તેમ કરવાની તજવીજ કરવાની અડચણ પડતી હોય તે, અથવા (ડ) ગલીઓ અથવા ઇમારતો અથવા ઇમારતોનો સમૂહ સાંકડો હોવો, પાસે પાસે હોવો, તેની રચના સારી નહીં હોવી અથવા તે નઠારી હાલતમા હોવો તે

(૨) જે અધિકાર પેટા કલમ (૧) ની રૂએ સર્વાંસે અથવા થોડે અંશે મ્યુનિસિપાલીટીને આપી શકાય તે હેઠળ પ્રમાણે છે —

(અ) પેટા કલમ (૧) મા જણાવેલી કોઇ પણ ખામીને લીધે, જ્યારે આગળથી જ બાંધેલી અથવા

બધાતી હોય એવી કોઇપણ ઇમારતથી અથવા ઇમારતના સમૂહથી ઉપર જણાવેલો ભય ઉત્પન્ન થયો હોય, અથવા મ્યુનિસીપાલીટીના મત પ્રમાણે ઉત્પન્ન થવાનો સંભવ હોય, ત્યારે એક લેખી નોટીસ, તે ઇમારતના અથવા ઇમારતના સમૂહના સહેજ જણાઇ આવે એવા કોઈ પણ ભાગ ઉપર ચોહોડીને અને, મ્યુનિસીપાલીટીને યોગ્ય લાગે તે પ્રમાણે, તેના ધણીઓના નામની અથવા જે જમીન ઉપર તે ઇમારત અથવા સમૂહ બાધ્યો હોય અથવા બધાતો હોય તે જમીનના ધણીઓના નામની કહાડીને તે ઉપરથી, જેમના નામની તે કાઢી હોય તેમને, જે વાજબી મુદત તેમા જણાવી હોય તેની અદર એવી ઇમારત અથવા ઇમારતનો સમુહ તોડી પાડવાનુ અથવા કહાડી નાખવાનું અથવા એવો રોગ ઉત્પન્ન થવાનો ભય સર્વાંશે દૂર કરવા સારૂ તે મ્યુનિસીપાલીટીને જરૂર જણાય તેવા તેના સબધમા બાધકામ અથવા તજવીજ કરવાનુ ફરમાવવાનો અધિકાર, (બ) જેઓના નામની સદરહુ નોટીસ કાઢવામા આવી હોય તેઓ તેમા જણાવેલી મુદતની અદર સદરહુ ઇમારત અથવા ઇમારતનો સમુહ તોડી પાડવાની અથવા કહાડી નાંખવાની અથવા તે બાધકામ અથવા તજવીજ કરવાની કસુર કરે તો મ્યુનિસિપાલીટીના માણસો પાસે અથવા બીજા માણસો પાસે તેમ કરવાનો અધિકાર

(ક) (૧) રકમ (અ) મા કહેલો અધિકાર ચલાવીને જે કોઇપણ ઇમારત આખી અથવા થોડે ભાગે તોડી પાડી હોય તેના ગભાણુ ઉપર, અથવા

(૨) ઇમારતોથી રોકાયલી નહીં હોય એવી કોઈ પણ જગા ઉપર, પછી તે જગા ખાનગી મીલકત હોય કિંવા ન હોય, તે ઉપર, એવા પ્રકારનો ભય દૂર થાય તેટલા માટે તે ગભાણુ અથવા ખુલ્લી જગા ઉપર ઇમારત બાધવી નહિ એવુ તે મ્યુનિસિપાલીટીને જણાય તો, એવા ગભાણુ અથવા જગાના ધણી અથવા ભોગવટો કરનારના નામની લેખી નોટીસ કહાડીને અને ૧૫૪ મી કલમની પેટા કલમ (૩) મા કહેલી રીતે સામાન્ય નોટીસ પ્રસિદ્ધ કરીને, કોઇ પણ ઇમારત અથવા નિર્દિષ્ટ કરેલા પરિમાણથી મોટી કોઇ પણ ઇમારત બાધવાની, કમીશનર કે જેનો ચુકાદો આખરનો ગણાશે તેની અપીલ કરવાના હકને પાત્ર રહીને, મના કરવાનો અધિકાર, અને સદરહુ પ્રમાણે પાત્ર રહીને, (અ) એવુ ગભાણુ અથવા જગા સંપાદન કરવાનો અથવા (બ) તેનો ધણી અથવા ભોગવટો કરનાર જે ઉપયોગ કરી શકે અથવા કરવા દઇ શકે તેના સંબધમા જરૂર જણાય એવી સરતો ઠરાવવાનો અધિકાર છે

પરતુ એવું ઠરાવ્યુ છે કે એવા મનાઇ હુકમથી જે કોઇપણ માણસના હકને બાધ આવ્યો હોય તેને તેવે દરેક પ્રસગે નુકસાનીનો બદલો આપવો જોઇએ, અને તેની રકમ બદલ કઇ તકરાર પડે, તો રકમ ૧૬૦ મી કલમમા ઠરાવી છે તે રીતે ચોકસી કરીને ઠરાવવી જોઇયે

(૩) જ્યારે પેટા કલમ (૨) ની રૂયે આપેલી કોઈપણુ નોટીસ ઉપરથી કોઇપણુ ઇમારત તોડી પાડી હોય તે મ્યુનિસિપાલીટીએ, તે ઇમારત આ આકટના અથવા તેની રૂયે કરેલા તથા અમલમા હોય એવા કોઇ પણ પેટા કાયદાના ઠરાવ પ્રમાણે બાધેલી ન હોય તો, તે તોડી પાડવાથી જે ધણીનુ અથવા ભોગવટો કરનારનું નુકસાન થયુ હોય તેને વાજબી બદલો આપવો જોઇયે, અને તેની રકમ બાબત તકરાર પડે તો તે રકમ કલમ ૧૬૦ મા જણાવેલી રીતે ચોકસી કરીને ઠરાવવી જોઇએ

(૪) પેટા કલમ (૧) ની રૂયે કોઇપણુ કાનુન કરતી વખતે ગવનર ઇન કૌઉન્સિલને, આ કલમથી અથવા આવી કાનુનોથી મળેલા અધિકાર ચલાવીને મ્યુનિસિપાલીટીએ જે કાઇ હુકમ કર્યો હોય અથવા સરતો ઠરાવી હોય તે તોડવામા આવે તે દરેક પ્રસંગે પાચસો રૂપિયા સુધીના, તથા તે તોડવાનુ જારી રહે તે દરેક દિવસ બદલ બીજા વીસ રૂપિયા સુધીના દડની શિક્ષા ઠરાવવાનો અધિકાર છે

૧૫૦ (૧) મડદાના વ્યવસ્થા કરવા માટે વપરાતી કોઇ પણ જગા તદુરસ્તીને જોખમ પહોચે એવી હાલતમા છે અથવા તેવી થવાનો સભવ છે, એમ મ્યુનિસિપાલીટીને લાગે, તો તે પોતાનો એવો અભિપ્રાય તેના કારણુ સાથે ગવરનર ઇન કાઉન્સિલ આગળ રજુ કરવાને મુખત્યાર છે, અને તે ઉપરથી કમિશનર પોતાને જે કાઇ પણુ વધારે ચોકસી કરાવવાનુ યોગ્ય લાગે તે કરાવ્યા પછી જાહેરનામાદ્વારા સદરહુ જગ્યા સદરહુ જાહેરનામામા તે અર્થે નિરદીષ્ટ કરેલી તારીખથી એ પ્રમાણે વપરાતી બધ થશે એમ ફરમાવવાને મુખત્યાર છે

(૨) સદરહુ જાહેરનામાની નકલ જીલ્લામા બોલાતી ભાષામા તરજુમા સાથે સ્થાનિક વર્તમાનપત્રો હોય તો તેમા પ્રસિદ્ધ કરવી, અને મ્યુનિસિપલ ઓફીસ આગળ અને જે જગાને લગતું તે જાહેરનામુ હોય તે જગાના અથવા તેની નજદીકના એક અથવા વધારે પ્રસિદ્ધ ભાગ ઉપર ચોંટાડવી જોઇયે

(૩) એવી કોઇ પણ જગા બંધ કરવાની સદરહુ જાહેરનામામા નિર્દિષ્ટ કરેલી તારીખ પછી જે કોઇ સખસ એવી જગામા કોઇ પણ મુડદુ દાટસે અથવા બીજી રીતે વ્યવસ્થા કરશે તેને સો રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

(૯) કેટલાએક ધંધાથી તથા રોજગારીથી થતાં અપકારક કૃત્યો.

૧૫૧ (૧) જો મ્યુનિસિપાલીટીની ખાત્રી લાયક રીતે એમ બતાવવામા આવે કે જે કોઇ ઇમારત અથવા જગાનો ઉપયોગ—

(અ) જનાવરોનુ નકામુ માસ, લોહી, હાડકા અથવા ચિથરા ઉકાળવા સારૂ અથવા ભરી મૂકવા સારૂ, (બ) માછલીને અથવા સાફ અથવા આથીને સુકવવા સારૂ અથવા ભરી મૂકવા સારૂ, (ક) ચામડા સીગડા અથવા તાતડી ભરી મૂકવા સારૂ, (ડ) ચામડા રગવા સારૂ, (ઇ) અથવા ચામડાની જણસો તૈયાર કરવા સારૂ (ફ) રગવા સારૂ (ગ) ચરબી અથવા ગધક ગાળવા સારૂ, (હ) ઉન અથવા વાળ ધોવા અથવા સુકવવા સારૂ, (આઇ) ઇંટની, માટીના વાસણ બનાવવાની અથવા ચુનાની ભઠ્ઠી તરીકે (જે) સાબુ બનાવવા સારૂ, (ક) તેલ ઉકાળવા સારૂ, (લ) સાબુચોખાના કારખાના તરીકે, (મ) દારૂ ગાળવાની ભઠ્ઠી તરીકે, (ન) ઘાસ, પરાળ, ચારો, લાકડા, વિલાયતી કોયલા, અથવા બીજા જવાલાગ્રાહી પદાર્થ ભરી રાખવા સારૂ, (ઓ) જેમાથી ત્રાસદાયક અથવા અપકારક ગધ નીકળતી હોય અથવા જેને લીધે આગ લાગવાની ધાસ્તી હોય એવા કારખાના તરીકે અથવા બીજા કોઇપણ ધધાની જગા તરીકે, કરવામા આવે છે અથવા કરવાનો ઇરાદો છે, તે ઇમારત અથવા જગા તેની પડોસમા રહેનારાઓને અપકારક છે અથવા તેવી રીતના ઉપયોગને લીધે અથવા તેના સ્થાનને લીધે તેમ થવાનો સંભવ છે, અથવા જીદગીને, તદુરસ્તીને અથવા મિલ્કતને જોખમ લાગે એવી રીતે તેનો ઉપયોગ કરવામા આવે છે અથવા તે તેવી જગાએ આવેલી છે, તો તે મ્યુનિસીપાલીટીને, તેના ધણીને અથવા ભોગવટો કરનારાને લેખી નોટીસ આપીને

(૧) તે જગાનો તે પ્રમાણે ઉપયોગ કરવાનુ એકદમ બધ કરવાનુ અથવા તેનો તે પ્રમાણે ઉપયોગ કરવાનો ઇરાદો અમલમા મૂકવાનુ અથવા મૂકવા દેવાનું એકદમ છોડી દેવાનુ અથવા

(૨) તે અપકારક અથવા જોખમકારક ન થાય અથવા આગળ તેવી ન રહે એવી રીતે મ્યુનિસીપાલીટી તે નોટીસમા ફરમાવે તે પ્રમાણે અથવા બાધણીમા તેવો ફેરફાર કરીને, તેનો ઉપયોગ કરવાનુ, ફરમાવવાને અધિકાર છે

(૨) જે કોઈપણ માણસ પેટા કલમ (૧) ની રૂયે નોટીસ આપવામા આવ્યા પછી કોઇપણ જગાનો ઉપયોગ પડોસમા રહેનારાઓને અપકારક થાય એવી રીતે અથવા જીદગીને, તદુરસ્તીને અથવા મિલકતને જોખમ થાય એવી રીતે કરે અથવા કરવા દે, તેને બસે રૂપિયા સુધીના, અને પહેલીવાર ગુન્હો સાબીત થયાની તરીખ પછી જે જે દીવસના સંબધમા એવો ઉપયોગ કરવાનું અથવા કરવા દેવાનુ ચાલુ રહે તે દરેક દિવસ બદલ બીજા ૪૦ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

(૩) આ કલમની રૂયે ગુન્હાની સાબિતીનો ઠરાવ થયા બાદ માજીસ્ટ્રેટે, મ્યુનિસીપાલીટીની અરજી ઉપરથી, પણ તે સિવાય નહીં, તે જગા બંધ કરવાનો હુકમ કરવો જોઇએ, અને ત્યાર પછી, પેટા કલમ (૧) મા જણાવેલા કોઇપણ કારણસર તે જગા વપરાતી અટકાવવા સારૂ માણસોને નીમવા જોઇએ, અથવા બીજી કાઇ તજવીજ કરવી જોઇયે

(૪) જે કોઈપણ માણસ લાઇસન્સ વગર અથવા લાઇસન્સ બંધ કર્યું હોય તે દરમિયાન અથવા તે પાછુ લઇ લીધુ હોય ત્યાર પછી, પેટા કલમ (૧) મા જણાવેલા કોઈપણ કારણસાર કોઇપણ જગાનો ઉપયોગ જે કે ઇપણ મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટમા જે કોઇપણ પેટા કાયદા ઉપરથી હેઠળ પ્રમાણે ઠરાવ્યુ હોય એટલે, એવા લાઇસન્સ એવા ઉપયોગ માટે કઇ શરતે અથવા કઇ કઇ સરતોને પાત્ર પ્રસંગે તથા ક્યા સ્થળમા અથવા કયા ઠેકાણેના સંબંધમા આપવા, આપવાની ના પાડવી, બધ કરવા અથવા પાછા લેવાં તે

ઠરાવ્યુ હોય તે પેટા કાયદા વિદ્યમાનકાળે અમલમા હોય તે મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટમા કરે, તેને ૫૦ રૂપિયા સુધીના દડની શિક્ષા અને પહેલી વાર ગુન્હો સાબિત થયાની તારીખ પછી જેટલા દીવસ ઉપયોગ જારી રહે તેવા દરેક દિવસ બદલ વળી દસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

૧૫૨. (અ) (૧) કોઇપણ માણસે, કોઇપણ કારખાનામા અથવા બીજી જગામા કામે લગાડેલા કારીગરો અથવા સખસોને કામપર બોલાવવા અથવા યાત્રિક સાધનથી ભગાડવાનો કોઇપણ સીસોડો અથવા તુરાઇ વાપરવા નહીં અથવા તેમનો ઉપયોગ કરવો નહીં

(૨) પોતાને યોગ્ય લાગે તેની સરતોને પાત્ર એવુ લાઇસન્સ આપવાનો, અને લાઇસિન્સવાળાને એક મહિનાની નોટીસ આપીને ગમે તે વખતે એવુ લાઇસિન્સ રદ કરવાનો મ્યુનિસીપાલીટીને અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે લાઇસન્સવાળાએ લાઇસન્સની સરતોમાની કોઈપણ સરતનો ભગ કર્યો હોય ત્યારે તે લાઇસન્સ, એવી કોઇપણ નોટીસ આપ્યા વગર રદ કરવાનો અધિકાર છે

(૩) જે કોઇ માણસ ઉપર કહ્યા પ્રમાણેનો કોઇ સીસોડો અથવા તુરાઇ એવા લાઇસન્સ વગર અથવા એવા લાઇસન્સની સરતોમાની કોઇપણ સરતનો ભગ કરીને અથવા એવુ લાઇસન્સ રદ થયા પછી, વાપરશે અથવા તેનો ઉપયોગ કરશે તેને વધારેમા વધારે પચાસ રૂપિયા સુધીના દડની શિક્ષા થસે

પણ એવુ ઠરાવ્યુ છે કે જે માણસને અત્યાગ્રહ કરવામા આવ્યો હોય તેની અથવા જીલ્લા માજીસ્ટ્રેટ અથવા મ્યુનિસીપાલીટીએ આ બાબતમા ખાસ અધિકાર આપ્યો હોય અને પોલીસ થાણુ જેના હવાલામાં હોય એવા અમલદારથી ઉતરતા દરજ્જાનો ન હોય એવા પોલીસ અમલદારની ફરીયાદ સિવાય કોઈપણ કોર્ટે આ કલમ મુજબનો ગુન્હો સાભળવો નહીં

૧૫૩. કોઈપણ મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટ, (અ) જેનો કોઇપણ ભાગ કેન્ટોન્મેન્ટથી ત્રણ માઇલની અંદર હોય, અથવા (બ) જેને મ્યુનિસીપાલીટીની અરજી ઉપરથી ગવર્નર ઇન કૌંસિલે જાહેરનામા ઉપરથી આ કલમ લાગુ પડે છે એમ ઠરાવ્યુ હોય

તેમા કોઇપણ પહેલા વર્ગના માજીસ્ટ્રેટને ખબર પડે કે એવા ડિસ્ટ્રીકટની હદમાહેનુ ઘર ખાજરા તરીકે વપરાય છે, તો તેને ઘરના ધણી અથવા ભોગવટો કરનારને સમન કરવાનો અધિકાર છે, અને તેની ખાતરી થાય કે એ ઘર એ પ્રમાણે વપરાય છે, તો તેનો એ પ્રમાણે ઉપયોગ થતો અટકાવવાને તે ધણીને અથવા ભોગવટો કરનારને હુકમ કરવાનો અધિકાર છે, અને સદરહુ ધણી અથવા ભોગવટો કરનાર એવા હુકમનો અમલ પાચ દિવસની અદર કરશે નહિ તો તેને ત્યાર પછી તે ઘર એ પ્રમાણે વપરાય તેવા દરેક દિવસ બદલ વધારેમા વધારે ૨૫) રૂપિયા સુધીનો દડ કરવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે આ કલમ પ્રમાણે ચલાવવાનુ કામ માત્ર

(અ) જીલ્લા માજીસ્ટ્રેટની મજુરીથી અથવા તેના હુકમથી, અથવા (બ) જે ઘરની બાબતમા ફરીયાદ હોય તેની નજદીક રહેતા તે મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટના ત્રણ અથવા વધારે રહેવાસીઓની ફરીયાદ ઉપરથી, ચલાવવુ જોઇએ

(૧૦) નોટીસની બજાવણી તથા તે પ્રમાણે ના ચાલ્યા બદલ શિક્ષા.

૧૫૪. (૧) આ આકટની રૂયે, કોઈપણ માણસના નામની કાઢેલી દરેક નોટીસ તે માણસના ઉપર બજાવવાનુ તથા તે પ્રમાણે તૈયાર કરેલુ દરેક બિલ તેને દેખાડવાનુ કામ, જે સઘળી બાબતો વિશે આ આકટમા ખસુસ કરીને ઠરાવ્યુ નહીં હોય તે બાબતોમા, મ્યુનિસીપલ અમલદારે અથવા નોકરે અથવા આ અર્થે મ્યુનિસીપાલીટીએ અધિકાર આપ્યો હોય એવા બીજા કોઇ માણસે

(અ) જે માણસના નામની તે નોટીસ અથવા બિલ કર્યું હોય તે માણસને તે આપીને અથવા આપવા માડીને, અથવા (બ) જો એવો માણસ મળે નહીં, તો તે છેલ્લો જે જગામાં રહ્યાનુ માલુમ હોય તે જગા તે મ્યુનિસીપાલીટીની હદની અદર હોય તો તે નોટીસ અથવા તે બીલ ત્યાં મૂકી આવીને, અથવા તેના કુટુબના કોઇપણ પુખ્ત ઉમ્મરના પુરૂષને અથવા નોકરને તે આપીને અથવા આપવા માડીને, અથવા (ક) જો તે માણસ તે મ્યુનિસીપાલીટીની હદમા રહેતો ન હોય તો અને તેનો બીજી જગાનો પત્તો પ્રેસિડટને અથવા તે નોટીસ અથવા બીલ આપવા વિષે જેણે ફરમાવ્યું હોય તેને માલમ હોય તો, તેને

પાકીટ ઉપર તે પત્તો લખીને તેમા તે નોટીસ અથવા આપવાનું બિલ ટપાલ મારફતે રજીસ્ટર કરાવી મોકલીને અથવા (૩) જો ઉપર જણાવેલી કોઇપણ રીતે એ કામ થઇ શકે નહીં તો તે બિલ અથવા નોટીસ જે ઇમારત અથવા જમીન સબધી હોય (જો હોય તો) તેના કોઇપણ પ્રસિદ્ધ ભાગ ઉપર ચોહડાવીને કરવુ જોઇયે

(૨) જ્યારે આ આક્ટ પ્રમાણેની કોઇપણ નોટીસ આ ઉપરથી અથવા તેની રૂયે કોઇપણ ઇમારત અથવા જમીનના ધણી ઉપર અથવા ભોગવટો કરનારા ઉપર બજાવવાની જરૂર હોય અથવા બજાવવાની રજા હોય, ત્યારે તેમા તે ધણી અથવા ભોગવટો કરનારાનુ નામ લખવાની જરૂર નથી, અને આ આક્ટમા ખસુસ કરીને ઠગવ્યુ નહી હોય તે બાબતોમા તેની બજાવણી.

(અ) તે નોટીસ તે ધણીને અથવા ભોગવટો કરનારને, અથવા એક કરતા વધારે ધણી અથવા ભોગવટો કરનારા હોય તો તેઓમાના એકને આપીને અથવા આપવા માડીને, અથવા (બ) જો એવો કોઈ પણ ધણી અથવા ભોગવટો કરનારો ન મળે, તો તે ધણી અથવા ભોગવટો કરનાર કુટુબમાના કોઇ-પણ પુખ્ત ઉમ્મરના પુરૂષને અથવા નોકરને આ નોટીસ આપીને અથવા માડીને, અથવા (ક) ઉપર જણા-વેલી કોઇપણ રીતે એ કામ થઈ શકે નહી, તો આ નોટીસ જે ઇમારત અથવા જમીન સબધી હોય તેના કોઇપણ પ્રસિદ્ધ ભાગ ઉપર ચોહડાવીને કરવી જોઇએ

(૩) આ આક્ટ ઉપરથી જે નોટીસ, સાર્વજનિક નોટીસ તરીકે અથવા સામાન્યત. અથવા તેમા જણાવેલા માણસોને નોટીસ આપવી જરૂર છે એમ જે ઠરાવોમા ખુલ્લે ખુલ્લુ જણાવ્યુ નહી હોય એવા ઠરાવોની રૂયે આપવાનુ અથવા બજાવવાનુ મ્યુનિસિપાલીટીને ફરમાવ્યુ હોય અથવા તેમ કરવાનો તેને અધિકાર આપ્યો હોય તે દરેક નોટીસની દરેક નકલ, તે મ્યુનિસિપાલીટી આ સબધમા પેટા કાયદામા ઠરાવે તેવી રીતે તે મ્યુનિસિપાલીટીના ઑફિસના પ્રસિદ્ધ ભાગમા, તેટલી મુદત સુધી તથા તેવી બીજી ઇમારતો તથા જગામા ચાહોઠી મૂકી હોય અથવા તેવા સ્થાનિક વર્તમાનપત્રોમા અથવા તેવી બીજી રીતે પ્રસિદ્ધ કરી હોય, તો તે પૂર્ણ પણે આપી છે અથવા બજાવી છે એમ સમજવુ

(૪) કોઇ પણ નોટીસ અથવા બિલ નમુનાની ખામીને લીધે ગેરકાયદાસર થતા નથી

(૫) જ્યારે આ બાબની રૂયે આપેલી કોઇ પણ નોટીસ ઉપરથી કાઇપણ કામ કરવાનુ ફરમાવ્યુ હોય અને તેવુ કામ કરવા બદલ આ આક્ટમા મુદત ઠરાવી નહી હોય ત્યારે તે કામ કરવા બદલ તે નોટીસમા વાજબી મુદત ઠરાવવી જોઇએ

(૬) નોટીસમા જણાવેલી સરતો પાળવામા નહી આવે, તો તે ઉપરથી કરવાના ફરમાવેલા કામ પૂરા કરવા સારૂ જરૂર હોય તે કૃત્ય અથવા તજવીજ મ્યુનિસિપાલીટીએ કરવી એ કાયદેસર ગણાશે, અને તેમ કરવામા તે મ્યુનિસપાલીટીને થયલો સઘળો ખર્ચ જે માણસ અથવા માણસોના ઉપર તે નોટીસ બજાવી હોય તેણે અથવા તેઓએ આપવો જોઇએ, અને તે ખર્ચ ૧૬૦ મી કલમમા ઠરાવેલી રીત પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે એમ સમજવુ

૧૫૫. જે કોઇ માણસ આ બાબની રૂયે આપેલા કોઇ પણ અધિકાર ઉપરથી મ્યુનિસિપાલીટીએ કાઢેલી કોઇ પણ લેખી નોટીસથી આપેલા કોઇ પણ કાયદાસર હુકમનુ ઉલ્લઘન કરે અથવા તે પ્રમાણે ન ચાલે અથવા એ પ્રમાણે આપેલા કોઇપણ અધિકાર ઉપરથી મ્યુનિસિપાલીટીએ તેને જે સરતોને પાત્ર ગખીને કોઇ પણ રજા આપી હોય તે પ્રમાણે ન ચાલે, તેને તે ઉલઘન અથવા તે કસુર બીજી કોઈ પણ કલમની રૂયે શિક્ષા કરવા સરખો ગુન્હો ન હોય તો, ૫૦ રૂપિયા સુધીના, અને પહેલીવાર ગુન્હો સાબીત થયાની તારીખ પછી જે જે દિવસના સબધમા સદરહુ ઉલઘન અથવા તે કસુર ચાલુ રહે તે દરેક દિવસ બદલ બીજા પાચ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

પરતુ એવુ ઠરાવ્યુ છે કે, જ્યારે સદરહુ નોટીસમા કોઇ પણ કૃત્ય કરવા બાબત મુદત ઠરાવી હોય અને આ આક્ટમા તે બાબત મુદત ઠરાવી ન હોય, ત્યારે તે પ્રમાણે ઠરાવેલી મુદત આ આક્ટના અર્થ પ્રમાણે વાજબી છે કે કેમ તે ઠરાવવાનુ માજીસ્ટ્રેટને હાથ રહેશે

૧૫૬. (૧) જ્યારે જ્યારે આ આક્ટના ઠરાવ પ્રમાણે કાઇ પણ બાધકામ કોઇ પણ ઇમારતના

અથવા જમીનના ધણીએ અથવા ભોગવટા કરનારાએ કરવાની જરૂર છતા તે કામ કરવામા નહી આવે, ત્યારે ત્યારે તે ન કરવા બાબત કાંઈ પણ શિક્ષા ઠરાવેલી હોય અથવા નહી હોય તો કામ કરાવવાનો મ્યુનિસીપાલીટીને અધિકાર છે, અને તે કામમા થયેલુ ખર્ચ, આ આકટમા બીજી રીતે ખાસ ઠરાવ્યુ હોય તે સિવાયને પ્રસગે, જે માણસે તે કામ કરવુ જોઈતુ હતું તેણે મ્યુનિસિપાલીટીને આપવો જોઈએ, અને તે ખર્ચ બાબ ૮ પ્રમાણે વસુલ કરવાના કોઇ પણ કર બદલ માગેલી રકમ જેવી રીતે વસુલ કરાય તેવી રીતે પોતાને યોગ્ય દેખાય તે મુજબ એક રકમે અથવા હપ્તે હપ્તે વસુલ કરવાનો તે મ્યુનિસિપાલીટીને અધિકાર છે, પણ એવુ ઠરાવ્યુ છે કે

(અ) જ્યારે જ્યારે કોઈ પણ મ્યુનિસિપાલીટીએ કોઇ પણ પાણીનો નિકાલ કરવાની યોજના અથવા પાણીની યોજના શરૂ કીધી હોય, ત્યારે ત્યારે કોઇ પણ ઇમારતના અથવા જમીનના ધણીની સાથે તેમા પાણીના નિકાલના અથવા પાણી લઇ જવાના સાધનો કરવાની રીત બાબત વિશે કબુલાયત પેટા કલમ (૧) અથવા કલમ ૧૦૧ લી અથવા આ આકટના બીજા કોઇ પણ ઠરાવો મુજબના તે મ્યુનિસીપાલીટીના અધિકારને બાધ ન આવે તેમ કરવાનુ તેને કાયદેસર છે એમ સમજવુ, અને તે મ્યુનિસીપાલીટીએ પૈસાની અથવા બીજી કાંઇ મદદ આપી હોય તો તે બદલની રકમ તથા તે ધણીએ કબુલ કરેલી કંઈ પણ રકમ તે કબુલાતની સરત પ્રમાણે વસુલ કરવી જોઇયે, અથવા તેમ નહા થઇ શકે તો પેટા કલમ (૨) તથા (૩) મા જણાવેલી રીતે વસુલ કરવી જોઇયે તેમજ વળી એ પ્રમાણે ઠરાવ્યુ છે કે

(બ) જ્યારે ૯૦ મી કલમની પેટા કલમ (૩) ૯૧ મી કલમની પેટા કલમ (૨) અથવા (૬) ની રૂયે અથવા ૯૯ મી, ૧૦૧ લી, ૧૦૬ ઠી અથવા ૧૦૭ મી કલમની રૂયે હુકમ આપ્યો હોય અથવા જ્યારે ૧૦૨ જી કલમની રૂયે પરવાનગી આપી હોય, અથવા જ્યારે આ પેટા કલમના વીશેષ ઠરાવ (અ) ની રૂયે કબુલત કરી હોય, ત્યારે તે મ્યુનિસીપાલીટી, આ આકટની રૂયે પોતાને મળેલા બીજા કોઈ અધિકારને બાધ ન આવે તે રીતે પોતાને યોગ્ય લાગે તો, પોતે ઉપર જણાવ્યા પ્રમાણે કરેલો કોઇ પણ ખર્ચ, સુધારાના ખર્ચ તરીકે ઠરાવવાને મુખત્યાર છે, સુધારાના ખર્ચનો બોજો તે જગા અથવા જમીનના ઉપર પડશે અને તે દર વર્ષે દર સેકડે છ ટકાના વ્યાજ સુદ્ધા મ્યુનિસીપાલીટી ઠરાવે તેટલા હપ્તાથી લેવો જોઇએ, અને તે પેટા કલમો (૨) તથા (૩) મા જણાવેલી રીત પ્રમાણે વસુલ કરી શકાશે

(૨) એની રીતે કસુર કરનાર સદરહુ ઇમારત અથવા જમીનનો ધણી હોય તો, તે મ્યુનિસીપાલીટીને તે વખતે અથવા ત્યાર પછી કોઇ પણ વખતે ધણી તરફથી જે માણસ તે ઇમારતનો અથવા જમીનનો ભોગવટો કરતો હોય તેની પાસેથી તે ધણીએ તે તે વખતે આપવાનો સઘળો ખર્ચ અથવા તેનો કઇ ભાગ, તે ધણીના ઉપર દાવો બાધ્યો હોય અથવા ન બાધ્યો હોય અથવા કામ ચલાવ્યુ હોય અથવા ન હોય તો પણ પેટા કલમ (૩) ના ઠરાવોને પાત્ર રહીને એક જાદા ઉપાય તરીકે, માગવાનો અધિકાર છે, અને એની રીતે માગણી કર્યા પછી જો તે ભોગવટો કરનાર તે આપે નહીં, તો તેની પાસેથી તે લેવાનો અધિકાર છે, અને એ પ્રમાણે લેવાની દરેક રકમ, બાબ ૮ પ્રમાણે વસુલ કરવા જોગ કોઇ પણ કર બદલ માગેલી રકમ જે રીતે વસુલ કરી શકાય તે રીતે વસુલ કરી શકાશે, અને એવા કોઇ પણ ખર્ચના સબધમા તે ભોગવટો કરનારે એ પ્રમાણે આપેલી અથવા તેની પાસેથી વસુલ કરવામા આવેલી રકમ તેણે જેની પાસે જગા ભાડે રાખી હોય તેને આપવાના ભાડામાથી બાદ કરવાનો તેને અધિકાર છે

(૩) કોઈપણ ઇમારતનો અથવા જમીનનો ભોગવટો કરનાર, એવી ઇમારત અથવા જમીનના ધણીના ઉપર આ આકટની રૂયે નાખેલા કોઇપણ ખર્ચના સબધમા જે ઇમારત અથવા જમીનના સબધમા તે ખર્ચ આપવાના હોય તેનુ એવા ભોગવટો કરનારની પાસે ખર્ચ માગ્યો હોય તે વખતે જે ભાડુ લેણું થયુ હોય તેના કરતા, અથવા એવુ માગણુ કર્યા પછી અને જેની પાસે પોતે જગા ભાડે રાખી હોય તેને ન આપવા બાબતની તેને નોટીસ આપ્યા પછી કોઇ પણ વખતે એકઠુ થાય અને જે તે ભોગવટો કરનારે આપવાનુ હોય તેના કરતા વધારે રકમ, તેના ભાડાની રકમ તથા ભાડુ જેને આપવાનુ હોય તેનુ નામ તથા પત્તા ખરેખરી રીતે જણાવવા સારૂ મ્યુનિસીપાલીટીએ તેને લખ્યા પછી તે જણાવવાની કસુર ન કરે અથવા ના કહે તો, આપવાને તે પાત્ર થશે નહી, પણ એવા કોઇ પણ ભોગવટો કરનારા પાસે માગેલી

રકમ તે માગતી વખતે તેની પાસે જે ભાડાની રકમ લેણી થઇ હોય અથવા ત્યાર પછી એકઠી થઇ હોય તેના કરતા વધારે છે એ સાબિત કરવાનો બોજો તે ભોગવટો કરનારા ઉપર રહેશે

પણ એવુ ઠરાવ્યુ છે કે આમાના કોઇ પણ મજકુર ઉપરથી, ઉપર જણવેલા કોઇ પણ સાધનો કરવાનો ખર્ચ આપવા બાબત એવા કોઇ પણ ભોગવટો કરનાર તથા ઘરધણી વચ્ચે ખાસ કરારને બાધ આવે છે એમ સમજવુ નહી

૧૫૭ જ્યારે જ્યારે જે કાઇ પણ સાધન કોઇ પણ ઇમારતના અથવા જમીનના ધણીએ કરવુ જોઈયે તે તે કરે નહી ત્યારે ત્યારે તે ઇમારત અથવા જમીનનો ભોગવટો કરનારને તે મ્યુનિસીપાલીટીની પસંદગીથી તે કરાવી લેવાને અધિકાર છે અને તેનો ખર્ચ તે ધણીએ તેને આપવો જોઈયે, અથવા તે ધણીનુ પોતાના ઉપર વખતો વખત જે ભાડુ ચહડે તેમાથી તે ખર્ચની રકમ બાદ કરવાનો તે ભોગવટો કરનારને અધિકાર છે

૧૫૮ કોઇ પણ ઇમારત બાબત અથવા જમીન બાબત આ આકટના કોઈપણ ઠરાવ અમલમા લાવવાનો પોતાનો ઇરાદો છે એવી નોટીસ તે ઇમારતના અથવા જમીનના ધણીએ તે ઇમારતનો અથવા જમીનનો ભોગવટો કરનારને આપ્યા પછી તે ભોગવટો કરનાર તે ધણીને તેમ કરવા નહી દેશે તો, તે વાત સાબિત થયા પછી અને ધણીએ અરજી કર્યા ઉપરના હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર કોઈપણ માજીસ્ટ્રેટને છે, એટલે આ આકટના ઠરાવ અમલમા લાવવા સારૂ સદરહુ ઇમારતના અથવા જમીનના સબધમા જે જે કામ કરવાની જરૂર હોય તે સર્વે કામ ધણીને કરવા દેવા બાબત, સદરહુ ભોગવટો કરનારને લેખી હુકમ કરવાનો અધિકાર છે, અને પોતાને યોગ્ય દેખાય તો સદરહુ અરજી અથવા હુકમનો ખર્ચ ધણીને આપવા બાબત તે ભોગવટો કરનારને હુકમ કરવાને હુકમ કરવાનો પણ અધિકાર માજીસ્ટ્રેટને છે, અને એવા હુકમની તારીખથી ૮ દિવસ પછી સદરહુ ભોગવટો કરનાર સદરહુ ધણીને સદરહુ પ્રકારનુ કામ કરવા દેવાની ના કહ્યા કરશે, તો ભોગવટો કરનાર જેટલા દિવસ ના કહ્યા કરશે તેટલા દિવસ બદલ તેને દર દિવસના પચાસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે, એને એવી રીતે ના કહ્યાની મુદતમા એવો દરેક ધણી એવુ કામ ન કર્યાને લીધે જે કાઈ પણ શિક્ષાને બીજી રીતે પાત્ર થયો હોય તેમાથી તે મુકત થશે

૧૫૯ પ્રેસિડન્ટને અથવા વાઇસ પ્રેસિડેન્ટને, અથવા એવા કામ સારૂ મ્યુનિસીપાલીટીએ જે કાઉન્સિલરને અથવા અમલદારને અધિકાર આપ્યો હોય તે કાઉન્સિલરને અથવા તે અમલદારને આ આકટના કારણ સારૂ સુરજ ઉગે ત્યારથી તે સુરજ આથમે ત્યા સુધીમા હરકોઇ ઇમારતમા અથવા જમીનમા અથવા તે ઉપર હેઠળ લખેલા કામ સારૂ જવાનો અધીકાર છે, એટલે જે સર્વે અથવા તપાસ કરવાનો તે મ્યુનિસિપાલીટીને અધિકાર હોય તે સર્વે અથવા તપાસ કરવા સારૂ તેમજ જે કામ કરવાની આ આકટ પ્રમાણે તેને મુખત્યારી હોય તે સર્વે અથવા તપાસ કરવા સારૂ તેમજ જે કામ કરવાની આ આકટ પ્રમાણે તેને મુખત્યારી હોય તે કામ કરવા સારૂ જવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે આ આકટમા બીજી રીતનો ઠરાવ કર્યો હોય તે સિવાય, હરકોઇ ઇમારત અથવા જમીન કોઇ માણસના ભોગવટામા હોય તે વખતે ત્યા જવા બાબતની લેખી નોટીસ તે ભોગવટો કરનારને ૨૪ કલાક આગળ આપ્યા વગર તે ઇમારતમા અથવા જમીનમા જવુ નહીં, પણ ભોગવટો કરનારો રાજી હશે અને તે નોટીસ આપવામા નહીં આવશે તો ચાલશે

વળી એવુ પણ ઠરાવ્યુ છે કે, જે ઇમારતો માણસોને રહેવા સારૂ વપરાતી હોય તે ઇમારતોના સબધમા તેમના ભોગવટો કરનારાઓના સસારી તથા ધર્મ સબધી રીવાજ તરફ યોગ્ય લક્ષ આપવુ જોઇએ

૧૬૦ (૧) આ આકટમા જે કઇ નુકસાનનો બદલો અથવા નુકસાની આપવાનુ ફરમાવ્યુ હોય તે બાબત વાધો પડે, તો તેના રકમ અને તેનો ફાળો પાડવાની જરૂર હોય તો તે ફાળો પાચ માણસોની પચાતે ચોકશી કરીને ઠરાવવો જોઇયે, સદરહુ પાચ માણસોમાના બે માણસો મ્યુનિસિપાલીટીએ નીમવા અને બે એવા નુકશાનનો બદલો અથવા નુકશાની જેને આપવાની હોય અથવા જેની પાસેથી વસુલ કરવાનો હોય તે પક્ષે નીમવા અને એક સદરહુ પ્રમાણે જે પચ નીમાયા હોય તેમણે પસદ કરીને નીમવો, તે પાચમો માણસ સરપચ કહેવાશે

(૨) એક પક્ષકાર તરફથી બીજા પક્ષકારને સદરહુ નુકશાનના બદલાના અથવા નુકસાનીના દાવા બાબત લેખી નોટીસ પહોચ્યાની તારીખથી એક મહિનામા બેઉ પક્ષકારોમાથી કોઇપણ એક પક્ષકાર અથવા બેઉ પક્ષકાર પોત પોતાના પચ નીમવાને ચૂકશે, અથવા નીમાયલા પચ સરપચ કરવાને ચૂકશે તો બેઉ પક્ષકારોમાથી એક પક્ષકાર અરજી કરે એટલે પચાયત કરવા જેટલા પચની જરૂર હોય તેટલા પચ ડિસ્ટ્રિક્ટ જડજે નિમવા જોઇયે

(૩) સરપચ પસંદ થયાની અથવા પચાયતને જરૂર જણાય તેટલા પચો ડિસ્ટ્રિક્ટ કોર્ટે નિમ્યાની તારીખથી એક મહિનામા સદરહુ પચ ઠરાવ નહી કરે, તો તે કામનો નિકાલ બેઉ પક્ષકારોમાથી એક પક્ષકાર અરજી કરે એટલે ડિસ્ટ્રિક્ટ કોર્ટે કરવો અને તે કોર્ટે, તે નુકશાનનો બદલો જમીનના સબંધમા માગેલો હોય તે બાબતમા બની શકે તેટલે સુધી, કોર્ટ તરફથી નિકાલ થવા સારૂ લખી મોકલેલી બાબતોમા કામ ચલાવવા સારૂ સન ૧૮૯૪ ના જમીન લેવા બાબતના આકટની જે રીત ઠરાવેલી છે તેને અનુસરીને કામ ચલાવવુ જોઇએ, પણ એવુ ઠરાવ્યુ છે કે

(અ) બાબતો લખી મોકલવા સારૂ ક્લેકટરને અરજી કરવાની જરૂર નથી તથા (બ) ચલાવેલા સઘળા કામનો ખર્ચ તે કોર્ટને, વાજબી જણાય તેવી ગમે તે રીતે આપવાનો તથા વેહેચી આપવાનો પૂર્ણ અધિકાર છે

૧૯૦ અ આ આકટ ઉપરથી આપવાનો હુકમ કર્યો હોય એવા કોઇપણ ખર્ચના સબધમા કાંઈ તકરાર ઉભી થાય તો, તે રકમ તથા તેનો ફાળો પાડવાની જરૂર હોય તો તે ફાળો, આ આકટમા બીજી રીતે સ્પષ્ટ ઠરાવ્યુ હોય તે સિવાય, મ્યુનિસીપાલીટીએ ચોકસી કરીને ઠરાવવો તથા તે ૮ મા બાબની રૂયે વસુલ કરવાના કોઇપણ કર માટે માગેલી રકમ વસુલ કરવામા આવે તેજ રીતે વસુલ કરી શકાશે "

બાબ ૧૦. ફરિયાદો દાવા તથા પોલીસના અધિકાર.

૧૯૧. (૧) મ્યુનિસીપાલીટીને " તથા કલમ ૧૮૩ (ડ) મા લખેલા આ એકટના ઠરાવોમાના કોઇ પણ ઠરાવ વિરુદ્ધના ગુન્હાઓની બાબતમા ચીફ ઓફીસરને" કોઇપણ પ્રકારના લોકાપકારક કૃત્ય બાબત ફરિયાદ કરવાનું ફરમાવવાનો, તથા કોઇ પણ દડ વસુલ કરવા બાબત અને આ આકટના અથવા તે મુજબના કોઇ પણ પેટા કાયદાના ઠરાવ વિરુદ્ધ ગુન્હો કરનારા માણુસને શિક્ષા કરવા બાબત કામ ચલાવવાનુ ફરમાવવાનો તથા સદરહુ ફરિયાદનો અથવા બીજે કામ ચલાવ્યુ હોય તેનો મ્યુનિસીપલ ફડમાથી આપવાનો હુકમ કરવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે કોઇ પણ ગુન્હો બાબત આ આકટ પ્રમાણે ફરિયાદ કરવી હોય તે એવો ગુન્હો થયા પછી છ મહિનાની અદર કરવી, પછી કરવી નહી

(૨) આ આકટની રૂયે અથવા તે મુજબ કરેલા કોઇપણ પેટા કાયદાની રૂયે કોઇપણ ફરિયાદ કરવી હોય તે આ આકટમા અથવા પેટા કાયદામા બીજી રીતે ઠરાવ્યુ હોય તે સિવાયને પ્રસગે, હરકોઇ માજીસ્ટ્રેટની આગળ કરવાનો અધિકાર છે, અને આ આકટ ઉપરથી અથવા તે મુજબ અથવા આ આકટની રૂયે કરેલા કોઇ પણ પેટા કાયદા ઉપરથી અથવા તે મુજબ ઠરાવેલો દરેક દડ અથવા ગુન્હેગારી, તેમજ નુકશાનીનો જે મોબદલો અથવા બીજો જે ખર્ચ વસુલ કરવા સારૂ આ આકટમા બીજી રીતે ખાસ ઠરાવ કર્યો ન હોય તેવા સઘળા નુકશાનીના મોબદલા અથવા ખર્ચ તે માજીસ્ટ્રેટને અરજી કરીને તથા તે પૈસા જેની પાસે લેવાના હોય તે માણુસની તે માજીસ્ટ્રેટની હકુમતની અદર હોય એવી કોઇપણ જગમ મિલકત જપ્ત કરીને તથા તે વેચીને વસુલ કરવાનો અધિકાર છે

૧૯૨. કોઇપણ સમનમા અથવા ગુન્હાની સાબિતીના ઠરાવમા અથવા જપ્તીના વારટમા, અથવા તેને લગતા બીજા કામમા કઇ ખામી હોય અથવા તે પદ્ધતિ મુજબ ન હોય તેને લીધે, આ આકટ પ્રમાણે કઇ જપ્તી કરી હોય તે કાયદા વિરુદ્ધ છે એમ, અને તે જપ્તી કરનારો અતિક્રમણ કરનારો થાય છે એમ સમજવુ નહી, તેમ જ તે માણસે આગળ જતા કાંઈ કામ ગેરશિરસ્તપણે ચલાવ્યુ હોય, માટે તે આરભથીજ અતિક્રમણ કરનારો છે એમ સમજવુ નહી પણ ઉપર કહ્યા પ્રમાણે ગેરશિરસ્તપણે કામ ચલાવ્યાના

સબબથી જે માણુસોનું નુકસાન થયુ હોય તે સઘળા માણુસોને યોગ્ય હકુમતવાળી હરકોઇ કોર્ટમા તે વિશેષ નુકશાનીનો પૂરેપુરો બદલો વસુલ કરવાનો અધિકાર છે

૧૬૩. જે કામ બાબત અથવા ગફલત અથવા કસુર બાબત કોઇ માણુસ આ આકટમા અથવા આ આકટ ઉપરથી ઠરાવેલી કાંઈ પણુ શિક્ષાને પાત્ર થયો હોય, તે કામ વિગેરેથી તે માણુસે મ્યુનિસિપાલીટીની મિલકતને કાઇ નુકસાન કર્યું હોય, તો તે સદરહુ નુકસાન ભરી આપવાને પાત્ર થશે, તેમજ તે શિક્ષાને પાત્ર થશે અને વાધો પડે તે પ્રસગે તે નુકસાનની રકમ, તે માણુસના ઉપર જે માજી-સ્ટ્રેટે ગુન્હાની સાબિતીનો ઠરાવ કર્યો હોય તે માજીસ્ટ્રેટે ઠરાવવી, અને તે નુકસાનની રકમ માગે એટલે નહી આપવામા આવે તો જપ્તી કરીને વસુલ કરવી જોઇયે, અને તે પ્રમાણે કરવા સારૂ તે માજીસ્ટ્રેટે પોતાનુ વારટ કાઢવુ જોઇએ

૧૬૪ જપ્તી કરીને વેચાણુ કરવાને બદલે, અથવા ૮ મા બાબના ઠરાવની રૂએ વસુલ કરાય એવી કોઇપણુ રકમ અથવા આ આકટ પ્રમાણે અપાવેલો નુકસાનનો મોબદલો ખર્ચ અથવા નુકસાની સદરહુ પ્રમાણે રકમ ચલાવીને સર્વાંશે અથવા થોડે અશે વસુલ નહી થાય તે મ્યુનિસિપાલીટીને, તે આપવાને જે માણુસ પાત્ર હોય તેની ઉપર, તેમજ મ્યુનિસીપાલીટીની હરકોઇ મિલકતને અથવા હકને અથવા અધિકારને બીજી કોઈ રીતે જે માણુસે નુકસાન પહોચાડયુ હોય અથવા જેની તરફથી એવુ નુકસાન પહોચવાનો સભવ જણાતો હોય તે માણુસની ઉપર પણુ યોગ્ય હકુમતવાળી હરકોઇ કોર્ટમા દાવો માડવાનો અધિકાર છે

૧૬૫ (૧) મ્યુનિસિપાલીટીએ અથવા મ્યુનિસિપાલીટી ઉપર માડેલા કોઇ પણુ દાવાના સંબધમા અથવા આ આકટની રૂએ મ્યુનિસિપાલીટીએ કરેલા કોઈ પણુ કરાર ઉપરથી ઉત્પન્ન થતા કોઇપણુ હક અથવા માગણીના સબધમા તેને પૂરતી જણાય એટલી પૈસાની રકમ સારૂ અથવા બીજા મોબદલા સારૂ તોડજોડ કરવાનો તેને અધિકાર છે

એવુ ઠરાવ્યુ છે કે જે કોઇ પણુ કરાર કરવા સારૂ આ આકટ પ્રમાણે કોઇપણુ મજુરી જોઇતી હોય તો એવા કરારથી ઉત્પન્ન થતા કોઇ પણુ હકની અથવા માગણીની તોડજોડ કરવા સારૂ એવીજ મજુરી અગાઉથી લેવી જોઇએ

(૨) આ આકટ પ્રમાણે મ્યુનિસીપાલીટીને, તેના અમલદારોને તથા નોકરોને સોપેલા અધિકાર પૈકી કાઇ પણુ અધિકાર ચલાવ્યાથી જે કોઇ માણુસને નુકસાન થયુ હોય તેને મ્યુનિસિપલ ફડમાથી બદલો આપ-વાનો મ્યુનિસિપાલીટીને અધિકાર છે

૧૬૬. (૧) કોઇપણુ મ્યુનિસિપાલીટીને મળેલી અથવા તેણે બીજી ધારણુ કરેલી કોઇ પણુ જમીનના ભાડાની રકમ કોઇ પણુ માણુસ પાસેથી મ્યુનિસિપાલેટીની લેણી થઈ હોય તે રકમ વસુલ કરવા સારૂ તે મ્યુનિસિપાલીટી સન ૧૮૭૯ ના **મુંબઇના જમીન મહેસુલના કાયદાની** ૮૬ મી તથા ૮૭ મી કલમોના અર્થ પ્રમાણે તે જમીનનો વરીષ્ટ ધારણુ કરનાર છે, તથા સદરહુ દરેક માણુસ તે જમીનમા કનિષ્ઠ ધારણુ કરનાર છે એમ સમજવુ જોઇયે, અને તે મ્યુનિસીપાલીટી વરિષ્ટ ધારણુ કરનાર હોવાના કારણુને લીધે તેને એવી દરેક રકમ વસુલ કરવા સારૂ, વરિષ્ટ ધારણુ કરનારાઓને કનિષ્ઠ ધારણુ કરનારાઓએ આપવાના ભાડા અથવા જમીનનુ મહેસુલ વસુલ કરવા સારૂ તે કલમોની રૂયે જે મદદ મળવાનો હક્ક છે તે સઘળી મદદ મળવાનો હક્ક છે

૧૬૭. કોઇપણુ મ્યુનિસિપાલીટીના કોઇ અમલદાર અથવા નોકર ઉપર, અથવા મ્યુનિસીપાલીટીના હુકમ મુજબ કામ કરનારા કોઇ સખસ ઉપર આ આકટ મુજબ કાંઈ કામ કરવા બાબત અથવા તે આ આકટ પ્રમાણે કર્યું છે એમ કહેવામા આવતું હોય તે કામ બાબત યોજેલા દાવાની તથા તેના કારણુની લેખી નોટીસ એક મહિના અગાઉ સદરહુ મ્યુનિસીપાલીટીને, અથવા અમલદારને અથવા નોકરને અથવા સખસને આપ્યા વગર, તેમજ જે કામ બાબત ફરિયાદ કરી હશે તે કામની તારીખથી ૬ મહિના થઇ ગયા પછી કોઈ પણુ દાવો માડશે નહી,

અને સદરહુ પ્રકારનો કોઇ પણુ દાવો નુકસાનની બાબત હોય તે પ્રસંગે તે દાવો માડવાની અગાઉ

પુરતો બદલો આપવા માડ્યો હોય, તો તે આપવા માંડેલી રકમ કરતા વધારે અવેજ વાદીને મળશે નહીં અને એવો અવેજ આપવા માડયા પછી પ્રતિવાદીને થયેલો સઘળો ખર્ચ વાદીએ આપવો પડશે

૧૬૮. (૧) જે કોઈ પણ માણસ આ આકટના અથવા તે મુજબના કોઇ પણ પેટા કાયદાની હરકોઇ ઠગવ પ્રસિદ્ધ પોલીસના કોઇ અમલદારના દેખતા કાઇપણ ગુન્હા કરે તેનુ નામ તથા પત્તો તે અમલદારને માલમ નહિ હોય અને તે પોતાનુ નામ તથા પત્તો આપવાની ના કહે અથવા નામ તથા પત્તો આપ્યા છતા તેના ખરાપણા બાબત તે પોલીસ અમલદારને શક આવવાનુ કારણ હોય, તો તે માણસને પકડવાનો અખત્યાર સદરહુ પોલીસ અમલદારને છે, અને તે માણસનુ નામ તથા પત્તો ખરેખરો માલમ પડે ત્યા સુધી તેને થાણામા અટકાવી રાખવાનો અખત્યાર છે

પણ એવુ ઠગવ્યુ છે કે પકડેલા હરકોઇ માણસને માજીસ્ત્રેટની આગળ લાવતા જેટલી વાર લાગે તે કરતા વત્તી મુદ્દત સુધી અથવા ઘણામા ઘણા ચોવીસ કલાક કરતા વત્તી મુદ્દત સુધી માજીસ્ત્રેટના હુકમ વગર કોઈ પણ રીતે અટકાવી રાખવો નહી

(૨) તેમજ આ આકટના અથવા તે મુજબના કોઇપણ પેટા કાયદાના ઠરાવ વિરૂદ્ધ કાઇ ગુન્હો થયો હોય તે બાબત મ્યુનીસીપાલીટીને તાબડતોબ ખબર આપવી અને મ્યુનિસીપાલીટીના સઘળા અમલદારો અને નોકરો પોતાનો કાયદેસર અખત્યાર ચલાવતા હોય ત્યારે તે સઘળા જણાને મદદ કરવી એ સઘળા પોલીસ અમલદારોનુ કામ છે

બાબ ૧૧.—મ્યુનિસિપાલીટીના હિસાબ.

૧૬૯. (૧) દરેક મ્યુનિસિપાલીટીએ, પોતાની મુદ્દત મુદ્દતની સાધારણ મિટિંગ ભરાય તેમા તેની તરત અગાઉના એપ્રીલ મહીનાની ૧ લી તારીખથી મ્યુનિસીપાલીટીના જમા ખર્ચનો પૂરેપૂરો હિસાબ મુકવો જોઇયે અને સાધારણ મીટીગ, જો બની શકે તો મ્યુનીસિપાલીટીની કાનુનો મુજબ આ અર્થે ૧૦ મી જાનેવારી અને ૧ લી માર્ચની વચ્ચેનો જે દિવસ ઠરાવવામા આવે તે દિવસે ભરવી જોઇએ તેમા ત્યાર-પછીના માર્ચ મહિનાની ૩૧ મી તારીખને રોજ પૂરા થનારા હિસાબી વર્ષનો ખરેખરી અને થનારી આવક તથા ખર્ચનો પૂરેપુરો હિસાબ, તથા ત્યાર પછી તરત આવનાર એપ્રિલ મહિનાની ૧ લી તારીખથી શરૂ થનારા હિસાબી વર્ષ મારેનુ મ્યુનિસિપાલીટીથી આવક અને ખર્ચનુ બજેટ એસ્ટિમેન્ટ તૈયાર કરાવીને મૂકવુ જોઇયે

(૨) પછી તે મ્યુનિસીપાલીટીની આવક અને ખર્ચનુ બજેટ એસ્ટિમેટ તૈયાર કરાવીને મૂકવુ જોઇયે

(૨) પછી તે મ્યુનિસિપાલીટીએ, ત્યાર પછી તરત આવનારા એપ્રીલ મહિનાની ૧ લી તારીખથી શરૂ થનાર વર્ષના બજેટમા પૈસા જે રીતે વાપરવાનુ અને જે રીતે ઉત્પન્ન કરવાનુ લખ્યુ હોય તે બાબત નિકાલ કરવો જોઇએ આ પ્રમાણે મજુર કરેલુ બજેટ પ્રસગ પ્રમાણે ફેરવવાનુ ઇષ્ટ દેખાય, તો તે કારણ સારૂ એક વિશેષ સાધારણ મીટીગ બોલાવીને તેમા તે ફેરવવાનો અધિકાર છે

(૩) મ્યુનિસિપાલીટીએ, એપ્રિલ મહિનાની સાધારણ મીટીંગમા, અથવા ગયા વર્ષના હિસાબની તપાસ તે સાધારણ મિટીગની આગળ થઇ નહી હોય તો તે થયા પછી, ગયા વર્ષનો હિસાબ મજુર થવો જોઇયે

૧૭૦ (૧) મ્યુનિસીપાલીટીના હિસાબની તપાસ વખતે, અને વર્ષમા નિદાન એકવાર મ્યુનિસિપા-લીટીની કાનુનોમા જે માણસો ઠરાવવામા આવે તે માણસને હાથે અથવા ગવર્નર ઇન કાઉન્સિલ તેમ ફરમાવે તો, કોઇ સરકારી ઓડિટરને હાથે થવી જોઇયે

(૨) સદરહુ ઓડિટરને અથવા ઓડિટરોને પોતાના હુદ્દાના કારણ સારૂ મ્યુનિસિપાલીટીના સઘળા હિસાબ તથા બીજા દફતરો જોવાનો અધિકાર છે

(૩) મ્યુનિસિપાલીટીએ, તપાસવા સારૂ જે ખર્ચ કબુલ કરવામા આવ્યો હોય તે ખર્ચ અથવા

આડિટર સરકારી આડિટર હોય તો ગવર્નર ઇન કૌઉન્સિલ ઠરાવે તે ખર્ચ મ્યુનિસીપલ ફંડમાથી આપવો જોઈએ

૧૭૧ મ્યુનિસીપાલીટીએ પોતે વાર્ષિક હિસાબ આખરનો મંજુર કરે કે તેની એક નકલ અથવા ગવર્નર ઇન કૌઉન્સિલ ફરમાવે તે નમુના પ્રમાણેનો હિસાબ તાબડતોબ ગવર્નર ઇન કાઉન્સીલની ઉપર અથવા તે યોગ્ય રીતે જે અમલદારને અધિકાર આપ્યો હોય તે અમલદારની ઉપર મોકલવો જોઇયે, અને ગવર્નર ઇન કૌન્સિલ અથવા એવો અમલદાર વખતે ફરમાવે તેવી તે હિસાબ બાબતની વિગત તથા વાઉચરો પણ મોકલવા જોઇએ

૧૭૨ આવક તથા ખર્ચના ત્રિમાહી અને વાર્ષિક હિસાબ, અને મંજુર થયેલુ બજેટ સઘળા લોકોને જોવાની છુટ હોવી જોઇયે અને તે હિસાબ તથા બજેટ તે જિલ્લાની ભાષામા મ્યુનિસિપાલીટી આ બાબતમા ઠરાવે તેવી રીતે છપાવીને પ્રસિદ્ધ કરવા જોઇયે

બાબ ૧૩ મો—નિર્બંધ.

૧૭૩. (૧) કલેકટરને-(અ) કોઇપણ મ્યુનિસિપાલીટીના ભોગવટા માહેની કોઇપણ સ્થાવર મિલકતમા અથવા તેના તાબામા અથવા તેના હુકમ હેઠળ કાઇ પણ કામ ચાલતું હોય તે કામમા પેસવાનો તથા તે જોવાનો, અથવા તેમા બીજાને પેસાડવાનો તથા તે જોવડાવવાનો

(બ) કોઇપણ મ્યુનિસિપાલીટીએ અથવા કોઈ પણ કમિટીએ ચલાવેલા કોઇપણ કામના કાગળોમાનો કોઇપણ ઉતારો અથવા તાબામા હોય તે, અને જે કોઇ પણ પત્રક, તપસીલ, હિસાબ અથવા રિપોર્ટ સાદર કરવાનુ મ્યુનિસિપાલીટીને કેહેવાનુ પોતાને યોગ્ય લાગે તે માગવાનો

(ન) મ્યુનિસિપાલીટી તરફથી થવાની તૈયારીમા હોય અથવા થતી હોય એવી કોઇ પણ બાબત કરવામા જે કંઈ પણ હરકત હોવાનુ પોતાને દેખાય તેનો, અથવા જે કંઇ માહિતી પોતે આપી શકે અને જે ઉપરથી મ્યુનિસિપાલીટીને ફલાણી એક વાત કરવાનુ બંધ ન કરવાના અથવા એવી વાત ન કરવાના જે કારણો હોય તે સુધ્ધા વાજબી વખતમા પોતાને લેખી ઉત્તર મોકલવાનુ ફરમાવવાનો અધિકાર છે

(૨) આ કલમમા કલેકટરને આપેલા સઘળા અથવા કોઇપણ અધિકાર, તાલુકાના આસિસ્ટન્ટ અથવા ડેપ્યુટી કલેકટરને તે તાલુકામાની શેહેરના મ્યુનિસિપાલીટી સિવાય બીજી કોઈ પણ મ્યુનિસિપાલીટીના સબંધમા હોય તેટલે સુધી સોપવાનો કલેકટરને અધિકાર છે

૧૭૪ (૧), જો કલેકટરને એમ લાગે કે મ્યુનિસિપાલીટીનો કોઈ હુકમ અથવા ઠરાવ બજાવ્યાથી અથવા મ્યુનિસિપાલીટીએ અથવા મ્યુનિસિપાલીટીના તરફથી જે કાઇ વાત કરવાની તૈયારીમા હોય અથવા કરવામા આવતી હોય તે કર્યાથી, લોકોની ઇજા અથવા ત્રાસ થાય છે અથવા થવાનો સંભવ છે, અથવા સુલેહનો ભંગ થવાનો સંભવ છે, અથવા તે બજાવણી અથવા વાત ગેરકાયદેસર છે, તો તે પોતાની સહીના લેખી હુકમથી તે બજાવણી મોકુફ કરવાને અથવા તે વાત કરવાની મના કરવાને મુખત્યાર છે

(૨) જ્યારે કલેકટર આ કલમ પ્રમાણે કાંઈ હુકમ કરે ત્યારે તેણે તે હુકમની નકલ તે કરવાના લેખી કારણો સહિત કમિશનર ઉપર તથા જે મ્યુનિસિપાલીટીનો સંબંધ હોય તેની ઉપર તાબડતોબ મોકલવી જોઇયે, અને તે હુકમ રદ કરવાનુ, અથવા તે ફેરફાર સહિત અથવા ફેરફાર વગર હંમેશ અથવા કમિશનરને યોગ્ય લાગે તે મુદત સુધી ચાલુ રહે એવુ ફરમાવવાનુ કમિશનરની મુખત્યારી ઉપર રહેશે

(૩) કમિશનરે આ કલમ પ્રમાણે થનારા દરેક પ્રકરણનો રિપોર્ટ તાબડતોબ ગવર્નર ઇન કૌન્સિલને કરવો જોઇયે, અને તેમા કરેલો કંઇપણ હુકમ તપાસવાને અથવા તેમા ફેરફાર કરવાને, અને તે બાબત જે બીજો કંઇ હુકમ તે કમિશનર કરી શકત તેવો કંઇ હુકમ કરવાને ગવર્નર ઇન કૌન્સિલ મુખત્યાર છે

૧૭૫. (૧) જે કાંઈ કામ કરવાનો અથવા જે કાંઇ કૃત્ય કરવાનો મ્યુનિસિપાલીટીને અધિકાર આપેલો હોય તથા જે લોકોના આરોગ્યસારૂ અથવા સલામતિસારૂ એકદમ કરવુ તેના મત પ્રમાણે અવશ્ય હોય તે

કામ અથવા તે કૃત્ય કરવાની જરૂરની બાબતમા તજવીજ કરવાનો, અને તે કામ અથવા તે કૃત્ય કરવાનો ખર્ચ, તે કરવાસારૂ નિમેલા માણુસોના વાજબી મહેતાણા સુદ્ધા, મ્યુનિસિપાલીટીએ તાબડતોબ આપવો જોઇયે એવુ ફરમાવવાનો કલેકટરને અધિકાર છે

(૨) જો તે ખર્ચ તથા મહેનતાણુ સદરહુ પ્રમાણે આપવામા ન આવે તો, તે ખર્ચ તથા મહેનતાણુ મ્યુનિસિપાલીટી તરફના કોઈ પણ પૈસા તે વખતે જે માણસના તાબામા હોય તે માણસને તેના હાથમા જે પૈસા હોય અથવા તેને વખતો વખત મળે તેમાથી અદા કરવાનુ ફરમાવવાનો કલેકટરને અધિકાર છે, અને સદરહુ માણસે તે હુકમ પાળવો જોઇયે

(૩) કલમ ૧૭૪ ની પેટા કલમો (૨) અને (૩) ના ઠરાવ, બને તેટલે સુધી, આ કલમ મુજબના કોઈ પણ હુકમને લાગુ પડશે

૧૭૬. મ્યુનિસિપાલીટીએ પોતાના અમલદારો અથવા નોકરો તરીકે જે માણુસોને નીમ્યા હોય તે માણુસોની સખ્યા અથવા તે માણુસોને અથવા કોઈ પણ અમુક માણસને મ્યુનિસિપાલીટીએ આપેલુ મહેનતાણુ, વધારે છે એમ કમિશનરને લાગે તો તે મ્યુનિસિપાલીટીએ કમિશનર ફરમાવે એટલે સદરહુ માણુસોની સંખ્યા અથવા તેમનુ અથવા તેનુ મેહેનતાણુ ઓછુ કરવુ જોઇએ

પણ એવુ ઠરાવ્યુ છે કે એવા હુકમની સામે તે મ્યુનિસિપાલીટી ગવર્નર ઇન કૌન્સિલને કરવાનુ મુખત્યાર છે, અને ગવર્નર ઇન કૌન્સિલનો ઠરાવ નિરૂત્તર થશે

૧૭૭. (૧) ગવર્નર ઇન કૌન્સિલે નીચે લખ્યા પ્રમાણે કરવુ કાયદેસર થશે, એટલે—

(૧) ચીફ ઓફીસર, હેલ્થ ઓફીસર અથવા એન્જિનિયરની નીમણુક કરવાનુ તેના મત પ્રમાણે કોઈ વખતે જરૂરનુ જણાય, તો એ અમલદારોની નિમણુક કરવાનુ શેહેરની મ્યુનિસિપાલીટીને ફરમાવવુ

(૨) એવી કોઇ પણ મ્યુનિસિપાલટીએ એવા કોઈ પણ હુદ્દા પર નિમવાને વાસ્તે પસંદ કરેલા અથવા નિમેલા કોઈ પણ માણસની એવી નિમણુક રદ કરવા બદલ અથવા એવા માણસે તે હુદ્દો આગળ ધારણ ન કરવા બદલ પોતાની નજરમા આવે તો, હુકમ કરવાનુ અને એવા કોઇ પણ માણસના એવા હુદ્દાની મુદત, એવો હુકમ મ્યુનિસિપાલીટીને જણાવવામા આવે તે દીવસે અને તે દીવસથી બધ થઇને પુરી થશે

(૩) ચીફ ઓફીસર તરીકે નિમાયલા કોઇ પણ માણસને "અથવા મ્યુનિસિપલ કમીશનરને ' પ્રસગ પ્રમાણે કલમ ૧૮૩ અથવા બાબ ૧૩ અ મુજબ તેને મળેલા અધિકાર ઉપરાત આ આકટની રૂયે અથવા તે વખતે અમલમા હોય એવી કોઈ પણ કાનુનોની રૂએ કાયદેસર રીતે તેને સોપાય તેવા સઘળા અથવા કોઈ પણ અધિકાર એવી કોઇ પણ મ્યુનિસિપાલટીએ આપવા જોઇએ એવુ ફરમાવવાનુ

(૪) કલમ ૧૪૪ અથવા ૧૪૫ મા (આ કલમો જે પ્રસગે અમલમા આવે છે એવા પ્રસગો હોય તો) કહેલા સર્વ અથવા કોઈ પણ અધિકાર એવી કોઈ પણ મ્યુનિસિપાલટીએ, ચીફ ઑફીસર હોય કે ન હોય તો પણ પ્રેસિડટને, વાઇસ પ્રેસિડટને અથવા ગવર્નર ઇન કૌન્સિલને યોગ્ય લાગે તેવા કોઇ પણ કૌન્સિલરને સોપવા એમ ફરમાવવાનુ

[૨] પેટા કલમ [૧] ની રકમ [૧], [૩] અથવા (૪) ની રૂયે મ્યુનિસિપાલીએ કરેલો કોઈ પણ હુકમ, તે સબધમા પ્રત્યેક પ્રસગે ગવર્નર ઇન કાન્સિલ ઠરાવે તે મુદત દરમ્યાન માન્ય કરવો જોઇએ

૧૭૮. (૧) કોઈ મ્યુનિસિપાલીટીને આ આકટ ઉપરથી અથવા આ આકટ પ્રમાણે અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇ કાયદા ઉપરથી અથવા કાયદા પ્રમાણે સોપેલુ કોઈ પણ કામ કરવાને તે ચુકી છે એવુ જ્યારે ગવર્નર ઇન કૌન્સિલને ફરિયાદ થયા ઉપરથી અથવા બીજી રીતે જણાય ત્યારે કહેવામા આવતી ચુક તે મ્યુનિસિપાલીટીથી થઇ છે એવી ગવર્નર ઇન કૌન્સિલની યોગ્ય ચોકસી કર્યા પછી ખાત્રી થાય, તો તે કામ કરવા સારૂ મુદત નિમવાનુ કમિશનરને ફરમાવવાને તે મુખત્યાર છે.

(૨) જો તે કામ આ પ્રમાણે નિમેલી મુદતમા કરવામા ન આવે તો, કમિશનર તે કરવા સારૂ હરકોઇ માણસને નીમવાને તથા તે કરવાનો ખર્ચ તે કરવા સારૂ નીમેલા માણસને આપવાના વાજબી

મેહેનતાણુ સુદ્ધા તે મ્યુનિસિપાલાટીએ તાબડતોબ આપવા જોઇએ એવુ ફરમાવવાને મુખત્યાર છે, (૩) જો તે ખર્ચ તથા તે મેહેનતાણુ સદરહુ પ્રમાણે આપવામા ન આવે તો, તે ખર્ચ તથા મેહેનતાણુ મ્યુનિસિપાલીટી તરફના કાઇ પણ પૈસા તે વખતે જે માણુસના તાબામા હોય તે માણુસને તેના હાથમા જે પૈસા હોય અથવા તેને વખતો વખત મળે તેમાથી અદા કરવાનુ ફરમાવવાનો કમિશનરને અધિકાર છે, અને તે હુકમ પાળવાને સદરહુ માણુસ બધાયલો છે

૧૭૯. (૧) જો કોઈ પણુ મ્યુનિસિપાલીટી, આ આકટના અથવા આ આકટની રૂયે અથવા ઇતર પ્રકારે કાયદા ઉપરથી તેને સોપવામા આવેલા કામ કરવાને લાયક નથી, અથવા તેણે તે ન કરવા વિશે હઠ લીધી છે, અથવા તે પોતાના અધિકાર બહાર ગઇ છે, અથવા તેણે તેનો ગેરઉપયોગ કર્યો છે, એવુ ગવર્નર ઇન કૌન્સિલને લાગે તો, તેને મુબઇ સરકારી ગેઝેટમા એક હુકમ તેના કારણોસહિત પ્રસિદ્ધ કરીને તે મારફત, પ્રસગ પ્રમાણે, તે મ્યુનિસિપાલીટી નાલાયક છે, અથવા તેણે કામ કર્યુ નથી, અથવા તે પોતાના અધિકાર બહાર ગઈ છે, અથવા તેણે તેનો ગેરઉપયોગ કર્યો છે એવુ ઠરાવવાનો અને તે હુકમમા ઠરાવવામા આવે તેટલી મુદ્દત સુધી તેને બધ કરવાનો અધિકાર છે.

(૨) જ્યારે મ્યુનિસિપાલીટી આ પ્રમાણે બધ કરવામા આવી હશે, ત્યારે હેઠળ લખેલુ પરિણામ થશે.

(અ) તે મ્યુનિસિપાલીટીના સઘળા કૌન્સિલરોની કૌન્સિલર તરીકેની જગા સદરહુ હુકમની તારીખથી ખાલી પડશે, (બ) તે મ્યુનિસિપાલીટીના સઘળા અધિકાર તથા કામ, તેને બધ કરવામા આવી હશે તે મુદતમા, આ બાબતસર જે માણુસને અથવા માણુસોને કમિશનર વખતો વખત નિમશે તે માણુસે અથવા માણુસોએ ચલાવવા જોઇએ (ક) તે મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થયલી સઘળી મિલકત, તે બધ થઇ હશે તે મુદ્દતમા, મુલિક મુઆઝમને સ્વાધીન થશે

(૩) જો તપાસ કર્યા બાદ, ગવર્નર ઇન કૌન્સિલ તેમ ફરમાવે તો, તે મ્યુનિસિપાલિટી બધ કર્યાની મુદ્દત ઉપર જણાવેલા સઘળા પરિણામો સુદ્ધા, તે મ્યુનિસિપાલીટી પાછી સ્થાપવા સારૂ ગવર્નર ઇનિ કૌન્સિલ ઠરાવે તે તારીખ સુધી, સદરહુ પ્રમાણે પ્રસિદ્ધ કરેલા હુકમથી વખતો વખત ચાલુ રાખવી જોઇએ

(૪) તે મ્યુનિસિપાલીટી, (અ) પેટા કલમ (૩) મુજબ કઇ પણ ફરમાવ્યુ નહી હોય, તો પેટા કલમ (૧) મુજબ બંધ કર્યાના હુકમમા જે મુદ્દત ઠરાવી હશે તે પુરી થયેથી, અને

(બ) પેટા કલમ (૩) મુજબ ફરમાવ્યુ હશે, તો તે પેટા કલમ ઉપરથી મ્યુનિસિપાલીટી પાછી સ્થાપવા સારૂ જે તારીખ ઠરાવી હશે તે તારીખે, ચુટણી અથવા નિમણુક કરીને ફરી સ્થાપવી જોઇએ

૧૮૦. સાધારણુ તથા મુલકી કારભારમા કમિશનરો ઉપર ગવર્નર ઇન કૌન્સિલ, કલેકટરો ઉપર કમિશનરો અને કલેકટરના તાબા માહેના અમલદારો ઉપર કલેકટરો જે અધિકાર તથા નિર્બંધ ધારણ કરે છે તથા ચલાવે છે તેજ અધિકાર તથા નિર્બંધ ગવર્નર ઇન કૌન્સિલ દરેક કમિશનર ઉપર, દરેક કમિશનર કલેકટરો ઉપર તથા દરેક કલેકટર પોતાના તાબા માહેના અમલદારો ઉપર આ આકટ સબધી સઘળી વાતમા ધારણ કરશે તથા ચલાવશે

બાબ ૧૩ મો.

શેહેરની મ્યુનિસિપાલીટી બાબત વિશેષ ઠરાવો.

૧૮૧. (૧) ગવર્નર ઇન કૌન્સિલને, કોઈ પણુ વખતે જાહેરનામુ કાઢીને જે કોઇ પણુ મ્યુનિસિપાલ ડિસ્ત્રિકટમા ૫દર હજાર કરતા ઓછા માણુસોની વસ્તી ન હોય તે ડિસ્ત્રિકટના સબધમા તે ડિસ્ત્રિકટની મ્યુનિસિપાલીટી, શેહેરની મ્યુનિસિપાલીટી છે એમ ઠરાવવાનો અખત્યાર છે, અને તે જાહેરનામામા તે મ્યુનિસિપાલીટીનુ નામ લખવું જોઇએ

(૨) ગવર્નર ઇન કૌન્સિલને, આવી રીતે ઠરાવેલી કોઇ પણુ મ્યુનિસિપાલીટીના સબધમા અથવા ઇ પરિશિષ્ટમા જણાવેલી કોઈ પણુ મ્યુનિસિપાલીટીના સબધમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તથા એવા જાહેરનામામા એવી મ્યુનિસિપાલીટીનુ નામ લખીને એવુ ઠરાવવાનો અધિકાર છે કે સદરહુ જાહેરના-

મામા ઠરાવેલી તારીખથી, તેમા લખેલી મ્યુનિસિપાલીટી શહેરની મ્યુનિસિપાલીટી તરીકે હોવી બધ પડશે, અને સદરહુ મ્યુનિસિપાલીટી તે ઠરાવેલી તારીખે શહેરની મ્યુનિસિપાલીટી તરીકે તે પ્રમાણે બધ પડવી જોઇએ

૧૮૨. (૧) કોઇ પણ શહેરની મ્યુનિસિપાલીટીને વાજબી જણાય તો એક ચીફ ઓફિસર અને એક હેલ્થ ઓફિસર અને એક એન્જીનિયર અથવા એવા અમલદાર પૈકી કોઈ પણ એક અથવા વધારે અમલદાર નિમવાનો અધિકાર છે, અથવા એવી મ્યુનિસીપાલીટીની નજરમા આવે તો એવા હુદ્દા પૈકી કોઇ પણ બે અથવા સઘળા હુદ્દાનું કામ બજાવવાને એક માણસ થોડી મુદતને માટે અથવા કાયમને માટે નિમવાનો અધિકાર છે

(૨) એવા કોઇ પણ અમલદારને ગવર્નર ઇન કાઉન્સીલની અગાઉથી મજુરી વગર હુદ્દા પરથી દુર કરાશે નહી, શિવાય કે તેને હુદ્દા પરથી દુર કરવા બાબત કાઉન્સીલરોની એકદર સખ્યા પૈકી નિદાન ત્રણ ચતુર્થાંશના મત પડયા હોય

(૩) ચીફ ઑફીસર નિમાયો હોય ત્યારે, મ્યુનિસિપાલીટીએ નોકરીમા રાખેલા સઘળા બીજા અમલદારો અને નોકરો તેના તાબામા રહેશે

૧૮૩. શહેરની મ્યુનિસીપાલીટીના ચીફ ઓફીસરે હેઠળ લખેલા અધિકાર અને આ આકટના ઠરાવ મુજબ મ્યુનિસિપાલીટી તરફથી મળ્યા હોય તેવા બીજા અધિકાર ચલાવવા જોઇએ,—

(અ) આ આકટના તથા આ આકટ મુજબ પેટા કાયદા વિદ્યમાનકાળે અમલમા હોય તેમના ઠરાવોને પાત્ર, મારકીટો અથવા કસાઇખાનાના લાઇસન્સો સિવાય બીજા સઘળા લાઇસન્સો તથા પરવાનગી આ આકટ ઉપરથી મ્યુનિસિપાલીટી આપી શકે તે સઘળા લાઇસન્સ તથા પરવાનગીઓ પોતાની સહીથી આપવાને તેને અધિકાર છે, તથા

(બ) તેને ઉપર કહેલા ઠરાવોને પાત્ર રહીને, જે કોઈ બાબતમા સદરહુ પ્રમાણે લાઇસન્સ આપવાનો અધિકાર હોય તે બાબતમા, અને જે બાબતમા ઉપર કહેલા ઠરાવોની રૂએ મ્યુનિસિપાલીટીને એવા લાઇસન્સ મોકુફ કરવાનો, નહી આપવાનો અથવા પાછા લઈ લેવાનો અધિકાર હોય તે બાબતમા પોતાની મરજીમા આવે ત્યારે કોઈ પણ લાઇસન્સ મોકુફ કરવાનો, નહી આપવાનો અથવા પાછુ લઇ લેવાનો અધિકાર છે

(ક) તેણે ઉપર કહેલા અધિકારની રૂએ આપેલ લાઇસન્સ તથા પરવાનગી બદલ આપવાની સઘળી ફી તેણે લેવી જોઇએ, વસુલ કરવી જોઇએ, અને મ્યુનિસિપલ ફન્ડ ખાતે જમે કરવી જોઈએ

(ડ) તેને હેઠળ જણાવેલી રકમો વગેરે કોઇ પણ ઠરાવોની રૂએ મ્યુનિસિપાલીટીને જે કોઇ પણ ફરમાન કરવાનો, લેખી મજુરી અથવા પરવાનગી આપવાનો હુકમ અને મનાઇ હુકમ કાઢવાનો અને અધિકાર ચલાવવાનો અખત્યાર હોય તે ફરમાન લેખી નોટીસ આપીને કરવાનો, તે લેખી મજુરી અથવા પરવાનગી આપવાનુ, તે હુકમ કહાડવાનો, તથા તે સઘળા અધિકાર ચલાવવાનો અખત્યાર છે—

(૧) ૯૧ મી કલમની પેટા કલમ (૨), [૨] ૯૬ મી કલમની પેટા કલમ (૨), પેટા કલમ (૩) અથવા પેટા કલમ (૫) ની રકમ (અ), [૩] ૪૦૨ જી કલમ, (૪) ૧૧૦ મી કલમની પેટા કલમ (૧) (૫) ૧૧૧ મી કલમ, (૬) ૧૧૪ મી કલમ, (૭) ૧૧૫ મી કલમ, (૮) ૧૧૮ મી કલમ, (૯) ૧૧૯ મી કલમ, (૧૦) ૧૨૧ મી કલમ, (૧૧) ૧૨૨ મી કલમ, (૧૨) ૧૨૩ મી કલમ, (૧૩) ૧૨૪ મી કલમ, (૧૪) ૧૨૫ મી કલમ, (૧૫) ૧૨૬ મી કલમ, (૧૬) ૧૨૭ મી કલમ, (૧૭) ૧૨૮ મી કલમ, (૧૮) ૧૩૦ મી કલમ, (૧૯) ૧૩૧ મી કલમની પેટા કલમ (૧), [૨૦), ૧૩૨ મી કલમ, (૨૧) ૧૩૪ મી કલમ, [૨૩) ૧૪૨ મી કલમ, (૨૩) ૧૪૩ મી કલમ, [૨૪) મી કલમની પેટા કલમ (૨) ની રકમ (બ)

૧૮૪ ચીફ ઓફિસરને આ અર્થે મ્યુનિસિપાલીટી તરફથી જે અધિકાર આપવામા આવે તે ઉપરાત તેને, (અ)—(૧) મ્યુનિસિપાલીટીની અગાઉ મજુરી લીધા વગર ૫૬ મી કલમની (બ) રકમ ઉપરથી કરેલી કાનુનોમા ઠરાવેલી જે જગાઓનો માસિક પગાર ૧૫ રૂપિયાથી વધારે ન હોય એવી કઇ પણ

જગા ઉપર, અને (૨) અને દરેક બાબતમા એવી અગાઉથી મ જુરી લઇને હેલ્થ ઓફિસરની એન-જીનીયરની, અથવા ચીફ એકાઉન્ટન્ટની જગાઓ ગિવાયની મ્યુનિસિપાલીટીના તાબાની બીજી કોઇ પણ જગા ઉપર, નિમણૂક કરવાનો, અને (બ) ૧૫ રૂપિયાથી જેને પગાર વધારે ન હોય એવા મ્યુનિસિપાલીટીના નોકરને, અને તે વખતે અમલમા હોય એવી કાનુનોના ઠરાવોને પાત્ર રહીને, હેલ્થ આફિસર, એન્જિનિયર અથવા ચીફ એકાઉન્ટન્ટ શિવાયના બીજા કોઇપિણ મ્યુનિસીપલ ઓફિસર અથવા નોકરને, દડની, ઉતારી પાડવાની, સસપેન્ડ કરવાની અથવા બરતરફ કરવાની શિક્ષા કરવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે એક અઠવાડિયાના પગારની રકમથી વધારે ન હોય એવા દડ શિવાયની બીજી કોઈ પણ શિક્ષા બાબત તેના હુકમ ઉપર મ્યુનિસીપાલીટીને અપીલ કરી શકશે

૧૮૫ ચીફ ઓફિસરને, મ્યુનિસીપાલીટીની મ જુરી લઈ પોતાને આપેલા અધિકારમાના કોઇપિણ અધિકાર પોતાના તાબાના કોઇપિણ અમલદારને સોપવાનો અખત્યાર છે

૧૮૬. (૧) ચીફ ઑફિસરને, પ્રેસિડન્ટની રજાથી, અથવા મ્યુનિસીપાલીટીની કોઇ મીટીગમા અથવા કોઈપણ કમિટીની મીટીંગમા આ બાબતમા ઠરાવ પસાર થયો હોય તેની રૂએ, એવી મીટીંગમા, કોઈ બાબત ઉપર વાદવિવાદ થતો હોય તે બાબતમા ખુલાસો કરવા અખત્યાર છે, પણ એવી કોઇ મીટીંગમા તે પોતાનો મત આપી શકશે નહીં અથવા કોઇપણ દરખાસ્ત રજુ કરી શકશે નહીં

બાબ ૧૩ મો. મ્યુનિસિપલ કમિશનર એના અધિકાર તથા કામ.

૧૮૬ અ (૧) ૧૩ મા બાબમા ગમે તે ઠરાવ હોય તો પણ ગવર્નર ઇન્ કોસિલને—

(અ) ઓછામા ઓછી એક લાખ માણસોની વસ્તીવાળા કોઇપણ મ્યુનિસીપલ ડિસ્ટ્રીકટ માટે મ્યુનિસીપલ કમીશનર નિમવાનો અધિકાર છે, તથા (બ) મ્યુનિસીપાલીટીની તેમ કરવા સારૂ અરજી આવે તો બીજા કોઇપણ મ્યુનિસીપલ કમિશનર નિમવાનો અધિકાર છે, માત્ર એટલુજ કે એવી અરજીને કૌસિલરોની એકદર સખ્યાના ઓછામા ઓછા બે તૃતિઆશ કૌસિલરોએ અગાઉથી ટેકા આપેલો હોવો જોઇએ

(૨) છેલ્લામા છેલ્લી વસ્તીની ગણત્રી વખતે કોઈ મ્યુનિસીપલ ડિસ્ટ્રીકટની જે વસ્તી નક્કી થઇ હોય તે વસ્તી તે મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટની વસ્તી ગણાશે, પણ એવી મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટની વસ્તી નક્કી કરવા સારૂ ખાસ વસ્તીની ગણત્રી કરવી એવા હુકમ કરવાનુ ગવર્નર ઇન્ કૌસિલને યોગ્ય લાગે તો એવી ખાસ વસ્તીની ગણત્રીમા નક્કી થયલી વસ્તી તે મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટની વસ્તી ગણાશે

(૩) પેટા કલમ (૨) મા નક્કી કર્યા પ્રમાણે કોઇ મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટની વસ્તી મ્યુનિસીપલ કમિશનરની નિમણૂક કરતી વખતે ઓછામા ઓછી એક લાખ માણસની હોય ત્યારે તેને સારૂ મ્યુનિસીપલ કમિશનરની નિમણૂક એક વખત કરી હોય એવા મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટની વસ્તી એક લાખ માણસો કરતા ઓછી થવાનાજ માત્ર કારણુસર એવી નિમણૂક બધ પડશે નહી

(૪) મ્યુનિસીપલ કમિશનરની નિમણૂક થયા પછી ચીફ ઓફિસરની નિમણૂક (પછી તે ૧૭૭ મી કલમની રૂએ અથવા ૧૮૨ મી કલમની રૂએ કરી હોય તો પણ) તાબડતોબ બધ પડશે, પણ એવુ ઠરાવ્યુ છે કે ચીફ ઓફિસર જો કોઇ હોય તો તેને નિમણૂકની શરતો પ્રમાણે જે નોટીસ મેળવવાનો હક હોય તે નોટીસ આપવામા આવે ત્યા સુધી, અને તે નોટીસમા નિર્દિષ્ટ કરેલી મુદત વીતે ત્યા સુધી મ્યુનિસીપલ કમિશનરની નિમણૂક કરવી નહી

(૫) ગવર્નર ઇન્ કૌસિલને, જે કોઇપણ મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટ માટે મ્યુનિસીપલ કમિશનરની નિમણૂક કરી હોય તે ડિસ્ટ્રિકટ માટેની નિમણૂક કોઇપણ વખતે બધ પાડવાનો અધિકાર છે

૧૮૬ બ (૧) મ્યુનિસીપલ કમિશનરે, પ્રથમ ત્રણ વર્ષની મુદત માટે પોતાનો હોદ્દો ધારણ કરવો, અને ત્યાર પછી ગવર્નર ઇન કૌસિલ દરેક બાબતમા ઠરાવે તેટલી વધારે મુદત સુધી ધારણ કરવો.

(૨) જો ગવર્નર ઇન્ કૌસિલને એમ જણાશે કે કોઇ મ્યુનિસીપલ કમિશનર પોતાના હુદ્દાની ફરજ બજાવવાને અસમર્થ છે અથવા તેણે એવો કાઈ ગેરવર્તણૂક ચલાવવાનો કે ગફલત કરવાનો ગુન્હો કર્યો છે કે જેથી તેને હુદ્દાપરથી દૂર કરવો યોગ્ય છે તો, તે ગમે તે વખતે તેને દૂર કરવાને મુખત્યાર છે

(૩) આ બાબતમા મ્યુનિસીપાલીટીની અરજી આવેથી ગવર્નર ઇન્ કૌસિલ મ્યુનિસીપલ કમિશનરને તાબડતોબ હુદ્દા પરથી દુર કરશે માત્ર એટલુજ કે એવી અરજીને સઘળા કૌસિલરોની એકદર સંખ્યામાના ઓછામા ઓછા ત્રણ ચતુર્થાંશ કૌસિલરોએ અગાઉથી ટેકો આપેલો હોવો જોઇયે

૧૮૬. ક (૧) મ્યુનિસીપલ કમિશનરને ગવર્નર ઇન્ કૌસિલની મંજુરીને પાત્ર, વખતો વખત જે પગાર મ્યુનિસીપાલીટી ઠરાવશે તે પગાર દર મહિને મ્યુનિસીપલ ફંડમાથી મળશે

(૨) મ્યુનિસીપલ કમિશનરે આ આક્ટમા અથવા વિદ્યમાન કાળે બીજો જે કાયદો અમલમા હોય તે કાયદામા ઠરાવ્યા પ્રમાણે પોતાના હુદ્દાના કામમા પોતાનો બધો વખત રોકવો અને તેમા ધ્યાન આપવુ, અને બીજા કોઇપણ ધંધા, વેપાર અથવા કામમા રોકાવુ નહી

પણ એવુ ઠરાવ્યુ છે કે તેને, મ્યુનિસીપાલીટીની મંજુરીથી, કોઇપણ સ્થાનિક ચોકસીના કારણસર અથવા સ્થાનિક અગત્યના અથવા હિતના કોઇપણ હેતુને પુષ્ટી આપવા સારૂ રચાયલી કોઇપણ કમિટીમા કોઇપણ વખતે કામ કરવાનો અધિકાર છે

૧૮૬. ડ (૧) ગવર્નર ઇન્ કૌસિલ, વખતે વખતે, મ્યુનિસીપાલીટીની મંજુરીથી, પોતાને યોગ્ય લાગે તેટલી મુદત માટે મ્યુનિસીપલ કમિશનરને ગેરહાજર રહેવાની રજા આપવાને મુખત્યાર છે

(૨) મ્યુનિસીપલ કમિશનર રજા ઉપર ગેરહાજર હોય ત્યારે તેને આપવાનુ ભથ્થુ ગવર્નર ઇન્ કૌસિલ ઠરાવે તેટલી રકમનુ હોવુ જોઇયે, અને તે રકમ તેના પગાર કરતા વધારે ન હોવી જોઇયે

પણ એવુ ઠરાવ્યુ છે કે, મ્યુનિસીપલ કમિશનર સરકારનો પગારદાર નોકર હોય તો, એવા ભથ્થાની રકમનુ નિયમન તેના વર્ગના સરકારના પગારદાર નોકરના રજા દરમિયાનના ભથ્થાને લગતી જે કાનુનો વિદ્યમાનકાળે અમલમા હોય તે કાનુનો પ્રમાણે કરવુ

(૩) મ્યુનિસીપલ કમિશનરની રજા ઉપરની કોઇપણ વખતની ગેરહાજરી દરમિયાન અથવા બીજી રીતે તેની જગા હંગામી ખાલી પડે તે દરમિયાન ગવર્નર ઇન્ કૌસિલ કોઇપણ લાયક માણસને મ્યુનિસીપલ કમિશનર તરીકે કામ કરવાને નિમવાને મુખત્યાર છે આવી રીતે નિમાયલા દરેક માણસે જે માણસનુ કામ કરવાને તેને નિમવામા આવ્યો હોય તે માણસને આ આક્ટ ઉપરથી અથવા આ આક્ટની રૂયે વિદ્યમાનકાળે જે બીજો કાયદો અમલમા હોય તે કાયદા ઉપરથી અથવા તે કાયદાની રૂયે આપેલી સત્તા તથા સોપેલી ફરજો ચલાવવી તથા બજાવવી અને જે જુમ્મેદારી બંધન તથા સરતોને સદરહુ માણસ પાત્ર હોય તેજ જુમ્મેદારી, બંધન અને સરતોને તે પાત્ર થશે

૧૮૬. ઇ (૧) સરકારના પગારદાર નોકરની નિમણુક મ્યુનિસીપલ કમિશનર તરીકે થાય ત્યારે, મ્યુનિસીપાલીટીએ, ગવર્નર જનરલ ઇન્ કૌસિલે વિશેષ રીતે મદરહુ જવાબદારીમાથી પુરેપુરી અથવા અંશત માફી આપી હોય તે શિવાય, ૪૭ મી કલમના વિશેષ ઠરાવ (બ) ની રૂયે ઠરાવ્યુ છે તેટલે સુધી તેના પેન્શન તથા રજા દરમિયાનના ભથ્થા માટે ફાળો આપવો જોઇએ

(૨) સરકારના પગારદાર નોકર શિવાયના બીજા સખસની નિમણુક મ્યુનિસીપલ કમિશનર તરીકે થાય ત્યારે ગવર્નર ઇન કૌસિલે નક્કી કરેલુ રજા દરમિયાનનુ આખુ ભથ્થુ મ્યુનિસીપાલીટીએ આમા ઠરાવ્યા પ્રમાણે મ્યુનિસીપલ ફંડમાથી આપવુ, અને તે નોકરીથી ફારક થાય ત્યારે તેને ગવર્નર ઇન કૌસિલની મંજુરીથી પેનશન અથવા ગ્રેજ્યુઇટી આપવાને અથવા તે મરણ પામે ત્યારે તેના કુટુંબને કંપાશનેટ એલાવન્સ (દયા તરીકે આપેલી રકમ) આપવા મ્યુનિસીપાલીટી મુખત્યાર છે

૧૮૬. ફ (૧) મ્યુનિસીપાલીટીને મ્યુનિસીપલ કમિશનર પાસે હેઠળ પ્રમાણેની માગણી કરવાનો અધિકાર છે—

(અ) આ આક્ટનો અમલ કરવાને લગતી અથવા મ્યુનિસીપલ ડીસ્ટ્રીક્ટની મ્યુનિસીપલ વ્યવસ્થાને લગતી કોઇપણ બાબત સબંધી કોઇપણ રીટર્ન, પત્રક, અંદાજ આકડાના પત્રક અથવા બીજી માહિતી પુરી પાડવાની, (બ) એવી કોઇ બાબત ઉપર રીપોર્ટ પુરો પાડવાની, [ક] તેના હવાલામા હોય એવા કોઇ પણ દસ્તાવેજની નકલ પુરી પાડવાની

(૨) મ્યુનિસીપાલ કમિશનરે ગેરવાજબી ઢીલ કર્યા વગર એવી રીતની દરેક માગણી સ્વીકારવી જોઇયે

૧૮૬. ગ, મ્યુનિસીપલ કમિશનરે આમા હવે પછી નિર્દિષ્ટ કરેલા અધિકાર ચલાવવા તેમજ સદરહુ મ્યુનિસિપાલીટી આ આકટના ઠરાવોની રૂયે જે બીજા અમલ બજાવણીના અધિકાર સોંપે તે ચલાવવા ——

(૧) તેણે શેહેરની મ્યુનિસિપાલિટીમા આ આકટના ઠરાવોથી ચીફ ઑફીસરને સોપવામા આવેલા સઘળા અધિકાર ચલાવવા તથા (૨) તે હેઠળની કલમો અથવા પેટા કલમોના ઠરાવોમાના કોઇ પણ ઠરાવ મુજબ મ્યુનિસિપાલિટી લેખી નોટીસ આપીને જે માગણી કરી શકે, જેવી લેખી મંજુરી અથવા પરવાનગી આપી શકે, જેવા હુકમ તથા મનાઇ કાઢી શકે, જેવા અધિકાર ચલાવી શકે તથા જેવા કામ કરી શકે તેવી માગણી કરવાને, તેવી લેખી મંજુરી અથવા પરવાનગી આપવાને, તેવા હુકમ તથા મનાઇ હુકમ કાઢવાને, તેવા અધિકાર ચલાવવાને તથા તેવા કામ કરવાને મુખત્યાર છે, એટલે કે—૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૬૯, ૭૧, ૭૬, ૭૮, ૭૯, પેટા કલમો (૩) (૪) તથા (૫) ૮૦, ૮૨, ૮૨, ૮૪, ૯૦, ૯૧ અ, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, પેટાકલમ (૨) ૧૧૨, પેટાકલમ (૧) ૧૧૩, ૧૧૬, ૧૨૦, ૧૩૫, ૧૩૬, ૧૩૯, પેટાકલમ (૪), ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૫૧, ૧૫૨, ૧૫૪, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૯, ૧૬૦ અ, તથા ૧૬૧ પણ એવુ ઠરાવ્યુ છે કે—

(અ) કલમ ૭૧, કલમ ૯૦, કલમ ૯૧, કલમ ૯૧ અ, ૧૦૬ ઠી કલમની પેટા કલમ (૧), ૧૧૬ મી કલમની પેટા કલમ (૧) અને કુવાની બાબતમા કલમ ૧૩૫ મા સમાવેશ થયેલા ઠરાવો ઉપરથી અથવા તેની રૂએ મ્યુનિસિપાલિટીને સોપેલા અધિકાર, મ્યુનિસિપલ કમિશનરે મ્યુનિસિપાલિટીના સામાન્ય અથવા વિશેષ હુકમને પાત્ર હોવા શિવાય, અથવા એવા હુકમની ગેરહાજરીમા મ્યુનિસિપાલિટીની અગાઉથી મંજુરી લીધી હોય તે શિવાય ચલાવવા નહી

(બ) આ આકટના ઠરાવોમાના કોઇપણ ઠરાવ ઉપરથી અથવા તેની રૂયે મ્યુનિસિપાલિટીને સોપેલા—

(૧) કાનુનો અથવા પેટા કાયદા કરવાના અધિકાર, તથા (૨) પ્રેસિડટને, અથવા વાઇસ પ્રેસિડન્ટને અથવા કમિટીને અથવા કૌસિલરને કઇ પણ કરવાની સત્તા આપવાના અધિકાર, મ્યુનિસીપલ કમિશનરે ચલાવવા નહી

(ક) મ્યુનિસીપાલીટીને પ્રાપ્ત થયલી અથવા મ્યુનિસાપાલીટીની માલિકીની અથવા મ્યુનિસાપાલીટીએ બીજી રીતે ધારણ કરેલી મિલ્કત, સ્થાવર હોય કે જગમ હોય તોપણ મ્યુનિસીપલ કમિશનરને પ્રાપ્ત થયલી અથવા તેની માલીકીના અથવા તેણે બીજી રીતે ધારણ કરેલી ગણાશે નહી (ડ) હેઠળની કલમો અથવા પેટા કલમોના ઠરાવો વિરુદ્ધ કાઇપણ સખસ ગુન્હો કરે તેને શિક્ષા કરાવવા માટે ફોજદારીમા કામ ચલાવવાનુ ફરમાવવાનો અથવા બીજુ કામ ચલાવવાનો હુકમ કરવાનો ૧૬૧ મી કલમ ઉપરથી આપેલો અધિકાર મ્યુનિસીપલ કમિશનરે મ્યુનિસીપાલીટીની અગાઉથી મંજુરી લીધા વગર ચલાવવો નહી—કલમ ૪૪, કલમ ૪૫, કલમ ૯૧ ની પેટા કલમ [૪] કલમ ૯૧ અ ની પેટા કલમ (૪) કલમ ૧૩૮, તથા કલમ ૧૪૯ ની પેટા કલમ (૪)

૧૮૬. હ જ્યારે કોઈ અમલદારને ગમે તે કાઇપણ સત્તા ચલાવવાનો અથવા કાઇપણ કરવાનો અધિકાર આપવાનો અખત્યાર જે કોઈ મ્યુનિસિપાલીટીના આ આકટના કોઇપણ ઠરાવથી અથવા આ આકટની રૂયે કરેલા કોઇપણ પેટા કાયદાથી આપ્યો હોય ને મ્યુનિસીપાલીટીએ કોઇપણ અમલદારને તેવો અધિકાર આપ્યો હોય ત્યારે મ્યુનિસીપલ કમિશનરને તેણે સ્પષ્ટ રીતે તેવો અધિકાર આપ્યો ન હશે તો પણ તેવો અધિકાર આપ્યો છે એમ ગણવુ

૧૮૬. આઇ જે કોઇ સખસ મ્યુનિસિપલ કમિશનરે કોઇપણ બાબતમા કરેલો કાયદાસર હુકમ નહીં માનશે અથવા માનવાનુ ચુકશે તેને મ્યુનિસીપાલીટીએ તેજ બાબતમા તેને આપેલો હુકમ ન માનવા અથવા માનવાનુ ચુક્યા માટે જેવી રીતે શિક્ષા કરવામા આવે તેવી જ રીતે શિક્ષા કરવામા આવશે.

૧૮૬ જ [૧] મ્યુનિસીપલ કમિશનરને, મ્યુનિસીપાલીટી આ અર્થે જે અધિકાર તેને આપે તે ઉપરાત મ્યુનિસીપાલીટીની મંજુરી વગર હેઠળ મુજબ કરવાનો અધિકાર છે

(અ) ૪૯ મી કલમની (બ) રકમની પેટા રકમ (૨) મુજબ વિદ્યમાનકાળે જે કાનુનો અમલમા હોય તે કાનુનોને પાત્ર, હેલ્થ ઓફિસર, એન્જીનીયર, ચીફ એકાઉન્ટન્ટ, સેક્રેટરી અથવા ઓડિટરની જગા શિવાયની જે બીજી જગાનો માસિક પગાર વત્તામા વત્તો એકસો રૂપીયા હોય એવી મ્યુનીસીપાલીટીના તાબામાની કોઇપણ જગા ઉપર કોઇ પણ લાયક શખસને નિમવાનો, (બ) ૪૯ મી કલમની રકમ (ફ) મુજબની વિદ્યમાનકાળે જે કાનુનો અમલમા હોય તેને પાત્ર મ્યુનિસિપલ કમિસનરને જે જગાની નીમણુક કરવાનો અધિકાર હોય તેની કોઇપણ જગા ધારણ કરનારને ગેરહાજર રહેવાની રજા આપવાનો અને એવી ગેરહાજરી દરમિયાન એવા ધારણ કરનારને બદલે કોઇ લાયક સખસને કામ કરવા સારૂ નિમવાનો (ક) જે કોઇપણ જગા ઉપર નિમવાનો મ્યુનિસીપલ કમિશનરને અધિકાર હોય તે જગાના ધારણ કરનારને દંડ કરવાનો, ઉતારી પાડવાનો, સસપેંડ કરવાનો અથવા કહાડી મુકવાનો પણ એનુ ઠરાવ્યુ છે કે જે કોઇપણ જગાનો માસિક પગાર પચાસ રૂપીયા કરતા વધારે હોય તે જગાના કોઇ પણ ધારણ કરનારને મ્યુનીસીપાલીટીની મંજુરી વગર મ્યુનિસીપલ કમિશનર કાઢી મૂકશે નહિ

(૨) આ આકટના ઠરાવોની રૂએ મ્યુનિસીપલ કમિશનર કાઢી મુકશે નહિ

૧૮૬ ક, કલમ ૨૪, કલમ ૧૮૪ તથા કલમ ૧૮૫ જ મા ગમે તે ઠરાવ્યુ હોય તોપણ, આ આકટના ઠરાવોમાના કોઇપણ ઠરાવ ઉપરથી અથવા ઠરાવની રૂએ મ્યુનિસીપાલીટીને અથવા ૨૮ મી કલમ ઉપરથી નિમાયેલી કમિટીને સોપેલા, મ્યુનીસીપાલીટીને સોપેલી અથવા તેણે ચલાવેલી કોઇ પ્રાથમીક અથવા બીજી શાળામા અથવા મ્યુનિસીપાલીટી મદદ આપતી હોય એવી કોઇ કેળવણી આપવાની સંસ્થામા નોકરીએ રાખેલા કોઈ મહેતાજી, શિક્ષક અથવા બીજા સખસની નિમણુક કરવાના, ગેરહાજર રહેવાની રજા આપવાના, શિક્ષા કરવાના અથવા કાઢી મુકવાના અધિકાર ચીફ ઓફિસરે અથવા મ્યુનિસીપલ કમિશનરે ચલાવવા નહી

૧૮૬ લ મ્યુનીસીપલ કમિશનરે, આ આકટ ઉપરથી અથવા આકટના ઠરાવોની રૂએ પોતાને આપેલા અધિકાર ચલાવીને કોઇ પણ હુકમ કર્યો હશે અથવા કાંઇ પણ કામ કયુ હશે તેની સામા મ્યુનીસીપાલીટીને કાંઈ પણ અપીલ કરી શકાશે નહીં, પણ હેઠળની પેટા કલમોમાની કોઇપણ પેટા કલમની રૂએ તેણે જે કાંઇ હુકમ કર્યો હશે અથવા કાંઈ કામ કયુ હશે તો અપીલ કરી શકાશે, એટલે કે–(૧) ૭૨ મી કલમની પેટા કલમો (૧) તથા [૨] (૨) ૯૮ મી કલમની પેટા કલમ (૧), (૩), ૧૦૩ જી કલમની પેટા કલમ (૨), [૪] ૧૩૧ મી કલમની પેટા કલમ (૨] (૭), ૧૫૧ મી કલમની પેટા કલમ (૧), અને (૬) ૧૫૬ મી કલમની પેટા કલમ (૧) ની રકમ (બ)

૧૮૬ મ (૧) મ્યુનિસીપલ કમિશનરને, મ્યુનિસીપાલીટીની મંજુરીથી આ આકટ મુજબના અથવા આ આકટની રૂએ કરેલી કોઈપણ કાનુન અથવા પેટા કાયદા મુજબના મ્યુનિસીપલ કમિશનરના કાંઇપણ અધિકાર, ફરજ અથવા કામ મ્યુનિસીપાલીટીના કોઇ પણ અમલદાર અથવા નોકરને સામાન્ય અથવા વિશેષ લેખી હુકમ કાઢીને સોપવાનો અધિકાર છે પણ કલમો ૧૫૧, ૧૬૧ તથા ૧૮૬ જ મુજબ તેને સોપેલા અધિકાર તેને માથે નાખેલી ફરજો અથવા તેણે કરવાના કામ સોપવાનો અધિકાર નથી

(૨) મ્યુનિસીપાલીટીના કોઇ પણ અમલદાર અથવા નોકરને પેટા કલમ (૧) મુજબ સોપેલા કોઇ પણ અધિકાર, ફરજ અથવા કામ તેણે ચલાવવા અથવા બજાવવા તે સદરહુ હુકમમા જણાવવામા આવે તે સરત તથા બંધના જો કાંઈ હોય તો તેને પાત્ર તથા મ્યુનિસીપલ કમિશનરના નિબંધ હેઠળ રહીને તથા તેના હાથે તપાસ થવાની શરતને પાત્ર રહીને ચલાવવા અથવા બજાવવા

૧૮૬ ન જે મ્યુનિસીપાલીટી માટે મ્યુનિસીપલ કમિશનર નિમવામા આવ્યો હોય તેવી કોઇપણ મ્યુનીસીપાલીટીમા ૪૦ મી કલમમા ગમે તે ઠરાવ હોય તોપણ, આ આકટની રૂએ અથવા આ આકટના કોઇ પણ કાનુન સારૂ કરાર કરવાના સબંધમા નીચે લખેલા ઠરાવો અમલમા આવશે એટલે કે—

(અ) સદરહુ પ્રકારનો દરેક કરાર મ્યુનિસિપાલીટીના તરફથી મ્યુનિસીપલ કમિશનરે કરવો, (બ) કોઈ પણ કામ બાબતનો જે કોઇ પણ આ આકટના કોઇ પણ ઠરાવ મુજબ મ્યુનિસીપલ કમિશનરને બીજા કોઇ મ્યુનિસીપાલીટીના અધિકારીની પરવાનગી અથવા મંજુરી શિવાય કરવાનો અધિકાર ન હોય તેનો

કોઇ પણ કરાર સદરહુ પસંદગી અથવા મંજુરી શિવાય કરવાનો અધિકાર ન હોય તેવો કોઇપણ કરાર સદરહુ પસંદગી અથવા મંજુરી પહેલવહેલી યોગ્ય રીતે આપવામાં આવે ત્યાં સુધી અથવા તે શિવાય કમિશનરે કરવો નહિ, (ક) સ્થાવર મિલકત ખરીદવાનો, તેના વેચાણનો, તે પટે આપવાનો ગીરો મૂકવાનો અથવા બીજી રીતે તબદીલ કરવાનો કોઇ પણ કરાર મ્યુનિસીપલ કમિશનરે મ્યુનિસીપાલીટીની પસંદગી અથવા મંજુરી વગર કરવો નહી, (ડ) પાંચસો રૂપિયા કરતા વધારે હોય એવા ખરચવાનો કોઇ પણ કરાર મ્યુનીસીપલ કમિશનરે મ્યુનીસીપાટીની પસંદગી અથવા મંજુરી શિવાય કરવો નહી (ઇ) અઢીસો રૂપિયા કરતા વધારે હોય અને પાંચસો રૂપીયા કરતા વધારે ન હોય એવા ખર્ચવાળો જે કરાર મ્યુનિસીપલ કમીશનરે કર્યો હોય તે દરેક કરારનો રીપોર્ટ મ્યુનીસીપાલીટીને તે કરાર કર્યા પછી પંદર દીવસમા કરવો

(૬) આ કલમના ઉપર કહેલા ઠરાવો જેવી રીતે અસલ કરારને લાગુ પડતા હોય તેવીજ રીતે અસલ કરારના દરેક ફેરફારને અથવા તે પુરો કરવાને લાગુ પડે છે એમ સમજવુ

૧૮૬ ઓ (૧) ૪૦ મી કલમની પેટા કલમો (૬) તથા (૭) મા ગમે તે ઠરાવ હોય તોપણ મ્યુનીસીપાલીટીની તરફથી મ્યુનીસીપલ કમિશનરે કરેલો દરેક કરાર જો મ્યુનીસીપલ કમીશનરે તે કરાર પોતાની તરફથી કર્યો હોય તો જે રીતે અને જે નમુના પ્રમાણે કરવાની તે બધાય તેવી રીતે અને તેવા નમુના પ્રમાણે કરવો જોઈયે, અને તે દરેક કરારમા તેજ રીતે અને તેજ નમુના પ્રમાણે ફેરફાર કરવાનો અથવા તે પૂરો કરવાનો અધિકાર છે, પણ એવુ ઠરાવ્યુ છે કે —

(અ) જે બાબતમા આવા પ્રકારનો કોઇપણ કરાર મ્યુનિસીપલ કમિશનરે કરેલો હોય તો તેના ઉપર મોહોર કરવાની જરૂર પડે તે બાબતમા તે ઉપર મુનીસીપાલીટીની સામાઇક મોહોર કરવી, અને (બ) કાઇપણ કામ કરવા સારૂ અથવા કાઈપણ સાહિત્ય અથવા માલ પુરો પાડવા સારૂ પાંચસો રૂપીયા કરતા વધારે ખર્ચ થાય એવો દરેક કરાર લખીને કરવો અને તે ઉપર મ્યુનીસીપાલીટીની સામાઇક મોહોર કરવી અને તેમા પ્રસંગ પ્રમાણે જે કામ કરવાનુ હશે તે કામ અથવા જે સાહિત્ય અથવા માલ પુરો પાડવાનો હશે તે સાહિત્ય અથવા માલ, તથા સદરહુ કામ સાહિત્ય અથવા માલ સારૂ આપવાની કિંમત, અને કોઇપણ કામ કરવાનો કરાર હોય તે પ્રસંગે જે વખતમા અથવા જે જે વખતમા તેમના તે કામોના નિર્દિષ્ટ કરેલા ભાગ પુરા કરવા જોઈએ તે વખત અથવા તે તે વખત એટલુ નિર્દિષ્ટ કરવુ જોઇએ

(૨) મ્યુનિસીપાલીટીની સામાઇક મોહોર કોઇપણ કરાર અથવા બીજા દસ્તાવેજ ઉપર કરવી તે મેનેજીંગ કમીટીના બે મેમ્બર હાજર હોયા સિવાય કરવી નહી, અને સદરહુ બે મેમ્બરોએ તે કરાર અથવા દસ્તાવેજ ઉપર તેમના રૂબરૂ મોહોર થઈ છે તેની નિશાની દાખલ તે કરાર અથવા દસ્તાવેજ ઉપર પોતાની સહી કરવી, સદરહુ મેમ્બરોની સહી સદરહુ પ્રકારનો કોઇપણ કરાર અથવા દસ્તાવેજ કરી આપ્યાના કોઇપણ સાક્ષીઓની સહીઓ હશે તેથી જુદી કરવી જોઇએ

(૩) આ કલમમા ઠરાવ્યા પ્રમાણે કરાર કર્યો નહી હશે તો તેથી મ્યુનીસીપાલીટી બંધાશે નહી

૧૮૬ પ (૧) પેટા કલમ (૩) મા બીજી રીતે ઠરાવ્યુ છે તે સિવાયને પ્રસંગે કોઇપણ કરાર કરવા સારૂ અથવા કોઈપણ સાહિત્ય અથવા માલ પુરો પાડવા સારૂ એક હજાર કરતા વધારે રૂપિયાનો ખર્ચ લાગે તેવો કોઇપણ કરાર પોતે કરે તે પહેલા ઓછામા ઓછા સાત દીવસ અગાઉ મ્યુનીસીપલ કમિશનરે, સદરહુ કરાર સારૂ ટેન્ડરો માગવાની સ્થાનીક વર્તમાનપત્રોમા જાહેરખબરદ્વારા નોટીસ આપવી

(૨) આવી નોટીસની રૂયે જે ટેન્ડર આપવામા આવે તે ટેન્ડર કબુલ કરવાને મ્યુનીસીપલ કમીશનર બંધાયલો નથી પરંતુ આ પ્રમાણે આપેલા ટેન્ડરોમાનુ જે કોઈપણ ટેન્ડર, બધી હકીકત જોતા, તેને ઘણુ જ ફાયદાકારક લાગે તે ટેન્ડર કલમ ૧૮૬ ન ની રકમ (ડ) ના ઠરાવોને અનુસરીને કબુલ કરવાને તે મુખત્યાર છે

(૩) આ કલમમા કહ્યા પ્રમાણે મ્યુનીસીપલ કમીશનરે ટેન્ડરો માગ્યા શિવાય અથવા ટેન્ડરો માગ્યા પછી જે કોઈપણ ટેન્ડર પોતાની પાસે આવે તે ટેન્ડર કબુલ રાખ્યા શિવાય કરાર કરવાની મ્યુનીસીપલ કમિશનરને સત્તા આપવાને મ્યુનિસીપાલીટી મુખત્યાર છે એ પ્રમાણે સત્તા આપવાના કારણો સદરહુ મ્યુનિસિપાલીટીએ ચલાવેલા કામમા નોધવા.

૧૮૬. કયુ મ્યુનિસીપલ કમીશનર જે કરાર તરત ઉપરની છેલ્લી કલમ પ્રમાણે કરે તો દરેક કરાર યોગ્ય રીતે પુરો કરવા સારૂ તેણે તારણ માગવુ, અને આ આકટની રૂયે બીજો જે કોઇ પણ કરાર પોતે કરે તે યોગ્ય રીતે પુરો પાડવા સારૂ પોતાની નજરમા આવે તો તારણ માગવાનો તેને અધિકાર છે

બાબ ૧૪—જાહેર કરેલા પ્રદેશો.

૧૮૭. (૧) ગવર્નર ઇન કાઉન્સિલને જાહેરનામુ કાઢીને, આ આકટની રૂયે જે જે બાબતો સારૂ મ્યુનિસીપલ ફડ ખર્ચવાનો અખત્યાર છે તે સઘળી અથવા તેમાની કેટલીક બાબતોના સબધમા અમુક પ્રદેશમા વધારે સારી વ્યવસ્થા કરવાની જરૂર છે, પણ તે પ્રદેશ ૭ મી કલમની રૂયે મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટ કરવાનુ યોગ્ય થશે નહિ એવુ ઠરાવવાનો અધિકાર છે

(૨) જે પ્રદેશના સબધમા પેટા કલમ (૧) ની રૂયે જાહેરનામુ કાઢ્યુ હશે તેને આમા હવે પછી જાહેર કરેલો પ્રદેશ કહ્યો છે

(૩) (અ) જે કોઇ પણ પ્રદેશમા તાલુકાનુ હેડકવાર્ટર હોય એવો કસ્બો ન હોય તો, અથવા

(બ) જે કોઈ પણ પ્રદેશ રેલવે સ્ટેશનથી એક માઈલની અદર ન હોય તો, તેને જાહેર કરેલો પ્રદેશ ઠરાવવો નહી, અને એવા કોઈપણ પ્રદેશમા વર વગરની એક માઈલ કરતા વધારે વિસ્તારવાળી જમીનથી છુટા પડેલા બે અથવા વધારે કસ્બાની અથવા ગામોનો સમાવેશ થતો નથી

૧૮૮. (૧) ગવર્નર ઇન કાઉન્સિલને જાહેરનામાદ્વારા

(અ) આકટની કોઇપણ કલમના અથવા એવી કોઇપણ કલમના ભાગના ઠરાવો અથવા આ આકટના ઠરાવોની રૂયે કોઇપણ મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટમા અમલમા હોય એવી અથવા લાગુ કરવામા આવે એવી કોઇ પણ બધનને તથા ફેરફારને પાત્ર કોઇપણ જાહેર કરેલા પ્રદેશને લાગુ કરવાનો અથવા ફેરફાર કરીને લાગુ કરવાનો

(બ) એવા કોઇ પણ પ્રદેશમા, તે પ્રદેશ જો મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટ હોત તો તેમા કોઇપણ કર આ આકટની રૂયે બેસાડી શકાતે તે કર બેસાડવાનો

(ક) રકમ (બ) ની રૂયે બેસાડેલા કોઇ પણ કર આકારવા સારૂ તથા વસુલ કરવા સારૂ અને એવા કરની ઉપજનો ઉપયોગ ખર્ચ થાય તેવી, તથા યોગ્ય હિસાબો તૈયાર કરવાની તથા રાખવાની તજવીજ કરવા સારૂ અને સાધારણ રીતે રકમ [અ) ની રૂએ ફેરફાર કર્યા વગર અથવા ફેરફાર કરેલી લાગુ પડેલી કોઇ પણ કલમોના અથવા કાનુનોના ઠરાવ અમલમા લાવવા સારૂ એક માણસ અથવા કમિટી નીમવાનો મુખત્યાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે કલમ ૧૮૭ ની કલમ (૩) ની રકમ (૧) મા કહેલા પ્રકારના કોઈ-પણ પ્રદેશમા એવા કારણ સારૂ ઓછામા ઓછા ત્રણ અને વધારેમા વધારે પાચ માણસની એક કમીટી નીમવી જોઈએ, અને તેમાના અડધા કરતા વધારે માણસો એવા પ્રદેશમા રહેતા હોવા જોઇએ

(૨) કોઇ પણ જાહેર કરેલા પ્રદેશમા આ કલમની રૂયે બેસાડેલા કોઇ પણ કરની ઉપજ, તે જાહેર કરેલો પ્રદેશ મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટ હોત તો તેનુ મ્યુનિસિપલ ફડ જે કોઇ પણ રીતે ખરચાત તે રીતે ખરચાવવી જોઇએ

૧૮૯. આ આકટની રૂયે જે કોઇ પણ કલમ કોઇપણ જાહેર કરેલા પ્રદેશને લાગુ કરવામા આવે તેના કારણ સારૂ, એવા પ્રદેશ સારૂ નિમેલી કમીટી આ આકટ મુજબની મ્યુનિસિપાલીટીને છે એમ સમજવુ જોઇયે, તથા તે પ્રદેશ મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટ છે એમ સમજવુ જોઇયે

૧૯૦. (૧) ૧૮૭ મી કલમની પેટા કલમ (૧) ની રૂયે અથવા ૧૮૮ મી કલમની પેટા કલમ (૧) ની રકમો (અ) અથવા (બ) ની રૂયે જાહેરનામુ કાહાડતા પહેલા ગવર્નર ઇન કાઉન્સિલે બનતા સુધી ૮ મો કલમમા કામ ચલાવવાની જે રીત ઠરાવી છે તે રીતે કામ ચલાવવુ જોઇયે

(૨) ગવર્નર ઇન કાઉન્સિલને ૧૮૬ મી અથવા ૧૮૮ મી કલમ મુજબનુ જાહેરનામુ કોઇપણ વખતે રદ કરવાનો અખત્યાર છે

૧૯૧ જ્યારે જાહેરનામુ રદ કરવાનો કોઇ પણ હુકમ ઉપરથી છેલ્લા કલમ ઉપરથી કરવામા આવ્યો હોય તે ઉપરથી જે કોઇ પણ પ્રદેશ જાહેર કરેલા પ્રદેશ તરીકે હોવાનો બંધ થાય ત્યારે તે પ્રદેશમા ૧૮૮ મી કલમની રૂયે બેસાડેલા કોઇપણ કરથી ઉપજમાની જે રકમ ખરચાઇ નહી હોય તે ગવર્નર ઇન કાઉન્સિલને યોગ્ય જણાય તે રીતે તે પ્રદેશના રહેવાસીઓના હિતાર્થે વાપરવી જોઇયે

ઘીમાં તથા માણુસને ખાવાની બીજી જણુસોમાં થતો ભેળ અટ-કાવવા સારૂ મુંબાઇ શહેરમાં તથા બીજે ઠેકાણે વધારે સારી તજવીજ કરવા બાબતનો આકટ.

સન ૧૮૯૯ નો મુંબાઇનો આકટ નંબર ૨.

પ્રથમ નિયમો

૧ (૧) આ આકટને "સન ૧૮૯૯નો મુબાઇનો ભેળ કરવાની મનાઇ કરવા બાબતનો આકટ" કહેવો

(૨) આ આકટ આખા મુબાઈ ઇલાકાને લગુ છે, પણ તે આ કલમમા ઠરાવ્યુ છે તે શિવાય બીજી રીતે અમલમા આવશે નહિ

(૩) આ કલમ તથા ૬ ઠ્ઠી કલમ, આ આકટની જ્યા વ્યાપ્તિ હોય તે સઘળા પ્રદેશમા એકદમ અમલમા આવશે

(૪) આ આકટની બાકીની કલમો, પેટા કલમ (૫) ના ઠરાવોને પાત્ર, (અ) મુબાઈ શહેરમા એકદમ અમલમા આવશે, અને (બ) બીજે ઠેકાણે જે મ્યુનિસિપલ ડિસ્ત્રિકટના સંબધમા ગવર્નર ઇન કૌન્સિલ જાહેરનામુ પ્રસિદ્ધ કરીને કોઇ પણ વખતે તેમ ફરમાવે તે દરેક મ્યુનિસિપલ ડિસ્ત્રિકટમા તે જાહેરનામાની તારીખથી એક મહિનાની અદરની ન હોય એવી જે તારીખ તે તેમા આ અર્થે ઠરાવે તે તારીખે અમલમા આવશે

(૫) [અ] પેટા કલમ [૪] ની રૂયે અમલમા આવનારી કોઇપણ કલમમાનો કોઈપણ મજકુર (૧) મુબાઈ શહેરમા, પ્રથમત ઘી શિવાય બીજી કોઇપણ ખાવાની જણુસને લાગુ પડશે નહિ

૨ જે કોઇપણ મ્યુનિસીપલ ડિસ્ત્રિકટમા જે જાતની ખાવાની જણુસને એવી કલમમા ઠરાવ આ કલમ મુજબના જાહેરનામા ઉપરથી વિદ્યમાનકાળે લાગુ કર્યો હોત તે મ્યુનિસીપલ ડિસ્ત્રિકટમા તે જાતની ખાવાની જણુસ ન હોય તેને લાગુ પડશે નહિ

(બ) પણ સદરહુ કલમો પૈકી જે કલમના અને તેમા કહેલા સુધારા પૈકી જે સુધારાના સબધમા, ગવર્નર ઈન કૌન્સિલ જાહેરનામુ પ્રસિદ્ધ કરીને કોઈપણ વખતે તેમ ફરમાવે તે દરેક કલમ તથા તે દરેક સુધારો, મુબાઇ શહેરમા અથવા એવા જાહેરનામામા લખેલા કોઈ પણ મ્યુનિસીપલ ડિસ્ત્રીકટમા, એવા જાહેરનામાની તારીખથી એક મહિનાની અદરની ન હોય એવી જે તારીખ સદરહુ જાહેરનામામા આ અર્થે નિર્દિષ્ટ કરવામા આવે તે તારીખથી, સઘળી જાતની ખાવાની જણુસોને અથવા તેમા લખેલી કોઇ પણ જાતની જણુસને લાગુ પડશે

(ક) ગવર્નર ઇન કૌન્સિલને, આ કલમની રૂયે કરેલુ કોઈ પણ જાહેરનામુ, આ કલમના ઠરાવોને અનુસરતી હોય તે રીતે, કોઇપણ વખતે રદ કરવાનો અથવા તેમા ફેરફાર કરવાનો અધિકાર છે

(૬) કલમ ૩ મુજબ ચલાવવાનુ કોઇપણ કામ, (૧) મુબઈ શહેરમા, કમીશનરના, અથવા (૨) એકાદા મ્યુનિસીપલ ડિસ્ત્રિકટમા મ્યુનિસીપાલીટીના પ્રેસિડેટ અથવા વાઇસ પ્રેસિડેટના લેખી હુકમ અથવા સંમતી વગર કોઇપણ વખતે ચલાવવુ નહિ

[૪] ૩ જી તથા ૪ થી કલમની રૂયે ચલાવવાના સઘળા ફોજદારી કામમા, એવી કલમ વિરૂદ્ધ ગુન્હો કર્યાનું જે કોઈ પણ સખસની ઉપર તોહોમત આવ્યુ હોય તે શખસને હાજર રહેવાના સમન માટેની અરજી, એવા શખસ ઉપર જે ગુન્હાનુ તોહોમત આવ્યુ હોય તે ગુન્હો જે તારીખે થયાનુ કહે-વાતું હોય તે તારીખથી વ્યાજબી મુદતની અદર કરવામા ના આવે તો માજીસ્ટ્રેટે તે સમન આપવાની ના કહેવી, અને જો એવુ ફોજદારી કામ, એવા શખસ પાસે પ્રથક્કરણ કરવાના સારૂ ખરીદ કરેલી જલ્દીથી બગાડનારી જણુસ સબધી હોય, તો એવા સમન માટે કરેલી અરજી એવી જણુસ ખરીદ કર્યાની તારીખથી ૨૮ દિવસની અદર કરવામા ન આવે, તો તે અરજી નામજુર કરવી, અને સદરહુ

સમનમા, આ આકટ વિરૂદ્ધના જે ગુન્હા અથવા ગુન્હાઓ બદલ એવા શખસ ઉપર તોહોમત આવ્યું હોય તેની અથવા તેમની તપશીલ, તથા ફરીયાદીનું નામ લખવુ જોઇએ, અને તે મુકદ્દમાની સુનાવણી સારૂ ઠરાવવાની તારીખ, એવો સમન એવા શખસ ઉપર જે તારીખે બજાવ્યો હોય તે તારીખથી ૭ દિવસની અંદરની હોવી જોઇએ

(૬) આ કલમમા તથા ૬ ઠી કલમમા લખેલા સુધારામા "ખાવાની જણસ" એ સંજ્ઞામા વસાણા અથવા પાણીનો સમાવેશ થતો નથી, પણ તેમા જે બીજી જણસ માણસ ખાવામા અથવા પીવામા વાપરે છે તે દરેકનો સમાવેશ થાય છે

૨ કલમ ૧ ના ઠરાવોને પાત્ર આ આકટ જેટલે સુધી મુંબઈ શહેરને લાગુ હોય તેટલે સુધી તે સન ૧૮૮૮ ના મુંબઇ શહેરના મ્યુનિસીપલ આકટની સાથે વાચવો અને જાણે તે તેનો ભાગ હોય એવી રીતે તેનો અર્થ કરવો જોઇએ, અને તે જેટલે સુધી મુંબઈ ઇલાકાના બીજા કોઈ પણ ભાગને લાગુ હોય તેટલે સુધી તે સન ૧૯૦૧ ના મુંબઈના ડિસ્ટ્રીકટ મ્યુનિસિપલ આકટોની સાથે વાચવો અને તે જાણે તેમનો ભાગ હોય એવી રીતે તેનો અર્થ કરવો જોઇએ

જે ઠરાવ ખાવાની જણસ વેચવા સંબંધી હોઇને જે જાહેરનામા દ્વારા કોઇપણ ખાવાની જણસને લાગુ કરી શકાય તે ઠરાવ

૩ (૧) જે કોઇ સખસ ખરીદદારે માગેલા સ્વરૂપની, સત્વની અથવા પ્રકારની નહિ હોય એવી ખાવાની કોઇપણ જણસ તે ખરીદદારને નુકસાન થાય એવી રીતે વેચશે, તો તેને પેહેલા ગુન્હા બદલ સો રૂપીયા સુધીના દંડની શિક્ષા થશે, અને બીજી વખતે અથવા ત્યાર પછી કોઇપણ વખતે કરેલા કોઇપણ ગુન્હા બદલ પાચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે

[૨] પણ એવુ ઠરાવ્યુ છે કે હેઠળની બાબતોમા આ કલમ મુજબ કાઈપણ ગુન્હો કર્યો છે એમ સમજવુ નહિ, એટલે —

(અ) કોઈ ખાવાની જણસ, વેપારની જણસ તરીકે બનીને તૈયાર થઇને લઇ જવા સારૂ અથવા ખપ સારૂ યોગ્ય થવા માટે તેમા તંદુરસ્તી ઇજાકારક ન હોય એવી કોઇપણ વસ્તુ અથવા દ્રવ્ય ઉમેરવાની જરૂર હોવાથી તે તેમા ઉમેર્યા હોય, અને તેથી તે જણસનુ કદ, વજન અથવા માપ વધે તે માટે અથવા તેની હલકી જાત છુપાય તે માટે તે કપટથી ઉમેર્યાં ન હોય ત્યારે

[બ] એવી ખાવાની જણસ બનતી વખતે, તૈયાર થતી વખતે અથવા લઇ જતી વખતે તેમા કોઇ બાહારની વસ્તુ અનિવાર્ય કારણને લીધે ભેળાઈ ગઈ હોય ત્યારે

(ક) તંદુરસ્તીને ઇજાકારક ન હોય એવી કોઈ પણ વસ્તુ અથવા દ્રવ્ય એવી ખાવાની જણસમા ઉમેર્યાં હોય અથવા ભેળ્યા હોય, અને તે જણસ વેચતા પેહેલા, વેચનારે, સ્પષ્ટ અને વંચાય એવી રીતે લખેલુ અથવા છાપેલુ લેબલ એવી જણસ ઉપર મારીને અથવા તેની સાથે રાખીને તે દ્વારે અથવા બીજી રીતે એવી વસ્તુ અથવા દ્રવ્ય એવી રીતે ઉમેર્યાની અથવા ભેળાયાની વાત ખરીદદારને જણાવી હોય ત્યારે

ખુલાસો —જો ઘી માગવામા આવે ત્યારે સર્વાંશે દુધમાથી નીકળેલો ન હોય એવો કોઇપણ પદાર્થ જેમા હોય એવી કોઈ જણસ આપવામા આવે, અને એવી કોઈ જણસ વેચતા પહેલા વેચનારે તે જણસમા એવો પદાર્થ હોવાની વાત ખરીદદારને જણાવી હોય, તો તે જણસ પેટા કલમ (૧) ના અર્થ પ્રમાણે, ખરીદદારને નુકસાન થાય એવી રીતે વેચી છે એમ સમજવુ

(૩) આ કલમ મુજબ ચલાવેલા કોઇપણ ફોજદારી કામમા વેચનાર એમ કહે કે પોતે વેચેલી જણસના સ્વરૂપ, સત્વ અથવા પ્રકારની પોતાને ખબર ન હતી, અથવા ખરીદદારે તે જણસ માત્ર પ્રથક્કરણ સારૂ લીધેલી હોવાથી તેને કાઈ નુકશાન થયુ નથી, તો તે કહેવુ તેનો બચાવ થશે નહિ

પણ એવુ ઠરાવ્યુ છે કે, જો વેચનાર કોર્ટની ખાત્રી થાય એવી રીતે, હેઠળ કહ્યા પ્રમાણે સાબિત કરે તો તેણે આ કલમ મુજબ ગુન્હો કર્યો છે એમ સમજવુ નહિ, એટલે.—

(અ) તેણે વેચેલી જણસ ખરીદદારે જે સ્વરૂપની સત્વની તથા પ્રકારની માગી તેજ સ્વરૂપની, સત્વની તથા પ્રકારની વેચાતી લીધી હતી, અને તે એવા સ્વરૂપની, સત્વની તથા પ્રકારની હોવા બાબતની ખાત્રીનો દાખલો પોતે લીધો હતો

(બ) તેણે જે વખતે તે વેચી તે વખતે, તે જણસ સદરહુ કહેલા સ્વરૂપની, સત્વની તથા પ્રકારની ન હતી એમ માનવાને તેને કારણ ન હતું, અને (ક) તેણે જે સ્થિતિમા વેચાતી લીધી તેજ સ્થિતિમા તેણે તે વેચી હતી

૪ (૧)જો મુબઈ શહેરમા કમિશ્નર અથવા તેણે આ અર્થે જે કોઇ અમલદારને અધિકાર આપ્યો હોય તે અમલદાર, અથવા બીજે ઠેકાણે જે અમલદારને ત્યાની મ્યુનિસિપાલીટીએ સન ૧૮૭૩ ના મુબઇના ડિસ્ટ્રિક્ટ મ્યુનીસિપલ આકટની ૬૮ મી કલમના કારણસારૂ અધિકાર આપ્યો હોય તે અમલદાર, વેચવા સારૂ માડેલી ખાવાની કોઈ પણ જણસ વેચાતી માગે, અને પ્રથક્કરણના કારણ સારૂ વાજબી રીતે જોઇએ તે કરતા વધારે નહિ હોય એટલી જણસની કિમત આપવા માડે, અને જે માણસે તે વેચવા મૂકેલી હોય તે માણસ તે વેચાતી આપવાની ના કહે, તો એવો માણસ પચાસ રૂપિયા સુધીના દડની શિક્ષાને પાત્ર થશે

(૨) મુબઈ શહેરમા કમિશ્નરે અથવા ઉપર કહ્યા પ્રમાણે અધિકાર આપેલા અમલદારે, અને બીજે ઠેકાણે મ્યુનિસીપાલીટીએ ઉપર પ્રમાણે અધિકાર આપેલા અમલદારે, આ કલમ મુજબ પ્રથક્કરણના કારણ સારૂ કોઇ પણ જણસ ખરીદ કર્યા પછી, અને ખરીદ પુરી થયા બાદ, એવી જણસ વેચનાર તેના એજટને તે જણસનુ સરકારના કેમિકલ એનેલાઇઝર પાસે પૃથક્કરણ કરવાનો પોતાનો ઇરાદો તાબડતોબ જણાવવો જોઇએ, અને તેણે તે જણસના ત્રણ ભાગ કરીને ત્યાને ત્યા તે જુદા પાડવાનો અને દરેક ભાગ ઉપર તેનું સ્વરૂપ જોતા જે રીતે નિશાન તથા સિક્કો થઇ શકે અથવા તે બધાઈ શકાય તે રીતે તેમ કરવાનો પોતાનો ઇરાદો દર્શાવવો જોઇએ અને જો તેને તે પ્રમાણે કરવાનુ કહેવામા આવે તો તેણે તેમ કરવુ જોઇએ, અને તેમાનો એક ભાગ તે વેચનારને અથવા તેના એજટને આપવો જોઇએ

પછી તેણે સદરહુ ભાગમાનો એક, ત્યાર પછી સરખામણી કરવા સારૂ, પોતાની પાસે રાખવો જોઈએ, અને જો તેને એમ લાગે કે તે જણસનુ પૃથક્કરણ કરાવવુ યોગ્ય છે તો, તેણે ત્રીજો ભાગ સરકારના કેમિકલ એનેલાઈઝર તરફ રવાના કરવો જોઈએ

(૩) જો સદરહુ વેચનાર અથવા તેનો એજટ સદરહુ ખરીદદાર સદરહુ ખરીદ કરેલી જણસના ભાગ તેની રૂબરૂ કરવાનું કહે તે ના કબુલ કરે, તો સરકારના કેમિકલ એનેલાઇઝરે પોતાની તરફ સદરહુ જણસ પૃથક્કરણ માટે આવેથી તેના બે ભાગ કરી તેમાના એક ભાગ ઉપર સિક્કો કરવો અથવા તે બાધી મુકવો અને તેણે તે ભાગ પોતાને નમુનો મળે ત્યારે અથવા પોતે પોતાનો દાખલો આપે ત્યારે ખરીદનારને સ્વાધિન કરાવવો, અને તે ખરીદદારે તે ભાગ, તે બાબત ત્યાર પછી ફોજદારીમા કામ ચાલે તો તેમા રજુ કરવા સારૂ રાખી મૂકવો

જે ઠરાવ વેચવા સારૂ માંડી મૂકવા વિગેરે બાબતના હોઇને જે જાહેરનામા દ્વારે કોઇ પણ ખાવાની જણસને લાગુ કરી શકાય તે ઠરાવ

૫ (૧) સન ૧૮૮૮ ના મુબઇ શહેરના મ્યુનિસીપલ આકટમા--(અ) ૪૧૫ મી કલમમા હેઠળ લખેલો મજકુર વધારવો, એટલે

ખુલાશો—ઉપર કહ્યા પ્રમાણે કોઇ પણ જગાએ ઘી દાખલ વેચવા સારૂ માડેલી ફેરી ફરવામા આવતી મૂકેલી અથવા આણેલી જે કોઈ પણ જણસમા સર્વાશે દુધમાથી જ નિકળેલી નહિ હોય એવી કોઈ પણ વસ્તુ હોય તે જણસ, જે પ્રમાણે તે વિશે દરશાવવામા આવ્યુ છે તેવી નથી એમ આ કલમના તથા ૪૧૮ તથા ૪૧૭ અ ના કારણ સારૂ સમજવુ જોઇએ ''

(બ) સદરહુ આકટની ૪૧૭ મી કલમ પછી હેઠળ લખેલા નવી કલમ દાખલ કરવી, એટલે,

૪૧૭, અ (૧) જે પ્રસગે અમુક જણસ-(અ) ઘી છે એમ દરશાવવામા આવ્યુ હોય, અથવા (બ) જેને સન ૧૮૯૯ ના મુબઇના ભેળ કરવાની મનાઇ કરવા બાબતના આકટ મુજબના જાહેરનામાની રૂયે આ કલમના ઠરાવ વિદ્યમાનકાળે લાગુ કર્યા હોય તે જાતની ખાવાની જણસ છે એમ દર્શાવવામા આવ્યુ હોય, તે જણસ, તે વિશે જેવુ દરશાવવામા આવ્યુ હોય તેવી નથી એમ તે બાબત ૪૧૭ મી કલમ મુજબ વ્યવસ્થા કરનારા માજીસ્ટ્રેટને જણાય, તે દરેક પ્રસગે, તે જણસના ધણીને અથવા તે જેના કબજામાથી જડી આવી હોય તે શખસ જો તેનો માત્ર હુડાભાડાવાળો અથવા નિક્ષેપી ન હોય તો તેને, તે બાબતમા હિદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૭૩ મી કલમના ઠરાવ લાગુ પડતા ન હોય તો, એકસો રૂપિયા સુધીના દડની શિક્ષા થશે ''

(૨) સન ૧૮૭૩ ના મુબાઇના ડિસ્ટ્રિકટ મ્યુનિસિપલ આકટમા તેની ૬૮ મી કલમ પછી હેઠળ લખેલી નવી કલમ દાખલ કરવી એટલે,

" ૬૮ અ (૧) જે કોઈ પણ મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમા આ કલમ સન ૧૮૯૯ ના મુબઇના ભેળ કરવાની મનાઇ કરવા બાબતના આકટ મુજબના જાહેરનામાની રૂયે વિદ્યમાન કાળે અમલમા હોય અને સઘળી જાતની અથવા કોઇ પણ નિર્દિષ્ટ કરેલી જાતની ખાવાની જણસને લાગુ હોય તે દરેક મ્યુનિસીપલ ડિસ્ટ્રિકટમા—

જે કોઇ પણ જણસને આ કલમ ઉપર પ્રમાણે લાગુ હોય તે જણસ જો ખાવા અથવા પીવાસારૂ યોજેલી હોત અને તે ૬૮ મી કલમમા લખેલી કોઇ પણ જગામા હોય તો, તે મ્યુનીસીપાલીટીને અથવા સદરહુ કલમના કારણસારૂ અધિકાર આપેલા અમલદારને એવી જણસ, તે વિશે જે પ્રમાણે દરશાવવામા આવ્યુ હોય તેવી નથી એમ દેખાય તે પ્રસગે, તે પકડવાનો અધીકાર છે અને જો પુરતા પુરાવા ઉપરથી એકાદા માજીસ્ટ્રેટની નજરમા એવુ આવે કે એવી જણસ તે વિશે જે પ્રમાણે દરશાવવામા આવ્યુ છે તેવી નથી તો તે માજીસ્ટ્રેટને તેનો નાશ કરવાનો અથવા તે વેચવા મડાય નહિ અથવા તેનો ખાવા સારૂ અથવા પીવા સારૂ ઉપયોગ કરાય નહિં એવી રીતે તેની વ્યવસ્થા કરવાનો અધીકાર છે, અને તેના ધણીને અથવા તે જેના કબજામા મળી આવી હશે તે શખસ તેનો માત્ર હુડાભાડાવાળો અથવા નિક્ષેપી ન હોય તો તેને તે બાબતમા હિદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૭૩ મી કલમના ઠરાવો લાગુ પડતા ન હોય તો એક સો રૂપીયા સુધીના દડની શિક્ષા થશે

ખુલાસો—જો એવી કોઈ પણ જણસ ૬૮ મી કલમમા કહેલી કોઇ પણ જગામા ઘી દાખલ વેચવા માટે માડેલી હોય, ભરેલી હોય અથવા આણેલી હોય અને તેમા સર્વાશે દુધમાથીજ નીકળેલી ન હોય એવી વસ્તુ હોય, તો તે જણસ જે પ્રમાણે તે વિશે દર્શાવવામા આવ્યુ હોય તેવી નથી એમ આ કલમના કારણ સારૂ સમજવુ જોઈયે "

(૩) નીચે લખેલો વિશેષ ઠરાવ (અ) આ આકટની પેટા કલમ (૧) ઉપરથી સુધરેલા મુબઇ શહેરના મ્યુનીસાપલ આકટની કલમ ૪૧૭ અ ની પેટા કલમ (૨) તરીકે અને

(બ) આ કલમની પેટા કલમ (૨) ઉપરથી સુધરેલા સન ૧૮૭૩ ના મુબઇના ડિસ્ટ્રિકટ મ્યુનીસીપલ આકટની કલમ ૬૮ અ ની પેટા કલમ (૨) તરીકે દાખલ કરવો તે ઠરાવ નીચે પ્રમાણે

(૨) પણ એવુ ઠરાવ્યુ છે કે પેટા કલમ (૧) મા હવાલો આપેલી ખાવાની કોઈ પણ જણસ જેવી હોવાનુ દર્શાવવામા આવ્યુ હોય તેવી તે નથી એમ, તેમા તદુરસ્તીને ઇજાકારક ન હોય એવી કાઈ વસ્તુ ઉમેર્યાનાજ કારણને લીધે માજીસ્ટ્રેટને જણાય, ત્યારે તે જણસોનો ધણી અથવા તે જણસ જેના કબજામા મળી આવી હશે તે સખસ માજીસ્ત્રેટની ખાત્રી થાય એવી રીતે નીચે પ્રમાણે સાબીત કરે તો તે ધણીએ અથવા સખસે ગુન્હો કર્યો નથી એમ સમજવુ, એટલે—

(અ) એવી ખાવાની જણસ વેપારની જણસ તરીકે બધાને અથવા તૈયાર થઇને લઇ જવા સારૂ અથવા ખપ સારૂ યોગ્ય થવા માટે તેમા એવી વસ્તુ ઉમેરવાની જરૂર હોવાથી તે ઉમેરી છે, અને તેથી તે જણસનું કદ, વજન અથવા માપ વધે તે માટે અથવા તેની હલકી જાત છુપાય તે માટે તે કપટથી ઉમેરી નથી, અથવા (બ) એવી ખાવાની જણસ બનતી વખતે, તૈયાર થતા વખતે અથવા લઇ જતી વખતે તેમા સદરહુ બહારની વસ્તુ અનિવાર્ય કારણને લીધે ભેળાઇ ગઇ છે અથવા (ક) સ્પષ્ટ તથા વચાય એવી રીતે લખેલુ અથવા છાપેલુ લેબલ એવી જણસ ઉપર મારીને અથવા તે સાથે રાખીને અથવા લોકોને જાહેર કરવાની બીજી રીતે તેણે એવી વસ્તુ એવી રીતે ઉમેરાયાની વાતની પુરતી સુચના આપી છે, અથવા (ડ) (૧) સદરહુ જણસ અમુક સ્વરૂપની, સત્વની, તથા પ્રકારની હોવા બાબતની ખાત્રીનો દાખલા લઇને તેણે તે ખરીદ કરી હતી

(૨) તે ઉપર કહ્યા પ્રમાણેના સ્વરૂપની, સત્વની તથા પ્રકારની નહતી એવુ માનવાને તેને કાઈ કારણ ન હતું, અને

(૩) તે જણસ, તે બાબતના લેખી દાખલામા જેવા સ્વરૂપની સત્વની તથા પ્રકારની લખી હતી તે સિવાય બીજી જણસ તરીકે તેણે વેચવા સારૂ માડી નહતી, ફેરીએ લઈ ગયો નહતો અથવા આણી નહતી, અને તણે તે જે સ્થિતિમા ખરીદ કરી હતા તેજ સ્થિતીમા તે હતી "

ચોક્કસ જંગલી પક્ષી તથા જનાવરોના રક્ષણ માટેનો આક્ટ
(સને ૧૯૧૨ નો એક્ટ ૮ મો.)

ચોક્કસ જંગલી પક્ષી તથા જનાવરોના રક્ષણ માટે તથા તેમની સંભાળ માટે વધારે સારો બંદોબસ્ત કરવો યોગ્ય છે, વાસ્તે આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે—

૧ (૧) આ આક્ટને સન ૧૯૧૨ નો જંગલી પક્ષી તથા જનાવરોના રક્ષણ બાબતનો આક્ટ કહેવો, અને [૨] તે, બ્રિટિશ બલુચિસ્તાન, સંથાલ પરગણા તથા સ્પિટિ પરગણા સુદ્ધા આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે

૨ (૧) આ આક્ટ પ્રથમત પરિશિષ્ટમા નિર્દિષ્ટ કરેલા પક્ષી તથા જનાવરો જંગલી સ્થિતિમા હોય ત્યારે તેમને લાગુ પડે છે

(૨) સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, આ આક્ટના ઠરાવો, પરિશિષ્ટમા નિરદિષ્ટ કરેલા પક્ષી, અથવા જનાવરો શિવાયના જે જાતના જંગલી પક્ષી અથવા જનાવરનુ પોતાના મત પ્રમાણે રક્ષણ અથવા સંભાળ કરવાનુ ઇષ્ટ હોય તે કોઈપણ જાતના જંગલી પક્ષી અથવા જનાવરોને લાગુ કરવાને મુખત્યાર છે

૩ સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, આ આક્ટ લાગુ હોય એવી કોઇ પણ જાતના જંગલી પક્ષી અથવા જનાવરના સંબંધમા અથવા એવી જાતના સ્ત્રી જાતાના અથવા અપૂર્ણ સ્થિતિમા જંગલી પક્ષી અથવા જનાવરના સંબંધમા આખુ વર્ષ અથવા તેનો કોઈપણ ભાગ પોતાના તાબામાના સઘળા મુલકમા અથવા તેના કોઇપણ ભાગમા, બંધીની મોસમ છે એવુ ઠરાવવાને મુખત્યાર છે, અને આમા હવે પછી આપેલા ઠરાવોને પાત્ર એવી બંધીની મોસમમા તથા એવા જાહેરનામામા નિરદિષ્ટ કરેલા પ્રદેશની અંદર કોઈ પણ સખસ નીચે પ્રમાણે કરશે તો તે ગેરકાયદાસર થશે, એટલે

(અ) એવા કોઈ પણ પક્ષી અથવા જનાવરને પકડશે, અથવા એવી બંધીની મોસમની અગાઉ પકડાયલા નહિ હશે એવા સદરહુ પ્રકારના કોઈપણ પક્ષી અથવા જનાવરને મારી નાખશે, (બ) એવી બંધીની મોસમ અગાઉ પકડાયલા નહિ હશે અથવા મારી નાખવામા આવેલા નહિ હશે એવા સદરહુ પ્રકારના કોઈ પણ પક્ષી અથવા જનાવરને અથવા તેના માંસને વેચશે અથવા ખરીદ કરશે અથવા વેચવા અથવા ખરીદવા માંડશે અથવા કબજામા લેશે, [ક] એવી બંધીના મોસમ દરમિયાન પકડાયલા અથવા મારી નાખવામા આવેલા સદરહુ પ્રકારના કોઈપણ પક્ષીના પીછા કાઢવામા આવ્યા હોય તો તે પીછા વેચશે અથવા ખરીદ કરશે, અથવા વેચવા અથવા ખરીદ કરવા માંડશે, અથવા કબજામા લેશે

૪. (૧) જે કોઇ સખસ ૩ જી કલમનુ ઉલ્લંઘન કરીને કાંઇ પણ કૃત્ય કરશે અથવા કરવાની કોશિશ કરશે તેને પચાસ રૂપીઆ સુધીના દંડની શીક્ષા થશે

(૨) જે કોઈ સખસ ઉપર આ કલમ મુજબનો ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયા પછી પાછો તેજ કલમ મુજબ ગુન્હો સાબીત થયાનો ઠરાવ થશે તેને, પછીના દરેક ઠરાવ માટે એક મહીના સુધીની કેદની, અથવા એકસો રૂપીઆ સુધીના દંડની અથવા એ બન્ને શીક્ષા થશે

૫. (૧) જ્યારે કોઇ પણ સખસ ઉપર આ આક્ટ મુજબ શિક્ષા થઈ શકે એવો ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયો હોય ત્યારે, એવો ઠરાવ કરનાર માજીસ્ટ્રેટ એવુ ફરમાવવાને મુખત્યાર છે કે, જે કોઇ પણ પક્ષી અથવા જનાવરના સંબંધમા એવો ગુન્હો થયો હોય તે પક્ષી અથવા જનાવર અથવા એવા પક્ષી અથવા જનાવરનુ માંસ અથવા બીજો કોઈપણ ભાગ સરકાર દાખલ કરવા

[૨) એવા ગુન્હા માટે ૪ થી કલમ મુજબ જે શિક્ષા ઠરાવી છે તે શિક્ષા ઉપરાંત એવી રીતે સરકાર દાખલ કરવાનો હુકમ કરવાનો અધિકાર છે

૬ પ્રેસિડન્શી માજીસ્ટ્રેટની અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટની કોર્ટથી ઉતરતા દરજ્જાની કોઇ પણ કોર્ટે આ આક્ટ વિરૂદ્ધ ગુન્હાનો ઈન્સાફ કરવો નહી

૭ જ્યારે સ્થાનિક સરકારનો એવો મત હોય કે ૩ જી કલમની રૂયે જે કાઇ પણ કૃત્ય કરવાનુ ગેરકાયદેસરનુ છે એમ જાહેર કર્યું હોય નવુ કોઇ પણ કૃત્ય કરવુ તે શાસ્ત્રીય શોધના હિતની ખાતર ઇષ્ટ છે ત્યા તેનુ કૃત્ય કરવાનો હક લાઇસન્સ ધારણ કરનારને મળે એવુ લાઇસન્સ, પોતે નાખે તે સરતો તથા બધનોને પાત્ર, કોઇપણ સખસને આપવાને તે સરકાર મુખત્યાર છે

૮ આકટમાનો કોઈ પણ ઠરાવ જે કોઇ પણ સખસ પોતાના અથવા બીજા કોઇ પણ સખસના બચાવમા એકાદા જગલી જનાવરને પકડે અથવા મારી નાખે તો તેના તેવા કૃત્યને અથવા મિલ્કતના ખરેખર બચાવ સારૂ કોઇ પણ જગલી પક્ષી અથવા જનાવરને મારી નાખે તો તેના તેવા કૃત્યને લાગુ પડશે નહિ એમ સમજવુ

૯ સન ૧૮૮૭ નો જગલી પક્ષીના રક્ષણનો આકટ આ ઉપરથી રદ કર્યો છે

પરિશિષ્ઠ.

(૧) ઘોરાડ, બતક, ફ્લોરીકન, રાની મરગા, તિત્તર, મોર અથવા ઢેલ, તર્કી મરઘો, કબુતર, લાવરી, બતેર સારેસ, રપર ફાઉલ, વુડકોક, બગમા, ઇગ્રિટ, નીલકઠ (રોલર) જલકુકડા

(૨) કલિયાર (એન્ટિલોપ) ગધેડા, જગલી ભેસ, (બીસન) ભેસ અથવા પાડા, હરણ, ઘણી ચળકતી આખોવાળા સુદર હરણ (ગાઝલ), બકરા, સસલા, ગાય, આવા, બળદ, ગેટા અને મેઢા

હિંદુસ્તાનનો પુરાવાનો કાયદો.

સને ૧૮૭૨ નો એક્ટ ૧ લો. (એવીડેન્સ એક્ટ.)

ભાગ ૧ લો—હકીકતનું લાગુપણું. બાબ ૧ લો—પ્રથમના વિષય.

૧ આ આક્ટને " સને ૧૮૮૨ નો હિંદુસ્તાનનો પુરાવાનો કાયદો " એવુ નામ આપ્યુ છે, આ આક્ટ સઘળા બ્રિટિશ ઇંડિયાને લાગુ છે તથા કોર્ટ મારશલ સુધીની હરકોઇ કોર્ટમા અથવા કોર્ટની રૂબરૂ જે ઈન્સાફી કામો ચાલે તે સર્વ કામોને લાગુ છે, પરંતુ હરકોઇ કોરટને અથવા અમલદારને આફીડેવીટ લખી આપવામા આવે તેને અથવા લવાદની રૂબરૂ કામ ચાલે તેને લાગુ નથી

ટીકા—હીંદુસ્તાન બહાર પણ—ઝાંઝીબાર, ઇરાનનો કિનારો અને બોટો, સોમાલી લેન્ડ, ટેકટર, ઇસ્ટ આફ્રિકા પ્રોટેક્ટરમા પણ લાગુ છે

૨ સદરહુ તારીખથી નીચે લખેલા કાયદા રદ કર્યા છે. (૧) બ્રિટિશ ઇંડિયામા અમલમા હોય તેવા કોઇ પણ સ્ટાટીયુટ આક્ટ કીવા કાયદામા લખ્યા ન હોય એવા જે પુરાવાના નિયમો હોય તે તમામ (૨) સન ૧૮૬૧ ના હિંદુસ્તાનની કૌન્સીલના આક્ટની ૨૫ મી કલમ મુજબ જે નીયમોને જેટલી યોગ્યતા મળી હોય તેવા સર્વ નિયમો કે કાયદા કાનુનો

૩ આ આક્ટમા નીચે લખેલા શબ્દો વાપરવામા આવ્યા છે તેનો અર્થ નીચે લખ્યા મુજબ ઠરાવ્યો છે

'કોરટ'—એ શબ્દમા સર્વ જડજોનો, માજીસ્ટ્રેટોનો તથા લવાદ સિવાય જે બીજા સખસોને પુરાવો લેવાના કાયદા મુજબ અધિકાર હોય તે સર્વ સખસનો સમાવેશ થાય છે

'હકીકત'—એ શબ્દના અર્થમા (૧) હરકોઇ વસ્તુની સ્થિતિ અથવા એક બીજી વસ્તુ સાથેનો સબધ જેનુ જ્ઞાન ઇંદ્રિયો વડે થઇ શકે એવુ હોય તે (૨) મનની જે સ્થિતિનુ ભાન કોઈ સખસને હોય તેવી હરકોઇ સ્થિતિ

દ્રષ્ટાંતો (૧) અમુક વસ્તુઓ અમુક ઠેકાણે ગોઠવેલી છે એ એક હકીકત છે (૨) અમુક વાત કોઇ એક માણસે સાભળી અથવા જોઇ એ હકીકત છે (૪) એક માણસ અમુક શબ્દ બોલ્યો એ હકીકત છે. (૪) કોઇ માણસનો અભિપ્રાય અમુક છે અથવા તેનો ઇરાદો અમુક છે અથવા તે શુદ્ધબુદ્ધિથી કામ કરે છે કીવા અર્થ સમજીને તેનો ઉપયોગ કર્યો છે. અથવા ઇંદ્રિયો વડે મનમા અમુક પદાર્થનો અમુક બોધ અમુક વખતે થવાનુ તેને ભાન હતુ અથવા છે, એ હકીકત છે, (૫) કોઇ માણસની આબરૂ પ્રતિષ્ટા અમુક વખતે રીતની છે, એ એક હકીકત છે

'લગતી'—હકીકતના લાગુપણા વિશે આક્ટમા જે નિયમોમા કહેલી કોઇપણ રીતે એક હકીકત બીજી હકીકત સાથે સંબધમા રાખતી હોય ત્યારે હકીકત મજકુર સદરહુ બીજી હકીકતને લગતી છે એમ સમજવુ

'મુદ્દાની હકીકત—એ શબ્દ પ્રયોગનો અર્થ નીચે મુજબ થાય છે, તથા તેમા નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે કોઈ હક્ક અથવા જવાબદારી અથવા અસકત છે કીવા નથી, એવી કોઈ મુકરદમામા અથવા કામમા તકરાર હોય તે હક અથવા જવાબદારી અથવા અશકતતા છે કીવા નથી કીવા કેવા પ્રકારની છે, કીવા કેટલે દરજ્જે છે એવુ જે હકીકત ઉપરથી માત્ર તે જ હકીકતવડે અથવા બીજી હકીકતોને સબધે, અવશ્ય નીકળે યાને માલુમ પડે તે હકીકત કહેવી

ખુલાસો-દીવાની કામ ચલાવવાની રીત બાબતના જેના વખતના ચાલુ કાયદા પ્રમાણે કોઈ દીવાની કોર્ટ કોઈ હકીકત બાબત મુદ્દા દફતરમા નોધે તેવા મુદ્દાના જવાબમા જે હકીકત સ્થાપન્ન કરવાની હોય, કીવા જે હકીકતનો ઇન્કાર કરવાનો હોય, તે હકીકતને પણ મુદ્દાની હકીકત સમજવી

દ્રષ્ટાંતો—**અ** ના ઉપર **બ** નું ખુન કરવાનુ તોહોમત છે, તેમા અ ઉપરની તજવીજમા નીચે લખેલી હકીકત મુદ્દાની હોઇ શકે **અ** એ બ નું મોત આણ્યુ. **અ** નો ઇરાદો **બ** નુ મોત આણવાનો હતો, **બ** એ અ ને ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન કર્યો હતો જે કૃત્યથી બ નું મોત થયુ તે કૃત્ય કરતી વખતે દીવાનગીરીના સબબથી પોતે કેવુ કામ કરે છે, તે બ જાણી શકતો નહોતો.

'દસ્તાવેજ' એ શબ્દ વડે કોઇપણ બાબત સમજવી, જે બાબત કોઇ પણ વસ્તુ ઉપર અક્ષર, અંક કે ચિન્હ વડે અથવા એ માહેના એકથી વધારે સાધનો વડે, સમજાવી અથવા બ્યાન કરેલી હોય અને જે સાધનો તે બાબતના દસ્તાવેજી દાખલા રાખવા સારૂ વાપરવાનો ઇરાદો કર્યો હોય અથવા વપરાય

દ્રષ્ટાંતો—કોઈ લખાણુ એ દસ્તાવેજ છે જે શબ્દો દસ્સાના છાપવાથી અથવા શીલા છાપથી છાપ્યો હોય અથવા ફોટોગ્રાફ પરથી લીધા હોય તે શબ્દો દસ્તાવેજ છે એમ સમજવુ દેશનો નકશો અથવા પ્લાન એ દસ્તાવેજ છે આ વ્યાખ્યા પીનલકોડની ૨૯ મી કલમમા દસ્તાવેજની વ્યાખ્યા આપી છે તેના જેવીજ છે "તે બાબતના પુરાવા તરીકે" એ શબ્દોને બદલે છેલ્લા સાત શબ્દો મૂકવામા આવ્યા છે

પુરાવો—એ શબ્દોનો અર્થ—(૧) જે હકીકત વિષે ચોકશી ચાલતી હોય તે હકીકતને સબંધે કોર્ટ પોતાની રૂબરૂ સાહેદોને જે મજકુર કહેવાની પરવાનગી આપે અથવા જે મજકુર કહેવાની તેને ફરજ પાડે તેવો સઘળો મજકુર આ મુજબ કહેલ મજકુરને મુખજુબાની પુરાવો કહેવો (૨) જે દસ્તાવેજ કોર્ટને તપાસવા સારૂ હાજર કરવામા આવે તે સર્વે એવા દસ્તાવેજને દસ્તાવેજી પુરાવો કહેવો

દસ્તાવેજ શીવાય બીજી સર્વ પાર્થિવ **material** ચીજો કોર્ટને જોવા સારૂ રજુ કરવામા આવી હોય તે શબ્દો પુરાવાના આકટના અસલ બીલમા હતો એને મટીરીઅલ પુરાવો કહે છે આવા પુરાવાનુ એક દ્રષ્ટાંત હથીઆર અથવા બીજી મિલકતની જણુસ જે ફોજદારી કાયદાની કલમ ૧૦૮ પ્રમાણે કોર્ટમા રજુ કરવામા આવે છે તે છે બીજી જાતનો મટીરીઅલ પુરાવો જગ્યાની તપાસ છે દીવાની કાયદાની કલમ ૩૯૨ પ્રમાણે ન્યાયાધિશે પોતે સ્થાનીક તપાસ કરવાની છે અને ફોજદારી કાયદાની કલમ ૨૫૩ પ્રમાણે જે ગુન્હો થતો હોય તે અગર તજવીજમા મુદ્દાની વાત હોય તે જ્યા બની હોય તે જગ્યા જ્યુરી અગર આસેસરો જોઇ શકે છે

સાબીત થઈ—જ્યારે કોર્ટની રૂબરૂ જે બાબતો રજુ હોય તે ઉપર વિચાર કરતા અમુક હકીકત બનેલી છે એવુ કોર્ટના માન્યામા આવે અથવા કોર્ટની નજરમા આવે કે તે હકીકત બની નથી એ વાત એવી તો સભવિત છે કે અમુક કામની હેશીયત જોઇને કોઇ સમજદાર માણુસે કાઇ હકીકત મજકુર બની છે એવી ધારણા ઉપર અમલ કરવો જોઇયે, ત્યારે તે હકીકત સાબીત થઇ એમ સમજવુ

ગેરસાબીત—જ્યારે કોર્ટની રૂબરૂ જે બાબતો રજુ હોય તે ઉપર વિચાર કરતા અમુક હકીકત બનેલી નથી એવુ કોર્ટના મનમા આવે અથવા કોર્ટની નજરમા આવે કે તે હકીકત બની નથી એ વાત એવી તો સભવીત છે કે અમુક તેજ કામની હેશીયત જોઈને કોઇ સમજદાર માણુસે હકીકત મજકુર બની નથી એવી ધારણા ઉપર અમલ કરવો જોઇએ, ત્યારે તે હકીકત ગેર સાબીત થઇ એમ સમજવુ

નાસાબીત—જ્યારે કોઈ હકીકત સાબીત થઇ ન હોય અથવા ગેર સાબીત થઇ ન હોય ત્યારે તે ના સાબીત થઇ એમ સમજવુ

૪ અમુક હકીકત બની છે, એવુ અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે, એમ આ આકટમા જ્યારે ફરમાવ્યુ હોય ત્યારે તે હકીકત ગેરસાબીત કરવામા અનુમાન કરવામા આવે તો તથા જ્યા સુધી ગેર સાબીત ન થાય ત્યા સુધી તે હકીકત સાબીત થઇ છે એવુ માનવાને અથવા તેની સાબીતી માગવાને કોર્ટ મુખત્યાર છે અમુક હકીકત બની છે, એવુ કોર્ટે અનુમાન કરવુ એવુ જ્યારે ફરમાવવામા આવ્યુ હોય ત્યારે કોરટે તે હકીકત ગેર સાબીત કરવામા ન આવે તો, તથા જ્યા સુધી ગેરસાબીત ન થાય ત્યા સુધી તે સાબીત થઇ છે એમ માનવુ અમુક હકીકત બીજી હકીકતની નીર્ણયકારક સાબીતી છે એવુ આ આકટમા જ્યારે ફરમાવ્યુ હોય, ત્યારે સદરહુ એક હકીકત સાબીત થાય તો સદરહુ બીજી હકીકત સાબીત થઈ એવુ કોર્ટે ગણુવુ, અને તે બીજી હકીકત ગેરસાબીત કરવા સારૂ પુરાવો આપવાની પરવાનગી કોર્ટે આપવી નહી.

૫ પ્રત્યેક મુદ્દાની હકીકત બની છે કીવા બની નથી તેનો તથા જે હકીકતો લગતી છે એવુ આકટ-મા નીચે દર્શાવવામા આવ્યુ છે કે તેવી બીજી હકીકતોનો પુરાવો હરકોઇ મુકદમામા કીવા કામમા આપી શકાય છે, એ શીવાય બીજી કોઇ હકીકતોનો પુરાવો આપી શકાતો નથી

ખુલાસો -દીવાની કામ ચલાવવાની રીત બાબતના જેના તે વખતના ચાલુ કાયદાના હરકોઇ ઠરાવ

ઉપરથી કોઈ એક સખસનો એકાદી હકીકતનો પુરાવો આપવાનો હક ન હોય તો તે હકીકતનો સખસ મજકુર આ કલમ ઉપરથી આપી શકે છે એમ સમજવુ નહિ

દ્રષ્ટાંતો--મોત આણવાના ઇરાદાથી બ ને ડંગોરા વતી મારે ને તેનુ ખુન કરવા બાબત **અ** ના ઉપર તજવીજ ચાલે છે સદરહુ તજવીજ વખતે નીચે લખેલી હકીકત મુદ્દાની હકીકત છે,-(**અ**) **અ** એ **બ** ને ડંગોરા વતી માર્યો **અ** એ **બ** નુ મોત સદરહુ પ્રમાણે માર મારીને આણ્યુ **અ** નો ઇરાદો **બ** નુ મોત આણવાનો હતો (બ) એક વાદી જે ખત ઉપર આધાર રાખે છે, તે ખત તે પોતાની સાથે લાવીને મુકદ્દમાની પહેલી રજુઆતની વખતે હાજર કરવાને સારૂ પોતાની પાસે તૈયાર રાખતો નથી કામ ચાલ્યા પછી બીજે વખતે પછાડીથી દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદામા જે નિયમો ઠરાવ્યા છે, તે નિયમોની વિરૂદ્ધ બીજી રીતે વાદીથી ખત મજકુર આ કલમ ઉપરથી હાજર કરી શકાય છે, અથવા તેનો મજકુર સાબીત કરી શકાય છે, એમ સમજવુ નહિ

૮ જે હકીકતો મુદ્દાની ન હોય પણ તેનો કોઈ મુદ્દાની હકીકત સાથે એવો સંબંધ હોય કે ને એક જ પ્રકારનુ અંગ યાને એકજ કાર્યનો ભાગ છે, તો તે હકીકતો લગતી છે એમ સમજવુ, પછી તે એકજ ઠેકાણે તથા એકજ વખતે બની હોય કીવા જુદે જુદે વખતે તથા જુદે જુદે ઠેકાણે બની હોય તેની ચિંતા વગર

દ્રષ્ટાંતો—(**અ**) **બ** ને માર મારીને તેનુ ખુન કર્યું એવુ તહોમત **અ** ઉપર છે, **અ** કીવા **બ** કીવા પાસે ઉભેલા લોકોએ મારતી વખતે અથવા ત્યાર પછી થોડીવાર ઉપર એવુ ગમે તે કાંઇ કહ્યુ અથવા કર્યું કે તે કહેવુ અથવા કરવુ એ સદરહુ ખુનના પ્રકરણ કીવા કાર્યનુ અંગ યાને ભાગ હોય તો તે કહેવુ અથવા કરવુ લગતું છે એમ સમજવુ

(**બ**) હથીયારબંધ લોકોએ બંડ ઉભુ કર્યું તેમા સામીલ થયાથી રાણીની સામે લડાઇ કરવાનુ તહોમત **અ** ઉપર છે, તે બંડમા બંડખોરોએ માલમીલકતનો નાશ કર્યો તથા લશ્કરના ઉપર હલા કર્યા તથા કેદખાના ફોડયા, સદરહુ હકીકતો બની તે સર્વે જગોએ અ હાજર ન હોય તોપણ તે હકીકતો બન્યાની વાત લગતી છે, કારણ કે એકંદરે જે પ્રકરણ યાને કાર્ય થયુ તેનો તે અંગ યાને ભાગ છે

(**ક**) કાંઇ કાગળ પત્ર લખવામા આવ્યા હતા તે પૈકી એક પત્રમા આબરૂ લેવાનુ લખાણ કરવા બદલ **અ** એ **બ** ના ઉપર દાવો કર્યો છે જે બાબત ઉપરથી સદરહુ આબરૂ લેવાનુ લખાણ ઉત્પન્ન થયુ તે બાબતમા પક્ષકારો મજકુરે એક બીજાને જે પત્રો લખ્યા હોય, તે પત્રો જો સદરહુ લખવામા આવેલા જે કાગળ પત્રમા આબરૂ લેવાનુ લખાણ છે, તે કાગળમાની બીના યાને તેના ભાગ હોય તો તેમા ખુદ સદરહુ આબરૂ લેવાનુ લખાણ ન હોય તોપણ તે સર્વે લગતા છે

(ડ) અમુક માલ **બ** ની પાસેથી મંગાવ્યો હતો તે **અ** ને સ્વાધીન કરવામા આવ્યો હતો કે નહીં એવી તકરાર છે, માલ વચમા દરમીયાન કેટલાક સખસોને એક પછી એક અનુક્રમે સ્વાધીન કરવામા આવ્યો હતો, સદરહુ દરેક માણસને માલ સ્વાધીન કર્યો એ દરેક હકીકત લગતી છે જે હકીકતો લગતી કીવા મુદ્દાની હકીકતનુ કીવા બીજી રીતનુ પ્રયોજન કારણ અથવા ફળ યાને પરીણામ હોય અથવા વસ્તુઓની જે સ્થિતિને સંબંધે હકીકત મજકુર બની તે સ્થિતિ હોય અથવા જે ઉપરથી હકીકત મજકુર બનવાને કીવા કરવાને પ્રસંગ મળી આવ્યો હોય તે હકીકતો લગતી છે એમ સમજવુ

દ્રષ્ટાંત—(**અ**) તકરાર એવી છે કે **અ** એ **બ** ની પાસેથી અપહરણ કર્યું કે નહીં તેમા અપહરણ થયુ તે પહેલા થોડીવાર ઉપર **બ** મેળામા ગયો હતો તે વખતે તેની પાસે પૈસા હતા તેથી તે પૈસા તેણે બીજા સખસોને બતાવ્યા હતા, અથવા મારી પાસે પૈસા છે એવુ બીજા સખસોને કહ્યુ હતુ, એ હકીકતો લગતી છે

(**બ**) તકરાર એવી છે કે, **અ** એ **બ** નું ખુન કર્યું કે નહી તેમા ખુન થયુ તે ઠેકાણે અથવા તે નજદીક જમીનની ઉપર વળગ્યા સુધીના નીશાન પડયા છે, એ હકીકત લગતી છે

(ક) તકરાર એવી છે કે, **અ** એ **બ** ને ઝેર દીધુ કે નહી, તેમા ઝેર આપ્યાથી જે ચિન્હો થાય છે, તે અગાઉ **બ** ની તબીયતની સ્થિતિ કેવી હતી તથા **બ** ની ટેવ શી હતી એ **અ** ને માલમ હતું તેથી ઝેર આપવાની સંધી મળી એ હકીકત લગતી છે

૮ જે હકીકત ઉપરની મુદ્દાની કિવા લગતી હકીકતો કરવાનો હેતુ કીવા તૈયારી માલુમ પડે, અથવા જે હકીકત સદરહુ મુજબનો હેતુ કીવા તૈયારી હોય, તેની હરકોઈ હકીકત લગતી છે એમ સમજવુ હરકોઇ મુકદ્દમાને અથવા કામને સબધે અથવા તે માહેની કીવા લગતી હકીકતને સબધે, એવા મુકદ્દમાના અથવા હરકોઈ પક્ષકારની અથવા તે પક્ષકારના હરકોઇ મુખ્તીઆરની વર્તણુક તથા કાઇ ગુન્હા બદલ, કાઇ પણ કામ ચાલતુ હોય તે ગુન્હો જે સખસના ઉપર યાને વિરૂદ્ધ બન્યો હોય તે સખસની વર્તણુક લગતી છે

ખુલાસો ૨ જો—જ્યારે કોઇ સખસની વર્તણુક લગતી હોય, ત્યારે જે મજકુર તેને અથવા તેની રૂબરૂ તથા તે સાભળી શકે એવી રીતે કહેવામા આવે અને તે મુજબ કહેવાથી સદરહુ વર્તણુકમા કાઇ ફેર પડે એવુ હોય તો તે મજકુર લગતો છે એમ સમજવુ

દ્રષ્ટાંતો—**બ** નુ ખુન કર્યા બાબત **અ** ના ઉપર તજવીજ ચાલે છે તેમા **અ** એ ક નુ ખુન કર્યું એ વાત બ ને માલુમ હતી, તથા પોતાને વાત માલુમ હતી, તે વાત પ્રકટ કરવાની ધાસ્તી આપીને **અ** ની પાસે પૈસા કઢાવવાનો **બ** એ પ્રયત્ન કર્યો હતો એ હકીકતો લગતી છે, (**બ**) પૈસા વસુલ કરવા સારૂ **અ** એ **બ** ઉપર એક ખત ઉપરથી દાવો માડયો છે ખત લખી આપ્યાનો **બ** ઇન્કાર કરે છે તેમા જે વખતે તકરારી ખત થયાનુ કહે છે, તે વખતે **બ** અમુક કારણસર પૈસાના જરૂર હતી એ હકીકત લગતી છે (ક) **બ** ને ઝેર ખવડાવીને તેનુ ખુન કર્યા બદલ **અ** ના ઉપર તજવીજ ચાલે છે, તેમા **બ** ને ઝેર ખવડાવવામા આવ્યુ છે, તેજ જાતનુ ઝેર **અ** એ **બ** ના મરવા પહેલા મેળવ્યુ હતુ એ હકીકત લગતી છે [ડ] તકરાર એવી છે કે અમુક દસ્તાવેજ **અ** નુ મૃત્યુપત્ર છે કે નહિ તેમા તકરારી મૃત્યુપત્રમા જે બાબતના ઠરાવ કર્યા છે, તે વીશે જે તારીખે સદરહુ તકરારી મૃત્યુપત્ર થયુ તે તારીખની પહેલા થોડા દીવસ ઉપર **અ** એ કાઇ તપાસ કરી હતી તથા મૃત્યુપત્ર મજકુર કરવાની બાબતમા તેણે વકીલની સલાહ લીધી હતી તથા તેણે બીજા મૃત્યુપત્રના ખરડા કરાવ્યા હતા, પરતુ તે તેણે પસદ કર્યા નહી, એ હકીકતો લગતી છે, (ઇ) **અ** ના ઉપર એક ગુન્હો કર્યાનુ તહોમત છે, તેમા ગુન્હો કર્યાનુ કહેવામા આવે છે, તેની પહેલા કીવા તે વખતે પછી **અ** એ એવો પુરાવો આણ્યો કે તે ઉપરથી મુકદમાની હકીકતનુ સ્વરૂપ **બ** ને પોતાને ફાયદો થાય એવુ બને, કીવા તેણે પુરાવાનો નાશ કર્યો–છુપાવ્યો કીવા જે સખસો સાહેદ હોત તે સખસોને હાજર થવાનો અટકાવ કર્યો કીવા તે ગેરહાજર રહે એવી તજવીજ કરી કીવા ગુન્હા મજકુર બાબત ખોટી સાહેદી આપવાનુ કોઇ સખસોને શીખવ્યુ એ હકીકતો લગતી છે [ફ] તકરાર એવી છે કે, **અ** એ **બ** ની પાસેથી અપહરણ થયા પછી ક એ **અ** ની રૂબરૂ એમ કહ્યુ કે જે માણસે **બ** ની પાસેથી અપહરણ કર્યું છે તે માણસને શોધી કાઢવા સારૂ પોલીસના માણસ આવે છે, તથા એમ કહ્યા પછી લાગલોજ **અ** નાસી ગયો, એ હકીકતો લગતી છે, [ગ] તકરાર એવી છે કે, **અ** ને **બ** ના રૂપીયા દશહજાર દેવા છે કે નહી, તેમા **અ** એ એક પાસેથી કરજાઉ રૂપીયા માગ્યા તથા ડ એ ક ને **અ** ના રૂબરૂ તથા તે સાભળે એવી રીતે કહ્યુ જે ' હુ ' તમને એવી સલાહ આપુ છુ કે, **અ** ઉપર ભરોસો રાખવો નહી, કારણ તેને **બ** નુ દેવુ રૂપિઆ દશ હજારનુ છે ' અને **અ** કાઇ જવાબ ન આપતા ચાલતો થયો, એ હકીકત લગતી છે (**હ**) તકરાર એવી છે કે **અ** એ ગુન્હો કર્યો છે કે નહી તેમા ગુન્હેગારને શોધી કાઢવા બાબતની ચોકસી ચાલી છે, એવી સુચનાનુ પત્રક પહોચાડયા પછી **અ** છુપાઇ ગયો, એ હકીકત તથા પત્રમા લખેલો મજકુર એ હકીકત લગતી છે, (**આઇ**) **અ** ઉપર કાઇ એક ગુન્હો કર્યાનુ તહોમત છે તેમા જે ગુન્હાનુ તહોમત છે તે ગુન્હો બન્યા પછી **અ** છુપાઇ ગયો અથવા ગુન્હો મજકુર કરીને મેળવેલી મીલકત કિવા તે મીલકતથી ઉપજેલા પૈસા **અ** ના કબજામા હતા કીવા જે વસ્તુ તે ગુનહો કરવાના કામમા વાપરવા રાખી હોય કીવા વાપરેલી હોય તે છુપાવવાની કોશીષ કરી એ હકીકતો લગતી છે (**જ**) તકરાર એવી છે કે **અ** ની સાથે બળાત્કાર સભોગ અમુક સખસે કર્યો છે કે નહી, તેમા સદરહુ કહ્યા મુજબનો સભોગ થયા પછી થોડે એક વખતે તે ઓરતે તે ગુન્હા વિશે ફરીયાદ કરી એ હકીકત તથા જે બીના ઉપરથી તથા જે લખાણ લખીને ફરીયાદ મજકુર કરી એ હકીકત લગતી છે ફરીયાદ કર્યા વગર ઓરત મજકુરે એવુ કહ્યુ કે કોઇ સખસે મારી સાથે બળાત્કાર સભોગ કર્યો, એ હકીકત આ કલમ પ્રમાણે વર્તણુક તરીકે લગતી થઇ શકે છે, કલમ ૩૨ ની રકમ [૧] મુજબ મરતી વખતના

ઇકરાર તરીકે હોય તો, અથવા કલમ ૧૫૭ મુજબ પુષ્ટિકારક પુરાવા દાખલ હોય તો [ક] તકરાર એવી છે કે, બ ની ઉપર અપહરણ થયુ છે કે નહી, સદરહુ કહ્યા મુજબનુ અપહરણ થયા પછી થોડી વારે તેણે ગુન્હા વિશેની ફરીઆદ કરી એ હકીકત, તથા જે બીના ઉપરથી તેથી જે લખાણ કરીને ફરીઆદ મજકુર કરી તે હકીકત લગતી છે ફરીઆદ કર્યા સિવાય તેણે એવુ કહ્યુ કે મારી પાસેથી અપહરણ થયુ એ હકીકત આ કલમ મુજબ વર્તણુક તરીકે લગતી નથી, પરતુ તે નીચે મુજબ હોય તો તે લગતી થઈ શકે છે કલમ ૨૨ ની રકમ [૧] મુજબ મરતી વખતના ઇકરાર તરીકે હોય તો, કીવા કલમ ૧૫૭ મુજબ પુષ્ટીકારક પુરાવા તરીકે તે હોય તો

૯ કાઇ મુદ્દાની કીવા લગતી હકીકતનો ખુલાસા કરવા સારૂ કીવા તેના કામમા પ્રવેશ કરાવવા સારૂ જે હકીકતની જરૂર હોય તે હકીકત અથવા કોઇ મુદ્દાની કીવા લગતી હકીકત ઉપરથી જે ધારણા નીકળતી હોય, તેને જે હકીકત ઉપરથી મજબુતી મળતી હોય કીવા તે રદ થતી હોય તે હકીકત અથવા હરકોઈ વસ્તુ કીવા સખસને ઓળખવુ એ વાત લગતી હોય તો તે એકરૂપતા જે હકીકત ઉપરથી સ્થાપન થતી હોય તે હકીકત, અથવા હરકોઈ તકરારી કિવા લગતી હકીકત જે વખતે કીવા જે ઠકાણે બની તે વખત કીવા ઠેકાણુ જે હકીકત ઉપરથી મુકરર થતું હોય તે હકીકત જે પક્ષકારોથી બની તે પક્ષકારોનો સબધ જે હકીકત ઉપરથી માલુમ પડે તે હકીકત, એ સર્વે હકીકતો સદરહુ કામ સારૂ તેને જરૂર હોય તેટલે દરજ્જે લગતી છે એમ સમજવુ

દ્રષ્ટાંતો—(**અ**) તકરાર એવી છે કે અમુક દસ્તાવેજ **અ** નુ મૃત્યુપત્ર છે કે નહી તકરારી મૃત્યુ-પત્રની તારીખે **અ** ની મીલકતની તથા તેના કુટુબની સ્થિતિ કેવી હતી તે હકીકત લગતી છે [**બ**] ફજેતી થાય એવી વર્તણુક **અ** ચાલ્યો, એવો આરોપ મૂકીને આબરૂ લીધા બાબત **અ** એ **બ** ઉપર દાવો કર્યો છે **બ** એવુ કહે છે જે, જે વાત આબરૂ લેવા જેવી કહેવામા આવે છે, તે વાત સાચી છે તકરારી આબરૂ લેવા જેવી વાત પ્રગટ કરી તે વખતે સદરહુ પક્ષકારોની સ્થિતિ તથા સબધ કેવી રીતના હતા એ હકીકત મુદ્દાની હકીકતના કામમા પ્રવેશ કરવા સારૂ લગતી છે

૧૦ કાઇ ગુન્હો કીવા દાવો ચલાવા લાયક અપકારકનુ કૃત્ય કરવા સારૂ બે અથવા વધારે સખસો-એ સપ કર્યો છે, એવુ માનવાને યોગ્ય કારણ હોય ત્યારે સદરહુ સખસો પૈકી કોઇ એકાએક સખસે તે લોકોના સામાન્ય ઇરાદાનો સબધે ઇરાદો મજકુર પ્રથમ તેમાના હરકોઇ એક સખસે કીવા પછી કાંઈ કહ્યુ, કીવા કર્યું, કીવા લખ્યુ હોય તો, એવો હરકોઈ સખસ સપમજકુરમા સામીલ હતો તે બતા-વવા સારૂ તેમજ સદરહુ મુજબ સપ થયો છે, એવુ સાબીત કરવાને સારૂ સદરહુ કહેલી કરેની અથવા લખેલી વાત જે શખસોએ સપ કર્યાનુ માન્યામા હોય તેવા પ્રત્યેક સખસ વિરૂદ્ધ લગતી છે

દ્રષ્ટાંત-(**અ**) રાણીના વિરૂદ્ધ લડાઇ કરવા સારૂ સપ કરવામા આવ્યો છે તેમા અ સામીલ થયો છે એવુ માનવાને યોગ્ય કારણ છે તેમા જે કારણને સારૂ સદરહુ સપ થયો છે તે કારણને વાસ્તે **બ** એ યુરોપથી હથીયારો મગાવ્યા, તથા તે કારણને સારૂ ક એ કલકત્તા મધ્યે પૈસા એકઠા કર્યા, તથા સંપ મજકુરમા સામીલ થવા ડ એ મુબાઇમા લોકોને સમજાવ્યા, તથા જે કામ કરવાનો વિચાર છે તે કરવુ યોગ્ય છે, એવા વાદીના લખેલા કાગળો ઇ એ આગરામા પ્રસીદ્ધ કર્યા, તથા જે પૈસા ક એ કલકત્તા મધ્યે એકઠા કર્યા હતા તે ફ એ દીલ્હીથી ગ ઉપર કાબુલ મોકલાવ્યા તથા સપ મજકુરના હેવાલનો પત્ર **હ** એ લખ્યો તેમા મજકુર એ પ્રત્યેક હકીકત સપ થયો છે એ વાત સાબીત કરવાને સારૂ તથા તેમા **અ** સામીલ છે એ સાબીત કરવાને સારૂ લગતી છે પછી તે સર્વે હકીકતોથી **અ** અજાણ્યુ હોય, તથા જે સખ-સોએ હકીકત મજકુર મુજબ કર્યુ તે સખસોને **અ** ઓળખતો ન હોય, તથા **અ** સપ મજકુરમા સામીલ થયો તેની અગાડી અથવા તે સપમાથી નીકળી ગયો, ત્યાર પછી સદરહુ હકીકતો બની હોય તો ચિંતા નહી.

૧૧ જે હકીકત બીજી કોઈ રીતે લગતી ન હોય તે જો નીચે મુજબની હોય તો લગતી છે એમ સમજવુ (૧) હરકોઈ મુદ્દાની કીવા લગતી હકીકતથી તે વિરૂદ્ધ હોય તો, (૨) હરકોઇ મુદ્દાની કિવા લગતી હકીકત બન્યાનો ઘણો સભવ છે, કિવા સભવ નથી એવુ, તથા નહી બન્યાનો ઘણો સભવ છે

કીવા સભવ નથી એવુ, સ્વતત્ર રીતે તે ઉપરથી, અથવા બીજી હકીકત સાથેના તેના સબધ ઉપરથી, માલુમ પડે એવી હોય તો

દૃષ્ટાંતો—(**અ**) તકરાર એવી છે કે **અ** એ કલકત્તા મધે અમુક દીવસે ગુન્હો કર્યો કે નહી, તેમા સદરહુ તારીખે **અ** લાહોર મધ્યે હતો એ હકીકત લગતી છે (બ) તકરાર એવી છે કે **અ** એ ગુન્હો કર્યો છે કે નહી, તેમા કેફીઅત એવી છે કે ગુન્હો મજકુર **અ**, બ, ક, અથવા ડ, એ પેકી કોઇ એકે કરેલો હોવો જોઇએ ગુન્હો મજકુર બીજો કોઇ સખસ કરી શકે એમ નહોતુ, એવુ તથા તે બ ક, અથવા ડ એ કરેલો નહોતો એવુ જે હકીકત ઉપરથી માલુમ પડે તે પ્રત્યેક હકીકત લગતી છે

૧૨ જે મુકદમામા નુકશાનનો દાવો કરેલો હોય તે મુકદમામા કટલુ નુકશાન આપવુ જોઇએ, એ જે હકીકત કોર્ટ મુકરર કરી શકે તે હકીકત લગતી છે

૧૩. હરકોઇ હક કીવા રીવાજ છે કે નથી એ બાબત જ્યારે તકરાર હોય, ત્યારે નીચે લખેલી હકીકત લગતી છે એમ સમજવુ

(**અ**) જે કાર્ય ઉપરથી તકરારી હક કીવા રીવાજ ઉત્પન્ન થયો હોય, અથવા તે ઉપર દાવો બતાવવામા આવ્યો હોય, અથવા તેમા કાઇ ફેરફાર થયો હોય અથવા તે કબુલ રાખવામા આવ્યો હોય, અથવા તે છે એમ કહેવામા આવ્યુ હોય, અથવા તેનો ઇનકાર કરવામા આવ્યો હોય તે કાર્ય અથવા જે કાર્ય એવુ હોય કે હક કીવા રીવાજ મજકુર હોય તો કાર્ય મજકુર થયુ ન હોય તો તે કાર્ય [બ] હક કીવા રીવાજ મજકુર ઉપર દાવો બતાવવામા આવ્યો હોય, અથવા તે કબુલ રાખવામા આવ્યો હોય, અથવા તેને અમલમા આણ્યો હોય, અથવા તેને અમલમા આણવા તકરાર ઉઠી હોય, અથવા અમલમા આણ્યો એમ કહેવામા આવ્યુ હોય, અથવા તેના અમલથી વિરૂદ્ધ કાઇ કીધુ હોય એવા અમુક દાખલાઓ બન્યા હોય તે દાખલા

દૃષ્ટાંત—તકરાર એવી છે કે, એનો હક એક માછલી પકડવાની જગો ઉપર છે કે કેમ એ માછલી પકડવાની જગા **અ** ના વડીલોને આપવા બાબતનો લેખ તથા તે જગા **અ** ના બાપે ગીરો મુકયાની વાત તથા ગીરો મજકુર વિરૂદ્ધ એ જગા **અ** ના બાપે બીજાને પઠ્ઠાવડેથી આપ્યાની વાત તથા **અ** ના બાપે હક મુજબ અમલ કર્યાના અથવા તે પ્રમાણે અમલ કરતા **અ** ના પાડોશીએ અટકાવ કર્યાના અમુક દાખલા બન્યા હોય તો તે દાખલા એ સર્વે હકીકતો લગતી છે

૧૪. ઇરાદો કીવા જ્ઞાન, કીવા શુદ્ધબુદ્ધિથી, કીવા ગફલત, કીવા બેફીકરાઇ, કીવા કોઇ અમુક સખસનો ઉપરનો દુષ્ટ ભાવ, કીવા સદ્ભાવ, એના જેવી મનની હરકોઇ સ્થિતી છે, એવુ જે હકીકત ઉપરથી માલુમ પડે તે હકીકત, અથવા શરીરની કીવા શરીરના સુખ દુખની હરકોઇ પ્રકારની સ્થિતિ છે એવુ હકીકત ઉપરથી માલુમ પડે તે હકીકત લગતી છે, તે એવે પ્રસગે કે જ્યારે એવી મનની અથવા શરીરની કીવા શરીરના સુખદુખની સ્થિતી છે કે નહી, એ વાત મુદ્દાની અથવા લગતી હોય ત્યારે

ખુલાસો ૧ લો–કોઇ હકીકત ઉપરથી મનની કાઇ લગતી સ્થિતિ છે, એવુ માલમ પડે છે, એ કારણને લીધે હકીકત મજકુર લગતી હોય, ત્યારે તે હકીકત ઉપરથી જે અમુક બાબતની તકરાર ચાલતી હોય તે બાબતને સબધે સદરહુ સ્થિતિ છે એમ માલુમ પડવુ જોઇએ સામાન્ય રીતે એવી સ્થિતિ હોય છે એમ માલુમ પડવુ જોઇએ નહી

ખુલાસો ૨ જો–પરતુ કોઇ ગુન્હો કર્યા બદ્દલના તહોમત ઉપરથી કાઇ પણ સખસની તજવીજ થતી વખતે એવા તહોમતવાળાએ પેસ્તર ગુન્હો કયાની વાત આ કલમના અર્થ મુજબ લગતી હોય તે પ્રસગે એવા સખસ ઉપર ગુન્હાની સાબીતી પેસ્તર થઇ હતી, એ વાત પણ લગતી હકીકત છે એમ સમજવુ

દૃષ્ટાંત—**અ** ઉપર એવુ તહોમત છે કે, તેને ચોરએલો માલ જાણીને ચોરીનો માલ લીધો ચોરીનો અમુક જણસ તેના કબજામા હતી એવુ સાબીત થાય છે સદરહુ વખતે તેના કબજામા ચોરીની બીજી ઘણી જણસો હતી એ હકીકત લગતી છે કારણ એ ઉપરથી એવુ દેખાય છે કે, જે જણસો તેના કબજામા હતી તે દરેક તથા સર્વે ચોરીની હતી, એવુ તેને માલુમ હતુ, (બ) અમુક શીકકો ખોટો છે એવુ શીક્કા મજકુર આપતી વખતે માલમ છતા તે શીક્કો બીજાને દગલબાજીથી આપ્યો એવુ તહોમત

અ ઉપર છે તેમા જ્યારે સદરહુ શીક્કો અ એ આપ્યો ત્યારે તેની પાસે બીજા ખોટા શીક્કા ઘણા હતા, એ હકીકત લગતી છે. (ક) તકરાર એવી હતી કે જે માણસને એક હુંડીનુ નાણુ આપવાનુ હતુ, તેનુ નામ ખોટુ લખ્યુ હતું, તે વાત હુંડી શીકારનાર અને માલુમ હતી કે નહીં તેમા—એ પ્રમાણે લીધેલી બીજી હુંડીઓમા જેને રૂપીઆ આપવાનુ લખ્યુ હતુ, તે સખસ જો ખરો હોત તો તેણે હુંડીઓ મજકુર **અ** ને જે વખતે મોકલી હોત તે વખતની અગાડી સદરહુ હુંડીઓ **અ** એ શીકારેલી છે એ હકીક્ત જે સખસને તકરારી હુંડીના રૂપીઆ આપવાનુ લખ્યુ છે તે સખસ ખોટો છે એવી માહીતી **અ** ને હતી, એવુ બતાવવાને સારૂ લગતી છે

૧૫ કોઈ કૃત્ય અકસ્માત થયુ તે કીવા ઇરાદાપૂર્વક થયુ છે, અથવા કોઇ કૃત્ય અમુક ચોક્કસ જ્ઞાનથી અથવા ઇરાદાથી થયુ છે, "જ્યારે તકરાર હોય ત્યારે તે કૃત્યના જેવા બીજા ઘણા બનાવો બન્યા છે તેમાનો કૃત્ય મજકુર એક ભાગ છે, અને તે પ્રત્યેક બનાવમા સદરહુ કૃત્ય કરનાર સખસ સામીલ હતો, એ હકીકત લગતી છે

દ્રષ્ટાંત–(**અ**) જે રકમને સારૂ પોતાના ઘરનો વીમો ઉતરાવ્યો છે, તે રકમ મેળવવાના હેતુથી **અ** એ ઘર મજકુર બાળી મૂકયુ એવુ તહોમત તેના ઉપર છે તેમા **અ** ઘણા ઘરોમા અનુક્રમે રહ્યો હતો, તથા તે દરેક ઘરનો તેણે વીમો ઉતરાવ્યો હતો તથા તે દરેક ઘરમા આગ લાગી હતી તથા સદરહુ દરેક આગ લાગ્યા પછી **અ** ને જુદા જુદા વીમાવાળાની દુકાનમાથી રૂપીઆ મળ્યા હતા, એ હકીકતો જે આગો લાગી, તે આકસ્મિક નહોતી, એ બતાવવાને સારૂ લગતી છે

૧૬ અમુક કૃત્ય બન્યુ છે કે નહીં, એની તકરાર હોય ત્યારે જો કામની એવી સાધારણ પદ્ધતિ હોય કે તે પ્રમાણે સદરહુ કૃત્ય સ્વાભાવિક રીતે થવુ જોઇએ તો તે પ્રદ્ધતિ છે એ હકીકત લગતી છે

દ્રષ્ટાંતો–તકરાર એવી છે કે અમુક પત્ર રવાને થયુ હતું કે કેમ, સર્વ પત્રો અમુક ઠેકાણે મુકયા હોય તો તેને ટપાલમા લઈ જાય એવી કામની સાધારણ પદ્ધતિ હતી તથા અમુક પત્ર તે ઠેકાણે મુકયુ હતું એ હકીકતો લગતી છે (**બ**) તકરાર એવી છે કે, અમુક પત્ર અ ને પહોચ્યા છે કે નહી, તે પત્ર હમેશની પદ્ધતિ મુજ ટપાલમા નાખ્યુ હતુ, તથા ડેડલેટર ઓફીસમાથી તે પાછુ આવ્યુ નથી એ હકીકતો લગતી છે કાગળ ઉપર ટપાલ ઓફીસની છાપ હોય તેમા લખેલે વખતે તથા જગાએ તે ટપાલમા હતો તેનો એ પ્રથમ દર્શનીક પુરાવો છે

કબુલતો

૧૭ જે મુખજુબાની કહેલા કીવા દસ્તાવેજ લખેલા મજકુર ઉપરથી હરકોઇ મુદ્દાના કીવા લગતી હકીક્ત સબધી હરકોઈ ધારણા થાય તથા જે નીચે લખેલા સખસોમાથી હરકોઈ સખસો નીચે કહેલી કેફીયતને કહ્યો હોય, કીવા લખ્યો હોય તે મજકુરને અગીકાર સમજવો

૧૮ કામના કોઇ પક્ષકારે કહેલો કીવા લખેલો મજકુર અથવા એવા કોઈ પક્ષકારે પોતાના તરફથી સદરહુ મજકુર કહેવાનો સ્પષ્ટ રીતે, કાવા ગર્ભિત રીતે કોઇ મુખત્યારને અખત્યાર આપ્યો છે એવુ કામ મજકુરની કેફીયત ઉપરથી કોર્ટ ગણતી હોય તેવા મુખ્ત્યારે કહેલો કીવા લખેલો મજકુર અગીકાર છે એમ સમજવુ જે પક્ષકારોએ પ્રતિનિધિના સબધથી દાવો કર્યો હોય અથવા જે પક્ષકારોના ઉપર સદરહુ સબધે દાવો થયો હોય, તે પક્ષકારોએ કહેલો કીંવા લખેલો મજકુર અગીકાર નથી, પરતુ સદરહુ પ્રતિનિધિનો સબધ ચાલતો હોય તે દરમીયાનમા એવા પક્ષકારોએ કહેલો કીવા લખેલો મજકુર અગીકાર છે એમ સમજવુ, (૧) જે વિષય બાબત કામ ચાલે છે તે વિષય ઉપર જે સખસનો માલીકીનો હક હોય અથવા તેમા તેનો કાઇ પૈસા સબધીનો હક હોય, તે સખસોએ સદરહુ મુજબના હકવાળા સખસો તરીકે કહેલો કીવા લખેલો મજકુર, અથવા (૨) જે વિષય બાબત દાવો ચાલ્યો છે, તે વિષય તે દાવાના પક્ષકારોને જે સખસોથી મળ્યો હશે તે સખસોએ કહેલો કાવા લખેલો, મજકુર જો સદરહુ મજકુર કહેનારા કીવા લખનાર સખસોનો હક ચાલુ હોય તે દરમીયાનમા તેઓએ કહ્યો હોય, કીંવા લખ્યો હોય તો તે અગીકાર છે

૧૯ જે સખસોની સ્થિતિ કીવા જવાબદારી કોઈ મુકદ્દમામાના કોઈ પક્ષકાર વિરૂદ્ધ છે કે નહી

એવા સબંધની સાબીત કરવાની જરૂર છે, તેવા સખસો પોતે જો કોઈ દાવો માડે અથવા તે સખસોના ઉપર જો કોઈ બીજો દાવો માડે તો તે મુકદમામા સદરહુ સ્થિતિ કિવા જવાબદારીને સબંધ સખસો મજકુરે કહેલો કીવા લખેલો કોઈ મજકુર તેઓને પોતાને વિરૂદ્ધ હોવાથી લગતો હોય, તો તે મજકુર સદરહુ સખસોએ સદરહુ મુકદમામા કહ્યો હોય કીવા લખ્યો હોય ત્યારે તે મજકુર અગીકાર છે એમ સમજવુ પણ સખસો મજકુર સ્થિતિમા કાયમ હોય કીવા તેની સદરહુ જવાબદારી ચાલુ હોય તે દરમીયાનમા સદરહુ મજકુર તેઓએ કહ્યો હોય અથવા લખ્યો હોય તો

દ્રષ્ટાંત—બ ના તરફથી ભાડુ વસુલ કરવાનુ **અ** પોતાને માથે લે તે **બ** ને જે ભાડુ ક ના તરફથી આવવાનુ હતુ તે અ એ વસુલ કર્યું નહી, સબબ **બ** એ **અ** ઉપર દાવો કર્યો છે **બ** નુ **ક** પાસેથી કાઈ ભાડુ લેણુ હતું એ વાતનો **અ** ઇન્કાર કરે છે, **બ** નુ પોતાની પાસે ભાડુ લહેણુ હતુ, એવો **ક** નો કહેલો કિવા લખેલો મજકુર અગીકાર છે અને ક ની પાસથી બ નુ ભાડુ લહેણુ હતુ એ વાતનો જો **અ** ઇન્કાર કરતો હોય તો સદરહુ મજકુર **અ** ના વિરૂદ્ધ લગતો છે

૨૦ તકરારી બાબત સબધી કાઇ માહીતી જે સખસો પાસેથી મેળવવાનુ મુકદમાના હરકાઇ પક્ષકારે સ્પષ્ટ રીતે બતાવ્યુ હોય તે સખસોએ કહેલા કીવા લખેલા મજકુર અગીકાર છે એમ સમજવુ

દ્રષ્ટાંત—તકરાર એવી છે કે **અ** એ **બ** ને વેચેલો ઘોડો મજબુત છે કે નહી તેમા **અ** **બ** ને કહે છે કે ' જઇને **ક** ને પૂછો, **ક** ને તે બાબત સર્વે માલમ છે '' તેમા **ક** એ જે મજકુર કહ્યો હોય તે અગીકાર છે

૨૧ જે સખસે કાઇ અગીકાર કીધેલો હોય તે સખસ વિરૂદ્ધ, અથવા હક સબધીના તેના પ્રતિનિધિના તેના પ્રતિનિધીની વિરૂદ્ધ, તે અગીકાર લગતો છે, તથા તે સાબીત કરી શકાય છ પરતુ તે સખસે તે અગીકાર કીધો હોય તેનાથી અથવા તેના તરફથી અથવા તેના હક સબધી પ્રતિનિધીથી નીચે બતાવેની બાબત સિવાય બીજી બાબતમા અગીકાર મજકુર સાબીત કરી શકાતો નથી

(૧) જ્યારે અગીકાર એવા પ્રકારનો હોય કે, તે કરનાર સખસ મરણ પામ્યો હોય તો, તે કલમ ૩૨ મુજબ ત્રાહીત સખસોની વચ્ચે ચાલતા કામમા લગતો થાય ત્યારે તે અગીકાર જે સખસ કર્યો હોય, તેનાથી અથવા તેની તરફથી તે સાબીત કરી શકાય છે (૨) મનની અથવા શરીરની કોઇ સ્થિતિ હતી, એવો જે મજકુર સદરહુ મનની અથવા શરીરની સ્થિતિ ચાલતી હોય, તે વખતે અથવા તે અરસામા કહેવામા કે લખવામા આવ્યા તે મજકુરને રૂપે જ્યારે કાઈ અગીકાર હોય, તથા તે જ્યારે મજકુર કહેવાની અથવા લખવાની સાથે એવી વર્તણુક થઈ હોય કે સદરહુ કહેવુ કીવા લખેલુ ખોટુ છે, એ તે ઉપરથી અસભવિત માલુમ પડે, ત્યારે સદરહુ અગીકારની સાબિતા તે અગીકાર કરનાર સખસથી અથવા તેના તરફથી કરી શકાય છે, (૩) કાઇ અગીકાર, અગીકાર તરીકે નહિ, પણ બીજી રીતે લગતો હોય તો તે અગીકાર જે સખસે કીધો હોય, તેનાથી અથવા તેના તરફથી સાબીત કરી શકાય છે

દ્રષ્ટાંત—(**અ**) **અ** તથા **બ** વચ્ચે તકરાર એવી છે કે, અમુક ખત બનાવટનુ છે કે નહી, **અ** નુ કહેવુ એવુ છે કે, તે ખરૂ છે, તથા **બ** નુ કહેવુ એવુ છે કે તે બનાવટનુ છે તેમા—સદરહુ ખત ખરૂ છે એવો મજકુર **અ** એ કહ્યો અથવા લખ્યો હોય તેની સાબિતી **બ** થી કરી શકાય છે તથા ખત મજકુર બનાવટનુ છે એવો મજકુર **અ** એ કહ્યો અથવા લખ્યો હોય તેની સાબિતિ **બ** થી કરી શકાય છે પરતુ તકરારી ખત ખરૂ છે એવો મજકુર **અ** એ પોતે કહ્યો અથવા લખ્યો હોય તેની સાબીતી **અ** થી કરી શકાતી નથી તેમજ એ બનાવટનુ છે એવો મજકુર **બ** એ કહ્યો અથવા લખ્યો હોય તેની સાબિતિ **બ** થી કરી શકાતી નથી. (બ) કલકત્તામા **અ** એ એક ગુન્હો કર્યો છે એવુ તેના ઉપર તહોમત છે તેમા તેણે પોતે લખેલુ એક પત્ર તે હાજર કરે છે, તે પત્રમા લાહોર મુકામે તે દિવસ તારીખ નાખેલી છે તથા જે તારીખ નાખેલી છે તે તારીખથી લાહોરની પોસ્ટ ઓફીસની છાપ તે પત્ર ઉપર છે પત્રમા તારીખ છે એ મજકુર પુરાવામા લેવા યોગ્ય છે. કારણ કે **અ** જો મરણ પામેલો હોય તો તે મજકુર કલમ ૩૨ ની રકમ (૨) મુજબ પુરાવામા લેવા યોગ્ય હોત (ક) માલ ચોરીનો છ એવુ જાણ્યા છતા તે લીધા બાબત **અ** ના ઉપર તહોમત છે. સદરહુ માલની જે કિમત છે, તે કીમતની અદર તે

વેચવાની તેણે ના કહી હતી, એવુ સાબીત કરવા તે માગે છે તેમા સદરહુ મજકુર અગીકાર છે તો પણ તેની સાબિતિ અ કરી શકે છે કારણ કે મુદ્દાની હકીકત ઉપરથી જે વર્તણુક થઈ તેનો ખુલાસો તે ઉપરથી થાય છે

૨૩ કોઈ એક અગીકારનો પુરાવો આપવો નહી, એવી સ્પષ્ટ સરત કરીને અગીકાર મજકુર કરવામા આવ્યો હોય તો અથવા સદરહુ અગીકાર એવી કરીયત ઉપરથી કરવામા આવ્યો હોય કે તે કરીયત અથવા કોર્ટને એવી ધારણા થાય કે અગીકાર મજકુરનો પુરાવો આપવો નહી, એ પ્રમાણે તે કામના પક્ષકારોએ એક મત થઇ ઠરાવ કર્યો છે તો દીવાની કામોમા તે અગીકાર લગતો નથી

ખુલાસો-તેકોઇ પણ બારીસ્ટર કિવા પ્લીડર કિવા એટરની કિવા વકીલને કલમ ૧૨૬ મુજબ જે બાબતની સાહેદી આપવાની ફરજ પાડી શકાય છે તે બાબતની સાહેદી આપવાની તેને આ કલમ ઉપરથી કોઇ પણ રીતે માફી થાય છે એમ સમજવુ નહી

૨૪ કોઈ ફોજદારી કામમા કોઇ તહોમતવાળા શખસે કરેલી કબુલત કોઈ અધિકારવાળા શખસ તરફથી તે તહોમતવાળા ઉપરના તહોમતને સબધે મળેલી લાલચ કીવા ધમકી કીવા વચન ઉપરથી કરવામા આવી છે એવુ કોર્ટની નજરમા આવે તથા તે લાલચ કીવા ધમકી કીવા વચન કોર્ટના અભિપ્રાયમા એવા હોય કે પોતાના ઉપર જે કામ ચાલે છે તે કામને સબધે પોતાને સદરહુ મુજબ કબુલાત કર્યાથી અસાર વિષેનો હરકોઈ ફાયદો થશે. અથવા એવી હરકોઇ આફત દુર થશે એમ સમજવાને સદરહુ તહોમતવાળા સખસને યોગ્ય જણાય એવા સબબ તેને સદરહુ મુજબની લાલચ કીવા ધમકી કીવા વચન ઉપરથી મળ્યા છે તો તે કબુલત મજકુર સદરહુ ફોજદારી કામમા લગતી નથી

૨૫--હરકોઇ પોલીસ અમલદારની આગળ કરેલી કબુલત હરકોઇ ગુન્હાના તહોમતવાળા સખસ વિરૂદ્ધ સાબીત કરવી નહી

૨૬ હરકોઇ સખસ કોઇ પોલીસ અમલદારના હવાલામા હોય તે દરમીયાન તેણે કબુલત કોઇ પણ માજીસ્ત્રેટની પ્રત્યક્ષ રૂબરૂ કીધી ન હોય તો તેને સદરહુ સખસના વિરૂદ્ધ સાબીત કરવી નહી

૨૭ પરતુ એવુ ઠરાવ્યુ છે કે કોઈ સખસની ઉપર કોઈ ગુન્હાનુ તહોમત મૂકયુ છે, અને તે સખસ પોલીસ અમલદારના હવાલામા છે, તે શખસ પાસેથી કાંઇ ખબર મળી તે ઉપરથી કોઈ હકીકતનો શોધ લાગ્યો છે એવી જુબાની પડે ત્યારે એવી ખબરમાનો જેટલો ભાગ ખબર મજકુર ઉપરથી શોધી કાડેલી હકીકત સાથે સ્પષ્ટ રીતે સબધ રાખતો હોય તેટલો ભાગ સાબીત કરી શકાય છે પછી તે ખબર કબુલત ગણાય એવી હોય કીવા ન હોય તો

૨૮ કા ૨૪ મી મા બોધ કર્યા મુજબની લાલચ કીંવા ધમકી કીંવા વચનથી મન ઉપર થએલી અસર કોર્ટના અભિપ્રાયમા જે વખતે પુરી દુર થઇ હોય તે વખત પછી સદરહુ કલમમા બોધ કર્યા મુજબની કબુલત કરવામા આવી હોય તો તે કબુલત લગતી છે એમ સમજવુ

૨૯ આવી કબુલત જો બીજી રીતે લગતી હોય તો માત્ર તે ગુપ્ત રાખવાના વચન ઉપરથી કીધાના સબબથી અથવા તે મેળવવાને સારૂ તહોમતવાળા સખસ સાથે ફરેબ કર્યાથી, તે કીધાના સબબથી અથવા તહોમતવાળો છાકટો હતો તે વખતે કીધાના સબબથી અથવા જે સવાલોના જવાબ દેવાની તેની ફરજ નહોતી તે સવાલો ગમે તે રૂપે હોય તો પણ તેના જવાબમા તે કીધાના સબબથી અથવા એવી કબુલત કરવાની તેની ફરજ નહોતી અને તેની વિરૂદ્ધ એવી કબુલત ગેરલગતી છે, એમ સમજવુ નહી.

૩૦. જ્યારે એકજ ગુન્હાને સારૂ એકથી વધારે સખસો ઉપર એકઠી તજવીજ ચાલતી હોય અને જ્યારે તે સખસો પૈકી એક જણાએ પોતાને વિષે તથા તે સખસોમાના બીજા કોઇ સખસને વિષે કીધેલી કબુલત સાબીત થાય ત્યારે, જે સખસે તે કબુલત કીધી હોય તેની વિરૂદ્ધ તેમ જ સદરહુ બીજા સખસની વિરૂદ્ધ તે કબુલત વિચારમા લેવાને કોર્ટ મુખત્યાર છે

ખુલાસો—આ કલમમા વાપરેલા ગુન્હા એ શબ્દોમા સદરહુ ગુન્હો કરવામા મદદ કરવાનો અથવા તે ગુન્હો કરવાની કોશીશ કરવાનો સમાસ થાય છે

દ્રષ્ટાંત -(અ) ક નુ ખુન કરવા બાબત અ, બ ના ઉપર એકઠી તજવીજ ચાલે છે બ એ તથ

મે મળીને ક નું ખુન કર્યું છે ’ એવુ અ એ કહ્યાનુ સાબીત થાય છે એનુ પરીણામ બ વિરૂદ્ધ શુ થાય છે એનો વિચાર કરવાને કોર્ટ મુખત્યાર છે

૩૧. જે બાબતોનો અગીકાર કરવામા આવ્યો હોય, તે બાબતોનો અગીકાર નિર્ણયકારક પુરાવો નથી પરતુ આ આકટમા હવે પછી જે ઠરાવો બતાવ્યા છે તે મુજબ તે અગીકારનો અમલ પ્રતિબધનના જેવો થઈ શકે છે

જે સખસોને સાક્ષીઓ તરીકે બોલાવી શકાતા નથી તે સખસોની કહેલી હકીકતો.

૩૨. જે સખસ મરણ પામ્યો હોય તેણે કીવા જે સખસ મળી શકતો ન હોય તેણે કીવા ઘણો વખત લાગ્યા સિવાય, કે ઘણો ખર્ચ કર્યા સિવાય જે સખસને હાજર કરતો ન હોય અને મુકદ્દમાની કેફીયત ઉપરથી તેમ કરવુ કોર્ટને વ્યાજબી દેખાતુ ન હોય તેણે લગતી હકીકતનો મોઢે કહેલો કિંવા લખેલો મજકુર તેજ જાતે નીચે લખેલા કામમા લગતી હકીકત છે એમ સમજવુ

(૧) પોતાના મોતના કારણ બાબત કીંવા જે કાયના પરીણામમા પોતાનુ મત્યુ થયુ, તે કાર્યની કોઇ પણ બીના બાબત કોઈ સખસે જ્યારે કાઇ મજકુર કહ્યો હોય અથવા લખ્યો હોય ત્યારે જે કામમા તેના મરણની તકરાર નીકળી હોય તે કામમા સદરહુ મજકુર લગતો છે જે વખતે સદરહુ મજકુર કહેવામા કીંવા લખવામા આવ્યો હોય તે વખતે, પોતાનુ મરણ આવ્યુ છે એવો તે કહેનાર કિંવા લખનાર સખસના મનમા ભાસ હોય કીંવા ન હોય તોપણ, તથા જે કામમા તેના મરણ વિષેની તકરાર હોય તે કામ ગમે તે પ્રકારનુ હોય તો પણ સદરહુ પ્રકારનો મજકુર લગતો છે, (૨) સદરહુ મજકુર જ્યારે એવા સખસે હમેશ મુજબને પોતાના કામના પ્રસગે કહ્યો કિંવા લખ્યો હોય ત્યારે તથા વિશેષ કરીને પોતાના કામને હમેશ મુજબ જે પ્રસગે કીંવા પોતાના ધધારોજગારનુ કામ ચલાવવામા રાખેલી ચોપડીમા કાઇ નોધ કીંવા ટીપણુ તેણે કરી નાખ્યુ હોય તે રૂપે અથવા પેસા કિંવા માલ કીંવા દસ્તાવેજ કીંવા કોઇપણ જાતની મિલકત પહોચવાની પહોચ લખી હોય કિંવા તે ઉપર સહી કરી હોય તે રૂપે અથવા જે દસ્તાવેજનો ઉપયોગ વેપાર કરવામા આવતો હોય ને તેણે લખ્યો હોય કીંવા તેના ઉપર સહી કરી હોય, તે રૂપે અથવા જે કાઇ દસ્તાવેજ ઉપર, તે હમેશ તારીખ નાખતો હોય અથવા તે ઉપર સહી કરતો હોય, તે પર કીંવા દસ્તાવેજની તારીખને રૂપે સદરહુ મજકુર હોય, ત્યારે તે લગતો છે (૩) જે સખસે સદરહુ મજકુર કહ્યો કીંવા લખ્યો હોય, તે સખસના પૈસા બાબતના કીંવા માલકી બાબતના હીત વિરૂદ્ધ તે મજકુર હોય ત્યારે તથા જ્યારે કહેલો કીંવા લખેલો મજકુર ખરો હોય તો તેના ઉપર તે ઉપરથી ફોજદારીમા ફરીયાદ કીંવા નુકશાન બદલનો દાવો ચાલે કિંવા ચાલત, એવુ હોય ત્યારે મજકુર લગતો છે

(૪) કાઇ સાર્વજનિક હક અથવા રીવાજ અથવા કાઇ સાર્વજનિક કીંવા સામાન્ય કાયદા ગેરકાયદા સબધીની બાબત હોય તો તે સદરહુ મજકુર કહેનાર કીવા લખનાર સખસને માલુમ હોય એવો હક અથવા રીવાજ અથવા બાબત છે કે નહી તે વિષનો તે સખસનો અભિપ્રાય જ્યારે સદરહુ મજકુરમા આપ્યા હોય ત્યારે તથા સદરહુ હક અથવા રીવાજ અથવા બાબત વીશે તકરાર ઉત્પન્ન થઇ તેના પહેલા જ્યારે તે મજકુર કહેવામા કીંવા લખવામા આવ્યા હોય ત્યારે તે મજકુર લગતો છે (૫) જ્યારે સદરહુ મજકુર કોઈ સખસો વચ્ચે એક લોહીના સબધનુ અથવા લગ્નના સબધનુ અથવા દત્તકપણા સબધનુ શુ સગપણ છે એ વિષે હોય અને તે સખસોના સગપણ વીષેની માહીતી હોવાને વિશેષ સાધનો તે મજકુર કહેનાર કીંવા લખનાર સખસને હતા એમ હોય ત્યારે તથા તકરારી બાબતની તકરાર ઉત્પન્ન થઇ તેની પહેલા તે મજકુર કહેવામા કીંવા લખવામા આવ્યા હોય ત્યારે તે મજકુર લગતો છે (૬) જ્યારે સદરહુ મજકુર કોઈ મરણ પામેલા સખસોના એક લોહીના સબધનુ અથવા લગનના સબધનુ અથવા દત્તકપણાના સબધનુ કોઈ સગપણ વીશે હોય અને તે મજકુર જે કુટુબનો તે મરનાર સખસ હતો, તે કુટુબના કોઈ કાય સબધી કોઈ મૃત્યુ પત્ર અથવા લેખ થયો હોય તેમા અથવા તે કુટુબની કાઇ વશાવળીમા અથવા કોઇ કબરમા પથર ઉપર, અથવા તે કુટુબના લોકોની તસબીર ઉપર અથવા જે વસ્તુ ઉપર એવો મજકુર બ_ કીને બનાવવામા આવતો હોય, તેવી બીજી કોઇ વસ્તુ ઉપર બનાવ્યો હોય ત્યારે તથા તકરારી બાબતની તકરાર ઉત્પન્ન થઇ તેના પહેલા મજકુર બનાવ્યો હોય ત્યારે તે મજકુર લગતો છે (૭) જ્યારે

સદરહુ મજકુર ક્લમ ૧૩ ની રકમ (બ) મા કહેલા કાર્ય સબધી કાંઈ લેખ કીંવા મૃત્યુપત્ર કીંવા બીજો દસ્તાવેજ થયો હોય તેમા લખેલુ હોય ત્યારે તે લગતો છે (૮) જ્યારે સદરહુ મજકુર ઘણા સખસોએ કહ્યો કીંવા લખ્યો હોય અને તકરારી બાબતને લાગુ હોય એવા તે સખસોના દીલના કીંવા મનના વીચાર તે ઉપરથી માલુમ પડતા હોય ત્યારે તે લગતો છે

દ્રષ્ટાંત—(અ) તકરાર એવી છે કે, બ એ અનુ ખુન કર્યુ છે કે કેમ, કીંવા જે કાર્યના દરમ્યાનમા અ સાથે બળાત્કારે સભોગ કરવામા આવ્યો હતો, તે કાર્યમા જે ઇજા થઇ, તેથી અ નુ મરણ થયુ ત્યારે તકરાર એવી છે કે, અ ના ઉપર બ એ બળાત્કાર કર્યો હતો કે કેમ, કીંવા, તકરાર એવી છે કે અ ની વિધવાનો દાવો બ ના ઉપર ચાલે એવી રીતે અ ને બ એ મારી નાખ્યો કે કેમ તકરાર ખુન તથા બળાત્કાર સભોગ તથા દાવો ચાલવા લાયક અપકારક કૃત્ય એ વીશે જે મજકુર અ એ પોતાના મોતના કારણ સબધી કહ્યા હોય, કીંવા લખ્યા હોય, તે મજકુર લગતી હકીકત છે એમ સમજવુ (બ) અ નો જન્મ કઇ તારીખે થયો એ વિશે તકરાર છે એક મરણ પામેલા શસ્ત્રવૈદે પોતાના કામને પ્રસગે નિયમપૂર્વક રાખેલી રોજ નીશીમા એવી નોધ રાખી છે કે, અમુક તારીખે તે પોતે અ ની માને કાંઈ ઉપચાર કરવા ગયો હતો અને ત્યા તેને છોકરાનો પ્રસવ કરાવ્યો હતો એ હકીકત લગતી છે (ક) તકરાર એવી છે કે અમુક જમીનનુ ભાડુ અ ને આપ્યુ છે કે કેમ, તેમા પોતે સદરહુ ભાડુ અ ના તરફથી લીધુ છે તથા તે અ નો હુકમ આવતા સુધી પોતાની પાસે રાખ્યુ છે, એવુ અ ના એક મરણ પામેલા ગુમાસ્તાએ લખેલુ પત્ર મુકરદમાને લગતી હકીકત છે (ડ) તકરાર એવી છે કે અ નુ લગ્ન બ ની સાથે કાયદેસર રીતે થયુ છે કે કેમ, તેમા તેઓનુ લગ્ન પોતે એવી બીનાઓમા કરાવ્યુ હતુ કે તે લગ્નનો સમારભ કરવો એ ગુન્હો થતો હતો, એ પ્રમાણેનો એક મરણ પામેલા પાદરીએ કહેલો કિંવા લખેલો મજકુર લગતો છે

૩૩—એકાદ ઇન્સાફી કામમા કીવા જે સખસને પુરાવા લેવાનો કાયદા પ્રમાણે અધિકાર હોય તે સખસની રૂબરૂ કોઇ સાહેદે સાહેદી આપી હોય, તે સહેદીમા લખેલી હકીકત ખરી છે કે કેમ, તે વાત પાછળથી બીજુ કોઇ ઇન્સાફી કામ ચાલ્યુ હોય તેમા કીવા સદરહુ પ્રથમ ચાલેલા કામના પાછલા ભાગમા સાબીત કરવાને સારૂ સદરહુ પ્રથમ આપેલી સાહેદી લગતી છે, તે એવે પ્રસગે કે જ્યારે સાહેદ મજકુર મરણ પામ્યો હોય, કીવા મળી નહી શકતો હોય, કીવા સાહેદી આપવાને અશક્ત હોય કીવા સામા પક્ષકારે તેને દુર રાખ્યો હોય કીવા ઘણો વખત લાગ્યા સિવાય કીવા ઘણો ખર્ચ કર્યા સિવાય તે સખસને હાજર કરી શકાતો નથી અને મુકદ્દમાની કેફીયત ઉપરથી તેમ કરવુ કોર્ટને વ્યાજબી ન દેખાતુ હોય ત્યારે, પરતુ કામ મજકુર તેજ પક્ષકારે કીવા હક સબધીના તેમના પ્રતિનિધિઓ વચ્ચે ચાલેલુ હોવુ જોઇએ, તથા ઉલટ તપાસણી કરવાનો હક, તથા સંધી પ્રથમના કામમા સામા પક્ષકારને મળેલા હોવા જોઇએ, તથા પ્રથમના કામમા, તથા પાછલા બીજા કામમા તકરારી મુદ્દા મુખ્ય વાતે એકજ હોવા જોઇએ,

ખુલાસો—ફોજદારી કામની તજવીજ કીવા ચોકશી એ ફરીઆદી તથા તહોમતવાળા વચ્ચેનુ કામ છે, એવો આ કલમનો અર્થ છે એ સમજવુ

ખાસ હકીકતો પ્રમાણે કહેલી હકીકતો.

૩૪—કામને પ્રસગે નીયમ પુર્વક રાખેલી હીસાબની ચોપડીઓમા કરેલી નોધ જે બાબત વીષે કોર્ટને ચોકશી કરવાની હોય તે સબધી હોય પરતુ માત્ર સદરહુ મજકુર એકલો કોઇ સખસ ઉપર જવાબદારી નાખવાને સારૂ પુરતો પુરાવો છે, એમ સમજવુ નહિ

દ્રષ્ટાંતો (અ) અ એ બ ના ઉપર એક હજાર રૂપીઆનો દાવો કર્યો છે તથા એ રકમ બ પાસે પોતાની લેણી છે, એવુ બતાવવા સારૂ પોતાના હીસાબની ચોપડીઓમાથી રકમો બતાવે છે, એ રકમો લગતી છે પરતુ કરજ મજકુર સાબીતી કરવાને સારૂ બીજો પુરાવો ન હોય તો તે બસ નથી

૩૫ તકરારી કીવા લગતી હકીકત જેમા બતાવેલી હોય એવી નોધ કોઇ પણ સાર્વજનીક કીવા બીજી સરકારી ચોપડીમા કીંવા રજીસ્ટરમા કીંવા દફતરમા હોય અને તે નોધ કોઇ સરકારી નોકરે પોતાનુ સરકારી કામ કરવાને પ્રસગે કરી હોય, કીવા જે દેશમા સદરહુ ચોપડી કીંવા રજીસ્ટર કરવા દફતર રાખવામા આવ્યુ હોય તે દેશના કાયદામા જે કામ કરવાનુ વીશેષ કરીને ફરમાવ્યુ હોય તે કામ કરવાને પ્રસગે

હરકોઇ બીજા સખસે કરેલી હોય તો તે નોંધ સ્વતઃ લગતી હકીકત છે એમ સમજવું

૩૬ પ્રસિદ્ધ કરેલા દેશના નકશા કીવા ચાર્ટ સર્વે લોકોને વેચવા સારૂ બહુ કરીને રાખવામા આવતો હોય તેમા, અથવા સરકારના હુકમથી દેશના જે નકશા કીવા પ્લાન કરવામા આવ્યા હોય તેમા એવા દેશના નકશામા કીવા ચાર્ટમા કીંવા પ્લાનમા જે બાબતો ઘણુ કરીને હમેશ દર્શાવવામા કીવા લખવામા આવતી હોય તે બાબતો સબધીનો કોઈ નકશી કીવા લગતી વગતી હકીકતનો મજકુર બતાવ્યો હોય, તે મજકુર સ્વતઃ લગતી હકીકત છે

૩૭ સર્વજનિક પ્રકારની કાંઇ હકીકત બની છે કે નહી એ બાબત જ્યારે કોર્ટને અભિપ્રાય બાંધવાનો હોય, ત્યારે પાર્લામેન્ટના કીવા હીંદુસ્તાનના ગવર્નર જનરલ ઇન કાઉન્સિલના કીવા મદ્રાસના કીવા મુબાઇના ગવર્નર ઇન કાઉન્સિલના કિંવા બગાળાના લેફ્ટેનેન્ટ ગવર્નર ઇન કાઉન્સિલના કાંઇપણ આકટ માહેના કીવા ઇંડિયા ગેઝેટમા છાપેલા કિંવા કોઈ પણ સ્થાનિક સરકારના ગેઝેટમા છાપેલા કીવા કોઇ છાપેલો પત્ર લડન ગેઝેટ છે, કીંવા રાણીના વસાવેલા મુલકનુ કીંવા રાણીના કબજામા આવેલ દેશનુ સરકારી ગેઝેટ છે, એવુ તે છાપેલા પત્ર ઉપરથી સમજાય તેવા છાપેલા પત્રમા, છાપેલા સરકારના જાહેરનામા માહેના કોઈ ઉદ્દેશ રૂપી લખાણમા સદરહુ સાર્વજનિક પ્રકારની હકીકત બન્યાનો કીવા ન બન્યાનો જે કાંઇ મજકુર લખેલો હોય તે મજકુર લગતી હકીકત છે

૩૮ કોઇ દેશના કોઇ કાયદા બાબત જ્યારે કોર્ટને અભીપ્રાય બાંધવાનો હોય ત્યારે સદરહુ દેશની સરકારના હુકમથી અમુક ચોપડી છપાઇ છે કિંવા પ્રસિદ્ધ થઈ છે તથા તેમા સદરહુ કાયદા લખેલા છે, એવુ તે ચોપડી ઉપરથી સમજાય તેવી ચોપડીમા લખેલો સદરહુ કાયદાનો મજકુર, તથા સદરહુ દેશની કોર્ટોએ કરેલા ઠરાવ કોઇ ચોપડીમા આપ્યા છે, એવુ જે ચોપડી ઉપરથી સમજાય તે ચોપડીમા આપેલા ઠરાવ એ બેઉ લગતા છે

કહેલા કીવા લખેલા મજકુરનો કેટલો ભાગ સાબીત કરવો જોઇએ.

૩૯ જે મજકુરનો પુરાવો આપવામા આવતો હોય તેવો હરકોઇ મજકુર જ્યારે તે મજકુર કરતા લાંબા બીજા કોઇ મજકુરનો કીંવા કોઇ વાતચીતનો, કીંવા કોઇ છુટા દસ્તાવેજનો ભાગ હોય ત્યારે અથવા જ્યારે સદરહુ મજકુર જે દસ્તાવેજ કોઈ ચોપડીનો કીંવા સબધવાળા અનુક્રમે રાખેલા પત્રો કીંવા કાગળનો ભાગ હોય તે દસ્તાવેજમા લખ્યો હોય ત્યારે તે મજકુરનો પ્રકાર તથા તે ઉપરથી થતુ પરિણામ, તથા જે બીના ઉપરથી તે કહેવામા કીવા લખવામા આવ્યો હોય તે બીના પુરતી રીતે સમજવાને સારૂ સદરહુ લાંબા મજકુરના કીવા વાતચીતના, કીંવા દસ્તાવેજના કીંવા ચોપડીના કીંવા અનુક્રમે રાખેલા કાગળો અથવા પત્રોના જેટલા ભાગની તે અમુક કામમા કોર્ટને જરૂર લાગે તેટલા ભાગનો પુરાવો આપવો, જાસ્તી ભાગનો પુરાવો આપવો નહી

ઇન્સાફની કોર્ટોના ફેસલા ક્યારે લગતા સમજવા તે બાબત.

૪૦ કોઈ કોર્ટે કોઇ એક દાવાની ફરીયાદી સાભળવી કે નહી, તજવીજ ચલાવવી કે નહી, એવી જ્યારે તકરાર હોય ત્યારે જે ફેસલો કીવા હુકમ, કીવા હુકમનામુ થયાના કારણને લીધે સદરહુ ફરીયાદી સાભળવાને, કીવા સદરહુ તજવીજ ચલાવવાને કાયદાથી કોર્ટને અટકાવ પહોચતો હોય, તે ફેસલો કીવા હુકમ કીંવા હુકમનામુ થયુ છે એ વાત લગતી હકીકત છે

૪૧ કાંઇ કાયદેસર સબધ કોઇ સખસને છે કીવા નથી અથવા કોઇ સખસનો કોઈ અમુક વસ્તુ, ઉપર હક છે, કીવા નથી, એ વાત જ્યારે લગતી હોય ત્યારે પ્રોબેટ સબધીના કીવા લગ્ન સબધીના કીવા સમુદ્ર ઉપરના કીવા નાદારી સબધીના પોતાનો અધિકારનો અમલ ચલાવતા કોઇ અધિકારવાળી કોર્ટ આખરી ફેસલો કીવા હુકમનામુ કર્યું હોય અને તે ઉપરથી સદરહુ કાયદેસર સબધ કોઇ સખસને આપ્યા હોય અથવા તેની પાસથી છીનવી લીધો હોય અથવા કોઈ સખસનો એવા સબધ ઉપર હક છે. એમ ઠરાવ્યુ હોય અથવા સદરહુ અમુક વસ્તુ ઉપર સદરહુ સખસનો હક છે, એમ ઠરાવ્યુ હોય અને તે હક કોઇ બીજા અમુક માત્ર એકજ સખસના દાવા વિરૂદ્ધ તે સખસનો છે એમ ન ઠેરવતા હક મજકુર સ્વતંત્ર પુરો

તે સખસનો છે, એમ ઠગવ કર્યો હોય તો તે ફેસલો, કીવા હુકમ કીંવા હુકમનામુ લગતો છે એમ સમજવુ જ્યારે સદરહુ ફેસલો કીંવા હુકમ, કીવા હુકમનામુ અમલમા આવ્યુ ત્યારે તે ઉપરથી આપેલો સદરહુ કાયદેસર સબધ ઉત્પન્ન થયો એ હકીકતની, તથા જે કાયદેસર સબધ ઉપર સદરહુ કોઇ સખસના હકને ફેસલામા અથવા હુકમમા, અથવા હુકમનામામા ઠેરવ્યો હોય તે હક જે વખતે તે સખસને વિષે ઉત્પન્ન થવાનુ ફેસલામા ઠગાવ્યુ હોય, તે વખતે હક મજકુર સખસ મજકુરને વીશે ઉત્પન્ન થયો એ હકીકતની તથા સદરહુ સખસ પાસેથી જે કાયદેસર સબધ છીનવી લેવામા આવ્યો હોય એ સબધ જે વખતથી બધ થવાનુ ફેસલા મજકુરમા ફરમાવ્યુ હોય તે વખતે તે સબધ થયો અથવા થવો જોઇએ એ હકીકતની તથા કોઇ સખસનો હક જે વસ્તુ ઉપર સદરહુ ફેસલામા અથવા હુકમમા અથવા હુકમનામામા ઠગવવામા આવ્યો હોય તે વસ્તુ વખતે તે સખસની થવાનુ ફેસલા મજકુરમા ઠગવવામા આવ્યુ હોય તે વખતે વસ્તુ તેની થઈ અથવા થવી જોઇએ એ હકીકતની, સદરહુ ફેસલા કીંવા હુકમ કીંવા હુકમનામુ નિર્ણયકારક સાબિતિ છે

૪૨--૪૧ મા બતાવ્યા છે તે સિવાયના ફેસલા, હુકમ કીંવા હુકમનામામા જો ચાલતી ચોકશીને લગતી સાર્વજનિક પ્રકારના બાબત સબધી હોય તો તે ફેસલા હુકમ, કીંવા હુકમનામામા જો ચાલતી ચોકશીને લગતા સાર્વજનીક પ્રકારની બાબત સબધી હોય તો તે ફેસલા હુકમ, કીંવા હુકમનામામા લગતા છે એમ સમજવુ પરતુ એવા ફેસલા, હુકમ કીંવા હુકમનામામા તેમા લખેલા મજકુરની નિર્ણયકારક સાબીતી છે એમ સમજવુ નહીં

દ્રષ્ટાંત--પોતાની જમીન ઉપર પ્રવેશ કર્યા બદલ **અ** એ **બ** ઉપર દાવો કર્યો, **બ** નુ કહેવુ એવુ છે કે તે જમીન ઉપર સાર્વજનીક હકનો રસ્તો છે, પરતુ એ વાત **અ** નાકબુલ કરે છે-તેમા એ જમીન ઉપર પ્રવેશ કર્યા બદલનો દાવો **અ** એ ક ઉપર કર્યો હોય તો તે કામમાં ક એ જવા આવવાનો એવોજ હક છે એવી તકરાર કરી હતી તે કામના પ્રતિવાદી તરફનુ થએલુ હુકમનામુ લગતુ છે પરતુ જવા આવવાનો સદરહુ હક છે એ વાતની તે હુકમનામુ નિર્ણયકારક સાબીતી થતી નથી

૪૩ કા ૪૦-૪૧-તથા ૪૨ મા જણાવેલા તે તે સિવાયના બીજા ફેસલા હુકમ કીંવા હુકમનામામા થયા કે નહીં એ મુદાની હકીકત ન હોય કીંવા આ કાયદાના બીજા કોઇ ઠગાવ મુજબ તે લગતી હકીકત ન હોય, તો તેવા ફેસલા કીવા હુકમ, કીંવા હુકમનામા ગેરલગતા છે એમ સમજવુ

દ્રષ્ટાંત---એક આબરૂ લેવા જેવી વાત ઉપરથી **અ** તથા **બ** એ એકેને દોષ લાગે છે તે બદલ **અ** એ તથા **બ** એ ક ઉપર જુદા જુદા દાવા બાધ્યા છે જે વાત આબરૂ લેવા જેવી છે, એવુ કહેવામા આવે છે તે ખરી છે એવુ ક ઉપર એકે કામમા કહે છે, અને કેફીયત એવા પ્રકારની છે કે તે વાત યાતો એક કામમા ખરી હોવી જોઇએ યાતો બનેમા ખોટી હોવી જોઈએ એવો સભવ છે તેમા-ક એ જે જવાબ આપ્યો તે તેણે સાબીત કર્યો નહી, એવા કારણ ઉપરથી ક ઉપર **અ** નુ નુકશાનનુ હુકમનામુ થયુ એ હકીકત **બ** તથા ક વચ્ચેના મુકરદમામા લગતી નથી (બ) **અ** ની સ્ત્રી ક એની જોડે **બ** એ છીનાળુ કર્યા બદલ **અ** એ **બ** ઉપર ફોજદારીમા ફરીયાદ કરી છે તેમા ક **અ** ની સ્ત્રી છે એ વાત **બ** નાકબુલ કરે, પરતુ **બ** ઉપર છીનાળાનો ગુન્હો કોર્ટે સાબીત ઠેરવ્યો, ત્યારપછી **અ** જીવતો છતા ક એ **બ** સાથે ફરી લગ્ન કર્યુ માટે ક ના ઉપર ફોજદારીમા કામ ચાલુ છે, ક નુ કહેવુ એવુ છે, જે હુ કોઇ પણ કાળે **અ** ની સ્ત્રી નહોતી આમા **બ** ની વીરૂદ્ધ થયેલો ઠરાવ ક ની વિરૂદ્ધ ગેર લગતા છે

૪૪ કોઇ ફેસલો કીંવા હુકમનામુ કા-૪૦-૪૧-કીંવા ૪૨ મુજબ લગતુ હોય તથા તેની સાબિતિ સામા પક્ષકારે કરી હોય તે જે કોર્ટે કર્યુ તેને કરવાનો અધિકાર નહોતો, કીંવા તે દગલબાજીથી નહોતો કીંવા તે દગલબાજીથી કે દગા ભરેલા સપથી મેળવ્યુ છે એવુ કોઇ દાવાનો કે બીજા કામનો પક્ષકાર બતાવી શકે છે

ત્રાહિત સખસોના અભિપ્રાયો ક્યારે લગતા છે

૪૫ પારકા દેસના કાયદાની કોઇ બાબત વિષે અથવા શાસ્ત્ર કીંવા કળાની કોઈ બાબત વિષે અથવા અક્ષર ઓળખવા વિષે કોર્ટને જ્યારે અભિપ્રાય બાધવાનો હોય, ત્યારે તેવા બીજા દેશના કાયદામા કીંવા

શાસ્ત્રમા કીંવા કળામા જે સખસોના જે બાબત વિષેના અભિપ્રાય લગતી હકીકતો છે, એવા સખસોએ લખ્યા છે એ વિશેના કુશળ માણુસ કહે છે

દ્રષ્ટાંતો—તકરાર એવી છે કે, **બ** નુ મરણ ઝેરથી થયુ છે કે કેમ, તેમા જે ઝેરથી **અ** મરણ પામ્યાનુ ધારવામા આવે છે તે ઝેર ખાધાથી જે લક્ષણો થતા હોય તે બાબત કુશળ માણસોના અભિપ્રાય લગતા છે, (બ) તકરાર એવી છે કે, અમુક દસ્તાવેજ **અ** એ લખ્યો છે, કે કેમ બીજો એક દસ્તાવેજ **અ** એ લખેલો સાબીત કરવામા આવ્યો છે, કીંવા અગીકાર કરવામા આવ્યો છે, તે દસ્તાવેજ હાજર કરવામા આવ્યો, તેમા બેઉ દસ્તાવેજો એકજ સખસે લખ્યા છે કે કીંવા જુદા સખસોએ લખ્યા છે એ વિષેના કુશળ માણસોના અભિપ્રાય લગતા છે

૪૬ જે હકીકતો બીજી રીતે લગતા ન હોય, તે હકીકતો ઉપરથી જો કુશળ માણસના અભિપ્રાય જ્યારે લગતા હોય ત્યારે તેને પુષ્ટિ મળતી હોય કીંવા તે અભીપ્રાય મજકુર વિરૂદ્ધ હોય તો હકીકત મજકુર લગતી છે એમ સમજવુ

દ્રષ્ટાંત—તકરાર એવી છે કે અમુક જાતનુ ઝેર આપ્યુ હતુ તેઓમા જે અમુક લક્ષણો દેખાતા હતા તે સદરહુ ઝેરના છે કીંવા નથી એવો કુશળ માણસનો અભિપ્રાય હોય તે હકીકત લગતી છે

૪૭ અમુક દસ્તાવેજ કયા સખસે લખ્યો છે, કીંવા તેના ઉપર કોણે સહી કરી છે એ વિષે કોર્ટને જ્યારે અભિપ્રાય બાધવાનો હોય ત્યારે જે સખસે તે દસ્તાવેજ લખ્યાનુ કીંવા તેના ઉપર સહી કર્યાનુ ધારવામા આવતુ હોય, તે સખસના અક્ષરની જે સખસને માહીતી હોય તે સખસ તે દસ્તાવેજ સદરહુ સખસે લખ્યો છે, કીંવા નથી લખ્યો, અથવા તેના ઉપર સદરહુ સખસે સહી કરી છે, કીવા નથી કરી એવો અભિપ્રાય આપે તે અભિપ્રાય લગતી હકીકત છે

ખુલાસો—જ્યારે કોઇ એક સખસે કોઇ બીજા સખસને લખતા જોયા હોય ત્યારે કીંવા જ્યારે તેણે પોતે કીવા તેના પોતાના હુકમ ઉપરથી જે દસ્તાવેજ લખ્યા હોય અને તે સદરહુ બીજા સખસ ઉપર શીરનામુ કરીને મોકલ્યા હોય તે દસ્તાવેજના જવાબમા સદરહુ બીજા સખસે લખેલા છે, એવા મજકુરના દસ્તાવેજ તેના ઉપર આવ્યા હોય ત્યારે કીંવા જ્યારે સદરહુ બીજા સખસે લખેલા છે, એવા મજકુરમા દસ્તાવેજ તેની પાસે કામને સાધારણ પ્રસગે આવવાની રીતી હોય ત્યારે તે સખસને સદરહુ બીજા સખસના અક્ષરની માહીતી છે એમ સમજવુ

દ્રષ્ટાંત—તકરાર એવી છે કે, અમુક પત્ર **અ** નામના લડનમાના એક વેપારીના હાથનુ છે કે કેમ, **બ** એ કલકત્તા મધે વેપારી છે તેને **અ** નામના પત્રો લખ્યા છે તથા **અ** એ લખ્યા છે એવા મજકુરના પત્રો તેના ઉપર આવ્યા છે ક એ બનો મહેતો છે તેનુ કામ બના જે કાગળ પત્ર આવે જાય તે તપાસવાનુ તથા તેને ફાઇલ કરવાનુ છે ડ એ **બ** નો દલાલ છે ને **અ**ના લખેલા છે એવી મજકુરના જે પત્રો બ ની પાસ આવતા તે ડ ની સાથે વિચાર કરવાને તેને **બ** હમેશ બતલાવતો હતો, તેમા **બ** ક તથા ડ પૈકી કોઇએ **અ** ને લખતા કદી જોયો નહોય તોપણ તકરારી પત્ર અ ના હાથનો લખ્યો છે કે નહી એ બાબત જે અભીપ્રાય બ ક તથા ડ આપે તે લગતા છે

૪૮—અમુક રીવાજ કીવા હક છે કે કેમ, એ બાબત જ્યારે કોર્ટને અભિપ્રાય બાધવાનો હોય ત્યારે રીવાજ કીંવા હક મજકુર હોય તો જે સખસોને તેની માહીતી હોવાનો સભવ હોય તે શખસો, તેવો રીવાજ કીવા હક છે કે નથી એ બાબત જે અભિપ્રાય આપે તે લગતી છે

ખુલાસો—સામાન્ય રીવાજ કીંવા હક, એ શબ્દોમા જે રીવાજ કીંવા હક કાઇ એક વર્ગના ઘણા લોકોમા સામાન્ય હોય તે હક કીંવા રીવાજનો સમાવેશ છે

દ્રષ્ટાંતો—અમુક કુવાનુ પાણી અમુક ગામના ગામવાળાઓને વાપરવાનો હક છે, એ આ કલમના અર્થ મુજબ સામાન્ય છે

૪૯ કાઇ પકિતના માણસોના કીંવા કોઇ કુટુબના વાટીવટ તથા સપ્રદાય કેવા પ્રકારનો છે એ બાબત અથવા ધર્મ સબધીની કીંવા ધરમાદા સબધીની કાઇ સ્થાપનાને અર્થે નીમેલો ધરમાદાય કેવી રીતે સ્થપાયના છે તથા તેની વ્યવસ્થા કેવા પ્રકારે ચાલે છે એ બાબત અથવા અમુક જીલ્લામા કીવા અમુક વર્ગોના લોકોમા જે શબ્દ કીંવા બોલ વપરાતા હોય તેનો અર્થ શો થાય છે તે બાબત કોર્ટને

જ્યારે અભિપ્રાય બાધવાનો હોય, ત્યારે તે બાબતની માહિતી હોવાને જે સખસોને વીશેષ રીતના સાધનો હોય તે સખસોના અભિપ્રાય લગતા છે

૫૦ એક સખસનુ બીજા સખસ જોડે શુ સગપણ છ, એ બાબત કાર્ટને અભિપ્રાય બાધવાનો હોય, તો જે સખસને તે કુટુંબનુ માણુસ હોવાને લીધે કીંવા બીજા કારણને લીધે સગપણ મજકુર વિશેની માહિતી થવાને વીશેષ રીતના સાધનો હોય, તે શખસની સગપણ મજકુર સબધીની વર્ત્તણુક ઉપરથી જે અભિપ્રાય દેખાઇ આવે તે લગતો છ પરતુ ઈંડિયાના છેડા છુટકા આપવા બાબતના આકટ મુજબ જે કામ ચાલતું હશે તે કામમા, કીંવા હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૯૪-૪૯૫-૪૯૭ કીંવા ૪૯૮ મુજબ ચાલતા કામમા સદરહુ અભિપ્રાય લગ્ન સાબીત કરવા જેટલો પુરતો ગણવો નહીં

દ્રષ્ટાંત (અ) તકરાર એવી છે **અ** તથા **બ** નુ લગ્ન થયુ હતુ કે કેમ તેઓના સ્નેહી તેઓને ધણી ધણીઆણી સમજીને તે પ્રમાણે હમેશા તેઓની સાથે વર્તતા હતા એ હકીકત લગતી છે (બ) તકરાર એવી છે કે **અ** એ **બ** નો કાયદેસર છોકરો છે કે કેમ તે મુજબના માણુસો **અ** કાયદેસર છોકરો હોય એ પ્રમાણે તેની સાથે હમેશા વર્તતા હતા એ હકીકત લગતી છે

૫૧ જ્યારે કોઈ હયાત હોય એવા સખસનો અભિપ્રાય લગતો હોય, ત્યારે અભીપ્રાયનો આધાર જે કારણો ઉપર હોય તે કારણો પણ લગતા છે

દ્રષ્ટાંત પોતાનો અભીપ્રાય બાધવાને સારૂ જે પ્રયોગો કોઇ કુશળ માણસે કર્યા હોય, તે પ્રસગોનો હેવાલ તે કુશળ માણુસ આપી શકે છે

૫૨ કોઇ ચાલતા કામ સાથે સબધવાળા સખસે અમુક રીતની વર્તણુક કર્યાનુ કહેવામા આવ્યુ હોય તે સખસની ચાલચલણ એવી છે કે તે ઉપરથી તેણે સદરહુ વર્તણુક કર્યાનો સભવ છે કે નહિ એ માલમ પડે છ, એ હકીકત દિવાની કામમા ગેર લગતી છે, પરતુ જે હકીકતો બીજી રીતે લગતી હોય, તે ઉપરની સદરહુ પ્રકારની જેટલી ચાલ ચલણ માલુમ પડતી હોય તેટલી ચાલ ચલણ લગતી છે એમ સમજવુ

૫૩. તહોમતવાળા સખસની ચાલ ચલણ ખરાબ છે, એ હકીકત ફોજદારી કામમા ગેરલગતી છે, તથાપી તેની ચાલ ચલણ સારી છે એવો પુરાવો આપવામા આવ્યો હોય તો તેની ચાલચલણ ખરાબ છે એ વાત લગતી થાય છે

ખુલાસો—૧ લો-અમુક સખસની ચાલચલણ ખરાબ છે એજ વાત જે કામમા મુદ્દાની હકીક્ત હોય તે કામને આ કલમ લાગશે નહિ **ખુલાસો** ૨ જો-ગુન્હાની સાબીત પેસ્તર થઇ હતી એ વાત ખરાબ ચાલ ચાલણુના પુરાવા તરીકે લગતી છે

ખુલાસો—અમુક સખસની ચાલચલણ ખરાબ છે, એજ વાત જે કામમા મુદ્દાની હકીક્ત હોય તે કામને આ કલમ લાગુ નથી

૫૫ કોઇ સખસની ચાલચલણ એવા પ્રકારની હોય કે તે ઉપરથી જે નુકશાન તેને મળવાનુ હોય તે નુકશાનની રકમ કમી જાસ્તી થાય, તો તેની ચાલચલણ દીવાની કામમા લગતી છે

ખુલાસો—ચાલચલણ એવો શબ્દ કા ૫૨ ૫૩, ૫૪ તથા ૫૫ મા લખેલો છે, તેમા આબરૂ તથા સ્વભાવ એ બેઉનો સમાવેશ થાય છે પરતુ '૫૪' મી કલમમા ઠરાવ્યુ છે, તે સિવાયને પ્રસગે, જે પુરાવો આપવાનો તે માત્ર લોકોમા સાધારણ રીતે આબરૂ કવી છે તે વાતનો તથા સાધારણ રીતે સ્વભાવ કેવો છે, તેનોજ આપી શકાય છે જે અમુક કૃત્ય ઉપરથી આબરૂ કિંવા સ્વભાવ દેખાઇ આવ્યો હોય તે અમુક કૃત્યનો પુરાવો આપી શકાય નહિ

ભાગ ૨ જો—સાબિતિ વિષે.

બાબ ૩ જો જે હકીકતો, સાબીત કરવાની જરૂર નથી તે.

૫૬. જે હકિકત ન્યાયાધિકારની રૂએ કોર્ટ ધ્યાનમા રાખે તેની હકીકતો સાબીત કરવાની જરૂર નથી

૫૭. નીચે લખેલી હકીકતો કોર્ટે ન્યાયાધિકારની રૂએ ધ્યાનમા રાખવી

(૧) જે કાયદા કે તેના જેટલા અમલવાળા નિયમો બ્રીટીશ ઇંડિયામા કોઈ પણ ભાષામા હાલ કે હાલ સુધી અમલમા છે કે હવે પછી અમલમા આવે તેવા સર્વે કાયદા કિંવા નિયમો (૨) જે સાર્વજ-

નિક આકટો પાર્લામેન્ટે પસાર કર્યા છે કિવા હવે પછી કરશે તે સર્વે આકટો તથા સ્થાનિક તથા અમુક સખસ સબધી જે આકટો ન્યાયાધિકારની રૂઇએ ધ્યાનમા રાખવાનુ સદરહુ પર્લામેન્ટે ફરમાવ્યુ હોય તેવા સર્વે આકટો, (૩) મહારાણીની ખુશ્કી ઉપરની તથા દરીયાઈ ફોજને સારૂ કરેલા લશ્કરી કાયદા (૪) સદરહુ પાર્લામેન્ટનુ કામ ચલાવવાની તથા હિંદુસ્તાનની કૌન્સિલના આકટ મુજબ અથવા તે બાબત વખતે વખતે જે કાઇ બીજો કાયદો હોય તે મુજબ કાયદા તથા કાનુન કરવા સારૂ સ્થાપન કરેલી કૌન્સિલનુ કામ ચલાવવાની પદ્ધતિ

ખુલાસો—રકમ (૨) તથા (૪) મા પાર્લામેન્ટ એ શબ્દ છે તેમા નિચે મુજબની સભાઓનો સમાવેશ થાય છે

(૧) ગ્રેટ બ્રીટન તથા આયર્લાડના સયુક્ત રાજની પાર્લામેન્ટ, (૨) ગ્રેટ બ્રીટનની પાર્લામેન્ટ, (૩) ઇગ્લાડની પાર્લામેન્ટ, (૪) સ્કોટલાડની પાર્લામેન્ટ તથા (૫) આયર્લાડની પાર્લામેન્ટ

(૫) ગ્રેટ બ્રીટન તથા આયર્લાડના સયુક્ત રાજનો વખત, તે વખતે જે સત્તાધિશ હોય, તેને રાજપદ ક્યારે પ્રાપ્ત થયુ તે તથા તેના હસ્તાક્ષરની સહી હોય તે (૬) ઇગ્લાડ દેશની કોર્ટો જે શીક્કા ન્યાયાધિકારની રૂએ ધ્યાનમા રાખે તે સર્વે શીક્કા તથા બ્રીટિશ ઇડિયા માહેની કિવા બહારની સર્વે કોર્ટોના શીક્કા (૭) બ્રીટીશ ઇડિયાના કોઈ પણ ભાગમા જે સખસોને ગેઝેટમા પ્રસિદ્ધ કરીને સરકારી હોદ્દો આપવામા આવે તે સર્વના હોદ્દા, તથા તેમના નામ ઇલ્કાબ તથા અધિકાર, તથા સહી [૮] બ્રીટીશ સરકારે જે સસ્થાન કે સત્તાધીશને માન્ય કર્યો હોય તે હોવાની વાત, તેના ઇલ્કાબ તથા તે મુલકનો સરકારી વાવટો (૯) કાળના તથા ભૂગોળવિદ્યા સબધીના પૃથ્વીના ભાગ તથા સાર્વજનિક તહેવારના દિવસો તથા ઉપવાસના દિવસો તથા જે રજાના દીવસો સરકારી ગેઝીટમા જાહેર ખબર આપી હોય તે [૧૦] બ્રીટીશ સરકારના રાજ્ય નીચે મુલકો (૧૧) બ્રીટીશ સરકાર જે બીજા કાઇ સરકાર કિવા માણસોની મડળી વચ્ચેની લડાઇની શરૂઆત તથા તે ચાલતી હોય તે વાત તથા તેનો અત (૧૨) કોર્ટના સભાસદ તથા અમલદારના નામો, તથા તેના ડેપ્યુટીઓના તથા તાબાના અમલદારોના તથા આસીસ્ટટોના નામો, કોર્ટની પ્રોસેસ અમલમા લાવવાનુ કામ કરનાર અમલદારોના આડવોકેટ તથા એટરની પ્રાકટર, વકીલ તથા કોર્ટની રૂબરૂ હાજર થવાનો કે કામ ચલાવવાનો કાયદાથી જે બીજા સખસોને અધીકાર હોય તેઓના નામો (૧૩) રસ્તા બાબતની રૂલ મદરહુ સર્વેને બાબતમા તથા સાર્વજનિક ઇતિહાસ વિદ્યા, શાસ્ત્ર કીવા કળા, એ બાબતના સર્વે કામોમા પણ કોર્ટ યોગ્ય પુસ્તકો કીવા દાખલા જોવાના દસ્તાવેજની મદદ લેવાને મુખત્યાર છે

૫૮ કાઇપણ કામના પક્ષકારો, કીવા તેઓના મુખત્યારો જે હકીકત મુકરદમાની સુનાવણી વખતે અગીકાર કરવાનુ કબુલ કરે કીવા સુનાવણીની પહેલા પોતાની સહી સાથેના લખી આપેલા લેખ ઉપરથી જે હકીકત અગીકાર કરવાને તેઓ કબુલ કરે કીવા જે હકીકત તેઓએ પોતાની જાબ જવાબ ઉપરથી અગીકાર કરી છે એવુ એવા જાબ જવાબ બાબતના તેની રીતના ચાલુ નિયમો પ્રમાણે ગણાતુ હોય, તે હકીકત સાબીત કરવાની જરૂર નથી પરતુ કોર્ટની નજરમા યોગ્ય જણાય તો સદરહુ અગીકાર કરેલી હકીકત અગીકાર સિવાય બીજી કાઇ રીતે સાબીત કરી આપવાનુ પક્ષકાર મજકુરને ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે

બાબ ૪ થો. મુખ જુબાનીના પુરાવા વિષે.

૫૯. દસ્તાવેજમાના મજકુર સીવાય સર્વ હકીકતો મુખ જુબાનીના પુરાવાથી સાબીત કરી શકાય છે

૬૦. હરકોઇ બનાવના તમામ કામોમા મુખ જુબાની પુરાવા પ્રત્યક્ષ હોવો જોઇએ, એટલે જો પુરાવો મજકુર જે હકીકત જોવાથી શકાતી હતી તે હકીકત વીશે હોય તો હકીકત મજકુર પોતે જોઈ છે એવુ જે સાક્ષ કહે તેની સાહેદી આપવી જોઇએ, જો પુરાવો મજકુર જે હકીકત શકાતી હતી તે હકીકત વિશે હોય તો હકીકત મજકુર પોતે સાભળી છે એમ જે સાહેદ કહે તેની સાહેદી આપવી જોઇએ જો પુરાવા મજકુર જે હકીકતનુ જ્ઞાન બીજી કાઈ ઇદ્રી વડે કીવા કોઇ બીજી રીતે થઇ શકતુ હતુ, તે

હકીકત વીશે હોય તો, હકીકત મજકુરનુ જ્ઞાન પોતાને તે ઇંદ્રિ વડે કિંવા તે રીતે તે થયુ છે, એમ જે સાહેદ કહે તેની સાહેદી આપવી જોઇયે

જો પુરાવો મજકુર અમુક અભિપ્રાય વિષે કિંવા જે કારણ ઉપરથી તે અભીપ્રાય ઠરાવવામા આવ્યો હોય તે વીશે હોય તો જે સખસનો તે કારણ ઉપરથી તેવા અભીપ્રાય હશે તે સખસની સાહેદી આપવી જોઇએ, પરંતુ એવુ ઠરાવવામા આવ્યુ, છે કે, મુખ જુબાની પુરાવો જો દસ્તાવેજ શીવાય બીજો કોઇ જડ પદાર્થ છે કે નહી તે વીશે અથવા તેની સ્થિતી વિષે હોય તો કોર્ટને યોગ્ય જણાય તે પદાર્થ પોતાને તપાસવા સારૂ હાજર કરવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

બાબ ૫ મો. દસ્તાવેજી પુરાવા વિષે.

૬૧ દસ્તાવેજના મજકુરની સાબીતી અવલ પુરાવાથી કિંવા દોયમ પુરાવાથી કરી શકાય છે

૬૨ કોર્ટ તપાસે તે સારૂ હાજર કરેલા ખુદ દસ્તાવેજને અવલ પુરાવો સમજવો

ખુલાસો ૧ લો—કેટલાએક ભાગો મળીને જો એક દસ્તાવેજ થયો હોય, તો દરેક ભાગ દસ્તાવેજ મજકુરનો અવલ પુરાવો છે એમ સમજવુ જ્યારે કોઇ દસ્તાવેજ સામા લેખ સહીત થયો હોય, એમ તે પ્રત્યેક સામો લેખ પક્ષકારોમાથી એક કિંવા કેટલાએક પક્ષકારો એજ માત્ર કરી આપ્યો હોય ત્યારે તે પ્રત્યેક સામો લેખ, તે કરી આપનાર પ્રત્યેક પક્ષકાર વીરૂદ્ધ અવલ પુરાવો છે એમ સમજવુ

ખુલાસો ૨ જો—દસ્તા છાપથી, કિંવા શીલા છાપથી, કિંવા ફોટોગ્રાફથી જે પ્રમાણે ઘણા દસ્તાવેજ બને છે, તે પ્રમાણે જ્યારે એકજ એક સરખી ક્રીયા વડે ઘણા એક દસ્તાવેજ થયા હોય, ત્યારે પ્રત્યેક દસ્તાવેજ બાકીના બીજા દસ્તાવેજોના મજકુરનો અવલ પુરાવો છે પરંતુ જ્યારે સદરહુ સરવે દસ્તાવેજોની નકલો હોય ત્યારે તે દસ્તાવેજો સદરહુ અસલ દસ્તાવેજના મજકુરનો અવલ પુરાવા થતો નથી

દ્રષ્ટાંત—એવુ બતાવવામા આવ્યુ છે કે, એક માણસના ઘણા જાહેરનામા છે, અને તે સરવે એક અસલ ઉપરથી એકી વખતે દસ્તાથી છાપેલા છે, સદરહુ જાહેરનામા પૈકી હરકોઇ એક જાહેરનામાના મજકુરનો અવલ પુરાવો છે, પરંતુ સદરહુ અસલ જાહેરનામાના મજકુરનો સદરહુ જાહેરનામા પૈકી કોઇ પણ જાહેરનામુ અવલ પુરાવો થતો નથી

૬૩ દોયમ પુરાવાનો **અર્થ** નીચે લખ્યા પ્રમાણે છે, અને તેમા નીચે લખેલી વસ્તુનો સમાવેશ થાય છે

(૧) આ આક્ટમા હવે પછી જે નીયમો કહેલા છે તે પ્રમાણે આપેલી દાખલાવાળી નકલો [૨] યત્રક્રીયા વડે અસલ ઉપરથી કરેલી નકલો જ્યારે તે યત્રક્રીયા ઉપરથી ખરીજ નકલ થાય એવુ હોય ત્યારે, કથા એવી યત્રક્રીયા વડે કરેલી નકલો સાથે મુકાબીલ કરેલી નકલો

[૩] અસલ ઉપરથી કરેલી કિંવા અસલ જોડે કરેલી મુકાબીલ હોય એવી નકલો (૪) દસ્તાવેજના સામા લેખ, જે પક્ષકારે તે કરી ન આપ્યા હોય તે પક્ષકાર વિરૂદ્ધ, [૫] જે સખસે કોઇ દસ્તાવેજ પોતે જાતે જોયો હોય, તેણે તે દસ્તાવેજના મજકુરનો મુખ જુબાની કહેલો હેવાલ

દ્રષ્ટાંત—(અ) અસલ દસ્તાવેજ તથા તેના ફોટોગ્રાફ એ બેઉને મુકાબલ કર્યો ન હોય તો પણ સદરહુ અસલ દસ્તાવેજના મજકુરનો ફોટોગ્રાફ મજકુર દોયમ પુરાવો છે પરંતુ જે વસ્તુ ઉપરથી ફોટોગ્રાફ મજકુર લીધો હોય તે અસલ હતી એવુ સાબીત થવુ જોઇએ

૬૪. હવે પછી જે પ્રસગો કહ્યા છે, તે સીવાય બીજે પ્રસગે દસ્તાવેજો અવલ પુરાવાથી સાબીત કરવા જોઇએ

૬૫. કોઇ દસ્તાવેજ છે કિંવા નથી, એ વાતનો, તથા દસ્તાવેજની સ્થિતિનો તથા તેના મજકુરનો દોયમ પુરાવો નીચે કહેલા પ્રસગે આપી શકાય છે

(અ) જે સખસની વિરૂદ્ધ દસ્તાવેજ સાબીત કરવાની ઇચ્છા હોય તે સખસના, કિંવા જે સખસને કોર્ટનો હુકમ પહોચી શકતો નહિ હોય, કિંવા તે હુકમને તે તાબે ન હોય તે સખસનો, કિંવા તે દસ્તાવેજ હાજર કરવાની જે સખસને કાયદાની ફરજ હોય તે સખસના કબજામા કિંવા અખત્યારમા અસલ દસ્તાવેજ છે એવુ જ્યારે બતાવવામા આવે, કિંવા એવુ માલુમ પડે ત્યારે, તથા જ્યારે કલમ

૬૬ મીમા કહેલી નોટીસ પહોચ્યા પછી દસ્તાવેજ મજકુર હાજર કરવામા ન આવે ત્યારે તે પ્રસગે, [બ] જે સખસની વિરૂદ્ધ દસ્તાવેજ મજકુર સાબીત કરવાનો હોય તે સખસે અસલ છે એ વાત કિંવા તેની સ્થિતી, કિવા તેનો મજકુર લખીત વાર અગીકાર કરવાનુ જ્યારે સાબીત થયુ હોય ત્યારે, તે પ્રસગે (ક) જ્યારે અસલ દસ્તાવેજનો નાશ થયો હોય ત્યારે, કિવા તે ખોવાઇ ગયો હોય ત્યારે કિવા તેમા લખેલા મજકુર વીશે જે પક્ષકાર પુરાવો આપવા માગે છે તે પક્ષકાર તેની પોતાની કસુર કિવા ગફલતથી ઉત્પન્ન ન થયુ હોય એવા બીજા કોઇ કારણને લીધે યોગ્ય વખતમા તેને હાજર કરી શકાતો ન હોય ત્યારે તે પ્રસગે, [ખ] જ્યારે અસલ દસ્તાવેજ સહેલથી ખસેડી શકાય નહિ એવા પ્રકારનો હોય ત્યારે તે પ્રસગે, જ્યારે અસલ દસ્તાવેજ કા ૭૪ મુજબ સાર્વજનિક દસ્તાવેજ હોય, ત્યારે [ફ] જ્યારે અસલ દસ્તાવેજની કાયદા મુજબ દાખલાવાળી નકલ પુરાવામા આપવાની પરવાનગી હોય ત્યારે, (ગ) કે તેમા ઘણા હીસાબ તથા દસ્તાવેજ હોય ને તેની તપાસણી કોર્ટમા કરવી સુગમ પડતી ન હોય તથા તે સરવે દસ્તાવેજો મળીને તેનુ એકદર સગ્ગાળે પરીણામ શુ થાય છે એ હકીકત સાબીત કરવાની હોય ત્યારે, અને તે પ્રસગે

૬૬. કા ૬૫ રકમ [અ] મા બોધ કરેલા દસ્તાવેજોના મજકુરનો દોયમ પુરાવા આપવા, જે પક્ષકાર માગતો હોય તેણે તે હાજર કરવાની કાયદેસર કે કોર્ટને યોગ્ય જણાય તેવી નોટીસ જેના કબજામા તે દસ્તાવેજ હોય તેને, તેના એટર્ની કે પ્લીડરને ન આપી હાય તો સદરહુ મુજબનો દોયમ પુરાવો આપવો નહી

પરતુ નીચે લખેલા કામો પૈકી કોઇપણ કામમા અથવા કોર્ટને યોગ્ય લાગે તેવા બીજા કામમા દોયમ પુરાવો લેવાઈ શકાય તે સારૂ સદરહુ પ્રમાણે નોટીસ આપવાની જરૂર નથી, તે કામો નીચે પ્રમાણે

(૧) જે દસ્તાવેજ સાબીત કરવાનો હોય તે દસ્તાવેજ જાતે નોટીસ હોય તે કામમા (૨) જે કામમા પોતાને દસ્તાવેજ મજકુર હાજર કરવાનુ કહેવામા આવશે એમ તે કામના પક્ષકાર ઉપરથી સામા પક્ષકારને માલુમ પડવુ જોઇએ (૩) અસલ દસ્તાવેજનો મજકુર સામા પક્ષકારે દગલબાજી કીવા જબરાઇથી મેળવ્યો છે એવુ દેખાય કીવા સાબીત થાય તે કામમા (૪) જ્યારે અસલ દસ્તાવેજ મજકુર સામા પક્ષકારના કીવા તેના મુખત્યારની પાસે કોર્ટમા હોય ત્યારે, (૫) દસ્તાવેજ ખોવાઇ ગયો છે એવુ સામા પક્ષકારે અંગીકાર કર્યુ હોય તે કામમા, (૬) જે શખસને કોર્ટનો હુકમ પહોચી શકતો ન હોય કીંવા તે હુકમને તે તાબે નથી તે સખસના કબજામા દસ્તાવેજ મજકુર હોય તે કામમા

૬૭ કોઈ દસ્તાવેજ ઉપર કોઈ સખસે સહી કરી છે, કીવા તે સઘળો કીવા તેનો કોઇ ભાગ, સખસ મજકુરે લખ્યો છે એવુ કહેવામા આવતુ હોય તો તે સહી, તે સખસના હાથની છે એવુ અથવા દસ્તાવેજ મજકુરનો જેટલો ભાગ માણુસ મજકુરના હાથનો છે, એમ કહેવામા આવતું હોય તેટલા ભાગનુ લખાણુ તે સખસના હાથનુ છે એવુ સાબીત થવુ જોઇએ

૬૮ કોઇ દસ્તાવેજ ઉપર કાયદા પ્રમાણે સાક્ષી થવી જરૂર હોય અને દસ્તાવેજ મજકુર ઉપરનો સાક્ષી કરનાર સખસ હયાત હોય તથા કોર્ટના અમલમા હોય, તથા પુરાવો આપવાને શક્ત હાય, તો દસ્તાવેજ મજકુર થયાની વાત સાબીત કરવા સારૂ ઓછામા ઓછો એક સાહેદ પણ બોલાવ્યા શિવાય તે દસ્તાવેજ પુરાવા દાખલ વાપરવો નહી

૬૯ એવો સાહેદ કોઇ મળી શકતો ન હોય, કીંવા સંયુક્ત થયેલા ગ્રેટબ્રીટન તથા આયર્લાડના રાજ્યમા તે દસ્તાવેજ થયો છે, એવુ દસ્તાવેજ મજકુર ઉપરથી સમજાતું હોય તો ઓછામા ઓછા એક સાહેદની પણ સાક્ષી તેના હાથની કરેલી છે એવુ તથા જે માણસે દસ્તાવેજ લખી આપ્યો છે, તેની સહી તેનાજ હાથની છે અવુ સાબીત થવુ જોઇએ

૭૦ જે દસ્તાવેજ ઉપર સાક્ષી થઇ હોય, તે દસ્તાવેજ જે માણસે લખી આપ્યો હોય, તે પોતે દસ્તાવેજ લખી આપ્યાવુ અગીકાર કરે તો તે અગીકાર દસ્તાવેજ મજકુર થયો છે એ વાતની લખી આપનાર મજકુર વિરૂદ્ધ પુરતી સાબીતિ છે એમ સમજવુ પછી તે દસ્તાવેજ એવો હોય કે કાયદા પ્રમાણે તેના ઉપર સાક્ષી થવી જોઇએ તો પણ

૭૧ દસ્તાવેજ થયાની વાત દસ્તાવેજ ઉપર સાક્ષી કરનાર સાહેદ નાકબુલ કરે કીવા તેને તે વાત યાદ ન હોય તો, સદરહુ દસ્તાવેજની વાત બીજા પુરાવા ઉપરથી સાબીત કરી શકાય છે

૭૨ જે દસ્તાવેજ ઉપર સાક્ષી થવાની કાયદા મુજબ જરૂર નથી, તે દસ્તાવેજ ઉપર સાક્ષી થઇ હોય તો જાણે તે દસ્તાવેજ ઉપર સાક્ષી થઇજ નથી એમ સમજીને તેની સાબીતિ કરી શકાય છે

૭૩ કોઇ સહી, કીવા લખાણ, કીંવા શિકકો જે સખસે કર્યાનુ તે ઉપરથી મમજાતુ હોય, તે સખસે તે સહી, લખાણ કે શીકકો કર્યો છે કે કેમ, એનો નિશ્ચય કરવા સારૂ જે સહી, લખાણ કે શીકકો સખસ મજકુરનો છે એવો અંગીકાર કરવામા આવ્યો હોય, કીવા કોર્ટની ખાત્રી લાયક સાબીતિ થઈ હોય તે સહી, કે શીક્કાનો મુકાબલો, જે સહી કીવા લખાણ કીવા શીકો સાબીત કરવાનો છે, તેની જોડે કરી શકાય છે પછી જેની સાથે મુકાબલો લેવાનો છે તે સહી લખાણ કે શીકકો બીજા કોઇ કારણને સારૂ હાજર કરવામા આવ્યો ન હોય, કીવા તેની સાબીતી કરવામા ન આવી હોય તો પણ કોર્ટમા હાજર હોય એવા કોઇ શખસે જે શબ્દો કે આકડા લખવાનુ કહેવામા આવતુ હોય, તે શબ્દ કીવા આકડા જોડે મુકાબલો કરવા સારૂ સખસ મજકુરને હરકોઇ શબ્દો કીવા આકડા લખવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

સાર્વજનિક દસ્તાવેજો.

૭૪ નીચે લખેલા દસ્તાવેજને સાર્વજનિક દસ્તાવેજ સમજવા (૧) દસ્તાવેજ, નીચે લખ્યા મુજબના આકટ કે, આકટના લેખ હોય તે દસ્તાવેજ (૨) રાજના સત્તાધીશે કીધેલા આકટ, કીવા આકટના લેખ (૩) સરકારી મંડળીએ તથા ઇન્સાફી કોર્ટે કીધેલા આકટ કીવા આકટોના લેખ (૩) બ્રીટીશ ઇન્ડીયા માહેના, અથવા મહારાણીના રાજ્યના, કોઇ પણ બીજા ભાગમાના અથવા પર રાજ્યમાના કાયદા કરનારા તથા ઇન્સાફ કરનારા તથા રાજ્ય કારભાર ચલાવનાર, સરકારી, અમલદારોએ કીધેલા આકટ કીવા આકટના લેખ (૨) ખાનગી દસ્તાવેજના સાવજનિક લેખ, બ્રિટીશ ઇન્ડિયામા રાખવામા આવતા હોય તે

રજીસ્ટર દસ્તાવેજ

૭૫. બીજા સર્વે દસ્તાવેજોને ખાનગી દસ્તાવેજ સમજવા,

૭૬ જે સાર્વજનિક દસ્તાવેજ તપાસવાનો હરકોઈ સખસનો હક છે, તે સાર્વજનિક દસ્તાવેજ, જે સરકારી અમલદારના હવાલામા હોય, તે દરેક સરકારી અમલદારે તેની નકલ સદરહુ સખસને માગેથી તથા તેને સારૂ કાયદા મુજબ ફી ભરેથી આપવી તથા તેની સાથે નકલ મજકુરની તળે એવુ એક સરટીફીકેટ લખી આપવુ, કે એ નકલ દસ્તાવેજ મજકુરની અથવા તેનો ભાગ હોય નો. તેના ભાગની ખરી નકલ છે એ સર્ટીફીકેટની ઉપર અમલદારે તારીખ નાખવી તથા તે નીચે પોતાના સરકારી હોદ્દા સાથે પોતાના નામની સહી કરવી, અને જો તેને શીકકો વાપરવાનો કાયદાથી અધીકાર હોય તો તે ઉપર શીકકો મારવો એ પ્રમાણે જે નકલો ઉપર દાખલો લખ્યો હોય તે નકલોને દાખલાવાળી નકલો કહેવી

ખુલાસો—જે અમલદારોને સરકારી હોદ્દાના કામના સાધારણ રીતે આવતા પ્રસંગથી એવી નકલો સ્વાધીન કરવાનો અધિકાર હોય તે દરેક અમલદારના હવાલામા એવો દસ્તાવેજ છે, એવો આ કલમનો અર્થ સમજવો

૭૭ જે સાર્વજનિક દસ્તાવેજની કે તેના ભાગની સદરહુ પ્રમાણે દાખલાવાળી નકલો નકલ છે, એવુ તે ઉપરથી સમજાય. તે સાર્વજનિક દસ્તાવેજમાના અથવા તેના ભાગમાના લખાણની સાબિતીમા સદરહુ પ્રમાણેની દાખલાવાળી નકલો ગુજારી શકાય છે

૭૮. નીચે પ્રમાણેના સાર્વજનિક દસ્તાવેજ નીચે પ્રમાણે સાબીત કરી શકાય છે

(૧) બ્રિટીશ ઇન્ડીયાની રાજ્ય કારભાર સરકારના હરકોઇ કારખાનેથી થયલા અથવા હરકોઇ સ્થાનિક સરકારે કરેલા અથવા હરકોઈ સ્થાનિક સરકારના કારખાનેથી થયેલા આકટો, હુકમો, અથવા જાહેરનામાઓ એ સર્વે સદરહુ કારખાનાના દફતરો જેના તે કારખાનાના ઉપરી તરફથી દફતર મજકુરો તેજ કારખાના

છે એવા દાખલા સહીત મોકલવામા આવે તે દફતરોથી સાબીત કરી શકાય છે અથવા એવા કોઇ સરકારના હુકમથી કોઈ દસ્તાવેજ છપાય છે એવુ તે દસ્તાવેજ ઉપરથી જણાય તે દસ્તાવેજથી સાબીત કરી શકાય છે (૨) કાયદા કરનારી સભાઓના પ્રોસીડીંગ, એ સદરહુ જેની તે શાખાના રોજ કામથી અથવા કોઈ પ્રસીદ્ધ કરેલા આકટોથી અથવા સાર ગ્રંથથી અથવા કોઇ નકલો સરકારના હુકમથી છપાય છે એવુ તે નકલો ઉપરથી સમજાય તે નકલોથી સાબીત થાય છે (૩) મહારાણીએ અથવા પ્રીવીકાઉન્સીલે કરેલા અથવા મહારાણીની સરકારના કોઇ પણ કારખાનેથી થયલા જાહેરનામાઓ હુકમો, અથવા નિયમો એ સર્વે લંડન ગેઝેટમા, નકલો કે ઇન્તેખાબો હોય તેનાથી અથવા કોઇ નકલ અથવા ઇન્તેખાબ રાણીના છાપનારે છાપ્યા છે, એવુ તે નકલ અથવા ઇન્તેખાબ ઉપરથી સમજાય તે નકલો અથવા ઇન્તેખાબોથી સાબીત કરી શકાય છે

(૪) પરરાજ્યના રાજ્ય કારભાર ચલાવનાર સરકારના આકટો, અથવા કોઇ પરરાજ્યની કાયદા કરનાર પ્રોસીડીંગ, એ—સરકારના અથવા સભાના હુકમથી છપાતા હોય એવા, અથવા એ પ્રમાણે છપાએલા રાજ્ય મજકુરમા સામાન્ય રીતે ગણાતા હોય એવા રોજકામથી અથવા તે રાજ્યના અથવા ત્યાના સત્તાધીશના સીકા સાથેની દાખલાવાળી નકલોથી અથવા હીંદુસ્તાન સરકારના કોઇ પ્રસીદ્ધ આકટમા સદરહુ આકટો કે પ્રોસીડીંગને કબુલ રાખ્યા હોત તો તેથી સાબીત કરી શકાય છે

(૭) બ્રીટીશ ઇન્ડીયામાની કોઇ મ્યુનીસીપાલ મંડળીના પ્રોસીડીંગ એવા પ્રોસીડીંગ જેની પાસે કાયદા પ્રમાણે રહેતા હોય, તેણે કરી આપેલા દાખલાવાળી સદરહુ પ્રોસીડીંગની નકલથી અથવા કોઇ છાપેલી ચોપડી એવી મંડળીના પ્રસિદ્ધ થાય છે એવુ તે ચોપડી ઉપરથી સમજાતુ હોય તે ચોપડીથી સાબીત કરી શકાય છે

(૬) કોઇ પારકા દેશમાના કોઇ બીજી જાતના સાર્વજનિક દસ્તાવેજ અસલ દસ્તાવેજથી તથા દાખલાવાળી નકલ ઉપરથી સાબીત કરી શકાય છે

દસ્તાવેજો બાબત અનુમાનો

૭૯ કોઇ દસ્તાવેજ ઉપરથી એવુ સમજાય કે સરટીફીકટ છે અથવા દાખલા વાળી નકલ છે અથવા કોઇ અમુક હકીકતના પુરાવામા કાયદાના ઠરાવ ઉપરથી લેવા યોગ્ય બીજો દસ્તાવેજ છે, તથા દસ્તાવેજ મજકુર ઉપરથી એવુ સમજાય કે તે ખરો છે એવો, દાખલો બ્રીટીશ ઇંડીયામાના હરકોઇ અધીકારીએ અથવા મહારાણી સાથે દોસ્તી રાખનાર હરકોઇ દેશી સંસ્થામાના કોઈ અધીકારીને ગવર્નર જનરલ ઇન કાઉન્સીલે યોગ્ય રીતે અખત્યાર આપ્યો હોય એવા અધીકારીએ યોગ્ય રીતે તેના ઉપર આપ્યો છે, એવો પ્રત્યેક દસ્તાવેજ ખરો છે એવુ અનુમાન કોર્ટે કરવુ પરંતુ આવા દસ્તાવેજને સારૂ કાયદામા જે નમુનો ઠરાવ્યો હોય તે નમુના પ્રમાણે તે દસ્તાવેજ મુખ્ય મુદ્દાની વાતે હોવો જોઇએ, તથા તે દસ્તાવેજ જે રીતે કરવાનુ કાયદામા ઠરાવ્યુ હોય તે રીતે થએલો છે એવુ તે દસ્તાવેજ ઉપરથી માલુમ પડવુ જોઈએ એવા કોઇ દસ્તાવેજ ઉપરથી જે અધિકારીએ તે ઉપર સહી કીધેલી અથવા દાખલો આપેલો સમજાતો હોય, તે અધીકારીને સદરહુ સહી કરતી વખતે કાગળ મજકુરમા અધીકારી મજકુરે બતાવ્યા પ્રમાણેનો સરકારી હોદ્દો હતો એવુ પણ કોર્ટે અનુમાન કરવુ

૮૦ જ્યારે હરકોઇ કોર્ટની રુબરૂ એવો હરકોઇ દસ્તાવેજ ગુજારવામા આવે કે તે દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે દસ્તાવેજ મજકુર ઇન્સાફી મુકદ્દમામા, કીવા એવો પુરાવો લેવાનો કાયદાથી અખત્યાર હોય એવા હરકોઇ અધિકારીના રુબરૂ કોઈ સાહેદે આપેલી સાહેદીનુ કીવા તેના ભાગનુ દફતર કીવા યાદદાસ્ત છે અથવા તો હરકોઇ કેદીની કીવા તહોમતવાળા સખસની કાયદા પ્રમાણે લીધેલી જુબાની કીવા કબુલાત છે, તથા દસ્તાવેજ મજકુર ઉપરથી એવુ સમજવામા આવે કે, તેના ઉપર કોઈ જડજ કીવા માજીસ્ત્રેટ કીવા એવા ઉપર કહેલા કોઇ અધિકારીએ સહી કીધી છે ત્યારે કોર્ટે મજકુરે અનુમાન કરવુ કે દસ્તાવેજ મજકુર ખરો છે, તથા સાહેદી કીવા જુબાની, કીવા કબુલતના ઉપર સહી કરનાર સખસની તે સાહેદી કીવા જુબાની, કીવા કબુલત કરી હકીકતની સાથે લવામા આવી હતી, તે બાબત જે વાતો

લખેલી તે ઉપર નક્કી સમજાય તે વાતો ખરી છે, તથા એવી નાહેદી કીવા જુબાની કીવા કબુલત યોગ્ય રીતે લેવામા આવી હતી

૮૧ કોઇ દસ્તાવેજ ઉપરથી એવુ સમજાય કે ગેઝેટ છે, અથવા ઈંડિયા ગેઝેટ કે સ્થાનિક સરકારનુ કીવા બ્રીટીશ સરકારે વસાવેલા હરકોઇ મુલકનુ કીવા બ્રીટીશ તાબાના કે હસ્તગત કીધેલા મુલકનુ સરકારી ગેઝેટ છે, અથવા કોઇ વર્તમાન પત્ર કીવા એ ચોપાનીયુ છે અથવા પાર્લામેન્ટના સાર્વજનિકના આકટના રાણીના છાપનારે છાપેલી નકલ છે, તે પ્રત્યેક દસ્તાવેજ, તથા કાંઈ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે એવો દસ્તાવેજ છે કે તેને કોઈ રાખશે રાખવાનુ કાયદામા ફરમાવ્યુ છે, તે પ્રત્યેક દસ્તાવેજ, જો કાયદામા ફરમાવેલા નમુના પ્રમાણે મુખ્ય મુદ્દાની વાતે રાખવામા આવતો હોય તથા જેના હવાલામાથી રજુ થવો જોઇએ અને તેના હવાલામાથી જુ થાય તો તે ખરી છે, એવુ કોર્ટે અનુમાન કરવુ

૮૨ કોઈ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે દસ્તાવેજે ઇગ્લાડમા અથવા આયર્લાડમા તે વખતના ચાલુ કાયદા પ્રમાણે ઈગ્લાડ અથવા આયર્લાડ માહેથી હરકોઇ ઇન્સાફની કોર્ટમા તે ઉપરના તેના ખરાખરપણા બાબતના શીક્કા કીવા સહીની અથવા તેના ઉપર જે સબધે સહી કર્યાનુ તે ઉપરથી સમજાય તે સખશની ઇન્સાફી અથવા સરકારી હોદ્દાની સાબીતી થયા વિના કોઇ વાતની સાબીતીમા લેવા યોગ્ય હોય, એવો દસ્તાવેજ છે તો તે દસ્તાવેજ જ્યારે કોઇ કોર્ટમા ગુજારવામા આવે ત્યારે કોર્ટે અનુમાન કરવુ કે એવો શીકકા, કીવા સ્ટાપ, કીવા સહી ખરી છે તથા તે દસ્તાવેજના ઉપર સહી કરનાર સખસને સહી મજકુર કરતી વખતે તેનો બતાવેલો ઇન્સાફી, કીવા સરકારી હોદ્દો હતો તથા ઇગ્લાડ તથા આયરલાડમા દસ્તાવેજ મજકુર જે વાતમા પુરાવામા લેવા યોગ્ય હોય તે વાતના પુરાવા સારૂ તેને કબુલ રાખવો

૮૩ કોઇ નકશા અથવા પ્લાન ઉપરથી એમ સમજાય કે તે સરકારના હુકમથી કરવામા આવ્યા છે, તો તે નકશા અથવા પ્લાન એ પ્રમાણે કરવામા આવ્યા તે, તથા બરાબર છે એવુ કોર્ટે અનુમાન કરવુ પરતુ હરકોઇ મુકદમાના કામને સારૂ જો નકશા અથવા પ્લાન બતાવ્યા હોય તે નકશા તથા પ્લાન બરાબર છે એવી સાબીતી થવી જોઇએ

૮૪. કોઇ ગ્રથ ઉપરથી એમ સમજાય કે હરકોઇ દેશની સરકારના હુકમથી છાપવામા કીવા પ્રસીદ્ધ કરવામા આવ્યો છે તથા તેમા દેશ મજકુરના કાયદામાના કોઇ કાયદા છે તો એવો એક પ્રત્યેક ગ્રથ ખરો છે એવુ કોર્ટે અનુમાન કરવુ તથા કાંઈ ગ્રથ ઉપરથી એવુ સમજાય કે, તેમા એવા દેશની કોરટોના ફેસલાના રીપોર્ટ છે તો એવો પ્રત્યેક ગ્રથ ખરો છે એવુ કોર્ટે અનુમાન કરવુ,

૮૫. કોઇ દસ્તાવેજ ઉપરથી, એમ સમજાય કે, તે મુખત્યારનામુ છે, તથા તે હરકોઇ નોટ રીપબ્લીકની અથવા માજીસ્ટ્રેટની અથવા બ્રીટીશ કાન્સલની કે વાઇસ કોન્સલની કે, મહારાણીના કે હીદુસ્તાન સરકારના પ્રતીનીધીની રૂબરૂ થએલુ છે તથા તેના ખરાપણા વિષે તેના ઉપર તેણે સહી કરી છે તો એવો પ્રત્યેક દસ્તાવેજ એ પ્રમાણે થયેલો છે, તથા તે ઉપર ઉપર પ્રમાણે ખરાપણાની સહી કરી છે એવુ કોર્ટે અનુમાન કરવુ

૮૬. કોઇ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે મહારાણીના તાબાના મુલકનો ભાગ ન હોય, એવા કાંઈ દેશના ઇન્સાફના દફતરની દાખલાવાળી નકલ છે, ત્યારે દસ્તાવેજ ઉપરથી જો એવુ જણાય કે દેશ મજકુરમા ઇન્સાફના દફતરની નકલો ખરી કરી આપવા સારૂ જે રીતે સામાન્ય રીતે ઉપયોગ આવતી હોય તે રીતે કરી છે તેનો દાખલો મહારાણીના અથવા હીદુસ્તાનની સરકારના એવા દેશમાનો અથવા એવા દેશ માટેનો પ્રતીનીધિએ આપ્યો હોય તે દાખલામા લખેની રીત પ્રમાણે દસ્તાવેજ મજકુર ઉપર ખરાપણાનો દાખલો કર્યો છે, તો તે દસ્તાવેજ ખરો તથા બરાબર છ, એવુ અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે

૮૭. જે વિષયોમા સાર્વજનિક, કીવા સામાન્ય કાયદા ગેર કાયદનો સબધ છે તે વિષયો સબધી માહીતી સારૂ કોઇ ચોપડી કોર્ટે જોઇ તે ચોપડી તથા કોઇ પ્રસીદ્ધ થયેલો નકશો. અથવા ચાર્ટ કોર્ટમા તપાસવાને સારૂ રજુ કરવામા આવે, અને તેમા બતાવેલી વાત લગતી હકીકત હોય, તો તે ચોપડી તથા નકશો અથવા ચાર્ટ જે સબધે અથવા જે વખતે અથવા જે જગાએ લખ્યાનુ અથવા છાપ્યાનુ તે જગોએ

સમજાય, તે સખસે તથા તે વખતે તથા તે જગોએ છાપ્યો, તથા પ્રસીદ્ધ કીધો, એવુ અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે,

૮૮. કોઇ તાર યત્રની કચેરીમાથી કોઈ સંદેશા તેમા બતાવ્યા પ્રમાણેના સખસ પાસે મોકલવામા આવ્યો હોય તે સદેશો જે તાર યત્રની કચેરી તરફથી આવેલો તે સદેશા ઉપરથી સમજાય તે કચેરીમા તારયત્ર માર્ગે મોકલવા સારૂ આપેલા સદેશા સાથે મળતો છે, એવુ અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે પરતુ સદેશો તારયત્ર માર્ગે મોકલવાને જે સખસે આપ્યો હોય તે સખસ બાબત કોર્ટે કાઇ અનુમાન કરવુ નહિ

૮૯. કોઇ દસ્તાવેજ મગાવ્યો હોય અને તેને હાજર કરવાની નોટીસ આપ્યા પછી રજુ ન થયો હોય, તે તેવા પ્રત્યેક દસ્તાવેજ ઉપર કાયદામા ફરમાવેલી રીતી પ્રમાણે સાક્ષી છે તથા સ્ટાપ છે, તથા તે થયો છે થ એવુ અનુમાન કોર્ટે કરવુ

૯૦ કોઈ દસ્તાવેજ ઉપરથી એવુ સમજાય – તે ત્રીસ વર્ષનો જુનો છે, અથવા તેવુ સાબીત થયુ હોય તેવા દસ્તાવેજ કોઇ એવા હવાલામાથી રજુ થાય કે તે હવાલો તે અમુક નામમા કોર્ટની નજરમા યોગ્ય લાગે ત્યારે તે કામમા કોર્ટ એવુ અનુમાન કરવાને મુખત્યાર છે કે એવા દસ્તાવેજ ઉપરની સહી તથા તેનો બીજો પ્રત્યેક ભાગ કોઈ અમુક સખસને અક્ષરે લખેલો છે તથા કામ મજકુર સહી અથવા સાક્ષી થએલા દસ્તાવેજની તકરારનુ હોય તો તે દસ્તાવેજ ઉપર જે સખસોએ સહી તથા સાક્ષી કર્યાનુ તે ઉપરથી સમજાય તે સખસોએ તેના ઉપર યોગ્ય રીતે સહી તથા સાક્ષી કરી છે

ખુલાસો—જ્યારે દસ્તાવેજ જે જગ્યામા તથા જે સખસની સભાળ તળે સ્વાભાવિક રીતે હોવા જોઇએ, તે જગ્યામા તથા તે સખસની સભાળ તળે હોય, ત્યારે દસ્તાવેજ મજકુર યોગ્ય હવાલામા છે, એમ સમજવુ પરતુ એવુ સાબિત થાય કે, કોઈ હવાલાની ઉત્પત્તિ યાને મુળ કાયદેસર છે, અથવા તે અમુક કામની હકીકત ઉપરથી તે હવાલાની ઉત્પત્તિ સભવિત કરતી હોય તો તે હવાલો યોગ્ય નથી (આ ખુલાસો કા ૮૧ ને પણ લાગુ છે)

દ્રષ્ટાંત **અ** ની પાસે લાબી મુદતથી કોઈ જમીનનો કબજો છે, તે પોતાના હવાલામાથી જમીન મજકુરને સબધ રાખતા તે ઉપરના પોતાના હકના ખત રજુ કરે છે એ હવાલો યોગ્ય છે (૨) કોઈ જમીનની મીલકતનો **અ** ગીરોદાર છે તે જમીન સબધીના ખત તે રજુ કરે છે જમીન મજકુર ગીરો મુકનારના કબજામા છે એ હવાલો યોગ્ય છે (૩) **અ** બ નો કોઈ સગો છે તેને બના કબજામાની જમીન સબધીના ખત સભાળથી સાચવી રાખવા સારૂ બ એ અનામત આપી મુકેલા તે અ રજુ કરે છે એ હવાલો યોગ્ય છે

બાબ ૬ ઠ્ઠો દસ્તાવેજી પુરાવા હોય ત્યારે મુખજુબાનિનો પુરાવો નહીં લેવા બાબત

૯૧ જ્યારે કોઇ કરારની કીવા દાદની, કીવા મીલકતની બીજી હરકોઇ વ્યવસ્થાની સરતોને દસ્તાવેજ થયો હોય ત્યારે તથા જે કામોમા કોઈ બાબતનો દસ્તાવેજ કરવાનુ કાયદામા ફરમાવ્યુ હોય તે સર્વે કામોમા એ લખેલા કરારની કીવા દાદની, કીવા મીલકતની બીજી વ્યવસ્થાની સરતોની સાબીતીમા અથવા એવી બાબતની સાબીતીમા મદરહુ મુળ દસ્તાવેજ સીવાય અથવા આ એક્ટમા ઉપર કહી ગયેલા નિયમો મુજબ જે કામોમા કાયમ પુરાવો લઇ શકાતો હોય તે કામોમા મદરહુ દસ્તાવેજના મજકુરના કાયમ પુરાવા શીવાય બીજો કાઇ પુરાવો આપવો નહિ

અપવાદ ૧ લો જ્યારે કોઈ સરકારી અમલદારને લખાણ કરીને નીમવાનુ કાયદામા ફરમાવ્યુ હોય, અને જ્યારે એવુ બતાવવામા આવે કે કાઇ અમુક સખસે એવા અમલદારના હોદ્દાનુ કામ કીધુ છે ત્યારે જે લખાણથી તે સખસની નીમણુક થઇ હોય તે લખાણ સાબીત કરવાની જરૂર નથી

અપવાદ ૨ જો—જે મૃત્યુપત્રોનો પ્રોબેટ બ્રિટીશ ઈંડીયામા મળ્યા હોય તે મૃત્યુપત્રોને પ્રોબેટ વડે સાબીત કરી શકાય છે

ખુલાસો ૧ લો—જે કામોમા ઉપર કહેલા કરાર, કીવા દાદ, કીવા મીલકતની બીજી વ્યવસ્થા, એકજ દસ્તાવેજમા લખી હોય છે તે કામોને, તથા જે કામોમા તે સર્વે એક કરતા વધારે દસ્તાવેજમા લખ્યા હોય તે કામોને એ બેઉને આ કલમ સરખી રીતે લાગુ પડે છે ખુ ૨ જો—જ્યારે અસલ દસ્તાવેજ

એક કરતા વધારે હોય, ત્યારે માત્ર એકજ અસલ દસ્તાવેજને સાબીત કરવાની જરૂર પડે છે ખુ-૩ આ કલમમા જે હકીકત વિષે લખ્યુ છે તે હકીકત સીવાયની બીજી કોઇ હકીકતનો કોઇ પણ મજકુર કોઇ દસ્તાવેજમા લખેલો હોય, તો તે પ્રમાણે લખ્યા ઉપરથી મજકુર બીજી હકીકતનો મુખ જુબાની પુરાવો લેવાઇ શકાતો નથી એમ સમજવુ નહિ

દ્રષ્ટાંત—(**અ**) કોઇ કરાર કેટલાએક પત્રોમા લખ્યો હોય, તે સર્વે પત્રો સાબીત થયા જોઇએ (બ) કોઇ કરાર કોઇ હુંડીમા લખેલો હોય તો તે હુંડી સાબીત થવી જોઇએ (ક) જ્યારે હુંડીનો ત્રણ નકલનો શટ લખ્યો હોય ત્યારે માત્ર એકજ નકલ સાબીત થયાની જરૂર છે (ડ) અમુક સરતે ગળી આપવાનો અ લખાણ કરીને બ ના સાથે કરાર કરે છે કરારમા એવી એક હકીકત લખી છે કે, કોઈ બીજે પ્રસગે બીજી ગળી આપવામા મુખ જુબાની કરાર કરવામા આવ્યો હતો તે ગળીની કિંમત બ એ અ ને આપી હતી તેમા સદરહુ બીજી ગળીના પૈસા આપ્યા નહોતા એવો મુખજુબાની પુરાવો આપવામા આવે તે પુરાવો લેવા યોગ્ય છે (ઇ) બ એ આપેલા પૈસાની પહોચ **અ** એ બ ને આપી છે સદરહુ પૈસા આપ્યાનો મુખ જુબાની પુરાવો રજુ કરવામા આવે તો તે પુરાવો લેવા યોગ્ય છે

૯૨ જ્યારે એવા કોઈ કરારની કીવા દાનની કીવા મિલકતની વ્યવસ્થાની સરતો અથવા કોઇ બાબતનો દસ્તાવેજ કરવાનુ કાયદામા ફરમાવ્યુ હોય તે બાબત ઉપલી છેલ્લી કલમ પ્રમાણે સાબીત કરવામા આવી હોય, ત્યારે એવા કોઈ દસ્તાવેજની સરતો વિરૂદ્ધ કાંઈ વાત સ્થાપન્ન કરવાને, કીવા તે સરતોમા કાઇ ફેરફાર કરવા, કીવા તેમા કાઇ ઉમેરવાને, કીવા તેમાથી કાઇ કમી કરવાને હરકોઇ મુખ જુબાની કરારનો અથવા મજકુરનો પુરાવો દસ્તાવેજ મજકુરના પક્ષકારોની અથવા હક સબધે તે પક્ષકારોના પ્રતિનીધીની વચ્ચેનો કામમા લેવો નહીં

સરત ૧ લી-દગો કીવા ધમકી, કે કાઇ ગેરકાયદે થયુ હોય તે કે, દસ્તાવેજ યોગ્ય રીતે નહી થયો હોય, તે કીવા કરાર કરનાર તરફેનોમાથી કોઇ તરફેણ કરાર કરવાને અશક્ત હોય, તે કીવા અવેજ નહી હોય કે અવેજની પ્રાપ્તી થઇ ન હોય તો કે કાયદાની કે હકીકતની ચુકો, એના જેવી હરકોઈ હકીકતને લીધે કોઇ દસ્તાવેજ ગેરકાયદે થતો હોય, અથવા દસ્તાવેજ મજકુરને સબધે કોઇ સખસને હરકોઇ હુકમનામુ અથવા હુકમ મળવાનો હક થતો હોય તો, તેની હકીકત સાબીત કરી શકાય છે

સરત ૨ જી—જે બાબત વિશે અમુક દસ્તાવેજ મજકુરમા લખાણ કરેલુ ન હોય, તથા જે બાબત તે દસ્તાવેજની સરતોથી વિરૂદ્ધ ન હોય તે બાબત વિષે હરકોઇ નીરાળો મુખ જુબાની કરાર થએલો છે એ વાત સાબીત કરી શકાય છે આ સરત લાગુ પડે છે કે નહી, તે સિવાયનો વિચાર કરતી વખતે દસ્તાવેજ મજકુર કેટલો યથા પદ્ધતિ છે તે ઉપર કોર્ટે ધ્યાન આપવુ

સરત ૩ જી—કોઇ એવો નિરાળો મુખ જુબાની કરાર થયો હોય કે તે ઉપરથી કોઇ સરત પ્રથમથી બજે તેજ કોઇ એવો કરાર, કીંવા દાન કીવા મિલકતની વ્યવસ્થા ઉત્પન્ન થતી ફરજ લાગુ પડે તો તે નીરાળો મુખ જુબાના કરાર થયેલાની વાત સાબીત કરી શકાય છે **સરત** ૪ થી—એવા કોઇ કરાર, કીંવા દાન, કીંવા મિલકતથી વ્યવસ્થા રદ કરવાને અથવા તેમા કાંઇ ફેરફાર કરવાને કોઇ નીરાળો પાછળથી થયેલો મુખ જુબાની કરાર થએલો છે એ વાત જે કામોમા એવો કરાર કીંવા દાન, કીંવા મિલકતની વ્યવસ્થા લખાણ કરીને કરવાની કાયદાથી ફરજ હોય તે સીવાયના અથવા જે કામોમા દસ્તાવેજ નોધવા બાબતના તે વખતના ચાલુ કાયદા પ્રમાણે તે કરાર કીવા દાન, કીવા વ્યવસ્થા નોધાયલી હોય તેના, બીજા કામોમા સાબીત કરી શકાય છે

સરત ૫ મી—હરકોઈ કરારમા સ્પષ્ટ લખેલી નહી હોય એવી તેવા કરારને પ્રસગે હોનારી કીવા બનનારી વાત, તે પ્રકારના કરાર સાથે મહુ કરીને જોડી નાખવામા જે વહીવટ કીવા દસ્તુર ઉપરથી આવતી હોય, તેવો હરકોઈ વહીવટ કીવા દસ્તુર સાબીત કરી શકાય છે પરંતુ એવી વાત જોડી સાથે રાખવી એ સદરહુ પ્રકારની સ્પષ્ટ સરતોથી પ્રતીકુલ કીંવા વિરૂદ્ધ હોવુ જોઇએ નહી **સરત** ૬ ઠી—કોઈ દસ્તાવેજનું લખાણ હાલની ચાલતી હકીકત સાથે કેવી રીતે સબધ રાખે છે તે બતાવનારી હરકોઇ હકીકત સાબીત કરી શકાય છે

દૃષ્ટાંત—(અ) કોઈ માલ કલકત્તેથી લંડન જનારા વહાણોમા છે તે ઉપર વીમો ઉતાર્યો છે માલ કોઈ અમુક વહાણમા ચઢાવ્યો છે, તે વહાણ ગુમ થયુ, સદરહુ અમુક વહાણ પાલીસીમાથી મોઢે જુબાનીથી બાતલ કર્યુ હતુ એ હકીકત સાબીત કરી શકાતી નથી, (બ) અ લખાણ કરીને તેમા કાંઈ સરત સીવાય કબુલ કરે છે કે, મારે રૂપીઆ ૧૦૦૦) બ ને તા ૧ લી માર્ચ ૧૯૧૮ ના રોજ આપવા, તેજ વખતે એવો મુખ જુબાની કરાર કરવામા આવ્યો હતો કે સદરહુ રૂપીઆ તા ૩૧ મી માર્ચ સુધી આપવા નહી એ હકીકત સાબીત કરી શકાતી નથી [ક] કોઈ કરાર નામામા લખેલુ મુકરર કામ કરવાને સારૂ **અ** બ ના ઉપર દાવો માડે છે અને એવી પણ અરજ ગુજારે છે કે સદરહુ કરારનામામા લખેલી વાતોમાથી એક વાત બાબત તે કરારનામુ દુરસ્ત કરવુ જોઇએ, કારણ કે તે વાત તેમા ચુકથી લખાયલી છે **અ** એવુ સાબીત કરવાને મુખત્યાર છે કે એવી ચુક થઇ છે કે તે ઉપરથી કરાર મજકુર દુરસ્ત કરવાનો કાયદાથી પોતાને હક છે (ડ) **અ** એ કાગળ લખીને **બ** ની પાસે કાંઈ માલ મગાવ્યો છે, કાગળમા પૈસા કયારે આપવા તે બાબત કાંઇ લખ્યુ નથી અને માલ આપ્યો, તે **અ** એ કબુલ કરી રાખ્યો **બ** એ **અ** ના ઉપર પૈસા સારૂ દાવો માડયો હતો, **અ** એવુ બતાવવાને મુખત્યાર છે કે સદરહુ માલ કેટલીએક મુદત સુધી ઉધાર આપેલો છે, અને તે મુદત હજુ વીતી ગઈ નથી

૯૩ જ્યારે કોઈ દસ્તાવેજની ઇબારત ઉપરથી એમ માલુમ પડે કે ઇબારત મજકુર સંશય ભરેલી અથવા અપૂર્ણ છે ત્યારે જે હકીકત ઉપરથી તે ઇબારતનો અર્થ માલુમ પડે, અથવા તેની અપૂર્ણતા પુરી પડે તે હકીકતનો પુરાવો આપી શકાય નહિ

દૃષ્ટાંત—(અ) **અ** એ લખાણ કરીને એવો કરાર કર્યો કે અ એ એક ઘોડો બ ને રૂ ૧૦૦૦ અથવા ૧૫૦૦ સારૂ વેચવો એમાની કઇ કીમત આપવાની હતી તે બતાવવાને પુરાવો આપી શકાતો નથી (બ) કોઇ ખતમા ખાલી જગાઓ રાખી છે તેમા શુ લખવાનો ઇરાદો હતો તે બતાવે એવી હકીકતનો પુરાવો આપી શકાતો નથી

૯૪ જ્યારે કોઈ દસ્તાવેજમા લખેલી ઇબારત સ્વત સ્પષ્ટ હોય અને જ્યારે તે તે વખતની ચાલુ હકીકતને બરાબર લાગુ પડતી હોય, ત્યારે તે ઇબારત એવી હકીકતને લાગુ પાડવાનો ઇરાદો નહોતો, એવુ બતાવવાને પુરાવો અપાય નહી

દૃષ્ટાંત—અ એ બ ને ખત કરી આપ્યુ અને તેમા એવુ લખ્યુ કે અમદાવાદમાની મારી વીઘા ૧૦૦ ની મીલકત વેચુ છુ અ ની પાસે અમદાવાદમા વીઘા ૧૦૦ ની મીલકત મોજુદ છે બીજી જગ્યામાની ઓછા વધતા વીઘાની જમીન વેચવાનો ઇરાદો હતો એ હકીકતનો પુરાવો આપી શકાય નહી

૯૫ જ્યારે કોઈ દસ્તાવેજમા લખેલી ઇબારત સ્વત સ્પષ્ટ હોય પરંતુ ચાલુ હકીકતને સબંધે તેનો અર્થ થતો ન હોય ત્યારે તે ઇબારત કાઇ અમુક અર્થ રાખીને વાપરેલી હતી એવુ બતાવવાને પુરાવો આપી શકાય છે

દૃષ્ટાંત—**અ** એ **બ** ને પોતાનુ કલકત્તામાનુ ઘર વેચીને ખત લખી આપ્યુ તેમા **અ** ને કલકત્તામા કાંઈ ઘર નહોતુ, પરંતુ એવુ માલુમ પડે છે કે હાઉરામા તેનુ એક ઘર હતુ તે ઘરનો કબજો ખત થયુ ત્યારથી બ ની પાસે છે ખત હાઉરાવાળા ઘરને સારૂ હતુ એવુ બતાવવાને સદરહુ હકીકત સાબીત કરી શકાય છે

૯૬ જ્યારે હકીકત એવી હોય કે લખેલી ઇબારત કેટલાએક સખસો અથવા પદાર્થોમાથી ગમે તે કોઈ એક સખસ અથવા પદાર્થને લાગુ પાડવાનો ઇરાદો હોઈ શકે પરંતુ એક કરતા વધારે સખસોને અથવા પદાર્થોને કેટલાએક સખ લાગુ પડવાનો ઇરાદો હોઇ શકે, એમ નથી ત્યારે સદરહુ સખસો અથવા અથવા પદાર્થોમાથી કયા સખસ કીવા પદાર્થને ઇબારત મજકુર લાગુ પાડવાનો ઇરાદો હતો, એવુ બતાવનારી હકીકતનો પુરાવો આપી શકાય છે

દૃષ્ટાંત—(અ) **અ** પોતાનો સફેદ ઘોડો રૂ ૧૦૦૦ સારૂ બ ને વેચવાનો કરાર કરે છે **અ** ની પાસે બે સફેદ ઘોડા છે એ એ બે ઘોડામાથી કયો ઘોડો વેચવાનો ઇરાદો હતો તે બતાવનારી હકીકતનો પુરાવો

આપી શકાય છે (બ) અ, બ ની સાથે હૈદ્રાબાદ સીધમાનુ ક દક્ષીણમાનુ, તે બતાવનારી હકીકતનો પુરાવો આપી શકે છે

૯૭ જ્યારે લખેલી ઇબારત પૈકી થોડી એક ચાલુ હકીકતોના એક સમુદાયને લાગુ પડતી હોય, અને થોડી એક ચાલુ હકીકતના બીજા સમુદાયને થતી હોય, પણ તે એકદર એમાથી એક સમુદાયને બરાબર લાગુ પડે નહી ત્યારે એમાથી ક્યા સમુદાયને તે લાગુ પડવાનો ઇરાદો હતો, તે બતાવવાને સારૂ પુરાવો આપી શકાય છે

દ્રષ્ટાંત--અ પોતાની એક્સ માહેલી વાડીના કબજામાની જમીન બ ને વેચવાનો કરાર કરે છે અ ની એકસમા જમીન છે પણ તે વાડીના કબજામા નથી અને તેની જમીન વાડીના કબજામા છે તે એક્સમા નથી એમાથી કઈ જમીન વેચવાનો તેનો ઇરાદો હતો તે માલમ પડે એવી હકીકતોનો પુરાવો આપી શકાય છે

૯૮--નહી વેચાય એવા કીવા સાધારણ રીતે નહીં સમજાય એવા અક્ષરનો અર્થ તથા પરદેશના તથા વપરાતા બંધ પડેલા તથા કોઇ અમુક હુન્નર વીદ્યા કિવા રોજગારને પ્રસગેજ માત્ર વપરાતા, તથા કોઇ અમુક જગોએ વપરાતા તથા ગામઠી શબ્દો કીવા વાકયોનો અર્થ તથા સક્ષેપમા લખેલા લખાણનો અર્થ તથા કોઇ અમુક અર્થમા વાપરેલા શબ્દોનો અર્થ એ માટે પુરાવો આપી શકાય છે

દ્રષ્ટાંત--અ નામના એક મુર્તિ કરનાર સખસે કરાર કર્યો ક મહારે મહારી સઘળે મુરતિ વેચવી અ ની પાસે મુરતી તથા મુરતી કરવાની સામગ્રી બેઉ છે એમાથી શુ વેચવાનો તેનો ઇરાદો હતો એ બતાવવાને પુરાવો આપી શકાય છે

૯૯ જે શખસો કોઇ દસ્તાવેજના પક્ષકાર ન હોય, કીંવા તે પક્ષકારોના હક સબધી પ્રતીનીધી ન હોય, તે સખસો, દસ્તાવેજ મજકુર થયો તે વખતે એવો બીજો એક કરાર થયો છે કે તેથી દસ્તાવેજ મજકુરની સરતોમા ફેરફાર થાય છે એવુ બતાવનારી હકીકતોનો પુરાવો આપવાને મુખત્યાર છે

દ્રષ્ટાંતો--અ તથા બ એ લખેલો કરાર કર્યો કે અ એ બ ને કઇ અમુક રૂ વેચવુ અને તેના પૈસા સારૂ સ્વાધિન કરેથી આપવા તેજ વખતે તેઓએ એવો મુખજુબાની કરાર કર્યો કે રૂપીયા મજકુર ત્રણ મહીના સુધી અ ની પાસે ઉધાર રહેવા દેવા અ અને બ ની વચ્ચે ચાલતા કામને પ્રસગે એ વાતનો પુરાવો આપી શકતો નથી, પરતુ તેથી ક ને કાઇ નફો નુકશાન થતુ હોય તો તે મદરહુ વાતનો પુરાવો આપી શકે છે

૧૦૦ મૃત્યુપત્રનો અર્થ કરાર બાબત હિંદુસ્તાનના વારસા બાબતના આકટમા જે નીયમો આપેલા છે, તેમા આ બાબતથી કઇ કમ જાદે થયુ સમજવુ નથી,

ભાગ ૩ જો. પુરાવો રજુ કરવો અને તેનો હેતુ.

બાબ ૭ મો--પુરાવાના બોજા વીશે.

૧૦૧ કોઇ હકીકત છે એવુ જાહેર કરીને, તે હકીકત ઉપર આધાર રાખનાર કોઇ કાયદેસર હકકીંવા જબાબદારી બાબત જે સખસ કોર્ટ પાસ ઠરાવ કરવાવાની ઇચ્છા બતાવતો હોય, તે સખસે તે હકીકત છે એવુ સાબીત કરવુ જોઇએ જ્યારે કોઇ હકીકત છે એવુ સાબીત કરવાના જ્યારે કોઇ સખસની ફરજ હોય તે શખસના ઉપર સાબીતીનો બોજો છે એવુ કહેવામા આવે છે

દ્રષ્ટાંતો--અ એ કાઇ ગુન્હો કીધો છે, એવુ કહીને અ કોઇ કોર્ટને ઇચ્છા બતાવે છે કે તે ગુન્હા વાસ્તે અ ને શીક્ષા કરવા વીશેનો ઠરાવ રજુ કરો તેમા અ એ સાબીત કરી આપવુ જોઇએ કે બ એ ગુન્હો મજકુર કર્યો છે (બ) કોઇ હકીકત છે એવુ જાહેર કરીને અ કોઇ કોર્ટ પાસે એવી મદદ માગે છે કે તે હકીકતને લીધે બ ના કબજામાની અમુક જમીન ઉપર પોતાનો હક છે, એવો ઠરાવ કરો. બ હકીકત મજકુર ખરી નથી એવો ઇન્કાર કરે છે તેમા સદરહુ હકીકત છે એવુ અ એ સાબીત કરવુ જોઇએ

૧૦૨ કોઇ દાવામા અથવા કામમા બેમાથી એક પક્ષકારના તરફથી બીલ્કુલ પુરાવો ગુજારવામા ન આવે તો જે શખસની હાર થાય તે શખસના ઉપર સાબીતીનો બોજો છે એમ સમજવુ

દૃષ્ટાંતો—(અ) અ કોઇ જમીનને માટે બ ના ઉપર ફરીયાદ માંડે છે એ જમીન બ ના કબજામા છે' પણ અ ના જાહેર કર્યા પ્રમાણે બ નો બાપ ક મૃત્યુ પત્ર કરી ગયો તેમા જમીન મજકુર પોતાને એટલે અ ને આપેલી છે તેમા બેમાથી એક પક્ષકારના તરફથી કાઇ પુરાવો ગુજારવામા ન આવે તો જમીન મજકુર બ ના કબજામા રાખવાનો બ નો હક છે સબબ સાબીતીનો બોજો અ ના ઉપર છે (બ) કોઇ ખત ઉપર લેણા થયલા રૂપીયાને સારૂ અ બ ના ઉપર ફરીયાદ માંડે છે ખત થયલી વાતનો અંગીકાર કરવામા આવ્યો છે પણ બ કહે છે કે દગાથી મેળવેલુ છે અ એ દગાનો ઇન્કાર કરે છે બેઉમાથી એક પક્ષકારના તરફથી પુરાવો આપવામા ન આવે તો અને જીતે કારણ કે ખત થયુ એ વાતની તકરાર નથી અને દગો સાબીત થવો નથી, સબબ સાબીતીનો બોજો બના ઉપરજ છે કોઈ ફલાણી હકીકત છે, એમ કોર્ટ માને જે સખસ ઇચ્છતો હોય તે સખસની ઉપર તે હકીકતની સાબેતીનો બોજો છે, પરંતુ એવી હકીકત વિષે કોઇ અમુક સખસેજ સાબીતી કરવી એવુ કોઇ કાયદામા ફરમાવ્યુ હોય તો તે કાયદામા ફરમાવ્યા પ્રમાણે કરવુ

દૃષ્ટાંત—(બ) અ બ ના ઉપર ચોરીને માટે ફોજદારીમા ફરીયાદ માંડે છે બ એ ચોરીની વાત ક આગળ કબુલ કીધી હતી એમ કોર્ટ માને એવુ અ ઇચ્છે છે તો સદરહુ કબુલાતની વાત અ એ સાબીત કરવી જોઇએ તકરાર વખતે બ બીજી જગોએ હતો એમ કોર્ટ માને એવુ બ ઇચ્છે છે તો તે વાત તેણે સાબીત કરવી જોઈએ

૧૦૪ કાઇ હકીકતનો પુરાવો કોઇ સખસ આપી શકે તેને સારૂ પ્રથમ કાઈ બીજી હકીકત સાબીત કરવાની જરૂર હોય તો તે હકીકત સાબીત કરવાનો બોજો જે સખસ એવો પુરાવો આપવાને ઇચ્છતો હોય તે સખસના ઉપર છે

દૃષ્ટાંત—(અ) બ એ મરતા વખતે કાઈ ઇકરાર કર્યો એ હકીકત સાબીત કરવાને અ ઇચ્છે છે તેમાં બ મરી ગયો એ હકીકત અ ને સાબીત કરવી જોઇએ (બ) કોઇ ખોવાઇ ગયેલા દસ્તાવેજની મજકુર કાયમ પુરાવાથી સાબીત કરવા ઇચ્છે છે દસ્તાવેજ મજકુર ખોવાઇ ગયો એ હકીકત અ એ સાબીત કરવી જોઈએ

૧૦૫ જ્યારે કોઇ સખસના ઉપર કાઇ ગુન્હાનુ તહોમત હોય ત્યારે જે કેફીયત ઉપરથી તે કામનો સમાવેશ હિંદુસ્તાનના ફોજદારી કાયદા માહેના સાધારણ અપવાદોમાના કોઇ એક સાધારણ અપવાદમા અથવા સદરહુ કાયદાના હરકોઇ બીજા ભાગમા લખેલા કીંવા ગુન્હા મજકુરનુ લક્ષણ જે કાયદામા લખ્યુ હોય તે કાયદામા લખેલા કોઇ વીશેષ અપવાદ કીંવા સરતમા થતો હોય તો તે કેફીયત છે એવુ સાબીત કરવાનો બોજો સદરહુ તહોમતવાળા સખસના ઉપર છે, અને કોર્ટે એવુ અનુમાન કરવુ કે સદરહુ કેફીયત નથી

દૃષ્ટાંતો—(અ) અ ના ઉપર ખુનનુ તહોમત છે, તે જાહેર કરે છે કે દીવાનગીના સબબથી સદરહુ કામ કેવી રીતનુ હતુ તે હુ જાણતો નહોતો-તેમા સાબીતીનો બોજો અ ના ઉપર છે, (બ) અ ના ઉપર ખુનનુ તહોમત છે તે જાહેર કરે છે, કે ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન થવાથી મહારી મહારો જીવ વશ રાખવાની શક્તિ ગઈ હતી તેમા સાબીતીનો બોજો અ ના ઉપર છે, (ક) મહારી ફોજદારી કાયદાની કલમ ૩૨૫ મી મા ફરમાવ્યુ છે કે ૩૩૫ મી કલમમા લખેલી બાબત સિવાય બીજી કોઈ પણ બાબતમા જે સખસ બુદ્ધિ પુર્વક મહાવ્યથા કરે તે સખસ અમુક શીક્ષાને પાત્ર છે અ ના ઉપર કલમ ૩૨૫ મુજબ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાનુ તહોમત છે જે કેફીયત ઉપરથી સદરહુ કામનો સમાવેશ કલમ ૩૩૫ મી મા થાય તે કેફીયત સાબીત કરવાનો બોજો અ ના ઉપર છે

૧૦૬ જ્યારે હરકોઇ હકીકત વિશેષ કરીને કોઈ એક સખસના જાણ્યામા હોય ત્યારે તે હકીકત સાબીત કરવાનો બોજો તે સખસના ઉપર છે,

દૃષ્ટાંત—કોઇ સખસ કાઇ કામ કર્યુ તે કામની કેફીયત તથા સ્વરૂપ ઉપરથી જે ઇરાદાથી કાયદાનુ અનુમાન થાય તે ઇરાદા શીવાય બીજા ઇરાદેથી કીધુ હોય તો તે બીજો ઇરાદો સાબીત કરવાની જવાબદારી તે સખસના ઉપર છે (બ) લોઢાની સડક માર્ગે ટીકીટ વગર જવાનુ અ ના ઉપર તહોમત છે તેની પાસે ટીકીટ હતી એ સાબીત કરવાની જવાબદારી તેના ઉપર છે,

૧૦૭ અમુક માણસ હયાત છે કે મરણ પામ્યો છે એવી તકરાર પડે અને એવુ માલુમ પડે, કે

ત્રીસ વરસના દરમીઆનમા તે માણસ હયાત હતો ત્યારે તે માણસ મરણ પામ્યો છે, એવુ સાબીત કરવાનો બોજો મરણ પામ્યો છે એમ કહેનાર સખસ ઉપર છે

૧૦૮ પણ એવુ ઠરાવ્યુ છે કે, અમુક માણસ હયાત છે કે ગુજરી ગયો છે એવી તકરાર પડે, અને એવુ સાબીત થાય તે માણસ હયાત હોય તો જે સખસોનો તેની ખબર અંતર સ્વભાવિકપણે આપી હોત તે સખસોએ સાત વરસ થયા તે માણસની ખબર અતર કાઇ સાભળી નથી ત્યારે માણસ મજકુર હયાત છે, એ વાત સાબીત કરવાની જવાબદારી તે હયાત છે એમ કહેનાર સખસના ઉપર છે

૧૦૯ અમુક સખસો પત્યાળા ભાગીઆ છે, કીંવા માલીક અને ગણોતીઆ અથવા ભાડુત છે, કીંવા મુખ્ય અને આડતીયા છે, એવી તકરાર પડે, અને એવુ બનાવવામા આવ્યુ હોય કે સદરહુ જેના તે સબધે તે સખસો કામ ચલાવતા આવ્યા છે, ત્યારે સબધ મજકુર નથી કીંવા તુટેલો છે, એ વાત સાબીત કરવાનો બોજો એ પ્રમાણે કહેનાર સખસના ઉપર છે

૧૧૦ કોઇ પદાથ કોઇ સખસના કબજામા છે, એવુ બતાવવામા આવે તો તે સખસ તે પદાર્થનો માલીક છે કે નહીં, એવી તકરાર પડે ત્યારે સદરહુ સખસ માલીક નથી એ વાત સાબીત કરવાનો બોજો તે માલીક નથી એમ કહેનાર સખસના ઉપર છે

૧૧૧ જ્યારે કાઇ કાર્ય થયુ હોય અને તે જે પક્ષકારો વચ્ચે થયુ હોય તેમાથી એક પક્ષકારનો સબધ બીજા પક્ષકાર સાથે એવો હોય કે તે બીજા પક્ષકારને ફાયદો કરવાની તેની ફરજ હોય તો તે ફરજના સબધથી સદરહુ એક સખસ ઉપર ભરૂસો રાખવામા આવતો હોય, ત્યારે એવા પક્ષકારની વચ્ચે અમુક કાર્ય શુદ્ધ બુદ્ધિથી થયુ છે કે નહીં, એવી તકરાર પડે ત્યારે સદરહુ કાર્યની શુદ્ધ બુદ્ધિ સાબીત કરવાનો બોજો જે પક્ષકારના ઉપર સદરહુ પ્રમાણે ભરૂસો રાખવામા આવતો હોય તેના ઉપર છે

દ્રષ્ટાંત—(અ) એક અસીલે માડેલી ફરીઆદના કામમા એવી તકરાર પડી છે કે અસીલ મજકુરે પોતાના એક એટરનીને વેચાણ કરેલુ તે વેચાણ શુદ્ધબુદ્ધિથી થયુ છે કે નહી, એ કાર્યની શુદ્ધ બુદ્ધિથી સાબીત કરવાની જવાબદારી સદરહુ એટરનીના ઉપર છે (બ) એક છોકરો હાલ તુરતજ લાયક ઉમરે પહોચેલો છે તેણે પોતાના બાપ ઉપર ફરીઆદ માડી તે કામમા છોકરાએ બાપને વેચાણ કરેલુ તે શુદ્ધબુદ્ધિથી કરેલુ કે નહીં, તે વાતની તકરાર પડી એ કાર્યની શુદ્ધબુદ્ધિ સાબીત કરવાની જવાબદારી સદરહુ છોકરાના બાપ ઉપર છે.

૧૧૨ કોઇ શખસની માનો કોઇ પુરૂષ સાથે કાયદેસર થયલો લગ્ન સબધ જારી હોય તે દરમીયાનમા અથવા તે લગ્ન સબધ તુટયા પછી સખસ મજકુરની મા વગર પરણેલી રહી હોય તો લગ્ન સબધ તુટયા બાદ ૨૮૦ દીવસ સુધીમા સદરહુ સખસનો જન્મ થયો એ હકીકત તે સખસ પુરૂષ મજકુરનો કાયદેસર પુત્ર છે, એ વાતની નિર્ણયકારક સાબીતી સમજવી, પરતુ જો એવુ બતાવી શકાય કે સદરહુ લગનવાળા સદરહુ સ્ત્રી પુરુષ એ બેઉને એક બીજાનો સમાગમ કોઇ એવે સમય થયો નથી કે શખસ મજકુરની ગર્ભ ઉત્પત્તિ થઈ શકે, તો પછી એ પ્રમાણે સમજવુ નહીં.

૧૧૩ બ્રીટીશ સરકારના મુલકનનો કાઇ ભાગ દેશી સસ્થાને કીવા રાજ કીંવા હાકેમને સ્વાધીન કરવામા આવ્યો છે, એવુ જાહેરનામુ ગેઝેટ ઓફ ઇંડિયામા છાપવામા આવે તો એવા જાહેરનામામા લખેલી તારીખે એવો મુલક કાયદેસર રીતે સ્વાધીન કરવામા આવ્યો, એ વાતનુ સદરહુ જાહેરનામુ નિર્ણયકારક સાબીતી છે એમ સમજવુ

૧૧૪ કોઇ અમુક કામની હકીકતને સબધે કુદરતી બનાવની, તથા મનુષ્યની વર્તણુકની તથા સરકારી તથા ખાનગી કામકાજની સાધારણ ગતિ ઉપર વિચાર રાખતા કોઈ હકીકત બન્યાનો સભવ છે એવુ કોર્ટની નજરમા આવે તો તે હકીકત બનેલી છે એવુ અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે

દ્રષ્ટાત—નીચે પ્રમાણેના અનુમાન કરવાને કોર્ટની મુખ્તીઆરી છે, (અ) ચોરી ગયા પછી થોડી વારે ચોરીનો માલ કોઇ માણસના કબજામા હોય અને તે માણસ સદરહુ ચોરીનો માલ પોતાના કબજામા શી રીતે આવ્યો તે ન બતાવી શકે તો માણસ મજકુર ચોરી કરનાર છે અથવા તેણે ચોરીનો માલ જાણીને તે લીધો છે એવુ અનુમાન કરવાને કોર્ટ મુખ્તીયાર છે, (બ) ગુન્હાના કામમા ગુન્હેગારની સાબીતી

જુબાનીને મુખ્ય મુદ્દાની વાત બીજા પુરાવાથી પુષ્ટી ન મળે તો તે સાબીતીનુ કહેવુ ભરૂસો રાખવા યોગ્ય નથી એવુ અનુમાન કરવાને કોર્ટ મુખ્તીયાર છે (ક) હુંડી શીકારી અથવા તેના ઉપર શેરો થયો તો પછી સારા અવેજ ઉપરથી શીકારી અથવા શેરો થયો એવુ અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે (ડ) જે પુરાવો રજુ કરી શકાય એવો છે, પરતુ તે રજુ કર્યો નથી, તે પુરાવો રજુ થાય તો રજુ નહી કરનાર શખસને પ્રતિકુળ છે, એવુ અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે, (ઇ) કોઇ માણસને કાઇ સવાલનો જવાબ આપ્યો હોય, તો તે સખસને પ્રતિકુળ પડશે એવુ અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે,

---

બાબ ૮ મો. પ્રતિબંધ.

૧૧૫ જ્યારે કોઇ સખસ પોતે ઇકરાર કરીને, કીંવા કાઇ કૃત્ય કરીને કીવા કાઇ કરવાનુ તે ન કરીને, કોઇ બીજા સખસ પાસે અમુક વાત ખરી છે, એવી ધારણા કરાવી હોય અથવા કરવા દીધી હોય તથા તે ધારણા ઉપરથી કાઇ અમલ કરાવ્યો હોય અથવા કરવા દીધો હોય, તો તે સખસના તથા સદરહુ બીજા સખસ કીંવા તેના પ્રતિનીધી વચ્ચે ચાલતી ફરીઆદામા અથવા કામમા સદરહુ વાતનો ખરાપણાનો ઇનિકાર કરવાની પરવાનગી દાખલ મજકુરને કીવા તેના પ્રતિનીધીને આપવી નહી

દ્રષ્ટાંત—અ જાણી જોઇને એવુ કાઇ કરે છે કે, તે ઉપરથી અમુક જમીન અ ની છે એવુ બ એ માન્યુ અને તેથી જમીન મજકુર ખરીદ કરીને તેના રૂપીઆ આપવાને લલચાયો પાછળથી જમીન મજકુર અની માલકીમા આવી ત્યારે અ સદરહુ વેચાણ એવા સબબ ઉપરથી રદ કરાવવા માગે છે કે વેચાણ થયુ તે વખતે તે જમીન ઉપર મહારો કાઇ હક નહોતો એ વાત અને સાબીત કરવા દેવી નહીં

૧૧૬ સ્થાવર મિલકતના ગણોતીયા કીવા ભાડુતને અથવા તે ગણોતીયા કીવા ભાડુતના હક ઉપરથી જે સખસનો હક ઉત્પન્ન થયો હોય તે સખસને સદરહુ ગણોતીયાનો કીવા ભાડુતનો સબધ જારી હોય, તે દરમીયાનમા એવો ઇનકાર કરવાની પરવાનગી આપવી નહી કે સદરહુ સ્થાવર મિલકતના માલીકનો તે મીલકત ઉપર ગણોતીઆ કિવા ભાડુત મજકુરનો સબધ થયો, તે વખતે કાંઈ હક હતો નહી અને હરકોઈ સ્થાવર મિલકતના કબજેદારના પરવાનાથી તે મિલકત જે સખસે પોતાના તાબામા લીધી હોય તે સખસને એવો ઇનકાર કરવાની પરવાનગી આપવી નહિ કે સદરહુ પરવાનો આપતી વખતે એવા કબજેદારનો એવા કબજા ઉપર હક હતો નહી

૧૧૭—કાઇ હુડી શીકારનારને એવો ઇનિકાર કરવાની પરવાનગી આપવી નહી કે હુડી આપનાર સખસનો એવી હુડી આપવાનો કે તે ઉપર શેરો કરવાનો અધિકાર નહોતો અને કોઈ નીક્ષેપીને અથવા જે સખસને કાઇ પરવાનો આપ્યો હોય તે સખસને પણ એવો ઇનકાર કરવાની પરવાનગી આપવી નહી કે નોટીસ અથવા પરવાનો શરૂ થતી વખતે તે નીક્ષેપતાને અથવા પરવાનો આપનાર સખસને એ પ્રમાણે નીક્ષેપ કરવાનો અથવા એવો પરવાનો આપવાનો અધિકાર નહોતો

ખુલાસો—૧ લો હુડી શીકારનાર એવો ઇનકાર કરવાને મુખત્યાર છે કે, હુડી મજકુર ઉપરથી જે સખસ ને હુડી આપ્યાનુ સમજાય છે તે હુડી ખરેખરી આપી નથી ખુ. ૨ જો નીપેક્ષી નીક્ષેપતા સિવાય બીજા કોઈ સખસને નીક્ષેપવાળો માલ આપે તો નીક્ષેપી એવુ સાબીત કરવાને મુખત્યાર છે કે જે સખસને તેણે માલ આપ્યો છે, તે સખસનો નિક્ષેપતા વિરૂદ્ધ માલ મજકુર ઉપર હક હતો

બાબ ૯ મો. સાક્ષીઓ બાબત.

૧૧૮ સર્વ જાતનાં સખસ સાહેદી આપવાને શક્ત છે એમ સમજવુ, પરતુ કોર્ટની નજરમા એમ આવે કે કાચી ઉમરને લીધે અથવા અતીશય જયફીને લીધે અથવા શરીરના કિંવા મનના કાઇ રોગને લીધે અથવા એવા પ્રકારના બીજા કોઇ કારણને લીધે તેને જે સવાલ પુછવામા આવે છે તે સમજી શકતા નથી અથવા તે સવાલોના સમજણવાળા જવાબ આપી શકતા નથી તો તે સખસો સાહેદી આપવાને શક્ત છે એમ સમજવુ નહી

ખુલાસો—દીવાનો માણસ સાહેદી આપવાને અશક્ત નથી, પરતુ તેને સવાલ પુછવામા આવે તે

જે દીવાનાપણાના સબબથી તે સમજી શકતો ન હોય તો તેને અશક્ત છે

૧૧૯—જે સાહેદ બોલી શકતો ન હોય તે સાહેદ લખાણવડે કીંવા ચીન્હો વડે એવી જે રીતે પોતાની જુબાની સમજાઇ શકે એવી કરી શકતો હોય, તેવી કોઇ રીતે જુબાની આપવાને મુખત્યાર છે પરંતુ એવુ લખાણ તથા એવા ચીન્હો ખુલ્લી કોર્ટમા થવા જોઇએ એ પ્રમાણે આપેલા પુરાવાને મુખજુબાની પુરાવો સમજવો

૧૨૦ તમામ દીવાની કામોમા દાવાના પક્ષકારો તથા દાવાના હરકોઇ પક્ષકારને ધણી અથવા તેની ધણીઆણી સાહેદી આપવાને શક્ત છે એમ સમજવુ ફોજદારી કામોમા હરકોઇ સખસની વિરૂદ્ધ પુરાવો આપવાને એવા સખસોને ધણી અથવા તેની ધણીઆણી અનુક્રમે સક્ત છે એમ સમજવુ

૧૨૧ હરકોઇ જડજ અથવા માજીસ્ટ્રેટને કોર્ટમાના તેના એવા જડજ અથવા માજીસ્ટ્રેટ તરીકેની વર્તણુક વીશેના અથવા એવા જડજ અથવા માજીસ્ટ્રેટના રૂએ જ વાત તેના જાણ્યામા કોર્ટમા આવી હોય, તે વીશેના હરકોઈ સવાલો પુછવામા આવે, તેવા જવાબ દેવા સદરહુ જડજ અથવા માજીસ્ટ્રેટને જે કોર્ટને તાબે તે હોય તેવી કોર્ટના ખાસ હુકમ સીવાય ફરજ પાડવી નહી, પરંતુ એ પ્રમાણે કામ કરતા દરમીઆનમા પોતાની રૂબરૂ કોઇ બીજી બીનાઓ બની હોય તે વીશે તેને સવાલ પુછી શકાય

દૃષ્ટાંત—(અ) સેસનકોર્ટની રૂબરૂ અના ઉપર તજવીજ ચાલે છે તે વખતે અ જાહેર કરે છે કે બ નામના માજીસ્ટ્રેટે એક જુબાની ગેર રીતે લીધી, કોઈ ઉપલી કોર્ટના ખાસ હુકમ સીવાય એ વીશેના સવાલોના જવાબ આપવાની બને ફરજ પાડી શકાતી નથી (બ) બ નામના માજીસ્ટ્રેટની રૂબરૂ ખોટી સાહેદી આપ્યાનુ અના ઉપર સેસનકોર્ટમા તહોમત છે, ઉપલી કોર્ટના ખાસ હુકમ સીવાય અએ શુ કહ્યુ તે બને પુછી શકાતું નથી (ક) બ નામના સેસન જડજની રૂબરૂ તજવીજ દરમીયાનમા એક પોલીસ અમલદારનુ ખુન કરવાની કોસીશ કરવાનુ અના ઉપર સેસનકોર્ટમા તહોમત છે શી બીના બની એ વીશે બને સવાલ પુછી શકાય છે

૧૨૨ જે સખસનુ લગ્ન થયેલુ છે કીવા હતું તેવા હરકોઇ સખસને લગ્ન સબધમા દરમીયાનમા જેની સાથે લગ્ન થયેલુ છે અથવા થયલુ હતુ તેણે હરકોઇ વાત કહી હોય તે વાત સદરહુ કહેનાર સખસની કીવા હક સબધે તેના પ્રતિનીધીની રજા મદી સિવાય પ્રકટ કરવાની તે સખસને ફરજ પાડવી નહી કીવા એવી કાઇ વાત પ્રકટ કરવાની તે સખસને સદરહુ પ્રમાણેની રજામદી સિવાય પરવાનગી આપવી નહી, પરંતુ પરણેલા સખસોની વચ્ચેની માહોમાહેની ફરીયાદીઓના કામોમા અથવા કોઈ પરણેલ સખસે પોતાનુ જેની સાથે લગ્ન થયુ છે, તેના વિરૂદ્ધ કાઈ ગુન્હો કીધો હોય તે બદલ તેના ઉપર ફોજદારીમા ફરીઆદ થઈ હોય તેવા કામોમા ઉપર પ્રમાણેની કાઇ વાત પ્રકટ કરવાની તે સખસને ફરજ પાડવાને કીવા પરવાનગી આપવાને મધન છે એમ સમજવુ નહી

૧૨૩ રાજ્ય પ્રકરણ સબધી પ્રસિદ્ધ નહી થયેલા સરકારી દફતર ઉપરથી મળેલો પુરાવો આપવાને કોઈ પણ સખસને પરવાનગી આપવી નહી, પરંતુ જે ખાતાનુ સદરહુ દફતર હોય તે ખાતાના ઉપરી અધિકારી પરવાનગી આપે તો સદરહુ પ્રમાણે પુરાવો આપવા દેવો ઉપરી અધિકારી મજકુરને યોગ્ય જણાય તે પ્રમાણે તેણે પરવાનગી આપવી કિંવા ન આપવી

૧૨૪ કોઇ પણ સરકારી અધિકારીને સરકારી હોદ્દાની રૂઇએ ભરૂસાની વાત કહેવામા આવી હોય તે વાત પ્રકટ કરવાથી સાર્વજનિક હિતને નુકશાન છે, એવુ તે સરકારી નજરમા આવે ત્યારે વાત મજકુર પ્રકટ કરવાની ફરજ અધિકારી મજકુરને પાડવી નહી

૧૨૫ કોઇ પણ માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદારે, કોઈ પણ ગુન્હો બન્યા બાબતની કાઇપણ ખબર કયાથી મેળવી તે કહેવાને તે માજીસ્ટ્રેટને અથવા પોલીસ અમલદારને ફરજ પાડવી નહી, તથા કેઇ પણ મુલકી અમલદારે સાર્વજનિક મહેસુલ વિરૂદ્ધ કોઇ પણ ગુન્હો બન્યા બાબતની ખબર કયાથી મેળવી તે કહેવાને તે મુલકી અમલદારને ફરજ પાડવી નહીં

ખુલાસો—આ કલમમા "મૂલકી અમલદાર" એ શબ્દનો અર્થ એ છે કે સાર્વજનિક મહેસુલ કોઇપણ ખાતાના કામમા અથવા કામ બાબતની નોકરીમા રાખેલો કોઈ પણ અમલદાર

૧૨૬ કોઈ પણ બારીસ્ટર કીવા પ્લીડર કે વકીલને જે વાત તેને તેના અસીલે અથવા તેના તરફથી કોઇએ એવા બારીસ્ટરનુ કીવા અટરનીનું કે વકીલનુ કામ કરવા પ્રસગે તથા કામ મજકુર કરવાને કહી

હોય તે વાત કરવાની પરવાનગી અથવા કોઈ પણ દસ્તાવેજની સ્થિતિ કિવા મજકુરથી તે પોતાના રોજગારનું કામ કરવાને પ્રસગે તથા કામ મજકુર કરવાને માટે વાકેફ થયો હોય, તે સ્થિતિ કીવા મજકુર પ્રકટ કરવાની પરવાનગી અથવા એવુ કામ કરવાને પ્રસગે તથા કરવાને માટે તેણે પોતાના અસીલને કાઇ પણ સલાહ આપી હોય તે પ્રગટ કરવાની પરવાનગી તેના અસીલને સ્પષ્ટ રજામદી સીવાય કોઈ પણ સમયે આપવી નહી પરતુ આ કલમ માહેના કોઇ પણ મજકુરને આધારે નીચે લખેલી વાત પ્રગટ થતી બચે છે એમ સમજવુ' નહિ. (૧) કોઇ પણ એવી વાત હરકોઇ ગુન્હાનુ કામ સાધવા સારૂ કહી હોય તે (૨) હરકોઇ બારીસ્ટરનુ કીવા પ્લીડરનુ કીવા અટરનીનુ કીવા વકીલનુ કામ કરવાને પ્રસંગે બારીસ્ટર કીવા પ્લીડર કીવા અટરની કીવા મજકુરના જોવામા એવી હકીકત આવી હોય કે તે ઉપરથી એમ માલુમ પડે કે કામ મજકુર કરવુ શરૂ કર્યા પછી હરકોઇ ગુન્હો અથવા દગો થયો છે સદરહુ બારીસ્ટર કીવા પ્લીડર કીવા અટરની, કીવા વકીલના ધ્યાન ઉપર તેના અસીલે કીવા અસીલની તરફથી કોઇએ આણી હતી કે નહી તે કાઈ જોવાની જરૂર નથી

ખુલાસો—આ કલમમા જે ફરજ કહી છે તે સદરહુ કામ ઉપરથી બારીસ્ટર કીવા પ્લીડર, કીવા એટરની, કીવા વકીલ, મજકુર દુર થયા પછી જારી રહે છે

દૃષ્ટાંત—(અ) અ નામનો અસીલ બ નામના એક અટરનીને કહે છે કે, મે ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો છે મારી ઇચ્છા એવી છે કે, તમે મારી તરફથી એ તહોમતનો જવાબ કરો, ગુન્હેગાર જાણેલા માણસ તરફથી તહોમતનો જવાબ આપવો એ કાઈ ગુન્હાનુ કામ નથી તેથી સદરહુ વાત પ્રગટ થતી બચે છે બ અ નામનો એક અસીલ બ નામના એક અટરનીને કહે છે કે, એકે બનાવટના લેખનો ઉપયોગ કરીને મારે કોઇ મિલ્કતનો કબજો લેવાની ઇચ્છા છે એ લેખ ઉપર તમે ફરીયાદ માડો, તેમા–આ વાત ગુન્હાનુ કામ સાધવા માટે કહી તેથી તે પ્રગટ થતી બચતી નથી

૧૨૭ કા ૧૨૬ મી મા કહેલા નિયમો બારીસ્ટરોના તથા પ્લીડરોની તથા અટરનીઓના તથા દુભાસીઆ તથા કારકુનો કીવા નોકરોને લાગુ પડે છે એમ સમજવુ

૧૨૮ કાઈ દાવાનો પક્ષકાર પોતાનીજ દરખાસ્ત ઉપરથી અથવા બીજી રીતે તે ફરીઆદીમા સાહેદી આપે તો તેણે કલમ ૧૨૬ મી મા લખ્યા પ્રમાણેની બાબતો પ્રકટ કરવાની રજામદી તે ઉપરથી આપી એમ ગણવુ નહી, અને કોઇ દાવાનો અથવા મુકદમાનો હરકોઈ પક્ષકાર એવા કોઇ બારીસ્ટર, પ્લીડર, અટરની, કીવા વકીલને સાહેદ તરીકે બોલાવે, તો તેણે સદરહુ પ્રમાણે પ્રગટ કરવાની રજામદી આપી એમ માત્ર ત્યારે ગણવુ કે જ્યારે સદરહુ બારીસ્ટર, અટરની, અથવા વકીલને એવી બાબતો વીશે તે સવાલ પુછે કે, તે એવો સવાલ ન પુછત તો તે બાબત તે બારીસ્ટર અટરની કીવા વકીલ પ્રગટ કરી શકત નહી

૧૨૯ કાઇ સખસની વચ્ચે તથા તેના સબધી રોજગાર કરનાર સલાહકારની વચ્ચે કાઇ ભરૂસાની વાત થઈ હોય તે પ્રગટ કરવાને તે સખસને ફરજ પાડવી નહી, પરતુ તે શખસ સાહેદ તરીકે સાહેદી આપવા પોતાની મેળેજ ઉભો થાય, તો તેણે જે કાઇ પુરાવો આપ્યો હોય તે પુરવાનો ખુલાસો કરવાને એવી જેટલી વાત જાણવાની કોર્ટ નજરમા જરૂર જણાય તેટલી વાત પ્રગટ કરવાની તેને ફરજ પાડી શકાય છે પણ બીજી વાત પ્રગટ કરવાની ફરજ પાડી શકાતી નથી

૧૩૦ જે સાહેદ ફરીયાદીમા પક્ષકાર નથી, તેવા સાહેદને હરકાઇ મીલ્કતના પોતાના ખત કબાલા અથવા જે દસ્તાવેજ ઉપરથી તે હરકાઇ મિલ્કત ઉપર ગીરોદાર તરીક, અથવા ધરેણે રાખનાર તરીકે હક રાખતો હોય, તેવો હરકાઈ દસ્તાવેજ, અથવા જે દસ્તાવેજ રજુ કરવા ઉપરથી તે ગુન્હામા આવે એવુ હોય તે દસ્તાવેજ ગુજારવાને ફરજ પાડવી નહી, પરતુ જે શખસ એવા ખત રજુ કરાવવા માગતો હોય તે સખસ સાથે અથવા તે શખસ ઉપરથી જે શખસનો હક ઉત્પન્ન થયો એવા કોઇ શખસ સાથે સદરહુ સાહેદ ખત મજકુર ગુજારવાને લખાણ કરીને કબુલ કીધુ હોય તો સદરહુ પ્રમાણે ફરજ પાડી શકાય છે

૧૩૧ કાઇ પણ શખસને તેના કબજામાના એવા દસ્તાવેજો ગુજારવાની ફરજ પાડવી નહી કે તે દસ્તાવેજ હરકાઇ બીજા માણસના કબજામા હોત તો તે ગુજારવાની ના પાડવાનો તેનો હક હોત, પરતુ સદરહુ બીજો શખસ દસ્તાવેજો મજકુર ગુજારવાને રજામદી આપતો હોય તો સદરહુ પ્રમાણે ફરજ પાડી શકાય છે

૧૩૨ હરકોઇ ફરીયાદીમા અથવા દીવાની કીવા ફોજદારી કામમા તકરારી બાબતને લગતી હરકોઇ બાબત વીશેના સવાલનો જવાબ કોઇ સાહેદ આપે તો તે જવાબ તે સાહેદને ગુન્હામા આણવે, અથવા તે જવાબ ઉપરથી પ્રત્યક્ષ કીવા પરપરા સબધે સાહેદ મજકુર ગુન્હામા આવે એવુ થશે અથવા તે જવાબ એવા સાહેદને દ્રવ્ય દડને કીવા કાયદો તોડવાની ગુન્હેગારીને પાત્ર કરશે અથવા તે જવાબ ઉપરથી સાહેદ મજકુર પ્રત્યક્ષ કીવા પરપરા સબંધે દ્રવ્ય દડને કીવા કોઈ કાયદો તોડવાની ગુન્હેગારીને પાત્ર થાય એવુ થશે એવા સબબ ઉપરથી સદરહુ સાહેદને સદરહુ સવાલનો જવાબ આપવાની માફી આપવી નહી. પરતુ એવો જે જવાબ આપવાની સાહેદને ફરજ પાડવામા આવી હોય તે જવાબ ઉપરથી ખોટી સાહેદી આપવા બદલ તેના ઉપર જે ફોજદારી મુકદમો ચાલે તે સીવાય બીજો ફોજદારી મુકદમો તેના ઉપર ચલાવવો નહી, કીવા તેને પકડવો નહી, કીવા કોઈ પણ ફોજદારી કામમા જવાબ મજકુર તેની વિરૂદ્ધ સાબીત કરવો નહી

૧૩૩. ગુન્હાના કામમા તહોમતવાળા સખસના સોબતી તહોમતવાળા સખસની વિરૂદ્ધ સાહેદી આપવાને લાયક છે, અને કોઈ ગુન્હો સાબીત કરવાનો ઠરાવ એવા સોબતીની વગર પુષ્ટીની સાહેદી ઉપરથી કર્યો છે, એજ કારણને લીધે માત્ર સદરહુ ઠરાવ ગેરકાયદે છે, એમ સમજવુ નહિ

૧૩૪. હરકોઇ કામમા હરકોઈ હકીકત સાબીત કરવાને માટે સાહેદોની અમુક સખ્યા જોઇએ એમ સમજવુ નહી

બાબ ૧૦ મો—સાક્ષીયો તપાસવા બાબત.

૧૩૫ સાહેદો ક્યા અનુક્રમે ગુજરવા તથા તેની સાહેદી કેવે અનુક્રમે લેવી એ બાબત દીવાની તથા ફોજદારી કામ ચલાવવાની રીત સબધી વખતે વખત જે કાયદો તથા વહીવટ હોય તે મુજબ જેના તે કાયદા તથા વહીવટ પ્રમાણે અમલ કરવો, ને એવો કાઈ કાયદો ન હોય તો કોર્ટની નજરમા દુરસ્ત લાગે તેમ કરવુ

૧૩૬. જ્યારે હરકોઇ હકીકતનો પુરાવો આપવાનુ હરકોઈ પક્ષકાર કહે, ત્યારે જાહેર કરેલી હકીકત સાબીત થાય તો તે લગતી શી રીતે છે, એવુ સદરહુ પુરાવો આપવાનુ કહેનાર સખસને પુછવાને જડજ મુખત્યાર છે અને સદરહુ હકીકત સાબીત થાય તો તે લગતી છે એવુ જડજની નજરમા આવે તો તેણે પુરાવો મજકુર લેવો અગર એવુ નજરમા ન આવે તો તે લેવો નહી જે હકીકત સાબીત કરી આપવાનુ કહેવામા આવે તે હકીકત એવી હોય કે કોઇ હકીકત સાબીત થાય તોજ માત્ર તેનો પુરાવો લેવાઈ શકાય, ત્યારે સદરહુ પ્રથમ કહેલી હકીકતનો પુરાવો આપતા પહેલા સદરહુ પાછળથી કહેલી બીજી હકીકત ન સાબીત થવી જોઇએ પણ પક્ષકાર મજકુર એવી હકીકતની સાબીતી આપવાનુ પોતાને માથે લે અને તે રીતે કોર્ટની ખાત્રી થાય તો તેમ થવાની જરૂર નથી

એક જાહેર કરેલી હકીકત લગતી છે કે નહી એ વાત બીજી જાહેર કરેલી હકીકત પ્રથમ સાબીત થયેથી માલમ પડે એવી હોય ત્યારે જડજની નજરમા યોગ્ય જણાય તે પ્રમાણે સદરહુ બીજી વાત સાબીત કરતા પહેલા સદરહુ પહેલી વાતનો પુરાવો આપવાની પરવાનગી આપવાને અગર સદરહુ પહેલી વાતનો પુરાવો આપતા પહેલા સદરહુ બીજી વાતનો પુરાવો આપવાનો હુકમ કરવાને જડજ મુખત્યાર છે

દ્રષ્ટાંત—(અ) એક લગતી હકીકત વીશે એક જાહેર કર્યા પ્રમાણે ગુજરી ગયલા સખસ કહેલો મજકુર સાબીત કરી આપવાનુ કહેવામા આવ્યુ છે એ મજકુર કલમ ૩૨ મુજબ લગતો છે એ મજકુરનો પુરાવો આપતા પહેલા એવો પુરાવો આપવાનુ કહેનાર સખસે સખસ મજકુર ગુજરી ગયો છે, એ હકીકત સાબીત કરી જોઇએ (બ) એક જાહેર કર્યા પ્રમાણે ખોવાઇ ગયલા દસ્તાવેજનો મજકુર નકલ વડે સાબીત કરી આપવાનું કહેવામા આવ્યુ છે, નકલ મજકુર ગુજારતા પહેલા તે નકલ ગુજારવાનુ કહેનાર સખસ સદરહુ અસલ દસ્તાવેજ ખોવાઈ ગયો છે, એ સાબીત કરવુ જોઇએ

૧૩૭. જે પક્ષકારે સાહેદને બોલાવ્યો હોય તે પક્ષકાર તે સાહેદને તપાસે તેને મુખ્ય તપાસણી કહેવી સામાનો પક્ષકાર સાહેદને તપાસે તેને ઉલટ તપાસણી કહેવી ઉલટ તપાસણી થયા પછી જે પક્ષકારે સાહેદને બોલાવ્યો હોય તે પક્ષકાર સાહેદને તપાસે તેને ફરી તપાસણી કહેવી

૧૩૮. સાહેદોની પ્રથમ મુખ્ય તપાસણી કરવી, પછી (જો સામા પક્ષકારની ઈચ્છા હોય તો) ઉલટ તપાસણી કરવી, અને ત્યાર બાદ (સાહેદને બોલાવનાર પક્ષકારની ઈચ્છા હોય તો) ફરી તપાસણી કરવી

મુખ્ય તપાસણી તથા ઉલટ તપાસણી લગતી હકીકત બાબત હોવી જોઈએ, પણ ઉલટ તપાસણીમા જે સાહેદે મુખ્ય તપાસણીમા લખાવી હોય તેજ હકીકત વીશે માત્ર સવાલ પુછવા એવી જરૂર નથી ઉલટ તપાસણીમા જે બાબતોનો બોધ થયો હોય તે બાબતનો ખુલાસો થવાના કારણસર સવાલો ફરી તપાસણીમા પુછવા, અને ફરી તપાસણીમા કોર્ટની પરવાનગીથી કાઇ નવી બાબત નીકળે તો તે બાબત વિષે ફરી ઉલટ સવાલ પુછવાને સામો પક્ષકાર મુખત્યાર છે

૧૩૯. જે સખસના ઉપર કાઈ દસ્તાવેજ રજુ કરવાનો સમન્સ થાય તે સખસે તે દસ્તાવેજ રજુ કર્યો એ હકીકત ઉપરથી જ માત્ર સખસ મજકુર સાહેદ બન્યો એમ સમજવુ નહી અને તેને જ્યા સુધી સાહેદ તરીકે બોલાવવામા આવ્યો નથી ત્યા સુધી તેની ઉલટ તપાસણી કરી શકાતી નથી

૧૪૦. ચાલચલણુ બાબતના સાહેદોની ઉલટ તપાસણી તથા ફરી તપાસણી કરી શકાય છે

૧૪૧. સવાલ પુછનાર સખસ જે જવાબ મળવાની ઈચ્છા રાખતો હોય અથવા આશા રાખતો હોય તે જવાબ જે સવાલ ઉપરથી નીકળી આવે તેવા સવાલને સૂચક સવાલ કહેવામા આવે છે

૧૪૨ મુખ્ય તપાસણીમા અથવા ફરી તપાસણીમા સુચક સવાલ સામો પક્ષકાર હરકત લે તો કોર્ટની પરવાનગી સીવાય પુછવા જોઇએ નહી

જે બાબતો પ્રસ્તાવનારૂપ હોય અથવા બીજી તકરાર હોય અથવા કોર્ટના અભીપ્રાયમા પુરતી રીતે સાબીત થઈ ચૂકી હોય તે બાબતો વીશે સુચક સાવાલો પુછવાની કોર્ટે પરવાનગી આપવી

૧૪૩. ઉલટ તપાસણીમા સુચક સવાલો પુછી શકાય છે

૧૪૪ હરકોઇ સાહેદની સાહેદી લેવાની હોય તે દરમીયાનમા તેને એવુ પુછી શકાય છે કે જે કરાર કીવા દાન, કીવા મીલ્કતની બીજી રીતની વ્યવસ્થા બાબત તે સાહેદી આપે છે તે કરાર કીવા દાન, કીવા મીલ્કતની બીજી રીતની વ્યવસ્થા કોઈ દસ્તાવેજમા લખેલી નહોતી કે કેમ, અને જો તે એમ કહે કે લખેલી હતી તો અથવા જે દસ્તાવેજ કોર્ટના અભીપ્રાય પ્રમાણે રજુ થવો જોઇએ, એવા હરકોઇ દસ્તાવેજના મજકુર વીશે તે સખસ કાઇ વાત કહેવા જતો હોય તો સામો પક્ષકાર એવી હકીકત લેવાને મુખત્યાર છે કે દસ્તાવેજ મજકુર રજુ થતા સુધી અથવા જે હકીકતો સાબીત થએ સદરહુ સાહેદને બોલાવનાર પક્ષકારનો દસ્તાવેજ મજકુરનો દાયમ પુરાવો આપવાનો હક થતો હોય તે હકીકતો સાબીત થાય ત્યા સુધી એવો પુરાવો લેવો જોઇએ નહી

ખુલાસો—દસ્તાવેજોના મજકુર વિષે બીજા સખસોએ કહેલી વાત ન્યત લગતી હોય તો તે વાતોની મુખજુબાની સાહેદી આપી શકે છે

દ્રષ્ટાંત—તકરાર એવી છે કે **અ** એ બ ના ઉપર હુમલો કીધો છે કે નહી તેમા ક એવી સાહેદી આપે છે કે, **અ** એ ડ ને એવુ કહતા કે એ સાભળ્યુ કે બ એ કાગળ લખ્યો તેમા મારા ઉપર ચોરીનુ તહોમત મુક્યુ છે અને તેનુ વેર હુ લઇશ આ વાત લગતી છે, કારણ કે હુમલા કરવાનો **અ** નો શુ હતુ હતો, તે એ ઉપરથી માલમ પડે છે રુબરુ આગળ રીતે કાઈ પુરાવા આપવામા ન આવે તોપણ સદરહુ વાતનો પુરાવો આપી શકાય છે

૧૪૫—કાઇ સાહેદે પેહેતર કાઇ મજકુર લખનો હાય અથવા લખ્યા હાય તે લખી લેવામા આવ્યો હાય તથા તે તકરારી બાબતને લગતો હાય તો તે લખાણુ તેને બતાવ્યા સીવાય અથવા સાબીત કર્યા સિવાય મજકુર બાબત તેની ઉલટ તપાસણી કરી શકાય છે પરતુ લખાણુ મજકુરથી તેને ખોટા પાડવાનો ઇરાદો હાય તો તે લખાણુ સાબીત કરી શકાય તે પહેલા લખાણુ મજકુરના જે ભાગો તેને ખોટા પાડવાના કામમા લેવાના હાય તે ભાગો તેના ધ્યાન ઉપર આણુવા જોઇએ

૧૪૬. જ્યારે કાઇ સાહેદની ઉલટ તપાસણી લેવામા આવે ત્યારે આ આકટમા ઉપર બોધ કરી ગયા પ્રમાણેના સવાલાની સાથે જે સવાલોથી નીચે લખેલી બાબતનો ખુલાસો થાય તેવા સવાલો પણુ તેને પુછી શકાય છે

(૧) સાહેદ મજકુર સાચુ બોલે છે કે નહી તેથી તેની પરીક્ષા લેવા બાબત (૨) તે કોણુ છે.

તથા તેની સસારમા કેવી સ્થિતિ છે તે બાબત અથવા (૩) તેની ચાલચલણને હાની લગાડી તેના ઉપરનો ભરૂસો નબળો પાડવા બાબત—આવા સવાલના જવાબ ઉપરથી પ્રત્યક્ષ કીવા પરપરા સબધે સાહેદ મજકુર ગુન્હામા આવે એવુ થતુ હોય અથવા જવાબ મજકુર તેને દ્રવ્ય દડને કીવા કાયદો તોડવાની ગુન્હેગારીને પાત્ર કરતો હોય, અથવા તે ઉપરથી પ્રત્યક્ષ કીવા પરપરા સબધે તે દ્રવ્ય દડને કીવા કાયદો તોડવાની ગુન્હેગારીને પાત્ર થાય એવુ થતુ હોય તો પણ સવાલ મજકુર પુછી શકાય છે

૧૪૭ જો હરકોઈ એવો સવાલ દાવાને કીવા કામને લગતી હોય તેવી બાબત વીશે હોય તો કલમ ૧૩૨ મી મા લખેલા નિયમો તેને લાગુ પડે છે

૧૪૮. એવા હરકોઇ સવાલ એવી બાબત વીશે હોય તે ઉપરથી સાહેદની ચાલચલણને હાની પહોચ્યાથી તેના ઉપરના ભરૂસામા અતર પડે, તે સીવાય બીજી રીતે તે બાબત દાવામા કીવા કામમા લગતી ન હોય તો તે સવાલનો જવાબ દેવાની સાહદને ફરજ પાડવી કે નહી તે કોર્ટે ઠેરવવુ, અને જો કોર્ટની નજરમા યોગ્ય જણાય તો સવલ મજકુરનો જવાબ દેવાની સાહેદને ફરજ નથી એવી તે સાહદને સુચના આપવાને કોર્ટ મુખત્યાર છે સદરહુ મુજબ ઠરાવ કરતી વખતે નીચે લખેલી બાબતો ઉપર કોર્ટે ધ્યાન રાખવુ

(૧) સદરહુ સવાલ જો એવા પ્રકારના હોય કે તે ઉપરથી જે આરોપ મુકવામા આવતો હોય તે સાચો પડે તે જે બાબતની તે સાહેદી આપતો હોય તે બાબતમા તેના ઉપર ભરૂસો રાખવા સબધીના કોર્ટના અભીપ્રાયમા ભારે પડે તો તે સવાલ મુનાસીબ છે એમ સમજવુ (૨) સદરહુ સવાલ ઉપરથી જે આરોપ મુકવામા આવતો હોય તે એવા લાબા કાળની બાબતો સબધી કીવા એવા પ્રકારનો હોય કે તે સાચો પડે । જે બાબતની સાહેદ મજકુર સાહેદી આપતો હોય તે બાબતમા તેના ઉપર ભરૂસો રાખના સબધીના કોર્ટના અભીપ્રાયમા ફેર પડે એવુ નહોય કીવા જુજ ફેર પડે એવુ હોય, તો તેવા સવાલોને ગેર મુનાસીબ સવાલ સમજવા (૩) સાહેદની ચાલચલણ ઉપર જે આરોપ મુકવામા આવ્યો હોય તે કેટલો ભારે છે તથા સાહેદ મજકુરની સાહદી કેટની અગત્યની છે એ બે વાત ઉપર વિચાર કરતા તે બેઉ વચ્ચે મોટો અતર માલમ પડે તો એવા સવાલ ગેર મુનાસીબ જાણવા (૪) સાહેદ જવાબ આપવાની ના કહે તો તે ઉપરથી કોર્ટની નજરમા યોગ્ય જણાય તો એવી ધારણા કરવાને કોર્ટ મુખત્યાર છે કે જવાબ આપ્યો હોય તો તે પ્રતીકુળ પડે

૧૪૯. કલમ ૧૪૮ મી મા બોધ કર્યો છે, તેવા સવાલ ઉપરથી જે આરોપ મુકવામા આવતો હોય તે આરોપ સારા પાયા ઉપર છે એવુ ધારવાનેતે પુછનાર સખસને યોગ્ય કારણ નહોય તો તેવો સવાલ પુછવો મુનાસીબ નથી

દ્રષ્ટાંત—**(અ)** એક બારીસ્ટરને એક અટરનીએ એવી સમજુત આપી કે, એક અગત્યનો સાહેદ ડાકાઇટી કરનાર છે સાહેદ મજકુર ડાકાયટી કરનાર છે કે શીરીતે તે તે સાહેદને પૂછવાનુ આ એક યોગ્ય કારણ છે (બ) એક સાહેદને વીશે કશી વાત જાણ્યામા નથી તેને વગર સધાને પુછ્યુ કે તે ડાકાયટી કરનાર છે કે નહી, આ સવાલ પૂછવાને યોગ્ય કારણ નથી

૧૫૦. જ્યારે કોર્ટના અભીપ્રાય એવો હોય કે હરકોઈ એવો સવાલ યોગ્ય કારણ વગર પૂછયો ત્યારે જો તે સવાલ હરકોઈ બારીસ્ટરે અથવા અટરનીએ અથવા પ્લીડરે અથવા વકીલે પુછ્યો હોય તો કામ મજકુરની હકીકતનો રીપોર્ટ કોઈ કોર્ટમા અથવા સદરહુ બારીસ્ટર કીવા અટરની કીવા વકીલ પોતાનુ રોજગારનુ કામ કરવાને પ્રસગે જે અધિકારન તાબે હોય તેને કરી મોકલવાને કોર્ટ મુખત્યાર છે

૧૫૧. કોર્ટની નજરમા જે સવાલ અથવા તપાસણી લજ્જા રહીત કીવા નીદાયુકત લાગે તે સવાલ અથવા તપાસણી કોર્ટની રૂબરૂ ચાલતી તકરારો સાથે કાઇ લાગતી વળગતી હોય તો પણ તે કરવાની મના કરવાને કોર્ટ મુખત્યાર છે પરતુ જો તકરારી હકીકતની સાથે સબધ રાખતા હોય અથવા તકરારી હકીકત હતી કે નહી તે મુકરર કરવાને જાણવાને જરૂર હોય, એવી બાબતો સાથે સબધ રાખતી હોય । સદરહુ પ્રમાણે મના કરી શકાય નહી

૧૫૨. કોર્ટની નજરમા એવુ આવે કે કોઇ સવાલ અપમાન કરવાના કીવા મનને દુખ ઉત્પન્ન કરવાના ઇરાદાથી કીધો છે અથવા સવાલ મજકુર સ્વત મુનાશીબ હોય તો પણ કોર્ટની નજરમા એમ

આવે કે તેનુ રૂપ વગર જરૂરે મન દુખાવા જેવુ છે તો તે સવાલ કોર્ટે કરવા દેવો નહી

૧૫૩. જ્યારે કોઈ સાહેદને હર કાઈ સવાલ પુછ્યો હોય તથા તેનો તેણે જવાબ આપ્યો હોય તે **ઉપરથી** તેની ચાલ ચલણને હાની પહોચ્યાથી તેના ઉપરનો ભરસો નબળો થાય એટલોજ માત્ર સવાલ મજકુર થતી તજવીજમા લગતો હોય, ત્યારે તે સાહેદનો ખોટો પાડવા સારૂ કાઇ પણ પુરાવો આપવો નહી પણ તેણે જો ખોટો જવાબ દીધો હોય તો તેના ઉપર પાછળથી ખોટી સાહેદી આપવાનુ તહોમત મુકી શકાય છે

અપવાદ ૧ લો—કાઇ સાહેદને એવો સવાલ પુછ્યો હોય કે તમારા ઉપર પેશ્તર કાઇ ગુન્હો થયો છે કે નહી, અને તેના જવાબમા તે ના કહે તો પેસ્તર ગુન્હો સાબીત થયાની વાતનો પુરાવો આપી શકાય છે **અપવાદ ૨ જો**—કોઇ સાહેદને નિરપક્ષપાતાપણાને દોષ પહોચ એવો હર કોઈ સવાલ તે સાહેદને પુછવામા આવે, અને તેના જવાબમા જે હકીકત સુચવી હોય તેનો તે ઇનકાર કરે તો તેને ખોટો પાડી શકાય છે

દ્રષ્ટાંત-(**અ**) એક વીમાદારના ઉપર દાવા થયો છે તેના જવાબમા તેણે દગાનો સબબ બતાવ્યો દાવેદારને એવો સવાલ પુછ્યો કે પેસ્તરના એક કામમા તેને દગલબાજીનો દાવો કીધો હતો કે નહી, દાવેદાર ના કહે છે દાવેદાર મજકુરે એવો દાવો કીધો હતો, તે બતાવવાને પુરાવો આપવા માડ્યો એ પુરાવો લેવાઇ શકતો નથી (**બ**) એક સાહેદને એવો સવાલ પુછવામા આવ્યો કે તને કોઇ જગાએથી અપ્રમાણીકપણાને સારૂ બરતરફ કરવામા આવ્યો હતો કે નહી, સાહેદ ના કહે છે તેમા અપ્રમાણીકપણાને માટે તે બરતરફ થયો હતો તે બતાવવાને પુરાવો આપવા માડ્યો, એ પુરાવો લેવાઇ શકાતો નથી (ક) **અ** ને એવો સવાલ પુછ્યો કે તમે **બ** ની વીરૂદ્ધ પુરાવો આપો છો તે **બ** ના કુટુબને તથા તમારા કુટુમને માહે'માહે હાડવેર ચાલ્યુ આવે છે કે નહી **અ** ના કહે છે સવાલ મજકુર ઉપરથી તેના નીરપક્ષપાતીપણાને દોષ પહોચે એવુ, એવા સબબથી તેનો ખોટો પાડી શકાય છે

૧૫૪ ઉલટ તપાસણીમા સામા પક્ષકારથી પુછી શકાય એવા સવાલો કોઈ સાહેદને પુછવાની પરવાનગી તે સાહેદ બોલાવનાર સખસને કોર્ટને યોગ્ય લાગે તો આપવાને કોર્ટ મુખત્યાર છે

૧૫૫ કોઈ સાહેદ ઉપરના ભરોસાને નીચે લખેલી રીતીઓ એ સામો પક્ષકાર, અથવા કોર્ટ પરવાનગી આપે તો તે સાહેદને બોલાવનાર શખસ દોષ આપી શકે છે (૧) જે સખસો એવી સાહેદી આપે કે સાહેદ મજકુરને અમે ઓળખીએ છીએ, તે ઉપરથી હમે તેને ભરોસાને પાત્ર માનતા નથી તેવા સખસોના પુરાવાથી (૨) પુરાવો આપવાને સાહેદ મજકુરને રૂસ્વત આપવામા આવી છે, અથવા તે રૂસ્વત આપવા માડી તે લેવાનુ તેણે કબુલ કીધુ છે અથવા તેને હરકોઇ બીજી અયોગ્ય લાલચ મળી છે, એવુ સાબીત કરવાથી (૩) સાહેદ મજકુરની સાહેદીના જે ભાગ વિરૂદ્ધ પુરાવો આપી શકાતો હોય તે ભાગ પેશ્તર તેની કહેલી અથવા લખેલી વાતથી વિરૂદ્ધ છે, એવુ સાબીત કરવાથી (૪) જ્યારે કોઇ સખસના ઉપર બળાત્કાર સભોગ કર્યાને માટે અથવા બળાત્કારે સ્ત્રી ગમન કરવાની કોશીશને માટે ફોજદારી મુકરદમો ચાલતો હોય ત્યારે ફરીયાદ્દ કરનાર ઓરત બહુ કરીને બદચાલની છે એવો પુરાવો આપી શકાય છે

ખુલાસો—અમુક સાહેદ ભરૂસાને પાત્ર છે, એવુ કહેનાર સાહેદ એ પ્રમાણે પોતાને માનવાના કારણો મુખ્ય તપાસણી વખતે ન આપે તો તે મુખત્યાર છે, પરતુ ઉલટ તપાસણી વખતે કારણ મજકુર પુછી શકાય છે અને તે જવાબ આપે તેની વીરૂદ્ધ પુરાવો આપી શકાતો નથી, પરતુ જો તે ખોટા હોય તો તેના ઉપર પાછળથી ખોટી સાહેદી આપ્યાનુ તહોમત મુકી શકાય છે.

દ્રષ્ટાંત—(**અ**) કાઈ માલ વેચીને બ ને આપ્યો, તેની કીમતને સારૂ તેના ઉપર **અ** એ દાવો માડ્યો ક કહે છે કે માલ મજકુર બ ને સોપી આપ્યો નથી એવુ બતાવવાને પુરાવો આપવા માડ્યો એ પુરાવો લેઇ શકાય છે, (બ) અ ના ઉપર મ નુ ખુન કર્યાનુ તહોમત છે, ક કહે છે કે બ એ મરતી વળા એવુ કહ્યુ હતુ કે જે જખમથી બ મરી ગયો તે જખમ અ એ માર્યા નહોતો ક એ પેસ્તર એક પ્રસગે એવુ કહ્યુ હતુ કે જખમ મજકુર એ એ માર્યો નથી, અથવા તેની રૂબરૂ મારવામા આવ્યો નથી એવુ બતાવવા પુરાવો આપવા માડ્યો, એ પુરાવો લેવાઇ શકાય છે

૧૫૬ જ્યારે જે સાહેદની સાહેદીને પુષ્ટી આપવાનો ઈરાદો હોય તે સાહેદ કોઈ લગતી હકીકત વિશે સાહેદી આપતો હોય ત્યારે એવી લગતી હકીકત જે જગાએ કીવા જગોની પાસે અથવા જે વખતે કીવા વખતના અરસામા બીજી કાઇ વાત તેના જોવામા આવી હોય તે સાબીત થયેલી જે લગતી હકીકત વીશે સાહેદ મજકુર સાહેદી આપતો હોય તો તે લગતી હકીકત સબધે સાહેદ મજકુરની સાહેદીને પુષ્ટી મળશે એવો કોર્ટનો અભીપ્રાય હોય તો તેવી વાત બાબત સદરહુ સાહેદને સવાલ પુછી શકાય છે

દ્રષ્ટાંત—અ નામનો ગુન્હાના કામમા ગુન્હેગારને એક સોબીતી પોતે જે અપહરણમા સામીલ હતો તે અપહરણનો હેવાલ આપે છે જે ઠેકાણે અપહરણ મજકુર બન્યુ તે ઠેકાણે પોતાના ગયા આવ્યાના રસ્તા ઉપર અપહરણ મજકુર સાથે સબધ ન રાખતી કેટલીએક બીનાઓ બની તેનુ તે બ્યાન કરે છે મૂળ અપહરણ મજકુર બાબતના તેના પુરાવાને આપવા સારૂ સદરહુ હકીકતનો ઇલાયદો પુરાવો આપી શકાય છે

૧૫૭ કોઇ સાહેદની સાહેદીને પુષ્ટી આપવા સારૂ તે હકીકત જે વખતે બની તે વખતે કીવા તે અરસામા અથવા હકીકત મજકુરની તપાસ કરવાને કાયદા પ્રમાણે અધિકાર હોય એવા અધીકારની રૂબરૂ હકીકત મજકુર વીશે સદરહુ સાહેદે પેસ્તર કહેલી હકીકત સાબીત કરી શકાય છે

૧૫૮ જ્યારે કોઇ મજકુર કલમ ૩૨ કીવા ૩૩ મુજબ લાગતો હોય તો તે સાબીત થાય ત્યારે તે વાતને ખોટી પાડવાને કીવા તેને પુષ્ટી આપવાને કીવા જે સખસે તે મજકુર હતો અથવા લખ્યો હોય તે સખસના ભરૂસાને દોષ આપવાને કીવા તે ભરૂસાને કાયમ કરવાને જો સખસ મજકુરને સાહેદ તરીકે બોલાવ્યો હોય અને તેણે ઉલટ તપાસણીમા સુચવેલી બાબતના ખરાપણાની ના કહી હોત, તો જે બાબતો સાબીત કરી શકાત તે બાબતો સાબીત કરી શકાય છે

૧૫૯. કાઇ સાહેદને કોઈ કાર્ય સબધી સવાલ પૂછ્યો હોય તે કાર્ય બન્યુ તે વખતે સાહેદ મજકુરે પોતાને હાથે કાઈ લખાણ કર્યુ હોય તે લખાણ વડે અથવા સદરહુ કાર્ય બન્યુ ત્યાર પછી એટલા તો નજદીક વખતમા કાઇ લખાણ કર્યુ હોય કે તે લખાણ કરતી વખતે કાર્ય મજકુર તેની યાદદાસ્તમા તાજુ હતુ એવો કોર્ટની નજરમા સભવ લાગે તો તે લખાણ વડે સાહેદ મજકુર સાહેદી આપતો હોય તે દરમ્યાનમા પોતાની યાદદાસ્તી તાજી કરી શકે છે, એવુ લખાણ હરકોઇ બીજા સખસે કર્યુ હોય તથા તે સાહેદ મજકુર ઉપર કહેલા વખતમા વાન્ચ્યુ હોય તો તેવા લખાણને પણ સાહેદ મજકુર જોઈ શકે છે, જે જે કામોમા હરકોઇ દસ્તાવેજ જોઈને સાહેદ પોતાની યાદદાસ્ત તાજી કરી શકે છે તે તે કામોમા કોર્ટની પરવાનગીથી એવા દસ્તાવેજની નકલ પણ તે જોઈ શકે છે, પરંતુ કોર્ટની ખાતરી થવી જોઇએ કે અસલ દસ્તાવેજ રજુ થવાનુ પુરતુ કારણ છે કુશળમાણસો પોતાની યાદદાસ્ત પોતાની રોજગાર સબધીના ગ્રથો વડે તાજી કરી શકે છે

૧૬૦ કલમ ૧૫૯ મા કહેલા છે એવા હરકોઇ દસ્તાવેજમા લખેલી હકીકત ખુદ તપસીલવાર સાહેદને યાદ ન હોય તો પણ જો તેની ખાત્રી હોય કે દસ્તાવેજ મજકુરમા તે બરાબર લખી હતી તો તે હકીકતની સાહેદ મજકુર સાહેદી પણ આપી શકે છે

દષ્ટાંત—કોઇ હીસાબ રાખનાર સખસે પોતાના રોજગારને પ્રસંગે નિયમ પૂર્વક રાખેલા હીસાબ બરાબર ખરા રાખવામા આવ્યા હતા એવુ જો તે જાણતો હોય તો, તેમા તેણે લખેલી હકીકતની સાહેદી સખસ મજકુર આપી શકે છે, અગર તેમા દાખલ કરેલી અમુક લેવડ દેવડની બાબતો પોતે ભૂલી ગયો હોય તો પણ

૧૬૧ છેલી બે કલમો મુજબ હરકોઇ લખાણ જોવામા આવ્યુ હોય, તે જો સામો પક્ષકાર માગે તે હાજર કરવુ જોઇએ અને તેને બતાવવુ જોઈએ, એવો પક્ષકાર પોતાની નજરમા આવે તો સાહેદ મજકુરની તે બદલ ઉલટ તપાસણી કરી શકે છે

૧૬૨. કોઇ સાહેદને કોઈ દસ્તાવેજ રજુ કરવાનો સમય થયો હોય, તે દસ્તાવેજ રજુ કરવાને અથવા પુરાવામા લેવા યોગ્ય ગણવાને હરકોઈ હરકત હોય તો પણ તે જો તેના કબજામા અથવા સત્તામા હોય તો તેણે કોર્ટમા હાજર કરવો એવી કાઇ હરકત કાયદેસર બરાબર છે કે શી રીતે તે બાબત કોરટે ઠરાવ કરવો. દસ્તાવેજ મજકુર રાજ્ય પ્રકરણ સબધી ન હોય તો કોર્ટની નજરમા આવે તો તેને તપાસવાનો અથવા તે

પુરાવામા લેવા યોગ્ય છે કે નહી તે ઠેરવી શકાય, તેને માટે પુરાવો લેવાને કોર્ટ મુખત્યાર છે જો એવા કામ સારૂ કોઈ દસ્તાવેજનો તરજુમો કરવાની જરૂર હોય તો તે દસ્તાવેજ જ્યારે પુરાવામા ગુજારવાનો ન હોય ત્યારે કોર્ટની નજરમા યોગ્ય જણાયેથી તેનો મજકુર ગુપ્ત રાખવાનો હુકમ તે તરજુમો કરનારને કોર્ટ કરી શકે છે અને જો તે ભાષાતર કરનાર તે હુકમ તોડે તે તેણે હીદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૧૫ મુજબનો ગુન્હો કીધો એમ સમજવુ

૧૬૩ જ્યારે કોઇ પક્ષકારે સામા પક્ષકારને કોઇ દસ્તાવેજ હાજર કરવાની નોટીસ આપીને તે દસ્તાવેજ મગાવ્યો હોય, તથા દસ્તાવેજ મજકુર તે મુજબ રજુ થયો હોય અને મગાવનાર સખસને દસ્તાવેજ મજકુર પુરાવામા ગુજારવાનુ કહે તો તેને પુરવામા ગુજારવાની સદરહુ મગાવનાર સખસને ફરજ છે

૧૬૪—કોઈ દસ્તાવેજ રજુ કરવાની નોટીસ કોઇ પક્ષકારને મળી હોય તે પક્ષકારને તે દસ્તાવેજ રજુ કરવાની જો ના કહે તો પાછળથી પક્ષકાર મજકુર દસ્તાવેજ મજકુરનો પુરાવાના કામમા સામા પક્ષકારની રજા મદી શીવાય કીવા કોર્ટના હુકમ શીવાય ઉપયોગ કરી શકતો નથી

દ્દષ્ટાત–કોઇ કરાર ઉપરથી અ એ બ ના ઉપર ફરીયાદ માડી, અને તે કરાર રજુ કરવાની બ ને નોટીસ આપી, તજવીજ વખતે દસ્તાવેજ મજકુર અ એ આપ્યો ત્યારે બ એ તો રજુ કરવાની ના કહી, તે ઉપરથી તે દસ્તાવેજ મજકુરનો અ એ દોયમ પુરાવો આપ્યો બાદ તે પુરાવો ખોટો પાડવાને અથવા તેના ઉપર યોગ્ય સ્ટાપ નથી એવુ બતાવવાને દસ્તાવેજ મજકુર અસલ રજુ કરવાની બ ખાયસ રાખે છે, પરતુ તે મુજબ તે કરી શકતો નથી

૧૬૫ લગતી હકીકતોની સાબીતી ખોળી કાઢવા સારૂ કીવા તે મેળવવા સારૂ લગતી કીવા ન હોય તેવી હરકોઈ હકીકત વીશે જડજની મરજીમા આવે તેવો હરકોઈ રૂપે હરકોઇ વખતે હરકોઇ સાહેદને કીવા તે કામના પક્ષકારોને પુછવાને જડજ મુખત્યાર છે તથા હરકોઈ દસ્તાવેજ અથવા પદાર્થ રજુ કરવાનો હુકમ કરવાને જડજ મુખત્યાર છે, અને એવો હરકોઇ સવાલ કીવા હુકમ ઉપરથી કાઇ પણ હરકત હોય તો અથવા હર કોઈ સવાલનો જવાબ આપ્યો હોય તો તે જવાબ બાબત હરકોઈ સાહેદની કોર્ટની રજા શીવાય ઉલટ તપાસણી કરવાનો પક્ષકારોનો કિવા તેના મુખત્યારોનો હક નથી

પરતુ એવુ ઠરાવ્યુ છે કે આ એકટમા લગતી ઠેરવેલી છે તેવી હકીકતો યોગ્ય રીતે સાબીત થઈ હોય તેના ઉપર આધાર રાખીને ફેસલો કરવો જોઇએ, અને વળી એવુ ઠરાવ્યુ છે કે સામા પક્ષકારે સવાલ પુછયો હોય અથવા દસ્તાવેજ મગાવ્યો હોય, તો એકમા એકવીસથી એકસો એકત્રીસ સુધીની સદરહુ બેઉ કલમો સુધાની કલમો મુજબ જે સવાલનો જવાબ દેવાની અથવા જે દસ્તાવેજ રજુ કરવાની ના કહેવાનો કાઇ સાહેદને હક હોય તેવા હરકોઇ સવાલનો જવાબ દેવાની અથવા તેવો હરકોઈ દસ્તાવેજ રજુ કરવાની સાહેદ મજકુરને ફરજ પાડવાનો આ કલમ ઉપરથી જડજને અખત્યાર મળ્યો એમ સમજવુ નહી તેમજ જે સવાલ કલમ ૧૪૮ અથવા ૧૪૯ મુજબ બીજા કોઈ સખસ પુછવા નહી તથા આકટમા ઉપર અપવાદ આપ્યા છે તે સીવાય બીજા કામોમા હરકોઇ દસ્તાવેજનો અવલ પુરાવો ગુજારવાની તેણે માફી આપવી નહી

૧૬૬ જુરી અથવા આસેસરોથી થતી તજવીજના કામમા જે સવાલો જડજ પોતે પુછી શકે છે, તેથી જે સવાલો તેને યોગ્ય લાગે તેવા હરકોઈ સવાલો જુરી અથવા આસેસર મજકુર સાહેદોને જડજની મારફત અથવા જડજની રજાથી પુછી શકે છે

બાબ—૨૧ મો. પુરાવો અઘટીત રીતે દાખલ કરવો અને રદ કરવો તે.

૧૬૭ જ્યારે નહી લેવા યોગ્ય પુરાવો લીધો હોય, અથવા લેવા યોગ્ય પુરાવો નહીં લીધો હોય, ત્યારે જે કોર્ટની રૂબરૂ એ બાબત હરકત ઉઠાવવામા આવી હોય તે કોર્ટની નજરમા જો એમ આવે કે હરકતવાળા લીધેલા પુરાવા શીવાય ઠરાવ મજકુર કરવાને જેટલો પુરાવો જોઇએ, તેટલો પુરાવો હતો, અથવા નહી લીધેલો પુરાવો લીધો હોત તો તે ઉપરથી ઠરાવવામા ફેર પડત નહી તો સદરહુ મુજબ પુરાવો લીધો અથવા નહી લીધો એટલાજ માત્ર સબબ ઉપરથી ફરી તજવીજ કરાવવી નહીં કીંવા હરકોઇ કામનો ઇનસાફ ઠરાવ રદ કરવો નહી

પેઢીવાળાના ચોપડા પુરાવામાં લેવાનો એકટ.

(સને ૧૮૯૧ નો એકટ ૧૮ મો)

૧ (૧) આ આકટને ૧૮૯૬ નો પેઢાવાળાના ચોપડા પુરાવામા લેવાનો આકટ કહેવો (૨) એ એકટ આખા બ્રીટીશ ઇંડિયાને લાગુ છે, અને તે તાબડતોબ અમલમા આવશે

વિષય અથવા આગલા પાછલા સબધ ઉપરથી વિરૂદ્ધ અર્થ થતો ન હોય તો આ આકટમા (૧) કપની એ શબ્દનો અર્થ બ્રિટિશ ઇંડિયામા કપની સબધી કાયદાની રૂએ નોધોએલી અથવા લેટર્સ પેટંટથી સસ્થાપીત થયેલી કપની એવો થાય છે (૧) 'પેઢા' અને 'પેઢાવાળો' એ શબ્દમા (અ) પેઢીવાળાનો ધધો ચલાવનાર હરકોઈ કપની બ જે કોઇ પતીયાળાના અથવા સખસના ચોપડાને આ આકટમા હવે પછી ઠરાવ્યા પ્રમાણે આ આકટના ઠરાવો લાગુ પાડવામા આવ્યા હશે તેવુ પતીયાળુ અથવા તેવો સખસ (૩) પોસ્ટ ઓફીસની કોઇપણ સેવીંગ બેંક અથવા મનીઓર્ડર ઓફીસ (૮) 'પેઢાવાળાના ચોપડા એ શબ્દોમા ખાતાવહી, રોજમેળ, કેશબુક, હીસાબના ચોપડા, તથા બીજા સઘળા ચોપડા જે એકાદી પેઢીનો મામુલ ધધો ચલાવવામા વપરાતા હોય તેનો સમાવેશ થાય છે

(૪) ' કાયદેસર કામ ' એ શબ્દનો અર્થ જે કોઈ કામમા અથવા ચોકસીમા પુરાવો આપ્યો હોય અથવા આપી શકાય તે કામ અથવા ચોકશી એવો થાય છે અને તેમા લવાદીનો સમાસ થાય છે (૫) 'કોર્ટ એ શબ્દોનો અર્થ જે માણુસ અથવા માણસોની આગળ કાયદેસર કામ ચાલ્યુ હોય અથવા માડવામા આવ્યુ હોય તે માણુસ અથવા માણુસો એવો થાય છે (૬) 'જડજ એ શબ્દનો અર્થ એકાદી હાઇકોર્ટનો જડજ એવો થાય છે (૭) 'ઇન્સાફ' એ શબ્દોનો અર્થ કોર્ટની આગળ થએલી જે સુનાવણીમા પુરાવો લેવાય છે તેની હરકોઇ સુનાવણી એવો થાય છે, તથા (૮) 'દાખલાવાળી નકલ' એટલે પેઢીના ચોપડામા હરકોઈ નોધની નકલને છેડે નીચે મુજબ લખેલો દાખલો એટલે, સદરહુ નોધની તે ખરી નકલ છે, તથા સદરહુ નોધ પેઢીના એકાદા મામુલ ચોપડા માહેની છે તથા ધધાની ચાલતી આવેલી મામુલ રીત પ્રમાણે તે કરેલી છે તથા સદરહુ ચોપડો હજુ પણ પેઢીના હવાલામા છે એ મુજબ લખેલો દાખલો અને તે ઉપર તે પેઢીના એકાઉન્ટન્ટે કે મેનેજરે તારીખ નાખીને પોતાનુ નામ તથા સરકારી હુદ્દો લખી સહી કરેલી હોવી જોઇએ

૩. પોતાના અમલ નીચેના મુલકોની અદર પેઢીવાળાનો ધધો ચલાવના હોય તથા ઓછામા ઓછા ત્રણ મામુલના હીસાબના ચોપડા એટલે કેશ બુક (રોકડમેળ) રોજમેળ, અથવા રોજનામુ અને ખાતાવહી રાખતા હોય એમા હરકોઇ પતીયાળાના અથવા સખસના ચોપડાઓને આ આકટના ઠરાવો સ્થાનિક સરકાર ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને લાગુ કરવાને, તથા તેવીજ રીતે એવુ હરકોઇ જાહેરનામુ રદ કરવાને મુખત્યાર છે

૪. આ આકટના ઠરાવોને અનુસરીને પેઢીવાળાના ચોપડામાની હરકોઈ નોધની દાખલાવાળી નકલ સઘળા કાયદેસર કામમા સદરહુ નોધ હોવાના પ્રથમ દર્શનીય પુરાવા દાખલ લેવી જોઇએ, અને જે પ્રસગે અને જેટલે સુધી ખુદ અસલ નોધ કાયદાની રૂએ હાલ પુરાવા તરીક દાખલ કરાય છે તેવે દરેક પ્રસગે અને તેટલેજ સુધી તેમા લખેલી બાબતો લેવડ દેવડ તથા હીસાબની પુરાવા તરીકે દાખલ કરવી જોઇએ પરતુ તેથી બીજી રીતે અથવા તેથી વધારે દરજ્જે દાખલ કરવી નહીં

૫. જે કોઈ પણ કાયદેસર કામમા એકાદી પેઢા પક્ષકાર ન હોય તે કામમા પેઢીવાળાના જે કોઈ પણ ચોપડામાનો મજકુર આ આકટ મુજબ સાબીત થઇ શકતો હોય તે ચોપડામા લખેલી બાબતો, લેવડ દેવડ તથા હીસાબ સાબીત કરવા સારૂ સાક્ષી તરીકે હાજર થવાની તે પેઢાના કોઈ અમલદારને ફરજ પાડી શકાશે નહીં, પણ ખાસ કારણ માટે કોર્ટ અથવા એકાદો જડજ એવો ચોપડો રજુ કરવાનો અથવા એવી રીતે હાજર થવાનો હુકમ કરે તો જુદી વાત છે

૬. (૧) કોઈ કાયદેસર કામના હરકોઇ પ્રકારની અરજી ઉપરથી કોર્ટ અથવા એકાદો જડજ એવો હુકમ કરવાને મુખત્યાર છે, કે સદરહુ કામના હરકોઈ કારણ માટે પેઢાવાળાના ચોપડાની હરકોઇ નોધ તપાસવાની તથા તેની નકલ લેવાની તેવા પક્ષકારને છુટ છે અથવા એવી સઘળી નોધોની દાખલાવાળી નકલો

નીચે મુજબના બીજા દાખલા સહીત નીર્દીષ્ટ કરેલી મુદતમા તે પેઢીએ તૈયાર કરીને રજુ કરવી એવો હુકમ કરવાને મુખત્યાર છે (૨) આ અથવા ઉપરની કલમ પ્રમાણે કરવાનો હુકમ તે પેઢીને સમન કરીને અથવા સમન કર્યા વગર કરવાનો અધિકાર છે અને તે હુકમ પ્રમાણે જે તારીખે અમલ કરવાનો હોય તેના પહેલા પેઢીના તહેવારના દીવસો સિવાયના ચોખ્ખા ત્રણ દીવસ આગમચ તે હુકમ સદરહુ કોર્ટ અથવા જડજ બીજી રીતે ન ફરમાવે તો તે પેઢી ઉપર મજાવવો જોઇએ, (૩) ઉપરના હુકમનો અમલ કરવાને ઠરાવેલી મુદત પહેલા કોઇ પણ વખતે, ઇન્સાફના કામમા અમારા ચોપડા રજુ કરવામા આવશે એવુ કહેવાને કે તે હુકમ વિરૂદ્ધ કારણ બતાવવાના પોતાના ઇરાદા વીશે નોટીસ આપવાને તે પેઢી મુખત્યાર છે, અને તે પછી બીજો હુકમ થયા સીવાય, હુકમ અમલમા આણવો નહિ

૭ (૧) આ આકટના મુજબ કોર્ટને કે એકાદા જડજને કરેલી અરજીનુ ખર્ચ તેમજ કરેલા હુકમની રૂએ કાઇ ફેરફાર હોય અથવા કરવાનુ હોય તેનુ ખર્ચ ઠરાવવુ તે કાર્ટની અથવા જડજની મરજી ઉપર છે, અને એવુ ખર્ચ પેઢીની કાઇ પણ ચુકથી કે ગેરવાજબી ઢીલથી થયુ હોય તો તે પેઢીએ તે ખર્ચ કે તેનો ભાગ કોઇ પણ પક્ષકારને આપવો એવો હુકમ કરવાને કોર્ટ અથવા જડજને અધિકાર છે, તે ખર્ચ દીવાની કોર્ટને અરજી કરેથી જાણે પેસાનુ હુકમનામુ હોય એમ ગણી તે કોર્ટને બજાવવાનો અધિકાર છે

સને ૧૯૧૨ ને‍ા હિંદુસ્તાનનો ગાંડાપણા બાબતનો નંબર ૪ થો.

૧. આ આકટને સને ૧૯૧૨ નો હિંદુસ્તાનનો ગાડાપણા બાબતનો આકટ કહેવો તે આખા બ્રિટીશ હિંદુસ્તાનને લગુ છે

૨ ગાડા માણસની મીલકત કે તેના પાલન કરનાર તરીકે નીમેલા કોઇપણ માણસને આ આકટના કરાવથી હરકત થાય છે એમ સમજવુ નહિ

૩. ‘ગાડો માણસ’ એટલે દીવાનો કે ચળી ગયેલો માણસ, ગાડો કેદી એટલે કોઇ સખસને આશ્રય સ્થાનમા, તુરગમા કે સુરક્ષિત રાખવાની જગામા કેદ રાખવા માટે ફોજદારી કાયદા મુજબ હુકમ કર્યો હોય તે સખસ એવો થાય છે ‘આશ્રયસ્થાન’ એટલે સરકારે સ્થાપેલુ કે લાઇસન્સ આપેલુ ગાડા માણસોનુ આશ્રયસ્થાન અથવા માનસિક વ્યાધિની ઇસ્પીતાલ

૪. ગાડા કેદી સિવાય કે ચોકસી કર્યા પછી ગાંડો ઠર્યો હોય તેવા ગાડા માણસ સિવાય બીજા કોઇ સખસને એકાદા આશ્રયસ્થાનમા ૮, ૧૬. કે ૫૮ મી કલમના ઠરાવ સિવાયના પ્રસગે, લેવાના હુકમ શિવાય લેવો નહિ કે અટકાવી રાખવો નહિ પણ આશ્રયસ્થાનના હવાલા વાળો, તેના વીઝીટરોમાના એની સમત્તિ-થી કોઇ સખસ પોતે ઓસડ કરવાની ખાયસ રાખતો હોય તેને આવા આશ્રયસ્થાનમા બોર્ડ તરીકે રાખવા-ને મુખત્યાર છે

૫ કહેવાતો ગાડો માણસ, જે માજીસ્ટ્રેટની હદમા રહેતો હોય તેને, લેવાના હુકમ બાબતની નમુના પ્રમાણેની લેખી અરજી કરવી અને તેના ટેકામા બે વૈદ્યકીય દાખલા રજુ કરવા જોઇએ તેમાના એક દાખલા ઉપર તે ગાડાના કોઇ સગાએ સહી કરી હોય તો તે વાત અરજીમા લખવી જોઇએ

૬. સદરહુ અરજી કહેવાતા ગાડા માણસના ધણીએ કે બાયડીએ કે, તેના બીજા સગાવહાલાએ રજુ કરવી જોઇએ અરજી ઉપર તેણે સહી કરીને તે ખરી હોવાનો દાખલો લખવો

૭. સદરહુ અરજી થાય એટલે માજીસ્ટ્રેટે તે અરજીની હકીકત તથા વૈદ્યકીય દાખલા ઉપરથી ગાડાપણાના પુરાવા ઉપર વિચાર કરવો તે જરૂર જણાય તો તે ગાડાને જાતે તપાસવો ને ખાત્રી થાય કે લેવાનો હુકમ કરી શકાય તેમ છે તો તેવો હુકમ તે કરવાને મુખત્યાર છે, ને ખાત્રી ન થાય તો તેણે એક તારીખ નાખી વધારે તપાસ કરવી

૮. અરજી રજુ કર્યા પછી તેની તપાસનુ છેવટ આવતા સુધી ગાડા માણસને યોગ્ય રીતના કબજામા રાખવા માટે મેજીસ્ટ્રેટ યોગ્ય લાગે તેવો હુકમ કરી શકે

૯ અરજી ઉપર અરજદાર, ગાડા માણસ તરફથી નીમેલો સખસ, તથા માજીસ્ટ્રેટને યોગ્ય લાગે તેવા બીજા સખસાની રૂબરૂ ખાનગીમા વિચાર કરવો

૧૦ અરજીનો વિચાર કરવા સારૂ નીમેલા વખતે તે માજીસ્ટ્રેટ કાતો લેવાનો હુકમ કરવાને કે અરજી કાઢી નાખવાને મુખત્યાર છે

૧૧ જે ગાડો માણસ ઘાત કરે તેવો કે છુટો રહેવાને નાલાયક હોય તેના સબંધમા ૭ મી કે ૧૦ મી કલમની રૂયે હેઠળ પ્રમાણે હોવા સિવાય હુકમ કરવો નહી, એટલે આશ્રયસ્થાનના હવાલાવાળો માણસ તે ગાડાને લેવાને ખુશી છે એવી માજીસ્ટ્રેટની ખાત્રી થવા સિવાય કે ગાડાના અન્નવસ્ત્રનો ખર્ચ આપવાને અરજદારે બીજો શખસ માજીસ્ટ્રેટની ખાત્રી થાય તેવી લેખી કબુલત આપે તે સિવાય

૧૨ લશ્કરી કાયદાનો ઠરાવ લાગુ હોય તેવો કોઇ યુરોપીયન તે કાયદા પ્રમાણે ગાડો છે એમ ઠરાવ્યુ હોય અને તેને કોઇ આશ્રયસ્થાનમા લઇ જવાનુ કોઇ કારભાર કરનાર વૈદ્યકીય અમલદારને જણાય તો તે તેને ત્યા દાખલ કરવા સારૂ પોતાની સહીનો લેવાનો હુકમ કરવાને મુખત્યાર છે

૧૩ પોલીસથાણુ જેવા હવાલામા હોય એવો દરેક અમલદાર પોતાની હદમા છુટા ભટકતા કરતા માલમ પડતા જે ગાડા માણસો જણાય તેમને, તેમજ પોતાની હદની અંદર ગાડા થઇ ગયાના સબબથી જે માણસોના હાથથી ઘાત થવાની ધાસ્તી હોય તેવા માણસોને પકડવા કે પકડાવવાને મુખત્યાર છે, એવી રીતે પકડીને તેમને તાબડતોબ માજીસ્ટ્રેટ પાસે લઇ જવા જોઇએ તેમજ પોતાની હદમા જે ગાડા માણસનુ જતન કે સભાળ કરવાનો બદોબસ્ત ન હોય, ને જે સગા વહાલા કે બીજાના હવાલામા છે ને તેની બરદાસ્ત કરતો નથી તો તે બાબત તેણે માજીસ્ટ્રેટને રીપોર્ટ કરવો જોઇએ

૧૪ કલમ ૧૩ મુજબ કોઈ એકાદા માજીસ્ટ્રેટની પાસે કોઇ ગાડા માણસને લાવવામા આવે ત્યારે તપાસવો ને યોગ્ય જણાય તો વૈદ્યકીય અમલદાર પાસે તપાસગવી જો ગાડોછે, એવી ખાત્રી થાય તો, વૈદ્યકીય અમલદારો તેના સબધમા દાખલો આપે તો તે માજીસ્ટ્રેટે તેને એકદા આશ્રયસ્થાનમા દાખલ કરવા સારૂ હુકમ કરવો પણ જો તે ગાડાને આશ્રયસ્થાનમા મોકલવાની કે તેના કોઈ સગાવ્હાલાની ઇચ્છા હોય ને જો તેને ત્યા રાખવાના અન્નવસ્ત્રનો ખર્ચ આપવાને માજીસ્ટ્રેટને ખાત્રી થાય એવી કબુલત લખી આપે તો તેવા માજીસ્ટ્રેટે એવા આશ્રયસ્થાનના હવાલાવાળો માણસ કબુલ કરે તો તે ગાડા માણસે તેમા દાખલ કરવાનો હુકમ કરવો, વળી જો તે ગાડા માણસની યોગ્ય રીતે સભાળ કરીશુ તથા તેના હાથથી પોતનો કે બીજા કોઈનો ઘાત થવા દઇશુ નહી, એવી સરત જો માજીસ્ટ્રેટને યોગ્ય લાગે તેટલી રકમનો જામીનગીરીવાળો લેખ તેનો કોઇ મીત્ર કે સગો વ્હાલો લખી આપે તો તે માજીસ્ટ્રેટ તેને લેવાતો હુકમ કરવાને બદલે તેના મીત્ર કે સગાવહાલાના જતન સારૂ તેને સ્વાધીન કરવાને મુખત્યાર છે

૧૫ પોતાની હદમા ગાડા છે એમ જણાતા જે માણસનુ જતન કે સભાળ બરોબર નથી કે જે સગાવહાલાના હવાલામા તે હોય તે તેની બરદાસી કરતા નથી એવુ પોલીસ અમલદારના રીપોર્ટ કે કે બીજા કાઇ સખસની ખબર ઉપરથી માજીસ્ટ્રેટને દેખાય તો તે ગાડાને પોતાની હજુર બોલાવવાને તથા તેનુ જતન કરવાને કે અન્ન વસ્ત્ર પુરા કરવાને બધાયલા તેના સગા વ્હાલાને સમન કરી બોલાવવાને તેમને તેનુ જતન કરવાનો કે ઓસડ પાણી કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે, જો તે સગો વહાલો તે હુકમ પ્રમાણે ચાલવાને કસુર કરશે તો એક મહીના સુધીની કેદની શીક્ષા તે માજીસ્ટ્રેટ કરી શકે છે પણ જો તેનુ અન્ન વસ્ત્ર પુરા પાડવાને બધાયલા હોય તેવો કોઈ માણસ ન હોય તો ૧૪ મી કલમ પ્રમાણે કામ ચલાવી જો ગાડો લગે તો તેને વૈદ્યકીય અમલદાર દાખલો આપે તો, તેવા ગાડાને એકાદા આશ્રમ સ્થાનમા મોકલવાનો હુકમ કરવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે

૧૫ કહેવાતા ગાડા માણસને ૧૩ મી કે ૧૫ મી કલમની રૂયે માજીસ્ત્રેટ આગળ આણવામા આવે ત્યારે વૈદ્યકીય અમલારને તે ગાડો છે કે નહી તેનો નિર્ણય કરવા માટે દશ દિવસથી વધારે ન હોય તેટલી મુદ્દત તેને યોગ્ય જાપ્તામા રાખવાનો અખત્યાર આપવાને માજીસ્ત્રેટો મુખત્યાર છે પણ આ કલમની રૂયે ૩૦ દિવસ કરતા વધારે મુદત સુધી રાખવો નહિ

૧૭ ૧૪, ૧૫ ને ૧૬ મી કલમની રૂયે માજીસ્ત્રેટને કરવાના કામો ઇલાકાના મુખ્ય શહેરમા પોલીસ કમીસ્નરે કરવા ને ત્યા પોલીસ થાણાના અમલદારના કામો ઇન્સ્પેકટર કરતા ઉતરતા દરજજાનો ન હોય તે અમલદારે કરવા.

૧૮ આ આક્ટ મુજબ વૈદ્યકીય દાખલો, વૈદ્યકીય ધંધો ચલાવનાર અમલદારે તૈયાર કરી તે ઉપર પોતાની સહી કરવી જોઇએ

૧૯ ગાડા માણસની વૈદ્યકીય તપાસના દાખલાના જરૂર હોય ત્યારે તેવા હુકમ કે અરજીની તારીખથી ૭ દિવસ પહેલા જો તેને વૈદ્યકીય દાખલા ઉપર સહી કરનાર સખસે જાતે તપાસ્યા ન હોય તો તે હુકમનો આધાર વૈદ્યકીય દાખલા ઉપર રહેવો જોઇએ તે હુકમ કરવો નહી

૨૦ જો કોઇ લેવાનો હુકમ આ આક્ટને અનુસરતો છે એમ જણાય તો તે હુકમ જેને આપ્યો હોય તે સખસને છે હુકમમા લખેલા ગાડા માણસને લઇને તેમા લખેલી જગામા કે કોઇ પણ આશ્રયસ્થાનમા તેને લેવાનો કે અટકાવી રાખવાનો અધિકાર છે

૨૧ એવા ગાડા માણસને આશ્રયસ્થાનમા લેવાના હુકમની દાખલાવાળી નકલ, તે આશ્રયસ્થાન જેના હવાલામા હોય ત માણસને મોકલવી જોઇએ

૨૨ ૮૫ મી કલમના ઠરાવોને પાત્ર, કાઇ પણ માજીસ્ટ્રેટે, જે પ્રાંતમા તે હકુમત ચલાવતો હોય તેની બહાર સરકારે સ્થાપેલા આશ્રય સ્થાનમા કોઇ ગાડાને દાખલ કરવા માટે લેવાનો હુકમ કરવો નહિ

૨૩ માજીસ્ટ્રેટને યોગ્ય કારણોસર ગાડા માણસને આશ્રયસ્થાનમા ખસેડતા પહેલા, યોગ્ય લાગે એવી જગામા યોગ્ય જામીન હેઠળ રાખવાનો અધીકાર છે

૨૪ ગાડા કેદીઓને લેવા માટે ઠરાવેલા કોઇ પણ આશ્રયસ્થાનમા એકાદા ગાડા કેદીનો ફોજદારી કામ ચલાવવાના કાયદા કે કેદીઓ બાબતના કાયદાની રૂએ કરેલો હુકમ કાઇ પણ સખસને એવા આશ્રયસ્થાનમા ખસેડવામા કે લઇને અટકાવી રાખવાને પુરતો આધાર છે એમ સમજવુ

૨૫ ચોક્સી થયા પછી ગાડો ઠર્યો હોય એવા ગાડા માણસને ૪ થા બાબ મુજબ હાઇકોર્ટને ૫ મા બાબત મુજબ ડીસ્ટ્રીકટ કોર્ટે કરેલા હુકમ ઉપરથી આશ્રયસ્થાનમા દાખલ કરવાનો અધિકાર છે

૨૬ ૨૫ મી કલમ મુજબ ગાડા માણસને આશ્રયસ્થાનમા દાખલ કર્યો હોય ત્યારે, હાઇકોર્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ તે આશ્રયસ્થાન જેના હવાલામા હોય તે અરજી કરે એટલે તે ગાડાને ત્યા રાખવાનો તે અન્ન વસ્ત્રનો ખર્ચ આપવાનો હુકમ કરવો જોઇએ આવી રકમ ગાડા માણસની કે જે તે પુરૂ કરવાને બધાયલો હોય તે ઇસ્ટેટમાથી વસુલ કરવાનુ તે કોર્ટ ફરમાવી શકે પણ જો તેમની મિલ્કત ન હોય તો ખર્ચ આપવા બાબતનો હુકમ કરવો નહી

૨૭ જે લેવાનો હુકમ કે જે વૈદ્યકીય દાખલા ઉપરથી તેવો હુકમ કર્યો હોય તેના હુકમ કે દાખલામા ચુક કે ખામી છે એમ ગાડા ગાડાને આશ્રમ સ્થાનમા લીધા પછી માલમ પડે તો તે હુકમ કે દાખલા ઉપર સહી કરનાર માણસને આશ્રમ સ્થાનના બે વીઝીટરોનુ અનુમત લઇને ગમે તે વખતે તે ચુક કે ખામી સુધારવાનો અધિકાર છે

૨૮ સ્થાનિક સરકારે દરેક આશ્રય સ્થાનને માટે ઓછામા ઓછા ત્રણ વિઝિટરો નીમવા, તેમાનો એક જણ વૈદ્યકીય અમલદાર હોવો જોઇએ તુરંગનો ઇન્સ્પેકટર જનરલ હોદ્દાના સબબથી વિઝીટર છે એમ સમજવુ

૨૯ આશ્રમ સ્થાનના વિઝીટરોમાના બે કે વધારે જણાઓએ દર મહીને એકવાર તે આશ્રય સ્થાન, તેમાના ગાડા માણસને તેને દાખલ કરવાના દાખલા કે હુકમને, ત્યાની વ્યવસ્થા અને સ્થિતિને તપાસી તે બાબત યોગ્ય લાગે તેવા શેરા ત્યા રાખેલી ચોપડીમા કરવા જોઇએ

૩૦ ગાડા કેદીને કેદમા રાખ્યા હોય તો તુરંગ ઇન્સ્પેકટર જનરલ, અને આશ્રમ સ્થાનમા જો કેદ રાખ્યા હોય તો બે વિઝીટરો, દર ૭ મહીનામાં એક વાર તેના મનની સ્થિતિ નક્કી કરવા સારૂ તેને જોવા જવાને મુખત્યાર છે અને જેના હુકમની રૂએ તેને કેદ કર્યો હોય તેને તે બાબત રિપોર્ટ મોકલવો જોઇએ

૩૧ કોઇ પણ આશ્રય સ્થાનના વિઝીટરોમાના ત્રણ જણા જેમાનો એક વૈદ્યકીય અમલદાર હોવો જોઇએ તેમના લેખી હુકમથી એવા આશ્રય સ્થાનમા અટકાવી રાખેલા કોઇ પણ માણસને છોડવાનુ ફરમાવવાને મુખત્યાર છે એવો હુકમ થાય એટલે તે સખસને છોડી મુકવો અને તે હુકમની ખબર જેના હુકમથી અટકાવી રાખ્યો હોય તેવા અમલદારને તેમણે આપવી

૩૨ ગાડો માણસ ઘાત કરે એવો હોય તે સિવાયના પ્રસગે આશ્રય સ્થાનમા અટકાવી રાખેલા ગાડા માણસને જેની અરજી ઉપરથી તેને લેવાનો હુકમ કર્યો હોય તે માણસ આશ્રય સ્થાનના હવાલાવાળા માણુસને તેમ કરવાનુ લખીને જણાવે તો છોડવો જોઈએ

૩૩ આશ્રય સ્થાનમા રાખેલા ગાડા માણસના કોઈ સગા વહાલા કે મિત્રની ઇચ્છા તેને પોતાના જતન કે કબજામા લેવામા હોય ત્યારે જે અધિકારીના હુકમથી તેને અટકાવી રાખ્યો હોય તેને અરજી કરવી તે અધિકારીએ તે આશ્રમ સ્થાનના હવાલાવાળા સખસ તથા વિઝીટરોને પુછીને, તથા જો તે સગો વહાલો કે મિત્ર તેની યોગ્ય સભાળ કરીશ તથા બીજા કોઇને ઈજા નહી કરે એવો બંદોબસ્ત રાખીશ એવી સરતનો યોગ્ય રકમની જામીનગીરીવાળો કે જામીનગીરી વગરનો લેખ લખી આપે તો તે ગાડાને છોડવાનો હુકમ કરવાને તે અધીકારી મુખત્યાર ને, હુકમ પછી તેને છોડી મૂકવો

૩૪ આશ્રયસ્થાનમા અટકાવી રાખેલો કોઇ ગાડો માણસ બાબ ૪ કે ૫ રૂયે ચોકસી ઉપરથી ચળી ગયેલો નથી અને પોતાનુ કામ કાજ કરવાને અયોગ્ય નથી એમ પાછળથી માલમ પડે તો આશ્રય સ્થાનના હવાલા વાળા માણસે તેવા ફેસલાના દાખલાની નકલ રજુ થાય એટલે તેને છોડી મુકવો જોઇએ
૩૫ સરકારના હુકમ ઉપરથી ગાડા માણસને તથા ગાડા કેદીઓ એક આશ્રય સ્થાનમાથી બીજા આશ્રય સ્થાનમા મોકલવાનો અધિકાર છે

૩૬ આ આક્ટ પ્રમાણે જે હુકમ ઉપરથી આશ્રય સ્થાનમા લીધેલા સખસને, લઇ જવામા કે છોડી મુકવામા આવે ત્યા સુધી તે ઠેકાણે રાખવો ને તે નાસી જાય તો તે હુકમના આધારથી તેને કોઇ પોલીસ અમલદાર કે આશ્રય સ્થાનના હવાલાવાળો સખસ કે કોઇ અમલદાર તેને પકડવાને મુખત્યાર છે, ને તેને આશ્રય સ્થાનમા લઈ જવાનો કે તેમા લેવાનો કે અટકાવી રાખવાનો અધિકાર છે, આવો અધિકાર નાસી ગયાની તારીખથી એક મહીના સુધી ચલાવવો

૩૭ કલકત્તા, મદ્રાસ તથા મુબાઇની ન્યાયાધીશ હાઇ કોર્ટોને આ બાબતની રૂયે હકુમત છે એમ સમજવુ

૩૮ કોઇ અરજી ઉપરથી પોતાની હકુમતમા જે માણસો ગાડા કે ચળી ગયેલા છે, તેની તથા તેની મિલકતના પ્રકાર બાબત ચોકસી કરવાનુ ફરમાવવાનો હુકમ કરવાને મુખત્યાર છે

૩૯ આની ચોકસી માટેની અરજી ગાડા માણસના કોઇ સગા કે એડવોકેટ જનરલને કરવાનો અધીકાર છે

૪૦ તે ચોકસી કરવાની જગો તથા વખતની નોટીસ તે ગાડા માણસને કે તેને બદલે બીજા કોઇને પહોચાડવી જોઈએ

૪૧ ગાડા માણસને જાતે જોઇને તપાસે તે માટે કે તેની બુદ્ધિ કે મનની સ્થિતિ વિષે, જેની પાસેથી રીપોર્ટ લખી મગાવવાની કોર્ટની ઇચ્છા હોય તેને અનુકુળ પડે તેવા વખત તથા જગાએ તેને હાજર થવાનુ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે

૪૨ કહેવાતુ ગાડુ માણસ સ્ત્રી હોય ને દેશના ચાલ કે રિવાજ પ્રમાણે તેણે ચાર માણસમા હાજર થવાનુ યોગ્ય ન હોય તો તેમને તપાસવા કે હાજર થવા માટે બીજી દીવાની બાબતોમા જે કાયદો કે રૂઢી હોય તે મુજબ કરવુ,

૪૩ ગાડો માણસ કોર્ટની સ્થાનિક હદમા ન હોય ને તેની ચોકસી સગવડતાથી થઈ શકે તેમ ન હોય તો કોર્ટ એવી ચોકસી જેની હદમા તે ગાડો હોય તેની ડિસ્ટ્રિકટ કોર્ટને કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે ને તેણે તેની ચોકસી કરી કરેલા ઠરાવનો દાખલો તે કોર્ટને મોકલવો

૪૪ જો ડિસ્ટ્રીકટ કાર્ટનો ઠરાવ ખાત્રી ભરેલો કે અપુરતા નમુનામા છે એમ ચોકસી કરવાનુ ફરમાવનારી કોર્ટને જથાય તો તે કોર્ટ પોતે સુધારવાને કે સુધરાવવાને માટે ને પાછો મોકલવાને મુખત્યાર છે
૪૫ સદરહુ ચોકસીના સબધમા કોર્ટના ઠરાવનો અમલ આ આક્ટની શરૂઆતની અગાઉ તુરત જેવી રીતે થાય છે તેવીજ રીતે થશે

૪૬ જે ગાડા માણસો ચોકસી ઉપરથી ગાડા ઠર્યા હોય તેને કબજામા લેવા સારૂ કે તેમની ઇસ્ટેટની વ્યવસ્થા કરવા સારૂ હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે જો તે પોતાની જાતની વ્યવસ્થા કરવાને શક્તિમાન હોય, ને બીજાનો ઘાત થવાનો સભવ નથી પણ પોતાના કામકાજની વ્યવસ્થા કરવાને અશક્તિવાન છે, એમ જણાય તો કોર્ટે તેની ઇસ્ટેટની વ્યવસ્થા કરવા બદલ યોગ્ય લાગે તેવો હુકમ કરવો પણ તે માણસની જાતને કબજા બાબત હુકમ કરવાની જરૂર નથી

૪૭ ગાડા માણસની ઇસ્ટેટનો વહીવટ કરનારની માત્ર એટલે એવા વહીવટ કરનારને તેની ઇસ્ટેટની વ્યવસ્થા કરવાના અધિકાર આપવા, પણ તે વહીવટ કરનારે કોર્ટની વગર તેની મીલ્કત ગીરો વેચાણ બક્ષિસ કે અદલા બદલીથી તબદીલ કરવી નહી કે તે પર બોજો નાખવો નહી, કે પાચ વર્ષ કરતા વધુ પટે આપવી નહી

૪૮ કોર્ટ, ગાડા માણસ કે તેની ઇસ્ટેટ સાથે સબધ ધરાવતી કોઇ પણ બાબતના સબધમા પોતાને લેખી અરજી કરવામા આવે તો તેને વાજબી જણાય તે હુકમ કરવાને મુખત્યાર છે

૪૯ કોર્ટ જો તેમ કરવુ વાજબી કે ગાડા માણસના ફાયદા સારૂ જણાય તો એવો હુકમ કરવાને મુખત્યાર છે, કે ગાડાની કોઇ પણ મિલ્કત હેઠળ લખેલા કારણો વાપરવા કે વાપરેલા પૈસા ઉભા કરવા કે અત્યત યોગ્ય જણાય તે રીતે વેચવી, ગીરો મુકવી, કે તે પર બોજો નાખવો, કે તે બીજી રીતે વ્યવસ્થા કરવી, એટલે ગાડા માણસે કરેલા કરજ કે કબુલતોની રકમ આપવા માટે, તેની મિલ્કત ઉપરનો બોજો કાઢવા માટે, કે તેના અન્ન વસ્ત્ર કે લાભ સારૂ કરેલુ કરજ કે ખર્ચ આપવા માટે, કે તેના કુટુબમા માણસો જે તેના પર આધાર રાખતા હોય તેના અન્ન વસ્ત્ર સારૂ ખર્ચ આપવા માટે કે આ બાબતની તપાસનો ખર્ચ આપવા માટે.

૫૦ ગાડા માણસની ઇસ્ટેટના વહીવટ કરનારને તે ગાડા માણસના નામે કે તેની વતી ઇસ્ટેટના કોઇ પણ વેચાણ, ગીરો કે બીજા નીકાલ સબધી કોર્ટ હુકમ કરે, તેવા સઘળા કન્વેયન્સો કે તબદીલીના લેખો કરી આપવા

૫૧ કોઇ માણસ પોતાની ઇસ્ટેટ કે તેનો ભાગ વેચવાનો કે બીજી રીતે નીકાલ કરવાનો કરાર કર્યા પછી ગાડો થાય ત્યારે, તે કરાર પુરો કરવા જેવો કોર્ટને જણાય તો તે પુરો કરવા સારૂ જે કન્વેયન્સો કે બીજા કૃત્યો પોતાને યોગ્ય જણાય તે કરવાનુ તેની ઇસ્ટેટના વહીવટ કરનારને ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે

૫૨ પત્યાળાની પેઢીનો મેમ્બર ગાડો થાય ત્યારે કોર્ટ બીજા ભાગીઆઓની અરજી ઉપરથી પત્યાળુ છુટુ કરવાને મુખત્યાર છે.

૫૩ ગાડો માણસ કામકાજમા રોકાયો હોય ત્યારે, જો તે કામકાજના મકાનનો નિકાલ કરવો તે ગાડા માણસના ફાયદા માટે છે એમ દેખાય, તો કોર્ટ તે ઇસ્ટેટના વહીવટ કરનારને તે મકાન વેચીને તેનો નિકાલ કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે

૫૪ જ્યારે ગાડો માણસ પટો કે પેટા પટો લેવાને હકદાર હોય તે તેનો નિકાલ કરવો તેના લાભમા છે એમ દેખાય ત્યારે તે ઇસ્ટેટના વહિવટ કરનાર, કોર્ટના હુકમથી તે પટો કોર્ટને યોગ્ય લાગે તેવા સખસને કઈ કીમતી અવેજ લઇને તેવી સરતે છોડી દેવાને, એસાઇન કરવાને કે બીજી રીતે નિકાલ કરવાને મુખત્યાર છે

૫૫ કોર્ટોની હકુમતની હદની બહાર હોય એવી સ્થાવર મિલ્કત કોઇ ગાડા માણસના કબજામા હોય ને તે મિલ્કત જે પ્રાતમા હોય ત્યાના કાયદાની રૂએ માલીકને જો તે નાલાયક થયો હોય તો કોર્ટ ઓફ વોર્ડસની હકુમતને પાત્ર કરતી હોય તો તે કોર્ટ આફ વોર્ડસને એવી મિલ્કતનો હવાલો લેવાને, ને તેની વ્યવસ્થ કરવાનો અધીકાર છે

૫૬ ગાડા માણસની સ્થિતિ જોતા કોર્ટને એમ જણાય છે કે તેની મિલ્કત તેને કે તેના કુટુબના અન્ન વસ્ત્ર સારૂ સીધી રીતે તેને મળે એ યોગ્ય છે તો તે કોર્ટને, ઇસ્ટેટના વહીવટ કરનાર નીમવાને

બદલે જો મિલકત નાણુ હોય તો તે, ને તેની ઉપજ આવે તે ઉપર લખેલા કામ માટે ઉપયોગ કરવા સારૂ યોગ્ય જણાય તે શખસને આપવાનો હુકમ કરવાને અધિકાર છે

૫૭ જ્યારે કોઇ સ્ટોક સિક્યુરીટીઓ કે કોઈ કંપનીનો શેર, જે ગાડા માણસને તેનો ભોગવટો કરવાને લાભ લેવાનો હક મળ્યો હોય તેના કે કોઇ ગાડા માણસની ઇસ્ટેટનો વહીવટ કરનાર કે ટ્રસ્ટીના નામ પર હોય ને તેનો પ્રાપ્ત થયો હોય ને તે વહીવટ કરનાર મરણ પામે ગાડો થાય કે જીવતો છે કે મરણ પામ્યો છે તે નક્કી ન હોય અથવા કોર્ટ તેમ કરવાનુ ફરમાવે ત્યાર પછી ૧૪ દિવસની અંદર તે સ્ટોક સીક્યુરીટી, કે શેરો નવા વહિવટ કરનારને કે કોર્ટ ફરમાવે તે રીતે તબદીલ કરવાને કે તેનુ ડિવીડન્ડ લઇને આપવાની ગફલત કરે કે ન આપે ત્યારે કોર્ટ કોઇ લાયક માણસને તેની તબદીલી કરવાનો કે કોર્ટ ફરમાવે તેની રીતે તે તબદીલી કરીને કે ડિવીડન્ટ લઇને તે આપી દેવાનો હુકમ કરવાનો મુખત્યાર છે

૫૮ જે ગાડા માણસ બ્રિટિશ હિંદુસ્તાનની કે યુનાઇટેડ કિંગડમની બહાર રહેતો હોય તેની મિલકતની વ્યવસ્થા કરવાને નિમાયલા માણસને જે ઠેકાણે તે રહેતો હોય ત્યાના કાયદા મુજબ તે મિલકત પ્રાપ્ત થઇ છે એવી કોર્ટની ખાત્રી થાય એટલે તે કોર્ટ પોતાને યોગ્ય લાગે તે રીતે સદરહુ સ્ટોક સીક્યુરીટી કે શેર તે નીમાયલા સખસના નામપર કે બીજી રીતે તબદીલ કરવાનો કે ડીવીડન્ટ કે ઉત્પન્ન લઈને આપવાનો કે કોઇ લાયક માણસને હુકમ કરવાને મુખત્યાર છે

૫૯ જો કોઈ ગાડા માણસનુ મન ચળી ગયુ છે તે થોડા વખતને માટે છે, ને તેના કે તેના કુટુંબના અન્ન વસ્ત્ર માટે થોડા વખત સારૂ તજવીજ કરવી યોગ્ય છે તો તેને ૫૬ મી કલમ મુજબની રીતે તેની મિલકતનો કે જોઇએ તેટલા ભાગનો ઉપર લખેલા કામમા ઉપયોગ કરવાનુ ફરમાવવાનો અધિકાર છે

૬૦ કોર્ટને ચોકસી કર્યા પછી એમ માલમ પડે કે ગાડા માણસનું ચળી ગયેલુ મન પાછુ સાજુ થયુ છે તો ગાડાપણાના સબધી કામ ચલાવવુ બધ રાખવુ યા રદ કરવાનો હુકમ કરવાને તે મુખત્યાર છે

૬૧ આ બાબના ઠરાવનો અમલ કરવા સારૂ કાનુનો કરવાનો કોર્ટને અધિકાર છે

૬૨ જે કોઇ માણસની પાસે માલમિલકત હોય તે ગાડો કહેવાતો હોય ત્યારે જે ડીસ્ટ્રીક્ટ કોર્ટની હકુમતમા તે રહેતો હોય તે કોર્ટને અરજી કરે એટલે તે માણસ ચળી ગયેલો છે કે કેમ, કે તે પોતાની કે પોતાના કામકાજની વ્યવસ્થા કરવાને લાયક છે કે કેમ તે નક્કી કરવા સારૂ ચોકસી કરવાનો હુકમ કરવાને તે ડિસ્ટ્રીક્ટ કોર્ટને અધિકાર છે

૬૩ સદરહુ પ્રકારની અરજી ગાડા માણસના કોઇ સગાએ કે કોઈ ક્યુરેટર કે સરકારી વકીલે કરવી કે જો તેની મિલકત જમીન હોય તોતે જીલ્લાના કલેકટરે કરવી જોઇએ

૬૪ ૪૦-૪૧-૪૨ મી કલમોના ઠરાવો જે બાબતોને લગતા હોય તે સબધમા તે ઠરાવોથી ડીસ્ટ્રીક્ટ કોર્ટોમા ચલાવવાના કામોનુ નિયમન કરવુ

૬૫ સદરહુ પ્રકારની ચોકસીમા આસેસર નીમવાનુ યોગ્ય જણાય તો બે કે વધારે આસેસર નીમવાને ડિસ્ટ્રીક્ટ કોર્ટ મુખત્યાર છે ચોકસી પુરી થયા પછી કહેવાતો ગાડો માણસ ચળી ગયેલા મનનો ને પોતાની કે મિલકતની વ્યવસ્થા કરવાને નાલાયક છે કે કેમ તે કોર્ટે ઠરાવવુ

૬૬ ડીસ્ટ્રીક્ટ કોર્ટથી પચાસ માઈલ આઘે કહેવાતો માણસ રહેતો હોય તો ચોકસી કરવા સારૂ પોતાના તાબાની કોર્ટને કમીશન મોકલવાનો અધિકાર તે કોર્ટને છે કમિશન આપ્યા પછી પાછળ કહેલી રીતે ચોકસી કરવી તાબાની કોર્ટે ચલાવેલા કામના કાગળ પત્રો ડીસ્ટ્રીક્ટ કોર્ટને મોકલવા, તે પછી તે અરજીનો કોર્ટે નિકાલ કરવો

૬૭ જે ગાડા માણસો ચોકસી ઉપરથી ગાડા ઠર્યા હોય તેને કબજામા લેવા સારૂ તથા તેમની ઇસ્ટેટની વ્યવસ્થા કરવા સારૂ હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૬૮ ગાડા માણસની ઇસ્ટેટનો વહીવટ કરવાનો જો ને નાલાયક હોય તો તે ધણીની તપાસ કોર્ટ ઓફ્ વોર્ડસની હકુમત હેઠળ જાય તો કોર્ટ ઓફ્ વોર્ડસને તે પોતાના હવાલામા લેવાનો અધિકાર છે.

૬૯ ગાડા માણસની ઇસ્ટેટ જમીન હોય તો ડિસ્ટ્રીક્ટ કોર્ટ તેની જાત તથા મિલકત સ્વાધિન લેવાનું

કલેક્ટરને ફરમાવવાને મુખત્યાર છે પણ આવો હુકમ કલેકટરના પરવાનગી મેળવ્યા સિવાય કરવો નહિ પછી તે કલેકટરને તેની જાત તથા મિલ્કતનો પાલન કરનાર નિમવો

૭૦ કલેકટરે આ બાબ પ્રમાણે ગાડાની જાત કે ઇસ્ટેટના સબંધમા ચલાવેલા કામ સ્થાનિક સરકારના નિબંધને પાત્ર રહશે

૭૧ બીજે પ્રસગે ડીસ્ત્રીકટ કોર્ટને ગાડા માણુસની ઇસ્ટેટનો વહીવટ કરનાર નીમવાનો અને તેની જાતનો પાલન કરનાર નિમવાનો અધિકાર છે

૭૨ ગાડા માણુસના કાયદાસર વારસને કોર્ટને કે કલેકટરને એમ લાગે કે તેવી નામણુક ગાડાને ફાયદા માટે છે તે સિવાય તેના પાલન કરનાર તરીકે નીમવો છે

૭૩ ગાડા માણુસની જાતના પાલન કરનારને કે તેની ઇસ્ટેટના વહીવટ કરનારને પ્રસગ પ્રમાણે કોર્ટને કે કલેકટરને યોગ્ય જણાય તે મહેનતાણુ આપવુ

૭૪ ગાડા માણુસની જાતના પાલન કરનારને કે તેની જાતની સભાળ રાખવી, ને તેના અન્ન વસ્ત્રનો બદોબસ્ત રાખવો પાલન કરનાર જુદો હોય તો ગાડાને કે તેના કુટુબના માણુસોને અન્ન વસ્ત્ર માટે જે નિમણુક કોર્ટ ઠરાવે તે વહીવટ કરનારે પાલન કરનારને આપવી

૭૫ ગાડા માણુસની ઇસ્ટેટનો વહીવટ કરનારને તે ધણી ગાડો ન હોત ને જે પ્રમાણે વહીવટ કરત તેજ પ્રમાણે વહીવટ કરવા અને તેનુ દરેક વાજબી દેણુ કે લેણુ હોય તે આપવાનો ને વસુલ કરવાના અધિકાર છે પણ વહીવટ કરનારે કોર્ટની પરવાનગી વગર ગાડાની કોઈ સ્થાવર મિલ્કત ગીરો મૂકવી નહીં, ક વેચાણથી બક્ષીસથી, કે અદલા બદલીથી કે બીજી રીતે તબદીલ કરવી નહી કે પાચ વર્ષથી વધુ મુદત માટે પટે આપવી નહી, આવી પરવાનગી કોર્ટ યોગ્ય સરતે આપવાને મુખત્યાર છે

૭૬ ગાડા માણુસની ઇસ્ટેટના વહીવટ કરનારે પોતાની નીમણુકથી છ મહીનાની અદર તેની મિલ્કતની યાદી તથા જે નાણુ કે જગમ મિલ્કત તેને પહોચે તેની યાદી, તેનુ દેણુ ક, લેણુ હોય તો તેનુ પત્રક પ્રસંગ પ્રમાણે કોર્ટમા રજુ કરવુ અથવા કલેકટરને આપવુ અને તે પછી ને મિલકતના હિસાબ વર્ષ પુરૂ થયા પછી ત્રણ મહીનાની અદર કોર્ટને કે કલેકટરને દરસાલ આપવો, ને તેમા પોતાની પાસે જે રકમ આવે કે ખર્ચ થાય કે શીલીક રહે તે લખવી

૭૭ ગાડા માણુસનો કાઇ સગો કોર્ટ કે કલેકટરને અરજી કરીને તેવા હિસાબ કે પત્રકમા ચુક છે તેવુ જાહેર કરે તો તે વહીવટ કરનારને બોલાવી તપાસ કરીને પોતાની નજરમા લાગે તેવા હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૭૮ ગાડા માણુસના અથવા તેની ઇસ્ટેટના ખર્ચ સારૂ જેટલા અવેજની જરૂર હોય તે કરતા વધુ અવેજ વહીવટ કરનાર પાસે આવે તો તે તેણે ઇસ્ટેટને ખાતે સરકારી તીજોરીમા ભરવો, ને ટ્રસ્ટ એકટ પ્રમાણે સિકયુરીટીઓ લેવી

૭૯ ગાડા માણુસનો કોઈ સગો ડીસ્ટ્રીકટ કોર્ટની પરવાનગી લઇને વહીવટ કરનારની પાસેથી તે ઇસ્ટેટ બાબત જે નાણુ કે હીસાબ તેની પાસે હોય તેનો હિસાબ લેવાની ફરિયાદ કરવાને મુખત્યાર છે

૮૦ ડિસ્ટ્રીકટ કોર્ટ કે કલેકટર જેણે ગાડાનો વહીવટ કરનાર નીમ્યો હોય, તેને જો તે કયુરેટર ન હોય તો હરકોઇ યોગ્ય કારણથી તેને કહાડી મુકીને તેની જગાએ કયુરેટર કે બીજા લાયક સખસને નીમવાને મુખત્યાર છે તેમ ગાડાની જાતના પાલન કરનારને પણ કાઇ પુરતા કારણથી કહાડી મુકીને તેની જગ્યાએ કોઈ લાયક સખસને નીમવાને તે મુખત્યાર છે

૮૧ ગાડા માણુસની ઇસ્ટેટનો વહીવટ કરનાર, કોર્ટ ઠરાવે તે મુદતમા પોતાનો હિસાબ કે પોતાના તાબાની માલમિલકત આપવાની જાણી જોઇને ગફલત કરે કે ના કહે તો તેને પાચસો રૂપીઆ સુધી દડ કરવાને ડીસ્ત્રીકટ કોર્ટ મુખત્યાર છે અને તે મિલકત આપે ત્યા સુધી તેના કહેનારને સીવીલ જેલમા રાખવાને પણ મુખત્યાર છે

૮૨ કોર્ટને એમ લાગે કે ગાડા માણુસનુ ચળી ગયેલું મન પાછુ સાજુ થયુ છે, તો ગાડાપણુના સંબંધી ચલાવેલુ કામ બધ કરવા યા રદ કરવાનો તેણે હુકમ કરવા

૮૩ આ બાબ પ્રમાણે ડીસ્ટ્રીકટ કોર્ટે કરેલા હુકમ ઉપર હાઇકોર્ટને અપીલ ચાલશે

૮૪ સ્થાનિક સરકાર ગાડા માણુસના આશ્રયસ્થાનમા માનસિક વ્યાધિથી પીડાતા માણુસોને સાજા કરવાના ઉપચાર બાબત ગોઠવણુ કરી છે અથવા કરવામા આવશે એમ તેમની ખાત્રી થાય તો પોતાને યોગ્ય લાગે તે ઠેકાણે ગાડા માણુસોના આશ્રયસ્થાન સ્થાપવાને અથવા તે સ્થાપવાના લાઇસન્સ આપવાને મુખત્યાર છે

૮૪ અ જો કોઇ લાઇસન્સ આપેલા આશ્રયસ્થાનમા સાજા કરવાની પુરેપુરી ગોઠવણુ ન હોય તો સ્થાનિક સરકારને જરૂર જણુાય તો લાઇસન્સ રદ કરવાનો અધિકાર છે

૮૫ ગવર્નર જનરલ ઇન કૌન્સીલ હુકમ કાઢીને એવુ ફરમાવવાને મુખત્યાર છે કે કોઇ પણુ પ્રાતમા હકુમત ચલાવનારા માજીસ્ટ્રેટ કે કોર્ટોને ગાડા માણુસોને બીજા કોઈ પ્રાતમા આવેલા કોઇ પણુ આશ્રય સ્થાનમા મોકલવાનો અધિકાર છે

૮૬ લાઇસન્સ મળેલા આશ્રયસ્થાનમા ગાડા માણુસને દાખલ કર્યો હોય અને આ આકટના ઠરાવો મુજબ ખર્ચ લેવા બાબત ગાડાના મિત્રો કે સગા વહાલા પાસેથી કબુલત કરાવી લીધી ન હોય કે કોર્ટે હુકમ કર્યો ન હોય ત્યારે, તે ગાડાના અન્ન વસ્ત્રનો ખર્ચ અમલમા હોય તે કાયદાના ઠરાવને પાત્ર એવુ આશ્રય સ્થાન જેના હવાલામા હોય તેને સરકારે આપવો

૮૭ ભટકતા પકડાયલા ગાડા માણુસના કબજામા જે નાણુ હોય, તે અને તેની જાત ઉપર જે કાંઈ મિલ્કત મળે, તે લઇને વેચીને તે ઉત્પન્ન ગાડા માણુસના અન્ન વસ્ત્રના ખર્ચ તથા તેને સારૂ જે બીજો ખર્ચ થાય તે આપવા સારૂ ઉપયોગ કરવાનો માજીસ્ટ્રેટને અધિકાર છે

૮૮ આશ્રય સ્થાનમા અટકાવી રાખેલા ગાડા માણુસની પાસે તેના અન્ન વસ્ત્રને માટે ઉપયોગમા લઇ શકાય તેવી ઇસ્ટેટ હોય કે તે ગાડાનુ પુરૂ કરવાને કાયદા પ્રમાણે બધાયો હોય તે માણુસની પાસે તેનુ પુરૂ પાડવાની શક્તિ હોય, તો જે અધિકારીએ તેને લેવાનો હુકમ કર્યો હોય તે અધિકારી, કે જેની હદની અદર તે મિલ્કત આવી હોય તે હાઇકોર્ટ કે ડિસ્ત્રિકટ કોર્ટને તે ગાડા માણુસના અન્નવસ્ત્રનો ખર્ચ અપાવવાનો હુકમ કરવા સારૂ અરજી કરવાને મુખત્યાર છે

૮૯ કોર્ટ સક્ષિપ્ત રીતે તપાસ કરવી ને તે ગાડા માણુસના અન્ન વસ્ત્ર સારૂ ઉપયોગમા લેવાય તેવી ઇસ્ટેટ તે ગાડા માણુસ પાસે છે, કે ફલાણો માણુસ તેનુ પુરૂ કરવાને બધાયલો છે તેની પાસે પુરૂ પાડવાની શક્તિ છે, એમ કોર્ટની ખાત્રી થાય તો સ્ટેટમાથી કે એવા માણુસ પાસેથી એવા ગાડા માણુસને અન્ન વસ્ત્ર પુરૂ પાડવાનો ખર્ચ ને તે અરજીનો ખર્ચ વસુલ કરવાનો કોર્ટે હુકમ આપવો જોઇએ

૮૯ અ ગવર્નર જનરલ ઇન કૌસિલ સામાન્ય કે વિશેષ હુકમ કરીને કોઇ આશ્રય સ્થાનમા રાખેલા ગાડા માણુસ કે જેના અન્ન વસ્ત્ર આપવાને સ્થાનિક સરકાર પાત્ર હોય તે સબધમા આપવાની રકમ સ્થાનિક સરકારે એવી રકમ જે પ્રમાણુમા આપવી તે ઠરાવવાને મુખત્યાર છે

૮૯ બ એવા ગાડા માણુસના અન્ન વસ્ત્રનો ખર્ચ જે સ્થાનિક સરકારે તે ગાડાને આશ્રયસ્થાનમા રાખવાનો હુકમ કર્યો હોય તે સરકારે [બ] અને તે ગાડો આશ્રયસ્થાનમા આવ્યા પહેલા પાચ વર્ષ સુધી જે પ્રાતમા રહેતો હોય તે પ્રાતની સ્થાનિક સરકારે આપવા જોગ થશે

૯૦ કોઇ પણુ ગાડા માણુસને અન્ન વસ્ત્ર પુરૂ પાડવાની જે જવાબદારી તેના કોઇ સગાવહાલાને કે બીજા કોઈ માણુસને માથે હોય તે આ આકટના ઠરાવથી જતી રહે છે કે તેને હરકત થાય છે એમ સમજવુ નહિ

૯૧ સ્થાનિક સરકાર આ આકટના કારણો સારૂ કાનુનો કરવાને મુખત્યાર છે

૯૨ ૯૧ મી કલમની રૂપે કરેલી કાનુનો સ્થાનિક સરકારી ગેઝીટમા પ્રસીદ્ધ કરવી જોઇએ.

૯૩ જે કોઈ માણુસ, આ આકટના ઠરાવો સિવાય બીજી રીતે એકાદા ગાડા માણુસને આશ્રયસ્થા-

નમા લેશે કે અટકાવી રાખશે, કે આશ્રયસ્થાન સિવાય બીજે ઠેકાણે એ કે વધારે ગાડા માણસને કાયદા માટે અટકાવી રાખશે તેને બે વર્ષ સુધીની કેદની, દડની અથવા એ બન્નેની શિક્ષા થશે

૯૪ ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૪૨ મા બાબના ઠરાવો, આ આકટની રૂયે લીધેલા ખતોને લાગુ પડશે

૯૫ જ્યારે સરકારે પગાર, પેન્શન, ગ્રેજ્યુઇટી કે બીજી નિમણુક કોઇ માણસને આપવાની હોય, તે માણસ ગાંડો હોવાનો માજીસ્ટ્રેટે દાખલો આપ્યો હોય ત્યારે તે રકમ તે ગાડો જેના હવાલામા હોય તે સખસને પોતાને વાજબી લાગે તેટલો તે રકમનો ભાગ આપવાને મુખત્યાર છે ને બાકી રહે તે તેના ઉપર આધાર રાખનારા તેના કુટુબના માણસોના અન્ન વસ્ત્રને માટે આપવાને તે મુખત્યાર છે

૯૬ કોઇ પણ કાનુનોને પાત્ર પહેલા પરીશિષ્ટમાના નમુના તેમા જણાવેલા કારણો સારૂ વાપરવામા આવશે તો પુરતા થશે

૯૭ આ આકટની રૂયે શુદ્ધ બુદ્ધિથી કરેલા કૃત્ય માટે કોઇ માણસની સાથે કાંઈ ફરિયાદ ફોજદારીમા ચલાવવામા આવશે નહીં

૯૮ એકાદા આશ્રયસ્થાનના હવાલાળા કોઇ અમલદારને બ્રિટિસ હિદુસ્તાનની બહારની કોઇ પણ કોર્ટે ગાડા માણસને લેવા માટે, કે અટકાવી રાખવા માટે કરેલા હુકમનો કે વારટનો અમલ કરવાનો અધિકાર છે.

૯૯ ગવર્નર જનરલ ઇન કૌસિલને બ્રિટિશ હિદુસ્તાનની બહારથી આવેલા ગાડા માણસો માટે કાનુનો કરવાનો અધિકાર છે

૧૦૦ આ આકટના શરૂઆત પહેલા સન ૧૮૫૮ ના હિદુસ્તાના ગાડા માણસોના આશ્રયસ્થાન બાબતના એકટની ૭ મી કલમ મુજબ, લેવાના હુકમ ઉપર સહી કરનાર સખસને અરજદારને જે અધિકારને જવાબદારી છે તે સઘળા અધિકાર મળશે અને આ ઉપરથી રદ કરેલા કાયદાની રૂયે કરેલા હુકમ તથા ફગર આ આકટ પ્રમાણે કર્યા હશે તેમ તેનો અમલ થશે

૧૦૧ બીજા પરીશીષ્ટમા લખેલા કાયદા ચોથા આસનમા લખ્યુ છે તેટલે સુધી રદ કર્યા છે

હિંદુસ્તાનનો કારખાનાં બાબતનો આકટ.

(સને ૧૯૧૧ નો આકટ ૧૨ મો.)

૧ આ આકટને સન ૧૯૧૧ નો હિંદુસ્તાનના કારખાના બાબતનો આકટ કહેવો તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ છે

૨ 'છોકરૂ' એટલે ૧૫ વર્ષ કરતા ઓછી ઉમરનુ માણસ 'કારખાનુ' એટલે જે મકાનની અંદર એકી વખતે ૨૦ માણસો કામ કરતા હોય તથા કોઈપિણ વસ્તુ વાપરવાના, લઈ જવાના, વેચવાના કારણ સારૂ, વરાળથી ચાલનારી, પાણીથી ચાલનારી, બીજી યાંત્રિક શક્તિનો કે વીજળીનો ઉપયોગ કરવામા આવતો હશે એવુ કોઈ પણ મકાન

૩ આ આકટનો મજકુર ખાણુ બાબતના આકટને અમલને પાત્ર હોય તેવી કોઇ ખાણુને લાગુ પડશે નહિ

૪ સ્થાનિક સરકાર પોતાને યોગ્ય લાગે તેવા માણસોને તેમને ઠરાવી આપે તે સ્થાનિક હદની અંદર કારખાનાના ઇન્સ્પેકટરો તરીકે નીમવાને મુખત્યાર છે, જીલ્લા માજીસ્ટ્રેટ આ આકટ મુજબ ઇન્સ્પેકટર છે એમ સમજવુ

૫ ઇન્સ્પેકટરને તે જે સ્થાનિક હદમા નીમાયો હોય તે હદની અંદર આ જે કોઇ જગા કારખાના તરીકે વપરાય છે એમ માનવાનુ કારણ હોય તે જગામા તેને યોગ્ય લાગે તેવા એસીસ્ટંટોને સાથે લઈ જવાનો, (કારખાનાના મકાનની, યંત્રની તથા રજીસ્ટરોની તપાસ કરવાનો, તથા કોઇ પણ માણસની જુબાની લેવાનો કે જરૂર હોય તેવા બીજા અધિકારો ચલાવવાનો અખત્યાર છે

૬ સ્થાનિક સરકાર પોતાને યોગ્ય લાગે તેવા માણસોને આ આકટના કારણ સારૂ દાખલા આપનારા સર્જન તરીકે નીમવાને મુખત્યાર છે.

૭ દાખલો આપનારા સર્જને કારખાનામા કામે લાગવાની ઇચ્છા રાખનાર માણસની ઇચ્છા ઉપરથી તેને તપાસી કારખાનામા કામે લાગવાને લાયક છે કે નહીં તે લખીને ઠરાવેલા નમુના પ્રમાણે એક દાખલો તેને આપવો જોઇએ

૮ દાખલો આપનાર સર્જન ૬ મી કલમની રૂયેના કામ કોઈપણ નોંધાયલા વઈદકીય ધંધો કરનાર માણસને સોપવાને મુખત્યાર છે

૯ હેઠળના ઠરાવ કારખાનાને લાગુ પડશે (અ) એટલે તે સ્વચ્છ રાખવુ તથા ત્યા કોઈ મોરી, મડાસ કે બીજી અપકારક વસ્તુથી નીકળી દુર્ગંધ મારવી જોઇએ નહિ (બ) તેમા કામે લગાડેલા માણસોની તંદુરસ્તીને હરકત કે નુકશાન થાય તેવી રીતે ત્યા કામ ચાલતુ હોય તે દરમિયાન તેમા ભીડ થવા દેવી નહી [ક] ત્યા એવી રીતે આવજા થવી જોઇએ કે તેથી તેમા કામ ચાલતુ હોય ત્યારે ઉત્પન્ન થતા તંદુરસ્તીને નુકશાનકારક કાંઇ પણ ગ્યાસ વરાળ, ધુળ કે બીજા ગંદા પદાર્થ બની શકે ત્યા સુધી વગર નુકશાનકારક થાય

૧૦ એકાદ કારખાનામા ચાલતી કૃતિથી ઉત્પન્ન થનારી ધુળ કે બીજો ગંદો પદાર્થ કામ કરનારાઓના પેટમા શ્વાસની સાથે નુકશાનકારક પ્રમાણમા જતો હોય તો તે અટકાવવા માટે પંખાનો કે બીજા યાંત્રિક સાધનોનો ઉપયોગ કરવાનો ઇન્સ્પેકટરે તે કારખાનાના મેનેજરને લખી હુકમ કરીને ફરમાવવાને મુખત્યાર છે

૧૧ દરેક કારખાનામા પુરતું અજવાળુ હોવુ જોઇએ

૧૨ જે કારખાનામા વાતાવરણની ભીનાશ કૃતિમ સાધનોથી ઉત્પન્ન કરવામા આવતી હોય ત્યા તે ઉત્પન્ન કરવામા આવતી હોય ત્યા તે ઉત્પન્ન કરવાનુ પાણી પીવાનુ પાણી જ્યાથી લેવામા આવતું હોય ત્યાથી લેવુ જોઇએ ને તે સ્વચ્છ કરવુ જોઇએ

૧૩ દરેક કારખાનાના કામે લગાડેલા માણસો માટે તે કારખાનામા પુરતા જાજરૂ તથા મુતરડી પુરા પાડવા જોઇએ

૧૪ કારખાનાના કામે લગાડેલા માણસોને પીવાને માટે લાયકને પુરતો પીવાના પાણીનો જથો હોવો જોઈએ

૧૫ દરેક કારખાનાના, ઓરડાના બારણા બહારની બાજુએ ઉઘડે એવા બનાવવા જોઇએ.

૧૬ કારખાનામા કામે લગાડેલા માણસો માટે આગને પ્રસગે બહાર નીકળી જવાના સાધનો પુરા પાડવા જોઇએ,

૧૭ કોઈ પણ માણસે કોઈ પણ કારખાનામા કોઇ પણ જવાલાગ્રાહી પદાર્થની છેક પાસે બીડી પીવી નહી, કે ખુલ્લો દીવો વાપરવો નહિ, કે એવો કોઈ દીવો વાપરવો નહીં કે વાપરવા દેવો નહીં

૧૮ કારખાનાના કોઇ પણ ભાગમાના વરાળ યત્રની સાથે કે પાણીથી ચાલનાર ચક્ર સાથે કે બીજા યાત્રિક કે વીજળીની શક્ત સાથે સબધ હોય એવા દરેક ફ્લાઇ વ્હીલ, આગળ કે તેવા કોઈ ચક્રની આગળ, કે દરેક હોઇસ્ટ કે ટીગલ આગળ મજબુત વાડ ભરવી જોઇએ, કારખાનાના યત્ર કે બોઇલરોના ઉપર દેખરેખ રાખવાને કામે લગાડેલા સખસનુ જોખમથી રક્ષણ કરવા માટે જે તજવીજ ઠરાવવામા આવે તે કરવી જોઇએ અને જો ઇન્સ્પેકટરને લાગે કે કારખાનુ મનુષ્યની જીદગીને જોખમ થાય તેવુ છે તો તેણે તે કારખાનાના મેનેજરને જોખમવાળો ભાગ દુર કરવા હુકમ કરવો

૧૯ કોઇ પણ સ્ત્રી કે છોકરાને, કારખાનામા મિલગિયરીંગનો કે યત્રનો કોઇ પણ ભાગ, વરાળ, પાણી, વીજળી કે બીજી યાત્રિક શકિતથી ચાલુ હોય ત્યારે તે સાફ કરવા દેવો નહીં કે કોઈ પોતાની મેળે ચાલનારૂ યત્ર ઉપરની કોઇ શક્તિથી ચાલતુ હોય ત્યારે તેના સ્થાયિ કે ફરતા ભાગની વચ્ચે કામ કરવા દેવુ નહિં ઇન્સ્પેકટરને લાગે તો કારખાનામા કામે લગાડી શકતા નહોય તેવા છોકરાને દાખલ ન થવા દેવાનો હુકમ કરી શકે તેમ ૧૮ વર્ષની અદરના છોકરાને લેડક કમ્પાઉન્ડ ઉપયોગમા લેવાતો હોય તેમા કામે લગાડવા નહી

૨૦ કોઈ પણ સ્ત્રી કે છોકરાને રૂની ગાસડી બાધવાના કોઇ કારખાનાના જે ભાગમા કોટન ઓપનર ચાલતુ હોય ત્યા કામે લગાડવુ નહીં પણ જો તેની અને ઓરડાની વચ્ચે પડદો ભર્યો હોય તો કામે લગાડવાને હરકત નથી

૨૧ દરેક કારખાનામા કામ ચાલુ હોય તે દિવસે વત્તામા વત્તા છ કલાકને અતરે ઓછામા ઓછી એક કલાકની છુટીનો વખત ઠરાવવો જોઇએ છ કલાક કામ કર્યા પછી અધા કલાકનો છુટીનો વખત ગોઠવવો સાડા પાચ કરતા વધુ કામ કરતા છોકરા માટે ૦॥ કલાક છુટીનો ઠરાવવો

૨૨ કોઇ પણ માણસને કોઇ પણ કારખાનામા હેઠળ હોયા પ્રમાણે હોવા સિવાય રવિવારે કામે લગાડવો નહીં એટલે કે રવીવારની પહેલાના ત્રણ દહાડામાના કોઇ એક આખો દિવસ તેને છુટી મળી હોય કે મળવાની હોય તે સિવાય રવિવાર સિવાય એવો રજાનો દિવસ ઠરાવવો નહીં કે જેથી છુટી મળ્યા વગર લાગલગાટ દસ દિવસ કોઇ સખસને કામ કરવુ પડે

૨૩ કારખાનામા છોકરાને કામે લગાડવાના સબધમા હેઠળ બાકીના ઠરાવ લાગુ પડશે (અ) કોઇ છોકરૂ બાર વર્ષથી ઓછી ઉમરનુ નથી અને કારખાનામા કામે લગાડવાને લાયક છે એવુ દેખાડનારો ૭ મી કે ૮ મી કલમનો કાગળ આપેલો તેની પાસે ન હોય તો તેને કોઇ પણ કારખાનામા કામે લગાડવુ નહીં (બ) કોઇ પણ છોકરાને કોઇ પણ કારખાનામા સવારના સાડા પાચ વાગતા પહેલા કે સાજના ૭ વાગ્યા પછી કામે લગાડવુ નહીં (ક) કોઇ પણ છોકરાને કોઇ પણ એક દિવસમા ૭ કલાક કરતા વધારે વખત સુધી કામે લગાડવુ નહિ

૨૪ કારખાનામા સ્ત્રીઓને કામ લગાડવા માટે હેઠળના ઠરાવો લાગુ પડશે (અ) કોઈ પણ સ્ત્રીને સવારના સાડા પાચ પહેલા કે સાજના સાત વાગ્યા પછી કામે લગાડવી નહીં (બ) કોઇ પણ સ્ત્રીને કોઇ પણ કારખાનામા કોઇપણ એક દિવસમા અગીઆર કલાક કરતા વધારે વખત સુધી કામે લગાડવી નહિ

૨૫ જે સ્ત્રી કે છોકરાને અમુક કારખાનામા કામે લગાડવામા આવ્યા છે એમ જે માણસ જાણતો હોય તેણે તેમને તેજ દીવસ બીજા કારખાનામા કામે લગાડવા નહીં

૨૬ કારખાનાના મેનેજરે સ્ત્રી તથા છોકરાને કામે લગાડવાના કલાક અમુક છે એમ ઠરાવવુ જોઇએ, તે કલાક સિવાય બીજી વખતે તેમને કામે લગાડવા નહી

૨૭ કોઇ પણ એક અઠવાડીયામા સાઠ કરતા વધારે કલાક કોઈ પણ માણસને કોઇ પણ કારખાનામા કામે લગાડવા નહીં

૨૮ એક દિવસમા અગીયાર કલાક કરતા વધારે વખત સુધી કોઇ પણ માણસને કોઈ પણ કારખાનામા કામે લગાડવો નહિ

૨૯ આ આકટ રૂયે દેખરેખ રાખવા માટે જેને નીમ્યા હોય તેમને કા ૨૧, ૨૨ ૨૪, ૨૬, ૨૭ ૨૮ માની કોઇ પણ કલમ લાગુ પડશે નાહ

૩૦ કો સ્થાનિક સરકારની ખાત્રી થાય કે કોઇ કારખાનુ સામાન્ય કામકાજ માટે ઠરાવેલી હદની બહાર ચલાવવુ પડે તેમ છે કોઇ કામ ઔદ્યોગિક કારણો માટે એક સરખુ તૈયાર થવાની જરૂર પડે છે, કોઇ વસ્તુ દરરોજ બનાવી પુરી પાડવા જેવી જરુરીઓ પુરી પાડે છે, કરવામા આવતુ કામ અડચણો વિગેરેને લીધે બીજે વખતે તે કામ કરી શકાતુ નથી, તો પોતે ઠરાવે તે સરતોથી એવી બાબતમા કા ૨૭, ૨૮, કે ૨૧ ૨૨ ના ઠરાવોમાથી માફી આપવાને મુખત્યાર છે

૩૧, એક અઠવાડીયામા સાઠ કલાક કરતા વધુ કામ કરનારને સવાયા દરથી તેને પગાર આપવો

૩૨ કોઇપણ ગળીના, ચ્હાના, કૉફીના કારખાનાને પોતે ૨૧ તથા ૨૨ કલમો ઠરાવોમાથી માફી આપવા તે સ્થાનિક સરકાર ગવર્નર જનરલ ઇન કાઉન્સીલના નિર્બંધને પાત્ર મુખત્યાર છે

૩૩ કારખાનાનો ભોગવટો કરનાર દરેક માણસે, વિદ્યમાન કારખાનાના સબધી જે તારીખથી કારખાનુ કારખાના તરીકે કામ કરવુ શરૂ કરે તે તારીખે અથવા તે તારીખ પહેલા ઇન્સ્પેકટરને, તે કારખાનાનુ નામ જગા કાગળો મોકલવાનુ સરનામુ, જે કામ તેમા કરવામા આવતુ હોય તેવુ સ્વરૂપ, કારખાનામાની ચાલન શક્તિ કેટલી છે તે કારખાનાના મેનેજરનુ નામ વિગેરે લખી એક નોટીસ મોકલવી જોઇએ

૩૪ જ્યારે કારખાનામા કોઇ અકસ્માતથી મરણ નીપજે કે શારીરિક ઇજા થાય ને તે અકસ્માત થયા પછીના અડતાલીસ કલાક સુધી કામપર પાછો આવી ન શકે ત્યારે મેનેજરે તેવા અકસ્માતની નોટીસ ઠરાવવામા આવે તે અધીકારીઓને મોકલવી જોઇએ

૩૫ દરેક કારખાનામા છોકરાઓ કામે લગાડયા હોય, તેમનુ તેમના કામના કલાકનુ અને તે દરેકને શુ કામ આપ્યુ છે, તેનુ એક રજીસ્ટર ઠરાવેલા નમુના પ્રમાણે રાખવુ જોઇએ

૩૬ દરેક કારખાનાના મુખ્ય દરવાજાની પાસેની સ્હેજે દેખાય એવી જગાએ અગ્રેજી ભાષામા તથા કારખાનાના અડધા કરતા વધારે લોકોની ભાષામા લખીને આ એકટના તથા તેની કાનુનોનો ઠરાવેલો સારાંશ તથા નોટીસ ચોહોડવી જોઇએ તેમા (અ) દરરોજ કામ કરવાનો વખત, (બ) ૨૧ મી કલમની રૂયે ઠરાવેલી છુટીનો વખત દર અઠવાડીયાના છુટીના દિવસ, સઘળા માણસોને કામે લગાડવાના કલાક આ લખવુ જોઇએ તેની એક નકલ, કારખાનુ શરૂ થયા પછી એક મહીનાની અંદર ઇન્સ્પેકટરને મોકલવી જોઇએ તેમા ફેરફાર કરવામા આવે તો મેનેજર સાત દિવસની અંદર ઇન્સ્પેકટરને ખબર આપવી જોઇએ કાનુનોના સારાંશ ચોડવા શિવાયના આ કલમના ઠરાવ મોસમના કારખાનાને લાગુ નથી

૩૭ ગવર્નર જનરલ ઇન કાઉન્સિલના નિર્બંધ પાત્ર સ્થાનિક સરકાર આ આકટના ઠરાવ અમલમા લાવવાના કારણસર, કારખાનાની તપાસ કરવા બાબત, ઇન્સ્પેકટરોએ કઇ રીતે અધીકાર ચલાવવો, સ્વચ્છતા રાખવાના ઉપાયો, કોઇ પણ ઓરડામાં કેટલા માણસો કામે લગાડવા, વીગેરે બાબત કાનુનો કરવાને મુખત્યાર છે

૩૮ આ આકટનો અમલ કરવા માટે નિયમિત મુદતમા પત્રકો પુરા પાડવાનુ કારખાનાનો ભોગવટો કરનારાને કે મેનેજરોને ફરમાવવાનો તેમ

૩૮ અ જતુઓનો ચેપ લાગેલો હોય એવા પ્રાઉનનો ચેપ દુર કરવા માટે કાનુનો કરવાને ગવર્નર જનરલ ઇન કાઉન્સિલને કાનુનો કરીને અધિકાર છે,

૩૯ ૩૭ મી કે ૩૮ મી કલમ ઉપરથી કાનુનો કરવાનો અધીકાર તેવી કાનુનો અગાઉથી છાપેલી પ્રસિદ્ધ કર્યા પછી કરવી જોઇએ એ શરતને પાત્ર છે

૪૦ કાનુનો સ્થનિક સરકારી કે ઇડીયા ગેઝીટમા છાપીને પ્રસિદ્ધ કરવી જોઇએ

૪૧ જો કોઇ પણ કારખાનામા, આ આકટના ઠરાવ વિરૂદ્ધ કોઇ માણસને કામે લગાડ્યો હોય, ૯ મી ૧૦, ૧૧, ૧૨, ૧૩ મી. ૧૪, ૧૫ મી ૧૬ મી ૧૮ થી ૩૫ કે ૩૬ મી કલમના ઠરાવનો અમલ

કરવામા નહી આવ્યો હોય તો ભોગવટો કરનાર તથા મેનેજર સામાયિક કે જુદા જુદા પાચસો રૂપિયા સુધીના દડની શીક્ષાને પાત્ર થશે

૪૨ જ્યારે એકાદા કારખાનાના ભોગવટો કરનારની કે મેનેજરની સામે તહોમત મુકવામા આવ્યુ હોય ત્યારે તે ખરેખરા ગુન્હેગાર તરીકે જે બીજા શખસ ઉપર પોતે તોહોમત મુકતો હોય તેને સુનાવણી વખતે કોર્ટમા અણાવવાનો હક છે ને જો ગુન્હો સાબીત કરવામા આવ્યા પછી તે ભોગવટો કરનાર કે મેનેજર કોર્ટની ખાત્રી થાય તે રીતે સાબીત કરે કે, આકટની બજાવણી કરાવવા સારૂ તેણે યોગ્ય કાળજી લીધી છે, તથા તે બીજા શખસે તે ગુન્હો, પોતાની જાણ, સમ્મત્તિ કે અખાડા સીવાય કર્યો છે તો તે બીજા શખસ ઉપર તે ગુન્હાની સાબીતીનો ઠરાવ કરવો જોઇએ અને તે ભોગવટો કરનાર કે મેનેજર જવાબદારીમાથી મુક્ત થશે આ પ્રમાણેથી જો ઇન્સ્પેકટરની કામ ચલાવતા પહેલા ખાત્રી થાય તો તેણે ભોગવટો કરનાર કે મેનેજર ઉપર કામ ન ચલાવતા ગુન્હો કરનારની ઉપર કામ ચલાવવુ જોઇએ

૪૩ જે કોઇ સખસ ૫ મી કલમ મુજબ કોઇ પણ અધિકાર ચલાવવાના કામમા જાણી જોઇને ઇન્સ્પેકટરને અટકાવ કરશે, અને રજીસ્ટરો ને દસ્તાવેજ ઇન્સ્પેકટર માગે ત્યારે હાજર કરવામા ચુકશે કામે લગાડેલો માણસ ઇન્સ્પેકટર આગળ હાજર થશે નહી ૧૭ મી કલમ મુજબ જ્વાલાગ્રાહી પદાર્થની પાસે બીડી પીશે કે ખુલ્લો દીવા દેવતાનો ઉપયોગ કરાવશે, કે મના કરેલુ કામ કરશે તેને ઘણામા ઘણા પાચસો રૂપીયા સુધીના દડની શિક્ષા થશે

૪૩ અ આ આકટની રૂયે કોઇ ફોજદારી કોર્ટ દડ કરે તો તે દડમાથી ઇજા થયલા સખસને, મૃત્યુની બાબત તેના વારસને બદલા તરીકે અપાવવાને મુખત્યાર છે અપીલની મુદત કે અપીલ ચુકયા પહેલા તેથી રકમ અપાશે નહિ

૪૪ જે માણસ બીજા માણસને ૭ મી કે ૮ મી કલમની રૂયે આપેલા દાખલાનો પોતાના દાખલા પ્રમાણે જાણીબુજીને ઉપયોગ કરશે તે ૨૦ રૂપીયા સુધીના દડની શીક્ષાને પાત્ર થશે

૪૫ જે માણસ એકજ જાતનો ગુન્હો ફરી ફરીને દરરોજ કરે તે આ આકટના ઠરવેલા વધારેમા વધારે દડ કરતા વધારે દડને તે નીચેની હકીકત ન હોય તો પાત્ર થશે નહિ, એટલે મુળ ગુન્હા માટે કામ ચાલવા માડયા પછી તે પાછો કરવામા આવ્યો ન હોય તો કે તે ગુન્હો આ આકટના ઠરાવ વિરૂદ્ધ બે કે વધારે માણસોનો કામે લગાડના દેવાનો ન હોય તો

૪૬ કારખાનાના જે કોઇ પણ ઓરડામા છોકરાને કામે લગાડવામા આવતા હોય ને જેમા યત્રથી માલ તૈયાર કરવાની કૃતિને અનુષગિક હોય એવુ કામ ચાલતું હોય તે ઓરડા કે ભાગમા ૭ વર્ષથી વધારે ઉમ્મરનુ કોઇ છોકરૂ મળી આવે તો, વિરૂદ્ધ રીતે સાબીત કરવામા આવે ત્યા સુધી તેને તે કારખાનામા કામે લગાડયુ છે એમ સમજવુ

૪૭ જ્યારે કોઇ કૃત્ય કે કસુર, એકાદો માણસ અમુક ઉમર કરતા ઓછી કે વધારે ઉમ્મરનો હોય તો શીક્ષા કરવા જોગ ગુન્હો થતો હોય ને તે માણસ સદરહુ ઉમ્મર કરતા ઓછી કે વધારે ઉમ્મરનો જણાય છે એમ કોર્ટનો મત હોય તો તે સદરહુ ઉમ્મર કરતા ઓછી કે વધારે ઉમ્મરનો નથી એવુ સાબીત કરવાનો બોજો તહોમતદાર ઉપર છે ઉમ્મર બાબત સર્જને કરેલો એકરાર પુરાવામા દાખલ થઇ શકે

૪૮ કા ૪૩ ની રકમ અગર કલમ ૧૪૪ સિવાયના આ આકટની રૂયે ચલાવવાનુ કોઇ પણ ફોજદારી કામ ઇન્સ્પેકટર સીવાય બીજા કોઇએ કે ઇન્સ્પેકટરની મજુરી લીધા સીવાય ચલાવવુ નહીં પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ કરતા ઉતરતા દરજ્જાની કોઇ પણ કોરટે આવા ગુન્હાનો ઇન્સાફ કરવો નહિ

૪૯ કોઇ પણ કોર્ટ આ આકટની વિરૂદ્ધના ગુન્હાના ફરીયાદ, જે તારીખે ગુન્હો કર્યાનું કહેવામા આવતું હોય તેથી છ મહીનાની અદર કરવામા ન આવે તો સાભળવી નહી

૫૦ કા ૧૦–૧૧–૧૨–૧૫ ને ૧૮ ૧૮ અ ને ૧૯ અ ની રૂયે જેના ઉપર હુકમ બજાવવામા આવ્યો હોય તે માણસ તે હુકમની બજાવણીની તારીખથી ચાર દિવસની અદર સ્થાનિક સરકારને તે હુકમ સામે અપીલ કરવાને મુખત્યાર છે અને અપીલનો ફેસલો થતા સુધી ઇન્સ્પેકટરના હુકમનો અમલ મોકુફ રાખવો

૫૧ દિવસના કલાક, વખતનુ પ્રમાણ જે સાધારણ પાળવામા આવતું હોય તે પ્રમાણે ગણવા જોઇએ

૫૨ કલાક ગણતી વખતે અડધા કલાક કે વધારે વખત સુધી કામમા ખલેલ પડી હોય તો તે વખત બાદ કરવો

૫૩ કારખાનાના કામની જુદી જુદી શાખાઓ કે ખાતાઓને તે જુદા જુદા કારખાના છે તેવુ સ્થાનિક સરકાર લેખી હુકમથી ફરમાવવાને મુખત્યાર છે

૫૪ આ આકટ સરકારી કારખાનાઓને લાગુ પડશે

૫૫ બરમા પ્રાંતમા કોઇ પણ સખસને કારખાનામાના સાચા કામ કે સાજ સરંજામ સાફ કરવા માટે રવીવારે ચાર કલાક કરતા વધારે ન હોય તેટલા વખત સુધી કામે લગાડવાને હરકત નથી, પણ તેણે આગલે દિવસે કારખાનામા બપોરે બે વાગ્યા પછી કામ કરેલુ હોવુ જોઇએ નહિ

૫૬ કોઈ પણ કારખાનાને સ્થાનિક સરકાર લેખી હુકમ કરીને પોતાને યોગ્ય જણાય તેટલી હદ કે મુદત સુધી આ આકટમાથી બાતલ કરવાને મુખત્યાર છે,

૫૭ ગવરનર જનરલ ઇન કોન્સીલને યોગ્ય જણાય તો તે આ આકટ ઉપરથી સ્થાનિક સરકારને આપ્યા હોય તેવા કોઇ પણ અધિકાર ચલાવવાને મુખત્યાર છે

૫૮ આ આકટની રૂએ કોઇ માણસે કાંઈ કામ શુદ્ધ બુદ્ધિથી કર્યું હોય તેની સામે કાંઈ ફરીયાદ કરવામા આવશે નહી, કે ફોજદારી કાઇ કામ ચલાવવામા આવશે નહી

૫૯ સન ૧૮૮૧ નો તથા ૧૮૯૧ નો હિંદુસ્તાનનો કારખાના બાબતનો આકટ આ ઉપરથી રદ કર્યા છે

મુંબઇનો ઘોડાની સરતના મેદાનોનું લાઇસન્સ આપવા બાબતનો કાયદો (સને ૧૯૧૨ નો ૩ જો)

૧ આ આકને સને ૧૯૧૨ નો મુબઇની સરતના મેદાનોનુ લાઇસન્સ આપવા બાબતનો કાયદો કહેવો તે આખા મુબઈ ઈલાકાને લાગુ છે

૨ ઘોડાની સરત—તેમા જે સરતમા કોઇ ઘોડો, ઘોડી, કે ખાસી કરેલો ઘોડો, બીજા કોઇ ઘોડા કે ઘોડી કે ખાસી કરેલા ઘોડા સાથે કોઇ પણ જાતના ઇનામ માટે, તે તેના ઉપર બેસનારાઓના સબંધમા બકવામા આવેલી કોઇ હોડ, કે સરત માટે હરીફાઈમા દોડે ને જ્યા વીસથી વધુ માણસો હાજર થાય તેવી કોઇ પણ શરત થાય છે

સરતનુ મેદાન એટલે જે કોઇ જગા ઉપર ઘોડાની સરત રમી શકાય તે જગા થાય છે

૩ ઘોડાની સરત માટે મળેલું લાઇસન્સ અમલમા હોય તેવા સરતના મેદાન સીવાય બીજા કાઇપણ મેદાનમા ઘોડાની સરત ચલાવવી નહી

૪ સરતના મેદાનનો ધણી, પટે લેનાર કે ભોગવટો કરનારે તેવા સરતના મેદાનમા ઘોડાની સરતના લાઇસન્સ માટે ગવર્નર ઇન કૌન્સિલરને અરજ કરવાને મુખત્યાર છે તે ઘોડાની સરતનુ લાઇસન્સ આપવાને કે ન આપવાને મુખત્યાર છે, તેમ જે સરતે લાઈસિન્સ આપ્યુ હોય તે સરતનો ભંગ થાય તે પ્રસગે લાઇસન્સ રદ કરવાને મુખત્યાર છે

૫ લાઇસન્સ વગરના સરતના મેદાનમા ઘોડાની સરતમા જે માણસ ભાગ લેશે, તેને બસે રૂપીયા સુધીના દડની શીક્ષા થશે

૬ લાઈસિન્સ વગરની જગ્યામા ઘોડાની સરત રમવામા આવે તો તે ધણી કે ભોગવટો કરનારને એક હજાર રૂપીઆ સુધીનો દડ થશે

૭ જે સખસ લાઈસિન્સની સરતનુ ઉલ્લઘન કરશે તેને એક હજાર રૂપીઆ સુધીના દડની શિક્ષા થશે

૮ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ કે ૧ લા વર્ગના માજીસ્ટ્રેટની કોર્ટની નીચેની કોઇ પણ કોર્ટે આ આકટ મુજબના કોઇપણ ગુન્હાનો ઇન્સાફ કરવો નહી

૯ કોઇ પણ ઘોડાની સરતને આ આકટમાથી બાતલ કરવાને ગવર્નર ઇન કૌન્સિલને અધિકાર છે

સને ૧૯૧૨ નો હિંદુસ્તાનનો જીંદગીનો વીમો ઉતારનારી કંપનીઓ બાબતનો આકટ કહેવો.

૧ આ આકટને સને ૧૯૧૨ નો હિંદુસ્તાનનો જીંદગીનો વીમો ઉતારનારી કંપનીઓ બાબતનો આકટ કહેવો તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે

૨ જીંદગીનો વીમો ઉતારવાનું કામ એનો અર્થ, માણસની જીંદગીના વીમાની પોલીસી આપવી કે એવી પોલીસીની રૂએ જવાબદારી માથે લેવી કે માણસની જીંદગીના સબંધમા વર્ષાસન આપવું એવો થાય છે "માણસની જીંદગીના વીમાની પોલીસી" એટલે જે લેખ ઉપરથી મરણ પછી નાણાં અપવાની ખાત્રી આપી હોય એવો લેખ થાય છે

૩ આ આકટ બ્રિટિશ હિંદુસ્તાનમા જીંદગીનો વીમો ઉતારવાનું કામ ચલાવનારા સઘળા માણસોને કે તેમા મંડળોને લાગુ પડશે

૪ જીંદગીનો વીમો ઉતારનારી દરેક કંપનીએ સન ૧૮૮૬ નો સિકયુરીટીઓના આકટમા વ્યાખ્યા કર્યા પ્રમાણેની ૨૫ હજાર રૂપીઆની દર્શનિય કીમતની કે પાછલી નગદી સાલની ઉત્પન્નના હીસાબમા બતાવ્યા પ્રમાણેની જીંદગીના વીમો ઉતારવાથી થયેલી ઉત્પન્નના એક તૃતિયાંશ જેટલી સરકારી સિકયુરીટીઓ ગવર્નર જનરલ ઇન કોન્સિલની વતી અને તેની તરફથી કંટ્રોલર જનરલને ત્યા અનામત મુકવી જ્યા સુધી તે કંપની એ લાખ રૂપીયાની દર્શનીય કિંમતની સિકયુરીટીઓ અનામત મુકે નહી, ત્યા સુધી તેણે દર વર્ષ, પાછલી સાલના વીમો ઉતારવાના કામની થયેલી ઉત્પન્નનો એક તૃતિયાંસ જેટલી સિકયુરીટીઓની કીમત એક લાખ કરતા વધારે થાય ત્યા સુધી અનામત જોઇએ

૫ જીંદગીનો વીમો ઉતારનારી કંપની, વીમો ઉતારવાના કામ સીવાય બીજું કામ કરતી હોય ત્યારે તેણે વીમો ઉતારવા બદલ નાણાંનો જુદો હીસાબ તથા ફંડ રાખવું જોઇએ

૬ જીંદગીના વીમાનું ફંડ, જીંદગીની વીમા ઉતારવાના કામ સિવાય બીજું કામ ન ચલાવનારી કંપનીનું માલકીનું હોય તે પ્રમાણેજ, જીંદગીની પોલીસી ધારણ કરનારાઓની સ્વતંત્ર સિકયુરીટી ગણાશે ને તે ફંડ કંપનીએ કરેલા કરાર માટે જોખમદાર ગણાશે નહી

૭ દરેક જીંદગીનો વીમો ઉતારનારી કંપનીએ દરેક નગદી સાલ પુરૂ થાય ત્યારે હિસાબ સરવાયા તથા પત્રક તૈયાર કરવા જોઇએ

૮ દરેક જીંદગીનો વીમો ઉતારનારી કંપનીએ દર પાંચ વર્ષમા એકવાર, પોતાની જવાબદારી કીમતની આકણી શુદ્ધા પોતાની નાણાં સબંધી સ્થિતિ વિષે એકચ્યુઅરી પાસે ચોકશી કરાવી તેના રીપોર્ટની તારીજ તૈયાર કરાવવી

૯ અરસપરસ જીંદગીનો વીમો ઉતારનારી કંપનીનો નફો સર્વાંશે કે મુખ્યત્વે કરીને તેના મેમ્બરોને પ્રિમીયમમા દરવર્ષ ઘટાડો કરી આપવામા આવતો હોય તે કંપની નાણાં સબંધી સ્થિતિના એકચ્યુઅરીના રીપોર્ટની ચોથા પરિશિષ્ટ પ્રમાણે તૈયાર કરવામા આવેલી તારીજ પાંચ વર્ષથી વધુ નહોય એટલી મુદતને અંતરે તૈયાર કરવાનો ને મોકલવાનો અધિકાર છે

૧૦ જીંદગીનો વીમો ઉતારનારી કંપનીએ પાંચમા પરિશિષ્ટમા બતાવેલા નમુના પ્રમાણે તેના વીમા ઉતારવાના કામનું એક પત્રક તૈયાર કરવું જોઇએ

૧૧ અગાઉ તૈયાર કરવાનું ફરમાવ્યું છે તેવો દરેક હિસાબ, સર્વાયું, તારીજ કે પત્રક છપાવવા જોઇએ ને તેની ચાર નકલો, મુદત પુરી થયા પછી છ મહીના કે એક વર્ષની અંદર ગવર્નરજનરલ ઇન કૌન્સિલને ત્યા અનામત મુકવા જોઇએ

૧૨ જીંદગીનો વીમો ઉતારનારી કંપનીના દરેક ઉત્પન્નના હિસાબને સર્વાંયા સાથે, તે કંપનીના શેર તથા પોલીસી ધારણ કરનારાની સમસ્ત રજુ કરેલો તે કામનો રીપોર્ટ અનામત મુકવો જોઇએ

૧૩ જ્યારે ૧૮૮૨ ના કંપની બાબતના કાયદા પ્રમાણે નોંધાયલી એકાદી જીંદગીનો વીમો ઉતારનારી કંપની ૧૧ મી કલમ પ્રમાણે કોઇ વર્ષનો હીસાબ તથા સર્વાંયુ અનામત મુકે ત્યારે તેજ વખતે તે કંપનીને તેની એક નકલ જોઇંટ સ્ટોક કંપનીના રજીસ્ટારને મોકલવાનો અધિકાર છે

૧૪ કોઇ પણ શેર કે પોલીસી ધારણ કરનાર અનામત મૂકેલા હીસાબની, સર્વાયાની, તારીજની કે પત્રકની નકલ માગે તો તેને ટપાલ માર્ગે મોકલવી જોઇએ

૧૫ જીદગીનો વીમો ઉતારનારી કંપનીનો હિસાબ ગર્વનર જનરલ ઇન કૌન્સિલ ઠરાવે તે રીતે દર વર્ષે ઠરાવવો

૧૬ કંપનીના આક્ટની રૂએ નોધાયલી ન હોય તેની દરેક જીદગીનો વીમો ઉતારનારી કંપનીએ પોતાના શેર ધારણ કરનારાઓના નામ તથા પતાની એક યાદી રાખવી જોઇએ, અને તેની નકલ શેર કે પોલીસી ધારણ કરનાર માગે તો દર સો શબ્દે બે આના જેટલી ફી લઇને આપવી જોઇએ

૧૭ કંપની એક્ટ પ્રમાણે ન નોધાયલી વીમા કંપનીએ પોતાની રચના જે ઉપરથી થઈ હોય તેવા વ્યવસ્થાપત્ર કે બીજા કોઇ લેખની પુરતી નકલો છપાવવી જોઇએ

૧૮ વીમો ઉતારનારી કંપની જાહેર ખબર કે નોટીસમા જે ભંડોળ કાઢવાનો અધિકાર આપ્યો હોય કે જે લેવા માટે સહી કરવામા આવી હોય કે જે ભરવામા આવ્યો હોય તે ભંડોળની રકમ પણ લખવી જોઇએ

૧૯ જે વીમા કંપની બ્રિટિશ હિંદુસ્તાનની બહાર ઉભી થએલી હોય, ને જે બ્રિટિશ હિંદુસ્તાનમા કામ ચલાવવાનુ સ્થાપે કે એજંટ નીમે તેણે ચલાવવાનુ ઠેકાણુ કે એજંટ સ્થાપ્યા પછી ત્રણ મહિના અંદર રજીસ્ટ્રાર પાસે તે કંપનીની રચના થઇ હોય તે સનદ, કંપનીના મેમોરેન્ડમ કે આર્ટીકલની સહી શીક્કા વાળી નકલ, ડીરેક્ટરોની યાદી, તે કંપની ઉપર બજાવવાના પ્રોસેસો, જેને કંપની વતી લેવાનો અધિકાર આપ્યો હોય તે માણસોના નામ દાખલ કરવા જોઇએ, આ કલમ પ્રમાણે જરૂર હોય તેવા દસ્તાવેજ નોધવાની ફી પાચ રૂપીયા કે સરકાર ઠરાવે તે આપવી જોઇએ

૨૦ જીદગીનો વીમો ઉતારનારી બે કે વધુ કંપનીઓને એકત્ર કરવાનુ કે વીમો ઉતારવાનુ કામ બીજી કંપનીને તબદીલ કરી આપવાનુ યોજ્યુ હશે ત્યારે તેવી એક કે વધારે કંપનીના ડિરેક્ટરોએ ઠરાવેલી વ્યવસ્થા મંજુર કરવા માટે કોર્ટને લેખી અરજી કરવાને મુખત્યાર છે કોર્ટ આવી અરજી વિરૂદ્ધ પુરતા વાધા સાબીત કરવામા ન આવે તો તે વ્યવસ્થા મંજુર કરવાને અને વાધો જણાવે તો નમંજુર કરવાને મુખત્યાર છે

૨૧ જ્યારે વીમા કંપનીઓ એકત્ર થાય કે બીજી કંપનીને તબદીલ કરવામા આવે ત્યારે, તે પછી એક મહીનાની અંદર તે એકત્ર થએલી કે ખરીદી લેનારી કંપનીએ નીચેના કાગળ પત્રો ગવર્નર જનરલ ઇન કોન્સિલને ત્યા રાખવા —

તે કંપનીઓની માલમતાના પત્રકોની સહી શીક્કાવાળી નકલો તથા એકત્ર થવાના કે તબદીલીના પ્રકાર તથા સરતોની વિગત, જે કરાર થયો હોય તેની સહી શીકા વાળી નકલ

૨૨ વીમા કંપનીનુ કામકાજ કંપની એક્ટની રૂએ બંધ કરવાનો હુકમ કરવાનો કાર્ટ મુખત્યાર છે

૨૩ જો મુખ્ય કંપનીનુ કામકાજ કોર્ટ તરફથી બંધ કરવામા આવતું હોય તો, તે કોર્ટ સહાયકરી કંપનીનુ કામકાજ મુખ્ય કંપનીની સાથેજ આટોપીને બંધ કરવાનો હુકમ કરવાને કે બને માટે એક જ માણસને લીક્વીડેટર નીમવાને કાર્ટ મુખત્યાર છે

૨૪ વીમા કંપનીનુ કામ કોર્ટ તરફથી કે રાજી ખુશીથી બંધ કરવામા આવતું હોય ત્યારે બંધ કરતી વખતે પોલીસીની કે તેની જવાબદારીની કીંમત છઠ્ઠા પરીશિષ્ટમા ઠરાવેલી રીતે તેને લાગુ પડતી રીતે આકારવી જોઇએ

૨૫ છઠ્ઠા પરીશિષ્ટમાની કાનુનો જાણે કંપનીના કાયદાની રૂએ કરેલી હોય તે પ્રમાણે તેનો અમલ થશે

૨૬ જો વીમા કંપની પોતાનુ દેવુ ભરવાને અશક્ત છે એમ સાબીત થયુ હોય તો તે કંપની બાબતમા કોર્ટ કામ બંધ કરવાને બદલે, યોગ્ય લાગે તે સરતે કે બોલીએ કંપનીના કરારોની રકમ ઘટાડવાને મુખત્યાર છે,

૨૭ ગવર્નર જનરલ ઇન કોન્સિલને ત્યા રાખેલા દસ્તાવેજો કે તેની નકલો રજીસ્ટ્રારે કે આ અર્થે

નીમેલા બીજા અમલદારે રાખવી એવો હુકમ કરવાને મુખત્યાર છે તેવા દસ્તાવેજો વીગેરે જોવા માટે ખુલ્લા હોવા જોઇએ

૨૮ ગવર્નર જનરલ ઈન કૌંસિલે વીમા ઉતારવાની કંપનીના કામકાજ બાબતના જે રીપોર્ટો શેર કે પોલીસી ધારણ કરનારાઓ આગળ રજુ કરવામા આવ્યા હોય તે સિવાયના હીસાબ, તારીજો, દસ્તાવેજો કે પત્રકો આગલા વર્ષમા પોતાને ત્યા રાખવામા આવ્યા હોય તે ઇંડિયા ગેઝીટમા પ્રસિદ્ધ કરવા જોઇએ

૨૯ આ આકટની રૂએ ગવર્નર જનરલ ઈન કૌંસિલને ત્યા રાખેલો ને જે રાખ્યાનો દાખલો રજીસ્ટારે આપ્યો હોય તે દરેક દસ્તાવેજ એવી રીતે રાખેલો દસ્તાવેજ છે એમ સમજવુ

૩૦ જે દસ્તાવેજ એવી રીતે રાખેલા દસ્તાવેજની નકલ છે, એવો દાખલો રજીસ્ટ્રારે આપ્યાનુ દેખાતું હોય તે અસલ હોય તેવી રીતે પુરાવામા જોવા જોગ છે એમ સમજવુ

૩૧ ગવર્નર જનરલ ઈન કૌંસિલ, વીમા કંપનીની અરજી ઉપરથી પરીશીષ્ટમા બતાવેલા નમુનામા ફેરફાર કરવાને મુખત્યાર છે

૩૨ જે જીદગીના વીમા ઉતારનારી કંપની, યુનાઇટેડ કીંગડમમા એન્સ્યુરન્સ કંપનીના આકટની રૂએ જીદગીનો વીમો ઉતારવાનુ કામ ચલાવતી હોય તે જો બ્રિટીશ હિંદુસ્તાનમા વીમો ઉતારવાનુ કામ ચલાવતી હોય એવી શરૂઆતથી ત્રણ મહીનાની અંદર પોતે એવુ કામ યુનાઇટેડ કીંગડમમા ચલાવે છે એવુ જ્ઞાપિત કરવા સારૂ ગવર્નર જનરલ ઈન કૌંસિલને અરજી કરવા મુખત્યાર છે અને જ્યારે તેમની ખાત્રી થાય ત્યારે તે તેણે તે વાત ઈંડિયા ગેઝેટમા પ્રસિદ્ધ કરીને જ્ઞાપિત કરવી જોઇએ

૩૩ જ્યારે ગવર્નર જનરલ ઈન કૌંસિલ એકાદી જીદગીનો વીમો ઉતારનારી કંપનીના સબંધમા ૩૨ મી કલમના ઠરાવો જ્ઞાપિત પ્રસિદ્ધ કર્યુ હોય ત્યારે કા ૪–૫–૭–૧૩–૧૫–૨૦–૨૧ અને ૩૭ માના કોઈ ઠરાવ એવી કંપનીને લાગુ પડશે નહી

૩૪ જે કોઈ જીદગીનો વીમો ઉતારનારી કંપની આ આકટના ઠરાવ પ્રમાણે અમલ કરવામા કસુર કરે તે કંપનીને તેનો દરેક ડીરકટર મેનેજર, સેક્રેટરી કે જે તે કસુરમા જાણી જોઇને પક્ષકાર હોય તે દરેક એક હજાર રૂપીઆ સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે એવી કસુર ત્રણ મહીના સુધી ચાલુ રહે તો તેનુ કામકાજ બંધ કરવાનુ ગવર્નર જનરલ ઇન કૌંસિલ ફરમાવી શકે

૩૫ આ આકટ મુજબના કોઇ હિસાબ, સર્વાયા, તારીજ પત્રકો કે બીજા દસ્તાવેજ, તે ઉપર સહી કરનાર સખસની જાણ મુજબ ખોટા હોય તો તે સખસ બે વરસ સુધી કેદની શિક્ષા અને દંડ અથવા બનેને પાત્ર થશે

૩૬ પ્રેસીડેન્સી કે ૧ લા વર્ગના માજીસ્ટ્રેટથી ઉતરતા દરજ્જાની કોર્ટે આ આકટ વિરૂદ્ધ ગુન્હાનો ઇન્સાફ કરવો નહી

૩૭ ગવર્નર જનરલ ઇન કૌંસિલ પોતે ફરમાવે તે રીતે કોઇ જીદગીનો વીમો ઉતારનારી કંપનીનુ કામકાજ તપાસવા સારૂ તથા તે બાબત રીપોર્ટ કરવા સારૂ નોધાયલી ન હોય તેવી જીદગીના વીમા કંપનીની બાબતમા એક કે વધારે ઇન્સ્પેકટરો નીમવાને મુખત્યાર છે

૩૮ જે નોટીસ કે દસ્તાવેજ કોઇ પોલીસી ધારણ કરનારને મોકલવાનુ ફરમાવ્યુ છે તે, તે સખસને તેનુ ઠામ ઠેકાણુ તે ઉપર લખીને મોકલવાનો અધિકાર છે

૩૯ આ આકટના હેતુ પાર પાડવા માટે કાનુનો કરવાનો ગવર્નર જનરલ ઇન કૌંસિલને અધિકાર છે

૪૦ ગવર્નર જનરલ ઇન કૌંસિલ આ આકટથી પોતાને મળેલા અધિકાર સ્થાનિક સરકારને સોપવાને મુખત્યાર છે

૪૧ ગવર્નર જનરલ ઇન કૌંસિલને ઇંડિયા ગેઝેટમા જાહેરનામુ કાઢીને યોગ્ય સરતોને પાત્ર કોઇપણ જીદગીનો વીમો ઉતારનારી કંપનીને આ આકટના ઠરાવોની માફી આપવાનો અધિકાર છે

૪૨ સન ૧૮૮૨ ના કંપની બાબતના આકટના ૧૩૧ મી કલમનો ૩ જો પેરેગ્રાફ આ ઉપરથી રદ કર્યો છે

મુંબાઈનો સને ૧૯૧૨ નો ભઠ્ઠીઓના ધુમાડાના ઉપદ્રવ બાબતનો આક્ટ.

સને ૧૯૧૨ નો આક્ટ ૭ મો.

૧ આ આક્ટને સને ૧૯૧૨ નો મુબઇના ધુમાડાના ઉપદ્રવ બાબતનો કાયદો, કહેવો તે પ્રથમ મુબઇ શહેર તથા ટાપુને લાગુ છે

૨ આ આક્ટ મુબઇ શહેર સિવાય ઇલાકાના બીજા કોઇ નિર્દિષ્ટ કરેલા પ્રદેશને લાગુ કરવાનો ઇરાદો જણાવીને જાહેરનામુ પ્રસિદ્ધ કરીને લાગુ કરવાને સરકાર મુખત્યાર છે

૩ 'ભઠ્ઠી' શબ્દનો અર્થ, એન્જીન કે વરાળથી ચલાવવા માટે કે બીજા ગમે તે માટે ઉપયોગમા લીધેલી ભઠ્ઠીને દેવતાની જગા થાય છે

૪ સરકારે આ આક્ટ અમલમા આણવાના કામ ઉપર દેખરેખ તથા નિબધ રાખવા માટે એક કમીશન નિમવુ તેમા સરકાર ઠરાવે તેટલા મેમ્બરો હોવા જોઇએ પ્રેસીડેન્ટ સરકારે નીમવો

૫ સરકાર, એક ચીફ ઇન્સ્પેકટર ઓફ સ્મોક્નુસન્સીસ તથા યોગ્ય લાગે તેટલા એસીસ્ટંટો નીમવાને મુખત્યાર છે

૬ આના ઇન્સ્પેટરો સરકારી નોકર છે એમ સમજવુ

૭ સરકાર ગેઝીટમા જાહેરનામુ પ્રસીદ્ધ કરીને કોઇપણ પ્રદેશમા ઇંટની, નળીઆની, ચુનાની, ભઠ્ઠી કરવાની કાચી ધાતુ કે ખનીજ પદાર્થો માગવા માટે કે ગાળવા માટે ડાક તૈયાર કરવાની કે ભઠ્ઠી ક વિશેષ-યંત્રો વગર કોક બનાવવાની મનાઇ કરવાને મુખત્યાર છે જો કોઇ પણ જાહેરનામાનુ ઉલ્લઘન કરીને ભઠ્ઠા કરશે તો અઢીસો રૂપીઆના દડને પાત્ર થશે

૮ ૭ મી કલમની રૂએ કોઇ સખસનો દડ કરનાર માજીસ્ટ્રેટ તેને હુકમ કરીને અમુક મુદતની અદર તે ભઠ્ઠી કાઢી નાખવાને ફરમાવવાને મુખત્યાર છે જો કાઢી ન નાખે તો દરેક દિવસ માટે વીસ રૂપીઆ સુધીનો દડ થશે,

૯ જેને ભઠ્ઠીમાથી પરવાનગી આપી હોય તે તેથી વધારે કે વધારે વખત સુધી ધુમાડો નીકળતો હોય તો તેને પચાસ રૂપીઆ સુધીનો દંડ થશે આ કલમ ઇંટ, નળીઆ કે ચુનાની ભઠ્ઠીને લાગુ નથી

૧૦ જ્યા ભઠ્ઠા હોય તે જગામા જઇ તપાસવાને ધુમાડો નીકળતો અટકાવવાના યત્રની કસોટી કરવાને મુખત્યાર છે

૧૧ આ આક્ટનો હેતુ પાર પાડવા સારૂ કાનુનો કરવાને સરકાર અધિકાર છે

૧૨ ચીફ ઇન્સ્પેકટરે કરેલી ફરિયાદ ઉપરથીજ ને ગુન્હો કર્યાની તારીખથી બે માહનાની મુદતની અદરજ ફરિયાદ સાભળવાનો માજીસ્ટ્રેટને અધિકાર છે

૧૩ આ આક્ટની રૂએ વસુલ કરેલા સઘળા દડની વ્યવસ્થા સરકાર ફરમાવે તે રીતે કરવી જોઇએ

મુંબઈનો વૈદકીય ધંધો ચલાવનારને નોધવા બાબતનો આકટ.

(સને ૧૯૧૨ નો આકટ ૬ ઠો.)

૧ આ આકટને ૧૯૧૨ નો મુબઈનો વૈદો બાબતનો આકટ કહેવો તે આખા મુબાઈ ઇલાકાને લાગુછે

૨ મુબઇ ઇલાકા માટે આ એક "મુબઇની મેડિકલ કૌસિલ" નીમવામા આવશે તેમા ૧૩ મેબરો નીમાશે જેમા ગવર્નર ઇનકૌસિલે નીમેલો પ્રેસીડેન્ટથી ૬ મેમ્બરો, મુબઇ યુનીવર્સિટીના ડાકટર્સ, કે લાઇ-સેનસીએટસ ઓફ સરજરીના ચાર અને વૈદકીય ધધો ચલાવનારામાના ચુટી કાઢેલા બે મેમ્બરો નીમાશે

૩ મેડીકલ કાઉન્સીલના મેમ્બરો પાચ વર્ષની મુદત માટે હુદ્દ ધારણ કરશે ને તેઓ ફરીથી નીમવાને લાયક ગણાશે

૪ મેડિકલ કાઉન્સિલે પોતાની પહેલી બેઠક આ આકટની શરૂઆત પછી ત્રણ મહીનાની અદર ગવર્નર ઇનકાઉન્સિલ નીમે તે જગાએ અને વખતે ભરવી, અને

૫ મેડીકલ કાઉન્સિલે એક રજીસ્ટ્રાર નીમવો તે જરૂર જણાય તેટલા અમલદારો કે કારકુનો નીમવા તે સર્વ સરકારી નોકર છે એમ સમજવુ

૬ સરકારી રજીસ્ટ્રારે વઇદકીય ધધો ચલાવનારાઓનુ એક રજીસ્ટર આ આકટના ઠરાવો મુજબ રાખવુ તેમા આ આકટ મુજબ નોધાયલા સખસનુ નામ ઠેકાણુ તથા જે લાયકાત મળી હોય તે દાખલ કરવુ

૭ જે સખસ વિદ્યમાન કાળે વઇદ બાબતના આકટોની રૂએ નોધાયલો હોય, તે કે ૧૯ મી કલમના ઠરાવોને પાત્ર આ આકટના પરિશિષ્ટમા લખેલી લાયકાત ધરાવતો હોય તે પ્રસગ પ્રમાણે વઇદ બાબતના આકટની રૂએ પોતે નોધવા ઇચ્છા રાખતો હોય તે લાયકાત પોતે ધરાવતો હોવા બાબતનો રજીસ્ટ્રારને ખાત્રી થાય એવો પુરાવો આપેથી, ૫ દર રૂપીયાની ફી આપે એટલે નોધવાને હકદાર થશે, પણ જેને સાબી-તીનો ઠરાવ થયો હોય તેવા સખસને નોધવાની ના પાડવાને મેડીકલ કાઉન્સિલને અધીકાર છે

૮ પહેલીવાર નોધવાના કે ફેરફારના સબધમા રજીસ્ટારના ઠરાવ વિરૂદ્ધ કોઇ પણ અપીલની સુનાવણી મેડિકલ કાઉન્સિલ પોતે જે નિયમો કરે તેની રૂએ નીકાલ કરવો, રજીસ્ટરમાની જે નોધો કપટથી કે ખોટી રીતે કરી છે એમ મેડીકલ કાઉન્સિલની ખાત્રી થાય તો તેના હુકમથી તે નોધ રજીસ્ટરમાથી કાઢી નાખ-વાને હરકત નથી

૯ જે વઇદકીય ધધો ચલાવનાર ઉપર ફોજદારી કાયદા પ્રમાણે કાગ્નીઝેબલ ગુન્હા બાબત સાબિ-તીનો ઠરાવ થયો હોય કે જે ધધાને લગતી ગેર આબરૂ ભરેલી વર્તણુક ચલાવવા માટે ગુન્હેગાર ઠરાવ્યો હોય તેનુ નામ રજીસ્ટરમાથી કાઢી નાખવાને કે તેવુ કાઢી નાખેલુ નામ પાછુ દાખલ કરવાનુ ફરમાવવાને મેડીકલ કાઉન્સિલને અધીકાર છે

૧૦ આ આકટની શરૂઆત પછી કાયદાસર લાયકાત ધરાવનારો વઇદકીય ધધો ચલાવનાર કે યોગ્ય રીતે લાયકાત વાળો વઇદકીય ધધો ચલાવનાર એ સજ્ઞાનો કે જે શબ્દો ઉપરથી કોઇપણ સખસ વઇદકીય ધધો ચલાવનાર તરીકે કે વઇદકીય ધધાના મેમ્બર તરીકે સ્વીકારાયલો છે એમ દેખાતુ હોય તે શબ્દોનો અર્થ વઇદ બાબતના આકટની રૂએ કે આ આકટની રૂએ નોધાયલો વઇદકીય ધધો ચલાવનાર થાય ને એમ સમજવુ (૨) આ આકટની શરૂઆત પછી કોઇ પણ આકટની રૂએ જોતા કોઇપણ વઇદકીય ધધો ચલા-વનારનો વઇદકીય અમલદારનો દાખલો તે ઉપર સહી કરનાર સખસ વઇદો બાબતના આકટોની રૂએ કે આ આકટની રૂએ નોધાયલો ન હોત તો, કાયદાસર ગણાશે નહિ

૧૧ જે કોઈ સખસ વઇદ બાબતના આકટની રૂએ કે આ આકટની રૂએ નોધાયો ન હોય તેણે રાજી-ખુશીથી કરવામા આવેલા ઉપરાણીથી જે સર્વાશે નિભાવવામા આવતા ન હોય તેવા કોઈ પણ દવાખાના હોસ્પીતાલો ઇન્ફરમરી કે ગુવાડની હોસ્પીતાલમા કોઇ પણ સાર્વજનિક ખાતા, મડળ કે સસ્થામા ફિઝીશ-યન સરજન કે બીજા વઇદકીય અમલદાર તરીકેનો હુદ્દો કે મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ તરીકેનો હુદ્દો આ આકટની શરૂઆતથી ત્રણ મહીના વીત્યાબાદ ધારણ કરવો નહી

૧૨ મરણોની નોધ રાખનારા દરેક રજીસ્ટારે આ આકટની રૂયે નોધાયલા વૈદકીય ધધો ચલાવનારના મરણની ખબર મળે કે તરતજ રજીસ્ટારને ટપાલમા મોકલવી

૧૩ મેડીકલ કાઉન્સિલને કોઇ પણ મેડિકલ કોલેજના કે સ્કુલ વહીવટ કરનાર મડળને કે અધીકારીઓને કે પરીક્ષક મડળને કોઇ પણ મેડીકલ કે સર્જીકલ લાયકાત આપવાની સ્કુલ કે કોલેજના અભ્યાસક્રમ કે લીધેલી પરીક્ષા બાબત મેડીકલ કાઉન્સિલ ને જે વિગતો જોઈએ તે પુરી પાડવાનુ કહેવાનો, કે એવી પરીક્ષા વખતે મેડીકલ કાઉન્સિલે તે નિમેલા મેમ્બરને જવા દેવાનુ ક હાજર રહેવા દેવાનુ કહેવાનો અધિકાર છે

૧૪ આ આકટની રૂયે નોધવામા આવેલા શખસને જો તેની ઇચ્છા હશે તો, કાઇપણ ઇન્કવેસ્ટમા કામ કરવાની માફી આપવામા આવશે

૧૫ મેડીકલ કાઉન્સિલના મેમ્બરોને હાજર રહેવા માટેની ફી તથા વ્યાજબી મુસાફરી ખર્ચ આપવામા આવશે,

૧૬ મેડીકલ કાઉન્સિલને આ આકટની રૂયે ફી તરીકે મળેલા પઇસા આ આકટના સારૂ કરેલી કાનુનો પ્રમાણે વાપરવા

૧૭ રજીસ્ટ્રારે રજીસ્ટરમા વિદ્યમાન કાળે દાખલ કરેલા સઘળા શખસોના નામ તથા લાયકાતોની નોધેલા સખસોની અટક પ્રમાણેની કકાવાર ખરી યાદી દર વરસે મેડીકલ કાઉન્સિલ ઠરાવે તે તારીખે છપાવી પ્રસિદ્ધ કરાવવી જોઈએ તેમા દાખલ કરેલો ન હોય તે શખસ નોધાયલો નથી અને દરેક કોરટે અનુમાન કરવુ

૧૮ જે શખસ આ આકટની રૂયે નોધાયો છે, એમ ખોટો દાવો કરે, કે ન નોધાયા છતા તે પોતાનુ નામ કે પદ્દિના સબધમા પોતે નોધાયલો છે, એમ બતાવનાર શબ્દો કે અક્ષરો વાપરે તેને પ્રેસીડેન્સી કે ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ ત્રણસો રૂપીઆ સુધીના દડની શિક્ષા કરશે

૧૯ આ આકટના ઠરાવોને પાત્ર મેડીકલ કાઉન્સિલે સાધારણત આ આકટને અમલમા મુકવા માટે વખતો વખત કાનુનોને નિયમો કરવાને મુખત્યાર છે

૨૦ મેડીકલ કાઉન્સિલના રીપોર્ટ ઉપરથી પરીશીષ્ટમા જણાવેલી લાયકાતો એનાયત કરનારી કોલેજોમાની કોઈ એવી કોલેજ નથી કે તેથી લાયકાત મેળવનાર પોતાનો ધધો ઉત્તમ રીતે ચલાવી શકે તેટલુ જરૂરનુ જ્ઞાન કે હોશીયારી સપાદન કરે એમ ગવર્નર ઇન કાઉન્સિલને જણાય તો તે પરીશીષ્ટમા દાખલ કરેલી કોઈપણ લાયકાત સંપાદન કરવાથી કોઈપણ શખસને આ આકટની રૂયે નોધવાનો હક થશે નહી, કે હક થશે એમ ફરમાવવાને મુખત્યાર છે

૨૧ ગવર્નર ઇન કાઉન્સિલ, જો મેડીકલ કાઉન્સિલે આ આકટના રૂયે પોતાને મળેલા અધિકારની બહાર કામ ચલાવ્યુ છે કે તેનો દુરૂપયોગ કર્યો છે તો તે બાબત તેને જાહેર કરવાનો, અને જો તે કસુર તે ન સુધારે તો પોતે યોગ્ય લાગે તેવા મડળની મારફતે યોગ્ય મુદત સુધી મેડીકલ કાઉન્સિલના કોઈ પણ અધિકાર ચલાવવાને કે તેની કોઇ પણ ફરજ બજાવવાને મુખત્યાર છે

પરિશિષ્ટ—૧ મુબઈ, કલકત્તા, મદ્રાસ, અલ્હાબાદ તથા લાહોરની યુનિવર્સીટીઓના દાકતર, બાચેલરને લાઇસેનશીએટ ઓફ મેડીસીન તથા માસ્તર બાચરેલ અને લાઇસેનશીએટ ઓફ સર્જરી,

૨ મેડીસીન, સર્જરી, તથા મિડવાઇફરીનો ધધો ચલાવવાને લાયક છે, એવુ અથવા મીલીટરી એસીસ્ટટસરજન, હોસ્પિટલ આસિસ્ટટ અથવા સબ આસિસ્ટટ સર્જનના કામ કરવાને લાયક છે, એવુ જણાવનારો સરકારે આપેલો ડિપ્લોમા કે દાખલો સરકારી મેડિકલ કોલેજ કે સ્કુલમા શીખેલાને કોઈપણ શખસ પાસે હોય તે શખસ

હિંદુસ્તાનનો પેટંટ તથા નમુના બાબતનો આકટ.

સને ૧૯૧૧ નો આકટ. ૨ જો.

૧ (૧) આ આકટને સન ૧૯૧૧ નો હિંદુસ્તાનનો પેટંટ તથા નમુના બાબતનો આકટ કહેવો (૨) તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે

૨ કંટ્રોલર આ શબ્દનો અર્થ આ આકટ મુજબ નિમાયલો કંટ્રોલર ઓફ પેટંટ એન્ડ ડિઝાઈન્સ એવો થાય છે

' પદાર્થ ' નો અર્થ માન્યુફેકચરનો કોઈપણ પદાર્થ ' કોપીરાઈટ ' નો અર્થ જે નમુનો કોઈ પણ વર્ગમા નોંધેલો હોય તે વર્ગમાના કોઈ પદાર્થને તે નમુનો લાગુ કરવાનો અનન્યગ્રાહ્ય હક એવો થાય છે 'નમુના' આ શબ્દનો અર્થ કોઇ પણ પદાર્થને લાગુ પડતો કોઈ પણ નમુનો એવો થાય છે, નવી યુક્તિ ' નો અર્થ કોઇ પણ રીતનુ નવુ માન્યુફેકચર એવો થાય છે પેટંટ આ આકટના ઠરાવો મુજબ આપેલુ પેટંટ એવો થાય છે

૩ પેટંટ માટે અરજી કરવાને કોઇ પણ શખસને અધિકાર છે પછી તે બ્રિટિશ રૈયત હોય કે તેણે એકલાએ કે બીજા કોઇ શખસની સાથે કરી હોય તેની હરકત નહી અરજીના નમુના પ્રમાણે અરજી લગી પેટંટ ઓફીસમા આપવી તે અરજીમા ' અરજદાર પાસે નવી યુક્તિ છે અને તે પેટંટ મેળવવા ઇચ્છે છે " તેવો એકરાર હોવો જોઈએ અરજી સાથે સ્પેસિફીકેશન તથા ઠરાવેલી ફી હોવી જોઈએ

૪ સ્પેસીફીકેશનમા તે નવી યુક્તિના પ્રકારનુ તથા તે કેવી રીતે કરવાની છે તેનુ ખાસ કરીને વર્ણન તથા નિરૂપણ હોવુ જોઇએ તથા તેનો નકશો તથા ટુંક નામ હોવુ જોઇએ

૫ કંટ્રોલરે દરેક અરજી તપાસીને જો લાગે કે, (૧) નવી યુક્તિનુ બરાબર વર્ણન કર્યુ નથી સ્પેસીફીકેશન કે નકશા ઠરાવેલી રીતે તૈયાર નથી, તેનુ ટુંક નામ સ્પષ્ટ પણે જણાતુ નથી હક નિરૂપણ ઉપરથી નવી યુક્તિની મર્યાદા નક્કી થતી નથી કે વર્ણન કરેલી નવી યુક્તિ પ્રથમ દર્શનીય નવુ માન્યુફેકચર કે સુધારો નથી તો તે અરજી સ્વીકારવાની ના પાડવાને, કે અરજી વીગેરેમા સુધારો કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે જ્યારે કંટ્રોલર અરજી સ્વાકારવાની ના પાડે તો તે ઉપર ગવર્નર જનરલ ઇનકાઉન્સિલને અપીલ કરવાને મુખત્યાર છે અરજીની તારીખથી ૧૨ મહીનાની અંદર તે અરજી સ્વીકારવામા ન આવે તો તે અરજી રદ થશે એમ સમજવુ અરજી સ્વીકારવાની મુદત વધારવા માટે અરજી આવેથી અને ઠરાવેલી ફી આપેથી ત્રણ મહિના કરતા વધારે વખત સુધી ન હોય તેવી મુદત વધારવી

૬ અરજી સ્વીકાર્યા પછી કંટ્રોલરે તે સ્વીકાયાની અરજદારને નોટીસ આપવા જોઈએ અને તે વાત જાહેર કરવી જોઇએ અને તે અરજી સ્પેસિફીકેશન અને નકશા લોકોને જોવા માટે ખુલ્લા હોવા જોઇએ

૭ જ્યારે નવી યુક્તિના પેટંટ માટે કરેલી અરજી સ્વીકારવામા આવે ત્યારે, અરજીની તારીખની તથા તે પેટંટ ઉપર શીકકો કર્યાની તારીખની દરમીયાન તે નવી યુક્તિનો ઉપભોગ કર્યાને લીધે કે તે પ્રસિદ્ધ કર્યાને લીધે તે નવી યુક્તિ માટે આપવાના પેટંટને બાધ આવશે નહી

૮ અરજી સ્વિકાર્યા પછી તથા પેટંટ ઉપર શીકકો કરતા પહેલા કંટ્રોલરે તેમ કરવુ યોગ્ય લાગે તો, તેવા કોઈ પણ માણસને સદરહુ સ્પેસિફીકેશન ચોકસી કરીને રીપોર્ટ કરવા સારૂ મોકલવુ જોઈએ

૯ કોઈ શખસ ઠરાવેલી ફી આપીને, અરજી સ્વીકાર્યાની જાહેર ખબરની તારીખથી ત્રણ મહીનાની અંદર કોઇ પણ વખતે પેટંટ ઓફીસમા નીચેના કારણો સર, એટલે (અ) અરજદારે તે નવી યુક્તિ પોતાની કે પોતે જેનો વારસ છે તેની પાસેથી મેળવેલી છે (બ) બ્રિટિશ હિંદુસ્તાનમા ફાઈલ કરેલા અમુક સ્પેશીફીકેશનમા તે નવી યુક્તિ ઉપર હક કરેલો છે (ક) સ્પેશીફીકેશનમા નવી યુક્તિનુ પૂર્ણ કે બરાબર વર્ણન નથી (ડ) તેવી યુક્તિ બ્રિટિશ હિંદુસ્તાનના કોઇ પણ ભાગમા જાહેર રીતે ઉપયોગમા આણેલી છે, એ કારણસર પેટંટ આપવાની સામે પોતાની હરકત હોવાની નોટીસ આપવાને મુખત્યાર છે, આવી હરકત બાબત કંટ્રોલરે તે બાબતની અરજદારને નોટીસ આપવી ને ત્રણ મહીના પુરા થયા પછી અરજી આપનાર તથા હરકત લેનારનુ કહેવુ સાભળી યોગ્ય નીકાલ કરવો

૧૦ કાંઇ પણ હરકત ન હોય તો અથવા હરકત હોય તે પ્રમગે કગ્વામા આવેલો ઠરાવ પેટટ આપવાની તરફેણમા હોય તો ઠરાવેલી ફી આપવામા આવેથી અગ્જદારને કે સામાઇક અગ્જી કરી હોય તે પ્રમંગે સામાઇકિ અરજદારોને, ગવર્નર જનરલ ઇન કોસિલને યોગ્ય લાગે તેવી કોઇ શગ્તો હોય તો તેમને પાત્ર પેટટ આપવુ જોઇએ અને કંટ્રોલરે તે પેટટ ઉપર પેટટ ઓફીસનો શીક્કો કરાવવો અગ્જીની તારીખ પછી અઢાર મહીના પછી શીક્કો કરવવો નહિ

૧૧ પેટટ ઉપગ અરજી જે તારીખની હોય તેજ તારીખ નાખવી જોઇએ અને તેજ તારીખનો શીક્કો કરવો જોઈએ

૧૨ પેટટ ઉપર પેટટ ઓફીસે શિક્કો કર્યો એટલે તે ઉપરથી તે પેટગીને આ આ આકટના બીજા ઠગવોને પાત્ર બ્રિટીશ હિદુસ્તાનમા સર્વત્ર તે નવી યુક્તિ બનાવવાનો, વેચવાનો ઉપયોગ કરવાનો કે તે પ્રમાણે કરવાની બીજાને પરવાનગી આપવાનો અનન્ય ગ્રાહ્યાધિકાગ થશે એમ સમજવુ

૧૩ ખરા તથા પહેલા નવી યુકિત કહાડનારને કે તેના કાયદેસર વારસ વાકીલને આપેલુ પેટટ તેની સાથે દગલબાજીથી અરજી કર્યાને લીધે અવ્યવહારોપયોગી થાય છે, એમ સમજવુ નહીં જ્યારે કાંઇ પેટટ દગલબાજીના સબબસર રદ કરવાંમા આવ્યુ હોય ત્યારે કટ્રોલરે, ખરા નવી યુક્તી કહાડનારે અગ્જી કરી હોય તો તેને નવી યુક્તિનું રદ કરવામા આવેલા પેટટને બદલે તથા તે પેટટની તારીખનુ પેટટ આપવાને મુખત્યાર છે

૧૪ દરેક પેટટની મુદત તેની તારીખથી ચૌદ વર્ષની હોવી જોઇએ ઠગવેલી મુદતમા પેટટી ફી ન ભરેતો પેટટ બંધ પડશે, પણ પેટટ અરજી કરે તો કટ્રોલરે ઠરાવવામા આવે તે વધારે ફી લઈને તે મુદત ત્રણ મહીના પછી વધારવી જોઇએ

૧૫ પેટટીએ ગવર્નર જનરલ ઇન કોશિલને અરજી કરીને તેમા પોતાના પેટટની મુદત જાસ્તી વધારવાને વિનતી કરવાને મુખત્યાગ છે, પણ આવી અરજી પેટટ પુરૂ થવાની તારીખથી છ મહીના આગળજ પેટટ ઓફીસમાથી આપી રાખવી જોઇએ, અને તેની સાથે ઠરાવેલી ફી પણ આપવી જોઇએ

૧૬ ઠરાવેલા વખતની અદર કોઇપણ ઠરાવેલી ફી પેટટીએ ન ભર્યાને લીધે કોઇ પણ પેટટ બધ પડ્યુ હોય ત્યારે તે પેટટ પાછુ ચાલુ કગ્વાનો હુકમ મેળવવા માટે ઠરાવેલી રીત પ્રમાણે કટ્રોલરને અરજી કગ્વાને પેટટી અખત્યાર છે અને કટ્રોલરે તેના સુનાવણી કરી યોગ્ય શરતોને પાત્ર તે પેટટ પાછુ ચાલુ કરવા કે તેની અરજી કાઢી નાખવાનો હુકમ કરવો

૧૭ અરજદાર કે પેટટી, પેટટ ઓફીસમા અરજી કરીને ઠરાવેલી ફી મોકલીને અરજમા પોતાની અરજી કે સ્પેસિફીકેશન કે નકશા ના કબુલ કરીને દુરસ્ત કરીને કે ખુલાસો આપીને સુધારવાની પરવાનગી માગવાને, સુધારો કરવાનું શુ કાગણ છે તે લખવાને મુખત્યાર છે, અને સુધારો કરવા દેવો કે કેમ તે કટ્રોલરે ઠરાવવું જાઈએ

૧૮ પેટટનું ઉલ્લઘન કરવા બાબતની ફરીઆદમા કોર્ટે હુકમ કરીને પેટટીને તેનું સ્પેસિફીકેશન કોર્ટને યોગ્ય લાગે તે રીતે નાકબુલ કરીને, તથા ખર્ચના, કે જાહેર ખબરના કે બીજી બાબતમા કોર્ટને યોગ્ય લાગે તે સરતે સુધાગ્વા દેવાને મુખત્યાર છે

૧૯ જ્યારે સ્પેસિફિકેશન નાકબુલ કરીને તે તેમા સુધારો કગ્વાની આ આકટની રૂએ પરવાનગી આપી હોય ત્યારે નવી યુક્તીનો ઉપયોગ કર્યા બાબતની ફરીયાદમા પોતાનો દાવો શુદ્ધ બુદ્ધિથી કરવામા આવ્યો હતો તેમ કોર્ટની ખાત્રી થાય તેવી રીતે પેટટી સાબીત કરે નહી તો, કોઈ પણ નુકશાની આપવી નહી

૨૦ પેટટ ઓફીસમા પેટટનું ગ્જીસ્ટર રાખવુ તેમા પેટટ મેળવનારા નામ ઠેકાણુ પેટટ અસાઇન કર્યાના લાઇસન્સોના કે ઠરાવવામા આવે તેવી બીજી વિગતો નોધવી

૨૧ પેટટનુ જે પરિણામ એકાદી રૈયત વિરૂદ્ધ થતુ હોય તેજ પરિણામ મલિક મુઆઝમ વિરૂદ્ધ સઘળે પ્રસંગે થશે એમ સમજવુ

૨૨ કોઈ હિત સંબંધ ધરાવનારો સખસને, પેટટ મળેલી નવી યુક્તિના સબધમા લોકોની જે વાજબી જરૂરીઆત હોય તે પુરી પડી નથી એમ લખીને કાતો ફરજીઆત લાઇસન્સ આપે કે તેમ ન બને તો

પેટટ રદ કરો એવી વીનતિ કરીને અરજી શી સાથે ગવર્નર જનરલ ઇન કૌંસિલને કરવાને અધિકાર છે ગવર્નર જનરલ ઇન કૌંસિલે તેનો નિકાલ કરવા માટે તે અરજી હાઇકોર્ટને મોકલવી

૨૩ આકટની રૂએ આપેલા પેટટની તારીખ પછી ૪ વર્ષથી ઓછો ન હોય એટલા ગમે તે વખતે કોઇ પણ સખસને પેટટ મેળવેલી વસ્તુ હિંદુસ્તાનની બહાર બનાવવામા આવે છે એ કારણ સર તે પેટટ રદ કરવા માટે ગવર્નર જનરલ ઇન કૌંસિલને અરજી કરવાનો અધિકાર છે, અને તે બાબતની ખાત્રી કરીને જો પેટટ તે વસ્તુ હિંદુસ્તાનમા બનાવવામા આવે છે એમ સાબિત ન કરે તો તેનુ પેટટ રદ કરવાને ગવર્નર જનરલ ઇન કૌંસિલને અધિકાર છે

૨૪ પેટટીને કોઇ પણ વખતે, ઠરાવેલી રીત પ્રમાણે કંટ્રોલરને નોટીસ આપીને હુ મારૂ પેટટ આપી દઉ છુ એમ કહેવાનો અધીકાર છે અને તે પછી તેનુ કહેવુ સાભળી યોગ્ય જણાય તો પેટટ રદ કરવાનો કંટ્રોલરને અધિકાર છે

૨૫ પેટટ તે જે રીતે ચલાવ્યુ હોય તે રીત રાજ્યને અપકાર કે ઘણુ કરીને લોકોને બાધક છે એવુ ગવર્નર જનરલ ઇન કૌન્સિલ ઈંડિયા ગેઝેટમા જાહેરનામુ આપીને જાહેર કરે તો તે પેટટ રદ કર્યું છે એમ સમજવુ

૨૬ નવી યુક્તિ ઉપયોગી નથી કે તે અરજની તારીખે નવી યુક્તિ નહોતી વિગેરે કારણો ઉપરથી હાઇકોર્ટને અરજી કરીને કોઇ પેટટ કે સઘળુ કે થોડુ રદ કરાવી લેવાનો અધિકાર છે પેટટ રદ કરવા માટેની અરજી સાદર કરવાનો આડવોકેટ જનરલને અધિકાર આપેલા સખસને અધિકાર છે પેટટ રદ કરવા માટેની અરજી સાદર કરવાનો આડવોકેટ જનરલને કે તેણે અધિકાર આપેલા સખસને અધિકાર છે

૨૭ કા ૨૬ ની રૂએ પેટટ રદ કરવા માટે કરેલી અરજીની નોટીસ જે માણસો પેટટના ધણી છે કે જેમનો તેમા હિત સબધ તે તેમને રજીસ્ટર પોસ્ટથી પહોચાડવી જોઇએ

૨૮ હાઇકોર્ટને યોગ્ય લાગ્યાથી ૨૬ મી કલમની રૂએ કરવામા આવેલી અરજી ઉપરથી ઉત્પન્ન થનારા કોઇ પણ સવાલનો પોતાની આગળ કે બીજી કોઇ હાઇકોર્ટ આગળ કે બીજી કોઇ ડીસ્ત્રીકટ કોર્ટ આગળ ઇન્સાફ થવા સારૂ જુદો કાઢીને મોકલવાને મુખત્યાર છે

૨૯ પેટટીને, નવી યુક્તિના સબધમા આ આકટની રૂએ તેને મળેલુ પેટટ ચાલુ હોય તે મુદતમા જે કોઇ માણસ તેના લાઇસન્સ વગર તે નવી યુક્તી કરશે કે વેચશે કે તેનો ઉપયોગ કરશે કે બનાવટ કરશે કે નકલ કરશે તે માણસ ઉપર ફરિયાદનો ઇન્સાફ કરવાનો અધિકાર હોય તે ડિસ્ત્રીકટ કોર્ટમા ફરિયાદ માડવાનો અધિકાર છે

૩૦ પેટટીનો આ આકટની શરૂઆત પછી આપવામા આવેલા પેટટનુ કોઇ પણ રીતે ઉલ્લઘન કરવાના આવ્યા બદલ જે કોઇ પ્રતિવાદી પેટટ ચાલુ હોવાની વાત, ઉલ્લઘનની તારીખે પોતાને માહીતી નહતી, તે માહીતી મેળવવાને પોતાની પાસે વાજબી સાધન ન હતા એમ સાબીત કરે તેની પાસે જઈ નુકશાની વસુલ કરવાનો હક નથી એમ સમજવુ

૩૧ પેટટનુ ઉલ્લઘન કરવા બાબતની ફરીયાદમા કોર્ટને યોગ્ય લાગે તેવો તાકીદનો, તપાસણીનો, કે હીસાબ બાબતનો કે કામ ચલાવવા સબધનો હુકમ કરવાને મુખત્યાર છે

૩૨ પેટટનુ ઉલ્લઘન કર્યા બાબતની ફરીયાદમા કોર્ટને પેટટના કાયદેસરપણા બદલ શક આવ્યો છે એવો દાખલો આપવાનો અધિકાર છે

૩૩ કોર્ટે હુકમનામાની કે હુકમની કલમ કંટ્રોલરને મોકલવી જોઇએ અને તેણે તેની પેટટ રજીસ્ટરમા નોધ કરાવવી જોઇએ

૩૪ ૨૬ મી કલમ મુજબની અરજી કરી હોય તો હાઇકોર્ટે ચલાવેલુ કામ તહકુબ રાખવાને કે અરજી કાઢી નાખવાને મુખત્યાર છે

૩૫ પેટટના ઉલ્લઘન બાબતની કે પેટટ રદ કરવા માટેના ચલાવેલા કામમા કોર્ટને યોગ્ય લાગે તો તે કોર્ટ લાયક હોય એવા એકાદ આસેસરની મદદથી ઇન્સાફ કરવાને મુખત્યાર છે

૩૬ જ્યારે તેવી યુક્તિનો પેટટી છે એવુ દાવો કરનાર કોઇ પણ સખસ, સરક્યુલરો કે જાહેરખબર

કાઢીને કોઇ પણ બીજા શખસને પેટટનું ઉલ્લઘન કર્યું છે એમ કહેવામા આવતું હોય તેના સંબધમા કઇ પણ કાયદાસર કામ ચલાવવાની કે જવાબદાર ગણવાની ધમકી આપશે તે ત્યારે તેને લીધે નુકશાન થયુ હોય તેવા કોઇ સખસની સામે ડીસ્રીકટ કોર્ટમા ફરિયાદ કરવાનો, ને તેની સામે તાકીદ મેળવવાને અધિકાર છે, ને ધમકીને લીધે નુકશાન થયુ હોય તો તે વસુલ કરવાનો અધિકાર છે

૩૭ બે કે વધારે શખસોને સામાયિક રીતે પેટટ આપવામા આવે ત્યારે તેણે સામાયિક ધારણ કરનારા પ્રમાણે વર્તવુ જોઇએ

૩૮ નવી યુક્તિનું પેટટ મળવા માટેની અરજીની તારીખ પહેલા તેનો બ્રિટિશ હિદુસ્તાનના કોઇ પણ ભાગમા જાહેર ગીતે ઉપયોગ કરવામા આવ્યો ન હોય કે પ્રસીદ્ધ થયલી ન હોય, તે નવી યુક્તિ કાઢનારે ગુપ્ત રીતે કે પ્રયોગ તરીકે ઉપયોગ કરીને પોતાની યુક્તિથી વાજબી કરતા વધુ નફો મેળવ્યો ન હોય તો તે નવી યુક્તિ છે એમ સમજવુ

૩૯ પેટટ ખોવાય કે તેનો નાશ થાય તો ઠરાવેલી ફી આપવામા આવેથી કટ્રોલરને તેના ડુપ્લીકેટ ઉપર શિક્કો કરવાનો અધિકાર છે

૪૦ નવી યુક્તિ કાઢનારાની માહિતી વગર કે સમત્તિ વગર, પ્રાદર્શનમા નવી યુક્તિનું પ્રદર્શન કર્યાને લીધે, કે પ્રદર્શનના કારણ માટે તે નવી યુક્તનો ઉપયોગ કર્યાને લીધે તે નવી યુક્તિનુ પેટટ મળવા માટે અરજી કરીને તે મેળવવાના નવી યુક્તિ કાઢનારાના હકને કે અરજી ઉપરથી આપેલા પેટટના કાયદાસરપણાને બાધ આવતો નથી એમ સમજવુ

૪૧ ઈંડિયન મ્યુઝીયમના ટ્રસ્ટી, કોઇ પણ વખતે પેટટીને તેની કરેલી યુક્તિનો ઢાળ કે માસલો મેન્યુફેક્ચર કરવાનો ખર્ચ આપીને પુરો પાડવાનુ તે પેટટીને ફરમાવવાનો મુખત્યાર છે

૪૨ હિદુસ્તાનની કોઈ પણ કોર્ટની હકુમતની અદર પારકા દેશના વહાણ ચલાવવાના કારણસાર નવી યુક્તિનો ઉપયોગ કરવામા કે તે હકુમતની અદર પારકા દેશના વહાણમા નવી યુક્તિનો ઉપયોગ કરવામા પેટટને લીધે બાધ આવે છે એમ સમજવુ નહી

૪૩ કટ્રોલરને બ્રિટિશ હિદુસ્તાનમા અગાઉ પ્રસીદ્ધ ન થયલા કોઈ પણ નવા કે મુળના નમુનાનો માલીક છે એમ દાવો કરનાર કોઈ પણ સખસની નમુના પ્રમાણેની ફી સાથે અરજી આવે એટલે તે નમુનો નોધવાનો અધિકાર છે

૪૪ નમુનો માલના એક ક વધારે વર્ગમા નોધ્યો હોય ત્યારે તે નમુનાના માલીકની તે બીજા કોઈ એક વધારે વર્ગમા નોધવા માટેની અરજી નામજુર કરવી નહી

૪૫ નમુનો નોધ્યાનો તેના માલીકને કટ્રોલરે દાખલો આપવો જોઇએ

૪૬ પેટટ ઓફીસમા નમુનાનુ રજીસ્ટર એ નામની બુક રાખવી તેમા નમુનાના માલીકના નામ ઠેકાણા કે બીજી વિગતો નોધવી

૪૭ નમુનો નોધાવ્યા પછી ૫ વર્ષ સુધી તેનો કોપી રાઇટ મળશે એમ સમજવુ મુદ્દત પુરી થયા પહેલા કટ્રોલર ઠરાવેલી ફી લઇને દર પાચ વર્ષે મુદ્દત વધારી આપે છે

૪૮ કોઇ પણ વસ્તુ તૈયાર કરવાના કામમા નોધેલા નમુનાનો ઉપયોગ કરવામા આવ્યો હોય તે વસ્તુ વેચવા માટે આપતા પહેલા તેના માલીકે તે નમુનાની આબેહુબ પ્રતિમા કે માસલા કટ્રોલરને આપવા જોઇએ ને તે વસ્તુ ઉપર તે નોધ્યો છે તે બતાવનારી ઠરાવેલી નિશાની શબ્દ કે આકડા પાડવા જોઇએ

૪૯ માલીકે તે નમુનો તે બીજા શખસને જાણીતો કરવા પછી તે નમુનો નોધવામા આવે તો તેનો કોપી રાઇટ અવ્યવહારોપયોગી થયા જેટલો તેની પ્રસીદ્ધી થઈ છે એમ સમજવુ નહી

૫૦ નમુનાનો કોપી રાઇટ હસ્તીમા હોય તે દરમ્યાન તે નમુનો નોધ્યો હોય ત્યારથી બે વર્ષની અદર કટ્રોલરે તે નમુનો લખીને પણ તે નમુનો જોવા માટે ખુલ્લો રાખવો નહી

૫૧ કટ્રોલર, નમુનો ઓળખી શકે એવી માહીતી પુરી પાડનારા કોઈ પણ સખસની અરજ ઉપરથી ઠરાવેલી ફી આપવામા આવે એટલે તેણે તેવા શખસને તે નોધ હસ્તીમા છે કે કેમ અને કયા વર્ગના માલના સબધમા છે તે જણાવવુ જોઇએ તથા નોધ્યાની તારીખ તથા માલીકનુ નામ પણ જણાવવું,

૫૨ માલીકની માહીતી વગર કે સમતી વગર નમુનાનુ કે ગવર્નર જનરલ ઇન કૌંસિલે સ્થાપિત કરેલા પ્રદર્શનમા પ્રદર્શન કર્યાને લીધે તે મુદતમા નમુનાનુ વર્ણન પ્રસિદ્ધ કર્યાને લીધે તે નમુનો નોધવામા બાધ આવે છે કે તે નોધવુ અવ્યવહારોપયોગી થાય છે એમ સમજવુ નહી

૫૩ કોઈ પણ નમુનાનો કોપી રાઈટ ચાલુ હોય તેજ મુદતમા કોઇ પણ માણસે, વેચવાના કારણસર નોધેલા માલીકની લાઈસન્સ કે સમત્તિ વગર તે નમુનાનો કે તેની નકલનો ઉપયોગ કરવો, કે તેની કોઇ પણ વસ્તુ તૈયાર કરવાના કામમા ઉપયોગ કર્યો છે એમ જાણીને તે વસ્તુ વેચવા માટે પ્રસીદ્ધ કરવી, કે મુકવી એ કાયદેસર થશે નહી. જો કોઇ આ કલમનુ ઉલ્લંઘન કરશે તેવા દરેક ઉલ્લંઘન માટે તેના માલીકને પાચસે રૂપીઆ સુધીની રકમ આપવાને પાત્ર થશે, તે રકમ કરારના કરજ પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે,

૫૪ પેટટના અવ્યવહારોપયોગીપણાના દાખલા સંબધી કે કાયદાસર કામ ચલાવવાની પેટટીએ વિના કારણ ધમકી આપી હોય ત્યારે તે લેવાના ઇલાજ સબધી આ આકટના ઠરાવ જેવી રીતે પેટટની બાબતમા લાગુ પડે તેવી રીતે નમુનાના બાબતમા લાગુ પડશે એમ સમજવુ

૫૫ ગવર્નર જનરલ ઇન કૌન્સિલને આ આકટના કારણ સારૂ એક પેટટ ઓફીસ સ્થાપવાનો અધિકાર છે પેટટ ઓફીસ કંટ્રોલર ઓફ પેટટસ અને ડિઝાઇન્સના પ્રત્યક્ષ નિઘ હેઠળ રહેવી જોઇએ પેટટ ઓફીસ શિક્કો હોવો જોઇએ

૫૬ ગવર્નર જનરલ ઇન કૌંસિલને કંટ્રોલર તથા યોગ્ય લાગે તેવા હોદ્દા તથા તેવા કામ સોપીને યોગ્ય લાગે તેટલા અમલદારો તથા કલાર્ક નીમવાનો અધિકાર છે

૫૭ પેટટ નમુના માટે તથા તે સારૂ અરજી માટે આ આકટ પ્રમાણે ગવર્નર જનરલ ઇન કૌંસિલ ઠરાવે તે ફી આપવી જોઇએ

૫૮ કોઈ પણ ટ્રસ્ટ બાબતની નોટીસ આ આકટની રૂએ રાખેલા રજીસ્ટરમા નોધવી નહી તથા કંટ્રોલરે લેવી નહી

૫૯ આ આકટની રૂએ રાખેલુ રજીસ્ટર લોકોને જોવા માટે ખુલ્લુ રાખવુ જોઇએ અને તેની નોધની શિક્કા કરેલી નકલ કોઇપણ માગે તો ઠરાવેલી ફી લઇને આપવી જોઇએ

૬૦ કંટ્રોલરના કે તેણે કરેલા રિપોર્ટ પ્રસિદ્ધ કરવા નહી કે લોકોને જોવા માટે ખુલ્લા મુકવા નહિ

૬૧ જ્યારે પેટટ માટેની અરજી ઉપરથી હાથ ઉઠાવ્યો હોય કે અરજી રદ થઇ હોય ત્યારે સ્પેસીફીકેશન કે નકશા કોઇ પણ વખતે લોકોને જોવા માટે ખુલ્લા મુકવા નહી, કે કંટ્રોલરે પ્રસીદ્ધ કરવા નહી

૬૨ ઠરાવેલી ફી સાથે અરજી કરવામા આવે તો કંટ્રોલરને,પેટટ માટેની અરજીમાનો કે પેટટમાનો કે કોઇ સ્પેસીફીકેશનમાનો, હસ્ત દોષ સુધારવાનો અધિકાર છે

૬૩ જ્યારે કોઇ સખ્ત એસાઇન કર્યાથી કે મોકલી આપ્યાથી ગીરો રાખ્યાથી કે બીજી રીતે પેટટ ઉપર પોતાનો હક છ એવો દાવો કરે ને ખાત્રી કરી આપે ત્યારે કંટ્રોલરે તેવા પેટટમા તથા નમુનામા તેનો હિત મબબ નોધવો જોઇએ

૬૪ હાઈકોર્ટને કોઈ પણ નોધ પેટટના કે નમુનાના રજીસ્ટરમા દાખલ કર્યા કે ન કર્યાને લીધે કોઇને નુકશાન થયુ હશે એમ ઠરાવેલી રીતે અરજી આવે એટલે તે નોધ કરવાનો, કાઢી નાખવાનો, ફેરવવાનો કે યોગ્ય લાગે તે હુકમ કરવાનો અધિકાર છે કોર્ટે તે સુધારો કરવા બાબતનો નોટીસ કંટ્રોલર તરફ બજાવવી એટલે તેણે રજીસ્ટરમા સુધારવુ જોઇએ

૬૫ આ આકટની રૂએ કંટ્રોલરને, ચલાવવાના કામમા પુરાવો લેવાના સોગન ખવડાવવાના સાથી કે દસ્તાવેજ હાજર કરવાના, ખર્ચ અપાવવાના કારણસર દિવાની કોટના અધિકાર છે

૬૬ કંટ્રોલરે પેટટ આપેલી નવી યુક્તિનુ એક પત્રક નિયમિત વખતે પ્રસીદ્ધ કરવુ જોઇએ

૬૭ કંટ્રોલરે કાઇ પણ મુખત્યારીનો અધિકાર અરજદારનુ કહેવુ સાભળવાની તક આપ્યા વગર ચલાવવો જોઇએ

૬૮ કંટ્રોલરને શક કે અડચણ આવે તે બાબતમા ગવર્નર જનરલ ઈન કૌન્સિલનો હુકમ મેળવવાનો અધિકાર છે

૬૯ જે નવી યુક્તિનો કે નમુનાનો ઉપયોગ કરવાથી કાયદા વિરૂદ્ધ કે નીતિ વિરૂદ્ધ થશે એમ કંટ્રોલરને લાગે તે નવી યુક્તિનુ પેટંટ આપવાની અથવા તે નમુનો રજીસ્ટરમા નોંધવાની ના પાડવાને કંટ્રોલર મુખત્યાર છે

૭૦ કંટ્રોલરે કરેલા હુકમની તારીખથી બે મહીનાની અંદર ગવરનર જનરલ ઇન કૌન્સિલને ઠરાવેલી રીત સાથે લેખી અપીલ કરવી જોઇએ

૭૧ જે નોંધ વાત કે બાબત કરવાનો કંટ્રોલરને આ આકટ ઉપરથી અધિકાર આપ્યો હોય તેવી નોંધ કે બાબત નોંધવાનો દાખલો કંટ્રોલરની સહીનો છે એમ કહેવામા આવે તે, દાખલો કર્યા બદ્દલ કે ન કર્યા બદ્દલનો પ્રથમ દર્શનિક પુરાવો છે એમ સમજવુ

૭૨ પેટંટ ઓફીસમા જે સ્પેસીફીકેશન, નકશા વગેરે આપી રાખવામા આવે ને તે સ્વીકારવામા કે મંજુર કરવામા આવ્યા પછી તુરત તે સઘળાની છાપેલી, ને શીક્કા કરેલી નકલો, મુંબાઇ, ને મદ્રાસના ગવરનર ઈન કૌન્સિલને તથા બ્રહ્મદેશના લેફટેનેન્ટ ગવર્નરને મોકલવી જોઇએ તેમ તે લોકોને જોવા સારૂ યોગ્ય વખતે મુકરર કરેલી જગાએ ખુલ્લી રાખવી જોઇએ,

૭૩ જે કોઇ અરજી, નોટીસ કે દસ્તાવેજ પેટંટ ઓફીસમા કે કંટ્રોલરને આપવાની હોય તે ટપાલમા મોકલવાનો અધીકાર છે

૭૪ જોઈ કોઇ માણસ બાલ્યાવસ્થા કે ગાંડપણુને લીધે આ આકટની રૂયે ફરમાવેલો મજકુર કહેવાને અસક્તિમાન હોય તો તેના કાયદેસર પાલન કર્તા, કમીટી કે મેનેજર કે તેની મિલ્કતના સબંધમા હકુમત વાળી કોર્ટે નીમેલા સખસે તેના વતી કહેવાનો કે કરવાનો અધીકાર છે

૭૫ પેટંટ માટેની અરજી, હરકતની નોટીસ, પેટંટની મુદત વધારવાની અરજી, બંધ પડેલા પેટંટ ચાલુ કરવાની અરજી, લાઈસન્સ માટેની કે તે રદ કરવાની અરજી, અને પેટંટ આપી દેવાની અરજી ઉપર, આવી અરજી કે નોટીસ ઉપર કરનારા સખસે ઠરાવેલી રીતે સહી તથા સાચાપણાનો એકરાર કરવો જોઈએ

૭૭ ગવરનર જનરલ ઈનકાઉન્સિલને આ એકટના ઠરાવને અનુસરીને કાનુનો કરવાનો અધિકાર છે

૭૮ જે કોઇ સખસ પોતાના ધંધાની જગાપર દસ્તાવેજપર કે બીજી રીતે પેટંટ ઓફીસ, આ શબ્દોનો ઉપયોગ કરશે તેને બસો રૂપીયા સુધી દંડ અને ગુન્હો જારી રહે તો રોજના વીસ રૂપીયા સુધી દંડની શિક્ષા થશે

૭૯ આ આકટના કોઈપણ મજકુર ઉપરથી કોઈપણ લેટર્સ પેટંટ આપવા કે નહીં આપવા બાબતના સરકારના વિશેષ અધિકાર લઇ લેવામા આવે છે કે ઓછા થાય છે એમ સમજવુ નહીં

૮૦ સન ૧૮૮૮ નો નવી યુક્તિ તથા નમુના બાબતનો આકટ આ ઉપરથી રદ કર્યો છે

૮૧ સને ૧૮૮૮ ના આકટની રૂયે જેને અનન્ય ગ્રાહ્યાધિકાર હોય તેવા કોઇ પણુ માણુસને આ આકટની શરૂઆતથી બે વર્ષની અંદર પેટંટ ઓફીસને અરજ કરીને આ આકટની રૂયે પેટંટ લેવાની પરવાનગી માગવાનો અધીકાર છે

પરિશિષ્ટ—ફી.

પેટંટ માટે અરજી વખતે રૂ ૧૦, પેટંટ ઉપર શિક્કો કરતા પહેલા રૂ ૩૦, પેટંટની તારીખથી ૪ થું વર્ષ વીત્યા પહેલા, ૫૦, ૫ મુ વર્ષ વીત્યા પહેલા ૫૦, ૬ ઠુ વર્ષ વીત્યા પહેલા ૫૦, ૭ મુ વર્ષ વીત્યા પહેલા ૧૦૦, પેટંટની મુદત વધારવા માટેની અરજી વખતે ૫૦, નમુનો નોંધવાની અરજી વખતે રૂ ૩ એ પ્રમાણે ફી આપવાનુ ઠરાવ્યુ છે

સને ૧૯૧૩ નો હિન્દુસ્તાનનો કંપનીનો આકટ ૭ મો.

ભાગ ૧ લો પ્રથમ નિયમો.

૧ આ આકટને સને ૧૯૧૩ નો હિંદુસ્તાનનો કંપનીઓનો આકટ કહેવો, તે આખા બ્રિટીશ હિંદુસ્તાનને લાગુ છે

૨ આરટીક્લો એટલે-કોઇપણ કંપનીના મૂળ ઘડવામા આવેલા કે ખાસ ઠરાવથી ફેરફાર કરવામા આવેલા આરટીકલ્સ ઓફ એસોસીએશન એવો થાય છે

'કંપની'—નો અર્થ આ આકટની રૂએ સ્થાપવામા આવેલી નોધાયલી કંપની, અથવા કોઇ વિદ્યમાન કંપની એવો થાય છે

કોર્ટ—આ આકટની રૂએ જેને હકુમત હોય એવી કોર્ટ, ડીબેચર એટલે ડીબેન્ચર સ્ટોક, ડીરેકટર એટલે જે સખસ ડીરેકટરનો દરજ્જો ભોગવતો હોય તે, **ડીસ્ટ્રીકટ કોર્ટ**—એટલે ડીસ્ટ્રીકટમાની અસલ હકુમતવાળી મુખ્ય દિવાની કોર્ટ **વિદ્યમાન કંપની** એટલે કંપનીઓના આકટની રૂએ સ્થાપન થઇને નોધાયલી કંપની **વિમો ઉતારનાર કંપની** એટલે જે કંપની વીમો ઉતારવાનુ કામ કરતી હોય તે, **મેનેજર** એટલે મેનેજરનો દરજ્જો ભોગવતો હોય તે સખસ **મેમોરેન્ડમ** એટલે મેમોરેન્ડમ ઓફ એસોસિએશન, **ઓફીસર** શબ્દમા ડીરેકટર, મેનેજર, સેક્રેટરી, અને ૨૩૫, ૨૩૬ તથા ૨૩૭ મી કલમો સિવાયની કલમોમા ઓડીટરનો સમાસ થાય છે, **રજીસ્ટ્રર**, એટલે આ આકટની રૂએ કંપનીને નોધવાનું કામ કરનારો કાઇ રજીસ્ટ્રાર કે આસીસ્ટંટ રજીસ્ટ્રાર એવો સમજવો **શેર**-એટલે કંપનીના શેરના ભંડોળમાનો શેર એવો થાય છે

૩ આ આકટની રૂએ હકુમતવાળી કોર્ટ એટલે કંપનીની નોધાયલી ઓફીસ જે જગાએ આવી હોય તે જગામા હકુમતવાળી હાઇ કોર્ટ સમજવી પણ સરકાર કોઇ પણ ડીસ્ટ્રીકટ કોર્ટને આ આકટની સદરહુ કોર્ટને આપેલી હકુમત ચલાવવાનો અધિકાર આપવાને મુખત્યાર છે

ભાગ ૨ જો. રચના અને સંસ્થાપના.

૪ (૧) રોજગારીનુ કામ ચલાવવા સારૂ દસ કરતા વત્તા સખસોની કંપની, એસોસીએશન કે પત્યાળુ કરવુ હોય તો તે આ આકટ પ્રમાણે કે અમલમા હોય તેવા કોઇ બીજા આકટ પ્રમાણેની કંપની તરીકે નોધાવ્યા વગર કરવુ નહી (૨) તેમજ કંપની કે એસોસીએશનના જુદા જુદા મેબરોને નફો મળે તેનું બીજુ કંઈ કામ વીસ કરતા વત્તા સખસોની કોઈ કંપની કે પત્યાળુ કરવુ હોય તો તે પણ આ આકટ પ્રમાણે નોધાવ્યા વગર કરવુ નહી,

૫ કોઈ કાયદાસર કારણ સારૂ એકઠા થયા હોય, એવા કોઇ પણ સાત કે તે કરતા વધારે માણસોને (અને જ્યારે ખાનગી કંપની હોય તો બે કે તેથી વધારે માણસોને) મેમોરેન્ડમ ઓફ એસોસીએશન ઉપર પોતાના નામની સહી કરીને અને આ આકટના નોધાવવા બાબતના ઠરાવો પ્રમાણે નિયમિત કે અનિયમિત જોખમવાળી સંસ્થાપિત કંપની એટલે કે—

(૧) જે કંપનીના મેબરોની જવાબદારી તે દરેક મેબરના શેરના રૂપીઆમાના જેટલા રૂપીઆ આપ્યા નહી હોય તેટલા રૂપીઆ સુધી મેમોરેન્ડમથી નિયમિત કરી હોય તેવી કંપની (૨) જે કંપની બધ કરવામા આવે તો તેના અવેજમા આટલા રૂપીઆ આપીશુ, એવુ દરેક મેબરે કબુલ કર્યુ હોય તેટલા રૂપીઆ સુધી મેમોરેન્ડમથી નિયમિત કરી હોય તેવી કંપની, (૩) અથવા જે કંપનીના મેમ્બરોની જવાબદારી કાઇ પણ રીતે નિયમિત કરી હોય તેવી કંપની તે કરવાનો અધિકાર છે

૬ શેરોથી નિયમિત કરેલી કંપનીની બાબતમા-(૧) કંપનીનુ નામ, તથા તે નામને છેડે "લીમીટેડ" નામ (૨) કંપનીની નોધેલી ઓફીસ જે પ્રાંતમા રાખવી હોય તે પ્રાંત (૩) કંપનીનો હેતુ (૪) મેમ્બરોની જવાબદારી નિયમિત કરી છે એ વાત, (૫) જેટલા શેરના ભંડોળથી નોધાવવાનુ યોજ્યુ હોય તેની રકમ, અને આટલા રૂપીઆનો એક શેર, એ પ્રમાણે તે ભંડોળના કરેલા શેર (૨) મેમોરેન્ડમ ઉપર સહી

કરનાર કોઇ પણ સખસે એક કરતા ઓછો શેર લેવો નહી [૩] અને તે સહી કરનાર દરેક સખસ જેટલા શેર લે તેટલા શેર પોતાના નામની સામે લખવા

૭ જામીનગીરીથી નિયમિત કરેલી કંપનીની બાબતમા (૧) તેના મેમોરેન્ડમમા નીચેની બાબતો લાવવી (૧) કંપનીના નામને છેડે "લીમીટેડ" શબ્દ, (૨) કંપનીની નોંધેલી ઓફીસ જે પ્રાતમા રાખવી હોય તે પ્રાત, (૩) કંપનીનો હેતુ, (૪) મેબરોની જવાબદારી નિયમિત કરી છે એ વાત, (૫) પોતે મેબર હોય તેટલામા કે તે પછી એક વર્ષની અદર કંપનીનુ કામ બંધ થાય તો, પોતાનુ મેમ્બરપણુ બધ થયા પહેલા કંપનીને જે કારજ થાય તેની જવાબદારી આપી હોય તે કરજ તથા જવાબદારી, અને કંપનીનુ કામ આટોપી બધ કરવાનો સઘળો ખર્ચ આપવા સારૂ અને ફાળો આપનારાઓના માહેમાહે હક હોય તેનો નિકાલ કરવા સારૂ અમુક રૂપીઆની રકમ સુધી જે રકમની જરૂર હોય તે રકમ કંપનીના અવેજમા ભરવાનુ દરેક મેબર કબુલ કરે છે એ વાત

(૨) જો તે કંપનીના શેરનો ભંડોળ હોય તો, [૧] તેના મેમોરેન્ડમમા જેટલા શેરના ભંડોળથી કંપની નોંધવાનુ યોજ્યુ હોય તેની રકમ, અને એક શેર કેટલા રૂપીઆનો, એ પ્રમાણે ભંડોળના કરેલા શેર એ વાત પણ લખવી (૨) મેમોરેન્ડમ ઉપર સહી કરનાર કોઇપણ સખસે એક કરતા ઓછો શેર લેવો નહી (૩) તે સહી કરનાર દરેક સખસ જેટલા શેર લે તેટલા શેર પોતાના નામની સામે લખવા

૮ અન લિમીટેડ કંપનીની બાબતમા-[૧] તેના મેમોરેન્ડમમા નીચેની બાબતો લખવી-(૧) કંપનીનુ નામ, સદરહુ કંપનીની નોંધેલી ઓફીસ જે પ્રાતમા રાખવી હોય તે પ્રાત (૨) કંપનીનો હેતુ (૨) જો કંપનીનો શેરનો ભંડોળ હોય તો (૧) મેમોરેન્ડમ ઉપર સહી કરનાર દરેકે એક કરતા ઓછો શેર લેવો નહી (૨) તે સહી કરનાર જેટલા શેર લે તે પોતાના નામની સામે લખવા

૯ મેમોરેન્ડમ ઉપર, નિદાન એક સાહેદની રૂબરૂ સહી કરવી અને તેની સાખ કરાવવી

૧૦ આ આકટમા ખાસ ઠરાવ કર્યો હોય તે સિવાયની બાબતમા કોઇપણ કંપનીએ પોતાના મેમોરેન્ડમમાની સરતોમા ફેરફાર કરવો નહી

૧૧ (૧) કોઈ કંપની જે નામથી નોંધાઈ ચુકી હોય તેજ નામથી, તેમજ તેના જેવા નામથી, બીજી કોઇ કંપની નોંધાવવી નહી (૨) જે કંપની નોંધાઇ ચુકી હોય, તેવાજ નામથી જો બીજી કંપની ચુકથી કે બીજી રીતે નોંધી હોય તો રજીસ્ટરની મંજુરીથી તે બીજી કંપનીને પોતાનુ નામ બદલવાનો અધિકાર છે (૩) ક્રાઉન, એમ્પરર, એમ્પાયર, એમ્પ્રેસ, ઇમ્પીરીઅલ, કિંગ, કવીન, રોયલ, એ શબ્દોમાના કોઇ પણ શબ્દવાળા નામથી, અથવા સરકારની મંજુરી ગર્ભિત રીતે જણાતી હોય તેવા શબ્દવાળા નામથી કોઈ પણ કંપની નોંધવી નહી માત્ર સરકારના સેક્રેટરીનો લખેલો હુકમ કાઢીને તે કંપનીના નામમા તે શબ્દો વાપરવા દેવા બદલ પોતાનુ અનુમત દર્શાવે તોજ તેવા શબ્દથી કંપની નોંધવી, પણ આ કલમના ઠરાવ આ આકટ પહેલા નોંધેલી કંપનીને લાગુ પડશે નહિ (૪) કોઇ પણ કંપનીને સરકારની લેખી મજાલ્તથી પોતાનુ નામ બદલવાનો અધિકાર છે (૫) જ્યારે કોઇ કંપની પોતાનુ નામ બદલે ત્યારે રજીસ્ટારે રજીસ્ટરમા પહેલાના નામને બદલે નવુ નામ દાખલ કરવુ અને તેવી રીતે ફેરફાર કરેલુ સરટીફીકેટ ઓફ઼ ઇન્કોરપોરેશન (એટલે કંપની મંસ્થાપિત થયાનો દાખલો) આપવુ એટલે નામ બદલવાનુ કામ પુરૂ થયુ સમજવુ (૧) નામ ફેરફાર થયાથી તે કંપનીના કોઇપણ હક કે જવાબદારીને બાધ આવશે નહી

૧૨ આ આકટના ઠરાવો અનુસાર કોઇ કંપની વિશેષ ઠરાવ કરીને પોતાની નોંધાયલી ઓફીસની જગા એક પ્રાતમાથી બીજા પ્રાતમા બદલવા સારૂ પોતાના મેમોરેન્ડમમા ફેરફાર કરવાને અથવા પોતાનુ કામ કરકસરથી વધારે સારૂ કરવાને, પોતાનો મુખ્ય હેતુ નવા સુધારેલા સાધનોથી પાર પાડવાને અથવા પોતાનું કામ કરવાનો સ્થાનિક પ્રદેશ વધારવાને કે તેમા ફેરફાર કરવાને, કે જે કામ સુગમતાથી તેના કામ સાથે જોડી શકાય તે કરવાનો કે મેમોરેન્ડમમા લખેલા કોઇપણ હેતુ મર્યાદિત કરવાને કે છોડી દેવાને પોતાને અધિકાર મળે એટલે સુધી પોતાના મેમોરેન્ડમમા ફેરફાર કરવાને મુખત્યાર છે

(૨) સદરહુ ફેરફાર કોર્ટ મંજુર કરે ત્યા સુધી અમલમા આવશે નહી. (૩) તે મંજુર કરતા પહેલા

કોર્ટની તે કંપનીના ડીબેન્ચર ધારણ કરનાર દરેક સખસને પુરતી નોટીસ આપી છે તે બાબત તથા જેને વાધો લેવાનો હોય તેની સમતી લીધી છે કે તેનુ દેવુ પતવવા કોર્ટની ખાત્રી થાય તેવુ તેને તારણ આપ્યુ છે એ બાબત ખાત્રી થની જોઇએ પણ ખાસ કારણસર આ પ્રમાણેની નોટીસ નહી આપી હશે તો ચાલશે એવુ કોર્ટ ફરમાવી શકે છે

૧૩ કોર્ટને તે ફેરફાર પોતાને યોગ્ય લાગે તેની સરતે મંજુર કરવાનો અને ખર્ચ સબંધી યોગ્ય હુકમ કરવાનો અધિકાર છે

૧૪ ૧૨ મી, ૧૩ મી કલમોની રૂયે કોરટે પોતાનો મુખત્યાર ચલાવતી વખતે કંપનીના મેમ્બરોના, તેમજ લેણદારોના હક કે હિત સબધ ઉપર લક્ષ આપવુ, અને વિરૂદ્ધ મતવાળા મેમ્બરોના હિત સબધ ખરીદવા સારૂ પોતાને યોગ્ય લાગે તો કામ મુલતવી રાખવાનો કે પોતાને યોગ્ય લાગે તેવી સુચના કે હુકમ કરવાને તે કોર્ટ મુખત્યાર છે પણ કંપનીના ભંડોળમાનો કાઇ પણ ભાગ એવી કોઇ પણ ખરીદી કરવામા વાપરવાનો નથી

૧૫ સદરહુ ફેરફાર મંજુર થયો હોય તે હુકમની દાખલાવાળી એક નકલ, અને એવા ફેરફારવાળા મેમોરન્ડમની છાપેલી નકલ, તે કંપની એ હુકમની તારીખથી ત્રણ મહીનાની અંદર રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવી જોઇએ અને તેણે નોધવી જોઇએ, અને તે નોધ્યાનો દાખલો પોતાની સહી સાથે તે પર લખવો જોઇએ એવો ફેરફાર કે મંજુરી સબધી આ આકટમાના સઘળા ઠરાવો પ્રમાણે વર્તવામા આવ્યુ છે તે બાબતનો નિર્ણયકારક પુરાવો થશે અને તે ફેરફાર કરેલુ મેમોરેન્ડમ તે કંપનીનુ મેમોરેન્ડમ થશે એમ સમજવુ (૨) સદરહુ ફેરફાર ઉપરથી, કંપનીની નોધાયલી ઓફીસ એક પ્રાંતમાથી બીજા પ્રાંતમા બદલાતી હોય ત્યારે એવા ફેરફારના હુકમની નકલ કંપનીએ એ બેમાના દરેક પ્રાંતના રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવી રજીસ્ટ્રાર કંપનીને લગતા તમામ દસ્તાવેજ બીજા પ્રાંતના રજીસ્ટ્રારને મોકલવા જોઇએ (૩) રજીસ્ટ્રારને દસ્તાવેજો સ્વાધીન કરવાની મુદત લબાવવાને કોર્ટ મુખત્યાર છે

૧૬ આવો ફરફાર ૧૫ મી કલમ પ્રમાણે નોધવામા ન આવે ત્યા સુધી અમલમા આવશે નહી તે ફેરફાર મંજુર કર્યાના કોર્ટના હુકમની તારીખ પછી ત્રણ મહીનાની અંદર કે કોર્ટ મુદત વધારે તો તેની અંદર નોધવામા ન આવે તો તે મુદત પુરી થયેથી તે કામ રદ બાતલ થશે પણ બીજા એક મહીનાની અંદર અરજી કરીને પુરતુ કારણ બતાવવામા આવે તો કોર્ટ તે હુકમ તાજો કરી શકે છે

આર્ટિકલ્સ ઓફ એસોસીએશન.

૧૭ (૧) મેમોરેન્ડમ નોધાવતી વખતે તેની સાથે તે ઉપર સહી કરી હોય એવાને જે ઉપરથી કંપનીને માટે નીયમો ઠરાવ્યા હોય એવા આર્ટિકલ ઓફ એસોસીએશન, શેરથી નીયમીત કરેલી કંપનીની બાબતમા મરજીમા આવે તો નોધાવવા, પણ જ્યારે કંપની જામીનગીરીથી નીયમીત કરેલી હોય કે અનલીમીટડ હોય ત્યારે તો તે આર્ટિકલ નોધાવવાજ જોઇએ

૧૮ શેરથી નીયમીત થયેલી કે આ આકટ પછી નોધેલી કંપનીની બાબતમા જો આરટીકલો નોધ્યા કે ન નોધ્યા હોય તો પહેલા પરીશીષ્ટના કો અ ના નિયમો આરટીકલમાથી મુકી દીધા કે ફેરવ્યા ન હોય તે નિયમો જેટલા લાગુ હશે તેટલા હેઠળ લખેલી મર્યાદા સુધી કંપનીના નિયમો છે એમ સમજવુ

૧૯ આરટીકલો છપાવવા જોઇએ, તેના અનુક્રમવાર પેરા પાડવા જોઇએ તે પર મેમોરેન્ડમ ઓફ એસોસીએશન ઉપર સહી કરનાર દરેક જણે, એક સાહેદની રૂબરૂ સહી કરી અને તેની સાખ કરાવવી જોઇએ

૨૦ આ આકટના ઠરાવોને તથા મેમોરેન્ડમમા લખેલી સરતોને પાત્ર રહીને કંપનીને પોતાના આરટીકલો વિશેષ ઠરાવ કરીને ફેરવવાને કે તેમા વધારો કરવાનો અધીકાર છે

૨૧ મેમોરેન્ડમ અને આરટીકલો નોધાય ત્યારે, તે કંપની અને તેના મેબરો, તે ઉપર સહી કરી હોય અને તેની સઘળી સરતો પ્રમાણે આ આકટના ઠરાવોને પાત્ર રહીને ચાલવા બાબત પોતાની કે પોતાના વારસ વકીલોની તરફથી કરાર તે મેમોરેન્ડમમા કે આરટીકલના દાખલ કર્યો હોત તો જે પ્રમાણે તે બધાત તે પ્રમાણે બધાશે (૨) તે પ્રમાણે કંપનીની કોઇ પણ મેમ્બર કંપનીને કાઇ નાણા દેવા હોય તે સઘળાં નાણા તેની પાસે કંપનીમા લેણા છે એમ સમજવુ

૨૨ મેમોરેન્ડમ અને આર્ટિકલો, કંપનાની નોંધેવી ઑફીસ જે પ્રાંતમા હોય ત્યાના કંપનીઓના રજીસ્ટ્રર ત્યા દાખલ કરવા અને તેણે તે પોતાના પાસે રાખીને નોધવા

૨૩ કંપનીનું મેમોરેન્ડમ નોંધાય એટલે રજીસ્ટ્રારે પોતાની સહીનો દાખલો આપવો કે કંપની સસ્થાપિત થઈ છે અને લીમીટેડ કંપનીની બાબતમા, ને કંપની લીમીટેડ થઇ છે એવો દાખલો, (૨) કંપના સસ્થાપિત થયાના દાખલામા લખેલી તારીખથી મેમોરેન્ડમ ઉપર સહી કરનારા સખસો, ને બીજા જે તેના મેમ્બરો થશે તે સઘળા સખસો મળીને મેમોરેન્ડમમા લખેલા નામથી એક સસ્થાપિત મંડળી થશે તેને કંપનીના સઘળા કામો કરવાનો અધિકાર પ્રાપ્ત થશે, મેમ્બરોની જગા કદી ખાલી પડશે નહી અને તે બધા વચ્ચે સામાઈક શીક્કો રહેશે ને જ્યારે કંપનીનુ કામ બંધ કરવામા આવશે ત્યારે તે કંપનાના અવેજ ફાળા પડતુ નાણુ ભરવાની જવાબદારી આ આકટમા કલ્મ પ્રમાણે મેમ્બરોને માથે રહેશે

૨૪ રજીસ્ટ્રારે આપેલો સસ્થાપિત થયાનો દાખલો તે કંપની તરીકે નોંધાવાનો અધિકાર મળેલી તથા યોગ્ય રીતે નોધાયલી કંપની છે તે બાબત નિર્ણયકારક પુરાવો છે

૨૫ દરેક કંપની જો ઓછી રકમ ઠરાવે તો તે આપીને મેમોરેન્ડમ કે આરટીકલોની નકલ માગે તો, તે તેને મોકલવી જોઇએ જે કંપની આ કલમ પ્રમાણે વતવાને કસુર કરશે તેને દરેક ગુન્હા બદલ વત્તામા વત્તા દશ રૂપીઆ સુધી દંડ થશે

નફા સારૂ નહીં હોય એવાં એસોસીએશનો

૨૬ લીમીટેડ કંપના થવાને લાયક હોય એવુ કોઈ એસોસીએશન, વેપાર કે દાન ધર્મ જેવા ઉપયોગી કામની વૃદ્ધિ કરવા માટે થયુ છે, ને તેનો નફો કે આવક પોતાના હેતુઓ ખીલવવા માટે વેપાર છે ને મેમ્બરોને કાઈ ફાળો નહીં આપવાનો તે એસોસીએશનનો ઇરાદો છે એમ તે સ્થાનિક સરકારને સાબીત કરી આપે તો તે પોતાના એક સેકરેટરીની સહીવાળો પરવાનો પોતાને યોગ્ય લાગે તે સરતોને અનુસાર આપીને તે એસોસીએશનને તેના નામમા લીમીટેડ શબ્દ ઉમેર્યા વગર તે નિયમિત જોખમમા છે એ પ્રમાણે નોધાવવાનુ ફરમાવવાને મુખત્યાર છે. રજીસ્ટર થયા પછી સદરહુ એસોસીએશન લીમીટેડ કંપનીઓના સઘળા હક તથા જવાબદારીઓ ભોગવી શકશે આવો પરવાનાનો કોઈ પણ વખતે પાછો લઇ લેવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે પણ પરવાનો પાછો લઇ લેતા પહેલા તે બાબતની નોટીસ આપી તેના વિરૂદ્ધ તેમને કાઇ જણાવવુ હોય તો તેની તક આપવી

જામીનગીરીથી નિયમિત કરેલી કંપનીઓ.

૨૭ જામીનગીરીથી નિયમિત કરેલી કે જેના ભંડોળના શેર કરેલા નહીં હશે તેવી કંપનીની બાબતમા તેના મેમોરેન્ડમમા કે આરટીકલમા કોઇ પણ ઠરાવ જે વિશેષ ઠરાવ ઉપરથી કોઇ પણ માણસને મેમ્બર થયા શિવાય તે કંપનીના વહેચવાના નફામા ભાગ લેવાનો હક આપવામા આવ્યાનુ જણાતું હશે તે દરેક વિશેષ ઠરાવ રદ ગણવો

ભાગ ત્રીજો–શેરોના ભંડોળ, કોઇ પણ અન લીમીટેડ કંપનીને લિમિટેડ તરીકે નોધવી તથા ડિરેકટરોની અનિયમિત જોખમદારી

૨૮ (૧) કોઈ કંપનીમા કોઇ પણ મેમ્બરના શેર કે બીજો હિત સંબંધ હોય તે તે કંપનીના આરટીકલોમા ઠરાવેલી રીતે બીજાના નામ ઉપર ચહાવી શકાય તેવી જગમ માલમિલકત છે એમ સમજવુ (૨) શેરના ભંડોળવાળી કંપનીના દરેક શેર ઓળખાઇ આવે તેટલા માટે તે ઉપર તેનો જુદો જુદો નબર માડવો

૨૯ જે સરટીફીકેટ ઉપર કંપનીનો સામાયિક શિકકો હોય અને જેમા કોઈ પણ મેમ્બરના શેરો કે સ્ટોક લખેલા હોય તે સરટીફીકેટ, તેમા લખેલા શેરો કે સ્ટોક બાબત તે મેમ્બરના ધણીપણાના હક વિષે પ્રથમ દર્શનિય પુરાવો છે એમ સમજવુ

૩૦ કોઇ કંપનીના મેમોરેન્ડમ ઉપર સહી કરનારાઓને કંપનીના મેમ્બરો થવાને કબુલ થઇ

ચુકયા છે એમ સમજવુ ને તે કંપની નોંધાયા પછી તેમને મેમ્બરોના રજીસ્ટરમા મેમ્બર પ્રમાણે દાખલ કરવા

૩૧ દરેક કંપનીએ એક કે વધારે ચોપડામા પોતાના મેમ્બરનુ રજીસ્ટર રાખવુ, નામ, પત્તો, ધંધો, તેના કેટલા શેર કયા નંબરના છે, દાખલ થયાની તારીખ વગેરે હકીકત લખવી આ કલમ પ્રમાણે ચાલવાને જે કંપની કે તેનો અમલદાર જેટલા દહાડા સુધી કસુર કરશે તેનો દરરોજના પચાસ રૂપીઆ સુધી દંડ થશે

૩૨ દરેક કંપનીએ દરવર્ષે નિદાન એક વખત મેમ્બરોની વારસીક યાદી અને ટુંક હકીકત તઈયાર કરવી અને તેની એક નકલ રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવી આ પ્રમાણે કરવામા કસુર કરનાર કંપની કે તેનો અમલદાર દરરોજના પચાસ રૂપીઆ સુધી દંડને પાત્ર થશે

૩૩ કોઇ પણ ટ્રસ્ટ બાબતની નોટીસ રજીસ્ટ્રારમા દાખલ કરવી નહી કે રજીસ્ટ્રારે લેવી નહી

૩૪–કોઇ પણ કંપનીમાનો હરકોઇ શેર કે તેનો હીત સબંધ તબદીલ કરનારની અરજી ઉપરથી તે કંપનીએ તે શેર કે હીત સબંધ જેને નામે તબદીલ કરવાનો હોય તે સખસનું નામ, જાણે તેણે જાતે અરજી કરી હોય તેવી રીતે પોતાના રજીસ્ટ્રારમા દાખલ કરવુ,

૩૫કોઇ કંપનીના મરનાર મેમ્બરનો શેર કે બીજો હીત સબંધ તબદીલ કરવાનો તેના વારસ વકીલે કરી આપેલો લેખ, તે મેમ્બર હોય તેજ પ્રમાણે વ્યવહારોપયોગી છે

૩૬ (૧) કંપની નોંધાયાની તારીખથી શરૂ થયેલુ મેમ્બરનુ રજીસ્ટર કંપનીની નોંધેલી ઓફીસમા રાખવુ અને તે મેમ્બરને મફત અને બીજાને એક રૂપીઓ કે કંપનીએ ઠરાવેલો દર આપે તો તેને જોવા માટે ખુલ્લુ રાખવુ, (૨) તે રજીસ્ટરની નકલ, દર શબ્દે કે તેના ભાગે ૭ આના આપીને માગવાનો મેમ્બર કે બીજા સખસને અધીકાર છે આ પ્રમાણે જોવા દેવાની કે નકલ આપવાની ના કહેશે તો દરેક વાર ના કહેવા બદલ વત્તામા વત્તા વીસ રૂપીઆ સુધીના દંડને પાત્ર થશે

૩૭ કંપની જે ડીસ્ટ્રીકટમા હશે તે ડીસ્ટ્રીકટમા વેચાતા કોઇ વર્તમાન પત્રમા જાહેર ખબર છપાવીને કંપની, મેમ્બરોનુ રજીસ્ટર દરેક વર્ષમા ઘણામા ઘણા ત્રીસ દહાડા સુધી બંધ કરી શકે

૩૮ કંપનીના મેમ્બરોના રજીસ્ટરમા કોઇનુ નામ દગલબાજીથી દાખલ કર્યુ હોય કે, કોઇ સખસ મેમ્બર મટી પડે તે વાત તેમા દાખલ થઇ નહી હોય તો રજીસ્ટર સુધારવા બાબત મેમ્બર કે નુકશાન પામેલા સખસને કોર્ટને અરજી કરવાનો અધીકાર છે, આવી અરજી ના મંજુર કરવાનો કે રજીસ્ટર સુધારવાનો હુકમ કરવાનો કોર્ટને અધીકાર છે

૩૯ કોર્ટે રજીસ્ટર સુધારવા માટે હુકમ કરતી વખતે પોતાના હુકમથી તે બાબતની નોટીસ રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવાનુ ફરમાવવુ

૪૦જે વાતો મેમ્બરના રજીસ્ટરમા દાખલ કરવાનુ આ આક્ટમા ફરમાવ્યુ છ તે વાતોનો તે રજીસ્ટર પ્રથમ દર્શનિય પુરાવો છે એમ સમજવુ

૪૧ કંપની પોતાના મેમ્બરોનુ એક બ્રાંચ રજીસ્ટર યુનાઇટેડ કીંગડમમા રખાવવાને મુખત્યાર છે, અને બ્રીટીશ રજીસ્ટર ખોલ્યાની તારીખથી એક મહીનાની અંદર, ઓફીસના ઠેકાણાની, તેમા ફેરફાર થયાની કે બંધ થયાની નોટીસ રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવી જોઇએ જો તેમ કરવામા કસુર કરશે તો કંપની દરેક દિવસ બદલ વત્તામા વત્તા પચાસ રૂપીઆ સુધીના દંડને પાત્ર થશે,

૪૨ બ્રિટિશ રજીસ્ટર કંપનીના મેમ્બરોના રજીસ્ટરનો ભાગ છે એમ સમજવુ

૪૩ શેરથી નિયમિત કરેલી કંપનીને, જે શેર ભરાયા હોય તેમના સબંધમા પોતાના સામાઇક શિક્કાવાળુ વારંટ કાઢીને તેમા નિરદિષ્ટ કરેલા શેરો કે સ્ટોક ઉપર શેર લાવનારનો હક છે એમ જણાવવાને મુખત્યાર છે, અને તે વારંટમા સમાયલા શેરો કે સ્ટોક ઉપર ભવીસ્યના ડીવીડંટ આપવા સારૂ કુપની કાઢીને કે બીજી રીતે વ્યવસ્થા કરવાને મુખત્યાર છે

૪૪ શેર વારંટ ઉપરથી તે વારંટ લાવનારનો તેમા લખેલા શેરો કે સ્ટોક મળવાનો હક થશે, અને તે શેર વારંટ સ્વાધીન કરીને તે શેરો કે સ્ટોક તબદીલ કરવાનો અધીકાર છે

૪૫ શેર વારંટ લાવનાર, તે વારંટ રદ કરવા સારૂ આપી દે એટલે તેને તેનુ નામ મેમ્બરોના રજીસ્ટરમા દાખલ કરવાનો હક થશે.

૪૬ શેર વારંટ લાવનાર, કે કંપની સંપૂર્ણ રીતે, કે જે કારણો તે આર્ટિકલોમા નિર્દિષ્ટ કર્યા હોય તે કારણો સારૂ મેમ્બર છે એમ ગણવાનો અધીકાર છે

૪૭ શેર વારંટ કહાડવામા આવે એટલે કંપનીએ પોતાના મેમ્બરો રજીસ્ટરમા જે મેમ્બરનુ નામ વારંટમા નિરદીષ્ટ કરેલા શેરો કે સ્ટોકના ધારણ કરનાર તરીકે તે વખતે દાખલ કરેલું હોય તે રજીસ્ટરમાથી કહાડી નાખવુ, અને તેમા વારંટ કાઢયાની વાત તથા તારીખ શેરની કીંમત અને નંબર એ હકીકત દાખલ કરવી, જો આ પ્રમાણે કરવામા કોઈ કંપની કસુર કરશે તો તે દરેક દીવસ બદલ પચાસ રૂપીઆ સુધીના દંડને પાત્ર થશે

૪૮ શેર વારંટ આપી દેવામા આવે એટલે તે આપી દેવાની તારીખ જાણે તે તારીખે કોઈ સખસ મેમ્બર થતો બંધ પડયો હોય તે તારીખ તરીકે દાખલ કરવી

૪૯ કંપની—શેરો કાઢવામા આવે તો, શેરો ધારણ કરનારાઓએ પોતાના શેરોના કોલની રકમ ભરવા સંબંધી, તેના વખત સંબંધી અને શેર ધારણ કરનારાઓ વચ્ચે ભેદ રાખવા માટે ગોઠવણ કરવાને, કોઇ પણ મેમ્બર શેરો ઉપરની બાકીની રકમ, વગર કોલ કર્યે પણ આપે તો તે લેવાને, અને વધારે ભરાયલી રકમવાળા દરેક શેર ઉપર ભરેલી રકમના પ્રમાણમા ડીવીડંટ આપવાને મુખત્યાર છે

૫૦ (૧) શેરથી નિયમિત કરેલી કંપનીને અધિકાર મળ્યો હોય તો તે પોતાના મેમોરેન્ડમની શરતોમા પોતાના શેરના ભંડોળમા ફેરફાર કરવાને, નવા શેર કાઢી ભંડોળ વધારવાને ભંડોળ અસલ શેર કરતા વધુ રકમના શેરોમ વેહેચી નાખવાને, ભરાયલા શેરના સ્ટોક કરી નાખવાને, નાની રકમના શેરો કરવાને, ન ભરાયલા શેરો રદ કરીને ભંડોળની રકમ ઘટાડવાને મુખત્યાર છે (૨) શેરના પેટા વિભાગ કરવા બાબતના અધિકાર વિશેષ ઠરાવ કરીને અમલમા આણવા (૩) ફેરફાર કર્યાની તારીખપછી તે પ્રમાણે મેમોરેન્ડમની નકલ ફેરફાર પ્રમાણે હોવી જોઇએ જો કોઇ કંપની પેટા કલમ (૩) ના ઠરાવ પ્રમાણે ચાલવામા કસુર કરશે તો દરેક નકલ દીઠ દસ રૂપીઆ સુધી દંડને પાત્ર થશે

૫૧ જ્યારે શેરના ભંડોળ વાળી કોઇ કંપનીએ પોતાના શેરનો ભંડોળ એકત્ર કરીને તેના શેર પોતાના વિદ્યમાન શેર જેટલી રકમના હોય તે કરતા વધુ રકમના કર્યા હોય કે તે બદલીને તેનો સ્ટોક કર્યો હોય તે સ્ટોકને બદલી પાછા શેર કર્યા હોય ત્યારે તે એકત્ર કર્યા પછી કે વિભાગ કે બદલ્યા પછી પંદર દિવસની અંદર તે બાબતની રજીસ્ટ્રારને ત્યા નોટીસ ફાઇલ કરવી તે નોટીસમા, એકત્ર કરેલા વિભાગ કરેલા કે બદલેલા શેરો કે સ્ટોક લખવા, (૩) જે કંપની આ પ્રમાણે ચાલવામા કસુર કરશે તે દર દિવસ બદલ પચાસ રૂપીઆના દંડને પાત્ર થશે

૫૨ જ્યારે શેરના ભંડોળવાળી કોઈ કંપનીએ પોતાના શેરમાનો કેટલાકનો સ્ટોક કરી તેની નોટીસ રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરી હોય ત્યારે આ આકટના જે ઠરાવ શેરને લાગુ પડતા હશે તે સ્ટોક કરેલા શેરોને લાગુ પડશે નહી અને રજીસ્ટ્રારને ત્યાની મેમ્બરોની યાદીમા તેની પાસે શેરને બદલે કેટલો સ્ટોક છે તે લખવુ

૫૩ કોઇ કંપનીએ પોતાના શેરનો ભંડોળ કે મેમ્બરોની સંખ્યા વધારી હોય, ત્યારે તે મંજુર કરવાના ઠરાવ પસાર કર્યા પછી પંદર દિવસની અંદર તે બાબતની રજીસ્ટ્રારને ત્યા નોટીસ ફાઇલ કરવી અને તે વધારો રજીસ્ટ્રારે દફતરમા દાખલ કરવો (૨) જે કંપની તેમ કરવામા કસુર કરશે તે દરેક દિવસ બદલ પચાસ રૂપીઆ સુધીના દંડને પાત્ર થશે

૫૪ શેરથી નિયમીત કરેલી કોઇ કંપનીને, કોર્ટના હુકમથી પોતાના મેમોરેન્ડમા, લખેલી સરતોમા ફેરફાર કરવાનો અધિકાર છે કે જેથી કરીને પોતાના શહેરના ભંડોળની રચના પોતાની જુદી જુદી જાતના શેરોને એકત્ર કરીને કે વિભાગ કરીને બદલી શકે પણ શેર ધારણ કરનારાઓની સભામા મંજુરી મળ્યા સિવાય, તેવી ચોકસ જાતના શેરને લાગુ પડતી કોઈ પણ રીતની વધુ પસંદગીકે ખાસ હકમા લખેલ પહોંચાશે નહી આ કલમ પ્રમાણે કરવામા આવેલા હુકમની નકલ હુકમની તારીખથી એકવીસ દીવ

સની અદ્ગ રજીસ્ટ્રારને ત્યા દાખલ કરવી

શેરનો ભંડાર ઘટાડવા બાબત

૫૫ કોઈ પણ કપનીને કોર્ટની મજુરીને પાત્ર રહીને પોતાના શેરનો ભંડોળ કોઇ પણ રીતે ઘટાડવાનો અધીકાર છે

૫૬ કોઇ કપનીએ શેરનો ભંડોળ ઘટાડવાનો ઠરાવ કર્યો હોય, ત્યારે તે ઠરાવ મજુર કરવાનો હુકમ થવા માટે કાર્ટને અરજી કરવાને તે મુખત્યાર છે,

૫૭ કોઇ કપની પોતાના શેરનો ભંડોળ ઘટાડવા ઠરાવ કરે ને તે મંજુર કરે તે તારીખથી તે કોર્ટ ઠરાવે ત્યા સુધી કપનીએ પોતાના નામને છેડે " તથા ભંડોળ ઘટાડેલી " આ શબ્દો ઉમેરવા જોઇએ પણ ભંડોળ ઘટાડયાથી કાઈ જવાબદારી ઓછી થતી ન હોય તો, કોર્ટને જો યોગ્ય લાગે તો " તથા ભંડોળ ઘટાડેલી " આ શબ્દો ઉમેરવાનુ કાઢી નાખવાનો અધિકાર છે

૫૮ જ્યારે શેરનો ભંડોળ ઘટાડવાનું યોજ્યાથી, ન ભરાયલા શેરના ભંડોળના સબધમા જવાબદારી ઓછી થવા જેવુ થાય કે ભરેલો શેરનો ભંડોળ પાછો આપી દેવા જેવુ થતું હોય, અને બીજી બાબતમા કોર્ટ તેમ ફરમાવે તો, તે કંપનીના જે લેણદારને માગણા બાબત હક હોય તે દરેક લેણદારને ભંડોળ ઘટાડવા સામે વાંધો ઉઠાવવાનો હક છે કોર્ટે તે લેણદારોના નામ અને માગણાની યાદી નક્કી કરી રકમની અને તેની ચોકશી કરવી જોઇએ

૫૯ લેણદારોના લેણા બાબત તારણ આપવામા આવે તો કોર્ટ, ને તેની સંમતિની જરૂર નથી એમ ઠરાવવાને અધિકાર છે

૬૦ જ્યારે કોર્ટની ખાત્રી થાય કે વાંધો ઉઠાવનારે લેણદારની સંમતિ મેળવી છે કે તેનુ કરજ વાળ્યુ છે તો તે યોગ્ય સરતોએ ઘટાડવાનો હુકમ કરી શકે છે

૬૧ કપનીના શેરનો ભડોળ ઘટાડવાને મજુરી આપનારો કોર્ટનો હુકમ રજીસ્ટાર સમક્ષ હાજર કરવામા આવે એટલે તેની નકલ અને જે મિનીટમા તે શેર સબધી હકીકત લખી હોય તેવી મિનીટની નકલ તેણે પોતાને ત્યા ફાઇલ થાય એટલે નોધવા અને તે નોધ્યા બાબતનો રજીસ્ત્રારે દાખલો આપવો

૬૨ તે મીનીટ નોધી એટલે તે કપનીના મેમોરેન્ડમના ભાગને બદલે દાખલ કરી છે એમ સમજવુ જે કપની આમા કસુર કરશે તેને દરેક નકલ માટે દસ રૂપીઆ સુધી દડ થશે

૬૩ કપનીનો કોઇ પણ મેબર, જે રકમ શેરની આપેલી હશે તો અથવા કહાડવામા આવી હશે તે રકમ અને તે મિનીટ પ્રમાણે શેરની જે રકમ ઠરાવી હશે તે રકમમા જો કાઈ તફાવત હોય તેથી વધારે હોય તેવા કોઇ કોલને કે ફાળાને પાત્ર થશે નહિ પણ જે લેણદાર ભડોળ ઘટાડવા માટેના કામની માહીતી ન હોવાને લીધે લેણદારોની યાદીમા દાખલ કરી શકાયો નહિ હોય, અને ભંડોળ ઘટાડયા પછી, તે કપની કોર્ટે કપનીઓનુ કામ આટોપવા બાબતના ઠરાવોના અર્થ પ્રમાણે સદરહુ લેણદારના લેણાની રકમ આપવાને અશક્ત હોય ત્યારે ભડોળ ઘટાડવા બાબતનો હુકમ નોધ્યાની તારીખે કપનીનો મેબર હોય તેવો દરેક સખસ તે રકમ આપવા સારૂ ફાળા તરીકે આપવાને પાત્ર થશે અને કપનીનુ કામ બધ થયુ હોય તો કોર્ટને આવા લેણદારની અરજી ઉપરથી, ફાળો આપવાને પાત્ર થનારા સખસોની એક યાદી નક્કી કરવાનો અને તેઓની ઉપર કોલ કે હુકમ કરવાનો અધિકાર છે

૬૪ જે કપનીનો અમલદાર કોઇ પણ લેણદારનું નામ બુદ્ધિ પુર્વક છુપાવશે કે તેનો માગણાનો પ્રકાર બુદ્ધિ પૂવક ખોટો કહેશે કે કોઇ તેમ કરવામા મદદગારી કરશે તે દરેક અમલદારને એક વરસ સુધીની કેદની અથવા દડની અને બને પ્રકારની શિક્ષાને તે પાત્ર થશે

૬૫ શેરનો ભડાળ ઘટાડવાના કારણો કોર્ટને યોગ્ય લાગે તો પ્રસિદ્ધ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે

૬૬ જામીનગીરીથી નિયમીત કરેલી કોઈ કપની પાસે જો શેરનો ભંડોળ હોય તો તે આ આકટ મુજબ શેરથી નિયમિત કરેલી કપનીને પોતાના શેરનો ભંડોળ જે સરતોને પાત્ર રહીને વધારવા કે ઘટાડવાનો અધિકાર છે તેજ રીતે અને સરતોએ પોતાનો શેરનો ભંડોળ વધારવા કે ઘટાડવાને મુખત્યાર છે

અન લીમીટેડ કંપનીને લિમિટેડ કંપની તરીકે નોંધવા બાબત

૬૭ અન લિમિટેડ કપની તરીકે નોધાયલી કપનીને આ આકટની રૂયે લીમિટેડ કપની તરીકે

નોંધાવવાનો કે તેવી નોંધાયલી કંપનીને આ આકટની રૂયે ફરી નોંધવાનો અધિકાર છે અને આ કલમ મુજબ કોઇ કંપની નોંધાય એટલે રજીસ્ટ્રરે તેની અગાઉની નોંધણી બંધ કરવી

૬૮ શેરના ભંડોળવાળી કોઇ પણ અનલિમિટેડ કંપની નોંધાય એટલે કંપનીનું કામ આટોપીને બંધ કરવામા આવે તે સિવાય, બીજે કોઈ પણ પ્રસંગે પોતાના શેરના ભંડોળની નામની રકમ, શેરની રકમમાં વધારો કરીને વધારવાનો કે વધારો થાય તે રકમના ભાગ ઉપર કોલ કરી શકાસે નહિ, તેમ પોતાના શેરના ભંડોળના કોલ ન કરેલા અમુક ભાગ ઉપર કોલ કરી શકાશે નહી એમ ઠરાવવાનો અધિકાર છે

લિમિટેડ કંપનીની રાખી મુકેલી જવાબદારી

૬૯ કોઇ લિમિટેડ કંપનીને પોતાના શેરના ભંડોળના જે ભાગ ઉપર અગાઉથી કોલ થઇ ચુકયા ન હોય તે ઉપર, પછી કંપનીનું કામ બંધ કરવાના પ્રસંગ સિવાય, કોલ કરી શકાશે નહી એમ ઠરાવવાનો અધિકાર છે

ડીરેક્ટરોનિ અનિયમિત જોખમદારી.

૭૦ કોઈ લિમીટેટ કંપનીમા, ડિરેકટરોની જવાબદારી, મેમોરેન્ડમમા ઠરાવ્યુ હોય તો અનિયમિત રાખવાનો અધિકાર છે

૭૧ જો કોઈ લિમિટેડ કંપનીને અધિકાર મળ્યો હોય તો તે પોતાના ડિરેકટરોની જવાબદારી અનિયમિત થાય એવી રીતે મેમોરેન્ડમમા ફેરફાર કરવાને અધિકાર છે

ભાગ ૪-થો—વ્યવસ્થા—કારભાર—ઓફીસ અને નામ.

૭૨ દરેક કંપનીની એક નોંધેલી ઓફીસ હોવી જોઈએ, અને તેને નામે સઘળા કાગળ પત્રો અને નોટીસો મોકલવાનો અધીકાર છે તે નોંધેલી ઓફીસના ઠેકાણા બાબત કે તેમા ફેરફાર થાય તો તે બાબત રજીસ્ત્રારને ત્યા લેખી નોટીસ ફાઇલ કરવી ને તેણે તે દફતરમા દાખલ કરવી જો કોઇ કંપની તેમ કરવામા કસુર કરશે તો દરેક દીવસ બદલ પચાસ રૂપીઆ સુધી દંડને પાત્ર થશે

૭૩ દરેક લિમિટેડ કંપનીએ જે ઓફીસે કામ ચાલતું હોય તેની બહાર પોતાનુ નામ અંગરેજી ભાષામા રંગ વડે ચીતરાવીને ચોડવુ અને હાઇકાર્ટની હકુમતની સ્થાનિક હદ બહાર તે ઓફીસ હોય તો દેશી ભાષામા નામ ચીતરાવી બહાર ચોટાડવુ અને પોતાના શિક્કા ઉપર પોતાનુ નામ વંચાય તેવા અક્ષરે કોતરાવવુ અને પોતાનુ નામ વંચાય તેવા અંગરેજી અક્ષરોમા પોતાના સઘળા કાગળપત્રોમા લખાવવુ

૭૪ જો કોઇ કંપની આ આકટ પ્રમાણે પોતાનુ નામ જ્યા સુધી ચીતરાવીને ચોટાડશે નહી, ત્યા સુધી તેનો દરેક દીવસ બદલ પચાસ રૂપીયા સુધી દંડ થશે, તેમજ જે કંપનીનો અમલદાર પોતાના શિક્કામા ઉપર કહ્યા પ્રમાણે કંપનીનું નામ ચીતરાવશે નહી, કે કામ કોતર્યા વગરનો શિક્કો વાપરશે કે, પોતાના કાગળ પત્રોમા પોતાનુ નામ લખશે નહી તેનો પાચસે રૂપીઆ સુધી દંડ થશે અને તે ઉપરાત તે બીલ ઓફ એકસચેંજ, વાયદા ચીઠી, હુંડી કે ચેકના નાણા કંપની યોગ્ય રીતે નહી આપશે તો રૂપીઆ જે માણસનુ તે બીલ કે હુંડી હશે તેને તેણે પોતે આપવા પડશે

૭૫ જ્યારે કંપનીની જાહેર ખબર કે બીજા કાગળપત્રોમા કંપનીના મંજુર કરેલા ભંડોળની જે રકમની વાત લખી હોય ત્યારે તેમા ભંડોળની જે રકમ ભરાઇ હોય કે વસુલ આવી હોય તે બાબત પ્રસિદ્ધ જગાએ સ્હેલથી વંચાય તેવા અક્ષરે લખેલી હોવી જોઇએ જે કંપની કે અમલદાર આ પ્રમાણે કરવામા કસુર કરશે તેનો એક હજાર રૂપિઆ સુધી દંડ થશે

૭૬ દરેક કંપનીની જનરલ મીટીંગ દર વર્ષે નિદાન એકવાર અને છેલ્લી ભરાયલી મીટીંગ પછી વધારેમા વધારે ૧૫ મહીના પછી ભરવીજ જોઇએ જો તેમ નહી ભરે તો પાચસે રૂપીઆ સુધી દંડ થશે.

૭૭ આ આકટ શરૂ થયા પછી નોંધાયલી દરેક કંપનીએ પોતાને જે તારીખથી કામ શરૂ કરવાનો અધિકાર મળે તે તારીખથી ૭ મહીનાની મુદતની અંદર કંપનિના મેમ્બરોની એક જનરલમીટીંગ ભરવી અને તેને સ્ટેચ્યુટરી મીટીંગ કહેવી ડીરેકટરોએ તે મીટીંગ ભરાય તેના દસ દિવસ અગાઉ એક રીપોર્ટ

કંપનીના દરેક મેંબરને મોકલી આપવો રીપોર્ટ ખરો હોવાનો દાખલો ઓછામા ઓછા બે ડીરેક્ટરોએ તે લખવો જોઇએ, રીપોર્ટમા વહેચી આપવામા આવેલા કુલ શેરો પુરે પુરા ભરી દેવામા આવ્યા હોય તે અને થોડા ભરી દેવામા આવેલા હોય તે શેરો જુદા જુદા બતાવવા, શેરો બદલ કુલ રોકડ રકમ મળી હોય તે રીપોર્ટની તારીખથી ૭ દીવસની અંદર કંપનીને જે નાણા મળ્યા હોય તેનુ તથા તેમાથી કરેલા ભરણાનું પત્રક, કંપનીના ડિરેક્ટરો મેનેજરો અને સેક્રેટરીના નામ, પત્તો ને વર્ણન, જે કોઇ કરારના ફેરફાર મંજુર કરવા મીટીંગમા રજુ કરવાનો હોય તો તેની વીગત એ લખવુ જોઇએ

(૪) સ્ટેચ્યુટરી રીપોર્ટ ખરો હોવા બાબત કંપનીના એડીટરોએ દાખલો આપવો (૫) તેની નકલ રજીસ્ટ્રારને ત્યા મોકલવી [૬] તેમ કરવાને જે ડીરેક્ટર કસુર કરશે તે દરેક દીવસ બદલ પચાસ રૂપીઆ સુધીના દંડને પાત્ર થશે [૭] કંપનીના મેંબરોના નામ, વર્ણન, પત્તો, જેટલા શેર ધારણ કરતો હોય તેની ટીપ ડિરેક્ટરોએ મીટીંગની શરૂઆતમા રજુ કરાવવી ને તે મીટીંગ ચાલે ત્યા સુધી દરેક મેંબરને જોવા માટે ખુલ્લી રહે તેમ કરવુ, (૮) હાજર રહેનાર મેમ્બરોને કંપનીની રચના કે સ્ટેચ્યુટરી રીપોર્ટની કોઇ બાબત, ઉપર વાદવિવાદ કરવાની છુટ રહેશે (૯) મીટીંગોને પોતાનુ કામ મોકુફ રાખવાનો કે કોઇ ઠરાવ પસાર કરવાનો અધીકાર છે

૭૮ આર્ટિકલોમા ગમે તે ઠરાવ્યુ હોય તો પણ શેરના ભંડાળવાળી કોઈ પણ કંપનીના ડીરેક્ટરોએ ભરાઇ ગયેલા ભંડોળના ઓછામા ઓછા એક દશાંશ શેર ધારણ કરનારાઓની માગણી થાય તો તાબડતોબ કંપની અસાધારણ જનરલ મીટીંગ બોલાવવાનુ કામ શરૂ કરવુ

૭૯ કંપનીએ કોઇ મીટીંગ બોલાવવી તો દરેક મેંબરને ચૌદ દીવસની લેખી નોટીસ આપીને બોલાવવાનો અધીકાર છે (૨) પાચ મેમ્બરોને મીટીંગ બોલાવવાનો અધિકાર છે (૩) હાજર હોય તે મેમ્બરોએ ચુંટી કાઢેલા માણસને તેના ચેરમેન થવાનો અધિકાર છે (૪) દરેક મેમ્બર એક મત આપી શકશે

૮૦ જે કંપની બીજી કંપનીનો મેંબર હોય તે, ડિરેક્ટરોના ઠરાવ ઉપરથી, પોતાના કોઇ અમલદારને કે બીજા કોઇ સખસને તે બીજી કંપનીની મીટીંગ વખતે પોતાના તરફથી હાજર હોવાનો અધિકાર આપવાને મુખત્યાર છે

૮૧ જ્યારે કાઇ પણ ઠરાવ, મત આપવાના અધિકારવાળા મેમ્બરોના ઓછા પોણાભાગ જેટલા મેમ્બરોના વધુ મતે પસાર થયો હોય ત્યારે તે ઠરાવ અસાધારણ ઠરાવ ગણાશે ત્યારે કોઇ ઠરાવ વધુ મતે મંજુર થયા હોય તો તે વિશેષ ઠરાવ ગણાશે

૮૨ દરેક વિશેષ અને અસાધારણ ઠરાવની નકલ, તે ઠરાવ મંજુર કે પસાર થયાની તારીખથી પંદર દીવસની અંદર છપાવીને કે ટાઇપ કરાવીને રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવી ને તેણે તે દફતરે દાખલ કરવી

૮૩ દરેક કંપનીએ, જનરલ મીટીંગોમા તથા તેના ડિરેક્ટરોની કામોની મીનીટો દાખલ કરવા માટે રાખેલી બુકોમા દાખલ કરાવવી તે ઉપર ચેરમેને સહી કરી છે એમ જણાતું હોય તો તે ચાલેલા કામનો પુરાવો ગણાશે

૮૪ એકાદા સખશે આર્ટિકલો નોધાયા પહેલા કે પ્રોસ્પેક્ટસ પ્રસિદ્ધ થયા પહેલા પોતે ડિરેક્ટર થવાને ખુશી છે એવી પોતાની સહીની લેખી કબુલાત રજીસ્ટ્રારની આગળ ફાઇલ કરી નહી હશે તો, તેમ તેની લાયકાતથી ઓછી ન હોય તેટલી રકમના શેરો માટે મેમોરેન્ડમ ઉપર સહી કરી નહી હશે તો તે સખસન કંપનીના ડિરેક્ટર નીમી શકાશે નહિ.

૮૫ ૮૪ મી કલમના પ્રતિબંધોને બાધ આવ્યા સિવાય આર્ટિકલો ઉપરથી જે ડિરેક્ટરને નિર્દિષ્ટ કરેલી શેરની લાયકાત ધારણ કરવાનુ ઠરાવ્યુ હશે, અને જે અગાઉથી લાયક થયો નહી હશે તેણે પોતાની નીમણુક પછી બે મહિનાની અંદર પોતાની લાયકાત મેળવવી એ તેની ફરજ છે જો તે મુદ્દતની અંદર ન મેળવે તો તેની કંપનીના ડીરક્ટર તરીકેની જગ્યા ખાલી પડશે અને મુદત પુરી થયા છતા જો કામ કરશે તો તેના દરેક દિવસ માટે પચાસ રૂપીઆ સુધી દંડ થશે

૮૬ કોઇ ડીરેકટરની નીમણુક કે લાયકાતમા પાછળથી ખામી માલમ પડે તે છતા તેના કામ વ્યવહારોપયોગી ગણાશે

૮૭ દરેક કંપનીએ ડિરેકટરોના નામ, પત્તો, અને ધંધાવાળું એક રજીસ્ટર રાખી તેની એક નકલ રજીસ્ત્રારને ત્યા ફાઇલ કરવી

કરારો

૮૮ કોઈ કંપનીએ કરાર કરવા હોયતો નીચે લખ્યા પ્રમાણે કરવા, (૧) ખાનગી લોકો વચ્ચેના કરાર, કાયદા પ્રમાણે લખીને, અને તેનુ જોખમ જે પક્ષકારોને માથે નાખવુ હોય તેમની સહીવાળો કરવાની જરૂર પડે તેવો કોઈ કરાર કંપનીના હુકમથી કામ કરનારા કોઇ શખસને, કંપના તરફથી સહી કરવાનો અધીકાર છે અને તેવીજ રીતે તે ફેરવવા કે રદ બાતલ કરવાનો કરવાનો અધીકાર છે

૮૯ કંપનીના હુકમ પ્રમાણે ચાલનારા કોઇ શખસે કોઇ બીલ ઓફ એકસચેંજ, હુંડી કે વાયદા ચીઠી કંપનીને નામે કે તેના હીસાબે કરી હોય લખી હોય, શીકારી હોય કે તે પાછળ શેરો લખ્યો હોય તો તે કંપની તરફથી છે એમ સમજવુ

૯૦ કોઇ કંપની પોતાના સામાઈક શિકકાવાળા લખાણથી બ્રિટિશ હિંદુસ્તાનમા ન આવેલી કોઇ પણ જગાએ પોતાની તરફથી કામો કરવા સંબધમા પોતાના એટર્નિ તરીકે કોઇ માણસને ખત કરીને અખત્યાર આપવાને મુખત્યાર છે

૯૧ જે કંપનીને બ્રિટિશ હિંદુસ્તાનની હદની બહાર કામકાજ ચલાવવા સારૂ જરૂર હોય તે કંપની તેવી કોઇ જગાનો પોતાની ઓફીસનો શિકકો રાખવાને મુખત્યાર છે

પ્રોસ્પેકટસ

૯૨ કોઇ કંપનીએ કાઢવામા આવેલા પ્રોસ્પેકટસ ઉપર તારીખ નાખવી જોઇએ અને તેની ડીરેકટરે સહી કરેલી નકલ રજીસ્ત્રારને ત્યા નોધવા સારૂ ફાઇલ કરવી, તે સીવાય પ્રોસ્પેકટ કાઢવુ નહિ જો તેની નકલ ફાઇલ કર્યા વિના તે કાઢવામા આવે તો દરેક દિવસ બદલ પચાસ રૂપીઆ સુધી દંડ થશે

૯૩ કોઇ કંપનીએ કે તેની સાથે સબંધ ધરાવતો હોય તેવા સખસ તરફથી કાઢેલા પ્રોસ્પેકટમા નીચેની વિગતો હોવી જોઇએ, મેમોરેન્ડમમા લખેલી હકીકત, તેમા સહી કરનારાઓના નામ, વર્ણન, પત્તો, તેમણે ભરેલા શેરોની સંખ્યા, તેને સસ્થાપિત કરનારાને વહીવટ કરનારા કેટલા છે, ને ડિફર્ડ શેરો કેટલા છે, તેનો મિલ્કત તથા નફામા શેર ધારણ કરનારાઓના હિતસબધના પ્રકાર તથા હદ કેટલા છે, ડીરેકટરોની લાયકાત, તેમના તથા મેનેજરોના નામ, વર્ણન, પતો, તથા દરેક શેર માટે અરજી કરતી વખતે આપવાની રકમ વિગેરે હકીકત આવવી જોઇએ

૯૪ કંપનીએ કોઇ મિલ્કતના વેચાણ કે ખરીદી માટે કોઈ શરતી કે બિન શરતી કરાર જે સખસે કર્યો હશે તેને ૯૩ મી કલમના કારણો સારૂ વેચનાર સમજવો

૯૫ જ્યારે કંપની એ કોઈ મિલકત પટે લેવાની હોય ત્યારે વેચનાર—સત્તામા પટે આપનારનો સમાવેશ થતો હોત તેમ અને પેટા ખરીદનારમા પેટા પટે લેનારનો સમાવેશ થતો હોય તેમ ૯૩ મી કલમ લાગુ પડશે

૯૬ શેરો કે ડિબેચરો માટેના કોઈ અરજદારને ૯૩ મી કલમના કોઈ ઠરાવો મુજબ ચાલવાનું છોડી દેવાનુ ફરમાવનારી, કોઇ કરાર, દસ્તાવેજ કે બાબત સબધી તેને નોટીસ મળે છે એમ જણાતી કોઇ શરત બિનવ્યવહારોપયોગી ગણાશે

૯૭ પ્રોસ્પેકટ માટે જવાબદાર હોય એવો કોઈ ડીરેકટર કે બીજો સખસ ૯૩ મી કલમના કોઇ ઠરાવો પ્રમાણે ન ચાલે તો તેમ કર્યાને લીધે કોઇ પણ જોખમદારી ખમવી પડશે નહી

૯૮ જે કોઈ કંપની પ્રોસ્પેકટ કાઢે નહિ તેણે પોતાના કોઇ શેરો કે ડીબેંચરો પહેલી વખત વહેચતા અગાઉ પ્રોસ્પેકટરને બદલે જેમા મંડિરેકટરનુ નામ લખ્યુ હોય ને તેણે કે તેના મુખ્તીઆરે સહી કરી હોય એવુ પત્રક ફાઇલ કરવામા આવે નહી તે પહેલા વહેચવા નહિ

૯૯ કંપનીએ જનરલ મિટીંગની મંજુરીને શરતે રહ્યા સિવાય પ્રોસ્પેકટ કે તેને બદલે કાઢેલા પત્રકમા જણાવેલી કરારની સરતોમા, કોઈ પણ ફેરફાર કરવા નહિ.

૧૦૦ જ્યારે પ્રોસ્પેક્ટસમા લોકોને કોઈ કંપનીના શેર કે ડિબેંચરો ભરવાની માગણી કરવામા આવે ત્યારે તે વખતે જે સખસ કંપનીના ડીરેકટર હશે તે સખસ તે કંપનીનો પ્રવર્તક, અને તે પ્રોસ્પેક્ટ કાઢવાનો અધિકાર આપનારો દરેક શખ્સ, જે માણસો પ્રોસ્પેક્ટ સાચુ માની શેરો કે ડિબેંચરો ભરી આપશે તેમને, તેમાજ કુ રિપોર્ટ કે મેમોરેન્ડમમાની કાઈ ભૂલ કે ખોટી હકીકત ને લીધે જે કાંઈ ખોટ કે નુકશાન થાય તે માટે નિચે પ્રમાણે સાબીત ન થાય તો, બદલો આપવાને પાત્ર થશે

(અ) દરેક ભૂલ ભરેલા કે ખોટા મજકુરના સંબધમા તેનુ બરાબર વર્ણન હતુ એમ તે સાચો માનવાનુ તેને કારણ હતુ અને તે શેરો કે ડિબેંચરો વહેચી આપવામા આવ્યા ત્યા સુધી તેમ માનતો હતો એમ સાબીત થાય નહીં ત્યા સુધી

વહેંચણી

૧૦૧ લોકોને ભરાવવા માટે કાઢેલા કોઇ કંપનાના કોઈ પણ શેરના ભંડોળની નીચે લખેલી સરતો પ્રમાણે ચાલ્યા સિવાય વહેચણી કરવી નહિ, એટલે મેમોરેન્ડમ કે આર્ટિકલોમા નક્કી કરેલી કે પ્રોસ્પેકટમા લખેલી ઓછામા ઓછી જે રકમ ભરાયા પછી ડિરેકટરની વહેચણી કરવાનો અધિકાર રહે તે રકમ કે ઉપર પ્રમાણે ભરવા માટે કાઢેલા શેરના આખા ભંડોળની રકમ ભરાઇ ગયા સીવાય ને રકમ રોકડ મળ્યા સિવાય

૧૦૨ ૧૦૧ લી કલમના ઠરાવો વિરૂદ્ધ કોઇ અરજદારને વહેચણી કરવામા આવી હશે તો, નિરર્થક થવા યોગ્ય ગણાશે જે ડિરેકટર આ કલમનુ ઉલ્લઘન કરશે તે કંપનીને જે નુકશાન કે ખોટ ખમવા પડશે તેનો બદલો ભરી આપવાને પાત્ર થશે

૧૦૩ કોઇ કંપનીએ, રોકડી રકમ ભરવાની સરતે ધારણ શેરની એકંદર રકમ સુધી વહેચાઈ ગયા સિવાય, તેમ રોકડમા ભરવાના શેરો કે વહેચણી કરતી વખતે આપવાનો ફાળો આપ્યા સિવાય તેમજ તેવી મતલબનો સેક્રેટરી કે ડીરેકટરે કરેલો ખરાપણાના દાખલાવાળો એકરાર રજીસ્ત્રારને ત્યા ફાઇલ કર્યા સિવાય, કોઇપણ કામ શરૂ કરવુ નહિ

૧૦૪ જ્યારે શેરના ભંડોળવાળી કોઈ કંપની પોતાના શેરોની વહેચણ કરે ત્યારે તેણે ત્યાર પછી એક મહીનાની અંદર રજીસ્ત્રારને ત્યા, વહેચણીનુ પત્રક, તેમ શેરો જેને વહેચવામા આવ્યા હોય તે દર્શાવનારૂં પત્રક ફાઇલ કરવા જોઇએ

૧૦૫ જો આર્ટિકલ ઉપરથી કમીશન આપવાને અધિકાર આપવામા આવ્યો હોય, અને આપેલું કે આપવાને કબુલેલુ કમીશન અધિકાર આપેલા દર કરતા વધારે ન હોય, અને આપેલા કે કબુલેલા કમીશનની રકમ કે કમીશના ટકા, પ્રોસ્પેક્ટમા તેને બદલે કાઢેલા પત્રકમા જણાવેલા હોય તો તે કંપનીના કોઇ પણ શેરો માટે ભરનારાઓ મેળવી આપવાના અવેજ માટે કોઇ પણ સખસને મેળવી આપવાના અવેજ માટે કોઈ પણ સખસને કંપની કમીશન આપશે તો કાયદેસર ગણશે

૧૦૬ જ્યારે કોઈ કંપનીએ, કોઈ પણ શેરો કે ડિબેંચરોના કમિશન કે વટાવ બદલ કાંઇ રકમ આપી હોય તે સઘળી રકમ માંડી વાળવામા આવે ત્યા સુધી કંપનીના સરવાયામા જણાવવી

૧૦૭ જેમાથી લાંબી મુદત સુધી નફો થઈ શકશે નહા, એવા કોઇ બાંધકામ, ઇમારત કે પ્લોટ પુરો પાડવાના ખર્ચ સારૂ નાણા ઉભા કરવા માટે કંપનીના શેરો કાઢયા હોય ત્યારે તે ભંડોળના જેટલા ભાગના નાણા અપાયા હોય તેટલા ઉપર આ કલમમા ઠરાવેલી શરતોને બંધનોને પાત્ર વ્યાજ આપવાનો અને તે વ્યાજ તે ઇમારત વીગેરે બાંધવાના ખર્ચના ભાગ તરીકે ભંડોળ ખાતે લખવાનો તે કંપનીને અધિકાર છે પણ તેવી રકમ આપવા માટે અધિકાર ન આપેલ હોય તો તે આપવી નહિ તેમ અધિકાર આપ્યો હોય તો પણ સરકારની મંજુરી વગર આપવી નહિ વ્યાજનો દર સેકડે ચાર ટકા કરતા ઓછો હોવો ન જોઇએ,

૧૦૮ દરેક કંપનીએ પોતાના શેર, ડીબેંચર કે સ્ટોક વહેચ્યા પછી ત્રણ મહીનાની અંદર તેના સરટીફીકેટો આપવા માટે તૈયાર કરીને રાખવા

૧૦૯ જે ગીરો કે ચાર્જ આ આકટ શરૂ થયા પછી કોઈ કંપનીએ કર્યો હોય, અને જે ડીબેંચરો

કાઢવા માટેના તારણ માટેના હોય છે કંપનીના કોલ કર્યા વગરના શેર ભંડોળ ઉપરનું હોય જે કાઇ પણ સ્થાવર મલ્કિત ઉપરનું હોય કેજે બુકડેટ ઉપરનું હોય કે તે દરેક ગીરો કે ચાર્જ તે ઉપરથી જેટલે અંશે તે કંપનીની મિલ્કત કે તારણ કરી આપવામા આવતું હોય તેટલે અંશે તે કંપનીના લિકવીટેડર અને કોઇ પણ લેણદારની સામે બિન વ્યવહારોપયોગી ગણાશે પરંતુ જે લેખ ઉપરથી તે કરવામા આવ્યુ હોય તેની નકલ તેની તારીખ પછી ૨૧ દિવસની અંદર આ આકટમા ઠરાવેલી રીત પ્રમાણે રજીસ્ટ્રારને ત્યા નોધવા માટે ફાઇલ કરવામા આવ્યા હોય તો તે બિનવ્યવહારોપયોગી ગણાશે નહિ જ્યારે કોઇ ગીરો કે ચાર્જ બિનવ્યહારોપયોગી થાય ત્યારે તે ઉપરથી તારવી આપેલા પૈસા તરતજ ભરી દેવા જોગ થશે

૧૧૦ જ્યારે અનેક ડિબેચરો કંપની તરફથી કાઢવામા આવે ત્યારે તે દસ્તાવેજ કર્યા પછી ૨૧ દિવસની અંદર, ડિબેચરોથી તારણ કરી આપેલી કુલ રકમ તેનો ઠરાવ કર્યાની તારીખ ચાર્જ કરેલી મિલકતની હકીકત, ત્રસ્ટીઓના નામ તથા તે દસ્તાવેજની નકલ રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવામા આવશે તો ૧૦૯ કલમના કારણ સારૂ પુરતું થશે રજીસ્ટ્રારે ઠરાવેલી ફી લઇને તે દાખલ કરવા

૧૧૧ કંપનીના કોઈ ડિબેચરો, જે કોઇસખસે ભયા હોય કે ભરાવ્યા હોય કે કબુલ્યા હોય, તેના અવેજમા તેને કંપની તરફથી કઇ પણ કમીશન કે વટાવ આપવામા આવ્યો હોય, ત્યારે ૧૦૯ અને ૧૧૦ મી કલમની રૂએ નોધવા માટે જે વિગતે ફાઇલ કરવી હોય તેમા તેની વિગતોનો સમાવેશ કરવો આમ ન કરવામા આવે તો કાઢેલા ડિબેન્ચરો કાયદેસર થવામા બાધ આવશે નહિ

૧૧૨ રજીસ્ટ્રારે કંપનીના ગીરો અને ચાર્જનુ ઠરાવેલા નમુના પ્રમાણે રજીસ્ટર રાખીને તેમા તેની વિગતો રાખલ કરવી, ને દાખલ કર્યા પછી નકલો ફાઇલ કરનાર સખસને પાછી આપવી.

૧૧૩ રજીસ્ટ્રારે નોધેલા ગીરો અને ચાર્જની એક અનુક્રમણીકા ગખવી

૧૧૪ રજીસ્ટ્રારે નોધેલા ગીરો અને ચાર્જ નોધ્યા બાબતનો પોતાની સહીવાળો દાખલો આપવો જોઇએ

૧૧૫ કંપનીએ ડિબેચર અથવા ડિબેચર સ્ટોકના સરટીફીકેટ ઉપર નોધ્યા બાબતના દાખલાની નકલનો શેરો કરાવવો

૧૧૬ નોધાવવા જોઇએ એવા કંપનીએ કરેલા દરેક ગીરો કે ચાર્જની અને અનેક ડિબેચરો કાઢયા બાબતની ઠરાવેલી વિગતો નોધાવવા માટે રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરાવવાની ફરજ છે પણ આવા ગીરો કે ચાર્જમા હિત સંબધ ધરાવતા કોઇ પણ સખસની અરજી ઉપરથી તે નોધવાનો અધિકાર છે જ્યારે કંપની સિવાય બીજા સખસે નોધવા માટે ફી આપી હોય તે કંપની પાસેથી વસુલ કરવાનો તેને હક રહેશે

૧૧૭ કંપનીએ નોધાવવા જોઈએ એવા ગીરો કે ચાર્જના દસ્તાવેજની નકલ રખાવવી

૧૧૮ જે સખસને કંપનીની મિલ્કતના રિસિવર નિમવાનો હુકમ મળે તે, રિસિવર નીમેલો, નીમ્યાની કે હુકમ મળ્યાની તારીખથી પંદર દિવસની અંદર રજીસ્ટ્રારને ત્યા તે બાબતની નોટીસ ફાઇલ કરવી ને રજીસ્ટ્રારે તે ફી લઇને ગીરો કે ચાર્જના રજીસ્ટરમા દાખલ કરવી આ પ્રમાણે વર્તવામા કસુર કરનારનો દરેક દિવસ બદલ પચાસ રૂપીઆ સુધી દંડ થશે

૧૧૯ નિમાયલા દરેક રિસિવરે, અર્ધા વર્ષમા એક વખત કંપનીની મિલ્કતના ઉપજ અને ભરણાના ઠરાવેલા નમુના પ્રમાણેની તારીજ રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવી. અને રજીસ્ટ્રારે તે દાખલ કરવી આ કામ કરવામા કસુર કરનાર રિસિવરને પાચસે રૂપીઆ સુધીની દંડની શિક્ષા થશે

૧૨૦ જો કોર્ટની ખાત્રી થાય કે ગીરો કે ચાર્જની વિગત મુદતની અંદર ન નોધાવ્યાની કે અકસ્માત ખોટી કે નજર ચુકથી નોધ્યાની વાત બની હતી, ને તેથી કંપનીને હરકત થાય તેવી તે નથી કે દાદ આપવી વ્યાજબી છે, તો હીત સંબંધ ધરાવતા કોઇ પણ સખસની અરજી ઉપરથી પોતાને યોગ્ય લાગે તે સરતે તે સુધારવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે,

૧૨૧ ગીરો કે ચાર્જ આપવામા આવેલુ દેણું ભરપાઇ કે પતાવટ કર્યું છે, તો તેની યાદી રજીસ્ટરમા દાખલ કરવાનો હુકમ કરવાને રજીસ્ટ્રાર મુખત્યાર છે

૧૨૨ જો કોઇપણ કંપની, ગીરો ચાર્જની વીગતો માટે ફાઇલ કાઢયાની વાત રજીસ્ટ્રારને ત્યા નોધાવવા માટે ફાઇલ કરવામા કસુર કરે તો, દરેક દિવસ બદલ પાચસે રૂપીઆ સુધીના દંડને પાત્ર થશે.

૧૨૩ દરેય લીમીટેટ કંપનીએ ગીરોનું રજીસ્ટર રાખવું ને તેમાં બધા ગીરો કે ચાર્જો દાખલ કરવા જો તે કરવાને કસુર કરશે તો પાચસે રૂપીઆ સુધીના દંડને પાત્ર થશે

૧૨૪ રજીસ્ત્રારની પાસે નોધાવવા જોઇતા કાઇપણ ગીરો કે ચાર્જ ઉભા કરતા દસ્તાવેજોની રાખેલી નકલો અને રાખવામા આવેલુ ગીરોનું રજીસ્ટર, કઇપણ ફી આપ્યા સિવાય, કંપનીના કાઇપણ લેણદાર કે મેમ્બરને તપાસવાને માટે ખુલ્લા રાખવા જોઇએ જો તે નકલો કે રજીસ્ટર તપાસવાની કંપની ના કહેશે તો તેનો પચાસ રૂપીઆ સુધી દંડ થશે અને જેટલા દહાડા સુધીના કહેશે તે દિવસ બદલ વીસ રૂપીઆ સુધી દંડ થશે ઉપરાત કોર્ટ તે નકલો કે રજીસ્ટર તુરત તપાસ કરવા દેવાની ફરજ પાડવાને મુખત્યાર છે

૧૨૫ કંપનીના ડિબેચરે ધારણ કરનાનુ દરેક રજીસ્ટર ડિબેચર ધારણ કરનારની અને કંપનીના કોઈ-પણ શેર ધારણ કરનારની તપાસ માટે રોજ બે કલાક ખુલ્લુ રાખવુ જોઈએ અને તે જો નકલ માગે તો સો શબ્દ કે તેના ભાગે ૬ આના ફી લઈને આપવી જો તપાસ કરવાની કે નકલ આપવાની કંપની ના પાડે તો પચાસ રૂપીઆ સુધી દંડને પાત્ર થશે

૧૨૬ કોઇ પણ ડિબેચરમાની તારણ આપવા માટેના કોઈ દસ્તાવેજમાની કોઈ સરત તે ઉપરથી તે પાછા વેચાતા લઇ ન શકાય એવા બનતા હોય કે ગમે તે લામે વખતે બનનારી કે કોઇ બીના બને તો કે ગમે તેટલી લાબી મુદત પુરી થાય તો જ પાછા વેચાતા લઇ શકાય એવા બનતા હોય તે કારણથી, બિન વ્યવહારોપયોગી થશે નહિ

૧૨૭ કોઇ કંપનીએ અગાઉ કાઢેલા ડિબેન્ચરો પાછા વેચાતા લીધા હોય, ત્યારે તે કંપનીએ તે કાઢવાની સરતોમા બીજી રીતે ઠરાવ્યુ ન હોય તો, કે કોઈ પણ શરતની રૂએ પાછા વેચાતા લીધેલા ન હોય તો, તે ડિબેન્ચરો પાછા કાઢવા માટે તાજી રાખવાનો અધિકાર છે

૧૨૮ કોઇ કંપનીના કોઈ પણ ડિબેચરો લઇને તે માટે પૈસા ભરવાનો કરાર વિશેષ રીતે પુરો કરવાના હુકમનામાની રૂએ અમલમા આણવાનો અધિકાર છે

૧૨૯ જ્યારે ફ્લોટિંગ ચાર્જથી તારણ આપેલા કંપનીના કોઇ પણ ડિબેચર ધારણ કરનારાઓ તરફથી રીસીવર નીમવામા આવે, અથવા તે આજમા સમાવેશ થતો હોય તેની કોઇ મિલ્કતનો, ડિબેચર ધારણ કરનારાઓ તરફથી કબજો લેવામા આવે ત્યારે, જો તે કંપનીનું નામ તે વખતે બંધ કરવામા આવતુ ન હોય તો, દરેક બંધ કરતી વખતે જે કર, જે સર્વ કરતા પહેલા ભરવાના હોય તે રિસીવરના કે કબજો લેનારા બીજા સખસના હાથમા આવેલી કાઇ મિલ્કતમાથી ડિબેચરના સબંધમા કાઇ પણ મુદ્દલ કે વ્યાજ માટેના કોઇ પણ દાવા કરતા પહેલા આપી દેવા

૧૩૦ દરેક કંપનીએ હિસાબના યોગ્ય ચોપડા રાખવા ને તેમા કંપનીના વ્યવહાર અને લેવડદેવડનો વિગતવાર ખરા અને પુરેપુરા હિસાબ લખવા

૧૩૧ દરેક કંપનીએ દર વર્ષે એકવાર પંદર મહિનાને અંતરે કંપનીના હિસાબની બાકી કઢાવવી ને સરવાયુ તૈયાર કરવુ, તે કંપનીના ઓડિટરે ઓડિટ કરવુ, ને તેના રીપોર્ટ તે સાથે જોડવો જે કંપની તેમા કસુર કરશે તેનો એક હજાર રૂપીઆ સુધી દંડ થશે

૧૩૨ તે સરવાયામા તે કંપનીની મિલકત તથા અનેજનો ને ભંડોળ તથા જોખમદારી સારાશ ને તેના પ્રકાર દર્શાવે તેની વિગતો હોવી જોઇએ

૧૩૩ તે સરવાયા પર, કંપનીની બાબતમા, મેનેજર અને ડિરેકટરોએ સહી કરવી જોઈએ જે ઉપર આ પ્રમાણે સહી ન હોય તે કંપની કે તેના કસુર કરનાર અમલદારને પાચસો રૂપીઆ સુધી દંડ થશે

૧૩૪ કંપની આગળ જનરલ મીટીંગમા સરવાયુ રજુ કરવામા આવે પછી તે કંપનીના મેનેજર કે સેક્રેટરીએ સહી કરેલી તેની નકલ ૩૨ મી કલમના ઠરાવ મુજબ તૈયાર કરવામા આવેલી મેમ્બરોની વાર્ષિક યાદી તથા ટુંક હકીકત, જે વખતે રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવામા આવે તેજ વખતે ફાઈલ કરવી જનરલ મીટીંગ સરવાયુ કબુલ ન રાખે તો તે હકીકતને કારણોનું પત્રક સરવાયાની સાથે રજીસ્ટ્રારને ત્યા ફાઈલ કરવાની નકલ સાથે રાખવુ આ કલમ ખાનગી કંપનીને લાગુ નથી જે કંપની કસુર કરશે તેને ૩૨ મી કલમમા જે શિક્ષા ઠરાવી છે તેજ શિક્ષા થશે.

૧૩૫ કોઇ કંપનીના કોઇ મેમ્બરને સરવાયાની તથા ઓડીટરના રીપોર્ટની નકલો દર સો શબ્દ કે તેના ભાગ માટે છ આના આપ્યાથી મળવાનો હક થશે

૧૩૬ નિયમત જોખમવાળી દરેક બેંકિંગ કંપનીએ તથા દરેક ઇન્સ્યુરન્સ કંપનીએ અનામત રાખનાર કે પ્રોવિડંટ કે બેનીફીટ સોસાયટીએ પોતાનુ કામ ચલાવતા પહેલા ફેબરૂઆરી ને અગષ્ટ મહીનાના પહેલા સોમવારે આ આકટને જોડેલા નમુના પ્રમાણે એક પત્રક તૈયાર કરી તેના નકલ, કંપનીની દરેક ઓફીસે પ્રસિદ્ધ ભાગ ઉપર રાખવુ, આઠ આના આપવાથી કંપનીના દરેક મેમ્બર તેમ લેણદારને તેની નકલ મળી શકશે જે કંપની આમા જેટલા દીવસ સુધી કસુર કરશે તેનો પાચસો રુપીઆ સુધી દંડ થશે

૧૩૭ જ્યારે કોઈ રજીસ્ટારને કોઇ કંપનીએ પોતાનો રજુ કરવાનો દસ્તાવેજ વાચી જોતા એમ લાગે કે તે માટે કાંઇ ખુલાસાની જરૂર છે, તો તેને લેખી હુકમ કરી તે ખબર કે ખુલાસો લખી પુરો પાડવાને ફરમાવી શકે કંપનીના દરેક અમલદારે આ પ્રકારનો ખુલાસો પુરો પાડવો જે કસુર કરશે તેને પચાસ રૂપીઆ સુધી દંડ થશે રજીસ્ટારે આવો ખુલાસો અસલ દસ્તાવેજ સાથે જોડવો જો ખુલાસો રજુ ન થાય કે ખુલાસો વાચી જોતા વિવક્ષિત દસ્તાવેજમા વ્યવહારની સ્થિતિ અસંતોષકારક છે તો રજીસ્ટારે તે બાબતનો સ્થાનિક સરકારને રીપોર્ટ કરવો

૧૩૮ કોઇ પણ કંપનીના કામકાજ પોતે ફરમાવ્યુ હોય તે રીતે ચોકશી કરીને રીપોર્ટ કરવા સારૂ એક કે વધારે લાયક ઇન્સ્પેકટરો નીમવાનો સ્થાનિક સરકારને અધિકાર છે, એટલે શેર ધારણ કરનારા મેમ્બરોની અરજી ઉપરથી કે રજીસ્ટારને ૧૩૭ મી કલમ મુજબના રીપોર્ટ ઉપરથી.

૧૩૯ ૧૩૮ મી કલમની રૂયે મેમ્બરોએ કરેલી અરજીના ટેકામા તે ચોકસી કરવાનુ પાકુ કારણ છે, ને તેમણે અદાવતથી તેવુ કહેલુ નથી તે બતાવવા સારૂ સ્થાનિક સરકાર જે પુરાવો માગે તે આપવો

૧૪૦ કંપનીને લગતી જે બુકો કે દસ્તાવેજ હોય તે ઇન્સ્પેકટર આગળ હાજર કરવાની કંપનીના અમલદારોની ફરજ છે ઇન્સ્પેકટરને કોઇ સખસની સોગન ઉપર જબાની લેવાનો અધિકાર છે જે અમલદાર આ કલમ પ્રમાણે દસ્તાવેજો કે બુકો હાજર નહીં કરે કે જવાબ આપવાની ના પાડશે તેનો પચાસ રુપીઆ સુધી દંડ થશે

૧૪૧ ચોકશીનુ કામ પુરૂં થયા પછી, ઇન્સ્પેકટરોએ પોતાના અભિપ્રાય સાથે સ્થાનિક સરકારને રીપોર્ટ કરવો

૧૪૨ કંપનીના વિશેષ ઠરાવ કરીને પોતાના કામકાજની તપાસ કરવા સારૂ ઇન્સ્પેકટરો નીમવાનો અધિકાર છે

૧૪૩ આ આકટની રૂયે નીમેલા ઇન્સ્પેકટરોએ કરેલા કંપનીના સિક્કાથી સપ્રમાણ કરેલી તેના રીપોર્ટની નકલ હરકોઇ કાયદેસર કામમા તેમા લખેલી વાત બાબત અને તેના ઇન્સ્પેકટરોનો અભિપ્રાય હોય તે વિષે પુરવામા લેવાનો અધિકાર છે

૧૪૪ પોતે ઓડિટર થવાનો હક ધરાવે છે, એવુ સ્થાનિક સરકારનુ સર્ટિફીકેટ ધારણ કરનારા સખસ સિવાયના બીજા કોઇ પણ સખસને ખાનગી કંપની સિવાય બીજી કંપનીનો ઓડિટર નીમવો નહિ, અને તેણે ઓડિટર તરીકે કામ કરવુ નહિ કંપનીનો ડિરેકટર કે અમલદાર ઓડિટર નીમાઈ શકશે નહીં

૧૪૫ કંપનીના દરેક ઓડિટરને ગમે તે વખતે કંપનીની બુકો તથા હીસાબ અને વાઉચરો જોવાનો હક રહેશે અને તેમને જરૂરની હોય તેવી માહીતી ને ખુલાસા કંપનીના ડીરેકટરો તથા અમલદારો પાસે માગવાનો તેમને હક રહેશે તેમણે તપાસેલા હિસાબના સબંધમા મેમ્બરોને રીપોર્ટ કરવો

૧૪૬ કંપનીના સાધારણ શેર ધારણ કરનારાઓને કંપનીના સરવાયા તથા ઓડિટરોના રીપોર્ટો મેળવવાનો તથા તપાસવાનો જેવો હક છે, તેવોજ હક કંપનીના પ્રેફેરન્સ શેર તથા ડિબેંચરો ધારણ કરનારાઓને પણ રહેશે ખાનગી કંપનીને તેમ આ આકટ થયા પહેલા નોધાયલી કંપનીને આ કલમ લાગુ નથી

૧૪૭ જો કોઇ કંપનીના મેમ્બરોની સંખ્યા ઘટાડી ખાનગી કંપનીની બાબતમા બે કરતા ઓછી કરવામા આવે ને બીજી કંપનીની બાબતમા સાત કરતા ઓછી કરવામા આવે, અને તે દરમ્યાન

છ મહીનાથી વધારે વખત સુધી કામ ચલાવે તો જેટલી મુદત સુધી તે કપની છ મહીના પછી કામ ચલાવશે તેટલી મુદત સુધી, જે માણસ કપનીનો મેમ્બર હશે, તે દરેક માણસ તેટલી મુદતમા કપનીએ જે કારજ કર્યું હશે તે સઘળુ આપવાને પોતે જુદો જ પાત્ર થશે અને બીજા કોઈપણ મેમ્બરને ફરીયાદીમા સામેલ કર્યા વિના તેના ઉપર તે કરજ બાબત ફરીઆદ માડવાનો અધિકાર છે

૧૪૮ કપની ઉપર બજાવવાના દસ્તાવેજ, કપનીની નોધેલી ઓફીસમા મુકી આવીને કે ટપાલ મારફતે મોકલીને બજાવવાનો અધિકાર છે

૧૪૯ રજીસ્ટાર ઉપર બજાવવાના દસ્તાવેજને ટપાલ મારફતે મોકલીને કે તેને આપીને કે તેની ઓફીસમા તેને સારૂ મુકી આવીને બજાવવાનો અધિકાર છે

૧૫૦ કોઈ દસ્તાવેજ કે કામના કાગળ ઉપર કપનીની સહી જોઇતી હોય તો, તે ઉપર કપનીના ડીરેક્ટરને કે સેક્રેટરીને કે અખત્યારવાળા બીજા અમલદારને સહી કરવાનો અધિકાર છે. તેની ઉપર કપનીના મજીયારા સિક્કાની જરૂર નથી

૧૫૧ ત્રીજા પરિશિષ્ટમાના નમુના કે તેના જેવા નમુના જે કામને લાગુ હોય તે સઘળા કામમા વાપરવા તે પરિશિષ્ટમા જે ફી રજીસ્ટ્રારને આપવાનુ કહ્યુ છે તે ફી વધે નહિ, એ પ્રમાણે યોગ્ય ફેરફાર ઇંડિયા ગેઝેટમા પ્રસીદ્ધ કરીને કોઇપણ કોષ્ટક કે નમુનામા કરવાનો ગવર્નર જનરલ ઇન કૌન્સિલને અધિકાર છે

૧૫૨ કોઇ કપનીને બીજી કપની સાથે વાધો હોય તે બાબત લવાદી સંબંધી આકટ મુજબ લેખી કબુલત કરીને લવાદોને સોપવાનો તે કપનીને અધીકાર છે

૧૫૩ જ્યારે કોઇ કપની અને તેના લેણદારો વચ્ચે કે તેના મેમ્બરો વચ્ચે, તોડજોડની કે બંદોબસ્તની યોજના સુચવવામા આવે ત્યારે, તેમની અરજી ઉપરથી, અથવા કપનીનું કામ બધ કરવાનુ હોય તો લિક્વિડેટરની કરેલી અરજી ઉપરથી કોર્ટને તે તેના લેણદારો કે મેમ્બરોની મીટીગ પોતે ફરમાવે તે રીતે બોલાવવાનો, ભરવાનો ને તેનુ કામ ચલાવવાનો અધિકાર છે જો તે મીટીગમા તેમાના ¾ ભાગ વાળા લેણદારો હરકોઇ બંદોબસ્ત કે તોડજોડ કરવાને કબુલ થશે તો, જે કોર્ટ મજુર કરશે તે પ્રમાણે કપનીના લિક્વિડેટરને અને ફાળો આપનારાઓને ચાલવુ પડશે

૧૫૪ કોઈ પણ કપનીને તેના મેમોરેન્ડમ આર્ટીકલોમા લખ્યુ હોય તેને પાત્ર, કે વિશેષ ઠગવની નકલ રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરીને, તે કપની સાર્વજનિક કપની હોત, ને પોતાના શેરો કે ડિબેચરો વહેંચ્યા પહેલા પ્રોસ્પેક્ટને બદલે પત્રક ફાઇલ કરવુ પડત તે પત્રક ફાઇલ કરીને કે જે એકરાર ફાઇલ કરવો પડત, તે સાથે ફાઈલ કરીને પોતે સાર્વજનિક કપની થઇ જવાનો અધિકાર છે. રજીસ્ટ્રારે તે ફેરફાર પોતાની બુકમા નોધવો

ભાગ ૫ મો—કામકાજ આટોપીને બંધ કરવા બાબત.

૧૫૫ કપનીનુ કામકાજ આટોપીને બધ કરવાનો અધિકાર, કોર્ટને પોતાના કે કોર્ટની દેખરેખને પાત્ર રહીને છે

૧૫૬ કોઇ કપનીનુ કામકાજ આટોપીને બધ થાય ત્યારે, હમણાનો ને અગાઉનો દરેક મેમ્બર, આ કલમના ઠરાવોને પાત્ર તે કપનીના કરજને જોખમદારીને કામકાજ આટોપીને બધ કરવાનો સઘળો ખર્ચને ફાળો, આપનારાઓના માહેમાહેના હકનો ઠરાવ કરવાને જેટલા ખપ પડે તેટલા રૂપીઆ આપવા સારૂ કપનીના અસેજમા જોઇતી રકમનો ફાળો હેઠળ લખેલી શરતોથી આપવાને પાત્ર થશે એટલે કે—કામ બધ કરતા પહેલા એક વર્ષ કે તેથી વધુ મુદત સુધી જે મેમ્બર બધ થયો હોય તે, મેમ્બર બધ થયા પછી કપનીએ કરજ કર્યુ હશે, તે હમણાનો જે મેમ્બર ફાળો આપવાને શક્તિમાન ન હોય તે, મેમ્બર ફાળો આપવાને પાત્ર થશે નહિ જામીનગીરીથી નિયમિત કરેલી હોય કે જેના ભડોળના શેર કરેલા હોય તે કપનીના દરેક મેમ્બરમાથી લીધેલા ફાળો આપવાની રકમ ઉપરાત, તેની પાસે જેટલા શેર હોય તેટલા શેર બાબત જેટલા રૂપીઆ ભરાયા ન હોય તેટલા રૂપીઆ સુધીનો ફાળો આપવાને પાત્ર થશે

૧૫૭ કોઇ લિમિટેડ કપનીનુ કામકાજ આટોપીને બંધ કરવામા આવે ત્યારે જે કોઇ ડીરેક્ટરની જોખમદારી અનિયમિત હોય તે ડીરેક્ટર, મેમ્બર તરીકે જે ફાળો આપવાને પાત્ર હોય તે ઉપરાંત તે

જાણે અનલિમિટેડ કંપનીનો મેમ્બર હોય તેની રીતે ફાળો આપવાને પાત્ર થશે, પણ કંપનીનુ કામ બંધ કરવાનુ શરૂ કર્યા પહેલા એક વર્ષ કે તેથી વધુ મુદત્તથી બધ થયો હોય તો તે તેમ બધ-થયા પછી કંપ-નીએ કરજ હોય તે આપવાને તે ડીરેકટર પાત્ર થશે નહિ

૧૫૮ 'ફાળો આપનાર' એ શબ્દનો અર્થ, કંપનીનુ કામકાજ આટોપીને બધ કરે ત્યારે તેના અવે-જમા ફાળો આપવાને જે માણુસ પાત્ર હોય તે દરેક માણુસ એવો થાય છે.

૧૫૯ ફાળો આપનારા કોઇ પણ સખસની જોખમદારી ઉપરથી તેને માથે જ્યારથી તેની જાખમદારી શરૂ થઈ ત્યારથી તેની પાસે લેણુ નીકળે એવી રીતનુ કરજ ઉત્પન્ન થાય છે એમ સમજવુ

૧૬૦ જો કોઈ ફાળો આપનાર, તેનુ નામ ફાળો આપનારની યાદીમા દાખલ કરતા પહેલા કે પછી મરી જાય તો તેના વારસ વકીલ કે તેની માલ મિલ્કતનો વહીવટ કરનાર તેને માથેનુ કરજ વાળવાને કંપનીના અવેજમા ફાળો આપવાને પાત્ર છે એમ સમજવુ

૧૬૧ ફાળો આપનારની યાદીમા નામ દાખલ કરતા પહેલા કે પછી જો કોઈ નાદાર થાય તો તેના અસૈનીને કામકાજ આટોપીને બધ કરવાના સઘળા કારણો સારૂ તે નાદારને વારસ વકીલ સમજવુ

૧૬૨ કંપનીનુ કામકાજ આટોપીને બધ કરવાનો અધિકાર હેઠળ પ્રમાણે હોય તો કોર્ટને છે એટલે (૧) કંપનીનુ કામકાજ કોર્ટે આટોપીને બધ કરવુ, એમ કંપનીએ વિશેષ ઠરાવ કરીને ઠરાવ્યુ હોય તો, (૧) સ્ટાચ્યુટરી રીપોર્ડ ફાઇલ કરવામા કે મીટીગ ભરવામા કસુર કરી હોય તો, (૩) કંપની મસ્થાપિત થયા પછી એક વર્ષતા મુદતમા પોતાનુ કામ ચાલુ કર્યું ન હોય તો કે એક આખા વર્ષ સુધી કામ બધ રાખ્યુ હોય તો, (૪) કે મેમ્બરોની મખ્યા ખાનગી કંપની માટે ૨ થી કે બીજી માટે ૭ થી ઓછી થઇ ગઇ હોય તો (૫) કંપનીને પોતાનુ કરજ વાળવાની શક્તિ ન હોય તો, (૬) અને કામ બધ કરવાની વાત ન્યાયપુરસ્સર છે એવો કોર્ટનો મત હોય તો

૧૬૩ કંપનીને પોતાનુ કરજ વાળવાની શક્તિ નથી એવુ હેઠળ લખ્યા પ્રમાણે હોય તો સમજવુ એટલે કે (૧) કંપનીનો જે લેણુદાર કંપની પાસે પાચસે રૂપીઆ કરતા વધતા રૂપીઆ માગતો હોય તે રૂપીઆ ઉઘરાણી કર્યા પછી ત્રણ અઠવાડિયા સુધી આપવામા કંપની ગફલત કરે કે તે બાબત તારણ આપવાની તે તેની તોડજોડ કરવાની ગફલત કરી હોય તો, (૨) કોર્ટે કરેલુ હુકમનામુ બજાવવાનો હુકમ કે પ્રોસેસ આપ્યુ હોય તેની બધી કે થોડી ઘણી ભરપાઇ થયા વગર તે પાછુ આવે તો, (૩) કે કંપનીનુ પોતાનુ કરજ દાબવાની શકિત નથી, એવુ કોર્ટની ખાત્રી થાય તે રીતે સાબીત કરવામા આવે તો.

૧૬૪ આ આકટ પ્રમાણે કોઇ કંપનીનુ કામકાજ આટોપીને બધ કરવાનો હુકમ હાઇકોર્ટ કરે ત્યારે, પોતાને યોગ્ય લાગે તો તે પછીનુ સઘળુ કામ કોઇ ડિસ્ટ્રીકટ કોર્ટમા ચલાવવાનુ ફરમાવવાને તે મુખત્યાર છે તે ઉપરથી ડિસ્ટ્રીકટ કોર્ટ આ આકટના અર્થ પ્રમાણે કોર્ટ છે એમ સમજવુ અને તેને હાઇકોર્ટની સઘળી હકુમત તથા અધિકાર છે એમ સમજવુ

૧૬૫ કોઇ ડીસ્ટ્રિકટ કોર્ટમા કંપનીનુ કામ બધ કરવાનુ કામ ચાલતુ હોય ત્યારે, તે કામ બીજી કોઇ ડીસ્ટ્રિકટ કોર્ટમા ચાલે તો વધુ સુગમ થાય એવુ હાઇકોર્ટને દેખાડવામા આવે તો હાઇગોર્ટ તે કામ તેની બીજી કોર્ટમા મોકલવાનો મુખત્યાર છે

૧૬૬ કોઈ કંપનીનુ કામકાજ બધ કરવા બાબતની અરજી કરવી, તે આ કલમના ઠરાવોને પાત્ર કંપનીએ કે કોઇ લેણદારે, ફાળો આપનારાઓએ કે તે સઘળાઓએ સામટા કે છુટક છુટક આપવી જોઈએ

૧૬૭ કંપનીનુ કામકાજ આટોપીને બધ કરવા બાબતના હુકમનો અમલ કંપનીના સઘળા લેણુદા-રોના અને ફાળો આપનારા લાભમા થશે

૧૬૮ કંપનીનુ કામકાજ કોર્ટ પાસે આટોપીને બધ કરાવવાની વાત તેમ કરવાની અરજી આપે ત્યારથી શરૂ થઇ એમ સમજવુ

૧૬૯ આ આકટ પ્રમાણે કંપનીનુ કામ કાજ આટોપીને બધ કરવાની અરજી આપ્યા પછી તેનું

કામકાજ બંધ કરવાનો હુકમ કર્યા પહેલા હરકોઇ વખતે કંપનીની કે છેલા લેણદારની કે ફાળો આપનારની અરજી ઉપરથી, કામ ચલાવવાનુ પોતાની નજરમા આવે તે સરતે બંધ કરવાને કોર્ટ મુખત્યાર છે

૧૭૦ અરજી સુનાવણી કર્યા પછી ખર્ચ આપવો કે નહિ તેવો ઠરાવ કરીને અરજી કહાડી નાખવાનો કે સુનાવણી કરવાનુ કામ મુલતવી રાખવાનો કે પોતાની નજરમા આવે તેવો બીજો હુકમ કરવાનો કોર્ટને અધિકાર છે પણ તે અવેજ તેના જેટલી કે વધારે રકમ બદલ ગીરો મુકયો છે, કે તેનો તે અવેજ નથી એવા કારણથી કોર્ટ કામકાજ આટોપીને બંધ કરવાની ના કહેવી નહી

૧૭૧ કામકાજ આટોપીને બંધ કરવાનો હુકમ થયો હોય ત્યારે, કોર્ટની પરવાનગી વગર કાંઇ ફરીઆદ કે બીજુ કામ કંપનીની ઉપર ચલાવવુ નહી

૧૭૨ કામકાજ આટોપીને બંધ કરવાના હુકમની નકલ તુરત રજીસ્ત્રારને ત્યા ફાઇલ કરવાની કંપનીની ફરજ છે

૧૭૩ કંપનીનુ કામકાજ તથા આટોપીને બંધ કરવાનો હુકમ થયા પછી લેણદારોની કે ફાળો આપનારની અરજી આવે, અને તે કામ અટકાવવુ જોઈએ એવી કોર્ટની ખાત્રી થાય તેવો પુરાવો થાય એટલે પોતાને યોગ્ય લાગે તે સરતે કામ છેક કે અમુક મુદત સુધી બંધ કરવાનો હરકોઇ વખતે હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૧૭૪ આવા સઘળા કામોમા લેણદારની કે ફાળો આપનારાઓની જે ઇચ્છા માબીત થઇ હોય તે ધ્યાનમા લેવાને કોર્ટ મુખત્યાર છે

૧૭૫ કોઇ કંપનીનું કામકાજ આટોપીને બંધ કરવાનું કામ ચલાવવા સારૂ કોર્ટ ઠરાવે તેમા કામ કરવાને કોઇ માણસ નીમવાને કોર્ટને અધીકાર છે, તેઓને ઓફિશિયલ લિક્વિડેટરો કહેવા તેણે તારણ આપવુ કે કેમ તે કોર્ટ ઠરાવી શકે છે તેમના કામ વ્યવહારોપયોગી ગણાશે

૧૭૬ કોઈ પણ ઓફીસીયલ લિક્વિડેટર રાજીનામુ આપવાને મુખત્યાર છે તેમ તેને યોગ્ય કારણ હશે તો કોર્ટ કહાડી મુકવાને મુખત્યાર છે તેમ તેમની ખાલી જગ્યા કોર્ટ પુરવી કોર્ટ ફરમાવે તે પ્રમાણે એકંદરે અમુક ટકા પગાર કે મહેનતાણુ આપવુ

૧૭૭ ઓફિશિયલ લિક્વિડેટરને કાંઇ લખવુ પડે તો તેના પોતાના નામથી ન લખતા જે કંપની સારૂ તેને નીમ્યો હોય તે કંપનીનો ઓફિશીયલ લિક્વિડેટર એ નામથી લખવુ

૧૭૮ જે મિલકત ઉપર કે માલ ઉપર ફરિયાદ થઇ શકે કે દાવા ઉપર કંપનીનો હક હોય તે સઘળી મિલકત, માલ અને દાવા પોતાના તાબામા તેણે લેવા જો ઓફિશિયલ લિક્વિડેટર ન નીમ્યો હોય કે એવી જગ્યા ખાલી પડે તે દરમીયાન કંપનીની સઘળી મિલકત કોર્ટના તાબામા છે એમ સમજવુ

૧૭૯ ઓફિશિયલ લિક્વિડેટરને કોર્ટની મંજુરી લઇને નીચે લખેલી બાબતો કરવાનો અધિકાર છે–

(૧) કંપનીને નામે કોઇ ફોજદારી કે દીવાની કામ ચલાવવાનો કે તેનો જવાબ દેવાનો, (બ) કંપનીનુ કામ ફાયદો થાય તેવી રીતે બંધ કરવાને કામ ચલાવવાનો, (ક) કંપની તરફથી સઘળા કામો, ખતો, દસ્તાવેજો કે પહોચો કરી આપવાનો કે શિક્કો વાપરવાનો, (ઇ) ફાળો આપનારની નાદારીની બાબતમા તેની ઇસ્ટેટ સામે લેણી નીકળતી કાંઇ બાકી માટે પુરાવો આપવાનો, (ફ) કંપની તરફથી કાંઈ બિલ, હુંડી કે ચીઠી લખવાનો, સિકારવાનો, કરવાનો છે તે પાછળ શેરો કરવાનો, (ગ) જરૂર જેટલા નાણાંનો રકમ કંપનીને અવેજ નાણામા આપીને કહાડવાનો (હ) મરનાર ફાળો આપનારનુ લેટર્સ ઓફ એડમિનિસ્ટ્રેશન પોતાના હોદ્દાને નામે લેવાનો, કે તેની પાસે માગતુ હોય તે લેવાનો આઈ કંપનીનુ કામકાજ બંધ કરવાને, તેનો અવેજ વહેચી આપવાને કં જરૂરની સઘળી બાબતો કરવાનો અધિકાર છે

૧૮૦ કોર્ટની મંજુરી કે દરમીયાનગીરી ઉપરના અધિકાર ચલાવવાનો અખત્યાર ઓફિશિયલ લિક્વિડેટરને છે એવુ ઠરાવવાને કોર્ટ મુખત્યાર છે

૧૮૧ કોર્ટની મંજુરી વગર ઓફિશિયલ લિક્વિડેટર પોતાનુ કામ કરવામા પોતાને મદદ કરવાને કોર્ટ આગળ ઉભા રહેવાનો હક હોય એવો એડવોકેટ કે અટર્ની કે વકીલ નીમવાને મુખત્યાર છે

૧૮૨ જે કંપનીનુ કામ બંધ કરવામા આવતુ હોય તેના ઓફિશિયલ લિક્વિડેટરે ઠરાવેલી રીતે ને

યોગ્ય બુકો રાખી તેમા મીટીગોમા ચાલેલા કામ તથા એવી બીજી નોધ દાખલ કરાવવી તે કોઇ લેણુદાર કે ફાળો આપનાર તપાસવાને મુખત્યાર છે

૧૮૩ લીકિવડેટરે, કપનીના અવેજનો વહીવટ કરતી વખતે કોઈ ધણુ જનરલ મીટીગમા કરેલા ઠરાવ ઉપર જે કાઇ હુકમ કરવામા આવે તે ધ્યાનમા રાખવા જોઇએ લેણુદાર કે ફાળો આપનારની ઇચ્છા જાણુવા માટે તેમની જનરલ મીટીગ બોલાવવાને તેને અધીકાર છે લિકિવડેટરે, અવેજનો વહીવટ કરતી વખતે કે તે લેણુદારોમા વહેચી આપતી વખતે પોતાની મુખત્યારી ચલાવવી જોઇએ, તેના કોઇ ચુકાદા કે કામથી કોઇને નુકશાન થાય તો તેણે કોર્ટની અરજી કરવી અને તે કામ કે ચુકાદો કાયમ રાખવાનો રદ કરવાનો કે ફેરવવાનો કોર્ટને અધીકાર છે

૧૮૪ કપનીનુ કામ બધ કરવાનો હુકમ કર્યા પછી, જેમ બને તેમ જલદી ફાળો આપનારાઓની યાદી નક્કી કરવી, અને મેમ્બરોનુ રજીસ્ટર દુરસ્ત કરવાનો તેને અધિકાર છે અને કોર્ટે કપનીનો અવેજ એકઠો કરાવીને કપનીની જોખમદારી વાળી નાખવામા વાપરવો (૨) યાદી નક્કી કરતી વખતે કોર્ટ પોતાના હકથી ફાળો આપનારા અને બીજાના વારસ વકીલ હોવાથી કે કરજ આપવાને પાત્ર હોવાથી ફાળો આપનારા હોય તેને જુદા કહાડવા

૧૮૫ કપનીનુ કામ બધ કરવાનો હુકમ કર્યા પછી હરકોઇ વખતે કપનીના ફાળો આપનારની યાદીમા ફાળો આપનારમા જેના નામ હોય તેને, તથા કોઈ ટ્રસ્ટીને, રિસીવરને, સરાફને, એજટને કે કપનીના અમલદારને તેના હાથમા જે રકમ, મીલકત કે અવેજ હોય તે તાબડતોબ કોર્ટ ફરમાવે તે મુદતમા લિકિવડેટરને આપવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૧૮૬ કામ બધ કરવાના હુકમ પછી ફાળો આપનારની યાદીમા જેના નામ હોય તેને જે કોલ કર્યા હોય, તે બાબત જે નાણુ તેણે આપવાનુ હોય તે સીવાય તેની પાસે કપની રૂપીઆ માગતી હોય તે રૂપીઆ આ હુકમમા ફરમાવેલી રીતે આપવાનુ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે (૨) અનલીમીટેડ કપનીની બાબતમા કપની પાસે ફાળો આપનારો જે માણુસ રૂપીઆ માગતો હશે, તે કોર્ટ મજરે અપાવવાને મુખત્યાર છે પણુ જો તે મેમ્બર હોય અને કાઈ ડિવીડન્ટ કે નફા બાબત રૂપીઆ માગતો હોય તો તે મજરે અપાવવાને કોર્ટ મુખત્યાર નથી અને અનલીમીટેડ કપનીની બાબતમા, અનિયમિત જોખમદારીવાળા ડિરેકટરને તેવા પ્રકારની છુટ આપવાને મુખત્યાર છે પણુ લીમીટેડ કે અનલીમીટેડ ગમે તે કપનીની બાબતમા માગનારના ચુકતે હિસાબે રૂપિયા આપ્યા પછી ફાળો આપનાર રૂપીઆ માગતો હોય તો તે આગળ જતા કાઈ કોલ થાય તેમા નજરે અપવવાનો અધીકાર છે

૧૮૭ કપનીનુ કામ બંધ કરવાને હુકમ કર્યા પછી, ને કપનીનો અવેજ જોઇએ તેટલો છે કે નહિ તેની તજવીજ કરીને નક્કી કર્યા પહેલા કે પછી, ફાળો આપનારની યાદીમા જેના નામ હોય તેમને તેઓના જોખમદારી હોય તેટલે સુધી હેઠળ લખેલા કારણુ સારૂ કોલ કરવાનો કે કોલના રૂપીઆ આપવાનો હુકમ કરવાનો અધીકાર હરકોઇ વખતે કોર્ટને છે

૧૮૮ ફાળો આપનારા જે સખસની પાસે કે ખરીદદારની પાસે કપની રૂપીઆ માગતી હોય તે, તેણે ઓફીશીયલ લિકિવડેટરને આપવાને બદલે પ્રસંગ પ્રમાણે, બગાળ મદ્રાસ કે મુબઈ બેકમા, કે તે બેકની કોઈ બ્રેચમા ઓફિશિયલ લિકિવડેટરને ખાતે ભરવા એવો હુકમ કરવાને કોર્ટને અધિકાર છે

૧૮૯ કપનીનુ કામ બધ કરતી હોય ત્યારે પ્રસગ પ્રમાણે, બગાળ મદ્રાસ કે મુબઇ બેકમા કે તેમની શાખામા ભરેલુ સઘળુ નાણુ, બિલો, હુડીઓ, ચીઠ્ઠીઓ કે બીજી સીક્યુરીટી બાબતમા કોર્ટના હુકમને પાત્ર થશે.

૧૯૦ કોર્ટ ફાળો આપનાર સખસને કરેલો હુકમ તેમા જે બીજી બાબતો લખી હોય તે સઘળા સખસોની વિરૂદ્ધ ખરેખરી છે એ વાત બાબત નિરૂત્તર પુરાવો છે એમ સમજવુ

૧૯૧ જે લેણુદારોએ પોતાનુ લેણું કે દાવો જે મુદતોની અદર સાબીત કરવુ જોઇએ, નહી તો તે પહેલા થયેલી વહેચણીમા તેને ફાયદો નહી મળે, તેવી મુદત ઠરાવવાને કોર્ટ મુખત્યાર છે

૧૯૨ ફાળો આપનારાઓના માહો માહેના હક કોર્ટે ઠરાવવા અને જેનો હક હોય તેમને ફાજલ અવેજ વહેચી આપવો.

૧૯૩ જોખમદારી અદા કરવા જોઇએ તેટલો અવેજ નહીં હોય તો, કંપનીનું કામ બંધ કરવામા થએલા ખર્ચ કંપનીના અવેજમાથી આપવાનો કોર્ટ હુકમ કરી શકે છે

૧૯૪ કંપનીનુ કામ છેક બંધ થઈ રહ્યા પછી કોર્ટે આ હુકમની તારીખથી કંપની ભાગી નાખવી એવો હુકમ કરવો તે હુકમની તારીખથી પંદર દીવસની અંદર ઓફિશિયલ લીકવીડેટર રજીસ્ટ્રારને તે બાબત રીપોર્ટ કરવો અને તેણે નોંધ કરવી જો તેમા લિક્વિડેટર કસુર કરે તો દરેક દિવસ મહલ પચાસ રૂપીઆ સુધી દંડને પાત્ર થશે

૧૯૫ કંપનીનુ કામકાજ બંધ કરવાનો હુકમ કર્યા પછી કોર્ટને કંપનીની માલ મિલ્કત જેની પાસે હોય તેને સમન કરીને બોલાવવાનો, તેનો સોગન ઉપર જુવાબ લખી લેવાનો દસ્તાવેજ હાજર કરવાનુ ફરમાવવાનો હક બાબતની સઘળી તકરારનો નીકાલ કરવાનો અધિકાર છે. જો તે સમન કર્યા છતા હાજર ન થાય તો તેને પકડીને બોલાવી મંગાવવાને કોર્ટને અધિકાર છે

૧૯૬ જ્યારે તે કંપનીનુ કામ બંધ કરવાનો કોર્ટે હુકમ કર્યો હોય અને તે કંપનીને પ્રવર્તાવવામા કે બનાવવામા કોઇ માણસે દગો કર્યો છે કે કંપની બની ત્યારથી તેના સબંધમા કોઈ ડિરેક્ટરે કે બીજા ઓફીસરે દગો કર્યો છે એવો પોતાનો અભિપ્રાય છે એવુ જણાવીને લીક્વિડેટરે અરજી કરી હોય ત્યારે તેમા જેણે ભાગ લીધો હોય તેવા પ્રવર્ત્તક ડિરેક્ટર મેનેજરની જાહેર રીતે સબંધમા સોગન ઉપર જુબાની લેવી એવો કોર્ટ હુકમ કરી શકે આ વખતે લિક્વિડેટરે ભાગ લેવો તેમ લેણદાર કે ફાળો આપનાર પણ તે તપાસવામા ભાગ લઈ શકે છે

૧૯૭ કંપનીનુ કામકાજ બંધ કરવાનો કોર્ટ હુકમ કરે તે પહેલા કે પછી કોઇ પણ વખતે ફાળના રૂપીઆ ન પડે તે માટે કોઇ કંપનીનો ફાળો આપનાર સખસ બ્રિટિશ ઇંડિયા મુકીને જનાર છે કે નાશી જનાર છે કે પોતાની માલ મિલ્કત દુર કરનાર કે સંતાડનાર છે એવુ સાબીત થાય તો તેને પકડાવવાનો ને તેની બુકો, કાગળપત્રો કે તેની જંગમ મિલ્કત જપ્ત કરાવવાનો, ને પોતે હુકમ કરે ત્યા સુધી તેઓને સહીસલામત રાખવાનો અધિકાર કોર્ટને છે

૧૯૮ આ આક્ટ ઉપરથી કોર્ટને આપેલા અધિકાર ઉપરાંત અધિકાર છે એમ સમજવુ

૧૯૯ આ આક્ટ પ્રમાણે કોર્ટે હુકમ કર્યા હોય તે, તે કોર્ટમા કોર્ટે કરેલા હુકમનામા જે રીતે અમલમા લાવવાનો અધિકાર છે તેજ રીતે અમલમા લાવવાનો કોર્ટને મુખત્યાર છે

૨૦૦ કોઇ કંપનીનુ કામ બંધ કરવાનો હુકમ કે તે કામ બંધ કરવાનુ ચાલતું હોય ત્યારે જે કાંઇ હુકમ કોર્ટે કર્યો હોય તે હુકમ, જે કોર્ટને બ્રીટીશ હિંદુસ્તાનની બીજી જગામા હકુમત હોય તે કોર્ટે અમલમા લાવવો

૨૦૧ એક કોર્ટે કરેલો હુકમ બીજી કોર્ટ પાસે અમલમા લાવવો હોય ત્યારે તે હુકમની સહીવાળી નકલ, તે કોર્ટના અમલદાર આગળ હાજર કરવી એટલે તે બીજી કોર્ટે તે હુકમ જાણે પોતે કર્યો હોય તે રીતે અમલમા લાવવાને બંદોબસ્ત કરવો

૨૦૨ કંપનીનુ કામ બંધ કરવાના કામમા કોર્ટે કાંઈ પણ હુકમ કર્યો હોય તેની ફરી તપાસ કરવી હોય કે તે ઉપર અપીલ કરવી હોય તે, તેજ કોર્ટે કરેલા પોતાના મુકદ્દમાના હુકમ ઉપર જે રીતે થાય છે, તેજ રીતે અને તેજ સરતે કરવી

૨૦૩ કંપનીનુ કામકાજ રાજીખુશીથી આટોપીને બંધ કરવાનો અધિકાર હેઠળ લખેલા પ્રસંગે છે, એટલે

(૧) કંપની ચાલુ રાખવાની મુદ્દત આર્ટિકલમા ઠરાવી હોય તે મુદ્દત પુરી થાય ત્યારે, કે કંપનીનુ કામ બંધ કરવાનો જનરલ મીટિંગમા કર્યો હોય ત્યારે,–(૨) કંપનીનુ કામ રાજી ખુશીથી બંધ કરવાનુ કંપની ઠરાવે તો–(૩) કંપનીની જોખમદારીના સબબથી તે કામ ચલાવવાને અશક્ત હોય તો

૨૦૪ કંપનીનુ કામકાજ રાજીખુશીથી આટોપીને બંધ કરવાનો જે વખતે ઠરાવ પસાર થયો તેજ વખતે બંધ કરવાની વાત શરૂ થઇ એવુ સમજવુ

૨૦૫ કોઈ કંપનીનુ કામ રાજી ખુશીથી બંધ કરવામા આવે ત્યારે બંધ કરવાનુ શરૂ થયા પછી, કંપનીએ પોતાનુ કામકાજ ચલાવવુ નહિ, પણ ફાયદો થાય તેવુ કામ ચલાવવાની જરૂર હોય તો ચલાવવું,

૨૦૬ કંપનીનું કામ રાજી ખુશીથી આટોપીને બંધ કરવાનો ઠરાવ કર્યો હોય તે બાબતની નોટીસ તે ઠરાવ પસાર થયા પછી દસ દીવસની અંદર સરકારી ગેઝીટમા ને તે ડિસ્ટ્રિકટના વર્તમાનપત્રમા છપાવીને પ્રસિદ્ધ કરવી, (૨) જે કંપના તેમ કરવામા કસુર કરશે તેનો દરેક દિવસ બદલ પચાસ રૂપીઆ સુધી દંડ થશે

૨૦૭ કંપનીનુ કામ રાજીખુશીથી બંધ કરવામા આવ્યા પછી હેઠળ લખેલા પરિણામ થશે

(૧) કંપનીનો અવેજ કંપનાની જોખમદારી હોય તે બરાબર સરખે ભાગે વાળવામા વાપરવો, તેમ કર્યા પછી તે કંપનીના હક કે હિત સબંધ હોય તે પ્રમાણે તેઓને વહેચી આપવો, (૨) તે કામ સારૂ લિકિવડેટર નીમવા અને તેને મહેનતાણુ આપવાનુ ઠરાવવુ (૩) લિકિવડેટર નીમ્યા પછી ડિરેકટર નીમ્યા પછી, ડિરેકટરના અધિકાર બંધ થશે (૪) કોર્ટે કંપનીનુ કામકાજ બંધ કરે તે કામમા લિકિવડેટરને જે અધિકાર છે તે સઘળા અધિકાર તે ચલાવવાને મુખત્યાર છે (૫) કંપનીનો દાવો આપનારાઓની યાદી ઠરાવવા નક્કી કરવાના કે કોલ કરવાના અધિકાર લિકિવડેટરને છે

૨૦૮ રાજીખુશીથી કામકાજ બંધ કરવાની બાબતમા લિકિવડેટરે પોતાની નિમણુક થયા પછી તે બાબતની નોટીસ એકવીસ દીવસની અંદર રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવી. જો તેમા કસુર કરે તો દરેક દીવસ બદલ પચાસ રૂપીઆ સુધી દંડને પાત્ર છે

૨૦૯ રાજીખુશીથી કામકાજ બંધ કરવાના કામમા કંપનીએ નીમેલા દરેક લિકિવડેટરે પોતાની નીમણુક પછી સાત દીવસની અંદર કંપનીના લેણદારોને ટપાલ માર્ગે નોટીસ આપવી કે લેણદારોની મીટીંગ તેની નિમણુક પછી એકવીસ દીવસથી ઓછા, અને મહીના કરતા વધારે ન હોય તેવા દીવસે ભરવામાં આવશે મીટીંગ કરવાની જગા અને વખત તેમા ઠરાવવા

૨૧૦ રાજીખુશીથી કામકાજ બંધ કરવાના કામમા કંપનીએ લિકવિડેટર નીમ્યા હોય તે મરી જવાથી કે રાજીનામુ આપ્યાથી જગ્યા ખાલી પડે તો તે જગા જનરલ મીટીંગ બોલાવીને ભરી નાખવાનો કંપનીને અધીકાર છે

૨૧૧ કંપનીનુ કામકાજ રાજીખુશીથી બંધ થયાનુ હોય ત્યારે લીકવીડેટર નીમવાનો અખત્યાર તેના લેણદારોને સોપવાને કંપનીને અખત્યાર છે

૧૧૨ કંપનીએ પોતાના લેણદારોની વચ્ચે કરેલો કોઇ પણ બંદોબસ્ત મંજુર થયેલો હશે તો કંપનીને અને કંપનીના લેણાની કિંમતના કે લેણદારોની સંખ્યાના પ્રમાણમા ત્રણ ચતુર્થાંશ લેણદારો કબુલ હશે તો બંધનકર્તા થશે

૨૧૩ કંપનીની માલ મીલકત વેચવાના અવેજમા શેર વીગેરે લેવાનો લીકવીડેટરોનો અધીકાર છે

૨૧૪ જે કોઈ મેમ્બર નાકબુલ હોય તેનો હીત સબંધ ખરીદ કરવા સારૂ આપવાની કીમ્મત એક મત થઇ ઠરાવવાનો અધિકાર છે તકરાર બાબત લવાદની મારફતે નીકાલ કરવો

૨૧૫ કામકાજ બંધ કરવાના બાબતમા કાંઈ તકરાર નીકળે તે બાબત લિકિવડેટરને કોઈ દાવો આપનારને કે લેણદારને કોર્ટને અરજી કરવાનો અધીકાર છે કોર્ટે તેવી અરજીનો યોગ્ય નીકાલ કરી યોગ્ય હુકમ કરવો

૨૧૬ કંપનીની મંજુરી લેવા સારૂ વખતો વખત જનરલ મીટીંગ બોલાવવાને લિકિવડેટરોને અધીકાર છે.

૨૧૭ રાજીખુશીથી કામકાજ બંધ કરવાના દરેક કામમા કામ બંધ થયા પછી તુરત લીકવીડેટરે તે કામ કેવી રીતે બંધ કર્યું તથા કંપનીની માલ મિલ્કતની કેવી રીતે વ્યવસ્થા કરી તે બાબતની હકીકત તૈયાર કરી તે રજુ કરવા સારૂ કંપનીની જનરલ મીટીંગ તેણે બોલાવવી. ને મીટીંગ ભરાયા બાબત એક પત્રક તેણે રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવુ તે પત્રક ફાઇલ કરવામા આવે કે તુરત તેણે નોંધવુ તે પત્રક નોંધાયા પછી ત્રણ મહીના પુરા થયે કંપની ભાંગી ગઈ એવુ સમજવુ

૨૧૮ કામકાજ રાજીખુશીથી આટોપીને બંધ કરવાનો ખર્ચ કંપનીના અવેજમાથી આપવા લાયક થશે.

૨૧૯ લેણદારના કે દાવો આપનારના હકને કંપનીનુ કામકાજ રાજીખુશીથી આટોપીને બંધ કર્યાથી હરકત થશે નહિ

૨૨૦ કંપનીનું કામ બંધ કરવાનું ચાલુ હોય ત્યારે કોર્ટ એવું ઠરાવવાને મુખત્યાર છે કે કામકાજ રાજીખુશીથી આટોપીને બંધ કરતી વખતે જે જે કામ ચાલ્યાં હોય તે સઘળાં કામો કે તેમાંના હરકોઇ કામો બહાલ રાખવાં

૨૨૧ કંપનીએ રાજીખુશીથી કામ બંધ કરવાનો ઠરાવ કર્યો હોય ત્યારે, કોર્ટ પોતાની દેખરેખ હેઠળ કામકાજ આટોપીને બંધ કરવાનું કામ ચલાવવાનો હુકમ કરી શકે છે

૨૨૨ કોર્ટની દેખરેખ હેઠળ કામકાજ આટોપીને બંધ કરવાની અરજી આવે તો તે અરજી, કોર્ટની પાસે કામકાજ આટોપીને બંધ કરવાવની અરજી છે એમ સમજવું.

૨૨૩ કંપનીનું કામકાજ કોરટેજ આટોપીને બંધ કરવું કે દેખરેખ હેઠળ બંધ કરવું તે ઠરાવતી વખતે લેણદારોની અને ફાળો આપનારની ઇચ્છા ઉપર કોરટને ધ્યાન આપવાનો અધિકાર છે

૨૨૪ દેખરેખ હેઠળ કામકાજ બંધ કરવાનો હુકમ કરવામાં આવે ત્યારે લિક્વિડેટરો નીમવાનો અથવા બરતરફ કરવાનો કોરટને અધીકાર છે

૨૨૫ દેખરેખ હેઠળ કામકાજ બંધ કરવાનો હુકમ કર્યો હોય ત્યારે લિક્વિડેટર, કોરટે જે નિર્બંધ ઠરાવ્યા હોય તેને પાત્ર કંપનીનું કામકાજ રાજીખુશીથી બંધ કરવાની બાબતમાં જે અધિકાર ચલાવત તેજ રીતે સઘળા અધિકાર કોરટની મંજુરી વગર ચલાવવાને લિક્વિડેટર મુખત્યાર છે

૨૨૬ દેખરેખ હેઠળ કામ બંધ કરવાનો હુકમ કર્યો હોય ત્યારે વોલંટરી લિક્વિડેટરોને ઓફીસીયલ લીક્વીડેટરો નીમવાને અધીકાર છે

૨૨૭ કંપનીનું કામકાજ રાજીખુશીથી બંધ કરવામાં આવે ત્યારે તે બંધ કરવા પછી લિક્વિડેટરને કે તેની મંજુરીથી શેર તબદીલ કર્યા હશે તે તબદીલના લેખ સિવાય બીજા સઘળા તબદીલીના લેખ, અથવા કંપનીના મેમ્બરોની સ્થિતિમાં થયેલો દરેક ફેરફાર રદ થશે

૨૨૮ કામકાજ બંધ કરવું હોય તે દરેક પ્રસંગે, કોઇ બનાવ બને ત્યારે આપવાનાં દેણાં કે કંપની ઉપરના દાવા કંપની સામે સાબીત કરવા પડશે, ને તેનો બને ત્યાં સુધી વ્યાજબી અંદાજ કાઢવો

૨૨૯ નાદાર કંપનીઓનું કામકાજ આટોપીને બંધ કરવામાં નાદારી બાબતની કાનુનો લાગુ પાડવી

૨૩૦ કામકાજ આટોપીને બંધ કરતી વખતે હેઠળ લખેલું કરજ બીજા સઘળા કરજોની અગાઉ આપવું જોઇએ

(અ) સરકારને સ્થાનિક અધિકારને આપવાનું સઘળું મ્હેસુલ, કર, ધારા, વેરા, જે તારીખે કંપની પાસેથી લેણાં થયાં હોય તેના અગાઉના બાર મહીનામાં લેણાં અને આપવા લાયક થયાં હોય તે (બ) તે તારીખ અગાઉ લગતના બે મહીનામાં કંપનીની ચાકરી કર્યા બાબત હરકોઇ ચાકર નોકરનો રોજ કે પગાર જે હજાર રૂપીઆથી વધારે નહી હોય તે (ક) તેમ મજુરનો કે કામ કરનારનો રોજ પાચસે રૂપીઆથી વધારે નહી હોય તે,

(૨) ઉપર કહેલા કરજના પરસ્પર હક એવા સરખા ગણાશે તે, અવેજ પુરતો હોય તો પુરેપુરા ચુકવી આપવા, પુરો ન હોય તો સરખા પ્રમાણમાં તે ઓછા કરવા જોઇએ, (૩) જે રકમ કામકાજ બંધ કરવાના ખર્ચ ખુટણ સારૂ જરૂર હોય તે રાખીને જેટલે સુધી અવેજ પુરતો હોય તેટલે સુધી ઉપર કહેલા કરજ તરતજ પતાવવા જોઇએ

૨૩૧ જે જે તબદીલી માલ સ્વાધીન કરવો તે નાદાર થાય એટલે કપટ ભરેલી અગ્રતા મળવા સારૂ કર્યું હોય એવું માનવામાં આવતા તે કંપનીનું કામકાજ બંધ થતું હોય ત્યારે તેના લેણદારોને કપટ ભરેલી અગ્રતા મળવા સારૂ કર્યું છે એવું સમજવું અને તે વ્યવહારોપયોગી થશે નહિ. (૨) કંપનીનું કામ રાજીખુશીથી બંધ કરવામાં આવે કે કોરટની દેખરેખ હેઠળ આટોપાઇને બંધ થાય તે પ્રસંગે કરવા ઠરાવ કર્યો હોય તે, એકાદા શખસની નાદારીના કૃત્ય જેવું કૃત્ય છે એમ આ કલમના કારણ સારૂ સમજવું (૩) કંપનીએ કાંઇ તબદીલી લેણદારોના ફાયદા સારૂ ટ્રસ્ટીઓને કરી આપ્યો હશે તે રદ થશે

૨૩૨ (૧) કંપનીનું કામકાજ કોરટ કે કોરટની દેખરેખ હેઠળ બંધ થતું હોય ત્યારે કામ બંધ કરવા માંડ્યા પછી કાંઇ જપ્તી કે માણસને પેટે કબજે લેવાનું કે બજાવણી કોરટની રજા વગર કંપનીમાં

ઇરેટ કે માલમતા ઉપર કરી હશે તે રદ બાતલ થશે (૨) સરકારે ચલાવેલા કામને આ કલમ લાગુ પડતી નથી

૨૩૩ કંપનીનું કામ બંધ કરવામા આવતુ હોય ત્યારે તે બંધ કરવા માડયા પછીના ત્રણ મહીનાની અંદર, કંપનીની જવાબદારી કે મિલ્કત ઉપર કરવામા આવેલા ફ્લોટીંગ ચાર્જ, તે કર્યા પછી તરતજ કંપના દાર હતી એમ સાબીત થાય નહિ, ત્યા સુધી ચાર્જ કરતી વખતે કે તે પછી ચાર્જના અવેજમા કંપનીને આપવામા આવેલી સેંકડે પાચ ટકા વ્યાજ સુદ્ધાની રોકડ રકમ સીવાયની બીજી રકમના સંબંધમા વ્યહારોપાયોગી ગણાશે નહિ

૨૩૪ કંપનીનુ કામકાજ કોરટ કે કોરટની દેખરેખ હેઠળ કે રાજીખુશીથી બંધ થતુ હોય, ત્યારે કંપનીના અસાધરણ ઠરાવના આધારે લિક્વિડેટર નીચેની કોઇ બાબતો કરવાને મુખત્યાર છે

(૧) કોઈ પણ વર્ગના લેણદારોના માગણા પુરેપુરા ચુકવાને (૨) લેણદારો જોડે કોઇ પણ તોડ જોડ કે બંદોબસ્ત કરવાને (૩) કબુલ કરવામા આવે તે સરતોએ કોઈ પણ કોલ, કરજ, જવાબદારી કે દાવાનું તોડ જોડ કરવાને કે તારણ લેવાને કે સંપૂર્ણ ફારગતી આપવાને મુખત્યાર છે (૨) આ કલમની રૂયેના અધિકાર લિક્વિડેટરે કોરટના નિર્બંધને પાત્ર રહીને ચલાવવા

૨૩૫ કોઇ કંપની પ્રવર્તાવવામા ભાગ લેનાર, કે ડિરેકટરે કે મેનેજર કે લિકવિડેટરે કે કોઈ અમલદારે કંપનીનુ લેણું કે માલ મિલ્કત ગેરવાજબી કામમા વાપર્યા છે કે વીશ્વાસઘાત કર્યો છે. એવુ કંપનીનુ કામકાજ બંધ કરતી વખતે જણાઈ આવે, ત્યારે જેણે તે પ્રમાણે કર્યું હોય તે નુકશાનના બદલામા કોર્ટને વાજબી દેખાય તેટલી રકમ કંપનીના અવેજમા તેની પાસે અપાવવાને કોરટને અધીકાર છે

(૨) જો તે ગુન્હા માટે ફોજદારીમા કામ ચલાવવાને યોગ્ય હોય તો પણ આ કલમ લાગુ પડશે

૨૩૬ જે કંપનીનું કામકાજ આટોપીને બંધ કરવામા આવતું હોય તેના કોઈ ડિરેકટર મેનેજર અમલદાર કે ફાળો આપનાર, કોઇ પણ સખસનું નુકશાન કરવા સારૂ કે ઠગવા સારૂ, કંપનીની કોઈ બુકનો, કાગળ પત્રનો, સિકયુરીટીનો નાશ કરશે, કાપશે, કે ફેરફાર કરશે, કે તે ખોટા કરશે કે કપટથી સંતાડશે કે કંપનીના હિસાબની કોઇ રજીસ્ટર બુકમા કે દસ્તાવેજમા કાંઇ ખોટો કે દગલબાજી ભરેલો મજકુર દાખલ કરશે કે દાખલ કરવામાં સામેલ થશે તે ગુન્હો કરનારા દરેક માણસને સાત વરસ સુધી કેદની શિક્ષા થશે અને વળી તે દંડને પણ પાત્ર થશે

૨૩૭ ગુન્હો કરનારા કંપનીના ડિરેકટરો વિગેરે ઉપર ફોજદારીમા કામ ચલાવવાનુ ઓફિશિયલ લિક્વિડેટરને ફરમાવવાને અને ફરીઆદીનો ખર્ચ કંપનીના અવેજમાથી આપવા બાબત હુકમ કરવાનો કોરટને અધીકાર છે

૨૩૮ આ આકટ પ્રમાણે કંપનીનુ કામકાજ બંધ કરવામા જે વાત ઉત્પન્ન થાય તેની તપાસણી આ આકટ પ્રમાણે સોગન ઉપર કરવાનો અધીકાર છે તેમા કોઇ માણસ જાણી જોઇને પ્રતિજ્ઞાપૂર્વક ખોટી સાહેદી પુરે તેને સાત વરસ સુધીની કેદની શિક્ષા થશે વળી તે દંડને પાત્ર થશે

૨૩૯ લેણદારોની અથવા ફાળો આપનારાઓની ઇચ્છાઓ નક્કી જાણવા ખાતર મીટીંગો બોલાવી કામ ચલાવવાનુ ફરમાવવાને કોરટને અધીકાર છે

૨૪૦ કંપનીનુ કામકાજ બંધ થતું હશે ત્યારે કંપનીના અને લિક્વિડેટરોના દસ્તાવેજોમા જે વાતો લખી હશે તેના ખરાપણા બાબત તે દસ્તાવેજો કંપનીના ફાળો આપનારાઓની વચ્ચે પ્રથમ દર્શનીય પુરાવો છે એમ સમજવુ

૨૪૧ કંપનીના દસ્તાવેજો તેના લેણદારો તથા ફાળો આપનારાઓને જોવા દેવાનો હુકમ કરવાનો કોરટનો અધિકાર છે.

૨૪૨ કંપનીનુ કામ બંધ કર્યું હશે ને કંપની ભાગી જવાની હશે ત્યારે કંપનીના અને લિક્વિડેટરના સઘળા દસ્તાવેજોની વ્યવસ્થા, જો કંપનીનુ કામ કોરટે બંધ કર્યું હોય તો કોરટ ફરમાવે તે રીતે ને રાજી ખુશીથી બંધ કર્યું હોય તો કંપની અસાધારણ ઠરાવ કરીને ફરમાવે તે રીતે કરવી.

(૨) કંપની ભાગી ગયાની તારીખથી ત્રણ વર્ષ થઈ ગયા પછી તે દસ્તાવેજોમા મારો સંબંધ છે એમ જે માણસ દાવો કરે તો હોય તેને દસ્તાવેજો મળે નહિ તે કારણ સારૂ કંપની, લિકવીડેટર કે જેને દસ્તાવેજ સોપ્યા હોય તેને માથે કાંઇ જોખમદારી રહેશે નહિ

૨૪૩. કંપની ભાગી નાખ્યા પછી લિકવીડેટરે, કે તેમા હિત સબંધ ધરાવતા જે સખસે તે કારણ સારૂ અરજી કરી હોય તે ઉપરથી કંપની ભાગી નાખ્યાની તારીખથી બે વર્ષની અંદર કોઈ પણ વખતે કોર્ટને યોગ્ય લાગે તે સરતે કંપની ભાગી નાખ્યાનું રદ કરવાનો હુકમ કરવાનો કોર્ટને અધિકાર છે જે સખસની અરજી ઉપરથી હુકમ કરવામા આવ્યો હોય તેણે હુકમની તારીખથી ૨૧ દીવસની અંદર તે હુકમની નકલ રજીસ્ટારને ત્યા ફાઇલ કરવી તેમ કરવામા કસુર કરે તે પચાસ રૂપીઆ સુધીના દંડને પાત્ર થશે

૨૪૪. કંપનીનુ કામ બંધ કરવામા જો એક વર્ષની અંદર તે કામ પુરૂ ન થાય તો લિકવીડેશનમાનું કામકાજ ને સ્થિતિ બાબતની વિગતોવાળી હકીકત, લિકવીડેટરે રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવી

૨૪૫ આફીડેવિટ લેવાનો જેને કાયદેસર અધિકાર હોય એવી કોઈ કોર્ટ, જડજ કે માણસની આગળ સમ ખાઇને આફીડેવિટ કરવાનો અખત્યાર છે

૨૪૬ કંપનીનુ કામકાજ બંધ કરવા માટે, ભંડોળ ઓછો કરવા માટે કે કંપનીના શેરોના પેટા વિભાગ પાડવાના ઠરાવોને અમલમા લાવવા માટે જે રીતે કામ ચલાવવુ જોઈએ તે રીત સબંધમા, દીવાની કામ ચલાવવાના કાયદાને બંધ બેસતી કાનુનો ઘડવાનો હાઈકોર્ટને અધિકાર છે

૨૪૭ બંધ થયેલી કંપનીને રજીસ્ટ્રાર તે બાબતની તપાસ કરીને રજીસ્ટરમાથી કાઢી નાખવાનો અધિકાર છે

૨૪૮ કંપની નોંધવાના કામ માટે સરકાર યોગ્ય ધારે તે તે જગાઓએ ઓફિસો રાખવી, કંપનીની નોંધેલી ઓફીસો જે પ્રાંતમા સ્થપાઈ હોય તે ઓફિસ સીવાયની બીજી જગાએ કોઇ પણ કંપનીને નોંધવી નહિ (૩) કંપની નોંધવા માટે રજીસ્ટ્રારો વિગેરે નીમવાને ને તેમના કામકાજ માટે નિયમો ઠરાવવાને (૩) ને તેમના પગારો ઠરાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે (૪) કંપની નોંધવા સારૂ જરૂર હોય તે દસ્તાવેજ ખરા છે એવો દાખલો આપવા સારૂ સીક્કો કરાવવાનો હુકમ કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે (૫) રજીસ્ટ્રારે રાખેલા દસ્તાવેજ એક રૂપીઆ સુધીની જે ફી ઠરાવે તે ભરીને જોવાનો કોઈ પણ સખસને અધિકાર છે

૨૪૯ પહેલા પરીશિષ્ટના બ કોષ્ટકમા લખેલી જુદી જુદી બાબતના સબંધમા લખેલી જુદી જુદી ફી ગવર્નર જનરલ ઇન કોન્સિલ વખતો વખત જે ઓછી કી ઠરાવે તે રજીસ્ટ્રારને આપવી (૨) રજીસ્ટ્રારે તે ફીનો સરકારને હિસાબ આપવો

૨૫૦ અગાઉના કંપનીઓના આકટ પ્રમાણે જે કંપનીઓ થઈ હોય તે કંપનીઓ આ આકટ પ્રમાણે નોંધી હોય તે પ્રમાણે આ આકટ લાગુ પડશે પણ પહેલા પરિશિષ્ટમાના કોષ્ટક અનો કાંઇ મજકુર તેમને લાગુ પડશે નહિ.

૨૫૧ અગાઉના કંપનીઓના આકટો પ્રમાણે નોંધેલી હોય પણ કરી ન હોય તે કંપનીઓને આ આકટ પ્રમાણે નોંધી હોય ને કરી ન હોય તે કંપનીઓની માફક આ આકટ લાગુ પડશે,

૨૫૨ સન ૧૮૫૭ ના ૧૯ મા અને સને ૧૮૬૦ ના ૭ મા આકટની રૂએ કોઇ કંપની નોંધી હોય તે કંપનીને પોતાના શેર, જે રીતે આજ સુધી ચાલતી આવી હોય તે રીતે કે પોતે ઠરમાવે તેવી બીજી કોઇ રીતે બીજાના નામ ઉપર ચઢાવવાનો અધિકાર છે

ભાગ ૮ મો—આ આકટ પ્રમાણે નોંધવાનો અધિકાર જે કંપનીઓને આપેલો હોય તે કંપનીઓ બાબત

૨૫૩ આ કલમમા લખેલા ને સમાયલા અપવાદો અને ઠરાવોને પાત્ર, સાત કે વધારે મેમ્બરવાળી જે કોઈ કંપની સને ૧૮૮૨ ના મે મહીનાની ૧ લી તારીખે વિદ્યમાન હોય અને જે સને ૧૮૫૭ ના ૧૯ મા અને ૧૮૬૦ ના ૭ મા આકટની રૂએ નોંધી હોય તેવી કોઈ કંપની અને તે તારીખ પછી પાર્લામેન્ટના કોઇ આકટ પ્રમાણે રચાયલી કે કાયદેસર રીતે થયેલી, સાત કે વધારે મેમ્બરોની બનેલી કોઈ પણ કંપનીને

આ આકટની રૂયે કંપની તરીકે નોધવાનો અધીકાર છે તે કંપનીનુ કામ બંધ કરાવવાના હેતુથી કે નોધ કરવામા આવી છે એવા કારણથી ગેરકાયદેસર થશે નહિ પણ જે કંપનીના મેમ્બરોની જવાબદારી સરકારના આકટ ઉપરથી નિયમિત કરેલી હોય અને જે જોઇન્ટ કંપની ન હોય તે કંપની આ કલમ પ્રમાણે નોધાવવી નહિ, જે કંપની ૧૮૮૨ ના કંપનીના આકટ પ્રમાણે નોધાઇ હોય તેને આ કલમ પ્રમાણે નોધવી નહીં,

૨૫૪ જોઇંટ સ્ટોક કંપની એટલે જે કંપનાનો કાયમનો ભરેલો ભંડોલ હોય ને જેના ઠરાવેલા શેર કરેલા હોય ને તે બીજાના નામપર ચઢે તેવા હોય તે ભંડોળના શેરના સ્ટોકના ધારણ કરનારા કંપનીના મેમ્બર થશે અને બીજા કોઇ મેમ્બરો થશે નહિ એવા નિયમ ઉપર રચેલી હોય તેવી કંપની છે એમ સમજવુ

૨૫૫ હરકોઇ જોઇંટ સ્ટોક કંપની આ ભાગ પ્રમાણે નોધાયા પહેલા નીચેના દસ્તાવેજો રજીસ્ટ્રારને સ્વાધિન કરવા જોઇએ નોધવાની તારીખ પહેલા છ દહાડા કરતા અગાઉની ન હોય તેવી તારીખે જે માણસો તે કંપનીના મેમ્બરો હોય તેમના નામ, ઠેકાણા, ધંધા, તેમના શેર અને તેના નંબરની યાદી (૨) કંપનીની રચના ને નિયમ બાબતના આકટ અથવા બીજા દસ્તાવેજ હોય તો, તે, (૩) જો કંપની લિમીટેડ કંપની તરીકે નોધવાનો ઇરાદો હોય તો, (અ) કંપનીના શેરનો ભંડોળ, શેરની સખ્યા અને સ્ટોકની રકમ, દરેક શેર ઉપર કેટલા રૂપીયા ભરાયા છે તે, કંપનીના નામને છેડે " લિક્વીડેટર ' આ શબ્દ લખીને કંપનીનુ નામ એ વિગતોનુ પત્રક,

૨૫૬ જોઇંટ સ્ટોક કંપની ન હોય તેવી કોઇ કંપની આ ભાગ પ્રમાણે નોધાયા પહેલા રજીસ્ટ્રારને, તે કંપનીના ડિરેકટરોના નામો તથા ઠામ, ઠેકાણા અને ધંધા લખેલી યાદી આપવી, અને (૨) તે કંપનીની રચના ને નિયમ બાબતના કાયદા કે જે બીજો દસ્તાવેજ હોય તેની નકલ અને જામીનગીરીથી નિયમિત કરેલી કંપનીની બાબતમા, તે રકમ જણાવનારા ઠરાવની નકલ પણ આપવી

૨૫૭ કંપનીના મેમ્બરો કે ડિરેકટરોની જે યાદી કે કંપની સબધી બીજી જે વિગત રજીસ્ટ્રારને ત્યા સ્વાધીન કરવાનુ ફરમાવ્યુ છે તે ઉપર તે યાદી કે વિગત ખરી છે એવો એકરાર કંપનીના કોઈ બે કે વધારે ડિરેકટરોએ કે બીજા મુખ્ય અમલદારોએ કરવો જોઇએ

૨૫૮ નોધવા ધારેલી કંપની જોઈંટ સ્ટોક કંપની છે કે નહી તે બાબત ખાત્રી કરવા જે યોગ્ય જણાય તેવો પુરાવો લેવાને રજીસ્ટ્રાર મુખત્યાર છે

૨૫૯ સન ૧૮૮૨ ના મે મહીનાની ૧ લી તારીખે જે બેકીંગ કંપની વિદ્યમાન હોય તે નિયમીત જોખમવાળી કંપની તરીકે પોતાને નોધવાનો ઇરાદો રાખશે તેણે પોતાને ત્યા જે માણસનું એકની પેઠે ખાતું હશે તેને પોતાને નોધાવ્યા પહેલા ત્રીસ દહાડા અગાઉ આપવી

૨૬૦ કોઈ કંપની લિમિટેડ કંપની તરીકે નોધી ન હોય તો, અથવા નોધ્યા પહેલા શેર ધારણ કરનારાઓની જવાબદારી કોઈ આકટ ઉપરથી નિયમત કરેલી હોય તો તે કંપની આ ભાગ પ્રમાણે નોધવા બાબત ફી લેવી નહીં

૨૬૧ કોઇ કંપનીને નિયમિત જોખમવાળી કંપની તરીકે આ ભાગ મુજબ નોધવામા આવે ત્યારે ' લિમિટેડ ' એ શબ્દ તે કંપનીના નામનો ભાગ થશે એ પ્રમાણે નોધાશે

૨૬૨ કંપની ફી આપીને નોધાયા પછી, આ આકટ પ્રમાણે કંપની તરીકે સ્થાપિત થઇ છે એવું સરટીફીકેટ અને લિમિટેડ કંપની હોય તો તે લિમિટેડ કંપની છે એવુ સરટીફીકેટ રજીસ્ટ્રારે પોતાની સહીનું આપવુ પછી તે કંપની સસ્થાપિત થશે ને તેનો મઝીયારો સિક્કો થશે

૨૬૩ કંપની નોધાવ્યા પછી, જે જંગમ કે સ્થાવર મિલકત કંપનીની હોય તે તેને પ્રાપ્ત થશે

૨૬૪ નોધાયા પહેલા કંપનીએ કે તેની સાથે જે કાંઈ કરજ કે જોખમદારી કે કરાર કરવામા આવ્યાં હશે તેને કંપની નોધાયાથી બાધ આવશે નહિ

૨૬૫ કંપનીએ કે તેના ઓફીસરે કે મેમ્બર કે તેની ઉપર જે ફરિયાદો કે કાયદાસર કામો ચલાવ્યા હોય તે કામો તે કંપની નોધી ન હોય ને જે રીતે ચાલત તેજ રીતે ચલાવવા

૨૬૬ કોઈ કંપની આ આકટ પ્રમાણે નોધી હોય ત્યારે કંપનીની રચના બાબત જે ઠરાવ હશે, જો

તે કંપની આ આકટ પ્રમાણે થયેલી હોય તો જેટલા મેમોરેન્ડમ કરવા પડત તે દાખલ કર્યા હોય, એવીજ રીતે અને એવુજ પરિણામ આવે તે પ્રમાણે કંપનીની સરતો અને કાનુનો છે એમ સમજવુ, અને આ આકટના સઘળા ઠરાવો તે કંપનીને, મેમ્બરોને ને ફાળો આપનારાઓને તે લેણદારોને લાગુ પડશે

૨૬૭ આ કલમના ઠરાવોને પાત્ર, આ ભાગ મુજબ નોંધાયલી કોઇ કંપનીનો વિશેષ ઠરાવ કરીને, ડીડ ઓફ સેટલમેન્ટને બદલે મેમોરેન્ડમ અને આર્ટિકલો દાખલ કરીને પોતાની રચનાનુ સ્વરૂપ બદલવાનો અધિકાર છે

૨૬૮ કોઈ કંપનીનુ કામ બંધ કરવા બાબતની અરજી આવ્યા પછી અને કામ બંધ કરવાનો હુકમ કર્યા પછી પહેલા કોઇ પણ વખતે કંપનીની ઉપર ચાલતું કામ કે ફરીયાદ ઓક રાખવા કે નિયમિત કરવા બાબતના આ આકટના ઠરાવો, નોંધાયલી કંપનીની બાબતમા લેણદારે તેવી અરજી કરી હોય તો, તે કંપનીના કોઇ ફાળો આપનારની સામે માંડેલી ફરિયાદ તથા કાયદેસર કામને લાગુ પડશે

૨૬૯ નોંધેલી કંપનીનુ કામકાજ આટોપીને બંધ કરવાનો હુકમ કર્યા પછી, કંપનીના કરજ બાબત તેની ઉપર કે ફાળો આપનાર ઉપર કોર્ટની પરવાનગી વગર કાંઇ ફરિયાદ કે કામ આગળ ચલાવવુ નહિ

ભાગ ૯—નોંધેલી કંપનીઓનું કામ આટોપીને બંધ કરવા બાબત.

૨૭૦ ન નોંધેલી કંપની એ સંજ્ઞામા સરકારના આકટથી સંસ્થાપિત થએલી કોઇ રેલ્વે કંપની કે નોંધાયલી કંપનીનો સમાવેશ થશે નહિ પણ તે સિવાય મેમ્બરો કરતા વધારે મેમ્બરોવાળા કોઈ પણ પંત્યાળા, એસોસીએશન કે કંપનીનો તે સંજ્ઞામા સમાવેશ થશે

૨૭૧ આ ભાગના ઠરાવોને પાત્ર કોઇ ન નોંધેલી કંપનીનુ કામ આ આકટ પ્રમાણે આટોપીને બંધ કરવાનો અધિકાર છે

૨૭૨ ન નોંધેલી કંપનીનુ કામ બંધ કરવામા આવે ત્યારે જે માણસ કંપનીનુ કરજ કે કંપનીની જવાબદારી વાળવાનો ફાળો આપવાને લાયક હોય તે દરેક માણસ ફાળો આપનાર છે એમ સમજવુ

૨૭૩ કંપનીનુ કામકાજ બંધ કરવા બાબતની અરજી કર્યા પછી અને કામ બંધ કરવાનો હુકમ કર્યા પહેલા તે કંપની ઉપર ફરિયાદ તથા કાયદાસર કામ ચલાવવાનું બંધ કરવા બાબત આ આકટના ઠરાવો ન નોંધાયલી કંપનીની બાબતમા તેવી અરજી કોઇ લેણદારે કરી હશે, તે કંપનીના ફાળો આપનારા, સખસની ઉપરની ફરયાદો તથા કામને લાગુ પડશે

૨૭૪ ન નોંધેલી કંપનીનુ કામકાજ બંધ કરવાનો હુકમ થયો હોય ત્યારે કોર્ટની પરવાનગી વગર તેની ઉપર કાંઇ પણ ફરિયાદોનુ કામ આગળ ચલાવવુ નહીં

૨૭૫ ન નોંધેલી કંપનીને કે કંપની ઉપર તેના સામાન્ય નામથી ફરિયાદ કરવાનો અધિકાર નહિ હશે, તો તે કોર્ટ, તે કંપનીનુ કામકાજ આટોપીને બંધ કરવાનો હુકમ કરીને એવુ ફરમાવવાને મુખત્યાર છે કે, જે સ્થાવર તથા જંગમ મિલ્કત, કે તેમના દાવા હક કંપનીની વતી તેના ટ્રસ્ટીના હશે તે સઘળી મિલ્કત તથા હિત સંબંધ ક હક ઓફિશિયલ લિકિવડેટરને તેના હુદ્દાના નામથી સ્વાધીન થશે અને લિકવડેટરને કોર્ટ ફરમાવે તે નુકસાનીનો બદલો આપ્યા પછી, તે માલ મિલ્કત બાબત કાંઇ ફરિયાદ કરવાનો કે તેનો જવાબ દેવાનો અધિકાર છે

૨૭૬ ન નોંધેલી કંપની બાબત આ ભાગના ઠરાવ કંપનીનુ કામકાજ કોર્ટની પાસે આટોપાવીને બંધ કરાવવા બાબત આ આકટમા પાછળ ઠરાવ કરેલા છે તે ઉપરાત પછી કર્યા છે એવુ સમજવુ

ભાગ ૧૦ મો. બ્રિટિશ હિંદુસ્તાનની બહાર સ્થાપેલી કંપનીઓ.

૨૭૭ બ્રિટિશ હિંદુસ્થાનની બહાર સંસ્થાપિત થયેલી જે કંપની આ આકટની શરૂઆત વખતે બ્રિટિશ હિંદુસ્તાનમા પોતાના કામ કાજની જગ્યા હોય અને આ આકટની શરૂઆત પછી આવી જે દરેક કંપની બ્રિટિશ હિંદુસ્તાનમા એવી કામકાજની જગા સ્થાપે તે દરેક કંપનીએ, આ આકટની શરૂઆત પછી ૭ મહીનાની અંદર અને કામકાજની જગ્યા સ્થપાયાની એક મહીનાની અંદર જે પ્રાંતમા જગ્યા સ્થાપી હોય તે પ્રાંતના રજીસ્ટ્રારને ત્યા નીચેની બાબતો ફાઇલ કરવી:—

તે કંપનીના ઓર્ડર, સ્ટેચ્યુટો, મેમોરેન્ડમ અને આર્ટીકલોની દાખલાવાળી નકલ, કંપનીના રચના કરનારો લેખ, કંપનીની નોંધેલી મુખ્ય ઓફિસનો પત્તો કંપનાના ડિરેકટરો કે મેનેજરોની યાદી

ભાગ ૧૧ મો.—પુરવણી ઠરાવો.

૨૭૮ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ કે પહેલા વર્ગના માજીસ્ટ્રેટની કોર્ટથી ઉતરતા દરજ્જાની કોઇ પણ કોર્ટ આ આકટ વિરૂદ્ધ દરેક ગુન્હો નોનકોગ્નિઝેબલ ગુન્હો સમજવો

૨૭૯ આ આકટની રૂયે કોઇ પણ દંડ કરનારી કોર્ટ, તે દંડ તે કામકાજના ખર્ચ માટે ઉપયોગમા લેવો, કે ખબર આપનાર સખસને બદલો આપવા માટે ઉપયોગમા લેવાને તે મુખત્યાર છે

૨૮૦ જ્યારે વાદી કે અરજદાર લિમિટેડ કંપના હોય ત્યારે કોર્ટને પ્રતિવાદી જવાબ દેવામા જીતશે તો તેનો ખર્ચ આપવાને કંપની પાસે અવેજ નથી એમ જણાય તો ખર્ચ પુરતા જામીન આપવાને કોર્ટ ફરમાવી શકે છે

૨૮૧ જો કંપનીના કોઈ ડિરેકટર સામે કસુર કે વિશ્વાસઘાત માટે ચાલતા કોઇ કામમા કોર્ટને જણાય કે કસુર માટે તે જવાબદાર છે, પણ તે પ્રમાણિકપણે વર્ત્યો છે માટે તેને તે માટે માફી આપવી જોઈએ તો કોર્ટ તેને યોગ્ય લાગે તે સરતોએ તે જોખમદારીમાથી મુકત કરી શકે છે

૨૮૨ જે કોઈ સખસ આ આકટના કોઇ કારણો માટે જોઇતા પત્રકો, રિપોર્ટ, સર્ટિફીકેટ કે બીજા દસ્તાવેજમા, કોઈ મહત્વ બાબતમા ભૂલવાળી હકીકત તે ખોટી છે એમજાણીને ઇરાદાપૂર્વક લખે તે સખસને ત્રણ વર્ષ સુધીની કેદની શિક્ષા થશે વળી તે દંડને પણ પાત્ર થશે

૨૮૩ જે કોઇ સખસો એવા નામથી ધંધો ચલાવે કે જેનો છેલ્લો અક્ષર લિમિટેડ હોય, તો તે સખસો યોગ્ય રીતે જોખમદારીથી સંસ્થાપીત થયા ન હોય તો, દરેક દિવસ બદલ પચાસ રૂપીઆ સુધીના દંડને પાત્ર થશે

૨૮૪ કામકાજ આટોપીને બંધ કરવા સારૂ આ આકટ શરૂ થયા પહેલા જે કંપનીનુ કામ બંધ કરવામા આવતું હોય તેને લાગુ પડશે નહિ, પણ આ આકટ પસાર થયો ન હોય તે રીતેજ તે કામ આટોપીને બંધ કરવુ

૨૮૫ આ આકટ ચાલુ થયા પહેલા તબદીલ કરવા બાબતનો જે દરેક લેખ કે દસ્તાવેજ આ ઉપરથી રદ થયેલા કાયદા પ્રમાણે કર્યો હશે તે, આ આકટ પસાર થયો નહીં હોત તો જે પ્રમાણે ચાલત તેજ પ્રમાણે ચાલશે

૨૮૬ આ આકટની શરૂઆતમા જોઇંટ સ્ટોક કંપનીઓ નોંધવા માટે જે ઓફિસો, રજીસ્ટરો અને રજીસ્ટ્રારો ચાલુ હશે તે આ આકટની રૂયે સ્થપાયલી હશે એમ ચાલુ રહેશે.

૨૮૭ આ આકટના કોઇ મજકુરથી સને ૧૯૨૨ ના જીંદગીનો વીમો ઉતારનારી કંપનીઓના આકટના તથા સને ૧૯૧૨ ના પ્રોવિડંટ ઇન્સ્યુરન્સ સોસાઇટી બાબતના આકટના ઠરાવોને બાધ આવશે નહિ.

૨૮૮ સને ૧૮૬૦ ના ૨૧ મા આકટમા ' જોઇંટસ્ટોક કંપનીઓનો રજીસ્ટ્રાર ' આ શબ્દો લખેલા છે તેનો અર્થ આ આકટ મુજબનો રજીસ્ટ્રાર એવો થાય છે

૨૮૯ ૧૮૮ મી તથા ૧૮૯ મી કલમોમા ઠરાવ્યુ છે તે સિવાય આ આકટનો કોઇ પણ ઠરાવ બંગાલાની એકને મદ્રાસની એકને તથા મુબઇને એકને લાગુ છે એવુ સમજવુ નહિ

૨૯૦ ચોથા પરિશિષ્ટમા લખેલા કાયદા તે પરિશિષ્ટના ચોથા આસનમા જણાવેલા પ્રમાણમા આ ઉપરથી રદ કર્યા છે એમ સમજવુ

પરિશિષ્ટ ૧ કોષ્ટક બ

રજીસ્ટ્રારને આપવાની ફીનું પત્રક.

શેરના ભંડોળ ધરાવતી કંપનીઓ.

૧ જે કંપનીના નામનો શેરનો ભંડોળ ૨૦,૦૦૦ રૂપીઆ કરતા વધારે રૂપીઆ ન હોય તે કંપની નોંધવા માટે રૂ ૪૦—૦—૦

૨ જેનો શેરનો ભંડોળ રૂા, ૨૦૦૦૦ કરતા વધારે હોય તેને નોંધવા માટે ઉપર લખેલી ચાલીસ રૂપીઆની ફી ઉપરાત વળી નામના ભંડોળની રકમ પ્રમાણે હિસાબ ગણીને હેઠળ લખેલી બીજી ફી આપવી એટલે

પહેલા ૨૦,૦૦૦ રૂપીઆ ઉપર અને ૫૦,૦૦૦ રૂપીઆ સુધી નામના શેરના ભંડોળના દર દસહજાર રૂપીઆ કે તેના કાંઇ ભાપ માટે રૂા ૨૦—૦—૦

પહેલા પચાસ હજાર રૂપીઆ ઉપર અને દસલાખ રૂપીઆ સુધી નામના શેરના ભંડોળના દર દશહજાર રૂપીઆ માટે કે તેના ભાગ માટે રૂા ૫–૦–૦

પહેલા દસલાખ રૂપીઆ ઉપરાતના નામના શેરના ભંડોળના દર દસહજાર રૂપીઆ માટે કે તેના કોઇ ભાગ માટે રૂા ૧—૦—૦

૩ કંપની નોંધાયા પછી શેરના ભંડોળના રૂપીઆ વધાર્યા હોય તો તે પ્રથમથી વધાયા હોત ને જે ફી આપવી પડત તે ફી દર દસહજાર રૂપીઆ માટે કે તેના ભાગ માટે આપવી પડશે પણ નોંધતી વખતે જે ફી આપી હોય તે હિસાબમા ગણવી

૪ નોંધવાની ફી જે કંપનીઓને માફ કરી હોય તે સિવાય હમણાની હરકોઇ કંપની નોંધવાની ફી નવી કંપની નોંધાવા બાબત જેટલી બેસે છે તેટલી બેસશે

૫ મેમોરેંડમ કે રીસીવરે રજીસ્ટ્રારને ત્યા ફાઇલ કરવાની તારીજ કે કંપનીનુ કામ બંધ કરતી વખતે લિક્વિડેટરે રજીસ્ટ્રારને ત્યા ફાઈલ કરવાના પત્રક સિવાય જે દસ્તાવેજ આ આક્ટ પ્રમાણે ફાઇલ કરવાની જરૂર છે તે ફાઇલ કરવા બાબત રૂા ૧–૦–૦

૬ જે વાત બની હોય તે વાત આ આક્ટ પ્રમાણે દફતરમા દાખલ કરવાનો રજીસ્ટ્રારને અધિકાર છે તે વાત દફતરમા દાખલ કરવા બાબત રૂા ૫–૦–૦

શેરના ભંડોળ નહીં ધરાવતી કંપનીઓ

૧ જે કંપનીના મેબરોની સખ્યા આર્ટિકલ્સ ઓફ એસોસીએશનમા લખ્યા પ્રમાણે ૨૦ કરતા વત્તા ન હોય તે કંપની બાબત રૂ ૪૦–૦–૦

૨ જે કંપનીના મેબરોની સંખ્યા ૨૦ કરતા વત્તી અને ૧૦૦ કરતા વત્તી ન હોય તે કંપની નોંધવા બાબત રૂા ૧૦૦–૦–૦

૨ જે કંપનીના મેબરોની સખ્યા ૧૦૦ કરતા વત્તી હોય પણ અનિયમીત છે એવુ લખ્યુ ન હોય તે કંપની નોંધવા માટે ૧૦૦ રૂપીઆની ફી ઉપરાત પહેલા ૧૦૦ કરતા વધુ મેબર હોય તો દર ૫૦ કે તેની અંદરના મેબર માટે રૂા ૫–૦–૦

જે કંપનીના મેબરોની સખ્યા અનિર્યામત છે એવુ આર્ટિકલ ઓફ એસોસિએશનમા લખ્યુ હોય તે કંપની બાબત રૂા ૪૦૦–૦–૦

કુલ એકંદર રૂ ૪૦૦ કરતા વધુ ફી આપવાને કાંઇ કંપની પાત્ર નથી.

રાજદ્વારી કેદીને દેશપાર કરવાનો કાયદો.

(મુંબાઇનો સને ૧૮૨૭ ને ૨૫ મો)

પરરાજ્ય સાથે કરેલો એક સપ પાળવા માટે, દેશના ખંડીઆ રાજાઓના મુલકમા સુલેહ શાંતિ જાળવવા માટે બ્રીટીશ સરકારના દેશને દુસ્મનોથી બચાવવા માટે અને રાજ્યની અંદર થતા ફીતુર કે બંડ અટકાવવા સારૂ, કોઇ પણ સખસને જાપ્તામાં રાખવો જોઇએ એમ સરકારને લાગે ત્યારે તેને પકડીને મંગાવી કોઈ અલમદારના નામનુ વારંટ કાઢી તેને રાજકેદી તરીકે સ્વાધીન કરવાને અને એવા સખસને દેશપાર કરવાને સરકારને અધિકાર છે તેમજ તેવા કારણસર કોઇ પણ જમીનદાર, જાગીરદાર, તાલુકદાર કે તેવા કોઇ પણ સખસની મિલકત જપ્તીમા લઇ વહીવટ કરવાને મુંબઇ સરકાર મુખત્યાર છે

મુંબઇનો ભાડાના વાહન બાબતનો કાયદો.

(સને ૧૮૬૩ નો આકટ ૬ ઠો)

ભાડાનું વાહન—એટલે કે બે તેથી વધારે પૈડાની જે ગાડીઓ ભાડે ફરતી હોય તે અને જેને ઘોડા અથવા બીજા જાનવરો જોડતા હોય તે તથા દરેક બોટ કે વહાણ ભાડે ફરતા હોય તે

૨ પોલીસ કમીશનરના પરવાના વગર ભાડાનું વાહન રાખવુ નહિ કે ભાડે આપવુ નહિ, પરવાના વગર, તે વાહન ઉપર રંગવતી નંબર લખ્યાં વગર ભાડાના દરની યાદી રાખ્યા વગર ફક્ત આટલા બાહુત બેસે એવો લેખ લખ્યા વગર, જે કોઈ ભાડાનુ વાહન રાખે, અથવા ભાડે આપે તેને સો રૂપીઆ સુધી દંડ અથવા ત્રણ મહીના સુધીની સાદી કેદની શિક્ષા થશે.

૩ પરવાના વગરે કે પરવાનાનુ બીલ્લું પાસે રાખ્યા વગર, વાહનના ચાકરે, વાહન ફેરવવુ નહિ, બિલ્લુ પોતાના પોષાકના પ્રસિદ્ધ ભાગ ઉપર વળગાડી રાખવુ જોઇએ આ કલમ વિરૂદ્ધ ચાલનારને વીસ રૂપીઆ સુધી દંડ અથવા એક મહીના સુધીની સાદી કેદની શિક્ષા થશે.

૫ જે માણસને પરવાનો મળ્યો હોય તે જો પોતાની રહેવાની જગા બદલે તો તેના સુચના તેણે આઠ દિવસની અંદર પોલીસ કમીશનરને આપવી. આ કલમ વિરૂદ્ધ ચાલનારને રૂપીઆ વીસ સુધી દંડ થશે.

૭ દરેક પરવાના બદલ નીચે પ્રમાણે ફી પડશે

અ. બે કે વધારે ઘોડાના ચાર પૈડાના વાહન, છ કરતા વધારે માણસો લઇ જઈ શકે. રૂ ૨—૦—૦

બ એક કે વધારે ઘોડાના ચાર પૈડાના વાહન, સીગરામ કે ગાડી ૬ માણસો સુધી લઈ જઇ શકે રૂ ૧

ક. બે પૈડાની બગી—ત્રણ માણસ લઇ જઇ શકે ૦—૮—૦

ડ બે કે વધારે પૈડાની બે બળદની ગાડી, પાચ માણસો લઇ જઇ શકે ૦—૪—૦

ઇ બે પૈડાની બે બળદની ગાડી ત્રણ માણસ લઇ જઇ શકે ૦—૪—૦

ફ પાલખીના ૦—૪—૦ (જી) બંદર બોટનો તથા તારનો ૧—૦—૦ (ઘ) ડીંગીના ૦—૮—૦

ઇ હોડીના ૦—૨—૦ (જે) માલ લઇ જવાની ગાડીના ૦—૪—૦

૮ ઉપર ઠરાવેલી ફી લઇ પરવાના દર વર્ષે નવા કરી આપવામા આવસે

૯ પરવાનો મોકુફ કરવાનો કે રદ કરવાનો પોલીસ કમીસનરને અધિકાર છે જેનો પરવાનો રદ થયો હશે તે નવો પરવાનો મળ્યા પહેલા વાહન ભાડે ફેરવે તો કલમ ૨ મુજબ શિક્ષાને પાત્ર થશે

૧૦ મોકુફ કરેલા કે રદ થએલા પરવાના પોલીસ કમીસનરને પાછા આપવા જોઈએ, તેમા ગફલત કરશે તો તેનો વીસ રૂપીઆ દંડ અથવા બે મહીના સુધીની આસન કેદની શિક્ષા થશે

૧૧ પરવાનો ખોવાઈ જાય કે ભેળવાઈ પડે તો બીજી નકલ લેવી જોઇએ, પરવાનો કે નંબર નવો કરી આપવા પહેલા કલમ ૭ મા બતાવેલા ફી થી અડધી ફી આપવી જોઈએ

૧૨ પોલીસ કમીશનરની મંજુરી વગર પરવાનાની પીઠ ઉપર લખ્યા વગર પરવાનો બીજાના નામ ઉપર ચઢાવી આપવા નહીં.

૧૩ જે વાહનને સારૂ જે પરવાનો નંબર કે લેખ આપ્યો હોય તે વાહન તે સિવાય બીજા વાહનો સારૂ કોઇ માણસ વાપરે તો તેનો સો રૂપીઆ દંડ અથવા ત્રણ મહીના સુધી આસન કેદની શિક્ષા થશે.

૧૪ પોલીસ કમીશનર ભાડાના વાહનના દર ઠરાવશે તથા ઉભા રહેવાની જગા નક્કી કરસે.

૧૫ જેટલા બાહુત લઇ જવાનો પરવાનો હોય તે કરતા વધારે બાહુત લઈ જશે તો, અથવા

પરવાનાની સરત તોડશે તો પરવાનાવાળો, હાકનાર અથવા ચાકર વીસ રૂપીયા સુધી દંડ અથવા બે મહીનાની આસાન કેદની શિક્ષાને પાત્ર થશે

૧૬ પરવાનાવાળો, હાકનાર કે ચાકર વાહનનો નબર છુપાવે, કે નોધી લેતા અટકાવશે તો તેનો વીસ રૂપીઆ સુધી દંડ અથવા બે મહીના સુધીની આસાન કેદની શિક્ષાને પાત્ર થશે

૧૭ વાહન ભાડે કરનારની સમત્તિ વગર તેમા બીજા માણુસો બેસાડે તો પણુ ઉપર મુજબ શિક્ષા થશે

૧૮ ભાડા વિગેરેની યાદી, વાહન ભાડે કરનાર જોવા માગે અને જો તે ન બતાવે તો તેને પણુ ઉપગ પ્રમાણે શિક્ષા થશે

૧૯ યાદીની નકલ ચાગ આનાની ફી આપવાથી પોલીસ કમીશનરની ઓફીસમાથી મળી શકશે,

૨૦ વાહનનો હાકનાર બીજા ખાનગી વાહનને રસ્તો નહી આપે અથવા તેનો અટકવ કરશે તો પણુ તેને ઉપર પ્રમાણે શિક્ષા થશે

૨૧ વાહન હાંકનાર કે તેનો ચાકર દારૂ પીને છાકટો થઇ જશે, ભાડુતનો વ્યાજબી હુકમ માનશે નહી અને વાહન સાફ ગખશે નહી તો તે ઉપર મુજબ શિક્ષાને પાત્ર થશે

૨૨ હાકનાર ભાડુ કરવાની ના કહેશે, ભાડુ પહેલું માગશે, વાર લગાડશે, વતું ભાડુ માગશે, અને વાહનને ઉભા રહેવા સારૂ કરાવેલી જગા સીવાય બીજી જગાએ ભાડા સારૂ ફરશે તો તેને પણુ ઉપર મુજબ શિક્ષા થશે

૨૩ વાહન હાકનાર કે તેનો ચાકર ગફલતથી કે ગેરચાલથી ઇજા કે નુકશાન કરે, તેને તેવો ગુન્હો કરતા જે કોઇ દેખે તેણે તેને પકડીને પોલીસ અમલદારને સ્વાધીન કરવો

૨૪ વાહન હાકનારને કે તેના ચાકરની સાથે તકરાર પડે ત્યારે હમણુા ને હમણુા પોલીસ કોર્ટમા કે પોલીસ અમલદાર પાસે ચાલ એમ કહેવાનો ભાડે કરનારને અધિકાર છે

૨૫ પરવાનાવાળાને હાકનારને કે તેના ચાકરને ભાડાનુ વાહન ભાડા માટે ફેરવવાને કહેવાનો અધિકાર પોલીસ અમલદારને છે અને તે પ્રમાણે કહેવાનુ તે વાજબી કારણુ વગર ના કહેશે તો તેનો પચાસ રૂપીઆ સુધી દંડ થશે

૨૬ હાકનારને હાજર કરવા સારૂ પરવાનાવાળાને સમન કરવાનો પોલીસ માજીસ્ટ્રેટને અધિકાર છે અને તે હાજર થવાને ચુકશે તો તેનો પચાસ રૂપીઆ સુધી દંડ થશે

૨૭ દંડ અને નુકશાન બાબત જે રકમ આપવાનું ઠરાવ્યુ હોય તે ગુન્હેગારની જગમ માલમિલ્કત જપ્ત કરીને વેચીને વસુલ કરવાનો અધિકાર છે

૨૮ કાયદાસર ભાડુ આપવાની ના કહેનારને દંડ કરવાનો અને હાકનારને ખોટી કર્યા બદલ નુકશાની અપાવાને પોલીસ મેજીસ્ટ્રેટને અધિકાર છે

૨૯ વાહનમા બેઠો હોય તે માણુસ જાણી જોઇને કે ગફલતથી વાહનને નુકશાન કરશે તો તેનો વીસ રૂપીઆ સુધી દંડ થશે અને માજીસ્ટ્રેટ ઠરાવે તેટલો નુકશાનીનો બદલો આપવો પડશે

૩૦ વગર કારણે ફરીઆદ કરી હોય તો હાકનારને બદલો અપાવવાને કોર્ટ મુખત્યાર છે

૩૧ વાહનમા રહી ગયેલો માલ, તેના હાકનારે કે ચાકરે, પોલીસ કમીશનરની કોર્ટમા તાબડતોબ લઇ જઇ અનામત રાખવો ને ધણી હાજર થાય તો તેને પાછો આપવો

૩૨ આ આકટ વિરૂદ્ધ ગુન્હો કરનારને નજરે પડતા કોઇ પણુ પોલીસ અમલદાર કે કોન્સ્ટેબલ વગર વારટે પકડવાને મુખત્યાર છે અને વાહનને પણુ અટકાવી રાખવાને તેને અધિકાર છે

૩૩ આ આકટ, મુબાઇ શહેર, કોલાબા ટાપુ તથા બદરને અને એડન, અમદાવાદ, અહમદનગર અલીબાગ, ખડાલા, બાગલકોટ, વાદગા, વડોદરા કેમ્પ, બારસી, વસઇ, બેલ્ગામ, ભીગાગ, ભીમડી, બીજાપુર, ભરૂચ, ડાપોલી, ધારવાડ, હુબ્લી, કલ્યાણુ. પુના, થાણુા સુરત, રાદેર, લોનાલા, મહાબળેશ્વર, વઠાર, નાસીક વીગેરે સ્થળોએ લાગુ છે

૩૪ મુબાઇ શહેર સિવાય પોલીસ કમીશનરને બદલે પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટને આ આકટ મુજબના અધિકાર છે

૩૫ આ આકટ પ્રમાણે કરેલા ફેસલા ઉપર અપીલ ચાલતી નથી,

હિંદુસ્તાનનો ટ્રામવે બાબતનો કાયદો.

(સને ૧૮૮૬ નો આકટ ૧૧ મો)

ટ્રામવે—એટલે લોખંડના પાટા ઉપર ચાલતી ગાડી, પુરસ્કર્ત્તા—એટલે મ્યુનીસીપાલીટી કે ડીસ્ત્રીકટ લોકલ બોર્ડ જેવી સ્થાનિક સત્તા

ટ્રામવે બાધવાની પરવાનગી મળવા બાબતની અરજી આવેથી યોગ્ય તપાસ કરી ટ્રામવે બાધવાનો અમુક સરતોથી અધિકાગ આપવાને સ્થાનિક સરકારને અધિકાર છે

આવા હુકમ વિરૂદ્ધ જે કોઇ ટ્રામવે બાધશે કે ટકાવી રાખશે, રાહદારી માટે ઉઘાડશે, હુકમમા લખેલી શરતો પાળવાને ચુકશે, હુકમ વિરૂદ્ધ ચાલશે, તેને સ્થાનિક સરકાર કે સત્તાની, કે ડીસ્ત્રીકટ મેજીસ્ટ્રેટની કે જે સખસને તે કામથી નુકશાન થયુ હશે, તે સખસની ઉપર ફરીઆદ ઉપરથી એકમો રૂપીઆ સુધી દંડની સજા થશે, અને ગુન્હો જારી રાખશે તો દર દિવસે પચાસ રૂપીઆ સુધી દંડને પાત્ર થશે

જે સખસ પુરસ્કર્ત્તાના અખત્યારની રૂએ કામ કરતા કોઇ સખસને, ટ્રામવે બાધવામા ટકાવી રાખવામા, કે પોતાના અધિકાર ચલાવવામા જાણી બુજીને હરકત કરશે, કે ટ્રામવેની લાઇન બતાવવા સારૂ નિશાની કરી જાણી બુઝીને નુકશાન કરશે તો તેને પચાસ રૂપીઆ સુધી દંડની સજા થશે

જે માણુસ—(૧) ટ્રામવેના કે તેની સાથે સબંધ રાખતા કામના કોઇ ભાગમા ડખલ કરશે, દુર કરશે કે ફેરવશે, [૨] ત્રામવેપર આડુ લાકડુ, પથ્થર, કચરો કે બીજી ચીજ મુકશે કે ફેકશે, (૩) ત્રામવેનો ઉપયોગ કરતી કોઇ ગાડીને કાઇ હરકત થાય તેવુ કૃત્ય કરશે (૪) ઉપરના કૃત્યોમા મદદ કરશે તો તેને સો રૂપીઆ સુધીના દંડની સજા કરવામા આપશે

જે માણુસ ત્રામમા મુસાફરી કરતા કે મુસાફરી કર્યા પછી, ભાડુ આપશે નહી, અને અમુક અતરનુ ભાડુ આપી તેથી પેલીમેર જશે, અને વધારાનુ આપશે નહી, જે જગ્યાનુ ભાડુ આપ્યુ હશે તે જગ્યાએ ઉતરવાનુ ના કહેશે તો તેને દસ રૂપીઆ સુધીના દંડની શિક્ષા થશે

ઉપર મુજબનો ગુન્હો જે માણુસ કરે તેણે પોતાનુ નામ કે ઠેકાણુ જો માગે તો તરત આપવુ જોઇએ અને જો તે નામ કે ઠેકાણુ નહી આપે તો તેને પકડીને નજીકના પોલીસ થાણામા મોકલવાનો દરેક ત્રામ-વેના નોકરને અધિકાર છે ખરુ નામ ઠેકાણુ નક્કી થયે તેને મેજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થવાનો મુચરકો લખી લઇ તેને છોડી દેવો જોઇએ

જે માણુસ નોટીસ આપ્યા વગર ભયકારક કે ત્રાસ કરનાર માલ ત્રામવેમા થઇ લઇ જશે કે મોકલશે તેને પચાસ રૂપીઆ સુધી દંડની શિક્ષા થશે

મુંબઇનો બજારો તથા મેળા બાબતનો કાયદો.

(સને ૧૮૬૨ નો આકટ ૪ થો)

૧ કોઇ પણ સખસ ડીસ્ત્રીકટ મેજીસ્ટ્રેટની લખીત પરવાનગી વગર નવુ બજાર કે મેળો ભરવો નહિ તે વિરૂદ્ધ ગુન્હો કરનારને પહેલા વર્ગના માજીસ્તરેટને બસો રૂપીઆ સુધી દંડની અને તે ન આપે તો બે મહિના સુધીની આસાન કેદની સજા કરવાનો અધિકાર છે

૨ જે કોઇ માણુસ આ પ્રમાણે નવુ બજાર કે મેળો ભરવાની ઇચ્છા રાખતો હોય તેણે તે બાબ-તની ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટને અરજી કરવી અને તે અરજીમા જે દિવશે અને જે જગ્યાએ તેવુ નવુ બજાર કે મેળો ભરવાનો હોય તે દિવસ અને જગ્યાનું નામ, જે નજીકની જગ્યામા જે દિવસે ચાલુ મેળો કે બજાર ભરાતો હોય તેનુ નામ તથા તે બે જગ્યા વચ્ચેનું અતર, નવુ બજાર કે મેળો ભરવાનુ કારણુ એટલી વિગતો બતાવવી જોઇએ

૩ આ પ્રકારની અરજી મળ્યા પછી માજીસ્ટ્રેટે તે બાબતનુ એક જાહેરનામુ કાઢી જેને સામે વાંધો હોય તેને તથા ચાલુ બજાર ચાર માઇલની અદર ભરાતું હોય તો તેવા માલીકને છ અઠવાડીઆની અંદર તે સામે વાંધો હોય તો તે બતાવનારી એક નોટીસ કઢાડવી

૪ તેમા બતાવેલી મુદતમા જો કાંઇ વાધો ન બતાવવુ હોય તો, ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટે તે કે લોક બજાર ભરવાની પરવાનગી આપવી પણ જો કોઇ વાધો બતાવવુ હોય તો પોતે ચોકશી કરી તેનો નીકાલ કરવો

૬ આ હુકમની તારીખથી છ અઠવાડીઆની અંદર કમીશ્નર પાસે અપીલ ચાલી શકશે

૭ જો કોઇ માણુસ આ કાયદા પ્રમાણે કરેલા હુકમની સામા થશે કે તે માનશે નહિ કે તેનો ભંગ કરશે તેને બસો રૂપીઆ સુધી દંડની શીક્ષા થશે અને તે ન આપે તો બે મહીના સુધીની કેદની શિક્ષા થશે

૮ આ કાયદો મુબાઇ શહેર તથા કોલાબાના ટાપુને લાગુ નથી.

૯ તેવીજ રીતે પવીત્ર મકાનોની સ્થાપના કરતી વખતે લોકો એકઠા થાય તેને તેમજ ધર્મના કારણુસર લોકોનો જમાવ થાય તેને પણ આ કાયદો લાગુ નથી.

ડીસ્ટ્રીકટ માજીસ્તરેટની વિશેષ સત્તા બાબતનો કાયદો.

(સને ૧૮૨૭ નો ૧૨ મો)

૧ કોઇ પણ સખસ હાજર રહેવાને, જામીન કે મુચરકા આપી શકે નહિ તો તેવા પ્રસંગે તે સખસને કોઇ ભરૂસાવાળા સખસની દેખરેખ તળે રાખવાની, તેમજ (૨) શકદાર સખસોની બાબતમા તે વખતે પોતાનુ ગામ કે ઘર છોડી જાય નહિ, હથિઆર કે ઘોડો રાખે નહિ, એવો દસ્તાવેજ લખાવી લઇ તેની કબુલત લઇ તેના ઉપર દાબ રાખવાની અને તેને જાહેર કરવાની ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને સત્તા છે. આ દસ્તાવેજની સરતો પ્રમાણે તે સખસ ન ચાલે તો તેને છ મહીના સુધીની કેદની શિક્ષા કરવાને પણ તે મુખત્યાર છે

હીંદુસ્તાનનો વેપારના માલ ઉપર દગલબાજીથી નિશાનીઓ કરવા બાબતનો કાયદો

(સને ૧૮૮૯ નો આકટ નંબર ૪ થો ઇંડિઆ)

૧ આ આકટને વેપારના માલ ઉપર દગલબાજીથી નિશાનીઓ કરવા બાબતનો કાયદો કહેવો

૨ વેપારની નિશાની એ શબ્દમા આ આકટથી સુધર્યાં પ્રમાણેની ઇં પી કો કા ૪૭૮ મા તે શબ્દોનો જે અર્થ થાય છે તેજ શબ્દો સમજવા (૨) વેપારના માલનુ વર્ણન–એમા કોઈ માલના નંબર માપ પરીમાણુ કે વજન સંબંધ અથવા જે જગ્યા કે પ્રદેશમા તે માલ બનાવેલો હોય તે સંબધી, તેને ઉત્પન્ન કરવાની રીત સંબધી, જે વસ્તુનો તે માલ બનાવ્યા હોય તે સંબધી, જે માલ સંબંધી પેટંટ, અનન્ય બાહ્યાધિકાર કોપીરાઇટ હોય તે માલ સંબંધી, અને જ્યારે વપરાતા આકડા, શબ્દ અને નિશાની, વેપારની રૂઢી પ્રમાણે ઉપર વર્ણવેલી કોઇ પણ બાબતના સૂચક ચિન્હ તરીકે સામાન્ય રીતે ગણાતી હોય ત્યારે તે આકટના અર્થ મૂજબ તે વેપારના માલનુ વર્ણન છે એવુ સમજવુ (૩) વેપારી માલનુ ખોટુ વર્ણન એ શબ્દમા જે માલને માટે વર્ણન કરવામા વેપારના માલનુ વર્ણન કરવુ અથવા તે માલના વર્ણનમા કાંઇ કાઢી નાખીને કે કાંઇ ઉમેરીને જે ફેરફાર કર્યો હોય જેથી તે મુદ્દાની બાબતમા ખોટુ થતું હોય તેવા પ્રત્યેક ફેરફારનો સમાવેશ થાય છે (૪) માલ–એ શબ્દમા વેપારની જણસનો સમાસ થાય છે

૩ ઇંડિઅન પીનલકોડમા કા ૪૭૮ થી ૪૮૯ સુધી જેમા વેપારની તથા માલની નિશાનીઓ બાબતના ઠરાવ છે તે દાખલ કરવામા આવ્યા છે

૪ જે માણુસે ખરી રીતે અમુક માલ બનાવ્યો છે કે જેની તે વેપારની જણુસ હોય તે સિવાયના બીજા માણુસે સદગુ માલ બનાવ્યો છે કે તેના વેપારની તે વસ્તુ છે એમ લોકોને માનવાનુ જેથી યોગ્ય કારણુ મળે તેવા કોઇ પણ આકડા, શબ્દ કે નિશાની તે ચાલુ ઉપર કરવાના કૃત્યને, તથા તે જે માલ ઉપર કરવામા આવ્યા હોય તે માલને, અથવા જે માલ ઉપર વેપારના માલનું ખોટુ વર્ણન કરવામા આવ્યુ હોય તે માલ સંબધીના આ આકટના ઠરાવો લાગુ પડશે (૨) કોઇ પણ માણુસનુ ખોટુ નામ કે તેના નામના ખોટા આદ્યાક્ષરને માલ ઉપર બતાવવાના કૃત્યને, તથા તે જે માલ ઉપર બતાવ્યા

હોય તે માલનો અથવા જે માલ ઉપર વેપારના માલનુ ખોટુ વર્ણન કરવામા આવ્યુ હોય તે માલ સંબંધીના આ આકટના ઠરાવો લાગુ પડશે

૫ જે કોઈ માણસ (અ) વેપારના માલ ઉપર વેપારના માલનું વર્ણન કરે, (બ) જે કોઇ કવર લેબલ કે બીજી વસ્તુમા ઘાલીને તે માલ વેચવામા આવતો હોય તે આચ્છાદન, લેબલ કે રીત એ વસ્તુ ઉપર વેપારના માલનું વર્ણન કરે, (ક) જે કોઈ માલ વેચવામા કે વેચવા સારૂ કે વેપાર કરવાના કે તેમાથી બીજી જણસ તૈયાર કરવાના કોઈ કારણસર રાખી મૂકવામા આવતો હોય તે માલ જે કોઇ કવર, લેબલ, સીલ કે બીજી વસ્તુ ઉપર વેપારના માલનુ વર્ણન કરવામા આવ્યુ હોય તેમા ઘાલે કે તે સાથે બાધે કે માલ ઉપર ચ્હોડે છે, (ડ) વેપારના માલના વર્ણનનો એવી રીતે ઉપયોગ કરે કે જે માલના સંબધમા તેનો ઉપયોગ કર્યો હોય તે એવા વર્ણનથી ઓળખાય છે કે એવી રીતે વ્યાખ્યા કરવામા આવે છે માલનુ નામ તથા વર્ણન તે વર્ણનમા કહેલુ છે એમ લોકો ખરી રીતે સમજે તો તે માણસે વેપારના માલનુ ખોટુ વર્ણન કર્યુ છે એમ સમજવુ (૨) માલમા કે કોઇ પણ કવર, લેબલ, શીલ કે બીજી વસ્તુમા વેપારના માલનું વર્ણન કર્યુ કે ચોઢ્યુ હોય તેની સાથે જોડ્યુ હોય તો વેપારના માલનું વર્ણન કર્યુ છે એમ સમજવુ (૩) કવર યાને આચ્છાદન આ શબ્દમા કોઈ પણ પીપ, બાટલી, પાત્ર, ડબી, ઢાકણુ, ટોપી, પટી, ખોખું અથવા બાધણનો સમાવેશ થાય છે અને લેબલ, આ શબ્દમા પટી કે ટીકીટનો સમાવેશ થાય છે

૬ માણસ માલ ઉપર વેપારના માલનુ ખોટુ વર્ણન કરે તો તેને આ આકટના ઠરાવોને અનુસરીને દગલબાજી કરવાના ઇરાદાથી તેમ કર્યું નથી એમ સાબીત ન કરે તો તેને ત્રણ મહિનાની મુદ્દત સુધીની કેદની કે બસે રૂપીઆ સુધીના દડની શિક્ષા કરવામા આવશે, આ ગુન્હો તેના ઉપર બીજી વખત સાબીત થશે તો તેને એક વર્ષની મુદ્દત સુધીની કેદની અથવા દડની અથવા એ બંનેની શિક્ષા કરવામા આવશે,–માત્ર આ કલમ વિરૂદ્ધ ગુન્હો કરવા બાબત સઘળા પૂર્વોપાય લીધા પછી જે ગુન્હો કર્યાનુ તહોમત આવ્યુ છે ને ગુન્હો કરતી વખતે વેપારના માલના વર્ણન બાબતના ખરાપણા વિષે વ્હેમ લાવવાને મને કઇ પણ કારણ ન્હોતું, અને [બ] જે માણસો પાસેથી આવો માલ કે પદાર્થ મને મળ્યો તે માણસો સબધી મારી પોતાની યથાશક્તિ પ્રમાણે સઘળી હકીકત ફરીયાદીએ અથવા તેના તરફથી બીજા કોઇએ પૂછી એટલે આપી હતી, અથવા (ક) બીજી બધી રીતે હુ નિષ્કપટથી ચાલ્યો હતો એમ કોઇ સાબીત કરે તો તો આ શિક્ષાને પાત્ર થશે નાહ

૮ કાઇ માલ, મિલ્કત કે બારદાન ઉપર પ્રસંગ પ્રમાણે ઇન્ડિઅન પીનલકોડની ક ૪૮૦ કે ૪૮૧ મા કહેલી રીતે કોઈ માણસે નિશાની કરી હોય તે કારણથી વેપારની મિલ્કતની ખોટી નિશાની વાપરવાનો તેના ઉપર પી–કો ની કા ૪૮૨ મુજબ કે વેપારના માલનુ કાઈ ખોટુ વર્ણન માલ ઉપર કરવા બાબતના આકટની કા ૨ પ્રમાણે કે વેપારની નિશાની ખોટી બનાવવાના કારણસર કાઇ છાપ, પત્ર કે બીજુ કાઈ હથીઆર બનાવવા બાબત ઈ–પી–કો–ની કા ૪૮૫ મુજબ તહોમત હોય અને તે નિંચે લખ્યા પ્રમાણે સાબીત કરી આપે તો તેના ઉપરનો ગુન્હો ના સાબીત થયાનો ઠરાવ કરવામા આવશે, એટલે—

અ વેપારની કે માલની નિશાનીઓ કે વર્ણન કરવાને કે તે કરવા કે બનાવવા માટે ઉપયોગમા આવે તે સારૂ છાપ, પતરૂ કે બીજુ હથીઆર કરવાને મને બીજા માણસે કામે લગાડ્યો છે અને તેથી તે માલ કે બીજો પદાર્થ વેચવાથી થતા નફામા મારો હિત સબધ નથી અને બ જે ગુન્હો કર્યાનુ તહોમત આવ્યુ છે તે નહી કરવા માટે મે યોગ્ય પૂર્વોપાય લીધા હતા, અને ક આ તહોમતવાળો ગુન્હો કરતી વખતે નિશાની કે વર્ણનના ખરાપણા વિશે વ્હેમ લાવવાને મને કાઈ કારણ નહોતું અને ડ જે માણસ તરફથી નિશાની કે વર્ણન કરવામા આવ્યુ હોય તે માણસો સબધી મે મારી યથા શક્તિ પ્રમાણે સઘળી હકીકત ફરીયાદી કે તેના તરફથી બીજા કોઇએ પુછી તે વખતે આપી હતી તો

૯ વેપારની ખોટી નિશાનીનો ઉપયોગ કરવા સારૂ કે ઈ પી. કો ની કા ૪૮૨ મુજબ કે વેપારની ખોટી બનાવેલી નિશાની કરી હોય એવો કઈ માલ કે પદાર્થ વેચવા સારૂ કે તેમાથી વેપારની કે બીજી કોઇ વસ્તુ તૈયાર કરવા માટે કબજામા રાખવા સારૂ પી કો ની કા ૪૮૬ મુજબ કે ખોટી નીશાની કરવા કે તેનો ઉપયોગ કરવા સારૂ કા ૪૮૭ કે ૪૮૮ મુજબ તે માલ ઉપર વેપારના માલનુ ખોટુ વર્ણન કરવા સારૂ કે તેવો કોઈ માલ વેચવા સારૂ આ આકટના કા ૬ કે ૭ મુજબ જ્યારે કોઇ માણસ ઉપર ગુન્હો

સાબીત થયાનો ઠરાવ થયો હોય કે ઇ-પી-કો-ની કા-૪૮૬ પ્રા આ આક્ટની ,કા-૭ કે ૮ મા કહેલી બાબત કે બાબતોની સાબીતીથી તેના ઉપગ્નો ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયો હોય, ત્યારે તેના ઉપર ગુન્હો સાબીત અથવા ના સાબીત થયાનો ઠરાવ કરનારી કોર્ટ, જે માલ તથા પદાર્થથી કે જેના સબધમા ગુન્હો થયો હોય કે ઉપર કહ્યા પ્રમાણેની સાબિત થાત તો ગુન્હો થયો હોત તે સઘળો માલ તથા પદાર્થ સરકારમા દાખલ થશે એમ ફરમાવવાને મુખત્યાર છે (૩) જો તે હુકમ ઉપર ચાલી શકે એમ હોય તો અપીલ ચાલી શકશે (૪) જો તે પદાર્થ રૂ ૫૦ કરતા વધારે હોય અને અપીલ ચાલી શકે તેમ હોય તો હુકમની તારીખથી ૩૦ દિવસના અદર તેને અપીલ કરવાનો અધિકાર છે

કા. ૧૦-૧૧-જળમાર્ગની કસ્ટમની ડયુટી બાબતના આક્ટમા સુધારો કર્યા બાબતની છે

૧૨ (૧) કારખાનાના આક્ટમા વ્યાખ્યા કર્યા પ્રમાણે જે જગ્યાએ કારખાનુ હોય તે જગ્યામા બનાવેલા માપ પ્રમાણે કે નગ પ્રમાણે જે કાપડ વેચવામા આવતુ હોય તે કાપડના દરેક નગ ઉપર તે નગ જેટલા ઠરાવેલા યાર્ડ કે તેના કોઇ અશ વાસ્તવિક રીતે લાબા હોય તે દેખાડવા માટે અગ્રેજી આકડાની સહેજ નજરે પડે તેવી છાપ માર્યા સિવાય તે કાપડ ઉપર કહેલી જગ્યામાથી બહાર લઇ જવુ નહી (૨) જો કોઇ માણસ પેટા કલમ (૧) મા ઠરાવેલી રીત પ્રમાણે કાપડનુ દરેક નગ કેટલુ લાગ્યુ છે તે બાબતની તેના ઉપર છાપ માર્યા સિવાય એવી જગ્યામાથી બહાર લઈ જશે તો એવા દરેક નગ કે તેની દરેક ગાસડી બાધવામા કે બહાર લઇ જવામા જે કઇ પણ કામ લીધુ હશે તે સરકાર દાખલ થશે અને તે માણસનો હજાર રૂપિઆ સુધીના દડની શિક્ષા થશે

૧૩ બ્રિટીશ હિંદુસ્તાનમા જળમાર્ગે માલ આવ્યો હોય, તે પ્રસગે આ આક્ટના ઠરાવ વિરૂદ્ધ થયેલા ગુન્હા બાબતની ફરીયાદ વખતે તે માલ જે બદરેથી ચઢાવ્યો હોય તે બદર બાબતનો પુરાવો સદરહુ માલ કઇ જગામા કે કયા પ્રદેશમા બનાવવામા કે ઉત્પન્ન કરવામા આવ્યો હતો તે બાબતનો પ્રથમ દર્શનિય પુરાવો છે એમ સમજવુ

૧૪ (૧) આ આક્ટની ૧૩ કલમ પ્રમાણે કે ઇ પી કોડની વેપારની નિશાનીઓ વિશેની કલમો વિરૂદ્ધ થયેલા ગુન્હાની ફરીયાદમા ખર્ચ ફરીયાદીએ તહોમતદારને કે તહોમતદારે ફરીઆદીને આપવુ તેનો કોર્ટે ઠરાવ કરવો (૨) આવો ખર્ચ અરજી કરેથી કોઈ દડ માફક ગણી વસુલ કરી શકશે

૧૫ ૧૪ મી કલમ મુજબની ફરીયાદ ગુન્હો બન્યાની તારીખથી ત્રણ વર્ષ પછી કે તે ગુન્હાની ફરીયાદીને પહેલા એવી ખબર પડે ત્યારે પછી એક વર્ષની મુદત વિત્યા પછી, એટલે એમાથી જે મુદત પ્રથમ પુરી થાય ત્યાર પછી શરૂ કરવામા આવશે નહી

૧૬ ગવર્નર જનરલ ઇન કૌસિલને આ આક્ટના ઠરાવો અમલમા લાવવામા ફોજદારી કોર્ટોને પાળવા સારૂ કોઈ પણ હુકમ ઇડિયા કે સ્થાનિક ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને કરવાનો અધિકાર છે

૧૭ જે માલ ઉપર વેપારની નિશાની કે તેનુ વર્ણન કરવામા આવ્યુ હોય, તે માલ વેચતી વખતે તે નિશાની ખરી છે ને ખોટી બનાવટની નથી કે તે વેપારજ માલનુ વર્ણન આ આક્ટની અર્થ મુજબ ખોટુ વર્ણન નથી એવી વેચનારે ખાત્રી કરી આપી છે એમ સમજવુ પણ જો વેચતી વખતે કરેલા કરારમા પ્રતિકુળ મજકુર હશે તો વેચનારે ખાત્રી કરી આપી છે એમ સમજવુ નહ

૧૮ જે ફરીયાદ કે કામ આ આક્ટના કોઇ પણ ઠરાવ મજુર થયા ન હોત તો કોઇપણ માણસ ઉપર ચલાવી શકાત તે ફરીઆદમાથી કે કામમાથી સદરહુ માણસનો આ આક્ટના કોઇ પણ ઠરાવ ઉપરથી બચાવ થશે નહિ એમ સમજવુ

હિન્દુસ્તાનનો વિજળી બાબતનો કાયદો.

(સને ૧૯૧૦ નો આકટ ૯ મો.)

૧. આ આકટને સને ૧૯૧૦ નો હિંદુસ્તાનનો વીજળી બાબતનો આકટ કહેવો (૨) તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ છે

૨ ટેલીગ્રાફ આકટમા વ્યાખ્યા કરેલી સંજ્ઞાઓનો જે અર્થ કર્યો છે તેજ અર્થ આકટમા થશે,

૩ સ્થાનિક સરકારે ઠરાવેલા નમુના પ્રમાણે અરજી કરવાથી અને ઠરાવેલી ફી આપેથી કોઇ પણ નિર્દિષ્ટ કરેલા પ્રદેશમા વીજળીની શકિત પુરી પાડવા માટે કે લઇ જવા માટે કે મોકલવા માટે વીજળીની લાઇન નાખવા સારૂ લાઇસન્સ આપવાને મુખત્યાર છે અને લાઇસન્સમા સ્થાનિક સરકારને યોગ્ય લાગે તેવી સરતો દાખલ કરવાનો અધિકાર છે

૪ જો લોકોના હિત સારૂ કે લાઇસન્સવાળો જાણી જોઈને તથા ગેરવ્યાજબી કસુર કરે કે લાઇસિન્સની સરત તોડે તો લાઈસિન્સ રદ કરવાની જરૂર જણાશે તો સ્થાનિક સરકાર લાઇસન્સ રદ કરવાને કે તેમા સુધારો કરવાને મુખત્યાર છે

૫ સ્થાનિક સરકારે તે રદ કરવાની નોટીસ લાઇસન્સવાળા કે સ્થાનિક અધિકારી ઉપર બજાવવી જોઇએ અને કઈ તારીખથી લાઇસન્સ રદ થશે તે નોટીસમા બતાવવુ સ્થાનિક અધિકારી નોટીસ બજાવ્યાની તારીખ પછી ત્રણ મહીનાની અદર સ્થાનિક સરકારની લેખી સંમતિ લઇને લાઇસન્સવાળાને લેખી નોટીસ આપીને ફરમાવી શકે કે તે અડરટેકીંગ સ્થાનિક સરકારને વેચવુ

૬ સ્થાનિક અધિકારીનું લાઇસન્સ સ્થાનિક સરકાર રદ કરે ત્યારે તે અન્ડરટેકીંગ તેણે સરકાર ફરમાવે તે રીતે વેચવુ જોઇએ

૭ પચાસ વર્ષ કરતા વધારે ન હોય એવી મુદ્દત સ્થાનિક અધિકારી લાઈસિન્સની મુદ્દતની આખરે તે અડરટેકીંગ વેચાતું લેવાને મુખત્યાર છે

૮ ૭ મી કલમ મુજબ મુદ્દત પુરી થયા પછી સ્થાનિક અધિકારી અથવા સ્થાનિક સરકાર અન્ડરટેકીગ ખરીદ કરે નહિ અને લાઇસન્સવાળાની સમતિથી લાઈસિન્સ રદ કરવામા આવે ત્યારે તે લાયસન્સવાળો તે અન્ડરટેકીગની વ્યવસ્થા કરવાને મુખત્યાર છે.

૯ લાઇસન્સવાળાએ બીજા લાયસન્સની રૂયે આપેલા અન્ડરટેકીગ ખરીદ કરવા નહિ, કે તે સાથે સંબંધ રાખવો નહિ કે પોતાનુ અન્ડરટેકીગ બીજાને તબદીલ કરી આપવુ નહિ

૧૦ સ્થાનિક સરકારને આ આકટ મુજબ આપવાના કોઇ પણ લાઈસિન્સમા, લાઇસન્સવાળો જે બોલી કે સરતોએ પોતાનું અન્ડરટેકીગ વેચવાને બંધાયલી હોય તેમા ફેરફાર કરવાને અધિકાર છે

૧૧ લાઇસન્સવાળાએ, પોતાના અડરટેકીગના હીસાબનુ વાર્ષિક સરવાયુ તૈયાર કરી સ્થાનિક સરકાને ઠરાવેલી તારીખ પહેલા મોકલવુ જોઇએ

૧૨ લાઇસન્સવાળો વીજળી પુરી પાડવાના પ્રદેશમા અથવા લાઈસિન્સ ઉપરથી પરવાનગી મળી હોય ત્યારે તે પ્રદેશની બહાર કોઈ પણ સ્ટ્રીટ, રેલ્વે કે ટ્રામવેની કે ગટર કે મોરી, જમીન ઉઘાડવાને કે ખોદવાને કે વીજળીની શક્તિ યોગ્ય રીતે પુરી પાડવા સારૂ જરૂર હોય એવા સઘળા કામ કરવાને મુખત્યાર છે

૧૩ પરતુ નવા બાધકામ શરૂ કરતા પહેલા નિદાન એક મહીના આગમજ લાઇસન્સવાળાએ, પ્રસગ પ્રમાણે જવાબદાર સખસને લેખી નોટીસ આપવી જોઇએ

૧૪ લાઇસેન્સવાળાને જે નળીઓ કે તાર હરકત કરતા જણાય તેની જગા બદલવાનો તેને અધિકાર છે.

૧૫ વીજળી પુરી પાડવાની લાઇનિ કે બીજુ બાધકાર ગટર પાસે કે નળ પાસે અથવા વીજળી પુરી પાડવાની બીજી લાઇન પાસે અથવા કોઈ બાધકામ પાસે નાખવાનુ કે કરવાનુ હોય ત્યારે લાઇસન્સવાળાએ, તેમા જે પક્ષકારોનો સબંધ હોય તેમને તે બાબતની અડતાળીસ કલાકની લેખી નોટીસ આપવી જોઇએ, અને તેમને પસદ પડે તે રીતે તે કામ કરવુ જોઈએ.

૧૬ ખોદેલી સ્ટ્રીટ, રેલ્વે, ટ્રામવે, ગટર, મોરી કે ટેનલ તેણે વગર ઢીલે કામ થઇ રહે કે તુરત હતી તેવી કરવી જોઇએ અને કામ ચાલે ત્યા સુધી ખોદેલા ભાગ આગળ વાડ કરાવીને પ્હેરો રાખવો તથા દીવો રાખવો

૧૭ ટેલીગ્રાફ લાઇનના કોઇપણ ભાગથી ૧૦ વારની અદર કોઈ પણ વીજળી પુરી પાડવાની લાઇન કે બીજુ બાધકામ કરતા પહેલા લાઇસન્સવાળાએ તે બાબતની નોટીસ દસ દીવસ આગમજ ટેલીગ્રાફ અધિકારીને આપવી જોઇએ

૧૮ સ્થાનિક સરકાર હવામાની લાઇન જે રીતે નાખવાનુ લાઈસિન્સવાળે યોજ્યુ હોય તે પસદ કરે નહિ ત્યા સુધી તેણે તેવી કોઇ લાઇનિ, કોઈ સ્ટ્રીટ, રેલ્વે, ટ્રામવે કે નાળમા થઇને ૧૩ મી કલમમા ઠરાવ્યુ છે તે સિવાયને પ્રસગે આ ઉપરથી અધિકાર પ્રાપ્ત થાય છે એમ સમજવુ નહિ

૧૯ લાઇસિન્સવાળાએ, આ આકટ પ્રમાણે અધિકાર ચલાવવામા બને તેટલી ઓછી નુકશાની થવા દેવી જોઇએ, અને તેના તરફથી કોઈ પણ માણસે કરેલી નુકશાનીનો તેણે પુરેપુરો મોબદલો આપવો જોઈએ

૨૦ લાઇસિન્સવાળાએ ભોગવટો કરનારને પોતાનો ઇરાદો જણાવ્યા પછી જે કોઇ જગામા વીજળીની શક્તિ પુરી પાડવામા આવતી હોય તે જગામા પેસવાનો તથા પોતાના ફિટીગ અથવા બીજા યત્રો કહાડી લઇ જવાનો લાઇસન્સવાળાને અધિકાર છે

૨૧ લાઇસિન્સવાળાને વીજળાની શક્તિનો ઉપયોગ કરવા સારૂ, તે શકિતના ઉપયોગ ઉપર નિર્બંધ રાખવાની અને તેનો ઉપયોગ કરવાના કામમા દાખલ કરવાનો તેને હક નથી

૨૨ જ્યારે લાઇસન્સવાળા તરફથી વીજળીની શક્તિ પુરી પાડવામા આવતી હોય, ત્યારે દરેક સખસને અરજી કરેથી બીજા સખસને જે સરતે તે શક્તિ મળવાનો હક હોય તેજ સરતે તેવી શક્તિ મળવાનો હક પ્રાપ્ત થશે પરતુ તેવી શક્તિ પુરી પાડવા સારૂ તેને થનારો કાયમનો ખર્ચ મળી આવે એવી ઓછામા ઓછી વાર્ષિક રકમ તેને આપવાનો તે સખસને અધિકાર છે

૨૩ વીજળીની શક્તિ બદલની પૈસા અયોગ્ય મહેરબાની ન બતાવતા આકરવા જોઇએ અને ખર્ચ લેવાનો તેને અધિકાર છે

૨૪ જે માણસ પુરી પાડેલી વીજળીની શક્તિ બદલ પોતે આપવાનો ખર્ચ આપવાની ગફલત કરે તો તેને વીજળીની શક્તિ પુરી પાડવાનુ બધ કરવુ

૨૫ વીજળી પુરી પાડવાની લાઇનિ અથવા બીજા સાધનો જે સખસના કબજામા હોય. તેની ઉપર દિવાની કોર્ટની પ્રોસેસની બજાવણીમા કે ચાલેલા નાદારી બાબતના કોઇ પણ કામમા જપ્ત થવાને પાત્ર થશે નહિ

૨૬. વાપરનારને પુરી પાડેલી વીજળીની શક્તિનુ પરિમાણ ખરા મીટરથી શોધી કહાડવા માટે જો તે માગે તો તેને તેવુ એક મીટર ભાડે કે વેચાતું પુરૂ પાડવુ જોઇએ

૨૭ કોઈ પણ લાઈસિન્સવાળાને વીજળી પુરી પાડવાના પ્રદેશની બહાર કોઇ પણ સખસને વીજળીની શક્તિ પુરી પાડવાનો અને તે કારણ સારૂ વીજળી પુરી પાડવાની લાઇન નાખવાનો કે મુકવાનો સ્થાનિક સરકાર અખત્યાર આપી શકે છે.

૨૮ લાઇસન્સવાળા ન હોય એવા કોઈ પણ માણસે સ્થાનિક સરકારની મજુરી વગર વીજળીની શક્તિ પુરી પાડવાના કોઈ પણ કામમા રોકાવુ નહિ.

૨૯ લાઇસન્સવાળા સિવાય બીજા કોઇ પણ સખસે, વીજળીની શક્તિ પુરી પાડવાના કામમા રોકાવા માટે ૨૮ મી કલમ મુજબ મજુરી મેળવી હશે તે સખસને સ્થાનિક સરકાર ૧૨ થી ૧૮ સુધીની કલમો મુજબના લાઇસન્સવાળાના સઘળા કે કોઈ પણ અધિકાર આપવાને અખત્યાર છે

૩૦ લાઇસિન્સવાળા સીવાયના બીજા જે સખસે કોઇ સ્ટેટમા કે કોઇ જગામા એકસો કે તેથી વધારે માણસો ત્યે એકઠા થવાનો સભવ હોય કે જ્યા કારખાનુ કે ખાણુ હશે તે જગામા ૨૫૦ કરતા વધારે વાટના દરે વીજળીની શક્તિ એક ઠેકાણેથી બીજે ઠેકાણે મોકલવી હોય તો તે બાબતની સાત

દિવસની લેખી નોટીસ જીલ્લા માજીસ્ટ્રેટને કે ઇલાકાના મુખ્ય શહેરમા પોલીસ કમિશનરને આપ્યા સિવાય તેમ કરવુ નહિ.

૩૧ કોઈ પણ સખસે વીજળીની શક્તિ ઉત્પન્ન કરતી વખતે કે બીજે મોકલતી વખતે કોઇ પણ રેલ્વે, ટ્રામ્વે, ન્હેરને, ગોદીને, વ્હાર્ફને કે પીયાને તે પરના રાહદારીના માગને ઇજા કરવી નહિ

૩૨ વીજળી પુરી પાડવાની લાઇન કે બીજા બાધકામ કરવામા, એવા પૂર્વોપાય કરવા જોઇએ કે, ટેલીગ્રાફથી, ટેલીફોનથી કે વીજળીની સિગ્નલથી વ્યવહાર રાખવા સારૂ ઉપયોગ કરેલા કોઈ તાર કે લાઇનમાના પ્રવાહમા, ઇંડકશનથી કે બીજી રીતે બગાડ થાય નહિ

૩૩ વીજળીક શક્તિ ઉત્પન્ન કરવાના કે મોકલવાના સબધમા થયેલા અકસ્માતથી જીવનુ જોખમ થયુ હોય કે શારીરિક ઇજા થઇ હોય તે બાબતની લેખી નોટીસ અકસ્માત થયા પછી ૨૪ કલાકની અંદર, ઇલેક્ટ્રિક ઇન્સ્પેક્ટરને તેમજ જીલ્લા માજીસ્ટ્રેટને કે ઇલાકાના મુખ્ય શહેરમા પોલીસ કમીશનરને મોકલવી જોઇએ

૩૪ કોઇ પણ સખસે વીજળીક શક્તિ ઉત્પન્ન કરતી વખતે કે મોકલતી વખતે, પોતાની વીજળી પુરી પાડવાનો લાઇનોમા કોઈ ભાગ જમીન સાથે જોડી દેવાનુ ઠરાવવામા આવે કે ગવર્નર જનરલ ઇન્ કૌંસિલની ખાસ મજુરી મળે તેટલે સુધી ન હોય એવો ભાગ એવી રીતે જોડી દેવાની પરવાનગી આપવી નહિ જો આ કલમ વિરૂદ્ધ વીજળીની શક્તિ પુરી પાડવાની લાઇનનો કોઇ ભાગ જમીન સાથે જોડી દેવામા આવે તો અથવા વીજળીના કામથી લોકોની સહીસલામતીને કે માણસના જીવને ધોકો પહોચવા કે ઇજા થવા સરખુ કે ખામીવાળુ બાધકામ જણાશે તો સ્થાનિક સરકાર લેખી હુકમ કરીને તે હુકમમા લખેલી રીતે લખેલી મુદતમા દુરસ્ત કરવાનુ અને તે મુદત સુધી તે વાપરવાનુ મના કરવાને ફરમાવી શકે છે

૩૫ બ્રિટિશ હિંદુસ્તાન માટે ગવર્નર જનરલ ઇન કૌંસિલ અને સ્થાનિક સરકાર પોતાના પ્રાંત માટે એક સલાહ આપનારી બોર્ડ સ્થાપવાને મુખત્યાર છે તેમા એક ચેરમેન્ ને બે સભાસદ હોવા જોઇએ

૩૬ ગર્વનર જનરલ ઇન કૌંસિલ ઇંડિયા ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને યોગ્ય ને લાયક થયેલા સખસોને ઇલેક્ટ્રિક ઇન્સપેક્ટરો નીમવાને મુખત્યાર છે

૩૭ વીજળીની શક્તિ ઉત્પન્ન કરવાનું કે એક ઠેકાણેથી બીજે ઠેકાણે મોકલવાનુ કે તેનો ઉપયોગ કરવાનુ નિયમન કરવા માટે કાનુનો કરવાને ગવર્નર જનરલ ઇન કૌંસિલને અધિકાર છે

૩૮ ૩૭, મી રૂએ કાનુનો કર્યા પહેલા તે પ્રસિદ્ધ કરવી જોઇએ

૩૯ જે કોઇ સખસ કોઈ પણ વિજળીની શક્તિ બદદાનતથી કહાડી લે કે વાપરે કે ઉપયોગ કરે તેણે ફોજદારી કાયદા પ્રમાણે ચોરી કરી છે એમ સમજવુ

૪૦ જે કોઈ માણસ દ્વેશબુદ્ધિથી વીજળીની શક્તિનો ગેરઉપયોગ કરશે કે બાધકામને ઇજા કરવો કે તેમ કરવાનો પ્રયત્ન કરશે તેને બે વર્ષ સુધી કેદની અને એક હજાર રૂપીઆ સુધી દડની શિક્ષા થશે

૪૧ જે કોઈ સખસ ૨૮ મી કલમનુ ઉલ્લઘન કરી લાઇસન્સ વગર વીજળીક શક્તિ પુરી પાડવાના કામમા રોકાશે તેને ત્રણ હજાર રૂપીઆ સુધીના દડની શિક્ષા થશે અને એવુ ઉલ્લઘન ચાલુ રહેશે ત્યા સુધી રોજના ત્રણસો રૂપીઆ સુધીનો દડ થશે

૪૨. જે કોઈ સખસ લાઇસન્સવાળો હોઈ ૨૭ મી કે ૫૧ મી કલમની રૂએ પોતાના લાઇસન્સની રૂએ પરવાનગી હોય તે સિવાય, વીજળી પુરી પાડવાના પ્રદેશની બહાર વીજળીની શક્તિ પુરા પાડશે કે વીજળી પુરી પાડવાની લાઇન કે બાધકામ કરશે કે, આ આકટની રૂએ કરેલી કાનુનોનું ઉલ્લઘન કરશે, લાઇસન્સની સરતો તોડશે કે ૩૪ મીની પેટા કા (૨) મુજબ કોઇ હુકમ પ્રમાણે ચાલવાને ચુકશે તેને એક હજાર રૂપિઆ સુધીની દડની શિક્ષા થશે અને કસુર ચાલુ રહે ત્યા સુધી રોજના સો રૂપીઆ સુધીના દડને પાત્ર થશે

૪૩ જે સખસ ૩૦ મી કલમનુ ઉલ્લઘન કરીને નોટીસ આપ્યા વગર વીજળીની શક્તિ એક ઠેકાણેથી બીજે ઠેકાણે મોકલશે કે ઉપયોગ કરશે તેનો પાસસે રૂપીઆ સુધી દડ અને ગુન્હો ચાલુ રહે તો રોજનો પચાસ રૂપીઆ સુધી દડની શિક્ષા થશે

૪૪ જે કોઇ સખસ પોતાના તેવા ઇરાદાની અડતાલીસ કલાકની લેખી નોટીસ લાઇસન્સવાળાને આપ્યા વગર ૨૬ મી કલમની પેટા કલમ (૧) (૭) મા ઉલ્લેખ કરેલુ કોઈ પણ માટર ઇન્ડી-

મીટર કે યત્ર જે વીજળી પુરી પાડવાની લાઇનમાથી લાઇસન્સવાળા તરફથી વીજળીની શક્તિ પુરી પાડવામા આવતી હોય તે લાઇનની સાથે જોડશે, અથવા તેને તેનાથી જુદુ પાડશે, કે (ખ) લાઇસન્સવાળાની સંમતિ વગર તેના બીજા કોઈ બાધકામ સાથે વ્હેવાર ચાલુ રાખવાના કારણ સારૂ, કોઇ બાધકામ કરશે, કરાવશે કે જોડશે (ક) તેવા કોઇ મીટર, ઇન્ડીકેટર કે યત્રને દ્વેષભાવથી ઇજા કરશે કે કોઇ તેને દગલબાજીથી ફેરવશે કે તેને બરોબર નોધ કરતુ અટકાવશે કે (ડ) લાઇસન્સવાળાની વીજળીની શક્તિ અયોગ્ય રીતે ઉપયોગ કરશે, તે ત્રણસો રૂપીઆ સુધીના દડની શિક્ષાને અને જ્યા સુધી ગુન્હો ચાલુ રહે ત્યા સુધી રોજના ત્રીસ રૂપીઆ સુધીના દડની શિક્ષાને પાત્ર થશે

૪૫ જે કોઈ સખસ સાર્વજનિક દીવો દ્વેષબુદ્ધિથી હોલવશે તેને છ મહીના સુધીની કેદની અથવા ત્રણસો રૂપીઆ સુધીના દડની કે એ બંનેની શિક્ષા થશે

૪૬ જે કોઇ સખસ ગફલતથી વીજળીની શક્તિ કોકટ જવા દેશે કે બીજી રીતે ગુમાવશે કે ગફલતથી કોઇ વીજળી પુરી પાડવાની લાઇન, થાભલા, પોલ, દીવા, કે વીજળી પુરી પાડવાના બીજા યત્ર ભાગશે હેઠળ પાડશે કે તેને નુકશાન કરશે તેને બસો રૂપીઆ સુધીના દડની શિક્ષા થશે

૪૭ જે કોઇ સખસ ૩૯ થી ૪૬ સુધીની સાત કલમોમા અત્યાર અગાઉ ઠરાવ ન કરેલી કોઈ પણ બાબતમા, આ આક્ટના કોઈ પણ ઠરાવ કે તે આક્ટની રૂયે કહાડેલા કોઇ હુકમ લાઇસન્સવાળાની બાબતમા, પોતાના લાઇસન્સની કોઈ પણ સરતો માનવામા કસુર કરશે તે એકસો રૂપીઆ સુધીના દડની શિક્ષાને પાત્ર થશે, અને ગુન્હો ચાલુ રહે તે પ્રસંગે રોજના વીસ રૂપીઆ સુધીના દડને પાત્ર થશે પણ ૧૩, ૧૪, ૧૫, ૧૭, અને ૩૨ મી કલમના કોઇ પણ ઠરાવ માનવાની કોઈ પણ સખસે કસુર કરી હોય ત્યારે તે બાબતની જરૂર હોવાથી ગુન્હેગારો તે પ્રમાણે વાજબી હતા તે પ્રમાણમા તે ઠરાવ પાળ્યા એવુ કોર્ટનુ મત હોય તો તે સખસ સદરહુ પ્રકારની શિક્ષાને પાત્ર થશે નહિ

૪૯ કલમ ૩૯, ૪૪, ૪૫, ૪૬ માના ઠરાવ, તે લાગુ પડે ત્યાસુધી તેની રૂયે શિક્ષાને પાત્ર ઠરાવેલા કૃત્યો સરકારે પુરી પાડેલી વીજળીની શક્તિના સબધમા કે સરકારની માલકીના બાધકામના સંબધમા કરેલા હોત ત્યારે લાગુ પડશે

૫૦ કોઇ પણ સખસ સામેના આ આક્ટ વિરૂદ્ધના કે આ આક્ટ મુજબના કોઇ પણ કાનુન, લાઇસન્સ કે હુકમ વિરૂદ્ધના કોઇ પણ ગુન્હા માટે ફોજદારીમા કામ ચલાવવુ હોય તો તે સરકારના કે ઇલેક્ટ્રીક ઇન્સ્પેકટરના હુકમ વગર કે તેથી જેને નુકશાન થયુ હોય તે સખસના કહેવા વગર ચલાવવુ નહિ

૫૧ ટેલિગ્રાફ આક્ટ પ્રમાણે ટેલિગ્રાફ અધિકારીને જે અધિકારો હોય તેમાનો કોઇ પણ અધિકાર, વીજળીની શક્તિ મોકલવા માટે કે સાધનો કે યત્રો મુકવા માટે કોઈ પણ સરકારી અમલદારને કે લાઇસન્સવાળાને આપવાને ગવર્નરે જનરલ ઇન કૌન્સિલને અધિકાર છે

૫૨ જે કોઇ પ્રકારનો નિકાલ લવાદી આપીને કરવાનો હોય તે બાબતનો નિકાલ બંને પક્ષકારો પૈકી કોઇ પણ પક્ષકારની અરજી ઉપરથી સ્થાનિક સરકારે તે બાબતમા નિમે તે માણસે કે માણસોએ કરવો

૫૩. આ આક્ટની રૂયે નોટીસો, હુકમ, કે દસ્તાવેજ ટપાલ મારફતે મોકલવાનો કે જે સ્થાનિક અધિકારીવા નામના તે હોય તેની ઓફીસમા તેની એક ખરી નકલ આપીને કે તે જગાના ભાગ ઉપર ચોટાડીને બજાવવાનો અખત્યાર છે

૫૪ આ આક્ટની કેટલીએક કલમોની રૂયે વસુલ કરવાને પાત્ર હોય તે રકમો, તે સખસ જ્યા રહેતો હોય ત્યાના માજીસ્ટ્રેટને અરજી કરેથી, તે સખસની માલીકીની કોઈ પણ જગમ મિલકત જપ્ત કરીને કે વેચીને વસુલ કરવાનો અખત્યાર છે

૫૫ સ્થાનિક સરકાર સામાન્ય કે વિશેષ હુકમ કરીને ૧૩ મી કે ૧૮ મી કલમ મુજબના કોઇ પણ કામ ઇલેક્ટ્રીક ઇન્સ્પેકટરે કરવા એવો અધિકાર આપવાને મુખત્યાર છે

૫૬ આ આક્ટની રૂયે શુદ્ધ બુદ્ધિથી કરેલા કૃત્ય બદલ કોઇ અમલદાર કે સ્થાનિક અધિકારીના કોઇ નોકર ઉપર કાઈ દાવો કે ફરિયાદ કે બીજુ કામ ચાલશે નહિ

૫૭ સન ૧૮૯૪ ના જમીન સપાદન કરવા બાબતના આક્ટની ૪૦ ને ૪૧ કલમમમા 'બાધકામ' એ શબ્દમા બાધવાના કામથી પૂરી પાડેલી કે પુરી પાડવાની વીજળીની શક્તિનો સમાવેશ થાય છે એમ સમજવુ

૫૮ સને ૧૯૦૩ નો હિંદુસ્તાનનો વીજળી બાબતનો આક્ટ આ ઉપરથી રદ કર્યો છે.

હિંદુસ્તાનમાં તંબાકુ બાબતનો કાયદો.

(સને ૧૮૫૭ નો ૪ થો.)

૧ આ કાયદાને હીદુસ્તાનનો તબાકુ બાબતનો કાયદો કહેવો

૨ મુબઇ શહેરના ખપ માટે આણેલા તબાકુ ઉપર બગાળી મણે સાડાસાત રૂપીઆ જકાત લેવામા આવશે આ જકાતને મ્યુનીસીપલ ડ્યુટી કહે છે

૩ શહેરમા તમાકુ દાખલ કરવામા આવે કે તુરત જકાત ભરવી અથવા સરકારી કે પરવાનાવાળી વખારમા ભરી મૂકવી હોય તો, તે વખારમાથી શહેરના ઉપયોગ સારૂ બહાર કાઢતી વખતે સદરહુ જકાત ભરવી જોઇએ

૪ જ્યારે એવી ભરી મુકેલી તમાકુ મુબાઈ શહેર બહાર પાછી મોકલવામા આવે, ત્યારે ભરેલી જકાત પાછી આપવામા આવશે

૬ આ જકાત વસુલ કરવાનો કસ્ટમ કમીશનરને કે તે ખાતાના કોઇ બીજા અમલદારને અધિકાર છે

૭ કમીશનરની પરવાનગી સીવાય કે જળમાર્ગ સીવાય બીજા કોઇ રસ્તેથી તમાકુ મુબાઇ શહેરમા આયાત કરવો નહિ, અને નીમેલી જગ્યા સિવાય કોઇ બીજી જગ્યાએ ઉતારવો નહિ

૮ પોતાના ઉપયોગ સારૂ બગાળી ચારશેર તમાકુ લાવવાની છુટ છે

૯ પરમીટ સીવાય એક ઠેકાણેથી બીજે ઠેકાણે તમાકુ લઇ જવી નહીં આવી પરમીટ સૂર્યોદય અને સૂર્યાસ્ત સુધી અમલમા રહેશે ઘર કામને માટે કે ખાનગી વાપરવાને માટે બગાળી ચાર શેર તમાકુ લઈ જવાને પરમીટની જરૂર નથી

૧૦ વખારમાથી તમાકુ કહાડવાને માટે, આખી ગાસડીની પરમીટ આપવામા આવશે. ગાસડીથી ઓછી કાઢવામા પરમીટ આપવામા નહીં આવે ગાસડી ખુલ્લી કરી જોવાની પરવાનગી કમીશનર આપી શકશે અને તેમા કચરો કે નકામો તમાકુ જણાશે તો તે પાછો રવાને કરવાની કે નાશ કરવાની પરવાનગી આપવામા આવશે

૧૧ તમાકુ છુટક વેચવાના બાર મહીનાનું લાઇસન્સ આપવામા આવશે

૧૨ બગાળી ચૌદ શેરની અદરનુ વેચાણુ કહેવાય છે

૧૩ પરવાનામા લખેલી જગ્યાએજ તમાકુ છુટક વેચી શકાશે, છુટક વેચનારના નામનુ પાટીયું અગ્રેજી, ગુજરાતી, મરાઠીમા છપાવી કે લખાવીને દરેક દુકાને લટકાવવુ જોઇએ

૧૪ છુટક વેચનાર માણસે દર મહીને તમાકુના વેચાણના હીસાબનુ પત્રક મોકલવુ જોઇએ

૧૫ તે જે તબાકુ લાવે તે એક હીસાબની ચોપડીમા જમા કરવો, અને ચોપડી જોવા માગે ત્યારે બતાવવી આ કલમ વિરૂદ્ધ વર્તનારને બસો રૂપીઆ સુધીનો દડ થશે તેમ તેનુ લાઇસન્સ પણુ રદ થશે

૧૬ ગેરકાયદે આણેલા તમાકુ માટે સર્ચ વારટ કહાડવાને કમીશનરને અધિકાર છે

૧૭ ગેરકાયદે તમાકુ લાવનારને પકડવાનો, અટકાવમા રાખવાનો, કોઈ વહાણુ કે બોટનો ઝાડો લેવાનો પણુ તેને અધીકાર છે

ટીકા.—કમીશનરને બદલે મુબાઇના કસ્ટમ કલેકટર કે એસીસ્ટટ કલેકટરને પણુ આ આકટ પ્રમાણેના અધિકાર છે

૧૮ આ કાયદા વિરૂદ્ધ આણેલો, બીજી જગાએ લઈ મૂકેલો, કે વેચેલો, સઘળો તમાકુ જપ્ત થવાને પાત્ર છે.

૧૯ જે માણુસ આ આકટ વિરૂદ્ધ તમાકુ આયાત કરશે, ખસેડશે, કે જપ્ત થવા લાયક તમાકુ કબજામા રાખશે તે માણુસનો તમાકુની કીંમતથી દશગણા સુધી દડને પાત્ર થશે, અને જો લાઇન્સ હશે તો તેનુ લાઇસન્સ રદ થશે

૨૦ આ કાયદા મુજબ જપ્તી કે દડના હુકમ કરવાનો અધિકાર પોલીસના માજીસ્ટ્રેટને છે.

લશ્કરના કુચ કરવાથી નુકશાન થાય તે બાબતનો કાયદો.

(સને ૧૮૨૭ નો ૨૨ મો.)

લશ્કરના કુચ કરવાથી કે મુકામ પડવાથી જે સખસને નુકશાન થાય, તે સખસે નુકશાનનો પ્રકાર, તેનુ કારણ તથા નુકશાનીનો આકડો કેટલો થયો તે બતાવનારૂં સરટીફીકેટ લશ્કરના કમાંડીગ ઓફીસરને અરજ કરીને તેની પાસે લેવુ જોઇએ તે સરટીફીકેટ કલેકટરની આગળ દસ દીવસની અદર રજુ કરવુ, જેથી તે નુકશાનીનો બદલો આપવાની તજવીજ કરી શકશે જો કલેકટર નુકશાનીનો બદલો ન આપે તો તેના ઉપર દીવાની કોર્ટમા દાવો થઈ શકે છે

હિંદુસ્તાનનો વૈદકીય ડિગ્રીઓ બાબતનો કાયદો.

(સને ૧૯૧૬ નો આકટ નંબર ૭ મો.)

૧ આ આકટને સને ૧૯૧૬ ના હિદુસ્તાનનો ડિગ્રીઓ બાબતનો આકટ કહેવો

૨ ' પાશ્ચિમાત્ય વૈદકશાસ્ત્ર ' એટલે એલોપથીક વૈદક, સુતિકાશાસ્ત્ર અને શસ્ત્રવિદ્યાની પાશ્ચિમાત્ય પદ્ધતિઓ તેમા હોમીઓપથી કે આયુર્વેદિક કે યુનાની વૈદક પદ્ધતિઓનો સમાસ થતો નથી

૩ જે કોઇ ડિગ્રી ડિપ્લોમા, લાઈસન્સ, સર્ટિફીકેટ, કે તેનો ધારણ કરનાર પાશ્ચિમાત્ય વૈદકશાસ્ત્રનો ધધો કરવાની લાયકાતવાળો છે તેની ડિગ્રીઓ વિગેરે બક્ષવાનો કે આપવાનો હક પરિશિષ્ટમા નિર્દિષ્ટ કરેલા અધિકારીઓએજ કે ગવર્નર જનરલ ઇન કૌંસિલે જેને આ અર્થે અધિકાર આપ્યો હોય તે અધિકારીએજ ચલાવવા

૪ ૩ જી કલમના ઠરાવેલા સિવાયને પ્રસગે, બ્રિટિશ હિદુસ્તાનમાના કોઈ પણ સખસે જે કોઈ ડિગ્રી, ડિપ્લોમા, કે સરટીફીકેટ કે જેના ઉપરથી તે ધારણ કરનાર પાશ્ચિમાત્ય વૈદકશાસ્ત્રનો ધંધો કરવાની લાયકાતવાળો છે તેની કોઈ ડિગ્રી વિગેરે આપવા નહિ કે આપવાનો પોતાનો હક છે એમ બતાવવુ નહિ

૫ જે કોઈ સખસ ૪ થી કલમના ઠરાવનુ ઉલ્લઘન કરશે તે એક હજાર રૂપિયા સુધીના દડને પાત્ર થશે

૬ જે કોઈ સખસ ગેરખુશીથી તથા ખોટી રીતે ૩ જી કલમમા નિર્દિષ્ટ કરેલા અધિકારીએ આપેલી કોઈ ડિગ્રી કે ડિપ્લોમા પોતે ધારણ કરે છે, તે પાશ્ચિમાત્ય વૈદકશાસ્ત્રનો ધંધો કરવાની લાયકાતવાળો છે એમ જે ઉપરથી જણાય એવી પદ્વી ધારણ કરે કે વાપરે તે સખસ અઢીસો રૂપીયા સુધીના દડને પાત્ર થશે પણ જે સખસ જે ડિગ્રી કે ડિપ્લોમા તેને આપવામા આવ્યુ હોય તે આ આકટની શરૂઆત પહેલા વાપરતો હોય તો તે વાપરવાને આ કલમનો કાંઈ મજકુર લાગુ પડશે નહિ

૭ સ્થાનિક સરકારના હુકમની રૂયે કરેલી ફરીયાદ સિવાય કે કાયદેસર સ્થપાયલી કૌંસિલ ઓફ મેડીકલ રજીસ્ટ્રેશને સ્થાનિક સરકારની અગાઉથી મજુરી લઇને કરેલી ફરિયાદ શિવાયને પ્રસગે કોઇ કોર્ટે આ આકટની રૂયે શિક્ષાને પાત્ર થતો ગુન્હો સાભળવો નહિ

૮ પ્રેસીડેન્સી કે પહેલા વર્ગના માજીસ્ટ્રેટથી ઉતરતા દરજ્જાની કોર્ટે આ આકટની રૂયે થતા ગુન્હાનો ઇન્સાફ ચલાવવો નહિ

પરિશિષ્ટ (૧) ગવર્નર ઇન કૌંસિલના આકટની રૂયે સ્થાપવામા આવેલી દરેક યુનિવર્સિટી. (૨) બગાળાની સ્ટેટ મેડિકલ ફેકલ્ટી (૩) મુબાઇની કોલેજ ઓફ ફિઝીસ્યન એન્ડ સર્જન્સ (૪) મદ્રાસની મેડીકલ કાલેજની બોર્ડ ઓફ એકઝામિનર્સ

મુંબઇનો ગામની આરોગ્યતાના રક્ષણ બાબતનો આકટ.
સને ૧૮૮૯ નો આકટ નં. ૧ લો.
(સેનિટરી એકટ)

૨ આ આકટ શેડયુલ્ડ ડિસ્ટ્રીકના ગામ સિવાય આખા મુબઈ ઇલાકાને લાગુ છે

૫ કલેકટર જે ગામને બીજો ભાગ લાગુ કરશે તે ગામમા તે ભાગ અમલમા આવશે ગવર્નર ઇન કૌસિલ જે ગામને ત્રીજો ભાગ લાગુ કરશે તે ગામમા ત્રીજો ભાગ અમલમા આવશે બીજો અથવા ત્રીજો ભાગ જે ગામને લાગુ હશે તે ગામમા ચોથો ભાગ લાગુ થશે

ભાગ ૨ જો—આરોગ્યરક્ષક કમીટી.

૮ આ ભાગ જે ગામને લાગુ કર્યો હશે તે ગામમા એક આરોગ્યરક્ષક કમીટી હોવી જોઇએ, તેમા ચેરમેનનું નામ કલેકટર રજુ કરશે

૯ કમીટીએ ચલાવેલા કામની નોધ તે ગામના તલાટીએ ગખવી અને તે ઉપર ચેરમેને સહી કરવી

૧૦ કમીટીએ ચલાવેલા કામમા માજીસ્ટ્રેટને ભાગ લેવાનો અધિકાર છે

૧૧ કલેકટરની મન્જુરીથી આરોગ્ય રક્ષક કમીટીએ, મેમ્બરોની મુદત વિષે, સ્વચ્છ પાણી લાવવા તથા તે ઉપર દેખરેખ રાખવા માટે, ગામના રસ્તા અને ખુલ્લી જગા સાફસુફ કરવા માટે, દુર્ગધકારક તથા અપકારક વસ્તુ એકઠી થતી અટકાવવા માટે વિગેરે બાબત કાનુનો કરવાને મુખત્યાર છે

૧૪ કાનુનો વિરૂદ્ધ ગુન્હા કમીટી સાભળી શકશે. કમીટી ગામના ચોરામા ભરવી

૧૫ કમિટીના ઠરાવ ઉપર માજીસ્ટ્રેટ આગળ અપીલ ચાલશે

૧૬ જરૂરના કામ અથવા ઉપાય સારૂ જોઇતો ખર્ચ કરવાનો હુકમ આપવાને આરોગ્યરક્ષક કમીટી મુખત્યાર છે

૧૮ ખર્ચ કરવા સારૂ જોઇતું જરૂરનું નાણું રહેવાસીઓ ઉપર કર નાંખીને એકઠું કરવાનો અધિકાર છે

ભાગ ૩ જો—આરોગ્યરક્ષક બોર્ડ.

૧૯ આ ભાગ લાગુ કર્યો હોય તે ગામમા આરોગ્યરક્ષક બોર્ડ હોવુ જોઇએ તેમા સૌથી મોટા દરજ્જાનો જે માજીસ્ટ્રેટ હશે તેણે અથવા કલેકટર ઠરાવશે તેણે પ્રેસીડેન્ટ તરીકે અધ્યક્ષ સ્થાને બેસવુ પ્રેસીડેન્ટની ગેરહાજરીમા ચેરમેને અધ્યક્ષ સ્થાને બેસવુ

૨૦ આરોગ્યરક્ષક બોર્ડ કાનુનો કરવાને મુખત્યાર છે

૨૪ કાનુનો વિરૂદ્ધ ગુન્હા બોર્ડ પોતે સાભળી શકશે

૨૭ આરોગ્યરક્ષક બોર્ડ કલેકટરની મન્જુરીથી નીચેના કામ કરવાને મુખત્યાર છે—જોઇએ તેટલુ પાણી પુરૂં પાડવુ ઝાડી કાઢેલો કચરો વિગેરે ગાળવાડ, મુવેલા જનાવરોના મુડદા વિગેરે દુર્ગંધકારક વસ્તુનો નિકાલ કરવા માટે યોગ્ય સગવડ ભરેલી જગા, તથા તે જે જગાએ હોય ત્યાથી બીજી જગાએ કાઢી લઈ જવાના સાધન બાધવાને મુખત્યાર છે

૨૮ આરોગ્યરક્ષક બોર્ડ કરેલો ખર્ચ અદા કરવા સારૂ આપોઆપ પૈસા ભરીને નાણું ઉભા કરવાનો અધિકાર છે

૨૯ આરોગ્યરક્ષક બોર્ડ, નોકરોનો પગાર આપવો તથા તેમને જોઇતી સ્ટેશનરી પુરી પાડવી પોતે કરેલો કરાર પુરો કરવો, તથા ૨૭ મી કલમની રૂએ જરૂરના કામો તથા ઇમારતો બાધવી

ભાગ ૪ થો—સામાન્ય ઠરાવ

૩૧ સરકારના કેટલાક અમલદારોએ આરોગ્યરક્ષક કમીટીને તથા બોર્ડને સલાહ આપવી

૩૪ કોઈ પણ બાબત વિષે બહુમતે નિકાલ કરવો

૩૬ આ આકટની રૂએ કરેલી કાનુનોનુ ઉલ્લઘન કરવા બદલ દસ રૂપીયા સુધી દંડ થશે દંડ નહિ આપશે તો ૪૮ કલાકની ચોરામા કેદની શિક્ષા થસે.

૩૮ જે દંડ વસુલ કરવાનો હોય તે અથવા આ આકટની રૂએ બેસાડેલો જે કર વસુલ કરવાને હોય

તે યોગ્ય નોટીસ આપ્યા પછી આપવામા નહિ આવે તો સદરહુ દડ તથા રકમો આપવાને પાત્ર થનાર સખસોની જગમ મિલ્કત જપ્ત કરીને તથા તે વેચીને પટેલે, અથવા ક્લેકટર નીમે તે બીજા સખસે વસુલ કરવી

૩૯ દડનુ નક્કી ઉત્પન્ન જે ગામમા ગુન્હા થયા હોય તે ગામ ઉપર અધિકાર હોય એવી આરોગ્યરક્ષક કમિટી અથવા બોર્ડને ખાતે જમે કરવુ

૪૨ ગામના કેટલાક નોકરોને કલેકટરે આરોગ્યરક્ષક કમિટી અથવા બોર્ડના તાબામા આપવા

૪૩ આરોગ્યરક્ષક કમિટી અથવા બોર્ડના તાબામા આપેલા ગામના નોકરોને આપવાનો અવેજ નક્કી કરવો તથા તે વસુલ કરાવી આપવો આ આકટના મુજબના ક્લેકટરના અધિકાર તે સરકારની મજુરીથી આસીસ્ટટ ક્લેકટરને કે ડેપ્યુટી ક્લેકટરને સોપવાને મુખત્યાર છે

એકસ્ત્રાડીશેન એકટ.

હિંદુસ્તાનનો ગુન્હેગારોને સ્વાધીન કરવા બાબતનો એકટ.

સને ૧૯૦૩ નો આકટ નંબર ૧૫ મો.

૧ આ આકટ આખા બ્રીટીશ હિંદુસ્તાનને લાગુ છે

૨ કોઇ સખસ અંગ્રેજ સરકારની હદમા ગુન્હો કરી કોઈ દેસી રાજાની હદમા નાશી જાય, અથવા દેશી રાજાની હદમા ગુન્હો કરી અંગ્રેજ સરકારની હદમા આવે તો તે સખસની માગણી આ કાયદાને આધારે કરવાની છે નીમે લખેલા ગુન્હાઓ માટે અધિકારવાળા માજીસ્ટ્રેટ પ્રથમ દર્શનીક કેસ તૈયાર કરી ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ તરફ મોકલવો, જેથી તેઓ જેના તે રાજ્યના પોલીટીકલ એજન્ટને લખી તહોમતદારની માગણી કરે છે તે ગુન્હાઓ ઇંડીઅન પીનલકોડની ૨૦૬–૨૦૮–૨૨૩–૨૩૦, થી ૨૬૩ સુધી, ૨૯૫ થી તે ૩૦૪ સુધી, ૩૦૭, ૩૧૦ થી તે ૩૧૭ સુધી, ૩૨૩ થી તે ૩૩૩ સુધી, ૩૪૭, ૩૪૮, ૩૬૦ થી તે ૩૭૩ સુધી, ૩૭૫, ૩૭૭, ૩૭૮ થી તે ૪૧૪ સુધી ૪૩૫ થી ૪૪૦ સુધી, ૪૪૩ થી તે ૪૪૬ સુધી, ૪૬૪ થી તે ૪૬૮ સુધી, ૪૭૧ થી ૪૭૭ સુધીની કલમોમા કહેલા ગુન્હાઓને માટે, તેમજ પ્રજાના કાયદા પ્રમાણે ચાચીઆપણુ, વહાણને દરિયામા ડુબાવવુ અથવા તેમ કરવાની કોશીષ કરવી અથવા જીવ લેવાના ઇરાદાથી ભરદરિયે એવા વહાણ ઉપર હુમલો કરવો અથવા બખેડો કરવો તેવા ગુન્હાઓને માટેજ માગણી થઇ શકે એ સિવાયના ગુન્હા કરી કોઇ અગ્રેજી હદમાથી દેશી રાજાની હદમા જાય તો તેની માગણી થતી નથી

મીઠા બાબતનો આકટ.

(સને ૧૮૯૦ નો મુંબાઇનો આકટ નંબર ૨ જો.)

૧ આ આકટને મુબાઇનો મીઠાનો આકટ કહે છે

૩ કમિશનર, ક્લેકટર, ડેપ્યુટી તથા આસિસ્ટટ કલેકટરનો અર્થ મીઠાના મહેસુલનો કમિશનર ક્લેકટર, ડેપ્યુટી તથા આસીસ્ટટ ક્લેકટર થાય છે

૧૧ કલેકટરના પરવાના સિવાય મીઠુ તથા ખારી માટી પકવવાની, ખોદવાની અને પાકેલુ મીઠુ અથવા ખારી એકઠી કરવાની મના છે

૧૨ તે પરવાના કલેકટરે આપવા

૧૫ ગેરકાયદેસર મીઠુ પકવવાની, ખોદ્યાની, એકઠી કર્યાની, લઇ ગયાની અને નવુ મીઠું થયાની ખબર ગામ કામદારોએ ત્રણ દિવસની અદર મહેસુલના અમલદારને, માજીસ્ટ્રેટને કે પોલીસ અમલદારને આપવી

૨૮ કોઇ મીઠાગરમાથી, અથવા સરકારી વખારમાથી પરવાનગી ચીઠ્ઠી વગર મીઠુ લઇ જવાની મના છે

૩૯ મીઠાના મહેસુલનો અમલદાર જેને આ બાબત અધિકાર મળ્યો હોય તે અમલદારને જે કોઇ

પણ જગાએ ગેરકાયદેસર રીતે મીઠુ પકવવામા આવે છે એવો વહેમ આવતો હોય તે જગામા પેસવાનો, તે જગામા પ્રવેશ કરવા સારૂ બીજો કાયદો પ્રતિબંધ દુર કરવાનો, ગેરકાયદેસર રીતે પકવ્યુ હોય તેવુ મીઠુ કબજે લેવાનો,, તે મીઠુ પકવવાના સણુ વિગેરે વસ્તુ નાશ કરવાનો કોઇ પણ માણસને અથવા તેને પકડવાનો અધીકાર છે

૪૧ વળી ગામના કામદારે, તથા પોલીસ, કસ્ટમ અફીણ, આબકારી, જગલ તથા મુલકી ખાતાના દરેક અમલદારે આ કાયદા વિરૂદ્ધ ગુન્હાની ખબર મીઠા ખાતાના અધિકારીને આપવી ગુન્હા થતા અટકાવવા અને મીઠા ખાતાના અમલદારોને મદદ કરવી

૪૪ ૩૯ મી કલમની રૂએ પકડેલા માણસને માજીસ્ટ્રેટ પાસે અથવા પોલીસ થાણાના અમલદાર પાસે મોકલી દેવો

૪૫ આ આકટની રૂએ–શિક્ષા કરવા લાયક ગુન્હો થયાની ખબર મળ્યા ઉપરથી પોલીસ અમલદારે ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામાના કોગ્નીઝેબલ મુકદમા સંબંધી ઠરાવો પ્રમાણે તે મુકદ્દમાના ચોકસી તથા તજવીજ કરવી

૪૭ જે કોઇ માણુસ આ આકટ વિરૂદ્ધ અથવા પરવાના કે પરવાનગી ચીઠ્ઠી વિરૂદ્ધ મીઠુ પકવે, લઈ જાય, એક જગાએથી બીજી જગાએ મોકલે, કુદરતી મીઠુ અથવા ખારી માટી ખોદે, અને મીઠુ ગેરકાયદેસર છે એવુ જાણવા છતા અથવા એવુ માનવાનુ કારણ હોવા છતા એવુ ગેરકાયદેસર મીઠુ લે, અથવા પાસે રાખે તો તેને દરેક ગુન્હા માટે ૫૦૦ રૂપીઆ સુધી અથવા છ મહીના સુધી કેદની, અથવા એ બંનેની શિક્ષા કરવામા આવશે

૪૮ જે કોઇ સરકારી નોકર આ આકટની કા ૧૫ તથા ૪૧ મી વિરૂદ્ધ ચાલે અથવા કોઇ માણુસને નુકશાન કરવાના ઇરાદાથી પોતાને મળેલા અધિકારનો ત્રાસદાયક રીતે ઉપયોગ કરે તો તેને રૂ ૫૦૦ સુધી દડની સજા થશે

૪૯ જે કોઈ માણુસ પરવાનગી ચીઠ્ઠી માટે ખોટી અરજી કરશે અથવા ૩૨ મી કલમ પ્રમાણે ખોટા દાખલા તૈયાર કરશે અથવા વાપરશે તેને દરેક ગુન્હા બાબત રૂ ૫૦૦) સુધીની દડની શિક્ષા થશે, દડ ન આપે તો એક મહિના સુધી આસન કેદની શિક્ષા થશે

૫૧ આ આકટ વિરૂદ્ધ ગુન્હા માજીસ્ટ્રેટે સાભળવા

હિંદુસ્તાનનો ટેલીગ્રાફ બાબતનો આકટ.

સને ૧૮૮૫ નો ૧૩ મો. તારયંત્ર બાબતનો.

૧ આ આકટ બ્રિટિશ ઈંડીઆને લાગુ છે

૩ " ટેલીગ્રાફ " આ શબ્દનો અર્થ ઇલેક્ટ્રિકટ, ગાલવાની અથવા મેગ્નેટિક ટેલીગ્રાફ એવો છે, અને તેમા ઇલેક્ટ્રિસિટીના, ગાલવા નિઝમના અથવા ઇગ્નેટિઝમના યોગથી ટેલીગ્રાફમાથી, ટેલીફોનમાથી અથવા બીજા કશામાથી મજકુર મોકલવાના અથવા જણાવવાનો સમાવેશ થાય છે,

૪ બ્રિટિશ ઈંડિયામા ટેલિગ્રાફ છાપવાનો, ચાલુ રાખવાનો તથા ચલાવવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કોસિલને છે અને તેનું લાઇસન્સ પોતાને યોગ્ય લાગે તેવી સરતે હરકોઇ માણસને આપવાને મુખત્યાર છે

૬ તેમજ રેલવે કંપનીની જમીન ઉપર ટેલીગ્રાફ સ્થાપવાનો અધિકાર ઈંડિયા સરકારને છે, અને રેલવે કંપનીએ યોગ્ય સગવડ કરી આપવી જોઈએ

૧૯ જેથી ટેલીગ્રાફને નુકશાન થવાનો અથવા ટેલીગ્રાફના વ્યવહારમા દાખલ થવાનો સંભવ હોય એવો કાયદેસર હક ચલાવનારા સખસે એક મહીના અગાઉ ટેલીગ્રાફ અધિકારીને નોટીસ આપવી

૨૦ લાઇસન્સ વગર ટેલીગ્રાફ સ્થાપશે, ચાલુ રાખશે, અથવા ચલાવશે, તેને જો તે વાયરલેસ ટેલીગ્રાફ હશે તો ત્રણ વર્ષ સુધી કેદની અથવા દડની અને બીજી બાબતમા એક હજાર રૂપીઆ સુધી દંડ થશે.

અને પરવાનાની સરતનુ ઉલ્લઘન કરશે, તો તેને એક હજાર રૂપીઆ સુધી દડ થશે અને એ ઉલ્લઘન જેટલા અઠવાડીઆ ચાલુ રાખશે તેટલા દરેક અઠવાડીઆ બદલ ૫૦૦ રૂપીઆ સુધી બીજો વધારે દડ થશે

૨૧ પરવાના વગર સ્થાપેલા તારયત્ર મારફત જે કાઈ પણ સદેશો મોકલશે અથવા લેશે તેને પચાસ રૂપીઆ સુધી દડ થશે

૨૨ ૬ ઠી કલમના ઠરાવ પ્રમાણે ચાલવાને રેલ્વે કપની અથવા કોઇ રેલવે અમલદાર ગફલત કરશે તો જેટલા દિવસ ગફલત કરવાનુ ચાલુ રહેશે તે દરેક દિવસ બદલ એક હજાર રૂપીઆ સુધી દડ થશે

૨૩ જે માણુસ સિગ્નલ રૂમમા પુછ્યા વગર જશે, ટેલિગ્રાફ ઓફીસમા પ્રવેશ કરશે અને એવા કોઈ અમલદારને તેનુ કામ કરતો અટકાવ કરશે તેને પાચસો રૂપિઆ સુધી દડ થશે

૨૪ જે કોઇ માણુસ સદેશાના મજકુર ગેરકાયદાસર રીતે જાણી લેવાના, અથવા આ આક્ટ પ્રમાણે શિક્ષા કરવાજોગ કાઈ ગુન્હો કરવાના ઈરાથી ૨૩ મી કલમમા કહેલા કૃત્યો પૈકી કાઈ પણ કૃત્ય કરસે તો તેને ૨૩ મી કલમ પ્રમાણે જે દડ થાય તે દડ સિવાય વળી ૧ વરસ સુધીની કેદની શિક્ષા થસે

૨૫ જે કોઇ સખસ સદેશો મોકલવાની, અથવા પહોચાડવાની મના અથવા અટકાવ કરવાની અથવા સુદેશાનો મજકુર કહાડી લેવાના અથવા જાણી લેવાના, અથવા બિગાડ કરવાના ઈરાદાથી બ્યાટરી, યત્ર, ટેલીફોન લાઈન, થાભલો અથવા તારને નુકશાન કરશે, તે કહાડશે અથવા સ્પર્શ કરશે તેને ત્રણ વરસ સુધીની અથવા દડની અથવા એ બેઉથી સજા થશે

અ અને એવા વ્યવહારથી ટેલીગ્રાફના વ્યવહારમા ખલેલ થઇ હોય તો એક હજાર રૂપીઆ સુધી દડ થશે

૨૬ ટેલીગ્રાફ ઑફીસર પાસે મોકલવા સારૂ અથવા પહોચાડવા સારૂ સદેશો આવ્યો હોય તે સદેશો સતાડે, ઉડાવી જાય, તેમા ફેરફાર કરે, મોકલવાને ચુકે અથવા તેની મતલબ સરકારના હુકમ વગર કહાડી લે, અથવા સદેશાની મતલબ બીજે જણાવે, તો તેને ત્રણ વરસ સુધી કેદની અથવા દડની અથવા એ બેઉની શીક્ષા થશે

૨૭ જો કોઇ ટેલીગ્રાફ ઓફીસર નાણુ લીધા વગર નુકશાન કરવાના ઈરાદાથી સદેશો મોકલશે તેને ૩ વરસની કેદની, અથવા દડની અથવા એ બેઉની શિક્ષા થશે

૨૮ કોઇ પણ તાર ઓફીસર છાકટો થઇ જશે, અથવા ગેરચાલ ચાલશે તાર મોકલતા વાર લગાડસે તો તેને ૩ વરસ સુધીની કેદની તથા સો રૂપીઆ સુધીના દડની અથવા એ બેઉની શિક્ષા થશે

૨૯ જે સખસ જાણી બુજીને બનાવટનો સદેશો ટેલીગ્રાફમા મોકલશે તેને ૩ વરસ સુધીની કેદની અથવા દડની અથવા એ બેઉની શિક્ષા થશે

૩૧ ટેલીગ્રાફ ઓફીસર ઈડીઅન પીનલ કોડની કલમ ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૪ અને ૧૬૫ મી કલમના અર્થ પ્રમાણે સરકારી નોકર છે એમ સમજવુ.

૩૩ જે ઠેકાણે ટેલીગ્રાફનો બીગાડ વારે ઘડીએ કરવામા આવે છે તે ઠેકાણે વધારે પોલીસ રાખવાનો સરકારને અધિકાર છે, અને તેનો ખર્ચ તે ઠેકાણાના રહેવાસીઓ ઉપર નાખવો

અફીણનો કાયદો.

સને ૧૮૭૮ નો આકટ ૧ લો.

---

૧ આ આકટને " સને ૧૮૭૮ નો અફીણનો આકટ " કહેવો

આ આકટ ગવરનર જનરલ ઇન કાઉન્સીલ ઇંડીઆ ગેઝેટમા જાહેરનામુ પ્રસીદ્ધ કરીને વખતો વખત ફરમાવશે તે પ્રદેશને લાગુ થશે

૨ સને ૧૮૩૬ ના ૭ મા આકટમા મુબઈના સને ૧૮૨૭ ના ૨૧ મા કાયદા ઉપર તથા સને ૧૮૭૦ ના ૨૦ મા કાયદા ઉપર હવાલો આપ્યો છે તે આ આકટની તેરીજ કલમો ઉપર આપ્યો છે એમ સમજવુ

૩ વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી બાધ આવતો નહોય તો આ આકટમા

" અફીણ " આ શબ્દમા ખસખસના જીડવાનો તથા અફીણનો અથવા અફીણમા મેળવણી કરીને તૈયાર કરેલા પદાર્થનો અને ખસખસના ઝાડથી તૈયાર કરેલા કેફ લાવનારા વસાણાંનો સમાસ થાય છે

" માજીસ્ત્રેટ " આ શબ્દનો અરથ, ઇલાકામા મુખ્ય શહેરમા પ્રેસીડેન્સી માજીસ્રેટ અને બીજે ઠેકાણે પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ અથવા (આ આકટ પ્રમાણે મુકદ્દમાનો ઇન્સાફ કરવા સારૂ સ્થાનીક સરકારે ખાસ અધીકાર આપ્યો હોય ત્યારે બીજે વરગનો માજીસ્રેટ)

" અંદર લાવવું " આ શબ્દનો અર્થ જે મુલકનો રાજકારભાર કોઇ સ્થાનિક સરકાર ચલાવતી હશે તે મુલકની બહાર જળમાર્ગે અથવા કોઈ પારકા મુલકમાથી અથવા જે મુલકનો રાજકારભાર બીજી કોઈ સ્થાનીક સરકાર ચલાવતી હસે તે મુલકમાથી લાવવુ

" બહાર મોકલવું " આ શબ્દનો અર્થ જે મુલકનો રાજકારભાર કોઇ સ્થાનીક સરકાર ચલાવતી હશે તે મુલકની અદર જળમારગે અથવા કોઇ પારકા મુલકમાં અથવા જે મુલકનો રાજકારભાર બીજી સ્થાનિક સરકાર ચલાવતી હશે તે મુલકમાં લઇ જવુ

" એક જગાએથી બીજી જગાએ મોકલવુ " આ શબ્દનો અર્થ સ્થાનીક સરકાર જે મુલકોનો રાજ્યકારભાર ચલાવતી હશે તે મુલકની અંદર એક જગાએથી બીજી જગાએ લઇ જવુ

૪ આ આકટ ઉપરથી અથવા અફીણ સંબંધી બીજા કોઈ ચાલુ કાયદા ઉપરથી અથવા આકટ ઉપરથી અથવા આ આકટ પ્રમાણે અથવા સદરહુ પ્રકારના હરકોઈ કાયદા પ્રમાણે અથવા આકટ પ્રમાણે કરેલી કાનુન ઉપરથી પરવાનગી હશે તે સિવાય બીજી રીતે કોઇ માણસે હેઠળ લખ્યા પ્રમાણે કરવુ નહી.

(અ) ખસખસના ઝાડનું વાવેતર કરવું નહીં, અથવા

(બ) અફીણ તૈયાર કરવુ નહીં, અથવા

(ક) અફીણ કબજામા રાખવુ નહીં, અથવા

(ડ) અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલવુ નહીં અથવા

(ઇ) અફીણ અદર લાવવુ નહી અથવા બહાર મોકલવુ નહી, અથવા

(ફ) અફીણ વેચવુ નહી

૫ સ્થાનીક સરકાર જે મુલકનો રાજ્યકારભાર ચલાવતી હશે તે સઘળા મુલકમા અથવા તે મુલકના હરકોઇ નીર્દિષ્ટ કરેલા ભાગમા હેઠળ લખેલી સઘળી વાત બાબત અથવા તેઓ પૈકી હરકોઇ વાત બાબત અનિર્બંધ રીતે અથવા ડયુટી આપે તો અથવા બીજી કોઈ સરતે પરવાનગી આપવા સારૂ અને નીયમ ન કરવા સારૂ ગવરનર જનરલ ઇન કાઉન્સીલની અગાઉથી મજુરી લઇને તથા સ્થાનીક ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને વખતો વખત આ આકટને અનુસરીને મજુર કરવાનો અધિકાર સ્થાનીક સરકારને છે એટલે—

(અ) ખસખસના ઝાડનું વાવેતર કરવુ, તથા

(બ) અફીણ તઇયાર કરવુ તથા

(ક) અફીણ કબજામા રાખવુ તથા

[ડ] અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલવુ તથા

(ઇ) અફીણનુ વેચાણ તથા અફીણના પરચુરણ વેચાણ ઉપર લેવાની ડયુટીનો ઇજારો

પણ એવુ ઠરાવ્યુ છે કે હેઠળ લખેલા પ્રકારના હરકોઇ અફીણ ઉપર સદરહુ પ્રકારની હરકોઇ કાનુન પ્રમાણે ડયુટી લેવી નહીં એટલે જે કાઇ અફીણ આવ્યુ હશે તથા જેની ઉપર જળમાર્ગની જકાત સંબંધી ચાલુ કાયદા પ્રમાણે અથવા છઠી કલમ પ્રમાણે ડયુટી બેસાડી હશે તે અફીણ ઉપર ડયુટી લેવી નહી.

૬ બ્રીટીશ ઇંડીઆની અદર અથવા તેના હરકોઈ નીર્દિષ્ટ કરેલા ભાગની અદર ખુશકીને રસ્તે આણેલા અફીણ ઉપર અથવા આણેલા હરકોઇ જાતના અફીણ ઉપર ઈંડીઆ ગેઝેટમા જાહેરનામુ પ્રસીદ્ધ કરીને વખતો વખત પોતાને યોગ લાગે તે ડયુટી બેસાડવાનો તથા સદરહુ પ્રમાણે બેસારેલી ડયુટીમા ફેરફાર કરવાનો અથવા તે કહાડી નાખવાનો અધીકાર ગવરનર જનરલ ઇન કાઉન્સીલને છે

૭ ઇંડીઆ ગેઝેટમા હુકમ પ્રસીદ્ધ કરીને હેઠળ લખ્યા પ્રમાણે કરવાને ગવરનર જનરલ ઇન કાઉન્સીલ મુખત્યાર છે, એટલે

(અ) હરકોઇ સ્થાનિક સરકાર જે મુલકનો રાજકારભાર ચલાવતી હશે તે મુલકમા કાયદાસર રીતે આણેલા અફીણ સારૂ અથવા તે મુલકમાથી જે અફીણ બહાર મોકલવાનો ઇરાદો હોય તે અફીણ સારૂ વખાર સ્થાપવાનો અધીકાર સ્થાનીક સરકારને આપવાનો, અને

(બ) સદરહુ પ્રકારનો કોઈ પણ હુકમ રદ કરવાને મુખત્યાર છે

૮ ગવર્નર જનરલ ઇન કૌન્સિલની અગાઉથી મજુરી લઇને તથા સ્થાનીક ગેઝેટમા જાહેરનામુ પ્રસીદ્ધ કરીને અફીણ સબધી નીયમન કરવા બાબત વખતો વખત આ આકટને અનુસરીને કાનુન કરવાનો અધિકાર સ્થાનીક સરકારને છે

૯ આ આકટની પાચમી અથવા આઠમી કલમ પ્રમાણે કરેલી તથા પ્રસીદ્ધ કરેલી કાનુન તોડીને, જે કોઈ માણસ

(અ) ખસખસના ઝાડનુ વાવેતર કરશે, અથવા

(બ) અફીણ તૈયાર કરશે અથવા

(ક) અફીણ કબજામા રાખશે અથવા

(ડ) અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલશે, અથવા

(ઇ) અફીણ લાવશે અથવા બહાર મોકલશે, અથવા

(ફ) અફીણ વેચશે, અથવા

(ગ) અફીણ વખારમા રાખવાનુ વરજ કરશે અથવા વખારમા રાખેલું અફીણ કહાડી લઇ જશે અથવા તે અફીણ બાબત કાઇ પણ કૃત્ય કરશે

અને જે કોઈ માણસ સદરહુ પ્રકારની કોઈ કાનુન બીજી રીતે તોડશે

તેની ઉપર માજીસ્ટ્રેટની રૂબરૂ સાબેતી થશે તો તેને સદરહુ પ્રકારના દરએક ગુન્હા બાબત ઘણામા ઘણા એક વરસ સુધી કેદની શીક્ષા થશે અથવા ઘણામા ઘણા એક હજાર રૂપીઆ સુધી દડ થશે અથવા આ બેઉ શીક્ષા થશે

અને દડ કર્યો હોય ત્યારે દડ આપવામા નહી આવે તો ગુનેહગારને ઘણામા ઘણા છ મહીના સુધી કેદમા રાખવા બાબતનો હુકમ ગુન્હાની સાબીતી કરનારા માજીસ્ત્રેટે કરવો, અને સદરહુ પ્રકારની કેદ, બીજી કાઇ પણ કેદની શીક્ષા તેને કરવા બાબત હુકમ કર્યો હશે તે કેદ સીવાય વળી બીજી છે એમ સમજવુ

૧૦ નવમી કલમ પ્રમાણે ફરીઆદી થાય તેમા ઉલટુ સાબીત કરવામા આવે ત્યા સુધી હેઠળ લખ્યા પ્રમાણે સમજવુ એટલે જે અફીણ બાબત તહોમતદાર ખાત્રી થાય એવો જવાબ આપી શકતો નથી તે સઘળુ અફીણ, જે અફીણ બાબત તેણે આ આકટ પ્રમાણે ગુન્હો કર્યો છે તે અફીણ છે એમ સમજવુ

૧૧ જે કામમા નવમી કલમ પ્રમાણે ગુન્હો કર્યો હશે તે કામમા

(અ) સદરહુ પ્રમાણે વાવેતર કરેલા ખસખસના ઝાડો તથા

(બ) જે અફીણ બાબત તેજ કલમ પ્રમાણે કાંઈ ગુન્હો કર્યો હશે તે અફીણ તેમજ તે સીવાય બીજું અફીણ ગુન્હેગારના કબજામા હશે ત્યારે તે સઘળુ અફીણ પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર થશે

સદરહુ પ્રકારનુ અફીણ સતાડયુ હશે તે પાત્રોમા અથવા પ્યાકેજોમા બીજો કોઇ પણ પદાર્થ હશે તો તે તથા તે અફીણ લેઇ જવા સારૂ ઉપયોગ કરેલા જનાવરો તથા વાહનો પણ પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર થશે

૧૨ ગુનેગાર તકસીરવાર ઠરે ત્યારે અથવા હરકોઇ અફીણ બાબત ગુન્હો કર્યાનુ તહોમત જે માણસની ઉપર મુકયું હોય તે બિનતકસીર છે એવો ઠરાવ થાય પણ તે અફીણ પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર છે એવુ માજીસ્ટ્રેટ ઠરાવે ત્યારે તે અફીણ સદરહુ પ્રમાણે પકડીને સરકાર દાખલ કરવા બાબતનો હુકમ કરવાનો અધિકાર માજીસ્ટ્રેટને છે પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારનો હુકમ જે જણસો પકડીને સરકાર દાખલ કરવાનો ઈરાદો હોય તે જણસો પકડયાની તારીખથી એક મહીનો થયા વગર અથવા તે જણસો ઉપર હક છે એવો દાવો કરનારો કોઇ માણસ હોય તેનુ બોલવુ સાભળ્યા વગર તથા તેના દાવાના પુરાવામા તે કાઇ પુરાવો હાજર કરતો હોય તો તે પુરાવો લીધા વગર કરવો નહી

૧૩ ગવર્નર જનરલ ઇન કાઉન્સીલની અગાઉથી મજુરી લઇને તથા સ્થાનીક ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને પકડીને સરકાર દાખલ કરેલી સઘળી જણસોની વ્યવસ્થા કરવા બાબતની અને કરેલા દડની તથા પકડીને સરકાર દાખલ કરેલી જણસોની ઉત્પનમાથી અમલદારોને તથા બાતમી આપનારાઓને આપવાની બક્ષીસો બાબતની કાનુન કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે

૧૪ એકસેશનમા અથવા પોલીસના અથવા કસ્ટમના અથવા મીઠાના અથવા મહેસુલના ખાતા પૈકી હરકોઇ ખાતાનો જે કોઇ અમલદાર પટાવાળા કરતા અથવા કાનસ્ટેબલના કરતા ઉચા દરજ્જાનો હશે તથા જેને તેના હુદ્દાના હકથી સ્થાનીક સરકાર આ કામ બાબત અખત્યાર આપ્યો હશે તથા જેને ખુદ પોતાની માહીતી ઉપરથી અથવા કોઇ માણસે બાતમી આપી હશે તથા તે લખી લીટી હશે તે બાતમી ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે લાગવાનો સબબ હશે એટલે આ આકટ પ્રમાણે પકડીને સરકાર દાખલ કરવાને જે અફીણ પાત્ર હશે તે અફીણ કોઇ ઇમારતમા અથવા વહાણમા અથવા ઘેરી લીધેલી જગામા તૈયાર કરે છે અથવા રાખ્યુ છે અથવા સતાડયુ છે એવુ લાગવાનો સબબ હશે તે અમલદારને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધીકાર છે એટલે—

(અ) સદરહુ પ્રકારની હરકોઇ ઇમારતમા અથવા વહાણમા અથવા જગામા પેસવાનો અને

(બ) હરકત કરવામા આવે તે પ્રસગે કોઇ બારણું ભાગવાનો તથા સદરહુ પ્રમાણે પેસવાને કાંઈ બીજો પ્રતીબધ હશે તે દુર કરવાનો, અને

(ક) સદરહુ પ્રકારનુ અફીણ તથા તે તૈયાર કરવામા ઉપયોગ કરેલા સઘળા પદાર્થ અને જે બીજી કાઇ જણસો પકડવાને, અને

(ડ) જે કોઇ માણસે આ આકટ પ્રમાણે અથવા જે વખતે જે બીજો કાયદો ચાલુ હશે તે કાયદા પ્રમાણે સદરહુ પ્રકારના અફીણ સબધી, કાંઈ ગુનોહ કર્યો છે એવુ લાગવાનો પોતાને સબબ હશે તે માણસને અટકાવી રાખવાનો તથા તેનો ઝાડો લેવાનો અને પોતાને યોગ્ય દેખાય તો તેને પકડવાનો અધીકાર છે

૧૫ સદરહુ ખાતાઓ પૈકી કોઈ પણ ખાતાના હરકોઇ અમલદારને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધીકાર છે એટલે

[અ] કાઇ અફીણ તથા જે બીજી કાઇ જણસ અગીઆરમી કલમ પ્રમાણે અથવા અફીણ સરકાર દાખલ કરવાને પાત્ર છે એવુ પોતાને લાગવાનો સબબ હોય તે અફીણ અથવા તે બીજી જણસ કોઇ ખુલ્લી જગામા અથવા રસ્તે જતી હોય ત્યારે પકડવાનો

(બ) જે કોઇ માણસે આ આકટ વિરૂદ્ધ અથવા સદરહુ પ્રકારના બીજા કોઈ કાયદા વિરૂદ્ધનો ગુનો કર્યો છે એવું લાગવાનો પોતાને સબબ હશે તે માણસને અટકાવી રાખવાનો તથા તેનો ઝાડો લેવાનો

અને સદરહુ પ્રકારના માણસના કબજામા અફીણુ હોય તો તેને તથા તેની સાથે જે કોઇ બીજું માણસ હોય તેને પકડવાનો અધિકાર છે

૧૬ ચૌદમી કલમ પ્રમાણે અથવા પદરમી કલમ પ્રમાણે લેવાના સઘળા ઝાડા ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા માહેના ઠરાવ પ્રમાણે લેવા

૧૭ ચૌદમી કલમમા કહેલા જુદા જુદા ખાતાઓના અમલદારોને સુચના આપી હોય તો અથવા દરખાસ્ત કરી હોય તો આ આકટ માહેના ઠરાવ અમલમા લાવવાના કામમા એકબીજાઓને મદદ કરવી એ કાયદા પ્રમાણે અવશ્ય છે

૧૮ સદરહુ ખાતા પઇકી કોઇ પણ ખાતાનો જે કોઇ અમલદાર વહેમના વ્યાજબી સબબ વગર હરકોઇ ઇમારતમા અથવા વહાણમા અથવા જગામા પેસશે અથવા તેનો ઝાડો લેશે અથવા તેમા પેસાડશે અથવા તેનો ઝાડો લેવરાવશે અથવા આ આકટ પ્રમાણે પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર હોય એવુ કાઇ અફીણુ અથવા બીજી જણુસો પકડવાના અથવા તેને સારૂ ઝાડો લેવાના બહાના ઉપરથી કોઇ માણસનો માલ તેને ત્રાસ થાય એવી રીતે તથા વગર કારણે પકડશે તે અમલદારને સદરહુ પ્રકારના દરેક ગુન્હા બાબત ઘણામા ઘણા પાચસે રૂપીઆ સુધી દડ થશે

૧૯ કોઈ માણસે અફીણુ સબધી ગુનો કર્યો છે એવુ લાગવાનો પોતાને સબબ હોય તે માણસને પકડવા સારૂ અથવા પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર હોય એવુ અફીણુ જે ઘરમા અથવા વહાણમા અથવા જગામા રાખ્યુ છે અથવા સતાડયુ છે એવુ લાગવાનો પોતાને સબબ હોય તે ઘરનો અથવા વહાણનો અથવા જગાનો દીવસે અથવા રાત્રે ઝાડો લેવા સારૂ પોતાનુ વારટ કરવાનો અધીકાર ડીસ્ટ્રીકટના કલેકટરને અથવા ડેપ્યુટી કમીશનરને છે અથવા સ્થાનીક સરકાર આ કામ સારૂ જે બીજા અમલદારને તે ફલાણો માણસ છે માટે અથવા તેના હુદ્દાના હકથી અધીકાર આપ્યો હશે તેને છે અથવા માજીસ્ટ્રેટને છે આ કલમ પ્રમાણે કરેલા સઘળા વારટો ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા માહેના ઠરાવ પ્રમાણે બજાવવા

૨૦ ચૌદમી અથવા પદરમી કલમ પ્રમાણે પકડેલું દરએક માણસ તથા જણુસ વાર ન લગાડતા છેક નજીકનું પોલીસ થાણુ જે અમલદારને સ્વાધીન હોય તેની પાસે મોકલવી અને ઓગણીસમી કલમ પ્રમાણે પકડેલું દરેક માણસ તથા જણુસ જે અમલદારે વારટ કર્યું હોય તેની પાસે વાર ન લગાડતા મોકલવી

૨૧ કોઇ અમલદાર આ આકટ પ્રમાણે કોઈ માણસને અથવા જણુસને પકડશે ત્યારે તેણે સદરહુ પ્રમાણે પકડયા પછી અડતાળીશ કલાકની અદર સદરહુ પ્રમાણે પકડયાની સઘળી હકીકતનો સપૂર્ણ રીપોર્ટ પોતાના ઉપરી અમલદારને કરવો

૨૨ ખસખસના ઝાડનું ગેરકાયદેસર રીતે વાવેતર કર્યાનુ કહેતા હોય તેવા કામમા પાક કહાડી લઇ જવો નહી પણ તે પાક તે કામનો નીકાલ થાય ત્યા સુધી હેઠળ લખેલા અમલદારે જપ્ત કરવો એટલે પટાવાળા કરતા અથવા કાનસ્ટેબલના કરતા ઉંચા દરજ્જાવાળા જે અમલદારે તેના હુદ્દાના હકથી આ કામ સારૂ સ્થાનિક સરકારે અખત્યાર આપ્યો હશે તે અમલદારને જપ્ત કરવો અને તે કામનો નિકાલ જે માજીસ્ટ્રેટે કરવાનો હોય તે માજીસ્ટ્રેટની રૂબરૂ તે વાવેતર કરનારાએ હાજર થવા સારૂ તેને વ્યાજબી રકમનો (તે રકલ સદરહુ અમલદારે ઠરાવવી) જામીન આપવાને સદરહુ અમલદારે ફરમાવવુ અને સદરહુ વાવેતર કરનારને સદરહુ જામીન વાજબી વખતમા આપવાને ચુકયા વગર તેને પકડવો નહિ

૨૩ આ આકટ પ્રામણે કરેલી કોઇ કાનુન પ્રમાણે બેસાડેલી કાઇ ફીનો અથવા ડયુટીનો કાઇ ચડેલો અવેજ હશે તે, અને અફીણુના મેહેસુલની કોઈ ઇજારદારની પાસે કાઇ ચઢેલો અવેજ લહેણો હશે તે, જે માણસ સરકારને આપવાને પ્રથમત. પાત્ર હશે તેની પાસેથી અથવા તેનો જામીન હોય તો તેની પાસેથી તે અવેજ જમીનના મહેસુલનો ચઢેલો અવેજ હોય તે પ્રમાણે વસુલ કરવાનો અધીકાર છે

૨૪ અફીણુના મહેસુલના ઇજારદારની લાઇસન્સ બાબત પોતાના લાઇસન્સવાળાની પાસે કોઈ રકમ લહેણી હશે ત્યારે સદરહુ પ્રકારના ઇજારદારને મારી તરફથી સદરહુ રકમ તમે વસુલ કરો એવા

મજકુરની અરજી હેઠળ લખેલા અમલદારને કરવાનો અધીકાર છે એટલે ડીસ્ત્રીકટના કલેકટરને અથવા ડેપ્યુટી કમીશનરને અથવા આ બાબત સ્થાનિક સરકારે જે બીજા અમલદારને અખત્યાર આપ્યો હશે તેને અરજી કરવાનો અધિકાર છે અને સદરહુ પ્રકારની અરજી પહોચ્યા પછી સદરહુ પ્રકારની રકમ, જમીન મહેસુલની ચઢેલી બાકી હોય તે પ્રમાણે તે પોતાની નજરમા આવે તો વસુલ કરવાનો અધીકાર સદરહુ પ્રકારના કલેકટરને અથવા ડેપ્યુટી કમીશનરને અથવા બીજા અમલદારને છે અને સદરહુ પ્રમાણે વસુલ કરેલી કાંઈ પણ રકમ સદરહુ પ્રકારના કલેકટરે અથવા ડેપ્યુટી કમીશનરે અથવા બીજા અમલદારે અરજદારને આપવી

પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારની રકમ વસુલ કરવા સારૂ સદરહુ પ્રકારના કલેકટર અથવા ડેપ્યુટી કલેકટર અથવા બીજા અમલદારે કરેલા કોઇ પણ પ્રોસેસની બજાવણી હેઠળ લખેલે પ્રસગે મોકુફ રાખવી એટલે ઇજારદારના માગણાનો ઈન્સાફ થવા સારૂ લાઇસન્સવાળો દીવાની કોર્ટમા ફરીયાદ કરશે તથા જે રકમ પોતે સદરહુ પ્રકારના ઇજારદારને દેવી છે એવુ સદરહુ પ્રકારની કોર્ટ ઠરાવશે તે રકમ આપવા બાબત સદરહુ પ્રકારના અમલદારની ખાત્રીનો જામીન તે આપે તો મોકુફ રાખવી.

વળી એવું ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારના લાઇસન્સવાળાની પાસે કાંઈ પણ રકમ અફીણના મહેસુલના કોઇ ઇજારદારની લેહેણી હશે તે દીવાની કોર્ટમા ફરીયાદ કરીને અથવા બીજી રીતે વસુલ કરવાના તે ઇજારદારના હકને આ કલમના હરકોઇ ઠરાવ ઉપરથી અથવા આ કલમ પ્રમાણે કરેલી કોઇ વાત ઉપરથી બાધ આવે છે એમ સમજવુ નહિ

૨૫ કોઇ પણ કર્ત્તવ્ય કર્મ અથવા કૃત્ય કરવા સારૂ કોઇ માણસ આ આકટ પ્રમાણે કરેલી કોઈ કાનુન મુજબ બાડ લખી આપે ત્યારે પ્રસગ પ્રમાણે સદરહુ પ્રકારનુ કર્ત્તવ્ય કર્મ અથવા કૃત્ય સન ૧૮૭૨ ના ઇન્ડીઆના કરાર બાબતના આકટની ૭ મી કલમના અર્થ પ્રમાણે જે સરકારી કામમા અથવા કૃત્યમા સર્વ લોકોના સંબધ છે તેવુ કર્તવ્ય કર્મ અથવા કૃત્ય છે એમ સમજવુ અને સદરહુ પ્રકારની બાડની સરત તે તોડે તો હેઠળ લખેલી સઘળી રકમ જમીન મેહેસુલની ચઢેલી બાકી પ્રમાણે તેની પાસેથી વસુલ કરવાનો અધીકાર છે એટલે બાડની સરત સદરહુ પ્રમાણે તે તોડે તો જે રકમ આપવાનુ તે બાડમા લખ્યુ હશે તે સઘળી રકમ વસુલ કરવાનો અધીકાર છે

નાટકના ખેલ બાબતનો આકટ.

(સને ૧૮૭૬ નો આકટ ૧૯ મો.)

૧ આ આકટને "સને ૧૮૭૬ નો નાટકના ખેલ બાબતનો અકટ" કહેવો, આ આકટ આખા બ્રિટિશ ઇન્ડીઆને લાગુ છે, અને તે તાબડતોબ અમલમા આવશે

૨ આ આકટમા "માજીસ્ટ્રેટ" શબ્દનો અર્થ ઇલાકાના મુખ્ય શહેરમા પોલીસનો માજીસ્ટ્રેટ તથા બીજે ઠેકાણે ડિસ્ત્રીકટનો માજીસ્ટ્રેટ એવો સમજવો

૩ સાર્વજનીક જગામા કરેલો અથવા કરવાનો કોઇ ખેલ અથવા પ્યાનટોમાઈમ (બોલ્યા વગર ફક્ત હાવભાવ કરી દેખાડવાનો ખેલ) અથવા બીજું નાટક

(અ) લાજ ઉપજાવનારૂ અથવા આબરૂ લેવાના પ્રકારનું છે અથવા (બ) કાયદા ઉપર બ્રીટીશ ઇન્ડીઆમા સ્થાપેલી સરકાર બાબત બેદીલીનો વીચાર ઉત્પન્ન કરવા જેવુ છે, અથવા (ક) ખેલની વખતે હાજર હોય તે માણસોની નીતિ ભ્રષ્ટ કર્યા જેવુ તથા તેઓને દુર્ગુણી કરવા જેવુ છે એવુ સ્થાનીક સરકારને લાગે ત્યારે હુકમ કરીને તે ખેલની મના કરવાનો અધીકાર સ્થાનીક સરકારને છે, અથવા ઇલાકાના મુખ્ય શહેરની બહાર તથા રંગુનની બહાર સ્થાનીક સરકારને અથવા જે માજીસ્ટ્રેટને આ બાબત સ્થાનીક સરકાર અધિકાર આપશે તે માજીસ્ટ્રેટને છે.

ખુલાસો—જે કોઈ ઇમારતમા અથવા ઘેરી લીધેલી જગામા પૈસા આપે તો લોકોને ખેલ જોવા

સારૂ દાખલ કરે છે તે ઇમારત અથવા તે ઘેરી લીધેલી જગા આ કલમના અર્થ પ્રમાણે સાર્વજનીક જગા છે એમ સમજવુ

૪ સદરહુ પ્રકારના હુકમની એક નકલ જે માણુસ સદરહુ પ્રમાણે મના કરેલા ખેલમા ખેલ કરનાર હશે તેની ઉપર અથવા જે ઘરમા અથવા ઓરડામા અથવા જગામા સદરહુ પ્રકારનો ખેલ કરવાનો ઇરાદો હશે તે ઘરના અથવા ઓરડાના જગાના માલેક ઉપર અથવા ભોગવટો કરનારા ઉપર બજાવવાને અધિકાર છે, અને જે માણસ ઉપર સદરહુ પ્રકારની નકલ બજાવી હશે તથા જે સદરહુ પ્રકારનો હુકમ તોડીને જે કાઇ કૃત્ય કરશે અથવા ખુશીથી કરવા દેશે તેની ઉપર માજીસ્ટ્રેટની રૂબરૂ ગુન્હાની સાબીતી થશે તો તેને ઘણામા ઘણા ત્રણ મહીના સુધી કેદની અથવા દંડની શિક્ષા અથવા આ બેઉ શિક્ષા થશે

૫ સદરહુ પ્રકારનો કાઇ હુકમ દાંડા પીટાવીને જાહેર કરવાનો અધિકાર છે તથા તે બાબતની લખેલી અથવા છાપેલી નોટીસ સદરહુ પ્રમાણે મના કરેલા ખેલમા ખેલ કરવાનો અથવા તે ખેલ જોવાનો જે માણસોનો ઇરાદો હોય તે માણસોને તે હુકમની ખબર મળવા જેવી કોઇ જગામા અથવા જગાઓમા લગાડવાનો અધિકાર છે

૬ જે કોઇ સદરહુ પ્રકારનો કાઇ હુકમ પ્રસીદ્ધ થયા પછી

(અ) તે હુકમ ઉપરથી મના કરેલા ખેલમા અથવા સદરહુ પ્રમાણે મના કરેલો ખેલ જેવો અર્થાત્ કોઇ ખેલ હશે તે ખેલમા ખેલ કરશે, અથવા

(બ) સદરહુ પ્રકારનો કાઇ ખેલ ચલાવવામા હરકોઇ રીતે મદદ કરશે, અથવા

(ક) સદરહુ પ્રકારનો કાઇ ખેલ સઘળો થાય ત્યા સુધી અથવા તેનો કાંઈ ભાગ થાય ત્યા સુધી સદરહુ પ્રકારનો હુકમ જાની જોઈને તોડીને તમાસગીર તરીકે હાજર હશે, અથવા

(ડ) કોઇ ઘરનો અથવા ઓરડાનો અથવા જગાનો માલેક અથવા ભોગવટો કરનારો હોય અથવા તેનો ઉપયોગ કરવાનુ પોતાની પાસે હોય ત્યારે તે ઘર અથવા ઓરડો અથવા જગા સદરહુ પ્રકારના કોઇ ખેલ સારૂ ઉઘાડશે અથવા રાખશે, અથવા તેનો ઉપયોગ કરશે અથવા સદહુ પ્રકારના હરકોઇ ખેલ સારૂ તે ઉઘાડવા અથવા રાખવા દેશે, તેની ઉપર માજીસ્ટ્રેટની રૂબરૂ ગુન્હાની સાબીતી થશે તો તેને ઘણામા ઘણા ત્રણ મહીના સુધી કેદની અથવા દંડની શીક્ષા થશે અથવા એ બેઉ શીક્ષા થશે

૭ કોઈ સાર્વજનિક નાટકનો ઇરાદો હશે તે કેવા પ્રકારનો છે તે ઠરાવવા સારૂ પોતાને જે માહીતીની જરૂર લાગે તે માહીતી જે નાટકનો ખેલ કરવાનો હોય તે નાટકના કરતા પાસેથી અથવા તેના છાપનાર પાસેથી અથવા જે જગાએ તે ખેલ હોય તે જગાના માલેક પાસેથી અથવા ભોગવટો કરનાર પાસેથી માગવાનો અધીકાર સ્થાનીક સરકારને અથવા આ બાબત ખસુસ અખત્યાર જે અમલદારને તે સરકાર આપશે તે અમલદારને છે

જે માણસ પાસે સદરહુ પ્રમાણે માગણી કરી હશે તેણે તે માહીતી પોતાની શકિત પ્રમાણે આપવી જોઇએ અને જે કોઈ આ કલમ તોડશે તેણે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૦૬ ઠી કલમ પ્રમાણે ગુન્હો કર્યો છે એમ સમજવુ

૮ આ આકટ પ્રમાણે મના કરેલા કોઈ ખેલ સારૂ ફલાણા ઘરનો અથવા ઓરડાનો અથવા જગાનો ઉપયોગ કરે છે, અથવા કરવાનો એવુ લાગવાનો કોઇ માજીસ્ટ્રેટને સબબ હોય તો સદરહુ પ્રકારના ઘરમા અથવા ઓરડામા અથવા જગામા જરૂર હોય તેટલી મદદ લઈને રાત્રે અથવા દીવસે અને જરૂર હોય તો જબરીથી પેસવાનો તથા તેમા જે માણસો માટે તે સત્રળાઓને કેદ કરવાના તથા તેમા જે સોનેરી (દેખાવના પડદા) તથા પોશાક તથા બીજા પદાર્થ મળશે તથા જે સદરહુ પ્રકારના ખેલ સારૂ ઉપયોગ કર્યા હોય તે અથવા કરવાનો ઇરાદો છે એવો વ્યાજબી શક હોય તે સઘળી સીનેરીઓ તથા પોશાક તથા બીજા પદાર્થ પકડવાનો અધિકાર પોલીસના હરકોઇ અમલદારને પોતાના વાં ટ ઉપરથી આપવાનો અખત્યાર તે માજીસ્ટ્રેટ છે.

૯ ગુન્હાની સાબીતીનો ઠરાવ આ આકટ પ્રમાણે થયો હોય તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાના કલમ ૧૨૪ અ તથા ૨૯૪ પ્રમાણે ફરીયાદીનું કામ ચલાવવાને હરકત થાય છે એમ સમજવુ નહિ

૧૦ આ કલમ માહેના ઠરાવ કોઇ પણ પ્રદેશને લાગુ કરવાની જરૂર છે એવુ સ્થાનિક સરકારની નજરમા આવે ત્યારે ગવર્નર જનરલ ઈન કૌન્સિલની મંજુરીથી હેઠળ લખ્યા પ્રમાણે સ્થાપીત કરવાનો અધિકાર તે સરકારને છે એટલે સદરહુ પ્રકારનો ઠરાવ જાહેરનામામા ઠરાવેલી તારીખથી સદરહુ પ્રકારના પ્રદેશને લાગુ કર્યો છે એવુ જાહેરનામુ સ્થાનિક સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરીને સ્થાપીત કરવાનો અધિકાર છે

પોતે આપેલા પરવાના વગર અથવા આ બાબત પોતે જે અમલદારને ખસુર અખત્યાર આપશે તે અમલદારે આપેલા પરવાના વગર સદરહુ પ્રકારના પ્રદેશ માહેની સાર્વજનિક ગમ્મતની કોઇ જગામા કોઇ નાટકનો ખેલ સદરહુ તારીખથી કરવો નહિ એવો હુકમ કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે

સ્થાનિક સરકારને હેઠળ લખ્યા પ્રમાણે હુકમ કરવાનો પણ અધિકાર છે એકલે નાટક લખ્યુ હોય તો તેની તથા જેટલે સુધી તે લખ્યુ હોય તેટલે સુધી તેની એક નકલ અથવા તે પ્યાન્ટોમાઇમ હોય તો તેની અથવા જેટલે સુધી પ્યાન્ટોમાઇમ હોય તેટલે સુધી તેની મતલબની કંઇ પુરતી હકીકત ખેલના નીદાન ત્રણ દીવસ અગાઉ સ્થાનિક સરકારને અથવા સ્થાનિક સરકાર આ બાબત જે અમલદારને નીમશે તેને આપ્યા વગર સદરહુ પ્રકારના પ્રદેશ માહેની સાર્વજનિક ગમ્મતની કોઈ જગામા નાટકનો ખેલ કરવો નહિ એવો પણ હુકમ કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે

આ કલમ પ્રમાણે કરેલા કોઇ હુકમની નકલ સાર્વજનિક ગમ્મતની જગા રાખનાર હરકોઇ માણુસ ઉપર બજાવવાનો અધિકાર છે અને તે બજાવ્યા પછી તે માણુસ સદરહુ પ્રકારનો હુકમ તોડીને કાંઇ કૃત્ય કરશે અથવા ખુશીથી કરવા દેશે તો તેના ઉપર ને વાતની સાબીતી માજીસ્ટ્રેટની રૂબરૂ થશે તો તેને ઘણામા ઘણુ ત્રણ મહીના સુધી કેદની અથવા દંડની અથવા આ બેઉ શિક્ષા થશે

૧૧ આ આકટ ઉપરથી જે અધિકાર સ્થાનિક સરકારને આપ્યો છે તે ચલાવવાને ગવર્નર જનરલ ઇન કૌન્સીલ મુખત્યાર છે

૧૨ આ આકટ માહેના કોઈ પણ ઠરાવ કોઈ પણ જાત્રાને અથવા ધર્મ સંબંધી ઉત્સાહની વખતે તેવી જાતના ખેલને લાગુ છે એવુ સમજવુ નહિ

યુરોપિઅન વેગ્રનસી એકટ.

[સને ૧૮૭૪ નો આકટ ૯ મો.]

૧ આ આકટ બ્રિટિશ ઈંડિઆને લાગુ છે

૩ " યુરોપિઅન પેટનું માણુસ " આ શબ્દોમા યુરોપ, અમેરિકા, ઇસ્ટ ઇંડીઝ આસ્ત્રેલીઆ, ટાસમેનિઆ, ન્યુઝીલંડ નેટલ અને કેપકાલોનીમા જન્મેલા માણુશોનો અને તેમના પુત્ર પઉત્રનો–સમાસ થાય છે " નિરૂદ્યોગ ભટકનારો "—એ શબ્દોમા કામ ધંધા વગર, ગુજરાનના સાધન વગર ભટકતો માલુમ પડે તે માણુસ સમજવો

૪ કલકત્તા, મુંબઇ અને મદ્રાસ શહેરના હદમા કોઈ માણુસ નિરૂદ્યોગ ભટકનારો દેખાતો હોય તેને પાસેના માજીસ્ટ્રેટ પાસે હાજર થવાનુ, તથા તે શહેરોની બહાર હોય તો છેક પાસેનો પહેલા વર્ગના માજીસ્ટ્રેટ પાસે હાજર થવાનું કહેવાને હરકોઇ પોલીસ અમલદારને અધિકાર છે-

૫ તેની સ્થિતિ બાબત માજીસ્ટ્રેટે સંક્ષેપ રીતે ચોકસી કરવી અને તેનો ઠરાવ લખી મુકવો જો તેને ચાકરી ધંધો મળે તેમ ન હોય તો તેને સરકારી વર્ક હાઉસમા જવાનો હુકમ કરવો

૯ જો ચાકરી ધંધો મળે એવો હોય તો તેને ધંધાની જગાએ મોકલવો

૧૯ માજીસ્ટ્રેટની પાસે કોઈ માણુસ ૪ થી કલમ પ્રમાણે કહ્યા છતા જશે નહિ તો, તેને વગર વારંટે પકડવાનો પોલીસને અધિકાર છે, અને તે વાત સાબિત થયેથી તેને એક મહીના સુધીની કેદની અથવા દંડની અથવા એ બેઉની શિક્ષા થશે.

૨૩ જે યુરોપીઅન પોતાના નિર્વાહનુ પુરતું સાધન હોય છતા ભીખ માગતો માલમ પડશે, ઘાગળી દેખાડીને કે દારૂડ કરીને ભીખ માગતો માલુમ પડશે, અથવા ના કહ્યા છતા ભીખ માગશે તેને બે મહીનાની સખ્ત મજુરી સાથે કેદની શીક્ષા થશે.

જંગલી પક્ષી તથા શિકારના રક્ષણુનો આકટ.

[૧૮૮૭ નો આકટ ૨૦ મો.]

૧ આ આકટ આખા બ્રિટીશ હિંદુસ્તાનને લાગુ છે

૨ " જગલી પક્ષી " એ શબ્દના અર્થમા, મોર તથા શિકારના દરેક પક્ષીનો સમાસ થાય છે.

૩ કોઇ પણુ મ્યુનિસિપાલીટી અથવા કેન્ટોન્મેન્ટની બાબતમા સ્થાનિક સરકાર અથવા મ્યુનિસિપાલીટીનો કેન્ટોન્મેન્ટનો અધિકારી સદરહુ હદમા તરતજ મારેલા અથવા પકડેલા જગલી પક્ષીનો કબજો અથવા વેચાણુ, અથવા તેમના પીછા, લાવવાનુ કરેલી કાનુનોની રૂયે બાધ અથવા સરતોને પાત્ર બધ કરવા વિશેની કાનુનો કરવાને મુખત્યાર છે, જેના સબધમા કાનુન તોડવામા આવશે એવા પ્રત્યેક જગલી પક્ષી બદલ પહેલવહેલા ગુન્હાની બાબતમા પાચ રૂપિઆ સુધી, તથા ત્યાર પછીના ગુન્હાની બાબતમા દશ રૂપિઆ સુધીની દડની શિક્ષા થશે પક્ષી સિવાય કોઇપણુ શિકારના પ્રાણીને આકટ લાગુ કરવાનો અધિકાર છે.

સફેત ફોસ્ફરસની દીવાસળીઓની મના કરવા બાબતનો આકટ.

(સને ૧૯૧૩ નો ૫ મો.)

૧ (૧) આ આકટને સફેત ફોસ્ફરસની દીવાસળીઓની મના કરવા બાબતનો આકટ કહેવો (૨) તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ છે

૨ આ આકટમા ' સફેત ફોસ્ફરસ ' એ શબ્દોનો અર્થ સાધારણુ રીતે ધોળા કે પીળા ફોસ્ફરસ તરીકે જાણીતો થએલો પદાર્થ એવો થાય છે

૩ સન ૧૮૭૮ ની જળમાર્ગની કસ્ટમના આકટની ૧૮ મી કલમમા હેઠળની રકમ ઉમેરવી, " સફેત ફોસ્ફરસની દીવાસળીઓ "

૪ (૧) કોઈ પણુ સખસે દીવાસળી બનાવવામા ફોસ્ફરસ વાપરવો નહિ. (૨) જે કોઇ પણુ સખસ દીવાસળી બનાવવામા સફેત ફોસ્ફરસ વાપરશે કે પોતાના તાબામાના કોઈ પણુ સખસને વાપરવા દેશે તેને વત્તામા વત્તા બસો રૂપીઆ સુધીનો દડ કરવામા આવશે

૫ દીવાસળી બનાવનાર દરેક સખસે સને ૧૯૧૧ ના હિંદુસ્તાનના કારખાનાના આકટની રૂયે નિમેલા કારખાનાના ઇન્સ્પેકટરે એવી બનાવટમા વાપરેલા કે વાપરવા માટે મિશ્રણુ કરેલા કોઇ પણુ પદાર્થનું પૃથક્કરણુ કરવા માટે જોઇએ તેટલા માસલા કોઈ પણુ વખતે લેવા દેવા જોઇએ પણુ તે માસલો લેવામા આવે તે વખતે જરૂરના સાહિત્યો પુરા પાડીને આવી રીતે લીધેલા માસલાના બે ભાગ કરવાની અને તેમાના એક ભાગ પર નિશાની કરવાની, મોહોર કરવાની, અને તે પોતાને આપવાની સદરહુ ઇન્સ્પેકટરને ફરજ પાડવાને મુખત્યાર છે

(૨) જે કોઇ પણુ સખસે ઉપર જણાવ્યુ છે તેવા કોઇ કારખાનાના ઈન્સ્પેકટરને પેટા કલમ (૧) ના ઠરાવો મુજબ માણસો લેવા દેવાની ના પાડશે, તેને વત્તામા વત્તા બસો રૂપિઆ સુધીના દડની શિક્ષા થશે.

૬ (૧) કોઇ પણુ સખસે સફેત ફોસ્ફરસની કોઈ પણુ દીવાસળી વેચવી નહી અથવા વેચવા માટે આપવી નહીં, અથવા માડવી નહીં અથવા વેચવાના, કારણુ માટે પોતાના કબજામા રાખવી નહીં (૨) જે કોઈ સખસ પેટા કલમ (૧) ના ઠરાવોનુ ઉલ્લઘન કરશે તેને પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટને પેટા વુકડી માજીસ્ટ્રેટને કે પહેલા વર્ગના માજીસ્ટ્રેટને ફરિયાદ કરવામા આવેથી તેના કબજામાની એવી કોઈ પણુ દીવાસળી જપ્ત થવા દેવાનો હુકમ કરવાને અધિકાર છે અને એવી રીતે જપ્ત થયેલી કોઇ પણુ દીવાસળીનો નાશ કરવો અથવા તે માજીસ્ટ્રેટ ફરમાવે તેવી રીતે તેની વ્યવસ્થા કરવી

કોપીરાઈટ એક્ટ.

સન ૧૯૧૧ ના કોપીરાઇટ બાબતના આક્ટના ઠરાવોમાં ફેરફાર તથા વધારો કરવા બાબતનો આક્ટ

સન ૧૯૧૧ નો કોપીરાઇટ બાબતનો આક્ટ બ્રિટીશ હિંદુસ્તાનમા લાગુ કરતી વખતે તેના ઠરાવોમા ફેરફાર કરવાનુ તથા તેમા વધારો કરવાનુ ઇષ્ટ છે, વાસ્તે આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે

બાબ ૧ લો.

પ્રથમારંભી ઠરાવ.

૧ (૧) આ આકટને સન ૧૯૧૪ નો હિંદુસ્તાનના કોપીરાઇટ બાબતનો આક્ટ કહેવો

(૨) તે બ્રિટિશ, બલુચિસ્તાન, અંગુલ જીલ્લો તથા સંથાલ પરગણા સુદ્ધા આખા બ્રિટીશ હિંદુસ્તાનને લાગુ પડે છે

૨ આ આકટમા વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબંધ ઉપરથી કાંઇ પણ બાધ આવતો ન હોય તો—(૧) "કોપીરાઇટ બાબતનો આક્ટ" એટલે સન ૧૯૧૧ નો કોપીરાઈટ બાબતનો આક્ટ એ નામનો પાર્લામેન્ટનો આક્ટ સમજવો તથા (૨) સદરહુ કોપીરાઇટ બાબતના આકટમા વ્યાખ્યા કરેલા શબ્દો તથા સંજ્ઞાઓનો જે અર્થ તે આકટમા કર્યો છે તેજ અર્થ થાય છે

બાબ ૨ જો.

કોપીરાઇટ બાબતના આક્ટનો અર્થ કરવા બાબત તથા તેમાં થતા ફેરફાર કરવા બાબત

૩ કોપીરાઈટ બાબતનો આક્ટ [જેની એક નકલ, તેના જે ઠરાવો સ્પષ્ટ રીતે યુનાઇટેડ કિંગ્ડમનેજ માત્ર લાગુ છે તે ઠરાવો બાદ કરીને, પહેલા પરિશિષ્ટમા આપી છે તે) બ્રિટીશ હિંદુસ્તાનને લાગુ કરવી વખતે તેમા હેઠળના ફેરફાર કરવા એટલે કે—

(૧) ૩ જી કલમ મુજબના બોર્ડ ઓફ ટ્રેડના અધિકાર બ્રિટીશ હિંદુસ્તાનમા પ્રથમ પ્રસિદ્ધ થએલી કૃતિની બાબતમા ગવર્નર જનરલ ઇન કાઉન્સીલે ચલાવવા

(૨) ૯ મી કલમ મુજબ બોર્ડ ઓફ ટ્રેડના અધિકાર, જેની મુળ પ્લેટ (તક્તી) બ્રિટિશ હિંદુસ્તાનમા બનાવી હોય એવા રેકર્ડો, પરફોરેટેડ, (છીદ્ર પાડેલા) રોલો તથા બીજી બનાવટના સંબધમા ગવર્નર જનરલ ઇન કૌન્સીલે ચલાવવા, અને આવા અધિકારોમાનો કોઇ પણ અધિકાર ચલાવવા સારૂ પાર્લામેન્ટની બહાલીની જરૂર પડશે નહી

(૩) કલમ ૧૯ પેટા કલમ (૪) તથા કલમ ૨૪, પેટા કલમ (૧) માના લવાદી સંબંધી હવાલા એવી તકરાર બ્રિટીશ હિંદુસ્તાનના જે ભાગમા ઉભી થાય તે ભાગમા વિદ્યમાનકાળે અમલમા હોય એવા કાયદા મુજબ લવાદી સંબધી આપેલા હવાલા તરીકે ગણવા

(૪) જે કૃતીઓ કર્તાઓ તે કૃતી કરતી વખતે બ્રીટીશ હિંદુસ્તાનમા રહેતા હોય, તેમના સંબધમા તથા બ્રીટીશ હિંદુસ્તાનમા પ્રથમ પ્રસીદ્ધ થએલી કૃતીના સબંધમા સને ૧૯૦૭ ના પેટન્ટ તથા નમુના બાબતના આકટના સંબધમા ૨૨ મી કલમમા કરેલો હવાલો, સન ૧૯૧૧ ના હીંદુસ્તાનના પેટંટ તથા નમુના બાબતના આકટના સંબધમા કરેલા હવાલા તરીકે સમજવો, તથા સદરહુ કલમમાનો સન ૧૯૦૭ ના પેટન્ટ તથા નમુના બાબતના આકટની ૮૬ મી કલમના સંબધમા કરેલો હવાલો, સન ૧૯૧૧ ના હિંદુસ્તાનના પેટન્ટ તથા નમુના બાબતના આકટના ૭૭ મી કલમના સંબધમા કરેલા હવાલા તરીકે સમજવો;

(૫) બ્રિટીશ હિંદુસ્તાનમા પ્રથમ પ્રસીદ્ધ થયેલો કૃતિના સંબધમા, કલમ ૨૪, પેટા કલમ, (૧) વિશેષ ઠરાવ (અ) માની, લંડન ગેઝેટ તથા લંડનમાના બે વર્તમાનપત્રો બાબત આપેલા હવાલા ઇંડિઆ ગેઝેટ તથા બ્રીટીશ હિંદુસ્તાનમા પ્રસિદ્ધ થતા બે વર્તમાનપત્રો બાબત આપેલા હવાલા તરીકે સમજવો; તથા તેજ કલમની તેજ પેટા કલમના વિશેષ ઠરાવ (બ) માનો સન ૧૯૧૦ ના જુલાઇ મહિનાની ૨૬ મી તારીખ બાબત આપેલો હવાલો, જે કૃતિ બનાવતી વખતે કર્તાઓ બ્રિટીશ હિંદુસ્થાનમા રહેતા હોય તે

કૃતિના સબંધમા તથા બ્રિટીશ હિંદુસ્તાનમા પ્રથમ પ્રસિદ્ધ થએલી કૃતિના સબંધમા, સન ૧૯૧૨ ના અકટોબર મહિનાની ૩૦ મી તારીખ બાબત આપેલા હવાલા તરીકે સમજવો

૪ (૧) બ્રિટીશ હિંદુસ્તાનમા પ્રથમ પ્રસિદ્ધ થએલી કૃતિની બાબતમા કોપીરાઇટ નીચેના બંધનને પાત્ર રહેશે, એટલે તે કૃતિ પ્રથમ પ્રસિદ્ધ થયાની તારીખથી માત્ર દશ વર્ષની મુદત સુધીજ તેનો તરજુમો કરવાના, ફરી કરવાના, ભજવી બતાવવાના અથવા પ્રસીદ્ધ કરવાના અનન્ય હકની તે કોપીરાઇટમા સમાવેશ થશે

પણ એવુ ઠરાવ્યુ છે કે, સદરહુ મુદતની અંદર, તે, કર્તા અથવા તેણે તેમ કરવાની પરવાનગી આપી હોય તેવો કોઇ પણ સખસ, એવી કોઇ પણ કૃતિનો કોઇ પણ ભાષામા તરજુમો પ્રસિદ્ધ કરે તો સદરહુ કૃતિનો તે ભાષામા તરજુમો કરવાની, ફરી કરવાના, ભજવી બતાવવાના અથવા પ્રસિદ્ધ કરવાના અનન્ય હક સબંધી તે કૃતિનો કોપીરાઇટ આ પેટા કલમમા ઠરાવેલા સબધને પાત્ર થશે નહિ

(૨) પેટા કલમ (૧) ના કારણ માટે "કર્તા" એ સજ્ઞામા મરણ પામેલા કર્તાના કાયદેસર વારસ વકીલનો સમાસ થાય છે

૫ જે સગીતની કૃતિના કર્તા તે કરતી વખતે બ્રિટિશ હિન્દુસ્તાનમા રહેતા હોય તેમની કૃતિને અથવા બ્રિટિશ હિન્દુસ્તાનમા પ્રથમ પ્રસિદ્ધ થયેલી સગીતની કૃતિને કોપીરાઇટ બાબતનો આકટ લાગુ કરતી વખતે, "સગીતની કૃતિ" એ સજ્ઞાના અર્થ, કોપીરાઇટ બાબતના આકટમા બીજી રીતે સ્પષ્ટ ઠરાવ્યુ હોય તે સિવાય, " સુસ્વરાનુક્રમ તથા સ્વરમેલનનો જે કોઇ પણ સયોગ અથવા તે એમાથી જે કોઇ પણ એક લખી રાખવામા આવ્યો હોય તે ' એવો થાય છે

૬ (૧) જે કોઇ પણ કૃતિનો કોપીરાઇટ હોય તેની બ્રિટિશ હિંદુસ્તાનની બહાર કરેલી, નકલો જો તે બ્રિટિશ હિંદુસ્તાનમા કરવામા આવી હોત તો કોપીરાઇટનો ભગ થાત, તથા જેના સબધમા કોપીરાઇટનો માલિક બ્રિટિશ હિન્દુસ્તાનમા એવી નકલો આયાત કરવી જોઇયે નહી એવી પોતાની ઇચ્છા છે એમ સન, ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટમા વ્યાખ્યા કર્યા પ્રમાણે કસ્ટમના મુખ્ય અમલદારને પોતાની મેળે અથવા પોતાના મુખત્યાર મારફત લેખી નોટીસ આપે તો તે નકલો એવી રીતે આયાત કરવી નહી, તથા તે આ કલમના ઠરાવને પાત્ર સન ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટની ૧૮ મી કલમના અર્થ પ્રમાણે મના કરેલો આયાત માલ છે એમ સમજવુ

(૨) આવી કોઇ પણ નકલો અટકાવી રાખતાં પહેલા અથવા તેને સરકાર દાખલ કરવાના ઇરાદાથી બીજુ કાંઈ પણ કામ ચલાવતા પહેલા એવા કસ્ટમના મુખ્ય અમલદારને, અથવા સ્થાનિક સરકારે આ અર્થે નિમેલા બીજા કોઇ પણ અમલદારને, ખબર, તારણ શરતો, અથવા બીજી બાબતોને લગતા આ કલમના ઠરાવો મુજબ ચલાવવાનું ફરમાવવાનો અધિકાર છે, તથા તે નકલો આ કલમ મુજબ આયાત કરવાની મના કર્યા પ્રમાણેની છે એ બાબતની, આ નિયમો પ્રમાણે પોતાની ખાત્રી કરવાનો તેને અધિકાર છે

[૩] ગવર્નર જનરલ ઇન કૌન્સિલને, ઈંડિયા ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને જે નકલો આયાત કરવાની આ કલમ ઉપરથી મના કરી હોય તે નકલો અટકાવી રાખવા તથા સરકાર દાખલ કરવાના સબધમા, તથા એવી રીતે અટકાવી રાખતા પહેલા તથા સરકાર દાખલ કરતા પહેલા જે શરતો, (જો કાઇ હોય તે) પાળવી જોઇએ તે શરતોના સબધમા સામાન્ય અથવા વિશેષ નિયમો કરવાનો અધિકાર છે, અને તેને આવા નિયમો કરીને, જે ખબર, નોટીસો તથા તારણ આપવુ જોઇએ તે નક્કી કરવાનો તથા આ કલમના કોઇ પણ કારણ સારૂ જે પુરાવો જોઇયે તે નક્કી કરવાનો તથા એવો પુરાવો ખરો છે કે ખોટો તે ઠગવવાની રીત નક્કી કરવાનો અધીકાર છે

(૪) આવા નિયમો, જે કૃતાની નકલો આયાત કરવાની આ કલમ ઉપરથી મના કરી છે એવી સઘળી કૃતિની નકલોને લાગુ પાડવાનો અધિકાર છે, અથવા આવી કૃતિના જુદા જુદા વર્ગોના સબધમા જુદા જુદા નિયમો કરવાનો અધિકાર છે

[૫] સદરહુ નિયમોમા એવો ઠરાવ કરવાનો અધીકાર છે કે એવી ખબર આપનારની ખબર ઉપરથી કાંઈ પણ (વખતે) અટકાવી રાખવાના સબધમા તથા એવી રીતે અટકાવી રાખ્યા પછી ચલાવેલા કોઇ પણ કામના સંબધમા થયેલો સઘળો ખરચ તથા નુકશાન ખબર આપનારે સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈંડિયા ઇન

કૌન્સિલને ભરી આપવો, તથા તેમા એવુ પણ ઠરાવવાનો અધિકાર છે કે કોપીરાઇટ બાબતના આકટની રૂએ યુનાઇટેડ કિંગડમના કસ્ટમ તથા એક એકસાઇઝના કમિશનરોને આપેલી અને તે અધિકારીએ બ્રિટીશ હિંદુસ્તાનમાના કોઇપણુ અધિકારીને મોકલી આપેલી નોટીસો તે માલિકે સદરહુ કસ્ટમના મુખ્ય અમલદારને આપેલી છે એમ ગણુવામા આવશે

(૬) આ કલમનો અમલ કોપીરાઇટ બાબતના આકટની ૧૪ મી કલમમા જરૂરના ફેરફાર કર્યા પ્રમાણે થશે

બાબ ૩ જો.

શિક્ષા.

૭ જો કોઈ પણુ સખસ જાણી જોઇને- (અ) જે કૃતિનો કોપીરાઇટ હોય તેની ભગ કરે એવી કોઇ પણુ નકલ વેચવા માટે અથવા ભાડે આપવા માટે કરશે, અથવા (બ) એવી કોઇ પણુ કૃતિની ભગ કરે એવી કોઈ પણુ નકલ વેચશે અથવા ભાડે આપશે, અથવા, વેપાર અર્થે વેચવા સારૂ અથવા ભાડે આપવા સારૂ ખુલ્લી મુકશે અથવા આપવા માડશે, અથવા (ક) એવી કોઇ પણુ કૃતિની ભગ કરે એવી નકલો, વેપારના કારણુ સારૂ, અથવા કોપીરાઇટના માલિકને નુકસાન થાય તેટલે દરજ્જે વહેચશે, અથવા (ડ) એવી કોઈ પણુ કૃતિની ભગ કરે એવી કોઇ પણુ નકલ વેપાર અર્થે જાહેરમા ખુલ્લી મુકશે, અથવા (ઇ) એવી કોઈ પણુ કૃતિની ભગ કરે એવી નકલ વેચવા અથવા ભાડે આપવા માટે બ્રિટિશ હિંદુસ્તાનમા આયાત કરશે, તે આ કલમનુ ઉલ્લઘન કરીને જે જે નકલના સબંધમા વ્યવસ્થા કરવામા આવી હશે તેવી દરેક નકલ બદલ તે વત્તામા વત્તા વીસ રૂપીઆ સુધીના દડને પાત્ર થશે, પણુ એકજ વ્યવહારના સંબધમા તે દડ પાચસો રૂપિયા કરતા વધારે થવો જોઇયે નહી

૮ જો કોઈ પણુ સખસ, જે કૃતિનો કોપીરાઈટ હોય એવી કોઇ પણુ કૃતિની ભગ કરે એવી નકલો કરવા માટે કોઈ પણુ પ્લેટ જાણી જોઇને બનાવશે અથવા પોતાના કબજામા રાખશે અથવા તે કોપીરાઇટના માલિકની સમતિ વગર એવી કોઇ પણુ કૃતિ જાણી જોઇને તથા પોતાના ખાનગી લાભ માટે ભજવી બતાવડાવશે, તો તે વત્તામા વતા પાચસો રૂપિયા સુધીના દડને પાત્ર થશે

૯ જો કોઈ પણુ સખસ ઉપર ૭ મી તથા ૮ મી કલમની રૂએ શિક્ષા થવા જોગ ગુન્હાની સાબિતીનો ઠરાવ અગાઉ થયા પછી તેમાની એક પણુ કલમની રૂએ શિક્ષા થવા જોગ ગુન્હાની સાબિતીનો ઠરાવ ફરીથી થશે તો તે સખસને વત્તામા વત્તા એક મહીનાની આસાન કેદની અથવા વત્તામા વત્તા એક હજાર રૂપિયા સુધીના દડની અથવા એ બન્ને જાતની શિક્ષા થશે

૧૦ જે કોર્ટમા આ બાબ મુજબના કોઇ પણુ ગુનાહનો ઇન્સાફ થતો હોય તે કોર્ટને જેણે ગુનો કર્યાનુ કહેવામા આવતું હોય તે સખસની સામા ગુન્હાની સાબીતીનો ઠરાવ થાય કે ન થાય તો પણુ, જેણે ગુન્હો કર્યાનુ કહેવાતુ હોય તે સખસના કબજામાની કૃતિની જે નકલો ભાગ કરે એવી નકલો છે એમ, અથવા તેના કબજામાની જે પ્લેટો ભગ કરે એવી નકલો કરવા માટેની પ્લેટો છે એમ તે કોર્ટને જણાય તે સઘળી નકલો તથા પ્લેટોનો નાશ કરવાનો અથવા તે કોપીરાઇટના માલિકને સોપી દેવાનો અથવા તે કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી રીતે તેની વ્યવસ્થા કરવાનો હુકમ કરવાનો અધિકાર છે

(૨) પેટા કલમ (૧) મુજબના હુકમ ઉપરથી જેને નુકશાન થયુ હોય એવા કોઈ પણુ સખસને, એવા હુકમની તારીખથી ૩૦ દિવસની અદર, સદરહુ હુકમ કરનારી કોર્ટની અપીલો જે કોર્ટને સાધારણુ રીતે કરવામા આવતી હોય તે કોર્ટને અપીલ કરવાનો અધિકાર છે અને એવી અપીલનો વિચાર ચાલતો હોય ત્યા સુધી સદરહુ હુકમનો અમલ કરવાનુ મોકુફ રાખવાનુ ફરમાવવાનો અધિકાર સદરહુ અપીલ કોર્ટને છે

૧૧ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટના અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટના દરજ્જાથી ઓછા દરજ્જાની કોઇ પણુ કોર્ટે આ આકટ વિરૂદ્ધના કોઇ પણુ ગુન્હાનો ઇન્સાફ કરવો નહિ

૧૨ આ બાબતના ઠરાવો, ઇમારતશાસ્ત્રને લગતી કોઇ કૃતિના સબંધમા લેવાના ઉપાયોને લગતા બધનો સબંધી કોપીરાઇટ બાબતના આકટની ૯ મી કલમ જેને લાગુ પડતી હોય તેવી કોઇ પણુ બાબતને લાગુ પડશે નહિ

બાબ ૪ થો

પરચુરણ

૧૩ કોપીરાઇટના ભાગના સબધમા દરેક ફરિયાદ અથવા બીજુ દિવાની કામ હાઇકોર્ટમા અથવા ડીસ્ટ્રીક્ટ જડજની કોર્ટમા માડવુ જોઇયે તથા ત્યા તેનો ઇન્સાફ થવો જોઇએ

૧૪ જે કોઈ પણ પુસ્તકનો કર્તા તે પુસ્તક કરતી વખતે બ્રિટિશ હિદુસ્તાનનો રહેવાસી હોય તે પુસ્તકના, અથવા પ્રથમ બ્રિટિશ હિદુસ્તાનમા પ્રસિદ્ધ થયેલા કોઇ પણ પુસ્તકના કોપીરાઇટના ભાગના સબંધમા, સન ૧૯૧૨ ના અકટોબર મહિનાની ૩૦ મી તારીખ પછી માડેલી કોઇ પણ ફરિયાદ અથવા ચલાવેલું બીજુ કાઇ પણ દિવાની કામ એવુ પુસ્તક નોંધાવવાનુ કામ સન ૧૮૪૭ ના હિદુસ્તાનના કોપીરાઇટ બાબતના આકટના ઠરાવો મુજબ કરવામા આવ્યુ ન હતું તેટલાજ કારણસર કાઢી નાખવુ નહી

૧૫ બીજા પરીશીષ્ટમા લખેલા કાયદા તે પરીશીષ્ટના ચોથા આસનના લખ્યુ છે તેટલે સુધી આ ઉપરથી રદ કર્યા છે

ચાપટર ૪૬ મું.

કોપીરાઇટને લગતો કાયદો સુધારવા તથા એકત્ર કરવા બાબતનો આકટ

(૧૬ મી ડીસેબર સન ૧૯૧૧)

માલિક મુઆઝમ રાજા સાહેબ તરફથી તથા આ પાર્લામેન્ટમા એકઠા થયલા સ્પિરીચ્યુઅલ તથા ટેમપોરલ લોર્ડો તથા કામનો તરફથી તથા તેમની સલાહ તથા સમતીથી, તથા તેમના અધીકારની રૂયે નીચે પ્રમાણે કાયદો કરવામા આવે છે—

ભાગ ૧ લો.

ઇમ્પીરિયલ કોપીરાઇટ

હકો

૧ (૧) આ આકટના ઠરાવોને પાત્ર આ આકટ લાગુ પડતો હોય એવા મલીક મુઆઝમના મુલકના સઘળા ભાગોમા સાહીત્યની નાટકની, સગીતની તથા કળા કૌશલ્યની દરેક મુળ કૃતીના સબધમા, આમા હવે પછી લખેલી મુદત માટે, હેઠળ લખ્યા પ્રમાણે હશે તો કોપીરાઇટ રહેશે, એટલે—

(અ) પ્રસીદ્ધ થયલી કૃતીના સબધમા, સદરહુ કૃતી માલીકમુઆઝમના મુલકોના ઉપર જણાવેલા ભાગોમા પ્રથમ પ્રસિદ્ધ થઇ હશે તો, તથા (બ) પ્રસિદ્ધ ન થયેલી કૃતીના સબધમા સદરહુ કૃતી કરવાની તારીખે તેના કરતા બ્રિટીશ રઇત અથવા મલીક મુઆઝમ મુલકના ઉપર જણાવેલા ભાગોમાનો રહેવાસી હશે તો, રહેશે, બીજી કોઇ પણ કૃતીના સબંધમા કોપીરાઇટ રેહેશે નહીં છતા પણ, આ આકટથી આપેલુ રક્ષણ આ આકટ લાગુ પડતો ન હોય એવા સ્વરાજ્યવાળા મુલકો સબધી તથા પરમુલકો સબધી તે આકટ મુજબના ઓર્ડર ઇન કૌન્સલની રૂયે લાગુ કર્યુ હોય તો, રહેશે

[૨] આ આકટના કારણો સારૂ " કોપીરાઇટ " નો અર્થ કૃતી અથવા તેના કોઇ પણ મહત્વનો ભાગ ગમે તેવા કોઇ પણ મૂર્તરૂપમા કરવાનો અથવા ફરી કરવાનો કૃતી અથવા તેનો કોઇ પણ મહત્વનો ભાગ જાહેરમા ભજવી બતાવવાનો અથવા કોઇ ભાષણની બાબતમા તે ભાષણ અથવા તેનો મહત્વનો ભાગ જાહેરમા આપવાનો અનન્ય હક, (અને) જો તે કૃતી પ્રસીદ્ધ થયલી ન હોય તો તે કૃતી અથવા તેનો મહત્વનો કોઈ પણ ભાગ પ્રસિદ્ધ કરવાનો અનન્ય હક એવો થાય છે, અને તેમા—

(અ) તે કૃતીનો કોઇ પણ તરજુમો કરવાના, ફરી કરવાના ભજવી બતાવવાના અથવા પ્રસીદ્ધ કરવાના [બ) નાટકની કૃતીની બાબતમા તેને નવલ કથામા અથવા બીજી બીન નાટકની કૃતીમા ફેરવી નાખવાના (ક) નવલ કથા અથવા બીજી બીન નાટકની કૃતીની બાબતમા અથવા કોઇ કળાકૌશલ્યની કૃતિની બાબતમા જાહેરમા ખેલ તરીકે અથવા બીજી રીતે તેને નાટકની કૃતિમા કરવી નાખવાના, (ડ) સાહિત્યની નાટકની અથવા સગીતની કૃતિની બાબતમા જેનાથી તે કૃતિ યત્રથી ભજવી બતાવવામા આવે અથવા આપવામા આવે એવા કો પણ રેકર્ડ, પર્ફોરેટ રોલ, સિનેમેટોગ્રાફની ફિલ્મ તથા બીજી બનાવટ કરવાના, તથા ઉપર લખેલા કામોમાના કાઇ પણ કામનો અધિકાર આપવાના, અનન્ય હકનો સમાવેશ થાય છે એમ સમજવુ

(૩) આ આકટના કારણો સારૂ, કાઇ પણ કૃતિના સબધમા, પ્રસિદ્ધ કરવુ એ શબ્દનો અથ સદરહુ

કૃતિનો નકલો લોકોને આપવી એવો થાય છે, અને તેમા કોઈ નાટકની અથવા સગીતની કૃતી જાહેરમા ભજવી બતાવવાનો કોઈ ભાષણ જાહેરમા આપવાનો, કોઈ કળાકૌશલ્યની કૃતિ જાહેરમા દેખાડવાનો અથવા કારીગરીની ઇમારતશાસ્ત્રને લગતી કોઈ કૃતિ બનાવવાનો સમાવેશ થતો નથી, પણ આ ઠગવવાના કારણો સારૂ શિલ્પવિદ્યાની કૃતિના તથા કારીગરીની ઇમારતશાસ્ત્રને લગતી કૃતિના ફોટોગ્રાફ તથા એન્ગ્રેવિગ કાઢવામા આવે તો તેથી એવી કૃતિ પ્રાસદ્ધ કરવામા આવી છે એમ સમજવુ નહિ

૨ [૨] કોઇ કૃતિના કોપીરાઈટના માલીકને જે કાઇ કરવાનો અનન્ય હક આ આકટથી આપ્યો હશે તેવુ કાઈ પણ કૃત્ય જે કોઇ પણ સખસ કોપીરાઇટના માલીકની સમતી વગર કરશે તેણે તે કૃતિના સબધમા કોપીગાઇટનો ભગ કર્યો છે એમ સમજવુ, પણ એવુ ઠરાવ્યુ છે કે હેઠળ લખેલા કૃત્યો કોપીરાઇનો ભગ કરનારા કૃત્યો ગણવા નહિ, એટલે કે

(૧) ખાનગી અભ્યાસ, સશોધન, ટીકા, અવલોકન અથવા વર્તમાનપત્ર માટેના સારાશ સારૂ કોઈ પણ કૃતિનો પ્રમાણિકપણે કોઇ પણ ઉપયોગ કરવો તે

(૨) જ્યારે કોઇ કળાકૌશલ્યની કૃતિનો કર્તા તે કૃતિના સબધમા કોપીરાઇટનો માલીક ન હોય ત્યારે તે કર્તાએ તે કૃતિના કારણસાર કોઇપણ બીબાનો, ભરત (કાસ્ટ) નો, નકશાનો, પ્લાનનો, મોડેલ (નમુના) નો અથવા સ્ટડીનો ઉપયોગ કરવો તે પણ એવુ ઠરાવ્યુ છે કે તેણે તેમ કરીને કૃતિની મુખ્ય ડીઝાઇન ફરી બનાવવી જોઇએ નહી અથવા તેનુ અનુકરણ કરવુ જોઇએ નહી

(૩) શિલ્પવિદ્યાની અથવા કળાકૌશલ્યવાળી હુન્નરની કૃતિ, જો કોઈ જાહેર જગા અથવા ઇમારતમા કાયમની રાખેલી હોય તો તેના પેઇન્ટીંગ, ડ્રોઇંગ, એન્ગ્રેવિગ, અથવા ફોટોગ્રાફ, બનાવવા અથવા પ્રસિદ્ધ કરવા તે અથવા કોઈ પણ કારીગરીની ઇમારતશાસ્ત્રને લગતી કૃતિના જે પેઇન્ટીંગ, ડ્રોઇંગ, એન્ગ્રેવિગ અથવા ફોટોગ્રાફ (ઇમારતશાસ્ત્રને લગતા ડ્રોઇંગ અથવા પ્લાનના જેવા ન હોય તે) બનાવવામા અથવા પ્રસિદ્ધ કરવા તે

(૪) મુખ્યત્વે કરીને જેના સબધમા કોપીગાઇટ હોય નહિ એવી બાબતોનો ખરેખરી રીતે નિશાળોના ઉપયોગ માટે કરેલો, આ મથાળામા તથા પ્રસિદ્ધ કર્તાએ કાઢેલી કોઇ પણ જાહેરખબરોમા તેજ પ્રમાણે વર્ણન કરેલા સગ્રહમા, જે સાહિત્યની કૃતિઓના સબધમા કોપીરાઈટ હોય પણ જે કૃતિઓ પોતે નિશાળોના ઉપયોગ માટે પ્રસિદ્ધ થઇ ન હોય એવી પ્રસિદ્ધ કરેલી સાહિત્યની કૃતિઓમાથી ટુકા ફકરાઓ પ્રસિદ્ધ કરવા તે પણ એવુ ઠરાવ્યુ છે કે, પાચ વર્ષમા તેના તેજ પ્રસિદ્ધકર્તાએ એકના એકજ કર્તાની કૃતિઓમાથી એવા વતામા વત્તા બેજ ફકરાઓ પ્રસિદ્ધ કરેલા હોવા જોઇયે, તથા જે કૃતિઓમાથી એ ફકરાઓ લીધા હોય તે કૃતિનુ નામ લખવુ જોઈએ,

(૫) જાહેરમા આપેલા ભાષણનો રીપોર્ટ વર્તમાન પત્રમા પ્રસિદ્ધ કરવો, તે પણ જે ઇમારતમા તે ભાષણ આપ્યુ હોય તેના દરવાજા ઉપર અથવા તેની આસપાસ, તથા તે ઇમારત જાહેર બદગી માટે વપરાતી હોય તે સિવાયને પ્રસગે, તે ભાષણકર્તાની પાસે કોઇ જગાએ સહેજે નજરે પડે એવા અક્ષરોએ લખેલી અથવા છાપેલી નોટીસ ભાષણની અગાઉ ચહોડીને અને ભાષણ દરમિયાન રાખી મુકીને રીપોર્ટ લેવાની મનાઇ કરી હોય તો, કોપીરાઇટનો ભગ કર્યો ગણાશે, પણ આ પારેગ્રાફના કાઇ પણ મજકુરથી વર્તમાનપત્રો માટેના સારાશને લગતા (૧) લા પારેગ્રાફના ઠરાવોને બાધ આવશે નહી

(૬) કોઇ પણ પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાનો કોઈ વાજબી ઉતારો એક સખસે જાહેરમા વાચવો અથવા મ્હોટે વાચી જવો તે

(૨) વળી જે કોઈ પણ સખસ, જે કૃતિ પોતાના જાણ્યા પ્રમાણે કોપીરાઇટનો ભગ કરતી હોય અથવા જે કૃાત મલિક મુઆઝમના મુલકોના જે ભાગમા તે વેચવામા આવી હોય અથવા ભાડે આપવામા આવી હોય ખુલ્લી મુકવામા આવી હોય, વેચવા અથવા ભાડે આપવા માટે આપવા માડવામા આવી હોય, વહેચવામા આવી હોય દેખાડવામા આવી હોય અથવા આયાત કરવામા આવી હોય તે કૃતિ તે ભાગમા કરી હોત તો કોપીરાઇટનો ભગ થતે એવી કૃતિ [અ] વેચશે અથવા ભાડે આપશે, અથવા વેપાર અર્થે વેચવા સારૂ અથવા ભાડે આપવા સારૂ ખુલ્લી મુકશે અથવા આપવા માડશે, અથવા (બ) વેપારના કારણો

સારુ અથવા તે કોપીરાઇટના માલિકને નુકસાન થાય તેટલે દરજ્જે વહેચશે, અથવા (ક) વેપાર અર્થે જાહેરમા દેખાડશે, અથવા (ડ) માલિક મુઆઝમના જે મુલકોને આ આકટ લાગુ પડતો હોય તેના કોઇ પણ ભાગમા વેચવા માટે અથવા ભાડે આપવા માટે આયાત કરશે તેણે પણ તે કૃતિના કોપીરાઇટનો ભગ કરેલો ગણાશે

(૩) વળી જે કોઇ પણ સખસ પોતાના ખાનગી નફા માટે કોઈ નાટકશાળા અથવા ગમતની બીજી કોઇ જગા કોપીરાઇટના માલિકની સમતિ વગર કોઈ કૃતિ જાહેરમા ભજવી બતાવવા માટે વાપરવાની પરવાનગી આપશે તેણે તે કૃતિના કોપીરાઇટનો ભગ કર્યો છે એમ ગણાશે, પણ તે ભજવી બતાવવામા કોપીરાઇટનો ભગ થશે એમ તે જાણતો ન હોય તો, તથા તેવો શક લાવવાને તેને કઈ વાજબી કારણ ન હોય તો તેમ ગણાશે નહિ

૩ જે મુદત સુધી કોપીરાઇટ રહેશે તે મુદત, આ આકટની સ્પષ્ટ રીતે બીજી રીતે ઠરાવ્યુ હોય તે શિવાય, કર્તાની હયાતી સુધીની તથા તેના મરણ પછી પચાસ વર્ષ સુધીની ગણાશે

પણ એવુ ઠરાવ્યુ છે કે, કોઈ પ્રસિદ્ધ થયલી કૃતિના કર્તાના મરણ પછી પચ્ચીસ વર્ષ, અથવા આ આકટ પસાર થતી વખતે જેના સબધમા કોપીરાઈટ હોય એવી કૃતિના સબંધમા ત્રીસ વર્ષ વિત્યાબાદ કોઇ પણ વખતે તે કૃતિ ફરીથી કરનાર સખસ એવુ સાબીત કરે કે તે કૃતિ ફરીથી કરવાના પોતાના ઇરાદાની ઠરાવેલી લેખી નોટીસ તેણે આપી છે તથા કોપીરાઇટના માલિકને અથવા તેના લાભ માટે, તેણે વેચેલી કૃતિની સઘળી નકલોના સબધમા જે કિમતે તે એવી કૃતિ પ્રસિદ્ધ કરે છે તે કિમત ઉપર સેકડે દશ ટકા લેખે ગણીને રોયલ્ટી ઠરાવેલી રીતે આપેલી છે, તો વેચવા માટે તે કૃતિ ફરી કરવાથી કોપીરાઇટનો ભગ કરેલો ગણાશે નહિ, અને આ વિશેષ ઠરાવના કારણ સારૂ નોટીસો કેવી રીતે આપવી જોઇએ તે રીત, તથા એવી નોટીસોમા જે વિગતો લખવી જોઇએ તે વિગતો, તથા રોયલ્ટી આપવાની રીત, તે આપવાનો વખત તથા તે કેટલીકવાર આપવી તે ઠરાવનારા નિયમો તથા (પોતાને યોગ્ય લાગે તો) રોયલ્ટી અગાઉથી આપવા માટેના અથવા રોયલ્ટી આપવાનુ બીજી રીતે સુરક્ષિત કરવા માટેના નિયમો ઠરાવવાનો બોર્ડ ઓફ ટ્રેડને અધિકાર છે

૪ જાહેરમા પ્રસિદ્ધ કરવામા આવેલી અથવા ભજવી બતાવવામા આવેલી કઇ સાહિત્યની નાટકની અથવા સગીતની કૃતિના કર્તાના મરણ પછી કોઇ પણ વખતે પ્રીવિ કૌન્સિલની જ્યુડિશિયલ કમિટીને એવી ફરિયાદ કરવામા આવે કે, તે કૃતિના કાપીરાઇટના માલિકે તે કૃતિ ફરી પ્રસિદ્ધ કરવાની અથવા ફરી પ્રસિદ્ધ કરવાની પરવાનગી આપવાની ના કહી છે અથવા તે કૃતિ જાહેરમા ભજવી બતાવવા દેવાની ના કહી છે અને તેવી રીતે ના કહેવાથી તે કૃતિ જાહેરમાથી ખેચી લેવામા આવી છે તો, જ્યુડિશિયલ કમિટીને યોગ્ય લાગે તેવી બોલી અને તેવી શરતોને પાત્ર તે કોપીરાઇટના માલિકને પ્રસગ પ્રમાણે તે કૃતિ ફરી કરવાનુ અથવા જાહેરમા ભજવી બતાવવાનુ લાઇસન્સ આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે

૫ (૧) આ આકટના ઠરાવોને પાત્ર કોઇ કૃતિનો કર્તા તે કૃતિના કાપીરાઇટનો પ્રથમ માલિક ગણાશે, પણ એવુ ઠરાવ્યુ છે કે—(અ) જ્યારે કાઇ એન્ગ્રેવિગ, ફોટોગ્રાફ, અથવા પોર્ટ્રેટની પ્લેટ અથવા બીજી અસલ બનાવવા માટે કોઇ બીજા સખસે કહ્યુ હોય અને તે કહેણને અનુસરીને કિમતી મોબદલો લઇને તે બનાવી હોય ત્યારે, વિરૂદ્ધ રીતની કોઇ પણ કબુલાતની ગેરહાજરીમા એવી પ્લેટ અથવા અસલ બનાવવાનુ જે સખસે કહ્યુ હોય તે સખસ કોપીરાઈટનો પ્રથમ માલિક થશે, તથા (બ) જ્યારે તે કર્તા નોકરીના અથવા કામ શીખવાના ઇરાદાથી બીજા કાઇ શખસની ચાકરીમા હોય અને તે સખસ તેને ચાકરીએ રાખ્યો હોય તે દરમિયાન તે કૃતિ કરવામા આવી હોય ત્યારે, જે સખસ તે કર્તાને ચાકરીએ રાખ્યો હોય તે સખસ, વિરૂદ્ધ રીતની કાઇ પણ કબુલાતની ગેરહાજરીમા, કોપીરાઇટના પ્રથમ માલિક ગણાશે, પણ જ્યારે તે કૃતિ, વર્તમાનપત્ર, ચોપાનીયુ અથવા એવા મુદતી ચોપાનીયા માટેનો આર્ટિકલ અથવા બીજો લખાઇ આવેલો લેખ હોય ત્યારે, વિરૂદ્ધ રીતની કોઇ પણ કબુલાતની ગેરહાજરીમા વર્તમાનપત્ર, ચોપાનીયા, અથવા એવી મુદતી ચોપાનીયાના ભાગ સિવાય બીજી રીતે તે કૃતિ પ્રસિદ્ધ ન કરવા દેવાનો હક તે કર્તાને માટે રાખી મુકવામા આવ્યો છે એમ ગણવુ

[૨] કોઇ પણ કૃતિના કોપીરાઇટના માલિકને, તે કોપીરાઇટ સર્વત અથવા અશત તથા સામાન્ય રીતે અથવા મર્યાદાઓને પાત્ર યુનાઇટેડ કિંગ્ડમના અથવા કોઈ પણ સ્વરાજ્યવાળા મુલકના અથવા જેને આ આકટ લાગુ પડતો હોય એવા માલિક મુઆઝમના મુલકના બીજા ભાગને કોપીરાઇટની આખી મુદ્દત માટે અથવા તેના કોઇ પણ ભાગ માટે અસાઇન કરવાનો અધિકાર છે, તથા તે કોપીરાઇટમાનો કોઇપણ હિતસબંધ લાઇસન્સથી આપવાનો અધિકાર છે, પણ એવી રીતનુ સાઈનમેટ અથવા ગ્રાટ, જે કોપીરાઇટના સબધમા તે એસાઇનમેટ અથવા ગ્રાટ કરી હોય તે કોપીરાઇટના માલિકે, અથવા તેના યોગ્ય રીતે અધિકાર આપેલા મુખત્યારે પોતાની સહી સાથે લેખ કરી આપ્યા સિવાય, વ્યવહારોપયોગી ગણાશે નહી

પણ એવુ ઠરાવ્યુ છે કે કોઇ કૃતિનો કર્તા તેના કોપીરાઇટનો પ્રથમ માલિક હોય ત્યારે, આ આકટ પસાર થયા પછી (મત્યુપત્ર સિવાય બીજી રીતે) તેણે કરેલા કોપીરાઇટના એસાઈનમેટથી, તથા તેમાના કોઇ પણ હિતસબધની ગ્રાટથી, એસાઇની અથવા ગ્રાટીને તે કૃતિના કોપીરાઇટના સબધમા કાંઈ પણ હક કર્તાના મરણ પછી પચ્ચીસ વર્ષ વીત્યા બાદ પ્રાપ્ત થઈ શકશે નહી, અને તે મુદ્દત પુરી થયા પછી અપેક્ષિત કોપીરાઇટમાનો ઉત્તરભોગ્ય હિતસબધ કર્તાનુ મરણ થાય એટલે, વિરૂદ્ધ રીતની કાઇ પણ કબુલત હોય તે છતા, તેની જાતના (પર્સનલ) કાયદાસર વારસ વકીલને તેની એસ્ટેટના ભાગ તરીકે પ્રાપ્ત થશે, અને એવા ઉત્તરભોગ્ય હિતસબધમા તેણે કરેલી કોઇ પણ કબુલાત રદબાતલ થશે, પણ આ વિશેષ ઠરાવનો કોઇ પણ મજકુર, સગ્રહાત્મક કૃતિનો કોપીરાઇટ અથવા કોઇ કૃતિ અથવા કોઇ કૃતિનો ભાગ સગ્રહાત્મક કૃતિના ભાગ તરીકે પ્રસિદ્ધ કરવાનુ લાઇસન્સ એસાઇન કરવાના કામને લાગુ પડે છે એમ અર્થ કરવો નહી

[૩] જ્યારે કોપીરાઇટ અશત એસાઇન કર્યાથી એસાઇની કોપીરાઇટમા સમાયલા કોઈ હકનો હકદાર થાય ત્યારે એવી રીતે એસાઈન કરી આપેલા હકના સબધમા એસાઈનીને, તથા એસાઇન ન કરેલા હકોના સબધમા એસાઈન કરનારનો આ આકટના હેતુ સારૂ કોપીરાઇટનો માલિક ગણવામા આવશે અને આ આકટના ઠરાવોનો તે મુજબ અમલ થશે

દિવાનીમાં ઇલાજ.

૬ [૧] જ્યારે કોઇ પણ કૃતિના કોપીરાઇટનો ભગ કરવામા આવે ત્યારે, કોપીરાઇટના માલિકને, આ આકટથી બીજી રીતે ઠરાવ્યુ હોય તે સિવાય, હકનો ભગ કરવા માટે કાયદાથી મળેલા હોય અથવા મળે એવા તાકીદ હુકમ આપવા મનાઇ હુકમ કઢાવવાના, નુકસાન મેળવવાના, હિસાબ લેવાના તથા બીજી રીતના સઘળા ઇલાજ લેવાનો હક થશે

(૨) કોપીરાઇટના ભગના સબધમા ચાલેલા કોઇ પણ કામના સઘળા પક્ષકારોના ખરચની બાબત કોર્ટની કુલ મુખત્યારી પર રહેશે

(૩) કોઇ પણ કૃતિના કોપીરાઇટના ભગ માટેના કોઇ પણ કામમા પ્રતિવાદી પ્રસગ પ્રમાણે કોપીરાઇટ છે કે નહી એવો અથવા વાદીનો હક છે કે નહિ એવો મુદ્દો કાઢે તે સિવાય સદરહુ કૃતિ જેના સબધમા કોપીરાઇટ છે એવી કૃતિ છે એવુ તથા સદરહુ વાદી તે કોપીરાઇટનો માલિક છે એવુ અનુમાન કરવુ, અને જ્યારે એવા કોઇ સવાલનો મુદ્દો કાઢવામા આવ્યો હોય ત્યારે (અ) કૃતિના કર્તાનુ નામ કહેવામા આવતું હોય તે નામ હમેશની રીતે તે કૃતિ ઉપર છાપેલુ હોય અથવા બીજી રીતે દર્શાવ્યુ હોય તો જે સખસનુ નામ એવી રીતે છાપ્યુ હોય અથવા દર્શાવ્યુ હોય તે સખસ, વિરૂદ્ધ રીતનુ સાબીત કરવામા આવે નહિ તો તે કૃતિનો કર્તા છે એમ અનુમાન કરવુ, (બ) જો કોઇ પણ નામ એવી રીતે છાપ્યુ નહી હોય અથવા દર્શાવ્યુ હોય, અથવા એવી રીતે છાપેલુ અથવા દર્શાવેલુ નામ કર્તાનુ ખરૂં નામ નહી હોય અથવા જે નામથી તે સાધારણ રીતે ઓળખાતો હોય તે નામ નહી હોય અને કૃતિના પ્રસિદ્ધકર્તા અથવા માલિકનુ નામ કહેવામા આવતું હોય તેવુ નામ હમેશ માફક તેપર છાપ્યુ હોય ત્યારે, જે સખસનું નામ એવી રીતે છાપ્યુ હોય અથવા દર્શાવ્યુ હોય તે સખસ વિરૂદ્ધ રીતે સાબિત કરવામા આવે નહી તો, તે કૃતિના કોપીરાઇટના ભગના સબધમા ચલાવેલા કામના કારણ માટે તે કૃતિના કોપીરાઇટનો માલિક છે એમ અનુમાન કરવુ

૭. જે કૃતિના સબંધમા કોપીરાઇટ હોય તેની અથવા તેના કોઇ મહત્વના ભાગની ભગ કરે એવી સઘળી નકલો, તથા એવી ભગ કરે એવી નકલો કરવા માટે વાપરેલી અથવા વાપરવાનો ઇરાદો રાખ્યો હોય તેવી સઘળી પ્લેટો કોપીરાઇટના માલિકની મિલકત છે એમ ગણવુ, અને તેને તેનો કબજો મેળવવા માટે અથવા તેને બદલી નાખવા માટે કામ ચલાવવાનો અધિકાર છે

૮ જ્યારે કોઈ પણ કૃતિના કોપીરાઈટનો ભગ કરવાના સબધમા કામ ચલાવવામા આવે અને પ્રતિવાદી પોતાના બચાવમા એવુ કહે કે તે કૃતિના સબધમા કોપીરાઇટ હોવા બાબત તે જાણતો ન હતો ત્યારે, વાદીને, પ્રતિવાદી એવુ સાબિત કરે કે, તે કૃતિના સબધમા કોપીરાઈટ હતો એમ ભગ કર્યાની તારીખે તે જાણતો ન હતો તથા તેવો શક લાવવાનુ વાજબી કારણ તેને ન હતું તો, ભાગના સબધમા તાકીદ હુકમ અથવા મનાઈ હુકમ સિવાયનો બીજો કોઈ પણ ઇલાજ લેવાનો તેને હક થશે નહી

૯ (૧) જ્યારે, બીજી કોઇ નીતિનો ભગ કરતી હોય અથવા પુરી થયેલી ભગ કરે તેમ હોય એવી કોઇ ઇમારત અથવા બીજુ બાધકામ શરૂ કરવામા આવ્યુ હોય ત્યારે કોપીરાઇટના માલિકને એવી ઇમારત અથવા બાધકામ બધાતું અટકાવવા માટે અથવા તે તોડી પાડવાનુ ફરમાવવા માટે તાકીદ હુકમ અથવા મનાઇ હુકમ મેળવવાનો હક થશે નહી

(૨) જે કોઇ પણ બાબતને આ કલમ લાગુ પડતી હોય તેને આ આકટના જે બીજા ઠરાવોથી એમ ઠરાવ્યુ હોય કે કૃતિની ભગ કરે એવી કોઇ નકલ કોપીરાઇટના માલિકની મિલકત ગણાશે અથવા જેનાથી સક્ષિપ્ત રીતે શિક્ષા કરવામા આવે તે ઠરાવો લાગુ પડશે નહી

૧૦ કોપીરાઇટનો ભગ કરવાના સબધમા કોઈ કામ એવા ભગ કર્યા પછી તરતના ત્રણ વર્ષ વિત્યા બાદ શરૂ કરવુ નહિ

નકલો આયાત કરવા બાબત.

૧૪ (૧) જે કોઇ પણ કૃતિના સબધમા કોપીરાઇટ હોય તેવી કોઈ પણ કૃતિની યુનાઇટેડ કિગ્ડમની બહાર કરેલી નકલો જો યુનાઇટેડ કિગ્ડમમા કરી હોય તો કોપીરાઇટનો ભગ કરત તે નકલોના સબધમા કોપીરાઇટનો માલિક, કસ્ટમ તથા એક્સાઇઝના કમિશનરોને, જાતે અથવા પોતાના મુખત્યાર મારફત એવી લેખી નોટીસ આપે કે તેવી નકલો યુનાઇટેડ કીગ્ડમા આયાત કરવી નહી એમ તેની મરજી છે, તો તે નકલો આયાત કરવી નહી, અને તે નકલો આ કલમના ઠરાવોને પાત્ર, સન ૧૮૭૬ ના કસ્ટમ કોન્સોલિડેશન આકટની ૪૨ મી કલમમાની મનાઈ તથા બધીના કોષ્ટકમા દાખલ કરેલી છે એમ ગણવુ, અને તે કલમ તેવી રીતે લાગુ પડશે

(૨) કસ્ટમને લાગતા કાયદાની રૂએ આવી કોઈ પણ નકલો સરકાર દાખલ કરવાના ઇરાદાથી તેમને અટકાવી રાખતા પહેલા અથવા તેમના સબધમા કાઇ પણ બીજુ કામ ચલાવતા પહેલા કસ્ટમ તથા એક્સાઇઝના કમિશનરોને ખબર, શરતો, અથવા બીજી બાબતોને લગતા આ કલમ મુજબના નિયમોનો અમલ કરવાનુ ફરમાવવાનો અધિકાર છે, અને સદરહુ નકલો આ કલમથી આયાત કરવાની મના કરવામા આવી છે તેવી નકલો છે એમ તે નિયમો મુજબ પોતાની ખાત્રી કરવાનો તેમને અધિકાર છે

(૩) કસ્ટમ તથા એક્સાઈઝના કમિશનરોને આ કલમથી જે નકલો આયાત કરવાની મના કરી હોય તે, અટકાવી રાખવાના તથા સરકાર દાખલ કરવાના સબધમા તથા એવી રીતે અટકાવી રાખતા પહેલા તથા સરકાર દાખલ કરતા પહેલા જે શરતો જો કાઇ હોય તો, પાળવી જોઇએ તે શરતોના સબધમા સામાન્ય અથવા વિશેષ નિયમો કરવાનો અધિકાર છે, અને તેમને એવા નિયમો કરીને જે ખબર, નોટીસો તથા તારણ આપવુ જોઇયે તે નક્કી કરવાનો તથા આ કલમના કારણોમાના કોઇ પણ કારણસર કેવો પુરાવો જોઇએ તે, નક્કી કરવાનો તથા એવો પુરાવો ખરો કરવાની રીત નક્કી કરવાનો અધિકાર છે

(૪) સદરહુ નિયમો જે કૃતિઓની નકલો આયાત કરવાની આ કલમથી મના કરી છે તે સઘળી કૃતિઓની નકલોને લાગુ પાડવો અધિકાર છે, અથવા એવી કૃતિના જુદા જુદા વર્ગોના સબધમા જુદા નિયમો કરવાનો અધિકાર છે

(૫) સદરહુ નિયમોમા એવો ઠરાવ કરવાનો અધિકાર છે કે એવી ખબર ઉપરથી કરેલી કોઇ પણ અટકાયતના સબધમા તથા એવી અટકાયત પછી ચલાવેલા કોઇ પણ ફોજદારી કામના સબધમા થયેલો સઘળો ખરચ તથા નુકશાન ખબર આપનારે કસ્ટમ તથા એકસાઇઝના કમિશનરોને ભરવો તથા આ આકટથી રદ કરેલા કોઇ પણ કાયદાની રૂએ આપેલી નોટીસો આ કલમ મુજબ નોટીસો આપી હોય એમ ગણવુ

(૬) આ કલમના ઉપર લખેલા ઠરાવોનો અમલ જાણે તે સન ૧૮૭૬ ના કસ્ટમ કોન્સિલિડેશન આકટનો ભાગ હોય તેમ થશે, પણ એવુ ઠરાવ્યુ છે કે તે આકટમા ગમે તે ઠરાવ હોય તો પણ આ આકટના કારણ સારૂ આન્ડા માનના ટાપુને યુનાઇટેડ કિંગડમનો ભાગ ગણવો નહી

(૭) આ કલમના જરૂરના ફેરફાર સહિત, બ્રિટીશ તાબાની બહારના મુલકમા કરેલી કૃતિઓની નકલો આ આકટ જેને લાગુ પડતો હોય એવા બ્રિટીશ તાબા માહેના મુલકની આયાત કરવાની બાબતને લાગુ પડશે

લાઇબ્રેરીઓને પુસ્તકો પહોંચાડવા બાબત.

૧૫ (૧) યુનાઇટેડ કિંગડમમા પ્રસિદ્ધ થયેલા દરેક પુસ્તકના પ્રસિદ્ધકર્તાએ, તે પુસ્તક પ્રસિદ્ધ થયા પછી એક મહિનાની અદર બ્રિટિશ મ્યુનિઝિયમના ટ્રસ્ટીઓને તેની એક નકલ, પોતાને ખર્ચે પહોચાડવી, અને તેમણે તેની લેખી પહોચ તેને આપવી જોઇએ

(૨) વળી તેણે, પ્રસિદ્ધ થયા પછી બાર મહિના વિત્યા પહેલા લેખી માગણી કરવામા આવે તો લેખી માગણી પહોચ્યા પછી એક મહિનાની અદર અથવા પ્રસિદ્ધ કર્યા પહેલા માગણી કરવામા આવી હોય તો, પ્રસિદ્ધ કર્યા પછી એક મહિનાની અદર, માગણીમા લખેલી લડનમાથી કોઈ ડેપોને હેઠળ લખેલી લાઇબ્રેરીઓમાની દરેક લાઇબ્રેરીનો નિર્બધ જે અધિકારીની પાસે હોય તે અધિકારીને સારૂ અથવા તે અધિકારીની સૂચના પ્રમાણે તે પુસ્તકની એક નકલ પહોચાડવી એટલે કે—

ઓક્સફર્ડની બોર્ડલિયન લાઇબ્રેરી, કેમ્બ્રિજની યુનીવર્સિટી લાઇબ્રેરી, એડીનબરો ખાતેની ફેકલ્ટિ ઓફ એડવોકેટસની લાઇબ્રેરી, અને ડબ્લિનની ટ્રિનિટી કોલેજની લાઇબ્રેરી, તથા આ કલમના ઠરાવોને પાત્ર, વેલ્સની નેશનલ લાઇબ્રેરીને પહોચાડવી, એન્સાઇક્લોપીડીયા, વર્તમાનપત્ર, રિવ્યુ, ચોપાનીયુ, અથવા નબરવાર, અથવા ભાગવાર પ્રસિદ્ધ થતી કૃતિના સબધમા લેખી માગણીમા કૃતિના સઘળા નબરો અથવા ભાગ જે પાછળથી પ્રસિદ્ધ થાય તેનો સમાસ કરવાનો અધિકાર છે.

(૩) બ્રિટિસ મ્યુઝિયમના ટ્રસ્ટીઓને પહોચાડેલી નકલ તે આખા પુસ્તકની નકલ હોવી જોઇએ, તેમા તેને લગતા સઘળા નકશા તથા ચિત્રો હોવા જોઇએ, અને તે, તે પુસ્તકની સૌથી સારામા સારી નકલો જેવી રીતે છેવટની તૈયાર કરવામા આવી હોય તથા રગેલી હોય તેવી રીતે છેવટની તૈયાર કરવામા આવેલી તથા રગેલી હોવી જોઇયે તથા તે બાધેલી સીવેલી અથવા એકઠી કરીને ટાકા મારેલી અને જે સારામા સારા કાગળમા તે પુસ્તક છાપ્યુ હોય તેવા કાગળની હોવી જોઇએ

(૪) આ કલમમા લખેલા બીજા અધિકારીઓ માટે પહોચાડવાની નકલ, વેચવા માટેની પુસ્તકની વધારેમા વધારે નકલો જે કાગળપર છાપી હોય તે કાગળની હોવી જોઇએ તથા વેચવા માટેની નકલો જેવી રીતની હોય તેવીજ હોવી જોઇએ

(૫) વેલ્સની નેશનલ લાઇબ્રેરીને જે પુસ્તકોની નકલો પહોચાડવાની હોય તે પુસ્તકોમા બોર્ડ ઓફ ટ્રેડે કરેલા નિયમોમા દર્શાવવામા આવે તેવા વર્ગના પુસ્તકો હોવા જોઇએ નહી

(૬) જો કોઇ પ્રસિદ્ધ કરનાર આ કલમનો અમલ કરવામા ચુકશે તો તેના પર સક્ષિપ્ત રીતે ગુન્હાની સાબીતીનો ઠરાવ થયેથી તે વત્તામા વત્તા પાચ પાઉન્ડ તથા પુસ્તકની કિમત જેટલા દડની સજાને પાત્ર થશે, અને તે દડ જે જે ટ્રસ્ટીઓ અથવા અધિકારીઓને સદરહુ પુસ્તક પહોચાડવુ જોઈતુ હતુ તેને આપવામા આવશે

(૭) આ કલમના કારણ સારૂ "પુસ્તક" એ સજ્ઞામા પુસ્તકના, ચોપાનીયાના, લેટરપ્રેસના, કાગળના ગાયનના કાગળના, નકશાના, પ્લેનના, માર્કના અથવા કોષ્ટકના છુટા છુટા પ્રસિદ્ધ કરેલા દરેક ભાગ અથવા વિભાગનો સમાવેશ થશે પણ કોઇ પુસ્તકની બીજી અથવા પછીની કોઇ પણ આવૃત્તિમા તેને

લગતા લેટર પ્રેસમા અથવા નકશામા, પ્રિંટમા, અથવા બીજા એન્ગ્રેવિંગમા વધારા અથવા ફેરફાર હોયા શિવાય બીજી અથવા પછીની આવૃત્તિનો સમાવેશ થશે નહી

કેટલીક કૃતિઓના સબંધમાં વિશેષ ઠરાવ.

૧૬ (૧) કર્તાઓએ એકઠા મળીને કરેલી કૃતિના સબધમા, જે કર્તા પહેલો મરણ પામે તેની જીદગી દરમિયાન તથા તેના મરણ પછી પચાસ વર્ષની મુદ્દત સુધી, અથવા જે કર્તા છેલ્લો મરણ પામે તેની જીદગી દરમિયાન, આમાની જે મુદ્દત વધારે હોય તેટની મુદ્દત સુધી કોપીરાઇટ રહેશે, અને કર્તાના મરણની તારીખથી કોઈ પણ નિર્દિષ્ટ કરેલા વર્ષો વીત્યા પછીની મુદ્દતના આ આકટના હવાલા, જે કર્તા પહેલો મરણ પામે તેના મરણની તારીખથી તેટલાજ વર્ષો વીત્યા પછીની અથવા જે કર્તા છેલ્લો મરણ પામે તેના મરણ પછીની મુદ્દત, આમાની જે મુદ્દત એમાથી ટુકી હોય તે મુદ્દતના હવાલા ગણવા, અને ફરજિયાત લાઇસન્સો આપવા સબધી આ આકટના ઠરાવોમા કર્તાના મરણની તારીખના હવાલાને બદલે જે કર્તા છેલ્લો મરણ પામે તેના મરણની તારીખનો હવાલો દાખલ કરવો

(૨) જ્યારે એકઠા મળીને કરેલી કૃતિની બાબતમા એકઠા કર્તાઓમાનો એક અથવા વધારે કર્તા આ આકટથી ઠરાવેલી કોપીરાઇટ આપવા બાબતના શરતો પ્રમાણે ન ચાલે ત્યારે, તે કૃતિનો બીજો કર્તા અથવા બીજા કર્તાઓ આ આકટના કારણ સારૂ, તેનો એકલો કર્તા અથવા એકલા કર્તાઓ છે એવી રીતે તે કૃતિને ગણવી

પણ એવુ ઠરાવ્યુ છે કે કોપીરાઇટની મુદ્દત સઘળા કર્તાઓ ઉપર જણાવેલી શરતો પ્રમાણે ચાલ્યા હોત તો જેટલી હોત તેટલીજ છે એમ સમજવુ

(૩) આ આકટના કારણ સારૂ "કર્તાઓએ એકઠા મળીને કરેલી કૃતિ" એ શબ્દોના અર્થ જે કૃતિમા એક કર્તાનુ લખાણ બીજા કર્તા અથવા કર્તાઓના લખાણથી જુદુ ન હોય એવી બે અથવા વધારે કર્તાઓએ સાથે મળીને કરેલી કૃતિ એવો થાય છે

(૪) જ્યારે કોઇ પરણેલી સ્ત્રી અને તેનો ધણી કોઈ કૃતિના એકઠા કર્તાઓ હોય ત્યારે એવી પરણેલી સ્ત્રીનો તેમાનો હિતસબધ તેની જુદી મિલ્કત ગણાશે

૧૭ [૧] જે સાહિત્યની, નાટકની અથવા સગીતની કૃતિની બાબતમા, અથવા એન્ગ્રેવિંગની બાબતમા કર્તાના મરણની તારીખે કોપીરાઇટ હોય અથવા, મળીને કરેલી કૃતિની બાબતમા જે કર્તા છેલ્લો મરણ પામે તેના મરણની તારીખે અથવા તેના મરણની તારીખની તુરત પહેલા કોપીરાઇટ હોય, પણ, જે તે તારીખ પહેલા પ્રસિદ્ધ થયેલી ન હોય અને નાટકની અથવા સગીતની કૃતિની બાબતમા તે તારીખ પહેલા જાહેરમા ભજવી બતાવવામા આવી ન હોય અને વ્યાખ્યાનની બાબતમા તે તારીખ પહેલા જાહેરમા આપવામા આવ્યુ ન હોય તેની બાબતમા કોપીરાઇટ, પ્રસિદ્ધ કર્યાની, અથવા જાહેરમા ભજવી બતાવ્યાની અથવા જાહેરમા આપ્યાની તારીખ સુધી આમાની જે વાત પ્રથમ થાય તે વાત બન્યાની તારીખ સુધી અને ત્યાર પછી પચાસ વર્ષની મુદ્દત સુધી, રહેશે, અને આ આકટની ત્રીજી કલમનો વિશેષ ઠરાવ, આવી કૃતિની બાબતમા, જાણે કર્તા એવી રીતે પ્રસિદ્ધ કર્યાની તારીખે અથવા જાહેરમા ભજવી બતાવ્યાની અથવા જાહેરમા આપ્યાની તારીખે મરણ પામ્યો હોય તેવી રીતે લાગુ પડશે

(૨) કોઇ કર્તાના મરણ પછી તેના હસ્તલેખની માલિકી, જ્યારે તે માલિકી કર્તાએ કરેલી વસીઅતનામાની મુજબની વહેચણીથી મળી હોય અને તે હસ્તલેખ પ્રસિદ્ધ નહી થયેલી અથવા જાહેરમા ભજવી બતાવવામા ન આવેલી અથવા જાહેરમા આપવામા ન આવેલી કૃતિનો હોય ત્યારે, કોપીરાઇટ હસ્તલેખના માલિકને હોવા બાબત, પ્રથમ દર્શનીય પુરાવો ગણાશે

૧૮ રાજ્યના કોઇ હક અથવા વિશેષ હકને બાધ ન આવે એવી રીતે, જ્યારે કોઈ પણ કૃતિ આ આકટની શરૂઆત પહેલા અથવા શરૂઆત પછી, માલિક મુઆઝમે અથવા માલિક મુઆઝમના હુકમ અથવા નિર્બંધ હેઠળ અથવા કોઇ પણ સરકારી ખાતાએ અથવા તેના હુકમ અથવા નિર્બંધ હેઠળ તૈયાર કરી હોય, અથવા પ્રસિદ્ધ કરી હોય ત્યારે તે કૃતિનો કોપીરાઇટ, કર્તાની સાથેની કોઈ પણ કબુલાતને પાત્ર, માલિક

મુઆઝમની માલિકી ગણાશે અને એવે પ્રસંગે, એવી કૃતિ પ્રથમ પ્રસિધ્ધ થયાની તારીખથી પચાસ વર્ષની મુદ્દત સુધી તે ચાલુ રહેશે

૧૯ (૧) રેકર્ડો, પરફોરેટેડ રોલો, તથા બીજી જે બનાવટોથી જાણે તે બનાવટો સંગીતની કૃતિ હોય તેવીજ રીતે અવાજ યાન્ત્રિક રીતે પાછો કાઢવામા આવે તે બનાવટોના સંબધમા કોપીરાઇટ રહેશે, પણ કોપીરાઇટની મુદ્દત, જે અસલની પ્લેટ ઉપરથી તે બનાવટ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉતારી હોય તે અસલ પ્લેટ બનાવ્યાની તારીખથી પચાશ વર્ષની ગણાશે અને એવી અસલ પ્લેટ બનાવવામા આવી તે વખતે જે સખસ તેનો માલિક હોય તે સખસને કૃતિનો કર્તા ગણવામા આવશે, અને ત્યારે આવો માલિક સનદી મડળી હોય ત્યારે, જો તે સનદી મડળીએ માલિક મુઆઝમના જે મુલકોને આ આકટ લાગુ પડતો હોય તે મુલકોના ભાગમા કામ કરવાની જગા સ્થાપી હોય તો તે તે સનદી મડળી આ આકટના કારણો સારૂ તે ભાગમા રહે છે એમ ગણવુ

(૨) જો કોઇ પણ શખસ, મલિક મુઆઝમના મુલકોના જે ભાગોને આ આકટ લાગુ પડતો હોય તે ભાગમા જેનાથી કોઇ પણ સગીતની કૃતિ યાન્ત્રિક રીતે ભજવી બતાવાય એવા રેકર્ડો, પરફોરેટેટ રોલો અથવા બીજી બનાવટો કરશે તે સખસ હેઠળ લખ્યા પ્રમાણે સાબિત કરશે તો તેણે તે કૃતિના કોપીરાઇ-ટનો ભગ કરેલો ગણાશે નહી, એટલે કે—(અ) એવી બનાવટો એવી કૃતિના કોપીરાઇટના માલિકે અગાઉ કરી છે અથવા તેની સમ્મતિ અથવા કબુલાતથી અગાઉ કરવામા આવી છે એમ, તથા (બ) તેણે તે બનાવટો કરવાના પોતાના ઇરાદાથી ઠરાવેલી નોટીસ આપી છે, તથા કૃતિના સબધમા કોપીરાઇટના લખેલા દરે ગણીને રોયલ્ટી આપી છે એમ સાબિત કરે તો

પણ એવુ ઠરાવ્યુ છે કે—(૧) આ ઠરાવના કોઇ પણ મજકુર ઉપરથી ફરી કરેલી કૃતિમા કાઇ ફેરફાર કરવાનો અથવા તેમાથી કાઇ કાઢી નાખવાનો અધિકાર પ્રાપ્ત થાય છે એમ સમજવુ નહિ, પણ તેવાજ ફેરફાર એને ઘટાડાને પાત્ર તે કૃતિ ફરી કરનારી બનાવટો કોપીરાઇટના માલિકે અગાઉ કરી હોય અથવા તેની સમ્મતિ અથવા કબુલાતથી અગાઉ કરવામા આવી હોય, અથવા સદરહુ બનાવટોને તે કૃતિ અનુસરતી કરવા માટે તેવા ફેરફાર અથવા ઘટાડા વાજબી રીતે જરૂરના હોય તો તેનો અધિકાર છે એમ સમજવુ, તથા

(૨) આ ઠરાવના કારણ સારૂ, કોઇ સગીતની કૃતિમા, જે કોઈ પણ શબ્દો તેના સાથે એવા ગાઢ સબંધમા આવેલા હોય કે તેજ કૃતિનો ભાગ થાય તે શબ્દોનો સમાવેશ થયલો ગણાશે પણ જે કોઇ બનાવટથી અવાજ યાન્ત્રિક રીતે ફરી કરવામા આવે એવી બનાવટનો સમાસ થયલો ગણાશે નહિ

(૩) ઉપર લખેલી રોયલ્ટી ગણવાનો દર નીચે પ્રમાણે છે એમ સમજવુ એટલે –(અ) બનાવટો કરનારા શખસે, આ આકટની શરૂઆત પછી બે વર્ષની અદર વેચેલી બનાવટોની બાબતમા, એવી બનાવટોના સાધારણ છુટક વેચવાના કિમત ઉપર સાધારણ રીતે ગણેલી સેકડે અઢી ટકા લેખે અને (બ) તે મુદ્દત વીત્યા પછી ઉપર લખ્યા પ્રમાણે વેચેલી બનાવટોની બાબતમા એવી બનાવટોની સાધારણ છુટક વેચવાની કિમ્મત ઉપર ઠરાવેલી રીતે ગણેલો સેકડે પાચ ટકા લેખે છે એમ સમજવુ

પણ તે એવી રીત કે કાઇ બનાવટના સબધમા આપવાની રોયલ્ટી, કોઈ પણ પ્રસગે, જેના સબ-ધમા કોપીરાઇટ હોય એવી જે સંગીતની કૃતિ તેના ઉપર ફરી કરી હોય તેવી દરેક સગીતની છુટી કૃતિ માટે તે અડધી પેની કરતા ઓછો હોવો જોઇયે નહીં તથા જો ઉપર કહ્યા પ્રમાણે ગણેલી રોયલ્ટીમા એક ફાર્ધિંગ કરતા ઓછી રકમ આવે તો તે રકમ તે આખો ફાર્ધિંગ ગણવો

પણ એવુ ઠરાવ્યુ છે કે, જો, આ આકટની શરૂઆતથી સાત વર્ષ વીત્યા પછી કોઈ પણ વખતે બોર્ડ ઓફ ટ્રેડને એમ માલમ પડે કે ઉપર જણાવેલો દર વધારે વખત સુધી રાખવો વાજબી નથી તો, બોર્ડ ઓફ ટ્રેડને, જાહેર તપાસ ચલાવ્યા પછી, સજોગો જોતા વાજબી લાગે તેટલા પ્રમાણમા તે દર ઘટાડવાનો, અથવા વધારવાનો હુકમ કરવાનો અધિકાર છે, પણ આવી રીતે કરેલો કોઇ પણ હુકમ માત્ર કામ ચલાઉ ગણાશે અને પાર્લામેન્ટ મજુર કરે નહી તો અને કરે ત્યા સુધી તેનો કાઇ પણ અમલ થશે નહીં પણ જ્યારે દરમા ફેરફાર કરવાનો હુકમ આવી રીતે કરવામા આવ્યો હોય અને મજુર કરવામા

આવ્યો હોય ત્યારે, છેવટનો ફેરફાર કર્યાની તારીખથી ચઉદ વર્ષ વીત્યા પહેલા તેમા કાંઈ પણ વધારે ફેરફાર કરવો નહી

(૪) જેના સબંધમા કોપીરાઇટ હોય એવી બે અથવા વધારે કૃતિઓની જેમા ફરી કરી હોય એવી કોઇ પણ બનાવટ કરી હોય અને તેના કોપીરાઇટના માલિકો જુદા જુદા સખસો હોય ત્યારે, આ કલમની રૂયે આપવાની રોયલ્ટીની રકમ, સમજુતી ન થઇ હોય તો લવાદીથી જે પ્રમાણ નક્કી થાય તે પ્રમાણમા કોપીરાઇટના જુદા જુદા માલિકોમા વહેંચી નાખવી

(૫) જે કોઇ પણ બનાવટો વડે કોઇ સગીતની કૃતિ યાત્રિક સાધનથી ભજવી બતાવાય એવી બનાવટો કરવામા આવી હોય ત્યારે, આ કલમના કારણો સારૂ, તે કૃતિના કોપીરાઇટનો માલિક, જે કોઈ પણ સખસ ઠરાવેલી તપાસ કરે તેના સબંધમા, જો તેવી તપાસનો ઠરાવેલા વખતની અદર જવાબ ન આપે તો તેણે તેવી બનાવટો કરવાને પોતાની સમતિ આપી છે એમ ગણવુ

(૬) આ કલમના કારણ સારૂ, આ કલમની રૂયે જે કાઇ ઠરાવવાનુ હોય તે ઠરાવનારા, તથા નોટીસો આપવાની રીત ઠરાવનારા તથા એવી નોટીસોમા આપવાની વિગતો ઠરાવનારા તથા રોયલ્ટી આપવાની રીત, વખત, તથા તે કેટલી વાર આપવી તે ઠરાવનારા નિયમો કરવાનો બોર્ડ ઓફ ટ્રેડને અધિકાર છે, અને બોર્ડને યોગ્ય લાગે તો આવા કોઇ પણ નિયમોમા રોયલ્ટી અગાઉથી આપવા બાબતના અથવા બીજી રીતે રોયલ્ટી મળવાનુ સુરક્ષિત કરવા બાબતના નિયમોનો સમાસ કરવાનો અધિકાર છે

(૭) આ આકટની શરૂઆત પહેલા પ્રસિદ્ધ થયલી સગીતની કૃતિઓના સબધમા ઉપલા ઠરાવોનો અમલ હેઠળ લખેલા ફેરફાર તથા વધારાને પાત્ર રહેશે, (અ) કૃતિ સબધી કોપીરાઇટના માલિકે અથવા તેની સમ્મતિ અથવા કબુલાતથી અગાઉ કરવા બાબતની શરતો, તથા તે કૃતિમા ફેરફાર અથવા ઘટાડાને લગતા બધનો લાગુ પડશે નહી (બ) રોયલ્ટી ગણવાનો દર પાચ ટકાને બદલે અઢી ટકાનો ગણવામા આવશે પણ સને ઓગણીસોતેરના જુલાઇ મહિનાની પહેલી તારીખ પહેલા વેચેલી બનાવટોના સબધમા જો તેજ કૃતિની ફરી કરેલી બનાવટો મલિક મુખાઝમના મુલકોના જે ભાગોને આ આકટ લાગુ પડે છે તે મુલકોની અદર સન ઓગણીસોદશના જુલાઈ મહિનાની પહેલી તારીખ પહેલા કાયદાસરરીતે બનાવવામા આવી હોય અથવા વેચવા મુકી હોય તો, કાઇ પણ રોયલ્ટી આપવી પડશે નહી, (ક) આઆકટ પસાર થતા પહેલા કોઇ સગીતની કૃતિ સબધી કોપીરાઈટનુ કાઇ પણ અસાઇનમેટ કર્યું હોય તે છતા જે બનાવટોથી તે કૃતિ યત્રિક રીતે ભજવી બતાવાય એવી બનાવટો કરવાના, અથવા કરવાનો અધિકાર આપવાના સબધમા આ આકટથી આપેલા કોઇ પણ હકો કર્તાના અથવા તેવી જાતના કાયદાસર વારસ વકીલોની માલિકી ગણાશે અને આસાઇનીની માલિકી ગણાશે નહિ, અને ઉપર કહેલી રોયલ્ટી તે કૃતિના કર્તા અથવા તેની જાતના કાયદાસર વારસવકીલને તથા તેના લાભ સારૂ આપવામા આવશે (ડ) આ આકટ શરૂ થતા પહેલા કરેલા કામથી અથવા કામના સબધમા ઉત્પન્ન થતા હક તથા હિતસબધના આ આકટમા કરેલા બચાવ ઉપરથી, જે કોઇ પણ શખસે સદરહુ કૃતિ યાત્રિક રીતે કરી શકાય એવી બનાવટો કરી હોય તે શખસને તેવી કોઇ પણ બનાવટો, આ કલમમા ઠરાવેલી શરતો પ્રમાણે તથા ઠરાવેલી બોલીને પાત્ર હોય તે શિવાય, વેચવાનો અધિકાર મળે છે એમ સમજવુ નહી, પછી તે બનાવટો આ આકટ પસાર થતા પહેલા અથવા પસાર થયા પછી કરી હોય તેની કાંઈ હરકત નહી; [ઈ] જ્યારે સદરહુ કૃતિ એવ' કોઇ કૃતિ હોય કે જેના સબધમા કોપિરાઇટ પરસુલકને લગતા ઓર્ડર ઇન કાઉન્સિલથી આપવામા આવ્યો હોય ત્યારે, એવી રીતે આપેલા કોપીરાઇટમા, સદરહુ ઓર્ડરમા ઠરાવવામા આવે તેટલે દરજ્જે હોય તે શિવાય, જેનાથી તે કૃતિ યત્રિક રીતે ભજવી બતાવાય એવી રેકાર્ડો, પરફોરેટેડ રોલો, અથવા બીજી બનાવટો બનાવવા સબધી કોઈ પણ હકનો સમાસ થશે નહી

(૮) આ આકટમા ગમે તે ઠરાવ હોય તો પણ, જ્યારે કોઈ રેકાર્ડ, પરફોરેટેડ રોલ, અથવા જે બીજી બનાવટથી અવાજ યાત્રિક રીતે કરી શકાય એવી બનાવટ આ આકટ શરૂ થતા પહેલા કરવામા આવ્યા હોય ત્યારે જે અસલ પ્લેટ પરથી બનાવટ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે બનાવી હોય તે અસલ પ્લેટ કરતી

વખતે આ આકટ જાણે અમલમા હોય તેવીજ રીતે અને તેટલીજ મુદ્દત સારૂ, આ આકટની શરૂઆતથી તેના સબધમા કોપીરાઇટ રહેશે

પણ એવુ ઠરાવ્યુ છે કે— ૧) જે શખસ આ આકટની શરૂઆત વખતે એવી અસલ પ્લેટનો માલિક હોય તે એવા કોપીરાઇટનો પ્રથમ માલિક થશે, તથા

(૨) જો કોઇ બનાવટ કરતી વખતે આ ઠરાવ અમલમા હોત તો તે બનાવટ કરવાથી તેવી બીજી કોઇ બનાવટના કોપીરાઇટનો ભગ થાય તેમ હોય તો, તે પ્રથમ કહેલી બનાવટનો કોપીરાઇટ આ ઠરાવના કાઇ પણ મજકુર ઉપરથી મળે છે એમ સમજવુ નહી

૨૦ આ આકટમા ગમે તે ઠરાવ હોય તો પણ કોઇ જાહેર સભામા આપેલા રાજકીય પ્રકારના એડ્રેસ (ભાષણ) નો રીપોર્ટ વર્તમાનપત્રમા પ્રસિદ્ધ કરવાથી તે એડરેસના કોપીરાઇટનો ભગ કર્યો છે એમ ગણાશે નહી

૨૧ ફોટોગ્રાફના સબધમા જે મુદ્દત સુધી કોપીરાઇટ રહેશે તે મુદ્દત જે મુળ નેગેટીવ પરથી ફોટોગ્રાફ પ્રત્યક્ષ અથવા પરોક્ષ અથવા પરોક્ષ રીતે લીધો હોય તે મુળ નેગેટીવ બનાવવામા આવે ત્યારથી પચાસ વર્ષ સુધીની છે એમ સમજવુ, અને જ્યારે એવો નેગેટીવ બનાવવામા આવ્યો હોય ત્યારે જે સખસ તેનો માલિક હોય તે શખસને તે કૃતિના કર્ત્તા સમજવો, અને, જ્યારે એવો માલિક કોઇ સનદી મડળી હોય ત્યારે જો તે સનદી મડળીએ માલિક મુઆઝમના જે મુલકોને આ આકટ લાગુ પડતો હોય તે મુલકોના ભાગમા કામ કરવાની જગા સ્થાપી હોય તો તે સનદી મડળી આ આકટના કારણો સારૂ તે ભાગમા રહે છે એમ ગણવુ

૨૨ (૨) સન ૧૯૦૭ ના પેટન્ટ તથા નમુના બાબતના આકટની રૂયે નોધી શકાય એવા નમુનાઓને આ એકટ લાગુ પડશે નહી, પણ જે નમુનાઓ, એવી રીતે નોધી શકાય તેમ હોય તો પણ, કોઇ પણ હુન્નરને લગતા પ્રયોગથી એકના અનેક મોડેલ અથવા નમુના બનાવવા માટે મોડેલ અથવા નમુના તરીકે વાપરવામા આવતા ન હોય અથવા તેમ વાપરવાનો ઇરાદો રાખ્યો ન હોય તેમને લાગુ પડશે

(૨) જે શરતોથી ઉપર કહેલા કારણો જેવા કારણો માટે કોઇ ડીઝાઇન (નમુનો) વાપરેલો ગણી શકાય તે શરતો ઠરાવવા સારૂ, સન ૧૯૦૭ ના પેટન્ટ તથા નમુના બાબતના આકટની ૮૬ મી કલમની રૂયે સામાન્ય કાનુનો કરવાનો અધિકાર છે

૨૩ જો મલિક મુઆઝમને એમ માલમ પડે કે બ્રિટિશ કર્તાઓની કૃતિઓને પરમુલક રક્ષણ આપતો નથી અથવા આપવાનુ તેણે માથે લીધુ નથી તો મલિક મુઆઝમ ઓર્ડર ઇન કૌંસિલથી એવુ ઠરાવે કે આ આકટના જે ઠરાવોથી મલિક મુઆઝમના મુલકોના જે ભાગોને આ આકટ લાગુ પડતો હોય તે ભાગોમા પ્રથમ પ્રસિદ્ધ થયલી કૃતિના સબધમા કોપીરાઇટ પ્રાપ્ત થયો હોય તે ઠરાવો, જે કૃતિના કર્તાઓ એવા પરમુલકની રૈયત અથવા શેહેરીઓ હોય અને મલિક મુઆઝમના મુલકોના રહેવાશીઓ ન હોય તેમની જે કૃતિઓ ઓર્ડરમા નિર્દિષ્ટ કરેલી તારીખ પછી પ્રસિદ્ધ થઇ હોય તેમને લાગુ પડશે નહી તો, તે કાયદાસર ગણાશે અને ત્યાર પછી તે ઠરાવો તેની કૃતિઓને લાગુ પડશે નહી

૨૪ (૧) જ્યારે કોઇ પણ સખસ, આકટ શરૂ થાય તે પહેલા તુરત અગાઉ, આ આકટના પહેલા પરિશિષ્ટના પહેલા આસનમા નિર્દિષ્ટ કરેલા કોઈ પણ કૃતિના એવા કોઈ પણ હકનો, અથવા એવા હકના હિત સબધનો, હકદાર હોય ત્યારે તે સખસ સદરહુ પરિશિષ્ટના બીજા આસનમા લખેલા બદલે આપેલા હકનો અથવા એવા બદલે આપેલા હકના તેજ હિતસબધનો તે તારીખથી હકદાર થશે, અને તે સિવાય બીજા હક અથવા હિતસબધનો હકદાર થશે નહી, અને એવો બદલે આપેલો હક, જ્યારે તે કૃતિ કરવામા આવી હોય તે તારીખે આ આકટ અમલમા હોત અને તે કૃતિ તેની રૂયે કોપીરાઇટને હકદાર હોત તો તે બદલે આપેલો હક જેટલી મુદ્દત સુધી ચાલુ રહેતે તેટલી મુદ્દત સુધી તે ચાલુ રહેશે

પણ એવુ ઠ રાવ્યુ છે કે—(અ) આ આકટના પહેલા પરિશિષ્ટ પહેલા આસનમા નિર્દિષ્ટ કરેલ છે, તેવો કોઇ પણ હક આ આકટની શરૂઆત વખતે જે કૃતિના સબધમા હોય તેની કોઇ પણ કૃતિના કર્તાએ તે તારીખ પહેલા, તે હક, તેની આખી મુદ્દત સારૂ એસાઇન કર્યો હોય અથવા તેમા કાઇ હિતસ-

બધ આપ્યો હોય ત્યારે, જો આ આકટ પસાર ન થયો હોત તો, જે તારીખે તે હક પુરો થતે તે તારીખે, આ કલમથી બદલે આપેલો હક, કોઈ સ્પષ્ટ કબુલાતની ગેરહાજરીમા, સદરહુ કૃતિના કર્તાને મળશે, અને આ આકટની શરૂઆત પહેના ઉત્પન્ન થયેલો અને ત્યા સુધી રહેલો તેમાનો કોઇ પણ હિતસબધ પુરો થશે, પણ જે સખસ તારીખે સદરહુ હક એવી રીતે પુરો થતે તે તારીખની તુરત અગાઉ સદરહુ હક અથવા હિતસબધનો માલિક હોય તે સખસ પોતાના મરજીમા આવે તો, હેઠળ પ્રમાણે હકદાર થશે, એટલે કે-

(૧) આમા હવે પછી જણાવ્યુ છે તેવી નોટીસ આપેથી, તે હકની મુદતની બાકીની મુદત સારૂ કબુલાત ન હોય તો, લવાદીથી નકી કરવામા આવે તેટલા મોબદલાથી તે હકના એસાઈનમેટ માટે અથવા તેમા તેવોજ હિતસબધ મળવા માટે તે હકદાર થશે, અથવા

(૨) એવો કોઇ પણ એસાઇનમેટ વગર અથવા એવા કોઈ પણ હિતસબધ મળ્યા વગર કર્તાને જો તે માગે તો, કબુલાત ન હોય તો લવાદીથી નક્કી થાય તેટલી રોયલ્ટી, હક પુરો થતે તે તારીખ પછી ત્રણ વર્ષની અદર આપવાને પાત્ર અત્યાર સુધી કરવામા આવતુ હતું, તેવીજ રીતે ફરી તઇયાર કરવાનુ અથવા ભજવી બતાવવાનુ ચાલુ રાખવાને હકદાર થશે, અથવા જ્યારે સદરહુ કૃતિ કોઇ સગ્રહાત્મક કૃતિમા સામેલ કરી હોય અને તે હકનો અથવા હિતસબધનો માલિક તે સંગ્રહાત્મક કૃતિનો માલિક હોય ત્યારે એવી કાઇ પણ (રોયલ્ટી) આપ્યા વગર તેમ કરવાને હકદાર થશે

ઉપર જણાવેલી નોટીસ, જે તારીખે સદરહુ હક એવી રીતે પુરો થાત તે તારીખ પહેલા એક વર્ષ કરતા વત્તી ન હોય અને છ મહિના કરતા ઓછી ન હોય તેટલા મુદત અગાઉ આપવી જ જોઇયે, અને કર્તાને રજીસ્ટર કરીને ટપાલથી પહોચાડવી જોઇયે, અથવા શ્રમ લીધા છતા કર્તા મળી ન આવે તો લડન ગેઝેટમા તથા લડનમા બે વર્તમાનપત્રોમા જાહેરખબરથી આપવી જોઇએ

(બ) જ્યારે કોઇ પણ સખસે, સને ઓગણીસો દસના જુલાઈ મહિનાની છવ્વીસમી તારીખ પહેલા એવુ કાઇ પણ કૃત્ય કર્યું હોય કે જેથી કરીને તે વખતે કાયદાસર ગણાતી હોય એવી રીતે કોઇ પણ કૃતિ ફરી કરવાના અથવા ભજવી બતાવવાના સબધમા, અથવા આ આકટ પસાર થયો હોત તો કૃતિ ફરી કરવાનું અથવા ભજવી બતાવવાનુ કાયદાસર થતે તેવે વખતે કોઈ કૃતિ ફરી કરવા અથવા ભજવી બતાવવાના કારણસર અથવા તેમ કરવાના ઇરાદાથી કાઈ પણ ખર્ચ કર્યો હોય અથવા જોખમદારી લીધી હોય ત્યારે, આ કલમના કોઈ પણ ઠરાવથી, સદરહુ તારીખે હોય અને કીમતી ગણાતા હોય એવા તે કૃત્યથી અથવા કૃત્યના સબધમા ઉત્પન્ન થતા કોઇ પણ હક અથવા હિત સબધ, ઓછા થશે નહી અથવા તેમને નુકશાન આવશે નહી પણ જે સખસને આ કલમની રૂએ એવી રીતે કરીથી કરવાની અથવા ભજવી બતાવવાની બધી કરવાનો હક થતો હોય તે સખસ, સમજુતી ન થઈ હોય તો લવાદીથી નકી કરવામા આવે તે મોબદલો આપવાનુ કબુલ કરે તો તેમ થશે નહી

(૨) આ કલમના કારણ સારૂ " કર્તા " એ સજ્ઞામા મરણ પામેલા કર્તાની જાતના કાયદાસર વારસ વકીલનો સમાવેશ થાય છે

(૩) આ આકટની ઓગણીસમી કલમના પેટા કલમો (૭) તથા (૮) ના ઠરાવો તથા તેત્રીસમી કલમના ઠરાવોને પાત્ર, આ કલમના ઠરાવોની રૂએ અને તે મુજબ હોય તે સિવાય બીજી રીતે આ આકટની શરૂઆત પહેલા કરેલી કોઇ પણ કૃતિના સબધમા કોપીરાઇટ રહેશે નહી

બ્રિટિશ તાબા હેઠળના મુલકને લાગુ પાડવા બાબત.

૨૫ (૧) આ આકટ, તેના જે ઠરાવો સ્પષ્ટ રીતે યુનાઇટેડ કિગડમને લાગુ પડે છે તે સિવાય મુઆઝમના મુલકેમા સઘળે ઠેકાણે લાગુ પડશે પણ એવુ ઠરાવ્યુ છે કે તે આકટ સ્વરાજ્યવાળા મુલકના કાયદા કરનાર મડળી તરફથી તે મુલકમા, કાઈ પણ ફેરફાર અથવા વધારા વગર અથવા એવા મડળ તરફથી કરવામા આવે એવા, માત્ર કામ ચલાવવાની રીત તથા હદને લગતા અથવા તે મુલકના સજોગોને આ આકટ બધબેસતો કરવા સારૂ જરૂરના હોય તેવા ફેરફાર તથા વધારા સાથે અમલમા હોવાનુ જાહેર કરવામા આવે તે સિવાય તે આકટ તે સ્વરાજ્યવાળા મુલકને લાગુ પડશે નહી

(૨) જો સેક્રેટરી ઓફ સ્ટેટ લંડન ગેઝેટમા નોટીસ પ્રસિદ્ધ કરીને એવો દાખલો આપે કે, કોઇપણ સ્વરાજ્યવાળા મુલકે એવો કાયદો પસાર કર્યો છે કે જેની રૂયે જે કૃતિઓના કર્તા કૃતિ કરવાની તારીખે તે મુલક સિવાય બીજે ઠેકાણે રહેતી બ્રિટીશ રઇયત હોય અથવા (બ્રિટીશ રઇયત ન હોય પણ) મલિક મુઆઝમના જે લોકોને આ આકટ લાગુ પડતો હોય તે ભાગના રહેવાસીઓ હોય તેમની કૃતિઓ તે મુલકમા આ આકટથી આપવામા આવલા હકોની વાસ્તવિક રીતે સરખે સરખા હક ભોગવે છે તો, એવો કાયદો અમલમા રહે ત્યા સુધી, તે મુલક, આ આકટથી આપેલા હકોના કારણ સારુ, જાણે આ આકટ લાગુ પડતો હોય એવો મુલક હોય તે પ્રમાણે તેને ગણવો, અને તે મુલકના કાયદા મુજબની સદરહુ હકોનો અમલ બજાવવા માટેની દાદ અથવા કોઈ પર મુલકમા બનાવેલી કૃતિની નકલો આયાત કરવા બાબતના બંધનો આ આકટ મુજબની દાદ અથવા બંધનોથી જુદા હોય તો પણ, ઉપર લખ્યા પ્રમાણેનો દાખલો આપવાનુ સેક્રેટરી સ્ટેટ માટે કાયદેસર ગણાશે.

૨૬ (૧) કોઈ પણ સ્વરાજ્યવાળા મુલકના કાયદા કરનાર મંડળને, (આ આકટ સુદ્ધા) પાર્લામેંટે પસાર કરેલા કોપીરાઇટને લગતા સઘળા અથવા કોઇ પણ કાયદા તે મુલકમા અમલમા હોય તેટલે સુધી કોઈ પણ વખતે, રદ કરવાનો અધિકાર છે, પણ એવુ ઠરાવ્યુ છે કે એવી રીતે રદ કરવાથી રદ કરતી વખતે વિદ્યમાન હોય તેવા કોઇ પણ કાયદાસર હકને નુકશાન થાય તેવી રીતને બાધ આવશે નહી, અને કોઇ પણ સ્વરાજ્યવાળા મુલકના કાયદા કરનારા મંડળે આ આકટ અથવા તેનો કોઈ પણ ભાગ તેવી રીતે રદ્દ કર્યો હોય તો તે મુલક, જે મુલકને આ આકટ લાગુ પડતા હોય એવો મુલક હોવો બંધ પડશે

(૨) જે સ્વરાજ્યવાળા મુલકને આ આકટ લાગુ પડતો ન હોય તેવા કોઈ પણ મુલકમા, આ આકટથી રદ કરેલા તે મુલકમા અમલમા હોય તેટલે સુધી, તે મુલકના કાયદા કરનાર મંડળ તે રદ કરે ત્યા સુધી અમલમા રહેશે

(૩) જ્યારે મલિક મુઆઝમ ઇન કાઉન્શીલની એવી ખાત્રી થાય કે જે સ્વરાજ્યવાળા મુલકને આ કાયદો લાગુ પડતો ન હોય તે મુલકના કાયદાથી, જે કૃતિના કર્તા તે કૃતિ કરતી વખતે તે મુલક સિવાય બીજી જગાએ રહેતી બ્રિટિશ રઈયત હતા તેમની (પ્રસિદ્ધ થયલી અથવા પ્રસીદ્ધ નહીં થયલી) કૃતિના સંબધમા તે મુલકમા પુરતું રક્ષણ આપ્યુ છે, ત્યારે મલિક મુઆઝમ ઈન કાઉન્સીલ, અરસપરસનુ રક્ષણ આપવા સારૂ એવુ ફરમાવવાને મુખત્યાર છે કે, આ આકટ, ઓર્ડરમા ફરમાવવામા આવે તેવા ભાગો (જો કાઇ હોય તો તે) શિવાય, તથા તેમા લખેલી કોઇ પણ શરતોને પાત્ર, મલિક મુઆઝમના મુલકોના જે ભાગોને આ આકટ લાગુ પડતો હોય તે ભાગોમા, જે કૃતિના કર્તા તે કરતી વખતે, પહેલા જણાવેલા મુલકમા રહેતા હોય તેમની કૃતિઓને, તથા તે મુલકમા પ્રથમ પ્રસિદ્ધ થયલી કૃતિઓને લાગુ પડશે, પણ એવા ઓર્ડરથી ઠરાવ્યુ હોય તે સિવાય જે મુલકને આ આકટ લાગુ પડતો ન હોય તે મુલકમા રહેતા હોય એવા કર્તાઓની કૃતિને, તે કર્તાઓ બ્રિટીશ રઇયત હોય કે ન હોય તો પણ, મલિક મુઆઝમના મુલકોના જે ભાગોને આ આકટ લાગુ પડતો હોય તે ભાગોમા પ્રથમ પ્રસિદ્ધ થયલી કૃતિઓને આ આકટથી આપવામા આવતા રક્ષણ સિવાય આ આકટ મુજબના બીજુ કોઇ પણ રક્ષણ મળવાનો હક થશે નહી

પણ એવુ ઠરાવ્યુ છે કે એવા કોઇ પણ ઓર્ડરથી કોઇ સ્વરાજ્યવાળા મુલકમા કાઇ પણ હક મળશે નહિ, પરંતુ જે કોઇ પણ સ્વરાજ્યવાળા મુલકને આ આકટ લાગુ પડતો હોય તે મુલકના ગવર્નર ઈન કાઉન્સિલને, આ પેટા કલમના ઉપર કહેલા ઠરાવોની રૂયે જે હકો મલિક મુઆઝમ ઇન કાઉન્સિલને પોતાના મુલકોના બીજા ભાગોમા આપવાનો અધિકાર છે તેવા હકો સદરહુ મુલકમા ઓર્ડરથી છે

આ પેટા કલમના કારણ સારૂ, ‘ જે મુલકને આ આકટ લાગુ પડતો હોય તે મુલક” એ સંજ્ઞામા જે મુલકને આ આકટના કારણ સારૂ આ આકટ લાગુ પડતો હોય તેવા મુલક તરીકે ગણવાનો હોય તે મુલકનો સમાવેશ થાય છે

૨૭ બ્રિટીશ તાબા હેઠળના જે મુલકને આ આકટ લાગુ પડતો હોય તે મુલકના કાયદા કાનુન કરનારા મંડળને તે મુલકને આ આકટ લાગુ પડતી વખતે તેના કોઈ પણ ઠરાવોમાં સુધારો અથવા વધારો કરવાનો અધિકાર છે, પરંતુ જેટલે સુધી એવા સુધારા તથા વધારા કામ ચલાવવાની રીત અને ઇલાજોને

લગતા હોય તે સિવાયને પ્રસગે, તે સુધારા વધારા, જે કૃતિના કર્તાઓ કૃતિ કરતી વખતે તે મુલકમા રહેતા હોય તેજ કૃતિઓને, અને જે કૃતિઓ પહેલવહેલી તે મુલકમા પ્રસિદ્ધ થઈ હોય તે કૃતિઓને લાગુ પડશે

૨૮ મલિક મુઆઝમને આર્ડર ઇન કાઉન્સીલથી, પોતાના રક્ષણ નીચેના કોઈ પણ મુલકને તથા સાઇપ્રસને આ આકટ લાગુ પાડવાનો અધિકાર છે, અને આવો કોઇ પણ ઓર્ડર કર્યા પછી, સદરહુ ઓર્ડરના ઠરાવોને પાત્ર જે મુલકોને તે લાગુ પડતો હોય તે મુલકો અથવા સાઇપ્રસ, મલિક મુઆઝમના જે મુલકોને આ આકટ લાગુ પડતો હોય તે મુલકોના ભાગ હોય તેમ આ આકટનો અમલ થસે

ભાગ ૨ જો.

જુદાં જુદાં રાજ્યોનો માંહોમાંહેનો કોપીરાઇટ

૨૯ (૧) મલિક મુઆઝમને, ઓર્ડર ઇન કાઉન્સીલથી એવુ ફરમાવવાનો અધિકાર છે કે આ આકટ (તે ઓર્ડરમા તેના જે કોઈ પણ ભાગ જણાવેલા હોય તે શિવાય) હેઠળ લખ્યા પ્રમાણે લાગુ પડશે-(અ) જે પરમુલકને લગતો તે ઓર્ડર હોય તે પરમુલકમા પ્રથમ પ્રસિદ્ધ થયેલી કૃતિઓ જાણે માલિક મુઆઝમમા જે મુલકોને આ આકટ લાગુ પડતો હોય તે મુલકોના ભાગમા તે પ્રથમ પ્રસિદ્ધ થઇ હોય એવી રીતે તે કૃતિઓને, (બ) સાહિત્યની, નાટકની, સગીતની અને કળાકઉશલ્યની જે કૃતિઓના અથવા તેના જે કોઈ પણ વર્ગનો કૃતીના કર્તાઓ સદરહુ કૃતી કરતી વખતે, જે પરમુલકને લગતો તે ઓર્ડર હોય તે પરમુલકના પ્રજા અથવા શહેરીઓ હતા તે કૃતીઓને અથવા તેમના કોઇપણ વર્ગને જાણે તે કૃતિના કર્તાઓ બ્રિટીશ રૈયત હોય એવી રીતે, (ક) જે પરમુલકને લગતો તે ઓર્ડર હોય તે પરમુલકમાનુ રહેઠાણ જાણે માલિક મુઆઝમના મુલકોના જે ભાગને આ આકટ લાગુ પડતો હોય તે ભાગમાનુ રહેઠાણ હોય એવી રીતે તે રહેઠાણના સબધમા

અને તે ઉપરથી, આ આકટના આ ભાગના તથા સદરહુ ઓર્ડરના ઠરાવોને પાત્ર આ આકટ તેવી રીતે લાગુ પડશે

પણ એવુ ઠરાવ્યુ છે કે-(૧) (કોપીરાઇટના સંબધમા જે દેશ સાથે મલિક મુઆઝમે કરાર કરેલો હોય તે સિવાયના) કોઇ પણ પરમુલકના સબધમા આ કલમ મુજબ ઓર્ડર ઇન કાઉન્સીલ કરવા પહેલા આ આકટ ૧ લા ભાગના ઠરાવોની રૂયે જે કૃતીઓને કોપીરાઇટના હક મળેલા હોય તેવી કૃતિઓનુ રક્ષણ કરવા માટે મલિક મુઆઝમને જરૂરના જણાય તેવા કોઇ પણ ઠરાવો જો હોય તો તે સદરહુ પરમુલક તરફથી થયેલા છે અથવા તે કરવાનુ માથે લેવામા આવ્યુ છે તે બાબત મલિક મુઆઝમની ખાત્રી થવી જોઇએ

(૨) સદરહુ આર્ડર ઇન કાઉન્સિલમા એવુ ઠરાવવાનો અધિકાર છે કે જે દેશને લગતો તે ઓર્ડર હોય તે દેશના કાયદાની રૂયે કોપીરાઇટની જે મુદત આપેલી હોય તે મુદતના કરતા સદરહુ પ્રકારના મલિક મુઆઝમના મુલકોના ભાગોમાની કોપીરાઇટની મુદત વધારે હોવી ન જોઇએ

(૩) પુસ્તકોની નકલો પહોચાડવા બાબતના આ આકટના ઠરાવો, જેટલે સુધી ઓર્ડરથી ઠરાવેલુ હોય તે શિવાયને પ્રસગે, એવા દેશમા પ્રથમ પ્રસિદ્ધ થએલી કૃતીઓને લાગુ પડશે નહી

(૪) સદરહુ ઓર્ડર ઇન કાઉન્સિલમા એવુ ઠરાવવાનો અધિકાર છે કે આ આકટથી આપેલા હકો, સદરહુ ઓર્ડરની રૂયે ઠરાવેલી હોય તેવી સરતો અને રીતસરના નિયમો (જો કોઇ હોય તો) પાળવામા તો ભોગવવા દેવામા આવશે

(૫) કોપીરાઇટની માલિકી સબધી આ આકટના ઠરાવો લાગુ પડતી વખતે સદરહુ પરમુલકનો કાયદો ધ્યાનમા લેતા જે સુધારા જરૂરના જણાય તેવા સુધારા, તે ઓર્ડર ઇન કાઉન્સિલથી કરવાનો અધિકાર છે.

(૬) વિદ્યમાન કૃતિઓના સબધમા આ આકટના ઠરાવો લાગુ પડતી વખતે, તે ઓર્ડર ઇન કાઉન્સિલથી જરૂરના જણાય એવા સુધારા કરવાનો અધિકાર છે અને કોઇ પણ બાબતમા કોઇ પણ તરજુમો થતો અટકાવવાનો અથવા કોઇ પણ તરજુમો આયાત થતો અટકાવવાનો જે કોઇ પણ હક સને ૧૮૮૬ ના ઇન્ટરનેશલ કોપીરાઇટ આકટની પાચમી કલમની રૂયે બધ થયો હોય તેવો કોઇ પણ હક એવી

રીતે લાગુ પડેલા ઠરાવોના કોઇ પણ મજકુરથી પાછો ચાલુ થાય છે એમ સમજવુ નહી એવુ તેમા ઠરાવવાનો અધિકાર છે

(૨) આ કલમ મુજબનો ઓર્ડર ઇન કાઉન્સિલ તેમા લખેલા અથવા વર્ણવેલા સઘળા જુદા જુદા દેશોને લાગુ પડી શકશે

૩૦ [૧] આ આકટના ભાગ મુજબનો ઓર્ડર ઇન કાઉન્સિલ, સ્વરાજ્યવાળા મુલકો સિવાય અને તે ઓર્ડરમા જણાવેલા જે બીજા કોઇ બાબતના મુલકોને સદરહુ ઓર્ડર લાગુ નહી પાડવાનુ મલિક મુઆઝમને વ્યાજબી લાગે તેવા તાબાના મુલકો સિવાય, મલિક મુઆઝમના જે મુલકોને લાગુ પડે છે તે સઘળા મુલકોને લાગુ પડશે

(૨) જે સ્વરાજ્યવાળા મુલકને આ આકટ લાગુ પડતો હોય તે મુલકના ગવર્નર ઇન કાઉન્સિલને તે મુલકના સબધમા, જે ઓડરો મલિક મુઆઝમના ઇન કાઉન્સિલને આ આકટના આ ભાગની રૂએ મલિક મુઆઝમના સ્વરાજ્યવાળા મુલકો સિવાયના બીજા મુલકો માટે કરવાનો અધિકાર છે તેવા ઓર્ડરો કરવાનો અધિકાર છે, અને આ આકટના આ ભાગના ઠરાવો, જરૂરના ફેરફાર સાથે, તેને તે પ્રમાણે લાગુ પડશે

(૩) જે કોઈ પ્રસગે મલિક મુઆઝમને સ્વરાજ્યવાળા ન હોય તેવા પોતાના કોઇ પણ મુલકના ભાગને કોઈ પણ ઓર્ડરના ઠરાવોમાથી બાતલ કરવાનુ વ્યાજબી જણાય તે પ્રસગે, સદરહુ બીજા કોઇ ઓર્ડર ઇન કાઉન્સીલથી, સદરહુ ઓર્ડર અને આ આકટનો આ ભાગ, સદરહુ ઓર્ડરની તારીખ પહેલા સપાદન થયેલા કોઈ પણ હકને નુકસાન ન આવવા દેવા માટે જરૂરનુ જણાય તે સિવાયને પ્રસગે સદરહુ મુલકના ભાગને લાગુ પડશે નહીં એવુ ઠરાવવુ મલિક મુઆઝમ માટે કાયદેસર છે, અને સદરહુ ઓર્ડર અને આ આકટનો આ ભાગ સદરહુ પ્રમાણે જરૂરનુ જણાય તે સિવાયને પ્રસગે સદરહુ મુલકના ભાગને લાગુ પડશે નહિ

ભાગ ૩ જો
પુરવણી ઠરાવો.

૩૧ કોઈ પણ સખસને, સાહિત્યની, નાટકની સગીતની અથવા કળાકૌશલ્યની, પ્રસિદ્ધ થયેલી કે નહી થયેલી, કોઇ પણ કૃતિ માટે કોપીરાઇટનો અથવા એવો બીજો કોઇ પણ હક, આ આકટના અથવા તે સમયે અમલમા હોય એવા બીજા કોઇ સ્ટાટયુટરી કાયદાના ઠરાવોની રૂએ હોય અને તેમને અનુસરતી હોય એવી રીત મુજબ હોય તે સિવાય બીજી કોઈ રીતે મળશે નહી, પણ આ કલમના કોઇ પણ મજકુરથી, વિશ્વાસ અથવા ભરોસાનો ઘાત થતો અટકાવવાના કોઈ પણ હક અથવા હકુમત રદ થાય છે એવો અર્થ કરવો નહી

૩૨ (૧) આકટની રૂએ અથવા આ આકટથી રદ કરેલા કોઈ પણ કાયદાની રૂએ કરેલા કોઇ પણ ઓર્ડર ઇન કાઉન્સિલ ફેરવવા માટે, રદ કરવા માટે અથવા સુધારવા માટે ઓર્ડરો કરવાનો મલિક મુઆઝમ ઇન કાઉન્સીલને અખત્યાર છે પણ આ કલમની રૂએ કરેલા કોઇ પણ ઓર્ડરથી, સદરહુ ઓર્ડર અમલમા આવે તે તારીખે જે કોઇ પણ હક અથવા હિતસબધ સપાદન થયા હોય અથવા મળ્યા હોય તેમને નુકશાન થાય એવી રીતે બાધ આવવો જોઈયે નહિ, અને તેમા એવા હક અને હિતસબધનુ રક્ષણ થાય એવા ઠરાવ હોવા જોઇએ

(૨) આ આકટની રૂએ કરેલો દરેક ઓર્ડર ઇન કાઉન્સીલ લડન ગેઝેટમા પ્રસિદ્ધ કરવો અને તે કર્યા પછી બનતી તાકીદે પાર્લામેન્ટના બને હાઉસ આગળ રજુ કરવો, અને તેનો અમલ જાણે તે આ આકટમા દાખલ કર્યો હોય એવી રીતે થશે.

૩૩. આ આકટમાના કોઇ પણ મજકુરથી સને ૧૭૭૫ ના કોપીરાઇટ બાબતના આકટમા લખેલી કોઇ પણ યુનિવર્સિટી અને કોલેજને તે આકટની રૂએ જે કોપીરાઇટ મળ્યો હશે તે જતો રહેશે નહી, પરતુ તેવો કોઈ પણ કોપીરાઇટ તોડવા બાબતના ઉપાય અને દડ તે આકટ મુજબ નહી પણ આ આકટ મુજબ થશે

૩૪ કોઇ લાઇબ્રેરીને પુસ્તકોની નકલો મફત મળવાનો હક ગુમાવવા માટે બદલા તરીકે જે કાંઇ વાર્ષિક રકમ કોઈ પણ આકટની રૂયે આ આકટની શરૂઆત પહેલા આપવાની હોય તે રકમ યુનાઇટેડ કિંગ્ડમના કનસોલિડેટેડ ફંડ ખાતે લખવાનુ અને તે તેમાથી આપવાનુ ચાલુ રાખવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે પાછલા વરસ માટેનો બદલો લાઇબ્રેરીમા વાપરવાના અને તેમા સાચવી રાખવાના પુસ્તકો ખરીદવામા વાપરવામા આવ્યો છે એવી ટ્રેઝરરી ખાતાની ખાતરી ન થાય તો કોઇપણ વરસે આ બદલો તે લાઇબ્રેરીને આપવો નહિ

૩૫ (૧) આ આકટમા, આગલા પાછલા સબધ ઉપરથી બીજી રીતે જરૂર ન પડે તો,-

સાહિત્યની કૃતિ" આ શબ્દોમા, નકશા, ચાર્ટ, પ્લાન કોષ્ટકો અને સગ્રહગ્રથનો સમાવેશ થાય છે

નાટકની કૃતિ" આ શબ્દોમા, મોઢે બોલવાના કોઇ પણ ફકરાનો, જે મુગા ખેલના દેખાવની ગોઠવણ અથવા અભિનય ઘટના લખીને અથવા બીજી રીતે ઠરાવવામા આવી હોય તે ખેલમાથી નાચવાના હાવભાવની કૃતિ અથવા ગમ્મતનો, તથા જેમા ગોઠવણ અથવા અભિનયઘટના અથવા પ્રયોગ કરેલા બનાવોનો સયોગ સદરહુ કૃતિનુ મુળ સ્વરૂપ બનાવતો હોય એવા સિનેમેટોગ્રાફના ખેલનો સમાવેશ થાય છે

" કળાકૌશલ્યની કૃતિ " એ શબ્દોમા પેઇન્ટિંગની, ડ્રોઇંગની, શિલ્પવિદ્યાની અને કળાકઉશલ્ય વાળી હુન્નરની કૃતીઓને, તથા કારીગરીની ઇમારતની શાસ્ત્રને લગતી કૃતીઓને તથા એન્ગ્રેવીંગ (કાતર કામ) તથા ફોટોગ્રાફનો સમાવેશ થાય છે

" શીલ્પવિદ્યાની કૃતી " એ શબ્દોમા, બીબા અને મોડલનો સમાવેશ થાય છે

" કારીગરીની ઇમારત શાસ્ત્રને લગતી કૃતિ " એ સજ્ઞાનો અર્થ, કળાકઉશલ્યવાળા સ્વરૂપ અથવા ડીઝાઇનના સબધમા, એવુ સ્વરૂપ અથવા ડીઝાઇન જેમા હોય તેવી ઇમારત અથવા બાધકામ, અથવા એવી ઇમારત અથવા બાધકામ, અથવા બાધકામ માટેનુ કોઇ પણ મોડલ એમ થાય છે, પણ એવુ ઠરાવ્યુ છે કે આ આકટની રૂએ આપેલુ રક્ષણ કળાકઉશલ્યવાળા સ્વરૂપ તથા ડીઝાઇનના સબધમા આપવુ અને તે બનાવટની રીતો અથવા પદ્ધતિના સબધમા આપવુ નહી

" (એન્ગ્રેવીંગ (કોતરકામ) " એ શબ્દમા, ફોટોગ્રાફ ન હોય તેવા એચીંગ (આલેખકામ) નો, લીથોગ્રાફનો, વુડકટનો, પ્રીન્ટનો તથા એવી બીજી કૃતીનો સમાવેશ થાય છે,

' ફોટોગ્રાફ " એ શબ્દમા, ફોટોલીથોગ્રાફનો અને ફોટોગ્રાફની કળા જેવી કોઇ પણ રીતે કરેલી કોઇ કૃતીનો સમાવેશ થાય છે

" સીનેમેટોગ્રાફ એ શબ્દમા, સીનેમેટોગ્રાફની કળા જેવી કોઇ પણ રીતે કરેલી કોઇ પણ કૃતીનો સમાવેશ થાય છે

" સગ્રહાત્મક કૃતી " એ શબ્દનો અર્થ-(અ) એન્સાઇકલોપીડીયા, શબ્દકોશ, ઇયરબુક, અથવા તેવી જાતની કૃતી, (બ) વર્તમાનપત્ર, રીવ્યુ, ચોપાનીયુ અથવા એવુ કાંઇ પીરીઓડીકલ [અમુક મુદતે પ્રસીદ્ધ થતું પત્ર), અને [ક] જુદા જુદા ગ્રથ કર્તાઓએ જેના જુદા જુદા ભાગ લખ્યા હોય અથવા જેમા જુદા જુદા ગ્રથકર્તાઓની કૃતીઓ અથવા કૃતીઓના ભાગો એકઠા કરેલા હોય એવી કોઇ પણ કૃતી એવો થાય છે

" ભગ કરનારી " આ શબ્દ જે કૃતીના સબધમા કોપીરાઈટ હોય તે કૃતિના સબધમા વાપર્યો હોય ત્યારે તેનો અર્થ આ આકટના ઠરાવોનો ભગ કરીને કરેલી અથવા આયાત કરેલી કોઇ પણ નકલ તેમજ કોઇ પણ બનાવટી અનુકૃતી એવો થાય છે

" પ્રયોગ " એ શબ્દનો અર્થ કોઇ કૃતીના કોઇ પણ શ્રાવ્ય પ્રયોગ અને કોઇ કૃતીમાના કોઇ પણ નાટકીય બનાવવાનો કોઇ પણ દશ્ય પ્રયોગ, એવો થાય છે, અને તેમા કોઇ પણ યાંત્રિક મદદથી કરેલા પ્રયોગનો સમાવેશ થાય છે

" આપવુ " એ શબ્દ, વ્યાખ્યાના સબધમા વાપર્યો હોય ત્યારે તેમા કોઇ પણ યત્રની મદદથી વ્યાખ્યાન આપવાનો સમાવેશ થાય છે

" પ્લેટ " એ શબ્દમા કોઇપણ કૃતિના નકલો છાપવા માટે અથવા ફરી કરવા માટે વપરાયલી અથવા

વાપરવા ધારેલી કોઇ પણ સ્ટીરિયો ટાઇપ અથવા બીજી પ્લેટનો, પથ્થરનો, બ્લોકનો, મોલ્ડનો ટ્રિકસનો, ટ્રાન્સફરનો અથવા નેગેટિવનો, તેમજ જે મેટ્રીકસ અથવા બીજા સચા વડે તે કૃતિના શ્રાવ્ય પ્રયોગ માટે તે રેકર્ડ, પરફોરેટેડ રોલ અથવા બીજી બનાવટો કરવાની હોય અથવા કરવાનો ઇરાદો હોય તેવા કોઈ પણ મેટરીક્સ અથવા બીજા સચાનો સમાવેશ થાય છે

" વ્યાખ્યાન " શબ્દની અંદર, માનપત્ર, ભાષણ અને ધર્મોપદેશનો સમાવેશ થાય છે

" સ્વરાજ્યવાળો મુલક " એ શબ્દનો અર્થ કાનડાનો મુલક, ઓસ્ટ્રેલીઆનું કોમનવેલ્થ, ન્યુઝીલાન્ડનો મુલક, સાઉથ આફ્રિકાનું યુનીઅન, અને ન્યુફાઉન્ડલેન્ડ એવો થાય છે

(૨) (કોપીરાઇટના ભાગને લગતા હોય તે સિવાયના) આ આકટના કારણો સારૂ કર્તાની, તેના મૃત્યુપત્ર ચલાવનારાઓની, વહીવટ કરનારાઓની અથવા એસાઇનોની સંમતિ અથવા મંજુરી સિવાય જો કોઇ કૃતિ અથવા વ્યાખ્યાન પ્રસિદ્ધ કરવામા આવ્યુ હોય, જાહેરમા ભજવવામા આવ્યુ હોય અથવા જાહેરમા આપવામા આવ્યુ હોય તો તે કૃતિ પ્રસિદ્ધ કરવામા અથવા જાહેરમા ભજવવામા આવી છે એમ ગણવુ નહિ અને તે વ્યાખ્યાન જાહેરમા આપવામા આવ્યુ છે એમ ગણવુ નહી

(૩) આ આકટના કારણો સારૂ, જો કે કોઈ કૃતિ સાથે સાથે બીજી કોઇ જગાએ પ્રસિદ્ધ થયેલી હોય તો પણ, તે મલિક મુઆઝમના મુલકોના જે ભાગોને આ આકટ લાગુ પડે છે તે ભાગોમા પહેલવહેલી પ્રસિધ્ધ થયેલી ગણાશે, પણ ઉપર કહેલા મલિક મુઆઝમના એવા મુલકોમા થએલી પ્રસિદ્ધ ફક્ત બનાવટી હોય અને પ્રજાવર્ગની યોગ્ય જરૂરીયાતો પુરી પાડવાનો ઇરાદો તેનાથી રાખ્યો ન હોય તો તેમ ગણાશે નહિ અને કોઇ કૃતિ એક જગાએ પ્રસિદ્ધ થઇ હોય તેના વખત અને તે બીજી જગાએ પ્રસિદ્ધ થઇ હોય તેના વખત વચ્ચે ચઉદ દિવસથી વધારે અથવા ઓર્ડર ઇન કાઉન્સિલથી જે વધારે લાબી મુદ્દત તે વખત માટે ઠરાવવામા આવે તે મુદ્દતથી વધારે વખત થયો ન હોય તો, તે કૃતિ સાથે સાથે પ્રસિદ્ધ થઇ છે એમ ગણવુ

(૪) પ્રસિધ્ધ થયેલી કૃતીના સબધમા કોઇ કૃતિ બનાવવામા ઘણો વખત ગયો હોય તે પ્રસગે જો તે વખતના કોઇ પણ મોટા ભાગ દરમિયાન તેનો કર્તા બ્રિટીશ રઇયત હોય અથવા મલિક મુઆઝમના મુલકોના જે ભાગોને આ આકટ લાગુ પડે છે તેનો રહેવાશી હોય તો કોપીરાઇટ મળવા સબધી આ આકટની શરતો મુજબ વર્તવામા આવ્યુ છે એમ ગણવુ

[૫] આ આકટના રહેઠાણ સબધી ઠરાવોના કારણ સારૂ, કોઇ કૃતાનો કર્તા મલિક મુઆઝમના મુલકોના જે ભાગોને આ આકટ લાગુ પડે છે તેવા કોઇ પણ ભાગમા સ્થાયી વાસ કરીને રહેલો હોય તો, તેને તે ભાગોના રહેવાશી તેરીકે ગણવો

૩૬ આ આકટના ઠરાવોને પાત્ર, આ આકટના બીજા પરિશિષ્ટમા લખેલા કાયદા આ ઉપરથી સદરહુ પરીશીષ્ટના ત્રીજા આસનમા જણાવેલી હદ સુધી રદ કર્યો છે આ આકટને સને ૧૯૧૧ નો કોપીરાઇટ એકટ કહેવો

અરાજકતા તથા રાજ્યક્રાંતિના ગુન્હાઓને પહોંચી વળવા બાબતનો આક્ટ.

સને ૧૯૧૯ ના આક્ટ નંબર ૧૧ મો.

સામાન્ય ફોજદારી કાયદામા વધારો કરવાનો તથા અરાજકતા અન રાજ્યક્રાતિની ચળવળોને પહોચી વળવા સારૂ કટોકટીના પ્રસગના અધિકારો સરકાર ચલાવી શકે તેમ કરવાનો ઠરાવ કરવો ઇષ્ટ છે

અને આ કાયદો કરવા માટે સેક્રેટરી ઓફ સ્ટેટ ઇન્ કાઉન્સિલની અગાઉથી સમતિ લેવામા આવી છે, વાસ્તે આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છેઃ–

૧ (૧) આ આક્ટને સને ૧૯૧૯ નો અરાજકતા તથા રાજ્યક્રાતિના ગુન્હાઓ બાબતનો આક્ટ કહેવો

[૨] તે આખા બ્રિટીશ હિંદુસ્તાનને લાગુ પડે છે, તથા

(૩) તે હાલની લડાઇ જે તારીખે પુરી થાય તે તારીખથી ત્રણ વર્ષ સુધી અમલમા રહેશે

૨ (૧) આ આક્ટમા, વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરની કાઇ પણ બાધ આવતો ન હોય તો,—

" ચીફ જસ્ટીસ ' એ સજ્ઞાનો અર્થ, હાઇ કોર્ટનો સૌથી ઉંચા દરજ્જાનો જડજ એવો થાય છે

" સદરહુ કાયદો " એ સજ્ઞાનો અર્થ, સને ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો એવો થાય છે,

" હાઇ કોર્ટ " એ સજ્ઞાનો અર્થ, કોઈ પણ સ્થાનિક પ્રદેશ માટે ફોજદારી અપીલ અથવા રિવિઝનની સૌથી ઉપલી કોર્ટ એવો થાય છે

"પરિશિષ્ટમાનો ગુન્હો" એ સજ્ઞાનો અર્થ, પરિશિષ્ટમા નિર્દિષ્ટ કરેલો કોઇ પણ ગુન્હો એવો થાય છે

(૨) આ આક્ટમા વાપરેલા અને સદરહુ કાયદામા વ્યાખ્યા કરેલા, અને આમા અત્યાર પહેલા વ્યાખ્યા નહિ કર્યા હોય એવા સઘળા શબ્દો અને સજ્ઞાઓનો અર્થ સદરહુ કાયદામા અનુક્રમે તેમનો જે અર્થ કરવામા આવ્યો છે તે અર્થ થાય છે, એમ સમજવુ.

ભાગ ૧ લો.

૩ જો ગવર્નર જનરલ ઇન્ કોન્સિલની એવી ખાતરી થાય કે, આખા બ્રિટીશ હિન્દુસ્તાનમા અથવા તેના કાઇ પણ ભાગમા અરાજકતા અથવા રાજ્યક્રાતિની ચળવળો ચલાવવામા આવતી જાય છે, અને એવી ચળવળોના સબંધમા પરિશિષ્ટમાના ગુન્હાઓ એટલે દરજ્જે ચાલુ છે કે જાહેર સલામતીના હિત ખાતર એવા ગુન્હાઓનો ઝડપથી ઇન્સાફ કરવાનો ઠરાવ કરવો ઇષ્ટ છે તો, તેને ઇન્ડિયા ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તે પ્રમાણે જાહેર કરવાનો અધિકાર છે, અને તે ઉપરથી આ ભાગના ઠરાવો, જાહેરનામામા નિર્દિષ્ટ કરેલા પ્રદેશમા અમલમા આવશે

૪ (૧) જે પ્રસગે, સ્થાનિક સરકારનો એવો મત હોય કે, પરિશિષ્ટમાના કોઇ પણ ગુન્હાનુ તોહમત જે કોઇ પણ સખસના ઉપર મૂકવામા આવ્યુ હોય તે સખસનો ઇન્સાફ આ ભાગના ઠરાવોને અનુસરીને કરવો જોઇએ, તે પ્રસગે એવા સખસની વિરૂદ્ધ ચીફ જસ્ટીસને એક લેખી ફરિયાદ આપવાનુ કોઇ પણ સરકારી અમલદારને ફરમાવવાને તે સરકાર મુખત્યાર છે

(૨) પેટા-કલમ [૧] મુજબનો કાઇ પણ હુકમ, જે કોઇ પણ શખસને સદરહુ કાયદાની રૂયે ઇન્સાફ માટે હાઇકોર્ટ અથવા સેશન્સ કોર્ટમા મોકલવામા આવ્યો હોય તેના સબધમા કરવામા આવશે નહી, અથવા તેમા તે સખસનો સમાવેશ થાય છે એમ સમજવુ નહિ, પણ, ઉપર કહ્યુ તે સિવાય, પરિશિષ્ટમાના કોઇ પણ ગુન્હાના સબધમા તે પેટા કલમ મુજબનો હુકમ કરવાનો અધિકાર છે, પછી એવો ગુન્હો ૩ જી કલમ મુજબનુ જાહેરનામુ કાઢયા પહેલા કરવામા આવ્યો હોય અથવા પછી કરવામા આવ્યો હોય તેની કાઇ હરકત નહિ

(૩) સદરહુ ફરિયાદમા જે ગુન્હાનુ તોહોમત મુકવામા આવ્યુ હોય તે ગુન્હો, અને જાણવામા આવે તેટલે સુધી તોહોમતદારનુ નામ, રહેવાની જગ્યા અને ધંધો, તથા જે વખતે અને જે જગ્યાએ તે ગુન્હો કર્યાનુ કહેવામા આવતું હોય તે વખત અને તે જગ્યા, તથા તોહોમતદારની સામે જે પુરવાર કરવાનો ઇરાદો હોય તેના સબંધમા ફરિયાદ પક્ષ જાણતો હોય તે સઘળી વિગતો દર્શાવવી જોઇએ

(૪) ચીફ જસ્ટીસ, એક હુકમ કાઢીને, તોહોમતદારપર જે ગુન્હાનુ તોહોમત મૂકવામા આવ્યુ હોય તે ગુન્હાની વધુ હકીકતો પુરી પાડવામા આવે તેવી રીતે કોઈ પણ ફરિયાદ સુધારવાનુ ફરમાવવાને મુખત્યાર છે, અને, પ્રસગ પ્રમાણે, તે ફરિયાદ અથવા સુધારેલી ફરિયાદની એક નકલ ચીફ જસ્ટીસ, પોતે ફરમાવે તેવી રીતે તોહોમતદારપર બજાવવાનો હુકમ કરવો

૫ એવી રીત (ની નકલ તેનાપર) બજાવ્યા પછી, અને પોતાને યોગ્ય રીતે અરજી કરવામા આ થી, ચીફ જસ્ટીસે, તે ફરિયાદના સબધમા ઇન્સાફ કરવા માટે ત્રણ હાઇકોર્ટના જજો નીમવા (જેને આમા હવે પછી કોર્ટ કહેવામા આવી છે) અને ઇન્સાફની શરૂઆત કરવા માટે એક તારીખ નક્કી કરવી

પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે હાઇકોર્ટના જજોની કુલ સખ્યા ત્રણ કરતા વધારે ન હોય ત્યારે, ચીફ જસ્ટીસે વત્તામા વત્તા એવા બે જજોની નિમણુક કરવી, અને હેઠળ જણાવેલા વર્ગોમાના કોઇ પણ વર્ગમાનો એક અથવા જરૂર પડે તો બે, સખસની નિમણુક કરીને કોર્ટ પુરી કરવી, એટલે કે—

(અ) જે શખસોએ હાઇકોર્ટના કાયમના જજ તરીકે નોકરી કરી હોય તે સખસો, અથવા

(બ) બીજી હાઇ કોર્ટના ચીફ જસ્ટીસની સમતિથી, તે હાઈ કોર્ટના જજ હોય એવા સખસો

૬ કોર્ટે, આખા ઇન્સાફ અથવા તેના કોઈ પણ ભાગ માટે, પ્રાતતમા પોતાને યોગ્ય લાગે તે જગ્યા અથવા જગ્યાએએ ભરવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે જો એડવોકેટ જનરલ કોર્ટને ખાતરીથી જણાવે કે તેના મત પ્રમાણે ન્યાયના હિત ખાતર કોઈ ઇન્સાફ, સઘળો અથવા તેનો કોઇ પણ ભાગ, હાઈ કોર્ટની હમેશની કામકાજની જગ્યા સિવાયની કોઈ બીજી જગ્યાએ ચલાવેલા જોઇએ તો કોર્ટે, તહોમતદારને સાભળ્યા પછી, કારણોસર, (જે લખી રાખવા જોઇએ) બીજો કોઈ હુકમ કરવાનુ યોગ્ય ધારે નહિ તો, તે મુજબનો કોર્ટે હુકમ કરવો એડવોકેટ-જનરલના ખાતરી પત્રના ટેકામા સોગનનામાની જરૂર રહેશે નહિ, તેમજ એવુ ખાતરીપત્ર આપ્યાના કારણો તેણે જણાવવા પણ પડશે નહિ

૭ સદરહુ કાયદાના ઠરાવો, આ ભાગના ઠરાવો સાથે અસબદ્ધ ન થાય તેટલે સુધી આ ભાગની રૂયે ચાલેલા કામને લાગુ પડશે, અને એવી રીતે ચાલેલા કામ સદરહુ કાયદા મુજબ ચાલેલા કામ ગણવા, અને સદરહુ કાયદાની રૂયે અવલ હકુમત ચલાવતી સેશન કોર્ટને મળેલા અધિકારો સદરહુ કોર્ટને છે

૮ (૧) ઇન્સાફનુ કામ ફરિયાદ વાચીને શરૂ કરવામા આવશે, અને ત્યારપછી ફરીયાદ પક્ષનુ કામ ચલાવનાર સખસે તોહમતદારનો ગુન્હો પોતે કયા પુરાવાથી સાબિત કરવા માગે છે તે ટુકમા કહી જવુ

(૨) કોર્ટે ત્યાર પછી, તોહમતદારનો ઇન્સાફ કરવામા, આ ભાગના ઠરાવોને પાત્ર, સદરહુ કાયદા મુજબ માજીસ્ટ્રેટોએ વોરટના મુકદમાનો ઇન્સાફ કરવા માટે જે રીત ઠરાવેલી છે તે રીતે ચાલવુ

૯ જો તોહમતનામુ તૈયાર કરવામા આવે તો, તોહમતદારને ચૌદ દિવસની અથવા તે જણાવે તેટલી કોઇ પણ ઓછી મુદતની તહકુબી માગવાનો હક છે, અને કોર્ટે તેની અરજ સ્વીકારવી, પણ, આ કલમની રૂયે ઠરાવેલી તહકુબીને પાત્ર, કોર્ટને પોતાના મત પ્રમાણે ન્યાયના હિત ખાતર એવી તહકુબી જરૂર લાગે તે સિવાય, તે કોઇ પણ કારણ સારૂ ઇન્સાફનુ કામ તહકુબ રાખવાને બધાયલી નથી

૧૦ કોર્ટે, જે સાક્ષીને તપાસવામા આવે તે દરેકની જુબાની કોર્ટ ઠરાવે તેવી રીતે પુરેપુરી, લખી લેવડાવવી

૧૧ કોર્ટ જો તેનો એવો અભિપ્રાય થાય કે જાહેર હિતની ખાતર અથવા કોઇ સાક્ષીના રક્ષણ માટે તેમ કરવુ જરૂરનુ છે તો તે ઠરાવે તેવી રીતે, તેણે ચલાવેલા કામ અથવા તેણે ચલાવેલા કામનો કોઈ પણ ભાગ પ્રસિદ્ધ કરવા અથવા ઉઘાડો પાડવાની મના કરવા અથવા તેનો અટકાવ કરવાને મુખત્યાર છે

૧૨ (૧) ફરિયાદ પક્ષનો મુકદમો પુરો થાય નહીં ત્યા સુધી આ ભાગ મુજબના ઇન્સાફના કામ દરમિયાન

કોર્ટે તોહમતદારને કાંઇ પણ પ્રશ્નો પુછવા નહિ, ત્યાર પછી તથા તોહમતદાર પોતાનો બચાવ શરૂ કરે તે પહેલા, કોર્ટે તોહમતદારને જણાવવુ, કે જો તેની તેવી ઇચ્છા હોય તો, તેના પોતાના તરફથી સોગનપર જુબાની આપવાને તેને હક છે, અને સાથે સાથે એમ પણ જણાવવુ કે જો તે એમ કરે તો, તે ઉલટ તપાસને પાત્ર થશે પછી જો તોહમતદાર પોતે સોગનપર જુબાની આપવા ઇચ્છે છે એમ જણાવે નહિ તો, સદરહુ કાયદાની ૩૪૧ મી કલમના ઠરાવોને અનુસરીને મુકદમાના સબંધમા તોહમતદારને ત્યાર પછી કોઈ પણ વખતે સામાન્ય રીતે સવાલ પુછવાનો કોર્ટને અધિકાર છે

(૨) જ્યારે તોહમતદારને સદરહુ પ્રમાણે જણાવવામા આવે ત્યારે જો તોહમતદાર એમ કહે કે તે સોગનપર જુબાની આપવા માગે છે, તો કોર્ટે પછીના કોઈપણ વખતે તેને કોઇપણ સવાલ પૂછવો નહિ

પણ એવુ ઠરાવ્યુ છે કે જો તોહમતદાર એવી રીતે જુબાની ન આપે તો, તે પછી, બચાવપક્ષના સાક્ષીઓ તપાસ્યા બાદ, કોર્ટ સદરહુ કલમના ઠરાવોને અનુસરીને મુકદમાના સબંધમા તોહમતદારને સામાન્ય રીતે સવાલો પુછવાને મુખત્યાર છે

(૩) તોહમતદાર સોગનપર જુબાની ન આપે તો ફરિયાદ પક્ષે તેના ઉપર ટીકા કરવી નહિ, તેમજ એવી રીતે જુબાની ન આપ્યાથી કોર્ટે તોહમતદારની વિરૂદ્ધ કાંઇ પણ અનુમાન કરવુ નહિ

(૪) જો તોહમતદાર સોગનપર જુબાની આપે તો હેઠળના નિયમો પ્રમાણે કામ ચાલવુ જોઇએ, એટલે કે —

(અ) જે ગુન્હાનુ તોહમત મુકવામા આવ્યુ હોય તેના સબંધમા તે ગુન્હેગાર ઠરે એવો સભવ રહે તેમ છતા ઉલટપાલટ તપાસમા તેને કોઇ પણ સવાલ પૂછવાનો અધિકાર છે

(બ) હેઠળ પ્રમાણે નહિ હોય તો, તે વખતે જે ગુન્હાનુ તોહમત તેનાપર મુકવામા આવ્યુ હોય તે સિવાયનો બીજો કોઇપણ ગુન્હો તેણે કર્યો છે એમ અથવા તે ગુન્હાની સાબિતીનો તેનાપર ઠરાવ થયો છે એમ અથવા તો તે ગુન્હાનુ તેનાપર તોહમત મુકાયેલુ છે એમ અથવા તો તેની ચાલચલણ ખરાબ છે એમ બતાવે એવો કોઇપણ પ્રશ્ન તેને પુછવો નહિ, અને જો તે પુછવામા આવે તો તેનો જવાબ આપવાની તેને ફરજ પાડવી નહિ, એટલે કે —

[૧] તેણે એવો બીજો ગુન્હો કર્યો છે તે અથવા તેવા બીજા ગુન્હાની સાબિતીનો તેના પર ઠરાવ થયો છે તેની માબિતી, તે વખતે તેનાપર જે ગુન્હાનુ તોહમત મુકવામા આવ્યુ હોય તેનો તે ગુન્હેગાર છે એમ બતાવવા સારૂ ગ્રાહ્ય પુરાવો હોય નહિ તો, અથવા

(૨) તેની પોતાની સારી ચાલચલણ નક્કી કરવાના હેતુથી ફરિયાદ પક્ષ તરફના સાક્ષીઓને ઉલટ તપાસવામા આવ્યા હોય નહિ તો, અથવા તેની સારી ચાલચલણનો તેણે પુરાવો આપ્યો હોય નહિ તો, અથવા ફરિયાદ પક્ષ તરફના સાક્ષીઓની ચાલચલણપર આરોપો આવે, એવા પ્રકારનો બચાવ હોય નહિ અથવા એવી રીતે બચાવ હોય નહિ અથવા એવી રીતે બચાવ કરવામા આવતો હોય નહિ તો, અથવા

(૩) તેજ ગુન્હાનુ તોહમત મુકવામા આવ્યુ હોય એવા બીજા કોઇપણ સખસ સામે તેણે પુરાવો આપ્યો નહિ હોય તો

(ક) કોર્ટ તરફથી કોઇ બીજી રીતે હુકમ કરવામા આવે નહિ તો, તેણે પોતાની જુબાની સાક્ષીઓના પિંજરામાથી અથવા જે બીજી જગાએથી બીજા સાક્ષીઓ પોતાની જુબાની આપતા હોય તે જગાએથી આપવી

૧૩ જો તોહમતદાર અથવા તેમાનો કોઈ પણ તોહમતદાર, કોઇ પણ સાક્ષીને બોલાવે અને તેને તપાસ, તો છેવટનો જવાબ આપવાનો હક ફરિયાદ પક્ષને રહેશે પણ બીજા સઘળા પ્રસંગોએ તે હક તોહમતદારને રહેશે

પણ એવુ ઠરાવ્યુ છે કે, તોહમતદારની સાક્ષી તરીકની એકલી તપાસથી જ ફરિયાદ પક્ષને છેવટના જવાબનો હક પ્રાપ્ત થશે નહિ

૧૪ કોર્ટના સભ્યોમા કાંઇ મતભેદ પડે તે પ્રસગે, અર્ધા કરતા વધારે સભ્યોનો મત નિર્ણયાત્મક ગણાશે

૧૫ આ ભાગ મુજબના કોઇપણ ઇન્સાફમા તોહમતદારપર પરિશિષ્ટમા જણાવેલા કાયદાના કોઇ

પણ ઠરાવની વિરૂદ્ધના કોઈ પણ ગુન્હાનુ તોહમત મુકવાનો અને તેના ઉપર તેની સાબિતીનો ઠરાવ કરવાનો અધિકાર છે

૧૬ કોર્ટ, પોતે જે કોઇ પણ સખસપર ગુન્હાની સાબિતીનો ઠરાવ કર્યો હોય તે સખસને એવા સખસ પર જે ગુન્હાની સાબીતીનો ઠરાવ થયો હોય તે ગુન્હા માટે કાયદામા જે શિક્ષા કરવાનો અધિકાર આપ્યો હોય તે શિક્ષા કરવાને મુખત્યાર છે અને તેણે કરેલી કોઈ પણ શિક્ષાના સબધમા બહાલીના કોઇ હુકમની જરૂર પડશે નહિ

પણ એવુ ઠરાવ્યુ છે કે જે કોઈ પણ તોહમતદાર સખસના ગુન્હાના સબધમા કોર્ટના સભ્યો વચ્ચે મતભેદ પડે તે તોહમતદારને મોતની શિક્ષા કરવી નહિ

૧૭ કોર્ટનો ફેસલો છેવટનો નિર્ણયકારક ગણાશે અને, સદરહુ કાયદાના અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇ પણ બીજા કાયદાના અથવા ગમે તે કોઇ અધિકારીએ રચેલા અથવા કરેલા કાયદાનો અમલ હોય એવા કોઈ પણ [ધારા] ના ઠરાવો છતા પણ, કોર્ટના કોઇ પણ હુકમ અથવા શિક્ષાપર અપીલ ચાલશે નહિ, અને એવા હાઈ કોર્ટને, એવો કોઇ પણ હુકમ અથવા શિક્ષા ફરી તપાસવાનો અથવા એની કોર્ટમાથી કોઇ પણ મુકદમો બીજી કોર્ટમા મોકલવાનો, અથવા સદરહુ કાયદાની ૪૯૧ મી કલમની રૂયે કોઈ પણ હુકમ કરવાનો અધિકાર નથી અથવા આ ભાગ મુજબના કોર્ટ પણ ચાલેલા કામના સબધમા તેને કોઇ પણ પ્રકારની કોઇ હકુમત નથી

પણ એવુ ઠરાવ્યુ છે કે કોર્ટે શિક્ષા કરી હોય તે કોઈ પણ સખસના સબધમા આ કલમમાના કોઇ પણ મજકુર ઉપરથી, સદરહુ કાયદાની કલમ ૪૦૧ અથવા ૪૦૨ મુજબના હુકમો કરવાના ગવર્નર જનરલ ઈન કૌન્સિલ અથવા સ્થાનિક સરકારના અધિકારોને બાધ આવે છે એમ સમજવુ નહિ

૧૮ (૧) સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના કાયદામા વિરૂદ્ધ રીતનો કોઇ પણ મજકુર હોય તો પણ, જે પ્રસગે—(અ) કોઇ પણ વખતે કરેલી કેફીયત માજીસ્ટ્રેટે લખી લીધી હોય, અને એવી કેફિયત કરનાર સખસને તે વાચી સભળાવીને સમજાવવામા આવી હોય અને તે ઉપર તેણે સહી કરી હોય, અથવા (બ) કોઈ પણ સખસની કેફીયત કોર્ટે લખી લીધી હોય, પણ એવા સખસની ઉલટ તપાસ કરવામા આવી ન હોય

તે પ્રસગે, તે કેફિયત કરનાર સખસ જો મરી ગયો હોય, અથવા મળી શકતો ન હોય અથવા જુબાની આપવાને અશક્ત હોય, અને કોર્ટની ખાત્રી થાય એવી રીતે સાબિત કરવામા આવે કે એવુ મોત, ગુમ થઇ જવુ અથવા અશક્તપણુ તોહમતદારના હિતમા થયુ છે તો, કોર્ટને એવી કેફિયત પુરાવામા દાખલ કરવાનો અધિકાર છે,

(૨) સદરહુ કાયદાની ૫૧૨ મી કલમ મુજબ લખી લીધેલી જુબાનીઓ, તે કલમમા નિર્દિષ્ટ કરેલા સજોગોમા આ ભાગ મુજબ તોહમતદારના ઇન્સાફ વખતે પુરાવામા આપી શકાશે

૧૯ ઇન્સાફ દરમિયાન કોર્ટની કોઇ પણ ફરી રચના થાય તે પ્રસગે, એવો ફરી રચાયલી કોર્ટે, તોહમતદારની એવી ઇચ્છા હોય તો, મુકદમામા જુબાની આપી ચુક્યો હોય એવા કોઇ પણ સાક્ષીને પાછો બોલાવવો અને તેને ફરી સાભળવો.

૨૦ ચીફ જસ્ટીસને વખતોવખત હેઠળની બાબતો માટે વ્યવસ્થા કરવા સારૂ કાનુનો કરવાનો અધિકાર છે, એટલે કે—

(૧) કોર્ટના પ્રેસીડન્ટની નિમણુક તથા તેની સત્તા માટે, તથા તોહમતદારના આખા ઇન્સાફ દરમિયાન હાજર રહેવાનુ કોર્ટના કોઇ પણ જડજથી ન બને ત્યારે કોર્ટ પુરી કરવા સારૂ કેવી રીતે કામ લેવુ તે બાબત માટે તથા

(૨) ઈન્સાફને પ્રારભી અથવા આનુષગિક હોય એવા આ ભાગના ઠરાવોનો અમલ કરવા સારૂ અથવા તેમા વધારો કરવા સારૂ તેને જરૂરની લાગે તેવી (તોહમતદારને વચગાળે પહેરામા રાખવા તથા તેને જામીનપર છોડવાની બાબતો સુદ્ધાની) કોઈ પણ બાબતો માટે.

ભાગ ૨ જો.

૨૧ જો ગવર્નર જનરલ ઇન કૌંસિલની એવી ખાતરી થાય કે આખા બ્રિટિશ હિંદુસ્તાનમા અથવા તેના કોઇ પણ ભાગમા, પોતાના મત પ્રમાણે પરિશિષ્ટમાના ગુન્હાઓ થવા પામે એવી અરાજકતા અથવા રાજ્યક્રાંતિની ચળવળો કોઇ પણ ભાગમા મોટા વિસ્તારમા ચલાવવામા આવતી જાય છે, તો ઇન્ડિયા ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તે પ્રમાણે જાહેર કરવાનો તેને અધિકાર છે, અને તે ઉપરથી જાહેરનામામા નિર્દિષ્ટ કરેલા પ્રદેશમા આ ભાગના ઠરાવો અમલમા આવશે

૨૨ (૨) જે પ્રસગે, સ્થાનિક સરકારના મત પ્રમાણે, કાઇ પણ સખસ એવા પ્રદેશમાં ૨૧ મી કલમમા જણાવેલા પ્રકારની કોઇ પણ ચળવળમા આગળ પડતો ભાગ લે છે અથવા તેણે લેવા ઠરાવ કર્યો છે, એમ માનવાને વ્યાજબી કારણો હોય તે પ્રસગે, સ્થાનિક સરકારે, તેને લગતી પોતાના કબજામાથી સઘળી હકીકતો હાઇકોર્ટમા નીમવાને લાયક હોય એવા ન્યાયખાતાના અમલદાર આગળ રજુ કરવી અને તે પર તેનો મત લેવો જો એવો મત ધ્યાનમા લીધા પછી આ કલમ મુજબ પગલા લેવાની જરૂર છે એમ સ્થાનીક સરકારની ખાતરી થાય તો, એવો સખસ એવા પ્રદેશમા ૨૧ મી કલમમા જણાવેલા પ્રકારની ચળવળમા આગળ પડતો ભાગ લે છે અથવા તેણે લેવા યત્ન કર્યો છે એવી વિજ્ઞાપનાવાળા લેખી હુકમદ્વારા હેઠળ જણાવેલા સઘળા અથવા કોઇ પણ હુકમો કરવાને તે મુખત્યાર છે, એટલે કે એવા હુકમ કરવાને મુખત્યાર છે કે સદરહુ સખસે—(અ) એવી રીતે નિર્દિષ્ટ કરવામા આવે તેટલી એક વર્ષથી વધારે નહિ હોય એટલી મુદત સુધી પારિશિષ્ટમા જણાવેલા કાયદાના કોઈ પણ ઠરાવની વિરૂદ્ધ કોઇ પણ ગુન્હો તે કરશે નહિ અથવા કરવાનો પ્રયત્ન અથવા સપ કરશે નહિ, અથવા તે ગુન્હો કરવામા મદદગારી કરશે નહિ એવી સરતનુ જામીન સાથેનુ અથવા જામીન વગરનુ સદરહુ હુકમમા જણાવવામા આવે તેટલી મુદતમા ખત કરી આપવુ

(બ) એવી રીતે જણાવવામા આવે તેવા અધિકારીને પોતાની રહેવાની જગ્યા તથા રહેવાની જગ્યામા કાઇ ફેરફાર કર્યો હોય તો તે ફેરફાર જણાવવો (ક) એવી રીતે જણાવેલા બ્રિટિશ હિંદુસ્તાનના કોઇ પણ પ્રદેશમા રહેવુ અથવા વાસો કરવો, પણ એવુ ઠરાવ્યુ છે કે જો એવી રીતે નિર્દિષ્ટ કરેલો પ્રદેશ પ્રાંતની બહાર હોય તો તે પ્રદેશના સ્થાનિક સરકારની, તે હુકમ કરવાના સબધમા પહેલા સમ્મતિ મેળવેલી હોવી જોઇએ (ડ) સ્થાનિક સરકારના મત પ્રમાણે જાહેર સુલેહમા ભગ કરે અથવા જાહેર સલામતીને જોખમમા નાખે તેવા, એવી રીતે નિર્દિષ્ટ કરેલા કોઇ પણ કૃત્ય કરવાથી દુર રહેવુ, અને (ઇ) એવી રીતે નિર્દિષ્ટ કરવામા આવે તેવી મુદતોએ પોતાના રહેઠાણથી સૌથી નજદીકનુ પોલિસ સ્ટેશન જે અમલદારના હવાલામા હોય તે અમલદારની આગળ હાજરી આપવી

(૨) પેટા કલમ [૨] ની રકમ (બ) થી (ઇ) સુધીની રકમો મુજબનો કોઇ પણ હુકમ, સદરહુ પેટા કલમની રકમ (અ) મુજબના હુકમ પ્રમાણે ચલાવવાને લાગતો વળગતો સખસ કસુર કરે તો પણ અમલમા મુકવાનો અધિકાર છે

૨૩ ૨૨ મી કલમ મુજબ કરેલો હુકમ, જે સખસના સબધમા તે કરવામા આવ્યા હોય તેના પર સદરહુ કાયદામા સમન બજાવવા માટે જે રીત ઠરાવેલી છે તે રીતે બજાવવો અને એવી બજાવણી થયેથી એવા સખસને તેની યોગ્ય રીતે ખબર મળેલી ગણવામા આવશે

૨૪ સ્થાનિક સરકાર અથવા સરકારના જે દરેક અમલદારના પર, સ્થાનિક સરકાર તરફથી અથવા તેની સામાન્ય અથવા ખાસ સત્તાથી અથવા સત્તાની રૂયે ૨૨ મી કલમ મુજબના કોઇ પણ હુકમની નકલ મોકલવામા આવે તે સરકારનો અમલદાર તેનો અમલ બર લાવવા સારૂ વ્યાજબી રીતે જરૂરના સઘળા ઇલાજોનો ઉપયોગ કરવાને મુખત્યાર છે

૨૫ ૨૨ મી કલમ મુજબ કરેલો હુકમ આ ભાગમા હવે પછી ઠરાવ્યા પ્રમાણે સ્થાનિક સરકાર તરફથી તેની મુદત લબાવવામા આવે નહિ તો, માત્ર એક મહીનાની મુદત સુધી અમલમા રહેશે

૨૬ (૧) જ્યારે સ્થાનિક સરકાર ૨૨ મી કલમ મુજબનો હુકમ કરે ત્યારે સદરહુ સરકારે બને તેટલી જલદીથી, આ આકટ મુજબ રચાવાના તપાસ કરનાર અધિકારી મડળને, એક સક્ષિપ્ત લેખી કેફિયત મોકલવી અને તેમા તે હુકમ કરવાનો સરકારને ક્યા કારણોસર જરૂરનુ જણાયુ તે કારણો સ્પષ્ટપણે જણાવવા

અને ચોકસીને લગતી હોય એવી પોતાના કબજામાની સઘળી અગત્યની બીનાઓ તથા સંજોગો તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવા

(૨) ત્યાર પછી તપાસ કરનાર અધિકારી મંડળે સરકારે રજુ કરેલી હકીકતો તથા સંજોગો ધ્યાનમા લેતા, જે સખસના સંબંધમા હુકમ કરવામા આવ્યો હોય તેની સામે, પોતાના મત પ્રમાણે, શુ જણાય છે તે નક્કી કરવા સારૂ, એક ખાનગીમા ચોકસી કરવી એવા અધિકારી મંડળે, દરેક પ્રસંગે મજકુર સખસને કામ ચાલતું હોય તે દરમિયન કોઈ પણ તબકકે પોતા આગળ આવવાની યોગ્ય તક આપવી અને, જો તે એવી રીતે આવે તો, તેને તેની સામે જે પ્રકરણ તોહમત મૂકવામા આવ્યુ હોય તે સમજાવવુ અને તેને જે કાંઇ ખુલાસો કરવો હોય તે સાભળવો અને સદરહુ અધિકારીને લગતી અને વ્યાજબી લાગે તેવી બીજી વધુ તપાસ (જો કોઇ પણ કરવાની હોય તો) કરવી

પણ એવુ ઠરાવ્યુ છે કે—(અ) જે સખસનો મુકદમો તપાસ કરનાર અધિકારી મંડળ સમક્ષ હોય તેને તેની સન્મુખ હાજર થવાનો પોતાના વતી વકીલને હાજર રાખવાનો આ કલમના કોઈ પણ મજકુર ઉપરથી હક છે એમ સમજવુ નહિ, તેમજ સ્થાનિક સરકારને એવી રીતનો હક છે નહિ (બ) તપાસ કરનાર અધિકારી મંડળે જે કોઇ પણ હકીકત કહેવાથી જાહેર સલામતી અથવા કોઇ પણ વ્યક્તિની સલામતી જોખમમા આવે તેમ હોય એવી કોઇ પણ હકીકત મજકુર સખસ આગળ ખુલ્લી કરવી નહિ, (ક) જો મજકુર સખસ, કોઇ પણ સખસને હાજર કરાવવાની અથવા કોઈપણ દસ્તાવેજ અથવા વસ્તુ રજુ કરવાની તપાસ કરનાર અધિકારી મંડળને અરજ કરે તો, એવા અધિકારી મંડળે, જો તે કોઇ કારણો (જે તેણે લખી રાખવા જોઇએ) સર તેમ કરવુ બિનજરૂરનુ ન ધારે તો, એવા સખસને હાજર કરાવવો અથવા દસ્તાવેજ અથવા વસ્તુ રજુ કરાવવી અને તે કારણ સારૂ, સદરહુ કાયદાથી તે બાબતોના સંબંધમા ડિસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને જે અધિકારો આપેલા છે તે સઘળા તેને પ્રાપ્ત થશે

(૩) પેટા કલમ (૨) ના ઠરાવોને પાત્ર, સદરહુ ચોકસી મુકદમાની હકીકતો શોધી કાઢવા સારૂ તપાસ કરનાર અધિકારી મંડળ સૌથી વિશેષ યોગ્ય રીતે ધારે તે રીતે ચાલવામા આવશે, અને સદરહુ ચોકસી કરવામા સદરહુ અધિકારી મંડળ પુરાવાના કાયદાની કાનુનો પ્રમાણે ચલાવને બંધાયલો રહેશે નહિ

(૪) જે સખસનો મુકદમો તપાસ હેઠળ હોય તે સિવાયના બીજા કોઇપણ સખસે તપાસ કરનાર અધિકારી મંડળ આગળ કહેલી કેફિયત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૮૨ મી કલમના અર્થ પ્રમાણે સરકારી નોકરને આપેલી ખબર ગણવામા આવશે

(૫) ચોકસી પુરી થયેથી તપાસ કરનાર અધિકારી મંડળ પોતે શુ નિર્ણય પર આવ્યુ છે તેનો તેણે સ્થાનિક સરકારને લેખી રીપોર્ટ કરવો અને તેના ટેકામા કારણો ટાંકવા, એવી રીતે રીપોર્ટ કરવામા તપાસ કરનાર અધિકારી મંડળે જે સખસનો મુકદમો તપાસ હેઠળ હોય તે સખસ પોતાના મત પ્રમાણે ૨૧ મી કલમમા જણાવેલા પ્રકારની કોઈ પણ ચળવળમા આગળ પડતો ભાગ લે છે કે નહી અથવા તેણે લેવા યત્ન કર્યો છે કે નહિ તે જણાવવુ

(૬) ૨૫ મી કલમનીરૂએ હુકમમા જે મુદત ઠરાવી હોય તે મુદતની અંદર તપાસ કરનાર અધિકારી મંડળે સદરહુ ચોકસી પુરી કરી નહિ હોય તો, એવા અધિકારી મંડળને પોતાને જરૂરની લાગે તેટલી મુદત સુધી હુકમની મુદત વધારવાનુ સ્થાનિક સરકારને સલાહ આપવાનો અધિકાર છે, અને એવી સલાહ ઉપરથી સ્થાનિક સરકાર તે પ્રમાણે હુકમની મુદત વધારવાને મુખત્યાર છે

૨૭ તપાસ કરનાર અધિકારી મંડળનો રીપોર્ટ મળેથી સ્થાનિક સરકાર ૨૨ મી કલમની રૂયે કરેલો હુકમ રદ કરવાને અથવા તે કલમથી સત્તા આપેલી હોય એવો કોઇ પણ હુકમ કરવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે—(અ) એવી રીતે કરેલા હુકમમા તપાસ કરનાર અધિકારી મંડળના નિર્ણયો તેણે જણાવ્યા પ્રમાણે વર્ણવવા જોઇએ, તથા [બ] જે સખસના સંબંધમા તે હુકમ કરવામા આવ્યો હોય તેને એવા હુકમની એક નકલ પુરી પાડવી જોઇએ

(૨) પેટા-કલમ (૧) ની રૂયે કરેલો કોઇ પણ હુકમ, ૨૨ મી કલમ મુજબ કરેલા હુકમની તારીખથી એક વર્ષ કરતા વધારે વખત સુધી અમલમા રહેશે નહિ

[૩] પેટા કલમ (૧) ની રૂયે કરેલા હુકમની મુદ્દત પુરી થયેથી, સ્થાનિક સરકારની જો એવી ખાતરી થાય કે જાહેર સલામતીના હિતમા તેમ કરવુ જરૂરનુ છે તો સદરહુ હુકમ જે સખસના સબંધમા હોય તે સખસના સબંધમા, ફરીથી ૨૨ મી કલમની રૂયે સત્તા આપેલો કોઇ પણ હુકમ કરવાને તે મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે આ પેટા કલમ મુજબનો હુકમ કરતા પહેલા જે હુકમ કરવા ધાર્યો હોય તેની એક નકલ સબંધ ધરાવતા સખસને પુરી પાડવી જોઇએ, અને તે સખસને સદરહુ હુકમના સબંધમા સ્થાનિક સરકારને અરજી કરવાનો અધિકાર છે, સ્થાનિક સરકારે એવી કોઈ પણ અરજી તપાસ કરનાર અધિકારી મડળને ચોકસી તથા રીપોર્ટ માટે મોકલી આપવી, અને સદરહુ અધિકારી મડળે ૨૬ મી કલમના ઠરાવોને અનુસરીને ચોકસી કરીને તે પર રીપોર્ટ ઉપર વિચાર ચલાવવો

પણ વળી એવુ ઠરાવ્યુ છે કે આ પેટા કલમ મુજબ કરેલા કોઇ પણ હુકમનો અમલ તે જે તારીખે કરવામા આવ્યો હોય તે તારીખથી એક વર્ષ કરતા વધુ ચાલુ રહેશે નહિ

(૪) આ કલમ મુજબ કરેલો કોઇ પણ હુકમ કોઇ પણ વખતે રદ કરવાનો અથવા તેને બદલો ૨૨ મી કલમની રૂયે સત્તા આપેલો બીજો કોઈ પણ હુકમ કરીને તેમા ફેરફાર કરવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે એવા કોઇ ફેરફારથી સદરહુ હુકમ જે મુદ્દત સુધી અમલમા રહ્યો હોત તે મુદ્દત લબાવશે નહિ

(૫) આ કલમ મુજબના હુકમો અમલમા આણવા માટે ચોવીસ મી કલમના ઠરાવો લાગુ પડશે

૨૮ જે કોઇ પણ સખસ, ૨૨ મી કલમ અથવા ૨૭ મી કલમ મુજબના (તારણ આપવાના હુકમ સિવાયના બીજા] કોઇ પણ હુકમ પ્રમાણે ચાલવાને ચુકશે, અથવા તો તેમાથી છટકી જવાનો પ્રયત્ન કરશે તો, માજીસ્ટ્રેટ આગળ ગુન્હાની સાબીતીનો ઠરાવ થયેથી તે છ મહીનાની મુદ્દત સુધીની કેદની અથવા પાચસો રૂપીઆ સુધીના દડની અથવા એ બન્ને શિક્ષાને પાત્ર થશે

૨૯ સદરહુ કાયદાની ૫૧૪ મી કલમના ઠરાવો, આ ભાગના ઠરાવોની રૂયે કરેલા ખતોને લાગુ પડશે, પણ તેમા એવો ફેરફાર રાખવામા આવ્યો છે કે, સ્થાનિક સરકાર તરફથી અરજી કરવામા આવેથી, તે કલમથી કોર્ટને આપેલા અધિકારો, કોઇ પણ ડિસ્ત્રિકટ માજીસ્ટ્રેટ અથવા ચીફ પ્રેસિડન્સી માજીસ્ટ્રેટ ચલાવી શકશે

૩૦ (૧) આ ભાગને અમલમા મુકવાનુ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યા પછી બની શકે તેટલી જલદીથી સ્થાનિક સરકારે આ ભાગના કારણો સારૂ એક અથવા વધારે તપાસ કરનાર અધિકારી મડળો નીમવા તથા જરૂર જણાય ત્યારે વધારાના તપાસ કરનાર અધિકારી મડળો નીમવાને મુખત્યાર છે

(૨) દરેક તપાસ કરનાર અધિકારીમડળની નિમણુક લેખી હુકમથી કરવી અને તે મડળ ત્રણ સખસોનુ બનેલુ હોવુ જોઇએ, જેમાના બે, ડિસ્ત્રીકટ અને સેશન્સ જડજના દરજ્જા કરતા ઓછા દરજ્જાનો ન હોય એવો ન્યાયખાતાનો હોદ્દો ભોગવતો હોય એવા સખસો હોવા જોઇએ અને એક હિદુસ્તાનમા શહેનશાહની નોકરીમા ન હોય એવો સખસ હોનો જોઇએ

(૩) સ્થાનિક સરકાર, મરણ નીપજવાથી, હોદ્દાનુ રાજીનામુ આપ્યાથી અથવા બીજી કોઇ રીતે કોઇ પણ અધિકારી મડળમા પ્રસગોપાત ખાલી પડતી જગ્યાઓ એવાજ હુકમથી કોઇ પણ સખસોની નીમણુક કરીને પુરવાને મુખત્યાર છે પણ તેમ કરવામા તેણે પેટા–કલમ (૨) ના ઠરાવો પાળવા જોઇએ

૩૧ (૧) સ્થાનિક સરકારે આ ભાગ મુજબ અકુશ હેઠળના સખસોના સુખચેન તથા બરદાસના સબધમા રીપોર્ટ કરવા પોતાને યોગ્ય લાગે તેવા સખસોની વિઝિટિંગ (મુલાકાત લેનારી) કમિટીઓ લેખી હુકમથી નીમવી અને આ કમિટીઓએ શુ કામ કરવા તે કાનુનો કરીને ઠરાવવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે એની કાનુનો કરવામા, આ ભાગના ઠરાવો મુજબ અકુશ હેઠળના શખસોને મુદ્દતે મુદ્દતે જોવા જવા માટેનો ઠરાવ દાખલ કરવો જોઇએ

પણ વળી એવુ ઠરાવ્યુ છે કે જે સખસના સબધમા ૨૨ મી અથવા ૨૭ મી કલમની રૂયે, કોઇ નિર્દિષ્ટ કરેલા કામથી દુર રહેવાનુ અથવા પોલીસ આગળ પોતાની હાજરી આપવાનું ફરમાવવાનો હુકમ કરવામા આવ્યો હોય તે સખસને આ કલમના કારણ સારૂ અકુશ હેઠળ છે એમ ગણવુ નહિ.

(૨) પેટા–કલમ (૧) ની રૂએ કરેલી સઘળી કાનુનો સ્થાનિક સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવી અને એવી રીતે તે પ્રસિદ્ધ કર્યાથી, જાણે તે આ ભાગમા દાખલ કરવામા આવી હોય તેવી રીતે તેમનો અમલ થશે

૩૨ સ્થાનિક સરકારને, આ ભાગ મુજબ કયા અધિકારીઓ સમક્ષ અને કઈ રીતે ખતો લખી આપવા તે ઠરાવનારી તથા જે સખસોના સબધમા ૨૨ મી અથવા ૨૭ મી કલમ મુજબના હુકમો કરવામા આવ્યા હોય તેમણે જણાવવાની પોતાની રહેવાની જગ્યા તથા પોલીસ આગળ આપવાની હાજરીના સબધમા કેવી રીતે કામ કરવુ તે ઠરાવનારી કાનુનો કરવાનો અધિકાર છે

(૨) પેટા–કલમ (૧) ની રૂએ કરેલી સઘળી કાનુનો સ્થાનિક સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવી અને એવી રીતે તે પ્રસિદ્ધ કરવામા આવેથી, જાણે તે આ ભાગમા દાખલ કરવામા આવી હોય તેવી રીતે તેમનો અમલ થશે

ભાગ ૩ જો.

૩૩ જો ગવર્નર જનરલ ઇન કાઉન્સિલની એમ ખાતરી થાય કે આખા બ્રિટિશ હિંદુસ્તાનમા અથવા તેના કોઇ પણ ભાગમા અરાજકતા અથવા રાજ્યક્રાંતિની ચળવળો ચલાવવામા આવતી જાય છે તથા એવી ચળવળોના સબધમા પરિશિષ્ટમાના ગુન્હાઓ જાહેર સલામતી જોખમમા આવી પડે એટલે દરજ્જે ચાલુ છે, તો ઇંડિયા ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તે પ્રમાણે જાહેર કરવાનો તેને અધિકાર છે, અને તે ઉપરથી આ ભાગના ઠરાવો સદરહુ જાહેરનામામા નિર્દિષ્ટ કરેલા પ્રદેશમા અમલમા આવશે

૩૪ (૧) જે પ્રસગે, સ્થાનિક સરકારના મત પ્રમાણે એવા પ્રદેશમા કોઈ પણ સખસે પરિશિષ્ટમાના કોઇ પણ ગુન્હામા ભાગ લેવા ઠરાવ કર્યો છે અથવા લે છે એમ માનવાને વ્યાજબી સબબો હોય ત્યારે, સ્થાનિક સરકાર, તેની બાબતને લગતી પોતાના કબજામા હોય તેવી સઘળી હકીકતો, હાઇકોર્ટમા નિમાવાને લાયક હોય એવા ન્યાય ખાતાના અમલદાર સમક્ષ રજુ કરવાને અને તે ઉપર તેનો મત લેવાને મુખત્યાર છે જો એવા મતપર વિચાર ચલાવ્યા પછી એવુ પગલુ ભરવાનુ જરુરનુ હોવા બાબત સ્થાનિક સરકારની ખાતરી થાય તો, એવા સખસના સબધમા ૨૨ મી કલમમા સત્તા આપેલો કોઈ પણ હુકમ કરવાને તે મુખત્યાર છે, અને વધુ લેખી હુકમથી હેઠળ મુજબ ફરમાવવાનો તેને અધિકાર છે, એટલે કે –(અ) એવા કોઇ પણ સખસને વારટ વગર પકડવાનુ ફરમાવવાનો, (બ) એવા કોઈ પણ સખસને તે નિર્દિષ્ટ કરે તેવી જગ્યાએ અને તેવી સરતોથી અને તેવા બધનો હેઠળ કેદમા ગખવાનુ ફરમાવવાનો, પણ એવુ ઠરાવ્યુ છે કે, કોઇ પણ તુરગ અથવા બીજી જગ્યાનો જે ભાગ સને ૧૮૯૪ ના તુરગો બાબતના આક્ટમા વ્યાખ્યા કર્યા પ્રમાણેના ગુન્હેગાર ઠરેલા ફોજદારી કેદીઓને માટે વાપરવામા આવતો હોય તે ભાગમા એવા કોઇ પણ સખસને રાખવો નહિ (ક) સદરહુ હુકમમા નિર્દિષ્ટ કરેલી જે કોઇ પણ જગ્યાનો ઉપયોગ એવા સખસ તરફથી સ્થાનિક સરકારના મત પ્રમાણે, કોઈ પણ અરાજકતા અથવા રાજ્યક્રાંતિની ચળવળ સાથે સબધ ધરાવતા કાઇ પણ હેતુ માટે થયો હોય, થતો હોય અથવા થવાની અણીપર હોય તે જગ્યાનો ઝાડો લેવાનુ ફરમાવવાનો

(૨) પેટા–કલમ (૧) ની રકમ (અ) મુજબના હુકમ પ્રમાણે કોઇ પણ સખસને જે કોઈ પણ ઠેકાણે તે મળી આવે તે ઠેકાણેથી જે કોઇ પણ પોલીસ ઓફિસર અથવા બીજા કોઈ પણ સરકારી અમલદાર પર હુકમ મોકલવામા આવે તે પોલીસ ઓફિસર અથવા સરકારી અમલદાર પકડવાને મુખત્યાર છે

(૩) રકમ (બ) મુજબનો કેદમા રાખવાનો અથવા પેટાકલમ (૧) ની રકમ (ક) મુજબનો ઝાડો લેવાનો હુકમ, જે કોઇ પણ સરકારી અમલદારને સદરહુ રીતે કરવામા આવે તેને તે બજાવવાનો અધિકાર છે, અને સદરહુ અમલદાર તે અમલમા મૂકવા સારૂ વ્યાજબી રીતે જરૂરના સઘળા ઉપાયો લેવાને મુખત્યાર છે

૩૫ ૩૪ કલમની પેટાકલમ (૧) ની રકમ (અ) મુજબના હુકમ પ્રમાણે પકડનાર સખસે એકદમ તે બાબતનો સ્થાનિક સરકારને રીપોર્ટ કરવો અને, સ્થાનિક સરકારનો હુકમ મળતા સુધી, એવી રીતે પકડેલા કોઇ પણ સખસને, આ અર્થે સ્થાનિક સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તેવા પહેરામા લેખી હુકમથી રાખવાનો તેને અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે, જો સ્થાનિક સરકાર તેમ ફરમાવે નહિ તો, કોઇ પણ સખસને સાત દિવસ કરતા વધારે મુદત સુધી પહેરામા રાખવો નહિ, અને કોઇ પણ પ્રસગે એવી રીતે ૧૫ દિવસ કરતા વધુ પહેરામા રાખવો નહિ

૩૬ ૩૪ મી કલમની પેટા-કલમ (૧) ની રકમ (ક) ના ઠરાવો પ્રમાણે કોઇ પણ જગ્યાનો ઝાડો લેવાનો હુકમ, તેમા નિર્દિષ્ટ કરેલી જગ્યામા હકુમત ધરાવતા ડિસ્ટ્રિક્ટ માજીસ્ટ્રેટે કાઢેલુ ઝાડો લેવાનુ વારટ છે એમ સમજવુ, અને જાહેર સલામતીને નુકસાનકારક હોય એવા કોઇ પણ હેતુ માટે વપરાતી હોય અથવા વપરાવાનો સભવ હોય એમ માનવાને સદરહુ હુકમના અમલ કરનાર સખસને કારણ હોય તેવી કોઇ પણ ચીજ એવી જગ્યામા મળી આવે તે કબજે લેવા માટે પુરતી સત્તા ગણાશે, અને સદરહુ કાયદાના ઠરાવો, તે લાગુ પાડી શકાય તેટલે સુધી, એવા કોઇ પણ હુકમના અધિકારની રૂએ લીધેલા ઝાડાને તથા એવા કોઇ પણ ઝાડામા જપ્ત મિલકતની વ્યવસ્થાને લાગુ પડશે

૩૭ જે પ્રસગે ૩૪ મી કલમની રૂએ (પકડવા અથવા ઝાડો લેવા માટેના હુકમ શિવાયનો બીજો) કોઈ પણ હુકમ કાઢવામા આવ્યો હોય તે પ્રસગે, ૨૩ મી કલમથી ૨૭ મી કલમ સુધીના ઠરાવો, જાણે સદરહુ હુકમ ૨૨ મી કલમના રૂએ કરવામા આવેલો હુકમ હોય તેમ લાગુ પડશે, માત્ર એટલુજ કે, તપાસ કરનાર અધિકારી મડળનો રીપોર્ટ આવેથી, ૨૭ મી કલમમા ઠરાવેલી સરતોને પાત્ર, સ્થાનિક સરકાર, ૩૪ મી કલમમા સત્તા આપેલો હુકમ કરવાને મુખત્યાર છે, અને કલમો ૨૩ થી ૨૭ તથા ૨૯ થી ૩૨ નો આ ભાગમા સમાવેશ થાય છે એમ સમજવુ

૩૮. જો કોઇ પણ સખસ, તારણ આપવાના હુકમ સિવાયના ૩૪ મી અથવા ૩૭ મી કલમ મુજબના હુકમ પ્રમાણે ચાલવાને ચુકે અથવા તો તેમાથી છટકી જવાનો પ્રયત્ન કરે તો તે એક વર્ષ સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દડની અથવા એ બન્ને શિક્ષાને પાત્ર થશે

ભાગ ૪ થો.

૩૯. સને ૧૯૧૫ ના હિન્દુસ્તાનના રક્ષણ બાબત (ફોજદારી કાયદો સુધારવા બાબત) ના આક્ટની મુદત પુરી થયેથી, સને ૧૯૧૫ ની હિન્દુસ્તાનના રક્ષણ બાબતની (એકત્ર કરેલી) કાનુનોમાની ૩ જી કાનુન મુજબનો હુકમ જે કોઈ પણ સખસના સબધમા સદરહુ આક્ટની મુદત પુરી થયાની તુરત પહેલા અમલમા હોય, અને જે સ્થાનિક સરકારના મત પ્રમાણે, પરિશિષ્ટમાના કોઇ પણ ગુન્હા સાથે સબધ ધરાવતો હોય તેને ૨૧ મી કલમ મુજબનુ જાહેરનામુ જે પ્રદેશમા અમલમા હોય તે પ્રદેશમા રહેનાર સખસ ગણવામા આવશે અને તે મુજબ એવા દરેક સખસને ૨ જા ભાગના ઠરાવો લાગુ પડશે, અને એવી રીતે કાયદાની મુદત પુરી થયા પછી જે દરેક સખસ સને ૧૮૧૮ ના બેન્ગોલ સ્ટેટ પ્રિઝનર્સ રેગ્યુલેશનના ઠરાવો મુજબ કેદમા હોય તે સખસને ૩૩ મી કલમ મુજબનું જાહેરનામુ જે પ્રદેશમા અમલમા હોય તે પ્રદેશનો રહેનાર સખસ ગણવામા આવશે, અને તે મુજબ એવા દરેક સખસને ૩ જા ભાગના ઠરાવો લાગુ પડશે

પણ એવુ ઠરાવ્યુ છે કે સને ૧૮૧૬ ના હિદુસ્તાનના રક્ષણ બાબતના (ફોજદારી કાયદો સુધારવા બાબત) ના આક્ટની મુદત પુરી થયા પછી એક મહિનાની અદર, સ્થાનિક સરકાર, ૩૯ મી કલમના ઠરાવ લાગુ પાડયા પ્રમાણેની ૨૭ મી કલમની પેટા-કલમ (૩) ના પહેલા વિશેષ ઠરાવમા લખેલી શરતોને પાત્ર, સદરહુ રેગ્યુલેશનના ઠરાવોની રૂએ જે કોઇ સખસ કેદમા હોય તેના સંબંધમા ૩ જા ભાગથી સત્તા આપેલો અકુશનો હુકમ કરવાને મુખત્યાર છે, અને જો એવો કોઇ હુકમ એ પ્રમાણે કરવામા આવે તો તે, ૩૭ મી કલમથી લાગુ પાડયા પ્રમાણેની ૨૭ મી કલમની પેટા-કલમ (૩) ની રૂએ કરેલો હુકમ ગણવામા આવશે અને તે મુજબ એવા હુકમ સબધી તે ભાગના ઠરાવો લાગુ પડશે

(૨) સને ૧૯૧૫ ના કટોકટીના પ્રસગે ઘડેલા કાયદાનો અમલ ચાલુ રાખવા બાબતના આક્ટથી અમલમા ચાલુ રાખ્યા પ્રમાણેના સને ૧૯૧૪ ના હિંદુસ્તાનમા દાખલ થવા બાબતના ફરમાનની મુદત પુરી થયેથી, જે કોઇ પણ સખસના સબધમા, સન ૧૯૧૪ ના પરદેશીઓ બાબતના ફરમાનની ૩ જી કલમની

પેટા-કલમ (૨) ની રકમ (બ) અથવા [ક) ની સાથે વાચ્યા પ્રમાણેની સદરહુ ફરમાનની ૨ જી કલમની રૂએ કરેલો હુકમ એવી રીતે મુદ્દત પુરી થયાની તુરત પહેલા અમલમા હોય તે સખસને, ૨૧ મી કલમ મુજબનું જાહેરનામુ અમલમા હોય એવા પ્રદેશનો રહેનારો સખસ ગણવામા આવશે, અને તે મુજબ ૨ જા ભાગના ઠરાવો એવા દરેક સખસના સબંધમા લાગુ પડશે

પણ એવું ઠરાવ્યુ છે કે સને ૧૯૧૪ ના હિંદુસ્તાનમા દાખલ થવા બાબતની ફરમાનની મુદ્દત પુરી થયાની એક મહિનાની અંદર સ્થાનિક, સરકાર ૨૭ મી કલમની પેટા-કલમ (૩) ના પહેલા વિશેષ ઠરાવમા લખેલી શરતોને પાત્ર એવા કોઈ પણ શખ્સના સબંધમા સદરહુ ભાગથી સત્તા આપેલી હોય એવો અંકુશનો હુકમ કરવાને મુખત્યાર છે અને, જો એવો હુકમ એવી રીતે કરવામા આવે તો તે, ૨૭ મી કલમની પેટા-કલમ (૩) ની રૂએ કરેલો હુકમ ગણવામા આવશે, અને તે મુજબ, એવા હુકમ સંબંધી સદરહુ ભાગના ઠરાવો લાગુ પડસે

ભાગ ૫ મો.

૪૦ જ્યારે ૩ જી, ૪૧ મી અથવા ૩૩ મી કલમ મુજબનુ કોઈ જાહેરનામુ રદ કરવામા આવે ત્યારે એવી રીતે રદ કર્યાથી, આ આકટ મુજબ શરૂ કરેલા કોઇ પણ ઇન્સાફના કામને અથવા તપાસને અથવા કરેલા હુકમને બાધ આવશે નહિ, અને એવુ ઇન્સાફનુ કામ, તપાસ અથવા હુકમ ચાલુ રાખવાનો અથવા તેનો અમલ કરવાનો અધિકાર છે, અને એવી તપાસ પુરી થયેથી, બીજી પણ રીતે કરવામા આવે એવો કોઇ પણ હુકમ, જાણે એવુ જાહેરનામુ રદ થયુ નહિ હોય તેવી રીતે, કરવાનો તથા તેનો અમલ કરવાનો અધિકાર છે

૪૧. (૧) જે પ્રદેશમા ૨ જો અથવા ૩ જો ભાગ અમલમા હોય તે પ્રદેશની બહારના બ્રિટીશ હિંદુસ્તાનના કોઇ પણ પ્રદેશમા રહેવાને અથવા વાસો કરવાને કોઈ પણ સખસને ફરમાવનારો તે ભાગ મુજબ કરેલો કોઇ પણ હુકમ જાણે એવો ભાગ આખા બ્રિટીશ હિંદુસ્તાનમા અમલમા હોય તે માફક કાયદેસર સમજવો અને તેવીજ રીતે તેનો અમલ કરવો

(૨) ૩૪ મી કલમની પેટા-કલમ (૧) ની રકમ (અ) ની રૂએ કોઇ પણ સખસને પકડવાને માટે કરેલા હુકમનો અમલ, ૩ જો ભાગ અમલમા હોય એવા કોઈ પણ પ્રદેશની બહાર બ્રિટીશ હિંદુસ્તાનમા કોઈ પણ જગ્યાએ કરવાનો અધિકાર છે, અને જાણે ત્રીજો ભાગ આખા બ્રિટીશ હિંદુસ્તાનમા અમલમા હોય તેની માફક કામ ચલાવવાની તેજ રીત મુજબ વર્તવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે જો હુકમ કરનાર સ્થાનિક સરકારના પ્રાંતની બહાર ધરપકડ કરવામા આવી હોય તો, ૩૫ મી કલમ મુજબ કરવાનો રીપોર્ટ તે સ્થાનિક સરકારને કરવો અને તે કલમના વિશેષ ઠરાવથી ઠરાવેલી અટકાવી રાખવાની વખતમા વધી મુદ્દત વધારીને ૨૧ દિવસની કરવી

૪૨ આ આકટ મુજબ કરેલા કોઈ પણ હુકમપર કોઈ પણ કોર્ટમા પ્રશ્ન ઉઠાવાશે નહિ અને આ આકટ મુજબ જે કાંઈ પણ શુદ્ધ બુદ્ધિથી કરવામા આવ્યુ હોય અથવા કરવાનો ઇરાદો રાખવામા આવ્યો હોય તે માટે કોઇ પણ સખસની વિરૂદ્ધ કાંઈ પણ મુકદ્દમો, અથવા ફરિયાદ અથવા બીજુ કાયદેસર કામ ચાલશે નહિ

૪૩. આ આકટથી આપેલા સઘળા અધિકારો કોઇ પણ કાયદાથી અથવા કાયદાની રૂએ આપેલા બીજા કોઈ પણ અધિકારોના ઉપરાતના છે અને તે અધિકારોમા કાંઈ પણ કમીપણુ આવશે નહી અને એવા સઘળા અધિકારો, જાણે આ આકટ પસાર કરવામા નહિ આવ્યો હોય તેમ, તેવીજ રીતે અને તેજ અધિકારી ચલાવવાને મુખત્યાર છે

પરિશિષ્ઠ.

(જુઓ કલમ ૨)

(૧) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની હેઠળની કલમો મુજબનો કોઇ પણ ગુન્હો, એટલે કે—કલમો ૧૨૧, ૧૨૧ અ, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૩૧ તથા ૧૩૨ મુજબનો કોઈ પણ ગુન્હો,

(૨) જો સરકારના મત પ્રમાણે હેઠળના ગુન્હાઓમાનો કોઈ પણ ગુન્હો અરાજકતા અથવા રાજ્ય-ક્રાતિની ચળવળ સાથે સબધ ધરાવતો હોય તો તે, એટલે કે—(અ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમો ૧૨૪ અ, ૧૪૮, ૧૫૩, અ, ૩૦૨, ૩૦૪, ૪૨૬, ૪૨૭, ૩૨૯, ૩૩૨, ૩૩૩ ૩૮૫, ૩૮૬, ૩૮૭ ૩૯૨, ૩૯૪, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૧, ૪૦૨, ૪૩૧, ૪૩૫, ૪૩૬, ૪૩૭, ૪૩૮, ૪૪૦, ૪૫૪, ૪૫૫, ૪૫૭, ૪૫૮, ૪૫૯, ૪૬૦ અને ૫૦૬ મુજબનો કોઈ પણ ગુન્હો (બ) સને ૧૯૦૮ ના ભારી પદાર્થો બાબતના આકટ મુજબનો કોઇ પણ ગુન્હો (ક) સને ૧૮૭૮ ના હિંદુસ્તાનના હથિયાર બાબતના આકટની ૨૦ મી કલમ મુજબનો કોઈ પણ ગુન્હો

(૩) ઉપર કહેલા ગુન્હાઓમાનો કોઇ પણ ગુન્હો કરવાનો પ્રયત્ન અથવા સપ અથવા તેમા કોઇ પણ મદદગારી

મુંબઇ ઇલાકામાં આવેલી સઘળી મ્યુનિસીપાલીટીઓ તથા કેન્ટોન્મેન્ટની હદમા ઝેરી જણસો વેચવા માટે, કબજામાં રાખવાનું તથા તે વેચવાનું નિયમન કરવા બાબતની કાનુનો.

૧ આ કાનુનોમા "આકટ" નો અર્થ સને ૧૯૦૪ નો ઝેરી જણસો બાબતનો આકટ થાય છે

૨ નીચે લખેલી ઝેરી જણસો આ કાનુનોના કારણ સારૂ ઝેરી જણસો છે એમ સમજવુ

એકોનાઇટ (વછનાગ), નક્સવામિકા (ઝેરકચુરો), પરકલોરાઇડ ઓફ મરકયુરી (રસકપુર) સીએનાઇડ ઓફ પોટાશ, સ્ટ્રમોનકમ (ધતુરો), સ્ત્રીકનાઇન (ઝેરકચુરાનુ સત્વ) અને સેન્ટ ઇગ્નેરીઅસ બીન

૩ આકટના ઠરાવોની રૂએ માફી આપી ન હોય એવા કોઇ પણ સખસે ૨ જી કાનુનોમા નિર્દિષ્ટ કરવામા આવેલી કોઈ પણ ઝેરી જણસ તે અર્થે જિલ્લા માજીસ્ટ્રેટે અથવા મુબઈ શહેરમા પોલીસ કમિશનરે આપેલા લાઇસન્સ વગર વેચવી નહિ અથવા વેચવા સારૂ કબજામા રાખવી નહિ

૪ કોઇ પણ અમલદારને લાઇસન્સ આપવુ તે અથવા આપેલુ લાઇસન્સ પાછુ લઇ લેવુ તે જીલ્લા માજીસ્ટ્રેટની અથવા મુબઇ શહેરમા પોલીસ કમિશનરની મરજી ઉપર છે, અને આ બાબતમા તેણે કરેલો નિકાલ અખરનો છે એમ સમજવુ

૫ ૬ ઠી તથા ૭ મી કાનુનોના ઠરાવોને પાત્ર ૩ જી કાનુનની રૂએ આપેલુ લાઇસન્સ એક વર્ષને માટે એટલે કે ૧ લી જાનેવારીથી અથવા ૧ લી જાનેવારી પછીથી આપવામા આવ્યુ હોય તો જે તારીખે આપવામા આવ્યુ હોય તે તારીખથી તે પછીના ડીસેમ્બર મહિનાની ૩૧ મી તારીખ સુધી અમલમા રહેશે લાઇસન્સ મેળવવા માટેના અથવા તે તાજુ કરાવવા માટેના દરેક અરજદારે જિલ્લા માજીસ્ટ્રેટને અથવા મુબઈ શહેરમા પોલીસ કમિશનરને લેખી અરજી કરવી, અને એવી અરજી પર એક રૂપિઆનો કોર્ટ ફી સ્ટાપ ચહોડવો

૬ લાઇસેન્સની મુદત, લાઇસેન્સ ધારણ કરનાર મરણ પામેથી, અથવા જો તે પેઢી અથવા કપનીને આપવામા આવ્યુ હોય તો એવી પેઢી અથવા કપની પોતાનુ કામ બધ કરેથી અથવા બીજાને તબદીલ કરેથી પુરી થશે

૭ ૩ જી કાનુનની રૂએ આપવામા આવેલુ કોઇ પણ લાઇસન્સ, કોઇ પણ પુરતા કારણસર ખેચી લેવાનો અથવા રદ કરવાનો જિલ્લા માજીસ્ટ્રેટને, અથવા મુબઇ શહેરમા પોલીસ કમિશનરને અધિકાર છે

૮ ઝેરી જણસનુ દરેક વેચાણ લાઇસન્સ ધારણ કરનારે, બની શકે ત્યા સુધી જાતે અથવા જ્યારે

લાઇસેન્સ ધારણ કરનાર એક પેઢી અથવા કંપની હોય ત્યારે એવી પેઢી અથવા કંપનીના કોઇ એક અધિકાર મળેલા પ્રતિનિધી મારફતે, અથવા તેની દેખરેખ હેઠળ કરવુ

૯ લાઇસન્સ ધારણ કરનારે કોઈ પણ સખસને કોઈ પણ ઝેરી જણસ વેચવી તે, એવા સખસને તે જાતે ઓળખતો ન હોય તો અથવા તેની તેને ખાત્રીલાયક ઓળખ આપવામા ન આવે તો વેચવી નહિ તેમજ જે કોઇ સખસ ૧૮ વર્ષ કરતા ઓછી ઉમ્મરનો દેખાય તેને અથવા જે સખમ પુરી સમજનો નથી એમ તેને દેખાય તેને અથવા કોઇ પણ ભટકતા ભિક્ષુકને કોઈ પણ ઝેરી જણસ વેચવી નહિ

૧૦ (૧) દરેક લાઇસન્સ ધારણ કરનારે એક રજીસ્ટર રાખવુ, અને તેમા મેડીકલ અથવા વેટરનરી પ્રેક્ટીશનરના પ્રીસ્ક્રીપશન (દવાની યાદી) મુજબ કોઇ કેમીસ્ટ, ડ્રગીસ્ટ અથવા કમ્પાઉન્ડર દવા આપવામા અથવા તૈયાર કરવામા વાપરતો હોય તે શિવાયની ઝેરી જણસના સઘળા વેચાણ દાખલ કરવા એવા રજીસ્ટરમા દરેક વેચાણના સબધમા હેઠળની વિગત લખવી, એટલે કે—

(અ) ઝેરી જણસનુ નામ (બ) કેટલી તે (ક) વેચાણની તારીખ (ડ) ખરીદનારનુ નામ અને પત્તો (ઇ) ઝેરી જણસ જે કારણ સારૂ જોઇએ છે એમ તે ખરીદનારે કહ્યુ હોય તે કારણ (ફ) ખરીદનારની સહી, (અથવા તે અભણ હોય તો તેના અગુઠાની છાપ) અથવા પોસ્ટ મારફતે ખરીદ કરવામા આવી હોય તેવે પ્રસગે કાગળ અથવા તો લેખી (ઓર્ડર) વરદીની તારીખ અને જે ફાઇલમા તે સાચવી રાખવામા આવ્યા હોય તે ફાઇલમા તેના અસલ મજકુરનો હવાલો (ગ) વેચનારની સહી

(૨) સદરહુ રજીસ્ટરના જુદા ભાગમા દરેક ઝેરી જણસ માટેના જુદા આસનમા દરરોજ કેટલી વેચાઈ તે લખવુ જોઈએ અને આ નોંધો દિનપ્રતિદિન કરવી જોઇએ

(૩) સદરહુ રજીસ્ટરની (ગ) રકમ મુજબની સહી લાઇસન્સ ધારણ કરનારની પોતાની હોવી જોઇએ અથવા જ્યારે લાઇસેન્સ ધારણ કરનાર એક પેઢી અથવા કંપની હોય ત્યારે એવી પેઢી અથવા કંપનીના કોઇ એક અધિકાર મળેલા પ્રતિનિધિની હોવી જોઇએ, અને તે સહી વેચાણ કરતી વખતે અથવા તો ખરીદનારને મોકલતી વખતે કરવી જોઇએ એવી રીતે કરેલી સહીનો અર્થ એવો થશે કે ૯ મી કાનુનમા ફરમાવ્યા પ્રમાણે કરવામા આવ્યુ છે એમ સહી કરનારે પોતે ખાત્રી કરી છે

(૪) સદરહુ રજીસ્ટરના (ફ) સદર હેઠળ ઉલ્લેખ કરેલા સઘળા કાગળો અથવા લેખી વરદીની અસલ પ્રતો વેચાણની તારીખથી ઓછામા ઓછી બે વર્ષની મુદત સુધી લાઇસેન્સ ધારણ કરનારે સાચવી રાખવી જોઇએ

૧૧ લાઇસન્સ ધારણ કરનારે ૨ જી કાનુનમા નિર્દિષ્ટ કરવામા આવેલી દરેક ઝેરી જણસના સંબધમા એક સ્ટોક રજીસ્ટર રાખવુ અને તેમા નીચેની વિગત લખવી, એટલે કે—

(અ) અનુક્રમ નબર (બ) તારીખ (ક) કેટલી લીધી તે (ડ) જેની પાસેથી લીધી હોય તે સખસનુ નામ તથા પત્તો (ઇ) કેટલી વેચી તે (ફ) કેટલી સીલકમા છે તે [ગ] શેરો

૨ દરરોજ કેટલી સીલક રહી તે, સ્ટોક રજીસ્ટરમા બતાવવુ જોઇએ

૧૨ કોઇ પણ માજીસ્ટ્રેટ અથવા ઇન્સ્પેકટરના અથવા તેથી ચઢતા દરજ્જાનો કોઈ પણ એક્સાઇઝનો અમલદાર, અથવા સબ ઇન્સ્પેકટરના અથવા તેથી ચઢતા દરજ્જાનો કોઇ પણ પોલીસ અમલદાર અથવા મામલતદાર મુખત્યારકાર, અથવા મહાલકરીના અથવા તેથી ચઢતા દરજ્જાનો કોઈ પણ મુલકી અમલદાર, અથવા હોસ્પિટલ એસિસ્ટંટના અથવા તેથી ચઢતા દરજ્જાનો કોઇ પણ વૈદ્યકીય અમલદાર અથવા મુબઈ શહેરમા મ્યુનિસિપલ કમિશનરના અથવા મુબઇની મ્યુનિસિપલ કોરપોરેશનના હેલ્થ ડિપાર્ટમેટના જે કોઈ પણ અમલદારને મ્યુનિસિપલ કમિશનરે આ અર્થે અધિકાર આપ્યો હશે તે અમલદાર અથવા સરકારમા કમિશનથી હોદ્દો ધરાવનાર કોઇ પણ વૈદ્યકીય અમલદાર, અથવા પોલીસ સરજ્યન, લાઇસેન્સ ધારણ કરનારની જે જગામા ઝેરી જણસો વેચવા સારૂ રાખવામા આવતી હશે તેમા કોઈ પણ વખતે જઇને તે તપાસવાને અને તેમા મળી આવે તે સઘળી ઝેરી જણસો તથા ૧૦ મી તથા ૧૧ મી કાનુનોની રૂએ રાખવામા આવતા રજીસ્ટરો તપાસવાને મુખત્યાર છે

૧૩ આ કાનુનો મુજબ વેચવા માટે રાખેલી (સદરહુ અ કટની કલમ ૧૦ (૧) (ક) મા નિર્દિષ્ટ

કરેલા કારણ માટે રાખેલી હોય તે શિવાયની) સઘળી ઝેરી જણસો લાઇસેન્સ ધારણ કરનારે (તેમને જેટલા જથ્થામા રાખવામા આવે તેના પ્રમાણમા) તાળા કુચીવાળી પેટીમા, અલમાયરા (કબાટ) મા ઓરડીમા અથવા ઇમારતમા રાખવી જોઇએ, અને સદરહુ આક્ટ મુજબ આપવામા આવેલા લાઇસન્સની રૂયે રાખવામા આવેલી ઝેરી જણસ સિવાય બીજો કોઇ પણ પદાર્થ તેમા રાખવો નહિ, અને દરેક ઝેરી જણસ એવી પેટીમા, અલમાયરા (કબાટ) મા, ઓરડીમા અથવા ઇમારતમા, કાચના, ધાતુના અથવા માટીના બંધ કરેલા ઇલાયદા પાત્રમા રાખવી જોઇએ એવી દરેક પેટી અલમાયરા (કબાટ), ઓરડી અથવા ઇમારત અને એવા દરેક પાત્ર ઉપર " ઝેરી જણસો " એ શબ્દો ગુજરાતીમા તથા ઇંગ્રેજીમા સારા અક્ષરોમા લખવા, અને જુદી જુદી ઝેરી જણસોવાળા પાત્રો ઉપર તેમા જે ઝેરી જણસ રાખેલી હોય તેનુ નામ લાલ અક્ષરોમા લખવુ

૧૪ જ્યારે કોઇ પણ ઝેરી જણસ વેચવામા આવે ત્યારે (તેના જથ્થાના પ્રમાણમા) બંધ કરેલા એક પાત્રમા અથવા પાકટમા તેને મજબુત રીતે બાધવી, અને એવા દરેક પાત્ર અથવા પાકેટ ઉપર ઇંગ્રેજીમા તથા સ્થાનિક લાઇસન્સ આપનાર અધિકારીએ ઠરાવેલી દેશી ભાષા અથવા દેશી ભાષાઓમા, " ઝેરી જણસ " એ શબ્દો ચીઠ્ઠીને મથાળે સહેજ દેખાય એવી રીતે લખેલા હોય એવી એક લાલ ચીઠ્ઠી લગાડવી તથા તે ઝેરી જણસનુ નામ અને વળી વેચનારનુ નામ તથા જે દુકાને તે ઝેરી જણસ વેચવામા આવી હોય તે દુકાનનો પત્તો અગ્રેજીમા અથવા ગુજરાતીમા અથવા બન્ને ભાષામા જણાવવા તથા ૧૦ મી કાનુનમા નિર્દિષ્ટ કરેલા વેચાણના રજીસ્ટરમાની નોંધનો નબર તથા તારીખ પણ લખવા

સફેદ ફટકીઓ સોમલ વેચવા માટે કબજામાં રાખવાનું તથા તે વેચવાનું નિયમન કરવા બાબતની કાનુનો.

૧ આ કાનુનોમા " આક્ટ " નો અર્થ, સને ૧૯૦૪ નો ઝેરી જણસો બાબતનો આક્ટ, એમ થાય છે

૨ આક્ટના ઠરાવોની રૂએ માફી આપવામા આવી ન હોય એવા કોઇ પણ સખસે ફટકીઓ સોમલ આ અર્થે જિલ્લા માજીસ્ટ્રેટે અથવા મુબઇ શહેરમા, પોલીસ કમિશનરે આપેલા લાઇસન્સ વગર વેચવો નહિ અથવા વેચવા સારૂ કબજામા રાખવો નહિ

૩ કોઇ પણ અરજદારને લાઇસન્સ આપવુ અથવા તેને આપેલુ લાઇસન્સ પાછુ લઇ લેવુ તે જીલ્લા માજિસ્ટ્રેટની અથવા મુબઇ શહેરમા પોલીસ કમિશનરની મરજી ઉપર છે અને આ બાબતમા તેનો ફેસલો નિકાલ આખરનો છે એમ સમજવુ

૪ ૫ મી અને ૬ ઠી કાનુનોના ઠરાવોને પાત્ર ૨ જી કાનુનની રૂએ આપેલુ લાઇસેન્સ એક વર્ષને માટે એટલે કે ૧ લી જાનેવારીથી અથવા ૧ લી જાનેવારી પછીથી આપવામા આવ્યુ હોય તો જે તારીખે આપવામા આવ્યુ હોય તે તારીખથી તે પછીના ડીસેમ્બર મહિનાની ૩૧ મી તારીખ સુધી અમલમા રહેશે લાઇસેન્સ મેળવવા માટેના અથવા તે તાજુ કરાવવા માટેના દરેક અરજદારે જિલ્લા માજીસ્ટ્રેટને અથવા મુબઇ શહેરમા પોલીસ કમિશનરને લેખી અરજી કરવી અને એવી અરજી પર એક રૂપીઆનો કોર્ટ ફી સ્ટાપ ચ્હોડવો

૫ લાઇસેન્સની મુદત, લાઇસેન્સ ધારણ કરનાર મરણ પામેથી અથવા જો તે પેઢી અથવા કંપનીને આપવામા આવ્યુ હોય તો એવી પેઢી અથવા કંપની પોતાનુ કામ બંધ કરેથી અથવા બીજાને તબદીલ કરેથી પુરી થશે

૬ ૨ જી કાનુનની રૂયે આપવામા આવેલુ કોઈ પણ લાઇસેન્સ કોઈ પણ પુરતા કારણસર ખેચી લેવાનો અથવા રદ કરવાનો જિલ્લા માજીસ્ત્રેટને અથવા મુબઇ શહેરમા પોલીસ કમિશનરને અધિકાર છે

૭ ફટકીઆ સોમલનુ દરેક વેચાણ લાઇસન્સ ધારણ કરનારે બની શકે ત્યા સુધી જાતે અથવા જ્યારે

લાઇસન્સ ધારણ કરનાર એક પેઢી અથવા કંપની હોય ત્યારે એવી પેઢી અથવા કંપનીના કોઇ એક અધિકાર મળેલા પ્રતિનિધી મારફતે અથવા તેની દેખરેખ હેઠળ કરવુ

૮ લાઇસેન્સ ધારણ કરનારે કોઇ પણ શખસને ફટકીઓ સોમલ વેચવો તે, એવા સખસને તે ઓળખતો ન હોય તો અથવા તેની તેને ખાત્રીલાયક ઓળખ આપવામા ન આવે તો વેચવો નહિ તેમજ જે કોઈ શખસ ૧૮ વર્ષ કરતા ઓછી ઉમ્મરનો દેખાય તેને અથવા જે સખસ પુરી સમજનો નથી એમ તેને દેખાય તેને અથવા કોઈ પણ ભટકતા ભિક્ષુકને તેણે ફટકીઓ સોમલ વેચવો નહિ

૯ (૧) દરેક લાઇસિન્સ ધારણ કરનારે એક રજીસ્ટર રાખવુ અને તેમા મેડીકલ અથવા વેટન્નરી પ્રેકટીશનરના પ્રીસ્ક્રીપશન (દવાની યાદી) મુજબ કોઇ કેમીસ્ટ ડ્રગીસ્ટ અથવા કમ્પાઉડર દવા આપવામા અથવા તૈયાર કરવામા વાપરતો હોય તે શિવાય, ફટકીઆ સોમલના સઘળા વેચાણ દાખલ કરવા એવા રજીસ્ટરમા દરેક વેચાણના સબધમા હેઠળની વિગત લખવી, એટલે કે—

(અ) ઝેરી જણસનુ નામ (બ) કેટલી વેચી તે, (ક) વેચાણની તારીખ, (ડ) ખરીદનારનુ નામ અને પત્તો (ઇ) ફટકીઓ સોમલ જે કારણ સારૂ જોઈએ છે એમ તે ખરીદનારે કહ્યુ હોય તે કારણ (ફ) ખરીદનારની સહી, [અથવા તે અભણ હોય તો તેના અગુઠાની છાપ) અથવા પોસ્ટ મારફતે ખરીદ કરવામા આવ્યો હોય તેવે પ્રસગે કાગળ અથવા તો લેખી વરદીની તારીખ, અને જે ફાઇલમા તે સાચવી રાખવામા આવ્યા હોય તે ફાઇલમા તેના અસલ મજકુરનો હવાલો (ગ) વેચનારની સહી

(૨) સદરહુ રજીસ્ટરના જુદા ભાગમા ફટકીઓ સોમલ દરરોજ કેટલો વેચાયો તે લખવુ જોઈએ અને નોધો દિનપ્રતિદિન કરવી જોઇએ

(૩) સદરહુ રજીસ્ટરની (ગ) રકમ મુજબની સહી લાઇસન્સ ધારણ કરનારની પોતાની હોવી જોઇએ અથવા જ્યારે લાઇસન્સ ધારણ કરનાર એક પેઢી અથવા કંપની હોય ત્યારે એવી પેઢી અથવા કંપનીના કોઇ એક અધિકાર મળેલા પ્રતિનિધિની હોવી જોઈએ, અને તે સહી વેચાણ કરતી વખતે અથવા તો ખરીદનારને મોકલતી વખતે કરવી જોઈએ આવી રીતે કરેલી સહીનો અર્થ એવો થશે કે ૯ મી કાનુનમા ફરમાવ્યા પ્રમાણે લાઇસેન્સ કરવામા આવ્યુ છે એમ સહી કરનારે પોતે ખાત્રી કરી છે

(૪) સદરહુ રજીસ્ટરના (ફ) સદર હેઠળ ઉલ્લેખ કરેલા સઘળા કાગળો અથવા લેખી વરદીની અસલ પ્રતો વેચાણની તારીખથી ઓછામા ઓછી બે વર્ષની મુદત સુધી લાઇસેન્સ ધારણ કરનારે સાચવી રાખવી જોઇએ

૧૦ (૧) લાઇસેન્સ ધારણ કરનારે ફટકીઆ સોમલના સબધમા એક સ્ટોક રજીસ્ટર રાખવુ, અને તેમા નીચેની વિગત લખવી, એટલે કે—

(અ) અનુક્રમ નબર, (બ) તારીખ (ક) કેટલો લીધો તે (ડ) જેની પાસેથી લીધો હોય તે સખસનું નામ તથા પત્તો (ઇ) કેટલો વેચ્યો તે* (ફ) કેટલો સીલકમા છે તે (ગ) શેરો

૨ દરરોજ કેટલો સિલકમા રહ્યો તે સ્ટોક રજીસ્ટરમા બતાવવુ જોઇએ

૧૧ કોઇ પણ માજીસ્ટ્રેટ અથવા ઇન્સ્પેકટર અથવા તેથી ચઢતા દરજ્જાનો કોઇપણ એકસાઇઝનો અમલદાર, અથવા સબ ઇન્સ્પેકટરના અથવા તેથી ચઢતા દરજ્જાનો કોઇ પણ પોલીસ અમલદાર, અથવા મામલતદાર, મુખત્યારકાર, અથવા મહાલકરીના અથવા તેથી ચઢતા દરજ્જાનો કોઇ પણ મુલકી અમલદાર અથવા હોસ્પિટલ એસિસ્ટટના અથવા તેથી ચઢતા દરજ્જાનો કોઇ પણ વૈદકીય અમલદાર અથવા મુબઇ શહેરમા મ્યુનિસિપલ કમિશનરના અથવા મુબઇ મ્યુનિસિપલ કોરપોરેશનના હેલ્થ ડિપાર્ટમેન્ટના જે કોઇ પણ અમલદારને મ્યુનિસિપલ કમિશનરે આ અર્થે અધિકાર આપ્યો હશે તે અમલદાર, અથવા સરકારમા કમિશનથી હોદ્દો ધરાવનાર કોઇ પણ વૈદકીય અમલદાર, અથવા પોલીસ સરજન, લાઈસેન્સ ધારણ કરનારની જે જગામા ફટકીઓ સોમલ વેચવા સારૂ રાખવામા આવતો હશે તેમા કોઈ પણ વખત જઇને તે તપાસવાને અને તેમા મળી આવે તે સઘળો ફટકીઓ સોમલ અને ૯ મી તથા ૧૦ મી કાનુનોની રૂએ રાખવામા આવતા રજીસ્ટરો તપાસવાને મુખત્યાર છે

* વેચાણના રજીસ્ટરમા બતાવેલું દરરોજનુ એકદર વેચાણ અહીં દાખલ કરવુ

૧૨ આ કાનુનો મુજબ વેચવા માટે રાખેલા (સદ્દહુ આકટની કલમ ૧૦ (૧) [ક મા નિર્દિષ્ટ કરેલા કારણુ માટે રાખેલો હોય તે સિવાયનો] સઘળો ફટકીઓ સોમલ લાઇસેન્સ ધારણ કરનારો તેમને જેટલા જથ્થામાં રાખવામા આવે તેના પ્રમાણમા) તાળા કુચીવાળી પેટીમા, અલમાયરા (કબાટ) મા, ઓરડીમા અથવા ઇમારતમા રાખવો જોઇએ, અને સદરહુ આકટ મુજબ આપવામા આવેલા લાઇસેન્સની રૂયે રાખવામા આવેલી ઝેરી જણસો સિવાય બીજો કોઈ પણ પદાર્થ તેમા રાખવો નહિ, અને એવો ફટ-કીઓ સોમલ એવી પેટીમા અલમાયગ (કબાટ) મા, ઓરડીમા અથવા ઇમારતમા કાચના, ધાતુના અથવા માટીના બધ કરેલા ઇલાયદા પાત્રમા રાખવો જોઇએ, એવી દરેક પેટી, અલમાયરા (કબાટ) ઓરડી અથવા ઇમારત અને એવા દરેક પાત્ર ઉપર " ઝેરી જણસો–ફટકીઓ સોમલ " એ શબ્દો અથવા જો તેમા સદરહુ આકટની રૂએ આપેલા લાઇસેન્સ મુજબ બીજી ઝેરી જણસો રાખવામા આવી હોય તો ફકત ' ઝેરી જણસ ' એ શબ્દો ગુજરાતીમા તથા ઇગ્રેજીમા લાલ અક્ષરમા લખવા

૧૩ જ્યારે કાઇ પણ ફટકીઓ સોમલ વેચવામા આવે ત્યારે [તેના જથ્થાના પ્રમાણમા) બંધ કરેલા એક પત્રમા અથવા પાકેટમા તેને મજબુત રીતે બાધવો, અને એવા દરેક પાત્ર અથવા પાકેટ ઉપર ઇગ્રેજીમા તથા સ્થાનિક લાઇસન્સ આપનાર અધિકારીએ ઠરાવેલી દેશી ભાષા અથવા દેશી ભાષાઓમા " ઝેરી જણસ " એ શબ્દો ચીઠ્ઠીને મથાળે સહેજ દેખાય એવી રીતે લખેલા હોય એવી એક લાલ ચીઠ્ઠી લગાડવી તથા તે ઝેરી જણસનુ નામ અને વળી વેચનારનુ નામ તથા જે દુકાને તે ઝેરી જણસ વેચવામા આવી હોય તે દુકાનનો પત્તો અંગ્રેજીમા અથવા ગુજરાતીમા અથવા બન્ને ભાષામા જણાવવા, તથા ૯ મી કાનુનમા નિર્દિષ્ટ કરેલા વેચાણના રજીસ્ટરમાની નોધનો નબર તથા તારીખ પણ લખવી

૧૪ સદરહુ આકટની કલમ ૩ ની પેટા–કલમ ૩ ના ઠગવોનો પાત્ર, લાઇસન્સ ધારણ કરનારે ભૂકી કરેલો ફટકીઓ સોમલ વેચવો હોય તો તેના, તે વેચાતો આપ્યા અગાઉ મેસ, કાજળ, ગળી અથવા પ્રસ્યિન બ્લુ (આસમાની રગ) ભેળ્યા વગર વેચવો નહી, સોમલ એક રતલ હોય તો તેમા નિદાન અડધો આઉન્સ મેસ, ગળી અથવા પ્રશીન બ્લુ એ હિસાબે જેટલો સોમલ હોય તે પ્રમાણમા મેસ, ગળી, અથવા પ્રસ્યિન બ્લુ ભેળવવો

મુંબઇ ઇલાકામાં ફટકીઓ સોમલ વેચવા માટે કબજામાં રાખવાનું તથા વેચવા-નું નિયમન કરવા બાબતની કાનુનોમાંની કાનુન ૧૪ મી શિવાય બીજી કાનુનમાં ઘટતો ફેરફાર કરીને નીચેની ઝેરી જણસોને લાગુ પડશે, જેવી કે,

૨ સોમલના સલફાઇડ—(અ) મનશીલ, (બ) હરતાલ

૩ સોમલના અશુદ્ધ સલફાઇડ–(ક) કાળો સોમલ, (ડ) અશુદ્ધ હરતાળ

(૧) વ્હાઇટ સલફયુરેટ [૨] પિન્ક સલફાઇડ (૩) બ્રાઉન સલફાઇડ

૩ લીલો સોમલ—(ઇ) સ્લેઝ, ગ્રીન (ફ) શ્વીનફર્થસ ગ્રીન

૪ વછનાગ ૫ રસકપુર

જોવા માટે સુગમ થઇ પડે તેટલા સારૂ, સને ૧૯૦૪ ના ઝેરી જણસો બાબતના (સન ૧૯૦૪ ના ૧ લા) આકટની કલમ ૧૦ (૧) હેઠળ પ્રસિદ્ધ કર્યુ છે, એટલે કે—

૧૦ (૧) આ આકટમાનો અથવા તેની રૂયે આપેલા કોઈપણ લાઇસેન્સમાનો અથવા કરેલી કાનુન-માનો કોઇપણ મજકુર હેઠળ લખેલા સખસોએ પોતાનો ધધો ચલાવતી વખતે અથવા તેવા સબબથી પોતાનું કામ કરતી વખતે શુદ્ધબુદ્ધિથી કરેલા કૃત્યોને લાગુ પડશે નહી અથવા તેમને બાધ આવશે નહિ—

(અ) મેડિકલ અથવા વેટરનરી પ્રેકિટશનરે, અથવા (બ) સયુક્ત રાજ્યમા વિદ્યમાન કાળે અમલમા હોય એવા કાયદાની રૂએ કેમિસ્ટ ડ્રગિસ્ટ તરીકે કામ કરવાને યોગ્ય રીતે લાયક ઠરેલા કોઇપણ કેમિસ્ટે અથવા ડ્રગિસ્ટે, અથવા [ક] મેડિકલ અથવા વેટરનરી પ્રેકિટશનરે આપેલી ઓસડની યાદી ઉપરથી ઓસડ આપનારા અથવા તૈયાર કરનારા કેમિસ્ટે અથવા ડ્રગિસ્ટે અથવા કમ્પાઉન્ડરે અથવા (ડ) ૫ મી કલમની રૂયે કરેલી વિદ્યમાનકાળે અમલમા હોય એવી કોઇપણ કાનુનોને પાત્ર

ચામડા કેળવનારાઓએ અથવા ચામડાનો વેપાર કરનારાઓએ

સીનેમેટોગ્રાફોવડે બતાવવામાં આવતાં ચિત્રોનું નિયમન કરવા બાબતનો આકટ.

સને ૧૯૧૮ નો આકટ નંબર ૨ જો

સીનેમેટોગ્રાફોવડે બતાવવામા આવતા ચિત્રોનું નિયમન કરવા સારૂ ઠરાવ કરવો ઇષ્ટ છે વાસ્તે આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે—

૧ (૧) આ આકટને સને ૧૯૧૮નો સીનેમેટોગ્રાફ બાબતનો આકટ કહેવો

(૨) તે બ્રિટિશ બલુચિસ્તાન સુદ્ધા આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે

(૩) ગવર્નર જનરલ ઇન કૌંસિલ ઈંડિયા ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને ફરમાવે તે તારીખથી તે પ્રાંત તથા પ્રાંતના ભાગમા અમલમા આવશે

૨ આ આકટમા, વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી કાંઈ પણ બાધ આવતો ન હોય તો—

"સીનેમેટોગ્રાફ" એ શબ્દમા, હાલતા ચાલતા ચિત્રો અથવા ચિત્રોની પરપરા બતાવનારા કોઇપણ યત્રનો સમાવેશ થાય છે

" જગા " એ શબ્દમા, ઘર, મકાન, તબુ અથવા વહાણનો પણ સમાવેશ થાય છે અને.

" ઠરાવેલુ " એ શબ્દનો અર્થ, આ આકટ મુજબ કરેલી કાનુનોથી ઠરાવેલુ એવો થાય છે,

૩ આ આકટમા બીજી રીતે ઠરાવ્યુ હોય તે શિવાય કોઇપણ માણસે, આ આકટ ઉપરથી જે જગાને માટે લાઈસન્સ આપ્યુ હોય તે સીવાયની બીજી કોઇપણ જગાએ અથવા એવા લાઈસન્સથી નાખેલી કોઇપણ સરત તથા નિર્બંધને અનુસરતી રીત સીવાયની બીજી કાઇપણ રીતે સીનેમેટોગ્રાફવડે ચિત્રો બતાવવા નહિ

૪ આ આકટ ઉપરથી લાઇસન્સ આપવાની સત્તા ધરાવનાર અધિકારી [જેને હવે પછીથી 'લાઇસન્સ આપનાર અધિકારી' તરીકે જણાવ્યો છે તે] ડિસ્ટ્રિકટ માજીસ્ટ્રેટ હોવો જોઇએ અથવા ઇલાકાના મુખ્ય શહેરમા અથવા રગુન શહેરમા પોલિસ કમિશનર હોવો જોઇએ

પણ એવુ ઠરાવ્યુ છે કે, સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, આ આકટના કારણો સારૂ તે જાહેરનામામા નિર્દિષ્ટ કરે તે અધિકારીને, એક આખા પ્રાત અથવા તેના કોઇ પણ ભાગ માટે લાઇસન્સ આપનાર અધિકારી તરીકે નિમવાને મુખત્યાર છે

૫ [૧] જો લાઇસન્સ આપનાર અધિકારીની નીચે પ્રમાણે ખાત્રી થાય નહિ, એટલે કે—

(અ) આ આકટ પ્રમાણે કરેલી કાનુનો વસ્તુત માન્ય રાખવામા આવી છે, એવી તથા

(બ) જે જગાના સબધમા લાઇસન્સ આપવાનુ હોય ત્યા પ્રયોગો જોવા આવનાર માણસોની સહિસલામતિ માટે ગોઠવણ કરવાની બરાબર સાવચેતી લેવામા આવી છે, એવી

ખાત્રી થાય નહી તો તેણે આ આકટ પ્રમાણે કોઇપણ લાઇસન્સ આપવા નહી

(૨) જે ફિલમ લોકોને બતાવવા માટે યોગ્ય હોવા બાબતનો કા ૭ ની રૂઇએ નિમેલા અધિકારીએ દાખલો આપ્યો હોય તથા જેના ઉપર તે બતાવવામા આવે ત્યારે તે અધિકારીએ ઠરાવેલી નિશાની દેખાતી હોય અને જે પર આવી નિસાની કરવામા આવી હોય ત્યાર પછી કોઇપણ રીતે તેમા ફેરફાર અથવા વાલમેલ કરવામા આવી ન હોય તેવી ફિલમ શિવાયની બીજી કોઇપણ ફિલ્મો એવી જગાએ લાઇસન્સ ધારણ કરનારે બતાવવી નહિ અથવા બતાવવા દેવી નહિ, એવી એક શરત દરેક લાઇસન્સમા દાખલ કરવામા આવશે

(૩) આ કલમના પાછળના ઠરાવો તથા સ્થાનિક સરકારના નિર્બંધને પાત્ર, લાઇસન્સ આપનાર અધિકારીને પોતાને યોગ્ય લાગે તેવા સખસાને, તથા પોતે ઠરાવે તેવા કરાર અને શરતોએ તથા તેવા નિબંધોને પાત્ર આ આકટની રૂયે લાઇસન્સ આપવાનો અધિકાર છે

૬ (૧) આ આકટના ઠરાવો અથવા તેની રૂયે કરેલી કાનુનોનુ ઉલ્લઘન કરીને અથવા આ આકટની રૂયે જે શરતો તથા નિર્બંધો મુજબ અથવા તેને પાત્ર કોઇપણ લાઇસન્સ આપવામા આવ્યુ હોય તેનુ ઉલ્લઘન કરીને જો સીનેમેટોગ્રાફનો માલેક અથવા જેના હવાલામા તે હોય તે સખસ સદરહુ સીનેમેટોગ્રાફ વાપરશે અથવા વાપરવા દેશે અથવા કોઇપણ જગાનો માલેક અથવા ભોગવટો કરનાર તે જગા વાપરવા

દેશે તો તે વત્તામા વત્તા એક હજાર રૂપિયા સુધીના દડની શિક્ષાને પાત્ર થશે, અને જો સદરહુ ગુન્હો કરવાનું ચાલુ રાખવામા આવશે તો જ્યા સુધી તે ચાલુ રાખવામા આવશે ત્યા સુધી દરેક દિવસ બદલ વત્તામા વત્તા એકસો રૂપીઆ સુધીના વધારે દડને તે પાત્ર થશે, અને તેનુ લાઇસન્સ (જો કોઇ હશે તો તે) લાઇસન્સ આપનાર અધિકારી તરફથી પાછુ ખેચી લેવાને પાત્ર થશે

(૨) જો કોઇપણ સખસના ઉપર કોઇપણ ફિલ્મના સબધમા આ આકટ મુજબ શિક્ષાને પાત્ર હોય એવા ગુન્હાની સાબિતીનો ઠરાવ કરવામા આવ્યો હોય તો ગુન્હાની સાબિતીનો ઠરાવ કરનારી કોર્ટને સદરહુ ફિલ્મ સરકાર દાખલ કરવી એમ પણ ફરમાવવાનો અધિકાર છે

૭ [૧] ગવર્નર જનરલ ઇન કૌસિલે આ અર્થે સત્તા આપી હોય તેવી કોઈ પણ સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, ફિલ્મો તપાસવા માટે તથા તે લોકોને બતાવવાને માટે યોગ્ય હોવા બદલ દાખલો આપવા માટે, પોતાને યોગ્ય લાગે તેટલા અધિકારીઓ નિમવાને તથા (હવે પછી જેને આમા "સ્થાનિક વિસ્તાર" કહ્યો છે તેવા) જે વિસ્તારમા એવો દરેક અધિકારી, આ આકટ-ની રૂયે તેને મળેલા અધિકાર ચલાવશે તે વિસ્તાર જાહેર કરવાને મુખત્યાર છે જ્યારે એવી રીતે નિમેલા અધિકારી બે અથવા વધારે સખસનુ બનેલુ બોર્ડ હોય ત્યારે તેના અડધા કરતા વત્તા ન હોય એટલા સભ્યો સરકારની નોકરીમાના સભ્યો હોવા જોઇએ

(૨) જો એવા કોઇ અધિકારીને ફિલમ તપાસી જોતા એમ જણાય કે ફિલમ લોકોને બતાવવા માટે લાયક છે તો, તેને માટે અરજી કરનાર સખસને તે મતલબનો દાખલો તેણે આપવો, અને ઠરાવેલી રીત મુજબ તે ફિલમ ઉપર તેણે નિશાની કરાવવી આમા હવે પછી ઠરાવ્યુ હોય તે શિવાય એવા કોઇ પણ અધિકારીનો દાખલો આ આકટ અમલમા હોય એવા બધા મુલકોમા વ્યવહારોપયોગી ગણાશે

(૩) (અ) જો તે અમલદારનો એવો મત થાય કે ફિલમો સદરહુ સ્થાનિક વિસ્તારમાના લોકોને બતાવવા માટે લાયક નથી તો, દાખલા માટે અરજી કરનાર સખસને તેણે પોતાના નિર્ણયની ખબર આપવી અને એવા સખસને તે નિર્ણયની તારીખથી ત્રીસ દિવસની અંદર જે સ્થાનિક સરકારે એવો અધિકારી નિમ્યો હોય તે સ્થાનિક સરકારને તે બાબત ફરી વિચાર કરવા માટે અપીલ કરવાનો અધિકાર છે

(બ) જો સ્થાનિક સરકાર અપીલ રદ કરે તો સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તે, એવુ ફરમાવવાને મુખત્યાર છે કે સદરહુ ફિલમ તે સ્થાનિક પ્રદેશમા દાખલો આપ્યા વિનાની ફિલમ ગણવી અને એવુ ફરમાન બીજા એવા કોઇ અધિકારીએ સદરહુ ફિલમની બાબતમા પાછળથી દાખલો આપ્યો હોય તે છતા અમલમા રહેશે

(૪) એવો કોઇ પણ અધિકારી, દાખલો આપેલી જે કોઇ ફિલમ તેના સ્થાનિક પ્રદેશમા લોકોને બતાવવામા આવનાર છે એમ માનવાને તેને કારણ હોય, તે ફિલમ પોતાને બતાવવાનું ફરમાવવાને મુખ-ત્યાર છે અને સ્થાનિક સરકારના હુકમ મળે તે દરમિયાન હુકમ કાઢીને એવી કોઇ પણ ફિલમનો દાખલો મોકુફ રાખવાને તે મુખત્યાર છે, અને એવી રીતે મોકુફ રાખી હોય તે દરમિયાન સદરહુ ફિલમ તે વિસ્તાર માટે દાખલો આપ્યા વગરની ફિલમ ગણવી.

[૫] ડિસ્ટ્રીકટ માજિસ્ટ્રેટ અથવા પ્રાંતના મુખ્ય શહેરમા અથવા રગુન શહેરમા, પોલિસ કમિશનર કોઇ પણ ફિલમ માટેનો દાખલો સ્થાનિક સરકારના હુકમો મળતા સુધી હુકમ કાઢીને મોકુફ કરવાને મુખત્યાર છે અને એવી રીતે મોકુફ કરવામા આવી હોય તે મુદત દરમિયાન તે ફિલમ તે જિલ્લામા અથવા શહેરમા દાખલો આપ્યા વગરની ફિલમ ગણવી

(૬) પેટા-કલમ (૪) અથવા (૫) ની રૂયે મોકુફ કરવાના કરેલા કોઇ પણ હુકમની નકલ તે માટેના કારણોનુ નિરૂપણ ગુદ્ધા, પ્રસગ પ્રમાણે જે સ્થાનિક સરકારે સદરહુ અધિકારી નિમ્યો હોય અથવા સદરહુ અમલદાર જે સ્થાનિક સરકારના તાબા હેઠળ હોય તે સ્થાનિક સરકારને તે મોકુફ કરનાર અધિકારીએ અથવા અમલદારે તાબડતોબ મોકલવી, અને, એવી સ્થાનિક સરકાર, પોતાને યોગ્ય લાગે તો તે હુકમને રદ કરવાને અથવા સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, આખા પ્રાતમા અથવા તેના કોઇ પણ ભાગમા, તે ફિલમને દાખલો આપ્યા વગરની ફિલમ ગણવી એમ ફરમાવવાને મુખત્યાર છે

[૭] સ્થાનિક સરકાર, પોતાની મેળે, સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને દાખલો આપેલી કોઈ એક ફિલમ તે પ્રાતને માટે અથવા તેના કોઇ પણુ એક ભાગને માટે દાખલો આપ્યા વગરની ફિલમ ગણુવી એવુ ફરમાવવાને મુખત્યાર છે

[૮] જે ફિલમને પેટા કલમ ૩ ની રકમ (બ) અથવા પેટા કલમ (૪) (૫) (૬) અથવા (૭) મુજબનો કોઇ પણુ હુકમ અથવા ફરમાન વિદ્યમાનકાળે લાગુ પડતા હોય તે ફિલમ, આવા હુકમ અથવા ફરમાન જે પ્રદેશને લાગુ પડતા હોય તેવા પ્રદેશમા લોકાને બતાવવી તે કલમ ૫ ની પેટા કલમ (૨) મા જણાવેલી શરતોનુ ઉલ્લઘન કર્યું છે એમ ગણુવુ.

નાટક તથા સીનેમામાં દાખલ થવા માટેના કર બાબતની કાનુનો

નબર ૪૩૪૫

મુબઈ શહેર
પુના (પરાઓ તથા કેન્ટોન્મેન્ટ વિસ્તાર સુદ્ધા)
અમદાવાદ (મ્યુનિસિપલ કેન્ટોન્મેન્ટ વિસ્તાર સુદ્ધા)
કરાચી (મ્યુનિસિપલ તથા કેન્ટોન્મેન્ટ વિસ્તાર સુદ્ધા)
સુરત તથા શોલાપુર (મ્યુનિસિપલ વિસ્તાર)

ઈ—હાસિયામા જણાવેલી જગાઓમાની નાટકશાળાઓ, સિનેમાઓ તથા બીજી સાર્વજનિક રમતગમતની જગાઓમા દાખલ થવાની બાબતમા કર લેવા માટે ઠરાવ કરવો ઇષ્ટ છે, વાસ્તે કોઇ પણુ રમત ગમ્મતની જગામા દાખલ થવા માટે આપવાની સઘળી રકમો ઉપર હેઠળ જણાવેલા દરથી કર લેવાનુ યોજ્યુ છે, એટલે કે —

જ્યારે કરની રકમ બાદ કરતા, આપવાની રકમ —	લેવાના કરનો દર
૪ આના કરતા વધારે હોય પણુ આઠ આના કરતા વધારે ન હોય ત્યારે	એક આનો
૮ આના કરતા વધારે હોય પણુ એક રૂપિયા કરતા વધારે ન હોય ત્યારે	બે આના
એક રૂપિયા કરતા વધારે હોય પણુ બે રૂપિયા કરતા વધારે ન હોય ત્યારે	ચાર આના
બે રૂપિયા કરતા વધારે હોય પણુ ત્રણુ રૂપિયા કરતા વધારે ન હોય ત્યારે	૭ આના
ત્રણુ રૂપીયા કરતા વધારે હોય પણુ ચાર રૂપિયા કરતા વધારે ન હોય ત્યારે	આઠ આના
ચાર રૂપિયા કરતા વધારે હોય પણુ પાચ રૂપિયા કરતા વધારે ન હોય ત્યારે	બાર આના
પાચ રૂપિયા કરતા વધારે હોય પણુ સાડા સાત રૂપિયા કરતા વધારે ન હોય ત્યારે	એક રૂપિયો
સાડા સાત રૂપીયા કરતા વધારે હોય પણુ દશ રૂપિયા કરતા વધારે ન હોય ત્યારે	દોઢ રૂપિયો
પહેલા દશ રૂપીયા ઉપર આપવાની રકમ ઉપરાત સદરહુ દશ રૂપિયા ઉપરાતના દરેક પાચ રૂપિયા માટે	એક રૂપિયો

૨ રમતગમતની જગાનો કર એકઠો કરવા માટે, જે લોકોને તેની સાથે સબધમા આવવાનો સભવ હોય તે લોકોની જાણુ સારૂ હેઠળની કાનુનોનો ખરડો પ્રસિદ્ધ કરવાનુ યોજ્યુ છે

જાહેરનામાનો ખરડો.

ગવર્નર ઇન્ કાઉન્સિલે, મુબઇનો રમત ગમતની જગાઓના કર બાબતનો આકટ કે જે નામદાર ગવર્નર જનરલની મજુરી માટે મોકલ્યો છે તેના ઠરાવો અમલમા આણુવા સારૂ, હેઠળની કાનુનો કરવાનુ યોજ્યુ છે, એટલે કે—

સ્ટાંપથી કર આપવા બાબત

૧ કોઇ પણુ સખસે મુબઈ શહેરમા સ્ટાપના સુપરિન્ટેન્ડેન્ટ અથવા બીજી જગાએ કલેકટર અથવા આવા સ્ટાપો વેચવા સારૂ આ અમલદારોએ યોગ્ય રીતે અધિકાર આપેલા બીજા કોઇ અમલદાર સિવાય બીજા કોઇ સખસ પાસેથી સદરહુ આકટના કારણુ સારૂ જોઇતો કોઈ પણુ સ્ટોપ ખરીદવો નહી

પણુ એવુ ઠરાવ્યુ છે કે—

(૧) આ કાનુનોમા કોઈ પણુ મજકુર, જે કોઇ સખસ રમત ગમતની જગામા દાખલ થવા માટેની જે કોઇ ટીકીટને એવો સ્ટાપ ચ્હોટાડયો હોય તે ટીકીટ ખરીદે તેને લાગુ પડશે નહી, અને

(૨) જ્યારે રમત ગમતની જગાની માલકી બદલાય ત્યારે, નવા માલિકે સદરહુ આકટની કલમ ૧૦

ની રૂએ ઠરાવેલા અમલદારને યોગ્ય નોટિસ આપ્યા પછી, જુના માલિકના કબજામાના નહી વપરાયલા સ્ટાપનો જથ્થો તેની પાસેથી નવો માલિક ખરીદે તો તે કાયદેસર છે એમ સમજવુ

૧ આ આક્ટના કારણુ સારૂ આપવાનો કોઈ પણ સ્ટાપ, કોઇ રમતગમતની જગામા દાખલ થવાનો અધિકાર મળવા સારૂ આપેલી ટીકિટપર બરાબર ચ્હોટાડેલો હોય તે શિવાય બીજી રીતે કોઇપણ રમતગમતની જગાના માલિકે અથવા તેના વતી કોઇપણ સખસને આપવો નહી

૨ કાનુન ૧૩ તથા ૨૦ મા ઠરાવ્યુ હોય તે શિવાય, કોઇ રમતગમતની જગામા દાખલ થવા માટે પૈસા લઇને આપેલી દરેક કરને પાત્ર ટિકીટપર, સદરહુ આક્ટ મુજબ આપવા જોગ કર બાદ કરીને દાખલ થવાની કીમત સ્પષ્ટ રીતે લખેલી હોવી જોઇએ, અને સદરહુ દાખલ થવાની કિંમત ઉપર આપવા જોગ કરની કિમતનો સ્ટાપ તે ટીકીટપર બરોબર ચ્હોટાડેલો હોવો જોઇએ

૪ (અ) કોઈ રમતગમતની જગામા એક કરતા વધારે સખસને દાખલ થવા સારૂ આપેલી દરેક કરને પાત્ર ટિકીટપર તેથી કેટના સખસોને તે રમતગમતની જગામા દાખલ કરવાના છે તે સ્પષ્ટ રીતે જણાવેલુ હોવુ જોઇએ, અને એવા દરેક સખસને જુદો જુદો દાખલ થવા સારૂ જે એકદર કર ટિકીટોપર આપવા જોગ થતે તે કરની કીમતનો સ્ટાપ અથવા સ્ટાપો તેના પર ચ્હોટાડેલો હોવો જોઇએ

(બ) ઍાકમ અથવા તેની બીજી સગવડના સ્વતત્ર ઉપયોગનો ખરીદદારને હક આપનારી ટીકીટપર મારેલા સ્ટાપ અથવા સ્ટાપો, રમતગમતની જગામા એક સખસને દાખલ થવાને તેટલીજ કીમતની ટિકીટપર જે કર આપવા જોગ થતે તે કપનીના હોવા જોઇએ

૫ જ્યારે કાઇ રમતગમતની જગાના એક ભાગમા દાખલ કરનારી કોઇ ટીકીટનો ખરીદનાર, સદરહુ રમતગમતની જગાના બીજા ભાગ કે જેમા દાખલ થવાની વધારે કિમત પડતી હોય તથા જે કરને પાત્ર હોય તે ભાગમા જવા માગે ત્યારે, સદરહુ રમત ગમતની જગાના માલિકે બીજી ટિકીટપર લેવા જોગ થતા પહેલી ટિકીટપર લેવા જોગ થતા કર વચ્ચેના તફાવતની કિંમતનો સ્ટાપ મારેલી બીજી સ્ટાપવાળી ટિકીટ અસલ ટિકીટને બદલે તેને આપવી

૬ દરેક સીઝન ટિકીટ અથવા એક કરતા વધારે રમતગમતને માટે ચાલી શકે એવી દરેક ટિકીટપર તેના ખરીદનારનુ નામ તથા કેટલી મુદત સુધી તે ચાલી શકશે તે લખેલા હોવા જોઇએ અને એવી ટિકીટને મારવાનો સ્ટાપ, ટિકીટ ખરીદનારને એક રમતગમતમા દાખલ કરનારી તેટલીજ કિમતની ટિકીટપર જે કર આપવા જોગ થતે તે કરની કિમતનો હોવો જોઇએ

૭ ટિકીટ ખરીદનારને દાખલ કરવામા આવે ત્યારે, સદરહુ રમતગમતની જગાના માલિક સીઝન ટિકીટ ન હોય એવી દરેક ટિકીટ અથવા રમતગમતની જગામા દાખલ થવા માટે આપેલી એક કરતા વધારે રમતગમત માટ ચાલી શકે એવી દરેક ટિકીટ એકઠી કરાવવી અને સદરહુ ટિકીટને સ્ટાપમાથી આડી એ ભાગમા ફાડીને તે સ્ટાપ વિરૂદ્ધ કરાવવો અને એક ભાગ ખરીદનારને આપવો, બીજો ભાગ રમતગમતના બીજા દિવસના મધ્યાન્હ સુધી સદરહુ માલિકે પોતાની પાસે રાખવો અને ત્યાર પછી તેનો નાશ કરવો

૮ ફાડી નાખેલા, વિરૂપ કરેલા અથવા બીજી રીતે નિશાન કરેલા ખડિત કરેલા સ્ટાપવાળી ટિકીટ કોઇ રમતગમતની જગાના માલિકે આપવી નહી

૯ રમતગમતની જગાના દરેક માલિકે કેટલા સ્ટાપ પોતે ખરીદ્યા તથા તે જણાવનારૂ આ નમુના મુજબનુ રજિસ્ટર રાખવુ

૧૦ રમતગમતની જગાનો માલિક કાનુન ૧ મુજબ સ્ટાપ વેચવાનો અધિકાર આપેલા કોઇ પણ સખસને પોતાના કબજામાના ઉપયોગમા નહી લીધેલા કોઇ પણ સ્ટાપ કાઇ પણ વખતે પાછા આપવાને મુખત્યાર છે અને સ્ટાપોની કિમતના દરેક રૂપિયે અથવા રૂપિયાના ભાગે એક આનાના વટાવને પાત્ર, તેમની કિમતનુ રીફન્ડ માગવાનો હક છે એમ સમજવુ

૧૧ જ્યારે સદરહુ આક્ટની રૂએ ઉપયોગને માટે ખરીદેલા કોઈ પણ સ્ટાપોને નુકસાન થયુ હોય અથવા તે બગડ્યા હોય, ત્યારે, તે સ્ટાપ ખરીદનાર એવા સ્ટાપ વેચનાર અમલદારને લેખીત અરજી કરવાને મુખત્યાર છે, અને તે અમલદારને, સદરહુ સ્ટાપોને બુદ્ધિપૂર્વક નુકશાન કરવામા આવ્યુ નથી અથવા તે બુદ્ધિપુર્વક બગાડવામા આવ્યા નથી એમ પોતાની ખાતરી કર્યા પછી, તેને બદલે

(અ) તેજ પ્રકારના તથા કિમતના બીજા સ્ટાપો, અથવા,
(બ) તેટલાજ કિમતના બીજા કોઈ પણ પ્રકારના સ્ટાપો,
આપવાનો અખત્યાર છે

સ્ટાંપ શીવાય બીજી રીતે કર આપવા બાબત.

૧૨ જે દરેક માલિકને સદરહુ આકટની કલમ ૪ ની પેટા કલમ (૨) ના ઠરાવોને લાભ લેવા દેવામા આવ્યો હોય તે માલિકે કલમ ૧૦ ની રૂએ ઠરાવેલા અમલદાર ફરમાવે તેવુ તારણ સદરહુ અમલદારને આપવુ

૧૩ જે માલિકને કલમ ૪ ની પેટા કલમ (૨) અથવા (બ) ના ઠરાવોનો લાભ લેવા દેવામા આવ્યો હોય તે માલિકે આપેલી દરેક ટિકિટપર આપવા જોગ કર સુદ્ધા દાખલ થવા માટેની કિમત દર્શાવેલી હોવી જોઇએ અને ખુદ ટીકીટપર, કિમત પછી " કર સુદ્ધા " એ શબ્દો દર્શાવેલા હોવા જોઇએ

૧૪ કલમ ૪ [૨] (અ) મુજબ એકઠી રકમ આપનાર દરેક માલિકે અથવા કલમ ૪ (૨) [અ] મુજબ દાખલ થવા માટે રકમ આવતી જાય તેના પત્રક મુજબ આપનાર દરેક માલિકે સદરહુ રમતગમતની તારીખથી ત્રણ દિવસની અદર દરેક દર મુજબ કેટલી ટિકીટો આપી તે, ટીકીટો વેચવાથી કેટલી એકદર રકમ મળી તે તથા કેટલો કર એકઠો કર્યો તે જણાવનારૂ બ નમુના પ્રમાણેનુ પત્રક સદરહુ ઠરાવેલા અધિકારીને મોકલી આપવુ

૧૫ જ્યારે એકાદા માલિકને કલમ ૪ (૨) (ક) ના ઠરાવોનો લાભ લેવા દેવામા આવ્યો હોય ત્યારે તેણે યાત્રિક યોજનાથી કેટના સખસોને દાખલ કરવામા આવ્યા તે, એવા સખસોએ દાખલ થવા સારૂ આપેલા કર સુદ્ધાની એકદર રકમ તથા તેમની પાસેથી કેટલો કર એકઠો કર્યો તે જણાવારૂ ક નમુના પ્રમાણેનું પત્રક સદરહુ ઠરાવેલા અધિકારીને સદરહુ રમતગમતની તારીખથી ત્રણ દિવસની અદર મોકલી આપવુ

૧૬ કોઇપણુ સજોગોમા કોઇપણ સખસને કર સુધ્ધા દાખલ થવાની કિમત આપ્યા શિવાય, કોઇ પણ યાત્રિક યોજનાથી દાખલ કરવો નહી કર સુધ્ધાની તેની કિમત યાત્રિક યોજના આગળ અથવા તેની નજીકના અગ્રભાગપર બતાવવી, કર સુદ્ધાની તે કિમત છે એ બાબત પણ સ્પષ્ટ જણાવવી

૧૭ સદરહુ આકટની કલમ ૪ (૨) ના ઠરાવો મુજબ આપવાની સઘળી રકમ, ઠરાવેલો અધિકારી ફરમાવે તેવે વખતે તથા તેવી જગાએ તથા તેવી રીતે સદરહુ રમતગમતના ત્રણ દિવસની અદર આપવી

પરચુરણ

૧૮ કોઇપણ રમતગમત માટે કાઢેલી કોમ્પ્લિમેન્ટરી ટિકીટોનુ પત્રક રમતગમતના ત્રણ દિવસની અદર ઠરાવેલા અધિકારીને ઇ નમુનામા મોકલી આપવુ

૧૯ સદરહુ આકટની કલમ ૬ મુજબની માફી માટેની સઘળા અરજીઓ સદરહુ રમતગમતની તારીખથી ઓછામા ઓછા દશ દિવસ પહેલા સદરહુ આકટની કલમ ૧૦ મુજબ આ અર્થે ઠરાવેલા અધિકારીને કરવી

૨૦ યુનિફોર્મ પહેર્યો હોય એવા બ્રિટીશ તથા હિદી લશ્કરી સિપાઇઓને તથા ખલાસીઓને વેચેલી ટીકિટની કિમત કર બાદ કરતા ફકત દાખલ થવાની કિમત જ હોવી જોઈએ એવે પ્રસગે ફકત દાખલ થવાની કિમત જણાવેલી ખાસ સ્ટાપ વિનાની ટીકીટો આપવી અને માલિકે ડ નમુના પ્રમાણેનુ એવી ટીકીટોનુ અથવા અઠવાડિક પત્ર ઠરાવેલા અધિકારીને મોકલી આપવુ જ્યારે કલમ (૪] (૨) (ક) મુજબની યાત્રિક યોજનાનો ઉપયોગ કરવામા આવ્યો હોય ત્યારે એવા સખસોને બીજે દરવાજેથી દાખલ કરવા

૨૧ ગવર્નર ઇન કાઉન્સિલને આ અર્થે યોગ્ય રીતે અધિકાર આપ્યો હોય તેવા કોઇપણ અમલદાર, કોઇપણ વખતે રમતગમતની જગાના માલિકને રમતગમતને લગતા તેના સઘળા ચોપડાઓ દફતરો તથા તેના કબજામાહેની સઘળી ટિકીટો અથવા ટિકિટના ભાગો તપાસ માટે રજુ કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે.

હિંદુસ્તાનનો પોસ્ટ ઓફિસનો આકટ.

(સને ૧૮૯૮ નો આકટ નંબર ૬.)

૧ આ આકટને પોષ્ટ ઓફિસનો આકટ કહેવો તે આખા બ્રીટીશ હિંદુસ્તાતને લાગુ છે

૩ બ્રિટીશ હિંદુસ્તાનમા હેઠળ લખ્યા સિવાયના કાગળો એક ઠેકાણેથી બીજે ટપાલ મારફતે લઈ જવાનો તથા કાગળો લેવા, એકઠા કરવા, મોકલવા, રવાને કરવા, તથા પહોચાડવાના સઘળા કામો કરવાને અન્ય આગ્રાધિકાર સરકારે પોતે રાખ્યો છે

(૧) મજુરી કે ફી લીધા સિવાય જે મિત્ર મુસાફરીએ કે રસ્તે જતો હોય તે વખતે તેની સાથે જે કાગળ મોકલ્યો હોય તે

(૨) જે કાગળો મોકલનારના કે લેનારનાજ ખાનગી કામના હોય અને તે મુદ્દામ કાસદ સાથે મોકલ્યા હોય તો તે,

જે કાગળો માલ કે મિલકત સબંધના હોય અને તે તેજ માલ કે મિલકતની સાથે ફી લીધા સીવાય જળમાર્ગે અથવા ખુશકી રસ્તે પહોચાડવાના હોય તે કાગળો

૭-૮-૯ દેશ માહેના ટપાલ હાસલના દર ઠગાવવાનો, ટપાલ હાસલ તથા ફી આપવા બાબત કાનુન કરવાનો, રજીષ્ટર કરવાના વર્તમાનપત્રો બાબત કાનુનો કરવાના અધિકાર ગર્વનર જનરલ ઈન કૌન્સીલને છે

૧૨ ટપાલ મુજબ દડ પ્રમાણે વસુલ કરવાનો અધિકાર તે જગાના હકુમતવાળા માજીસ્ત્રેટને છે

૧૯—૨૦ કોઇ પણ નુકશાનકારક વસ્તુ, અથવા કાઇ પણ લજ્જાકારક, બીભત્સ, છાપેલી કે કોતરેલી વસ્તુ, અથવા ફોટોગ્રાફ વીગેરે ટપાલ મારફતે મોકલવા નહી

૨૩-૨૪ આ આકટ વિરૂદ્ધ ટપાલમા નાખેલી જણસો, તેમજ મનાઇ કરેલી અથવા ડયુટીને પાત્ર હોય તેવી કાઇ ચીજ ટપાલની જણુસમા છે એવો શક હોય તો તે પ્રસગે પોષ્ટમાસ્તર જનરલના હુકમથી તે જણુસ ઉઘાડવાનો તથા તેનો નાશ કરવાનો અધિકાર છે, પણ તેના ઉપર જેનો પત્તો હશે તેની ગેર હાજરીમા તે જણુસ ઉઘાડતા પહેલા બે આબરૂદાર ગૃહસ્થોને સાહેદ તરીકે બોલાવવા

૨૭-અ સને ૧૮૨૭ ના છાપખાના તથા ચોપડીઓ નોધવા બાબતના આકટમા ઠરાવેલી કાનુનોને અનુસર્યા શિવાય બ્રિટિશ હિંદુસ્તાનમા છાપીને પ્રસિદ્ધ કરેલુ કોઇ પણ વર્તમાનપત્ર ટપાલ મારફતે મોકલવુ નહી

૨૭ બ [૧] કોઇ પણ ટપાલ મારફતે જતી ચીજ, ટપાલ મારફતે જતી હોય તે વખતે તેમા રાજદ્રોહી લખાણવાળુ, એટલે કે, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૨૪ અ મુજબ શિક્ષાને પાત્ર હોય એવા લખાણવાળુ

(અ) (૧) સને ૧૮૬૭ ના છાપખાના તથા ચોપડીઓ નોધવા બાબતનો આકટમા વ્યાખ્યા કર્યા પ્રમાણેનુ કોઇ પણ વર્તમાનપત્ર અથવા ચોપડી અથવા

(૨) કોઇ પણ દસ્તાવેજ અથવા

(બ) સને ૧૮૬૭ ના છાપખાના તથા ચોપડીઓ નોધવા બાબતના આકટમા વ્યાખ્યા કર્યા પ્રમાણેનું સદરહુ આકટમા ઠરાવોની કાનુનો અનુસાર હોય તે શિવાય બીજી રીતે બહાર પાડેલુ છાપેલું અથવા પ્રસિદ્ધ કરેલુ કોઇ પણ વર્તમાનપત્ર છે એવો, આ અર્થ પોસ્ટ માસ્તર જનરલે અધિકાર આપ્યો હોય તેવા પોસ્ટ ઓફિસના કોઇ પણ અમલદારને શક આવે તો તે અટકાવવાને તેને અધિકાર છે અને સ્થાનિક સરકાર આ અર્થે નિમે તેવા અમલદારને એ રીતે અટકાવેલી એવી કોઇ પણ ટપાલ મારફતે જતી ચીજ તેણે સ્વાધીન કરવી જોઇએ

[૨] પેટા-કલમ [૧] ના ઠરાવો મુજબ કોઇપણ ટપાલ મારફતે જતી ચીજ અટકાવનાર કોઇપણ અમલદારે જે સખસના પર એવી ચીજ મોકલવામા આવી હોય તે સખસને એવી અટકાયત બાબતની નોટીસ ટપાલ મારફતે તાબડતોબ આપવી જોઇએ

]૩] સ્થાનિક સરકારે પેટા કલમ (૧) મુજબ અટકાવેલી ટપાલ મારફતે જતી કોઇપણ ચીજ માહે શુ છે તે તપાસવુ જોઇએ અને તેને એમ જણાય કે સદરહુ ચીજમા પેટા કલમ [૧] ની રકમ [અ] અથવા (બ) મા જણાવેલા પ્રકારનુ કોઇપણ વર્તમાન પત્ર, ચોપડી અથવા બીજો દસ્તાવેજ છે, તો સદરહુ ચીજ તથા તેમા જે હોય તેના નિકાલને સારૂ પોતાને યોગ્ય લાગે તેવા હુકમો કાઢવાને તે મુખત્યાર છે, અને તેને એમા ન જણાય તો તેણે બીજી રીતે વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇપણ કાયદાની રૂએ જપ્ત કરવાને પાત્ર હોય તે શિવાય, તે ચીજ તથા તેમાહે જે હોય તે મુક્ત કરવા

પણ એવુ ઠરાવ્યુ છે કે, પેટા કલમ [૧] ની રકમ (અ) ના ઠરાવોની રૂએ અટકાવી રાખેલી કોઇ પણ ચીજમા હિત ધરાવનાર કોઇ પણ સખસ, અટકાયતની બે મહિનાની અંદર, તેને મુક્ત કરવા માટે સ્થાનિક સરકારને અરજી કરવાને મુખત્યાર છે અને સ્થાનિક સરકારે તેવી અરજી ઉપર વિચાર ચલાવવો અને પોતાને યોગ્ય લાગે તેવા હુકમ તે ઉપર કરવા

વળી એવુ પણ ઠરાવ્યુ છે કે, એવી અરજી સ્વિકારવામા આવે નહીં તો, તે અરજી કરનાર તેના નહીં સ્વિકાર્યાના હુકમની તારીખથી બે મહિનાની અંદર, સદરહુ ચીજમા રાજદ્રોહી લખાણવાળુ કોઇપણ વર્તમાનપત્ર, ચોપડી અથવા બીજો દસ્તાવેજ ન હોતો તે સબબે તે ચીજ મુક્ત કરવા સારૂ હાઇકોર્ટને અરજી કરવાને મુખત્યાર છે

(૪) આ કલમમા "દસ્તાવેજ" એ સંજ્ઞામા, કોઇપણ ચિત્રકામ, ચિત્ર અથવા છબી અથવા બીજા દશ્ય આકારનો સમાસ થાય છે એમ સમજવુ

૨૭-ક કલમ ૨૭-બની પેટા-કલમ (૩) ના બીજા વિશેષ ઠરાવ મુજબ કરેલી દરેક અરજી, સને ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ ૯૯-ક મા ઠરાવ્યા પ્રમાણે બનેલી હાઇકોર્ટની સ્પેશીયલ બેન્ચે, સદરહુ કાયદાની ૯૯-ડ થી ૯૯-ફ સુધીના કલમોમા ઠરાવેલી રીતે સાભળવી તથા તેનો નિકાલ કરવો

૨૭-ડ કલમ ૨૭-બ મુજબ પસાર કરેલા કોઇપણ હુકમ અથવા લીધેલા કોઇપણ પગલા ઉપર સદરહુ કલમની પેટા-કલમ (૩) ના બીજા વિશેષ ઠરાવ અનુસાર હોયા સિવાય કોઇપણ કોર્ટે વાધો ઉઠાવવો નહી "

૨૮-૩૦ ટપાલની જણસો રજીષ્ટર કરાવવાનો તેમજ તેનો વીમો ઉતરાવવાનો તે જણસ મોકલનારને અધિકાર છે

૩૩ વીમો ઉતરાવેલી જણસ ગુમ થાય તો જેટલી રકમનો વીમો ઉતાર્યો હોય તે કરતા વધારે નહી હોય એવી રકમ બદલા તારીકે આપવાને સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇંડીઆ ઇન કૌંસીલ જવાબદાર છે

૩૪ ટપાલની જણસ ટપાલમા નાખતી વખતે મોકલનારે તે ઉપર લખેલ પૈસાની રકમ આ આકટ પ્રમાણે આપવામા આવેથી તે જણસ ઉપર જેનો પત્તો હશે તેની પાસેથી તે પહોચાડતી વખતે વસુલ કરી શકાશે અને તે રકમ જણસ મોકલનારને આપવામા આવશે આવી જણસોને વેલ્યુપેબલ જણસો કહેવી

૩૭, નહી પહોચાડેલી ટપાલની જણસો જાસ્તી હાસલ ન લેતા મોકલનારને પાછી મોકલવા માટે રવાના કરવી

૩૯. પણ મોકલનાર માણસનો પત્તો ન લાગે તો છેવટે નાશ કરવી પણ પૈસા હોય તો તે પોષ્ટ ઓફીસને ખાતે જમા કરવા

૪૦, બ્રિટીશ હિંદુસ્તાનના કોઇ પણ બંદરેથી જનારા, મેલનુ વહાણ ન હોય એવા વહાણના માસ્તરે પોષ્ટ ઓફીસનો અમલદાર મેલની થેલી આપે તે તેણે લેવી જોઈએ અને નીમેલે બંદરે અથવા જગાએ પહોચાડવી જોઈએ,

મનીઓર્ડરની તજવીજ કરવા સારૂ તથા તે મારફત પૈસા મોકલવા બાબત કાનુનો કરવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કૌંસીલને છે

૪૪ (૧) મનીઓર્ડર પાછો માગવાનો અથવા પૈસા લેનારનુ નામ બદલવાનો પૈસા મોકલનારને ફીનો જે વધારે દર આપવા વિષે ઠરાવે તેને પાત્ર રહીને અધિકાર છે.

(૨) મનીઓર્ડર કર્યાની તારીખથી એક વરસની મુદતની અંદર એનો લેનાર અથવા મોકલનાર તે પૈસા માગે નહિ તો તે મનીઓર્ડરની રકમ બદલ સરકાર પાસે કાંઇ માગી શકાશે નહિ.

૪૫ પોસ્ટલ ઓર્ડર દશ રૂપીઆથી વધારે રૂપીઆનો કરવો નહિ

૫૦ મેલની જણસો અથવા ટપાલની જણસો લઇ જવા સારૂ અથવા પહોચાડવા સારૂ રાખેલો માણસ ગેરવર્તણુક કરશે, તો તેનો પચાસ રૂપીઆ સુધી દંડ થશે અને પરવાનગી સિવાય પોતાની મરજીથી કામ ઉપરથી જતો રહેશે તો એક મહીના સુધીની કેદની અથવા પચાસ રૂપીઆ સુધી દંડની અથવા એ બેઉની શિક્ષાને પાત્ર થશે

૫૧ તેમજ પોતે જે રજીસ્ટર રાખ્યુ હોય તેમા પોતે જે જગાએ ગયો ન હોય તે જગાએ ગયો હતો એવો વિશ્વાસ ઉત્પન્ન કરવાના ઇરાદાથી ખોટી નોંધ કરશે તો તેને છ મહિના સુધી કેદની અથવા સો રૂપિઆ સુધી દંડની અથવા એ બનેની શિક્ષા થશે

૫૨ ટપાલની જણસો ચોરવા માટે, તેનો બદદાનતથી ખોટો ઉપયોગ કરવા માટે કે નાશ કરવા માટે કે નાખી દેવા માટે સાત વરસ સુધીની કેદની તથા દંડની શિક્ષા થશે

૫૩ ટપાલની જણસો ઉઘાડવા માટે, રાખી મૂકવા માટે અથવા ખોટી કરવા માટે બે વરસ સુધીની કેદની અથવા દંડની અથવા એ બનેની શિક્ષા થશે

૫૪ જે માણસ પોસ્ટ ઓફીસનો અમલદાર હોય અને તે ઓફીસના નિશાનના સબંધમા દગો કરશે તથા વધારે ટપાલમા હાસલ લેશે તેને બે વરસ સુધીની કેદની તથા દંડની શિક્ષા થશે

૫૫ તેમજ જે માણસ પોષ્ટ ઓફીસના દસ્તાવેજ દગલબાજીથી કરશે, ફેરવશે, સંતાડશે અથવા તેનો નાશ કરશે તો તેને બે વરસની મુદત સુધી કેદની અને દંડની શિક્ષા થશે

૫૬ તેમજ જે માણસ હાસલ ભર્યા વગરની ટપાલની જણસો દગલબાજીથી મોકલશે તેને બે વરસની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે

૫૮-૫૯ ક ૪ તથા ૫ વિરૂદ્ધ ચાલનારને દરેક કાગળ બદલ પચાસ રૂપીઆ સુધી દંડ થશે અને તેજ ગુન્હો ફરી કરશે તો પાચસે રૂપીઆ સુધી દંડ થશે

૬૦ જે માણસને ટપાલ હાસલના સ્ટાંપ વેચવાને નીમ્યો હોય તે માણસ ઠરાવેલી કીંમત કરતા વધારે કીમત ખરીદનાર પાસેથી લેશે તો તેને છ મહીના સુધીની કેદની અથવા બસો રૂપીઆ સુધી દંડની અથવા બનેની શિક્ષા થશે

૬૧-૬૨ જે માણસ ૧૯ મી અથવા ૨૦ મી કલમ વિરૂદ્ધ ચાલશે તેમજ જે માણસ કાગળ નાખવાની પેટીઓ બગાડશે અથવા તેમને નુકશાન કરશે તો તેને એક વરસ સુધીની કેદની અથવા દંડની અથવા એ બનેની શિક્ષા થશે

૬૫ જે કોઇ વહાણનો માસ્તર ૪૦ મી તથા ૪૧ મી કલમ પ્રમાણે ચાલવાને કસુર કરસે તેને એક હજાર રૂપીઆ સુધી દંડની શિક્ષા થશે

૬૭ જે માણસ અધિકાર સિવાય તેમજ અધિકારવાળી કોર્ટના ફરમાવ્યા સિવાય મેલ અથવા ટપાલ મારફત જતી જણસ રાખી મૂકશે અથવા તે ઉઘાડશે તો તેને બસો રૂપીઆ સુધી દંડની શિક્ષા થશે

૬૯ જે માણસ પોષ્ટનો અમલદાર હોય તે માણસ કાગળ ઉપર જેમનો પત્તો હોય તેમને તે ન પહોચે એવુ જાણી બુજીને નુકશાન કરવાના ઇરાદાથી કાંઇ કૃત્ય કરશે તેને છ મહીના સુધીની કેદની અથવા પાચસો રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા થશે

ટપાલ હાંસલના દર વિગેરે.

દેશી ટપાલ હાંસલના દર અને ફી—પોષ્ટના હાસલના દર—હાસલ અગાઉથી ભરવામા આવે ત્યારે

પોષ્ટકાર્ડો		કાગળો			બુક અને નમુનાના પેકેટો	પાર્સલો એ ગીઓ હાસલ અગાઉથી ભરવુ જોઇએ		
						૪૪૦ તોલાથી વધુ વજનના પાર્સલો ન હોયતો		
એક વડા	જવાબ વાળ-વાના	૨।। તોલા થી વધુ ન હોય તો	૨।। તોલા થી વધુ દર ૨।। તોલા બદલ	વધારાના દરેક ૨।। તોલા યા તેના ભાગપર	દરેક પાચ તોલા યા તેના ભાગ પર	દરેક ૨૦ તોલા યા તેના ભાગ પર	૨૦ તોલા થી વધુ ૪૦ તોલાથી વધુ નહી હોય તો	૪૦ તોલા થી વધુ દર ૪૦ તોલા બદલ કે તેના ભાગ બદલ
આનો ૦।।	આનો ૦—૧—૦	આનો ૦—૧—૦	આનો ૧	આનો ૧	આના ૦—૦—૬	બે આના	ત્રણ આના	આના ત્રણ

૪૪ તોલાના વજનના પાર્સલના ૨-૧-૦ પણ ૪૪૦ તોલા ઉપરના અને ૪૮૦ તોલાની અંદરના પાર્સલના રૂ ૩-૦-૦ અને ૪૮૦ તોલા ઉપર અને ૮૦૦ તોલા અંદર દર ૪૦ તોલાના ૦-૪-૦ લેખે વધુ સમજવા

હાસલ અગાઉથી ભર્યું ન હોય અથવા અધુરૂં ભર્યું હોય ત્યારે વહેચતી વખતે અગાઉથી ભરવાના હાસલનુ બમણું તેમજ અધુરા હાસલનું બમણું લેવાય છે

રજીષ્ટર કરાવવાના દરેક કાગળ, પોષ્ટકાર્ડ, બુક યા નમુનાના પેકેટ અથવા એગી માટે ૨ આના

સાધારણ મનીઓર્ડરોની ફી—મનીઓરડરની રકમ રૂ ૫૦૦ થી વધુ અને એક આનાથી ઓછી હોવી ન જોઇએ

૫ રૂપિઆથી વધુ ન હોય એવી રકમ ઉપર—૨ આના

રૂ ૫ થી વધુ હોય પણ રૂ ૧૦ થી વધુ ન હોય એવી રકમ ઉપર ૨ આના

રૂ ૧૦ થી વધુ હોય પણ રૂ ૨૫ થી વધુ ન હોય એવી રકમ ઉપર ૪ આના

રજીસ્ટરની લેનાર ધણીની પહોચ મગાવવી હોય તો ૦-૧-૦ વધુ સ્ટેમ્પ ચોઢવો

રૂ ૨૫ થી વધુ અને રૂ ૬૦૦ સુધી એવી રકમ ઉપર—દરેક ૨૫ રૂપિઆની પુરી રકમ માટે ૪ આના, અને બાકીની માટે ૪ આના, પરંતુ બાકીની રકમ રૂ ૧૦ થી વધુ ન હોય તો રક્ત ૨ આના

તાર મારફતે મોકલવાના મનીઓરડરોની ફી. (તારના ખર્ચ સુદ્ધાં)

અ રૂ ૨૫ થી વધુ ન હોય એવી રકમ માટે

પહેલા રૂપિયા ૧૦ માટે
- રૂ આ
- ૧—૨ જો તારા અરજંટ હોય તો
- ૦—૧૦ જો તારા ડીફર્ડ હોય તો

બાકીની રકમ માટે
- ૦—૨ જો તે રૂ ૧૦ થી વધુ ન હોય તો
- ૦—૪ જો તે રૂ ૨૫ થી વધુ ન હોય તો

બ રૂ ૨૫ થી વધુ પણ રૂ ૧૫૦ થી વધુ ન હોય એવી રકમ માટે પહેલા રૂ ૨૫ માટે
- રૂ ૧-૪ જો તાર અરજંટ હોય તો
- રૂ ૦-૧૨ જો તારા ડીફર્ડ હોય તો

અને દરેક વધુ રૂા ૨૫ ની પુરી રકમ માટે રૂા ૦—૪—૦ જો રૂ ૨૫) થી ઓછી હોય તો વધારાની રકમ માટે—રૂા ૧૦ થી વધુ ન હોય તો ૦—૨—૦, અને રૂ ૨૫ થી વધુ ન હોય તો રૂ ૦-૪-૦.

क રૂા ૧૫૦ થી વધુ તે રૂ ૫૦૦ સુધીની રકમ માટે

પહેલા રૂ ૧૫૦ માટે } રૂા ૨-૮-૦ જો તાર અરજન્ટ હોય તો
રૂા ૧-૦-૦ જો તાર ડીફર્ડ હોય તો

દરેક વધુ રૂ ૫૦ ની પુરી રકમ માટે ૦--૮--૦

ચીજો વેલ્યુપેબલ તરીકે મોકલવાની ફી—ચીજના મોકલનારે ઉપર મોકલવા માટે જણાવેલી રકમ ઉપર આ ફી ગણવામા આવે છે, અને તે સાધારણ મનીઓર્ડરો માટેની ફીના જેટલીજ છે રજીષ્ટર કરાવેલી બેગીઓ, રજીષ્ટર કાગળો, અને રજીસ્ટર બુકો પેકેટો, વર્તમાન પત્રો વેલ્યુપેબલ તરીકે મોકલી શકાય છે

વીમાની ફી—વિમાની રકમ દરેક રૂા ૧૦૦ની અંદર હોય અગર દર રૂ ૧૦૦ માટે ૨ આના જે જે બ્રેચ ઓફીસને વીમો ઉતારવાની સત્તા આપી હોય તે બ્રાન્ચ ઓફીસોમા રૂ ૫૦૦ સુધી અને બીજી બધી સત્તા મળેલી પોષ્ટ ઓફીસોમા રૂા ૨૦૦૦ સુધીનો વીમો ઉતરાવી શકાય છે

પહોંચ માટે-રજીષ્ટર કરેલી દરેક ચીજ માટે ૧ આનો પડે છે કાગળો, પોષ્ટકાર્ડો, બુક અને નમુનાના પેકેટો અને બેગીઓ રજીષ્ટર કરાવી શકાય છે

ખાનગી બનાવટના કાર્ડ કાર્ડ તરીકે મોકલી શકાય પણ તેનુ કદ ૫$\frac{1}{2}$×૩$\frac{1}{2}$ ઇંચથી મોટુ યા ૪$\frac{1}{4}$×૩ ઇંચથી નાનુ ન જોઇએ અને તે પોષ્ટ ખાતાએ કાઢેલા કાર્ડ કરતા પાતળો હોવો ન જોઇએ તેની સરનામાવાળી બાજુએ અર્ધો ભાગ શીરનામા વિગેરે માટે રાખી ડાબી બાજુનો અડધો ભાગ લખાણ, જાહેર ખબર તથા ચિત્રો વાસ્તે વાપરી શકાશે

પરમુલકના ટપાલના હાંસલ અને દર.

દેશો અને જગાઓ	પોષ્ટકાર્ડો		કાગળો		છાપેલા કાગળો ચોપડીઓ અને	વેપાર સંબંધી કાગળો		નમુના	
	એકવડા	જવાબ માટેના	૧ આઉંસથી વધુ ન હોય તેવા માટે	દરેક વધુ એક ઔસ અથવા તેના ભાગ માટે	વર્તમાન પત્રો સુધ્ધા ૨ ઔસ માટે	૧૦ ઔસથી વધુ ન હોય તેવા માટે	દરેક વધુ ૨ ઔસ માટે	૨ ઔસ-થી વધુ ન હોય તેવા માટે	દરેક વધુ ૨ ઔસ માટે
૧ યુનાઇટેડ કીંગડમ અને સઘળા બ્રિટીશ સંસ્થાનો કે જેણે ઇમ્પીરીઅલ પેની પોષ્ટેજ સ્કીમમા ભાગ લીધો હોય તે ૨ એડન સુધાત સીલોન અને હિદુસ્તાનમાના પોર્ટુગીજ સંસ્થાનો	આનો ૧॥	આના ૩	આનો ૧॥	આનો ૧	આનો અર્ધો	આના ત્રણ	આનો અર્ધો	આનો ૦॥	આનો અર્ધો
સીવાયનો દુનિઆના કોઇપણ ભાગ કે જ્યા પરમુલકથી ટપાલ જઇ શકતી નથી	આનો ૧॥	આના ૩	બે આનો	આનો ૧॥	આનો ૧	આના ત્રણ	આનો ૧	આનો ૧	આનો અર્ધો

સીલોન અને હિંદુસ્તાનમાંનાં પોર્ટુગીઝ સંસ્થાનો

હિંદુસ્તાનમાંજ ચાલતા દર.

રજીસ્ટર કરાવવાના દરેક કાગળ, પોષ્ટકાર્ડ યા પેકેટ માટે બે આના

પહોંચની ફી—રજીસ્ટર થવાના દરેક કાગળ, પોષ્ટકાર્ડ યા પેકેટ માટે રજીસ્ટર ફી ઉપગત એક આનો (ટીકીટો) સીલોન અથવા હિંદુસ્તાનમાના પોર્ટુગીજ સસ્થાનો માટે, ને બીજા સસ્થાનો માટે બે આના (ટીકીટો) **બેગીઓ**—૧૧ રતલથી વધુ વજન ન હોય એવી બેગીઓ પોષ્ટ મારફતે યુનાઇટેડ કીગડમા નીચેના હાસલના દર પ્રમાણે મોકલી શકાય છે

બેગીનું વજન	જળ માર્ગે,
૩ પૌંડથી વધુ ન હાય તો	૧-૮
૩ પૌંડથી વધુ પણ ૭ પૌંડથી વધુ ન હોય તો	૨-૧૨
૭ પૌંડથી વધુ પણ ૧૧ પૌંડથી વધુ ન હોય તો	૩-૧૫

મનીઑર્ડરો—યુનાઇટેડ કીગડમ ને ઘણાએક બ્રિટીશ સસ્થાનો ને ઘણાએક પરમુલકો અને તેમના સસ્થાનોમા નીચેના હકસાઇના દરો પ્રમાણે સ્ટર્લીંગ મનીઑર્ડરો મોકલી શકાય છે

૧ પૌંડથી વધુ નહી હોય એવી રકમ માટે	૦—૩—૦
૧ પૌંડથી વધુ પણ ૨ પૌંડથી વધુ ન હોય એવી રકમ માટે	૦—૫—૦
૨ પૌંડથી વધુ પણ ૩ પૌંડથી વધુ ન હોય એવી રકમ માટે	૦—૮—૦
૩ પૌંડથી વધુ પણ ૪ પૌંડથી વધુ ન હોય એવી રકમ માટે	૦-૧૦—૦
૪ પૌંડથી વધુ પણ ૫ પૌંડથી વધુ ન હોય એવી રકમ માટે	૦-૧૨—૦

૫ પૌંડથી વધુ હોય એવી રકમ માટે-૫ પૌંડની દરેક પુરી રકમ માટે ૧૨ આના અને બાકીની માટે ૧૨ આના, પરંતુ બાકીની રકમ ૧ પૌંડથી વધુ ન હોય તો તે માટે ૩ આના, ૨ પૌંડથી વધુ ન હોય તો ૫ આના ૩ પૌંડથી વધુ ન હોય તો ૮ આના અને ૪ પૌંડથી વધારે ન હોય તો ૧૦ આના યુનાઇટેડ કીગડમ જવાના એક મનીઑર્ડરની રકમ ૪૦ પૌંડથી વધુ હોવી ન જોઇએ

તાર મારફતે મોકલવાના મનીઑર્ડરો—હિંદુસ્તાનમા ચાલતા નાણાના તાર માર્ફતે મોકલવાના મનીઑર્ડરો સીલોન પણ મોકલી શકાય છે

સેવીંગ્સ બેંક.

કોઈ પણ સખસ પોષ્ટ ઑફીસની સેવીંગ્સ બેંકમા પોતાના નામનુ યા તો જે સગીરનો તે સગો કે વાલી હોય તેના નામનુ ખાતું ઉઘાડી શકે છે જ્યારે જોઇએ ત્યારે ઉપાડી શકાય એવી રીતે અથવા છ મહિનાની અગાઉથી નોટીસ આપ્યા બાદજ ઉપાડી શકાય એવી બે રીતે થાપણ મૂકી શકાય છે પરંતુ ચાર આનાથી ઓછી અથવા જેમા એક આનાનો કોઈ પણ ભાગ હોય એવી રકમ મૂકી શકાતી નથી

દરેક વરસમા (એટલે તા ૧ એપ્રીલથી તા ૩૧ મી માર્ચ સુધીમા) રૂ ૧૨૦૦ કરતા વધુ થાપણ મુકી શકાતી નથી જ્યારે જોઇએ ત્યારે ઉપાડી શકાય એવી થાપણનુ દર વરસે દર સેકડે ૩ ટકા લેખે અને ૭ મહિનાની અગાઉથી નોટીસ આપ્યા બાદજ ઉપાડી શકાય એવી થાપણનુ ૩½ ટકા લેખે વ્યાજ આપવામા આવે છે

હિંદુસ્તાનનો નીધી નિક્ષેપનો કાયદો.

સને ૧૮૭૮ નો આકટ ૬ ઠો.

૧ આ આકટ આખા બ્રિટીશ ઇંડિયાને લાગુ છે

૩ નિધી આ શબ્દનો અર્થ જમીનમા અથવા જમીનને જડેલા કોઇ પણ પદાર્થમા ગુપ્ત રાખેલો કીમતવાળો કાઇ પણ પદાર્થ

૪ દશ રૂપિઆ કરતા વધારે રકમનો અથવા કિમતનો નિધી મળે ત્યારે જે માણસને નીધિ મળે તેણે તે નિધીના પ્રકાર તથા તેની કીમત બાબત, જે જગામાથી તે મળ્યો હોય તે જગા, અને મળ્યાની તારીખ બાબત જલ્દી કલેકટરને નોટીસ આપવી, અને તે નિધી નજીકની સરકારી ટ્રેઝરીમા અનામત મુકવો, અથવા કલેકટર ફરમાવે તે જગાએ હાજર કરવા સારૂ જામીન આપવો

૫ અને કલેકટરે ત્યાર પછી તે બાબતનું જાહેરનામુ કાઢવુ તેમા લખવુ કે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યાની તારીખથી ચાર મહિનાની અંદર અથવા ચાર મહિનાની ઉપરાત ઠરાવેલી તારીખે તેના ઉપર દાવો રાખનારા સખસોએ કલેકટર રૂબરૂ હાજર થવુ આ પ્રમાણે જાહેરનામુ કાઢવા છતા તેનો માલિક હાજર થશે નહિ તો તેનો તે નિધી ઉપરનો હક ડુબશે

૮ નીધિ બાબત દાવો કરનારા માણસને ફરીયાદ કરવા સારૂ મુદત આપવી

૯ નીધિ મળ્યાની અગાઉ સો વરસની અંદર તે ગુપ્ત રાખ્યો ન હોય અથવા આપેલી મુદતમા ફરી-યાદ કરી ન હોય તથા કરી હોય તો વાદીનો દાવો મંજુર ના થયો હોય તો તે નીધિનો માલેક નથી એવુ જ્ઞાપિત કરવાનો કલેકટરને અધિકાર છે

૧૦ જ્ઞાપિત કર્યા પછી તે નિધી આગળ કહેલા ઠરાવ પ્રમાણે તેના માલિકને સ્વાધીન કરવો

૧૧ જે માણસને નિધી મળ્યો હોય તે સિવાય તે ઉપર તે જગાના માલીક તરીકે બીજો કોઇ દાવો કરતો ન હોય ત્યારે જે માણસને નીધિ મળ્યો હોય તે માણસને તે આપવો

૧૨ જે માણસને નીધિ મળ્યો હોય તેના સિવાય ફક્ત એકજ માણસ દાવો કરતુ હોય તથા તેના દાવામા કોઈ હરકત કરતું ન હોય તો કલેકટરે તે નીધિ હેઠળ લખેલા ઠરાવ પ્રમાણે વહેચી આપવો — નીધિના ૩/૪ જે માણસને નીધિ મળ્યો હોય તેને તથા બાકીનો નીધિ સદરહુ પ્રકારના માણસને આપવો પણ જો તે બને માણસોએ કાઇ કરાર કર્યો હોય તો તે કરાર પ્રમાણે તેની વ્યવસ્થા કરવી

૧૬ નીધિ વહેચી આપ્યા પહેલા તેમા જે માણસોનો હક હોય તેમને સદરહુ નીધિની કીમત જેટલી રકમ તથા તે કીમતનો ૧/૫ જેટલી બીજી રકમ આપીને તે નીધિ સરકારની તરફથી લેવાનો પોતાનો ઇરાદો છે એવુ પોતાની સહી સાથે લખીને જ્ઞાપિત કરવાનો તથા સદરહુ રેકમ ટ્રેઝરીમા અનામત રાખવાનો કલેકટરને અધિકાર છે

૨૦ જે માણસને નીધિ મળ્યો હોય તે ચોથી કલમ પ્રમાણે નોટીસ આપવા વિગેરે કરવામા ચુકે તો તે નીધિ સરકારનો થશે અને તેને એક વરસ સુધી કેદની, અથવા દંડની અથવા એ એઉની શિક્ષા થશે

૨૧ જે જગામાથી તે નીધિ મળ્યો હોય તે જગાનો માલીક કલમ ૨૦ પ્રમાણે ગુન્હામા મદદગારી કરશે તો તે નીધિ ઉપરનો તેનો હક સરકારનો થશે અને ૭ મહિના સુધી કેદની અથવા દંડની અથવા એ એઉની શિક્ષા થશે

છાપવાનાં પ્રેસો તથા વર્તમાનપત્રો અને બુકો નોંધાવવા બાબતનો એક્ટ
સન ૧૮૬૭ નો આકટ નં ૨૫

૧ આ આકટ બ્રિટીશ ઇંડિઆને લાગુ છે

" **તંત્રી** " એ સજ્ઞાનો અર્થ, "વર્તમાનપત્રમા પ્રસિદ્ધ કરવામા આવે તે વિષયની ચુટણી કરવાનો નિર્બંધ રાખનાર સખસ " એવો થાય છે

" **વર્તમાનપત્ર** " એ શબ્દનો અર્થ કોઈ પણ છાપેલા નિયમિત મુદ્દતના ગ્રથમા સાર્વજનિક વર્તમાન અથવા સાર્વજનિક વર્તમાન ઉપર ટીકા હોય તેવો કોઈ પણ છાપેલો નિયમિત મુદ્દતનો ગ્રથ થાય છે, એમ સમજવુ

૩ બ્રિટીશ ઈંડીઆમા જે બુક અગર વર્તમાનપત્ર છપાય તે દરેક છાપેલી બુક અથવા વર્તમાનપત્ર ઉપર છાપનારનું નામ અને છાપવાની જગ્યા, તથા પ્રસિદ્ધ કરનારનુ નામ અને ઠેકાણું લખવુ

૪ બુકો અથવા વર્તમાનપત્રો છાપવાના મેજીસ્ટ્રેટ આગળ નીચે પ્રમાણે ઇકરાર કરી તે ઉપર પોતાની સહી કરી પોતાના કબજામા રાખવા

" હું અ બ ઇકરાર કરૂ છુ કે (જે જગ્યાએ પ્રેસ હોય તે જગ્યાનુ વર્ણન તથા નામ) મધ્યે મારૂ છાપખાનુ (પ્રેસ) છે

૫ કોઇ પણ વર્તમાનપત્રો માટે છાપખાનાના માલીકે તથા એવા દરેક વર્તમાનપત્રના છાપનારે તથા પ્રસિદ્ધ કરનારે, જે જિલ્લો, પ્રેસિડેન્સી અથવા સબડિવિઝનલ માજીસ્ટ્રેટની હકુમતની હદમા એવુ વર્તમાનપત્ર છાપવામા અથવા પ્રસિદ્ધ કરવામા આવે અથવા એવો છાપનાર અથવા પ્રસિદ્ધ કરનાર રહેતો હોય તે જિલ્લા, પ્રેસિડેન્સી અથવા સબ-ડિવિઝનલ માજીસ્ટ્રેટ આગળ, કલમ ૨૦ મુજબ કરેલી કાનુનો અનુસાર જાતે અથવા આ અર્થે અધિકાર આપેલા મુખત્યાર મારફતે ઇકિરાર કરી વર્તમાનપત્રો પ્રકટ કરવા

પણ એવુ ઠરાવ્યુ છે કે હિદુસ્તાનના પુખ્ત ઉમ્મર સબધી સન ૧૮૭૫ ના આકટના અથવા પુખ્ત ઉમ્મરે પહોચવા બાબતના જે કાયદાને તે પાત્ર હોય તે કાયદાના ઠરાવો મુજબ પુખ્ત ઉમ્મરે પહોચ્યો ન હોય એવા કોઇપણ સખસને આ કલમની રૂએ ઠરાવેલો એકરાર કરવા દેવામા આવશે નહી, અથવા તેવા કોઇ પણ સખસને એકાદા વર્તમાનપત્રના તત્રી તરીકે કામ કરવા દેવામા આવશે નહી "

૮ અ. કોઇ વર્તમાનપત્રની નકલ ઉપર જે કોઇ સખસનુ નામ તત્રી તરીકે બહાર પાડવામા આવે, તે એવો દાવો કરે કે જે અંક ઉપર તેનું નામ એવી રીતે બહાર પાડવામા આવ્યુ હતું તે અકનો તે તત્રી ન હોતો, તો તે એવી રીતે તેનુ નામ પ્રસિદ્ધ કરવામા આવ્યાની તેની જાણમા આવ્યાના બે અઠવાડીયાની અદર, જિલ્લા, પ્રસિડેન્સી અથવા સબ-ડિવિઝનલ માજીસ્ટ્રેટ આગળ હાજર થવાને તથા તે અકના તત્રી તરીકે તેનુ નામ ખોટી રીતે તેમા બહાર પાડવામા આવ્યુ હતું એમ એકરાર કરવાને મુખત્યાર છે અને પોતાને જરૂર જણાય તેવી તપાસ કરીને અથવા કરાવીને સદરહુ માજીસ્ટ્રેટની એમ ખાતરી થાય કે એવો એકરાર ખરો છે તો, તેણે તે મુજબનો દાખલો આપવો અને તેવો દાખલો આપવામા આવેથી, તે વર્તમાનપત્રના સદરહુ અકની બાબતમા તે સખસને કલમ ૩ ના ઠરાવો લાગુ પડશે નહી

એવા સખસને આ કલમથી ઠરાવેલી મુદ્દતમા હાજર થવાનું તથા એકરાર કરવાનુ ન બની શકવાને પુરતું કારણ હતું એમ માજીસ્ટ્રેટની ખાતરી થાય, તેવે કોઇ પણ પ્રસગે તેવી મુદ્દત વધારવાને તે મુખત્યાર છે "

૯ આ આકટ અમલમા આવ્યા પછી જે બુકો છપાય તે બુકો સાથેના નકશા, છાપ અથવા બીજા ચીત્રો હોય તેની ઉત્તમ નકલો સહિત તે આખી બુકની નકલો સહિત તે આખી બુકની નકલો (પ્રસિદ્ધ કરી હોય તો) પ્રસિદ્ધ કરનાર તથા છાપનારની વચ્ચે ગમે તે ઠરાવ થયા હોય તો પણ સ્થાનિક સરકાર જાહેરનામું પ્રસિદ્ધ કરીને જે અમલદારને આપવાનું ફરમાવે તે અમલદારને બીન ખરચે નીચે પ્રમાણે આપવી (અ) કોઈ પણ પ્રસંગે કોઈ પણ બુક પહેલવહેલી જે તારીખે છપાઇ બહાર પડે તે તારીખથી એક કયાલડર મહિનાની અદર સદરહુ પ્રકારની એક નકલ, અને [બ) એવી તારીખથી એક કયાલડર વર્ષની અદર સ્થાનિક સરકાર સદરહુ પ્રકારની બે નકલો સુધી આપવાનુ છાપનારને ફરમાવે તો એવી

બીજી એક અથવા બે નકલો આપવી નકલો બાંધેલી જોઇએ, પ્રસિધ્ધ કરનારે સદરહુ નકલો છાપનારને આપવી આ કલમના ઉપરના ઠરાવ,—કોઇ પણ ચોપડીની બીજી આવૃત્તિ નીકળે, અને તેમા ફેરફાર કર્યો નહિ હશે, તો તે બીજી આવૃત્તિને, અથવા જે ગ્રંથ નિયમિત મુદતે પ્રસિધ્ધ થતો હોય તે ગ્રંથને લાગુ નથી

૧૦ સદરહુ પ્રમાણે જે અમલદારને બુકની નકલ આપી હોય તેણે તે બદલ છાપનારને પહોંચ લખી આપવી

૧૧ ૯ મી કલમની (अ) રકમ મુજબ આવેલી નકલોની સરકાર વખતો વખત ઠરાવે તે પ્રમાણે વ્યવસ્થા કરવી અને (ब) રકમ મુજબ આવેલી નકલો બ્રિટીશ મ્યુઝીઅમ અને સેક્રેટરી ઓફ સ્ટેટ તરફ રવાના કરવી.

૧૧ અ બ્રિટીશ હિંદુસ્તાનમા દરેક વર્તમાનપત્રના છાપનારે એવા વર્તમાનપત્રોનો દરેક અંક પ્રસિધ્ધ કરવામા આવે કે તરતજ તેની બે નકલો, સ્થાનિક સરકાર સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ આપીને ફરમાવે તે જગાએ અને તેવા અમલદારને સરકારના ઉપર મફત પહોંચાડવી ”

૧૨ ૩ જી કલમ વિરૂધ્ધ બુક ઉપર છાપનારનુ યા પ્રસિધ્ધ કરનારનુ નામ ન લખવા બદલ સદરહુ છાપનારને યા પ્રસિદ્ધ કરનારને રૂ ૨૦૦૦) સુધી દંડની અથવા છ માસ સુધી આસન કેદની શિક્ષા થશે

૧૩ બુકો અથવા કાગળો છાપવાના છાપખાના માજીસ્ટ્રેટ આગળ ઇકરાર કર્યા સિવાય તથા તે ઉપર છાપખાનાના માલિકે સહી કર્યા સિવાય જે કોઈ પોતાના કબજામા રાખશે તેને રૂ ૨૦૦૦ સુધી દંડની અથવા ૭ માસ સુધીની આસાન કેદની શિક્ષા થશે

૧૪ જે કોઈ સખમ સદરહુ કલમ પ્રમાણે કરવાનો ઇકરાર ખોટો કરશે તેનો રૂ ૨૦૦૦) સુધી દંડ થશે

૧૬ બુકનો છાપનારો, ૯ મી કલમ પ્રમાણે સરકારને બુકો મોકલશે નહી અથવા જે કોઇ બુકનો પ્રસિદ્ધ કરનારો, સદરહુ પ્રમાણેની બુકો ૯ મી કલમ પ્રમાણે છાપનારને પુરી પાડશે નહિ તો, તે દરેકનો રૂા ૫૦ સુધી દંડ થશે, તથા તે ઉપરાત જે નકલો આપવી જોઇતી હતી તેની કીંમત આપવાને પાત્ર થશે

૧૬ અ બ્રિટીશ હિંદુસ્તાનમા પ્રસિદ્ધ કરેલા કોઇ પણ વર્તમાનપત્રનો કોઇ પણ છાપનાર કલમ ૧૧—અ મુજબ સદરહુ વર્તમાનપત્રની નકલો મોકલવામા કસુર કરશે તો, જે અમલદારને તે નકલો મોકલવી જોઇતી હતી તેની અથવા આ બાબતમા તે અમલદારે અધિકાર આપેલા કોઈ પણ માણસની ફરિયાદ ઉપરથી, જે જગાએ તે વર્તમાનપત્ર છપાયુ હોય તે જગાએ જેની હકુમત હોય તેવા માજીસ્ટ્રેટ તરફથી ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી, તે દરેક કસુર બદલ પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર છે એમ સમજવુ ’

૧૭ સદરહુ પ્રમાણે કરેલા દંડ ફોજદારી કાયદામા જે રીત ઠરાવી હોય તે રીતે વસુલ કરવો

૧૮ ૯ મી કલમના પહેલા પેરેગ્રાફની (अ) રકમ પ્રમાણે દરેક બુકની નકલ, સદરહુ ગ્રંથ પ્રસિદ્ધ કરનારે “ રજીસ્ટ્રાર ઓફ નેટીવ પબ્લિકેશન ” મુંબઇનો હોદ્દો ધરાવનારને મોકલી આપવી જેથી ગ્રંથ સ્વામિત્વનો હક જળવાય છે એટલે પછીથી તેજ બુકની બીજો કોઇ સખસ નકલ છપાવી શકે નહિ

સને ૧૯૨૩ ની મુંબઇ પ્રેસ બાબતની તથા બુકો નોંધવા બાબતની કાનુનો.

૨ વ્યાખ્યા—આ કાનુનોમા “ સદરહુ આકટ ” એ સંજ્ઞાનો અર્થ સને ૧૮૬૭ નો પ્રેસ તથા બુકો નોંધવા બાબતનો આકટ થાય છે એમ સમજવુ

૩ વર્તમાન પત્રના છાપનારે અથવા પ્રસિદ્ધ કરનારે કરવાનો એકરાર-મુંબઈ ઇલાકામા પ્રસિદ્ધ થતા દરેક વર્તમાનપત્રના છાપનારે તથા પ્રસિદ્ધ કરનારે, કોઈ શારીરીક નબળાઇના કારણને લીધે અથવા બીજા પુખ્ત કારણને લીધે જાતે હાજર થવાને પોતે અશક્તિમાન છે એમ સબંધ ધરાવતા માજીસ્ટ્રેટને સંતોષકારક રીતે સાબિત કરી આપે તે સિવાય, જેની સ્થાનિક હદની અંદર એવુ વર્તમાનપત્ર છાપવામા અથવા પ્રસિદ્ધ કરવામા આવે અથવા એવો છાપનાર અથવા પ્રસિદ્ધ કરનાર રહેતો હોય તેવા જિલ્લા માજીસ્ટ્રેટ, પ્રેસીડન્સી માજીસ્ટ્રેટ, અથવા સબ-ડિવિઝનલ માજીસ્ટ્રેટ આગળ સદરહુ આકટની ૫ મી કલમની

પેટા-કલમ (૨) ના સઘળા ઠરાવો અમલમા લાવવાને આ અર્થે યોગ્ય રીતે કરી આપેલા પાવર ઓફ એટર્ની (અધિકારનામા) થી તેણે અધિકાર આપેલા મુખત્યાર મારફત તેને હાજર થવાની પરવાનગી આપવામા આવશે,

૪ વર્તમાનપત્રની નકલો પહોચાડવા બાબત-એવા દરેક વર્તમાનપત્રની બે નકલો, સદરહુ આક્ટની ૧૧ અ કલમના ઠરાવો મુજબ છાપનારે-

(૧) સિધમા વર્તમાનપત્ર પ્રસિદ્ધ કરવામા આવ્યુ હોય તે પ્રસગે-

(અ) સદરહુ વર્તમાનપત્ર સિધીમા છાપવામા આવ્યુ હોય તો, કરાચીમા આવેલી સિધી ટ્રાન્સ્લેટરની ઓફિસમા સિધી ટ્રાન્સ્લેટરને, અથવા

(બ) બીજી કોઇપણ ભાષામા સદરહુ વર્તમાનપત્ર છાપવામા આવ્યુ હોય તો, કરાચીમા આવેલી સિધના કમિશનરની ઓફિસમા સિધના કમિશનરને,

(૨) મુબઇ ઇલાકામા બીજી કોઇ પણ જગાએ વર્તમાનપત્ર પ્રસિદ્ધ કરવામા આવે તે પ્રસગે મુબઇમા આવેલી ઓરીએન્ટલ ટ્રાન્સલેટરની ઓફિસમા, ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટર ટુ ગવર્નમેટને પહોચાડવી જોઇએ

૫ ચોપડીઓની નકલો પહોચાડવા બાબત-મુબઈ ઇલાકામા છાપેલી અથવા શિલા છાપથી છાપેલી દરેક ચોપડીની નકલ અથવા સદરહુ આક્ટની ૯ મી કલમના ઠરાવો મુજબ છાપનારે-

(અ) મુબઇ શહેર તથા ટાપુમા આવેલો કોઇ પણ છાપખાનામાથી પ્રસિદ્ધ થયલી કોઇ પણ ચોપડીની બાબતમા મુબઈમાની કલેકટરની ઓફિસમા મુબઇના કલેકટરને, તથા

(બ) બીજી જગાએ આવેલા છાપખાનામાની પ્રસિદ્ધ થયેલી કોઇપણ ચોપડીની બાબતમા છાપખાનુ જે જિલ્લામા આવ્યુ હોય તે જિલ્લાના જિલ્લા માજીસ્ટ્રેટની ઓફિસમા જિલ્લા માજીસ્ટ્રેટને પહોચાડવી જોઇએ

૬ છાપખાનામાથી પ્રસિદ્ધ થયેલી ચોપડીઓનુ ત્રિમાસિક પત્રક— છાપખાનાના દરેક રાખનારે દરેક વર્ષના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખ, એપ્રાલ મહિનાની ૧ લી તારીખ, જુલાઇ મહિનાની ૧ લી તારીખ તથા અકટોબર મહિનાની ૧ લી તારીખ પછી દસ દિવસની અદર, સદરહુ તારીખે પહેલાના ત્રણ મહિનામા પોતાના છાપખાનામા છાપવામા આવેલી સઘળી ચોપડીઓનુ એક પત્રક જિલ્લા માજીસ્ટ્રેટને અથવા જો છાપખાનુ મુબઈ શહેર તથા ટાપુની હદમા આવ્યુ હોય તો મુબઇ કલેકટરને મોકલવુ. અથવા પોતાના છાપખાનામા કોઇપણ ચોપડી છાપવામા આવી નહી હોય તો તે મતલબનુ લખાણ મોકલવુ જોઇએ

૮ જિલ્લામાજીસ્ત્રેટોને તથા મુબઇના કલેકટરને પહોચાડવામા આવેલી ચોપડીઓ ઓરીએન્ટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેટને મોકલી આપવી-કાનુન ૫ મુજબ છાપનાર પાસેથી ચોપડી મળેથી દરેક જિલ્લા માજીસ્ટ્રેટ તથા મુબઇના કલેકટરે તે ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટર ટુ ગવર્મેન્ટ મુબઈ એઓને મોકલી આપવી સદરહુ આક્ટની ૯ મી કલમની રકમ (બ) મુજબ પહોચાડવામા આવેલી ચોપડીઓ શીવાય સિધમા છાપવામા આવેલી ચોપડીઓ સિધી ટ્રાન્સલેટર મારફત ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટરને મોકલી આપવી

૯ ચોપડીઓનુ કેટલોગ—મુબઇ ઇલાકામા છાપવામા આવેલી ચોપડીઓનું, સદરહુ આક્ટની ૧૮ મી કલમમા ઉલ્લેખ કરેલુ કેટલોગ ઓરીએન્ટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેન્ટ એઓએ રાખવુ ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટરે વર્ષના દરેક ત્રણ મહિનાને લગતું કેટલોગ મુબઇના સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવુ તથા સેક્રેટરી ઓફ સ્ટેટ તથા હિદુસ્તાન સરકારને મોકલવાના કારણુ સારૂ મુબઇ સરકારના હોમ ડિપાર્ટમેન્ટના સેક્રેટરાને તેની નકલો મોકલી આપવી.

૧૦ ચોપડીઓની વધારાની નકલો —સદરહુ આક્ટની કલમ ૯ મી કલમની (બ) રકમ મુજબ ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટરને મળેલી ચોપડીઓની નકલો તેણે પ્રસગપ્રમાણે, બ્રિટીશ મ્યુઝિયમને અથવા સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇંડિયાને અથવા એ બન્નેને રવાના કરવી

૧૧ જનરલ રેકાર્ડ ઓફિસમા રેકાર્ડ માટે મોકલવાની ચોપડીઓ-(૧) સદરહુ આકટની ૯ મી કલમની (અ) રકમ મુજબ ઓરીએન્ટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેટ મળેલી સઘળી ચોપડીઓ તેણે ૯ મી કાનુનમા જણાવેલા કેટલોગ બનાવવાના કામમા ઉપયોગમા લીધા પછી જનરલ રેકાર્ડ ઓફિસના રેકાર્ડ કીપરને મોકલી આપવી અને તેણે (રેકાર્ડ કીપરે) તેને એક જુદી લાયબ્રેરીમા રાખવી અને એ લાયબ્રેરી રેફરન્સ લાયબ્રેરી તરીકે વાપરવી

પણ એવુ ઠરાવ્યુ છે કે-

(અ) એન્યુઅલ રિવ્યુ ઓફ લિટરેચરમા અવલોકન કરવાને પુરતી અગત્યવાળી ગણાતા ચોપડીઓ ડાયરેકટર ઓફ પબ્લિક ઈન્સ્ટ્રકશનને મોકલી આપવી, તથા

(બ) સરકારના ધ્યાનપર લાવવાની જરૂર હોય એવી ચોપડીઓ મુબાઇ સરકારના હોમ ડિપાર્ટમેન્ટ સેકરેટરીને મોકલવી

(૨) ડાયરેકટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રકશનને (૧) લી પેટા કાનુનના વિશેષ ઠરાવ (અ) મા જણાવેલી ચોપડીઓ સદરહુ પેટા કલમમા ફરમાવ્યા મુજબ જનરલ રેકાર્ડ ઓફિસમા રાખવા માટે ઓરીએન્ટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેટને મોકલી આપવી

મુંબઇ શહેરમાં વેશ્યાવૃત્તીનો અટકાવ કરવા બાબતનો કાયદો.

સને ૧૯૨૩ નો આકટ નબર ૧૧

૧ (૧) આ આકટને સને ૧૯૨૩ નો મુબઇનો વેશ્યાવૃત્તીનો અટકાવ કરવા બાબતનો આકટ કહેવો

(૨) આ કલમ, ૬ ઠ્ઠી કલમ, પેટા-કલમ ૮ (૩), ૯ મી કલમ તથા ૧૧ મી કલમ આખા મુબઇ ઇલાકાને લાગુ પડે છે, આ આકટનો બાકીનો ભાગ પહેલા પ્રથમ મુબઈ શહેરને લાગુ પડશે, પણ સરકારને જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, તેના સઘળા અથવા કોઇપણ ઠરાવો, તેને આ આકટના હેતુઓ ધ્યાનપર લેતા જરૂરના જણાય તેવા સુધારા વધારા સહિત બીજા કોઇ પણ સ્થાનિક વિસ્તારને લાગુ પાડવાનો અધિકાર છે

૨ આ આકટમા, વિષય અથવા આગલા પાછલા સબધ ઉપરથી કાઇ પણ બાધ આવતો ન હોય તો--

" કુટણખાણુ ' એ સજ્ઞાનો અર્થ, જે કોઇપણ ઘર, ઓરડો અથવા જગા, તેનો ભોગવટો કરનાર અથવા તે જે શખસના હવાલામા હોય તે સખસ, બીજા કોઇપણ સખસને વેશ્યાવૃત્તિના કારણો સારૂ હમેશા વાપરવામા આવતો હોય તે ઘર, ઓરડો અથવા જગા, એવો થાય છે

" સાર્વજનિક રમતગમતની જગા " એ સજ્ઞાનો અર્થ, કોઇ પણ જગા, વાડો, મકાન, તબુ, માડવો અથવા બીજો ઇમલો, પછી તે સ્થાયી અથવા થોડા વખતને માટે હોય, કે જ્યા ગમત, ગાયન, નાચ, અથવા બીજી કોઇ પણ જાતનો વિલાસ અથવા ખેલ ચાલતો હોય અથવા તે ચલાવવાને જ્યા સાધનો પુરા પાડવામા આવતા હોય અને જ્યા નાણા લઇને લોકોને દાખલ કરવામા આવતા હોય અથવા જ્યા દાખલ કરેલા લોકો પાસેથી નાણા એકઠા કરવાનો ઇરાદો હોય તે જગા, વાડો, મકાન, તબુ, માડવો અથવા બીજો ઇમલો, એવો થાય છે, અને તેમા ઘોડાની શરતના મેદાનનો, સરકસનો, નાટકશાળાનો, ગાયનશાળાનો, બિલિયાર્ડ રૂમનો, બેગેટેલ રૂમનો, વ્યાયામશાળાનો અથવા ફેન્સીગ સ્કુલનો (પટાબાજી શીખવાની શાળાનો) સમાસ થાય છે

" સાર્વજનિક ખાનપાનની જગા," એ સજ્ઞાનો અર્થ, કોઈ પણ જગા, પછી તેને વાડ કરી લીધી હોય કે ખુલ્લી હોય, કે જ્યા લોકોને દાખલ કરવામા આવતા હોય અને જ્યા એવી જગાના માલિક અથવા હિત સંબંધ ધરાવનાર અથવા વહિવટ કરનાર કોઇ પણ સખસના નફા અથવા ફાયદાને માટે કોઈ પણ જાતીનો ખોરાક અથવા પીણુ પુરા પાડવામા આવતા હોય તે જગા, એવો થાય છે.

અને તેમા રીફ્રેશમેન્ટ રૂમ, જમવાથી વીસી, ચાહ કોફીની વીસી, દારૂના પીઠા, બોર્ડિંગ હાઉસ (જમવાની જગા) લૉજિંગ હાઉસ (રહેવાની જગા), હોટેલ, પીઠું, અથવા વાઇન, બીર, સ્પિરિટ, એરેક, તાડી, ગાજા, ભાગ અથવા અફીણની દુકાનનો સમાસ થાય છે

૩ જે કોઈપણ સખસ કોઇપણ રસ્તામા અથવા સાર્વજનિક જગામા અથવા સાર્વજનિક જવા આવવાની જગામા અથવા કોઇપણ રસ્તા અથવા સાર્વજનિક જગામાથી નજરે પડે અને દેખાય અથવા સભળાય એવી રીતે કોઇપણ ઘર અથવા મકાનમાથી અથવા તેમ હોયા વગર—

(અ) શબ્દોથી, ચાળાઓથી, જાણીબુજીને તથા નિર્લજ્જપણે પોતાનુ શરીર ઉઘાડુ મુકીને અથવા બીજી રીતે, વેશ્યાવૃત્તિના કારણ સારૂ ધ્યાન ખેચે અથવા ધ્યાન ખેચવાનો પ્રયત્ન કરે, અથવા

(બ) વેશ્યાવૃત્તિના કારણ સારૂ કોઈપણ સખસને બોલાવે અથવા તેને પજવે, અથવા ભટકયા કરે, તેને આઠ દિવસ સુધીની કેદની અથવા પચાસ રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

૪ કોઇપણ સાર્વજનિક રમતગમતની અથવા ખાનપાનની જગાનો જે કોઈ રાખનાર, એવી જગામા વેશ્યાઓને અથવા જાહેર ખરાબ ચાલના માણસોને તેઓના ધધાના કારણો સારૂ જાણીબુઝીને મળવા દેશે અથવા રહેવા દેશે તેને સો રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

૫ (૧) જે કોઇપણ પુરૂષ પોતાનુ ગુજરાન જાણી જોઇને વેશ્યાવૃત્તિથી થતી આવક ઉપર પુરેપુરી રીતે અથવા અશત ચલાવતો હોય તેને બે વરસ સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દડની અથવા ફટકા મારવાની શિક્ષા થશે, અથવા એ શિક્ષાઓમાની કોઈપણ બે શિક્ષા થશે

(૨) જે કોઇ પુરૂષ એકાદ વેશ્યા સાથે રહે છે અથવા હમેશા તેની સંગતમા રહે છે એમ સાબિત થાય, અથવા તેણે એકાદ વેશ્યાની હીલચાલ ઉપર નિર્બંધ, અધિકાર અથવા સત્તા એવી રીતે ચલાવેલી હોવાનું સાબિત થાય કે તે ઉપરથી એમ દેખાય કે તે પુરૂષ તે વેશ્યાને બીજા કોઈપણ સખસ સાથે અથવા સામાન્યત વેશ્યાપણુ કરવામા મદદ કરે છે અથવા તેમ કરવામા સામિલગીરી કરે છે અથવા ફરજ પાડે છે તે પ્રસગે, વિરૂધ્ધ સાબિત કરવામા આવે નહિ ત્યા સુધી, એમ ધારી લેવામા આવશે કે તે જાણી જોઇને વેશ્યાવૃત્તિથી થતી આવક ઉપર રહે છે

૬ જે કોઈ પણ સખસ કોઇ પણ સ્ત્રી અથવા છોકરીને તેની સમતિથી અથવા સમતિ વગર તેને વેશ્યા બનાવવાને મેળવે, અથવા મેળવવાનો પ્રયત્ન કરે અથવા તેણી વેશ્યાવૃત્તીના કારણો સારૂ એકાદ કુટ્ટણખાનામા નિવાસ કરે અથવા વારવાર આવજા કરે એવા ઇરાદાથી તે સ્ત્રી અથવા છોકરીને તેને હમેશની રહેવાની જગા છોડી દેવાને સમજાવે તેને ત્રણ વરસ સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દડની અથવા ફટકા મારવાની શિક્ષા થશે અથવા એ શિક્ષાઓમાની કોઈ પણ બે શિક્ષા થશે

૭ જે કોઈ પણ સખસ કોઈ પણ સ્ત્રી અથવા છોકરીને, તે વેશ્યા બને તેવા હેતુથી મુબઇ શહેરની અદર લાવે અથવા લાવવાનો પ્રયત્ન કરે, તેને ત્રણ વરસ સુધીની કેદની, અથવા એક હજાર રૂપિઆ સુધીના દડની અથવા ફટકા મારવાની શિક્ષા થશે અથવા એ શિક્ષાઓમાની કોઇ પણ બે શિક્ષા થશે

૮ (૧) જે કોઇ પણ સખસ કોઇ પણ સ્ત્રી અથવા છોકરીને તેની મરજી વિરૂદ્ધ—

(અ) સામાન્ય વેશ્યાનો ધધો ચલાવવામા આવતો કોઈ પણ ઘર, ઓરડી અથવા જગામા અથવા

[બ] તે સ્ત્રી અથવા છોકરી તેના પોતાના ધણી શિવાય બીજા કોઇ પણ સખસની, પછી તે કોઇ અમુક માણસ હોય અથવા સામાન્ય રીતે કોઇ પણ માણસ હોય તેની સાથે સભોગ કરે એવા ઇરાદાથી કોઈ પણ મકાનમા અથવા તે ઉપર અટકાવી રાખે તેને બે વરસ સુધીની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દડની અથવા ફટકા મારવાની શિક્ષા થશે અથવા એ શિક્ષાઓમાની કોઇ પણ બે શિક્ષા થશે

(૨) જે પ્રસગે કોઇ સ્ત્રી અથવા છોકરી સામાન્ય વેશ્યાનો ધધો ચલાવવામા આવતા કોઇપણ ઘર, ઓરડી અથવા જગામા હોય અથવા પેટા કલમ ૧ (બ) મા ઉલ્લેખ કરેલા સભોગ કરવાના હેતુથી કોઇ પણ મકાનમા અથવા તે ઉપર હોય તે પ્રસગે જો કોઈ સખસ તેણીને ત્યા રહેવાની ફરજ પાડવાના અથવા લલચાવવાના હેતુથી તેણીના પહેરવાના કાઈ પણ કપડા અગત, ઘરેણા અથવા બીજી માલમિલકત તેને આપવાની ના પાડે, અથવા જે પ્રસગે પહેરવાના કપડા, અગત ઘરેણા અથવા પૈસા સદરહુ સખસે અથવા તેના

હુકમથી સદરહુ સ્ત્રીને અથવા છોકરીને વાપરવા આપ્યા હોય અથવા બીજી કોઇ રીતે પુરા પાડ્યા હોય તે પ્રસંગે, જો સદરહુ સખસ સદરહુ સ્ત્રી અથવા છોકરીને એવી ધમકી આપે કે, એવી રીતે વાપરવા આપેલા અથવા પુરા પાડવાના પહેરવાના કપડા અથવા અંગત ઘરેણા અથવા બીજી અંગત મિલકત તેણે પોતાની સાથે લઇ જશે તો તે કારણસર અથવા સદરહુ પૈસા વસુલ કરવા માટે તેણીની સામે કાયદેસર કામ ચલાવવામા આવશે, તો, તે સખસે સદરહુ સ્ત્રી અથવા છોકરીને એવા ઘર, ઓરડી અથવા જગામા અથવા એવા મકાનમા અથવા તે ઉપર અટકાવી રાખેલી ગણવામા આવશે

(૩) એવા કોઇ પણ ઘર, ઓરડી જગા અથવા મકાનનો ભોગવટો કરનાર અથવા વ્યવસ્થા કરનાર અથવા તેની વ્યવસ્થામા કામ કરનાર અથવા મદદ કરનાર કોઇ પણ સખસ અથવા તે સખસની વતી, સદરહુ સ્ત્રી અથવા છોકરીને અથવા તેને માટે વાપરવા આપેલા અથવા પુરા પાડેલા અથવા તેણીએ અથવા તેણી માટે ઘરેણે મૂકેલા કહેવામા આવતા કોઇ પણ પહેરવાના કપડા, અંગત ઘરેણા અથવા બીજી માલમિલકત પાછા મેળવવા માટે અથવા સદરહુ સ્ત્રી અથવા છોકરીએ અથવા તેના વતી આપવાના કહેવામા આવતા કોઈ પણ પૈસા મેળવવા માટે, એવી કોઈપણ સ્ત્રીની અથવા છોકરીની સામે અથવા તેના વતી કોઈપણ સખસ સામે કોઇ પણ દિવાની મુકદમો ચાલશે નહિ અને કાંઈ પણ દિવાની અથવા ફોજદારી કામ ચલાવવામા આવશે નહિ

૯ (૧) પોલિસ કમિશનરને કોઇપણ વખતે, મુબઇ શેહેરમા જે કોઇ પણ ઘરમા, ઓરડામા અથવા જગામા વેશ્યાનો ધંધો ચલાવવામા આવતો હોય તે ઘરનો ઓરડીના અથવા જગાના ભોગવટો કરનારા અથવા વ્યવસ્થા કરનારા અથવા વ્યવસ્થાનુ કામ જોનારા અથવા તેમા મદદ કરનારા કોઇ પણ સખસ ઉપર અથવા એવા ઘરમા ઓરડીમા અથવા જગામા રહેનારી અથવા તેનો ઉપયોગ કરનારી અથવા ત્યા જા આવ કરનારી કોઇ પણ સ્ત્રી, ઉપર નોટીસ બજાવીને, એવા સખસને અથવા એવી સ્ત્રીને તે નોટીસમા લખેલી તારીખ કે જે સદરહુ નોટીસની તારીખથી નિદાન સાત દિવસની અદરની હોવી ન જોઇએ તે તારીખ પછી, તે નોટીસમા લખેલા કોઇ પણ રસ્તામા અથવા જગામા ન રહેવાનો, તેનો ઉપયોગ ન કરવાનો અથવા ત્યા ન જવા આવવાનો હુકમ કરવાનો, અથવા એવો પોલિસ કમિશનર ઠરાવે તેવે એક અથવા વધારે ગસ્તે થઈને તેવા ઠરાવે તેટલા સમયની અદર સદરહુ સખસ અથવા સ્ત્રીને, અમુક તારીખે કે જે ઉપર કહ્યા મુજબ જણાવવી તથા નકકી કરવી જોઇયે તે તારીખ પછી, પોતે ઠરાવે તે જગ્યા પછી તે મુબઇ શહેરની અદર હોય કે તેની બહાર હોય તે જગાએ જવાનો હુકમ કરવાનો અધિકાર છે

(૨) પેટા કલમ (૧) મુજબ સદરહુ પ્રમાણે ફરમાવેલો કોઈ પણ સખસ અથવા સ્ત્રી, નિર્દિષ્ટ કરેલા વખતની અદર, જતા રહે નહી અથવા જતા રહેવાની ના પાડે તો, પોલિસ કમિશનર એવા સખસ અથવા સ્ત્રીને પકડાવવાને તથા ઠરાવેલી જગાએ પોલિસના પહેરા સાથે મોકલવાને મુખત્યાર છે

(૩) પેટા–કલમ (૧) માના બીજા વૈકલ્પિક અધિકારની રૂયે કોઇ પણ ફરમાન સરકારની પ્રથમ મજુરી મેળવ્યા વગર કરવુ નહી

(૪) જે કોઇ પણ સખસ ઉપર આ કલમની રૂયે નોટીસ બજાવવામા આવી હોય તે સખસ સદરહુ નોટીસમા કરેલો હુકમ ન માને તો, તેને—

(અ) પહેલા ગુન્હા બદલ એક મહિના સુધીની, અને

(બ) બીજા અથવા પછીના ગુન્હા બદલ ત્રણ મહિના સુધીની કેદની શિક્ષા થશે

(૫) જે કોઇ સખસ, તેને આ કલમના ઠરાવોની રૂયે કાહાડી મુકયા પછી બે વર્ષની અદર, પોલિસ કમિશનરની લેખી પરવાનગી વગર, મુબઇ શહેરના કોઇ પણ ભાગમા પાછો આવશે તેને, બે વરસ સુધીની કેદની અથવા દડની અથવા એ બન્નેની શિક્ષા થશે

૧૦ (૧) કોઇ પણ પોલિસ અમલદાર, તેને ફરિયાદ કરવામા આવે ત્યારે અને પોલિસ કમિશનરે આ અર્થે વિશેષ હુકમ કાઢીને અધિકાર આપેલા કોઇ પણ પોલિસ અમલદાર, એવી ફરીઆદ વગર, જે કોઈપણ સખસ ૩ થી ૭ કલમની રૂયે શિક્ષાને પાત્ર કરેલો કોઇ પણ ગુન્હો, પોતાની નજર આગળ કરતો

તેને માલમ પડે તે સખસને, જો એવા સખસનું નામ અને સરનામુ સદરહુ પોલિસ અમલદારને માલમ ન હોય અને તેજ વખતે અને તેજ જગાએ તે જાણી શકે તેમ ન હોય તો વારટ વગર પકડવાને મુખત્યાર છે

(૨) કોઇપણ પોસિસ અમલદાર માજસ્રેટના હુકમ વગર, જે કોઇપણ શખસ ૮ મી કલમની રૂયે શિક્ષાને પાત્ર કરેલા કોઇપણ ગુન્હામા સામીલ થયો હોય અથવા જેની ઉપર સદરહુ કલમ મુજબના કોઈપણ ગુન્હામા સામીલ થયાની અથવા કલમ ૯ ની પેટા–કલમ (૫) મુજબનો ગુન્હો કર્યાની વાજબી ફરિયાદ કરવામા આની હોય અથવા ખાત્રીલાયક ખબર મળી હોય અથવા વાજબી શક રહેતો હોય તે શખ-સને પકડવાને મુખત્યાર છે

૧૧ આ અર્થે પોલિસ કમિશનરે વિશેષ હુકમથી અધિકાર આપેલો કોઇપણ પોલિસ અમલદાર ૫મી ૬ઠ્ઠી, ૭મી અથવા આઠમી કલમ મુજબ શિક્ષાને પાત્ર કરેલો કોઇ ગુન્હો કરવામા આવ્યો છે કે નહિ તેની ખાત્રી કરવા સારૂ, જે કોઇપણ મકાનમા કોઇપણ સ્ત્રી અથવા છોકરી કે જેના સંબધમા ૫ મી, ૬ઠી, ૭ મી અથવા ૮ મી કલમ મુજબ શિક્ષાને પાત્ર કરેલો કોઇ ગુન્હો કગવામા આવ્યો છે કે નહિ તેની ખાત્રી કરવાના કારણુ સારૂ, જે કોઇપણુ મકાનમા કોઇપણુ સ્ત્રી અથવા છોકરી કે જેના સબંધમા ૫ મી, ૬ ઠ્ઠી ૭મી અથવા ૮ મી કલમની રૂયે શિક્ષાને પાત્ર કરેલો કોઈ ગુન્હો કરવામા આવ્યો છે તે રહે છે એમ માનવાનુ તેને કારણુ હોય તે મકાનમા વગર વારટે દાખલ થવાને મુખત્યાર છે

૧૨ ૫ મી ૬ ઠ્ઠા ૭મી અથવા ૮ મી કલમ મુજબ શિક્ષાને પાત્ર કરેલા ગુન્હાઓનો ઇન્સાફ ફકત સેશન કોર્ટો, પગારદાર ઇલાકાના માજિસ્ટ્રેટો તથા પગારદાર પહેલા વર્ગના માજીસ્ટ્રેટોએ કરવો

ગુન્હા કરનારની જાતો બાબતનો કાયદો.

સને ૧૯૨૪નો આકટ ૬.

ગુન્હા કરનારી જાતો બાબતનો કાયદો એકત્ર કરવો યોગ્ય છે, વાસ્તે, આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે —

ઉપોદઘાત.

૧ (૧) આ આકટને " સન ૧૯૨૪ નો ગુન્હો કરનારી જાતો બાબતનો આકટ કહેવો,

(૨) તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ છે

૨ આ આકટમા વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો નહિ હોય તો,—

(૧) "જિલ્લો" એ સજ્ઞામા, ઇલાકાના મુખ્ય શહેરો તથા રગુન શહેરનો સમાશ થાય છે,

(૨) " જિલ્લા માજીસ્ટ્રેટ" એ સજ્ઞાનો અર્થ ઇલાકાના મુખ્ય શહેર અથવા રગુન શહેરની બાબતમા પોલિસ કમિશનર થાય છે

(૩) "ઠરાવેલી એ શબ્દનો અર્થ આ આકટ મુજબની કાનુનો ઉપરથી ઠરાવેલી એવો થાય છે અને

(૪) પોલિસ સુપરિન્ટેન્ડેન્ટ એ સજ્ઞાનો અર્થ, ઇલાકાના મુખ્ય શહેર અથવા રગુન શહેરની બાબ-તોમા આ આકટની રૂયે પોલિસ સુપરીટેન્ડન્ટની ફરજો બજાવવા સારૂ સ્થાનિક સરકારે નિમેલો કોઇ પણ અમલદાર થાય છે

ગુન્હો કરનારની જાતોનાં જાહેરનામાં

૩ જે ગુન્હાને માટે જામીન નહિ લઇ શકાય તેવા ગુન્હા પદ્ધતિપુર્વક કરવાની, કોઈપણુ સખસોની જાત ટોળી કે વર્ગને અથવા કોઇ જાત, ટોળી અથવા વર્ગના કોઇ પણુ ભાગને ટેવ છે એવુ માનવાનો સ્થાનિક સરકારને સબબ હોય તો, તે, સરકાર સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, સદરહુ જાત, ટોળી અથવા વગ અથવા પ્રસગ પ્રમાણે સદરહુ જાત, ટોળી અથવા વર્ગ અથવા વર્ગનો એવો ભાગ, આ આકટના કારણુ માટે, ગુન્હા કરનારી જાત છે એમ જાહેર કરવાને મુખત્યાગ છે

ગુન્હા કરનારી જાતોને નોંધવા બાબત.

૪ સ્થાનિક સરકાર જિલ્લા મેજીસ્ટ્રેટને, પોતાના જિલ્લામાના કોઈપણ ગુન્હા કરનારી જાતના માણ-

સોનું અથવા તેના કોઇ પણ ભાગના માણસોનુ એક રજીસ્ટર તૈયાર કરવાનો અથવા તૈયાર કરાવવાનો હુકમ કરવાને મુખત્યાર છે

૫ (૧) સદરહુ પ્રકારનો હુકમ આવ્યા પછી સદરહુ જિલ્લા માજીસ્ત્રેટે, જે જગાએ રજીસ્ટર તૈયાર કરવુ હોય તે જગાએ અને તે યોગ્ય ધારે એવી બીજી જગાઓએ ઠરાવેલી રીત મુજબ નોટીસ પ્રસિદ્ધ કરવી અને, પ્રસગ પ્રમાણે એવી ગુન્હા કરનારી જાતના સઘળા માણસોને અથવા ભાગને—

(અ) તેમા નિર્દિષ્ટ કરેલા વખતે અને જગાએ, આ બાબતમા સદરહુ જીલ્લા માજીસ્ત્રેટે નીમેલા સખસ પાસે હાજર થવાનો,

(બ) તે સખસ રજીસ્ટર તૈયાર કરી શકે તેટલા માટે જરૂરની હોય તેવી ખબર તેને આપવાનો, અને

(ક) તેમની આગળીની છાપ રજીસ્ટરમા લેવા દેવાનો, હુકમ કરવો

પણ એવુ ઠરાવ્યુ છે કે, જિલ્લા માજીસ્ત્રેટ કોઇપણ માણસને નોધાવવાનુ માફ કરવાને અને એવી કોઈપણ માફી રદ કરવાને મુખત્યાર છે

૬. રજીસ્ટર તૈયાર થયા પછી તે પોલિસ સુપરિન્ટન્ડના તાબામા રાખવુ, અને તેણે ઉમેરીને અથવા છેકીને, જે ફેરફાર તેમા કરવા જોઇએ એમ તેનો અભિપ્રાય પડે તે ફેરફાર બાબત વખતે વખતે જીલ્લા માજીસ્ત્રેટને રિપોર્ટ કરવો

૭, (૧) સદરહુ રજીસ્ટર પોલિસ સુપરિન્ટેન્ડન્ટના તાબામા રાખવામા આવ્યા પછી, તે રજીસ્ટરમા જીલ્લા માજીસ્ત્રેટ સિવાય બીજા કોઇએ અથવા તેના લેખી હુકમ સિવાય કોઇપણ સખસનું નામ ઉમેરવુ નહિ અથવા કોઈપણ નોધ રદ કરવી નહિ

(૨) આ કલમની રૂએ કોઈ પણ સખસનુ નામ રજીસ્ટરમા દાખલ કર્યા પહેલા માજીસ્ટ્રેટ હિતસબધવાળા સખસને, ઠરાવેલી રીતે નોટીસ આપીને—

(અ) તેમા નિર્દિષ્ટ કરેલા વખતે અને જગાએ પોતાની સમક્ષ અથવા આ અર્થે તેણે નીમેલા અધિકારીની સમક્ષ હાજર થવાનું,

(બ) પોતે અથવા એવો અધિકારી નોધ દાખલ કરી શકે એટલા માટે જરૂરની હોય એવી ખબર પોતાને અથવા એવા સખસનુ આપવાનુ, અને

(ક) તેની આગળીની છાપ રજીસ્ટરમા લેવા દેવાનુ, ફરમાવવુ જોઈયે

૮ એવા રજીસ્ટરમા, તે પહેલું તૈયાર કરવામા આવે ત્યારે અથવા તે પછી, તેમા દાખલ કરી હોય અથવા દાખલ કરવાનુ યોજ્યુ હોય તેવી કોઇપણ નોધ ઉપરથી પોતાને નુકશાન થયુ છે એવુ જે સખસ માનતો હોય તે સખસ, તે નોધ સામે જીલ્લા માજીસ્ટ્રેટને ફરિયાદ કરવાને મુખત્યાર છે, અને તે માજીસ્ત્રેટે, પોતાને યોગ્ય લાગે તેમ સદરહુ શખસનુ નામ રજીસ્ટર ઉપર રાખવુ, અથવા તેમા દાખલ કરવુ અથવા તેમાથી છેકી નાખવુ

૯ જિલ્લામાજીસ્ટ્રેટ અથવા આ બાબતમા તેણે અધિકાર આપેલો કાઇ પણ અમલદાર, ગુન્હા કરનારી જાતના નોધાયલા માણસની આગળીની છાપ લેવાનો હરકોઇ વખતે હુકમ કરવાને મુખત્યાર છે

૧૦ સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, કોઈ પણ ગુન્હા કરનારી જાતના સબધમા નીચેના બને અથવા તે એમાનો એક હુકમ કરવાને મુખત્યાર છે, એટલે કે, તે જાતના દરેક નોધાયલા માણસને, ઠરાવેલી રીત મુજબ

(અ) નક્કી કરેલી મુદતોએ પોતે ત્યા હાજર થવુ

(બ) પોતાની રહેવાની જગા અથવા રહેવાની જગામા ફેરફાર કર્યો હોય અથવા ફેરફાર કરવાનો ઇરાદો હોય તો તે જગા અને પોતાની રહેવાની જગામા પોતે હાજર ન હોય અથવા હાજર ન હોવાનો પોતાનો ઇરાદો હોય તો તે વાત જાહેર કરવી

ગુન્હા કરનારી જાતોની હીલચાલ આંકી આપવા બાબત

૧૧ (૧) જો સ્થાનિક સરકારને એમ લાગે કે કોઇ પણ ગુન્હા કરનારી જાતને અથવા એકાદી ગુન્હા

કરનારી જાતના કોઇ પણ ભાગ અથવા માણસને—

(અ) તેની હીલચાલના સબધમા ચોક્સ પ્રદેશ આકી આપવો ઇષ્ટ છે, અથવા

(બ) રહેવાની કોઇપણ જગામા વસાવવી યોગ્ય છે

તો તે સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, એવુ જાહેર કરવાને મુખત્યાર છે કે પ્રસગ પ્રમાણે, એવી ગુન્હા કરનારી જાત, તેનો ભાગ અથવા માણસને પ્રસગ પ્રમાણે તેની હિલચાલના સબંધમા સદરહુ જાહેરનામામા નિર્દિષ્ટ કરેલા પ્રદેશ આકી આપેલા અથવા એવી નિર્દિષ્ટ કરેલી રહેવાની જગામા વસાવવા

(૨) એવી કોઇ પણ જાહેરાત કર્યા પહેલા, સ્થાનિક સરકારે હેઠળની હકીકતો ઉપર એટલે કે –

(૧) જે ગુન્હામાટે, પ્રસગ પ્રમાણે, ગુન્હા કરનારી જાત અથવા તેનો ભાગ અથવા કોઇ અમુક માણસ સામેલ હતા એવુ માનવામા આવતુ હોય તે ગુન્હાનો પ્રકાર અને હકીકત,

(૨) સદરહુ ગુન્હા કરનારી જાત, તેનો ભાગ અથવા માણસ કોઇ પણ કાયદેસર ધધો કરે છે કે નહી અને તે ધધો તેનો ખરેખરો ધધો છે કે ગુન્હા કરવાનુ સહેલુ પડે માટે ફક્ત બહાનુ છે કે કેમ.—

(૩) પ્રસગ પ્રમાણે સદરહુ ગુન્હા કરનારી જાતની હીલચાલને જે પ્રદેશમા આકી આપવાનુ જાહેર-નામામા દર્શાવવાનું યોજ્યુ હોય તે પ્રદેશ અથવા જે રહેવાની જગાએ તેમને વસાવવાનુ દર્શાવવાનુ યોજ્યુ હોય તે જગા યોગ્ય છે કે કેમ, તથા

(૪) જેમની હીલચાલ આકી આપવાની અથવા જેમને વસાવવાના તે માણસોએ આકી આપેલા પ્રદેશમા અથવા વસાવેલી જગામા જે રીતે પોતાનુ ગુજરાન કરવુ એમ યોજ્યુ હોય તે રીત અને તે માટે યોજેલી ગોઠવણ પુરતી છે કે કેમ, તે ઉપર વિચાર ચલાવવો

૧૨ સ્થાનિક સરકાર, ૧૧ મી કલમની રૂએ તેણે પ્રસિદ્ધ કરેલા કોઈ પણ જાહેરનામાની સરતો, પ્રસગ પ્રમાણે, બીજો કોઇ આકી આપેલો પ્રદેશ અથવા વસવાની જગા નક્કી કરીને એવાજ જાહેરનામામાથી બદલ-વાને મુખત્યાર છે અને સ્થાનિક સરકારે આ અર્થે અધિકાર આપ્યો હોય એવો કોઇપણ અમલદાર, લેખી હુકમ કાઢીને એવા ગુન્હા કરનારી જાતને, પ્રસગ પ્રમાણે બીજો પ્રદેશ આકી આપીને અથવા, તેજ જિલ્લા મા બીજી જગાએ તેને વસવાનુ ફરમાવીને કલમ ૧૧ મુજબ અથવા આ કલમ મુજબ કાઢેલા કોઇ પણ જાહેરનામામા ફેરફાર કરવાને મુખત્યાર છે

૧૩ કલમ ૧૧ અથવા ૧૨ મુજબ સ્થાનિક સરકારે કરેલા કોઇ પણ જાહેરનામામા, કોઇ પણ બીજા પ્રાતમા આવેલા પ્રદેશ અથવા જગાને ગુન્હા કરનારી જાતને આકી આપેલા પ્રદેશ તરીકે અથવા ગુન્હા કરનારી જાતને વસવાની જગા તરીકે નિર્દિષ્ટ કરવાનો અધીકાર છે, પણ એવુ ઠરાવ્યુ છે કે તે પ્રાતની સ્થાનિક સરકારની સમતિ પ્રથમ મેળવેલી હોવી જોઇએ

૧૪ કલમ ૧૧ અથવા કલમ ૧૨ મુજબના કોઈ પણ જાહેરનામા અન્વયે ગુન્હા કરનારી જાતની હીલચાલ આકી આપેલી હોય અથવા જે ગુન્હા કરનારી જાત એકાદી રહેવાની જગામા વસાવવામા આવી હોય તે જાતના દરેક નોધાયલા માણસે, આ બાબતમા ઠરાવવામા આવી હોય તેવી જગાએ તેવા વખતે અને તેવા સખસની સમક્ષ હાજર થવુ જોઇએ

૧૫ (૧) જે પ્રાતની સ્થાનિક સરકારે, એવી ગુન્હા કરનારી જાતની બાબતમા કલમ ૩ મુજબ જાહે-રનામુ કાઢ્યુ હોય તે પ્રાત શિવાયના બીજા પ્રાતમા આવેલો પ્રદેશ એવી ગુન્હા કરનારી જાતના કોઇ માણ-સને એવા કોઈ પણ જાહેરનામાની અન્વયે, તેની હીલચાલને માટે આકી આપ્યો હોય અથવા તે પ્રાત સિવાયના બીજા પ્રાતમા આવેલી રહેવાની જગામા તેને વસાવવામા આવ્યો હોય ત્યારે આ આક્ટના તથા આ આક્ટની રૂએ કરેલી કાનુનોના સઘળા ઠરાવો એવા બીજા પ્રાતની સ્થાનિક સરકારે જાણે સદરહુ જાહેરનામું કાઢેલુ હોય તેવી રીતે સદરહુ માણસને લાગુ પડશે

(૨) જો કલમ ૪ ની રૂએ કોઇ પણ જિલ્લામા નોધવામા આવી હોય એવી કોઈ પણ ગુન્હા કરનારી

જાતનો અથવા ગુન્હા કરનારી જાતના કોઈ પણ ભાગને અથવ એવી જાત અથવા ભાગના કોઇ પણ જિલ્લામા આવેલા પ્રદેશમા તેની હીલચાલ આડી આપવામા આવી હોય અથવા બીજા જિલ્લામા આવેલી રહેવાની જગામા વસાવવામા આવ્યા હોય, (પછી તે એકજ પ્રાતમા હોય કે નહી તેની હરકત નહી) તો, સદરહુ રજીસ્ટર અથવા પ્રસગ પ્રમાણે, તેમા કરેલા મુદાને લગતી નોધો અથવા નોધ, સદરહુ બીજા જિલ્લાના પોલિસ સુપરિટેન્ડન્ટને સ્વાધીન કરવા, અને આ આકટ તથા તેની રૂએ કરેલી કાનુનોના સઘળા ઠરાવો એવી ગુન્હા કરનારી જાતને અથવા ભાગને તે જિલ્લામા નોધવામા આવી હોય તેવી રીતે લાગુ પડશે, અને તે જિલ્લાના જિલ્લા માજીસ્ટ્રેટને કલમ ૫ ની રૂએ આપેલી કોઇ પણ માફી રદ કરવાનો અધિકાર છે એમ સમજવુ

થાણા અને શાળાઓ.

૧૬ સ્થાનિક સરકાર ઔદ્યોગિક, ખેતીવાડી સંબંધી અથવા સન્માર્ગપ્રવર્તક થાણા સ્થાપવાને અને તેમા જે ગુન્હા કરનારી જાતના અથવા તેના જે કોઈ ભાગના અથવા માણુસના સબંધમા ૧૧ મી કલમની રૂએ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામા આવ્યુ હોય તે ગુન્હા કરનારી જાતને અથવા તેના સદરહુ ભાગને અથવા માણુસને મુકવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે ઠરાવવામા આવે તેવા અધિકારીએ તથા ઠરાવવામા આવે તે રીતે તપાસ કર્યા પછી, સ્થાનિક સરકારની ખાતરી થાય એવી રીતે, એવો હુકમ કરવાનુ જરૂરનુ જણાય તે શિવાય એવો કોઇપણ હુકમ કરવો નાહ

૧૭ (૧) સ્થાનિક સરકાર છોકરા માટે ઔદ્યોગિક, ખેતીવાડી સબંધી અથવા સન્માર્ગપ્રવર્તક શાળા સ્થાપવાને મુખત્યાર છે, અને જેના સબધમા ૧૧ મી કલમની રૂએ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું હોય તેવી કોમ પણ ગુન્હા કરનારી જાતના અથવા કોઈ ગુન્હા કરનારી જાતના ભાગના માણુસોના છોકરાને તેમના માબાપ ૨ થવા વાલીઓથી છુટા પાડીને તથા તેમની પાસેથી ખસેડીને એવી કોઇ પણ શાળામા મુકવાનો હુકમ કરવાને મુખત્યાર છે

(૨) પેટા-કલમ (૧) ની રૂએ સ્થાપેલી દરેક શાળાને માટે સ્થાનિક સરકારે એક સુપરીટેન્ડન્ટ નીમવો જોઇએ

(૩) સન ૧૮૯૭ ના સન્માર્ગપ્રવર્તક શાળા બાબતના આકટની ૧૮ થી ૨૨ સુધીની કલમોના ઠરાવો બની શકે ત્યા સુધી, આ કલમની રૂએ સ્થાપેલી છોકરાઓ માટેની દરેક શાળાને જાણે સદરહુ શાળાનો સુપરિન્ટેન્ડન્ટ સદરહુ આકટના અર્થ મુજબ સુપરિન્ટેન્ડન્ટ હોય અને સદરહુ શાળામા રાખેલા છોકરા સદરહુ આકટના અર્થ મુજબ નાની વયના ગુન્હેગારો હોય તે પ્રમાણે, લાગુ પડવા જોઇએ

(૪) આ કલમના કારણુ સારૂ " છોકરા " એ સજ્ઞામા અઢારથી ઓછી અને છ થી વધારે વરસની ઉમ્મરના સઘળા સખસોનો સમાવેશ થાય છે

(૫) આ કલમના કારણુ સારૂ કોઇપણુ સખસની ઉમ્મરના સબધમા જિલ્લા માજીસ્ટ્રેટનો ઠરાવ આખરનો ગણાશે

૧૮ સ્થાનિક સરકાર, અથવા આ અર્થે તેણે અધિકાર આપેલા કોઇ પણ અમલદાર હરકોઇ વખતે સામાન્ય અથવા ખાસ હુકમથી, તે પ્રાતમાના ઔદ્યોગિક ખેતીવાડી સબધી અથવા સન્માર્ગપ્રવર્તક થાણુ, અથવા શાળામા હોય એવા કોઈ પણ સખસને,

(અ) છોડી મુકવાનુ, અથવા

(બ) તે પ્રાતમાના બીજા કોઇ સન્માર્ગપ્રવર્તક થાણામા અથવા શાળામા ખસેડીને લઇ જવાનું ફરમાવવાને મુખત્યાર છે

૧૯ કલમ ૧૬, કલમ ૧૭ અથવા કલમ ૧૮ મુજબ કરેલા કોઇપણુ હુકમથી, કોઈ સખસને, પ્રસંગ પ્રમાણે જે થાણામા અથવા શાળામા રાખવાનો અથવા ખસેડવાના હોય તે થાણા અથવા શાળા તરીકે, બીજા પ્રાતમાનુ કોઇપણુ ઔદ્યોગિક, ખેતીવાડી સંબંધી અથવા સન્માર્ગપ્રવર્તક થાણું અથવા શાળાને નિ-

દિષ્ટ કરવાનો અધિકાર છે, પણ એવુ ઠરાવ્યુ છે કે તે પ્રાંતની સ્થાનિક સરકારની પ્રથમ મંજુરી મેળવેલી હોવી જોઇએ

કાનુનો

૨૦ (૧) સ્થાનિક સરકાર આકટના કારણો અને હેતુઓ પાર પાડવાને કાનુનો ઘડવાને મુખત્યાર છે

શિક્ષા અને કામ ચલાવવાની રીત.

૨૧ જે કોઈ સખસ ગુન્હા કરનારી જાતનો માણસ હોય અને કાયદાસર કારણ સિવાય, (આ કારણ સાબીત કરવાનો બોજો તેના ઉપર રહેશે)

(અ) ૫ મી અથવા ૭ મી કલમની રૂયે કાઢેલી નોટીસ મુજબ હાજર થવાને ચુકે, અથવા

(બ) તે કલમોમાની કોઈપણ એક કલમમા ફરમાવ્યા મુજબ કોઈપણ ખબર ઇરાદાપૂર્વક ન આપે અથવા

(ક) તે એમાની હરકોઇ એક કલમની રૂયે જ્યારે તેને ખબર આપવાનુ ફરમાવવામા આવે ત્યારે, જે ખબર ખોટી છે એમ તે જાણતો હોય તેવી ખબર અથવા જે ખબર ખોટી છે એમ માનવાને તેને સબબ હોય તેવી ખબર સાચી તરીકે તે આપે, અથવા

(ડ) કલમ ૯ મુજબ કરેલા હુકમની રૂયે કામ કરનાર કોઈપણ સખસ પાસે તેની આગળીની છાપ લેવા દેવાની ના પાડે, તેને વગર વારંટે પકડવાનો અધિકાર છે, અને તે વધારેમા વધારે છ મહિનાની મુદ્દત સુધીની કેદની, અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા બંને શિક્ષાને પાત્ર થશે

૨૨ (૧) જે કોઈ સખસ ગુન્હા કરનારી જાતનો નોધાયલો માણસ હોય અને જો ૨૦ મી કલમની (ઇ) (ગ) અથવા (હ) ગકમની રૂયે ઘડેલી કાનુન તોડે તે—

(અ) પહેલીવાર ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયેથી, એક વરસની

(બ) બીજીવાર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયેથી બે વરસની અને

(ક) ત્યાર પછી કોઈપણ વખતે ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયેથી, ત્રણ વરસની કેદની અથવા પાચસો રૂપિયા સુધીના દંડની અથવા એ બંને શિક્ષાને પાત્ર થશે

(૨) જે કોઈ સખસ, ગુન્હા કરનારી જાતનો નોધાયલો માણસ હોય અને જે ૨૦ મી કલમની રૂયે ઘડેલી બીજી કોઇપણ કાનુન તોડે તે—

(અ) પહેલીવાર ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયેથી વધારેમા વધારે છ મહિનાની કેદની અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા એ બંને શિક્ષાને અને

[બ] ત્યાર પછી કોઇપણવાર ગુન્હાની સાબીતીનો ઠરાવ થયેથી વધારેમા વધારે એક વરસની મુદ્દત સુધીની કેદની અથવા પાચસે રૂપિયા સુધીના દંડની, અથવા એ બંને શિક્ષાને પાત્ર થશે

(૩) જે કોઈપણ સખસ સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના અર્થ પ્રમાણે કોગ્નિઝેબલ ગુન્હો ન હોય એવો, આ કલમની રૂયે શિક્ષાને પાત્ર એકાદો ગુન્હો કરે અથવા જેના ઉપર એવો ગુન્હો કર્યાનો વાજબી રીતે શક લાવવામાં આવે તે સખસને, પોલિસ થાણુ જે કોઇપણ અમલદારના હવાલામા હોય તે અમલદાર અથવા સબ ઇન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાનો ન હોય એવો કોઈપણ પોલિસ અમલદાર, વારંટ વગર પકડવાને મુખત્યાર છે

૨૩ (૧) જે કોઈપણ સખસ, કોઇપણ ગુન્હા કરનારી જાતનો માણસ હોય અને જેના ઉપર ૧ લા પરિશિષ્ટમા નિર્દિષ્ટ કરેલા હિંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબના ગુન્હાઓમાનો કોઇપણ ગુન્હો કીધાની સાબીતીનો ઠરાવ થયો હોય અને ત્યારપછી તેમજ અથવા બીજા કોઈપણ ગુન્હો કીધાની સાબીતીનો ઠરાવ થાય ત્યારે તે, નીચેની સજા નહિ કરવા વિષેના ખાસ કારણ (આ કારણો કોર્ટે પોતાના ફેંસલામા જણાવવા જોઇયે) નહિ જણાવ્યા હોય તો —

(અ) સદરહુ પ્રમાણે ગુન્હો કીધાની બીજીવાર સાબીતીનો ઠરાવ થયેથી, સાત વર્ષથી ઓછી નહિ એટલી મુદ્દત સુધીની કેદની, અને

(બ) ગુન્હો કીધાની ત્રીજીવાર સાબીતીનો ઠરાવ થયેથી જન્મપર્યંત સમુદ્રપારની, શિક્ષાને પાત્ર થશે.

પણ એવુ ઠરાવ્યુ છે કે સન ૧૯૧૧ ના માર્ચ મહિનાની ૧ લી તારીખ પહેલા થયેલી એક કરતા વધુ એવી કોઇપણ ગુન્હાની સાબિતી, આ પેટા-કલમના કારણો સારૂ ધ્યાનમા લેવામા આવશે નહી

(૨) એવો સખસ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની અથવા બીજા કોઈ કાયદાની રૂયે બીજી વધારે અથવા બીજી કોઇ શિક્ષાને પાત્ર હોય તો તેની તે પાત્રતાને આ કલમના કોઇ પણ મજકુર ઉપરથી બાધ આવશે નહી

૨૪ જે કોઈ સખસ કોઇપણ ગુન્હા કરનારી જાતનો નોધાયલો માણુસ હોય અને કોઇપણ જગાએ એવી સ્થિતિમા માલમ પડે કે—

(અ) તે ચોરી અથવા અપહરણુ કરવાની તજવીજમા અથવા એવુ કામ કરવામા મદદ કરવાની તજવીજમા હતો, અથવા

(બ) તે ચોરી અથવા અપહરણુ કરવાની તક જોયા કરતો હતો

એમ કોર્ટની ખાત્રી થાય તો તે માણુસને વધારેમા વધારે ત્રણુ વર્ષની મુદત સુધીની કેદની તેમજ વધારેમા વધારે એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે

૨૫ (૧) જે કોઇ સખસ ગુન્હા કરનારી જાતનો નોધાયલો માણુસ હોય, અને જે

(અ) જે પ્રદેશ અથવા રહેવાની જગામા તેનો હિલચાલ આંકી આપી હોય અથવા જ્યા તેને વસાવવામા આવ્યો હોય તે પ્રદેશ અથવા રહેવાની જગા, કાંઈ હોય તો તેની બહારના બ્રિટીશ હિંદુસ્તાનના કોઇપણુ ભાગમા, ઠરાવેલા પાસ વિના અથવા તેના પાસની શરતમા જે જગા અથવા વખત લખેલા નહી હોય એવી જગામા અથવા એવા વખતે જડી આવશે, અથવા

[બ] ઔદ્યોગિક, ખેતીવાડી સંબંધી અથવા સન્માર્ગપ્રવર્ત્તક થાણુા અથવા શાળામાથી નાશી જશે,

તેને વગર વારંટે પકડવાનો અને હરકોઇ માજીસ્ટ્રેટની આગળ લઈ જવાનો અધિકાર પોલિસના હરકોઈ અમલદારને અથવા ગામના મુખીને અથવા ગામના રખવાળને છે, અને તે માજીસ્ટ્રેટે, તે વાત સાબીત થાય તો, તેવા પ્રદેશ અથવા જગા અથવા તેવા થાણુા અથવા શાળામા, (જેમ હોય તેમ) આ આ આકટ મુજબ અથવા તેની રૂયે ઠરાવેલી કોઇપણુ કાનુનો મુજબ તજવીજ થવા સારૂ, તેને મોકલવાનો હુકમ કરવો

(૨) કેદીઓને લઇજવા બાબત જે કાનુનો વિદ્યમાનકાળે અમલમા હોય તે કાનુનો આ કલમ પ્રમાણે અથવા આ આકટના બીજા કોઇ પણુ ઠરાવ પ્રમાણે જે સખસો લઇ જવાના હોય તે સઘળા સખસોને લાગુ છે

પણુ એવુ ઠરાવ્યુ છે કે, સદરહુ સખસોને લઇજવા બાબત સ્થાનિક સરકારનો અથવા ઇન્સ્પેકટર જનરલ ઓફ પ્રીઝન્સનો હુકમ લેવાની જરૂર નથી

૨૬ (૧) જે ગામમા ગુન્હા કરનારી જાતના કોઇપણુ લોક રહેતા હોય તે ગામના દરેક મુખીએ તથા ગામના દરેક રખવાળે અને જે જમીન ઉપર આવા કોઈ સખસો રહેતા હોય તે જમીનના દરેક ધણીએ અથવા ભોગવટો કરનારે તથા એવા જમીનના કોઇપણુ ધણી અથવા ભોગવટો કરનારના એજંટે (મુખત્યારે) હેઠળ લખેલી વાતો બાબત જે કોઇ પણુ ખબર તેને મળે તે તાબડતોબ છેક પાસેના પોલિસના થાણુાના અમલદારને આપવી, એટલે—

(અ) સદરહુ પ્રકારનો કોઇ સખસ ૫ મી કલમથી આપેલી નોટીસ મુજબ હાજર થવાનું અને ખબર આપવાનું તેને ફરમાવ્યુ હોય ત્યારે તેમ કરવાનુ ચુકે તે બાબત, અથવા

(બ) ગુન્હા કરનારી જાતનો કોઈપણુ નોધાયલો માણુસ (પ્રસંગ પ્રમાણે) સદરહુ ગામમાથી અથવા સદરહુ જમીનમાથી જાય તે બાબત

(૨) જે કોઈપણુ લોક કોઇપણુ ગુન્હા કરનારી જાતના છે એવો વાજબી રીતે શક હોય તેઓ (પ્રસંગ પ્રમાણે) ગામમા અથવા જમીનમા આવ્યાની કાંઈપણુ ખબર પોતાને મળે તો તે ગામના દરેક મુખીએ, અને રખવાળે અને તે જમીનના દરેક ધણીએ અથવા ભોગવટો કરનારાએ તથા આવા જમીનના

ધણીના અથવા ભોગવટો કરનારાના એજંટ (મુખત્યારે) તાબડતોબ છેક પાસેના પોલિસ થાણાના અમલદારને આપવી જોઇએ

૨૭ ગામનો જે કોઈપણ મુખી અથવા રખવાળ અથવા જમીનનો જે કોઈપણ ધણી અથવા ભોગવટો કરનાર તથા આવા જમીનના ધણી અથવા ભોગવટો કરનારનો જે એજંટ (મુખત્યાર) ૨૬ મી કલમમા ફરમાવ્યા પ્રમાણે ચાલવાને ચુકશે તેણે, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૬ મી કલમના પહેલા ભાગ મુજબ, શિક્ષા કરવા લાયક ગુન્હો કર્યો છે એવુ સમજવુ

૨૮ સ્થાનિક સરકારની એમ ખાતરી થાય કે, કલમ ૩ મા ઉલ્લેખ કરેલા સખસોની હિલચાલ આંકી આપવાની બાબતમા અથવા કોઈ રહેવાની જગામા તેમને વસાવવાની બાબતમા, અને એવી રીતે આંકી આપેલા અથવા વસાવેલા સખસો હિત જાળવવાની બાબતમા હિંદુસ્તાનના કોઇપણ દેશીસંસ્થાનના કાયદાથી પુરતી વ્યવસ્થા કરવામા આવી છે તો, તે, સદરહુ દેશી સંસ્થાનના રાજા અથવા હકિમની સમત્તિથી, સદરહુ પ્રાંતમા વિદ્યમાનકાળે હોય એવી કોઇપણ ગુન્હા કરનારી જાતને તે સંસ્થાનમા ખસેડવાનું ફરમાવવાને મુખત્યાર છે, અને એવી રીતે ખસેડવા માટે જરૂરના સઘળા પગલા લેવાનો અધિકાર આપવાનો તેને અખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે સ્થાનિક સરકારની એમ ખાતરી થાય કે તે સખસ મલિક મુઆઝામની રૈયત છે તો તેને ખસેડવો નહી

પુરવણી ઠરાવ.

૨૯ આ આકટમા ઉપર લખેલા ઠરાવો પ્રમાણે અથવા તે માંહેના કોઇપણ ઠરાવ પ્રમાણે વહિવટ કરવામા આવ્યો નથી એવા સબબથી ઇન્સાફની કોઈ કોર્ટે ૩ જી, ૧૧ મી અથવા ૧૨ મી કલમના ઠરાવ મુજબ પ્રસિદ્ધ કરેલુ કોઇપણ જાહેરનામુ કાયદેસર છે કે નહિ એવી તકરાર કરવી નહિ અથવા તે ઠરાવો મુજબ વહીવટ કરવામા આવ્યો છે કે નહિ તે બાબતની કોઇપણ રીતની તકરાર સાભળવી નહિ પણ આવુ દરેક જાહેરનામુ, તે કાયદા પ્રમાણે કાઢવામા આવ્યુ છે એ બાબતનો, નિર્ણયકારક પુરાવો છે

કાયદાનો શિક્ષક—ભાગ ૨ જો.

રેવન્યુ વિષયને લગતા કાયદાઓ.

લેન્ડ રેવન્યુ કોડ.

મુંબઇનો જમીન મહેસુલનો કાયદો.

(સને ૧૮૭૯ નો મુંબાઇનો આકટ ૫ મો.)

મુલકી અમલદારો સંબંધી, તથા જમીન મહેસુલના આકાર ઠરાવવા સબંધી તથા જમીન મેહેસુલના વહીવટ બાબતની બીજી વાત સબધી કાયદા છે તે એકઠા કરીને સુધારવા યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે —

બાબ ૧ લો.

પ્રથમ નિયમ.

૧. આ આકટને " સને ૧૮૭૯ નો મુબઇનો જમીન મેહેસુલનો " કાયદો કહેવો

આ આકટ " સને ૧૮૭૪ ના ૧૪ મા આકટમા કહેલી શેડયુલ્ડ ડીસ્ટ્રીકટો તથા મુબાઇ શહેર અને એડન શિવાય સઘળા મુંબઇ ઇલાકાને લાગુ પડે છે

ટીકા—અકલકોટ સસ્થાન તથા સિધને આ આકટ લાગુ છે

૨ જી કલમ રદ કરી છે

૩ આ આકટમા વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી બાધ આવતો ન હોય તો

[૧] " **મુલકી અમલદાર** " આ શબ્દનો અર્થ કોઇ પણ દરજ્જાના જે જે અમલદારને આ આકટના ઠરાવો પૈકી કોઇ પણ ઠરાવ મુજબ નીમ્યો હશે તથા જમીન મેહેસુલના અથવા સરવેના અથવા આકાર ઠરાવવાના અથવા હીસાબના અથવા તે સબંધી દફતરના કામમા અથવા કામને સબધે રાખેલો હશે તે અમલદાર એવો સમજવો અને આ શબ્દમા ૨૫ મી તથા ૨૬ મી કલમોના કારણ સારૂ વશપરપરાના હુદ્દાઓ બાબતના સન ૧૮૮૭ ના મતાદારોના આકટના ઠરાવોની રૂઇએ નિમેલા અધિકારીનો સમાસ થાય છે

ટીકા—ગામના વશપરપરાના કામદાર (વશપરપરાના પટેલો તથા કુલકરણીઓ) એ મુલકી અમલદાર નથી. ઍગ્રીકલચરના ડીસ્ટ્રીકટ ઇન્સ્પેકટરોને મુલકી અમલદારો ગણવા

(૨) " **સરવે અમલદાર** " આ શબ્દોનો અર્થ આ આકટની ૧૮ મી કલમ ઉપરથી અથવા તે કલમમા દરાવેલી રીતે નીમેલો અમલદાર એમ સમજવો

(૪) " **જમીન** " આ શબ્દમા જમીનમાથી ઉત્પન્ન થનારા ફાયદાનો તથા ભોયને ચોટેલી વસ્તુનો અથવા ભોયને ચોટેલી વસ્તુ જોડે જાથુ જડાયલી વસ્તુનો સમાસ થાય છે અને ગામના અથવા મુલકના નક્કી કરેલા બીજા ભાગના મહેસુલના અથવા ગણોતના ભાગનો અથવા તેની ઉપર નાખેલા બોજાનો પણ સમાસ થાય છે એમ સમજવુ

(૫) " ઇસ્ટેટ " આ શબ્દોનો અર્થ જમીનમાનો કાઇપણ હક સબધ તથા તેવા હક સબધનો સમુદાય કોઈ પણ માણસને અથવા તે ધારણ કરી શકે એવા માણસોના જે સમુહ તે સમુહને પ્રાપ્ત થયો હશે તે હક સબધ તથા તેનો હક સબધનો સમુદાય એવો સમજવો

(૮) " ધરનું ગમાણુ " આ શબ્દનો અર્થ જમીનનો જે વિભાગ ઇમારતી કામ સારૂ ધારણ કરેલો હશે તે જમીનનો વીભાગ, પછી તે વીભાગ ઉપર કોઇ ઇમારત વાસ્તવીક બાંધેલી હોય કે ન હોય અને તે વીભાગ ઉપર બાંધેલી કોઇ ઇમારતથી ઘેરાયલી અથવા તેને લગતી જે ખુલ્લી જમીન અથવા આગણુ હોય તે ખુલ્લી જમીનનો અથવા આગણાનો "ધરનુ ગમાણુ" આ શબ્દોમા સમાસ થાય છે

" હદ નીશાન " આ શબ્દોનો અર્થ કાઇ પણ ઉભુ કરેલુ નીશાન તે પછી માટીનુ હોય કે પથરાનુ હોય કે બીજા પદાર્થનુ હોય અને તે પ્રમાણે કાઇપણ વાડ અથવા નહી ખેડેલો બાધ અથવા જમીનનો ચીરવટો અથવા બીજો પદાર્થ, પછી તે સ્વાભાવિક હોય કે કૃતિથી કરેલો હોય, અને જે નીશાન વાડ નહિ ખેડવા બાબત જમીનનો ચીરવટો અથવા બીજો પદાર્થ, સર્વે અમલદારે અથવા આ બાબત અધિકાર હોય તેવા બીજા મુલકી અમલદારે જમીનના કોઇ પણ ભાગની હદ બતાવવા સારૂ ઉભો કરેલો હોય, કામે લગાડેલો હોય કે નક્કી કરેલો હોય તે સમજવો

(૧૩) " વરીષ્ટ ધારણુ કરનારો " આ શબ્દોના અર્થ કોઇ ધારણુ કરનારાઓએ ધારણુ કરેલી જમીન બાબત તેઓની પાસેથી ગણોત અથવા જમીન મહેસુલ લેવાનો હક જે ધારણુ કરનારને હોય તે ધારણુ કરનાર એવો સમજવો પછી તે ધારણુ કરનારો ગણોત બાબત અથવા જમીન મહેસુલ બાબત અથવા તેના કાઇ ભાગ બાબત સરકારનો જવાબદાર હોય કે ન હોય

(૧૪) "કનીષ્ટ ધારણુ કરનારો " આ શબ્દનો અર્થ કોઇ ધારણુ કરનારો પોતે ધારણુ કરેલી જમીન બાબત ગણોત અથવા જમીન મહેસુલ વરીષ્ટ ધારણુ કરનારને આપવાને પાત્ર હશે તે ધારણુ કરનારો એવો સમજવો, પછી તે ધારણુ કરનારો ગણોત અથવા જમીન મહેસુલ સદરહુ પ્રકારના વરીષ્ટ ધારણુ કરનારનુ છે એ રીતે આપવાનો હોય અથવા સરકારનુ છે એ રીતે આપવાનો હોય.

(૧૭) "નોંધેલા ખાતાદાર" આ શબ્દોનો અર્થ જે એકલાજ ખાતાદારનુ, અથવા જુદા જુદા સમાઇક ખાતાદારો પૈકી જે વડીલ અથવા મુખ્ય ખાતાદારનુ નામ હુકમથી સરકારી દફતરમા દાખલ કર્યું હશે, પછી તે જાતે ધારણુ કરનાર તરીકે હોય, અથવા પોતાના સહખાતાદારની અથવા ખેડુતની અથવા મુખત્યારની અથવા નોકરની અથવા બીજા કાયદાસર વારસ વડીલની વિદ્યમાન દુમાલા નહી હોય તેવી જમીનના ધારણુ કરનારા તરીકે હોય તે ખાતાદાર એવો સમજવો.

(૧૯) " દુમાલા " આ શબ્દનો અર્થ ગણોત અથવા જમીન મહેસુલ આપવા બાબત જે સરકારના હક છે તેટલે સુધીજ કોઈ માણસની માલકીમા સઘળુ અથવા થોડુ આપેલુ

(૨૦) " ગામમા " કસબા " અથવા " શહેર "નો અને કસબાની અથવા શહેરની સઘળી જમીનનો સમાસ થાય છે.

(૨૧) " મુલકી સાલ " અથવા " સાલ " આ શબ્દનો અર્થ એક ક્યાલેન્ડર સાલના જુલાઈ મહિનાની ૩૧ મી તારીખથી તથા તે તારીખ મુકીને આગલી ક્યાલેન્ડર સાલમાના જુલાઇ મહિનાની ૩૧ મી તારીખ સુધી તથા તે તારીખ ગણતા જે મુદત થાય છે તે

નવીન સુધારાથી

સન ૧૯૦૩ નો મુંબઈનો જમીન ઉપરના હકના પત્રકનો (રેકર્ડ ઓફ રાઇટસનો) એકટ રદ થયો છે

આ સુધારાથી ૨ જી કલમ રદ કરી છે

૩ જી **કલમની** વ્યાખ્યાઓમા નિચે પ્રમાણે સુધારો થયો છે

કલેકટરની વ્યાખ્યા કરનારી રકમ (૩) રદ કરવી

સરવે નંબર—જમીનના જે વિભાગનું ક્ષેત્રફળ તથા ધારો જમીનના દફતરમા દર્શક નબર આપીને જુદો નાખ્યો હોય તે જમીનનો વિભાગ એવો સમજવો

સરવે નંબરનો પેટા વિભાગ—સરવે નબરના જે ભાગનુ ક્ષેત્રફળ અને ધારો જમીનના દફતરમા સર્વે નબરના પેટા નબર તારીકેનો દર્શક નબર નાખીને દાખલ કર્યો હોય એ ભાગ થાય છે.

ચોરા—આ શબ્દનો અર્થ જે જગાને આ આકટના કારણુ સારૂ ચોરો સમજવી એમ કલેકટર ફરમાવે તે જગા

જમીન ધારણ કરે છે જમીન ધારણ કરનાર છે અથવા ધારણ કરનાર છે—આ શબ્દોની પ્રથમ કરેલી વ્યાખ્યાઓને બદલે તેનો અર્થ જમીનનો કાયદેસર રીતે કબજો ધારણ કરે છે એવો થાય છે પછી આવો કબજો ખરેખર ધારણ કરતો હોય કે ન હોય તેની હરકત નથી

ધારણ કરેલી જમીન—ધારણ કરનારો ધારણ કરતો હોય તે જમીનનો કકડો

ખેડુત—શબ્દનો અર્થ પટે લેનાર થાય છે

જમીનદાર—નો અર્થ પટે આપનાર થાય છે

ખાતેદાર—ખેડુત સિવાયનો દુમાલા ન હોય તેવી જમીન જેના ખરેખરા કબજામા હોય એવો ધારણ કરનારો

ખાતુ—ખાતેદારે ધારણ કરેલી જમીનનો ભાગ

જમીનનો ભોગવટો કરવો—જમીન કબજામા હોવી તે

સહ ધારણ કરનારાઓ—અથવા **સહ ખાતેદારો** જે ધારણ કરનારાઓ અથવા ખાતેદારો સહ ભાગીદારો તરીકે જમીન ધારણ કરતા હોય અને જેમના ચોક્કસ હીસ્સાઓ પાડવામા આવ્યા ન હોય તેવા ધારણ કરનારાઓ,

જમીનનાં દફતરો—આ આકટના ઠરાવોની રૂએ રાખવામા આવતા દફતરો

દાખલા વાળી નકલ—પુરાવાના કાયદાની ૭૬ મી કલમ જે નકલ માટે દાખલો આપ્યો હોય તેવી નકલ

મહાલ—તાલુકાનો ઠરાવેલો જે ભાગ મહાલકરીના તાબામા મૂકવામા આવ્યો હોય તે

બાબ ૨ જો.

મુલકી અમલદારોની નિમણુકો અને તેઓના અધિકાર

૪ જમીન મહેસુલ સબધી સઘળા પ્રકરણમા મુખ્ય નિયામક અધિકાર કમીશનરને આપ્યો છે, પરતુ તે ગવર્નર ઇન કૌસિલના હુકમને અનુસરીને જોઇએ

ઇડિયા સરકારના આ હુકમને અનુસરીને ગવર્નર ઇન કૌસિલ ફરમાવશે તે પ્રમાણે એક અથવા વધારે *કમીશનરો હશે અને તેઓમાના દર એકના હાથ હેઠળ કયા મુલક રહેવા જોઇએ, તે પછી જોઇએ તો સામાન્ય રીતે હોય અથવા કોઇ વિશેષ કારણ સારૂ હોય, તે ગવર્નર ઇન કૌસિલે ઠરાવવુ જોઇએ અને સદરહુ પ્રકારના મુલકની હદમા વખતે વખતે ફેરફાર કરવાનો અધિકાર તેને છે આ બાબત કરેલા સઘળા હુકમ યોગ્ય રીતે પ્રસિદ્ધ કરવા જોઇએ

દરએક કમીશનરના તાબામા જે મુલક હશે તે સઘળો મળીને એક ભાગ થશે અને તેને ભાગ કહેવા સીધ પ્રાતના મુલકોને એક ભાગ ગણવો અને સીધના કમીશનરને તે ભાગનો કમીશનર ગણવો

૫ કમીશનરોને ગવર્નર ઇન કૌસિલે નિમવા જોઇએ, અને આ આકટ ઉપરથી અથવા જે વખતે જે બીજા કોઇ કાયદા ચાલુ હશે તે બીજા કાયદા ઉપરથી કમિશનરોને આપેલા અધિકાર તેઓએ ચલાવવા જોઇએ, અને સોપેલા કામ કરવા જોઇએ અને આ આકટને સદરહુ કાયદાને અનુસરીને હોય તેટલે સુધી જે બીજા અધિકાર અથવા અપીલના કામ તથા દેખરેખ તથા પોતપોતાના તાબા માટેના અમલદારો ઉપર જે અમલ સરકાર વખતે વખતે આપશે તે સર્વ તેઓએ ચલાવવા જોઇએ

૬ દર એક કમીશનરને જેટલા આસીસ્ટટો જોઇએ એવુ ગવનર ઇન કૌસિલ વખતે વખતે ફરમાવશે તેટલા આસિસ્ટટો તેને હશે, તેઓની નીમણુક ગવર્નર ઇન કૌસિલે કરવી સદરહુ પ્રમાણે નીમેલા આસીસ્ટટો જે જે કમીશનરના તાબામા હશે તે તે કમીશનર વખતે વખતે ફરમાવશે તે કામ તે આસિસ્ટટોએ કરવા જોઇએ

ટીપ—દરેક ભાગના કમીશનરને હાલ બબ્બે આસીસ્ટટો આપેલા છે

૭ કમીશનરના હાથ હેઠળના દર એક ભાગમા, ગવરનર ઇન કાઉન્સીલ યોગ્ય રીતે હુકમ પ્રસિદ્ધ કરીને વખતે વખતે ફરમાવશે તેટલા તે હદના જીલ્લા કરવા

+ સીધ સિવાય ત્રણ કમીશનરો છે. ૧ ઉતર ભાગનો ૧ મધ્ય ભાગનો અને ૧ દક્ષિણ ભાગનો.

અને ગવર્નર ઇન કાઉન્સીલ યોગ્ય રીતે હુકમ પ્રસિદ્ધ કરીને વખતે વખતે ફરમાવશે તેવા તાલુકા સદરહુ પ્રકારના દરએક જીલ્લામા જોઇએ તથા દરએક તાલુકામા ફરમાવશે તેટલા મહાલ તથા ગામો જોઇએ

૮ ગવર્નર ઇન કાઉન્સીલે દરએક જીલ્લામા એક એક અમલદાર નીમવો જોઇએ કે જે તે જીલ્લાનો ક્લેકટર થશે તથા તે પોતાના ભાગના કમીશનરના હાથ હેઠળ રહેશે અને આ આકટ ઉપરથી અથવા જે વખતે બીજા કોઇ કાયદા ચાલુ હશે તે બીજા કાયદા ઉપરથી કલેકટરને અથવા આસીસ્ટંટ કે ડેપ્યુટી કલેકટરને જે અધિકાર આપ્યા છે, તથા કામ સોપ્યા છે, તે સઘળા અધિકાર પોતાના જીલ્લામા સઘળે ઠેકાણે ચલાવવાનો, તથા તે સઘળા કામ કરવાનો અધિકાર સદરહુ પ્રકારના અમલદારને છે, અને જે બાબત વીશે કાયદામા ખસુસ ઠરાવ કર્યો નહી હોય તે સઘળી બાબતમા તેણે સરકારના હુકમ પ્રમાણે ચાલવુ જોઇએ

૯ ગવર્નર ઇન કાઉન્સીલને યોગ્ય લાગે તેટલા આસીસ્ટંટ ક્લેકટરો તથા તેટલા ડેપ્યુટી કલેકટરો દર એક જીલ્લા સારૂ નીમવાનો અધિકાર તેઓને છે, તે આસીસ્ટંટોને તેઓની નીમણુકના હુકમમા લખ્યુ હશે તે પ્રમાણે " ફર્સ્ટ " સેકંડ " " સુપરન્યુમરી " વીગેરે કહેવા

સદરહુ પ્રકારના સઘળા આસીસ્ટંટ તથા ડેપ્યુટી ક્લેકટરો તથા જીલ્લાની જમીન મહેસુલનો વહીવટ કરવાના કામમા રાખેલા બંજા સઘળા અમલદાર ક્લેકટરના હાથ હેઠળના છે એમ સમજવુ

૧૦ કલેકટરને પોતાના જીલ્લા માહેના તાલુકા પૈકી એક અથવા વધારે તાલુકાના મહેસુલનો કારભાર સરકારના સામાન્ય હુકમને અનુસરીને પોતાના આસીસ્ટંટો પૈકી અથવા ડેપ્યુટી પૈકી કોઇ આસીસ્ટંટ અથવા ડેપ્યુટીને સ્વાધીન કરવાનો અધિકાર અથવા તે પોતાને સ્વાધીન રાખવાનો અધિકાર છે

માત્ર એવુ ઠરાવ્યુ છે કે, પોતાને યોગ્ય દેખાય ત્યારે ફલાણુ કામ કરશો નહી અથવા ફલાણુ અધિકાર ચલાવશો નહીં એવુ સદરહુ પ્રકારના કોઇ આસીસ્ટંટને અથવા ડેપ્યુટીને ફરમાવવાનો અધિકાર અને તે કામ તથા તે અધિકાર પોતાની પાસે રાખવાનો અથવા પોતાના તાબામાના બીજા કોઇ આસીસ્ટંટને અથવા ડેપ્યુટીને સોપવાનો અધિકાર કલેકટરને છે

જે આસીસ્ટંટ અથવા ડેપ્યુટી ક્લેકટરના ચારજમા તાલુકા આપવા શકય અથવા યોગ્ય નહી હોય તેને પોતાને વખતે વખતે યોગ્ય લાગે તે વિશેષ કામ તથા અધિકાર સરકારના સામાન્ય હુકમ પ્રમાણે ક્લેકટરે સોપવા જોઇએ

૧૧ ક્લેકટર પોતાના કામ કરવાને અસમર્થ થાય અથવા કાંઇ કારણ ઉપરથી તે પોતાનો હુદ્દો છોડી દે અથવા પોતાનો જીલ્લો છોડીને જાય અથવા મરણ પામે ત્યારે સૌથી ઉંચા દરજ્જાનો તેનો જે આસીસ્ટંટ જીલ્લામા હાજર હશે તેણે તે હુદ્દા ઉપર સરકારે બીજી તજવીજ કરી ન હોય તો હંગામી સ્થાપન થવુ જોઇએ અને કલેકટર પોતાના જીલ્લાનો ચાર્જ પાછો લે ત્યા સુધી અથવા અગાઉના ક્લેકટરની જગા ઉપર બીજો સખસ ગવર્નર ઇન કાઉન્સીલ નીમે તથા તે નીમેલો સખસ પોતાની નીમણુકનો ચાર્જ લે ત્યા સુધી તે આસીસ્ટંટ આ આકટ પ્રમાણે જીલ્લાનો ક્લેકટર છે એમ સમજવુ

જે અમલદારનો મુખ્ય હુદ્દો આસીસ્ટંટ ક્લેકટરના હુદ્દા કરતા જુદો હશે તથા જે વિશેષ કારણ સારૂજ આસીસ્ટંટ કલેકટર હશે તે આ કલમના હેતુ સારૂ આસીસ્ટંટ છે એમ સમજવુ નહી

૧૨ તાલુકાના સ્થાનિક મહેસુલનો કારભાર જે મુખ્ય અમલદારને સ્વાધીન કર્યો હશે તેને મામલતદાર કહેવો તેનો તાલુકો જે ભાગમા હશે તે ભાગના કમીશનરે તેની નીમણુક કરવી જોઇએ

આ આકટ ઉપરથી અથવા જે વખતે જે બીજો કોઈ કાયદો અમલમા હોય તે બીજા કાયદા ઉપરથી જે કામ તેને માથે વિશેશ કરીને નાખ્યા હશે અથવા જે અધિકાર વિશેષ કરીને આપ્યા હશે અથવા સરકારના સામાન્ય અથવા વિશેષ હુકમ પ્રમાણે કલેકટરે તેને માથે નાખ્યા હશે અથવા આપ્યા હશે તે તેના કામ તથા તે તેનો અધિકાર છે એમ સમજવુ

ટીપ—મામલતદાર માપણીની કીંમત બદલ રૂ ૫ નું રીફન્ડ આપી શકે

૧૩ ગવર્નર ઇનકાઉન્સીલને જરૂર લાગે ત્યારે ત્યારે કોઇ તાલુકા ઉપર એક અથવા વધારે માહાલકારી નીમવાનો અધીકાર ક્લેકટરને છે અને મામલતદારના કામ પૈકી, તથા અધિકારો પૈકી, પોતાને વખતે વખતે યોગ્ય લાગે તે કામ તથા અધિકાર મહાલકારીને તેના સ્થાનીક અમલમા સરકારના તથા કમીશનરના

હુકમને અનુસરીને સોપી દેવાનો અધિકાર કલેકટરને છે, એને આ આકટની ૨૦૩ જી કલમના હેતુ સારૂ મહાલકારીનો અનતર ઉપરી અમલદાર મામલતદાર સમજવો કે જે આસીસ્ટટ કે ડેપ્યુટી કલેકટર અથવા કલેકટરને સમજવો એ પણ વખતે વખતે ફરમાવવાનો અધિકાર કલેકટરને છે જે ભાગ મહાલકારીના તાબામા મૂકવામા આવ્યો હોય તેને મહાલ કહેવો

૧૪ કમીશનર અથવા કલેકટર વખતે વખતે જે સામાન્ય હુકમ કરશે તે સામાન્ય હુકમને અનુસરીને પોતાના તાબામાના કામદારો પૈકી કોઇ કામદારને બીજાની પાસે કરાવી શકાય તેવા કામ પૈકી કાઇ ભાગ કરવામા લગાડવાનો અધિકાર મામલતદારને અથવા મહાલકારીને છે માત્ર એવુ ઠરાવ્યુ છે કે પોતાના તાબામાના કામદારોને સદરહુ પ્રમાણે લગાડયા હશે ત્યારે તેઓએ કરેલા સઘળા કામ તથા હુકમ સદરહુ પ્રકારના મામલતદારે અથવા માહાલકરીએ તપાસવાને તથા મજુર કરવાને પાત્ર થશે

૧૫ મામલતદાર અથવા માહાલકરી પોતાના કામ કરવાને અસમર્થ થશે અથવા કોઇ પણ કારણથી પોતાનો હુદ્દો છોડી દેશે અથવા પોતાનો તાલુકો અથવા માહાલ છોડીને જશે અથવા મરણ પામશે તો આ બાબત કલેકટર વખતે વખતે કરવાના હુકમમા જે તાબામાના કામદારને ઠરાવ્યો હશે તેણે સદરહુ મામલતદારના અથવા મહાલકરીના હુદ્દા ઉપર હગામી સ્થાપન થવુ, અને મામલતદાર અથવા માહાલકરી પોતાના તાલુકાનો અથવા માહાલનો ચાર્જ પાછો લે ત્યા સુધી, અથવા બીજો શખસ યોગ્ય રીતે નીમવામા આવે તથા તે પોતાની નીમણુકનો ચાર્જ લે ત્યા સુધી સદરહુ પ્રકારનો કામદાર આ આકટ પ્રમાણે મામલતદાર અથવા મહાલકરી છે એમ સમજવુ

૧૬ જે ગામમા વશપરપરાનો પટેલ અથવા તલાટી નહી હોય ત્યા સરકારના અથવા કમીશનરના સામાન્ય હુકમને અનુસરીને પગારદાર પટેલ અથવા તલાટી નીમવાનો અધિકાર કલેકટરને છે, અને તે પગારદાર પટેલ અથવા તલાટીએ આ આકટમા આગળ કહેલા અથવા જે વખતે જે બીજો કોઈ કાયદો અમલમા હશે તે બીજા કાયદામા કહેલા વશપરપરાના પટેલના અથવા તલાટીના સઘળા કામ દરેક જેના તેણે કરવા જોઈએ, અને તાબામાના મુલકી અમલદારો બાબત જે કાનુન અમલમા હશે તે કાનુન તેઓના હુદ્દાને લાગુ થશે કોઇ દુમાલા અથવા બીજા ગામમા પટેલની તથા તલાટીની નીમણુક બાબત દુમાલા ગામ ધારણ કરનારાઓને અથવા બીજાઓને હાલમા કાંઈ હક વિદ્યમાન હશે તે હકને આ કલમના કોઇ ઠરાવ ઉપરથી બાધ આવે છે એમ સમજવુ નહી

૧૭ તલાટીએ કયા રજીસ્ટરો તથા હીસાબ તથા બીજા દફતર રાખવા જોઇએ તે સરકારના તથા કમીશનરના સામાન્ય હુકમને અનુસરીને કલેકટરે વખતે વખતે ઠરાવવુ

ગામના કામ સબધી જે લેખ સરકારના અથવા લોકોના ઉપયોગ સારૂ જરૂરના હશે એટલે નોટીસો તથા મૈયતના પચાતનામામા ફોજદારી પ્રકરણની જબાનીઓ તથા તપાસણીઓ એવા સઘળા લેખ તલાટી જે ગામનુ કામ કરતો હશે તે ગામના પટેલ, અથવા તાલુકાના અથવા જીલ્લાના કોઇ પણ ઉપરી મુલકી અથવા પોલીસ અમલદારે તૈયાર કરવાને ફરમાવ્યુ હશે તો તે તૈયાર કરવા એ પણ તલાટીનુ કામ છે

૧૮ આ આકટના ૮ મા તથા ૯ મા તથા ૧૦ મા બાબના હેતુના સબધથી વખતે વખતે જરૂર લાગશે તે અમલદારોને નીમવાનો અધિકાર ગવર્નર ઈન કાઉન્સીલને છે સદરહુ પ્રકારના અમલદારને*

" સર્વે કમીશનર તથા " સર્વે સુપ્રીન્ટેન્ડેન્ટ " તથા " સર્વે સેટલમેન્ટ ઓફીસર " તથા " આસીસ્ટટ " એવા અથવા જરૂર જણાય તેવા બીજા નામ આપવા અને તેઓને ગવરનર ઇન કાઉન્સીલ જે હુકમ ફરમાવશે તે હુકમ પ્રમાણે એક બીજાના તાબામા રહેવુ જોઇએ

* સર્વે ડીપાર્ટમેન્ટ હાલ કાઢી નાખવાથી તેનુ કામકાજ કરવાને લેન્ડ રેકર્ડસ એગ્રીકલચર ડીપાર્ટમેન્ટ એવુ રાખવામા આવ્યુ છે અને તેથી "સર્વે કમિશનર" ને સેટલમેન્ટ કમિશનર અને ડાયરેક્ટરને બદલે લેન્ડ રેકર્ડસનો, " સુપરીન્ટેન્ડેન્ટ ઓફ રેવન્યુ સર્વે " ને બદલે સુપરીન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડસ અને રજીસ્ટ્રેશન, આસીસ્ટટ સુપ્રીન્ટેન્ડેન્ટને બદલે ડીસ્ટ્રીકટ એગ્રીકલચર ઇન્સ્પેકટરની " મેઝર્સ અને ક્લાસર્સ " ને બદલે સર્કલ ઇન્સ્પેકટરની નીમણુકનો સમાવેશ થાય છે

સદરહુ પ્રમાણે નીમેલા અમલદારોને ગવર્નર ઇન કાઉન્સીલના હુકમને અનુસરીને તથા સેટલમેન્ટ સબંધી સઘળી બાબતના કામ તપાસવાનો અધિકાર આપ્યો છે, અને તેઓએ આ અથવા જે વખતે જે બીજો કોઇ કાયદો અમલમા હોય તે બીજા કાયદામા કહેલા સઘળા અધીકાર ચલાવવા જોઇએ તથા કામ કરવા જોઈએ

૧૯ કોઇ માણસ કાયદા પ્રમાણે બીજી રીતે લાયક હશે તે એક જ માણસને આ બાબમા ઠરાવેલા કોઇ પણ બે અથવા વધારે હુદ્દા ઉપર નીમવાનો અથવા એક નામના એક અમલદારને કોઇ સ્થળ કે શીમમા અથવા બીજી રીતે યોગ્ય લાગે તે પ્રમાણે બીજા કોઇ અમલદારના અથવા અમલદારોના સઘળા અથવા કાંઈ પણ અધિકાર અથવા કામ સોપવાનો અધિકાર ગવર્નર ઇનકાઉન્સીલને છે

૨૦ ચોથી કલમથી તેરમી કલમ સુધીની કલમોમા તથા અઢારમી તથા ઓગણીસમી કલમમા કહેલા સઘળા અમલદારોની નીમણુકો યોગ્ય રીતે પ્રસિદ્ધ કરવી જોઈએ

૨૧ હેઠળ લખેલા અમલદારોના હાથ હેઠળના સઘળા લોકોની નીમણુક સરકારે બીજી રીતે ફરમાવ્યુ ન હોય તો તે અમલદારોએ ૨૧૪ મો કલમ પ્રમાણે કરેલી કાનુનને અનુસરીને કરવી જોઇએ તે અમલદારોની તપશીલ

૧ કમીશનર ૨ કલેકટર ૩ સરવે કમીશનર (હાલ સેટલમેન્ટ કમિશનર અને ડાયરેકટર ઓફ લેન્ડ રેકર્ડસ (૪ સરવે સુપ્રીન્ટેન્ડન્ટ હાલ સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ લેન્ડ રેકર્ડસ અને રજીસ્ટ્રેશન) ૫ સરવે સેટલમેન્ટ ઓફીસર

આ બાબની પાછલી કલમોમા કહેલા બીજા સઘળા અમલદારોના હાથ હેઠળના સઘળા લોકોની નીમણુકો કલેકટરે તથા સરવે સુપ્રીન્ટેન્ડન્ટે પોત પોતાના ખાતામા કરવી જોઇએ માત્ર એવુ ઠરાવ્યુ છે કે આ અધિકારને જે ભાગ તેને યોગ્ય જણાય તે તાબામાના કોઈ પણ અમલદારને આપવાનો અધિકાર તેઓને છે, પણ એવી સરતે કે સદરહુ પ્રકારના તાબા માહેના અમલદારોએ કરેલી નીમણુકો હરકોઇ વખતે તપાસીને ફેરવવાનો હક તેઓની પાસે રહેશે

૨૨ કયા મુલકી અમલદારોએ સીક્કાનો ઉપયોગ કરવો તથા સદરહુ પ્રકારના દરેક અમલદારે કેટલા મોટા તથા ક્યા પ્રકારના સીક્કાનો ઉપયોગ કરવો એ વખતે વખતે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને ઠરાવવાનો અધિકાર ગવર્નર ઇન કાઉન્સીલને છે

બાબ ૩ જો

કેટલાએક મુલકી અમલદારોએ આપવાના તારણ બાબત અને મુખ્યોની તથા જામીનોની જવાબદારી બાબત

૨૩ સરકારને યોગ્ય લાગે તે મુલકી અમલદારોએ પોતાના હોદ્દા ઉપર રજુ થયાની અગાઉ દરેકના સંબંધથી સરકારને યોગ્ય લાગે તેટલી રકમનુ તારણ તેણે આપવુ એવો અને તે તારણ વેચવાનો અધિકાર પત્ર સહિત સરકારી વ્યાજની નોટોની પીઠ ઉપર યોગ્ય શેરો લખીને તે અનામત મુકીને આપવુ અથવા આ આકટના બ પરીશિષ્ટમા નમુનો લખ્યો છે તે નમુના પ્રમાણે લખી આપવુ એવુ ફરમાવવાનો અધિકાર સરકારને છે

સદરહુ પ્રકારનુ તારણ જે રકમનુ આપવાનુ હોય તે રકમમા સરકારના હુકમથી વખતે વખતે ફેરફાર કરવાનો અધિકાર છે અને બ પરીશીષ્ટના નમુના પ્રમાણે તારણ લેવુ હોય ત્યારે કેટલા આસામીના જામીન લેવા તે આસામીની સંખ્યા પણ સરકારે ઠરાવવી

૨૪ કલેકટર અથવા સર્વે સુપ્રીન્ટેન્ડેન્ટના તાબામા મુલકી અમલદારે તારણ આપ્યા પછી તે લીધેલુ તારણ ખાતરીનુ નથી એવુ જો તેને દેખાય તો અથવા જે હુદ્દા બાબત વધારે તારણની જરૂર છે તેવા હુદ્દા ઉપર તે અમલદારની બદલી થઇ હશે તો અથવા બીજું પુરતું કારણ હશે તો નવુ અથવા વધારે તારણ હરકોઇ વખતે માગવાનો અધિકાર કલેકટરને અથવા સર્વે સુપ્રીન્ટેન્ડેન્ટને છે.

૨૫. કલેકટરને અથવા સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટને તેના ખાતા માહેના અથવા જીલ્લા માહેના કોઈ પણ મુલકી અમલદાર પાસે અથવા તેના ખાતામા અથવા જીલ્લામા અગાઉ ચાકરીમા હતો એવા કોઇ માણુસ પાસે સરકાર પૈસા બાબત અથવા કાગળપત્ર બાબત અથવા સરકારી બીજી માલમિલકત બાબત માગણી કરવાનો હશે ત્યારે તે સઘળે પ્રસગે કલેકટરે અથવા સરવે સુપ્રિન્ટેન્ડેન્ટને અધિકાર આપેલા બીજા અમલદારે, તે માગણી લખીને અને જો તે હુદ્દાનો શીક્કો વાપરતો હોય, તો તે સીક્કો કરીને અને પોતાના હુદ્દાની સહી કરીને કરવી, અને તેમા લખવુ કે અટકાવી રાખેલા તે પૈસા અથવા તે વિશેષ કાગળ પત્ર અથવા તે માન મિલકત સદરહુ લેખ લાવનારને તાબડતોબ આપવી અથવા લેખમા કહેલા માણુસને લેખમા કહેલી તારીખે તથા જગાએ આપવી

સદરહુ પ્રકારનો અમલદાર અથવા બીજો માણુસ જો ફરમાવ્યા પ્રમાણે તે પૈસાનો નિકાલ નહી કરે અથવા કાગળપત્ર અથવા માલમિલકત સ્વાધીન નહી કરે તો તેને કેદ કરવાનો તથા તેથી પાસેથી માગેલી રકમનો તે નિકાલ કરે અથવા કાગળપત્ર કે માલમિલકત સ્વાધીન કરે ત્યા સુધી તેને દીવાની તુરગમા અટકાવી રાખવા સારૂ (ક) પરીશિષ્ટમા કહેલા નમુના પ્રમાણે વારટ સહીત તેને મોકલવાનો અધિકાર તે કલેકટરને અથવા સરવે સુપ્રીન્ટેન્ડેન્ટે અથવા તેણે અધિકાર આપેલા બીજા માજીસ્રેટને છે

માત્ર એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારના કોઇ વારટ ઉપરથી એક કેલેન્ડર મહિનાથી વધારે મુદત સુધી કોઇ માણુસને કેદમા અટકાવી રાખવો નહી

૨૬ કલેકટરના ખાતામા તથા જીલ્લામા સદરહુ અમલદાર અથવા બીજો માણુસ ચાકરીમા છે અથવા હતો એવુ હોય ત્યારે કલેકટર પોતેજ અને સદરહુ પ્રકારનો અમલદાર અથવા માણુસ કલેકટરના જીલ્લાના સરવે ખાતાના ચાકરીમા છે અથવા હતો એવુ હોય ત્યારે સરવે સુપ્રિન્ટેન્ડેન્ટે દરખાસ્ત કરી હોય તો તે અમલદારની પાસેથી અથવા માણુસની પાસેથી આપવાના થયેલા કાઇ સરકારી પૈસા વસુલ કરવા સારૂ જમીન મહેસુલની બાકી ન આપનારની પાસેથી તે વસુલ કરવા બાબત આ આકટમા જે રીત તથા જે કાનુન કહી છે તે રીત તથા તે કાનુન પ્રમાણે કામ ચલાવવાને પણ કલેકટર મુખત્યાર છે

અને સરકારી કાગળ પત્ર અથવા સરકારની માલ મિલકત પાછી લેવા સારૂ ઝાડો લેવાનુ વારટ આપવાનો તથા તે બાબત ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામા (સને ૧૮૯૮ ના ૮ મા બાબના) ઠરાવ પ્રમાણે માજીસ્રેટ જે અધિકાર કાયદાસર રીતે ચલાવી શકે છે તે સઘળો અધિકાર ચલાવવાનો અખત્યાર કલેકટરને છે

સદરહુ પ્રકારના સરકારી પૈસા અથવા કાગળપત્ર અથવા સરકારની બીજી માત્ર મીલકત જે માણુસના કબજામા હશે તેણે તે તાબડતોબ કલેકટરને સ્વાધીન કરવી એ તે સઘળા માણુસોનુ કામ છે, અને સદરહુ પ્રકારનો માલ કયા સતાડયો છે એ જે જે માણુસોને ખબર હોય તે માણુસે તે બાબતની બાતમી કલેકટરને આપવી એ તે માણુસને અવશ્ય છે

૨૭ ઉપર કહેલા પ્રકારના અમલદારનો અથવા બીજા માણુસનો જે જામીન અથવા જે જામીનો ब પરીશીષ્ટમા લખેલા નમુના પ્રમાણે ખત લખી આપશે તે ખતમા લખી આપ્યા પ્રમાણે ન ચાલે તો તેના અથવા તેઓના મુખ્ય ઉપર કામ ચલાવવુ એ જેમ યોગ્ય હશે તેમજ અને મુખ્ય ઉપર સુદ્ધા કામ ચલાવ્યુ હશે તો પણ તેઓની કદર એકાજને એકામતે તથા દરેક જણ ઉપર કામ ચલાવવુ એ યોગ્ય થશે

માત્ર એવુ ઠરાવ્યુ છે કે સરકારમા આપવાના પૈસાની કાઇ પણ રકમનો નિકાલ કરવાને અથવા તે ભરી આપવાને ચુકયાને અથવા ઠગવેલી કીંમતનો સરકારનો કાઇ માલ હાજર કરવાને, કોઇ પણ પ્રસંગે મુખ્યે ખત લખી આપ્યા પ્રમાણે, તેણે ન કર્યાને લીધે સરકારને જે કાંઇ ખરેખર નુકશાન અથવા તોટો થયો હોય તે પુરી કરવાની રકમ કરતા વધારે રકમ જામીન પાસેથી અથવા જામીનો પાસેથી તેણે અથવા તેઓને કરી આપેલા જામીન ખતની સરત પ્રમાણે આપવાની રકમ તરીકે કદી પણ વસુલ કરવી નહી

અને એવુ પણ ઠરાવ્યુ છે કે ખતમા લખેલી સઘળી ગુનેગારી અથવા તે ગુનેગારીનો જેટલો ભાગ સદરહુ જામીન પાસેથી અથવા જામીનો પાસેથી માગ્યો હશે તેટલો ભાગ તે અથવા તેઓ સરકારી ટ્રેઝરીમા ભરશે, તો સરકારી કાગળ પત્ર અથવા માલ મિલકત હાજર કરવાને ચુકયા બાબત તે અથવા તેઓ કોઇ પણ પ્રસગે કેદને પાત્ર થનાર નથી.

૨૮ ઉપર કહેલા પ્રકારના જે અમલદાર પાસે અથવા બીજા માણસ પાસે અથવા તેના જામીનપાસે અથવા જામીનો પાસે માગણી કરી હશે તે ડ પરીશિષ્ટમા કહેલા નમુના પ્રમાણે પુરતું તારણ આપે તો સદરહુ પ્રકારનો અમલદાર અથવા જામીન કેદમા હોય તો કલેકટરે તેને છોડી મુકાવવો જોઇએ તથા કાઇ પણ માલ જપ્ત કર્યો હોય તેનું વેચાણ બંધ કરવુ જોઈએ અને તે માલ ધણીને પાછો આપવો જોઇએ

૨૯ જામીનની અથવા જામીનોની જવાબદારીને મુખ્ય મરણ પામ્યાથી અથવા જામીન ખત જ્યારે થયું હોય ત્યારે જે હોદ્દા ઉપર તે હતો તેથી જુદા હોદ્દા ઉપર તેની નીમણુક થયાથી બાધ આવતો નથી પણ જે કામ બાબત ૨૩ મી કલમ પ્રમાણે તારણની જરૂર હશે તેવા હરકોઇ કામ ઉપર તે મુખ્ય હશે ત્યા સુધી તથા તેનું ખત રદ કરવામા આવે ત્યા સુધી તે જવાબદારી ચાલુ રહેશે

અમલદાર મરણ પામે અને તેની ઉપર ખાનગી માણસનું માગણું હોય તે બાબત તેનાથી તે મૈયતના વારસો ઉપર દીવાની કોર્ટમા જે રીતે દાવો કરી શકાશે તેજ પ્રમાણે સરકારનું માગણું મૈયત પાસે કાઇ હશે તો તે બાબતનો દાવો તેના વારસો ઉપર સરકારથી કરી શકાશે

૩૦ જે અમલદારને ખત કરી આપ્યુ હશે તેને માહારી જામીનગીરી કહાડી લેવાની મારી મરજી છે એવુ લખી જણાવીને કોઇ પણ વખતે પોતાની જામીનગીરી કહાડી લેવાનો અધિકાર હરકોઇ જામીનને છે પછી તે જુદા કે સામાઇક ખત ઉપરથી જામીન હશે તો પણ ચિંતા નથી અને જે તારીખે તે સદરહુ પ્રમાણે લખી જણાવે તે તારીખથી આઠ દિવસ પછીના જે કાઇ પૈસા બાબતના અથવા કાગળ પત્ર બાબતના અથવા બીજી માલ મિલકત બાબતના બોજા વિશેના તેના મુખ્ય ઉપરના માગણા હશે તે સઘળા માગણા બાબતની તે જામીનની ખત ઉપરથી થએલી જવાબદારી સદરહુ સાઠ દિવસની મુદત થયા પછી બંધ થશે પણ સદરહુ મુદત પુરી થયાની અગાઉ જે કાઇ માગણા બાબત તેનો મુખ્ય જવાબદાર થએલો હશે તે માગણા બાબત તે જામીનની જવાબદારી સિદ્ધ કરનારી વાત સદરહુ મુદત પુરી થઈ જાય ત્યા સુધી જાહેર નહી હોય તો પણ બંધ થનાર નથી ---

બાબ ૪ થો.

કેટલાંએક કામ કરવાની મુલકી અમલદારોને મના કરવા બાબત તથા તેઓની ગેરચાલ બાબત તેઓને શિક્ષા કરવા બાબત

૩૧ કોઇ મુલકી અમલદારે સરકારની અથવા તે જે કલેકટરના અથવા જે સર્વે સુપ્રીન્ટેન્ડેન્ટના તાબામા હોય તે કલેકટરની અથવા સર્વે સુપ્રીન્ટેન્ડેન્ટની સ્પષ્ટ પરવાનગી હોયા વગર

(૧) વેપાર કરવો નહી, અથવા કોઇ પણ વેપારમા મુખ્ય તરીકે અથવા મુખત્યાર તરીકે સાક્ષાત અથવા પરાયાથી કોઈ પણ રીતે સબધ રાખવો નહી

(૨) તે જે જિલ્લામા ચાકરીમા હશે તે જિલ્લાના કોઇ પણ મુલકી અથવા ન્યાયખાતાના અધિકારીના હુકમથી આ આકટ અથવા જે વખતે જે બીજો કોઇ કાયદો ચાલુ હોય તે બીજા કાયદાના ઠરાવ પ્રમાણે કાઇ માલ મિલકત વેચવામા આવશે તે પોતે અથવા મુખત્યાર મારફતે અથવા પોતાને નામે અથવા બીજાને નામે અથવા બીજાઓની સાથે રહીને કે ભાગમા વેચાતી લેવી નહી અથવા તે બાબત લીલામમા માગણી કરવી નહી

(૩) તે જે જિલ્લામા ચાકરીમા હશે તે જીલ્લામા કોઇ પણ ઈજારો સાક્ષાત અથવા પર્યાયથી ધારણ કરવો નહી અથવા કોઇ પણ પ્રકારનું મહેસુલ પોતાને ખાનગી ખાતે વસુલ કરવામા અથવા આપવામા કોઇ પણ રીતે સબધ રાખવો નહી

(૪) કાઇ પણ સરકારી પૈસા અથવા માલમિલકત વસુલ કરવાનું કામ અથવા જેનો ચાર્જ પોતાને સોપ્યો હશે અથવા પોતાનો તેઓની સાથે સબંધ હશે તે પૈસામાથી અથવા માલ મિલકતમાથી, પોતાના કાયદાસર પગાર સિવાય અથવા વેતન (મહેનતાણા) સિવાય બીજી કાઇ ઉપજ અથવા ફાયદો પોતાને વાસ્તે અથવા બીજા કોઇ માણસને વાસ્તે મેળવવો નહી અથવા વંશપરંપરાથીજ જમીન મળેલી હોય તે શિવાય બીજી જમીન પગારદાર તલાટીએ વેચાણ કરવી નહી સરકારી નોકરોને પોતાની હકુમત હેઠળના માણસો પાસેથી કરજ કહાડવાની મનાઇ છે તેમજ તે અદા ન થઇ શકે એવી રીતે કરજ કરવુ નહિ.

(બ) જે કાઇ રકમ અથવા જે કાઇ અવેજ આ આકટના અથવા જે વખતે બીજો કોઇ કાયદો ચાલુ હોય તેવા બીજા કોઇ કાયદાના ઠરાવ પ્રમાણે માગવાનો અથવા લેવાનો તથા કાયદેસર રીતે હક હોય તે રકમ વધારે કે કાઇ રકમ અથવા અવેજ પોતે મુલકી અમલદાર હોવાના નાતાથી પોતાના અધિકારને બહાને અથવા પોતાનો અધિકાર ચલાવીને અથવા અવેજ દાખલ અથવા બીજી રીતે માગવો નહિ, અથવા લેવો નહી અથવા પોતાની તરફથી બીજા કોઇ માણસને જાણી જોઇને માગવા દેવો નહિ, અથવા લેવા દેવો નહિ

ટીપ–તલાટીએ નાણા ધીરનારનું કામ કરવુ નહિ

૩૨ ઉપરની છેલ્લી કલમમા કહેલા કોઇ ગુન્હા બાબત અથવા ખાતામાની કાનુન અથવા બંદોબસ્ત તોડયા બાબત અથવા ગફલત કર્યા બાબત અથવા નાલાયકી બાબત અથવા કામની ગફલત કર્યા બાબત અથવા બીજી ગેરચાલ બાબત સઘળા મુલકી અમલદારોને ૨૧૪ મી કલમ પ્રમાણે કરેલી કાનુનને અનુસરીને દંડ કરવાનો અથવા ઓછા દરજ્જા ઉપર ઉતારવાનો અથવા સસ્પેંડ અથવા બરતરફ કરવાનો અધિકાર જે અધિકારી તેને નીમે તેને છે અથવા તે અધિકારીની ઉપરના કોઇ પણ અધિકારીને છે અને પ્રથમ કહેલો અધિકારી આ અધિકાર સઘળો અથવા થોડો પોતાના તાબામાના કોઇ અમલદારને ૨૧ મી કલમ પ્રમાણે નિમણુક કરવાનો અધિકાર જે સરતે આપી શકે છે, તેજ સરતે આપી શકે છે, માત્ર એવુ ઠરાવ્યુ છે કે મામલતદાર સીવાય જે બીજા મુલકી અમલદારનો માહેવારી પગાર ૧૫૦ રૂપીઆથી વધારે હશે તે મુલકી અમલદારનો ગવરનર ઇન કાઉન્સીલના હુકમ વગર દંડ કરવો નહી અથવા સસ્પેંડ કરવો નહિ અથવા ઓછા દરજ્જા ઉપર ઉતારવો નહિ અથવા બરતરફ કરવો નહિ

ટીપ–ગામ કામદારોનો દંડ કરવાની સત્તા, કલેકટર મામલતદારને આપી શકે છે, મુલકી અમલદારોને છ માસ કરતા વત્તી મુદત સુધી સસ્પેંડ કરી શકાય નહિ

૩૩ કોઇ પણ મુલકી અમલદાર પોતાના તાબામાના કોઈ પણ અમલદારને દંડ કરવાનો અથવા ઓછા દરજ્જા ઉપર ઉતરવાનો અથવા સસ્પેંડ અથવા બરતરફ કરવાનો હુકમ કરે ત્યારે તેણે તે હુકમ તેના કારણ સહીત જિલ્લાની ભાષામા અથવા ઇંગ્રેજી ભાષામા પોતાની સહી સાથે દફતરમા લખી મૂકવો અથવા લખી મૂકાવવો

૩૪ પાછલા ઠરાવ પ્રમાણે કરવાનો દંડ ગુન્હેગારે ગુન્હો કર્યો હશે તે વખતે જે હુદ્દા ઉપર તે હશે તે હુદ્દાના બે મહિનાની પગારની રકમ કરતા કોઇ પણ પ્રસગે વધારે હોવો ન જોઇએ

આ બાબ પ્રમાણે કરેલા સઘળા દંડ અમલદારના પગારમાથી વસુલ કરવાનો અધિકાર છે અથવા જરૂર હોય તો જમીન મહેસુલની બાકી આ આકટ પ્રમાણે જે રીતે વસુલ કરી શકાય તે રીતે વસુલ કરવાનો અધીકાર છે

૩૫ કલેકટર અથવા સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ પોતે જ પોતાના તાબામાના જે જે મુલકી અમલદારોનો માહેવારી પગાર પાતરીસ રૂપીઆ કરતા વધારે નહી હોય તેને દંડ કરવાનો અથવા ઓછા દરજ્જા ઉપર ઉતારવાનો અથવા સસ્પેંડ અથવા બરતરફ કરવાનો હુકમ કરશે

કલેકટરના અથવા સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટના કરતા કોઇ પણ ઉપરી અધિકારી જે મુલકી અમલદારનો માહેવારી પગાર નવાણુ રૂપીઆ કરતા વધારે નહી હોય તે બાબત સદરહુ પ્રકારનો કાઇ પણ હુકમ કરશે તો તે હુકમ ઉપર અપીલ ચાલશે નહી, માત્ર એવુ ઠરાવ્યુ છે કે જે અમલદારનો માહેવારી પગાર પાતરીસ રૂપીઆ કરતા વધારે હશે તે અમલદારને બરતરફ કરવા બાબત સરકાર શીવાય બીજો કોઇ અધિકારી પોતે જ હુકમ કરશે ત્યારે દરેક હુકમ ઉપર નિદાન એક અપીલ ચાલવી જોઇએ

અને એક રૂપીઆ કરતા વત્તો નહી તેટલો દંડ કરવા બાબતના કોઈ પણ હુકમ ઉપર અપીલ ચાલનાર નથી

૩૬ હરકોઈ ગુન્હાનુ હરકોઈ અમલદાર ઉપર તોહમત આવે તે બાબત તેની ઉપર ફોજદારીમા કામ ચલાવવાની તેની પાત્રતાને આ બાબના કોઈપણ ઠરાવ ઉપરથી બાધ આવતો નથી

સદરહુ પ્રકારનુ ફોજદારી કામ જે અમલદાર ઉપર ચાલે તેનો ઇન્સાફ થતા સુધી તેને સસ્પેંડ કરવાનો અને ઇન્સાફ પુરો થાય ત્યારે તે તકશીરવાર ઠરે કે નહિ તો પણ ઇન્સાફ ચાલ્યો હશે ત્યારે જે વાત થઈ હશે તેનો વિચાર કરીને તેને સસ્પેંડ કરવાનો અથવા ઓછા દરજ્જા ઉપર ઉતારવાનો અથવા બરતરફ કરવાનો અધિકાર યોગ્ય અધિકારીને છે

બાબ ૫ મો.

જમીન બાબત તથા જમીન મહેસુલ બાબત.

૩૭ સઘળા સાર્વજનિક રસ્તા, ગલી તથા મારગ, પુલ, ચર, બંધારા તથા તેની ઉપરની અથવા તેની પાસેની વાડ અને ભરતીના પાણીની નીશાનીની હદ્દળ સમુદ્રનું તથા બદરનું તથા ખાડીનુ તળીયુ, અને નદીનુ તથા નેહેરોનું તથા નાળાનુ તથા સરોવરનુ અને તળાવનુ તળીયુ અને સઘળી નેહેર તથા પાણીના પાટ તથા સઘળુ બધ તથા વહેતું પાણી અને સઘળી જમીન, પછી તે ગમે ત્યા હોય, આ સઘળી કોઇ માણુસની અથવા માલ મિલકત કાયદાસર રીતે ધારણ કરી શકતા હોય તેવા માણસોના સમુહની માલમિલક્ત નહી હોય તે અને તેમા અથવા તેની ઉપર સદરહુ પ્રકારના માણસોને કાંઈ પણ હક સાબીત થાય એટલે સુધી તે મુકી દઇને અને જે વખતે જે કાયદો અમલમા હોય તેમા જે બીજી રીતને ઠરાવ કર્યો હોય તેટલે સુધી તે મૂકી દઇને તેમાના અથવા તે ઉપરના અથવા તે સબધી સઘળા હક સુદ્ધા સરકારની માલ મિલક્ત છે. તથા તે સરકારની માલ મિલક્ત છે એવુ આ ક્લમ ઉપરથી જાહેર રીતે જણાવવામા આવે છે, અને કમીશનરના હુકમને અનુસરીને કલેકટરને યોગ્ય લાગે તે રીતે અથવા સરકારે મજુર કરેલા સામાન્ય નિયમ ઉપરથી અધિકાર આપેલો હોય તે પ્રમાણે તેની વ્યવસ્થા કરવાનો અધિકાર કલેકટરને છે, પણ જવા આવવાનો હક તથા લોકોને અથવા વીશેષ માણસોને જે બીજા હક કાયદેસર રીતે હશે તે સઘળા રાખીને તેઓની વ્યવસ્થા કરવાનો અધિકાર કલેકટરને છે

ખુલાસો—આ કલમમા "ભરતીના પાણીની નિશાની" આ શબ્દનો અર્થ વરસની કોઈ પણ રૂતુમા હમેશની ઉધાનની ભારતીનું પાણી ઉચામા ઉચી જે જગા સુધી ચડે છે તે જગા

૩૮ દુમાલા નહી હોય તેવા ગામની અથવા ગામના દુમાલા નહી હોય તેવા ભાગની જે જમીન સરકારની મીલકત હોય તથા કોઈ માણસના અથવા માણસોના સમુહ કાયદાસર રીતે ખાતાના ભોગવટામા નહી હોય તે જમીન ગામના ઢોર મફત ચરવા સારૂ અથવા રાખી મુકેલા જગલ સારૂ અથવા બીજા કોઈ સાર્વજનીક અથવા મ્યુનીસીપાલ કામ સારૂ જુદી કહાડી મૂકવાનો અધિકાર આ આકટના ૮ મા બાબ ઉપરથી સરવેનુ કામ ચાલ્યુ હોય તે મુદ્દતમા સરવે અમલદારને તથા બીજી કોઈ વખતે કલેકટરને છે અને આ પ્રમાણે કરવામા આવશે તેની ઉપર સરકારનો સામાન્ય હુકમ ચાલશે અને સદરહુ પ્રકારના કોઇ કામ સારૂ જે જમીન મુદ્દામ જુદી કહાડી રાખી હશે તે કલેકટરની મજુરી વગર બીજા કામમા વાપરવી નહી, અને ૩૭ મી કલમ પ્રમાણે જમીનની વ્યવસ્થા કરતી વખતે સદરહુ પ્રમાણે વિશેષ વાપરેલી જમીન તરફ યોગ્ય લક્ષ આપવુ જોઇએ

૩૯ ઢોર મફત ચારવાની જમીનમા ઢોર ચારવાનો હક જે ગામની અથવા ગામોની તે જમીન હશે, અથવા જે ગામને અથવા ગામોને તે સોપી હશે તે ગામના અથવા ગામોના ઢોરોને માત્ર લાગુ છે, અને તે હકનું નીયમન કલેકટરે કમીશનરની મજુરીથી જે કાનુન વખતે વખતે સામાન્ય રીતે અથવા કોઇ વિશેષ પ્રસગે કરી હશે તે કાનુન ઉપરથી થશે, ઢોર ચારવાના સદરહુ હક બાબત કાઇપણુ તકરાર હશે તે પ્રસગે કલેકટર ફેસલો કરશે તે આખરનો સમજવો જોઇએ

૪૦ **ઝાડો વિગેરે**—જે ગામોનુ અથવા ગામોના પ્રથમ સર્વે સેટલમેટ આ આકટ ઠર્યાની અગાઉ પુરૂ થયુ હશે તે ગામોમા અથવા ગામોના તે ભાગોમા દુમાલા નહી હોય તેવી જમીન માહેના સઘળા ઝાડો ઉપરનો સરકારનો હક ખાતાદારને આપ્યો છે એમ સમજવુ માત્ર સદરહુ પ્રકારનુ સેટલમેટ થતી વખતે અથવા તે વખતને સુમારે ખસુસ કરેલા હુકમ ઉપરથી અથવા સદરહુ પ્રકારનુ સેટલમેટ થતી વખતે કાંઈ કાનુન અથવા સાધારણ હુકમ અમલમા હશે તે ઉપરથી અથવા સદરહુ પ્રકારનુ સેટલમેટ થતી વખતે અથવા તે થયા પછી હરકોઇ વખતે કરેલા તથા પ્રસીદ્ધ કરેલા જાહેરનામા ઉપરથી સરકારે અથવા હરકોઇ સરવે અમલદારે રાખી મુકેલા ઝાડો ઉપરનો સરકારનો હક ખાતાદારને આપ્યો છે એમ સમજવુ નહી, પણ સને ૧૮૬૫ નો મુબાઇનો પહેલો આકટ ઠર્યાની અગાઉ જે સરવે સેટલમેટ પુરો થયો હોય તેઓના સબધથી ખાતાદારને હક આપ્યો છે એ ઠરાવ સાગના અથવા સીશમના અથવા સુખડના ઝાડને લાગુ નથી સદરહુ પ્રકારના ઝાડ ઉપરનો હક આપ્યો છે એવુ સમજવુ નહી માત્ર તેવા મચકુરના સ્પષ્ટ તથા મુદ્દામ શબ્દો લખ્યા હોય તોજ આપ્યો છે એમ સમજવુ,

જે ગામો સંબધી અથવા ગામોના જે ભાગો સંબધી પ્રથમનુ સરવે સેટલમેંટ આ આક્ટ ઠર્યા પછી પુરૂ થશે તે ગામોમા અથવા ગામના તે ભાગોમા દુમાલા નહી હોય તેવી જમીનમાના સઘળા ઝાડો ઉપરનો સરકારનો હક સદરહુ પ્રકારની જમીનના ખાતાદારને આપ્યો છે એમ સમજવુ માત્ર સદરહુ પ્રકારનુ સેટલમેંટ થતી વખતે અથવા તે વખતને સુમારે મુદ્દામ અથવા જે જીલ્લામા સદરહુ પ્રકારનુ ગામ અથવા ગામનો ભાગ હોય તે જીલ્લાનુ સરવે સેટલમેંટ પુરૂ થવાની અગાઉ હરકોઇ વખતે કરેલા તથા પ્રસિદ્ધ કરેલા જાહેરનામા ઉપરથી સામાન્ય રીતે સરકાર અથવા સરકારની તરફથી કોઈ સરવે અમલદાર સદરહુ પ્રકારની જમીનના ખાતાદારને આપ્યો છે એમ સમજવુ

જમીનનુ ખાતું કબુલ કરવાની પરવાનગી જે ગામમા અથવા ગામના જે ભાગમા જે જમીન હશે તે ગામનુ અથવા તે ગામના જે ભાગનુ સરવે સટલમેન્ટ પુરૂ થયા પછી આપી હોય અથવા હવે પછી આપવામા આવે ત્યારે તે પરવાનગી ઉપરથી તે તે જમીન ઉપર ઉગનારા જે ઝાડ ખસુસ રાખી મૂકર્યા નહી હોય અથવા સદરહુ પ્રકારની પરવાનગી આપતી વખતે હવે પછી રાખી મુકવામા આવનાર નથી અથવા જે ઝાડ સદરહુ ગામનુ અથવા ગામના સદરહુ ભગનુ પ્રથમ સરવે સેટલમેન્ટ થતી વખતે અથવા તે વખતે સુમારે આ કલમના પાછલા ઠરાવો પૈકી હરકોઈ ઠરાવ મુજબ રાખી મુકેલા નહી હોય તેવા સઘળા ઝાડ ઉપરનો સરકારનો સઘળો હક આપ્યો એમ સમજવુ

૪૧ ઉપરની છેલ્લી કલમ પ્રમાણે ખસુસ રાખી મુકેલા સઘળા ઝાડો ઉપરનો હક અને સન ૧૮૬૫ ના મુબાઇના ૧ લા આક્ટની ૩૨ મી કલમ પ્રમાણે અથવા આ આક્ટની ૨૮ મી કલમ પ્રમાણે જગલ રાખી મુકવા સારૂ જુદી કાહાડી મુકેલી જમીન ઉપર ઉગનારા સઘળા ઝાડો ઉપરનો, ઝાડી ઉપરનો, જગલ ઉપરનો તથા બીજી સ્વાભાવિક પેદાસ ગમે ત્યા ઉગતી હશે તેઓ ઉપરનો હક, તે ઝાડ વીગેરે આશામીઓની અથવા માલ મિલકત ધારણ કરી શકે તેવા આશામીઓના સમુહની માલ મિલકત હશે તેટલા શિવાય બાકીનો તે હક સરકારનો છે એમ સમજવુ અને સદરહુ પ્રકારના ઝાડ, ઝાડી, જગલ તથા બીજી સ્વાભાવીક પેદાશ સરકાર વખતે વખતે જે રીત ફરમાવે તે રીતે સભાળી ગખવી જોઇએ અથવા તેઓની વ્યવસ્થા કરવી જોઇએ

૪૨ **ઝાડો**—રસ્તાની બાજુ પરના ઝાડો સરકારે, અથવા સરકારના હુકમથી કે સરકારના ખર્ચે વાવ્યા કે ઉછેર્યા હશે, તથા લોકલફંડના ખર્ચે સરકારની મિલ્કત હોય તેવા રસ્તાની બાજુએ વાવ્યા કે ઉછેર્યા હશે તેવા સઘળા ઝાડો સરકારના થશે

૪૩ કોઇ માણસ કોઇ ઝાડ અથવા તેનો કાઇ ભાગ સરકા ની માલ મિલકત હશે તે હુકમ વગર કાપશે તથા પોતાના કામમા વાપરશે અથવા પોતે ધારણ કરેલી જમીનમાથી બીજી કાઈ એવા પ્રકારની હોય અથવા ન હોય એવી બીજી સ્વાભાવિક ઉપજ સરકારની માલ મિલકત હશે તે હુકમ વગર કાહાડી લઇ જશે તે માણસ તેની કીમત સરકારને આપવાને પાત્ર થશે, અને તે કીમત જમીન મહેસુલની બાકી પ્રમાણે તેની પાસેથી વસુલ કરવાનો અધિકાર છે અને આ શિવાય તે જમીનનો ભોગવટો કર્યા બાબત આ આક્ટના ઠરાવ પ્રમાણે અથવા બીજે પ્રકારે કાઇ એક દડને પાત્ર થશે અને સરકારની માલ મિલકત તેણે સદરહુ પ્રમાણે પોતાના કામમા વાપર્યા બાબત તેની ઉપર ફોજદારીમા કાઇ કામ ચલાવવુ તે પણ ચલાવવામા આવશે સદરહુ પ્રકારના કાઇ ઝાડની અથવા તેના કોઇ ભાગની અથવા બીજી સ્વાભાવિક ઉપજની કિંમત બાબત કલેકટર ઠરાવ કરશે તે આખરનો છે એમ સમજવુ જોઇએ

૪૪ જે ગામમા અથવા જમીનમા બાળવાના અથવા સુતાર કામના લાકડા ઘરગુતી અથવા બીજા કામ સારૂ કાપવા વિશેના ગામવાળાઓના અથવા કેટલાએક વર્ગના લોકોના અથવા માણસોના કેટલાએક અધીકાર કાયમ રહેવા દઇને ઝાડ ઉપરના સરકારના હક ૪૦ મી કલમ પ્રમાણે રાખ્યા હશે તે ગામમા અથવા જમીનમા અને જે જગા સદરહુ પ્રકારના અધીકાર કાયમ રહેવા દઇને રાખેલા જગલ સારૂ ૩૮ મી કલમ પ્રમાણે જુદી કાઢી રાખી હશે તે જમીનમા અને જે બીજી વખતે કોઇ દુમાલા જમીન બાબત સદરહુ પ્રકારના અધિકાર વિદ્યમાન હશે તે બીજી સઘળી વખતે સદરહુ અધિકાર ચલાવવાનુ નીયમન કલેકટર અથવા સરકાર ફરમાવે તે બીજા અમલદારે સામાન્ય રીતે અથવા કોઈ વિશેષ પ્રસગે જે કાનુન વખતે વખતે કરી હશે તે કાનુન પ્રમાણે થશે સદરહુ પ્રકારનો કોઇ પણ અધિકાર ચલાવવાની રીત બાબત

અથવા વખત બાબત કાંઈ તકરાર ઉત્પન્ન થાય તે પ્રસગે કલેકટર અથવા સદરહુ પ્રકારનો બીજો અમલદાર ફેસલો કરશે તે આખરનો છે એમ સમજવુ જોઇએ

૪૫ જમીન મહેસુલ–બધી જમીન પછી તે ખેતીના કામમા વાપરવી કે બીજા કામમા વાપરવી હોય, તથા તે ગમે ત્યા હોય તો પણ આ આકટમા આગળ ઠરાવેલી કાનુન પ્રમાણે જમીન મહેસુલ સરકારને આપવાને પાત્ર છે, માત્ર સરકાર સાથે કરેલા કોઇ પણ વીશેષ કરારના ઠરાવ પ્રમાણે અથવા જે વખતે જે કાયદો ચાલુ હોય તે કાયદાના ઠરાવ પ્રમાણે જે જમીનને બીલકુલ માફી હશે ને જમીન પાત્ર નથી

જમીન ગમે તે હકથી ધારણ કરેલી હોય તોપણુ તે કોઇ જમીન ઉપર જ્યારે જ્યારે તથા જ્યા સુધી સરકારની ગરજ પ્રમાણે મહેસુલ લેવાની જરૂર હશે ત્યારે ત્યારે તથા ત્યા સુધી તે સઘળી જમીન ઉપર મેહેસુલ લેવુ એવુ ફરમાવવાના કાયદા કરનારી મ ડળીના અધિકારને આ આકટના કોઇ પણ ઠરાવ ઉપરથી બાધ આવશે એવુ સમજવુ નહી

૪૬ જે વખતે જે કાયદો અમલમા હશે તે કાયદા પ્રમાણે દુમાલા જમીનના કોઇ પણ ધારણ કરનારનો હક જો કાઇ ભાઠાની જમીન ઉપર અથવા નવા થએલા બેટ ઉપર અથવા નદીએ તજેલા તળીયા ઉપર પહોચે તો, જમીન મહેસુલ આપવાની જે યોગ્યતા તે યોગ્યતાના સબધી તે સઘળી ભાઠાની જમીન અથવા બેટ અથવા નદીના તળીયા જે અસલ દુમાલા જમીન ઉપરથી તેના ધારણ કરનારને પાત્ર થશે તે અસલથી ધારણ કરેલી જમીનને જે રીશેશ અધીકાર અથવા સરત અથવા બધી લાગુ હશે તે અધીકારને અથવા સરતને અથવા બધીને તે ભાઠાની જમીન અથવા નવા થએલા બેટ અથવા નદીના તજેલા તળીયા પાત્ર થશે, સદરહુ પ્રકારની કોઇ ભાઠાની જમીનનુ અથવા બેટનુ અથવા નદીના તળીઆનુ ક્ષેત્રફળ અડધા એકરથી વધતું થાય ત્યા સુધી અથવા વધારે નહોય તો અને તે શીવાય વળી સદરહુ અસલ ધારણ કરેલી જમીનના ક્ષેત્રફળના એકદસાશના કરતા પણુ વધતું થાય ત્યા સુધી અથવા વધારે ન હોય નો સદરહુ પ્રકારની જમીન બાબત અથવા બેટ બાબત અથવા તળીયા બાબત મેહેસુલ લેવાનો અધીકાર નથી

૪૭ જમીનનો કોઈ ધારણ કરનારો તે ધારણ કરેલી જમીન બાબત મહેસુલ આપતો હશે એવા દર એક ધારણ કરનારને અડધા એકરના કરતા ઓછો નહી હોય એવો તે જમીનનો કાઇ ભાગ પાણીના પુરથી તણાઇ ગયો હોય તો ગવર્નર ઇન્ કાઉન્સિલ આ બાબત વખતે વખતે કાનુન કરશે તે કાનુનને અનુસરીને ધારાના આકારમા કાંઈ ઓછુ થવુ જોઈએ એ બાબતનો હક છે.

૪૮ (૧) આ આકટના ઠરાવોની રૂઇએ કોઈપણુ જમીન ઉપર લેવાનો ધારો તે જમીનનો ઉપયોગ (અ) ખેતીના મકાન માટે, (બ) ઈમારતોના કામ માટે (ક) ખેતી અથવા ઇમારત સિવાયના બીજાં કામ માટે, કરવાનો હોય તે મુજબ પ્રસગ પ્રમાણે આકારવો અથવા આકાર્યો છે, એમ સમજવુ

(૨) જ્યારે કોઇ ચોક્કસ ઉપયોગ કરવા માટે જેના ઉપર ધારો ઠરાવ્યો હોય તે જમીન બીજા કામમા વાપરે તો આ આકટના ઠરાવની રૂયે આવી જમીન ઉપર તે ધારો ગમે તે મુદ્દત માટે ઠરાવેલો હશે, તે મુદત પુરી નહીં થઈ હોય તોપણુ યોગ્ય કાનુનોને અનુસરીને બદલીને જુદા દરે ઠરાવાને પાત્ર થશે (૩) વગર ધારે આપેલી જમીન જે કારણ માટે તે આપી હોય તેથી બીજા કારણ માટે ઉપયોગ કરશે તો તે ધારાને પાત્ર થશે (૪) કલેકટર અથવા સર્વે અમલદારને યોગ્ય કાનુનોને અનુસરીને દુમાલા ન હોય તેવી જે જમીન મહેસુલ આપવાને પાત્ર હશે તે કેટલાક ચોક્કસ કામમા વાપરવાની મનાઇ કરવાને, અને જો કોઇ તેમના કરેલા કામમા વાપરશે તો સંક્ષિપ્ત રીતે કામ ચલાવીને તેને કાઢી મૂકવાને અધિકાર છે,

૪૯ જ્યારે કોઇ એક જમીનને જમીન મહેસુલ બદલ સઘળી અથવા થોડી નામની માફી હશે તોપણુ તે જમીનના ધારણ કરનારની પાસેથી કાઇ પણુ વીશેષ અથવા વધારાનો બાબ અથવા =ફાઇન અથવા કર ગમે તે નામે લેવાની ચાલ પડી હશે અને તે વિશેષ અથવા વધારાનો બાબ અથવા ફાઇન અથવા કર વસુલ કરવામા આવતો હશે તેથી સરકારનો કર પર્યાયથી એહોજ છે એવુ હશે ત્યારે અથવા જ્યારે કોઇ એક જમીનને સામાન્યત અથવા કોઇ પ્રસંગે ધારાની બીલકુલ અથવા થોડી માફી હશે તો પણુ તે જમીન પ્રસંગે

= ફાઇન એટલે હરકોઈ સ્થાવર મીલ્કત વહીવટમા લેવા સારૂ નવો પટો કરે ત્યારે તે મીલ્કતના ધણીને સેલા પાઘડીના અથવા નજરાણાના રૂપીઆ આપે છે તે અથવા એના જેવો બીજો કોઇ અવેજ.

પાત અથવા નીશેશ કાગણુ ઉપરથી ધારો આપવાને અથવા હરકાઈ નામનો કાઇ બાબ અથવા કર આપવાને પાત્ર હશે ત્યારે

સદરહુ ધારો અથવા બાબ અથવા ફાઇન અથવા કર બદલીને તે જમીન ઉપર હમેશા આપવાનો વાર્ષિક ધારો ઠરાવવાનો અધિકાર છે પણ સદરહુ પ્રકારનો બદલીને ઠરાવેલો ધારો જે ધારાને અથવા બાબને અથવા ફાઇનને અથવા કરને બદલે ઠરાવ્યો હશે તે ધારાના અથવા બાબના અથવા ફાઈનના અથવા કરના ચોગ્ય બદલા તરીકે જે રકમ કમીશનરને ચોગ્ય લાગે તે રકમના કરતા તે બદલીને ઠરાવેલો ધારો વધતો હોવો નહી જોઇએ અને તે જમીન બાબત માફીનો હક નહો હોત તો જે ધારાને તે જમીન સામાન્યત પાત્ર હોત તે ધારાના કરતા વધારે હોવો ન જોઇએ

૫૦ સદરહુ પ્રકારનો જે કાઇ બાબ અથવા ફાઇન અથવા કર કનીષ્ટ ધારણ કરનાર આજ સુધી આપતો હશે તે વરીષ્ટ ધારણ કરનારની પાસેથી લેવો એવુ ઠરાવવામા આવે ત્યારે તે કનિષ્ટ ધારણ કરનારની પાસેથી સદરહુ પ્રકારના બાબને અથવા ફાઇનને અથવા કરને બદલે ધારો ઠરાવ્યો હશે તે ધારાની રકમ વસુલ કરવાનો અધિકાર વરીષ્ટ ધારણ કરનારને છે

૫૧ જમીનના કોઈ ભાગ ઉપર ‘ વહેતા’ એ નામથી અથવા બીજા કોઇ નામથી મેહેસુલ લેવાની ચાલ પડી હશે અને તે મહેસુલ તે ભાગની સાથે બીલકુલ અથવા થોડા ધારાની માફી હોય એવી બીજી જમીન ધારણ કરેલી હોવાને લીધે તે ભાગ ઉપર સામાન્યત. જે મહેસુલ બેસાડવાનુ હોય તેના કરતા વધારે હશે ત્યારે જમાનના તે ભાગ ઉપર જેટલુ બેસાડાવુ જોઇએ તે કરતા વધારે બેસાડેલુ મહેસુલ આજ સુધી બીલકુલ અથવા થોડી માફીથી ધારણ કરેલી જમીન ઉપર બેસાડવાનો અધિકાર છે

૫૨ જે જમીનના સબધમા જમીન મહેસુલ આપવાનુ સર્વત માફ કર્યું નહી હોય અને જેના ઉપરનો ધારો ૧૦૨ જી અથવા ૧૦૬ ઠ્ઠી કલમના ઠરાવો મુજબ ઠરાવ્યો નહી હોય તે સઘળી જમીન ઉપર જમીન મહેસુલ તરીકે લેવાની રકમનો આકાર, કલેકટરે ૨૧૪ મી કલમની રૂયે આ બાબત કરેલી કાનુનોને પાત્ર રહીને જે મુદત ઠરાવવાનો તેને અધિકાર આપ્યો હશે તેટલી મુદત સુધી પોતાની નજરમા આવે તે પ્રમાણે ઠરાવવો અને સદરહુ પ્રકારના આકાર પ્રમાણે જે રકમો આપવાની થાય તે સદરહુ પ્રકારની સઘળી જમીન ઉપર લેવી જોઇએ પણ એવુ ઠરાવ્યુ છે કે જમીનના સંબધમા જમીન મહેસુલ આપવાનુ અશત. રીતે માફ કર્યું હોય અથવા જમાન મહેસુલ આપવાની જેની પાત્રતાને વિશેષ સરત અથવા બધી લાગુ હોય તે જમીનનો આકાર ઠરાવતી વખતે તથા તેનુ મહેસુલ લેતી વખતે જે હક્ક કાયદાસર રીતે વિદ્યમાન હશે તે સઘળા હક્ક તરફ, તે હક્કના પ્રકાર પમાણે લક્ષ આપવુ જોઇએ આ પહેલા કલેકટરે ઠરાવેલો જમીન મહેસુલનો જે કોઈ પણ ધારો ૫૩ મા કલમ મુજબ ઠરાવવાનો ઈરાદો હતો એવુ વ્યાજબી રીતે ધારી શકાય તે ધારો કાયદેસર છે અને આ આક્ટની ઉપર ગયેલી કલમ ઉપરથી સુધરેલી ૫૨ મા કલમ મુજબ ઠરાવ્યો છે એમ સમજવુ જોઇએ, અને એવા ધારા પ્રમાણે જે રકમો આપવાની થાય તે ચોગ્ય રીતે સુધારવામા અથવા તેમા ફેરફાર કરવામા આવે ત્યા સુધી તે લેવાનુ ચાલુ રહેશે

૫૩ ગવર્નર ઇન કૌંસિલ જે નમુનો વખતે વખતે ઠરાવશે તે નમુના પ્રમાણે કલેકટરે એક પત્રક નાખવુ જોઇએ, અને તેમા જે જમીનનુ દુમાલા જે વખતે જે કાયદો અમલમા હોય તે કાયદાના ઠરાવ પ્રમાણે સ્થાપિત થયુ હશે અથવા કબુલ કર્યું હશે તે સઘળી જમીન દાખલ કરવી જોઇએ, અને સદરહુ પ્રકારની કોઈ દુમાલા જમીન સબધી આપેલી કોઇ સનદ બીલકુલ ગુમ થઇ છે અથવા તેનો નાશ થયો છે એવુ કલેકટરની ખાતરી થાય એ રીતે ઠરાવવામા આવશે ત્યારે ૨૧૩ મી કલમ પ્રમાણે ગવર્નર ઇન કૌંસિલે ઠરાવેલી કાનુનને અનુસરીને તથા ઠરાવેલા ફી આપશે તો સદરહુ પત્રક માહેનો સહી સાથેનો ઉતારો મેળવવાનો હક જે માણુસને છે, એવુ કલેકટરને લાગશે તે માણુસને તે ઉતારો આપવાનો અધિકાર તેને છે સદરહુ પ્રકારના ઉતારાની પીઠ ઉપર જે સનદ ગુમ થઇ છે અથવા જેનો નાશ થયો છે એવુ કહેતા હોય તે સનદને બદલે આ ઉતારો આપ્યો છે એવો શેરો કલેકટરે લખવો જોઇએ, અને તે ઉતારો સદરહુ સનદ પ્રમાણે હક સાબીત કરવા બાબત ચોગ્ય પુરાવો છે એમ સમજવુ

૫૪ જમીન મહેસુલ બાબત જમાનના દરએક ભાગના અથવા સરવે નબરોના ધારાનો ઠરાવ કરવો

તે, તે મહેસુલ બાબત જે માણસ ૧૩૬ મી કલમ પ્રમાણે સરકારને પ્રથમ જવાબદાર હશે તેની સાથે કરવો

૫૫ ગવર્નર ઇન કૌસિલને એવુ ફરમાવવાને અધીકાર છે કે જે પાણી ઉપર હક સરકારનો હશે અને જે પાણી બાબત મુબાઇના સન ૧૮૭૯ ના ઇરીગેશન આક્ટ પ્રમાણે કાંઈ આકાર લેવા જોગ નહી હશે તે પાણીનો ઉપયોગ જમીન, ધારણ કરનારાએ તથા બીજા માણસે કરવા બાબત જે પીઆવો વખતે વખતે મંજુર કરવાનુ ગવર્નર ઇન કૌસિલને યોગ્ય લાગે તે પીઆવો કલેકટરે અથવા સરવેનુ કામ જે અમલદારને સ્વાધીન હશે તે અમલદારે અથવા ગવર્નર ઇન કૌન્સિલને યોગ્ય લાગે તે બીજા અમલદારે ઠરાવવો સદરહુ પ્રકારનો પીઆવો જે મુદત સરકાર વખતે વખતે ઠરાવશે તે મુદતે ફરી ઓછો વત્તો થવાને પાત્ર છે તથા જમીન મહેસુલ પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે

૫૬ જમીન બાબત મહેસુલની બાકી કોઇ ધારણ કરનારની પાસે લહેણી હશે તે તે ધારણ કરેલી જમીન ઉપર તથા તેના દરેક ભાગ ઉપર પહેલો બોજો છે એવુ સમજવુ અને તે બાકી આપવાને ચુકે તો ખાતુ અગર ધારણ કરેલી દુમાલા જમીન, તથા તે જમીન ઉપરના સઘળા ઝાડ ઉપરના તથા પાક ઉપરના તથા ઈમારત ઉપરના તથા તે જમીનને ચોટેલી વસ્તુ ઉપરના અથવા તે જમીનને ચોટેલી કાઇ વસ્તુ સાથે જાથુ જડેલુ કાંઈ હશે તે ઉપરના ખાતાદારના અથવા ધારણ કરનારના સઘળા હક સુદ્ધા સરકાર દાખલ થવાને પાત્ર થશે, પછી આપવાની બાકી રહેલી રકમો તે ખાતુ અથવા ધારણ કરેલી દુમાલા જમીન -ચીને વસુલ કરવાનો કલેકટરને અધિકાર છે એટલે ખાતાની અથવા ધારણ કરેલી દુમાલા જમીનનુ વેચાણ કરીને અથવા સદરહુ પ્રકારના ખાતાની અથવા ધારણ કરેલી દુમાલા જમીનની ૨૧૪ મી કલમ મુજબ આ બાબત કરેલી કાનુન પ્રમાણે બીજી વ્યવસ્થા કરવાનો અધીકાર તેને છે

" અને જ્યારે એવા ખાતાની અથવા ધારણ કરેલી દુમાલા જમીનની વ્યવસ્થા ઉપર કહ્યા પ્રમાણે વેચાણ કરીને અથવા જમીન મહેસુલ ન આપનાર માણસને પાછી આપીને, અથવા તે બીજા સખસને નામે કરી આપીને અથવા બીજી કોઇ રીતે કરી હશે ત્યારે, કલેકટર બીજી રીતે ફરમાવે નહી તો, તે ખાતા અથવા ધારણ કરેલી દુમાલા જમીનના સબધમા સરકાર સીવાય બીજા જે કોઈ પણ સખસના લાભમા તે વખત સુધી જે સત્તા પ્રકાર, હક, દેણા તથા ઇકરારી ઉત્પન્ન કરેલા હશે તેમાથી તે ખાતુ અથવા ધારણ કરેલી દુમાલા જમીન મુક્ત થઈ છે એમ સમજવુ "

૫૭ મહેસુલ ન આપ્યાથી અથવા જે બીજી ચુકને લીધે કરેલી જમીન સરકાર દાખલ થાય છે તે બીજી ચુક કર્યા ઉપરથી કોઈ ધારણ કરેલી જમીન, પાછલી કલમ પ્રમાણે અથવા જે વખતે જે કોઇ કાયદો ચાલુ હોય તે કાયદા પ્રમાણે સરકાર દાખલ થઇ હશે તો ધારણ કરેલી જમીનનો તાબડતોબ કબજો લેવાનો તથા તે ખરીદ કરનારના કબજામા અથવા આ આકટના અથવા જે વખતે જે બીજો કોઇ કાયદો ચાલુ હોય તે બીજા કાયદાના ઠરાવ પ્રમાણે તે જમીન ધારણ કરવાનો હક બીજા માણસને હશે તેના કબજામા આપવાનો અધીકાર કલેકટરને છે

૫૮ જે જે મુલકી અમલદારને જમીન મહેસુલના પૈસા પહોચે તેણે તે બાબત લખેલી પહોચ આપવી જોઇએ

દુમાલા ગામના અથવા ગામના દુમાલા ભાગના દરએક વરીષ્ટ ધારણ કરનારને કનિષ્ટ ધારણ કરનાર ગણોતના અથવા જમીન મહેસુલના જે જે પૈસા આપે તે તે બાબત વરીષ્ટ ધારણ કરનારે લખેલી પહોચ આપવી જોઇએ અને સદરહુ પ્રકારની દરેક પહોચ ઉપર ગામનો તલાટી હોય તો તેણે મખલશી કરવી જોઇએ

૫૯ હરકોઈ માણસ ઉપર ઉપરની છેલી કલમના ઠરાવ તોડયાની સાબિત કલેકટરની રૂબરૂ સક્ષેપ રીતે કામ ચલાવીને ચોકશી કર્યા પછી થાય તે માણસ પહોચેલી જે રકમ બાબત યોગ્ય રીતે પહોચ નહી આપી હોય તે રકમના ઘણામા ઘણા ત્રણ ઘણા સુધી દડને પાત્ર થશે અને તે દડનો અડધો ભાગ બાતમી આપનાર હોય તો તેને કલેકટરની નજરમા આવે તે પ્રમાણે આપવાનો અધિકાર છે સદરહુ પ્રકારની ચોકશી કલેકટરની પાસે કાંઈ ફરીયાદી આવ્યા વગર કોઇ પણ વખતે ખુદ પોતે કરી શકશે.

બાબ ૬ ઠો.

દુમાલા નહી હોય તેવી જમીન આપવા બાબત, વાપરવા બાબત તથા તેનો કબજો છોડી દેવા બાબત.

૬૦ દુમાલા નહી હોય તેવી પડતર જમીન ખેડવા સારૂ રાખવાની જે કોઇ માણસની ઇચ્છા હશે તેણે તે ખેડવા માડવા પહેલા મામલતદારની અથવા મહાલકરીની લખેલી પરવાનગી લેવી જોઇએ

૬૧ કાઇપણ વિશેષ કારણ સારૂ જુદી કહાડી રાખેલી કોઇ જમીન અથવા દુમાલા નહિ હોય તેવી પડતર જમીન જે કોઈ માણસ હુકમ વગર ખેડશે તથા આ આકટના કોઇ પણ ઠરાવના કારણસર એવી કોઇ પણ જમીનનો ઉપયોગ કરવાનો અથવા ખેડવાનો (ભોગવટો કરવાનો) હક જેને ન હશે અથવા જેનો તેવો હક બધ પડયો હશે એવો કોઇ પણ માણસ એવી કોઇ પણ જમીનનો ઉપયોગ કરશે અથવા ખેડશે તે માણસ અને તે જમીન તેણે ખેતીના કામ સારૂ લીધી હોય તો તે માણસ કલેકટરની નજરમા આવે તે પ્રમાણે ઘણામા ઘણા પાચ રૂપીયા સુધી દડ અથવા એક વરસનો તેણે જે ધારો આપવાનો હશે તે ધારાની રકમના દસ પટ જેટલી રકમ સુધી દડને પાત્ર થશે, અને ખેતીવાડીનુ નહિ હોય તેવા કોઇ કામમા તેણે જમીન વાપરી હશે તો ૨૧૪ મી કલમ પ્રમાણે આ બાબત કરેલી કાનુનમા જે મર્યાદા ઠરાવી હશે તે મર્યાદા સુધી દડને પાત્ર થશે

હુકમ વગર ખેડેલી તથા ભોગવટામા લીધેલી જમીન બાબત આપવાના ધારાની રકમ વિશે કલેકટર ઠરાવ કરશે તે આખરનો છે એવુ સમજવુ જોઇએ, અને ધારાની રકમ ઠરાવતી વખતે વરસના અધુરા ભાગ સુધી ખેડી હશે તથા ભોગવટામા લીધી હશે તે આખા વરસ સુધી ખેડી છે તથા ભોગવટામા લીધી છે એમ સમજવુ જોઇએ

સદરહુ પ્રકારની કોઇ જમીન જે માણસ હુકમ વગર ખેડતો હશે અથવા તેનો ભોગવટો કરતો હશે તેને સક્ષેપ રીતે કામ ચલાવીને જમીનમાથી કાહાડી મુકવાનો અધિકાર કલેકટરને છે, અને તે જમીન ઉપર કાઇ ઇમારત અથવા બીજુ કાઇ બાધવામા આવ્યુ હશે તે કલેકટરને યોગ્ય લાગે તેવી લખેલી નોટીસ આપ્યા પછી તે કહાડી નાખશે તે પણ સરકાર દાખલ થવાને પાત્ર થાય છે

આ કલમ પ્રમાણે સરકાર દાખલ થવાનો ઠરાવ કલેકટરે કરવો જોઇએ અને સદરહુ પ્રમાણે સરકાર દાખલ થએલી કોઈ પણ માલ મીલકતની કલેકટર ફરમાવે તે પ્રમાણે વ્યવસ્થા કરવી જોઇએ

૬૨ ભોગવટો કરવાની પરવાનગી ૬૦ મી કલમ પ્રમાણે આપવામા આવે છે તે પહેલા દુમાલા નહિ હોય, તેવી જમીન બદલ કાઇ કિમત દાખલ પૈસા માગવાનો અથવા તે લીલામ કરીને વેચવાનો, અને સદરહુ જમીન આપવાની સાથે પોતાને યોગ્ય લાગે તે સરતો જોડવાનો અધિકાર, ગવર્નર ઇન કાઉન્સિલ વખતે વખતે, જે કાનુન કરશે તે કાનુનને અનુસરીને કલેકટરને છે આવી જમીન માટે કાઇ કિમત આપી હોય તો તેમા ૪૦ મી કલમના ઠરાવ પ્રમાણે જે ઝાડો ખસુસ રાખી મુકેલા નહિ હોય તેવા સઘળા ઝાડો ઉપરના સરકારના હકની કીમત આવી જાય છે એમ સમજવુ, અને તે કીમત જમીનમહેસુલની બાકી પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે

૬૩ જે વખતે કાયદો અમલમા હોય તે કાયદા પ્રમાણે જે કોઈ ભાગની જમીન સરકારની હશે તે જમીન, સરકારી મહેસુલના કાયદા તરફ યોગ્ય લક્ષ આપીને વેચવાને હરકત નથી, એવુ કલેકટરને લાગે ત્યારે, તેણે તે ભાગની જમીન જે કાઠા કે કીનારા ઉપર થઇ હોય તે કાઠા કે કીનારાના ખાતેદારને (જો કોઇ હોય તો તેને) આપવા માડવી

ઉપર લખ્યા પ્રમાણે આપવા માંડેલી જમીનની કીમત તે જમીનના વાર્ષિક ધારાના ત્રણ ઘણા કરતા વધારે હોવી જોઇએ નહિ જો સદરહુ ખાતેદાર ઉપર કહેલી (જમીન આપવાની) માગણી કબુલ કરવાનુ ના પાડે, તો લેવાની કીમત બાબત કાઇ પણ મર્યાદા ન રાખતા તેની વ્યવસ્થા કરવાનો કલેકટરને અધિકાર છે

આ કલમના કારણ સારૂ ૩ જી કલમમા ગમે તે ઠરાવ હોય તોપણ જો તે કાઠો અથવા કીનારો કબજા સહિત ગીરો મૂકયો હોય તો ગીરો મુકનારને તેનો ખાતેદાર સમજવો જોઇએ

૬૪ જ્યારે ભાડાની જમીન કોઇ કાઠા ઉપર અથવા કીનારા ઉપર થાય ત્યારે તે કાઠાનો અથવા

ધીનારાનો ખાતાદાર હોય તો તે ખાતાદારને તે બાહાની જમીનનુ ક્ષેત્રફળ એક એકર કરતા વધારે ન હોય તો અથવા વધારે થાય ત્યા સુધી બાહાની જમીનનો થોડી મુદ્દત સુધી ઉપયોગ કરવાનો હક છે બાહાની જમીનનું ક્ષેત્રફળ સદરહુ પરીણામના કરતા વધારે થાય ત્યારે ઉપરની છેલ્લી કલમના ઠરાવોને અનુસરીને એવી વ્યવસ્થા કરવાનુ કલેકટરની પાસે રહે

૬૫ **ખાતાદારનો હક**—ખેતીના કારણ માટે જેની ઉપર ધારો આકારવામા આવતો હોય અથવા જે ધારણ કરવામા આવતી હોય તેવી જમીનના ખાતાદારને પોતાને તથા તેના નોકરની તથા ખેડુતની તથા મુખત્યારની તથા બીજા કાયદાસર વારસ વકીલની મારફત ખેતીના કામ સબધી ઇમારત અથવા કુવા અથવા તળાવ બાધવાનો અથવા તે જમીનની વધારે સારી રીતે ખેતી થવા સારૂ અથવા સદરહુ કામ સારૂ તેનો વધારે સગવડ ભરેલી રીતે વાપરી શકાય એટલા સારૂ તેની ઉપર બીજો કાઇ સુધારો કરવાનો હક છે પણ કોઈ ખાતાદારે ધારણ કરેલી જમીન અથવા તેનો કાઈ ભાગ બીજા કોઇ કામમા વાપરવાની તેની ઇચ્છા હશે તો નોધેલા ખાતાદારે કલેકટરની પરવાનગી સારૂ પ્રથમ અરજી કરવી જોઇએ, તેવી અરજી પહોચ્યા પછી કલેકટરે તે પહોચ્યાની લખેલી પહોચ અરજદારને તાબડતોબ આપવી જોઇએ, અને ચોકસી કર્યા પછી તે અરજી મજુર અથવા નામજુર કરવાનો અધિકાર કલેકટરને છે

પણ સદરહુ પહોચની તારીખથી ત્રણ મહીનાની અદર અરજદારને કાઈ જવાબ ના મળે તો કલેકટરે પરવાનગી આપી એમ સમજવુ આવી મુદ્દત અરજી પહોચ્યાની તારીખથી સાત દીવસની અંદર જો કલે-કટર લખેલી પહોચ મોકલે તો તે પહોચની તારીખથી ગણવી, બીજી બાબતમા અરજી પહોચ્યાની તારી-ખથી ગણવી વિશેષ પ્રસગે કલેકટરે બીજી રીતે કરવા ફરમાવ્યુ ન હોય તો સદરહુ પ્રકારની કોઇ અરજી ખાતાદારે કરેલી હોય તે વગર તે ધ્યાનમા લેવી નહી સદરહુ પ્રકારની કોઇ જમીન ખેતીને લાગતુ વળ-ગતુ ન હોય તેવા કોઈ કામમા સદરહુ પ્રમાણે વાપરી હોય ત્યારે ૪૮ મી કલમના ઠરાવ પ્રમાણે જે કોઇ નવો ધારો લેવાનો અધિકાર હોય તે સિવાય વળી નજરાણો માગવાનો અધિકાર કલેકટરને સરકારના સામા-ન્ય હુકમને અનુસરીને છે

૬૬ સદરહુ પ્રકારની કોઇ જમીન કલેકટરની પરવાનગી પ્રથમ લીધા વગર અથવા ૬૫ મી કલમમા ફરમાવેલી મુદ્દત પુરી થયાની અગાઉ સદરહુ પ્રમાણે વાપરશે તો ખાતાદારને તથા કોઇ ખેડુતને અથવા તેના પેટામા અથવા તે વિદ્યમાન (જમીન) ધારણ કરનાર બીજા માણસને સદરહુ પ્રમાણે વાપરેલી જમીનમાથી તથા તે જમીન જે ખેતરોનો અથવા સરવે નબરનો ભાગ હોય તે આખા ખેતરમાથી અથવા સરવે નબર-માથી સક્ષેપ રીતે કામ ચલાવીને કલેકટર કહાડી મુકશે, અને ખાતાદારે જે મુદ્દત સુધી તે જમીન સદરહુ પ્રમાણે વાપરી હશે તે મુદ્દતનો ૪૮ મી કલમના ઠરાવ પ્રમાણે જે નવો ધારો લેવાનો અધિકાર હોય તે નવા ધારા સિવાય વળી સરકારના સામાન્ય હુકમને અનુસરીને જે દડ લેવાનુ કલેકટર ફરમાવે તે દડ આપવાને પણ પાત્ર થશે

જે કોઇ ખાતાદારનો જે ખેડુત અથવા ખાતાદારના પેટામા અથવા તેના વિદ્યમાન (જમીન) ધારણ કરનાર જે બીજુ કોઇ માણસ ખાતાદારના અનુમત વગર સદરહુ પ્રકારની કાઈ જમીન સદરહુ પ્રકારના કાઇ કામમા વાપરશે અને તેથી કરીને સદરહુ નોધેલા ખાતાદારને સદરહુ દડને પાત્ર કરશે તો તે નુકશાન બદલ સદરહુ નોધેલા ખાતાદારનો તે જવાબદાર થશે

૬૭ આ બાબતમા ગવર્નર ઇન કૌસિલે કરેલી કોઇ પણ કાનુનોને પાત્ર કલેકટરે ઠરાવેલી તે સરતો અથવા બોલીથી ઉપર કહેલી પરવાનગી આપવાની ઉપરની છેલ્લી બે કલમના કોઈ પણ ઠરાવ ઉપરથી મના છે એમ સમજવુ નહિ

૬૮ ખાતાદારને તે જમીનનો ઉપયોગ કરવાનો તથા તે ખેડવાનો હક તે સત્તા પ્રકારનો હક ફલાણી મુદ્દત સુધી રહેશે એવી મુદ્દતની મર્યાદા ઠરાવેલી હોય તો તે મુદ્દત સુધી અથવા મુદ્દતની મર્યાદા નહી હોય અથવા સરવે સેટલમેન્ટ તે જમીનને લાગુ કર્યુ હોય તે જાથુનો છે એમ સમજવુ પણ એવી સરતે કે આ આકટના અથવા આ આકટ પ્રમાણે કરેલી કાનુનના ઠરાવ પ્રમાણે અથવા બીજો કોઇ કાયદો તે વખતે ચાલુ હોય તો તે બીજા કાયદા પ્રમાણે તે જમીન બાબત જમીન મહેસુલની જે રકમ લેણી હશે તે તે

આપ્યા કરશે તો અને તેના સત્તા પ્રકારને બીજી કાઇ સરત અથવા બોલી કાયદેસર જોડેલી હશે તે પુરી કર્યા કરશે તો

પણ એવુ ઠરાવ્યુ છે કે કલેકટર, આ બાબતમા ગવર્નર ઇન કાઉન્સીલે કરેલી કાનુનોને અનુસરીને પોતે ઠરાવેલી તેટલી મુદ્દત સુધી તથા તેની શરતે કાઇપણ માણસને દુમાલા નહી હોય તેવી પડતર (ભોગવટામા નહી હોય તેવી) કોઈપણ જમીન ખેડવા (ભોગવટો કરવા) સારૂ કોઇ પણ વખતે પરવાનગી આપે તે આ અથવા બીજી કોઇ પણ કલમના ઠરાવ ઉપરથી ગેરકાયદેસર થશે નહીં અથવા કદી પણ ગેરકાયદેસર થઈ હતી એમ સમજવુ નહી, અને એવે કોઇ પણ પ્રસગે સદરહુ ખાતુ, પછી તેને સરવે સેટલમેન્ટ લાગુ કર્યો હોય અથવા ન કર્યો હોય તોપણ, એવી રીતે ઠરાવેલી મુદ્દત સુધી જ અને એવી રીતે ઠરાવેલી ને પાત્ર રહીને ધારણ કરવુ

૬૯. દુમાલા નહી હોય તેવી સઘળી જમીનમાથી ખાણ ઉપરનો તથા ખનીજ ઉત્પન્ન ઉપરનો સરકારનો હક ખસુસ રાખી મુકયો છે એવુ આ કલમ ઉપરથી ફરમાવ્યુ છે

માત્ર એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારની જમીનના કોઈ ખાતાદારને સદરહુ પ્રકારની ખાણ ઉપર અથવા ખનીજ ઉત્પન્ન ઉપરના કાઇ પણ હક હાલમા હશે તેઓને આ કલમના કોઇપણ ઠરાવ ઉપરથી બાધ આવે છે એવુ સમજવુ નહી

૭૦ જો અધીકારવાળી કોર્ટ હુકમનામુ અથવા હુકમ કરીને એવુ ઠરાવે કે ખાતાદાર બીજા કોઈ માણસના પેટામાનો કનિષ્ટ ધારણ કરનારો છે, અથવા ખાતાનો હક બીજા કોઈ માણસનો છે તે અથવા જો સદરહુ પ્રકારનું હુકમનામુ અથવા હુકમ બજાવ્યાથી ખાતાદાર જમીનમાનો હક સબધ વેચીને, અથવા બીજી રીતે બીજા માણસને પ્રાપ્ત કરી આપ્યો હશે તો, તે બીજા માણસે તે હુકમનામાની અથવા હુકમની દાખલાવાળી નકલ અથવા વેચાણ બાબત કોર્ટનુ સરટીફીકેટ અથવા બીજાને પ્રાપ્ત કરી આપ્યાનો દાખલો હાજર કરે તો તે બીજો માણસ ખાતાદાર છે એમ સમજવુ જોઇએ અને તે પ્રમાણે તેની સાથે વહીવટ કરવો જોઇએ, અને નોંધેલા ખાતાદારનુ નામ હોય તે નોંધમા પ્રસગને અનુસરીને ફેરફાર કરવાની જરૂર હોય તે કરવા બાબત કલેકટરને લખેલી અરજી કરી હોય તો તે ફેરફાર કરવો જોઇએ

જે ખાતુ કલેકટરની પ્રથમ મજુરી મેળવ્યા વગર બીજાને નામે કરી શકાતું ન હોય તે ખાતુ, દીવાની કોરટે બીજાને પ્રાપ્ત કરી આપ્યુ હોય અથવા કરવાનો હુકમ કર્યો હોય તે બદલ અથવા તે ખાતુ અથવા હક બીજાને પ્રાપ્ત કરી આપ્યા બાબત દીવાની કોર્ટનુ હુકમનામુ અથવા હુકમ થયો હોય તે બદલ એવી મજુરી આપવામા આવી ન હોય એવે પ્રસગે

(અ) એવુ ખાતુ અથવા હક કોઈ પણ કોર્ટની પ્રોસેસને પાત્ર થવા ન જોઇએ અને તે બીજાને પ્રાપ્ત કરી આપ્યાનો સદરહુ પ્રમાણે કરેલો ઠરાવ રદ અને ગેરકાયદેસર થવો જોઇએ, અને

(બ) તે કોર્ટને કલેકટરની સહી સિક્કાનો નીચેની મતલબનો એટલે એવુ ખાતું તેની પ્રથમથી મજુરી મેળવ્યા વગર પ્રાપ્ત થઈ શકતો નથી અને એવી મજુરી આપવામા આવી નથી એ મતલબનો દાખલો મળે એટલે તે કોરટે એવા ખાતા ઉપર અથવા તેના સબધમા કરેલી કોઇપણ જપ્તિ અથવા બીજી પ્રોસેસ દુર કરવી અથવા એવા ખાતા અથવા હકનુ અથવા તે સબધમા જે વેચાણ કર્યું હોય તે રદ કરવુ

૭૧ મી કલમ રદ કરી છે

૭૨, જો કોઈ ખાતાદાર જે હિંદુ અથવા મુસલમાન અથવા બૌધ હોય તે મૃત્યુપત્ર કર્યા વગર તથા મશહુર વારસ વગર મરણ પામે તો તે ખાતાદારનુ ખાતું કલેકટરના આ આકટના ઠરાવને અનુસરીને અથવા સરકાર દાખલ થએલા ખાતા જમીનમહેસુલ વસુલ કરવા સારૂ વેચવા બાબત તે વખતે જે બીજો કોઇ કાયદો અમલમા હોય તે બીજા કાયદાના ઠરાવોને અનુસરીને વેચવુ જોઇએ અને મૃત્યુપત્ર કર્યા વગર તથા મશહુર વારસ વગર મરણ પામનાર હિંદુની અથવા મુસલમાનની અથવા બૌધની માલમિલકત બાબત જે કાયદો તે વખતે અમલમા હોય તે સદરહુ ખાતાને લાગુ છે એમ સમજવુ નહિ પણ મેયતની પાસ સરકારની જમીન મહેસુલની બાકી લહેણી હશે તે સઘળી બાકી તથા સદરહુ વેચાણનો સઘળો ખરચ સદરહુ વેચાણની ઉપજમાથી બાદ કરીને જે બાકીની ઉપજ રહેશે તેને માત્ર તે કાયદો લાગુ છે એમ સમજવુ

૭૩ ખાતુ ૫૬ મી કલમ માહેના ઠરાવોને અને સત્તા પ્રકારને કાયદેસર રીતે જોડેલી કોઈપણ શરતોને

અનુસરીને તથા કાયદા ઉપરથી બીજી રીતે ઠરાવ્યુ હોય તે સિવાયને પ્રસગે વારસોની તરફ ચાલવા જોગ તથા બીજાને કરી આપવા જોગ માલમિલકત છે એમ સમજવુ

૭૩ અ (૧) ઉપરની કલમમા ગમે તે ઠરાવ્યુ હોય તે છતા, કોઇપણ પ્રદેશમા અથવા ગામમા ૧૦૨ જી કલમની રૂએ અસલ સેટલમેન્ટ દાખલ કર્યાની અગાઉ પ્રસિદ્ધ કરેલા જાહેરનામા ઉપરથી સરકાર એવુ ઠરાવે કે તે પ્રદેશને અથવા ગામને આ કલમના ઠરાવ લાગુ છે તે પ્રદેશમાના અથવા ગામમાના ખાતા અથવા તેમાની જમીનમાનો ખાતાદારનો હક એવા જાહેરનામાની તારીખ પછી, કલેકટરની અગાઉથી મજુરી લીધા વગર બીજાને નામે કરી આપી શકાશે નહી

(૨) સરકાર, મુમ્બઈ સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને એવા પ્રદેશના અથવા ગામના કોઇ પણ ભાગને અથવા કોઇ પણ સખસને અથવા કોઈ વર્ગના સખસને આ કલમના અમલમાથી બાતલ કરવાને મુખત્યાર છે

૭૪ ખાતેદારને ૩૧ મી માર્ચ પહેલા અથવા ગવર્નર ઇન કાઉન્સિલ વખતો વખત ઠરાવે તેવી બીજી કોઇ તારીખ પહેલા મામલતદાર અથવા મહાલકરીને લેખી નોટીસ આપીને પોતાની જમીનનુ રાજીનામુ આપવાને એટલે તે સરકારના લાભમા આપી દેવાને અધિકાર છે પણ બીજાના લાભમા તે વખતે જે હકો હશે તે વિદ્યમાન રહેશે આવુ રાજીનામુ ચાલુ વર્ષની આખરથી અમલમા આવશે

પરતુ કોઇ પણ જમીનનો ભાગ, આખા સરવે નબરના પેટાભાગ કરતા ઓછો હોય તો તેનુ રાજીનામુ આપી શકાશે નહી

૭૫ મી કલમ રદ કરી છે

૭૬ છેલી કલમના ઠરાવ બને તેટના દુમાલા જમીન વારણ કરનારાઓને લાગુ થશે પણ એવુ ઠરાવ્યુ છે કે —

(અ) ૪૫ મી કલમના ૧ લા પારેગ્રાફમા કહેલા પ્રકારે સઘળી અથવા થોડી ધારાની માફીથી ધારણ કરેલી કોઈ જમીનના કોઇ ભાગનો બદલીને ઠરાવેલો ધારો સદરહુ કલમના ઠરાવ પ્રમાણે ઠરાવવામા આવે ત્યાસુધી તે ભાગનુ સદરહુ પ્રમાણે રાજીનામુ આપવાનો અધિકાર નથી અને

(બ) જે જમીન ઉપર જે મેહેસુલ સામાન્ય રીતે લઈ શકાય તેના કરતા વધારે મહેસુલ ૬૧ મી કલમમા કહેલો પ્રકાર હોવાથી લેવામા આવતું હશે તેની જમીનનુ કોઇ માણસ રાજીનામુ આપે તો તે જમીનની સાથે સઘળી અથવા થોડી ધારાની માફીવાળી જે બીજી જમીન ધારણ કરેલી હશે તેનુ પણ તેણે રાજીનામુ આપ્યુ એમ સમજવુ

૭૭ કોઇ માણસ જમીનનુ રાજીનામુ આપે તથા તે જમીન ઉપર જવાનો મારગ તેણે પોતાની પાસે રાખેલી બીજી જમીનમાથી હોય તો સદરહુ પ્રમાણે રાખેલી જમીનમાથી જવાનો હક, રાજીનામુ આપેલી જમીનનો આગળ જે ધારણ કરનારો હશે તેની તરફ ચાલશે

૭૮ ૭૪ મી કલમના કોઈ ઠરાવ ઉપરથી હેઠળ લખેલી વાતને બાધ આવે છે એમ સમજવુ નહી, એટલે–

(અ) જે ગામની જમીનના મેહેસુલ બાબત સઘળા ભાગીયા કાયદા પ્રમાણે અથવા ગામના ચાલ પ્રમાણે એકત્ર જવાબદાર હશે તે ગામના કોઇ ભાગની જવાબદારીને, અથવા

(બ) જે કોઇ પટા ઉપરથી ખસુસ કરેલા જે બીજા દસ્તાવેજ ઉપરથી સરકારમાથી જમીન ધારણ કરી હશે અથવા હવે પછી ધારણ કરવામા આવશે તે પટાની, અથવા બીજા દસ્તાવેજની બંધીની અથવા સરતની યોગ્યતાને

૭૯ મી કલમ રદ કરી છે

૭૯ (અ) જે કોઇ પણ સખસ—

(અ) જેનો જે કોઇપણ જમીનનો ઉપયોગ કરવાનો અથવા ખેડવાનો (ભોગવટો કરવાનો) હક આ આકટના કોઈપણ ઠરાવની રૂયે ન હશે અથવા બંધ પડયો હશે તે જમીન અથવા

(બ) જે જમીન કલમ ૭૩ (અ) ની રૂયે કલેકટરની પ્રથમ મજુરી લીધા વગર અથવા તે સત્તા પ્રકારને ૬૨ મી, ૬૭ મી અથવા ૬૮ મી કલમના ઠરાવોની રૂયે કાયદેસર રીત જોડેલી કોઇપણ સરતની રૂયે બીજાને કરી આપવાનો અધિકાર નહી હશે તે જમીન

હુકમ વગર ખેડતો હશે અથવા ગેરકાયદેસર રીતે તેના કબજામા હશે તે માણુસને કલેકટર સંક્ષિપ્ત રીતે કામ ચલાવીને ક્હાડી મૂકવાને મુખત્યાર છે

ખાતુ સરકાર દાખલ ન થવા બાબતના ઇલાજ

૮૦ ખાતા બાબત જમીન મેહેસુલ આપવાનુ હોય તે ખાતાદારે ન આપ્યાને લીધે ૫૫ મી કલમના ઠરાવ પ્રમાણે અથવા જે વખતે જે બીજો કાયદો અમલમા હોય તે બીજા કાયદાના ઠરાવ પ્રમાણે ખાતુ સરકાર દાખલ ન થાય એટલા માટે જમીનમેહેસુલની જે રકમો દેવી હોય તે સઘળી સદરહુ પ્રકારના ખાતાદારની તરફથી આપવાનો અધિકાર કોઇ પણુ હિતસબધ ધરાવનાર માણુસને છે, અને તે રકમો લેવાનો અધિકાર કલેકટરને છે

અને આવે કોઇ પણુ પ્રસગે જે સખસે ઉપર ક્હ્યા પ્રમાણે જમીન મહેસુલ આપ્યુ હશે તે સખસને, કલેકટરને જે જમીન મહેસુલનો કોઇ પણ ભાગ બીજા સખસોએ યોગ્ય રીતે ભરવો જોઇએ એમ લાગે તે જમીન મહેસુલનો ભાગ વસુલ કરવા માટે, તે ૮૬ મી કલમની રૂએ મુદત આપવાને મુખત્યાર છે

પણુ એવુ ઠરાવ્યુ છે કે હક સબધવાળા માણુસનો હક યોગ્ય હકુમતવાળી કોરટમા સદરહુ પ્રકારના માણુસની દરમીયાન થએલી કોઈ ફરીયાદીમા સાબીત થાય તે હકને આ કલમના ઠરાવ પ્રમાણે જે કરવાનો અધીકાર આપ્યો છે અથવા જે કર્યું હશે તે ઉપરથી બાધ આવે એમ સમજવુ નહિ

૮૧ મી કલમ રદ કરી છે

આ બાબના કેટલાએક ઠરાવ મોકુફ રાખવા–૮૨ મુબઇના ગેઝીટમા જાહેરનામુ પ્રસીદ્ધ કરીને હેઠળ લખ્યા પ્રમાણે વખતે વખતે કરવાનો અધીકાર ગવર્નર ઇન કૌઉન્સીલને છે એટલે,—

(**અ**) ૬૦ મી અથવા ૭૪ મી કલમનો અથવા એ બેઉ કલમોનો અમલ હરકોઇ ઠરાવેલા પ્રદેશમા સામાન્ય અથવા કોઈ વીશેષ વર્ગના અથવા વર્ગના ખેતી કરનાર બાબત અથવા ખાતાદાર બાબત મોકુફ કરવાનો અને

(**બ**) સદરહુ પ્રકારનુ કાઇ જાહેરનામુ રદ કરવાનો

ઉપરની (**અ**) રકમ પ્રમાણે કરેલુ કાઇ જાહેરનામુ જે મુદત સુધી કોઇ પ્રદેશમા અમલમા હશે તે મુદતમા જે ઠરાવનો અમલ મોકુફ કર્યો હશે તે ઠરાવને બદલે જે કાનુન કમીશનર વખતે વખતે ફરમાવશે તે કાનુન ચાલશે

બાબ ૭ મો.

વરીષ્ઠ તથા કનીષ્ટ ધારણુ કરનારા બાબત

ખેડુતના—હક ૮૩ ખેડુત તરીકે કોઇ માણુસના કબજામા બીજા કોઇ માણુસે જમીન આપી હશે અથવા ખેડુત તરીકે કોઈ માણુસ બીજા માણુસની પરવાનગીથી અથવા તેણે ન ક્હ્યાને લીધે જમીનનો કબજો ધારણુ કરતો હશે અથવા લેતો હશે અથવા પોતાની પાસે રાખતો હશે તે, તે જમીન તેઓની દરમીયાન જે ગણોતની અથવા નોકરીની કબુલાત થઇ હોય તે ગણોત બદલ ધારણુ કરે છે, અથવા તે નોકરી બદલ ધારણુ કરે છે એમ સમજવુ, અથવા સદરહુ પ્રકારની કબુલાયત બાબત ખાત્રીપૂર્વક પુરાવો ન હોય ત્યારે સ્થાનીક રીવાજ પ્રમાણે આપવાના ગણોત બાબત અથવા કરવાની નોકરી બદલ ધારણુ કરે છે એમ સમજવુ, અથવા સદરહુ પ્રકારની કબુલાયત અથવા રીવાજ ન હોય તો તે પ્રકરણુની સઘળી હકીકત તરફ લક્ષ આપતા જે ગણોત વ્યાજબી તથા યોગ્ય જણાય તે ગણોતે ધારણુ કરે છે એમ અનુમાન કરવુ જોઇએ

અને ખેડ પુરાતન વખતના હોવાના સબબને લીધે તે ક્યારે શરૂ થઈ તે બાબત ખાત્રીપૂર્વક પુરાવો મળતો નહી હોય અને તે ખેડ કેટલી મુદત સુધી ચાલુ રાખવી તે મુદત જમીનદાર તથા ખેડુતની દરમીઆન અથવા જેના સબધથી તે દરેક આશામી દાવો કરતો હશે તેઓની દરમીયાન ઠરાવી હશે તો તે મુદત બાબત ખાત્રીપૂર્વક કાઇ પુરાવો નહી હશે અથવા સદરહુ ખેડુતની મુદત બાબત કાઇ સ્થાનીક રીવાજ નહીં હશે ત્યારે તે ખેડ, સદરહુ પ્રકારના જમીનદારના તથા તેના સબંધી જેઓને હક પ્રાપ્ત થાય છે તેઓની સત્તા પ્રકારની મુદત જેટલીજ છે એવુ ખેડુતનો પ્રત્યક્ષ જમીનદાર હોય તેની વિરૂદ્ધ અનુમાન કરવુ જોઇએ

અને જે માણસના કબજામા જમીન હોય તે માણસ તે જમીનદારની ચાકરી કરતો હોય અથવા તેને ગણોત આપતો હોય, તે માણસને તે કબજો કયા નાતાથી મળ્યો અથવા તે કબજો કયા નાતાથી ધારણ કરે છે અથવા રાખે છે તે નાતા બાબત ખાત્રીનો પુરાવો ન હોય ત્યારે ખેડુત તરીકે તેના કબજામા જમીન છે એવુ અનુમાન કરવુ જોઇએ

પણ એમ સમજવુ ન જોઇએ કે ખેડુતે આપવાનુ ગણોત અથવા કરવાની ચાકરી, વધારવા વિશેનો અથવા પ્રથમનુ ઠરાવેલુ અથવા ઉપર કહ્યા પ્રમાણે યોગ્ય રીતે વધારેલુ ગણોત ન આપ્યા બાબત અથવા નોકરી ન કર્યા બાબત ખેડુતને જમીનમાથી કાઢી મૂકવા વિશેનો જમીનદારને જે હક છે તેને, કબુલાત ઉપરથી અથવા રીવાજ ઉપરથી અથવા બીજી રીતે હોય તો આ કલમના કોઈ ઠરાવ ઉપરથી બાધ આવશે નહિ

૮૪ એક વરસની ખેડ ઉલટ પુરાવો ન હોય ત્યારે ખેડવાની એક મોસમના છેડાથી ખેડવાની આગલી મોસમના છેડા સુધી ચાલે છે એવુ અનુમાન કરવુ જોઇએ ખેડવાની મોસમ માર્ચ મહિનાની ૩૧ મી તારીખે પુરી થાય છે એવુ અનુમાન કરવુ જોઈએ

એક વરસની ખેડ બધ કરવી હોય તો ખેડ જે સાલની આખરે બધ થશે એવુ જણાવવાનુ હશે તે ખેડની સાલની આખર અગાઉ નિદાન ત્રણ મહિના આગમચ લખેલી સુચના જમીનદાર ખેડુતને અથવા ખેડુતે જમીનદારને આપવી જોઇએ, સદરહુ પ્રકારની સુચના ઇ પરીશિષ્ટમા લખેલા નમુના પ્રમાણે જોઇએ અથવા તેવા મજકુરની જોઇએ

૮૪ અ (૧) જ્યારે જ્યારે વરીષ્ટ ધારણ કરનારે સરકારને આપવાના જમીન મહેસુલની કાઇ પણ કારણસર સર્વાશે અથવા થોડે અશે તહકુબી અથવા માફી આપવામા આવે ત્યારે કલેકટર સરકારના સામાન્ય અથવા વિશેષ હુકમ પ્રમાણે ચાલીને, કનિષ્ટ ધારણ કરનારે અથવા ધારણ કરનારાઓએ તેવા વરીષ્ટ ધારણ કરનારને સદરહુ જમીન સબધમા આપવાના ગણોતની અથવા જમીન મહેસુલની હેઠળ જણાવ્યા મુજબની રકમ સુધીની પ્રસગ પ્રમાણે તહકુબી અથવા માફી આપવાને મુખત્યાર છે એટલે કે

(અ) જે જમીન સબધી સરકારને પુરેપુરો આકાર આપવાનો હોય તે જમીન બાબતમા, સદરહુ વરિષ્ટ ધારણ કરનારાઓને આપવાના જમીન મહેસુલની જેટલી રકમની તહકુબી અથવા માફી સરકારે આપી હોય તેટલી રકમ સુધીની, તથા

(બ) જે જમીનના સબધમા પુરેપુરા આકાર કરતા ઓછુ જમીન મહેસુલ સરકારને આપવાનુ હોય તે જમીનના બાબતમા, એવી જમીનના સબધમા સરકારને પુરેપુરો આકાર ભરવાનો હોત તો કલેકટરના ધારવા પ્રમાણે સરકાર વરિષ્ટ ધારણ કરનારને જેટલી રકમની તહેકુબી અથવા માફી આપત તેટલી રકમની બમણી કરતા વધે નહી તેટલી રકમ સુધીની

(૨) જે જમીનના સબધમા વરીષ્ટ ધારણ કરનારને કાઇ પણ જમીન મહેસુલ આપવાનુ ન હોય તેવી જમીનની બાબતમા જ્યારે જ્યારે તેની પડોશની બીજી કોઇ પણ જમીનના સબધમા સરકારને આપવાના જમીનમહેસુલની કાઇ પણ કારણ સારૂ સર્વાંશે અથવા થોડે અશે તહેકુબી અથવા માફી આપી હોય ત્યારે ત્યારે, કલેકટર સરકારના સામાન્ય અથવા વિશેષ હુકમ મુજબ ચાલીને, કનિષ્ટ ધારણ કરનારાઓએ પ્રથમ જણાવેલી જમીનનુ જે ગણોત અથવા જમીનમહેસુલ વરીષ્ટ ધારણ કરનારને આપવાનુ હોય તેની પ્રસંગ પ્રમાણે તેહેકુબી અથવા માફી એવી જમીનના સબધમા સરકારને પુરેપુરો આકાર આપવાનો હોય તો પોતાના ધારવા પ્રમાણે વરીષ્ટ ધારણ કરનારને સરકાર જેટલી રકમની તહેકુબી અથવા માફી આપત તેટલી રકમની બમણી કરતા વધે નહી તેટલી રકમ સુધી આપવાને મુખત્યાર છે

(૩) પેટા કલમ ૧ તથા ૨ ની રૂએ કોઈ પણ કોર્ટમા સવાલ ઉઠાવવો નહિ

(૪) કોઇ કનિષ્ઠ ધારણ કરનારને અથવા ધારણ કરનારાઓને જેની માફી આપી હશે. એવુ કોઈ પણ ગણોત અથવા જમીન મહેસુલ વરિષ્ટ ધારણ કરનાર વસુલ કરશે અથવા કોઈ કનિષ્ઠ ધારણ કરનાર અથવા ધારણ કરનારાને જેની તેહકુબી આપી હશે તે ગણોત અથવા જમીન મહેસુલ તેહેકુબીની મુદત વીત્યા પહેલા વસુલ કરશે તો, એવા વરીષ્ટ ધારણ કરનારાઓને જે જમીન મહેસુલની માફી અથવા તહકુબી આપી હશે તે સઘળુ જમીન મહેસુલ વરીષ્ટ ધારણ કરનારાએ તાબડતોબ પાછુ આપી દેવુ પડશે; અને જે ગણોત અથવા જમીન મહેસુલ એવી રીતે વસુલ કર્યું હશે તે પાછા મેળવવાના કનિષ્ટ ધારણ કરનારા અથવા ધારણ

કરનારાઓના હકને બાધ આવશે નહિ

(૫) કનીષ્ટ ધારણ કરનાર અથવા ધારણ કરનારાઓને જે ગણોત અથવા જમીન મહેસુલની માફી આપી હોય તે ગણોત અથવા જમીન મહેસુલ વસુલ કરવા માટે અથવા તેને જે કોઇપણ ગણોત અથવા જમીનમહેસુલ તેહેકુબી આપી હોય તે ગણોત અથવા જમીન મહેસુલ તહેકુબીની મુદત દરમિયાન વસુલ કરવા માટે કોઈ વરિષ્ટ ધારણ કરનાર ક ૮૬ તથા ૮૭ મુજબ મદદ મેળવવા સારૂ અરજી કરશે, તો તે સ્વિકારવામા આવશે નહિ, તેનાથી તે માટે કાઇ પણ ફરીયાદ માડી શકાશે નહિ, તથા તે માટે દિવાની કોર્ટના કોઇપણ હુકમનામાની બજાવણી કરવામા આવશે નહિ, પણ જ્યારે કોઇ કનિષ્ટ ધારણ કરનારે અથવા ધારણ કરનારાઓએ આપવાના ગણોત અથવા જમીન મહેસુલની તહેકુબી આપી હોય ત્યારે, જે મુદત દરમિયાન તે તેહેકુબી ચાલુ રહી હોય તે મુદત, એવુ ગણોત અથવા જમીન મહેસુલ વસુલ કરવા માટે ફરીયાદ માડવા સારૂ જે મુદત ઠરાવેલી હોય તેમાથી બાદ કરવી

(૬) જે કોઈ પણ જમીનના સબધમા ગણોત સર્વાશે, અથવા અશત પાકના હિસાબના રૂપમા આપવામા આવતુ હોય તે જમીનની બાબતમા વરિષ્ટ ધારણ કરનાર રીવાજ અથવા કબુલતથી ઠરાવેલા પાકનો હિસ્સો લેશે તો તે કૃત્ય આ કલમના કોઇ પણ ઠરાવ ઉપરથી ગેરકાયદેસર થશે નહિ

(૭) **ખુલાસો**—જે કોઇ જમીન ઉપર ૮ મા બાબના ઠરાવની રૂયે અથવા ૧૨ મી કલમ પ્રમાણે હાલ કરેલા કાઇપણ સર્વે સેટલમેન્ટની રૂયે આકાર બેસાડયો ન હોય તે જમીનના સબધમા, આકાર એ સજ્ઞામા આ કલમના કારણ સારૂ તે તે જગાના રિવાજ અથવા રસમથી આપવાના ગણોત અથવા જમીન મહેસુલનો સમાસ થાય છે

(૮) આ કલમના ઠરાવ સીધમા આવેલી કોઇપણ જમીનને લાગુ પડશે નહિ

૮૫ (૧) વશપરપરાના પટેલ તથા વશપરપરાના તલાટી જે દુમાલા ગામમા હોય તે ગામના દરેક વરિષ્ઠ ધારણ કરનારાએ અથવા જે ગામમા વશપરપરાના પટેલ તથા વશપરપરાના તલાટી હોય, તે ગામના દુમાલા ભાગના દરેક વરિષ્ટ ધારણ કરનારે, કનિષ્ટ ધારણ કરનારાઓ પાસેથી તેના ગણોત અથવા જમીન મહેસુલ બાબતના લેણા, આવા પટેલ અને તલાટી મારફતે લેવા

(૨) જ્યારે આવો પટેલ અને તલાટી આવા વરિષ્ટ ધારણ કરનારની ગણોત અથવા જમીન મહેસુલ બાબતની લ્હેણી થયેલી કોઇ પણ રકમ તેની વતી વસુલ કરવાને ચુકે, ત્યારે આવા વરિષ્ટ ધારણ કરનારને કલેકટ ની અગાઉથી મજુરી લઇને, તે લેણુ ત કનીષ્ટ ધારણ કરનારની પાસેથી વસુલ કરવાનો હક પાત્ર થશે

(૩) જ્યારે આવા કાઇ પણ પટેલ અથવા તલાટીએ વરિષ્ટ ધારણ કરનારની વતી કાઈ પણ રકમ વસુલ કરી હોય એને તેને તે બાબતનો હિસાબ આપવાને ચુકે, ત્યારે વરિષ્ટ ધારણ કરનારની લખેલી અરજી ઉપરથી કલેકટરને આવા પટેલ અથવા તલાટી કનેથી આવી રકમ જમીન મહેસુલની ચડેલી બાકી તરીકે વસુલ કરવાનો અધિકાર છે

(૪) જ્યારે આવો કાઇ પણ વરિષ્ટ ધારણ કરનાર કાઇ ગણોત અથવા જમીન મહેસુલ કોઇ પણ કનિષ્ટ ધારણ કરનારની પાસેથી અથવા પટેલ તલાટી મારફત ન માગતા અથવા ન લેતા બીજી રીતે માગશે કે લેશે, ત્યારે તેની ઉપર કલેકટરની સમક્ષ સક્ષેપ રીતે ચોકશી થઇને સાબીતી થશે તો તે, એવી રીતે માગેલી કે લીધેલી રકમથી ત્રણ ગણી કરતા વધારે ન હોય તેટલી રકમના દડને પાત્ર થશે

વરિષ્ટ ધારણ કરનારાઓના લેણાં વસુલ કરવાં-*૮૬ કનિષ્ટ ધારણ કરનારની પાસથી અથવા વરીષ્ટ ધારણ કરનારાએ ધારણ કરેલી જમીનના સહભાગીઆની પાસેથી ગણોત અથવા જમીન મહેસુલ

---

*૮૬ તથા ૮૭ મા કલમ મુજબના અધિકાર મામલતદાર અને મહાલકરીને આપવાને અને તેમના ઉપર અપીલ સાભળવાને તાલુકાના ઇનચાર્જ આસિસ્ટટ ડેપ્યુટી કલેકટરને અધિકાર આપવાને કલેકટર મુખત્યાર છે મદદને માટે જુદા જુદા કનિષ્ટ ધારણ કરનારા સામે એકજ અરજી બસ છે

અરજદાર (વાદી)ની ગેરહાજરીમા કાઢી નાખેલી અરજી જો તે હાજર ન થવા બાબત પુરતુ કારણ બતાવે તો ફરીથી દાખલ કરી, પણ તે વરસ દહાડાની અદર આવેલી હોવી જોઇએ

ખેડુત (પ્રતીવાદી) અરજી આપ્યા પછી મરી જાય તો તેના વારસનુ નામ દાખલ કરવા અરજદારને કહેવુ અને સદરહુ વારસને નવી નોટીસ આપવી.

વરીષ્ટ ધારણ કરનારને મળવાનુ હોય, વસુલ કરવાનુ હશે અને વરિષ્ટ ધારણ કરનારે કલેકટરને લેખી અરજી કરી હશે ત્યારે જમીન મહેસુલ સરકારે વસુલ કરવા સારૂ આ આકટના ૧૧ મા બાબમા જે કાનુન ૧૩૭ મી કલમમા છે તે (સવાય) તથા જે રીત કહી છે તે કાનુન પ્રમાણે તથા રીત પ્રમાણે પુરવોપાય તથા બીજી તજવીજ યોજવામા આવે અને તેથી કરીને ગણોત તથા જમીનમહેસુલ વસુલ થવામા મદદ મળે એ બાબતનો હક વારષ્ટ ધારણ કરનારને પ્રાપ્ત થશે

પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારની અરજીમા જે મુલકી સાલમા અથવા ખેડની જે સાલમા સદરહુ ગણોત અથવા જમીનમહેસુલ દેવાનુ થયુ હોય તે સાલમા કરવી જોઈએ

ટીપ પાછલા વરસોનું ગણોત વસુલ આપવાનો આ કાયદાનો ઉદ્દેશ નથી

૮૭ (૧) ૮૬ મી કલમ પ્રમાણે કલેકટરને અરજી કર્યા પછી તેણે તે બાબત લખેલી નોટીસ તે પ્રકરણની ચોકશી કરવા સારૂ દીવસ ઠરાવીને કનીસ્ટ ધારણ કરનારને અથવા સહભાગીયાને આપવી જોઇએ સદરહુ પ્રમાણે ઠરાવેલે દીવસે તેણે સંક્ષેપ રીતે ચોકશી કરવી જોઈએ અને તેની પાસે પુરાવો હોય તે ઉપરથી ગણોતની અથવા જમીન મહેસુલની જે રકમ કાયદાસર રીતે (દેવાની હોય તો) દેવી છે એવુ તેને લાગે તે વસુલ કરવા સારૂ વરીષ્ટ ધારણ કરનારને મદદ આપવાનો હુકમ કરવો જોઇએ

(૨) પણ કલેકટરને એવુ દેખાઈ આવે કે પક્ષકારના દરમ્યાન તકરાર છે તે ગુચવણ ભરેલી અથવા કઠણ પ્રકારની છે તો તે તેની નજરમા આવે તે પ્રમાણે માગેલી મદદ આપવાની ના કહેવાને અથવા જે જમીન સંબધી તકરાર હોય તેની ઉપરના આ આકટના ૮ મા બાબના ઠરાવ પ્રમાણે અથવા ૧૧૨ મી કલમ પ્રમાણે બહાલ કરેલા સરવે સેટલમેંટની વખતે આકાર ઠર્યો હોય તો સદરહુ જમીન ઉપર સદરહુ પ્રમાણે ઠરાવેલા આકાર જેટલી જ મદદ આપવાને મુખત્યાર છે

(૩) આ કલમ ઉપરથી એમ ન સમજવુ કે કોઈ પક્ષકારને જે રકમ પોતાને હજી મળવાની છે અથવા દેવી હતી તેના કરતા જે વધારે રકમ તેની પાસેથી લીધી છે એવુ પ્રસંગ પ્રમાણે કોઈ પક્ષકારને લાગે તે રકમ પ્રતિપક્ષકારની પાસેથી વસુલ કરવા સારૂ બેઉ પૈકી હરકોઇ પક્ષકારને દીવાની કોર્ટમા જવાની મના છે

(૪) આ કલમ ઉપર પસાર કરેલા કોઈ પણ હુકમ ઉપર માત્ર એકજ અપીલ થઇ શકશે

દુમાલા જમીનના ધારણ કરનારાઓને વિશેષ અધિકાર આપવા બાબત—

૮૮ દુમાલા જમીનના કોઇ ધારણ કરનારને કમીશન હરકોઇ વખતે આપીને તે કમીશનમા લખેલી જમીન બાબત હેઠળ લખેલા સઘળા અથવા તેઓ પૈકી કાઇ અખત્યાર આપવાનો અધિકાર કમીશનરને છે એટલે.-

(અ) જમીન મહેસુલ અથવા ગણોત તેને મળવાનુ હોય તે આપવા બાબત તારણ માગવાનો અને તે ન આપે તો કલમ ૧૪૧ થી તે ૧૪૩ સુધીની કલમો પ્રમાણે જે પુર્વોપાય કરવાનો અધિકાર કલેકટરને છે તે પુર્વોપાય કરવાનો

(બ) સદરહુ પ્રકારનું જમીનમહેસુલ અથવા ગણોત આપવાને ચુકનારા માણસોની માલમિલકત જપ્ત કરવાનો,

[ક] જમીન મહેસુલ અથવા ગણોત તેને મળવાનુ હશે તે કઇ કઈ વખતે તથા કેટલે કેટલે હફતે આપવાનુ થશે તે વખતે વખતે ઠરાવવાનો

[ડ) ૬૫ તથા ૬૬ મી કલમ પ્રમાણે કલેકટરનો અધીકાર ચલાવવાનો.

(સાથ) મદદની અરજી રૂબરૂમા આપવી જોઇએ એમ નથી, ટપાલમા મોકલે તો પણ ચાલે છે

આવા કામમા વકીલો, પક્ષકારો અથવા કબુલ કરેલા મુખત્યારો સિવાય કોઇને કોરટમા કામ કરવા દેવામા આવશે નહી, અને અપીલોમા વકીલો પોતાના પક્ષકારના તરફથી કાયદાસર રીતે ઉભા રહી શકે નહી

સાથને નામે વ્યાજ વસુલ કરવા માટે મદદ આપવી નહી.

ગીરો રાખનારે પોતાનું નામ મુલકી દફતરમા નોધાવ્યુ નહી હશે તો તેનો હક કબુલ કરવાની મામલતદાર ના પાડી શકે

તપાસ શરૂ થવાના દિવસ વિશે વરિષ્ટ ધારણ કરનારને નોટીસ મફત મોકલવી મામલતદારના હુકમ ઉપર દીવાની કોરટમા જવાને બાધ નથી.

હુકમોની અમુક મુદતની અંદરજ બજાવણી થવી જોઇએ એમ નથી,

(ઇ) ૭૪ મી કલમ પ્રમાણે રાજીનામુ આપવાની સુચના લેવાનો અને તે કલમમા ઠરાવ્યા પ્રમાણે કઈ તારીખ સુધી તે સુચના લેવામા આવશે તે તારીખ ઠરાવવાનો

(ફ) ૧૨૨ મી કલમમા સરવે અમલદારો માટે જે રીત ઠરાવી છે તે રીતે હદ નીશાન યથાસ્થીત રાખવા બાબત તથા તેની મરામત કરવા બાબત તજવીજ કરવાનો

પણ એવુ ઠરાવ્યુ છે કે (ક) રકમથી તે (ફ) રકમ સુધીની રકમમા કહેલા અધિકાર, જે જમીનને સરવે સેટલમેન્ટ ૨૧૫ મી કલમના ઠરાવ પ્રમાણે લાગુ કર્યુ હશે તે જમીનના ધારણ કરનારાઓને માત્ર આપવા

૮૯ સદરહુ પ્રકારનું દરેક કમીશન ફ પરીશીષ્ટમા લખેલા નમુના પ્રમાણે જોઇએ તથા કમિશનરની મરજીમા આવે ત્યારે રદ થવાને પાત્ર છે અને કમીશનરને યોગ્ય લાગે તો ખુદ દુમાલા જમીનના ધારણ કરનારને અને તેજ પ્રમાણે તેના એક અથવા વધારે મુખત્યારોને પણ આપવાનો અધિકાર છે

૯૦ સદરહુ પ્રકારનુ કોઇ કમીશન ધારણ કરનાર ગણોત અથવા જમીન મહેસુલ આપવાને ચુકનારની માલ મિલકત જપ્ત કરશે તો તેણે તેવુ કર્યા બાબત તાબડતોબ કલેકટરને રીપોર્ટ કરવો જોઇએ માગેલી જે રકમ સારૂ જપ્તી કરી હોય તે રકમ કલેકટરને યોગ્ય લાગે તે ચોકશી કર્યા ઉપરથી વ્યાજબી છે એવુ તેની નજરમા આવે તો તેણે તે માલમિલકત વેચવા બાબત હુકમ કરવો જોઇએ અને વેચાણનુ કામ ૧૬૫ મી કલમથી તે ૧૮૬ મી કલમ સુધીથી કલમોમાના ઠરાવ પ્રમાણે થવુ જોઇએ પણ કમીશન ધારણ કરનારને સન ૧૮ ના ૧૩ મા કાયદા પ્રમાણે દિવાની હકુમત આપેલી હોય તથા ખુદ પોતાના અથવા પોતાના મુખત્યારના હુકમનામા બજાવવાનો અધિકાર આપેલો હોય તો વેચાણનુ કામ તેણે કરવુ કલેકટરે તથા તેના તાબામાના અમલદારોએ કરવુ નહી

૯૧ સઘળા જબરીના પ્રોસેસો હેઠળ લખેલે પ્રસગે બધ થવા જોઇએ એટલે—

મેહેસુલ ન આપનારની પાસે માગેલી રકમ તેણે વીશેષ કરીને આપી હોય અથવા આપવાને કહાડી હોય તો અથવા કમીશન ધારણ કરનારને અથવા તેના મુખત્યારોને અથવા કલેકટરને ડ પરીશીષ્ટમા કહેલા અથવા તેવા મજકુરના નમુના પ્રમાણે ખાત્રીનો તે જામીન આપે તો

અને સદરહુ પ્રકારના કોઇ કમીશનનો કોઈ ધારણ કરનાર સદરહુ પ્રમાણે પૈસા આપ્યા પછી અથવા લે એમ કહ્યા પછી અથવા સદરહુ પ્રકારનો જામીન આપ્યા પછી અથવા લે એમ કહ્યા પછી કોઇ જબરીના પ્રોસેસનુ કામ પોતે અથવા પોતાના મુખત્યારની મારફત ચલાવશે તો તે ધારણ કરનાર કલેકટરની રૂબરૂ સક્ષેપ રીતે ચોકશીમા સાબિત થયા પછી સદરહુ પ્રકારના જબરીના પ્રોસેસ ઉપરથી મેહેસુલની જે રકમ વસુલ કરવાનુ ધારતો હશે તે રકમના ધણામા ધણા ત્રણ ધણા સુધી દડને પાત્ર થશે

૯૨ સદરહુ પ્રકારના કમીશન ઉપરથી આપેલો અધિકાર ચાલુ સાલના તથા તેની પ્રત્યક્ષ પાછલી સાલના મેહેસુલના અથવા ગણોતના પૈસા જબરીથી વસુલ કરવાના કામને લાગુ છે પણ પાછલી સાલના મેહેસુલના અથવા ગણોતના પૈસા જબરીથી વસુલ કરવાના કામને લાગુ નથી

૯૩ સદરહુ પ્રકારનુ કોઇ કમીશન ધારણ કરનારો મેહેસુલ બદલ અથવા ગણોત બદલ રકમ માગતો હશે તે માગવાની અગાઉ કનીષ્ટ ધારણ કરનારાએ જે મેહેસુલ અથવા ગણોત આપ્યુ હશે તેના કરતા અથવા જે દેણાનો તેણે લખેલો કરાર કર્યો હશે તેના કરતા વધારે જબરીથી તેણે વસુલ કરવુ નહી, જો તકરાર પડે તો કલેકટરે સક્ષેપ રીતે ચોકશી કરવી જોઇએ, તથા વ્યાજબી હોય તે રકમ ઠરાવવી જોઇએ અને આ પ્રમાણે જે રકમ વ્યાજબી છે એવુ ઠરાવવામા આવે તેના કરતા વધારે અવેજ કમીશન ધારણ કરનારાએ જબરીથી વસુલ કરવો નહી

જે રકમ કાયદાસર રીતે જબરીથી વસુલ કરવાનો અધિકાર છે તેના કરતા વધારે અવેજ જે માણસની પાસેથી જબરીથી વસુલ કર્યો હોય તેને કલેકટરની રૂબરૂ સક્ષેપ રીતે ચોકશી થઇને તે વાતની સાબિતી કમીશન ધારણ કરનાર ઉપર થાય તો સદરહુ પ્રકારના વધારે અવેજની રકમની ત્રણ ધણી રકમ નુકશાન બદલ વસુલ કરવાનો હક છે, અને કમીશન ધારણ કરનારની પાસે જે રકમ સદરહુ પ્રમાણે લેણી થશે તે જમીન મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે

૯૪ દુમાલા જમીન ધારણ કરનારને પાછલી કલમના કોઇ ઠરાવ ઉપરથી એવી મના નથી કે તેણે જમીનનો ફરીથી આકાર ઠરાવવા બાબતનો પોતાનો હક અથવા જે પુરેપુરી રકમ પોતાને આપવાને કોઇ કનીષ્ઠ ધારણ કરનાર વ્યાજબી રીતે પાત્ર છે એવુ તેને લાગતુ હોય તે રકમના કરતા ઓછો અવેજ તે

આપતો હશે તે બાબત ફરીથી ઠરાવ કરવા બાબતનો પોતાનો હક સાબિત કરવા સારૂ યોગ્ય અધિકારવાળી કોર્ટમા તેણે દાવો કરવો નહી, અથવા સદરહુ પ્રકારની કોર્ટ ફરીયાદીમા હુકમનામુ થયુ હોય તે હુકમનામા પ્રમાણે જે રકમ આપવી યોગ્ય છે એવુ ઠરાવ્યુ હોય તે રકમ આ આકટમા પાછળ કહેલી રીતે વસુલ કરવી નહી.

૯૪ અ (૧) દુમાલા ગામનો વરીષ્ટ ધારણ કરનારને એસીસ્ટટ કલેકટરને લેખી અરજી કરીને પોતાનું જે ગણોત અથવા જમીન મહેસુલના માગણા તરીકે પોતાની અરજીમા લખેલી મુદત દરમ્યાન વસુલ કરવું એવી માગણી કરવાને અધિકાર છે,

(૨) કલેકટર પોતાની મરજી આવે તો તેની દાદ મજુર કરવાને મુખત્યાર છે, આવે પ્રસંગે નીચેના ઠરાવો લાગુ પડે છે (અ) મજુર કરેલી મુદત દરમ્યાન અથવા તે અગાઉના છ વર્ષ દરમ્યાન લેણુ થયું હોય કે થાય એવુ ગણોત કે જમીન મહેસુલની જમીન ઉપર ઠરાવેલ ધારાના કરતા વધારે ન હોય તેટલે સુધી મજુર કરેલી મુદત દરમ્યાન મુલકી અધિકારીઓના હુકમની રૂયે મહેસુલના માગણા તરીકે વસુલ કરી શકાશે

(બ) મજુર થયેલી કે તેથી અગાઉની મુદત દરમ્યાન તેની પડોશમાની દુમાલા ન હોય તેવી જમીન સબધમા સરકારનુ જમીન મહેસુલ મુલતવી કે માફી કીધુ હોય ત્યારે તેને મળતી મુદત દરમ્યાન વરીષ્ટ ધારણ કરનારનુ લેણુ થાય તેટલા ગણોત અથવા જમીન મહેસુલનુ પ્રમાણ કે તેથી ઓછુ પ્રમાણ તહેકુબ રાખવાને કે માફ કરવાને કલેકટરને અધિકાર છે

(ક) જ્યારે તહેકુબ કે માફી કનીષ્ટ ધારણ કરનારને આપી હોય ત્યારે વરીષ્ટ ધારણ કરનારે આપવાનુ જમીન મહેસુલ તેટલા પ્રમાણમા પ્રસગ પ્રમાણે તેહેકુબ કરવુ કે માફ કરવુ

(ડ) રકમ (અ) ની રૂયે ઉપર પ્રમાણે વસુલ કરેલી રકમની બાકીમાથી વસુલ કરવાનુ ખર્ચ બાદ કરી જે વધે તે વરીષ્ટ ધારણ કરનારને આપવુ

બાબ ૮ મો.

સર્વે ધારા અને જમીન મહેસુલનું સેટલમેંટ

૯૫ જમીન મહેસુલનો ઠરાવ કરવા સારૂ તથા જમીન સબધી હકનો દાખલો રાખવા સારૂ, તથા તે કાયમ રાખવા સારૂ, અથવા તેવાજ બીજા કોઈ કારણ સારૂ ઇલાકાના હરકોઇ ભાગના હરકોઇ જમીનની સર્વે કરવાનુ ફરમાવવાનુ ગવર્નર ઇન કૌંસિલને જ્યારે યોગ્ય લાગે ત્યારે તે પ્રમાણે ફરમાવવાનો અધીકાર ગવર્નર ઇન કૌંસિલને છે, અને સદરહુ પ્રકારની સર્વેને રેવન્યુ સર્વે કહેવી, સદરહુ પ્રકારની સર્વે કોઈ ગામની અથવા કસ્બાની અથવા શહેરની એકદર જમીનને અથવા ગવર્નર ઇન કૌંસિલ ફરમાવે તે જમીનને જ લાગુ કરી શકાશે અને જે જમીનને સર્વે સેટલમેંટ લાગુ કરવા યોગ્ય નથી એવુ લાગે તે જમીન સેટલમેન્ટમાથી કહાડી નાખવાનો અધીકાર સદરહુ પ્રકારની સર્વે કરનાર અમલદારને ગવર્નર ઇનકૌંસિલના હુકમને અનુસરીને છે

સદરહુ પ્રકારની દરએક રેવન્યુ સર્વે ઉપરનો સત્તાધીકાર ગવર્નર ઇન કૌંસિલની પાસે રહેશે તથા તેઓએ તે ચલાવવો

૯૬ સદરહુ પ્રકારની કોઇ સર્વે ચલાવવા સારૂ અથવા તેમા કામ કરવા સારૂ મોકલેલા સર્વે અમલદારને એવો અધિકાર છે કે તેણે સાધારણ નોટીસ અથવા સમન કરીને જમીન ધારણ કરનારાઓને તથા જે માણસોનો જમીનમા સબધ હોય તે સઘળા માણસોને જાતે અથવા જેઓને બરાબર સમજાવ્યુ હોય તથા મુદ્દાના સઘળા સવાલોનો ઉત્તર જેવાથી આપી શકાય એવા કાયદાસર મુખત્યારની મારફતે હાજર થવાનુ કહેવુ, અને તાલુકાનો તથા ગામના અમલદારોને પોતપોતાના હુદ્દાના નામથી પોતપોતાના થાણામા તથા હુદ્દા ઉપર કાયદા ઉપરથી અથવા રીવાજ ઉપરથી ચાકરી કરવી પડે તેઓને હાજર થવાનુ કહેવુ અને સર્વેના કામમા તેઓની યોગ્યતા પ્રમાણે મદદ તથા નોકરી કરવી એવુ ફરમાવવુ

૯૭ જે જમીનની સર્વે હોય તે જમીનની માપણી અથવા પ્રતીબધ કરવાના કામમા નીશાનવાળા તમે આપીને મદદ કરો એવુ જમીનના સઘળા ધારણ કરનારાઓને તથા જે બીજા માણસોને જમીનના

સબધમા હક હોય તે બીજા માણસોને કહેવાનો અધીકાર સરવે અમલદારને છે અને આ કામ સારૂ અથવા સરવેના કામ સબધી તેવાજ બીજા કામ સારૂ મજુર રાખવાની જરૂર પડે ત્યારે તે મજુરો બાબત ખર્ચ થાય તેનો તથા સઘળા સાદડ ખર્ચના આકાર સર્વે કરેલી જમીન ઉપર કરવો અને મેહેસુલના લેહેણા પ્રમાણે તે વસુલ કરવો

૯૮ આ કલમમા આગળ ઠરાવ્યુ છે તેટલે સુધી ખારેજ કરીને ખેતીનાજ કામ સારૂ ઉપયોગ કરેલી જમીનનુ સરવે નબર કરવુ તે નબર સરવે કમીશનર સરકારની મજુરીથી દરેક જીલ્લામા જુદી જુદી પ્રતની જમીન સારૂ ક્ષેત્રફળનુ ઓછામા ઓછુ જે પ્રમાણ વખતે વખતે ઠરાવશે તેના કરતા ઓછા ક્ષેત્રફળનુ કરવુ નહી ક્ષેત્રફળના ઓછામા ઓછા સદરહુ પ્રમાણો ઠરાવ્યા હોય તેઓનો દાખલો દરેક તાલુકામા મામલતદારની કચેરીમા રાખવો જોઇએ તથા તે સઘળે યોગ્ય વખતે લોકોને જોવા સારૂ મળવો જોઇએ

ટીપ —ગુજરાતમા જરાયત માટે એકર અને બગાયત અને ક્યારી માટે ૦ાા એકર સુધી ઓછામા ઓછુ ક્ષેત્રફળ સર્વે નબરના પેટાભાગ માટે મજુર કર્યુ છે

ક્ષેત્રફળના ઓછામા ઓછા પ્રમાણ સદરહુ પ્રમાણે ઠરાવ્યા હોય તે પ્રમાણના કરતા ઓછા ક્ષેત્રફળના જે સરવે નબર અગાઉ કરવામા આવ્યા હશે, અથવા સર્વે કમીશનરે આ બાબત સામાન્ય રીતે અથવા કોઈ વિશેષ પ્રસંગે હુકમ આપ્યો હશે તે હુકમથી જે તેવા પ્રકારના કરવામા આવશે તે સર્વે નબરોને આ ઠરાવ લાગુ થનાર નથી અને કોઇ સર્વે નબર જમીનના દફતરોમા જુદોજ દાખલ કર્યો હશે તેનુ ગમે તેટલુ ક્ષેત્રફળ હોય તો પણ તે હુકમથી કર્યુ છે એમ સમજવુ

૯૯ મી કલમ રદ થઇ છે

૧૦૦ કોઇ સરવેનો ચાર્જ જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારને એવા અધિકાર છે કે ૨૧૪ મી કલમ પ્રમાણે આ બાબત કરેલી કાનુનને અનુસરીને તેણે ૯૫ મી કલમ પ્રમાણે કરેલા હુકમના સ્થાનીક અમલમાની જે જમીનને જમીન મેહેસુલની સઘળી માફી ન હોય તે સઘળી જમીન ઉપર પોતાની નજરમા આવે તે પ્રમાણે જમીન મેહેસુલનો આકાર ઠરાવવો અને સદરહુ પ્રકારના આકાર પ્રમાણે જે રકમો લેહેણી હોય તે સદરહુ પ્રકારની સઘળી જમીન ઉપર ૧૦૨ જી કલમના ઠરાવને અનુસરીને વસુલ કરવી જોઇએ

સદરહુ પ્રકારનો આકાર ઠરાવતી વખતે ૫૨ મી કલમના વિશેષ ઠરાવમા જે કરવાનુ કહ્યુ છે તે ઉપર લક્ષ આપવુ જોઇએ

પણ જે જમીનને જમીન મેહેસુલ આપવાની સઘળી માફી હશે તે જમીનનો અથવા જે જમીન ૯૫ મી કલમ પ્રમાણે સર્વે સેટલમેન્ટમાથી ખસુસ કહાડી નાખી હશે તે જમીનનો યોગ્ય કમાલ આકાર ઠરાવવાની તથા તે નોધી રાખવાની અથવા સદરહુ પ્રકારની જે જમીનની સર્વે કરી હશે તે સઘળી જમીનના સરવે નંબર કરવાની સદરહુ સરવે અમલદારને આ કલમના કોઇ પણ ઠરાવ ઉપરથી મના છે એમ સમજવુ નહિ

૧૦૧ પાછલી કલમ પ્રમાણે આકાર કરવાના અધિકારમા ખેતીવાડીના કામ સારૂજ ઉપયોગ કરેલી જમીન હોય ત્યારે પ્રત્યક્ષ તે જમીન ઉપર આકાર કરવાના અધીકારનો અથવા ઇરીગેશનના જે સાધનો બાબત ૫૫ મી કલમ પ્રમાણે અથવા મુબઇના સન ૧૮૭૯ ના ઇરીગેશન આકટ પ્રમાણે પીઆવો લેવામા આવતો ન હોય, તે સાધન ઉપર પીઆવાના અથવા બાબના રૂએ આકાર કરવાના અથવા જે બીજી કોઇ રીતે સરકાર મજુર કરે તે બીજી રીતે આકાર કરવાના અધિકારનો સમાસ થાય છે

૧૦૨ સર્વેનો ચાર્જ જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારે ઠરાવેલો આકાર સરકારની મજુરી વગર વસુલ કરવો નહી સદરહુ પ્રકારના આકાર પોતાને યોગ્ય લાગે તે ફેરફાર કરીને ખેતીવાડીના કામ સારૂ જ ઉપયોગ કરેલી જમીન હોય ત્યારે ઘણામા ઘણા ત્રીશ વરસની મુદત સુધી તથા બીજી સઘળી જમીન બાબત ઘણામા ઘણા નવાણુ વરસની મુદત સુધી કાયમ રાખ્યા છે એવુ જાહેર રીતે ફરમાવવાનો અધિકાર ગવર્નર ઇન કાઉન્સીલને છે

૧૦૩ જ્યારે ૧૦૦ મી અને ૧૦૧ મી કલમો મુજબ ઠરાવેલો ધારો લેવાનુ ૧૦૨ જી કલમની રૂએ મજુર કર્યું હોય અને તે બાબતની નોટીસ આ અર્થે ગવર્નર ઇન કાઉન્સીલે કરેલા કાનુનો મુજબ આપી

હોય ત્યારે જે જમીનોના સબધમા ધારો મજુર કર્યો હોય તે જમીનના સબધમા સેટલમેન્ટ દાખલ કર્યું છે એમ ગણવુ

૧૦૪ અથવા ફરી આકારેલુ સરવે સેટલમેન્ટ જે સાલમા ઉપરની છેલ્લી કલમ પ્રમાણે ચાલુ કરવામા આવશે તે સાલમા જે જમીનનો નવો ઠરેલો આકાર અગાઉના કરતા વધારે હશે તે સઘળી જમીનના જુના તથા નવા આકારમાના તફાવતની છુટ આપવી જોઇએ અને નવો બેસાડેલો આકાર આગલી સાલથી માત્ર લેવો જોઇએ

અસલ અથવા ફરી આકારેલુ સર્વે સેટલમેન્ટ જે સાલમા ચાલુ કરવામા આવશે તે સાલ પછીની સાલમા જે કોઇ ખાતાદાર તેણે ધારણ કરેલા સર્વે નબરના પૈકી કોઈ સરવે નબરના અથવા તેના પેટા વિભાગના સદરહુ પ્રકારના નવા આકાર ઉપરથી બેસાડેલા વધારાના દરથી નારાજ થાય તો તે સદરહુ પ્રકારના નબર અથવા પેટા વિભાગ કલમ ૭૪ મા કહેલી રીતે માર્ચ મહીનાની ૩૧ મી તારીખે અથવા તે તારીખની અગાઉ છોડી દેતો તેને સદરહુ પ્રમાણે બેસાડેલા વધારાની છુટ મળવી જોઈએ

૧૦૫ ૧૦૨ જી કલમમા ફરમાવ્યા પ્રમાણે આકાર ઠરાવવો તે કેવળ સાધારણ જમીન મેહેસુલને લાગે છે એમ સમજવુ અને તે આકાર ઉપરથી એમ સમજવુ કે નીશાળ તથા ગામના જીલ્લાના રસ્તા તથા પુલ તથા તળાવ તથા કુવા તથા મુસાફરો સારૂ ધર્મશાળા તથા એવાજ બીજા કામ, એવા સ્થાનિક સુધારના કામ સારૂ જે બાબ બેસાડવાનો અધીકાર ગવનર ઇન કાઉન્સીલને જે વખતે જે કાયદો અમલમા હોય તે કાયદા પ્રમાણે હશે તે બાબ અથવા ૫૫ મી કલમના ઠરાવ પ્રમાણે અથવા ઇરીગેશન આકટ પ્રમાણે પીઆવો બેસાડવાનો અધિકાર છે તે પીઆવો લેવાને હરકત થશે

૧૦૬ નવેસરથી રેવન્યુ સરવે કરવાનુ અથવા તે સરવેને સહાયકારક કાઇ કામ કરવાનુ હરકોઇ વખતે ફરમાવવાનો અધિકાર ગવર્નર ઇન કાઉન્સીલને છે પણ ૧૦૨ જી કલમના ઠરાવ પ્રમાણે જે મુદત અગાઉ ઠરાવેલી હશે તે મુદત પુરી થાય ત્યા સુધી વધારેલો આકાર અમલમા આવનાર નથી, પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે કોઇ પણ પ્રદેશની એકદર પ્રત માજી વખતે કરવામા આવી હોય, અથવા જ્યારે કોઇપણ પ્રદેશની પ્રથમ કરેલી પ્રત આખરની સમજવી એવુ સરકારે મજુર કર્યુ હોય ત્યારે, સદરહુ પ્રદેશનો આકાર ફરી તપાસીને ઠરાવવા સારૂ તેવી પ્રત ફરીથી કરવામા આવશે નહી

૧૦૭ જમીન મેહેસુલનો આકાર ફરી તપાસીને ઠરાવતી વખતે જમીનની કીમત, તથા જો જમીન ખેતીના કામમા લગાડી હોય તો ખેતીથી થનારો નફો ધ્યાનમા લેવામા આવશે પણ એવુ ઠરાવ્યુ છે કે આ આકટ પ્રમાણે, અથવા સન ૧૮૬૫ ના મુબઈના ૧ લા આકટ પ્રમાણે અગાઉ કરેલુ કાઇ સરવે સેટલમેન્ટ ચાલુ હશે તે મુદતમા કાઇ પણ જમીનમા તે જમીનના ખાતાદારે પોતાના ખર્ચથી કાઈ સુધારો કર્યો હોય તો તે સુધારાના સબબથી સદરહુ જમીનની કીમતમા અથવા સદરહુ જમીનની ખેતીથી થનાર ફાયદામા કાઈ વધારો થયો હશે તો તે વધારો સદરહુ જમીનનો આકાર ફરી તપાસીને ઠરાવતી વખતે ગણવામા આવશે નહી

૧૦૮ જમીન મહેસુલનો આકાર કરવાને અથવા તપાસીને ફરી આકાર કરવાને પ્રસગે દરએક સવે નબરનુ ક્ષેત્રફળ તથા આકાર તથા ઠરાવવામા આવે એવી બીજી કોઇ વિગતો એ જેમા બતાવેલા હોય એવુ એક પત્રક તથા બીજા કાગળપત્ર સરકાર વખતે વખતે હુકમ કરે તે હુકમ પ્રમાણે તૈયાર કરવા એ સર્વે અમલદારનુ કામ છે તે પત્રકને "સેટલમેન્ટ પત્રક" કહેવુ

૧૦૯ અને ૧૧૦ કલમો રદ કરી છે

૧૧૧ કાઇ દુમાલા ગામ અથવા ઇસ્ટેટ સરકારી અમલદારના વહીવટમા થોડી મુદત સુધી આવે ત્યારે તેમાની જમીન સરવે સેટલમેન્ટ ઉપરથી ઠરાવેલા દરે અથવા બીજા દર તેને વ્યાજબી લાગે તે બીજા દર ઠરાવીને તે બીજા દરે ખેડવા સારૂ આપવાનો ભોગવટામા ન હોય તેવી જમાન પટે આપવાનો અને દુમાલા નહી હોય તેવી જમીનનો વહીવટ કરવા બાબતની કાનુન જેટલી લાગુ થાય તેટલી તે લાગુ કરીને તથા સદરહુ ગામ અથવા ઇસ્ટેટ સરકારી અમલદારના વહીવટમા હોય ત્યા સુધી તેના મહેસુલનો બીજી રીતે વહીવટ કરવાનો અધીકાર કલેકટરને છે પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારના ગામના અથવા ઇસ્ટેટના વરીષ્ઠ

ધારણ કરનારાએ જમીન સબધી કાઇ લખેલી કબુલત કરી આપી હશે તે કબુલત ઉપરથી તે જમીન ઉપરના સરકારના કાયદાસર હકને નુકશાન થતું હોય તેટલે અશે તે કબુલાયત આ કલમ પ્રમાણે ચલાવેલા કાઇ કામથી નીરબાધિત રહેશે

૧૧૨ ગવર્નર ઇનકાઉન્સીલના હુકમ ઉપરથી કરેલા તથા બહાલ કરેલા તથા મજુર કરેલા જમીન મહેસુલના સરવે સેટલમેન્ટો જે હાલ ચાલુ હશે તે અમલમા રહેશે તથા અમલમા છે એવુ આ કલમ ઉપરથી ખુલ્લુ કહેવામા આવે છે પણ તેઓને આ આકટના ઠરાવ લાગુ થશે

૧૧૩ સરકારને મહેસુલ આપતી હોય તેવી ઇસ્ટેટોની વહેચણી કરવામા થયેલો ખર્ચ, જે ભાગીદારોની માગણી ઉપરથી વહેચણી કરી હોય તેમની પાસેથી મહેસુલના માગણા તરીકે વસુલ કરવાનો કલેકટરને અધિકાર છે

૧૧૪ જે ખોતી ઇસ્ટેટમા રેવન્યુ સર્વે ચાલુ કરી હશે તે ખોતી ઇસ્ટેટના (અથવા કોઇ તાલુકદારી ઇસ્ટેટના) એક અથવા વધારે સહભાગીઓ સદરહુ ઇસ્ટેટની વહેચણ કરવાને કબુલ હોય તો તે સહભાગીઓના પરસ્પર હક પ્રમાણે સદરહુ ઇસ્ટેટના ભાગ કરવાનો તથા તે સહભાગીઓને સદરહુ પ્રકારના ભાગ આપવાનુ ઠરાવવાનો અધિકાર કલેકટરને અથવા આ બાબત તેણે યોગ્ય રીતે અધીકાર આપેલા બીજા કોઇ અમલદારને છે

પણ એવુ ઠરાવ્યુ છે કે હેઠળ લખ્યા પ્રમાણે હકીકત હોયા વગર સદરહુ પ્રકારની વહેચણ કરવી નહી એટલે (અ) ઇસ્ટેટમા પોત પોતાનો હક કેટલે સુધી છે એ બાબત સઘળા સહભાગીઓ કબુલત થએલા હોયા વગર અને, (બ) સદરહુ પ્રકારની વહેચણ થવા બાબત કબુલ હોય એવા ભાગીઆના ભાગનો અથવા કબુલ હોય એવા ભાગીઆઓના ભાગોનો આકાર આખા ઇસ્ટેટના આકારના નીમે કરતા વધારે હોયા વગર

સદરહુ પ્રકારને પ્રસંગે વહેચણ કરવાનો ખરચ વહેચણ કરેલા ઇસ્ટેટના સઘળા સહભાગીઓની પાસેથી મહેસુલના માગણા પ્રમાણે વસુલ કરવો જોઇએ

૧૧૫ મી કલમ રદ થઈ છે

૧૧૬ જ્યારે વાવેતર કરવા લાયક જમીનનો કોઇ ભાગ ૬૫ મી કે ૬૭ મી કલમના ઠરાવોની રૂએ ખેતી સિવાયના બીજા કામો માટે વાપરવાની પરવાનગી આપી હોય અને જમીનનો કોઇ ભાગ ૩૮ મી કલમની રૂએ મુકામ કાઢી મુકયો હોય અથવા ૪૮ મી કલમ પ્રમાણે ધારામા ફેરફાર કર્યો હોય કે તે લીધો હોય ત્યારે તેનો કલેકટરની મજુરી લઇને જુદો નંબર પાડવાનો અધિકાર છે

૧૧૭ ૧૧૬ મી કલમના કોઈ ઠરાવ ઉપરથી સને ૧૮૬૨ ના મુબઇના ૫ મા આકટના ઠરાવોને બાધ આવતો નથી

૧૧૭ અ (૧) સર્વે નબરના જમીન ઉપરના જે હક મેળવવામા આવે તે ધ્યાનમા લઇને અથવા બીજા કારણ સર જરૂર પડે તેટલા પેટા વિભાગ કરવાનો કોઈ પણ વખતે અધિકાર છે

(૨) સર્વે નબરના પેટા વિભાગ કરવાનું તથા તેનો ધારો ઠરાવવાનુ કામ ગવર્નર ઇન્ કૌસિલ જે કાનુનો કરે તે મુજબ કરવુ પણ ઠરાવ્યુ છે જે કોઇ પણ સર્વે નબર કે પેટા વિભાગના ધારાની કુલ રકમ ૨૦૨ જી કલમની રૂએ જે મુદત માટે ધારો ઠરાવ્યો હોય તે મુદત દરમ્યાન ૪૮ મી કલમ મુજબ ધારો ફેરફારને પાત્ર હોય તે સીવાય વધારવી નહિ

(૩) આવા વિભાગનુ ક્ષેત્રફળ તથા ધારો જમીનના દફતરોમા દાખલ કરવા

૧૧૭ બ જે સર્વે નબરના કાઇ પેટા વિભાગનુ ૭૪ મી કલમ મુજબ ગણીનામુ આપ્યુ હોય કે, જમીન મહેસુલ આપવાની કસુર કરવાથી સરકાર દાખલ થયો હોય તો તે સર્વે નબરને કલેકટરે બીજા પેટા વિભાગના ખાતેદારોને પોતાને યોગ્ય લાગે તેવી કીમતે આપવાની માગણી કરવી જો તે સઘળા ના પાડે તો પછી પોતાને યોગ્ય લાગે તેવો નિકાલ કરવો

પણ એનુ ઠરાવ્યુ છે કે સદરહુ પેટા વિભાગનો ભોગવટો કરવામા આવે ત્યા સુધી અથવા આખા સર્વે નંબરનુ ગણીનામુ આપે ત્યા સુધી અથવા એમાથી એક બાબત પહેલી બને ત્યા સુધી તે પેટા વિભાગનો

ધારે તે સર્વે નબરના બીજા પેટા વિભાગોને ખાતેદાર પાસેથી, તેમના પોતાના વિભાગો માટે જે ધારો લેણો થતો હોય તેવી રકમના પ્રમાણમા લેવો

જો એવા પેટા વિભાગનો કોઈ પેટા વિભાગ કબજાગીરો આપ્યો હોય તે ગીરો આપનારને ૩ જી કલમમા ગમે તે ઠરાવ હોય તો પણ આ કલમના કારણ સારૂ તેને ખાતેદાર ગણવા

બાબ ૯ મો.

હદ ઠરાવવી તથા હદનિશાન બાંધવા તથા ઠીકઠાક રાખવાં

૧૧૮ બ્રીટીશ સરકારના મુલકમાના ગામની હદ સરવે અમલદારોએ અથવા આ કારણ સારૂ સરકારે નકાલ કરવો જોઇએ તથા સદરહુ અમલદારોએ હેઠળ લખેલી કાનુનો પ્રમાણે ચાલવુ જોઇએ

કાનુન ૧—લગતા હોય એવા કોઇ પણ બે અથવા વધારે ગામના પટેલ તથા બીજા અમલદાર અને દુમાલા ગામ હોય ત્યારે તેનો ધારણ કરનાર અથવા યોગ્ય રીતે અધિકાર આપેલો તેનો મુખત્યાર તેઓના ગામની પરસ્પર સામાઇક હદ ફલાણી લીટી પ્રમાણે છે એમ આપ ખુશીથી કબુલ કરે ત્યારે હદ ઠરાવનારા અમલદારે સદરહુ પક્ષકારની પાસેથી તે પ્રમાણે કબુલાયત લખાવી લેવી અને પછી કબુલ કરેલી રીત પ્રમાણે હદ ઠરાવવી અને આ પ્રમાણે કોઇ ગામની હદ ઠરી એટલે તે આખરની ઠરી એમ સમજવુ પણ તે કબુલાયત કપટથી અથવા ધમકી આપીને અથવા કાયદા વિરૂદ્ધ બીજે કાંઈ ઇલાજ કરીને લીધી એવુ સદરહુ અમલદારને દેખાઇ આવે તોજ માત્ર તે આખરની છે એમ સમજવુ નહી

કાનુન ૨—પટેલ તથા ગામના અમલદાર અને દુમાલા ગામ હોય તો તે ગામનો ધારણ કરનાર અથવા યોગ્ય રીતે અધિકાર આપેલો તેનો મુખત્યાર ઉપરની કાનુનમા કહેલી રીતે પોતપોતાના ગામની હદ ઠરાવવાને રાજી ન થાય અથવા કબુલાત લીધી તે કપટથી અથવા ધમકી આપીને અથવા કાયદા વિરૂદ્ધ બીજા કાંઇ ઇલાજ કરીને લીધી એવુ સદરહુ અમલદારને દેખાઈ આવે તો, અથવા કાઇ તકરાર ચાલુ હોય તો તકરારી જમીનની સદરહુ અમલદારે સર્વે કરીને તેનો નકશો કરવો અને તે નકશામા તકરાર કરનાર પક્ષકાર જે જમીન બાબત દાવો કરતા હોય તે જમીન તથા તે સબધી સઘળી રાગત બતાવવી અને સદરહુ પક્ષકારના દાવાની રીત પ્રમાણે ચોકશી કરવી અને પછી તે મુકદ્દમાનો ચુકાદો કરવો સબધવાળા ગામો પૈકી એક ગામ દુમાલા હોય તો સર્વે અમલદાર સરવે સુપરીન્ટેન્ડેન્ટ ન હોય તો તેણે કરેલો ચુકાદો સુપરીન્ટેન્ડેન્ટે મજુર કરવો જોઇએ અને ચુકાદો બીજા કોઇ અમલદારે કર્યો હોય તો તે કારણ સારૂ સરકાર જે બીજા અમલદારને નીમે તે બીજા અમલદારે મજુર કરવો જોઇએ

૧૧૯ સરવેની વખતે અથવા ધારણ કરેલી જમીનની હદ બાબત તકરાર ન હોય તથા તે બરોબર છે એવુ ગામના અમલદાર તે વખતે હોય તે કહે તો ધારણ કરનારાએ અથવા ભોગવટો કરનારા માણસે બતાવ્યા પ્રમાણે હદ ઠરાવવી અને તકરાર હોય તો અથવા સદરહુ ધારણ કરનાર અથવા ભોગવટો કરનારા માણસ હાજર ન હોય તો સર્વે અમલદારે જમીનના દફતરો પ્રમાણે અથવા સરવે અમલદાર જે બીજો પુરાવો અથવા માહીતી મેળવી શકે તે પુરાવા ઉપરથી અથવા માહીતી ઉપરથી તે હદ ઠરાવવી

જે ખેતરની અથવા ધારણ કરેલી જમીનની સરવે થઇ નહી હોય તે ખેતરની અથવા જમીનની હદ બાબત તકરાર ઉત્પન્ન થાય તો સરવે પુરી થયા પછી હરકોઇ સરવે નબરની કે તેના પેટાવિભાગની હદ બાબત તકરાર ઉત્પન્ન થાય તો તેનો નિકાલ કલેકટરે કરવો જોઇએ, અને જમીનના દફતરોમાથી અગાઉ ઠરાવેલી હદ બાબત ખાત્રી થાય તેવો પુરાવો મળતો હોય તો કલેકટરે સરવેના દફતરો પ્રમાણે નીકાલ કરવો અને તેવો ખાત્રીનો પુરાવો ન મળતો હોય તો જે બીજો પુરાવો તે મેળવી શકે તે પુરાવા પ્રમાણે નીકાલ કરવો

૧૨૦ હદની તકરારમા જે પક્ષકારોનો સબધ હોય તે પક્ષકાર તકરારનો નીકાલ પચ કમીટીની મારફત કરવાને રાજી હોય અને તે પ્રમાણે લખેલી અરજી કરે વા અરજી ન કરી હોય ત્યારે હદ ઠરાવવી એ જે અમલદારનું કામ હોય તે અમલદારે નીરદીષ્ટ કરેલી મુદતમા ઓછામા ઓછા ત્રણ માણસોની કમીટી નીમી આપવાનું સદરહુ પક્ષકારોને કહેવુ અને સદરહુ પ્રમાણે નીમેલી કમીટી અથવા તે કમીટીના આસામી પૈકી

નીમે કરતા વધારે આશામી સદરહુ અમલદાર મુદત નીમે તે મુદતમા ફેસલો કરે અને તે ફેસલો સદરહુ અમલદાર મજુર કરે એટલે અથવા તે અમલદારે સરવે સુપરીન્ટેન્ડેન્ટના દરજ્જા કરતા ઓછા દરજ્જાનો સરવે અમલદાર હોય તો સરવે સુપરીન્ટેન્ડેન્ટ મજુર કરે એટલે, આખરનો થશે

પણ એવુ ઠરાવ્યુ છે કે પચનો નિવાડો અથવા પચને સોપેલા કામ પૈકી કાઈ કામ સીવીલ પ્રોસીજર કોડના બીજા પરિશષ્ટના ૧૪ મા પેરેગ્રાફમા કહેલા કાઇ પણ કારણ સારુ તેજ પચની પાસેથી ફરીથી વિચાર કરવા સારૂ મોકલવાનો અધિકાર સદરહુ અમલદારને અથવા સરવે સુપ્રીન્ટેન્ડેન્ટને છે

સદરહુ રીતે નામેલી કમીટી નીરદીષ્ટ કરેલી મુદતમા તકરારનો નીકાલ કરવાને ચુકે અને મુદત વધારવાનુ સદરહુ અમલદારને અથવા સદરહુ અમલદાર સરવે સુપ્રીન્ટેન્ડેન્ટના દરજ્જા કરતા ઓછા દરજ્જાનો સરવે અમલદાર હોય તો સરવે સુપરીન્ટેન્ડન્ટને યોગ્ય ન લાગે તો આ આકટમા કહેલી બીજી રીતે તે તકરારનો નીકાલ કરવો એ સદરહુ અમલદારનુ કામ છે

૧૨૧ (૧) આ બાબ માહેના પાછલા ઠરાવો પૈકી કાઇ પણ ઠરાવ પ્રમાણે હદનો ઠરાવ થાય તે હેઠળ લખેલી વાતને નિર્ણયકારક છે એમ સમજવુ

(અ) હદની લીટીની અથવા હદ નીશાનની ખરી જગોનો અને

(બ) ઠરેલી હદની બેઉ બાજુ ઉપરની જમીન ધારણ કરનારના તેઓએ દરએક ધારણ કરેલી જમીનમા નીવાડાની જમીન આવે છે કે નથી આવતી એવુ ઠરાવ્યુ હશે તે નીવાડાની જમીન સબધી હકના

[૨] જ્યારે આની રીતે હદ નક્કી કરવામા આવે ત્યારે જે કોઇ પણ જમીન ધારણ કરનારના કબજામા તેણે ધારણ કરેલી જમીનને જે જમીન લાગુ નથી એમ નિકાલ કરવામા આવ્યો હોય તેવી કોઇપણ જમીન ખોટી રીતે હશે ત્યારે તેને કાઇ પણ વખતે જમીનમાથી સંક્ષિપ્ત રીતે કામ ચલાવીને કાઢી મુકવાને કલેકટરને અધિકાર છે

હદનીશાન

૧૨૨ જે સરવે અમલદારને સરવે સુપ્રીન્ટેન્ડેન્ટ અથવા સેટલમેન્ટ ઓફીસરે અધિકાર આપ્યો હશે તેને ગામ અથવા સરવે નબર અથવા સરવે નબરના પેટાવિભાગ પછી તે સરવે નબર ખેડેલા હોય કે પડતર હોય તેઓના હદનીશાન નિર્દિષ્ટ કરવાનો અથવા બધાવવાનો અથવા અકાવવાનો અથવા ટકાવી રખાવવાનો અથવા તેમની મરામત કરાવવાનો અને તે બાબત ખરચ થાય તે ધારણ કરનાર ઉપર અથવા જે બીજા માણસોનો તેમા હક સબધ હશે તે બીજા માણસો ઉપર નાખવાનો અધિકાર છે

જમીન ધારણ કરનારાઓને તેઓના હદનીશાન બાધવાનુ, આકવાનુ, ટકાવી રાખવાનુ, અથવા તેઓની મરામત કરવાનુ જાહેરનામુ જે જમીનની સરવે ચાલતી હશે તે જમીન જે ગામની હશે તે ગામના ચોરામા અથવા બીજી પ્રસિદ્ધ જગાએ લગાડવુ, અને તે જાહેરનામામા સરવે નબર કે તેના પેટાવિભાગના ધારણ કરનારાએ પોતપોતાના સરવે નબરના કે તેના પેટાવિભાગના હદ નીશાન નિરદિષ્ટ મુદતમા બાધવા, આકવા, ટકાવી રાખવા, અથવા તેઓની મરામત કરવી એવુ તેઓને ફરમાવેલુ જોઇએ, અને સદરહુ પ્રમાણે ફરમાવ્યા મુજબ તેઓ કરવાને ચુકે ત્યારે સર્વે અમલદારે તે બાધવા આકવા અથવા તેઓની મરામત કરવી અને તેઓ બાબત થયેલો સઘળો ખર્ચ આ કલમમા પાછળ ઠરાવ્યા પ્રમાણે નાખવો

સદરહુ રીત પ્રમાણે સામાન્ય જાહેરનામુ લગાડયુ એટલે જે જમીનને તે સર્વે લાગુ હશે તે જમીનની હદ માહેના કોઇ સર્વે નબરમા કે તેના પેટાવિભાગમા જે જે માણસનો કાઇ હક સબધ હશે તે તે દરએક માણસને બરોબર તથા પુરતી નોટીસ આપી એમ સમજવુ

હદ નિશાન, સર્વે સુપ્રીન્ટેન્ડેન્ટ આ બાબતમા ૨૧૪ મી કલમની રૂએ કરવામા આવેલી કાનુનોને પાત્ર રહીને જમીનનો તથા હવાના પ્રકાર પ્રમાણે ઠરાવે તેવા પ્રકારના હોવા જોઇએ અને તેવી રીતે બાધવા, આકવા ટકાવી રાખવા જોઇએ અથવા તેઓની મરામત કરવી જોઇએ અને તેટલા મ્હોટા તથા તેવા પદાર્થોના હોવા જોઇએ

૧૨૩ ધારણ કરેલી જમીનમા હદનીશાન યથાસ્થીત રાખીને તેઓની સારી મરામત રાખવા બાબત અને તેઓમા ફરફાર થયાની અથવા જગા ઉપરથી તેઓને હલાવ્યા અથવા તેઓની મરામત ન રાખ્યાથી

તે બાબત મુલકી અમલદારોએ વ્યાજબી રીતે જે ખર્ચ કર્યા હશે તે સઘળા બાબત દરએક જમીન ધારણ કરનાર જવાબદાર છે, ગામના હદનિશાનનો નાશ અથવા હુકમ વગર તેમા ફેરફાર ન કરવા દેવો એ ગામના અમલદારો તથા નોકરનુ કામ છે

૧૨૪ કોઇ પણ જીલ્લામા સર્વે સેટલમેટ ચાલુ કરવામા આવ્યુ એટલે હદ નીશાનનો ચાર્જ કલેકટર પાસે જશે અને તે બાધવા બાબત, યથાસ્થીત રાખવા બાબત અને તેઓની મરામત કરવા બાબત તજવીજ કરવી એ તેનુ કામ છે અને કલમ ૧૨૨ મી ઉપરથી સર્વે અમલદારને આપેલો અધિકાર આ કારણ સારૂ કલેકટરને પ્રાપ્ત થશે

૧૨૫ હદનીશાન જાણી જોઇને કહાડી નાખ્યાની અથવા જગા ઉપરથી હલાવ્યાની અથવા તેને નુકશાન કર્યાની રૂબરૂ અથવા સર્વે અમલદાર રૂબરૂ અથવા મામલતદારની રૂબરૂ સક્ષેપ રીતે ચોકશી થઇને કોઇ માણુસ ઉપર સાબિતી થશે તે માણુસ સદરહુ પ્રમાણે કહાડી નાખેલા અથવા જગા ઉપરથી હલાવેલા અથવા નુકશાન કરેલા દરેક નીશાન બાબત ઘણામા ઘણા પચાસ રૂપીઆ સુધી દડને પાત્ર થશે

આ કલમ પ્રમાણે કરેલો દરેક દડનો અડધો ભાગ બાતમી આપનાર હોય તો તેને આપવાનો ઠરાવ કરવાનો અધિકાર દડ કરનાર અમલદારને છે અને રહેલા અરધા ભાગમાથી તે નિશાન દુરસ્ત કરવાનો ખર્ચ લેવાનો અધિકાર છે

બાબ ૧૦ મો.

ગામનાં તથા કસબાનાં તથા શહેરનાં ગભાણુ માંહેની જમીન બાબત-ગભાણ કરવાં.

૧૨૬ જમીનના ધારણ કરનારના હક વિદ્યમાન હશે તે સઘળા હક તરફ લક્ષ આપીને સરકારના સામાન્ય અથવા વિશેષ હુકમ પ્રમાણે ચાલીને કઈ જમીન ગામના અથવા કસબાના અથવા શહેરના ગભાણમા છે એ ઠરાવવાનો અને તેઓની હદ ઠરાવવાનો તથા તે હદમા વખતે વખતે ફેરફાર કરવાનો અધિકાર કલેકટરને અથવા સર્વે અમલદારને છે

જમીન મેહેસુલની માફી

૧૨૭ સને ૧૮૫૨ નો ૧૧ મો આકટ તથા સને ૧૮૮૩ નો મુબઇનો ૨ જો તથા સાતમો આકટ એ દરેક જે મુલકને લાગુ છે તે મુલકમા તે આકટ જે કસબામા અથવા શહેરમા હક બાબતની ચોકશી સન ૧૮૬૮ ના મુબાઇના ચોથા આકટના ઠરાવ પ્રમાણે થઇ છે તે કસબાના અથવા શહેરના ગભાણની હદમા એવી જમીન હશે કે જેનો આજ સુધી ખેતીનાજ કામ સારૂ ઘણુ કરીને ઉપયોગ કરવામા આવ્યો હશે તે સઘળી જમીનને લાગુ છે, તથા હમેશા લાગુ હતા એમ સમજવુ, પણ સદરહુ આકટોના ઠરાવ સદરહુ પ્રકારના કોઈ કસબાના અથવા શહેરના ગભાણની હદમાહેની બીજી કોઇ જમીનને લાગુ છે એમ સમજવુ નહિ

૧૨૮ જે કસબામા તથા શહેરમા હક બાબતની ચોકશી સને ૧૮૬૮ ના મુબઇના ૪ થા આકટના ઠરાવ પ્રમાણે થઇ છે તે કસબાના તથા શહેરના ગભાણ માહેની તે જમીનનો આજ સુધી ખેતીનાજ કામ સારૂ ઘણુ કરી ઉપયોગ કરવામા આવ્યો છે તે જમીન સિવાય જે બીજી જમીનને જમીનમહેસુલની હાલ માફી હશે તે હેઠળ લખ્યા પ્રમાણે વાત હશે તો ચલાવવામા આવશે, એટલે—

૧ જો સદરહુ પ્રકારની જમીન જે સર્વે આ કલમના કારણ સારૂ સરકાર કબુલ કરે છે તેવી સર્વે કોઇ કસબાની અથવા શહેરની અગાઉના વખતમા થયેલી હશે, તે કસબામા અથવા શહેરમા હશે, અને તે જમીન તે સર્વેના નકશામા અથવા બીજા કાગળપત્રમા જમીન મહેસુલ આપવાની સઘળી અથવા થોડી માફીથી ધારણ કરેલી છે એવુ દર્શાવેલુ હશે તો

૨ જો સદરહુ પ્રકારની જમીન સદરહુ પ્રકારના કસબાને અથવા શહેરને મુબાઇનો સને ૧૮૬૫ નો ૧ લો આકટ અથવા સને ૧૮૬૮ નો ૪ થો આકટ લાગુ કર્યાની અગાઉ જમીનમહેસુલ આપવાની સઘળી અથવા થોડી માફીથી પાચ વરસથી ઓછી નહી હોય એવી મુદત સુધીમા ધારણ કરેલી હશે તો

૩ સદરહુ પ્રકારની જમીન મહેસુલ આપવાની સઘળી અથવા થોડી માફીથી જમીન ધારણ કરવી એવી સનદ આપવાનો અથવા એવા દેણા બાબત મજુરીનો લેખ આપવાનો અધિકાર જે અમલ-

દારને હતો એવુ સરકાર કબુલ કરે છે તે અમલદારની સનદ ઉપરથી અથવા મજુરીના લેખ ઉપરથી જમીન મહેસુલ આપવાની સઘળી અથવા થોડી માફીથી ધારણ કરેલી હશે તો, પછી ધારણ કરી તે ગમે તેટલા વરસ ધારણ કરેલી હોય તો પણ ચિંતા નહી

૧૨૯ ઉપરની છેલી કલમ પ્રમાણે માફીના દાવાનો કલેકટરે સક્ષેપ રીતે ચોકશી કરીને નીકાલ કરવો અને તેનો ઠરાવ આખરનો છે એમ સમજવુ,

૧૩૦ જે કસબાને તથા શહેરને ૧૨૮ મી કલમ લાગુ છે તે કસબામા તથા શહેરમા જે જમીનનો આજ સુધી ખેતીનાજ કામ સારૂ ઉપયોગ કરવામા આવ્યા છે તે જમીન સિવાય બીજી જે જમીનનો ભોગવટો તે જમીન જે કસબામા અથવા શહેરમા હશે તે કસબાને અથવા શહેરને મુબાઈનો સને ૧૮૫૫ નો ૧ લો અથવા ૧૮૫૮ નો ૪ થો આકટ લાગુ કર્યાની અગાઉ બે વરસના કરતા ઓછી મુદત સુધી અધિકાર વગર કર્યો હશે તે બીજી જમીનના ધારણ કરનાર તે જમીન ઉપર જમીન મહેસુલ આકાર્યું હશે તે ઉપરાત તે જમીનની કીમત પણ આપવાને પાત્ર થશે સદરહુ કિમત ૬૨ મી કલમના ઠરાવ પ્રમાણે ઠરાવવી જોઇએ

પરચુરણ.

૧૩૧ કોઈ ગામના અથવા કસબાના અથવા શહેરના ગભાણુમાની જે જમીનનો ખેતીનાજ કામ સારૂ ઘણુ કરીને ઉપયોગ કરવામા આવતો હશે તે જમીન સિવાય બીજી જમીનની ૯૫ મી કલમ પ્રમાણે સર્વે અથવા ૧૦૬ ઠી કલમ પ્રમાણે નવેસરથી સરવે કરવાનુ કરમાવવાનુ ગવર્નર ઇન કાઉન્સીલને હરકોઇ વખતે યોગ્ય લાગે તો તેની સરવે કરવી તે તથા તે સબધી સઘળા કામનો બદોબસ્ત કરવો તે આ આકટ ના ૮ મા તથા ૯ મા બાબના ઠરાવ પ્રમાણે કરવો જોઇએ, પણ એવુ ઠરાવ્યુ છે કે જે કસબામા અથવા શહેરમા બે હજાર લોકો કરતા વધારે લોકોની વસ્તી હોય તે કસબાની અથવા શહેરની સદરહુ પ્રકારની કોઈ સરવેને સદરહુ બાબની ૯૬ મી અથવા ૧૦૧ અથવા ૧૦૪ થી અથવા ૧૧૮ મી કલમના કોઇ પણ ઠરાવ લાગુ છે એમ સમજવુ નહિ

૧૩૨ જે કસબામા અથવા શહેરમા બે હજાર લોકોના કરતા વધારે લોકોની વસ્તી હોય તે કસબાના અથવા શહેરના ગભાણુની ઉપરની છેલ્લી કલમના ઠરાવ પ્રમાણે સરવે કરવામા આવે ત્યારે ઘરના ગભાણુનો દરેક ધારણ કરનાર સરવે બાબત એક ફી આપવાને પાત્ર થશે, તે ફીનો આકાર આ બાબત સરકાર વખતે વખતે જે કાનુન કરશે તે કાનુન પ્રમાણે કલેકટરે કરવો જોઇએ, પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ ફી કોઇ પણ પ્રસગે દરેક ઘરના ગભાણુ અથવા તેના જુદા ધારણ કરેલા કોઈ પણ ભાગ માટે દશ રૂપીઆ કરતા વધારે હોવી નહિ જોઇએ, સદરહુ સરવેની ફી તે કસબાના અથવા શહેરના ગભાણુની અથવા જાહેર-ખબરમા બતાવેલા તે કસબા અથવા શહેરના ભાગની સરવે પુરી થયા પછી, કલેકટર આ બાબત પ્રસિદ્ધ જાહેરખબર આપે તે જાહેરખબરની તારીખથી છ મહીનાની અદર આપવી જોઇએ

૧૩૩ સદરહુ પ્રકારના ઘરના ગભાણના દરેક ધારણ કરનારે સદરહુ સરવેની ફી આપ્યા પછી, તેને કલેકટરની પાસેથી હ પરીશીષ્ટના નમુના પ્રમાણે અથવા તેવાજ કોઇ નમુના પ્રમાણે એક અથવા વધારે સનદો બીજો કાંઈ પણ ખર્ચ પડયા વગર મળવાનો હક પ્રાપ્ત થશે, તેણે ધારણ કરેલી જમીનનો વિસ્તાર તથા સરત આ સનદમા નકશાથી તથા તે વર્ણન લખીને દાખલ કરવી જોઇએ

પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારનો ધારણ કરનાર સરવેની ફી આપતી વખતે, અથવા ઉપરની છેલી કલમ પ્રમાણે કલેકટરે પ્રસિદ્ધ જાહેરખબર આપી હોય તે જાહેરખબરની તારીખથી છ મહીનાની અદર સદરહુ પ્રકારની સનદ અથવા સનદો મળવા સારૂ અરજી ન કરે તો દરેક સનદ બદલ ઘણામા ઘણા એક રૂપીઆ સુધી વળી બીજી ફી આપવાનુ તેને કહેવાનો અધિકાર કલેકટરને છે

સદરહુ પ્રકારની સનદ ઉપર ઇંડીઆના સેક્રેટરી ઓફ સ્ટેટ ઇન કાઉન્સીલની એઓની તરફથી સહી કરી આપવા બાબત જે અમલદારને વખતે વખતે કાયદાસર રીતે અધિકાર આપ્યો હશે તે અમલદારે સદરહુ પ્રકારની દરેક સનદ ઉપર ઇંડીઆના સેક્રેટરી ઓફ સ્ટેટ ઇન કાઉન્સીલની તરફથી સહી કરી આપવી જોઇએ

૧૩૪ કોઇ ગામના અથવા કસબાના અથવા શહેરના ગભાણુ માહેની જે જમીનનો આજ સુધી ખેતીનાજ કામ સારૂ ધણુ કરી ઉપયોગ કરવામા આવેલો છે તથા જે બાબત સરકાર તથા ધારણુ કરનાર દરમ્યાન જે વખતે જે કાયદો ચાલુ હશે તે કાયદા પ્રમાણે સમરીસેટલમેન્ટ થયુ હશે, તે જમીન બીજા કોઇ કામમા વાપરશે નો તે જમીન તેજ પ્રદેશમા તેવાજ કામમા વાપરેલી દુમાલા નહી હોય તેવી જમીન સારૂ જે સલામી લેવાની હશે તે સલામી સિવાય આપવાને પાત્ર થશે

૧૩૫ કોઇ ગામના અથવા કસબાના અથવા શહેરના ગભાણુ માહેની કાઈ જમીન બાબત કલેકટરે ૩૭ મી અથવા ૧૨૯ મી કલમ પ્રમાણે કરેલો કાઇ હુકમ રદ કરવા બાબત દીવાની કોર્ટમા કરેલી કાઇ ફરીઆદ તે હુકમની તારીખથી એક વરસની અદર કરી નહિ હોય, તો તે ફરીઆદ મુદત બહાર છે એવો જવાબ આપ્યો ન હોય તોપણુ કહાડી નાખવી જોઇએ

બાબ ૧૦ અ. હકના પત્રક બાબત.

૧૩૫ अ ગવર્નર ઇન કૌસિલ ગવર્નમેન્ટ ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને એવુ ફરમાવવાને મુખત્યાર છે કે આ બાબનો, અથવા કોઇ નિર્દિષ્ટ કરેલા સ્થાનિક પ્રદેશમા અથવા કોઈ પણુ જમીનોના કે કોઇ પણુ વર્ગના ગામો કે કોઇ પણુ વર્ગની જમીનના સબધમા કે સામાન્ય રીતે અમલ થશે નહિ

૧૩૫ ब (૧) દરેક ગામમા હકનુ પત્રક રાખવુ અને તે પત્રકમા નિચેની વિગતો હોવી જોઇએ

(अ) તેમા જે જમીન ધારણુ કરનારા, ખાતેદારો, ધણીઓ, ગીરો ગખનારા હોય અથવા જમીન ગણોતના કે મહેસુલના અસાઇનીઓ હોય (ખેડુતો સિવાયના) તે સઘળા સખસોના નામ

(ब) એવા સખસોને પોતાનો કેવો તથા કેટલો હિત સબધ છે તે અને શી સરત તથા જવાબદારીને પાત્ર છે તે (क) એવા કોઈ પણુ સખસોએ અથવા સખસોને આપવાનુ ગણોત અથવા મહેસુલ

]ड] ગવર્નર ઇન કૌસિલ આ અર્થે કાનુનો કરીને ફરમાવે તેવી બીજી વિગત

(૨) પણુ ઠરાવ્યુ છે કે, સદરહુ વિગતો કાયમના ખેડના સબધમા તેમ બીજા જે કોઇ વર્ગની ખેડના સબધમા હકના પત્રકમા દાખલ કરવી

૧૩૫ क (૧) જે કોઈ પણુ સખસ વારસાની રૂઇએ પરપરાની રૂયે વેહેચણુની રૂયે, ખરીદીની રૂયે, ગીરોની રૂયે, બક્ષીસની રૂયે, પટાની રૂયે અથવા બીજી કોઇ રીતે જમીનના ધારણુ કરનાર તરીકે, ખાતેદાર તરીકે, ધણી તરીકે, ગીરો રાખનાર તરીકે, જમીનદાર તરીકે, ખેડુત તરીક, અથવા તેના ગણોત કે મહેસુલના અસાયની તરીકે કોઇ પણુ હક સપાદન કરે, તેણે એવો હક સપાદન કર્યાનો રીપોર્ટ એવી રીતે સપાદન કર્યાની તારીખથી ત્રણુ મહીનાની અદર તલાટીને મોઢેથી તે લખીને કરવો જોઇએ, અને તેને તલાટીએ તે બાબત લેખીત પહોચ આપવી જોઇએ

પણુ જો તે સગીર કે ન લાયક થયેલો હોય તો તેના વાલીએ કે તે મિલકત જેની પાસે હોય તેણે તલાટીને તેવો રીપોર્ટ કરવો જોઇએ

પણુ નોધેલા દસ્તાવેજની રૂયે જે માણુસ હક સપાદન કરતો હોય તેણે એવો રીપોર્ટ કરવાની જરૂર નથી

ખુલાસો ૧ ઉપર કહેલા હકોમા સાનગીરોનો સમાસ થાય છે પણુ તેમા ૧૮૮૨ ના મિલક્ત તબદીલ કરવાના એકટની ૧૦૦ મી કલમમા બતાવેલા પ્રકારના ઇઝમેન્ટનો અથવા ગીરો થતો ન હોય તેવા કોઈ બોજાનો સમાસ થતો નથી

ખુલાસો—૨ જે સખસ ગીરો છોડાવે અથવા તેના લાભમા પટો પુરો થતો હોય તે સખસ હક સપાદન કરે છે એમ સમજવુ

૧૩૫ (ड) (૧) તલાટીએ ફેરફારના રજીસ્ટરમા આ પ્રમાણે કરવામા આવેલો રીપોર્ટ દાખલ કરવો તેમ કોઇ હક સપાદન કરવામા આવ્યો છે એમ માનવાનુ તેને કારણુ હોય પણુ તેને આ કલમ પ્રમાણે રીપોર્ટ મળ્યો ન હોય તો તે હક સપાદન થયાના સબધમા પણુ તેણે નોધ કરવી

(૨) જ્યારે તલાટી ફેરફારના રજીસ્ટરમા નોધ કરે ત્યારે તેણે તેજ વખતે તે નોધની પુરેપુરી નકલ

ચોરામા નજરે પડે તેવી જગોએ ચોટાડવી, અને તેમા જેનો હિત સબધ જણાય તેને લેખી ખબર આપવી

(૩) જ્યારે આવી નોધના સબધમા તલાટીને કોઇ મોઢાથી કે લેખીતવાર વાધો બતાવે ત્યારે તેણે તેની વિગત તકરારી રજીસ્ટરમા નોધવી

(૪) તકરારી રજીસ્ટરમા નોધેલા વાધાનો નિકાલ કરનારા હુકમો ગવર્નર ઇન કૌસીલે ઘડેલા કાનુનોની રૂએ ફરમાવવામા આવે તેવા અમલદારોએ કરવા અને તે ફેરફારના રજીસ્ટરમા નોધવા

(૫) ફેરફારના રજીસ્ટરમાથી હકના પત્રકમા કરવાની નોધ આ અર્થે ગવનર ઇન કૌસિલ તરફથી જે કાનુનો ઘડવામા આવે તેને પાત્ર કરવી, પણ ફેરફારના રજીસ્ટરની અદરની નોધ બાબત રીતસર દાખલો આપવામા આવે નહિ ત્યા સુધી તે નોધ હકના પત્રકમા દાખલ કરવી નહીં

(૬) ફેરફારના રજીસ્ટરની નોધ તપાસી જો તે ખરી માલુમ પડે તો, અથવા સુધારો કરવામા આવે ત્યાર પછી તે બાબત મામલતદારના અવલકારકુનથી ઉતરતા દરજ્જાનો ન હોય તેવા મુલકી અમલદારે દાખલો આપવો

(૭) આ કલમના ઠરાવો કાયમના ખેડના સબધમા અને કા ૧૩૫ બ ની પેટા કલમ (૨) મુજબના જાહેરનામાની અદર લખેલી કોઇ પણ ખેડના સબંધમા પણ લાગુ પડશે પણ આ કલમના ઠરાવો બીજી ખેડના સબંધમા લાગુ પડશે નહી, અને તે ખેડ ખેડના રજીસ્ટરમા દાખલ કરવી

૧૩૫ ઈ. જે જે કોઇ પણ સખસના હક હિત સબધ કે જવાબદારી આ બાબ મુજબ કોઇપણ પત્રક અથવા રજીસ્ટરમા નોધવા પડે છે અથવા નોધેલા હોય છે તે સખસ, આ પત્રક લખવા કે તપાસી જોવામા રોકાયલા કોઇપણ મુલકી અમલદાર કે તલાટીના હુકમ ઉપરથી એવા હુકમની તારીખથી ૧ મહીનાની અંદર તે પત્રક કે રજીસ્ટર ઉપજાવી કહાડવા સારૂ, કે તપાસી જોવા સારૂ જરૂરની હોય એવી જે ખબર અથવા દસ્તાવેજો તેની જાણમા અથવા કબજામા કે અખત્યારમા હોય તેવી સઘળી ખબર અથવા દસ્તાવેજો તેની તપાસ માટે પુરા પાડવાને અથવા હાજર કરવાને બધાયલો છે

(૨) આવી ખબર કે દસ્તાવેજ રજુ કરનારને તે બાબતની લેખી પહોચ આપવી જોઈએ અને દસ્તાવેજ ઉપર તે હાજર કર્યાની વાત તથા તારીખ લખીને તે નીચે મગાવનાર મુલકી અમલદારે સહી કરવી જોઇએ

૧૩૫ ફ જે કોઇ સખસ કા ૧૩૫ (ક) મા ફરમાવ્યા પ્રમાણે રીપોર્ટ કરવામા અથવા ક ૧૩૫ ઇ મા ફરમાવ્યા પ્રમાણે ખબર આપવામા અગર દસ્તાવેજ હાજર કરવામા ગફલત કરશે તે સખસની પાસેથી કલેકટરની નજરમા આવે તે પ્રમાણે વધુમા વધુ ૨૫ રૂપીયા સુધીની ફી લેવામા આવશે અને તે રકમ જમીન મહેસુલની ચડેલી બાકી પ્રમાણે વસુલ કરી શકાશે

૧૩૫ ગ આ અર્થે ગવર્નર ઈન કાઉન્સીલે ઘડેલી કાનુનોને પાત્ર (અ) આ બાબ મુજબના કોઇપણ પત્રક અથવા રજીસ્ટર અથવા તેના સબધમા જોઇતા નકશા અથવા પ્લાનો તૈયાર કરવાના કે સુધારવાના કારણ સારૂ કોઇપણ મુલકી અમલદાર અથવા તલાટી ૯૬ મી અને ૯૭ મી કલમો મુજબના કોઇપણ અધિકાર ચલાવવાને મુખત્યાર છે, અને (બ) આસિસ્ટટ કે ડેપ્યુટી કલેકટર અથવા સરવે અમલદારથી ઉતરતા દરજ્જાનો ન હોય એવો કોઈ પણ મુલકી અમલદાર આવા નકશા અથવા પ્લાન તૈયાર કરવાનો અથવા સુધારવાનો ખર્ચ તથા આવા નકશા તથા પ્લાનો જે જમીનને લગતા હોય તે ઉપરની દેખરેખના ખર્ચ તથા કારકુનના કામના ખર્ચ સુદ્ધાતનો સઘળો સાદિલવાર ખર્ચ આકારવાને મુખત્યાર છે, અને તેવો ખર્ચ મહેસુલના માગણા તરીકે વસુલ કરવો

૧૩૫ હ (૧) જે કોઇ પણ પ્રદેશને આ બાબ લાગુ પડે છે તે પ્રદેશમા આવેલી જમીનને લગતી આમા હવે પછી વ્યાખ્યા કર્યા પ્રમાણેની દરેક ફરિયાદ અથવા અરજીની વાદી અથવા અરજદાર તે ફરિયાદ અથવા અરજીને એવી જમીનને લગતી હકના પત્રકમાની ફેરફારના રજીસ્ટરમાની, અથવા ખેડના રજીસ્ટરમાની કોઇ પણ નોધેલી દાખલાવાળી નકલ જોડવી જોઈએ

(૨) જો વાદી કે અરજદાર કોઈ પણ કારણસર તેમ કરવાને ચુકે તો કોર્ટ ઠરાવે તે મુદતની અદર

તેવી નકલ રજુ કરવી, અને એવા દાખલાવાળી નકલ એવી રીતે જોડવામા કે રજુ કરવામા નહિ આવે તો, ફરીઆદ અરજી અથવા અરજી કાઢી નાખવી, પણ તે કાઢી નાખ્યાથી તેવી દાખલાવાળી નકલ સાથે નવી અરજી કરવાને બાધ આવશે નહિ

(૩) આવી કોઇ નોધની નકલ દાખલ કરવામા આવી હોય તેવા કોઈ મુકદ્દમાનો નિકાલ થઈ ગયા પછી કોર્ટ એવી નોધમા માલમ પડતી કોઇ પણ ચુક તથા હુકમનામા અથવા હુકમના કારણસર તેમા જે કાઇ ફેરફાર કરવાની જરૂર હોય તે કલેકટરને લખી જણાવવા અને એવા લખાણની નકલ પત્રક સાથે સામેલ કરવી એવી બાબતમા કલેકટરે હકના પત્રકમા, કે ફેરફારના રજીસ્ટરમા દાખલ કરવાની જરૂર હોય એવા કોઈ પણ હકના સંબધમા જેટલે સુધી ચુકાદો કર્યો હોય તેટલે સુધી એવા હુકમનામાના અથવા ચુકાદાની રૂયે તે નોધ સુધરાવવી આ ઠરાવ અપીલ કોર્ટને પણ લાગુ પડશે

(૪) આ કલમમા—

अ ફરીઆદ—આ શબ્દનો અર્થ જે ફરીયાદને સન ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાના અથવા સને ૧૯૦૯ ના મામલતદારની કોર્ટાના આકટના ઠરાવ લાગુ પડતા હોય તે ફરીયાદ એવો થાય છે

(ब) અરજી એ શબ્દના અર્થ, (૧) ફરીયાદમા હુકમનામાની અથવા હુકમની બજાવણી માટેની અરજી,

(૨) સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂયે કોર્ટના અભિપ્રાય માટે મુકદ્દમો નિવેદન કરવાનું કરારનામુ દાખલ કરવા માટેની અરજી,

(૩) સદરહુ કાયદાના પરિશિષ્ટના ૧૭ મા પેરાની રૂયે વાદી ઉપર સોપવાનુ કરારનામુ દાખલ કરવાની અરજી

(૪) સદરહુ પરિશિષ્ટના ૨૦ મા પેરાગ્રાફની રૂયે નિવાડો દાખલ કરવા માટેની અરજી

(૫) સને ૧૮૭૯ ના ખેડુતના એકટ પ્રમાણે કોન્સીલેટરને કરવાની અરજી

[૬] જે બાબતની અરજીને આ કલમ લાગુ પાડવાનુ ગવર્નર ઇન કાઉન્સીલ ફરમાવે તેવી અરજી

(क) જે હુકમનામા કે બીજી બાબતના સબધમા અરજી કરી હોય તે જમીનને લગતો હોય તો તે અરજી જમીનને લગતી છે એમ ગણવુ

(ड) જે ફરીયાદ હુકમનામુ અથવા બીજી બાબત જમીનને લગતી હોય તેમા આ સજ્ઞાની સામાન્યપણાને કાઇ પણ બાધ ન આવે તેવી રીતે જમીનના ગણોત અથવા ખેડહકને લગતી ફરીયાદ, હુકમનામા અથવા બીજી બાબતનો સમાસ થાય છે એમ સમજવુ

૧૩૫ (આઇ) જે મદદ માટે દાવો કરનાર કોઇપણ વરીષ્ટ ધારણ કરનારા દાવાને હકના પત્રકમા, ફેરફારના રજીસ્ટરમા અથવા ખેડના રજીસ્ટરમા યોગ્ય રીતે કરેલી નોધ અથવા નોધો જોડેલી ન હોય તો તેને ૮૭ મી કલમમા ગમે તે ઠરાવ્યુ હોય તોપણ તે કલમની રુયે મદદ આપવાની કલેકટરે ના પાડવી

૧૩૫ (જે) હકના પત્રકમાની નોધ તથા ફેરફારના રજીસ્ટરમાની દાખલાવાળી નોધ, તે ખરી નથી એવુ સાબીત કરવામા આવે ત્યા સુધી, તેને બદલે નવી નોધ કાયદાસર રીતે દાખલ કરવામા આવે ત્યા સુધી ખરી છે એવુ અનુમાન કરવુ

૧૩૫ (કે,) હકના પત્રકમાની, ફેરફારના રજીસ્ટરમાની તથા ખેડના રજીસ્ટરમાની નોધની દાખલાવાળી નકલો માટેની અરજી તલાટીને, મહાલકારીને અથવા મામલતદારને કરવાનો અધિકાર છે, અને તેવી નકલો આપવાનો તેમને અધિકાર છે

૧૩૫ (એલ) (૧) આ આકટની રુયે રાખવામા આવતા કોઇ પણ પત્રકમા અથવા રજીસ્ટરમા નોધ કરાવવાના અથવા એવી કોઈ પણ નોધ કઢાડી નખાવવાના, અથવા સુધરાવવાના હક સબધમા સેક્રેટરી ઓફ સ્ટેટ ઉપર અથવા સરકાર ઉપર કે સરકારના કોઇ પણ અમલદાર ઉપર ફરીયાદ ચાલશે નહિ તેમ ૧૩ મા બાબના ઠરાવો આ બાબ મુજબના કોઇ પણ ચુકાદા અથવા હુકમને લાગુ પડશે નહિ

(૨) હકના પત્રક તથા ફેરફારના રજીસ્ટરમાની નોધના ખરાપણા બાબત, તપાસ કરવાનુ કામ અને તેની વિગતો તપાસી જોવાનુ કામ ગવર્નર ઇન કાઉન્સીલ વખતો વખત આ અર્થે કાનુનો કરીને ઠરાવે તેવા મુલકી અમલદારો તે ઠરાવ તેવી રીતે અને તેટલા દરજ્જે અથવા તે ઠરાવે તેવી અપીલને પાત્ર કરવુ.

બાબ ૧૧ મો.

જમીન મેહેસુલ તથા મેહેસુલનાં બીજાં લેણાં વસુલ કરવા બાબત જમીન મેહેસુલ બાબતની જવાબદારી

૧૩૬ (૧) દુમાલા નહિ હોય તેવી જમીનની બાબતમા ખાતાદાર દુમાલા જમીનની બાબતમા વરીષ્ટ ધારણ કરનાર, જમીનના સબધમા લેણુ હોય તે સઘળા જમીન મેહેસુલની બાકી સુદ્ધા સરકારમા ભરવાને પ્રથમ જવાબદાર છે જે સહખાતેદારો કે ધારણ કરનારાઓ આ કલમની રૂયે પ્રથમ જવાબદાર હોય તેઓ એકઠા અથવા છુટા છુટા જવાબદાર ગણાશે

(૨) જે કોઇ સખસ આ કલમની રૂયે પ્રથમ જવાબદાર હોય તે કસુર કરે તો ઉપર જણાવ્યા પ્રમાણેની ચઢેલી બાકી સુદ્ધાનુ જમીનમહેસુલ જે કોઇ સખસના કબજામા જમીન હોય તેની પાસેથી વસુલ કરવાનો અધિકાર છે, પણ એવુ ઠરાવ્યુ છે કે, આવો સખસ ખેડુત હોય તેની પાસેથી વસુલ કરવાની રકમ જે વર્ષે સદરહુ માગણુ વસુલ કર્યું હોય તે વરસના માગણા કરતા વધારે હોવી જોઇએ નહિ

વળી ઠરાવ્યુ છે કે જ્યારે જમીન મહેસુલ માટે પ્રથમ જવાબદાર ન હોય એવા કોઈ સખસ પાસેથી આ કલમની રૂયે વસુલ કરવામા આવે ત્યારે જે સખસ પ્રથમ જવાબદાર હોય તેને તેણે યોગ્ય રીતે જે કાઇ રકમ આપી હોય તે રકમ તેને મજરે આપવામા આવશે, અને તેની પાસેથી વસુલ કરેલી રકમ જે સખસ પ્રથમ જવાબદાર હોય તેની સાથેના તેના હિસાબમા મજરે મળવાનો તેને હક થશે

જમીન મહેસુલ બાબત સરકારનાં માગણાંની અગ્રદેયતા

૧૩૭ જે પૈસા વસુલ કરવાનો અધીકાર આ બાબના ઠરાવ પ્રમાણે છે તે પૈસા બાબતનુ લેહેણુ, કોઇ જમીન ઉપર અથવા તેના ધારણ કરનાર ઉપર ગીરવી ઉપરથી અથવા ફેસલા ઉપરથી અથવા હુકમનામા ઉપ-રથી અથવા હુકમનામુ બજાવવાના હુકમ ઉપરથી અથવા જપ્તી ઉપરથી અથવા બીજા કાઈ પણ ઉપરથી બીજુ કાઇ કરજ અથવા દાવો હશે તેના કરતા અગ્રદેય થશે

૧૩૮ ખેતીના કામમા ઉપયોગ કરેલી જમીનના ચાલતી સાલના મહેસુલનો બીજી રીતે ફડચો નહી કર્યો હોય તો તે મહેસુલ આપવાને પાત્ર હશે તે જમીનના પાકમાથી બીજા સઘળા દાવાઓની અગાઉ પ્રસગે વસુલ કરવાનો અધીકાર છે

જમીન મહેસુલ ક્યારે લેવાનો અધીકાર છે

૧૩૯ જમીન મહેસુલ જે મુલકી સાલ બદલ દેવુ હોય તે સાલને પેહેલે દિવસે અથવા દિવસ પછી હરકોઇ વખતે તે વસુલ કરી શકાશે પણ ૧૪૦ મી થી ૧૪૪ મી કલમ સુધીની કલમોમાના ઠરાવ પ્રમાણે પુરવો-પાયની તજવીજની જે પ્રસગે જરૂર લાગી હશે તે પ્રસગ શીવાય બીજે પ્રસગે આ આકટમા આગળ ઠરાવ છે તે પ્રમાણે જે તારીખો ઠરાવવામા આવશે તે તારીખોએ માત્ર પૈસા માગવા

જમીનમહેસુલ નિર્ભય કરવા સારૂ પુરવોપાયની તજવીજ.

૧૪૦ જ્યારે કાઇ જમીનનો પાક, દીવાની કોર્ટના કે સરકારી બીજા અધિકારીના હુકમથી કે ખાનગી કબુલતથી વેચ્યા હશે, ઘરેણે મૂકયો હશે કે બીજી રીતે વ્યવસ્થા કરી હશે ત્યારે તે જમાન સબધી ચાલુ સાલનુ લેણુ આપવામા આવે ત્યા સુધી તે પાક અથવા પાકનો તે ભાગ સદરહુ જમીનમાથી કાઢી લઇ જવાની મના કરવાનો કલેકટરને અધિકાર છે પછી તે આપવામા ઠરાવેલી મુદત આપી હોય કે ન હોય તેની હરકત નથી પણ તે પાક જે વરસમા અટકાવી રાખ્યો હશે તેજ વરસના લેણા કરતા વધારે રકમ બદલ કોઇ પણ પ્રસગે અટકાવી રાખવો નહિ

૧૪૧ પાક ઉપરનુ સરકારનુ લીયન અમલમા આણીને જમીનમહેસુલ નિર્ભય રીતે મળે એવુ કરવા સારૂ હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર કલેકટરને છે એટલે —

(અ) જમીન મહસુલ આપવાને પાત્ર હોય તેની કોઇ જમીન ઉપર ઉગેલો પાક કલેકટરને અથવા આ બાબત તેણે નીમેલા બીજા કોઇ અમલદારને લખેલી નોટીસ પ્રથમ આપવામા આવે ને તે નોટીસ પહોચ્યાની પહોચ તેની પીઠ ઉપર નખીને તે પાછી આપવામા આવે ત્યા સુધી કાપવો નહી એવુ ફરમાવવુ

(બ) સદરહુ પ્રકારનો પાક જે જમીન ઉપરથી કાપ્યો હોય તે જમીન ઉપરથી અથવા જે જગાએ તે મૂકયો હોય તે જગામાથી તે પાક કલેકટરની અથવા સદરહુ પ્રકારના બીજા કોઈ અમલદારની લખેલી પરવાનગી વગર કાહાડી લઇ જવો નહી એવુ ફરમાવવુ

(ક) સદરહુ પ્રકારનો કાઇ પાક ગેરકાયદેસર રીતે કાપવાની અથવા કાહાડી લઇ જવાની મના કરવા સારૂ તેની ઉપર રખવાળદાર રાખવાનો અને કલેકટરના એસ્ટાબ્લીશમેન્ટમાના પટાવાળાને જે દરે પગાર મળતો હશે તે દરના કરતા વધારે નહી હોય એવો જે દર કલેકટરને યોગ્ય લાગે તે દર પ્રમાણે સદરહુ રખવાળને મહેનતાણા બદલ જરૂર હોય તે રકમ જે જમીનનો સદરહુ પ્રકારનો પાક હોય તે જમીન બાબત જમીન મેહેસુલની બાકી હોય તે પ્રમાણે વસુલ કરવી

૧૪૨ ઉપરની છેલી કલમની (અ) રકમ પ્રમાણે અથવા (બ) રકમ પ્રમાણે કલેકટરે જે હુકમ કરવો તે સરકારને મહેસુલ આપનારી ગામની જમીનના સઘળા ધારણ કરનારાઓને એકદર રીતે કર્યો હશે તો ચાલશે અથવા કરનાર આશામીઓને જ માત્ર કર્યો હશે તો ચાલશે

હુકમ એકદર રીતે કર્યો હોય તો તે ગામમા દાડી પીટાવીને તથા હુકમની નકલ ગામના ચોગમા અથવા બીજી કોઇ સાર્વજનીક ઇમારત ઉપર લગાવીને જાહેર કરવો જોઇએ તે ધારણ કરનાર આશામીઓને કર્યો હોય તો તેની નોટીસ નબધવાળા દરેક ધારણ કરનાર ઉપર બજાવવી જોઇએ

જે કોઈ સદરહુ પ્રકારનો કાઇ હુકમ સદરહુ પ્રમાણે જાહેર કર્યા પછી અથવા તેની ઉપર તેની નોટીસ બજાવ્યા પછી અમાન્ય કરશે અથવા જે કોઈ સદરહુ પ્રકારનો હુકમ અમાન્ય કરવામા હિદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે મદદ કરશે તે કલેકટરે સક્ષેપ ચોકશી કયા પછી સાબત થશે તો જે પાક બાબત ગુન્હો કર્યો હશે તે પાક જે જમીનનો હશે તે જમીન મેહેસુલની રકમ ઘણામા ઘણા બમણા સુધી દડને પાત્ર થશે

૧૪૩ પાક કાપવાની અથવા રાખી મૂકવાની મુદત કલેકટરે ઉત્પન્નની ખરાબી થાય એવી અયોગ્ય રીતે લબાવવી નહ‍ા અથવા મેહેસુલનો ફડચો પાક રાખી મૂકયા પછી એ મહિનાની અદર ન કરે તો તેણે પાક ઉપરની જપ્તી ઉઠાડીને આ બાબમા કહેલી બીજી કોઇ રીતે મેહેસુલ વસુલ કરવાના કામમા લાગવુ જોઇએ અથવા જે મેહેસુલ લહેણુ હોય તે અને કાયદાસર સઘળો ખર્ચ વસુલ થવા સારૂ જગમ માલના વેચાણને આ બાબત જે ઠરાવ લાગુ હશે તે ઠરાવ પ્રમાણે વેચવા સારૂ પાકનો જે ભાગ પોતાને યોગ્ય લાગે તે લઇને બાકીના પાક ઉપરની જપ્તી ઉઠાવવી જોઇએ

૧૪૪ ધારણ કરેલી જમીન આખુ ગામ હશે અથવા ગામનો ભાગ હશે ને તે જમીનનુ જમીન મેહેસુલ જેમ જેમ લેહેણુ થતું જશે તેમ તેમ તે ભાગીઆઓમા ટટા હોવાને લીધે અથવા બીજા કારણોને લીધે આપવામા આવશે નહી એવુ લાગવાનો સબબ છે એવુ કલેકટરને લાગશે તો તે ગામ અથવા ગામનો તે ભાગ જપ્ત કરાવવાનો અને ખુદ પોતાના વહીવટમા લેવાનો અથવા આ કામ સારૂ જે કોઇને મુખત્યાર નીમશે તે મુખત્યારના વહીવટમા લેવરાવવાને તેને અધીકાર છે

૧૪૪ મી કલમના ઠરાવ સદરહુ પ્રમાણે જપ્ત કરેલા કોઇ ગામને અથવા ગામના ભાગને લાગુ થશે અને સદરહુ પ્રકારની જમીનો તથા વહીવટનો ખરચ તથા જમીન મેહેસુલ આપવાનુ હોય તે તથા રેવન્યુ સર્વે ૧૧૧ મી કલમના ઠરાવ પ્રમાણે ચાલુ કરી હોય તો તે ચાલુ કરવાનો ખરચ બાદ કરીને જપ્ત કરેલી જમીનની ફાજલ ઉત્પન્ન રહે તે સઘળી મળવાનો જે માણસને અથવા માણસોને હક હશે તેને અથવા તેઓને છેલે સરવાળે મળવા સારૂ અનામત રાખવી અથવા કમીશનરના હુકમને અનુસરીને કલેકટર ફરમાવે તે પ્રમાણે સદરહુ માણસને અથવા માણસોને વખતે આપવી જોઇએ

૧૪૫ ઉપરની છેલી પાચ કલમો ઉપરથી પુર્વોવાયની જે તજવીજો કરવાનો અધીકાર આપ્યો છે તે હેઠળ લખ્યા પ્રમાણે થાય તે છોડી દેવી જોઇએ એટલે મેહેસુલ આપવા બાબત જે જે માણુસ પ્રથમ જવાબદાર હોય તે માણુસ અથવા પ્રથમ જવાબદાર હોય તે માણસો મહેસુલ આપવાને ચૂકે તો તે આપવા બાબત જે કોઈ માણુસ જવાબદાર થશે તે માણુસ સદરહુ પ્રમાણે તજવીજ છોડી દેવાની વખત સુધી કલેકટરે કાયદેસર રીતે કોઈ ખરચ કર્યો હોય તે ખરચ જો આપે અને આ આકટમા આગળ

ઠરાવ કર્યો છે તે ઠરાવ પ્રમાણે મહેસુલ આપવાની વખતે તે આપવા બાબત અથવા તે હફતે હફતે આપવાનુ હોયતો હફતે આપવા બાબત કલેકટરની ખાત્રીનુ તારણ આપે તો છોડી દેવી જોઈએ

જમીન મહેસુલ આપવા બાબતનું નિયમન

૧૪૬ પાછલી ૧૪૦ માથી તે ૧૪૪ મી સુધીની કલમોના ઠરાવ પ્રમાણે જમીન મહેસુલ વસુલ કરવામા આવશે તે સિવાય બીજે પ્રસગે જમીન મહેસુલ સરકારના હુકમ ઉપરથી વખતે વખતે ઠરાવ્યુ હશે તે વેળાએ તથા તે હફતે તથા તે માણસોને તથા તે જગાએ આપવુ જોઇએ

મહેસુલ ન આપનારા.

૧૪૭ કાઇ પણ રકમ મુદરત પ્રમાણે આપી નહી હોય તો તે વખત પછી જમીન મહેસુલની બાકી થાય છે અને તે આપવા બાબત જે માણસો જવાબદાર હશે તે જવાબદારી ૧૩૬ મી કલમના ઠરાવ પ્રમાણે હોય અથવા બીજી કોઇ કલમના ઠરાવ પ્રમાણે હોય તો તે માણસો મહેસુલ ન આપનારા થાય છે.

૧૪૮ જો જમીન મહેસુલ ઠરાવેલી મુદતની અદર આપવામા ન આવે તો ગવર્નર ઈન કૌંસિલના હુકમ પ્રમાણે વખતે વખતે જે પરિમાણ ઠરાવ્યુ હોય તે પરિમાણ પ્રમાણે એવા હપ્તા ઉપર અને આગલા વર્ષોની બાકી કાંઈ હોય તો તે ઉપર દડ તરીકે અથવા વ્યાજ તરીકે જે બોજો નાખવાનો અધિકાર હશે તે બોજો નાખવાનો અને મહેસુલ ન આપનાર સખસ પાસેથી ચાલુ સાલ બદલ જમીન મહેસુલની જે બાકી લેણી હોય તે નવળી બાકી એકદમ વસુલ કરવાની તજવીજ કરવાનો કલેકટરને કાયદાસર રીતે હક થશે

પણ એવુ ઠરાવ્યુ કે સરકારના હુકમથી જે હપ્તો ભરવાનુ તેહકુબ કર્યું હોય તેવા કોઇ હપ્તા ઉપર તે જે મુદત માટ ભરવાનુ તેહકુબ કર્યુ હશે તે મુદતના સબધમા એવો કોઇ પણ બોજો નાખવો નહિ

ટીપ—વણુમા ઘણો ને બાકી હોય તેનો એક ચતુર્થાંશ કરતા વધારે દડ કરવો નહી

૧૪૯ હીસાબનુ પત્રક કલેકટરે અથવા આસીસ્ટટ અથવા ડેપ્યુટી કલેકટરે સહી કરેલુ હોય તે આ બાબતના કારણ સારૂ જમીન મહેસુલની રકમો બાકી લહેણી છે એ વિશે તથા મહેસુલ ન આપનારો કોણ છે એ વીશે નીર્ણયકારક પુરાવો છે એમ સમજવુ

સદરહુ પ્રકારનુ સહી કરેલુ પત્રક પહોચ્યા પછી કોઈ પણ જીલ્લાના કલેકટરને બીજા કોઈ જિલ્લાના કલેકટરનુ લેણુ પોતાના જ જીલ્લામા લેણી થએલી રકમો પ્રમાણે આ બાબના ઠરાવ મુજબ વસુલ કરવાની તજવીજ કરવાનો અધિકાર છે મુબઇના કલેકટરે સહી કરેલા આવાજ હીસાબના પત્રક મુબઇના કલેકટરની સહી કરીને મોકલ્યા હોય તો તે ઉપરથી આ આકટ પ્રમાણે જીલ્લાના કલેકટરે સહી કરેલુ પત્રક હોય તે પ્રમાણે તજવીજ કરવાનો અધિકાર છે

બાકીનું વસુલ

૧૫૦ જમીન મહેસુલની બાકી હેઠળ લખેલા પ્રોસેસથી (મારગથી) વસુલ કરવાનો અધીકાર છે–

(અ) મહેસુલ ન આપનાર ઉપર ૧૫૨ મી કલમ પ્રમાણે માગણાની લખેલી નોટીસ બજાવીને

(બ) જે ખાતા બદલ અથવા ધારણ કરેલી દુમાલા જમીન બદલ બાકી લેણી હશે તે ખાતું અથવા ધારણ કરેલી દુમાલા જમીન ૧૫૩ મી કલમ પ્રમાણે સરકાર દાખલ કરીને

(ક) મહેસુલ ન આપનારનો જગમ માલ ૧૫૪ મી કલમ પ્રમાણે જપ્ત કરીને તથા વેચીને

(ડ) મહેસુલ ન આપનારની સ્થાવર મિલકત ૧૫૫ મી કલમ પ્રમાણે વેચીને,

(ઇ) મહેસુલ ન આપનારને ૧૫૭ તથા ૧૫૮ મી કલમ પ્રમાણે પકડીને તથા કેદમા રાખીને

(ફે) ધારણ કરેલી દુમાલા જમીન આખુ ગામ અથવા ગામનો ભાગ હોય તે પ્રસંગે સદરહુ ગામ અથવા ગામનો ભાગ ૧૫૯ મીથી તે ૧૬૩ મી કલમ સુધીની કલમો પ્રમાણે જપ્ત કરીને,

૧૫૧ ઉપર કહેલા પ્રોસેસનો ઉપયોગ ચાલુ ચાલની તથા તેમજ પાછલી સાલોની પણ બાકી વસુલ કરવા સારૂ કરવો પણ ૧૩૭ મી તથા ૧૩૮ મી કલમ ઉપરથી અગ્રેસ્યતા આપી છે તે ચાલુ સાલના લેણાનેજ માત્ર લાગુ છે

પણ એવુ ઠરાવ્યુ છે કે ચાલુ સાલમા વસુલ કરવાનો કાંઈ પણ પ્રોસેસ શરૂ કર્યો હશે તે તેજ સાલમા પુરેપુરો બજાવવામા ન આવે તો પણ તે પ્રોસેસને ઉપર કહેલી અગ્રતા મળવી જાઇએ

માગણુની નોટીસ

* **૧૫૨** જે તારીખે બાકી દેણી થાય તે તારીખને આગલે દીવસે અથવા તે આગલા દીવસ પછી માગણાની નોટીસ કરવાનો અધીકાર છે

સદરહુ પ્રકારની નોટીસ કરવા બાબતની કાનુન વખતે વખતે કરવાનો અધિકાર કમીશનરને છે અને મહેસુલ ન આપનારની પાસેથી મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરવાનો ખર્ચ ગવર્નર ઇન કાઉન્સીલની મંજુરીથી કમીશનરે ઠરાવવો અને સદરહુ પ્રકારની નોટીસ કયા અમલદારે કરવી તે ફરમાવવુ

ખાતુ અથવા ધારણ કરેલી દુમાલા જમીન સરકાર દાખલ થવી

૧૫૩ જે ખાતા બાબત અથવા ધારણ કરેલી જે દુમાલા જમીન બાબત જમીન મહેસુલની બાકી લહેણી હોય તે ખાતુ અથવા ધારણ કરેલી દુમાલા જમીન સરકાર દાખલ થઈ એવુ ઠરાવીને કહેવાનો અને તે ૫૬ મી તથા ૫૭ મી કલમના ઠરાવ પ્રમાણે વેચવાનો અથવા તેની બીજી વ્યવસ્થા કરવાનો અને ઉત્પન્ન આવે તો તે મહેસુલ ન આપનારને ખાતે જમે કરવાનો અધિકાર કલેકટરને છે

પણ એવુ ઠરાવ્યુ છે કે કલેકટરે એવુ કોઇ પણ ખાતુ અથવા ધારણ કરેલી દુમાલા જમીન સરકાર દાખલ થઈ છે એવુ નીચે પ્રમાણે કર્યા સીવાય તથા નીચે લખેલી મુદત વીતી જાય ત્યા સુધી ઠરાવવુ નહી એટલે (અ) એવી રીતે ઠરાવ કરતા પહેલા એવો ઠરાવ કરવાના ઇરાદાની જાહેરખબર તથા લેખી જાહેર ખબર સ્થાવર મિલકતના વેચાણના સબધમા કલમ ૧૬૫ તથા ૧૬૬ મા જે રીત ઠરાવી છે તે રીતે પોતે કઢાવ્યા શીવાય અને

(બ) સદરહુ જાહેરખબરમાની કોઇ પણ જાહેરખબર ૧૬૬ મો કલમમા ફરમાવ્યા પ્રમાણે ચોઢાવ્યાની મોડામા મોડી તારીખથી નિદાન ૧૫ દીવસની મુદત વીતી જાય નહી ત્યા સુધી

સરકાર દાખલ થઈ છે એવુ ઠરાવવુ નહી

મહેસુલ ન આપનારની માલ મિલકતનું વેચાણ.

+**૧૫૪** મહેસુલ ન આપનારનો જંગમ માલ જપ્ત કરાવવાનો તથા વેચવાનો અધિકાર પણ કલેકટરને છે

સદરહુ પ્રકારની જપ્તી, કમીશનર સરકારના હુકમથી વખતે વખતે ફરમાવે તે અમલદારોએ અથવા તે વર્ગના અમલદારોએ કરવી જોઈએ

૧૫૫ જે જમીન બાબત બાકી લેણી હોય તે જમીન શીવાય બીજી કોઇ સ્થાવર મીલકતમા મેહેસુલ ન આપનારનો હક તથા દાવો તથા સબધ હોય તે પણ વચવાનો અધિકાર કલેકટરને છે

૧૫૬ હુકમનામુ બજાવવા સારૂ જપ્તી અથવા વેચાણ થવાની જે માલ મિલકતને દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા ઉપરથી માફી છે તે સઘળી માલ મીલકતને ઉપરની છેલ્લી બે કલમો પૈકી હર કોઇ કલમ પ્રમાણે જપ્તિ અથવા વેચાણ થવાની પણ માફી છે એમ સમજવુ

ફલાણી માલ માલકતને માફી મળવાનો સદરહુ પ્રમાણેનો હક છે એ બાબતનો કલેકટરનો જે ફેસલો તે આખરનો છે એમ સમજવુ

પકડવું તથા કેદમાં રાખવુ

×**૧૫૭** બાકી લેણી થયા પછી હરકોઇ વખતે મહેસુલ ન આપનારને પકડવાનો તથા તેને કલેકટરની અથવા મામલતદારની અથવા મહાલકરીની કચેરીમા દશ દીવસ સુધી અટકાવી રાખવાનો અધીકાર

– માગણાની નોટીસ બાકી લેણી થયાની તારીખથી દશ દીવસ થાય ત્યા સુધી કાઢવી નહી બાકી પાચ રૂપીઆ કરતા વધારે ન હોય તો ચાર આના અને બીજી બાબતમા આઠ આના નોટીસ ફી તરીકે લઈ શકાય આવી નોટીસ ફી માફ પણ થઇ શકે છે

+ જપ્તિ મામલતદારના કારકુન, તલાટી અથવા પટેલે કરવી અથવા કલેકટર જે માણસને અધિકાર આપે તેણે કરવી

(અ)હુકમનામાના લેણદારના, તેની સ્ત્રીના તથા જરૂરીયાતના પહેરવાના વસ્ત્ર (બ) કારીગરોના ઓજાર અને દેણદાર ખેડુત હોય તો તેની ખેતીવાડીના હથીયાર તથા ખેડુત તરીકે તેને પોતાની ઉપજીવીકા મેળવવા માટે જે કોર્ટની નજરમા જરૂર જણાય તે ઢોર તથા બી, (ક) ખેડુતની માલકીના અને તેના તાબામા હોય તેવા ના ઘરનો અને બીજી ઇમારતોનો, સામાન, (ડ) હિસાબનો ચોપડો, (ઈ) નુકશાનીને વાસ્તે ફરીયાદ કરવાનો માત્ર

જે મહેસુલ લહેણુ હોય તે તથા દડ અથવા વ્યાજ તથા પકડવાના તથા માગવાના નોટીસ કરી હોય તો તેનો ખરચ તથા તેને અટકાવી રાખવાની મુદતમાનો તેનો પેટ ખરચ સદરહુ મુદતની અદર આપે તો તેને ત્યાર પછી અટકાવી રાખવો નહી

મહેસુલ ન આપનારની પાસે રકમ લેણી હોય તે દસ દીવસ થયા પછી આપવામા ન આવે તો અથવા દસ દીવસની અદર હરકોઈ દીવસે કલેકટરને યોગ્ય લાગે તો ક પરીશીષ્ટના નમુના પ્રમાણે વારટ કરીને તે વારટ સહિત તેને જીલ્લાની દીવાની તુરગમા કેદમા રાખવા સારુ મોકલવાનો અધિકાર કલેકટરને છે

પણ એવુ ઠરાવ્યુ છે કે કોઇ પણ મેહેસુલ ન આપનારને તેની પાસે મહેસુલની બાકી લહેણી હોય તે બાકી, જેટલી રકમના કરજ બાબત દીવાના કોરટનુ હુકનામુ બજાવવા સારૂ કેદમા રાખવાની જે મુદત કાયદા પ્રમાણે ઠરાવેલી હોય, તે મુદત કરતા વધારે મુદત સુધી કેદમા રાખવો નહી

*૧૫૮ ૧૫૭ મી કલમમા પકડવાનો અધિકાર આપ્યો છે તે કયા અમલદારોએ અથવા કયા વર્ગના અમલદારોએ ચલાવવો એ ગવર્નર ઇન કાઉન્સીલની મજુરી વખતે વખતે ફરમાવવાનો અને પકડવા બાબતનો ખરચ તથા મહેસુલ ન આપનારને અટકાયતમા અથવા કેદમા રાખ્યો હોય ત્યારે તેને સરકારે આપવાની પેટ ખરચી રકમ ઠરાવવાનો અધિકાર કમીશનરને છે

ગામોની જપ્તી

૧૫૯ ધારણ કરેલી જે જમીન બાબત બાકી લહેણી હોય તે જમીન આખુ ગામ હોય અથવા ગામોનો ભાગ હોય અને અગાઉ કહેલા વસુલ કરવાના બીજા પ્રોસસ પૈકી કોઇ પ્રોસેસ અમલમા લાવવા યોગ્ય નથી એવુ લાગે તો કલેકટરને અધિકાર છે કે તેણે કમીશનરની અગાઉથી મજુરી લઇને તે ગામ અથવા ગામનો ભાગ જપ્ત કરાવવો તથા તેનો વહીવટ તેણે પોતે કરવો અથવા આ કારણ સારૂ તેણે નીમેલા મુખત્યાર પાસે કરાવવો

૧૬૦ સદરહુ પ્રમાણે જપ્ત કરેલા કોઇ ગામના અથવા ગામના ભાગની જમીન સરકારમા પાછી આવશે, અને તેના વરીષ્ટ ધારણ કરનારના અથવા ભાગીયાઓ પૈકી કોઇ ભાગીયાઓ અથવા તે જમીન ઉપર, કાંઇ પણ બોજો અથવા જવાબદારી હશે અથવા તે જમીનમા જે વરીષ્ટ ધારણ કરનારનો અથવા ભાગીયાનો

હક (ફ) જાતીકી નોકરીનો કોઈ હક, (ગ) સરકારના લશ્કરી તથા મુલકી પેન્સનરને કરી આપેલી નીમણુક તથા બક્ષીસ (ગ્રેજ્યુઇટી) તથા રાજકીય પેન્સન, (હ) જ્યારે દર માસે રૂ. ૨૦ થી વધારે પગાર હોય પણ રૂ ૪૦) થી વધારે નહી હોય તો ૨૦ તથા બીજે પ્રસગે પગારનો અડધો ભાગ (આઇ) જે લોકોને નેટીવ આર્ટિકલ્સ ઓફ વૉર લાગુ પડે છે તેમનો પગાર એલાવન્સ, [જે) મજુરોનો તથા ઘરના નોકરોનો મુસારો (કે) જીવતો રહેવાથી ઉત્તરાધિકાર મળવાની ઉમેદ હોય તે અથવા બીજો અવલબી કે શકય હોય તેવો હકક અથવા સબધ, (લ) ભવિષ્યની ખોરાકી પોશાકીનો હક, (મ) ૧૮૬૧ ના કાઉન્સિલ એકટ પ્રમાણે કરેલા કોઇ કાયદાથી કાઇ પણ હક હુકમનામાની બજાવણીમાંથી જપ્તી કરવાને કે વેચાણ કરવાને મુક્ત કીધો હોય તે હક (ન) બીજી જે જગમ મિલકત કાયદેસર વેચાણ કરવાને પાત્ર ઠરાવી નહિ હોય તે જગલ મિલકત

હવે પછી સબ ડીવીઝનલ કામદારની પરવાનગી સિવાય ખાટલા, બાળકના ઘોડીયા, ઘરકામને લગતા વાસણો, ઘટી અને એવી જાતની બીજી ચીજો જપ્ત કરવી નહી

૧ પકડવાનો અધિકાર આસીસ્ટટ કે ડીપોટી કલેકટરને કલેકટરે આપ્યો હોય તો તેમના હુકમથી કામ કરનારા અમલદારોએ ચલાવવો

૨ પકડવાનો ખર્ચ જે રકમ વસુલ કરવા પકડ્યો હોય તે રકમ રૂ ૨૫ થી વધારે ન હોય તો ચાર આના રૂ ૨૫ થી વધારે પણ રૂ ૧૦૦ થી વધારે ન હોય તો આઠ આના, રૂ ૧૦૦ થી વધારે પણ રૂ ૫૦૦ થી વધારે ન હોય તો એક રૂપિયો, રૂ ૫૦૦ થી વધારે ન હોય તો બે રૂપિયા, રૂ ૧૦૦૦ થી વધારે પણ રૂ ૫૦૦૦ થી વધારે ન હોય તો ચાર રૂપિઆ અને રૂ ૫૦૦૦ થી વધારે હોય તો આઠ રૂપિઆ લેવા

પકડેલા સખસનો પેટ ખરચ નીચે પ્રમાણે લેવો.

જો તે યુરોપીઅન હોય તો રૂ ૧–૦–૦ થી રૂ, ૧–૮–૦ સુધી, યુરોપીઅન કે પોર્ટુગીજના વશનો કોઈ દેશી હોય તો રૂ ૦—૮—૦ થી રૂ ૧–૦—૦ સુધી અને બીજી કોઇ બાબતમા રૂ ૦—૩—૦ થી રૂ ૦—૧૨—૦ સુધી.

હક સબધ હશે તે વરીષ્ટ ધારણ કરનાર ઉપર અથવા ભાગીઆ ઉપર કાઇ બોજો અથવા જવાબદારી હશે તેઓથી તે જમીનને સરકારી મહેસુલના સબધથી નુકશાન થનાર નથી

અને જપ્ત કરેલી જમીનનો વહીવટ કલેકટર તે જમીનના વરીષ્ટ ધારણ કરનારને પાછો આપે ત્યા સુધી તેનો વરીષ્ટ ધારણ કરવાને અથવા સઘળા ભાગીઆઓને એક કોરે મુકીને વ જપ્ત કરેલી જમીનનો વહીવટ કરવાનો તથા તે જમીનથી ઉત્પન્ન થનારૂ સઘળુ ગણોત તથા નફો લેવાનો અધિકાર કલેકટરને અથવા સદરહુ પ્રમાણે નીમેલા મુખત્યારને છે

૧૬૧ જપ્ત કરેલી જમીનની ઉત્પન્નમાથી સદરહુ પ્રકારની જપ્તીનો તથા વહીવટનો ખર્ચ તથા ચાલુ સાલનુ મહેસુલ તથા રેવન્યુ સરવે આ આકટની ૧૧૫ મી કલમના ઠરાવ પ્રમાણે ચાલુ કરી હોય તો તે રેવન્યુ સરવેનો ખર્ચ જતા ફાજલ ઉત્પન્ન રહે તે સઘળી સદરહુ બાકીનો ફડચો કરવામા વાપરવી

૧૬૨ જપ્તી પછીના આગષ્ટ મહીનાની ૧ લા તારીખથી બાર વરસની અદરની હરકોઇ વખતે વરીષ્ટ ધારણ કરનારાએ સદરહુ પ્રમાણે જપ્ત થએલા ગામોની અથવા ગામના ભાગની જપ્તી ઉઠાવીને તેનો વહીવટ પાછો મેળવવો જોઇએ એવી કલેકટરને અરજી કરવી હોય તો કલેકટરે હેઠળ લખ્યા પ્રમાણે હોય તો તે જપ્તી ઉઠાવીને તે વરીષ્ટ ધારણ કરનારને વહીવટ પાછો આપવો

સદરહુ પ્રકારની અરજી કરવામા આવશે તે વખતે બાકીનો ફડચો થયો છે એવુ જો દેખાઇ આવે તો અથવા સદરહુ વરીષ્ટ ધારણ કરનારની પાસે બાકી લહેણી હોય તો તે આપવાને રાજી હોય અને તે બાબત કલેકટર જે મુદ્દત ઠરાવે તે મુદ્દતમા તે તે પ્રમાણે તે બાકી જો આપે તો,

વરીષ્ટ ધારણ કરનારાએ ગામ અથવા ગામોનો ભાગ પાછો મળવા બાબત જે સાલમા અરજી કરી હશે તે સાલમા સઘળી બાકી તથા ખરચ અદા કરીને ફાજલ ઉત્પન્ન રહી હોય તો તે કલેકટરે તે વરીષ્ટ ધારણ કરનારને સ્વાધીન કરવી જોઇએ પણ સદરહુ પ્રકારની ફાજલ ઉત્પન્ન પાછલી સાલોની હોય તો તેની વ્યવસ્થા કરવાનુ સરકાર તરફ રહેશે

૧૬૩ સદરહુ પ્રમાણે જપ્ત કરેલુ ગામ અથવા ગામોનો ભાગ પાછો મળવા બાબત સદરહુ બાર વરસની મુદતમા અરજી કરવામા નહી આવે તો અથવા સદરહુ પ્રકારની અરજી કર્યા પછી વરીષ્ટ ધારણ કરનારની પાસે તે બખતે બાકી લેણુ હોય તો તે આપવા બાબત કલેકટરે ઠરાવેલી મુદતમા વરીષ્ટ ધારણ કરનારો તે આપવાને ચુકે તો પછી સદરહુ ગામ અથવા ગામનો ભાગ સરકારનો થશે, અને તે વરીષ્ટ ધારણ કરનારાએ અથવા ભાગીઆ પૈકી કોઈ ભાગીઆએ અથવા તેના અથવા તેઓની અગાઉ જે માણસોને હક હતો તેઓ પૈકી કોઇ માણસોએ ઉત્પન્ન કરેલા જે બીજા અથવા સદરહુ પ્રકારના વરીષ્ટ ધારણ કરનાર ઉપર અથવા ભાગીઆઓ પૈકી કોઈ ભાગીઆ ઉપર કોઇ પણ રીતે હોય ને બોજા તે ગામને અથવા મના ભાગને લાગુ રહેશે નહી પણ જમીન જે સખસોના વસ્તુત. કબજામા હશે તેઓના હકને નુકશાન થનાર નથી

ચાલુ હોય તે કામ બંધ કરવાં

૧૬૪ અટકાયત અથવા કેદમા રાખેલો મહેસુલ ન આપનાર કલેકટર આગળ અથવા આ કારણ સારૂ કલેકટરે જે બીજા માણસોને નીમ્યા હોય તે માણસની આગળ અથવા મહેસુલ ન આપનારો તુરગમા હોય તો તે તુરગ જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારની આગળ ડ પરીશીષ્ટના નમુના પ્રમાણે તારણ કલેકટરની અથવા સદરહુ પ્રકારના બીજા માણસની અથવા અમલદારની ખાતરીનુ આપે તો તેને તાબડતોબ છોડી મૂકવો જોઇએ અને વસુલ કરવાના કાઇપણ પ્રોસેસ બજાવવાનુ હરકોઈ વખતે બધ કરવુ જોઈએ

અને જે કોઇ માણસ ઉપર આ બાબ પ્રમાણે કામ ચલાવ્યુ હશે તે માણસનુ સદરહુ પ્રકારનુ કામ ચલાવનારા અમલદારને માગેલી રકમ અમારી તકરાર છે એવુ કહીને આપવાનો અધિકાર છે અને સદરહુ પ્રમાણે રકમ આપ્યા પછી કામ ચલાવવુ બધ કરવુ જોઇએ

વેચાણ બાબત કામ ચલાવવાની રીત

૧૬૫ આ બાબના ઠરાવ પ્રમાણે જગમ અથવા સ્થાવર મીલકતના વેચાણ કરવા બાબતનો હુકમ કર્યો હોય ત્યારે વેચાણ કરવાના જાહેરખબરમા વેચાણનો વખત તથા જગા લખીને જગમ માલનુ વેચાણ

હોય ત્યારે તે વેચાણ મંજુર થવુ જોઇએ કે નહી તે લખીને સરકારને મેહેસુલ આપનારી જમીન વેચવાની હોય ત્યારે તેની ઉપરનુ આકાર કરેલું મહેસુલ કેટલું છે તે તથા કલેકટરને જે બીજી તપસીલ જરૂરના લાગે તે લખીને જીલ્લાના દેશી ભાષામા જાહેરખબર કલેકટરે આપવી જોઇએ

સદરહુ પ્રકારની જાહેરખબર સ્થાવર મિલકતના વેચાણ બાબતની હોય તો તાલુકાના થાણામા, તથા જે ગામમા તે સ્થાવર મિલક્ત હોય તે ગામમા દાડી પીટાવીને આપવી (અને) જંગમ માલના વેચાણ બાબત હોય તો જે ગામમા સદરહુ પ્રકારનો માલ પકડયો હોય તે ગામમા તથા જે બીજી જગા કલેકટર ફરમાવે તે બીજી જગાએ દાડી પીટાવીને આપવી

૧૬૬ સ્થાવર મિલકતનુ વેચાણ કરવાનુ હોય તે વેચાણ બાબત તથા તેના વખત બાબત તથા જગા બાબત લખેલી જાહેરખબર હેઠળ લખેલી જગા પૈકી દરેક જગાએ લગાડવી જોઇએ એટલે જીલ્લાના કલેકટરની કચેરી, અને જે તાલુકામા અથવા મહાલમા તે સ્થાવર મિલકત હોય તે તાલુકાના મામલતદારની અથવા તે મહાલના મહાલકારીની કચેરી, અને જે જગામા તે સ્થાવર મિલકત હોય તે ગામનો ચોરો અથવા બીજી કોઈ સાર્વજનીક ઇમારત, અને મેહેસુલ ન આપનારનું રહેવાનુ ઠેકાણુ

જંગમ માલ હોય ત્યારે લખેલી જાહેરખબર મામલતદારની અથવા મહાલકરીની કચેરીમા અને જે ગામમા તે માલ પકડયો હોય તે ગામના ચોરામા અથવા બીજી કોઇ સાર્વનીક ઇમારત ઉપર લગાડવી જોઇએ

કલેકટરને યોગ્ય લાગે તે બીજી કોઇ રીતે વેચવાની જાહેરખબર તે પછી જંગમ માલ બાબત હોય તે પ્રસિદ્ધ કરવાનો પણ અખત્યાર કલેકટરને છે

૧૬૭ વેચાણ કલેકટર ફરમાવે તે માણસે લીલામ કરીને કરવા જોઇએ

સદરહુ પ્રકારનુ વેચાણ રવીવારે અથવા સરકારે મંજુર કરેલા બીજા સાધારણ દિવસે કરવુ નહી અથવા સદરહુ જાહેરખબર પૈકી કોઇ જાહેરખબર ઉપરની છેલ્લી કલમ પ્રમાણે છેલ્લે જે દીવસે લગાડી હશે, તે દીવસથી સ્થાવર મિલક્ત હોય ત્યારે ઓછામાં ઓછા ત્રીસ દિવસ થાય ત્યા સુધી, અથવા જંગમ માલ હોય ત્યારે સાત દિવસ થાય ત્યા સુધી કરવુ નહી

કોઇ પુરતા કારણ ઉપરથી વખતે વખતે આગલા કોઇ દીવસ સુધી વેચાણ મોકુફ રાખવાનો અધિકાર છે

૧૬૮ ઉપરની છેલી ત્રણ કલમના કોઇ ઠરાવ સડી જનારા પદાર્થના વેચાણને લાગુ નથી, આ બાબત કલેકટરે સામાન્ય અથવા વિશેષ હુકમ વખતે વખતે કર્યો હોય તે હુકમને અનુસરીને સદરહુ પ્રકારના પદાર્થ બને તેટલી થોડી ઢીલથી લીલામ કરીને વેચવા જોઇએ

૧૬૯ જે બાકી બાબત માલ મિલકત વેચવાની હોય તે બાકી તથા મહેસુલ ન આપનારની પાસે જે બીજા ખર્ચ કાયદાસર રીતે લહેણા હોય તે સઘળા ખર્ચ વેચાણ સારૂ જે દીવસ ઠરાવ્યો હોય તે દીવસની અગાઉ હરકોઇ વખતે મેહેસુલ ન આપનાર, અથવા તેની તરફથી કોઈ માણસ જમીન મેહેસુલ લહેણુ હોય તે લેવા બાબત જે માણસને ૧૪૬ મી કલમ પ્રમાણે નીમ્યો હોય તે માણસને અથવા વેચાણ કરવા બાબત નીમેલા અમલદારને આપે તો અથવા ૧૬૪ મી કલમ પ્રમાણે તે તારણ આપે તો વેચાણ બધ કરવુ જોઇએ

૧૭૦ સડી જનારા પદાર્થના વેચાણનુ કામ જે અમલદાર ચલાવતો હશે તેણે તે વેચાણ એકદમ કાયમના કરવા જંગમ માલના બીજા સઘળા વેચાણનુ કામ જે અમલદાર ચલાવતો હશે તેણે તે વેચાણ આ બાબત કલેકટરે સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને ફરમાવ્યુ હોય તે પ્રમાણે કાયમના કરવા, અથવા મંજુરી ઉપર રાખીને કરવા મંજુરી ઉપર રાખીને વેચાણ કર્યા હોય ત્યારે તે વેચાણ કોણે મંજુર કરવા તે કલેકટરે ફરમાવવુ જોઇએ

૧૭૧ વેચાણ કરનાર અમલદારે વેચાણ કાયમનુ કર્યું હોય ત્યારે દરેક લાટની કીમત વેચાણ વખતે આપવાનુ સદરહુ અમલદાર ફરમાવે તે વખતે આપવી જોઇએ અને તે પ્રમાણે નાણુ આપવામા નહી આવે તો તે માલ મિલકત ફરીથી તાબડતોબ લીલામ કરીને વેચવી જોઇએ ખરીદીનું નાણુ આપ્યા પછી વેચાણ કરનારા અમલદારે તે બાબત પહોચ આપવી જોઇએ, અને તે વેચાણ સઘળા માણસો વિરૂધ્ધ સકેત ગ્હીત થશે

૧૭૨ વેચાણ મંજુરી ઉપર રાખ્યુ હોય ત્યારે જે માણસ ખરીદદાર થયો એવુ કહેવામા આવશે તેને તેણે માગણી કરેલી રકમના દર સેંકડે પચીસ ટકા તાબડતોબ અનામત રાખવાનુ કહેવુ અને સદરહુ રકમ અનામત મૂકવામા ન આવે તો તે માલ તાબડતોબ ફરીથી લીલામ કરીને વેચવો જોઇએ, ખરીદીના પૈસાની પુરેપુરી રકમ ખરીદનારે વેચાણ મંજુર થયાનુ જે દિવસે તેને જણાવવામાં આવે તે દિવસને બીજે દીવસે સુરજ અસ્ત પામવાની અગાઉ આપવી જોઇએ અથવા તે દિવસ રવિવાર હોય અથવા સરકારે મંજુર કરેલો બીજો રજાનો દિવસ હોય તો તે દિવસ પછી કચેરીનો જે પહેલો દિવસ હોય તે દિવસે સુરજ અસ્ત પામવાની અગાઉ આપવી જોઈએ ખરીદીના પૈસાની સદરહુ પુરેપુરી રકમ આપ્યા પછી તે બાબત ખરીદદારે પહોચ આપવી જોઇએ અને તે વેચાણ સઘળા માણસો વિરૂદ્ધ સદેહ રહીત થશે

૧૭૩ સ્થાવરમિલકતના વેચાણને સઘળે પ્રસગે જે માણસ ખરીદદાર થયો એવુ કહેવામા આવે તેને તેણે માગણી કરેલી રકમના દર સેંકડે ૨૫ ટકા તાબડતોબ અનામત મુકવાનુ કહેવુ જોઇએ અને સદરહુ પ્રકારની રકમ અનામત મૂકવામા ન આવે તો તે મિલકત તાબડતોબ ફરી લીલામ કરીને વેચવી જોઇએ

૧૭૪ ખરીદીના પૈસાની પુરેપુરી રકમ ખરીદદારે, સ્થાવર મિલકતનુ વેચાણ જે દીવસે થયુ હોય તે દીવસથી પદરમે દીવસે સુરજ અસ્ત પામવાની અગાઉ આપવી જોઇએ અથવા સદરહુ પદરમો દીવસ રવીવાર હોય અથવા સરકારે મંજુર કરેલો બીજો રજાનો દીવસ હોય તો તે પદર દીવસ પછી કચેરીનો જે પહેલો દીવસ હોય તે દીવસે સુરજ અસ્ત પામવાની અગાઉ આપવી જોઇએ

૧૭૫ માલ મિલકતના (તે પછી જગમ હોય કે સ્થાવર હોય) ખરીદીના પૈસાની પુરેપુરી રકમ ઠરાવેલી મુદતમા ભરવામા નહી આવશે તો અનામતની રકમમા વેચાણનો ખર્ચ અદા કરવા પછી બાકી રહેશે તે સરકાર દાખલ થવી જોઇએ અને માલ મિલકત ઉપરનો અથવા જે રકમે તે માલ મિલકત આગળ વેચાય તે રકમના કોઇ પણ ભાગ ઉપરનો સઘળો દાવો ડુબશે

૧૭૬ છેલે સરવાળો જે વેચાણ કરવામા આવશે તેની ઉત્પન્ન, કીંમતના પૈસા ભરવાને ચુકનારો સદરહુ પ્રકારના ખરીદદારે માગણી કરેલી કીંમતના કરતા ઓછી હોય, તો તેની પાસેથી જમીન મેહેસુલની બાકી પ્રમાણે વસુલ કરવાનો અધિકાર કલેકટરને છે

૧૭૭ ખરીદીના પૈસા ન ભરાયા બદલ, અથવા મેહેસુલનુ વેચાણ આગલા દિવસ સુધી મોકુફ કર્યા પછી માલ મીલકતનુ જે જે ફરી વેચાણ કરવામા આવે તે તાબડતોબ ન કર્યું હોય ત્યારે, અસલ વેચાણ બાબત જે રીત કહી છે તે રીતે નવેસરથી જાહેરખબર આપ્યા પછી કરવુ જોઇએ

૧૭૮ સ્થાવર મિલકતના વેચાણની તારીખથી ત્રીસ દીવસની અદર હરકોઇ વખતે તે વેચાણ હેઠળ લખેલા સબબથી રદ કરવા બાબત કલેકટરને અરજી કરવાનો અધિકાર છે

એટલે તે વેચાણ જાહેરખબર આપવાના કામમા, અથવા તે વેચાણ કરવામા કાઇ મુદ્દાની ગેરચાલ અથવા ચુક અથવા કપટ થયુ છે એવા સબબ ઉપરથી અરજી કરવાનો અધિકાર છે

પણ આગલી કલમમા જુદો ઠરાવ છે તે ખારેજ કરીને સદરહુ પ્રકારની ગેરચાલને લીધે અથવા ચુકને લીધે કાઇ વેચાણ રદ કરવુ તે અરજદારનુ વાસ્તવિક નુકશાન થયુ છે એવુ તે કલેકટરની ખાત્રી પૂર્વક સાબિત ન કરે તો તે સબબને લીધે વેચાણ કરવુ નહી

અરજી મંજુર કરવામા આવે તો તે કલેકટરે વેચાણ રદ કરવુ જોઇએ તથા નવેસરથી વેચાણ કરવાનું ફરમાવવુ જોઇએ

૧૭૯ ઉપરની છેલી કલમમા કહેલી સદરહુ પ્રકારની અરજી કરવામા ન આવે તો અથવા સદરહુ પ્રકારની અરજી કરી હોય તે ના મંજુર કરી હોય તે વેચાણની તારીખથી ત્રીસ દીવસ પછી મંજુર કર્યુ છે એવો હુકમ કલેકટરે કરવો જોઇએ પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારની અરજી કરવામા ન આવી હોય તોપણુ અથવા જે અરજી કરવામા આવી હોય તથા નામંજુર કરવામા આવી હોય તેમા લખેલા સબબ હોય તો પોતાના કારણો લખી મૂકીને તે વેચાણ રદ કરવાનો અધિકાર તેને છે

૧૮૦ કોઇ માલમિલકતનુ વેચાણ મંજુર કરવામા ન આવે અથવા રદ કરવામા આવે ત્યારે ખરીદદારે મુકેલા અથવા વેચાણના ભરેલા પૈસા જેમ હોય તેમ પાછા મળવાનો તેને હક છે

૧૮૧ કોઇ જમીનનુ વેચાણુ પાછળ કહેલી રીતે મજુર થયા પછી સદરહુ જમીન જે માણસ ખરીદદાર થયો એવુ કહેવામા આવશે તેના કબજામા કલેકટરે આપવી જોઇએ અને તેનુ નામ મહેસુલ આપનારના નામને બદલે ખાતાદાર અથવા ધારણ કરનાર તરીકે જમીનના દફતરમા દાખલ કરવુ જોઇએ અને તેને દાખલો આપવો તે દાખલામા કહેલી જમીન તેણે ખરીદી કરી છે એવુ તેમા લખવુ જોઇએ

૧૮૨ વેચાણના વખતે જે માણસ વાસ્તવિક ખરીદદાર થયો એવુ કહેવામા આવ્યુ હોય તે માણસનુ નામ દાખલામા લખવુ જોઇએ અને માહોમાહેની સમજુત ઉપરથી દાખલાવાળા ખરીદદારના નામનો જો ઉપયોગ કર્યો હતો તોપણ દાખલાવાળા ખરીદદાર સિવાય બીજા માણસની તરફથી ખરીદ કરી એવા સબબ ઉપરથી દાખલાવાળા ખરીદદાર ઉપર દીવાની કોર્ટમા કોઇ ફરીઆદી થાય તો તે કહાડી નાખવી

૧૮૩ આ બાબ પ્રમાણે કરેલુ જગમ માલનુ વેચાણુ પાકુ થાય એટલે તથા સ્થાવર મિલકતનુ વેચાણ મજુર થાય એટલે વેચાણુની ઉપર વેચાણના ખર્ચનો ફડચો કરવા તથા સદરહુ પ્રકારનુ વેચાણ મજુર થયાની તારીખે મહેસુલ ન આપનારની પાસે જે કાઇ બાકી લહેણી હોય તે તથા જે જમીન મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરવાનો અધિકાર હોય તે આપવામાં વાપરવી જોઇએ

અને ફાજલ અવેજ રહ્યો હોય તો તે જે માણસની મિલકત વેચી હોય તે માણસને આપવો જોઇએ

+ સરકારના હુકમ પ્રમાણે કમીશનર વખતે વખતે જે દર તથા કાનુન મજુર કરે તે દર પ્રમાણે વેચાણના ખર્ચનો આકાર કરવો જોઇએ

૧૮૪ સદરહુ ફાજલ અવેજ જે માણસની માલ મિલકત વેચી હોય તેના કોઈ લેણદારને દીવાની કોર્ટના હુકમ વગર આપવો નહી

૧૮૫ ૧૩૬ મી કલમમા ગમે તે ઠરાવ્યુ હોય તે છતા જે માણસનુ નામ હક બાબતના દાખલામા ખરીદદાર તરીકે લખ્યુ હશે તે માણસ તે જમીનના સંબધમા વેચાણની તારીખ પહેલા કોઇ પણ મુદત બાબત લેણા થયેલા જમીન મહેસુલ માટે જવાબદાર થશે નહિ

૧૮૬ આ બાબના ઠરાવ પ્રમાણે જપ્ત કરેલા જગમ માલ બાબત ત્રીજા માણસે દાવો કર્યો હોય તો કલેકટરે માફક મુદતની નોટીસ આપીને તેની સંક્ષેપ ચોકશી કરીને તેનો દાવો મજુર અથવા નામજુર કરવો જોઈએ એ દાવો સઘળો અથવા થોડો મજુર કર્યો હશે તો તે માલની તે પ્રમાણે તજવીજ કરવી જોઇએ દાવો જેટલે સુધી મજુર કરવામા આવશે તેટલે સુધી તે ખારેજ કરીને તે માલ વેચવો જોઇએ તથા ખરીદદારનો હક સઘળા કારણ સારૂ પુરતો છે એમ સમજવુ જોઇએ અને ઉત્પન્નની વ્યવસ્થા આ આકટમા પાછળ કહ્યા પ્રમાણે કરવાનો અધિકાર છે

આ બાબના ઠરાવ લાગુ કરવા.

+ ૧૮૭ જમીન મહેસુલ તથા સઘળા પ્રકારની સલામી તથા નજરાણા તથા વારસાની રૂઇએ માલ મીલકત પ્રાપ્ત થાય છે તે બદલ આપવાનો કર, તથા માલમિલકત બીજાને પ્રાપ્ત કરી આપવા બાબતનો કર તથા દડ તરીકે સરકાર દાખલ થયેલો અવેજ અને સઘળા પ્રકારના બાબ તથા જમીનની ઉત્પન્ન તથા વેતનો તથા ફી, તથા ખર્ચ તથા ગુન્હેગારીઓ તથા દડ અને આ આકટ પ્રમાણે અથવા આ આકટ ઉપરથી રદ કરેલા કોઈ આકટ પ્રમાણે અથવા કાયદા પ્રમાણે અથવા જમીનમહેસુલ સબધી જે જે કાઇ આકટ અમલમા હોય તે આકટ પ્રમાણે આપવાના અથવા વસુલ કરવાના ખર્ચ બાબત રકમો લહેણી હોય તે સઘળી,

અને કસ્ટમ ટપુરીના, અથવા બીજી કાઇ જગાતના, અથવા કરના, અથવા મહેસુલના બીજા કોઈ બાબના ઇજારા બાબત કોઇ ઇજારદાર પાસે પૈસા લેણા હશે તે પૈસા, અને સદરહુ પ્રકારનો કોઈ ઇજારદાર પોતાની કબુલાત કે શરત પ્રમાણે પૈસાની જે વિશેષ ગુનેગારીને પાત્ર થશે તે સઘળી પૈસાની ગુનેગારીઓ

અને આકાર તરીકે અથવા મહેસુલના લેણા તરીકે અથવા જમીન મહેસુલની બાકી તરીકે જે રકમો

+ વેચાણનો ખર્ચ જગમ માલકત હોય તો બે આના, અને સ્થાવર મિલકત હોય તો ચાર આના, અથવા વેચાણની રકમ આ બેમાથી જે વધારે હોય તે લેવો

+ પ્રગ્ગેશનની પરચુરણ ઉપજ ઉપર લોકલફડ લેવાય નહિ

લેવાનો અધિકાર છે એવુ આ આકટમા અથવા જે વખતે જે બીજો કોઇ આકટ અથવા કાયદો અમલમા હોય તે આકટમા અથવા કાયદામા કહ્યુ હશે તે પણ સઘળી રકમો

આ બાબના પાછલા ઠરાવ પ્રમાણે વસુલ કરવી જોઇએ અને આ બાબના પાછલા સઘળા ઠરાવો લાગુ કરી શકાય તેટલે સુધી તેને લાગુ કરવા જોઇએ

૧૮૭ આ સને ૧૯૧૨ ના સહકારી મંડળીઓ બાબતના આકટની ૪૨ મી કલમની રૂએ નિમાયેલા લીકવીડેટરે, મંડળીની માલમતામા ફાળા તરીકે અથવા તો લિકવીડેશનના ખર્ચ તરીકે વસુલ કરવાનો હુકમ કર્યો હોય એવા કોઇ પણ નાણા, સદરહુ આકટની કલમ ૪૨ ની પેટા કલમ (૫) મા ગમે તે ઠરાવ હોય છતા આ બાબના આગળના ઠરાવ મુજબ વસુલ કરવાનો અધિકાર છે અને આ બાબના આગળના સઘળા ઠરાવો શક્ય હોય તેટલે સુધી તે બાબતને લાગુ પડશે

પણ એવુ ઠરાવ્યુ છે કે નાણાની કોઇપણ રકમ આવી રીતે વસુલ કરવા માટેની દરેક અરજીની સાથે તે રકમ જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાનો અધિકાર છે એવો સને ૧૯૧૨ ના સહકારી મંડળીઓ બાબતના આકટની ૩ જી કલમની રૂએ નીમાયેલા રજીસ્ટ્રારના સહીનો દાખલો હોવો જોઇએ

અને જે માણસો આ આકટના અથવા આ આકટ ઉપરથી કર ઠરેલા કોઈ આકટના અથવા કાયદાના ઠરાવ પ્રમાણે અથવા પૈમાની કાઇ રકમ બાબત સદરહુ પ્રકારના કોઇ ઇજારદારના જામીન થયા હોય તે માણસો પોતાના જામીન ખતની સરત પ્રમાણે જે રકમ બાબત પાત્ર થયા હશે તે રકમ અથવા તેનો કાઇ ભાગ આપવાને ચુકશે તો મહેસુલ ન આપનારા પ્રમાણે આ બાબના ઠરાવ મુજબ તેઓની ઉપર કામ ચલાવવુ યોગ્ય થશે અને આ બાબના પાછલા સઘળા ઠરાવો લાગુ કરી શકાય તેટલે સુધી તેવા માણસોને લાગુ કરવા જોઇએ

અને સદરહુ પ્રકારનો ઇજારો પાછો લેવામા આવ્યો હોય તો ઇજારદારે અગાઉ જે પૈસા કોઇ પણ માણસને આપ્યા હોય તે તેને મજરે મળવાનો હક નથી એમ સમજવુ

અને જે કોઇ માણસને સરકાર તરફથી પૈસાની કોઇ પણ બક્ષીસ કાઇ પણ ખેતીવાડીના કામ માટે એવી બોલીએ મળી હોય કે તે શખસ તે બક્ષિસની સરતોમાની કોઇપણ સરત પ્રમાણે ન ચાલે તો તેણે તે પાછી આપવી પડશે તે સખસ આવી કોઈ સરત પ્રમાણે ચાલવાનો તથા બક્ષિસની રકમ સરકારને પાછી આપવાને ચુકે તો તેની સામે આ બાબના ઠરાવોની રૂએ મહેસુલ ન આપનારા તરીકે કામ ચલાવી શકાશે અને આ બાબના પાછળના સઘળા ઠરાવો લાગુ થાય ત્યા સુધી લાગુ કરવા જોઇએ

મુલકી અમલદારોની કામ ચલાવવાની રીત.

૧૮૮ હુદ્દાના સઘળા કૃત્યો કરવામા તથા કામો ચલાવવામા મુલકી અમલદાર ખસુસ કાયદામા ઉલટો ઠરાવ ન હોય તો તે જે અમલદારના તાબામા હશે તે અમલદારના હુકમને તથા નીર્બંધને પોતાના કામ કરવાની જગા બાબત તથા વખત બાબત તથા રીત બાબત પાત્ર છે એમ સમજવુ

૧૮૯ મુલકી ખાતામા મામલતદારના અવલકારકુનના દરજ્જા કરતા ઓછા દરજ્જાનો નહી હોય એવા અથવા સરવે ખાતામા આસીસ્ટંટ સરવે સુપ્રીન્ટેન્ડેન્ટના દરજ્જા કરતા ઓછા દરજ્જાનો નહિ હોય એવા તે તે ખાતાના દરેક મુલકી અમલદારને જે ચોકશી કરવાનો કાયદેસર રીતે અધિકાર હોય તે ચોકશીમા જે માણસે હાજર થવુ અવશ્ય છે એવુ તે અમલદારને લાગે તે માણસની પક્ષકાર પ્રમાણે જબાની લેવા સારૂ અથવા સાહેદ તરીકે તેની સાહેદી આપવા સારૂ અથવા દસ્તાવેજ હાજર કરવા સારૂ તેને સમન કરવાનો અધિકાર તે દરેક અમલદારને છે દસ્તાવેજ હાજર કરવા સારૂ સમન કરવા તે કેટલીએક વિશેષ નીર્દિષ્ટ કરેલા દસ્તાવેજ હાજર કરવા સારૂ અથવા સમન કરેલા માણસના કબજામાના કાઇ વિશેષ પ્રકારના સઘળા દસ્તાવેજ હાજર કરવા સારૂ કરી શકાશે સદરહુ પ્રમાણે સમન જે માણસોને કર્યો હશે તે સઘળા માણસોએ સદરહુ પ્રકારનો અમલદાર ફરમાવે તે પ્રમાણે જાતે અથવા અધિકાર આપેલા મુખત્યારની મારફતે હાજર થવુ જોઇએ પણ એવુ ઠરાવ્યુ છે કે દીવાની ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૧૩૨ મી તથા ૧૩૩ મી કલમ માહેની માફી આ કલમ પ્રમાણે હાજર થવા સારૂ કરેલા હુકમને લાગુ થશે

અને સદરહુ પ્રમાણે સમન જે માણસોને કર્યો હશે તે સઘળા માણસોની જે વિષય બાબત જબાની લેવામા આવશે અને સાક્ષી લેવામા આવશે તે વિષય બાબત તેઓ ખરેખર કહેવાને બંધાયેલા છે.

અને ફરમાવ્યુ હોય તે દસ્તાવેજ તથા બીજી જણસ હાજર કરવાને બધાયેલા છે

૧૯૦ દરેક સમન લખેલો જોઇએ અને તેની બે પ્રતો જોઇએ તથા તે જે કારણ સારૂ કર્યો હોય તે કારણ તેમા લખવુ જોઇએ તથા તે કરનારા અમલદારે તેની ઉપર સહી કરવી જોઇએ અને તેની પાસે સીક્કા હોય તો તે સીક્કો પણ મારવો જોઇએ

અને તે સમન જે માણસને તે કર્યો હશે તેને સમનની નકલ આપવાને કાહાડીને અથવા નકલ આપીને અથવા તે મળતો ન હોય તો તેની નકલ તેને હમેશની રહેવાની જગાએ હરકોઇ પ્રસિદ્ધ ભાગ ઉપર લગાડીને બજાવવો જોઇએ.

તે હમેશની રહેવાની જગ્યા બીજા જીલ્લામા હોય તો તે સમન તે જીલ્લાના કલેકટર ઉપર ટપાલમા મોકલવો અને તેણે તે આ કલમની પાછલી રકમ પ્રમાણે બજાવવો જોઇએ

૧૯૧ આ આકટ પ્રમાણે નોટીસ બજાવવી તે દરેક બીજી રીતનો ખસુસ ઠરાવ ન હોય તો જે માણસ ઉપર બજાવવાની હોય તે માણસને અથવા જે માણસ ઉપર તે બજાવવાની હોય તેનો મુખત્યાર હોય તો તે મુખત્યારને તેની નકલ આપવાને કહાડીને અથવા આપીને બજાવવી જોઇએ

અથવા સદરહુ પ્રકારની નોટીસ જો જમીન બાબત હોય તો તે જમીન ઉપરની હરકોઇ પ્રસિદ્ધ જગાએ નોટીસની નકલ લગાડીને બજાવવી જોઇએ

સદરહુ પ્રકારની નોટીસમા લખેલા કોઇ માણસના નામમા અથવા હુદ્દામા કાઇ ચુક હોવાથી ખરેખર ગેરઇન્સાફ થયો ન હોય તો તે ચુકને લાધે સદરહુ પ્રકારની કોઇ પણ નોટીસ રદ થાય છે એમ સમજવુ નહીં

૧૯૨ કોઇ પદ્ધતિવાર અથવા સક્ષેપ ચોકશીમા સાહેદોએ હાજર થવુ એવી કોઇ પક્ષકારની ઇચ્છા હોય તો સાક્ષીઓને માટે સમન કાઢવાની અરજ કરનાર આશામીઓ માટે દીવાની ઇન્સાફનુ કામ ચલાવવાની રીત બાબતના કાયદામા કહેલી રીતે તેણે કામ ચલાવવુ જોઇએ

પદ્ધતિવાર ચોકશી.

૧૯૩ પદ્ધતિવાર ચોકશીમા સાહેદી લેવી તે તપાસ અથવા ચોકશી કરનારા અમલદાર અથવા તેની રૂબરૂ તથા તે સાભળી શકે એવી રીતે તથા તેની ખુદની દેખરેખ હેઠળ તથા તેના હુકમ પ્રમાણે જીલ્લામા જે ભાષા ઘણું કરીને ચાલતી હોય તે ભાષામા પુરેપુરી લખી લેવી જોઇએ તથા તેની ઉપર તેણે સહી કરવી જોઇએ

જે પ્રકરણમા ચોકશી કરનારો અમલદાર પુરેપુરી સાહેદી ન લખી લે તે પ્રકરણમા તેણે દરએક શાહેદ જે કહે તેના સારાશની યાદી તે સાહેદ સવાલના જવાબ જેમ દેતો જાય તેમ લખવા જોઇએ અને સદરહુ યાદી સદરહુ પ્રકારના અમલદારે પોતે લખીને તેની ઉપર સહી કરવી જોઇએ અને તે યાદી તે પ્રકરણના કાગળ પત્રનો ભાગ થશે

સદરહુ પ્રકારના અમલદારથી ઉપર કહ્યા પ્રમાણે યાદી લખી શકાતી ન હોય તો તેનાથી કેમ લખાતી નથી તેનો સબબ તેણે લખી મૂકવો જોઇએ

શાહેદી અગ્રેજીમા આપી હોય ત્યારે તે તે ભાષામા તે સદરહુ પ્રકારના અમલદારે પોતાને હાથે લખવી જોઇએ, અને જીલ્લામા જે ભાષા ચાલતી હોય તે ભાષામા ઘણુ કરીને લેવી

જીલ્લામા ચાલતી હોય તે ભાષામા તેની સહીનુ ભાષાતર કરવુ જોઇએ અને તે પ્રકારના કાગળપત્રોના ભાગ તરીકે તે ભાષાતર તેમા રાખવુ જોઇએ

૧૯૪ પદ્ધતિવાર ચોકશી કર્યા પછી ફેસલો કરનારા અમલદારે ફેસલો પોતાના હાથે લખવો જોઇએ તથા જે કારણ ઉપરથી તેના કર્યો હોય તે પુરેપુરા કારણો લખવા જોઇએ

સક્ષેપ ચોકશી

૧૯૫ સક્ષેપ ચોકશી કરનારા અમલદારે પોતે સદરહુ પ્રકારની ચોકશી જેમ જેમ ચાલે તે પ્રમાણે ચાલેલા કામની યાદી પોતાના હાથે ઇગ્રેજીમા અથવા જીલ્લાની ભાષામા લખવી જાઇએ અને તેમા જે પક્ષકારોનો સબધ હોય તે પક્ષકારોએ કહેલી મુદ્દાની વાત તથા સાહેદી પુરાવાના મુખ્ય ભાગ તથા ફેસલો તથા તેના કારણ તે યાદીમા લખવા જોઇએ

પણ એવું ઠરાવ્યું છે કે કોઇ પણ ચોકશી સક્ષેપમા જોઇએ એવુ આ આકટમા ફરમાવ્યુ હોય તે ચોકશી પદ્ધતિવાર ચોકશીને જે કાનુન પ્રમાણે ચલાવવી યોગ્ય છે એવુ સદરહુ અમલદારને લાગે તો તે પ્રમાણે ચલાવવાનો અધિકાર તેને હરકોઈ વખતે છે

૧૯૬ આ આકટ પ્રમાણે કરેલી પદ્ધતિવાર ચોકસી અથવા સક્ષેપ ચોકસી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૩ મી કલમના અર્થ પ્રમાણે ' ઇન્સાફનુ કામ " છે એમ સમજવુ અને પદ્ધતિવાર અથવા સક્ષેપ ચોકશી કરનારા કોઇ અધિકારીની કચેરી સદરહુ પ્રકારની ચોકસીના કારણ સારૂ દીવાની કોર્ટ છે એમ સમજવુ

પદ્ધતિવાર અથવા સક્ષેપ ચોકસીમા ચલાવેલું દરેક કામ તથા ફેસલો ખુલ્લી રીતે કરવો જોઇએ અને પક્ષકારોને અથવા અખત્યાર આપેલા મુખત્યારોને હાજર થવા બાબત યોગ્ય નોટીસ મળવી જોઇએ

૧૯૭ જે ચોકશી પદ્ધતિવાર અથવા સક્ષેપ જોઇએ એવુ આ આકટમા ફરમાવ્યુ નહી હોય અથવા જે કોઈ મુલકી અમલદારને પોતાના કાયદેસર કામ બજાવવા સારૂ કોઇ પ્રસગે કરવાની જરૂર લાગે તે ચોકશી ગવરનર ઇન કાઉન્સીલે અથવા સદરહુ પ્રકારની ચોકશી કરનારા અમલદારના વરીષ્ટ અધિકારીએ અને સદરહુ પ્રકારની ચોકશીને લાગુ હોય એવી જે સામાન્ય અથવા વિશેષ કાનુન ઠરાવી હોય તે કાનુન પ્રમાણે અને સદરહુ પ્રકારની કાનુન ઉપરથી જટલે સુધી નીર્બંધ હોય તેટલે સુધી તે નીર્બંધ પાળીને સઘળી મુખ્ય વાતોનો નીર્ણય કરવા સારૂ તથા સાર્વજનીક કલ્યાણ વૃદ્ધિગત કરવા સારૂ જે રીત તેની નજરમા યોગ્ય લાગે તે રીતે ચલાવવી જોઇએ

૧૯૮ જે મુકદમાની પદ્ધતવાર અથવા સક્ષેપ ચોકશી કરવામા આવશે તે સઘળા મુકદમામા ફેસલાના તથા હુકમની તથા તેઓના કારણની તથા પુરાવાના કાગળ પત્રોની સહીવાળી નકલો તથા ભાષાતરો પક્ષકારોને આપવા જોઇએ અને જે અસલ દસ્તાવેજનો પુરાવા સારૂ ઉપયોગ કર્યો હશે તે અસલ દસ્તાવેજ જે માણસોએ હાજર કર્યો હશે તેઓ અથવા તેઓના સબધી જે માણસો દાવો કરતા હશે તે માણસો તે દસ્તાવેજ બાબત યોગ્ય રીતે અરજી કરે તો તે માણસોને તે પાછા આપવા જોઇએ પણ નકલ વિગેરે સારૂ જે ખર્ચ લેવાનો અધિકાર આપ્યો હશે તે ખર્ચ આપવો પડશે

૧૯૯ મહેસુલ ન આપનારને અથવા બીજા કોઇ માણસને પકડવાનો અધિકાર છે એવો ઠરાવ આ આકટમા કર્યો હોય ત્યારે તે માણસને પકડવાનુ ફરમાવવાનો અધિકાર જે કોઇ અમલદારને હશે તેણે કરેલા વારટ ઉપરથી પકડવો

૨૦૦ હરકોઈ મુલકી અમલદારને હરકોઈ વખતે તથા વખતે વખતે જે કોઇ જમીન અથવા ઘર કે વાડી સરકારની હોય અથવા ખાનગી આશામીઓની હોય અને જેની ઉપર જમીન મહેસુલ પુરેપુરૂ બેસાડ્યુ હોય અથવા જેને જમીન મહેસુલની થોડી અથવા સઘળી માફી હોય તે જમીનમા અથવા ઘરવાડીમા જ્યારે જરૂર હોય ત્યારે માપણીના અથવા હદ ઠરાવવાના અથવા હદ તપાસી જોવાના અથવા જમીનની પ્રત ઠરાવવાના અથવા આકાર ઠરાવવાના કારણ સારૂ અથવા આ આકટના ઠરાવ પ્રમાણે અથવા જમીન મહેસુલ સબધી જે વખતે જે બીજો કોઈ કાયદો અમલમા હોય તે બીજા કાયદાના ઠરાવ પ્રમાણે પોતાના હોદ્દાનુ કામ કાયદાસર રીતે ચલાવવા સબધી બીજા કોઇ કારણ સારૂ જવાનો અધિકાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે જે ઇમારત માણસને રહેવાના ઘર તરીકે વાપરવામા આવતી હશે તે ઇમારતમા તેનો વહીવટદાર રાજી ન હોય તો સદરહુ પ્રમાણે પેસવાની અગાઉ ઓછામા ઓછા સાત દિવસ આગમજ સદરહુ ઇમારતમા નોટીસ આપ્યા વગર તેમા કદી પેસવુ નહી

વળી એવુ ઠરાવ્યુ છે કે સઘળા પ્રકારની ઇમારત બાબત તેઓના વહીવટદારના જાત સબધી તથા ધર્મ સબધી વિચાર તરફ યોગ્ય લક્ષ આપવુ જોઇએ

૨૦૧ જીલ્લામા ઘણું કરીને કઇ ભાષા ચાલે છે એમ સમજવુ એ આકટના કારણ સારૂ ઠરાવવાનો અધિકાર ગવર્નર ઇન કાઉન્સીલને છે

૨૦૨ જ્યારે જ્યારે આ આકટમા અથવા જે વખતે બીજા કોઇ આકટ અમલમા હોય તે આકટમા એવુ ઠરાવ્યુ હોય કે કોઇ માણસના કબજામા જમીન ગેરવ્યાજબી રીતે હોય તેને તે જમીનમાથી કહાડી મુકવાનો અધિકાર કલેકટરને છે અથવા તેને તે જમીનમાથી કલેકટરે કહાડી મુકવો જોઇએ ત્યારે ત્યારે સદરહુ પ્રમાણે કાહાડી મુકવાનું કામ હેઠળ લખેલી રીતે ચલાવવુ જોઇએ એટલે.

જે માણસના અથવા માણસોના કબજામા જમીન હશે તેની ઉપર અથવા તેઓની ઉપર નોટીસ પોચ્યાથી ફલાણી મુદતમા જમીન છોડી દેવી એવી નોટીસ યોગ્ય લાગે તે મુદત નીમીને બજાવવી, અને

સદરહુ પ્રકારની નોટીસ માન્ય કરવામા નહી આવે તો જે માણસ જમીન છોડી દેવાની ના કહે તેને કહાડી મૂકવો અથવા કહાડી મુકવા સારૂ તાબામાના કામદારને મોકલવો, અને

સદરહુ પ્રકારના કોઇ માણસને કહાડી મૂકનાર અમલદારને કોઇ માણસ હરકત અથવા અડચણ કરે તો તે પ્રકરણની વાત વિષે કલેકટરે સંક્ષેપ ચોકશી કરવી જોઇએ અને હરકત અથવા અડચણ કોઇ વાજબી કારણ વગર કરી અને તે હરકત અથવા અડચણ હજુ ચાલે છે એવી કલેકટરની ખાત્રી થાય તો સદરહુ પ્રકારના માણસને પકડવાનુ વારંટ કરવાનો અને તે હાજર થયા પછી તે સદરહુ પ્રકારની હરકત અથવા અડચણ આગળ ચાલુ રહેવાનુ બંધ કરવા સારૂ વધુમા વધુ ત્રીસ દિવસ સુધીની જે મુદત જરૂર હોય તે મુદત સુધી પોતાની અથવા કોઇ મામલતદારની અથવા મહાલકારીની કચેરીમા બંદોબસ્તથી અટકાયતમા રાખવાનો અથવા (આઇ) પરીશીષ્ટના નમુના પ્રમાણે વારંટ સાથે તેને જીલ્લાની દીવાની તુરંગમા કેદ કરવા સારૂ મોકલવાનો અધિકાર કલેકટરને છે પણ સદરહુ પ્રકારની હરકત બાબત અથવા અડચણ બાબત શિક્ષા કરવાનો જે વખતે જે કાયદો અમલમા હશે તે કાયદા પ્રમાણે સદરહુ માણસ ઉપર કામ ચલાવવાનો બાધ આવનાર નથી

બાબ ૧૩ મો.

અપીલો તથા તપાસ

૨૦૩ આ આકટમા અથવા જે વખતે જે બીજો કોઇ કાયદો અમલમા હોય તેમા ખસુસ કાંઇ ઉલટો ઠરાવ નહિ હોય ત્યારે આ આકટ પ્રમાણે અથવા જે વખતે જે બીજો કોઇ કાયદો અમલમા હોય તે કાયદા પ્રમાણે મુલકી અમલદારે કરેલા કોઇ ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ તે અમલદારના અંતર વરિષ્ટ અમલદારને ત્યા ચાલશે પણ સદરહુ પ્રકારનો ફેસલો અથવા હુકમ તાબાના અમલદારના ફેસલા ઉપર અથવા હુકમ ઉપર થએલી અપીલમા કરેલો હોય કે ન હોય તો પણ ચિંતા નથી

૨૦૪ કમીશનરે અથવા સર્વે કમીશનરે કોઇ ફેસલો અથવા હુકમ કર્યો હોય તે ઉપર ગવર્નર ઇન-કાઉન્સીલમા અપીલ ચાલશે પણ કમીશનરના અથવા સર્વે કમીશનરના તાબામાના કોઇ અમલદાર પાસે અપીલ થઇ ને તે અપીલમા થએલા ફેસલા ઉપર અથવા હુકમ ઉપર કમીશનરે અથવા સર્વે કમીશનરે અપીલમા ફેસલો અથવા હુકમ કર્યો હશે તેની ઉપર માત્ર અપીલ ચાલનાર નથી

૨૦૫ જે ફેસલા બાબત અથવા હુકમ બાબત ફરિયાદ હોય તે ફેસલો અથવા હુકમ કલેકટરના અથવા સર્વે સુપ્રીન્ટેન્ડેન્ટના દરજ્જા કરતા ઓછા દરજ્જાના તે દરેક ખાતાના અમલદારે કર્યો હોય તો સાઠ દીવસ થયા પછી અપીલ ચાલશે નહિ અથવા આ સિવાય બીજા કોઇપણ પ્રકારના ફેસલા ઉપર અથવા હુકમ ઉપર નેવુ દીવસ થયા પછી અપીલ ચાલશે નહી

સદરહુ મુદત ગણતી વખતે જે ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ હોય તે ફેસલાની અથવા હુકમની નકલ તૈયાર કરવામા લાગેલો વખત ગણવો નહિ

૨૦૬ અપીલ કરવા સારૂ ઠરાવેલી મુદતમા અપીલ ન કરવાનુ અપીલ કરનારને પુરતું કારણ હતું એવી તે જે અમલદારને ત્યા અથવા ગવર્નર ઇન કાઉન્સીલમા અપીલ કરી હશે તે અમલદારની અથવા ગવર્નર ઇન કાઉન્સીલની ખાત્રી કરશે તો સદરહુ પ્રકારની મુદત પછી આ બાબ પ્રમાણે અપીલ લેવાનો અધિકાર છે અપીલ લેવા બાબત આ કલમ પ્રમાણે કરેલા હુકમ ઉપર ચાલશે નહિ

૨૦૭ અપીલ કરવા વીશેની આ બાબતમા ઠરાવેલી કોઇ પણ મુદતનો છેલ્લો દિવસ જ્યારે જ્યારે રવીવાર અથવા સરકારે મંજુર કરેલા બીજા રજાનો દિવસ આવે ત્યારે રજાની આખર પછીનો જે દિવસ આવે તે દિવસ સદરહુ પ્રકારનો છેલ્લો દીવસ સમજવો

૨૦૮ દરેક અપીલ અરજીની સાથે જે ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ થશે તે ફેસલો અથવા હુકમ જોઇએ અથવા તેની સહી વાળી નકલ જોઇએ

૨૦૯ તાબાના અમલદારના જે ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ હોય તે ફેસલા અથવા

હુકમ રદ કરવાનો, ફેરવવાનો તેમા કપેશ કરવાનો અથવા તે મજુર કરવાનો અધિકાર અપીલ અધિકારીને છે અથવા તેને અવસ્ય લાગે તેવી વળી વધારે તપાસ કરવા બાબત અથવા તેવો વળી વધારે પુરાવો લેવા બાબત તે તાબાના અમલદારને ફરમાવવાનો અધિકાર તેને છે અથવા સદરહુ પ્રકારનો વળી વધારે પુરાવો ખુદ પોતે લેવાનો અધિકાર છે

૨૧૦ જે કોઇ પ્રકરણમા અપીલ ચાલતી હોય તે પ્રકરણમા અપીલનો ફેસલો થાય ત્યા સુધી તાબાના અમલદારનો ફેસલો અથવા હુકમ બજાવવાનુ મોકુફ રાખવુ એવુ ફરમાવવાનો અધિકાર અપીલ અધિકારીને છે

૨૧૧ ગવર્નર ઇન કાઉન્સીલને અને મુલકી ખાતામા આસિસ્ટ ટ અથવા ડેપ્યુટી કલેકટરના અથવા સર્વે ખાતામા સર્વે સુપ્રીન્ટેન્ડેન્ટના દરજ્જા કરતા ઓછા દરજ્જાના નહિ હોય તેવા કોઈપણ મુલકી અધિકારીને એવો અધિકાર છે કે તેણે તાબામાના મુલકી અમલદારે કરેલો કોઇ ફેસલો અથવા હુકમ કાયદાસર અથવા યથાયોગ્ય છે કે નહી અને તે અમલદારે ચલાવેલા કામ નીયમને અનુસરીને છે કે નહિ એ બાબત પોતાની ખાત્રી કરી લેવા સારૂ તે અમલદારે કરેલી ચોકશીના અથવા ચલાવેલા કામના કાગળ પત્ર મગાવીને તપાસવા

જે બાબતમા પદ્ધતિવાર અથવા સક્ષેપ ચોકસી થઇ નહિ હોય તે બાબતમા પોતાના તાબામાના કોઇ પણ અમલદારે ચલાવેલા કામ સદરહુ રીતે મગાવીને તપાસ કરવાનો અધિકાર હેઠળ લખેલા અમલદારોને છે એટલે મામલતદાર તથા મહાલકારી તથા આસીસ્ટ ટ સરવે સુપ્રીન્ટેન્ડેન્ટ તથા આસીસ્ટ ટ સેટલમેન્ટ ઓફીસર

જો કોઇ પ્રકરણમા ગવર્નર ઇન કાઉન્સીલને અથવા સદરહુ પ્રકારના અમલદારને લાગે કે સદરહુ પ્રમાણે મગાવેલા કોઇ ફેસલામા અથવા કામમા કપેસ કરવુ જોઇએ અથવા રદ કરવુ જોઇએ અથવા ફેરવવુ જોઇએ તો તે બાબત તેને યોગ્ય લાગે તે હુકમ કરવાનો અધીકાર તેને છે

પણ એવુ ઠરાવ્યુ છે કે જે બાબતમા કાયદેસર તપાસ ચલાવવામા આવી હોય તે બાબતમા આસિસ્ટ ટ અથવા ડેપ્યુટી કલેકટરે આવો હુકમ જાતે કરવો નહી પણ તેણે તે સબંધી કાગળપત્રો પોતાના અભિપ્રાય સાથે કલેકટરને મોકલવા અને કલેકટરે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ તે બાબતમા કરવો

૨૧૨ કોઇ ફેસલો અથવા હુકમ આખરનો છે એવુ આ આકટમા જ્યા જ્યા કહ્યુ હોય ત્યા ત્યા તે તે શબ્દનો અર્થ સદરહુ પ્રકારના ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ ચાલશે નહી એવો સમજવો

તે પ્રકારના કાઇ ફેસલામા અથવા હુકમમા ઉપરની છેલ્લી કલમના ઠરાવ પ્રમાણે કપેશ કરવાનો અથવા ફેરવવાનો અધિકાર ફક્ત ગવર્નર ઇન કાઉન્સીલને છે

બાબ ૧૪ મો.

પરચુરણ

૨૧૩ સઘળા નકશા તથા સરવેના કાગળપત્ર તથા ગામના સઘળા હિસાબ તથા જમીનના સઘળા પત્રકો ગવર્નર ઇન કાઉન્સીલ આ બાબત વખતે વખતે જે કાનુન તથા ફી ઠરાવે તે કાનુનને અનુસરીને તથા તે ફી આપ તો યોગ્ય વખતે લોકોને જોવા સારૂ ખુલ્લા રાખવા જોઇએ અને સદરહુ પ્રકારના નકશામાના, પત્રકમાના તથા હીસાબમાના દાખલા સહીત ઉતારા અથવા દાખલાવાળી તેની નકલો જે માણસો માગે તે સઘળા માણસોને તે આપવી

૨૧૪ (૧) ગવર્નર ઇન કાઉન્સીલને મુબઇ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને આ આકટના કારણ અને હેતુ પાર પાડવાને આ આકટ જે બાબતમા અમલમા લાવવાનો હોય તે બાબતમા, અથવા જે બાબતો માટે તેની અદર ખાસ ઠરાવ કર્યો ન હોય તેવી બાબતોમા સઘળા સખસોને માર્ગ સુચવવાને આ આકટના ઠરાવોની વિરૂદ્ધ ન હોય એવી કાનુનો કરવાનો અધિકાર છે તથા તે વખતે વખતે બદલવાનો અથવા રદ કરવાનો અધિકાર છે

(૨) ખાસ કરીને અને ઉપર જણાવેલા અધિકારના સાધારણ સ્વરૂપને બાધ ન આવે તેવી સદરહુ પ્રકારની કાનુનો નીચેની બાબતો માટે ઘડવાનો અધીકાર છે

(अ) મુલકી અમલદારોની નિમણુક અને તેમના અધિકાર તથા કામ ચલાવવાનું નિયમન કરવા બાબત

(ब) જમીન ઉપર જમીનમહેસુલ આકારવાનુ અને આવા આકારવાના કામમા ફેરફાર કરવાનુ, તે ફરી તપાસવાનું અને જમીનમહેસુલ વસુલ કરવાનુ નિયમન કરવા બાબત

(क) ૩૭ મી કલમ મુજબની તપાસ અને હુકમોની બાબતમા આપવાની નોટીસ ઠરાવવા બાબત

(ड) જમીનમહેસુલ આપવાને પાત્ર હોય તેવી દુમાલા ન હોય તેવી જમીન ક્યા કામમા વાપરવાનો અને ક્યા કામમા ન વાપરવાનો અધિકાર છે તે ઠરાવવા બાબત અને ખેતીને લગતી જમીન ખેતીને લગતા નહિ હોય તેવા બીજા કામમા વાપરવાની પરવાનગી આપવાનુ નિયમન કરવા બાબત

(ई) સરકાર પ્રાપ્ત થયેલી જમીન અને બીજી મિલ્કતની વ્યવસ્થાનુ નિયમન કરવા બાબત

(एफ) સરકાર દાખલ થયેલી જમીનની વ્યવસ્થાનુ નિયમન કરવા બાબત

(ग) ભોગવટામા ન હોય અને દુમાલા ન હોય તેવી જમીન કઇ સરતે, બોલીએ અને કેટલી મુદત સુધી આપી શકાય તે ઠરાવવા બાબત

(ह) ૬૧ મી કલમ મુજબ લેવાનો દંડ ધણામા ધણો કેટલો લેવો તે ઠરાવવા બાબત

(आई) સર્વેનું અને જમીન મહેસુલનુ સેટલમેન્ટનુ કામ ચલાવવાનુ નિયમન કરવા બાબત અને સેટલમેન્ટ દાખલ કરતા પહેલા ૧૦૩ જી કલમ મુજબ આપવાની નોટીસ ઠરાવવા બાબત

(जे) જે કલમ ૧૧૮ (અ) ની રૂયે સર્વે નબરના પેટા વિભાગ કરવાનુ અને કરેલા પેટા વિભાગનો ધારો નિયમન કરવા બાબત

(के) હદનિશાન કરવાનુ, આકવાનુ ઠીકઠાક રાખવાનુ અને તેની મરામત કરવાનુ નિયમન કરવા બાબત

(एल) હકના પત્રકનો ફેરફારના રજીસ્ટરનો, તકરારી બાબતોના રજીસ્ટરોનો, અને ખેડના રજીસ્ટરો સગ્રહ કરવા તેમને જાળવી રાખવા અને તેમને સુધારાનુ નિયમન કરવા બાબત, તેમનો કેવા નમુનામા સગ્રહ કરવો, તે અને સદરહુ પત્રકો અને રજીસ્ટરો ક્યા અમલદારે તપાસવા અને સુધારવા તે ઠરાવવા બાબત

(म) તલાટીઓ અને મુલકી અમલદારોએ સર્વે અમલદારના અધિકાર ચલાવવાનુ અને કલમ ૧૩૫ ગ ની રૂયે થયેલો ખર્ચ આકારવાનુ નિયમન કરવા બાબત

(न) ૧૩ મા બાબ પ્રમાણે અપીલો શા નમુના પ્રમાણે તથા શી રીતે તૈયાર કરવી તથા આપવી તે ઠરાવવા બાબત

(ओ) આ આકટના કારણ સારૂ કેવા પત્રકો, રજીસ્ટરો, હિસાબ, નકશા અને પ્લાન ગખવા તે કઇ રીતે કેવા નમુના પ્રમાણે તૈયાર કરવા અને રાખવા તે ઠરાવવા બાબત

(૩) આ કલમ મુજબની કાનુનો કરવાનો અધિકાર એવી કાનુનો અગાઉથી પ્રસિદ્ધ કરવાની સરતને પાત્ર રહેશે

૨૧૫ ૨૧૪ મી કલમની રૂયે કોઈ પણ કાનુન કરતી વખતે ગવર્નગ ઇન કૌન્સીલને એવુ ઠરાવવાનો અધિકાર છે કે તે કાનુન તોડનાર સખસને, તે તોડયાના બીજા ગમે તે પરિણામ આવે તે ઉપરાત માજીસ્ટ્રેટ પાસે ગુન્હાની સાબિતીનો ઠરાવ થયે ધણામા ધણી એક મહીના સુધીની કેદની અથવા પાચસે રૂપીયા સુધીના દડની અથવા બેઉ શિક્ષા કરવામા આવશે

૨૧૬ ૧૧૧ મી કલમમા તથા આ કલમમા આગળ ઠરાવ્યુ છે તે ખારેજ કરીને આ આકટના ૮ માથી તે ૧૦ મા સુધીના બાબ માહેના ઠરાવ કોઈ પણ દુમાલા ગામને લાગુ થશે નહી માત્ર દુમાલા ગામની હદ ઠરાવવાના અથવા તે સબંધી કાઈ પણ તકરારનો નીકાલ કરવાના કામને લાગુ કરી શકાશે પણ સદરહુ બાબ માહેના ઠગવ હેઠળ લખ્યુ છે તેને લાગુ થશે એટલે

(અ) કોઇ પણ દુમાલા ગામની હદમા દુમાલા નહી હોય તેવી જે જમીન હશે તે સઘળી જમીનને

(બ) જે ગામનો કોઇ નીરણીત ભાગ દુમાલા હશે પણ જેનો બાકીનો ભાગ દુમાલા નહી હશે તે ગામોને,

(ક) જે દુમાલા ગામના વારણ કરનારાઓને મહેસુલની કાઇ રકમ મળવાનો હક હશે પણ તે રકમના કરતા વધારે મેહેસુલ હશે તો તે વધારે અવેજ સરકારનો થાય છે એવુ હશે તે દુમાલા ગામોને

પણ સદરહુ બાબના સઘળા અથવા કાઇ પણ ઠરાવ સદરહુ પ્રકારના કોઇ ગામને લાગુ કરવા એવી સદરહુ પ્રકારના કોઇ ગામના ધારણ કરનારાએ લખેલી અરજી કરી હોય તો તે પ્રમાણે લાગુ કરવા એવો હુકમ કરવાનો અધિકાર કમીશનરને છે

૨૧૭ સરવે સેટલમેન્ટ ઉપરથી છેલ્લી કલમના અથવા જે વખતે જે કાયદો અમલમા હોય તે કાયદાના ઠરાવ પ્રમાણે કોઇ દુમાલા ગામમા ચાલુ કરવામા આવ્યુ હોય, ત્યારે તે સેટલમેન્ટ જે જમીનને લાગુ હશે તે સઘળી જમીનના ધારણ કરનારાઓને દુમાલા નહી હોય તેવા ગામના જમીન ધારણ કરનારને આ આકટના ઠરાવ પ્રમાણે જે હક છે તથા જે જવાબદારી લાગુ છે તે હક તેઓના વહીવટ માહેની જમીનના સબધી છે તથા જવાબદારી તેઓને લાગુ થશે એમ સમજવુ અને દુમાલા ન હોય તેવા ગામોમા જમીન ધારણ કરનારા સંબધી આ આકટના ઠરાવ તેઓને જને ત્યા સુધી લાગુ થશે

૨૧૮ આ આકટના જે કોઇ ઠરાવ શબ્દો ઉપરથી દુમાલા નહી હોય તો તેવી જમીનને અથવા દુમાલા નહી હોય તેવી જમીનના ધારણ કરનારાઓને માત્ર લાગુ છે તે કોઇ ઠરાવ ઉપર દુમાલા જમીનને અથવા દુમાલા જમીનના ધારણ કરનારાઓના હકને અથવા સદરહુ પ્રકારની કોઇ જમીન બાબત સરકારના હકને બાધ આવે છે એમ સમજવુ નહિ, અને આ આકટના કોઈ ઠરાવ શબ્દો ઉપરથી કેવળ બીન દુમાલા જમીન સબંધી હશે તે ઠરાવના દુમાલા જમીનના ધારણ કરનારના હીત તરફ અથવા તેની વિરુદ્ધ કાઇપણ અનુમાન ઉત્પન્ન થાય છે એમ સમજવુ નહી

લેન્ડ રેવન્યુ કોડની કલમ ૨૧૩ ઉપર થયેલી રૂલ.

૧—જોવુ

૧, જે દસ્તાવેજો, નકશા, રજીસ્ટરો, હિસાબ તથા કાગળપત્રો જોવાના હક બાબત સન ૧૮૭૭ ના હિંદુસ્તાનના નોધવાના આકટ ૩ ની ૯૧ મી કલમમા, તથા સન ૧૮૭૯ ના મુબઇના જમીનમહેસુલના કાયદાની ૨૧૩ મી કલમમા ઠરાવ કર્યા છે તે દસ્તાવેજો નકશા, રજીસ્ટરો, હિસાબ તથા કાગળપત્રો અને બીજા સાર્વજનીક દસ્તાવેજ વિદ્યમાનકાળે જે કોઈ કાયદો અમલમા હશે તે કાયદાના ઠરાવ મુજબ કોઇપણ માણસને જોવાનો હક છે, તે બીજા સઘળા સાર્વજનિક દસ્તાવેજો જે અમલદારને સ્વાધિન હશે તે અમલદારની કચેરીમા તે, આ બાબત આ કાનુનમા આગળ ફી ઠરાવી છે તે ફી આપેથી રવીવાર તથા *પબ્લિક હોલિડે સિવાય દરરોજ કચેરીના મામુલ વખતમા જોવા સારૂ ખુલ્લા રહેશે પણ એવુ ઠરાવ્યુ છે કે ગામના જે અમલદારોને સ્વાધિન ઉપર કહેલા કાઇપણ દસ્તાવેજ, નકશા, રજીસ્ટર, હિસાબ અથવા બીજા સાર્વજનિક દસ્તાવેજ હશે તે ગામના અમલદારે તે જોવા દેવા બદલ કાઇ પણ ફી લેવી નહિ

૨ પાછલી કાનુનમા કહેલી બાબતમા માત્ર ખારેજ કરીને કોઇ પણ સાર્વજનીક દસ્તાવેજ જોવા દેવામા આવશે નહી

૨ ઉતારા તથા નકલ

૩ ૧ લી કાનુનમા કહેલા દસ્તાવેજો સિવાય બીજા કોઇ પણ દસ્તાવેજની દાખલો ન લખેલી નકલ અથવા દાખલો ન લખેલો તેમાનો ઉતારો મળનાર નથી, અને આ કાનુન પ્રમાણે તૈયાર કરેલો હોયા વગર બીજી રીતે પણ મળનાર નથી

જે કોઇપણ સાર્વજનીક દસ્તાવેજ જોવાનો હક જે કોઈ માણસને ૧ લી કાનુન પ્રમાણે હશે તેને જે કોઇ સાર્વજનિક દસ્તાવેજ યોગ્ય રીતે જોવાને મળ્યો હશે તે દસ્તાવેજની અથવા તેના કોઇ પણ ભાગની નકલ ખુદ પોતે કરવાનો, અથવા નકલ કરવાને ખુદ પોતાનુ માણસ લગાડવાનો અધિકાર છે પણ આ પ્રમાણે કરેલી કોઇપણ નકલ ઉપર કોઈપણ સરકારી અમલદારે દાખલો લખવો નહી

૪ ૧ લી કાનુનમા કહેલો કોઈપણ સાર્વજનિક દસ્તાવેજ જે અમલદારને સ્વાધિન હશે તે અમલદારે તે દસ્તાવેજની નકલ સારૂ, અથવા તેના કોઇપણ ભાગની નકલ સારૂ કોઈ માણસ અરજી કરશે તે નકલ

---

*પબ્લિક હોલિડે એટલે જે દિવસે સરકારી કચેરીઓમા રજા હોય છે તે દિવસ

બાબત આ કાનુનમા આગળ ઠરાવેલી ફી આપશે તો તેને નકલ કરાવીને પોતાની સહી કરીને દાખલા-વાળી નકલ આપવી જોઇએ પણ એવુ ઠરાવ્યુ છે કે ગામના અમલદારને સ્વાધિન જે કોઇ સાર્વજનિક દસ્તાવેજ હશે તેની નકલ સારૂ કરવાની દરેક અરજી, જે મામલતદારના અથવા મહાલકરીના તાબામા મદરહુ અમલદાર હશે, તે મામલતદારને અથવા મહાલકરીને કરવી જોઈએ અને તેણે તે નકલ ગામના તલાટી પાસે તૈયાર કરાવવી જોઇએ સદરહુ દરેક નકલ ગામના તલાટીએ અસલ દસ્તાવેજની સાથે મુકાબલો કરીને પછી તે બરોબર હોવા બદલ તેણે તેની ઉપર સહી કરવી જોઇએ, અને તેની ઉપર દાખલો લખીને અરજદારને તે આપવા સારૂ સદરહુ મામલતદાર ઉપર અથવા મહાલકરી ઉપર મોકલવી જોઇએ ગામના કોઇપણ અમલદારે કોઇ પણ નકલ ખરી છે એવો તેની ઉપર પોતે દાખલો લખવો નહીં, અથવા એવી કોઈ પણ નકલ મળવા બાબતની અરજી લેવી નહીં, અથવા અરજી ઉપર નકલ આપવી નહીં

૫ ૧ લી કાનુનમા કહેલા સાર્વજનિક દસ્તાવેજો સિવાય બીજા સાર્વજનિક દસ્તાવેજોની, અથવા તેઓના ભાગોની દાખલાવાળી નકલો બાબત જે કોઈ માણસ અરજી કરશે અને તે નકલો બાબત આ કાનુનમા આગળ ઠરાવેલી ફી આપશે તો તેને નકલો, ઉપરની છેલ્લી કાનુન માહેના વિશેષ ઠરાવને અનુ-સરીને આપવાનો અધિકાર તે દસ્તાવેજો જે અમલદારને સ્વાધિન હશે તે અમલદારને છે, પણ એવુ લખ્યુ છે કે-

(અ) સદરહુ પ્રકારની કોઈપણ અરજી જે અમલદારને કરી હોય તેણે, તે અરજીનો નિકાલ કરવામા સરકારના તથા પોતે જે અમલદારના તાબામા હોય તે અમલદારના હુકમ પ્રમાણે ચાલવુ જોઇએ, અને શકની બાબતમા તે અરજીનો નિકાલ કરવાની અગાઉ પોતાના પ્રત્યક્ષ ઉપરીને હુકમ થવા સારૂ લખી મોકલવુ જોઇએ

(બ) કોઇપણ સરકારી પત્રવ્યવહારની અથવા સરકારી લૉ ઓફીસરે આપેલા અનુમતની અથવા જે કોઇ હુકમમા અથવા ઠરાવમા સદરહુ પ્રકારનુ કાઇ અનુમત હશે તે હુકમની અથવા ઠરાવની નકલ કલેકટ-રના તાબા માહેના કોઇ પણ અમલદારે કલેકટરની અગાઉથી મજુરી લીધા વગર અથવા કોઇ પણ સર્વેના અમલદારે સર્વે કમીશનરની અગાઉથી મજુરી લીધા વગર આપવી નહી

(ક) જે કોઈપણ કાગળપત્ર અથવા નકસા સરકારના હુકમથી છાપ્યા હશે અથવા શિલા છાપથી છાપ્યા હશે અને પ્રસિદ્ધ કર્યા હશે તેની નકલ કરવી નહી

(ડ) કોઇ પણ દસ્તાવેજની નકલ આપવી જે બાબતમા સરકારને અપકારક છે એ ખુલ્લુ હોય તે બાબતમા દસ્તાવેજની નકલ આપવી નહી

૫. અ કોઇ સરકારી કામદારને ખાતા તરફથી (ડીપાર્ટમેન્ટલ) ચોકશીથી દંડ કર્યો હશે, ઓછા પગાર ઉપર મોકલ્યો હશે, સસ્પેન્ડ કર્યો હશે, અથવા બરતરફ કર્યો હશે તો તેના મુકરદમામા લખેલા છેલ્લા ઠરાવની ખરી નકલ ફી વગર મળવાનો તેને હક છે

૬ આ કાનુન પ્રમાણે આપવાની તથા વેલ્યુપેબલ પોષ્ટ સિવાય બીજી રીતે સ્વાધિન કરવાની દરેક દાખલાવાળી નકલ ઉપર અથવા ઉતારા ઉપર તે નકલ બાબત અથવા ઉતારા બાબત જે અમલદાર ફી લેશે તેણે હેઠળ લખેલા પ્રમાણે શેરો લખવો જોઇએ (એટલે) —

" આ દાખલાવાળી નકલ બાબતની ફીના રૂ, ——— આના ——— પહોચ્યા તારીખ મી
માહે સને ૧૯ (સહી) અ. બ. "

૭ આ કાનુન મુજબ આપવાની સઘળી દાખલાવાળી નકલ ઉપર જે દાખલો લખવો તે છડીઆના પુરાવા બાબત આકટની ૭૬ મી કલમમા કહેલા નમુના પ્રમાણે હોવો જોઇએ

૨—શોધ

૮ જ્યારે કાઈ પણ સાવજનીક દસ્તાવેજ અથવા કોઇ પણ સાર્વજનિક દસ્તાવેજોનો ભાગ જોના સારૂ અથવા તેની નકલ સારૂ અરજી કરી હોય તથા જે દસ્તાવેજ જોઇતો હશે તેનો નબર તારીખ તથા પ્રકારની તપશીલ તે અરજીમા સ્પષ્ટ લખેલી નહિ હશે અથવા તે અરજીમા જે તપશીલ લખેલી હશે તે બરોબર નહી હશે, અને તેથી તે દસ્તાવેજ જે અમલદારને સ્વાધિન હશે તે અમલદારને તે દસ્તાવેજ શોધી

કાઢવા સારૂ પોતાના દફતરમા શોધ કરવાની જરૂર પડશે ત્યારે તે શોધવા બાબત આ કાનુનનમા આગળ કહેલા દરે ફી, દસ્તાવેજ અથવા તેનો ભાગ જોવા બાબત અથવા તેની નકલ કરવા બાબત અરજી કરી હશે તે દસ્તાવેજ સદરહુ અમલદારે તપાસ્યા પછી તે દસ્તાવેજ તેને જોવા દીધો ન હોય અથવા નકલ આપી ન હોય તો પણ, તે અરજદારે આપવી જોઈએ, પણ એવુ ઠરાવ્યુ છે કે ગામના અમલદારે સદરહુ પ્રકારની કાઇ ફી લેવી નહી ૪—ફી

૯ આ કાનુન મુજબ હેઠળ લખેલી ફી રોકડી લેવી જોઇએ

(એટલે)—

(૧) ગામના અમલદાર શિવાય બીજા કોઇ પણ અમલદારે ૧ લી કાનુન પ્રમાણે કરવા દીધેલી દરએક તપાસ બદલ,	૮ આના

(૩) આ કોષ્ટકની ૩ જી કલમમા ન આવનારા સાર્વજનિક દસ્તાવેજની દરેક દાખલાવાળી નકલ બદલ —

(અ) અસલ દસ્તાવેજ ઇગ્રેજીમા હશે તો દર ૧૦૦ શબ્દે અથવા ૧૦૦ શબ્દોના અશે	૨ આના
(બ) અસલ દસ્તાવેજ દેશી ભાષામા હશે તો દર ૧૦૦ શબ્દે અથવા ૧૦૦ શબ્દોના અશે	૧½ આનો
(ક)અસલ દસ્તાવેજ તક્તા પ્રમાણે લખેલા હોય તો પછી તે ઈંગ્રેજીમા હોયકે દેશી ભાષામા હોય	(અ) તથા (બ) રકમમા અનુક્રમે લખેલા દરની બમણી
(૩) દુમાલાના પત્રકમાથી મુબઇના જમીન મહેસુલના કાયદાની ૫૩ મી કલમ મુજબ આપેલા દરેક દાખલાવાળા ઉતારા બદલ	દુમાલા થયેલા મહેસુલની રકમને દર રૂપિયે ૧ આનો, પણ કોઇ પણ બાબતમા તે ફી ૧૦ રૂપિયાથી વધારે હોવી નહિ જોઇએ અથવા ૮ આનાથી ઓછી હોવી નહિ જોઇયે (પણ ખોવાઇ ગએલી અથવા નાશ થએલી સનદ સન ૧૮૬૮ ના આક્ટ ૪ પ્રમાણે અથવા લે, રે, કોડની કલમ ૧૩૩ પ્રમાણે આપવામા આવી હોય તો, જો તેને કલમ ૧૩૨ ના પારેગ્રાફ ૨ પ્રમાણે માફી મળી નહી હોય તો કલમ ૧૩૨ જે રકમ લેવાની થાત તેની નીમે કીમત લેવી)
(૪) સર્વે નબરના અથવા સર્વે નબરના હિસાબમા દાખલ થયલા હિસ્સાના અથવા ખેતરના નકશાની અથવા સાધારણ (રગર રગેલા) નકશાની અથવા કોઇપણ સ્થાવર મિલકતના નકશાની દરએક દાખલાવાળી નકલ બદલ	૧ રૂપિયો
(૫)આ કોષ્ટકની (૪ થી કલમમા ન આવનારા નકશાની અથવા નકશાના કોઈપણ ભાગની દરેક દાખલા વાળી નકલ બદલ	જે અમલદાર તે નકલ ઉપર દાખલો લખી આપશે તે અમલદાર પદર રૂપિયા કરતા વધારે નહી હોય અને એક રૂપિયા કરતા ઓછી નહી હોય એવી જે ફી ઠરાવશે તે ફી પણ ઠરાવ્યુ છે કે પાચ રૂપિયા કરતા વધારે કાઇ પણ ફી કલેકટરના તાબા માહેના કોઇ પણ અમલદારે તે કલેકટરની પરવાનગી વગર તથા સર્વે અમલદારે સર્વે કમીશનરની પરવાનગી વગર લેવી નહી.

(૬) ગામના અમલદાર સિવાય બીજા કોઈ અમલદારે કરેલી દરએક શોધ બદલ	જે જે વરસના દફતરો શોધવામા આવે તે દરએક વરસ બદલ એક રૂપીયો

પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે કોઇ પણ ફી વેલ્યુપેબલ પોષ્ટની મારફત વસુલ કરવાની જરૂર હોય ત્યારે તે ફી ઉપરાત ટપાલ હાસલ તથા ટપાલની ફી લેવી જોઇએ અને જ્યારે એવી ફી ટપાલ હાસલ તથા ટપાલની ફીની રકમમા આનાનો કાઇ અપૂર્ણાંક હોય ત્યારે તેને બદલે પુરો આનો લેવો જોઇએ

૧૦ પાછલા કોષ્ટક પ્રમાણે આપવાની દરેક ફી અગાઉ આપવી જોઇએ અથવા તેમ ફરમાવવામા આવે તો વેલ્યુપેબલ પોષ્ટ મારફત આપવી જોઇએ

૧૧ આ પ્રમાણે પાહોચેલી સઘળી ફીની રકમ, જે ઓફીસરને સ્વાધીન દફતરો હશે તે ઓફીસરે આ કારણ સારૂ એક જુદી બુક રાખીને તેમા દાખલ કરવી જોઇએ, અને નબર ૩૩૫૬ તારીખ ૧૧ મી નવેમ્બર સને ૧૮૭૪ ના ફિનાનશિયલ ડીપાર્ટમેન્ટમાના સરકારના ઠરાવ મુજબ, આપવા હવે પછી સરકારનો બીજો કાઈ હુકમ થશે તે મુજબ–શેકશન રાઇટરોને દાખલાવાળી નકલોની તથા ઉતારાની બાબતમા આપેલી રકમ સદરહુ રકમમા બાદ કરીને રહેશે તે દર મહિનાની આખરે અગાઉ છેક નજીકની સરકારી ટ્રેઝરીમા મોકલવી જોઇએ

૫–પરચુરણ

૧૨ ગામના અમલદારને ૧ લી કાનુન પ્રમાણે કરવાની અરજી ખારેજ કરીને આ કાનુન મુજબ કરવાની બીજી દરેક અરજી લખીને કરવી જોઈએ અને તે અરજીમા

(દસ્તાવેજની) નકલ ઉતારો અથવા તરજુમો જે પોષ્ટઓફીસ મનીઓર્ડર ઓફીસ પણ હોય એવી કોઇ પણ પોષ્ટઓફીસમા વેલ્યુપેબલ પોષ્ટથી મોકલવાની વિનતી કરવાનો અધિકાર છે

૧૩ સદરહુ પ્રકારની દરેક અરજી જે અમલદારને આપી હશે તે અમલદારે તેની ઉપર નબર નાખીને તે કાઇલ કરવી જોઇએ, અને તેની ઉપર જે તારીખે તે પહોચી તે તારીખ, તે અરજી આપતી વખતે અથવા આગળ કોઇ પણ વખતે ફી પહોચી હોય તો તેની રકમ તથા જે રીતે તે અરજીનો નિકાલ કર્યો તે તારીખ તથા રીત એવી વીગતે મજકુરનો શેરો લખવો અને તેની ઉપર પોતાની સહી કરવી જોઇએ

૧૪ સન ૧૯૧૩ ના હિંદુસ્તાનના નોધવાના આકટની ૯૦ મી કલમ મુજબ, અથવા સન ૧૮૭૯ ના મુબાઈની જમીનમહેસુલના કાયદાની ૨૧૩ મી કલમ મુજબ એવા જે બીજા કાયદા પ્રમાણે (દસ્તાવેજ) જોવાનો હક કોઈ માણસને આપ્યો હશે તે કાયદા મુજબ કરેલી કોઇ અરજી હશે તેનો વિચાર કરવાનો હક છે માટે તે અરજી કબુલ કરવાની અગાઉ હેઠળ લખેલી વાત તરફ વિશેષ લક્ષ આપવુ જોઇએ, એટલે જે સાર્વજનિક દસ્તાવેજ બાબત તે અરજી કરી હશે તે સાર્વજનિક દસ્તાવેજ જે કાયદાના આધાર ઉપરથી તે કરી હશે તે કાયદો લાગુ છે એવો દસ્તાવેજ છે કે નહિ એ વાત ઉપર અને દસ્તાવેજ જોવાનો હક હોય એવુ માણસ અરજદાર છે કે નહિ એ વાત ઉપર (અને એટલા માટે ઇંડીઆના પુરાવાના આકટની ૭૫ મી કલમ મુજબ તેને નકલ જોઇતી હશે તો તેને નકલ મળવાનો હક છે એવુ માણસ છે કે નહિ એ વાત ઉપર વિશેષ લક્ષ આપવુ જોઇએ

૧૫ આ કાનુન માહેના કોઇ પણ ઠરાવ ઉપરથી સ્ટાપ આકટના અથવા કોર્ટ ફીના આકટના કોઇ પણ ઠરાવને બાધ આવે છે એમ સમજવુ નહી કોઈપણ અરજી બદલ અથવા આ કાનુન પ્રમાણે કરેલી અથવા આપેલી નકલ બદલ અથવા ઉતારા બદલ જે સ્ટાપ ડ્યુટી અથવા કોર્ટ ફી લેવાનો અધિકાર હશે તે સ્ટાપ ડ્યુટી અથવા કોર્ટ ફી ૯ મી કાનુનમા કહેલી ફી સિવાય વળી બીજી છે એમ સમજવુ અને સદરહુ પ્રકારની દરેક અરજી બાબત, નકલ બાબત, અથવા ઉતારા બાબત સ્ટાપ આકટમા તથા કોર્ટ ફીના આકટમા કહેલુ સઘળુ યોગ્ય રીતે કરવામા આવે એ વાત ઉપર લક્ષ આપવુ જોઇએ

૧૬ આ કાનુન માહેના સાર્વજનિક દસ્તાવેજ શબ્દનો અર્થ સન ૧૮૭૨ ના ઇન્ડિયાના પુરાવાના ૧ લા આકટમા (તે આકટની ૭૪ મી કલમ જુઓ,) જે અર્થ કર્યો છે તેજ અર્થ સમજવો

૧૭ આ કાનુન માહેના કોઈ પણ ઠરાવ મુબઈ શહેરને અથવા કોઇ પણ દિવાની અથવા ફોજદારી કોર્ટને લાગુ છે એમ સમજવુ નહી

+ શેકશન રાઇટર એટલે નકલ કરનાર, સરકારી નોકરે નકલ કરવા બદલ પૈસા લેવા નહિ, કારકુનો કચેરીના વખત બહાર ખાનગી માણસોને નકલો કરી આપે તો તે બદલ લખાઇના દર પ્રમાણે ફી લેવાને તેઓને હરકત નથી નકલો વીગેરે કરી આપવાને તલાટીને પરવાનગી છે

જમીન મહેસુલના કાયદાની કલમ ૨૧૪ ની રૂયે કરેલ કાનુનો.

૧—પ્રથમ નિયમો.

૧ આ કાનુનોને તથા હુકમોને જમીનમહેસુલના કાયદાની કાનુનો કહેવી

૨ આ કાનુનોમા તથા હુકમોમા વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી બાધ આવતો ન હોય તો—

(અ) સન ૧૮૭૯ ના મુબઇના જમીન મહેસુલના કાયદામા વ્યાખ્યા કરેલા શબ્દોનો તથા સજ્ઞાનો તે કાયદામા જે જે અર્થ કર્યો છે તે અર્થ છે એમ સમજવુ અને

[બ] "બાબ ' અને ' કલમ " એટલે સદરહુ કાયદાનો અનુક્રમે બાબ અને કલમ છે એમ સમજવુ

૨—મુલકી અમલદારોએ તારણ આપવું.

(કલમ ૨૩ મી તથા ૨૧૪ (એ)

૩ હેઠળ લખેલા મુલકી અમલદારોએ, તેઓના નામની સામે લખેલી રકમોનુ, હુદ્દા ઉપર રજુ થવાની અગાઉ, તારણુ આપવુ જોઇએ, એટલે.—

		રૂપિયા
૧	હેડ એકાઉંટંટ	૫,૦૦૦
૨	મામલતદાર	
૩	મામલતદારના અવલકારકુન	૧,૦૦૦
૪	મામલતદારના તીજોરી કારકુન	૫૦૦
૫	તીજોરી સ્વાધીન હોય તે માહાલકરી	૧,૫૦૦
૬	એજન નો અવલ કારકુન	૧૫૦૦
૭,	તીજોરી સ્વાધીન ન હોય તે મહાલકરી	૫૦૦
૮	પુનાનો (ટ્રેઝરર) તીજોરીવાળો	૮૦,૦૦૦
૯	કાનડા, કુલાબા તથા રત્નાગિરીના ટ્રેજરર	૨૦,૦૦૦
૧૦	બીજા સઘળા ટ્રેજરર	૪૦,૦૦૦
૧૧	કાનડા તથા રત્નાગિરીના ટ્રેઝરરના અવલકારકુન	૧,૦૦૦
૧૨	ટ્રેઝરરોના બીજા સઘળા અવલકારકુન	૨,૦૦૦
૧૩	પુનાના ટ્રેઝરરનો દુયમ કારકુન	૨,૦૦૦
૧૪	ઉપરના કારકુનો સિવાય બીજા કારકુન, જેમને હજુર અથવા મામલતદાર કચેરીઓમા શરાફના કામ ઉપર રાખ્યા હશે તે	૧,૦૦૦
૧૫	એજન–એજન–મહાલકરીઓની કચેરીઓમા રાખ્યા હશે તે	૫૦૦
૧૬	જેનો પગાર ૨૦ રૂપિયા કરતા વધારે હોય એવા સિધ પ્રાત માહેના તપેદાર	૫૦૦
૧૭	સિધ પ્રાંત માહેના બીજા તપેદાર	૩૦૦
૧૮	૧૬ મી કલમ પ્રમાણે જે પગારદાર પટેલ અથવા તલાટીનુ વાર્ષિક લવાજમ ૫૦ રૂપિયા કરતા વધારે હોય તે પટેલ અથવા તલાટી	રૂ ૨૦૦, અથવા એવા અમલદારના એક વરસના લવાજમની રકમ, આમાથી જે રકમ ઓછી હોય તે.

૧૯ નકલો કરવાની રજુઆત કરવાની, સોપવાની તથા તપાસ કરવાની રીતુ રજીસ્ટર લખવાનુ કામ જે કારકુનો અથવા કલાર્કો કરતા હોય અને તે કામ માટે મુલકી કોરટમા ભરેલા પૈસા જેના તાબામા રહેતા હોય તે કારકુનો અથવા કલાર્કો ૨૦૦

પણ એવુ ઠરાવ્યુ છે કે, નબર ૩ અને ૧૪ મી નીરદીષ્ટ કરેલા અમલદારોની બાબતમા, તેઓએ આપવાના તારણની રકમ, કમિશનર પાચ હજાર રૂપયા કરતા વધારે ન હોય એવી જે રકમ પોતાને યોગ્ય જણાય તેટલી રકમ સુધી, વધારી શકશે

૪ જેણે તારણ આપ્યુ ન હોય એવા કોઇ પણ સખસની ૩ જી કાનુનમા નિરદીષ્ટ કરેલા કોઇપણ હોદ્દા ઉપર નીમણુક કરવામા આવે તે પ્રસગે તેને ગમે તેટલી મુદતને માટે તે હોદ્દા ઉપર નીમ્યો હોય તો પણ તેણે પોતાના હોદ્દા ઉપર રજુ થયા પહેલા નીરદીષ્ટ કરેલી રકમ સુધીનુ તારણ, અથવા કલેકટર તે બાબતમા જે ઓછી રકમનુ તારણ વાજબી તથા પુરતું ગણે તે આપવુ જોઇએ

૫ (૧) જે કોઇપણ અમલદારે ૩ જી કાનુનમા કહેલી કોઇ પણ રકમનું તારણ આપ્યુ હશે, તે અમલદારને જેના સબધમા ૩ જી કાનુનની રૂએ સદરહુ રકમ કરતા વધારે રકમનુ તારણ આપવાની જરૂર પડે એવા કોઇ પણ હોદ્દા ઉપર હગામી રીતે નીમે તો તેને તે હોદ્દા ઉપર ઘણુ કરીને ત્રણ મહીના કરતા વધારે મુદત સુધી રહેવાનો સભવ છે એવુ કલેકટરને ન જણાય તો તેને ઘણુ કરીને વધારે તારણ આપવા વિષે કહેવુ નહીં

(૨) કાનુન ૩ મા કહેલા ગમે તે હોદ્દાનુ કામ કરવાને નીમેલો જે અમલદાર તેને તે હોદ્દા ઉપર ત્રણ મહિના કરતા વધારે મુદત સુધી રહેવાનો સભવ છે એમ કલેકટરને જણાય ત્યારે તેવા દરેક અમલદાર હોદ્દા ઉપર રજુ થવાની અગાઉ તે બદલ ૩ જી કાનુનમા કહેલી પુરેપુરી રકમનુ તારણ આપવુ જોઇએ

૬ (૧) જે અમલદારે તારણ આપવુ જોઇએ તેણે તેની મરજીમા આવે તો પોતાના તારણની રકમ બદલ સરકારી વ્યાજની નોટ અનામત મૂકવી અથવા તે બાબત ખત લખી આપવુ

(૨) જો તે ખત લખી આપે તો તેણે, જામીન આપવાના તે, તારણની રકમ ૧,૦૦૦ રૂપિયા કરતા વધારે ન હોય તો તેની મરજીમા આવે તે પ્રમાણે તેણે એક અથવા વધારે જામીન આપવા, અને જો તારણની રકમ ૧,૦૦૦ રૂપિયા કરતા વધારે હોય તો, જામીન બે કરતા ઓછા નહિ જોઇએ

૭ (૧) જેણે તારણ આપવુ જોઇએ એવો કોઇપણ અમલદાર જે કચેરીમા ચાકરી કરતો હશે તે કચેરીના મુખ્યને, જે તારણ અવશ્ય છે તે યોગ્ય રીતે આપ્યુ છે કે નહિ એ અને પ્રથમ આપ્યુ હશે તે વખતે, અને ત્યારપછી પણ હવે તારણની જરૂર નથી એમ થાય ત્યા સુધી તે સારૂ તથા પુરતું છે કે નહિ એ જોવા બાબત જવાબદાર ગણવામા આવશે

(૨) આ કારણ સારૂ કચેરીના મુખ્યો તે તારણ જ્યારે પ્રથમ આપવા કહાડયુ હશે ત્યારે, અને તે કબુલ કર્યા પછી પણ દર વર્ષે એક વખત સભાળથી, બારીકીથી એ બાબત ચોકશી કરવી જોઇએ અને તે પુરતું છે કે કેમ એ બાબત પોતાની ખાતરી કરી લેવી જોઇએ, અને જો સદરહુ મુખ્યોને તે પુરતું ન લાગે તો જે અમલદારનો સબધ હોય તે અમલદારને બીજુ વધારે અથવા નવુ તારણ આપવાનુ તેણે ફરમાવવુ જોઇએ

(૩) ઘણા અમલદારોની વતી એકજ માણસને જામીન ન લેવા બાબત ધ્યાનમા રાખવુ જોઇએ, પછી સદરહુ અમલદાર એકજ કચેરી અથવા ખાતાના હોય કે ન હોય

૮ (૧) કલેકટરે, પોતાના જીલ્લા માહેના દરેક અમલદારે ૩ જી અથવા ૪ થી કાનુનની રૂએ આપેલા સઘળા તારણનું એક રજીસ્ટર, કમીશનર વાર્ષિક ફેરી ઉપર હોય તે વખતે તેના તરફથી બારીકીથી તપાસવા માટે રાખવુ જોઇએ, અને દરસાલ તારીખ ૧ લી અકટોબર અથવા તેની પહેલા એવા સઘળા તારણો સારા તથા પુરતા હોવા બદલનો દાખલો કમીશનરને મોકલવો જોઇએ

(૨) પેટા કાનુન (૧) ની રૂએ ઠરાવેલા રજીસ્ટરમા, કમીશનર વખતે વખતે ફરમાવે તેવી વિગત દાખલ કરવી

૩–જે જમીન વિગેરે સરકારી મિલકત હશે તેની વ્યવસ્થા

(કલમ ૩૭, ૫૨, ૬૨ અને ૨૧૪ (એ))

(૧) ખાતા આપવા

[અ] સામાન્ય

૯. જે જમીન અને તેમાના અથવા તે ઉપરના અથવા તે સબધી જે સઘળા હક સરકારી માલમિ-

લક્ત હશે તે જમીનની તથા તે સઘળા હકની વ્યવસ્થા આ ભાગમા ઠરાવેલી કોઇપણ રીતે કરવાનો અધિકાર કલેકટરને છે, પણ સરકારની સ્પષ્ટ મંજુરી અગાઉથી લીધા વગર બીજી કોઇ પણ રીતે સદરહુ પ્રકારની વ્યવસ્થા કરવાનો તેને અધિકાર નથી

માત્ર એટલુ ઠરાવ્યુ છે કે—

(અ) ખારી જમીનના અથવા જે જમીન ખારા પાણીથી કોઈ કોઈ વાર ૨વી જતી હોય તેવી જમીનના ખાતાની વ્યવસ્થા ઘણુ કરીને તે જમાનમા મીઠુ પકવવાની જરૂર છે કે કેમ અથવા તેની જરૂર લાગવાનો સંભવ છે કે કેમ તે બાબત પહેલેથી મીઠા ખાતાને પૂછયા વગર કરવી નહી અને

(બ) જીલ્લાના કલેકટરના હાથમાની અમુક પડતર જમીનમા મીઠુ પકવવાની જરૂર છે અથવા જરૂર લાગવાનો સંભવ છે એવી સૂચના સોલ્ટ રૈવન્યુ કલેકટર તરફ આવેથી તે જમીનનો તે કામ સારૂ ઉપયોગ કરવાને બીલકુલ હરકત નથી એમ જીલ્લાના કલેકટરને દેખાઇ આવે તો તેને તે જમીન સોલ્ટ ડીપાર્ટમેન્ટને સ્વાધિન કરવાનો અખત્યાર છે, અને તે જમીન આ પ્રમાણે સ્વાધીન કર્યા પછી, તે વાત કલેકટરે ગામના રજીસ્ટરમા દાખલ કરવાને ખેતીના કામ માટે ઉપયોગ કરવાની જમીન પ્રમાણે તે જમીન ઉપર બેસાડેલા ધારાની જે નોધ તે રજીષ્ટરમા હોય તે રદ કરાવવી

પછી તે જમીન, સરકારના સામાન્ય હુકમને અનુસરીને, તે સોલ્ટ કલેકટરના હાથમા રહેશે અને સદરહુ યોગ્ય લાગે તે સરતે અને તેવી મુદત સુધી તે જમીન મીઠુ પકવવાના કામ સારૂ ભાડે આપવાનો અથવા તેનો તે કારણસારૂ ઉપયોગ કરવા માટ બીજી વ્યવસ્થા કરવાનો તે કલેકટરને અખત્યાર છે

(બ) મહેસુલ માફીનાં ખાતાં

૧૦ મેહેસુલ માફીથી ધારણ કરેલી જમીન તરીકે ગણવામા આવેલી જે કોઈ પણ જમીનની કીંમત સો રૂપિયા કરતા વધારે ન હોય, અને તે ખાતું બીજી કોઇપણ રીતે વેચ્યા કરતા મહેસુલ માફીથી વેચવામા આવે તો સરકારને તેમજ લાગતા વળગતા પક્ષકારોને દેખાઇતી રીતે સગવડ ભરેલુ હોવાને લીધે વધારે પસંદ કરવા જોગ છે એમ દેખાય તે જમીન શિવાયની બીજી કોઇ પણ જમીનનુ ખાતું હિંદુસ્તાન સરકારની અગાઉથી મંજુરી લીધા વગર કોઇપણ ખાનગી શખસને, કોઇપણ ખાનગી કારણ માટે, મહેસુલ હંમેશને માટે માફ કરીને વેચવુ નહિ, અને આ કાનુનોમા બીજી રીતે ઠરાવ્યુ છે તે શિવાયને પ્રસંગે, કોઇ પણ જમીનનુ ખાતુ ગવર્નર ઈન કાઉન્સીલની અગાઉથી મંજુરી લીધા વગર, મહેસુલ માફ કરીને કાઇ પણ મુદત સારૂ વેચવુ નહિ

૧૧ મેહેસુલ માફીથી ધારણ કરેલી જમીન તરીકે ગણવામા આવેલી જે કોઇપણ જમીનની કીમત, આમા નીચે લખેલા કોઇપણ કારણના સબંધમા આમા નીચે લખેલી રકમ કરતા વધારે હોય ત્યારે તે જમીનનુ ખાતું, હિંદુસ્તાન સરકારની અગાઉથી મંજુરી લીધા વગર એવા કારણ સારૂ મહેસુલ હંમેશને માટે અથવા કોઇ મુદતને માટે માફ કરીને આપવુ નહિ

જમીન આપવાનુ કારણ	હિંદુસ્તાન સરકારની મંજુરી વગર જે રકમ કરતા વધારે કિંમતની જમીન આપવી નહિ તે રકમ
(૧) લોકલ અથવા મ્યુનિસીપાલ ફંડના ખરચે— (અ) નિશાળો અથવા કોલેજો, (બ) ઇસ્પીતાલો, (ક) દવાખાના અને (ડ) બીજા સાવજનીક કામ બાધવાના ગભાણ સારૂ	રૂપિયા ૩૦૦૦

(૧) બીજા કોઇપણ સાર્વજનિક કારણ માટે અથવા સરકાર ઉપયોગી નોકરી સારૂ કોઈ પણ ખાનગી સખસ	રૂપિયા ૫૦૦
(૩) રૈયત ઉપયોગી નોકરી માટે ખાનગી સખસને	રૂપિયા ૧૦૦

૧૨ જે કોઇ પણ જમીન મેહેસુલ માફીથી ધારણ કરેલી જમીન તરીકે ગણવામા આવે તે જમીનની કીંમત સો રૂપિયા કરતા વધારે ન હોય ત્યારે તેવી જમીનનુ ખાતુ, ધર્મ સબધી, દાનધર્મ સંબંધી ઇમારતો સારૂ અથવા સંસ્થા સારૂ મેહેસુલ માફીથી આપવાનો કમીશનરને અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે, રેલ્વે સ્ટેશનોથી જમીનના ખાતા ખાનગી સખસોને ધર્મશાળા બાધવા સારૂ મેહેસુલ માફીથી આપવાના હશે તો તે એવી ધર્મશાળા બાધ્યા પછી તે ધર્મશાળા લાગતી વળગતી લોકલ બોર્ડને અથલા મ્યુનીસીપાલીટીને સ્વાધીન કરવાની નહી હશે તો આપવા નહિ

૧૩ (૧) ૧૨ મી કાનુન પ્રમાણે આપેલી કોઈપણ જમીનનો ગેરઉપયોગ કરવામા ન આવે એટલા માટે જેને જમીન આપી હશે તેને કલેકટરે વખતે વખતે સરકાર ઠરાવે તેવા નમુનાની સનદ આપવી જોઇયે ૧૨ મી કાનુનમા કહ્યુ નહિ હોય તેવા કોઇ કારણ સારૂ જો સરકારની મજુરી લઇને, મહેસુલ માફીથી જમીનનુ ખાતું આપ્યુ હશે તો કલેકટરે આપવાની સનદનો નમુનો સરકાર તરફથી ખાસ ઠરાવી આપવામા આવશે

(૨) આ કાનુન પ્રમાણે આપેલી દરેક સનદ ૫૮ મી કાનુનમા કહેલા પત્રકમા નોધવી જોઇએ

(૩) સદરહુ પ્રકારની સનદોનો સરત વિરૂદ્ધ વહિવટ ન કરવા દેવા બાબત અથવા તે ઉડાવવા ન દેવા બાબત કલેકટરે તથા તેના તાબામાના સઘળા મુલકી અમલદારોએ યોગ્ય સાવધગિરી રાખવી જોઇએ

૧૪ (૧) ધારવાડ જીલ્લામા, જ્યારે જ્યારે ભોગવટામા ન હોય તે જમીન તેવા કારણોને સારૂ આપવા જેવી હોય ત્યારે ત્યારે, કલેકટર ત્રીસ રૂપિયાથી વધારે નહી એટલા વાર્ષિક મેહેસુલના જમીનના ખાતા જે શેત સનદી પોતાના હમેશના વાર્ષિક રોકડ મેહેનતાણાને બદલે ધારણ કરવાને ખુશી હશે તેને મેહેસુલ માફીથી આપવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે, જે જમીનની કીમત ૫૦૦ રૂપિયાથી વધારે હોય તેવી જમીન સદરહુ પ્રમાણે આપવી નહી

(૨) આ કાનુનની રૂઇએ જમીન આપી હોય ત્યારે જે સખસને જમીન આપી હોય તેને સનદ કરી આપવાની જરૂર નથી, પણ એવુ સ્પષ્ટ સમજવુ કે, ને જમીનનુ ખાતુ મેહેસુલ માફીથી આપેલુ છે તે માત્ર શેત સનદીની નોકરી ધ્યાનમા લઇને આપેલુ છે, અને તે જમીન જોઇયે ત્યારે પાછી લેવાનો સરકારને અધિકાર છે

૧૫ (૧) ૧૨ મી કાનુનમા ઠરાવ્યુ છે તે શિવાય બીજી રીતે સરકારની અગાઉથી મજુરી લીધા વગર કોઇ પણ જમીનનુ ખાતુ મ્યુનિસીપાલીટીને અથવા લોકલબોર્ડને મહેસુલ માફીથી આપવુ નહી અને સરકારી કોઇપણ જમીન માહેના અથવા જમીન ઉપરના અથવા જમીન સંબંધી હક સરકારની અગાઉથી મજુરી લીધા વગર મ્યુનીસીપાલીટીએ અથવા લોકલબોર્ડે ચલાવવા નહિ

(૨) દરેક બાબતમા જે સરતો કરવાનુ સરકારને યોગ્ય લાગશે તે સરતોને પાત્ર એવી મજુરી આપવામા આવશે

(૩) પણ બીજા માણસોને જે શરતે ખાતા આપવામા આવે છે તેજ સરતે મ્યુનિસિપાલીટીને અથવા લોકલબોર્ડને ખાતા આપવાની આ કાનુનના કોઇ પણ ઠરાવ ઉપરથી મના કરી છે એમ સમજવુ નહી

૧૬ (૧) કાનુનો ૧૨ થી ૧૫ માની કોઇ પણ કાનુનની રૂયે આપવાનુ દરેક ખાતુ વિશેષ પ્રસંગે જે કોઇ વધારે સરતો નાખવામા આવે તે ઉપરાંત હેઠળની શરતોને પાત્ર આપવુ જોઇએ એટલે,—

(અ) સદરહુ મિલકત જે એક અથવા વધારે નિર્દિષ્ટ કરેલા કામ માટે આપી હશે તે કામ શિવાય

બીજા એકાદા કામ સારૂ તે મિલકતનો ઉપયોગ કર્યો હશે અથવા સાર્વજનીક કામ માટે તે મિલકત સરકારને જોઇતી હોય તો તે મિલકત પાછી લઇ શકશે અને

(બ) તે મિલકત સરકાર (અ) સરતની રૂઇયે હરકોઈ વખતે પાછી લઈ લે તો તેને માટે આપવાના બદલાની રકમ, તે જમીન આપતી વખતે સરકારને જે કાઇ રકમ આપવામા આવી હશે તે રકમ, અને તે જમીન લેનારે તે ઉપર, પરવાનગીથી જે ઇમારતો બાંધી હોય અથવા બીજુ કામ કર્યુ હોય તે બદલ થએલો ખર્ચ અથવા તે જમીન પાછી લેતી વખતે તે ઇમારત અથવા કામની કીંમત (આ બેમાથી જે રકમ ઓછી હશે તે ગણવી) મળીને જે રકમ થાય તેના કરતા વધારે રકમ આપવી નહી

(૨) જેને જમીન આપવાની હોય તેના વહીવટમા તે જમીન અગાઉથી હોય અને તે ઉપરનુ મહેસુલ માફ કરવામા આવે ત્યારે, વિશેષ પ્રસંગે, જે કાઇ વધારે સરત ઠરાવવામા આવે તે ઉપરાત હેઠળની સરત દાખલ કરવી જોઇયે, એટલે, જે એક અથવા વધારે વિશેશ કામ માટે માફી આપી હોય તે શિવાય બીજા કોઇ કામને માટે તે જમીનનો જો ઉપયોગ કરે તો, ફક્ત ખેતીના કામ સારૂ લીધી હોય અને ખેતીનો સંબધ ન હોય એવા કામમા વગર હુકમે ઉપયોગ કર્યો છે એમ સમજીને ૪૮ મી કલમની રૂઇયે તે જે આકારને પાત્ર થશે તે શિવાય સદરહુ જમીન કલમ ૬૬ ના ઠરાવની રૂહએ કલેકટર તે બાબ્તમા જે દડ ઠરાવે તે દડને પાત્ર થશે

(ક) ખેતીના કામ સારૂ ખાતાં

૧૭ (૧) જે કોઈ પણ પડતર સર્વે નબર ફ્લાણા કારણ સારૂ યોજેલો નહી હશે તે ખેતીના કામ માટે, કલેકટરે ઠરાવેલી કીમત આપેથી અથવા કાંઈ પણ ચાર્જ લીધા વગર, સદરહુ કલેકટરને યોગ્ય લાગે તે માણસને આપવાનુ અથવા કલેકટરે વેચાણ પોતાની મજુરી ઉપર રાખીને, જાહેર લિલામથી, સૌથી વધારે કીંમતે માગણી કરનારને વેચવાનુ કલેકટરની મરજી ઉપર છે

(૨) અમુક કિંમતની હેઠળ તે ખાતું વેચવુ નહીં એવુ કલેકટરે અગાઉ ઠરાવ્યુ હોય અને સદરહુ કોઇ પણ લિલામમા છેલ્લી માગણી કરેલી રકમ તે ઠરાવેલી કીમત કરતા ઓછી ન હોય ત્યારે વેચાણ કાયમ કરવાનો અધિકાર કલેકટરે, તેની નજરમા આવે તો મામલતદારને અથવા મહાલકરીને આપવો

૧૮ કાનુન ૧૭ મુજબ વ્યવસ્થા કરેલા સર્વે નબરનો આકાર ઠરાવેલો નહી હોય ત્યારે (સરવે કમીશનરને પુછી મગાવ્યા પછી) કલેકટરે તેજ ગામમા અથવા પડોશના ગામમા તેવી જમીન ઉપર જે દર ઠરાવ્યા હોય તેજ દરે આકાર ઠરાવવો, સદરહુ પ્રમાણે ઠરાવેલો આકાર જે ગામમા તે જમીન આવેલી હોય તે ગામના ચાલુ સરવે સેટલમેટની બાહેધરી જે મુદત સારૂ આપી હશે તે મુદત સુધી અમલમા રહેશે, અને ત્યારપછી તે સદરહુ ગામનુ સામાન્ય સેટલમેટ થશે ત્યારે દર વખતે ફરી તપાસને પાત્ર થશે

૧૯ જ્યારે એમ માલમ પડે કે કોઇ પણ સરવે નબર ખેડાણ કરવામા આવે તો ઘણો ખર્ચ થાય એવુ છે ત્યારે અથવા બીજા ખાસ કારણોથી એમ કરવુ ઇષ્ટ લાગે ત્યારે કલેકટરને એવો અધિકાર છે કે તેણે તે નબર (આપવાની એકદર જમીન ઉપરનો આકાર સો રૂપિયા કરતા વધારે હોય ત્યારે કમીશનરની અગાઉથી મજુરી લઇને) અમુક મુદ્દત સુધી મેહેસુલ માફીથી અને ત્યારપછીની બીજી મુદ્દત સુધી કમી આકારે આપવો અને ઉપર કહેલા ખર્ચને લીધે અથવા બીજા કારણને લીધે તે નબરના ખાતાને જે ખાસ સરતો જોડવાનુ તેને યોગ્ય લાગે તે શરતો જોડીને તે સરવે નબરનુ ખાતુ, મહેસુલ માફીથી અથવા કમી આકારે અમુક મુદત સુધી આપવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે, સદરહુ મુદત અથવા મુદતો વિત્યાબાદ સરવે સેટલમેન્ટ લાગુ કરેલુ હશે તે જમીનને તે વખતે જે કાનુન લાગુ કરી હશે તે કાનુન પ્રમાણે સદરહુ સરવે નબર ઉપર પુરો વધારો બેસાડી શકાશે.

૨૦. મીઠુ પકવવાના કામ સારૂ જેની જરૂર નથી, અથવા તે કામ સારૂ જેની જરૂર પડવાનો સભવ નથી એવી ખારી જમીનનુ અથવા જે જમીન ખારા પાણીથી કોઈ કોઇવાર રવી જતી હોય તેવી જમીનનુ ખાતું, નવસાધ્ય કરવા માટે, તે કમીશનરની મજુરીને પાત્ર હેઠળ લખેલી ઘણામા ઘણી શરતોએ એની કોઇ

વિશેષ બાબતમા તે શરતોમા ફેરફાર કરવાનુ યોગ્ય લાગે તો તેવો ફેરફાર કરીને આપવાનો અધિકાર કલેક્ટરને છે —

(અ) પહેના દશ વરસ સુધી કાઇ પણ મહેસુલ બેસાડવુ નહિ

(બ) ઉપલી દશ વરસની મુદત પછીના ત્રીસ વરસ સુધી આપેલી સઘળી જમીન ઉપર બીજા ત્રીસ વરસ સુધી, દર એકરે ચાર આના પ્રમાણે મહેસુન લેવુ, પછી તે જમીન નવસાધ્ય કરી હોય કે ન હોય

(ક) ત્રીસ વરસને છેડે તે જમીન ઉપર, સરવે સેટલમેન્ટ લાગુ કરેલી જમીન સારૂ વિદ્યમાન કાળે જે કાનુનો અમલમા હશે તે કાનુનો પ્રમાણે જમીન મહેસુન બેસાડીને લેવુ

[ડ] તે જમીનના જે કોઇ પણ ભાગ સાર્વજનીક રસ્તા સારૂ લીધો હોય તેને મહેસુલના માફી આપવી જોઈએ

(ઇ) જો દશ વરસની આખર સુધીમા તે જમીનનો અડધો ભાગ તથા વીશ વરસની આખર સુધીમા સઘળી જમીન ખેતીના કામ સારૂ ઉપયોગ કરવાને યોગ્ય થાય એવા પ્રકારે નવસાધ્ય કરી ન હોય તો, અથવા નવસાધ્ય કરવાનુ કારણ બે વરસની અંદર યોગ્ય તત્પરતાથી ચલાવવામા આવ્યુ નહિ હશે તો, અથવા રકમ (ફ) અમલમા આવે ત્યા સુધી ઉપર કહ્યા પ્રમાણે એક વખત નવસાધ્ય કરેલી જમીન ખેતીના કામ સારૂ ઉપયોગ કરવાને યોગ્ય થાય એવી સ્થિતિમા રાખવામા ન આવે તો સદરહુ આપેલુ ખાતું કલેકટરની નજરમા આવે તે પ્રમાણે રદ કરી શકાશે

(ફ) એવી નવસાધ્ય કરેલી જમીનનો ખેતી શિવાય બીજા કામમા ઉપયોગ કરે તો ઉપર નિરદિષ્ટ કરેલી મુદત પૈકી એટલી મુદત પુરી થઇ ન હોય તો પણ કાનુન ૫૬ ની રૂએ તે જમીનની વ્યવસ્થા કરી શકાશે

૨૧ કોઇ પણ નદીના તળીઆની જમીનનો ઉપભોગ કરવામા આવતો હશે એવી અને જેનો સમાવેશ સરવે નબરમા કર્યો નહિ હોય એવી જમીનનુ ખાતુ ૪૬ મી કાનુનમા બીજી રીતે ઠરાવેલુ છે તે શિવાય વરસો વરસ એક વરસની મુદત સારૂ અથવા કલેકટરને યોગ્ય લાગતી હોય તેવી બીજી વખારે મુદત સારૂ સૌથી વધારે રકમે માગણી કરનારને જાહેર લીલામ કરીને વેચવુ, અને માગણી કરનારને જણાવવુ જોઇએ કે ૫૪ મી કાનુન પ્રમાણે તે જમીન જમીન મહેસુલ આપવાને પાત્ર થશે નહિ

(ડ) ખેતી શિવાય બીજા કારણ સારૂ ખાતાં

૨૨ ઘરના ગભાણુસારૂ અથવા ખેતી શીવાય બીજા કામ માટે લોકોને જમીનની જરૂર છે એમ જ્યારે જ્યારે કલેકટરને લાગે ત્યારે એવી જમીનનુ ખાતું સામાન્યત, લીલામ કરીને સૌથી વધારે રકમે માગણી કરનારને વેચવુ પણ કલેકટરની નજરમા આવે તો એવી જમીનનુ ખાતું પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે ખાનગી બદોબસ્તથી પોતે ઠરાવેલી કિમત લઇને અથવા મફત આપી દેવાનો તેને અધિકાર છે

૨૩ ૨૨ મી કાનુન પ્રમાણે કરવાનુ લિલામ, સામાન્યત સદરહુ જમીન જે કસબામા અથવા ગામમા હોય તે ગામમા અથવા કસબામા કરવુ જોઇએ, અને એવુ વેચાણ મજુર કરવાનો અધિકાર મામલતદારને અથવા મહાલકારીને આપવાને કલેકટર મુખત્યાર છે

૨૪ જે વિશેષ બાબતમા સરકારની મજુરી લઇને કલેકટર જુદો હુકમ કરે તે બાબત શિવાય અથવા હિલ સ્ટેશનોમાના ઘરના ગભાણની બાબતમા સરકારે હેઠળની કાનુનોની વિરૂદ્ધ હોય એવી વિશેષ કાનુન કરી હોય તે બાબત સિવાય ઘરના ગભાણના ખાતાની હેઠળ લખેલી કાનુનો પ્રમાણે વ્યવસ્થા કરવી જોઇએ —

૧, ૬૮ મી કલમના પહેલા પારેગ્રાફમાના ઠરાવને પાત્ર, સદરહુ પ્રકારના ખાતા હમેશને માટે આપવા જોઇએ, દરેક બાબતમા ૬૯ મી કલમના ઠરાવને પાત્ર ખાતાનો ફકત હક આપવો જોઇએ, જમીન ઉપરના માલકીનો પૂર્ણ હક આપવો નહિ

૨ જમીનનો અગાઉ આકાર ઠરાવવામા ન આવ્યા હોય ત્યારે, કલેકટરે (કરેલા અંદાજ પ્રમાણેની) ઘરના ગભાણની કિમત ઉપર વ્યાજના મજાર ભાવ ધ્યાનમા લઇને જેટલા ટકા સરકાર વખતે વખતે સામાન્ય હુકમ કરીને ફરમાવશે તેટલા ટકા જેટલી રકમનો આકાર કલેકટરે બેસાડવો જોઇએ

પણ એવુ ઠરાવ્યુ છે કે ૫૬ મી કાનુનની રૂએ જે કોઈ પણ પ્રદેશ માટે આકારનો જે પ્રમાણે દર ઠરાવ્યો હોય તો પ્રદેશમા કલકટરે સામાન્યત તેજ દરે આકાર ઠરાવવો જોઇએ

૩ જ્યારે જમીનનો આકાર ફક્ત ખેતીના કામ સારૂ ઠરાવ્યો હશે ત્યારે કાનુન ૫૬ (૨ થી ૪) ના ઠરાવોને અનુસરીને તે આકાર બદલવો જોઇએ

૪ રકમ ૨ અથવા ૩ ની રૂએ સામાન્યતઃ જે મુદતને માટે આકાર બેસાડવા હોય તે મુદત, જમીનનો ભોગવટો કરવાની પરવાનગી આપ્યાની તારીખ અથવા પ્રત્યક્ષ ભોગવટો શરૂ કર્યાની તારીખ આ બેમાથી જે અગાઉની હોય તે તારીખથી ૫૦ વરસ સુધીની હોવી જોઇએ, એવી મુદત વિત્યાબાદ અને આ બાબતમા સરકાર વખતે વખતે ફરમાવે તેટલી વધારે મુદત પછી, સદરહુ આકાર મુબઇનો જમીન મહેસુલનો કાયદો અને તેની રૂએ કરેલી વિદ્યમાનકાળે અમલમા હોય તે કાનુનો તથા હુકમને અનુસરીને ફરી તપાસવાને પાત્ર થશે

૫ જ્યારે આકાર કાનુન ૪ ની રૂએ ૫૦ વરસની મુદત સુધી બેસાડયો હોય, ત્યારે તે મુદતનો આકાર દર સાલ આપવાને બદલે, ખાતેદાર કલેકટરની સમંતિથી ૨૫ વરસના આકારની ઉધડ રકમ એકદમ આપીને તોડજોડ કરવી અથવા સરકાર વખતે વખતે જે બીજી સરત ઠરાવે તે સરત પ્રમાણે તેનુ રૂપ બદલવુ અને એવી ઉધડ રકમ આપ્યા બદલ અથવા રૂપાતર કર્યા બદલની નોધ ૩૧ મી અથવા ૩૨ મી કાનુનની રૂએ તે ખાતા બદલ જે પટો અથવા કબુલત લેવાની હોય તેમા અથવા તેની હેઠળ કરવી

૬ જે કસબામાની તથા જે બીજી ઘણી મોટી હોય અથવા જેનુ મહત્વ વધતુ હોય તેવી બીજી જગાઓમાની જમીનનુ ખાતું તેવી જમીન ઉપર જે ઇમારત બાધવી હોય તેના પ્રકાર, સખ્યા તથા કદના સબધમા સરકારના સામાન્ય અથવા વિશેષ હુકમની રૂએ કલેકટર જે સરતો ફરમાવે તે સરતોને પાત્ર આપવુ અને કાનુન ૫૬, રકમ (૩) મા કહેલા ઓછા આકારનો દર, આકાર બેસાડતા, લાગુ કરવામા આવે ત્યારે આ બાબતમા વખતે વખતે ઠરાવવામા આવે તે નમુના પ્રમાણે ખાતેદારે સરકારે લેખી કબુલત આપવી જોઈએ

૨૫ (૧) કાનુન ૨૪ (૬) મા કહેલા પ્રકારની જમીનનુ ખાતું જ્યારે આપવાનુ હોય ત્યારે પ્રથમત એવી જમીનના જુદા જુદા સગવડ પડતા નિશાન કરીને લાટ કરવા તથા તેના નકશા તૈયાર કરવા જોઈએ તે એવી રીતે કરવા કે જે લોકો ખાતાદાર થવાની ઇચ્છા રાખતા હોય તેઓને સ્પષ્ટ રીતે જણાય કે કઈ કઇ જગો આપવાની છે

(૨) નકશામા રસ્તા સારૂ તથા આવવા જવાના માર્ગ સારૂ તથા પવન તથા અજવાળુ આવવા સારૂ યોગ્ય ઠરાવ કરવા જોઇએ, અને આરોગ્યતા રાખવા સબધી ગોઠવણ ઉપર પુરતુ ધ્યાન આપવુ જોઇએ

૨૬ કોઇ પણ કારણ સારૂ જ્યારે જ્યારે જુનુ ગામનુ ગભાણ છોડી દેવાનુ નક્કી કર્યું હોય, અને તેને બદલે ગામનુ ગભાણ નવુ ઠરાવ્યુ હોય ત્યારે ત્યારે ૨૫ મી કલમમા કહેલી રીતે નવુ ગભાણ સભાળથી આકી કહાડવુ જોઇએ અને તેનો નકશો કરવો જોઈએ, અને ૬૦ મી કલમ પ્રમાણે કોઇપણ લાટનો ભોગવટો કરવાની પરવાનગી આપવાની અગાઉ લાટ લેનારા દરેક નોધેલા ખાતાદારની પાસેથી આ પુરવણીના નમુના પ્રમાણે એક કબુલત કરાવી લેવી જોઇએ

૨૭ જ્યા બિલકુલ નવુ ગામનુ ગભાણ ઠરાવ્યુ હોય, અથવા જે ગભાણ હોય તેમા કાઇ વધારો કર્યો હોય ત્યારે સદરહુ પ્રકારના નવા અથવા વધારો કરેલા ગભાણની હદ ઠરાવવા સારૂ ૨૫ મી કાનુનના ઠરાવ પ્રમાણે ચાલવુ, પરતુ તેમાના લાટ અથવા તે ઘરના ગભાણ આપવાને જે સામાન્ય કાનુનો લાગુ હશે તે કાનુનો પ્રમાણે આપવા

૨૮ ઘરના ગભાણ સિવાય ખેતી વગરના બીજા કામ માટે દુમાલા નહિ હોય એવી જમીનના ખાતા આપવામા આવે ત્યારે કલેકટરે સરકાર ફરમાવે તે સરત તે ખાતાને જોડવી જોઇએ, અથવા સરકારનો કાઇ હુકમ ન હોય તો કલેકટરને યોગ્ય લાગે તેવી શરતો જોડવાને કલેકટર મુખત્યાર છે, પણ તેમા કમજાસ્ત કરવાનો અધિકાર કમિશનરને છે, અને ખેતીના કામ સારૂ તે જમીનનો આકાર અગાઉ ઠરાવ્યો હશે ત્યારે, અને સરકાર બીજો હુકમ ન કરે તો, એવી જમીન ઉપરનો કર ૫૬ મી કાનુન માહેના ઠરાવને અનુસરીને બદલવો જોઈએ, સદરહુ જમીનનો આકાર અગાઉ ઠરાવ્યો ન હોય, તો તેજ ઠરાવોના તત્વોને બને ત્યા સુધી અનુસરીને કલેકટરે તેજ રીતે બેસાડવો જોઇએ

(ઇ) સઘળાં ખાતાં

૨૯ જમીનના જે ખાતાને ઉપરની કોઇપણ કાનુન લાગુ નહિ હશે, અને જે બાબત સરકારે ખાસ હુકમ કરેલા નહિ હશે તે ખાતુ કમિશનરના નિર્બંધને અનુસરીને કલેકટરને યોગ્ય લાગે તે રીતે, તે મુદત સારૂ, અને તે ખાસ સરતોને (જો કાઇ હોય તો) અનુસરીને આપવુ

૩૦ કોઇ ખાતુ જાહેર લિલામથી વેચવામા આવે ત્યારે કલેકટરને યોગ્ય લાગે તો, તેણે ફલાણી કીમતથી ઓછી કીમતે વેચવા નહી એવી કીમત ઠરાવવી

૩૧. (૧) જ્યારે જ્યારે જમીનનુ ખાતુ વિશેષ સરતોએ આપ્યુ હોય, પછી આવી સરતો આકારની રકમ બાબત હોય અથવા કાનુન ૩૨ ની પેટા કાનુન (૨) મા દર્શાવેલી બાબત સિવાયની બીજી બાબતમાના સત્તા પ્રકારની સરતો બાબત હોય, ત્યારે કલેકટરે તે ખાતું આપ્યાની સરતો સ્પષ્ટપણે નિર્દિષ્ટ કરીને એક લેખી પટ્ટો આપવો

(૨) એવા દરેક પટ્ટો સરકારે મંજુર કરેલા નમુના પ્રમાણે હોવો જોઇએ, અને સદરહુ પ્રમાણે કોઇ યોગ્ય નમુનો પહેલેથીજ મંજુર કરેલો ન હોય તો, પટ્ટો કરી આપવાની અગાઉ સરકારને લખી મોકલીને મંજુર કરેલો નમુનો મંગાવી લેવો

(૩) આ કાનુન પ્રમાણે કરી આપેલી દરેક પટ્ટાની ડુપ્લિકેટ ×નકલ રાખવી જોઇએ

૩૨ (૧) ૩૧ મી કાનુન પ્રમાણે પટો નહિ કરી આપ્યો હોય એવો દરેક બાબતમા, જે સખસ નોંધેલો ખાતાદાર થવાનો હોય તેની પાસેથી (બ) પુરવણીના નમુના પ્રમાણે એક કબુલત લખાવી લેવી, અને એવી દરેક કબુલત ઉપર બે આબરૂદાર સાહેદોએ તથા જે ગામની જમીન બાબત તે કબુલત હોય તે ગામના પટેલે તથા તલાટીએ સદરહુ નમુનાની હેઠળ છાપેલા મજકુરના શેરા લખવા જોઇયે, અને સદરહુ કબુલત જે મામલતદાર અથવા મહાલકારી કરાવી લે તે, આ કાનુનમા ઉપર કહ્યા પ્રમાણે તે કબુલત ઉપર યોગ્ય શેરા કર્યા હશે તો પણ, તે ઉપર સહી કરનારાની ઓળખ વિશેની તથા તેમને ખાતાદાર કરવામા આવે તો તેઓ જમીનમહેસુલ આપવાને જવાબદાર ગણવા જોગ હોવા .વશેની તપાસ કરવાની યોગ્ય કાળજી લીધા બદલ જવાબદાર ગણવામા આવશે

પણ હમેશને માટે એવુ ઠરાવ્યુ છે કે, ૨૬ મી કાનુન પ્રમાણે અ પુરવણીના નમુના પ્રમાણેની કબુલત લીધી હશે, ત્યારે સદરહુ પ્રકારની કબુલત લેવાની જરૂર નથી

(૨) જ્યારે જમીનનુ ખાતુ એવી સરતે આપ્યુ હોય કે ખાતાદારે તે ખાતું કલેકટરની મંજુરી સિવાય બીજા કોઇ માણસને કોઇપણ પ્રકારે નામે કરી આપવુ નહિ, ત્યારે (બ) પુરવણીનો નમુનો તેની બીજી રકમ ઉપર આપેલી ટીપ પ્રમાણે બદલવો

૩૩ (૧) દરેક તલાટીની ફરજ છે કે તેણે, તેના ગામના કોઇપણ ખાતાદારે અથવા તેના ગામમાની કોઇ જમીનનો જે સખસ ખાતેદાર થવાનો હોય તે સખસે ૨૬ મી કાનુન પ્રમાણે અથવા ૩૨ મી કાનુન પ્રમાણે જે કબુલતની જરૂર હોય તેવી કબુલત લખી આપવાને કહ્યુ હોય, તો કોઇ પણ જાતની ફી અથવા ખર્ચ લીધા વગર તે લખી આપવી

(૨) જે તલાટી એવી કોઇપણ કબુલત લખી આપે તેણે તે કબુલતની ડાબી બાજુના હેઠળના ખુણા ઉપર " લખનાર " આ શબ્દની પછી પોતાની સહી કરવી

૩૪ (૧) ખાતાદાર થવાની ઇચ્છા રાખનાર સખસ ભોગવટો શરૂ કરી શકે એટલા માટે ૬૦ મી કલમ પ્રમાણે મામલતદારે અથવા મહાલકરીએ જે લેખી પરવાનગી આપવા જોઇએ તે ક પુરવણીના નમુના પ્રમાણે હોવી જોઇએ

(૨) પ્રસંગ પ્રમાણે ૩૧ મી, ૩૨ મી અથવા ૨૬ મી કાનુન પ્રમાણે પટો કબુલત યોગ્ય રીતે કરી આપવામા આવે નહિ ત્યા સુધી સદરહુ પ્રકારની કોઇપણ પરવાનગી આપવી નહિ

(ફ) વિશેષ કાનુનો

૩૫ (૧) મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમા જે ઘરના ગભાણ તથા જે ખુલ્લી જમીનના કડકા, સાર્વજનિક

× અસલ પ્રમાણે બીજી સહી સિક્કાવાળી નકલ

ઉપયોગ સારૂ આપ્યા નાહ હોય અથવા મ્યુનિસિપાલીટીને તબદીલ કરી આપ્યા નહિ હોય તે ગભાણુ તથા કડકા સન ૧૯૦૧ ના મુબઇના ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ આકટની ૫૦ મી કલમની પેટાકલમ (૨) મુજબ સરકારે ખાસ પોતે રાખી મુકયા છે,

સઘળે ઠેકાણે એક સરખી નહિ હોય એવી સ્ટ્રિટમાના અથવા રસ્તામાના ઘર અને માર્ગની દરમિયાન જમીનના જે નાના નાના કટકા હશે તેમને સદરહુ નિર્બંધ લાગુ નથી ને કડકા ઉપર કોઇ ખાનગી માણસનો હક ન હોય તો, તે સદરહુ સ્ટ્રિટના ભાગ છે અને મ્યુનસિપાલીટીને પ્રાપ્ત થયા છે એમ સમજવુ પણ ઘરોની દરમિયાન જે જુદી જુદી જગા ખુલ્લી હશે તે આડ ભરી લીધેલી નાહ હોય તો પણ સરકારે મ્યુનિસિપાલિટીને આપી નહિ હશે તો મ્યુનિસિપાલીટીને પ્રાપ્ત થશે નહિ

(૨) જ્યારે જમાનના કોઈપણ કકડા ઉપર હક બાબત મ્યુનિસીપાલીટી તથા સરકાર વચ્ચે તકરાર ઉત્પન્ન થાય ત્યારે કલેકટરે સદરહુ તકરારનો નિકાલ ઉપર કહેલા ધોરણને અનુસરીને કરવાની કોશિશ કરવી જો કલેકટરને શક પડે અથવા તેનો નિકાલ મ્યુનિસિપાલીટી કબુલ ન કરે તો તે બાબત કમીશનર તરફ હુકમ સારૂ મોકલવી

૩૬ સરકારે બીજી રીતે ખાસ ફરમાવ્યુ હોય તે સિવાયને પ્રસગે ૧૭ થી ૩૪ સુધીની ૧૮ કાનુનોમા કોઇપણ ઠરાવ અમદાવાદ, (સરસપુર, દરિયાપુર, કાજીપુર, હિમ્પુર અને અસારવા પરા સુદ્ધા) ભરૂચ, સુરત, રાદેર, વલસાડ અને ગોધરા કસ્બા તથા શહેરોમાના ગભાણની જે જમીનને, સન ૧૮૬૮ ના મુબઇના ચોથા આકટની રૂયે અથવા ૧૩૧ મી કલમની રૂયે સિટી સર્વે લાગુ કરવામા આવી હોય તે જમીનના, અથવા બીજા કોઇપણ કસબાને અથવા શહરને સરકાર આ કાનુન મુબઇ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને લાગુ કરશે, તથા ગભાણમાની કોઇપણ જમીનના ખાતા આપવાને, લાગુ પડશે નહી, એવી બાબતમા ઉપર કહેલો પ્રસંગ બાદ કરીને, કલેકટરે હેઠળના નિયમોને અનુસરીને ખાતા આપવા જોઇએ

૧ જ્યારે જ્યારે ઘરના ગભાણનો ધારણ કરનાર પોતાના ગભાણની નજીકની સરકારી જમીનનો નાનો કડકો લેવા ઇચ્છિતો હોય અને તે કડકાની વ્યવસ્થા જુદા ગભાણ તરીકે વાજબી રીતે કલેકટર કરી શકતો ન હોય ત્યારે ત્યારે, કલેકટર તેવો કડકો પોતાને યોગ્ય લાગે તો ૧૦ મી કાનુનમા વિરૂદ્ધ ઠરાવ હોય તોપણ સદરહુ ગભાણ જે જે સત્તા પ્રકારથી તે ધણી ધારણ કરતો હોય તથા ભોયભાડાના અથવા આકારના જે દર [જો કાઇ હોય તો) તે આપતો હોય તેજ સત્તાપ્રકારનો તથા તેજ દરને પાત્ર, તેને વેચાતો આપવાને મુખત્યાર છે

૨ સદરહુ શહેરો અથવા કસબામાના કોઈ પણ શહેર અથવા કસબાના ગભાણમાની વિશેષ કારણ સારૂ આપેલી ન હોય એવી ભોગવટામા ન લીધેલી કોઇ જમીનનુ ખાતુ કલેકટર પોતાની નજરમા આવે તે પ્રમાણે પોતાને યોગ્ય લાગે તે માણસને ફક્ત ખેતીવાડીના કામકાજ સારૂ અથવા બીજા કામ સારૂ આપવાને મુખત્યાર છે પણ ૧ લા નિયમમા ઠરાવ્યુ છે તે શીવાયને પ્રસગે, કલેકટરે–

(અ) એવી કોઇ પણ જમીનની સપાટી ઉપરના ધણીપણાનો હક વેચવો નહિ, અથવા

[બ] અનુક્રમે નિયમો ૪, ૫, અને ૬ મા ઠરાવેલી મુદ્દત કરતા કાંઈ પણ વધારે મુદ્દત સુધી તેનુ ખાતુ આપવુ નહિ

૩ કોઇ પણ જમીનનુ ખાતુ સાધારણ રીતે હરાજીથી વધારેમા વધારે કિંમતે માગણી કરનારને વેચવુ પરતુ કલેકટરની મરજીમા આવે તો તે ખાતુ ખાનગી ગોઠવણથી વેચવાને તેને અખત્યાર છે,

પણ એવુ ઠરાવ્યુ છે કે, કલેકટરે ઘરના ગભાણની જમીનનુ ખાતુ ખાસ પ્રસંગ શિવાય, દર ચોરસ વારે ૧ રૂપિયાથી ઓછી કિંમતે વેચવુ નહિ

૪ ઘરના ગભાણની જમીનનુ ખાતુ જે નમુનો સરકાર મંજુર કરશે તે નમુના પ્રમાણે આ કારણ સારૂ દરેક કસબા અથવા શહેર સારૂ જે તારીખ સરકાર ઠરાવશે તે તારીખે પુરી થનારી મુદ્દત સુધીના લેખી પટાથી દરવર્ષે દર ચોરસ વારે બે પાઇ લેખેથી ભોય ભાડે આપવામા આવશે

૫ જે જમાન આખરે ઘરના ગભાણ સારૂ વાપરવાનો ઇરાદો હોય પણ જે તરત તે કારણ સારૂ આપવાનુ કલેકટરને યોગ્ય જણાતું નહિ હોય તે જમીનનુ ખાતુ કોઈ પણ બાબતમા સાત વર્ષ કરતા

વધારે ન હોય એટલી ટુકી મુદતને માટે દર વર્ષે દર ચોરસ વારે એક આના લેખેનુ ભોય ભાડુ ઠરાવીને જે નમુના સરકાર મંજુર કરે તે નમુના પ્રમાણે લેખી પટાથી ભાડે આપવાને કલેકટર મુખત્યાર છે

૬ ફક્ત ખેતીનાજ કામ સારૂ આપવાની જમીનનું ખાતુ કલેકટરે માત્ર એક વર્ષની મુદત માટે આપવુ આ નિયમ પ્રમાણે જે સખસ જમીનનો નોંધેલો ખાતાદાર થવાનો હોય તે દરેક સખસની પાસેથી પુરવણી (બ) ના નમુના પ્રમાણે તેમા જરૂરનો ફેરફાર કરીને એક કબુલત લખાવી લેવી, અને એ પ્રમાણે લખાની લીધેલી દરેક કબુલતને ૩૨ મી કાનુનના ઠરાવ લાગુ પડશે

૭ ખાતાદાર થવાનો ઇરાદો રાખનાર સખસ પોતાના ખાતાનો ભોગવટો શરૂ કરી શકે એટલા માટે ૬૦ મી કલમ મુજબ જે લેખી પરવાનગી જોઇએ છે તે જીલ્લાના કલેકટર સિવાય અથવા કલમ ૧૦ ની રૂએ કલેકટરે આ બાબતમા જેને અધિકાર આપ્યો હોય એવા આસીસ્ટંટ અથવા ડેપ્યુટી કલેકટર સિવાય બીજા અધિકારીએ અથવા પ્રસંગ પ્રમાણે નિયમ ૪, ૫ અથવા ૬ ની રૂએ પટો અથવા કબુલાત યોગ્ય રીતે લખી આપવામા આવે નહી ત્યા સુધી આપવી નહિ, એવી પરવાનગી પુરવણી [ક] ના નમુનામા જરૂર હોય તેવો ફેરફાર કરીને તે નમુના પ્રમાણે આપવી

(૨) નાના હકની વ્યવસ્થા કરવા બાબત

૩૭ (૧) સરકારી ઝાડનું ઉત્પન્ન દર વર્ષે લીલામથી વેચવાનો અધિકાર છે

(૨] જ્યારે કલમ ૫૧ ની રૂએ એવા કોઇપણ ઝાડનુ વેચાણ કરવામા આવે, ત્યારે તેનુ વેચાણ લીલામથી અથવા કલેકટર ફરમાવે તે પ્રમાણે બીજી રીતે કરવુ જોઇએ

* ૩૮ જે પડતર જમીન સરકારની હોય અને જેને સર્વે સેટલમેંટ લાગુ કર્યું હોય કે નહિ હોય અને જેનો આકાર ઠર્યો હોય કે નહિ હોય તેની સઘળી પડતર જમીનમા થનારૂ અને જે જમીન (ઢોરો મફત ચારવા માટે ગામને આપી હોય તે જમીન સિવાય) ઘણું કરીને ઢોર ચારવા સારૂ અથવા ઘાસ સારૂ રાખી હોય તેની સઘળી જમીનમા થનારૂ ઢોર માટેનુ અથવા બીજું ઉત્પન્ન જાહેર લિલામ કરીને અથવા કલેકટરને યોગ્ય લાગે તેવી બીજી રીતે વરસે, વરસે અથવા પાચ વરસથી વધારે નહિ એવી કોઇ પણ મુદતને માટે કાતો ખેતરવાર અથવા લત્તાવાર અને કલેકટર ઠરાવે તેવે વખતે વેચવાનો અધિકાર છે.

પણ એવુ ઠરાવ્યુ છે કે, ખરીદદારનો સદરહુ જમીન ઉપર હક હેઠળ લખેલા કોષ્ટકમા કહેલા જીલ્લાઓ તથા પ્રગણાઓ વાસ્તે જે જુદી જુદી તારીખો તેમની સામે આપી છે તે તારીખોએ બિલકુલ બધ થશે માત્ર પ્રગણાઓ વાસ્તે જુદી જુદી તારીખો તેમની સામે આપી છે તે તારીખોએ બિનકુલ બધ થશે માત્ર આ પ્રમાણે ઠરાવેલી મુદત કોઇ વિશેષ પ્રસંગે વધારવાની કલેકટરને જરૂર જણાય ને તે એવી મુદત એક મહિના કરતા વધારે નહિ હોય એટલી મુદત સુધી વધારે તો જુદી વાત છે –

જીલ્લો	પડતર આકાર ઠરાવેલી જીરાયત જમીન	પડતર આકાર ઠરાવેલી ક્યારી જમીન	રાખી મુકેલા કુરણ (બીડ) તથા આકાર ન ઠરાવેલી પડતર જમીન
બીજાપુર	૩૧ મી માર્ચ	૩૧ મી માર્ચ	૧ લી મે
સતારા	એજન	એજન	એજન
બેલગામ	એજન	૧ લી ડિસેંબર	એજન
ધારવાડ	એજન	એજન	એજન
કાનડા	એજન	૧ લી અકટોબર	એજન
દક્ષણ માહેના બીજા જીલ્લા	એજન	૩૧ મી માર્ચ	એજન
કોકણ માહેના જીલ્લા	એજન	એજન	૩૧ મી ડિસેંબર સુધી કાપવા સારૂ અને ચોમાસા સુધી ચારવા સારૂ
ગુજરાત માહેના જીલ્લા	એજન	એજન	

* સરકારી જમીનમાથી રેતી મુરમ, મટોડી, કાકરી, વિગેરે લઇ જવાની ફી ૧ પ્રમાણે ઠરાવી છે

૧૦૦ ઘનફુટે ઇમારતી પત્થર, બદલ ૦–૮–૦ બેલાસ્ટ (રેલ્વે સડકપર નાખવ મોટી રેતી વિગેરે) તથા કાકરી બદલ ૦–૨–૦ અને ખેડાણ પુરવા સરખા ખાસ કામમા વાપરવામા આવે તો ૦–૪–૦, રેતીને માટે ૦–૧–૦ લેવો.

૩૯ સરકારની મિલકત હોય એવી માટી, પત્થર, કકર, રેતી, મુરમ અથવા બીજી કોઇ વસ્તુ પોતાને યોગ્ય લાગે તે મુદત સુધી, તેટલી અને તે સરતે કહાડી લઇ જવાના હકની વ્યવસ્થા, ક્લેક્ટર પોતાની નજરમા આવે તે પ્રમાણે, જાહેર લિલામથી વેચીને કે બીજી રીતે કરવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે' સદરહુ પ્રકારનુ વેચાણ અથવા બીજી વ્યવસ્થા, ૪૦મી તથા ૪૧ મી કાનુનો ઉપરથી જે વિશેષ હક આપ્યો છે તે વિશેષ હક રાખીને કરવી જોઇએ

(૨) જ્યારે સદરહુ હક, જાહેર લિલામથી વેચવાનો ન હોય, ત્યારે આ કાનુન પ્રમાણે ક્લેક્ટરે ઠરાવવાની કીંમત ઉધડી રકમ હોવી જોઇએ અથવા ખોદેલી જમીનના દરેક ઘનફુટે અમુક ચોક્સ રકમ હોવી જોઇએ, અથવા એકાદી રેલવે કપનીને બાલાસ્ટ (ખડી) ખોદી કહાડવા સારૂ જમીન જોઇતી હશે તે પ્રસંગે જે રેલવે લાઇન સારૂ બાલાસ્ટ લેવામા આવે તે લાઈનના દર મૈલે અમુક રકમ હોવી જોઇએ અથવા ક્લેકટરને યોગ્ય લાગે તેવી બીજી રીતે ઠરાવવી (કા ૩૮ નીચે જુઓ ફુટનોટ),

ટીપ—રેતી, કાકરી તથા ખીણોની ફી લેવામા આવે છે તે લોકલફન્ડ ખાતે આપવાની છે, ધર્મસંબધી કામમા લગાડવાની ખાણની ફીની રૂ ૧૦૦ સુધી છુટ આપવાનો ક્લેક્ટરને અને તે ઉપરાત કમીશનરને અધિકાર છે

૪૦ (૧) આ કાનુનમા બીજી રીતે ઠરાવ્યુ હોય તે સિવાયને પ્રસંગે,

(અ) કોઈપણ સખસને ખુદ પોતાના ખરેખર ઘરકામ સારૂ અથવા ખેતીના કામ સારૂ અને

(બ) કોઇપણ કુભાર અથવા ઇટ તથા નળીયા બનાવનારને ખરેખર તેના પોતાના વેપારના કામ સારુ તથા ઘરકામ સારુ તથા ખેતીના કામ સારૂ

જે ગામમા તે રહેતા હોય તે ગામની હદની અદર, માટી, પથ્થર, કકર, રેતી મુરમ અથવા બીજી કોઇ વસ્તુ દરીઆના તળીઆમાથી અથવા ખાડી, નદી તથા નાળાના તળીઆમાથી અથવા આકાર ઠરાવ્યા વગરની જે પડતર જમીન વિશેષ કારણ સારૂ ન હોય તેવી કોઇપણ જમીનમાથી, મુલકી પટેલની લેખી પરવાનગી અગાઉથી લઇને ફી આપ્યા વગર લઇ જવાનો અધિકાર છે,

(૨) જે કોઇપણ બાબતમા

(અ) માટી ખોદવાથી કોઇ પણ કીમતી ઇમારતનુ અથવા કોઇપણ વિશેષ અથવા સાર્વજનીક કારણ સારૂ જોઇતી કોઈપણ જમીનનુ નુકશાન અથવા નાશ થવાનો સભવ હોય અથવા

(બ) કુભારો અથવા ઈંટ અથવા નળીયા બનાવનારા આ પદાર્થનો મોહોટો વેપાર ચલાવતા હોય તે બાબતમા એવા પદાર્થો સદરહુ પ્રમાણે કાહાડી લઈ જવા સારૂ મામલતદારની અગાઉથી મજુરી જોઇએ, અને એવી બાબત ઉપર લખેલી બાબત પૈકી એક બાબત છે એમ મુલકી પટેલને માલમ પડે ત્યારે તેણે તે પદાર્થો કહાડી લઇ જવાની પરવાનગી બાબતની અરજી મામલતદારને હુકમ માટે મોકલવી

(૩) જ્યારે મામલતદારને એમ જણાય કે એવો કોઇપણ પદાર્થ કાહાડવાથી કોઇ કીમતી ઇમારતોનુ અથવા કોઇપણ ખાસ અથવા સાર્વજનીક કારણો સારૂ જોઇતી કોઇપણ જમીનનુ નુકશાન અથવા નાશ થવાનો સભવ છે ત્યારે, તેણે પોતાની તરફ પેટા કાનુન (૨) મુજબ મોકલેલી અરજીની બાબતમા અથવા બીજી રીતે જેના ઉપર પોતાનુ લક્ષ ખેચાયુ હોય એવી બાબતમા, એવુ નુકશાન અથવા નાશ થતો અટકાવવાને જરૂર હોય તેટલે સુધી મજુરી આપવાની ના કહેવી જોઇએ અને એવા કારણો સારૂ, તેણે નિરદિષ્ટ કરેલી કોઇપણ જગાએથી અથવા તેને નિરદીષ્ટ કરેલી જગા સિવાય બીજી કોઇપણ જગાએથી એવા પદાર્થો કહાડવાની મનાઇ કરવાનો તેને અધિકાર છે

(૪) જ્યારે મામલતદારને એમ જણાય કે, કોઇપણ કુભારે અથવા ઈંટ અથવા નળીયા બનાવનારાએ ચલાવેલો વેપાર એટલો મોટો અને ફાયદાકારક છે કે, તે ઉપર આગળ લખ્યા પ્રકારનો બોજો બેસાડવો યોગ્ય તથા વાજબી થશે ત્યારે, પોતાની તરફ પેટા કાનુન (બ) મુજબ મોકલેલી અરજીની બાબતમા અથવા બીજી કોઇપણ રીતે પોતાની નજરે કોઇપણ બાબતમા, કાનુન ૩૯ મુજબ આ બાબતમા ક્લેક્ટરે જે દર ઠરાવ્યો હશે તે દર પ્રમાણે ફી આપે તો જ માત્ર પરવાનગી આપવાનો તેને અધિકાર છે

(૫) કલેકટરને એવો અધિકાર છે કે, પોતાની અગાઉથી મંજુરી લીધા વગર જે બાબતમા મામલતદારે અથવા મુલકી પટેલે પરવાનગી આપવી નહિ એવુ મના કરવાનુ તેને યોગ્ય જણાય તે બાબતમા તેણે તે પ્રમાણે મના કરવી, અને એવી કોઈ પણ બાબતમા પરવાનગી મળવા સારૂ મુલકી પટેલની પાસે આવેલી તે અરજી તે પટેલે કલેકટરના હુકમ માટે મામલતદાર તરફ મોકલવી જોઇએ

(૬) પેટા કાનુન (૧) ની રૂઇએ જ્યારે મુલકી પટેલની પરવાનગી માગી હોય અને તે તેણે આપવાની ના કહી હોય અથવા પેટા કાનુન (૨) અથવા (૫) ની રૂયે સદરહુ અરજી મામલતદાર પાસે તેણે મોકલી ન હોય ત્યારે મામલતદાર તરફ અપીલ કરવાનો અધિકાર છે એમ સમજવુ

(ટીપ—ગભાણની જમીનમાથી માટી લઇ જવાની મના છે)

૪૧ કોઈ પણ સખસને મુલકી પટેલની મંજુરી લઈને ગામના તળાવમાથી તેને જોઇતી હોય તેટલી માટી, પથ્થર કંકર, રેતી મુરમ, અથવા બીજી કાઇ વસ્તુ, કાઇ પણ કીમત ન આપતા મફત લેવાનો અધિકાર છે, પણ તેણે બાધેલી તળાવની પાળમાથી જે પથ્થર અંદર પડયા હોય તે લઈ જવા નહિ, અને સદરહુ કોઈ તળાવના બાધકામના પાયાથી દશ હાથની અંદર કાઇપણ ખોદાણ કરવુ નહી

(૩) પરચુરણ

૪૨ આ કાનુનો પ્રમાણે અથવા જમીન મહેસુલના કાયદાના ઠરાવોમાના કોઇપણ ઠરાવ પ્રમાણે જે વેચાણ લીલામથી કરવાના હોય તે દરેક વેચાણ બને ત્યા સુધી, જમીન મહેસુલના કાયદાની કલમો ૧૬૫, ૧૬૬, ૧૭૦ થી તે ૧૭૭ સુધી, બેઉ સુદ્ધા, તથા ૧૮૦ પ્રમાણે કરવા, કલમો ૧૬૫ અને ૧૬૬ ની રૂઇએ કહાડવાના લીલામના જાહેરનામા તથા લેખ, નોટીસ પુરવણી કોઈપણ એક નમુના પ્રમાણે હોવા જોઇએ

પણ એવુ ઠરાવ્યુ છે કે, હેઠળના વેચાણ કરતી વખતે એટલે —

(અ) પડતર જમીનમા ઢોર ચારવાના હકનુ અને તેમાનુ લીલુ ઘાસ લેવાના અથવા કાપવાના હકનુ

(બ) નિરદીષ્ટ કરેલા સરકારી ઝાડોના ફળ અમુક મુદત સુધી લેવાના હકનુ અને

(ક) સુકા લાકડાનુ

વેચાણ કરતી વખતે, કલેકટર વખતે વખતે આ બાબતમા જે સામાન્ય અથવા ખાસ હુકમ કરે તે પ્રમાણે કામ કરવુ જોઇએ કલમો ૧૬૫ અને ૧૬૬ મા ઠરાવેલી રીત પ્રમાણે કામ કરવુ નહિ

૪—વિશેષ કારણ સારૂ જમીન આપવી તે

(કલમ ૩૮)

૪૩ મુડદા દાટવા તથા બાળવાની જગા, ગામના ગાદરા, અને ગામના ધોબી તથા કુંભાર સારૂ જમીન, ગામના લોકોને તેની વાજબી જરૂર હોય તે પ્રમાણે મફત કહાડી આપવી

૫—ભાઠાની જમીન તથા પાણીથી તણાઇ ગયેલી જમીન

[કલમો ૪૭ તથા ૨૧૪ (ઓ)

૪૪ જ્યારે એકાદી ધારણ કરેલી જમીનની કાઇ પણ હદ એકાદી નદીનો ખાડીનો નાળાનો અથવા દરીઆનો કાઠો અથવા કિનારો હોય ત્યારે એવી જમીન ધારણ કરનારને, ધારણ કરેલી જમીન ડુબાવા નહી હોય તની બાબતમા ૫૬ મી કાનુન પ્રમાણે કાયદેસર રીતે કરવામા આવે તે હુકમને પાત્ર એવા કાઠા સુધી અથવા કિનારા સુધી તે જમીનનો ઉપભોગ તથા ઉપયોગ કરવાની પરવાનગી આપવામા આવશે, પછી એવા કાઠાની અથવા કિનારાની હદ વખતે આઘી પાછી થાય તોપણ હરકત નહિ

૪૫ ગામના અમલદારોની ફરજ છે કે તેમણે મામલતદારના અથવા મહાલકારીના તથા કલેકટરના અથવા તાલુકાના ઇન્ચાર્જ આસીસ્ટંટ અથવા ડેપ્યુટી કલેકટરના હુકમને અનુસરીને, ભાઠા લઇ જવાને તથા પાણીથી તણાઇ જવાને પાત્ર હોય તેવી ધારણ કરેલી દરેક જમીનમા ભાઠા લઇ જવાથી તથા તણાઇ જવાથી ફેરફાર થયા હોય તેમની વખતે વખતે ચોકસી કરીને તે નોધી રાખવા

૪૬ (૧) જે નવી થયેલી ભાઠાની જમીનને અથવા બેટને અથવા જે નદીએ તજેલા તળીયા ૪૬

મી અથવા ૬૪ મી કલમના ઠરાવ લાગુ થતા હોય તે નવી થએલી ભાઠાની જમીનનુ અથવા બેટનુ, અથવા તળીયાનુ ક્ષેત્રફળ સદરહુ કલમોમા જે હદ કહી છે તે હદથી વધે, ત્યારે ગામના અમલદારે મામલતદારને રીપોર્ટ કરવો, અને મામલતદારે તેની વ્યવસ્થા, સદરહુ કલમોમા કહેલી રીતે કલેક્ટરના અથવા આસિસ્ટંટ કલેકટરના હુકમ મુજબ કરવી જોઇએ

(૨] જે નવી થએલી ભાઠાની જમીનને તથા બેટને અને નદીએ તજેલા તળીઆને સદરહુ કલમોના ઠરાવ લાગુ થતા ન હોય તેઓની વ્યવસ્થા, સરકારી પડતર જમીનને જે કાનુનો તથા હુકમ લાગુ હોય તે મુજબ કરવાનો કલેકટરને અધિકાર છે

૪૭ (૧) જમીન પાણીથી તણાઇ ગયાના સબબથી આકાર ઓછો કરવા બાબતના જે દાવા ૪૭મી કલમ પ્રમાણે કરવામા આવે તેનો ઇન્સાફ તથા નિકાલ જે અમલદાર વારસીક જમાબંધી કરતો હોય તેણે કરવો

(૨) જ્યારે જ્યારે આવા પ્રકારના દાવા કબુલ કરવામા આવે, ત્યારે ત્યારે મહેસુલમા અયોગ્ય રીતે ટોટો ન આવે માટે જે ગામમા જમીન પાણીથી તણાઇ ગઇ હોય તેજ અથવા બીજા કોઇપણ ગામમા જો કાંઈ ભાઠાની જમીન વધી હોય તો તે શોધી કહાડીને તેની ઉપર આકાર ઠરાવવાની તજવીજ રાખવી

ટીપ—ધારણ કરેલી જમીન એટલે સર્વેનબર કે તેના ભાગ પૈકી પાણીથી તણાઇ ગએલી જમીન અડધા એકરથી ઓછી નહી હોય તથા ધારણ કરેલી જમીનના એક દશાશ કે તેથી વધારે હશે તોજ માત્ર ધારો કમી કરવામા આવશે.

૬–જે કામમાં દુમાલા નહીં હોય તેવી જમીન લગાડવાની મનાઇ છે તેવાં કામો

(કલમો ૪૮, ૬૫ તથા ૨૧૪ (ક) તથા ઐ)

૪૮ ફક્ત ખેતીનાજ કામ સારૂ આકાર ઠરાવેલા કોઇ સર્વે નબરમા જે જમીન ખેડવા જોગ ન હોય એવી રીતે ખાતામા દાખલ કરેલી હશે તે જમીન સદરહુ નબરના ખાતાદારને અથવા તેની મારફત દાવો કરનારા કોઇ બીજા સખસને ઘણુ કરીને વધારે આકાર આપ્યા વગર ખેડવાનો અધિકાર છે, પણ આ પ્રમાણે ખેડ કરવાની હેઠળની બાબતોમા મના છે, એટલે –

(અ) જ્યારે એવી જમીનમા રસ્તો હોય અથવા કબુલ કરેલી પગવાટ હોય અથવા જે તળાવનુ પાણી જમીનને પાવા માટે અથવા લોકોને પીવા માટે અથવા ઘર કામ માટે વપરાતું હોય તેવુ તળાવ હોય ત્યારે

(બ) જ્યારે એવી જમીન મુડદા દાટવા અથવા બાળવા તરીકે વાપરવામા આવતી હોય ત્યારે

[ક] જ્યારે એવી જમીન ગામના કુંભારના ઉપયોગ સારૂ અથવા બીજા કારણ સારૂ આપેલી હોય ત્યારે પણ એવુ ઠરાવ્યુ છે કે, જ્યારે સદરહુ તળાવ પીત કરવા સારૂ વાપરવામા આવતુ હશે અને જે ખાતાદારની જમીનમા હશે તેના એકલાની ભોગવટા માહેની જમીનને તેમાથી પાણી પાવામા આવતું હશે અથવા તે તળાવનુ તળીયુ ખેડવાનો હક ખાતાદારને ખસુસ આપ્યો હશે ત્યારે આ બીના સદરહુ તળાવને લાગુ પડશે નહી

૪૯ દુમાલા નહી હોય તેવી જમીનના ખાતાદારે એવી જમીન અથવા તેનો કોઈ પણ ભાગ પ્રથમ સોલ્ટ રેવન્યુના કલેકટરની તથા તે પછી જીલ્લાના કલેકટરની અગાઉથી લેખી પરવાનગી મેળવ્યા શિવાય મીઠુ પકવવાના કામમા વાપરવી નહી જે કોઇ પણ બાબતમા એવી પરવાનગી આપવામા આવી હોય તો તે બાબતમા જીલ્લાના કલેકટરને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અખત્યાર છે —

(અ) અરજદારે પોતાના ખાતાના હકનુ ગજીનામુ આપીને મીઠાના મહેસુલનો કલેકટર સરકારના સામાન્ય હુકમ મુજબ ઠરાવે તેવી સરતોએ પોતાના નામનો પટો કરી લઇને તે ખાતાની જમીન મીઠા ખાતાને હવાલે કરી આપવાની કબુલાત કરી આપવાનુ તે અરજદારને કહેવાનો અખત્યાર છે અથવા

(બ) તે ખાતાદારે –

(૧) વગર હુકમે જમીન કામમા લગાડયાની બાબતમા ૬૫ મી કલમ મુજબ લેવાજોગ દંડની રકમના એક દશાશથી વધારે નહી હોય એવી જે રકમ કલેકટરને વાજબી લાગે તે ભરેથી અને

(૨) હેઠળ કહ્યા પ્રમાણે કબુલત કરી આપેથી

તેને તેના ખાતાના હકનુ રાજીનામુ આપવાનુ ન કહેતા અરજીમા માગ્યા પ્રમાણે તે જમીનનો ઉપયોગ કરવાની પરવાનગી આપવાનો અખત્યાર છે, તે કબુલત એવી કે—

(અ) ચાલુ આકાર તથા લોકલફડને બદલે, સરકારના સામાન્ય તથા વિશેષ હુકમ મુજબ મીઠાના મહેસુલના કલેકટર તરફથી આપવામા આવે તે લાઇસેન્સમા જે રકમ અથવા જે દર બેસાડવામા આવે તે રકમ અથવા તે દર પોતે આપશે તથા એવી રીતે ઉપયોગમા લીધેલી જમીનના સબધમા એવી લાઇસેન્સમા સઘળી સરતો પાળશે અને

(બ) તે જમીનનો અથવા તેના કોઇ ભાગનો મીઠુ પકવવામા ઉપયોગ કરવામા આવતો નથી, અથવા ઉપયોગ કરવાનુ બધ થયુ છે એવુ મીઠાના મહેસુલનો કલેકટર જ્યારે જ્યારે જાહેર કરે ત્યારે ત્યારે તે જમીનનો મીઠુ પકવવાના કામમા ઉપયોગ કરવાને પરવાનગી આપવામા આવી હોય તેની તરત અગાઉ જે સર્વેના આકારને પાત્ર હતી તે આકારને તે તાબડતોબ પાત્ર થશે

૫૦ કલમ ૬૫ અને કાનુન ૪૯ મા ઠરાવ્યુ છે તે બાદ કરીને, માત્ર ખેતીના જ કારણ માટે જેનો આકાર ઠરાવ્યો હોય અથવા જે ધારણ કરી હોય એવી જમીનના કોઇ પણ ખાતેદાર અને એવા કોઇપણ ખાતાદારની મારફત દાવો કરનાર કોઇપણ સખસે, (અ) એવી જમીન, કલેકટરના મત પ્રમાણે, ખેતી કરવા માટે નાલાયક થાય અથવા ઘણી બગડી જાય એવી રીતે, અથવા (બ) વેપારના અથવા ફાયદાના કારણ સારૂ અથવા તેના પોતાના ખરેખરા ઘરગુતી અથવા ખેતીના કારણ શિવાય બીજા કોઈ પણ કારણ સારૂ, ખોદવી નહી અથવા તેમાથી માટી છુટા પથ્થરા શિવાય બીજા પથ્થરા કકર, રેતી, મુરમ અથવા તેની સપાટી ઉપરનો કાઇ પણ બીજો પદાર્થ કહાડી લઇ જવો નહી અથવા તે જમીનનો બીજી રીતે કાઇ ઉપયોગ કરવો નહિ

૫૧ ઘરના ગભાણ તરફ આકાર કરેલી અથવા ધારણ કરેલી જમીનના કોઇ પણ ખાતાદારે અથવા +હિલસ્ટેશનમાનુ ઘરનુ ગભાણ પટે લેનારાએ, અને એવા ખાતાદારની અથવા પટે લેનારની મારફત દાવો કરનારે કલમ ૬૨ અથવા ૬૭ ની રૂઇએ અથવા બીજી રીતે તેના ખાતાને જોડેલી અથવા તેના પટામાં ઠરાવેલી સરતોના કોઇ પણ વિશેષ પાત્રને રહીને કોઇ પણ કારણ સારૂ, કલેકટરની, અથવા હિલસ્ટેશનની બાબતમા એવા હિલસ્ટેશનના સુપરીન્ટેન્ડેન્ટની, અગાઉથી લેખી પરવાનગી લીધા વગર, અને સદરહુ કલેકટરને અથવા સુપરીન્ટેન્ડેન્ટને દરેક બાબતમા જે સરત (ખોદાણ કરવા બદલ અથવા માટી વિગેરે કહાડી લઇ જવા બદલ ફી આપવાની શરતો સુદ્ધા) કરવાનુ યોગ્ય લાગે તે સરતોને અનુસર્યા વગર, ખોદાણ કરવુ નહી અથવા માટી, સપાટી ઉપરના છુટા પથરા શિવાય બીજા પથ્થરા કકર, રેતી, મુરમ અથવા તેની સપાટી ઉપરનો બીજો કાઇ પણ પદાર્થ કહાડી લઇ જવો નહી

૫૨ કોઈ પણ શહેરના, કસબાના અથવા ગામના ગભાણ માહેની દુમાલા નહી કરેલી જમીન કલેકટરની અગાઉથી લેખી મજુરી મેળવ્યા વગર ઇમારતનો પાયો નાખવાના, કુવો ખોદવાના તથા અનાજ સારૂ ખાડા ખોદવાના કારણ શિવાય બીજા કાઇ પણ કારણ સારૂ ખોદવી નહી જ્યારે ઉપર કહેલા કારણ શિવાય બીજા કાઇ પણ કારણ સારૂ સદરહુ પ્રકારની કોઇ જમીન ખોદવાની પરવાનગી કલેકટરે આપી હોય ત્યારે સદરહુ ખોદાણ દરેક બાબતમા કલેકટરને જે સરતો એવા ખોદાણ બદલ ફી આપવાની સરત સુદ્ધા ઠરાવવાનુ યોગ્ય લાગે તે સરતોને અનુસર્યા વગર કરવુ નહી

૫૩ અમદાવાદ (સરસપુર, દરિયાપુર કાજીપુર, રાયપુર, હિરપુર અને અસારવાના પરા સુદ્ધા) ભરૂચ સુરત, ગંદેર, વલસાડ અને ગોધરા શહેરોના તથા કસબાઓના અથવા મુબાઈ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને સરકાર જે બીજા કોઇ પણ શહેરને અથવા કસબાને આ કાનુન લાગુ કરે તે શહેરના અથવા કસબના ગભાણમાની જે કોઇ પણ જમીનને સને ૧૮૬૮ ના મુબાઇના ૪ થા આકટની રૂએ અથવા કલમ ૧૪૧ ની રૂએ સીટી સરવે લાગુ કરેલી હોય તે જમીન ખેતીવાડી શિવાયના કામમા લેવા માટે, અથવા કલમ ૧૧૬ મુજબ સદરહુ પ્રમાણે કામમા લીધેલી જમીનના હદ નિશાન કરીને તેને

+ માથેરાન, મહાબળેશ્વર જેવા શિતળ ડુગર ઉપરનુ થાણુ

જુદો નંબર આપવા માટે પરવાનગી મળવા સારૂ ૬૫ મી કલમ મુજબ કરેલી અરજી, જે જમીનના સબધમા તે અરજી હોય તે જમીનનુ ક્ષેત્રફળ બસો ચોરસ વાગ્ના કરતા ઓછુ હોય તો, કલેકટરે મજુર કરવી નહી,

૭ જમીન મહેસુલનો આકાર

(કલમો ૪૮, ૫૨, ૧૦૦ તથા ૨૧૪ (ક))

(૧)—સરવે ન કરેલી જમીન

૫૪ જેના સબધમા ૨૧ મી કાનુનમા ઠરાવ કર્યો છે એવી કોઇ પણ નદીના તળીયાની જમીન ઉપર લેવાના જમીનમહેસુલનો, તે કાનુન પ્રમાણે લિલામમા તેના ખાતાની જે કિમત ઉપજી હોય તેમા સમાવેશ થયો છે એમ સમજવુ

(૨) સરવે કરેલી જમીન.

૫૫ ખેતીના કામ સારૂ ઉપયોગમા લેવાનો સભવ હોય એવી જમીનની મુલકી સરવેનુ કામ ચલાવતી વખતે સગ્કારે બીજી વખતે ફરમાવ્યુ ન હોય તો હેઠળ લખેલા નિયમ પ્રમાણે ચાલવુ

૧ (અ) ગામના હિસાબમા જુદા નામથી દાખલ કરેલું દરેક ખાતું કલમ ૯૮ મુજબ એવી જમીનના સબધમા સરવે નબર સારૂ ઠગવેલા ઓછામા ઓછા ક્ષેત્રફળ કરતા ઓછુ ન હોય તો, જુદી માપણી તથા પ્રત કરવી જોઇએ અને તેનો સરવે નબર કરવો જોઇએ

(બ) ગામના હિસાબમા જુદા નામથી દાખલ કરેલુ દરેક ખાતુ ૯૮ મી કલમની રૂઇએ એવી જમીનના સબધમા સરવે નબર સારૂ ઠગવેલા ઓછામા ઓછા ક્ષેત્રફળ કગ્તા ઓછુ હોય તો, સરવે કમીશનરે બીજી રીતે હુકમ કર્યો ન હોય તે પ્રસગે, તેની જુદી માપણી તથા પ્રત કગ્વી જોઇએ અને ઉપર જુદો આકાર બેસાડવો જોઇએ, અને તેની હદ, હદનિશાનીથી જુદી બતાવવી જોઇએ અને સરવે કમીશનગ્ને, હરકોઈ વખતે, સાધારણ હુકમ કરીને, અથવા હરકોઇ ચોક્કસ બાબતના સબધમા અથવા ચોક્સ વર્ગની બાબતોના સબધમા એમ ફરમાવવાનો અધિકાર છે કે માપણી વિગેરે કરવાનુ કામ, તે બાબત સાથે સબધવાળા પક્ષકારો તરફથી અરજી આવ્યા વગર તથા તે અરજીની સાથે તે કામમા થાય તે સઘળો ખર્ચ અથવા સરવે કમીશનર ફગ્માવે તેટલો તેનો ભાગ અગાઉથી આપ્યા વગર અને આપવામા આવે ત્યા સુધી શરૂ કરવુ નહી

આ પ્રમાણે હદનિશાનથી હદ બતાવેલા સરવેનબરોના જે ભાગ કબુલ કરવામા આવ્યા હોય તે ભાગને " પેટા સરવે નબર કહેવા પણ તે સરવે કબુલ કરેલા ભાગ છે એમ સઘળા કારણો સારૂ સમજવામા આવશે

૨ જ્યારે એકાદુ ખાતુ બે અથવા વધારે સહ ખાતાદારોએ ભાગમા ધારણ કરેલુ હોય અને સદરહુ ખાતાદારો પૈકી દરેક ખાતાદારનુ જુદુ ખાતુ હોય અને તે દરેક ખાતાદાર તે આખા ખાતામાટે આપવાના જમીન મહેસુલ પૈકી પોતાના ભાગનુ જમીન મહેસુલ તે ખાતામા ભરતો હોય, પરતુ તે દરેક ખાતાદારનો યોગ્ય ભાગ આખા ખાતામાથી કાયમનો જુદો પાડયો હોય ત્યારે તે આખા ખાતાનો એક સરવે નબરમા સમાવેશ કરવો જોઇએ અને દરેક સહ ખાતાદારનો તેમાંનો ભાગ, તે સરવે નબરના કબુલ કરેલા ભાગ તરીકે દફતરમા દાખલ કરવો જોઇએ, અને તે ભાગ તે આખા સરવે નબગ્ના પ્રમાણમા કેટલા આના છે તે ગણીને તે આના તથા તે ભાગનો આકાર પણ લખી રાખવો જોઇએ

૩ સર્વે કમીશનર દરેક સર્વે સારુ જે નમુનો ઠરાવે તે પ્રમાણે એક બુક રાખીને તેમા સઘળી માપણી નોધવી સદરહુ બુકોમા માપણી નોધવામા આવે એટલે તે બુકો તે સરવેના દફતર તરીકે રાખી મુકવી જોઇયે

૪ માપણીના કામ સારૂ તાબાના સર્વે અમલદારોએ કરેલી અસલ માપણી સર્વે કમિશનરને યોગ્ય લાગે તેવી રીતે તથા તેટલી હદ સુધી માપણી ખાતા ઉપરના અમલદારોએ તપાસવી જોઇયે

૫ સર્વે કમીશનર હુકમ કરે તે પ્રમાણે ગામના નકશા તૈયાર કરીને તેમા દરેક સર્વે નબર દાખલ કરવો જોઇએ, સદરહુ નકશામા દરેક સરવે નબરના હદનિશાનના ઠેકાણા પણ બતાવવા જોઇએ

૬ આકાર ઠરાવવાના કામ માટે સઘળી જમીનની પ્રત, તેના ફળવતપણાના પ્રમાણમા બાધવી પ્રતના નબર તથા આનામા ગણવાની તેની જુદી જુદી કીમત કરેલી સરવે જે પ્રદેશને લાગુ હોય તેની જુદી જુદી સ્થિતિની પ્રમાણે તથા ખેડના પ્રમાણે સરવે કમીશનરના હુકમ મુજબ ઠરાવવી જોઇએ

૭ દરેક પ્રતબધી કરનારાએ (ક્લાસરે) એક ફીલ્ડ બુક રાખવી અને તેમા દરેક સરવે નબરની તથા પેટા સરવે નબરની પોતે કરેલી પ્રતબંધીની વિગત, અને એવો સરવે નબર તથા પેટા નબર અમુક પ્રતમા ગણવો જોઇએ એમ તેને લાગ્યાથી તે પ્રતમા તેણે જે કારણથી ગણ્યો હોય તે કારણ લખવુ જોઇએ, સદરહુ ફીલ્ડબુક જે સરવે સબધી હોય તે સરવેના કાયમ દફતર તરીકે રાખવુ

૮ પ્રતબધી કરવા સારૂ નીમેલા તાબાના અમલદારોએ કરેલી અસલ માપણીનુ નીમતાણુ સરવે કમિશનર ફરમાવે તેવી રીતે તથા તેટલી હદ સુધી પ્રતિબધી કરવાના ખાતા ઉપરના અમલદારે કરવુ સદરહુ નીમતાણુ સ્વતત્ર રીતે કરવુ એટલે, નીમતાણુ પુરૂ કરવામા આવે ત્યા સુધી અને તેનુ આખરનુ પરિણામ આવે ત્યા સુધી અસલ પ્રતબધી કરનારે પ્રતબંધી સબધી કરેલું કામ અથવા તેનો તે સબધી લેખ બિલકુલ ન જોતા કરવુ અને પછી અસલ પ્રતબધીનો આકાર તથા નીમતાણાનો આકાર મેળવીને તેનુ જે પરિણામ આવે તે જુદુ જુદુ લખવુ

૯ આકારનો દર સરકાર મજુર કરે એટલે, દરેક સરવે નબર અથવા પેટા સરવે નબર ઉપર એવા સર્વે નબરની અથવા પેટા સર્વે નબરની જમીનની પ્રતબધીની જે કીમત હોય તે પ્રમાણે આકાર બેસાડવો

૧૦ ઉપરના સર્વેના નિયમોમા જે પરચુરણ બાબતો વિશે ઠરાવ કર્યો ન હોય તે બાબતોનો નિકાલ દરેક સર્વેમા સરકારના સામાન્ય નિયમને અનુસરીને સર્વે કમિશનરને જે સામાન્ય અથવા વિશેષ હુકમ કરવાનુ વખતે વખતે યોગ્ય લાગે તે પ્રમાણે કરવો

૩ સામાન્ય

૫૬ કુમાલા કરેલી જે જમીન ઉપર ફક્ત ખેતીનાજ કામ સારૂ આકાર બેસાડેલો હોય અથવા જે ફક્ત એવાજ કારણ માટે ધારણ કરેલી હોય તે જમીન પછીથી ખેતી સિવાયના બીજા કોઈ કામમા ઉપયોગમા લેવામા આવે, ત્યારે એ પ્રમાણે ઉપયોગમા લીધેલી જમીનનો આકાર, મીઠુ પકવવાના કામમા લગાડેલી જમીન (એવી જમીન બદલ ૪૯ મી કાનુનમા વિશેષ ઠરાવ કર્યો છે) તે બાદ કરીને, અથવા સરકારે બીજી રીતે ફરમાવ્યુ ન હોય તો, ૪૮ મી કલમના બીજા પારેગ્રાફના ઠરાવ મુજબ બદલીને કલેકટરે હેઠળ લખેલા નિયમોને પાત્ર ઠરાવવો તથા તેમા ફેરફાર કરવો —

૧ નિયમ ૨ અથવા ૩ મા જે જગા બદલ ઠરાવ હોય તે જગા સિવાય બીજી સઘળી જગામા હેઠળ લખેલા દરે આકારની જે રકમ થાય તેના કરતા વધારે નહિ હોય એવી જે રકમ કલેકટરને યોગ્ય લાગે તે રકમનો આકાર બેસાડવો જોઇએ

સદરહુ જમીન જે ગામ, કસબા અથવા શહેરમા હોય તે ગામ, કસબા અથવા શહેર ૭૧ મી કાનુન પ્રમાણે

૧ લા વર્ગમા દાખલ કરેલુ હોય તો	દર એકરે રૂ ૧૦ અથવા ખેતીના કામ સારૂ બેસાડેલા આકારથી દસ ઘણા રૂપિયા, આમાથી જે વધારે હોય તે
૨ જા ,, ,, ,,	રૂ ૫, અથવા એજન પાચગણા, એજન
૩ જા ,, ,, ,,	રૂ ૨, અથવા એજન ત્રણગણા, એજન

સદરહુ જમીન જે ગામ, કસબા અથવા શહેરમા હોય તે ગામ, કસબો અથવા શહેર, ૭૧ મી કાનુન પ્રમાણે ૫ મા વર્ગમા દાખલ કરેલુ હોય તો સાધારણ રીતે આકારમા કાંઈ ફેરફાર કરવો નહિ

૨ ઘરના ગભાણની ઘણી માગણી હોવાને લીધે અથવા બીજા કોઈપણ વિશેષ કારણને લીધે સરકાર જે પ્રદેશને અથવા સ્થળને, મુબઈ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને આ નિયમ લાગુ કરે તેવા કોઇ પણ પ્રદેશમા અથવા સ્થળમા સદરહુ જમીન હોય તો (ખેતી સિવાયના બીજા કોઇ હગામી કારણ માટે તે જમીન લીધા હશે અથવા તેનો ઉપયોગ કર્યા હશે અને તેની વ્યવસ્થા સરકારના સામાન્ય અથવા

વિશેષ હુકમને અનુસરીને ૧ લા નિયમ મુજબ કરી શકાય એમ હોય તે સિવાયની બાબતોમા) એવી માગણીને લીધે તે જમીનની (કલેકટર અડસટા મુજબ) જે કીમત ઉત્પન્ન થવા જોગ હોય તે પ્રમાણમા તે આકારમા ફેરફાર કરવો જોઇએ

આ નિયમ મુજબ જુદા જુદા પ્રદેશમા લેવાના આકારનો પ્રમાણ દર વખતે વખતે સરકારની અગાઉથી મંજુરી લઈને, ઠરાવવાનો કલેકટરને અધિકાર છે એવો દર ઠરાવતી વખતે સદરહુ પ્રદેશમાની અથવા બીજા લતામાની સરકારી પડતર જમીનના અથવા ઈનામી જમીનના ઘરના ગભાણ સારૂ થએલા પ્રત્યક્ષ વેચાણ ઉપરથી માલમ પડતો સરાસરી બજાર ભાવ લક્ષમા લેવો જોઇએ, અને એવા બજાર ભાવમાથી સરાસરી ખેતીવાડીના કારણ માટેની કીમત, જે જમીનની ઇમારત માટે માપણી ન હોય તે જમીનના તે જીલ્લામા થયેલા વેચાણની કિંમતના આધારે ઠરાવવી જોઇએ આ બન્ને સરાસરી કિંમત વચ્ચેના તફાવત ઉપર સરકાર ચાલુ વ્યાજના દરના પ્રમાણમા જે ટકા ઠરાવે તે સાધારણ રીતે આકારનો ઠરાવેલો દર હોવો જોઇએ, અને આવે પ્રસંગે ખેતીવાડીનો આકાર માફ કરવામા આવશે કોઈપણ માટે સરકારની મંજુરીથી ઠરાવેલા પ્રમાણના દર વિશેષ કારણ વગર (એવા કારણો લખી મૂકવા જોઇયે) બીજો દર બેસાડવો નહિ, પણ વિશેષ વગ પડતે ઠેકાણે આવેલા ગભાણની બાબતમા અથવા ખેતીના કારણ સારૂ ભારે આકાર બેસાડેલી જમીનની બાબતમા કમીશનરની મંજુરી લઇને, (સદરહુ પ્રમાણે દર કરતા) વધારે અથવા ઓછો દર બેસાડવાનુ કલેકટરની મરજી ઉપર છે, ઉપરની મંજી બાબતમા (ખેતી સારૂ ભારે દર બેસાડેલી જમીનની બાબતમા) ઘરના ગભાણ માટે તે જમીનના અદાજેલા બજાર ભાવમાથી તે જમીનની અદાજેલી ખેતીની કીમત બાદ કરીને સદરહુ સ્થાનિક કીમત ઠરાવવી જોઇએ, અને એ પ્રમાણે ઠરાવેલી સ્થાનિક કીમત ઉપરના ટકા ખેતીના કામ સારૂ બેસાડેલા આકાર ઉપરાત લેવી જોઇએ

આ નિયમની રૂયે વ્યવસ્થા કરેલી જમાનની બાબતમા પુરવણી ઈમા આપેલા નમુના પ્રમાણે અથવા બને ત્યા સુધી તે નમુના માફકના નમુના પ્રમાણે કલેકટરે ખાતાદારને સનદ આપવી જોઇએ

૩. આસપાસના કસબામા વધેલી વસ્તી ઓછી થવા માટે ઇમારત બાધવાને વિશેષ ઉત્તેજન આપવુ ઇષ્ટ છે, એવુ જે કોઈપણ પ્રદેશના સબધમા જરૂરનુ દેખાય અને જે પ્રદેશને અથવા જગાને મુબઈ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને સરકાર આ નિયમ લાગુ કરે તે પ્રદેશમા અથવા જગામા ઘરના ગભાણ સારૂ ઉપયોગમા લીધેલી જમીનની બાબતમા નિયમ બેની રૂયે બેસાડવાના આકાર ને દર, સરકાર સામાન્ય હુકમ ફરમાવે તે પ્રમાણે ઓછો કરવો જોઇએ, માત્ર આ બાબતમા વખતે વખતે ઠરાવવામા આવે તે નમુના પ્રમાણે કલમ ૬૭ મુજબ ખાતાદારે સરકારને કબુલત લખી આપવી જોઇએ

૪. ઘરના ગભાણ માટે ઉપયોગમા લીધેલી જમીનની બાબતમા, બદલેલા આકાર જેટલી જગામા ઇમારત હશે તેટલી જગા માત્ર ન લેતા ઈમારતના કંપાઉન્ડની અંદરની સઘળી જમીન ઉપર લેવો જોઇએ, પણ રહેવાના ઘરની આસપાસ ખુલ્લી જગા રાખવાનુ યોગ્ય જણયાથી સરકાર જે કોઇ પણ પ્રદેશ બદલ મુબઇ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને આ બાબતમા સામાન્ય હુકમ કરીને ફરમાવે તે પ્રદેશમા ઇમારત હેઠળની જમીન ઉપર, ખેતીના દર કરતા ઓછો નહિ એવો જે ઓછો દર સરકાર વખતે વખતે ઠરાવે તે લેવો જોઇએ

૫ બદલેલો આકાર સાધારણ રીતે જે મુદત સુધી બેસાડવો જોઇએ તે મુદત, નીયમ ૧ લાની બાબતમા ખેતીવાડી સિવાય બીજા કારણ સારૂ ઉપયોગમા લીધેલી જમીનના સરવે સેટલમેન્ટ સાથે પુરી થાય છે એમ સમજવુ અને નિયમ ૨ અથવા ૩ ની અદર આવનારી બાબતમા ખેતી સિવાય બીજા કામ માટે સદરહુ જમીનનો ઉપયોગ કરવાની પરવાનગી આપ્યાની તારીખથી અથવા જ્યારે પરવાનગી આપી ન હોય ત્યારે સદરહુ પ્રમાણે ઉપયોગ કરવાની શરૂઆત થયાની તારીખથી ૫૦ વર્ષ સુધી છે એમ સમજવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે નિયમ ૨ અથવા ૩ ની અદર આવનારી બાબતમા જે મુલકી સાલમા, પ્રસંગ પ્રમાણે પરવાનગી આપી હોય, અથવા ઇમારત બાધવાની અથવા બીજો ઉપયોગ કરવાની શરૂઆત થઇ હોય તે મુલકી સાલ માટે વધારે આકાર લેવો નહિ, પણ નવેંબરની ૧ લી તારીખની અગાઉ પરવાનગી આપી હોય અથવા ઇમારત બાધવાની અથવા બીજો ઉપયોગ કરવાની શરૂઆત કરી હોય તો તે વધારેલો આકાર લેવો

સદરહુ મુદત પુરી થયા પછી, અને આ બાબતમા વખતે વખતે સરકાર ફરમાવે તે તે બીજી મુદતે મુબઇના જમીન મહેસુલના કાયદા મુજબ અને તેની રૂયે જે કાનુનો અને હુકમો વિદ્યમાન કાળે અમલમા હોય તે મુજબ સદરહુ બેસાડેલા આકારમા ફેરફાર કરી શકાશે

૬ બદલેલો આકાર નિયમ ૫ની રૂયે ૫૦ વર્ષની મુદત સુધીનો ઠરાવેલો હોય તો તે મુદતનો આકાર દર સાલ આપવાને બદલે, ખાતાદાર કલેકટરની મજુરીથી ૨૫ વર્ષનો આકાર સામટો આપીને તોડજોડ કરવા મુખત્યાર છે, અથવા વખતે વખતે સરકાર જે બીજી સરત મજુર કરે તે સરતે તે આકાર આપવો અને સામટી રકમ આપ્યા બદલ અથવા રૂપાતર કર્યા બદલ એક ટીપ, નિયમ ૨ અથવા ૩ની રૂયે ખાતા બદલ આપેલી સનદમા અથવા લખેલી કબુલતમા અથવા તેને છેડે લખી મૂકવી જોઇયે

૭ કલમ ૬૭ ની રૂયે બીજી કોઈપણ રીતે વિશેષ બાબતમા વ્યવસ્થા કરવાના સરકારના અધિકારને સદરહુ નિયમના કોઈપણ મજકુરથી બાધ આવે છે એમ સમજવુ નહિ, અને જે કોઇપણ બાબતમા સદરહુ નિયમ લાગુ પડશે નહિ, અથવા તે લાગુ કરવાનુ કલેકટરને યોગ્ય જણાશે નહિ તે બાબત તેણે કમિશનરની મારફત સરકારના હુકમ માટે મોકલવી

૫૭ (૧) ૫૬ મી કાનુનમાનો કોઇપણ મજકુર, (સરસપુર, દરિયાપુર, કાજીપુર, રાયપુર હીરપુર તથા અસારવા પરા સુદ્ધા) અમદાવાદ, ભરૂચ, સુરત, ગદેર, વલસાડ તથા ગોધરા શહેરો તથા કસબામાના ગભાણમાના અથવા જે કોઇપણ કસબાને અથવા શહેરને મુબઇ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને સરકાર આ કાનુન લાગુ કરશે તે કસમાના અથવા શહેરના ગભાણમાની જે કોઇપણ જમીનને સન ૧૮૬૬ ના મુબાઇના ૪ થા આકટની રૂયે અથવા કલમ ૧૩૧ મુજબ સિટી સરવે લાગુ કરી હશે, તે જમીનને લાગુ થશે નહિ એમ સમજવુ

(૨) સદરહુ ગભાણમા ઉપર કહેલા કામમા વાપરેલી જમીન ઉપર દર ચોરસ વારે ૨ પાઈ પ્રમાણે દર બેસાડવો

૮–દુમાલા જમીનનું પત્રક.

(કલમો ૫૩ તથા ૨૧૪ આઇ)

૫૮ ૫૩ મી કલમ પ્રમાણે રાખવાનું દુમાલા જમીનનુ પત્રક ફ પુરવણીના નમુના પ્રમાણે રાખવુ જોઇએ

૫૯ સરકાર સિવાય બીજા કોઇએ જમીન દુમાલા કરી આપવી નહિ નવી દુમાલા કરી આપેલી દરેક જમીનની બાબતમા હેઠળ લખેલી સરતો લખીને અથવા તે મજકુરની સરતો લખીને સરકારનો ખાણુ તથા ખનીજ ઉત્પન્ન ઉપરનો હક સ્પષ્ટપણે રાખી મૂકવો જોઇએ, એટલે—

' આ જમીન સબળી ખાણો તથા ખનીજ પદાર્થ ઉપર સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇંડીયા ઇનકાઉન્સીલનો જે હક છે તે રાખીને, અને આવી ખાણનું કામ ચલાવવા સારૂ તથા ખનીજ પદાર્થ શોધવા સારૂ જવાની સઘળી વાજબી સગવડ સહિત પુરેપુરી છુટ મળવાનો તેને જે હક છે તે રાખીને આપી છે

૯ સરકાર દાખલ થએલી જમીનની વ્યવસ્થા

(કલમો ૫૬ તથા ૨૧૪ (ઇ) તથા (આઈ))

૬૦ જમીન મહેસુલ નાહ આપનારે ધારણ કરેલી જમીન સરકાર દાખલ કર્યા પછી તે જમીન કલેકટરની અગાઉથી લેખી પરવાનગી લીધા વગર કોઇપણ રીતે બીજા કોઈપણ સખસને નામે કરીશ નહી એવી સરતે તેને પાછી આપવાનુ અથવા બીજા કોઇ સખસને આપવાનુ જ્યારે યોગ્ય લાગે ત્યારે જમીન મહેસુલની બાકી વસુલ કરવા સારૂ બાબ ૧૧ મા જે બીજા ઉપાય ઠરાવ્યા છે તે પકી કે કોઇપણ ઉપાય લીધા વગર તે જમીન સરકાર દાખલ કરી છે એવો ઠરાવ કરીને, સદરહુ રીતે પ્રસગ પ્રમાણે, જમીન મહેસુલ નહી આપનારને અથવા બીજા આસામીને આપવાનો કલેકટરને અધિકાર છે

૬૧ ૬૦ મી કાનુન લાગુ પડતી ન હોય ત્યારે ચઢેલી બાકી ૧૧ મા બાબમા જે ઉપાય ઠરાવ્યા છે તે ઉપાયથી સહજ વસુલ થઇ શકે એમ નથી એમ કલેકટરને જણાયા વગર, ધારણ કરેલી જમીન સરકાર દાખલ કરવી નહી

૬૨ જે ધારણ કરેલી જમીન બાબત જમીનમહેસુલ લહેણું હશે તેમા બે અથવા વધારે સર્વે નબર હશે, અથવા જુદા જુદા આકાર ઠરાવેલા જમીનના બે અથવા વધારે ભાગ અથવા ઇસ્ટેટ હશે, અને એથી બાકીની એકદર રકમ એવા નબરો, ભાગ અથવા ઇસ્ટેટ પૈકી ફકત એક અથવા વધારે વેચ્યાથી વસુલ થઇ શકશે એમ કલેકટરને લાગે, તો એવા નબરો, ભાગ અથવા ઇસ્ટેટો પૈકી એવો માત્ર એકજ અથવા અમુકજ નબર, ભાગ અથવા ઇસ્ટેટ સરકાર દાખલ કરવાનો કલેકટરને અધિકાર છે

૬૩ જો મહેસુલ ન ભરનારો એવી ઇચ્છા બતાવે કે તેની સરકાર દાખલ થયેલી ધારણ કરેલી જમીન નીચેના સબબસર વેચવા કહાડવી, એટલે—

(અ) સદરહુ જમીન મેળવવા સારૂ, તેને, સરકારને અથવા વરિષ્ટ ધારણ કરનારને, અથવા તેની અગાઉના ધારણ કરનારને, અવેજ આપવો પડ્યો હતો અથવા

(બ) સદરહુ જમીન સરકાર પાસેથી અથવા વરિષ્ટ ધારણ કરનાર પાસેથી અથવા અગાઉના ધારણ કરનાર પાસેથી તેને મળી છે તે પછી તેમા સુધારો કરવામા આવ્યો છે

તો, કલેકટરે તે બાબત ચોકસી કરવી અને મહેસુલ ન ભરનારની અરજ ઉપરથી કલેકટરને યોગ્ય લાગે તો તેણે સદરહુ ધારણ કરેલી જમીન વેચવા કહાડવી,

૬૪ કાનુન ૬૩ ની હેઠળ આવનારી એકાદી સરકાર દાખલ થયેલી ધારણ કરેલી જમીન એકાદા સર્વે નબરનો કબુલ કરેલો ભાગ હોય તો તે સરવે નબરના કબુલ કરેલા બીજા ભાગોના ધારણ કરનારાઓને કલમ ૪૯ (બ) મા જે અનુક્રમ ઠરાવ્યો છે તે અનુક્રમમા કલેકટરે પોતાની નજરમા યોગ્ય જણાય તેટલી કિંમતે પ્રથમ વેચવા આડવી જો તેમાનો કોઈપણ તે જમીન ખરીદ ન કરે, તો પછી કલેકટરે તે જમીનની વ્યવસ્થા ૬૩ મી કાનુનમા કહ્યા પ્રમાણે કરવી

૬૫ કાનુનો ૬૨ તથા ૬૩ મા બીજી રીતે ઠરાવ્યુ છે તે શિવાયને પ્રસગે સરકાર દાખલ થયેલી ધારણ કરેલી જમીનો, હેઠળ લખેલી બાબતોમા વેચવા કહાડવી નહિ, પણ હેઠળ લખેલી બાબતો પૈકી જે બાબત હેઠળ તે આવતી હોય તે પ્રમાણે તેમ વ્યવસ્થા કરવી, એટલે—

(અ) ખેતીની સ્થિતિ સાધારણ રીતે નિકૃષ્ટ થવાને લીધે અથવા વેચવા કહાડેલી ધારણ કરેલી જમીન જે જાતની હોય તે જાતની જમીનનો ખપ ન હોવાને લીધે અથવા પડોશની જમીન ધારણ કરનારાઓ મિલાપી થઇ જવાને લીધે, અથવા બીજા કોઈ પણ વિશેષ કારણને લીધે વેચાણની વખતે કોઇ માગણી કરવા આવશે નહિ, અથવા વધારેમા વધારે માગણી કરેલી રકમ ધારણ કરેલી જમીનની અમુક કિંમતની હેઠળ તે વેચવી નહિ એવી જે કિંમત ઠરાવી હોય તે કિંમત કરતા અથવા તેની વાસ્તવિક કિંમત કરતાં ઘણીજ ઓછી આવશે તેમ કલેકટરને જણાય તો, તેણે તે જમીન (ભોગવટામા નહિ લીધેલી) જમીન તરીકે દફતરમા દાખલ કરાવવી, અને તેવી (ભોગવટામા નહિ લીધેલી) જમીનની વ્યવસ્થા બાબત જે કાનુનો તથા હુકમો અમલમા હોય તે મુજબ તેની વ્યવસ્થા કરવાનો હુકમ કરવો

(બ) ૩૮ મી કલમમા કહેલા કોઇપણ કારણસાર તાબડતોબ અથવા કલેકટરને યોગ્ય લાગે તે મુદતની અંદર સદરહુ ધારણ કરેલી જમીન પૈકી જમીન જોઇશે એવો સભવ છે, એવુ કલેકટરને લાગે તો, તેણે સદરહુ કારણ સારૂ તે જમીન કાયદેસર રીતે જુદી કરી રાખવાની એકદમ તજવીજ કરવી

(ક) જે ખાતાની બાબતમા કલેકટરને એમ લાગે કે પોતાની અગાઉ લેખી પરવાનગી લીધા વગર તે ખાતુ કોઇપણ રીતે બીજા કોઇપણ સખસને નામે ન કરી આપે એ શરતે તે ખાતુ, મહેસુલ નહિ ભરનારને પાછુ આપવુ યોગ્ય છે, તે ખાતાની બાબતમા કલેકટરે કાનુન ૩૨, પેટા કાનુન (૨)મા કહ્યા પ્રમાણે દુરસ્ત કરેલી પુરવણી બના નમુના પ્રમાણે કબુલત લખી લીધા પછી, તે ખાતું, પ્રસગ પ્રમાણે, મહેસુલ નહિ ભરનારને પાછું આપવાનો અથવા ઉપર કહેલા બીજા માણસને આપવાનો હુકમ કરવો

(ડ) સરકારની ચહડેલી જમીન મહેસુલની બાકી માટે સરકાર દાખલ થયેલી જે ધારણ કરેલી દુમાલા જમીનની બાબતમા કલેકટરને એમ લાગે કે, તે જમીન પ્રત્યક્ષ ધારણ કરનારના અથવા ખેડુતના તાબામા ખાતા તરીકે રહેવા દેવી યોગ્ય છે, અથવા તે દુમાલા નહિ હોય એવી પડતર જમીન સમજીને વેચાણ ન કરતા બીજી રીતે તેની વ્યવસ્થા કરવી યોગ્ય છે. ત્યારે તે જમીનની બાબતમા તેણે તેવી જાતની જમીનના

સંબંધમા અમલમા હોય એવી કાનુનો પ્રમાણે તથા હુકમ પ્રમાણે તે જમીન ખાતા તરીકે સદરહુ ધારણ કરનાર પાસે અથવા ખેડુત પાસે રહેવા દેવાનો અથવા દુમાલા નહિ હોય તેવી જમીન સમજીને તેની બીજી રીતે વ્યવસ્થા કરવાનો હુકમ કરવો

(ઇ) વરિષ્ટ ધારણ કરનારના ચડેલા ગણોતની અથવા જમીન મહેસુલની જે બાકી વસુલ કરવા માટે ૮૬ મી તથા ૮૭ મી કલમો મુજબ મદદ આપવામા આવે, તે બાકી માટે સરકાર દાખલ થયેલી ધારણ કરેલી જે દુમાલા જમીનની બાબતમા કલેકટરને એમ જણાય કે, તે જમીન સદરહુ વરિષ્ટ ધારણ કરનારને નામે કરી આપવા યોગ્ય છે, તે બાબતમા જે જમીન ૫૬ મી કલમની રૂએ કલેકટર હુકમ કરે તેવા (કાઇ હોય તો) સત્તાપ્રકારને, હકને, ચાર્જને અથવા ઇઝમેન્ટને પાત્ર તે વરીષ્ટ ધારણ કરનારને નામે કરી આપવાનો કલેકટરે હુકમ કરવો

[ફ] જે કોઇપણ બીજી બાબતમા સરકાર દાખલ થયેલી ધારણ કરેલી જમીનની વ્યવસ્થા વેચાણ શિવાય બીજી રીતે કરવી યોગ્ય છે એમ કલેકટરને જણાયાથી તેણે તેમ કરવાને સરકારની મંજુરી મેળવી હોય તે બાબતમા તેણે તે જમીનની વ્યવસ્થા કરવા માટે જે વિશેશ હુકમ સરકારે ફરમાવ્યો હોય અથવા મંજુર કર્યો હોય તે હુકમને અનુસરીને તે જમીનની વ્યવસ્થા કરવી

૬૬ કાનુન ૬૫ મા ન આવનારી બાબતોમા સરકાર દાખલ થયેલી ધારણ કરેલી જમીનની ચડેલી બાકી વસુલ કરવા માટે, ૬૮ મી કાનુનના ઠરાવોને પાત્ર વેચવા કહાડવી જોઇએ

૬૭ (૧) પડતર (બીન કબજાની) દુમાલા નહિ હોય તેવી જમીનના વેચાણને જે કાનુનો તથા હુકમો લાગુ હોય તે કાનુનો તથા તે હુકમો ૧. મા બાબના ઠરાવને જેટલે સુધી મળતા આવતા હોય તેટલે સુધી સરકાર દાખલ થયેલી ધારણ કરેલી જમીનનુ એવી જમીન તરીકે જે વેચાણ કરવાનુ તે દરેક વેચાણને લાગુ કરવા, અને ૩૧ થી તે ૩૩ સુધીની કાનુનોના ઠરાવ એવા દરેક વેચાણને લાગુ થશેજ

મ જો હરકોઇ સરકાર દાખલ થયેલી જમીનના વેચાણ વખતે કલેકટરને એમ લાગે કે–

[અ) એવા વેચાણ વખતે લીલામમા બોલાયલી કિંમત શુદ્ધભાવમા બોલવામા આવતી નથી, અથવા

(બ) સરકારની અથવા વરિષ્ટ ધારણ કરનારની જે બાકી લેહેણી રહેશે તે ખર્ચ સુદ્ધા પુરેપુરી આપ્યા વગર ધારણ કરેલી જમીન પછવાડેથી મળવા સારૂ એકમત થયો છે, અથવા

(ક) એવા વેચાણની જાહેરખબર પ્રસિદ્ધ કરવામા અથવા વેચાણ ચલાવવામા એવુ કાઇ ગેરશિરસ્તપણુ અથવા ભુલ અથવા કપટ થયુ છે કે તેને લીધે ઘણું કરીને સૌથી વધારે બોલાયલી રકમ વસુલ કરવાને હરકત થઇ છે અથવા બીજી રીતે એકાદા સખસને ઘણુ નુકશાન થયુ છે, તો એવુ વેચાણ તેણે ૧૭૯ મી કલમની રૂએ સાધારણત. રદ્દ કરવુ

૬૮ (૧) સરકાર દાખલ થયેલી કોઇ પણ ધારણ કરેલી જમીન જે બાકી માટે સરકાર દાખલ થયેલી હોય તે બાકી, તથા તે આપનારા માણસ પાસે કાયદાસર રીતે લેહેણો થયેલો સઘળો ખર્ચ આ કાનુનની રૂએ કોઇપણ વેચાણ અથવા બીજી વ્યવસ્થા થયાની પેહેલા હરકોઇ વખતે આપવામા આવે, તો અથવા સદરહુ બાકી તથા ખર્ચ વ્યાજબી મુદતની અંદર આપવા સારૂ કલેકટરની ખાત્રી થાય એવુ તારણ આપવામા આવે તો, તે જમીન પાછી આપવી કે કેમ તે કલેકટરની મરજી ઉપર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે ચાકરીને પેટે ધારણ કરેલી નહિ હોય એવી, કાનુન ૬૫, ક્રમ (ડ) મા કહેલી કોઇ પણ ધારણ કરેલી દુમાલા જમીન દાખલ થયેલી હોય તે જમીન સરકારની અગાઉથી મંજુરી લીધા વગર પાછી આપવી નહિ

(૨) વતનદારે ચાકરીને પેટે સાધારણ કરેલી દુમાલા જમીન સરકાર દાખલ થઇ હોય તે પ્રસંગે, તેનુ લેણુ થયલુ જમીન મહેસુલ વતનદાર અશક્ત હોવાના કારણથીજ આપવામા ચુકયો છે એવી કલેકટરની ખાત્રી થાય તો, સદરહુ જમીનના જેટલા કડકાના ખાતાની કીમત, વસુલ કરવાની બાકી જેટલી થવાનો સભવ હોય તેટલો કડકો સદરહુ જમીનમાથી બાદ કરવાનો, તથા તેની વ્યવસ્થા ૬૩ થી તે ૬૭ સુધીની કાનુનોમાથી જે કાનુનો લાગુ પડે તે પ્રમાણે કરવાનો, અને બાકીની જમીન મહેસુલ નહિ ભરનારને પાછી આપવાનો અથવા એવી સઘળી જમીનમહેસુલ ન ભરનારને પાછી આપવા, અને લેહેણા થયેલા

જમીન મહેસુલની બાકી નજરમા આવે તો મુકી દેવાનો, અને આયદે તે આપવામા આવે તે માટે પોતાને યોગ્ય જણાય એવી ગોઠવણ કરવાનો કલેકટરને અધિકાર છે

૬૯ જ્યારે કોઇ ધારણ કરેલી જમીન ઉપર લેણુ થયેલુ જમીનમહેસુલ આપવામા કસુર કર્યાના સબબથી તે જમીન સરકાર દાખલ થઇ હોય (અને) તે વેચવામા આવી ન હોય ત્યારે, મહેસુલ ન આપનારની ઉપર જબરીની બીજી વધારે તજવીજ કર્યા વગર તે લેણી બાકી મામાન્યત માફ કરવી પણ આનો હેતુ એવો નથી કે મહેસુલ ન આપનારની પાસે લેહણી થયેલી બાકી બીજા ઉપાયથી વસુલ કરવાનો હક, તેણે ધારણ કરેલી જમાન સરકાર દાખલ કરી હોય તથા વેચ્યા સિવાય બીજી રીતે તેની વ્યવસ્થા કરી હોય તોપણ બિલકુલ છોડી દેવો, વિશેષ બાબતોમા હક કમિશનરની મંજુરીથી બજાવવાનો કલેકટરને અધિકાર છે

૧૦—૬૧ મી કલમ પ્રમાણે લેવાના દંડની હદ

(કલમો ૬૧ અને ૨૧૪ (ક))

૭૦ જ્યારે જમીન હુકમ વગર ભોગવટામા લઇને ખેતીવાડીને લગતુ નહિ હોય તેવા કોઈ કામમા વાપરી હોય, ત્યારે ૬૧ મી કલમ પ્રમાણે લેવાના દંડની હદ, જો તે જમીન પ્રવેશ કરનારના કાયદાસર ભોગવટામા હોઇને કલેકટરની પરવાનગી વગર તેજ કામ સારૂ તેણે વાપરી હોત તો ૬૬ મી કલમ પ્રમાણે જે દંડની રકમ લઇ શકાત તેની બમણી હોવી જોઇએ

૧૧, દુમાલા નહિ હોય તેવા જમીન અસલ ખેતીવાડીને લગતાં કામમાં વાપરી હોય તે શિવાય બીજા કામમાં વાપરી હોય ત્યારે લેવાનો દંડ

(કલમો, ૬૫, ૬૬ અને ૨૧૪ (આઇ))

૭૧ ૬૫ મી કલમ પ્રમાણે લેવાના દંડની રકમ ઠરાવવાના કારણ સારૂ કમિશનરોએ મુબાઇ સરકારી ગેઝીટમા વખતે વખતે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને પોતપોતાના ગામ, કસબા તથા શહેરના પાચ વર્ગો કરવા પાચ વર્ગો પૈકી પહેલા ચાર વર્ગોમા દરેક જીલ્લાના કયા કયા ગામ નાખ્યા છે તેમના નામ એવા જાહેરનામામા પ્રસિધ્ધ કરવા, પહેલા ચાર વર્ગોમા દાખલ કર્યા ન હોય એવા "તાલુકા માહેના બીજા સઘળા ગામો" પાચમા વર્ગમા આવશે માટે તે નામ દઇને નિર્દિષ્ટ કરવાની જરૂર નથી

૭૨ જે કાઇ પણ બાબતમા—

(અ) જમીન ઘરના ગભાણમા લીધેલી હોય અથવા

(બ) કુભારે, અથવા ઇંટો તથા નળીયા બનાવનારે પોતાના ખાતાની જમીનમાનુ કાંઇ પણ દ્રવ્ય ખરેખર પોતાના ધધાના કારણ સારૂ વાપર્યુ છે એવુ કલેકટરને જણાય, અથવા તેવી રીતે પોતાનો ધધો વધારે સગવડથી ચલાવી શકાય એટલા માટે તેણે પોતાની જમીન ઉપર ઝુંપડુ અથા ઇમારત બાધી હોય અને તેથી કરીને તે જમીનનો ખેતીના કામ સારૂ કાયમનો નાશ થયો ન હોય અથવા તેને ઘણુ નુકશાન થયુ ન હોય, તે બાબતમા કલેકટરે ૬૫ મી કલમ પ્રમાણે દંડ લેવો નાહ

પણ એવુ ઠરાવ્યુ છે કે, ૪૮ મી કલમનો ૨ જો પારેગ્રાફ લાગુ પડતો ન હોય એવા નત્તામા, ખેતી સિવાયના બીજા કોઈપણ કામમા જમીન લીધેલી હોય તે તારીખથી બીજું રિવિઝન સેટલમેન્ટ થાય તે તારીખ સુધી જે બીજો આકાર લીધો હોય તે આકાર અને ખેતીના કામ સારૂ બેસાડેલો આકાર એ વચ્ચેના તફાવત કરતા વધારે નહિ હોય એટલો દંડ લેવાનો કલેકટરને અધિકાર છે

૭૩ બીજી બાબતોમા ૬૫ મી કલમ મુજબ લેવાના દંડનો દર, કાનુન ૭૧ ની રૂયે વિદ્યમાનકાળે મદરહુ પ્રકારના જાહેરનામાથી પહેલા ચાર વર્ગમા દાખલ કરેલા ગામમા, કસબામા તથા શહેરમા ઘણુ કરીને હેઠળ પ્રમાણે હોવો જોઇયે

ખેતીવાડીને લગતુ નાહ હોય તેવા કોઈ કામમા ખરેખર જેટલી જમીન વાપરી હશે તેટલાના

દર એકરે	૧ લો વર્ગ	રૂ ૨૫૦
,,	૨ જો વર્ગ	રૂ ૧૫૦
,,	૩ જો વર્ગ	રૂ ૧૦૦
,,	૪ થો વર્ગ	રૂ. ૫૦

એને તેજ દરે એક એકરના અશ બદલ પ્રમાણુમા જે દડનો દર આવે તે પ્રમાણે દડ લેવો જોઈયે

એવા જાહેરનામાથી પાચમા વર્ગમા દાખલ કરેલા ગામમા કસબામા તથા શેહેરમા ઘણુ કરીને દડ લેવો નહિ પણુ એવુ ઠરાવ્યુ છે કે ઉપરની કાનુનમા અને ૭૧ મી કાનુનમા ગમે તે ઠરાવ હોય તો પણુ, રેલ્વે સ્ટેશનોની, મ્હોટા કસ્બાઓની લશ્કરી છાવણીઓની તથા સરકારને યોગ્ય લાગે તે બીજા ઠેકાણુાની આસપાસની જે હદ મુબઈ સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને સરકાર વખતે વખતે ઠરાવે તે હદમાની જમીનમહેસુલના કાયદાની ૬૫ મી કલમ પ્રમાણે લઇ શકાય તે દડની રકમ, એવી રીતે નિર્દિષ્ટ કરેલા પ્રદેશમા દર એકરે ૫૦૦૦ રૂપિયા કરતા વધારે ન હોય એવા દરે કલેકટરે પોતાની નજરમા આવે તે પ્રમાણે ઠરાવવી

૭૪ ૫૬ મી કલમ મુજબ લઇ શકાય તે દડ કલેકટરે પોતાની નજરમા આવે તે પ્રમાણે ઠરાવવો પણુ તે દડ ૬૫ મી કલમ પ્રમાણે જે દડ પોતે કરી શકે તેના પાચ ઘણુા કરતા વધારે હોવો ન જોઇયે આ કાનુનના કારણુ સારૂ

(અ) ૭૧ મી કાનુનમુજબ પ્રસિદ્ધ કરેલા જાહેરનામાથી પાચમા વર્ગમા દાખલ કરેલા ગામ, કસબા અથવા શેહેર ચોથા વર્ગમા દાખલ કરેલા છે એમ સમજવુ, અને

(બ) ૭૨ મી કાનુનની રકમ (અ) અથવા (બ) મા કોઇ પણુ આવેની બાબતમા ઠરાવવાનો દડ, ૭૩ મી કાનુનના ૧ લા વર્ગની રૂએ કલેકટરે જે દડ લેવાનો હોય તે દડ છે એમ સમજવુ

૭૫ જે પ્રસગ અપવાદનો અથવા અસાધારણુ છે એવુ સરકારને લાગશે (તે પ્રમાણે હોય) તો ઉપરની કાનુનોમા ગમે તે ઠરાવ હોય તોપણુ સરકારને યોગ્ય લાગે તે દરે સરકાર તરફથી વિશેષ રીતે ઠરાવવામા આવશે

૧૨—ખાતાનું રાજીનામું આપવું

(કલમો ૭૪ તથા ૨૧૫ (એ)

૭૬ ૭૪ મી કલમ મુજબ જે ખાતાનુ રાજીનામુ આપવા બાબત મામલતદારને અથવા મહાલકરીને લેખી નોટીસ આપવી જોઇયે તે પુરવણી ગ માહેના કોઇપણુ એક નમુના પ્રમાણે હોવી જોઇયે

૭૭ ખાતાનુ રાજીનામુ આપીને જો તે બીજા માણુસને પ્રાપ્ત કરી આપ્યુ હશે તો એવા બીજા માણુસોએ અથવા તે માણુસનો કોઇ મુખ્ય હોય તો તેણે કરી આપવાની લેખી કબુલત પુરવણી બ ના નમુના પ્રમાણે હોવી જોઈયે, માત્ર કાનુન ૩૧ મુજબ તે ખાતાના સબધમા પટો કરી આપ્યો હોય તો તે કબુલત, એવા પટાના નમુનામા ફેરફાર કરવાનો જરૂરનો હોય તો તે કરીને, તે નમુના પ્રમાણેની હોવી જોઇયે

૭૮ કાનુનો ૭૭ તથા ૭૬ પ્રમાણે આપેલી દરેક નોટીસ તથા કબુલત ઉપર બે પ્રતિષ્ઠિત સાહેદોએ સદરહુ નમુના પૈકી દરેકની હેઠળ લખેલા મજકુરનો શેરો લખવો જોઈયે, અને જે મામલતદાર અથવા મહાલકરી એવી કોઈ પણુ નોટીસ અથવા કબુલત લેશે તેને

(અ) એવી નોટીસ ઉપર અથવા કબુલત ઉપર આમા ઉપર કહ્યા મુજબ યોગ્ય રીતે શેરો થયો હશે તોપણુ, તે ઉપર સહી કરનારા માણુસની ઓળખાણુ વિશે, અને

(બ) સદરહુ ખાતુ બીજાને નામે કરી આપવા જેવુ છે એ વિશે, અથવા કલેકટરની મજુરી શિવાય અથવા વિશેષ શરત શિવાય તે બીજાને નામે કરી આપવા જેવુ ન હોય ત્યારે એવી મજુરી મેળવેલી છે અથવા એવી સરતો પ્રમાણે યોગ્ય રીતે વહિવટ થયો છે એ વિશે

ખાત્રી કરી લેવાની યોગ્ય કાળજી રાખવા માટે જવાબદાર ગણુવામા આવશે, પણુ એવુ ઠરાવ્યુ છે કે, જ્યારે આવી નોટીસ અને કરારનામુ મામલતદાર અથવા મહાલકરીને બદલે સબરજીસ્ટ્રાર આગળ કરવામા આવ્યુ હશે ત્યારે, તેના ઉપર સહી કરનારા સખસોના ઓળખાણુ સબધી ખાત્રી કરી લેવા વિષે ઘટતી સભાળ લેવા બાબત સબ–રજીષ્ટાર જવાબદાર રહેશે અને તેણે, આવી નોટીસ અને કરારનામુ, તે તેની રૂબરૂમા કરવામા આવ્યુ છે એવા શેરા સાથે મામલતદાર અથવા મહાલકરી ઉપર મોકલવુ જોઇએ,

૭૯ ૭૪ મી અથવા ૭૬ મી કાનુન પ્રમાણે મળેલી સઘળી નોટીસ તથા કબુલત તે જે વર્ષે આપી હોય અથવા લખી આપી હોય તે વર્ષ પુરૂ થઇને બીજુ એક વર્ષ પુરૂ થાય ત્યા સુધી ગામના તલાટીના દફતરે તેની જુદી જુદી ફાઈલ કરીને રાખવી જોઇયે અને ત્યારપછી તે મામલતદારના અથવા મહાલકરીના દફતરમા રાખવી જોઇયે

૮૦ (૧) કોઈપણ તલાટીને તેના ગામનો કોઇપણ ખાતાદાર અથવા તેના ગામનો કોઇ ખાતાદાર જમીનનુ રાજીનામુ આપીને તે જમીન જે માણુસને નામે કરી આપે તે માણુસ ૭૬ મી અથવા ૭૭ મી કાનુન પ્રમાણે જરૂરની હોય એવી નોટીસ અથવા કબુલત લખી આપવાનુ કહે ત્યારે તે તલાટીનુ કામ છે કે તેણે કોઇપણ જાતની ફી અથવા ચાર્જ લીધા વગર તે લખી આપવી

(૨) જે તલાટી સદરહુ પ્રકારની નોટીસ અથવા કબુલત લખી આપે તેણે એવી નોટીસ અથવા કબુલતની ડાબી બાજુના ખુણા ઉપર " લખનાર ' આ શબ્દની પછી પોતાની સહી કરવી જોઇએ

કલમ ૮૧ ને ૮૨ રદ કરી છે

૮૩ (૧) જ્યારે કોઈ કસબા અથવા શહેરના ગભાણને સર્વે લાગુ કરી હોય ત્યારે કલમ ૧૩૨ ની રૂએ આપવાની ફી સાધારણ રીતે એવી ઠરાવવી કે એવા ગભાણના સબધમા આપવાની કુલ રકમથી તેની સરવેનો ખર્ચ પુરો થાય

(૨) ઘરના દરેક ગભાણની અથવા જુદા ધારણ કરેલા તેના કોઈ ભાગની કિમત ઠરાવવામા કલેકટરે પેટા કાનુન (૧) ના ઠરાવને અને સદરહુ ગભાણની અથવા તેના ભાગની જગા, કિમત, બાહુ, અને ક્ષેત્રફળને ધ્યાનમા લેવા, પરંતુ એવી ફી કલમ ૧૩૨ ની રૂએ ઠરાવેલી વત્તામા વત્તી ફી કરતા વધારે હોવી જોઇએ નહિ

૧૪—જમીન મહેસુલ વસુલ કરવુ

(કલમો ૧૫૬ તથા ૨૧૪ [એ])

૮૪ જમીન મહેસુલના સઘળા પૈસા, જે ગામમા એવુ મહેસુલ દેવુ હોય તે ગામના અમલદારોને ભરવા જોઇએ, પણ એવુ ઠરાવ્યુ છે કે, કલેકટરની મજુરીથી, વિશેષ બાબતમા, એવા પૈસા જે જીલ્લા માટે હોય તે જીલ્લાની સરકારી તીજોરીમા અથવા બીજા કોઇ પણ જીલ્લાની સરકારી તીજોરીઓમા ભરવાનો અધિકાર છે

૮૫ ફક્ત ખેતીના કામ સારૂ આકાર ઠરાવેલી જમીનના સબધમા આપવાનુ જમીન મહેસુલ સરખે અથવા લગભગ સરખે હફતે હેઠળ લખેલી તારીખોએ ભરવુ જોઇએ, એટલે —

(અ) સિધ પ્રાતમા, ખરીફની ખેતી બદલ ફેબ્રુઆરીની ૧૫ મી તારીખે અને એપ્રિલની ૧૫ મી તારીખે, અને રબીની ખેતી બદલ જુનની ૧૫ મી તારીખે અને જુલાઇની ૧૫ મી તારીખે

(બ) રત્નાગીરી તથા કાનડા જીલ્લાઓમા તથા કુલાબા જીલ્લામાના ખોતી ગામોમા, ડિસેબરની ૧૫ મી તારીખે, ફેબ્રુઆરીની ૧ લી તારીખે, માર્ચની ૧૫ મી તારીખે અને મેની ૧ લી તારીખે

(ક) થાણા તથા કુલાબા જીલ્લાઓમા (કુલાબા જીલ્લામાના ખોતીગામ બાદ કરીને) જાનેવારીની ૧ લી તારીખે તથા ફેબ્રુઆરીની ૧૬ મી તારીખે, (ક–ક) કાનડા જીલ્લામા ફેબ્રુઆરીની ૧ લી તથા એપ્રીલની ૧ લી તારીખે

[ડ] બીજા જીલ્લાઓમા,—

૮૬ મી કાનુનમા ૧ લા વર્ગના દાખલ કરેલા ગામોમા ડિસેબરની ૫ મી તારીખે તથા જાનેવારીની ૫ મી તારીખે

સદરહુ કાનુન પ્રમાણે ૨ જા વર્ગમા દાખલ કરેલા ગામમા જાનેવારીની ૫ મી તારીખે તથા માર્ચની ૫ મી તારીખે

સદરહુ કાનુન પ્રમાણે ૩ જા વર્ગમા દાખલ કરેલા ગામોમા ફેબ્રુઆરીની ૫ મી તારીખે તથા એપ્રિલની ૫ મી તારીખે

પણ એવુ ઠરાવ્યુ છે કે,—

(૧ જે જીલ્લામા અથવા જીલ્લાના જે કોઇપણ ભાગમા સદરહુ તારીખો સગવડ ભરેલી નથી એવુ દેખાય ત્યારે તે જીલ્લામા અથવા જીલ્લાના તે ભાગમા મોસમની સ્થિતિ પ્રમાણે તથા સદરહુ જીલ્લામાના અથવા જીલ્લાના ભાગમાના ગામની હકીકત પ્રમાણે તથા જે પાક ઘણુ કરીને વાવવામા આવતો હોય તેના પ્રકાર પ્રમાણે જે બીજી તારીખો કલેકટરને યોગ્ય લાગે તે બીજી તારીખો કમીશનરની મજુરી લઇને ઠરાવવાનો તેને અધિકાર છે

(૨) જ્યારે આકારની કુલ એકદર રકમ ૪ રૂપિયા અથવા તેથી ઓછા રૂપિયા હશે ત્યારે જો કલેકટર તે પ્રમાણે હુકમ કરશે તો તે પહેલા હફતાની તારીખે એકી રકમે આપવી પડશે

(૩) જે માણસની પાસે વરસનુ મહેસુલ લહેણુ થયુ હશે તેની ઇચ્છા કોઇપણ પ્રસંગે હફતાને બદલે એકદમ આપવાની હશે તો તેને તેમ કરવાનો અધિકાર છે

૮૬ ૮૫ મી કાનુનની (ઙ) રકમના કારણ સારૂ, જે જીલ્લાને તે રકમ લાગુ હોય તે જીલ્લાના કલેકટરે જે કમીશનરના તાબામા તે કલેકટર હોય તે કમીશનરની મજુરી લઇને સદરહુ જીલ્લા માહેના કોઇ ગામોના હેઠળ પ્રમાણે ત્રણ વર્ગ કરવા જોઇએ

૧ લા વર્ગમાં, ઘાટ ઉપરના જીલ્લામાના ખરીફના ગામ તથા જ્યા મહેસુલ ખસુસ જલદી વસુલ થયાની તજવીજ કરવી જરૂરની હોય ત્યાના ખરીફ ગામ દાખલ કરવા જોઇએ

૨ જા વર્ગમાં,, ગુજરાતના ખરીફ ગામ તથા જ્યા સદરહુ પ્રમાણે ખસુસ તજવીજ કરવાની જરૂર ન હોય ત્યાના ખરીફના ગામ દાખલ કરવા જોઇએ

૩ જા વર્ગમાં, સામાન્યત રબીના ગામ દાખલ કરવા જોઇએ

૮૭ કાનુનો ૮૫ અને ૮૬ ના ઠરાવ જે જમીન મહેસુલને લાગુ નહિ હોય તેવુ જમીન મહેસુલ સાધારણ રીતે એક હપતે દરેક બાબતમા જે તારીખ નીમવાનુ કલેકટરને યોગ્ય લાગે તે તારીખે આપવુ જોઇએ, પણ વિશેષ બાબતમા કલેકટરને એવો અધિકાર છે કે તેણે પોતાની નજરમા આવે તો, એવુ મહેસુલ બે અથવા વધારે હફતે પોતે નીમે તે તારીખોએ આપવાની છુટ આપવી

૮૮ (૧) ૧૫૨ મી કલમ પ્રમાણે કરવાની માગણીની નોટીસ હ પુરવણીના નમુના પ્રમાણે જોઇએ

(૨) જમીન ધારણ કરનારાઓએ જે તારીખોએ પોતાના હફતા ભરવા જોઇએ તે તારીખોથી તેઓને વખતે વખતે ચેતવણી આપવા માટે અને માગણીની નોટીસ અથવા બીજી કોઈ સખ્તીની તજવીજ કર્યા વગર મહેસુલ જલદીથી વસુલ કરવા સારૂ ખુદ પોતાનો વગ ચલાવવા માટે સદરહુ પ્રકારના ગામના અમલદારને કલેકટર જવાબદાર ગણશે, અને આ કામ બજાવવાને જે કોઈ ગામનો અમલદાર ચુકશે તેને બીજાને દાખલો મળે તેવા પ્રકારની શિક્ષા કરવી જોઇએ

૮૯ ગામના અમલદારો જે મામલતદારોને અથવા મહાલકારીઓને તાબે હોય તેમને જે જમીન ધારણ કરનાર પોતાના હફતા વખતસર આપશે નહિ એમ માનવાનો સદરહુ પ્રકારના ગામના અમલદારોને સબબ હશે

તે જમીન ધારણ કરનારઓના નામ ૧૪૦ મીથી તે ૧૪૫ મી કલમો સુધીની કલમોમા ઠરાવેલી પુરઃ ઉપાયની તજવીજો કરવાની જરૂર હશે તે યોગ્ય વખતે કરી શકાય એ હેતુથી લખી મોકલવા જોઇએ અને જે બાબતમા જમીનનો આકાર ન આપ્યાને લીધે તેમાંનો પાક દિવાની કોર્ટે જપ્ત કર્યો હોય તે બાબત વિષે તેણે તાબડતોબ રિપોર્ટ કરવો જોઇએ

સર્વે સેટલમેન્ટનો વહિવટ કરવા બાબત તથા હદનાં નિશાન ટકાવી રાખવા બાબત

(કલમ ૨૧૪ (ગ)]

(૧) સરવે સેટલમેંટનું જાહેરનામુ

૯૦ (૧) જ્યારે ૧૦૨ જી કલમ પ્રમાણે સરકાર તરફથી સર્વે સેટલમેંટ કરવાની મજુરી મળી હોય ત્યારે જે જીલ્લાને અથવા જીલ્લાના ભાગને તે સેટલમેંટ લાગુ થતું હોય તે જીલ્લામા અથવા જીલ્લાના ભાગમા આઇ પુરવણીના નમુના પ્રમાણેનુ જાહેરનામુ પ્રસિદ્ધ કરવુ, અને જ્યારે ગવર્નર ઇન કૌનસીલે પોતાને

જરૂર લાગે તે ફેરફાર કરીને આ પ્રમાણે નાખેલો આકાર અમુક વર્ષની મુદત સુધી કલમ ૧૦૨ મુજબ જાહેર કર્યો હોય ત્યારે તે વાત મુબઇ સરકારી ગેઝીટમા જાહેર કરવી

(૨) જે કોઇપણ તાલુકાના કેટલાક ભાગમા સેટલમેટ ઠરાવ્યુ હોય તે તાલુકાના બીજા ભાગમા સેટલમેટ દાખલ કરવામા આવે ત્યારે તે તાલુકાના જે ભાગ બાબત પ્રથમ સેટલમેટ થયુ હોય તે ભાગમા જે મુદત સુધીનુ સેટલમેટ થયુ હશે તે મુદત પૈકી જેટલી મુદત બાકી રહી હશે તેટલી જ મુદત માટે માત્ર બાહેધરી આપવી

(૨) ઝાડ

૯૧ (૧) ઝાડો ઉપરનો સરકારનો હક ૪૦ મી કલમના બીજા પારેગ્રાફ પ્રમાણે કેટલે સુધી સાધારણુત. આપ્યો છે તે ૯૦ મી કાનુનની પેટા કાનુન (૧) પ્રમાણે કરવાના જાહેરનામામા નિર્દિષ્ટ કરવુ જોઇએ સદરહુ પ્રમાણે સાધારણુત આપેલો હક હેઠળ લખેલા ઝાડો શિવાય બીજા સઘળા ઝાડોને લાગુ કરીને લાગુ થશે એટલે —

(અ) રસ્તાની બાજુ ઉપર સરકારે અથવા સરકારના હુકમથી રોપેલા સઘળા ઝાડો,

(બ) સાગ, સીસમ તથા સુખડ,

(ક) જે ઝાડોની ઉપજની આજ સુધી સરકારે વ્યવસ્થા કરી હોય તે ઝાડો

(૨) ઝાડના ઝુડ, દેવળની આસપાસના તથા છાવણીની આસપાસના જે ઝાડો, ઝુંડો હોવા બાબત કલેક્ટરે ઠરાવ કર્યો હોય તે ઝાડો અને સાગ, સીસમ અથવા સુખડ શિવાય બીજા કોઇપણ કારણુસર વિશેષ મહત્વના અથવા ઉપયોગના હશે તે ઝાડો સેટલમેટની વખતે ખસુસ રાખી મુકવામા આવશે અને તે ખસુસ રાખી મુકયા બાબતની સેટલમેટ દફતરમા નોધ કરવામા આવશે

(૩) સદરહુ વર્ગો પૈકી હરકોઇ વર્ગના જે ઝાડો ખાતાદારને અગાઉથી ખસુસ સોપી દીધેલા હશે અથવા તેણે ખરીદ કર્યા હશે તે ઝાડો ઉપરના અથવા સાર્વજનિક જગામા જે ઝાડો ઉભા હશે તે ઝાડો ઉપરના હકને આ કાનુન ઉપરથી અથવા ૯૦ મી કાનુનની પેટા કાનુન (૧) ની રૂયે પ્રસિદ્ધ કરેલા કોઇ જાહેરનામા ઉપરથી બાધ આવે છે એમ સમજવુ નહિ

ટીપ માલીકીના હક વગર ચાકરીઆત જમીન ધારણ કરનારનો પોતાની જમીનમાના ઝાડોપર માલીક પ્રમાણે કે ખાતેદાર પ્રમાણે હક છે એમ કહી શકાશે નહિ

૯૨ ૯૧ મી કાનુનમા ગમે તે ઠરાવ હશે તોપણ, જ્યારે સરકારને સઘળા ઝાડો ઉપરનો અથવા સદરહુ કાનુનમા કહેલી જાતના ઝાડ સિવાય બીજી જાતના ઝાડ ઉપરનો પોતાનો હક ખસુસ રાખી મૂકવો યોગ્ય છે એવુ પોતાને લાગશે, ત્યારે સરકાર તે પ્રમાણે હક રાખી મૂકવાને મુખત્યાર છે

૯૩ કાનુનો ૯૪ તથા ૯૫ માના ઠરાવોને અનુસરીને ભોગવટામાના અને ભોગવટા માટે આપવામા આવે તે જમીનમાના ઝાડોની વ્યવસ્થા હેઠળના નિયમ પ્રમાણે કરવી જોઇએ —

(૧) જે ઝાડો ઉપરના સરકારના હક રાખી મૂકેલા હશે તે ઝાડો પૈકી સરકાર વખતે વખતે ફરમાવે તેટલા અથવા તેટલી જાતના ઝાડો જગલ ખાતાને સ્વાધીન કરવા ભોગવટામાહેના નબરોમાના જે ઝાડો ઉપર જગલખાતાનો કાઇ નિર્બંધ અથવા લીયન હોય તે સઘળા નબરોની યાદી કરી મુકવી, આ નબરોમાના ઝાડો જગલ ખાતાએ કાપી લઇ જવાનો બંદોબસ્ત કલેકટરને પૂછીને કરવો આ નબરોમાના ઝાડો કાપી લઇ જવામા આવે તો તે નબરોમા આગળ જગલ ખાતાનો કોઇ સબધ રહ્યો નથી એવુ દફતરોમા લખી મૂકવુ

૨ રાખી મુકેલા જે ઝાડો જગલખાતાને સ્વાધીન કરેલા નહિ હોય તે સઘળા કલેકટરને સ્વાધીન રહેશે અને તે ઝાડોની અથવા તેમની ઉપજના વ્યવસ્થા કલેકટરે વખતે વખતે યોગ્ય લાગશે તે રીતે કરવાનો તેને અધિકાર છે

૩ જે તાલુકામાં જગલની હદ ઠરાવવાનુ કામ પુરૂ થયુ હશે તે તાલુકામા, જ્યારે કોઇ પણ રાખી મુકેલા જગલમા જેનો સમાવેશ કરેલો નહિ હોય તેવા કોઇ જગલવાળા અથવા કિમતી ઝાડવાળા કોઇપણ પડતર નબરના ખાતાનો હક કોઇપણ માણસને આપ્યો હોય ત્યારે, તેવી જમીન જગલ સારૂ રાખવા કરતા

વાવેતર કરવા સારૂ આપવી ઠીક છે એવુ કલેકટરને લાગે તો તેમાનું જગલ અથવા ઝાડો પૈકી જે ઝાડો તેને યોગ્ય લાગે તે ઝાડો, તેને યોગ્ય લાગે તે કિંમતે, ખાતાદારને આપવા માડવાને કલેકટરને અખત્યાર છે જો તે ખરીદવાને ખાતાદાર કબુલ હશે, તો તેની પાસેથી કલેકટરે કિંમત વસુલ કરીને જમીન મહેસુલ ખાતે જમે કરવી જોઇયે

૪ જે તાલુકામા જગલ રાખી મુકેલી જગાની હદ ઠરાવવાનું કામ પુરૂ થયુ નહિ હોય તે તાલુકામા કલેકટરને, પોતાને યોગ્ય લાગે તો જે કોઇપણ જમીનમા જગલ અથવા કિંમતી ઝાડો હોય તેનું ખાતું આપવાની અગાઉ કન્સરવેટર ઓફ ફોરેસ્ટની સલાહ લેવી, અને એવી કોઇપણ જમીનનું ખાતું જો કોઇ માણસને આપવામા આવે તો તેને ૩ જી કાનુનના ઠરાવ લાગુ થશે

પણ એવુ ઠરાવ્યુ છે કે કિંમતી જાતના નિર્દિષ્ટ કરેલા ઝાડ કાપવા નહિ, અને જો તે જમીન જગલ સારૂ જોઇશે એવો સભવ હોય તો તેનુ ખાતુ કોઇપણ પ્રસગે આપવુ નહિ

૫ સર્વે સેટલમેટ પહેલવહેલુંજ દાખલ કર્યા પછી હરકોઇ વખતે એકાદા સર્વેનબરનું ખાતું જ્યારે આપ્યુ હશે, ત્યારે ૯૨ મી કાનુનની પેટા કાનુન [૧] ની રકમ (ક) મા નિર્દિષ્ટ કરેલા પ્રકારના ઝાડ રાખી મુકવાના ઝાડમાથી બાદ કરવા, અને તે ૬૨ મી કલમના બીજા પારેગ્રાફના ઠરાવ મુજબ ખાતાની સાથે આપવા

જ્યારે કોઇ સર્વે નબરમાના રાખી ન મુકેલા ઝાડ ઉપરનો હક તથા સદરહુ નબરનુ ખાતુ એકી વખતે સરકારના અધિકારમા હોય ત્યારે સદરહુ ઝાડ જે સખસને તે ખાતુ મળે તે સખસને જ હમેશ આપવા, બીજા કોઇ સખસને આપવા નહિ

૭ એકાદા સર્વે નબરમાના ઝાડ ઉપરનો સરકારનો હક એક વખત ખાતાદારને આપ્યો એટલે અથવા રાખી મુકેલા સઘળા ઝાડ—

(અ) ખાતું આપતી વખતે, અથવા

(બ) તે આપ્યા પછી અથવા

(ક) સિધ પ્રાતમા તે આપવાની અગાઉ અથવા

(ડ) સિધ પ્રાત સિવાય બીજે ઠેકાણે તે આપવાની અગાઉના પાચ વર્ષની અદર,

કહાડી લઈ જવામા આવે એટલે, સદરહુ ખાતાદારનુ ખાતુ ચાલે ત્યાસુધી, તે નબરમા ત્યાર પછી જે કાંઇ ઝાડ થાય અથવા જુના મુળીઆમાથી અથવા હુઠામાથી ઉગી નીકળે તેમની ઉપર સરકારનો હક રહેશે નહિ

૯૪ (૧) કાનન ૯૩ માના કોઇપણ ઠરાવ થાણા, કુલાબા તથા રત્નાગીરી જિલ્લામાની વરકસ જમીનને તથા કાનુડા જિલ્લામાની બેટ જમીનને, અથવા નાસિક જીલ્લાના દિડોરી તાલુકામાની અથવા પેઠ તાલુકામાની કોઈપણ દુમાલા નહિ હોય તેવી જમીનને, અથવા પચમહાલ જીલ્લાના ગોધરા તાલુકા માહેના ઓઢ તથા નાળાના કાઠા ઉપરની કોઇપણ જમીનને, અથવા અહમદનગર જીલ્લાના પારનેર, રાહુરી, સગમનેર, તથા આકોલા તાલુકામાની હાસિયામા નિરદિષ્ટ કરેલી નદીના કાઠા ઉપર ભોગવટામાની જમીનમા નદીની બાજુએ જે કોઇપણ જાબુના ઝાડ હશે તેને લાગુ થાય છે એમ સમજવુ નહિ

(૨) સદરહુ જમીનમા જે ઝાડો ઉપર સરકારનો હક રાખી મૂકયો છે તે ઝાડો કલેકટરની સલાહથી જગલખાતા તરફથી અથવા તે ખાતાના હુકમથી વખતે વખતે કાપવા માટે મળી શકશે

(૩) એવા પ્રકારનુ એકાદુ ઝાડ અથવા તેનુ ઇમારતી લાકડુ વેચ્યાથી એવી રીતે કાપેલા ઝાડના મુળીઆમાથી અથવા હુઠીઆમાથી બીજા ફણગા ઉગી નીકળે તે ઉપર લેનારને હક પ્રાપ્ત થશે એમ સમજવુ નહિ સદરહુ ઝાડ ઉપર રાખી મુકેલો સરકારના હક તે ઝાડમાથી બીજા ફણગા ઉગે તેને પણ લાગુ પડે છે

૯૫ (૧) અને, હવેલી, પુરધર તથા જુન્નર તાલુકા અને અબેગામ પેટામાહેના જગલોની મજુર થયેલી હદની અદરની ભોગવટાની સઘળી જમીન સરકારમાં લેવાનું કામ પુરૂ થાય ત્યા સુધી ૯૩ મી કાનુન માહેના કોઇપણ ઠરાવ સદરહુ હદની અદર દુમાલા નહિ થયેલી જમીનમા ઉગેલા સાગના ઝાડોને લાગુ પડે છે એમ સમજવુ નહિ

(૨) એવી કોઇપણ જમીનમાના સાગના ઝાડો કલેક્ટરની સલાહથી જંગલ ખાતા તરફથી અથવા તે ખાતાના હુકમથી વખતે વખતે કાપવા માટે મળી શકશે, અને એવી કોઇપણ જમીનમાનુ એકાદુ સાગનુ ઝાડ અથવા તેનું ઇમારતી લાકડુ વેચ્યાથી તે પ્રમાણે કાપેલા ઝાડના મુળીઆમાથી અથવા ઠુઠીઆમાથી બીજા ફણગા ઉગે તે ઉપર લેનારને હક પ્રાપ્ત થશે એમ સમજવુ નહિ પણ સાગના ઝાડ ઉપર રાખી મુકેલા સરકારનો હક તે ઝાડમાથી ઉગી નીકળે તે ફણગાને પણ લાગુ પડે છે

(૩)—સહખાતાદારોના નામની નોંધ.

૯૬ કોઇ પણ સર્વે નંબરના નોંધેલા ખાતાદારના સહ ખાતાદારના નામ અને તે ખાતા માહેના સદરહુ દરેક સહ-ખાતાદારનો જેટલી આની ભાગ હોય તે ભાગ સર્વે નંબરના નોંધેલા ખાતાદારના નામ તથા ભાગની સાથે દફતરમા નોંધવાની કલેક્ટરને અથવા સર્વેનુ કામ ચાલતુ હોય ત્યારે કોઈ સર્વે અમલદારને લખીને અરજી કરી હોય તો તેમા તે પ્રમાણે નોંધવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ કોઇપણ નોંધ ઉપરથી—

(અ) સદરહુ નંબરના જમીન મહેસુલ માટે જે ખાતાદાર સરકારને અથવા માહોમાહે જવાબદાર હોય તે જવાબદારીને બાધ આવવો નહિ જોઇએ, અથવા

(બ) તે નોંધ જે ભાગ સંબંધી હોય તે ભાગ સદરહુ સર્વે નંબરનો કબુલ કરેલો હિસ્સો થાય છે એમ સમજવુ નહિ

(૪)—હદ નિશાન બરાબર રાખવા તથા તેની મરામત કરવી

૯૭ કોઇ જીલ્લામા સર્વે સેટલમેંટ દાખલ કર્યા પછી સર્વેના સુપ્રિન્ટેન્ડેન્ટે, સરવે ડિપાર્ટમેંટે અથવા તે ડિપાર્ટમેન્ટના હુકમથી બાંધેલા અથવા ઠરાવેલા હદ નિશાન કયે કયે ઠેકાણે છે તથા કેટલા મોટા છે તથા કેવા પ્રકારના છે તે એક નકશામા તથા પત્રકમા બતાવીને તે કલેક્ટરને આપવુ જોઇએ કે જેથી કરીને સદરહુ હદનિશાન યથાસ્થિત રાખવા સારુ તથા તેની મરામત કરવા સારૂ ૧૨૪ મી કલમ પ્રમાણે જે તજવીજ કરવી જોઈએ તે કરી શકાય,

૯૮ (૧) હદનિશાન માટીના કર્યા હોય ત્યારે તેની મરામત કરવા સારૂ તેની આસપાસની માટી ખોદી કહાડવાની મના છે

(૨) સદરહુ પ્રકારના હદનિશાનનો મરામત કરવા સારૂ માટી ખોદી કહાડયાથી ખાડા પડશે તેમા પાણી ભરાઇને તે હદનિશાનને નુકશાન નહિ થવા દેવા સારૂ દરેક હદનિશાનની આસપાસ બે હાથ પહોળી જમીન કાયમ રાખી મુકવી જોઈએ

૯૯ (૧) સઘળા જમીન ધારણ કરનારાઓએ પોતાના હદનિશાનની દસ દિવસની મુદતમા મરામત કરવી એમ ફરમાવનારૂ ૧૨૨ મી કલમના ૨ જા પારેગ્રાફની રૂયે સામાન્ય જાહેરનામુ ઘણુ કરીને દરેક ગામ માટે દર વર્ષે અકટોબર મહિનામા પ્રસિદ્ધ કરવુ જોઇએ

[૨] હેઠળ લખેલા હદનિશાન મરામત કર્યા વગરના સમજવા અને તે પ્રત્યેકના સંબંધમા હેઠળ કરેલી રીતે મરામત કરવી જોઇએ, એટલે —

[અ] જે કોઇ પણ બાંધ એક આના કરતા ઓછો ઉંચો, પાંચ આના કરતા ઓછો લાંબો, તથા તળીયેથી ૨½ આના કરતા ઓછો પહોળો હોય તેવો કોઇ પણ બાંધ

મરામતનો પ્રકાર—સદરહુ બાંધ પુરેપુરા ક્ષેત્રફળનો નાખવો જોઈએ, એટલે, ૧½ આનો ઉંચો, ૫ આના લાંબો તથા તળીએથી ૨½ આના પહોળો

(બ) જે બાંધની મરામત સારૂ બાંધની પાસેથી બે હાથની અંદર માટી ખોદી કાહાડયાથી બાંધની મજબુતાઇ ઓછી થઇ હોય એવો કોઇપણ બાંધ [કાનુન ૯૮ જુઓ)

મરામતનો પ્રકાર—ખોદેલા ખાડા પુરી દેવા જોઇએ

(ક) જે બાંધ યોગ્ય ઠેકાણાથી ઘણેજ દુર હોય અથવા એવી રીતે મરામત કરેલા અથવા નાખેલા હોય કે જેથી કરીને લાઈન ખોટી છે એમ જણાય તેવા કોઇ પણ બાંધ

મરામતનો પ્રકાર—બાંધ તેની યોગ્ય જગાએ કરવો જોઇએ

પણ આ વાત ધ્યાનમા રાખવી જોઈએ કે, સરવે નબરની હદની રેષા ઉપર વચમા આવેલા નિશાન નકશામા બતાવેલી જગાએ બરાબર મૂકેલા હોતા નથી વાસ્તે એવા નિશાનની સખ્યા ખરી હોય તો બાધમા ફેરફાર કરવો નહિ

(ડ) ૧૬ હાથથી ઓછી લબાઈનો તથા ત્રણ આગળથી ઓછી જાડાઇનો કોઇ પથ્થર

મરામતનો પ્રકાર—બરાબર કદનો પથ્થર ડાટવો જોઇએ

(ઇ) જમીન ઉપર આવેલો અથવા જમીનમા ફુટ કરતા ઓછો ઉંડો પુરેલો તથા છુટો પડેલો પથ્થર

મરામતનો પ્રકાર—સદરહુ પથ્થર ફરીથી પુરવો જોઇએ અથવા મજબુત બેસાડવો જોઇએ

(ફ) યોગ્ય ઠેકાણે ન હોય એવા પથ્થર

મરામતનો પ્રકાર—પથ્થરનુ યોગ્ય સ્થળ બરાબર નકકી કરવુ જોઇએ

(ગ) બાધને બદલે વગર હુકમે બેસાડેલો એક અથવા વધારે પથ્થર

મરામતનો પ્રકાર—બાધ કરવો જોઇએ

(હ) જે કોઈ પણ બાધ ઉપર અથવા તેની આસપાસ કોઇપણ પ્રકારનો જગલી ઝાડપાલો એટલો બધો ઉગ્યો હોય કે, છેક પાસેના બાધ ઉપરથી અથવા પથ્થર પાસેથી સહેજ રીતે નજરે પડે નહિ એવો બાધ અથવા પથ્થર.

મરામતનો પ્રકાર—તે પથ્થર અથવા બાધ ઉપર લખ્યા પ્રમાણે સહેજ રીતે નજરે પડે એવી રીતે તે ઝાડપાલો કહાડી નખાવીને જગા સાફ કરવી જોઇએ

(આઇ) નકશામા કાયમ નિશાની તરીકે બતાવેલો એક આનાથી ઓછી ઉચાઇનો તથા તળીએથી ૨ આનાથી ઓછી પહોળાઇનો કોઇ પણ સરબાધ અથવા અખડ બાધ

મરામતનો પ્રકાર—સદરહુ બાધ સઘળે ઠેકાણેથી પુરેપુરો એક આનો ઉચાઇનો તથા તળીયેથી ૨ આના પહોળાઇનો કરવો જોઈએ પણ આ પ્રમાણે સરબાધ ન કરતા તેને બદલે બાધ તથા પથ્થર નાખવાની ખાતાદાર પોતાની મરજી બતાવે, તો તે પ્રમાણે બાધ તથા પથ્થર નાખીને નકશામા પણ તે પ્રમાણે દુરસ્તી કરવી જોઇએ

ટીપ.—કોઇપણ જમીન ધારણ કરનારને પોતાના નબરની હદની રેષાની અંદર સરબાધ બાધવાનો અધિકાર છે પણ એવો સરબાધ હદનિશાન સમજાશે નહિ કારણ તે હદની રેષા ઉપર હોતો નથી તે તદ્દન નાખ્યો નથી એમ સમજીને હદ નિશાન કરવા જોઇએ

પણ જો હદની રેષા ઉપર સરબાધ અથવા બીજા કાયમ નિશાન કરેલા માલમ પડે અને તે નકશામા બતાવેલા ન હોય, તથા તે કાયમ નિશાન સમજવા એવી ખાતાદારની મરજી હોય, તો તે બદલ હુકમ મળવા માટે સર્કલ ઇન્સ્પેકટરે અથવા તલાટીએ હુકમ કરવો જોઇએ, ખાતાદારની તેવી મરજી ન હોય તો, એવી જગાના બાધ તથા પથ્થર નાશ થએલા હોય તો તે ફરીથી નાખવા જોઇએ

(જે) ઉપર લખ્યા પ્રમાણે નકશામા કાયમ નિશાન તરીકે બતાવેલા જે સરબાધની અથવા બીજા બાધની મરામત કરવા માટે સાર્વજનિક રસ્તા ઉપરની માટી ખોદી લીધી હશે તેવા સરબાધ અથવા બાધ

મરામતનો પ્રકાર—નુકશાન થએલા રસ્તાની મરામત જમીન ધારણ કરનારાએ અથવા તેને ખરચે કરવી જોઇએ

(કે) નકશામા બતાવેલી જે કોઇ વાડ અથવા બીજું કાયમનું નિશાન એક સરખુ ન હોવાને લીધે અથવા મરામત ન થયાને લીધે કાયમના નિશાન જેવુ ન હોય તે વાડ અથવા નિશાન

મરામતનો પ્રકાર—જે મરામત કરવી પડે તે બદલ હુકમ મળવા માટે રિપોર્ટ કરવો જોઇએ

(લ) જે હદની પટ્ટી ખેડી હોય અથવા જેમા વાવેતર કર્યું હોય તે

મરામતનો પ્રકાર— બનેલી હકીકતનો સર્કલ ઇન્સ્પેકટરે અથવા તલાટીએ હુકમ મળવા માટે રિપોર્ટ કરવો જોઇએ

ટીપ:—કુદા તથા હરીયાળીના વેલા ખેડેલી જમીનમા પથરાય નહી માટે તે જમીન સાફ ગખવાના ખરા હેતુથી જે પટી ખોદી હોય તે પટી મરામત ન કરેલુ હદનીશાન છે એમ સમજવુ નહિ

(મ) જતા રહેલા નિશાન

મરામતનો પ્રકાર—નવા નિશાન કરવા

પણ એવુ ઠરાવ્યુ છે કે જે પ્રસગે હદનીશાન એકાદો માટીનો બાધ હોય અને તે બાધ નાળાના અથવા નદીના પુરને લીધે મરામત સ્થિતિમા રાખી શકાતો ન હોય તે પ્રસગે ડિસ્ટ્રિકટ ઇન્સ્પેકટરની મ જુરીથી તે રદ કરવો અને તેને બદલે બે પથરા બેસાડવા, માત્ર તે બાધ એક બે સાકળ પાછળ હઠાવ્યાથી તે કાયમ રહેવાની સારી આશા હોય, તો તેવી રીતે પાછળ હઠાવવો શકાની બાબતમા તે બાધ પાસે એક પથ્થર બેસાડવો, એટલે રેલથી કદી બાધ ધોવાઇ જાય તોપણ તેની કાયમની જગા તે પથ્થરના નિશાનથી સમજાશે

૧૬—અપીલ

(કલમ ૨૧૪ (હ))

૧૦૦ [૧] જે અધિકારી પાસે અપીલ ચાલતી હોય તે અધીકારીને દરેક અપીલ, અરજીના રૂપમા કરવી જોઇએ, અને તે મુખતેસર, સમજાય એવી અને વિનયપૂર્વક ભાષામા લખવી જોઇએ, અને તેની ઉપર અપીલ કરનારની અથવા તેના યોગ્ય રીતે અધિકાર આપેલા મુખત્યારની સહી અથવા નિશાની હોવી જોઇયે

અપીલ કરનારનુ તથા તેના બાપનુ નામ, તેનો ધધો તથા રહેવાની જગા અથવા ઠામ ઠેકાણું, અરજી લખનારનુ નામ તથા ઠામ ઠેકાણુ, અને જો બને તો જે હુકમ ઉપર અથવા ઠરાવ ઉપર અપીલ હોય તે હુકમની અથવા ઠરાવની તારીખ અને તે જે અમલદારે કર્યો હશે તેનુ નામ તથા હોદ્દો

(૩) સદરહુ અરજીમા અપીલ કરનારને પોતાની અપીલની પુષ્ટીમા જે બાબત લખવાની હશે તે ટુકમા તથા લબાણ કર્યા વગર લખવી જોઇએ, અને જે હુકમ ઉપર અથવા ઠરાવ ઉપર અપીલ કરી હશે તે બાબત અપીલ કરનારને વાધો લેવાનુ જે કારણ હશે તે પણ લખવુ

૧૦૧ (૧) જે અધિકારી પાસે અપીલ ચાલતી હશે તે અધિકારીને અપીલ કાતો ખુદ જાતે આપવી, અથવા ટપાલ મારફત તેની ઉપર મોકલવી

(૨) જ્યારે અપીલ ટપાલ મારફત મોકલી હોય ત્યારે જે લખોટામા તે અપીલ બીડી હશે તેની ઉપર હમેશા પુરેપુરૂ ટપાલનુ હાસલ અગાઉથી આપવુ જોઇએ

૧૦૨ કાનુનો ૧૦૦ અથવા ૧૦૧ પૈકી કોઇ પણ કાનુનના ઠરાવ ઉપર કોઈપણ અગત્યની બાબતના સબધમા દુર્લક્ષ થતુ હશે તો, અપીલના ગુણદોષની ચોકશી કર્યા વગર તે નામજુર કરી શકાશે

૧૭—શિક્ષા

(કલમ ૨૧૫)

૧૦૩ હેઠળ લખેલી સામાન્ય કાનુનો તોડવામા આવશે અને તે તોડયાની વાત મેજીસ્ટ્રેટની આગળ સાબિત થશે, તો હેઠળ લખ્યા પ્રમાણે શિક્ષા થશે

(૧) જે કોઈ સખસ યોગ્ય અધિકાર વગર, જમીનમા માટી, પથ્થર, કકર, રેતી અથવા મુરમ અથવા બીજી કાઇ પણ વસ્તુ ખોદી કહાડીને અથવા લઇ જઇને કાનુન ૪૦, ૪૧, ૫૦ અથવા ૫૧ તોડશે તેને, એક મહીના સુધીની કેદની અથવા પાચસે રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

(૨) જે કોઇ સખસ યોગ્ય અધીકાર વગર, મના કરેલી રીતથી અથવા મના કરેના કામ સારૂ જમીન કામે લગાડીને, ઉપયોગમા લઇને અથવા ખાડા કરીને કાનુન ૪૮, ૪૯, ૫૦ અથવા ૫૨ તોડશે તેને ૫૦૦ રૂપીઆ સુધીના દડની શિક્ષા થશે

(૩) જે કોઈ સખસ માટીના કોઇ પણ હદનિશાનથી બે હાથની અદર જમીન ખોદીને ૯૮ મી કાનુન તોડશે, તેને ૧૦ રૂપીઆ સુધી દડની શિક્ષા થશે

(૪) જે કોઈ સખસ ગામનો અમલદાર હશે ને તે, કાનુન ૩૨, ૩૩, ૪૬, ૪૧, ૪૫, ૪૦, ૭૯, ૮૦, ૮૮, અથવા ૯૮ હેઠળ લખ્યા પ્રમાણે તોડશે, એટલે

(અ) સદરહુ કોઈ પણુ કાનુન ઉપરથી જે કોઇ દસ્તાવેજ અથવા કોઈ પણુ દસ્તાવેજની નકલ અથવા ઉતારો મફત તૈયાર કરી આપવાને બધાયા હોય તે દસ્તાવેજ અથવા દસ્તાવેજની નકલ અથવા ઉતારો તૈયાર કરવા સારૂ કાંઈ ફી લેશે અથવા વસુલ કરશે, અથવા

(બ) સદરહુ કોઇ પણુ કાનુન પ્રમાણે જે પરવાનગી આપવાનો તેને અધિકાર હોય, પરતુ જે બાબત કાઇપણુ ફી કાયદાસર રીતે તેનાથી લઇ શકાય નહિ એવી કાઇપણુ પરવાનગી આપવા બદલ કાઇપણુ ફી લેશે તેને એક મહિના સુધીની કેદની અથવા પાચસા રૂપિયા સુધીની દડની શિક્ષા થશે

(ક) સદરહુ કોઇ પણુ કાનુનમા કહેલી રીતે, કાંઈ પણુ દસ્તાવેજ અથવા કોઇપણુ દસ્તાવેજની નકલ અથવા ઉતારો તૈયાર કરવાની અથવા તેની ઉપર સહી કરવાની અથવા દાખલો લખવાની ના કહેશે અથવા ગફ્લત કરશે, અથવા

(ડ) સદરહુ કોઇ પણુ કાનુન ઉપરથી જે કાઇ રીપોર્ટ અથવા જે કાંઈ કામ તેને કરવુ જોઇએ તે રીપોર્ટ અથવા તે કામ કરવાની ગફ્લત કરશે તેને પાચસો રૂપિયા સુધીના દડની શિક્ષા થશે

હકના પત્રકના નિયમો.

હકના પત્રકના આ નિયમો રત્નાગિરી જીલ્લા સિવાયના તમામ ગામોને લાગુ પડે છે, પણુ વાટાની, તાલુકદારી જમીનને તેમજ ખોતી, મલેકી, તથા ભાગીદારી જમીનને માટે આ નિયમોમા ખાસ ફેરફાર કરેલો છે

હકના પત્રકમા વારસાઈથી, મ્હોઢાની કબુલતથી, નોધેલા કે વગર નોધેલા દસ્તાવેજથી, અથવા બીજી રીતેના જમીનના માલીકોના, કબજેદારોના, ગીરો રાખનારના, ખેડુતોના વિગેરેના જમીન ઉપરના સઘળા ખાનગી હકોની વિગત આપવામા આવે છે તેમા સરવે નબરના અનુક્રમ મુજબ દરેક માણસના કબજાવાર નોધ કરવામા આવે છે

ગામ તળીયાની જે જમીનની માપણી થઇ હોય છે તથા આકાર ઠર્યા હોય છે તેની પણુ આમા નોધ કરવામા આવે છે

મુલ્કી હીસાબો આ પત્રક ઉપરથી તૈયાર થતા હોવાથી આ પત્રક હક નોધનુ તથા સરકાર લેણાનુ પત્રક થાય છે

પ્રથમ જેમ જમીન કબજામા ન હોય અને ખાતું ચાલતું હતું એવુ હાલ નથી નમુના ન ૮ મા જેનુ ખાતુ ચાલે છે તેનો કબજેદાર તેજ ખાતેદાર છે, જમીનનો ખરેખરો કબજો હોયા વગર કોઇ પણુ માણુસનુ ખાતું પાડી શકાશે નહીં દરેક કબજેદાર પોતાનુ જમીન મહેસુલ પગભાર્યું ભરી શકવાને હવે જવાબદાર છે ઇનામી જમીન ધારણુ કરનાર પૈકી જુદી ભરવાને કયો માણુસ જવાબદાર છે તે હકના પત્રક ઉપરથી જણાઇ આવે છે

સરવે નબરોના પેટા વિભાગના આકાર અને ક્ષેત્રફળ તેની માપણી કરી ચોક્કસ ક્ષેત્રફળ અને આકાર ઠરાવવાનુ લેન્ડરેકર્ડ ખાતેથી પુરૂ થતા સુધી હાલ ફાલવણી કરીને લખવો

કબજા સાથેના હકો ઉપરાત આ પત્રકમા કબજા સિવાયના ગીરોની, સાનખતની, જાથુ ખેડની તથા જમીનમાના બીજા હકો તથા હીતની, અને એક જુદા નમુનામા ખેડુતોની નોધ કરવામા આવે છે જેથી આ પત્રક હકો નક્કી કરવાના સબધમા ઘણુ ઉપયોગી છે

કોઇ પણુ માણુસ નવો હક પ્રાપ્ત કરે તો તેણે તે હક પ્રાપ્ત કર્યાની તારીખથી ત્રણુ મહિનાની અદર તે બાબત તલાટીને રીપોર્ટ કરવો પણુ રજીસ્ટર દસ્તાવેજથી હક પ્રાપ્ત કર્યો હોય તો તેને તેમ કરવાની જરૂર નથી, અને તે સિવાયના જો ઉપર પ્રમાણે મુદત અદર ખબર ન આપે તો તે પચીસ રૂપીઆ સુધી ફી આપવાને પાત્ર થાય છે

આ કાયદો લાગુ થયા હોય તેવા ગામોની જમીનને લગતા દાવાના કામમા વાદીએ દાવાવાળી જમીનને લગતી હકના પત્રકમની નોધેલી ખરી નકલ રજુ કરવી જોઇએ

તેમજ પેટા વિભાગના નકશા તૈયાર થયા પછી જે જમીનનો દસ્તાવેજ રજીસ્ટર કરાવવાનો હોય તે જમીનનો નકશો દસ્તાવેજ સાથે રજુ કર્યા સિવાય તે નોધાવી શકાય નહિ

તલાટીએ આ પત્રકના હકની નોધ કરવા માટે પોતાના ગામમા તેવા હકોના ફેરફાર થયાની તપાસ કરતા રહેવુ, તેમજ લોકોએ પણ નવા સપાદન કરેલા હકોના રીપોર્ટ કરવામા તત્પર રહેવુ

હકના પત્રકના ત્રણ ભાગ પાડેલા છે ગામનો નમુનો ન ૬–૭ અને ૧૨, તેમા ગમે ત્યારે કાઢી મૂકી શકાય તેવા ખેડુતોના ખેડ હક નમુના ન ૧૨ મા નોધાય છે તેમા પાકની હકીકત પણ નોધાય છે તે પાચ વરસ સુધી ચલાવવાનુ છે

બીજા સઘળા પ્રકારના હક નમુના ન ૬ મા નોધવાના છે, તે પત્રક પાચ વરસ ચાલવાનુ છે, અને તેમા પ્રાત ઓફીસર સાહેબના હુકમ વગર કાઇ પણ ફેરફાર થઇ શકતો નથી જેથી નવા સપાદન કરેલા હકો પાચ વરસ સુધી ફેરફારના પત્રક નમુના નબર ૭ મા નોધાય છે અને તેમા તકરાર હોય તો લાગતા વળગતાને નોટીસ આપી તકરારી રજીસ્ટર ભરવુ તેનો મામલતદાર નીકાલ કરે તે પ્રમાણે નોધ કરવી

તકરાર ન હોય તો કરેલી નોધ સરકલ ઇન્સ્પેકટર અને ચઢતા દરજ્જાના અમલદારોએ તપાસ કર્યા પછી કાયમ થાય છે, અને આમા પાચ વરસ સુધીમા ફેરફાર થયેલા નવીન હકો પાચ વરસ પછી નમુનો ન ૬ ફરીથી લખવામા આવે ત્યારે તેમા દાખલ કરવા

નમુના નબર ૭ ફેરફારનુ રજીસ્ટર લખવા સબધી તલાટીએ દસ્તાવેજના ઉતારા ઉપરથી, હક સપાદન કર્યાના ખાનગી માણસોના રીપોર્ટ ઉપરથી તથા પોતાની ખાનગી બાતમી ઉપરથી જ્યારે હકના સંબધમા ફેરફાર થાય ત્યારે તેણે તે ફેરફાર રજીસ્ટરમા દાખલ કરવા

તેમા સબ રજીસ્ટરોને ત્યાથી આવેલા ઉતારા ઉપરથી તેણે નમુના ન ૭ મા જોઇતી નોધ કરી તેમા અનુક્રમ નબર તે પત્રકના છેલ્લા કોષ્ટકમા લખવો, અને તેમા કોઇ પક્ષકાર હોવાનુ તલાટીને જણાય તો તેણે તેમને નોટીસ આપી અને નબર ૭ મા કરેલા નોધની નકલ, તથા તેમા હીત સબધવાળાએ પોતાની તકરાર એક માસમા જાહેર કરવા સંબધીની નોટીસ જાહેર જગાએ ચોટાડવી તેમ તેવા માણસોને મોઢેથી પણ ખબર આપવી, અને તેમની કબુલાત લઈ દફતરમા રાખવી પછી કોઇ તકરાર ઉઠાવે તો તે સરકારી રજીસ્ટરમા લખી લેવી

દસ્તાવેજમા જમીન સબંધી ભૂલ હોય તો તેણે અસલ દસ્તાવેજ મગાવીને ખરી હકીકત હોય તે તેના ઉપર લખી તે ઉપર તારીખ નાખી સહી કરી પાછો આપવો

ફેરફારના રજીસ્ટરમા નોધ કરતી વખતે નમુના નબર ૬ મા કરેલી આગલી નોધો તપાસવી તેમા નવી સરતે આપેલી જમીન કલેકટરની પરવાનગી વગર તબદીલ કરવામા આવી હોય તો તેવી, મામલતદારનો હુકમ મેળવવાની જરૂર હોય તેવા કોઇ પ્રસગમા, તેમજ જેણે હક આપ્યો હોય તેનુ નામ હકના પત્રકમા ન હોય તો તેવી નોધો તકરારી રજીસ્ટરમા દાખલ કરવી

મૈયત કબજેદારોની અને તેમના પછી કબજો ધારણ કરનારા તેમના વારસોની એક યાદી તલાટીએ નીચેના નમુના પ્રમાણે ગામે રાખવી તેમા

૧ અનુક્રમ નબર, ૨ મૈયત કબજેદારનુ નામ, ૩ જે તારીખે મરણ નીપજ્યુ તે તારીખ, ન ૮ માના જુના ખાતેદારનો નબર, ૫ જમીન જેના કબજામા હોય એવા સ્થાનાપન્નોના નામ, ૬ નમુના ન ૭માની તથા તકરારી રજીસ્ટરમાની નોધનો નબર આ પ્રમાણેના કોષ્ટકો પાડી એક પત્રક ભરવુ

જ્યારે કોઇ કબજેદાર કે સગીર કબજેદારનો વાલી મરણ પામે ત્યારે તેના મરણ પછી જમીન કોના પ્રત્યક્ષ કબજામા છે તે તલાટીએ પટેલની મદદથી શોધી કાઢવુ ઇનામી જમીન બાબત ઇનામદારને જાહેર કરવાની ફરજ છે

જો મીલકતના જુદા જુદા ભાગ જુદા જુદા સખસોના કબજામા ગયા હોય તો તેમના નામ કો ૫ મા લખી તે કયા ભાગ ધારણ કરે છે તે ન ૭મા બતાવવુ

પણ કોઇ તકરાર ન હોય તો તલાટીને નોધ કરવાનો અધિકાર છે

જ્યારે વારસાઈની બાબતમા કે જમીન કોના પ્રત્યક્ષ કબજામા છે તેનો વાધો હોય તો તકરારી રજીસ્ટરમા નોધ કરવી જેથી તેનો મામલતદાર નીકાલ કરે તે પ્રમાણે નોધ કરવી

નોધ્યા વગરના દસ્તાવેજો અથવા મોઢાની કબુલતથી હક સપાદન થયો હોય તો પણ તેને માટે નોધેલા

દસ્તાવેજના સબંધમા કરવામા આવતી તજવીજ કરીને તેવા હક તલાટીએ નોધવા અને તકરારી રજી-સ્ટરમા નોધ કરવી

હક સપાદન કર્યાનો રીપોર્ટ ન મળે અને તેની તલાટીને ખબર મળે તો તેણે પૂરેપૂરી તપાસ કરી હકના પત્રકમા તેની નોધ કરવી, અને તે નોધની નકલ જાહેર જગ્યાએ ત્રણ મહીના સુધી ચોટાડી રાખવી અને તેવા માણસોએ ત્રણ માસની અદર હક સપાદન કર્યાનો રીપોર્ટ ન હોય તો તલાટીએ તેની નીચેના પત્રકમા નોધ કરવી

૧ ગામના નમુના ન ૭ માની નોધનો નબર, ૨ હક સપાદન કરવાનુ નામ, ૩ ફી વસુલ લેવા સબંધી કરેલો હુકમ, ૪ ફી વસુલ કરી રોજમેળમા જમા કર્યાની તારીખ

આ પ્રમાણેનુ પત્રક ભરવુ તેમજ જેના કબજામા કોઇ દસ્તાવેજ હોય અને દસ્તાવેજ રજુ કરવાની તલાટી તેને નોટીસ આપે છતા જો તે માણસ તે દસ્તાવેજ એક મહીનાની મુદતની અદર રજુ ન કરે તો તે સબંધી પણ આ પત્રકમા નોધ કરવી

પાચ રુપિયા સુધી ફી લેવાનો હુકમ કરવાનો મામલતદારને અધિકાર છે તે ઉપર ફી લેવા જેવુ જણાય તો તેણે પ્રાત ઓફીસરને રીપોર્ટ કરવો, અને જે ઉપજ વસુલ લેવાનુ આવે તે હુકમ રજીસ્ટર સાથે સામેલ રાખી તલાટીએ પરચુરણ ઉપજ તરીકે ફી વસુલ કરી ન ૪ મા પકડવી આ પત્રક જુલાઇ આખરે રાખી લેવુ અને જો કોઇ નોધ બાકી હોય તો તેને નવા પત્રકમા ઉતારી લેવી આવા હુકમ ઉપર કોઇને અપીલ કરવી હોય તો તેણે આ પત્રકની નકલ તથા નમુના ન ૭ માની નોધની નકલ માટે ફી આપવી આની ફી તલાટીએ રાખી લેવી, આવી દરેક નોધ બદલ ૩ પાઈ છાપેલા ફાર્મ માટે, અને ૦-૦-૯ પાઇ નકલ ફી લેવાની છે

ગીરો છોડાવવાની બાબતમા પણ જો મુદત અંદર ખબર ન આપે તો ફી લેવી જોઇએ આવી બાબતમા તલાટીએ ખાસ ધ્યાનમા રાખતા રહેવુ

દીવાની કોર્ટના હુકમનામા, રાજીનામા કબુલતો તેમજ બીજા આવા ફેરફારો થયાની ખબર મળે કે તુરત નોધ કરવી

આ પત્રક સબધી પટેલે તલાટીને મદદ કરવી અને દરેક નોધ નીચે તલાટીની સહી તળે પટેલે સહી કરવી અને ખોટી ન થાય તેની સાવચેતી રાખવી

તલાટી કે સરકલ ઈન્સ્પેકટરોની નોટીસો તથા હુકમો લાગતા વળગતા સખસો ઉપર બજાવવાનુ, લોકોની જરુર પડે તો બોલાવી ભેગા કરવાનુ હક નોધ સબધી માહિતીનો લોકોમા ફેલાવો કરી તેમની જવાબદારીઓ સમજાવવાનુ પટેલનુ કામ છે

ત્રણ મહીનાની અદર લોકો પોતાના હક સપાદન કર્યાનો તલાટીને રીપોટ કરે તે તથા હકના પત્રકમા જરૂર પડે તેવા દસ્તાવેજ તલાટીને જરૂર પડે તો એક મહીનાની અદર રજુ કરવાની લોકોને સમજુત આપવી તેમ દરેક કબજેદાર પોતાના કબજાની જમીનનુ જમીન મહેસુલ ભરે તેની તેમને તાકીદ આપવી જોઇએ

હકના પત્રક સબધી સર્કલ ઇન્સ્પેકટરોએ તલાટીએ ફેરફારનુ રજીસ્ટર બરોબર લખે તથા લોકો પોતાની જોખમદારી બરોબર સમજે તેની તપાસ રાખવી તેમજ દરેક કરેલ નોધ ખરી હોવા બાબત તેણે ખાત્રી કરી પોતાની ટુકી સહી કરવી જોઇએ તેમજ હકનુ પત્રક રોજનુ રોજ ભરાય છે કે કેમ તેની ખાત્રી કરવી જોઇએ, અને નોધો દાખલ કરવાની રહી ન જાય તેની ખાત્રી કરતા રહેવુ જોઇએ

કબજેદાર મરણ પામે અને ફેરફાર થાય તેની ખાત્રી કરવા ન ૮ ના સાકળીયા સાથે જન્મ મરણના પત્રકનો મુકાબલો કરી તપાસ કરવી બીજા ગામના કબજેદારો પૈકી લોકોને પૂછી મરણની ખાત્રી કરવી

કોઇપણ નબર ઉપરનો બોજો વધ્યો હોય તો કબજેદારોને પુછી ખાત્રી કરવી

રજીસ્ટ્રેશન ખાતાથી આવેલો ઉતારા તથા કમીજાસ્તીના પત્રકો અને તગાવી બાબતના દસ્તાવેજો તપાસી જોવા

તકરારી બાબતોની નોધ કરવામા આવી છે કે નહી તેની તપાસ કરવી તેમજ તલાટીએ લીધેલા દસ્તાવેજો પાછા આપ્યા છે કે કેમ? વારસાના કેસ બાબત તપાસ કરવી, તુલની પહાણી વખતે ખેડ હકની તપાસ

કરવી અને ઈનામી જમીનના ફેરફાર બાબતની નકલો તલાટીએ તાલુકે મોકલેલ છે કે નહી તેની તપાસ કરવી

ઇનામી જમીનના સાત વર્ગ પાડવામા આવ્યા છે, તે દરેક ગામમા વર્ગ ૨ મા બતાવેલી ફુદડીથી નીશાન કરેલી અને નિશાન નહી કરેલી એવા બે ભાગ પાડવામા આવ્યા છે

વર્ગ ૨ પૈકી ફુદડીથી નિશાન કર્યા વગરની જમીન સબંધમા જે ફેરફાર થાય તે ખાલસા જમીનના સંબંધમાં થયેલા ફેરફારના જે નિયમો પ્રમાણે દાખલ કરવામા આવે છે તેજ નિયમ પ્રમાણે દાખલ કરવાના છે

માર્ચ, જુન, સપ્ટેબર અને ડીસેબર માસની આખરે તલાટીએ નમુના ન ૭ ના ત્રણ જુદા ફારમ લઇ તેમાના એકમા વર્ગ, ૩–૪–૬ અને ૭ માની જમીન બાબત પાછલા ત્રણ માસમા જે ફેરફાર થયા હોય તેની નકલ કરવી

બીજા ફારમમા વર્ગ ૧–૨ અને ૫ માની જમીનના સંબધી થયેલા ફેરફારની નકલ કરવી

ત્રીજા ફારમમા સરકારી અમલદારોએ આપેલા હુકમથી નવી આપેલી અગર ખાલસા કરેલી વર્ગ ૧ થી ૭ સુધીમા આવનારી તમામ જમીન દાખલ કરવી પણ વર્ગ ૨ પૈકીની જે જમીન સામે ફુદડીથી નીશાન કરેલુ નથી તે સબધી ફેરફારની નકલ ન કરવી

આ પ્રમાણે ત્રણ ફોરમો તલાટીએ ઉપર પ્રમાણે દર ત્રણ માસે મામલતદાર તરફ મોકલવા જો તેવો ફેરફાર ન હોય તો રીપોર્ટ કરવો તેમાથી મામલતદારે ૧ લુ ફારમ પ્રાત સાહેબ તરફ, બીજુ અને ત્રીજુ કલેકટર તરફ રવાના કરવુ

આ પ્રમાણે ફેરફાર બાબત કાઇ હરકત નથી એવો પ્રાત સાહેબનો હુકમ આવે તો તેની નોધ તલાટીએ ન ૭ ના શેરાના આસનમા કરવી પણ હરકત જણાવે તો તેવી નોધ તકરારી રજીસ્ટરમા નોધવી

ફેરફારનુ રજીસ્ટર ૧ લા માર્ચે બધ કરી તે પછી થયેલા ફેરફાર નવા રજીસ્ટરમા નોધવા ૩૧ મી માર્ચ પહેલા આવેલા દસ્તાવેજો જુના રજીસ્ટરમા નોધવા

હકના પત્રકની પાચ વરસની મુદત દરમીયાન ફેરફારના રજીસ્ટરમાની ઘણી નોધો ઉપરી અમલદારોએ તપાસી ખરાપણા બાબત સહીઓ કરેલી હોવીજ જોઇએ અને તેમા કાઇ ભુલ રહેલી નથી એમ પ્રાત ઓફીસરને જણાય ત્યારે તેણે તે તમામ ફેરફારોને હકના કાયમના રજીસ્ટરમા ઉતારી લેવા હુકમ કરવો

મોડામા મોડા ફેરફારના રજીસ્ટરો ૩૧ મી માર્ચ પછી અને મોડામા મોડુ ૧૫ મી મે સુધીમા ફરી લખવાને રજીસ્ટરો તૈયાર હોવા જોઇએ ત્યાર પછી તલાટીએ એવી નોટીસ પ્રસિદ્ધ કરવી કે આ નોટીસની તારીખથી એક માસ સુધી દરેક માણસને જોવા માટે ફેરફારનુ રજીસ્ટર ખુલ્લુ રહેશે, ત્યાર પછી તેમાની સઘળી નોધો હકના પત્રકમા દાખલ કરવામા આવશે આવી નોટીસ મોડામા મોડી ૧ લી જુને પ્રસિદ્ધ કરવી જોઇએ

તે પછી તલાટીએ ગામનો નમુનો ન ૭ તપાસી તેમાની નોધનો અનુક્રમ નબર નમુના ન ૬ ના ૧૨ મા કોસ્ટકમા અને જો એકજ નોધના સબધમા વધુ ફેરફારો હોય તો નમુના ન ૭ ના ૩ જા ૪ થા કોષ્ટકમા દાખલ કરવામા આવેલો છે કે કેમ તે જોવુ, અને સરકલ ઇન્સ્પેકટરે તેનો નિમતાણો લેવો પછી નમુના ન ૭ ની દરેક નોધ તલાટીએ તપાસવી અને પછી થયેલી નોધોને લીધે રદ થઈ હોય તેવી દરેક નોધનો અનુક્રમ નબર, નબર ૭ ના ત્રીજા કોષ્ટકમાથી કાઢી નાખ્યો છે કે નહી તેની ખાત્રી કરવી, પછી નમુના ન ૬ ની દરેક નોધ તપાસવી જો તેમા કાઇ ભુલ જણાય તો તેના સબધમા નોધ કરવી

ત્યાર પછી નોટીસનો મહીનો પુરો થાય ત્યા સુધી નમુનો ન ૬ લખવાની સમજુતીનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો અને તેની તપાસ સરકલ ઇન્સ્પેકટરે અને મામલતદારે પણ કરવી

જુન મહીનામા પત્રક લોકોને માટે ખુલ્લુ રાખવુ જો તેમા તકરારો ઉઠે તો તે તકરારી રજીસ્ટરમા દાખલ કરવી તેનો મામલતદારે નવુ પત્રક મજુર થતા પહેલા નિકાલ કરવો

આવા તકરારોનો નોધો સાથે સબંધ હોય તે નોધ નમુના ન ૬ મા દાખલ કર્યા સિવાય રહેવા દેવી અને સઘળા અનુક્રમ નબરો પેનસીલથી લખવા અને છેવટનુ પત્રક મજુર થઈ સહી થાય ત્યારે તે ઉપર અનુક્રમ નબર સહીથી લખવા

હકના પત્રકની નોધ જુલાઇની ૧ લી તારીખ સુધીમા સઘળા રજીષ્ટરો તલાટીએ તાલુકે લઈ જવા, ત્યા સરકલ ઇન્સ્પેકટર અને મામલતદારની દેખરેખ નીચે હકનુ પત્રક ફરી લખવાનુ કામ નીચે પ્રમાણે શરૂ કરવુ

નમુના ન ૬ ની નોધો તપાસી જતા જ્યા ફેરફાર કરવાનો ન હોય તે જેમની તેમ રહેવા દેવી, જેના સંબંધમા ફેરફાર થયો હોય તેવી નોધો નમુના ન ૬ ના છુટા પાના ઉપર પેન્સીલથી ફરી લખવી, અને જુની નોધ ઉપર લીટી દોરવી (પેન્સીલથી છેકવુ)


પેટા વિભાગોમા એક કરતા વધુ ફેરફારો થયા હોય તો છેલ્લો ફેરફાર સમજાવા સારૂ વચગાળાની હકીકત જણાવવાની જરૂર લાગે તો નવી નોધમા તેવી નોધો કરતા કાળજી રાખવી જોઇએ નોધો પાસે ન લખવી તે પછી પાકી નકલ કરી સરકલ ઇન્સ્પેકટરે તેની દરેક નોધ તપાસવી અને મામલતદારે ૧૦ ટકા જેટલો નિમતાનો લેવો

આ પ્રમાણે આ પત્રક ફરીથી લખવાનુ કામ પુરૂ થાય ત્યારે હકનુ નવુ પત્રક ખઇ હોવા બાબતનો પ્રાંત ઓફીસરે તેમા દાખલો લખવો પછી તેને અમલમા મૂકવો

આ પત્રકના સબધમા તૈયાર કરેલા કાગળો કે ટાચણો જોવાનો કે નકલ માગવાનો લોકોને હક નથી

માપણીની રૂલ.

હેઠળ બતાવેલા આકારની જમીનના ટુકડામા તુલ વાવ્યુ હોય તો તેનુ ક્ષેત્રફળ નીચે પ્રમાણે કહાડવુ



રીત--પાયો अ ब × (क ह × ब क) / २ = ક્ષેત્રફળ કહાડતી વખતે

(ह) આજુબાજુની લબાઇ હીસાબમા બિલકુલ ગણવી નહિ

કોઈ પણ સપાટીવાળી ભુમિતિમાથી આકૃતિના પૃષ્ટના માપને ક્ષેત્રફળ કહે છે

જમીનની સરવે કરવામા નીચેના વિષયો (બાબતો) આવે

૧ લબાઇની માપણી એટલે સીધી લીટીની માપણી, ૨ કોણુ માપણી, એટલે દિશા કાઢવા માટે ખુણાની માપણી ૩ પૃષ્ટ ફળની માપણી એટલે ક્ષેત્રફળ કાઢવા માટે સપાટીની માપણી ૪ નકશા કાઢવા

સાકળની લબાઈ ૩૩ ફુટ, એટલે ૧૧ વાર સાકળ લાબી હોય છે, તેને ૧૬ કડીઓ (આના) છે દરેક કડીની લબાઇ ૨$\frac{1}{16}$ ફુટ લાબી હોય છે કોઈ પણ ખેતર ત્રણ બાજુથી ઓછી બાજુનુ હોઇ શકે નહિ.

ડાયગનલ એટલે કર્ણ લીટી

રેકટીલીનીઅલ આકૃતિની જેટલી બાજુ હોય તેટલા ત્રિકોણ પડી શકે

મુબઇ ઇલાકાની રેવન્યુ સરવેમા નીચેના યંત્રોનો ઘણો ખરો ખપ પડે છે

૧ સાકળ–લબાઈના માપને માટે, ૨ લાકડાની પાટી–સાકળ બરોબર છે કે કેમ તે જોવા સારૂ, ૩ ગકુ કાટખુણાના માપ સારૂ, ૪ સ્કેલપટી અને કપાસ–નકશા દોરવા માટે, એરીઆકોમ્બ, નબરોના ક્ષેત્રફળ કાઢવા માટે કામમા આવે છે.

સાકળ પકડનાર સીધા ચાલ્યા જાય તેની ખાત્રી રહે માટે સરવેઅરે તેની પાછળ જવુ અને તેણે તેઓને બન્ને ઝુપડાઓની સીધી લીટીમા રહેતા શીખવવુ


ગામના નકશાનુ માપુલ સ્કેલ એક ઇંચમા ૨૦ સાકળ છે

ડ્રૈઇંગ કંપાસને એક સાધાની આસપાસ ફરે એવા બે પાખીઆ હોય છે, તેથી કરીને પાખીઆના છેડાએ એક બીજાથી જોઇએ તે અંતરે રાખી શકાય છે, તે અંતરોનુ માપ લેવામા તથા એક જગાએથી બીજી જગાપર મુકવાના તથા કમાન અને વર્તુલ કાઢવાના કામમા આવે છે

શંકુ એ છ ચોરસ ઇંચ લાકડાને ચોરસ કકડો છે અને તે દોઢ ઇંચ જાડો હોય છે અને પાચ ફુટ લાંબા લાકડાપર જડેલે હોય છે એ લાકડાને બીજે છેડે, જમાનમા સીધો ખોસી રાખવા માટે લોઢાની અણીવાળી ખોળી જડેલી હોય છે

સ્કેલપટી કાર્ડબોર્ડના લાકડાના અથવા દાતના ચપટા કકડાની બનેલી હોય છે, અને તેની સાધી હોય છે આ પ્રથમ ભાગના દશ સરખા વિભાગ કરેલા હોય છે અને આ વિભાગોપરથી સ્કેલનુ નામ આપવામા આવે છે, આ સ્કેલ જમીન અને નકશાનુ પ્રમાણ બતાવવામા આવે છે

એક એકરમા ૪૮૪૦ ચોરસ યાર્ડ હોય છે અને તેના ગુઠા અને આનામા ભાગ પાડવામા આવે છે



દાખલો—નાચેના ખેતરનુ ક્ષેત્રફળ નીચે પ્રમાણે નીકળી શકે

સા આ સા સા આ સા આ આ સા આ સા આ
૧૧-૧૨ + ૧૦ = ૨૧-૧૨ ૧૦-૧૨ + ૦-૧૦ + ૧૪-૮ = ૨૫-૧૪
સા. આ સા આ સા આ પ્રતીઆ ગુ આ પ્રતીઆના
૨૧-૧૨ + ૨૫-૨૪ = ૨૮૧-૬ -૪ =એકર ૭-૧-૬-૪ જવાબ

લંબાઈના માપનુ કોષ્ટક
૧૨ ઈંચ = ૧ ફુટ
૩ ફુટ = વાર (યાર્ડ)
૧૧ વાર = ૧ સાકળ
૧૬૦ સાકળ = ૧ માઇલ

ચોરસ માપનું કોષ્ટક
૧૬ ચોગ્સ કડી* = ૧ આનો.
૧૬ આના = ૧ ગુઠો
૪૦ ગુઠા = ૧ એકર
૬૪૦ એકર = ૧ ચોરસ માઇલ

એરીઆકોમ્બનુ આ યંત્ર પીતળ અથવા કાર્ડ બોર્ડના ચોકઠાનું હોય છે તેના ઉપર દોરીએ સીધી સમાતર ભરેલી હોય છે જે નંબરના ક્ષેત્રફળને નકશો કાઢવો હોય તે નકશાના સ્કેલ પ્રમાણે આ દોરીએ ગોઠવેલી હોય છે એકર માપવાને મોટા અને ગુઠાનુ માપ બતાવવાને નાના ભાગ પાડયા હોય છે

કોઇ પણ ત્રીકોણની બે બાજુ ભેગી લઈએ તો તે તેની ત્રીજી બાજુ કરતા વધારે લાબી થાય છે કોઇપણ ચોખુણના બે સામસામાના ખુણા સીધી લીટીથી જોડીએ તો તેના બે ત્રીકોણમા ભાગ પડે છે અને ખુણા સાધનાર સીધી લીટીને કર્ણ લીટી કહે છે માપવાની સીધી લીટીના જે બીંદુથી માપણી શરૂ કરવામા આવે છે, તેને આરંભ બીંદુ અને તે સીધી લીટીના છેડાને અંત્યબીંદુ કહે છે આ બંને બીંદુએ આગળ એકેક ઝુંડો ખોસવો, અને એક બીજે આ બેની બરોબર શિસ્તમા આવે એવી રીતે વચમા ખોસવો આ ઝુંડા બરાબર સાધા ઉભા રાખવા

ખેતરના નકશા કાઢતી વખતે પાનાના મથાળાને ઉત્તર દીશા ગણવી, એટલે પાનાનો નીચલો ભાગ દક્ષિણ દીશા થશે, જમણી બાજુ પૂર્વ અને ડાબી બાજુ પશ્ચિમ થશે આ દિશાએ આસરે કાઢેલી કહેવાશે

સાધારણ સમજ—વસલા બે જાતના ગણવામા આવે છે, ૧ ચોક અને ૧ ત્રીકોણ

૧ ચોક વસલાનુ બાધ માપ કાઢવુ હોય ત્યારે મોટી પહોળાઇમાથી નાની પહોળાઇ બાદ કરવી અને જે વધે તેનો વર્ગ કરવો તથા લાબીના આકડાનો વર્ગ કરવો, બંન્નેના વર્ગનો સરવાળો કરી મુળનો આકડો જોવો જે આવશે તે બાધ માપ સમજવુ,

* કડી=લી ૮


૨ ચોક વસલાની લબાઇ કહાડવી હોય ત્યારે ઉપર પ્રમાણે મોટી પહોળાઇમાથી નાની પહોળાઇ બાદ કરી જે વધે તેનો વર્ગ કરવો અને બાધ માપનો વર્ગ કરવો તે બન્નેના બાદબાકી કરી મુળ જોવુ જે આવે તેને લાબી સમજવી

૩ ચોક વસલાની પહોળાઇ કહાડવી હોય તો લાબીનો તથા બાધ માપનો વર્ગ કરી તેની બાદબાકી કરવી જે બાકી રહે તેનુ મુળ જોવુ પછી જે બાજુનુ માપ કહાડવુ હોય ને બાજુ પાસેથી બીજી પહોળાઇ કરતા કમી અગર જાસ્તી છે એ સ્પષ્ટ ધ્યાનમા લઇ જા પહોળાઇ જાસ્તી હશે તો આવેલો વર્ગ તે પહોળાઇમા મેળવવો એટલે મોટી પહોળાઇ નીકળશે અને જો કહાડવાની પહોળાઇ કમી હશે તો આવેલો વગ મોટી બીજી પહોળાઇમાથી બાદ કરવો એટલે જે આવશે તે નાની પહોળાઇ સમજવી

૪ ત્રીકોણ વસલાની પહોળાઇ કહાડવી હોય તો પહોળાઇના અને બાધ માપના આકડાનો વર્ગ કરી બાદબાકી કરવી પછી તે બાકી રહેલી રકમનુ મુળ જોવુ જે આવશે તે પહોળાઇ સમજવી

ત્રીકોણ વસલાનુ બાધ માપ કહાડવુ હોય ત્યારે લાબી અને પહોળાઇના વર્ગનો સરવાળો કરવો અને તેનુ મુળ જોવુ જે આવશે તે બાધ માપ સમજવુ

દ્રષ્ટાંતો—**अ ब क** ખેતરનુ ક્ષેત્રફળ નીચે પ્રમાણે માપણી કરી કહાડવુ




अ ब क ત્રણ ખુણા આગળ ત્રણ ઝુડા રાખવા **क** ખુણાથી દોરેલો **क प** લબ જ્યા આગળ **अ ब** ને મળે તે **प** જગ્યા ધારી **अ प** અતર સાકળથી માપવુ **ब** આગળ એક નિશાન કરવુ અને **अ प** અતર નોધી લેવુ **प ब** નુ અતર માપીને નોધી લેવુ

આ આકૃતિનુ ક્ષેત્રફળ **अ ब** લબાઇને **प क** એ ગુણી ૨ એ ભાગવાથી અથવા **अ ब** લબાઇને **क प** એ ભાગવાથી આવે છે જેમકે—

अ ब=૨૪ સાકળ છે તેનુ અરધુ કરવાથી=૧૨ સાકળ થાય તેને **प ब** ૧૬ સાકળે ગુણવા
प क=૧૬ સાકળ છે | ૧૨×૧૬=૧૯૨ ગુઠા $\frac{૧૯૨}{૪૦}$=એ ૪-૩૨ ગુઠા ક્ષેત્રફળ થાય

૨ ચોખુણનુ ક્ષેત્રફળ કહાડવામા **अ ब** પાયાની લબાઇ ૨૫ સાકળ છે અને **अ ड** લબની પહોળાઇ ૧૨ સાકળ છે તેમજ **ब क** લબની લબાઇ ૧૮ સાકળ છે એટલે પાયાને, બને લબના સરવાળાનુ નીમે કરી તે રકમે ગુણવા જેમ કે—



લબ **अ ड** ૧૨+લબ **ब क** ૧૮=૩૦ તેનુ નીમે ૧૫ સાકળ, ગુણ્યા **अ ब** પાયો ૨૫ સાકળ=૩૭૫ ગુઠા એટલે એ ૯-૨૫ ગુઠા થાય

૩ કોઇ પણ ખેતરની માપણી કરી ક્ષેત્રફળ કાઢવુ હોય તો સામ સામા ખુણા લીટીથી જોડી બાચા અને ખુણાઓ તથા વાક ઉપરથી ઓફસેટ કાઢી તે ખેતરના ત્રિકોણ અને ચોખૂણ (ટ્રેપીઝીયા) આકૃતિના ભાગ પાડી નાખવા પછી દરેક ત્રીકોણ અને ચોખુણનુ માપ પહેલી અને બીજી આકૃતિમા બતાવ્યા પ્રમાણે કાઢવુ આ બધાનો સરવાળો આવશે તે ક્ષેત્રફળ

માપણી સારૂ સમજુતી.

૧ માપણી શરૂ કરતા પહેલા બરોબર જગોએ ઝડા ગોઠવવા અને ઝડાના ખાડ ઉપર નીશાની રાખવી

૨ નબરની આકૃતિને બરોબર મળતું આવે એવુ ટીપણુ મોટા માપ ઉપર અદર માપના આકડા લખી શકાય એવુ કાઢવુ, ઉતર બાજુ પાનાની ટોચ ઉપર રાખવી, વળી ટીપણુના લાગુ નબરો, તેમજ પગ રસ્તો હદે પકડેલો રસ્તો, નદી, વહેળો વિગેરે નબરની અદર કે લાગુ આવતો હોય તે બતાવવો

૩ સાધારણ રીતે નબરના દુરના કર્ણ (ખુણા) થી સીસ્ત કરવી

૪ મેજપટીથી સાકળ તપાસી જોવી

૫ સીસ્તની સામી બાજુના છેડા તરફના ઝડાની નજીકમા સીસ્તનો ઝડો મુકાવવો, તે ઝડાના ખાડ આગળ પત્થર કે માટીના ઢેપા મુકી નીશાની રાખવી કે જેથી નિશાનવાળો ખાડો અવળો જાય તો જણાઇ આવે

૬ સાકળ ખેચનાર માણસ જે આગળના છેડા ઉપર હોય તેને દસે ખીલા તમારી જાતે ગણી આપવા

૭, સાકળને ચાર ચાર આનાન અતરે ત્રણ જુદા નિશાન રાખો મધ્યનુ નિશાન કે જે અરધી સાકળ જણાવનારૂ છે તે, બીજા બે નિશાન જે એકજ જાતના રાખવા જોઇએ તેના કરતા જુદી જાતના રાખો

૮ જ્યારે સાકળ ભરતા હો ત્યારે સાકળની પાછળ પાછળ ચાલો અને જે બાજુએ માપ લેતા હો તે તરફ સાકળ સીધી ચલાવો

૯ દરેક માપ લીધા પછી આગલા તથા પાછલા દરેક સાકળવાળા પાસે કેટલા ખીલા છે તે તપાસો પછી તમામ ખીલા ભેગા કરીને નવુ માપ શરૂ કરતા પહેલા આગળ સાકળ તાણનાર માણસ પાસે દસ ખીલા છે એમ ખાતરી કરો આ ખાતરી સાકળવાળાના એક હાથમાથી એકે એકે બીજા હાથમા ખીલા મુકાવીને કરવી કે જેથી તમે દરેક ખીલા જોઈ શકો અથવા તમામ ખીલા ભેગા કરીને નવુ માપ શરૂ કરતા પહેલા આગળ સાકળ તાણનાર માણસ પાસે દસ ખીલા છે એમ ખાત્રી કરો, આ ખાતરી સાકળવાળાના એક હાથમાથી એકે એકે બીજા હાથમા ખીલા મૂકાવીને કરવી કે જેથી તમે દરેક ખીલા જોઇ શકો અથવા તેખાના જમીન ઉપર ફેકાવી પછી એકે એકે લઇ એક હાથમાથી બીજા હાથમા મુકાવવા કે જેથી તમે દરેક ખીલા જોઇ શકો

૧૦ તમારા સાકળવાળા બદલતા નહિ એટલે કે આગળવાળો આગળ રાખવો અને પાછળવાળાને પાછળ જ રાખવો

૧૧ સીસ્ત ઉપરથી માપણી શરૂ કરો અને દરેક બાજુની પહોળાઇના માપ જેમ જેમ વાક આવે તેમ તેમ લેતા જાઓ શકુ મારેલી જગો ઉપર પથ્થર અથવા માટીના ઢગલાની નીશાની રાખો

૧૨ શકુ હમેશા સાકળની નજીકનો આનો પુરો થાય ત્યા રાખવો અને સાકળની અગાડી શકુ લઈ જવો નહિ

૧૩ તમે એક લાઈન ઉપર સાકળ ભરાવતા હો, કે જ્યા તમારી સામે આગળની બાજુ ઉપર બે ઝડા હોય અને વાક કાયમ કરવા શકુ મારવો હોય તો તમે સીધી લાઈનમા છો એમ ખાત્રી કરવા તમારી પાછળનો શકુ જોવો નહિ પણ તમારી સાથે જે બે ઝડા છે તે જોવા, તોપણ શક પડે તો તેવી વખતે પાછલો ઝુંડો જોવો જોઇએ

૧૪ બધા વાકના માપ લીધા પછી બાધ માપ ભરાવવા

તમામ મોટા ઝાડ અથવા ઝાડોનો જથો, કુવા, દેવળ, વિગેરે નબરમા બતાવવા અને છેલા બે (કુવા દેવળ) તથા નબરમા વહેળો કોતર અથવા રસ્તો પેટામા હોય તેનો ખરાબો બાદ કરો

૧૬ જો નબરમા બે પોત હોય તો સીસ્તના ક્યા બીદુ આગળથી બને સામાન્ય હદ જુદો પડે છે તે નીચે પ્રમાણે શોધી કહાડવુ

હદ તુટવાની જગો વાળી બીદુ અદર આવી જાય એવી રીતે સીસ્ત ઉપર તમારી સાકળ લબાવો અને એક ઝડાવાળાને સાકળ ઉપર બે પગ મૂકી ઉભો રાખો, પછી સામાઇક હદની લીટીના એક છેડાના નીશાન પાસે તમે જાતે જાઓ અને ત્યાથી તે લીટીના સામેની બાજુના ઝડા તરફ જુઓ અને બને નીશાનદાર બરોબર આવે ત્યા સુધી તેને થોડો સાકળ ઉપર આમતેમ ખસેડો હવે જે જગો ઉપર તે આવશે તેજ હદ તુટવાનુ બીદુ થશે. આ વિશે પાકી ખાત્રી કરવા સારૂ સીસ્ત ઉપર તે બીદુની જેમ બને તેમ નજીકમા શકુ

મારો, આ પ્રમાણે જે કરવુ તે હમેશના રીવાજ મુજબ સીસ્ત ઉપરના બને ઝડા જોઈને કરવુ પછી શકુ જે જગ્યો ઉપર લાગેલો છે તે સ્થળ ફેરવ્યા સિવાય શકુ એવી રીતે ફેરવવો કે જેથી સમાઇક હદના એક છેડાનુ નીશાન શકુના ચોકઠાની લીટીમાથી જણાય એમ કરવાથી શકુ એક પણ બાજુ ઉપર ફેરવ્યા સિવાય સામાઇક હદની પટી ઉપરની બીજી બાજુનું નીશાન શકુની ફાટમાથી જણાય તો જે જગોએ શકુ લાગેલો છે તેજ બીદુથી હદ તુટે છે એમ સમજવુ જો છેવટ કહેલું નીશાન ના દેખાય તો જ્યા સુધી સમાઇક હદના બને છેડાના નિશાન એકી વખતે બરોબર જણાય ત્યા સુધી શકુ થોડો થોડો વારે ઘડી ફેરવશો આ પ્રમાણે જ્યારે બને નીશાન દેખાય ત્યારે શકુ બરાબર બિદુ ઉપર લાગેલો છે એમ સમજવુ અને તે બીદુએ રીતસર નીશાની કરવી

સરવૈની રૂલ.

રીવીઝન માપણીમાં નીચે પ્રમાણે કામ કરવાનું છે

૧ મોટા નબરના નાના નબર કરવાનુ ૨ ભેગા હિસ્સા જુદા પાડવાનુ, ૩ મુળ સરવે પછી જે ફેરફાર થયેલા છે અને તે પ્રમાણે હજુર સરવૈયરે ફેરફાર ન કર્યો હોય તે ફેરફાર કરી દુરસ્ત કરવાનુ કામ, ૪ જે ભુલ માલુમ પડે તે દુરસ્ત કરવાનુ કામ

મોટા નબરના નાના નબર કરવા બાબત.—વગર કબજાના ખેડવા લાયક સરવઈ નબર જો કે **સાર્વજનીક**- જેવા કે ગોચરણ, એવા કામ માટે જુદા કાઢેલા નથી તેના નીચે પ્રમાણે નબર કરવાના છે પણ નવા નબર જેમ બને તેમ યોગ્ય આકૃતિના કરવા અને ત્રીકોણ આકૃતિના ન થાય એની સભાળ રાખવી જોઇએ **કાળી જમીન**–નવ એકર ઉપરાતથી પદર એકર સુધીના બરાબર કદના બે નબર કરવા એકવીશ એકર સુધીના ત્રણ નબર કરવા **ગોરાડુ**–છ એકર ઉપરાતથી ૧૦ એકર સુધીના બરાબર કદના બે નબર કરવા, ચૌદ એકર સુધીના ત્રણ નબર કરવા **ક્યારી જમીન**–ત્રણ એકર ઉપરાતથી પાચ એકર સુધીના બરાબર કદના બે નબર કરવા પાચ એકર ઉપરાતથી સાત એકર સુધીના ત્રણ નબર કરવા

ભેગા હિસ્સા હોય તે જુદા કરવા બાબત— હાલના સરવૈઇ નબરમા એક કરતા વધારે હિસ્સેદાર હોય ને ગામના દફતરે જુદા લખાતા હોય તો દરેક **જરાયતના** હિસ્સા એક એકર કરતા ઓછો ન હોય તો, અને **ક્યારી બગાયતનો** વીશ ગુઠા કરતા ઓછો ન હોય તો જુદા નબર કરવા, જો એ કરતા ઓછા ક્ષેત્રફળના હોય તો તેના પોત નબર કરવા અને બીજા એવા નજીકના પોત નબર સાથે સામેલ કરવા

નોટ—ઘણા સહ ભાગીઓ લખીતવાર આવા હિસ્સા જુદા માપવા અરજી કરે તે સિવાય જરાયત નબરમા જુદા હિસ્સા કરવાના નથી

પરચુરણ માપણ–વાડા જમીન—જ્યા વાડા જમીન દસ ગુઠા અથવા તે ઉપરાતની જુદી મપાઈ ન હોય ને તેનો આકાર આવતો હોય કે નહિ, તોપણ જુદા નબર કરવા હાલના વાડા નબર દશ ગુઠા કરતા ઓછા ક્ષેત્રફળના હોય પછી તેનો આકાર આવતો હોય કે નહિ તો પણ કબજેદારની માગણી સીવાય રદ કરવા નહિ

ઓરીજીનલ સરવે બાબત

માપણીનુ કામ બનતા સુધી શકુ સાકળથી ચલાવવુ સાકળથી માપણી કરવામા ૧/૨ આનાની ધરછોડ મૂકવી તે એવી રીતે કે ખરેખરી લબાઇ કે પહોળાઇ ધારો કે ૧૦ સાકળને ૧॥ આનો છે, તો તેને બદલે ૧૦ સાકળ ને એક આનો લેવો, તેમ જ્યા ૧૦ સાકળને ૧॥। આના હોય ત્યા ૧૦ સાકળ અને ૨ આના લેવા જમીન ત્રણ જાતની છે જરાયત બાગાયત, અને ક્યારી

જરાયત—જે જમીનમા બાગાયતની જણસ અથવા ડાગરનુ વાવેતર કોઈ વખત થએલું નહી હોય તે જમીન વાવતર અગર પડતર હોય તો પણ જરાયત સમજવી

ક્યારી—જે જમીનમા ક્યારડાની પાળી છે તથા પાણી પીવાનો આસરો હોય તથા પાળી હોય પણ જ્યારે વાવેતર થાય ત્યારે ઘણુ કરીને ડાગરનુ અથવા ડાગરના ધરનુ વાવેતર થાય તે જમીન ક્યારડા સમજવી

બગાયત—જે જમીનમા વેલા તથા પાણી ઢેકુડી તથા ઝીલથી તથા પાટ સ્થળ વીગેરેથી પાણી લઇને બાગાયતની જણસ કરવાનો વહીવટ હોય તે જમીન બગાયત સમજવી

મામલતદારોની કોર્ટનો આકટ

[કબજા હકનો કાયદો.]

સને ૧૯૦૬ નો મુંબઇનો આકટ નંબર ૨.

૧ આ આકટને સને ૧૯૦૬ નો મામલતદારોની કોર્ટોનો એક્ટ કહેવો, તે મુબઇ શહેર તથા એડન સિવાય આખા મુબઇ ઇલાકાને લાગુ પડશે

૨ સને ૧૮૭૬ નો મામલતદારોની કોર્ટોનો એક્ટ આ ઉપરથી રદ કર્યો છે

૩ (અ) " મામલતદાર " એ શબ્દમા જે કોઇપણ મુલકી અમલદાર, મામલતદારનો, મુખત્યારકારનો, અથવા મહાલકારીનો અધિકાર વિધમાનકાળે ચલાવતો હશે તેનો, અને ગવર્નર ઇન કાઉન્સીલ જે કોઇપણ બીજા માણુસને આ આકટ મુજબના મામલતદારના અધિકાર ચલાવવા સારૂ ખાસ અધિકાર આપશે તેનો સમાસ થાય છે એમ સમજવુ, અને

(બ) " વાદી 'તથા' પ્રતિવાદી " એ શબ્દોમા (૧) એવા વાદી અથવા પ્રતિવાદી તરફથી કામ ચલાવવા સારૂ યોગ્ય રીતે નિમાયલા પ્લીડરનો, અને (૨) દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૩૭ મી કલમમા વ્યાખ્યા કરેલા પ્રકારના વાદીના અથવા પ્રતીવાદીના કબુલ કરેલા મુખત્યારનો સમાસ થાય છે

૪ (૧) ગવર્નર ઇનકાઉન્સીલ, મુબઇ સરકારી ગેઝેટીમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને કોઇપણ તાલુકામા આ આકટની રૂયે જોઇન્ટ મામલતદાર નિમવાને મુખત્યાર છે એવા જોઇન્ટ મામલતદારે પોતાને મામલતદાર તરફથી જે ફરિયાદો મળે તેમનોજ ફકત નિકાલ કરવો જોઇએ એટલીજ વાત બાદ કરીને તેને મામલતદારના અધિકાર પ્રમાણેનાજ અધિકાર તથા તેની હકુમત જેવીજ હુકમત આપવી જોઇએ [૨] આ આકટ મુજબની જે કોઇપણ ફરિઆદમાની ફરિયાદ અરજી ૭ મી કલમની રૂયે મામલતદાર પાસે રજુ કરી હશે તે ફરિયાદ જોઇન્ટ મામલતદાર તરફ નિકાલ થવા સારૂ મોકલવાનો અને એવી જે કોઇ પણ ફરિયાદનો નિકાલ કરવાને જોઇન્ટ મામલતદાર મરણુ પામ્યાને લીધે, મદવાડને લીધે અથવા બીજા કોઇપણ કારણુને લીધે અસમર્થ હશે તે ફરિયાદ પોતાની ફાઇલ ઉપર પાછી લઈ લેવાનો મામલતદારને આ ઉપરથી અધિકાર આપ્યો છે (૩) ગવર્નર ઇનકાઉન્સીલ પેટા કલમ (૧) મુજબના પોતાના અધિકાર કમિશનરને સોપી દેવાને મુખત્યાર છે

૫ (૧) દરેક મામલતદારે કોરટમા પ્રમુખસ્થાને બેસવુ જોઇએ, તે કોર્ટને મામલતદારની કોર્ટ કહેવી, અને મુલકની જે હદ ગવર્નર ઇન કાઉન્સીલ વખતો વખત ઠરાવે તે હદમા, તે કોરટને કલમો ૬ તથા ૨૬ ના ઠરાવોને પાત્ર નીચે લખેલો અધિકાર છે, એટલે ' કાયદા પ્રમાણે ' કામ ચલાવ્યા વગર બીજી રીતે જે કોઇપણ માણુસ પાસેથી ખેતીની અથવા ચરવાની જમીનનો અથવા જગાનો અથવા ઝાડનો, પાકનો અથવા માછલી મારવાની જગાનો કબજો લઇ લીધો હશે, અથવા ખેતીના કામ સારૂ વાપરવામા આવતા કોઇપણ કુવાના, તળાવના, નહેરના અથવા કુદરતી અથવા કૃત્રિમ કાસના પાણીનો ઉપયોગ કરવાનુ છીનવી લીધુ હશે તે માણુસને, અથવા દાવો કરેલી મિલકતનો અથવા ઉપયોગનો એવી ફરીયાદ માડતા પહેલાના બાર વર્ષની અંદર અગાઉનો ધણી અથવા અશત ધણી ન હોય અથવા એવા ધણીનો અથવા અશત ધણીનો કાયદેસર વારસ વકીલ ન હોય એવા કોઇપણ બીજા માણસના કોઈપણ ભોગવટાની અથવા બાજા હકની મુદત પુરી થયાને લીધે જે કોઇપણ માણુસને તેનો કબજો મળવાનો અથવા ઉપયોગ કરવાનુ પાછુ મળવાનો હક પ્રાપ્ત થયો હશે તે માણુસને, સદરહુ પ્રકારનો કબજો તાબડતોબ આપવાનો અથવા સદરહુ પ્રકારનો ઉપયોગ કરવાનું પાછુ આપવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે, જો કોઇ પણ બાબતમા મામલતદારને એમ લાગે કે એવા કોઇ ભોગવટાની

અથવા બીજા હકની મુદ્દત પુરી થઇ છે એટલાજ કારણને લીધે એવી કોઇ પણ મિલકતનો કબજો મલવાનો અથવા એવો કોઇપણ ઉપયોગ કરવાનુ પાછુ મલવાનો હક જે માણસને પ્રાપ્ત થયો હશે તેને તે મિલકતનો કબજો અથવા તે ઉપયોગ કરવાનુ પાછુ આપવુ અન્યાયનું કામ થશે અથવા ગેરવ્યાજબી રીતે જુલમનું કામ થશે તો, અથવા જો તેને એમ લાગે કે એકાદિ દિવાની કોર્ટ એવા મુકદ્દમાનો ઇન્સાફ વધારે યોગ્ય રીતે કરી શકશે તો, તે પોતાની નજરમા આવે તે પ્રમાણે, સદરહુ કહેલો અધિકાર પોતે ચલાવતો નથી એમ કહેવાને મુખત્યાર છે, પણ એવી રીતે ના પાડવાના કારણ પોતે લખી મુકવા જોઇએ

(૨) સદરહુ કોર્ટને તેજ ઠરાવોને પાત્ર રહીને, સદરહુ હકની અંદર, કોઇપણ ખેતીની અથવા ચરવાની જમીનના અથવા જગાના, અથવા ઝાડના, પાકની અથવા માછલી મારવાની જગાના કોઇપણ માણસના કબજાને, અથવા ખેતીના કામ સારૂ વાપરવામા આવતા કોઇપણ કુવાના, તલાવના, અથવા નહેરના અથવા કુદરતી અથવા કૃત્રિમ કાસના પાણીનો કોઇપણ માણસને ઉપયોગ કરવાને અથવા ત્યા જવાના રસ્તાનો અથવા મામુલ માર્ગનો ઉપયોગ કરવાને કાયદા પ્રમાણે કામ ચલાવ્યા વગર બીજી રીતે હરકત અથવા અડચણ કરી હશે અથવા સદરહુ પ્રમાણે હરકત અથવા અડચણ કરવાનો યત્ન કર્યો હશે ત્યારે એવી હરકત અથવા અડચણ વળી કરતો નહિ અથવા કરવાનો યત્ન કરતો નહિ એવી તાકીદ, જે માણસે એવી હરકત અથવા અડચણ કરી હશે અથવા કરવાનો યત્ન કર્યો હશે તેને આપવાનો અધિકાર છે

(૩) ફરીઆદનુ કારણ જે તારીખે ઉત્પન્ન થયુ હશે તે તારીખથી ૭ મહિનાની અંદર ફરિયાદ કરી ન હોય તો, મામલતદારની કોર્ટે તે ફરિયાદ લેવી નહિ

(૪) જે તારીખે કબજો કહાડી લીધો હોય અથવા છીનવી લીધો હોય અથવા ભોગવટાની અથવા બીજા હકની મુદ્દત પુરી થઇ હોય તે તારીખે અથવા જે તારીખે હરકત અથવા અડચણ અથવા યત્ન કરેલી હકીકત અથવા અડચણ પ્રથમ શરૂ થઇ હોય તે તારીખે, ફરિયાદનું કારણ ઉત્પન્ન થયુ છે એમ સમજવુ

ખુલાસો—કોઇપણ સહધણીને સહમિલકત ઉપર જે હક તેણે ચલાવ્યો હોય તો, આ કલમના અર્થ પ્રમાણે બીજા સહધણીનો અથવા ધણીઓનો કબજો કહાડી લીધો અથવા તેના અથવા તેમના કબજાને હરકત કરી એમ થતું નથી

દ્રષ્ટાંત—(૧) **અ** પોતાનુ ખેતર એક અથવા વધારે વરસની નિયમિત મુદત સુધી વાવેતર કરવા સારૂ બ ને ગણોતે આપે છે તે મુદત પુરી થયા પછી કબજો છોડી દેવાની ના કહે છે બ સદરહુ મિલકતનો એવી ફરિયાદ માડતા પહેલાના બાર વર્ષની અંદર અગાઉનો ધણી અથવા અશત ધણી અથવા એવા ધણીનો અથવા અશત ધણીનો કાયદેસર વારસ વકીલ ન હોય તો, સદરહુ મુદત પુરી થવાની તારીખથી છ મહીનાની અંદર કોઇ પણ વખતે મામલતદારની કોર્ટમા કબજો મળવા સારૂ **અ** ફરિયાદ કરી શકે છે

દ્રષ્ટાંત—(૨) **બ**, **અ** નો એક વર્ષનો ખેડુત છે, સન ૧૮૭૯ ના મુબઇના જમીન મહેસુલના કાયદાની ૮૪ મી કલમની રૂએ નોટીસ આપવાની **અ** ને જરૂર છે, તે પ્રમાણે તે, વખતે ચાલતા ભોગવટાના વર્ષની આખરની નિદાન ત્રણ મહિનાની અગાઉ **બ** ને જમીન છોડી દેવાની નોટીસ આપે છે આવતા વર્ષની શરૂઆતમા **બ** જમીન છોડી દેવાની ના કહે છે **બ** સદરહુ મિલકતનો એવી ફરિયાદ માડતા પહેલાના બાર વરસની અંદરનો અગાઉનો ધણી અથવા અશત ધણી, અથવા એવા ધણીનો અથવા અશત ધણીનો કાયદેસર વારસ વકીલ ન હોય તો, તે વરસ શરૂ થયાથી ૭ મહીનાની અંદર કોઇ પણ વખતે **અ** મામલતદારની કોર્ટમા **બ** ઉપર ફરિયાદ કરી શકે છે

દ્રષ્ટાંત—(૩) **અ**, **બ** ને પોતાના કુવાના અથવા પોતાના કાસના પાણીનો નિયમિત મુદત સુધી ઉપયોગ કરવામાટે પરવાનગી આપે છે તે મુદત પુરી થયા પછી **બ**, **અ**ની સમતિ વગર તે કુવામાથી અથવા કાસમાથી પાણી લેવાનુ ચાલુ રાખે છે **બ** તે પાણીના ઉપયોગનો ફરિયાદ માડતા પહેલાના બાર વરસની અંદરનો અગાઉનો ધણી અથવા અશત ધણી અથવા એવા ધણીનો અથવા અશત ધણીનો કાયદેસર વારસ વકીલ ન હોય તો, **બ** ને પાણી લેવાનુ બધ કરવાની તાકીદ મળવા સારૂ **બ** ઉપર મામલતદારની કોર્ટમા સદરહુ મુદત પુરી થયા પછી છ મહિનાની અંદર હરકોઇ વખતે ફરિયાદ કરવાનો અધિકાર **અ** ને છે

દૃષ્ટાંત—(૪) **અ** તથા બ ની જમીનો કાસને અથવા વહેળીયાને લગતી અથવા એવાજ કૃત્રિમ કાસને અથવા વહેળીયાને લગતી છે, તેનો ઉપયોગ બ એકલો જ માત્ર આજ સુધી કરતો આવ્યો છે **અ** તેમાથી પાણી લે છે **અ** ને તેમ કરવાની મના કરવા બાબત તાકીદ થવા સારૂ **અ** એ પાણી લેવાનુ શરૂ કર્યાની તારીખથી ૭ મહિનાની અદર હરકોઇ વખતે મામલતદારની કોર્ટમા ફરિયાદ કરવાનો અધિકાર **બ** ને છે

ટીકા—દાવો જેના કબજામા પ્રત્યક્ષ કબજો હોય તે લાવી શકે દાવો લાવવામા પહેલા માલીક ગુજરી જાય તો તેના વારસ ઉપર દાવો લાવી શકાય રહેવાના ઘરોની બાબતમા મામલતદારને અખત્યાર નથી, પણ વાદીની જમીનમાથી વાડ પ્રતિવાદી પાડી નાખે તો મામલતદાર દરમ્યાનગીરી કરી શકે છે જમીનમા માટી લેવાના હક બાબત મામલતદારને અધિકાર નથી પ્રતિવાદીએ વાવેતર કર્યું છે તે સબબથી તરત કબજો આપવાની ના પાડી શકાય નહિ કબજો એટલે મિલ્કતનો ભોગવટો, વાદી પોતાની જમીનમા દીવાલ ચણતો હોય અને પ્રતિવાદી હક જણાવી હરકત કરતો હોય તો મામલતદારને હકુમત છે તકરારી ગીરોની બાબતમા પણ હકુમત નથી

૬ કલેકટર પક્ષકારોને યોગ્ય નોટીસ આપ્યા પછી, એકાદી ફરિયાદ પોતાના જીલ્લામાના કોઇપણ મામલતદારની કોરટમાથી પોતાના જીલ્લામાના બીજા કોઇપણ મામલતદારની કોરટમા લેખી હુકમથી મોકલવાને મુખત્યાર છે, અને જે મામલતદારની કોરટમા, તે ફરિયાદ મોકલવામા આવી હોય તેણે એવી ફરિયાદના સબધમા પોતાની હકુમત ચલાવવી પણ ૨૧ મી કલમની રુયે જે કોઇપણ હુકમ ગામના કામદારોને કરવાના હોય તે હુકમ એવા કામદાર જે મામલતદારના તાબામા હોય તે મામલતદારે કરવા

૭ આ આકટ પ્રમાણે કરવાની સઘળી ફરિયાદો ફરિયાદ અરજી કરીને શરૂ કરવી તે અરજી વાદીએ ભરકોર્ટમા મામલતદારને આપવી અને તેમા હેઠળ લખેલી વિગત લખીને કરવી, **અ** વાદીનુ નામ ઉમ્મર, ધર્મ, જાત, ધધો તથા રહેવાનું ઠેકાણુ, (**બ**) પ્રતિવાદીનુ નામ, ઉમ્મર, ધર્મ, જાત, ધધો તથા રહેવાનું ઠેકાણુ (ક) જે મિલકતનો કબજો અથવા ઉપયોગ કરવાનુ માગ્યુ હશે તે મિલકતનો પ્રકાર તથા ઠેકાણુ અથવા જે તાકીદ આપવાની હશે તેનો પ્રકાર જેમા હોય તેમ, (ડ) જે તારીખે ફરિયાદનુ કારણ ઉત્પન્ન થયુ તે તારીખ, (ઈ) જે હકીકત ઉપરથી ફરિયાદનુ કારણ ઉત્પન્ન થયુ તે હકીકત, અને (ફ) વાદીના દસ્તાવેજ હોય તો તેમની અથવા તેના સાહેદો હોય તો તેમની યાદી, અને દરેક સાહેદ શો પુરાવો આપશે તે, અને ૧૪ મી કલમ પ્રમાણે નીમેલે દહાડે તથા જગાએ હાજર થવા સારૂ તેવા સાહેદોને સમન કરવાના છે કે વાદી તેઓને તે દહાડે તથા જગાએ હાજર કરશે તે

ટીકા—દાવા અરજી તથા અપીલો ઉપર આઠ આનાની કોર્ટ ફી સ્ટેમ્પ ચોડવો જોઇએ

૮ જ્યારે, ફરિયાદ અરજીના રૂપમા ન હોય એવી કોઇ અરજી મામલતદારને રજુ કરવામા આવે, અને તે અરજીનો વિષય ૫ મી કલમમા સમાઇ જાય છે એમ દેખાય ત્યારે મામલતદારે, આ આકટ મુજબ શી શી દાદ મળી શકે છે તેનો પ્રકાર તે અરજી કરનારને સમજાવવો, અને તે અરજદાર એવી રીતે દાદ મેળવવાની ઇચ્છા દેખાડે તો, મામલતદારે તે ઇચ્છા તે અરજી ઉપર લખવી, અને ત્યાર પછી તે અરજી ૭ મી કલમની રૂયે રજુ કરેલી ફરિયાદ અરજી છે એમ ગણવુ

૯ જ્યારે ફરિયાદ અરજીમા ૭ મી કલમમા નિરદિષ્ટ કરેલી વિગતો લખી ન હોય અથવા તેમા નકામુ લબાણ કર્યું હોય, ત્યારે મામલતદારે વાદીની સોગન ઉપર તાબડતોબ જબાની લેવી, અને ૭ મી કલમમા કહેલી જે વીગતો ફરિયાદ અરજીમા સ્પષ્ટ રીતે અને ખરેખરી લખેલી ન હોય તે તેની પાસેથી જાણી લેવી અને તે જબાની, તે ફરિયાદ અરજી ઉપર શેરાના રૂપમા અથવા તેની જોડેલી પુરવણીના રૂપમા લખી રાખવી અને પછી તે લેખી જબાની તે ફરિયાદ અરજીનો એક ભાગ છે એમ ગણવુ જ્યારે વાદી ૭ મી કલમમા લખેલી વિગતોમાની કોઇપણ વિગત મેળવવા માટે મુદત માગે, ત્યારે મામલતદારે, સઘળી બાબતોનો એકદર વિચાર કરતા જે મુદત યોગ્ય લાગે તે તેને આપવી

૧૦ ફરિયાદ અરજી રજુ કરવામા આવી હોય અને તેના સબધમા, જરૂર હોય તો ૯ મી કલમમા કહેલી રીતે વ્યવસ્થા કરવામા આવી હોય ત્યારે, મામલતદારે વાદીને તે અરજી ઉપર પોતાની રૂબરૂ ભર કોર્ટમા સહી કરવાનુ અને તેના ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ હેઠળ લખેલી રીતે અથવા તેવા મજકુરનો કરવાનું ફરમાવવું

"હું અ,બ, વાદી એકરાર કરૂ છુ કે આ ફરિયાદ અરજીમા જે લખ્યુ છે તે મારી ઉત્તમ માહિતગારી તથા સમજણ પ્રમાણે ખરૂં છે "

ટીકા—વાદી એ શબ્દમા તેના વકીલનો અથવા કબુલ કરેલા મુખત્યારનો સમાવેશ થાય છે

૧૧ (૧) ફરિયાદ અરજી ઉપર સહી તથા ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ યોગ્ય રીતે કર્યો છે એવો શેરો મામલતદારે તે ફરિયાદ અરજી ઉપર લખવો

(૨) વાદીને વાચતા લખતા આવડતું નહિ હોય ત્યારે ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ તેની તરફથી ભર કોર્ટમા બીજા પાસે લખાવવો, અને તેના ખરાપણા બાબત તેણે પોતાના નામ આગળ પોતાની નિશાની કરવી, અને એવે પ્રસગે મામલતદારે લખવુ કે વાદીના કહ્યાથી મારી રૂબરૂ ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ કર્યો છે અને વાદીએ પોતાની નિશાની મારી રૂબરૂ કરી છે

૧૨ જ્યારે (અ) વાદી કલમ ૯ પ્રમાણે સોગન ઉપર જબાની આપવાની ના કહે અથવા, (બ) વાદી ૯ મી કલમ પ્રમાણે સોગન ઉપર જબાની આપવાને ખુશી હોય અથવા તેણે તેની જબાની આપી હોય, પણ ૭ મી કલમમા લખેલી વિગત ૯ મી કલમમા કહેલી મુદતની અદર આપવાની ના કહે, અથવા બીલકુલ આપેજ નહિ, અથવા (ક) (૧) ફરીઆદ અરજી ઉપરથી એમ દેખાય કે દાવો કરેલી મિલકત અથવા ઉપયોગ ૫ મી કલમમા લખેલા પ્રકારનો નથી અથવા (૨) ફરિયાદ અરજી આપ્યાથી અગાઉ ૭ મહિનાથી વધારે મુદત ઉપર ફરીયાદનુ કારણ ઉત્પન્ન થયુ હતું, અથવા (૩) વાદી, ફરીયાદ અરજી ઉપર કલમો ૧૦ તથા ૧૧ પ્રમાણે સહી અથવા તેના ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ કરવાનુ ના કહે ત્યારે મામલતદારે તે ફરીયાદ અરજી નામજુર કરવી

૧૩ ફરિયાદ અરજીનો વિષય પોતાની હકુમતમા નથી એવુ મામલતદારની નજરમા આવે તો તે અરજી યોગ્ય કોર્ટમા આપવા સારૂ તેણે પાછી આપવી

૧૪ (૧) ફરિયાદ અરજી લેવા લાયક હોય તો મામલતદારે તે લઇને ફાઇલ કરવી તેણે પછી તે મુકદ્દમાના ઇન્સાફ સારૂ એક સગવડ ભરેલો દિવસ તથા જગા નીમવી, અને આ પરિશિષ્ટના નમુના પ્રમાણેની નોટીસ વાદીને ખરચે પ્રતિવાદી ઉપર કાઢવી પછી તેણે વાદીને નિમેલે દહાડે તથા જગાએ, પોતાના દસ્તાવેજ તથા સાહેદો (જો હોય તો) સાથે લઇને હાજર થવાનું ફરમાવવુ (૨) મુકદ્દમાના ઇન્સાફ સારૂ તારીખ ઠરાવવી તે, જે તારીખે નોટીસ કરી હોય તે તારીખથી દસ દિવસની અદરની તથા પદર દિવસ પછીની ઠરાવવી નહિ પણ મામલતદાર પુરતા કારણસર તેમ ન કરવાને મુખત્યાર છે અને તે પ્રસગે તેણે તે કારણો પોતાને હાથે નોધી મુકવા (૩) મુકદ્દમાના ઇન્સાફ સારૂ જગા ઠરાવવી તે, કાતો મામલતદારની કચેરી ઠરાવવી અથવા મામલતદારના મત પ્રમાણે જે બીજી જગા પક્ષકારોને સગવડ ભરેલી હોય તે ઠરાવવી

૧૫ (૧) જે દિવસ તથા જગા નીમી હશે તે દિવસે તથા તે જગાએ પોતાના સાહેદોએ હાજર રહેવા સારૂ તેઓને સમન કરવા એવુ હરકોઇ પક્ષકાર કહે તો તે કામ સારૂ મામલતદારે સમન આપવા (૨) કોઇ સાહેદ એવે વખતે હાજર થવાને ચૂકે અને સમન પ્રમાણે હાજર થવાનું તેને બની આવે એવી મુદતમા આપ્યો છે એમ સાબિત થાય અને તે એવી રીતે હાજર ન થયો તેનો યોગ્ય સબબ બતાવવામા ન આવે તો, મામલતદાર, એવા સાહેદને પકડવા સારૂ વારટ કહાડવાના પોતાના કારણ લખીને વારટ કહાડવાને મુખત્યાર છે (૩) સાહેદોને આ પ્રમાણે હાજર કરવામા થયેલો ખર્ચ આપવા બાબતનુ નિયમન, સબોર્ડીનેટ સીવીલ કોર્ટમા સાહેદોને હાજર કરાવવાના સબધમા વખતે વખતે અમલમા હોય તે કાનુનો પ્રમાણે કરવુ

ટીકા—સાક્ષીઓને ભથ્થા સી પ્રો કો એ ૧૬ ની રૂલ ૨ તથા ૪ મુજબ આપવા

૧૬ (૧) નિમેલે દિવસે તથા જગાએ વાદી હાજર થવાનો અથવા પોતાના દસ્તાવેજ હોય તો તે રજુ કરવાને અથવા સાહેદો હોય તો તેમને હાજર કરવાની તજવીજ કરવાનું ચુકશે તો મામલતદારે પ્રતિવાદી હાજર થાય કે ન થાય તો પણ પ્રતિવાદી દાવો કબુલ કરે તે સિવાયને પ્રસગે, ફરિયાદ અરજી ખર્ચ સુદ્ધા કહાડી નાખવી (૨) કલમ ૧૪, પેટા કલમ (૧) મા ફરમાવ્યા પ્રમાણે વાદી હાજર થાય પણ પ્રતિવાદી હાજર ન થાય, અને પ્રતિવાદી ઉપર યોગ્ય રીતે નોટીસ બજાવીને, અને નોટીસમા ઠરાવેલા દિવસે પ્રતિવાદી હાજર થઇ શકે તથા જવાબ દઇ શકે એવા પુરતા વખતમા તે બજાવી છે એવી પોતાની

આગળ પડેલા પુરાવા ઉપરથી મામલતદારની ખાત્રી થાય તો, તેણે ફરિયાદ અરજીની એકતરફી ચોકશી કરીને નિકાલ કરવો પણ એવુ ઠરાવ્યુ છે કે, પેટા કલમ (૧) ની રૂએ ફરિયાદ અરજી કહાડી નાખ્યાની અથવા પેટા કલમ (૨) પ્રમાણે એક તરફી નીકાલ કર્યાની તારીખથી ૨૦ દિવસમા કોઈ પણ વખતે કોઇ પક્ષકાર હેઠળ લખ્યા પ્રમાણે મામલતદારની ખાત્રી કરશે, એટલે પ્રસગ પ્રમાણે, કાઇ લાચારીની હકીકતથી મારાથી હાજર થવાયુ નહી, અથવા મારા દસ્તાવેજ રજુ કરાયા નહિ અથવા મારા સાહેદો હાજર કરી શકાયા નહિ એવી ખાત્રી કરશે તો મામલતદારને અરજદારને ખર્ચે પ્રતિપક્ષકાર ઉપર ૨ જા પરિશિષ્ટના નમુના પ્રમાણેની નોટીસ કરવાનો, અને પ્રતિ પક્ષકારનુ કહેવુ સાભળ્યા પછી અરજદાર કહે છે તે પ્રમાણે તેને હાજર રહેવામા ખરેખરો અટકાવ થયો હતો એવી પોતાની ખાત્રી થાય તો, પોતે તે વખતે ઠરાવે તે જગાએ તથા વખતે મુકદ્દમાની ફરી ચોકશી કરવાનો અધિકાર છે વળી એવુ ઠરાવ્યુ છે કે, વાદીને, પ્રતિવાદીનો ખર્ચ આપીને પોતાની ફરીયાદ પાછી ખેચી લેવાનો ઉપરના કોઇ પણ ઠરાવો ઉપરથી બાધ આવતો નથી

૧૭ (૧) જ્યારે ૧૬ મી કલમની પેટા કલમ (૨) મા લખેલે પ્રસગે, મામલતદારની પોતાની આગળ પડેલા પુરાવા ઉપરથી પ્રતિવાદી ઉપરની નોટીસ યોગ્ય રીતે અને તેમા લખેલે દિવસે તથા જગાએ પ્રતિવાદી હાજર થઇને જવાબ દઇ શકે એટલી પુરતી મુદતની અદર બજાવવામા આવી છે એવી ખાત્રી ન થાય ત્યારે, તેણે તે મુકદ્દમાનુ કામ મુલતવી રાખવુ, અને પ્રતિવાદી ઉપર ૧૪ મી કલમની પેટા કલમ (૧) પ્રમાણે નવી નોટીસ કહાડવી

(૨) જે સાહેદોને યોગ્ય રીતે સમન કર્યો હોય અથવા જેને પકડવા માટે ૧૫ મી કલમની પેટા કલમ (૨) ની રૂએ વારટ કહાડ્યુ હોય તે સાહેદ ઠરાવેલે દહાડે તથા જગાએ હાજર થવાને ચુકશે તો, મામલતદાર, હાજર હોય તે લોકોની સાહેદી ઉપરથી પોતાને એમ દેખાય કે તેમ કરવા સારૂ પુરતું કારણ છે તો તે સાહેદને જબરીથી હાજર કરવામા આવે ત્યા સુધી ફરિયાદની ચોકશી કરવાનું કામ વખતે વખતે મુલતવી રાખવાને મુખત્યાર છે

(૩) મામલતદાર, બીજા કાઇ પણ પુરતા કારણ સર (આ કારણ તેણે લખી રાખવા) એવા કામનો ઇન્સાફ પોતાને યોગ્ય લાગે તેટલી મુદત સુધી મુલતવી રાખવાને મુખત્યાર છે, પણ તે મુદત મામુલ પ્રસગે દશ દિવસથી વધારે હોવી ન જોઇએ

(૪) આ કલમ પ્રમાણે જે તારીખ ઉપર કામ મુલતવી રાખ્યુ હોય તે તારીખને ચોકશી સારૂ મૂળની ઠરાવેલી તારીખ હોય તે પ્રમાણે તે તારીખને ૧૫ મી તથા ૧૬ મી કલમોનો ઠરાવ લાગુ પડશે

૧૮ (૧) જો એકાદા સગીરનો કુદરતી અથવા યોગ્ય રીતે નિમાયલો વાલી હોય તો, તેને ફરિયાદ કરવાનો, અથવા તેના ઉપર ફરિયાદ કરવાનો અધિકાર છે

(૨) મામલતદાર, કામ ચાલતું હોય ત્યારે કોઇ પણ વખતે, જે સખસને દાવો કરેલી મિલકતનો અથવા ઉપયોગનો અથવા એવા કોઇપણ ભાગનો કબજો અથવા ભોગવટો તબદીલ કરી આપ્યો હશે તે સખસનુ નામ, અથવા મુદ્દાનો પરિપૂર્ણ રીતે અને ઉત્તમ રીતે ઠરાવ કરવાનુ કોર્ટને બની આવે તેટલા માટે જેને પક્ષકાર તરીકે દાખલ કરવાની જરૂર હોય તે સખસનુ નામ, તે મુકદ્દમાની હકીકત ઉપરથી, જરૂર હોય તે પ્રમાણે, વાદી અથવા પ્રતિવાદી તરીકે દાખલ કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે કોઇપણ સખસને તેની સમતી વગર વાદી તરીકે દાખલ કરવો નહિ વળી એવુ ઠરાવ્યુ છે કે, ફરિયાદ ચાલતી હોય તે દરમિયાન જેને નામે મિલકત વિગેરે તબદીલ કરી આપી હોય તેવા સખસ સિવાયના બીજા જે સખસનુ નામ સદરહુ પ્રમાણે ઉમેર્યું હોય તેવી બાબતમા સદરહુ ફરિયાદ ૫ મી કલમની પેટા કલમ (૩) ના કારણ સારૂ, એવા સખસનુ નામ જે તારીખે ઉમેર્યું હોય તે તારીખે માડવામા આવી છે એમ સમજવુ

(૩) ફરિયાદ ચાલતી હોય તે દરમિયાન કોઇપણ પક્ષકાર મરણ પામે તે પ્રસગે, (૧) એવા મરણની તારીખ પછી એક મહિનાની અદર અરજી કરવામા આવે તો, મામલતદારે તે મૈયત પક્ષકારનો કાયદાસર વારસ વકીલ કોણ છે તે સક્ષિપ્ત ચોકસી કરીને ઠરાવવુ અને એવા વારસ વકીલનુ નામ દફતરમા તેણે દાખલ કરવુ (૨) જો એવી અરજી કરવામા ન આવે તો, તે ફરિયાદ બધ પડશે

(૪) જ્યારે મામલતદાર કોઇ પણ સખસનુ નામ પ્રતિવાદી તરીકે ઉમેરવાનો હુકમ કરે, અથવા મૈયત પ્રતિવાદીના કાયદેસર વારસ વકીલ તરીકે કોઈપણ સખસનુ નામ દફતરમા દાખલ કરે ત્યારે, તેણે એવા સખસ ઉપર ૧૪ મી કલમમા ઠરાવ્યા પ્રમાણેની નોટીસ કહાડવી અને ઇન્સાફનુ કામ એવી નોટીસમા લખેલે દિવસે ચાલશે

૧૯ નામેલે દહાડે અથવા જે દિવસ ઉપર કામ મુલતવી રાખ્યુ હોય તે દહાડે મામલતદારે, ૧૬ મી કલમના ઠરાવોને પાત્ર પોતાની રૂબરૂ જે પુરાવો ત્યાને ત્યા હોય તે સઘળો સાભળવો તથા હેઠળ લખેલા મુદ્દાઓનો ઇન્સાફ કરવા માડવુ એટલે —

अ જો વાદી એમ કહેતો હશે કે મારો અમુક મિલકતનો કબજો ગેરકાયદેસર રીતે તોડવામા આવ્યો છે અમુક ઉપયોગ કરવાનું છીનવી લેવામા આવ્યુ છે, તો,—

(૧) દાવો કરેલી મીલકતનો અથવા ઉપયોગનો કબજો અથવા ઉપભોગ વાદીની પાસે અથવા તેના વતી કોઇ માણસના પાસે અથવા જેની મારફત તે દાવો કરેલો હોય તેની પાસે, ફરિયાદ ફાઇલ થયાની અગાઉના છ મહિનાની અદર કોઇ પણ વખતે હતો કે કેમ

(૨) ફરીયાદીની વખતે પ્રતીવાદીનો કબજો છે કે કેમ અને હોય તો તેણે તે કબજો કાયદા પ્રમાણે યોગ્ય રીતે કામ ચલાવ્યા વગર બીજી રીતે લીધો છે કે કેમ,

ब જો વાદી એમ કહેતો હશે કે અમુક મિલકત બાબત અથવા ઉપભોગ બાબત પ્રતિવાદીને સત્તા પ્રકાર અથવા બીજો હક્ક પુરો થયાને લીધે તે મિલકતનો કબજો કરવાને તથા તે ઉપભોગ કરવાન પાછુ મળવાનો મારો હક્ક છે તો,

(૧) વાદી પાસેથી અથવા જે માણસની મારફતે વાદી દાવો કરતો હોય તે માણસ પાસેથી પ્રાપ્ત થયેલા હક્કથી તે મિલકતનો કબજો અથવા ઉપભોગ કરે છે કે કેમ,

(૨) ફરીયાદ ફૈલ કર્યાની અગાઉની છ મહિનાની અદરના હરકોઇ વખતે એવો હક્ક પુરો થયો છે કેકેમ,

(૩) સદરહુ પ્રતિવાદી જે માણસ દાવો કરેલી મિલકતનો અથવા ઉપભોગનો ફરિયાદ માડયાની અગાઉના બાર વર્ષની મુદતની અદર અગાઉનો ધણી અથવા અશત ધણી હોય તે માણસ સિવાય તથા એવા અગાઉના ધણી અથવા અશત ધણીના કાયદેસર વકીલ સિવાય બીજો કોઇ માણસ છે કે કેમ,

क જો વાદી એમ કહેતો હશે કે તે મિલકતનો કબજો અથવા ઉપભોગનો ઉપભોગ હજી સુધી મારી પાસે છે પણ મારા કબજાને અથવા ઉપભોગને પ્રતિવાદી હરકત અથવા અડચણ કરે છે અથવા હરકત અથવા અડચણ કરવાનો તેણે યત્ન કર્યો છે, તો,—

(૧) દાવો કરેલી મિલકતનો અથવા ઉપભોગનો કબજો અથવા ઉપભોગ વાદીની પાસે અથવા તેની વતી કોઇ પણ માણસની પાસે ખરેખર છે કે કેમ ?

(૨) તેના સદરહુ પ્રકારના કબજાને અથવા ઉપભોગને પ્રતિવાદી હરકત અથવા અડચણ કરે છે કે કેમ અથવા પ્રાતવાદીએ હરકત અથવા અડચણ કરવાનો યત્ન કર્યો છે કે કેમ

(૩) ફરિયાદ ફૈલ થયાની અગાઉના છ મહિનાની અદર, સદરહુ પ્રકારની હરકત અથવા અડચણ અથવા સદરહુ પ્રકારની યત્ન કરેલી હરકત અથવા અડચણ પ્રથમ શરૂ થઈ છે કે કેમ,

(૨) મામલત દારને તેમ કરવુ જરૂરના કારણસર યોગ્ય લાગે તો તેને પક્ષકારોને યોગ્ય નોટીસ આપીને તથા તેમની સમક્ષ, જે કોઈ પણ સખસને સમન કર્યો ન હોય અથવા હાજર કર્યો ન હોય તે સખસને સાહેદ તરીકે સમન કરીને તેની જબાની લેવાનો અને જે દસ્તાવેજ એમાના એકે પક્ષકારે માગ્યો અથવા હાજર કર્યો ન હોય તે માગવાનો અને સાબિતી કરાવવાનો અધિકાર છે. અને પોતાને યોગ્ય લાગે, તો તકરારી મિલકત પક્ષકારની રૂબરૂ અથવા તેમને યોગ્ય નોટીસ આપ્યા પછી જાતે જઇને તપાસવાનો અધિકાર છે.

(૩) મામલતદારે, દરેક સાહેદની જબાની લેવાતી જાય તેમ તેમ તેની જબાનીની મતલબનુ પોતાને હાથે ટાચણ કરવુ અથવા તે ઉપર સહી કરવી અને પોતાના ઠરાવના કારણો ટુકમા લખવા

(૪) સદરહુ મુદ્દા બાબતનો મામલતદારનો ઠરાવ વાદીની તરફેણમા હોય ત્યારે મુકદ્દમાની હકીકત પ્રમાણે હુકમ કરવાનુ મામલતદારને અવશ્ય લાગે અને જે પોતાને ૫ મી કલમની રૂએ મળેલા અધિકારની બહાર

ન હોય તે હુકમ તેણે કરવો, અને તેનો ઠગવ પ્રતિવાદીની તરફેણમા હોય ત્યારે, તેણે ફરિયાદી કહાડી નાખવી સદરહુ બે પ્રસગો પૈકી કોઈપણ પ્રસંગે ફરિયાદનો ખર્ચ, બજાવણીના ખચ સુદ્ધા જેની વિરૂદ્ધ નીકાલ થાય તેણે આપવો

ટીકા—જમીનના માલીકે પોતાની જમીન ભાડુતોને ભાડે આપી હોય તે પોતાના ભાડુતનો કબજો છીનવી લે તો ફરીઆદ મામલતદાર કોર્ટમા લાવવાનો હક નથી.

૨૦ મામલતદારનો દરેક હુકમ, પછી તે ફરિયાદ અરજી ના મજુર કરવા બાબતનો કે પાછી આપવા બાબતનો હોય અથવા દાવો મજુર કરવા બાબત કે નામજુર કરવા બાબત હોય તે હુકમ મામલતદારે તે અરજી ઉપર લખવો તથા ભરકોરટમા, તેજ દિવસે અથવા બીજે કોઇ દીવસે વાચવો અને એવા બીજા દીવસની યોગ્ય નોટીસ તેણે તે પક્ષકારોને અથવા તેમના પ્લીડરોને આપવી, અને તે હુકમના કારણો તેણે હુકમા દફતરમા લખવા

૨૧ (૧) મામલતદારનો નીકાલ કબજો આપવા બાબત અથવા ઉપયોગ કરવાનુ પાછુ આપવા બાબત હોય તો તે નીકાલ તેણે ગામના કામદારોને અથવા પોતાના તાબામાના કોઇ પણ અમલદારને અથવા બીજા કોઇ માણસને પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરીને અમલમા આણવો, પણ એવુ ઠરાવ્યુ છે કે આ આકટમા ગમે તે ઠરાવ હોય તો પણ જ્યારે મામલતદારે જમીનનો કબજો આપવાનો નીકાલ કર્યો હોય તે વખતે એવી જમીનમા પ્રતિવાદીએ અથવા તેના ખર્ચે વાવેલુ તુલ ઉભુ હોય અને મામલતદારની ખાત્રી થાય કે તે શુદ્ધબુદ્ધિથી વાવવામા આવેલુ છે, ત્યારે મામલતદાર એવી જમીનનો કબજો માગનાર વાદીને તે કબજો નિચે લખ્યુ છે ત્યા સુધી નહિ આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે, અને જો પ્રતિવાદી તે મતલબની અરજી કરે અને ફરિયાદીનો ખર્ચ આપવા સારૂ પુરતું તારણ આપે અથવા કોર્ટમા પુરતી રકમ અનામત મુકે, તો મામલતદારે તેવો હુકમ કરવો જ જોઇએ

(અ) એવા તુલનો એવી વખતે જે બજાર ભાવ હોય તે ભાવે જે મામલતદારના હુકમની રૂએ તેની જે કિમત ઠરાવવામા આવે તે કિમતે વાદીને તે તુલ લેવાનુ કબુલ કરે ત્યા સુધી, એવી કિમતમા પ્રતિવાદીએ સરકારના ધારાના હકતાની જે રકમ ચાલુ વરસ માટે ભરી હોય તે રકમનો સમાવેશ થશે, અથવા (બ) જ્યારે સદરહુ વાદી ઉપરની કીમતે તુલ લેવાને નારાજ હોય ત્યારે પ્રતિવાદીને તે તુલ એકઠા કરવા સારૂ જેટલો વખત પુરતો હોય તેટલો વખત વીતે ત્યા સુધી આ પેટા કલમના વિશેષ ઠરાવની રકમ(અ) ની રૂએ કરેલી કીમત મામલતદારની મારફત પ્રતીવાદીને આપવી, અને તે વાદી પાસેથી જમીન મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરી શકાશે

(૨) મામલતદારનો નીકાલ તાકીદ આપવા બાબત હોય તો તેણે તે તાકીદ ક પરિશીષ્ટના નમુના પ્રમાણે તૈયાર કરાવીને પ્રતિવાદી હાજર હોય તો તેને ત્યાજ આપવી, અથવા તે હાજર ન હોય તો તેની ઉપર બજાવવા મારૂ ગામના કામદારોની પાસે અથવા પોતાના તાબા હેઠળના કોઇ પણ માણસની પાસે મોકલવી

(૩) મામલતદાર ખર્ચ આપવાનો ઠરાવ કરે, ત્યારે તે ખર્ચ બજાવણીના ખર્ચ સુદ્ધા તે આપવાનો જે પક્ષકારને હુકમ કર્યો હોય તેની પાસેથી જમીન મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરી શકશે

(૪) પેટા કલમ (૨) ની રૂએ આપેલી તાકીદ ન માગનાર સખસને હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૯ મી પ્રમાણે શિક્ષા કરી શકાશે

૨૨ ૨૩ મી કલમની પેટા કલમ (૨) ના અને કલમ ૨૪ ના ઠરાવોને પાત્ર જે પક્ષકારને મામલતદાર કબજો આપશે અથવા ઉપભોગ કરવાનુ પાછુ આપશે અથવા જેના લાભમા તાકીદ હુકમ આપશે, તે પક્ષકારનો કબજો અથવા ઉપભોગ કહાડી લેવામા આવશે ત્યા સુધી તે કબજો અથવા ઉપભોગ રહેશે પણ એવુ ઠરાવ્યુ છે કે જે પક્ષકારની વિરૂદ્ધ મામલતદારનો નીકાલ થયો હશે, તે પક્ષકારને જેટલી મુદત સુધી કોઇ મીલકતનો કબજો મળ્યો નહિ હોય અથવા કોઇ ઉપયોગનો ઉપભોગ કરવા દીધો નહિ હોય તે મુદતની દરમિયાનની ઉપજ યોગ્ય દીવાની કોર્ટમા ફરિયાદ કરીને વસુલ કરવાને તે પક્ષકારને આ કલમના કોઇ પણ ઠરાવ ઉપરથી હરકત આવે છે એમ સમજવુ નહિ, વળી એવુ ઠરાવ્યુ છે કે કોઇ પણ મિલકતના કબજા બા-

બત અથવા ૨૧ મી કલમની પેટા કલમ (૧) ના વિશેશ ઠરાવની રૂએ જેની વ્યવસ્થા કરી હોય એવા તુલ ઉપરના હક બાબત અથવા તેની કિમત બાબત મામલતદારે કરેલો નિકાલ કોઇ પણ દિવાની કોર્ટના તેના પક્ષકારોની અથવા તેઓના સબધથી દાવો કરનારા બીજા માણસોની દરમિયાન આગળ કાઇ ફરિયાદ થાય તેમા અથવા બીજુ કામ ચાલે તેમા નિરૂત્તર છે એમ સમજવુ નહિ

૨૩ (૧) આ આકટ પ્રમાણે મામલતદારે કરેલા કોઇ પણ હુકમ ઉપર અપીન ચાલશે નહિ

(૨) પણ કલેકટર આ આકટ મુજબની ફરિયાદના કાગળ પત્ર મગાવીને તપાસવાને મુખત્યાર છે, અને જો તેને એમ લાગે કે એવી ફરિયાદમા ચલાવેલુ કોઇ પણ કામ કે કરેલો કોઇપણ ઠરાવ અથવા હુકમ ગેરકાયદેસર છે અથવા અયોગ્ય છે તો તે આકટને વિરૂદ્ધ ન હોય એવો તથા પોતાને યોગ્ય લાગે એવો હુકમ પક્ષકારોને યોગ્ય નોટીસ આપ્યા પછી કરવાને મુખત્યાર છે

(૩) જ્યારે કલેકટર આ આકટ પ્રમાણે કોઇ પણ કામ ચલાવે ત્યારે આ આકટ પ્રમાણેની કોરટ છે એમ સમજવુ

૨૪ મુબઇની હાઇકોર્ટ મુબઈ ઇલાકાના બીજા ભાગોમા મામલતદારોની કોર્ટો ઉપર જે અધિકાર ચલાવે છે તેજ અધિકાર, સિધના જ્યુડિશિયલ કમીશનરની કોર્ટ સિધ પ્રાતમાની મામલતદારોની કોર્ટો ઉપર ચલાવવાને મુખત્યાર છે

૨૫ જે કોઇ પણ વાદીને આ આકટ મુજબની ફરિયાદ અરજી અમુક મુદ્દાની બાબતમા ખોટી છે એવુ માલમ હોય અથવા લાગતું હોય અથવા ખરી છે એવુ લાગતું નહિ હોય તે અરજી ઉપર સહી કરશે તથા તેના ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ કરશે તેણે હિદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૩ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુન્હો કર્યો છે એમ સમજવુ

૨૬ આ આકટની રૂએ નીચે લખેલા પ્રકારની ફરિયાદ ચાલશે નહિ

અ સરકારનો જે કોઈ પણ અમલદાર વિદ્યમાન કાળે અમલમા હોય એવા કોઈ પણ કાયદાની રીતે યોગ્ય રીતે નિમાયલા મેનેજર અથવા પાલન કરનાર તરીકે કામ કરતો હોય તે સિવાયને પ્રસગે તેણે પોતાના હુદ્દાની રૂએ કરેલા અથવા કર્યાનુ કહેવામા આવતા કોઇ પણ કૃત્યના સબધમા સરકાર સામેની અથવા એવા અમલદાર સામેની ફરિયાદ અથવા

(બ) કોઇ પણ કબજો છોડાવ્યાની, કબજો પાછો મળવાની અથવા તેને હરકત કર્યાની જે બાબત, આ આકટની રૂએ અથવા કોઇ પણ દિવાની કોર્ટમા અથવા સન ૧૮૮૯ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૧૧ મા બાબની રૂએ, અગાઉ ચાલેલા જે કામમા વાદી અથવા તેની પહેલાનો હિત સબધ ભોગવનાર સખસ પક્ષકાર હોય તે કામનો વિષય હોત તે બાબત સબધી ફરિયાદ

નરવાદારી અથવા ભાગીદારીનો કાયદો.

(સને ૧૮૬૨ નો એકટ ૫ મો)

૧ ભાગદારી અથવા નરવાના ગામના ભાગનો પેટાનો ભાગ મજુર કર્યો હોય તે સિવાય તે ભાગનો બીજો કોઇ પેટા ભાગ દિવાની કોર્ટના હુકમથી જપ્ત થવાને કે વેચવાને લાયક નથી, અને ઘરથારની જમીન કે ઇમારત બાધવાની જમીન, કે ઘરવાડો, સદરહુ પ્રકારના જે ભાગના અગતુ કે મજુર કરેલા પેટા ભાગના અગતુ હોય તેને, ભાગથી કે પેટાના ભાગથી જુદુ પડે એવી રીતે સદરહુ કોર્ટનો કોઇ પણ હુકમ બજાવવો નહિ

ટીકા--ભાગ અથવા ટુકડા જે મજુર કરેલો નથી તે જપ્તીમા મૂકી શકાતા નથી પણ આખો ભાગ મૂકી શકાય છે નરવાના આખો ભાગ કે તેનો પેટા ભાગ જે મજુર કરેલો છે તે વેચી શકાય છે સરકારી દફતર નરવાના જેટલા ખાતા ચાલતા હોય તેટલાજ નરવાના મજુર કરેલા ભાગ સમજવા, મજુર કર્યા વગરના નરવાના પેટા ભાગ દિવાની કોર્ટના હુકમથી જપ્તીમા લઇ શકાય નહિ તેમ વેચી શકાય નહિ

૨ જ્યારે કોઇ ભાગદારી કે નરવાના ગામના પેટા ભાગ મજુર કર્યો હોય તે સિવાય તે ભાગનો

બીજો કઇ હીસ્સો, જપ્ત કરવાનો, કે વેચવાનો કે સદરહુ પ્રકારના ભાગના અગની કે મજુર કરેલા પેટાના ભાગના અગની કઈ ઘરથારની જમીન કે ઈમારત બાધવાની જમીન (ગભાણુ) કે વરવાડો હોય તે જપ્તી કરવા કે તે વેચવાનો કોઇ દીવાની કોર્ટનો હુકમ થયો હોય ત્યારે તે ભાગદારી કે નરવાનુ ગામ જે જીલ્લામા હોય તે જીલ્લાના કલેકટરને કે બીજા મુખ્ય રેવન્યુ અમલદારને તે મુકદમાનો પક્ષકાર નહિ હોય તો પણુ, સદરહુ રકમ રદ કરીને આ આકટના ઠરાવો અમલમા લાવવાને માટે દિવાની કોર્ટને અરજ કરવાને અધિકાર છે, અને મુકરદમાને આ એકટ લાગુ છે એવુ સદરહુ પ્રમાણે દરખાસ્ત કરતી વખતે, જીલ્લાના કલેકટરે અથવા બીજા મુખ્ય રેવન્યુ અમલદારે હાજર કરેલા પુરાવા ઉપરથી, કોર્ટની નજરમા આવે તો તે હુકમ કોર્ટે રદ કરવો, અને આ એકટના ઠરાવ અમલમા લાવવા, કોર્ટના હુકમનામા ઉપર જે પ્રમાણે અપીલ ચાલે છે, તેજ પ્રમાણે સદરહુ પ્રકારની દરખાસ્ત ઉપર સદરહુ કોર્ટ હુકમ કરશે તે ઉપર અપીલ ચાલશે

ટીકા—નરવાની જમીનની પેટા ભાગદારોમા વહેચણી થઇ શકે છે વહેચણીના હુકમનામાની બજાવણીને આ કલમ લાગુ નથી

૩ હરકોઇ ભાગીદારી કે નરવાદારી ગામના ભાગનો પેટાનો ભાગ મજુર કર્યો હોય, તે સિવાયનો બીજો કઇ હીસ્સો બીજાને કરી આપવો, અથવા ઘરેણે મૂકવા, કે બીજી રીતે તે ઉપર કરજ લાગુ કરવુ કે તેને જોખમમા નાખવો તે કાયદેસર નથી અથવા સદરહુ પ્રકારના ભાગના અગની કે મજુર કરેલા પેટાના ભાગની અગની, ઘરથારની જમીન, કે ઇમારત બાધવાની જમીન, કે ઘરવાડો હોય તેને ભાગથી કે તે ભાગના મજુર કરેલા પેટાના ભાગથી જુદુ પાડીને બીજાને કરી આપવુ, અથવા વખત લખી આપીને સોપવુ, અથવા ઘરાણે મૂકવુ, કે તે ઉપર બીજી કોઇ રીતે કરજ લાગુ કરવુ કે તે જોખમમા નાખવુ તે કાયદેસર નથી

આ કલમના ઠરાવ વિરૂદ્ધ બીજાને કરી આપ્યુ હોય કે ખત લખી આપીને સોપ્યુ હોય, કે ઘરાણે મૂકયુ હોય, કે તે ઉપર કરજ લાગુ કર્યુ હોય, કે તેને જોખમમા નાખ્યુ હોય તો તે રદ છે, એમ સમજવુ, અને જો ભાગદારી કે નરવાના નામના ભાગનો પેટાનો ભાગ મજુર કર્યો હોય તે સિવાય તે ભાગનો બીજો કઇ હીસ્સો, અથવા તે ભાગના અગની કે મજુર કરેલા પેટા ભાગના અગની ઘરથારની જમીન, કે ઇમારત બાધવાની જમીન એટલે ગભાણુ કે ઘરવાડો, આ કલમના ઠરાવ વિરૂદ્ધ ફલાણી માણસના કે માણસોના કબજામા છે, એવુ યોગ્ય રીતે ચોકસી કર્યા પછી જીલ્લાના કલેકટરની કે મુખ્ય રેવન્યુ અમલદારની નજરમા આવે તો, સક્ષિપ્ત રીતે કામ ચલાવીને તે માણસનો કે માણસોનો કબજો દૂર કરવાનો, અને પોતાની નજરમા જેનો હક આવતો હોય તેને તે કબજો આપવાનો, જીલ્લાના કલેકટરને કે બીજા મુખ્ય રેવન્યુ અમલદારને અધિકાર છે

અને આવી બાબતમા કલેકટર જે હુકમ કરે તે કાયદેસર છે કે નહી, તેના કાયદાસરપણા બાબત ચોકસી કરવાની ફરીયાદ સદરહુ પ્રકારનો હુકમ બજાવ્યાની તારીખથી ત્રણ માસમા કરવી જોઇએ

ટીકા—આ કલમ ખાનગી રીતે થતા વેચાણુ કે ગીરોને લાગુ પડે છે આ એકટ અમલમા આવતા પહેલા થયેલા નરવાના મજુર કર્યા સિવાયના ટુકડાના વેચાણુ, ગીરો, કે પટા કાયદેસર માસમા તેમ આ આકટ પહેલાના જથુ ખેડુતે ખેડ હક વેચાણુ આપ્યો હોય તો તે પળી શકે છે આ કલમ પ્રમાણે નરવાના જમીન નામજુર કર્યા સિવાયના ભાગનુ વીલ, બક્ષીસ કે ટ્રસ્ટ થઈ શકે નહિ પણુ જો કોઇ દત્તક લે, તો દત્તક લીધેલો છોકરો તેના ખાતા પૈકીની જમીન ભોગવી શકે છે ખાતાની જમીનનો પેટા ભાગદાર પોતાના ભાગની જમીન વેચાણુ કે ગીરો આપી શકતો નથી, પણુ તે તેના ખાતા પૈકીના બીજા પેટા ભાગદારને આપી શકે છે, નરવાનો મજુર કર્યા વગરનો ભાગ વેચાણુ કે ગીરો કોઇ રાખે અને તે પછી કબજો ન મળવાથી દાવો કરે તો તે રદ કરવામા આવે છે કારણુ કે વેચાણુ ગીરો કે આ કલમ પ્રમાણે રદ બાતલ છે, એક માણસ નરવાનો મજુર કર્યા વગરનો ભાગ વેચાણુ કે ગીરો રાખીને તે આપનારને જ ગણુવત લખી લઇ ખેડવા આપે, પછી તે કબજો ન આપે તો તેના વેચાણુ કે ગીરો ખત રદ બાતલ હોવાથી દાવો રદ થાય છે નરવાનો મજુર કર્યા વગરનો ભાગ આએ બ પાસે ગીરો રાખી ક ને ખેડવા આપી, પછી જો ક તેને જમીનનો કબજો કે દાણુ ન આપતો હોય તો અ દાવો કરે, તેમા જો કે ગણુવત નરવાના મજુર કરેલા

ભાગનું ન હોવાથી રદ બાતલ છે, પણ કુ એ તે જમીન ખેડી છે, તેથી તેની ઉપજ અ ને આપવા તે જવાબદાર છે જેથી તે જમીન અ ને આપવાને અને ખેડે ત્યા સુધી ઉપજ આપવાને બધાયલો છે વેચાણુ વિગેરે કલેકટર જ રદ કરી શકે છે, તેમ નથી પણુ દીવાની કોર્ટ પણુ રદ કરી શકે છે કલેકટરને આ કલમ વેચાણુ રદ કરી કબજો પાછો અપાવવાને મુદતનો બાધ આવતો નથી કલેકટરના હુકમ ઉપર દીવાની કોર્ટમા દાવો હુકમની તારીખથી ૩ માસની અદર કરી શકાય છે વેચાણુ કે ગીરો વિગેરે રાખનાર પાસે જ્યારે કલેકટરે કબજો લઇ લીધો હોય ત્યારે તેણે વેચાણુ વિગેરે માટે આપેલો અવેજ પાછો મેળવવા, કબજો ગયો ત્યારથી ૩ વરસની અંદર દીવાની કાર્ટમા કરી શકાય છે તેવા દાવામા ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની ૫૫ મી કલમ પ્રમાણે વેચાણુ આપનાર, રાખનારની સાથે બધાય છે કે તેને વેચવાનો હક છે પણુ નરવાનો મજુર કર્યા વગરનો ટુકડો વેચવાને તેને હક નથી, છતા તે વેચે છે તો ને ઉપરની કલમથી વેચાણુ રાખનારના લાભમા ઉત્પન્ન થતો કરાર તોડે છે તેથી તેના ઉપર કરાર તોડયા બદલ દાવો લાવી શકાય, તે દાવો વેચાણુ ખત રજીસ્ટર્ડ થયાની તારીખથી ૬ વરસમા કરવાને રજીસ્ટર વગરનુ હોય તો ૩ વરસમા કરવો વળી તેમા “ આ જમીન આજ રોજ તમારે કબજે હવાલે સોપી છે, તેમા જો કોઈ હેલો હરકત કરે તેનો અમો તથા અમારા વારસો જવાબ દઈએ” આવો કરાર લખેલો હોય છે, તેથી ને વેચાણુ કે ગીરો રાખનારને કબજો મળ્યા પછી તેનો કબજો જતો રહ્યો હોય તો તેને લાગુ પડે છે, તેમ જ કોન્ટ્રાકટર એકટની ૬૫ મી કલમ પ્રમાણે જમીનનો કબજો લઇ લે છે ત્યારે કરાર રદ થાય છે, ત્યારે તે કરારના પક્ષકારો તેઓએ એક બીજાની પાસેથી જે કઇ લીધુ હોય તે પાછુ આપવાને બધાએલા છે આ એકટનું ઉલ્લઘન કરીને કરેલો કરાર ૬૫ મી કલમમા આવી જાય છે તેથી તે કલમના આધારે વેચાણુ વિગેરે આપનાર, પોતે લીધેલા પૈસા પાછા આપવા બધાયલા છે પણુ ટ્રસ્ટ એકટની કલમ ૮૪ પ્રમાણે ગેરકાયદેસર કરારનો કોઇપણુ પક્ષકાર પોતે જે કઇ બીજાને આપ્યુ હોય તે બીજા પાસેથી, (૧) જ્યારે કરાર પ્રમાણે પક્ષકારોનુ વર્તન થયુ ન હોય ત્યારે, અને (૨) કરાર ગેરકાયદેસર છે, એવુ તે કરાર કરતી વખતે જાણુતા ના હોય ત્યારે એવા સજોગો સિવાય પાછુ માગી શકતો નથી આમા પૈસા લઈ દસ્તાવેજ થાય છે એટલે ૧ લો અપવાદ લાગુ પડતો નથી પણુ બીજા અપવાદમા કેસ આવતો હોય તો વેચાણુ વિગેરે રાખનાર પૈસા પાછા માગી શકે, બીજા અપવાદ પ્રમાણે પૈસા માગનારની કરાર કરતી વખતે શુદ્ધ દાનત હોવી જોઇએ, તેથી જો વેચાણુ રાખનાર પોતે જે જમીન રાખે તે જો નરવાનો મજુર કર્યા વગરનો ભાગ છે, એમ જાણીને રાખતો હોય તો તેની શુદ્ધ દાનત નથી એમ કહી શકાય, અને જ્યારે શુદ્ધ દાનતથી તે કેસ બીજા અપવાદમા આવતો નથી, જેથી વેચાણુ વિગેરે રાખનારનો પૈસા પાછા લેવાનો દાવો રદ કરવો જોઇએ (૧૯ અલ્હા પા ૩૫, પી જે ૮૮ પા ૯) નરવાના મજુર કર્યા વગરના ભાગનું ગીરો કરવામા કે જાથુના પટે આપવામા આવ્યુ હોય, અને ગીરો રાખનાર કે ખેડુતના કબજામા તે જમીન ૧૨ વરસ ઉપરાતથી કબજામા હોય, તો તેનો ગીરો પુરતો અને ખેડુત તરીકેનો પૂર્ણ હક થઇ જાય છે એટલે તે કાયદેસર ગીરોદાર કે ખેડુત છે એમ સમજવુ નરવાનો મજુર કર્યા વગરનો ભાગ વેચાણુ રાખ્યો હોય અને તે વેચાણુ બાદ ૧૨ વરસ ઉપરાતનો કબજો થઈ ગયો હોય તો તેનો કબજો પાછો લઇ શકાતો નથી

૪ સદરહુ પ્રકારના હરકોઇ ગામનો ભાગ, કે ભાગનો મજુર કરેલો પેટાનો ભાગ, તથા તે ભાગના અગની, કે પેટાના ભાગના અગની, ઘરથારની જમીન, તથા ઇમારતની જમીન એટલે ગભાણુ તથા ઘરવાડા એ બધુ મળીને તે બાબત સદરહુ પ્રકારનો હુકમ આપીને, તે અમલમા લાવવાનો અધિકાર બીજી રીતે કાયદા ઉપરથી હોય, તો તેવો હુકમ આપીને તે અમલમા લાવવાની, આ એકટના કોઇપણુ ઠરાવથી મના થાય છે એમ સમજવુ નહિ

ટીકા—આ કલમ પ્રમાણે નરવાનુ આખુ ખાતું, તેના અંગના ગભાણુ સાથે જપ્તિમા મૂકી શકાય છે, ખેડુતનુ ઘર જો નરવાના આખા ભાગ સાથે હોય તો જપ્તિમા મૂકી શકાય છે

૫ સદરહુ પ્રકારના કોઇ ગામનો ભાગ, કે ભાગનો મજુર કરેલો પરાનો ભાગ, ઘરથારની જમીન, અથવા ઇમારતની જમીન એટલે ગભાણુ, કે બીજુ જે કઇ તેના અગનુ હોય તે સુદ્ધાત, બીજાને કરી

આપવાનો, કે ખત લખી આપી બીજાને સોપવાનો, કે ઘરેણે કરવાનો, કે તે ઉપર કરજ લાગુ મૂકવાનો કે તેને જોખમમા નાખવાનો અધિકાર, બીજી રીતે કાયદા ઉપરથી હોય, તો તે પ્રમાણે બીજાને કરી આપવાની કે ખત લખી આપી બીજાને સોપવાનો કે ઘરેણે મુકવાની કે તે ઉપર કરજ લાગુ કરવાની, કે તેને જોખમમા નાખવાની, આ એકટના કોઇ પણ ઠરાવ ઉપરથી મના થાય છે, એમ સમજવુ નહિ ભાગદારી કે નરવાના ગામના ભાગ, કે ભાગના મજુર કરેલા પેટાના ભગ છે, તેના વળી હીસ્સા નહી પડે તથા ભાગના અંગની કે ભાગના કે મજુર કરેલા પેટાના ભાગની અગની ઘરથારની જમીન, અથવા ઇમારત બાધવાની એટલે ગભાણુ અથવા બીજો ઘરવાડો હોય, તે તે ભાગથી કે મજુર કરેલા પેટાના ભાગથી જુદુ નહી પડે એવી આ એકટની મતલબ ને ઉદ્દેશ છે

૬ (૧) જ્યારે ભાગીદારી કે નરવાદારી વહીવટ પ્રમાણે ધારણ કરેલી કોઈપણ જમીન, સને ૧૯૧૦ ના ભાગદારી કે નરવાદારી વહીવટનો એકટ શરૂ થતા પહેના કે પછી, તે વહીવટ પ્રમાણે ધારણ કરવામાં આવતી બધ પડી હોય, ત્યારે તે જમીન અમુક દર્શાવેલી તારીખથી પાછી ભાગદારી કે નરવાદારી વહીવટ મુજબ ધારણ કરવી એવુ જાહેર કરવાનો ગવર્નર ઇન કૌન્સીલને અધિકાર છે, અને એવુ જાહેર કરવામા આવે ત્યારે આ એકટના ઠરાવો એવી જાહેરખબરમા જણાવેલી તારીખથી સદરહુ જમીનને લાગુ પડશે

પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે કોઇપણ જમીનના સબધમા આ કલમની રૂયે જાહેર ખબર કાડવામા આવી હોય, ત્યારે ૧-૨-૩ કલમોના ઠરાવો, સદરહુ જમીન જે મુદત સુધી ભાગદારી કે નરવાદારી વહીવટ પ્રમાણે કરવામા આવી ન હોય તે મુદત દરમિયાન કરેલા કોઈપણ દુમાલા, એસાઇન્મેન્ટ, ગીરો, ચાર્જ કે બીજાના સબધમા લાગુ પડશે નહિ

(૨) પેટા કલમ (૧) મા જણાવેલી જાહેરખબર મુબાઇ સરકારી ગેઝીટમા જાહેરનામુ છાપીને આપવી જોઇએ તથા અમુક નિર્દિષ્ટ કરેલી તારીખે તેવી જાહેરખબર આપવાના સરકારના ઇરાદાની નોટીસ તે જાહેર ખબર પ્રસિદ્ધ કરવામા આવે તેની પહેલા એક મહીના અગાઉ મુબઇ સરકારી ગેઝીટમા આપવી જોઇએ અને એવી રીતે નિર્દિષ્ટ કરેલી તારીખથી ઓછામા ઓછા એક અઠવાડીઆ અગાઉ હિત ધરાવનાર સખસોમાનો કોઇપણ સખસ, કાંઈ સુચના કે હરકત રજુ કરશે, તો તે ઉપર સરકાર યોગ્ય વિચાર કરશે

ટીકા—આ કલમ સને ૧૯૧૦ ના સુધારાના કાયદાથી દાખલ કરી છે

ગુજરાતના તાલુકદારો બાબતનો એકટ.

(સને ૧૮૮૮ નો ૬ ઠ્ઠો)

૧ (૧) આ આકટને સને ૧૮૮૮ નો ગુજરાતના તાલુકદારો બાબતનો કાયદો કહેવો (૨) તે અમદાવાદ, ખેડા, ભરૂચ અને પચમહાલ જીલ્લાઓને લાગુ પડે છે

૨ અ ' તાલુકદાર ' એ શબ્દમા ઠાકોરનો, મેવાસીનો, કસમાતીનો તથા નાયકનો અને જે મૂળ ગામેતી પ્રત્યક્ષ સરકાર પાસેથી જમીન ધારણ કરતો હોય તે મુળ ગામેતીનો સમાવેશ થાય છે

બ ' **નાંધેલા તાલુકદાર** ' એનો અર્થ જે કોઇ એકના એક તાલુકદારનુ નામ કે તાલુકદારી એસ્ટેટના કેટલાક સહભાગીદારો પૈકી સહુથી વડા કે મુખ્ય તાલુકદારનું નામ, સરકારી દફતરમા સદરહુ પ્રકારની એસ્ટેટ ધારણ કરનાર તરીકે કે સદરહુ એસ્ટેટ ધારણ કરનાર જુદા જુદા સહ ભાગીદારોના વારસ વકીલ તરીકે કાયદેસર નોધ્યુ હશે તે એકનો એક તાલુકદાર કે તે સહુથી વડો કે મુખ્ય ભાગીદાર

ક 'જમા' એટલે તાલુકદારે સરકારમા આપવાનુ જમાનમહેસુલ

ડ 'બીજાને નામે કરી આપવુ' એટલે માલીકપણુ બીજાને નામે કરી આપવુ

'બોજો' આ શબ્દમા ધરાણાઆ હકનો, ચાર્જનો, બીજાની વસ્તુનો ઉપભોગ કરવાના હકની દેણગીનો તથા સામાન્ય ખેડુતના કે જેને નામે કરી આપ્યુ હોય તે માણસના કે તાલુકદારના હિત સબધ સિવાયના બીજા કઈપણ હિત સંબંધનો સમાવેશ થાય છે 'બોજાવાળો આ શબ્દમા જે માણસને બોજાનો હક સ્વાધીન થાય તે માણસ

૩ ૨ જા ભાગમા તાલુકદાર એ શબ્દમા ટુમાલા નહી હોય એવી જે એસ્ટેટોનુ જમીનમહેસુલ ધારાથી ઠરાવ્યુ હોય તે એસ્ટેટોના કોઈ પણ વર્ગના ધારણ કરનારાઓને તે સદરહુ ઠરાવો લાગુ પાડવાનું યોગ્ય લાગે તે ધારણુ કરનારાઓનો સમાસ થાય છે

૪ જમીન મહેસુલના કાયદાના જે ઠરાવો રેવન્યુ સર્વેને લાગુ પડે એવા હશે તે ઠરાવો મુજબ તાલુકદારી એસ્ટેટની રેવન્યુ સર્વે કરવાનુ ફરમાવવાને સરકારને અધિકાર છે

૫ તે કાયદાની ૧૦૮ મી કલમ મુજબ સર્વે અમલદારે સદરહુ પ્રકારની કોઇપણ સર્વે કરતી વખતે તૈયાર કરેલા સેટલમેન્ટ પત્રકમા કે સરકાર બીજી રીતે ફરમાવે નહી તે સદરહુ કલમમા નિર્દિષ્ટ કરેલી વિગતને બદલે હેઠળ લખેલી વિગત હોવી જોઇએ

(અ) દરેક સર્વે નબરનુ ક્ષેત્રફળ તથા આકાર (બ) નોધેલા તાલુકદારના નામ તેના સહ ભાગીદારો હોય તો તે દરેકના નામ અને તેમા દરેકનો હિત સબધ કેટલે સુધી છે તે (ક) જો એસ્ટેટ અવિભક્ત હશે તો,—(૧) સઘળા સહભાગીદારોને સામાન્ય હશે એવા સાધનથી જે નફો મળે તે, તેઓમા કઇ રીતે વહેચવો તે રીત (૨) દરેક સહભાગીદારે જમાનો, પોલીસ ચાર્જનો, તથા વિદ્યમાન કાળે જે કોઈ પણ બીજા ચાર્જને સહભાગીદારો સામાન્ય રીતે પાત્ર હોય તો બીજા ચાર્જનો જે ભાગ આપવાનો હોય તે ભાગ (૩) સહભાગીદારોએ ખેડુતો પાસેથી કઈ (ગણોત) ઉઘરાવવુ તે રીત, (ડ) જો એસ્ટેટની વહેચણી થઇ હશે અને સહ ભાગીદારો પોતપોતાના ભાગ જુદા જુદા ધારણ કરતા હશે તો, (૧) દરેક જુદો ભાગ કેટલો છે તે, તથા તેની વિગત (૨) સદરહુ દરેક ભાગના જુદા જુદા પેટા ભાગીદારો જો કોઇ હોય તો તેઓની બાબતમા જ્યારે કોઇ એસ્ટેટ અવિભક્ત હોય ત્યારે સઘળા સહભાગીદારોની બાબતમા જે વિગત આપવાની જરૂર છે તેજ વિગત, (ઇ) એસ્ટેટ અથવા તેનો કોઇ પણ ભાગ જે માણસને નામે આપ્યો હોય, તે દરેક માણસનુ નામ તથા વર્ણન તેમજ તે એસ્ટેટ અથવા તેનો કોઇપણ ભાગ ઉપરના દરેક બોજાવાળા માણસનુ નામ તથા વર્ણન તથા દરેકના હિત સબધનો પ્રકાર તથા વિસ્તાર અને તેમા હેઠળ લખેલી વાતો સ્પષ્ટ કરીને હોવી જોઇએ (૧) સદરહુ પ્રકારનો હિત સબધ જેટલા કુલ ક્ષેત્રફળ ઉપર લાગુ હોય તે ક્ષેત્રફળ (૨) જે માણસને નામે કરી આપ્યુ હોય તે દરેક માણસે તથા દરેક બોજાવાળાએ આપવાનુ અથવા તેણે લેવાનુ જો કાઇ ભાડુ કે જમીન મહેસુલ હોય તો તેની રકમ તથા પ્રકાર, [૩] સદરહુ હિત સબધનો આધાર એટલે તે બક્ષીસ છે, કરાર છે, રિવાજ છે કે બીજુ કાઇ છે, (૪) નોકરીની અથવા બીજી જે કોઇ સરતો ઉપર સદરહુ હિત સબધનો આધાર હશે તે સરતો, [૫] સરકાર વખતે વખતે જે બીજી વિગતો ફરમાવે તે બીજી વિગતો

૬ (૧) સદરહુ પત્રકમા બાબત ૫ મી કલમ મુજબ નોધવાની છે તે સબધી તકરાર પડે તો તેનો નિકાલ સર્વે અમલદારને જો લાગે કે તે તકરારનો આખરનો નિકાલ કોઈ હકુમત વાળી કોર્ટ કરી ચુકી છે, તો તે પત્રકમા તે ઠરાવ મુજબ નોધ કરવી જોઇએ

૭ [૧] તાલુકદારી એસ્ટેટોનુ સર્વે સેટલમેન્ટ પુરૂ થયા પછી સદરહુ પત્રક તથા તેના બીજા કાગળ પત્રો કલેકટરે રાખવા જોઇએ અને તેની અકેક નકલ દરેક નોધેલા તાલુકદારને મફત મળવાનો હક છે પણ નકલ કરામણુ ફી આપવી પડશે (૨) તે પત્રક કે કાગળપત્રો જ્યા સુધી સર્વે અમલદારના તાબામા હોય ત્યા સુધી તે સર્વે અમલદારે અને ત્યાર પછી કલેકટરે, જે ફેરફાર થાય તે સઘળા તથા તે પત્રકમા તથા કાગળપત્રમા નોધેલા હક તથા હિતસબધ પૈકી કોઇપણ હક અથવા હિત સબધને અસર કરતી દરેક વાત તેમા નોધાવવી જોઇએ તેમ તેમ કાઈ હસ્તદોષની કે બીજી ભુલ થઇ હોય અને તે હિતસબધવાળા કબુલ કરતા હોય તે બીજી ભુલ કોઇપણ વખતે સુધારવી કે સુધરાવવી જોઇએ

૮ (૧) કોઈ સર્વે અમલદારનો કે કોઈ કલેકટરનો હુકમ કલમ ૬ ઠી કે ૭ મી મુજબ કરેલો કોઇપણ ઠરાવ કે હુકમ રદ કરવા માટે સરકાર ઉપર કે સરકારના કોઇ અમલદાર ઉપર કોઇપણ ફરિયાદ ચાલશે નહિ

(૨) પરતુ તે પત્રક કે બીજા કાગળપત્રો સુધારવા સારૂ સર્વે અમલદારને સર્વે સેટલમેન્ટ પુરૂ થયુ હોય ત્યારે કે કલેકટરને પક્ષકારોએ પોતપોતાની દરમ્યાન યોગ્ય હકુમતવાળી કોઈ કોર્ટ પાસેથી મેળવેલા હરકોઇ આખરના હુકમનામાની સહીવાળી નકલ સાથે રાખી યોગ્ય રીતે અરજી કરેથી સદરહુ હુકમનામા મુજબ તે પત્રક તથા બીજા કાગળપત્રો સદરહુ સર્વે અમલદારે કે કલેકટરે વખતે વખતે સુધારવા જોઈએ

(૩) પક્ષકારોની કે તેઓના સબધથી દાવો કરનારા બીજા માણસોની દરમ્યાન દિવાની કાઇ ફરિયાદ થાય તેમા કલમ ૬ ઠી કે ૭ મી મુજબ કોઈ સર્વે અમલદારે કે કલેક્ટરે કરેલા ઠરાવ કે હુકમ તેમાં ઠરાવેલી કઇ પણ બાબત સબધી નિર્ણયકારક પુરાવો છે, એમ ગણાશે નહિ

૯, સદરહુ પત્રકમા તથા બીજા કાગળપત્રોમા કરેલા દરેક ફેરફારથી અસર થતા પક્ષકારો પૈકી દરેકને તે બાબતની ખબર કઇપણ ઢીલ કર્યા સિવાય સદરહુ ફેરફાર કરનાર અમલદારે આપવી

વ્હેંચણી બાબત

૧૦ (૧) કોઇ તાલુકદારી એસ્ટેટના કોઈ ભાગ ઉપર તેનો હક છે એમ ઠરાવનારૂ કોઈ યોગ્ય હકુમતવાળી કોર્ટનુ આખરનુ હુકમનામુ જે સખસે મેળવ્યુ હોય તે દરેક સખસને તથા જે સહભાગીદારનુ નામ સહભાગીદાર તરીકે ૫ મી કલમ મુજબ તૈયાર કરેલા સેટલમેન્ટ પત્રકમા નોધ્યુ હોય, તે દરેક સહભાગીદાર તથા સદરહુ પત્રક તૈયાર થતા સુધીમા ઉપર કહેલા કોઇપણ ભાગ ઉપરના જે સખસના હક બાબત તેજ એસ્ટેટમાંના કોઇ ભાગ ઉપર દાવો કરનાર બીજા કોઇપણ સખસે તકરાર લીધી નહી, હોય, તે દરેક સખસને પોતાનો ભાગ બાકીની એસ્ટેટમાથી છુટો પડાવવાનો તથા તે ભાગ એક જુદી એસ્ટેટ તરીકે ધારણ કરવાનો હક છે (૨) સદરહુ પ્રકારના કોઇપણ બે કે વધારે સહભાગીદારોને અથવા સખસોને પોતાના ભાગ બાકીની એસ્ટેટમાથી છુટા પડાવવાનો તથા તે ભાગો એક જુદી એસ્ટેટ તરીકે એકઠા ધારણ કરવાનો હક છે

૧૧ વહેચણ કરવા બાબતની અરજી તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરને અથવા આ અર્થે ગવરનર ઇન કાઉન્સીલ જે કોઇ બીજા અમલદારને નીમે તે અમલદારને કરવી જોઇએ

૧૨ (૧) વહેચણ કરવા બાબતની અરજી આવ્યા ઉપરથી તે દેખીતી રીતે વાધો લેવા લાયક નહી હોય તો તાલુકદારી સેટલમેટ ઓફીસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે, તે અરજી જે એસ્ટેટ બાબત હોય તે એસ્ટેટ જે તાલુકામા આવી હોય તે તાલુકાના મામલતદારની કચેરીમા તથા જે ગામમા તે આવી હોય તે ગામમા પ્રસિદ્ધ ઠેકાણે અથવા સદરહુ એસ્ટેટની અદર આવી જતા ગામો પૈકી દરેક ગામમા, જેમ હોય તેમ તે અરજી બાબતનુ જાહેરનામુ ચોહોડી પ્રસિદ્ધ કરવુ જોઇએ

(૨) વળી તેણે જણાયલા સહભાગીદારો પૈકી જે ભાગીદાર અરજી કરવામા સામેલ થયો નહી હોય, તે દરેક સહભાગીદારના ઉપર એક નોટીસ બજાવવી અને તે નોટીસમા મુકરર કરેલે દિવસે પોતાની રૂબરૂ તે સહભાગીદારો પૈકી જે કોઇને સદરહુ વેચાણ કરવા બાબત કાઇ હરકત હશે તેણે જાતે અથવા કોઇ યોગ્ય અધિકારવાળા મુખત્યાર મારફત હાજર થઈ તે હરકત કહેવાનું ફરમાવવુ અને તે મુકરર કરેલો દિવસ તે નોટીસ કહાડયાની તારીખથી ત્રીસ દિવસ કરતા ઓછો તથા સાઠ દિવસ કરતા વધારે હોવો ન જોઇએ

૧૩ કાઇપણ કારણને લીધે કોઇપણ સહભાગીદારની ઉપર નોટીસ હાથોહાથ બજાવી શકાય નહી તો તે ઘરમા રહેતો હોય તેના પ્રસિદ્ધ ભાગ ઉપર તેની એક નકલ ચોઢીને બજાવવી એવો હુકમ તાલુકદારી સેટલમેન્ટ ઓફીસર કે ઉપર કહેલા બીજા અમલદારે કરવો

૧૪ મુકરર કરેલે દિવસે કે તે પહેલા કોઇપણ ભાગીદારે વેચાણ બાબત કાઇપણ હરકત લીધી હોય અને તે હરકત ધ્યાનમા લીધા પછી તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરના કે ઉપર કહેલા બીજા અમલદારના અભિપ્રાયમા એમ આવે કે વહેચણ ન કરવા દેવાનુ કે કાઇ કરવાની ના કહેવાનુ સબબ તે પુરતું કારણ છે તો તે અરજી નામજુર કરવાનો તેને અધિકાર છે, તેમ કરવાના કારણો તેણે દફતરમા નોધવા

૧૫ (૧) સદરહુ હાલતમા વહેચણી સંબધી અરજદારના હક બાબત કાઇપણ સવાલ અથવા ટાઇટલ બાબત કાઇપણ સવાલ ઉઠે અને તેનો કોઇ યોગ્ય અધિકાર વાળી કોર્ટ તરફથી નિકાલ થઇ શકયો નહી હોય તો તે સવાલનો કોઇ યોગ્ય અધિકારવાળી કોર્ટથી નિકાલ થતા સુધી સદરહુ અરજી મજુર કહેવાની ના કરવાને, અથવા તે વખતે એવી કોર્ટમા સદરહુ સવાલનો નિકાલ થવાનો સંભવ હોય એવી કાઇ ફરિયાદી ચાલતી નહી હોય તો તે હરકતના ગુણદોષ તપાસવાને તાલુકદારી સેટલમેન્ટ ઓફીસર અથવા ઉપર કહેલો બીજો અમલદાર મુખત્યાર છે

(૨) હરકતના ગુણદોષ તપાસવામા આવે તે પ્રસગે તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરે અથવા ઉપર કહેલા

બીજા અમલદારે જરૂરની ચોકશી કર્યા પછી તથા જે પુરાવો આપવામા આવે તે લીધા પછી તે બાબતના ઠરાવમા, વહેચણ થવા માટે અરજ કરનાર પક્ષકાર અથવા પક્ષકારોના તથા એસ્ટેટના બીજા કોઇ સહભાગીદારો હોય તો તેઓના હિતસબધ કેવા પ્રકારના તથા કેટલે સુધીના છે તે જણાવવુ, અને તે ચોકશીનો ખર્ચ તથા વહેચણનો ખર્ચ કોણે અને શા પ્રમાણમા આપવો તે ફરમાવવુ, અને એ ખર્ચ જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરી શકાશે

(૩) સદરહુ પ્રકારની કોઇપણ ચોકશી કરતી વખતે તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે સને ૧૮૮૨ ના દિવાની કામ ચલાવવાની રીતના કાયદામા અવલ ફિર્યાદોની તજવીજ કરવા બાબત જે રીત ફરમાવી છે તેજ રીતે કામ ચલાવવુ અને સરદહુ કાયદાના ૪૭ મા બાબના ઠરાવો જેટલે સુધી અવલ ફિરિયાદમા કહેલા ફેસલાની ફરી તપાસને લાગુ પડે છે, તેટલે સુધી સદરહુ ઠરાવો તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે કરેલા ઠરાવને લાગુ પડશે સદરહુ તપાસમા ઉત્પન્ન થતો કોઇપણ સવાલ પક્ષકારોની સમતિથી લવાદીપર સોપવાને તાલુકદારી સેટલમેન્ટ ઓફિસર અથવા ઉપર કહેલો બીજો અમલદાર મુખત્યાર છે અને સદરહુ સોપણને તેજ કાયદાના લવાદો સબધી ઠરાવેલા ઠરાવ લાગુ પડશે એમ સમજવુ

૧૬ (૧) ૧૫ મી કલમ મુજબ તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરના અથવા ઉપર કહેલા બીજા અમલદારના કોઇ પણ ઠરાવ ઉપર અથવા તેના કોઇ પણ ભાગ ઉપર અપીલ જાણે સદરહુ પ્રકારનો ઠરાવ જે કોર્ટના ઠરાવ ઉપર અપીલ સાભળવાનો ડિસ્ટ્રીકટ કોર્ટને અધિકાર હશે તે કોર્ટનુ હુકમનામુ હોય તે પ્રમાણે ડિસ્ટ્રીકટ કોર્ટમા ચાલશે

(૨) સદરહુ પ્રકારની અપીલ થયા ઉપરથી તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરને અથવા ઉપર કહેલા બીજા અમલદારને તે અપીલનો નિકાલ થતા સુધી વહેચણ કરવાનુ બધ રાખવા બાબત હુકમ કરવાને ડિસ્ટ્રીકટ કોરટ મુખત્યાર છે

૧૭ (૧) જ્યારે વહેચણ કરવાનો ઠરાવ થયો હોય ત્યારે તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે પક્ષકારોની નજરમા આવે તો જાતે વહેચણ કરવાનો તેમની ખુશી ઉપર રાખવુ, તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે ઠરાવેલી મુદતની અદર વહેચણ કરવાને તે પક્ષકારો કબુલ ન થાય, અથવા તેઓ વહેચણ ન કરે તો તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે પડે વહેચણ કરવી અથવા તેને યોગ્ય લાગે તો વહેચણ કરવા સારૂ તે પક્ષકારોએ નિમેલા લવાદોને સદરહુ કામ સોપવુ

(૨) સદરહુ વહેચણ કરવામા તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરને અથવા ઉપર કહેલા બીજા અમલદારને તથા તેના હુકમ મુજબ કામ કરનાર હરકોઇ સખસને જે એસ્ટેટની વહેચણ કરવાની હશે તેની હદ ઠરાવવા સારૂ, જમીનની સરવે કરવા સારૂ તથા બીજા કારણ સારૂ તે એસ્ટેટમા પેસવા બાબત જે અધિકાર સરવે અમલદારોને સન ૧૮૭૯ ના મુબઇના જમીન મહેસુલના કાયદાથી આપ્યા છે તેજ અધિકાર છે

૧૮ (૧) વહેચણ પુરી થાય એટલે તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે તે મજુર કરવાનો હુકમ કરવો, (૨) સદરહુ પ્રકારનો હુકમ કર્યા પછી, તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે તે વાતનુ જાહેરનામુ જે એસ્ટેટના ભાગ કર્યા હોય તે એસ્ટેટ જે તાલુકામા આવી હોય તે તાલુકાના મામલતદારની કચેરીમા તથા જે ગામમા, તે આવી હોય તે ગામમા અથવા સદરહુ એસ્ટેટમા આવી જતા ગામો પૈકી દરેક ગામમા, જેમ હોય તેમ, કોઇ પ્રસિદ્ધ ઠેકાણે ચોહોડી પ્રસિદ્ધ કરવુ જોઇએ અને તે વહેચણ સદરહુ જાહેરનામાની તારીખ પછીના જુન મહિનાની પહેલી તારીખ અને અકટોબર મહિનાની પહેલી તારીખની દરમ્યાન બીજી જે તારીખ તાલુકદારી સેટલમેન્ટ ઓફિસર અથવા ઉપર કહેલો બીજો અમલદાર સદરહુ એસ્ટેટમા ખેડાણ હમેશ કઇ રૂતુમા થાય છે તે ઉપર નજર રાખી ઠરાવે તે તારીખે તથા તે તારીખથી અમલમા આવશે

૧૯. કોઇ પણ સહભાગીદારને ભાગે આવેલો ભાગ અથવા તેનો કોઇપણ ટુકડો તે સહભાગીદારને કોઇપણ દિવાની કોર્ટ, કોઇ હુકમનામાની બજાવણીમા એવો ભાગ અથવા ટુકડો જે રીતે તેને સ્વાધિન

કરવાનો સન ૧૮૮૨ ના દિવાની કામ ચલાવવાની રીતના કાયદા મુજબ હુકમ કરી શકે તે રીતે સ્વાધિન કરવાનો ઉપર કહેલો તારીખ પછી કોઈ પણ વખતે જો જરૂર પડે તો હુકમ કરવાને તાલુકદારી સેટલમેંટ ઓફિસર અથવા ઉપર કહેલો બીજો અમલદાર મુખત્યાર છે

(૨) તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરના અથવા ઉપર કહેલા બીજા અમલદારના હુકમની બજાવણી કરવાનુ સોપ્યુ હોય તે અમલદારને કોઈપણ સખસ હરકત અથવા અડચણ કરે, અથવા કોઈ સહભાગીદારને ભાગે આવેલા ભાગનો અથવા તે ભાગના કોઇપણ ટુકડાનો કબજો મેળવતા તેને કાંઈ હરકત અથવા અડચણ થાય તો સન ૧૮૭૯ ના મુબઇના જમીનમહેસુલના કાયદાની ૨૦૩ જી કલમ પ્રમાણે કરેલા કોઈ હુકમની બજાવણી કરવામા જે હરકત અથવા અડચણ થઇ હોય તેના વ્યાજબીપણા બાબત તપાસ કરવાના કારણ સારૂ તથા તે હરકત અથવા અડચણ આગળ ચાલુ રહેવાનુ બધ કરવા સારૂ સદરહુ કલમથી કલેકટરને જે પ્રમાણે ચાલવાનો અધિકાર આપ્યો છે, તે પ્રમાણે તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે ચાલવુ

૨૦ તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરના અથવા ઉપર કહેલા બીજા અમલદારના વહેચણ મજુર રાખવાના ઠરાવ ઉપર અપીલ કમીશનરને સદરહુ પ્રકારની વહેચણીની મજુરીના હુકમની તારીખથી એક વર્ષની અદર કરી હશે તો ચાલશે

૨૧ કાઇ તાલુકદારી એસ્ટેટની વહેચણ કરવા માટેની કઇપણ ફરિયાદ અથવા અરજી કોઇપણ દિવાની કોર્ટે લેવી નહી પણ એવુ ઠરાવ્યુ છે કે માલિકા માઆઝમની ન્યાય ખાતાની મુબાઇની હાઇકોર્ટની હકુમતની આ કલમ માહેના કોઇપણ મજકુરથી બાધ આવે છે એમ સમજવુ નહિ

મહેસુલનો વહીવટ.

તાલુકદારની જમા

૨૨ જો કોઇ તાલુકદારની એસ્ટેટ અથવા તેના કોઈપણ ભાગ ઉપરનુ જમીનમહેસુલ સર્વત અથવા અશત માફ થએલ નહી હોય તથા જમીનમહેસુલ આપવાની પાત્રતાને વિશેષ શરતો અથવા બધીઓ લાગુ નહી હોય તો સદરહુ પ્રકારની એસ્ટેટ અથવા તેના ભાગ બાબત સરકારને આપવાની જમા, જો તે એસ્ટેટને અથવા તેના ભાગને સર્વે સેટલમેન્ટ લાગુ કર્યુ હોય તો, સદરહુ એસ્ટેટમા અથવા તેના સદરહુ ભાગમા આવેલી જમીનોના સર્વે આકારોની એકદર રકમમાથી સરકાર પ્રત્યેક પ્રસગે કાઇ કામ રકમ બાદ કરવાનુ ફરમાવ્યુ હોય તો તે રકમ બાદ જતા જે રહે તે છે એમ સમજવુ

(૨) સદરહુ પ્રમાણે નક્કી થએલી જમાની રકમ ત્રીસ વરસથી વધારે નહી એવી અમુક મુદત સુધી કાયમ રહેશે, એમ જાહેર કરવાનો અધિકાર આલીજા ગવર્નર ઇન કાઉન્સિલને છે

૨૩ (૧) કોઇપણ તાલુકદારની જમાની રકમ બાબત અત્યાર સુધીમા જે કોઇપણ કબુલાયત તેણે કરી હોય અથવા તેની સાથે થઇ હોય અને જે અદ્યાપિ સુધી અમલમા હોય તે કબુલાયતના અથવા સરકારે કે સરકારના હુકમ મુજબ કોઇ મુદત સુધી જમાની રકમ બાબત જે કાંઈ સેટલમેન્ટ કર્યું હોય અને જે અદ્યાપિ સુધી અમલમા હોય તે સેટલમેન્ટના કાયદેસરપણાને આ આકટ માહેના કોઇ પણ મજકુરથી બાધ આવે છે એમ સમજવુ નહિ

(૨) સદરહુ પ્રકારની દરેક કબુલાયતનો તથા સેટલમેન્ટનો અમલ જાણે આ આકટ પાસ નહી થયો હોય તેવી રીતે થશે

૨૪ (૧) નોધેલો તાલુકદાર પોતાના ગામની જમા બાબત સરકારના પ્રથમ જવાબદાર છે, અને જો ભાગીદારો હોય તો તે જમા માટે સઘળા સહભાગીદારો એક મતે તથા એકાજ જવાબદાર છે

(૨) જો નોધેલો તાલુકદાર જમા આપવા બાબત કાયદેસર રીતે ઠરાવેલી કાનુનો પ્રમાણે જમા આપવાને ચુકે તો તે જમા તેના કોઇ પણ સહભાગીદારો હોય તો તેમની પાસેથી અથવા કબજા સહિત કોઇપણ ઘરેણે લેનારે ધારણ કરેલી મિલ્કતના સબધમા અથવા કનિષ્ટ ધારણ કરનારના કે સખસના વાસ્તવિક કબ-

જમા તે એસ્ટેટ અથવા તેનો કોઇ પણ ભાગ હોય તેણે ધારણ કરેલી મિલકતના સબધમા જેટલી જમા લહેણી હોય તેટલી જમા સદરહુ મુજબ કબજા સહીત ધરેણે લેનાર પાસેથી અથવા સદરહુ કનિષ્ટ ધારણ કરનાર કે સદરહુ સખસ પાસેથી વસુલ કરવાનો અધિકાર છે

(૩) જમા સદરહુ પ્રકારના કોઇ પણ સહ ભાગીદાર પાસેથી કબજા સહિત ધરેણે લેનાર પાસેથી, કનિષ્ટ ધારણ કરનાર કે બીજા સખસ પાસેથી વસુલ કરવામા આવે ત્યારે તાલુકદારને મહેસુલ આપવાના ઠરાવેલા માસુલ વખતે કે તે વખત પછી જે પૈસા તાલુકદારને તેણે આપ્યા હોય તે સઘળા તેને મજરે આપવા અને તેની પાસેથી જે રકમ વસુલ કરવામા આવશે, તે તાલુકદારની સાથે તેનો જે હિસાબ હશે તેમા મજરે મળવાનો તેને હક છે

૨૫(૧) જ્યારે વહેચણ થઇ હોય અને તાલુકદારી એસ્ટેટ જુદી જુદી ધારણ કરવામા આવતી હોય ત્યારે તે એસ્ટેટ જે જુદા ભાગમા વહેચાઇ હોય તે દરેક ભાગની બાબતમા આપવાની જમા કલેક્ટરે નક્કી કરવી જોઇએ અને ત્યાર પછી એવો દરેક ભાગ ૨૪ મી કલમના કારણો સારૂ જુદી એસ્ટેટ છે એમ સમજવુ

(૨) પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ એસ્ટેટ જે જુદા જુદા ભાગોમા વહેચાઇ હોય તે જુદા જુદા ભાગોની બાબતમા આપવાની એકદર જમા તે આખી એસ્ટેટ જો હજુ અવિભકત રહી હોત તો તેના ઉપર જે આપવી પડત તેના કરતા વધારે હોવી ન જોઇએ

૨૬ (૧) કોઇ પણ તાલુકદારી એસ્ટેટના ભાગીદારો વચ્ચે તકરાર પડયાના સબબથી અથવા કાંઈ બીજા કારણથી અલીજા ગવર્નર ઇન કાઉન્સીલને એમ જણાય કે દેશની સુલેહને જોખમ પહોચવાનુ અથવા કનિષ્ટ ધારણ કરનારાઓના સુખને હાની થયાનુ કારણ છે, તો સદરહુ એસ્ટેટને જમા કરીને વહીવટ પોતાના હાથમા લેવો, અથવા આ કારણ સારૂ પોતે એજટ નીમે તેને તે વહીવટ સોપવો એમ કલેકટરને ફરમાવવાને ગવર્નર ઇન કાઉન્સીલ મુખત્યાર છે, અને એવો હુકમ સરકારે જે કારણો ઉપરથી ફરમાવ્યો હોય તેની નકલ મળવા બાબત હરકોઈ નોધેલો તાલુકદાર કે સહભાગીદાર અરજ કરે એટલે કલેકટરે તે નકલ તેને આપવી

(૨) ઉપર કહ્યા પ્રમાણે જમા કરીને કોઇ પણ એસ્ટેટ વહિવટમા લીધી હોય ત્યારે, તેના ભાગદારો અથવા તે પૈકી એક અથવા વધારે ભાગદાર સદરહુ એસ્ટેટનો વહિવટ પાછો મળવા બાબત જીલ્લા માજીસ્ટ્રેટને હરકોઈ વખતે અરજી કરવાને મુખત્યાર છે અને ઉપર કહ્યા પ્રમાણેની ધારતી રાખવાને હવે કાંઇ પણ કારણ નથી એમ તે અરજદારો જીલ્લા માજીસ્ટ્રેટની ખાત્રી થાય એવી રીતે સાબિત કરશે તો તે એસ્ટેટનો વહિવટ તાલુકદારને પાછો સોપવાનો હુકમ કરવાને જીલ્લા માજીસ્ટ્રેટ મુખત્યાર છે

૨૭ (૧) કમિશનરની મજુરી લઇને તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરને કે સરકારે નિમેલા બીજા કોઈ અમલદારને જે એસ્ટેટની વહેચણી થતી હોય તે એસ્ટેટ વહેચણ પુરી થતા સુધી પોતાના વહિવટમા લેવાનો અધિકાર છે

(૨) પરતુ એમ ઠરાવ્યુ છે કે, આ કલમ મુજબ મજુરી મળવા સારૂ કમિશનરને લખાણ કરતા પહેલા તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે તેમ કરવાનો પોતાનો ઇરાદો છે એ બાબતની યોગ્ય નોટીસ પક્ષકારોને આપવી, તથા પક્ષકારો પૈકી કોઇ પણ પક્ષકાર સદરહુ લખાણ વિરૂદ્ધ હરકતનો કાંઈ પણ લખેલો મજકુર તેની આગળ રજુ કરે, તો તેણે પોતાના લખાણ સાથે કમિશનરને ધ્યાનમા લેવા સારૂ મોકલવો

૨૮ (૧) સરકારની મજુરીથી, તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરને કે આ કામ સારૂ સરકારે નિમેલા બીજા કોઇપણ અમલદારને તાલુકદારની લખેલી અરજ ઉપરથી, સદરહુ તાલુકદારની એસ્ટેટ તાબામા લઇને કબુલ થએલી મુદત સુધી સદરહુ એસ્ટેટ પોતાના વહિવટમા રાખવાનો અધિકાર છે પરતુ એવુ ઠરાવ્યુ છે કે તાલુકદારી એસ્ટેટના અવિભક્ત ભાગના સબધમા એવી કોઇ અરજી હોય તે લેવામા આવશે નહી, તેમજ સહભાગીદારોએ ધારણ કરેલી એસ્ટેટના સબધમા તે અરજી હોય ત્યારે તે સઘળા સહભાગીદારની સમતિ સિવાય તે લેવામા આવશે નહિ

(૧) એ હિંદુ ધર્મશાસ્ત્ર મુજબ અવિભકત કુટુબમાના સહભાગીદાર સિવાયનો તાલુકદારી એસ્ટેટના કોઇ પણ સહભાગીદાર આવી એસ્ટેટમાના પોતાના ભાગના સબધમા પેટા કલમ (૧) મુજબ અરજી કરવાને મુખત્યાર છે

(૨) હિંદ ધર્મશાસ્ત્ર પ્રમાણે અથવા બીજી રીતે અવિભકત કુટુબમાના સહભાગીદારો તાલુકદારી એસ્ટેટ ધારણ કરતા હોય તેવી દરેક બાબતમા આખી એસ્ટેટનો એકદર ઓછામા ઓછો પોણા ભાગ જેટલો હિત સબધ ધારણ કરનારા સહભાગીદારોની સહીની અરજી, પેટા કલમ (૧) ના કારણ સારૂ, એવી એસ્ટેટના સબધમા તાલુકદારે કરેલી અરજી છે એમ સમજવુ

પણ પ્રથમ એવુ ઠરાવ્યુ છે કે, એવી કોઇ અરજી ઉપર સહીઓ કરનારા ભાગીદારોનો એકદર હિત સબધ આખી એસ્ટેટ પોણા ભાગ જેટલો થાય છે કે નહી, તે વિશે ગવર્નર ઇન કાઉન્સીલને શક પડે, ત પેટા કલમ (૧) પ્રમાણે આવી કોઇ પણ અરજીને મજુરી આપવી નહિ અને બીજુ એવુ ઠરાવ્યુ છે કે, તે અરજી ઉપર સહી કરનારા સહભાગીદારો સિવાયના બીજા કોઈ પણ સહભાગીદારને પોતાના ભાગનો હિસ્સો પાડવાનો આ આકટના કોઇ પણ મજકુર ઉપરથી હક્કત આવે છે એમ સમજવુ નહિ

૨૯ (૧) ઉપરની છેલ્લી ત્રણ કલમા માહેની ગમે તે કલમ મુજબ કોઇ પણ તાલુકદારી એસ્ટેટ સરકારી અમલદારોએ પોતાના વહિવટમા લીધી હોય, ત્યારે સને ૧૮૭૯ ના મુમઇના જમીન મહેસુલના કાયદાની ૧૬૦ મી કલમના ઠરાવ તેને લાગુ પડશે

(૨) પરંતુ એવુ ઠરાવ્યુ છે કે કલમ ૨૬ મુજબ એસ્ટેટના વહીવટ કરનાર સરકારી અમલદારે સદરહુ એસ્ટેટમાની કોઇપણ જમીનના સબધમા કોઇ પણ તબદીલ કરી હોય અથવા કોઇપણ કબુલાત કરી હોય તે તબદીલ કે કબુલાત, તે જે કરવામા આવે તે તારીખથી પાચ વર્ષ કરતા વધારે મુદત સુધી નહી જોઇએ અને ૨૭ મી કલમ મુજબ એસ્ટેટના વહિવટ કરનારા અમલદારે સદરહુ પ્રમાણે કાઇ તબદીલ અથવા કાંઇ કબુલત કરી હોય તે જે મુલકી સાલમા સદરહુ અમલદારના વહીવટનુ કામ પુરૂ થાય તે સાલની આખર પછી અમલમા રહેશે નહિ પણ સદરહુ એસ્ટેટની વહેચણી પુરી થાય તે વખતે જે સહભાગીદારના ભાગમા સદરહુ જમીન આખરે આવે તે સહભાગીદાર તે તબદીલી કબુલાત મજુર કરે તે જુદી વાત છે

(૩) સદરહુ પ્રકારના વહીવટની દરમ્યાન જો કાઇ ફાજલ વસુલ આવે તો તેમાથી ચાલુ સાલનુ જમીન મહેસુલ તથા તેની સઘળી બાકીની રકમ તથા તે એસ્ટેટને રેવન્યુ સરવે લાગુ કરવાનુ ચોથી કલમ મુજબ ગવર્નર ઇન કૌસિલ ફરમાવે અથવા તેમણે ફરમાવ્યુ હોય તો રેવન્યુ સરવે તે એસ્ટેટને લાગુ કરવામા જે ખર્ચ થાય તે સુદ્ધા વહિવટનો ખર્ચ બાદ કરતા જે બાકી રહે તે સઘળા સહભાગીદારોમા તેમના પોતપોતાના ભાગના પ્રમાણમા તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરે અથવા ઉપર કહેલા બીજા અમલદારે પોતાને જે જે મુદત યોગ્ય લાગે તે તે મુદતે વહેચી આપવુ જોઇએ

૨૯ (અ) (૧) જે તાલુકદારની એસ્ટેટ સરકારી અમલદારોએ ૨૬ મી અથવા ૨૮ મી કલમની રૂએ પોતાના વહીવટ હેઠળ લીધી હોય તે તાલુકદાર, વહિવટ કરનારા અમલદારની સમતિ વગર, પોતાની મિલકત ઉપર અથવા તેના કોઇપણ ભાગ ઉપર કોઇપણ બોજો તબદીલ કરવાને અથવા ઉત્પન્ન કરવાને અથવા તેમાનો અથવા તેમા કોઇપણ હિત સબધ તબદીલ કરવાને અથવા ઉત્પન્ન કરવાને અથવા જે કરાર ઉપરથી પોતાના ઉપર નાણાની જવાબદારી આવી પડે એવો કોઈપણ કરાર કરવાને ન લાયક છે એમ સમજવુ અને એવો વહિવટ ચાલુ હોય તે દરમ્યાન કરેલુ કોઇપણ કરજ આપવા સારૂ જે વચન એવો વહિવટ પુરો થયા પછી કર્યુ હોય તે વચન ઉપરથી, અથવા એવો વહિવટ ચાલુ હોય તે દરમ્યાન કરેલુ જે કોઇ પણ વચન કે કરાર એવો વહિવટ પુરો થયા પછી કાયમ કરી આપ્યુ હોય તે ઉપરથી તેના ઉપર બોજો નાખવાની ફરિયાદ કોઇપણ દિવાની કોર્ટમા આણી શકાશે નહિ પછી એવા વચન માટે કે કાયમ કરી આપવા માટે નવો મોબદલો લીધો હોય કે ન હોય તેની હરકત નહી

(૨) પણ પેટા કલમ (૧) ના કોઇપણ ઠરાવ ઉપરથી એવા કોઇપણ તાલુકદારને લગ્નનો કરાર કરવાને બાધ આવે છે એમ સમજવુ નહી પણ એવુ ઠરાવ્યુ છે કે, એવા તાલુકદારને જે કાયદો લાગુ હોય

તે કાયદો જોતા તથા તેનો દરજ્જો તથા તેની સ્થિતિ જોતા વહિવટ કરનાર અમલદાર જે રકમ યોગ્ય છે એવો લેખી ઠરાવ કરે તે રકમ સિવાય બીજી કોઇપણ નાણા સબંધી જવાબદારી એવા તાલુકદારે એવા કરારના સબંધમા માથે લેવી નહી

(૮) એવા કોઇપણ તાલુકદારના મરણ પછી (અ) તેજ મિલ્કત અથવા તેના કોઇપણ ભાગના વારસા બાબત વાધો ઉઠે, ત્યારે વહિવટ કરનાર અમલદાર ગવર્નર ઇન કૌન્સીલની મંજુરી લઇને, દાવો કરનારાઓમાનો કોઇપણ એક જણ પોતાનો દાવો એકાદી યોગ્ય અધિકારવાળી દિવાની કોર્ટમા સાબિત કરે ત્યા સુધી તે મિલ્કત પોતાની દેખરેખ હેઠળ રાખવાનો, અથવા સઘળા દાવા કરનારા વિરૂદ્ધ ઇન્ટર પ્લીડરની ફરિયાદ માંડવાને મુખત્યાર છે, અને (બ) તેની મિલ્કત ઉપર કરજ તથા જવાબદારીનો બોજો ચાલુ હોય, ત્યારે વહિવટ કરનાર અમલદાર, ગર્વનર ઇન કૌન્સીલની મંજુરી લઇને, એવુ કરજ તથા જવાબદારી પતી જાય ત્યા સુધી સદરહુ મિલ્કત પોતાની દેખરેખ હેઠળ રાખવાને મુખત્યાર છે

૨૯ (બ) જ્યારે એકાદી તાલુકદારી એસ્ટેટ સરકારી અમલદારોએ ૨૬ મી અથવા ૨૮ મી કલમની રૂઇયે પોતાના વહિવટમા લીધી હોય, ત્યારે વહિવટ કરનાર અમલદાર, મુબઇ સરકારી ગેઝેટમા અને ગવર્નર ઇનકૌન્સિલ સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને ફરમાવે તેવી બીજી રીતે, એક નોટીસ અગ્રેજીમા તથા દેશી ભાષામા પ્રસિદ્ધ કરવાને મુખત્યાર છે, અને તે નોટીસમા તેણે લખવુ કે, એવા તાલુકદાર સામે થવા તેની મિલ્કત સામે જે કોઇ પણ સખમ દાવો કરતો હોય તેણે પોતાનો દાવો તે નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી છ મહીનાની અદર મને લખી મોકલવો (૨) જ્યારે વહીવટ કરનાર અમલદારની ખાત્રી થાય કે પેટા કલમ (૧) પ્રમાણે પ્રસિદ્ધ કરેલી નોટીસ મુજબ ચાલવાને કોઇ દાવો કરનાર અશક્ત હતો, ત્યારે તે સદરહુ નોટીસમા લખેલી મુદ્દત પુરી થયા પછી કોઇપણ વખતે તેવો દાવો રજુ કરવા દેવાને મુખત્યાર છે, પણ કોઇ પણ કાયદામા, કરારમા, હુકમનામામા કે ઠરાવમા વિરૂદ્ધમા વિરૂદ્ધ લખાણ હોય તો પણ એવા દાવા ઉપર મુદ્દત પુરી થયાની તારીખ પછી તે દાવો રજુ થાય ત્યા સુધી વ્યાજ ચઢતું બંધ રહેશે (૩) (સરકારના દાવા સિવાયનો) એવા તાલુકદાર સામેનો અથવા તેની મિલ્કત સામેનો જે દાવો પેટા કલમ (૧) ની રૂઇએ પ્રસિદ્ધ કરેલી નોટીસ પ્રમાણે વહિવટ કરનાર અમલદારને લેખી મોકલવામા આવ્યો નહી હોય અથવા પેટા કલમ (૨) પ્રમાણે રજુ કરવા દેવામા આવ્યો ન હોય તો દરેક દાવો કલમ ૨૯ (૩) પેટા કલમ (૨) રકમ (ક) મા તથા મુદત બાબતના આકટમા ઠરાવ્યુ છે તે સિવાયને પ્રસગે સઘળા કારણ સારૂ તથા સઘળે પ્રસગે સઘળા કારણ સારૂ તથા સઘળે પ્રસગે, પછી એવા વહીવટની દરમયાન અથવા ત્યાર પછી (દાવો કરનારે અથવા તેની મારફતે દાવો કરનાર કાઇ પણ સખસે એવા કોઈ પણ દાવાના સબધમા આણેલી કોઈ ફરીયાદમા અથવા કામમા પેટા કલમ (૧) પ્રમાણે પ્રસિદ્ધ કરેલ નોટીસ પ્રમાણે વહીવટ કરવાને તે અશકત હતો એવી કોર્ટની ખાતરી કરીને સાબીત ન કરે તો યોગ્ય રીતે અદા કરવામા આવ્યો છે એમ સમજવુ

૨૯ (ક) (૧) વહીવટ કરનાર અમલદાર લેખી હુકમથી એવુ ફરમાવવાને મુખત્યાર છે કે કલમ ૨૯ બ પેટા કલમ (૧) મા પ્રસિદ્ધ થયેલી નોટીસ પ્રમાણે દાવો રજુ કરનાર દરેક દાવેદારે એવા હુકમમા જે યોગ્ય મુદત ઠરાવવામા આવી હોય તે મુદતની અદર તેની પુરેપુરી હકીકત રજુ કરવી અને તે પોતાના દાવાનો આધાર જે દસ્તાવેજ ઉપર રાખતો હોય તે સઘળા દસ્તાવેજ (તેમજ પોતાના હીસાબના ચોપડામાની નોધ) તથા એવા દરેક દસ્તાવેજની ખરી નકલ રજુ કરવી જોઇએ પણ એવુ ઠરાવ્યુ છે કે, જે બદલ હુકમનામુ અથવા ઠરાવ થયો હોય એવી રકમ બદલ સદરહુ દાવો હોય, ત્યારે એવો દાવો કરનાર પ્રસગ પ્રમાણે, એવા હુકમનામાની સહી સીક્કાવાળી નકલ તથા એવુ હુકમનામુ જે કોર્ટે કર્યું હોય અથવા જે કોર્ટ બજાવતી હોય તે કોર્ટે એવા હુકમનામાની રૂઇએ કેટલી રકમ વસુલ કરવા લાયક છે તે બાબત આપેલો દાખલો, અથવા ઠરાવની ખરી નકલ તથા તેની રૂઇયે કેટલી રકમ વસુલ કરવા જોગ છે તે બાબતની કેફિયત એવા વહીવટ કરનારની આગળ રજુ કરશે તે બસ થશે, અને જ્યારે સદરહુ બાબત ઠરાવ કરવાનુ કામ કોઈ પણ કોર્ટમા ચાલતું હોય અથવા તે લવાદ ઉપર સોપ્યો હોય, ત્યારે સદરહુ દાવો કરનાર પ્રસગ પ્રમાણે ફરિયાદ અરજીની સહી સીક્કાવાળી નકલ અથવા લવાદનામાની ખરી નકલ રજુ કરશે તો બસ થશે (૧) વહીવટ કરનાર અમલદારે એવી રીતે રજુ કરવામા આવેલા દરેક અસલ દસ્તાવેજ ઓળખી

તે સારૂ તેની ઉપર નીશાની કરીને અને તેની નકલ ખરી છે તેની ખાત્રી કરીને તે નકલ પોતાની પાસે રાખવી, અને અસલ દસ્તાવેજ દાવો કરનારને પાછો આપવો (૩) જ્યારે કોઈપણ દસ્તાવેજ દાવો કરનારના કબજામા અથવા નિર્બંધ હેઠળ હોય અને તે પેટા કલમ (૧) ની રૂઇએ કરેલા હુકમ પ્રમાણે હાજર ન કરે ત્યારે, તે દસ્તાવેજ એવા દાવો કરનારે અથવા તેની વતી દાવો કરનાર કોઇપણ સખસ એવો દસ્તાવેજ જે દાવાને લગતો હોય તે દાવાના સબધમા માડેલી ફરિયાદમા એવો દસ્તાવેજ જે તાલુકદારની એસ્ટેટ વહિવટદારમા હોય તે તાલુકદારની વિરૂદ્ધ, એવો વહિવટ ચાલુ હોય તે દરમ્યાન અથવા ત્યાર પછી, પુરાવામા લઇ શકાશે નહિ, પણ જો એવો દાવો કરનાર કોરટની ખાત્રી થાય એવી રીતે સાબીત કરે કે એવો દસ્તાવેજ એવા હુકમમા ફરમાવ્યા મુજબ હાજર કરવાનુ મારા અધિકારની બહાર હતું તો તે દાખલ કરી શકશે

૨૯ (ડ) કલમો ૨૯ બ તથા ૨૯ ક ના ઠરાવોને અનુસરી તે રજુ કરવામા આવેલા સઘળા દાવા દાખલ કર્યા પછી વહીવટ કરનાર અમલદારે એવા દાવા બાબત ચોકશી કરવી, અને તેમાના ક્યા દાવા પ્રમાણે સર્વત કે અશત રદ કરવા જોઇએ તે વાતનો નિકાલ પેટા કલમ (૭) ના ઠરાવોને પાત્ર કરવો અને પોતે કરેલો ઠરાવ હિત સબધવાળા દરેક દાવો કરનારને લખી મોકલવો

(૨) જ્યારે વહિવટ કરનાર અમલદારે પેટા કલમ (૬) ની રૂઇએ કોઇપણ દાવો દાખલ કર્યો હોય ત્યારે તેને એવા દાવાની રકમ ઘટાડવાની, અથવા આયદે આપવાના વ્યાજના દરમા ઘટાડો કરવાની, અથવા તે બંને બાબતની લેખી સુચના તે દાવો કરનાર ઉપર મોકલવાનો અધિકાર છે, અને જો એવી સુચના અથવા તેમા ફેરફાર કરેલી સુચના સદરહુ દાવો કરનાર કરે તો, અને તેની કબુલત છેવટે વહિવટ કરનાર અમલદારે, અથવા ગવર્નર ઇન કાઉન્સીલ, સામાન્ય કે વિશેષ હુકમ કરીને આ અર્થે નિમે એવા આસિસ્ટટ કે ડેપ્યુટી કલેકટરના દરજ્જાનો ન હોય એવા કોઈપણ મુલ્કી અમલદારે દફતરમા નોધીને તે ઉપર સાખ કરી હોય તો તે ઉપરથી સદરહુ દાવો કરનાર પૂર્ણપણે બધાશે, પણ એવુ ઠરાવ્યુ છે કે, જો વહિવટ બધ થયા પછી, ઉપર કહ્યા પ્રમાણે ઘટાડેલા દાવાનો કોઇ પણ ભાગ પત્યા વગર રહ્યો હોય, તો સદરહુ દાવો કરનારને પત્યા વગર રહેલો ભાગ અને ઘટાડેલો દાવો એ બે વચ્ચે જે પ્રમાણ હોય તેટલુ જ પ્રમાણ પેટા કલમ (૧) ની રૂઇએ દાખલ કરવામાં આવેલો અસલ દાવો તથા જે રકમ વચ્ચે હોય તે રકમ વસુલ કરવાનો હક છે એમ સમજવુ

(૩) પેટા કલમ (૨) ના ઠરાવોને પાત્ર, આ કલમમાના કોઇ પણ મજકુરનો એવો અર્થ કરવો નહિ કે જેથી જેની એસ્ટેટ વહિવટમા લીધેલી હોય એવા તાલુકદાર સામેનો, અથવા તેની જે મિલકત વહિવટ કરનાર અમલદારને યોગ્ય રીતે સોપવામા આવી હોય તે મિલકત સામેનો દાવો વસુલ કરવા સારૂ દિવાની કોર્ટમા ફરીયાદ માડવાને હરકત આવે પણ એવુ ઠરાવ્યુ છે કે આ કલમની રૂઇએ વહીવટ કરનાર અમલદારે કરેલો નિકાલ એવી કોઇપણ ફરિયાદમા પ્રતિવાદીની સામે સાબિત કરવો નહિ

૨૯ (ઈ) (૧) કલમ ૨૯ બ પેટા કલમ (૧) ની રૂઈ એ નોટીસ પ્રસિદ્ધ કરવામા આવે એટલે, જે બજાવણીનું કામ હુકમનામા મુજબ દાવો યોગ્ય રીતે રજુ કરવામા આવ્યો છે, એવો વહિવટ કરનાર અમલદારનો દાખલો હુકમનામુ ધારણ કરનાર રજુ કરે નહી ત્યા સુધી અથવા હુકમનામાની સહી સિક્કાવાળી નકલ તથા એવા દાખલા માટેની લેખી અરજી વહિવટ કરનાર અમલદારને મળે તે તારીખથી એક મહિનો પૂરો થાય ત્યા સુધી, શરૂ કરવુ નહિ, અથવા ચાલુ રાખવુ નહિ

(૨) એવા તાલુકદાર સામે અથવા તેની મિલકત સામે હુકમનામુ ધારણ કરનાર કોઇ પણ સખસને વહીવટ કરનાર અમલદાર પાસેથી પેટા કલમ (૧) મુજબનો દાખલો વગર ખરચે મળવાનો હક છે (૩) જે હુકમનામાની બજાવણીનુ કામ દાવો યોગ્ય રીતે રજુ નહી કર્યાના કારણને લીધે તહકુબ કર્યું હોય અથવા થોડા વખત માટે બધ કર્યું હોય, તે હુકમનામાની બજાવણીના દરખાસ્ત માટે સન ૧૮૭૭ ના હિદુસ્તાનના મુદ્દત બાબતના આકટની રૂઇએ, અથવા દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ ૨૪૦ ની રૂઇએ ઠરાવેલી મુદ્દત ગણતી વખતે કલમ ૨૯ (બ), પેટા કલમ (૧) ની રૂઇએ પ્રસિદ્ધ કરેલી નોટીસની તારીખથી અથવા એવુ હુકમનામુ એવી નોટીસ પ્રસિદ્ધ થયા પછી કરવામા આવ્યુ હોય, તો તેની

તારીખથી દાવો ગ્રોગ્ય રીતે રજુ કર્યાની તારીખ સુધીની મુદ્દત બાદ કરવી જોઇએ

૨૯ (ફ) (૧) જ્યારે કલમ (ડ) ની રૂઇએ સઘળા દાવાની તપાસ કરવામા આવી હોય, ત્યારે વહીવટ કરનાર અમલદારે જેની એસ્ટેટ વહીવટમા લીધી હોય, એવા તાલુકદારના કરજ તથા બીજા દેવાની એક યાદી ગવર્નર ઇન કૌન્સિલને મોકલવી અને ગવર્નર ઇન કૌન્સિલ જ્યારે સદરહુ મિલકત છુટી કરવાની કોઇ પણ આશા ન રહે, એવી રીતે ગુ થાઇ ગઇ હોય ત્યારે, અથવા બીજા કોઇપણ પુરતા કારણને લીધે મુબાઇ સરકારી ગેઝીટમા એક હુકમ પ્રસિદ્ધ કરીને એવુ ફરમાવવાને મુખત્યાર છે કે, એવા હુકમમા ઠરાવેલી તારીખે એવી એસ્ટેટનો વહિવટ પાછો ખેચી લેવામા આવશે

(૨) સદરહુ ઠરાવેલી તારીખે, (અ) સદરહુ વહીવટની મુદત પુરી થશે (બ) તે એસ્ટેટના સંરક્ષણ સારૂ અથવા લાભ સારૂ વહિવટ કરનાર અમલદારે જે કાઇ પણ કરાર કર્યા હશે તેમને પાત્ર તે એસ્ટેટનો કબજો તેના ધણીને પાછો આપવામા આવશે અને (ક) કલમ ૨૯ (બ), પેટા કલમ (૩) મા હવાલો આપેલા દાવા પાછા તાજા થશે

(૩) પેટા કલમ (૨) રકમ (ક) ની રૂઇએ તાજા થએલા દાવાઓ વસુલ કરવાની તથા અમલમા આણવાની ફરિયાદોને લાગુ કરવાની મુદત ગણતી વખતે, સદરહુ વહિવટ જેટલી મુદત સુધી ચાલુ રહ્યો હોય તેટલી મુદત બાદ કરવી

૨૯ (ગ) આ આકટ જે પ્રદેશને લાગુ હોય તે આખા પ્રદેશ માટે અથવા તેના કોઇ ભાગ માટે તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરને કૌર્ટ ઓફ વોર્ડસ તરીકે નિમવાનુ જાહેરનામુ સને ૧૯૦૫ ના મુબાઇના કૌર્ટ ઓફ વૅાર્ડસના આકટની ૨ જી કલમના વિશેષ ઠરાવની રકમ (ક) ની રૂઇએ પ્રસિદ્ધ થાય એટલે સદરહુ સન ૧૯૦૫ ના મુબાઇના કૌર્ટ ઓફ વોર્ડસના આકટના ઠરાવો આ આકટમાના કોઇપણ ઠરાવને બાધ નહી આવે તે રીતે અને તેની સાથે બધ બેસતા હોય, તેટલે સુધી જે કોઇપણ એસ્ટેટ સદરહુ તાલુકદારી સેટલમેન્ટ ઓફિસરે કલમ ૨૬ અથવા ૨૮ ની રૂઇએ પોતાના વહિવટમા લીધી હોય, અથવા જે હવે પછી લે તે એસ્ટેટને અથવા તેના સંબધમા, જાણે તે એસ્ટેટ તેની દેખરેખ હેઠળ એવા કૌર્ટ ઓફ વોર્ડસ તરીકે હોય તે પ્રમાણે લાગુ પડશે, અને જે તાલુકદારની એસ્ટેટ વહીવટમા લીધી હોય તે તાલુકદાર તે આકટના અર્થ પ્રમાણે સરકારી વોર્ડસ છે એમ સમજવુ

પોલીસ અમલદારો તથા તાબાના નોકરો

૩૦ (૧) ગવર્નર ઇન કૌન્સિલને વખતે વખતે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવવાનો અધિકાર છે, એટલે –

(અ) તાલુકદારી એસ્ટેટમાના દરેક ગામમા ક્યા ક્યા પોલીસ અમલદારો તથા તાબાના નોકરોની જરૂર છે તે ઠરાવવાનો, (બ) તે પોલીસ અમલદારો તથા તાબાના નોકરો કોણે તથા કઈ કઈ સરતોએ નીમવા તથા તેમને શિક્ષા કરવી તથા બરતરફ કરવા તે ઠરાવવાનો, (ક) દરેક પોલીસ અમલદારને તથા પોલીસ ખાતાના દરેક નોકરને શુ મહેનતાણુ આપવુ તે ઠરાવવાનો

(૨) પોલીસ બાબતનો ખર્ચ સરકાર વખતે વખતે ઠરાવે તેવે વખતે તાલુકદારે આપવો જોઇએ, અને સદરહુ પ્રમાણે આપવાની કોઇ પણ રકમ જે વખતે તે દેવી થાય તે વખતે આપવાને ચુકે તો સદરહુ રકમ જાણે જમાનો ભાગ હોય તેવી રીતે જમા ઉપરાત સદરહુ તાલુકદાર પાસેથી વસુલ કરી શકાશે

(૩) જો વહેચણ થઇ હોય તે એસ્ટેટ જુદી જુદી ધારણ કરવામા આવતી હોય તો સદરહુ ખર્ચ તે એસ્ટેટ જે જુદા જુદા ભાગમા વિભક્ત થઇ હોય તે તે ભાગોના ધારણ કરનારાઓએ તે એસ્ટેટમા તેમના પોતપોતાના ભાગના પ્રમાણમા આપવી પડશે તથા તે પ્રમાણે તેમની પાસેથી વસુલ કરી શકાશે

પરચુરણ

*૩૧ (૧) કોઇ તાલુકદારે આ આકટ અમલમા આવ્યા પછી પોતાની એસ્ટેટ અથવા તેના કોઇ પણ ભાગ ઉપર તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરની અથવા આ કલમના કારણ સારૂ ગવર્નર ઇન કૌન્સિલ

* તાલુકદારે જે દેવુ કર્યુ હોય તે તેના વારસોને તાલુકદારની હયાતી બાદ બંધનકારક નથી.

જે બીજો અમલદાર નિમે તે બીજા અમલદારની અગાઉથી લેખી સમંતિ લીધા સિવાય કઇ પણ બોજો નાખ્યો હોય તે સદરહુ તાલુકદારની સ્વાભાવિક હયાતી પછીના કોઇપણ વખતે કાયદેસર ગણાશે નહી, અને તાલુકદારના મરણ પછી એવા તાલુકદાર અથવા તેના કાયદેસર વારસ વકીલ સામે ઉપર કહેલી મજુરીથી નાખેલા અથવા આ આકટ અમલમા આવે તે પહેલા નાખેલા બોજા સંબધી મેળવેલા હુકમનામા સિવાયના બીજા કોઇપણ હુકમનામાની બજાવણીમા તે તાલુકદારી એસ્ટેટ અથવા તેનો કાઇપણ ભાગ જપ્ત કરવા સારૂ, વેચવા સારૂ અથવા સ્વાધિન કરવા સારૂ ચલાવેલુ કાઇ પણ કામ, અથવા એવી એસ્ટેટ અથવા ભાગના કબજા અથવા માલીકીપણાને બાધ કરે એવી બીજી કોઇપણ પ્રોસેસ, એવી મજુરી વગર ચલાવવી નહી અથવા ચાલુ રાખવી નહી

(૨) આ આકટ અમલમા આવ્યા પછી કોઇ તાલુકદારી એસ્ટેટ અથવા તેનો કોઇ પણ ભાગ અથવા તેમાનો કાઇ પણ હિસ્સો અથવા હિતસંબધ ગવર્નર ઇન કૌન્સિલની અગાઉથી મજુરી લીધા સિવાય બીજાને નામે કરી આપ્યો હશે તો તે કાયદેસર ગણાશે નહી, અને એ મજુરી આપવી તે જે પ્રદેશ બીજાને નામે કરી આપ્યો હોય, તે પ્રદેશને સબધે એમાના તથા ગામ ખર્ચના તથા પોલીસ ખર્ચના દેવા થએલા ભાગની સઘળી જવાબદારી ત્યાર પછી સદરહુ તાલુકદારને શિર નહી પણ જેને નામે કરી આપ્યુ હોય તેને શિર રહેશે એવી સરત કર્યા સિવાય આપવી નહી

૩૨ (૧) ૩૧ મી કલમ મુજબ આપેલી કોઇપણ સમતિથી અથવા મજુરીથી સન ૧૮૬૩ ના મુબાઇના ૭ મા આકટની ૩ જી કલમ મુજબના સરકારના હકને કાઇ બાધ આવે છે એમ સમજવુ નહિ

તે બાબતની તાલુકદારોને ખબર આપવા માટે તાલુકદારી સેટલમેન્ટ ઓફિસર સાહેબે નીચે પ્રમાણેનુ એક જાહેરનામુ તા ૩૧-૭-૧૯૦૫ ના રોજ બહાર પાડયુ છે

" (૧) ગુજરાત પ્રાતના તાલુકદારી એસ્ટેટોના તાલુકદાર, મેવાસદાર, કસ્બાતી તથા ઠાકોરોને આ જાહેરખબરથી ખબર આપવામા આવે છે કે તાલુકદારી એકટની ૩૧ મી કલમ પ્રમાણે કોઇપણ તાલુકદાર, મેવાસદાર, કસ્બાતી, કે નાયકે તાલુકદારી સેટલમેન્ટ ઓફીસર સાહેબની મજુરી લીધા વગર આ કાયદો અમલમા આવ્યો તે પછી એટલે ૨૫ મી માર્ચ ૧૮૮૯ પછી પોતાની એસ્ટેટ અથવા તેનો કાઇ ભાગ ગીરો કે વેચાણ કોઇપણ શાહુકારને કરી આપેલો હોય અને લખી આપનાર તાલુકદાર ગુજરી ગયો હોય તો તે ગુજરનારે પોતાની ઇસ્ટેટનો જે ભાગ ગીરો લખી આપ્યો હોય, તે ભાગ ગુજરનારના વારસોને ઇસ્ટેટમા પાછો લેવાનો હક પ્રાપ્ત થાય છે અને તે જમીન ઉપર લખાવી લેનારનો કાઈ હક રહેતો નથી અને ગીરોવાળી જમીન ગુજરનારના વારસને પાછી મળી શકે છે માટે જે કોઇ તાલુકદાર આ પ્રમાણે જમીન ગીરો મૂકયા બાદ ગુજરી ગયો હોય તેના વારસોને આથી ખબર આપવામા આવે છે કે ગુજરનારે લખી આપેલી જમીન બાબતના કયારે દસ્તાવેજ કરી આપેલો તેનો દાખલો મામલતદાર પાસે રજુ કરવો કે તેમના તરફથી એક દર દાખલો અમારા તરફ આવેથી જમીનેનો કબજો પાછો લઇ તેના યોગ્ય વારસને સોપવા તજવીજ થશે

"(૨) જો દસ્તાવેજ લખી આપવામા બાપની હયાતીમા દીકરા કે દીકરાના દીકરાનું નામ દાખલ કરાવી તેમની સહીઓ દસ્તાવેજમા લીધેલી હોય તોપણ કાયદા પ્રમાણે તે બધનકારક થતો નથી માટે જો આવી રીતે કોઇપણ દસ્તાવેજ થએલો હોય અને તે પૈકી બાપ ગુજરી ગયો હોય તો તે લખી આપેલી મીલ્કત પાછી લેવાનો હક દીકરાને પ્રાપ્ત થાય છે માટે તેવા કેસોનો દાખલો મામલતદારને આપવો કેટલાક કેસોમા એવુ બનેલુ છે કે, અમુક મીલ્કત ઉપર સામાન્ય રીતે હક ધરાવનાર એકથી વધારે ભાગીદાર મળી આપનાર પૈકી કેટલાક ગુજરી ગયા છતા લખી આપેલી મિલકત લખાવી લેનારના કબજામા ગેરકાયદેસર રહેલી છે આવા કેસોમા પણ ગુજરનારના વારસને પોતાના હક પુરતી મિલ્કત પાછી મેળવવાનો હક પ્રાપ્ત થાય છે માટે તેવા કેસોનો દાખલો પણ મામલતદારને આપવો મજકુર એકટ અમલમા આવ્યા પહેલા થએલા ગીરો દસ્તાવેજનો હીસાબ કરી એકટ પછી એકટની કલમ ૪૧ મુજબ મજુરી વગર નવા ગીરો દસ્તાવેજ થયા હોય તોપણ લખી આપનાર તાલુકદારના ગુજર્યા બાદ ઉપર પ્રમાણે રદબાતલ છે માટે તેના દાખલા પણ આપવા.

(૨) *અને ૩૧ મી કલમ માહેનો કોઇપણ મજકુર કોઈપણ ઠાકોરની જે મિલ્કતને સન ૧૮૮૧ ના ભરૂચ તથા ખેડાના કરજદાર એસ્ટેટોના આકટની ૨૮ મી કલમ લાગુ પડતી હશે, તેને લાગુ પડશે નહી અથવા તેથી કોઇપણ ઠાકોરની સ્થાવર મિલ્કતના સદરહુ આકટની ૨૪ મી કલમ મુજબના વહિવટદારના અધિકારને બાધ આવે છે એમ સમજવુ નહિ

૩૩ (૧) સન ૧૮૭૯ ના મુબાઇના જમીન મહેસુલના કાયદાની કલમ ૩૮ થી ૪૦ બને સુદ્ધા, ૪૪, ૬૦ થી ૬૭ બને શુદ્ધા ૭૬, ૮૨, ૮૫, ૧૧૬, ૧૧૭ અ, ૧૨૭, થી ૧૨૪ બંને સુધ્ધા, ૧૩૬, ૧૬૩, ૨૧૬, તથા ૨૧૭ માહેનો કોઇપણ મજકુર જે એસ્ટેટને આ આકટ લાગુ છે તેને લાગુ પડતો નથી એમ સમજવુ

૩૪ સદરહુ સને ૧૮૬૨ ના મુબઇના ૬ ઠા આકટની ૧ લી કલમ પ્રમાણે કોઈપણ નવો ઠરાવ આ આકટ જે તારીખે અમલમા આવે તે તારીખથી છ માહના વીતી ગયા પછી કોઇપણ વખતે કરવો જોઇએ

સાર્વજનિક રસ્તા અને પુલો ઉપર વેરો લેવાનો કાયદો.

કયા રસ્તા ઉપર કે પુલ ઉપર ટોલ લેવો તે ઠરાવવાને સરકારને અધિકાર છે ઠરાવેલા રસ્તા કે પુલ ઉપર ટોલ માગ્યા છતા જે માણસ તે ન આપે તો તે ગાડા કે જાનવર ઉપરનો માલ જપ્ત કરવો ટોલની રકમ પુરતો માલ ન હોય તો તે ગાડુ કે જાનવર જપ્ત કરવા જો ચોવીસ કલાકમા ટોલ વસુલ ન થાય તો તે બાબતનો ઉપરી અમલદારને રીપોર્ટ કરવો, તે પછી બીજે દીવસે ઉપરી અમલદારે આવીને સદરહુ માલ જાહેર લીલામથી વેચવાની નોટીસ કહાડવી આ પ્રમાણે જપ્તીનો માલ વેચાતા પહેલા જો તે ટોલની બમણી રકમ અને થએલો ખર્ચ આપે તો જપ્તી ઉઠાવી લેવી પરતુ લશ્કર, લશ્કરનો સામાન, પોલીસ ઓફીસર અને પોલીસના હવાલામા હોય તે માણસો ટોલ આપવામાથી બાતલ છે આ પ્રમાણે ટોલના નાકેદારને મદદ કરવાની પોલીસ અમલદારની ફરજ છે

નાકા ઉપર ટોલના દરનુ પાટીયુ લટકાવી રાખવુ તેમ તેમા ટોલ ન આપવાથી શુ શિક્ષા થાય છે તે પણ જણાવવુ ગેરકાયદે ટોલ માગનારનો બસે રૂપીઆ દંડ થશે

---

* ટીકા—બીજી જમીન માફક ગામ તળીયુ પણ દરબારની મિલ્કત છે જ્યારે ખેડુત ગામ છોડી જાય ત્યારે તેના ઘરનો કાટમાળ દરબારની જ મીલ્કત છે દરબારની મરજી સીવાય કોઇ પણ માણસ તેમના ગામમા કોઇ પણ જગો ધારણ કરી શકતો નથી તાલુકદારો પોતાના મરજીમા આવે તે દરથી પોતાની જમીન ખેડવા આપે તેવો તેમનો હક છે અને રૈયતનુ ધારણત્વ તાલુકદારની મરજીને આધીન છે. તાલુકદારી ગામમા પોલીસ પટેલ તાલુકદાર નીમે અને તેનેજ કલેકટર સનદ આપે જમીનનો કબજો રાખવા બદલ નજરાણો લેવાનો દસ્તુર છે (ગમ ગે પા ૧૮૪ તથા પી રી પા ૧૩)

મુંબાઇનો સાર્વજનિક હોડીઘાટ બાબતનો કાયદો.

(સને ૧૮૬૮ નો એકટ ૨ જો.)

૧ આ આકટને સાર્વજનિક હોડીઘાટ બાબતનો કાયદો કહેવો

૨ મુબાઈ ઇલાકામા કયો હોડીઘાટ સાર્વજનિક છે તે, તથા નવો સાર્વજનિક હોડીઘાટ સ્થાપવો હોય તો તે કે બધ કરવો હોય તો તે સરકાર એક જાહેરનામુ કાઢીને ઠરાવશે

૩ આવા હોડીઘાટ ઉપર થઇને પસાર થનાર સઘળા ઉતારૂઓ પાસે, ગાડા, વાહન, ઢોર કે વેપારના માલ બદલ સરકારે મજુર કરેલા દર મુજબ ટોલ લેવામા આવશે પરતુ નોકરી ઉપરના સોલ્જરોને, નોકરી ઉપરના પોલીસ અમલદારોને, પોલીસને સ્વાધીનમા હોય તેવા માણસને, અને સરકારે જે સખસોને ખાસ બાતલ કર્યા હોય તે સખસોને આ વેરામાથી બાતલ કરવામા આવ્યા છે, સઘળા ખાતાના પટાવાળા, આબકારી ઇન્સ્પેકટરો વિગેરે બાતલ છે

૪. આ પ્રમાણેનો ટોલ (વેરો) વસુલ કરવા માટે ટોલકીપર રાખવાને સરકાર મુખત્યાર છે

૫ કોઇપણ સાર્વજનિક હોડીઘાટનો દર વરસે કે અમુક સાત વરસ સુધીનો ઇજારો કે કોન્ટ્રાકટ આપવાને સરકાર મુખત્યાર છે

૬ ઇજારદાર કે કન્ટ્રાકટરનો દરેક નોકર લોકોની સહીસલામતી માટે જે જે કૃત્ય કરવુ જોઇએ તે કરવાને બધાએલો છે

૭ જે દર મુજબ વેરો લેવાનો હોય તે દર એક પાટીઆ ઉપર લખીને કે છાપીને તે પાટીયુ હોડી ઘાટ પાસે પ્રસિદ્ધ જગાએ લટકાવી રાખવુ જોઇએ

૮ જે કોઇ ટોલકીપર, કે કોન્ટ્રાકટર કે ઇજારદાર આ કલમ વિરૂધ્ધ ચાલશે તો તેનો દશ રૂપીઆ સુધી દડ થશે

૯ જે કોઈ વેરો વસુલ કરનાર, કટ્રાકટર કે ઇજારદાર ગેરકાયદે ટોલ વસુલ કરશે તો તે પચાસ રૂપીઆ સુધી દડને પાત્ર થશે

૧૦ જે કોઇ ટોલ વસુલ કરનાર, કટ્રાકટર, ઇજારદાર કે તેનો નોકર યોગ્ય કારણ વગર ઉતારૂને નકામી વાર ખોટી કરશે તેનો પચાસ રૂપીઆ સુધી દડ થશે

૧૧ જે કોઇ માણસ વ્યાજબી ટોલ આપવાની ના કહેશે કે ટોલ આપવાનુ ઉડાવશે તેનો પચાસ રૂપીઆ સુધી દડ થશે

૧૨. મુબાઇ શહેર માટે વડા પોલીસ માજીસ્રેટ, અને બીજા ઠેકાણે ડીસ્રીકટનો કલેકટર દરેક સફર વખતે હોડીમા કેટલા ઉતારૂ બેસાડવા તથા કેટલો માલ ભરવો તે બાબતના નિયમો સરકારી હુકમ અનુસાર કરવાને મુખત્યાર છે, આ પ્રકારે કરેલી રૂલોનો ભગ કરનાર તેથી થતું નુકશાન ભરી આપવાને જવાબદાર છે

૧૩ સરકારના ખાસ પરવાના વગર જે માણસ મુબાઇ શહેરના કોઈ ભાગમાથી સામે કાંઠે કે બીજા કોઇ નજીકના સામા ટાપુએં, ઉતારૂ, વાહન કે જાનવર ભાડા માટે લઇ જશે તેનો પાચસે રૂપીઆ સુધી દડ થશે. શહેરમા એક ભાગમાથી બીજા ભાગમા લઇ જવા લાવવાને બાધ નથી તેમજ જે કોઇ માણસ ખાસ પોતાને માટે કે પોતાના કુટુબને માટે કે દોસ્તોને માટે કે ચાકરને માટે ખાસ હોડી ભાડે કરે, તેને તથા હોડી ભાડે આપનારને આ કલમથી બાધ આવતો નથી

૧૪ હોડીઘાટથી ત્રણ માઇલની અદર જે કોઇ માણસ, કલેકટરની ખાસ પરવાનગી વગર, ઉતારૂ જાનવર, વાહન કે માલ, હોડીમા ભાડુ લઇને આવશે કે લઇ જશે તેનો પાચસે રૂપીઆ સુધી દડ થશે

૧૫ જે પુલ ઉપર થઇને જવા આવવા બદલ ઉતારૂઓને કોઇ કાયદેસર ટોલ આપવો પડતો હોય, તેવા પુલની ત્રણ માઇલની અદર જે કોઇ ઉતારૂ, માલ કે જાનવર હોડી મારફતે લઇ જશે, લાવશે, કે કોઇ ઉતારૂને પાલખી કે ડોળીમા લાવશે કે લઇ જશે તેનો પાચસો રૂપીઆ સુધી દડ થશે

૧૬. આ આકટ વિરૂધ્ધના ગુન્હાની ચોકસી કરી સજા કરવાને મુબાઇમા પોલીસ માજીસ્ટ્રેટને અને મુબાઈ બહાર જીલામા કોઈપણ માજીસ્ટ્રેટને અધિકાર છે

હીંદુસ્તાનનો ખુસ્કી જકાત બાબતનો કાયદો

(સને ૧૮૫૭ નો ૨૯ મો.)

૧ આ આકટને ખુસ્કીની જકાત બાબતનો કાયદો કહેવો

૪ પર મુલકમા ખુસ્કી એટલે જમીનને રસ્તે જે માલ જાય અથવા ત્યાથી આવે તેની ઉપર જકાત લેવાના નાકા બેસાડવા

'પર મુલકમા' દીવ, દમણ, ગોવા, જવ્હાર, ગાયકવાડનો, કાઠીયાવાડનો, વાસદા ધરમપુરનો, કે બીજા દેશી રાજાઓનો મુલક સમજવો

૭ સુર્યાસ્ત પછીથી સુર્યાસ્ત થતા પહેલા ગેરકાયદે લઈ જવામા આવેલો માલ સરકાર દાખલ કરવામા આવશે

૮ માલ લઈ જવાની પરવાનગી માટે અરજી કરવી તે અરજીમા માલની વીગત, ગાસડીઓની નિશાની, નબર, વર્ણન, અને માલની કીમત બાબત એકરાર લખવો જોઇએ

૯ અરજીમા માલની ખોટી વિગત લખી હશે તો, જે માલ અરજીમા દાખલ નહી હશે તે સઘળો માલ સરકાર દાખલ થશે

૧૦ જે કીમત પ્રમાણે જકાત લેવાની હોય તે માલની કીમત સરકારે સરકારી ગેઝીટમા છપાવીને ઠરાવવી જોઇએ

૧૧ જે જકાત માલની કીમત ઠરાવી ન હોય તેના ઉપર બજાર ભાવે જકાત લેવામા આવશે

૧૨ જે માલ ઉપર બજાર ભાવ પ્રમાણે જકાત લેવાની હોય તે માલની કીમત એકરારમા ઓછી લખી હોય તો, નાકાનો અમલદાર તે માલ એકરાર કરેલી કીમતે સરકાર તરફથી ખરીદ કરવાને મુખત્યાર છે

૧૩ મુસાફરના પોતાના પ્રત્યક્ષ ઉપયોગમા આવતા સામાન ઉપર જકાતની માફી છે

૧૪ જકાત ભર્યા બાબતનો દાખલો તેને આપવો જોઇએ આ દાખલો જે કાઇ કસ્ટમ ખાતાનો અમલદાર જોવા માગે ત્યારે બતાવવો જોઇએ, દાખલા વગરનો માલ સરકાર દાખલ થવાને પાત્ર થશે

૧૫ ખોવાયલા દાખલાની બીજી નકલ એક રૂપીઆથી તે દસ રૂપીઆ સુધીની ફી લઇને કમીશ્નરને આપવાનો અધિકાર છે

૧૬ નાકા ઉપરનો અમલદાર જકાતી માલ, જકાત લીધા વગર જવા દેશે તો તેને છ મહીના સુધીની અથવા પાચસે રૂપીઆ સુધીના દડની, અથવા એ બેઉની સજા થશે

૧૭ જે કોઈ નાકા ઉપરનો અમલદાર હેરાન કરવા સારૂ માલ બગાડશે, અટકાવી રાખશે તો તે ઉપરની કલમ મુજબ સજાને પાત્ર થશે

૧૮ જે કોઇ જાણી જોઇને અમલદારને કામ કરતા હરકત કરે તેને ૭ મહીના સુધી કેદની અને હજાર રૂપીયા સુધીના દડની અથવા એ બનેની સજા થશે

૧૯ જે કોઇ માણુસ એ અમલદારને લાચ આપવાનુ કહેશે તેને ઉપરની કલમ પ્રમાણે સજા થશે

તોડા ગીરાસ હકનો કાયદો.

(સન ૧૮૮૭ નો આકટ ૭ મો)

૩ તોડા ગીરાસ—એટલે સરકાર તરફથી કે દુમાલા જમીનના ધારણ કરનારે કે તેના તરફથી ગીરાસ, વેલ, તોડાગીરાસ એ નામે કોઇપણ માણસને નીમેલે વખત આપવાની રોકડ રકમ સમજવી, દરેક તોડા ગીરાસ હક બ્રીટીશ રાજ્યમા તે હક પામનારના વશમા સીધી લીટીના પુરૂષ વારસોને વશપરપરા જારી રહી શકે છે તેના વારસો ન હોય તો તે હક, પહેલા વહેલા પામનારના ભાઈના પુરૂષ વશમા સીધી લીટીના પુરૂષ વારસોને વશપરપરા જારી રહી શકે છે

૪ તોડાગીગાસ હક કે તેનો કઈ ભાગ, કે તેનો હિતસબંધ તે હક પામનાર કોઇ માણસે ગીરો મૂકયો હોય, તેના ઉપર કાઇ બોજો નાખ્યો હોય કે તે બીજાને નામે કરી આપ્યો હોય તો તે વ્યવસ્થા સદરહુ હક પામનારની કુદરતી હયાતી પછી નકામી થઇ પડે છે એટલે હકદાર પોતાની જીદગી સુધીનો હકજ માત્ર વેચી શકે કે ગીરો મૂકી શકે છે

૫ આ હક હુકમનામુ બજાવવામા જપ્તી કે વેચાણને પાત્ર નથી પણ જ્યારે તે ગીરો મુકયો હોય ત્યારે તે જપ્ત કરી શકાય છે પણ તે ગીરો મુકનારે પણ પછી એ હક ખાતે જે નાણા થાય તે ઉપર જપ્તી થઇ શકે નહી

૬ આ કાયદો અમલમા આવતા પહેલા જે હક બીજાને નામે કરી આપ્યો હશે તેને આ કાયદો લાગુ નથી.

સ્થાનિક અધિકારીઓને કરજે નાણુ આપવા બાબતનો કાયદો

(સન ૧૯૧૪ નો આક્ટ ૯ મો)

૧ (૧) આ આક્ટને ' સન ૧૯૧૪ નો સ્થાનિક અધિકારીઓએ કરજ કાઢવા બાબતનો આક્ટ કહેવો

[૨] તે સોથલ પરગણા સુદ્ધા આખા બ્રિટીશ હિંદુસ્તાનને લાગુ પડે છે

૨ આ આક્ટમા " સ્થાનિક અધિકારી " આ શબ્દનો અર્થ કોઇ પણ સખસને કોઈ પણ લોકલ ફંડ ઉપર અથવા મ્યુનિસિપલ ફંડ ઉપર સત્તાધિકાર ચલાવવાને અથવા તેનો વહિવટ કરવાનો હક કાયદાસર રીતે અથવા જે કોઇ પણ સખસને કોઇ પણ સ્થાનિક પ્રદેશમા કાઇ પણ બાબ, રેટ, ડયુટી અથવા કર બેસાડવાનો હક્ક કાયદાસર રીતે હશે તે સખસ એવો થાય છે

" ફંડ " આ શબ્દનો હરકોઇ સ્થાનિક અધિકારીના સબધથી ઉપયોગ કર્યો હશે ત્યારે તે શબ્દમા જે લોકલફંડ અથવા મ્યુનિસિપલ ફંડ ઉપર સત્તાધિકાર ચલાવવાનો અથવા તેનો વહિવટ કરવાને સદરહુ પ્રકારના અધિકારીને કાયદાસર રીતે હક્ક થશે તે લોકલફંડ અથવા મ્યુનિસીપલ ફંડનો, અને જે કાઇ બાબ રેટ, ડયુટી અથવા કર બેસાડવાનો સદરહુ અધિકારને કાયદાસર રીતે હક્ક હશે તે બાબ, રેટ, ડયુટી અથવા, કર બેસાડવાનો અને સદરહુ અધિકારીને પ્રાપ્ત થયેલી કાઇ પણ માલ મિલકતનો સમાસ થાય છે

"ઠરાવેલુ" એ શબ્દનો અર્થ આ આક્ટની રૂએ કરેલી કાનુનો ઉપરથી ઠરાવેલું એવો થાય છે, અને

" કામ " એ શબ્દમા સર્વેનો સમાસ થાય છે પછી તે બીજા કોઇ કામને લગતી હોય કે ન હોય તેની હરકત નથી

૩ (૧) કોઈ સ્થાનિક અધિકારીને નીચે લખેલા કામોમાના કોઇ પણ કામ કરવા સારૂ, તેના ફંડના હરકોઇ ભાગના તારણ ઉપર ઠરાવેલી સરતોને પાત્ર કરજ કાઢવાનો અધિકાર છે એટલે —

(૧) જે કોઈ પણ કામ કરવાનો તેને કાયદાસર રીતે અધિકાર હોય તે કામ કરવા સારૂ

(૨) દુકાળ અથવા મોઘવારીના વખતમા મદદ આપવા સારૂ અને મદદના કામ સ્થાપીને ચાલુ રાખવાના કારણુ સારૂ

(૩) કોઇ પણ ભય ભરેલો મરકીનો રોગ ગરૂ ન થવામા અથવા તેનો ફેલાવો અટકાવવાના કારણસારૂ

(૪) રકમો (૨) તથા (૩) મા લખેલા કામોમાના કોઇપણ કામ સાથે સબંધ ધરાવતી હોય અથવા અનુષગિક હોય તેવી કોઇ પણ તજવીજ કરવા સારૂ

(૫) કાયદા પ્રમાણે અગાઉ કબજે લીધેલા પૈસા પાછા આપવા સારૂ

પણ એવુ ઠરાવ્યુ છે કે રકમ (૫) માના કોઇ પણ ઠરાવ ઉપરથી કોઈ સ્થાનિક અધિકારીને પોતે તે કલમની રૂએ કબજે કહાડેલા પૈસા પાછા આપવા સારૂ એવી કોઇ પણ મુદત ઠરાવવાનો અધિકાર મળતો નથી કે જે મુદત, અગાઉ કરજે કહાડેલા પૈસા પાછા આપવા સારૂ ઠરાવેલી મુદત ગણતા, કરજ ફેડવા

સારૂ વિદ્યમાન કાળે અમલમા હોય એવા કોઇ પણ કાયદા ઉપરથી અથવા કાયદાની રૂયે વત્તામા વત્તી જે મુદ્દત ઠરાવી હોય તે કરતા વધી જાય

(૨) આ કલમમાના કોઇપણ ઠરાવ ઉપરથી કોઇ પણ સ્થાનિક અધિકારીને નિચે પ્રમાણે કરવાનો અધિકાર મળે છે એમ સમજવુ નહી, એટલે—

(અ) વિદ્યમાન કાળે અમલમા હોય એવા કાયદાની રૂયે જે કોઇ પણ કારણસર પોતાનુ ફડ વાપરવાનો અધિકાર ન હોય તો તે સારૂ પૈસા કરજે કાઢવાનો અથવા ખરચવાનો, અથવા

(બ) બાર મહીના કરતા વધારે ન હોય એવી કોઇ પણ મુદતની અદર જેના પૈસા આપી શકાય એવા બિલો અથવા વાયદા ચિઠ્ઠીઓ કહાડી પૈસા ક્બજે લેવાનો

૪ (૧) હેઠળ લખેલી વાતો બાબત આ આકટને અનુસરીને હોય એવી કાનુનો કરવાનો અધિકાર ગવર્નર ઇન્ કૌઉન્સીલને છે—

(૧) જે ફડના તારણ ઉપર પૈસા કરજે કાઢી શકાય તે ફડના પ્રચાર બાબત

(૨) જે કામ સારૂ પૈસા કરજે કાઢી શકાય તે બાબત

(૩) પૈસા કરજે કાઢવા સારૂ પરવાનગી મેળવવાની અરજી કરવાની રીત બાબત

(૪) એવા કરજ બાબત જે ચોકશી કરવી જોઇએ તે ચોકશી બાબત અને તે ચોકશી કરવાની રીત બાબત

(૫) અરજીની અને ચલાવેલા કામની વિગત અને તે બાબતમા થયેલા હુકમ કયે પ્રસગે અને કેવા નમુના પ્રમાણે પ્રસિદ્ધ કરવા તે બાબત

(૬) જે ગવર્નર જનરલ ઇન કૌંસિલની અગાઉ મજુરી લીધા વગર સ્થાનિક સરકાર કયે પ્રસગે નાણુ કરજે આપવાને મુખત્યાર છે તે બાબત અને કયે પ્રસગે સદરહુ પ્રકારની મજુરી અગાઉથી લેવી જોઇએ તે બાબત

(૭) સ્થાનિક સરકાર શિવાય બીજા સખસો પાસેથી કરજ કાઢવાનો સ્થાનિક અધિકારીઓને સ્થાનિક સરકાર કયે પ્રસગે અધિકાર આપી શકે તે બાબત અને એવા કરજના સબધમા ગવર્નર જનરલ ઇન કાઉન્સીલની મજુરી અગાઉથી કયા પ્રસગે લેવી જોઇએ તે બાબત

(૮) જે સરતથી પૈસા કરજે લેવા હોય તે સરતો લખી રાખવાની અને અમલમા લાવવાની રીત બાબત

[૯] પૈસા ધીરવાની અથવા કરજે કાઢવાની રીત બાબત

(૧૦) કરજ કાઢીને જે કોઇ પણ કામો કર્યા હોય તેની તપાસ કરવા બાબત

(૧૧) કરજ જે હપ્તે (જો કોઇ હોય તો) પાછુ આપવુ જોઇએ તે હપ્તા બાબત, કરજ ઉપર લેવાના વ્યાજ બાબત, તથા કરજ પાછુ આપવાની તથા તે ઉપર વ્યાજ આપવાની રીત તથા વખત બાબત

(૧૨) જે ફડ કરજનુ તારણ થનાર હશે તે ફડને ખાતે તે કરજ કાઢવાના ખર્ચ તરીકે જે રકમ ઉધારવાની હોય તે રકમ બાબત

(૧૩) એવા ફડની જપ્તી બાબત, અને તેની વ્યવસ્થા કરવાની અથવા વસુલ કરવાની રીત બાબત

(૧૪) કરજનો હિસાબ રાખવા બાબત

(૧૫) કરજની ખરચ્યા વગર રહેલી બાકી સ્થાનિક અધિકારીનુ દેવુ કોઇપણ રીતે ઓછુ કરવામા આવે તે અધિકારીને જે કોઇપણ કામ કરવાનો કાયદેસર રીતે અધિકાર હોય તે કામ કરવામા ઉપયોગમા લેવા બાબત, અને એવો ઉપયોગ કરવા માટે જરૂર હોય તો મજુરી બાબત

અને આ આકટ અમલમા લાવવાના કામને લગતી સઘળી વાતો બાબત.

(૧) ગવર્નર જનરલ ઇન કાઉન્સીલ, પોતાને યોગ્ય લાગે તેવી સરતો તથા બધનોને પાત્ર પેટા કલમ (૧) મુજબ કાનુનો કરવાના પોતાના સઘળા અથવા કોઇપણ અધિકાર, કોઇ સ્થાનિક સરકારને અથવા સામાન્ય રીતે સ્થાનિક સરકારને સોપવાને મુખત્યાર છે

[૨] આ આકટની રૂયે કરેલી સઘળી કાનુનો જો તે ગવર્નર જનરલ ઇન કાઉન્સીલે કરી હોય તો,

ઇંડીયા ગેઝેટમા, અથવા જોતે સોપેલા અધિકાર ચલાવીને સ્થાનિક સરકારે કરી હોય તો, સ્થાનિક સરકારી ગેઝીટમા પ્રસિદ્ધ કરવા જોઇએ, અને તે એવી રીતે પ્રસિદ્ધ થયા પછી તેમનો અમલ, જાણે તે આ આકટમા લખી હોય તે પ્રમાણે થશે

૫ આ આકટના ઠરાવો પ્રમાણે કરજે કાઢેલા કોઇ પણ પૈસા અથવા તેનુ કાઇ વ્યાજ અથવા ખર્ચ આપવો થયો હોય તે, પૈસા જે સરતે લીધેલા હોય તે સરત પ્રમાણે ન આપવામા આવે તો, સ્થાનિક સરકારે પોતે તે પૈસા ધીર્યા હોય તો તે સરકારને, જે ફડના તારણ ઉપર તે ધીર્યા હોય તે ફડ જપ્ત કરવાનો અધિકાર છે, અને જો સ્થાનિક સરકારે પોતે પૈસા ધીર્યા ન હોય તો તે સરકારે, પૈસા ધીરનારની અરજી ઉપરથી જે ફડના તારણ ઉપર તે પૈસા ધીર્યા હોય તે ફડ જપ્ત કરવુ સદરહુ પ્રમાણે જપ્તી કર્યા પછી જપ્ત કરેલા ફડનો વહિવટ, સ્થાનિક સરકારે વહીવટ કરવા સારૂ જે અમલદારને નીમ્યો હોય તે અમલદાર સિવાય બીજા કોઇ માણસે કોઇ રીતે કરવો નહી, પણ જપ્તી થઇ ન હોય તો કરજ કાઢનારા તે ફડના સબધમા જે કામ કરત તે સઘળા કામ કરવાનો અધિકાર તે અમલદારને છે, અને જે ઉપજે તે કરજ વાળવામા અને તે કરજનુ વ્યાજ તથા ખરચ દેવો થયો હોય તે વાળવામા અને જપ્તી કરવામા અને ત્યાર પછી કામ ચલાવવામા જે ખર્ચ થયો હોય તે વાળવામા વાપરવાનો અધિકાર તે અમલદારને છે

પણ એવુ ઠરાવ્યુ છે કે જે જપ્ત કરેલા ફડ જે કાઇ દેવા માટે કાયદા પ્રમાણે અગાઉ ઘરાણે મૂકયા હશે તે દેવુ સદરહુ પ્રકારની જપ્તીથી ડૂબશે નહી અથવા તેને હરકત થશે નહી, પણ તે ફડોની ઉપજનો કાઇ ભાગ જે કરજના સબધમા આવી જપ્તી હશે તે કરજ વાળવામા વાપર્યા પહેલા તે ઉપજમાથી પહેલાનુ સઘળુ દેવુ આપવુ જોઇયે

૬ (૧) સને ૧૯૧૦ ના હિદુસ્તાનના કાગળના ચલણી નાણા બાબતના આકટની ૨૬ મી કલમના ઠરાવોને પાત્ર ૧ લા પરિશિષ્ટમા નિર્દીષ્ટ કરેલા સ્થાનિક અધિકારીઓ, તથા ગવર્નર જનરલ ઇન કૌસિલ જે બીજા કોઇપણ સ્થાનિક અધિકારીને ઈડીયા ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, આ કલમના ઠરાવો લાગુ કરે તે સ્થાનિક અધિકારી ગવર્નર જનરલ ઇન કાઉન્સીલની અગાઉથી મજુરી લઇને, પોતે વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇપણ કાયદાની રૂયે જે કોઇપણ કારણ સારૂ પૈસા કાયદેસર રીતે કરજે કાઢી શકે તે કારણસર, બાર મહિના કરતા વધારે ન હોય એવી કોઇપણ મુદતની અદર જેના પૈસા પાછા આપી શકાય એવા બીલો અથવા વાયદાચિઠ્ઠીઓ કાઢીને, પૈસા કરજે કાઢવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે એવી રીતે કાઢવામા આવે તે બીલો અથવા વાયદાચિઠ્ઠીઓની રકમ, એવા સ્થાનિક અધિકારીએ વિદ્યમાનકાળે કરજે કાઢેલા બીજા પૈસાની રકમ સુદ્ધા એવા અધિકારીને એકદર જેટલી રકમ સુધીનું કરજ કાઢવાનો કાયદા ઉપરથી અધિકાર હોય તેના કરતા વધારે હોવી જોઇએ નહિ.

(૨) ગવર્નર ઇન કૌસિલ સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને આ કલમની રૂયે પૈસા જે સરતોએ કરજે કાઢી શકાય અથવા પાછા આપી શકાય તે સરતોનુ નિયમન કરવાને મુખત્યાર છે

૭ આ આકટમા અથવા આકટની રૂયે જે ઠરાવ કર્યો હોય તે શિવાય બીજી રીતે હરકોઇ સ્થાનિક અધિકારીએ કોઇપણ કારણ સારૂ પોતાના ફડ ઉપર પૈસા કરજે કાઢવા નહી અને આ આકટ પસાર થયા પછી તે કારણ સારૂ બીજી કોઇ રીતે કરવામા આવેલો કોઇપણ કરાર રદ બાતલ થશે

પણ એવુ ઠરાવ્યુ છે કે આમાના કોઇપણ ઠરાવ ઉપરથી એમ સમજવુ નહી કે—

(અ) કોઇ વિશેષ આકટ હમણા અથવા હવે પછી અમલમા હશે તે પૈસા કરજે કાઢવાનો જે અધિકાર જે કોઇપણ સ્થાનિક અધિકારીને હશે તે અધિકાર તે અધિકારીને ચલાવવાની મના છે અથવા

(બ) જે કોઇપણ કારણસાર કોઇપણ સ્થાનિક અધિકારીનુ ફડ વાપરવાનો કાયદા ઉપરથી અધિકાર હોય એવા કારણ સારૂ વાપરવાના પૈસાનુ વ્યાજ આપવાની હામી આપીને તે સ્થાનિક અધિકારીને તેના ફડ ઉપર બોજો નાખવાના એવા કોઇપણ આકટ ઉપરથી આપેલા અધિકારને બાધ આવે છે

૮. સેક્રેટરી ઓફ સ્ટેટ ઇન કૌસિલે સને ૧૮૭૧ ના સપ્ટેમ્બર મહિનાની ૫ મી તારીખથી અગાઉ હરકોઇ પૈસા કોઇપણ સ્થાનિક અધિકારીને કરજે આપ્યા હશે તે તથા તેની ઉપર આપવુ થયેલું વ્યાજ

વસુલ કરવા સારૂ ૫ મી કલમમા કહેલા ઇલાજ કરવાનો હક્ક સદરહુ સેક્રેટરી ઓફ સ્ટેટ ઇન કૌંસિલને છે

૯ બીજા પરિશિષ્ટમા નિર્દિષ્ટ કરેલા કાયદા તેના ૪ થા આસનમા લખ્યુ છે તેટલે સુધી રદ કર્યા છે

પણ એવુ ઠગવ્યુ છે કે આ કાયદાઓમાના કોઇપણ કાયદાની રૂયે કરેલી સઘળી અરજીઓ, એકરાર, અધિકાર આપનાર લેખ, જપ્તીઓ, કરજો અને કાનુનો આ આકટની રૂયે કર્યા છે એમ સમજવુ

સરકારી નોકરોની વર્તણુંક બાબતની કાનુનો.

સને ૧૯૦૪ (આજ સુધી સુધારેલી)

પૈસા કરજે કાઢવાના સબધમા, માનપત્ર લેવાના સબધમા તથા બીજી બાબતોના સબધમા સરકારી નોકરોએ કેવી રીતે વર્તવુ તે બાબતની ગવર્નર જનરલ ઇન કાઉન્સીલની કાનુનો તથા હુકમો નીચેની કાનુનોની પુરવણી તરીકે છાપેલા કાયદાઓ તથા વખતો વખત કાઢવામા આવેલા સખ્યાબધ ઠુમારોમા, વટહુકમોમા તથા ઠરાવોમા સમાયલા જે આથી કરીને સદરહુ હુકમોનુ રૂપ પુરાણુ તથા ગુચવાડા ભરેલુ થઇ પડેલુ છે સબબ હિદુસ્તાન સરકારે તેમની મતલબ કાનુનોના રૂપમા ઘડી કહાડીને તે કાનુનો સરકારી નોકરોની સમજુતી સારૂ પ્રસિદ્ધ કરવાનુ ઇષ્ટ ધાર્યુ છે

૧ અર્થ (૧)—આ કાનુનોમા—

(અ) ' સરકારી નોકર " એ શબ્દોમા જે કોઇ સખસ સરકારમા છેક હલકા પ્રકારના (પટાવાળા જેવા) હુદ્દા શિવાય બીજો કોઇ પણ સિવિલ હુદ્દો ધારણ કરતો હોય અથવા ચલાવતો હોય તેવા દરેક સખસનો સમાવેશ થાય છે

(બ) " હિદુસ્તાનનો દેશી " એ **સંજ્ઞાનો** અર્થ જે કોઇ સખસ એશીઆની અમિશ્રિત ઓલાદનો હોઇને હિદુસ્તાનમા જાથુ રહેતો હોય તે સખસ એવો થાય છે

(૨)—બક્ષિસ–કોઈપણ સરકારી નોકર હિદુસ્તાન સરકારની અગાઉથી સમતિ મેળવ્યા વગર સાક્ષાત

(૩] પૈસા કરજે કાઢવા સારૂ પરવાનગી મેળવવાની અરજી કરવાની રીત બાબત

[૪] એવા કરજ બાબત જે ચોકશી કરવી જોઈએ તે ચોકશી બાબત અને તે ચોકસી કરવાની રીત બાબત

(૫) અરજીની અને ચલાવેલા કામની વિગત અને તે બાબતમા થયેલા હુકમ કયે પ્રસગે અને કેવા નમુના પ્રમાણે પ્રસિદ્ધ કરવા તે બાબત

(૬) ગવર્નર જનરલ ઇન્ કૌન્સિલની અગાઉથી મજુરી લીધા વગર સ્થાનિક સરકાર કયે પ્રસગે નાણુ કરજે આપવાને મુખત્યાર છે તે બાબત અને કયે પ્રસગે સદરહુ પ્રકારની મજુરી અગાઉથી લેવી જોઇએ તે બાબત અથવા પર્યાયથી, પોતાની તરફથી અથવા બીજા કોઇ સખસની તરફથી હિદુસ્તાનના કોઈ પણ દેશી પાસેથી કોઈપણ બક્ષિસ, ગ્રેજ્યુઇટી અથવા ઇનામ, અથવા કોઇ બક્ષીસ, ગ્રેજ્યુઇટી અથવા ઇનામ લેવાનુ વચન કબુલ કરવાને મુખત્યાર નથી

કોઇ સરકારના અથવા આડમિનિસ્ટ્રેશનના ઉપરીને અથવા કોઇ પોલીટીકલ ઓફીસરને કોઇપણ દેશી રાજા અથવા હાકીમ પાસેથી જે નજરાણુ સરકારના તોશાખાનામા રાખવામા આવતું હોય અને જેને બદલે સરકારને પાછુ નજરાણુ આપવામા આવતું હોય એવુ નજરાણુ લેવાનો અધિકાર છે તેજ પ્રમાણે કોઇ પણ સરકારી નોકરને ફુલ અથવા ફળની અથવા એવીજ જાતની હલકી કિમતની બીજી વસ્તુ આદર સત્કારાર્થે ભેટ તરીકે લેવાનો અધિકાર છે, છતા આવી ભેટ આપવાનો રિવાજ અટકાવવો જોઇએ

જ્યારે ભારી કિમતની બક્ષીસ ના કબુલ કર્યાથી અપમાન આપવા જેવુ થાય તેમ હોય ત્યારે હિદુસ્તાન સરકાર વિશેષ હુકમ કરીને બીજી રીતે ફરમાવે તે શિવાયને પ્રસંગે, તે બક્ષીસ સરકારમા આપી દેવી જોઇએ

૨—કોઇપણ સરકારી નોકરને સ્થાનિક સરકારની અગાઉથી સમતી લીધા વગર કોઈ પણ માનપત્ર અથવા જતી વેળાનુ આશિર્વચન પત્ર અથવા કોઇ પણ ટેસ્ટીમોનિયલ (સુનામપત્ર) લેવાનો અથવા

પોતાના મનમા જે કોઈ પણ સાર્વજનીક સભા અથવા સમારભ થાય તેમા હાજર થવાનો અધિકાર નથી તેજ પ્રમાણે તેને, બીજા કોઇ પણ સરકારી નોકરની અથવા જે સખસે થોડા વખત અગાઉ સરકારી નોકરી છોડી દીધી હોય તેની નોકરીની જે પીછાણ કરવામા આવે તેમા એવીજ રીતે ભાગ લેવાનો અધિકાર નથી

પણ સદરહુ કાનુનને નીચેનો અપવાદ છે—

(અ) કોઈ પણ સરકાર અથવા આડમિનિસ્ટ્રેશનના ઉપરીને માનપત્ર લેવાનો અધિકાર છે

(બ) કોઇ પણ સરકારી નોકર કોઇ પણ સાર્વજનિક મડળીની વિનતી ઉપરથી, જે છબી, મુખવટો (બસ્ટ) અથવા પુતળુ તેને ભેટ આપવાનો ઇરાદો ન હોય તે પડાવવા માટે અથવા તૈયાર કરાવવા માટે બેસે તો હરકત નથી

(ક) કોઇ પણ સરકારી નોકર, બીજા કોઇ પણ સરકારી નોકરની નોકરીની પીછાણમા એકાદી સ્કોલરશિપ [પાડિત્યવેતન] અથવા બીજી કોઈ સાર્વજનીક અથવા ધર્માર્થ સંસ્થા સ્થાપવામા ખરચવા સારૂ અથવા એવા સરકારી નોકરને ભેટ આપવાનો ઇરાદો ન હોય એવી છબી, મુખવટો અથવા પુતળુ પડાવવામા અથવા તૈયાર કરાવવામા ખર્ચવા સારૂ ફડ ઉભુ કરવામા ભાગ લેશે તો હરકત નથી, પણ તેને સદરહુ કારણ સારૂ ઉઘરાણુ કરવાનો અધિકાર નથી

(ડ) કોઇ સરકારી નોકર પોતે નોકરી છોડી જાય ત્યારે અથવા જે જીલ્લા અથવા થાણામા પોતે હોય તે જીલ્લો અથવા થાણુ છોડી જાય ત્યારે તેના તરફની અથવા તેવાજ સજોગોમા બીજા કોઇ સરકારી અમલદાર તરફની લાગણી દર્શાવવા સારૂ જે ખાનગી વિદાયગિરીનો સમારભ તેના ખાનગી મિત્રો તરફથી કરવામા આવે તેમા ભાગ લેશે તો હરકત નથી

૩-(અ) કોઈ પણ સાર્વજનિક ઇમારતનો પાયો નાખવાના અથવા તે ખુલ્લી મુકવાના સમારભને પ્રસગે કોઇપણ સરકારી નોકરને કોઇપણ લેલો કુચી અથવા તેના જેવી બીજી વસ્તુ આપવામા આવે તો તેને તે સ્થાનિક સરકારની અગાથી મજુરી મેળવ્યા શિવાય લેવાને અધિકાર નથી

૪—કોઇ મેઇ વૈદ્યકીય અમલદારે વૈદ્યકીય રીતે બજાવેલી સેવાની પીછાણમા કોઇ સખસ અથવા મડળી તેને જે કાઈ બક્ષીસ, ગ્રેજ્યુઇટી અથવા ઇનામ શુદ્ધબુદ્ધિથી આપે તે લેવાનો તે વૈદ્યકીય અમલદારને અધિકાર છે માત્ર તેમ કરવામા તેણે વૈદ્યકીય ખાતાની તે બાબત જે કાનુનો હોય તેમને અનુસરવુ જોઇએ

૫—કોઇ પણ સરકારી નોકરને કોઈ પણ હેતુ પાર પાડવા સારૂ કાઇપણ ઉઘરાણુ અથવા પૈસાની મદદ, સ્થાનિક સરકારની અગાઉથી સમતિ લીધા વગર, કોઇ પણ દેશી રાજા અથવા હાકેમ પાસેથી અથવા કોઈ પણ દેશી રાજા અથવા હાકેમના એજટ પાસથી માગવાનો અથવા લેવાનો અધિકાર નથી

૬—સરકારી નોકરોને પોતામાના એક નોકરને બાકીના નોકરોના લાભ માટે સરકારી હોદ્દાનુ રાજીનામુ અપાવવા સારૂ તેની સાથે નાણા સબધી કાઇ પણ ગોઠવણ કરવાનો અધિકાર નથી જો આ કાનુનનો ભગ કરવામા આવશે તો એવા રાજીનામાને લીધે જે કાઇ પણ નિમણુક થઇ હશે તે રદ કરવામા આવશે, અને ગોઠવણ કરનારા પક્ષકારોમાના જે આસામીઓ હજુ નોકરીમા હશે તેમને પ્રસગ પ્રમાણે, સેક્રેટરી ઓફ સ્ટેટના અથવા સરકાર હુકમ આપશે ત્યા સુધી, સસ્પેન્ડ કરવામા આવશે

૭—કાઇ પણ ગેઝીટેડ ઓફિસરને પોતાના અધિકાર માહેના સ્થાનિક પ્રદેશમા જે કોઈ પણ સખસ જમીન ધારણ કરતો હશે તેને પૈસા ધીરવાનો અધિકાર નથી તેમજ તેને, જોઇન્ટ સ્ટોક બેન્ક અથવા જુની પહેડી સાથેના વ્યવહારના મામુલ ક્રમ શિવાયને પ્રસગે, પોતાના હોદ્દાની રૂએ પોતાના અધિકારમા હોય અથવા સદરહુ અધિકારીના સ્થાનિક પ્રદેશમા રહેતો હોય, જમીન ધારણ કરતો હોય અથવા ધધો કરતો હોય એવા કોઇ પણ સખસની પાસેથી પૈસા કરજે લેવાનો અથવા બીજી રીતે તેની સાથે નાણા સબધી જવાબદારીમા ઉતરવાનો અધિકાર નથી

જ્યારે એકદા ગેઝીટેટ ઓફિસરને એવી જાતના હોદ્દા ઉપર નીમવામા અથવા બદલવામા આવે કે જેથી જે શખસની પાસેથી તેણે પૈસા કરજે લીધા હોય અથવા બીજી રીતે જેની સાથે નાણા સબધી જવાબદારીમા ઉતર્યો હોય તે શખસ પોતાના હોદ્દાની રૂયે પોતાના અધિકારમા આવશે અથવા એવા અધિકારીના પ્રદેશમા રહેશે અથવા સ્થાવર મિલકત ધારણ કરશે અથવા ધધો ચલાવશે, ત્યારે તે અમલદારે તે હકીકત બાબત સરકારને તાબડતોબ જણાવવુ જોઇએ

આ પેરેગ્રાફમા લખેલા હુકમ નોન–ગેઝીટેટ ઓફીસરોને પણ લાગુ પડશે, પણ તેમની બાબતમા તેમની કચેરીના ઉપરી અમલદારે તે હુકમનો અમલ કરતી વખતે અપવાદને પ્રસગે છુટ મુકવાને હરક્ત નથી નોન–ગેઝીટેટ ઓફીસરોએ બીજા પેરેગ્રાફમા લખેલો રીપોર્ટ પોતાની કચેરીના ઉપરીને કરવો જોઇએ

૮—જ્યારે હિંદુસ્તાનનો દેશી ન હોય એવો કોઇ સરકારી નોકર જે થાણામા, જીલ્લામા અથવા બીજા સ્થાનીક પ્રદેશમા પોતે નીમાયો હોય તે થાણા, જીલ્લા અથવા સ્થાનીક પ્રદેશમા રહેનારા, સ્થાવર મિલક્ત ધારણ કરનારા અથવા ધધો કરનારા કોઇપણ હિંદુસ્તાનના દેશી પાસેથી કોઇપણ ઘર, હાથી, ઘોડા, વાહન અથવા બીજી કીમતી વસ્તુ ખરીદવાનો ઇરાદો રાખતો હોય અથવા તેને તે વેચવાનો ઇરાદો રાખતો હોય, ત્યારે તેણે પોતાનો ઇરાદો તથા તે બાબતની હકીકત તથા પ્રસગ પ્રમાણે જે કિંમત આપવાની અથવા લેવાની હોય તે કીમત કમિશનરને અથવા સ્થાનિક સરકાર ફરમાવે તેવા કોઇપણ બીજા અધિકારીને લખી જણાવવા જોઇએ જ્યારે એવી રીતે લખી જણાવવામા આવે ત્યારે તે કમીશનર અથવા આ અર્થે સ્થાનિક સરકારે અધિકાર આપેલો બીજો અમલદાર દરખાસ્ત રજુ થયે પોતાને વ્યાજબી લાગે તેવા હુકમ કાઢવાને મુખત્યાર છે પણ આ હુકમ જે લેવડદેવડ નિયમીત રીતે ધધો કરનાર સાથે શુદ્ધ બુદ્ધિથી કરી હોય તેને લાગુ પડશે નહિ

કોઇપણ સરકારી નોકર જે થાણા, જીલ્લા અથવા બીજા સ્થાનિક પ્રદેશ માટે નીમાયો હોય તે થાણું જીલ્લો અથવા પ્રદેશ પોતે છોડી જવાની તૈયારીમા હોય ત્યારે તેને, કોઇપણ અધિકારીને રીપોર્ટ કર્યા વગર પોતાનુ રાચરચીલુ, ઘરસસારનો સામાન ઢોરઢાકર તથા તેવીજ બીજી જણસો, તેની યાદી સામાન્ય લોકોમા વહેચીને વેચવાનો અથવા તે જાહેર લીલામ કરાવીને વેચવાનો અધિકાર છે

ટીપ.—કમીશનરને અથવા આવી અરજીનો નિકાલ કરવાનો અધિકાર હોય તેવા બીજા અમલદારને પોતાને તેમ કરવુ યોગ્ય લાગે તો કોઇપણ અરજી સરકારને તે બાબત સલાહ અથવા હુકમ મેળવવાને મોકલવાની છુટ છે એમ સમજવુ યોજેલી લેવડદેવડમા કમીશનર અથવા આ અર્થે અધિકાર મળેલો બીજો અમલદાર પોતેજ હીત ધરાવતો હોય તેવે પ્રસગે તેણે તે બાબત સરકારનો હુકમ મેળવવાને લખી મોકલવુ જોઇએ

૯—જે સરકારી નોકર ઈંડીયન સીવીલ સર્વિસનો આસામી હોય અથવા મિલીટરી (લશ્કરી) અમલદાર હોય તેને કોઇપણ દેશી રાજા અથવા હાકેમના મુલકમા કોઈપણ સ્થાવર મિલકત ધારણ કરવાનો અથવા સપાદન કરવાનો અધિકાર નથી

જે સરકારી નોકર હિંદુસ્તાનનો દેશી ન હોય ઈંડીયન સીવીલ સર્વિસનો આસામી હોય અથવા મિલીટરી અમલદાર હોય અથવા જે એવો કોઈપણ હોદ્દો ધારણ કરતો હોય કે તે હોદ્દો સામાન્યત. સીવીલ સર્વિસના આસામી અથવા મિલીટરી અમલદારો ધારણ કરતા હોય તેને, પોતે જે પ્રાતમા નોકરી એ હોય તે પ્રાતમા અથવા જે પ્રાતના રાજ્યકારભાર સાથે પોતાનો સબધ હોય તે પ્રાતમા (પછી એવી નોકરી અથવા સબધ કાયમના હોય કે થોડા વખતના હોય તેની હરકત નહી) કોઇપણ સ્થાવર મિલકત, સાક્ષાત અથવા પર્યાયથી ધારણ કરવાનો અથવા સપાદન કરવાનો અધિકાર નથી

હિદુસ્તાનનો જે દેશી ઇડીયન સીવીલ સર્વિસનો આસામી હોય અથવા ઇડીયન સીવીલ સર્વિસના આસામીઓ સારૂ સામાન્યત. રાખી મૂકેલા કોઇપણ હોદ્દો ધારણ કરતો હોય તેને, તથા પ્રોવિન્સિયલ અથવા સબોર્ડિનેટ સીવિલ સર્વિસમાના કોઇપણ સરકારી નોકરને, પોતે સરકારી નોકરીમા દાખલ થયો તે વખતે જે કોઈપણ સ્થાવર મિલકત તે ખરેખર ધારણ કરતો હશે તે ધારણ કરવાનો અધિકાર છે, અને તેને ત્યાર પછી કોઇ પણ સ્થાવર મિલક્ત વશપરપરાની રૂએ અથવા વારસાની રૂયે, મૃત્યુપત્રની રૂયે અથવા સ્થાનિક સરકારની અથવા આ અર્થે સ્થાનિક સરકાર તરફથી વિશેષ રીતે અધિકાર આપવામા આવે એવા ખાતાઓના ઉપરીઓની અગાઉથી મજુરી લઇને, ખરીદીની અથવા બક્ષિસની રૂયે સપાદન કરવાનો અધિકાર છે

પણ એવી સ્થાવર મિલકત જે જીલ્લામા અથવા બીજા સ્થાનિક પ્રદેશમા આવેલી હશે તે જીલ્લામા અથવા પ્રદેશમા તેનાથી નોકરી રહેવાશે નહિ

કોઇપણ સરકારી નોકર કોઇપણ સ્થાવર મિલકત પોતાને રહેવાના કારણ સારૂ શુદ્ધબુદ્ધિથી ધારણ કરશે અથવા સપાદન કરશે તો હરકત નથી

૧૦ હરેક સરકારી નોકરે અથવા સરકારી નોકરી માટે ઉમેદવારી કરનારાએ, જે સ્થાવર મિલકત તે પોતે, અથવા તેની સ્ત્રી, અથવા તેની સાથે રહેનારો, અથવા તેના ઉપર આશરો રાખનારો તેના કુટુંબનો કોઇપણ આસામી વખતો વખત ધારણ કરે અથવા સંપાદન કરે તે સઘળી સ્થાવર મિલકત બાબતનો એકરાર માલુમ દ્વારાએ સરકારને કરવો જોઇએ

એવા એકરારમા તે મીલકત ક્યા જીલ્લામા અથવા ક્યા દેશી રાજાના અથવા હાકેમના મુલકમા છે તે લખવુ જોઇએ, અને તે ઉપરાત સરકાર, સામાન્ય અથવા વીશેષ હુકમ કરીને જે વધારે માહિતી માગે તે પણ તેમા લખવી જોઇએ

૧૧—સરકારી નોકરને ૯ મી કાનુન ઉપરથી સ્થાવર મીલકતમા નાણુ રોકવાની જે પરવાનગી આપી છે તે સીવાય બીજી રીતે પોતાનુ નાણુ એવી રીતે રોકવાનો અધિકાર નથી, કે જેથી જે બાબતોની સાથે તેનો હોદ્દાનો સબધ હોય એવી બાબતોમા તેને એવો ખાનગી સબધ પ્રાપ્ત થાય કે જેથી કરોને સ્થાનિક સરકારના મત પ્રમાણે તેની ફરજ અદા કરવામા તેને ગુચવણમા આવવાનો તથા તે પર અસર કરવાનો સભવ પ્રાપ્ત થાય.

આ સરતને પાત્ર, તેને ખાણુ ખોદવાની અથવા ખેતીવાડીને લગતી સુદ્ધા કોઇપણ કપનીમા શેર (ભાગ) ધારણ કરવાનો અથવા સપાદન કરવાનો અધિકાર છે માત્ર એવી કપનીનો હેતુ દેશના સાધનોની વૃદ્ધિ કરવાનો હોવો જોઇએ પણ એવી કપનીનુ કામ જે કોઇપણ જીલ્લામા ચાલતું હોય તે જીલ્લામા તેને નોકરીમા રાખવો નહિ

પણ એવુ ઠરાવ્યુ છે કે આ કાનુન, સરકારી નોકરોએ સને ૧૯૦૪ ના દસમા આકટની રૂએ નોંધાયલી આટ વધારનારી સહકારી મડળીમા નાણા રોકવાના સબધમા અથવા અનામત મુકવાના સબધમા જેટલે દરજ્જે તે લાગુ પડે છે તેટલે દરજ્જે સ્થાનિક સરકારે કરેલા કોઈપણ સામાન્ય અથવા વિશેષ નિર્બંધ અને છુટને પાત્ર રહીને નીચેના બધનોને લઇને વાચવી —

(અ) કાનુન ૯ ના ત્રીજા પ્રારેગ્રાફમા જણાવેલા વર્ગના સરકારી નોકરોએ, તેઓને જે પ્રાતમા નોકરીમા હોય તેઓ તે પ્રાતની અદર, આવી રીતે નાણા રોકવા નહી

[બ] કાનુન ૯ ના ત્રીજા પારેગ્રાફમા જણાવેલા વર્ગના સરકારી નોકરોએ તેઓએ સ્થાવર મિલકત રાખવાને અથવા મેળવવાની પરવાનગી હોય તે સિવાયને પ્રસગે, આવી રીતે નાણા રોકવા નહી અથવા અનામત મૂકવા નહી

(ક) બીજા સઘળા વર્ગના સરકારી નોકરોએ આની રીતે નાણા રોકવાની તથા અનામત મૂકવાની છુટ છે

૧૨ સરકારી નોકરોને નાણુ રોકવાની બાબતમા સટ્ટો કરવાનો અધિકાર નથી.

આ સામાન્ય કાનુન લાગુ કરતી વખતે, જેમા ખનીજ પદાર્થ હોવાનુ ધારવામા આવતું હોય એવી જમીન કપનીઓને વેચાતી આપી દેવાના ઇરાદાથી ખરીદ કરવી તે, તથા જેમની કિંમતમા વારે ઘડીએ વધઘટ થતી હોય એવી સિકયુરીટીઓ ખરીદવી તથા વેચવી તે નાણુ રોકવાની બાબતમા સટ્ટો કરવા જેવુ છે એમ ગણવામા આવશે

૧૩ રજા ઉપર હોય અથવા પ્રત્યક્ષ નોકરી ઉપરી હોય એવા ગેઝીટેડ ઓફીસરને, સેક્રેટરી ઓફ સ્ટેટની વિશેષ મજુરી, સિવાય કોઇ પણ એક અથવા બીજી કપની ઉભી કરવાના, નોંધવાના અથવા તેનો વહીવટ કરવાના કામમા ભાગ લેવાનો અધિકાર નથી

આ કાનુન, જે કોઈ પણ સરકારી નોકર, હીદુસ્તાન સરકારની સમતિથી એવી રેલ્વે કપનીની નોકરીમા દાખલ થાય કે જે રેલ્વે કપની તે સરકારે આપેલી સવડ પ્રમાણે કામ કરતી હોય તે સરકારી નોકરને અથવા જે એસોસિએશન (મડળી) નફાને માટે નહી પણ એકમેકને જણસો પુરી પાડવા માટે સ્થાપવામા આવી હોય તથા ચલાવવામા આવતી હોય તે એસોશિએશનનો કોઇ સરકારી નોકર વહીવટ કરે અને તે વહીવટ કરવાથી તેના હુદ્દાને લગતા કામમા ખલલ પહોચે એમ ન હોય ત્યારે એવી રીતે વહીવટ કરનારા સરકારી નોકરને, અથવા (તેજ સરતને પાત્ર) જે કોઇ પણ સરકારી નોકર સને ૧૯૦૪ ના

૧૦ મા આકટની રૂયે નોધવામા આવેલી આટ વધારનારી સહકારી મડળીના વહિવટમા સ્થાનિક સરકારની સામાન્ય અથવા વિશેષ મજુરીથી ભાગ લેતો હોય તે સરકારી નોકરને લાગુ પડતી નથી.

કલકત્તા મદ્રાસ અથવા મુબઈ ખાતેના સરકારી સોલીસીટરો સરકારી વકીલો, સરકારી પ્રોસીક્યુટરો (સરકારી ફોજદારી ધારાના હિમાયતીઓ) ડાયોશીસન રજીસ્ટારો તથા કોરોનરો, કોઈ એક અથવા બીજી કપનીના ડિરેકટરો તરીકે કામ કરી શકાશે, માત્ર એવી રીતે કામ કરવાથી તેમની સરકારી ફરજ બજાવવામા ખલલ પડવી ન જોઇએ, અને એવી એક અથવા કપનીના લાભ સરકારના લાભની વિરુદ્ધ હોવા ન જોઇએ

૧૪ સરકારી નોકરને, સ્થાનિક સરકારની અગાઉથી સમતિ મેળવ્યા વગર પોતાની સરકારી ફરજ શિવાય બીજો કોઇપણ વેપાર કરવાનો અથવા બીજો કોઇ પણ ધધો કરવાનો અધિકાર નથી

તોપણ એકાદો સરકારી નોકર કોઇ કોઇ વખત સાહીત્યને લગતું અથવા હુન્નરને લગતું કોઇપણ કામ માથે લેવાને મુખત્યાર છે માત્ર તેમ કરવાથ તેની સરકારી ફરજ બજાવવામા ખલલ પડવી ન જોઇએ પણ સરકાર પોતાની મરજીમા આવે તો જે કોઇ પણ ધધો સરકારના મત પ્રમાણે ઇષ્ટ ન હોય તે ધધો કરતો તેને અટકાવવાને અથવા તે ધધો છોડી દેવાનું તેને ફરમાવવાને મુખત્યાર છે

૧૫ (૧) જ્યારે કોઈ સરકારી નોકરને નાદાર ઠરાવવામા અથવા જાહેર કરવામા આવ્યો હોય, અથવા જ્યારે એવા નોકરના, પગારનો અડધો ભાગ હમેશ જપ્ત કરવામા આવતો હોય અથવા બે વર્ષ કરતા વધારે મુદ્દત સુધી જાથુ જપ્તીમા હોય, અથવા એટલી રકમ માટે જપ્ત કરવામા આવ્યો હોય કે જે રકમ માસુલ પ્રસગે, બે વર્ષની મુદ્દતની અદર ફેડાય એમ ન હોય, ત્યારે તેને નોકરીમાથી કાઢી મુકવાને પાત્ર છે એમ સમજવુ

(૨) જ્યારે એવા સરકારી નોકરને સેક્રેટરી ઓફ સ્ટેટ તરફથી હોયા વગર અથવા તેની સમતિ વગર નોકરીમાથી કાહાડી મુકાય એમ ન હોય ત્યારે, જો તેને નાદાર જાહેર કરવામા આવ્યો હોય તો તે વાતનો રીપોર્ટ સેકરેટરી ઓફ સ્ટેટને કરવો જ જોઇએ અને જો તેના પગારનો અડધો ભાગ જપ્ત કરવામા આવ્યો હોય તો તે વાતનો રીપોર્ટ સેક્રેટરી ઓફ સ્ટેટને કરવાનો અધિકાર છે અને સેકરેટરી ઓફ સ્ટેટનો હુકમ આવે ત્યા સુધી તેને નોકરીમાથી સસ્પેડ કરવો

(૩) બીજા કોઈ પણ સરકારી નોકરની બાબતમા એવી વાતનો રીપોર્ટ સ્થાનિક સરકારને અથવા વિશેષ અથવા સામાન્ય હુકમ કરીને તે સરકારનો જે તાબા હેઠળનો અધિકારી ઠરાવવામા આવે તેને કરવો જોઇએ

(૪) જ્યારે કોઇ અમલદારના પગારનો અડધો ભાગ જપ્ત કરવામા આવ્યો હોય ત્યારે રીપોર્ટમા નીચેની વિગત લખવી જોઇએ, તેના પગારના પ્રમાણમા કરજ કેટલુ છે, તે કરજને લીધે કરજદારની સરકારી નોકર તરીકેની લાયકાતમાથી કેટલો ઘટાડો થાય છે, કરજદાર કરજમાથી છુટો થઇ શકે એમ છે કે કેમ, અને સજોગો જોતા જે વખતે તે વાત સરકારની જાણમા આણવામા આવી તે વખતે તે જે હુદ્દો ધારણ કરતો હોય તે હુદ્દા ઉપર અથવા બીજા કોઈ સરકારી હુદ્દા ઉપર તેને રાખવો ઇષ્ટ છે કે કેમ

(૫) આ કાનુન મુજબની દરેક બાબતમા, સદરહુ નાદારી અથવા કરજાઉપણુ એવા સજોગોને લીધે હતુ કે જે સજોગો સદરહુ કરજદાર, સામાન્ય ડહાપણ વાપરતા, ચેતી શકયો ન હતો અથવા જેના ઉપર તેનો નિર્બધ હતો અને તે નાદારી અથવા કરજાઉપણુ તે કરજદારની ઉડાઉ અથવા લફગી ટેવોને લીધે થયુ નથી એ વાત સાબીત કરવાનો બોજો તે કરજદાર ઉપર છે એમ સમજવુ

૧૬ સરકારી નોકરને જે કોઇ પણ દસ્તાવેજ અથવા ખબર તેની સરકારી ફરજ બજાવતી વખતે મળી હોય અથવા જે તેણે પોતાની સરકારી ફરજ બજાવતી વખતે તૈયાર કર્યો હોય અથવા એકઠી કરી હોય (પછી તે હુદ્દાને લગતા સાધનો દ્વારા હોય અથવા બીજી રીતે હોય) તે તેને આ અર્થે સ્થાનિક સરકાર તરફથી સામાન્ય અથવા વિશેષ અધિકાર મળ્યો હોય તે શિવાયને પ્રસગે, બીજા ખાતાના સરકારી નોકરોને અથવા સરકારી નોકર ન હોય એવા શખસોને અથવા છાપાવાળાઓને, પ્રત્યક્ષ અથવા આડકતરી રીતે જણાવવાનો અધિકાર નથી

૧૭ સરકારી નોકરને, સ્થાનિક સરકારની અગાઉથી મજુર લીધા વગર, કોઇપણ વર્તમાન પત્રનો અથવા બીજા મુદ્દતે મુદ્દતે પ્રસિદ્ધ થનારા પત્રનો સર્વત અથવા અશત માલેક થવાનો અથવા તે ચલાવ-

થવાનો અથવા તેના અધિપતિના અથવા વહીવટ ચલાવવાના કામમા ભાગ લેવાનો અધિકાર નથી

આવી મજુરી આપવી તે, જે વર્તમાનપત્ર અથવા બીજુ મુદતે મુદતે પ્રસિદ્ધ થતું પત્ર રાજકીય ન હોય તેજ પત્રની બાબતમા આપવી, અને એવી મજુરી કોઇપણ વખતે સ્થાનિક સરકારની નજરમા આવે તો પાછી ખેચી લેવાનો અધિકાર છે

૧૮ ૧૬ મી કાનુનના ઠરાવોને પાત્ર, કોઇપણ સરકારી નોકર છાપામા નનામા લેખ લખી મોકલવાને મુખત્યાર છે, પણ તેમ કરતી વખતે તેણે નિયમિત તથા વાસ્તવિક હદની અંદર રહીને તકરાર ચલાવવી જોઇએ, અને જો તેના છાપા સાથેનો સબધ સરકારના હિતની વિરૂદ્ધ હોય તો સ્થાનિક સરકારને તેનો એની રીતે લેખ લખી મોકલવાનો અધિકાર છીનવી લેવાનો અધિકાર છે, અમુક સરકારી નોકરનો છાપા સાથેનો સબધ સરકારના હીતની વિરૂદ્ધ છે કે નહી તે બાબત શકા ઉત્પન્ન થવાનુ કારણ હોય ત્યારે તે વાત હુકમ માટે ગવર્નર જનરલ ઇનકોન્સિલને લખી મોકલવી જોઇએ

આ બાબત સબધી વિદ્યમાન કાળે જે રેગ્યુલેશનો અમલમા હોય તેમનો અમલ આ કાનુનમાના કોઈ પણ ઠરાવ ઉપરથી નીયમીત થશે નહી અથવા તેને બાધ આવશે નહી

૧૯ સરકારે પસદ કરેલા કોઇપણ નીયમ બાબત અથવા સરકારે ભરેલા કોઇ પણ પગલા બાબત અથવા સરકારની રાજનીતીને લગતી વાત ઉપર લોકો વીવેચન કરતા હોય અથવા જે વીવેચનનો વિષય થવાનો સભવ હોય તે વાત બાબત કોઇપણ સરકારી નોકરને પોતાને નામે પોતાનો અભિપ્રાય લોકોને લખીને મોકલવાનો અથવા તે, ભાષણદ્વારા અથવા બીજી રીતે જાહેર કરવાનો અધિકાર નથી

૧૯ (અ) સરકારી નોકરે જાહેરમા પોતાના નામથી લેખ લખીને અથવા જાહેર મેળાવડામા ભાષણ કરીને અથવા વ્યાખ્યાન આપીને પારકા દેશના રાજ્ય ચલાવવાના ધોરણ સબધી અથવા તેના કારભાર સબધી લેખકના અથવા ભાષણકર્તાના સરકારી દરજ્જાને લઇને, તેવા દેશને ગુસ્સો ઉપજાવે અથવા બ્રીટીશ હીંદુસ્તાન અને તેવા દેશની વચ્ચેના સબંધમા ગુચવણ ઉત્પન્ન કરે તેવો અભીપ્રાય આપવો નહીં અથવા તેની તેના વિરૂદ્ધ ટીકા કરવી નહી

(બ) પારકા દેશના કારભાર વીશેની કોઇપણ બાબતનુ પોતાના નામથી લખાણ પ્રસિદ્ધ કરવાનો ઇરાદો હોય તેવા સઘળા સરકારી નોકરોએ તેના પ્રુફ હીદુસ્તાન સરકારને સાદર કરવા.

ખુલાસો–દાખલો આપવા માટે અથવા સરખામણી કરવા માટે પારકા દેશના કારભારનો ફક્ત ઉલ્લેખ કર્યો હોય તો પ્રુફ સાદર કરવાની જરૂર નથી

૨૦ સરકારી નોકરને હિદુસ્તાનમાની અથવા હિદુસ્તાનના કારભારને લગતી કોઇપણ રાજકીય ચળવળમા ભાગ લેવાનો અથવા તેની મદદ માટે પૈસા ભરવાનો અધિકાર નથી, તેમજ જે રાજકીય સભામા હાજર થવાથી તેની હાજરીનો ખોટો અર્થ ઉઠાવવાનો અથવા તેનુ સરકારી ઉપયોગીપણુ ઘટી જવાનો સભવ હોય તેવી સભામા તેને હાજર થવાનો અધિકાર નથી, અમુક સરકારી નોકર જે પગલુ ભરવાનો હોય તેથી આ કાનુનના ઠરાવોનો ભગ થશે કે કેમ તે બાબત શકા લાવવાનુ કારણ હોય ત્યારે તેણે તે બાબત હુકમ થવા માટે જે સ્થાનિક સરકારના તરત તાબા હેઠળ પોતે હોય તે સરકારને અથવા નોકરને લખી મોકલવી જોઇએ

૨૧ સરકારી નોકરીના સરકારી કૃત્ય ઉપર અથવા ચાલ ચલણ ઉપર બદનક્ષી ભરેલા હુમલા કરવામા આવે તેનો સામે બચાવ કરવા સારૂ તે સરકારી નોકરને, સ્થાનિક સરકારની અગાઉથી સમતિ મેળવ્યા વગર કોઇ પણ કોર્ટમા અથવા છાપામા જવાનો અધિકાર નથી કોર્ટમા જવાની સમતિ આપતી વખતે સ્થાનિક સરકારે દરેક પ્રસગે નીચેની બાબતનો એટલે તે કામનો ખર્ચ તેણે પોતે ખમવો અથવા તે સરકારી નોકરે તે કામ પોતાને ખરચે ચલાવવુ કે કેમ તે બાબતનો, અને જો તે પોતાને ખરચે કામ ચલાવે તો તેની તરફમા ઠરાવ થાય તે પ્રસગે સરકાર તેનો સઘળો ખર્ચ અથવા થોડો ખરચ આપશે કે કેમ તે બાબતનો નીકાલ કરવો.

સરકારી નોકરને પોતાના ખાનગી કૃત્ય અથવા ચાલચલણ સામે બચાવ કરવાનો જે હક છે તે આ કાનુનના કોઈ પણ ઠરાવ ઉપરથી નિયમિત થાય છે અથવા તેને તેથી બાધ આવે છે એમ સમજવુ નહી.

તગાવી બાબતનો કાયદો.

(સને ૧૮૮૩ નો આકટ નબર ૧૯)

ખેતી સબધી સુધારો કરવા સારૂ સરકારે પૈસાનુ કરજ આપવા બાબત નીચે પ્રમાણે ઠરાવ્યુ છે

૩ કલેકટર એટલે જીલ્લાનો મહેસુલનો કલેકટર સમજવો

૪ ખેતીનો સુધારો કરવા એટલે કુવા, તળાવ અને ખેતીના કામ સારૂ કામે લગાડેલા માણસોના ઉપયોગ સારૂ, પાણી ભરી રાખવાના અથવા પાણી પુરૂ પાડવાના બીજા કામ બાધવા, પીત કરવા સારૂ જમીન તૈયાર કરવા નદીના અથવા એવા બીજા જળાશયથી જમીનને નવસાધ્ય કરવા, અને જમીનનો કાયમનો સુધારો કરવા વિગેરે કારણો માટે નાણુ ધીરવામા આવે છે

૬ આ આકટ પ્રમાણે ધીરેલું કરજ ધીર્યાની તારીખથી અથવા છેલ્લો હફતો આપ્યાની તારીખથી જે મુદત ઠરાવવામા આવે તે મુદત અદર પાછુ વાળવુ જોઇએ

૭ સદરહુ કરજ કલેકટર જમીન મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરી શકે છે

કરજ લેવાની અરજી કરતી વખતે જે જમીન તારણમા આપવાની હોય તે તથા જામીન આપવાના હોય તો તે અરજીમા બતાવવા, જેથી પુરતું તારણ લઇ કરજ ધીરવામા આવે છે

તગાવી બાબતનો કાયદો.

(સને ૧૮૮૪ નો આકટ ૧૨ મો.)

૪ આ આકટ પ્રમાણે દુખ પરીહાર કરવા માટે (જેમકે આગથી કે રેલથી, ધરા નાશ પામે તે માટે) બી અથવા ઢોર ખરીદ કરવા સારૂ અને સને ૧૮૮૩ ના આકટમા કહેલા નહી હોય પણ ખેતીના કામની સાથે સબધ હોય તેવા બીજા કોઇ પણ કામ સારૂ જમીનના માલીકોને તથા વહીવટ કરનારાઓને કરજ આપી શકાય છે

૫ અને તેવુ કરજ તથા વ્યાજ ખર્ચ સુદ્ધા જે માણસને કરજ આપ્યુ હોય તેની પાસે અથવા તેના જામીન પાસે જમીન મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરી શકાશે

મતાદાર બાબતનો એકટ.

(સન ૧૮૮૭ નો મુંબાઇનો આકટ નં ૬)

૧ **ઉદેશ**—મતાદારોની ચાકરીનુ નિયમન કરવા સબધી વિશેષ ઠરાવો કરવા સારૂ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે

૨ **મતાદારનું કુટુંબ**—એ શબ્દોનો અર્થ જે કુટુબમા ગામના પટેલનો હોદ્દો વશપરપરાનો હોય એવુ કોઇ કુટુબ, " મતાદાર " આ શબ્દનો અર્થ ૫મી કલમ મુજબ રાખેલા રજીષ્ટરમા મતાદાર કુટુબના જે આસામીનુ નામ દાખલ થયુ હોય તેવા કોઇ આસામી, મતાદારનો વારસ કોણ છે તે ઠરાવતી વખતે પરપરાગત જેષ્ટપણાના વારસનો નિયમ તે મતાદાર કુટુબમા ચાલુ છે એમ ગણવુ જોઇએ

૩ " વતન " આ શબ્દનો અર્થ ગામના સઘળા તથા દરેક મતા થાય છે અને મતાદાર કુટુબનો આશામી વતનદાર છે એમ સમજવુ

૫ મતાદારોની ચાકરી કરવાના રજીસ્ટરમા કલેકટરે દરેક ગામનું રજીસ્ટર નીચે પ્રમાણે રાખવુ ૧ મતાદાર કુટુબોની સખ્યા, ૨ પટેલનો હોદ્દો ધારણ કરવાનો હોય એવા મતાદારનુ નામ, ૩ પટેલના હુદ્દા

ઉપરનો હક્ક, સદરહુ વારસ વકીલ મતાદારોને જે વારાફરતા ક્રમમા સ્વાધિન રહેવાનો હોય તે વારાફરતો ક્રમ, ૪ પટેલોની સખ્યા ૫ મતાદારની ચાકરીઆત જમીનનુ વર્ણન, ૬ રોકડ તથા બીજી નીમણુકો વિગેરે બાબતો આવવી જોઇએ

૬ પટેલનો હોદ્દો ધારણ કરવાનો હક સામાન્યત. દરેક મતાદાર કુટુબને છે, પરતુ એકજ મતાદાર કુટુબને અગે ખાસ હક છે, એવુ જાહેર કરવાને સરકાર મુખત્યાર છે

૭ મતાદાર કુટુબના દરેક માણસનુ નામ ૫ મી કલમ પ્રમાણે તૈયાર કરેલા રજીસ્ટરમા કલેકટરે દાખલ કરવુ

૮–૯ મતાદાર મરી જાય તો તેના વારસ તરીકે એક મતાદારનુ નામ નોધવામા આવશે મૈયત મતાદારને નામે રજીસ્ટરમા નોધેલો તે મતામાનો હિસ્સો હયાત વારસ વકીલ મતાદારને મળવો જોઇએ

૧૧ મતાદારોને શિરસ્તા મુજબ જે કર્તવ્યકર્મો કરવાના હોય તે કર્તવ્યો કલેકટર ફરમાવશે ત્યારે દરેક મતાદાર કરવાને બધાયલો છે અને ગામના ઠગવબધ તથા બીજા ગામના જે કાગળો ઉપર મતાદારો-એ સહી કરવી એવો શિરસ્તો હોય તે ઉપર સહી કરવાનો તેનો વિશેષ હક્ક છે

૧૪ જે ગામના સબધમા ગવર્નર ઇન કાઉન્સિલ ૬ ઠી કલમની રૂયે જે કુટુબો જાહેર કર્યા હોય તેઓ પૈકી દરેક કુટુબના વારસ વકીલને પટેલનો હુદ્દો ધારણ કરવાનો હક્ક તે ઠરાવમા નક્કી કરેલા ક્રમ મુજબ સ્વાધિન થશે, અને બીજા કોઇપણ મતાદારને તેમા ભાગ મળશે નહિ

૧૫ બીજી દરેક બાબતમા હુદ્દો ધારણ કરવાનો હક મતાદાર કુટુબે વારાફરતી ભોગવવો

૧૬ વારાનો ક્રમ ઠરાવવા કલેકટરે સદરહુ ગામના મતાદારોને પોતાની રૂબરૂ ભેગા થવા ફરમાવવુ મતાદારોનો મોટો ભાગ વારાનો ક્રમ કબુલ રાખવામા ચુકે તો કલેકટરે તે ચીઠી નાખીને ઠરાવવો

૧૭ જે ગામને ક–૧૫ લાગુ પડતી હોય તે ગામમા પટેલનો હુદ્દો ખાલી પડેથી તે જગો પુરવાને જે મતાદાર કુટુબના આસામીનો વારો હોય એવાને ચુટી કાઢવાનો સદરહુ ગામના જે મતાદારોનો મત આપવાનો હક કા ૩૦ ની પેટા કલમ (૨) મુજબ લઇ લેવામા આવ્યો ન હોય તો મતાદારો ઉપર પ્રમાણે ચુટી કાઢવાને ચુકે તો હુદ્દો ધારણ કરવાનો હક સદરહુ કુટુબના વારસ વકીલ મતાદારને સ્વાધીન રહેશે

૧૯ વારસ વકીલ મતાદારે સામાન્યત જાતેજ વહીવટ કરવો જોઇએ, જો જાતે વહીવટ કરવાની ના કહે તો હોદ્દો ધારણ કરવાનો હકનો વારો બીજા સખસને પ્રાપ્ત થશે

૨૦ જો વારસ વકીલ મતાદાર હુદ્દા માટે નાલાયક હોય અથવા તેની જાતે વહીવટ કરવાની ઇચ્છા ન હોય અથવા એક અથવા વધારે બાજા વહીવટદારોની જરૂર હોય તો ગુમાસ્તો નીમવાનો તેને અધિકાર છે, સદરહુ ગુમાસ્તાને કાઢી મુકવા મતાદાર અરજ કરે અને તેમ કરવાનુ પાકુ કારણ કલેકટરને જણાય તો તેને કાઢી મૂકવાને કલેકટર મુખત્યાર છે, ના લાયક મતાદારને ગુમાસ્તો નીમવાનો હક પ્રાપ્ત થશે નહી

૨૧ જ્યારે ગુમાસ્તાની નીમણુક કરવાની હોય ત્યારે તે કલેકટરે વીસ દીવસની તે મતાદારને નોટીસ આપવી, તે મુદત દરમીઆન તેણે જે માણસ મતાદાર કુટુબનો આસામી હોય અને હુદ્દાને માટે લાયક હોય તેને નીમવો

૨૨ તેમ કરવાને ચુકે તો કલેકટરે ગુમાસ્તો નીમવો, ગુમાસ્તો મતાદાર કુટુબનો આસામી હોવો જોઇએ પણ એવા કુટુબનો કોઈ પણ સખસ વહીવટ કરવાને રાજી ન હોય તો કોઈ પણ બીજા સખસને નીમવાનો અધિકાર છે

૨૩ જો કોઈ મતાદાર અઢાર વર્ષથી ઓછી ઉમ્મરનો હોય અથવા કાયદાસર રીતે નાલાયક હોય ત્યારે તેને બદલે તેના વાલીને કામ કરવાનો અધિકાર છે

૨૪ એકના એક વારસ વકીલ મતાદારના હુદ્દાની મુદત તેની હયાતી સુધી હોવી જોઇએ અને ચુટી કાઢેલા વહીવટદારના હુદ્દાની મુદત પાચ વરસની, અથવા મતાદારોનો મોટો ભાગ બીજી જેટલી લાબી મુદત ઠરાવે તેટલી મુદત સુધી હોવી જોઇએ

૨૫ ચુટણી ન થાય ત્યારે મતાદારોની સખ્યા નવથી વધારે હોય, ત્યારે પાચ વરસ, સખ્યા ચારથી

વધારે અને નવથી ઓછી હોય ત્યારે સાત વરસ, અને સખ્યા ચારથી વધારે ન હોય ત્યારે દસ વરસ સુધી હુદ્દો ધારણ કરવાનો હક રહેશે

૨૬ ગુમાસ્તા નીમવા તે તેમના મુખ્યની હુદ્દાની મુદ્દત સુધી નીમવા

૨૭ ૧૫ મી કલમ લાગુ પડતી હોય તે ગામમા વારસ વકીલ મતાદારના હુદ્દાની મુદતના છેલ્લા વરસમા જાતે વહીવટ કરવા દેવામા આવશે નહી તેમ નવો ગુમાસ્તો નીમાશે નહી

૨૮ થોડી મુદ્દત માટે કામ ચલાઉ વહીવટદારોની કલેકટરે નીમણુંક કરવી

૨૯ વહીવટદારોએ પોતાની ગેરહાજરીને અથવા માદગીને પ્રસગે બદલી તરીકે યોગ્ય આસામીને મૂકવા જોઇએ

૩૦ સ્ત્રીઓ, અઢાર વર્ષથી ઓછી ઉમ્મરનો સખસ, જે સખસ સાઠ વરસનો હોય, જે સખસ ગાંડો મનનો નબળો, બહેરો, આધળો, અને અપગ હોય તે સખસ, ખરાબ ચાલનો, વહીવટ કરવાને નાલાયક હોય તે સખસ, ફોજદારી ગહે દડ કે કેદની સજા પામેલો, અને હુદ્દા ઉપરથી ૩૧ મી કલમ પ્રમાણે દૂર કરેલો સખસ અને સરકારે કેળવણી સબધી પરીક્ષા ઠરાવી હોય તે પરીક્ષા પસાર નહી થયો હોય તે, જે સખસ જમીનમહેસુલ જાણી જોઇને ન આપ્યાના સબબને લીધે હુદ્દાને માટે અયોગ્ય છે તે સખસ તેવા સખસો પટેલના હુદ્દાને માટે નાલાયક છે એમ સમજવુ

૩૧ જે મતાદારે પોતાના કર્તવ્ય કર્મો કરવાને ગફલત કરે તો તેને દરેક ગુન્હા બદલ તેના વાર્ષીક વેતનના ઘણામા ઘણા ચોથા ભાગ સુધીની દડની શિક્ષા કરવાનો કલેકટરને અધિકાર છે તેમજ તેને સસ્પેન્ડ કરવાની અને સરકારની મજુરી લઇને તેને હુદ્દા ઉપરથી દૂર કરવાનો કલેકટરને અધિકાર છે, તેમજ તેને દુર કર્યો હોય ત્યારે તેની હયાતી લગીનો સબધ જપ્ત કરી ખાલસા કરવાનો ગવર્નર ઇન કાઉન્સીલને અધિકાર છે

૬૨, વહીવટદાર ઉપર ફોજદારી કામ ચાલતું હોય તે દરમ્યાન તેને સસ્પેન્ડ કરવાનો ક્લેકટરને અધિકાર છે અને તે પુરૂ થયા પછી ફોજદારી કોર્ટનો ઠરાવ પોતાના ધ્યાનમા લેવાનો ક્લેકટરને અધિકાર છે

હિંદુસ્તાનના બંદરો બાબતનો કાયદો

(સને ૧૯૦૭ નો આક્ટ નંબર ૫ મો)

૭ કૉન્સરવેટરની નીમણુક સરકારે કરવી, પલાવણી તથા દોરડા કાપવાનો બદરની હદની અદર અડચણકારક ચીજો હોય તે કહાડી નાખવાનો ભાગેલા વહાણને બહાર કહાડવાનો, વહાણ ઉપર જવાનો તથા વહાણ બદલ ફી વીગેરે વસુલ કરવા ઇમારતમા પેસવાનો કોઇપણ વહાણના માસ્તર પાસે આગ ન લાગવા દેવા સારૂ અથવા હોલવવા સારૂ ખલાસીઓ માગવાનો અધિકાર કોન્ઝરવેટરને છે, કોઇપણ બંદરમા સ્થાનિક સરકારના હુકમથી ધાલેલા બોયા બીકીન તથા મુરીગ કોઇ માણસે કાયદાસર કારણ વગર ઉચકવુ નહિ તેમ તેને નુકશાન કરવુ નહિ તેમ કરશે તો નુકશાની આપવા ઉપરાત બે હજાર રૂપિઆના દડની અથવા બે વર્ષની કેદની શિક્ષા થશે

૨૦ જે માણસ કોઇ પણ બંદરમા કોઇ વહાણને, તેના ધણીની પરવાનગી વગર તેના મુરીગમાથી જાણી જોઇને છુટુ કરશે કે કહાડશે તેને બશે રૂપિઆ સુધી દડની અથવા ૭ મહિના સુધી કેદની શિક્ષા થશે

૨૧–૨૨ જે કોઇ વહાણનો માસ્તર નિરમ અથવા કચરો કોઇ પણ બંદરમા અયોગ્ય રીતે કાયદાસર કારણ વગર નાખશે તેનો તેમજ મના કરેલી હદમા કોન્ઝરવેટરના હુકમ વિરૂદ્ધ વહાણને ચોપડશે કે તેમાની ગદવાડ બાળી નાખશે તેને દરેક ગુન્હા બદલ પાચસો રૂપિઆ સુધી દડની શિક્ષા થશે

૨૩–૨૬ જે માણસ મના કરેલી હદમા વહાણ ઉપર કાચો ડામર, રાળ વિગેરે સળગી ઉઠે તેવો પદાર્થ ઉકાળશે, તેમજ પોતાના વહાણને બાંધેની પલાવણી કે હાજર સુરજ આથમ્યા પછી બહાર રાખશે અને દરેક ગુન્હા બદલ બસો રૂપીઆ સુધી દડ થશે

૨૭ જે માણુસ બંદરમા કાયદાસર કારણુ વગર કોઇપણુ અગ્નિશસ્ત્ર છોડશે તેનો પચાસ રૂપિયા સુધી દડ થશે, પણુ સકટની સુચના કરવા સારૂ બદુકનો ખાલી બાર કરશે તેનો દડ થશે નહિ

૨૮ જે વહાણુનો માસ્તર, વહાણુમા આગ લાગતી હોય તે વેળા તે હોલાવવાની તજવીજ કરવાનું વર્જ્ય કરશે તેને છ મહીના સુધીની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીની દડની અથવા એ બનેની શિક્ષા થશે.

૨૯. કૅાન્સરવેટરની પરવાનગી વગર ખોવાયલા સ્ટોર સારૂ બદરના તળીયામા શોધ કરશે તેનો સો રુપિઆ સુધી દડ થશે

૩૦ બંદરના, કાઠાના કે કીનારાના કોઈ પણુ ભાગમાથી કૅાન્સરવેટરની પરવાનગી વગર જે કોઇ માણુસ ખડક, પથરા, જાડી રેતી, કાકરા, રેતી અથવા માટી કહાડી નાખશે અથવા લઇ જશે તેનો નુકશાની આપવા ઉપરાત સો રૂપિઆ સુધી દડ થશે

૩૧ પેલટ વગર અથવા હાર્બર માસ્તરની પરવાનગી વગર વહાણો એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવા નહિ

૩૩ બદરોનુ દેણુ ત્રીજા પરિશિષ્ટ પ્રમાણે નીચે પ્રમાણે લેવુ માછલી મારવાની હોડીઓ સિવાય મુબઇના દશ ટનના તથા તેથી વધારે ટનના સમુદ્રમા જનારા વહાણોના દર ટને ચાર આના એક મહીનામા એકજ વખત આપવા બદરોના બે વર્ગ પાડયા છે તેમા ઉત્તર વર્ગમા—ઘોઘાથી અરનાલા સુધી અને એકજ દક્ષીણુ વર્ગમા વાદરાથી ભટકળ સુધીના દશ ટનના તથા તેથી વધારે ટનના સમુદ્રમા જતા વહાણો માટે ઘણામા ઘણા ત્રણ આના ત્રીસ દીવસમા એકજ વખત આપવા કરાચીના ત્રણ મહીનામા દર ટને ચાર આના અને એડનના એક મહીનામા દર ટને ત્રણ આના આપવા

૩૪ બદરના દેણા સ્થાનિક સરકાર ફેરફાર કરવાને મુખત્યાર છે

૩૬ બદરના દેણાની ફી વિગેરેનો હિસાબ રાખવા કોઇ અમલદારની સ્થાનિક સરકારે નિમણુક કરવી

૩૮. અને તેને તેણે બદરના દેણાની વિગેરે બદલ પહોચ આપવી

૩૯ બદરની અદર વહાણુ આવ્યા પછી ચોવીસ કલાકની અદર વહાણુનો માસ્તર કાન્સરવેટરને વહાણુ આવ્યાનો રીપોર્ટ કરવાને ચુકશે તો તેનો સો રૂપિઆ સુધી દડ થશે

૪૦–૪૩ વહાણુનો માસ્તર બદરનુ દેણુ વિગેરે આપવાને ના કહેશે તો તે વહાણુ વિગેરે જપ્ત કરવાને દેણુ આપવામા આવે ત્યા સુધી અટકાવી રાખવાને, અને પાચ દીવસમા ન આપે તો તે વેચવાને પ્રાપ્ત થશે તેમજ તે ન આપે ત્યા સુધી વહાણુ માટે પોર્ટ કિલયરન્સ આપસે નહી

૪૫ બદર દેણા વિગેરે આપવાનુ ઉડાવવા બદલ સદરહુ રકમની પાચ ગણી રકમ સુધીના દડની શિક્ષા થશે

૪૬–૪૭ નિરમ ભરેલા વહાણુ બદલ બદરે દેણુ પોણા ભાગ કરતા વધારે લેવુ નાહ, અને જે વહાણો માલ અથવા ઉતારૂ ઉતારતા અથવા લેતા નહિ હોય તેનુ બદરે દેણુ અડધા ભાગ કરતા વધારે લેવુ નહી

૪૮ કોઇપણુ વિહાર—નૌકા બાબત અથવા તોફાનથી વહાણુ પાછા આવે તે બાબત બદરે દેણા લેવાનો અધિકાર નથી

૫૧ જે વહાણુનો માસ્તર વહાણુનો નબર અને નામ જણાવવાની સિગ્નલ ચઢાવશે નહિ તેને એક હજાર રૂપીઆ સુધીના દડની શિક્ષા થસે

૫૪ સ્થાનિક સરકારે કરેલી કાનુન તથા હુકમ જે સખસ માન્ય નહી કરે તેનો દરેક ગુન્હા બદલ સો રૂપિઆ સુધી દડ થશે

૬૨ બંદરમા કાયદા વિરૂદ્ધ વહાણુ તથા વાવટા વિગેરે ચઢાવશે તેનો પચાસ રૂપીઆ સુધી દડ થશે

૬૬ કાન્સરવેટરના અધિકાર તેના આસીસ્ટટોને છે

હિંદુસ્તાનનો જમીન લેવા બાબતનો આકટ

સન ૧૮૯૪ નો આકટ ૧ લો

૧ આ આકટ આખા બ્રિટિશ ઇંડિઆને લાગુ છે

૪ સાર્વજનિક કામ સારૂ જરૂર પડવાનો સભવ હોય તેવી જમીન બાબત સરેકારી ગેઝેટમા જાહેરનામું પ્રસિદ્ધ કરવુ તથા લાગતાવળગતાને તેની ખબર આપવી અને જે અમલદારને અધિકાર આપ્યો હોય તેને તે જમીનમા જવાનો, માપણી કરવાનો, ખોદવાનો તથા પાક વીગેરે કાપી સાફ કરાવવાનો અધિકાર છે, પણ તે પહેલા સાત દિવસ અગાઉ તેના ધણીને નોટીસ આપવી

૫ તે અમલદારે તે જમીનમા જતી વખતે નુકશાનનો બદલો આપવો

૬ સાર્વજનિક કામ સારૂ અથવા કોઇ કપની સારૂ તે જમીન જોઇએ છે એવો ઠરાવ સરકારના સેક્રેટરીની સહીથી કરવો

૭ ઠરાવ થયા પછી કલેકટરે જમીન લેવાનો બદોબસ્ત કરવો

૯ તે જમીન કબજે લેવાનો સરકારનો ઇરાદો છે અને તેનુ નુકશાન લેવા માટે દાવો કરવાની નોટીસ હીત સબંધવાળા માણસોને કલેકટરે અપાવવી

૧૧ ઠરાવેલે દિવસે કલેકટરે નુકશાનનો બદલો કેટલો કોને કોને આપવો તે ઠરાવવુ

૧૬ ફેસલો કર્યા પછી જમીન કબજે લેવાનો અધિકાર છે

૧૭ રેલવે સારૂ જ્યારે એકદમ જમીન જોઇતી હોય ત્યારે નોટીસ પ્રસિદ્ધ થયા પછી કલેકટરે તે જમીન ઉપર જઇને કબજો લેવો, પરતુ કબજો લેવાનો પોતાનો ઇરાદો તેના ધણીને અડતાળીસ કલાકની નોટીસ આપીને જણાવવો

૧૮ કલેકટરનો ફેસલો જે માણસ કબુલ ન કરે તેણે તે કામનો નિકાલ થવા સારૂ કોર્ટને લખી મોકલવા કલેકટરને અરજી કરવી, ફેસલાની તારીખથી છ અઠવાડીઆની અદર એવી અરજી કરવી

૧૯ એ ઉપરથી કલેકટરે જમીન સબધી, તથા ઠરાવેલી નુકશાનની રકમ બાબત, મજકુર કોર્ટને લખી મોકલવુ

૨૦ થી ૨૨ તે ઉપરથી કોર્ટે નોટીસ કાઢી ઠરાવેલે દિવસે તજવીજ કરવી

૨૩ નુકશાનનો બદલો ઠરાવતી વખતે, જમીનની બજાર કીમત, તે ઉપરના પાકથી કે ઝાડથી નુકશાન થયુ હોય તે, જમીન જુદી પાડ્યાથી થયેલુ નુકશાન, તેથી તેની કમાઇને નુકશાન થયુ હોય તો તે, પોતાની રહેવાની જગા બદલવાથી ખર્ચ થયો હોય તો તે, અને તેમ કીધાથી જે બીજું ખરેખર નુકશાન થયુ હોય તો તે ઉપર કોર્ટે વિચાર કરવો જોઇએ

૨૫ નુકશાનીના દાવાની રકમ કલેકટરે ઠરાવેલી રકમ કરતા કમી અને દાવો કરેલી રકમ કરતાં વધારે ઠરાવવી નહિ

૩૧ કલેકટરે નુકશાનનો બદલો જેનો હક હોય તેને આપવો, અને તકરાર હોય તો તે રકમ કોર્ટમા અનામત મુકવી અને તે જમીન ઉપરનો ધારો માફ કરવાનો કલેકટરને અધિકાર છે

૩૫ પડતર તથા ખેડાણ જમીનનો થોડી મુદત સુધી ઉપભોગ કરવાની જરૂર જણાય ત્યારે ત્રણ વર્ષ કરતા વધારે નહિ એવી મુદત સુધી નુકશાનીનો બદલો આપીને ઉપભોગ કરવાનો કલેકટરને હુકમ કરવાને સરકાર મુખત્યાર છે

૪૬ જે કોઇ સખસ જાણી બુઝીને તથા ૮ મી કલમમા કહ્યા પ્રમાણે કૃત્ય કરવામા હરકત કરશે તેને એક મહીના સુધી કેદની અથવા પચાસ રૂપિઆ સુધી દડની અથવા એ બેઉની શિક્ષા થશે

૪૭ કલેકટરને આ આકટ અન્વયે જમીનનો કબજો લેતા અટકાવ અથવા હરકત કરવામા આવે ત્યારે તે જો માજીસ્ટ્રેટ હોય તો તેણે જબરીથી સદરહુ જમીન પોતાને સ્વાધિન કરી લેવી જોઇએ, અને જો તે માજીસ્ટ્રેટ ન હોય તો માજીસ્ટ્રેટને અરજી કરવી જેથી તે માજીસ્ટ્રેટે જબરીથી તે જમીન કલેકટરને સ્વાધિન કરાવવી

૪૯ ઘર અથવા ઇમારતનો કઇ ભાગ લેવો હોય ત્યારે તેનો ધણી તે આખુ ઘર તથા ઇમારત આપવાનુ કહે તો તે ભાગ લેવા સારૂ આ આકટના ઠરાવ અમલમા લાવવા નહિ

સુતરાઉ માલ ઉપર જકાત બેસાડવા બાબતનો આકટ.

(સને ૧૮૯૬ નો આકટ નં. ૨ જો)

૧ આ આકટ આખા બ્રિટીશ ઇંડિઆને લાગુ છે

૬ બ્રિટીશ હીંદુસ્તાનમાની દરેક મીલમા બતાવેલા સઘળા સુતર ઉપર એવા માલની કીમતના દર સેકડે ૩॥ ટકા લેખે એવી મીલમા જકાત બેસાડીને વસુલ કરવી

૮ મીલના ધણીએ બનાવેલા સુતરનુ માસીક પત્રક કલેકટરને મોકલવુ

૯ નોટીસની મુદતની અંદર ન ભરેલી જકાત બદલ બમણી જકાત લેવાનો કલેકટરને અધિકાર છે

૧૬ મીલ તપાસવાને અને કાગળ પત્રોની તથા હિસાબની નકલો લેવાનો કલેકટરને અધિકાર છે

૧૮ જકાતી સુતર પારકે બદરે મોકલવુ હોય ત્યારે કલેકટરે સરટીફીકેટ આપવુ

૧૯ આ પ્રમાણે સરટીફીકેટ આપવામા આવે ત્યારે માલ ઉપરની જકાત માફ થશે

૨૫ આ આકટની રૂએ કરેલી કાનુન તોડશે તો પાચસે રૂપિઆ સુધી દંડ થશે આ આકટની રૂએ કાંઈ પણ અધિકાર કલેકટર અથવા બીજો જે અમલદાર ચલાવતો હોય ત્યારે તેને ઇરાદાપૂર્વક હરકત કરશે તો છ મહિના સુધીની કેદની અથવા હજાર રૂપિઆ સુધીની દંડની અથવા એ બંનેની શિક્ષા થશે

૨૯ માલની પરિક્ષા કરવા સારૂ નમુના લેવાનો અધિકાર છે

૩૭ પારકા મુલકમાથી બ્રિટીશ હિંદુસ્તાનમા આવનારા સુતર તથા સુતરની બનેલી જણસો ઉપર તારીફના આકટ પ્રમાણે જકાત લેવામા આવશે

હિંદુસ્તાનનો નાણાં બાબતનો આકટ

(સને ૧૯૦૬ નો આકટ નં ૩ જો.)

૧ આ આકટ આખા બ્રિટીશ ઇંડિઆને લાગુ છે.

૨ 'રેમેડી' એ શબ્દનો અર્થ, પ્રમાણ, વજનના તથા પ્રમાણ કસના નાણા કરતા વત્તુ ઓછુ થવુ તે

૪ રૂપિઓ, અડધો, અને પાવલી એટલાજ રૂપાના નાણા ટંકશાળમા પાડવા જોઇએ

૫ સરકારી રૂપિઆનુ વજન એકસો એસી ગ્રેન ટ્રોય હોવુ જોઇએ, તેમા ચોખુ રૂપુ અગીઆર બારાંસ અથવા એકસો પાસઠ ગ્રેન અને ભેળ એક બારાંસ અથવા પદર ગ્રેન હોવુ જોઇએ રૂપાના બીજા નાણાનુ વજન પણ આજ પ્રમાણે હોવુ જોઇએ

૭ નીચે લખેલુજ નીકલનું નાણુ ટંકશાળમા પાડવુ જોઇએ, **"બે આની, તથા એક આની"** બે આની તથા એક આનીનુ પ્રમાણ વજન અનુક્રમે નેવુ તથા સાઠ ગ્રેન ટ્રોય હોવુ જોઇએ

૮ નીચે લખેલાજ કાસાના નાણા ટંકશાળમા પાડવા જોઇએ,—પૈસો, અડધો પૈસો, અને પૈ

૯ પૈસાનુ વજન પચોતેર ગ્રેન ટ્રોન હોવુ જોઇએ, અને બીજા કાસાના વજન તેજ પ્રમાણે હોવુ જોઇએ, કાસાનુ નાણુ, તાબુ, કથીર, અને જસત જેમા મિશ્ર હોય એવી ધાતુનુ પાડવુ જોઇએ

૧૦ નાણુ, પાડવાનુ ફરમાવવાનો અને તેનુ કદ તથા છાપ ઠરાવવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કૌન્સિલને છે

૧૧ સોનાનું નાણુ, એક સોવેરેનના પદર રૂપીઆના દરે કાયદાસર અવેજ છે એમ સમજવુ

૧૬ થી ૨૦ જે સખસને સ્થાનિક સરકારે અધિકાર આપ્યો હોય તે સખસને રૂપાના ઓછા થયલા, અથવા બેડોલ કરેલા અથવા ખોટા બનાવેલા રૂપાના નાણા કાપવાનો અધિકાર છે કાપેલા કડકા ધણીને પાછા આપવા અથવા તે બદલ ઠરાવેલા દરે તેને પૈસા આપવા

જળમાર્ગની કસ્ટમની ડયુટી (જકાત) લેવા સંબંધી કાયદો.

સન ૧૮૭૮ નો આક્ટ ૮ મો

૧ આ આક્ટ બ્રિટિશ ઈંડિઆને લાગુ છે

૧૦ કસ્ટમના અમલદારોને જુરીનુ અથવા મરણના કારણની ચોકશી કરવાનુ અથવા આસેસરનુ કામ કરવાની ફરજ પાડવી નહિ

૧૧ બંદરો તથા ડક્કા તથા મોડલીઓ નીમવાનો સ્થાનિક સરકારને અધિકાર છે

૧૪—૧૫ સરકારી વખાર નીમવાનો તથા ખાનગી વખારોને લેસન્સ આપવાનો કસ્ટમના મુખ્ય અધિકારીને અધિકાર છે

૧૮ હેઠળ લખેલી ગકમોમા કહેલો માલ બ્રિટિશ ઈંડીઆમા ખુશ્કીને રસ્તે અથવા જળમાર્ગે લાવવો નહિ એટલે–ગ્રંથ સ્વામિત્વ બાબત કાયદો તોડીને છાપેલુ પુસ્તક, ખોટો બનાવટનો શિક્કો, કોઇ બીભત્સ પુસ્તક, ચોપાનીયુ, અને ફોસ્ફરસની દીવાસળીઓ, ચિત્ર અથવા નક્સો જે પદાર્થ ઉપર નામ અથવા ડાહામી કહાડેલુ નિશાન હશે તે, જે માલ ઉપર વેપારના માલનુ ખોટુ વર્ણન કરવામા આવ્યુ હોય તે માલ, જે માલ ઉપર લંબાઇના યાર્ડની છાપ મારી ન હોય તે માલ

૧૯ કોઇ ઠગવેલા પ્રકારનો માલ બ્રિટીશ ઈંડીયામા કે તેના કોઇ નક્કી કરેલા ભાગમા જળમાર્ગે કે ખુશ્કીના રસ્તે લાવવાની કે તેમા લઈ જવાની મના કે મર્યાદા કરવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કાઉન્સીલને છે

૨૦ હેઠળ લખેલા માલ ઉપર કસ્ટમની ડયુટી લેવી એટલે,—કસ્ટમના બંદરમા કોઇ પારકે બંદરેથી જળમાર્ગે આણેલા કે મોકલેલા માલ ઉપર અફીણ, મીઠા અને મીઠુ દીધેલી માછલી ઉપર, પણ સદરહુ પ્રકારની ડયુટી સરકારના માલ ઉપર લેવી નહી

૨૪ જે સામાન ખરેખર વાપરવાનો હોય તે ડયુટી લીધા વગર પસાર કરવાનો કસ્ટમના કલેકટરને અધિકાર છે

૨૫ આ દેશમા ઉત્પન્ન થયેલો માલ ફરીથી આણ્યો હોય ત્યારે તે જાણે પ્રથમ આણ્યો હોય તેમ તેની ઉપર ડયુટી લેવી, પણ જો તે ત્રણ વરસની અંદર પાછો આણ્યો હોય, અને જે માણસે જેના તરફ મોકલ્યો હોય તે માણસ તરફ તે માલનુ સ્વામિત્વ ચાલતું આવ્યુ છે, એવી ખાત્રી થાય તો તે માલ ડયુટી આપ્યા વગર આવવા દેવો

૨૭ ધણીએ નાખી દીધેલો માલ તથા ભાગેલા વહાણ ઉપરનો માલ તણાઇ આવ્યો હોય તે માલ બંદરમા લાવશે તો તેવા માલ ઉપર જે ડયુટી પડત તેટલી જ ડયુટી પડશે

૨૯ ગામઠી અન્ન સામગ્રી તથા સ્ટોર, ડયુટી આપ્યા વગર વહાણ ઉપર ચઢવાનો અધિકાર છે

૩૩ બગડેલા માલ બાબત છુટ આપવી

૪૦ ખર્ચ ભુલથી લીધો હોય અથવા આપ્યો હોય તો ત્રણ મહિનાની અંદર દાવો કર્યા વગર પાછો આપવો નહિ

૫૩ બંદરમા આવનારા વહાણના માસ્તરે ઠરાવેલી જગાની બહાર અથવા નીચે વહાણ લગાર્યા પછી ચોવીસ કલાકની અંદર પેલટની અથવા કસ્ટમના અમલદારને મ્યુનિફસ્ટ આપવી જોઇએ

૫૭ મ્યાનિફેસ્ટ વિગેરે આપ્યા વગર તથા વહાણ તથા આવ્યાનુ નોધાવ્યા વગર માલ ઉતારવા દેવો નહિ

૬૦ મ્યાનિફેસ્ટ વિગેરે આપવાનો અધિકાર વહાણના માસ્તરને છે

૬૧ વહાણ બહાર જવાનુ છે, એમ નોધાવા બાબતનો હુકમ, બહાર મોકલવાનો માલ, વહાણ ઉપર ચઢ્યાની અગાઉ લેવો

૬૨ પોર્ટ કિલયરન્સ વગર વહાણ હંકારી જવુ નહિ

૬૭ વહાણ ઉપર કસ્ટમના અમલદારને મોકલવાનો અધિકાર છે

૬૯ કસ્ટમના અમલદારોને વહાણના સઘળા ભાગમા જવાની છુટ છે તથા માલ ઉપર મહોર કરીને તે સભારી રાખવાનો અધિકાર છે. તેમ તેને ઝાડો લેવાનો તથા તાળા તોડવાનો અધિકાર આપવાને કસ્ટમના કલેકટરને અધિકાર છે

૭૨ માલ પરવાનગી વગર બહાર અથવા તહેવારને દીવસે અથવા ઠરાવેલા કલાકની દરમીઆનના વખત સિવાય બીજી વખતે વહાણ ઉપરથી ઉતારવો નહિ

૭૨ ડકા સીવાય બીજે ઠેકાણેથી માલ વહાણ ઉપર ચઢાવવો નહી અથવા ઉતારવો નહી

૭૭ પ્રાણીને રસ્તે આણેલો માલ તાબડતોબ જમીન ઉપર ઉતારવો અથવા વહાણ ઉપર ચઢાવવો

૭૮ સદરહુ પ્રકારનો માલ પરવાનગી વગર બીજી હોડીમા ચઢાવવો નહી

૭૯ માલની જે હોડીને લેસન્સ આપ્યુ નહી હોય તેઓને ફરમાવવાની મના કરવાનો અધિકાર છે

૮૧ યોગ્ય પરવાનગી મળી હોય તો વહાણ ઉપરનો માલ ઉતારવા માડવાનો અધિકાર છે

૮૨ માલ મ્યુનિસિફિટમા દાખલ કર્યા વગર વહાણમાથી ઉતારવો નહિ

૮૬ જ્યા માલ આણ્યો હોય ત્યાજ ખપ થવા સારૂ નોધાવવો અથવા વખારમા ભરી રાખવો

૮૮ બગડી જાય તેવો માલ વેચવાનો હુકમ કરવાનો કસ્ટમ કલેકટરને અધિકાર છે

૯૭ ખાનગી વખારમા કસ્ટમના અમલદારે જવાની છુટ છે

૯૮ તેમજ વખારમા મુકેલા પ્યાકેજ ઉઘડાવીને તપાસવાનો અધિકાર છે

૧૦૫ એક બદરથી બીજે બદર માલ લઇ જવાનો અધિકાર છે.

૧૨૨ વખારમા ભરી રાખેલો માલ ખોવાઇ જાય તો અથવા તો નાશ થાય તો ડ્યુટી માફ કરવાનો અધિકાર છે

૧૨૩ અને તે તોટો મળવા બાબત અથવા નુકશાન મળવા બાબત કસ્ટમના અમલકાર અથવા વખારવાળાએ જાણી જોઇને કાઇ કૃત્ય કર્યાને લીધે તેમ થયુ એવુ સાબીત કરે તો માલના ધણીને દાવો કરવાનો હક છે, વખારવાળો વજન બાબત અથવા માપ બાબત જવાબદાર છે

૧૬૩ કાઠે કાઠે ફરનારા વહાણ ઉપરનો માલ એકસૈસની ડ્યુટી આપવાને પાત્ર હોય તો તે પરવાનગી વગર ઉતારવો નહિ

૧૬૭ ક ૧૮ તથા ૧૯ ના ઠરાવ વિરૂદ્ધ જે માલ અદર લાવશે કે બહાર મોકલે, તે માલ સરકાર દાખલ થવાને પાત્ર થશે અને ગુન્હેગારને તે માલની કીમતના ત્રણગણા સુધી અથવા એક હજાર રૂપીઆ સુધી દડને પ્રાપ્ત થશે.

હિંદુસ્તાનનાં જગલોનો આકટ-ફૉરેસ્ટ એકટ

(સન ૧૮૭૮ નો આકટ ૭ મો)

૧ મુબઇ ગવર્નર અને લોવર પ્રાવિન્સ તથા વાવ્ય પ્રાતના તથા પજાબના લેફ્ટેનન્ટ ગવર્નર અને અયોધ્યા તથા સેટ્રલ પ્રોવિન્સમા તથા આસામના ચીફ કમીશનર એ દરેક જે મુલક ઉપર રાજ્યકારભાર ચલાવે છે તે મુલકમા આ આકટ અમલમા આવશે

૩ જગલો રાખવાનો અધિકાર સ્થાનિક સરકારને છે

૮ ફોરેસ્ટ સેટલમેન્ટ ઓફીસરને હરકોઇ જમીન ઉપર જવાને તેની સર્વે કરવાને અને ફરીયાદીનો ઇન્સાફ કરવામા દીવાની કોર્ટના અધિકાર ચલાવવાને અધિકાર છે

૨૪ રાખેલા જગલ માહેનો માર્ગ તથા પાણીનો પાટ બધ કરવાનો ફોરેસ્ટ ઓફીસરને અધિકાર છે

૨૫ જે કોઇ માણસ મના કરી હશે તેવો પ્રદેશ નવો સાફ કરશે, રાખેલા જગલને આગ લગાડશે, અથવા તેમા જોખમ થાય તેવી રીતે વસ્તેવ પેટવશે, અથવા ઠરાવેલી મોસમ સિવાય બીજી મોસમમા વસ્તેવ પટવશે, રાખશે કે લઇ જશે, અતિક્રમણ કરશે, ઢોર ચારશે, ઢોરને અતિક્રમણ કરવા દેશે, કોઇ ઝાડ કે સુતાર

કામના લાકડા કાપવામા કે ખેચી લઇ જવામા ગફલત કરીને કાંઇ નુકશાન કરશે, કાંઇ ઝાડ કાપશે, છેદશે, બાળશે કે તેની છાલ કે પાદડા તોડશે અથવા નુકશાન કરશે ખાણુ ખોદી પથ્થર કાડશે કે ચુનો પકવશે કે કોયલા તૈયાર કરશે અથવા જગલનુ કાંઇ ઉત્પન્ન એકઠું કરશે, વાવેતર કરવા સારૂ જમીન સાફ કરશે, અથવા ખોદશે, ઠગવેલી કાનુન તોડીને હાથી પકડશે, કે શિકાર કરશે, માછલી મારશે, પાણી ઝેરી કરશે અથવા પાજરૂ મુકશે, તેને નુકશાનીના બદલા સિવાય છ મહીના સુધી કેદની શિક્ષા અથવા પાચસો રૂપિઆ સુધી દડ અથવા એ બેઉ શિક્ષા થશે

૨૭ રાખેલા જગલની જમીન સબધી સરકારના હક કોઇ ગામના લોકોને સોપી દેવાનો તથા તે રદ કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે આ પ્રમાણે સોપી દીધેલા જગલોને ગામના જગલો કહેવા

૨૮ જે જગલની જમીન રાખેલા જગલમા સામેલ કરી નહિ હોય પણ જે સરકારની મિલકત હશે તે જગલને આ બાબતના ઠરાવ લાગુ છે એવુ સ્થાપીત કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે આવા જગલને સરક્ષણ કરેલુ જગલ કહેવુ

૨૯. સ્થાનિક સરકારને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર જાહેરનામુ પ્રસિદ્ધ કરીને છે-ઝાડ રાખી મૂકવાનો, જગલ બધ કરવાનો, જગલનુ ઉત્પન્ન એકઠું કરવા વિગેરેની મના કરવા બાબતનો અને જમીન ખોદવાની અથવા સાફ કરવાની મના કરવા બાબતનો

૩૨ ૨૯ મી કલમ પ્રમાણે કરેલુ જાહેરનામુ તોડીને જે સખસ, ઝાડ કાપશે, ખાણુ ખોદી પથ્થર કાડશે કે ચુનો પકવશે, કોયલા તૈયાર કરશે, જગલનુ ઉત્પન્ન એકઠું કરશે, વાવેતર સારૂ જમીન ખોદશે, કે કરશે, આગ લગાડશે, વસ્તેવ પેટવશે, પેટવેલો વસ્તેવ સળગતો મુકી જશે, નુકશાન થાય તેની રીતે ઝાડ કાપશે કે લાકડા ખેચી જશે, કે ઝાડને નુકશાન કરશે તેને છ મહીના સુધીની કેદની અથવા પાચશે રૂપિઆ સુધી દડની અથવા એ બેઉની શિક્ષા થશે

૩૯. સુતાર કામના લાકડા ઉપર ડયુટી બેસાડવાનો સ્થાનિક સરકારને અધિકાર છે

૪૩ ડીપોમા જગલના ઉત્પન્નને નુકશાન થયા બાબત સરકાર તથા ફોરેસ્ટ ઓફીસર જવાબદાર નથી

૪૪ ડિપોમા આફતને પ્રસગે સઘળા માણસોએ મદદ કરવી અવશ્ય છે

૪૫ કેટલીએક જાતના સુતાર કામના લાકડા ઉપર હક્ક સાબેત કરવામા આવે ત્યા સુધી તે સરકારનો માલ છે એમ સમજવુ તથા તે પ્રમાણે તે એકઠા કરવાનો અધિકાર છે

૫૨ જગલો સબધી ગુન્હો કરવામા વાપરેલા હથીયારો, ઢોર, ગાડા વિગેરે માલ પકડવાનો અને જો તેટલી રકમના જામીન આપે તો તેને છોડવાનો અધિકાર ફોરેસ્ટ ઓફીસરને અથવા પોલીસના ઓફીસરને છે

૬૩ જે કોઇ સખસ ઝાડ ઉપરની તથા સુતાર કામના લાકડા ઉપરની નિશાની ખોટી બનાવટની કરશે, છેકી નાખશે, તથા હદનિશાનીમા ફેરફાર કરશે તેને બે વરસ સુધી કેદની અથવા બેઉની શિક્ષા થશે

૬૫ ગુન્હાનો ઇન્સાફ કરવાનો અધિકાર, અધિકાર આપેલા પહેલા વર્ગના માજીસ્ટ્રેટને છે

૭૨ ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે ફોરેસ્ટ ઓફીસરો સરકારી નોકર છે

૭૪ ફોરેસ્ટ ઓફીસરોએ વેપાર કરવો નહી આ આકટ પ્રમાણે જમીન જોઇની હોય ત્યારે તે જમીન લેવા બાબતના આકટ પ્રમાણે સાર્વજનિક કામ સારૂ જોઇએ છીએ એમ સમજવુ

વતન એકટ.

મુંબઇનો વંશપરંપરાના હુદ્દાઓ બાબતનો એકટ.

સન ૧૮૭૪ નો આકટ ૩ જો

જમીન લેવા બાબતના આકટ પ્રમાણે સાર્વજનિક કામ સારૂ જોઇએ છીએ એમ સમજવુ

૩ આ આકટનો ૬-૭-૮ અને ૯ મો ભાગ પટેલ તથા કુલકરણી (તલાટી)ના દરજ્જા કરતા નીચા

દરજ્જાના વંશપરંપરાના હુદ્દાઓને અથવા વતનને લાગુ નથી

૫ સરકારની મંજુરી વગર વતનદારે અથવા તેના વારસે હરકોઇ વતન અથવા વતનનો ભાગ અથવા તેમાનો હકસબંધ પોતાની હયાતી કરતા વધારે મુદત માટે જે માણસ તેજ વતનનો વતનદાર નહી હોય તેવા કોઇ પુરૂષને અથવા પુરૂષના હિત સારૂ વેચવો નહી, અથવા ધરેણે મુકવો નહી અથવા બીજી રીતે દુમાલા કરી દેવો નહિ કે પટે આપવો નહી મરદ માલિકના વિધવા સિવાયની દરેક સ્ત્રી આસામીને તે કુટુંબનો વારસો લેવાને લાયક હોય તેવા મરદ આસામીની પાછળ રાખવી, હરકોઇ વતનમા અથવા તેના ભાગમા વિધવાનો હક સબંધ તેની હયાતીની મુદત સુધી અથવા તેનુ લગ્ન થતા સુધી છે એમ સમજવુ

૬ વતનના સરક્ષણ સારૂ ફરિયાદો કરવાનો અધિકાર કલેકટરને છે

૭ મહેનતાણા દાખલ જે વતન કહાડી આપ્યુ હોય તે વતન સરકારની મંજુરી વગર દુમાલા કરી શકાશે નહિ

૮ વતનની માલ મિલકત વહિવટદાર સિવાય બીજા માણસના કબજામા ગઇ હોય તો તે વહીવટદારના મહેનતાણા બાબત અવેજ આપવાને પાત્ર થશે

૯ (૧) વતનદાર સિવાય બીજા કોઇ માણસના કબજામા વતન અથવા તેનો કાઇ ભાગ કોર્ટના હુકમ સિવાય કે કલેકટરની મંજુરી વગર આ આકટ અમલમા આવતા પહેલા ગયો હશે, ત્યારે તે રદ કરવાનો તથા તે વતન ઉપર જે વતનદારનો અગાઉ હક હતો, તેને તે વતન, અથવા તેની ઉપજ ખાય તેવો હુકમ કરવાનો તથા તેની ઉપજ વસુલ કરીને વતનદારને આપવાનો અધિકાર કલેકટરને છે (૨) વતનનો ભાગ જમીન હોય તો દુમાલાભાડુ વસુલ કરવાનો અધિકાર કલેકટરને છે

૧૦ વહીવટદારના મહેનતાણા દાખલ કહાડી આપેલી, વતનની માલમિલકત ઉપરની જપ્તી, કલેકટરનો દાખલો આવ્યા પછી દિવાની કોર્ટે કહાડી નાખવી ને વેચાણનો હુકમ રદ કરવો

૧૧ આ આકટ ઠર્યા પછી વતનની માલમિલકત દુમાલા કરી આપી હશે તે દુમાલા રદ બાતલ છે એવુ ઠરાવવાનો અધીકાર કલેકટરને છે ૧૦ મી અથવા ૧૧ મી કલમ પ્રમાણે કરેલો હુકમ જે મિલકતને લાગુ પડતો હોય તે મિલકતનો કબજો એકદમ પાછો લેવો

૧૨ ૮ મી ૯ મી તથા ૧૧ મી કલમના ઠરાવ અમલમા લાવવા બાબત સક્ષેપ રીતે કામ ચલાવીને જમીનનો કબજો કહાડી લેવાનો અથવા ભાડુ વસુલ કરવાનો કલેકટરને અધિકાર છે

૧૩ મહેનતાણા દાખલ કહાડી આપેલું વતન કોર્ટના પ્રોસેસને પાત્ર નથી

ભાગ ૩ જો વતન બાબત

૧૫ વતન ધારણ કરનારાની લખેલી સમંતિથી તેને તથા તેના વારસને ચાકરી કરવાની પાત્રતામાથી કલેકટર અને તે વતન ધારણ કરનારો જે સરતો કબુલ કરશે તે સરતો પ્રમાણે નિરંતર મુક્ત કરવાને અધિકાર કલેકટરને છે

૧૬ ગામના નોકરો પાસેથી મામુલ પ્રમાણે ચાકરી લેવાનો જે હક કોઇ આસામીને કે ગામના લોકોનો હોય તે હકને આ આકટ ઉપરથી બાધ આવતો નથી

૧૭ દુમાલા ગામમાથી અવેજ આપવો હોય તેની રકમ ઠરાવવાનો અધિકાર કલેકટરને છે

૧૮ જ્યારે પટેલ કે કુલકર્ણી કરતા ઓછા દરજ્જાના વતનદારોની વતનની માલમીલકત લોકોની પાસેથી બારોબાર રોકડા અથવા એનજીનસી અવેજ લેવાનો હક હોય ત્યારે તે માણસની અરજી ઉપરથી તે હકનો તથા કર્તવ્ય કર્મોનો પ્રકાર તથા માન અને તે હકનો અવેજ આપવાને ક્યા માણસો અથવા તે કુટુંબો પાત્ર છે તે વાતનો લખેલો ઠરાવ પંચ પાસે કરાવી લેવાનો અધિકાર કલેકટરને છે સાત દાડામા પંચ ઠરાવ નહી કરશે તો કલેકટરે જાતે ઠરાવ કરવો

ભાગ ૪ થો નવાં વતનો કરવા બાબત

૨૨ અસલનું વતન નહી હોય ત્યારે નવુ વતન કરવાનો અને તે પ્રમાણે કરતી વખતે પોતાને યોગ્ય જણાય તેવી સરકારી માલમિલકત કહાડી આપવાનો અધિકાર સરકારને છે વતન અથવા વતનનો કોઇ ભાગ સરકારમા આવ્યો હોય અથવા દક બાબત ખાલસા કર્યો હોય, અથવા વતન ધારણ કરવાનો [illegible]

વિશેષ કુટુંબને હક નહી હોય ત્યારે પોતાને યોગ્ય જણાય તે માણસને તે વતનનો ભાગ કહાડી આપવાનો અધિકાર સરકારને છે

ભાગ ૫ મો વહીવટદારોનું મહેનતાણું

૨૩ આ આકટ મુજબ નીમેલા વહીવટદારોના વાર્ષિક વેતનો કલેકટરે ઠરાવવા કારણ સારૂ વતનની માલમિલકત કહાડી આપવાનો અધિકાર કલેકટરને છે

ભાગ ૬ ઠો વારસ વકીલ વતનદાર.

૨૪ વંશપરંપરાના હુદ્દાના કર્તવ્યકર્મો વારસવકીલ વતનદારોએ ગુમાસ્તાઓએ અથવા બદલીઓએ કરવા

૨૫ વારસ વકીલ વતનદાર ઠરાવવા અને રજીસ્ટરમા દાખલ કરવા

૨૮ વારસ વકીલ વતનદાર દાખલ કુટુંબના મુખ્યનુ નામ રજીસ્ટરમા દાખલ કરવુ અને વારાફરતી ચાકરી કરવાને વહીવટ છે એવુ સાબિત થાય તો તેમણે શા અનુક્રમ પ્રમાણે કામ કરવુ તે અનુક્રમ કલેકટરને ઠરાવવો

૨૯ કેટલાએક કુટુંબ એક મુળ પુરૂષમાથી થયલા નહી હોય તેવે પ્રસંગે જુદા જુદા કુટુંબના મુખ્યોના નામો રજીસ્ટરમા દાખલ કરવા તથા વારાફરતી ચાકરી કરવાનો વાહવટ સ્થાપવો

૩૧ વારસ વકીલ વતનદાર કોણ એ બાબત કુટુંબના મુખ્યો કબુલ થશે તો તે કબુલાત પ્રમાણે રજીસ્ટર તૈયાર કરવુ

૩૨ વતનની માલમિલકત મુકી દીધી હોય તોપણ ચાકરી કરવાનો હક રહેશે

૩૪ આ આકટ થયાં પછી દત્તક લઇને વારસ કરવામા આવે ત્યારે દત્તવિધાન બાબત ત્રણ મહીનાની અંદર તે વતનદારે અથવા તે મરણ પામ્યો હોય તો તે દત્તક વારસે કલેકટરને રીપોર્ટ કરવો અને કલેકટરે તે વારસનુ નામ તે પ્રમાણે રજીસ્ટરમા દાખલ કરવુ

૩૫ દતવિધાનની નોટીસ યોગ્ય રીતે આપવામા નહિ આવે તો વારસાનુ સર્ટીફીકેટ હાજર કર્યા વગર અથવા તેના ખરાપણા બાબત કોર્ટનુ આખરનુ હુકમનામુ હાજર કર્યા વગર તે દતવિધાન કલેકટરે કબુલ કરવુ નહિ

૩૬ વારસ વકીલ મતાદારના મરણ બાબત પટેલ તલાટીએ કલેકટરને રીપોર્ટ કરવો એ પટેલનુ તથા તલાટીનુ કર્તવ્યકર્મ છે રીપોર્ટની ખાત્રી થયા પછી તે મરી ગએલા વતનદારની જગાએ તે વતનદારના વડા દીકરાનુ અથવા જે બીજો પાસેનો વારસ હોય તેનુ નામ વતનદાર દાખલ કલેકટરે રજીસ્ટરમા દાખલ કરવુ

૩૭ નાની ઉમરના વતનદારના કર્તવ્યકર્મો તેના વાલીએ કરવા

ભાગ ૭ મો ચાકરીની મુદતો

૩૮ વારસ વકીલ વતનદારે ચાકરી કરવાની મુદત હેઠળ લખ્યા પ્રમાણે જોઇએ, ચાકરી એકજ વખતે હોય તો ચાકરીની મુદત હયાતી સુધીની જોઈએ અને વારા ફરતી હોય તો તે મુદત કલેકટરે ઠરાવવી, પણ આ મુદત પાચ વર્ષ કરતા ઓછી અથવા દશ વર્ષ કરતા વધારે હોવી ન જોઇએ

૩૯ ઠરેલી મુદત પુરી થયા પહેલા તે વતનદાર ગુજરી જાય તો બાકી રહેલી મુદત સુધી ચાકરી કરવાનો હક તેના વારસને છે

૪૦ વારા ફરતી કામ કરવાના વતનમા વારો કરવાનો હક કોઈ વતનદારનો આવે ત્યારે તે નક્કી કરવા સારૂ રજીસ્ટરમા જે વતનદારોના નામ હોય તેમને એક મુદતે કલેકટરે નોટીસ કાડી બોલાવવા અને તે બધામાથી ત્રણ ચતુર્થાંશથી ઓછા નહી હશે તેમણે જેનો વારો હશે તેને ચુંટી કહાડવો

૪૧ વારસ વકીલ વતનદારો, વહીવટદાર જામીન આપે તો વહીવટ કરવાનો હક જે વારસ વકીલ વતનદારને હોય તેને ચાકરી કરવા બાબતના તથા ગુમાસ્તો નીમવા બાબતના આ આકટના ઠરાવ લાગુ થશે

ભાગ ૮ મો તથા ૯ મો વહીવટ કરનારા વતનદારો તથા તેઓના ગુમાસ્તા બાબત

૪૨ વારસ વકીલ વતનદારોએ હુદ્દાના કર્તવ્યકર્મો પોતાની જાતે કરવા, પણ ગુમાસ્તો નીમવાની પરવાનગી તેને આપવાનો અધિકાર કલેકટરને છે

૪૫ વારસ વકીલ વતનદાર અથવા તેણે જે ગુમાસ્તો નીમ્યો હોય તે સખસ અઢાર વર્ષથી ઓછી અથવા ૬૦ વર્ષ કરતા વધારે વર્ષનો હોય તેને જાહેર રીતે ખરાબ ચાલનો ઠરાવ્યો હોય તેને દંડ કે કેદની શીક્ષા થયેલ હોય તેને ગાંડો કે મનનો નબળો હોય અથવા બહેરો આધરો કે અપંગ હોય તેને, અને હુદ્દાના કર્તવ્યકર્મો બરાબર રીતે કરવાને શરીરની અથવા મનની અશક્તિની લીધે કે બીજા ઉદ્યોગને રીતે નાલાયક છે, તેમ જમીન મહેસુલ ન આપ્યાને માટે તે નાલાયક છે, એમ માનવાને કલેકટરને પાકુ કારણ જણાતું હોય તો તેની પાસેથી ચાકરી લેવાની ના કહેવાનો કલેકટરને અધિકાર છે

૪૬ જ્યારે વારસ વકીલ વતનદારે અથવા તેનો ગુમાસ્તો વહીવટ કરવાને નાલાયક હોય ત્યારે કલેકટરે તેને હુદ્દા ઉપરથી કાઢી મુકી પોતે ગુમાસ્તો નીમવો

૪૭ નાલાયકી દુર થયા પછી વારસ વકીલ વતનદારને ચાકરી કરવાનો હક છે

૪૮ ગુમાસ્તો મરી જાય કે તેને નામંજુર કરવામા આવે કે તે વહિવટ કરતો બંધ થાય ત્યારે બીજો ગુમાસ્તો નીમવાનો અધિકાર છે

૫૧ વંશપરંપરાના હુદ્દાના કર્તવ્યકર્મો બાઈ માણસે કરશે નહી પણ ગુમાસ્તો નીમવાને તે મુખત્યાર છે

૫૩ આ આકટ મુજબ નીમેલો ગુમાસ્તો જે વારસ વકીલ વતનદારનું કામ વહીવટ કરવાનું હોય તે વારસ વકીલ વતનદાર જે કુટુંબનો હોય તેજ કુટુંબનો આસામી જોઇએ, જો તેવા કુટુંબનો કોઇ આસામી એવી કોઇ ચાકરી કરવાને લાયક અને ગરજી હોય તો તે સખસને ઉપર પ્રમાણે નીમવાની જો કોઇ વારસ વતનદાર ના કહે, તો કલેકટરે તેવી નીમણુંક કરવી

૫૪ ગુમાસ્તાની નીમણુંક પાંચ વરસની હોવી જોઇએ

૫૮ વહીવટદાર દગલબાજીથી ખોટા દફતર બનાવે કે બીજી મોટી ગેરવર્તણુંક કરે તો તેને સરકારી મંજુરીથી દુર કરવાનો અધિકાર કલેકટરને છે

૬૦ જો કોઇ વારસ વકીલ વતનદારને અથવા તેના ગુમાસ્તાને અથવા અવેજીને તે સેસન કોર્ટ કરતા કનિષ્ટ નહિ હોય એવી કોઇ ફોજદારી કોર્ટ તેના હુદ્દાના લગતા કર્તવ્યકર્મો કરવા સબંધી અથવા ૨ જા પરિશિષ્ટમા દર્શાવેલા ગુન્હામા કોઇ ગુન્હાનો અથવા એવા ગુન્હામા મદદગારી કરવાનો તકસીરવાર ઠરાવ્યો હોય અને એવો ઠરાવ પછીથી ફેરવ્યો નહિ હોય, ત્યારે તેનું વતન જપ્ત કરીને ખાલસા કરવાનુ ફરમાવવાનો અધિકાર સરકારને છે

ભાગ ૧૦ મો—વંશપરંપરાના હલકા દરજ્જા બાબત

૬૩ પટેલ તથા કુલકર્ણીના દરજ્જા કરતા નીચા દરજ્જાના ગામના વંશપરંપરાના હુદ્દાઓને જ આ ભાગ લાગુ છે

૬૪ કલેકટર હેઠળ લખ્યા પ્રમાણે કરવાને મુખત્યાર છે,વતનદાર આશામીઓના નામ રજીસ્ટરમા દાખલ કરવા, તેમના કર્તવ્યકર્મો તથા જવાબદારી ઠરાવવી, તેમજ તે કરવા સારૂ જરૂર હોય તો તેટલા માણસો નીમવાનુ ઠરાવવુ, તેઓની કસુરથી વતન જપ્ત કરવા, અને વહીવટ કરનારા માણસો નીમવા બાબત તેમના મહેનતાણા બાબત, ચાકરીની મુદત બાબત, શીક્ષા બાબત આ આકટમા ઠરાવ કર્યો નહિ હશે તે વાતો બાબત હુકમ કરવો

ભાગ—૧૧ રજીષ્ટર

૬૫ આ આકટના કારણ સારૂ કલેકટરે રજીસ્ટર તૈયાર કરીને રાખવુ ચાકરી કરવી પડતી હોય તે જમીનનુ અને નીમણુંકોનુ એક રજીસ્ટર જોઇએ, બીજું ચાકરી કરવી પડતી નહી હોય તેનુ જોઇએ

ભાગ—૧૨ પરચુરણ

૬૯ ગમે તે પ્રકારના વતનદાર હોય પણ ચાકરી કરવાની તેઓની પાત્રતા હોય તેનો બદલો થયો નહી હોય તો તે સઘળા જણાને સિરસ્તા પ્રમાણે અથવા કાયદાસર ચાકરી કરવી પડશે

૭૦ વતનના દફતર એ સરકારની મિલકત છે

૭૧ ગામના કાગળપત્રો ઉપર સહી કરવાનો અધિકાર વતનદારને છે

ભાગ—૧૩ અપીલો તથા કામ ચલાવવાની રીત

૭૩ ૩ જા, ૫મા, ૬ ઠા તથા સાતમા ભાગ પ્રમાણે હુકમ કરવા હોય તે લખેલી ચોકસી કરીને પછી કરવા

૭૪ કલેકટરે ચલાવેલા કામ ઉપર રેવન્યુ કમીશનરનો સામાન્ય નિર્બંધ રહેશે

૭૫ ૧૦ મા ભાગ પ્રમાણે ચોકશી કરવાનો અધિકાર મામલતદારને અથવા મહાલકરીને છે પણ તેનો ફેસલો કલેકટરે કરવો

૭૭ આસિસ્ટંટ કલેકટર કે ડેપ્યુટી કલેકટરે કરેલા ઠરાવ ઉપર એકજ અપીલ ચાલશે, અને તે હુકમની તારીખથી સાઠ દહાડામા કલેકટરને ત્યા કરવી, કલેકટરના ઠરાવ ઉપર હુકમની તારીખથી નેવુ દહાડામા કમીશનરને ત્યા અપીલ ચાલશે, હુકમની નકલ તૈયાર કરતા જેટલી મુદત લાગે તેટલી મુદત ગણતી વખતે મુકી દેવી,

૭૮ અપીલની અરજી સાથે હુકમની નકલ જોઇએ જેને અપીલ કરી હોય તેને અપીલ સક્ષેપ રીતે ના મજુર કરવાનો અધિકાર છે

૭૯ ચલાવેલું કામ મગાવવાનો અધિકાર સરકારને છે

૮૪ જે અધિકાર રેવન્યુ કમીશનર અથવા કલેકટર આ આકટ પ્રમાણે ચલાવી શકે તે અધિકાર ખસુસ ટાળી કહાડેલા કોઈ અમલદારને અથવા દુમાલા કરેલા ગામના સંબધમા એવા ગામના ધારણ કરનાર વિગેરેને સોપવાનો અને વશપરપરાના ગામના અમલદારોને બે રૂપિયા સુધી દંડ કરવાનો અધિકાર મામલતદાર અથવા મહાલકરીને આપવાનો અધિકાર ગવર્નર ઇન કાઉન્સિલને છે

(પરિશિષ્ટ—૨)

ફોજદારી કાયદાની ૧૨૧, ૧૨૧ અ, ૧૨૨, ૧૨૪ ૧૨૫, ૧૩૦ ૨૦૧, ૨૧૩ અને ૨૧૬ મી કલમો પ્રમાણે શિક્ષા થઇ શકે તેવા ગુન્હા

મુંબઈનો ઈરીગેશન આકટ.

સન ૧૮૭૯ નો આકટ ૭ મો.

ઉપદેશ મુબઇ ઇલાકામા નહેર બાધવા તે ચાલુ રાખવા તથા તેઓનુ નિયમન કરવા બાબતના, તેમાથી પાણી આપવા બાબતના તથા સદરહુ પ્રમાણે આપેલા, પાણી બાબત પીઆવો લેવા બાબતને વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવેલુ છે

૧ આ આકટ મુબઇ શહેર સિવાય આખા મુબઇ ઇલાકાને લાગુ છે

૫ પાણી નહેરના કારણ સારૂ વાપરવાનુ હશે ત્યારે જાહેરનામુ કરવુ

૬ પાણી સદરહુ પ્રમાણે વાપરવાના કારણ સારૂ કેનાલ ઓફીસરોને ગમે તે જગા ઉપર જવાનો, પ્રતિબંધ કાઢી નાખવાનો, કાસ બધ કરવાનો, અને જરૂરનું સઘળુ કામ કરવાનો અધિકાર છે

૧૧ નહેરની ઉપર થઇને પેલી તરફ જવા આવવાના, અને નિરૂપયોગી પાણી કાઢી નાખવાના સાધન જરૂરના લાગે તે સરકારે કરવા

ખાનગી બંદોબસ્ત કરીને નવી નીક બાધવી

૧૭ પોતાથી નવી નીક બાધી શકાતી નહિ હશે ત્યારે કેનાલ ઓફીસરની પાસે નવી નીક બધાવવા બાબતની અરજી કરવાનો અધિકાર છે

૨૨ માલેક સિવાય બીજા માણસે નીકમાથી પાણી મળવા સારૂ માલિકની સાથે ખાનગી બંદોબસ્ત કરવો અથવા પાણી લેવાનો અધિકાર મળવા વિશે અથવા પોતાને સામાઇક માલીક તરીકે ઠરાવવા વિશે કેનાલ ઓફીસરને અરજી કરવી

૨૪ નીક સારૂ લીધેલી જમીનનો ઉપયોગ બીજા કારણ સારૂ લેવાનો અધિકાર નથી,

૨૬ નીક ઉપર હક સબધ હોય એવા માણસના પરસ્પર હક બાબતની અને પાત્રતા બાબતની તકરારનો નિકાલ કેનાલ ઓફીસરે કરવો

૨૭ કોઇ પણ નહેરમાથી જે માણસની પાણી લેવાની ઇચ્છા હશે તેણે તે મજકુરની લખેલી અરજી આધકારવાળા નકલ ઓફીસરને કરવી. અરજી સરકારે ઠરાવેલા નમુના પ્રમાણે કરવી જોઇએ, અને જમીનને પાણી પાવાના કારણ સિવાય બીજા કારણ સારૂ કેનાલ ઓફીસરને સરકારી મજુરીથી પાણી આપવાનો અધિકાર છે

૨૮ યોગ્ય કારણ સિવાય કોઈ પણ નીકને, અથવા પાણી મળવાનો જે જે કોઇ માણસને હક હશે તેને, પાણી આપવાનુ બધ કરવુ નહિ

૨૯ નહેરનું પાણી એક અથવા વધારે પાકને વાસ્તે જમીનને પાવાને આપવામા આવ્યુ હશે ત્યારે સદરહુ પાણીનો ઉપયોગ કરવાની પરવાનગી કે પાત્ર તૈયાર થાય ત્યા સુધી માત્ર ચાલુ રહેશે, અને તે પાકને માત્ર લાગુ છે

૩૦ પાણી આપવા બદલના કરાર જે-મિલકતને પાણી આપ્યુ હશે તે મિલકતની સાથે બીજાને પ્રાપ્ત કરી આપી શકશે, પણ પાણીનો ઉપયોગ કરવાનો હક બીજે કોઇ પણ પ્રસગે કેનાલ ઓફીસરની પરવાનગી સીવાય બીજાને કરી આપવાનો અધિકાર છે

૩૧ જે નુકશાન આ આકટ મુજમ અમલ ચલાવતા થયુ હશે તે અને જે બાબતમા ખરે ખરૂ થયેલુ નુકશાન કરાવી શકાતું હશે એવી સઘળી બાબતમા બદલો આપવો પાણી મળતું હશે તે બધ થયાથી કે ઓછુ થયાથી પીઆવામા છુટ આપવાનો અધિકાર છે

૩૨ નુકશાની વિશેની ફરીયાદ નુકશાન શરૂ થયાની વખતથી બાર મહિના પછી સાભળવી નહિ

૩૮ નુકસાનીના બદલા વિશેની માગણી કલેકટર પાસે કરવી

૪૨ પાણી મળવાને હરકત થઇ હોય તો મહેસુલની માગણી ઓછી કરવી

૪૪ નહેરનુ પાણી આપવા બદલ પીઆવા સરકારે ઠરાવવા

૫૪ હુકમ વગર પાણીનો ઉપયોગ કરવા બદલના, અથવા પાણી નકામુ વહેવા દેવા બદલના મધળા ચાર્જ કરવા તે, દડ લેઇને વળી પીઆવા પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે

૫૭ પીઆવો ક્યારે કોને આપવો તે સરકાર ઠરાવશે પીઆવાની બાકી તથા નીકના માલીકનુ લેણુ, ભાડુ, જમીન મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે

૬૧ જે કોઇ સખસ કોઇ પણ નહેરને નુકશાન કરશે, નહેરના પાણીને બગાડશે, કોઇ નિશાનીનો કે પાણી માપવાના યત્રનો નાશ કરશે, નહેરના કોઇ પણ કામ, કે કાસ ઉપર જનાવર કે ગાડી લઇ જશે, કે ઢોર ચારશે અને સરકારે કરેલી કાનુનો તોડશે વિગેરે કૃત્યો કરશે તેને પચાસ રૂપિઆ સુધી દડની, એક મહિના સુધી કેદની અથવા એ બનેની શિક્ષા થશે

૬૨ નહેરની મજબુતીને જોખમ કરવા વગેરે બદલ બસે રૂપીઆ સુધી દડની અથવા છ મહિના સુધી કેદની અથવા એ બનેની શિક્ષા થશે

૬૪ નહેર ઉપર રાખેલા માણસો અપરાધીઓને કેદ કરવાને મુખત્યાર છે

૬૬ આ આકટ મુજબ કરેલા ગુન્હાની બાતમી આપનારને દડ બક્ષીસ તરીકે આપવો

૬૭ ૧૩, ૧૮, ૨૫, ૩૦, ૪૫, ૪૬, અને ૪૮ મી કલમ મુજબ કેનાલ ઓફીસરે કરેલા હુકમ ઉપર, તે હુકમની તારીખથી ત્રીસ દીવસની અદર કલેકટર આગળ અપીલ ચાલશે કલેકટરે ચલાવેલા કામ ઉપર કમિશનરની દેખરેખ રહેશે

૭૧. આ આકટના ઠરાવ જે નહેર, કાસ કે તળાવ મ્યુનિસિપાલીટીનુ હશે તેને લાગુ નથી

મુંબઇનો જીલ્લામાં સીતળા કાઢવા બાબતનો આકટ

સને ૧૮૯૨ નો આકટ નંબર ૧ લો

ઉદ્દેશ— [1]ઇન ઓક્યુલેશનના ચાલની મના કરવાનુ તથા છોકરાને [2]સીતળા કાઢવાની જરૂર પાડવાનુ વિગેરે જે અર્થે યોગ્ય છે તે અર્થે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે

૨ આ આકટની ૩૩ મી કલમ આખા મુબઈ ઇલાકાને લાગુ છે અને બાકીનો ભાગ મુબઇ શહેર તથા કરાચી શહેર સીવાય આખા મુબઇ ઇલાકાને લાગુ છે

૫ સેનીટરી કમિશનરે સીતળા કાઢવાના કામ સારૂ સરકલ કરવા, પ્રત્યેક સરકલ સારૂ એક શીતળા કાઢનાર નીમવો, શીતળા કાઢનારને નોકરી ઉપરથી કહાડી મુકવાનો અધિકાર સેનેટરી કમિશનરને છે

સીતળા કાઢવાના પ્રદેશની હદની અદર જન્મેલા છોકરાની બાબતમા તેના જન્મ પછી ૧૨ મહિનાની અદર, અને સદરહુ હદની અદર રહેવાને આણેલા નિર્ભય ન થયેલા છોકરાની બાબતમા જો તે છોકરાની ઉપર નવ મહિના કરતા ઓછી હોય તો તેમના જન્મ પછી ૧૨ મહિનાની અદર, અને નવ મહિના કરતા વધારે ઉમ્મર હોય, પરતુ ચૌદ વર્ષ કરતા ઓછી હોય, તો સદરહુ હદમા તેમને આણ્યા પછી ત્રણ મહિનાની અદર તેવા દરેક છોકરાને તેની મા કે બાપે અથવા પાલન કરનારે સીતળા કઢાવવા, પોતાની પાસે આણેલા સઘળા છોકરાને સીતળા કાઢવાને સીતળા કાઢનાર બધાયેલો છે

૧૦ એક વખત સીતળા કઢાયા પછી તે પછીના બીજા અઠવાડીયામા સીતળા કાઢનાર પાસે તે છોક-રાને ફરીથી તપાસવા સારૂ લઈ જવુ સીતળાના દાણા ન ઉઠે તો સીતળા કાઢનાર ઠરમાવે તો ફરીથી શીતળા કાડવા

૧૪ શીતળા કાઢવા તે ઘણુ કરીને છોકરાના મા બાપ અથવા પાલન કરનાર કહે તેના ચેપથી કાઢવા જોઇએ પણ જનાવરોનો ચેપ તુરત મળી શકે તેમ ન હોય તો માણુસના ચેપથી સીતળા કાઢવા જે છોકરૂ તદુરસ્તવાળુ દેખાતું ન હોય અથવા જેના માબાપ રોગીષ્ટ હોય તેવા છોકરાનો ચેપ લેવો નહિ

૧૫ શીતળા કાઢવાના સરકારી સ્થળમા સીતળા કાઢયા બદલ અથવા સર્ટીફીકેટ બદલ ફી લેવી નહિ

૨૨ જે સખસ સ્વાભાવિક નિકળેલા સીતળાના ચેપથી ઇન ઓકયુલેશન કરીને, અથવા કોઇ પણ માણુસના શરીરમા બીજા કોઈ ઉપરથી સીતળાનો રોગ જાણી જોઇને ઉત્પન્ન કરશે અથવા ઇનઓકયુલેશન કર્યા પછી એકાદા સીતળા કાઢવાના સ્થળમા દાખલ થશે તે સખસને ત્રણ મહીના સુધીની કેદની અથવા બસો રૂપિઆ સુધીના દડની અથવા બનેની શિક્ષા થશે

૨૩ સીતળા કાઢવાના કામ ઉપરનો સુપ્રીન્ટેન્ડેન્ટ એકાદા માજીસ્ટ્રેટને એથી ખબર આપે કે અમુક પ્રદેશમાનુ ચૌદ વર્ષ કરતા કમી ઉમરનુ નિર્ભય ન થયેલુ છોકરૂ છે અને તે છોકરાને સીતળા કઢાવવા સારૂ તેની મા કે બાપને અથવા પાલન કરનારને મે નોટીસ આપ્યા છતા સદરહુ નોટીસનો અનાદર કરવામા આવ્યો છે, તો તે ઉપરથી સદરહુ માજીસ્ટ્રેટને ચોકસી કયા પછી તે છોકરૂ નિર્ભય થયેલુ નથી એવુ લાગે તો તે છોકરાને અમુક માજીસ્ટ્રેટ મુખત્યાર છે સદરહુ વખત બે મહિના કરતા વધારે હોવા ન જોઇએ, સદરહુ હુકમ નહિ માનશે તો તેનો પચાસ રૂપીવા સુધી દડ થશે

૨૪ ઉપરની કલમ પ્રમાણે સમન કર્યા છતા છોકરૂ હાજર નહિ કરશે તો તેને ત્રણ મહિના સુધીની આશાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધી દડની અથવા એ બનેની શિક્ષા થશે

૨૫ જે કોઇ સખસ શીતળા કઢાવવા સારૂ અથવા કઢાવ્યા પછી તપાસવા સારૂ છોકરાને લઇ જવામા યોગ્ય સબબ સિવાય ગફલત કરશે, અથવા સીતળા કાઢલા છોકરાથી શીતળા કાઢનારને ચેપ લેવા દેશે નહિ તેને દરેક ગુન્હા બદલ પચાસ રૂપીઆ સુધી દડ થશે

૨૭ જે કોઇ સરકારી સીતળા કાઢનાર ગેરકાયદેસર ફી અથવા મહેનતાણુ સ્વિકારશે તેને ઇ પી કો કલમ ૧૬૧ મુજબ શિક્ષા થશે

૨૮ આ આકટ મુજબના ગુન્હા સાભળવાનો અધિકાર પહેલા અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટને છે

૩૩ તુરગ વિગેરેમા કદીઓને તથા બીજાઓને સીતળા કાઢવાનો અધિકાર છે

---

૧ પોતાની મેળે નિકળેલા સીતળાના દાણાને ચેપ લઇ સીતળા કહાડવો તે
૨ ગાયના આચળ પાસેના સીતળાના દાણાનો ચેપ લઇ કહાડેલા સીતળા

હિંદુસ્તાનનો ઇન્કમટેક્ષ આકટ.

સને ૧૯૨૨ નો આકટ નંબર ૧૧ મો (સુધારેલો)

૧ (૧) આ આકટને સને ૧૯૨૨ નો હિંદુસ્તાનનો ઇનિકમટેકસ (આવક ઉપરના કર બાબતનો) આકટ કહેવો

(૨) તે, બ્રિટિશ બલુચિસ્તાન તથા સોથલ પરગણા સુદ્ધા, આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે, અને મલિક મુઆઝમની સાથે મૈત્રી રાખનારા હિંદુસ્તાનના રાજાઓ તથા ઠાકોરોના મુલકમાહે, તે મુલક માહેની હિંદુસ્તાન સરકારની નોકરી માહેની અથવા તે અર્થે ગવર્નર જનરલ ઇન કાઉન્સિલના અધિકાર ચલાવીને સ્થાપવામા આવેલી સ્થાનિક અધિકારીની નોકરીમાહેની બ્રિટિશ રૈયતને તેમજ તે મુલકમાના મલિક મુઆઝમના બીજા સઘળા નોકરોને લાગુ પડે છે

(૩) તે સને ૧૯૨૨ ના એપ્રિલ મહિનાની ૧ લી તારીખથી અમલમા આવશે

૨ આ આકટમા, વિષય અથવા સંદર્ભ ઉપરથી કાઇપણ બાધ આવે તે સિવાય,—

(૧) ' ખેતીવાડીની આવક " એ મંજ્ઞાનો અર્થ—

(અ) જે જમીન ખેતીવાડીના કામને માટે વપરાતી હોય અને જે ઉપર બ્રિટિશ હિંદુસ્તાનમા જમીન મહેસુલ આકારાતું હોય અથવા સ્થાનિક દરને પાત્ર હોઇને જે ઉપરનો તે દર સરકારના અમલદારો જમીન મેહેસુલ તરીકે આકારતા તથા એકઠો કરતા હોય તેવી જમીનનુ કાઇપણ ગણોત અથવા મહેસુલ

(બ) નીચે લખ્યા પ્રમાણેની એવી જમીનની થતી કોઇપણ આવક, એટલે કે —

(૧) ખેતીવાડીથી, અથવા

(૨) ખેડુત પોતે અથવા ગણોતમા પેદાશ લેનાર, પોતે ઉત્પન્ન કરેલી અથવા પોતાને મળેલી પેદાશને બજારમા લઇ જવા લાયક કરવાને સાધારણ રીતે જે ક્રિયા કરે છે તે ક્રિયા ખેડુતે અથવા ગણોતમા પેદાશ લેનારે કરી હોય તો, તે ક્રિયાથી, અથવા

(૩) ખેડુતે પોતે અથવા ગણોતમા પેદાશ લેનારે જે પેદાશ ઉત્પન્ન કરી હોય અથવા પોતાને જે પેદાશ મળી હોય, અને જેની બાબતમા, પેટા–કલમ [૨] મા જણાવેલા પ્રકારની ક્રિયા સિવાય બીજી ક્રિયા કરવામા આવી ન હોય તેના વેચાણથી

(ક) એવી કોઇપણ જમીનનુ ગણોત અથવા મહેસુલ લેનારની માલિકીની તથા ભોગવટાની કોઇપણ ઇમારતથી, અથવા જે કોઇપણ જમીનના સંબંધમા અથવા જે કોઇપણ જમીનની પેદાશના સંબધમા, રકમ (બ) ની પેટા–કલમ (૨) તથા (૩) મા જણાવેલી ક્રિયા કરવામા આવતી હોય તે જમીનના ખેડુતના અથવા ગણોતમા પેદાશ લેનારના ભોગવટાની કાઇપણ ઇમારતથી થતી આવક, એવો થાય છે

પણ એવુ ઠરાવ્યુ છે કે તે ઇમારત તે જમીન ઉપર અથવા તે જમીનની છેક નજદીક હોવી જોઇએ અને તે ઇમારત એવી હોવી જોઇએ કે તેની, ગણોત અથવા મહેસુલ લેનારને, અથવા ખેડુત અથવા ગણોતમા પેદાશ લેનારને, તે જમીન સાથે તેનો સંબંધ હોવાથી, રહેવાના ઘર તરીકે અથવા વખાર તરીકે અથવા બીજા ઉપગૃહ તરીકે જરૂર પડતી હોય

(૨) (આસેસી) " કરને પાત્ર હોય તે સખસ " એ સંજ્ઞાનો અર્થ, જે સખસને આવક ઉપર કર આપવાનો હોય તે સખસ, એવો થાય છે

(૩) " આસિસ્ટન્ટ કમિશનર " એ સંજ્ઞાનો અર્થ, ૫ મી કલમની રૂયે ઇન્કમટેકસ આસિસ્ટન્ટ કમિશનર તરીકે નિમાયલો સખસ, એવો થાય છે

(૪) " ધંધો રોજગાર " એ સંજ્ઞામા, કોઇપણ ધંધો, વેપાર અથવા હુન્નરકામનો અથવા ધંધો, વેપાર, અથવા હુન્નરકામના જેવા કોઇ સાહસ અથવા કામનો સમાવેશ થાય છે

(૫) " કમિશનર " એ સંજ્ઞાનો અર્થ, ૫ મી કલમની રૂયે, ઇન્કમટેક્ષ કમિશનર તરીકે નીમાયલો સખસ, એવો થાય છે.

[૬] "કમ્પની" એ સંજ્ઞાનો અર્થ, સને ૧૯૧૩ ના હિંદુસ્તાનના કમ્પનીઓના આક્ટમાં, એ શબ્દની જે વ્યાખ્યા કરી છે તેવી, અથવા પાર્લામેન્ટના આક્ટ અથવા રોયલ ચાર્ટર અથવા લેટર્સ પેટન્ટ અથવા કોઈ બ્રિટિશ તાબામાંહેના મુલકના કાયદા કરનારા મંડળના આક્ટના રૂયે ઉભી કરેલી કોઇ કંપની, એવો થાય છે, અને તેમાં, બોર્ડ ઓફ ઈન્લેંડ રેવન્યુ, સામાન્ય અથવા વિશેષ હુકમ કાઢીને, આ આક્ટના કારણો સારૂ, કંપની તરીકે ઠરાવે તેવી, બ્રિટિશ હિંદુસ્તાનમાં ધંધો રોજગાર કરનારી કોઇપણ પરદેશી મંડળીનો, સમાવેશ થાય છે, પછી તે સંસ્થાપિત કરેલી હોય કે ન હોય, અને તેના ધંધારોજગારનું મુખ્ય મથક બ્રિટિશ હિંદુસ્તાનમાં હોય કે ન હોય, તેની હરકત નાહિ

(૭) "ઇન્કમટેક્ષ ઓફિસર" એ સંજ્ઞાનો અર્થ, કલમ ૫ ની રૂયે ઇન્કમટેક્ષ ઓફિસર તરીકે નિમાયલો સખસ, એવો થાય છે

(૮) "માજિસ્ટ્રેટ" એ સંજ્ઞાનો અર્થ, પ્રેસિડેન્સી માજિસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજિસ્ટ્રેટ, અથવા આ આક્ટ વિરૂદ્ધના ગુન્હાઓનો ઇન્સાફ કરવાને સ્થાનિક સરકારે ખાસ સત્તા આપી હોય એવો બીજા વર્ગનો માજિસ્ટ્રેટ, એવો થાય છે

(૯) "સખસ" એ સંજ્ઞામાં, અવિભક્ત હિંદુ કુટુંબનો સમાસ થાય છે

(૧૦) "ઠરાવેલું" એ સંજ્ઞાનો અર્થ, આ આક્ટની રૂયે કરેલી કાનુનો મુજબ ઠરાવેલું, એવો થાય છે

(૧૧) "પાછલું વર્ષ" એ સંજ્ઞાનો અર્થ—

(અ) જે વર્ષને માટે કર આકારવાનો હોય તેની તુરત પાછળના વર્ષના માર્ચ મહિનાની ૩૧ મી તારીખે પુરા થતા બાર માહના, અથવા જો કરને પાત્ર હોય તે સખસનો હિસાબ, સદરહુ માર્ચ મહિનાની ૩૧ મી તારીખે પુરા થતા વર્ષને બદલે બીજી કોઇ તારીખે પુરા થતા વર્ષના સંબંધમાં સદરહુ બાર માહનાની મુદતની અંદર તારીખ સુધી તૈયાર કરવામાં આવ્યો હોય તો, સદરહુ કરને પાત્ર હોય તે સખસની મુનસફી પ્રમાણે, જે તારીખ સુધીનો તેનો હિસાબ આવી રીતે તૈયાર કરવામાં આવ્યો હોય, તે તારીખે પુરૂ થતું વર્ષ એવો થાય છે

પણ એવું ઠરાવ્યું છે કે, જો કરને પાત્ર હોય તે સખસે આ મુનશીનો ઉપયોગ એક વખત કર્યો હોત તો, ઇન્કમટેક્સ ઓફિસરની રજા સિવાય તથા તેને યોગ્ય લાગે તેવી શરતો અનુસર્યા સિવાય એવા કરને પાત્ર હોય તે સખસથી તે વખતે તેને લાગુ હોય તે પ્રમાણેના 'પાછલું વર્ષ" એ સંજ્ઞાનો અર્થ બદલાય એવી રીતે તેનો ફરીથી ઉપયોગ કરશે નહી, અથવા

(બ) કોઇપણ સખસ, ધંધો રોજગાર અથવા કંપની અથવા સખસ, ધંધો રોજગાર અથવા કંપનીના વર્ગના સંબંધમાં, બોર્ડ ઓફ ઇન્લેંડ રેવન્યુ જેને અધિકાર આપે એવો કોઇ અધિકારી ઠરાવે એવી મુદત એવો થાય છે

(૧૨) "મુખ્ય અમલદાર" એ સંજ્ઞા જ્યારે સ્થાનિક અધિકાર અથવા કંપની અથવા બીજી કોઈ સાર્વજનીક સમાજ અથવા કોઇપણ મંડળીના સંબંધમાં વપરાયલી હોય ત્યારે, તેનો અર્થ—

(અ) તે અધિકારી, કંપની, સમાજ, અથવા મંડળીનો સેક્રેટરી, ટ્રેઝરર, મેનેજર અથવા એજન્ટ અથવા

(બ) તે અધિકારી, કંપની, સમાજ અથવા મંડળી સાથે સંબંધ ધરાવતા જે કોઇપણ સખસનાપર ઇન્કમટેક્સ ઓફિસરે તે અધિકારી, કમ્પની, સમાજ અથવા મંડળીનો મુખ્ય અમલદાર છે. એમ ગણવાના પોતાના ઇરાદાની નોટીસ બજાવી હોય તે સખસ, એવો થાય છે

(૧૩) "**સરકારી નોકર**" એ સંજ્ઞાનો અર્થ, હિન્દુસ્તાનના ફોજદારી કાયદામાં જે અર્થ તેનો થાય છે તે છે, એમ સમજવું

(૧૪) "નોંધાયલી પેઢી' એ સંજ્ઞાનો અર્થ, પ્રત્યેક ભાગીદારોના ભાગ નિર્દિષ્ટ કરવામાં આવ્યા હોય એવા ભાગીદારના ખતની રૂયે જે સ્થપાયલી પેઢીની ઠરાવેલી વીગતો ઠરાવેલી રીતે ઇન્કમટેક્સ ઓફિસર પાસે નોંધાવી હોય તે સ્થપાયલી પેઢી, એવો થાય છે

(૧૫) "કુલ આવક" એ સંજ્ઞાનો અર્થ, આ આક્ટ લાગુ પડતો હોય એવા સઘળા સાધનોથી થએલી તથા કલમ ૧૬ મા જણાવેલી રીતે ગણવામાં આવેલી કુલ આવક, નફો તથા કમાઇ એવો થાય છે.

(૧૬) "બીન–નોંધાયલી પેઢી" એ સંજ્ઞાનો અર્થ, જે પેઢી નોંધાયલી ન હોય તે પેઢી, એવો થાય છે

બાબ—૧ લો.

આવક ઉપર કર આકારવા બાબત

૩. જ્યારે હિંદી ધારામંડળના કોઈપણ આકટમાં એમ ઠરાવ્યું હોય કે કરને પાત્ર હોય તે સખસની કુલ આવકને લાગુ પડતા કોઈપણ દરથી અથવા દરોથી કોઇપણ વર્ષ માટે આવક ઉપરનો કર આકારવો ત્યારે દરેક સખસ, અવિભક્ત હિંદુ કુટુંબ કંપની, પેઢી તથા સખસોની બીજી મંડળીની પાછલા વર્ષની સઘળી આવક, નફા તથા કમાઇના સંબંધમાં, આ આકટના ઠરાવો મુજબ તથા તેમને પાત્ર, તે દર અથવા દરોથી તે વર્ષ માટે કર આકારવો

૪. (૧) આમાં હવે પછી ઠરાવ્યું છે તે શિવાય, આ આકટની ૬ ઠી કલમમાં જણાવેલી અથવા તેમાં આવી જતી સઘળી આવક, નફા અથવા કમાઇને જો તે આવક, નફો અથવા કમાઇ ગમે તે સાધન દ્વારા બ્રિટીશ હિન્દુસ્તાનમાં થએલ હોય, ઉત્પન્ન થતા હોય અથવા આવતા હોય અથવા મળેલ હોય, અથવા આ આકટના ઠરાવો મુજબ તે આવક, નફો અથવા કમાઇ બ્રિટીશ હિન્દુસ્તાનમાં થતી અથવા ઉત્પન્ન થતી અથવા મળતી ગણાતી હોય તો તેને લાગુ પડશે

(૨) બ્રિટીશ હિંદુસ્તાનમાં રહેનારા સખસને બ્રિટીશ હિંદુસ્તાન બહાર કોઇ પણ ધંધા રોજગારથી ઉત્પન્ન થતો અથવા થતો નફો અથવા કમાઇ બ્રિટિશ હિંદુસ્તાનમાં મળે અથવા લાવવામાં આવે તો તે બ્રિટીશ હિંદુસ્તાનમાં ઉત્પન્ન થયો છે એમ ગણવામાં આવશે તથા જે વર્ષમાં તે એવી રીતે મળે તે વર્ષમાં થયેલો નફો અથવા કમાઇ ગણવામાં આવશે, જો કે તે વર્ષમાં નફો અથવા કમાઇ ઉત્પન્ન થએલ ન હોય તેની હરકત નહી, પણ એવું ઠરાવ્યું છે કે તે જે વર્ષમાં ઉત્પન્ન થએલ હોય તે વર્ષની આખરથી ત્રણ વર્ષની અંદર એવી રીતે મળેલો અથવા લાવવામાં આવેલો હોવા જોઇએ

ખુલાસો—બ્રિટીશ હિંદુસ્તાનની બહાર ઉત્પન્ન થતો અથવા થતો નફો અથવા કમાઇ, બ્રિટીશ હિંદુસ્તાનમાં તૈયાર કરેલા સરવાયામાં તે ગણવામાં આવેલ હોય તેટલાજ માત્ર કારણસર, આ પેટા કલમના અર્થ મુજબ બ્રિટીશ હિન્દુસ્તાનમાં મળેલ છે અથવા લાવવામાં આવેલ છે એમ ગણવું નહીં

(૩) આ આકટ હેઠળના વર્ગની આવકને લાગુ પડશે નહી, એટલે કે—

(૧) સર્વાંશે ધર્મસંબંધી અથવા ધર્માદા કામો માટે ટ્રસ્ટમાં અથવા બીજા કોઈ કાયદાના બંધનની રૂએ ધારણ કરેલી મિલકતમાંથી થએલી કોઇપણ આવક, તથા એવા કામ માટે માત્ર અંસતઃજ એવી રીતે ધારણ કરેલી મિલકતની બાબતમાં, તે કામ માટે વાપરેલી, અથવા તે માટે છેવટે જુદી કાઢેલી આવક

(૨) ઐચ્છિક બક્ષીસોથી મળેલી તથા ધર્મસંબંધી અથવા ધર્માદા કામો માટે જ ફક્ત વાપરવાની ધર્મસંબંધી અથવા ધર્માદા સંસ્થાની કોઇપણ આવક

(૩) સ્થાનિક અધિકારીઓની આવક,

(૪) સને ૧૮૯૭ નો પ્રોવિડન્ડ ફંડ બાબતનો આકટ જેને લાગુ પડતો હોય એવું પ્રોવિડન્ટ ફંડ જે સિક્યુરીટીઓ ધારણ કરતું હોય, અથવા જે તેની સિક્યુરીટીઓનું વ્યાજ

(૫) આખા પેન્શનના અથવા તેના કોઈ ભાગના બદલામાં, અથવા મરણ અથવા ઇજા માટે એકત્ર બદલાની રકમ તરીકે, અથવા કોઇપણ વીમાની પોલિસીની ભરપાઇની રકમ બદલ અથવા એવા કોઇપણ પ્રોવિડંટ ફંડમાં નાણા ભરનારને ખાતે એકઠી થયલી જમા રકમ તરીકે મળેલી કોઇપણ સામટી રકમ.

(૬) કોઇપણ નફો મળે એવા હોદ્દાના અથવા નોકરીના કામ કરવામાં થએલા સઘળા અને જરૂરના ખર્ચ મળવા બદલ, વિશેષે કરીને આપેલું કોઇપણ ખાસ એલાવન્સ, નફો અથવા હકસાઈ,

(૭) ધંધો રોજગારથી અથવા ધંધા, ઉદ્યમ અથવા રોજગાર ચલાવવાથી મળતા નહિં હોય તથા જે પ્રસંગોપાત મળતા હોય અને વારેવારે તે મળતાં નહિ હોય અથવા કામે રહેનારના મહેનતાણામાં વધારા તરીકેના નહિ હોય એવા કોઇપણ મળેલા નાણા

(૮) ખેતીવાડીની આવક.

આ પેટા કલમમાં " ધર્માદા કામ " એ સંજ્ઞામાં, ગરીબોને મદદ, કેળવણી વૈદકીય મદદ, અને સામાન્ય રીતે સાર્વજનીક ઉપયોગના બીજા કોઇપણ કામની વૃદ્ધિ એમનો સમાવેશ થાય છે

બાબ ૨ જો.

આવક ઉપરના કરના અધિકારીઓ

૫ (૧) આ આકટના કારણો સારૂ, આવક ઉપરના કર માટે હેઠળના વર્ગના અધિકારીઓ રહેશે, એટલે કે—

(અ) બોર્ડ ઓફ ઇન્લેન્ડ રેવેન્યુ, (બ) ઇન્કમટેક્ષ કમિશનરો, (ક) ઇન્કમટેક્સ આસિસ્ટન્ટ કમિશનરો, (ડ) ઇન્કમટેક્સ ઓફિસરો

(૨) બોર્ડ ઓફ ઇન્લેન્ડ રેવન્યુ, ગવર્નર જનરલ ઇન કાઉન્સીલે નિમેલા એક અથવા વધારે સખસની બનશે એમ સમજવુ

(૩) દરેક પ્રાન્ત માટે એક ઇન્કમટેક્સ કમિશનર રહેશે, અને તેની નીમણૂંક, તે અર્થે, સ્થાનિક સરકાર જે કાઇ પણ ભલામણ કરે તેનો વિચાર કર્યા પછી, ગવર્નર જનરલ ઇન કાઉન્સિલ તરફથી કરવામા આવશે

(૪) ઇન્કમટેક્સ આસિસ્ટન્ટ કમિશનર્સ તથા ઇન્કમટેક્સ ઓફિસરોની નીમણૂંક, ગવર્નર જનરલ ઇન કાઉન્સિલના નિર્બંધને પાત્ર ઇન્કમટેક્સ કમિશનરે લેખીત હુકમથી કરવી તેમણે ઇન્કમટેક્સ કમિશનર ફરમાવે તેવા વર્ગના સખસોની તથા તેવા વર્ગના આવકની તથા તેવા પ્રદેશની બાબતમા, પોતાની ફરજો અદા કરવી કમિશનર સામાન્ય અથવા વિશેષ લેખી હુકમ કાઢીને, એવુ ફરમાવવાને મુખત્યાર છે કે કોઇ નિર્દિષ્ટ કરેલી બાબતમા અથવા નિર્દિષ્ટ કરેલી બાબતોના વર્ગમા આ આકટની અથવા તેની રૂએ ઇન્કમટેક્સ ઓફીસર તથા આસિસ્ટન્ટ કમિશનરને મળેલા અધિકાર, અનુક્રમે, આસિસ્ટન્ટ કમિશનરે તથા કમિશનરે ચલાવવા અને એવો હુકમ લાગુ પડતો હોય તેવી કોઇ બાબતના કારણ સારૂ, આ આકટ અથવા તેની રૂએ કરેલી કોઇ કાનુનો મુજબના ઇન્કમટેક્સ ઓફિસર અથવા આસિસ્ટન્ટ કમિશનરને લગતા ઉલ્લેખ અનુક્રમે, આસિસ્ટન્ટ કમિશનરને તથા કમિશનરને લગતા ઉલ્લેખ સમજવા

(૫) બોર્ડ ઓફ ઇન્લેન્ડ રેવન્યુ, ઇંડીયા ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, સદરહુ જાહેરનામામા નિર્દિષ્ટ કરવામા આવે તેવા વર્ગના લોકોના સબધમા અથવા તેવા વર્ગની આવકના સબધમા તથા નિર્દિષ્ટ કરવામા આવે તેવા પ્રદેશ માટે, એવી ફરજો બજાવવા ઇન્કમટેક્સ કમિશનરો, ઇન્કમટેક્સ આસિસ્ટન્ટ કમિશનરો તથા ઇન્કમટેક્સ ઓફિસરો નિમવાને મુખત્યાર છે, અને તે ઉપરથી પેટા–કલમો (૩) તથા (૪) ની રૂએ નિમાયલા અધિકારીઓ નિર્દિષ્ટ કરેલા વર્ગના લોકોના સબધમા અથવા નિર્દિષ્ટ કરેલા વર્ગની આવકના સબંધમા એવી નિર્દિષ્ટ કરેલી ફરજો બજાવવાનુ બધ થશે

(૬) પેટા–કલમ (૪) ની રૂએ નિમાયલા ઇન્કમટેક્સ આસિસ્ટન્ટ કમિશનરો તથા ઇન્કમટેક્સ ઓફિસરો, આ આકટના કારણો સારૂ, જે પ્રાતમા તેઓ પોતાની ફરજ બજાવતા હોય તે પ્રાત માટે, પેટા–કલમ (૩) ની રૂએ નિમાયલા ઇન્કમટેક્સ કમિશનરના તાબામા રહેશે

બાબ ૩ જો.

કર આકારવાજોગ આવક

૬ આ આકટમા બીજી રીતે ઠરાવ્યુ હોય તે શિવાય, હેઠળ જણાવેલા વર્ગની આવક, નફો તથા કમાઇ પર, આવા હવે પછી જણાવ્યા પ્રમાણે આવક ઉપરનો કર આકારવામા આવશે, એટલે કે—

(૧) પગાર (૨) સિક્યુરિટીઓનું વ્યાજ (૩) મિલકત, (૪) ધધો રોજગાર, (૫) (વકીલ, દાક્તર વગેરે) ધધાની આવક (૬) બીજા સાધનો

૭ (૧) સરકાર, સ્થાનિક અધિકારી, કમ્પની અથવા બીજી કોઇપણ સાર્વજનિક સમાજ અથવા મડળી પાસેથી અથવા તેની તરફથી અથવા કોઇ પણ ખાનગી કામે રાખનાર પાસેથી અથવા તેની તરફથી, કરને પાત્ર હોય તે સખસને જે કાઇ પણ પગાર અથવા રોજ, કાઇ પણ એન્યુઇટી, પેન્શન અથવા ગ્રેચ્યુઇટી તથા તેને કાઇપણ પગાર અથવા રોજ મળતો હોય તેના બદલામા અથવા તે ઉપરાત તેને કાંઇ

પણ ફી, કમિશન, હકસાઇ અથવા નફો મળ્યો હોય તો, તેના સબંધમા " પગાર " ના સદર હેઠળ તેણે કર આપવો જોઇશે

પણ એવુ ઠરાવ્યુ છે કે કોઇ પણ માણસને ડિફર્ડ એન્યુઇટી મેળવી આપવા સારૂ અથવા તેની સ્ત્રી અથવા તેના છોકરા માટે (ભરણ પોષણની) વ્યવસ્થા સારૂ તેના પગારમાથી સરકાર તરફથી મળેલી મત્તાની રૂએ કાપી લીધેલી કોઈ પણ રકમો સબધમા કર આપવો પડશે નહી, માત્ર એટલુ જ કે એવી રીતે કાપી લીધેલી રકમ તે પગારના છઠ્ઠા ભાગથી વધારે હોવી જોઇએ નહી

(૨) જે કોઇ પણ આવક બ્રિટીશ હિંદુસ્તાનમા આપવામા આવે તો આ સદર હેઠળ કર આકારવાને પાત્ર થાય તેવી કોઈપણ આવક, સરકાર અથવા ગવર્નર જનરલ ઇન કાઉન્સીલે સ્થાપેલા કોઈ પણ સ્થાનિક અધિકારી હિંદુસ્તાનના કોઇ પણ ભાગમા, કોઇ બ્રિટીશ રૈયતને અથવા મલિક મુઆઝમના કોઇપણ નોકરને આપે તો, તે એવી રીતે કર આકરવાને પાત્ર છે એમ સમજવુ

૮ હિંદુસ્તાન સરકારની અથવા સ્થાનિક સરકારની કોઇ પણ સિક્યુરિટીપર અથવા સ્થાનિક અધિકારી અથવા કમ્પનીએ કાઢેલા અથવા તેની તરફથી કાઢવામા આવેલા ડિબેંચર અથવા નાણા માટેની બીજી સિક્યુરીટીઓપર મળવાના વ્યાજની બાબતમા " સિક્યુરીટીઓનુ વ્યાજ " ના સદર હેઠળ કરને પાત્ર હશે તે સખસે કર આપવો પડશે,

પણ એવુ ઠરાવ્યુ છે કે જે કોઈ પણ સિક્યુરીટી આવક ઉપરના કરથી મુક્ત કાઢવામા આવી હોય અથવા જેના સબધમા તેમ જાહેર કરવામા આવ્યુ હોય એવી હિંદુસ્તાન સરકારની કોઇ પણ સિક્યુરિટી પર મળવાના વ્યાજ ઉપર આવક ઉપરનો કર આપવો પડશે નહી

વધુ ઠરાવ્યુ છે કે આવક ઉપરના કરથી મુક્ત કાઢેલી સ્થાનિક સરકારની કોઇ પણ સિક્યુરિટીપર મળવાના વ્યાજ ઉપરનો આવક ઉપરનો કર સદરહુ સ્થાનિક સરકારે આપવો જોઇશે

૯ (૧) પોતાના ધધા રોજગારના કામ માટે પોતે ભોગવટો કરતો હોય એવા પોતાની માલિકીની ઇમારતો, તથા તેને લગતી જમીનના ભાગો શિવાયની કોઇ પણ ઇમારત અથવા તેને લગતી જમીનની બનેલી મિલકત કે જેનો તે માલિક હોય તેની વાસ્તવિક વાર્ષિક કિંમતની બાબતમા હેઠળની છુટને પાત્ર કરને પાત્ર હોય તે સખસે " મિલકત " સદર હેઠળ કર આપવો પડશે, એટલે કે-

(૧) જ્યારે મિલકત માલિકના ભોગવટામા હોય, અથવા જ્યારે તે ભાડુતને ભાડે આપવામા આવી હોય અને જ્યારે માલિકે મરામતનો ખર્ચ કરવાનું માથે લીધુ હોય ત્યારે એવી કિમ્મતનો છઠ્ઠો ભાગ.

[૨] જ્યારે મિલકત ભાડુતના ભોગવટામા હોય અને ભાડુતને મરામતનો ખર્ચ કરવાનુ માથે લીધુ હોય, ત્યારે એવી કિંમત અને ભાડુત આપતો હોય તે ભાડુ એ બે વચ્ચેનો, એવી કિંમતના વતામા વત્તા છઠ્ઠા ભાગ સુધીનો તફાવત

(૩) મિલકતના નુકસાન અથવા નાશના જોખમ બદલ વિમો ઉતરાવવા માટે આપવામા આવેલી કોઇ પણ વાર્ષિક પ્રિમિયમની રકમ,

(૪) જ્યારે મિલક્ત, ગીરો અથવા ચાર્જને પાત્ર હોય અથવા જમીનના ભાડાને પાત્ર હોય ત્યારે એવા ગીરો અથવા ચાર્જ ઉપરની કોઇ પણ વ્યાજની રકમ અથવા એવા કોઇપણ જમીનના ભાડાની રકમ

(૫) મિલકતના સબધમા જમીનની મહેસુલ તરીકે આપવામા આવેલા કોઇ પણ

(૬) [ભાડુ) ઉઘરાવવાના ખર્ચની બાબતમા, ઠરાવેલી વધારેમા વધારે રકમથી વધુ નહી હોય તેટલી રકમ

(૭) ખાલી જગાના સબધમા, તે બાબતના સજોગો પર ધ્યાન આપીને ઇન્કમટેક્સ ઓફિસર ઠરાવે તે રકમ,

પણ એવુ ઠરાવ્યુ છે કે આ પેટા કલમની રૂએ મુકવાની કુલ છુટ, કોઇ પણ પ્રસંગે, વાર્ષિક કિમત કરતા વધારે હોવી જોઇએ નહી

આ કલમના કારણ માટે, વાર્ષિક કિમત " એ સજ્ઞાનો અર્થ, વર્ષે વર્ષે જે રકમથી વ્યાજબી રીતે સદરહુ મિલકત ભાડે આપી શકાય તે રકમ, એવો થાય છે.

પણ એવુ ઠરાવ્યુ છે કે, મિલકત પોતાને રહેવાના કારણ માટે મિલકતના ભોગવટામા હોય તે પ્રસંગે, એવી રકમ, આ કલમના કારણો સારૂ માલિકની કુલ આવકના દસ ટકા કરતા વધારે હોવી જોઈએ નહિ, એમ સમજવુ

૧૦ (૧) કરને પાત્ર હોય તે સખસ જે કોઈ પણ ધંધો રોજગાર ચલાવતો હોય તે ધંધા રોજગારના નફા અથવા કમાઇની બાબતમા, તેણે " ધંધો રોજગાર " ના સદર હેઠળ કર આપવો પડશે

(૨) એવો નફો અથવા કમાઇ, હેઠળ જણાવેલી છુટ મુકયા પછી, ગણવામા આવશે, એટલે કે—

(૧) જે મકાનમા એવો ધંધો રોજગાર ચલાવવામા આવતો હોય તે મકાન સારૂ આપેલુ કાઇપણ ભાડુ, પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે તે મકાનનો ઘણો મોટો કરને પાત્ર હોય તે સખસ રહેવાના ઘર તરીકે વાપરતો હોય ત્યારે, એવી રીતે વાપરવામા આવતા ભાગનું પ્રમાણ ધ્યાનમા લઇને, ઇન્કમટેક્સ ઓફિસર ઠરાવે તે રકમ આ કલમ અન્વયેની છુટની રકમ, ગણાશે

[૨] મરામતની બાબતમા, જ્યારે કરને પાત્ર હોય તે સખસ તે મકાનનો ફક્ત ભાડુત હોય, અને આથી મરામતનો ખર્ચ આપવાનુ માથે લીધુ હોય ત્યારે તે માટે આપેલી રકમ, પણ એવુ ઠરાવ્યુ છે કે જો તે મકાનનો ઘણો મોટો ભાગ કરીને હોય તે સખસ રહેવાના ઘર તરીકે વાપરતો હોય તો, એવી રકમના પ્રમાણસર ભાગની જ છુટ આપવામા આવશે

(૩) ધંધા રોજગારાર્થે ઉછીની લીધેલી મુડીની બાબતમા, જ્યારે તેનું વ્યાજ આપવાનું નફો મળે તે ઉપર કોઇપણ રીતે આધાર રાખતું ન હોય ત્યારે, આપેલી વ્યાજની રકમ.

ખુલાસો —ઠરાવવામા આવે તેની મ્યુચ્યુઅલ બેનિફિટ સોસાયટીઓમા શેર ધારણ કરનારાઓએ અથવા નાણા ભરનારાઓએ મુદ્દતે મુદ્દતે આપવાના ભરણા, આ કલમના અર્થ મુજબ, ઉછીની લીધેલી મુડી ગણવામા આવશે

(૪) ધંધા રોજગારાર્થે વાપરવામા આવતી ઇમારતો, સાચાકામ, પ્લાટ, સામાનસુમન, સ્ટોક અથવા ભરી રાખેલા માલને નુકશાન અથવા નાશના જોખમ બદલના વિમાની બાબતમા, આપેલી કોઇ પણ પ્રિમિયમની રકમ

(૫) એવી ઇમારતો, સાચાકામ, પ્લાટ અથવા સામનસુમનની ચાલુ મરામતની બાબતમા, તે માટે આપેલી રકમ

(૬) એવી ઇમારત, સાચાકામ, પ્લાટ અથવા સામનસુમન જે કરને પાત્ર હોય તે સખસની માલકીના હોય તેની કિંમતમાના ઘટાડાના સબંધમા, કોઇપણ બાબતમા અથવા કોઇપણ બાબતોના વર્ગના સબંધમા કરને પાત્ર હોય તે સખસને પડેલી તેની અસલ કિંમતના ઠરાવવામા આવે એટલા ટકાની રકમ પણ એવુ ઠરાવ્યુ છે કે—

(અ) ઠરાવેલી વીગતો યોગ્ય રીતે પુરી પાડવામા આવેલી હોવી જોઇયે

(બ) જ્યારે કોઇપણ વર્ષ માટે કર લઇ શકાય એવો કાઇ નફો અથવા કમાઇ ન હોવાને લીધે અથવા નફો અથવા કમાઇ છુટની રકમ કરતા ઓછા હોવાને લીધે, તે વર્ષ માટે એવી કોઇપણ છુટનો સપુર્ણ અમલ કરી શકાય નહી ત્યારે, પ્રસગ પ્રમાણે, જેનો અમલ કરવામા આવ્યો ન હોય એવી છુટ અથવા છુટનો ભાગ, તેની પછીના વર્ષ માટેના ઘટાડા માટેની રકમમા ઉમેરવો અને તે છુટનો ભાગ ગણવામા આવશે, અથવા જો તે વર્ષ માટે કાઇ છુટ ન હોય તો, તે વર્ષ માટેની છુટ ગણવી અને તે મુજબ, તે પછીના વર્ષો માટે ગણવુ, અને

(ક) કોઇપણ બાબતમા, આ આકટ અન્વયે અથવા તેની રૂએ રદ કરેલા કોઇપણ આકટ અન્વયે અથવા સને ૧૮૮૬ના હિંદુસ્તાનના આવક ઉપરના કર બાબતના આકટ અન્વયે આપવામા આવેલી સર્વ છુટની એકદર રકમ પ્રસગ પ્રમાણે, ઇમારતો, સાચાકામ, પ્લાટ અથવા સામાનસુમનની કરને પાત્ર હોય તે સખસને પડેલી અસલ કિંમતથી વધારે થવી જોઇયે નહી

(૭) જે કોઇપણ સાચાકામ અથવા પ્લાટ નકામા થયાને લીધે વેચવામા આવ્યા હોય અથવા ઉપયોગમાથી કાઢી નાખવામા આવ્યા હોય તેના સબંધમા, રકમ (૬) પ્રમાણે અથવા આ આકટની રૂએ રદ કરેલા

કોઇપણ આક્ટ પ્રમાણે અથવા સન ૧૮૮૬ના હિંદુસ્તાનના આવક ઉપરના કર બાબતના આક્ટ પ્રમાણે કિંમતના ઘટાડા સબંધની આપેલી છુટોની કુલ રકમ બાદ કર્યા પછી, સાચાકામ અથવા પ્લાટની કરને પાત્ર હોય તે સખસને પડેલી અસલ કિંમત તથા જે રકમ માટે તે સાચાકામ અથવા પ્લાટ ખરેખર વેચેલ હોય તે રકમ અથવા તે ભાગેલા તરીકે તેની જે કિંમત આવે તે કિંમત વચ્ચેના તફાવત

(૮) ધંધા રોજગારના કારણે સારૂ વાપરવામા આવતો હોય એવા મહરહુ મકાનના ભાગના સબંધમા, જમીનમહેસુલ, સ્થાનિક ધારા અથવા મ્યુનિસિપલ કર તરીકે આપેલી કોઇપણ રકમ

(૯) એવો નફો અથવા કમાઈ મેળવવા સારૂજ કરેલા (મુડી ખર્ચના પ્રકારનો ન હોય એવા) કોઇપણ ખર્ચની રકમ

(૩) પેટા–કલમ (૨) મા "આપેલુ, આપેલી" એ શબ્દોનો અર્થ, આ કલમની રૂયે જે ધોરણ ઉપર નફો અથવા કમાઇ ગણવામા આવતા હોય તે ધોરણ ઉપર ગણવાની પદ્ધતિથી ખરેખર આપવું, આપેલી અથવા ખરચેલી, એવો થાય છે

૧૧ (૧) કરને પાત્ર હોય તે સખસ જે કોઇ પણ પેશો અથવા ઉદ્યમ કરતો હોય તેના નફા અથવા કમાઇની બાબતમા "વકીલ, દાકતર વગેરે પેશાની કમાણી" ના સદર હેઠળ કરને પાત્ર હોય તે સખસે કર આપવો પડશે

(૨) ખાસ એવા પેશા અથવા ઉદ્યમ માટેજ કરેલા (મુડી ખર્ચના પ્રકારના ન હોય એવા) કોઇ પણ ખર્ચના છુટ મુકયા પછી, એવો નફો અથવા કમાઈ ગણવામા આવશે, પણ એવુ ઠરાવ્યુ છે કે કરને પાત્ર હોય તે સખસના કોઇપણ અંગત ખર્ચ માટે કોઇપણ છુટ મૂકવામા આવશે નહી

(૩) સાધારણ રીતે બ્રિટિશ હિંદુસ્તાનમા રહેતા કોઇપણ સખસને હિંદુસ્તાનના કોઇપણ ભાગમા તેના ધંધાને લગતી આપેલી ફી આ સદર હેઠળ કર આકારવાજોગ નફો અથવા કમાઇ ગણાશે

૧૨ [૧] આ આક્ટ લાગુ પડતો હોય એવી દરેક જાતની અને દરેક સાધનોથી થતી આવક તથા દરેક જાતના અને દરેક સાધનોથી થતા નફા તથા કમાઈ (જો તે અગાડીના કોઇ પણ સદરમા આવી જતા ન હોય તો તે) ની બાબતમા, કરને પાત્ર હોય તે સખસને "બીજાં સાધનોથી થતી આવક" એ સદર હેઠળ કર આપવો પડશે

(૨) ખાસ એવી આવક મેળવવા સારૂ અથવા એવા નફા અથવા કમાઇ કરવા સારૂજ કરેલા (મુડી ખર્ચના પ્રકારના ન હોય એવા) કોઇપણ ખર્ચ માટે છુટ મુકયા પછી, એવી આવક, નફા તથા કમાઇ ગણવામા આવશે, પણ એવુ ઠરાવ્યુ છે કે પાત્ર હોય તે સખસના કોઈપણ અંગત ખર્ચ માટે કોઇપણ છુટ મુકવામા આવશે નહી

૧૩ કલમો ૧૦, ૧૧ તથા ૧૨ ના કારણો સારૂ, આવક, નફા અથવા કમાઇ, કરને પાત્ર તે સખસ નિયમસર હિસાબ ગણવાની જે રીત કામે લગાડતો હોય તે રીત પ્રમાણે ગણવી

પણ એવુ ઠરાવ્યુ છે કે, તે હિસાબ ગણવાની કોઈ પણ રીત નિયમસર કામે લગાડતો ન હોય અથવા તેણે કામે લગાડેલી રીત એવી હોય કે, ઇન્કમટેક્સ ઓફિસરના મત પ્રમાણે, તે ઉપરથી નફો તથા કમાઇ બરાબર રીતે કાઢી શકાય નહી તો, ઇન્કમટેક્સ ઓફિસર ઠરાવે તેવા ધોરણ ઉપર તથા તેવી રીતે ગણત્રી કરવી

૧૪ (૧) કરને પાત્ર હોય તે સખસને અવિભકત હિંદુ કુટુંબના આસામી તરીકે મળતી કોઇ પણ રકમના સંબધમા તેણે કર આપવો પડશે નહી —

(૨) કરને પાત્ર હોય તે સખસે હેઠળના સંબંધમા કર આપવો પડશે નહી, એટલે કે —

(અ) જે કંપનીના નફા અથવા કમાઇ ઉપર કર આકારવામા આવ્યો હોય તે કંપનીના શેર ધારણ કરનાર તરીકે ડિવિડન્ડ તરીકે તેને મળતી કોઇપણ રકમના સંબધમા, અથવા

(બ) જે કોઇપણ પેઢીના નફા અથવા કમાઇ ઉપર કર આકારવામા આવ્યો હોય તે પેઢીના નફા અથવા કમાઈના તેના ભાગના પ્રમાણની રકમના સંબધમા

૧૫. (૧) પોતાની અથવા પોતાની ધણીઆણીની જીદગીનો વિમો ઉતરાવવા માટે તેણે આપેલી કોઇ

પણ રકમના સબંધમા અથવા પોતાની અથવા પોતાની ધણીયાણીની જીદગીપર ડિફર્ડ એન્યુઈટી માટેના કરારના સબધમા અથવા સને ૧૮૯૭ નો પ્રોવિડન્ટ ફંડ બાબતનો આકટ લાગુ પડતો હોય એવા પ્રોવિડન્ટ ફંડમા ભરેલી કોઇપણ રકમના સબધમા, કરને પાત્ર હોય તે સખસે કર આપવો પડશે નહી

(૨) જ્યારે કોઇ કરને પાત્ર હોય તે સખસ એકાદુ હિંદુ અવિભક્ત કુટુબ હોય, ત્યારે, સદરહુ કુટુબના કોઈપણ પુરૂષ આસામીની અથવા એવા આસામીની ધણીયાણીના જીદગીનો વિમો ઉતરાવવા માટે આપેલી કોઇપણ રકમ ઉપર પેટા–કલમ (૧) મુજબ માફી આપી છે એમ સમજવુ

(૩) આવી રીતે માફી આપેલી એકદર કોઈપણ રકમ, ૭ મી કલમની પેટા–કલમ (૧) ના વિશેષ ઠરાવની રૂએ માફી આપેલી કોઇપણ રકમ ઉમેરતા, કરને પાત્ર હોય તે સખસની કુલ આવકના એકછષ્ટાશ કરતા વધારે થવી જોઇએ નહી

૧૬ (૧) કરને પાત્ર હોય તે શખસની કુલ આવક ગણતી વખતે, કલમ (૭) ની પેટા–કલમ (૧) ના વિશેષ ઠરાવ, કલમ (૮) ના વિશેષ ઠરાવ, કલમ ૧૪ની પેટા–કલમ (૨) તથા કલમ ૧૫ની રૂએ માફી આપેલી રકમો ગણત્રીમા લેવી જોઇએ

(૨) પેટા–કલમ (૧)ના કારણો સારૂ, ૧૪મી કલમની પેટા–કલમ (૨) ની રકમ (અ) મા જણાવેલી કોઇ–પણ રકમમા, કપનીએ મળેલા ડિવિડંડો ઉપર આપવાના આવક ઉપરના કરની રકમ ઉમેરવી જોઇએ

૧૭ જ્યારે કોઇપણ કરને પાત્ર હોય તે શખસની કુલ આવક ચોકકસ હદ સુધી પહોચી છે અથવા તેથી વધી છે તે કારણસર તે આવક ઉપરનો કર આપવાને અથવા ચઢતા દરથી આવક ઉપરનો કર આપવાને પાત્ર હોય ત્યારે, તેણે આપવાના કરની રકમ જરૂર હોય તો હેઠળ જણાવેલી રકમોના કુલ કરતા વધુ ન થાય એટલી ઓછી કરવી, એટલે કે —

(અ) તેની કુલ આવક તે હદ કરતા એક રૂપિયા જેટલી ઓછી હોત તો, તેણે આપવી પડત તે રકમ અને

(બ) તેની કુલ આવક તે રકમ કરતા જેટલી વધારે હોય તે રકમ

બાબ ૪ થો.

કાપી લેવાની રકમ તથા કર આકારવા બાબત

૧૮ (૧) આવક ઉપરનો કર, હિન્દુસ્તાન સરકારની કોઇપણ સિકયુરિટીના સબધમા બીજી રીતે ઠરાવ્યુ હોય તે સિવાય નીચેના સદરો હેઠળ આવતી કર આકારવાજોગ આવકના સબધમા તે પગાર કરતી વખતે કાપી લઇને વસુલ કરવો —

(૧) " પગાર, " તથા [૨] " સિકયુરિટીનુ વ્યાજ "

(૨) "પગાર' ના સદર હેઠળ કર આકારવાજોગ કોઈપણ આવક પગાર કરવા સારૂ જવાબદાર હોય એવા કોઇપણ સખસ, તે પગાર કરતી વખતે, આ સદર હેઠળની કરને પાત્ર હોય તે સખસની અદાજેલી આવકને લાગુ થતા દર પ્રમાણે પગાર કરવાની રકમપર આવકનો કર કાપી લેવો,

પણ એવુ ઠરાવ્યુ છે કે એવો સખસ, એવી રીતે રકમ કાપી લે તે વખતે, અગાઉ કોઇપણ રકમ કાપી લેવાને લઇને અથવા કાપી લેવાની રહી ગયાને લઇને થએલી વધઘટ બરાબર કરવા સારૂ, આ પેટા–કલમની રૂએ કાપી લેવાની રકમમા વધારો ઘટાડો કરવાને મુખત્યાર છે

[૩] " સિકયુરિટીઓનુવ્યાજ " એ સદર હેઠળ કર આકારવાજોગ કોઇપણ આવક પગાર કરવા માટે જવાબદાર સખસ, તે પગાર કરતી વખતે, આપવાના વ્યાજની રકમ ઉપરનો કર વધારેમા વધારે દરે કાપી લેવો

(૪) આ કલમના ઠરાવોની રૂએ કાપી લીધેલી સઘળી રકમો, કરને પાત્ર હોય તે સખસની આવક ગણવાના કારણસર, તેને થયેલી આવક ગણવી

(૫) આ કલમના ઠરાવો મુજબ કાપી લીધેલી કોઇપણ રકમ, પ્રસગ પ્રમાણે, જે સખસની આવકમાથી તે કાપી લીધેલી હોય તે સખસ તરફના, અથવા સીકયુરીટીના માલીક તરફના, આવક ઉપરના કરના ભરણા તરીકે ગણવી અને આ આકટની રૂએ પછીના વર્ષ માટે, જો કાઇ કર આકારવામા આવ્યો હોય તો, તે રકમ તેને જમે આપવી

પણ એવુ ઠરાવ્યુ છે કે એવા સખસ અથવા એવા માલીકને આ આકટના ઠરાવોની રૂએ કરનો એ પ્રમાણે કાપી લીધેલો કોઇપણ ભાગ પાછો મળે તો, એવી રીતે પાછા મળેલી કોઇપણ રકમ જમે આપવી નહિ

(૬) આ કલમના ઠરાવો મુજબ કાપી લીધેલી સઘળી રકમ, તે કાપી લેનાર સખસે ઠરાવેલી મુદ્દતની અંદર, હિન્દુસ્તાન સરકારને ખાતે જમા કરાવવી અથવા બોર્ડ ઓફ ઇન્લેંડ રેવેન્યુ ફરમાવે તે મુજબ ભરવી

(૭) જો કોઈપણ સખસ, આ કલમમા ઠરાવ્યા પ્રમાણે કર કાપી લઈને ભરે નહિ તો, બીજા જે જે પરિણામો તેને થાય તેને બાધ ન આવતા, તેને પોતાને તે કરના સબધમા તકસીરવાન ગણવો

(૮) આ કલમ મુજબ કર કાપી લઇને વસુલ કરવાની સત્તાથી બીજી રીતે કોઇપણ રીતે વસુલ કરવાની રીતને બાધ આવશે નાહ

(૯) પેટા કલમ (૩) ના ઠરાવોની રૂએ આવક ઉપરના કર કાપી લેનાર દરેક સખસે, વ્યાજ આપતી વખતે, જે સખસને વ્યાજ આપવામા આવે તે સખસને, આવક ઉપરનો કર કાપી લીધો તે એવી મતલબનો તથા એવી રીતે કાપી લીધેલી રકમ, જે દરથી કર કાપી લીધો હોય તે દર તથા ઠરાવવામા આવે એવી બીજી વીગતો દર્શાવનારો દાખલો આપવો જોઇયે

૧૯ કલમ ૧૮ ની પેટા-કલમ (૧) મા જણાવેલા સદરો સિવાયના બીજા કોઇપણ સદર હેઠળ કર આકારવાજોગ આવકના સંબધમા અને સદરહુ કલમના ઠરાવો મુજબ આવક ઉપરનો કર કાપી લેવામા આવ્યો ન હોય તેવે પ્રસગે, કરને પાત્ર હોય તે સખસે કર અગઆઉથી આપવો જોઇયે

૨૦ દરેક કપનીના મુખ્ય અમલદારે, ડિવિડંડો વેહેચતી વખતે ડિવિડન્ડ લેનાર દરેક સખસને વહેચી આપવામા આવતા નફા ઉપર કપનીએ આવક ઉપરનો કર ભર્યો છે અથવા કપની તે ભરશે એવી મતલબનો તથા ઠરાવવામા આવે એવી બીજી વિગતો દર્શાવનારો દાખલો આપવો જોઇયે

૨૧ દરેક સરકારી ઓફિસના સબધમા, ઠરાવેલા શખસે, અને દરેક સ્થાનિક અધિકારી, કપની અથવા બીજી સાર્વજનીક સમાજ અથવા મડળના સબધમા, મુખ્ય અમલદારે અથવા ઠરાવેલા સખસે તથા દરેક ખાનગી કામે રાખનારે નીચે લખેલી હકીકતનુ એક લેખી પત્રક, ઠરાવેલા નમુનામા તૈયાર કરવુ જોઈએ, અને દર વર્ષે માર્ચ મહીનાની ૩૧ મી તારીખ પછી ૩૦ દિવસની અદર ઇન્કમટેક્સ ઓફિસરને તે પહોચાડવુ અથવા પહોચતું કરાવવુ જોઇએ—

(અ) જે સખસને ' પગાર ' એ સદર હેઠળ કરાવવામા આવે તેવી કર આકારવાજોગ કોઇપણ આવકની રકમ, પ્રસગ પ્રમાણે, સદરહુ અધિકારી, કપની, સમાજ, મડળી અથવા ખાનગી કામે રાખનાર પાસેથી સદરહુ માર્ચ મહિનાની ૩૧ મી તારીખે મળતી હોય અથવા તે તારીખે પુરા થતા વર્ષ દરમિયાન મળી હોય તે દરેક સખસનું નામ તથા જાણી શકાય તેટલે સુધી સરનામુ.

(બ) એવા દરેક સખસને મળેલી એવી આવકની રકમ, અને જે વખતે અથવા વખતોએ તે આપવામા આવી હોય તે વખત અથવા વખતો

(ક) એવા દરેક સખસની આવકમાથી આવકના કરના સબધમા કાપી લીધેલી રકમ

૨૨ (૧) દરેક કપનીના મુખ્ય અમલદારે પાછલા વર્ષ દરમિયાન કપનીની કુલ આવકનુ, ઠરાવેલા નમુના પ્રમાણેનુ તથા તે ખરૂ છે એમ ઠરાવેલી રીતે કરેલા એકરારવાળુ પત્રક તૈયાર કરવુ જોઇએ અને તે દર વર્ષે જુન મહિનાની ૧૫ મી તારીખે અથવા તે પહેલા ઇન્કમટેક્સ ઓફિસરને પુરૂ પાડવુ જોઇએ,

પણ એવુ ઠરાવ્યું છે કે ઇન્કમટેક્સ ઓફિસર, પોતાની મુનસફી પ્રમાણે, કોઇપણ કપની અથવા કોઈપણ વર્ગની કપનીના સબધમા, પત્રક પહોચાડવાની તારીખ લબાવવાને મુખત્યાર છે

(૨) ઇન્કમટેક્સ ઓફિસરના મત પ્રમાણે જે સખસની કુલ આવક તેને આવક ઉપરના કરને પાત્ર કરે એટલી રકમની હોય એવા કપની સીવાયના બીજા કોઈ પણ સખસની બાબતમા, ઇન્કમટેક્સ ઓફીસર તેના પર એક નોટીસ કહાડીને, તે નોટીસમા નિર્દિષ્ટ કરવામા આવે તેવી ઓછામા ઓછી ત્રીસ દિવસની મુદ્દતની અદર, (નોટીસમા ઠરાવવામા આવે તેવી બીજી વિગતો સુદ્ધા) પાછલા વર્ષ દરમિયાનની તેની કુલ આવકનુ, ઠરાવેલા નમુના પ્રમાણેનું અને તે ખરૂ છે એમ ઠરાવેલી રીતે કરેલા એકરારવાળુ, પત્રક પુરૂ પાડવાને ફરમાવવાને મુખત્યાર છે

(૩) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ ૨ થી અથવા તેની રૂએ આપેલી મુદ્દતની અદર કોઇ સખસે પત્રક પુરૂ પાડ્યુ નહોય અથવા તેના પેટા-કલમોમાની કોઇએકની રૂએ પત્રક પુરૂ પાડયા પછી તેને તેમા

કાંઈ રહી ગયાનુ અથવા ખોટો એકરાર કર્યાનું જણાય તો, આકારણી થયા પહેલા કોઈપણ વખતે, પ્રસગ પ્રમાણે, પત્રક અથવા સુધારેલુ પત્રક પુરૂ પાડવાનો અધિકાર છે, અને એવી રીતે કરેલુ કોઇપણ પત્રક આ કલમની રૂયે યોગ્ય વખતની અદર કરેલુ પત્રક છે એમ ગણવુ

[૪] ઇન્કમટેક્સ ઓફિસર કોઈ કપનીના મુખ્ય અમલદાર અથવા કોઈ સખસ કે જેના પેટા–કલમ (૨) ની રૂયે નોટીસ બજાવવામા આવી હોય તેના ઉપર, નોટીસમા નિર્દિષ્ટ કરેલી તારીખે, પોતાને યોગ્ય લાગે તેવા હિસાબો અથવા દસ્તાવેજો રજુ કરાવવાનુ ફરમાવનારી નોટીસ બજાવવાને મુખત્યાર છે

પણુ એવુ ઠગવ્યુ છે કે ઇન્કમટેક્સ ઓફિસરે, પાછલા વર્ષના પહેલાના ત્રણુ વર્ષ કરતા વધારે મુદતના હિસાબો રજુ કરવાનુ ફરમાવવુ નહી

૨૩ (૧) જો ઇન્કમટેક્સ ઓફિસરની એવી ખાતરી થાય કે ૨૨ મી કલમ મુજબ કરેલુ પત્રક ખરૂ તથા પુરેપુરૂ છે તો, તેણે કરને પાત્ર હોય તે સખસની કુલ આવક આકારવી અને એવા પત્રકના આધારે તેણે આપવાની રકમ ઠરાવવી

(૨) ૨૨ મી કલમ મુજબ કરેલુ પત્રક ખોટુ અથવા અપૂર્ણ છે એમ માનવાને ઇન્કમટેકસ ઓફિસરને કારણુ હોય તો, ઇન્કમટેક્સ ઓફિસર, જે સખસે તે પત્રક કર્યુ હોય તે સખસના ઉપર એક નોટીસ કાઢીને તેમા જણાવેલી તારીખે, તેને પોતાની ઓફિસમા હાજર થવાનુ, અથવા પત્રકની પુષ્ટિમા કરને પાત્ર હોય તે સખસ જે પુરાવા ઉપર આધાર રાખતો હોય તે પુરાવા રજુ કરવાનુ અથવા રજુ કરાવવાનુ ફરમાવવાને મુખત્યાર છે

(૩) પેટા–કલમ (૨) મુજબ કાઢેલી નોટિસમા લખેલી તારીખે અથવા તે પછી બની શકે તેટલા જલ્દી, ઇન્કમટેક્સ ઓફિસરે કરને પાત્ર હોય તે સખસ જે પુરાવા રજુ કરે તે તથા નિર્દિષ્ટ કરેલી બાબતોના સબધમા પોતાને જોઇએ તથા બીજા પુરાવા લીધા પછી, લેખી હુકમ કાઢીને, કરને પાત્ર હોય તે સખસની કુલ આવક ઉપર કર આકારવો, અને એવી આકારણીને આધારે, કરને પાત્ર હોય તે સખસે આપવાની રકમ નક્કી કરવી

(૪) જો કોઇપણુ કપનીનો મુખ્ય અમલદાર અથવા બીજો કોઈપણુ સખસ, પ્રસગ પ્રમાણે, કલમ ૨૨ ના પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ (૨) મુજબ પત્રક મોકલવાનુ ચુકે, અથવા તેજ કલમની પેટા કલમ (૪) મુજબ કાઢેલા નોટીસની સઘળી સરતો પાળવાનુ ચુકે અથવા પત્રક મોકલ્યા પછી આ કલમની પેટા–કલમ (૨) મુજબ કાઢેલી નોટીસની સઘળી સરતો પાળવાનુ ચુકે તો ઇન્કમટેકસ ઓફિસરે પોતાની ઉત્તમ બુદ્ધિ પ્રમાણે કર આકારવો

૨૪ (૧) જ્યારે કોઈપણુ કરને પાત્ર હોય તે સખસને ૬ ઠ્ઠી કલમમા જણાવેલા કોઇપણુ સદર હેઠળ નફા અથવા કમાઈમા કોઇપણુ વર્ષમા ખોટ જાય ત્યારે, કોઇપણુ બીજા સદર હેઠળની તેની તે વર્ષના આવક, નફા અથવા કમાઇમાથી તેની ખોટની રકમ બાદ કરાવવાનો તેને હક રહેશે

(૨) જ્યારે કોઈ કરને પાત્ર હોય તે સખસ એકાદી નોધાયલી પેઢી હોય અને થયેલુ નુકસાન પેટા કલમ (૧) ની રૂયે સર્વાસે બાદ કરી શકાય એમ ન હોય ત્યારે, જે નુકસાનની બાબતમા એવી પેઢીના કોઇ સભાસદે કર આપવાનો હોય તે નુકસાન જે વર્ષમા થયુ હોય તે વર્ષની કોઇપણુ આવક, નફા અથવા કમાઇમાથી સદરહુ પેઢીમાના તેના ભાગના પ્રમાણુસરની નુકસાનની રકમ અત્યાર આગમચ બાદ કરવામા આવી ન હોય તેટલી રકમ બાદ કરાવવાનો તેને હક છે એમ ગણુવુ

૨૫ જ્યારે જેના ઉપર સન ૧૯૧૮ના આવક ઉપરના કર બાબતના આકટના ઠરાવો મુજબ કોઈ પણુ વખતે આવક ઉપરનો કર આકારવામા આવ્યો ન હોય તેવો કોઇપણુ ધધો રોજગાર, પેશો અથવા ઉદ્યમ કોઈપણુ વર્ષમા બધ કરવામા આવે ત્યારે પાછલા વર્ષના આખર અને એવી રીતે બધ કરવામા આવ્યાની તારીખની વચ્ચેના મુદતની આવક, નફા અથવા કમાઇના ધોરણુ ઉપર, પાછલા વર્ષની આવક, નફા અથવા કમાઇના ધોરણુ ઉપર કાઈપણુ આકારણી કરી હોય તો તે ઉપરાત તે વર્ષની આકારણી કરવી

(૨) એવો કોઇપણુ ધધો, રોજગાર, પેશો અથવા ઉદ્યમ બધ કરનાર કોઈપણુ સખસે ઇન્કમટેક્સ ઓફિસરને પોતાના એવી રીતે બધ કરવા બાબતની ૧૫ દિવસના અંદર નોટીસ આપવી. અને આ પેટા

કલમની રૂયે ઠરાવેલી નોટીસ આપવાનું કોઇપણ સખસ ચુકે તો, ઇન્કમટેકસ ઓફિસર એવુ ફરમાવવાને મુખત્યાર છે કે તે ધધો રોજગાર, પેશો અથવા, ઉદ્યમ બધ કર્યાની તારીખ સુધી તેની કાઇપણ આવક, નફો અથવા કમાઇના સબધમા જે કાઇ કર પાછળથી આકારવામા આવે તે કર કરતા વધારે ન હોય તેટલી રકમ શિક્ષા તરીકે તેની પાસેથી વસુલ કરવી

(૩) જ્યારે જે કોઇપણ ધધા રોજગાર, પેશો અથવા ઉદ્યમ સને ૧૯૧૮ના હિંદુસ્તાનના આવક ઉપરના કર બાબતના આકટના ઠરાવોની રૂયે કોઇપણ વખતે આવક ઉપરનો કર લેવામા આવ્યો હોય, તે ધધો રોજગાર, પેશો અથવા ઉદ્યમ બધ કરવામા આવેલ હોય ત્યારે પાછલા વર્ષની આખરથી તે એવી રીતે બંધ કર્યાની તારીખ વચ્ચેની મુદતની આવક, નફો અથવા કમાઇની બાબતમા, કર આપવો પડશે નહી અને કરને પાત્ર હોય તે સખસ વધુ એવો દાવો કરવાને મુખત્યાર છે કે પાછલા વર્ષની આવક, નફો તથા કમાઇ, સદરહુ મુદતની આવક, નફો તથા કમાઇ છે એમ ગણવુ જ્યારે એવો કોઇ દાવો કરવામા આવે ત્યારે, સદરહુ મુદતની આવક, નફો તથા કમાઇ ઉપર આકારણી કરવી અને પાછલા વર્ષની આવક, નફો તથા કમાઇની બાબતમા, એવી આકારણીના ધોરણે આપવાની રકમ કરતા વધારે કરની રકમ આપી ચુકાઇ હોય તો, તફાવતની રકમ આપવી જોઇએ

(૪) જ્યારે પેટા-કલમ (૨) અથવા પેટા કલમ (૩) મુજબ આકારણી કરવાની હોય ત્યારે ઇન્કમ-ટેકસ ઓફિસર, જે સખસની આવક, નફો અથવા કમાઇ ઉપર આકારણી કરવાની હોય તે સખસ ઉપર, અથવા એકાદી પેઢીની બાબતમા, એવી પેઢી બધ કરવામા આવી હોય ત્યારે તેનો સભાસદ હોય એવા કોઈપણ સખસ ઉપર અથવા એકાદી કપનીની બાબતમા, તેના મુખ્ય અમલદાર ઉપર કલમ ૨૨ ની પેટા કલમ (૨) મુજબની નોટીસમા દાખલ કરી શકાય એવી સઘળી અથવા કોઈપણ બાબતોવાળી એક નોટીસ બજાવવાને મુખત્યાર છે અને આ આકટના ઠરાવો, શકય હોય તેટલે સુધી જાણે કે સદરહુ પેટા કલમની રૂયે કાઢેલી તે નોટિસ હોય તે પ્રમાણે લાગુ પડશે

૨૬ જ્યારે કોઇ પેઢીના બધારણમા કાઇપણ ફેરફાર થાય અથવા જ્યારે કોઇ સખસ કોઇપણ ધંધા રોજગાર પેશા અથવા ઉદ્યમ ઉપર બીજાને ઠેકાણે આવ્યો હોય ત્યારે કર આકારતી વખતે પ્રસગ પ્રમાણે નવી થએલી પેઢી ઉપર, અથવા ધધો રોજગાર પેશો અથવા ઉદ્યમ કરતા સખસ ઉપર કર આકારવો જોઇયે

૨૭ જ્યારે કોઈ કરને પાત્ર હોય તે સખસ અથવા કપનીની બાબતમા તેનો મુખ્ય અમલદાર, આમા હવે પછી ઠરાવ્યુ છે તેવી રીતે કાઢેલી માગણાની નોટીસની બજાવણી પછી એક મહિનાની અદર ઇન્કમટેક્સ ઓફિસરની ખાતરી કરી આપે કે ૨૨ મી કલમ પ્રમાણે મોકલવાનુ પત્રક પુરતા કારણોને લીધે તે મોકલી શકયો ન હતો અથવા તો ૨૨ મી કલમની પેટા કલમ (૪) અથવા ૨૩ મી કલમની પેટા કલમ (૨) મુજબની નોટીસ તેને પહોચી ન હતી અથવા તો છેલ્લી જણાવેલી નોટીસોની સરતો પાળવાની તેને વાજબી તક મળી નહોતી, અથવા પુરતા કારણોને લીધે તે તે પાળી શકયો ન હતો તો ઇન્કમટેકસ ઓફિસર કરની આકારણી રદ કરવાને તથા ૨૩ મી કલમ ના ઠરાવો મુજબ નવેસરથી કર આકારવાનુ શરૂ કરવાને મુખત્યાર છે

૨૮ (૧) આ આકટની રૂયે કરવાના કોઇ કામકાજ દરમિયાન ઇન્કમટેક્સ ઓફીસરની આસિસ્ટંટ કમિશનરની અથવા કમિશનરની એવી ખાત્રી થાય કે કરને પાત્ર હોય તે સખસે પોતાની આવકની વિગત છુપાવી છે, અથવા તેણે જાણી જોઇને એવી આવકની ખોટી વિગતો પુરી પાડી છે, અને તેમ કરીને ખરી આવકની રકમથી ઓછી રકમ જણાવી છે તો તે ફરમાવવાને મુખત્યાર છે કે કરને પાત્ર હોય તે સખસે, તેણે આપવાના આવક ઉપર કર ઉપરાત, તેણે જણાવેલી ખરી આવક તરીકે કબુલ કરવામા આવી હતી તો જે આવક ઉપરના કરની રકમ તેને આપવી નહી પડતે તેના કરતા વધારે ન હોય એટલી રકમ શિક્ષા તરીકે આપવી

પણ એવુ ઠરાવ્યુ છે કે, કરને પાત્ર હોય તે સખસનુ કહેવુ સાભળ્યા શિવાય, અથવા તેને જે કહેવુ હોય તે કહી સભળાવવાની યોગ્ય તક આપ્યા સિવાય, એવો કોઇપણ હુકમ કરવો નહિ,

વળી એમ ઠરાવ્યુ છે કે, જે હકીકતો ઉપરથી આ કલમ મુજબ શિક્ષા રૂપે કર નાખવામા આવ્યો હોય તેજ હકીકતોના સંબંધમા, આ આકટની વિરૂદ્ધના કોઇપણ ગુન્હા માટે કામ ચલાવવુ નહિ.

(૨) જે આસિસ્ટન્ટ કમિશનર અથવા કમિશનરે પેટા–કલમ (૧) મુજબ હુકમ કર્યો હોય તેણે તે હુકમની નકલ ઇન્કમટેક્સ ઓફિસરને તાબડતોબ મોકલી આપવી

૨૯ જ્યારે ઇન્કમટેક્સ ઓફિસરે, કલમ ૨૩ મુજબ, કરને પાત્ર હોય તે સખસે આપવાની રકમ નક્કી કરી હોય, અથવા જ્યારે, શિક્ષાની રકમ આપવા માટે કલમ ૨૫ ની પેટા–કલમ (૨) અથવા કલમ ૨૮ મુજબ હુકમ કરવામા આવ્યો હોય ત્યારે તેણે, એવી રીતે આપવાની રકમ નિર્દિષ્ટ કરીને, ઠરાવેલા નમુના પ્રમાણેની માગણીની નોટિસ, કરને પાત્ર હોય તે સખસ ઉપર બજાવવી

૩૦ (૧) કરને પાત્ર હોય તે સખસ પોતાના ઉપર કલમ ૨૩ અથવા કલમ ૨૭ મુજબ આકારેલા કરની રકમ અથવા આકારેલા કરના દર સામા વાંધો લે અથવા આ આકટ મુજબ પોતે કરને પાત્ર નથી એમ કહે અથવા કલમ ૨૭ મુજબની ફરી આકારણી કરવા માટેની ઇન્કમટેક્સ ઓફિસરે ના પાડી હોય તે સામા અથવા ઇન્કમટેક્સ ઓફિસરે કલમ ૨૫ ની પેટા–કલમ (૨) અથવા કલમ ૨૮ મુજબ તેની સામા હુકમ કર્યો હોય તેની સામા વાંધો લે તો સદરહુ આકારણી અથવા એવી ના પાડયાની અથવા હુકમની સામા આસિસ્ટન્ટ કમિશનરને અપીલ કરવાને તે મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે કલમ ૨૩ની પેટા–કલમ (૪)ની રૂએ અથવા તે પેટા–કલમ ૨૭ સાથે વાચીને કરેલી આકારણીના સબધમા એવી કોઇપણ અપીલ ચાલશે નહિ

(૨) સાધારણ રીતે સદરહુ અપીલ પ્રસગ પ્રમાણે, જે આકારણી અથવા શિક્ષા સામે વાંધો લેવામા આવ્યો હોય તેને લગતી માગણીની નોટિસ મળ્યાના ત્રીસ દિવસની અદર અથવા કલમ ૨૭ મુજબ નવી આકારણી કરવાની ના પાડયાની તારીખના ત્રીસ દિવસની અદર કરવી જોઇએ, પણ અપીલ કરનારને તે મુદતની અદર નહિ મોકલવાનું પુરતું કારણ હતું એમ આસિસ્ટન્ટ કમિશનરની ખાતરી થાય તો, તે મુદત વીતી ગયા બાદ તે અપીલ લેવાને તે મુખત્યાર છે

(૩) અપીલ ઠરાવેલા નમુના પ્રમાણે હોવી જોઈએ અને તે ખરી છે એવો તેમા ઠરાવેલી રીતે એકરાર કરેલો હોવો જોઇએ

૩૧ (૧) આસિસ્ટન્ટ કમિશનરે, અપીલની સુનાવણી માટે દિવસ અને જગા મુકરર કરવા જોઇએ અને સુનાવણી વખતો વખત મુલતવી રાખવાને તે મુખત્યાર છે

[૨] કોઇપણ અપીલ નિકાલ કર્યા પહેલા, આસિસ્ટન્ટ કમિશનર, પોતાને યોગ્ય લાગે તેવી વધુ તપાસ કરવાને અથવા ઇન્કમટેક્ષ ઓફિસર પાસે વધુ તપાસ કરાવવાને મુખત્યાર છે

(૩) અપીલનો નિકાલ કરવામા આસિસ્ટન્ટ કમિશનર, આકારણીના હુકમની બાબતમા

[અ] આકારણી કાયમ રાખવાને, ઓછી કરવાને, વધારવાને અથવા રદ કરવાને, મુખત્યાર છે, અથવા

(બ) આકારણી રદ કરવાને તથા ઇન્કમટેક્સ ઓફિસરને યોગ્ય લાગે તેમ અથવા આસિસ્ટન્ટ કમિશનર ફરમાવે તેમ વધુ તપાસ કર્યા પછી નવી આકારણી કરવા સારૂ ઇન્કમટેક્સ ઓફિસરને ફરમાવવાને મુખત્યાર છે, અને તે ઉપરથી ઇન્કમટેક્સ ઓફિસરે એવી નવી આકારણી કરવા માડવી, અથવા કલમ ૨૫ ની પેટા–કલમ (૨) અથવા કલમ ૨૮ અન્વયેના હુકમની બાબતમા,

(ક) એવો હુકમ કાયમ રાખવાને, રદ કરવાને અથવા તેમા ફેરફાર કરવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે અપીલ કરનારને આકારણી વધારવા વિરૂદ્ધ કારણ બતાવવાની વાજબી તક આપ્યા સિવાય, આસિસ્ટન્ટ કમિશનરે એવી આકારણી વધારવી નહીં

૩૨ (૧) કલમ ૨૮ અન્વયે આસિસ્ટન્ટ કમિશનરે પસાર કરેલા હુકમ સામા અથવા કલમ ૩૧ ની પેટા–કલમ(૩) અન્વયે તેની આકારણી વધારવાના હુકમ સામા વાંધો લેનાર કોઇપણ કરને પાત્ર હોય તે સખસ, એવો હુકમ કરવામા આવે તેના ત્રીસ દિવસની અદર કમિશનરને અપીલ કરવાને મુખત્યાર છે

(૨) અપીલ ઠરાવેલા નમુના પ્રમાણે હોવી જોઇએ અને તે ખરી છે એવો તેમા ઠરાવેલી રીતે એકરાર કરેલો હોવો જોઇએ

(૩) અપીલનો નિકાલ કરવામા કમિશનર, અપીલ કરનારને સાભળવાની તક આપ્યા પછી, તે ઉપર પોતાને યોગ્ય લાગે તેવો હુકમ પસાર કરવાને મુખત્યાર છે.

૩૩ (૧) કમિશનર પોતાની મેળે, પોતાના તાબા હેઠળના કોઇપણ અમલદારે અથવા કલમ ૫ ની પેટા-કલમ (૪) ની રૂયે આસિસ્ટન્ટ કમિશનરના અધિકાર ચલાવતી વખતે પોતે આ આક્ટની રૂયે જે કાંઇ કામકાજ કર્યું હોય તેના કાગળો મંગાવવાને મુખત્યાર છે

(૨) સદરહુ કાગળો મળેથી કમિશનર પોતાને યોગ્ય લાગે એવી તપાસ કરવાને અથવા કરાવવાને મુખત્યાર છે અને આ આક્ટના ઠરાવોને પાત્ર, તે ઉપર પોતાને યોગ્ય લાગે તેવો હુકમ પસાર કરવાને તે મુખત્યાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે, કરને પાત્ર હોય તે સખસનુ કહેવુ સાભળ્યા સિવાય અથવા તેને જે કહેવુ હોય તે કહી સંભળાવવાની તેને વાજબી તક આપ્યા સિવાય, તેણે કરને પાત્ર હોય તે સખસને નુકસાન કરે એવો કોઈપણ હુકમ પસાર કરવો નહીં

૩૪ જો કોઇપણ કારણસર આકારવાજોગ આવક, નફા અથવા કમાઇ ઉપર કોઈપણ વર્ષમા કર આકારવો રહી ગયો હોય, અથવા તો ઘણાજ ઓછા દરે કર આકારવામા આવ્યો હોય તો, ઇન્કમટેક્સ ઓફિસર, તે વર્ષ પૂરૂ થયા પછી એક વર્ષની અંદર કોઇપણ વખતે, તેવી આવક, નફા અથવા કમાઇ ઉપર કર આપવાને પાત્ર હોય તે સખસ ઉપર, અથવા કંપનીની બાબતમા, તેના મુખ્ય અમલદાર ઉપર, ૩૨ મી કલમની પેટા-કલમ (૨) મુજબની નોટીસમા દાખલ કરી શકાય એવી સઘળી અથવા કોઈપણ જરૂરી બાબતોવાળી નોટીસ બજાવવાને મુખત્યાર છે, અને તે એવી આવક ઉપર કર આકારવાને અથવા ફરી આકારવાને મુખત્યાર છે અને આ આક્ટના ઠરાવો, શક્ય હોય તેટલે સુધી, જાણે તે નોટીસ સદરહુ પેટા-કલમ મુજબ કાઢેલી નોટીસ હોય તેમ, તે ઉપરથી લાગુ પડશે

પણ એવુ ઠરાવ્યુ છે કે આવક, નફો અથવા કમાઇ, પ્રસગ પ્રમાણે આકારણી અથવા પુરી આકારણી કરવામાથી રહી ગએલ ન હોત તો, જે દર પ્રમાણે કર લેવામા આવ્યો હોત, તે દર પ્રમાણે કર લેવો

૩૫ (૧) ઇન્કમટેક્સ ઓફિસર, કરને પાત્ર હોય તે સખસ ઉપર કરેલી કોઇપણ માગણીની તારીખથી એક વર્ષની અંદર કોઇપણ વખતે, પોતાની મેળે, કર આકારવા બાબતના કાગળ ઉપરથી કાંઇ ભુલ માલમ પડે તે સુધારવાને મુખત્યાર છે, અને તેજ મુદતમા તેવા કરને પાત્ર હોય તે સખસ તરફથી તેની જાણમા લાવવામા આવે તેવી કોઈપણ ભુલ તેણે સુધારવી પણ એવુ ઠરાવ્યુ છે કે, એવી ભુલ સુધારવાથી કરની આકારણીમા વધારો થતો હોય ત્યારે ઇન્કમટેક્સ ઓફિસરે પોતાના તેમ કરવાના ઇરાદાની નોટીસ કરને પાત્ર હોય તે સખસને આપ્યા સિવાય તથા તેને સાભળવાની વાજબી તક આપ્યા સિવાય, તેની ભુલ સુધારવી નહી.

(૨) જ્યારે એવી કોઇપણ ભુલ સુધારવાથી કરની આકારણીમા ઘટાડો થતો હોય ત્યારે ઇન્કમટેક્સ ઓફિસરે કરને પાત્ર હોય તે સખસને પાછી આપવાની કોઇપણ રકમ પાછી આપવી જોઇએ

(૩) જ્યારે એવી કોઇપણ ભુલ સુધારવાથી કરની આકારણીમા વધારો થતો હોય ત્યારે, ઇનકમટેક્સ ઓફિસરે કરને પાત્ર હોય તે સખસના ઉપર, ઠરાવેલા નમુના મુજબની માગણીની નોટીસ, તેણે આપવાની રકમ તેમા જણાવીને બજાવવી, અને માગણીની એવી નોટીસ ૨૮ મી કલમની રૂયે કાઢેલી ગણાશે અને આ આક્ટના ઠરાવો તે પ્રમાણે લાગુ પડશે

૩૬ આ આક્ટની રૂયે, આપવાની કરની રકમ અથવા પાછી આપવાની રકમ નક્કી કરતી વખતે, ૭ પાઇથી ઓછા હોય એવા આનાના ભાગ ગણવા નહી, તથા ૭ પાઈ જેટલો અથવા ૭ પાઇથી વધારે આનાનો ભાગ ૧ આના તરીકે ગણવો

૩૭ આ બાબતના કોઈપણ કારણો સારૂ, ઇનકમટેક્સ ઓફિસર, આસિસ્ટંટ કમિશનર, તથા કમિશનરને હેઠળની બાબતોના સબધમા દાવાનો ઇન્સાફ કરતી વખતે, સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂએ કોર્ટને જે અધિકારો આપેલા છે તે અધિકારો છે, એટલે કે—

(અ) કોઇપણ સખસને હાજર રહેવાની ફરજ પાડવા તથા તેને સોગનપર અથવા એકરારથી તપાસવા બાબત

(બ) દસ્તાવેજો રજુ કરવાની ફરજ પાડવા બાબત, તથા

(ક) સાક્ષી તપાસવા માટે કમિશનો કાઢવા બાબત, અને આ બાબ મુજબ, ઇન્કમટેક્સ ઓફિસર

આસિસ્ટન્ટ કમિશનર અથવા કમિશનર આગળ ચાલતું કોઇપણ કામ, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૩ મી તથા ૨૨૮ મી કલમના અર્થ પ્રમાણે, " ઇન્સાફી મુકદ્દમો " છે એમ સમજવુ

૩૮ આ આકટના કારણો સારૂ, ઇન્કમટેક્સ ઓફિસર અથવા આસિસ્ટંટ કમિશનર,—

(૧) કોઇપણ પેઢી અથવા આવભક્ત હિંદુ કુટુંબને, પ્રસંગ પ્રમાણે, પેઢીના સભાસદોનુ અથવા કુટુંબના મેનેજર અથવા પુખ્ત ઉમરના પુરૂષોનુ તથા તેમના સરનામાનુ પત્રક પુરૂ પાડવાનુ ફરમાવવાને

(૨) જે કોઇપણ શખસને ટ્રસ્ટી, વાલી અથવા મુખત્યાર માનવાને પોતાને કારણ હોય તેને, જે સખશોનો તે ટ્રસ્ટી, વાલી અથવા મુખત્યાર હોય તેમના નામ તથા સરનામાનુ પત્રક પુરૂ પાડવાનું ફરમાવવાને મુખત્યાર છે

૩૯ ઇનકમટેક્સ ઓફિસરને અથવા આસિસ્ટન્ટ કમિશનરને અથવા ઇનકમટેક્સ ઓફિસરે અથવા આસિસ્ટન્ટ કમિશનરે આ અર્થે લેખી અધિકાર આપેલા કોઇપણ સખસને, કોઇપણ કંપનીના સભાસદોનું, ડિબેન્ચરો ધારણ કરનારાઓનુ અથવા ગીરો રાખનારાઓનું રજીસ્ટર તપાસવાનો, તથા જરૂર હોય તો, રજીસ્ટરની અથવા એવા રજીસ્ટરમાની કોઇ નોંધની, નકલો લેવાનો અથવા લેવડાવવાનો અધિકાર છે

બાબ ૫ મો.

વિશેષ બાબતોમાં કરની પાત્રતા

૪૦ જે કોઇપણ સખસ સગીર હોય, ગાડો હોય અથવા એવકુફ હોય અથવા બ્રિટિશ હિંદુસ્તાનની બહાર રહેતો હોય (આ સઘળા સખસોનો આ કલમમા હવે પછી હિતાધિકારી એ સંજ્ઞામા સમાવેશ કરેલો છે) તે સખસના કોઇપણ વાલી, ટ્રસ્ટી અથવા મુખત્યારને એવા હિતાધિકારીના વતી, આ આકટ મુજબ કર આકારવાજોગ કોઇપણ આવક, નફો અથવા કમાઇ મળતી હોય તે વાલી, ટ્રસ્ટી અથવા મુખત્યારની બાબતમા એવો કોઇપણ હિતાધિકારી પુખ્ત ઉમરનો હોત, સાવધ મનનો હોત અથવા બ્રિટિશ હિંદુસ્તાનમા રહેતો હોત અને એવી આવક, નફો અથવા કમાઇ તેને મળતી હોત, તો તેના ઉપર જેવી રીતે અને જેટલી રકમનો કર આકારવામા આવતે તથા તેની પાસેથી વસુલ કરવામા આવતે, તેવીજ રીતે અને તેટલો જ કર, પ્રસંગ પ્રમાણે સદરહુ વાલી, ટ્રસ્ટી અથવા મુખત્યારના ઉપર આકારવામા આવશે તથા તેની પાસેથી વસુલ કરવામા આવશે અને આ આકટના સઘળા ઠરાવો તે મુજબ લાગુ પડશે

૪૧ કોર્ટસ ઓફ વોર્ડઝ, એડમિનિસ્ટ્રેટર્સ જનરલ, ઓફિશિયલ ટ્રસ્ટીઓ અથવા કોર્ટથી અથવા કોર્ટના કોઇપણ હુકમથી નીમાયલા કોઇપણ રીસીવર અથવા મેનેજર (બીજાની વતી મિલ્કતનો ખરેખરો વહિવટ કરનાર કોઇપણ સખસ, પછી ગમે તે નામ આપ્યુ હોય છતા તે સુદ્ધા) ને, આ આકટ મુજબ કર આકારવાજોગ જે આવક, નફો અથવા કમાઇ મળતી હોય તેની બાબતમા, જે સખસની વતી એવી આવક, નફો અથવા કમાઈ મળતી હોય તે સખસના ઉપર, જેવી રીતે અને જેટલી રકમનો કર આકારવામા આવતે, અને તેની પાસેથી વસુલ કરવામા આવતે, તેવીજ રીતે અને તેટલી રકમનો કર, સદરહુ કોર્ટ ઓફ વોર્ડઝ, એડમિનિસ્ટ્રેટર જનરલ, ઓફિશિયલ ટ્રસ્ટી, રીસીવર અથવા મેનેજરના ઉપર આકારવામા આવશે તથા તેની પાસથી વસુલ કરવામા આવશે અને આ આકટના સઘળા ઠરાવો તે મુજબ લાગુ પડશે

૪૨ (૧) બ્રિટિશ હિન્દુસ્તાનની બહાર રહેનારા કોઇપણ સખસની બાબતમા, બ્રિટિશ હિન્દુસ્તાનમા કોઇપણ ધંધા રોજગારને અથવા મિલકતને લગતા કોઇપણ સંબંધને લીધે અથવા સંબંધ ઉપરથી પ્રત્યક્ષ પરોક્ષ રીતે તેને મળતો સઘળો નફો અથવા થતી સઘળી કમાઇને, બ્રિટિશ હિન્દુસ્તાનમા મળતી અથવા થતી આવક ગણવામા આવશે, અને એવા કોઇપણ સખસના મુખત્યારના નામથી, તે ઉપર આવકનો કર આકારવામા આવશે, અને એવા મુખત્યારને, આ આકટના સઘળા કારણ સારૂ, એવા આવક ઉપરના કરના સંબંધમા, કરને પાત્ર હોય તે સખસ ગણવામા આવશે

પણ એવું ઠરાવ્યુ છે કે બ્રિટિશ હિન્દુસ્તાનમા નહિ રહેનારા સદરહુ સખસની બ્રિટિશ હિન્દુસ્તાનમા આવેલી અથવા કોઇપણ વખતે આવે તે મિલ્કતમાથી પણ, આ આકટના ઠરાવો મુજબ, કરની ચઢેલી કોઈપણ બાકીની રકમ વસુલ કરવાનો અધિકાર છે

(૨) જ્યારે બ્રિટિશ હિન્દુસ્તાનમા રહેતો નહિ હોય, તથા બ્રિટિશ રૈયત અથવા મલિક મુઆઝમના મુલકમા સ્થાપાયલી પેઢી અથવા કપની અથવા તેની શાખા ન હોય, એવો સખસ બ્રિટિશ હિન્દુસ્તાનમા રહેતા સખસ સાથે ધધો રોજગાર ચલાવતો હોય, અને પ્રસગ પ્રમાણે, ઇન્કમટેકસ ઓફીસર અથવા આસિસ્ટટ કમિશનરને એમ માલમ પડે કે (બ્રિટિશ હિન્દુસ્તાનમા) રહેનારા અને (બ્રિટિશ હિદુસ્તાનમા) નહિ રહેનારા સખસો વચ્ચે ગાઢા સબધને લીધે તથા (બ્રિટિશ હિદુસ્તાનમા) ન રહેનારાનો (બ્રિટિશ હિદુસ્તાનમા રહેનારા ઉપર મજબુત અકુશ રહેતો હોવાને લીધે, તે બેઉ સખસો વચ્ચે ધધા રોજગારની એવી રીતની ગોઠવણ કરવામા આવી છે કે જેથી (બ્રિટિશ હિદુસ્તાનમા) રહેનારાએ (બ્રિટિશ હિદુસ્તાનમા) નહિ રહેનારા સાથેના પોતાને સબધને લીધે કરેલા ધધા રોજગારમા (બ્રિટિશ હિદુસ્તાનમા રહેનારાને કાઇપણ નફો મળતો નથી, અથવા તે ધધા રોજગારમા સાધારણ રીતે જે નફાની આશા રાખવામા આવતી હોય તેના કરતા ઓછો નફો મળે છે તો, તેમાથી મળતા નફા ઉપર અથવા તો તેમાથી વ્યાજબી રીતે જે નફો મળવાનુ ગણવામા આવે તે નફા ઉપર, (બ્રિટિશ હિદુસ્તાનમા) રહેનારા સખસના નામથી કર આકારવામા આવશે અને તે સખસને, આ આકટના સઘળા કારણો સારૂ, એવા આવક ઉપરના કરના સબધમા કરને પાત્ર હોય તે સખસ ગણવામા આવશે

૪૩ બ્રિટિશ હિદુસ્તાનના બહાર રહેનારા કોઈપણ સખસે અથવા તે સખસના વતી, નોકરીએ રાખેલા અથવા એવા સખસની સાથે ધધા રોજગારનો સબધ ધરાવનારા અથવા એવા સખસની આવક, નફો અથવા કમાઇ જેને મળતી હોય એવા જે કોઇપણ સખસ ઉપર, ઇન્કમટેકસ ઓફિસરે (બ્રિટિશ હિદુસ્તાનમા) નહિ રહેનાર સખસના મુખત્યાર તરીકે ગણવાના પોતાના ઇરાદાની નોટીસ બજાવી હોય તે સખસને આ આકટના કારણો સારૂ, એવી તરેહનો મુખત્યાર ગણવામા આવશે

પણ એવુ ઠરાવ્યુ છે કે, કોઇપણ માણસને, પોતાની કર ભરવાની પાત્રતા વિષે ઇન્કમટેકસ ઓફિસર આગળ કહેવાની તેને તક મળ્યા શિવાય (બ્રિટિશ હિદુસ્તાનમા) નહિ રહેનારાનો મુખત્યાર ગણવામા આવશે નહિ

૪૪ જ્યારે કોઇપણ ધધો રોજગાર પેશો અથવા ઉદ્યમ કે જે એકાદી પેઢી ચલાવતી હોય તે બધ પાડવામા આવે ત્યારે, એવી પેઢીને એવી રીતે બધ પાડવામા આવે ત્યારે જે સખસ તે પેઢીનો સભાસદ હોય તે દરેક સખસ, સદરહુ પેઢીની આવક, નફા તથા કમાઇની બાબતમા તે પેઢીએ આપવાના કરની રકમ માટે એકત્ર અને જુદા જુદા જવાબદાર છે એમ સમજવુ

" બાબ ૫ અ.

કેટલાક વર્ગોનાં વહાણોને લગતા વિશેષ ઠરાવો

૪૪ (અ) આ આકટના બીજા ઠરાવોમા કાઇ પણ લખ્યુ હોય તેમ છતા, જે સખસ બ્રિટિશ હિદુસ્તાન બહાર રહેતો હોય તથા કોઈ પણ વહાણના માલિક અથવા ભાડે ફેરવનાર (આવા સખસનો આ બાબતમા હવે પછી માલિક તરીકે ઉલ્લેખ કર્યો છે) તરીકે બ્રિટીશ હિદુસ્તાનમા ધધો રોજગાર ચલાવતો હોય તેના સબંધમા કર લેવાના તથા વસુલ કરવાના કારણ સારૂ આ બાબતના ઠરાવો લાગુ પડશે શિવાય કે આ આકટના બીજા ઠરાવોની રૂએ ત્યાર પછીના વર્ષમા એવા માલિકના મુખત્યાર પાસેથી સદરહુ કર વસુલ કરી શકાશે એવી ઇન્કમટેકસ ઓફિસની ખાત્રી થવી જોઇએ

૪૪ બ (૧) જે કોઈપણ વહાણના સબધમા આ બાબતના ઠરાવો લાગુ પડતા હોય તે વહાણ બ્રિટીશ હિદુસ્તાનમાના કોઇ પણ બદરેથી ઉપડે તે અગાઉ સદરહુ વહાણના માસ્તરે, સદરહુ વહાણ તે બંદરે છેલવહેલા આવ્યુ હોય ત્યાર પછી ત્યા જે સઘળા ઉતારૂઓ જનાવરો અથવા માલ ચઢાવ્યો હોય તે લઇ જવા બદલ માલકને અથવા તેના વતી કોઇ પણ સખસને આપેલી અથવા આપવાની સઘળી રકમનું પત્રક તૈયાર કરીને ઇન્કમટેકસ ઓફિસને મોકલવુ જોઇએ

(૨) સદરહુ પત્રક મળેથી ઇન્કમટેકસ ઓફિસરે પેટા-કલમ (૧) મા જણાવેલી રકમની આકારણી કરવી, અને આ કારણસર પોતાને જરૂર જણાય તેવા હિસાબ અથવા દસ્તાવેજ મગાવવાને તે મુખત્યાર

છે, તથા આવી રીતે આકારણી કરેલી રકમનો વીસમો ભાગ સદરહુ બદરે ચઢાવેલા ઉતારૂઓ જનાવરો તથા માલ લઇ જવા બદલ માલિકને થતા નફા તથા કમાઇની રકમ તરીકે ગણવામા આવશે

(૩) ઉપર જણાવ્યા પ્રમાણે નફા તથા કમાઇની આકારણી કરી હોય ત્યારે ઇન્કમટેક્સ ઓફિસરે એકાદ કપનીની કુલ આવકને વિદ્યમાન કાળે લાગુ પડતા હોય એવા દરથી તેના ઉપર કર તરીકે આપવાની રકમ નક્કી કરવી, તથા એવી રકમ વહાણના માસ્તરે આપવી જોઇએ, તથા કસ્ટમના કલેકટરની અથવા પરવાનગી ચીઠ્ઠી મજુર કરવાને યોગ્ય રીતે અધિકાર આપેલા બીજા અમલદારને કર યોગ્ય રીતે આપ્યો છે એમ ખાતરી થાય નહી ત્યા સુધી સદરહુ વહાણને રવાનગી ચીઠ્ઠી આપવામા આવશે નહીં

૪૪ ક, આ બાબની રૂએ તેના વતી કાઇપણ રકમ ભરવામા આવી હોય તે વર્ષની પછીના કોઇપણ વર્ષમા આગલા વર્ષની તેની કુલ આવકની આકારણી કરવી જોઇએ તથા તે ધોરણપર આપવાનો કર આ આકટના બીજા ઠરાવોને અનુસાર નક્કી કરવો જોઇએ એવો દાવો કરવામા આ બાબના કોઇપણ મજકુરથી કોઇપણ માલકને હરકત આવે છે એમ ગણવામા આવશે નહી અને જો તે એવી રીતે દાવો કરે તો ઉપર જણાવ્યા પ્રમાણે એવી કોઇ પણ આપેલી કર બદલ અગાઉથી આપેલી રકમ તરીકે ગણવામા આવશે, તથા એવી રીતે આપેલી રકમ અને તેને આપવી જોઇતી કરની રકમ વચ્ચેનો તફાવત પ્રસગ પ્રમાણે તેણે આપવો જોઇએ અથવા તેને પાછો આપવો જોઇએ ”

બાબ ૬ ઠો.

દડ તથા કર વસુલ કરવા બાબત

૪૫ ૨૯ મી કલમ મુજબની માગણીની નોટીસમા અથવા ૩૧ મી અથવા ૩૨ મી અથવા ૩૩મી કલમ મુજબના હુકમમા આપવાની તરીકે નિર્દિષ્ટ કરેલી કોઇપણ રકમ, સદરહુ નોટીસ અથવા હુકમમા જે વખત, જે જગ્યા તથા જે સખસ જણાવ્યા હોય તે વખતની અદર, તે જગાએ તથા તે સખસને ભરવી જોઇએ, અથવા એવી રીતે કાઇ પણ જણાવ્યો નહિ હોય તો, તે નોટીસ અથવા હુકમની બજાવણીની તારીખ પછીના બીજા મહિનાને પહેલે દિવસે અથવા તે પહેલા ભરવી જોઇએ, અને કોઇપણ કરને પાત્ર હોય તે સખસ એવી રીતે ભરવાનુ ચુકે તો, તેને તકસીરવાન ગણવામા આવશે, પણ એવુ ઠરાવ્યુ છે કે, કોઇ કરને પાત્ર હોય તે સખસે ૨૦ મી કલમ મુજબ અપીલ કરી હોય ત્યારે, જ્યાસુધી એવી અપીલનો નિકાલ થાય નહી ત્યા સુધી, ઇન્કમટેક્સ ઓફિસર પોતાને વાજબી લાગે તો, તે તકસીરવાન નથી એમ ગણવાને મુખત્યાર છે

૪૬ (૧) આવક ઉપરનો કર ભરવામા, કરને પાત્ર હોય તે સખસ કસુર કરે ત્યારે, ઇન્કમટેક્સ ઓફિસર, પોતાને વાજબી લાગે તો, બાકીની રકમ ઉપરાત તે રકમ કરતા વધારે નહી હોય એવી રકમ કરને પાત્ર હોય તે સખસ પાસેથી દડ તરીકે વસુલ કરવી એમ ફરમાવવા મુખત્યાર છે

(૨) ઇન્કમટેક્સ ઓફિસર કરને પાત્ર હોય તે સખસ પાસેથી લેવાની બાકીની રકમ દર્શાવેલી હોય એવો પોતાની સહીવાળો દાખલો કલેકટરને મોકલી આપવા મુખત્યાર છે અને સદરહુ દાખલો મળ્યા પછી, કલેકટરે તેમા દર્શાવેલી રકમ, જાણે જમીનમહેસલની બાકી હોય તેમ, સદરહુ કરને પાત્ર હોય તે સખસ પાસેથી વસુલ કરવી

(૩) પ્રાતના કોઈ પણ ભાગમા જે કોઈ કાયદો વિદ્યમાન કાળે અમલમા હોય તે કાયદાની રૂએ નાખેલા કોઇ મ્યુનિસીપલ કરની અથવા સ્થાનિક કરની બાકીની રકમ વસુલ કરવાને જે કોઇ રીત અમલમા લાવી શકાય તે રીતથી, જે કોઇપણ પ્રદેશના સબધમા કાઇ પણ બાકી વસુલ કરવી એમ કમિશનરે ફરમાવ્યુ હોય તે પ્રદેશમા સદરહુ લહેણી રકમ, સદરહુ રીતથી વસુલ કરવાને ઇન્કમટેક્સ ઓફિસર મુખત્યાર છે

(૪) મ્યુનિસિપલ કર અથવા સ્થાનિક કર વસુલ કરવા માટેની કોઇપણ રીત અમલમા આણવા સારૂ ઉપર જણાવેલા એવા કોઈ પણ આકટની રૂએ જે અધિકાર ચલાવવા પડે અથવા જે ફરજો બજાવવી પડે તેજ અધિકાર અને તેજ ફરજો, જ્યારે તેજ રીતે, (૩)જી પેટા–કલમની રૂએ વાપરવામા આવે ત્યારે, કયા અધિકારીએ ચલાવવા અથવા બજાવવી તે ઠરાવવાનો કમિશનરને અખત્યાર છે

(૫) " પગાર " ના સદર હેઠળ આકારવાજોગ કાંઇ પણ આવકની રકમ કોઇપણ કરને પાત્ર હોય તે સખસને મળતી હોય તો, ઇન્કમટેક્સ ઓફિસર સદરહુ કરને પાત્ર હોય તે સખસ પાસેથી લેવાની કોઈ પણ બાકીની રકમ, તે ભરવાની માગણી કર્યાની તારીખ પછી જે કાંઇ રકમ તેને આપવાની હોય તેમાથી બાદ કરી, તે રકમ આપનાર કોઇ પણ સખસે, ભરવાનુ ફરમાવવાને મુખત્યાર છે, અને સદરહુ સખસે એવી કોઇ પણ માગણી પ્રમાણે ચાલવુ જોઇએ અને એવી રીતે કાપી લીધેલી રકમ હિંદુસ્તાન સરકારને ખાતામાં અથવા બોર્ડ ઓફ઼ ઇન્લેંડ રેવેન્યુ ફરમાવે તેવી રીતે ભરવી જોઇએ

(૬) કોઇ કનિષ્ટ કરેલા પ્રદેશની બાબતમા કોઇ મ્યુનિસિપલ કર અથવા સ્થાનિક કર, જે માણસ વસુલ કરતો હોય અને જે રીત વસુલ કરવામા આવતો હોય તેજ માણસે અને તેજ રીતે તે મ્યુનિસિપલ કર અથવા સ્થાનિક કરની સાથે અને તેની ઉપરાત, આવક ઉપરનો કર વસુલ કરવો, એવુ સ્થાનિક સરકાર ફરમાવવાને મુખત્યાર છે.

(૭) કલમ ૪૨ ની પેટા કલમ (૧) ના ઠરાવોની રૂયે હોય તે સિવાય, જે વર્ષમા આ આક્ટ મુજબ કોઈપણ માગણી કરી હોય તે વર્ષના છેલ્લા દિવસથી એક વર્ષ પુરૂં થયા પછી, આ આક્ટની રૂયે આપવાની કોઇપણ રકમ વસુલ કરવા સારૂ કોઇ પણ કામ ચલાવવુ નહિ

૪૭ કલમ ૨૫ ની પેટા—કલમ (૩) ની અથવા કલમ ૨૮ ની પેટા–કલમ (૧) ના ઠરાવોની રૂયે દંડ તરીકે નાખેલી કોઇપણ રકમ, કરની બાકી વસુલ કરવા માટે આ બાબમા ઠરાવેલી રીત પ્રમાણે વસુલ કરવી

બાબ ૭ મો.

રીફંડ (કરની રકમ પાછી આપવા બાબત)

૪૮ (૧) કોઇપણ કંપનીમા જે કોઇ શેર ધારણ કરનારને તે કંપની તરફથી કાંઇ ડિવિડન્ડ મળ્યુ એમ હોય તે શેર ધારણ કરનાર, ઇન્કમટેક્સ ઓફિસરની એવી ખાતરી કરી આપે કે સદરહુ ડિવિડન્ડ જાહેર કરવામા આવ્યુ ત્યારે કંપનીના નફા અથવા કમાઇનો લાગુ પડતો આવક ઉપરના કરનો દર સદરહુ ડિવિડન્ડ જાહેર કર્યું હોય તે વર્ષની તેની કુલ આવકને લાગુ પડે એવા દર કરતા વધારે છે તો, કલમ ૨૦ ના ઠરાવો મુજબ તેને મળેલું સર્ટિફિકેટ રજુ કરેથી તેને સદરહુ ડિવિડન્ડની રકમ ઉપર (સદરહુ સર્ટિફિકેટમા નિર્દિષ્ટ કરેલા કરની રકમ સુદ્ધા) તે દરો વચ્ચેના તફાવત પ્રમાણે ગણેલી રકમ પાછી મળવાનો હક્ક છે

(૨) જો કોઇ પણ નોંધાયલી પેઢીનો સભાસદ ઈન્કમટેક્સ ઓફિસરની એવી ખાતરી કરી આપે કે પાછલા વર્ષની તેની કુલ આવકને લાગુ પડતો આવક ઉપરના કરનો દર, સદરહુ પેઢીના તે વર્ષના નફા અથવા કમાઇ ઉપર આકારવામા આવેલા દર કરતા ઓછો હતો તો, તે નફાના પોતાના ભાગ ઉપર તે દરો વચ્ચેના પ્રમાણે ગણેલી રકમ પાછી મળવાનો તેને હક છે.

(૩) જે કોઇ સિક્યુરીટીના વ્યાજમાથી, અથવા કોઇપણ સખસના પગારમાથી ૧૯ મી કલમના ઠરાવો મુજબ આવકપરનો કર કાપી લેવામા આવ્યો હોય તે સિક્યુરીટીનો માલિક અથવા તે સખસ ઇન્કમટેક્સ ઓફિસરની એવી ખાતરી કરી આપે કે પાછલા વર્ષની તેની કુલ આવકને લાગુ પડતો આવકપરના કરનો દર તે વર્ષે એવી રીતે કર કાપી લેતા, આવક ઉપરનો કર જે દરે આકારવામા આવ્યો હોય તે દર કરતા ઓછો હતો તો, વ્યાજની રકમ ઉપર અથવા જે પગારની રકમમાંથી કર કાપી લેવામા આવ્યો હોય તે પગારની રકમ ઉપર તે દરો વચ્ચેના તફાવત પ્રમાણે ગણેલી રકમ પાછી મળવાનો તેને હક્ક છે

૪૯ (૧) જો કોઇપણ સખસ પોતાની આવકના કોઇપણ ભાગપર કોઈ પણ વર્ષમાટે હિંદુસ્તાનનો આવક પરનો કર આપ્યો હોય તે સખસ ઇન્કમટેક્સ ઓફિસરની ખાતરી થાય તેમ સાબિત કરી આપે કે તેણે પોતાની આવકમા તેજ ભાગના સંબંધમાં, તેજ વર્ષ માટે યુનાઇટેડ કિંગ્ડમનો આવક પરનો કર ભર્યો છે તથા સને ૧૯૨૦ ના ફિનાન્સ બાબતના આક્ટની કલમ ૨૭ ના ઠરાવો મુજબના જે દર પ્રમાણે તેને માફી મળવાનો હક્ક હતો તથા મળી છે તે દર પોતાની આવકના તે ભાગના સંબંધમા આકારવામા આવેલા હિંદુસ્તાનના દર કરતા ઓછો છે તો, પોતાની આવકના તે ભાગ ઉપર, હિંદુસ્તાનના કરના દર તથા તે

કલમ મુજબ તેને જે દરે માગી મળવાનો હક હતો તથા મળી હતી તે દર વચ્ચેના તફાવતના જેટલા દર પ્રમાણે ગણેલી રકમ પાછી મળવાનો તેને હક છે

પણ એવુ ઠરાવ્યુ છે કે જે દરે રકમ પાછી આપવામા આવે તે દર હિંદુસ્તાનના કરના દરેક અડધા કરના વધારે હોવો જોઇએ નહી

(૨) પેટા-કલમ (૧) મા—(અ) 'હિંદુસ્તાનનો આવકપરનો કર'' એ સજ્ઞાનો અર્થ, આ આકટના ઠરાવો મુજબ આકારવામા આવેલો આવકપરનો કર તથા સુપરટેક્ષ એવો થાય છે (બ) "હિંદુસ્તાનનો કરનો દર' એ સજ્ઞાનો અર્થ, હિંદુસ્તાનના આવકપરના કરની રકમને જે આવકપર કર માકારવામા આવ્યો હોય તે આવકથી ભાગતા જે રકમ આવે તે રકમ, એવો થાય છે

(ક) 'યુનાઇટેડ કિંગ્ડમનો આવકપરનો કર'' એ સજ્ઞાનો અર્થ, આવકપરના કર બાબતના આકટોના ઠરાવો મુજબ આકારવામા આવેલ આવકપરનો કર તથા સુપરટેક્ષ એમ થાય છે

૫૦ આ બાબ મુજબ આવકપરના કરની કોઈ પણ રકમ પાછી મળવા માટેનો દાવો, જે વર્ષમા કર વસુલ કરવામા આવ્યો હોય તે વર્ષના છેલ્લા દિવસથી એક વર્ષની અદર કરવામા આવે નહિ તો, તે ચાલશે નહિ

બાબ ૮ મો.

ગુન્હા અને શિક્ષા

૫૧ જો કોઈ સખસ વ્યાજબી કારણ અથવા સબબ વગર—

(અ) કલમ ૧૮ અથવા કલમ ૪૭ ની પેટા-કલમ (૫) મા ફરમાવ્યા મુજબ કોઈ કર કાપી લેવાને તથા ભરવાને,

(બ) કલમ ૧૮ ની પેટા-કલમ (૯) મુજબ અથવા કલમ ૨૦ મુજબ રજુ કરવાનો દાખલો રજુ કરવાને,

(ક) ૨૧ મી, ૨૨ મા અથવા ૩૮ મી કલમમા જણાવેલા પત્રકોમા કોઈ પણ પત્રક વખતસર પુરૂં પાડવાને,

(ડ) ૨૨ મી કલમની પેટા-કલમ (૪) ની રૂએ કાઢલી કોઇપણ નોટિસમા જણાવેલા તારીખે અથવા તે પહેલા, સદરહુ નોટિસમા જણાવેલા હિસાબો તથા દસ્તાવેજો રજુ કરવાને અથવા રજુ કરાવવાને,

(ઇ) ૩૯મી કલમના ઠરાવોની રૂએ તપાસ કરવા અથવા નકલો લેવા દેવાને, કસુર કરે તો, માજીસ્ટ્રેટ આગળ તેનાપર ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી, જેટલા દિવસ સુધી કસુર જારી રહે તે દરેક દિવસને માટે તેને ૧૦ રૂપયા સુધીના દંડની શિક્ષા થશે

૫૨ કલમ ૨૨ અથવા કલમ ૩૦ ની પેટા-કલમ (૩) અથવા કલમ ૨૨ ની પેટા-કલમ (૨) મા જણાવેલા પત્રક તથા અરજી ખરા હોવા બાબતના એકરારમા જો કોઇ પણ સખસ, જે હકીકત ખોટી હોય તે, અને જે હકીકત ખોટી છે એવુ તે જાણતો હોય અથવા માનતો હોય, અથવા જે હકીકત સાચી છે એવુ તે માનતો નહિ હોય, તે જણાવશે તો, તેણે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૭મી કલમમા જણાવેલો ગુન્હો કરેલો ગણવામા અવાશે

૫૩ (૧) ૫૧મી અથવા ૫૨મી કલમ મુજબના ગુન્હા માટે કોઇપણ સખસ ઉપર, આસિસ્ટંટ કમિશનરના કહ્યા સિવાય, કામ ચલાવવુ નહિ

(૨) આસિસ્ટન્ટ કમિશનર કોઈપણ કામ ચાલતું મોકુફ રાખવાને અથવા કોઈપણ ગુન્હાના સબંધમા પતાવટ કરવાને મુખત્યાર છે

૫૪ (૧) આ આકટના ઠરાવોની રૂએ તૈયાર કરેલી કોઈપણ કેફિયતમા, અથવા પુરા પાડેલા પત્રકમા અથવા રજુ કરેલા હિસાબોમા અથવા દસ્તાવેજોમા અથવા આ બાબ મુજબના કામો સિવાયનુ આ આકટ મુજબનુ બીજુ કોઈપણ કામ ચાલતું હોય તે દરમિઆન કોઈપણ પુરાવામા અથવા કરેલા (એકરારમા) એફીડેવિટમા અથવા આપેલી જુબાનીમા, અથવા આ આકટના કારણ સારૂ તૈયાર કરેલા કર આપવા બાબ-

તના અથવા માગણી વસુલ કરવાને લગતા કોઇપણ કાગળપત્રમા જણાવેલી સઘળી હકીકતો ખાનગી તરીકે ગણવી અને સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના કાયદામા કાઇપણ લખ્યુ હોય તેમ છતા, કોઇપણ કોર્ટને, આ આક્ટમા ઠરાવ્યુ હોય તે શિવાય, એવા કોઇપણ પત્રક, હિસાબ, કાગળપત્ર, અથવા નોંધ અથવા એવા કોઇપણ કાગળપત્રનો કોઇપણ ભાગ કોઇપિણ સરકારી નોકરને રજુ કરવાનુ અથવા તે સબધમા તેની આગળ પુરાવો આપવાનુ ફરમાવવાનો હક નથી

(૨) જો કોઈ સરકારી નોકર એવી કોઇપણ કેફિયતમા, પત્રકમા, હિસાબમાં દસ્તાવેજોમા પુરાવામા, એફિડેવિટમા, જુબાનીમા અથવા કાગળપત્રમા જણાવેલી કોઇપણ હકીકત ફોડશે તો, તેને વત્તામા વત્તા ૭ મહિના સુધીની કેદની શિક્ષા થશે, તથા તે દડની શિક્ષાને પણ પાત્ર થશે, પણ એવુ ઠરાવ્યુ છે કે આ કલમમાનો કોઇપણ મજકુર —

(અ) એવી કોઇપણ કેફિયત, પત્રક, હિસાબ, દસ્તાવેજો, પુરાવા, એફિડેવિટ અથવા જુબાનીના સંબધમા, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ મુજબ કામ ચલાવવાના કારણ સારૂ અથવા આ આક્ટ મુજબ કામ ચલાવવાના કારણ સારૂ એવી કોઇપણ હકીકત ફોડવાના કૃત્યને, અથવા

(બ) આ આક્ટનો અમલ કરવાનુ કામ કરતો હોય એવા કોઇપિણ સખસને આ આક્ટના કારણ સારૂ, એવી હકીકતો ફોડવાનુ જરૂરનુ હોય તે પ્રસંગે, તેવા સખસને તેવી કોઈ પણ હકીકત ફોડવાના કૃત્યને, અથવા

(ક) આ આક્ટ મુજબ કોઇપણ નોટિસની બજાવણી માટેની અથવા કોઇપણ માગણી વસુલ કરવા માટેની કોઇ પણ પ્રોસેસનો કાયદેસર રીતે ઉપયોગ કરવાથી ફોડવાની જરૂર પડેલી હકીકત ફોડવાના કૃત્યને, અથવા

(ડ) સને ૧૯૨૦ના ફિનાન્સ આક્ટની કલમ ૨૭ મુજબ માફી આપવાનુ શકય થઇ પડવા સારૂ અથવા આ આક્ટની કલમ ૪૮ મુજબ પાછી આપવાની રકમ પાછી આપવાનું શકય થઇ પડવા સારૂ જરૂર હોય તેટલી, યુનાઇટેડ કિંગડમના અધિકાર આપેલા અમલદારને એવી બાબતો ફોડવાના કૃત્યને, લાગુ પડશે નહી

વળી એવુ ઠરાવ્યુ છે કે કમિશનરની અગાઉથી મજુરી લીધા વગર, આ આક્ટ મુજબ કોઇ પણ કામ ચલાવવુ નહી

બાબ ૯ મો.

સુપરટેક્સ

૫૫ કોઇપણ વર્ષ માટે આકારેલા આવક ઉપરના કર ઉપરાત, કોઇપિણ સખસની, બિનનોધાયલી પેઢીની અથવા નોધાયલી ન હોય તેવી બીજી મડળીની અવિભક્ત હિંદુ કુટુબની અથવા કપનીની પાછલા વર્ષની કુલ આવકના સબધમા, હિંદુસ્તાનના ધારામડળના આક્ટની રૂયે તે વર્ષ માટે ઠરાવેલા દર અથવા દરો પ્રમાણે આવકપરના કરની વધારાની ડ્યુટિ (આને આ આક્ટમા સુપરટેક્સ કહેલ છે) આકારવી લેવી અને ભરવી જોઇએ

પણ એવુ ઠરાવ્યું છે કે જ્યારે એકાદી બિન–નોધાયલી પેઢી નફા અથવા કમાઇ ઉપર સુપરટેક્સ આકારવામા આવ્યો હોય ત્યારે, સદરહુ પેઢીમા ભાગ હોય એવો સખસ એવા નફા અથવા કમાઇની, પોતાના ભાગના પ્રમાણની રકમની બાબતમા, સુપરટેક્સ આપવાને પાત્ર થશે નહી એમ સમજવુ

૫૬ આ બાબના ઠરાવોને પાત્ર, સુપરટેક્સના કારણો સારૂ, કોઇપણ સખસની, બિન–નોધાયલી પેઢીની અથવા સખસોની બનેલી મડળીની અવિભક્ત હિંદુ કુટુબની અથવા કપનીની કુલ આવક, આવકપરના કરના કારણો સારૂ આકારવામા આવેલી કુલ આવક છે, અને કોઇપણ વર્ષ માટેના આવકપરના કરના કારણો સારૂ કુલ આવકની આકારણી છેવટની તથા નિશ્ચિત થઈ હોય તેવે પ્રસંગે, તેજ વર્ષ માટેના સુપરટેક્સના કારણો સારૂ પણ સદરહુ આકારણી છેવટની તથા નિશ્ચિત છે એમ ગણવુ

૫૭ (૧) બ્રિટિશ હિંદુસ્તાનની બહાર રહેનાર જે કોઈ પણ કરને પાત્ર હોય તે સખસ કોઇ પણ નોધાયલી પેઢીનો અથવા ભાગીદારીનો મેમ્બર (ભાગીદાર) હોય અને જેનો સદરહુ પેઢીમાના અથવા

ભાગીદારીમાના નફાનો ભાગ સુપરટેક્સને પાત્ર હોય તે સખસની બાબતમા, એવી પેઢીના બાકીના ભાગીદારો જેઓ બ્રિટિશ હિંદુસ્તાનમા રહેતા હોય તેઓ બ્રિટિશ હિંદુસ્તાનની બહાર રહેનારા સદરહુ ભાગીદાર પાસેથી એવા ભાગની બાબતમા લેવાનો સુપરટેક્સ આપવાને એકત્રિત રીતે તથા જુદા જુદા પાત્ર છે એમ સમજવુ,

(૨) જે કોઇ પણ કરને પાત્ર હોય તે સખસ કોઇ પણ કંપનીમાથી પોતાને મળવાના ડિવિડન્ડની રકમ ઉપર સુપરટેક્સ આપવાને પાત્ર હોય તે સખસ, કંપનીના મુખ્ય આધકારીની જાણ પ્રમાણે, બ્રિટિશ હિંદુસ્તાન બહાર રહેતો હોય તેવે પ્રસગે, તે મુખ્ય અધિકારી, સદરહુ કંપનીમાથી બ્રિટિશ હિંદુસ્તાનની બહાર રહેનારને મળેલા ડિવિડન્ડની બાબતમા તેણે ભરવાનો સુપરટેક્સ આપવાને પાત્ર છે અને એવા કરને પાત્ર હોય તે સખસને કંપનીએ આપવાની રકમમાથી એવી સુપરટેક્સની રકમ કાપી લેવાનો તેને અધિકાર છે એમ સમજવુ

[૩] બ્રિટિશ હિંદુસ્તાન બહાર રહેતા હોય એવા કોઇપણ કરને પાત્ર હોય તે સખસ વતી કોઇપણ સખસ આ કલમના ઠરાવો પ્રમાણે કર આપે તેવે પ્રસગે, કલમો ૪૨ તથા ૪૦ ના ઠરાવો મુજબ, એવા કોઈપણ બ્રિટિશ હિંદુસ્તાન બહાર રહેનાર કરોને પાત્ર હોય તે સખસના મુખત્યારે આપવાની કરની રકમ ઠરાવતી વખતે તે મજરે આપવી

૫૮ (૧) કલમ ૩, કલમ ૭ ની પેટા–કલમ (૧) નો વિશેષ ઠરાવ, કલમ ૮ ના વિશેષ ઠરાવો, કલમ ૧૪ ની પટા–કલમ (૨), અને કલમો ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ તથા ૪૮ શિવાય આ આકટના સઘળા ઠરાવો, શક્ય હોય તેટલે સુધી, સુપરટેક્સ નાખવાના, આકારવાના, ઉઘરાવવાના તથા વસુલ કરવાના કામને લાગુ પડશે

(૨) કલમ ૫૭ મા ઠરાવ્યુ હોય તે શિવાય, સુપરટેક્સ કરને પાત્ર હોય તે સખસે જાતેજ આપવો જોઇએ

બાબ ૧૦ મો.

પરચુરણ

૫૯ (૧) ગવર્નર જનરલ ઇન કૌન્સિલના નિર્બંધને પાત્ર, બોર્ડ ઓફ ઇન્લેંડ રેવેન્યુને, આ આકટના હેતુઓ પાર પાડવા સારૂ અને કોઇ પણ જાતની આવક નક્કી કરી તે મુકરર કરવા સારૂ કાનુનો કરવાનો અધિકાર છે એવી કાનુનો આખા બ્રિટિશ હિંદુસ્તાન માટે અથવા નિર્દિષ્ટ કરવામા આવે એવા તેના કોઇ પણ ભાગ માટે કરવાનો અધિકાર છે

(૨) ઉપર જણાવેલા અધિકારના સામાન્યપણાને બાધ ન આવતા એવી કાનુનોમા

(અ) (૧) જે આવક અંશત. ખેતીવાડી દ્વારા અને અંશત. ધંધા રોજગાર દ્વારા થએલી આવકના સબધમા

(૨) વીમા કંપનીઓના સંબધમા, (૩) બ્રિટિશ હિંદુસ્તાન બહાર રહેતા સખસોના સબધમા, આવક, નફો તથા કમાઇ કેવી રીતે તથા કેવી પદ્ધતિથી નક્કી કરવા તે ઠરાવવાનો

(બ) કરની રકમ પાછી મળવા માટેની અરજીઓની બાબતમા કઈ પદ્ધતિથી કામ કરવુ તે ઠરાવવાને.

(ક) સને ૧૯૨૦ ના ફિનાન્સ આકટની કલમ ૨૭ મુજબ અથવા આ આકટની કલમ ૪૯ મુજબની યોગ્ય માફી આપી શકાય તેટલા સારૂ મલિક મુઆઝમની સરકાર સાથે જરૂરની ગોઠવણ માટે ઠરાવ કરવાનો

[ડ] સને ૧૯૨૦ના ફિનાન્સ આકટની કલમ ૨૭ના કારણો સારૂ, કર આકારણીના વર્ષને કલમ ૪૯ મુજબની માફીના કારણ સારૂ કયુ વર્ષ મળતું ગણવુ તે વર્ષ ઠરાવવાનો

(ઇ) આ આકટની રૂએ જે બાબત ઠરાવવાની હોય તેવી કોઇપણ બાબત ઠરાવ કરવાનો અધિકાર છે

[૩] આ કલમની રૂએ કાનુનો કરવાનો આપેલો અધિકાર, તે પહેલવહેલી વખત ચલાવવામા આવે તે શિવાય, પ્રથમ પ્રસિદ્ધ કરવાની શરતને પાત્ર છે એમ સમજવુ

(૪) આ કલમના રૂએ કરેલી કાનુનો, ઇંડિયા ગેઝેટમા પ્રસિદ્ધ કરવી અને ત્યારબાદ, તે જાણે આ આકટમા દાખલ કરવામા આવી હોય તેમ તેનો અમલ થશે

૬૦ ગવર્નર જનરલ ઇન કૌન્સિલને, ઇંડિયા ગેઝેટમા જાહેરનામું પ્રસિદ્ધ કરીને, કોઇ પણ જાતની આવકના અથવા કોઇપણ વર્ગના સખસોની પુરેપુરી આવકના અથવા તેના કોઇપણ ભાગના સબંધમા માફી આપવાનો, તેના દરમા ઘટાડો કરવાનો અથવા તેમા બીજો ફેરફાર કરવાનો અધિકાર છે

૬૧ આ આક્ટ મુજબના કોઇપણ કામના સબંધમા જે કરને પાત્ર હોય તે સખસને ઇન્કમટેક્સ ઓફિસર આગળ હાજર રહેવાનો હક હોય અથવા હાજર રહેવા ફરમાવ્યુ હોય તે, જાતે અથવા આ અર્થે લખીને અધિકાર આપેલા કોઇપણ સખસ મારફત હાજર થવાને મુખત્યાર છે

૬૨ આ આક્ટની રૂએ કોઇપણ નાણા આપ્યા હોય અથવા વસુલ કરવામા આવ્યા હોય તેની પહોચ આપવી

૬૩ (૧) આ આક્ટ મુજબની કોઇપણ નોટીસ અથવા માગણી, તેમા જણાવેલા સખસ ઉપર પોસ્ટ દ્વારા અથવા સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા મુજબ કોર્ટે કાઢેલા સમન હોય તેવી રીતે બજાવવી

(૨) એવી કોઇપણ નોટીસ અથવા માગણી પેઢી અથવા અવિભક્ત હિંદુ કુટુબની બાબતમા, તે પેઢીના કોઇપણ સભ્યને અથવા તે કુટુબના મેનેજર અથવા કોઇપણ પુખ્ત ઉમરના પુરૂષને લખી મોકલવાનો અખત્યાર છે

૬૪ કરને પાત્ર હોય તે સખસ, કોઇપણ જગાએ ધંધો ચલાવતો હોય તેવે પ્રસંગે, જે જગા જે પ્રદેશમા આવી હોય ત્યાના ઇન્કમટેક્સ ઓફિસરે તેના પર કર આકારવો જોઇએ અથવા એક કરતા વધુ જગાએ ધંધો ચલાવવામા આવતો હોય તેવે પ્રસંગે તેના ધંધાની મુખ્ય જગા જે પ્રદેશમા આવી હોય તે પ્રદેશના ઇન્કમટેક્સ ઓફિસરે કર આકારવો જોઈએ

(૨) બીજા સઘળા પ્રસંગે, કરને પાત્ર હોય તે સખસ પોતે જે પ્રદેશમા રહેતો હોય ત્યાના ઇન્કમટેક્સ ઓફિસરે તેના પર કર આકારવો જોઇએ

(૩) કર આકારવાની જગાની બાબતમા આ કલમ મુજબ કોઇપણ સવાલ ઉભો થાય એવે પ્રસંગે, કમિશનરે, અથવા એક કરતા વધારે પ્રાંતોની જગાઓ વચ્ચે સવાલ ઉભો થાય એવે પ્રસંગે, સબંધ હોય એવા કમિશનરોએ, અથવા જો તેઓ એકમત નહી થાય તો બોર્ડ ઓફ ઇન્લેંડ રેવેન્યુએ એ સવાલનો નિર્ણય કરવો

પણ એવું ઠરાવ્યુ છે કે એવા કોઇ સવાલનો નિર્ણય કરવામા આવે તે પહેલા, કરને પાત્ર હોય તે સખસને પોતાના વિચારો જણાવવાની તક મળશે એમ સમજવુ

(૪) આ કલમમા કાઇપણ લખ્યુ હોય તેમ છતા, દરેક ઇન્કમટેક્સ ઓફિસરને, પોતે જે પ્રદેશ માટે નિમાયલો હોય તે પ્રદેશમા થતી, ઉત્પન્ન થતી અથવા મળેલી આવક નફા અથવા કમાઇના સબધમા, કોઈ પણ ઇન્કમટેક્સ ઓફિસરને આ આક્ટની રૂએ અથવા આ આક્ટ મુજબ મળેલા સઘળા અધિકાર છે.

૬૫ બીજા માણસની આવકના સબધમા આ આક્ટની રૂએ કોઇપણ કર કાપી લેનાર, રાખનાર અથવા ભરનાર દરેક સખસ તે કાપી લેવા, રાખવા અથવા ભરવા બદલ જવાબદારીમાથી મુક્ત છે એમ સમજવુ

૬૬ (૧) જો આ આક્ટ મુજબ કોઇપણ કરની આકારણી કરવામા આવે તે વખતે અથવા તેના સબધમા ૮ મા બાબ મુજબના ચલાવેલા કામ શિવાયના બીજા કોઇપણ ચલાવેલા કામમા, કાયદાને લગતો કોઇપણ પ્રશ્ન ઉભો થાય તો કમિશનરે પોતાની મેળે અથવા પોતાના તાબા હેઠળના ઇન્કમટેક્સ અધિકારીએ લખેથી, તે કામની વિગત તૈયાર કરવી અને પોતાના અભિપ્રાય સાથે તે હાઇકોર્ટને મોકલવી

(૨) કલમ ૩૧ અથવા ૩૨ મુજબના હુકમ પસાર થયાની એક મહિનાની અંદર, જે કરને પાત્ર હોય તે સખસના સબંધમા હુકમ પસાર કરવામા આવ્યો હતો તે સખસ સદરહુ હુકમમાથી ઉભો થતો કાયદાનો કોઇ પણ પ્રશ્ન હાઇકોર્ટને મોકલવા સારૂ, એકસો રૂપિયાની અથવા ઠરાવવામા આવે તેટલી તેનાથી ઓછી ફી સાથે અરજી કરીને, કમિશનરને માગણી કરવાને મુખત્યાર છે તથા તેવી અરજી મળ્યાની એક મહિનાની અંદર, કમિશનરે તે કામની વિગત તૈયાર કરવી અને તે પોતાના અભિપ્રાય સાથે, હાઇકોર્ટને મોકલવી

પણ એવુ ઠરાવ્યુ છે કે કલમ ૩૩ મુજબના ફરી તપાસવાના પોતાના અધિકાર ચલાવીને, કમિશનર તે પ્રશ્નનો નિર્ણય કરે તો, કરને પાત્ર હોય તે સખસ પોતાની અરજી પાછી ખેંચી લેવાને મુખત્યાર છે અને જો તે તેમ કરે તો, આપેલી ફી પાછી આપવી

(૩) જો પેટા-કલમ (૨) મુજબ કોઇ અરજી કરવામા આવેથી, કમિશનર, કાયદાને લગતો કોઇપણ પ્રશ્ન ઉભો થતો નથી એવા સબબથી સદરહુ કામની વિગત તૈયાર કરવાની ના પાડે તો, કરને પાત્ર હોય તે કોર્ટને અરજી કરવાને મુખત્યાર છે, અને હાઇકોર્ટની કમિશનરનો નિર્ણય ખરો છે એવી ખાતરી થાય નહીં તો તે, કમિશનરને તે કામની વિગત તૈયાર કરી મોકલી આપવાનુ ફરમાવવાને મુખત્યાર છે, અને એવી કોઇપણ માગણી થએથી, કમિશનરે તે મુજબ તે કામની વિગત તૈયાર કરીને મોકલી આપવી

(૪) જો હાઇકોર્ટની એમ ખાતરી ન થાય કે આ કલમ મુજબ મોકલેલા કામની વિગતો તે કામ ઉપરથી ઉભા થયેલા સવાલનો નિર્ણય કરી શકાય તેટલી પુરતી છે તો, સદરહુ કોર્ટે જે કમિશનરને તે કામ મોકલ્યુ હોય તેને, તે બાબતમા પોતે ફરમાવે તેવા વધારા અથવા ફેરફાર કરવા સારૂ, પાછુ મોકલવાને મુખત્યાર છે

(૫) હાઇકોર્ટે, આવુ કોઇપણ કામ સાભળ્યા પછી તેમા ઉભા થયલા કાયદાને લગતા સવાલોનો નિર્ણય કરવો, અને જે કારણોસર પોતે તે નિર્ણય આપે તે કારણો જણાવીને પોતાનો ફેસલો આપવો અને કોર્ટની સીલ તથા રજીસ્ટ્રારની સહીવાળી સદરહુ ફેસલાની નકલ, જે કમિશનરે તે કામની વિગત આપી હોય તેને મોકલી આપવી અને કમિશનરે તે પ્રમાણે તે કામનો નિકાલ કરવો, અથવા, જો પોતાના તાબાના કોઇ પણ ઇન્કમટેકસ અધિકારીએ લખેથી તે કામ ઉભુ થયુ હોય તો, એવા ફેસલાની એક નકલ એવા અધિકારીને મોકલવી અને તેણે એવા ફેસલા મુજબ તે કામનો નિકાલ કરવો

(૬) કરને પાત્ર હોય તે સખસની અરજી ઉપરથી હાઇકોર્ટને લખાણ કરવામા આવે તેવે પ્રસંગે, ખર્ચ કોણે આપવો તે કોર્ટની મુનસફી ઉપર રહેશે

(૭) આ કલમ મુજબ હાઇકોર્ટને લખાણ કરવામા આવ્યુ હોય તેમ છતા તે કામમા કર આકારવામા આવ્યો હોય તે પ્રમાણે આવકપરનો કર આપવો

પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ લખાણને લીધે કર આકારેલી રકમ ઓછી થાય તો, વધારે આપેલી રકમ કમિશનર મંજુર કરે તેટલા વ્યાજ સાથે પાછી આપવી

૬૭ આ આકટની રૂયે આકારેલો કોઇપણ કર રદ્દ કરાવવા અથવા તેમા ફેરફાર કરાવવા સારૂ દિવાની કોર્ટમા કોઇપણ દાવો લેવાશે નહી અને આ આકટની રૂયે શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ઇરાદો રાખેલા કોઇપણ કામ સારૂ, કોઇપણ સરકારી અમલદાર સામા કોઇ પણ ફરિયાદ, દાવો અથવા બીજું કાઇ કામ ચાલી શકશે નહી

૬૮ પરિશિષ્ટમા જણાવેલા કાયદાઓ, તેના ચોથા આસનમા નિર્દિષ્ટ કર્યા છે તેટલે સુધી, આ ઉપરથી રદ્દ કરવામા આવ્યા છે

પણ એવુ ઠરાવ્યુ છે કે આવી રીતે રદ્દ કર્યાથી, સદરહુ કાઇપણ કાયદાની રૂયે કોઇપણ સખસ તેની પાસે લ્હેણી થતી કોઇપણ રકમ આપવાની જોખમદારીમાથી મુક્ત થશે નહીં અથવા રકમ પાછી મળવાના કોઇ પણ વિદ્યમાન હકને તેથી બાધ આવશે નહી

વધુ એમ ઠરાવ્યુ છે કે સને ૧૯૧૮ ના હિંદુસ્તાનના આવકપરના કર બાબતના આકટની કલમ ૧૯ ના ઠરાવો શકય હોય ત્યાસુધી, સને ૧૯૨૧ ના એપ્રીલ મહિનાની ૧ લી તારીખે શરૂ થતા વર્ષની બાબતમા તે આકટની રૂયે લેવા જોગ ઇન્કમટેકસ આકટ મુજબ કરેલી સઘળી તથા તેજ વર્ષમા સન ૧૯૨૦ ના સુપરટેક્ષ આકટની રૂયે લેવાના સુપરટેક્ષને લાગુ પડશે, અને સદરહુ આકટની તેજ કલમ મુજબ વધઘટ કરવામા આવે એવા પ્રસગે, આવક ઉપરના કરની આકારણી તથા વસુલાત માટેના કામકાજની રીતને લગતા આ આકટના ઠરાવો સદરહુ વધઘટ આ આકટ મુજબ કરવામા આવેલી આકારણી હોય તેમ લાગુ પડશે.

———o———

પરિશિષ્ટ ૧ લું.

(જુઓ કલમ ૧૪)

કરનો દર

દરેક સખસની, નોંધાયેલી ન હોય તેની પેઢીની તથા દરેક અવિભક્ત હિંદુકુટુંબની બાબતમાં જ્યારે કર આકારવા જોગ આવક રૂ ૨,૦૦૦ યા તેથી વધારે હોય એટલે કે—

જ્યારે કર આકારવા જોગ આવક રૂ ૨૦૦૦ કરતા ઓછી હોય ત્યારે કાંઇ નહી

(૧) જ્યારે કુલ આવક રૂ ૫૦૦૦ થી ઓછી હોય, ત્યારે	રૂપિયે પાંચ પાઇ
(૨) જ્યારે કુલ આવક રૂ ૫૦૦૦ યા તેથી વધારે હોય, પણ રૂ ૧૦૦૦૦ કરતા ઓછી હોય ત્યારે,	રૂપિયે ૭ પાઇ
૩ જ્યારે કુલ આવક રૂ ૧૦૦૦૦ યા તેથી વધારે હોય, પણ રૂ ૨૦૦૦૦ કરતા ઓછી હોય, ત્યારે,	રૂપિયે નવ પાઇ,
૪ જ્યારે કુલ આવક રૂ, ૨૦૦૦૦ યા તેથી વધુ હોય, પણ ૩૦૦૦૦ થી ઓછી હોય તો,	રૂપિયે એક આનો
૫ ,, ૩૦૦૦૦ ,, પણ રૂ ૪૦૦૦૦ થી ઓછી હોય તો	,,
૬ ,, ૪૦૦૦૦ થી વધુ આવક હોય તો	રૂપિયે એક આનો ને ૭ પાઇ

દરેક કંપની તથા દરેક નોંધાયલી પેઢીની બાબતમાં તેની કુલ આવક ઉપર રૂપિયે એક આનો ૭ પાઇ

પારિશિષ્ટ ૨ જું.

(જુઓ કલમ ૩૭)

પાછી આપવાની રકમનો દર

	રકમ.	પાછી આપવાની રકમ
૧	રૂ ૨૦૦૦ કરતા ઓછી	દર રૂપિયે એક આનો
૨	રૂ ૨૦૦૦ અથવા વધારે, પણ રૂ, ૫૦૦૦ કરતા ઓછી	દર રૂપિયે સાત પાઈ
૩	રૂ ૫૦૦૦ અથવા વધારે, પણ રૂ ૧૦૦૦૦ કરતા ઓછી	દર રૂપિયે ૭ પાઇ
૪	રૂ ૧૦૦૦૦ અથવા વધારે, પણ રૂ ૨૫૦૦૦ કરતા ઓછી	દર રૂપિયે ત્રણ પાઈ

—o—

સુપરટેક્ષના દર.

કુલ આવક રૂ ૫૦૦૦૦ ઉપરાતના વધારાની બાબતમા

૧ દરેક કંપનીની બાબતમા	દર રૂપિયે એક આનો
૨ (અ) દરેક અવિભક્ત હિંદુકુટુંબની બાબતમા—	
(૧) વધારાના પહેલા રૂ ૨૫૦૦૦ ઉપર	કાંઇ નહિ
(૨) એવા વધારાના બીજા રૂ ૨૫૦૦૦ ના દરેક રૂપિયા ઉપર	દર રૂપિયે એક આનો
(બ) દરેક સખસ તથા દરેક બિન નોંધાયલી પેઢીની બાબતમા એવા વધારાના પહેલા ૫૦૦૦૦ ના દરેક રૂપિયા ઉપર	દર રૂપિયે એક આનો.
૩ દરેક બીનનોંધાયલી પેઢી તથા દરેક અવિભકત હિંદુકુટુંબની બાબતમા	
(૧) એવા વધારાના બીજા રૂ ૫૦૦૦૦ ના દરેક રૂપીઆ ઉપર	દર રૂપિએ દોઢ આનો
(૨) એવા વધારાના ત્રાજા રૂ ૫૦૦૦૦ ના દરેક રૂપિઆ ઉપર	દર રૂપિયે બે આના
(૩) એવા વધારાના ચોથા રૂ ૫૦૦૦૦ ના દર રૂપિઆ ઉપર	દર રૂપિયે અઢી આના
(૪) એવા વધારાના પાચમા રૂ ૫૦૦૦૦ ના દર રૂપિયા ઉપર	દર રૂપિયે ત્રણ આના
(૫) ,, છઠ્ઠા રૂ ૫૦૦૦૦ ના ,,	સાડા ત્રણ આના
(૬) ,, સાતમા રૂ ૫૦૦૦૦ ના ,,	ચાર આના
(૭) ,, આઠમા રૂ ૫૦૦૦૦ ,,	સાડાચાર આના
(૮) ,, નવમા રૂ ૫૦૦૦૦	પાચ આના
(૯) ,, દશમા રૂ ૫૦૦૦૦ ,,	સાડા પાચ આના.
(૧૦) વધારાની દરેક બાકીના રકમના દરેક રૂપિઆ ઉપર	૭ આના

મુંબાઈનો લોકલબોર્ડ આકટ.

સને ૧૯૨૩નો મુંબઇનો આકટ નંબર ૬ ઠ્ઠો

બાબ ૧. પ્રથમ નિયમો.

૧ (૧) આ આકટને સને ૧૯૨૩ નો મુબઇનો લોકલબોર્ડ આકટ કહેવો

(૨) મુબઇ શહેર તથા એડન શિવાય તે આખા મુબઇ ઇલાકાને લાગુ છે

૨ સને ૧૮૬૫ નો સિંધ લોકલફંડ આકટ તથા સને ૧૮૮૪ નો મુબઇનો લોકલબોર્ડ આકટ આ ઉપરથી રદ કર્યો છે ઠરાવ્યુ છે કે સદર કોઇપણ કાયદા મુજબ કોઇપણ સખસ પાસે લ્હેણી થતી રકમ આપવાની તેની જવાદારીને એવી રીતે રદ કરવાથી કાઇપણ બાધ આવશે નહી એમ સમજવુ

૩ આ આકટમા વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી બાધ આવતો ન હોય તો,

(અ) " સરકારનો પગારદાર નોકર " આ શબ્દોમા, જેણે સરકારી ચાકરી છોડી હોય ને જેને પેન-શન મળતું હોય એવા સરકારના નોકરો અથવા જે સખસને સરકાર તરફથી પગાર અથવા ફી મળતી હોય પણ જે આખો વખત સરકારનો નોકર ન હોય તેવા સખસનો સમાવેશ થતો નથી.

(બ) " તાલુકો ' આ શબ્દનો અર્થ જે કોઈ સ્થાનિક ક્ષેત્ર સારૂ તાલુકા-લોકલબોર્ડ સ્થાપી હશે તે સ્થાનિક ક્ષેત્ર તથા તેનો જે ભાગ વિદ્યમાનકાળે મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટમા અથવા લશ્કરી કેન્ટોન્મેટ (છાવણી) મા હશે, જો હોય તો, તે ભાગ સમજવો

(ક) " મામલતદાર " એ શબ્દનો અર્થ, સિંધમા મુખત્યારકર થાય છે, અને

(ડ) જે કોઇપણ શબ્દ અથવા વાકયની વ્યાખ્યા સને ૧૮૭૯ ના મુબઇના જમીન મહેસુલના કાય-દામા કરેલી હોય અને જેની વ્યાખ્યા આ આકટમા પાછળ કરી ન હોય તે શબ્દોનો અથવા વાકયોનો સદ-રહુ કાયદામા જે અર્થ કહેલો છે તે અર્થ થાય છે એમ સમજવુ

બાબ ૨.—લોકલબોર્ડોની રચના બાબત.

૪ (૧) સરકારે દરેક જિલ્લા માટે સને ૧૮૭૯ ના મુબઇના જમીનમહેસુલના કાયદા મુજબના વખતો વખતના બધારણવાળી એક જિલ્લા લોકલબોર્ડ સ્થાપવી અને પોતાના યોગ્ય લાગે તેવા જિલ્લામાના વિસ્તાર માટે, પોતાને યોગ્ય લાગે તેટલી તાલુકા લોકલબોર્ડ સ્થાપવાને તે મુખત્યાર છે

(૨) લોકલફંડનો વહિવટ આ આકટના ઠરાવો મુજબ સ્થાપેલી લોકલબોર્ડોએ કરવો

(૩) જિલ્લા લોકલબોર્ડને તથા જિલ્લા લોકલબોર્ડના અધિકારને પાત્ર, તાલુકા લોકલબોર્ડને જે વિસ્તારને માટે તે સ્થાપવામા આવી હશે તે વિસ્તાર ઉપર આ આકટના કારણો સારૂ અધિકાર હશે, પણ તે વિસ્તારનો જે જે વખતે જે જે ભાગ મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટ અથવા લશ્કરી છાવણીમા હશે તેતે વખતે તે ભાગ બાદ કરીને હશે

(૪) સને ૧૮૮૪ ના મુબઇના લોકલબોર્ડ આકટની રૂયે સ્થાપેલી અને આ આકટ અમલમા આવે તેની તરત પહેલા હસ્તી ધરાવતી કોઇ પણ લોકલબોર્ડ આ આકટની રૂયે સ્થાપવામા આવી છે એમ ગણવુ

અને એવી કોઇપણ લોકલબોર્ડની સઘળી મિલકતો, કરજો, જવાબદારીઓ, કંટ્રાકટો, કબુલાતો, દિવાની તથા ફોજદારી કામો અને બીજા કોઇ પણ વિષય અથવા ચીજની બાબતમા, સદરહુ બોર્ડના હકકો તથા જોખમદારીઓ જે લોકલબોર્ડને એવી રીતે સ્થાપેલી ગણવામા આવે તે લોકલબોર્ડને પ્રાપ્ત થશે એમ ગણવુ

૫ (૧) દરેક જીલ્લા તથા તાલુકા લોકલબોર્ડમા હેઠળ પ્રમાણે મેમ્બરો હોવા જોઇએ —

(અ) ચુટી કાઢવાના મેમ્બરો, અને

(બ) સરકાર, અથવા જે કોઇ અમલદારને તે આ બાબત અધિકાર આપે તે અમલદાર વખતે વખતે નીમે એવા સખસો જો કોઇ હોય તો તે, અને તેમને " નીમેલા મેમ્બરો " કહેવા

(૨) સરકારના કોઇપણ અમલદારને તેના હોદ્દાના નામથી બોર્ડના હોદ્દાની રૂયેના મેમ્બર તરીકેજ સદ-રહુ અધિકારી નિમવાને મુખત્યાર છે વિદ્યમાનકાળે હોદ્દો ધારણ કરનાર શખસ અને તે હોદ્દોપર ત્યાર પછી

આવતા સઘળા શખસોના હોદ્દાની સામટી મુદ્દત, હોદ્દાની રૂયેના મેમ્બર શિવાયના બીજી રીતના મેમ્બર તરીકે નીમેલા શખસના હોદ્દાની મુદ્દત માટે આ આકટમા ઠરાવ્યુ હોય તે રીતે, મર્યાદિત છે એમ સમજવુ

(૩) ચુટી કાઢવાના મેમ્બરોની સખ્યા આખી બોર્ડના પોણા કરતા ઓછી હોવી જોઇએ નહી, અને નીમેલા મેમ્બરોના અર્ધા કરતા વધારે સરકારના પગારદાર નોકરો હોવા જોઇએ નહી

(૪) જ્યારે સરકારના મત પ્રમાણે, લોકલ બોર્ડના નિબંધ હેઠળના વિસ્તારમા, જે કોઇપણ વર્ગ સરકારના મતપ્રમાણે અત્યજ વર્ગ હોય તે વર્ગની સખ્યા લોકલબોર્ડપર પોતાનુ પ્રાતનિધિત્વ હોવા માટે પુરતી હોય અને એવા વર્ગનો કોઇપણ મેમ્બર ચુટી કાઢવામા આવ્યો ન હોય અને એવા વર્ગનો એકાદો ઇસમ બોર્ડનો નિમેલો મેમ્બર હોવાને લાયક હોય તથા તેમ થવાને ખુશી હોય ત્યારે, સરકારે એવા એક ઇસમને લોકલ બોર્ડના મેમ્બર તરીકે નિમવો

(૫) કોઈ પણ ચુટણી અથવા પેટા–ચુટણી વખતે ચુટી કાઢવાના મેમ્બરોના પુરે પુરી સંખ્યા નહી ચુટી કાઢવામા આપ્યાને લીધે ખાલી રહેલી કોઇપણ જગા સરકાર નિમણુક કરીને પુરવાને મુખત્યાર છે

૬ લોકલબોર્ડના ચુટી કાઢવાના મેમ્બરો, સામાન્ય મતવિભાગે તથા મુસલમાન મતવિભાગે, ચુટી કાઢવા જોઇએ અને દરેક મતવિભાગે ચુટી કાઢવાના મેમ્બરોની સખ્યા તથા એવા મતવિભાગોની તથા સખ્યાની હદ કલમ ૧૩૩ની રકમ (અ) મુજબ સરકારે કરેલા હુકમોની રૂયે ઠરાવ્યા પ્રમાણેની હોવી જોઈએ.—

૭ (૧) સરકારને મુબઇ સરકારી ગેઝેટમા હરકોઇ વખતે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને એવુ ફરમાવવાનો અધિકાર છે કે, ૫મી, તથા ૬ઠ્ઠી કલમના ઠરાવ તથા આ આકટના આગળના જે ઠરાવોને તે કલમની સાથે સંબધ હશે તે આગળના ઠરાવ, અથવા સદરહુ ઠરાવો પૈકી કોઇપણ એક અથવા વધારે ઠરાવ, જે લોકલ-બોર્ડને માટે વિશેષ કારણ સારૂ એ યોગ્ય છે એવુ તેમને લાગે, તે લોકલબોર્ડને તે લાગુ થનાર નથી તે વિશેષ કારણો સદરહુ જાહેરનામામા લખવા જોઇયે,

૮ લોકલબોર્ડના એકાદા મતવિભાગ માટે કલમ ૧૧ મુજબ તૈયાર કરેલી યાદીમા જે કોઇપણ સખસનું નામ દાખલ કર્યું હોય તે સખસ, આ આકટના અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઈ પણ કાયદાના ઠરાવોને પાત્ર, એવા મતવિભાગમાની કોઇપણ ચુટણી વખતે ઉમેદવાર થવાને મુખત્યાર છે

૯ (૧) જે કોઇપણ સખસ —

(અ) એકવીસ વર્ષ કરતા ઓછી ઉમ્મરનો હોય, અથવા (બ) એકાદી સિવિલ કોર્ટનો જડજ હોય, અથવા (ક) (૧) જેને ફોજદારી કોર્ટે, છ મહિના કરતા વધારે મુદ્દતની શિક્ષા કરવા લાયક કોઈ ગુન્હા સારૂ કેદની શિક્ષા અથવા ફટકા મારવાની શિક્ષા કરી હશે અથવા જેને સમુદ્રપારની શિક્ષા કરી હશે અને આવી શિક્ષા પછીથી ફેરવવામા અથવા રદ્દ કરવામા આવી નહી હશે, અથવા (૨) સને ૧૮૯૮ ના ફોજ-દારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ ૧૧૦ મુજબ ચલાવેલા કામમા, સદરહુ કાયદાની કલમ ૧૧૮ મુજબ જે સખસની સામા હુકમ થયો હોય તે સખસ હશે અને એવો હુકમ પછીથી ફેરવવામા અથવા રદ્દ કરવામા આવ્યો નહિ હશે, અથવા (૩) જેને સરકારી નોકરીમાથી બરતરફ કર્યાનુ મુબઇ સરકારી ગેઝીટમા જાહેર કર્યુ હશે, અથવા (૪) જે પ્લીડર હશે અને જેની સનદ હાઇકોર્ટે હમેશને માટે ખેચી લીધી હશે અથવા (૫) જેને ૩૧ મી કલમની રૂયે હોદ્દા ઉપરથી દુર કર્યો હશે,

અને એવી શિક્ષાની, હુકમની, બરતરફીની, સનદ ખેચી લેવાની અથવા હોદ્દા ઉપરથી દુર કરવાની મુદ્દતની તારીખથી પાચ વર્ષ પુરા થયા નહી હશે અને જેને એવી શિક્ષાને લીધે, હુકમને લીધે બરતરફીની લીધે, સનદ ખેચી લેવાને લીધે અથવા હોદ્દા ઉપરથી દુર કરવાને લીધે થયેલી નાલાયકાતમાથી મુક્ત કરવાના મુબઇ સરકારી ગેઝેટમા જાહેર કરેલા સરકારના હુકમ અનવયે મુક્ત કરવામા આવ્યો નહી હશે, અથવા

(ડ) પ્લીડર હશે અને જેની સનદ હાઈકોર્ટે છેવટનો હુકમ કરીને થોડી મુદ્દત માટે લઈ લીધી હશે તે સખસ આવી અટકાયતની મુદ્દત દરમિયાન,

સમજુતી—" હાઇકોર્ટ " એ સગ્નામા, સિધમાની જ્યુડીશિયલ કમિશનરની કોર્ટનો સમાવેશ થાય છે, અથવા

(ઇ) લોકલ બોર્ડનો પગારદાર અમલદાર અથવા નોકર હશે, અથવા

(ઈ) જેનો લોકલબોર્ડના હુકમથી કરેલા કોઇપણ કામમા અથવા લોકલબોર્ડના હાથ હેઠળ અથવા લોકલબોર્ડ અથવા લોકલબોર્ડના વતી કરેલા કોઇપણ કરાર અથવા સોપેલા કોઇપણ કામમા પોતાની અથવા પોતાના ભાગીદારની મારફત કાંઈપણ ભાગ અથવા હિતસબધ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે હશે, તે સખસ લોકલબોર્ડનો મેમ્બર થઈ શકશે નહી

(૨) જે કોઇપણ સખસ—

(અ) જે કોઇપણ જોઇન્ટ સ્ટોક કપની અથવા સને ૧૯૧૨ ના સહકારી મડળીઓ બાબતના આકટ ની રૂયે નોધાયલી અથવા નોધાવવાની છે એમ ગણવામા આવેલી મડળી, લોકલબોર્ડ સાથે કટ્રાકટ કરે અથવા લોકલબોર્ડ કામે લગાડે અથવા તેના વતી કામે લગાડવામા આવે તે જોઇન્ટ સ્ટોક કપનીમા ભાગ ધરાવતો હોય અથવા તે મડળીમા ભાગ અથવા હિત ધરાવતો હોય અથવા (બ) લોકલબોર્ડના કામકાજને લગતી કોઇપણ જાહેરખબર દાખલ કરવામા આવે તેવા કોઇપણ વર્તમાનપત્રમા ભાગ અથવા હિત ધરાવતો હોય, અથવા (ક) ડિબેન્ચર ધરાવતો હોય અથવા લોકલબોર્ડ અથવા લોકલબોર્ડના વતી કાઢેલા કરજમા બીજી રીતે હિતસબધ ધરાવતો હોય, અથવા (ડ) લોકલબોર્ડના વતી લીગલ પ્રાકિટશનર તરીકે ધધાના સબબથી કામ ચલાવતો હોય,

તે સખસ તેટલાજ કારણસર પેટા–કલમ (૧) ની રકમ (ઈ) મુજબ લોકલબોર્ડનો મેમ્બર થવાને નાલાયક છે એમ ગણવુ નહી

૧૦ જે કોઇ સખસને એક અથવા વધારે પ્રસગે બોર્ડનો મેમ્બર ચુટી કહાડેલો હોય અથવા નીમેલો હોય તે જો પોતે બીજી રીતે યોગ્ય રીતે લાયક હોય તો, હરકોઇ વખતે ફરીથી ચુટી કહાડવાને અથવા ફરીથી નીમવાને લાયક થશે

૧૧ (૧) કલેકટરે લોકલ બોર્ડના મેમ્બરોની ચુટણી વખતે પોતાના જિલ્લાની દરેક લોકલ બોર્ડના દરેક મતવિભાગમા મત આપવાને લાયક હોય તેવા સખસોની યાદી, એવા મતવિભાગ માટે તૈયાર કરવી જોઇયે

૧૨ (૧) કલમ ૧૧ મુજબ તૈયાર કરેલી યાદી, દરેક મામલતદારની તથા મહાલકરીની કચેરીમાની અથવા કચેરી નજીકની તથા કોઇપણ લોકલ બોર્ડ ઓફિસમાની અથવા તેની નજીકની પ્રસિદ્ધ જગાએ લગાવીને અને તે જિલ્લામાહેના દરેક કસ્બાની અથવા ગામની ચાવડીમા અથવા બીજી કોઈપણ સાર્વજનિક ઇમારતમા સદરહુ યાદીની અથવા યાદીનો જેટલો ભાગ સદરહુ તાલુકાને, કસ્બાને અથવા ગામને લાગુ હોય તેટલા યાદીના ભાગની નકલ લગાવીને પ્રસિદ્ધ કરવી જોઇએ

(૨) ઉપર કહ્યા પ્રમાણે યાદી ચુટણી કરવા સારૂ તારીખ ઠરાવી હોય તે તારીખની નિદાન ત્રણ મહિના આગમચ પ્રસિદ્ધ કરવી જોઇએ

૧૩ સદરહુ યાદી પ્રસિદ્ધ થયા પછી એક માહનાના અદર હરકોઇ વખતે, બોર્ડના મેમ્બરોની ચુટણી કરવામા મત આપવાને લાયક હોવા બદલ દાવો કરનાર કોઈપણ સખસ કલેકટરને અરજી કરે તો, સદરહુ યાદીમાહેની કોઇપણ ચુકવાળી નોધ દુરસ્ત કરવાને, અથવા જે કોઇ સખસ પોતાનું નામ તેમા દાખલ કરવા બાબતના પોતાના હક વિષે કલેકટરની ખાત્રી કરી આપે તેનુ નામ તે પ્રમાણે દાખલ કરવાને કલેકટર મુખત્યાર છે કલેકટરનો નિર્ણય છેવટનો તથા નિર્ણયક છે એમ સમજવુ

૧૪ (૧) કલેકટરે કલમ ૧૩ મા ઠરાવ્યા પ્રમાણે યાદી ફરી તપાસ્યા પછી, કલમ ૧૨ મા ઠરાવેલી રીતે સદરહુ કલમ મુજબ, યાદી પ્રથમ પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની અંદર તેને ફરીથી પ્રસિદ્ધ કરવી

૧૫ (૧) આ આકટની અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઈપણ કાયદાની રૂયે નાલાયક નહી હોય તો હેઠળ લખેલા સખસોને કલમ (૬) મુજબ ઠરાવેલા મતવિભાગ માટેની યાદીમા એવા મતવિભાગની તાલુકા લોકલ બોર્ડના મેમ્બરોની ચુટણી કરવામા મત આપવાને પોતે લાયક છે એ રીતે તેમના નામ દાખલ કરાવવાનો હક છે એટલે કે—

કલમ ૧૨ મુજબ સદરહુ યાદી પ્રસિદ્ધ કરવામા આવે તે તારીખની તરતજ અગાઉના જાન્યુઆરી મહિનાની પહેલી તારીખે સદરહુ તાલુકામા જે દરેક સખસનું રહેવાનું મકાન હોય, અને જે

(અ) (૧) ઉપર જણાવેલા જાનેવારી મહિનાના ૧ લી તારીખે સિંધમા દુમાલા અથવા બિન દુમાલા જમીન કે જેના ઉપર કલમ ૧૨ મુજબ સદરહુ યાદી પ્રસિદ્ધ કરવામા આવે તે તારીખ પહેલાના પાચ મહેસુલી વર્ષમાના કોઇપણ એક વર્ષમા રૂા ૮ થી ઓછો ન હોય એટલો જમીન મહેસુલનો આકાર આપવામા આવ્યો અથવા જો સદરહુ જમીન બીજાના નામ ઉપર ચઢાવી આપવામા આવી ન હોત તો આપવો પડત, તે જમીન પોતાના હકથી ધારણ કરતો હોય અથવા જાથુકના ગણોતીઆ તરીકે અથવા સરકાર પાસેથી પટેદાર તરીકે ભોગવટો કરતો હોય તેને અથવા

(૨) ઉપર જણાવેલા જાનેવારી મહિનાની ૧લી તારીખે જે દુમાલા અથવા બીન-દુમાલા જમીનનુ જમીનમહેસુલ રૂા, ૮ થી ઓછુ ન હોય એટલુ આકાર્યું હોય અથવા એટલુ આકારી શકાય એમ હોય તે જમીન સિંધ શિવાયના મુબઈ ઇલાકાની કોઇપણ જગાએ, પોતાના હકથી ધારણ કરતો હોય અથવા ગણોતીઆ તરીકે તેનો ભોગવટો કરતો હોય તેને, અથવા

(બ) ઉપર જણાવેલા જાનેવારી મહિનાની ૧ લી તારીખે એવી રીતે "એલીઅનેટ" કરેલી (બીજાને નામે ચઢાવેલી) અને મુબઇ ઇલાકામા આવેલી જમીનના સબધમા, રૂા ૮ થી ઓછુ ન હોય તેટલુ ગણોત અથવા જમીન મહેસુલ ભરવાનો સરકારનો હક જે સખસને નામે ચઢાવી આપ્યો હોય તે સખસને, અથવા રૂા, ૮ થી ઓછુ ન હોય તેટલુ જમીન મહેસુલ ભરવા માટે જવાબદાર સદરહુ ઇલાકામાના ખોતી ગામનો ખોત અથવા ભાગદાર અથવા ભાગદારી અથવા નરવાદારી ગામનો ભાગદાર અથવા તાલુકદારી મિલકતનો તાલુકદાર અથવા ભાગદાર હોય તેને અથવા

(ક) કલમ ૧૨ મુજબ સદરહુ યાદી પ્રસિદ્ધ કરવામા આવે તે પહેલાના મહેસુલી વર્ષ જેના ઉપર લોકલ બોર્ડનો (ટોલ અથવા ઓક્ટ્રોય સિવાયનો બીજો) કોઇપણ કરવેરો આકાર્યો હોય તેને

(૨) ઉપર જણાવ્યા પ્રમાણે ના લાયક નહી હોય તો હેઠળ લખેલા સખસોને કલમ ૬ મુજબ ઠરાવેલા એકાદા મતભાગની યાદીમા એવા મતવિભાગની ડિસ્ટ્રિક્ટ લોકલબોર્ડના મેમ્બરોની ચુટણી કરવામા મત આપવાને પોતે લાયક છે એવી રીતે તેમના નામ દાખલ કરાવવાનો હક છે, એટલે કે—

કલમ ૧૨ મુજબ સદરહુ યાદી પ્રસિદ્ધ કરવામા આવે તે તારીખની તરતજ પહેલાના જાનેવારી મહિનાની પહેલી તારીખે સદરહુ જિલ્લામા રહેવાનુ જે દરેક સખસનુ મકાન હોય અને જે,—

(અ) (૧) સિંધના કોઇપણ મતવિભાગની બાબતમા ઉપર જણાવેલા જાનેવારી મહિનાની ૧ લી તારીખે, સિંધમા દુમાલા અથવા બિન-દુમાલાની જમીન કે જેના ઉપર કલમ ૧૨ મુજબ સદરહુ યાદી પ્રસિદ્ધ કરવામા આવે તે તારીખ પહેલાના પાચ મહેસુલી વર્ષમાના કોઈપણ એક વર્ષના ઉત્તર સિંધના સરહદના જિલ્લામા રૂા ૧૬) થી ઓછો ન હોય તેટલો જમીન મહેસુલનો અને બીજે ઠેકાણે રૂા ૩૨) થી ઓછો ન હોય તેટલો જમીન મહેસુલનો આકાર આપવામા આવ્યો હોય, અથવા જો સદરહુ જમીન તેના નામપરથી બીજાના નામપર ચઢાવી આપવામા આવી ન હોત તો, આપવો પડતે તે જમીન પોતાના હકથી ધારણ કરતો હોય અથવા જાથુકના ગણોતીઆ તરીકે અથવા સરકાર પાસેથી પટેદાર તરીકે ભોગવટો કરતો હોય તેને, અથવા

(૨) મુબઇ ઇલાકાના બીજા કોઇપણ મતવિભાગની બાબતમા, ઉપર જણાવેલા જાનેવારી મહિનાની ૧લી તારીખે જે દુમાલા અથવા બિનદુમાલા જમીનનું જમીન મહેસુલ પચમહાલ અથવા રત્નાગીરી જિલ્લામા રૂા ૧૬) થી ઓછુ ન હોય એટલુ અને બીજે ઠેકાણે રૂા ૩૨) થી ઓછુ ન હોય એટલું આકાર્યું હોય અથવા આકારી શકાય એમ હોય તે જમીન, સિંધ સિવાયના મુબઇ ઇલાકામાની કોઇપણ જગાએ, પોતાના હકથી ધારણ કરતો હોય અથવા ગણોતીઆ તરીકે તેનો ભોગવટો કરતો હોય તેને, અથવા,

(બ) ઉપર જણાવેલા જાનેવારી મહિનાની ૧લી તારીખે, એવી રીતે 'એલીઅનેટ" કરેલી (બીજાને નામે ચઢાવેલી] અને મુબઇ ઇલાકામા આવેલી જમીનના સબધમા પચમહાલ અથવા રત્નાગીરી અથવા ઉત્તર સિંધના સરહદના જિલ્લાઓમા રૂા ૧૬) થી ઓછુ ન હોય એટલું અને બીજી જગાએ રૂા ૩૨) થી ઓછુ ન હોય એટલુ ગણોત અથવા જમીન મહેસુલ ભરવાનો સરકારનો હક જે સખસને નામે ચઢાવી આપ્યો હોય તે સખસને અથવા પચમહાલ અથવા રત્નગીરી અથવા ઉતર સિંધના સરહદની જિલ્લાઓમા

રૂા ૧૬) થી ઓછુ નહોય એટલુ અને બીજી જગાએ રૂા ૩૨) થી ઓછુ ન હોય એટલુ જમીન મહેસુલ ભરવા માટે જવાબદાર ઈલાકામાના ખોતી ગામનો ખોત અથવા ભાગદાર અથવા ભાગદારી અથવા નરવાદારી ગામનો ભાગદાર અથવા તાલુકદારી મિલકતનો તાલુકદાર અથવા ભાગદાર હોય તેને, અથવા,

(ક) કલમ ૧૨ મુજબ સદરહુ યાદી પ્રસિદ્ધ કરવામા આવે તે પહેલાના મહેસુલી વર્ષમા લોકલ બોર્ડનો (ટોલ અથવા ઓકટ્રોય સિવાયનો બીજો) કોઇ કરવેરો જેના ઉપર આકાર્યો હોય તેને,

(૩) પણ એવુ ઠરાવ્યુ છે કે—

(અ) કોઈ પણ બિન-મુસલમાન સખસનુ નામ મુસલમાન મતવિભાગ માટેની યાદીમા દાખલ કરવુ નહી, અને

(બ) કોઇ પણ મુસલમાન સખસનુ નામ સામાન્ય મતવિભાગ માટેની યાદીમા દાખલ કરવુ નહીં

(૪) આ કલમના કારણ સારૂ–

(અ) " ધારણ કરનાર " એ સંજ્ઞાનો અર્થ, કાયદેસર રીતે જમીન જે સખસના કબજામા હોય તે સખસ, પછી તે કબજો તેની પાસે ખરેખરો હોય કે નહી તેની હરકત નહી

(બ) " ગણોતીઓ " એ સજ્ઞાનો અર્થ, પટેદાર પછી તે પટાની રૂયે અથવા મોઢાની કબુલાતની રૂયે ધારણ કરતો હોય તે, એવો થાય છે, અને તેમા કબજા સહિત ગણોતીઆના હક ગીરવી રાખનાર સખસનો સમાસ થાય છે

(ક) જ્યારે કોઇ પણ મિલકત એકત્ર કુટુબના ઈસમો એકત્ર રીતે ધરાવતા હોય અથવા તેનો ભોગવટો કરતા હોય અથવા તેઓ નાણા પગાર કરતા હોય અથવા લેતા હોય ત્યારે, જરૂરની લાયકાત છે કે કેમ તે નક્કી કરવા સારૂ સદરહુ કુટુબને એક વ્યક્તિ તરીકે લેખવુ અને જો જરૂરની લાયકાત હોય તો, એવી મિલકતની અથવા નાણા પગાર કરવા અથવા લેવાની બાબતમા, સદરહુ કુટુબનો મેનેજર જ ચુટણી કરનાર તરીકે લાયક છે એમ સમજવુ

૧૬ જે કોઈ સખસ એકવીસ વર્ષ કરતા ઓછી ઉમરનો હોય તેને પોતાનુ નામ કલમ ૧૧ મુજબ તૈયાર કરેલી યાદીમા દાખલ કરાવવાનો હક નથી

૧૭ આ આકટના કારણો સારૂ અવશ્ય હોય તે દરેક ચુટણી આ બાબત કલેકટર ઠરાવે તે તારીખે કરવી જોઇએ,

૧૮. (૧) જો આ આકટ પ્રમાણે એકાદા લોકલ બોર્ડના મેબરની કોઇ પણ ચુટણી કરતી વખતે હોદ્દો કબુલ કરવાને રાજી હોય એવા બે અથવા વધારે સખસો પૈકી દરેકની તરફ મતની સખ્યા સરખી પડે અને એક વધારે મત આપવાથી એવા કોઇ પણ સખસને ચુટાવાનો હક મળશે તો, એવા વધારાનો મત કયા સખસ અથવા સખસોને આપેલો છે એમ ગણવાનુ કલેકટરને જે રીત યોગ્ય લાગે તે રીતે ચીઠ્ઠી કહાડીને, કલેકટરે પોતે અથવા આ પ્રમાણે અધિકાર આપેલા અમલદારે કરાવવુ

(૨) જો આવી કોઇ પણ ચુટણી થાય તેમા યોગ્ય રીતે ચુટી કાઢેલો કોઇ પણ સખસ હોદ્દો કબુલ કરવાની ના કહે તો ફતેહમદ ન થયા હોય એવા એવા ઉમેદવારોમાથી જે ઉમેદવારની તરફેણમા વધારેમા વધારે મત આપવામા આવ્યા હોય અને જે હોદ્દો કબુલ કરવાને રાજી હોય, એવો કોઇપણ સખસ હોય તો, તેને ચુટી કહાડીને મેબર તરીકે નીમ્યો એમ સમજવુ

(૩) જો કોઇ હરીફાઈની ચુટણી થાય તેમા મત આપવામા ન આવે અથવા જો કોઇ કારણને લીધે હોદ્દો કબુલ કરવાને રાજી હોય એવા લાયક સખસ જોઇતી સખ્યાનુ કહાડવામા આવે નહી તો, તાલુકા લોકલ બોર્ડની બાબતમા કલેકટરે, તથા જિલ્લા-લોકલ બોર્ડની બાબતમા કમિશનરે ચુટી કહાડવાને લાયક હોય એવા સખસોને જોઇતી સખ્યામા નિમવા અને આ પ્રમાણે નીમેલા સખસોને તે યોગ્ય રીતે ચુટી કહાઢવામા આવ્યા હોય એ પ્રમાણે સદરહુ લોકલ બોર્ડના મેબર તરીકે સમજવા

૧૯ (૧) કોઇ લોકલ બોર્ડના કોઇ મેબરની કોઈપણ ચુટણી કરી હોય તેની વાસ્તવિક બાબત અથવા કલમ ૧૮ મી પ્રમાણે કરેલા કોઇ પણ હુકમના અથવા ચલાવેલા કામના કાયદાસરપણા બાબત નીકળેલી તકરાર જે ચુટણી બાબત હોય તે ચુટણીમા મત આપવાને લાયક હોય તે સખસની હોય તો એવા

સખસને સદરહુ ચુંટણીનું પરીણામ જાહેર થયાની તારીખ પછી અથવા હુકમની અથવા ચલાવેલ કામની તારીખ પછી ૫૬૦ દિવસની અંદર હરકોઈ વખતે, જે જીલ્લામાં તે ચુંટણી કરેલી હો અથવા થવી જોઇતી હતી તે જિલ્લાના જિલ્લા-જડજને એવી તકરારનો નિર્ણય કરવા સારૂ અરજી ક વાનો અધિકાર છે

૨૦ જે કોઇ પણ સખસને હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૨-ઈ અથવા ૧૭૧ એફ મુજ શિક્ષા કરવામાં આવી હોય અથવા ચુંટણીના સંબંધમાં લાંચ રૂશ્વતના કૃત્યને લીધે પાંચ વર્ષ કરતાં ઓછ ન હોય તેટલી મુદ્દત સુધી કોઇ પણ ચુંટણીમાં મત આપવાનો હક ચલાવવામાંથી નાલાયક ઠગવવામ આવ્યો હોય તે સખસ એવી શિક્ષા અથવા નાલાયકાતની તારીખથી પાંચ વર્ષ સુધી લોકલ બોર્ડની અથ કોઈ પણ મ્યુનિસિપાલિટીની ચુંટણી વખતે મત આપવાને નાલાયક છે એમ સમજવું

૨૧ કોઇ પણ લોકલ બોર્ડ સારૂ આખરે ચુંટી કહાડેલા સઘળા મેંબરોના નામ અને તે પ્રમાણે તેમાં નીમેલા મેંબરો હોય તો તેઓના નામ સગવડથી જેમ બને તેમ જલદી, મુંબઇ સરકારી ગેઝેટમ પ્રસિદ્ધ કરવા

૨૨ (૧) દરેક લોકલબોર્ડને અધ્યક્ષસ્થાને અધ્યક્ષ હોવો જોઇએ, તથા તે બોર્ડ પોતાના મેંબરે પૈકી ચુંટી કાઢેલો આસામી હોવો જોઇએ (૨) બોર્ડ પોતાના મેંબરોમાંથી એકને ઉપાધ્યક્ષ ચુંટી, કહાડવો (૩) સરકારના પગારદાર નોકરને એકાદા લોકલબોર્ડનો અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ તરીકે ચુંટવો નહીં અને એવ રીતે એવા કોઇપણ નોકરની ચુંટણી રદ થશે એમ સમજવું

૨૩ (૧) લોકલ બોર્ડના અધ્યક્ષે—

[અ] બોર્ડની સભાઓમાં અધ્યક્ષસ્થાને બેસવું, (બ) બોર્ડ ઉપજ, ખરચનું તથા કારભારનું કાર ચલાવે તેની ઉપર નજર રાખવી તથા તે સંબંધી જે સઘળી વાત બાબત બોર્ડના હુકમની જરૂર છે એ તેને લાગે તે સઘળી વાત બોર્ડ આગળ રજુ કરવી (ક) કારભારની બાબતમાં અને બોર્ડના હિસાબ તથા કાગળ પત્રસંબંધી બાબતમાં બોર્ડના સઘળા અમલદારોના તથા નોકરોના કૃત્ય ઉપર તથા તેઓએ ચલાવેલા કામ ઉપ દેખરેખ તથા નિબંધ રાખવો, અને બોર્ડ ૧૨૩મી કલમપ્રમાણે કરેના વિદ્યમાનકાળે અમલમાં હોય એવ નિયમોને અનુસરીને સદરહુ અમલદારોની તથા નોકરોની ચાકરી સબંધી તથા તેઓના પગારસબંધ તથા વિશેષ હક તથા મુસારા સબંધી સઘળી તકરારનો નિકાલ કરવો અને

(ડ) કલેકટરે અથવા કલેકટર આ બાબત જે અમલદારને વખતે વખતે નીમે તેને, બોર્ડની દરેક સભામાં થયેલા ઠરાવની એક નકલ તથા બોર્ડે ચલાવેલા કામની મિનીટ (ટાંચણ) નો જે કાંઈ ઉતારો અથવા બીજો દસ્તાવેજ અથવા વસ્તુ, ૧૨૪ મી કલમ પ્રમાણે કમિશનર કલેકટર અથવા સરકારે યોગ્ય રીતે અધિકાર આપેલો બીજો અમલદાર વખતે વખતે માગે તે ઉતારા અથવા બીજા દસ્તાવેજ અથવા વસ્તુ મોકલી આપવા જોઇએ

(૨) એકાદી લોકલબોર્ડનો અધ્યક્ષ, જરૂરને પ્રમંગે, જે કામ પુરૂ કરવા સારૂ અથવા જે કૃત્ય કરવા સારૂ લોકલબોર્ડની મંજુરી મળવી જોઇએ અને જે પોતાના મતપ્રમાણે તાત્કાલિક પુરૂ કરવાની અથવા કરવાની, લોકોના ઉપયોગ અથવા તેમની સહીસલામતી માટે જરૂર છે તે કામ અથવા કૃત્ય પુરૂ કરવાનુ અથવા અટકાવવાનુ અથવા કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે અને એવુ કામ પુરૂં કરવાનો અથવા એવું કૃત્ય કરવાનો ખર્ચ લોકલફંડમાંથી આપવો એમ ફરમાવવાનો તેને અખત્યાર છે,

પણ એવું ઠરાવ્યું છે કે—

(અ) આ કલમની રૂયે તેણે કોઇપણ ખાસ કામ પુરૂ કરવાની અથવા કૃત્ય કરવાની મના કરનારા લોકલ બોર્ડના કોઇપણ હુકમનું ઉલ્લંઘન કરવું નહીં, અને (બ) તેણે આ કલમની રૂયે લીધેલા પગલા વિષે તથા તેના કારણો વિશે, સ્ટાંડિંગ કમિટીની ત્યાર પછીની મીટિંગમાં તાબડતોબ રિપોર્ટ કરવો

૨૪ લોકલ બોર્ડના ઉપાધ્યક્ષે—

[અ] અધ્યક્ષ ગેરહાજર હોય ત્યારે બોર્ડની સભામાં અધ્યક્ષસ્થાને બેસવું, (બ) અધ્યક્ષના જે અધિકાર તથા જે કામ અધ્યક્ષ તેને વખતે વખતે સોંપે તે અધિકાર ચલાવવા તથા તે કામ કરવા, અને [ક]

અધ્યક્ષની ચુટણી થાય તે દરમ્યાન અથવા અધ્યક્ષ રજા ઉપર ગેરહાજર હોય તે દરમ્યાન, અધ્યક્ષના અધિકારો ચલાવવા તથા તેની ફરજો બજાવવી

૨૫ (૧) જે દરેક અધ્યક્ષ ત્રણ મહિનાથી વધારે મુદત સુધી અને જે દરેક ઉપાધ્યક્ષ એક મહિનાથી વધારે મુદત સુધી, જે જિલ્લા અથવા તાલુકા માટે લોકલબોર્ડ સ્થાપવામા આવી હોય ત્યાથી અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષના હોદ્દાનુ પોતાનુ કામ કરી શકે નહી એવી રીતે ગેરહાજર રહે તે દરેક અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ, સદરહુ પ્રમાણે ગેરહાજર રહેવા સારૂ અધ્યક્ષની બાબતમા બોર્ડ, અથવા ઉપાધ્યક્ષની બાબતમા અધ્યક્ષે સદરહુ પ્રમાણે ગેરહાજર રહેવાની તેને રજા ન આપી હોય તો પ્રસંગ પ્રમાણે, અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ હોવો બધ થશે એમ સમજવુ

(૨) પેટા–કલમ (૧) ની રૂએ આપવાની રજા છ મહિનાથી વધારે હોવી ન જોઇએ, અને જ્યારે જ્યારે તે પેટા–કલમની રૂએ અધ્યક્ષને અથવા ઉપાધ્યક્ષને રજા આપવામા આવે ત્યારે ત્યારે ઉપાધ્યક્ષ કે જે અધ્યક્ષના અધિકારો ચલાવતો હોય તથા તેની ફરજો બજાવતો હોય અથવા જે રજા ઉપર ગેરહાજર હોય તેને બદલે, એવી રીતે રજા આપવામા આવી હોય તે મુદત દરમિઆન ઉપાધ્યક્ષના સઘળા અધિકારો ચલાવવાને તથા તેની સઘળી ફરજો બજાવવાને બોર્ડે પોતાના એક મેમ્બરને ચુટી કાઢવો

૨૬ (૧) દરેક અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષના હોદ્દાની મુદત તે જે લોકલબોર્ડના અધ્યક્ષસ્થાને હશે તે બોર્ડના મેમ્બરપણાના તેના હોદ્દાની મુદત પુરી થશે એટલે બધ થશે પણ એવુ ઠરાવ્યુ છે કે તે સદરહુ પ્રકારના અધ્યક્ષના અથવા ઉપાધ્યક્ષના હોદ્દા ઉપરથી ગેરચાલ બદલ અથવા તેના કામમા ગફલત કરવા બદલ અથવા તે પોતાનુ કામ કરનારને અસમર્થ હોવાબદલ સરકાર તરફથી દૂર કરવામા આવવાને પાત્ર થશે

(૨) કોઇ અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ તેના હોદ્દાની મુદત પુરી થવા અગાઉ મરણ પામેથી, તેણે રાજીનામું આપ્યાથી અથવા તેને હોદ્દા ઉપરથી દુર કરવામા આવ્યાથી અથવા કામ કરવાને અસમર્થ થયાથી અથવા તેના હોદ્દાની મુદત પુરી થયા અગાઉ તે લોકલબોર્ડનો મેમ્બર હોવાને બધ થયાથી તે ખાલી જગા ઉપર તે બોર્ડના બીજા કોઇપણ મેમ્બરની ચુટણી કરીને તે જગા સગવડથી જેમ બને તેમ જલદી ભરવી જોઇયે.

(૩) જ્યારે અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ પેટા–કલમ (૨) મુજબની એકાદી ચુટણીના કારણ સારૂ મીટિંગ બોલાવી શકે નહી અથવા સદરહુ કારણ સારૂ કોઇપણ કારણસર મિટિંગ બોલાવવા સારૂ કલેકટર અધ્યક્ષના અધિકારો ચલાવવાને મુખત્યાર છે

૨૭ એકાદી લોકલબોર્ડના હોદ્દાની મુદત પુરી થાય ત્યારે, અધ્યક્ષે તથા ઉપાધ્યક્ષે, નવો અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ ચુટી કાઢવામા આવે અને તેઓ પોતાની ફરજોનો ચાર્જ લે ત્યાસુધી, પોતાના હોદ્દાને લગતી વહિવટની ફરજો બજાવવાનુ જારી રાખવુ પણ એવુ ઠરાવ્યુ છે કે આ આકટ મુજબ સ્થપાયલા નવા બોર્ડની બાબતમા બરખાસ્ત થયેલા બોર્ડના અધ્યક્ષને નવા અધ્યક્ષની ચુટણી માટે મિટીંગ બોલાવવાનો હક છે સદરહુ મિટીંગમા બરખાસ્ત થનાર બોર્ડનો અધ્યક્ષ અધ્યક્ષસ્થાન લેશે અને પછી તે નવુ બોર્ડ તે મિટીંગ માટે પોતાનો અધ્યક્ષ ચુટશે અને ત્યાર પછી નવો અધ્યક્ષ ચુટવા માટે તે મિટીંગનુ કામ આગળ ચલાવશે

૨૮ આ આકટમા અથવા વિદ્યમાનકાળે અમલમા હોય તેવા બીજા કોઇપણ કાયદામા, બીજી રીતનો ઠરાવ કર્યો હોય તે શિવાય લોકલબોર્ડના મેમ્બરોએ ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધારણ કરવો અને સદરહુ ત્રણ વર્ષની મુદત કમિશનરને કોઇપણ પ્રસંગે કોઇ કારણો સારૂ વધારવાનુ યોગ્ય લાગે તો સદરહુ કમિશનરના હુકમ મુજબ એક દરે ચાર વર્ષ કરતા વધુ નહી એટલી મુદત સુધી વધારી શકાશે, અને સદરહુ કારણો તથા હુકમ મુબઇ સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવા

૨૯ ઉપાધ્યક્ષ તથા અધ્યક્ષ સિવાયનો લોકલબોર્ડનો બીજો કોઇ મેમ્બર, અધ્યક્ષને લેખી નોટસ આપીને પોતાની જગાનુ રાજીનામુ આપવાને મુખત્યાર છે અધ્યક્ષ કમિશનરને લેખી નોટસ આપીને બોર્ડના મેમ્બર તરીકે પોતાની જગાનુ રાજીનામુ આપવાને મુખત્યાર છે

૩૦ (૧) એકાદી લોકલબોર્ડનો જે કોઇ પણ મેમ્બર, જે મુદત માટે તેને ચુટી કાઢવામા અથવા નિમવામા આવ્યો હોય તે મુદત દરમિયાન—

(અ) કલમ ૯ ની પેટા–કલમ (૧) મુજબ નાલાયક થાય, અથવા

(બ) કલમ ૯ ની પેટા કલમ (૨) રકમ (અ) અથવા (બ) મા જણાવ્યા પ્રમાણેનો કોઇપણ ભાગ અથવા હિત ધરાવતો હોય અને લોકલ બોર્ડ તથા સદરહુ રકમોમા જણાવેલી કપની, મડળી, ન્યુસપેપરના મેનેજર અથવા પ્રસિદ્ધ કરનાર વચ્ચેના કટ્રાકટ અથવા કમુલાતન લગતી કાઇપણ બાબતમા લોકલબોર્ડના મેમ્બર તરીકે કામ કરે અથવા

(ક) એવી રીતે ગેરહાજર રહેવા સારૂ છ મહિનાથી વધુ ન હોય એટલી રજા બોર્ડે અથવા ઉપાધ્યક્ષે બાબતમા અધ્યક્ષે મજુર કરી હોય તે શિવાય, જે જિલ્લામા અથવા તાલુકામા બોર્ડ સ્થાપવામા આવી હોય તે જિલ્લામાથી અથવા તાલુકામાથી લાગલાગટ ચાર મહિના કરતા વધુ ગેરહાજર હોય અથવા બોર્ડની મીટિંગમા લાગલાગટ છ મહિના ગેરહાજર હોય

તે મેમ્બર હોવો બધ થશે અને તેની જગા ખાલી પડશે

(૨) આ કલમની રૂએ કોઇપણ જગા ખાલી પડી છે કે નહી એ બાબત કોઇપણ સવાલ, તકરાર અથવા શક ઉત્પન્ન થાય તો, એવા સવાલ, તકરાર, અથવા શકનો નિર્ણય કરવાના સબધમા કમિશનરનો હુકમ આખરનો છે એમ સમજવુ

૩૧ એકાદી જિલ્લા લોકલબોર્ડની બાબતમા સરકાર, અને એકાદી તાલુકા લોકલબોર્ડની બાબતમા કમિશનર, પોતાને યોગ્ય લાગે તો, આ આકટની રૂએ ચુટી કાઢેલો અથવા નિમેલો લોકલબોર્ડનો કોઇપણ મેમ્બર પોતાની ફરજ અદા કરવામા ગેરચાલ ચલાવ્યાબદ્દલ અથવા કોઇપણ શરમભરેલુ કામ કર્યા બદ્દલ, તકસીરવાન થયો હોય અથવા લોકલબોર્ડના મેમ્બર તરીકે પોતાની ફરજ અદા કરવાને અશક્ત થયો હોય તો તેને તે સાભળવાની તક આપ્યા પછી તથા પ્રસગ પ્રમાણે, સરકારને અથવા કમિશનરને યોગ્ય લાગે તેવી ચોકસી કર્યા પછી એવી બોર્ડની ભલામણ ઉપરથી દુર કરવાને મુખત્યાર છે

૩૨ (૧) લોકલબોર્ડમા કોઈપણ જગા ખાલી પડેથી, અધ્યક્ષે તે બાબત કલેકટરને તાબડતોબ ખબર આપવા

(૨) જે કોઈ મેમ્બરની જગા ખાલી પડી હોય તે નિમેલો મેમ્બર હોય તો, અને એવી બોર્ડના મેમ્બરો નિમવાને કલેકટરને કલમ ૫ ની રૂએ અધિકાર આપવામા આવ્યો ન હોય તો, કલેકટરે, એવી ખબર મળેથી ઉપર જણાવ્યા પ્રમાણે કાઇ અધિકારીને અધિકાર આપ્યો હોય તો તેને, અને જો કોઇ અધિકારીને એવી રીતે અધિકાર આપવામા આવ્યો ન હોય તો, કમિશનરની મારફતે સરકારને તે ખબર મોકલી આપવી

૩૩ લોકલબોર્ડનો મેમ્બર પોતાના હોદ્દાની મુદત પુરી થવાની અગાઉ મરણ પામેથી, તેણે રાજીનામુ આપ્યુ હોય તેથી, અથવા તે નાલાયક થયાથી, અથવા તેના હોદ્દા ઉપરથી દુર કરવામા આવ્યો હોય તેથી અથવા પોતાના હોદ્દાની મુદત પુરી થવાની અગાઉ એકાદો મેમ્બર કામ કરવાને અશક્ત થયાને લીધે તેની ખાલી પડેલી જગા સગવડથી જેટલી જલ્દી ભરી શકાય તેટલી જલ્દીથી તે જગા ઉપર કોઇ માણસને પ્રસગ પ્રમાણે, ચુટી કાઢીને અથવા નિમીને ભરવી જોઇએ, જે મેમ્બરની જગા ઉપર તે સખસને ચુટી કાઢ્યો હશે અથવા નિમ્યો હશે તે મેમ્બરે તે જગા ખાલી થઇ ન હોત તો જેટલી મુદત સુધી તે જગા તેણે ધારણ કરી હોત તેટલી મુદત સુધી જ તેણે તે જગા ધારણ કરવી

૩૪ આ આકટમા કોઇપણ મજકુર ઠરાવ્યો હોય તે છતા, આ આકટના ઠરાવો અમલમા આવે તેની તરત જ પહેલા રચાયલી હોય એવી કલમ ૪ ની રકમ (૪) મુજબ આ આકટના ઠરાવો અન્વયે સ્થાપાયલી ગણવામા આવી હોય એવી લોકલબોર્ડોએ, દરેક લોકલબોર્ડની બાબતમા સરકાર આ અર્થે ઠરાવે તે તારીખ સુધી, આ આકટના ઠરાવો મુજબ હોય તેટલે સુધી લોકલફડનો વહિવટ કરવો આ આકટના પસાર કરવામા આવે તેની તરતજ પહેલા રચાયલી હોય એવી બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ તથા મેમ્બરો આ આકટના ઠરાવો મુજબ નિમવામા અથવા ચુટી કાઢવામા આવ્યા છે એમ ગણવુ અને તેમના હોદ્દાની મુદત ઉપર જણાવેલી ઠરાવેલી તારીખે પુરી થશે એમ સમજવુ

બાબ ૩.—લોકલબોર્ડનું કામ ચલાવવા બાબત.

૩૫ (૧) લોકલબોર્ડે દર ત્રણ ત્રણ મહિને ઓછામા ઓછી એક વખત મિટીંગ ભરવી અને આ આકટને તથા કલમ ૧૩૩ ની રકમ (ક) પ્રમાણે સરકારે આ અર્થે કરેલી કોઇપણ કાનુનને અથવા હુકમને અનુસરીને એવી મીટીંગની જગા, દિવસ, કલાક, નોટિસ, વ્યવસ્થા તથા તે મોકુફ રાખવા બાબત અને સાધારણત તેમા કામ ચલાવવા બાબત પોતાને યોગ્ય લાગે તેવા નિયમ હેઠળની પેટા–કલમોના ઠરાવોને પાત્ર તેણે વખતો વખત કરવા

(૨) (અ) અધ્યક્ષે આમા અગાઉ જણાવેલી ત્રિમાસિક મીટિંગો માટે દિવસ નક્કી કરવા અને પોતાને યોગ્ય લાગે ત્યારે, વિશેષ મીટિંગ બોલાવવાને તે મુખત્યાર છે, અને મેમ્બરોમાના એક ચતુર્થાંશ કરતા ઓછા ન હોય એટલા આસામીઓએ લખીને દરખાસ્ત મળ્યાના એકવીસ દિવસની અંદરના એકાદા દિવસે, તેણે તેવી મીટિંગ બોલાવવી જ જોઇએ

(બ) ત્રિમાસિક મીટિંગની બાબતમા નિદાન એકવીસ દિવસની અને વિશેષ મીટિંગની બાબતમા નિદાન ચૌદ દિવસની નોટિસ જે દિવસે અને જે જગાએ તેવી મીટિંગ ભરવાની હશે તે જગા તથા તે વખત અને ત્યા જે કામ ચલાવવાનુ હશે તે કામ એવી નોટિસમા લખીને મેમ્બરોમા ફેરવવી જોઇએ અને લોકલ-બોર્ડ ઓફિસમા ચોંહોડવી જોઇએ વિશેષ મિટિંગની બાબતમા, એવી નોટિસમાં, એવી મીટિંગ બોલાવ-વાની લેખી વિનતીમા કહેલી કોઇપણ સુચના અથવા દરખાસ્ત દાખલ કરવી જોઇએ

(ક) મેમ્બરોની એકંદર સંખ્યામાથી એક તૃતીયાંશથી ઓછા મેમ્બરો મીટિંગની શરૂઆતથી આખર સુધી, કોઇપણ વખતે હાજર હશે તો, અધ્યક્ષસ્થાને બેસનારા અધિકારીએ બીજા અથવા ત્યાર પછીના કોઇપણ દિવસે જે વખત નિમવાનુ પોતાને વ્યાજબી લાગે તે વખત સુધી તે મીટિંગ મુલતવી રાખવી એવી રીતે મુલતવી રાખ્યાની નોટિસ લોકલ બોર્ડ ઓફીસમા ચોંહોડવી જોઇએ અને અસલ મીટિંગની વખતે કોરમ થયુ હોત તો જે કામ તે મીટિંગ આગળ આણ્યુ હોત તે કામ તે મુલતવી રહેલી મીટિંગ પાછી ભરાયા પછી કોરમ થાય કે ન થાય તોપણ તે આગળ આણવુ જોઇએ, અને તે કામનો નિકાલ. તે મીટિંગમા અથવા ત્યારપછીના કોઇપણ દિવસે મુલતવી રાખેલી મીટિંગમા કોરમ થાય કે ન થાય તોપણ તેમા કરવાનો અધિકાર છે

(ડ) બોર્ડની આગળ જે ચોકસી અથવા વિચાર ચાલતો હોય તે ખાનગીમા કરવા જોઇએ એવી તે ચોકસી અથવા વિચાર છે એવુ અધ્યક્ષસ્થાને બેસનારા અધિકારીને લાગે તે શિવાય, દરેક મીટિંગ લોકોને જવાને ખુલ્લી હોવી જોઇયે અને એવુ ઠરાવ્યુ છે કે જે કોઇપણ માણસ ચાલતા કામમા હરકત કરે તેને હરકોઈ વખતે કાઢી મુકવાનો અખત્યાર સદરહુ અધિકારીને છે

(ઇ) દરેક મીટીંગમા અધ્યક્ષ હોય તેણે અધ્યક્ષસ્થાને બેસવુ જોઇયે અથવા તે ગેરહાજર હોય તો, ઉપાધ્યક્ષે બેસવુ જોઇયે, અને જો ઉપાધ્યક્ષ અને અધ્યક્ષ બેઉ ગેરહાજર હોય તો તે પ્રસંગ સારૂ ચેરમેન તરીકે તે મીટીંગમા જે મેમ્બરો હાજર હોય તેઓ પૈકી જે એક મેમ્બરને પસંદ કરે તેણે અધ્યસ્થાને બેસવુ જોઇયે,

(ફ) સઘળી બાબતનો નિકાલ જે મેમ્બરો હાજર હોય તેઓના બહુમત પ્રમાણે કરવો જોઈયે, અને પ્રસંગ પ્રમાણે, અધ્યક્ષે, ઉપાધ્યક્ષે અથવા ચેરમેને જે બાબતમા બે પક્ષ થઇને ઉભય પક્ષમા સરખા મત પડે તે સઘળી બાબતમા એક બીજો અથવા નિર્ણાયક મત આપવો જોઇયે,

(ગ) અધ્યક્ષસ્થાને બેસનારા અધિકારીની પરવાનગી શિવાય (આવી પરવાનગી કોઇપણ ઠરાવ ફેરવવાની અથવા રદ કરવાની સુચના અથવા દરખાસ્તની બાબતમા, તે ઠરાવ થયા પછી ત્રણ માહનાની અંદર આપવી નહી) કોઇપણ કામ કોઇપણ ત્રિમાસિક મીટીંગમા એવી મીટિંગ બાબતની નોટીસની અંદર અથવા વિશેષ મીટીંગની બાબતમા, તે મીટીંગ ભરવા બદલની લેખી વિનતીની અંદર નમુદ કરવામા આવ્યુ હોય તે શિવાય ચલાવવુ નહી અને તેજ પ્રમાણે તેમા કોઇપણ દરખાસ્તના સંબંધમા વાદવિવાદ તે સદરહુ પ્રમાણે નમુદ કરવામા આવી હોય તે શિવાય કરવો નહી કોઇપણ મીટીંગમા ચલાવવાના કોઈપણ કામના અથવા જે ઉપર વાદવિવાદ કરવાનો હોય એવી કોઇપણ દરખાસ્તનો ક્રમ અધ્યક્ષસ્થાને બેસનારા

અધિકારીએ ઠરાવવો જોઇએ આવા કામમાનુ કોઇપણુ ખાસ કામ અથવા કોઇપણુ ખાસ દરખાસ્ત પહેલી હાથમા ધરવાની કોઇપણુ મેમ્બરે દરખાસ્ત કરી હોય તે પ્રસંગે, તે દરખાસ્ત સદરહુ અધિકારીએ તે મીટિંગ આગળ મુકવી જોઇએ અને તેની તરફેણમા અથવા વિરૂદ્ધ વધારે મત પડે તે મુજબ ચાલવુ જોઈએ

(હ) કોઇપણુ ત્રિમાસિક મીટીંગ, તેમા જે મેમ્બરો હાજર હોય તેઓના બહુમતથી વખતો વખત મુલતવી રાખવાનો અધિકાર છે, પણુ મુલતવી રાખેલી કોઈપણુ મીટિંગ ભરાય તેમા જે મીટીંગ મુલતવી રાખી હોય તેમા જે કામનો પુરો નિકાલ થયો નહી હોય તે કામ શિવાય બીજુ કાઇપણુ કામ ચલાવવુ નહી

(આઇ) લોકલબોર્ડનો કોઈપણુ ઠરાવ, તે પસાર થયા પછી ત્રણુ મહિનાની અંદર ફેરવવો અથવા રદ્દ કરવો હોય તો, તે લોકલબોર્ડની એકાદી ત્રિમાસિક મીટીંગમા સઘળા મેમ્બરોમાના ઓછામા ઓછા અડધા મેમ્બરોએ ટેકો આપીને ઠરાવ કર્યો હોય તે શિવાય બીજી રીતે, ફેરવવો અથવા રદ્દ કરવો નહી આવી મીટીંગની નોટીસ કલમ [બ] મા ફરમાવ્યુ છે તે પ્રમાણે ચાલીને આપવી જોઈએ, અને તેમા એવી મીટીંગમા જે ઠરાવ ફેરવવાનુ અથવા રદ્દ કરવાનુ યોજ્યુ હશે તે ઠરાવ અને તે ફેરવવા બાબતની અથવા રદ્દ કરવા બાબતની સુચના અથવા દરખાસ્ત પૂર્ણપણે લખવી જોઇએ

(જે) માત્ર જે કારણો અધ્યક્ષસ્થાને બેસનારા અધિકારીને જરૂરના લાગે તે કારણો શિવાય, જે કોઇ પણુ કામ બાધવામા આવતા હોય તે અથવા જે કામ બોર્ડ સારૂ કલમ ૪૫ મુજબ જીલ્લાના સરકારી એક્સિક્યુટીવ એન્જીનિયરથીજ માત્ર કરી શકાય તે કામ સબધી, અથવા કેળવણીને લગતી કોઇપણુ બાબત સબધી કાઈપણુ પ્રકરણુ લોકલબોર્ડની કોઇપણુ મીટીંગમા ચલાવવુ તે, અનુક્રમે, સરકારી પબ્લિક વર્કસખાતાનો તથા એજ્યુકેશનલ ખાતાનો જે કોઇ અમલદાર બોર્ડનો મેમ્બર નહી હોય, પણુ જેને એવી સભામા હાજર થવાનો ૪૦ મી કલમ પ્રમાણે હક હોય એવા અમલદારને એવી સભામા એવુ કામ ચલાવવાનો ઇરાદો છે એમ તથા એવા કામ સબધી જે દરખાસ્ત અથવા સુચના રજુ કરવામા આવવાની હોય તે લખીને સભામા ઓછામા ઓછા પદર દિવસ આગમચ પત્ર મોકલ્યા વગર ચલાવવુ નહી,

(કે) જે મેમ્બરો હાજર હોય તેમના અને ૪૦ મી કલમના ઠરાવ પ્રમાણે કોઇપણુ સરકારી અમલદાર હાજર હોય તો, તેઓના નામના અને બોર્ડની દરેક મીટિંગમા ચલાવેલા કામના અને કોઇપણુ ઠરાવની તરફેણમા અથવા તેની વિરૂદ્ધ, અનુક્રમે, મત આપનારા મેમ્બરોના નામ ટીપી મુકવાનુ કોઇ હાજર હોય તે મેમ્બર કહે તો તે મેમ્બરોના નામના ટાચણુ, આ કારણુ સારૂ રાખવાની એક બુકમા લખી રાખવા જોઇયે, અને તેના ઉપર જેમ બને તેમ જલદી એવી મીટિંગના અધ્યક્ષે અથવા ઉપાધ્યક્ષે અથવા ચેરમેને સહી કરવી જોઇયે, અને તે બોર્ડના કોઈપણુ મેમ્બરને અથવા જીલ્લામાના કોઇપણુ રેહેવાસીને જોવા સારૂ વાજબી વખતે ખુલ્લા હોવા જોઇયે,

(લ) તાલુકા–લોકલ બોર્ડ આ કલમ પ્રમાણે કરેલો દરેક નિયમ જે જીલ્લા લોકલ બોર્ડના તાબામા એવી તાલુકા–લોકલ બોર્ડ હોય તે જીલ્લા–લોકલ બોર્ડની પસદગી ઉપર અવલબીને હોવો જોઇયે

(૩) લોકલ બોર્ડમા કોઈપણુ જગા ખાલી હોય તે મુદ્દતમા બાકી રહેલા મેમ્બરો તે જગા ખાલી પડી ન હોય તે પ્રમાણે જ કામ કરવાને મુખત્યાર છે

(૪) એકાદી બોર્ડનુ, અથવા મેમ્બર તરીકે અથવા અધ્યક્ષ, અથવા ઉપાધ્યક્ષ અથવા ચેરમેન તરીકે કોઇ શખસ કામ કરતો હોય તેનુ કાઈપણુ કૃત્ય, આવી બોર્ડની અધ્યક્ષની, ઉપાધ્યક્ષની, ચેરમેનની અથવા મેમ્બરની નિમણુકમા માત્ર કાઇ ખામી હોવાના સબબને લીધે અથવા તેઓ અથવા તેઓ પૈકી કોઈપણુ, મેમ્બરના હોદ્દાને માટે નાલાયક હતી અથવા બોર્ડની મીટીંગ ભરવાના ઇરાદા બાબતની રીતસર નોટીસ યોગ્ય રીતે આપવામા આવી નહતી, તે કારણને લીધે અથવા બીજું કાઈ એવુ ફક્ત પદ્ધતિ પ્રમાણે ન થવાને લીધે અવ્યવહારોપયોગી છે એમ સમજવુ નહી

૩૬ (૧) દરેક લોકલબોર્ડે, પોતે ઠરાવે તેટલા સાત કરતા વધારે ન હોય અને પાચ કરતા ઓછા ન હોય તેટલા મેમ્બરોની બનેલી એક સ્ટાન્ડિંગ કમિટી નિમવી

(૨) સદરહુ સ્ટાન્ડિંગ કમિટીએ આ આક્ટ મુજબ પોતાને સોપેલા કામકાજ બજાવવા, અને કલમ ૧૩૩ ની રકમ (ક) મુજબ કરેલા નિયમોને પાત્ર, લોકલ બોર્ડના જે સઘળા અધિકારો તથા ફરજો બીજી

કોઇપણ કમિટીને સોપવામા આવ્યા ન હોય તે સઘળા અધિકારો તેણે ચલાવવા તથા તે સઘળી ફરજો તેણે બજાવવી

(૩) અધ્યક્ષ, પોતાના હોદ્દાની રૂયે, પેટા - કલમ (૧) મુજબ નિમવામા આવેલા મેમ્બરો ઉપરાંતનો સ્ટાન્ડિગ કમિટીનો મેમ્બર તથા ચેરમેન થશે, એમ સમજવુ

૩૭ (૧) દરેક જીલ્લા લોકલ બોર્ડ, બોર્ડ ચુટી કાઢે તેવા મેમ્બરોની બનેલી એક લોક સુખાકારી કમિટી નિમવાને મુખત્યાર છે સદરહુ મેમ્બરોએ, પોતાની જગાની મુદત કરતા વધુ ન હોય એટલી મુદત માટે, જીલ્લાના સિવલ સરજનને અથવા કોઇપણ સરકારી વૈદ્યકીય અથવા સેનીટરી અમલદારને અથવા એકાદા કાયદેસર રીતે લાયકાત ધરાવતા વૈદ્યકીય ધધો ચલાવનારને કમિટીના મેમ્બર તરીકે ચુટી કાઢવો

(૨) એવી કમિટીએ, કલમ ૧૩૩ ની રકમ [ક] મુજબ કરેલી કાનુનોમા ઠરાવેલી કોઇપણ મર્યાદાને અથવા બીજા ઠરાવોને પાત્ર અથવા કલમ ૩૫ ની પેટા—કલમ (૧) મુજબ કરેલા નિયમોને, પાત્ર, લોક-સુખાકારી તથા આરોગ્ય સરક્ષણુની બાબતમા, જીલ્લા લોકલબોર્ડની ફરજો બજાવવી તથા તેના અધિકારો ચલાવવા અને એવી બાબતોને લગતા આ આકટના ઠરાવોને અથવા આ આકટ મુજબ કરેલા કોઇપણ પેટા—કાયદાને અમલમા મૂકવા અને બોર્ડના કોઇપિણ મેમ્બર અથવા ઓનરરી અથવા પગારદાર અમલદારને પોતાની કોઇપણ ફરજ અથવા અધિકાર સોપવાને મુખત્યાર છે એવા મેમ્બરે અથવા અમલદારે, બોર્ડ તેને વખતો વખત જે સુચનાઓ આપે તે સુચનાઓ પ્રમાણે વર્તવુ કમિટી એવી રીતે સોપેલી કોઇપણ ફરજ અથવા અધિકાર કોઇપણ વખતે પાછી ખેચી લેવાને મુખત્યાર છે

૩૮. (૧) એકાદી લોકલબોર્ડ કલમ ૧૩૩ [ક] મુજબ કરેલી કાનુનોના અથવા કલમ ૩૫ (૧) મુજબ કરેલા નિયમોના કોઇપિણ નિર્બધો તથા ઠરાવોને પાત્ર રહીને કોઇપણ કારણ માટે લોકલબોર્ડના અધિકારો ચલાવવા સારૂ અથવા ફરજો બજાવવા સારૂ પોતે ઠરાવે તેટલા મેમ્બરોની બનેલી કમિટીઓ નિમવાને અથવા બોર્ડનો કોઇપણ મેમ્બર અથવા બિનપગારદાર અથવા પગારદાર અમલદાર નિમવાને મુખ-ત્યાર છે, પણ લોકસુખાકારી કમિટી નિમવામા આવી હોય ત્યારે, કલમ ૩૭ ની પેટા-કલમ (૨) મા ઉલ્લેખ કરેલા અધિકારો અથવા ફરજો હોવી જોઈયે નહી

(૨) જ્યારે એકાદી કમિટીને ડિસ્પેન્સરીનો વહિવટ કરવા સારૂ નિમી હોય ત્યારે, સદરહુ લોકલબોર્ડ કોઇપણ સ્થાનિક રહેવાસીને એવી કમિટીના મેમ્બર તરીકે નિમવાને મુખત્યાર છે

(૩) એવી કોઇપણ કમિટીએ, મેમ્બરે અથવા અમલદારે, સદરહુ બોર્ડ વખતો વખત જે કોઇપણ સુચનાઓ આપે તે સુચનાઓ અનુસરવી

(૪) સદરહુ બોર્ડ કોઇપણ વખતે એવી કોઇપણ કમિટી બધ કરવાને અથવા તેના બધારણમા ફેરફાર કરવાને, અથવા જે અધિકારો ચલાવવાને અથવા જે ફરજો બજાવવાને એવી કોઇપણ કમિટી, સભ્ય અથવા અમલદાર નિમ્યો હોય તે અધિકારોમાના કોઇપણ અધિકાર અથવા તે ફરજોમાની કોઇ પણ ફરજ પાછી ખેચી લેવાને મુખત્યાર છે

૩૯ (૧) એકાદી કમિટીના મેમ્બરોના હોદ્દાની મુદત મેમ્બરોની નિમણુકની તારીખથી એક વર્ષ પુરૂ થયે અથવા લોકલબોર્ડ ફરમાવે તેવી વહેલી તારીખે પુરી થશે એમ સમજવુ

(૨) કોઇ પણ કમિટીમા ખાલી પડેલી જગા, પ્રસગ પ્રમાણે, કમિટીના એકાદા મેમ્બરની નિમ-ણુંક કરીને અથવા મેમ્બરોમાથી એક મેમ્બર ચુટી કહાડીને, બનતી તાકીદે ભરવી જોઇએ આ પેટા-કલમની રૂયે નિમવામા આવેલા મેમ્બરે, સદરહુ જગા ખાલી પડી ન હોત તો જે મેમ્બરની જગાએ તેને નિમવામા આવ્યો હોય તે મેમ્બરે સદરહુ હોદ્દો ધારણ કર્યો હોત તેટલી મુદત સુધી સદરહુ હોદ્દો ધારણ કરવો.

(૩) (અ) અધ્યક્ષને અથવા ઉપાધ્યક્ષને કોઇપણ કમિટીનો મેમ્બર નિમ્યો હોય તો તે પોતાના હોદ્દાના સબબથી તેનો ચેરમેન થશે [બ] જે કમિટીનો હોદ્દાના સબબથી થયેલો ચેરમેન ન હોય તેવી દરેક કમિ-ટીનો ચેરમેન નિમવાનો લોકલબોર્ડને અધિકાર છે (ક) જે કોઇપણ કમિટીનો હોદ્દાના સબબથી થયેલો ચેરમેન હશે અથવા લોકલબોર્ડ નિમેલો ચેરમેન હશે તે કમિટીએ, એવો ચેરમેન જે કોઇપણ મીટિંગમા હાજર ન રહે તે મીટિંગનો એવી મીટિંગના મેમ્બરોમાથી એક જણને ચેરમેન નિમવો જોઇએ

(૩) જે કોઇપણ કમિટીનો હોદ્દાના સબબથી થયેલો અથવા લોકલબોર્ડે નિમેલો ચેરમેન ન હોય તેણે, પોતાના મેમ્બરોમાથી વખતો વખત એક જણને ચેરમેન નિમવો જોઈએ

(૪) કલમ ૩૫ની પેટા-કલમ (૨), કલમ (ક), (જ) અને [ક] માના તથા પેટા-કલમો [૩] તથા (૪) માના ઠરાવો "બોર્ડ, સદરહુ બોર્ડ અથવા લોકલબોર્ડ" એ શબ્દો જ્યા આવે ત્યા તેને બદલે "કમિટી" એ શબ્દ દાખલ કર્યો હોય તે પ્રમાણે કમિટીઓને લાગુ પડશે

[૫] કમિટી પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે મીટિંગો બોલાવવાને તથા તે મુલતવી રાખવાને મુખત્યાર છે, પણ કમિટીનો ચેરમેન જ્યારે જ્યારે પોતાને યોગ્ય લાગે ત્યારે ત્યારે, એવી કમિટીની વિશેષ મીટિંગ બોલાવવાને મુખત્યાર છે અને લોકલબોર્ડના અધ્યક્ષે અથવા કમિટીના બે કરતા ઓછા ન હોય તેટલા મેમ્બરોએ લખીને દરખાસ્ત કરી હોય તો એવી દરખાસ્ત મળ્યા બાદ બે કરતા વધારે ન હોય એવા એકાદા દિવસે તેણે તેવી મીટિંગ બોલાવવી જ જોઇએ

(૬) કમિટીની દરેક મીટિંગમા તેના મેમ્બરોપૈકી અડધોઅડધ કરતા વધારે મેમ્બરો હાજર ન હોય તો તેમા કાઇપણ કામ ચલાવવુ નહી

૪૦ (૧) જિલ્લાનો એક્ઝિક્યુટિવ એન્જિનિયર, એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, તથા ડેપ્યુટી ડિરેક્ટર ઓફ પબ્લિક હેલ્થ તથા જિલ્લામાના સિવિલ સર્જનની પાસે, જો તે જિલ્લાના હેલ્થ ઓફિસરના કામપૈકી કાઇ કામ આપેલુ હોય ત્યારે તે સિવિલ સર્જન, અને ડેપ્યુટી ડિરેક્ટર ઓફ એગ્રિકલ્ચર અથવા સહકારી મંડળીઓના આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર જો જિલ્લામા પોતાના હોદ્દાની કોઈ પણ ફરજ બજાવતા હોય ત્યારે જો તે જિલ્લા લોકલબોર્ડના મેમ્બર ન હોય તો, તેઓને સદરહુ બોર્ડની અથવા તેના કોઇ પણ કમિટીની કોઇ પણ મીટિંગમા હાજર રહેવાનો હક છે એમ સમજવુ અને એવી મીટિંગોમા પોતાના હોદ્દાના કામના યોગથી જે કોઇ બાબત વિશે પોતાનો મત અથવા જે માહીતી પોતે આપી શકે તે માહીતી આવી બોર્ડને અથવા કમિટીને ઉપયોગી થઇ પડશે એવુ તેમને લાગે તે બાબતબદલ વાદવિવાદ અથવા વિચાર ચાલે તેમા બોર્ડના અથવા કમિટીના અનુમતથી ભાગ લેવાનો અધિકાર તેઓપૈકી દરેકને છે પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ અમલદારોને તે બોર્ડના હોયા વગર એવી કોઇ પણ બાબતમા મત આપવાનો હક નથી

(૨) તાલુકામા ચાકરીમાના ઓવરશિયરના દરજ્જા કરતા ઓછા દરજ્જાનો નહી હોય તેવા સરકારી પબ્લિક વર્ક્સ ખાતામાના કોઈપણ અમલદારને, અને તાલુકાના આસિસ્ટંટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરના દરજ્જા કરતા ઓછા દરજ્જાનો ન હોય એવા કોઇપણ સરકારી એજ્યુકેશનલ ખાતામાના અમલદારને ઉપર પ્રમાણેજ હકીકત હોય ત્યારે તથા ઉપરના તેજ વિશેષ ઠરાવને પાત્ર રહીને, એવા તાલુકાની તાલુકા લોકલબોર્ડની અથવા સદરહુ બોર્ડની કાઇપણ કમિટીની કોઇપણ મીટિંગમા સદરહુ પ્રમાણે કોઇપણ પ્રકરણ બાબત વાદવિવાદ અથવા વિચાર ચાલે તેમા ભાગ લેવાનો અધિકાર છે

(૩) જો કોઇ જિલ્લા-લોકલબોર્ડને અથવા તાલુકા-લોકલ બોર્ડને એવુ લાગે કે ઉપર લખેલા તે તે અમલદારોમાથી કોઈપણ અમલદારે ઉપર જણાવેલા સંજોગોમા એવી બોર્ડની, અથવા તેની કોઇ પણ કમિટીની હવે પછીની કોઇ પણ મીટિંગમા ઉપર લખેલા કારણો સારૂ હાજર રહેવાની જરૂર છે તો, યોજેલી મીટિંગના નિદાન પંદર દિવસ આગમચ સદરહુ પ્રકારના અમલદારને પત્ર લખીને તે સભામા તેને હાજર થવાનુ કહેવાનો સદરહુ બોર્ડને અધિકાર છે અને સદરહુ અમલદારથી માદગીના સબબથી અથવા બીજા વાજબી કારણથી હાજર થઇ શકાતુ ન હોય તે શિવાયને પ્રસંગે તે સદરહુ પ્રકારની મીટિંગમા હાજર થવાને બંધાયલો છે

૪૧ (૧) જ્યારે જ્યારે મીટિંગ ભરવાની જરૂર નથી એવુ કોઇ લોકલબોર્ડના અધ્યક્ષને અથવા કોઇ કમિટીના ચેરમેનને લાગે ત્યારે ત્યારે, તે અધ્યક્ષ અથવા ચેરમેન, મીટિંગ ભરવાને, બદલે, પોતાની અથવા એવી બોર્ડના અથવા કમિટીના બીજા કોઇ મેમ્બરની, અથવા બોર્ડના કોઇ અમલ બજાવણી કરનાર

અમલદારની લખેલી સુચના હોય તે, મેમ્બરોના અભિપ્રાય સારૂ તથા મત સારૂ તેઓમા ફેરવવાને મુખત્યાર છે

(૨) એવી કોઇ પણ સુચના મેમ્બરોના મત સારૂ મોકલવાની અગાઉ, અધ્યક્ષને અથવા ચેરમેનને, જો યોગ્ય લાગે તો, બોર્ડનો મેમ્બર નહી હોય તેવા જે કોઇ સરકારી અમલદારને જે કોઇ મીટિંગમા એવી સુચનાનો વિચાર કરવામા આવે તે મીટિંગમા ૪૦ મી કલમમાના ઠરાવ પ્રમાણે હાજર રહેવાનો હક હોય તે અમલદારને તે સુચના ઉપર અભિપ્રાય આપવાની ઇચ્છા જો હોય તો, તેનો અભિપ્રાય લેવાનો અધિકાર છે અને જે કામ સબધી તે સુચના હોય તે કામ જો ૩૫મી કલમની પેટા–કલમ (૨) ની (જી) રકમમા કહેલા પ્રકારનુ હોય તો અધ્યક્ષે અથવા ચેરમેને તેવો અભિપ્રાય લેવો જોઇએ

(૩) આ પ્રમાણે ફેરવેલી કોઇપણ સુચનાનો નિકાલ ૩૫મી કલમની પેટા–કલમ (૨)ની રકમ [અ] પ્રમાણે અથવા કલમ ૩૯ ની પેટા–કલમ (૫) પ્રમાણે સદરહુ સુચના ઉપર વિચાર કરવા સારૂ ખાસ મીટિંગ ભરવામા ન આવે તો, જે મેમ્બરો તેની ઉપર મત આપે તેઓના બહુમત પ્રમાણે કરવો જોઇએ

(૪) આ કલમપ્રમાણે બોર્ડ કરેલો દરેક નિકાલ ૩૫મી કલમની પેટા–કલમ (૨)ની, રકમ [ક] પ્રમાણે અથવા કલમ ૩૯ ની પેટા-કલમ (૪) પ્રમાણે રાખેલા મિનિટ બુકમા દાખલ કરવો જોઇયે

૪૨ [૧] લોકલબોર્ડના અધ્યક્ષને, બોર્ડની તરફથી કોઇપણ કરાર અથવા કબુલાત એવી રીતે તથા એવા નમુના પ્રમાણે કરવાનો અધિકાર છે કે વિદ્યમાનકાળે અમલમા હોય તે કાયદાની રૂયે એવો કરાર અથવા કબુલાત તેણે ખુદ પોતાની તરફથી કરી હોત તો જેમ બધાયલો રહે તેમ તે બધાયલો રહે, પણ એવુ ઠરાવ્યુ છે કે એવા કરારની અથવા કબુલાતની રકમ અથવા કીમત જિલ્લા–લોકલબોર્ડની બાબતમા પાચશે રૂપિયા કરતા અથવા તાલુકા–લોકલબોર્ડની બાબતમા બસે રૂપિયા કરતા વધારે હોવી નહી જોઇએ

(૨) લોકલબોર્ડની તરફનો બીજો દરેક કરાર અથવા કબુલાત લખેલી હોવી જોઇયે અને તેની ઉપર તે બોર્ડના અધ્યક્ષે તથા બીજા બે મેમ્બરોએ સહીઓ કરવી જોઇએ અને તેની ઉપર બોર્ડના સામાયિક શિક્કાથી મોહોર કરવી જોઇયે.

(૩) જે કોઇપણ કરાર અથવા કબુલાત આ કલમમા ઠરાવ્યુ છે તે કરી નહી હશે તે લોકલ-બોર્ડને બધનકારક નથી

૪૩ (અ) આ આકટમા આગળ બીજી રીતનો ઠરાવ કર્યો છે તે સિવાય, લોકલબોર્ડના કોઇપણ મેમ્બર સદરહુ પ્રકારની બોર્ડ અથવા બોર્ડની તરફથી કરેલા કોઇપણ કરાર બદલ અથવા કબુલત બદલ અથવા કરેલા ખરચ બદલ જાતે જવાબદાર થતા નથી, દરેક લોકલબોર્ડના હાથમા લોકલફડ હોય તે સદરહુ પ્રકારના કોઇપણ કરાર બદલના અથવા કબુલાત બાબતના સઘળા ખરચ બદલ તથા એવી સઘળી ખરાજાત બદલ જવાબદાર રહેશે અને તે આપવી પડશે

(બ) પણ એવુ ઠરાવ્યુ છે કે લોકલબોર્ડનો દરેક મેમ્બર લોકલબોર્ડના જે કાઇ નાણા અથવા બીજી મિલકતનો ગેર ઉપયોગ કરવામા તે સામેલ હશે અથવા જે ગેરઉપયોગ મેમ્બરના નાતાથી તેણે પો-તાના કામમા ગેરવર્તણુક કર્યાથી અથવા મોટી ગફલત કર્યાથી થયો હશે અથવા થવાનુ સહેલુ થયુ હશે તે ગેર ઉપયોગ બદલ જાતે જવાબદાર થશે, અને આ પ્રમાણે ગેરઉપયોગ કરેલા નાણા અથવા મિલકત વસુલ સારૂ અથવા તે માટે બદલો મળવા સારૂ, સરકારની મજુરી લઇને લાગતીવળગતી લોકલબોર્ડ અથવા સરકાર તેના ઉપર દાવો કરવાને મુખત્યાર છે, અને સરકારે એવી રીતે વસુલ કરેલા કાઇ પણ નાણા અથવા મિલકત, એવી રીતે વસુલ કરવામા થયેલા જરૂરના ખરચ તેમાથી કાપી લીધા પછી, લોકલ બોર્ડને આપી દેવા

૪૪ [૧] લોકલબોર્ડે અથવા લોકલબોર્ડ ઉપર માડેલા કોઇ પણ દાવાના સબંધમા અથવા આ આકટની રૂયે લોકલબોર્ડે કરેલા કોઈ પણ કરાર ઉપરથી ઉત્પન્ન થતા કોઇ પણ હક અથવા માગણીના સબધમા તેને પુરતી જણાય એટલી પૈસાની રકમ સારૂ અથવા બીજા મોબદલા સારૂ તોડજોડ કરવાનો તેને અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે જો કોઈ પણ કરાર સારૂ આ આકટ પ્રમાણે કોઇપણ મજુરી જોઇતી હોય તો, એવા કરારથી ઉત્પન્ન થતા કોઇપણ હક અથવા માગણી જો તોડજોડ કરવા સારૂ એવીજ મજુરી અગાઉથી લેવા જોઇએ

(૨) આ આક્ટ પ્રમાણે લોકલબોર્ડને, તેના અમલદારને તથા નોકરને સોંપેલા અધિકાર પૈકી કાંઇ પણ અધિકાર ચલાવ્યાથી જે કોઇ માણસને નુકશાન થયુ હોય તેને લોકલફંડમાથી બદલો આપવાનો લોકલબોર્ડને અધિકાર છે

૪૫ (૧) જે કામના નકશા અથવા એસ્ટીમેટો કલમ ૮૯ ની પેટા કલમ (૧) ની રકમ (બ) મુજબ સરકારી એકઝીકયુટિવ એન્જીનીઅરે તૈયાર કરવાની અથવા પસંદ કરવાની જરૂર છે, તે કામ પૈકી સરકાર સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને વખતો વખત ફરમાવે તે કામ સદરહુ એકઝીકયુટીવ એન્જિનીઅરે કરવા જોઇએ સરકાર સારૂ કોઇ કામ કરતી વખતે તે જેવા અધિકાર ચલાવતા હશે તેવાજ અધિકાર આ કારણ સારૂ તેણે ચલાવવા જોઇએ, અને તેને સદરહુ કામ પૈકી કાંઇ પણ કામ કરવામા લોકલબોર્ડના જે કોઇ અમલદારો તથા નોકરો મદદ કરતા હશે તે સઘળા અમલદારો તથા નોકરો ઉપર તેનો નિર્બંધ રહેસે

(૨) બીજા સઘળા કામ કરવા તે જે લોકલબોર્ડના ખર્ચે એવુ કાંઇ પણ કામ કરવાનું હોય તે લોકલબોર્ડને યોગ્ય લાગે તે માણસોએ તથા તેની દેખરેખ હેઠળ કરવા જોઇએ, પણ એવુ ઠરાવ્યુ છે કે એવુ કોઈ પણ કામ સદરહુ બોર્ડ પોતાની એમ ઇચ્છા જણાવે તો, જિલ્લાના સરકારી એકઝીકયુટિવ એન્જિનીઅરે પેટા-કલમ (૧) મા જણાવ્યા પ્રમાણે કરવુ જોઈએ

(૩) જ્યારે આ કલમ પ્રમાણે કોઇ પણ કામ સરકારી એકઝીકયુટિવ એન્જિનીઅરે તેના પોતાના સરકારી એસ્ટાબ્લિશમેન્ટ બદલનો ખરચ જે લોકલબોર્ડના ખરચે તે કામ કરવામા આવતું હશે તે બોર્ડની તથા સદરહુ એકઝીકયુટીવ એન્જિનીઅરની દરમિઆન કબુલ કરવામા આવે તેટલો તે બોર્ડે આપવાનો થશે, પણ એવુ ઠરાવ્યુ છે કે કોઇ પણ બાબતમા એકઝીકયુટિવ એન્જિનીઅરની ચાકરી બદલનો ખરચ લેવો નહી

૪૬ (૧) કોઇ પણ જિલ્લા-લોકલબોર્ડ બીજી કોઇ પણ જિલ્લા લોકલબોર્ડની સાથે અથવા કોઇપણ મ્યુનિસિપાલીટીની સાથે અથવા કેન્ટોન્મેન્ટ કમિટીની સાથે અથવા એક કરતા વધારે, એવી લોકલબોર્ડની સાથે, મ્યુનિસિપાલીટીની સાથે અથવા કમિટીની સાથે હેઠળ લખેલા કારણો બાબત વખતો વખત એકમત થવાને મુખત્યાર છે, એટલે કે--

(અ) જે કોઈ કારણમા તેઓનો સામાયિક હિતસબધ હોય તે કારણ સારૂ પોતપોતાની મડળીમાથી એક સામાયિક કમિટી નિમવા બાબત અને એવી કમિટીનો ચેરમેન નિમવા બાબત, અને

(બ) કોઇ પણ સામાયિક કામ બાધવાના સબધમા તથા તે આગળ ટકાવી રાખવાના સબધમા એવી દરેક મડળીને બધનકર્તા થાય એવી શરતો ઠરાવવાનો અધિકાર અને એવી મડળીઓ પૈકી કેટલીક અથવા કોઇ પણ મડળીથી ચલાવી શકાય તેવો કોઇ પણ અધિકાર એવી કોઈ પણ કમિટીને આપવા બાબત, અને

(ક) એવી કોઈ પણ કમિટીએ ચલાવવાના કામનુ ધોરણ બાધવા બાબતની અને જે કારણ સારૂ કમિટી નિમિ હોય તે કારણ સબધી પત્રવ્યવહાર ચલાવવાનુ ધોરણ બાધવા બાબતની કાનુન કરવા બાબત તથા તેમા ફેરફાર કરવા બાબત,

[૨] જ્યારે કોઈ પણ સ્થાનિક અધિકારી મડળે કોઇ પણ બાબતમા, પેટા-કલમ (૧) ના ઠરાવો મુજબ બીજા કોઇ પણ સ્થાનિક અધિકારી મડળીની સમતિ માટે માગણી કરી હોય અને એવા બીજા સ્થાનિક અધિકારી મડળે તેવી સમતિ આપવાની ના પાડી હોય ત્યારે કમિશનર ઉપર જણાવેલી બાબતમા કેન્ટોન્મેન્ટ ન હોય એવા બીજા સ્થાનિક અધિકારી મડળને સમતિ આપવાનુ ફરમાવનાર પોતાને યોગ્ય લાગે તેવા હુકમ કરવાને મુખત્યાર છે અને એવા બીજા સ્થાનિક અધિકારી મડળે એવા હુકમોને અનુસરવુ જોઇએ

(૩) જે સ્થાનિક મડળોએ પેટા-કલમ (૧) અથવા (૨) મુજબના કોઇ પણ કૃત્ય ઉપરથી ઉભા થતા કોઇ વિષયની બાબતમા તેવા કોઈ પણ કૃત્યમા સમતિ આપી હોય તે સ્થાનિક મડળીઓમા જો કાંઈ પણ

મતભેદ ઉત્પન્ન થાય તો, સ્થાનિક મંડળો એકજ વિભાગમાના હોય તો કમિશનરનો અને તેઓ જુદા વિભાગમાના હોય તો સરકારનો નિર્ણય આખરનો સમજવો

બાબ ૪ લોકલબોર્ડનું સ્થાપન. તેની મિલકત, અધિકારો ફરજો

૪૭ દરેક લોકલ બોર્ડ પ્રસંગ પ્રમાણે " ની જિલ્લા લોકલ બોર્ડ " અથવા " ની તાલુકા લોકલ બોર્ડ " આ નામથી સંસ્થાપિત મંડળી હશે, અને તેનું સ્થાનાપન્નત્વ હમેશા ચાલુ રહેશે અને તેમને એક સામાયિક સિક્કો હશે અને તેઓની ઉપર તેઓના સંસ્થાપિત નામથી ફરિયાદ કરવાનો અધિકાર હશે, અને જંગમ તથા સ્થાવર આ બેઉ પ્રકારની મિલકત, પછી તે મિલકત જે વિસ્તાર ઉપર સદરહુ બોર્ડ અધિકાર ચલાવતી હોય તે વિસ્તારમા કે વિસ્તાર બહાર હોય તે, સંપાદન કરીને ધારણ કરવાનો, જે કોઈ જંગમ અથવા સ્થાવર મિલકત તેમને સ્વાધીન થઇ હશે અથવા તેઓએ સંપાદન કરી હશે તે પટે આપવાનો વેચવાનો અથવા બીજી રીતે તબદીલ કરી આપવાનો અને કરાર કરવાનો તથા આ આકટના કારણો સારૂ જરૂર હોય તે બીજી સઘળી વાત કરવાનો તેમને અધિકાર હશે

પણ એવું ઠરાવ્યુ છે કે સ્થાવર મિલકતના સાત વર્ષ કરતા વધુ મુદતના કોઇ પણ પટા સારૂ અને એવી કોઇ પણ મિલકતના વેચાણ સારૂ અથવા બીજી રીતે તબદીલી કરી આપવા સારૂ કમિશનરની અગાઉથી મંજુરી લીધી નહી હશે તો, તે પટો, વેચાણ અથવા બીજી રીતની તબદીલી વ્યવહારોપયોગી થશે નહી

૪૮ લોકલ બોર્ડ બાંધે તે દરેક રસ્તો, ઇમારત અથવા બીજું કામ તે બાંધનારી લોકલબોર્ડને પ્રાપ્ત થવુ જોઇએ

૪૯ કોઇ પણ મિલકત તાલુકા માટે સ્થાપેલી લોકલબોર્ડને કે તે તાલુકા ઉપર અધિકાર હોય એવી જિલ્લા લોકલબોર્ડને પ્રાપ્ત થઇ તે, તે વિષે કાંઇ પણ શક ઉત્પન્ન થાય ત્યારે, એમાથી કઇ બોર્ડને તે પ્રાપ્ત થઇ છે તેનો નિર્ણય સરકારે કરવો અને એવો કોઇપણ નિર્ણય છેવટનો છે એમ સમજવુ

૫૦ લોકલબોર્ડ પોતપોતાના તાબા માહેના પ્રદેશ સારૂ, પોતાના હાથમા જે લોકલફંડ હોય તેમાથી હેઠળ લખેલી વાત બાબત જેટલે સુધી યોગ્ય તજવીજ કરી શકાય તેટલે સુધી કરવાની તેમની ફરજ છે એમ સમજવુ એટલે કે-

(અ) રસ્તા તથા રાહદારીના બીજા સાધનો બાંધવા અને તેઓને સ્વાધીન થયેલા સઘળા રસ્તા તથા રાહદારીના બીજા સાધનોની મરામત કરવી તથા તે ટકાવી રાખવા,

(બ) ઇસ્પીતાલો, દવાખાના, બજાર, ધર્મશાળા તથા બીજી સાર્વજનિક ઇમારતો બાંધવી તથા તેઓના મરામત કરવી અને આ સંસ્થાઓ જઇને જોવી, તેઓની વ્યવસ્થા રાખવી તથા તે ટકાવી રાખવી

(ક) સાર્વજનિક તળાવ કુવા તથા પાણીના કામ બાંધવા તથા તેઓની મરામત કરવી, તેઓમાથી તથા બીજા ઠેકાણામાથી પાણી પુરૂ પાડવું અને પીવાના અને સઘળા રાંધવાના કારણ માટેનુ પાણી ન બગડે એ રીતે તેનુ સંરક્ષણ કરવા સારૂ કામ બાંધવા તથા તે ટકાવી રાખવા

(ડ) પ્રાથમિક શાળાઓ સારૂ યોગ્ય જગાની સગવડ કરી આપવી, તથા તે જઇને જોવી તથા ચાલુ રાખવી અને જરૂરનું લાગે તો પ્રાથમિક શાળાઓ માટે શિક્ષક તરીકે લાયકાત મેળવવા માટેના તેમના ટ્રેનિંગ (શિક્ષણ) દરમિયાન તેવી લાયકાત મેળવનાર સખસને પગાર આપવો અને પ્રાથમિક કેળવણીની સાધારણ રીતે તથા પ્રસાર કરવો

(ઇ) લોકોને રસી કાઢવાનું કામ, તથા આરોગ્યરક્ષણ સંબંધી કામ તથા લોકનુકસાની માટે જરૂરના કામ સારૂ તજવીજ કરવી

(ફ) એવી બોર્ડને સ્વાધીન થયેલા રસ્તાની બાજુ ઉપર અથવા તેની નજીક ઝાડ રોપવા તથા તેમનુ સંરક્ષણ કરવું

(ગ) તેઓને સ્વાધીન થયેલી કોઇપણ મિલકત ટકાવી રાખવી તથા,

(હ) સદરહુ જિલ્લા માહે અથવા જિલ્લા બહાર હડકવાના રોગનો ઉપચાર કરવા સારૂ લાયક છે એમ

સરકાર જાહેરનામુ કાઢીને ઠરાવે તેવી સસ્થામા સદરહુ સસ્થાને લાગુ પડતી કાનુનો મુજબ ગરીબ સખસો તરીકે જે જે સખસો સદરહુ રોગનો ઉપચાર કરતા હોય તેમને પોસવા તથા તેમની સારવાર કરવા માટેનો તથા બીજો જરૂરનો ખર્ચ અને ત્યા જવા આવવાનો ખર્ચ સરકાર વખતો વખત સામાન્ય અથવા વિશેષ હુકમ કાઢીને ફરમાવે તેવા દરે તથા તેવી શરતોને પાત્ર આપવો, અને લોકલબોર્ડને સદરહુ ફડમાથી તેમની નજરમા આવે તે પ્રમાણે હેઠળ લખેલી વાતની તજવીજ કરવાનો અધિકાર છે એટલે કે—

(આઇ) કલમ ૧૩૩ની રકમ (ડ) ની રૂએ આ અર્થે કરેલી કાનુનો બોર્ડના કામકાજ માટે બોર્ડના મેમ્બરને મુસાફરી કરવામા થયેલો ખર્ચ આપવો પણ એવુ ઠરાવ્યુ છે કે સરકારના પગારદાર નોકરને એવો કોઇપણ ખર્ચ આપવો નહી,

(જે) નમુનાના ખેતરો કરવા તથા તે ટકાવી રાખવા, પરદેશી ઝાડો લાવીને પોતાના દેશમા થાય એમ કરવુ, સારી જાતના બી બહારથી લાવવા તથા વહેચવા, ઢોરોની તથા ઘોડાની ઓલાદ સુધારવી માછલા લાવવા તથા તેમનુ સરક્ષણ કરવુ અને ખેતીવાડી તથા સ્થાનિક ઉદ્યોગો વધારવા તથા તેમા સુધારા કરવા

(ક) દુકાળની અથવા અછતની વખતે મદદ આપવાની સગવડ કરવી તથા મદદના સ્થાનિક કામો સ્થાપવા તથા તે ચાલુ રાખવા,

(લ) આ કલમની રકમ (ડ) મા લખેલા કામ સિવાયના કેળવણી સબધી બીજા કામ કરવા

[મ] નાની રેલ્વેઓ તથા ટ્રામવેઓ બાધવી તેનો વહિવટ કરવો તથા તેને ચાલુ રાખવી

(ન) લોકોની આરોગ્યતા, સહીસલામતની તથા સુખ અથવા સગવડની વૃદ્ધિ થવા જોગ બીજા કોઇ પણ સ્થાનિક કામ અથવા તજવીજ કરવી, અને

(ઓ) કલેકટરની અગાઉથી સમતિ લઇને, કોઇપણ સાર્વજનિક આદરાતિથ્ય, સમારભ રજન અથવા પ્રદર્શનના કામ કરવા

૫૧ (૧) જિલ્લા લોકલ બોર્ડના નિબધને અને કેળવણીની બાબતમા, કલમ ૮૦ ના વિશેષ ઠરાવ (બ) ના ઠરાવને પાત્ર રહીને, દરેક તાલુકા લોકલબોર્ડની પાસે તેને ખર્ચે રાખેના કેવળ સ્થાનિક રસ્તા કામ તથા ઇમારત આ સઘળાનો અને વળી જે સ્થાનિક ખાતા તથા જે કારખાનાના જિલ્લા લોકલ બોર્ડને ખુદ પોતાના સાક્ષાત નિબધ હેઠળ તથા વહિવટ હેઠળ લેવાનુ યોગ્ય લાગે તે સિવાયના બાકીના સઘળા ખાતાઓનો તથા કારખાનાઓનો તેમના અધિકાર હેઠળના ક્ષેત્રમા નિર્બધ રહેશે તથા તેનો કારભાર તેઓ કરશે

(૨) જિલ્લા લોકલબોર્ડના નિર્બધ હેઠળના તથા કારભાર હેઠળના રસ્તાના, કામોના ઇમારતોના, ખાતાઓના તથા કારખાનાઓના સબધમા, દરેક તાલુકા લોકલબોર્ડ, જો જિલ્લા લોકલબોર્ડ ફરમાવે તો, સદરહુ જીલ્લા લોકલબોર્ડના એજન્ટ (તેની વતી કારભાર ચલાવનાર) થવુ જોઇએ, અને એવા એજન્ટના નાતાથી તેણે, પોતાને જિલ્લા લોકલબોર્ડ જે અધિકાર તથા જે કામ વખતોવખત લખીને સોપે તે અધિકાર ચલાવવો જોઇએ તથા તે કામ તેણે કરવા જોઇએ

બાબ—૫ મો.

આરોગ્યસરક્ષણ સબધી તથા બીજા અધિકારો

૫૨ જિલ્લા લોકલબોર્ડના અધ્યક્ષને અથવા આ અર્થે સદરહુ બોર્ડે જે કોઇ સખસને અધિકાર આપ્યો હોય તે સખસને આમા હવે પછી જણાવ્યા પ્રમાણેની નોટિસ આપીને સૂર્ય ઉગે ત્યારથી તે સૂર્ય આથમે ત્યા સુધીમા ગમે તે વખતે સઘળી ઇમારતોમા તથા જમીનોમા દાખલ થઇને જોવાનો અને લેખી નોટિસ આપીને આરોગ્ય સરક્ષણના કારણ સારૂ તે સર્વને અથવા તેના કોઇ ભાગને સાફસુફ કરવાનુ, ચોખ્ખો કરવાનુ અથવા બીજી રીતે યોગ્ય સ્થિતિમા આણવાનુ ફરમાવવાનો અધિકાર છે

૫૩ જે કોઇ માણસ જે કોઇ પણ ઇમારત અથવા જમીન રહેવા લાયક હોય કે ન હોય તેનો અથવા ભોગવટો કરનારો હોય અને જે એવી ઇમારત અથવા જમીનને ગલીચ અથવા રોગકારક સ્થિતિમા રહેવા દેશે, અથવા તે ઇમારતની અથવા જમીનની પાસે રહેનાર લોકોને જિલ્લા લોકલબોર્ડની નજરમા

ઉપદ્રવ થાય તેવી સ્થિતિમા રહેવા દેશે, અથવા તે ઉપર ફાકડો થોર અથવા ઉપદ્રવકારક ઝાડપાનને ફેલાઇ જવા દેશે અને તે સાફસુફ કરવા તે ચોખ્ખી કરવા બાબત અથવા બીજી રીતે યોગ્ય સ્થિતિમા આણુવા બાબત આ અર્થે જિલ્લા લોકલબોર્ડે અધિકાર આપ્યો હોય તે કોઇપણુ સખસ લેખી નોટિસ આપે ત્યાર પછી વાજબી વખતની અદર તેમા ફરમાવ્યા પ્રમાણે અમલ નહી કરશે તે, માજિસ્ટ્રેટ આગળ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી, રૂપિઆ પચીસ સુધીના દડની શિક્ષાને પાત્ર થશે, અને જો સદરહુ ગુન્હો ચાલુ રહેશે તો, ગુન્હાની સાબિતીનો ઠરાવ થયા પછી જે દરેક દિવસ દરમિઆન સદરહુ ગુન્હો ચાલુ રહયો હશે તે દરેક દિવસ માટે પાચ રૂપીયાથી વધુ ન હોય તેવા વધારાના દડને પાત્ર તે થશે

૫૪ જીલ્લા લોકલબોડના અધ્યક્ષને અથવા આ અર્થે જિલ્લા લોકલબોર્ડે અધિકાર આપ્યો હોય તે સખસને હરકોઇ વખતે, લેખી નોટિસ મારફત, કોઇ કુવાના, ઝરાના, નેહેરના તળાવના અથવા પાણી પુરૂ પાડનારા બીજા કોઇ સાધનના ધણીને અથવા તે ઉપર અધિકાર હોય તેવા કોઇપણુ સખસને એવો હુકમ કરવાનો અખત્યાર છે કે તેણે, તે કુવા વગેરે ખાનગી મિલકત હોય અથવા ન હોય તોપણુ,–

(અ) પાણી પીવાના કામમા વાપરવામા આવતુ હોય તો,

(૧) ઝરા સિવાય પાણી પુરૂ પાડનારૂ એવુ બીજુ કોઇપણુ સાધન સારી સ્થિતિમા રાખવુ તથા ટકાવી રાખવુ, અથવા

(૨) નોટિસમા લખવામા આવે તે વાજબી મુદ્દત અદર એવા કોઈ પાણી પુરૂ પાડનારા સાધનમાથી ગાળ, કચરો તથા કોહી જતો ઝાડપાલો કહાડીને તે સાફ કરવુ, અથવા

(૩) એવુ કોઇપણુ પાણી પુરૂ પાડનારૂ સાધન જમીન ઉપરની મોરીના પાણીથી બગડે નહી માટે બોર્ડ કહે તે રીતે તેનુ સરક્ષણુ કરવુ, અથવા

(૪) એવુ પાણી પુરૂ પાડનારૂ જે કોઈપણુ સાધન કુદરતી રીતે વહેનારો ઝરો નહી હોય અને જેનુ પાણી પીવાને નાલાયક છે એમ બોર્ડનો મત હોય તે સાધનનુ પાણી પીવાના કારણુ સારૂ વાપરવાનુ અને બીજાને વાપરવા દેવાનુ બધ કરવુ, અથવા

(૫) જો (૪) રકમ પ્રમાણે એવી કોઇપણુ નોટિસ આપ્યા છતા, એવો વાપર જારી રહે અને તે બીજી રીતે બધ કરી શકાય એમ નથી એવો બોર્ડનો મત હોય તો, એવો વાપર બધ કરવા સારૂ જે રીત બોર્ડને પુરતી દેખાય તે રીતે એવા પાણી પુરૂ પાડનાર સાધનો જાથુકને માટે અથવા થોડા વખતને માટે બધ કરવા, અથવા તે ભરી નાખવા અથવા તેની આસપાસ વાડ ભરવી અથવા તટ્ટી કરવી, અથવા

(૬) એવા પાણી પુરૂ પાડનારા કોઈપણુ સાધનમાનુ અથવા તે સાધનને જોડાયલી અથવા તેની પાસેની કોઇપણુ જમીન અથવા જગા અથવા પાત્ર અથવા ટાકીમા જે કાંઈપણુ ભરાઇ રહેલુ પાણી બોર્ડના મતપ્રમાણે તદુરસ્તીને નુકસાનકારક અથવા પડોસના લોકોને ત્રાસદાયક હોય તે પાણી તે સાધનમાથી, જમીનમાથી જગામાથી, પાત્રમાથી અથવા ટાકીમાથી નીક વાટે અથવા બીજી રીતે કહાડી નાખવુ

(બ) કુદરતી રીતે વહેનાર ઝરા સિવાયનુ પીવાના કામ માટે વાપરવામા આવતુ હોય કે ન હોય તેવુ પાણી પુરૂ પાડનારૂ એવુ બીજુ જે કોઇ સાધન પુરતી મરામત, સરક્ષણુ અથવા વાડ ન હોવાને લીધે લોકોની અથવા તે વાપરવાનો અથવા ત્યાથી અથવા તેની પાસે જવાનો જે સખસોને પ્રસગ હોય તે સખસોની આરોગ્યતાને અથવા સુરક્ષિતપણાને જોખમકારક છે એમ બોર્ડને લાગે તો તે સાધન સદરહુ નોટીસ પહોચ્યા પછી ચોવીસ કલાકની અદર બોર્ડ ફરમાવે અથવા પસદ કરે તે રીતે દુરસ્ત કરવુ, અથવા સુરક્ષિત કરવુ અથવા તેને વાડ ભરવી

૫૫ ઉપર કહ્યા પ્રમાણેનો ધણી અથવા અધિકારવાળો સખસ કલમ ૫૪ ના ઠરાવ મુજબ અથવા ઠરાવોની રૂએ કહેલી મુદતમા સદરહુ પ્રકારનો કોઈપણુ હુકમ પાળવાને ચુકે અથવા ગફલત કરે તો, એવી નોટિસની રૂએ જરૂર હોય તે કામ એકદમ શરૂ કરવાને જિલ્લા લોકલબોર્ડ મુખત્યાર છે, અને અધ્યક્ષના મત પ્રમાણે કોઇપણુ માણુસની તદુરસ્તીના અથવા સુરક્ષિતપણાના બચાવ સારુ તાત્કાલિક તજવીજ કરવાની જરૂર હોય તો તેણે તે કામ એકદમ શરૂ કરવુ જોઇએ, અને આ કામમા જે કાંઈ ખરચ થાય તે સઘળો ખરચ એવા પાણી પુરૂ પાડનાર સાધનના ધણીએ અથવા એવુ પાણી પુરૂ પાડનારૂ સાધન જેના અધિકા-

રમા હોય તેણે ભરી આપવો જોઇએ અને તે ખરચ બાબ ૮ પ્રમાણે વસુલ કરવાની કોઇપણ કર બદલની રકમ, જેવી રીતે વસુલ કરાય તેવી રીતે વસુલ કરવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે જેનું પાણી સઘળા લોકો અથવા તેનો કોઇપણ ભાગ હકથી વાપરતા હોય તેવા કોઇપણ કુવાથી અથવા ખાનગી ઝરાની અથવા ખાનગી નેહેરની, તળાવની અથવા પાણી પુરૂ પાડનારા બીજા એકાદા સાધનની બાબતમા, એવા ધણીએ અથવા એવા અધિકારવાળા સખસે કરેલો જરૂરનો ખરચ જિલ્લા લોકલબોર્ડ તેવો હુકમ કરે તો એવી બોર્ડના હસ્તકમા લોકલ ફંડનો જે ભાગ હોય તેમાથી આપવાનો અખત્યાર છે

૫૬ (૧) જિલ્લા લોકલબોર્ડ, જાહેર નોટિસ કે જે લગતાવાળા ઝરા, તળાવ, કુવા અથવા બીજી જગાએ મુકવામા આવશે તે આપીને તથા આ આકટની રૂયે ઠરાવ્યુ હોય તેવી બીજી રીતે, સાર્વજનીક ઝરાઓ, તળાવો, કુવાઓ, અને સાર્વજનીક પાણીના સાધનોની બીજી જગાઓ તથા તેમના ભાગો, પીવાના કારણ સારૂ, અથવા ન્હાવાના કારણ સારૂ અથવા કપડા અથવા જનાવરો ધોવાના કારણ સારૂ અથવા લોકોની તદુરસ્તી, સ્વચ્છતા, સુખસગવડ અથવા અનુકુળતા વધે એવા બીજા કોઇપણ કારણ સારૂ, જુદા રાખવાને મુખત્યાર છે, અને ધણીઓની સમત્તિથી કોઇપણ ખાનગી ઝરા, તળાવ, કુવા અથવા બીજી જગાઓ ઉપર જણાવેલા કોઇપણ કારણ સારૂ જુદી રાખવાને તે મુખત્યાર છે

(૨) જીલ્લા લોકલ બોર્ડ ચેપી રોગો ફાટી નીકળે તે દરમિયાન, સદરહુ બોર્ડ અથવા સરકારની નોકરીમાનો કોઇપણ વૈદકીય અમલદાર દાખલો આપીને જણાવે કે જે જગાએથી લોકો પાણી વાપરવામા લેતા હોય તે તે જગાનુ પાણી વાપરવાની મના કરવી ઇષ્ટ છે તો તે દાખલો મળેથી, એકદમ નોટીસ આપીને એવી જગાનુ પાણી વાપરવાની મના કરવાને મુખત્યાર છે, એવી મના કેટલા દિવસ સુધીની છે તે જણાવીને એવી નોટીસ એવા પાણીના જથ્થાના સાધન નજીક તેની એક નકલ ચોટાડીને અથવા દાડી પીટાવીને બજાવવી, જીલ્લા લોકલબોર્ડ, વધુ દાખલો મેળવ્યા વગર વખતો વખત સદરહુ નોટીસ વધારવાને અથવા તેમા ફેરફાર કરવાને મુખત્યાર છે

૫૭ જે કોઇ સખસ—

(અ) બોર્ડ અથવા ખાનગી મિલકતની બાબતમા તેના ધણીએ પીવાના કામ માટે જુદી રાખેલી જગામાના પાણીમા ન્હાય અથવા તે પાણી બગાડે, અથવા

(બ) ઉપર જણાવ્યા પ્રમાણે પીવાના કારણો માટે જુદી રાખેલી જગાના સુકા ભાગમા કોઇપણ દુર્ગંધી અથવા અપકારક પદાર્થ મુકે, અથવા

(ક) ઉપર જણાવ્યા પ્રમાણે પીવાના કારણો માટે અથવા ન્હાવાના કારણો માટે જુદી રાખેલી કોઇ પણ જગામા કપડા ધોએ, અથવા

(ડ) ઉપર જણાવ્યા પ્રમાણે પીવાના કારણો માટે અથવા ન્હાવાના અથવા કપડા ધોવાના કારણો માટે જુદી રાખેલી કોઇપણ જગામા કોઇપણ જનાવર અથવા કોઇપણ રાધવાનુ વાસણ, અથવા ઉન, ચામડા અથવા બીજો ખરાબ અથવા દુર્ગંધી પદાર્થ ધોએ અથવા કોઇપણ દુર્ગંધી અથવા અપકારક પદાર્થ મુકે, અથવા

(ઇ) ઉપર જણાવ્યા પ્રમાણે પીવાના, ન્હાવાના અથવા કપડા ધોવાના કારણ માટે જુદી રાખેલી કોઇપણ જગામા પોતાની માલકીના ખાળ, મોરી, ગટર, એન્જીન અથવા બોઇલરમાનુ પાણી અથવા તેની માલકીનો અથવા પોતાની માલકીના અથવા ભોગવટામાના મકાન અથવા જગામાનો બીજો કોઇપણ દુર્ગંધી પદાર્થ પસાર થવા દેશે,

તે માજીસ્ટ્રેટ આગળ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી પચાસ રૂપિયાથી વધુ ન હોય એવા દંડની શિક્ષાને પાત્ર થશે, અને જો સદરહુ ગુન્હા ચાલુ રહે તો, એવી ગુન્હાની સાબિતીનો ઠરાવ થયા પછી સદરહુ ગુન્હો ચાલુ રહે તે દરેક દિવસ માટે, દશ રૂપિયાથી વધુ ન હોય તેટલા વધુ દંડની શિક્ષાને પાત્ર તે થશે

૫૮ કોઇપણ ખાનગી વડામા હોય કે બીજે ઠેકાણે હોય એવુ ખાબોચીયુ, નીક, તળાવ, તળાવડી, કુવો અથવા ખાડો અથવા કોઇપણ નિરૂપયોગી અથવા એકઠું થઈને ભરાઇ રહેલું ગધાતું પાણી, અથવા ગધાતા પાણીની મોરી અથવા કુડી અથવા ત્રાસદાયક અથવા ઇજાકારક બીજો પદાર્થ રહેનારા લોકોની તબીયતને ઇજાકારક અથવા પડોસીઓને ઉપદ્રવકારક થવાનો સભવ છે એવુ જીલ્લા લોકલબોર્ડની નજરમા આવે ત્યારે, તે સાફ કરવા અથવા પુરી નાખવા અથવા તેમાથી પાણી વહી જાય એમ કરવા બાબત અથવા તે કહાડી નાખવા બાબત, અથવા તે પીડા કમી કરવાને અથવા તે દુર કરવાને જે બંદોબસ્ત કરવાની પોતાના અભિપ્રાય પ્રમાણે જરૂર હોય તે બંદોબસ્ત કરવા બાબત તેના ધણીને લેખી નોટીસ આપીને ફરમાવવાનો જિલ્લા લોકલબોર્ડને અધિકાર છે

૫૯ (૧) મડદાની વ્યવસ્થા કરવા માટે વપરાતી જીલ્લામાની કોઇપણ જગા તદુરસ્તીને જોખમ પહોચે એવી હાલતમા છે અથવા તેવી થવાનો સભવ છે એમ જીલ્લા લોકલબોર્ડને લાગે તો, તે પોતાનો એવો અભિપ્રાય તેના કારણો સાથે કમિશનર પોતાને જે કાઇ પણ વધારે ચોકશી કરાવવાનુ યોગ્ય લાગે તે કરાવ્યા પછી, જાહેરનામા દ્વારા સદરહુ જાહેરનામામા એ અર્થે નિર્દિષ્ટ કરેલી તારીખથી સદરહુ જગા એ પ્રમાણે વપરાતી બધ થશે એમ ફરમાવવાને મુખત્યાર છે

(૨) સદરહુ જાહેરનામાની નકલ જીલ્લામા બોલાતી ભાષામા તરજુમા સાથે સ્થાનિક વર્તમાનપત્રો હોય તો તેમા, પ્રસિદ્ધ કરવી અને જીલ્લા લોકલ બોર્ડની ઓફિસ આગળ અને જે જગાને લગતું તે જાહેરનામુ હોય તે જગાના અથવા તેની નજીકના એક અથવા વધારે પ્રસિદ્ધ ભાગ ઉપર ચોડવી જોઈએ

(૩) એવી કોઇપણ જગા બધ કરવાની સદરહુ જાહેરનામામા નિર્દિષ્ટ કરેલી તારીખ પછી જે કોઇપણ સખસ એવી જગામા કોઈપણ મડદુ દાટશે અથવા તેની બીજી રીતે વ્યવસ્થા કરશે અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇપણ કાયદાના ઠરાવો મુજબ અથવા ચાલુ રીત રીવાજો મુજબ મડદાને દાટવા માટે જુદી કાઢી ન હોય એવી કોઈપણ બિન-ભોગવટામાની સરકારી જમીનમા કોઇપણ મડદુ દાટશે તે, માજીસ્ટ્રેટ આગળ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી સો રૂપીયાથી વધુ ન હોય તેટલા દડની શિક્ષા થશે

૬૦ (૧) કાઇપણ જીલ્લા લોકલબોર્ડનો અધ્યક્ષ અથવા આ અર્થે બોર્ડ અધિકાર આપેલો કોઇપણ સખસ કોઇપણ વખતે વાજબી નોટીસ આપીને, જે કોઇપણ મકાન અથવા ઇમારતમા ચેપીરોગ થવાનુ કહેવામા આવતુ હોય અથવા તેવો શક આવતો હોય તે મકાન અથવા ઇમારત તપાસવા સારૂ તેમા દાખલ થવાને મુખત્યાર છે

(૨) એવી કાઇપણ તપાસ, સુર્યોદયથી સુર્યાસ્તની વચ્ચેના વખત સિવાય બીજે વખતે કરવી નહી

(૩) જિલ્લા લોકલબોર્ડનો અભિપ્રાય હોય કે કોઇપણ મકાન અથવા ઇમારત અથવા તેના ભાગને અથવા ચેપીરોગ રહેવા દેવાનો સભવ હોય એવી તેમાંની કોઇપણ ચીજને સાફ કરવાથી, કોઇપણ ભયાનક ચેપીરોગ પ્રસરતો અટકાવી અથવા થોભાવી શકાય તેમ છે તો, તે નોટીસ આપીને સદરહુ નોટીસમા નિર્દિષ્ટ કરેલા વખતની અદર સદરહુ જગા સાફ કરાવવાનુ અથવા રોગબીજનાશક મિશ્રણથી સાફ કરાવવાનુ તેના ધણી અથવા ભોગવટો કરનારને ફરમાવવાને મુખત્યાર છે, પણ એવુ ઠરાવ્યુ છે કે બોર્ડને એમ લાગે કે તાત્કાલીક પગલુ લેવુ જરૂરનુ છે અથવા સદરહુ ધણી અથવા ભોગવટો કરનાર ગરીબાઇને લીધે અથવા બીજા કોઇપણ કારણને લીધે, સદરહુ હુકમ મુજબ અસરકારક રીતે અનુસરવાને અસકત છે તો, બોર્ડ સદરહુ મકાન, અથવા ઇમારત અથવા ચીજો સાફ કરાવવાને અથવા રોગબીજનાશક મિશ્રણથી સાફ કરાવવાને મુખત્યાર છે અને આ કારણ સારૂ એવી ચીજો એવા મકાન અથવા ઇમારતમાથી ખસેડાવવાને તે મુખત્યાર છે, અને આ પેટા-કલમ મુજબ બોર્ડને થયેલો ખરચ, સદરહુ ધણી અથવા ભોગવટો કરનાર ગરીબાઇને લીધે, બોર્ડના હુકમ મુજબ અસરકારક રીતે અનુસરવાને અશકત હોય તે સિવાય તેની પાસેથી વસુલ કરવો

૬૧ (૧) જિલ્લા લોકલબોર્ડે, વખતો વખત, કોઈ પણ ભયાનક ચેપીરોગ લાગે એવી સ્થિતમા હોય એવા કપડા, બિછાના અથવા બીજી ચીજો ધોવાની અથવા રોગબીજનાશક મિશ્રણથી સાફ કરવાની જગાઓ જાહેર કરવી

(૨) જિલ્લા લોકલબોર્ડ, જે કપડા, બિછાના અથવા બીજી ચીજોમા ચેપ રહેવાનો સંભવ હોય તેનો નાશ કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે અને નાશ કરેલી ચીજો માટે માગવામા આવે ત્યારે નુકસાનીનો બદલો તેણે આપવો.

(૩) પેટા-કલમ (૧) મુજબ એવા કારણો માટે જુદી કાઢેલી જગા સિવાયની બીજી કોઇ પણ જગાએ જે કોઇ પણ સખસ એવા કપડા, ઓઢવા પાથરવાના બિછાના અથવા બીજી ચીજો ધોશે તે, માજિસ્ટ્રેટ આગળ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી, ૫૦ રૂપિયાથી વધુ ન હોય તેટલે સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે

૬૨ (૧) જિલ્લા લોકલબોર્ડને, કમિશનરની મંજુરી લઇને, વખતો વખત હેઠળ જણાવેલી બાબતો માટે પેટા-કાયદાઓ કરવાનો અને તે રદ કરવાનો અથવા તેમા ફેરફાર કરવાનો અધિકાર છે, એટલે કે —

(અ) બજારો, ડેરીઓ ક્રીમરીઓ, (માખણ બનાવવાની જગાઓ) દાણાની વખારો, અનાજની દુકાનો, સ્લોટર હાઉસ, (કતલખાનાઓ) ગાડાઓ ઉભા રહેવાની જગાઓ, મડદાઓ દાટવાની તથા બાળવાની જગાઓ, અપકારક ધંધાઓ, અને સંરક્ષણને લગતી સઘળી બાબતોના ઉપયોગના સામાન્ય અથવા વિશેષ નિયમન, નિર્બંધ અથવા મના માટે,

(બ) સાર્વજનિક રસ્તાઓના ઉપયોગના તથા તેપરના અવર-જવરના નિયમન માટે તથા તેના સંબંધમા સ્વચ્છતા, સહીસલામતી તથા વ્યવસ્થા જાળવી રાખવા માટે, અને,

(ક) આ આકટના સઘળા હેતુઓ અમલમા મુકવા માટે, અને એવા પેટા-કાયદાઓનો ભંગ કરવા માટે દંડ તથા શિક્ષા કરવાને તે મુખત્યાર છે

(૨) કોઈપણ પેટા-કાયદો, વિદ્યમાનકાળે અમલમા હોય તે કાયદાની વિરૂદ્ધ હોવો જોઇએ નહી અને તેના કોઇપણ ભંગ માટેનો કોઇપણ દંડ પચાસ રૂપિયાથી વધુ હોવો જોઇએ નહી

પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ ભંગ ચાલુ રહે તેવે પ્રસંગે, ગુન્હો કરનાર સખસને, કોઈ પણ પેટા-કાયદાથી એવા ગુન્હાની સાબિતીનો ઠરાવ થયા પછી જે દરેક દિવસ દરમીઆન સદરહુ ગુન્હો ચાલુ રહે તે દરેક દિવસ બદલ દશ રૂપિયાથી વધુ ન હોય એટલા વધુ દંડને પાત્ર કરવાનો અખત્યાર છે

(૩) કોઇ પણ પેટા-કાયદા ઉપર અથવા તેને રદ કરવામા આવે તે ઉપર અથવા તેમા સુધારો કરવામા આવે તે ઉપર સરકારે પસંદગી બતાવી હશે અને મંજુરી આપી હશે નહી ત્યા સુધી તે અમલમા આવશે નહી

(૪) સઘળા પેટા-કાયદાઓ યોગ્ય રીતે મંજુર કરવામા આવ્યા પછી તેમનો કાયદા પ્રમાણે અમલ થશે, એમ સમજવુ

૬૩. આ આકટની રૂએ કોઇ પણ માણસના નામની કાઢેલી દરેક નોટિસ તે માણસના ઉપર બજાવવી તથા તે પ્રમાણે તૈયાર કરેલુ દરેક બીલ તેને દેખાડવાનુ કામ, જે સઘળી બાબતો વિશે આ આકટમા ખસુસ કરીને ઠરાવ્યુ નહી હોય તે બાબતોમા જિલ્લા લોકલ-બોર્ડના અમલદારે અથવા નોકરે અથવા આ અર્થે જિલ્લા લોકલ-બોર્ડે અધિકાર આપ્યો હોય એવા બીજા કોઇપણ માણસે, અથવા કબુલ કરવામા આવે તેવી બોલીઓથી કોઇપણ સરકારી અમલદારે અથવા નોકરે હેઠળ મુજબ કરવુ —

(અ) જે માણસના નામની તે નોટિસ અથવા બીલ કીધુ હોય તે માણસને તે આપીને અથવા આપવા માંડીને, અથવા

(બ) જો એવો માણસ મળે નહી તો, તે છેલ્લો જે જગામા રહ્યાનુ માલમ હોય તે જગા સદરહુ જિલ્લાની હદની અંદર હોય તો તે નોટિસ અથવા બીલ ત્યા મુકી આવીને, અથવા તેના કુટુંબના કોઇપણ પુખ્ત ઉમરના પુરૂષોને અથવા નોકરને તે આપીને અથવા આપવા માંડીને, અથવા

(ક) જો તે માણસ તે જિલ્લાની હદમા રહેતો ન હોય તો, અને તેની બીજી જગાનો પત્તો અધ્યક્ષને અથવા તે નોટિસ અથવા બીલ આપવા વિશે જેણે ફરમાવ્યુ હોય તેને માલમ હોય તો, એક પાકીટ

(ક) જો ઉપર જણાવેલી કોઇ પણ રીતે એ કામ થઇ શકે નહી તો, તે બિલ અથવા નોટિસ જે ઇમારત અથવા જમીન સંબધી હોય (જો હોય તો) તેના કોઇ પણ પ્રસિદ્ધ ભાગ ઉપર ચોહોડાડીને

૬૪ જ્યારે આ આક્ટ પ્રમાણેની કોઈ પણ નોટિસ આ આક્ટ ઉપરથી અથવા તેની રૂયે કોઈ પણ ઇમારત અથવા જમીનના ધણી ઉપર અથવા ભોગવટો કરનાર ઉપર બજાવવાની જરૂર હોય અથવા બજાવવાની રજા હોય ત્યારે, તેમા તે ધણી અથવા ભોગવટો કરનારાનુ નામ લખવાની જરૂર નથી અને આ આક્ટમા ખસુસ કરીને ઠરાવ્યુ નહી હોય તે બાબતોમા તેની બજાવણી,—

(અ) તે નોટિસ, તે ધણીને અથવા ભોગવટો કરનારને, અથવા એક કરતા વધારે ધણી અથવા ભોગવટો કરનારા હોય તો તેઓમાના એકને આપીને અથવા અાપવા માડીને, અથવા

(બ) જો એવો કોઇ પણ ધણી અથવા ભોગવટો કરનાર નહી મળે, તો તે ધણી અથવા ભોગવટો કરનારના કુટુબમાના કોઇ પણ પુખ્ત ઉમરના પુરૂષને અથવા નોકરને આપીને અથવા આપવા માડીને, અથવા

(ક) ઉપર જણાવેલી કોઇ પણ રીતે એ કામ થઇ શકે નહી તો આ નોટિસ જે ઇમારત અથવા જમીન સબધી હોય તેના કોઇપણ પ્રસિદ્ધ ભાગ ઉપર ચોહોડાડીને કરવી જોઇએ

૬૫ આ આક્ટ ઉપરથી જે નોટિસ, સાર્વજનિક નોટિસ તરીકે અથવા સામાન્યત અથવા તેમા જણાવેલા માણસોને નોટિસ આપવાની જરૂર છે એમ ઠરાવોમા ખુલ્લે ખુલ્લુ જણાવ્યુ નહી હોય એવા ઠરાવોની રૂયે, આપવાનુ અથવા બજાવવાનુ જિલ્લા લોકલબોર્ડને ફરમાવ્યુ હોય અથવા તેમ કરવાનો તેને અધિકાર આપ્યો હોય તે દરેક નોટિસની દરેક નકલ તે જિલ્લા લોકલ બોર્ડ આ સબંધમા પેટા-કાયદામા ઠરાવે તેવી રીતે જિલ્લા લોકલ બોર્ડની ઓફિસના પ્રસિદ્ધ ભાગમા તેટલી મુદ્દત સુધી તથા તેવી બીજી ઇમારતો તથા જગામા ચોહોડી મુકી હોય અથવા તેવા સ્થાનિક વર્તમાનપત્રોમા અથવા તેવી બીજી રીતે પ્રસિદ્ધ કરી હોય તો તે પૂર્ણપણે આપી છે અથવા બજાવી છે એમ સમજવુ

૬૬ (૧) કોઇપણ નોટિસ અથવા બિલ નામુનાની ખામીને લીધે ગેરકાયદેસર થતા નથી

(૨) જ્યારે આ બાબની રૂયે આપેલી કોઇપણ નોટિસ ઉપરથી એવુ કોઇપણ કામ કરવાનુ ફરમાવ્યું હોય કે જેને માટે આ આક્ટ ઉપરથી કાઇ મુદ્દત ઠરાવી ન હોય ત્યારે તેવુ કામ કરવા બદ્દલ તે નોટિસમા વાજબી મુદ્દત ઠરાવવી જોઇએ

(૩) નોટિસમા જણાવેલી શરતો પાળવામા નહી આવે તો, તે ઉપરથી કરવાને ફરમાવેલા કામ કરવા સારૂ જરૂર હોય તે કૃત્ય અથવા તજવીજ કરવાનો જિલ્લા લોકલબોર્ડને અખત્યાર છે અને તેમ કરવામા તે જિલ્લા લોકલબોર્ડને થયેલો સઘળો ખરચ જે માણસ અથવા માણસોના ઉપર તે નોટિસ બજાવી હોય તેણે અથવા તેઓએ આપવો જોઇએ અને તે ખરચ કલમ ૬૯ મા ઠરાવેલી રીત પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે એમ સમજવુ

૬૭ જે કોઇ માણસ આ બાબની રૂયે આપેલા કોઇ પણ અધિકાર ઉપરથી જિલ્લા લોકલ-બોર્ડ અથવા જિલ્લા લોકલબોર્ડના વતી કાઢેલી કોઇ પણ લેખી નોટિસથી આપેલા કોઇ પણ કાયદેસર હુકમનું ઉલ્લઘન કરે અથવા તે પ્રમાણે ન ચાલે અથવા એ પ્રમાણે આપેલા કોઈ પણ અધિકાર ઉપરથી જિલ્લા લોકલ-બોર્ડ તેને જે શરતોને પાત્ર રાખીને કોઇ પણ રજા આપી હોય તે પ્રાણે ન ચાલે, તેને, તે ઉલ્લઘન અથવા તે કસુર બીજી કોઇપણ કલમની રૂયે શિક્ષા કરવા સરખો ગુન્હો ન હોય તો, માજિસ્ટ્રેટ આગળ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી રૂ ૫૦) સુધીના દડની શિક્ષાને પાત્ર થશે અને સદરહુ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયા પછી જે દરેક દિવસ દરમિયાન સદરહુ ઉલ્લઘન અથવા કસુર ચાલુ રહે તે દરેક દિવસ માટે બીજા પાચ રૂપિયા સુધીના દડની વધુ શિક્ષાને પાત્ર તે થશે,

પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે સદરહુ નોટિસમા કોઇ પણ કૃત્ય કરવા બાબત મુદ્દત ઠરાવી હોય અને આક્ટમા તે બાબત મુદ્દત ઠરાવી ન હોય ત્યારે, તે પ્રમાણે ઠરાવેલી મુદ્દત, આ આક્ટના અર્થ પ્રમાણે વાજબી છે કે કેમ તે ઠરાવવાનુ માજીસ્ટ્રેટને હાથ રહેશે

૬૮ (૧) જ્યારે આ આક્ટના ઠરાવ પ્રમાણે કોઇપણ ઇમારતના અથવા જમીનના ધણીએ અથવા

ભોગવટો કરનારએ કરવાની જરૂર છતા તે કામ કરવામા નહી આવે ત્યારે ત્યારે, તે ન કરવા બાબત કાઇ પણ શિક્ષા ઠરાવેલી હોય અથવા નહી હોય તો પણ તે કામ કરવાનો જિલ્લા લોકલબોર્ડને અધિકાર છે, અને તે કામમા થયેલો ખરચ, આ આકટમા બીજી રીતે સ્પષ્ટ ઠરાવ્યુ હોય તે સિવાયને પ્રસગે જે માણસે તે કામ કરવુ જોઇતુ હતુ તેણે જિલ્લા લોકલ—બોર્ડને આપવો જોઇએ, અને તે ખરચ બાબ૮ પ્રમાણે વસુલ કરવાના કોઇ પણ કર બદલ માગેલી રકમ જેવી રીતે વસુલ કરાય તેવી રીતે પોતાને યોગ્ય દેખાય તે મુજબ એક રકમે અથવા હફતે હફતે વસુલ કરવાનો તે જિલ્લા લોકલ બોર્ડને અધિકાર છે,

(૨) એવી રીતે કસુર કરનાર, સદરહુ ઇમારત અથવા જમીનનો ધણી હોય તો, જિલ્લા લોકલ-બોર્ડને તે વખતે અથવા ત્યાર પછી કોઇ પણ વખતે ધણી તરફથી જે માણસ તે ઇમારતનો અથવા જમીનનો ભોગવટો કરતો હોય તેની પાસેથી, તે ધણીએ તે તે વખતે આપવાનો સઘળો ખરચ અથવા તેનો કાઇ ભાગ, તે ધણીના ઉપર દાવો માડ્યો હોય અથવા ન માડ્યો હોય અથવા કામ ચલાવ્યુ હોય અથવા ન હોય તો પણ પેટા-કલમ (૩) ના ઠરાવોને પાત્ર રહીને, એક જુદા ઉપાય તરીકે માગવાનો અધિકાર છે અને એવી રીતે માગણી કર્યા પછી જો તે ભોગવટો કરનાર તે આપે નહી તો, તેની પાસેથી તે લેવાનો અધિકાર છે અને એ પ્રમાણે લેવાની દરેક રકમ, બાબ ૮ પ્રમાણે વસુલ કરવા જોગ કોઇ પણ કર બદલ માગેલી રકમ જે રીતે વસુલ કરી શકાશે, એવા કોઇ પણ કરજના સબધમા તે ભોગવટો કરનારે એ પ્રમાણે આપેલી અથવા તેની પાસેથી વસુલ કરવામા આવેલી રકમ તેણે જેની પાસે જગા ભાડે રાખી હોય તેને આપવાના ભાડામાથી બાદ કરવાનો અધિકાર છે

(૩) કોઈ પણ ઇમારતનો અથવા જમીનનો ભોગવટો કરનાર, એવી ઇમારત અથવા જમીનના ધણી ઉપર આ આકટની રૂએ નાખેલા કોઇપણ ખરચના સબધમા જે ઇમારત અથવા જમીનના સબધમા તે ખરચ આપવાનો હોય તેનુ એવા ભોગવટો કરનારની પાસે ખરચ માગ્યો હોય તે વખતે જે ભાડુ લેણુ થયુ હોય તેના કરતા વધારે અથવા એવુ માગણુ કર્યા પછી અને જેની પાસે જગા પોતે ભાડે રાખી હોય તેને ન આપવાની નોટીસ આપ્યા પછી મળ્યુ હોય અને આપવાનુ થયુ હોય તેના કરતા વધારે રકમ તેના ભાડાની રકમ તથા ભાડુ જેને આપવાનુ હોય તેનુ નામ તથા પત્તો ખરેખરી રીતે જણાવવા સારૂ જિલ્લા લોકલબોર્ડે તેને લખ્યા પછી તે ન જણાવવાની કસુર ન કરે અથવા ના ન કહે તો, આપવાને તે પાત્ર થશે નહીં, પણ એવા કોઇ પણ ભોગવટો કરનાર પાસે માગેલી રકમ, તે માગતી વખતે તેની પાસે જે ભાડાની રકમ લહેણી થઇ હોય અથવા ત્યાર પછી એકઠી થઇ હોય તેના કરતા વધારે છે એ સાબિત કરવાનો બોજો તે ભોગવટો કરનારા ઉપર રહેશે,

પણ એવુ ઠરાવ્યુ છે કે આમાના કોઇ પણ મજકુર ઉપરથી ઉપર જણાવેલા કોપ પણ સાધનો કરવાનો ખરચ આપવા બાબત એવા કોઇપણ ભોગવટો કરનાર અથવા ઘરધણી વચ્ચે થયેલો ખાસ કરારને બાધ આવે છે એમ સમજવુ નહી

૬૯ આ આકટ ઉપરથી આપવાનો હુકમ કર્યો હોય એવા કોઇપણ ખરા જાત અથવા ખરચના સબધમા કાઇ તકરાર ઉભી થાય તો, તે રકમ, તથા તેનો ફાળો પાડવાની જરૂર હોય તો તે આકટમા બીજી રીતે સ્પષ્ટ ઠરાવ્યુ હોય તે સિવાય જિલ્લા લોકલ-બોર્ડે ચોકસી કરીને ઠરાવવો થાય તે ૮ મા બાબની રૂએ વસુલ કરવાના કોઇ પણ કર માટે માગેલી રકમ વસુલ કરવામા આવે તેજ રીતે વસુલ કરી શકાશે

૭૦ (૧) જિલ્લા લોકલબોર્ડને કોઇ પણ પ્રકારના લોકોપકારક કૃત્ય બાબત ફરીયાદ કરવાનુ ફરમાવવાનો તથા કોઇ પણ દડ વસુલ કરવા બાબત અને આ આકટના અથવા તે મુજબના કોઇપણ પેટા-કાયદાના ઠરાવ વિરૂદ્ધ ગુન્હો કરનારા માણસોને શિક્ષા કરવા બાબત કામ ચલાવવાનુ ફરમાવવાનો, તથા સદરહુ ફરિયાદનો અથવા બીજુ કામ ચલાવ્યુ હોય તેનો ખરચ લોકલ ફડમાથી આપવાનો હુકમ કરવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે કાઇ પણ ગુન્હા બાબત આ આકટ પ્રમાણે અથવા તેની રૂએ કરેલા કોઇ પણ પેટા-કાયદા પ્રમાણે ફરિયાદ કરવી હોય તે, એવો ગુન્હો થયા પછી છ મહિનાની અદર કરી ન હોય તો તે પછી કરાશે નહી

(૨) આ આકટની રૂએ અથવા તે મુજબ કરેલા કોઇ પણ પેટા-કાયદાની રૂએ, કોઇ પણ ફરિયાદ કરવી હોય તે આ આકટમા પેટા-કાયદામા બીજી રીતે ઠરાવ્યુ હોય તે સિવાયને પ્રસગે, હરકોઇ માજીસ્ટ્રેટની આગળ કરવાનો અધિકાર છે અને આ આકટ ઉપરથી અથવા તે મુજબ અથવા આ આકટની રૂએ કરેલા કોઇ પણ પેટા-કાયદા ઉપરથી અથવા તે મુજબ ઠરાવેલા કોઇપણ દડ અથવા ગુન્હેગારી તેમજ નુકસાનીનુ સઘળુ મોબદલા માગણુ અથવા જે બીજો ખરચ વસુલ કરવા માટે આ આકટમા બીજી રીતે ઠરાવ કરવામા આવ્યો ન હોય તે સદરહુ માજીસ્ટ્રેટને અરજી કરીને તથા તે પૈસા જેની પાસે લેવાના હોય તે માણુસની તે માજીસ્ટ્રેટની હકુમતની અદર હોય એવી કોઇપણ જગમ મિલકત જપ્ત કરીને તથા તે વેચીને વસુલ કરવાનો અધિકાર છે

૭૧ જે કોઇ પણ કૃત્ય બાબત અથવા ગફલત બાબત અથવા કસુર બાબત કોઇ માણસ આ આકટમા અથવા આ આકટ ઉપરથી ઠરાવેલી કોઇ પણ શિક્ષાને પાત્ર થયો હોય તે કૃત્ય વીગેરેથી તે માણુસે કોઇ પણ લોકલબોર્ડની મિલકતને નુકશાન કર્યુ હોય તો તે, સદરહુ નુકશાન ભરી આપવાને પાત્ર થશે તેમજ તે શિક્ષાને પણ પાત્ર થશે અને વાધો પડે તે પ્રસગે તે નુકશાનની કિંમત, તે માણુસના ઉપર જે માજીસ્ટ્રેટ ગુન્હાની સાબિતીનો ઠરાવ કર્યો હોય તે માજીસ્ટ્રેટે ઠરાવવી, અને તે નુકસાનીની કિમત માગે એટલે નહી આપવામા આવે તો, તે જપ્તી કરીને વસુલ કરવી જોઇએ અને તે પ્રમાણે કરવા સારૂ તે માજીસ્ટ્રેટે પોતાનુ વારટ કાઢવુ જોઇએ

૭૨ જપ્તી કરીને વેચાણ કરવાને બદલે, અથવા ૮ મા બાબના ઠરાવની રૂએ વસુલ કરાય એવી કોઇ પણ રકમ અથવા આ આકટ પ્રમાણે અપાવેલો નુકશાનનો મોબદલો, ખરાજાત, ખરચ અથવા નુકસાનીની, સદરહુ પ્રમાણે કામ ચલાવીને સર્વાશે અથવા થોડે અશે વસુલ નહી થાય તે પ્રસગે, તે જિલ્લા લોકલ-બોર્ડને, તે અપાવીને જે માણુસ પાત્ર હોય તેની ઉપર તેમજ જિલ્લા લોકલબોર્ડની હરકોઇ મિલકતને અથવા હકને અથવા અધિકારને બીજી કોઇ રીતે જે માણુસે નુકસાન પહોચાડયુ હોય તે માણુસની ઉપર યોગ્ય હકુમતવાળી હરકોઈ કોર્ટમા દાવો માડવાનો અધિકાર છે

૭૩ (૧) જે કોઇ પણ માણુસ આ આકટના અથવા તે મુજબના કોઈ પણ પેટા કાયદાના હરકોઈ ઠરાવ વિરૂદ્ધ પોલિસના કોઇ અમલદારના દેખતા કોઇ પણ ગુન્હા કરે તેનુ નામ તથા પત્તો તે અમલદારને માલમ નહી હોય અને તે પોતાનુ નામ તથા પત્તો આપવાની ના કહે, અથવા તેમ પત્તો આપ્યા છતા તેના ખરાપણા બાબત તે પોલિસ અમલદારને શક આવવાનુ કારણ હોય તો, તે માણુસને પકડવાનો અખત્યાર સદરહુ પોલિસ અમલદારને છે, અને તે માણુસનુ નામ તથા પત્તો ખરેખરો માલમ પડે ત્યા સુધી તેને થાણામા અટકાવી રાખવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે પકડેલા હરકોઇ માણુસને માજીસ્ટ્રેટની આગળ લાવતા જેટલી વાર લાગે તે કરતા વત્તી મુદત સુધી અથવા ઘણામા ઘણા ચોવીસ કલાક કરતા વત્તી મુદત સુધી માજીસ્ટ્રેટના હુકમ વગર કોઇ પણ રીતે અટકાવી રાખવો નહી

(૨) તેમજ આ આકટના અથવા તે મુજબના કોઇપણ પેટા-કાયદાના ઠરાવ વિરૂદ્ધ ગુન્હો થયો હોય તે બાબત લોકલબોર્ડના અધ્યક્ષને અથવા તેના એકાદા અમલદારને તાબડતોબ ખબર આપવી અને લોકલ બોર્ડના સઘળા અમલદારો તથા નોકરો પોતાનો કાયદેસર અખત્યાર ચલાવતા હોય ત્યારે તે સઘળા જણને મદદ કરવી એ સઘળા પોલિસ અમલદારોનું કામ છે

બાબ ૬ ઠ્ઠો.—મહેસુલ તથા ખરચ.

૭૪ (૧) દરેક જીલ્લામા એક ફડ કરવુ અને તેને લોકલફડ એવુ નામ આપવુ

(૨) લોકલ ફડ સરકારી તીજોરીમા અથવા સરકારી તીજોરીનુ કામકાજ જે બેન્કને સોપવામા આવ્યુ હોય તે બેન્કમા અથવા સરકાર મજુર કરે એવી કોઇ બીજી બેન્કમા અથવા સન ૧૯૧૨ ના સહકારીઓ મડળીઓ બાબતના આકટ મુજબ નોધાયલી અથવા નોધાયલી છે એમ ગણવામા આવેલી કોઇપણ સહકારી મડળીમા રાખવુ જોઇએ,

પણ એવુ ઠરાવ્યુ છે કે જીલ્લા લોકલબોર્ડ વખતો વખત અગાઉથી સરકારની મજુરી લઇને તથા

ગવર્નર જનરલ ઇન કાઉન્સિલના કોઇપણ સામાન્ય અથવા વિશેષ હુકમોને પાત્ર, હિંદુસ્તાન સરકારની સિક્યુરિટિઓ અથવા આ અર્થે ગવર્નર જનરલ મંજુર કરે એવી બીજી કોઈ સિક્યુરિટિઓમાં સદરહુ ફંડનો કોઈપણ ભાગ રોકવાને તથા એવી જાતની બીજી સિક્યુરિટિ માટે એવી રોકેલી રકમમાં ફેરફાર કરવાને મુખત્યાર છે, તથા સિક્યુરિટિમાંથી ઉપજતી આવક તથા સિક્યુરિટિ વેચ્યાની ઉપજ લોકલ-ફંડમાં, જમા કરવામાં આવશે.

૭૫ હેઠળ જણાવેલી રકમ લોકલ-ફંડના એક ભાગ તરીકે હોવી જોઇએ અથવા લોકલફંડમાં ભરવી જાઇએ —

(અ) આ આકટની શરૂઆત વખતે જીલ્લાના લોકલફંડની પુરાત,

(બ) સને ૧૮૬૫ ના સિંધ લોકલ ફંડ આકટ તથા સને ૧૮૬૯ ના મુમ્બાઇના લોકલ-ફંડ આકટ પ્રમાણે જીલ્લામાં આપવાની વેરાની કાંઇપણ બાકીની (આકારવાનો તથા વસુલ કરવાનો ખર્ચ બાદ કરીને) નક્કી ઉપજ,

(ક) કલમ ૯૩ તથા ૯૫ મુજબ કાયદેસર લેવાના જીલ્લામાંના વેરાની (આકારવાનો તથા વસુલ કરવાનો ખરચ બાદ કરીને) નક્કી ઉપજ,

(ડ) જીલ્લા લોકલબોર્ડને સદરહુ આકટ પ્રમાણે પ્રાપ્ત થયેલી નહી હોય એવી, સન ૧૮૬૮ ના મુંબઇના તરો બાબતના આકટની રૂયે સ્થાપન કરેલી સાર્વજનિક તરોની (વસુલ કરવાનો તથા તરા નિભાવવાનો ખર્ચ બાદ કરીને) નક્કી ઉપજ તથા જીલ્લાના સદરહુ આકટ મુજબ કરવામાં આવેલા તથા વસુલ લેવામાં આવેલા સઘળા દંડ.

(ઈ) લોકલબોર્ડને વ્યવસ્થા કરવા સારૂ સાપેલી અથવા લોકલ-બોર્ડને પ્રાપ્ત થયેલી મિલકત (તરો સુદ્ધા) માંથી ઉપજતા સઘળા ભાડા તથા નફો,

(ફ) જે રસ્તા તથા પુલ લોકલ-બોર્ડને પ્રાપ્ત થયા હોય તે રસ્તા ઉપર તથા પુલ ઉપર સને ૧૮૭૫ ના રસ્તા ઉપર તથા પુલ ઉપર ટાલ લેવા બાબતના આકટની રૂયે બેસાડેલા ટાલ (નાકાવેરા)ની તથા ટાલ (નાકાવેરા)ના ઇજારાની (વસુલ કરવાનો ખરચ બાદ કરીને) નક્કી ઉપજ,

(ગ) સને ૧૯૧૮ ના ઝેરી જણસો બાબતના આકટની રૂયે જીલ્લામાં લેવામાં આવતી ફી, તથા દંડ શિક્ષાની નક્કી ઉપજનો સરકાર વખતો વખત ફરમાવે તેવો ભાગ,

(હ) સને ૧૮૭૧ના ઢોરોના અતિક્રમણ બાબતના આકટની કલમ ૩૧ મુજબ અથવા બીજી રીતે સરકારે ફંડમાં જમા કરવા ફરમાવેલી સઘળી રકમ,

(આઇ) સને ૧૮૭૯ના મુંબઇના જમીન મહેસુલના કાયદા પ્રમાણે રેતી કહાડી લઇ જવાની અથવા ખાણુ ખોદીને પથ્થર કહાડવાની પરવાનગી બદલ જીલ્લામાં લીધેલી સઘળી ફી,

(જે) આ આકટ અમલમાં લાવતા અથવા આ આકટ મુજબ કર લેતા કોઈપણ લોકલ-બોર્ડને પહોચેલી સઘળી રકમો તથા એવા બોર્ડની પાસે હોય એવી સિક્યુરિટિનુ વ્યાજ તથા તે સિક્યુરિટિના વેચાણની ઉપજ,

(કે) ખાનગી સખસોએ ફાળો આપેલી સઘળી રકમો.

(એલ) લોકલબોર્ડને પ્રાપ્ત થઈ હોય એવી કોઇપણ માછલા પકડવાની જગાની આવક,

(એમ) લોકલબોર્ડની વ્યવસ્થા હેઠળની ધર્માદા તથા ટ્રસ્ટની રકમોની આવક, અને

(એન) સરકારે આપેલી સઘળી ગ્રાંટ તથા એસાઇન્મેન્ટની રકમ

પણ એવુ ઠરાવ્યુ છે કે જ્યારે કોઇ સાર્વજનિક તર, રસ્તો અથવા પુલ થોડો એક જીલ્લામાં અને થોડો બીજા જીલ્લામાં હોય ત્યારે જો સદરહુ જીલ્લા એકજ વિભાગમાં હોય તો કમિશનર તથા તે જુદા જુદા વિભાગમાં હોય તો સરકાર પોતાને યોગ્ય લાગે તેવો સદરહુ પ્રકારની તરની અથવા સદરહુ પ્રકારની રસ્તા અથવા પુલ ઉપર બેસાડેલા ટોલની અથવા ટોલના ઇજારાની નક્કી ઉપજનો ભાગ દરેક જિલ્લાના લોકલ ફંડને સોંપી દેવાને મુખત્યાર છે

વધુ એવુ ઠરાવ્યુ છે કે એકાદા જિલ્લામાંનો કોઇપણ રસ્તો થોડો લોકલબોર્ડને તથા થોડો

સરકારને પ્રાપ્ત થયો હોય તો, કલેકટર એવા રસ્તા ઉપર નાખેલા ટોલની અથવા ટોલના ઇજારાની ચોખ્ખી આવકનુ પોતાને યોગ્ય લાગે તેટલું પ્રમાણુ તે જિલ્લાના લોકલફંડને સોપવાને મુખત્યાર છે

૭૬ (૧) જીલ્લાનુ લોકલફંડ દરેક તાલુકા લોકલબોર્ડથી અથવા તેના હુકમ મુજબ આ આકટના કારણો સારૂ હેઠળ લખ્યા પ્રમાણે ખરચી શકાશે, એટલે—

(અ) આ આકટની શરૂઆત વખતે એવા બોર્ડથી અથવા તેના હુકમ મુજબ ખરચી શકાય એવી પુરાંત, તથા

(બ) ૭૫મી કલમની રકમ (બ), (ક), (ઇ), (ગ) (હ) (આઇ) (જે) તથા (કે) મા કહેલુ મેહેસુલ એવી તાલુકા લોકલબોર્ડના અધિકાર હેઠળના પ્રદેશમા મળતું હોય તેમાથી ૮૦ મી કલમ પ્રમાણે શિક્ષણના કામમા વાપરવાનો ભાગ, તથા ૭૮ મી અને ૮૬ મી કલમ પ્રમાણે જિલ્લા લોકલબોર્ડે આપવાના ખરચનો જે ભાગ સદરહુ બોર્ડને વાજબી લાગે તે ભાગ આપવાની તે બોર્ડે તજવીજ કર્યા પછી જે બાકી રહે તે,

(૨) સદરહુ ફંડનો બાકીનો ભાગ જીલ્લા લોકલબોર્ડથી અથવા તેના હુકમ પ્રમાણે આ આકટના કારણો સારૂ ખરચી શકાશે

૭૭ લોકલ ફંડમાથી લોકલબોર્ડોએ કરવાનો ખરચ, આ આકટમા બીજી રીતે ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય, અનુક્રમે પોતપોતાના અધિકારના તાબામાના ક્ષેત્રમા માત્ર કરવો જોઇએ, પણ કમિશનરની મંજુરીથી આ આકટના કોઇપણ કારણ સારૂ તે ક્ષેત્રની બહાર, કરવાનો અધિકાર છે

૭૮ દરેક જીલ્ના લોકલબોર્ડના હાથમા લોકલફંડનો જે ભાગ હોય તેમાથી તેણે હેઠળ લખેલો ખરચ અદા કરવો જોઇએ

(અ) ૧૧૯ મી કલમ પ્રમાણે રાખેલા સઘળા અમલદારોના તથા નોકરોના પગાર તથા બીજા વેતનો અને સદરહુ અમલદારોને તથા નોકરોને કાંઇ પેનશનો અથવા તે ચાકરી છોડીને ઘેર બેસે ત્યારે તેને બીજી નિમણૂંકો આપવાની હોય તો તે તથા એવા અમલદારોના તથા નોકરોના પાછળ રહેલા સગાઓને આપવાની ગ્રાજ્યુઇટિ અથવા કમ્પેશનેટ એલાવન્સો, કોઇપણ સરકારી અમલદારે અથવા નોકરે બોર્ડને માટે કોઇપણ કામ કરવા માટે કબુલ કરવામા આવે તેવા ખર્ચ

(બ) બોર્ડે કામે લગાડેલા કોઇપણ સરકારી અમલદારોના અથવા નોકરોના સરકારે વખતે વખતે કરેલી કાનુન પ્રમાણેના પગાર, એલાવન્સો, તથા પેનશનો સારૂ ફાળો આપવા સારૂ, સરકાર વખતોવખત જે રકમ ઠરાવે તે રકમ

૭૯ (૧) દરેક જિલ્લા–લોકલ બોર્ડે જિલ્લા લોકલફંડમાથી જે જિલ્લા સારૂ સદરહુ પ્રકારની બોર્ડે સ્થાપેલી હોય તે જિલ્લામાહેની દરેક મ્યુનિસિપાલીટીને તથા કેન્ટોનમેન્ટ કમિટીને ૭૫ મી કલમની (બ) રકમમા તથા (ક) રકમમા કહેલા તથા સદરહુ મ્યુનિસિપાલીટીના અથવા કમિટીના તાબામાહેની મ્યુનિસિપલ ડિસ્ટ્રિકટ માહેની અથવા કેન્ટોનમેંટ માહેની જમીન ઉપર લીધેલા મેહેસુલના બે-તૃતિયાશ જેટલી રકમ લોકલફંડમાથી સોપી આપવી જાઇયે તથા તે અપાવવી જોઇએ, અને દરેક જિલ્લા–લોકલબોર્ડને એવો અધિકાર છે કે તેણે, પોતાની નજરમા આવે તો, એવી દરેક મ્યુનિસિપાલિટીને અથવા કમિટીને સદરહુ મેહેસુલની સઘળી રકમ સોપી દેવી તથા આપવી, તથા તે મેહેસુલની રકમ વિશે જિલ્લા લોકલ બોર્ડની અરજી ઉપરથી કલેકટરે નક્કી કરીને દાખલો આપવો જોઇયે

(૨) સોપી દીધેલી તથા આપેલી રકમ સદરહુ મ્યુનિસિપાલીટીએ અથવા કેન્ટોનમેંટ કમિટીએ ૫૦ મી કલમમા જે કારણો કહ્યા છે તે કારણો સારૂ માત્ર, અથવા જે અમલદારો તથા નોકરોને સદરહુ કારણોપૈકી કોઇપણ કારણસારૂ તે રાખે તેઓને મહેનતાણુ આપવા સારૂ ખરચવી જોઇએ, અને તે રકમનો એક ભાગ, પેટા–કલમ (૧)મા કહેલા મેહેસુલના એક તૃતિયાશ કરતા ઓછો નહી હોય તેટલો, તેણે ૫૦ મી કલમની (ડ) રકમમા કહેલા પ્રકારના માત્ર શિક્ષણના કારણ સારૂ ખરચવો જોઇએ

૮૦ દરેક જિલ્લામા ૫૦ મી કલમની (ડ) તથા (લ) રકમોમા કહેલા પ્રકારના શિક્ષણના કારણ સારૂ લોકલ-ફંડમાથી ખર્ચ કરવો તે ફકત જિલ્લા લોકલબોર્ડ અથવા વિદ્યમાનકાળે અમલમા હોય તેવા કોઇપણ

કાયદાથી ઠરાવેલા અધિકારીએ કરવો જોઇએ, અને આ કારણુ સારૂ ૭૫ મી કલમની (બ) રકમમા તથા (ક) રકમમા કહેલા મેહેસુલના એક તૃતીયાશ કરતા ઓછી નહી હોય એટલી રકમ (કલમ ૭૯ ની પેટા કલમ (૧) મા કહેલી રકમ અથવા રકમો બાદ કરીને સદરહુ કારણો માટે સદરહુ બોર્ડે ખર્ચ કરવા સારૂ જુદી કહાડી રાખવી જોઇએ

પણુ એવુ ઠરાવ્યુ છે કે—

(અ) કોઇપણુ તાલુકા લોકલ બોર્ડના અધિકાર હેઠળના ક્ષેત્રમા લીધેલા તથા આ પ્રમાણે જુદા કહાડી મુકેલા મહેસુલનો કાઇપણુ ભાગ, સદરહુ બોર્ડની અનુમતિ વગર, સરરહુ ક્ષેત્રની બહાર ખર્ચવો નહિ અને

(બ) દરેક જિલ્લા લોકલબોર્ડ અથવા ઉપર જણુાવેલા અધિકારીએ પ્રાથમિક સિક્ષણુ બદલ અવસ્ય કરવાનો ખર્ચ, શિક્ષણુની બાબતમા જિલ્લા-લોકલબોર્ડનો તથા તાલુકા-લોકલબોર્ડનો સ્વતત્ર અધિકાર કેટલે સુધી છે તે, અને શિક્ષણુની બાબતમા સામાન્ય રીતે તેનો સરકારી કેળવણુી ખાતા સાથે તથા એક બીજાની સાથે શો સબધ છે તે કલમ ૧૩૩ ની રકમ (ધ) ની રૂયે આ અર્થે સરકારે કરેલી કાનુન મુજબ વખતો વખતે ઠરાવવુ જોઇએ

આ કલમની (બ) રકમ માહેના વિશેષ ઠરાવના ઠરાવ, મ્યુનિસિપાલિટીએ તથા કાનટોનમેટ કમિટીએ ૭૯ મી કલમ મુજબ શિક્ષણુ સબધી કાગણુ સારૂ ખર્ચ કરવાની રકમના સબધમા તેમને પણુ લાગુ થશે

૮૧ (૧) શિક્ષણુ સિવાય બીજી બાબત સબધી ખર્ચ બાબતની અનુક્રમે, જિલ્લા લોકલબોર્ડ તથા તાલુકા લોકલબોડની જવાબદારી હેઠળ લખેલા ઠગવો પ્રમાણુે ઠરાવવી જોઇયે, એટલે —

(અ) દરેક લોકલબોર્ડ પોતાને સ્વાધીન જે કોઇ ઇમારત અથવા બીજી માલમિલકત હશે તે, તથા તેના ખર્ચથી કરેલું કાઇપણુ કામ યથાસ્થિત રાખવા બાબત જવાબદાગ રહેશે.

(બ) જિલ્લા-લોકલબોર્ડ પોતાને સ્વાધીન થયેલા જિલ્લામાની મુખ્ય ગ્સ્તા તથા જિલ્લામાથી આરપાર જનારા બીજા અવવા જવાના સાધનો બાધવા બકલ યથાસ્થિત રાખવા બદલ તથા તેઓની મરામત કરના બદલ, લોકોને શીતળા કાહાડવાનું કામ તથા સાર્વજનિક દવાખાના અને જિલ્લાને એકદર રીતે ફાયદો કર-નારા એવાજ બીજા સ્થાનિક ખાતા તથા સસ્થાઓ ચાલુ રાખવા બદલ અને જે બાબતમા બે અથવા વધારે તાલુકાનો હિત સબધ હોય, અથવા થાય તે સઘળી બાબતોબદલ જવાબદાગ રેહેશે

(ક) જે બીજા રસ્તા તથા બાધ કામ કેવળ સ્થાનિક હશે તે સઘળા ગ્સ્તા તથા બાધકામ બાધવા બદલ તથા યથાસ્થિત રાખવા બદલ અને જિલ્લા લોકલબોર્ડે ચાલુ રાખેલા નહી હોય એવા સઘળી સ્થાનિક ખાતા તથા સસ્થાઓ બદલ તાલુકા લોકલ બોર્ડ જવાબદાર રેહેશે, તથા

(ડ) આ કલમની (ક) ગકમમા કહેલા પ્રકારના જે મોટા કામ તાલુકા લોકલબોર્ડના હાથમા જેટલો અવેજ હશે તેટલાથી કરી શકાય એવા નહી હોય તે પોતાના ખર્ચે કરાવી લેવાનો અધિકાર જિલ્લા લોકલ બોર્ડને છે, અથવા ખર્ચનો કાઇ ભાગ તાલુક લોકલબોર્ડે અથવા ખાનગી સખસોએ અથવા આ બેઉએ આપવો એ શરતે મદદમા નાણુ આપીને તાલુકા લોકલબોર્ડને તે કામ હાથમા લેવામા મદદ કરવાનો અધિકાર જિલ્લા લોકલબોર્ડને છે

(૨) કોઇપણુ ખર્ચ, કામ, સસ્થા અથવા ખાતાબદલ કયુ બોર્ડ જવાબદાર છે, એ બાબત જિલ્લા લોકલ બોડ તથા તાલુકા લોકલ બોર્ડ એઓની વચ્ચે જો મતભેદ ઉત્પન્ન થાય તો તે તકગગ્નો નિર્ણય થવા સારૂ કમિશનર પાસે તે મોકલવી અને તેનો નિર્ણય આખરનો ગણાશે,

૮૨ (૧) જે લોકલબોર્ડને નાણુ જોઇતું હોય તે લોકલ બોર્ડના અધ્યક્ષે સહી કરેલા ચેક સિવાય અથવા ભલામણુ પત્ર સિવાય લોકલ ફડનુ નાણું સરકારી ટ્રેઝરીમાથી અથવા બેન્કમાથી અથવા સહકારી મડળીમાથી આપવુ નહી, પણુ આ વાત કલમ ૧૨૬ થી કલમ ૧૩૧ એ બને કલમો સુધીના ઠરાવોને પાત્ર થશે

(૨) સો રૂપિયા કરતા વધારે કોઇપણુ રકમ લોકલબોર્ડે આપવી તે સદરહુ પ્રમાણુે સહી કરેલા ચેકથી અથવા ભલામણુ પત્રથી આપવી જોઇએ અને બીજી કોઇપણુ રીતે આપવી નહી

૮૩ દરેક લોકલ બોર્ડનો જમા ખર્ચનો હિસાબ કલમ ૧૩૩ ની રકમ (દ) ની રૂયે આ અર્થે કરેલી કાનુન મુજબ સરકાર વખતે વખતે ઠરાવે તે નમુના પ્રમાણુે રાખવો જોઇયે, અને સરકાર ઠરાવે તે મુજબ દરેક મહેસુલી અથવા ફસલી સાલને છેલ્લે દિવસે જમાખર્ચની દરસાલ બાકી કહાડવી જોઇયે.

૮૪ લોકલ ફંડમાથી લીધેલી રકમો, એસ્ટાબ્લિસમેંટ બાબતનો, તથા બીજા સઘળા ખર્ચ બાબતનો વ્યય કરવાને માથે લીધેલા બાધ કામ તથા દરેક કામ ઉપર ખર્ચેલી રકમ તથા કાઈપણ શિલક હાથમા હોય તો તે એ વિગત બતાવનારી દરેક લોકલબોર્ડના હિસાબની એક તારીજ બોર્ડના અધ્યક્ષે દર સાલ વરસની આખર પછી જેમ બને તેમ જલદી, કલમ ૧૩૩ ની રકમ (ફ) ની રૂયે આ અર્થે કરેલી કાનુન મુજબ સરકાર વખતે વખતે ઠરાવે તે તે નમુના પ્રમાણે કલેકટરને અથવા કલેકટર આ બાબત જે અમલદારને નીમે તે મુબઇ સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવી જોઇએ

૮૫ (૧) લોકલ બોર્ડ આ આકટમા આગળ ઠરાવ્યા પ્રમાણે વાર્ષિક બજેટ એસ્ટિમેટ કાહાડી શકે એટલા સારૂ કલેકટરે પોતાના જિલ્લામાહેની દરેક તાલુકા લોકલબોર્ડને સરકાર વખતે વખતે ફરમાવે તે તારીખ પહેલા તથા નમુના પ્રમાણે એક વાર્ષિક પત્રક મોકલવુ જોઇયે તે પત્રકમા જે તાલુકા સારૂ એવી બોર્ડ સ્થાપી હોય તે તાલુકા સારૂ હેઠળ લખેલો મજકુર હોવો જોઇયે —

(અ) ગયા આખા સરકારી વરસમા ખરેખર આવેલુ નાણુ,
(બ) ચાલતા સરકારી વરસમા આવવાના નાણાનો તપાસેલો અંદાજ અને
(ક) આવતા સરકારી વરસમા નાણુ આવવાનો સભવ હોય તેનો પ્રથમ કાહાડેલો અદાજ

} જે રસ્તે લોકલફંડ મળે છે તેઓ પૈકી દરેક રસ્તે

અને તેવુજ એક પત્રક આખા જિલ્લા બાબત જિલ્લા લોકલબોર્ડ ઉપર મોકલવુ જોઇયે

(૨) જિલ્લા લોકલ બોર્ડે સરકાર વખતે વખતે ફરમાવે તે તારીખે અથવા તે તારીખ પહેલા સદરહુ ૭૫ મી કલમની [બ] રકમમા તથા [ક] રકમમા કહેલા મહેસુલની જે સુમારે રકમ ત્યારપછીનીજ આગલી સરકારી સાલમા જિલ્લામાની દરેક તાલુકા લોકલબોર્ડને સ્વાધીન થશે તે એવી તાલુકા લોકલબોર્ડને જણાવીને, ૭૬ મી કલમની પેટા કલમ (૧) ની રકમ (બ) ના સબધથી કઇ રીતે ઠરાવી છે તે બતાવવુ જોઇએ

૮૬ [૧] દરેક લોકલબોર્ડે કલમ ૧૩૩ ની રકમ (ફ) ની રૂયે આ અર્થે કરેલી કાનુન મુજબ સરકાર વખતે વખતે ઠરાવે તે તારીખની અગાઉ તથા તે નમુના પ્રમાણે આવતા સરકારી વર્ષ બાબતનુ પોતાની આવકનુ તથા ખર્ચનુ બજેટ એસ્ટિમેટ તૈયાર કરાવેલુ હોવુ જોઇએ

(૨) બોર્ડે સદરહુ તારીખે અથવા તે તારીખ પછી, જેમ બને તેમ જલ્દી આ પ્રમાણે તૈયાર કરેલા બજેટ એસ્ટિમેટ ઉપર વિચાર ચલાવવો જોઇએ અને તેને યોગ્ય લાગે તે પ્રમાણે તેમા ફેરફાર કરીને અથવા કર્યા વગર તે મજુર કરવુ જોઇયે

૮૭ તાલુકા લોકલબોર્ડે મજુર કરેલુ દરેક બજેટ એસ્ટિમેટ, જે જિલ્લા લોકલબોર્ડના તાબામા સદરહુ તાલુકાબોર્ડ હોય તે જિલ્લા લોકલબોર્ડ પાસે તાબડતોબ મોકલવુ જોઇએ, અને જિલ્લા લોકલબોર્ડને

(અ) પોતાને યોગ્ય લાગે તેટલી વખત સદરહુ એસ્ટિમેટ ફરી તપાસવા સારૂ તે તાલુકા લોકલબોર્ડ પાસ પાછુ મોકલવાનો અથવા,

[બ] તેની પાસે મોકલેલુ કોઈપણ બજેટ એસ્ટિમેટ અથવા ફરી તપાસેલુ બજેટ એસ્ટિમેટ જેવુ હોય તેવુજ, અથવા તેને યોગ્ય લાગે તે ફેરફાર કરીને મજુર કરવાને અધિકાર છે

૮૮ (૧) દરેક લોકલબોર્ડને, જે વરસ સદરહુ બજેટ એસ્ટિમેટ પસદ અથવા મજુર કર્યું હોય તે વરસમા હરકોઈ વખતે ફરી તપાસેલુ અથવા પુરવણીનુ બજેટ એસ્ટિમેટ તૈયાર કરાવવાનો અધિકાર છે આવા દરેક ફરી તપાસેલા અથવા પુરવણીના એસ્ટિમેટનો તે લોકલબોર્ડે વિચાર કરવો જોઈયે તથા તે મજુર કરવુ જોઇયે, અને તાલુકા-લોકલબોર્ડની બાબતમા તે એસ્ટિમેટ અસલ વાર્ષિક એસ્ટિમેટ હોત તો જે રીતે તે જિલ્લા લોકલબોર્ડ પાસે મોકલવામા આવ્યુ હોત, તેજ રીતે જિલ્લા લોકલબોર્ડ પાસે મજુરી સારૂ મોકલવુ જોઇયે

(૨) કોઇ બજેટ એસ્ટિમેટમાના ફડની પુનરયોજના વખતો વખતે કરવાનો અધિકાર છે, પણ તે, બજેટ એસ્ટિમેટને જે પસદગી તથા મજુરી જરૂરની છે તેજ પસદગીથી તથા મજુરીથી કરવી જોઇયે

૮૯ (૧) લોકલબોર્ડનુ કોઇ પણ બજેટ એસ્ટિમેટ તથા બજેટમાની રકમની કોઇ પણ પુનયોજના ઉપર કહ્યા પ્રમાણે પસદ અથવા મજુર કરવી તે હેઠળ લખ્યા પ્રમાણે હોયા વગર કરવી નહીં

(અ) સદરહુ બોર્ડની જમે બાજુએ જિલ્લા લોકલબોર્ડની બાબતમા સરકારી સાલની આખરે પાંચ હજાર રૂપિયા કરતા ઓછી નહી હોય એટલી અને તાલુકા-બોર્ડની બાબતમા બસેં રૂપિયા કરતા ઓછી નહી હોય એટલી બાકી હોવા બાબત તે એસ્ટિમેટમા તજવીજ કરેલી હોયા વગર,

(બ) દરેક બાંધકામબદલ, પછી તે પ્રથમજ બાંધવાનુ હોય કે મરામતનુ હોય, જે બજેટ એસ્ટિમેટમા દાખલ કર્યું હોય તે બજેટ એસ્ટિમેટને હેઠળ લખેલા પ્રકારનુ સદરહુ કામના ખરચનુ તપસીલવાર એસ્ટિમેટ જોડેલુ હોયા વગર, એટલે જે એસ્ટિમેટ તે બોર્ડ પસદ કરેલુ હોય તે હોયાવગર અને જે રસ્તાનું ખરચ દર મૈલે એકદર રીતે જોતા ત્રણસો રૂપયા કરતા વધારે થનાર હોય એવી રસ્તાની બાબતમા, અથવ જે બીજા કોઇ કામનો એકદર ખરચ ત્રણહજાર રૂપિયા કરતા વધારે થનાર હોય એવા બીજા કામની બાબતમા, તે જિલ્લાના સરકારી એક્સિક્યુટિવ એન્જિનીયરે અથવા બોર્ડ કામે લગાડેલા અને સરકારે પસ કરેલા એન્જિનીયરે તૈયાર કરેલા અથવા પસદ કરેલા હોય એવા નકશા તથા એસ્ટિમેટો જોડેલા હોય વગર પસદ અથવા મજુર કરવુ નહી,

(૨) દરેક બજેટ એસ્ટિમેટની એક પાછલા કલમના પ્રમાણે આખરની પસદ અથવા મજુર કરેલ પુનર્યોજનાનુ એક પત્રક દરેક લોકલબોર્ડના અધ્યક્ષે વાર ન લગાડતા કલેકટર ઉપર અથવા આ બાબત જે અમલદારને તે નીમે તે અમલદાર ઉપર મોકલવુ જોઇયે વાર્ષિક બજેટ એસ્ટિમેટો ફેબ્રુઆરી મહિનાની ૧૮ મી તારિખથી મોડી નહી હોય એવી તારીખે મોકલવા જોઈયે,

૯૦ (૧) ભારે જરૂરની બાબતમા હોય તે સિવાય કાંઈપણ રકમ તે વખતે જે કોઇ બજેટ એસ્ટિમેટ અમલમા હશે અને જે સદરહુ પ્રમાણે પસદ અથવા મજુર કરેલુ હશે તેમા તે દાખલ હોયા વગર કોઇ પણ લોકલબોર્ડ અથવા તેની તરફથી ખરચવી નહી

(૨) જો કોઇપણ રકમ ભારે જરૂરના પ્રસગે એ પ્રમાણે ખરચી હોય તો તે સબધી હકીકત અને વધારાનો ખર્ચ કઇ રીતે ભરી કાહાડવાનું તે લોકલબોર્ડે યોજ્યુ છે તેના ખુલાસા સહિત અધ્યક્ષે (જો તે રકમ તાલુકા બોર્ડે ખરચી હોય તો જિલ્લા બોર્ડની મારફત) કલેકટરને લખી જણાવવી જોઇયે

૯૧ સન ૧૮૮૪ ના મુબઇના લોકલબોર્ડ આકટ પ્રમાણે કોઇપણ લોકલબોર્ડે આ આકટની શરૂઆત અગાઉ તૈયાર કરેલુ, પસદ કરેલુ અથવા મજુર કરેલુ હોય તેવુ દરેક બજેટ એસ્ટિમેટ, આ આકટ મુજબ યોગ્ય રીને તૈયાર કરેલુ છે તથા પસદ અથવા મજુર કરેલુ છે એમ સમજવુ જોઇએ

૯૨ (૧) દરેક લોકલ બોર્ડના હિસાબની તપાસ તથા ઓડિટ સરકાર જે મુદતે જે રીતે અને જે આડિટરે કરવી એવુ વખતે વખતે ફરમાવે તે મુદતે, તે રીતે અને તે ઓડિટરે અથવા તેની દેખરેખ હેઠળ કરવી જોઇયે

(૨) આ કલમ પ્રમાણે નીમેલા દરેક ઓડિટરને લોકલબોર્ડના કબજામાહેના અથવા તેના નિબંધ હેઠળના હિસાબ તથા સઘળા ચોપડા, ખતો, કરાર, વોચરો અને બીજા સઘળા દસ્તાવેજ તથા કાગળ પત્રો જોવાને મળવા જોઇયે,

(૩) દરેક લોકલબોર્ડ બાબત ઓડિટરનો રિપોર્ટ મુબઇ સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવો જોઈયે અને તેની એક નકલ સબધ ધરાવનારી દરેક બોર્ડને તથા કલેકટરને મોકલવી જોઇયે. દરેક તાલુકા લોકલ બોર્ડ બાબતના રિપોર્ટની નકલ જિલ્લા લોકલબોર્ડને પણ મોકલવી જોઇયે,

બાબ ૭ મો.—કર બાબત.

૯૩ (૧) આમા હવે પછી કહેલી શરતે તથા રીતે સરકાર એક આનાનો કર લેશે, અથવા જે જિલ્લા લોકલબોર્ડને કર લેવાનો હોય તેણે સદરહુ કારણ સારૂ બોલાવેલી ખાસ મિટિંગમા પસાર કરેલ સદરહુ બોર્ડના ઠરાવ અન્વયે અરજી કર્યાથી બે આના કરતા વધારે નહી હોય એવો વધારેલો કર હેઠળ લખેલી રકમના દરેક રૂપિયાપર લેશે,

(અ) પારશિષ્ટ અ મા જણાવેલા ખરચને માટે આપવાની રકમો સિવાય તથા સરકાર આ અર્થે જાહેર કરે એવા ખરચ માટે આપવાની રકમો સિવાય સાધારણ જમીન મહેસુલ તરીકે સરકારને આપવાની દરેક રકમ; તથા

(બ) જમીન મહેસુલ બીજાને સોપાયુ નહી હોત તો જમીન મહેસુલ તરીકે ધારો બેસાડવાજોગ થઇ હોય એવી દરેક રકમ, પણ એવુ ઠરાવ્યુ છે કે ઉપર કહ્યા પ્રમાણે લેવાજોગ વધારેલો કોઇપણ કર ત્રણ પાઇનો ભાજ્ય હોવો જોઇએ,

(૨) જે લોકલબોર્ડને કર આપવાનો હોય તે લોકલબોર્ડની અરજી ઉપરથી, જે પ્રદેશમા દુકાળ પડ્યો છે એમ સરકાર જાહેર કરે તે પ્રદેશમા કર અથવા તેનો કોઇપણ વર્ષમા એકદો કરવાનુ મોકુફ રાખવાને સરકાર મુખત્યાર છે

૯૪ સને ૧૮૭૯ના મુબઇના જમીન મહેસુલના કાયદમા જણાવ્યા પ્રમાણે દુમાલા ગામોપર સદરહુ બાબનો ધારો બેસાડવામા —

(અ) સદરહુ કાયદામા તથા તે મુજબ કરેલી કાનુનોમા જણાવેલી રીત પ્રમાણે જો ગામની સર્વે કરી હોય તથા તેનાપર ધારો બેસાડવામા આવ્યો હોય તો સદરહુ કાયદા મુજબ અથવા તેની રૂએ કરેલી કાનુનો મુજબ ઠરાવેલા ગામના ધારાની કુલ રકમપર કર નકકી કરવામા આવશે

(બ) સને ૧૮૬૩ના જમીન મહેસુલમાથી માફી આપવા બાબતના આકટ (નબર ૧ લા) મુજબ અથવા સને ૧૮-૩ ના જમીન મહેસુનમાથી માફી આપવા બાબતના આકટ (નબર ૨ જા) મુજબ જે સદરહુ ગામને સમરી સેટલમેન્ટ લાગુ કરવાનુ હોય અને આ કલમની રકમ (અ) તેને લાગુ પડતી નહીં હોય તો સમરી સેટલમેન્ટના કારણ સારૂ નકકી કરેલાજ વાર્ષિક ધારાની કુલ રકમપર કર ઠરાવવામા આવશે, તથા

[ક] આ કલમની રકમ (અ) અથવા (બ) જે ગામોને લાગુ પડતી નથી, ત્યા કલેકટરના ચોપડાઓમા નોધેલા જુના અથવા કમાલ દરે કર ઠરાવવામા આવશે, તથા એવો કોઇપણ દર નોધવામા આવ્યો નહીં હોય અથવા એવી રીતે નોધવામા આવેલા દરમા દુમાલા ગામનો ધારણ કરનાર અથવા માલીક હરકત લે તો કલેકટર તથા એવો ધારણ કરનાર અથવા માલીક કબુલ રાખે તે પ્રમાણે કર ઠરાવવાનો અધિકાર છે. અથવા એવી રીતે કબુલાત ન થાય તો, સરકારે આશરે કરેલી સર્વે અથવા બેસાડેલા ધારા મુજબ સદરહુ કર ઠરાવવાનો અધિકાર છે એની રીતે આશરે કરેલી સર્વેનો અડધો ખર્ચ લોકલબોર્ડ આપવો તથા અડધો ખર્ચ એવા ગામના ધારણ કરનારે અથવા માલીકે આપવો

૯૫ સન ૧૮૭૯ ના મુબઇના ઈરીગેશન આકટના ઠરાવો મુજબ લેવાના પિઆવાના દરેક રૂપિયાપર એ આના કરતા વધારે નહીં હોય એવો કર લેવાનો સરકારને અધિકાર છે

૯૬ કલમ ૯૩ મા જણાવેલો કર, બને તેટલે સુધી, જમીન મહેસુલ લેવાય છે તે રીતે તથા જમીન મહેસુલના કાયદાના ઠરાવો મુજબ લેવો

૯૭ કલમ ૯૬ મા જણાવેલો કર, બને તેટલે સુધી, સન ૧૮૬૯ ના મુબઇના ઈરીગેશન આકટ મુજબ સરકારને આપવાના પિઆવા લેવાય છે તે રીતે તથા તે બાબતના કાયદાના ઠરાવો મુજબ લેવો

૯૮ વરિષ્ટ ધારણ કરનારાઓને તથા નીકના માલીકોને તેમના તાબાના ખેડુતો તથા ખાતાદારો અથવા તેમની નીકો વાપરવાને અધિકાર આપેલા સખસો પાસેથી લેણા વસુલ કરવા સારૂ મદદ આપવા સબંધી કાયદાના ઠરાવો, દુમાલા અથવા દુમાલા નહી હોય એવી જમીનના સઘળા વરિષ્ટ ધારણ કરનારાઓને, તથા ખેડુતો, ખાતાદારો અથવા તેમની નીકો વાપરવાને અધિકાર આપેલા સખસો પાસેથી સદરહુ કર વસુલ કરવાના સબધમા નીકોના સઘળા માલીકોને લાગુ પડશે તથા તે ઠરાવો સને ૧૮૬૯ ના મુબઇના જમીન મહેસુલના કાયદા મુજબ જમીનના ખાતાદારોને પણ તેમના ખેડુતો અથવા એકત્ર ખાતાદારો પાસેથી કર વસુલ કરવા સારૂ લાગુ પડશે

૯૯ સરકાર આ અર્થે જે સામાન્ય અથવા વિશેષ હુકમ કરે તેને પાત્ર રહીને, દરેક જિલ્લા લોકલ બોર્ડને—

(અ) ૧૦૦ મી કલમમા કહેલુ પ્રથમ ચલાવવાનુ કામ ચલાવ્યા પછી, અને

(બ) કમિશનરની મજુરી લઇને તથા કમિશનરને સદરહુ પ્રકારની મજુરી આપતી વખતે કલમ ૧૦૧ મુજબ જે ફેરફાર અથવા જે શરતો યોગ્ય લાગે તેમને પાત્ર રહીને, આ આકટના કારણો સારૂ હેઠળ જણાવેલો કર બેસાડવાનો અધિકાર છે, એટલે કે —

હિંદુસ્તાન સરકાર બાબતના આકટની કલમ ૮૦ અ ની પેટા કલમ (૩) ની રકમ (અ) ની રૂયે કરેલી કાનુનો મુજબ, ગવર્નર જનરલની અગાઉથી જોઈતી મંજુરી સિવાય, સ્થાનિક ધારાસભાએ ઘડેલા કોઇ પણ કાયદા મુજબ સ્થાનિક અધિકારીને, જે કોઇ પણ કર બેસાડવા સારૂ અધિકાર આપવામા આવે તે કર,

પણ એવુ ઠરાવ્યુ છે કે આરોગ્યરક્ષણ બાબતના વિશેષ કર અથવા પીઆવા સિવાયનો બીજો કોઇપણ સદરહુ પ્રમાણે બેસાડેલો કર, સરકારની હોય તથા ફક્ત સાર્વજનિક કારણ સારૂ વાપરવામા આવતી હોય, અને નફો કરવાના કારણ સારૂ વાપરવામા આવતી ન હોય અથવા વાપરવાનો ઇરાદો ન હોય, એવી કોઇ પણ ઇમારતના અથવા કોઇપણ ઇમારતના ભાગના અથવા કોઇપણ વાહનના, જનાવરના અથવા બીજી મિલકતના સંબંધમા સરકારની ખાસ સંમતિ સિવાય, લેવા લાયક થશે નહી, અને સૈન્ય જવા બદલ, સરકારી સ્ટોર અથવા બીજી કોઇપણ સરકારી મિલકત લઇ જવા બદલ અથવા કામ ઉપર હોય એવા લશ્કરી અથવા પોલીસ અમલદાર જવા બદલ અથવા એવા અમલદારોના કબજામા હોય તે કોઇપણ માણસ જવા બદલ અથવા મિલ્કત લઇ જવા બદલ કોઇપણ ટોલ લઇ શકાશે નહી

૧૦૦ (૧) દરેક જિલ્લા લોકલબોર્ડે, કોઇપણ કર બેસાડવાની અગાઉ, સભામા એક ઠરાવ પસાર કરીને,—

(અ) ૯૯ મી કલમ મુજબ બેસાડી શકાય એવો કોઇપણ કર પસંદ કરવો, તથા

(બ) પસંદ કરેલો કર જણાવનારી કાનુનો મંજુર કરવી,

અને એવા ઠરાવમા તથા એવી કાનુનોમા—

(ક) જે વર્ગના અથવા વર્ગોના માણસોને અથવા મિલકતને અથવા જે વર્ગના અથવા વર્ગોના માણસો તથા મિલકત બન્નેને તે કર આપવાને પાત્ર કરવાનો તથા જે કોઇપણ માફી આપવાનો તે જિલ્લા લોકલબોર્ડનો વિચાર હશે તે વર્ગ અથવા વર્ગો અને તે માફી નિર્દિષ્ટ કરવી જોઇએ,

(ખ) એવા વર્ગોને જે રકમને અથવા જે દરને પાત્ર કરવાનો વિચાર હશે તે રકમ તથા તે દર નિર્દિષ્ટ કરવા જોઇએ, તથા

(ગ) સરકાર જે બીજી બાબતો એવી રીતે નિર્દિષ્ટ કરવાનું કહે તે સર્વે નિર્દિષ્ટ કરવી જોઇએ

(૨) આવો ઠરાવ પસાર થયા પછી, જિલ્લા લોકલબોર્ડે સદરહુ કાનુનો, પરિશિષ્ટ બ મા આપેલા નમુનાની એક નોટીસ તેની શરૂઆતમા દાખલ કરીને પ્રસિદ્ધ કરવી જોઇએ

(૩) તે જિલ્લાના જે કોઇપણ રહેવાસીને સદરહુ કર બેસાડવાની સામુ અથવા સદરહુ પ્રકારે યોજેલી રકમ સામુ અથવા તે કરને, રકમને અથવા દરને જે વર્ગના માણસોને અથવા મિલકતને પાત્ર કરવાના હોય તે વર્ગ સામુ અથવા કોઇ યોજેલી માફી સામુ કાંઇ હરકત હોય, તેને સદરહુ નોટીસ પ્રસિદ્ધ થયા પછી એક મહિનાની અંદર પોતાની હરકત લખીને જિલ્લા લોકલબોર્ડને મોકલવાનો અધિકાર છે, અને તે બોર્ડે એવી સર્વ હરકતોનો વિચાર કરવો જોઇએ, અથવા તેના સભ્યોની એકાદી કમીટીને તેનો વિચાર કરીને તે ઉપર રિપોર્ટ કરવાનો અધિકાર આપવો જોઇએ અને તે યોજેલો કર એવી હરકતને લીધે ન બેસાડવા બદલ અથવા, તેમા ફેરફાર કરવા બદલ બોર્ડે ઠરાવ કર્યો ન હોય, તો તે બોર્ડે તે હરકતો તે બાબતના પોતાના અભિપ્રાય સુદ્ધા ઉપર કહ્યા પ્રમાણેની નોટીસ તથા કાનુનો સહિત કમિશનર તરફ રવાના કરવી જોઇએ

૧૦૧ કમિશનરને પોતાના તરફ રવાના કરેલી કાનુનો નામંજુર કરવાનો અથવા વધુ વિચાર કરવા સારૂ જિલ્લા લોકલબોર્ડ તરફ પાછી મોકલવાનો, અથવા સદરહુ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી એક મહિનામા યોજેલા કરના સંબંધમા કાંઇપણ હરકત, અથવા પોતાના મત પ્રમાણે પુરતી હોય એવી હરકત, લેવામા આવી ન હોય તો,—

(અ) ફેરફાર કર્યા વગર મંજુર કરવાનો, અથવા

(બ) પોતાને યોગ્ય લાગે,

(૧) એવા જે ફેરફાર ઉપરથી બેસાડવાની રકમ વધારે થાય નહી એવા ફેરફારને પાત્ર રહીને, અથવા

(૨) એવી જે શરતોએ, એવા કરથી ઉત્પન્ન થનારી સઘળી રકમ અથવા તેનો કોઇપણ ભાગ, જિલ્લામા

આ આક્ટના (તે શરતોમા કહેલા) કોઇપણ એક અથવા વધારે કારણ માટે વાપરવાનો તે શરતોને પાત્ર રહીને, મંજુર કરવાનો

૧૦૨ જિલ્લા લોકલબોર્ડે કલમ ૧૦૧ ની રૂએ મંજુર કરવામા આવેલી સઘળી કાનુનો જે ફેરફારને પાત્ર તે મંજુરી આપી હશે તે સઘળા ફેરફાર સહિત, તે કાનુનો જે જિલ્લા માટે કરવામા આવી હશે તે જિલ્લામા, એવી મંજુરી તથા તેની તારીખ તથા અનુક્રમ નંબર જેમા લખ્યા હશે એવી એક નોટીસ પ્રસિદ્ધ કરવી જોઇએ, અને પછી, આ પ્રમાણે પ્રસિદ્ધ કરેલી કાનુનોમા કહેલો કર તે નોટીસમા નિર્દિષ્ટ કરેલી અને તે નોટીસ પ્રસિદ્ધ કર્યાની તારીખથી એક મહિનાની અંદરની ન હોય એવી તારીખથી બેસાડવો જોઇએ, અને તેથી ઉત્પન્ન થનારી રકમ જિલ્લા લોકલબોર્ડે સદરહુ મંજુરી ૧૦૧ મી કલમની રૂએ જે શરતોને પાત્ર આપવામા આવી હોય તે શરતોને અનુસરીને વાપરવી જોઇએ

પણ એવુ ઠરાવ્યુ છે કે--

(અ) વર્ષે વર્ષે લેવાનો કર—

(૧) કોઇપણ સાલની એપ્રીલની ૧લી તારીખ, જુલાઇની ૧લી તારીખ અકટોબરની ૧લી તારીખ અથવા જાનેવારીની ૧ લી તારીખ, એ તારીખો પૈકી કોઇપણ તારીખ સિવાય બીજી કોઈપણ તારીખે અમલમા આવશે નહી, અને

(૨) એપ્રીલની ૧લી તારીખ સિવાય બીજી કોઇપણ તારીખે અમલમા આવે, તો તે ત્યાર પછીના એપ્રીલની ૧લી તારીખ સુધી, દર ત્રણ મહિને વસુલ કરી શકાશે.

(બ) આ કલમ મુજબની નોટીસ જે દિવસે કાઢવામા આવે તે દિવસે અથવા તેની આગમચ, જિલ્લા લોકલબોર્ડે, જરૂર હોય એવી તથા કમિશનરે પસંદ કરી હોય એવી, વધારાની વિગતવાર કાનુનો પ્રસિદ્ધ કરવી જોઈએ, આ કાનુનોમા તેમા નિર્દિષ્ટ કરેલો કર લેવાની તથા વસુલ કરવાની રીત, અને જે તારીખોએ તે કર અથવા તેના કાઈ હપ્તા કર્યા હોય તો તે આપવાના હોય તે તારીખો પણ નિર્દિષ્ટ કરવી જોઇએ, અને

(ક) જો કોઇપણ કર અથવા કોઇપણ કરનો વિશેષ ભાગ ઠરાવેલી મુદત માટે માત્ર લેવાની મંજુરી આપેલી હોય, તો તે કર, તે મુદતમા જે ચઢેલી બાકી અપાયા વગર રહી હશે તે બાદ કરીને, તે મુદતની આખરે લેવાનુ બંધ કરવુ જોઇએ

૧૦૩ જિલ્લા લોકલબોર્ડે લેવાનો કોઇપણ કર ગેરવ્યાજબી પ્રમાણથી બેસાડયો છે એવુ અથવા તે કર અથવા તેનો કાઇ પણ ભાગ વસુલ કર્યાથી એક દર લોકોના હિતને અનિષ્ટ છે એવુ અથવા તે કર સરકારે આપેલા કોઇપણ વચનોનો ભંગ કરે છે અથવા માથે લીધેલી જવાબદારીનું ઉલ્લંઘન કરે છે એવુ સરકારને ફરિયાદ થયાથી અથવા બીજી રીતે હરકોઇ વખતે દેખાઇ આવે તો, સદરહુ કર બાબત જે કાઇ હરકત છે એવુ તેમને લાગે તે હરકત, આ બાબતમા તેઓ ઠરાવે તેની મુદતની અંદર દુર કરવા સારૂ તજવીજ કરવાનુ સદરહુ જિલ્લા લોકલબોર્ડને કહેવાનો તેને અધિકાર છે અને આ પ્રમાણે ઠરાવેલી મુદતની અંદર સદરહુ ફરમાવ્યા પ્રમાણે સરકારને સંતોષ થાય તેવી રીતે વહિવટ કરવામા નહી આવે, તો તેને સદરહુ પ્રકારનો કર અથવા તેને સદરહુ ભાગ લેવાનુ કામ, તે બાબત હરકત હોય તે દુર કરવામા આવે ત્યા સુધી મુબઈ સરકારી ગેઝેટમા જાહેરનામ છાપીને મોકુફ કરવાનો અધિકાર છે

બાબ ૮ મો—કરો એકઠા કરવા બાબત.

૧૦૪ (૧) જે કોઇપણ રકમ—

(અ) આ આક્ટના કોઇપણ ઠરાવથી અથવા ઠરાવની રૂએ, આ બાબમા કહેલી રીતે વસુલ કરવા લાયક છે એમ ઠરાવ્યુ હશે, અથવા

(બ) ટોલ સબંધમા માગે એટલે તરત મળવા લાયક ન હોઇને જે બીજો કોઇપણ કર જિલ્લામા હાલ બેસાડવામા આવ્યો હશે તેની રકમ તરીકે અથવા તે તેના હપ્તા તરીકે માગી શકાય એવી હશે

તે લહેણી થાય ત્યારે, જિલ્લા લોકલબોર્ડે, બનતી તાકીદે, તે રકમ આપવાને પાત્ર હોય તે શખસને તે રકમ બદલ એક બીલ અપાવવુ જોઇએ

બીલમા શુ શુ હોવુ જોઇએ (૨) એવા દરેક બીલમા—

(અ) તે રકમ જે મુદત બદલ માગી હશે તે મુદત અને,

(બ) તે રકમ જે મીલકત બદલ, ધધા બદલ અથવા વસ્તુ બદલ માગી હોય તે મીલકત, ધંધો અથવા વસ્તુ લખીને વળી તેમા—(૧) તે રકમ ન આપવામા આવે તો જે જવાબદારી ઉત્પન્ન થાય તે બાબત અને (૨) આમા આગળ કહ્યા પ્રમાણે તે માગણી વિરુદ્ધની અપીલ જે મુદતની અદર કરી શકાય, તે મુદત બાબત નોટીસ પણ આપેલી હોવી જોઇએ

(૩) જે રકમ બદલ ઉપર કહ્યા પ્રમાણે કોઇપણ બીલ આપવામા આવ્યુ હશે તે રકમ તે બીલ આપ્યાની તારીખથી પદર દિવસની અદર લોકલબોર્ડની ઓફીસમા અથવા તે રકમ લેવા બાબતની કાનુનની રૂએ જે માણસને તે લેવાનો અધિકાર આપ્યો હોય તેને ભરવામા ન આવે તો, તે જિલ્લા લોકલબોર્ડને તે રકમ ભરવાને જવાબદાર હોય તે સખસ ઉપર, ક પરિશિષ્ટના નમુના મુજબ અથવા તેના જેવા નમુના મુજબ માગણાની નોટીસ, બજાવવાનો અધિકાર છે

૧૦૫ (૧) જો સદરહુ રકમ ભરવાને પાત્ર હોય તે સખસ, આવી માગણાની નોટીસની બજાવણીની તારીખ પદર દિવસની અદર,—

(અ) તે નોટીસ માગેલી રકમ ન આપે, અથવા

(બ) તે રકમ પોતે શા વાસ્તે ન આપવી તે બદલ જિલ્લા લોકલબોર્ડની અથવા બોર્ડ કાનુન કરીને આ અર્થે નીમે તે અમલદારની ખાતરી થાય એવુ કારણ ન બતાવે, અથવા

(ક) કલમ ૧૩૩ના ઠરાવો મુજબ સદરહુ માગણી વિરૂદ્ધ અપીલ ન કરે,

તો તે રકમ તથા તે વસુલ કરવાનો સઘળો ખરચ, ડ પરિશિષ્ટના નમુના પ્રમાણે અથવા તેના જેવા નમુના પ્રમાણે જિલ્લા લોકલબોર્ડે કઢાવેલા વારટની રૂએ, તે રકમ ન આપનાર માણસની જગમ મીલકત જપ્ત કરીને તથા વેચીને વસુલ કરવાનો અધિકાર છે

૧૦૬ કલમ ૧૦૫ મુજબ કાઢેલા દરેક વારટ ઉપર તે કઢાવનાર જિલ્લા લોકલબોર્ડના અધ્યક્ષે અથવા આ કારણ સારૂ જિલ્લા લોકલબોર્ડે અધિકાર આપેલા અમલદારે અથવા સરકારની મજુરી લઇને, એકાદા સરકારી અમલદારે સહી કરવી જોઇએ

૧૦૭ જ્યારે મિલકત તે ડિસ્ટ્રિક્ટમા આવી હોય ત્યારે વારટ તે ડિસ્ટ્રિક્ટમા સ્થપાયલી લોકલબોર્ડના એકાદા અમલદારના અથવા સરકારની મજુરી લઇને એકાદા સરકારી અમલદારના નામનુ કાઢવુ જ્યારે મિલકત બીજા ડિસ્ટ્રિક્ટમા આવી હોય ત્યારે એવુ વારટ તે બીજા ડિસ્ટ્રિક્ટના જિલ્લા લોકલબોર્ડના અધ્યક્ષના નામનુ કાઢવુ પણ એવુ ઠરાવ્યુ છે કે એવો અધ્યક્ષ તે વારટ ઉપર શેરો લખીને તે પોતાના તાબાના અમલદારના અથવા સરકારની મજુરી લઇને એકાદા સરકારી અમલદારના નામનુ કાઢવાને મુખત્યાર છે જ્યારે સદરહુ મિલકત મુબઈ શહેરમા આવી હોય ત્યારે તે મુબઇની સ્મોલકોઝીઝ કોર્ટના રજીસ્ટ્રારના નામનુ કાઢવુ જોઇએ, પણ એવુ ઠરાવ્યુ છે કે રજીસ્ટ્રાર શેરો કરીને તે વારટ પોતાના તાબાના અમલદારના નામનુ કાઢવાને મુખત્યાર છે

૧૦૮ શેરો લખીને અથવા બીજી રીતે જે કોઈ અમલદારના નામનુ વારટ કાઢવામા આવ્યુ હશે તેને તે વારટમા ખાસ હુકમ કરીને આ અર્થે અધિકાર આપ્યો હશે તો પણ તે સિવાય નહી સૂર્યોદય અને સૂર્યાસ્તની દરમીઆન કોઇપણ વખતે, તે વારટમા જણાવેલી જપ્તિ કરવા સારૂ, તે વારટની રૂએ પકડવાને પાત્ર હોય તે મિલકત તે વારટમા જણાવેલી ઇમારતમા છે એમ માનવાનુ તેને વ્યાજબી કારણ હોય તથા પોતાને આપેલો અધિકાર તથા પોતાનો હેતુ જણાવીને યોગ્ય રીતે અદર જવા દવાની માગણી કર્યા છતા તે તે ઘરમા પ્રવેશ કરી ન શકે તો તે ઇમારતના બહારના અથવા અદરના દરવાજા અથવા બારીઓ જોરથી ઉઘાડીને અદર જવાને મુખત્યાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે સ્ત્રીઓને સારૂ ઈલાયદા રાખેલા કોઇપણ ઓરડામા એવા અમલદારને દાખલ થવુ હોય અથવા તેના બારણા જોરથી ઉઘાડવવા હોય તો તેણે તેમ કરવાના પોતાના ઇરાદાની સૂચના ત્રણ કલાક અગાઉ આપ્યા સિવાય તથા તેમાની સ્ત્રીઓને તે ઓરડો છોડી જવાની તક આપ્યા શિવાય તેમ કરવુ નહી

૧૦૯ એવો કોઈપણ અમલદાર નીચેની શરતો, અપવાદ તથા માફીને પાત્ર રહીને, તે વારંટમા જે માણસે પૈસા ભર્યા નથી એવુ લખ્યુ હશે તેની કોઈપણ જંગમ મિલકત જ્યા જ્યા મળે ત્યા ત્યા જપ્ત કરવાને મુખત્યાર છે સદરહુ શરતો, અપવાદ તથા માફી નીચે સમાણે છે—

(અ) નીચેની મિલકત જપ્ત કરવી નહી—(૧) પૈસા ન આપનારા, તેની સ્ત્રીના તથા છોકરાના જરૂરના પહેરવાના કપડા તથા બીછાના (૨) કારીગરના ઓજાર તથા (૩) પૈસા ન આપનાર સખસ ખેડુત હોય તો, તેના ખેતીવાડી સબંધી ઓજાર બી અને જે જનાવર તેને પોતાનુ ગુજરાન મેળવવા સારૂ જરૂરના હોય તે જનાવર

[બ] જપ્તિ હદ બહાર હોવી જોઇએ નહી એટલે જપ્ત કરેલી મિલકતની કિંમત, બને તેટલે સુધી, વારંટની રૂયે જે રકમ વસુલ કરવાની હશે તેના જેટલીજ આશરે હોવી જોઇએ, અને વારંટ ઉપર સહી કરવાનો જે સખસને કલમ ૧૦૬ મા અથવા તેની રૂયે અધિકાર આપ્યો હશે તેના વિચાર પ્રમાણે જપ્ત ન કરવા જેવી ચીજો જપ્ત કરી હોય તો તે તાબડતોબ પાછી આપવી જોઇએ, તથા

(ક) તે અમલદારે તે મિલકત પકડ્યા પછી તાબડતોબ તેની એક યાદી કરવી જોઇએ, અને તે મિલકત લઇ જતા પહેલા, તે પકડતી વખતે જેના કબજામા હોય તે માણસને પરિશિષ્ટ ઇ ના નમુના પ્રમાણેની એક લેખી નોટીસ આપવી અને તેમા લખવુ કે નોટીસમા લખ્યા પ્રમાણે તે મિલ્કત વેચવામા આવશે

પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ મિલકત જપ્ત કરવામા આવ્યા પછી અને તેને લઇ જવામા આવે તે પહેલા પૈસા ભરનાર માણુસ નોટિસ, વારંટ, તથા મિલકત જપ્ત કરવાને લગતા સઘળા ખર્ચ સહિત રકમ આપે તો સદરહુ અમલદારે તે જપ્તી ખસેડવી

૧૧૦ (૧) જ્યારે પકડેલી મિલકત સ્વાભાવિક રીતે જલદી બગડી જાય એવી હોય અથવા તે કબજામા રાખવાનો ખર્ચ તથા વસુન કરવાનો ખર્ચ તથા વસુલ કરવાની રકમ તેની કિંમત કરતા વધારે થવાનો સભવ હોય ત્યારે, તે વારંટ ઉપર સહી કરનાર અધ્યક્ષે અથવા અમલદારે તે મિલકત પકડતી વખતે તે જેના કબજામા હોય તે માણુસને તે એકદમ વેચવામા આવશે એ બદલની નોટીસ તાબડતોબ આપવી જોઇએ અને તે પ્રમાણે તેણે તે મિલકત વારંટમા લખેલી રકમ તાબડતોબ આપવામા ન આવે તો વેચવી જોઇયે

(૨) પકડેલી મિલકત પેટા-કલમ (૧) મુજબ એકદમ વેચવામા ન આવે તો, તે અથવા તેનો જોઇએ તેટલો ભાગ, તે વારંટ ઉપર જેણે સહી કરી હશે તે સખસે તે વારંટની બજાવણી મોકુફ રાખી નહિ હશે તો, અથવા પૈસા ન આપનાર પાસે લ્હેણી થયલી રકમ, તથા તે નોટીસ, વારંટ તથા જપ્તીનો તથા અટકાવી રાખવા બાબતનો સઘળો ખરચ ભરવામા નહી આવે તો વારંટ બજાવનાર અમલદારે બજાવેલી નોટીસમા લખેલી મુદ્દત પુરી થયેથી, જિલ્લા લોકલબોર્ડના હુકમથી જાહેર લીલામ કરીને વેચી નાખવાનો અધિકાર છે, અને જે રકમ ઉપજે તે અથવા તેનો જરૂર હોય તેટલો ભાગ લેણી થયેલી રકમ તથા ઉપર કહ્યા પ્રમાણેનો સઘળો અનુષગી ખરચ અદા કરવામા કામે લગાડવો

જો કોઇ શિલક રહે તો તે તાબડતોબ લોકલફડને ખાતે જમે કરવી જોઇએ તથા તેજ વખતે તેમ કર્યાની નોટીસ તે મિલકત જે માણસના કબજામાથી લીધી હોય તેને આપવી જોઇએ, પણ જો સદરહુ નોટીસની તારીખથી એક વર્ષની જિલ્લા લોકલબોર્ડને લેખી અરજી આપીને તે રકમ માગવામા આવે તો, તે માણુસને તે પછી આપવી જોઇએ જે કોઇ પણ રકમ એવી નોટીસની તારીખથી એક વર્ષની અદર માગવામા નહી આવશે તો તે જિલ્લા લોકલબોર્ડની મિલકત થશે

૧૧૧ જ્યારે વારંટ ડિસ્ટ્રીકટની બહાર કાઢ્યુ હોય ત્યારે, વારંટ કાઢનાર અધિકારી જે અધ્યક્ષના અથવા રજીસ્ટ્રારના નામનુ વારંટ કાઢ્યુ હોય તે અધ્યક્ષને અથવા રજીસ્ટ્રારને જપ્ત કરેલી મિલકત વેચવાનું શેરો કરીને ફરમાવવાને મુખત્યાર છે, અને એવે પ્રસગે સદરહુ અધ્યક્ષ અથવા રજીસ્ટ્રાર તે મિલકત વેચશે તથા વેચાણને લગતા સઘળા કામ કરશે તો કાયદાસર થશે, અને ઉપરના ઠરાવોમા તે મુજબનો ફેરફાર કરવો જોઇએ એવા અધ્યક્ષે અથવા રજીસ્ટ્રારે પોતાને વસુલ કરવામા સઘળા ખરચ બાદ કર્યા પછી, જે અધિકારીએ વારંટ કર્યુ હોય તે અધિકારીને વારંટની રૂયે વસુલ થયલા નાણા મોકલી આપવા.

૧૧૨ (અ) ૧૦૪ ની પેટા-કલમ (૩) મુજબ કાઢલી દરેક નોટીસની ફી,—

(બ) કલમ ૧૦૯ મુજબ કરેલી દરેક જપ્તીની ફી, અને

(ક) સદરહુ કલમ મુજબ પકડેલા કોઇ પણ જીવતા જનાવર પાળવાનો ખરચ,

જિલ્લા લોકલબોર્ડની આ બાબતની કાનુનોમા જે જે દર નિર્દિષ્ટ કર્યો હશે તે તે દર આકારવા જોઇએ, અને કલમ ૧૦૫ પ્રમાણે લેવાના વસુલાતના ખરચમા તેમનો સમાસ કરવો જોઇએ

૧૧૩ કલમ ૧૦૪ ની પેટા–કલમ (૩) ની રૂએ કાઢેલી માગણીની કોઇપણ નોટીસો વિરૂદ્ધ કરવાની અપીલો આવા પ્રકારના મુકદ્દમાઓનો ઇનસાફ સરકારના અથવા જિલ્લા માજીસ્ટ્રેટના હુકમની રૂએ જે કોઇપણ માજીસ્ટ્રેટે અથવા માજીસ્ટ્રેટોની બેચે કરવાનો અધિકાર છે, પણ -

(અ) જે માગણીની નોટીસ બદલ તકરાર હોય તે બજાવ્યા પછીના ૫દર દિવસની અદર તે અપીલ કરી ન હોય તો,

(બ) જિલ્લા લોકલબોર્ડની માગણી બદલ જે કારણો સર હરકત લેવામા આવતી હોય તે કારણો જેમા લખ્યા હોય એવી એક લેખી અરજી, નીચે લખ્યા પ્રમાણે એટલે કે –

(૧) ઇમારતો અથવા જમીનના ઉપરના રેટ (કર)ની બાબતમા, તે રેટ, જે આકાર પ્રમાણે અથવા ફેરવેલા આકાર પ્રમાણે બીલ તૈયાર કર્યુ હોય તે આકારની અથવા ફેરવેલા આકારની આપેલી નોટીસમા જાહેર કરવામા આવે તે મુદતની અદર, અને

(૨) જે કોઇપણ બીજી માગણીના સબધમા કલમ ૧૦૪ ની પેટા કલમ (૧) મુજબ બીલ આપ્યુ હોય તેની બાબતમા, તે બીલ આપ્યાની તારીખના પછીના ૫દર દીવસની અદર, જિલ્લા લોકલબોર્ડને કરી ન હોય તો, અને

(ક) એપેલન્ટ પાસેથી માગેલી રકમ તેણે લોકલબોર્ડ ઓફીસમા અનામત મુકી ન હોય તો, એવી કોઇ પણ અપીલ સાભળવામા આવશે નહી તથા તેનો નિકાલ કરવામા આવશે નહી

૧૧૪ જમીનો ઉપર અથવા ઇમારતો ઉપર અથવા એ બે બન્ને ઉપર રેટના રૂપમા નાખેલા કોઇપણ કર બદલે લહેણી થયલી સઘળી રકમો, એવો કર જે ઇમારતો અથવા જમીનોના સબધમા લેવા લાયક હશે તેમાથી, અને એવી ઇમારતો અથવા જમીનોની અદર અથવા ઉપર જો કાંઈ જગમ મિલકત જડે અને તે મિલકત એવો કર આપવાને પાત્ર થનારા સખસની માલીકીની હોય તો તેમાથી પ્રથમ લેવાશે પણ સદરહુ ઇમારતો અથવા જમીનો ઉપર કાઇ જમીન મહેસુલનુ લહેણુ હશે તો તે પહેલા લેવામા આવશે પણ એવુ ઠરાવ્યુ છે કે એવા કોઈ પણ કરની ચઢેલી બાકી એક વર્ષ કરતા વધારે મુદતની અથવા ધણી ન હોય એવા ભોગવટો કરનારે તે ઇમારતો અથવા જમીનોનો ભોગવટો જેટલી મુદત દરમિયાન કર્યો ન હોય તેટલી મુદતની ચઢેલી હશે, તો તે તેવા ભોગવટો કરનારા પાસે વસુલ કરવી નહી

૧૧૫ સરકારને કોઈ પણ વખત જાહેરનામુ કાઢીને, કોઇ પણ ડિસ્ટ્રીકટમા કલમો ૧૦૫ થી ૧૧૦ એ બન્ને કલમો સુદ્ધાનો અમલ કરવાનુ તહકુબ રાખવાનો અધિકાર છે, અને તે જાહેરનામામા તે સબધમા જે તારીખ નીમવામા આવે તે તારીખથી સદરહુ કલમોની રૂએ તે તારીખ સુધી વસુલ કરવા જેવા કોઇપણ કરની લેણી થયલી રકમ, ૭૦ મી કલમની પેટા કલમ (૨) મા જણાવેલી દડ વસુલ કરવાની રીત પ્રમાણે માજીસ્ટ્રેટને અરજી કર્યાથી વસુલ કરી શકાશે, અને બીજી કોઈ રીતે વસુલ કરી શકાશે નહી

૧૧૬ (૧) જિલ્લા લોકલબોર્ડે લેવાનો કોઇપણ ટોલ માગ્યા પછી આપવામા ન આવે તેવે પ્રસગે, તે વસુલ કરવાને નિમાયલા સખસને, તે ટોલ જે વાહન અથવા જનાવર બદલ લેવાનો હોય તે વાહન અથવા જનાવર અથવા માગણીની ભરપાઇ થવાને બસ થાય તેટલી કિંમતનો તે વાહનમા અથવા જનાવર ઉપર લાવેલા માલનો ભાગ પકડીને અટકાવી રાખવાનો અધિકાર છે, ત્યાર પછી તેણે પકડેલી મીલકત જેના કબજામા હોય તે માણસને તે મીલકતની એક યારી તથા પરીશિષ્ટ ઈ મા આપેલા નમુના પ્રમાણેની એક લેખી નોટીસ આપવી જોઇએ, અને તે નોટીસમા જણાવવુ જોઇએ, કે તેમા લખ્યા પ્રમાણે તે મીલકત વેચવામા આવશે

(૨) જ્યારે પકડેલી કોઈ પણ ચીજ સ્વાભાવિક રીતે જલદીથી બગડી જાય એવી હોય અથવા તે રાખવાનો ખરચ તથા તેના ઉપર લેવાના ટોલની રકમ તે ચીજની કિંમત કરતા વધારે થતી હોય ત્યારે તે

ચીજ પકડનાર સખસે તે ચીજ જેના કબજામા હોય તે સખસને ખબર આપવી કે તે ચીજ તાબડતોબ વેચી નાખવામા આવશે, અને તેણે તે ચીજ, માગવામા આવેલા ટોલની રકમ તાબડતોબ આપવામા ન આવે તો, વેચી નાખવી અથવા વેચાવી નાખવી જોઇએ

(૩) એવા વેચાણ શરૂઆત પહેલા કોઈ પણ વખતે, જે સખસની મીલકત સદરહુ પ્રમાણે પકડી હોય તે સખસ, થયલા બધળા ખરચની તથા ટોલની રકમ લોકલબોર્ડ ઓફિસમા ભરે તે પકડેલી મીલકત તાબડતોબ છોડી દેવી જોઇએ

(૪) જો આ પ્રમાણે રકમ ભરવામા ન આવે, તો, તે મીલકત વેચવાનો અધિકાર છે અને તે વેચાણનુ ઉત્પન્ન, તે ટોલની રકમ તથા તે મિલકત પકડવાનો, અટકાવી રાખવાનો તથા વેચવાનો ખરચ આપવાના કામમા લગાડવુ જોઇએ,

(૫) વેચાણના ઉત્પન્નમાથી કાઇ રકમ બાકી રહે, તો તે લોકલફંડ ખાતે જમા કરવી જોઇએ, અને તે રકમ વેચાણ પછીના તરતના ૬ મહિનાની અંદર જિલ્લા લોકલબોર્ડને અરજ કરવામા આવે તો, તે મિલકત પકડતી વખતે તે જેના કબજામા હોય તેને આપવાનો અધિકાર છે અને જો એવી કોઈ પણ અરજી કરવામા ન આવે, તો તે રકમ જિલ્લા લોકલબોર્ડની મિલકત થશે

૧૧૭ (૧) જિલ્લા લોકલબોર્ડ આ આકટની રૂયે નાખી શકાય એવા કોઇપણ ટોલ લેવાનો ઇજારો લીલામથી અથવા ખાનગી કરારથી આપવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે ઇજારદારે ઇજારાની શરતો યોગ્ય રીતે પુરી કરવા સારૂ તારણ આપવુ જોઇએ

(૨) જ્યારે કોઈપણ ટોલ આ કલમની રૂયે ઇજારો આપ્યો હોય ત્યારે, એવો ટોલ એકઠો કરવાને ઇજારદારે રાખેલા માણસને, ઇજારાની શરતોને પાત્ર, કલમ ૧૧૭ની પેટા-કલમો (૧) તથા (૨) મા ઉલ્લેખ કરેલા અધિકાર રહેશે પણ એવુ ઠરાવ્યુ છે કે જપ્ત કરેલો કોઇપણ માલ જિલ્લા લોકલબોર્ડના હુકમ મુજબ હોય તે સિવાય વેચવાનો અધિકાર નથી

(૩) આ કલમ મુજબ ઇજારે આપેલા કોઈપણ ટોલની બાબતમા, ઇજારદાર પાસેથી લોકલબોર્ડની લ્હેણી થતી કોઇપણ રકમ જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાનો અખત્યાર છે

૧૧૮ આ આકટ મુજબ કોઇ પણ કર બદલ, ભરેલી સઘળી રકમો બદલ, એવુ ભરણ લેનારે પોહોચ આપવા માડવી જોઇએ, અને તે પોહોચમા ભરેલી રકમ અને જે કર બદલ તે ભરી હોય તે કર નિર્દિષ્ટ કરવા જોઇએ

બાબ ૯ મો—લોકલબોર્ડોના અમલદારો તથા નોકરો બાબત.

૧૧૯ (૧) દરેક જિલ્લા લોકલબોર્ડ આ આકટ મુજબ પોતાના તથા જિલ્લામાની તાલુકા લોકલબોર્ડના કામ બરોબર રીતે બજાવી શકાય તેટલા સારૂ જે અમલદારો તથા નોકરો રાખવાનુ પોતાને જરૂરનુ તથા યોગ્ય લાગે તેવા અમલદારો તથા નોકરો નીમવાને તથા તેમને પગાર આપવાને મુખત્યાર છે, અને આ પ્રમાણે રાખવાના નોકરોની એક યાદી તે લોકલબોર્ડે વખતે વખતે તૈયાર કરવી જોઇએ તથા તે મજુર કરવી જોઇએ, તે યાદીમા તે જુદા જુદા અમલદારોના તથા નોકરોના હુદ્દાના તથા દરજ્જાના નામ, જે જે બોર્ડના તાબામા તેમને ચાકરીએ રાખવાના હોય તે તે બોર્ડ, તથા તે દરેકના કામ તથા દરેકને આપવાના પગારની, ફીની તથા એલાવન્સની રકમ તથા પ્રકાર એ લખવુ, અને સદરહુ નોકરો તથા અમલદારો પૈકી ક્યા ક્યા કાયમના થયા ક્યા ક્યા હગામી માત્ર રાખવાના એ બાબતનો નિશ્ચય પણ તેમાજ કરેલો હોવો જોઇએ

(૨) જ્યારે કોઈપણ જિલ્લા લોકલબોર્ડ એકાદો ચીફ ઓફીસર અથવા એજિન્નીયર નિમે અને એવી નિમણુક સરકાર પસદ કરે ત્યારે, એવા ચીફ ઓફીસર અથવા એન્જિનીયરના પગારનો ⅓ ભાગ સરકારે આપવો, અને જ્યારે કોઇ જિલ્લા લોકલબોર્ડ હેલ્થ ઓફીસર નિમે અને એવી નિમણુક સરકાર પ્રસદ કરે ત્યારે, એવા અમલદારના પગારનો ⅓ ભાગ સરકારે આપવે

૧૨૦ કલમ ૧૩૩ની રકમ [ગ] ની રૂયે આ અર્થે કરેલી કોઈપણ કાનુન અથવા હુકમને પાત્ર રહીને, જિલ્લા લોકલબોર્ડ, સરકારે આ અર્થે કાનુન કરીને નિર્દિષ્ટ કરેલી હદ કરતા વધારે નહી હોય એવા પગા-

રથી કોઇપણ અમલદાર અથવા નોકર નીમવાનો અધિકાર તેના અધ્યક્ષને અથવા પોતાના તાબામાની તાલુકા લોકલબોર્ડના અધ્યક્ષને સોપવાને મુખત્યાર છે

૧૨૧ કોઇ જિલ્લા–લોકલબોર્ડે પોતાના અમલદાર અથવા નોકર તરીકે જે માણસોને રાખ્યા હશે અથવા જેઓને રાખવાનો જિલ્લા લોકલબોર્ડનો વિચાર હશે તે માણસોની સખ્યા, અથવા તે માણસોને અથવા કોઇપણ વિશેષ માણસને તે બોર્ડ આપવા ઠરાવેલુ મહેનતાણુ વધારે છે એવો જો કમિશનરનો મત હોય તો, કમિશનર ફરમાવે એટલે સદરહુ માણસોની સખ્યા અથવા તેઓનુ અથવા તેનુ મહેનતાણુ સદરહુ બોર્ડે ઓછુ કરવુ જોઇએ, પણ એવુ ઠરાવ્યુ છે કે એ પ્રમાણે ફરમાવ્યુ હોય તેની સામે સરકારમા અપીલ કરવાને તે જિલ્લા લોકલબોર્ડ મુખત્યાર છે, અને સરકારનો ઠરાવ આખરનો થશે

૧૨૨ જિલ્લા–લોકલબોર્ડે રાખેલા કોઇ પણ અમલદારને અથવા નોકરને શિક્ષા કરવાનો અથવા બરતરફ કરવાનો અધિકાર બોર્ડને હશે, પણ તે અધિકાર ૧૨૩ મી કલમ પ્રમાણે કરેલા કોઇ પણ નિયમને તથા સરકારે આ અર્થે કલમ ૧૩૩ ની રકમ (ગ) પ્રમાણે કરેલી કોઇ પણ કાનુનને અથવા હુકમને પાત્ર રહેશે, પણ એવુ ઠરાવ્યુ છે કે ઉપર રહ્યા પ્રમાણે પાત્ર રહીને કલમ, ૧૩૩ ની રકમ (ગ) મુજબ આ અર્થે સરકારે નિર્દિષ્ટ કરેલી હદ કરતા વધારે પગાર મેળવતા ન હોય એવા કોઇ પણ અમલદારને અથવા નોકરને શિક્ષા કરવાનો અથવા બરતરફ કરવાનો અધિકાર કોઇપણ જિલ્લા લોકલબોર્ડને પોતાના અધ્યક્ષને અથવા પોતાના તાબાના કોઇપણ તાલુકા લોકલબોર્ડના અધ્યક્ષને સોપવાનો અધિકાર છે

૧૨૩ દરેક જિલ્લા લોકલબોર્ડને વખતે વખતે હેઠળ લખેલી વાત બાબત નિયમ કરવાનો અધિકાર છે–

[અ] બોર્ડે રાખેલા જે કોઇ અમલદારની પાસેથી અથવા નોકરની પાસેથી તારણ લેવુ યોગ્ય છે એવુ લાગે તે અમલદારે અથવા નોકરે આપવાના તારણની રકમ તથા પ્રકાર ઠરાવવા બાબત,

(બ) બોર્ડે રાખેલા કાયમના અમલદારો તથા નોકરોને રજા આપવાનુ ધોરણ બાધવા બાબત,

(ક) સદરહુ અમલદારો તથા નોકરો અથવા તેઓ પૈકી કોઇ આસામી રજા ઉપર ગેરહાજર હોય ત્યારે તેઓને મુશારો આપવાનો અધિકાર આપવા બાબત,

(ડ) સદરહુ પ્રકારના કોઇ અમલદાર અથવા નોકર રજા ઉપર હોય તે મુદતમા તેમનુ કામ કરવા સારૂ નીમેલા માણસોને આપવાનુ મેહેનતાણુ ઠરાવવા બાબત,

(ઇ) સદરહુ સઘળા અમલદારોની તથા નોકરોની ચાકરીની મુદતનુ ધોરણ બાધવા બાબત,

(ફ) સદરહુ અમલદારો તથા નોકરો અથવા તેઓમાથી કોઇપણ, ચાકરી છોડીને ઘેર બેસે ત્યારે તેઓને કઇ શરતે પેનશનો, ગ્રાચ્યુઇટી અથવા કપેંશનેટ અલોવન્સ મળવુ જોઇયે તે શરતો, તથા એવા અમલદારો તથા નોકરોની પાછળ રહેલા સગાઓને કઇ શરતે ગ્રાચ્યુઇટી અથવા કપેંશનેટ અલોવન્સ આપવા તે શરતો, અને સદરહુ પ્રકારના પેનશનો ગ્રાચ્યુઇટી, અથવા કપેંશનેટ અલોવન્સની રકમ ઠરાવવા બાબત, તથા

(ગ) જે કોઈ પેનશન ફડ અથવા પ્રાવિડટ ફડ સદરહુ અમલદારો તથા નોકરો સદરહુ બોર્ડની પસદગીથી સ્થાપે તે ફડમા અમુક ઠરાવેલી શરતોને અનુસરીને અમુક ઠરાવેલા દરે ફાળો આપવાનો અધિકાર આપવા બાબત, પણ એવુ ઠરાવ્યુ છે કે—

(૧) સરકારે કામ કરવા સારૂ જો કોઇ અમલદારને કોઇપણ લોકલબોર્ડને આપ્યો હોય અથવા જો કોઇ અમલદાર કેટલેક અશે સરકારની ચાકરીમા હોય અને કેટલેક અશે કોઇ લોકલબોર્ડની ચાકરીમા હોય, તો તેના પેન્શનમા તથા રજા ઉપરના મુશારામા કલમ ૧૩૩ની રકમ (ગ) મુજબ આ અર્થે સરકારે કરેલી કાનુનોમા ફરમાવવામા આવે તેટલો ફાળો સદરહુ બોર્ડે આપવો જોઇયે, અને કોઇ સદરહુ પ્રકારના અમલદારને, સરકારને છ મહિના આગમજ નોટિસ આપ્યા વગર હવેથી એની ચાકરીની પોતાને જરૂર નથી એમ કહીને હરકોઇ વખતે સરકારની સમતિ સિવાય રજા આપવી નહી; અને

(૨) કોઇપણ જિલ્લાબોર્ડે આ કલમપ્રમાણે કરેલો કોઇપણ નિયમ, પસદ કર્યાવગર તથા તેઓ પસદ કરે નહીં ત્યાસુધી અમલમા આવનાર નથી

બાબ ૧૦—નિર્બંધ.

૧૨૪ (૧) કમિશનરને અથવા કલેકટરને અથવા સરકારના સામાન્ય અથવા વિશેષ હુકમની રૂએ અધિકાર આપેલા સરકારના કોઇપણ અમલદારને હેઠળ પ્રમાણેનો અધિકાર છે—

(અ) કોઇ પણ લોકલબોર્ડના ભોગવટામાહેની કોઇ પણ સ્થાવર મિલકતમા અથવા તેના નિર્બંધ તથા વ્યવસ્થા હેઠળની કોઇ પણ સસ્થામા, અથવા તેના તાબામા અથવા તેના હુકમ હેઠળ કાઇ કામ ચાલતુ હોય તે કામમા પેસવાનો તથા તે જોવાનો અથવા એવી સ્થાવર મિલકતમા સસ્થામા અથવા કામમા આ અર્થે તેણે લખીને અધિકાર આપેલા બીજા કોઇ પણ સખસને પેસાડવાનો તથા તેની પાસે તે તપાસાવવાનો, તથા

(બ) કોઇપણ લોકલબોર્ડે અથવા એવા બોર્ડે નીમેલી કોઇપણ કમિટીએ ચલાવેના કામનો કાઇ ઉતારો માગવાનો તથા કોઇપણ લોકલબોર્ડના કબજામાહેની અથવા તાબામાહેની કોઇપણ બુક અથવા દસ્તાવેજ માગવાનો તથા તપાસવાનો,

(૨) કલેકટરને હેઠળ પ્રમાણેનો અધિકાર છે—

(અ) જે કોઇ પત્રક, તપસીલ, હિસાબ, અથવા રિપોર્ટ સદરહુ બોર્ડે આપવા એવુ કહેવાનુ તેને યોગ્ય લાગે તે પત્રક, તપસીલ, હિસાબ અથવા રિપોર્ટ માગવાનો, તથા

(બ) જે કાઇપણ વાત એવી લોકલબોર્ડ કરનાર હશે તે કરવામા જે કાઇપણ હરકત હોવાનુ એવા કલેકટરને લાગે તે હરકતનો, અથવા જે કાઇ માહિતી તેણે આપી હોય તે ઉપરથી તે બોર્ડે ફલાણી એકવાત કરવાની જરૂર છે એવુ તેને લાગે તે માહિતીનો, સદરહુ પ્રકારની બોર્ડે વિચાર કરવો અને એવી વાત કરવાનુ બધ ન કરવા બાબત અથવા એવી વાત ન કરવા બાબત બોર્ડના કારણો હોય તે લખીને વાજબી વખતની અદર તેને લેખી જવાબ મોકલવો, એવુ કહેવાનો

૧૨૫ (૧) જો લોકલબોર્ડનો કાઇપણ હુકમ અથવા ઠરાવ બજાવ્યાથી, અથવા લોકલબોર્ડ અથવા તેઓની તરફથી કાઇપણ વાત કરવાની હશે અથવા કરવામા આવતી હશે તે કર્યાથી લોકોને ઇજા થાય છે અથવા કટાળો ઉપજે છે અથવા તે થવાનો અથવા ઉપજવાનો સભવ છે અથવા સુલેહનો ભગ થવાનો સભવ છે અથવા તે ગેરકાયદેસર છે એવુ કલેકટરને લાગે, તો પોતાની સહીના લખેલા હુકમથી તે બજાવવાનુ મોકુફ રાખવાને અથવા તે કરવાની મના કરવાને કલેકટર મુખત્યાર છે

(૨) જ્યારે કલેકટર પેટા-કલમ (૧) પ્રમાણે કાઇપણ હુકમ કરે, ત્યારે તેણે તે હુકમની નકલ, તે કરવાના કારણોના નિરૂપણ સહિત કમિશનર ઉપર તથા તે હુકમ લાગુ હોય તે લોકલ બોર્ડ ઉપર તાબડતોબ મોકલવી જોઇયે, અને તે હુકમ રદ કરવો, અથવા તે ફેરફાર કરીને અથવા ફેરફાર કર્યા વગર કાયમને માટે અથવા તેને યોગ્ય લાગે તે મુદત સુધી ચાલુ રહેશે એવુ ઠરાવવુ, એ કમિશનરની મુખત્યારી ઉપર રહેશે

(૩) કમીશનરે, આ કલમ પ્રમાણે બનનાર દરેક પ્રકરણનો સરકારને તાબડતોબ રિપોર્ટ કરવો જોઇયે અને તે પ્રકરણમા કરેલો કાઇપણ હુકમ તપાસવાને, અથવા તેમા ફેરફાર કરવાને, અને તે બાબત જે બીજો કાઇ હુકમ કરવાને સરકાર મુખત્યાર છે

૧૨૬ (૧) જરૂરની બાબતમા કલેકટરને એવો અધિકાર છે કે, જે કાઇપણ કામ કરવાનો અથવા જે કાઇપણ કૃત્ય કરવાનો લોકલબોર્ડને અધિકાર આપ્યો હશે અને જે એકદમ કરવુ એ તેના મત પ્રમાણે લોકોની આરોગ્યતાસારૂ અથવા સલામતીસારૂ અવશ્યનુ હશે તે કામ અથવા કૃત્ય કરવાની તેણે તજવીજ કરવી, અને તે કામ અથવા તે કૃત્ય કરવાનો ખરચ, તે કરવા સારૂ નીમેલા માણસને આપવાના વાજબી મેહેનતાણા સુદ્ધા તે લોકલબોર્ડે તાબડતોબ આપવો જોઇએ એવુ ફરમાવવુ

(૨) જો તે ખરચ તથા મેહેનતાણું આ પ્રમાણે આપવામા ન આવે, તો જે ટ્રેઝરીમા અથવા બેકમા અથવા મડળીમા લોકલફડ મૂક્યુ હશે અથવા તે આખુ અથવા તેનો કોઇપણ ભાગ અનામત રાખ્યો હશે અથવા વ્યાજે ધીર્યો હશે, તે ટ્રેઝરી અથવા બેક અથવા મડળી જે અમલદારને સ્વાધીન હશે, તે અમલદારે તે ખરચ તથા મેહેનતાણુ, અથવા તેનો જે ભાગ, સદરહુ અમલદારના હાથમા સદરહુ લોકલફડની જે બાકી હશે તેમાથી આપી શકવાનુ બનતું હોય તે ભાગ, આપવો એવુ તેને ફરમાવવાનો અધિકાર કલેકટરને છે.

(૩) જે બાબતમા કલેકટર પોતાને આ કલમ ઉપરથી આપેલા અધિકારનો ઉપયોગ કરે તે દરેક બાબત વિષે તેણે કમિશનરને તાબડતોબ રિપોર્ટ કરવો જોઇએ

(૪) જે બાબતમા કલેકટર પોતાને આ કલમ ઉપરથી આપેલા અધિકારનો ઉપયોગ કરે તે દરેક બાબત વિષે તેણે કમિશનરને તાબડતોબ રિપોર્ટ કરવો જોઇએ.

૧૨૭ (૧) કોઇપણ લોકલબોર્ડને આ આક્ટ ઉપરથી અથવા આ આક્ટ પ્રમાણે સોપેલુ કાઇ પણ કામ કરવાને તે ચૂકી છે એવુ જ્યારે સરકારને ફર્યાદ થયા ઉપરથી કે બીજી રીતે જણાય ત્યારે ચુકવાનુ કહેવામા આવ્યુ હશે તે બાબત તે લોકલબોર્ડ ગુન્હેગાર થઇ છે, એવી, યોગ્ય ચોકસી કર્યા પછી જો સરકારની ખાત્રી થાય તો તે કામ કરવા સારૂ કાઇ મુદત ઠરાવવાને તે મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે એવો હુકમ શા માટે કરવો નહી તેનું કારણ બતાવવા સારૂ લોકલબોર્ડને તક મળ્યા શિવાય, બીજી કોઇપણ મુદત ઠરાવવી નહી

(૨) જો તે કામ સદરહુ ઠરાવેલી મુદતમા કરવામા ન આવે તો તે કરવા સારૂ કોઇ માણસને નીમવાનો અધિકાર સરકારને છે, અને તે ખરચ કરવાના ખરચ, તે કરવા સારૂ નીમેલા માણસને આપવાના વાજબી મહેનતાણા સહિત તે લોકલબોર્ડ તાબડતોબ આપવો જોઇએ એવુ ફરમાવવાને સરકાર મુખત્યાર છે.

(૩) જો તે ખરચ અને મહેનતાણુ આ પ્રમાણે આપવામા ન આવે, તો જે ટ્રેઝરીમા અથવા બેકમા અથવા મડળીમા લોકલફડ મુકયુ હશે અથવા તે આખુ અથવા તેનો કોઇ પણ ભાગ અનામત રાખ્યો હસે અથવા વ્યાજે ધીર્યો હશે, તે ટ્રેઝરી અથવા બેક અથવા મડળી જે અમલદારને સ્વાધીન હશે તે અમલદારે તે સઘળો ખરચ તથા મહેનતાણુ અથવા તેનો જે ભાગ, તેના હાથમા સદરહુ ફડની બાકી હશે તેમાથી આપી શકવાનુ બનતુ હોય તે ભાગ આપવો તેનુ તેને ફરમાવવાનો અધિકાર સરકારને છે

૧૨૮ (૧) લોકલબોર્ડના સબધમા અથવા તેને લગતી બાબતોના સંબધમા, અથવા આ આક્ટ મુજબ જોઇતી સરકારની મજુરી, પસદગી, સમતિ અથવા હુકમને લગતી કોઇ પણ બાબતોના સબધમા સરકાર પોતાના કોઇ પણ અધિકારીઓ મારફત વખતે વખતે ચોકસી કરાવવા મુખત્યાર છે

(૨) સદરહુ ચોકસીના કારણો સારૂ પુરાવો લેવાને તથા સાક્ષીઓની હાજરી તથા દસ્તાવેજો રજુ કરવાનુ ફરજીઆત કરવાને એવી ચોકસી કરનાર અધિકારીને સન ૧૯૦૮ ના દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા મુજબની કોર્ટના અધિકારો રહેશે

(૩) પેટા-કલમ (૧) મુજબ કરેલી ચોકસીના ખરચ બાબત તથા કયા સખસે તથા કયા ફડમાથી તે આપવો તે બાબત સરકાર હુકમ કરવાને મુખત્યાર છે તથા એવા હુકમનો સરકાર અથવા તેમા જણાવેલો સખસ અરજી કરે એટલે તે દિવાની કોર્ટનુ હુકમનામુ હોય તે પ્રમાણે અમલ કરવામા આવશે

૧૨૯ (૧) આ આક્ટ ઉપરથી અથવા આ આક્ટ પ્રમાણે અથવા કાયદાથી બીજી રીતે કોઇપણ લોકલબોર્ડને સોપેલા કામ કરવાને તે લાયક નથી, અથવા હઠથી તે કરતી નથી, અથવા તે પોતાના અધિકાર બાહાર ચાલે છે અથવા પોતાના અધિકારનો ગેરઉપયોગ કરે છે એવુ જો સરકારને લાગે તો, પ્રસગે પ્રમાણે તે લોકલબોર્ડ નાલાયક છે, અથવા કામ કરવાને ચુકી છે અથવા તે તેના અધિકાર બહાર ચાલી છે, અથવા તેણે પોતાના અધિકારનો ગેરઉપયોગ કર્યો છે એવુ મુબઇના સરકારી ગેઝેટમા એક હુકમ, તે કરવાના કારણ સહિત પ્રસિદ્ધ કરીને જાહેર કરવાનો, અને

[અ] સદરહુ બોર્ડનુ વિસર્જન કરવાનો, અથવા (બ) તે હુકમ નિર્દિષ્ટ કરીને તે મુદત સુધી તે લોકલબોર્ડ દુર કરવાનો, અધિકાર સરકારને છે

(૨) જ્યારે કાઇ પણ લોકલ બોર્ડનું વિસર્જન કરવામા આવે અથવા તેને દુર કરવામા આવે ત્યારે તે બોર્ડના સઘળા મેબરો એવા મેબરપણાના નાતાના હુદ્દા ઉપરથી સદરહુ પ્રકારના હુકમની તારીખથી દૂર થશે

૧૩૦ જ્યારે કોઇ લોકલબોર્ડનુ વિસર્જન કરવામા આવ્યુ હોય ત્યારે જાણે કે તેના મેબરોના અધિકારીની મુદત પુરી થઇ હોય તેમ જરૂરની હોય તેવી નીમણુંકો તથા ચુટણીઓથી તેને ફરી રચવી

૧૩૧ લોકલબોર્ડને દૂર કરવામા આવે ત્યારે,

(અ) જેટલી મુદત સુધી તેને દુર કરી હશે તેટલી મુદત સુધી તે બોર્ડના સઘળા અધિકાર તથા કામ આ બાબત જે માણસને અથવા માણસોને સરકાર વખતે વખતે નીમશે તે માણસને અથવા માણસોને ચલાવવાનો તથા કરવાનો અધિકાર છે, સદરહુ સખસને અથવા સખસોને એક સખસ અથવા એક કમિટી અથવા કમિટીઓ નિમવાનો અને એકાદ સખસ અથવા કમિટીને લોકલબોર્ડ આકટની રૂયે જે અધિકારો સોપી શકતે તેમને સઘળા અધિકારો તે સોપવાનો તથા આવા સખસને અથવા કમિટીને અથવા કમીટીઓને બોર્ડ જે ફરજો સોપી શકતે તે ફરજો અદા કરવાની સત્તા આપવાનો અધિકાર છે

(બ) બોર્ડને સ્વાધીન જે માલમિલકત હશે તે સઘળી માલમિલકત બોર્ડને જેટલી મુદત સારૂ દુર કરી હશે તેટલી મુદતસુધી, સરકારને સ્વાધીન થશે

(ક) જ્યારે બોર્ડના અધિકાર ચલાવવા તથા ફરજો બજાવવા એક કરતા વધારે સખસોને નિમવામા આવ્યા હોય ત્યારે, સદરહુ સખસોને પોતાનામાના એક અથવા વધારે સખસોને પોતાને બદલે ફરિયાદ કરવાની અથવા પોતાના ઉપર કામ ચલાવવા દેવાની સત્તા આપવાનો અધિકાર છે

૧૩૨ સામાન્ય તથા મેહેસુલના કારભારમા કમિશનરો ઉપર સરકાર, કલેકટરો ઉપર કમિશનર, અને કલેકટરોના તાબામાના અમલદારો ઉપર કલેકટર જે અધિકાર તથા નિયતૃત્વ ધારણ કરે છે તથા ચલાવે છે તેજ અધિકાર તથા નિયતૃત્વ સરકાર કમિશનર ઉપર, કમિશનર કલેકટર ઉપર અને કલેકટર પોતાના તાબામાના અમલદારો ઉપર આ આકટ સબધી સઘળી વાતમા ધારણ કરશે તથા ચલાવશે

બાબ ૧૧મો.—કાનુન.

૧૩૩ સરકારને આ આકટને, અનુસરીને હોય એવી હેઠળ લખેલા કારણો બાબત મુબાઈના સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને કાનુનો અથવા હુકમ વખતે વખતે કરવાનો અધિકાર છે,

(અ) દરેક લોકલબોર્ડના મેબરોની સખ્યા અને દરેક બોર્ડ સારૂ ચુટી કહાડેલા મેબર કેટલા તથા નીમેલા મેબર કેટલા એનુ પ્રમાણ ઠરાવવા બાબત તથા દરેક મતવિભાગે ચુટી કાઢવાના મેબરોની સખ્યા બાબત,

(બ) લોકલબોર્ડના મેબરોની ચુટણી શી રીતે કરવી તે રીત, અને એવી ચુટણી કઇ જગાએ અથવા તે કોઇ અધિકારીના દેખરેખ હેઠળ કરવી એમ હોય તોક્યા અધિકારીની દેખરેખ હેઠળ કરવી તે જગા તથા અધિકારી, અને તેમા મત આપવામા આવે તે શી રીતે લખી લેવા તે રીત તથા એવી ચુટણીનુ પરિણામ કેમ તથા કોણે ઠરાવવુ એ બતાવવા બાબત,

(ક) લોકલબોર્ડનુ કામ જે રીતે ચલાવવુ જોઇયે તે રીત બાબત જે સામાન્ય શરત યોગ્ય લાગે તે ઠરાવી આપવા બાબત,

(ડ) કલમ ૫૦ ના રકમ (આઇ)ના કારણો સારૂ જે શરતોથી તથા જે દરોથી મુસાફરીનો ખર્ચ આપવો જોઇએ તે શરતો તથા તે દરો ઠરાવવા બાબત,

(ઇ) કલમ ૮૦ ના વિશેષ ઠરાવ (બ)ના કારણો સારૂ પ્રાથમિક કેળવણી માટે દરેક જિલ્લા લોકલબોર્ડ કરવાના ખર્ચ, કળવણીના સબધમા જિલ્લા તથા તાલુકા લોકલબોર્ડનો સ્વતત્ર અધિકાર કેટલો છે તે, સામાન્ય રીતે સરકારના એજ્યુકેશનલ ડિપાર્ટમેન્ટ સાથેના તથા કેળવણીની બાબતમા તેઓના માહેમાહેના સબધ ઠરાવવા બાબત,

[ફ] કલમો ૮૩, ૮૪ તથા કલમ ૮૬ ની પેટા કલમ (૧) ના કારણો સારૂ લોકલબોર્ડના હિસાબ ક્યા નમુનામા રાખવા તે નમુનો તથા તેના હિસાબના સાર તથા બજેટ એસ્ટિમેટ ક્યા નમુનામા તૈયાર કરવા તે નમુના ઠરાવવા બાબત અને લોકલબોર્ડના હિસાબોની ઓડિટનુ નિયમન કરવા બાબત

(ગ) કલમો ૧૨૦, ૧૨૨ તથા કલમ ૧૨૩ ના વિશેષ ઠરાવ (૧) ના કારણો સારૂ લોકલબોર્ડના બોર્ડના અમલદારો તથા નોકરોની નીમણુકનુ તેઓ ઉપરના નિબધનુ તેઓની શિક્ષા તથા બરતરફીનુ તથા લોકલ બોર્ડ કામે લગાડેલા સરકારી અમલદારોના પેન્શન તથા તેઓ રજાવગર હોય ત્યારે આપવાના પગારમા ક્લો ફાળો આપવો તે બાબતનુ નિયમત કરવા બાબત અને

(ઘ) સામાન્યત આ આકટ પ્રમાણે વહિવટ કરવાની સાથે સબધ હોય પણ જે બાબત તેમા

ખસુસ ઠરાવ કરેલો નહી હોય, તે સઘળી બાબતમા લોકલબોર્ડની તથા સરકારી અમલદારોની સમજુત થવા સારૂં, પણ એનુ ઠરાવ્યુ છે કે આ કલમ મુજબ કરવાની કાનુનો પ્રથમ તેમને પ્રસિદ્ધ કર્યા પછી કરવામા આવશે

બાબ ૧૨ મો—પરચુરણ.

૧૩૪ જો લોકલ બોર્ડના કોઇપણ મેમ્બરનો અથવા લોકલ બોર્ડે રાખેલા અથવા તેના તાબામા ચાકરીએ ગખેલા અમલદારનો અથવા નોકરનો, તે જે બોર્ડનો મેમ્બર હોય અથવા જે બોર્ડે તેને રાખ્યો હોય અથવા જે બોર્ડના તાબામા તેને ચાકરીએ ગખેલો હોય તે બોર્ડના હુકમથી કરવામા આવતું હોય એવા કોઇ કામમા, અથવા એવી બોર્ડની સાથે અથવા એવી બોર્ડના હુકમ મુજબ કરેલા કોઈ પણ કરારમા સાક્ષાત અથવા પર્યાયે કાંઇ પણ ભાગ અથવા હિતસબધ હશે તો તેની ઉપર કોઇપણ માજીસ્ટ્રેટ આગળ તે ગુન્હાની સાબીતી થયેથી તે પાચશે રૂપિયા કરતા વધારે નહીં હોય એવા દડને પાત્ર થશે

પણ એવુ ઠરાવ્યુ છે કે ફક્ત હેઠળ લખેલા સબબથી આ કલમ મુજબ કોઇપણ માણસના ઉપર ગુન્હો સાબિત કરવામા આવશે નહી, એટલે—

(અ) જે કોઈ જોઇન્ટ સ્ટૉક કપની તે લોકલબોર્ડની સાથે કરાર કરશે, અથવા જેને તે લોકલબોર્ડ અથવા તેની તરફથી કામે લગાડી હશે તે જોઇન્ટ સ્ટોક કપનીમા તેનો ભાગ હોવાથી અથવા સન ૧૯૧૨ના સહકારી મડળીઓ બાબતના આકટની રૂયે નોધાયલી અથવા નોધાયલી ગણેલી જે કોઇપણ મડળી તે લોકલ બોર્ડની સાથે કરાર કરશે અથવા જેને તે લોકલબોર્ડ અથવા તેના તરફથી કામે લગાડી હશે તે મડળીમા તેનો ભાગ અથવા હિતસંબધ હોવાથી, અથવા

[બ] જે કોઇ વર્તમાનપત્રમા તે લોકલબોર્ડના કામકાજસંબંધી કાઇપણ જાહેર ખબર દાખલ કરવામા આવે તે વર્તમાનપત્રમા તેનો ભાગ અથવા હિતસબધ હોવાથી, અથવા

(ક) ડિબેનચર ધારણ કર્યાથી અથવા જે કાંઇ કરજ તે લોકલબોર્ડ અથવા તેની તરફથી કાહાડવામા આવે તે કરજમા બીજી રીતે તેનો હિતસબંધ હોવાથી, અથવા

(ડ) તે લોકલબોર્ડની તરફથી કાયદાનો ધધો કરનાર તરીકે ધધાના સબબથી રોકાવાથી

૧૩૫ લોકલબોર્ડનો દરેક મેમ્બર, અને જિલ્લા લોકલ બોર્ડ ગખેલો અથવા કામે લગાડલો દરેક અમલદાર તથા નોકર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨ મી કલમના અર્થ પ્રમાણે સરકારી નોકર છે એમ સમજવુ

૧૩૬ (૧) કોઇપણ લોકલબોર્ડની ઉપર અથવા લોકલબોર્ડના કોઇપણ અમલદાર કે નોકરની ઉપર અથવા લોકલબોર્ડના હુકમ મુજબ કામ કરતો હોય એવા કોઇપણ સખસની ઉપર આ આકટની રૂએ કાંઈ પણ વાત કર્યા બાબત અથવા કરી છે એવુ માલમ પડતું હોય તે બાબત દાવો માડવો તે યોજેલા દાવાની તથા તેના કારણની સદરહુ લોકલબોર્ડને, અમલદારને, નોકરને અથવા સખસને એક મહિના અગાઉ લેખી નોટીસ આપ્યા સિવાય માડવો નહી, તથા જે કૃત્ય બાબત ફરિયાદી માડવાની હોય તે કૃત્યની તારીખથી ત્રણ મહિના થઇ ગયા પછી તે માડવી નહી

[૨] નુકસાન માટેના એવા કાંઈ દાવાની બાબતમા તે દાવો, માડ્યા પેહેલા પુરતો બદલો આપવાનુ કહ્યુ હોય તો સદરહુ પ્રમાણે આપવા માડેલી રકમના કરતા વાદીને વધારે મળશે નહી, અને સદરહુ પ્રમાણે આપવા માડ્યા પછી પ્રતિવાદીને હશે જે ખર્ચ થયો, તે સઘળો તેણે આપવો પડશે

૧૩૭ જ્યારે આ આકટના કારણો સારૂ કોઇપણ જમીન જોઇતી હોય ત્યારે, સરકાર જે લોકલબોર્ડને તે જોઇતી હોય તે લોકલબોર્ડની માગણી ઉપરથી, સન ૧૮૯૪ના જમીન લેવા બાબતના આકટના ઠરાવો મુજબ, તે લેવાનુ શરૂ કરવાને મુખત્યાર છે અને સદરહુ મુજબ આપવાનો બદલો તે લોકલબોર્ડ આપેથી, સદરહુ જમીન તે લોકલબોર્ડને પ્રાપ્ત થશે એમ સમજવુ

ભાગ ૩ જો.

દીવાની વિષયને લગતા કાયદાઓ.

સીવીલ પ્રોસીજર કોડ.

દિવાની ન્યાયાધિકારી કોર્ટોનું કામ ચલાવવાની રીત બાબતના કાયદા એકત્ર કરવાનો તથા સુધારવાનો આકટ.

(સને ૧૯૦૮ નો આકટ નંબર ૫ મો)

દિવાની ન્યાયાધીકારી કોર્ટોનુ કામ ચલાવવાની રીતબાબતના કાયદા એકત્ર કરવા તથા સુધારવા યોગ્ય છે, માટે આ ઉપરથી નીચે પ્રમાણે ઠરાવ્યુ છે—

પ્રારંભનો વિષય

૧ (૧) આ આકટને સને ૧૯૦૮ નો દિવાની કામ ચલાવવાની રીત બાબતનો કાયદો કહેવો,

(૨) તે સન ૧૯૦૯ ના જાનેવારી મહિનાની પેહેલી તારીખે અમલમા આવશે, અને (૩) આ કલમ તથા કલમો ૧૫૫ થી ૧૫૮ આખા બ્રિટીશ હિંદુસ્તાનને લાગુ છે, બાકીનો કાયદો, શેડયુલ્ડ ડિસ્ટ્રકટો સિવાય આખા બ્રિટીશ હિંદુસ્તાનને લાગુ છે,

૨ વિષયમા અથવા પૂર્વાપર સંબધમા કઇ બાધ ન આવે તો, આ આકટમા નીચેના શબ્દોનો અર્થ નીચે પ્રમાણે કરવો—

(૧) "કાયદો" આ શબ્દમા કાનુનોનો સમાવેશ થાય છે

(૨) 'હુકમનામુ" એટલે જે ઠરાવ ઉપરથી, ઠરાવ કહેનારી કોર્ટ પુરતો, ફરિયાદમા તકરારી હોય એવી સઘળી અથવા કોઇપણ બાબતના સંબધમા પક્ષકારોના હકકોનો નિર્ણયકારક રીતે નિકાલ થતો હોય તે ઠરાવ પદ્ધતિ પ્રમાણે કહેવો, અને તે પ્રાથમીક અથવા આખરનુ હોઈ શકે હુકમનામુ એ શબ્દમા ફરિયાદ અરજી નામજુર કરવાનો તથા ૪૭ મી અથવા ૧૪૪ મી કલમ પ્રમાણેની કોઇ પણ તકરારના નિકાલનો સમાવેશ થાય છે પણ તેમા નીચેની બાબતોનો સમાવેશ થતો નથી, એટલ,—

(અ) હુકમ ઉપરની અપીલ માફક જે કોઇ પણ ઠરાવ ઉપર અપીલ ચાલતી હોય તે ઠરાવનો, અથવા

(બ) કસુર માટે કાઢી નાખવાના કોઇ પણ હુકમના

ખુલાસો—ફરિયાદનો પૂર્ણ રીતે નિકાલ કરી શકાય તે પેહેલા વધારે કામ ચલાવવાનુ હોય છતા હુકમનામુ કર્યું હોય ત્યારે, તે હુકમનામુ પ્રાથમીક છે એમ સમજવુ, પણ જ્યારે એવા ઠરાવ ઉપરથી ફરિયાદનો પૂર્ણ રીતે નીકાલ થતો હોય ત્યારે તે આખરનુ છે એમ સમજવુ કોઇ પણ હુકમનામુ કેટલેક અંશે પ્રાથમીક ને કેટલેક અંશે આખરનુ હોઈ શકે,

(૩) "હુકમનામાવાળો" એટલે, હુકમનામુ અથવા બજાવી શકાય તેવો હુકમ જેની તરફેણમા થયો હોય એવો કોઇ માણસ સમજવો,

(૪) " ડિસ્ટ્રિક્ટ " એટલે, અવલ હકુમતવાળી મુખ્ય દિવાની કોર્ટ (જેને આમા આગળ ડિસ્ટ્રિક્ટ કોર્ટ એવુ નામ આપ્યુ છે તે) ની હકુકમતની સ્થાનિક હદ સમજવી, અને તેમા હૈ કોર્ટની સાધારણ અવલ દીવાની હકુમતની સ્થાનિક હદનો સમાવેશ થાય છે.

(૫) " પરરાજ્યની કોર્ટ " એટલે, જેની સત્તા બ્રિટિશ હિંદુસ્તાનમા ન હોય, અને જે ગવર્નર જનરલ ઇન કોઇન્સીલે સ્થાપેલી અથવા ચાલુ રાખેલી ન હોય, એવી બ્રિટીશ ઇંડીયાની હદ બહારની કોર્ટ સમજવી,

(૬) " પરરાજ્યનો ફેસલો " આ સંજ્ઞાનો અર્થ પરરાજ્ની કોર્ટનો ફેસલો એવો થાય છે,

(૭) "સરકારી પ્લીડર" એ સંજ્ઞામા, આ કાયદામા જે કામો સરકારી પ્લીડરે કરવા એમ સ્પષ્ટ રીતે કહેલું હોય તેવા બધા અથવા તેમાના કંઈ કામ કરવા સારૂ સ્થાનિક સરકારે જે કોઇ અમલદારને નિમ્યો હોય તેનો તેમજ એના સરકારી પ્લીડરના હુકમ પ્રમાણે કામ કરનાર કોઇપણ પ્લીડરનો સમાવેશ થાય છે

(૮) "જડજ" એટલે દિવાની કોર્ટનો અધ્યક્ષસ્થાને બેસનાર અમલદાર સમજવો

(૯) " ફેસલો " આ શબ્દનો અર્થ હુકમનામાના અથવા હુકમના કારણનુ જડજે કરેલુ બયાન એવો સમજવો

(૧૦) " હુકમનામાનો દેણદાર " એટલે જેની વિરૂદ્ધ હુકમનામુ અથવા બજાવી શકાય એવો હુકમ થયો હોય તેવો કોઇ સખસ સમજવો

(૧૧) " કાયદેસર વારસ વકીલ " એ સંજ્ઞાનો અર્થ જે સખસ કાયદા પ્રમાણે કોઇ મૈયત સખસની ઇસ્ટેટનો વારસ વકીલ હોય તે સખસ એવો થાય છે, અને તે સંજ્ઞામા જે કોઇ પણ સખસ મૈયતની ઇસ્ટેટનો કારભાર જોતો હોય તે સખસનો તથા જ્યારે કોઇ પક્ષકાર વારસ વકીલ તરીકે ફરિયાદ કરે અથવા જ્યારે કોઇ સખસના ઉપર વારસ વકીલ તરીકે ફરીયાદ થાય ત્યારે એવી રીતે ફરીયાદ કરનાર અથવા જેના ઉપર ફરિયાદ થઇ હોય તે પક્ષકારના મરણ પછી જે સખસને તે ઇસ્ટેટ પ્રાપ્ત થાય તે સખસનો સમાસ થાય છે

(૧૨) મિલકતની " દરમ્યાનની ઉપજ " એટલે, તે મિલકતનો ગેરવ્યાજબી કબજો રાખનાર માણસને તેની જે ખરેખરી ઉપજ મળી હોય તે, અથવા સાધારણ ઉપયોગથી તે જે ઉપજ મેળવી શકત તે ઉપજ તથા તે ઉપજનુ વ્યાજ, પણ તેમા ગેરવ્યાજબી કબજો રાખનારે કરેલા સુધારાથી થયેલા નફાનો સમાવેશ થતો નથી

(૧૩) "જંગમમિલકત" એમા ઉગતા તુલનો સમાવેશ થાય છે

(૧૪) "હુકમ" એટલે હુકમનામુ નહિ હોય એવા દિવાની કોર્ટનો કોઇ નિર્ણય પદ્ધતિ પ્રમાણે કહેવો તે

(૧૫) " પ્લીડર " એટલે, કોર્ટમા બીજાને હાજર થવાનો અને તેનો પક્ષ લઇને બોલાવવાનો જેને હક મળ્યો હોય તેવો કોઈ પણ સખસ સમજવો, અને તેમા એડવોકેટ, વકીલ અને હૈકોર્ડના અટર્નીનો સમાવેશ થાય છે

[૧૬] " ઠરાવેલુ " એટલે કાનુનો ઉપરથી ઠરાવેલુ

(૧૭) " સરકારી અલમદાર " એટલે નીચે લખેલા પ્રકારો પૈકી કોઇ પણ પ્રકારમા સમાવેશ થાય એવો કોઈ સખસ સમજવો એટલે—

(અ) દરેક જડજ,

(બ) ઇંડિયન સિવિલ સર્વિસનો દરેક આસામી

[ક] મલીક મુઆઝમની લશ્કરી અથવા આરમારી ફોજમાનો અથવા ઇંડિયન મરીન સર્વિસમાનો હરએક સનદી અથવા ગેઝીટેડ અમલદાર સરકારી નોકરી કરતો હોય ત્યા સુધી,

(ડ) ન્યાયની કોર્ટનો હરેક અમલદાર, જેનુ કામ, પોતાના હોદ્દાને લીધે, કાયદાની અથવા હકીકતની કોઇ બાબત ઉપર તજવીજ કરવાનુ કે રિપોર્ટ કરવાનુ હોય, અથવા કોઇ લેખ કરવાનુ કે કોઈ લેખના ખરાપણા વિશે સહી કરવાનુ કે તે લેખ રાખવાનું હોય, અથવા કોઇ મિલકત પોતાના હવાલામા લેવાનુ કે તેની વ્યવસ્થા કરવાનુ હોય, અથવા ન્યાયની બાબતની પ્રોસેસ બજાવવાનું હોય, અથવા કોર્ટમા કોઇ સોગન આપવાનુ કે અર્થ સમજાવવાનુ કે બંદોબસ્ત રાખવાનું હોય તે, તથા તે કામ માહેનું કોઇ પણ કામ કરવાને કોઈ ન્યાયની કોરટે ગુદામ અખતીયાર આપેલો હરકોઇ સખસ.

(ઇ) કોઇ સખસને કેદ કરવાનો અથવા કેદમા રાખવાનો અધિકાર જે હોદ્દાને લીધે મળે તેવો હોદ્દો ધરાવનાર હરકોઇ સખસ,

(ફ) સરકારનો હરએક અમલદાર જેનુ કામ, પોતાના હોદ્દાને લીધે, ગુન્હા અટકાવવાનુ ' ગુન્હાની ખબર આપવાનુ, ગુન્હેગારોને તેઓનો ઇન્સાફ થવા સારૂ કોર્ટોમા હાજર કરવાનુ, અથવા લોકોની તદુરસ્તી, સલામતી કે અનુકૂળતા સભાળવાનુ હોય તે,

(ગ) હરએક અમલદાર, જેનુ કામ, પોતાના હોદ્દાને લીધે, સરકારની વતી કોઇ માલમિલકત લેવાનુ, સ્વીકારવાનુ, રાખવાનુ કે ખરચવાનુ હોય, અથવા સરકારની વતી માપણી કરવાનુ કે જમાબધી કરવાનુ કે કરાર કરવાનુ હોય, અથવા મહેસુલ બાબતની કોઇપણ પ્રોસેસ બજાવવાનુ હોય, અથવા સરકારના પૈસા સબધી લાભની કઇ બાબતની તજવીજ કરવાનુ કે તે વિષે રિપોર્ટ કરવાનુ હોય અથવા સરકારના પૈસા સબધી લાભ બાબતનો કાંઈ લેખ કરવાનુ તેના ખરાપણા વિશે સહી કરવાનુ કે તે લેખ રાખવાનુ હોય અથવા સરકારના પૈસા સબધી સભાળને માટે કરેલા કોઇ કાયદા તોડાતા અટકાવવાનુ હોય તે અને,

(હ) હરએક અમલદાર જે સરકારની ચાકરીમા હોય કે સરકારનો પગાર ખાતો હોય, અથવા જેને કઇ સરકારી કામ કરવા સારૂ કમિશન મળતુ હોય તે,

(૧૮) " કાનુનો " એટલે પહેલા પરિશિષ્ટમા દાખલ કરેલી અથવા કલમ ૧૨૨ ની રૂયે અથવા કલમ ૧૨૫ ની રૂયે કરેલી હોય તે કાનુનો તથા નમુના

(૧૯) કારપોરેશનનો શેર " એ સજ્ઞામા સ્ટોકનો, ડિબેન્ચર સ્ટોકનો, ડિબેન્ચરોના અથવા બોન્ડોના સમાવેશ થાય છે એમ સમજવુ

(૨) " સહી કરેલુ ' એ સજ્ઞામા ફેસલો અથવા હુકમનામુ બાદ કરીને બીજા ઉપર છાપ મારેલાને સમાવેશ થાય છે

૩ આ કાયદાના કારણ સારૂ ડિસ્ટ્રિકટ કોર્ટ હાઇકોર્ટના તાબા હેઠળ છે, અને ડિસ્ટ્રિક કોર્ટથી હલકા દરજ્જાની દરેક દિવાની કોર્ટ તથા પ્રત્યેક સ્માલકાજ કોર્ટ, હાઇકોર્ટના અને ડિસ્ટ્રિકટ કોર્ટના તાબા હેઠળ છે એમ સમજવુ

૪ (૧) કોઇ પણ વિશેષ ઠરાવ વિરુદ્ધ ન હોય ત્યારે, આ કાયદામાના કોઇ પણ ઠરાવ ઉપરથી હાલ અમલમા હોય એવો કોઇ વિશેષ અથવા સ્થાનિક કાયદો અથવા વિદ્યમાન કાળે અમલમા હોય એવા બીજા કોઇ પણ કાયદા ઉપરથી અથવા તેની રૂએ આપેલી કોઇ પણ વિશેષ હકુમત અથવા સત્તા અથવા ઠરાવેલી કામ ચલાવવાની કોઇ પણ વિશેષ પદ્ધતિ મર્યાદિત થાય છે અથવા તેને બીજી રીતે બાધ આવે છે એમ સમજવુ નહિ.

(૨) વિશેષ કરીને અને પેટા કલમ (૧) મા જે સામાન્ય ઠરાવ કર્યો છે તેને બાધ ન આવે તે રીતે આ કાયદામાનો કોઇપણ ઠરાવ, વિદ્યમાન કાળે અમલમા હોય એવા કોઇપણ કાયદા ઉપરથી જમીનદારને અથવા જમીનના ધણીને ખેતીવાડીની જમીનનુ ગણોત એવી જમીનના ઉત્પન્નમાથી વસુલ કરવાનો જે ઇલાજ છે તે ઇલાજ મર્યાદિત થાય છે અથવા તેને બીજી રીતે બાધ આવે છે એમ સમજવુ નહી

૫ (૧) કોઇપણ રેવન્યુ કોર્ટોને લાગુ હોય એવા કોઇપણ ખાસ કાયદામા કામ ચલાવવાની કોઈ બાબતો વિષે મુદલ ઠરાવ ન હોય અને તે બાબતોમા આ કાયદાના ઠરાવો સદરહુ કોર્ટો લાગુ હોય ત્યારે સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરી એમ ફરમાવવાને મુખત્યાર છે કે સદરહુ ઠરાવોના જે ભાગ આ કાયદા ઉપરથી વિશેષ રીતે લાગુ કર્યા નહિ હશે તે સદરહુ કોર્ટોને લાગુ પડશે. અથવા તે ભાગ સ્થાનિક સરકાર ઉપર કહ્યા મુજબ મજુરી લઇને મુકરર કરે એવા ફેરફારો સહિત માત્ર લાગુ પડશે

(૨) પેટા કલમ (૧) માના 'રેવન્યુ કોર્ટ' એ શબ્દોનો અર્થ ખેતીના કારણ માટે વપરાતી જમીનના ગણોત, મેહેસુલ અથવા ઉપજ સબધી ફરિયાદો અથવા બીજા કામ અથવા કામો દાખલ કરવાની કોઇપણ સ્થાનિક કાયદાની રૂયે જેને હકુમત હોય એવી કોર્ટ થાય છે, પરતુ એવી ફરિયાદોનો ઇન્સાફ દિવાની કોર્ટનો સમાવેશ સદરહુ શબ્દોમા થતો નથી .

૬ બીજી રીતે ખાસ ઠરાવ્યુ હોય તેટલું બાદ કરીને કોઈ કોર્ટની સાધારણ હકુમતની પૈસા સબધી મર્યાદા [જો હોય તો તે] કરતા કોઇ ફરિયાદના વિષયની રકમ કે કિંમત વધી જતી હોય, તો આ આકટમાના કોઇ પણ ઠરાવ ઉપરથી તેવી ફરયાદો ઉપર તે કોર્ટને હકુમત મળતી નથી એમ સમજવુ

૭ (૧) સને ૧૮૮૭ ના પ્રોવિન્સિયલ સ્મોલકોઝ કોર્ટો બાબતના આકટની રૂયે સ્થાપેલી કોર્ટોને અથવા તે આકટની રૂયે સ્મોલકોઝ કોર્ટની હકુમત ચલાવનારી કોર્ટોને નીચેના ઠરાવ લાગુ પડશે નહિ. એટલે—

(અ) આ કાયદાનો જે ભાગ–

(૧) સ્મોલકોઝ કોર્ટોની હકુમતમાથી બાતલ કરેલી ફરિયાદોને લાગુ હોય, અથવા

(૨) એવી ફરિયાદોમા હુકમનામાની બજાવણીને લાગુ હોય

(૩) સ્થાવર મિલકત ઉપર કરવાના હુકમનામાની બજાવણીને લાગુ હોય, તે ભાગ, અને

(બ) નીચેની કલમો, એટલે —

કલમ ૯ કલમ ૯૧ તથા ૯૨ કલમો ૯૪ તથા ૯૫, તાકીદના હુકમને અથવા વચગાળેના હુકમને લાગુ હોય તેટલે સુધી, અને કલમો ૯૬ થી ૧૧૨ તથા ૧૧૫, લાગુ પડશે નહિ

૮ કલમો ૨૪, ૩૮ થી ૪૧, ૭૫, (અ), (બ), તથા (ક, ૭૬, ૭૭ તથા ૧૫૫ થી ૧૫૮ મા તથા સને ૧૮૮૨ ના પ્રેસિડેન્સિ સ્મોલકોઝ કોર્ટ આકટમા ઠરાવ્યુ છે તે સિવાયને પ્રસંગે, આ કાયદાના મુખ્ય ભાગમા લખેલા ઠરાવો, કલકત્તા, મદ્રાસ, તથા મુબઇ શહેરમા સ્થાપેલી કોઈપણ પ્રેસિડેન્સિ સ્મોલકોઝ કોર્ટ-માની કોઈપણ ફરિયાદમા અથવા કામમા લાગુ પડશે નહિ

ભાગ ૧ લો.

સામાન્ય રીતે ફરિયાદો વિશે.

કોર્ટોની હકુમત તથા નિર્ણિતવાત (રેસ જ્યુડિકેટા) વિશે

૯ જે ફરીયાદો સાભળવાની કોર્ટોને વિશેષ રીતે અથવા ગર્ભિત રીતે મનાઇ કરી હોય તે સિવાયની બધી દિવાની ફરીયાદોનો (આ કાયદામા જે ઠરાવો છે તેમને અનુસરીને) ઇનસાફ કરવાની હકુમત કોર્ટોને છે

ખુલાસો —જે ફરિયાદમા મિલકતના અથવા કામ કરવાના હક વિશે તકરાર હોય તે દિવાની ફરીયાદ કહેવાય પછી તે હકનો તમામ આધાર ધર્મ સબધી ક્રિયા અથવા વિધિ બાબતની તકરારોના નિર્ણય ઉપર હોય તેની ચીંતા નહિ

ટીકા — આ કલમ હાઇકોર્ટને લાગુ પડે છે પણ ઇલાકાની સ્મોલકોઝ કોર્ટને લાગુ પડતી નથી ગેરકાયદેસર કરારની રૂએ પૈસા આપ્યા હોય તો તે પાછા મળી શકે નહી (૨૪ કવી એ ડી ૭૫૨) જાણી બુજીને વેશ્યાને તેનો ધધો ચલાવવાને મકાન ભાડે આપ્યુ હોય, તેનુ ભાડુ લેવાનો દાવો ચાલી શકતો નથી લગનના અવેજ માટે દાવો ચાલી શકે છે

૧૦ કોઇ ફરીયાદમા જે તકરારી બાબત હોય તેજ પ્રત્યક્ષ અને વસ્તુત. તકરારી બાબત કોઈ પહેલા માડેલી ફરીયાદમા હોય, અને તે પહેલા માંડેની ફરીયાદના તેના તેજ પક્ષકારો વચ્ચે અથવા જે પક્ષકારો તરફથી તેઓ અથવા તેઓમાનો કોઈ પોતાને હક મળેલો કહેતો હોય અને તેજ હકથી વાદ કરતો હોય તેમની વચ્ચે, તેજ કોર્ટમા, અથવા તે દાદ આપવાની હકુમત હોય તેવી બ્રિટિશ ઇન્ડિયામાની બીજી કોઇ કોર્ટમા, અથવા બ્રિટિશ ઇન્ડિયાની હદની બહાર ગવર્નર જનરલ ઇન કાઉન્સિલે સ્થાપેલી અથવા ચાલુ રાખેલી અને તેવીજ હકુમતવાળી કોઇ કોર્ટમા અથવા મલિક મુઆઝમ ઇન કૌન્સિલની રૂબરૂ,—ચાલુ હોય તો, પછીની કોર્ટે ઇનસાફ કરવા માડવો નહિ

ખુલાસો—કોઇ ફરિયાદ પરરાજ્યની કોર્ટમા ચાલુ હોય તેટલા ઉપરથી તેજ દાવાના કારણને આધારે કરેલી ફરિયાદનો ઇન્સાફ કરવાની બ્રિટીશ ઇન્ડીયાની કોર્ટોને મનાઈ નથી

૧૧ એકજ હકથી વાદ ચલાવનારા તેના તેજ પક્ષકારોની દરમ્યાન અથવા જે પક્ષકારોની તરફથી

તેઓ કે તેઓમાનો કોઇ પોતાનો હક મળેલો કહેતો હોય તેમની દરમ્યાન પહેલા ચાલેલી કોઈ ફરિયાદમા જે બાબત પ્રત્યક્ષ અને વસ્તુત. તકરારી હોય તેજ બાબત કોઈ પાછળની ફરિયાદમા અથવા મુદ્દામા પ્રત્યક્ષ અને વસ્તુત તકરારી હોય અને તે પાછળની ફરિયાદ અથવા જે ફરિયાદમા તે મુદ્દો પાછળથી નીકળ્યો હોય તે ફરિયાદ સાભળવાના યોગ્ય અખત્યારવાળી કોર્ટે તે પ્રથમની ફરિયાદની ચોકશી કરી આખરનો નિકાલ કર્યો હોય તો તેવી પાછળની ફરિયાદની અથવા તેવા મુદ્દાની કોઈ કોર્ટે તજવીજ કરવી નહીં

ખુલાસો ૧—" પહેલા ચાલેલી કોઇ ફરિયાદમા " એ સજ્ઞાનો અર્થ જે ફરિયાદનો નિકાલ ચાલુ ફરિયાદ પહેલા થયો હોય તો તે ફરિયાદ એવો સમજવો, પછી તે એવી ચાલુ ફરિયાદ પહેલા માડવામા આવી હોય કે ન હોય તેની હરકત નહી

ખુલાસો ૨—આ કલમના કારણસારૂ, કોઇ કોર્ટને યોગ્ય અધિકાર છે કે નહિ તે વાતનો નિકાલ એવી કોર્ટના ઠરાવ સામે અપીલ કરવાના હકને લગતા ઠરાવો ઉપર ધ્યાન આપ્યા વગર કરવો

ખુલાસો ૩—ઉપર બાબત દર્શાવી તે પ્રથમની ફરિયાદમા એક પક્ષકાર છે એમ કહેવી જોઇયે, અને સામા પક્ષકારે સ્પષ્ટરીતે કે ગર્ભિત રીતે તે કબુલ અગર નાકબુલ કરવી જોઇયે

ખુલાસો ૪—તેવી પ્રથમની ફરિયાદમા દાવો માગવાના અથવા જવાબ આપવાના એક કારણ તરીકે જે બાબત બતાવી શકાત અને જે બતાવવી જોઇતી હતી, તે બાબત તે ફરિયાદમા પ્રત્યક્ષ અને વસ્તુત તકરારી બાબત છે એમ સમજવુ

ખુલાસો ૫—ફરિયાદ અરજીમા જે દાદ માગી હોય પણ જે હુકમનામામા સ્પષ્ટ રીતે ન આપવી હોય તે દાદ, આ કલમના કારણ સારૂ, આપવાની ના પાડી છે એમ સમજવુ,

ખુલાસો ૬—કોઇ સાર્વજનિક હક વિષે અથવા પોતાનો અને બીજાઓનો મળીને એકઠો દાવો રાખેલા કાઇ ખાનગી હક વિશે કાઇ સખસો શુદ્ધબુદ્ધિથી કોર્ટમા વાદ ચલાવતા હોય ત્યારે તે હકની સાથે લાગતા વળગતા બધા સખસો, આ કલમના કારણસારૂ, તે વાદ ચલાવનારા સખસો તરફથી હક રાખનાર સખસો છે એમ ગણવુ

૧૨ જ્યારે દાવાના કોઇપણ ચોકસ કારણના સબધમા જાન્તી ફરિયાદ માડવાનો વાદીને કાનુનના ઉપરથી પ્રતિબધ હોય ત્યારે આ કાયદો લાગુ હોય એવી કોઈ પણ કોર્ટમા એવા દાવાના કારણના સબધમા ફરિયાદ માડવાનો તેને હક પ્રાપ્ત થશે નહિ

૧૩ પરરાજ્યના જે કોઈ ફેસલાથી કોઇ બાબતનો નિકાલ એકજ હકથી વાદ ચલાવનાર તેના તેજ પક્ષકારોની દરમ્યાન અથવા જે પક્ષકારોની તરફથી તેઓ કે તેઓમાનો કોઇ પોતાને હક મળેલો કહેતો હોય તેમની દરમ્યાન પ્રત્યક્ષ થઇ ગયો હોય તે ફેસલો તે બાબતના સબધમા નિરૂત્તર થશે એમ સમજવુ, પણ નીચેને પ્રસગ તેમ થશે નહિ, એટલે -

(અ) તે ફેસલો યોગ્ય અધિકારવાળી કોર્ટે કર્યો નહિ હોય ત્યારે,

(બ) તે ફેસલો કામના ગુણદોષ તપાસીને આપ્યો નહિ હોય ત્યારે,

(ક) કામના કાગળ જોતાજ એમ જણાય કે દેશદેશના અરસપરસ વ્યવહારના કાયદા (ઇન્ટરનેશનલ લો) ની ભૂલભરેલી સમજથી અથવા બ્રિટિશ ઇંડીયાનો કાયદો જે મુકદમામા લાગુ પડતો હોય તેમા તે લાગુ પાડવા ના કહીને તે ફેસલો કરેલો હોય ત્યારે,

(ડ) તે ફેસલો જે કામમા મેળવ્યો હોય તે કામ વાસ્તવિક ન્યાયથી ઉલટુ હોય ત્યારે,

(ઇ) તે કપટથી મેળવેલો હોય ત્યારે

(ફ) બ્રિટિશ ઇંડિયામા અમલમા હોય એવો કોઇ કાયદો તોડીને તેને આધારે કરેલો દાવો તેમા સાબિત ઠરાવ્યો હોય ત્યારે,

૧૪ પરરાજ્યના ફેસલાની સહી સીકાવાળી નકલ દેખાતી હોય એવો કોઇ દસ્તાવેજ હાજર કરવામા આવે ત્યારે, લેખ ઉપરથી વિરૂદ્ધ પ્રકારે નજરે ન આવે તો, તે ફેસલો હકુમતવાળી કોર્ટે કર્યો હતો એવું અનુમાન કોર્ટે કરવુ પરતુ કોર્ટને હકુમત નહોતી એ વાત સાબિત કરીને તે અનુમાન રદ થઇ શકશે.

ફરિયાદ કરવાની જગા વિષે

૧૫ પ્રત્યેક ફરીયાદ, તેનો ઇન્સાફ કરવાનો સૌથી નીચેના દરજ્જાની જે કોર્ટને અખત્યાર હોય તે કોર્ટમા કરવી

૧૬ કોઇપણ કાયદામા પૈસાની અથવા બીજી મર્યાદા ફરમાવેલી હોય તે ઉપર નજર રાખીને,

(અ) ભાડુ, ગણોત અથવા ઉપજ સાથે અથવા તે વગર સ્થાવર મિલકત પાછી લેવાની દરેક ફરિયાદ,

(બ) સ્થાવર મિલકતની વહેચણ કરવાની દરેક ફરિયાદ,

(ક) ગીરો મુકેલી અથવા બોજો નાખેલી સ્થાવર મિલકતની બાબતમા તે ઉપરનો ગીરો છોડવાનો હક બધ કરવાની, તે વેચવાની અથવા તે ઉપરનો ગીરો હક છોડાવવાની દરેક ફરિયાદ

(ડ) સ્થાવર મિલકતમાનો અથવા તે ઉપરનો બીજો કોઈ હક અથવા સબધ નક્કી કરવાની દરેક ફરિયાદ

(ઇ) સ્થાવર મિલકતને કરેલી નુકસાનીનો બદલો લેવા બાબતની દરેક ફરિયાદ,

(ફ) ખરેખર કબજ કરેલી કે ટાચ મારેલી જગમમિલકત પાછી લેવાની દરેક ફરિયાદ

એ ફરિયાદો, જે કોર્ટની હકુમતની સ્થાનિક હદમા તે મિલકત હોય, તે કોર્ટમા કરવી,

પરતુ પ્રતીવાદીના કબજામા હોય અથવા તેની વતી બીજાના કબજામા હોય તેવી સ્થાવર મિલકત સબધી કઇ દાદ મળવવાની, અથવા તે સ્થાવર મિલકતને કરેલી નુકસાનીનો બદલા લેવાની ફરિયાદ કરવાની હોય તે જો માગેલી દાદ કોર્ટના હુકમ પ્રમાણે પ્રતીવાદી જાતે વર્તવાથી તમામ મળી શકે એમ હોય તો, જે કોર્ટની હકુમતની સ્થાનિક હદમા તે મિલકત હોય તે કોર્ટમા અથવા જે કોર્ટની હકુમતની સ્થાનિક હદમા તે પ્રતિવાદી ખરેખર ને આપ ખુશીથી રહેતો હોય કે ધધો ચલાવતો હોય કે કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય તે કોર્ટમા કરી શકાય

ખુલાસો—આ કલમમા "મિલકત" એનો અર્થ બ્રિટિશ ઇંડીયામા હોય તે મિલકત એવો સમજવો

૧૭ જ્યારે જુદી જુદી કોર્ટની હકુમતમા આવેલી સ્થાવર મિલકત બાબત અથવા સ્થાવર મિલકતને કરેલી નુકસાનીના બદલો લેવા બાબત દાદ મળવાની ફરીયાદ, જે કોઇ પણ કોર્ટની હકુમતની સ્થાનિક હદમા તે મિલકતનો કોઈ પણ ભાગ આવેલો હોય તે કોર્ટમા થઈ શકે

પરતુ ફરિયાદના વિષયની કિમત બાબતનો તમામ દાવો તે કોર્ટ સાભળી શકે એવો હોવો જોઇએ

૧૮ (૧) ફલાણી સ્થાવર મિલકત બે અથવા વધારે કોર્ટમાની કઇ કોર્ટની હકુમતની સ્થાનિક હદમા છે એ વાત અનિશ્ચિત હોવાનું જ્યારે કહેવામા આવે ત્યારે, જો સદરહુ કોર્ટમાની કોઇ પણ કોર્ટની એવી ખાત્રી થાય કે એ પ્રમાણે કહેવામા આવેલા અનિશ્ચિત પણા વિશે કાઇ આધાર છે તો તે મતલબનો મજકુર નોધવાનો તથા ત્યાર પછી સદરહુ મિલકત સબધી કોઇ પણ ફરિયાદ દાખલ કરવાનો તથા તેનો નિકાલ કરવાનો તે કોર્ટને અધિકાર છે, અને સદરહુ ફરિયાદમા તે કોર્ટનુ હુકમનામુ તે મિલકત તેની હકુમતની સ્થાનિક હદમા હોય તો જેવી રીતે અમલમા આવે તેવી રીતે અમલમા આવશે

પરતુ સદરહુ ફરિયાદ એવી હોવી જોઇએ કે બન્ને તેનો પ્રકાર તથા કિમત જોતા તેના સબધમા સદરહુ કોર્ટ હકુમત ચલાવવાને યોગ્ય હોય

(૨) જ્યાર પેટા કલમ (૧) પ્રમાણે મજકુર નોધવામા આવ્યો ન હોય અને સદરહુ મિલકત જ્યા આવેલી છે તે ઠેકાણે હકુમત ધારણ નહિ કરનારી કોર્ટે તે મિલકત સબધી ફરિયાદમા હુકમનામુ અથવા હુકમ કર્યો છે એવી હરકત અપીલ અથવા રિવિઝન કોર્ટ રૂબરૂ લેવામા આવી હોય ત્યારે, જો સદરહુ અપીલ અથવા રિવિઝન કોર્ટના અભિપ્રાયમા એમ આવે કે સદરહુ ફરિયાદ કરતી વખતે સદરહુ મિલકતના સબધમા કઈ કોર્ટને હુકુમત છે તે બાબત અનિશ્ચિતપણુ હોવાનો કાઇ પણ વાજબી સબબ ન હતો, અને તેથી કરીને અન્યાય થયો નથી તો તે કોર્ટે સદરહુ હરકત ચાલવા દેવી નહિ

૧૯ જ્યારે જાતને અથવા જગમ માલ મિલકતને કરેલી નુકસાનીના બદલા વાસ્તે ફરિયાદ હોય ત્યારે, જો તે નુકસાન એક કોર્ટની હકુમતની સ્થાનિક હદમા કર્યું હોય અને પ્રતિવાદી બીજી કોર્ટની હકુમતની સ્થાનિક હદમા રહતો હોય કે ધધો ચલાવતો હોય કે કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય, તો વાદી તે કોર્ટો પૈકી પોતાની નજરમા આવે તે કોર્ટમા ફરિયાદ કરી શકે

દષ્ટાંત

(અ) અ, દિલ્હીનો રહેનાર છે, તે બ, ને કલકત્તામા મારે છે, તો અ ના ઉપર બ, દિલ્હીમા અથવા કલકત્તામા ફરિયાદ કરી શકે

(બ) અ દિલ્હીનો રહેનાર છે, તે બ ની આબરૂને હાની પોચે એવો મજકુર કલકત્તામા પ્રસિદ્ધ કરે છે, અ ના ઉપર બ કલકત્તામા અથવા દિલ્હીમા ફરિયાદ કરી શકે

૨૦ ઉપર કહેલી મર્યાદા ઉપર નજર રાખીને, દરેક ફરિયાદ એવી કોર્ટમા કરવી કે જેની હકુમતની સ્થાનિક હદમા—

(અ) ફરિયાદ શરૂ થતી વખતે પ્રતિવાદી અથવા જો પ્રતિવાદી એક કરતા વધારે હોય તો દરેક પ્રતિવાદી ખરેખરા અને આપખુશીથી રહેતા હોય, અથવા ધધો ચલાવતા હોય, અથવા કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય અથવા

(બ) ફરિયાદ શરૂ થતી વખતે જો એક કરતા વધારે પ્રતિવાદીઓ હોય તો તે પૈકી કોઇ પ્રતિવાદી ખરેખરો અને આપ ખુશીથી રહેતો હોય, અથવા ધધો ચલાવતો હોય, અથવા કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય, પરતુ આવે પ્રસગે કોર્ટની પરવાનગી મેળવવી જોઇયે, અથવા જે પ્રતિવાદીઓ ઉપર કહ્યા પ્રમાણે રહેતા ન હોય, કે ધધો ચલાવતા ન હોય કે કમાઇને વાસ્તે જાતે કામ કરતા ન હોય તેમની તે ફરિયાદ માડવામા માન્યતા હોવી જોઇએ, અથવા

(ક) દાવાનુ કારણુ સર્વત. અથવા અશત ઉત્પન્ન થયુ હોય

ખુલાસો ૧ લો—જ્યારે કોઇપણ માણસનુ કાયમનુ રહેવાનુ ઘર એક ઠેકાણે હોય, અને માત્ર કઇ હગામી કામ સારૂ તેનો બીજે ઠેકાણે પણ મુકામ હોય, ત્યારે તેનો હગામી મુકામ હોય ત્યા કઈ દાવાનુ કારણુ ઉત્પન્ન થાય તે બાબતમા તે બને ઠેકાણે રહે છે એમ ગણવુ

ખુલાસો ૨ જો—કોઈ કારપોરેશન બ્રિટિશ ઇંડિયામાની પોતાની એકની એક અથવા મુખ્ય ઓફિસમા ધધો ચલાવે છે એમ ગણવુ અથવા જે ઠેકાણે તેના તાબાની ઓફિસ પણ હોય તે ઠેકાણે ઉત્પન્ન થતા દાવાના કારણની બાબતમા તે તેવે ઠેકાણે ધધો ચલાવે છે એમ ગણવુ

દષ્ટાંતો

(અ) અ કલકત્તામા વેપાર કરે છે, બ દિલ્હીમા ધધો ચલાવે છે, મ પોતાના કલકત્તાના આડતીયાની મારફતે અ ની પાસેથી માલ ખરીદ કરે છે, અને તે માલ ઇસ્ટઇંડિયા રેલવે કપનીને સ્વાધીન કરવાને અ ને કહે છે, અ તે પ્રમાણે કલકત્તામા માલ સ્વાધીન કરે છે, અ માલની કિમતને વાસ્તે બ ના ઉપર જ્યા દાવાનુ કારણુ બન્યુ છે ત્યા, એટલે, કલકત્તામા, અથવા જ્યા બ ધધો ચલાવે છે ત્યા, એટલે દિલ્હીમા ફરિયાદ કરી શકે

(બ) અ સિમલામા, બ કલકત્તામા અને ક દિલ્હીમા રહે છે અ બ ક, બનારસમા એકઠા થયા અને ત્યા બ અને ક એ, જ્યારે ધણી માગે ત્યારે એકમતે દેવા એવી વાયદાચિઠ્ઠી [પ્રૉમિસરી નોટ] લખી આપીને તે અ ને સ્વાધીન કરી અ જ્યા દાવાનુ કારણુ બન્યુ ત્યા, એટલે બનારસમા બ અને ક ના ઉપર ફરિયાદ માડી શકે, વળી તે જયા બ રહે છે ત્યા, એટલે કલકત્તામા, અથવા જ્યા ક રહે છે ત્યા એટલે, દિલ્હીમા, તેમના ઉપર ફરિયાદ માડી શકે, પરતુ તે બન્ને પ્રસગે, તે ઠેકાણે ન રહેનારો પ્રતિવાદી હરકત લે તો કોર્ટની રજા વગર ફરિયાદ ચલાવી શકાય નહિ

૨૧ ફરિયાદ કરવાની જગા સબધી કોઇપણ હરકત અવલ કોર્ટમા બનતી પહેલી તકે અને જે બાબતમા મુદ્દા ઠરાવવામા આવતા હોય તે દરેક બાબતમા મુદ્દા ઠરાવવામા આવે ત્યારે અથવા તે પહેલા લેવામા આવી ન હોય અને એવી અન્યાય થયો ન હોય તો, તે હરકત કોઇપણ અપીલ કોર્ટ અથવા રિવિઝન કોર્ટ લેવા દેવી નહિ

૨૨ જ્યારે કોઇપણ ફરિયાદ બે અથવા વધારે કોર્ટોમાની કોઇપણ એક કોર્ટમા માડી શકાય એમ હોય અને તે એવી કોર્ટોમાની એકાદી કોર્ટમા માડી હોય ત્યારે, કોઇપણ પ્રતિવાદી બીજા પક્ષકારોને નોટીસ આપ્યા પછી, બની શકે તેટલી વહેલી જોગવાઇએ અને મુદ્દા ઠરાવવામા આવતા હોય તે દરેક બાબતમા

એવા મુદ્દા ઠરાવવામા આવે ત્યારે અથવા તે પહેલા, સદરહુ ફરિયાદ બીજી કોઇ કોર્ટમા મોકલવા માટે અરજ કરી શકે, અને જે કોર્ટને એવી અરજ કરી હોય તે કોર્ટમા તે ફરિયાદ સદરહુ બીજા પક્ષકારો કઇ હરકત લે તો તેનો વિચાર કર્યા પછી, હકુમતવાળી કોર્ટો પૈકી કઇ કોર્ટમા તે ફરિયાદ ચલાવવી એનો નિર્ણય કરવો

૨૩ (૧) જ્યારે હકુમતવાળી એવી અનેક કોર્ટો એકજ અપીલ કોર્ટોના તાબામા હોય ત્યારે, ૨૨ મી કલમ મુજબની અરજી તે અપીલ કોર્ટને કરવી

(૨) જ્યારે એવી કોર્ટો જુદી જુદી અપીલ કોર્ટોના પણ એકજ હાઇકોર્ટના તાબામા હોય ત્યારે સદરહુ અરજી હાઇકોર્ટને કરવી,

(૩) જ્યારે એવી કોર્ટો જુદી જુદી હાઇકોર્ટોના તાબામા હોય ત્યારે, જે કોર્ટમા ફરિયાદ આણી હોય તે કોર્ટ જે હાઇકોર્ટની હકુમતની સ્થાનિક હદમા હોય તે હાઇકોર્ટને સદરહુ અરજી કરવી

૨૪ (૧) પક્ષકારો પૈકી કોઇની અરજી ઉપરથી તથા પક્ષકારોને નોટીસ આપીને તથા તેમનામાથી જેમને કઇ જણાવવાનુ હોય તેમનું સાભળીને અથવા પોતાનીજ મેળે તેવી નોટીસ આપ્યા સિવાય, હાઇકોર્ટ અથવા ડિસ્ટ્રીકટ કોર્ટ, ફરિયાદ ચાલતા ગમે તે વખતે—

(અ) પોતાની આગળ ચાલતી કોઇપણ ફરિયાદ અથવા અપીલ અથવા બીજુ કામ, પોતાના તાબાની અને એવી ફરિયાદ અથવા અપીલ અથવા કામનો ઇન્સાફ કરવાનો અથવા નિકાલ કરવાનો અધિકાર હોય તે કોર્ટમા ઇનસાફ અથવા નિકાલ થવા સારૂ મોકલવાને, અથવા

(બ) પોતપોતાના તાબાની કોઇ કોર્ટમા ચાલતી કોઇપણ ફરિયાદ અથવા અપીલ અથવા બીજુ કામ કાઢી લઇને—

(૧) તેનો પોતેજ ઇન્સાફ અથવા નિકાલ કરવાને, અથવા

(૨) પોતાના તાબાની અને એવી ફરિયાદ અથવા અપીલ અથવા કામનો ઇન્સાફ અથવા નિકાલ કરવાનો અધિકાર હોય તેવી કોઇપણ કોર્ટમા ઇન્સાફ અથવા નિકાલ કરવા સારૂ તે મોકલવાને, અથવા

(૩) જે કોર્ટમાથી તે પાછુ ખેચી લેવામા આવ્યુ હોય તે કોર્ટમા તેનો ઇન્સાફ અથવા નિકાલ થવા સારૂ પાછુ મોકલવાને, મુખત્યાર છે

(૨) જ્યારે કોઇપણ ફરિયાદ અથવા કામ પેટા કલમ (૧) ની રૂએ બીજી કોર્ટમા મોકલવામા આવ્યુ હોય અથવા બીજી કોર્ટમાથી પાછુ ખેચી લેવામા આવ્યુ હોય ત્યારે, તે ફરિયાદનો ત્યાર પછી ઇનસાફ કરનારી કોર્ટ, મોકલવાનો હુકમ કર્યો હોય તે પ્રસગે તે હુકમમા જે વિશેષ ફરમાન કર્યુ હોય તેને પાત્ર તેનો ફરી ઇનસાફ કરવાને અથવા જેટલુ કામ ચાલ્યા પછી તે મોકલવામા આવી હોય અથવા પાછી ખેચી લેવામા આવી હોય તેટલા કામ પછી આગળ કામ ચલાવવાને મુખ્યત્યાર છે

(૩) આ કલમના કારણ સારૂ, એડિશનલ અને આસિસ્ટન્ટ જડજોની કોર્ટો, ડિસ્ટ્રિકટ કોર્ટના તાબાની કોર્ટો છે એમ ગણવુ

(૪) આ કલમ પ્રમાણે સ્મોલકૉજ કોર્ટમાથી મોકલાવેલી અથવા કાઢી લીધેલી કોઇ ફરિયાદનો ઇનસાફ કરનારી કોર્ટ, તે ફરિયાદની બાબતમા, સ્મોલકોઝ કોર્ટ છે એમ ગણવુ

૨૫ (૧) જ્યા એકજ જડજ અધ્યક્ષસ્થાને બેસતો હોય એવી હાઇકોર્ટમા ચાલતી કોઇપણ ફરિયાદ, અપીલ અથવા બીજા કામનો કોઇપણ પક્ષકાર એવી હરકત લે કે એવા જડજે તે ફરિયાદ અથવા અપીલ અથવા બીજુ કામ સાભળવુ નહિ, એને સદરહુ જડજની એવી ખાતરી થાય કે સદરહુ હરકત માટે વાજબી સબબ છે ત્યારે તેણે ગવર્નર ઇન કાઉન્સિલને રીપોર્ટ કરવો, અને તે એવી ફરિયાદ, અપીલ અથવા બીજુ કામ, ઇંડિયા ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને બીજી કોઇકોર્ટમા મોકલવાને મુખત્યારછે.

(૨) એવી કોઇપણ ફરિયાદ, અપીલ અથવા બીજુ કામ જે કોર્ટમા પ્રથમ માડ્યુ હોય તે કોરટે એવે પ્રસગે જે કાયદો લાગુ કરવો જોઇતો હતો, તેજ કાયદો એવી રીતે મોકલાવેલી ફરિયાદ, અપીલ અથવા બીજા કામને લાગુ પડશે.

ફરિયાદો માંડવા વિશે.

૨૬ પ્રત્યેક ફરિયાદ, ફરિયાદઅરજી આપીને અથવા ઠરાવવામા આવે તેવી બીજી રીતે માંડવી

સમન કરવા તથા (દસ્તાવેજોની) શોધ લાવવા વિશે

૨૭ ફરિયાદ યોગ્ય રીતે માંડવામા આવે તે પ્રસંગે, પ્રતિવાદીને હાજર થઇને દાવાનો જવાબ આપવાનો સમન કાઢવાનો તથા ઠરાવેલી રીતે બાજાવવાનો અધિકાર છે

૨૮ (૧) બીજા પ્રાતમા બજાવવા સારૂ મોકલવાનો સમન સદરહુ પ્રાતમા અમલમા હોય એવી કાનુનોમા ઠરાવવામા આવે તે કોર્ટને તથા તે રીતે મોકલવાનો અધિકાર છે

(૨) જે કોર્ટને એવો સમન મોકલવામા આવે તે કોર્ટે, સમન પોચે એટલે, જાણે પોતેજ તે સમન કાઢ્યો હોય તેવી રીતે તજવીજ કરવી અને પછી તેના સબંધમા કાઇ કામ ચાલ્યુ હોય તો તેના લખાણ સહિત તે સમન જે કોર્ટે કાઢ્યો હોય તે કોર્ટમા પાછો મોકલવો

૨૯ બ્રિટીશ ઇંડિયાની હદ બહારની કોઇપણ દિવાની કે મુલકી કોર્ટે કાઢેલા સમન બ્રિટીશ ઇંડિયામાની કોર્ટમા મોકલવાનો અને બ્રિટીશ ઇંડિયાની કોર્ટે કહાડેલા સમન પ્રમાણે તે બજાવવાનો અખત્યાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે, એવા સમન કાઢનારી કોર્ટો ગવર્નર જનરલ ઇન કૌસિલના હુકમથી સ્થાપેલી અથવા ચાલુ રાખેલી હોવી જોઇએ, અથવા ગવર્નર જનરલ ઇન કૌસિલે, ઇંડિયા ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને આ કલમના ઠરાવ સદરહુ પ્રકારની કોર્ટોને લાગુ છે એમ જાહેર કરેલુ હોવુ જોઇએ

૩૦ ઠરાવવામા આવે તેવી શરતોને તથા મર્યાદાને પાત્ર, કોર્ટ ગમે તે વખતે પોતાની મેળે અથવા કોઇપણ પક્ષકારની અરજી ઉપરથી નીચે પ્રમાણે કરવાને મુખત્યાર છે, એટલે—

(અ) સવાલનામુ આપવા તથા તેનો જવાબ દેવા સબંધી, દસ્તાવેજો તથા હકીકતો કબુલ કરવા સબધી, તથા પુરાવા તરીકે રજુ કરી શકાય એવા દસ્તાવેજો અથવા બીજી મહત્વની વસ્તુનો શોધ લાવવા સબંધી, તથા તે જોવા હાજર કરવા અટકાવી રાખવા તથા પાછા આપવા સબધી સઘળી બાબતોમા જરૂરની અથવા યોગ્ય હોય એવો હુકમ કરવાને,

(બ) જે સખસોને જબાની આપવા અથવા દસ્તાવેજો રજુ કરવા અથવા ઉપર કહેલા પ્રકારની બીજી વસ્તુઓ રજુ કરવા હાજર થવાની જરૂર હોય તે સખસોને સમન કરવાને,

(ક) કોઈ હકીકત સોગનનામુ આપીને સાબિત કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે

૩૧ કલમો ૨૭, ૨૮ તથા ૨૯ ના ઠરાવો, સાક્ષી આપવાના સમનને અથવા દસ્તાવેજ અથવા બીજી મહત્વની વસ્તુઓ રજુ કરવાના સમનને લાગુ પડશે

૩૨ ૩૦ મી કલમની રૂયે જેના ઉપર સમન કઢ્યો હોય તે સખસને હાજર થવાનુ ફરમાવવાને અને તે કારણ માટે નીચે પ્રમાણે કરવાને કોઈ પણ કોર્ટ મુખત્યાર છે, એટલે—

(અ) તેને પકડવાનુ વારંટ કાઢવાને,

(બ) તે મિલકત જપ્ત કરીને વેચવાને અને

(ક) તેને વત્તામા વત્તા ૫૦૦ રૂપિયા સુધીનો દંડ કરવાને,

(ડ) હાજર રહેવા સારૂ જામીન આપવાનુ ફરમાવવાને અને તે હાજર ન થાય તો તેને દિવાની તુરગમા મોકલવાને

ફેંસલા અને હુકમનામા વિશે

૩૩, કોર્ટે મુકદમાની સુનાવણી થયા પછી, ફેંસલો કહી સભળાવવો, અને એવા ફેસલાને અનુસરીને હુકમનામુ હોવુ જોઇએ

વ્યાજ વિશે

૩૪ (૧) જ્યારે અને જેટલે સુધી હુકમનામુ પૈસા આપવા બાબતનુ હોય ત્યારે અને તેટલે સુધી કોર્ટે જે મુદ્દલ રકમ અપાવવાનો ઠરાવ કર્યો હોય તેનુ ફરિયાદ માડયા પહેલાની કઇ પણ મુદતનુ વ્યાજ અપાવ્યા ઉપરાત, ફરિયાદની તારીખથી તે હુકમનામાની તારીખ સુધીનુ પોતાને વ્યાજબી લાગે તે દરથી તે મુદ્દલ રકમ ઉપર વ્યાજ આપવવાનો હુકમનામામા હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે, વળી તેની સાથે આ પ્રમાણે કુલ રકમ ઠરાવવામા આવે તેનુ હુકમનામાની તારીખથી

વસુલની તારીખ સુધીનું, અથવા તેમના પહેલાની કોર્ટને યોગ્ય લાગે તે તારીખ સુધીનુ કોર્ટ જે વ્યાજબી ધારે તે વ્યાજ અપાવવાને હુકમનામામા હુકમ કરવાને પણ કોર્ટ મુખત્યાર છે

(૨) ઉપર કહ્યા પ્રમાણેની કુલ રકમનુ હુકમનામાની તારીખથી વસુલની તારીખ સુધીનું અથવા તેની પહેલાની બીજી કોઇ તારીખ સુધીનુ વધારે વ્યાજ આપવા સબધી જ્યારે સદરહુ પ્રકારના હુકમનામામા ઠરાવ ન હોય ત્યારે, તે કોર્ટે એવુ વ્યાજ અપાવ્યુ નથી એમ સમજવુ, અને તેને માટે જુદી ફરિયાદ ચાલશે નહિ

ખરચ વિશે

૩૫ (૧) ઠરાવવામા આવે તેવી શરતો તથા મર્યાદાને પાત્ર તથા વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇપણ કાયદાના ઠરાવોને પાત્ર, સઘળી ફરિયાદોનો તથા તેમને લગતો ખરચ અપાવવો તે કોર્ટની મરજી ઉપર છે, અને એવો ખરચ કોણે આપવો, કઇ મિલકતમાથી આપવો અને કેટલો આપવો તે ઠરાવવાનો અને તે કારણ સારૂ જરૂરના સઘળા હુકમ કરવાનો કોર્ટને પુર્ણ અધિકાર છે સદરહુ ફરિયાદનો ઇન્સાફ કરવાની કોર્ટને હકુમત ન હોય એટલા ઉપરથી સદરહુ અધિકાર ચલાવવાને હરકત આવે છે એમ સમજવુ નહિ.

(૨) જ્યારે (કોઇ ફરિયાદનો) ખરચ તેના નિકાલને અનુસરતી રીતે ન આપવાનુ કોર્ટ ફરમાવે, ત્યારે તેણે પોતાના કારણ લખવા

(૩) ખરચ ઉપર દર વરસે દર સેકડે છ ટકા સુધીના દરનું વ્યાજ અપાવવાને કોર્ટ મુખત્યાર છે અને તે વ્યાજ ખરચમા ઉમેરવુ અને તે પ્રમાણે વસુલ કરવુ

૩૫ અ (૧) કોઇપણ ફરિયાદ કે બીજુ કામ કે જે અપીલ નહી હોય તેમા કોઇપણ પક્ષકાર દાવો અથવા બચાવ અથવા તેમાનો કોઇપણ ભાગ જે પક્ષકારે તે કર્યો હોય તે પક્ષકારના જાણવા પ્રમાણે હરકત લેનાર વિરૂદ્ધ ખોટા અથવા ત્રાસદાયક છે, એવા કારણસર દાવામા અથવા બચાવમા હરકત લે અને જો ત્યાર પછી સદરહુ દાવો કે બચાવ આખો અથવા તેનો કોઇ ભાગ હરકત લેનાર વિરૂદ્ધ કાઢી નાખવામા આવે છોડી દેવામા આવે કે પાછો ખેચી લેવામા આવે તો જો હરકત સૌથી પહેલી તકે લેવામા આવી હોય તથા હરકત વ્યાજબી છે એમ તેની ખાત્રી થાય તો, કોર્ટ સદરહુ દાવો કે બચાવ ખોટો અથવા ત્રાસદાયક છે એવુ માનવાના કારણ નોધ્યા પછી એવો દાવો અથવા બચાવ કરનાર પક્ષકાર પાસે હરકત લેનારને નુકસાની તરીકે ખરચની રકમ અપાવવાને હુકમ કરવા મુખત્યાર છે

(૨) કોઇપણ કોર્ટે એક હજાર રૂપિયા અથવા નાણા સબધી પોતાની હકુમતની જે હદ હોય તે હદની રકમ, એમાની જે રકમ ઓછી હોય તે રકમ કરતા વધારે આપવા માટે એવો કોઇપણ હુકમ કાઢવો નહિ

પણ એવુ ઠરાવ્યુ છે કે સન ૧૮૮૭ ના જીલ્લા સ્મોલકોઝ કોર્ટ આકટ મુજબની સ્મોલકોઝ કોર્ટની હકુમતનો અમલ કરજ તથા તે આકટની રુએ બનેલી નહિ હોય એવી કોઇપણ કોર્ટની નાણા સબધી હકુમતની હદ બસો પચાસ રૂપિયા કરતા ઓછી હોય તો, હાઇકોર્ટ આ કલમ મુજબ બસો પચાસ રૂપિયા કરતા વધારે નહિ હોય તથા તે હદથી એકસો રૂપિયા કરતા વધારે નહિ હોય એવી રકમ ખરચ તરીકે અપાવવાને સદરહુ કોર્ટને સત્તા આપવાને મુખત્યાર છે

વળી એવુ ઠરાવ્યુ છે કે, કોઇપણ કોર્ટને અથવા કોઇપણ વર્ગની કોર્ટને આ કલમ મુજબ જે રકમ ખરચ તરીકે અપાવવાની સત્તા હોય તે રકમની હદ ઠરાવવાને હાઇકોર્ટ મુખત્યાર છે

(૩) આ કલમની રૂયે જે સખસ વિરૂદ્ધ હુકમ કરવામા આવ્યો હોય તે સખસને સદરહુ હુકમના સબબસર તેણે કરેલા કોઇપણ દાવા કે બચાવના સબધમા ફોજદારી જવાબદારીમાથી માફી આપવામા આવશે નહિ

(૪) ખોટા અથવા ત્રાસદાયક દાવા અથવા બચાવના સબધમા આ કલમ મુજબ આપવામા આવેલી કોઇપણ નુકશાની ભરી આપવા માટેની રકમ એવા દાવા અથવા બચાવવાના સબધમા ત્યારપછી માંડેલી નુકશાની માટેની ફરીયાદમા ગણવામા આવશે

ભાગ ૨ જો.

બજાવણી વિશે.

સામાન્ય

૩૬ હુકમનામાની બજાવણી સબંધી આ કાયદાના ઠરાવો, લાગુ પડે ત્યા સુધી, ઉપરની બજાવણીને લાગુ પડે છે એમ સમજવુ

૩૭ 'હુકમનામુ કરનારી કોર્ટ' આ અથવા એવાજ અર્થના શબ્દો હુકમનામાની બજાવણીના સબંધમા વાપર્યા હોય ત્યારે, વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી કાંઇપણ બાધ આવતો ન હોય તો તેમા—

(અ) બજાવવાનુ હુકમનામુ અપીલ સબધી હકુમત ચાલાવીને કરવામા આવ્યુ હોય ત્યારે, અવલ ઇન્સાફ કરનારા કોર્ટનો અને

(બ) અવલ ઇન્સાફ કરનારી કોર્ટનુ અસ્તિત્વ બંધ થયુ હોય અથવા તે બજાવવાની તેની હકુમત બંધ થઈ હોય ત્યારે, જે ફરિઆદમા હુકમનામુ થયુ હોય તે ફરિયાદ, એવુ હુકમનામુ બજાવવાની દરખાસ્ત કરતી વખતે થઇ હોત તો તેનો ઇન્સાફ કરવાની હકુમત જે કોર્ટને હોત તે કોર્ટનો સમાવેશ થાય છે એમ સમજવુ

કઇ કોર્ટોથી હુકમનામાં બજી શકે તે વિશે

૩૮. કોઇપણ હુકમનામુ, જે કોર્ટે તે કર્યું હોય તે કોર્ટથી, અથવા જે કોર્ટને સારૂ મોકલ્યુ હોય તે કોર્ટથી બજી શકે

૩૯ (૧) હુકમનામુ કરનારી કોર્ટ, હુકમનામાવાળાની અરજ ઉપરથી નીચે લખેલે પ્રસંગે, તે હુકમનામુ બીજી કોર્ટને બજાવવા સારૂ મોકલવાને મુખત્યાર છે--

(અ) જેના ઉપર હુકમનામુ થયુ હોય તે સખસ તે બીજી કોર્ટની હકુમતની સ્થાનિક હદમા ખરેખર અને ખુશીથી રહેતો હોય કે ધધો ચાલાવતો હોય કે કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય તો અથવા

(બ) હુકમનામુ કરનારી કોર્ટને હકુમતની સ્થાનિક હદમા, તે હુકમનામુ પુરૂં થાય એટલી તે સખસની મિલકત ન હોય, અને તે બીજી કોર્ટની હકુમતની સ્થાનિક હદમા તેની મિલકત હોય તો, અથવા

(ક) હુકમનામુ કરનારી કોર્ટની હુકુમતની સ્થાનિક હદની બહારની સ્થાવર મિલકત વેચવાને અથવા સ્વાધિન કરવાને હુકમનામામા ફરમાવ્યુ હોય તો અથવા

(ડ) હુકમનામુ કરનારી કોર્ટને બીજા કોઇ કારણથી એમ લાગે કે તે બીજી કોર્ટે હુકમનામુ બજાવવુ જોઇએ તો, આ કારણ કોર્ટે લખી રાખવુ જોઇએ

(૨) હુકમનામુ કરનારી કોર્ટે પોતાને મનથી તે હુકમનામુ બજાવવા સારૂ પોતાના તાબાની કોઇ યોગ્ય અધિકારવાળી કોર્ટને મોકલવાને મુખત્યાર છે

૪૦ જ્યારે હુકમનામુ બીજા પ્રાતમાની કોર્ટમા બજાવવા સારૂ મોકલવાનુ હોય ત્યારે, એવા પ્રાતમા અમલમા હોય તેવી કાનુનોમા ઠરાવ્યા પ્રમાણે મોકલવુ તથા ઠરાવેલી રીતે તે બજાવવુ

૪૧ બજાવણી સારૂ જે કોર્ટને હુકમનામુ મોકલ્યુ હોય તે કોર્ટ, તે બજાવ્યાની વાત, અથવા તે બજાવવાનુ ન બને તો જે હકીકતોને લીધે તે બજાવવાનુ ન બન્યુ હોય તે હકીકતો, હુમમનામુ કરનારી કોર્ટને લખી જણાવવી

૪૨ જે કોર્ટને હુકમનામુ બજાવવા સારૂ મોકલ્યુ હોય તે કોર્ટને હુકમનામુ બજાવવામા, જાણે તે મોકલેલુ હુકમનામુ પોતેજ કર્યું હોય તો તે બજાવવામા પોતાને જે અખત્યાર હોય તેજ અખત્યાર ગણાશે, આવુ હુકમનામુ બજાવવામા હરકત કરનારા અથવા હુકમ ન માનનારા સઘળા સખસોને તે કોર્ટ જાણે તે હુકમનામુ પોતેજ કર્યું હોય તે રીતે શિક્ષા કરશે અને તે હુકમનામુ બજાવવામા તે કોટના હુકમોને, જાણે તે હુકમનામુ પોતેજ કર્યું હોય તેવી રીતે, અપીલ સબધી નિયમો લાગુ પડશે

૪૩. બજાવણી સબંધી ઠરાવો લાગુ ન હોય એવા બ્રિટિશ હિંદુસ્તાનના કોઇપણ ભાગમા સ્થપાયલી દિવાની કોર્ટનુ અથવા કોઇપણ પરરાજાના અથવા સસ્થાનના મુલકમાની ગવર્નર જનરલ ઇન કૌંસિલના હુકમથી સ્થપાયલી અથવા ચાલુ રાખવામા આવેલી કાઇ કોર્ટનુ હુકમનામુ, તે કરનારી કોર્ટની હકુમતમા બજી શકે નહી તો, આ કાયદામા ઠરાવ્યુ છે તે રીતે બ્રિટીશ ઇંડિયાની કોઇ પણ કોર્ટની હકુમતમા બજાવી શકાય

૪૪. ગવર્નર જનરલ ઇન કૌન્સલ, ઇંડિઆ ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, માલીક મુઆઝમ સાથે દોસ્તીમા હોય તેવા કોઇ દેશી રાજાના અથવા સસ્થાનના મુલકમા અને ગવર્નર જનરલ ઇન કૌન્સિલના હુકમથી સ્થપાયલી અથવા ચાલુ રાખેલી ન હોય તેવી કોઇ દિવાની અથવા મુલકી કોર્ટોના હુકમનામામા અથવા એવા વર્ગના કોઇપણ હુકમનામા, જાણે તે બ્રિટીશ ઇન્ડીઆમાની કોર્ટોએ કર્યા હોય તે રીતે, બ્રિટીશ ઇન્ડીઆમા બજાવી શકાય એવુ ઠરાવવાને મુખ્ત્યાર છે

૪૫ આ ભાગની ઉપરની કલમોમાના જે ઠરાવોમા એક કોર્ટને હુકમનામુ બીજી અથવા સસ્થાનના મુલકોમાની ગવર્નર જનરલ ઇન કૌન્સિલના હુકમથી સ્થપાયલી અથવા ચાલુ રાખવામા આવેલી જે કોઇપણ કોર્ટને ગવર્નર જનરલ ઇન કૌન્સિલે, ઇન્ડિયા ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને આ કલમ લાગુ પાડી હોય તે કોર્ટને હુકમનામુ બજાવવા સારૂ મોકલવાનો અધિકાર બ્રિટીશ ઇન્ડિઆમાની કોઈ પણ કોર્ટને મળે છે એવો સદરહુ ઠરાવોનો અર્થ કરવો

૪૬ (૧) હુકમનામાવાળાની દરખાસ્ત ઉપરથી, હુકમનામુ કરનારી કોર્ટ પોતાને યોગ્ય લાગે ત્યારે, એવુ હુકમનામુ બજાવવાનો અધિકાર હોય તેવી બીજી કોઇપણ કોર્ટ ઉપર પ્રીસેપ્ટ કાઢીને હુકમનામાના દેણદારની જે મિલકત સદરહુ પ્રીસેપ્ટમા લખી હોય તે જપ્ત કરવાનુ ફરમાવવાને મુખ્ત્યાર છે

(૨) જે કોર્ટ ઉપર પ્રીસેપ્ટ મોકલી હોય તે કોર્ટે સદરહુ મિલકત, હુકમનામાની બજાવણીમા મિલકત જપ્ત કરવા સબંધી જે રીત ઠરાવી છે તે રીતે, જપ્ત કરવા માડવી

પણ એવુ ઠરાવ્યુ છે કે પ્રીસેપ્ટ મુજબ ચલાવવાનુ જપ્તીનુ કામ, જપ્તીની મુદત હુકમનામુ કરનારી કોર્ટના હુકમ ઉપરથી વધારી ન હોય તો અથવા એવી જપ્તીની મુદત પુરી થતા પહેલા જપ્તી કરનારી કોર્ટને હુકમનામુ મોકલવામા આવ્યુ ન હોય અને હુકમનામાવાળાએ એવી મિલકત વેચવા માટે હુકમ મળવા સારૂ અરજી કરી ન હોય તો, બે મહિના કરતા વધારે મુદત સુધી ચાલુ રહેવુ ન જોઇએ

હુકમનામુ બજાવનારી કોર્ટે નિકાલ કરવાની તકરારો

૪૭. (૧) જે ફરિયાદ ઉપરથી હુકમનામુ થયુ હોય તે ફરિયાદના પક્ષકારો વચ્ચે અથવા તેમના વારસ વકીલો વચ્ચે હુકમનામુ બજાવવા વિશે, અથવા તેમાથી છુટા થવા વિશે અથવા તેની ભરપાઇ વિશે જે તકરારો ઉત્પન્ન થાય તે તે સઘળીનો નિર્ણય હુકમનામુ બજાવનારી કોર્ટે કરવો, તેમને વાસ્તે જૂદી ફરિયાદ નહી ચાલે

(૨) કોર્ટને મુદત સબંધી અથવા હકુમત સબધી જે હરકત લેવામા આવે તેને પાત્ર, આ કલમ મુજબ ચાલેલા કામને ફરિયાદ તરીકે ગણવાનો અથવા ચાલેલી ફરિયાદને કામ તરીકે ગણવાનો, અને જરૂર હોય તો કાઇપણ વધારાની કોર્ટ ફી આપવાનુ ફરમાવવાનો અધિકાર છે

(૩) કોઇપણ સખસ પક્ષકારનો વારસ વકીલ છે કે નહિ એ વિશે કાઇપણ તકરાર ઉત્પન્ન થાય ત્યારે, એવી તકરારનો નિર્ણય આ કલમના કારણ સારૂ કોર્ટે કરવો જોઇએ

ખુલાસો.—આ કલમના કારણ સારૂ, જે વાદીની ફરિયાદ કહાડી નાખી હોય તે વાદી અને જે પ્રતિવાદી સામેની ફરિયાદ કાઢી નાખી હોય તે પ્રતિવાદી ફરિયાદના પક્ષકાર છે

બજાવણીની મુદત વિશે

૪૮ (૧) જ્યારે મનાઇ હુકમ આપવાનુ ન હોય એવુ હુકમનામુ બજાવવાને દરખાસ્ત કરી હોય ત્યારે, નીચેની તારીખથી એટલે--

(૧) જેની બજાવણી કરવા માગી હોય તે હુકમનામાની તારીખથી, અથવા

(૨) હુકમનામામા અથવા ત્યાર પછીના કોઈ હુકમમા એમ ફરમાવ્યુ હોય કે ફલાણી તારીખે અથવા ફલાણી તેને તેજ પાછી આવનારી મુદતે કાઇ પૈસાનુ ભરણું કરવું અથવા કઇ મિલકત સ્વાધીન કરવી, ત્યારે

દરખાસ્ત કરનાર જે પૈસાને અથવા મિલકતને વાસ્તે હુકમનામુ અમલમા લાવવા માગતો હોય તે પૈસાનુ ભરણુ કરવાને અથવા તે મિલકત સ્વાધીન કરવાને ચુકયાની તારીખથી

બાર વરસ થઇ ગયા કેડે નવી દરખાસ્ત ઉપરથી તેજ હુકમનામુ બજાવવાનો હુકમ કરવો નહી

(૨) આ કલમના કોઈ પણ મજકુર ઉપરથી—

(અ) સદરહુ બાર વરસ વીતી ગયા પછી રજુ કરેલી દરખાસ્તની તારીખ પહેલાના લગલાજ બાર વરસમા કોઇ પણ વખને હુકમનામાના દેણદારે દગાથી અથવા બળજોરીથી હુકમનામાની બજાવણી થવા દીધી ન હોય, ત્યારે સદરહુ દરખાસ્ત ઉપરથી હુકમનામાની બજાવણી કરવાનો હુકમ કરવાને કોર્ટને અટકાવ થશે એમ સમજવુ નહી, અથવા

(બ) સન ૧૮૭૭ ના હિંદુસ્તાનના મુદ્દત બાબતના આકટના બીજા પરિશિષ્ટની ૧૮૦ મી આર્ટીકલનો અમલ થવો બધ પડે છે અથવા તેમા બીજી રીતે આવે છે એમ સમજવુ નહિ

હુકમનામું ચઢાવી લેનાર તથા કાયદેસર વારસ વકીલ વિશે

૪૯ મૂળ હુકમનામાવાળા ઉપર હુકમનામાનો દેણદાર જે કઇ [પ્રિવિટીઝ] (હોય તો તે) અમલમા લાવત તેને પાત્ર, હુકમનામુ લેનારને તે હુકમનામુ મળ્યુ છે એમ ગણાશે

૫૦ (૧) હુકમનામાની પુરેપુરી ભરપાઈ થાય તે પહેલા હુકમનામાનો દેણદાર ગુજરી જાય ત્યારે, મૈયતના કાયદેસર વારસ વકીલ ઉપર તે બજાવવા સારૂ હુકમનામાનો માલીક હુકમનામુ કરનારી કોર્ટને દરખાસ્ત કરવાને મુખત્યાર છે

[૨] જ્યારે એવા કાયદેસર વારસ વકીલની ઉપર હુકમનામુ બજાવ્યુ હોય ત્યારે, તે વારસ વકીલના હાથમા આવેલી મૈયતની યોગ્ય વ્યવસ્થા કરી નહી હોય, તેટલી મિલકત પુરતો જ તે જવાબદાર થશે, અને આ જવાબદારી નક્કી કરવા સારૂ હુકમનામુ બજાવનારી કોર્ટ, પોતાને મનથી અથવા હુકમનામા-વાળાની અરજ ઉપરથી, પોતાને યોગ્ય લાગે તેવો હિસાબ એવા કાયદેસર વારસ વકીલપાસે હાજર કરા-વવાને મુખત્યાર છે

બજાવણીમાં કામ ચલાવવાની રીત વિશે

૫૧ ઠરાવવામા આવે તેવી શરતો તથા મર્યાદાને પાત્ર, કોર્ટ હુકમનામાવાળાની દરખાસ્ત ઉપરથી તે હુકમનામુ નીચે પ્રમાણે બજાવવાનો હુકમ કરવાને મુખત્યાર છે, એટલે —

(અ) જે કોઇ મિલકત સ્વાધીન કરવાનું હુકમનામામા સ્પષ્ટ કર્યું હોય તે મિલકત સ્વાધીન કરીને,

(બ) કોઇ પણ મિલકત જપ્ત કરીને વેચીને અથવા જપ્ત કર્યા વગર વેચીને,

(ક) પકડીને તથા તુરગમા કેદ કરીને,

(ડ) વસુલદાર નીમીને, અથવા,

(ઇ) આપેલી દાદના પ્રકાર પ્રમાણે જે બીજી રીત કરવી જોઇયે તે રીતે

૫૨. (૧) કોઇ મૈયત સખસના કાયદેસર વારસ વકીલ તરીકે કોઇ પક્ષકાર ઉપર હુકમનામું થયું હોય, અને તે હુકમનામુ મૈયતની મિલકતમાથી પૈસા આપવા એવુ હોય, ત્યારે એવી કોઇ પણ મિલકત જપ્ત કરી તથા વેચીને તે બજાવી શકાય

(૨) એવી મિલકત હુકમનામાના દેણદારના કબજામા રહી ન હોય અને મૈયતની જે મિલકત પોતાના (હુકમનામાના દેણદારના) કબજામા આવેલી સાબિત થાય તે મિલકત પોતે બરાબર રીત કામે લગાડી છે એમ તે કોર્ટની ખાત્રી ન કરે ત્યારે, જાણે તેની જાત ઉપરજ તે હુકમનામુ થયું હોય તે રીતે, જેટલી મિલકતના સબંધમા તે સદરહુ પ્રમાણે કોર્ટની ખાત્રી કરી ન શકયો હોય તેટલી મિલકત પુરતું, તે હુકમ-નામુ તેના ઉપર બજાવી શકાય

૫૩ ૫૦ મી તથા ૫૨ મી કલમોના કારણ સારૂ, છોકરાના અથવા બીજા વારસના હાથમાંની મૈયત વડીલનુ કરજ આપવાને હિંદુ કાયદા પ્રમાણે જવાબદાર હોય અને જેના સંબધમા હુકમનામુ થયું હોય તે મિલકત મૈયતની મિલકતજ છે અને તે તેના છોકરાના અથવા વારસના હાથમા તેના કાયદેસર વારસ વકીલ તરીકે આવેલી છે એમ સમજવુ

૫૪ [૧] જેના ઉપર સરકારને ધારો આપવા માટે અ કાર ગેમાડેલો હોય એવી અવિભક્ત ઇસ્ટેટની વેહેચણ બાબત અથવા એવી ઇસ્ટેટમાના કોઈ હિસ્સાનો જુદો કબજો લેવા બાબત સદરહુ હુકમનામુ હોય ત્યારે, તે ઇસ્ટેટની વેહેચણ કરવાનુ અથવા તે હિસ્સો જુદો પાડવાનું કામ, એવી ઇસ્ટેટોની વેહેચણ બાબત અથવા તેમના હિસ્સાનો જુદો કબજો લેવા બાબત કોઈ પણ કાયદો વિદ્યમાનકાળે અમલમા હોય તો તે કાયદા પ્રમાણે કલેકટરે અથવા તેના તાબામાના જે કોઇ પણ ગેઝીટેડ અમલદારને આ અર્થે તેણે નીમી આપ્યો હોય તેણે કરવુ જોઇએ

પકડવા તથા કેદ કરવા વિષે

૫૫ [૧] હુકમનામુ બજાવવામા હુકમનામાના દેણદારને કોઇપણ દિવસે અને કોઇ પણ કલાકે પકડી શકાય, અને પકડયા પછી બને તેટલો જલદી કોર્ટની રૂબરૂ તેને આણવો અને કેદ કરવાનો હુકમ કરનારી કોર્ટ જે ડિસ્ટ્રિકટની હોય તે દિવાની તુરગમા તેને કેદ કરી શકાય અથવા તેવી દીવાની તુરગમા જોઇએ તેવી સગવડ ન મળે તો, તે ડિસ્ટ્રીકટની કોર્ટો જે સખસોને કેદ કરવાનો હુકમ કરે તેમને કેદમા રાખવા સારૂ સ્થાનિક સરકાર જે કોઇ બીજી જગા નીમે ત્યા કેદ કરી શકાય

(અ) એવુ ઠરાવવામા આવ્યુ છે કે, આ કલમ પ્રમાણે પકડવા સારૂ સુર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલા રહેવાના ઘરમા પેસવુ નહિ

(બ) વળી એવુ ઠરાવ્યુ છે કે કોઇ પણ રહેવાના ઘરમા હુકમનામાનો દેણદાર રહેતો હોય અને તે તે ઘરમા જવાની ના કહે અથવા તેમા પેસવાને હરકત કરે તે શિવાયને પ્રસગે એવા રહેવાના ઘરનો કોઇ પણ બાહારનો દરવાજો ફોડવો નહી પણ પકડવાનો અખત્યાર મળેલો અમલદાર કોઇ રહેવાના ઘરમા યોગ્ય રીતે દાખલ થયો હોય તો પછી જે ઓરડામા હુકમનામાનો દેણદાર મળશે એવુ તેને માનવાનુ તેને કારણ હોય તે ઓરડાના બારણા તોડીને ઉઘાડવાને તે મુખત્યાર છે

(ક) વળી એવુ પણ ઠરાવવામા આવ્યુ છે કે તે ઓરડામા હુકમનામાના દેણદાર નહી હોય તેવી કોઇ સ્ત્રી ખરેખર રહેતી હોય અને તે દેશ રિવાજો પ્રમાણે લોકોમા બહાર ન દેખાતી હોય તો, તેને પકડવાનો અખત્યાર મળેલા અમલદારને તેને ખબર આપવી કે તેમને ત્યાથી જવાની છુટ છે અને તે સ્ત્રીને જવાને યોગ્ય વખત આપ્યા પછી જતા રહેવાને યોગ્ય સુગમતા આપ્યા પછી પકડવા સારૂ તે ઓરડામા જવાને તે મુખત્યાર છે (ડ) વળી એવુ પણ ઠરાવ્યુ છે કે જે હુકમનામુ બજાવવામા હુકમનામામા દેણદારને પકડયો હોય તે હુકમનામુ પૈસા આપવા બાબતનું હોય અને હુકમનામાનો દેણદાર પોતાને પકડનાર અમલદારને પકડવાનુ ખરચ તથા હુકમનામાની રકમ આપે ત્યારે તે અમલદારે તેને એકદમ છોડી મુકવો

(૨) સ્થાનિક સરકાર સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેરનામુ આપીને એવુ જાહેર કરવાને મુખ્ત્યાર છે કે જે કોઇ સખસને અથવા જે કોઇ વર્ગના સખસો એકદમ કેદ કરવાથી લોકોમા બ્હીક પ્રસરશે અથવા તેમને અગવડ થશે તે સખસ અથવા તે વર્ગના સખસો આ અર્થે સ્થાનિક સરકારે જે રીત ઠરાવી હોય તે રીત શિવાય બીજી રીતે હુકમનામાની બજાવણીમા પકડવાને પાત્ર નથી

(૩) પૈસા આપવા બાબતનુ હુકમનામુ બજાવવામા આ કલમ પ્રમાણે હુકમનામાના દેણદારને પકડીને કોર્ટની રૂબરૂ આણ્યો હોય ત્યારે તેને ખબર આપવી કે નાદાર ઠરવા સારૂ અરજ કરવાને તેને અખ્ત્યાર છે, અને જો તારી અરજીના મજકુર બાબત કપટ બુદ્ધિનુ કઇ કૃત્ય તે નહી કર્યુ હોય, અને વિદ્યમાન અમલમા હોય એવા નાદારીના કાયદાના ઠરાવો પ્રમાણે તુ અમલ કરશે, તો તારો છુટકો થશે

(૪) જ્યારે હુકમનામાનો દેણદાર નાદાર ઠરવા સારૂ અરજ કરવાનો પોતાનો ઇરાદો જણાવે, અને એક મહિનાની અદર એવી અરજ કરીશ એવી અને તે દરખાસ્તને લગતા અથવા જેની બજાવણીમા તેને પકડયો હોય તે હુકમનામાને લગતા કોઇપણ કામમા બોલાવશો ત્યારે હાજર થઇશ એવી કોર્ટને ખાત્રી લાયક જામીનગીરી આપે ત્યારે, કોર્ટે તેને કેદમાથી છુટો કરવો, અને એ રીતે અરજ કરવામા અથવા હાજર થવામા તે કસુર કરે તો, જામીનગીરીની રકમ વસુલ કરવાનું ફરમાવવાને અથવા તે હુકમનામાની બજાવણીમા તેને દિવાની તુરગમા મોકલવાને કોર્ટ મુખ્ત્યાર છે

૫૬ આ ભાગમા ગમે તે મજકુર હોય તોપણ, પૈસા આપવાનુ હુકમનામુ બજાવવામા સ્ત્રીને પકડવાનો અથવા દિવાની તુરગમા અટકાયતમા રાખવાનો કોર્ટે હુકમ કરવો નહિ

૫૭ હુકમનામાના દેણદારની પદવી, જાત તથા તેના દેશ રીવાજ પ્રમાણે ખોરાકીને સારૂ આપવાની માસિક રકમના ચઢતા ઉતરતા દર વખતે વખતે ઠરાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે

૫૮ (૧) હુકમનામુ બજાવવામા જે દરેક સખસને દિવાની તુરગમા અટકાવી રાખ્યો હોય તેને-

(અ) પચાસ રૂપીઆ કરતા વધુ રકમ આપવાનુ હુકમનામુ હોય ત્યારે છ માસની મુદત સુધી, અને

(બ) બીજે કોઇ પણ પ્રસગે, છ અઠવાડીઆની મુદત સુધી, એવી રીતે અટકાયતમા રાખવો,

પણ એવુ ઠરાવ્યુ છે કે નીચેની બબતમા પ્રસગ પ્રમાણે છ માસની અથવા છ અઠવાડીઆની સદરહુ મુદત વિત્યા પહેલા, તેને એવી અટકાયતમાથી છોડી મુકવો જોઈએ -

(૧) તેને અટકાયતમા રાખવા વિશેના વારટમા કહેલી રકમ જે અમલદારને સ્વાધીન દિવાની તુરગ હોય તેને ભરે ત્યારે, અથવા (૨) તેની સામેનુ હુકમનામુ બીજી રીતે પુરેપુરૂ ભરપાઇ થાય ત્યારે, અથવા (૩) જે સખસની દરખાસ્તથી તેને એવી અટકાયતમા રાખ્યો હોય તે સખસના અરજ ઉપરથી, અથવા (૪) જે સખસની દરખાસ્ત ઉપરથી અને એવી અટકાયતમા રાખ્યો હોય તે સખસ ખોરાકીની રકમ ભરવાનુ ચુકે ત્યારે, વળી એવુ પણ ઠરાવ્યુ છે કે રકમ [૨] અથવા રકમ (૩) ની રૂએ એવી અટકાયતમાથી કોર્ટના હુકમ વગર તેને છોડી મુકવો નહી

[૨] આ કલમ પ્રમાણે હુકમનામાના દેણદારને અટકાયતમાથી છોડી મુકયો એટલાજ કારણ ઉપરથી તે પોતાના કરજમાથી છુટો થતો નથી પરતુ જે હુકમનામુ બજાવવામા તેને દીવાની તુરગમા અટકાવી રાખ્યો હોય તે હુકમનામા ઉપરથી ફરી પકડવાને તે પાત્ર થશે નહિ

૫૯ (૧) હુકમનામાના દેણદારને પકડવાનુ વારટ કાઢ્યા પછી કોઇપણ વખતે કોર્ટ, તેને ભારે મદવાડ થયાના સબબથી, તે વારટ રદ કરવાને મુખત્યાર છે

(૨) હુકમનામાના દેણદારને પકડવામા આવ્યો ત્યારે તેને દીવાની તુરગમા રાખવા જેવી તેની તબીયત નથી એમ કોર્ટને લાગે તો તેને છોડી મુકવાને કોર્ટ મુખત્યાર છે

(૩) જ્યારે હુકમનામાના દેણદારને દિવાની તુરગમા મોકલવામા આવ્યો હોય ત્યારે, તેને

(અ) ઉડતો અથવા ચેપીરોગ ચાલુ છે એ સબબથી સ્થાનિક સરકાર અથવા

(બ) તેને કઇપણ ભારે મદવાડ હોવાના સબબથી કેદમા મોકલનાર કોર્ટ અથવા જે કોઇપણ કોર્ટના તાબામા કોર્ટ હોય તે કોર્ટ, તેને તુરગમાથી છોડી દેવાને મુખત્યાર છે

(૪) આ કલમ પ્રમાણે છોડી મુકેલા હુકમનામાના દેણદારને ફરીથી પકડવાનો અધિકાર છે, પરતુ તેને દિવાની તુરગમા અટકાવી રાખવાની એકદર મુદત કલમ ૫૮ મા ઠરાવેલી છે તે કરતા વધી જવી નહિ જોઇએ

જપ્તી વિશે.

૬૦ (૧) હુકમનામુ બજાવવામા નીચેની મિલકત જપ્ત કરીને વેચવાને પાત્ર છે તે એ કે—જે હુકમનામામા દેણદારની માલકીની હોય અથવા જેની અથવા જેના ઉત્પન્નની વ્યવસ્થા કરવાની સત્તા તેને હોય અને તે સત્તા પોતાને માટે વાપરી શકે તે જમીન, ઘર અથવા બીજી ઇમારતો, માલ, પૈસા, બેકનોટ ચેક, બીલ્સ ઓફ એક્સ્ચેજ, હુડી, વાયદા ચીઠી [પ્રામીસરી નોટ] સરકારી સિકયુરીટી બોડ અથવા પૈસાની બીજી સિકયુરિટી, કરજ, કોરપોરેશનના શેર તથા હવે પછી ઠરાવ્યુ છે તે શિવાય વેચાય એવી બીજી બધી સ્થાવર અથવા જગમ મિલકત, પછી તે ગમે તો હુકમનામાના દેણદારના નામ ઉપર હોય કે તેને માટે અથવા તેની વતી સોપી દીધાને લીધે બીજા સખસની પાસે હોય,

પરતુ નીચેના વાના સદરહુ જપ્તી કે વેચાણને પાત્ર થશે નહિ. [તે એ કે]—

(અ) હુકમનામાનો દેણદાર, તેની સ્ત્રી તથા છોકરા, એઓના જરૂરીઆત પહેરવાના વસ્ત્ર, રાધવાના વાસણ તથા પથારીનુ સાહિત્ય, અને ધર્મ સબધી રીવાજને અનુસરીને કોઇ સ્ત્રી પોતાના જે દાગીના તજી શકે નહિ તે દાગીના,

[બ] કારીગરોના ઓજાર, અને હુકમનામાનો દેણદાર ખેડુત હોય ત્યારે તેના ખેતીવાડીના હથીયાર તથા ખેડુત તરીકે તેને પોતાની ઉપજીવિકા મેળવવા માટે જે ઢોર તથા અનાજના બી કોર્ટની નજરમા

જરૂર જણાય તે ઢોર તથા અનાજના બી અને ખેતીના ઉપજનો અથવા કોઇપણ જાતની ખેતીના ઉપજનો જેટલો ભાગ જવાબદારીને પાત્ર નથી એમ તરત હેઠળની કલમના ઠરાવોની રૂએ ઠરાવ્યુ હોય તેટલો ભાગ.

(ક) ખેડુત માલકીના અને ખેડુત તરીકે તેના પોતાના તાબામા હોય તેવા ઘર અને બીજી ઇમારતો [તથા તેના સામાન તથા ગભાણ સુદ્ધા તથા તેને લગતી અને તેના ઉપભોગ માટે જરૂરની હોય એવી જમીન સુદ્ધા]

(ડ) હિસાબના ચોપડા,

(ઇ) નુકશાની વાસ્તે ફરિયાદ કરવાનો માત્ર હક,

(ફ) જાતીકી નોકરીનો કઇ હક,

(ગ) સરકારી પેન્શરોને આપેલી અથવા આ બાબત ગવર્નર જનરલ ઇન કૌન્સિલે ઇંડિયા ગેઝેટમા જાહેર કરેલા કોઈ પણ સર્વિસ ફેમીલી પેન્શન ફંડમાથી આપવાની નેમણુક તથા ગ્રાચ્યુઈટી તથા રાજકીય પેનશન,

(હ) જ્યારે કઇ અમલદાર અગર રેલ્વે કંપનીનો અથવા સ્થાનિક અધિકારીનો નોકર રજા ઉપર ગેરહાજર હોય ત્યારે (તેના પગાર કરતા ઓછી રકમનું તેને મળતું) સઘળુ એલાવન્સ,

(આઇ) રકમ (હ) મા લખેલા પ્રકારના કોઇપણ સરકારી અમલદાર અથવા કામગીરી ઉપર હોય ત્યારે તેનો નીચેની હદ સુધીનો પગાર અથવા પગાર જેટલુ એલાવન્સ, એટલે,

(૧) પગાર દર માસે ૪૦ રૂપિયાથી વધારે ન હોય ત્યારે, તે આખો પગાર

(૨) પગાર દર માસે ૪૦ રૂપિયાથી વધારે અને ૮૦ રૂપિયાથી વધારે ન હોય ત્યારે દર માસે વીસ રૂપિયા, અને

(૩) બીજે કોઇ પણ પ્રસંગે, પગારનો નીમે ભાગ

(જે) જે લોકોને હિંદુસ્તાનની આર્ટિકલ્સ ઓફ વોર લાગુ પડે છે તેમનો પગાર તથા એલાવન્સ,

(કે) જે કોઇપણ ફંડને ૧૮૯૭ નો પ્રોવીડન્ટ ફંડ બાબતનો આકટ વિદ્યમાનકાળે લાગુ હોય તે ફંડમાની અથવા તેમાથી મળતી જે સઘળી ફરજીયાત થાપણો તથા બીજી રકમો જપ્તીને પાત્ર નથી એમ સદરહુ આકટમા ઠરાવ્યુ હોય તેટલે સુધી તે સઘળી થાપણો તથા રકમો

(લ) મજુરોનો તથા ઘરના નોકરોનો એનજીનસી અથવા રોકડો આપવાનો મુસારો,

(મ) જીવનો રહેવાથી ઉત્તરાધિકાર મેળવવાની ઉમેદ હોય તે, અથવા બીજો કેવળ અવલંબી કે શક્ય હોય તેનો હક અથવા સબંધ,

(ન) ભવિષ્યની ખોરાકી પોશાકીનો હક,

(ઓ) સને ૧૮૬૧ તથા ૧૮૯૨ ના ઇન્ડિયન કૌન્સિલો બાબતના આકટોની રૂએ જે કોઈ એલાવન્સ હુકમનામાની બજાવણીમા જપ્ત થવાને અથવા વેચવાને પાત્ર નથી એમ ઠરાવ્યુ હોય તે એલાવન્સ

(પી) હુકમનામાનો દેણદાર જમીન મહેસુલ આપવાને પાત્ર હોય ત્યારે, એવા મહેસુલની ચઢેલી બાકી વસુલ કરવા સારૂ જે કોઈ પણ જંગમ મિલકત વિદ્યમાનકાળે અમલમા હોય એવા કાયદાની રૂએ વેચાણમાથી બાતલ કરી હોય તે મિલકત

ખુલાસો—(ગ), (હ), (આઇ), (જે), (લ) તથા (ઓ) એ રકમોમા કહેલા વાના તે ખરેખર આપવાને પાત્ર થાય તે પહેલા અથવા પછી પણ જપ્તી કે વેચાણને પાત્ર થશે નહિ

(૨) આ કલમ માહેના કોઇપણ મજકુર ઉપરથી-

(અ) ભાડાને વાસ્તે થયેલું હુકમનામુ બજાવવામા ઘર અથવા બીજી ઇમારતો (તથા તેનો સામાન તથા ગભાણ તથા તેમના ભોગવટા સારૂ જરૂરની હોય તેવી જમીનો) જપ્તી કે વેચાણમાથી બાતલ થાય છે એમ સમજવુ નહિ, અથવા

(બ) લશ્કરના આકટના અથવા તેના જેવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઇપણ કાયદાના ઠરાવોને બાધ આવે છે એમ સમજવુ નહિ

૬૧ સ્થાનિક સરકાર ગવર્નર જનરલ ઇન કૌન્સિલની અગાઉથી મંજુરી લઇને સ્થાનિક સરકારી ગેઝીટમા સામાન્ય અથવા વિશેષ હુકમ પ્રસિદ્ધ કરીને એવુ ઠરાવવાને મુખત્યાર છે કે ખેતીવાડીની ઉપજનો

જે ભાગ અથવા ખેતીવાડીની કોઇપણ વર્ગની ઉપજનો જે ભાગ જમીનનું યોગ્ય રીતે વાવેતર કરવા માટે અને હુકમનામાના દેણદારના તથા તેના કુટુંબના ગુજરાન માટે આવતી કાપણી સુધી બંદોબસ્ત કરવા સારૂ જરૂરનો હોય એમ સ્થાનિક સરકારને દેખાય તે ભાગ સઘળા ખેડુતોની અથવા કોઇપણ વર્ગના ખેડુતોની બાબતમા હુકમનામાની બજાવણીમા જપ્ત કરવાને અથવા વેચવાને પાત્ર થશે નહિ

૬૨ (૧) જંગમ મિલકત પકડવાનુ ફરમાવ્યુ હોય અથવા સત્તા આપી હોય તેવી આ કાયદા પ્રમાણે આપેલી કોઇ પ્રોસેસ બજાવનાર સખસે સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલા કોઈપણ રહેવાના ઘરમા પેસવુ નહિ

(૨) કોઇપણ રહેવાના ઘરમા હુકમનામાનો દેણદાર રહેતો હોય અને તે એવા ઘરમા આવવાની ના કહે અથવા તેમા પેસવાની કોઇપણ રીતે ના કહે તે સિવાયને પ્રસંગે એવા ઘરનો કોઇપણ બહારનો દરવાજો ફોડવો નહિ, પણ એવી કોઇપણ પ્રોસેસ બજાવનારો અમલદાર એવા રહેવાના ઘરમા યોગ્ય રીતે દાખલ થયો હોય, ત્યારે જે ઓરડામા તેની મિલકત છે એમ માનવાનું તેને કારણ હોય તે ઓરડાનુ બારણું ફોડવાને તે મુખત્યાર છે

[૩] જ્યારે દેશ રિવાજ પ્રમાણે લોકોમા બહાર ન દેખાતી હોય એવી સ્ત્રી જો એવા ઘરના કોઇ ઓરડામા ખરેખર રીતે હોય, ત્યારે પ્રોસેસ બજાવનાર સખસે તે સ્ત્રીને ખબર આપવી કે તમને ત્યાથી જવાની છુટ છે, અને તે સ્ત્રીને જવાને યોગ્ય વખત આપ્યા પછી તથા જતા રહેવાને યોગ્ય સુગમતા આપ્યા પછી તે મિલકત પકડવાને વાસ્તે તે ઓરડામા જવાને તે મુખત્યાર છે, પરંતુ તેણે તે મિલકત છાનીમાની ખસે નાહ એટલા માટે, આ ઠગવોથી વિરૂદ્ધ ન હોય એવી બધી સાવચેતી રાખવી,

૬૩ (૧) કોઇ કોર્ટની સંભાળમા ન હોય એવી મિલકત એક કરતા વધારે કોરટોની હુકમનામાની બજાવણીમા જપ્ત થઈ હોય ત્યારે તે કોરટોમા સૌથી ઉંચા દરજ્જાની જે કોરટ હોય તે કોરટ અથવા કોરટોના દરજ્જામા કંઈ તફાવત ન હોય ત્યારે જે કોર્ટના હુકમનામાની રૂએ તે મિલકત ઉપર પ્રથમ જપ્તી થઈ હોય તે કોર્ટે તે મીલકત લેવી અથવા વસુલ કરવી જોઇયે અને તે ઉપરના કોઈ દાવાનો તથા તેની જપ્તીમા લીધેલી હરકતનો નિર્ણય કરવો

(૨) એવા હુકમનામાનું એક હુકમનામુ બજાવનારી કોર્ટે ચલાવેલુ કોઇપણ કામ આ કલમમાના કોઇ પણ મજકુર ઉપરથી ગેરકાયદેસર થાય છે એમ સમજવુ નહી

૬૪ જ્યારે જપ્તી કરી હોય ત્યારે, જપ્ત કરેલી મિલકત અથવા તેમાનો કોઇપણ હિત સંબંધ ખાનગી આપી દેશે અથવા સ્વાધીન કરશે તો અને હુકમનામાના દેણદારને એવી જપ્તી વિરૂદ્ધ કાંઇ લહેણું અથવા ડીવીડેન્ટ અથવા બીજા પૈસા સ્વાધીન કરશે તો તે વ્યવહારને, જપ્તી ઉપરથી અમલમા લાવી શકાય એવા બધા દાવાની સામે નિરર્થક ગણાશે

ખુલાસો—આ કલમના કારણો સારૂ, જપ્તી ઉપરથી અમલમા લાવી શકાય એવા દાવાની અંદર અવેજ ફાળે પડતો વહેચવા બાબતના દાવાનો સમાસ થાય છે

વેચાણ વિશે

૬૫ જ્યારે સ્થાવર મિલકત એકાદા હુકમનામાની બજાવણીમા વેચવામા આવે ત્યારે તે મિલકત વેચાણ પાકુ થાય તે તારીખથી નહિ, પણ વેચાણની તારીખથી ખરીદનારને પ્રાપ્ત થઈ છે એમ સમજવુ

૬૬ (૧) વાદીની વતી અથવા જે બીજા માણસના મારફત વાદી દાવો કરતો હોય તેની વતી ખરીદી કરી હતી એ સબબથી ઠગવેલી રીતે કોર્ટે સર્ટીફીકેટ આપ્યુ હોય એવા ખરીદીની રૂએ દાવો કરનાર કોઇ પણ સખસ ઉપર ફરિયાદ ચાલશે નહી

(૨) ઉપર પ્રમાણે સરટીફીકેટ આપેલા કોઇપણ ખરીદનારનુ નામ દગાથી અથવા ખરા ખરીદનારની સંમતી વગર સરટીફીકટમા ઘાલ્યુ છે એવુ જ્ઞાપિત કરાવવાની ફરીયાદને, અથવા સરટીફીકેટમા લખેલા ખરીદદારને મીલકત વેચેલી છે એવુ દેખાય છે તોપણ તેના ખરા માલેકની સામા કોઈ ત્રીજા સખસનો દાવો અદા કરવાને તે મિલકત પાત્ર છે એવા સબબથી તે મિલકત સામા કામ ચલાવવાના એવા ત્રીજા સખસના હકને આ કલમની કોઈ વાતથી પ્રતિબંધ થાય છે એમ સમજવુ નહી

૬૭ કોઇ સ્થાનિક હદમા જમીનના કોઇ જાતના હક સંબંધ એવા અનિશ્ચિત અથવા અનિશ્ચિંત

હોય કે તેમની કિંમત ઠરાવવી અશક્ય થાય, એવુ સ્થાનિક સરકારની નજરમા આવે ત્યારે સ્થાનિકસરકાર ગવર્નર જનરલ ઇન કૌન્સિલની અગાઉથી મંજુરી લઇને, સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તેની સ્થાનિક હદમા, પૈસા આપવા બાબતના હુકમનામા બજાવવામા જમીનમાના કોઇ પણ વર્ગના હક્ક વેચવાની બાબતમા સરતો નાખીને વખતે વખતે નીયમ કરવાને મુખત્યાર છે

સ્થાવર મિલકત સામાં હુકમનામાં બજાવવાનો અધિકાર કલેકટરને સોંપવા બાબત.

૬૮ ગવર્નર જનરલ ઇન કૌન્સિલની અગાઉથી મંજુરી લઇને સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેર ખબર આપીને નીચે પ્રમાણે ઠરાવ કરવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે, એટલે–કોઇપણ સ્થાનિક હદમા, કોર્ટે કઇ સ્થાવર મિલકત વેચવાનો હુકમ કર્યો હોય તેવા કામોમા હુકમનામાની બજાવણીનુ કામ, અથવા કોઇ વિશેષ જાતના તેવા હુકમનામાની બજાવણીનુ કામ અથવા કોઇ વિશેષ જાતની સ્થાવર મિલકત કે સ્થાવર મિલકતમાનો હક્ક સંબંધ વેચવાનુ જે હુકમનામામા ફરમાવ્યુ હોય તે હુકમનામાની બજાવણીનું કામ,–કલેકટરને મોકલવુ

૬૯ ઉપરની છેલ્લી કલમની રૂએ હુકમનામાની બજાવણી જે કામમા મોકલી હોય તે સઘળા કામોને ત્રીજા પરિશિષ્ટના ઠરાવ લાગુ પડશે

૭૦ (૧) સ્થાનિક સરકાર ઉપરના ઠરાવોને અનુસરતી હોય એવી કાનુનો નીચેની બાબતો સારૂ કરવાને મુખત્યાર છે, એટલે.––

(અ) કોર્ટમાથી કલેકટરને ત્યા હુકમનામુ મોકલવા બાબત, તથા તે બજાવવામા કલેકટરની અને તેના તાબાના માણસોની કામ ચલાવવાની રીત નીયમસર કરવા બાબત તથા કલેકટરની પાસેથી કોર્ટને હુકમનામુ પાછુ મોકલવા બાબત,

(બ) એવુ હુકમનામુ કલેકટર તરફ બજાવવા માટે મોકલવામા આવ્યુ ન હોત તો તે બજાવવામા કોર્ટ જે અધીકાર ચલાવી શકત તે સર્વે અથવા તેમાના કોઇપણ અધીકાર કલેકટરને અથવા કલેકટરના તાબાના કોઇપણ ગેઝેટેડ અમલદારને આપવા બાબત,

(ક) સદરહુ હુકમનામુ કલેકટર તરફ મોકલવામા આવ્યુ ન હોય તો, તે કોર્ટે કરેલા હુકમ ઉપર અથવા તેવા હુકમના સબંધમાં અપીલ કર્યાં ઉપરથી થયેલા હુકમ ઉપર આ કાયદાની રૂએ અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કાયદાની રૂએ જેવી રીતે અપીલ કોર્ટને અપીલ થઈ શકત તથા રવિજન [તપાસણી] કોર્ટથી તે હુકમની જેવી રીતે તપાસણી થઇ શકત, તેવીજ રીતે બનતા સુધી કલેકટરે અથવા કલેકટરના તાબાના કોઇપણ ગેઝેટેડ અમલદારે કરેલા હુકમ ઉપર, અથવા એવા હુકમના સબંધમા અપીલ કર્યાથી થયેલા હુકમ ઉપર, વરિષ્ટ મુલકી અધીકારીઓને અપીલ કરવાની તથા તે અધીકારીઓ તે હુકમોની તપાસણી થવાની સત્તા છે એવુ ઠરાવવા બાબત,

(૨) પેટા કલમ (૧)ની રૂએ કરેલી કાનુનો ઉપરથી કલેકટરને અથવા કલેકટરના તાબાના કોઇપણ ગેઝેટેડ અમલદારને અથવા અપીલ સાભળનાર અથવા તપાસણી કરનાર અધીકારીને આપેલો અખત્યાર, સદરહુ કોર્ટથી અથવા સદરહુ કોર્ટના હુકમનામા અથવા હુકમના સબંધમા અપીલ સાભળવાની કે તપાસણી કરવાની જે હકુમત જે કોર્ટ હોય તે હકુમત ચલાવતા તે કોર્ટથી ચલાવી શકાશે નહી.

૭૧ ૬૮ મી કલમ પ્રમાણે કલેકટર તરફ મોકલેલું હુકમનામુ બજાવવામા કલેકટર તથા તેના તાબાના માણસો ન્યાયખાતાનું કામ ચલાવે છે એમ સમજવુ

૭૨ (૧) જે સ્થાનિક હદમા કલમ ૬૮ પ્રમાણે પ્રસિદ્ધ કરેલો ઠરાવ વિદ્યમાનકાળે અમલમાં ન હોય તેવી સ્થાનીક હદમા જપ્ત કરેલી મિલકત જમીન અથવા જમીનમાનો કઇ હિસ્સો હોય, અને કલેકટર કોર્ટને એવુ જણાવે કે તે જમીન અથવા હિસ્સાનુ જાહેર વેચાણ હરકત ભરેલું છે, તથા તે જમીન કે હિસ્સો કોઇ થોડી વખત કોઇને આપવાથી, યોગ્ય મુદતમા હુકમનામુ પુરૂં થાય તેમ છે, ત્યારે તે જમીન અથવા હિસ્સો વેચવાનું કામ ચલાવ્યાને બદલે કલેકટરે ભલામણ કરી હોય તે રીતે હુકમનામુ પુરૂં થાય તેવો બંદોબસ્ત કરવાનો કલેકટરને અખત્યાર આપવાને કોર્ટ મુખત્યાર છે.

(૨) આવે દરેક પ્રસંગે કલમો ૬૯ થી ૭૧ સુધીના ઠરાવો તથા તેમની રૂએ કરેલી કાનુનોના ઠરાવો લાગુ પડી શકે તેટલા લગુ પડે છે એમ સમજવું.

અવેજ વહેંચી આપવા વિશે

૭૩ (૧) જ્યારે કોર્ટની પાસે વસુલ થયેલો અવેજ હોય અને તે અવેજ એવી રીતે વસુલ થતા પેહેલા એક કરતા વધારે શખસોએ તેજ હુકમનામાના દેણદારની ઉપર પૈસા આપવા બાબતના હુકમનામામા બજાવવાને દરખાસ્તો કરી હોય, અને તે હુકમનામા પુરા થયા ન હોય ત્યારે, વસુલ કરવાનુ ખરચ બાદ કરીને બાકીનો અવેજ ફાળે પડતો તે બધા સખસોને વેહેચી આપવો,

પરતુ એવુ ઠરાવ્યુ છે કે-

(અ) ગીરો હક અથવા બીજો બોજો કાયમ રાખીને કઇ મિલકત વેચાઇ હોય ત્યારે, તે વેચાણથી કઈ વધારો રહે તેમાથી હિસ્સો લેવાનો ગીરોદારને અથવા જેનો બોજો હોય તેને હકક રહેશે નહી,

(બ) હુકમનામુ બજાવવામા વેચવાને પાત્ર જે મિલકત હોય તેના ઉપર ગીરો હક અથવા બીજો બોજો હોય ત્યારે, ગીરો રાખનારની અથવા બોજાવાળાની સમતીથી, ગીરો હકક અથવા બોજો ગણ્યા શિવાય તે મિલકત વેચવાનો અને વેચેલી મિલકત ઉપર ગીરો રાખનારનો અથવા બોજાવાળાનો જે હક હોય તેજ હકક તેને વેચાણમાથી ઉપજેલી રકમ ઉપર આપવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે,

(ક) કોઇ પણ સ્થાવર મિલકત ઉપરનો બોજો કાઢી નાખવા માટે તેનુ વેચાણ જે હુકમનામામા ફરમાવ્યુ હોય તે હુકમનામાની બજાવણીમા તે મિલકત વેચી હોય, ત્યારે વેચાણની ઉપજ હેઠળ લખેલી બાબતમા વાપરવી,—

પેહેલી—વેચાણનો ખરચ આપવામા,

બીજી—હુકમનામાની રૂએ જે લેહેણુ હોય તે આપવામા,

ત્રીજી—ત્યાર પછીના કોઈ બોજા હોય તો તે બાબત જે મુદ્દલ તથા વ્યાજ દેવુ હોય તે આપવામા, અને

ચોથી—હુકમનામાના દેણદારની વિરૂદ્ધ પૈસા આપવા બાબતના હુકમનામાના જે ધારણ કરનારાઓએ સદરહુ મિલકતનુ વેચાણ થયાની અગાઉ પોતાના હુકમનામા બજાવવા સારૂ સદરહુ વેચાણ ફરમાવનારૂં હુકમનામુ જે કોર્ટે કર્યુ હોય તે કોર્ટને દરખાસ્ત કરી હોય અને જેમના હુકમનામાની ભરપાઇ થઇ ન હોય, તેમને ફાળે પડતી વેહેચી આપવામા

(૨) આ કલમની રૂએ ફાળો પડતો વેહેચી આપવા જોગ સદરહુ સઘળો અવેજ અથવા તેનો કઇ ભાગ લેવાને જે સખસ હકદાર ન હોય તેને તે આપવામા આવે ત્યારે, તે અવેજ પાછો ભરવાની તે સખસને જરૂર પાડવા સારૂ તે સખસ ઉપર કોઇ પણ હકદાર સખસ ફરિયાદ કરી શકે

(૩) આ કલમમા કહેલી કોઇ વાતથી સરકારના કોઇપણ હકકને બાધ આવે છે એમ સમજવુ નહિ

બજાવણીમાં હરકત થાય તે વિશે

૭૪ જ્યારે કોર્ટની ખાત્રી થાય કે સ્થાવર મિલકત કબજામા લેવાનું હુકમનામુ ધારણ કરનારને અથવા એકાદા હુકમનામાની બજાવણીમા વેચાયલી સ્થાવર મિલકત ખરીદ કરનારને તે મિલકત કબજામા લેવામા તે હુકમનામાના દેણદારે અથવા હુકમનામના દેણદારની વતી કોઇ બીજા સખસે હરકત કરી છે અથવા અટકાવ કર્યો છે અને તે હરકત અથવા અટકાવ કઇ વાજબી કારણવગર કર્યો હતો ત્યારે, તે હુકમનામાવાળાની અથવા ખરીદદારની અરજ ઉપરથી, તે દેણદારને અથવા તે બીજા સખસને એવા ગુન્હા માટે ત્રીસ દિવસ સુધીની દિવાની તુરગમા અટકાવી રાખવાનો હુકમ કરવાને તથા વળી મિલકતનો કબજો તે હુકમનામાવાળાને અથવા ખરીદદારને આપવો એવુ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે

ભાગ ૩ જો.

પ્રસંગોપાત ઉત્પન્ન થનારાં કામો વિશે.

કમિશન વિશે

૭૫ ઠરાવવામા આવે તેવી શરતો તથા મર્યાદાને પાત્ર, કોર્ટ નીચેના કામ સારૂ કમિશન કાઢવાને મુખ્ત્યાર છે—

(અ) કોઇ પણ સખસોની જબાની લેવાને,

(બ) સ્થાનિક તપાસ કરવાને,

(ક) હિસાબ તપાસવા અથવા નક્કી કરવાને, અથવા

(ડ) હિસ્સા પાડવાને

૭૬ (૧) કમિશન કાઢનારી કોર્ટ જે પ્રાતમા આવેલી હોય તે શિવાયના પ્રાતમા આવેલી હાઇકોર્ટ શિવાયની બીજી જે કોઇપણ કોર્ટની હકુમતની જગામા જે સખસની જબાની લેવાની હોય તે સખસ રહેતો હોય તે કોર્ટ ઉપર કમિશન મોકલવાનો અખ્ત્યાર છે

[૨] પેટા કલમ (૧) ની રૂયે કોઈ સખસની જબાની લેવાનુ કમિશન જે કોર્ટને મળ્યુ હોય તે પ્રત્યેક કોર્ટે તે કમિશનને અનુસરીને તે સખસની જબાની લેવી અથવા લેવડાવવી, અને સદરહુ કમિશન બરાબર રીતે બજાવ્યા પછી તે કમિશન મુજબ લીધેલા પુરાવા સુદ્ધાત તે જે કોર્ટમાથી નિકળ્યુ હોય તે કોર્ટમા પાછુ મોકલવુ, પરતુ કમિશન કાઢવાના હુકમમા બીજી રીતે ફરમાવ્યુ હોય ત્યારે એવા હુકમની શરતોને અનુસરીને તે પાછુ મોકલવુ

૭૭ બ્રિટીશ ઇંડીયામા ન હોય એવી કોઇપણ જગામા રહેનારા સાહેદની જબાની લેવા સારૂ કમિશન કાઢવાને બદલે વિનતી પત્ર લખવાનો કોર્ટને અધિકાર છે

૭૮ સાહેદોની જબાની લેવાના કમિશન બજાવવા તથા પાછા મોકલવા બાબતના ઠરાવો નીચે કહેલી કોર્ટએ કાઢેલા કમિશનને લાગુ પડશે—

(અ) જે કોર્ટો બ્રિટીશ ઇંડીયાની હદની બહાર હોય, અને જે મલીક મુઆઝમના અથવા ગવર્નર જનરલ ઇન્ કાઉન્સીલના હુકમથી સ્થાપેલી હોય અથવા ચાલુ હોય તે કોર્ટોએ, અથવા

(બ) બ્રિટીશ ઇંડીયા શિવાયના બ્રિટીશ શહેનશાહતના કોઇપણ ભાગમા આવેલી કોર્ટોએ, અથવા

(ક) મલીક મુઆઝમની સાથે તે વખતે દોસ્તીમા હોય તેવા કોઈ પરરાજ્યની કોર્ટોએ,

ભાગ ૪ થો.

ખાસ પ્રસંગોની ફરિયાદો વિષે.

સરકારે અથવા સરકારના ઉપર કરવાના અથવા સરકારી અમલદારોએ અથવા તેમના ઉપર હુદ્દાની રૂયે કરવાની ફરિયાદો વિશે

૭૯ (૧) સરકારે કરવાની ફરિયાદો હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન્ કાઉન્સિલના નામથી કરવી, અને સરકાર ઉપરની ફરિયાદો હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કૌન્સિલ ઉપર કરવી

(૨) આ કલમના કોઇપણ મજકુર ઉપરથી, સને ૧૮૧૩ ના ઇસ્ટ ઈંડિયા કપનીના આકટની ૧૧૧ મી કલમમા કહેલો અધિકાર ચલાવીને એડવોકેટ જનરલે આપવાની કોઇપણ માહિતી મર્યાદિત થાય છે અથવા તેને બીજી રીતે બાધ આવે છે એમ સમજવુ નહિ

૮૦. હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કાઉન્સિલ ઉપર, અથવા કોઈ સરકારી અમલદાર ઉપર તેણે પોતાના હોદ્દાની રૂયે કૃત્ય કર્યાનુ કહેવાતુ હોય તે કૃત્યના સંબંધમા કોઈ પણ જાતની ફરીયાદ કરવી હોય

તો, તેને લખેલી નોટીસ આપ્યા પછી લાગટ બે માસ વીતે ત્યા સુધી ફરીયાદ માડી શકશે નહી તે નોટીસમા દાવાનુ કારણ તથા વાદીનુ નામ, વર્ણન તથા રહેવાનુ ઠેકાણુ તથા જે દાદ માગતો હોય તે દાદ જણાવવી, અને તે નોટીસ આપવાની તે, સદરહુ સ્ટેટ સેક્રેટરી ઇન કાઉન્સીલ ઉપરથી હોય તો સ્થાનિક સરકારના સેક્રેટરીને સ્વાધીન કરવી અથવા તેના ઓફિસમા મુકી આવવી, કે તે ડિસ્ટ્રિક્ટના કલેક્ટરને સ્વાધીન કરવી અથવા તેની ઓફિસમા મુકી આવવી અને જો તે સરકારી અમલદાર ઉપરની હોય, તો તે અમલદારને સ્વાધીન કરવી અથવા તેની ઓફિસમા મુકી આવવી. અને તેવી નોટીસ સદરહુ પ્રમાણે કરી છે અથવા તે મુકેલી છે એ મજકુર ફરિયાદ અરજીમા લખવો જોઇએ

૮૧ કોઈ સરકારી અમલદારે પોતાના હોદ્દાની રૂએ કાઇ કૃત્ય કર્યાનુ કહેવાતું હોય એવા કૃત્યના સંબધમા તે અમલદાર ઉપર કોઇ પણ ફરીયાદ માડી હોય તેમા–

(અ) હુકમનામુ બજાવવામા પ્રતીવાદીને પકડવામા આવે અથવા તેની મિલકત જપ્ત થાય તે શિવાય બીજી રીતે તે પકડવાને અથવા તેની મિલકત જપ્ત થવાને પાત્ર થશે નહિ, અને

(બ) કોર્ટની એવી ખાત્રી થાય કે, સરકારી કામને હરકત થયા વગર પ્રતિવાદી નોકરી ઉપરથી ગેરહાજર રહી શકતો નથી તો, જાતે હાજર થવાનુ કોર્ટે માફ કરવુ

૮૨ (૧) હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કાઉન્સીલ ઉપર અથવા ઉપર કહેલા પ્રકારના કઇ કૃત્ય સબધી સરકારી અમલદાર ઉપર હુકમનામુ થાય તો, કઇ મુદતમા તે હુકમનામુ પુરૂ કરવુ એ વાત તે હુકમનામામા દર્શાવવી, અને તે દર્શાવેલી મુદતમા પુરૂં કરવામા ન આવે તો, સ્થાનિક સરકારનો હુકમ મળવા સારૂ તે બાબતનો કોર્ટે રિપોર્ટ કરવો

(૨) આવુ કોઇ હુકમનામુ સદરહુ રિપોર્ટની તારીખથી ત્રણ માસની મુદત સુધીમા પુરૂ ન થાય તો, પછી તે બજાવવાનો હુકમ કરવો

પરરાજ્યના લોકો કરે તે ફરિયાદો વિશે, તથા પરદેશી અને દેશી રાજ્યકર્તાઓ કરે તે અથવા તેમના ઉપર થાય તે ફરિયાદો વિશે

૮૩ (૧) ગવર્નર જનરલ ઇન કૌંસિલની પરવાનગીથી બ્રિટિશ ઇંડિયામા રહેતો દુશ્મનીમા હોય એવો પરરાજ્યનો કોઇ માણસ અને મિત્રાચારીમા હોય એવો પરરાજ્યનો માણસ, જાણે તે મલીક મુઆઝમની રઇયત હોય તે પ્રમાણે, બ્રિટિશ ઈંડીયાની કોર્ટમા ફરિયાદ કરવાને મુખત્યાર છે

(૨) દુશ્મનીમા હોય એવો પરરાજ્યનો કોઈ પણ માણસ એવી પરવાનગી વગર બ્રિટીશ ઇંડિયામા રહેતો હોય અથવા પારકા દેશમા રહેતો હોય તેણે એવી કોર્ટમા ફરિયાદ કરવી નહિ.

ખુલાસો—ગ્રેટબ્રિટન તથા આયર્લાંડના સંયુક્ત રાજ્ય સાથે જે પરરાજ્ય લડાઈ ચલાવતું હોય તેના મુલકમા રહેતો હોય, અને તે મુલકમા વેપાર ધધો ચલાવવા સારૂ મલીક મુઆઝમના એકાદા સ્ટેટ સેક્રેટરીની સહીનો અથવા હિંદુસ્તાન સરકારના કોઇ સેક્રેટરીની સહીનો પરવાનો લીધા વગર તે દેશમા વેપાર ધધો ચલાવતો હોય તે સખસ, પેટા કલમ (૨) ના કારણ દુશ્મનીમા હોય એવો પરરાજ્યનો પારકા દેશમા રહેનારો સખસ ગણાશે

૮૪ (૧) પરદેશી રાજ્ય બ્રિટિશ ઈંડીયાની કોઇ પણ કોર્ટમા ફરિયાદ કરવાનો મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે મલીક મુઆઝમે અથવા ગવર્નર જનરલ ઇન કાઉન્સીલે તે રાજ્ય કબુલ કરેલું હોવુ જોઇએ,

વળી એવુ ઠરાવ્યુ છે કે એવા પરદેશી રાજ્યના મુખ્યને અથવા એવા રાજ્યના કોઈ પણ અમલદારને તેના હુદ્દાની રૂએ પ્રાપ્ત થયેલો ખાનગી હક અમલમા લાવવાનો સદરહુ ફરિયાદનો હેતુ હોવો જોઇએ

(૨) મલીક મુઆઝમે અથવા ગવર્નર જનરલ ઇન કાઉન્સીલે પરદેશી રાજ્ય કબુલ કર્યું છે અથવા નથી કર્યું એ વાત દરેક કોર્ટે ન્યાયાધિકારની રૂએ ધ્યાનમા લેવી જોઇએ

૮૫ (૧) કોઇ સત્તાધિકારી રાજાના અથવા રાજ્ય ચલાવનાર રજવાડાના કહેવાથી અથવા એવા રાજા અથવા રજવાડા તરફથી કામ કરવાને સરકારની નજરમા યોગ્ય આવે એવા કોઈ પણ સખસના કહેવાથી તેની વતી કોઇ ફરિયાદ ચલાવવા સારૂ અથવા તેનો જવાબ કરવા સારૂ સરકારના હુકમથી મુકામ

નીમેલા સખસો કબુલ કરેલા મુખત્યારો ગણાશે, અને આ કાયદા પ્રમાણે હાજર થવાનું કામ કરવાનું અને અરજો કરવાનું કામ તે રાજાની અથવા રજવાડાની વતી તેઓ કરી શકશે, પછી તે રાજા અથવા રજવાડા બ્રિટીશ સરકાર સાથે ગમે તો તાબેદારીની અથવા બીજી રીતની દોસ્તામા હોય, અને તે ગમે તો બ્રિટીશ ઇંડીઆમા અથવા તેની બહાર રહેતો હોય

(૨) આ કલમ પ્રમાણે કરવાની નીમણુક, કોઇ એક દર્શાવેલી ફરિયાદને માટે અથવા કેટલીક દર્શાવેલી ફરિયાદોને માટે અથવા વખતો વખત સદરહુ રાજા અથવા રજવાડા તરફથી જે ફારયાદો સામે બચાવ કરવો પડે તે સર્વ ફરિયાદોને માટે કરવાનો અધિકાર છે

[૩] આ કલમ પ્રમાણે નિમાયલો કોઇ સખસ જાણે સદરહુ પ્રકારની ફરિયાદ અથવા ફરિયાદોમાં પોતેજ એક પક્ષકાર હોય તેમ સદરહુ ફરિયાદ અથવા ફરિયાદોમા હાજર થવા માટે, અરજો કરવા માટે, તથા કામ કરવા માટે બીજા સખસનો અખત્યાર આપવા અથવા નિમવા મુખ્ત્યાર છે

૮૬ (૧) સદરહુ પ્રકારના કોઇ રાજા અથવા રજવાડા ઉપર અને પરદેશી સંસ્થાના કોઇ એલચી અથવા વકીલ ઉપર કોઇ પણ યોગ્ય હકુમતવાળી કોર્ટમા હિંદુસ્તાન સરકારના એક સેક્રેટરીની સહીથી ગવર્નર જનરલ ઇન કાઉન્સીલની સંમતિનો દાખલો આણી તે ફરિયાદ કરી શકાય પણ એવા સમતિના દાખલા વગર ફરિયાદ કરી શકાય નહિ

[૨] સદરહુ સમતિ કોઇ દર્શાવેલી ફરિયાદ માટે અથવા કેટલીક દર્શાવેલી ફરિયાદો માટે અથવા કોઇ દર્શાવેલા વર્ગ અથવા વર્ગોની સઘળી ફરિયાદો માટે આપી શકાય, અને સમતિ કોઇ ફરિયાદ અથવા કોઈ વર્ગની ફરીયાદોના સબંધમા સદરહુ રાજા, રજવાડા, એલચી અથવા વકીલ ઉપર કઇ કોર્ટમા ફરિયાદ ચલાવાય, તે નિર્દિષ્ટ કરવામા આવે, પણ નીચે પ્રમાણે હકીકત છે એમ સરકારને ન દેખાય તો તે સંમતિ આપવી નહી એટલે-

(અ) તે રાજા, રજવાડા એલચી અથવા વકીલ ઉપર ફરિયાદ કરવા ઇચ્છનાર સખસ ઉપર તે રાજા, સરદાર, એલચી અથવા વકીલે તે કોર્ટમા ફરિયાદ માંડી તે, અથવા

(બ) તે કોર્ટની હકુમતની સ્થાનિક હદમા તે રાજા, રજવાડો એલચી અથવા વકીલ પોતે અથવા બીજાની મારફતે વેપાર કરે છે અથવા

(ક) તે રાજા, રજવાડો, એલચી અથવા વકીલના કબજામા સદરહુ હદની અંદર આવેલી કોઇ સ્થાવર મીલકત તે અને એવા કબજા સબંધી અથવા તે મિલકત ઉપર જે નાણાનો બોજો ન હોય તે નાણા સબંધી તેના ઉપર ફરીયાદ કરવાની છે

(૩) તેવા કોઇ રાજા, રજવાડા, એલચી અથવા વકીલને આ કાયદા પ્રમાણે પકડવામા આવશે નહી અને સદરહુ કલમ પ્રમાણે દાખલા સુધાની ગવર્નર જનરલ ઇન કાઉન્સીલની સંમતિ શિવાય તેવા કોઈ પણ રાજાની, રજવાડાની, એલચીની, અથવા વકીલની મિલકત ઉપર કોઇ હુકમનામુ બજાવવામા આવશે નહી

(૪) ગવર્નર જનરલ ઇન કાઉસીલ ઇંડિયા ગેઝીટમા જાહેરખબર આપીને તે જાહેરખબરમા કહેલા રાજા, રજવાડા, એલચી, અથવા વકીલના સબંધી જે જે કામો ઉપરની પેટા કલમો પ્રમાણે અનુક્રમે ગવર્નર જનરલ ઇન કાઉંસીલને તથા હિંદુસ્થાન સરકારના કોઇ એક સેક્રેટરીને સોપવામા આવ્યા છે તેવા કામો ગવર્નર જનરલ ઇન કાઉસીલના નિર્બંધને પાત્ર રહીને કોઇ સ્થાનિક સરકારને તથા તે સરકારના કોઈ પણ સેક્રટરીને કરવાનો અધિકાર આપવાને મુખ્ત્યાર છે

[૫] સ્થાવર મિલકતના ભાડુત તરીકે કોઈ પણ સખસ, સદરહુ મિલકત, જે રાજા, એલચી અથવા વકીલ પાસેથી ધારણ કરતો હશે અથવા ધારણ કરવાનો દાવો કરતો હશે તે રાજા, રજવાડા એલચી અથવા વકીલ ઉપર આ કલમમા કહેલી છે એવી સંમતિ શિવાય ફરીયાદ કરવાને મુખત્યાર છે

૮૭ કોઇ સત્તાધિકારી રાજા અથવા રાજ્ય ચલાવનાર રજવાડા પોતાના રાજ્યના નામથી ફરિયાદ કરવાને મુખત્યાર છે અને તેના ઉપરની ફરીયાદ તે નામથી કરવી,

પરંતુ ઉપરની કલમમા કહેલી સમતિ આપતી વખતે સદરહુ કોઇ પણ રાજા અથવા રજવાડા ઉપર

કોઇ એજટના નામથી અથવા બીજા કોઇ નામથી ફરિયાદ કરવી એમ હુકમ કરવા, પ્રસગ પ્રમાણે, ગવર્નર જનરલ ઇન કાઉન્સીલ અથવા સ્થાનિક સરકાર મુખત્યાર છે

ઈન્ટરપ્લીડર (વિરૂદ્ધ હકકોનો નિર્ણય કરવાની વિરાહિત કરે તે ફરિયાદ) વિશે

૮૮ જ્યારે કાઇ કરજ પૈસાની રકમ અથવા બીજી જગમ અથવા સ્થાવર મીલકતમા જે સખસ ખરચ અથવા બોજા શિવાય બીજા કાંઈ પણ સબધ માટે હક્ક કહેતો ન હોય અને તે કરજ પૈસાની રકમ અથવા જગમ અથવા સ્થાવર મિલકત ખરા હકદારને આપવાને અથવા સ્વાધીન કરવાને તઇયાર હોય, તેના પાસેથી તે કરજ વીગેરે લેવાનો બે અથવા વધારે સખસો એક બીજાને વીરોધ આવે એવી રીતે હક્ક કરતા હોય ત્યારે તે કરજ વીગેરે કોને આપવુ અથવા સ્વાધીન કરવુ એ બાબત અને પોતાને નુકસાન થાય તે લેવા બાબત બધા હક્કદાર ઉપર ઇન્ટર પ્લીડરની ફરીયાદ કરવાને તે સખસ મુખત્યાર છે

પરતુ જે ફરિયાદમા બધા પક્ષકારોના હક્કોનો બરાબર રીતે નીર્ણય થઇ શકે તેવી કોઇ ફરીયાદ ચાલુ હોય તો, એવી ઇન્ટર પ્લીડરની કોઇ પણ ફરીયાદ કરવી નહી

ભાગ ૫ મો.

વિશેષ કામો વિષે.

લવાદી ઉપર સોંપવાનુ

૮૯ (૧) સને ૧૮૮૯ ના હિદુસ્તાનના લવાદી બાબતના આકટ ઉપરથી અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઇ કાયદા ઉપરથી બીજી રીતે ઠરાવ્યુ છે તે બાદ કરીને ફરિયાદમા હુકમ કરીને અથવા બીજી રીતે, લવાદી ઉપર સોપવાના સઘળા લેખને તથા તે મુજબ ચલાવેલા સઘળા કામને બીજા પારશિષ્ટમા લખેલા ઠરાવો લાગુ પડશે

(૨) સદરહુ બીજા પરિશિષ્ટના ઠરાવો આ કાયદો શરૂ થયો હોય તે વખતે ચાલુ હોય તે લવાદીને લાગુ પડશે નહિ, પણ આ કાયદો શરૂ થાય તે પહેલા કરેલા કરાર અથવા લખાણ મુજબની સદરહુ તારીખ પછીની લવાદીને લાગુ પડશે

વિશેષ હકીકત (કેસ) વિશે

૯૦ જ્યારે કોઇ પણ સખસો કોરટના અભિપ્રાય સારૂ કોઇ પણ હકીકત લખવાની લેખી કબુલત કરે ત્યારે કોરટે તે હકીક્તોનો ઠરાવેલી રીતે ઇન્સાફ કરીને નિર્ણય કરવો

સાર્વજનિક બાબતો સંબંધી ફરિયાદો વિશે

૯૧ (૧) લોકોપકારક કૃત્યની બાબતમા એડવોકેટ જનરલ અથવા જે બે અથવા વધારે સખસોએ એડવોકેટ જનરલની લેખી સમતિ લીધી હોય તે સખસો વિશેષ નુકસાન થયુ ન હોય તો પણ, સ્થાપીત કરાવવા સારૂ તથા તાકીદનો હુકમ મળવા સારૂ અથવા તે કૃત્યની હકીકતને યોગ્ય હોય એવી બીજી દાદ મળવા સારૂ ફરિઆદ માડવાને મુખત્યાર છે

(૨) આ કલમમાના કોઇ પણ ઠરાવ ઉપરથી ફરિયાદ કરવાનો જે કોઈ હક તે કલમના ઠરાવથી સ્વતત્ર હશે તે હક મર્યાદિત થાય છે અથવા તેને બીજી રીતે બાધ આવે છે એમ સમજવુ નહિ

૯૨ (૧) ધર્માદાય અથવા ધર્મસબધી સાર્વજનિક કામ સારૂ સ્પષ્ટ અથવા ગર્ભીત રીતે ઉત્પન્ન થયેલો કઇ જુમ્મો (ટ્રસ્ટ) તોડયો છે એમ કહેવામા આવતું હોય ત્યારે અથવા તેવા કોઇ જુમ્માનો (ટ્રસ્ટનો) વહીવટ કરવા સારૂ કોર્ટના હુકમથી જરૂર જણાય ત્યારે આડવોકેટ જનરલ અથવા ટ્રસ્ટમા જેમનો સબધ હોય અને જેમણે આડવોકેટ જનરલની લખેલી સમતિ મેળવી હોય તેવા બે અથવા વધારે સખસો ટ્રસ્ટનો વિષય આ અથવા થોડો ઘણો જે અવલ હકુમતની મુખ્ય દીવાની કોર્ટની અથવા આ અર્થે સ્થાનિક સરકારે અધિકાર આપેલી બીજી કોઇ પણ હકુમતની સ્થાનિક હદમા હોય તે મુખ્ય દીવાની કોર્ટમા અથવા તે બીજી કોરટમા નીચે પ્રમાણેનુ હુકમનામુ મેળવવા સારૂ તકરારી અથવા બીજા પ્રકારની ફરિઆદ કરવાને મુખત્યાર છે એટલે—

(અ) કોઇ પણ ટ્રસ્ટીને કહાડી મુકવાનુ,
(બ)એકાદો નવો ટ્રસ્ટી નીમવાનુ,
(ક)ટ્રસ્ટીને કોઈ પણ મીલકત પ્રાપ્ત થવાનુ
(ડ) હીસાબ તથા ચોકસી કરવાનુ
(ઇ) ટ્રસ્ટીની મીલકતનો કેટલો હીસ્સો અથવા કેટલો હીતસબધ તે ટ્રસ્ટનો અમુક હેતુ પાર પાડવા સારૂ આપવો તે ઠરાવવાનુ,
(ફ) ટ્રસ્ટની બધી મીલકત અથવા તેનો કોઇપણ ભાગ ભાડે આપવાનો, વેચવાનો, ધરાણે મુકવાનો અથવા બદલવાનો અખત્યાર આપવાનુ
(ગ) યોજના કરી આપવાનુ, અથવા,
(હ) કામના સ્વરૂપ પ્રમાણે જોઇયે તેવી જાસ્તી અથવા બીજી કાઇ દાદ આપવાનુ
(૨) સને ૧૮૬૩ ના ધર્મ સંબધી દેણગી બાબતના આકટની ૧૪ મી કલમમા ઠરાવ્યુ છે તે બાદ કરીને, પેટા કલમ (૧) મા લખેલી દાદમાની કોઈ પણ દાદ જે ફરીઆદમા માગી હોય તે ફરીઆદ, સદરહુ પેટા કલમના ઠરાવોને અનુસર્યા શિવાય બીજી રીતે, તે પેટા કલમમા લખેલા કોઇપણ ટ્રસ્ટના સંબધમા માગવી નહિ
૯૩ આડવોકેટ જનરલને કલમો ૯૧ તથા ૯૨ મા જે અખત્યાર આપેલા છે તે ઇલાકાના મુખ્ય શેહેર બહાર સ્થાનિક સરકારની અગાઉથી મજુરી લઇને કલેકટર પણ ચલાવે, અથવા સ્થાનિક સરકાર આ કામને વાસ્તે નીમે તેવા કોઇ અમલદાર ચલાવે

ભાગ ૬ ઠો.

પુરવણી કામ ચલાવવા વિશે.

૯૪ ન્યાયના હેતુનો ભગ ન થાય તે માટે કોરટે નીચે પ્રમાણે કરવાનું ઠરાવ્યુ હોય તો તે પ્રમાણે કરવાને મુખત્યાર છે, એટલે—
(અ) પ્રતીવાદીએ હાજર રહેવા સારૂ જામીન શા માટે ન આપવા તેનુ કારણ બતાવવા સારૂ તેને પકડીને કોરટમા લાવવાનુ વારટ કહાડવાને અને જામીન સંબધી કોઇપણ હુકમ પ્રમાણે તે ન ચાલે તો તેને દીવાની તુરગમા મોકલવાને,
(બ) પ્રતિવાદીની માલકીની કોઇપણ મીલકત હાજર કરવાનો જામીન આપવાનુ અને તે મિલકત કોરટના અખત્યાર હેઠળ મુકવાનું પ્રતિવાદીને ફરમાવવાને અથવા કોઇપણ મીલકત જપ્ત કરવાનો હુકમ કરવાને,
(ક) થોડા વખત માટેનો તાકીદનો હુકમ કાઢવા અને તે હુકમ પ્રમાણે ચાલવામા ન આવે તો તે હુકમ તોડનાર શખસને દિવાની તુરગમા મોકલવાને અને તેની મીલકત જપ્ત કરીને વેચવાનો હુકમ કરવાને,
(ડ) કોઇપણ મીલકતનો વસુલદાર (રીસીવર) નીમવાને અને એવા વસુલદારનું કામ તેની મીલકત જપ્ત કરીને તથા વેચીને બજડાવવાને
(ઇ) કોરટને વાજબી તથા યોગ્ય દેખાય એવા બીજા દરમ્યાનના હુકમ કરવાને,
૯૫ (૧) જે ફરિઆદમા સદરહુ છેલ્લી કલમની રૂએ કોઇને પકડ્યો હોય અથવા જપ્તી કરી હોય અથવા થોડા વખત માટેનો તાકીદનો હુકમ આપ્યો હોય તે ફરિઆદમા—
(અ) કોરટને એવુ જણાય કે, તે પકડવાની અથવા જપ્તીની અથવા તાકીદના હુકમની અરજ અપુરતા કારણ ઉપરથી કરવામા આવી હતી, અથવા—
[બ] વાદીની ફરીયાદ નિષ્ફળ જાય અને કોરટને એવુ જણાય કે ફરીઆદ કરવાનું વાજબી અથવા સંભવીત કારણ નહોતું,
ત્યારે પ્રતિવાદી કોરટને અરજ કરવાને મુખત્યાર છે, અને સદરહુ કોરટ એવી અરજી કરવામા આવે એટલે પકડવાથી અથવા જપ્તીથી પ્રતિવાદીને જે ખરચ અથવા નુકસાન થયુ હોય તેના બદલામા પો-

તાને યોગ્ય જણાય તેટલા હજાર રૂપીઆ સુધીની રકમ વાદી પાસેથી પ્રતિવાદીને અપાવવાનો હુકમ કરવાને મુખત્યાર છે

પરતુ એવુ ઠરાવ્યુ છે કે કોરટે પોતાની પૈસા સબધી હકુમત હદ કરતા વધારે રકમ ,આ કલમ ઉપરથી અપાવવી નહી

(૨) આવી કોઇપણ અરજીનો નિકાલ કરવાનો હુકમ થયા પછી સદરહુ કેદ બાબત અથવા જપ્તી બાબત અથવા તાકીદના હુકમ બાબત નુકશાનીનો બદલો લેવાની કોઈપણ ફરીઆદ ચાલશે નહિ

ભાગ ૭ મો.

અપીલો વિશે.

અવલ હુકમનામા ઉપરની અપીલો વિશે

૯૬ (૧) આ કાયદાના મુખ્ય ભાગમા અથવા તે તે વખતે અમલમા હોય તેવા બીજા કોઇ કાયદામા બીજી રીતે સ્પષ્ટપણે ઠરાવ્યુ ન હોય તો અવલ હકુમતવાળી કોરટોના ઠરાવો ઉપર અપીલો સાભળવાને જે કોરટોને અખત્યાર છે તે કોરટોમા એવી અવલ હકુમત ચલાવનારી કોરટોના હુકમનામા ઉપર અપીલ ચાલશે

(૨) એકતરફી થએલા અવલ હુકમનામા ઉપર અપીલ ચાલી શકશે

(૩) જે હુકમનામુ કોરટે પક્ષકારોની સમતીથી કર્યું હશે તે ઉપર અપીલ ચાલશે નહિ

૯૭ આ કાયદો શરૂ થયાની તારીખ પછી કરેલા પ્રાથમિક હુકમનામાથી જેને નુકસાન થયુ હોય એવો કોઇ પક્ષકાર એવા હુકમનામા ઉપર અપીલ ન કરે ત્યારે, આખરના હુકમનામા ઉપર જે કોઈપણ અપીલ થાય તેમા એવા પ્રાથમિક હુકમનામાના વાજબીપણા બાબત તે તકરાર લઇ શકશે નાહ

૯૮ (૧) બે અથવા વધારે જડજોની બેન્ચે અપીલ સાભળી હોય ત્યારે, તે જડજોના અભિપ્રાય પ્રમાણે અથવા તે જડજો પૈકી વધારે જણના બહુમત થાય તો તે બહુમત પ્રમાણે અપીલનો નિકાલ કરવો

(૨) જે હુકમનામા ઉપર અપીલ થઈ હોય તે હુકમનામામા ફેરફાર કરવાના અથવા તે રદ કરવાના ફેસલા સાથે તેવા બહુ મત મળતા ન આવે ત્યારે તે હુકમનામુ કાયમ રાખવુ.

પરતુ જે કોર્ટમા બે કરતા વધારે જડજો હોય તે કોર્ટના બે જડજોની અપીલ સાભળનારી બેન્ચ મળેલી હોય અને સભામા બેઠેલા જડજોનો કાયદાના મુદ્દાની બાબતમા જુદો જુદો અભિપ્રાય થાય, ત્યારે કાયદાના જે મુદ્દાની બાબતમા તેઓનો મતભેદ હોય તે મુદ્દો તેમણે લખી રાખવો અને પછી તેજ મુદ્દા ઉપર બીજા જડજોમાના એક અથવા વધારે જડજો આગળ અપીલની સુનાવણી થવી જોઈયે, અને તે અપીલ જે જડજોએ પ્રથમ સાભળી હોય તેમના સુદ્ધા તે અપીલની સુનાવણી જેટલા જડજોએ કરી હોય તેમના બહુમત (થાય તો તે) પ્રમાણે તે મુદ્દાનો નિકાલ કરવો

૯૯ મુકદ્દમાના ગુણદોષને અથવા કોર્ટની હકુમતને બાધ ન આવે એવી રીતે ફરિયાદમા ખોટા પક્ષકારો જોડાયા હોય અથવા દાવાના કારણુ ખોટા જોડયા હોય, અથવા તેમા ચાલેલા કામમા કઇ ભુલ અથવા ખામી હોય, અથવા તેમા કઈ ગેરશીસ્ત કામ થયુ હોય, કઈ લાગતુ વળગતુ ન હોય તો, તે સબબ ઉપરથી અપીલમા કોઇપણ હુકમનામુ રદ્દ કરવુ નહી, અથવા તેમા કઇ મહત્વનો ફેરફાર કરવો નહી અથવા કોઇ કામ પાછુ મોકલવુ નહી

અપીલમાંનાં હુકમનામા ઉપરની અપીલો વિશે.

૧૦૦ (૧) આ કાયદાના મુખ્ય ભાગમા અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઇ કાયદામા બીજી રીતે ખાસ ઠરાવ્યુ ન હોય તો, હૈ કોર્ટના તાબાની કોઇ કોર્ટે અપીલમા કરેલા સઘળા હુકમનામા ઉપર નીચેના કારણો પૈકી કોઈપણ કારણને લીધે તે હૈ કોર્ટને અપીલ ચાલશે, તે કારણ એ કે–

(અ) કોઈ કાયદાથી અથવા જે રિવાજ કાયદા જેટલો બળવાન હોય તે રિવાજથી ફેસલો ઉલટો હોય

(બ) કાયદાના અથવા જે રિવાજ કાયદા જેટલો બળવાન હોય તે રિવાજના કોઇ અગત્યના મુદ્દાનો ફેસલામા નિર્ણય કર્યો ન હોય

આ કાયદામા અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઇ કાયદામા કામ ચલાવવાની જે રીત કહેલી છે તે રીતમા એવી મોટી ભુલ અથવા ખામી રહી હોય, કે જેથી ગુણદોષ ઉપર મુકદ્દમાનો ફેસલો આપવામા વખતે ભુલ અથવા ખામી રહી હોય

(૨) અપીલમા કરેલા એક તરફી હુકમનામા ઉપર આ કલમની રૂએ અપીલ ચાલી શકશે

૧૦૧ કલમ ૧૦૦ મા ઠરાવ્યા છે તે શિવાયના બીજા કારણસર બીજી અપીલ ચાલશે નાહ

૧૦૨ સ્મૉલકૉઝ કોર્ટો જેનો ઇનસાફ કરી શકે એવા પ્રકારની કોઇપણ ફરિયાદમા અસલ ફરિયાદના વિષયની રકમ અથવા કિંમત પાચસો રૂપિયા કરતા વધારે ન હોય ત્યારે બીજી અપીલ ચાલશે નહિ

૧૦૩ કોઇપણ બીજી અપીલમા હે કોર્ટ, દફતરમાનો પુરાવો પુરતો હોય તો, એવી અપીલના નિકાલ માટે હકીકતના જે મુદ્દાનો નિર્ણય કરવાની જરૂર હોય પણ જેનો નિચલી અપીલ કોર્ટે નિર્ણય કર્યો નહિ હોય તે મુદ્દાનો નિર્ણય કરવાને મુખ્ત્યાર છે

હુકમો ઉપરની અપીલો વિશે

૧૦૪ [૧] નીચેના હુકમો ઉપર અપીલ ચાલશે, અને આ કાયદાના મુખ્ય ભાગમા અને વિદ્યમાન-કાળે અમલમા હોય એવા બીજા કોઇ કાયદામા સ્પષ્ટ રીતે બીજી રીતે હોય તે શિવાયને પ્રસંગે બીજા કોઇ પણ હુકમો ઉપર અપીલ ચાલશે નહિ, એટલે —

[અ] લવાદી રદ કરવાના હુકમ ઉપર, જ્યારે લવાદનો નિવાડો કોર્ટે આપેલી મુદતમા પુરો થયો ન હોય ત્યારે

(બ] સ્પેશિયલ કેસના નમુના પ્રમાણે લખી મોકલેલા લવાદના નિવાડા ઉપર કરેલા હુકમ ઉપર.

(ક) લવાદના નિવાડામા ફેરફાર અથવા દુરસ્તી કરવા વિશેના હુકમ ઉપર

(ડ) લવાદી ઉપર સોપવાની કબુલાત ફાઇલ કરવાના અથવા ફાઇલ ન કરવાના હુકમ ઉપર

(ઇ) લવાદી ઉપર સોપવાની કબુલત થઈ હોય ત્યારે ફરિયાદ બંધ પાડવાના અથવા બંધ પાડવાનું ના કહેવાના હુકમ ઉપર

(ફ) કોર્ટ વચમા પડયા શિવાય થયેલો લવાદીમા કરેલો નિવાડો ફાઇલ કરવાના અથવા ફાઇલ કરવાની ના કહેવાના હુકમ ઉપર (ફફ) કલમ ૩૫ અ ની રૂએ કરેલા હુકમ ઉપર

(ગ) કલમ ૯૫ ની રૂએ કરેલા હુકમ ઉપર,

(હ) દંડ કરવાના અથવા કોઇ પણ શખસને હુકમનામાની બજાવણીમા પકડવાનું અથવા કેદની તુરંગમા રાખવાનુ હોય તે શિવાય બીજે પ્રસંગે તે શખસને પકડવાનુ અથવા તુરંગમા રાખવાનુ ફર માવવાના આ કાયદાના કોઈપણ ઠરાવ પ્રમાણે કરેલા હુકમ ઉપર

(આઈ) કાનુનો પ્રમાણે કરેલા જે હુકમ ઉપર અપિલ ચાલશે એવુ સદરહુ કાનુનોમા સ્પષ્ટ રીતે ઠરાવ્યુ હોય તે હુકમ ઉપર

પણ એવુ ઠરાવ્યુ છે કે કોઈ પણ હુકમ કરવો જોઇતો ન હતો અથવા ઓછી રકમ આપવા સારૂ હુકમ કરવો જોઇતો હતો એવા સબબસર હોય તે સિવાય રકમ (ફ ફ) મા નિર્દિષ્ટ કરેલા કોઇપણ હુકમ વિરૂધ્ધ અપીલ ચાલશે નહિ

[૨) આ કલમ પ્રમાણે અપીલમા થએલા કોઇપણ હુકમ ઉપર અપીલ ચાલશે નહી.

૧૦૫ (૧) બીજી રીતે ખાસ ઠરાવ્યુ હોય તે શિવાય કોઈ કોર્ટે પોતાની અવલ હકુમત કિંવા અપીલ હકુમત ચલાવતા કરેલા કોઈ હુકમ ઉપર અપીલ ચાલશે નહી, પરંતુ કોઇ હુકમનામા ઉપર અપીલ થઇ હોય ત્યારે, તેવા કોઇ હુકમમા કંઇ ભુલ ખામી કે ગેરશિસ્તપણુ હોવાને લીધે મુકદ્દમાના ફેસલામા કંઇ કમી જાસ્તી થયુ હોય તો અપીલની યાદીમા હરકત લેવાના એક કારણ તરીકે તે ભુલ ખામી કે ગેરશિસ્તપણુ લખવાને હરકત નથી

(૨) પેટા કલમ [૧) મા ગમે તે ઠરાવ હોય તો પણ આ કાયદાની શરૂઆત પછી કરેલા પાછા મોકલવાના જે ઠરાવ ઉપર અપીલ ચાલતી હોય તે ઠરાવથી નારાજ થયેલો કોઇપણ પક્ષકાર તે ઉપર અપીલ ન કરે ત્યારે, તેના વાજબીપણા વિશે તેનાથી ત્યાર પછી કાઇપણ તકરાર લેવાશે નહી.

૧૦૬ કોઇપણ હુકમ ઉપર અપીલ ચાલતી હોય ત્યારે તે અપીલ, જે ફરિયાદના સબધમા તે હુકમ થયો હોય તે ફરિયાદના હુકમનામા ઉપર જે કોર્ટને અપીલ ચાલે તે કોર્ટને, અથવા (હૈ કોર્ટ શિવાયની) કોઇ કોર્ટ અપીલ હકુમત ચલાવતા તેવો હુકમ કર્યો હોય ત્યારે હૈ કોર્ટને ચાલશે

અપીલ સંબંધી સામાન્ય ઠરાવ

૧૦૭ (૧) અપીલ કોર્ટને ઠરાવવામા આવે તે શરતોને તથા બોલીને પાત્ર —

(અ) મુકદ્દમાનો આખરનો નિકાલ કરવાનો

[બ] મુકદ્દમો પાછો મોકલવાનો

(ક) મુદ્દા કાઢીને તે ઇનસાફ થવા સારૂ મોકલવાનો

[ડ] વધારે પુરાવો લેવાનો અથવા એવો પુરાવો લેવાનું ફરમાવવાનો, અધિકાર છે

[૨] ઉપર કહ્યા પ્રમાણે પાત્ર રહીને અપીલ કોર્ટને અવલ હકુમતવાળી કોર્ટોમા માડેલી ફરિયાદો સબધી તે કોર્ટોને આ કાયદા ઉપરથી અખ્ત્યાર આપ્યા છે તથા તે કોર્ટોને જે કામ સોપ્યા છે તેજ અખ્ત્યાર છે, અને તેને બનશે તેટલે સુધી તેજ કામો કરવા પડશે

૧૦૮ અસલ હુકમનામા ઉપરની અપીલ સબધી આ ભાગના ઠરાવ બનતા સુધી જે અપીલો —

[અ] અપીલના હુકમનામા ઉપર હોય, અને

[બ] આ કાયદાની રૂએ અથવા બીજા જે કોઈપણ વિશેષ અથવા સ્થાનિક કાયદામા કામ ચલાવવાની બીજી રીત ઠરાવી ન હોય તેની રૂએ કરેલા હુકમ ઉપર હોય, તે અપીલોને લાગુ પડશે

કિંગ ઇન કાંસિલને અપીલો

૧૦૯ બ્રિટિશ ઇંડિયાની કોર્ટો ઉપર અપીલ કરવા બાબત મલીક મુઆઝમ ઇન કૌંસિલ વખતે વખતે જે નિયમો કરે તેમને અનુસરીને તથા આ આકટના આગળ લખેલા ઠરાવોનો અનુસરીને, નીચે લખેલા હુકમનામામા અથવા હુકમ ઉપર, એટલે—

(અ) હાઇકોર્ટે અથવા અપીલ લેવાની આખરની હકુમતવાળી બીજી કોઇ કોર્ટે અપીલમા કરેલા દરેક હુકમનામા અથવા આખરના હુકમ ઉપર,

(બ) હાઇકોર્ટે અવલ દિવાની હકુમત ચલાવીને કરેલા દરેક હુકમનામામા અથવા આખરના હુકમ ઉપર, અને (ક) મલીક મુઆઝમ ઇન કાઉન્સીલને અપીલ કરવા લાયક કામ છે એવુ સરટિફીકેટ આમા હવે પછી ઠરાવ કર્યા છે તે પ્રમાણે મળ્યુ હોય ત્યારે તે કામના દરેક હુકમનામા અથવા હુકમ ઉપર

મલીક મુઆઝમ ઇન કાઉન્સીલને અપીલ ચાલશે

૧૧૦ (૧) કલમ ૧૦૯ ની રકમો (અ) તથા (બ) મા દરેક મુકદમામા અવલ કોર્ટમા કરેલી ફરિયાદ વિષયની રકમ અથવા કિંમત દશ હજાર રૂપિયા અથવા તે કરતા વધારે હોવી જોઈએ, અને મલિક મુઆઝમ ઇન કાઉન્સીલમા કરવાની અપીલમા જે તકરારી વિષય હોય તેના વિષયની રકમ અથવા કિંમત પણ તેજ રકમ જેટલી અથવા તેથી વધારે હોવી જોઈએ

અથવા તેટલી રકમની કે કિંમતની મિલકતનો અથવા મિલકત સબંધી કંઇ દાવો અથવા તકરાર હુકમનામામા અથવા આખરના હુકમમા સ્પષ્ટ રીતે ગર્ભિત રીતે હોવા જાઇએ,

અને જે હુકમનામા ઉપર અથવા આખરના હુકમ ઉપર અપીલ કરવામા આવે તે હુકમનામામા અથવા હુકમમા તે હુકમનામુ અથવા હુકમ કરનારી કોર્ટના તરત નીચલી કોર્ટનો ઠરાવ બાહાલ રાખ્યો હોય ત્યારે, અપીલ કરવામા કાયદાની કંઇ સગીન તકરાર આવવી જોઈએ

૧૧૧ કલમ ૧૦૯ મા ગમે તે કહેલું હોય તે છત્તા—

(અ) સને ૧૮૬૧ ના હિંદુસ્તાનના હાઈકોર્ટો બાબતના આકટ પ્રમાણે સ્થપાયલી હાઇકોર્ટના એક જડજે કરેલા અથવા ડિવીઝન કોર્ટના એક જડજે કરેલા હુકમનામા ઉપર અથવા હુકમ ઉપર, અથવા તે હાઇકોર્ટના બે કે વધારે જડજોએ હુકમનામુ અથવા હુકમ કર્યો હોય અથવા એવી હાઇકોર્ટના બે કે વધારે જડજો મળીને થએલી ડિવીઝન કોર્ટના બે કે વધારે જડજોએ હુકમનામુ અથવા હુકમ કર્યો હોય અને તે જડજોની સરખી સખ્યાના બે પક્ષ થયા હોય તથા ઉભય પક્ષમા જુદા મત પડયા હોય અને તે

હાઇકોર્ટના તે વખતના જડજોની સઘળી સંખ્યાના અડધ કરતા વતી ન હોય ત્યારે તે બે અથવા વધારે જડજોએ કરેલા હુકમનામા અથવા હુકમ ઉપર, અથવા

(બ) કલમ ૧૦૨ પ્રમાણે જે કોઈપણ હુકમનાના ઉપર બીજી અપીલ ચાલતી ન હોય તેના ઉપર, મલીક મુઆઝમ ઇન કાઉન્સીલને અપીલ ચાલશે નહિ

૧૧૨ (૧) આ કાયદામા કહેલી કોઇ વાતથી એમ સમજવુ નહી કે —

(અ) મલીક મુઆઝમ ઇન કાઉન્સીલને કરેલી અપીલો દાખલ કરવાના અથવા નામજુર કરવાના અથવા બીજી કોઇ પણ રીતે કામ કરવાના સબધમા મલીક મુઆઝમની મરજીમા આવે તે પ્રમાણે સપૂર્ણ રીતે અને પ્રતિબધ રહિત ચાલવાના અધિકારને હરકત થાય છે, અથવા

(બ) મલિક મુઆઝમ ઇન કાઉન્સીલને અપીલો આપવા વિશે, અથવા પ્રીવીકાઉન્સીલની જ્યુડિશિયલ કમિટીની રૂબરૂ તે અપીલો ચલાવવા વિશે તે જ્યુડિશિયલ કમિટીએ જે કઇ નિયમો કર્યા હશે અને જે વિદ્યમાનકાળે અમલમા હશે તેમા કઇ કમી જાસ્તી થાય છે,

(૨) આમા લખેલી કઈ વાત ફોજદારી અથવા આડમીરલ્ટી અથવા વાઇસ આડમીરલ્ટીની હકુમતની બાબતને લાગુ પડતી નથી અથવા પ્રાઇઝ કોર્ટના કઇ હુકમો અથવા હુકમનામામા ઉપર અપીલો થાય તેને લાગુ પડતી નથી એમ સમજવુ

ભાગ ૮ મો.

હકીકત લખી મોકલવા વિશે. ફરી તપાસ વિશે તથા તપાસણી વિશે.

૧૧૩ ઠરાવવામા આવે તેવી શરતો તથા મર્યાદાને પાત્ર, કોઈપણ કોર્ટ કોઇ મુકદ્દમાની હકીકત લખી કાઢીને તે હાઇકોર્ટના અભિપ્રાય સારૂ મોકલવાને મુખત્યાર છે, અને તે હાઇકોર્ટ પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને મુખત્યાર છે

૧૧૪ ઉપર કહ્યા પ્રમાણે પાત્ર રહીને, કોઇપણ સખસની નજરમા એમ આવે કે —

(અ) જે હુકમનામા અથવા હુકમ ઉપર આ કાયદાની રૂએ અપીલ ચાલતી હોય પણ તેવી અપીલ ન કરી હોય તે હુકમ અથવા હુકમનામાથી

(બ) જેના ઉપર આ કાયદાની રૂયે અપીલ ન ચાલતી હોય તેવા હુકમનામા અથવા હુકમથી, અથવા

(ક) સ્માલકૉઝ કોર્ટે અભિપ્રાય લખી મોકલેલી હકીકત ઉપરથી કરેલા ફેસલાથી,

મને બરોબર ઇન્સાફ મળ્યો નથી, તે સખસ જે કોર્ટે તે હુકમનામુ કે હુકમ કરેલો હોય તેને તેની ફરી તપાસને વાસ્તે અરજ કરવાને મુખત્યાર છે, અને તે કોર્ટ તે બાબત પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને મુખત્યાર છે

૧૧૫ હાઇકોર્ટના તાબાની કોઇ પણ કોર્ટે જે કોઇ પણ ફરિયાદ અથવા કામનો ફેસલો કર્યો હોય અને જેના ઉપર અપીલ ચાલતી ન હોય તે ફરિયાદ અથવા કામના કાગળ, તે હાઈકોર્ટ મગાવવાને મુખત્યાર છે અને જો—

(અ) એવી તાબાની કોર્ટને કાયદા પ્રમાણે જે હકુમત મળી ન હતી તે હકુમત વાપરી છે એમ દેખાય તો, અથવા (બ) એવી રીતે જે હકુમત મળી હોય તે એવી તાબાની કોર્ટે વાપરી નથી એમ દેખાય તો, અથવા (ક) એવી તાબાની કોર્ટે પોતાની હકુમત વાપરવામા ગેરકાયદાસર અથવા ભારે અનિયમિત રીતે કામ કર્યુ છે એમ દેખાય તો, સદરહુ કોર્ટ તે મુકદ્દમામા પોતાને યોગ્ય દેખાય એવો હુકમ કરવાને મુખત્યાર છે

ભાગ ૯ મો.

સનંદી હાઇકોર્ટો વિશે વિશેષ ઠરાવ.

૧૧૬ સન ૧૮૯૧ ના હિંદુસ્તાનના હાઇકોર્ટો બાબતના આકટ પ્રમાણે જે હાઇકોર્ટો સ્થપાઇ હોય અને જે હવે પછી સ્થપાય તેમનેજ માત્ર આ ભાગ લાગુ પડે છે એમ સમજવુ

૧૧૭ આ ભાગમા અથવા ૧૦ મા ભાગમા અથવા કાનુનોમા ઠરાવ્યુ છે તે શિવાયને પ્રસંગે, આ કાયદાના ઠરાવો સદરહુ હાઇકોર્ટોને લાગુ પડે છે એમ સમજવુ

૧૧૮ જ્યારે એવી કોઇપણ હાઇકોર્ટે પોતાની અવલ દિવાની હકુમત ચલાવીને કરેલુ હુકમનામુ, ફરીયાદીમા થએલા ખરચની આકારણી કરીને આકડો નક્કી કર્યા પહેલા, બજાવવુ જરૂર છે એમ તેની નજરમા આવે ત્યારે એવો હુકમ કરવાને તે મુખત્યાર છે કે ખરચ સિવાયનુ બાકીનું હુકમનામુ લાગલુજ બજાવવુ, અને ખરચ પુરતું હુકમનામુ ખરચનો આકડો આકાર કરીને નક્કી થતાજ બજાવવુ

૧૧૯ આ કાયદામા કહેલી કોઇ વાતથી, કોર્ટ પોતાની અવલ દિવાની હકુમત ચલાવતી હોય ત્યારે ત્યા ભાષણ કરવાનો અથવા સાક્ષી તપાસવાનો અખત્યાર પોતાની સનદથી મળેલો અધિકાર ચલાવીને કોર્ટે જે સખસને આપ્યો હોય તે શિવાયના કોઇ સખસને બીજા સખસની વતી કોર્ટમા ભાષણ કરવાનો અથવા સાક્ષી તપાસવાનો અખત્યાર મળે છે એમ અથવા આડવોકેટ, વકીલ અને એટર્ની વિશે નિયમ કરવાની હાઇકોર્ટને જે સત્તા છે તે સત્તામા ઓછુ વત્તુ થાય છે એમ સમજવુ નહી

૧૨૦ (૧) હાઇકોર્ટને પોતાની અવલ દીવાની હકુમત ચલાવતા આ કાયદાના નીચેના ઠરાવો લાગુ પડશે નહી એમ સમજવુ' તે એ કે–કલમો ૧૬, ૧૭ તથા ૨૦, (૨) હાઇ કોર્ટ નાદારી કોર્ટ તરીકે હકુમત ચલાવતી હોય ત્યારે એવી કોર્ટના કોઇપણ જડજને આ કાયદાની કઇ વાત લાગુ પડશે નહી એમ સમજવુ

ભાગ ૧૦ મો.

કાનુનો વિશે.

૧૨૧ પહેલા પરીશિષ્ટમાની કાનુનો આ ભાગના ઠરાવોને અનુસરીને રદ કરવામા અથવા બદલવામા ન આવે ત્યા સુધી, જાણે તે કાયદાના મુખ્ય ભાગમા સામેલ હોય એવી રીતે તેમનો અમલ ચાલશે

૧૨૨ સને ૧૮૬૧ ના હિંદુસ્તાનના હાઇકોર્ટો બાબતના આકટની રૂયે સ્થપાયલી હાઇકોર્ટો તથા પંજાબ અને દક્ષિણ બ્રહ્મદેશની ચીફ કોર્ટો, ખુદ પોતાનુ કામ ચલાવવાની રીત બાબત તથા પોતાની દેખરેખ હેઠળ દિવાની કોર્ટોનુ કામ ચલાવવાની રીત સબંધી કાનુનો વખતો વખત, પ્રથમ છાપી પ્રસિદ્ધ કરીને કરવાને, અને એવા કાનુનોની રૂયે, પહેલા પરીશિષ્ટમાની સઘળી અથવા કોઇપણ કાનુન રદ કરવાને, બદલવાને અથવા તેમા વધારો કરવાને મુખત્યાર છે

૧૨૩ (૧) કલકત્તા, મદ્રાસ, મુબઇ, અલ્હાબાદ, લાહોર તથા રંગુન શહેરમા એક કમિટી નીમવી અને આ કમિટીને કાનુન કરનારી કમિટી કહેવી

(૨) એવી દરેક કમીટીમા નીચેના સખસો હોવા જોઇયે, એટલે.—

(અ) જે શહેરમા એવી કમિટી નીમી હોય તે શહેરમા સ્થાપેલી હૈ કોર્ટના ત્રણ જડજો, આમાના નિદાન એક જડજે ડિસ્ટ્રિકટ જડજ તરીકે અથવા (પંજાબ બ્રહ્મદેશમા) ડિવિઝનલ જડજ તરીકે ત્રણ વર્ષ સુધી કામ કરેલુ હોવુ જોઇએ (બ) તે કોર્ટમા કામ કરનારો એક બેરિસ્ટર

(ક) તે કોર્ટમાં યાદીમા નામ દાખલ થયેલો (બેરિસ્ટર ન હોય એવો) એક એડવોકેટ અથવા વકીલ અથવા પ્લીડર, (ડ) તે હાઇકોર્ટના તાબામાની એકાદી દિવાની કોર્ટનો એક જડજ અને (ઈ) કલકત્તા, મદ્રાસ તથા મુબઇ શહેરમા એક અટર્ની

(૩) એવી દરેક કમીટીના મેમ્બરોની નીમણુક ચીફ જસ્ટીસે અથવા ચીફ જડજે કરવી, અને તેણે તે મેમ્બરોમાના એકને પ્રેસીડંટ નીમવો પણ એવુ ઠરાવ્યુ છે કે જો સદરહુ ચીફ જસ્ટીસ અથવા ચીફ જડજ એવી કમીટીનો પોતાનેજ મેમ્બર નીમે તો મેમ્બર તરીકે નીમાયલા બીજા જડજો બેજ હોવા જોઇએ, અને એવો ચીફ જસ્ટીસ અથવા ચીફ જડજ તે કમિટીનો પ્રેસીડંટ હોવો જોઇયે

(૪)એવી કોઇ પણ કમિટીના દરેક મેમ્બરે ચીફ જસ્ટીસ અથવા ચીફ જડજ આ અર્થે ઠરાવે તેટલી મુદત સુધી હુદ્દો ધારણ કરવો અને જ્યારે કોઇ પણ મેમ્બર હુદ્દો છોડી જાય, રાજીનામુ આપે, મરણ પામે અથવા જે પ્રાંતમા તે કમીટી નીમાઇ હોય તે પ્રાંતમા રહેતો બંધ પડે અથવા એવી કમિટીમા મેમ્બર

તરીકે કામ કરવાને અશક્ત થાય ત્યારે, સદરહુ ચીફ જસ્ટીસ અથવા ચીફ જડજ બીજા કોઈ સખસને તેની જગાએ મેમ્બર નીમવાને મુખત્યાર છે.

(૫) એવી દરેક કમીટીનો એક સેક્રેટરી હોવો જોઇયે અને તેમની નીમણુક ચીફ જસ્ટીસે અથવા ચીફ જડજે કરવી, અને, પ્રસંગ પ્રમાણે, ગવર્નર જનરલ ઇન કોંસિલ અથવા સ્થાનિક સરકાર આ અર્થે ઠરાવે તે મહેનતાણુ તેને મળવુ જોઇયે

૧૨૪ પહેલા પરિશિષ્ટમાની કાનુનો રદ કરવા બાબતની, અથવા તેમા ફેરફાર અથવા વધારો કરવા બાબતની અથવા નવી કાનુનો કરવા બાબતની કોઇપણ દરખાસ્ત બાબત દરેક કાનુન કરનારી કમિટીએ, એવી કમિટી જે શહેરમા નીમાઇ હોય તે શહેરમા સ્થાપવામા આવેલી હાઈ કોર્ટને રિપોર્ટ કરવો અને ૧૨૨ મી કલમ પ્રમાણે કોઇ પણ કાનુનો કરતા પહેલા સદરહુ હાઇ કોર્ટે એવા રીપોર્ટ ઉપર વિચાર કરવો

૧૨૫ ૧૨૨ મી કલમમા નિર્દિષ્ટ કરેલી હાઇકોર્ટો સિવાયની હાઈ કોર્ટે તે કલમની રૂયે આપેલા અધિકાર ગવર્નર જનરલ ઇન કાઉસીલ ઠરાવે તેવી શરતોને પાત્ર ચલાવવાને મુખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે એવી કોઇ પણ હાઇ કોર્ટે, બીજી કોઇ પણ હાઇ કોર્ટે કરેલી કાનુનો પોતાની હકુમતની સ્થાનિક હદમા પ્રથમ છાપી પ્રસીદ્ધ કરીને લાગુ કરવાને મુખત્યાર છે

૧૨૬ ઉપરના ઠરાવોના રૂયે કરેલી કાનુનો પ્રથમ નીચે લખેલા અધિકારીઓએ મંજુર કરવી જોઇયે એટલે

(અ) સને ૧૮૬૧ ના હિંદુસ્તાનના હાઇકોર્ટો બાબતના આક્ટની રૂયે સ્થપાયલી એકાદી હાઇ કોર્ટે એવી કાનુન કરી હોય તો સદરહુ આક્ટની ૧૫ મી કલમ મુજબ કરેલી કાનુનના સંબંધમા સદરહુ કલમ પ્રમાણે જે અધિકારીની મંજુરી જોઇયે છે તે અધિકારીઓ,

(બ) બીજી કોઇ પણ કોર્ટે એવી કાનુન કરી હોય તો, સ્થાનિક સરકારે મંજુર કરવી જોઇયે

૧૨૭ ઉપરના ઠરાવો પ્રમાણે કરેલી તથા મંજુર કરેલી કાનુનો પ્રસંગ પ્રમાણે ઈંડિયા ગેઝીટમા અથવા સ્થાનિક સરકારી ગેઝીટમા પ્રસીદ્ધ કરવી જોઇએ, અને તે એવી રીતે પ્રસિદ્ધ કર્યાની તારીખથી અથવા બીજી જે કોઇ પણ તારીખ નિર્દિષ્ટ કરવામા આવે તે તારીખથી તે કાનુનો જે હાઇ કોર્ટે કરી હોય તે હાઇ કોર્ટની હકુમતની હદમા તેમનો અમલ જાણે તે પહેલા પરિશીષ્ટમા સમાયલી હોય તે પ્રમાણે થશે

૧૨૮ (૧) એવી કાનુનો આ કાયદાના મુખ્ય ભાગના ઠરાવોથી વિરૂદ્ધ હોવી ન જોઇયે, પણ તે ઠરાવોને પાત્ર તે કાનુનોમા, દિવાની કોર્ટમા કામ ચલાવવાની રીત સંબંધી કાઇપણ બાબતો વિશે ઠરાવ કરી શકાય

(૨) વિશેષ રીતે, અને પેટા કલમ (૧) ની રૂયે આપેલા કોઇપણ સામાન્ય અધિકારનો બાધ ન આવે તે રીતે, સદરહુ કાનુનોમા નીચેની સઘળી અથવા કોઇપણ બાબતો માટે ઠરાવ કરી શકાય એટલે,

(અ) સમન નોટીસ તથા બીજી પ્રોસેસ ટપાલ મારફત અથવા બીજી રીતે સામાન્યત. અથવા કોઇ પણ નિર્દિષ્ટ પ્રદેશમા બજાવવા બાબત તથા તેવી બજાવણીના પુરાવા બાબત

(બ) જીવતા જનાવર તથા બીજી જંગમ મિલકત જપ્તીમા હોય ત્યારે તે રાખવા બાબતના તથા તેમની રખેવાળી બાબત, એવી રાખણુ તથા રખેવાલી માટે લેવાની ફી બાબત, એવા જનાવર તથા મિલકતના વેચાણુ બાબત તથા એવા વેચાણુના ઉત્પન્ન બાબત, (ક) વિરૂદ્ધ હક તરીકે કરેલી ફરિયાદોના કામ ચલાવનારી રીત બાબત અને હકુમતના કારણ સારૂ એવી ફરિયાદોની કિંમત આકવા બાબત, (ડ) કરજ જપ્ત કરીને વેચવાને બદલે અથવા તે ઉપરાત કરેલા ગારનીશી સંબંધી તથા બોજો નાખવા સંબંધી હુકમમા કામ કેવી રીતે ચલાવવુ તે બાબત, (ઇ) ફરીયાદમા પક્ષકાર હોય કે ન હોય એવા કોઇપણ સખસ ઉપર ફાળા માટે અથવા હમી માટે પ્રતિવાદી દાવો કરે ત્યારે, કામ ચલાવવાની રીત બાબત, (ફ) નીચે લખેલી ફરીયાદોમા સંક્ષિપ્ત રીતે કામ ચલાવવા બાબત, એટલે.-

(૧) સ્પષ્ટ અથવા ગર્ભિત કરાર ઉપરથી, અથવા વસુલ કરવાની રકમ ચોકક્સ નકી કરેલી રકમ હોય અથવા દંડ શિવાયનુ કરજ હોય ત્યારે એકાદા કાયદા ઉપરથી, અથવા મુખ્ય દાવો એકાદા કરજના અથવા તોડજોડ કરેલા માગણાના સંબંધમા હોય ત્યારે હમી ખત ઉપરથી અથવા ટ્રસ્ટ ઉપરથી, ઉત્પન્ન

થનાર જે કરજ અથવા પૈસાની ઠગવેલી રકમ પ્રતિવાદી પાસેથી લેણી નીકળે તે કરજ અથવા રકમ વ્યાજ સુદ્ધા અથવા વગર વ્યાજે માત્ર વસુલ કરવા સારૂ વાદીએ જે ફારયાદમા માગણું કર્યું હોય તેવી ફરિયાદો અથવા

(૨) જે ખેડુત (ગણોતીઆ) ની મુદત ખલાસ થઇ ગઇ હોય અથવા છોડી દેવાની નોટીસ ઉપરથી યોગ્ય રીતે પુરી થઇ હોય અથવા ગણોત ન આપ્યાને લીધે જપ્ત થવાને પાત્ર થઈ હોય તેની વિરૂદ્ધ અથવા એવા ખેડુતની મારફત દાવો કરતા હોય તે સખસો વિરૂદ્ધ જમીનદારે ગણોત અથવા દરમિયાનના ઉત્પન્નનુ માગણુ કરીને અથવા તેવુ માગણુ કર્યા વગર સ્થાવર મિલકત પાછી મળવા સારૂ માંડેલી ફરિયાદોમા,

(ગ) સમન કાઢવા સંબંધી કામ ચલાવવાની રીત બાબત,

(હ) ફરિયાદો, અપીલો તથા બીજા ચલાવેલા કામ એકત્ર કરવા બાબત,

(આઇ) સદરહુ કોર્ટના કોઈપણુ રજિસ્ટ્રારને, પ્રોથોનોટરીને અથવા માસ્તરને અથવા બીજા કોઇપણુ અમલદારને ન્યાય સબધી અશત ન્યાય સબધી તથા ન્યાય સબંધી ન હોય એવા કામ સોપવા બાબત અને

[જે] દિવાની કોર્ટોનુ કામ ચલાવવા સારૂ જરૂરના હોય અથવા ઇષ્ટ હોય એવા સઘળા નમુના, રજિસ્ટરો, બુકો, નાધો અને હિસાબો બાબત

૧૨૯ આ કાયદામા ગમે તે કહ્યુ હોય તે છતા, સને ૧૮૬૧ ના હિદુસ્તાનના હાઇકોર્ટો બાબતના આકટની રૂએ સ્થાપન થયેલી હરકોઇ હાઇકોર્ટ પોતાની અવલ દિવાની હકુમત ચલાવતી હોય ત્યારે તેનુ પોતાનુ કામ ચલાવવાની રીતનુ નિયમન કરવા સારૂ પોતાન યોગ્ય લાગે એવી અને જે સનદની રૂએ પોતાની સ્થાપન થઇ હોય તે સનદને લેટર્સ પેટટ અનુસરતી હોય એવી કાનુનો કરવાને મુખત્યાર છે અને આમા ગમે તે કહ્યુ હોય તેથી આ કાયદાની શરૂઆત વખતે અમલમા હોય એવી કાનુનોના કાયદેસરપણાને બાધ આવશે નહિ

૧૩૦ સન ૧૮૭૧ ના હિદુસ્તાનના હાઇકોર્ટો બાબતના આકટ મુજબ નહિ સ્થપાયલી કોઇપણુ હાઇકોર્ટ સ્થાનિક સરકારની પ્રથમ મજુરી મેળવીને, કામચલાવવાની રીત શિવાય બીજી હરકોઇ બાબતના સંબધમા, હેઠળ લખેલી કાનુનો, એટલે, સદરહુ આકટની કલમ ૧૫ પ્રમાણે સદરહુ પ્રમાણે સ્થપાયેલી કોઈ કોર્ટ સદરહુ પ્રકારની કોઈ બાબતમા ઇલાકાના મુખ્ય શહેરની હદમા નહિ હોય એવા હકુમત નિચેના મુલકના કોઈ ભાગને સારૂ કરી શકે, તેવા કોઇપણુ કાનુનો કરવાને મુખત્યાર છે

૧૩૧ કલમ ૧૨૯ અથવા ૧૩૦ મુજબ કરેલી કાનુનો પ્રસગ પ્રમાણે, ઇંડિયા અથવા સ્થાનિક સરકારી ગેઝીટમા છાપી પ્રસિદ્ધ કરવી, અને છાપીને પ્રસિદ્ધ કર્યાની તારીખથી અથવા બીજી જે તારીખ નિર્દિષ્ટ કરવામા આવે તે તારીખથી તેમનો કાયદા પ્રમાણે અમલ થશે

ભાગ ૧૧ મો.

પરચુરણ

૧૩૨ (૧) દેશના રીવાજ અને રીત પ્રમાણે જે સ્ત્રીઓને લોકોમા હાજર થવાની જરૂર પાડવી ન જોઇએ, તેઓને કોર્ટે જાતે હાજર થવાની માફી આપવી જોઇએ

(૨) પરતુ જે કોઇપણુ બાબતમા સ્ત્રીઓને પકડવાની આ કાયદાથી મના કરી ના હોય તેવી બાબતમા દિવાની પ્રોસેસ બજાવવામા તેવી સ્ત્રીઓને પકડવાની માફી કરી છે એમ આ કલમમા કોઇ વાતથી સમજવુ નહી

૧૩૩ (૧) કોઇ સખસનો દરજ્જો એવો હોય કે તેને કોર્ટમા હાજર થવાની માફી કરવી જોઇએ એમ સ્થાનિક સરકારની નજરમા આવે તો, સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેર ખબર આપીને તે સખસને કોર્ટમા જાતે હાજર થવાની માફી આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે

(૨) આ પ્રમાણે માફી મળેલા સખસોના નામ અને તેમના રહેવાના ઠેકાણા વખતે વખતે સ્થાનિક સરકારે હાઇકોર્ટને લખી મોકલવા, અને તેવા સખસોની એક યાદી તે કોર્ટમા રાખવી, તથા હાઇકોર્ટના

તાબાની પ્રત્યેક કોર્ટની હકુમતની સ્થાનિક હદમા તેવા જે સખસો રહેતા હોય તેમની યાદી તે તાબાની કોર્ટમા રાખવી

(૩) આ પ્રમાણે માફી મળેલો કોઇ સખસ, મને કોર્ટમા હાજર થવાની માફી મળી શકે એમ કહે, અને તેટલા માટે કમીશનથી તેની શાહેદી લેવાની જરૂર પડે તો, તે કમીશનનો ખરચ તેણે આપવો, પણ તેની શાહેદી લ્યો એમ કહેનાર તે ખર્ચ ભરે તો તેમ ન કરવુ

૧૩૪ કલમો ૫૫, ૫૭, તથા ૫૯ માના ઠરાવો, બનતા સુધી, આ કાયદા ઉપરથી પકડેલા સઘળા સખસોને લાગુ પડશે એમ સમજવુ

૧૩૫ (૧) જડજ, માજીસ્ટ્રેટ અથવા ન્યાયના કામ બાબતનો બીજો કોઇ અમલદાર પોતાની કોર્ટમા જતો હોય ત્યારે, અથવા કોર્ટમા અધ્યક્ષસ્થાને બેઠો હોય ત્યારે, અથવા કોર્ટમાથી પાછો આવતો હોય ત્યારે તેને દિવાની પ્રોસેસથી પકડી શકાય નહિ

(૨) કોઇ ન્યાય સભાની રૂબરૂ કોઇ વિષય ચાલુ હોય અને તે વિષયમા તે ન્યાય સભાની હકુમત હોય અથવા પોતાને હકુમત છે એમ તે શુદ્ધબુદ્ધિથી માનતી હોય ત્યારે, તે વિષયના પક્ષકારોને, તેઓના પ્લીડરો, મુખ્ત્યારોને, રેવન્યુ એજન્ટોને, કબુલ કરેલ મુખ્ત્યારોને અને સમનમા કહ્યા પ્રમાણે વર્તનાર તેઓના શાહેદોને તે વિષયના કામ સારૂ તે સદરહુ ન્યાય સભામા જતા હોય, અથવા હાજર હોય તે વખતે અને ત્યાથી પાછા આવતા હોય તે વખતે કાર્યનો તિરસ્કાર કર્યાને લીધે કહાડેલી પ્રોસેસ શિવાય બીજી કોઇ દિવાની પ્રોસેસથી પકડવાનું બાતલ કર્યું છે

(૩) હુકમનામાના દેણદારને તાબડતોબ બજાવવાના હુકમની રૂયે પકડવામાથી માફી મળવાનો અથવા હુકમનામાની બજાવણીમાથી તુરંગમા કેદ શા વાસ્તે કરવો નહિ, તેનુ કારણ બતાવવા સારૂ પોતે હાજર થાય તે વખતે પકડવામાથી માફી મળવાનો કોઇ પણ કલમ (૨) માના કોઈ પણ મજકુર ઉપરથી હક મળે છે, એમ સમજવુ નહી

૧૩૬ (૧) હુકમનામાની બજાવણી સબંધી ન હોય એવા આ કાયદાના કોઈ પણ ઠરાવ પ્રમાણે કોઈ સખસને પકડવાનો અથવા કોઇ પણ મિલકત જપ્ત કરવી એમ દરખાસ્ત કરવામા આવે અને જે કોર્ટને તે દરખાસ્ત કરી હોય તેની હકુમત સ્થાનિક હદની બહાર તે સખસ રહેતો હોય અથવા તે મિલકત હોય ત્યારે તે કોર્ટ પોતાની નજરમા આવે તો પકડવાનુ વારંટ કાઢીને અથવા જપ્તીનો હુકમ કરીને જે ડિસ્ટ્રીક્ટ કોર્ટને હકુમતની સ્થાનિક હદમા સદરહુ સખસ રહેતો હોય અથવા સદરહુ મિલકત હોય તે ડિસ્ટ્રીક્ટ કોર્ટને તે વારંટની અથવા હકુમતની નકલ, તથા પકડવાના કે જપ્ત કરવાના ખરચની આશરે રકમ, મોકલવાને મુખ્ત્યાર છે

(૨) તે નકલ અને રકમ મળે એટલે તે ડિસ્ટ્રીક્ટ કોર્ટે પોતાના અમલદાર મારફતે, અથવા પોતાના તાબાની કોર્ટ મારફતે તે સખસને પકડાવવો અથવા તે જપ્તી કરાવવી, અને જે કોર્ટે તે સખસને પકડવા બાબત અથવા તે મિલકત જપ્ત કરવા બાબત અથવા હુકમ કહાડયો હોય તે કોર્ટને પકડવાની અથવા જપ્ત કર્યાની ખબર કરવી

(૩) આ કલમ પ્રમાણે જે કોર્ટે કોઇને પકડયો હોય તે પકડેલા સખસને પકડવાનુ વારંટ કહાડનારી કોર્ટમા મોકલવો જોઇયે પણ તે વારંટ કહાડનારી કોર્ટમા શા માટે નહી મોકલવો જોઇયે, તે વિષેની પકડનારી કોર્ટની ખાત્રી થાય એવા કારણો તે બતાવે, અથવા તે વારંટ કહાડનારી કોર્ટમા હાજર થવા બાબત અથવા સદરહુ કોર્ટ તેની વિરુદ્ધ જે હુકમનામુ કરે તે ભરપાઇ કરવા બાબત પુરતો જામીન આપે તો પકડનારી કોર્ટે તેને છોડી દેવો

(૪) જ્યારે આ કલમ પ્રમાણે પકડવાનો સખસ અથવા જપ્ત કરવાની જંગમ મિલકત બંગાળાના ફોર્ટ વિલિયમની [કલકત્તાની) અથવા મદ્રાસની અથવા મુબાઇની ન્યાયાધિકારી હાઇકોર્ટની અથવા દક્ષિણ બ્રહ્મદેશના ચીફ કોર્ટની સાધારણ અવલ દીવાની હકુમતની સ્થાનિક હદમા હોય ત્યારે, પકડવાના વારંટની જપ્ત કરવાના હુકમની નકલ, તથા પકડવાના અથવા જપ્ત કરવાના ખરચની આશરે રકમ કલકત્તા,

મદ્રાસ, મુંબઈ અથવા રંગુન જે હોય ત્યાની સ્માલકાજ કોર્ટને મોકલવી અને તે કોર્ટ સદરહુ નકલ અને રકમ પહોચાડવા પોતે ડિસ્ટ્રિક્ટ કોર્ટ હોય એમ અમલ કરશે

૧૩૭ (૧) આ કાયદો શરૂ થાય તે વખતે હાઈકોર્ટના તાબાની કોઇ પણ કોર્ટની જે ભાષા હોય તેજ ભાષા સ્થાનિક સરકાર બીજી રીતનો હુકમ કરે ત્યા સુધી તે બાબતની કોર્ટમા ચાલુ રહેશે

(૨) આવી કોઇ પણ કોર્ટની કઇ ભાષા ગણવી અને એવી કોર્ટને કરવાની અરજી તથા એવી કોર્ટમા ચાલતું કામ કેઇ લીપીમા લખવુ એ ઠરાવવાને સ્થાનિક સરકાર મુખ્ત્યાર છે

(૩) જ્યારે એવી કોઇ પણ કોર્ટમા પુરાવો લખવા શિવાય બીજુ કાઇ પણ લખવાનુ આ કાયદામા ફરમાવ્યુ હોય અથવા છુટ આપી હોય ત્યારે એવુ લખાણ અરજીમા હશે તો ચાલશે, પણ જો કોઇ પણ પક્ષકાર અથવા તેનો પ્લીડર ઇંગ્રેજી જાણતો ન હોય તો તેની અરજી ઉપરથી તેનો કોર્ટની ભાષામા તરજુમો તેને પુરો પાડવો, અને એવા તરજુમાનો ખર્ચ આપવા બાબત કોર્ટે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો,

૧૩૮ (૧) સ્થાનિક સરકાર સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને એવુ ફરમાવવાને મુખ્ત્યાર છે કે જે જડજ સદરહુ જાહેરનામામા નિર્દિષ્ટ કરેલો હોય અથવા જેને તેમા કરેલું વર્ણન લાગુ પડતુ હોય તેવા કોઇ પણ જડજે અપીલ થઇ શકે એવા મુકદમાઓમા જબાની અંગ્રેજી ભાષામા અને ઠરાવેલી રીતે લખી લેવી

(૨) પેટાકલમ [૧) મુજબના ફરમાન પ્રમાણે ચાલવાને કોઇપણ પુરતા કારણથી જડજ અટકમો હોય ત્યારે, તેણે તે કારણ દફતરમા લખવુ તથા જડજ મોઢથી બોલે તેમ બીજો લખે એવી રીતે બીજા પાસે સદરહુ જબાની ખુલ્લી કોર્ટમા લખાવવી

૧૩૯ આ કાયદા પ્રમાણે કોઈપણ સોગનનામુ કરવાનુ હોય, તો તેમા—

(અ) કોઇ કોર્ટ અથવા માજીસ્ટ્રેટ અથવા

(બ) તે કામને વાસ્તે હાઇકોર્ટે નીમેલો કોઈ અમલદાર અથવા બીજો સખસ અથવા

(ક) તે કામને વાસ્તે સ્થાનિક સરકારે સામાન્ય રીતે કે વિષય રીતે જે બીજી કોઇ કોર્ટને અધિકાર આપે તે કોર્ટ નીમેલો કોઇ અમલદાર, સોગનનામુ કરનારને સોગન આપી શકે

૧૪૦ (૧] આડમીરલ્ટી (દરીઆઇ) અથવા વાઇસ્ આડમીરલ્ટી સબધી સાલવેજ [વહાણ અથવા તેમનો માલ જોખમમાથી બચાવવાને જે મદદ કરે તેનુ મહેનતાણુ] ટાવેજ (પાગડ બાધીને લાવવા બાબતનુ મેહેનતાણુ) અથવા કોલીશન (વહાણનુ અરસ્પરસ અથડાવવુ) બાબત દાવામા કોર્ટ, પછી તે ગમે તો અવલ કે અપીલ હકુમત ચલાવતી હોય તો પણ પોતે ફરમાવે તે રીતે અથવા ઠરાવવામા આવે તે રીતે પોતાને મદદ કરવા સારૂ પોતાને યોગ્ય લાગે તો, એ લાયક આસેસરોને સમન કરવાને મુખ્ત્યાર છે, અને તે દાવાના કોઇ પક્ષકારની અરજ ઉપરથી તેણે તેમ કરવુજ જોઇયે અને તે આસેસરોએ હાજર રહીને તે પ્રમાણે મદદ કરવી જોઇયે

(૨) સદરહુ પ્રમાણેના પ્રત્યેક આસેસરને હાજર રહેવા બદલ કોર્ટ ફરમાવે અથવા ઠરાવવામા આવે તેટલી ફી કોર્ટ ફરમાવે તે અથવા ઠરાવેલા પક્ષકારે આપવી પડશે

૧૪૧ દિવાની હકુમતવાળી કોઇપણ કોર્ટમાના બધા કામોમા આ કાયદામા ફિર્યાદોના સબધમા કહેલી કામ ચલાવવાની રીત જેટલી લાગુ પાડીને કામ ચલાવવુ

૧૪૨ આ કાયદાની રૂયે કોઇપણ સખસ ઉપર બજાવવાની અથવા આપવાની સઘળી નોટીસો તથા હુકમ લેખી હોવા જોઇયે

૧૪૩ આ કાયદાની રૂયે કાઢલી નોટીસ અથવા સમન અથવા પત્ર ટપાલમા મોકલવાના હોય અને તે બાબત ટપાલનો ખર્ચ લેવાનો હોય ત્યારે તે ખરચ તથા તે નોટીસ અથવા સમન અથવા પત્ર રજીસ્ટર કરીને મોકલવાની ફી એવી નોટીસ, સમન અથવા પત્ર મોકલતા પહેલા ઠરાવલા વખતની અદર ભરવા જોઇયે પણ એવુ ઠરાવ્યુ છે કે સ્થાનિક સરકાર ગવર્નર જનરલ ઇન કાઉન્સિલની અગાઉથી મજુરી લઇને

એવો ટપાલખરચ અથવા ફી અથવા તે બન્ને માફ કરવાને અથવા તેને બદલે લેવાની કોર્ટની ફીનો દર ઠરાવવાને મુખત્યાર છે

૧૪૪ (૧) એકાદુ હુકમનામુ બદલવામા અથવા રદ કરવામા આવે ત્યારે અને તેટલે સુધી પહેલી કોર્ટે, પુર્વસ્થિતિ પ્રાપ્ત થઇને અથવા બીજી રીતે કોઇપણ લાભ મેળવવાનો હક્ક હોય તે પક્ષકારની અરજી ઉપરથી તે પૂર્વ સ્થિતિ એવી રીતે પ્રાપ્ત કરાવી અપાવવી જોઇયે કે તેથી કરીને જે હુકમનામુ અથવા તેનો જે ભાગ ફેરવવામા અથવા રદ કરવામા આવ્યો હોય તે હુકમનામુ અથવા તે ભાગ થયો ન હોત તો પક્ષકાર જે સ્થિતિમા હોત તે સ્થિતિમા બનતા સુધી આવે, અને આ કારણ સારૂ સદરહુ કોર્ટ, એવી રીતે બદલવાથી અથવા રદ કરવાથી જે હુકમ કરવા અગત્યના હોય તે કરવાને તેમજ ખરચ પાછો આપવા સારૂ તથા વ્યાજ નુકસાની વળતર તથા દરમિયાનનુ ઉત્પન્ન આપવા સારૂ વાજબી રીતે અનુસંગીક હોય તે હુકમ પણ કરવાને મુખત્યાર છે

(૨) પેટા કલમ (૧) ની રૂયે અરજી કરીને જે કોઇ પણ પૂર્વ સ્થિતિ પ્રાપ્ત થઇ શકે અથવા બીજી દાદ મળી શકે તે મળવા સારૂ કોઇ પણ ફરિયાદ માંડવી નહિ

૧૪૫ જ્યારે કોઇ પણ સખસ જામીન તરીકે—

(અ) કોઇપણ હુકમનામુ અથવા તેનો કોઇ પણ ભાગ અદા કરવાને અથવા

(બ) હુકમનામાની બજાવણીમા લીધેલી કોઇ પણ મિલકત પાછી આપવા સારૂ, અથવા

(ક) કોઇ પણ ફરિયાદમા અથવા તે ઉપરથી ચાલેલા કોઇ પણ કામમા થયલા કોર્ટના હુકમની રૂયે પૈસા આપવાને અથવા કોઇ પણ સખસ ઉપર નાખેલી શરત પુરી કરવાને,

જવાબદાર થયો હોય ત્યારે, તે જેટલે સુધી જાતે જવાબદાર થયો હોય તેટલે સુધી તે હુકમનામુ અથવા હુકમ, હુકમનામા બજાવવા સારૂ આ કાયદામા ઠરાવેલી રીતે તેની સામે બજાવી શકાશે, અને એવો સખસ અપીલના કારણ સારૂ ૪૭ મી કલમના અર્થ મુજબ પક્ષકાર છે એમ સમજવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે દરેક બાબતમા કોર્ટને પુરતી લાગે તેવી લેખી નોટીસ જામીનને આપવી જોઇયે

૧૪૬ આ કાયદામા અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇ પણ કાયદામા બીજી રીતે ઠરાવ્યુ હોય તે સિવાયને પ્રસંગે જ્યારે કોઇ પણ સખસ કોઇ કામ ચલાવી શકે અથવા અરજ કરી શકે અથવા કોઇ પણ સખસ વિરૂદ્ધ કોઇ પણ ચલાવી શકાય અથવા અરજ કરી શકાય ત્યારે, એવુ કામ અથવા એવી અરજી એવા સખસની વતી અથવા મારફત દાવો કરનાર કોઇ પણ સખસ કરી શકે અથવા તેની વિરુદ્ધ કરી શકાય એમ સમજવુ.

૧૪૭ જે જે ફરિયાદોમા કોઈ નાલાયક સખસ પક્ષકાર હોય તે તે ફરિયાદોમા કોઇ પણ કામના સબંધમા આપેલી સંમતિ અથવા કબુલત ઇષ્ટમિત્રે અથવા ફરિયાદ પુરતા વાલીએ જો કોર્ટની ખાસ રજાથી આપી હોય તો, એવો સખસ એવી કોઇ પણ નાલાયકીવાળો ન હોય અને તેણે એવી સંમત્તિ અથવા કબુલત આપી હોય તે પ્રમાણે તે સંમતિ અથવા કબુલત અમલમા આવશે અને તેનુ પરિણામ થશે

૧૪૮ આ કાયદામા ઠરાવેલુ અથવા આ કાયદાની રૂયે કરવાનુ કોઇ પણ કામ કરવા સારૂ કોઇ પણ મુદત કોર્ટે નક્કી કરી હોય અથવા આપી હોય ત્યારે, તે કોર્ટ, પોતાની નજરમા આવે તે પ્રમાણે એવી અસલ નક્કી કરેલી અથવા આપેલી મુદત પુરી થઇ ગઇ હોય તો પણ તે વખતો વખત વધારવાને મુખત્યાર છે

૧૪૯ કોર્ટની ફી સંબંધી વિદ્યમાનકાળે અમલમા હોય એવા કાયદા ઉપરથી કોઇ પણ દસ્તાવેજના સંબંધમા ઠરાવેલી સઘળી થોડી કોર્ટ ફી આપવામા આવી ન હોય ત્યારે કોર્ટ પોતાની નજરમા આવે તે પ્રમાણે ફરિયાદ ચાલતી હોય તેવા કોઇપણ વખતે જે સખસ એવી ફી આપવાને જવાબદાર હોય તે સખસને પ્રસંગ પ્રમાણે ફરિયાદ ચાલતી હોય તેવા કોઇ પણ વખતે જે સખસ એવી ફી આપવાને જવાબદાર હોય તે સખસને પ્રસંગ પ્રમાણે સઘળી અથવા થોડી ફી આપવા દેવાને મુખત્યાર છે, અને તે કોર્ટ ફી એવી રીતે આપવામા આવે એટલે જે દસ્તાવેજ થયો હોય તે વખતે આપવામા આવી હોત તો તેની જેવી અસર અથવા પરિણામ થાત તેવીજ અસર અથવા પરિણામ તેનુ થશે.

૧૫૦ બીજી રીતે ઠરાવ્યુ હોય તે શિવાયને પ્રસગે જ્યારે કોઇ પણ કોર્ટનુ કામ બીજી કોર્ટમા મોકલવામા આવ્યુ હોય ત્યારે જે કોર્ટમાથી એવુ કામ મોકલ્યુ હોય તે કોર્ટને આ કાયદાની રૂયે જે અધિકાર છે અથવા જે કામ કરવાનુ છે તેજ અધીકાર તથા તેજ કામ કરવાનો અખત્યાર જે કોર્ટમા તે કામ મોકલ્યુ હોય તે કોર્ટને છે એમ સમજવુ

૧૫૧ ન્યાયનો હેતુ પાર પાડવા સારૂ અથવા કોર્ટની પ્રોસેસનો ગેરઉપયોગ થતો અટકાવવા સારૂ જરૂરના હોય એવા હુકમ કરવાનો કોર્ટને જે નૈસર્ગિક અધિકાર છે તે આ કાયદાના કોઇપણ મજકુર ઉપરથી મર્યાદિત થાય છે અથવા તેને બીજી રીતે બાધ આવે છે એમ સમજવુ નહિ,

૧૫૨ ફેસલા, હુકમનામા અથવા હુકમમા હસ્તદોષ સબધી અથવા ગણુત સબધી ભુલો અથવા તેમા જે કાઇ ચુક આકસ્મિક દોષથી અથવા કસુરથી થઇ હોય તે ચુક કોર્ટ પોતાની મેળે અથવા કોઇપણ પક્ષકારની અરજી ઉપરથી કોઇપણ વખતે સુધારવાને કોર્ટ મુખત્યાર છે,

ટીકા—હુકમનામા ઉપર અપીલ થઇ હોય અને તેમા અપીલમા ફેરફાર થયો હોય તો તે હુકમનામામા સુધારો થઈ શકતો નથી

૧૫૩ એકાદી ફરિયાદમાના કોઇપણ કામમા કઇ ખામી અથવા ભુલ થઇ હોય તે કોર્ટ ગમે તે વખતે અને ખરચ સબધી અથવા બીજી બાબત સબધી પોતાને યોગ્ય લાગે તેવી સરતે સુધારવાને મુખત્યાર છે, અને એવા કામમા જે ખરી તકરાર અથવા મુદ્દો ઉત્પન્ન થયો હોય અથવા જે તેના ઉપર આધાર રાખતો હોય તે નક્કી કરવા સારૂ સઘળા જરૂરના સુધારા કરવા

૧૫૪ આ આકટ શરૂ થતી વખતે કોઇપણ પક્ષકારને અપીલ કરવાનો જે વિદ્યમાન હક્ક પ્રાપ્ત થયો હોય તેને આ કાયદામાના કોઇપણ મજકુર ઉપરથી બાધ આવે છે એમ સમજવુ નહિ

૧૫૫ ચોથા પરિશિષ્ટમા લખેલા કાયદા તે પરિશિષ્ટના ચોથા આસનમા કહ્યુ છે તેટલે સુધી આ ઉપરથી સુધાર્યા છે

૧૫૬ પાચમા પરિશિષ્ટમા લખેલા કાયદા તે પરિશિષ્ટના ચોથા આસનમા કહ્યુ છે તેટલે સુધી આ ઉપરથી રદ કર્યા છે

૧૫૭ સને ૧૮૧૯ ના ૮ મા આકટની રૂયે અથવા દિવાની કામ ચલાવવાની રીત બાબતના કોઇપણ કાયદાની રૂએ અથવા તે કાયદો સુધારનારા કોઇપણ આકટની રૂયે અથવા આ ઉપરથી રદ કરેલા બીજા કોઇપણ કાયદાની રૂયે પ્રસિદ્ધ કરેલા જાહેરનામા, કરેલા ઠરાવ તથા કાનુનો, નીમેલી જગાઓ, ફાઇલ કરેલી કબુલતો ઠરાવેના દર, તૈયાર કરેલા નમુના, કરેલી નીમણુકો અને આપેલા અધિકાર, આ કાયદાને અનુસરતા હોય તેટલે સુધી, જાણે તે આ કાયદાની રૂયે અને આ અર્થે અખત્યાર આપેલા અધિકારની રૂયે અનુક્રમે પ્રસિદ્ધ કર્યા હોત, નીમેલા હોત, ફાઈલ કરેલા હોત, ઠરાવેલા હોત, તૈયાર કરેલા હોત, અને આપેલા હોત તો તે જેવી રીતે અમલમા આવત તથા તેની અસર થાત તેવી રીતે તે અમલમા આવશે અને તેની અસર થશે એમ સમજવુ

૧૫૮ આ કાયદાની શરૂઆત પહેલા પસાર કરેલા કોઇપણ કાયદામા અથવા કાઢેલા કોઇપણ જાહેર નામામા જે કાઇપણ હવાલો સને ૧૮૫૯ ના ૮ મા આકટ ઉપર અથવા દિવાની કામ ચલાવવાની રીત બાબતના કોઇપણ કાયદા ઉપર અથવા તે સુધારનારા કોઇપણ આકટ ઉપર અથવા આ ઉપરથી રદ કરેલા બીજા કોઇપણ કાયદા ઉપર અથવા તેના કોઇપણ બાબ અથવા કલમ ઉપર આપ્યો હશે તે, બનતા સુધી આ આકટ ઉપર અથવા તેને મળતા તેના ભાગ અથવા કલમ અથવા કાનુન ઉપર આપ્યો છે એમ સમજવુ.

પહેલું પરિશિષ્ટ.

ઓર્ડર ૧ લો.

ફરિયાદના પક્ષકારો વિશે

૧ એકજ કામના અથવા વ્યવહારના અથવા અનેક કામના અથવા વ્યવહારના સબધમા અથવા એકજ કામ અથવા વ્યવહાર ઉપરથી અથવા ઘણા કામો અથવા વ્યવહાર ઉપરથી ઉત્પન્ન થતો દાદ માગવાનો કોઈપણ હક જે સખસોને છે એમ કહેવામા આવતું હોય તે બધા સખસોને તેઓ જુદી જુદી ફરિયાદ માડે તો તે સઘળાને સામાન્ય એવો કોઈપણ કાયદાનો અથવા હકીકતનો સવાલ ઉભો થવાનો સભવ હોય તે પ્રસંગે વાદી તરીકે એકજ ફરિયાદમા સામીલ કરી શકાય, પછી તે હક ગમે તો બધાનો મળીને હોય કે પ્રથક પ્રથક હોય કે એકનો નહી તો બીજાનો એમ હોય તેની ચિંતા નહિ

૨. જ્યારે કોર્ટને એમ જણાય કે કેટલાક સખસોને વાદી તરીકે દાખલ કરવાથી ફરિયાદના ઇન્સાફ કરવાના સંબધમા અડચણ થવાનો અથવા વિલબ થવાનો સભવ છે, ત્યારે કોર્ટને વાદીની મરજી પ્રમાણે કામ ચલાવવાનો અથવા જુદો ઇન્સાફ કરવાનો હુકમ કરવાનો અથવા યોગ્ય જણાય તેવો બીજો હુકમ કરવાનો અધિકાર છે

૩ જેમની વિરૂદ્ધ એકજ કામના વ્યવહારના અથવા અનેક વ્યવહાર ઉપરથી ઉત્પન્ન થનારો દાદ માગવાનો, બધાનો મળીને અથવા પ્રથક પ્રથક અથવા એકનો નહિ તો બીજાનો એ રીતે પ્રાપ્ત થનારો કોઇપણ હક છે એમ કહેવુ હોય તે બધા સખસોને તેમની વિરૂદ્ધ જુદી જુદી ફરિયાદો કરવામા આવે ત્યારે તે બધાને સામાન્ય એવો કોઇપણ કાયદાનો અથવા હકીકતનો સવાલ નીકળવાનો સંભવ હોય તે પ્રસંગે પ્રતિવાદી તરીકે સામીલ કરી શકાય

૪. ફરિયાદ અરજીમા કઇ દુરસ્તી–કર્યા વગર, ફેસલો—

(અ) વાદીઓ પૈકી જે એક અથવા વધારે આસામીઓ કઇ દાદના હકદાર માલમ પડે તેની અથવા તેમની તરફમા તે અથવા તેઓ જેટલી દાદના હકદાર ઠરે તેટલી દાદનો,

[બ) પ્રતિવાદીઓમાના જે એક અથવા વધારે આસામીઓ જવાબદાર માલમ પડે તેની અથવા તેમની વિરૂદ્ધ તેમની પોતપોતાની જવાબદારી પ્રમાણે આપી શકાય

૫ દરેક પ્રતિવાદીનો, તેના ઉપર માડેલી કોઇપણ ફરિયાદમા માગેલી સઘળી દાદની બાબતમા સબંધ હોવો જોઇએ એમ સમજવુ નહી

૬. કોઈપણ એક કરારથી કઈ સખસો પ્રથક પ્રથક અથવા એકમતે અને પ્રથક પ્રથક જવાબદાર થતા હોય, ત્યારે વાદીની મરજીમા આવે તો તે બધાને અથવા તેમાના કોઇને એકજ ફરિયાદમા પક્ષકાર તરીકે સામીલ કરવાને વાદી મુખત્યાર છે એક કરારથી પ્રથક પ્રથક અથવા એકમતે અને પ્રથક પ્રથક જવાબદાર થતા સખસોમા, બિલ ઓફ એક્સચેન્જ, હુંડી તથા વાયદાચિઠી (પ્રામિસરી નોટ) ના પક્ષકારોનો સમાવેશ થાય છે

૭ જે સખસ પાસેથી દાદ મેળવવાનો પોતાને હક છે તે સખસ કયો તે બાબત વાદીને સંશય હોય ત્યારે પ્રતિવાદીઓમાનો કયો કયો પ્રતિવાદી જવાબદાર છે તથા કેટલે દરજ્જે જવાબદાર છે તેનો નિર્ણય સઘળા પક્ષકારો વચ્ચે થાય તેટલા સારૂ બે અથવા વધારે પ્રતિવાદી સામીલ કરવાનો કોર્ટને અધિકાર છે

૮ (૧) કોઇએક ફરિયાદમા એકજ સબંધવાળા ઘણા સખસો હોય ત્યારે, કોર્ટની પરવાનગી લઇને તેવા સબંધવાળા બધા સખસોની વતી અથવા તેમના હિત સારૂ વાદી અથવા પ્રતિવાદી થવાને અથવા જવાબ કરવાને એવી ફરિયાદમા તે સખસોમાંનો કોઇ એક અથવા વધારે સખસો મુખત્યાર છે, પણ આવે પ્રસંગે તે ફરિયાદ માડ્યાની નોટીસ એવા બધા સખસોને વાદીના ખરચથી પ્રત્યેક કામમા કોર્ટ ફરમાવે તે

પ્રમાણે, જાતે પોચાડવી અથવા સખસોની સખ્યા કે બીજા કોઇ કારણને લીધે, તે રીતે નોટીસ પોચાડવાનું વાજબી રીતે જોતા બને તેમ ન હોય તો, તે બાબત પ્રસિદ્ધ જાહેરખબર આપીને આપવી

(૨) જે કોઇ સખસની વતી અથવા જેના હિત સારૂ પેટા કાનુન (૧) મુજબ ફરીયાદ માંડી હોય અથવા જવાબ કર્યો હોય તે સખસને એવી ફરીયાદમા પોતાને પક્ષકાર કરવા સારૂ કોર્ટને અરજી કરવાનો અધીકાર છે

૯ ખોટી રીતે પક્ષકાર સામીલ કરવાને લીધે અથવા જે પક્ષકારને સામીલ કરવાના હોય તેને સામીલ નહી કરવાને લીધે કોઇ ફરીઆદ નિષ્ફળ જવાની નહી અને દરેક ફરીયાદમા પોતાની આગળ ખરે ખરા જે પક્ષકાર હોય તેમના હક્ક તથા સબધ તટાના વિષયને જેટલા લાગુ પડે તેટલા પુરતું કામ ચલાવવાને કોર્ટ મુખત્યાર છે

૧૦ (૧) જે સખસને વાદી કરવો ન જોઇયે તેનુ વાદી તરીકે નામ દાખલ કરીને ફરીયાદ કરી હોય અથવા ખરેખરા વાદીના નામથી ફરીયાદ કરી છે કે નહીં એનો સશય હોય ત્યારે વાજબી જણાય એવી શરતો કરીને, ફરીઆદની કોઇપણ પાયરીએ કોઇ બીજા સખસ અથવા સખસોને બદલે વાદી કે વાદીઓ તરીકે દાખલ કરવાનો, અથવા તેમનામા સામીલ કરવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે પરતુ તટાની ખરેખરી બાબતનો નિર્ણય કરવાને એમ કરવુ જરૂરનુ છે, તથા શુદ્ધબુદ્ધિથી ભુલ થઇને એ રીતે ફરીઆદ માંડવામા આવી છે, એમ કોર્ટની ખાત્રી થાય તો એ રીતે હુકમ કરવો

(૨) કોર્ટે ચલાવેલા કામ દરમ્યાન કોઈપણ વખતે, કોઇ પણ પક્ષકારની અરજી ઉપરથી કે અરજી શીવાય, પોતાને વાજબી લાગે એવી શરતો કરીને એવો હુકમ કરે કે–વાદી અથવા પ્રતિવાદી તરીક અયોગ્ય રીતે સામીલ કરેલા કોઈ પક્ષકારનુ નામ કાઢી નાખવુ તથા ફરીયાદમા નીકળવાની તથા બધી તકરારનો પુર્ણ રીતે અને કાર્યસાધક ચોકસી કરીને નિર્ણય કોર્ટથી થઇ શકે એટલા સારૂ કોર્ટની રૂબરૂ જેની હાજરીની જરૂર જણાય તેનુ અથવા વાદી કે પ્રતિવાદી તરીકે જેનુ નામ દાખલ કરવુ જોઇતુ હતું તેનુ નામ સામીલ કરવુ

(૩) કોઇ પણ સખસને તેની પોતાની સમતિ શીવાય, ઇષ્ટમિત્ર સીવાય ફરીયાદ કરનારા વાદી તરીકે અથવા કોઇ પણ પ્રકારે નાલાયક થયેલા વાદીના ઇષ્ટમિત્ર તરીકે, સામીલ કરવો નહી

(૪) પ્રતિવાદી સામીલ કરવામા આવે ત્યારે, જો કોર્ટ બીજી રીતે ફરમાવે તો, જરૂર હોય તે રીતે ફરીઆદ અરજી દુરસ્તી કરવી અને સમનના તથા ફરીયાદ અરજીની દુરસ્ત કરેલી નકલો નવા પ્રતિવાદીને, તથા કોર્ટને યોગ્ય લાગે તો, મુળ પ્રતિવાદી ઉપર બજાવવી

(૫) સને ૧૮૭૭ ના હિદુસ્તાનના મુદતની આકટની કલમ ૨૨ ના ઠરાવને પાત્ર કોઇ પણ સખસનુ નામ પ્રતીવાદી તરીકે સામીલ કરવામા આવે તેની વિરૂદ્ધ ચલાવવાનુ કામ, સમન પહોચે ત્યારથી જ માત્ર શરૂ થયુ એમ સમજવુ

૧૧ પોતાને યોગ્ય જણાય તે સખસને ફરીયાદ ચલાવવાનુ કામ સોપવાને કોર્ટ મુખત્યાર છે

૧૨ [૧] એક કરતા વધારે વાદીઓ હોય ત્યારે તેમાનો કોઇ પોતામાના કોઇ એક અથવા વધારેને, ચાલતા કોઇ કામમા પોતાની તરફથી હાજર થવાનો પોતાનો પક્ષ લઇને બોલવાનો અથવા પોતાની તરફથી કામ કરવાને અખત્યાર આપી શકે અને તેજ પ્રમાણે એક કરતા વધારે પ્રતિવાદીઓ હોય ત્યારે તેમાનો કાઇ પોતામાના એક અથવા વધારેને સદરહુ પ્રમાણે કોઇ કામમા પોતાની તરફથી હાજર થવાનો, પોતાનો પક્ષ લઇને બોલાવવાનો અથવા પોતાની તરફથી કામ કરવાનો અખત્યાર આપી શકે

(૨) તે અખત્યાર લખેલો જોઇએ અને તે ઉપર અખત્યાર આપનાર પક્ષકારની સહી હોવી જોઇએ અને તે કોર્ટમા દાખલ કરવો જોઇએ

૧૩ જોઇયે તેટલા આસામીઓને પક્ષકારો તરીકે સામીલ કરેલા નથી અથવા બલતાજ સખસોને પક્ષકારો તરફથી સામીલ કર્યા છે, એ કારણને લીધે જેટલી હરકતો લેવાની હોય તેટલી બધી હરકતનુ કારણ પાછળથી ઉત્પન્ન થાય ને પ્રસગ સિવાય બની શકે તેટલી વહેલામા વહેલી અને મુદ્દા ઠરાવવામા આવે છે તેવી સઘળી બાબતોમા મુદ્દા ઠરાવવામા આવે તે વખતે અથવા તે પહેલા લેવી, અને તેવી કોઇ હરકત એ રીતે નહી હોય તો તે દુર કરી છે એમ સમજવુ

ઓર્ડર ૨ જો.

ફરિયાદ તૈયાર કરવા વિશે

૧ પ્રત્યેક ફરીઆદ બને ત્યા સુધી, એવી રીતે તૈયાર કરવી કે તેથી પેટાની બાબતો ઉપર આખરનો ઠરાવ કરવાનુ કારણ મળી આવે, અને તેથી તે બાબતોનો વધારે વાદ ચાલતો અટકે

૨ (૧) પ્રત્યેક ફરીઆદમા દાવાના કારણુ સબધી જે દાવો માગવાનો હક્ક વાદીને હોય તે તમામ દાવો આવવો જોઇયે, પરતુ કોઇ કોર્ટની હકુમતમા ફરીઆદ લાવવાને માટે પોતાના દાવાનો કઇ ભાગ છોડી દેવાને વાદી મુખત્યાર છે

(૨) જ્યારે વાદી, પોતાના દાવાના કાઇ ભાગ વિશેની ફરીઆદ કરવી રહેવા દે અથવા તે ભાગબુદ્ધિ-પુર્વક છોડી દે ત્યારે એ પ્રમાણે રહેવા દીધેલા અથવા છોડી દીધેલા ભાગ વિશેની ફરીયાદ વાદી પછીથી આણી શકશે નહી (૩) એકજ દાવાના કારણુની બાબતમા એક કરતા વધારે દાદ મેળવવાનો જે સખસને હક્ક હોય તે સખસ, સદરહુ બધી દાદ અથવા તે પૈકી કોઇ પણુ દાદ મેળવવા વિશે ફરીઆદ કરવાને મુખત્યાર છે, પરતુ કોર્ટની પરવાનગી મેળવી હોય તે સિવાયને પ્રસગે સદરહુ દાદો માગવાની ફરીયાદ કરવાનુ વાદી છોડી દે તો, એવી રીતે છોડી દીધેલી કોઇ પણુ દાદ બદલ પછીથી ફરીયાદ ચાલી શકશે નહી

ખુલાસો—આ કાનુનના કારણુ સારૂ ખત, અને તે પ્રમાણે વર્તવાને પેટા તારણુ તરીકે જે દસ્તાવેજ કરી આપ્યો હોય તે તથા તેવા ખત ઉપરથી ઉત્પન્ન થતો એક પછી એક હક અનુક્રમે દાવાનુ માત્ર એકજ કારણુ છે એમ સમજવુ

દ્રષ્ટાંત

દરસાલ રૂ ૧,૨૦૦ ભાડુ કરીને અ એ બ ને ઘર આપ્યુ સને ૧૯૦૫, ૧૯૦૬ તથા ૧૯૦૭ એ ત્રણુ સાલનુ ભાડુ લેણું થયુ છતા તે મળ્યુ નહી, ફક્ત સને ૧૯૦૬ ની સાલના ભાડા બદલ અ એ બ ઉપર ૧૯૦૮ મા ફરીઆદ કરી, તો પછીથી સને ૧૯૦૫ અથવા ૧૯૦૭ ની સાલના ભાડા બદલ બ ઉપર અ ની ફરીયાદ ચાલશે નહી

૩ (૧) બીજી રીતે ઠરાવ્યુ હોય તે સીવાયને પ્રસગે, કરજ ફરીઆદમા, વાદી, તેના તેજ પ્રતિવાદી વિરૂદ્ધ અથવા તેના તેજ પ્રતિવાદીઓ મળીને તેઓની વિરૂદ્ધ, દાવાના ઘણુા કારણુ એકત્ર કરી શકે, અને જે ફરીઆદમા તેના તેજ પ્રતિવાદી વિરૂદ્ધ અથવા તેના તેજ પ્રતિવાદીઓ મળીને તેઓની વિરૂદ્ધ જે કોઇ વાદીઓનો સામાઇક હક્ક સબધ હોય તે વાદીઓ તેવા દાવાના સદરહુ પ્રકારના કારણુ એજ ફરી-આદમા એકત્ર કરી શકે (૨) દાવાના કારણુ એકજ ફરીઆદમા એકત્ર કર્યા હોય ત્યારે, તે ફરીઆદ માડયાની તારીખે ફરીઆદના વિષયોની એકદર કિમત અથવા રકમ ઉપર, તે ફરીયાદ સાભળવાને કોર્ટની હકુમત છે કે નહી તેનો આધાર રહેશે.

૪ સ્થાવર મીલકત લેવાની ફરીયાદમા, કોર્ટની રજા વગર, બીજા કોઈ દાવાનુ કારણુ સામીલ કરવુ નહી પરતુ—(અ) દાવીવાળી મીલકત સબંધી અથવા તેના કોઇ ભાગ સબંધી ચઢેલા ભાડાના અથવા તે સબધી દરમ્યાનની ઉપજના દાવા, (બ) જે કરારની રૂએ તે મીલકત કે તેનો કઈ ભાગ તાબામા હોય તે કરાર તોડયાથી થએલા નુકસાનના દાવા, તથા (ક) જે દાવાઓમા માગેલી દાદ તેજ દાવાના કારણુ ઉપર આધાર રાખતી હોય તે દાવા, તેમા સામીલ કરવાને હરકત નથી, પણુ એનુ ઠરાવ્યુ છે કે ગીરો છોડવાનો હક્ક બધ કરવાની અથવા ગીરો હક્ક છોડવાની ફરીયાદમા ગીરો મીલકત પોતાના કબજામા સ્વાધીન કરવાનો હુકમ માગવામા કોઇ પણુ પક્ષકારને આ કાનુન માહેના કોઇપણુ ઠરાવ ઉપરથી મના કરે છે એમ સમજવુ નહી

૫ મૃત્યુપત્ર ચલાવનાર તરીકે અથવા મૈયતની મિલકતનો વહિવટ કરનાર તરીકે અથવા વારસ તરીકે કોઇ દાવો કરે અથવા તે તરીકે તેના ઉપર દાવો થાય તેમા, પોતાના જાતીકા હક્કથી કરે અથવા તે હક્કથી તેના ઉપર કરવામા આવે તે દાવા સામીલ કરવા નહી, પરતુ મૃત્યુપત્ર ચલાવનાર તરીકે અથવા મૈયતની મીલકતના વહિવટ કરનાર તરીકે અથવા વારસ તરીકે જે ઇસ્ટેટ વિશે વાદીએ ફરિઆદ કરી હોય કે પ્રતીવાદીના ઉપર ફરિયાદ થઇ હોય તે ઇસ્ટેટના સબધમા છેલ્લા કહેલા દાવા ઉત્પન્ન થયા છે એમ

કહેવામા આવતું હોય અથવા જે મૈયતનો તે વારસ વકીલ હોય તેની સાથે મળીને તે હકદાર થાય કે તેના ઉપર જવાબદારી પડે એવા તે (છેલ્લા કહેલા) દાવા હોય તો તે સામીલ કરી શકાય

૬ જ્યારે દાવાના કોઇપણ કારણ એક ફરિયાદમા એકત્ર કર્યા હોય તે દાવાનો એકઠો ઇન્સાફ કે નીકાલ કરવો સોઈવાર નથી એમ કોર્ટને જણાય તે પ્રસગે જુદો જુદો ઇન્સાફ કરવાનો હુકમ કરવાને અથવા યોગ્ય જણાય તેવો બીજો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૭ ભલતાજ દાવાના ભાગ્યો સામીલ કર્યાની જે હરકતો લેવાની હોય તે સઘળી હરકતો, હરકતનું કારણ પાછળથી ઉત્પન્ન થાય તે શિવાયને પ્રસગે બની શકે તેટલી વેહેલામા વેહલી અને મુદ્દા ઠરાવવામા આવે તે સઘળી બાબતોમા મુદ્દા ઠગવવામા આવે તે વખતે અથવા તે પહેલા લેવી અને તેવી કોઇ હરકત એ રીતે નહી લીધી હોય તો તે મુકી દીધી છે એમ સમજવુ

ઓર્ડર ૩ જો.

કબુલ કરેલા મુખત્યારો અને પ્લીડરો

૧ કોઇ કોર્ટમાની ફરિયાદના કોઇ પક્ષકારને તે કોર્ટમા હાજર થયાની, કામ કરવાની અથવા અરજ કરવાની કાયદા પ્રમાણે જરૂર હોય અથવા અખત્યાર મળ્યો હોય, તે હાજર થવાનુ, અરજ કરવાનુ અને કામ કરવાનું, વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇ કાયદાની રૂયે બીજી રીતે સ્પષ્ટપણે ન ઠગવ્યુ હોય તો પક્ષકાર પોતે જાતે અથવા પોતાના કબુલ કરેલા મુખત્યાર મારફત, અથવા પોતાની વતી કામ કરવાને યોગ્ય રીતે નીમેલા કોઇ પ્લીડર મારફત કરી શકે

પરતુ પક્ષકારને જાતે હાજર થવાને કોર્ટ ફરમાવે, તો તેમ પક્ષકારે જાતે હાજર થવુ પડશે

૨ પક્ષકારોના જે કબુલ કરેલા મુખત્યારોથી સદરહુ પ્રમાણે હાજર થવાનું, અરજ કરવાનુ અને કામ કરવાનુ કરી શકાય તે નીચે પ્રમાણે છે—(અ) પક્ષકારોએ પોતાની વતી હાજર થવાનો, અરજ કરવાનો અને કામ કરવાનો અખત્યાર જેમા આપ્યો હોય તેવા મુખત્યારનામા જેમની પાસે હોય તે સખસો, (બ) કોર્ટની હકુમતની જે સ્થાનિક હદમા હાજર થવાનુ, અરજ કરવાનુ કે કામ કરવાનું હોય, તે હદમા રહેતા ન હોય એવા પક્ષકારોની વતી અને તેમને નામે વેપાર અથવા ધધો ચલાવનારા સખસો તે વેપાર અથવા ધધાને લગતી બાબતમાજ, અને તે પણ સદરહુ પ્રમાણે હાજર થવાનો અને કામ કરવાનો અખત્યાર મુદ્દામ બીજા કોઇ મુખત્યારને આપ્યો ન હોય ત્યારે

૩ (૧) એક પક્ષકારના કબુલ કરેલા મુખત્યારને જે પ્રોસેસો પોચાડવામા આવે તે કોર્ટ બીજી રીતે ન ફરમાવે તો, જાણે તે પક્ષકારને હાથોહાથ પોચાડી છે એમ સમજવુ

(૨) ફરીયાદના પક્ષકારને પ્રોસેસ પોચાડવાને આ કાયદામા જે ઠરાવો કરેલા છે તેજ તેના કબુલ કરેલા મુખત્યારને પોચાડવામા લાગુ પડશે

૪ (૧) કોઈપણ સખસ તરફથી હાજર થવા સારૂ, અરજ કરવા સારૂ અથવા કામ કરવા સારૂ પ્લીડર નીમવો તે લેખથી નીમવો અને તે લેખપર એવા સખસે અથવા તેના કબુલ કરેલા મુખત્યારે અથવા આ અર્થે કામ કરવાને મુખત્યારનામા ઉપરથી યોગ્ય રીતે અધિકાર આપેલા બીજા કોઇ સખસે સહી કરવી જોઇએ

(૨) એવી દરેક નિમણુક પ્લીડર કબુલ કરે ત્યારે, તેનો લેખ કોર્ટમા દાખલ કરવો, અને તે લેખ દાખલ થયો એટલે, પ્રસગ પ્રમાણે અસીલ અથવા પ્લીડરની સહીનો બીજો લેખ કોર્ટમા દાખલ કરીને કોર્ટની પરવાનગીથી તે પહેલો લેખ રદ થાય ત્યા સુધી, અથવા અસીલ કે પ્લીડર ગુજરી જાય ત્યા સુધી અથવા અસીલ વિષેના ફરિયાદના સઘળા કામનું છેવટ આવે ત્યા સુધી, તે અમલમા છે એમ સમજવુ

(૩) સન ૧૮૭૧ ના હિંદુસ્તાનના હાઇકોર્ટો બાબતના આકટની રૂએ સ્થાપન થએલી કોઇપણ હાઇકોર્ટના, અથવા કોઇ પણ ચીફ કોર્ટના કોઈ પણ આડવોકેટને અને કોઇ પણ બીજી હાઇકોર્ટનો જે કોઇ પણ એડવોકેટ બારીસ્ટર હોય તેને કામ કરવાનો અખત્યાર આપ્યાનો કઇ લેખ હાજર કરવાની જરૂર નથી.

૫ કઇ પ્રોસેસ–પછી તે પક્ષકારને હાજર થવા સારૂ હોય કે નહી–પક્ષકારના પ્લીડરને પોચાડી હોય અથવા તે પ્લીડરની આફિસમા કે હમેશના રહેવાના ઘરમા મુકી હોય તો, જો પક્ષકારનો તે પ્લીડર છે

પક્ષકારને તે યોગ્ય રીતે પોચાડી તથા જણાવી છે એમ અનુમાન કરવુ અને તે બધા કામ સારૂ, કોર્ટ બીજી રીતે ન ફરમાવે તો, જાણે તે તે પક્ષકારને હાથોહાથ આપી છે અથવા પોચાડી છે એમ સમજવુ

૬ (૧) કાનુન ૨ મા કબુલ કરેલા મુખત્યાર લખ્યા છે તે સિવાય કોર્ટની હકુમતમા રહેનારા કોઇ પણ સખસને પ્રોસેસ લેવા સારૂ મુખત્યાર નીમી શકાય,

(૨) એ નિમણુંક વિશેષ અથવા સાધારણ હશે તો પણ ચાલશે, અને તે મુખ્યની સહી સુધાતના લેખી દસ્તાવેજથી કરવી જોઇએ, અને તે દસ્તાવેજ અથવા તે નિમણુંક સાધારણ હોય તો તેની સહી સુધાતની નકલ કોર્ટમા દાખલ કરવી

ઓર્ડર ૪ થો.

ફરિયાદો માંડવા વિશે

૧ (૧) પ્રત્યેક ફરિયાદ ફરિયાદ અરજી કોર્ટને અથવા કોર્ટે તે બાબતને વાસ્તે નીમે તે અમલદારને આપીને માડવી

(૨) દરેક ફરિયાદ અરજી, ઓર્ડર ૬ તથા ૭ માની કાનુનો જેટલે સુધી તેને લાગુ પડે તેટલે સુધી તે પ્રમાણે હોવી જોઇયે

૨ દિવાની ફરિયાદોનુ રજીસ્ટર એ નામની એક બુક રાખીને તેમા દરેક ફરિયાદની વિગતો કોર્ટે નોધાવવી, અને ફરિયાદ અરજીઓ જે અનુક્રમ પ્રમાણે મજુર થાય તે અનુક્રમ પ્રમાણે નોધોના પ્રત્યેક વર્ષમા નબર પાડવા

ઓર્ડર ૫ મો.

સમન કહાડવા તથા પહોંચાડવા વિશે

૧ સમન કાઢવા વિશે

૧ ફરિયાદ અરજી યોગ્ય રીતે માડયા પછી સમનમા લખેલે દિવસે હાજર થઇ જવાબ આપવા સારૂ પ્રતિવાદીને સમન કાઢવાનો અધિકાર છે—

પરતુ ફરિયાદ અરજી આપવામા આવે તે વખતેજ પ્રતિવાદી હાજર થઇને વાદીનો દાવો કબુલ કરે, ત્યારે સદરહુ સમન કાઢવો નહી

(૨) જે પ્રતિવાદીને પેટા કાનુન (૧) મુજબ સમન કાઢવો હોય તે—

(અ) જાતે, અથવા (બ) કામની બરાબર સમજણ પાડેલા તથા ફરિયાદ બાબત જરૂરીઆત સવાલોના જવાબ દઇ શકે તેવા પ્લીડરની મારફતે, અથવા (ક) તેવા બધા સવાલોના જવાબ દઇ શકે એવા કોઇ બીજા સખસને પ્લીડરસાથે રાખીને તે પ્લીડરની મારફતે હાજર થવાને મુખત્યાર છે

(૩) આવા દરેક સમન ઉપર જડજે અથવા તેણે નીમેલા અમલદારે સહી કરવી તથા કોર્ટના શિક્કાથી શિકકો કરવો

૨ ફરિયાદ અરજીની એક નકલ, અથવા, જો રજા આપવામા આવે તો, ટુકી હકીકતની એક નકલ સદરહુ પ્રત્યેક સમન સાથે રાખવી

૩ (૧) જ્યારે પ્રતિવાદીને જાતે હાજર રાખવાનુ કોર્ટને કારણ જણાય ત્યારે સમનમા લખેલે દિવસે પ્રતિવાદીએ જાતે કોર્ટમા હાજર થવુ એમ સમનમા ફરમાવવુ.

(૨) જ્યારે તેજ દિવસે વાદીને જાતે હાજર રાખવાનુ કોર્ટને કારણ જણાય ત્યારે તે પ્રમાણે હાજર થવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૪ કોઇ પણ પક્ષકાર—(અ) કોર્ટની સાધારણ અવલ હકુમતની સ્થાનિક હદમા, અથવા (બ) તે હદની બહાર પણ કોર્ટના મકાનથી ૫૦ મૈલ કરતા થોડા અથવા (પક્ષકારનુ રહેવાનુ ઠેકાણુ અને કોર્ટ બેસે છે તે ઠેકાણુ એ બેની વચ્ચે જે અંતર હોય તેના પાચ શષ્ટાશ અંતરમા આગગાડી અથવા

આગબોટ ચાલતી હોય અથવા બીજુ ઠરાવેલું સાર્વજનિક વાહન ચાલતું હોય તો) કોર્ટના મકાનની ૨૦૦ માઇલ કરતા થોડા અતર ઉપર, રહેતો ન હોય તો, તેને જાતે હાજર થવાનો હુકમ કરવો નહી.

૫ સમન કાઢવો તે માત્ર મુદ્દાજ ઠરાવવા સારૂ કે ફરિયાદનો આખર નિકાલ કરવા સારૂ કાઢવો, એ વાતનો સમન કઢતી વખત કોર્ટે ઠરાવ કરવો, અને તે ઠરાવ પ્રમાણે સમનમા જણાવવુ,

પરતુ સ્મોલકોઝ કોર્ટ સાભળી શકે એવી પ્રત્યેક ફારયાદમા, ફરિયાદના આખર નિકાલનો સમન કઢવો

૬ કોર્ટમા ચાલુ કામ કરેલુ છે, પ્રતિવાદીને રહેવાનુ ઠેકાણુ કેટલુ દુર છે, અને તેને સમન પોચાડવાને કેટલી મુદત લાગશે, એ બહુ લક્ષમા લેઇને પ્રતિવાદીને હાજર થવાનો દિવસ ઠરાવવો, અને તે એવી રીતે ઠરાવવો કે ઠરાવેલે દિવસે હાજર થઇને જવાબ આપવાને પ્રતિવાદીને પુરતો વખત મળે

૭ હાજર થઇને જવાબ આપવાના સમનમા પ્રતિવાદીને એમ ફરમાવવુ કે, તમે તમારા પોતાના મુકદ્દમાની પુષ્ટીમા જેના ઉપર આધાર રાખવા ધારતા હો તેવા જે સઘળા દસ્તાવેજ તમારા કબજામા અથવા અખત્યારમા હોય તે તમારે હાજર કરવા

૮ જ્યારે ફરિયાદના આખર નિકાલનો સમન કર્યો હોય, ત્યારે તેમા પ્રતિવાદીને એમ ફરમાવવુ કે, તમારા મુકદ્દમાની પુષ્ટીમા જે સાક્ષીઓની શાહેદી ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે સાક્ષીઓ તમારે હાજર થવાનો જે દિવસ ઠરાવ્યો છે તે દીવસે હાજર કરવા

સમન પોંચાડવાનુ

૯ (૧) જે કોર્ટમા ફરીયાદ માડી હોય તે કોર્ટની હકુમતમા પ્રતિવાદી રહેતા હોય ત્યારે, અથવા સદરહુ હકુમતમા રહેનાર કોઇ જણને સમન લેવાનો અખત્યાર આપી તેનો મુખત્યાર નીમ્યો હોય ત્યારે, કોર્ટ બીજી રીતે ફરમાવે તે શિવાય પ્રસગે, તે સમન પોચાડવા સારૂ યોગ્ય અમલદારને આપવો અથવા મોકલવો, અને પછી તે સમન તેણે જાતે અથવા તેના હાથ નીચેના કોઇ નોકરે પોચાડવો

(૨) સદરહુ યોગ્ય અમલદાર જે કોર્ટમા ફરિયાદ માડી હોય તે શિવાયની બીજી કોર્ટનો અમલદાર હોઇ શકે, અને સદરહુ પ્રકારનો અમલદાર હોય ત્યારે, સદરહુ સમન, ટપાલની મારફત અથવા કોર્ટ ફરમાવે તેવી બીજી કોઇ રીતે તેને મોકલવાનો અધીકાર છે

૧૦ સમન પોચાડવો તે એવી રીતે કે, જડજની અથવા તે કામને વાસ્તે જડજે નીમેલા અમલદારની સહીવાળી તથા કોર્ટના શિક્કાથી શિક્કો કરેલી સમનની નકલ આપવી અથવા આપવા માડવી

૧૧ બીજી રીતે ઠરાવ્યુ હોય તે શિવાયને પ્રસગે, જ્યારે એક કરતા વધારે પ્રતીવાદીઓ હોય ત્યારે પ્રત્યેક પ્રતિવાદીઓને સમન પોચાડવો

૧૨ બની શકે ત્યા સુધી, ખુદ પ્રતિવાદીને સમન પોચાડવો, પરતુ તેણે સમન લેવાનો અખત્યાર આપીને કોઇ મુખત્યાર નીમ્યો હોય, ત્યારે તે મુખત્યારને સમન પોચાડ્યો હોય તો બસ થશે

૧૩ (૧) કઇ ધધા અથવા કામ સબધી કોઇ સખસ ઉપર ફરિયાદ હોય, અને જે કોર્ટમાથી સમન કાઢવામા આવે તે કોર્ટની હકુમતની સ્થાનીક હદમા તે સખસ રહેતો ન હોય ત્યારે, સમન પોચાડતી વખતે તે હદમા તે સખસની વતી તે ધધો જાતે ચલાવનાર અથવા કામ કરનાર જે વહિવટદાર કે મુખત્યાર હોય તેને સમન પોચાડ્યાથી તે સમન બરોબર પોચ્યો એમ સમજવુ

(૨) આ કાનુનના કારણ સારૂ વહાણનો માસ્તર તેના માલીકનો અથવા નોકરે માડનારનો મુખત્યાર છે એમ સમજવુ

૧૪ જ્યારે સ્થાવર મિલકત સબધી દાદ મેળવવાને અથવા સ્થાવર મીલકતને કરેલા નુકસાનનો બદલો લવાની ફરીયાદમા, ખુદ પ્રતિવાદીને સમન પોચાડી શકાતો ન હોય અને સમન લેવાનો અખત્યાર આપીને પ્રતીવાદીએ કોઇ મુખત્યાર નીમ્યો ન હોય ત્યારે, તે મીલકત પ્રતિવાદીના જે મુખત્યારના હવાલામા, હોય તેને સમન પોચાડી શકાય

૧૫. જ્યારે કોઇ ફરિયાદમા પ્રતીવાદી મળતો ન હોય અને પોતાની વતી સમન લેવાનો અખત્યાર આપીને તેણે કોઇ મુખત્યાર નીમ્યો ન હોય ત્યારે તેની સાથે રહેનારા તેના કુટુબમાના કોઇ પાકી ઉમરના મરદને સમન પોચાડી શકાય,

ખુલાસો—આ કાનુનના કારણ સારૂ ચાકર કુટુંબનો માણસ છે એમ સમજવુ નહિ.

૧૬. જ્યારે સમન પોચાડનાર અમલદાર સમનની નકલ પ્રતીવાદીને હાથો હાથ અથવા તેની વતી કોઇ મુખત્યારને કે બીજા સખસને આપે અથવા આપવા માંડે ત્યારે તેને અસલ સમન પાછળ સમન પોચ્યાનો શેરો લખીને તે ઉપર, જેને એવી રીતે નકલ આપવા માંડી હોય તેની સહી માગવી

૧૭ પ્રતીવાદી અથવા તેનો મુખત્યાર અથવા ઉપર કહ્યા પ્રકારનો બીજો સખસ સમન પોચ્યા બાબતના શેરા ઉપર સહી કરવાની ના કહે ત્યારે અથવા જ્યારે સમન પોચાડવા જનાર અમલદારે સઘળી યોગ્ય તથા વાસ્તવિક હોશિયારી વાપર્યા છતા તેને પ્રતિવાદી જડે નહી, અને તેની વતી સમન લેવાને અખત્યાર આપેલો તેનો કોઇ મુખત્યાર ન હોય, તેમ જેને સમન પોચાડી શકાય તેવો કોઇ બીજો સખસ ન હોય ત્યારે સમન પોચાડવા જનાર અમલદારે પ્રતિવાદી હમેશ જે ઘરમા રહેતો હોય અથવા ધંધો ચલાવતો હોય અથવા ફાયદા માટે જાતે કામ કરતો હોય તે ઘરને બહારને બારણે અથવા કોઇ પ્રસિધ્ધ ભાગ ઉપર સમનની એક નકલ ચોઢવી અને પછી અસલ ઉપર શેરો લખીને અથવા અસલ સાથે શેરો જોડીને તે અસલ સમન જે કોર્ટે કાઢયો હોય તે કોર્ટમા પાછો મોકલવો, તે શેરામા સદરહુ રીતે નકલ ચોઢી છે તે વાત તથા જે હકીકતોને લીધે તેણે તેમ કર્યું હોય તે હકીકતો જણાવવી અને જે સખસે તે ઘર ઓળખાવ્યુ હોય તથા જેના દેખતા નકલ ચોઢોડી હોય એવો કોઇ સખસ હોય તો તેનું નામ તથા પત્તો લખવા

૧૮ કાનુન ૧૬ પ્રમાણે સમન પોચાડયો હોય તેવે પ્રસગે સમન પોચાડનાર અમલદારે, સમન ક્યારે પોચાડયો અને તે શી રીતે પોચાડયો એ વિશેનો અને જેને સમન પોચાડવાનો હોય તેને ઓળખનાર તથા સમન આપ્યાની અથવા આપવા માંડયાની વાત જોનાર સખસ (જો કોઇ હોય તો) તેના નામનો તથા પત્તાનો શેરો અસલ સમન ઉપર કરવો કે બીજા પાસે કરાવવો, અથવા તે શેરો અસલ સાથે જોડવો કે જોડાવવો

૧૯ કાનુન ૧૭ પ્રમાણે સમન પાછો આવે ત્યારે જો સદરહુ કાનુનની રૂયે કરેલા શેરાના ખરાપણા વીશે સમન પોચાડવા જનાર અમલદારે સોગનનામા ઉપર એકરાર કર્યો ન હોય ત્યારે, સમન પોચાડવા જનાર અમલદારની તેણે કરેલા કામ સંબધી કોર્ટે સોગન ઉપર જબાની લેવી અથવા બીજી કોર્ટ પાસે એવી રીતે તેની જબાની લેવડાવવી, અને જો તે શેરાના ખરાપણા વીશે સદરહુ રીતે એકરાર કર્યો હોય તો સદરહુ કોર્ટને સદરહુ પ્રમાણે જબાની લેવાનો અથવા બીજી કોર્ટ પાસે લેવડાવવાનો અધિકાર છે, અને તે બાબતમા પોતાને યોગ્ય લાગે તેવી વધારે તપાસ કરવાને કોર્ટ મુખત્યાર છે અને પછી સમન બરોબર રીતે મળ્યો છે એમ કોર્ટે જણાવવુ, અથવા પોતાને યોગ્ય લાગે તે રીતે સમન પહોચાડવાનો હુકમ કરવો

૨૦ (૧) કોર્ટની ખાત્રી થાય કે,—પોતાને સમન ન પોચે એ હેતુથી પ્રતિવાદી ચુકવા ચુકવી કરે છે, અથવા બીજા કોઇ સબબથી હમેશની રીતે સમન બજી શકે તેમ નથી એમ માનવાનુ કારણ છે,—ત્યારે સમનની એક નકલ કોર્ટના મકાનમા કોઇ પ્રસિદ્ધ ઠેકાણે ચોઢવી અને એક નકલ, પ્રતિવાદી છેલ્લો ક્યા ઘરમા રહેતો હતો અથવા ધંધો ચલાવતો હતો અથવા ફાયદા માટે જાતે કામ કરતો હતો એ જાણ્યામા હોય તો, તે ઘરના કોઇ પ્રસિદ્ધ ઠેકાણે પણ ચોઢવી, અથવા કોર્ટની નજરમા બીજી જે રીતે યોગ્ય જણાય તે રીતે સમન પહોચાડવાનો કોર્ટે હુકમ કરવો

(૨) કોર્ટના હુકમથી સમન બીજી રીતે પહોચાડયો હોય ત્યારે તે જાણે ખુદ પ્રતિવાદીને પહોચાડયો છે એમ ગણવામા આવશે

(૩) બીજી રીતે સમન પહોચાડવાનો કોર્ટે હુકમ કર્યો હોય ત્યારે, પ્રસંગ પ્રમાણે જરૂર હોય તેટલી મુદત પ્રતિવાદીને હાજર થવા સારૂ કોર્ટે ઠરાવવી

૨૧ જે કોર્ટે સમન કાઢયો હોય તે કોર્ટને તે સમન, તે પ્રાતની અંદર અથવા બહાર પ્રતિવાદીનું રહેવાનું ઠેકાણું હાઇકોર્ટ સિવાયની બીજી જે કોર્ટની હકુમત હોય તે કોર્ટમા, પોતાના કોઇ અમલદાર સાથે અથવા ટપાલ મારફતે મોકલવાનો અધિકાર છે

૨૨ કલકત્તા, મદ્રાસ, મુબઇ અને રંગુન એ શહેરોની હદની બહાર સ્થપાયેલી કોર્ટે કાઢેલો કોઇ સમન સદરહુ કોઈ હદમા પહોચાડવો હોય ત્યારે જે સ્મોલકોજ કોર્ટની હકુમતમા તે સમન પહોચાડવો હોય તે સ્મોલકોજ કોર્ટને તે મોકલવો

૨૩ જે કોર્ટને સમન કાનુન ૨૧ અથવા ૨૨ મુજબ મોકલવામા આવે તે કોર્ટે, સમન પહોચે એટલે પોતેજ તે સમન કાઢ્યો હોય તેવી રીતે તજવીજ કરવી અને તેના પછી તેના સબંધમા જે કાઇ કામ ચલાવવામા આવ્યુ હોય તેનુ જો કઇ લખાણ થયુ હોય, તો તે સહિત તે સમન, પ્રથમ જે કોર્ટે કાઢ્યો હોય, તે કોર્ટમા પાછો મોકલવો

૨૪ પ્રતિવાદીને કોઈ તુરગમા કેદ કર્યો હોય ત્યારે, સમન પ્રતિવાદીને પહોચાડવા સારૂ તે તુરગ જેના તાબામા હોય તે અમલદારને આપવો અથવા તેના ઉપર ટપાલ મારફતે અથવા બીજી રીતે મોકલવો

૨૫ જ્યારે પ્રતિવાદી બ્રિટીશ ઇડિયાની બહાર રહેતો હોય, અને સમન લેવાને અખત્યાર આપેલો કોઇ તેનો મુખત્યાર બ્રિટિશ ઇડિયામા ન હોય ત્યારે, પ્રતિવાદી રહેતો હોય, તે ઠેકાણાનુ સરનામુ કરીને તેને સમન મોકલવો અને તે ઠેકાણુ તથા કોર્ટ બેસતી હોય તે ઠેકાણુ એ બેની વચ્ચે ટપાલનો સબધ હોય તો તે સમન ટપાલ મારફત રવાના કરવો

૨૬ જ્યારે—(અ) મલીક મુઆઝમ અથવા ગવર્નર જનરલ ઇન કોસિલને મળેલી પરમુલકની હકુમત ચલાવીને જે કોઇ પરમુલકમા પ્રતિવાદી હોય તે પરમુલકની અંદર પોલીટીકલ એજટ નિમાયલો હોય, અથવા એકાદી કોર્ટ સ્થાપવામા અથવા ચાલુ રાખવામા આવેલી હોય અને તે પોલીટીકલ એજટને અથવા કોર્ટને આ કાયદાની રૂયે કોઇ કોર્ટે કાઢેલો સમન પહોચાડવાનો અધિકાર આપ્યો હોય ત્યારે અથવા

(બ) ગવર્નર જનરલ ઇન કૌન્સિલે ઇન્ડીયા ગેઝીટમા જાહેરનામુ છાપીને એવુ પ્રસિદ્ધ કર્યું હોય કે સદરહુ રીતે કાઢેલો કોઇપણ સમન એવા કોઇ મુલકમા આવેલી અને ઉપર જણાવ્યા પ્રમાણેની હકુમત ચલાવીને સ્થાપેલી અથવા ચાલુ રાખેલી ન હોય તે કોર્ટ પહોચાડી શકે

ત્યારે તે સમન પ્રતિવાદીને પહોચાડવા સારૂ એવા પોલીટીકલ એજટ ઉપર અથવા કોર્ટ ઉપર ટપાલ મારફતે અથવા બીજી રીતે મોકલી શકાય, અને આ કાયદામા પાછળ બતાવી છે તે રીતે પ્રતિવાદીને સમન પહોચાડ્યો છે એવો પોતાની સહી સુદ્ધાનો શેરો લખીને તે પોલીટીકલ એજટ અથવા તે કોર્ટનો જડજ અથવા બીજો અમલદાર તે સમન પાછો મોકલે તો, તે શેરો તે સમન પહોચાડવાનો પુરાવો છે એમ સમજવુ જોઇએ

૨૭ જ્યારે પ્રતિવાદી સરકારી અમલદાર હોય (પણ તે મલિક મુઆઝમની લશ્કરી અથવા દરિઆઇ ફોજનો અથવા મલિક મુઆઝમની ઇન્ડીઅન મરીન સર્વીસમા ન હોય) અથવા કોઇ રેલ્વે કપનીનો અથવા સ્થાનિક અધિકારીનો નોકર હોય ત્યારે, પ્રતિવાદી જે ઓફીસમા નોકર હોય તે ઓફીસના મુખ્ય અમલદારને સમનની એક નકલ પ્રતિવાદીને પહોચાડવા સારૂ મોકલવાથી ઘણી અનુકુળતાથી તે સમન પહોચાડી શકશે એમ કોર્ટને જણાય તો, તે રીતે તે બજાવવા સારૂ તે સમન તે અમલદારને મોકલવાને કોર્ટ મુખત્યાર છે અને તેની સાથે તે સમનની એક નકલ પ્રતિવાદીને રાખવા સારૂ મોકલવી

૨૮ જ્યારે પ્રતિવાદી સોલજર હોય ત્યારે, તેને સમન પહોચાડવા સારૂ તેના કમાન્ડીગ ઓફીસર ઉપર કોર્ટે તે સમન મોકલવો, તથા તેની સાથે તે સમનની એક નકલ પ્રતિવાદીને રાખવા સારૂ મોકલવી

૨૯ (૧) જ્યારે ૨૪ મી અથવા ૨૮ મી કાનુનની રૂયે પહોચાડવા સારૂ કોઇ સખસને સમન આપ્યો હોય અથવા મોકલ્યો હોય, ત્યારે તે સખસ તે સમન જો બની શકે તો પહોચાડવાને અને પ્રતીવાદીની લેખી કબુલાત સાથે તથા પોતાની સહી સાથે તે પાછો મોકલવાને બધાયેલો છે, અને સદરહુ સહી તે પહોચાડ્યાના પુરાવા તરીકે ગણાશે

(૨) જ્યારે કોઇપણ કારણને લીધે તે સમન પહોચાડી શકાય એમ ન હોય ત્યારે, તે સમન કોર્ટને પાછો મોકલવો અને તેની સાથે એવા કારણની તથા સમન પહોચાડવા સારૂ લીધેલા પગલાની વીગતવાર કેફીયત મોકલવી, અને એવી કેફીયત તે સમન ન પહોચાડ્યાના પુરાવા તરીકે ગણાશે

૩૦ (૧) આમા અગાઉ ગમે તેમ કહ્યુ હોય તે છતાએ, કોર્ટના અભિપ્રાયમા એમ આવે કે સમનને બદલે પત્ર લખવો જોઇયે એવો પ્રતિવાદીનો મર્તબો છે ત્યારે, જડજની અથવા તે કામને વાસ્તે જડજ નીમે તે અમલદારની સહી સુદ્ધાતનો પત્ર સમનને બદલે મોકલવાને કોર્ટ મુખત્યાર છે

(૨) સમનમા જેજે વીગતો લખવી જોઇએ તે બધી વીગતો પેટા કાનુન (૧)ની રૂએ સમનને બદલે લખેલા પત્રમા લખવી અને પેટા કાનુન (૩) મા ઠરાવ્યુ છે તેને અનુસરીને બધી રીતે તે પત્ર સમન તરીકે ગણવો

(૩) સમનને બદલે સદરહુ પ્રમાણે પત્ર લખવામા આવે ત્યારે, તે ટપાલ મારફતે અથવા કોર્ટ પસદ કરે તે મુદ્દામ માણસની સાથે અથવા કોર્ટને ગેગ્ય લાગે એવી બીજી કોઇ રીતે, પ્રતીવાદી મોકલવાનો અધિકાર છે, પણ સમન લેવાનો અખત્યાર આપેલો પ્રતિવાદીનો કોઇ મુખત્યાર હોય, ત્યારે તે મુખત્યારને તે પત્ર આપવાને અથવા મોકલવાને હરકત નથી

ઓર્ડર ૬ ઠો.

સાધારણત પ્લીડિંગ વિશે

૧ " પ્લીડિગ " એટલે ફરિયાદ અરજી અથવા લેખી કેફીયત

૨. દરેક પ્લીડિગમા તકરાર કરનારો પક્ષકાર, પ્રસગ પ્રમાણે, પોતાના દાવાના અથવા બચાવના સબંધમા જેના ઉપર આધાર રાખતો હોય એવીજ માત્ર મુદ્દાની હકીકત ટુકમા લખવી જોઇયે અથવા હોવી જોઇયે, પણ તેમા, જે ઉપરથી તે હકીકત સાબીત કરવાની હોય તે પુરાવો લખવો નહી, અને જરૂર હોય ત્યારે, તેને પારેગ્રાફ કરીને તેને એક પછી એક અનુક્રમમા નબર આપવા જોઇયે તારીખો રકમો તથા નબર આકડાથી બતાવવા જોઇયે.

૩ આ પુરવણીમાના નમુના લાગુ પડતા હોય ત્યારે, તેમનો, અને તે લાગુ પડતા ન હોય ત્યારે બની શકે ત્યા સુધી તેવીજ જાતના બીજા નમુનાનો, સઘળી પ્લીડિંગ સારૂ ઉપયોગ કરવો,

૪ જે બાબતોમા તકરાર કરનારો પક્ષકાર કોઇપણ ગેરસમજુતીની, કપટની, વિશ્વાસઘાતની, બુધ્ધિપૂર્વક કસુરની, અથવા ગેરવાજબી દાબની વાત ઉપર આધાર રાખતો હોય તેવી સઘળી બાબતોમા તથા બીજી જે બાબતોમા ઉપર જણાવેલા નમુનામા નિર્દિષ્ટ કરેલી વિગતો ઉપરાત વધારે વીગત લખવી જરૂર હોય ત્યારે તે સઘળી બાબતોમા, પ્લીડીંગમા જરૂર (હોય તો તારીખ તથા રકમો સહીત] વીગત લખવી જોઇએ

૫ સદરહુ દાવાના અથવા બચાવવાના પ્રકાર બાબત વધારે સારી હકીકત અથવા કોઇપણ પ્લીડિંગમા લખેલી કોઇપણ વાત બાબત વધારે તથા વધારે સારી વિગત, ખરચ તથા બીજી બાબતના સંબંધમા વ્યાજબી હોય તે શરતે, લખી આપવાનો હુકમ કરવાનો સત્રળે પ્રસંગે અધિકાર છે

૬ જે કોઇ અગાડીની શરત પુરી કરવાના અથવા પાળ્યાના સબંધમા તકરાર કરવાની હોય તે શરત પ્રસગ પ્રમાણે, વાદીએ અથવા પ્રતિવાદીએ પોતાની પ્લીડીગમા સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ કરવી જોઇયે અને તેને અનુસરીને વાદીના અથવા પ્રતિવાદીના દાવાને જરૂરની સઘળી અગાડીની શરતો પુરી કર્યાની અથવા પાળ્યા બાબતની ખાત્રી તેની પ્લીડિંગમા ગર્ભીત રીતે દર્શાવવી જોઇયે

૭ કોઇ પણ પ્લીડિંગમા સુધારો કરવાનો હોય તે શિવાયને પ્રસગે તેમા તે પ્લીડિંગ કરનારા પક્ષકારની અગાડીની વિરૂદ્ધ હોય એવા દાવાનો કોઇપણ નવો મુદ્દો કાઢવો નહી, અથવા તેની કોઇ પણ વાત બન્યાનું લખવુ નહી

૮ જ્યારે કરાર થયો છે એમ કોઇ પણ પ્લીડગમા જણાવ્યુ હોય તે કરાર થયાની વાત વિરૂદ્ધપક્ષ માત્ર નાકબુલ કરે તો, કરાર થયાનું જણાવ્યુ હોય તે કરાર ખરેખર થયો નથી એમ અથવા જે ઉપરથી તે થયાનુ અનુમાન થઇ શકે એવી મુદ્દાની બાબત નાકબુલ કરી છે એટલુજ માત્ર સમજવુ અને એવા કરારનુ કાયદેસરપણુ અથવા કાયદા પ્રમાણે પુરતાપણુ ના કબુલ કર્યુ છે એમ સમજવુ નહી

૯ જ્યારે જ્યારે કોઇ પણ દસ્તાવેજનો મજકુર મહત્વનો હોય ત્યારે ત્યારે તે દસ્તાવેજના અથવા તેના કોઇ ભાગના ચોકકસ શબ્દો મહત્વના હોય તે શિવાયને પ્રસગે, કોઇ પણ પ્લીડિંગમા તે સઘળા દસ્તાવેજનો અથવા તેના કોઇ ભાગનો ઉતારો ન કરતા તેની મતલબ બનતા સુધી ટુકમા લખી હોય તો બસ થશે

૧૦ જ્યારે જ્યારે કોઇપણ સખસની દૂષબુદ્ધિ વિશે અથવા તેના કપટના ઇરાદા વિશે અથવા તેની

માહિતી વિશે અથવા મનની બીજી સ્થિતિ વીશે ઉલ્લેખ કરવાનુ મહત્વનુ દેખાય ત્યારે, જે પ્રસંગો ઉપરથી તેવુ અનુમાન કરી શકાય તેનુ વર્ણન નહી કરતા તે હકીકત બન્યાનું જણાવવુ બસ થશે

૧૧ કોઈ પણુ સખસને કોઈ પણુ હકીકતની, બાબતની અથવા વસ્તુની નોટીસ મળી છે એમ કહેવુ મહત્વનુ હોય ત્યારે ત્યારે તેવી નોટીસનો નમુનો અથવા તેની ચોકક્સ સરતો અથવા જે પ્રસંગો ઉપરથી તેવુ અનુમાન કરવાનુ હોય તે તે મહત્વનું ન હોય તો, એવી નોટીસની વાત બનેલી હકીકત તરીકે જણાવી હોય તો બસ થશે

૧૨ જ્યારે જ્યારે ઘણા કાગળો અથવા ઘણી વાતચીત ઉપરથી અથવા બીજી રીતે કેટલાક પ્રસંગો ઉપરથી કોઇપણુ સખસો વચ્ચે કોઇપણુ કરાર અથવા સબંધ થયાનુ અનુમાન કરવાનુ હોય ત્યારે ત્યારે, એવા કરાર અથવા સબંધને ખરી હકીકત તરીકે જણાવી હોય તો બસ થશે અને એવા કાગળો, વાતચીત, અથવા પ્રસગોની વિગત ન જણાવતા સાધારણુ રીતે તેનો ઉલ્લેખ કર્યો હોત તો બસ થશે અને એવા પ્રસગે એ પ્રમાણે પ્લીડિંગ કરનારો સખસ એવી હકીકતો ઉપરથી અનુમાન થતા એકથી વધારે કરારો અથવા સબંધો પર વૈકલ્પિક રીતે આધાર રાખવા માગતો હોય તેને વૈકલ્પિક રીતે તે કરાર અથવા સંબધ દાખલ કરવાનો અધિકાર છે

૧૩ એમાના કોઇપણુ પક્ષકારને, જે કોઇ પણુ મુદ્દાની હકીકત તેની તરફની છે એવુ કાયદા ઉપરથી અનુમાન થઇ શકે તેવી હકીકત, અથવા જે સાબિત કરવાનો બોજો સામાવાળા ઉપર હોય અને જે પહેલાથી સ્પષ્ટ રીતે નાકબુલ કરી ન હોય (જેમ કે, વાદી બિલ ઓફ એકસચેન્જના મોબદલાને મુખ્ય મુદ્દો ગણીને તે મોબદલા સારૂ ફરિયાદ ન કરતા ફક્ત તે બિલ ઉપરથીજ ફરિયાદ કરે ત્યારે તે બીલનો મોબદલો) તેવી હકીકત પોતાના પલીડિંગમા દાખલ કરવાની ગરજ નથી

૧૪ દરેક પ્લીડિંગ ઉપર પક્ષકારે તથા તેનો કોઇ પ્લીડર હોય તો તેણે સહી કરવી જોઇયે પણુ એવુ ઠરાવ્યુ છે કે પ્લીડિંગ કરનારો પક્ષકાર ગેરહાજર હોવાના કારણુથી, અથવા બીજા સઘળા કારણુથી પ્લીડિંગ ઉપર સહી કરી શકે તેમ નહી હોય ત્યારે, તેના તરફથી તે ઉપર સહી કરવા સારૂ અથવા ફરિ-યાદ કરવા સારૂ અથવા બચાવ કરવા સારૂ તેણે જે કોઇ સખસને યોગ્ય રીતે અધિકાર આપ્યો હોય તે તે ઉપર સહી કરી શકે

૧૫ (૧) વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇ પણુ કાયદામા બીજી રીતે ઠરાવ્યુ હોય તે શિવાયને પ્રસંગે, દરેક પ્લીડિગ ઉપર તેની નીચે પ્લીડિંગ કરનારા પક્ષકારે અથવા પક્ષકારોમાના એકે અથવા મુકદ્-માની હકીકતથી જે બીજો કોઇ સખસ વાકેફ છે એમ કોર્ટની ખાત્રી લાયક સાબીત થયુ હોય તે શખસે પ્લીડિગના ખરાપણા બાબતનો દાખલો લખવો જોઇયે

(૨) ખરાપણાનો દાખલો લખનાર સખસે, કયો મજકુર પોતાની જાણુ પ્રમાણે ખરો છે એવો દાખલો લખ્યો છે તે, પ્લીડિગમાના પારેગ્રાફને નબર આપીને તથા તે નબર ઉપર હવાલો આપીને નિર્દિષ્ટ કરવુ જોઇયે (૩) ખરાપણાનો દાખલો લખી આપનારા સખસે તે ઉપર સહી કરવી જોઇયે, અને તે ઉપર જે તારીખે તથા જે જગાએ સહી કરી હોય તે તારીખ તથા જગા લખવી જોઇયે

૧૬ ફરિયાદ ચાલતી હોય ત્યારે ગમે તે વખતે, કોઇ પણુ પ્લીડિંગમા જે કોઇ બાબત જરૂરની ન હોય અથવા નિદા ભરેલી હોય અથવા જેને લીધે ફરિયાદનો વાજબી ઇન્સાફ થવામા હરકત થાય અથવા ત્રાસ પડે અથવા વિલબ થાય એમ હોય તે બાબત છેકી નાખવાનો અથવા સુધારવાનો હુકમ કરવાનો કોર્ટને અધિકાર છે

૧૭ ફરિયાદ ચાલતી હોય ત્યારે ગમે તે વખતે, એમાના કોઈપણુ પક્ષકારને પોતાના પ્લીડિંગ, યોગ્ય હોય તેવી રીતે તથા તેવી સરતે ફેરવવા અથવા સુધારવા દેવાને કોર્ટને અધિકાર છે, અને આ પ્રમાણે જે સુધારો કરવાનો હોય તે સઘળો, પક્ષકારો વચ્ચે તકરારના ખરા મુદ્દા શુ છે તે ઠરાવવાના કારણુ સારૂ જરૂર હોય તે પ્રમાણે કરવો જોઇએ

૧૮ કોઇપણુ પક્ષકારે સુધારો કરવાનો હુકમ મેળવ્યો હોય છતા તે હુકમમા જણાવેલી મુદતની અંદર અથવા તે હુકમમા કાંઈ પણુ મુદત ઠરાવી નહી હોય તો તે હુકમની તારીખથી ૧૪ દિવસની અંદર,

સદરહુ પ્રમાણે સુધારો કરે નહી તો તેને પ્રસગ પ્રમાણે, ઉપર જણાવ્યા પ્રમાણે નિમેલી મુદ્દત અથવા સદરહુ ૧૪ દીવસની મુદ્દત પુરી થાય તે પછી, કોર્ટ તે મુદતમા વધારો ન કરે તો, સુધારો કરવાની પરવાનગી આપવી નહિ.

ઓર્ડર ૭ મો.

ફરિયાદ અરજી વિશે

૧ ફરિયાદ અરજીમા નીચેની વિગતો આવવી જોઇએ, એટલે.—

(અ) જે કોર્ટમા ફરીઆદ આણી હોય તે કોર્ટનુ નામ,

(બ) વાદીનુ નામ, વર્ણન અને ર્‌હેવાનુ ઠેકાણુ,

(ક) નિશ્ચય થઇ શકે ત્યાસુધી પ્રતિવાદીનુ નામ, વર્ણન તથા રહેવાનુ ઠેકાણુ;

(ડ) વાદી અથવા પ્રતીવાદી સગીર હોય અથવા ગાડા જેવો હોય તો તે મતલબની હકીકત,

(ઇ) જે હકીકતથી દાવાનુ કારણ બનતુ હોય તે હકીકત, તથા તે કારણ કયારે ઉત્પન્ન થયુ તે,

(ફ) કોર્ટની હકુમત છે એમ જણાવનારી હકીકત,

(ગ) વાદી માગતો હોય તે દાદ,

(હ) વાદીએ સામો દાવો મજરે આપ્યો હોય અથવા પોતાના દાવાનો કઇ ભાગ છોડી દીધો હોય તે પ્રસંગે તે મજરે આપેલી અથવા છોડી દીધેલી રકમ, અને

(આઇ) બને ત્યાસુધી હકુમતના તથા કોર્ટની ફીના કામણુ સારૂ ફરિયાદના વિષયની કિંમત

૨ જ્યારે વાદી પૈસાવસુલ કરવાની તજવીજ કરતો હોય, ત્યારે માગેલી ખરેખરી રકમ ફરિયાદ અરજીમા લખવી જોઇએ

પણ જ્યારે દરમ્યાનની ઉપજની અથવા તે વાદી પ્રતીવાદી વચ્ચે રજુઆત ન થએલો હિસાબ નકકી કરીને જે બાકી લેહેણી નીકળે તે લેવાની વાદી ફરીયાદ કરે, ત્યારે દાવાની રકમનો અજમાસ કાઢીને તે રકમ ફરિયાદ અરજીમા લખવી જોઇયે

૩ ફરીયાદનો વિષય સ્થાવર મીલકત હોય ત્યારે, તે ઓળખાવી શકાય તેટલુ તેનુ વર્ણન ફરીયાદ અરજીમા લખવુ, અને તે મીલકત ચતુસીમાથી અથવા જમાબદીના મોજણીના દફતરમાના નબરથી ઓળખાતી હોય તે પ્રસગે, તે ચતુસીમા અથવા નબર ફરીયાદ અરજીમા લખવા

૪ વાદી વારસ વકીલ તરીકે ફરિયાદ કરે ત્યારે, ફરિયાદના વિષયમા તેને પ્રત્યક્ષ ચાલુ હક્ક સબધ છે એમ ફરિયાદ અરજીમા દર્શાવવુ જોઇએ એટલુજ નહી, પરતુ તે બાબતની ફરિયાદ માડવાને જે (કાઇ) જરૂરની તજવીજ કરવી જોઇએ તે તેણે કરી છે તે પણ દર્શાવવુ જોઇએ

૫ ફરિયાદના વિષયમા પ્રતિવાદીનો હિત સબધ છે અથવા તેમા મ્હારો હિતસબધ છે એમ પ્રતિવાદી કહે છે એમ અને વાદીની માગણીનો જવાબ દેવાને પ્રતિવાદી પાત્ર છે એમ ફરિયાદ અરજીમા દર્શાવવુ જોઇએ

૬ મુદતના કાયદામા જે મુદ્દત કહી હોય તે મુદત વીતી ગયા પછી ફરિયાદ કરી હોય તે પ્રસગે, કાયદો લાગુ ન પડવાનુ કારણ ફરિયાદ અરજીમા બતાવવુ,

૭ જે કાઇ દાદ અથવા તેને બદલે બીજુ જે કાઇ વાદી માગતો હોય તે દાદ અથવા તે બીજુ દરેક ફરિયાદ અરજીમા સ્પષ્ટ રીતે લખવુ, અને સાધારણ અથવા બીજી દાદ માગવાની જરૂર નથી કારણ તે માગેલી હોય તે પ્રમાણેજ, કોર્ટને યોગ્ય લાગે તેટલે સુધી આપવાનો હમેશ અધિકાર છે અને આજ નિયમ પ્રતિવાદીએ પોતાની લેખી કેફીયતમા માગેલી કોઇપણ દાદમા લાગુ છે એમ સમજવુ

૮ જુદા જુદા મુદ્દા ઉપર આધાર રાખતા હોય એવા અનેક જુદા જુદા હકના અથવા દાવાના કારણના સબધમા વાદી દાદ માગતો હોય ત્યારે, તે મુદ્દા, બની શકે તેટલે સુધી જુદા જુદા તથા સ્પષ્ટ રીતે લખવા

૯ (૧) વાદીએ ફરિયાદ અરજીની સાથે કોઇપણ દસ્તાવેજો હાજર કર્યા હોય તો તેમની યાદી તેણે ફરિયાદ અરજી નીચે શેરાથી લખવી, અથવા તે યાદી ફરિયાદ અરજી સાથે જોડવી અને ફરિયાદ અરજી

મંજુર કરવામા આવે તો, જેટલા પ્રતિવાદીઓ હોય તેટલી ફરિયાદ અરજીની નકલો સાદા કાગળ ઉપર વાદીએ આપવી પરંતુ ફરિયાદ અરજી લબાણુ હોવાના સબબથી, અથવા પ્રતિવાદીઓ ઘણા હોવાના સબબથી, અથવા બીજા કોઇ પુરતા કારણને લીધે, તેવી નકલોને બદલે–દાવો કર્યો હોય તેના પ્રકારની અથવા ફરિયાદમા માગેલી દાદની–ટુકી હકીકતની પ્રતિવાદીઓ હોય તેટલી નકલો હાજર કરવાની વાદીને કોર્ટ રજા આપે તો, વાદીએ તેવી ટુકી હકીકતની નકલો હાજર કરવી

(૨) વારસ વકીલ તરીકે વાદીએ ફરિયાદ કરી હોય, અથવા તે તરીકે પ્રતિવાદીએ કે પ્રતિવાદીઓ પૈકી કોઈ ઉપર ફરિયાદ થઇ હોય, ત્યારે શા સબધથી વાદીએ ફરિયાદ કરી તે અથવા પ્રતિવાદી ઉપર ફરિયાદ થઈ છે તે એ હકીકતમા જણાવવુ

(૩) આ હકીકત ફરિયાદ અરજીની સાથે મળતી કરવાને માટે કોર્ટની રજાથી વાદી તે હકીકત દુરસ્ત કરવાને મુખત્યાર છે

(૪) કોર્ટના મુખ્ય કારભારીને તે યાદ અને નકલો અથવા હકીકત તપાસતા એમ માલમ પડે કે તે બરાબર છે તો તેણે તેમના ઉપર સહી કરવી

૧૦ (૧) ફરિયાદ અરજી, ફરિયાદ ચાલતા ગમે તે વખતે, તે જે કોર્ટમા માડવી જોઇતી હતી તે કોર્ટમા આપવા સારૂ પાછી આપવી

(૨) ફરિયાદઅરજી પાછી આપતી વખતે જડજે તેના ઉપર પોતાને હાથે શેરો કરવો તેમા ફરિયાદઅરજી કોણે આપી, તે કઈ તારીખે આપી, તે કઇ તારીખે પાછી આપી, એ અને તે પાછી આપવાના કારણ ટુકામા લખવા

૧૧ નીચેને પ્રસગે ફરિયાદ અરજી નામજુર કરવી.—

(અ) તે ઉપરથી દાવાનુ કારણ જણાતુ ન હોય ત્યારે, (બ) માગેલી દાદની બરોબર કિંમત બાધી હોય અને કોર્ટે ઠરાવેલી મુદતમા કિંમતનો આકડો દુરસ્ત કરી આપવાનુ કહ્યા છતા વાદી તેમ ન કરે ત્યારે, (ક) માગેલી દાદની બરોબર કિમત બાધી હોય, પણ કમી સ્ટાપ મારેલા કાગળ ઉપર ફરિયાદઅરજી લખી હોય, અને કોર્ટે ઠરાવેલી મુદતમા જોઇતો સ્ટાપ કાગળ પુરો કરી આપવાનુ કહ્યા છતા વાદી તેમ ન કરે ત્યારે, (ડ) ફરિયાદઅરજીમા લખેલા કોઇપણ મજકુર ઉપરથી એમ જણાય કે કોઇ કાયદા ઉપરથી ફરિયાદ ચલાવાને પ્રતિબધ થાય છે ત્યારે

૧૨ ફરિયાદ અરજી નામજુર કરવામા આવે ત્યારે, તેની મતલબનો હુકમ તથા તે હુકમ કરવાના કારણ જડજે લખી રાખવા

૧૩ આમા ઉપર કહેલા કોઇપણ કારણને લીધે ફરીયાદઅરજી નામજુર કરી હોય ત્યારે, તેટલાજ ઉપરથી તેજ દાવાના કારણની બાબતમા નવી ફરિઆદઅરજી આપવાને વાદીને હરકત નથી.

ફરિયાદ અરજીમાં જે દસ્તાવેજો પર આધાર રાખવામાં આવતો હોય તે દસ્તાવેજો વિષે

૧૪ (૧) પોતાના કબજામા અથવા અખત્યારમા હોય તેવા દસ્તાવેજ ઉપરથી વાદી ફરિયાદ કરે ત્યારે ફરિયાદ અરજી આપતી વખતે તેણે તે દસ્તાવેજ કોર્ટમા હાજર કરવો અને તેજ વખતે ફરિયાદ અરજી સાથે દાખલ કરવા સારૂ તે દસ્તાવેજ અથવા તેની નકલ તેણે આપવી

(૨) પોતાના દાવાની પુષ્ટીમા પુરાવા તરીકે કોઇ બીજા દસ્તાવેજો ઉપર [પછી તે તેના કબજામા અથવા અખત્યારમા હોય કે ન હોય] વાદી આધાર રાખતો હોય ત્યારે, ફરિયાદ અરજીમા સામીલ કરવાની અથવા તેની સાથે જોડવાની યાદમા તેવા દસ્તાવેજો બતાવવા

૧૫ તેવો કોઇ દસ્તાવેજ વાદીના કબજામા કે અખત્યારમા ન હોય, ત્યારે બની શકે તો તેણે જણાવવુ કે તે કોના કબજામા અથવા અખત્યારમા છે

૧૬ જ્યારે વેચાય એવા દસ્તાવેજની રૂએ કોઈ ફરિયાદ કરી હોય અને તે દસ્તાવેજ ખોવાયો છે એવુ સાબિત કરવામા આવે, અને તે દસ્તાવેજ ઉપરથી બીજો કોઇ સખસનો હક ઠરે તેને નુકશાની ભરી આપવાની કોર્ટની ખાત્રીલાયક વાદી હામી આપે ત્યારે ફરિયાદ અરજી આપતી વખતે વાદીએ તે દસ્તાવેજ કોર્ટમા

હાજર કર્યો હોત તથા તેની નકલ ફરિયાદઅરજી સાથે દાખલ થવા આપી હોત, તો જે રીતે કોર્ટ હુકમનામું કરત તે રીતે હુકમનામુ કરવાને કોર્ટ મુખત્યાર છે

૧૭ (૧) સન ૧૮૯૧ ના પેઢીવાળાના ચોપડા પુરાવામા લેવાના આકટમા બીજી રીતે ઠરાવ્યુ હોય તે શિવાયને પ્રસગે, દસ્તાવેજ ઉપરથી વાદી ફરિયાદ કરે તે દુકાનના ચોપડામાનો અથવા હિસાબમાનો લખેલો મજકુર હોય, અને તે ચોપડા તેના કબજામા અથવા અખત્યારમા હોય ત્યારે ફરિયાદ અરજી દાખલ કરતી વખતે તે ચોપડો અથવા હિસાબ હાજર કરવો, અને તેની સાથે જે લખેલા મજકુર ઉપર વાદી આધાર રાખતો હોય તેની નકલ તેણે હાજર કરવી

(૨) કોર્ટે અથવા આ કામને વાસ્તે કોર્ટ નીમે તે અમલદારે, તે દસ્તાવેજની ઓળખ રહેવા સારૂ લાગલીજ તેના ઉપર નિશાન કરવી, અને નકલ તપાસીને અસલ સાથે મુકાબલ કર્યાપછી તથા તે નકલ બરાબર છે એમ જણાય તો તે ઉપર ખરી છે એવો દાખલો તે ઉપર લખવો અને વાદીને ચોપડો પાછો આપવો અને નકલ દાખલ કરાવવી

૧૮ (૧) ફરિયાદઅરજી કોર્ટમા આપતી વખતે વાદીએ જે દસ્તાવેજ કોર્ટમા હાજર કરવો જોઇએ, અથવા ફરિયાદઅરજીમા સામીલ કરવાની કે ફરિયાદઅરજી સાથે જોડવાની યાદમા તે દાખલ કરવો જોઇએ, તે તેણે તે પ્રમાણે હાજર કર્યો ન હોય અથવા દાખલ કર્યો ન હોય, તો પછી ફરિયાદની સુનાવણી વખતે કોર્ટની રજાશિવાય તેની તરફના પુરાવામા તે લેવામા નહી આવે

(૨) પ્રતિવાદીના સાક્ષીઓને ઉલટ તપાસણીને વાસ્તે હાજર કરેલ અથવા પ્રતિવાદીએ કઇ તકરાર બતાવી હોય તેના જવાબમા હાજર કરેલા અથવા સાક્ષીની ફક્ત યાદદાસ્ત તાજી કરવાને વાસ્તે તેના હાથમા આપેલા—દસ્તાવેજોને આ કાનુનની કોઇપણ વાત લાગુ પડતી નથી

ઓર્ડર ૮ મો.

લેખી કેફીયત તથા સામા દાવાવિશે

૧ પ્રતિવાદીને ફરિયાદની પહેલી સુનાવણી વખતે અથવા તે પહેલા કોર્ટ અથવા પરવાનગી આપે તે વખતની અદર, પોતાના બચાવની લેખી કેફિયત આપવાનો અધિકાર છે અને તે આપવાને કોર્ટ ફરમાવે, તો તેણે તે આપવી જોઇએ

૨ પ્રતિવાદીએ પોતાની પ્લીડિંગમા, ફરિયાદ ચાલે તેમ નથી અથવા કરેલુ કામ કાયદા પ્રમાણે રદ્દ છે અથવા રદ્દ થવા જોગ છે એવુ બતાવનારી સઘળી બાબતો, અને બચાવના જે કારણો દાખલ કરવામા ન આવે તો વિરૂદ્ધ પક્ષને ઘોટાળામા પડવાનો સભવ હોય અથવા ફરિઆદ અરજી ઉપરથી ઉભા થતા ન હોય એવા, દાખલા તરીકે કપટ, મુદ્દત, ફારગતી, પૈસા અદા કરવા શરત પુરી કરવી એવા હકીકતના મુદ્દા અથવા ગેરકાયદેસરપણુ બતાવનારી બાબતો ઉત્પન્ન થાય તેવા સઘળા કારણો દાખલ કરવાજ જોઈયે

૩ વાદીએ જણાવેલા કારણોનો પ્રતિવાદી પોતાની લેખી કેફિયતમા સામાન્ય રીતે ઇનકાર કરે તો બસ થશે નહી, પણ નુકસાનની બાબત સિવાય દાખલ કરેલી જે જે બાબતોનુ ખરાપણુ તે કબુલ કરતો ન હોય તે દરેકનુ જુદુ વિવેચન કરવુ જોઈયે

૪ જ્યારે ફરિયાદ અરજીમા લખેલી કોઇ હકીકતનો પ્રતિવાદી ઇનકાર કરે ત્યારે તેણે તે ઇનકાર ઉડાઉ રીતે ન કરતા મુદ્દાના પ્રશ્નનો જવાબ આપવો જોઇયે, દાખલા તરીકે પૈસાની અમુક રકમ તેણે લીધી એમ કહેવામા આવે ત્યારે તેણે તે ચોકસ રકમ લીધી નથી એવો ઇનકાર કરશે તો ચાલશે નહી, પણ તેણે તે રકમ અથવા તેનો કોઇપણ ભાગ લીધાનો ઇનકાર કરવો જોઇયે અથવા તેણે કેટલી રકમ લીધી તે લખવુ જોઇયે, અને જુદા જુદા પ્રસગોને લીધે એકાદ વાત બન્યાનુ કહેવામા આવે, ત્યારે તે વાત તથા તે પ્રસગો ઇનકાર કર્યા એટલે બસ થશે નહી.

૫ ફરિયાદ અરજીમા જે દરેક હકીકત લખી હોય તે, પ્રતિવાદીની પ્લીડિંગમા ખાસ રીતે અથવા અવશ્ય ગર્ભિત રીતે ના કબુલ કરી ન હોય અથવા કબુલ કરવામા આવી નથી એમ જણાવવામા આવ્યુ

ન હોય તો તે નાલાયક શખ્સના સબંધમા હોય તે શિવાયને પ્રસગે, અગીકાર કરવામા આવી છે એમ સમજવુ પરતુ કોર્ટની નજરમા યોગ્ય જણાય તો, કોર્ટ એવી રીતે અગીકાર કરેલી કોઇપણ હકીકત તે અગીકાર શિવાય બીજી કોઈ રીતે સાબીત કરી આપવાનુ ફરમાવવાને મુખત્યાર છે.

૬ (૧) જ્યારે પૈસા વસુલ કરવાની ફરિયાદમા વાદી પાસેથી પ્રતિવાદી કાયદાપ્રમાણે લેઇ શકે તેવી નક્કી કરેલી પૈસાની કોઇ રકમનો કોર્ટના આધિકારમાની પૈસા સબધી હદની બાહર નહી હોય એવો વાદીની માગણી સામે પ્રતીવાદી સામો દાવો કરવા માગતો હોય અને વાદીએ કરેલી ફરિયાદમા બન્ને પક્ષકારોનુ જે સ્વરૂપ હોય તેજ વાદી ઉપરના પ્રાતવાદીના આ દાવામા બંને પક્ષકારોનુ સ્વરૂપ હોય ત્યારે પ્રતિવાદી ફરિયાદની પહેલી સુનાવણી વખતે સામા દાવામા માગવાના લેહેણાની વિગત સુધાતની લેખી કેફિયત આપવાને મુખત્યાર છે પરતુ તેવી કેફિયત પહેલી સુનાવણી પછી કોર્ટ પરવાનગી ન આપે તો આપવાનો પ્રતિવાદીને આધિકાર નથી

(૨) સામી ફરિયાદ અરજી પ્રમાણેજ સદરહુ લેખી કેફીયતથી કાર્ય થશે, એટલે તેની એકજ ફરીયાદમા મુળ દાવો અને સામા દાવાનો આખર ફેસલો કોર્ટથી આપી શકાશે, પરતુ તેથી હુકમનામાથી કોઇ પ્લીડરને જે ખરચ મળવા જેવો થતો હોય તેના સબધમા હુકમનામામા અપાવેલી રકમ ઉપરના તે પ્લીડરના હક (લીયન) ન હરકત થશે નહી (૩) પ્રતિવાદીએ લખી કેફીયત આપવા સબધી કાનુની સામા દાવાના જવાબ તરીકે આપેલી લેખી કેફીયતને લાગુ છે

દષ્ટાંત

(અ) અ ૨૦૦૦ રૂપિયાનુ મતલેખાર્પિતદાન બ ને કરે છે અને ક ને બાકીનુ મતલેખાર્પીતદાન લેનાર તથા મૃત્યુપત્ર ચલાવનાર નીમે છે, બ ગુજરી જાય છે અને બ ની માલમીલકતનો વહીવટ કરવાનુ સરટીફીકેટ લે છે જામીનદારી તરીકે ડ ને વાસ્તે ૧૦૦૦ રૂપીયા ક આપે છે, પછી મતલેખાર્પિતદાનને વાસ્તે ક ઉપર ડ ફરીયાદ કરે છે ત્યારે મતલેખાર્પીતદાનની ફરીયાદમા ૧૦૦૦ રૂપીયાના લેહેણાનો સામો દાવો ક કરી શકે નહી, કારણકે ૧૦૦૦ રૂપીયા આપવાની બાબતમા ક નુ તથા ડ નુ સ્વરૂપ છે તેજ સ્વરૂપ તેમનુ મૃતલેખાર્પીતદાનની બાબતમા નથી

(બ) અ મત્યુપત્ર કર્યા વગર અને બ નો કરજદાર રહીને ગુજરી જાય છે, અ ની માલમિલકતનો વહિવટ કરવાનુ સરટીફીકેટ લે છે, અને તે માલમિલકતનો કઇ ભાગ ક ની પાસેથી બ ખરીદ કરે છે બ ઉપર ક ખરીદના પૈસાની ફરિયાદ કરે છે, તેમા બ પોતાના લેહેણાનો સામો દાવો ન કરી શકે, કારણ કે ક ના જુદા જુદા બે સ્વરૂપ છે, એક તો બને વેચાણ આપનાર તરીકે, જે સ્વરૂપથી તે બ ના ઉપર દાવો કરે છે, અને બીજુ અ ના વારસ વકીલ તરીક,

(ક) અ બિલ ઓફ એકસચેજ ઉપરથી બ ની ઉપર ફરીયાદ કરે છે બ એમ કહે છે કે મારા માલનો વીમો ઉતારવાને બ એ ગેરવાજબી રીતે ગફલત કરી છે અને તે નુકસાનીના બદલાનો જવાબદાર છે તે નુકસાનીના બદલાને વાસ્તે હુ સામો દાવો કરૂ છુ આ રકમ નક્કી કરેલી નથી તેથી તેનો સામો દાવો ચાલી શકે નહી

(ડ) અ રૂ ૫૦૦ ની બીલ ઓફ એકસચેજ ઉપરથી બ ના ઉપર ફરીયાદ કરે છે બ ની પાસે અ ના ઉપર મેળવેલો રૂ ૧૦૦૦ નો ફેસલો છે બન્ને દાવા નક્કી કરેલી પૈસાની માગણીના છે, માટે તે સામસામા અપાવી શકાય

(ઈ) હક અથવા સત્તા વગર બ એ પ્રવેશ કર્યા બદલ તેના ઉપર અ નુકસાનીના બદલાની ફરીઆદ કરે છે અ એ લખી આપેલી રૂ ૧,૦૦૦ ની પ્રોમીસરી નોટ (વાયદા ચીઠી) બ ની પાસે છે તે રકમ સદરહુ ફરિયાદમા અ ને જે રકમ મળે તેમા બ મજરે માગે છે બ એ રકમ મજરે લેઈ શકે, કારણ કે બ ને નુકસાનીના બદલો મળે એટલે બંનેની પૈસા સબધી માગણીની રકમ નક્કી થાય છે

(ફ) અ ને બ રૂ ૧,૦૦૦ ની ફરીઆદ ક ના ઉપર કરે છે, ત્યારે કકને અ ની પાસે માગતો હોય તે લેહેણાનો ક સામો દાવો ન કરી શકે

(ગ) અ રૂ ૧,૦૦ ની ફરિયાદ બ ને ક ઉપર કરે છે તેમા અ પાસે બ એકલો માગતો હોય તે લેહેણાનો બ થી સામો દાવો ન થાય

(ઙ) બ ને ક ની ભાગીદારીની પેઢીમા અ ને રૂ ૧,૦૦૦ દેવુ છે ક ને પાછળથી મૂકી બ ગુજરી જાય છે જુદા સ્વરૂપથી ક પાસે અ ના રૂ ૧૫૦૦ લેણા છે તેને વાસ્તે ક ઉપર અ ફરીયાદ કરે છે, આમા ક થી રૂ ૧,૦૦૦ ના લેહેણાનો સામો દાવો થઇ શકે

૭ જ્યારે પ્રતીવાદી, જુદી જુદી અને ચોકસ હકીકતનો આધાર જેને હોય એવા બચાવ અથવા સામા દાવાના અનેક જુદા જુદા કારણો ઉપર આધાર રાખતો હોય ત્યારે, તે બનતા સુધી જુદા જુદા તથા સ્પષ્ટ રીતે લખવા જોઇયે

૮ ફરીયાદ માંડ્યા પછી અથવા સામા દાવાની માગણી કરીને લેખી કેફીયત આપી હોય ત્યાર પછી બચાવનુ જે કાંઇ કારણ ઉભુ થયું તે, પ્રસંગ પ્રમાણે, વાદી અથવા પ્રતીવાદીને લેખી કેફીયતમા દાખલ કરવાનો અધિકાર છે

૯ પ્રતીવાદીએ લેખી કેફીયત આપ્યા પછી સામા દાવાના બચાવ તરીકે ન હોય એવી બીજી કોઇ પણ પ્લીડીંગ, કોર્ટની પરવાનગી વગર તથા કોર્ટને યોગ્ય લાગે તે શરતો શીવાય રજુ કરવી નહી પરંતુ કોર્ટ, કોઇ પણ વખતે, કોઇ પણ પક્ષકાર પાસેથી લેખી કેફીયત માગવાને, અને તે આપવાનો વખત ઠરાવવાને મુખત્યાર છે

૧૦ જે પક્ષકાર પાસેથી સદરહુ પ્રમાણે લેખી કેફીયત માગી હોય તે પક્ષકાર કોર્ટે ઠરાવેલી મુદતમા તે કેફીયત આપવાને કસુર કરે તો તેના વિરૂદ્ધ ફેંસલો કહેવાને અથવા ફરીયાદીની બાબતમા પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

ઑર્ડર ૯ મો.

પક્ષકારોએ હાજર થવા વિશે તથા ન થવાના પરિણામ વિશે

૧ પ્રતીવાદીને હાજર થઇને જવાબ દેવાનો સમનમા જે દીવસ ઠરાવ્યો હોય, તે દીવસ પક્ષકારોએ જાતે અથવા પોતપોતાના પ્લીડરોની મારફતે કોર્ટના મકાનમા હાજર રહેવુ, અને આગળનો એક દીવસ ઠરાવીને તે ઉપર ફરીયાદીની સુનાવણી કોર્ટ મુલતવી ન રાખે, તો ફરીયાદની સુનાવણી તેજ વખતે કરવી જોઇએ

૨ જ્યારે સદરહુ રીતે ઠરાવ્યો હોય તે દિવસે એમ માલમ પડે કે, સમન પહોચાડવાને જે કોર્ટફી તથા ટપાલ ખરચ (જો હોય તો) લાગવો જોઇયે તે ભરવાને વાદી ચુકયો તેથી સમન પ્રતિવાદીને પોચાડ્યો નથી, તો તે ફરીયાદ કાઢી નાખવાને કોર્ટ મુખત્યાર છે

પરંતુ એવુ ઠરાવ્યુ છે કે પ્રતિવાદીને સમન પોચાડ્યો ન હોય તો પણ, તેણે હાજર થઇ જવાબ દેવા સારૂ જે દીવસ ઠરાવ્યો હોય તે દીવસે પ્રતિવાદી જાતે હાજર રહે તો, અથવા મુખત્યારની મારફત હાજર થવાની તેને પરવાનગી હોય ત્યારે, મુખત્યારની મારફતે હાજર રહે તો સદરહુ પ્રકારનો હુકમ કરવો નહિ

૩ જ્યારે ફરિયાદ સુનાવણી સારૂ નીકળે ત્યારે એમાથી કોઇપણ પક્ષકાર હાજર ન થાય ત્યારે ફરિયાદ કાઢી નાખવાનો હુકમ કરવાને કોર્ટને અધીકાર છે

૪ જ્યારે કાનુન ૨ અથવા ૩ પ્રમાણે ફરિયાદ કાઢી નાખવામા આવે ત્યારે, (મુદતના કાયદાને અનુસરીને) વાદી નવી ફરિયાદ આણવાને અથવા ફરીયાદ કાઢી નાખવાનો હુકમ રદ કરવાનો હુકમ મળવા માટે અરજી કરવાને મુખત્યાર છે અને સમન કાઢતા પહેલા ઠરાવેલી મુદતમા ભરવાની અથવા આપવાની કોર્ટફી તથા ટપાલ ખરચ (હોય તો) ન ભરવાનો કે પોતે ગેરહાજર રહ્યો હોય તો, હાજર ન થવાનો જેમ હોય તેમ પુરતો સબબ હતો—એમ વાદી કોર્ટની ખાતરી કરે તો કોર્ટે તે ફરીયાદ કાઢી નાખ્યાનો હુકમ રદ્દ કરવાનો હુકમ કરવો અને ફરિયાદનુ કામ આગળ ચલાવવાનો દિવસ નીમવો

૫ (૧) જ્યારે કોઇ સમન પ્રતિવાદી ઉપર અથવા ઘણા પ્રતિવાદીઓ પૈકી એક પ્રતિવાદી ઉપર કાઢ્યો હોય ને તે પોચ્યા શીવાય પાછો આવે, અને સમન પોચાડનાર અમલદારોએ સમન પાછો મોકલ્યાની વાત સાધારણ રીતે કોર્ટને જે અમલદાર લખી જણાવતો હોય તે અમલદારે કોર્ટને નવી રીતે લખી મોકલ્યાની

તારીખથી એક વર્ષ સુધી વાદી નવો સમન કાઢવા સારૂ અરજ ન કરે તથા જે પ્રતીવાદીને સમન પહોચાડ્યો ન હોય તે પ્રતિવાદીનુ રહેવાનુ ઠેકાણુ શોધી કહાડવાની પોતાથી બની તેટલી કોશિષ કરી છે, અથવા સદરહુ પ્રતિવાદી પ્રોસેસની બજાવણી ચુકાવે છે એવી કોર્ટની ખાતરી કરે ત્યારે સદરહુ પ્રકારના પ્રતિવાદી ઉપરની ફરિયાદ કાઢી નાખવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૬ (૧) જ્યારે ફરીયાદ સુનાવણી સારૂ નીકળે ત્યારે વાદી હાજર થાય અને પ્રતીવાદી હાજર ન થાય ત્યારે—(અ) જો સમન યોગ્ય રીતે પોચાડ્યો છે એમ સાબિત થાય તો એક તરફથી કામ ચલાવવાને તે કોર્ટ મુખત્યાર છે (બ) સમન યોગ્ય રીતે પોચાડ્યો છે એમ સાબિત ન થાય, તો પ્રતિવાદી ઉપર બીજો સમન કાઢીને તે પોચાડવાનુ કોર્ટે ફરમાવવુ (ક) પ્રતિવાદીને સમન પોચ્યો પણ સમનમા ઠરાવેલે દિવસે તથા કલાકે હાજર થઈને જવાબ આપવાને જેટલી જોઇએ તેટલી મુદતની અગાઉ પોચ્યો નથી એમ સાબિત થાય તો કોઇ આગળનો દિવસ નીમિને તે ઉપર ફરિયાદની સુનાવણી કોર્ટે મુલતવી રાખવી, અને તે દિવસની નોટીસ પ્રતીવાદીને આપવી એમ ફરમાવવુ

(૨) જ્યારે વાદીની કસુરને લીધે યોગ્ય રીતે અથવા પુરતા વખતમા સમન પોચાડવામા ન આવ્યો હોય ત્યારે સુનાવણી મુલતવી રાખવાથી થએલો ખરચ વાદીએ આપવો એમ કોર્ટે હુકમ કરવો

૭ કોર્ટે ફરિયાદની એક તરફથી સુનાવણી અમુક દીવસ ઉપર મુલતવી રાખવી હોય અને તે સુનાવણીની વખતે અથવા તે પહેલા પ્રતિવાદી હાજર થાય અને પ્રથમ હાજર ન થવાનુ સબળ કારણ બતાવે ત્યારે ખરચની અથવા બીજી રીતની કોર્ટ ફરમાવે તે શરતે હાજર થવા સારૂ ઠરાવેલે દિવસે તે હાજર થયો હોત તો તેનો જવાબ જે રીતે સાભળ્યો હોત તે રીતે ફરીયાદનો જવાબ તેની પાસેથી સાભળી શકાય.

૮ જ્યારે ફરિયાદ સુનાવણી સારૂ નીકળે ત્યારે પ્રતિવાદી હાજર થાય અને વાદી હાજર ન થાય ત્યારે કોર્ટે ફરીયાદ કાઢી નાખવાનો હુકમ કરવો જોઇએ પરતુ પ્રતિવાદી દાવો અથવા તેનો કાઇ ભાગ કબુલ કરે તો તે કબુલત ઉપરથી પ્રતીવાદી વિરૂદ્ધ કોર્ટે હુકમનામુ કરવુ અને દાવાનો માત્ર એક ભાગ કબુલ કર્યો હોય ત્યારે બાકીના ભાગ પુરતી ફરીયાદ કાઢી નાખવી

૯ (૧) જ્યારે ૮ મી કાનુન પ્રમાણે તમામ ફરીયાદ અથવા તેનો કઇ ભાગ કાઢી નાખવામા આવ્યો હોય ત્યારે દાવાના તેજ કારણ સબંધી વાદીની નવી ફરીયાદ ચાલશે નહી પરતુ કાઢી નાખ્યાનો હુકમ રદ કરાવવા સારૂ અરજ કરવાને વાદી મુખત્યાર છે, અને ફરિયાદ સુનાવણીને વાસ્તે નીકળી ત્યારે કોઇ પુરતા કારણને લીધે પોતાથી હાજર થવાનુ બન્યુ નહિ, એમ વાદી કોર્ટની ખાતરી કરે તો, ખરચ અથવા બીજી રીતની પોતાને યોગ્ય લાગે તે સરતો કરીને કોર્ટે ફરીયાદ કાઢી નાખ્યાનો હુકમ રદ કરવો અને ફરિયાદનુ કામ આગળ ચલાવવા સારૂ દિવસ નીમવો

(૨) આ કાનુન પ્રમાણે કરવાનો હુકમ, વાદીએ પોતાની અરજી વિશેની નોટીસ વિરૂદ્ધ પક્ષને પોચાડી ન હોય તો કરવો નહિ

૧૦ જ્યારે એક કરતા વધારે વાદીઓ હોય અને તેમાના એક અથવા વધારે હાજર થાય અને બીજા હાજર ન થાય ત્યારે હાજર થએલા વાદી અથવા વાદીઓની અરજ ઉપરથી, જાણે બધા વાદીઓ હાજર થયા હોય તે રીતે ફરીયાદનુ કામ આગળ ચલાવવાની પરવાનગી આપવાને અથવા પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૧૧ જ્યારે એક કરતા વધારે પ્રતિવાદીઓ હોય અને તેમાના એક અથવા વધારે હાજર હોય અને બીજા હાજર ન હોય ત્યારે ફરિયાદનુ કામ આગળ ચલાવવાની પરવાનગી આપવાને અથવા પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કોર્ટે કરવો

૧૨ જ્યારે જે કોઈ વાદી અથવા પ્રતિવાદીને જાતે હાજર થવાનો હુકમ કર્યો હોય તે જાતે હાજર ન થાય અથવા તે પ્રમાણે હાજર ન થવાનુ કોર્ટની ખાતરી લાયક પુરતુ કારણ ન બતાવે ત્યારે હાજર ન થનારા વાદી તથા પ્રતિવાદી પ્રત્યેકને લાગુ પડે એવા જે ઠરાવ પાછળ ગએલી કાનુનોમા લખેલા છે તે બધા વાદીને અથવા પ્રતિવાદીને અનુક્રમે લાગુ પડશે

એક તરફી હુકમનામાં રદ કરવા વિશે

૧૩ કોઇ કામમા પ્રતિવાદી વિરૂદ્ધ એક તરફી હુકમનામુ થયુ હોય ત્યારે તે રદ કરવાને હુકમ કરાવવા સારૂ તે હુકમનામુ કરનારી કોર્ટને તે પ્રતિવાદી અરજ કરવાને મુખત્યાર છે અને જો તે કોર્ટની ખાત્રી કરે કે સમન યોગ્ય રીતે પોચાડવામા આવ્યો ન હતો અથવા ફરિયાદ સુનાવણીને વાસ્તે નિકળી તે વખતે કોઈ પુરતા સબબને લીધે પોતે હાજર થઇ શકયો નહિ તો ખર્ચ વિશે કોર્ટમા રકમ ભરવા વિશે અથવા બીજી રીત વિશે કોર્ટને યોગ્ય લાગે તે શરતો કરીને, હુકમનામુ પ્રતિવાદીના સંબંધમા હોય તેટલે સુધી રદ કરવાનો કોર્ટે હુકમ કરવો અને ફરિયાદમા કામ આગળ ચલાવવા સારૂ દિવસ નીમવો

પણ એવુ ઠરાવ્યુ છે કે હુકમનામુ એવા પ્રતિવાદી પુરતું રદ ન કરી શકાય એવુ હોય ત્યારે તે બીજા સઘળા અથવા કોઇ પ્રતિવાદી પુરતું રદ કરવાનો અધિકાર છે

૧૪ સદરહુ પ્રકારની કોઇ પણ અરજની નોટીસ વિરૂદ્ધ પક્ષકારને પોચાડી ન હોય તો એવી અરજી ઉપરથી હુકમનામુ રદ કરવુ નહિ

ઓર્ડર ૧૦ મો.

કોઈ પક્ષકારોની જુબાની લેવા વિશે

૧ ફરીયાદની પહેલી સુનાવણી વખતે ફરિઆદ અરજીમા અથવા વિરૂદ્ધ પક્ષકારે (જો કોઇ) લેખી કેફીયત આપી હોય તો તેમા હકીકતની બાબતો જણાવેલી હોય, અને જે પક્ષકારની વિરૂદ્ધ તે બાબતો હોય તે પક્ષકારે સ્પષ્ટ રીતે અથવા અર્થ ઉપરથી અવશ્ય સમજાય એ રીતે તે કબુલ અથવા નાકબુલ કરી ન હોય તો તે બાબતો કબુલ છે કે ના કબુલ છે એ વાત દરેક પક્ષકારથી અથવા તેના પ્લીડરથી કોર્ટે નકી કરી લેવી, આવી કબુલતો તથા ના કબુલતો કોર્ટે દફતરમા લખવી

૨ જે પક્ષકાર જાતે હાજર થયો હોય, અથવા જે કોર્ટમા હાજર હોય તેની અથવા ફરિયાદની બાબતના કોઇ મુદ્દાના સવાલના જવાબ દેઇ શકે તેવો કોઈ સખસ તે પક્ષકારની સાથે કે તેના પ્લીડરની સાથે આવ્યો હોય તેની ફરિયાદની પહેલી સુનાવણી વખતે અથવા ત્યાર પછીની કોઇ સુનાવણી વખતે મોઢાના સવાલ કરીને જબાની લેવાને કોર્ટ મુખત્યાર છે, અને કોર્ટને યોગ્ય લાગે તો, તે જબાની લેતા કોઇ પણ પક્ષકાર સુચવે તેવા કોઇ પણ સવાલ કરવાને કોર્ટ મુખત્યાર છે

૩ તે જબાનીની મતલબ જડજે પોતે લખી લેવી અને તે દફતરનો એક ભાગ ગણવો

૪ (૧) જે પક્ષકાર પ્લીડરની મારફતે હાજર થયો હોય તેનો પ્લીડર અથવા ૨ જી કાનુનમા જણાવેલા પ્રકારનો પ્લીડરની સાથે આવેલો સખસ ફરિયાદ સંબધી કોઇ મુદ્દાના સવાલનો જવાબ આપવાની ના કહે, અથવા તેનાથી જવાબ ન આપી શકાય અને કોર્ટના અભિપ્રાયમા એમ આવે કે જે પક્ષકાર તરફથી તે પ્લીડર છે તે પક્ષકારે તે સવાલનો જવાબ આપવો જોઇએ, અને તે પક્ષકારને જાતે પુછવાથી તે જવાબ આપી શકશે એવુ સભવે છે, ત્યારે ફરિયાદની સુનાવણી આગળના એક દિવસ ઉપર મુલતવી રાખીને તે દિવસે તે પક્ષકારે જાતે હાજર થવુ એમ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે

(૨) આ પ્રમાણે ઠરાવેલે દિવસે તે પક્ષકાર કાયદેસર કારણ વિના જાતે હાજર ન થાય ત્યારે, તેના વિરૂદ્ધ ફેસલો આપવાને અથવા ફરિયાદીની બાબતમા પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

ઓર્ડર ૧૧ મો.

શોધ લાવવા તથા જાણવા વિશે

૧ કોઇ પણ ફરિયાદમા વાદી અથવા પ્રતિવાદી કોર્ટની રજા લઇને, વિરૂદ્ધ પક્ષકારને અથવા એવા પક્ષકારમાના એક અથવા વધારેને પુછવા સારૂ કોઇ પણ વખતે લખેલા સવાલનામા આપવાને મુખત્યાર છે, અને એવા સવાલનામા આવે ત્યારે એવા સખસોમાના દરેકે કયા કયા સવાલનો જવાબ દેવાનો છે એ તે ટીપમા જણાવવુ, પરતુ એવુ ઠરાવ્યુ છે કે તેમ કરવા સારૂ હુકમ મેળવ્યા વગર કોઇ પણ પક્ષકારે એકજ

સખસને એક કરતા વધારે સવાલનામા આપવા નહીં વળી એમ પણ ઠરાવવામા આવે છે કે જે સવાલ ફરીયાદમાની કોઇપણ તકરારને લગતા ન હોય તે, એકાદ સાક્ષીની મ્હોની ઉલટ તપાસવામા આવ્યા હોય તોપણ તે લાગુ નથી એમ સમજવુ જોઇયે

૨ સવાલનામા આપવાની પરવાનગી માટે અરજી કરતી વખતે જે અમુક સવાલનામા આપવાનો ઇરાદો હોય તે કોર્ટને સાદર કરવા જોઈયે એવી અરજીનો નિકાલ કરતી વખતે જે પક્ષકારે જે સવાલનામા આપવાનુ યોજ્યુ હોય તે પક્ષકાર તકરારી બાબતો સબધી અથવા તેમાની કોઇપણ બાબત સબધી જે હકીકત આપવાનુ કહે અથવા જે કબુલત કરવાનુ કહે અથવા જે દસ્તાવેજો આપવાનુ કહે તે વિશે કોર્ટે વિચાર કરવો જોઇયે અને ફરિયાદનો વાજબી રીતે નિકાલ કરવા સારૂ અથવા ખરચનો બચાવ થવા સારૂ કોર્ટને જરૂરના જણાય એટલાએ સવાલનામા બાબત પરવાનગી આપવી જોઇએ

૩ ફરિયાદના ખરચનો ઠરાવ કરતી વખતે, કોઇપણ પક્ષકારની અરજ ઉપરથી, સદરહુ સવાલનામા આપવા ઘટાનત હતા કે નહી તે બાબતની ચોકશી કરવી જોઈયે, અને ચોકશી સારૂ અરજી કરવામા આવ્યા ઉપરથી અથવા અરજી કરવામા આવ્યા વગર ટેકિસગ ઓફિસરને અથવા કોર્ટને એમ લાગે કે, તે સવાલનામા વિનાકારણ અથવા હેરાન કરવા સારૂ અથવા અમસ્તુ લબાણ કરીને આપ્યા છે, તો સદરહુ સવાલનામાને લીધે તથા તેમના જવાબોને લીધે જે ખરચ થાય છે તે દરેક પ્રસગે જેનો દોષ હોય તે પક્ષકારે આપવો પડશે

૪ સવાલનામા ક પુરવણીમાના નમુના નબર ૨ મા પ્રસગ પ્રમાણે જરૂર હોય તે ફેરફાર કરીને તે નમુના પ્રમાણે હોવા જોઇયે

૫ જ્યારે ફરિયાદનો કોઈ પક્ષકાર, જેને અથવા જેના ઉપર પોતાને નામે અથવા કોઇપણ અમલદારને અથવા ત્રીજા સખસને નામે ફરિયાદ માડવાનો કાયદા પ્રમાણે અધિકાર હોય એવી એકાદી કૉરપોરેશન અથવા લોકોની મડળી (પછી તે સસ્થાપિત હોય કે ન હોય) હોય ત્યારે, તેની કોરપોરેશનના અથવા મડળીના કોઇપણ સભાસદને અથવા અમલદારને સવાલનામુ આપવાની પરવાનગીનો હુકમ મેળવવા સારૂ કોઇપણ વિરૂદ્ધ પક્ષકાર અરજ કરવાને મુખત્યાર છે, અને તે પ્રમાણે હુકમ કરવાનો અધિકાર છે

૬ અમુક સવાલનામુ નિદાયુક્ત છે અથવા લાગતું નથી અથવા ફરિયાદના કામ સારૂ શુદ્ધબુદ્ધિથી કર્યું નથી, અથવા જે બાબત ચોકશી કરવામા આવે છે તે બાબત ફરિયાદની તે પાયરીએ જોઇયે તેટલી જરૂરની નથી, એ સબબથી અથવા બીજા કોઇ પણ સબબથી તે સવાલનામાનો જવાબ આપવામા જવાબ તરીકે આપેલા સોગનનામામા હરકત લેવાનો અધિકાર છે

૭ અમુક સવાલનામુ ગેરવાજબી રીતે અથવા હેરાન કરવા સારૂ આપેલુ છે એવા સબબ ઉપરથી તે રદ કરવાનો, અથવા તે લબાણ, ત્રાસદાયક, વગર જરૂરનુ અથવા નિદાયુક્ત હોવાના સબબ ઉપરથી કાઢી નાખવાનો અધિકાર છે, અને આ કારણસારૂ કરવાની કોઈ પણ અરજી સવાલનામુ પહોચાડયા પછી સાત દિવસની અદર કરવી જોઇયે

૮ સવાલનામાનો જવાબ દસ દિવસની અદર અથવા કોર્ટ રજા આપે તેટલી વધારે મુદતની અદર સોગનનામુ કરીને ફાઇલ કરવો જોઇયે

૯ સવાલનામાના જવાબ દાખલ કરેલુ કોઇપણ સોગનનામુ ક પુરવણીમાના નમુના નબર ૩ મા પ્રસગ પ્રમાણે જરૂર હોય તે ફેરફાર કરીને તે નમુના પ્રમાણે હોવુ જોઈએ

૧૦ સવાલનામાના જવાબ દાખલ કરેલા કોઇપણ સોગનનામાના સબધમા હરકત લેવી નહિ, પણ અપુરતું હોવાની હરકત લીધી હોય એવુ કોઇપણ સોગનનામુ પુરતું છે કે નહી તે કોર્ટે ઠરાવવુ જોઇએ

૧૧ જ્યારે જે સખસને સવાલ પુછેલો હોય તે કોઈ સખસ જવાબ દે નહી, અથવા અધુરો જવાબ દે ત્યારે, તમે જવાબ દો, અથવા પુરો જવાબ દો એમ–જે પ્રસગ હોય તે પ્રમાણે, હુકમ કરવા સારૂ કોર્ટને અરજ કરવાને સવાલ કરનારો પક્ષકાર મુખત્યાર છે અને સોગનનામાથી અથવા મોઢાની જબાનીથી કોર્ટ જે ફરમાવે તે રીતે તમારે જવાબ આપવો અથવા પુરો જવાબ આપવો એમ હુકમ કરવાનો અધિકાર છે

૧૨ કોઇ ફરિયાદની કોઇ તકરારી બાબત સબધી જે દસ્તાવેજો ફરિયાદના કોઇ પક્ષકારના કબજામા

અથવા અખત્યારમા હાલ અથવા પહેલેથી હોય તે દસ્તાવેજોની સોગન ઉપર શોધ લગાડવાનો તે પક્ષકારને હુકમ કરવા સારૂ કાર્ટને સોગનનામુ ફાઈલ કર્યા વગર, અરજ કરવાનો અધિકાર તે ફરિયાદના બીજા કોઇ પણ પક્ષકારને છે તેની અરજી સાભળ્યા પછી, કોર્ટની એમ ખાત્રી થાય કે સદરહુ પ્રમાણે શોધ લગાડવાની જરૂર નથી અથવા ફરિયાદની તે પાયરીએ જરૂર નથી, તો તે અરજી નામજુર કરવાનો અથવા તે મુલતવી રાખવાનો અથવા સાધારણ રીતે સઘળા દસ્તાવેજના સબધમા અથવા અમુક વર્ગના દસ્તાવેજ પુરતો, પોતાની નજરમા યોગ્ય લાગે તેવો હુકમ કરવાને કાર્ટને અધિકાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ ફરિયાદનો વાજબી રીતે નિકાલ કરવા સારૂ અથવા ખરચનો બચાવ કરવા સારૂ શોધ લગાડવાનો હુકમ કરવાની જરૂર નથી એમ કોર્ટને લાગે ત્યારે અને તેટલે સુધી એવો હુકમ કરવો નહી

૧૩ જે પક્ષકાર વિરૂદ્ધ ઉપરની છેલ્લી કાનુનમા કહેલા પ્રકારનો હુકમ કર્યો હોય તે પક્ષકારે કરેલા સોગનનામામા, જે દસ્તાવેજો તે હુકમમા લખેલા હોય તેમાનો કોઇ દસ્તાવેજ હાજર કરવાને સોગનનામુ કરનારને હરકત હોય તો, તે દસ્તાવેજ કયો તે લખવુ જોઇયે, અને તે સોગનનામુ ક પુરવણીમાના ૫ મા નમુનામા પ્રસગ પ્રમાણે જરૂર પડે તેવા ફેરફાર કરીને તે પ્રમાણે હોવુ જોઇયે

૧૪ કોર્ટમા કોઇ ફરિયાદ ચાલુ હોય તે દરમિયાન કોઇ પણ વખતે તે ફરિયાદમા જે તકરારી બાબત હોય તે સબધી જે દસ્તાવેજો ફરિયાદના કોઈ પક્ષકારના કબજામા અથવા અખત્યારમા હોય તે પૈકી જે દસ્તાવેજો તે પક્ષકારે હાજર કરવા વાજબી છે એમ કોર્ટને જણાય તે દસ્તાવેજો સોગન ઉપર હાજર કરવા સારૂ હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે અને તે દસ્તાવેજો હાજર કરવામા આવે એટલે પોતાને વાજબી જણાય તે રીતે તેમની વ્યવસ્થા કરવાને કોર્ટ મુખત્યાર છે

૧૫ ફરિયાદના દરેક પક્ષકારને, કોઇ બીજા પક્ષકારની પ્લીડિંગમા અથવા સોગનનામામા જણાવેલા કોઇપણ દસ્તાવેજ પોતાને અથવા પોતાના પ્લીડરને જોવા સારૂ હાજર કરવા તથા પોતાને કે પોતાના પ્લી-ડરે તેની નકલો કરી લેવા દેવી, એવી લેખી નોટીસ કોઈપણ વખતે તે બીજા પક્ષકારને આપવાનો, અધિકાર છે એમ સમજવુ, અને સદરહુ નોટીસ જે પક્ષકાર માન્ય ન કરે તેને તે ફરીયાદમા પોતાના તરફથી તે દસ્તાવેજ પુરાવામા આપવાની પછીથી છુટ મળશે નહીં પરતુ પોતે ફરીયાદમા પ્રતીવાદી છે અને તે દસ્તા-વેજ માત્ર તેના પોતાનાજ હક વીશે છે એવી અથવા તે નોટીસ માન્ય ન કરવાનુ કોર્ટને પુરતુ જણાય એવુ બીજુ કાઇ કારણ અથવા સબબ હતો એવી કાર્ટની ખાત્રી કરે તો તે દસ્તાવેજ તેને, ખરચના તથા બીજી બાબતના સંબધમા કાર્ટને વાજબી લાગે તે શરતથી પુરાવામા આપવા દેવાનો કોર્ટને અધિકાર છે

૧૬ કોઇ પણ પક્ષકારની પ્લીડિગમા અથવા સોગનનામામા જણાવેલા કોઇપણ દસ્તાવેજ હાજર કરવા સારૂ તે પક્ષકારને આપવાની નોટીસ ક પુરવણીના ૭ ના નમુનામા પ્રસગ પ્રમાણે જરૂર હોય તો તેટલો ફેરફાર કરીને તે નમુના પ્રમાણે હોવી જોઇએ.

૧૭ જે પક્ષકારને એવી નોટીસ આપી હોય તે પક્ષકારે, તે નોટીસ પહોચે ત્યારથી ૧૦ દિવસમા, તે નોટીસ આપનાર પક્ષકારને સામી નોટીસ આપવી અને સદરહુ દસ્તાવેજો અથવા પૈકી જે દસ્તાવેજો હાજર કરવાની એને હરકત ન હોય તેવા દસ્તાવેજો તેના પ્લીડરની ઓફીસમા અથવા પેઢીવાળા ચોપડાના સબધમા અથવા સાજા હિસાબના ચોપડાના સબધમા અથવા કોઇ પણ વેપાર અથવા ધધાના કામ સારૂ હમેશ ઉપયોગમા આવતા હોય એવા ચોપડાના સબધમા તે ચોપડા જ્યા હમેશ કબજામા રાખવામા આવતા હોય તે ઠેકાણે નોટીસ પહોચ્યા પછી ત્રણ દિવસમા અમુક વખતે જોવા મળશે એમ તેમા લખવુ જોઇયે, અને તેમાનો કોઇપણ દસ્તાવેજ હાજર કરવાને તેને હરકત હોય તો કયો દસ્તાવેજ હાજર કરવાને હરકત છે તથા હરકતના કારણ શા છે એ પણ તે નોટીસમા જણાવવુ આ નોટીસમા ક પુરવણીના ૫ મા નબરના નમુનામા પ્રસગ પ્રમાણે જરૂર હોય તેટલો ફેરફાર કરીને તે નમુના પ્રમાણે હોવી જોઇયે

૧૮. (૧) જ્યારે ૧૫ મી કાનુન પ્રમાણે જે પક્ષકારને નોટીસ પહોચાડી હોય તે પક્ષકાર દસ્તાવેજ કયે વખતે તપાસવા સારૂ મળશે તે બાબતની સદરહુ પ્રકારની નોટીસ નહી આપે અથવા દસ્તાવેજ તપાસવા દેવામા હરકત લે અથવા તે જોવા સારૂ તેના પ્લીડરની ઓફિસ સિવાય બીજુ ઠેકાણુ નીમે ત્યારે જે પક્ષકારને તે દસ્તાવેજ જોવાની મરજી હોય તે પક્ષકારની અરજી ઉપરથી તે દસ્તાવેજ પોતાને યોગ્ય લાગે તેવી જગાએ

તથા તેવી રીતે જોવા દેવાનો હુકમ કરવાનો કોર્ટને અધિકાર છે, પણ એવુ ઠરાવ્યુ છે કે ફરિયાદનો વાજબી નિકાલ થવા સારૂ અથવા ખરચનો બચાવ થવા સારૂ જોવા દેવાનો હુકમ કરવાની જરૂર નથી એમ કોર્ટને લાગે તો અને તેટલે સુધી એવો હુકમ કરવો નહી

(૨) દસ્તાવેજો જોવા બાબતની જે પક્ષકારની વિરૂદ્ધ અરજી કરવાની હોય તે પક્ષકારની પ્લીડગમા વીગતવાર હેવાલમા અથવા સોગનનામામા જે જે દસ્તાવેજોનો હવાલો આપ્યો હોય તે સિવાય દસ્તાવેજો અથવા તે પક્ષકારે કરેલા સોગનનામામા જે દસ્તાવેજો બહાર પાડયા હોય તે સોગનનામામા કયા દસ્તાવેજો જોવા દેવાની કોઈપણ અરજી સોગનનામાને આધારે કરવી જોઇયે અને તે શોગનનામામા કયા દસ્તાવેજો જોવાને જોઇયે છે તે દસ્તાવેજો લેવાને અરજ કરનાર પક્ષકારને હક છે તે, તથા તે દસ્તાવેજો વિરૂધ પક્ષકારના કબજામા અથવા અખત્યારમા છેવટે વાત લખવી જોઇયે કરિયાદનો વ્યાજબી રીતે નીકાલ થવા સારૂ અથવા ખરચનો બચાવ થવા સારૂ એવા દસ્તાવેજો જોવા દેવાનો હુકમ કરવાની જરૂર નથી એમ કોર્ટને લાગે તે પ્રસંગે અને તેટલે સુધી કોર્ટે એવો હુકમ કરવો જોઇએ નહી

૧૯ (૧) જ્યારે કાઇપણ ધધાના ચોપડા જોવા દેવાની અરજી કરવામા આવે, ત્યારે કોર્ટ પોતાને યોગ્ય લાગે તો, અસલ ચોપડા જોવાનો હુકમ કરવાને બદલે એવો હુકમ કરવાને મુખત્યાર છે કે તેમાની અમુક નોંધની નકલ આપવી અને તેના ઉપર જે માણસે તે નકલ અસલ નોંધની સાથે સરખાવી હોય તે માણસે તેના ખરાપણા બદલ સોગન ઉપર લેખ લખવો, અને એવા સોગનનામામા, તે અસલ ચોપડામા કાંઈ છેકછુક, એ લીટીઓ વચ્ચે લખેલો કાંઇ મજકુર, અથવા ફેરફાર છે કે નહી અને હોય તો શુ શુ છે તે લખવુ જોઇયે પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રકારની નકલ આપેલી હોય તોપણ, તે નકલ જે ચોપડામાથી કરી હોય તે ચોપડો જોવા દેવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

(૨) જ્યારે દસ્તાવેજ જોવા દેવાનો હુકમ મળવા સારૂ અરજી કરવામા આવે તે દસ્તાવેજ ન દેખાડવાનો હક છે એમ કહેવામા આવે ત્યારે તે હક કાયદેસર છે કે નહી તેનો નિર્ણય કરવા સારૂ તે દસ્તાવેજ જોવાનો કોર્ટને અધિકાર છે,

(૩) કોર્ટ કોઇપણ વખતે, ફરીયાદના કોઇપણ પક્ષકારની અરજી ઉપરથી અને દસ્તાવેજ બાબતનુ સોગનનામુ કરવાનો હુકમ થયો હોય અથવા ન થયો હોય, અથવા તે સોગનનામુ આપ્યુ હોય અથવા ન હોય તો પણ બીજા કોઇપણ પક્ષકારને, તે અરજીમા લખેલો કોઇપણ એક અથવા વધારે ચોકસ દસ્તાવેજ તેના કબજામા અથવા અખત્યારમા છે કે નહી અથવા કોઇપણ વખતે હતો અથવા હતા કે નહી અથવા તે તેના કબજામા ન હોય તો તેની પાસેથી કયારે ગયો અથવા ગયા ને તેનુ શુ થયુ તે બાબત સોગનનામુ આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે આવી અરજીની સાથે સોગનનામુ હોવુ જોઇયે, અને તેમા એમ લખેલુ હોવુ જોઇયે કે તેને કરનારની સમજ પ્રમાણે તે અરજી જે પક્ષકારની સામા કરી હોય તે પક્ષકારના કબજામા અથવા અધિકારમા તે અરજીમા લખેલો અથવા લખેલા દસ્તાવેજ છે, અથવા અમુક વખતે હતો અથવા હતા અને તે દસ્તાવેજ ફરિયાદમાની તકરારી બાબતો સબધી અથવા તેમાની અમુક બાબત સબધી છે

૨૦ જે પક્ષકાર પાસેથી કાઇ જાતના દસ્તાવેજોની શોધ કાઢવાનુ અથવા તે જોવાનુ હોય તે પક્ષકાર તેવી શોધ અથવા થોડી શોધ થવાને કે તે દસ્તાવેજો અથવા તેમાના કાઇપણ દસ્તાવેજો જોવા દેવાની હરકત લે અને કોર્ટની એવી ખાત્રી થાય કે તે શોધ કાઢવાનો અથવા જોવાનો હક્ક ફરિયાદમાની કોઇ તકરારી બાબત અથવા મુદ્દા ઉપર આધાર રાખે છે અથવા એવી ખાત્રી થાય કે બીજા કોઇ કારણને લીધે શોધ કાઢવાના કે જોવાના હક્ક વિશે ઠરાવ કર્યા પહેલા તે તકરારી બાબત કે મુદ્દાનો નિર્ણય કરવો જોઇએ છીએ, ત્યારે કોર્ટ તે તકરારી બાબત અથવા મુદ્દાનો નિર્ણય પ્રથમ કરવો એવો હુકમ કરવાને અને શોધ કાઢવા અથવા જોવા વિશેની વાતનો નિકાલ બાકી રાખવાને મુખત્યાર છે

૨૧ સવાલનામાનો જવાબ દેવા સારૂ અથવા દસ્તાવેજોની શોધ કાઢવા સારૂ અથવા તે જોવા દેવા સારૂ કોઈ પક્ષકારને હુકમ કરવામા આવે છતા તે માન્ય ન કરે ત્યારે, જો તે પક્ષકાર વાદી હોય તો તે કામ ચલાવતા નથી એમ ગણીને તેની ફરિયાદ કાઢી નાખવાને તે પાત્ર થશે, અને જો તે પ્રતિવાદી હોય

તો, પણ જે કંઈ જવાબ આપ્યો હોય તે કાઢી નાખવાને, તથા તેણે જવાબ ન આપ્યો હોત તો તે જે સ્થિતિમા હોત તે સ્થિતિમા રહેવાને પાત્ર થશે અને સવાલ કરનાર અથવા શોધ કાઢવાનો અથવા જોવાનો પ્રયત્ન કરનાર પક્ષકાર તેવી મતલબનો હુકમ થવા સારૂ કોર્ટને અરજ કરવાને મુખ્ત્યાર છે, અને કોર્ટ તે પ્રમાણે હુકમ કરવાને મુખ્ત્યાર છે

૨૨ કોઇપણ પક્ષકારને, ફરિયાદને, ઇનસાફ થતો હોય તે વખતે, સવાલનામાના વિરૂધ્ધ પક્ષકારે આપેલા જવાબમાના કાંઈ જવાબ અથવા કોઈ આખો જવાબ દાખલ ન કરતા તેમાના કોઇ એક અથવા વધારે જવાબનો અથવા કોઇ પણ ભાગનો પુરાવામા ઉપયોગ કરવાનો અધિકાર છે, પણ હમેશને માટે એવુ ઠરાવ્યુ છે કે કોર્ટને સદરહુ સઘળા જવાબ જોવાનો અધિકાર છે, અને જો કોર્ટને એમ જણાય કે તેમાના દાખલ કરેલા જવાબ સાથે બીજા કોઇ પણ જવાબનો એવો સબધ છે કે તે જવાબોનો તે બીજા જવાબ શિવાય ઉપયોગ કરવો દુરસ્ત નથી, તો તે બીજા જવાબ દાખલ કરવાનો હુકમ કરવાનો કોર્ટને અધિકાર છે

૨૩ આ ઓર્ડર સગીર વાદી તથા પ્રતિવાદીને તથા નાલાયક મનુષ્યોના ઇષ્ટમિત્ર તથા ફરિયાદ પુરતા વાલીને લાગુ પડે છે એમ સમજવુ

ઓર્ડર ૧૨ મો.

કબુલત વિશે

૧ ફરિયાદના કોઇપણ પક્ષકારને, બીજા કોઈ પક્ષકારનો સઘળો મુકદમો અથવા તેનો કોઇ ભાગ ખરો હોવાનુ પોતાને કબુલ છે એવી નોટીસ પોતાની પ્લીડિંગથી અથવા બીજા લેખથી આપવાનો અધિકાર છે

૨. એમાના કોઈપણ પક્ષકારને, વાજબી હરકતો હોય તે સઘળી બાદ કરીને, કોઇપણ દસ્તાવેજ ખરો છે એમ કબુલ કરવાનુ બીજા પક્ષકારને કહેવાનો અધિકાર છે, અને એવી નોટીસ આપ્યા પછી, તે દસ્તાવેજ કબુલ નહિ કરે અથવા ગફલત કરે તો તેવો દસ્તાવેજ સાબિત કરવાનો ખર્ચ ફરિયાદનો નિકાલ ગમે તે થાય તો પણ કોર્ટ બીજી રીતનો હુકમ ન કરે તો સદરહુ પ્રમાણે નાકબુલ કરનાર અથવા ગફલત કરનાર પક્ષકારે આપવો જોઇએ અને સદરહુ પ્રમાણેની નોટીસ આપી ન હોય તો, કોઇ દસ્તાવેજ સાબિત કરવાનો ખરચ અપાવવો નહિ, પણ એવી નોટીસ ન આપ્યાથી કોર્ટના મત પ્રમાણે ખરચનો બચાવ થાય તેમ હોય તો તે ખરચ અપાવવાને હરકત નથી

૩ દસ્તાવેજ કબુલ કરવાનુ કહેવાનુ નોટીસ ક પુરવણીમાના ૯ મા નબરના નમુનામા પ્રસગ પ્રમાણે જરૂર હોય તે ફેરફાર કરીને તે નમુના મુજબ હોવી જોઇએ

૪ કોઇપણ પક્ષકાર કોઇપણ સામા પક્ષકારને સુનાવણી માટે નીમેલા દિવસ પહેલા નવ દિવસથી ઓછી નહિ એટલી મુદતમા લેખી નોટીસ આપીને તેમા લખેલી કોઇપણ ચોકસ હકીકત અથવા હકીકતો ફક્ત ફરિયાદના કારણ સારૂ કબુલ કરો એમ કહેવાને મુખત્યાર છે અને એવી નોટીસ પોચાડયા પછી છ દિવસની અંદર અથવા કોર્ટ વધારે મુદત આપે તો તે મુદતના અદર તે હકીકત અથવા હકીકતો કબુલ કરવાની ના કહે અથવા ગફલત કરે તો સદરહુ હકીકત અથવા હકીકતો સાબિત કરવાનો ખરચ ફરિયાદનો ગમે તે નિકાલ થાય તોપણ કોર્ટ બીજી રીતનો હુકમ કરે નહિ તો સદરહુ પ્રમાણે નાકબુલ કરનાર તથા ગફલત કરનાર પક્ષકારે આપવો જોઇયે, પણ એવુ ઠરાવ્યુ છે કે એવી નોટીસને અનુસરીને જે કઇ કબુલત કરી હોય તે તે ચોકસ ફરિયાદના કારણ સારૂજ માત્ર કરી છે એમ સમજવુ અને તેનો ઉપયોગ સદરહુ પક્ષકારની વિરૂદ્ધ બીજે કોઇ પ્રસંગે અથવા નોટીસ આપનાર પક્ષકાર સીવાય બીજા કોઇપણ સખસની તરફણમા કરવો નહિ વળી એવુ પણ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રમાણે આપેલી કોઇપણ કબુલત વાજબી હોય એવી શરતોએ કોઇપણ પક્ષકારને કોઇપણ વખતે સુધારવા દેવાને અથવા ખેચી લેવા દેવાને કોર્ટ મુખત્યાર છે

૫ હકીકતો કબુલ કરવાનું કહેવાની નોટીસ તથા હકીકતની કબુલતો અનુક્રમે ક પુરવણીના નમુના નબર ૧૦ તથા ક પુરવણીના નમુના નબર ૧૧ મા પ્રસંગ પ્રમાણે જરૂર હોય તે ફેરફાર કરીને તે તે નમુના મુજબ હોવી જોઇએ

૬ કોઇપણ પક્ષકાર, ફરિયાદની કોઈપણ પાયરીએ, જ્યારે પ્લીડીંગથી અથવા બીજી રીતે, હકીકત કબુલ કરી હોય ત્યારે તેવી કબુલત ઉપરથી જે ફેસલો અથવા હુકમ તેને મેળવવાનો હક હોય તે ફેસલો અથવા હુકમ ફરિયાદના પક્ષકારો વચ્ચે બીજી તકરારનો નિર્ણય થતા સુધી નહિ થોભતા, કરવા સારૂ કોર્ટને અરજી કરવાને મુખત્યાર છે અને એવી અરજી કરવામા આવે એટલે, કોર્ટને વ્યાજબી લાગે તેવો હુકમ કરવાને અથવા તેવો ફેસલો આપવાને કોર્ટ મુખત્યાર છે

૭ દસ્તાવેજ અથવા હકીકત કબુલ કરવા સારૂ આપેલી કોઇપણ નોટીસના રૂપે કરેલી કબુલતો સબંધી પુરાવાની જરૂર હોય તો, તે કબુલતો ઉપર સહી કરની સહી યોગ્ય રીતે કરી છે એમ પ્લીડર અથવા તેનો કારકુન સોગનનામુ કરે તો તે તે બાબતનો પુરતો પુરાવો છે એમ સમજવુ

૮ દસ્તાવેજો હાજર કરવાનું કહેવાની નોટીસ કે પુરવણીના નમુના નબર ૧૨ મા પ્રમગ પ્રમાણે જરૂર હોય તે ફેરફાર કરીને તે નમુના મુજબ હોવી જોઇએ દસ્તાવેજો હાજર કરવાનુ કહેવા સારૂ કરેલી કોઇપણ નોટીસ પોચાડયા બાબત તથા તે ક્યારે પોચાડી તે બાબત પ્લીડર અથવા તેનો કારકુન સોગનનામુ કરે તો તે સોગનનામુ તથા તે દસ્તાવેજ હાજર કરવાનુ કહેવાનો નોટીસની નકલ, દરેક પ્રસગે તે નોટીસ પોચાડયાનો તથા તે સદરહુ વખતે પોચાડયાનો પુરતો પુરાવો છે એમ સમજવુ

૯ કબુલ કરવાનુ અથવા હાજર કરવાનું કહેવાની નોટીસમા, જેમની જરૂર નહિ હોય એવા દસ્તાવેજો નિર્દિષ્ટ કર્યા હોય તો, તેને લીધે થનારો ખર્ચ એવી નોટીસ કરનાર પક્ષકારે ખમવો જોઇએ

ઓર્ડર ૧૩ મો.

દસ્તાવેજો હાજર કરવા, અટકાવી રાખવા તથા પાછા આપવા વિશે

૧ (૧) પક્ષકારોના કબજામા અથવા અખત્યારમા હોય એવો દરેક પ્રકારનો જે દસ્તાવેજી પુરાવો પોતપોતાના કજીયામા અગત્યનો હોવાથી તેના ઉપર આધાર રાખવાનો તેમનો ઇરાદો હોય અને જે પુરાવો કોર્ટમા પ્રથમ દાખલ થઇ ગયો ન હોય તે તમામ દસ્તાવેજી પુરાવો તથા જે દસ્તાવેજો હાજર કરવાને કોર્ટે હુકમ કર્યો હોય તે સર્વ દસ્તાવેજો પક્ષકારોએ અથવ તેમના પ્લીડરોએ ફરિયાદની પહેલી સુનાવણી વખતે હાજર કરવા, (૨) એવી રીતે હાજર કરેલા દસ્તાવેજો કોર્ટે લેવા, પરતુ તેમની સાથે હાઇકોર્ટ ઠરાવે તેવા નમુના પ્રમાણે તૈયાર કરેલી તેની ખરી યાદ હોવી જોઇએ

૨ કોઇપણ પક્ષકારના કબજામા અથવા અખત્યારનો હોય તેવો દસ્તાવેજી પુરાવો પેટા કાનુન (૧)ના ઠરાવ પ્રમાણે હાજર કરવો જોઇતો હતો એવુ છતા તે હાજર કર્યો ન હોય તો તે દસ્તાવેજી પુરાવો તે હાજર ન કરવાનુ કોર્ટની ખાત્રી લાયક સબળ કારણ બતાવ્યા વગર તે કામની પછીની કોઇપણ સુનાવણી વખતે લેવો નહિ અને એવો કોઇપણ પુરાવો કોર્ટ લે તો કોર્ટે તે લેવાના કારણો લખી રાખવા જોઇયે

૩ કોર્ટના નજરમા એમ આવે કે કોઇ દસ્તાવેજ લગતો નથી અથવા બીજી રીતે અગ્રાહ્ય છે તો તે દસ્તાવેજ ફરિયાદની કોઈપણ પાયરીએ નામજુર કરવાને કોર્ટ મુખત્યાર છે પણ તે નામજુર કરવાના કારણ તેણે લખી રાખવા

૪ (૧) ફરીઆદની અદર પુરાવામા લીધેના દરેક દસ્તાવેજો ઉપર તુરત હેઠળના પેટા કાનુનના ઠરાવોને અનુસરીને હેઠળ લખેલી વીગત લખવી, એટલે—

(અ) ફરીઆદનો નબર તથા મથાળુ, (બ) દસ્તાવેજ હાજર કરનાર સખસનુ નામ, (ક) તે હાજર કર્યાની તારીખ, અને (ડ) તે સદરહુ રીતે પુરાવામા લીધાની વાત અને તે ઉપર જડજે આખી અથવા ટુકી સહી કરવી (૨) જ્યારે સદરહુ રીતે પુરાવામા લીધેલો દસ્તાવેજ ચોપડામા ખાતામા અથવા દફતરમા લખેલો મજકુર હોય અને તુરતની હેઠળની કાનુન મુજબ અસલને બદલે તેની નકલ રજુ કરવામા આવી હોય ત્યારે તે નકલ ઉપર સદરહુ જણાવલી વિગતો લખવી અને તે ઉપર જડજે પોતાની આખી અથવા ટુકી સહી કરવી

૫ (૧) સન ૧૮૯૧ ના પેઢીવાળાના ચોપડા પુરાવામા લેવાના આકટમા બીજી રીતે ઠરાવ્યુ હોય તે શીવાયને પ્રસગે ફરીયાદની અદર પુરાવામા લીધેલો દસ્તાવેજ ચાલુ ઉપયોગમા હોય એવી લેટર બુકમા અથવા દુકાનના ચોપડામા અથવા બીજા ખાતામા લખેલો મજકુર હોય ત્યારે, જે પક્ષકારની તરફથી તે બુક અથવા તે ખાતું હાજર કરવામા આવ્યુ હોય તે પક્ષકાર તે લખેલા મજકુરની નકલ આપવાને મુખત્યાર છે

(૨) જ્યારે સદરહુ પ્રકારનો દસ્તાવેજ સરકારી કચેરીમાથી અથવા સરકારી અમલદારે હાજર કરેલા સરકારી દફતરમા લખેલો મજકુર હોય, અથવા કોઇ ચોપડામા અથવા ખાતામા લખેલો મજકુર હોય અને તે ચોપડો અથવા ખાતુ જે પક્ષકાર તરફથી હાજર કરવામા આવ્યુ હોય તે પક્ષકાર શિવાયનો બીજો કોઇ સખસ તેનો ધણી હોય તો, તેની નકલ

(અ) સદરહુ દફતર, ચોપડો અથવા ખાતુ એકાદા પક્ષકાર તરફથી હાજર કરવામા આવ્યુ હોય ત્યારે તે પક્ષકારે અથવા (બ) સદરહુ દફતર, ચોપડો અથવા ખાતુ કોર્ટે પોતાની મેળે કાઢેલા હુકમ પ્રમાણે હાજર કરવામા આવ્યુ હોય ત્યારે બન્ને પક્ષકારોએ અથવા કોઈપણ પક્ષકારે આપવી એવુ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે

(૩) આ કાનુનના ઉપલા ઠરાવની રૂએ એકાદા મજકુરની નકલ આપવામા આવી હોય ત્યારે, સદરહુ કોર્ટે, ૭ મા ઓડરની ૧૭ મી કાનુનમા કહેલી રીત પ્રમાણે સદરહુ નકલ તપાસાવ્યા પછી, (અસલ સાથે) મુકાબલ કરાવ્યા પછી, અને તે ઉપર તે ખરી હોવાનો દાખલો લખાવ્યા પછી, સદરહુ મજકુર ઉપર નીશાની કરવી, અને જે ચોપડામા ખાતામા અથવા દફતરમા તે લખેલો હોય તે ચોપડો, ખાતુ અથવા દફતર તે હાજર કરનાર સખસને પાછુ અપાવવુ

૬ જ્યારે એમાથી કોઇપણ પક્ષકારે પુરાવા તરીકે જેના ઉપર આધાર રાખ્યો હોય એવો દસ્તાવેજ પુરાવામા લેવા લાયક નથી એમ કોર્ટની નજરમા આવે ત્યારે, કાનુન ૪ની પેટા કાનુન (૧)ની કલમો (અ) (બ) તથા (ક) મા કહેલી વિગતનો તથા તે નામજુર કર્યા વિશેનો મજકુર તેના ઉપર લખવો, અને તે શેરા ઉપર જડજે પોતાની આખી અથવા ટુકી સહી કરવી

૭ (૧) પુરાવામા લીધેલો દરેક દસ્તાવેજ, અથવા કાનુન ૫ મુજબ અસલને બદલે નકલ રજુ કરવામા આવી હોય ત્યારે તે નકલ, ફરિયાદના દફતરમા દાખલ કરવી (૨) પુરાવામા નહી લીધેલા દસ્તાવેજો સદ-રહુ દફતરમા દાખલ કરવા નહી, અને જે જે પક્ષકારે તે હાજર કર્યા હશે તેને તે પાછા આપવા

૮ આ ઓર્ડરની ૫ મી અથવા ૭ મી કાનુનમા અથવા ૭ મા ઓર્ડરની ૧૭ મી કાનુનમા ગમે તે ઠરાવ હોય તોપણ, જો કોર્ટને પુરતુ કારણ જણાય તો, કોર્ટની રૂબરૂ કોઇપણ ફરિયાદમા હાજર કરેલો કોઇ દસ્તાવેજ અથવા ચોપડો કોર્ટને યોગ્ય લાગે તેટલી મુદત સુધી અને તેની શરતોથી અટકાવીને કોર્ટના કોઇ અમલદારના હવાલામા રાખવો એમ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે

૯ (૧) ફરિયાદમા પક્ષકાર હોય અથવા ન હોય એવા જે કોઇપણ માણસની એવી મરજી હોય કે તેણે ફરિયાદમા હાજર કરેલો અને દફતરે દાખલ થયેલો કોઈ દસ્તાવેજ પોતાને પાછો મળવો જોઇયે, તેને કાનુન ૮ પ્રમાણે તે દસ્તાવેજ અટકાવી રાખ્યો ન હોય તો, તે દસ્તાવેજ હેઠળ લખ્યા પ્રમાણે પાછો મળ-વાનો હક્ક છે —(અ) જે ફરિયાદ ઉપર અપીલ થઈ શકતી ન હોય ત્યારે, તેવી ફરિયાદનો નિકાલ થયા પછી, અને (બ) જે ફરિયાદ ઉપર અપીલ થઇ શકે તેવી ફરિયાદ હોય તે પ્રસંગે, અપીલ કરવાની મુદત વીતી ગઇ છે તોપણ અપીલ કરી નથી એવી કોર્ટની ખાતરી થાય ત્યારે, અથવા અપીલ થઈ હોય તો તે અપીલનો નિકાલ થઈ ગયો હોય ત્યારે, પરતુ જો દસ્તાવેજ પાછો લેવાની અરજ કરનાર સખસ, તે દસ્તા-વેજની સહી સુદ્ધાતની નકલ અસલ દસ્તાવેજને ઠેકાણે મુકવા સારૂ યોગ્ય અમલદારને આપે અને અસલ દસ્તાવેજ હાજર કરવાનું તેને કહેવામા આવે એટલે તેમ કરવાનું તે માથે લે, તો આ કાનુનમા ઠરાવેલી મુદત પહેલા કોઈપણ વખતે તે દસ્તાવેજ પાછો આપી શકાય. વળી એવુ ઠરાવ્યુ છે કે હુકમનામુ થવાથી જે દસ્તાવેજ આખો રદ અથવા નકામો થયો હોય તે પાછો આપવો નહી. [૨] જે દસ્તાવેજ પુરાવામા દાખલ કર્યો હોય તે પાછો આપતી વખતે તે પાછો લેનાર સખસે પોચ આપવી

૧૦ (૧) કોર્ટ પોતાની મેળે, અને ફરિયાદના કોઇ પક્ષકારની અરજ ઉપરથી, પોતાની મરજીમા

આવે તો, પોતાના દફતરમાથી અગર બીજી કોઈ કોર્ટમાથી બીજી કોઇ ફરિયાદના અથવા કામના કાગળ મગાવીને જોવાને મુખત્યાર છે (૨) આ કાનુન પ્રમાણે કરેલી પ્રત્યેક અરજની સાથે (કોર્ટ બીજી રીતે ન ફરમાવે તો) સોગનનામુ આપવુ તે સોગનનામામા જે ફરયાદમા તે અરજ કરી હોય તે ફરયાદમા તે કાગળો શી રીતે જરૂરના છે, તથા તે કાગળોની કે તે પૈકી અરજદારને જોઇયે તેટલા તેના ભાગની યોગ્ય રીતે સહી સુદ્ધાતની નકલો ઘણી ઢીલ અથવા ખર્ચ કર્યા વગર મળે તેમ નથી, અથવા ઇનસાફ થવા સારૂ અસલ હાજર કરવાની જરૂર છે—એ લખવુ (૩) પુરાવાના આકટ પ્રમાણે જે દસ્તાવેજ ફરિયાદમા અગ્રાહ્ય હોય, તે દસ્તાવેજ કોર્ટ પુરાવામા વાપરી શકે એમ આ કાનુનની કોઇપણ વાતથી સમજવુ નહી

૧૧ દસ્તાવેજો સબધી આમા જે ઠરાવો છે તે, પુરાવા તરીકે હાજર કરી શકાય એવા બીજા બધા સાકાર પદાર્થોને લાગુ પડે તેટલે સુધી લાગુ પડશે

ઓર્ડર ૧૪ મો.

મુદ્દા ઠરાવવા વિશે તથા કાયદાના મુદ્દા ઉપરથી અથવા કબુલ કરવામાં આવેલા મુદ્દા ઉપરથી ફરિયાદનો નિકાલ કરવા વિષે

૧ (૧) હકીકતનો અથવા કાયદાનો કોઇ જરૂરનો વિચારમા લેવાનો મજકુર એક પક્ષકાર ખરો છે એમ કહે, અને બીજો તે ના કબુલ કરે ત્યારે મુદ્દા નીકળે (૨) ફરિયાદ કરવાનો હક બતાવવાને વાસ્તે કાયદાના અથવા હકીકતના જે વિચારમા લેવાના મજકુરો વાદીએ સ્પષ્ટ રીતે કહેવા જોઇએ, અથવા પ્રતિવાદીએ પોતાના બચાવ સારૂ કહેવા જોઇયે, તે જરૂરના વિચારમા લેવાના મજકુરો સમજવા [૩] કોઇ જરૂરના મજકુર એક પક્ષકાર ખરો છે એમ કહે અને બીજો તે નાકબુલ કરે ત્યારે તેવા પ્રત્યેક જરૂરના વિચારમા લેવાના મજકુરને વાસ્તે જુદો મુદ્દો ઠરાવવો (૪) મુદ્દા બે જાતના હોય છે (અ) હકીકતના મુદ્દા (બ) કાયદાના મુદ્દા (૫) ફરિયાદની પહેલી સુનાવણી વખતે ફરિયાદ અરજી તથા લેખી કેફિયત હોય તો તે, વાચીને તથા જરૂર જણાય તે પ્રમાણે પક્ષકારોના જબાની લઇને કોર્ટે નક્કી કરવુ કે હકીકતના, અથવા કાયદાના કયા જરૂરના વિચારમા લેવાના મજકુર વિશે પક્ષકારોમા તફાવત છે, અને પછી જે મુદ્દા ઉપર મુકદમાના ખરા નિવેડાનો આધાર કોર્ટને જણાતો હોય તે મુદ્દા કાઢીને દફતરમા નોધવા (૬) ફરિયાદની પહેલી સુનાવણી વખતે પ્રતિવાદી કઈ જવાબ ન આપે ત્યારે, કોર્ટે મુદ્દા કાઢીને નોધવા જોઇએ એમ આ કાનુનમા કહેલી કોઇ વાતથી સમજવુ નહી

૨ જ્યારે એકજ ફરિયાદમા કાયદા તથા હકીકત બનેના મુદ્દા નિકળતા હોય અને કોર્ટની નજરમા એમ આવે કે માત્ર કાયદાના મુદ્દા ઉપરથીજ મુકદમાનો નિકાલ થાય તેમ છે તો કોર્ટે પ્રથમ કાયદાના મુદ્દાની ચોકશી કરવી અને તેમ કરવાને વાસ્તે જો યોગ્ય જણાય તો કાયદાના મુદ્દાનો નિર્ણય થઇ રહે ત્યાસુધી હકીકતના મુદ્દા ઠરાવવાનુ મુલતવી રાખવાને કોર્ટ મુખત્યાર છે

૩ નીચેના બધા અથવા તેમાના કોઈ એક સાધન ઉપરથી મુદ્દા કાઢવાને કોર્ટ મુખત્યાર છે, એટલે (અ) પક્ષકારોએ અથવા તેમની વતી હાજર હોય તે સખસોએ સોગન ઉપર કહેલી હકીકત અથવા ઉપર તે પક્ષકારોના પ્લીડરોએ કહેલી હકીકત (બ) પ્લીડીગમા કહેલી હકીક્ત, અથવા ફરિયાદમા સવાલનામા આપેલા હોય તેના જવાબમા કહેલી હકીક્ત (ક) એમાથી કોઇ પક્ષકારે હાજર કરેલા દસ્તાવેજોમાનો મજકુર.

૪ જ્યારે કોર્ટની રૂબરૂ હાજર ન હોય એવા કોઇ સખસની જબાની લીધા શિવાય, અથવા ફરિયાદમા હાજર કર્યો ન હોય એવો કોઇ દસ્તાવેજ જોયા વગર મુદ્દા બરોબર રીતે કાઢી શકાશે નહી એમ કોર્ટની નજરમા આવે ત્યારે, કાઈ આગળનો દિવસ ઠરાવીને તે ઉપર મુદ્દા કાંઢવાનુ બંધ રાખવાને તથા વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઈપણ કાયદાને પાત્ર સમન અથવા બીજી પ્રોસેસ કાઢીને કોઇ સખસને હાજર રહેવાની જરૂર પાડવાને અથવા જેના કબજામા અથવા અખત્યારમા કોઈ દસ્તાવેજ હોય તેને તે હાજર કરવાની જરૂર પાડવાને, કોર્ટ મુખત્યાર છે

૫ (૧) હુકમનામુ કરતા પહેલા કોઇપણ વખતે, કોર્ટને યોગ્ય જણાય તે શરતો કરીને મુદ્દા દુરસ્ત કરવાને અથવા જાસ્તી મુદ્દા કાઢવાને કોર્ટ મુખત્યાર છે અને પક્ષકાર વચ્ચેની તકરારનો નિર્ણય કરવાને

મુદ્દામા દુરસ્તી કરવાની અથવા જાસ્તી મુદ્દા કાઢવાની જરૂર હોય તો સદરહુ રીતે દુરસ્તી કરવી અથવા જાસ્તી મુદ્દા કાઢવા (૨] કોઇ મુદ્દા ખોટી રીતે કાઢ્યા છે અથવા દાખલ કર્યા છે એમ કોર્ટને જણાય તો તે મુદ્દા હુકમનામુ કરતા પહેલા કોઇ પણ વખતે કમી કરવાને પણ કોર્ટ મુખ્ત્યાર છે

૬ ફરિયાદના પક્ષકારો, પોતાની વચ્ચે હકીકતની અથવા કાયદાની અમુક બાબતનો ઠરાવ કરવાનો છે એમ એક મત થાય, તો તેઓ તે એક મુદ્દાના આકારમા જણાવે, અને એવુ લખેલું કરારનામુ કરે કે–

(અ) તે મુદ્દાનો કોર્ટે હા કે નાનો ઠરાવ કરેથી કરારનામામા બતાવેલી, અથવા કોર્ટ ઠરાવે તે અથવા કોર્ટ ફરમાવે તે રીતે ઠરે તે રકમ પક્ષકારે બીજા પક્ષકારને આપવી અથવા તેમાના એકને કરારમા બતાવેલી કંઈ જવાબદારી અથવા હક્ક છે એમ ઠરાવવુ, (બ) તે મુદ્દાનો કોર્ટે હા કે નાનો ઠરાવ કરેથી કરારનામામા બતાવેલી તથા ફરિયાદમાની તકરારી મિલકત પક્ષકારો પૈકી એક પક્ષકારે બીજો પક્ષકાર ફરમાવે તે રીતે આપવી, અથવા (ક) તે મુદ્દાનો કોર્ટે હા કે નાનો ઠરાવ કરેથી કરારનામામા બતાવેલું તથા તકરારી બાબતને લગતું કોઇ વિશેષ કામ એક અથવા વધારે પક્ષકારે કરવુ કે કરવાથી દુર રહેવુ

૭ જ્યારે પોતાને યોગ્ય જણાય તેવી તપાસ કર્યા પછી કોર્ટની ખાત્રી થાય કે— (અ) પક્ષકારોએ કરારનામુ યોગ્ય રીતે કરેલુ છે (બ) સદરહુ એક મત થયેલી બાબતનો ઠરાવ થવામા તેમનો ખરેખરો સબધ છે, અને તે ચોકશી કરીને ઠરાવ થવા લાયક છે— ત્યારે કોર્ટે તે મુદ્દાના ઠરાવ અથવા ચુકાદા ઉપરથી કરારનામાની શરતો પ્રમાણે કોર્ટે ફેસલો કહી સભળાવવો અને આ રીતે આપેલા ફેસલાને અનુસરીને હુકમનામુ કરવુ

ઓર્ડર ૧૫ મો.

પેહેલી સુનાવણી વખતે ફરિયાદનો નિકાલ કરવા વિષે

૧ જ્યારે ફરિયાદની પહેલી સુનાવણી વખતે એમ જણાય કે કાયદાની અથવા હકીકતની કોઇ બાબતમા પક્ષકારોને તકરાર નથી તે પ્રસગે એકદમ ફેસલો કહી સભળાવવાને કોર્ટ મુખ્ત્યાર છે

૨ એક કરતા વધારે પ્રતિવાદીઓ હોય અને તેમાના કોઇને વાદી સાથે કાયદાની અથવા હકીકતની કોઇ બાબતમા તકરાર ન હોય તે પ્રસગે તે પ્રતિવાદીની તરફેણમા અથવા વિરૂદ્ધમા એકદમ ફેસલો કહી સભળાવવાને કોર્ટ મુખ્ત્યાર છે અને પછી ફરિયાદ માત્ર બાકીના પ્રતિવાદીઓ વિરૂદ્ધજ ચાલશે

૩ (૧) જ્યારે કાયદાની અથવા હકીકતની કોઇ બાબત વિશે પક્ષકારો વચ્ચે તકરાર હોય, અને આમા પાછળ ઠરાવ કર્યા છે તે રીતે કોર્ટે મુદ્દા કાઢ્યા હોય ત્યારે, જો કોર્ટની ખાત્રી થાય કે ફરિયાદનો ફેસલો કરવાને બસ થાય તેટલા મુદ્દા ઉપર જે પુરાવો અથવા દલીલો પક્ષકારો એકદમ આપે તે કરતા વધારે જોઇતી નથી તથા તેજ વખતે ફરિયાદ આગળ ચલાવવાથી ગેર ઇનસાફ થાય તેમ નથી તે પ્રસગે તે મુદ્દાનો ઠરાવ કરવાને કોર્ટ મુખ્ત્યાર છે, અને તે મુદ્દા ઉપરનો ઠરાવ નિકાલ કરવાને વાસ્તે બસ હોય તો તે પ્રમાણે ફેસલો કહી સભળાવવાને કોર્ટ મુખ્ત્યાર છે, પછી ગમે તો માત્ર મુદ્દા ઠરાવવાને વાસ્તે સમન કાઢ્યો હોય કે ફરિયાદના આખર નિકાલને વાસ્તે કાઢ્યો હોય તેની ચિતા નહી પણ માત્ર મુદ્દા ઠરાવવાને વાસ્તે સમન કાઢ્યો હોય ત્યારે, પક્ષકારો અથવા તેમના પ્લીડરો હાજર હોવા જોઈયે અને તેમાના કોઈએ હરકત લેવી ન જોઇએ

(૨) જો તે ઠરાવ નિકાલ કરવાને વાસ્તે બસ ન હોય, ત્યારે કોર્ટે ફરિયાદની આગળની સુનાવણી મુલતવી રાખવી અને મુકદ્દમામા જોઈયે તેવો વધારે પુરાવો અથવા તેવી વધારે દલીલો હાજર કરવાને દિવસ મુકરર કરવો

૪ ફરિયાદનો આખર નિકાલને વાસ્તે સમન કાઢ્યો હોય, અને તેમાથી એક પક્ષકાર પોતે જે પુરાવા ઉપર આધાર રાખતો હોય તે પુરાવો પુરતા કારણ સિવાય હાજર કરવાને ચુકે ત્યારે, કોર્ટ એકદમ ફેસલો કહી સભળાવવાને અથવા પોતાને યોગ્ય લાગે તો મુદ્દા કાઢીને દફતરમા દાખલ કર્યા પછી, તે મુદ્દા ઉપર પોતાનો ઠરાવ અથવા બીજો ચુકાદો આપવાને વાસ્તે જરૂર હોય તે પુરાવો હાજર કરવા સારૂ ફરિયાદ મુલતવી રાખવાને મુખ્ત્યાર છે

ઓર્ડર ૧૬ મો.

સાક્ષીઓને સમન કરવા તથા તેમણે હાજર રહેવા વિશે

૧ ફરિયાદ માડવામા આવે પછી ગમે તે વખતે કોર્ટને અથવા આ બાબતને વાસ્તે કોર્ટ નિમે તે અમલદારને અરજ કરીને, સાહેદી આપવાને અથવા દસ્તાવેજ હાજર કરવાને જે સખસોની હાજરીની જરૂર હોય તેમના ઉપર સમન કરવાને પ્રક્ષકારો મુખત્યાર છે

૨ (૧) સમન કરેલા સખસને જે કોર્ટમા બોલાવવો હોય તે કોર્ટ સુધી તેને આવવાના તથા ત્યાથી પાછા જવાના તથા એક દિવસ હાજર રહેવાના વાટ ખરચ તથા બીજા ખરચને સારૂ જેટલી રકમ કોર્ટની નજરમા બસ જણાય તેટલી રકમ, સમનને વાસ્તે અરજ કરનાર પક્ષકારે સમન નિકળ્યા પહેલા અને ઠરાવવામા આવે તે મુદતની અદર કોર્ટમા ભરવી (૨) આ કાનુનની રૂયે આપવાની રકમ ઠગવતી વખતે કોર્ટ કાબેલ માણુસ તરીકે પુરાવો આપવાને સમન કરીને બોલાવેલા કોઇ પણ માણુસની બાબતમા પુરાવો આપવામા તથા તે કજીયાને માટે જરૂરનુ હોય એવુ કાબેલ માણુસનુ કામ કરવામા જે વખત જાય તે માટે વાસ્તવીક મહેનતાણુ આપવાને મુખત્યાર છે (૩) તે કોર્ટ હાઇકોર્ટના તાબાની હોય ત્યારે, સદરહુ ખરચનુ પ્રમાણુ ઠરાવતી વખતે, તેના સબધમા કરેલી કોઇ પણ કાનુનો ઉપર ધ્યાન રાખવુ

૩ એ પ્રમાણે કોર્ટમા ભરેલી રકમ જેના ઉપર સમન કાઢેલો હોય તેને સમન હાથોહાથ પોચાડી શકાય ત્યારે સખસને સમન બજાવતી વખતે આપવા માડવી

૪ (૧) કોર્ટનો અથવા આ બાબતમા કોર્ટ નિમે તે અમલદારની નજરમા એવુ આવે કે કોર્ટમા ભરેલી રકમ સદરહુ ખરચ અથવા વાજબી મહેનતાણુ પુરૂ પાડવાને બસ નથી ત્યારે કોર્ટ એવા કારણુસર જરૂર જણાય તેટલી વધારે રકમ સમન કરેલા સખસને આપવી એવુ ફરમાવવાને, અને તે આપવામા કસુર હોય તો સમન કઢાવનાર પક્ષકારની જગમ મિલકત જપ્ત કરી વેચીને તે રકમ વસુલ કરવાનુ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે, અથવા સમન કરેલા સખસને સાહેદી લીધા વગર રજા આપવાને અથવા સદરહુ પ્રમાણે વસુલ કરવુ તથા સાક્ષીને સદરહુ પ્રમાણે રજા આપવી એ બન્ને વાના કરવાને, મુખત્યાર છે

(૨) જ્યારે સમન કરેલા સખસને એક દિવસ કરતા વધારે મુદત રાખવાની જરૂર પડે ત્યારે કોર્ટ, વખતે વખતે જે પક્ષકારની અરજ ઉપરથી સમન કાઢયો હોય તેને તે વધારે મુદત સુધી રહેવાનો ખરચ પુરો પડે તેટલી રકમ કોર્ટમા ભરવાનુ ફરમાવવાને અને તે રકમ ભરવામા કસુર થાય, તો તે પક્ષકારની જગમ મિલકત જપ્ત કરી વેચીને તે રકમ વસુલ કરવાનુ ફરમાવવાને, અથવા સમન કરેલા સખસની સાહેદી લીધા વગર તેને રજા આપવાને, અથવા સદરહુ પ્રમાણે વસુલ કરવુ તથા સાક્ષીને રજા આપવી એ બન્ને વાના કરવાને મુખત્યાર છે

૫ સાહેદી પુરવા સારૂ અથવા દસ્તાવેજ હાજર કરવા સારૂ હાજર રહેવાના પ્રત્યેક સમનમા તેણે કયારે અને કયે ઠેકાણે હાજર રહેવુ એ લખવુ વળી સાહેદી પુરાવાસારૂ તેણે હાજર રહેવાનુ છે કે દસ્તાવેજ રજુ કરવા સારૂ છે કે તે બન્ને વાસ્તે તેને હાજર રહેવાનુ છે એ પણ લખવુ, તથા સમન કરેલા સાક્ષીને કોઇ અમુક દસ્તાવેજ હાજર કરવા બોલાવવો હોય, તો તે દસ્તાવેજનુ સમજાય એમ બરાબર વર્ણન સમનમા લખવુ

૬ કોઇ પણ સખસની સાહેદી પુરવાનો સમન ન કરતા દસ્તાવેજ હાજર કરવાનો સમન થઇ શકે, અને જે સખસને માત્ર દસ્તાવેજ હાજર કરવાને, સમન કર્યો હોય, તે જાતે આવીને દસ્તાવેજ હાજર કરાવે તો તેણે સમન કર્યો એમ સમજવુ

૭ કોર્ટમા હાજર હોય એવા કોઇ સખસને સાહેદી પુરાવાનુ કહેવાને અથવા તેજ વખતે અને તેજ ઠેકાણે તેના કબજામા કે અખત્યારમા હોય તેવા દસ્તાવેજ હાજર કરવાનુ કહેવાને તે કોર્ટ મુખત્યાર છે.

૮ આ ઓર્ડરની રૂએ કરેલો દરેક સમન બને ત્યા સુધી પ્રતિવાદીને સમન પોંચાડવાને જે રીત કહી છે તે રીતે પોચાડવો, અને પોચ્યાની સાબિતી વિશે ૫ મા ઓરડરમા જે કાનુનો છે તે આ કાનુન પ્રમાણે પોચાડેલા દરેક સમનને લાગુ પડશે

૯ સમન કરેલા સખસને હાજર રહેવાને સમનમા જે વખત લખ્યો હોય, તે વખતથી હમેશા દરેક

બાબતમા એટલી મુદત પહેલા સમન પોચાડવો, કે તેથી તેની તૈયારી કરવાનો તથા જે જગાએ હાજર રહેવાનુ હોય તે જગાએ જવાનો પુરતો વખત મળે.

૧૦ (૧) જ્યારે શાહેદી પુરવાને અથવા દસ્તાવેજ હાજર કરવાને હાજર રહેવા સારૂ જે કોઈસખસને સમન કર્યો હોય, તે સખસ તે સમન પ્રમાણે હાજર થવાને તે દસ્તાવેજ હાજર કરવાને ચુકે ત્યારે, કોર્ટે સમન પોચાડનાર અમલદારના સર્ટીફીકેટની નીચે સોગનનામુ કરીને ખરાપણાનો એકરાર કરવામા આવ્યો ન હોય તો તે સમન પહોચાડયો છે કે નથી પહોચાડયો તે બાબત તે અમલદારની સોગન ઉપર જબાની લેવી અથવા બીજી કોર્ટ પાસે લેવડાવવી, અને જો એવી રીતે એકરાર કરવામા આવ્યો હોય, તો સદરહુ કોર્ટને સદરહુ પ્રમાણે જબાની લેવાનો અથવા બીજી કોર્ટ પાસે લેવડાવવાનો અધિકાર છે

(૨) સદરહુ સાહેદી લેવી અથવા દસ્તાવેજ હાજર થવા જરૂરના છે એમ, તથા એવા સખસે, કાયદાસર કારણ વગર, એવા સમન પ્રમાણે હાજર થવામા અથવા તે દસ્તાવેજ હાજર કરવામા કસુર કરી છે અથવા તેણે જાણી બુઝીને સમન પોતાના ઉપર બજવા દીધો નથી એમ, માનવાનું કોર્ટને કારણ દેખાય ત્યારે, કોર્ટ, અમુક દિવસે અથવા અમુક જગાએ શાહેદી પુરવા અથવા દસ્તાવેજ હાજર કરવા તમારે હાજર રહેવુ એમ જાહેરનામામા લખીને એક જાહેરનામુ કાઢવાને મુખત્યાર છે અને તે જાહેરનામાની નકલ તે સખસ હમેશ રહેતો હોય તે ઘરને બહારને બારણે અથવા કોઈ પ્રસિદ્ધ ભાગ ઉપર ચોઢવી.

(૩) તે જાહેરનામુ કાઢવાને બદલે અથવા તે કાઢતી વખતે અથવા ત્યાર પછી કોઈ પણ વખતે, કોર્ટ પોતાની નજરમા આવે તો, એવા સખસને પકડવાનુ જામીનવાળુ અથવા જામીન વગરનુ વારંટ કાઢવાને મુખત્યાર છે અને પોતાની નજરમા યોગ્ય આવે તેટલી તેની મિલકત જપ્ત કરવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે, પણ જપ્તીના ખરચ કરતા તથા કાનુન ૧૨ પ્રમાણે દંડ કરવામા આવે તેની રકમ કરતા વધારે મીલકત જપ્ત કરવી નહી પરંતુ કોઈ સ્મોલકોઝ કોર્ટે સ્થાવર મિલકતની જપ્તીનો હુકમ કરવો નહી

૧૧ જ્યારે, એવો સખસ, પોતાની મિલકત જપ્ત થયા પછી કોઇ પણ વખતે હાજર થઈને કોર્ટની ખાત્રી કરી આપે કે—(અ) સદરહુ સમન પ્રમાણે ચલાવવાને, કાયદાસર કારણ વગર, જાણી જોઇને હુ ચુકયો નહોતો અથવા તે સમન ન બજે એ હેતુથી જાણી બુજીને નાસી ગયો નહોતો, અને (બ) ઉપરની છેલ્લી કાનુનની રૂયે કહાડેલા જાહેરનામામા લખેલે વખતે તથા ઠેકાણે હાજર થવામા તે ચુકયો હોય ત્યારે, એવા જાહેરનામાની મને વેળાસર ખબર પડી નહોતી, ત્યારે કોર્ટે તેની મિલકત ઉપરથી જપ્તી ખસેડવાનો હુકમ કરવો તથા જપ્તીના ખરચ બાબત પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કરવો

૧૨ એવો સખસ હાજર ન થાય, અથવા હાજર થયા છતા ઉપર પ્રમાણે કોર્ટની ખાત્રી ન કરે, ત્યારે તેની સંસારી હાલત તથા મુકદ્દમાની બધી હકીકત ઉપર ધ્યાન રાખીને ૫૦૦ રૂપીયા કરતા વધારે નહી એવી કોર્ટને યોગ્ય લાગે એટલો તેનો દંડ કરવાને કોર્ટ મુખત્યાર છે તથા સદરહુ રીતે દંડ થયો હોય તો તે રકમ અને જપ્તીને લીધે થએલો બધો ખરચ વસુલ કરવા સારૂ તેની મિલકત અથવા તેનો કંઈ ભાગ જપ્ત કરવાનો તથા વેચવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે પરંતુ એવો સખસ સદરહુ દંડ તથા ખરચની રકમ કોર્ટમા ભરે ત્યારે તે મિલકત ઉપરથી જપ્તી ખસેડવાનો કોર્ટે હુકમ કરવો

૧૩ હુકમનામાની બજાવણીમા મિલકત જપ્ત કરવા બાબતના તથા વેચવા બાબતના ઠરાવો લાગુ પડવા જેવા હોય તેટલે સુધી તે જે માણસની મિલકત આ ઓર્ડરની રૂયે જપ્ત કરવામા આવે તે માણસ હુકમનામાનો દેણદાર હોય તે પ્રમાણે, આ ઓર્ડર મુજબની કોઇ પણ જપ્તી તથા વેચાણને લાગુ પડે છે એમ સમજવુ

૧૪ હાજર થવા તથા હાજર રહેવા વિશે આ કાયદાના ઠરાવને તથા વિદ્યમાનકાળે અમલમા હોય તેવા કોઇપણ કાયદાને અનુસરીને ફરિયાદના પક્ષકાર શિવાય બીજા સખસની જબાની લેવાની કોઇપણ વખતે કોર્ટને જરૂર જણાય, અને ફરિયાદના કોઈ પક્ષકારે તેને સાક્ષી તરીકે બોલાવ્યો ન હોય ત્યારે કોર્ટ, પોતાની મેળે, તે સખસને સાક્ષી તરીકે શાહેદી પુરવા સારૂ અથવા તેના કબજામાનો દસ્તાવેજ હાજર કરવા સારૂ એક દિવસ ઠરાવી તે દિવસનો સમન કઢાવીને સાક્ષી તરીકે તેની જબાની લેવાને અથવા તે દસ્તાવેજ હાજર કરવાનું તેને કહેવાને મુખત્યાર છે

૧૫ ઉપર છેલ્લુ કહ્યુ છે તેને અનુસરીને, ફરિયાદમા હાજર થઇને શાહેદી પુરાવાનો જેને સમન થયો હોય, તેણે તે કામને વાસ્તે સમનમા લખેલે ઠેકાણે અને વખતે હાજર રહેવુ, અને દસ્તાવેજ હાજર કરવાને જેના ઉપર સમન થયો હોય તેણે સદરહુ વખતે તથા ઠેકાણે તે હાજર કરવા સારૂ હાજર રહેવુ અથવા બીજા પાસે તે હાજર કરાવવો

૧૬. (૧) જે સખસને સદરહુ પ્રમાણે સમન થએલો હોય તથા જે હાજર રહેલો હોય તથા હાજર બીજી રીતે ફરમાવે નહી તો ફરિયાદનો નિકાલ થાય ત્યાસુધી દરેક સુનાવણી વખતે હાજર રહેવુ જોઇએ

(૨) એમાનો કોઈ પણ પક્ષકાર અરજ કરે અને જરૂરનો સઘળો ખરચ (જો કાંઈ હોય તો) કોર્ટમા આપવામા આવે ત્યારે, તેવી રીતે સમન કરેલા અને હાજર રહેલા કોઇપણ સખસને ત્યાર પછી તરતની અથવા બીજી કોઇ પણ સુનાવણી વખતે અથવા તે ફરિયાદીનો નિકાલ થાય ત્યા સુધી હાજર રહેવા માટે તારણુ આપવાનુ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે અને એવી રીતનું તારણ આપે નહિ તો દિવાની તુરગમા કેદ કરવાનો હુકમ કરવાનો કોર્ટને અધિકાર છે

૧૭ સમન પ્રમાણે જે કોઇ સખસ હાજર થયો હોય તે સખસ, ૧૬ મી કાનુનનું ઉલઘન કરીને કાયદેસર કારણ વગર, જતો રહે તેને કાનુનો ૧૦ થી ૧૩ ના ઠરાવો લાગુ પડે તેટલે સુધી લાગુ પડશે એમ સમજવુ

૧૮ જ્યારે વારટની રૂએ પકડેલા કોઇ સખસને કોર્ટની રૂબરૂ પહેરામા આણ્યો હોય ત્યારે, પક્ષકારોની અથવા તે પૈકી કોઇની ગેરહાજરીને લીધે જે સાહેદી પુરવા સારૂ અથવા જે દસ્તાવેજ હાજર કરવા સારૂ તેના ઉપર સમન બજાવ્યો હોય તે શાહેદી ન પુરી શકે અથવા તે દસ્તાવેજ હાજર ન કરી શકે તો કોર્ટને યોગ્ય લાગે તે જગાએ ને તે વખતે હાજર થવા સારૂ યોગ્ય જામીન અથવા બીજુ તારણુ આપવાનું ફરમાવવાને તથા તે જામીન કે તારણ આપેથી તેને છુટો કરવાને કોર્ટ મુખત્યાર છે, અને એવો જામીન અથવા તારણ નહી આપે તો તેને દીવાની તુરગમા કેદ કરવાને મુખત્યાર છે

૧૯ કોઇપણ સખસ (અ) કોર્ટની સાધારણ અવલ હકુમતની સ્થાનિક હદમા, અથવા (બ) તે હદની બહાર પણ કોર્ટના મકાનથી ૫૦ મૈલ કરતા ઓછા અતર ઉપર કોઇ ઠેકાણે, અથવા (તેનુ રહેવાનુ ઠેકાણુ અને કોર્ટ બેસે છે તે ઠેકાણુ એ બે વચ્ચે જે અતર હોય તેના પાચ શષ્ટાશ અતરમા આગગાડી અથવા આગબોટ અથવા બીજુ મજુર થયેલું વાહન ચાલતું હોય તો) કોર્ટના મકાનથી ૨૦૦ મૈલ કરતા ઓછે અતરે રહેતો ન હોય, તેને શાહેદી પુરવા સારૂ જાતે હાજર રહેવાને ફરમાવવુ નહિ

૨૦ જ્યારે કોર્ટને હાજર હોય એવા ફરિયાદમાના કોઇ પક્ષકારને શાહેદી પુરવાનુ અથવા ત્યા ને ત્યા તેજ વખતે તેના ખરેખરા કબજામા કે અખ્ત્યારમા હોય એવો કોઇ દસ્તાવેજ હાજર કરવાનુ કોર્ટ ફરમાવે, અને કાયદાસર સબબ વિના, તે તેમ કરવાને ના પાડે ત્યારે કોર્ટની નજરમા આવે તો તેના વિરૂધ્ધ હુકમનામુ કરવાને કે, ફરિયાદની બાબતમા પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૨૧ જ્યારે ફરિયાદના કોઇ પક્ષકારને સાહેદી પુરવા કે દસ્તાવેજ હાજર કરવા સારૂ કહેવામા આવે ત્યારે સાક્ષીઓ વિશેના નિયમો તેને જેટલા લાગુ પડી શકે તેટલા લાગુ પડશે એમ સમજવુ

ઓર્ડર ૧૭ મો.

મુલતવી રાખવા વિશે.

૧ (૧) કોર્ટ પુરતુ કારણ દેખાડવામા આવે, તો ફરિયાદની કોઇ પણ સુનાવણી વખતે, પક્ષકારોને અથવા તેમાના કોઇને મુદ્દતે આપવાને તથા ફરિયાદની સુનાવણી વખતે વખતે મુલતવી રાખવાને મુખત્યાર છે (૨) આમ કરવામા આવે તે દરેક પ્રસગે કોર્ટે ફરિયાદની આગળ સુનાવણી કરવાનો દિવસ ઠરાવવો અને મુલતવી રાખવાને લીધે જે ખરચ થાય તેની બાબતમા પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે પરતુ એક વખત પુરાવો સાભળવાનુ કામ શરૂ થાય એટલે કોર્ટમા હાજર હોય તે બધા સાક્ષીઓની જબાની લેવાઇ રહે ત્યા સુધી, ફરિયાદની સુનાવણી પ્રત્યેક દિવસે ચાલુ રાખવી પણ સુનાવણી

બીજા દિવસ પછી મુલતવી રાખવાની જરૂર છે એમ કોર્ટને જણાય તો, તેમ કરવાના કારણ દફતરમા લખીને, તે સુનાવણી મુલતવી રાખી શકે

૨ જ્યારે જે દિવસ ઉપર ફરિયાદીની સુનાવણી મુલતવી રાખી હોય તે દિવસે પક્ષકારો અથવા તેમાના કોઇ હાજર થવાને ચુકે ત્યારે ૯ મા ઓર્ડરમા આ અર્થે જે રીતે ફરમાવેલી છે તેમાની એક રીતે ફરિયાદનો નિકાલ કરવાને અથવા પોતાને યોગ્ય જણાય તેવો બીજો કોઇ હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૩ ફરિયાદના જે પક્ષકારને મુદત આપી હોય તે જેને વાસ્તે મુદત આપી હોય તે કરવાને–એટલે પોતાનો પુરાવો હાજર કરવાને અથવા અથવા પોતાના સાક્ષીઓને હાજર રાખવાને અથવા ફરયાદ આગળ ચલાવવાને જરૂરનું હોય એવુ બીજુ કાઇ–કૃત્ય કરવાને કસુર કરે, ત્યારે તે કસુર છતાએ લાગલોજ ફરિયાદનો ચુકાદો કરવાને કોર્ટ મુખત્યાર છે

ઓર્ડર ૧૮ મો.

ફરિયાદની સુનાવણી તથા સાક્ષીઓની જબાની વિશે

૧ શરૂઆત કરવાનો હક વાદીનો છે, પરતુ વાદીએ કહેલી હકીકતો કબુલ કરીને પ્રતીવાદી એવી તકરાર લે કે, કાયદાની બાબતને લીધે અથવા પોતે જણાવેલી વધારે હકીકતોને લીધે વાદી માગે છે તેમાની કઇ દાદ તેને મળવાનો હક નથી, તો શરૂઆત કરવાનો હક પ્રતિવાદીનો થાય છે

૨ (૧) ફરિયાદની સુનાવણીને વાસ્તે જે દિવસ ઠરાવ્યા હોય તે દિવસે, અથવા સુનાવણી જે દિવસ ઉપર મુલતવી રાખી હોય ત દિવસે, શરૂઆત કરવાનો જે પક્ષકારને હક હોય તે પક્ષકારે પોતાનો મુકદ્દમો કહી બતાવવો, અને જે મુદ્દા સાબિત કરવાને તે બધાએલો હોય તેની પુષ્ટીમા તેણે પોતાનો પુરાવો હાજર કરાવવો (૨) પછી સામા પક્ષકારને પોતાનો મુકદ્દમો કહી બતાવવો અને પોતાનો કઇ પુરાવો હોય તો તે આણવો, અને પછી તેને સામાન્ય રીતે આખા મુકદમા વિશે કોર્ટ આગળ ભાષણ કરવાનો હક છે, (૩) પછી શરૂઆત કરનાર પક્ષકારને સામાન્ય આખા મુકદમા વિશે પ્રત્યુત્તર આપવાનો હક છે

૩ ઘણા મુદ્દા હોય અને તેમાના કેટલાક સાબિત કરવાનો બોજો સામા પક્ષકાર ઉપર હોય ત્યારે શરૂઆત કરનાર પક્ષકાર, પોતાની નજરમા આવે તો તે મુદ્દા ઉપર પોતાનો પુરાવો આણે, અથવા સામો પક્ષકાર જે પુરાવો આણે તેના જવાબ તરીકે તે રાખી મુકે અને જો તે પુરાવો રાખી મુકે તો, સામા પક્ષકારે પોતાનો બધો પુરાવો આણ્યા પછી તે મુદ્દા ઉપર શરૂવાત કરનાર પક્ષકારે આવી રીતે જે પુરાવો આણ્યો હોય તે ઉપર સામો પક્ષકાર વિશેષ ઉત્તર આપે, શરૂવાત કરનાર પક્ષકારને પછીથી સામાન્ય રીતે આખા મુકદમા ઉપર પ્રત્યુત્તર આપવાનો હક થશે

૪ જે સાક્ષીઓ હાજર હોય તેમની સાહેદી ખુલ્લી કોર્ટમા જડજની રૂબરૂ જડજ પોતે ફરમાવે એ રીતે અને તેની નિઘેબાની નીચે મોઢાના સવાલ પુછીને લેવી

૫ અપીલ થઇ શકે એવા મુકદમાઓમા પ્રત્યેક સાક્ષીની સાહેદી કોર્ટની ભાષામા જડજે અથવા જડજની રૂબરૂ તેના પોતાના ફરમાવ્યા મુજબ અને તેની નિઘેબાની નીચે લખી લેવી તે ઘણુ કરીને સવાલ જવાબના રૂપમા નહી પણ એક હકીકતના રૂપમા લખી લેવી, અને પુરી થઇ રહે એટલે જડજની તથા સાક્ષીની રૂબરૂ વાચી સભળાવવી અને જરૂર પડે તો જડજે તે સુધારવી તથા તેના ઉપર સહી કરવી

૬ જે ભાષામા સાક્ષીએ સાહેદી પુરી હોય તેનાથી જુદી ભાષામા તે લખી લીધી હોય, અને ભાષામા તે લખી લીધી હોય તે ભાષા સાક્ષી સમજતો ન હોય તો, લખી લીધેલી સાહેદી, જે ભાષામા તે આપી હોય તે ભાષામા તેને સમજાવવી

૭ ૧૩૮ મી કલમ મુજબ લખી લીધેલી સાહેદી ૫ મી કાનુનમા ઠરાવેલા નમુના પ્રમાણે હોવી જોઇએ અને તે કાનુન પ્રમાણે લખી લીધેલી સાહેદી પ્રમાણેજ તે વાચી સભળાવવાને તે ઉપર સહી કરવી અને પ્રસગ પ્રમાણે જરૂર પડે તો તેનુ ભાષાતર કરી સમજાવવી અને સુધારવી

૮ જ્યારે જડજ પોતે સાહેદી લખી ન લે ત્યારે પ્રત્યેક સાક્ષીની સાહેદી લેવાતી જાય તેમ તે સાક્ષીની જબાનીની મતલબનુ એક ટીપ્પણુ જડજે કરવુ જોઇએ અને તે ટીપ્પણુ જડજે પોતાને હાથે લખીને તે ઉપર સહી કરવી તથા તેને દફતરનો એક ભાગ ગણુવો

૯ જ્યારે કોર્ટની ભાષા અંગ્રેજી ન હોય પણુ જો જાતે હાજર થએલા ફારયાદના બધા પક્ષકાર તથા પ્લીડરની મારફતે હાજર થએલા પક્ષકારોના પ્લીડરો, અંગ્રેજી ભાષામા પુરેલી સાહેદી અંગ્રેજીમા લખી લેવાને હરકત ન લે તો જડજ તે અંગ્રેજીમા લખી લેવાને મુખત્યાર છે

૧૦ કોઈ મુકરર સવાલ જવાબ, અથવા કોઇ સવાલ ઉપરની કઇ હરકત લખી લેવાનુ કઇ વિશેષ કારણુ જણુાય તો, પોતાની મેળે, અથવા કોઇ પક્ષકારની અથવા તેના પ્લીડરની અરજ ઉપરથી તે લખી લેવાને કોર્ટ મુખત્યાર છે

૧૧ જ્યારે સાક્ષીને કોઇ સવાલ પુછવાની કોઈ પક્ષકાર અથવા તેના પ્લીડર હરકત લે અને કોર્ટ તે સવાલ પુછવા દે તો, તે સવાલ જવાબ, હરકત કરનાર સખસનુ નામ તથા તે ઉપરનો કોર્ટનો ઠરાવ એ બધુ જડજે લખી લેવુ

૧૨ કોઇ સાક્ષીની જબાની અપાતી વખતની વર્તણુક વિશે જણુાય તેવો શેરો દફતરમા લખવાને કોર્ટ મુખત્યાર છે

૧૩ જે મુકદ્દમાઓ ઉપર અપીલ થઇ શકે નહી તે મુકદમાઓમા સાક્ષીઓની સાહેદી લેવાતી જાય તેમ તે સાક્ષીનુ જબાનીની મતલબનું ટીપ્પણુ જડજે પોતાને હાથે કરવુ, અને તે ટીપ્પણુ જડજે પોતાને હાથે લખીને તે ઉપર સહી કરવી તથા તેને દફતરનો એક ભાગ ગણુવુ

૧૪ (૧) આ ઓર્ડર પ્રમાણે સદરહુ મુજબ કરવાનુ ટીપ્પણુ જડજથી ન થઇ શકે તેમ હોય ત્યારે તે ન થઇ શકવાનુ કારણુ તેને દફતરમા લખાવવુ, અને જડજ મોઢેથી બોલે તેમ બીજો લખે એવી રીતે બીજા પાસે તે ટિપ્પણુ ખુલ્લી કોર્ટમા લખાવવુ (૨) આ પ્રમાણે કરેલા પ્રત્યેક ટિપ્પણુને દફતરનો ભાગ ગણુવો

૧૫ (૧) જ્યારે કોઇ જડજ મૃત્યુના, બદલીના અથવા બીજા કારણુને લીધે કોઈપણુ ફરિયાદની ચોકસી પુરી કરી શકે નહી ત્યારે, તેની પછી થનાર નવા જડજને, ઉપરની કાનુનોની રૂએ, જે શાહેદી લખી લીધેલી હોય અથવા ટિપણુ લખાવ્યુ હોય તે શાહીદી અથવા ટિપ્પણુ સદરહુ કાનુનો પ્રમાણે જાતે પોતે લખી લીધી હોય અથવા લખાવ્યુ હોય તે પાયરીથી આગળ ચલાવવાનો અધિકાર તેને છે

(૨) ૨૪ મી કલમની રૂએ બીજી કોર્ટને મોકલેલી ફરિયાદમા લીધેલી સાહેદીને પેટા કાનુન ૧ નો ઠરાવ જેટલે સુધી લાગુ થાય તેટલે સુધી લાગુ છે એમ સમજવુ

૧૬ (૧) જ્યારે કોઇ સાક્ષી કોર્ટની હકુમતની બહાર જવાનો હોય, અથવા તેની શાહેદી લાગલીજ લેવાનુ બીજુ પુરતું કારણુ કોર્ટની ખાત્રી લાયક બતાવવામા આવે ત્યારે, ગમે તે પક્ષકારની કે સાક્ષીની અરજ ઉપરથી, ફરિયાદ થયા પછી કોઇપણુ વખતે પાછળ ઠરાવેલી રીતે તે સાક્ષીની શાહેદી લેવાને કોર્ટ મુખત્યાર છે

(૨) જ્યારે સદરહુ શાહેદી પક્ષકારોના દેખતા લાગલીજ ન લેવાય ત્યારે, જુબાની લેવા સારૂ દિવસ ઠરાવીને તે દિવસની કોર્ટને યોગ્ય લાગે તેવી નોટીસ પક્ષકારોને આપવી (૩) આ રીતે લીધેલી શાહેદી સાક્ષીને વાચી સભળાવવી, અને તે શાહેદી બરાબર છે એમ તે કબુલ કરે તો તે ઉપર તેણે સહી કરવી અને જરૂર જણુાય તો જડજે તે સુધારવી અને તે ઉપર પોતાની સહી કરવી અને પછી તે ફરીયાદની કોઇપણુ સુનાવણી વખતે વાચવાનો અધીકાર છે

૧૭ જેની જુબાની લેવાઇ હોય તેવા કોઇ સાક્ષીને ફરિયાદ ચાલતા કોઇપણુ વખતે શાહેદી પુરવા પાછો બોલાવીને (વિદ્યમાનકાળે અમલમા હોય એવા પુરાવાના આકટને પાત્ર) કોર્ટને યોગ્ય લાગે તેવા સવાલ તેને કરવાને કોર્ટ મુખત્યાર છે

૧૮ જે કાઇપણુ મીલકત અથવા વસ્તુના સબધમા કાઈ પણુ સવાલ ઉત્પન્ન થાય તે મીલકત અથવા વસ્તુ ફરીયાદ ચાલતા કોઇપણુ વખતે કોર્ટને જોવાનો અધીકાર છે

ઓર્ડર. ૧૯ મો

સોગનનામા વિશે

૧. કોઇપણ વખતે પુરતુ કારણ હોય તો, કોર્ટને યાગ્ય જણાય તે સરતો કરીને, કોઇ વીશેશ હકી કત અથવા હકીકતો સોગનનામાથી સાબીત કરવી અથવા કાઇ સાક્ષીનું સોગનનામુ સુનાવણી વખતે વાચવુ એવો હુકમ કરવાને કોઇ પણ કોર્ટ મુખત્યાર છે, પરતુ કોર્ટને એમ જણાય કે એમાથી એક પક્ષકાર શુદ્ધ-બુદ્ધિથી કોઇ સાક્ષીને ઉટલ તપાસણી કરવા સારૂ બોલાવવા માગે છે, અને તે સાક્ષી હાજર કરાય તેમ છે તો તે સાક્ષીને સોગનનામાથી સાહેદી આપવાનો અખત્યાર મળે એવો હુકમ ન કરવો,

૨ (૧) કોઇપણ અરજ ઉપર સોગનનામુ કરીને સાહેદી આપી શકાય પરતુ સાહેદી આપનારની ઉલટ તપાસણી કરવા સારૂ તેને હાજર રાખવાની એમાથી કોઈ પક્ષકાર અરજ કરે તો તે પ્રમાણે હાજર રહેવાનો હુકમ કરવા કોર્ટ મુખત્યાર છે

(૨) કોર્ટમા જાતે હાજર રહેવાની સાક્ષી આપનારને માફી ન મળી હોય અથવા કોર્ટ બીજી રીતે ન ફરમાવે તો, તેણે સદરહુ પ્રમાણે કોર્ટમા હાજર રહેવુ

૩ (૧) સાહેદી આપનાર પોતાની જાતીકી માહીતીથી સાબિત કરી શકે તેટલીજ હકીકતો સોગન-નામામા લખવી, પરતુ ફરીયાદ ચાલતાની દરમ્યાનની અરજોમા, પોતે માનતો હોય તે મજકુરના જો યોગ્ય કારણ બતાવવામા આવે તો તેવો મજકુર દાખલ થઇ શકે (૨) જે સોગનનામામા અમસ્તી સાભળેલી બાબતો લખી હોય અથવા દલીલ ભરેલી બાબત લખી હોય અથવા દસ્તાવેજની નકલો કે તેમાના ઉતારા લખ્યા હોય તેવા પ્રત્યેક સોગનનામાનો ખર્ચ (કોર્ટ બીજી રીતે ન ફરમાવે તો) તે ફાઇલ હાજર કરનાર પક્ષકારે આપવો

ઓર્ડર ૨૦ મો.

ફેંસલા અને હુકમનામા વિશે

૧ મુકદમો સાભળી લીધા પછી કોર્ટ તેજ વખતે અથવા કોઇ આગળને દિવસે, ખુલ્લી કોર્ટમા ફેસલો કહી સભળાવવો જો આગળને દિવસે ફેસલો કહી સભળાવવો હોય તો તે દિવસની યોગ્ય ખબર પક્ષકારોને અથવા તેમના પ્લીડરોને આપવી,

૨ પોતાની પહેલા થઈ ગએલા જડજે ફેસલો લખ્યો હોય પણ તે કહી સભળાવ્યો ન હોય તો, તે ફેસલો કહી સભળાવવાને જજ મુખત્યાર છે

૩ ફેસલો કહી સભળાવતી વખતે ખુલ્લી કોર્ટમા જડજે તે ઉપર તારીખ નાખીને સહી કરવી તે એક વખત સહી કરી એટલે ૧૫૨ મી કલમમા ઠરાવેલા પ્રસગ અથવા ફેસલાની ફરી તપાસ કરવાની હોય તે પ્રસગ શીવાય તે ફેસલામા કઇ ફેરફાર કરવો નહી કે કઈ વધારવું નહી

૪ (૧) સ્મોલકોઝ કોર્ટોના ફેસલામા નીર્ણય કરવાની બાબતો તથા તે ઉપરનો ઠરાવ, એ કરતા વધારે લખવાની જરૂર નથી (૨) બીજી કોર્ટોના ફેસલામા મુકદમાની સંક્ષેપમા હકીક્ત, નીર્ણય કરવાની બાબતો, તે ઉપરના ઠરાવ અને તે ઠરાવના કારણ, એટલુ આવવુ જોઇએ

૫ મુદ્દા કાઢવામા આવ્યા હોય તેવી ફરીયાદોમા પ્રત્યેક મુદ્દા મુદ્દા ઉપર કોર્ટે પોતાનો ઠરાવ અથવા નીવેડો તથા તેના કારણો લખવા પરતુ ફરીયાદના નીવેડાને વાસ્તે એક અથવા વધારે મુદ્દા ઉપરનો ઠરાવ બસ હોય તો, બધા મુદ્દાઓ ઉપર ઠરાવ તથા કારણ લખવાની જરૂર નથી

૬ (૧) હુકમનામુ ફેસલાની સાથે મળતું આવવુ જોઇએ ફરીયાદના નબર, પક્ષકારોના નામ તથા વર્ણન અને દાવાની કીમત તેમા આવવી જોઇએ; તથા જે દાદ આપવાની હોય તે અથવા ફરીયાદનો જે બીજો ચુકાદો કર્યો હોય તે તેમા સ્પષ્ટ રીતે લખવો (૨) ફરિયાદમા થએલા ખરચની રકમ, તથા તે ખર્ચ કયા પક્ષકારે કઇ મીલકતમાથી તથા શા પ્રમાણમાં આપવો, એ પણ હુકમનામામા લખવુ (૩) એક પક્ષકારે બીજા પક્ષકારને આપવાનો ખર્ચ, તે પક્ષકારને તે બીજા પક્ષકાર પાસેથી જે રકમ લેણી જાતું કબુલ કરવામાં અથવા ઠરાવવામા આવે, તે રકમમા મજરે આપવો એમ ફરમાવવાનો કોર્ટને અખીકાર છે.

૭ જે તારીખે ફેસલો કહી સભળાવ્યો હોય તે તારીખ હુકમનામા ઉપર નાખવી, તથા ફેસલા પ્રમાણે હુકમનામુ લખેલુ છે એવી ખાત્રી કરીને જડજે તે હુકમનામા ઉપર સહી કરવી

૮ જ્યારે કોઇ જડજ ફેસલો આપ્યા પછી પણ હુકમનામા પર સહી કર્યા વગર પોતાનો હોદ્દો ખાલી કરે, ત્યારે એવા ફેસલા પ્રમાણે તૈયાર કરેલા હુકમનામા ઉપર સહી કરવાનો તેના પછીના જડજને, અથવા જો તે કોર્ટ કહાડી નાખવામા આવી હોય તો જે કોર્ટના તાબામા તે કોર્ટ હોય તે કોર્ટના જડજને સહી કરવાનો અધિકાર છે

૯ ફરીઆદનો વિષય સ્થાવર મીલકત હોય, ત્યારે એવી મીલકત ઓળખવાને બસ થાય, તેટલુ તેનુ વર્ણન તે હુકમનામામા હોવુ જોઇએ અને તે મીલકત ચતુસીમાથી અથવા જમાબદીના કે મોજણીના દફતરમાના નબરથી ઓળખાતી હોય, ત્યારે તે ચતુસીમા અથવા હુકમનામામા લખવા

૧૦ જ્યારે ફરીઆદ જગમ મીલકત બાબત હોય અને તે મિલકત આપવાનુ હુકમનામુ થાય ત્યા તે મીલકત ન આપી શકાય તો તેને બદલે આપવાની પૈસાની રકમ પણ તેમા લખવી

૧૧ (૧) હુકમનામુ રૂપીયા આપવા સબંધી હોય ત્યારે અને તેટલે સુધી કોર્ટ પુરતુ કારણ હોય તે જે કરારની રૂએ તે પૈસા આપવાના હોય તે કરારમા ગમે તે લખ્યુ હોય તોપણ હુકમનામામા અપાવેલી રકમ આપવાનુ મુલતવી રાખવાનો હુકમ કરવાને અથવા વ્યાજ સાથે અથવા વગર વ્યાજે હપ્તાથી રૂપીઆ આપવાનો હુકમ હુકમનામુ કરતી વખતે કરવાને મુખત્યાર છે

(૨) એવુ કોઇ હુકમનામુ થયા પછી કોર્ટ હુકમનામાના દેણદારની અરજ ઉપરથી તથા જેના લાભમા હુકમનામુ થયુ હોય તેની સમતીથી પોતાની નજરમા આવે તો, હુકમનામામા અપાવેલી રકમ આપવાનુ મુલતવી રાખવાનો હુકમ કરવાને અથવા વ્યાજ આપવા વિશે, પ્રતીવાદીની મિલકત જપ્ત કરવા વિશે, અથવા તેની પાસેથી જામીન લેવા વિશે, અથવા બીજી કોઈ બાબત વિશે પોતાને યોગ્ય લાગે તે શરતો કરીને હુકમનામામા અપાવેલી રકમ હપ્તાથી આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે

૧૨ (૧) જ્યારે સ્થાવર મિલકત પાછી કબજામા લેવા વીશે તથા ભાડુ કે દરમીયાની ઉપજ સારૂ ફરીયાદ કરી હોય ત્યારે કોર્ટને–(અ) તે મીલકતનો કબજો આપવાનો (બ) સદરહુ મીલકતનું ભાડુ અથવા દરમ્યાનની ઉપજ, ફરીયાદ માડતા પહેલાની મુદતમા ચઢ્યા હોય તે ભાડુ અથવા દરમ્યાનની ઉપજ આપવાને અથવા એવા ભાડા બાબત અથવા દરમ્યાનની ઉપજ બાબત ચોકશી કરવાના હુકમવાળુ (ક) ફરિયાદ માડયા પછી (૧) તે હુકમનામાવાળાને કબજો મળે (૨) હુકમનામાનો દેણદાર હુકમનામાવાળાને કોર્ટની મારફત નોટીસ આપીને કબજો છોડી દે, અથવા (૩) હુકમનામાની તારીખથી ત્રણ વરસ પુરા થાય, એમાને જે કોઇ બનાવ પહેલો બને ત્યા સુધીની મુદત માટેના બાયાના અથવા દરમ્યાનની ઉપજના સબધમા ચોકશી કરવાના હુકમવાળુ હુકમનામુ કરવાનો અધિકાર છે (૨) જ્યારે રકમ (બ) અથવા રકમ (ક) ની રૂએ ચોકશી કરવાનો હુકમ કર્યો હોય ત્યારે સદરહુ ભાડા તથા દરમ્યાનની ઉપજની રકમ બાબત આખરનુ હુકમનામુ એવી ચોકસીના નિકાલને અનુસરીને કરવુ

૧૩ [૧] જ્યારે કોઇ મિલકતનો હિસાબ લેવાની તથા કોર્ટના હુકમનામા પ્રમાણે તે મિલકતનો યોગ્ય રીતે વહિવટ કરવાની ફરિયાદ હોય ત્યારે આખરનુ હુકમનામુ કરતા પહેલા કોર્ટે પ્રારભનુ હુકમનામુ કરીને તેમા પોતાને યોગ્ય લાગે એવા હિસાબ લેવાનુ તથા એવી ચોકશી કરવાનુ ફરમાવવુ તથા પોતાને યોગ્ય લાગે તેવા બીજા હુકમો કરવા

[૨] મૈયત થએલા કોઈ સખસની મિલકતનો વહિવટ કોર્ટ મારફત થતો હોય તેમા તે સખસના શાબિત કરી શકાય તેવા કરજ અને જવાબદારી પૂરેપુરા અદા કરવાને માટે તે મિલકત અપૂર્તી જણાય તો, નાદાર તરીકે જાહેર કરેલા સખસોની ઇસ્ટેટની બાબતમા સદરહુ વહીવટની ફરિયાદ જેમા ચાલુ હોય તે કોર્ટની સ્થાનિક હદની અદર, તે વખતે જે નિયમ ચાલુ હોય તેજ નિયમ, તારણવાળા અથવા તારણ વગરના લેણદારોના પોતપોતાના હકોના સંબધમા, તથા સાબિત કરી શકાય તેવા દેવા અને જવાબદારીના સંબંધમા અને અનુક્રમે વર્षાસન તથા ભાવી અને અવલબી જવાબદારીઓની કિમત કરવાના સબધમા પાળવા જોઇયે, અને આવા કોઇપણ પ્રસગે, મિલકતમાથી પૈસા મળવાનો જે સખસોનો હક્ક હોય તે તમામ

શખસોને સદરહુ પ્રારંભના હુકમનામાના કામમા કોર્ટમા આવીને આ કાયદાની રૂએ તે મિલકત ઉપર તેમને અનુક્રમે જે હક હોય તે માગવાનો અખત્યાર છે

૧૪. (૧) મિલકતના કોઇ અમુક વેચાણમા અગ્રક્રિયાધિકારનો હક કોર્ટ હુકમનામામા અપાવે અને ખરીદીની રકમ કોર્ટમા ભરી ન હોય, ત્યારે હુકમનામામા,—(અ) એક દિવસ જણાવીને લખવુ તે દિવસ પહેલા અથવા તે દિવસે રકમ ભરવી, તથા (બ) એવો ઠરાવ કરવો કે, એવી ખરીદીની રકમ તથા હુકમનામામા વાદીના ઉપર ખરચ નાખ્યો હોય તો તે ખરચ (અ) રકમમા કહેલે દિવસે અથવા તે પહેલા કોર્ટમા ભરે તો, પ્રતિવાદીએ તે મિલકતનો કબજો વાદીને આપવો અને તે ઉપર તેનો સત્તાધિકાર સદરહુ પ્રમાણે પૈસા ભર્યા તે તારીખથી ઉત્પન્ન થયો એમ સમજવુ, પરતુ આ ખરીદના પૈસા તથા ખરચ (કાઇ હોય તો) સદરહુ પ્રમાણે ન ભરે, તો ફરિયાદ ખરચ સુદ્ધા કાઢી નાખવી

[૨] જ્યારે કોર્ટે અગ્રક્રિયાધિકાર સબધી સામાસામા દાવાનો ઠરાવ કર્યો હોય, ત્યારે હુકમનામામા એવો હુકમ કરવો કે—

(અ) જ્યારે તથા જેટલે સુધી, તે હુકમનામામા અપાવેલા દાવા સમાન પ્રમાણમા હોય ત્યારે તથા તેટલે સુધી પેટા કાનુન (૧)ના ઠરાવોને અનુસરીને ચાલનાર દરેક અગ્રક્રયાધિકારવાળા સખસનો દાવો, કોઇ પણ અગ્રક્રિયાધિકારવાળા સખસે સદરહુ ઠરાવોને અનુસરી ચાલવામા કસૂર કર્યાથી, તેણે તેવી કસૂર કરી ન હોત તો તેનો જે કાઇપણ ફાળે પડતા હિસ્સા સબંધી, દાવો અમલમા આવી શકત તે હિસ્સા સુદ્ધા, તે મિલકતના ફાળે પડતા હિસાબના સબંધમા અમલમા આવશે, અને

(બ) જ્યારે તથા જેટલે સુધી તે હુકમનામામા અપાવેલા દાવા સમાન પ્રમાણમા ન હોય ત્યારે તથા તેટલે સુધી વરિષ્ટ અગ્રક્રિયાધિકારવાળો સખસ સદરહુ ઠરાવને અનુસરીને ચાલવામા કસૂર ન કરે તો અને ત્યા સુધી, કનિષ્ટ અગ્રક્રિયાધિકારવાળા સખસનો દાવો અમલમા આવશે નહિ

૧૫ જ્યારે પત્યાળુ તોડવાની અથવા પત્યાળાનો હિસાબ લેવાની ફરિયાદ હોય ત્યારે કોર્ટ આખરનુ હુકમનામુ કરતા પહેલા પક્ષકારના ભાગનું પ્રમાણ ઠરાવવાનું તથા જે દિવસે પત્યાળુ તુટશે અથવા તુટ્યુ એમ ગણાશે તે દિવસ ઠરાવવાનુ અને પોતાને યોગ્ય લાગે તેવા હિસાબ લેવાનું તથા બીજા કૃત્ય કરવાનું પ્રારંભનું હુકમનામુ કરવાને મુખત્યાર છે

૧૬ મુખ્ય તથા મુખત્યારની વચ્ચે પૈસા સબંધી લેણદેણનો હિસાબ લેવાની ફરિયાદમા, તથા જે દારયાદો વિશે આ કાયદામા પાછળ ઠરાવ કરવામા આવ્યો ન હોય એવી બીજી કોઇપણ ફરિયાદમા કોઇ પક્ષકારને મળવાની કે કોઇ પક્ષકાર પાસેથી મળવાની રકમ નક્કી કરવા સારૂ હિસાબ લેવાની જરૂર હોય ત્યારે, કોર્ટને આખરનુ હુકમનામુ કરતા પહેલા પોતાને યોગ્ય લાગે તેવા હિસાબ લેવાનું પ્રારંભનુ હુકમનામુ કરવાને અખત્યાર છે

૧૭ કોર્ટ, હિસાબ લેવાનુ ફરમાવવા બાબતનુ હુકમનામુ કરીને અથવા કોઇપણ પછીનો વિશેષ હુકમ કરીને, કયી રીતે હિસાબ લેવો અથવા તે બાબતના ઓચરીયા લેવા તે ફરમાવવાને અને મુખ્યત્વે કરીને હિસાબ લેતી વખતે, સદરહુ હિસાબ જે ચોપડામા હોય તે ચોપડામા લખેલી બાબતોના ખરાપણા વિષે તે ચોપડા પ્રથમ દર્શનીય પુરાવો છે એમ સમજવુ તથા હિતસબધ હોય એવા પક્ષકારોને સલાહ આપવામા આવે તે પ્રમાણે તે બાબત હરકત લેવાની તે પક્ષકારોને છુટ છે એમ ફરમાવવાને મુખત્યાર છે

૧૮, જ્યારે કોર્ટ મિલકતની વહેચણ બાબત અથવા તે માહેનો હિસ્સાનો જુદો જુદો કબજો આપવા બાબત હુકમનામુ કરે, ત્યારે—

[૧] જો તથા જેટલે સુધી, તે હુકમનામુ સરકારને મેહેસુલ આપવાને પાત્ર હોય તેવી ઇસ્ટેટ બાબત હોય, તો અને તેટલે સુધી તે હુકમનામામા, તે મિલકતમા હિત સબધ હોય એવા જુદા જુદા પક્ષકારોના હક ઠરાવવા, પણ તે હુકમનામામા એમ ફરમાવવું કે કલેકટરે, અથવા કલેકટરના તાબામાના જે કોઇ ગેઝીટેડ અમલદારને, આ સંબંધમા કલેકટર નીમે તેણે, સદરહુ ઠરાવને તથા ૫૪ મી કલમના ઠરાવોને અનુસરીને, એવી વહેંચણી કરી આપવી અથવા એવો કબજો જુદો પાડી આપવો

(૨) જો તથા જેટલે સુધી, એવુ હુકમનામુ બીજી કોઇપણ સ્થાવર મિલકત સબંધી અથવા જગમ

મિલકત સબંધી હોય, તો અને તેટલે સુધી તે કોર્ટ, જાસ્તી ચોકશી કર્યા સિવાય સદરહુ વહેચણી કરવાનુ અથવા હિસ્સો જુદો પાડી આપવાનુ કામ અગવડ ભરેલી રીતે થઇ શકે એમ ન હોય, તો પ્રાગભતુ હુકમનામું કરીને તેમા તે મિલકતમા હકસબધ હોય એવા જુદા જુદા પક્ષકારોના હક ઠગવવાને, અને જરૂર જણાય તેવા બીજા હુકમ કરવાને મુખત્યાર છે

૧૯ (૧) વાદીના દાવાની સામે પ્રતિવાદીએ કરેલો સામો દાવો આવ્યો હોય ત્યારે, વાદીની કેટલી રકમ લેણી થઇ તથા પ્રતિવાદીની કેટલી રકમ લેહેણી થઇ તે હુકમનામામા લખવુ, અને તે હુકમનામુ બેમાથી જે પક્ષકારનુ જેટલુ લહેણુ દેખાતુ હોય તેટલુ વસુલ કરવાનુ કરવુ

(૨) જે ફરિયાદમા સામા દાવાની માગણી કરી હોય તે ફરિયાદમા કરેલા હુકમનામાને, સામા દાવાની માગણી કરી નહી હોત તો અપીલના જે ઠરાવો લાગુ પડત, તેજ ઠરાવો લાગુ પડશે એમ સમજવુ

(૩) આ કાનુનના ઠરાવ, સામો દાવો ૮ મા ઓર્ડરની ૬ ઠી કાનુન મુજબ કબુલ કરવા જોગ હોય અથવા બીજી રીતે કબુલ કરવા જોગ હોય તોપણ, લાગુ પડશે એમ સમજવુ

૨૦ ફેસલાની તથા હુકમનામાની સહી સાથેની નકલો સારૂ કોર્ટને અરજ કરવામા આવે તો પક્ષકારોને તેમને ખરચે આપવી જોઇયે

ઓર્ડર ૨૧ મો.

હુકમનામામાં તથા હુકમની બજાવણી વિશે

૧ (૧) હુકમનામા ઉપરથી જે પૈસા ભરવાના તે સર્વ નીચે પ્રમાણે ભરવા, એટલે.—

[અ] જે કોર્ટનુ કામ હુકમનામુ બજાવવાનુ હોય તે કોર્ટમા અથવા [બ] કોર્ટની બહાર હુકમનામાવાળાને, અથવા (ક) જે કોર્ટે હુકમનામુ કર્યુ હોય તે કોર્ટ ફરમાવે તેવી બીજી કોઇ રીતે

(૨) પેટા કાનુન [૧]ની રકમ (અ) ની રૂએ કોઇપણ પૈસા ભર્યા હોય ત્યારે તે તે પ્રમાણે ભર્યાની નોટીસ હુકમનામાવાળાને આપવી જોઇયે

૨ (૧) જ્યારે કોઇપણ જાતના હુકમનામા ઉપરથી ભરવાના કાઇપણ પૈસા કોર્ટોની બહાર આપ્યા હોય અથવા હુકમનામાવાળાનું મન માને એવી બીજી રીતે હુકમનામાનો બધો અથવા થોડો ઘણો તોડ કર્યો હોય ત્યારે જે કોર્ટનું કામ તે હુકમનામુ બજાવવાનુ હોય તે કોર્ટને તે ભર્યાની અથવા તોડ કર્યાની વાત હુકમનામાવાળાએ જાહેર કરવી જોઇયે, અને કોર્ટે તે ભરણુ અથવા તોડ દાખલ કરવો જોઇયે

(૨ હુકમનામાનો દેણદાર પણ, એવુ ભરણુ અથવા તોડ કર્યાની ખબર કોર્ટને આપીને એવી અરજ કરી શકે કે, તે ભરણુ અથવા તોડ જાહેર કર્યો એવુ કા દાખલ ન કરવુ' તેનુ કારણ કોર્ટ નીમે તે દિવસે બતાવવા સારૂ હુકમનામાવાળાને નોટીસ કાઢો, અને એવી નોટીસ પહોચાડવા પછી, હુકમનામાવાળો સદરહુ ભરણુ અથવા તોડ જાહેર કર્યો એવુ કા દાખલ ન કરવુ તેનુ કારણ બતાવવાને ચુકે, તો કોર્ટે સદરહુ ભરણુ અથવા તોડ દાખલ કરવો જોઇયે

(૩) જે કાંઈપણ ભરણુ અથવા તોડ ઉપર કહ્યા પ્રમાણે જાહેર કરેલો અથવા દાખલ કરેલો નહી હશે તે, હુકમનામુ બજાવનારી કોઇપણ કોર્ટે કબુલ કરવો નહી

હુકમનામાં બજાવનારી કોર્ટો વિશે.

૩ જ્યારે સ્થાવર મિલકત એક ઇસ્ટેટ અથવા સત્તા પ્રકાર હોય અને તે બે અથવા વધારે કોર્ટોની હકુમતની સ્થાનિક હદમા હોય ત્યારે, તેવી કોર્ટોમાની કોઇ એક કોર્ટને, તે સઘળી ઇસ્ટેટ અથવા સત્તા પ્રકાર જપ્ત કરીને વેચવાનો અધિકાર છે

૪ જ્યારે ફરિયાદ અરજીમા લખ્યા પ્રમાણેની જેની કિંમત બે હજાર રૂપિયા કરતા વધારે ન હોય અને જે, તેનો વિષય જોતા, વિદ્યમાનકાળે અમલમા હોય એવા કાયદાની રૂએ પ્રેસિડેન્સી સ્મોલકોઝ કોર્ટના અથવા પ્રોવિન્શિયલ સ્મોલકોઝ કોર્ટના સાભળવામાથી બાતલ કરી ન હોય એવી ફરિયાદમા હુકમનામુ થયુ હોય, અને જે કોર્ટે તે હુકમનામુ કર્યુ હોય, તે કોર્ટની એવી મરજી હોય કે તે કલકત્તા, મદ્રાસ, મુંબઈ અથવા રંગુનમા બજાવવુ ત્યારે ૬ઠી કાનુનમા કહેલી નકલો અને સર્ટીફિકેટ, પ્રસગ પ્રમાણે, કલકત્તા, મદ્રાસ, મુંબઈ

અથવા રંગુનની સ્મોલકોઝ કોર્ટને મોકલવાને તે કોર્ટ મુખ્ત્યાર છે અને તે પ્રમાણે મોકલવામા આવે એટલે તે સ્મોલકોઝ કોર્ટ જાણે તે હુકમનામુ પોતેજ કર્યું હોય તે રીતે બજાવવુ

૫ જ્યારે, જે કોર્ટને હુકમનામુ બજાવવા મોકલવુ હોય તે કોર્ટ, જે હુકમનામુ કર્યું હોય તે કોર્ટ જે જિલ્લામા હોય તેજ જિલ્લામા હોય ત્યારે, હુકમનામુ કરનારી કોર્ટે તે હુકમનામુ એવી બીજી કોર્ટને પરભાર્યું મોકલવુ પણ જ્યારે જે કોર્ટને હુકમનામુ બજાવવા મોકલવુ હોય તે કોર્ટ બીજા જિલ્લામા હોય ત્યારે જે કોર્ટે હુકમનામુ કર્યું હોય તે કોર્ટે જે જિલ્લામા હુકમનામુ બજાવવાનુ હોય તે જિલ્લાની ડિસ્ટ્રિક્ટ કોર્ટમા તે મોકલવુ જોઇએ

૬ બજાવવા સારૂ હુકમનામુ મોકલનારી કોર્ટે, નીચે લખેલા કાગળો મોકલવા એટલે.—

(અ) હુકમનામાની નકલ, (બ) હુકમનામુ કરનારી કોર્ટની હકુમતમા બજાવણી કરીને હુકમનામું પુરૂં થયુ નથી, અથવા થોડુ હુકમનામુ બજ્યુ હોય ત્યારે, હુકમનામુ કેટલું પુરૂં થયુ છે અને તેના કેટલો ભાગ બજવ્યા વગરનો છે, એ વિશેનુ સરટિફિકેટ, અને (ક) હુકમનામુ બજાવવા સારૂ કરેલા કોઇપણ હુકમની નકલ, અને, એવો હુકમ ન કર્યો હોય તો તેવી મતલબનુ સરટિફિકેટ

૭ જે કોર્ટને સદરહુ પ્રમાણે હુકમનામુ મોકલ્યુ હોય તે કોર્ટે હુકમનામાની કે બજાવવાના હુકમની, અથવા તેની નકલોની વધારે સાબિતી કંઇ વિશેષ કારણસર માગી ન હોય તો એવી સાબિતી વગર તે કોર્ટે એવી નકલો ને સરટિફિકેટ દાખલ કરાવવા, અને એવા કાંઇ વિશેષ કારણો હોય તો તે જડજે લખી રાખીને તે ઉપર પોતાની સહી કરવી

૮ સદરહુ નકલો એ પ્રમાણે દાખલ થાય એટલે, તે હુકમનામુ અથવા તે હુકમ જે કોર્ટને બજાવવા સારૂ મોકલ્યા હોય તે કોર્ટ ડિસ્ટ્રીકટ કોર્ટ હોય ત્યારે તે હુકમનામુ અથવા હુકમ તે ડિસ્ટ્રિક્ટ કોર્ટ બજાવે, અથવા તે હુકમનામુ અથવા હુકમ યોગ્ય અધિકારવાળી કોઈ તાબાની કોર્ટને બજાવવા સારૂ મોકલી શકાય

૯ જે કોર્ટને બજાવવા સારૂ હુકમનામુ મોકલ્યુ હોય તે કોર્ટ હાઇકોર્ટ હોય ત્યારે, જાણે તે કોર્ટે પોતાની સાધારણ અવલ દિવાની હકુમત ચલાવતા તે હુકમનામુ કર્યું હોય તે રીતે તે કોર્ટે તે હુકમનામુ બજાવવુ

બજાવણીની દરખાસ્ત વિશે

૧૦ જ્યારે હુકમનામાવાળાની તે હુકમનામુ બજાવવાની ઇચ્છા હોય ત્યારે, તેણે હુકમનામુ કરનારી કોર્ટને અથવા, તે કામને વાસ્તે જો કોઇ અમલદાર નીમ્યો હોય તો તે અમલદારને, અથવા ૫ છળ ગએલા ઠરાવો પ્રમાણે બીજી કોર્ટને હુકમનામુ મોકલ્યુ હોય તો તે કોર્ટને કે તેના યોગ્ય અમલદારને, દરખાસ્ત કરવી જોઇએ

૧૧ (૧) પૈસાની રકમ આપવા બાબતનુ હુકમનામુ થયુ હોય, ત્યારે હુકમનામુ કરતી વખતે હુકમનામાવાળાએ મોઢેથી દરખાસ્ત કરી હોય તો, કોર્ટ હુકમનામાનો દેણદાર કોર્ટની હદમા હોય તો, વારંટ તૈયાર કરતા પહેલા તેને પકડીને હુકમનામુ તાબડતોબ બજાવવાનો હુકમ કરવાને મુખત્યાર છે

(૨) પેટા કાનુન [૧] મા ઠરાવ્યુ છે તે શિવાયને પ્રસંગે, હુકમનામુ બજાવવાની દરેક દરખાસ્ત લખેલી કરવી, અને અરજદારે અથવા જે સખસને કામની હકીકતની માહિતગારી છે એમ કોર્ટને ખાત્રીપૂર્વક સાબિત થયુ હોય એવા કોઇ બીજા સખસે તે દરખાસ્ત ઉપર સહી કરીને તેના સાચાપણાનો એકરાર કરવો, તથા તેમા નીચેની વિગતો આસન પાડીને લખવી—

(અ) ફરિયાદનો નંબર (બ) પક્ષકારોના નામ, (ક) હુકમનામાની તારીખ, (ડ) હુકમનામા ઉપર કંઇ અપીલ થઇ છે કે નહી તે (ઇ) હુકમનામુ થયા પછી તકરારી બાબત વિષે પક્ષકારો વચ્ચે માહેમાહે કાંઇ રકમ આપવામા આવી છે કે નહી અથવા બીજી કંઈ ગોઠવણ થઈ છે કે નહીં, અને એવી રીતે થયુ હોય તો તે કેટલે સુધી થયુ છે તે, [ફ] હુકમનામુ બજાવવાને વાસ્તે પહેલાં કંઇ દરખાસ્તો કરી છે કે નહી, કરી હોય તો શી શી અને તે કંઇ કંઇ તારીખે કરી તથા તેમનુ પરિણામ શુ થયુ તે, (ગ) હુકમનામા ઉપર મુદ્દલ તથા તે ઉપર (જો કાંઇ) વ્યાજ ચઢ્યુ હોય તો તેમની કેટલી રકમ છે તે અથવા હુકમનામામા બીજી

જે દાદ આપવી હોય તે, તથા જે હુકમનામુ બજાવવાનું હોય તે હુકમનામાની તારીખ પહેલા અથવા પછી સામુ હુકમનામુ થયુ હોય તો તેની રકમ, (હ) કંઇ ખરચ અપાવ્યો હોય તો તેની રકમ, [ઐ] જેના ઉપર હુકમનામુ બજાવવાનુ હોય તે સખસનું નામ, અને

[જ] કોર્ટની મદદ કઇ રીતે જોઇએ છીએ તે, એટલે,–(૧) હુકમનામામા લખેલી કોઈ પણ વિશેષ મિલકત સ્વાધિન કરવી, (૨) કોઇપણ માલમિલકત જપ્ત કરીને વેચવી અથવા જપ્ત કર્યા વગર વેચવી, (૩) કોઈપણ સખસને પકડીને તુરંગમા રાખવો (૪) વસુલદાર નીમવો, (૫) જે દાદ અપાવી હોય તે દાદના સ્વરૂપને જરૂર હોય તેવો બીજો પ્રકાર

(૩) જે કોર્ટને પેટા કાનુન (૨) ની રૂયે દરખાસ્ત કરી હોય તે કોર્ટને હુકમનામાની સહી સીક્કાવાળી નકલ હાજર કરવા અરજદારને ફરમાવવાનો અધિકાર છે

૧૨ કોઈ હુકમનામાના દેણદારની કંઇ જંગમ મિલકત જપ્ત કરવાની દરખાસ્ત કરી હોય, પરંતુ તે મિલકત તેના કબજામા ન હોય ત્યારે હુકમનામાવાળાએ જપ્ત કરવાની મિલકતની જોઇએ તેટલા બરોબર વર્ણનવાળી યાદ તે દરખાસ્ત સાથે આપવી

૧૩ કોઇ હુકમનામાના દેણદારની કંઈ સ્થાવર મિલકત જપ્ત કરવાની દરખાસ્ત કરી હોય ત્યારે, તે દરખાસ્ત નિચે—

(અ) તે મિલકત ઓળખવાને બસ થાય એવુ તેનું વર્ણન અને જમાબંદી અથવા મોજણીના કાગળ પત્રમા આપેલી હદ ઉપરથી અથવા નંબર ઉપરથી તે મિલકત ઓળખી શકાય તે પ્રસંગે તે હદ અથવા નંબર લખવા જોઈયે, અને (બ) હુકમનામાના દેણદારનો તે મિલકતમા હિસ્સો અથવા હક્ક સંબધ હોય તેની તપસીલ, દરખાસ્ત કરનાર ખરેખરી રીતે માનતો હોય અને તપાસ કરતા તેનાથી નક્કી થઇ શકી હોય તે પ્રમાણે આપવી

૧૪ કલેકટરની ઓફિસમા નોંધાએલી જમીન જપ્ત કરવા માટેની દરખાસ્ત કરી હોય ત્યારે, તે જમીનના કે તેના મેહેસુલના માલીક તરીકે અથવા વેચી શકાય એવા તેમા હક્ક સંબધ રાખનાર તરીકે, અથવા તે જમીનનુ મેહેસુલ આપવાને જવાબદાર તરીકે ક્યા શખસોના નામ નોંધ્યા છે તે, તથા નોંધેલા માલીકોના હિસ્સા શા છે એ બતાવનારો તે ઓફિસરના રજીસ્ટરમાથી સહી સીકકાવાળો ઉતારો હાજર કરવાનુ દરખાસ્ત કરનારને ફરમાવવાનો કોર્ટને અધિકાર છે

૧૫ (૧) એક કરતા વધારે સખસોની તરફેણમા એકઠું હુકમનામુ થયુ હોય ત્યારે, તેમાના કોઇ એક સખસ અથવા વધારે સખસો હુકમનામામા કોઇપણ ઉલટી શરત ન હોય તો, તે બધાના હિતને વાસ્તે, અથવા તેમાનો કોઇ મરી ગયો હોય તો બાકીના જીવતા તથા મૈયતના કાયદાસર વારસ વકીલના હિતને વાસ્તે, સદરહુ આખુ હુકમનામુ બજાવવાની દરખાસ્ત કરવાને મુખત્યાર છે (૨) જ્યારે આ કાનુનની રૂએ કરેલી દરખાસ્ત ઉપરથી હુકમનામુ બજાવવા દેવાનું પુરતું કારણ કોર્ટને જણાય ત્યારે, દરખાસ્તમા જે સખસો સામિલ થયા ન હોય તેમના હક જાળવવા સારૂ જરૂર જણાય તેવો હુકમ કોર્ટ કરવો

૧૬ પોતાનો હકક બીજાને આપી દેવાના લખત (એસાઇન્મેન્ટ) થી અથવા કાયદાના અમલથી, કોઇ હુકમનામાની માલકી, અથવા જો કોઈ હુકમનામુ બે અથવા વધારે સખસોની તરફેણમા એકઠું થયુ હોય તો કોઇપણ હુકમનામાવાળાનો તે હુકમનામામાનો હકક સબંધ હુકમનામાવાળા પાસેથી બીજા કોઇ સખસને મળે તો, જેને તે મળ્યો હોય તે હુકમનામુ કરનારી કોર્ટને તે બજાવવાની દરખાસ્ત કરવાને મુખત્યાર છે, અને જાણે તે હુકમનામાવાળાએ દરખાસ્ત કરી હોય તે રીતે અને તેજ સરતોથી તે હુકમનામુ બજી શકે, પરંતુ પોતાનો હકક બીજાને આપી દેવાના લખત (અસાઇનમેન્ટ) થી હુકમનામુ અથવા ઉપર કહ્યા પ્રમાણેનો હકક સંબધ બીજાને તબદીલ કરી આપ્યો હોય, ત્યારે તે આપનારને તથા હુકમનામાના દેણદારને તે દરખાસ્ત વિશેની લખેલી નોટીસ આપવી અને તે હુકમનામાનો બજાવણીને વાસ્તે તેમની હરકતો [જો કંઇ હોય તો) કોર્ટ સાભળે ત્યા સુધી તે હુકમનામુ બજાવવુ નહી

વળી, બે અથવા વધારે સખસો ઉપરનું પૈસા બાબતનુ હુકમનામુ હોય અને તે તેઓમાના એકને તબદીલ કરી આપ્યુ હોય તો તે બાકીનાએ બજાવવુ નહી

૧૭ (૧) ૧૧ મી કાનુનની પેટા કાનુન (૨) મા ફરમાવ્યા પ્રમાણે હુકમનામુ બજાવવાની દરખાસ્ત મળ્યા પછી કોર્ટે, ૧૧ મી થી ૧૪ મી કાનુનોના ઠરાવ પ્રમાણે જે કરવુ જોઇએ તે કર્યુ છે કે નહી તેની ખાત્રી કરવી જોઇયે, અને તે પ્રમાણે કર્યુ ન હોય, તો દરખાસ્ત નામંજુર કરવાને અથવા તેમા જે ખામી હોય તે તેજ વખતે ત્યાજ, અથવા કોર્ટ નીમે તે વખતની અંદર દુરસ્ત કરવા દેવાને કોર્ટ મુખત્યાર છે

(૨) જ્યારે પેટા કાનુન (૧) ના ઠરાવોની રૂએ દરખાસ્ત દુરસ્ત કરવામા આવે ત્યારે તે દરખાસ્ત કાયદા પ્રમાણેની દરખાસ્ત છે એમ અને તે જે તારીખે પ્રથમ કરવામા આવી હોય તે તારીખે કરવામા આવી છે એમ સમજવુ (૩) આ કાનુન પ્રમાણે કરેલી પ્રત્યેક દુરસ્તી ઉપર જડજે પોતાની આખી અથવા ટુકી સહી કરવી (૪) દરખાસ્ત મંજુર થાય ત્યારે, કોર્ટે તે દરખાસ્ત મળ્યાનો શેરો અને જે તારીખે દરખાસ્ત કરી હોય તે તારીખ યોગ્ય રજીસ્ટરમા દાખલ કરવી, અને આમા હવે પછી લખેલા ઠરાવોને પાત્ર, દરખાસ્તના સ્વરૂપ પ્રમાણે હુકમનામુ બજાવવાની તજવીજ કરવી પરંતુ પૈસા આપવાનુ હોય ત્યારે જપ્ત કરેલી મિલકતની કિંમત બને તેટલી હુકમનામાની રૂયે લેણી રકમ સાથે મળતી આવવી જોઇએ

૧૮ (૧) તેના તેજ પક્ષકારો વચ્ચે કરેલા અને એકજ કોર્ટ બજાવી શકે એવા પૈસાની બે રકમો આપવા બાબતના જુદી જુદી ફરિયાદમા સામસામા થએલા હુકમનામાની બજાવણી સારૂ તે કોર્ટને દરખાસ્ત કરવામા આવે, ત્યારે—(અ) જો બને રકમો સરખી હોય તો, બંને હુકમનામા ઉપર ભરપાઇ થયાનુ લખવુ જોઇએ, અને (બ) જો બન્ને રકમો સરખી ન હોય, તો, જે હુકમનામાવાળાની પાસે વધારે રકમનુ હુકમનામુ હોય તેજ હુકમનામુ બજાવી શકે અને તે ઓછી રકમ બાદ કરતા બાકી રહે તેટલીજ રકમને સારૂ હુકમનામુ બજાવી શકે અને ઓછી રકમના જેટલા ભરપાઈ થયાનુ વધારે રકમના હુકમનામામા લખવી તેમજ ઓછી રકમનુ હુકમનામુ પણ થયાનું લખવુ

(૨) એવા હુકમનામા પૈકી એક હુકમનામાની માલિકી એમાથી એક પક્ષકારને કોઈએ લખી આપી હોય ત્યારે, આ કાનુન લાગુ પડશે એમ સમજવુ, તથા માલકી લેનારે હુકમનામાની રૂએ આપવાના કરજની બાબતમા તેમજ મુળ માલકી સોપનારે હુકમનામાની રૂએ આપવાના કરજની બાબતમા પણ આ કાનુન લાગુ પડે છે એમ સમજવુ

(૩) (અ) જે ફરિયાદોમા હુકમનામા થયા હોય તે પૈકી એકનો હુકમનામાવાળો બીજામા હુકમનામાનો દેણદાર ન હોય, અને ફરિયાદોમા એકજ સ્વરૂપ ન હોય તો, અને (બ) એવા હુકમનામાને આધારે લેહેણી રકમો નકકી ન હોય તો આ કાનુન લાગુ પડતી નથી એમ સમજવુ

(૪) જે હુકમનામુ કેટલાએક સખસો પર જુદી જુદી તથા એકઠી રીતે થયુ હોય તે હુકમનામાનો માલીક એવા સખસામાના ફક્ત એક કે વધારેની તરફેણમા પોતાની વિરૂદ્ધ થયેલા હુકમનામાના સબંધમા સામસામુ હુકમનામુ ગણવાને મુખત્યાર છે

દ્રષ્ટાંતો.

(અ) અ ની પાસે બ ઉપરનુ રૂ ૧,૦૦૦ નુ હુકમનામુ છે આગળ ઉપરના કોઇ દિવસે અમુક માલ અ સ્વાધીન ન કરે તો રૂ ૧૦૦૦ આપવા એવુ અ ઉપરનુ હુકમનામુ બ પાસે છે આ કાનુન પ્રમાણે બ થી પોતાનુ હુકમનામુ સામસામા હુકમનામા તરીકે ગણી શકય નહી

(બ] અ ને બ એ સહવાદીઓ ક ઉપર રૂ, ૧૦૦૦ નુ હુકમનામુ મેળવે છે, અને બ ઉપર રૂ ૧,૦૦૦ નુ હુકમનામુ ક મેળવે છે આ કાનુન પ્રમાણે બ થી ક નુ હુકમનામુ સામસામા હુકમનામા તરીકે ગણી શકાય નહી

(ક) બ ઉપર રૂ, ૧,૦૦૦ નુ હુકમનામુ અ મેળવે છે ક જે બ નો એક ટ્રસ્ટી છે તે, બ ની વતી અ ઉપર રૂ ૧,૦૦૦ નુ હુકમનામુ મેળવે છે આ કાનુન પ્રમાણે બ થી ક-નુ હુકમનામુ સામસામા હુકમનામા તરીકે ગણી શકાય નહી

(ડ) ફ એ મેળવેલા હુકમનામાની રૂયે અ બ, ક, ડ, અને ઇ એકઠા અને જુદા જુદા ૧૦૦૦ રૂપીઆ આપવાને જવાબદાર છે, એકલા ફ પર અ ૧૦૦૦ રૂપીઆનુ હુકમનામુ મેળવે છે, અને જે કોર્ટમા

સદરહુ સામાયિક હુકમનામુ બજાવવાનુ કામ ચાલે છે તે કોર્ટને તે હુકમનામુ બજાવવા સારૂ દરખાસ્ત કરે છે આ કાનુનની રૂએ પોતાના સામાયિક હુકમનામા તરીકે ગણવાને ક મુખત્યાર છે

૧૯ જે એકજ હુકમનામામા બને પક્ષકારો એક બીજા પાસેથી પૈસાની રકમો લેવાને હકદાર ઠરાવ્યા હોય તે હુકમનામાની બજાવણી સારૂ કોર્ટને દરખાસ્ત કરી હોય ત્યારે,

(અ) જો બન્ને રકમો સરખી હોય તો બને રકમની ભરપાઇ હુકમનામા ઉપર લખવી અને

(બ) જો બન્ને રકમો સરખી ન હોય તો, જે પક્ષકારને વધારે રકમ લેવાનો હક હોય તે પક્ષકાર ઓછી રકમ બાદ કરતા બાકી રહે તેટલીજ રકમને સારૂ તે હુકમનામુ બજાવી શકે, અને ઓછી રકમ જેટલી ભરપાઇ હુકમનામા ઉપર લખવી

૨૦ કાનુન ૧૮ તથા ૧૯ માના ઠરાવ ગીરો અથવા બોજો અમલમા આણવા માટે વેચાણ કરવા બાબતના હુકમનામાને લાગુ છે એમ સમજવુ.

૨૧ કોર્ટ પોતાની નજરમા આવે તો હુકમનામાના દેણદારની જાત અને મિલકત એ બન્ને ઉપર એકજ વખતે બજાવણીનો હુકમ કરવાની ના પાડવાને મુખત્યાર છે

૨૨ (૧) જ્યારે-(અ) હુકમનામાની તારીખથી એક કરતા વધારે વરસ પર, અથવા (બ) હુકમનામાના પક્ષકારના કાયદેસર વારસ વકીલ ઉપર, બજાવણીની દરખાસ્ત કરી હોય ત્યારે, જે સખસની ઉપર બજાવણીની દરખાસ્ત કરી હોય તે પક્ષકારને હુકમનામુ કરનારી કોર્ટે નોટીસ કહાડવી અને તેમા તારીખ ઠરાવીને એમ લખવુ કે તમારા ઉપર હુકમનામુ શા માટે ન બજાવવુ તેનુ કારણ તે તારીખે તમારે બતાવવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે જે પક્ષકાર ઉપર હુકમનામુ બજાવવાની દરખાસ્ત કરી હોય તે પક્ષકાર વિરૂદ્ધ છેલ્લો હુકમ કાઇ પહેલાની બજાવણીની દરખાસ્ત ઉપર કર્યો હોય તે તારીખથી એક વરસમા દરખાસ્ત કરી હોય તો હુકમનામાની તારીખ અને તે બજાવવાની દરખાસ્તની તારીખ વચ્ચે એક વરસ કરતા વધારે મુદત વીતી ગઈ છે તે સબબથી અથવા વારસ વકીલ ઉપરની દરખાસ્તમા, તેજ સખસના ઉપર બજાવણીની કોઇ પહેલાની દરખાસ્ત ઉપરથી તેના ઉપર હુકમનામુ બજાવવાનો કોર્ટે હુકમ કાઢયો હોય તો, હુકમનામાના દેણદારના કાયદાસર વારસ વકીલ ઉપરની દરખાસ્ત છે એ સબબથી તેની નોટીસ આપવાની જરૂર નથી, (૨) પણ એવી નોટીસ કહાડવાથી અયોગ્ય ઢીલ થશે અથવા ન્યાયનો હેતુ પાર પડશે નહિ એમ પોતાને કાઇ કારણસર લાગે તો (તે કારણો લખી મુકવા) સદરહુ કોર્ટને ઉપરની પેટા કાનુનોમા ઠરાવેલી નોટીસ કહાડયા વગર હુકમનામાની બજાવણીમા કોઇ પણ પ્રોસેસ કહાડવાની પેટા કાનુન ઉપરથી મના છે એમ સમજવુ નહિ

૨૩ (૧) જ્યારે ગઇ છેલ્લી કાનુન પ્રમાણે જેને નોટીસ કાઢી હોય તે સખ્સ હાજર ન થાય, અથવા હુકમનામુ શા માટે ન બજાવવુ તેનુ કાર્ટની ખાત્રી લાયક કારણ ન બતાવે ત્યારે કોર્ટે તે હુકમનામુ બજાવવાનો હુકમ કરવો (૨) જ્યારે એવો સખસ હુકમનામુ બજાવવાને કઇ હરકત બતાવે, ત્યારે કોર્ટે તે હરકત ધ્યાનમા લેવી અને પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કરવો

૨૩ (૧) જ્યારે પાછળની કાનુનો પ્રમાણે પ્રથમની તજવીજો (કાઇ હોય તો) તે સર્વ કર્યા પછી પ્રોસેસ ન કાઢવાનુ કાઇ કારણ કોર્ટને નહી જણાય તો હુકમનામુ બજાવવાને કોર્ટે પ્રોસેસ કરવી (૨) એવી દરેક પ્રોસેસ ઉપર જે તારીખે તે કાઢી હોય તે તારીખ લખવી તથા જડજે અથવા તે કામને વાસ્તે કોર્ટે નીમે તે અમલદારે સહી કરવી તથા કાર્ટના સિક્કાથી સિક્કો કરવો અને તે બજાવવાને યોગ્ય અમલદારને સ્વાધીન કરવી ( ) એવી દરેક પ્રોસેસમા એક દિવસ મુકરર કરી લખવુ કે, તે દિવસ અથવા તે પેહલા તે પ્રોસેસ બજાવવામા આવશે

૨૫ (૧) પ્રોસેસ બજાવવાને જે અમલદારે સોપી હોય તેણે તે ઉપર શેરો કરવો, તેમા કઇ તારીખે અને કઇ રીતે તે બજાવી તે લખવુ, તથા પ્રોસેસ પાછી લાવવાને મોડામા મોડો દિવસ તેમા લખ્યો હોય તે વીતી ગયા હોય તો ઢીલ થવાનુ કારણ લખવુ, અથવા પ્રોસેસ ન બજાવી હોય તો તે કેમ બજાવવામા ન આવી તેનુ કારણ લખવુ, અને તે શેરા સહિત કાર્ટમા તે પાછી મોકલવી

મારાથી પ્રોસેસ બજાવી શકાય તેમ નથી એવી મતલબનો શેરો તે અમલદારે કર્યો હોય ત્યારે, જે અશક્તતા જણાવવામા આવી હોય તે બાબત કોર્ટે તેની જુબાની લેવી, અને યોગ્ય લાગે તો તે અશક્તતા વિશે સાક્ષીઓને સમન કાઢી જુબાની લઇને કોર્ટે પરિણામ દફતરમા લખવુ

બજાવણી બંધ રાખવા વિશે

૨૬ (૧) જે કોર્ટને હુકમનામુ બજાવવા સારૂ મોકલ્યુ હોય તે કોર્ટને પુરતું કારણ દેખાડવામા આવે તો તે કોર્ટે યોગ્ય મુદતસુધી તે હુકમનામુ બજાવવુ બંધ રાખવુ, એટલા માટે કે જે કોર્ટે તે હુકમનામુ કર્યું હોય તે કોર્ટ પાસે, અથવા તે હુકમનામા બાબત કે તેવી બજાવણી બાબત જે કોર્ટને અપીલ હકુમત હોય તે કોર્ટ પાસે, બજાવણી બંધ રાખવાને હુકમ કરાવવા સારૂ, અથવા તે અવલ કે અપીલ કોર્ટે પોતે બજાવણીનો હુકમ કાઢ્યો હોત ત્યારે તે કોર્ટને બજાવણીની દરખાસ્ત કરવામા આવી હોત ત્યારે તે અવલ કે અપીલ કોર્ટે હુકમનામા બાબત કે બજાવણી બાબત બીજો જે હુકમ કરી શકત તે કરાવવા સારૂ હુકમનામાનો દેણદાર તે અવલ કે અપીલ કોર્ટને અરજ કરી શકે

(૨) જ્યારે બજાવવાના કામમા હુકમનામાના દેણદારને પકડ્યો હોય અથવા તેની મિલકત જપ્ત કરી હોય ત્યારે, સદરહુ હુકમને વાસ્તે કરેલી અરજનો નિકાલ થતા સુધી જે કોર્ટે બજાવવાનો હુકમ કાઢ્યો હોય તે કોર્ટ પ્રતિવાદીને છોડવાનો અથવા મીલકત પાછી આપવાને હુકમ કરવાને મુખત્યાર છે

(૩) બજાવણી બંધ રાખવાનો, અથવા મીલકત પાછી આપવાનો અથવા હુકમનામાના દેણદારને છોડી દેવાનો હુકમ કરતા પહેલા હુકમનામાના દેણદાર પાસે પોતાને યોગ્ય લાગે તેવુ તારણ માગવાને, અથવા પોતાને યોગ્ય લાગે તેવી તેની શરતો કરવાને કોર્ટ મુખત્યાર છે

૨૭ કાનુન ૨૬ પ્રમાણે હુકમનામાના દેણદારની મિલકત પાછી આપવાનો અથવા તેને છોડી દીધાનો હુકમ કર્યો હોય અને તેથી બજાવણીને વાસ્તે મોકલેલુ હુકમનામુ બજાવવામા તે મિલકત કરી ધરવાને અથવા તે સખસને ફરી પકડવાને હરકત નથી

૨૮ હુકમનામુ કરનારી કોર્ટનો અથવા ઉપર લખેલા પ્રકારની અપીલ કોર્ટનો તે હુકમનામુ બજાવવાની બાબતમા જે હુકમ થાય તે, જે કોર્ટને હુકમનામુ બજાવવા મોકલ્યુ હોય તે કોર્ટે માન્ય કરવો

૨૯ કોઈ કોર્ટમા હુકમનામુ થયુ હોય અને તેજ કોર્ટમા તે હુકમનામાના માલીક ઉપર જેની વિરૂદ્ધ તે હુકમનામુ થયુ હોય તેની ફરિયાદ ચાલતી હોય, ત્યારે ચાલુ ફરયાદનો નિકાલ આવે ત્યાસુધી તારણ સબંધી અથવા બાજી બાબતો સબંધી પોતાને યોગ્ય લાગે તેવી શરતો કરી તે હુકમનામુ બજાવવુ બંધ રાખવાને કોર્ટ મુખત્યાર છે

બજાવણી કેવી રીતે કરવી તે વિશે

૩૦ પૈસા આપવાનુ ફરમાવ્યુ હોય તે પ્રત્યેક હુકમનામુ તથા બીજી કોઇ દાદને બદલે અપાવેલી પૈસાની રકમ આપવાનુ હુકમનામુ હુકમનામાના દેણદારને દિવાની તુરગમા કેદ કરીને, અથવા તેના મિલકત જપ્ત કરી તથા વેચીને, અથવા તે બંને વાના કરીને અમલમા લાવી શકાય

૩૧ (૧) જ્યારે કંઇ ખાસ જગમ મીલકત વિશે, અથવા ખાસ જગમ મીલકતના હીસ્સા વીશે હુકમનામુ હોય ત્યારે, તે હુકમનામુ આ પ્રમાણે અમલમા લાવી શકાય —એટલે બને તે તે જગમ મીલકત કે તેનો હીસ્સો જપ્ત કરીને જે પક્ષકારને તે આપવાનુ ઠરાવ્યુ હોય તેને સ્વાધીન કરવો અથવા તે પક્ષકાર પોતાની વતી સ્વાધીન લેવાને જે સખસને નીમે તેને સ્વાધીન કરવો, અથવા હુકમનામાના દેણદારને દિવાની તુરગમા રાખવો અથવા તેની મિલકત જપ્ત કરવી, અથવા બંને વાના કરવા

(૨) જ્યારે પેટા કાનુન (૧) પ્રમાણે કરેલી કોઇ જપ્તી છ મહિના સુધી અમલમા રહેલી હોય ને હુકમનામાનો દેણદાર હુકમનામા પ્રમાણે ન વર્ત્યો હોય, અને હુકમનામાવાળાએ જપ્ત કરેલી મિલકત વેચવી એવી દરખાસ્ત કરી હોય ત્યારે સદરહુ પ્રકારની મીલકત વેચવાનો અધિકાર છે, અને વેચવાથી જે ઉપજે તેમાથી જગમ મીલકત સ્વાધીન કરવાને બદલે કંઈ રકમ આપવાનું હુકમનામામા ઠરાવ્યુ હોય તેવી બાબતોમા હુકમનામાવાળાને તે ઠરાવેલી રકમ આપવાને તથા બીજી બાબતમાં કોર્ટને યોગ્ય લાગે

તેટલી બદલાની રકમ અપાવવાને કોર્ટ મુખત્યાર છે, અને જો કાંઇ બાકી વધે તો તે બાકી હુકમનામાનો દેણદાર અરજ કરે ત્યારે તેને કોર્ટે આપવી

(૩) જ્યારે હુકમનામાનો દેણદાર હુકમનામુ માન્ય રાખીને સદરહુ હુકમનામાની બજાવણીનો જે ખરચ આપવાને તે બંધાયેલો હોય તે સઘળો ખરચ આપે ત્યારે, અથવા જ્યારે જપ્તીની તારીખથી ૬ માસની આખરે સદરહુ મિલકત વેચવા બાબત દરખાસ્ત ન હોય ત્યારે અથવા દરખાસ્ત થઇ હોય પણ તે નામંજુર કરી હોય ત્યારે, જપ્તીનો અમલ બંધ થશે

૩૨ (૧) કરાર વિશેષ રીતે પુરો કરવા બાબત અથવા લગ્નના હક્ક પાછા મળવા બાબત અથવા તાકીદ આપવા બાબત જે પક્ષકાર ઉપર હુકમનામુ થયુ હોય તે પક્ષકારને તે હુકમનામા પ્રમાણે વર્તવાને તક મળ્યા છતા, જાણી જોઇને તે પ્રમાણે ન વર્ત્યો હોય તો, તેને દિવાની તુરંગમા રાખીને અથવા તેની મિલકત જપ્ત કરીને અથવા તે બંને વાના કરીને અમલમા આણવાનો અધિકાર છે

(૨) વિશેષ રીતે કરાર પુરો કરવાનુ અથવા તાકીદ આપવાનુ જે પક્ષકારના ઉપર હુકમનામુ થયુ હોય તે પક્ષકાર કોઇ કોરપોરેશન હોય ત્યારે તે હુકમનામુ તે કોરપોરેશનની મિલકત જપ્ત કરીને અથવા કોર્ટની પરવાનગીથી તેના ડાયરેક્ટરોને અથવા મુખ્ય અમલદારને દિવાની તુરંગમા રાખીને, અથવા કેદ અથવા જપ્તી એ બંને કરીને તે હુકમનામુ અમલમા લાવી શકાય

(૩) જ્યારે પેટા કાનુન (૧) અથવા (૨) પ્રમાણે કરેલી કોઇ જપ્તી એક વરસ સુધી અમલમા રહેલી હોય ને જો હુકમનામાનો દેણદાર હુકમનામા પ્રમાણે વર્ત્યો હોય અને હુકમનામાવાળાએ જપ્ત કરેલી મિલકત વેચવી એવી દરખાસ્ત કરી હોય ત્યારે તે મિલકત વેચવાનો અધિકાર છે, અને વેચવાથી જે ઉપજે તેમાથી કોર્ટને યોગ્ય લાગે તેટલી બદલાની રકમ હુકમનામાવાળાને આપવાને કોર્ટ મુખત્યાર છે અને જો કાંઇ બાકી વધે તો તે બાકી હુકમનામાનો દેણદાર અરજ કરે ત્યારે તેને કોર્ટે આપવી જોઇએ

(૪) જ્યારે હુકમનામાનો દેણદાર હુકમનામા પ્રમાણે વર્તીને સદરહુ હુકમનામાની બજાવણીનો જે ખર્ચ આપવાને તે બંધાયલો હોય તે સઘળો ખર્ચ આપે ત્યારે, અથવા જ્યારે જપ્તીની તારીખથી એક વરસની આખરે સદરહુ મિલકત વેચવા બાબતની દરખાસ્ત ન થઇ હોય અથવા થઇ હોય તો તે નામંજુર કરી હોય ત્યારે, સદરહુ જપ્તીનો અમલ બંધ થશે

[૫] જ્યારે વિશેષ રીતે કરાર પુરો કરવાના અથવા તાકીદ આપવાના હુકમનામા પ્રમાણે વર્તવામા ન આવ્યુ હોય ત્યારે તે કોર્ટને ઉપર કહેલી સઘળી અથવા કોઇપણ રીતને બદલે અથવા તે ઉપરાંત જે કાંઇ પણ કામ કરવાની જરૂર હોય તે કામ બની શકે ત્યા સુધી હુકમનામાવાળાને અથવા કોર્ટ નિમે તે બીજા સખસને હુકમનામાના દેણદારને ખરચે, કરવાનું ફરમાવવાનો અધિકાર છે, અને એવુ કામ કરવામા આવે એટલે, જે ખરચ થયો હોય તે કોર્ટ ફરમાવે તે રીતે ઠરાવીને જાણે તેનો હુકમનામામા સમાસ થયેલો હોય તેવી રીતે વસુલ કરી શકાશે

દ્રષ્ટાંત

અ એક મુફસલ માણસ એક ઘર બાંધે છે, જેથી બ ની હવેલી ન રહેવા લાયક થાય છે અ ને તુરંગમા કેદ કર્યા છતા અને તેની મીલકત જપ્ત કર્યા છતા તે સદરહુ ઘર પાડી નાખવા બાબત બ એ તેની ઉપર મેળવેલુ હુકમનામુ પાળવાને ના પાડે છે બ ની હવેલીની કીમતમા જે ઘટાડો થયો છે તે ઘટાડો અ ની મીલકત વેચવાથી જે રકમ વસુલ થશે તેથી પુરો થશે એમ કોર્ટને લાગતુ નથી બ સદરહુ ઘર પાડી નાખવા માટે કોર્ટને અરજી કરવાને એવી રીતે પાડી નાખવાનો ખરચ અ પાસેથી બજાવણી સંબંધી ચાલેલા કામમા વસુલ કરવાને મુખત્યાર છે

૩૩ (૧) કાનુન ૩૨ મા ગમે તે ઠરાવ્યુ હોય પણ, કોર્ટ લગ્નના હક પાછા મળવાનુ હુકમનામુ કરતી વખતે અથવા ત્યાર પછી કોઇપણ વખતે, એવો હુકમ કરવાને મુખત્યાર છે કે તુરંગમા કેદ કરીને હુકમનામું બજાવવુ નહિ (૨) જ્યારે કોર્ટે પેટા કાનુન (૧) ની રૂએ હુકમ કર્યો હોય અને હુકમનામાવાળી વહુ હોય તો કોર્ટ એવો હુકમ કરવાને મુખત્યાર છે કે આ અર્થે જે મુદત ઠરાવવામા આવે તે મુદતની અંદર તે

હુકમનામુ માનવામા ન આવે, તો હુકમનામાના દેણદારે હુકમનામાવાળાને વ્યાજની હોય એવી રકમ મુદતે મુદતે આપવી, અને જો પોતાને યોગ્ય લાગે તો તે એવો હુકમ કરવાને મુખત્યાર છે કે હુકમનામાના દેણદારે હુકમનામાવાળાને સદરહુ મુદતે મુદત આપવાની રકમના સબધમા કોરટની ખાત્રી થાય એવુ તારણ આપવુ (૩) પૈસા મુદતે મુદતે આપવા બદલ પેરા કાનુન (૨) ની રૂયે કરેલા કોઇ પણ હુકમમા પૈસા આપવાની મુદતમા ફેરફાર કરીને અથવા રકમમા ઘટાડો કરીને તેમા વખતે વખતે ફેરફાર કરવાને અથવા સુધારો કરવાને, અથવા ઉપર કહ્યા પ્રમાણે જે પૈસા આપવા બાબત હુકમ કર્યો હોય તે સઘળા પૈસાના સબધમા અથવા તેના કોઇ પણ ભાગના સબધમા તે હુકમ થોડા વખત સુધી મોકુફ કરવાને અને પોતાને યોગ્ય લાગે તેમ તે સર્વાશે અથવા થોડે અશે પાછો તાજો કરવાને કોરટ મુખત્યાર છે

(૪) આ કાનુનની રૂએ જે પૈસા આપવાનો હુકમ કર્યો હોય તે પૈસા, પૈસા આપવાના હુકમનામાની રૂએ આપવાના પૈસા હોય તે પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે

૩૪ [૧] જ્યારે કોઇ લેખ કરી આપવા બાબત, અથવા વેચાય એવા દસ્તાવેજ પાછળ શેરો કરી આપવા બાબત હુકમનામુ હોય, અને હુકમનામાનો દેણદાર હુકમનામામા ફરમાવ્યા પ્રમાણે કરવાને ગફલત કરે અથવા ના પાડે તો હુકમનામાવાળો હુકમનામાની સરતો પ્રમાણે લેખ અથવા શેરાનો મુસદો તૈયાર કરીને કોરટને આપવાને મુખત્યાર છે (૨) તે ઉપરથી, તે મુસદો તથા એક લેખી નોટીસ કોરટે હુકમનામાના દેણદારને પહોચાડવી; તે નોટીસમા મુદત ઠરાવીને એમ લખવુ કે તમારે તે મુસદા વિશે કઇ હરકતો લેવી હોય તો સદરહુ મુદતની દરમ્યાન લેવી (૩) જ્યારે હુકમનામાનો દેણદાર તે મુસદાના સબધમા હરકત લે, ત્યારે તેની હરકતો સદરહુ પ્રમાણે ઠરાવેલી મુદતની દરમ્યાન લખીને જણાવવી, અને કોરટે પોતાને યોગ્ય લાગે તેવો મુસદો જાહેર કરવા બાબતનો અથવા તેમા ફેરફાર કરવા બાબતનો હુકમ કરવો

(૪) વિદ્યમાનકાળે અમલમા હોય એવા કાયદા પ્રમાણે સ્ટાપ જોઇતો હોય તો યોગ્ય સ્ટાપવાળા કાગળ ઉપર તે મુસદામા જે કાંઈ ફેરફાર કરવાનુ કોરટે ફરમાવ્યુ હોય તે ફેરફાર કરીને તે મુસદાની એક નકલ કરીને તે હુકમનામાવાળાએ કોરટને આપવી જોઇએ અને સદરહુ રીતે આપેલા દસ્તાવેજ ઉપર જડજે અથવા તે કામને વાસ્તે નીમવામા આવે તે અમલદારે સહી કરવી (૫) આ કાનુનની રૂએ લેખ ઉપર સહી અથવા વેચાય એવા લેખ ઉપર શેરો નીચેના નમુના પ્રમાણે કરી શકાય એટલે—
"અ બ ઉપર ઇ ફ એ કરેલી ફરિયાદમા અ બ ની વતી ક ડ ની કોરટના જડજ (અથવા જે હોય તે પ્રમાણે)" અને જે પક્ષકારને લેખ કરી અથવા વેચાય એવા લેખ ઉપરનો શેરો કરી આપવા હુકમ કરેલો હોય, તેજ પક્ષકારે તે લેખ અથવા શેરો કરી આપ્યો હોય તે પ્રમાણે તે લેખ અથવા શેરો ગણાશે

(૬) સદરહુ દસ્તાવેજ વિદ્યમાનકાળે અમલમા હોય એવા કાયદા ઉપરથી નોધવાની જરૂર હોય તો અથવા હુકમનામાવાળો તે નોધાવવાને ઇચ્છતો હોય તો તે મુસદો અથવા નકલ કોરટે અથવા આ અરથે કોરટ નીમે એવા અમલદારે નોધાવવી, અને નોધવાનો ખરચ આપવા બાબત પોતાને યોગ્ય લાગે એવો હુકમ કરવાને તે મુખત્યાર છે

૩૫ (૧) કઈ સ્થાવર મિલકત સ્વાધીન કરવાનુ હુકમનામુ હોય ત્યારે તેનો કબજો જે પક્ષકારને આપવાનો ઠરાવ થયો હોય તે પક્ષકારને તે મિલકત સ્વાધીન કરવી, અથવા તે પક્ષકાર પોતાની વતી કબજો લેવાને જે સખસને નીમે તે સખસને તે સ્વાધીન કરવી, અને જરૂર પડે તો, જે સખસ તે મિલકત ખાલી કરવાને હુકમનામા પ્રમાણે બધાએલા છતા તેમ કરવાને ના પાડે તેને કહાડીને કબજો આપવો

(૨) સ્થાવર મિલકતનો સામાયિક કબજો આપવાનુ હુકમનામુ હોય ત્યારે તેવો કબજો તે મિલકતના કોઈ પ્રસિદ્ધ ભાગ ઉપર વારંટની એક નકલ ચોડીને અને હુકમનામાની મતલબ કોઇ પણ યોગ્ય જગાએ ડઢી પીટીને અથવા દસ્તુર પ્રમાણે બીજી રીતે જાહેર કરીને સ્વાધીન કરવો જોઇએ

(૩) કોઇ પણ ઇમારતો અથવા ઘેરી લીધેલી જગાનો કબજો સ્વાધીન કરવાનો હોય અને તે ઇમારત અથવા જગા જેના કબજામા હોય તે સખસ હુકમનામાથી બંધાયલા હોય તે છતા તે ઇમારતમા અથવા જગામા કોઇને બીના હરકતે જવા ન દે, ત્યારે કોર્ટ પોતાના અમલદારોની મારફત, દેશના રિવાજ પ્રમાણે

લોકોમાં બહાર દેખાતી ન હોય એવી કોઇ પણ સ્ત્રીને ત્યાંથી જતા રહેવાની વાજબી સુચના તથા સવડ કરી આપ્યા પછી, કોઇ પણ તાળું ઉઘાડવાને અથવા આગળીઓ કહાડવાને અથવા કોઇ પણ બારણું ઉઘાડવાને અથવા હુકમનામાવાળાને કબજો આપવા સારૂ જરૂર હોય એવું બીજું કોઇપણ કૃત્ય કરવાને મુખત્યાર છે

૩૬ ભાડુતના ભોગવટામાંની અથવા જેને મિલકતનો ભોગવટો રાખવાનો હકક હોય અને તે ભોગવટો રાખવાનો હકક છોડી દેવાને હુકમનામા ઉપરથી બંધાએલો ન હોય તેવા બીજા સખસના કબજામાંની કોઇ સ્થાવર મિલકત સ્વાધીન કરવાનું હુકમનામું હોય ત્યારે તે સ્વાધીન કરવાનો કોર્ટે હુકમ કરવો, તે એવી રીતે કે–તે મિલકત ઉપર કોઇ પ્રસિદ્ધ ઠેકાણે વારંટની એક નકલ ચોઢી, અને કોઇ સોઇવાર ઠેકાણે ડાંડી પીટીને અથવા દસ્તુર પ્રમાણે બીજી રીતે, તે મિલકત સંબંધી હુકમનામાની મતલબ ભોગવટો કરનારને પ્રસિદ્ધ કરી

પકડવા વિશે તથા દિવાની તુરંગમાં કેદ કરવા વિશે

૩૭ (૧) આ કાનુનોમાં ગમે તે મજકુર હોય તોપણ, જ્યારે દરખાસ્ત, હુકમનામાના દેણદારને પકડીને તથા દિવાની તુરંગમાં કેદ કરીને પૈસા આપવાના હુકમનામાની બજાવણી બાબત હોય તથા તે મુજબ સદરહુ દેણદાર પકડવાને પાત્ર હોય, ત્યારે સદરહુ માણસને પકડવાનું વારંટ કાઢવાને બદલે, કોર્ટે તેના ઉપર એક નોટીસ કાઢીને એમ ફરમાવવાને મુખત્યાર છે કે તે નોટીસમાં નિર્દિષ્ટ કરેલી તારીખે તેણે કોર્ટની રૂબરૂ હાજર થઇને હુકમનામાની બજાવણીમાં તેને દિવાની તુરંગમાં શા માટે મોકલવો નહિ તેનું કારણ બતાવવું

(૨) સદરહુ નોટીસ પ્રમાણે હુકમનામાનો દેણદાર હાજર નહિ થાય, તો કોર્ટે હુકમનામાવાળો તેમ કહે તો તેને પકડવાનું વારંટ કાઢવું

૩૮ હુકમનામાના દેણદારને પકડવાના પ્રત્યેક વારંટમાં તે વારંટ બજાવવાને જે અમલદારને સોંપ્યું હોય તેને એવું ફરમાવવું કે—જે રકમ આપવાનો હુકમનામાના દેણદારને હુકમ થયો છે તે રકમ, તથા તેનું જે વ્યાજ ને ખરચ (હોય તો) આપવાને તે જવાબદાર હોય તે જલદી ભરવામાં ન આવે તો, જેટલી બને તેટલી ઉતાવળથી હુકમનામાના દેણદારને કોરટની રૂબરૂ આણવો

૩૯ (૧) હુકમનામાના દેણદારને કેદ કર્યો હોય ત્યારથી તેને કોર્ટની રૂબરૂ આણી શકાય ત્યાં સુધીની તેની ખોરાકી સારૂ જડજને જે રકમ બસ લાગે તે રકમ હુકમનામાવાળો કોરટમાં ભરે નહીં તો અને ભરે નહીં ત્યાં સુધી હુકમનામાની બજાવણીમાં કોઇ હુકમનામાના દેણદારને પકડવો નહી

(૨) હુકમનામું બજાવવામાં હુકમનામાના દેણદારને દીવાની તુરંગમાં મોકલવામાં આવે ત્યારે ૫૭ મી કલમની રૂએ ઠરાવેલા દર પ્રમાણે જેટલી માસિક રકમ મળવાને તે યોગ્ય હોય તેટલી માસીક રકમ અથવા તેવા દર ઠરાવવામાં ન આવ્યા હોય તો જે વર્ગમાં તે હોય તે વર્ગને વાસ્તે કોરટને બસ લાગે તેટલી રકમ તેની ખોરાકી બદલ કોરટે ઠરાવવી (૩) જે પક્ષકારની અરજ ઉપરથી હુકમનામાના દેણદારને કેદ કર્યો હોય તે પક્ષકારે દરેક મહિનાની પહેલી તારીખ પહેલાં કોરટે ઠરાવેલી માસિક રકમ માસિક ભરણું કરીને અગાઉથી આપવી

(૪) પહેલું ભરણું ચાલુ માસના જેટલા દિવસ બાકી રહ્યા હોય તેટલા દિવસને માટે હુકમનામાના દેણદારને તુરંગમાં મોકલ્યા પહેલાં કોરટના યોગ્ય અમલદારને કરવું અને ત્યારપછીનાં કોઇ ભરણાં (જો હોય તો) જે અમલદારને સ્વાધીન તુરંગમાં હોય તેને કરવાં (૫) તુરંગમાં હોય તેવા હુકમનામાના દેણદારની ખોરાકી સારૂ હુકમનામાવાળાએ જે રકમો આપી હોય તે ફરિયાદનું ખરચ ગણાશે પરંતુ તે આપેલી કોઇ રકમને વાસ્તે હુકમનામાના દેણદારને તુરંગમાં રખાશે નહિ અથવા પકડાશે નહિ

૪૦ [૧) જ્યારે હુકમનામામાના દેણદાર કાનુન ૩૭ ની રૂએ કાઢેલી નોટીસ મુજબ કોર્ટની રૂબરૂ હાજર થાય અથવા કોઇ હુકમનામાના દેણદારને પૈસા આપવાના હુકમનામાની બજાવણીમાં પકડયા પછી કોર્ટમાં આણ્યો હોય, અને હુકમનામાનો દેણદાર ગરીબાઇને લીધે અથવા બીજાં પુરતાં કારણોને લીધે હુકમનામાની રકમ આપવાને અથવા તે રકમ હપતે હપતે આપવાની હોય તે બાબતમાં, તે હુકમનામાના કોઈ પણ હપતાની રકમ આપવાને અશક્ત છે એમ કોર્ટને લાગે ત્યારે, સદરહુ કોર્ટ પોતાને યોગ્ય લાગે તેવી કોઇ પણ સરતોએ, તેને પકડવાની તથા કેદમાં રાખવાની દરખાસ્ત નામંજુર કરવાને, અથવા તેને છોડી મુકવાને હુકમ કરવાને મુખત્યાર છે (૨) પેટા કાનુન (૧) મુજબ હુકમ કરવાની આગમજ નિચે લખેલી

બાબતોમાની કોઇ પણ બાબત સબંધી હુકમનામાવાળાની કહેલી હુકમ કરવાની આગમજ નીચે લખેલી બાબતોમાની કોઇ પણ બાબત સબંધી હુકમનામાવાળાની કહેલી હકીકત ધ્યાનમા લેવાનો કોર્ટને અધિકાર છે, એટલે.—

(અ) જે નાણા સારૂ હુકમનામાનો દેણદાર ભરોસાના સબધને લીધે હિસાબ આપવાને બધાએલો છે તે નાણા માટે તે હુકમનામુ છે, (બ) જે ફરિયાદમા હુકમનામુ થયુ હોય તે ફરિયાદ માડયાની તારીખ પછીથી હુકમનામાના દેણદારે તે હુકમનામાની બજાવણીમા હુકમનામાવાળાને હરકત કરવાના અથવા ઢીલ થાય એવી રીતે, પોતાની મિલકતમાનો કોઇ પણ ભાગ બીજાને નામે કરી આપેલો છે, અથવા છુપાવેલો છે, અથવા ખસેડેલો છે અથવા સદરહુ તારીખ પછીથી પોતાની મિલકતના સબધમા પોતે કુબુદ્ધિનુ કાઇ પણ બીજુ કૃત્ય કરેલુ છે (ક) હુકમનામાના દેણદારે પોતાના બીજા લેણદારોમાના કોઇ એક લેણદારને કઇ પણ અયોગ્ય લક્ષ્ય આપ્યુ છે, (ડ) હુકમનામાની રકમ અથવા તેનો કોઇ પણ ભાગ આપવાને તેની પાસે સાધન છતા અથવા હુકમનામુ થયુ ત્યારથી તે આપવાને તેની પાસે સાધન મળી આવ્યા છતા તે આપવાને હુકમનામાના દેણદારે ના પાડી છે અથવા તે આપવામા તેણે ગફલત કરી છે

(ઇ) હુકમનામાની બજાવણી કરવામા હુકમનામાવાળાને હરકત કરવાના અથવા ઢીલ કરવાના હેતુથી અથવા હરકત અથવા ઢીલ થાય એવી રીતે હુકમનામાનો દેણદાર નાસી જશે અથવા તે કોર્ટની હકુમત છોડી દેશે એવો સભવ છે

(૩) પેટા કાનુન (૨) મા કહેલી બાબતોમાની કોઇ પણ બાબત વિશે વિચાર ચાલતો હોય તે વખતે, કોર્ટ પોતાની નજરમા આવે તો, હુકમનામાના દેણદારને દિવાની તુરગમા અટકાવી રાખવાના હુકમ કરવાને, અથવા કોર્ટના અમલદારના પહેરામા તેને રાખવાને, અથવા કોર્ટને જરૂર હોય ત્યારે હાજર થઇશ એવી રીતના કોર્ટના ખાત્રી લાયક જામીન તે આપે તો તે લઇને તેને છોડી મુકવાને મુખત્યાર છે

(૪) આ કાનુન મુજબ છોડી મુકેલા હુકમનામાના દેણદારને ફરીથી પકડી શકાય

(૫) પેટા કાનુન (૧) ની રૂયે કોર્ટ હુકમ ન કરે, ત્યારે હુકમનામાના દેણદારને પ્રથમથી પકડવામા આવ્યો ન હોય તો તેને તે કોર્ટે પકડાવવો, અને આ કાયદાના બીજા ઠરાવોને પાત્ર રહીને, તેને દિવાની તુરગમા મોકલવો

મિલકતની જપ્તી

૪૧ જ્યારે હુકમનામુ પૈસાની રકમ ભરવા સારૂ હોય ત્યારે, હુકમનામાવાળાનુ કઇ કરજ આપવાનુ છે કે કેમ અથવા કેટલુ કરજ આપવાનુ છે તથા હુકમનામાના દેણદારની કઇ બીજી મિલકત છે કે કેમ અથવા હુકમનામુ ભરપાઇ કરવાનુ બીજુ કઇ સાધન છે કે કેમ અને બીજી મીલકત તથા સાધન કયા કયા છે તે બાબત (અ) હુકમનામાના દેણદારની, અથવા (બ) કોરપોરેશનના સબધમા તેના કોઇ અમલદારની, અથવા (ક) બીજા કોઇ સખસની, મોહોડાની જબાની લેવાનો હુકમ કરવા સારૂ કોર્ટને અરજી કરવાનો અધિકાર હુકમનામાવાળાને છે, તથા એવા હુકમનામાના દેણદારને અથવા એવા અમલદારને અથવા બીજા સખસને હાજર રહેવાનો તથા તેની જુબાની લેવાનો તથા કોઇ પણ ચોપડા અથવા દસ્તાવેજો હાજર કરવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૪૨ ભાડાની અથવા દરમ્યાનની ઉપજની અથવા બીજી કોઇ બાબતની ચોકસી કરવાનુ હુકમનામામા ફરમાવ્યુ હોય, ત્યારે પૈસાની કેટલી રકમ તેણે આપવી એ નક્કી થયા પહેલા, પૈસા બાબતના સાધારણ હુકમનામાની પેઠે, તેની મિલકત જપ્ત કરી શકાય

૪૩ જ્યારે જપ્ત કરવાની મીલકત કોઇ હુકમનામાના દેણદારના કબજામાની ખેતીવાડીના ઉત્પન્ન સિવાયની જગમ મિલકત હોય ત્યારે, ખરેખરો કબજો લેઇને તેની જપ્તી કરવી, અને જપ્તી કરનાર અમલદારે તે મિલકત પોતાનીજ સભાળમા અથવા પોતાના હાથ નીચેના કોઇ સખસની સભાળમા રાખવી, અને તેની યોગ્ય સંભાળને માટે તે જવાબદાર થશે, પરતુ કબજે લીધેલી મિલકત જલદીથી અને સ્વાભાવિક રીતે આપોઆપ બગડી જાય એવી હોય અથવા તેને સભાળવાનુ ખરચ તેની કિમત કરતા કદાચ વધારે થાય તેમ હોય, ત્યારે તે એકદમ વેચી નાખવાને તે જપ્તી કરનાર અમલદાર મુખત્યાર છે

૪૪ (૧) જપ્ત કરવાની મિલકત ખેતીનુ ઉત્પન્ન હોય, ત્યારે જમીનના વારંટની એક નકલ,—

(અ) એવુ ઉત્પન્ન ઉગતો પાક હોય તે પ્રસંગે, જે જમીનમાં તે પાક હોય તે ઉપર અથવા (બ) એવુ ઉત્પન્ન કાપીને એકઠુ કર્યું હોય તે પ્રસગે, જે ખળામા અથવા અનાજના પાર નાખવાની અથવા તેના જેવી જે જગામા અથવા ઘાસ ભરવાની જે જગામા અથવા જગા ઉપર તે ઉત્પન્ન મુકયુ હોય તે જગામા અથવા તે જગા ઉપર ચોહોડીને, અને બીજી એક નકલ હુકમનામાનો દેણદાર જે ઘરમા હરહમેશ રહેતો હોય તે ઘરના બહારના બારણા ઉપર અથવા કોઈ બીજા પ્રસિદ્ધ ભાગ ઉપર, અથવા, કોર્ટની પરવાનગી લઇને, જે ઘરમા તે કામ ધધો કરતો હોય અથવા કમાઇ સારૂ જાતે કામ કરતો હોય અથવા જ્યા તે છેલ્લો ગયાનુ અથવા કમાઈ સારૂ જાતે કામ કર્યાનુ માલમ પડ્યુ હોય તે ઘરના બહારના બારણા ઉપર અથવા બીજા કોઇ પ્રસિદ્ધ ભાગ ઉપર ચોહોડીને જપ્તી કરવી, અને પછી તે ઉત્પન્ન કોર્ટના તાબામા ગયું છે એમ સમજવુ જોઇએ

૪૫ (૧) જ્યારે ખેતીનુ ઉત્પન્ન જપ્ત કર્યું હોય, ત્યારે, કોર્ટે તેની રખેવાળી સારૂ પોતાને પુરતી લાગે તે તજવીજ કરવી જોઇએ, અને એવી તજવીજ કોર્ટ કરી શકે તેટલા સારૂ ઉભો પાક જપ્ત કરવા બાબતની દરેક અરજીમા તે પાક કઇ વખતે લણવામા અથવા એકઠો કરવામા આવવાનો સંભવ છે તે લખવુ જોઇએ (૨) જપ્તીના હુકમમા અથવા પછીના કોઇ પણ હુકમમા આ અર્થે કોર્ટ જે સરતો ઠરાવે તે સરતોને પાત્ર રહીને, હુકમનામાનો દેણદાર સદરહુ ઉત્પન્નની રખેવાળી કરવાને, તે લણવાને, એકઠુ કરવાને તથા ભરવાને અને તે પકવવા સારૂ અથવા તેનુ જતન કરવા સારૂ જરૂરનુ બીજુ કોઈપણ કામ કરવાને મુખત્યાર છે, અને જો હુકમનામાનો દેણદાર એવા સઘળા કામ અથવા તેમાનુ કોઇપણ કામ કરવામા કસુર કરશે તો હુકમનામાવાળો કોર્ટની પરવાનગીથી તથા તેવાજ પ્રકારની સરતોને પાત્ર રહીને, સઘળા કામ અથવા તેમાનુ કોઈપણ કામ પોતે જાતે અથવા આ અર્થે જે કોઈ સખસને તે નીમે તે સખસની મારફત કરવાને મુખત્યાર છે, અને હુકમનામાવાળાએ કરેલો ખરચ જાણે તેનો હુકમનામામા સમાસ થતો હોય અથવા તેનો ભાગ હોય તે રીતે હુકમનામાના દેણદાર પાસેથી વસુલ કરી શકાશે

(૩) ઉભા પાક તરીકે જપ્ત કરેલું ખેતીનુ ઉત્પન્ન ફક્ત કાપીને જમીનથી જુદુ પાડયુ હોય તેટલાજ કારણ ઉપરથી તે જપ્તીમા નથી અથવા તેને ફરીથી જપ્ત કરવાની જરૂર છે એમ સમજવુ નહિ

(૪) ઉભો પાક જપ્ત કરવાનો હુકમ, તે પાક જે વખતે લણવામા અથવા એકઠો કરવામા આવવાનો સભવ હોય તે વખત પહેલા ઘણી મુદ્દત આગમચ કરવામા આવ્યો હોય, ત્યારે કોર્ટ પોતાને યોગ્ય લાગે તે મુદ્દત સુધી તે હુકમ બજાવવાનુ કામ તહકુબ રાખવાને મુખત્યાર છે, અને પોતાની નજરમા આવે તો જપ્તીના હુકમની બજાવણી થાય ત્યા સુધી તે પાક ત્યાથી લઇ જવાની મનાઇનો બીજો હુકમ કરવાને મુખત્યાર છે (૫) જે ઉભો પાક, તેની જાતને લીધે, ભરવાજોગ ન હોય તે, જે વખતે તે લણવા અથવા એકઠો કરવા જોગ થવાનો સભવ હોય તે વખત અગાઉ વીસ દીવસ કરતાં વધારે લાબી કોઇપણ મુદ્દતે આ કાનુનની રૂએ જપ્ત કરવો નહી

૪૬ (૧) હેઠળ લખેલી બાબતોમા, એટલે—

(અ) વેચી શકાય એવા લેખ ઉપર ન હોય તેવુ લહેણુ હોય, (બ) કોઇ કૉરપોરેશનના ભડોળના શેર હોય, (ક) કોઇ કોર્ટમા અથવા કોર્ટની સભાળ તળે રાખેલી મિલકત શિવાયની, હુકમનામાના દેણદારના કબજામા ન હોય તેવી બીજી જગમ મિલકત હોય ત્યારે લખેલી મનાઇ કરીને જપ્તી કરવી, અને તે મનાઇ હુકમમા નીચે પ્રમાણે લખવુ એટલે (૧) લેહેણુ હોય ત્યારે, કોર્ટનો બીજો હુકમ થતા સુધી દેણદારે આપવુ નહી તથા લેહેણદારે તે લેવુ નહિ, [૨] શેર હોય ત્યારે, જે સખસના નામ ઉપર તે શેર ચાલતો હોય તે સખસે શેર બીજાના નામ ઉપર ચઢાવી આપવો નહી, અથવા તે ઉપર નફાનો ફાળો (ડીવીડન્ડ) લેવો નહિ (૩) સદરહુ બાતલ કર્યા શિવાયની બીજી જગમ મિલકત હોય ત્યારે તે જેના કબજામા હોય તે સખસે તે મિલકત હુકમનામાના દેણદારને આપવી નહિ

(૨) તે મનાઇના હુકમની એક નકલ કોર્ટના મકાનમા કોઇ પ્રસિદ્ધ ઠેકાણે ચોઢવી, અને તેની એક બીજી નકલ લેહેણાની બાબતમા દેણદારને મોકલવી, શેરની બાબતમા કપની અથવા કોરપોરેશનના યોગ્ય

અમલદારને મોકલવી, અને (સદરહુ પ્રમાણે બાતલ કરી છે તે શિવાયની) બીજી જંગમ મિલકતની બાબતમા જે સખસના કબજામા હોય તે સખસને મોકલવી

(૩) પેટા કાનુન [૧] ની રકમ (૧) પ્રમાણે જેને મનાઈ થઇ હોય તે દેણદાર પોતાનુ દેવુ કોર્ટમા ભરી શકે, અને તે પ્રમાણે ભર્યું એટલે તે લેવાને હકદાર સખસને આપવાથી તેનો જેવી રીતે છુટકો થાત, તેવો છુટકો થશે

૪૭ જ્યારે જપ્ત કરવાની મિલકત, હુકમનામાના દેણદારની તથા બીજાની સહમાલકીની જંગમ મિલકતમા તે હુકમનામાના દેણદારને હિસ્સો અથવા હિતસબંધ હોય, ત્યારે તેની જપ્તી હુકમનામાના દેણદારને નોટીસ આપીને કરવી અને તે નોટીસમા તેને ફરમાવવુ કે તમારે તે હિસ્સો અથવા હિતસબંધ બીજાને નામે કરી આપવો નહિ અથવા તેના ઉપર કોઇપણ રીતે બોજો નાખવો નહિ

૪૮ (૧) જ્યારે જપ્ત કરવાની મિલકત સરકારી અમલદારનો અથવા રેલવે કે સ્થાનિક અધિકારીના નોકરોનો પગાર અથવા નિમણુક હોય ત્યારે, હુકમનામાનો દેણદાર અથવા પગાર આપનાર અમલદાર કોર્ટની સ્થાનિક હકુમતમા હોય અથવા ન હોય તોપણ, કોર્ટ એવો હુકમ કરવાને મુખત્યાર છે કે કલમ ૬૦ ના ઠરાવોને પાત્ર, એવા પગારમાથી અથવા નિમણુકમાથી કોર્ટ હુકમ કરે તે પ્રમાણે એકી વખતે અથવા માસિક હપ્તે તે રકમ કાપી લેવી, અને એવા હુકમની નોટીસ સરકાર આ સબંધમા, પ્રસંગ પ્રમાણે, ઈંડિયા ગેઝીટમા અથવા સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેરનામાદ્વારા જે અમલદારને નીમે તેને મળ્યા પછી સદરહુ પ્રકારના પગાર અથવા નિમણુક આપવાનુ જે અમલદારનુ અથવા બીજા સખસનુ કામ હોય, તેણે પ્રસંગ પ્રમાણે તે હુકમ પ્રમાણે નીકળતી રકમ અથવા માસિક હપતા કાપી લઇને કોર્ટને મોકલવા જોઇએ (૨) જ્યારે એવા પગારનો અથવા એવી નીમણુક જપ્ત કરવા જોગ ભાગ એકાદ અગાડીના તથા ભરપાઇ ન થએલા જપ્તીના હુકમની રૂયે અગાડીથીજ કાપી લઇને કોર્ટને મોકલવામા આવતો હોય ત્યારે આ અર્થે સરકારે નિમેલા અમલદારે તે પછીનો હુકમ તે કરનારી કોર્ટને તાબડતોબ પાછો મોકલવો તથા તેની સાથે અમલમા હોય એવી જપ્તીની સઘળી તપસીલ મોકલવી જોઇએ

(૩) આ કાનુનની રૂએ કરેલો દરેક હુકમ, પેટા કાનુન (૨) ના ઠરાવોની રૂએ પાછો મોકલવામા ન આવ્યો હોય તો તે બીજી નોટીસ અથવા પ્રોસેસ શિવાય, પ્રસંગ પ્રમાણે સરકાર અથવા રેલવે કંપની અથવા સ્થાનિક અધિકારી ઉપર, તે હુકમનામાનો દેણદાર આ કાયદો જે સ્થાનિક હદમા તે તે વખતે લાગુ હોય તે હદની અંદર હોય ત્યા સુધી, અને તે એવી હદની બહાર હોય પણ જો તેને મલિક મુઆઝમના હિંદુસ્તાનના મહેસુલમાથી અથવા બ્રિટીશ હિંદુસ્તાનના કોઈ પણ ભાગમા કામ કરતી રેલવે કંપનીના ફંડમાથી અથવા બ્રિટીશ હિંદુસ્તાનના સ્થાનિક અધિકારીના ફંડમા અપાતો પગાર અથવા નિમણુક મળતી હોય તો બંધન કર્તા થશે, અને આ કાનુનનુ ઉલ્લંઘન કરીને જે કોઇ પણ રકમ આપવામા આવશે તે બાબત પ્રસંગ પ્રમાણે સરકાર અથવા રેલ્વે કંપની અથવા સ્થાનિક અધિકારી જવાબદાર ગણાશે

૪૯ (૧) આ કાનુનમા બીજી રીતે ઠરાવ્યુ છે તે શિવાયને પ્રસંગે પત્યાળાની માલકીની મિલકત તે પત્યાળાની પેઢી ઉપર અથવા તે પેઢીના ભાગીદારો ઉપર એવા ભાગીદારો તરીકે કરેલા હુકમનામા શિવાય બીજા હુકમનામાની બજાવણીમા જપ્ત કરવી અથવા વેચવી નહિ

(૨) એકાદા ભાગીદાર વિરૂદ્ધના હુકમનામાવાળાની દરખાસ્ત ઉપરથી તે ભાગીદારના પત્યાળાની મિલકતમાના તથા નફામાના હિતસબંધપર તે હુકમનામાની રકમ આપવાનો બોજો રાખવાનો હુકમ કરવાને અને તેજ અથવા તે પછીના હુકમમા, (અગાડીથીજ જાહેર કરેલા અથવા નિકળતા) નફાના તે ભાગીદારના હિસ્સાના સબંધમા તથા તે પત્યાળાના સબંધમા તેને જે કાંઇ પણ બીજા પૈસા મળતા હોય તેના સબંધમા વસુલ નિમવાને અને એવા ભાગીદારે તે હુકમનામાવાળાના લાભમા બોજો રાખ્યો હોય તો જેવા હિસાબ આપવાનુ તથા જેવી ચોકશી કરવાનુ ફરમાવવામા આવત તથા સદરહુ હક્ક સબંધ વેચવાનો હુકમ અથવા બીજા હુકમો કરવામા આવત તેવા હિસાબ આપવા બાબત તથા તેવી ચોકશી કરવા બાબત ફરમાવવાને તથા તેવા બીજા હુકમ કરવાને અથવા તે પ્રકરણની હકીકત જોતા જરૂર હોય તેવા હુકમ કરવાને

મુખત્યાર છે (૩) બીજા ભાગીદારો કોઇ પણ વખતે સદરહુ પ્રમાણે ઓળખાવાળો હિતસબંધ છોડવાને અથવા તે હિતસબંધ વેચવાનો હુકમ કરવામા આવ્યો હોય તે પ્રસગે તે વેચાતો લેવાને મુખત્યાર છે

(૪) પેટા કાનુન (૨) ની રૂએ હુકમ થવા સારૂ કરેલી દરેક અરજી હુકમનામાના દેણદાર ઉપર તથા તેના ભાગીદારો ઉપર અથવા તેઓ પૈકી જે ભાગીદાર બ્રિટિશ હિંદુસ્તાનમા હોય તે ભાગીદાર ઉપર પહોચાડવી જોઇએ, (૫) હુકમનામાના દેણદારના કોઇ પણ ભાગીદારે પેટા કાનુન (૩) ની રૂએ કરેલી દરેક અરજી હુકમનામુ ધારણ કરનાર ઉપર અને હુકમનામાના દેણદાર ઉપર અને જો બીજા ભાગીદારો તે અરજીમા સામીલ થયા ન હોય અને બ્રિટીશ હિંદુસ્તાનમા હોય તે ભાગીદારો ઉપર પહોચાડવી જોઇએ

(૬) પેટા કાનુન (૪) અથવા (૫) ની રૂયે અરજી પહોચાડયાથી તે સઘળા ભાગીદારોને પહોચાડી એમ સમજવુ જોઇએ, અને એવી અરજી ઉપર કરેલા સઘળા હુકમો એજ પ્રમાણે પહોચાડવા જોઇએ

૫૦ (૧) જ્યારે હુકમનામુ એકાદી પેઢી વિરૂદ્ધ થયુ હોય ત્યારે બજાવણીનો હુકમ —

(અ) પત્યાળાની કોઇપણ મિલકત ઉપર, (બ) જે કોઇ પણ સખસ ૩૦ મા ઓર્ડરની ૬ ઠી અથવા ૭ મી કાનુન મુજબ પોતાને નામે હાજર થયો હોય અથવા જેણે પોતે ભાગીદાર હોવા બાબત પ્લીડીગ ઉપરથી કબુલ કર્યું હશે અથવા જેને ભાગીદાર ઠરાવ્યો હશે તે સખસ ઉપર, [ક] જે કોઈ પણ સખસ ઉપર ભાગીદાર તરીકે જુદો સમન બજાવ્યો હોય અને જે હાજર થયો હોય તે સખસ ઉપર આપવાનો અધિકાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે આ પેટા કલમ માહેના કોઇ પણ મજકુર ઉપરથી, સને ૧૭૮૨ ના હિંદુસ્તાનના કરાર બાબતના આકટની ૨૪૭ મી કલમના ઠરાવ મર્યાદિત થાય છે અથવા તેને બાધ આવે છે એમ સમજવુ નહિ

(૨) જ્યારે હુકમનામાવાળો, પેટા કાનુન (૧), રકમો [બ] તથા [ક] મા કહેલા પ્રકારના સખસ સિવાયનો બીજો કોઇ પણ સખસ સદરહુ પેઢીમા ભાગીદાર હોવાને લીધે તેના ઉપર હુકમનામુ બજાવવાનો મને હક છે એમ કહે ત્યારે તેને હુકમનામુ કરનારી કોર્ટને પરવાનગી મળવા માટે અરજી કરવાનો અધિકાર છે એને તે કોર્ટ જવાબદારી બાબત તકરાર કરી ન હોય ત્યારે દાવાના કોઇ પણ મુદ્દાનો જે રીતે ઈન્સાફ કરીને નીકાલ કરી શકાય તેવી રીતે એવા સખસની જવાબદારી બાબત ઇન્સાફ કરીને નીકાલ કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે (૩) જ્યારે કોઇ પણ સખસની જવાબદારીનો પેટા કાનુન (૨) મુજબ ઇન્સાફ કરીને નીકાલ કર્યો હોય ત્યારે તેના ઉપર કરેલા હુકમનો હુકમનામા પ્રમાણે અમલ થશે, અને તે હુકમ હુકમનામા પ્રમાણેજ અપીલ સબધી અથવા બીજી બાબતો સબધી શરતોને પાત્ર થશે

(૪) પત્યાળાની કોઇ પણ મિલકત વિરૂદ્ધ થએલુ હુકમનામુ બાદ કરતા એકાદી પેઢી વિરૂદ્ધ થયેલા હુકમનામા ઉપરથી તેમાના કોઇ પણ ભાગીદાર ઉપર હાજર થઇને જવાબ દેવાનો સમન બજાવ્યો ન હોય તો, તે ભાગીદાર રૂણમુક્ત થાય છે કે જવાબદાર થાય છે એમ અથવા તે હુકમનામુ તેને બીજી કોઇ રીતે લાગુ પડે છે એમ સમજવુ નહિ

૫૧ જ્યારે મિલકતમા કોર્ટમા અનામત ન મુકલો હોય અથવા સરકારી અમલદારના કબજામા ન હોય, એવો વેચાય એવો લેખ હોય ત્યારે ખરેખર કબજો લેઇને તે જપ્ત કરવો, અને તે લેખ કોર્ટમા આણવો તથા કોર્ટનો બીજો હુકમ થાય તે પ્રમાણે તજવીજ કરવા સારૂ તે રાખવો

૫૨ જ્યારે જપ્ત કરવાની મિલકત કોઇ કોર્ટના અથવા સરકારી અમલદારના કબજામા હોય, ત્યારે તે કોર્ટ અથવા અમલદારને નોટીસ આપીને જપ્તી કરવી, તે નોટીસમા નોટીસ કરનાર કોર્ટે એમ લખવુ કે અમારો બીજો હુકમ થાય તે પ્રમાણે તે મિલકતની અથવા તે ઉપર કઇ વ્યાજ કે ડીવીડેન્ડ આપવાના થાય તેની તજવીજ કરવાને તે આપના પાસે રાખશો —

પરતુ જ્યારે એવી મિલકત કોઇ કોર્ટના કબજામા હોય ત્યારે, અસાઇન કર્યાના સબબથી જપ્ત કર્યાના સબબથી, અથવા બીજા કાઇ સબબથી હુકમનામાના દેણદાર શિવાય બીજો કોઇ સખસ તે મિલકતમા પોતાનો હક્ક સબધ છે એમ કહે, અને તે સખસ તથા હુકમનામાવાળો એ બેની વચ્ચે તે મિલકતમાં • માલકીના હક વિષે અથવા પહેલો હક્ક કોનો છે એ વિષે તકરાર ઉઠે ત્યારે તેનો નિવેડો કોર્ટ કરશે

૫૩ (૧) જપ્ત કરવાની મિલકત પૈસા આપવાનુ અથવા ગીરો અથવા બોજો અમલમા આણવા સારૂ વેચાણ કરવા બાબતનું હુકમનામુ હોય, ત્યારે જપ્તી કરવી તે હેઠળ લખ્યા પ્રમાણે કરવી, એટલે—

(અ) તે હુકમનામા એકજ કોર્ટે કર્યા હોય તો તે કોર્ટના હુકમ ઉપરથી કરવી અને (બ) જે હુકમનામુ જપ્ત કરવાનો પ્રયત્ન હશે તે હુકમનામુ બીજી કોર્ટે કર્યું હોય તો, જે હુકમનામું બજાવવાના પ્રયત્ન હોય તે હુકમનામુ કરનારી કોર્ટે, તે બીજી કોર્ટને લેખી નોટીસ આપીને તે નોટીસમા—

[૧] જે હુકમનામુ બજાવવાનો યત્ન હોય તે હુકમનામુ કરનારી કોર્ટે નોટીસ રદ કરે અને તે રદ કરે ત્યા સુધી અથવા (૨) જે હુકમનામુ બજાવવાનો યત્ન હોય તે હુકમનામાવાળો અથવા તેનો હુકમનામાનો દેણદાર, નોટીસ મળે તે કોર્ટે કરેલુ હુકમનામુ બજાવવાની દરખાસ્ત નોટીસ મળે તે કોર્ટને ન કરે તો અને તે કરે ત્યા સુધી, તે બીજી કોર્ટે પોતાનું હુકમનામુ તહકુબ કરવુ એવી વિનતી કરવી જોઇએ

[૨] જ્યારે એકાદી કોર્ટ પેટા કાનુન (૧) ની રકમ (અ) ની રૂયે હુકમ કરે અથવા તેને તે પેટા કાનુનની રકમ (બ) ની પેટા રકમ (૨) મુજબની દરખાસ્ત મળે, ત્યારે તેણે હુકમનામુ જપ્ત કરનાર લેણદારની અથવા તેના હુકમનામાના દેણદારની દરખાસ્ત મળે ત્યારે જપ્ત કરેલુ હુકમનામુ બજાવવાનુ કામ ચલાવવુ અને તેથી જે ઉપજે તે, જે હુકમનામુ બજાવવાનો યત્ન હોય તે હુકમનામુ પુરૂ કરવામા કામે લગાડવુ (૩) પેટા કાનુન [૧] મા જણાવેલા પ્રકારનુ બીજુ કોઇપણ હુકમનામુ જપ્ત કરીને જે હુકમનામુ બજાવવાનો યત્ન હોય તે હુકમનામાવાળો જપ્ત કરેલા હુકમનામાવાળાનો વારસ વકીલ છે અને એવુ જપ્ત કરેલુ હુકમનામુ તેનો ધારણ કરનાર જે કોઇ પણ કાયદેસર રીતે બજાવી શકે તે રીતે તે બજાવવાનો તેને હક છે એમ સમજવુ (૪) હુકમનામાની બજાવણીમા જપ્ત કરવાની મિલકત, પેટા કાનુન (૧) મા કહેલા પ્રકારના હુકમનામા શિવાય બીજુ કઇ હુકમનામુ હોય ત્યારે, જે હુકમનામુ બજાવવાનો યત્ન હોય તે હુકમનામુ કરનારી કોર્ટે જે હુકમનામુ જપ્ત કરવાનો યત્ન હોય તે હુકમનામાવાળાને લેખી નોટીસ આપીને જપ્તી કરવી તે નોટીસમા તેને એવી મનાઇ કરવી કે સદર હુકમનામુ તમારે બીજાને નામે કરી આપવુ નહી, અથવા તેના ઉપર કાઇ પ્રકારનો બોજો નાખવો નહી, અને તે હુકમનામુ કોઇ બીજી કોર્ટે કર્યુ હોય ત્યારે, જે હુકમનામુ જપ્ત કરવાનો યત્ન હોય તે હુકમનામુ, તે નોટીસ મોકલનારી કોર્ટ તે રદ કરે ત્યાસુધી તમારે બજાવવુ નહી એવી નોટીસ તે બીજી કોર્ટને પણ મોકલવી

(૫) આ કાનુન પ્રમાણે જપ્ત થએલા હુકમનામાના ધારણ કરનારાએ, એવુ હુકમનામુ બજાવનારી કોર્ટને વાજબી રીતે જોઈએ તે માહિતી અને મદદ આપવી. (૬) બીજુ હુકમનામુ જપ્ત કરીને જે હુકમનામુ બજાવવાનો યત્ન હોય તે હુકમનામાવાળાની દરખાસ્ત ઉપરથી, આ કલમની રૂયે જપ્તીનો હુકમ કરનારી કોર્ટે એવા હુકમની નોટીસ જપ્ત થએલા હુકમનામાથી બધાયલા હુકમનામાના દેણદારને આપવી, અને તે હુકમનામાનો દેણદાર સદરહુ હુકમની નોટીસ મળ્યા પછી તે હુકમની વિરૂદ્ધ કોર્ટ મારફત અથવા બીજી રીતે જપ્ત થએલા હુકમનામાના પૈસા ભરે અથવા તોડ કરે, તો જપ્તી અમલમા હોય ત્યા સુધી કોઇ પણ કોર્ટે તે કબુલ કરવુ નહી

૫૪ (૧) મિલકત સ્થાવર હોય ત્યારે મનાઈ હુકમ કરીને તે જપ્ત કરવી તે મનાઈ હુકમમા એવી મનાઇ કરવી કે હુકમનામાના દેણદારે તે મિલકત બાજાને તબદીલ કરવી નહીં અથવા તેના ઉપર કઇ પ્રકારનો બોજો નાખવાથી કાંઈ પણ લાભ લેવો નહી (૨) તે મિલકત ઉપર અથવા તેની પાસે કોઈ ઠેકાણે, તે હુકમ દાંડી પીટીને અથવા દસ્તુર પ્રમાણે બીજી રીતે પ્રસિદ્ધ કરવો, અને તે હુકમની એક નકલ તે મિલકતના કોઇ પ્રસિદ્ધ ભાગ ઉપર ચોઢવી અને ત્યાર પછી કોર્ટના મકાનના કોઇ પ્રસિદ્ધ ભાગ ઉપર ચોઢવી અને મિલકત સરકારને મેહેસુલ ભરવુ પડે એવી જમીન હોય તે ડિસ્ટ્રીકટમા તે જમીન હોય તે ડિસ્ટ્રીકટના કલેકટરની કચેરીમા પણ તે હુકમની એક નકલ ચોઢવી

૫૫ જ્યારે—(અ) ખરચ સુદ્ધાત હુકમનામામા અપાવેલી રકમ તથા કઇ મિલકત જપ્ત કરવાને લીધે થયેલું ખરચ ખરાજાત કોર્ટમા ભરવામા આવે, અથવા (બ) હુકમનામાની ભરપાઇ કોર્ટની મારફતે બીજી રીતે થાય, અથવા તે થયાનો કોર્ટને દાખલો આપવામા આવે, અથવા (ક) હુકમનામુ કાઢી નાખવામા કે રદ કરવામા આવે. ત્યારે જપ્તી ઉઠાડવામા આવી છે એમ સમજવુ, અને સ્થાવર મિલકતની બાબતમા, જો હુકમનામાના દેણદારની તેવી ઇચ્છા હોય તો જપ્તી ઉઠાવ્યાની વાત તેને ખરચે જાહેર કરવી અને એવા જાહેરનામાની એક નકલ ઉપરની કાનુનમા ઠરાવેલી રીતે ચોઢવી.

૫૬ જપ્ત કરેલી મિલક્ત નાણું અથવા ચલણી નોટો હોય ત્યારે, જપ્તી ચાલુ હોય તે દરમ્યાન કોઇ પણ વખતે, તે નાણું અથવા નોટો, અથવા હુકમનામાની ભરપાઇ થવાને બસ હોય તેટલો તેનો ભાગ, હુકમનામા પ્રમાણે તે લેવાને જે હકદાર હોય તે પક્ષકારને આપવો એમ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે.

૫૭ જ્યારે કોઇ પણ મિલકત એકાદા હુકમનામાની બજાવણીમા જપ્ત કરવામા આવી હોય, પણ તે હુકમનામુ ધારણ કરનારની કસુરથી કોર્ટ બજાવણીની દરખાસ્તનુ કામ અગાડી ચલાવવાને અશક્ત હોય ત્યારે, તેણે કાતો તે દરખાસ્ત કાઢી નાખવી અથવા કાઇ પણ પુરતા કારણસર તે કામ આગલી તારીખ ઉપર મુલતવી રાખવુ એવી દરખાસ્ત કાઢી નાખવામા આવે ત્યારે તે જપ્તી બંધ પડશે

દાવા તથા હરકતની તજવીજ

૫૮ (૧) હુકમનામુ બજાવવામા જપ્ત કરેલી કોઇ મિલકત એ જપ્તીને પાત્ર નથી એમ કહીને તે મિલકત ઉપર કોઇ દાવો કરે અથવા તેની જપ્તીમા કઈ હરકત લે, તો દાવેદાર અથવા હરકત કરનારની જુબાની લેવાની બાબતમા તથા બીજી બધી બાબતમા જાણે તે દાવેદાર અથવા હરકત કરનાર ફરિયાદનો પક્ષકાર હોય એવા અખત્યારથી, તે દાવાની અથવા હરકતની કોર્ટે તજવીજ કરવી, પરતુ કોર્ટના વિચારમા એમ આવે કે તે દાવો અથવા હરકત કરવામા ઇરાદાપૂર્વક વિનાકારણ ઢીલ કરવામા આવી છે તો પછી તેવી તજવીજ કરવી નહી (૨) જે મિલકતને વાસ્તે દાવો અથવા હરકત કરી હોય તે વેચવાને જાહેરનામુ પ્રગટ થયુ હોય ત્યારે, વેચાણનો હુકમ કરનાર કોર્ટ તે દાવાની અથવા હરકતની તજવીજ થઇ રહે ત્યા સુધી તે વેચાણ મુલતવી રાખવાને મુખત્યાર છે

૫૯ જપ્તીને દિવસે જપ્ત કરેલી મિલકતમા પોતાનો કઈ સબધ હતો, અથવા તે પોતાના કબજામા હતી, એવુ બતાવવાને દાવેદારે કે હરકતદારે પુરાવો આપવો જોઇએ

૬૦ સદરહુ તજવીજ કરવાથી કોર્ટના ખાત્રી થાય કે દાવામા અથવા હરકતમા જણાવેલા કારણને લીધે, જપ્તી કરી તે વખતે તે મિલકત હુકમનામાના દેણદારના કબજામા, અથવા તેની વતી ટ્રસ્ટી દાખલ કોઇ સખસના કબજામા, અથવા તેને ભાડુ આપનાર કુળ કે બીજા સખસના કબજામા નહોતી, અથવા જપ્તી કરી તે વખતે હુકમનામાના દેણદારના કબજામા હતી ખરી, પરતુ તે કબજે તેને પોતાને સારૂ અથવા પોતાની મિલકત તરીકે નહોતો પણ કોઈ બીજા સખસને વાસ્તે અથવા તેના ટ્રસ્ટી દાખલ હતો, અથવા થોડોક પોતાને વાસ્તે અને થોડોક કોઇ બાજા સખસને વાસ્તે હતો, ત્યારે કોર્ટે બધી અથવા પોતાને યોગ્ય લાગે તેટલી મિલકત ઉપરથી જપ્તી દુર કરવાનો હુકમ કરવો

૬૧ જપ્તી કરતી વખતે તે મિલકત હુકમનામામા દેણદારના કબજામા બીજા કોઇ સખસની વતી નહી પણ તેની પોતાની મિલકત તરીકે હતી અથવા તેની વતી ટ્રસ્ટી દાખલ કોઇ બીજા સખસના કબજામા હતી અથવા તેને ભાડુ આપનારા કોઇ કુળ કે બીજા સખસના તાબામા હતી એવી કોર્ટની ખાત્રી થાય ત્યારે, કોર્ટે દાવો નામજુર કરવો

૬૨ જેનો કબજે ન હોય એવા કોઇ સખસનો ધરાણીઆ હક અથવા બીજુ લીયન તે મિલકત ઉપર છે એવી કોર્ટની ખાત્રી થાય, અને જપ્તી ચાલુ રાખવી યોગ્ય લાગે ત્યારે તે ધરાણીયા હક અથવા બીજુ લીયન કાયમ રાખીને જપ્તી ચાલુ રાખવાને કોર્ટ મુખત્યાર છે

૬૩ જ્યારે કાઇ દાવો અથવા હરકત કરવામા આવે ત્યારે જે પક્ષકાર વિરૂદ્ધ હુકમ કર્યો હોય તે પક્ષકાર, ટટાની મિલકતમા પોતે દાવો રાખતો હોય તે હક ઠરાવવાની ફરિયાદ કરવાને મુખત્યાર છે પરતુ આવી ફરિયાદ જો થાય તો તેનો નિકાલ થાય તેને પાત્ર સદરહુ હુકમ નીરૂત્તર ગણાશે

સામાન્યત. વેચાણ વિશે

૬૪ પોતે જપ્ત કરેલી અને વેચવાને પાત્ર હોય એવી કોઇ મિલકત, અથવા હુકમનામાની ભરપાઇ સારૂ જરૂર જણાય તેટલો તે મિલકતનો ભાગ વેચવાનો અને વેચાણથી જે ઉપજે તે અથવા તેનો પુરતો ભાગ, હુકમનામા પ્રમાણે લેવાનો જે પક્ષકાર હકદાર હોય તે પક્ષકારને આપવાનો હુકમ કરવાને હુકમનામુ બજાવનારી કોઇ પણ કોર્ટ મુખત્યાર છે

૬૫ બીજી રીતે ઠરાવ્યુ હોય તે શિવાયને પ્રમાણે, હુકમનામાં બજાવવામાં વેચાણ કરવુ પડે તે દરેક

વેચાણુ કોર્ટના કોઇ અમલદારે અથવા કોર્ટે આ અર્થે નીમે તેવા બીજા કોઇ સખસે કરવું અને તે વેચાણુ ઠરાવેલી રીતે જાહેર લીલામથી કરવુ

૬૬ (૧) હુકમનામાની બજાવણીમા કોઇ મિલકત જાહેર લીનામથી વેચવાનો હુકમ કર્યો હોય ત્યારે કોર્ટે કરવા ધારેલા વેચાણુનુ જાહેરનામુ તે કોર્ટની ભાષામા કઢાવવુ

(૨) એવુ જાહેરનામુ હુકમવાળાને તથા હુકમનામાના દેણુદારને નોટીસ આપ્યા પછી તૈયાર કરવુ અને તેમા વેચવાનો વખત તથા ઠેકાણુ જણાવવુ, તથા નીચેનો મજકુર બની શકે તેટલી સ્પષ્ટ રીતે અને ચોકસાઇથી તેમા જણાવવો, (અ) વેચવાની મિલકત. (બ) વેચવાની મિલકત, સરકારને મહેસુલ ભરનારી ઇસ્ટેટમાનો અથવા તેના કઇ ભાગમાનો હક્ક સબધ હોય તો, તે ઇસ્ટેટ અથવા તેના ભાગ ઉપર ઠરાવેલો જમાબંદી આકાર, (ક) મિલકત ઉપર કઇ બોજો હોય તો તે, (ડ) જે રકમ લેવાને વાસ્તે વેચવાનો હુકમ કર્યો હોય તે, અને (ઇ) મિલકતની કિમત તથા સ્વરૂપનો વિચાર આપવાને ખરીદનારે જે બીજી બાબતો જાણુવાની જરૂર છે એમ કોર્ટને જણાય તેવી દરેક બાબત

(૩) આ કાનુન મુજબ વેચાણુ કરવાના હુકમ માટેની દરેક અરજીની સાથે એક પત્રક જોડવુ જોઇએ અને પ્લીડીગ ઉપર સહી કરવાની તથા તે ખરૂ હોવાનો એકરાર કરવાની આમા આગળ જે રીત ઠરાવી છે તે રીતે એવા પત્રક ઉપર સહી કરવી તથા તે ખરૂ હોવાનો એકરાર કરવો, અને જાહેરનામામા પેટા કાનુન (૨) મુજબ જે જે બાબતો લખવાની છે તે તે બાબતો એવો એકરાર કરનાર સખસને માલમ હોય અથવા તે નક્કી કરી શકે એમ હોય તેટલે સુધી આવા પત્રકમા લખવી જોઇએ

(૪) સદરહુ જાહેરનામામા જણાવવાની બાબતો નક્કી કરવા સારૂ જરૂર લાગે તેવા કોઈ સખસને સમન કાઢવાને તથા તેની કોઇ બાબતો વિશે તેની જુબાની લેવાને તથા તે બાબતો વિશે તેના કબજામા કે અખત્યારમા હોય તેવા દસ્તાવેજો હાજર કરવાનો તેને હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૬૭ (૧) દરેક જાહેરનામુ બનતા સુધી ૫૪ મી કાનુનની પેટા કાનુન (૨) મા ઠરાવેલી રીતે કરવુ તથા પ્રસિદ્ધ કરવુ, (૨) સ્થાનિક સરકારી ગેઝીટમા અથવા કોઇ સ્થાનિક વર્તમાન પત્રમા અથવા તો બન્નેમા તે જાહેરનામુ પ્રસિદ્ધ કરવાને કોર્ટ ફરમાવે ત્યારે તેમ કરવુ અને તે રીતે પ્રસિદ્ધ કરવાનો ખરચ તે વેચાણુનો ખરચ ગણુવો (૩) જ્યારે મિલકત જુદી જુદી વેચવા સારૂ તેના લૉટ કર્યા હોય ત્યારે એક દરેક લૉટ સારૂ જુદા જુદા જાહેરનામુ કાઢવાની જરૂર નથી પણુ જો કોર્ટના મત પ્રમાણે તે વેચવાની યોગ્ય નોટીસ બીજી રીતે આપી શકાય તેમ ન હોય તો તેમ કરવુ

૬૮ કાનુન ૪૩ ના વિશેષ ઠરાવમા કહેલી જાતની મિલકત શિવાયની બીજી મિલકતની બાબતમા આ કાયદા પ્રમાણેનુ કોઇ પણુ વેચાણ હુકમનામાનો દેણુદાર લેખી સંમતી ન આપે તો, સ્થાવર મિલકત હોય ત્યારે ઓછામા ઓછા ત્રીસ દિવસ વિત્યા વગર ન કરવુ, અને જગમ મિલકત હોય ત્યારે ઓછામા ઓછા પદર દિવસવિત્યા વગર ન કરવુ, અને એ મુદત વેચાણુનો હુકમ કરનાર જડજની કોર્ટના મકાનમા જાહેર-નામુ ચોઢયાની તારીખથી ગણુવી

૬૯. (૧) કોર્ટની નજરમા આવે તો તે આ કાયદા પ્રમાણે કોઈ વેચાણુ કોઇ નિર્દિષ્ટ કરેલા દિવસ તથા કલાક સુધી મુલતવી રાખે અને સદરહુ પ્રકારના વેચાણુનુ કામ ચલાવનાર અમલદારની નજરમા આવે તો વેચાણુ મુલતવી રાખવાના પોતાના કારણુ લખીને તે વેચાણુ મુલતવી રાખે, પરતુ કોર્ટના મકાનમા અથવા મકાનની હદમા વેચાણુ કરવામા આવે તો કોર્ટની રજા વગર સદરહુ પ્રમાણે મુલતવી રાખવુ નહિ (૨) પેટા કાનુન (૧) પ્રમાણે જ્યારે સાત દિવસ કરતા વધારે મુદત સુધી વેચાણુ મુલતવી રાખ્યુ હોય ત્યારે ૬૭ મી કાનુન પ્રમાણે નવુ જાહેરનામુ કાઢવુ જોઇએ, પણુ હુકમનામાનો દેણુદાર તે પ્રમાણે ન કરવાને કબુલ હોય તો તેમ કરવુ નહી (૩] લીલામમા ભાગ [લૉટ] ત્રણુ વાર થયા પહેલા લ્હેણુ તથા ખર્ચ (વેચાણુના ખરચ સુદ્ધા) વેચાણુ કરનાર અમલદારને આપવા માટે અથવા જે કોર્ટે વેચાણુનો હુકમ કર્યો હોય તે કોર્ટમા તે લેહેણુાની અને ખરચની રકમ ભરી છે એમ તે અમલદારની ખાત્રી થાય એવી સાબિતી આપવામાં આવે, તો સદરહુ પ્રમાણેનુ પ્રત્યેક વેચાણુ બંધ રાખવુ

૭૦ જે મુકદમામા હુકમનામુ બજાવવાનુ કામ કલેકટરને ત્યા મોકલ્યુ હોય તે મુકદમાને કાનુનો ૨૬ થી ૬૯ સુધીના ઠરાવ લાગુ પડે છે એમ સમજવુ

૭૧ ખરીદદાર કસુર કરે તે કારણને લીધે ફરી વેચાણ કરવુ પડે તેથી જે કઇ ઓછી કીમત ઉપજે તે, તથા તે ફરી વેચાણને લીધે થએલો સઘળો ખરચ વેચાણનુ કામ ચલાવનાર અમલદારે અથવા બીજા સખસે, પ્રસગ પ્રમાણે કોર્ટને અથવા કલેકટરને અથવા કલેકટરના તાબાના અમલદારને લખી જણાવવો અને હુકમનામાવાળાની અથવા હુકમનામાના દેણદારની અરજ ઉપરથી, પૈસા બાબતનુ હુકમનામુ બજાવવાને જે ઠરાવ છે તે પ્રમાણે કસુર કરનાર ખરીદદાર પાસેથી તે વસુલ કરી શકાશે

૭૨ (૧) જે હુકમનામાની બજાવણીમા મિલકત વેચાતી હોય તે હુકમનામાવાળાએ કોર્ટની સ્પષ્ટ પરવાનગી લીધા વગર તે મિલકતની માગણી કરવી નહી, કે તે ખરીદવી નહી

(૨) સદરહુ પરવાનગીથી હુકમનામાવાળો, ખરીદ કરે, ત્યારે, હુકમનામા ઉપરનુ લેહેણુ અને ખરીદીની રકમ ૭૩ મી કલમના ઠરાવોને પાત્ર, એક બીજામા મજરે લેવાનો અધિકાર છે, અને હુકમનામુ બજાવનારી કોર્ટે આખા હુકમનામાની અથવા તેના ભાગની તે પ્રમાણે ભરપાઇ લખવી

[૩] હુકમનામાવાળો સદરહુ પ્રકારની પરવાનગી વગર પોતે અથવા બીજા સખસની મારફત ખરીદ કરે ત્યારે, કોર્ટ હુકમનામાના દેણદારની અથવા વેચાણથી જેના હિતસબધને બાધ આવતો હોય તેવા કોઇ બીજા સખસની અરજી ઉપરથી, પોતાને યોગ્ય લાગે તો હુકમ કરીને સદરહુ વેચાણ રદ કરવાને મુખત્યાર છે, અને એવી અરજી અને હુકમનો ખરચ તથા ફરીથી વેચાણ કર્યાની કિમતમા જે કાઇ ઓછુ ઉપજે તે રકમ અને તે વેચાણ સબંધી સઘળો ખરચ હુકમનામાવાળાએ આપવો પડશે

૭૩, કોઇપણ વેચાણને લગતું કઈ કામ જેણે કરવાનું હોય તે અમલદારે અથવા બીજા સખસે વેચાએલી મિલકતનો કઇપણ હક્ક સબધ, ઉઘાડી રીતે અથવા પરભાર્યો માગવો નહી, કે મેળવવો નહી, કે મેળવવાનો યત્ન કરવો નહી

જગમ મિલકતના વેચાણ વિશે

૭૪ (૧) જ્યારે વેચવાની મિલકત ખેતીવાડીનુ ઉપજ હોય ત્યારે, વેચાણ નીચેની જગ્યાએ કરવુ એટલે — (અ) જો તે ઉત્પન્ન ઉગતું તુલ હોય તો એવુ તુલ જ્યા ઉગતુ હોય તે જમીન ઉપર અથવા તેની પડોશમાં, અથવા (બ) જો એવુ ઉત્પન્ન લણવામા અથવા એકઠુ કરવામા આવ્યુ હોય તો ખળામા અથવા તેની પાસે અથવા જે જગાએ અનાજ ઝુડવામા આવતું હોય તે જગામા અથવા તેની પાસે અથવા તેના જેવા બીજે ઠેકાણે અથવા જે ગજીમા અથવા ગજી ઉપર તે મુકયુ હોય ત્યા અથવા તેની પાસે

પણ એવુ ઠરાવ્યુ છે કે જો તે ઉત્પન્ન સૌથી નજીકના લોકોની આવજાવવાળી કોઇ જગાએ વેચવાથી વધારે ઉપજશે એમ કોર્ટનો અભિપ્રાય થાય તો, તે જગાએ વેચવાનો કોર્ટ હુકમ કરી શકે

(૨) જ્યારે એવા ઉત્પન્નનુ લીલામ કરતી વખતે,

(અ) લીલામ કરનાર સખસના મત પ્રમાણે તેની વાજબી કિમત બોલવામા આવી નથી, અને (બ) તે ઉત્પન્નનો ધણી અથવા તેની વતી કામ કરવાનો જેને અધિકાર હોય તે સખસ બીજા દીવસ સુધી અથવા વેચાણની જગાએ બજાર ભરાતો હોય તે બજારના દિવસ સુધી તે લીલામ મુલતવી રાખવાની અરજ કરે, ત્યારે તે લીલામ તે પ્રમાણે મુલતવી રાખવુ અને ત્યાર પછી તે ઉત્પન્ન બદલ જે કિમત બોલવામા આવે તે કિંમતે પુરૂ કરવુ

૭૫ (૧) જ્યારે વેચવાની મિલકત ઉગતું તુલ હોય અને તે તુલ તેનું સ્વરૂપ જોતા ભરી મુકવા જેવુ હોય પણ હજુ તે ભરી મુકયુ ન હોય ત્યારે, વેચાણનો દિવસ એવી રીતે ઠરાવવો કે તે દિવસ પહેલા તે ભરી મુકી રાખવા સારૂ તૈયાર થઇ શકે અને એવુ તુલ કાપીને અથવા એકઠુ કરીને ભરી મુકવા સારૂ તૈયાર થાય તે પહેલા તેનુ વેચાણ કરવુ નહિ

(૨) જ્યારે તે તુલ તેનુ સ્વરૂપ જોતા ભરી મુકવા જેવુ ન હોય ત્યારે, તે કાપીને એકઠુ કરવામા આવે તે પહેલા તે વેચી શકાય, અને તેના ખરીદ કરનારને તે જમીન ઉપર જવાનો અને તેની સભાળ રાખવા સારૂ તથા કાપવા અથવા એકઠુ કરવા સારૂ તથા જરૂરનું હોય એવુ સઘળુ કામ કરવાનો હક્ક પ્રાપ્ત થશે.

૭૬ વેચવાની મિલકતમા વેચાય એવો દસ્તાવેજ અથવા કોઇ કોરપોરેશનનો શેર હોય ત્યારે, જાહેર લીલામથી વેચાણુ કરવાનુ ફરમાવ્યાને બદલે, તેવો દસ્તાવેજ અથવા શેર, દલાલની મારફતે વેચવાનો અખત્યાર આપવાને કોર્ટ મુખત્યાર છે

૭૭ (૧) જગમ મિલકત જાહેર લીલામથી વેચી હોય ત્યારે, પ્રત્યેક ભાગ (લોટ) ની કિંમત વેચાણુ વખતે અથવા ત્યાર પછી વેચાણુ કરનાર અમલદાર અથવા બીજો સખસ ફરમાવે કે તરત આપવી, અને તે આપવામા કસુર થાય તો તે મિલકત લાગલીજ ફરીને લીલામમા વેચીને મુકવી

(૨) વેચાણુની રકમ ભરે એટલે, વેચાણુ કરનાર અમલદારે અથવા બીજા સખસ તેની પોચ આપવી, અને તે વેચાણુ પાકુ થશે (૩) વેચવાની જગમમિલકત માલનો કાઇ હિસ્સો હોય અને તે માલ હુકમનામાના દેણુદારનો તથા તેના સહમાલીકનો હોય, અને બે અથવા વધારે સખસો જેમાનો એક સખસ એવો સહમાલિક હોય તેઓ એવી મીલકત માટે અથવા લોટ માટે એક સરખીજ રકમની માગણી કરે ત્યારે, સહમાલિકની માગણીનેજ માગણી ગણુવી

૭૮ જગમ મિલકતનુ વેચાણુ પ્રસિદ્ધ કરવામા અથવા તેવા વેચાણુનુ કામ ચલાવવામા કઈ ગેર-શિસ્ત કામ થયુ હોય તેટલા ઉપરથી તે વેચાણુ ખોટુ થશે નહી, પરતુ તે ગેરશિસ્તપણુાને લીધે કોઇ સખસનુ કોઇ બીજા સખસને હાથે નુકશાન થાય તો તેના ઉપર નુકસાનીનો બદલો લેવાની ફરિયાદ માડ-વાને તે નુકસાન ખમનારો સખસ મુખત્યાર છે, અથવા (તે બીજો સખસ વેચાણુ લેનારજ હોય તો) તે ખાસ મીલકત આપવી અને તે ન આપે તો નુકસાનીનો બદલો આપવો એવી ફરિયાદ કરવાને, તે નુકસાન ખમનારો સખસ મુખત્યાર છે

૭૯ (૧) વેચેલી મીલકત જગમ મિલકત હોય, અને તે ખરેખર જપ્ત કરવામા આવી હોય, ત્યારે તે મીલકત ખરીદદારને સ્વાધીન કરવી (૨) વેચેલી મીલકત જગમ મીલકત હોય અને તે હુકમનામાના દેણુદાર શિવાય બીજા કોઇ સખસના કબજામા હોય, ત્યારે તે મિલકત ખરીદદારને સ્વાધીન કરવી. તે એવી રીતે કે કબજાવાળા સખસને નોટીસ આપવી, ને તેમા એવી મનાઇ કરવી કે ખરીદદાર શીવાય બીજા કોઇ સખસને તમારે એવી મીલકતનો કબજો આપવો નહી

(૩) વેચેલી મિલકતમા જેને માટે વેચાય એવો લેખ તારણુ ન હોય એવુ કરજ હોય, અથવા કોઇ કોરપોરેશનનો શેર હોય, ત્યારે તે મિલકત કોર્ટના લેખી હુકમથી કબજામા આપવી અને તેમા લેહેણુદારને એવી મનાઇ કરવી કે તમારે તે કરજ અથવા તેનુ વ્યાજ લેવુ નહી, તથા દેણુદારને એવી મનાઇ કરવી કે ખરી-દદાર શિવાય કોઈપણુ સખસને તમારે તે કરજ અથવા વ્યાજ આપવુ નહી, અથવા જેના નામ ઉપર શેર હોય તે સખસને એવી મનાઇ કરવી કે તમારે ખરીદદાર શિવાય કોઇ પણુ સખસને નામે કોઇ રીતે તે શેર ચઢાવી આપવો નહી, અથવા તેના કઇ ડિવિડન્ડ કે વ્યાજના રૂપીયા લેવા નહી, અને એવી કોરપોરેશનના મેને-જર, સેક્રેટરી અથવા બીજા યોગ્ય અમલદારને એવી મનાઇ કરવી કે, તમારે ખરીદદાર શિવાય કોઇ પણુ સખસને નામે તેવો શેર ચઢવા દેવો નહી અથવા ખરીદદાર શિવાય કોઇ પણુ સખસને ઉપર કહેલા ડિવિ-ડટ કે વ્યાજના રૂપીયા આપવા નહી

૮૦. (૧) વેચાય એવો લેખ અથવા કોઇ કોરપોરેશનનો શેર બીજાને નામે ચઢાવી આપવામા, જે પક્ષકારના નામ ઉપર તે લેખ અથવા શેર ચાલતો હોય તેનો દસ્તાવેજ અથવા શેરો જોઇતા હોય ત્યારે, જરૂરનો દસ્તાવેજ અથવા શેરો કરવાને તે જડજ અથવા તે આ અર્થે જે અમલદારને નીમે તે અમલદાર મુખત્યાર છે અને એવી રીતે કરેલો દસ્તાવેજ અથવા શેરો જાણે તે પક્ષકારે કર્યો હોય તે પ્રમાણે અમલમા આવશે (૨) આવો લેખ અથવા શેરો નીચેના નમુના પ્રમાણે કરાય એટલે —

' અ બ ઉપર ઇ ફ એ કરેલી ફરિયાદમા અ. બ ની વતી ક ડ ની કોર્ટના જડજ (અથવા જે હોય તે " (૩) એવા વેચાય એવા લેખ અથવા શેર બીજાને નામે ચડતા સુધી, તેનુ ચઢેલુ વ્યાજ કે ડિવિડન્ડ લેવા સારૂ તથા તે બદલની પાવતી ઉપર સહી કરવા સારૂ કોઇ સખસને હુકમ કરીને નીમવાને કોર્ટ મુખત્યાર છે, અને સદરહુ પ્રમાણે સહી કરેલી કોઇ પણુ પોહોચ જાણે તે પોહોચ ઉપર પક્ષકારે પોતેજ સહી કરી હોય તે પ્રમાણે તે કાયદેસર ગણુાશે તથા અમલમા આવશે

૮૧ જેને વાસ્તે પાછળ ઠરાવ કરવામા આવ્યો ન હોય એવી કોઇ જગમ મિલકતની બાબતમા ખરીદદારને અથવા તે કહે તેને તે મિલકતનો હક્ક પ્રાપ્ત થયો છે એવો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે, અને તે પ્રમાણે તે મિલકતનો હક્ક પ્રાપ્ત થશે

સ્થાવર મિલકતના વેચાણ વિશે

૮૨ હુકમનામાની બજાવણીમા સ્થાવર મીલકતના વેચાણનો હુકમ કરવાને સ્માલકોજ કોર્ટ શિવાયની બીજી કોઇ પણ કોર્ટ મુખત્યાર છે

૮૩ (૧) સ્થાવર મિલકત વેચવાનો હુકમ થયો હોય ત્યારે, જો હુકમનામાનો દેણદાર કોર્ટની એવી ખાત્રી કરી આપે કે, તે મિલકત અથવા તેનો કઇ ભાગ અથવા તેની બીજી કોઈ સ્થાવર મિલકત ગીરો મુકવાથી કે ભાડે આપવાથી કે ખાનગી રાહે વેચવાથી હુકમનામાની રકમ જેટલા રૂપીઆ ઉભા થશે એમ માનવાનુ કારણ છે ત્યારે હુકમનામાનો દેણદાર તે રકમ મેળવી શકે એટલા સારૂ તેની અરજ ઉપરથી, કોર્ટને યોગ્ય જણાય તેવી શરતે તથા તેટલી મુદ્દત સુધી, વેચવાનો હુકમ કર્યો હોય તેવી મિલકતનુ વેચાણ મુલતવી રાખવાને કોર્ટ મુખત્યાર છે

(૨) આવે પ્રસગે કોર્ટે હુકમનામાના દેણદારને એક સરટીફીકેટ આપવુ, તેમા મુદ્દત નાખીને તેને એવો અખત્યાર આપવો કે, તેમા લખેલી મુદ્દતની અદર અને ૬૪ મી કલમમા ગમે તે ઠરાવ હોય તે છતા પણ તેણે કરવા ધારેલુ ગીરો, ભાડાચિઠી કે વેચાણ કરવુ, પરતુ તે ગીરો, ભાડાચિઠી, અથવા વેચાણને લીધે જે રૂપીયા આપવાના તે હુકમનામાના દેણદારને ન આપતા ૭૨ મી કાનુનના ઠરાવની રૂએ એવા પૈસા મજરે લેવાનો હુકમનામાવાળાને હક હોય તે શિવાયની બાબતમાં, કોર્ટમા ભરવા વળી એવુ ઠરાવ્યુ છે કે, આ કાનુન પ્રમાણે કરેલુ કોઇપણ ગીરો, ભાડાચિઠી અથવા વેચાણ કોર્ટ કાયમ કરે ત્યા સુધી તે પાકુ થશે નહી (૩) એવી મિલકત ઉપરનો ગીરો હક અથવા બોજો અમલમા લાવવા માટે વેચાણના હુકમનામાની બજાવણીમા વેચવાનો હુકમ કર્યો હોય તેની મિલકતના વેચાણને આ કાનુનમાનો કોઇપણ મજકુર લાગુ પડે છે એમ સમજવુ નહિ

૮૪ [૧] સ્થાવર મિલકતના પ્રત્યેક વેચાણ વખતે જે સખસ ખરીદદાર ઠરે તેણે તેમ કર્યા પછી તરતજ પોતાની ખરીદીની રૂકમમાથી સેકડે પચીસ ટકા વેચાણ ચલાવનાર અમલદારને અથવા બીજા સખસને અનામત ભરવા, અને તે રીતે રૂપીયા ન ભરે તો તે મીલકત લાગલીજ ફરી લીલામ કરીને વેચવી

(૨) જ્યારે હુકમનામાવાળો ખરીદદાર હોય અને તેને ૭૨ મી કાનુનની રૂએ એવી રકમ મજરે લેવાનો હક હોય ત્યારે, કોર્ટ આ કાનુનના ઠરાવ અમલમા ન આણવાને મુખત્યાર છે

૮૫ (૧) મિલકતના વેચાણ પછી પદરમે દીવસે કોર્ટ બધ થાય તે અગાઉ ખરીદદારે ખરીદીની પુરેપુરી રકમ કોર્ટમા ભરવાની ભરવી, પણ એવુ ઠરાવ્યુ છે કે એવી રીતે કોર્ટમા રકમ ગણતી વખતે ૭૨ મી કાનુનની રૂએ ખરીદદારને જે રકમ મજરે લેવાનો હક હોય તે રકમ તેમાથી બાદ કરવાનો તેને લાભ મળશે

૮૬ તરત ઉપરની કાનુનમા કહેલી દરમ્યાન ભરણુ નહી થાય તો, તે અનામતમાથી વેચાણનો ખરચ બાદ કરીને બાકી રકમ, કોર્ટની નજરમા તેમ આવે તો, દડ દાખલ સરકારમા વસુલ થશે અને તે મિલકત વેચવામા આવશે, અને કસુર કરનારા ખરીદદારનો તે મિલકત ઉપર કે તે ફરી વેચવાથી ઉપજેલા રૂપીયાના કઇ ભાગ ઉપર દાવો રહેશે નહી

૮૭ ખરીદીની રકમ ભરવાને જે મુદ્દત ઠરાવી છે તે દરમ્યાન તે રકમ ભરવાથી સ્થાવર મિલકતનુ જે ફરી વેચાણ કરવુ પડે તે નવુ જાહેરનામુ કાઢીને કરવુ તે જાહેરનામુ પહેલા વેચાણને વાસ્તે આમા આગળ ઠરાવી છે તેટલી મુદ્દતનુ અને તે રીતે કાઢવુ

૮૮ વેચવાની મિલકત અવિભક્ત સ્થાવર મિલકતનો હિસ્સો હોય, અને એવી મિલકતની અથવા લાટની કોઇ માગણીમા બે અથવા વધારે સખસો અનુક્રમે એકજ રકમ બોલે ને તેમા એક જણ સહહિસ્સેદાર હોય, ત્યારે તે માગણી તે સહહિસ્સેદારની માગણી ગણાશે

૮૯ (૧) હુકમનામાની બજાવણીમા સ્થાવર મિલકત વેચવામા આવી હોય ત્યારે, જે કોઇ પણ

સખસ તે મિલકતનો માલિક હોય અથવા એવા વેચાણની પહેલા સંપાદન કરેલા સત્તાધિકારની રૂએ કાંઈ હિતસંબંધ ધારણ કરતો હોય તે સખસ કોર્ટમા હેઠળ લખેલા કામ સારૂ નીચેની રકમ અનામત મુકેથી સદરહુ વેચાણ રદ કરવાની અરજી કરવાને મુખત્યાર છે —

(અ) ખરીદીના પૈસાના સેકડે પાચ ટકા જેટલી રકમ ખરીદનારને આપવા સારૂ તે રકમ, અને (બ) જે રકમ વસુલ કરવા માટે વેચાણ કરવાનો હુકમ થયો હોય તેની રકમ વેચાણના જાહેરનામામા નિર્દિષ્ટ કરેલી હોય તેમાથી, સદરહુ હુકમનામાવાળાને એવા વેચાણના જાહેરનામાની તારીખ પછીથી જે કઇ રકમ મળી હોય તે રકમ બાદ કર્યા પછી બાકી રહે તે હુકમનામાવાળાને આપવા સારૂ તેટલી રકમ (૨) જ્યારે કોઇ પણ સખસ પોતાની સ્થાવર મિલકતનુ વેચાણ રદ કરવા સારૂ ૯૦ મી કાનુન મુજબ દરખાસ્ત કરે ત્યારે તેને તે પોતાની દરખાસ્ત પાછી ખેચી ન લે તો આ કાનુન મુજબ દરખાસ્ત કરવાનો અથવા દરખાસ્તનુ કામ આગળ ચલાવવાના હક રહેશે નહિ. [૩] વેચાણના જાહેરનામામા જેનો સમાવેશ ન કર્યો હોય એવા ખર્ચ તથા વ્યાજ સબંધમા હુકમનામાના દેણદારની જે કઇ પાત્રતા હોય તેમાથી તે દેણદાર મુક્ત થાય છે એવો આ કાનુન માહેના કોઇ પણ મજકુરનો અર્થ કરવો નહિ

૯૦ (૧) હુકમનામાની બજાવણીમા કોઇ પણ સ્થાવર મિલકત વેચવામા આવી હોય, ત્યારે હુકમનામાવાળો અથવા જે કોઇ સખસનો અવેજની ફાળે પડતી વેહેચણીમા હિસ્સો મેળવવાનો હક હોય અથવા જેના હિતસબધને તે વેચાણથી બાધ આવતો હોય તે સખસ વેચાણ કરવાની વાત પ્રસિદ્ધ કરવામા અથવા વેચાણ ચલાવવામા ભારે ગેરશિસ્ત કામ ચાલ્યુ છે અથવા દગલબાજી થઇ છે એ સબબથી વેચાણ રદ કરવાની કોર્ટને અરજી કરી શકે, પણ તે ભારે ગેરશિસ્તે કામ ચાલ્યાથી અથવા દગલબાજી થયાથી અરજદારને ખરેખર નુકશાન થયુ છે, એમ હકીકત પુરવાર કર્યાથી કોર્ટની ખાત્રી ન થાય તો ગેરશિસ્તપણાના અથવા દગલબાજીના સબબથી કોઇ પણ વેચાણ રદ કરવુ નહિ

૯૧ હુકમનામાની બજાવણીમા થયેલા વેચાણ વખતનો ખરીદદાર, વેચેલી મિલકતમા હુકમનામાના દેણદારનો વેચાય એવો કઇ હક સબધ ન હતો એ સબબથી વેચાણ રદ કરવા સારૂ કોર્ટને અરજ કરવાને મુખત્યાર છે

૯૨ (૧) જ્યારે ૮૯ મી ૯૦ મી અથવા ૯૧ મી કાનુનમા કહ્યા પ્રમાણે અરજ કરવામા ન આવે, અથવા જ્યારે તેવી અરજ થયા છતા નામજુર કરવામા આવે ત્યારે કોર્ટે તે વેચાણ કાયમ કરવાનો હુકમ કરવો, અને ત્યાર પછી તે વેચાણ પાકુ થશે (૨) જ્યારે તેવી અરજ કરવામા આવી હોય અને તે મજુર થાય અને કાનુન ૮૯ ની રૂએ અરજી કરવામા આવે તે પ્રસગે તે કાનુનની રૂએ જે કોઇ અનામત રકમ મુકવાની હોય તે વેચાણની તારીખથી ત્રીસ દિવસની અદર મુકવામા આવે, ત્યારે કોર્ટે વેચાણ રદ કરવાનો હુકમ કરવો પરતુ એવી અરજીની સાથે જેમને લાગતુ વળગતું હોય તે સઘળા સખસોને નોટીસ આપ્યા વગર તેવો હુકમ કરવો નહિ (૩) આ કાનુન પ્રમાણે જે કોઇ પણ સખસની વિરૂદ્ધ એવો હુકમ થયો હોય તે સખસથી તે હુકમ રદ કરવાની ફરિયાદ થશે નહિ

૯૩ કાનુન ૯૨ પ્રમાણે સ્થાવર મિલકતનુ વેચાણ રદ થાય ત્યારે જે કોઈ સખસને ખરીદીની રકમ આપી હોય તેની પાસેથી, વ્યાજ સુધા અથવા વગર વ્યાજે જેમ કોર્ટે ફરમાવે તેમ પોતાની ખરીદીની રકમ પાછી લેવાનો હુકમ મળવાને ખરીદદાર હકદાર થશે

૯૪ સ્થાવર મિલકતનુ વેચાણ પાકુ થયા પછી વેચેલી મિલકત તથા વેચાણ વખતે જે સખસ ખરીદદાર ઠર્યો હોય તેનુ નામ નિર્દિષ્ટ કરીને કોર્ટે સર્ટિફીકેટ આપવુ તે સર્ટિફીકેટમા વેચાણ પાકુ થયાના દિવસની તારીખ નાખવી

૯૫ વેચાએલી સ્થાવર મિલકત હુકમનામાના દેણદારના કબજામા અથવા તેની વતી બીજા કોઇ સખસના કબજામા અથવા તે મિલકતની જપ્તી થયા પછી હુકમનામાના દેણદારે ઉત્પન્ન કરેલા હકથી દાવો રાખનાર કોઇ સખસના કબજામા હોય, અને તે વીશે સર્ટિફીકેટ કાનુન ૯૪ પ્રમાણે આપવામા આવ્યુ હોય ત્યારે, ખરીદદારની અરજ ઉપરથી કોર્ટે તેનો કબજો આપવાનો હુકમ કરવો, તે એવી રીતે કે, ખરીદદારને અથવા ખરીદદાર વતી કબજો લેવાને જે કોઇ સખસને નીમે તેને તે મિલકતનો કબજો આપવો અને જરૂર પડે તો જે કોઇ સખસ તે મિલકત ખાલી કરવાની કહે તેને કાઢી મુકવો

૯૬ વેચેલી મિલકત ભાડુતના અથવા જેને તેનો કબજો રાખવાનો હકક હોય તેવા બીજા સખસના

કબજામા હોય અને તે વિશે સર્ટિફીકેટ કાનુન ૯૪ પ્રમાણે આપવામા આવ્યુ હોય, ત્યારે, ખરીદદારે કરેલી અરજી ઉપરથી કોર્ટે તે અપાવવાનો હુકમ કરવો, તે એવી રીતે કે, તે મિલકત ઉપર કોઇ પ્રસિદ્ધ ઠેકાણે વેચાણના સટિફીકેટની નકલ ચોહોડવી અને કોઇકોઇવાર પ્રસિદ્ધ ઠેકાણે દાંડી પીટીને અથવા દસ્તુર પ્રમાણે બીજી રીતે કબજેદારને જાહેર કરવુ કે હુકમનામાના દેણદારનો હકક સબધ ખરીદદારને તબદીલ કરેલો છે

હુકમનામાવાળાને અથવા ખરીદદારને કબજો લેવામાં અટકાવ થાય તે વિશે

૯૭ (૧) સ્થાવર મીલકતનો કબજો આપવા બાબતના હુકમનામાવાળાને અથવા હુકમનામુ બજાવવામા એવી કોઈ પણ મીલકત વેચી હોય તેના ખરીદનારને તે મીલકતનો કબજો લેવામા કોઇ સખસ અટકાવ અથવા હરકત કરે ત્યારે તે હુકમનામાવાળાને અથવા ખરીદદારને એવો અટકાવ અથવા હરકત બદલ કોર્ટને અરજ કરીને ફરિયાદ કરવાનો અધિકાર છે

(૨) તે બાબતની તજવીજ કરવા સારૂ કોર્ટે એક દિવસ ઠરાવવો, અને જે સખસની સામે ફરિયાદ કરવામા આવી હોય તેને તેનો જવાબ દેવા સારૂ સમન કરવો

૯૮ તે હરકત અથવા અટકાવ કાઇ પણ વાજબી કારણ શિવાય હુકમનામાના દેણદારે અથવા તેની ઉશ્કેરણીથી બીજા કોઈ સખસોએ કર્યો હતો એવી કોર્ટની ખાત્રી થાય ત્યારે કોર્ટે અરજદારને મીલકતનો કબજો આપવા સારૂ હુકમ કરવો જોઇએ અને મિલકતનો કબજો લેવામા અરજદારને હજીએ હરકત અથવા અટકાવ થાય તો કોર્ટે અરજદારની અરજ ઉપરથી, તે દેણદારને અથવા તે બીજા સખસને ત્રીસ દિવસ સુધી દિવાની તુરગમા રાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે

૯૯ મારી પોતાની વતી અથવા હુકમનામાના દેણદાર શિવાયના બીજા કોઈની વતી તે મિલકત મારા કબજામા છે, એમ શુદ્ધબુદ્ધિથી દાવો રાખીને (હુકમનામાના દેણદાર શિવાય) બીજા કોઇ સખસે અટકાવ અથવા હરકત કરી છે એવી કોર્ટની ખાતરી થાય ત્યારે કોર્ટે સદરહુ અરજ કાઢી નાખવાનો હુકમ કરવો

૧૦૦ (૧) સ્થાવર મિલકતનો કબજો મળવાના હુકમનામાના ધણીએ અથવા એવી મિલકત હુકમનામાની બજાવણીમા વેચી હોય ત્યારે ખરીદનારે હુકમનામાના દેણદાર શિવાય બીજા કોઈ પણ સખસના કબજામાથી તેનો કબજો લીધો હોય, ત્યારે તે સખસ કોર્ટને અરજ કરીને ફરિયાદ કરવાને મુખત્યાર છે

(૨) તે બાબતની તજવીજ કરવા સારૂ કોર્ટે એક દિવસ ઠરાવવો અને જે સખસની સામે ફરિયાદ કરવામા આવી હોય તેને તેનો જવાબ દેવા સારૂ સમન કરવો.

૧૦૧ જ્યારે કોર્ટની ખાતરી થાય કે અરજદારની પોતાની વતી અથવા હુકમનામાના દેણદાર શિવાય બીજા સખસની વતી તે મિલકત અરજદારના કબજામા હતી ત્યારે તે મિલકતનો કબજો અરજદારને આપવાનો કોર્ટે હુકમ કરવો જોઇએ

૧૦૨ જે ફરિયાદમા હુકમનામુ થયુ હોત તે ફરિયાદ માડયા પછી હુકમનામાના દેણદારે જે સખસને સ્થાવર મિલકત તબદીલ કરી આપી હોય તેણે તે મિલકતનો કબજો સાપવાના હુકમનામાની બજાવણીમા કરેલી હરકતને અથવા અટકાવને અથવા એવા કોઈ પણ સખસનો કબજો લઇ લીધાની વાતને કાનુન ૯૯ અથવા ૧૦૧ માનો કોઈ પણ ઠરાવ લાગુ પડશે નહિ એમ સમજવુ

૧૦૩, હુકમનામાનો દેણદાર ન હોય, એવા જે પક્ષકારની વિરૂદ્ધ કાનુન ૯૮, ૯૯ અથવા ૧૦૧ ની રૂયે હુકમ કરવામા આવે તે પક્ષકાર મિલકતનો તુરત કબજો લેવાના જે હકનો તે દાવો રાખતો હોય તે હક ઠરાવવાની ફરિયાદ માડવાને મુખત્યાર છે પરતુ તેની ફારયાદ કરી હોય તો તેમા જે નિકાલ થાય તેને અનુસરીને સદરહુ પ્રમાણે કરેલો હુકમ નિરૂત્તર ગણાશે

ઓર્ડર ૨૨ મો.

પક્ષકારોનાં મરણ, લગ્ન, અને તેમનો નાદારી વિશે

૧ વાદીના અથવા પ્રતિવાદીના મરણ પછી જો ફરિયાદ કરવાનો હક પહોચતો હોય તો તે મરણથી ફરિયાદ મન્દ પડશે નહિ

૨ જ્યા એક કરતા વધારે વાદીઓ અથવા પ્રતિવાદીઓ હોય, અને તેઓમાનો કોઇ મરી જાય અને એકલા બાકી રહેલા વાદી અથવા વાદીઓને વાસ્તેજ અથવા એકલા બાકી રહેલા પ્રાતવાદી કે પ્રતિવાદીઓની ઉપરજ ફરિયાદ કરવાનો હક્ક પહોચતો હોય ત્યારે દફતરમા તેવી મતલબનું લખાણુ કોર્ટે કરાવવુ, અને બાકી રહેલા વાદી અથવા વાદીઓની અરજ ઉપરથી અથવા બાકી રહેલા પ્રતિવાદી કે પ્રતિવાદીઓની ઉપર તે ફરિયાદનુ કામ આગળ ચાલશે

૩. (૧) જ્યારે બે અથવા વધારે વાદીઓ હોય અને તેમાનો કોઇ પણ મરી જાય, અને એકલા બાકી રહેલા વાદી અથવા વાદીઓને વાસ્તેજ ફરિયાદ કરવાનો હક્ક પહોચતો ન હોય, અથવા વાદી એકજ હોય તો તે અથવા એકજ જીવતો રહેલો વાદી મરણ પામે અને ફરિયાદ કરવાનો હકક ચાલુ રહે ત્યારે, કોર્ટને અરજી કરવામા આવેથી મરનાર વાદીના કોઇ કાયદેસર વારસ વકીલને પક્ષકાર ઠરાવવો, અને ફરિયાદનુ કામ આગળ ચલાવવુ, (૨) કાયદામા જે મુદત ઠરાવી હોય તે મુદતમા પેટા કાનુન (૧) ની રૂએ અરજ નાહ કરી હોય ત્યારે ફરિયાદ મેયત વાદીના સબધમા હોય તેટલે સુધી બધ પડવી જોઇએ, તથા પ્રતિવાદી અરજ કરે તો તે ફરિયાદનો જવાબ કરવામા પ્રતિવાદીને જે ખરચ થયો હોય તે આપવાને કોર્ટ મુખત્યાર છે અને આ ખરચ મૈયત વાદીની માલમિલકતમાથી વસુલ કરવો જોઇએ

૪ (૧) બે અથવા વધારે પ્રતિવાદીઓ પકીકી એકજ ગુજરી જાય અને એકલા બાકી રહેલા પ્રતિવાદી અથવ પ્રતિવાદીઓ ઉપરજ ફરિયાદ કરવાનો હક્ક પહોચતો ન હોય ત્યારે અથવા એકનો એક પ્રતિવાદી અથવા બીજા મરતા બાકી રહેલો એકનો એક પ્રતિવાદી ગુજરી જાય અને ફરિયાદ કરવાનો હક્ક ચાલુ રહેતો હોય ત્યારે કોર્ટે તે બાબત અરજી કરવામા આવે એટલે મૈયત પ્રતિવાદીના કાયદેસર વારસ વકીલને પક્ષકાર કરીને ફરિયાદનુ કામ આગળ ચલાવવુ (૨) જે કોઇ પણ સખસને સદરહુ પ્રમાણે પક્ષકાર કર્યો હોય તે મૈયત પ્રતિવાદીના કાયદેસર વારસ વકીલ તરીકે તેના સ્વરૂપન યોગ્ય હોય એવો કોઇ પણ જવાબ આપવાને મુખત્યાર છે (૩) જ્યારે કાયદા ઉપરથી ઠરાવેલી મુદતમા પેટા કાનુન ૧ પ્રમાણે અરજી કરવામા ન આવે ત્યારે મૈયત પ્રતિવાદી સામેની ફરિયાદ બધ પડવી જોઇએ

૫ જ્યારે અમુક માણુસ મૈયત વાદીનો અથવા મૈયત પ્રાતવાદીનો કાયદેસર વારસ વકીલ છે કે નહિ એવો સવાલ ઉઠે, ત્યારે એવા સવાલનો નિકાલ કોર્ટે કરવો

૬ ઉપરની કાનુનોમા ગમે તે ઠરાવ હોય તે છતા, દાવાનુ કારણ ચાલુ રહે કે ન રહે તોપણ સુનાવણી પુરી થયા પછી અને ફેસલો કહી સભળાવતા પહેલા કોઇ પણ પક્ષકારનુ મરણ થયાને લીધે ફરિયાદ બંધ પડશે નહી પણ એવુ મરણ થયુ હોય તે છતા તે દાવામા ફેસલો આપી શકાશે અને તે ફેસલો તે પક્ષકારના મરણ અગાઉ આપ્યો હોય તે પ્રમાણેજ તેનો અમલ થશે તથા પરિણામ થશે એમ સમજવુ

૭ (૧) સ્ત્રી વાદી અથવા પ્રતિવાદી હોય તેનું લગ્ન થવાથી બધ પડશે નહી પરતુ લગ્ન થયા છતા એ ફરિયાદનુ કામ ચાલીને ફેસલો થાય, અને સ્ત્રી પ્રતિવાદી ઉપર હુકમનામું થાય ત્યારે ને, તે એકલીના ઉપર હુકમનામુ બજી શકે (૨) પોતાની સ્ત્રીએ કરેલા દેણાનો કાયદા પ્રમાણે ધણી જવાબદાર હોય ત્યારે, કોર્ટની રજાથી ધણીના ઉપર પણ હુકમનામુ બજી શક, અને સ્ત્રીની તરફનો ફેસલો થાય તો, તે હુકમનામાના વિષયમા ધણીને કાયદા પ્રમાણે હક પહોચતો હોય તો, તેવી રજાથી ધણીની દરખાસ્ત ઉપરથી પણ હુકમનામુ બજાવવાનો હુકમ થઇ શકે

૮ (૧) વાદીના લેહેણુદારના લાભને માટે જે ફરિયાદ, તેનો અસાઇની અથવા વસુલદાર ચલાવી શકે તેવી ફરિયાદમાં વાદી નાદાર ઠરે તેથી તે ફરિયાદ બંધ પડશે નહી, પરતુ તે ફરિયાદ ચલાવવાને અથવા (બીજા કોઇ વિશેષ કારણને લીધે) કોર્ટ બીજી રીતે ફરમાવે તે શિવાયને પ્રસગે, કોર્ટ હુકમ કરે તે મુદતમા તેના ખરચનો જામીન આપવાને તે અસાઇની અથવા વસુલદાર ના પાડે તો હરકત થશે ૨) તે અસાઇની અથવા વસુલદાર ફરિયાદ ચલાવવાને તથા સદરહુ પ્રમાણે હુકમમા કહી હોય તેટલી મુદતમા જામીન આપવાને ગફલત કરે અથવા ના પાડે ત્યારે, વાદી નાદાર થયો છે એ સબબથી ફરિયાદ કાઢી નાખવાની અરજ કરવાને પ્રતિવાદી મુખત્યાર છે, અને તે કોર્ટ ફરિયાદ કાઢી નાખવાનો તથા તેનો જવાબ કરવામા

પ્રતિવાદીને થએલો ખરચ તેને અપાવવાનો હુકમ કરવાને મુખત્યાર છે તે ખરચ વાદીની માલમિલકત ઉપર લેહેણા તરીકે સાબીત કરવો

૯ (૧) આ ઓર્ડર પ્રમાણે ફરિયાદ બધ પડે અથવા કાઢી નાખવામા આવે ત્યારે તેના તેજ દાવાના કારણ ઉપરથી નવી ફરિયાદ ચાલશે નહી (૨) વાદી અથવા મૈયત વાદીના કાયદેસર વારસ વકીલપણાનો દાવો રાખનાર સખસ અથવા નાદાર વાદીનો અસાઇની અથવા વસુલદાર બધ થયાનો અથવા કાઢી નાખ્યાનો હુકમ રદ કરાવવા સારૂ અરજ કરવાને મુખત્યાર છે, અને કોઇ પુરતા કારણને લીધે તેનાથી ફરિયાદ ચલાવાઇ નહોતી એમ સાબીત થાય તો ખરચ અને બીજી રીતની પોતાને યોગ્ય લાગે તેવી શરતો કરીને બંધ પાડયાનો અથવા કાઢી નાખ્યાનો હુકમ કોર્ટે રદ કરવો (૩) સને ૧૮૭૭ ના હિંદુસ્તાનના મુદત બાબતના આકટની ૫ મી કલમની પેટા કાનુન નં ૨ મુજબ કરેલી અરજીઓને લાગુ પડે છે એમ સમજવુ

૧૦ (૧) ફરિયાદ ચાલુ હોય તેવામા તેમાનો કઇ હક્ક સબધ બીજાને અસાઇન કરી આપવામા આવ્યો હોય, ઉત્પન્ન કરવામા આવ્યો હોય કે મળ્યો હોય તેવે બીજે પ્રસગે તે હક સબધ જે સખસની પાસે આવ્યો હોય અથવા જેને મળ્યો હોય તે સખસથી અથવા તે સખસના ઉપર કોર્ટની રજાથી ફરિયાદ ચાલી શકે (૨) કોઇ હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે દરમિયાન તે હુકમનામાની જમા ઉપરથી એવી જપ્તી મેળવનાર સખસને પેટા કાનુન (૧) ના લાભ મળવાનો હક્ક પ્રાપ્ત થાય એવો હિતસબધ છે એમ સમજવુ

૧૧ આ ઓર્ડર અપીલોને લાગુ કરતી વખતે બનતા સુધી " વાદી " એ શબ્દમા અપેલેન્ટરો અને " પ્રતિવાદી એ શબ્દમા " રીસ્પોન્ડેન્ટનો અને ' ફરિયાદ ' એ શબ્દમા " અપીલ " નો સમાવેશ થાય છે એમ સમજવુ,

૧૨ કાનુનો ૩, ૪ તથા ૮ માનો કોઇ પણ ઠરાવ હુકમનામાની અથવા હુકમની બજાવણીમા ચાલતા કામને લાગુ પડશે નહી

ઓર્ડર ૨૩ મો.

ફરિયાદો કાઢી લેવા તથા માંડી વાળવા વિશે.

૧ (૧) ફરિયાદ કર્યા પછી કોઇ પણ વખતે વાદી સઘળા અથવા કોઇ પણ પ્રતિવાદી ઉપરની ફરિયાદ કાઢી લેવાને અથવા પોતાના દાવાનો કાઇ ભાગ છોડી દેવાને મુખત્યાર છે

(૨) જ્યારે કોર્ટની ખાતરી થાય કે—(અ) રીતીસર કરવામા કઇ ખામી હોવાને લીધે ફરિયાદ નિષ્ફળ થવી જોઇએ અથવા [બ] વાદીને ફરિયાદના વિષય સારૂ અથવા દાવાના ભાગ સારૂ નવી ફરિયાદ આણવાની છુટ આપવાના પુરતા કારણ છે ત્યારે કોર્ટ પોતાને યોગ્ય લાગે તેવી શરતો કરીને એવી ફરિયાદના વિષયના અથવા દાવાના એવા ભાગના સબધમા નવી ફરિયાદ આણવાની છુટ આપીને વાદીને તે ફરિયાદ કાઢી લેવાની અથવા એવો ભાગ છોડી દેવાની રજા આપવાને મુખત્યાર છે

(૩) પેટા કાનુન (૨) મા કહેલી રજા શીવાય વાદી ફરિયાદ કાઢી લે અથવા પોતાના દાવાનો કઇ ભાગ છોડી દે ત્યારે, કોર્ટ ઠરાવે તે ખરચનો તે જવાબદાર થશે, અને તેજ વીષય સબધી અથવા તેજ ભાગ સબધી નવી ફરીયાદ આણવાનો તેને પ્રતીબધ થશે

(૪) ઘણા વાદીઓમાના એકને બીજા વાદીઓની સમતી શીવાય તે ફરીયાદમાથી નીકળી જવા દેવાનો આ કાનુનની કોઇ વાતથી કોર્ટને અખત્યાર મળે છે એમ સમજવુ નહી

૨ તરત ઉપરની કાનુન પ્રમાણે રજા મળ્યાથી કોઇ નવી ફરીયાદ કરવામા આવે તેમા જાણે પ્રથમની ફરીયાદ આણીજ નહોતી તે રીતે, મુદતનો કાયદો વાદીને લાગુ પડશે

૩ જ્યારે કોર્ટની ખાતરી થાય એવી રીતે સાબીત થાય કે કાઇપણ કાયદેસર કરારનામુ અથવા સમજુત કરીને કોઇ ફરીયાદનો તમામ અથવા થોડો ઘણો તોડજોડ થયો છે અથવા પ્રતીવાદી ફરીયાદના તમામ કે થોડા ઘણા વીષય સબધી વાદીનું મન મનાય ત્યારે તે કરારનામુ, સમજુત અથવા મન મનાવવુ દફતરમા દાખલ કરવાનો કોર્ટે હુકમ કરવો અને ફરીયાદને લાગુ પડે તેટલું તેમા જે હોય તે પ્રમાણે હુકમનામુ કરવુ

૪ હુકમનામાની અથવા હુકમની બજાવણીમા ચલાવેલા કોઇ પણ કામને આ ઓર્ડરમાહેનો કોઇ પણ મજકુર લાગુ પડશે નહી એમ સમજવું

ઓર્ડર ૨૪ મો.

કોર્ટમાં ભરણું કરવા વિશે

૧ લેહેણુ અથવા નુકસાન લેવાની કોઇ ફરીયાદમા ચાલતા કોઇ પણ વખતે જે રકમથી દાવો પુરેપુરો પતી રહેશે એમ પ્રતીવાદીને લાગતું હોય તે રકમ કોર્ટમા અનામત મુકવાને પ્રતીવાદી મુખત્યાર છે

૨ એવી અનામત મુકવાની લેખી નોટીસ કોર્ટની મારફત પ્રતીવાદીએ વાદીને આપવી અને તે અનામત મુકલી રકમ (કોર્ટ બીજી રીતે ન ફરમાવે તો) વાદીને તેની અરજ ઉપરથી આપવી

૩ પ્રતીવાદીએ અનામત મુકેલી કોઇ રકમથી દાવો પુરેપુરો પતતો હોય કે કઇ ઓછુ પડતુ હોય તોપણ, તે અનામત મુકયાની નોટીસ વાદીને મળે તે તારીખથી તે મુકેલી રકમ ઉપર વાદીને કઇ વ્યાજ આપવવામા નહી આવે

૪ (૧) એવી અનામત મુકલી રકમથી પોતાના દાવાનો માત્ર કઇ ભાગ પત્યા દાખલ તે રકમ વાદી સ્વીકારે ત્યારે બાકીને વાસ્તે પોતાની ફરીયાદ ચલાવવાને તે મુખત્યાર છે અને પ્રતીવાદીએ અનામત મુકેલા રકમથી વાદીનો દાવો પુરેપુરો પત્યો છે એમ કોર્ટ ઠરાવ કરે ત્યારે, અનામત મુકયા પછી થએલો ફરીયાદનો ખર્ચ તથા તે પહેલાનો વાદીની વધારાની રકમથી થએલો ખર્ચ હોય તે વાદીએ આપવો (૨) એવી અનામત મુકેલી રકમમાથી પોતાનો દાવો પુરેપુરો પત્યા દાખલ તે રકમ વાદી સ્વીકારે ત્યારે, તે મતલબનુ તેણે કોર્ટને લખીને આપવુ, અને તે લખેલુ દાખલ કરીને તે પ્રમાણે કોર્ટે ફેસલો કહી સભળાવવો, અને દરેક પક્ષકારનો ખરચ કોણે આપવો એ ફરમાવવામા તે કજીઆમા કયો પક્ષકાર વધારે કપકો આપવા જેવો છે એ વાત કોર્ટે વીચારમા લેવી

દ્દષ્ટાંતો

(અ) અ ને બ ના રૂ ૧૦૦ દેવા છે રૂપીયાની ઉઘરાણી ન કરતા તથા ઉઘરાણી કરવાથી જે ઢીલ થશે તેથી પોતાને કઇ ગેરફાયદો થશે એમ માનવાનુ કારણ ન છતા તે રકમને વાસ્તે અ ના ઉપર બ ફરીયાદ કરે છે ફરીયાદ દાખલ થયા પછી અ તે રૂપીયા કોર્ટમા ભરે છે બ તે રકમ પોતાનો દાવો પુરેપુરો પત્યા તરીકે સ્વીકારે છે, તો એ કોર્ટે તેને કઇ ખરચ અપાવવો ન જોઇએ કેમકે તેની તરફનો વાદ વિનાકારણ હતો એમ અનુમાન થાય છે

(બ) દ્રષ્ટાંત (અ) મા કહેલી હકીકતો છતા અ ના ઉપર બ ફરીયાદ કરે છે દાખલ થયા પછી અ દાવામા વાધો લે છે ત્યારપછી અ કોર્ટમા તે રકમ ભરે છે બ તે રકમ પોતાનો દાવો પુરેપુરો પત્યા તરીકે સ્વીકારે છે આમા કોર્ટે બ ને ખરચ પણ અપાવવો જોઇએ કેમકે વાદ ચલાવવો જરૂર હતો એમ અ ની વર્તણુક બતાવે છે (ક) અ ને બ ના રૂ ૧૦૦ દેવા છે, અને તે રકમ ફરીયાદ થયા સિવાય આપવાને તે ખુશી છે બ રૂ ૧૫૦ માગે છે, અને તેટલી રકમની અ ઉપર ફરીયાદ કરે છે ફરીયાદ દાખલ થયા પછી અ રૂ ૧૦૦ કોર્ટમા ભરે છે, અને બાકીમા રૂ ૫૦ આપવાની તેની જવાબદારી બદલ માત્ર તે વાધો લે છે બ તે સો રૂપિયાની રકમ પોતાનો દાવો પુરેપુરો પત્યા તરીકે સ્વીકારે છે, કોર્ટે તેને અ નો ખરચ આપવાનો હુકમ કરવો

ઓર્ડર ૨૫ મો.

ખરચને વાસ્તે જામીન વિષે

૧ (૧) એકનો એક વાદી અથવા (બેથી વધારે વાદીઓ હોય ત્યારે) બધા વાદીઓ બ્રીટીશ ઇંડીયાની બહાર રહેનારા છે અને તે વાદી પાસે અથવા તે બે અથવા વધારે વાદીઓ પૈકી કોઇની પાસે ફરીઆદની મિલકત સિવાય પુરતી સ્થાવર મીલકત બ્રિટીશ ઇંડીયામા નથી, એમ ફરીયાદનુ કામ ચાલતા કોઇ વખતે કોર્ટને જણાય ત્યારે પોતાને મનથી અથવા કોઇ પ્રતીવાદીને થએલો તથા હવે પછી થવાનો

સંભવ હોય તે બધો ખરચ આપવાના જામીન મુદત ઠરાવીને તે ઠરાવેલી મુદતની અંદર આપવા વાદી અથવા વાદીઓને હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે (૨) કોઇ સખસ એવે પ્રસંગે બ્રીટીશ ઇંડીયા છોડીને જાય કે તે ઉપરથી ખરચ આપવાનુ તેને કહેવામા આવે ત્યારે તે મળવાનો નહી એવો વાજબી સંભવ જણાય ત્યારે તે પેટા કાનુન (૧) ના કારણ સારૂ બ્રીટીશ ઇંડીયાના બહાર રહેનારો ગણાશે (૩) પૈસા આપવા માટેની જે ફરીયાદમા આ વાદી હોય તે ફરીયાદમા કોઇ પણ પ્રતીવાદીની અરજ ઉપરથી જો કોર્ટની એમ ખાત્રી થાય કે સદરહુ વાદી પાસે ફરીયાદની મિલકત સિવાય પુરતી સ્થાવર બ્રીટીશ ઇંડીયામા નથી તો કોર્ટ ફરીયાદનુ કામ ચાલતા કોઇ પણ વખતે તેવોજ હુકમ કરવા મુખત્યાર છે

૨ (૧) ઠરાવેલી મુદતમા એવા જામીન આપવામા ન આવે ત્યારે કોર્ટે તે ફરીયાદ કાઢી નાખવાનો હુકમ કરવો પણ તેવી ફરીયાદમાથી નીકળી જવાની વાદીને અથવા વાદીઓને રજા આપવામા આવે તો તેમ કરવુ નહી (૨) જ્યારે આ કાનુન પ્રમાણે ફરીયાદ કહાડી નાખવામા આવે ત્યારે વાદી તે કહાડી નાખવાનો હુકમ રદ કરવાનો હુકમ મેળવવા અરજી કરવા મુખત્યાર છે અને જો કોર્ટની ખાત્રીપુર્વક સાબીતી થાય કે ઠરાવેલી મુદતની અંદર જામીન આપવામા કાઇ પુરતા કારણથી તેને અટકાવ થયો હતો તો સદરહુ કોર્ટે સદરહુ હુકમ જામીન ખરચ અથવા બીજી રીતની પોતાને યોગ્ય લાગે તે શરતો કરીને રદ કરવો અને ફરીયાદનું કામ આગળ ચલાવવાનો દીવસ નીમવો (૨) પણ એવી અરજીની નોટીસ પ્રતીવાદીને પહોચાડી ન હોય તો સદરહુ હુકમ રદ કરવો નહી

ઓર્ડર ૨૬ મો.

કમિશન વિશે

સાક્ષીઓની જુબાની લેવાનુ કમિશન.

૧ કોર્ટની હકુમતની સ્થાનીક હદમા રહેનારા જે સખસોને કોર્ટમા હાજર રહેવાની આ કાયદા પ્રમાણે માફી મળી હોય અથવા મંદવાડ કે નબળાઇને લીધે જે કોર્ટમા હાજર રહી શકે એવા ન હોય તેની સવાલનામાથી અથવા બીજી રીતે જુબાની લેવા સારૂ કોઇ પણ કોર્ટ કોઇ પણ ફરીયાદમા કમીશન કાઢવાનો હુકમ કરવાને મુખત્યાર છે,

૨ પોતાની મેળે, કે ફરિયાદનો કોઇ પક્ષકાર અથવા જેની સાહેદી લેવી હોય તે સાક્ષી સોગનનામાને આધારે અથવા બીજી રીતે અરજ કરે ત્યારે સાક્ષીની જુબાની લેવા સારૂ કમિશન કાઢવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૩ કમિશન કાઢનારી કોર્ટની હકુમતની સ્થાનિક હદમા રહેનારા કોઇ સખસની જુબાની લેવાનુ કમિશન તે બજાવવાને માટે કોર્ટને જે કોઇ સખસ લાયક લાગે તેના ઉપર મોકલી શકાય

૪ (૧) કોઇ પણ ફરિયાદમા નીચેના સખસોની જુબાની લેવાનું કમિશન કાઢી શકે—

(અ) પોતાની હકુમતની સ્થાનિક હદની બહાર રહેનારા કોઇ સખસની, (બ) જે તારીખે તેની જુબાની કોર્ટમા લેવાની હોય તે પહેલા હદ છોડી જવાનો હોય તે સખસની, અને (ક) સરકારનો જે દિવાની અથવા લશ્કરી અમલદાર કોર્ટની અભિલાષા પ્રમાણે સરકારી કામમા ખલેલ પહોચ્યા સિવાય હાજર થઇ શકે નહી તેની (૨) એ કોર્ટ સિવાયની બીજી જે કોઇ કોર્ટની હકુમતની સ્થાનિક હદમા તે સખસ રહેતો હોય તે કોર્ટ ઉપર અથવા કમિશન કાઢનારી કોર્ટને જે પ્લીડરન અથવા બીજા સખસને નીમવાનુ યોગ્ય લાગે તેના ઉપર તે કમિશન મોકલવાનો અખત્યાર છે (૩) આ કાનુન પ્રમાણે કોઇ કમિશન કાઢતી વખતે કોર્ટે ફરમાવવુ કે, તે કમિશન પોતાને ત્યાજ પાછુ મોકલવાનુ છે કે કોઇ તાબાની કોર્ટમા પાછુ મોકલવાનુ છે

૫ બ્રિટિશ ઇંડિયાની બહાર કોઈ ઠેકાણે રહેનારા કોઇ સખસની જબાની લેવા સારૂ કમિશન કાઢવાની જે કોર્ટને અરજ કરવામા આવી હોય તે કોર્ટની ખાતરી થાય કે તે સખસની સાહેદી જરૂરની છે ત્યારે તે કમિશન અથવા વિનતી પત્ર કાઢવાને કોટ મુખત્યાર છે

૬ કોઇ સખસની જુબાની લેવાનુ કમિશન જે કોર્ટને મળ્યુ હોય તે પ્રત્યેક કોર્ટે કમિશનને અનુસરીને તે સખસની જુબાની લેવી અથવા લેવરાવવી.

૭ કમિશન બરાબર રીતે બજાવ્યા પછી તે કમિશન મુજબ લીધેલા પુરાવા સુદ્ધાત તે, જે કોર્ટ-માથી નિકળ્યુ હોય તે કોર્ટમા પાછુ મોકલવુ પરતુ કમિશન કાઢવાના હુકમમા બીજી રીતે ફરમાવ્યુ હોય ત્યારે તે ફરમાવ્યા મુજબ તે પાછુ મોકલવુ અને તે કમિશન તથા તે ઉપર કરેલો રિપોર્ટ તથા કમિશન પ્રમાણે લીધેલો પુરાવો (તરત નીચેની કાનુનના ઠરાવને બાધ ન આવે એ રીતે) તે ફરીયાદના દફ્તરનો ભાગ ગણવો

૮ કમિશન ઉપરથી લીધેલો પુરાવો જે પક્ષકારની વિરૂદ્ધ તે આણ્યો હોય તેની સમતિ સિવાય ફરીયાદમા પુરાવા દાખલ વાચવો નહી પરતુ —

(અ) સાહેદી આપનાર સખસ કોર્ટની હકુમત બહાર હોય, અથવા મરી ગયો હોય, અથવા મદવાડ કે નબળાઈને લીધે જાતે સાહેદી આપવાને હાજર રહી શકતો ન હોય અથવા કોર્ટમા જાતે હાજર થયાની માફી મળી હોય તો અથવા કોર્ટના અભિપ્રાય પ્રમાણે સરકારી કામમા ખલેલ પહોચ્યા સિવાય હાજર થઇ શકે નહી તેવો સરકારનો કોઇ દિવાની અથવા લશ્કરી અમલદાર હોય તો અથવા (બ) રકમ (અ) મા કહેલી બાબતો પૈકી કોઇની સાબિતિ ન લેવી એમ કોર્ટની નજરમા આવે, અને જે કારણને લીધે કમિશનથી સાહેદી લેવામા આવી હોય તે કારણ બધ થયુ છે, એવી સાબિતી છતાએ કોઇ સખસની સાહેદી ફરીયાદમા પુરાવા દાખલ વાચવાને કોર્ટ અખત્યાર આપે તો, તેવી સમતિની જરૂર નથી

સ્થાનિક તજવીજ કરવા સારૂ કમિશન

૯ જે કોઇ ફરિયાદમા ટટાના કોઇ બાબત સ્પષ્ટ કરવા સારૂ અથવા કોઇ મિલકતની બજાર કિમત કે કોઇ દરમ્યાનની ઉપજ કે નુકસાન કે વાર્ષિક ચોખો નફો નક્કી કરવા સારૂ સ્થાનિક તજવીજ કરવી, કોર્ટને જરૂરની અથવા ચોગ્ય લાગતી હોય, ત્રે ફરિયાદમા કોર્ટ પોતાને ચોગ્ય લાગે તેવા સખસ ઉપર કમિશન મોકલવાને મુખત્યાર છે, અને તેનો કોર્ટને રિપોર્ટ કરવો પરતુ આવુ કમિશન ક્યા સખસોને આપવુ એ વિશે સ્થાનિક સરકારે કઇ નિયમ કર્યાં હોય ત્યારે તે નિયમો પ્રમાણે કોર્ટે ચાલવુ પડશે

૧૦ (૧) પોતાને જરૂર જણાય તેની સ્થાનિક તપાસ કર્યા પછી તથા પોતે લીધેલો પુરાવો લખી લીધા પછી કમિશનરે તે પુરાવો તથા તેની સાથે પોતાનો લખેલો રીપોર્ટ પોતાની સહી કરીને કોર્ટમા મોકલવો (૨) કમિશનરનો રિપોર્ટ તથા તેણે લીધેલો પુરાવો (પણ રીપોર્ટ સિવાયનો પુરાવો નહી) એ ફરિયાદમા પુરાવો ગણાશે, તથા તે દફતરનો ભાગ ગણાશે, પરતુ કમિશનની સોપેલી અથવા તેના રિપોર્ટમા કહેલી કોઈ બાબત વિશે, અથવા તેના રિપોર્ટ વિશે અથવા તેની તજવીજ કરવાની રીત વિશે કોર્ટ અથવા કોર્ટની રજાથી ફરિયાદનો કોઇ પક્ષકાર ખુલી કોરટમા ખુદ કમિશનરની જુબાની લેવાને મુખત્યાર છે

(૩) જ્યારે કમિશનરના કામકાજથી કોર્ટને સતોષ ન થાય ત્યારે પોતાને ચોગ્ય લાગે એવી જાસ્તી તપાસ કરવાનુ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે

હિસાબ તપાસવાનાં કમિશન

૧૧ જે કોઇ ફરીયાદમા હિસાબ તપાસવાની કે નક્કી કરવાની જરૂર હોય તે ફરિયાદમા પોતાને ચોગ્ય લાગે તેવા સખસને તે તપાસ અથવા નક્કી કરવાનુ ફરમાવીને તેના ઉપર કમિશન મોકલવાને કોર્ટ મુખત્યાર છે

૧૨ (૧) જરૂર જણાય તેવા કામના કાગળ તથા જરૂર જણાય તેવા તપસીલવાર હુકમો કોર્ટે કમિશનરને આપવા, અને તપાસ કરવામા કમીશનર જે કામ ચલાવે તેજ માત્ર તેણે મોકલવુ, કે તપાસને વાસ્તે તેને સોપેલી બાબત ઉપર તેણે પોતાનો અભિપ્રાય પણ લખી મોકલવો, એ પણ તે હુકમોમા સ્પષ્ટ રીતે જણાવવુ, (૨) કમિશનર આગળ ચાલેલુ કામ તથા તેનો રીપોર્ટ (હોય તો) ફરીયાદમા પુરા-

વામા લેવાશે પરતુ તે કામથી કોર્ટને નારાજી થવાનુ કારણ હોય તો જરૂર હોય તેવી જાસ્તી તપાસ કરવાનુ કોર્ટે ફરમાવવુ

ભાગ પાડવાનાં કમિશન

૧૩ ભાગ પાડવાનુ પ્રાથમિક હુકમનામુ થયુ હેય ત્યારે ૫૪ મી કલમમા જે બાબત વિશે ઠરાવ ન કર્યો હોય તે બાબતમા એવા હુકમનામામા ઠરાવેલા હક પ્રમાણે ભાગ પાડવા સારૂ અથવા જુદુ કરવા સારૂ પોતાને યોગ્ય જણાય તે સખસ ઉપર કમીશન મોકલવાને કોર્ટ મુખત્યાર છે

૧૪ (૧) કમીશનરે જરૂર હોય તેવી તપાસ કર્યા પછી કમીશન કાઢવાના હુકમમા ફરમાવ્યા હોય તેટલા ને મિલકતના હિસ્સા પાડવા, અને તે હિસ્સા પક્ષકારોને વેચી આપવા, અને જો હિસ્સાની કિંમત બરોબર કરવા સારૂ એક બીજાને આપવાની રકમ ઠરાવવાનો સદરહુ હુકમમા અખત્યાર આપ્યો હોય તો તેમ કરવાને તે કોર્ટ મુખત્યાર છે (૨) પછી કમીશનરે રીપોર્ટ તૈયાર કરીને તે ઉપર સહી કરવી અથવા (કમીશન એક કરતા વધારે સખસ ઉપર કાઢ્યુ હોય અને તે એકમત ન થઇ શકે તો) જુદા જુદા રીપોર્ટ કરવા તેમા દરેક પક્ષકારનો હિસ્સો ઠરાવવો અને દરેક હિસ્સો (જો સદરહુ હુકમમા તે રીતે ફરમાવ્યુ હોય તો) માપની તથા ચતુસીમાથી ઓળખાવવો તે રીપોર્ટ અથવા રીપોર્ટો કમીશનની સાથે જોડીને કોર્ટને મોકલવા અને તે રીપોર્ટ અથવા રીપોર્ટો વિશે પક્ષકારો જે કઇ હરકત લે તે સાભળ્યા પછી કોર્ટે તે કાયમ કરવો, ફેરવવો અથવા રદ કરવો (૩) જ્યારે કોર્ટ તે રીપોર્ટ અથવા રીપોર્ટો કાયમ કરે અથવા ફેરવે ત્યારે તે પ્રમાણે હુકમનામુ કરવુ પણ જ્યારે કોર્ટ તે રદ કરે ત્યારે તેણે કાતો નવુ કમિશન કાઢવુ અથવા પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરવો

સામાન્ય ઠરાવ

૧૫ જે પક્ષકારની અરજ ઉપરથી અરજ જેના લાભને માટે કમીશન કાઢ્યુ હોય તેણે કમીશનના ખરચને વાસ્તે કોર્ટને વાજબી લાગે તે (જો કોઈ હોય તો) રકમ કોર્ટ નીમે તે વખતની અદર કોર્ટમા ભરવી એવો આ ઓર્ડર પ્રમાણે કોઈ કમિશન કાઢ્યા પહેલા હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૧૬ કમિશનર નીમવાના હુકમમા બીજી રીતે ફરમાવ્યુ ન હોય તો આ ઓર્ડર પ્રમાણે નીમેલો કોઈ કમિશનર નીચે પ્રમાણે કરવાને મુખત્યાર છે, એટલે —

(અ) પક્ષકારોની પોતાની તથા તેઓ અથવા તેઓમાનો કોઇ જે સાક્ષીને હાજર કરે તેની, તથા પોતાને સોપેલી બાબતમા જે કોઇ બીજા સખસને બોલાવીને તેની સાહેદી લેવી કમિશનરને યોગ્ય જણાય તે સખસની સાહેદી લેવાને, [બ] તજવીજ કરવાની બાબતને લાગુ પડે તેવા દસ્તાવેજો અને બીજી વસ્તુઓ મગાવીને તપાસવાને, (ક) હુકમમા કહેલી કોઈ જમીન અથવા ઇમારતમા કોઇ પણ વાજબી વખતે દાખલ થવાને

૧૭ (૧) સાક્ષીઓને સમન કાઢવા બાબત, તેમના હાજર રહેવા બાબત, તેમની જુબાની બાબત તથા તેમના ભથ્થા બાબત અને તેમને શિક્ષા કરવા બાબત, આ કાયદામા જે ઠરાવો છે તે ઓર્ડર પ્રમાણે સાહેદી આપવાનુ અથવા દસ્તાવેજ હાજર કરવાનુ જે સખસોને કહ્યુ હોય તેમને લાગુ પડશે પછી જે કમિશનની બજાવણીમા તેમને એ રીતે કહ્યુ હોય કમિશન બ્રિટીશ ઇંડિયાની હદની અદરની કે તે હદની બહારની કોર્ટ કાઢ્યુ હોય તેની ચિંતા નહી, અને આ કલમના કારણ સારૂ કમિશનર એ દિવાની કોર્ટ ગણવામા આવશે (૨) જેની હકુમતની સ્થાનિક હદમા શાહેદ રહેતો હોય એવી (હૈ કોર્ટ સિવાયની) કોર્ટને કમિશનર પોતે એવા કોઇ સાહેદને અથવા તેની ઉપર પ્રોસસ કાઢવાનુ જરૂરનુ જુવે તેની ઉપર તે કહાડવા સારૂ અરજી કરવાને મુખત્યાર છે, અને એવી કોર્ટ પોતાની નજરમા આવે તો પોતાને જરૂરનુ અને યોગ્ય જણાય તેવુ પ્રોસેસ કાઢવાને મુખત્યાર છે

૧૮ (૧) આ ઓરડર પ્રમાણે કમિશન કાઢવામા આવે ત્યારે, કોર્ટે ફરમાવવુ કે ફરિયાદના કમિશનરની રૂબરૂ પક્ષકારોએ પોતે અથવા પોતપોતાના મુખત્યારો કે પ્લીડરોની મારફતે કમિશનરની રૂબરૂ હાજર થવુ (૨) બધળા અથવા કોઈ પણ પક્ષકારો એ પ્રમાણે હાજર ન થાય ત્યારે, કમિશનર તેમની ગેરહાજરીમા કામ ચલાવે

ઓરડર ૨૭ મો.

સરકાર કરે તે અથવા સરકાર ઉપર થાય તે અથવા સરકારી અમલદાર પોતાના હુદ્દાની રૂએ કરે અથવા તેમના ઉપર થાય તે ફરિયાદો વિશે

૧ હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કોન્સિલે કરવાની અથવા હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કાન્સિલ ઉપર કરવાની ફરિયાદોમા, ફરિયાદ અરજી અથવા લેખી કેફીયત ઉપર સહી કરવી તે આ અર્થે સરકાર સામાન્ય અથવા વિશેષ હુકમથી નીમે તે સખસે કરવી, અને તેના ખરાપણાની સહી કરવા સારૂ જે સખસને સરકાર નીમે અને જે સખસ મુકદ્દમાની હકીકત જાણતો હોય તે સખસે તેના ખરાપણાની સહી કરવી

૨, કોઇ ન્યાયના કામ બાબત સરકારની વતી કામ કરવાને જેમને નોકરીને લીધે અથવા બીજી રીતે અખત્યાર મળ્યો હોય તેવા સખસો, કબુલ કરેલા મુખત્યારો ગણાશે અને સરકારની વતી આ કાયદા પ્રમાણે હાજર થવાનુ, કામ કરવાનુ અને અરજો કરવાની તે તેઓ કરશે

૩ હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇ. કૌન્સિલે કરવાની અથવા તેમના ઉપર કરવાની ફરીયાદમા વાદીનુ અથવા પ્રતિવાદીનુ નામ, વર્ણન અને રહેવાનું ઠેકાણું ફરિયાદ અરજીમા ઘાલવાને બદલે "હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કૌન્સિલ" એ શબ્દો લખ્યા એટલે બસ થશે

૪ કોઈ કોર્ટનો સરકારી પ્લીડર અથવા સ્થાનિક સરકાર આ અર્થે કોઇ કોર્ટ માટે નીમે તેવો બીજો કોઈ સખસ તે કોર્ટમાથી સદરહુ હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કૌન્સીલ ઉપર નિકળેલી પ્રોસેસો લેવા સારૂ સરકારનો મુખત્યાર ગણાશે

૫ સદરહુ હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કોન્સિલને ફરિયાદ અરજીનો જવાબ દેવા સારૂ કોર્ટે દિવસ ઠરાવવો તેમા યોગ્ય અમલદારોની મારફતે સરકારને જરૂરનુ લખાણુ કરવા સારૂ તથા તે સ્ટેટ સેક્રેટરી ઇન કાઉન્સિલની અથવા સરકારની વતી હાજર થઇને જવાબ દેવા સારૂ સરકારી પ્લીડર ઉપર લખાઇ આવવાને જોઇએ તેટલી વાજબી મુદત આપવી અને કોર્ટની નજરમા આવે તો તે મુદત વધારવાને તે મુખત્યાર છે

૬ ફરિયાદ સબધી જરૂરીઆત સવાલોના જવાબ દેઇ શકે એવો સખસ કોઇ કામમા સદરહુ હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કાઉન્સિલ તરફથી સરકારી પ્લીડરની સાથે આવ્યો ન હોય તો, તે સખસને હાજર રહેવાનુ ફરમાવવાને પણ કોર્ટ મુખત્યાર છે

૭ (૧) જ્યારે પ્રતિવાદી અમલદાર હોય અને સમન મળ્યા પછી તેની નજરમા એમ આવે કે, ફરિયાદ અરજીનો જવાબ આપવા અગાઉ મારે સરકારમા લખાણુ કરવુ જોઇએ, ત્યારે તે પ્રમાણે સરકારને લખવાને તથા યોગ્ય અમલદારોની મારફતે હુકમ થઇ આવવાને જેટલી મુદતની જરૂર હોય તેટલી સમનમા ઠરાવેલી મુદતમા વધારી આપવા સારૂ કોર્ટની અરજ કરવાને તે મુખત્યાર છે (૨) એવી અરજ કરવામા આવે ત્યારે કોર્ટની નજરમા જરૂર જણાય તેટલી મુદત કોર્ટે વધારી આપવી જોઇએ.

૮ (૧) સરકારી અમલદાર ઉપરની ફરીઆદનો જવાબ કરવાનુ કામ સરકાર માથે લે ત્યારે સરકારી પ્લીડરે, ફરિયાદ અરજીનો હાજર થઇને જવાબ દેવા સારૂ પોતાને અખત્યાર મળ્યા પછી કોર્ટને અરજ કરવી, અને તે અરજ થાય એટલે કોર્ટે તેના અખત્યાર વિશેની નોંધ દિવાની ફરિયાદોના રજીસ્ટરમા કરાવવી (૨) પ્રતિવાદીને ફરિયાદ અરજીનો હાજર થઇને જવાબ આપવા સારૂ નોટીસમા જે દિવસ ઠરાવ્યો હોય, તે દીવસે અથવા તે પહેલા સરકારી પ્લીડર પેટા કાનુન (૧) પ્રમાણે અરજ ન કરે તો ખાનગી પક્ષકારો વચ્ચે ફરિયાદ હોય તે રીતે કામ ચલાવવુ, પરંતુ હુકમનામુ બજાવવામા પ્રતિવાદીને પકડવામા આવે અથવા તેની મિલકત જપ્ત થાય તે શીવાય બીજી રીતે તેને પકડવો નહી અથવા તેની મિલકત જપ્ત કરવી નહી.

ઓર્ડર ૨૮ મો.

લશ્કરી માણસોએ તથા તે માણસો ઉપર કરવાની ફરીયાદો.

૧ [૧] લશ્કરી હોદ્દાવી સરકારની ખરેખર નોકરી બજાવતો હોય તેવો કોઇ અમલદાર અથવા સાલજર ફરિયાદનો પક્ષકાર હોય, અને જાતે ફરીયાદ ચલાવવા સારૂ અથવા તેનો જવાબ કરવા સારૂ કોઇ પણ સખસને અખત્યાર આપવાને તે મુખત્યાર છે [૨] તે અખત્યાર આપવો તે લખીને આપવો અને તે લેખ ઉપર તે અમલદારે અથવા સાલજરે,-(અ) પોતાના કમાડિગ ઓફીસરની સમક્ષ સહી કરવી, અથવા તે પક્ષકાર પોતેજ કમાડિગ ઓફીસર હોય તો તેના હાથ નીચેના પહેલા અમલદારની સમક્ષ સહી કરવી, અથવા (બ) તે અમલદાર કે સોલજર લશ્કરી સ્ટાફની નોકરીમા કામ કરતો હોય, તો જે ઓફીસમા તે નોકર હોય તેના મુખ્યની અથવા બીજા ઉપરી અમલદારની સમક્ષ સહી કરવી સદરહુ કમાડિગ ઓફીસરે અથવા બીજા અમલદારે તે અખત્યારપત્ર ઉપર મખલસી કરવી, અને તે અખત્યારપત્ર કોર્ટમા દાખલ કરવુ

(૩) તે લેખ કોર્ટમા ઉપર પ્રમાણે દાખલ થયો એટલે, તે અખત્યારનામુ બરોબર રીતે લખી આપ્યુ છે તે વાતનો તથા તે લખી આપનાર અમલદારને કે સોલજરને જાતે ફરિયાદ ચલાવવાને કે તેમા જવાબ કરવાને ગેરહાજર રહેવાની રજા મળી નહી, એ વાતનો તે કમાડિગ ઓફીસરની અથવા બીજા અમલદારની સહી એ પુરતો પુરાવો ગણવો

ખુલાસો—આ ઓર્ડરમા ' કમાડિગ ઓફીસર " એટલે તે અમલદાર અથવા સોલજર જે કોઇ રેજીમેન્ટમા કોરમા, ડીપાર્ટમેન્ટમા અથવા ડીપોમા હોય, તે રેજીમેન્ટ, કોર ડીપાર્ટમેન્ટ અથવા ડીપો ઉપર તે વખતે ખરેખર હુકમ ચલાવનાર અમલદાર સમજવો

૨ પોતાની તરફથી ફરિયાદ ચલાવવાને અથવા જવાબ કરવાને કોઈ અમલદારે અથવા સોલજરે જેને અખત્યાર આપ્યો હોય તે સખસ અખત્યાર આપનાર અમલદાર અથવા સોલજર હાજર હોય અને કામ કરી શકે તે રીતે, જાતે તે ફરિયાદ ચલાવવાને કે જવાબ કરવા સારૂ પ્લીડર નીમવાને મુખત્યાર છે

૩ કાનુન ૧ પ્રમાણે કોઇ અમલદારે અથવા સોલજરે અખત્યાર આપેલા કોઇ સખસને અથવા ઉપર કહ્યા પ્રમાણે તે સખસે તે અમલદારને કે સોલજરને બદલે અથવા તેમના વતી કામ કરવાને નીમેલા પ્લીડરને પહોચાડેલી પ્રોસેસ, જાણે તે પક્ષકારને હાથોહાથ પહોચાડી હોય એમ સમજવુ

ઓર્ડર ૨૯ મો.

કોરપોરેશન તરફની અને તેના ઉપરની ફરિયાદો.

૧ કોરપોરેશને કરેલી અથવા તેમા ઉપર કરેલી ફરિયાદોમા તે કોરપોરેશનની તરફથી તેના સેક્રેટરીને અથવા મુકદમાની હકીકત બાબત જબાની આપવાને શક્તિવાન હોય એવા તેના ડીરેક્ટરને અથવા બીજા મુખ્ય અમલદારને તે કોરપોરેશનની વતી કોઈ પણ પ્લીડીગ ઉપર સહી તથા સાચાપણાના એકરાર કરવાનો અધિકાર છે

૨ પ્રોસેસ પહોચાડવાનુ નીયમન કરવા સબધી કાયદાના કોઈ પણ ઠરાવ હોય તેને પાત્ર, કોરપોરેશન ઉપર ફરિયાદ હોય ત્યારે, નીચે પ્રમાણે સમન પહોચાડી શકાય

(અ) તે કોરપોરેશનના સેક્રેટરીને, કોઇ પણ ડિરેક્ટરને અથવા બીજા મુખ્ય અમલદારને (બ) તે કારપોરેશનની રજીસ્ટર કરાવેલી ઓફીસમા સમન મૂકી આવવો અથવા પોસ્ટ મારફત મોકલવો અથવા એવી રજીસ્ટર કરાવેલી ઓફીસ ન હોય તો તે કારપોરેશન જે ઠેકાણે કામ ચલાવતી હોય તે ઠેકાણે મૂકી આવવો અથવા મોકલવો

૩ સદરહુ કોર્ટ, ફરીયાદ ચાલતી હોય તે વખતે કાઇ પણ વખતે, તે કોરપોરેશનના કોઇ ડિરેક્ટરને, સેક્રેટરીને કે ફરીયાદ સબધી જરૂરના સવાલોનો જવાબ દેઇ શકે એવા બીજા મુખ્ય અમલદારને જાતે હાજર થવાનુ ફરમાવવાને મુખત્યાર છે

ઓર્ડર ૩૦ મો.

પેઢીઓએ તથા જે સખસો પોતાના નામ શિવાય બીજાના નામથી ધંધો કરતા હોય તેમણે કરવાની અથવા તેમના ઉપર કરવાની ફરિયાદો વિશે

૧ (૧) કોઈ પણ બે અથવા વધારે સખસો પોતે ભાગીઆ છે એમ દાવો કરતા હોય અથવા ભાગીઆ તરીકે જવાબદાર હોય અને બ્રિટિશ ઇંડિયામા ધંધો કરતા હોય તેઓ દાવાનુ કારણ ઉત્પન્ન થયુ તે વખતે જે પેઢી (હોય તો તે) ના ભાગીઆ હોય તે પેઢીના નામે ફરિયાદ કરે અથવા તેમના ઉપર તે પેઢીના નામથી ફરિયાદ થાય, અને ફરિયાદનો કોઇ પણ પક્ષકાર, એવી કોઇ પણ બાબતમા, દાવાનુ કારણ ઉત્પન્ન થયુ તે વખતે જે સખસો એના પેઢીમા ભાગીઆ હોય તેમના નામ તથા રહેવાના ઠેકાણાની યાદી પોતાને મળવા માટે અને તે યાદીના ખરાપણા વિશે કોર્ટ ઠરાવે તે રીતે એકરાર થવા કોર્ટને અરજ કરવાને મુખત્યાર છે (૨) જ્યારે કોઇ સખસો પેટા કાનુન (૧) પ્રમાણે પોતાની પેઢીના નામથી ભાગીઆ તરીકે ફરીયાદ કરે અથવા તેમના ઉપર એવી રીતે ફરીયાદ થાય ત્યારે, આ કાયદા પ્રમાણે જે કોઇ પણ પ્લીડીગ અથવા બીજા દસ્તાવેજ ઉપર વાદીએ અથવા પ્રતિવાદીએ સહી કરવાની હોય અથવા તેના ખરાપણાવિશે એકરાર કરવાનો હોય અથવા તે ખરા હોવા બાબતનો દાખલો આપવો હોય તે " પ્લીડીગ " અથવા દસ્તાવેજની બાબતમા, તે ઉપર એવા સખસોમાનો કોઇ પણ સખસ સહી કરશે અથવા તેના ખરાપણાનો એકરાર કરશે અથવા તે ખરા હોવાનો દાખલો લખશે તે બસ થશે

૨ (૧) જ્યારે કોઇ ફરિયાદ ભાગીયાઓએ પોતાની પેઢીના નામથી કરી હોય ત્યારે વાદીઓએ અથવા તેમના પ્લીડરે, કોઇ પણ પ્રતિવાદીની અથવા તેની વતીની લેખી માગણી થયેથી, જે પેઢીની વતી તે ફરીયાદ માંડી હોય તે પેઢીના સઘળા ભાગીઆઓના નામ તથા તેમના રહેવાના ઠેકાણા તાબડતોબ લખી જણાવવા જોઇએ (૨) જ્યારે એવા વાદીઓ અથવા તેમનો પ્લીડર પેટા કાનુન (૧) પ્રમાણે કરવામા આવેલી માગણી પ્રમાણે ચાલવાને ચુકે ત્યારે, તે ફરીયાદનુ સઘળુ કામ કોર્ટ ઠરાવે તેવી સરતોએ બંધ રાખવાની અરજી કરવામા આવે એટલે તે સદરહુ પ્રમાણે બંધ કરવાનો કોર્ટને અધિકાર છે

(૩) જ્યારે સદરહુ ભાગીઆઓના નામ પેટા કાનુન (૧) મા લખેલી રીતે જણાવવામા આવે ત્યારે જાણે એવા નામ ખુદ ફરીયાદ અરજીમા લખ્યા હોય તે પ્રમાણે તે ફરીયાદનુ કામ આગળ ચાલશે અને તેના સંબધમા તેવાજ સઘળા પરીણામ સઘળી બાબતોમા આવશે, પણ એવુ ઠરાવ્યુ છે કે ઉપર કહ્યુ છે છતા એવુ સઘળુ કામ સદરહુ પેઢીને નામે ચાલશે

૩ જ્યારે કોઇ સખસો ઉપર તેમની પેઢીના નામથી ફરીયાદ માંડવામા આવે ત્યારે સમન કોર્ટ ફરમાવે તે પ્રમાણે—(અ) સદરહુ ભાગીઆઓમાના એક અથવા વધારે ભાગીઆ ઉપર બજાવવો, અથવા

(બ) એવી ભાગીદારીનુ કામ બ્રિટિશ ઈંડિયામા જે મુખ્ય ઠેકાણે ચાલતું હોય તે ઠેકાણે એવી ભાગીદારીનુ કામ એવી બજાવણી વખતે જેના નિર્બંધ અથવા વહિવટ હેઠળ હોય તે સખસ ઉપર બજાવવો અને આવી રીતે કરેલી બજાવણી, એવી રીતે ફરિયાદ માંડેલી પેઢી ઉપર યોગ્ય રીતે બજાવણી થઇ છે એમ ગણાશે પછી એવા સઘળા અથવા કોઇ પણ ભાગીઆ બ્રિટીશ ઇંડિયામા હોય કે તેની બહાર હોય તેની હરકત નથી પણ એવુ ઠરાવ્યુ છે કે ભાગીદારી વાદીની જાણ પ્રમાણે ફરિયાદ માંડતા પહેલા છુટી થઇ ગઇ હોય તે ભાગીદારીની બાબતમા, બ્રિટીશ ઇંડીયામા રહેનારા જે જે ભાગીઆને પાત્ર કરવાનો પ્રયત્ન હોય તે દરેક ભાગીઆ ઉપર એવો સમન બજાવવો જોઇએ

૪ (૧) સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના કરાર બાબતના આક્ટની ૪૫ મી કલમમા ગમે તે ઠરાવ હોય તોપણ, જ્યારે ઉપરના ઠરાવો પ્રમાણે બે અથવા વધારે સખસો પેઢીના નામથી ફરિયાદ માંડી શકે અથવા તેમના ઉપર એવી રીતે ફરિયાદ મંડાઇ શકે અને તેમાનો કોઇ પણ એક જણ, તે ફરિયાદ માંડતા પહેલા અથવા તે ચાલુ હોય તેવામા મરણ પામે ત્યારે મૈયતના વારસ વકીલને તે ફરીયાદના પક્ષકાર તરીકે સામીલ કરવાની જરૂર નથી,

(૨) મૈયતના વારસ વકીલને—(અ) એવી ફરિયાદમા પક્ષકાર કરવા સારૂ અરજ કરવાનો, અથવા

(બ) બાકી રહેલા એક અથવા વધારે સખસો ઉપર કંઇ હક બજાવવાનો હકક હોય તેને પેટા કાનુન (૧) માના કોઇ પણ મજકુર ઉપર બાધ આવે છે અથવા તે મર્યાદિત થાય છે એમ સમજવુ નહિ.

૫ જ્યારે સમન એકાદી પેઢી ઉપર કાઢ્યો હોય અને તે કાનુન ૩ મા ઠરાવ્યા પ્રમાણે બજાવવામા આવ્યો હોય ત્યારે તે જેના ઉપર બજાવ્યો હોય તે દરેક સખસને એવી બજાવણી વખતે નોટીસ આપીને ખબર આપવી કે તેના ઉપર તે સમન ભાગીઆ તરીકે બજાવ્યો છે કે ભાગીદારના ધંધા ઉપર નિર્બંધ રાખનાર અથવા તેના વહીવટ કરનાર તરીકે બજાવ્યો છે કે તે બન્ને સબંધથી બજાવ્યો છે, અને જો એવી નોટીસ નહિ આપવામા આવે તો, જેના ઉપર તે બજાવ્યો હોય તે સખસના ઉપર તે ભાગીઆ તરીકે બજાવ્યો છે એમ સમજવુ

૬ જ્યારે કોઇ સખસોના ઉપર તેમની પેઢીના ભાગીઆ તરીકે ફરિયાદ માંડવામા આવી હોય ત્યારે, તેમણે પોતપોતાના નામથી જાતે હાજર થવુ, પણ તે છતા ત્યાર પછીનુ સઘળુ કામ તે પેઢીના નામથી ચાલશે

૭ જ્યારે એકાદો સમન ૩ જી કાનુનમા ઠરાવેલી રીતે, જે સખસ ભાગીદારીના ધંધા ઉપર નિર્બંધ રાખતો હોય અથવા તેનો વહીવટ કરતો હોય તેના ઉપર બજાવવામા આવ્યો હોય ત્યારે, જે પેઢી ઉપર ફરિઆદ માંડી હોય તે પેઢીનો તે ભાગીઓ ન હોય તો તેને હાજર થવાની જરૂર નથી

૮ જે કોઇપણ સખસ ઉપર ૩ જી કાનુન પ્રમાણે ભાગીઆ તરીકે પ્રોસેસ બજાવી હોય તે સખસ વાંધો લઇને હાજર થઇ શકે કે હુ ભાગીઓ નથી, પણ આવી રીતે હાજર થવાથી વાદીને એવી પેઢી ઉપર બીજી રીતે સમન બજાવવામા આવે અને જ્યારે કોઇપણ ભાગીઓ હાજર ન થાય ત્યારે હાજર થવામા ચુકયાથી તે પેઢી ઉપર હુકમનામુ મેળવવામા બાધ આવે છે એમ સમજવુ નહિ

૯ આ ઓર્ડર એકાદી પેઢી તથા તેમાના એક અથવા વધારે ભાગીઆ વચ્ચેની એ ફરિઆદને તથા જેમા એક અથવા વધારે સખસો સામાન્ય રીતે ભાગીઆ હોય તેવી પેઢીઓ વચ્ચેની ફરિયાદોને લાગુ પડશે પણ આવી ફરિયાદોમા કોર્ટની પરવાનગી વગર બજાવણીનુ કામ કાઢવામા આવશે નહિ અને એવુ કામ કાઢવા સારૂ કોર્ટને અરજી કરવામા આવે એટલે વાજબી લાગે તેના હિસાબ લેવાનો તથા ચોકસી કરવાનો તથા હુકમ આપવાનો અધિકાર છે

૧૦ કોઇ સખસ પોતાના નામ અથવા અટક કરતા જુદા નામ અથવા અટકથી ધંધો કરતો હોય તે સખસના ઉપર એવા નામ અથવા અટકથી, જાણે તે નામ અથવા અટક પેઢીનુ નામ હોય તે રીતે ફરિયાદ થઈ શકે, અને મુકદમાની હકીકત જોતા બની શકે એમ હોય તેટલે સુધી આ ઓર્ડર મુજબની સઘળી કાનુનો તેને લાગુ પડશે

ઓર્ડર ૩૧ મો.

ટ્રસ્ટી. મૃત્યુપત્ર ચલાવનાર અને મૈયતની મિલકતનો વહિવટ કરનાર કરે તે તથા તેમના ઉપર થાય તે ફરિયાદો વિશે.

૧ ટ્રસ્ટીને, મૃત્યુપત્ર ચલાવનારને અથવા મૈયતની મિલકતના વહિવટ કરનારને જે મિલકતનો હક પ્રાપ્ત થયો હોય તે મિલકત સબંધી ફરિયાદોમા, તે મિલકતના હિત સબંધવાળા સખસોની તથા ત્રાહિતની વચ્ચે ટંટો હોય ત્યારે તે હિતસબંધવાળા સખસોની વતી તે ટ્રસ્ટી મૃત્યુપત્ર ચલાવનાર અથવા મૈયતની મિલકતનો વહિવટ કરનાર વારસવકીલ તરીકે હાજર થયેલો ગણાશે અને સાધારણ રીતે તેમને ફરિયાદના પક્ષકાર કરવાની જરૂર નથી, પરંતુ કોર્ટને યોગ લાગે તો તેમને અથવા તેમાના કોઇને તેવા પક્ષકાર થવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૨ ટ્રસ્ટી, મૃત્યુપત્ર ચલાવનાર અથવા મૈયતની મિલકતનો વહિવટ કરનાર ઘણા હોય ત્યારે, તેમાના એક અથવા વધારે ઉપરની ફરિયાદમા તે બધાને પક્ષકાર કરવા પરંતુ જે મૃત્યુપત્ર ચલાવનારાઓએ મૃત્યુલેખ કરવાનુ મૃત્યુપત્ર સાબિત કર્યું ન હોય તેમને તથા બ્રિટિશ હિંદુસ્તાનની બહાર જે ટ્રસ્ટી મૃત્યુપત્ર ચલાવનારા અને મૈયતની મિલકતના વહિવટ કરનારા હોય તેમને પક્ષકાર કરવાની જરૂર નથી.

૩ ટ્રસ્ટી, મૃત્યુપત્ર ચલાવનારી અથવા મૈયતની મિલકતનો વહિવટ કરનારી પરણેલી સ્ત્રી ફરિઆદ કરે તેમા અથવા તેના ઉપર ફરિઆદ થાય તેમા કોર્ટ બીજી રીતે ન ફરમાવે તો, તેના ધણીએ પક્ષકાર થવુ નહિ

ઓર્ડર ૩૨ મો.

સગીર તથા દીવાના એઓની તરફની અને તેમના ઉપરના ફરિયાદો વિષે

૧ સગીરે કરવાની પ્રત્યેક ફરિયાદ તેના નામથી કોઇ સખસે કરવી, અને તેને તે ફરિયાદમા સગીરનો ઇષ્ટમિત્ર કહેવો

૨ (૧) ઇષ્ટમિત્ર વગર સગીરે અથવા તેના વતી કોઇએ ફરિઆદ અરજી દાખલ કરી હોય ત્યારે જે પ્લીડરે અથવા બીજા સખસે ફરિઆદઅરજી આપી હોય તેની પાસેથી ખરચ અપાવીને ફરિઆદઅરજી દાખલમાથી કાઢી નાખો એવી અરજ પ્રતિવાદી કરવાને મુખત્યાર છે

(૨) તે અરજની નોટીસ સખસને આપવી, અને તેની કઇ હરકત હોય તો તે સાભળ્યા પછી તે કામમા પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે.

૩ (૧) ફરિયાદનો પ્રતિવાદી સગીર હોય ત્યારે તેના સગીરપણાની ખાત્રી થયા પછી તે સગીરને વાસ્તે જવાબ દાખલ કરવાને અને મુકદમો ચલાવવામા તેની વતી સામાન્ય રીતે કામ કરવાને કોર્ટે કોઇ લાયક સખસને તે સગીરનો તે ફરિયાદ પુરતો વાલી નીમવો (૨) સગીરને નામે અને સગીરની વતી, અથવા વાદીએ અરજ કરવાથી, ફરિઆદ પુરતો તેનો વાલી નીમવાનો હુકમ મળી શકે (૩) ફરિઆદમાની તકરારી બાબતોમા સગીરથી ઉલટો લાભ સુચવેલા વાલીને નથી, તથા તે વાલી તરીકે નીમવાને લાયક છે એ વાત ખરી કરી બતાવનારા સોગનનામાથી તે અરજને પુષ્ટી આપવી

(૪) આ કાનુન મુજબની અરજી ઉપરથી હુકમ કરવાનો હોય તે, સગીરને અથવા એવા સગીરનો વાલી નીમવાનો અથવા ઠરાવવાનો જેને અધિકાર હોય તે અધિકારીએ નીમેલા અથવા ઠરાવેલા વાલીને, અથવા એવો વાલી ન હોય તે પ્રસંગે, એવા સગીરના બાપને અથવા બીજા કુદરતી વાલીને અથવા જ્યારે બાપ અથવા બીજો વાલી ન હોય ત્યારે, એવા સગીર જેની સભાળમા હોય તેને, નોટીસ આપ્યા વગર તથા આ પેટા કાનુન મુજબ જેના ઉપર નોટીસ બજાવી હોય તેની વતી જે હરકત લેવામા આવે તે સાભળ્યા વગર કરવો નહી

૪. (૧) ઉમ્મરે પહોચેલો અને પાકી સમજના હોય એવો કોઇ સખસ સગીરના ઇષ્ટમિત્ર અથવા ફરિઆદ પુરતાવાલી તરીકે કામ કરી શકે, પરતુ તે સગીરના લાભથી તેનો લાભ ઉલટો ન હોવો જોઇએ, અને તે ઇષ્ટમિત્રની બાબતમા પ્રતિવાદી અને ફરિયાદ પુરતા વાલીની બાબતમા વાદી ન હોવો જોઇએ

(૨) જ્યારે કોર્ટ યોગ્ય અધિકારીને સગીરનો વાલી નીમ્યો હોય અથવા ઠરાવ્યો હોય ત્યારે, જો કોર્ટને કાઇ પુરતા કારણસર (આ કારણ તેણે લખી રાખવા) એમ જણાય કે બીજા કોઇ સખસને એવા સગીરના વાલી તરીકે પ્રસગ પ્રમાણે કામ કરવાની રજા આપવાથી અથવા નીમવાથી વાદીને લાભ થશે તો તે શિવાયને પ્રસગે, એવા વાલી શિવાય બીજા કોઇ સખસે સગીરના ઇષ્ટમિત્ર તરીક કામ કરવુ નહિ અથવા તેને ફરિઆદ પુરતો વાલી નીમવો નહી

(૩) કોઇ પણ સખસને તેની સંમત્તિ વગર ફરિયાદ પુરતો વાલી નીમવો નહી (૪) ફરિઆદ પુરતા વાલી તરીકે કામ કરવાને યોગ્ય તથા ખુશી હોય એવો કોઇ સખસ ન હોય તો, કોર્ટને પોતાના કામદારો પૈકી કોઇને એવા વાલી તરીકે નીમવાનો અધિકાર છે, અને તેને એવુ ફરમાવવાનો અધિકાર છે કે એવો કામદાર પોતાની ફરજ બજાવતા જે કાઇ ખરચ કરે તે ખરચ કાતો તે ફરિયાદના પક્ષકારોએ અથવા તેમાના એક અથવા વધારે પક્ષકારોએ આપવો અથવા તે કોર્ટમા હોય એવા જે ફડમા તે સગીરનો હિતસબંધ હોય તેમાથી આપવો, અને તે મુકદમાની હકીકત તથા ન્યાય જોતા યોગ્ય દેખાય તે પ્રમાણે તે ખરચ અદા કરવા બાબત અથવા આપવા બાબત હુકમ કરવાને તે કોર્ટ મુખત્યાર છે.

૫ (૧) સગીરના વતી (૧૦ મી કાનુનની પેટા કાનુન (૨) મુજબની અરજ શિવાયની)દરેક અરજી કોર્ટને કરવી તે તેના ઇષ્ટમિત્રે કરવી, અથવા તેના ફરિયાદ પુરતા વાલીએ કરવી

(૨) કોઈ સગીરના વતી કોઇ ઇષ્ટમિત્ર અથવા ફારયાદ પુરતો વાલી (જે હોય તે) હાજર થયા વગર કોઇ ફરિઆદમા અથવા કોર્ટને કરેલી કોઇ અરજ ઉપરથી કઇ હુકમ થયો હોય, અને તે હુકમમા અથવા તે હુકમ ઉપરથી તે સગીરનો કોઇ રીતે સબધ હોય અથવા તેને લાગતુ વળગતુ હોય તો તે હુકમ રદ થઈ શકે, અને જે પક્ષકારની અરજથી તેવો હુકમ કરવામા આવ્યો હોય તેના પ્લીડરને તે સગીરપણાની વાત માલમ હોય અથવા વાજબી રીતે માલમ પડી હોત એમ હોય તે પ્લીડર પાસેથી ખરચ અપાવીને તે હુકમ રદ થઈ શકે

૬ (૧) ઇષ્ટમિત્રે અગર ફરિયાદ પુરતા વાલીએ કોર્ટની રજા વગર સગીરની વતી કાઈ પણ નાણા અથવા બીજી જગમ મિલકત—(અ) હુકમનામુ અથવા હુકમ થતા પહેલા તોડજોડ કરીને લેવી નહિ, અથવા (બ) મજકુર સગીરના લાભમા થયેલા હુકમનામા મુજબ અથવા હુકમ મુજબ લેવી નાહ (૨) જ્યારે સદરહુ ઇષ્ટમિત્રને અગર ફરિયાદ પુરતા વાલીને, યોગ્ય અખત્યાર હોય એવા અધિકારીએ સદરહુ સગીરની મિલકતનો વાલી નિમ્યો અગર ઠરાવ્યો ન હોય અથવા એ પ્રમાણે નિમ્યો અગર ઠરાવ્યો હોય તથાપિ કોર્ટને માહિત હોય એવા કોઇ પણ કારણને લીધે તે સદરહુ નાણા અથવા બીજી જગમમિલકત લેવાને નાલાયક હોય તે પ્રસગે, જો કોર્ટ તેને સદરહુ મિલકત લેવા વિશે રજા આપે તો એવી મિલકતની ખરાબી ન થાય તે સારૂ તથા તેનો યોગ્ય માર્ગે ઉપયોગ થાય તે સારૂ કોર્ટે પોતાને જરૂર જણાય એવુ તારણ માગવુ અને એવા હુકમ કરવા

૭ (૧) જે ફરિયાદમા કોઇ ઇષ્ટમિત્ર તરીકે કે વાલી તરીકે કામ કરતો હોય તે ફરિયાદની બાબતમા તે ઇષ્ટમિત્રે અથવા ફરિયાદ પુરતા વાલીએ તે કામમા સ્પષ્ટ રીતે લખેલી કોર્ટની રજા શિવાય તે સગીરની વતી કઈ કબુલાયત અથવા તોડજોડ કરવી નહિ

(૨) એવી રીતે લખેલી કોર્ટની રજા શિવાય કરેલી કોઇ કબુલાયત અથવા તોડજોડ સગીર શિવાયના બીજા બધા પક્ષકારો વિરૂદ્ધ નિરર્થક કરવા યોગ્ય થશે એમ સમજવુ

૮ (૧) કોર્ટ બીજી રીતે હુકમ ન કરે તો, પોતાની જગાએ દાખલ કરવા સારૂ કોઈ લાયક સખસ પ્રથમ મેળવ્યા વગર, અને થઇ ગએલા ખરચને વાસ્તે તારણ આપ્યા વગર કોઇ ઇષ્ટમિત્ર નિકળી શકશે નહી

(૨) નવો ઇષ્ટમિત્ર નીમવાસારૂ કરેલી અરજીને સોગનનામાથી પુષ્ટી આપવી, અને જે સખસનું નામ સુચવ્યુ હોય તે લાયક છે તથા સગીરથી ઉલટો તેનો લાભ નથી એવુ તે સોગનનામામા બતાવવુ

૯ (૧) સગીરના ઇષ્ટમિત્રનુ હિત તે સગીરના હિતથી વિરૂદ્ધ હોય ત્યારે, અથવા સગીરથી ઉલટો જેનો લાભ હોય તેવા પ્રતિવાદી સાથે તે ઇષ્ટમિત્રને એટલુ લાગતું વળગતું હોય કે તે ઉપરથી સગીરનો લાભ તેનાથી બરોબર સચવાશે એવો સભવ ન હોય ત્યારે, અથવા તે પોતાનુ કામ બજાવે નહી ત્યારે અથવા ફરિયાદ ચાલતી હોય તેવામા તે બ્રિટીશ ઇંડિયામા રહેતો બંધ થાય ત્યારે, અથવા બીજા કોઇ પુરતા કારણને લીધે, તેને દુર કરવાસારૂ કોઇ પ્રતિવાદી અથવા સગીરની વતી કોઇ સખસ અરજ કરવાને મુખત્યાર છે અને બતાવેલુ કારણ બસ છે એ વિષે કોર્ટની ખાત્રી થાય તો ઇષ્ટમિત્રને તે પ્રમાણે દુર કરવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે, અને ખરચ બાબત પોતાને યોગ્ય લાગે એવો હુકમ કરવાને મુખત્યાર છે (૨) સદરહુ ઇષ્ટમિત્ર, વાલી નિમવાને અગર ઠરાવવાને અખત્યાર હોય એવા અધિકારીએ નિમેલો અગર ઠરાવેલો વાલી ન હોય અને સદરહુ પ્રમાણે નિમેલા અગર ઠરાવેલા કોઇ વાલીને તે ઇષ્ટમિત્રની જગોએ નિમાવાની ખુશી હોય અને તે સારૂ પોતે અરજી કરે ત્યારે, સદરહુ વાલીને સદરહુ સગીરના ઇષ્ટમિત્રની જગોએ નિમવા નહિ એમ કોર્ટને કાઇ કારણસર (તે કારણો લખી રાખવા) લાગતું હોય તે શિવાયને પ્રસગે તે કોર્ટે મજકુર ઇષ્ટમિત્રને કામ ઉપરથી દુર કરવો અને ત્યાર પછી તે ફરિયાદમા થઇ ગએલા ખરચને વાસ્તે પોતાને યોગ્ય લાગે તેવી શરતોએ સદરહુ અરજદારને તે કોર્ટે ઇષ્ટમિત્ર તરીકે નીમવો

૧૦ (૧) સગીરનો ઇષ્ટમિત્ર પોતાનુ કામ છોડે અથવા તેને દુર કરવામા આવે અથવા તે ગુજરી જાય ત્યારે તેની જગાએ ઇષ્ટમિત્ર નીમવામા આવે ત્યાસુધી આગળ કામ ચલાવવુ બંધ રાખવુ.

(૨) તે સગીરનો પ્લીડર યોગ્ય મુદતમા નવો ઇષ્ટમિત્ર નીમવાની તજવીજ ન કરે ત્યારે, સગીર સાથે અથવા તકરારી બાબત સાથે સબધ હોય તેવો કોઈ સખસ નવો ઇષ્ટમીત્ર નીમવા સારૂ કોર્ટને અરજ કરવાને મુખત્યાર છે અને પોતાને યોગ્ય લાગે તે સખસને ઇષ્ટમીત્ર નીમવાને કોર્ટ મુખત્યાર છે

૧૧ (૧) ફરિયાદ પુરતો વાલી પોતાનુ કામ છોડી દેવાની ઇચ્છા બતાવે અથવા તે પોતાનું કામ ન કરે, અથવા બીજુ પુરતું કારણ જણાવવામા આવે ત્યારે, કોર્ટે તેને છોડી દેવાની રજા આપવાને અથવા તેને દુર કરવાને તથા ખરચ બાબત પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને મુખત્યાર છે

(૨) ફરીયાદ પુરતો વાલી ફરીયાદ ચાલતા પોતાનું કામ છોડી દે, ગુજરી જાય અથવા કોર્ટ તેને દુર કરે ત્યારે, કોર્ટે તેની જગાએ નવો વાલી નીમવો

૧૨ (૧) સગીર વાદીએ અથવા જે સગીર ફરીયાદનો પક્ષકાર ન હોય તેની વતી કઇ અરજ ચાલુ હોય તેણે, ઉમરે પહોચે એટલે ફરીયાદનુ અથવા અરજનુ કામ ચલાવવુ કે નહી એ વાત પસદ કરવી (૨) જ્યારે એવો સગીર અમુક ફરીયાદનુ અથવા અરજનુ કામ ચલાવવાનુ પોતે પસદ કરે ત્યારે, ઇષ્ટ-મિત્રને કાઢી નાખીને પોતાના નામથી કામ ચલાવવાની પોતાને રજા મળવાને હુકમ કરાવવા સારૂ તેણે અરજ કરવી (૩) આવે પ્રસગે ફરીયાદનુ અથવા અરજનુ મથાળુ, ત્યારથી નીચે પ્રમાણે વચાય એવી રીતે સુધારવુ — ' અ બ માજી સગીર તેનો ઇષ્ટમીત્ર ક ડ હતો, પરતુ હમણા તે ઉમરમા આવેલો હોવાથી " (૪) ફરીયાદનુ અથવા અરજનું કામ છોડી દેવાનુ તે પસદ કરે અને તે એકલોજ વાદી અથવા એકલોજ અરજ કરનાર હોય ત્યારે, પ્રતિવાદીએ અથવા વિરૂદ્ધ પક્ષકારે કરેલો ખરચ અથવા તેના ઇષ્ટમિત્રે આપેલો હોય તે ખરચ પાછો આપીને તે ફરીયાદ અથવા અરજ કાઢી નાખવાનો હુકમ કરાવવા સારૂ તેણે અરજ કરવી [૫] આ કલમની રૂએ કરવાની કોઇ અરજ એક તરફી થઇ શકે, પરતુ ઇષ્ટમિત્રને છુટો કરવાનો અને સગીર વાદીને પોતાના નામથી કામ આગળ ચલાવવાની રજા આપવાનો હુકમ ઇષ્ટમિત્રને નોટીસ આપ્યા વગર કરવો નાહ

૧૩ [૧] સગીર સહ–વાદી ઉમ્મરે પહોચ્યા પછી ફરીયાદ નાકબુલ કરવાની ઇચ્છા રાખે ત્યારે સહ વાદી તરીકે પોતાનુ નામ કાઢી નાખવાને તેણે અરજ કરવી, અને તે જરૂરનો પક્ષકાર નથી એમ કોર્ટને જણાય તો, ખરચ અને બીજી બાબતને વાસ્તે પોતાને યોગ્ય લાગે તેવી શરતો કરીને, ફરીયાદમાથી તેનુ નામ કોર્ટે કાઢી નાખવુ (૨) આ કલમની રુએ કરેલી અરજની નોટીસ ઇષ્ટમીત્ર ઉપર, કોઈ પણ સહ–વાદી ઉપર તેમજ પ્રતિવાદી ઉપર બજાવવી (૩) આ અરજનો સઘળા પક્ષકારોનો ખરચ અને ત્યા સુધીમા ફરી-યાદમા ચાલેલા બધા અથવા કઇ કામનો ખરચ કોર્ટ ફરમાવે તે સખસોએ આપવો (૪) અરજદાર ફરી-યાદમા જરૂરનો પક્ષકાર હોય ત્યારે, તેને પ્રતિવાદી કરવાને કોર્ટ ફરમાવવા મુખત્યાર છે

૧૪ (૧) કોઇ સગીર ઉમરે પહોચ્યા પછી, જો તે એકલોજ વાદી હોય તો પોતાના નામે ઇષ્ટમિત્રે કરેલી ફરિઆદ ગેરવાજબી અથવા અયોગ્ય છે એવા સબબથી તે ફરિઆદ કાઢી નાખવાને તે અરજ કરવાને મુખત્યાર છે (૨) સદરહુ અરજની નોટીસ લાગતા વળગતા બધા પક્ષકારો ઉપર બજાવવી અને તેની ગેર-વાજબીપણા અથવા અયોગ્યપણા વિશે કોર્ટની ખાત્રી થયા પછી, તે અરજ મજુર કરવાને ૧ લી ફરીયાદમા કંઈ કામ ચાલ્યુ હોય તેનો અને તે અરજ સબધી બધા પક્ષકારનો ખરચ આપવાનો તે ઇષ્ટમિત્રને હુકમ કરવાને અથવા પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૧૫ જે સખસો દિવાના ઠરેલા હોય તેમની બાબતમા અને જે સખસો સદરહુ પ્રમાણે દિવાના ઠરેલા ન હોય તોપણ પોતાના મનની સ્થિતિ બરાબર ન હોવાથી અથવા માનસિક દુર્બળતાથી પોતાની તરફથી અથવા પોતાની ઉપર થયેલી ફરિઆદમા પોતાના લાભનુ રક્ષણ કરવાને અસમર્થ છે એમ કોર્ટને તપાસની અતે માલમ પડે તે સખસોની બાબતમા ૧ થી ૧૪ સુધીની કાનુનોમાના ઠરાવો જેટલે સુધી લાગુ પડી શકે તેટલે સુધી લાગુ પડશે એમ સમજવુ

૧૬ કોઇ સત્તાધિકારી રાજાએ અથવા રાજ્ય ચલાવનાર સરદારે પોતાના સસ્થાનના નામથી ફરિઆદ કરી હોય અથવા તેના ઉપર તેના સસ્થાનના નામથી ફરિઆદ થઇ હોય અથવા ગવર્નર જન-રલ ઇન કાઉન્સીલના અથવા કોઇ સ્થાનિક સરકારના હુકમથી કોઈ એજટના નામથી અથવા બીજા કોઈ

સખસના નામથી તેના ઉપર ફરિયાદ થઇ હોય તેને, આ ઓર્ડરમા કહેલી કાઇ વાત લાગુ પડે છે એમ સમજવુ નહિ અથવા તે વાત ઉપરથી સગીરે અથવા ગાડા માણસે અથવા બીજા ચિત્તભ્રમ થયેલા માણસોએ કરેલી અથવા તેની ઉપર કરવાની ફરિયાદમા વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇ સ્થાનીક કાયદાના ઠરાવોને બાધ આવે છે અથવા તેમા કાઇ વત્તુ ઓછુ થાય છે એમ સમજવુ નહિ.

ઓર્ડર ૩૩ મો.

નાદારોની ફરિયાદો

૧ નીચેના ઠરાવોને અનુસરીને કોઇ પણ ફરિયાદ નાદાર આણી શકે

ખુલાસો—આવી ફરિયાદ કરવામા ફરિયાદ અરજીને વાસ્તે કાયદામા ઠરાવેલી ફી ભરવા જેટલા કોઈ સખસ પાસે પુરતા સાધન ન હોય અથવા જ્યા તેની ફી ન ઠરાવી હોય ત્યા ફરિયાદના વિષય તથા તેમા જરૂરીયાત પહેરવાના વસ્ત્ર શિવાય તેની માલિકીની સો રૂપિયાની મિલકત ન હોય ત્યારે તે શખસ 'નાદાર' કહેવાય

૨ નાદાર તરીકે ફરિયાદ કરવાની પરવાનગીની દરેક અરજમા ફરિયાદમાની ફરિયાદ અરજીઓમા જે વિગતો લખવાની કહી છે તે લખવી, અરજદારની સ્થાવર અથવા જગમ જે કઇ મિલકત હોય તેનુ તેની આશરે કિમત સુદ્ધાતનુ એક પત્રક તેની સાથે જોડવુ અને પ્લીડીગ ઉપર સહી કરવા વિશે તથા તેના સાચાપણાના એકરાર કરવા વિશે પાછળ જે રીતે કહી છે તે રીતે ઉપર સહી તથા સાચાપણાના એકરાર કરવા.

૩ આ કાનુનોમા ગમે તેમ કહેલુ હોય તે છતાએ અરજદારે પોતે જાતે કોર્ટને અરજ આપવી પરતુ કોર્ટમા હાજર થવાની તેને માફી મળી હોય તો તે અરજ બાબત બધા અગત્યના સવાલોના જવાબ દેઇ શકે તેવો યોગ્ય રીતે અખત્યાર મળેલો મુખત્યાર તે અરજ આપી શકે અને જે ધણીનો તે મુખત્યાર હોય તે ધણી જાતે હાજર થયો હોત ત્યારે તે ધણીની જે રીતે જુબાની લેઇ શકાય તે રીતે તે મુખત્યારની જુબાની લેવાય

૪ (૧) અરજ રીતસર લખાને બરાબર રીતે આપી હોય ત્યારે પોતાને યોગ્ય લાગે તો દાવાના ગુણદોષ વિશે તથા અરજદારની મિલકત વિશે અરજદારની અથવા અરજદારને મુખત્યાર મારફતે હાજર થવાને રજા આપી હોય ત્યારે તેના મુખત્યારની જબાની લેવાને કોર્ટ મુખત્યાર છે

(૨) મુખત્યારે અરજ આપી હોય ત્યારે પોતાને યોગ્ય લાગે તો ગેરહાજર હોય તેવા સાક્ષીની જુબાની જે રીતે લેવાય છે તે રીતે કમિશન મારફત અરજદારની જુબાની લેવી, એમ હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૫ કોર્ટને એવુ માલમ પડે કે (અ) નાદાર તરીકે ફરિયાદ કરવાની અરજી કાનુનો (૨) તથા (૩) મા ઠરાવ્યા પ્રમાણે તૈયાર કરીને રજુ નથી અથવા (બ) અરજદાર નાદાર નથી અથવા (ક) અરજ આપ્યા પહેલાના લાગલાજ બે માસની અદર અરજદારે દગલબાજીથી અથવા નાદાર તરીકે ફરિયાદ કરવાની પરવાનગી મેળવવા માટે અરજ કરી શકે તે વિચારથી કઇ મિલકત વેચી દીધી છે અથવા (ડ) અરજદારે લખેલી બાબતો ઉપરથી દાવાનુ કારણ ઉત્પન્ન થાય છે એમ જણાતુ નથી અથવા (ઇ) કરવા ધારેલી ફરિયાદના વિષયના સબધમા તેણે કોઇ એવો કરાર કર્યો છે કે તેથી તે વિષયમા બીજા કોઇ શખસનો હિતસબધ ઉત્પન્ન થયો છે ત્યારે કોર્ટે તેવી નાદાર તરીકે ફરિયાદ કરવાની અરજ નામજુર કરવી

૬ કાનુન ૫ મા કહેલા કોઇ સબબથી અરજ નામજુર કરવાનુ કઇ કારણ કોર્ટને જણાય નહિ ત્યારે પોતાની નાદારી સાબીત કરવામા અરજદારને જે પુરાવો આપે તે લેવાને તથા તેની ગેરસાબિતિમા જે પુરાવો આપવામા આવે તે સાભળવાને કોર્ટે એક દિવસ ઠરાવવો (તે દિવસ બાબતની ચોખા દશ દિવસ પહેલા સામા પક્ષકારને તથા સરકારી પ્લીડરને નોટીસ આપવી

૭ (૧) તે પ્રમાણે ઠરાવેલે દિવસે અથવા ત્યારપછી અનુકુળ પડે તેટલા એમાથી ગમે તે

પક્ષકારે હાજર કરેલા (જો કોઈ હોય તો) સાક્ષી કોર્ટે તપાસવા અને અરજદારની અથવા તેના મુખત્યારની સાહેદી લેવાને કોર્ટ મુખત્યાર છે અને તેમની સાહેદીની મતલબનુ એક ટિપણુ કોર્ટે કરવુ

(૨) સદરહુ અરજ તથા આમા ઠરાવ્યા પ્રમાણે કોર્ટે લીધેલો (કોઈ હોય તો) પુરાવો વાચવાથી કાનુન ૫ મા કહેલી કોઇ હરકતો અરજદારને લાગે છે કે નહી એ વિશે પક્ષકારો જે દલીલો કહે તે પણ કોર્ટે સાભળવી (૩) પછી અરજદારની નાદાર તરીકે ફરીઆદ કરવાની અરજ કોર્ટે મ જુર રાખવી અથવા મ જુર રાખવાને ના પાડવી

૮ અરજ મ જુર રાખવામા આવે ત્યારે તેના ઉપર નબર પાડીને તે નોધવી, અને ફરીઆદમા તે ફરીઆદ અરજી તરીકે ગણવી, અને સાધારણ રીત પ્રમાણે માડેલી ફરીઆદ તરીકે બધી રીતે તે ફરિઆદનુ કામ આગળ ચાલસે, પરતુ કોઇ અરજી બાબત, કે વકીલની નીમણુક બાબત કે ફરિયાદને લગતા બીજા કામ બાબત (પ્રોસેસ બજાવવાને જે ફી આપવી પડ તે શિવાય) કઇ કોર્ટ ફી વાદીને આપવી પડશે નહિ

૯ પ્રતિવાદીના અથવા સરકારી પ્લીડરની અરજ ઉપરથી તે બાબતની ચોખ્ખા સાત દિવસની લખેલી નોટીસ વાદીને નીચે લખેલે પ્રમગે વાદી નાદાર નથી એવો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે, તે પ્રસગો એ કે (અ) ફરિયાદ ચાલતા તેની વર્તણૂક અઘટિત અથવા સતાપકારક છે એવો તેના ઉપર દોષ આવે તો, [બ) નાદાર તરીકે તેણે ફરિયાદ ચાલુ ન રાખવી જોઇએ એવા સાધન તેની પાસે છે એમ જણાય તો અથવા (ક) ફરિયાદના વિષયના સબધમા તેણે કોઇ એવો કરાર કર્યો હોય કે તેથી તે વિષયમા બીજા કોઇ સખસનો હિતસબધ ઉત્પન્ન થયો હોત તો

૧૦ ફરિયાદમા વાદી જીતે ત્યારે નાદાર તરીકે ફરિયાદ કરવા ન દીધી હોત તો તેને કેટલી કોટ ફી ભરવી પડત તેનો કોર્ટે હિસાબ ગણવો, અને હુકમનામામા જે પક્ષકારને તે રકમ આપવાનુ ફરમાવ્યુ હશે તેની પાસેથી તે રકમ સરકાર વસુલ કરશે અને તે રકમ દાવાના વિષય ઉપરનો પહેલો બોજો ગણાશે

૧૧ વાદી ફરિયાદમા હારે અથવા તે નાદાર નથી એમ ઠરે અથવા (અ) પ્રતિવાદી હાજર થઇને જવાબ આપવા સારૂ કાઢેલો સમન બજાવવા સારૂ જે કાઇ ફી અથવા બીજો ટપાલનો ખરચ (જો હોય તો તે) વાદીએ ન આપ્યાને લીધે તે સમન પ્રતિવાદી ઉપર બજ્યો ન હોવાના કારણસર અથવા [બ] ફરિયાદની સુનાવણી પોકારવામા આવે તે વખતે વાદી હાજર ન થવાના કારણસર ફરિયાદ કાઢી નાખવામા અથવા પાછી ખેચી લેવામા આવે ત્યારે, નાદાર તરીકે ફરિયાદ કરવાની રજા ન મળી હોત તો જે કોર્ટ ફી વાદીને ભરવી પડત તે ભરવાને સારૂ વાદીને અથવા ફરિયાદમા સહ-વાદી કર્યો હોય તેને કોર્ટે હુકમ કરવો

૧૨ ૧૦ મી, અથવા ૧૧ મી કાનુન પ્રમાણે જે કોર્ટ ફી લેવાની હોય તે ભરવા સારૂ હુકમ થવા માટે કોર્ટને કોઇ પણ વખત અરજ કરવાનો સરકારને હક છે

૧૩ ૧૦ મી, ૧૧ મી અથવા ૧૨ મી કાનુન મુજબ સરકાર અને કોઇ પણ પક્ષકાર વચ્ચે ઉત્પન્ન થતી બાબતો ૪૭ મી કલમના અર્થ મુજબ તે ફરિયાદના પક્ષકારો વચ્ચે ઉત્પન્ન થતી બાબતો છે એમ ગણવુ.

૧૪ ૧૦ મી ૧૧ મી અથવા ૧૨ મી કાનુન મુજબ હુકમ કરવામા આવે ત્યારે કોર્ટે હુકમનામાની નકલ કલેકટરને તાબડતોબ મોકલાવવી

૧૫ અરજદારને નાદાર તરીકે ફરિયાદ કરવાની રજા ન આપવાનો હુકમ કર્યા પછી ફરિયાદ કરવાના તેના તેજ હક્ક પરથી તેવી જાતની ફરી અરજી તેનાથી થશે નહિ પરતુ નાદારીમા ફરિયાદ કરવાની રજા મળવા સારૂ તેણે જે અરજ કરી હોય તેની સામે થવામા સરકારને અથવા સામા પક્ષકારને ખર્ચ થયો હોય (તો) તે, એ અરજદાર પ્રથમ આપે તો તેને તેજ હક્કથી હમેશની રીતે ફરિયાદ કરવાને છુટ મળશે

૧૬ નાદારીમા ફરિયાદ કરવાની રજાને વાસ્તે કરેલી અરજનો નાદારીની તપાસનો ખરચ તે ફરિયાદનો ખરચ ગણાશે

ઑર્ડર ૩૪ મો.

સ્થાવર મિલકતના ગીરો બાબતની ફરીયાદો વિશે

૧ આ કાયદાના ઠરાવોને પાત્ર, ગીરોના તારણમા અથવા ગીરો છોડવવાના હકમા હિતસબધ હોય એવા સઘળા સખસોને એવા ગીરો સબધી હરકોઇ ફરિયાદમા પક્ષકારો તરીકે સામેલ કરવા જોઇએ

ખુલાસો—પછીનો ગીરો રાખનાર અગાઉના ગીરો રાખનારને ફરિયાદમા પક્ષકાર કર્યા વગર, ગીરો છોડવવાનો હક્ક રદ કરાવવા બાબતની અથવા વેચાણ કરાવવા બાબતની ફરિયાદ કરી શકે, અને અગાઉના ગીરો રાખનારને પાછળનુ ગીરો છોડવવા બાબતની ફરિયાદમા સામેલ કરવાની જરૂર નથી

૨ ગીરો છોડવવાનો હક રદ કરાવવા બાબતની ફરિયાદમા વાદીની તરફણમા ફેસલો થાય તો, કોર્ટે હુકમનામુ કરીને.—(અ) આમા હવે પછી, કહેલે દિવસે ગીરો સબધી મુદ્દલ તથા વ્યાજ બાબત તથા ફરિયાદનો વાદીને કાઇ ખરચ અપાવ્યો હોય તો તે બાબત તેને કેટલી રકમ દેવી થશે તેનો હિસાબ લેવાનું ફરમાવવુ જોઇએ અથવા (બ) એવા હુકમનામાની તારીખે આ પ્રમાણે કેટલી રકમ દેવી નિકળી છે તે ઠરાવીને જણાવવી જોઇએ, (ક) અને તે હુકમનામામા એવુ ફરમાવવુ જોઇએ કે સદરહુ પ્રમાણે દેવી નીકળેલી રકમ, કોર્ટમા જણાવ્યાની તારીખથી છ મહીનાની અદરની જે તારીખ કોર્ટ ઠરાવે તે તારીખે પ્રતિવાદી કોર્ટમા ભરે એટલે વાદીએ પોતાની પાસે અથવા પોતાના તાબામા હોય તે ગીરો મિલકત સબધી સઘળા દસ્તાવેજ પ્રતિવાદીને અથવા પ્રતિવાદી નીમે તે સખસને સ્વાધીન કરવા જોઇએ, અને તે મિલકત ગીરો રહિત તથા તેના ઉપર વાદીએ અથવા વાદીની વતી દાવો કરનારાઓએ અથવા બીજાની પાસેથી નીકળેલા હક ઉપરથી વાદી દાવો કરતો હોય ત્યારે જેની વતી તે દાવો કરતો હોય તે સખસે જે બોજા ઉત્પન્ન કર્યા હશે તે સઘળા બોજા વગર તે મિલકત વાદીએ પ્રતિવાદીને તબદીલ કરી આપવી જોઇએ, પણ (ડ) તેમા એવુ પણ ફરમાવવુ જોઇએ કે એવી રકમ કોર્ટ નીમે તે દિવસે અથવા તેની અગાઉ પ્રતિવાદી ભરશે નહી તો, તે મિલકત છોડવવાનો પ્રતિવાદીનો સર્વ પ્રકારનો હક બિલકુલ જતો રહેશે

૩ (૧) જ્યારે સદરહુ પ્રમાણે ઠરાવેલે દિવસે અથવા તેની અગાઉ સદરહુ પ્રકારની દેવી નિકળતી ઠરાવેલી રકમ તથા ૧૦ મી કાનુનમા કહેલા પ્રકારનો પાછળથી થયેલો ખરચ પ્રતિવાદી કોર્ટમા ભરે એટલે કોર્ટે હુકમનામુ કરીને તેમા-(અ) પ્રાથમિક હુકમનામાની સરતો પ્રમાણે જે દસ્તાવેજો આપી દેવાને વાદી બધાયયો હોય તે દસ્તાવેજો આપી દેવાને વાદીને ફરમાવવુ જોઇએ અને જરૂર હોય તો, (બ) સદર હુકમનામામા ફરમાવ્યા પ્રમાણે ગીરો મીલકત પાછી તબદીલ કરી આપવાનુ તેને ફરમાવવુ જોઇએ, અને વળી, જરૂર હોય તો, (ક) તે મીલકત પ્રતિવાદીના કબજામા આપવાનો તેને હુકમ કરવો જોઇએ

(૨) એવી રકમ એવી રીતે ભરવામા ન આવે ત્યારે, કોર્ટે, વાદી તે બાબત અરજ કરે તો ગીરો મીલકત છોડવવાનો પ્રતિવાદીનો તથા તેના સબધથી અથવા તેની તરફથી દાવો કરનાર સઘળા સખસોનો સર્વ હક પૂર્ણપણે જતો રહ્યો છે એવુ હુકમનામુ કરવુ જોઇએ અને તેમા જરૂર હોય તો તે મીલકત વાદીના કબજામા આપવાનો હુકમ કરવો જોઇએ, પરતુ એવુ ઠરાવ્યુ છે કે યોગ્ય કારણ બતાવવામા આવે તો કોર્ટને કાઇ શરત કરવાનુ પોતાને યોગ્ય લાગે તો તેવી શરતે તે રકમ ભરવા સારૂ નિમેલો દીવસ વખતે વખતે લહુબ કરવાનો અધિકાર છે (૩) પેટા કાનુન (૨) ની રૂએ હુકમનામુ કરવામા આવે એટલે તારણવાળુ કરજ વળી ગયુ એમ સમજવુ

૪ (૧) વેચાણ કરવા બાબતની ફરિયાદમા વાદીની તરફેણમા ફેસલો થાય તો કોર્ટે ૨ જી કાનુનની (અ) (બ) તથા (ક) રકમોમા કહેલી મતલબનુ હુકમનામુ કરીને તેમા એવો પણ હુકમ કરવો કે, પ્રતિવાદી સદરહુ હુકમનામામા લખ્યા પ્રમાણે રકમ ભરવાને ચુકે તો, ગીરો મીલકત અથવા તેનો જોઇએ તેટલો ભાગ વેચવો અને વેચાણના પૈસા (તેમાથી વેચાણનો ખરચ બાદ કરીને) કોર્ટમા ભરવા, અને વાદીના લેહણા તરીક જે રકમ સદરહુ પ્રમાણે ઠરાવેલી હશે તે તથા ત્યાર પછીનુ વ્યાજ તથા ખરચ પતાવીને જે કાઇ બાકી વધે તે પ્રતિવાદીને અથવા તે લેવાનો હક હોય, એવા કોઇ પણ બીજા આસામીને આપવી

જોઇએ (૨) ગીરો છોડાવવાનો હક રદ કરાવવા બાબતની ફરિયાદમા વાદીની તરફેણમા ફેસલો થાય, અને ગીરો વેચાણની શરતે કરેલુ ગીરો ન હોય તો, વાદીના અથવા ગીરોની રકમમા અથવા ગીરો છોડવવાનો હકમા હિતસબધ હોય એવા કાઇ પણ સખસના કહેવા ઉપરથી કાર્ટને (ગીરો છોડવવાનો હક રદ કરવા બાબતનુ હુકમનામુ કરવાને બદલે] ઉપર કહેલા હુકમનામા જેવુજ હુકમનામુ પોતાને યોગ્ય લાગે તે શરતોએ અને તેમા, વેચાણનો ખરચ અદા કરવા સારૂ તથા તે શરતો પુરી કરવાનુ સુરક્ષિત કરવા સારૂ કોર્ટ ઠરાવે તેવી યોગ્ય રકમ કોર્ટમા અનામત મુકવી એવી શરત દાખલ કરીને કરવાનો અધિકાર છે

૫ (૧] જ્યારે ઠરાવેલે દીવસે તેની અગાઉ પ્રતિવાદી ઉપર પ્રમાણે ઠરાવેલી દેવી નીકળનારી રકમ, તથા ૧૦ મી કાનુનમા કહેલા પ્રકારનો પાછળથી થયેલો ખરચ કોર્ટમા ભરે ત્યારે કોર્ટે હુકમનામુ કરીને તેમા (અ) પ્રાથમિક હુકમનામાની શરતો પ્રમાણે જે દસ્તાવેજો આપી દેવાને વાદી બધાયેલો હોય તે દસ્તાવેજો આપી દેવાને વાદીને ફરમાવવુ જોઇએ, અને જરૂર હોય તો (બ) સદરહુ હુકમનામામા ફરમાવ્યા પ્રમાણે ગીરો મીલકત પાછી તબદીલ કરી આપવાનુ તેને ફરમાવવુ જોઇએ અને વળી જરૂર હોય તો, (ક) તે મિલકત પ્રતિવાદીના કબજામા આપવાનો તેને હુકમ કરવો જોઇએ

(૨) એવી રકમ એ પ્રમાણે ભરવામા ન આવે ત્યારે કોર્ટે વાદી અરજ કરે તો ગીરો મિલકત અથવા તેનો જરૂર હોય એટલો ભાગ વેચવાનો અને તે વેચાણના ઉત્પન્નની વ્યવસ્થા ૪ થી કાનુનમા કહ્યા પ્રમાણે કરવા બાબત હુકમનામુ કરવુ

૬ એવા કોઇ પણ વેચાણનુ નક્કી ઉત્પન્ન વાદીની લહેણી નીકળતી રકમ વાળી લેવા જેટલુ ન હોય ત્યારે બાકીની રકમ વેચેલી મીલકતમાથી વસુલ કરવાના કરતા બીજી રીતે પ્રતિવાદી પાસેથી કાયદેસર રીતે વસુલ થઇ શકે એમ હોય તો, કોર્ટને તે રકમ બદલ હુકમનામુ કરવાનો અધિકાર છે

૭ ગીરો છોડાવવા બાબતની ફરિયાદમા વાદીની તરફેણમા ફેસલો થાય તો કોર્ટે હુકમનામુ કરીને

(અ) આમા હવે પછી કહેલે દિવસે ગીરોની મુદ્દલ રકમ તથા વ્યાજ બાબત અને ફરિયાદનો કાઇ ખરચ અપાવ્યો હોય તો તે ખરચ બાબત પ્રતિવાદીને કેટલી રકમ દેવી નીકળશે તેનો હિસાબ લેવાનુ ફરમાવવુ જોઇએ અથવા (બ) એવા હુકમનામાની તારીખે આ પ્રમાણે કેટલી રકમ દેવી નીકળી છે તે ઠરાવીને જણાવવી જોઇએ, અને તે હુકમનામામા એવુ ફરમાવવુ જોઇએ કે —(ક) સદરહુ પ્રમાણે દેવી નીકળેલી રકમ કોર્ટમા જણાવ્યાની તારીખથી ૭ મહિનાની અદરની જે તારીખ કોર્ટ ઠરાવે તે તારીખે વાદી કોર્ટમા ભરે એટલે પ્રતિવાદીએ ગીરો મિલકત બાબત પોતાની પાસે અથવા પોતાના તાબામા જે દસ્તાવેજ હોય તે સઘળા દસ્તાવેજ વાદીને અથવા વાદી નીમે તે સખસને સ્વાધીન કરવા જોઇએ અને તે મિલકત ગીરો રહિત તથા તેની ઉપર પ્રતિવાદીએ અથવા તેના સબધથી દાવો કરનાર કોઇ સખસે અથવા પ્રતીવાદી બીજાની તરફથી મળેલા હક ઉપરથી દાવો કરતો હોય તો તે જેના સબધથી દાવો કરતો હોય તેમણે જે બોજા ઉત્પન્ન કર્યા હશે તે સર્વ બોજા રહિત પ્રતીવાદીએ વાદીને પાછી તબદીલ કરી આપવી જોઇયે અને ગીરો મીલકત વાદીના કબજામા આપવાની જરૂર હોય તો તેણે તે તેના કબજામા આપવી જોઇએ પણ તેમા એવુ પણ ફરમાવવુ જોઇએ કે, (ડ) કોર્ટ નીમે તે દીવસે અથવા તેની અગાઉ એવી રકમ ભરવામા ન આવે તો (તે ગીરો સાદુ અથવા ભોગવટા ગીરો ન હોય તો) વાદીના તે મીલકત છોડાવી લેવાના સર્વ પ્રકારના હક બીલકુલ જતા રહેશે અથવા (તે ગીરો વેચાણની સરતથી કરેલુ ગીરો ન હોય તો) તે મિલકત વેચવી

૮ (૧) જ્યારે સદરહુ પ્રમાણે ઠરાવેલે દીવસે અથવા તેની અગાઉ સદરહુ પ્રકારની દેવી નીકળતી ઠરાવેલી રકમ તથા ૧૦ મી કાનુનમા કહેલા પ્રકારનો પાછળથી થયેલો ખરચ પ્રતીવાદી કોર્ટમા ભરે એટલે કોર્ટે હુકમનામુ કરીને તેમા—

(અ) પ્રાથમિક હુકમનામાની સરતો પ્રમાણે જે દસ્તાવેજો આપી દેવાને પ્રતીવાદી બધાયલો હોય તે દસ્તાવેજો આપી દેવાને પ્રતીવાદીને ફરમાવવુ જોઇએ અને જરૂર હોય તો, (બ) સદરહુ હુકમનામામા ફરમાવ્યા પ્રમાણે ગીરો મીલકત પાછી તબદીલ કરી આપવાનુ તેને ફરમાવવુ જોઇએ અને જરૂર હોય તો (ક) તે મિલકત પ્રતીવાદીના કબજામા આપવાનો તેને હુકમ કરવો જોઇએ

(૨) એવી રકમ એવી રીતે ભરવામા ન આવે તથા ગીરો સાદુ અથવા ભોગવટા ગીરો ન હોય ત્યારે કોર્ટે પ્રતિવાદી તે બાબત અરજી લાવે તો વાદીનો તથા તેની તરફથી અથવા તેના સબધથી દાવો કરતા હોય એવા સઘળા શખસોને ગીરો છોડાવવાનો સર્વ હક્ક બીલકુલ જતો રહ્યો છે એવુ હુકમનામુ કરવુ જોઈએ અને તેમા જરૂર હોય તો તે મીલકત પ્રતીવાદીના કબજામા આપવાનો હુકમ કરવો જોઇએ

(૩) પેટા કાનુન (૨) ની રૂયે હુકમનામુ કરવામા આવે એટલે તારણવાળુ કરજ વળી ગયુ એમ સમજવુ (૪) એવી રકમ સદરહુ પ્રમાણે ભરવામા આવી ન હોય તથા ગીરો વેચાણની સરતને પાત્ર ન હોય ત્યારે પ્રતીવાદી તે બાબત અરજી કરે તો કોર્ટે હુકમનામુ કરવુ કે ગીરો મિલકત અથવા તેનો જરૂર હોય તેટલો ભાગ વેચવો જોઇએ તથા વેચાણના પઇસામાથી વેચાણ સબધી થયેલો સર્વ ખરચ બાદ કરીને બાકી રહે તે પૈસા કોર્ટમા ભરીને પ્રતીવાદીને દેવી નીકળેલી રકમ વાપરવા અને તેમાથી સીલક બાકી રહે તો તે વાદીને અથવા લેવાનો હક હોય એવા બીજા શખસને આપવી, પરતુ એવુ ઠરાવ્યુ છે કે સબળ કારણ બતાવવામા આવે એટલે કોર્ટને કાઇ સરત કરવાનુ યોગ્ય લાગે તો તે સરતે પ્રતીવાદીએ એવી રકમ ભરવા સારૂ નીમેલો દીવસ વખતે વખતે તહકુબ રાખવાનો અધિકાર છે

૯ આમા ઉપર ગમે તે ઠરાવ હોય તો ૭ મી કાનુનમા હવાલો આપેલો હિસાબ લીધા પછી એમ માલમ પડે કે પ્રતીવાદીનુ કાઇ પણ લહેણુ નીકળતુ નથી અથવા તેને વધારે રકમ પહોચી છે તો કોર્ટે હુકમનામુ કરીને તેમા ફરમાવવુ કે જરૂર હોય તો પ્રતીવાદીએ તે મીલકત પાછી તબદીલ કરી આપી તે વાદીનુ જે લહેણુ નીકળતુ હોય તે તેને આપવુ અને ગીરો મિલકત જરૂર હોય તો વાદીના કબજામા આપવી

૧૦ ગીરો છોડવવાનો હક રદ કરવાની બાબતમા અથવા વેચાણની બાબતમા અથવા ગીરો છોડવવાની બાબતમા ગીરો રાખનારને આપવાની રકમ કોર્ટે આખરે ઠરાવે તે વખતે ગીરો છોડવવાનો હક રદ કરવા બાબતનુ અથવા વેચાણ કરવા બાબતનુ અથવા ગીરો છોડવવા બાબતનુ હુકમનામુ થયાની તારીખથી તે રકમ ખરેખર આપવામા આવે ત્યા સુધી, ગીરો રાખનારને ફરીયાદ સબધી યોગ્ય રીતે થયેલો ખરચ ગીરોની રકમમા ઉમેરવો જોઈએ માત્ર એવો ખરચ મળવાનો પોતાનો હક જતો રહે એવી રીતે ગીરો રાખનાર ચાલ્યા હોય તો તેને ખરચ અપાવવો નહિ

૧૧ જ્યારે કોઇ મિલકત જુદી જુદી રકમ માટે જુદા જુદા સખસોને ત્યા ગીરો મુકી હોય ત્યારે કોઇ પણ વચમાનો ગીરો રાખનાર પોતાની અગાઉના કોઈ પણ ગીરો રાખનારના હક છોડવવા સારૂ તથા પોતાની પછીના જે ગીરો રાખનાર હોય તેમનો તથા ગીરો મુકનારનો ગીરો છોડવવાનો હક બધ કરવા સારૂ ફરીયાદ માડી શકે

૧૨ જે કોઇ પણ મિલકતનુ વેચાણ કરવાનો આ ઓર્ડરની રૂયે હુકમ થયો હશે તે મિલકત ઉપર અગાઉના ગીરોનો બોજો હોય ત્યારે કોર્ટને અગાઉના ગીરો રાખનારની સમતીથી તે મિલકત સદરહુ ગીરોના બોજા વગર વેચવાનો હુકમ કરવાનો અખત્યાર છે, માત્ર એવા અગાઉના ગીરો રાખનારનો તે વેચેલી મિલકતમા જે હિતસબધ હોય તેટલોજ હિતસબધ તે વેચાણના ઉત્પન્નમા તેને આપવો જોઇએ

૧૩ (૧) એવા પ્રકારના વેચાણનુ ઉત્પન્ન કોર્ટમા આણીને તેની વ્યવસ્થા હેઠળ લખ્યા પ્રમાણે કરવી જોઇએ એટલે પ્રથમત. વેચાણ ખાતે અથવા જે કાઈ વેચાણ કરવાની કોશીશ કરી હોય તે ખાતે જે વાજબી ખર્ચ થયો હોય તે તમામ ખર્ચ આપવો જોઇએ પછી અગાઉના કોઇ પણ ગીરોવાળાનું અગાઉના ગીરો ખાતે જે કાઇ પણ દેવુ હોય તે તથા તેના સબધમા જે વાજબી ખરચ થયો હોય તે આપવો જોઇયે પછી જે ગીરોને લીધે વેચાણનો હુકમ થયો હશે તે ગીરો ઉપર લહેણુ થયેલું સઘળુ વ્યાજ ચુકાવી આપીને જે ફરીયાદમા તે વેચાણ કરવા બાબતનુ હુકમનામુ થયુ હશે તે ફરીયાદનો ખરચ આપવો જોઇએ, પછી તે ગીરો સબંધી દેવી હોય તે મુદ્દલ રકમ આપવી જોઇએ, અને છેવટે કાઈપણ બાકી રહે તો તે વેચેલી મિલકતમા પોતાનો હિતસબધ હોવાની સાબીતી કરનાર આસામીને આપવી જોઇએ અથવા એવા આસામી એક કરતા વધારે હોય તો તેઓના પોતપોતાના તેમા જે હિતસબધ હોય તે પ્રમાણે અથવા તેઓ સવળાની એક એકઠી પહોચ લઇને તેઓને તે આપવી જોઇએ

(૨) આ કાનુનના અથવા ૧૨ મા કાનુનના કોઇ પણ ઠરાવ ઉપરથી સને ૧૮૮૨ ના મિલકત તબદીલ કરવા બાબતના આકટની ૫૭ મી કલમથી આપેલા અધિકારને બાધ આવે છે એવુ સમજવુ નહિ

૧૪ (૧) જ્યારે ગીરો રાખનારે ગીરોની રૂએ નીકળતો દાવો ભરપાઇ થવા સારૂ પૈસા મળવા માટેનુ હુકમનામુ મેળવ્યુ હોય ત્યારે તેને ગીરો અમલમા આણવાને માટે વેચાણ કરવાની ફરીયાદ માડવા શિવાય બીજી રીતે ગીરો માલકત વેચવાનો હક નથી એમ સમજવુ અને ઓર્ડર ૨ કાનુન ૨ મા ગમે તે ઠરાવ હોય તોપણુ તેને એવી ફરીયાદ માડવાનો અધીકાર છે

(૨) પેટા કાનુન (૧) મા ઠરાવેલુ કાઇ પણુ સને ૧૮૮૨ નો મિલકત તબદીલ કરવા બાબતનો આકટ જે કોઈ પણુ મુલકને લાગુ કર્યો નહિ હશે તે મુલકને લાગુ નથી એમ સમજવુ

૧૫ ગીરોમિલકતના વેચાણુ સબધી અથવા તે ઉપરનો ગીરો હક છોડવવા સબધી આ ઓર્ડરમા કહેલા સઘળા ઠરાવ બને ત્યા સુધી, જે મિલકત સને ૧૮૮૨ ના મિલકત તબદીલ કરવા બાબતના આકટ-ની ૧૦૦ મી કલમના અર્થ પ્રમાણે બોજાને પાત્ર હશે તે મિલકત લાગુ પડશે એમ સમજવુ

ઓર્ડર ૩૫ મો.

ઇન્ટરપ્લીડર (વિરૂદ્ધ હક્કોનો નિર્ણય કરવાની તિરાહિત કરે તે ફરિયાદ) વીશે

૧ ઇન્ટરપ્લીડરની પ્રત્યેક ફરિયાદમા જે જે બીના ફરીયાદ અરજીઓમા લખવાની જરૂર છે તે સિવાય નીચે બીજી વધારે બીનાઓ લખવી.— (અ) તકરારી વિષયમા વાદી ફકત ખગાજત અથવા ખરચ સિવાય બીજી રીતનો કઇ સબધ માગતો નથી (બ) એ પ્રતીવાદીઓએ જુદા જુદા માગેલા હક, અને (ક) વાદી અને કોઇ પ્રતીવાદી વચ્ચે મીલાપીપણુ નથી

૨ દાવો કરેલી વસ્તુ કોર્ટમા ભરાય એવી અથવા કોર્ટની સંભાળમા રખાય એવી હોય ત્યારે, વાદીને તે ફરીયાદમા કોઇ પણ હુકમ મેળવવાનો હક્ક પ્રાપ્ત થાય તે પહેલા તેણે તે ભરવાનુ અથવા કોર્ટની સભાળમા રાખવાનુ તેને કહેવાય.

૩ ઇન્ટરપ્લીડરની ફરિયાદમાના પ્રતિવાદીઓ પૈકી કોઇ પ્રતિવાદી તે ફરિયાદના વિષયની બાબતમા વાદી ઉપર ખરેખર ફરિયાદ કરે ત્યારે, કોર્ટમા વાદી ઉપરની ફરિયાદ ચાલતી હોય તે કોર્ટે, ઇન્ટરપ્લીડર-ની ફરિયાદ જે કોર્ટમા માડી હોય તે કોર્ટ તરફથી ખબર મળે એટલે તે વાદી ઉપરનુ કામ બંધ રાખવુ, અને બંધ કરેલી ફરિયાદમા થએલા તેના ખરચનો તેજ ફરિયાદમા ઠરાવ કરવાને કોર્ટ મુખત્યાર છે, પરતુ તે ફરિયાદમા ખર્ચનો ઠરાવ ન કર્યો હોય તો અને તેટલે સુધી ખરચ, ઇન્ટરપ્લીડરની ફરિયાદમા થએલા તેના ખર્ચમા ઉમેરી શકાય

૪ (૧) પહેલી સુનાવણી વખતે કોર્ટ નીચે પ્રમાણે કરી શકે, એટલે

(અ) દાવો કરેલી વસ્તુની બાબતમા પ્રતીવાદીઓ પ્રત્યે વાદીની બધી જવાબદારીમાથી તેને દુર કરીને તેને ખરચ અપાવવાનો, તથા તે ફરિયાદમાથી તેનું નામ કાઢી નાખવાનો ઠરાવ કરે, અથવા (બ) ઇનસાફ કે સુગમતાને સારૂ નીચે પ્રમાણે કરવાની જરૂર છે એમ કોર્ટને લાગે તો ફરિયાદનો આખર નિકાલ થતા સુધી બધા પક્ષકારોને રહેવા દે (૨) દાવો રાખેલી વસ્તુના હક્કનો નિર્ણય કરી શકાય તેવી રીતની પક્ષ-કારોની કબુલતો અથવા બીજો પુરાવો છે એમ કોર્ટને જણાય ત્યારે, દાવો રાખેલી વસ્તુ ઉપર હક્કનો તે નિર્ણય કરે (૩) જ્યારે પક્ષકારોની કબુલતો ઉપરથી દાવો રાખેલી વસ્તુના હક્કનો નિર્ણય કોર્ટ કરી શકે એમ ન હોય ત્યારે, તે નીચે પ્રમાણે ફરમાવી શકે—

(અ) પક્ષકારો વચ્ચે એક અથવા વધારે મુદ્દા ઘડવા અને તેમનો ઇન્સાફ કરવો અને (બ) અસલ વાદીને બદલે અથવા તે ઉપરાત કોઇ પણ હક્કદારને વાદી કરવો, અને ત્યાર પછી તેણે કરેલ ફરિયાદનો ઇન્સાફ સાધારણ રીતે કરવા માડવો

૫. મુખ્યની અથવા જમીનના માલીકની મારફત દાવો રાખતા ન હોય એવા બીજા સખસોની સામે તે મુખ્યને અથવા જમીનના માલીકને વાદ કરવાની જરૂર પાડવા સારૂ, મુખત્યાર પોતાના મુખ્ય ઉપર અથવા ભાડુત માલીક ઉપર ફરિયાદ કરી શકે એમ આ ઓર્ડરની કોઇ વાતથી સમજવું નહિ.

દ્રષ્ટાંતો (અ) અ એક ઝવેરાતની પેટી પોતાના મુખત્યાર તરીકે બ પાસે અનામત મુકે છે અ એ મારી પાસેથી એ ઝવેરાત ગેરવાજબી રીતે લીધુ છે એમ કહીને ક તે બ પાસેથી માગે છે અ તથા ક ના ઉપર બ ઈન્ટરપ્લીડરની ફરિયાદ માંડી શકે નહી (બ) અ એક ઝવેરાતની પેટી પોતાના મુખત્યાર તરીકે બ પાસે અનામત મુકે છે પછી ક ને અ લખે છે કે મારી પાસે તમારૂ લહેણુ છે તેમા તે ઝવેરાત તારણ કરી આપુ છુ ત્યાર પછી અ કહે છે કે ક નુ કરજ અદા કરેલુ છે અને ક તે વાત નાપાડે છે તે બન્ને બની પાસેથી ઝવેરાત માગે છે. આમા અ તથા ક ની ઉપર ઇન્ટરપ્લીડરની ફરિયાદ કરવાને બ મુખત્યાર છે

૬ બરોબર રીતે ફરિયાદ માંડી હોય ત્યારે દાવો રાખેલી વસ્તુ ઉપર બોજો રાખીને અથવા બીજી કોઈ અમલમા આવે એવી રીતે વાદીને તેનો ખરચ આપવાનો ઠરાવ કરવાને કોર્ટ મુખત્યાર છે

ઓર્ડર ૩૬ મો.

વિશેષ હકીકત (કેસ) વિશે

૧ હકીકતની અથવા કાયદાની કોઇ તકરારનો ચુકાદો થવામા પોતાનુ લાગતુ વળગતુ છે એમ જે પક્ષકારો દાવો રાખતા હોય તે એક લેખી કરારનામુ કરે તે કરારનામામા તેમણે તે તકરારી હકીકત (કેસ) તરીકે કોર્ટના અભિપ્રાય સારૂ લખવી, તથા તેમા એવો ઠરાવ કરવો કે તે તકરાર વિશે કોર્ટનો નિર્ણય થયેથી.—(અ) પક્ષકારોએ ઠરાવેલા અથવા કોર્ટ ઠરાવે તેટલા રૂપિઆ તેઓમાના એક જણે બીજાને આપવા અથવા (બ) કરારનામામા લખેલી કઇ સ્થાવર કે જગમ મિલકત તેઓમાના એક જણે બીજાને આપવી અથવા [ક) કરારનામામા દર્શાવેલું બીજુ કઇ વિશેષ કામ તેઓમાથી એક અથવા વધારે જણે કરવુ, અથવા ન કરવુ

(૨) આ કાનુન પ્રમાણે કોર્ટને લખી આપેલી પ્રત્યેક હકીકતના [કેસના] અનુક્રમે નબર પાડીને પારેગ્રાફ કરવા, અને તેમા કાઢેલી તકરારનો નિર્ણય કરવા સારૂ કોર્ટને જે હકીકતોની તથા દસ્તાવેજોની જરૂર પડે તે હકીકતો અને દસ્તાવેજો તેમા સક્ષેપમા જણાવવા

૨ કઈ મિલકત આપવા બાબત અથવા કઇ વિશેષ કામ કરવા કે ન કરવા બાબત કરારનામુ હોય ત્યારે, જે મિલકત આપવાની હોય તેની અથવા જે મિલકત સાથે કરારનામામા દર્શાવેલુ કામ નિસબત રાખતુ હોય તેની કિમતનો આકડો કરારનામામા અટકળે લખવો

૩ [૧] ઉપર કહેલા નિયમો પ્રમાણે કરારનામુ તૈયાર કર્યું હોય તો, તે કરારનામાના વિષયની જે રકમ અથવા કિમત હોય તેટલીજ રકમ અથવા કિમતવાળા વિષયની ફરિયાદ સાભળવાની જે કોર્ટને હકુમત હોય તે કોર્ટમા તે કરારનામુ દાખલ થઇ શકે (૨) એ પ્રમાણે કરારનામુ ફાઇલ થાય એટલે જે પક્ષકારો લાગતા વળગતાપણાનો દાવો રાખતા હોય તે પૈકી એક અથવા વધારેને વાદી અથવા વાદીઓ ગણીને તથા બીજા કે બીજાઓને પ્રતિવાદી કે પ્રતિવાદીઓ ગણીને, તેમની વચ્ચે ફરિયાદ હોય તે પ્રમાણે, તે કરારનામા ઉપર નબર પાડીને તે નોધવુ, અને જે સખસે અથવા સખસોએ તે કોર્ટમા આપ્યુ હોય તે સિવાયના તે કરારનામુ કરનારા બીજા સઘળા સખસોને નોટીસ આપવી

૪. કરારનામુ ફાઇલ થાય ત્યારે તે કરારનામુ કરનારા સઘળા સખસો ઉપર કોર્ટની હકુમત ચાલશે, અને કરારનામામા લખી આપેલી વાત તેમને બંધનકારક થશે

૫ (૧) સાધારણ રીતે કરેલી ફરિયાદ માફક તે કેસ સુનાવણીને વાસ્તે રાખવો, અને આ કાયદાના ઠરાવો આ ફરિયાદને લાગુ પડે તેટલા લાગુ પાડવા (૨) પક્ષકારોની જુબાની લીધા પછી અથવા પોતાને યોગ્ય લાગે તેવા બીજા પુરાવા લીધા પછી કોર્ટની ખાત્રી થાય કે —

(અ) તે પક્ષકારોએ બરોબર રીતે કરારનામુ કરેલુ છે, (બ) તે કરારનામામા લખેલી તકરારમા તેઓ શુદ્ધબુદ્ધિથી હકસબધ ધરાવનારા છે, અને (ક) તે નિર્ણય કરવાલાયક છે, ત્યારે સાધારણ ફરિયાદ માફક તે ઉપર કોર્ટ ફેસલો કહી સંભળાવવો અને તે પ્રમાણે કહેલા ફેસલાને અનુસરતું હુકમનામુ કરવુ

ઓર્ડર ૩૭ મો.

વેચાય એવા લેખ ઉપરથી સંક્ષિપ્ત કામ ચલાવવાની રીત વિશે.

૧ આ ઓર્ડર ફક્ત નીચે કહેલી કોર્ટોને લાગુ પડે છે, એટલે —

(અ) કોર્ટ ઉલ્યમ, મદ્રાસ અને મુબઇની ન્યાયાધિકારી હૈ કોર્ટોને, (બ) દક્ષિણ બ્રહ્મદેશની ચીફ કોર્ટને, (ક) સિંધના જ્યુડિશિયલ કમિશનરની કોર્ટને, તથા (ડ) જે બીજી કોર્ટોને સને ૧૮૮૨ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૫૩૨ થી ૫૩૭ સુધીની કલમોના ઠરાવો અત્યાર આગમજ લાગુ કર્યા હોય તે કોર્ટને

૨ (૧) આ ઓર્ડર પ્રમાણે કામ ચલાવવાની વાદીની ખુશી હોય તો, બીલ્સ ઓફ એકસચેન્જની, હુંડીઓની, અથવા વાયદા ચીઠીઓ (પ્રોમીસરી નોટ) ની બધી ફરિયાદો ઠરાવેલા નમુના પ્રમાણે ફરિયાદ અરજી આપીને માંડી શકાય, પરતુ સમન કાઢવો તે પુરવણી બ મા કહેલા નમુના નબર ૪ પ્રમાણે, અથવા વખતો વખત ઠરાવવામા આવે તેવા બીજા નમુના પ્રમાણે કાઢવો

(૨) જે મુકદમામા ફરિયાદ અરજી અને સમન અનુક્રમે ઉપર કહેલા પ્રમાણે કરેલા હોય તેમા હાજર થઇને જવાબ કરવા સારૂ આમા હવે પછી કહ્યું છે તે રીતે પ્રતિવાદીએ જડજની રજા લીધા વગર, તેણે હાજર થવુ નહી અથવા ફરિયાદનો જવાબ કરવો નહી, અને તે પ્રમાણે રજા લેવામા તે કસુર કરે, અથવા રજા પ્રમાણે હાજર થઇને જવાબ કરવામા કસુર કરે તો ફરિયાદ અરજીમા લખેલી વિગતો તેણે કબુલ કરી છે એમ સમજાશે, અને સમનમા લખેલી રકમથી વધારે ન હોય એવી કોઇ રકમનુ, તથા (કઇ દર લખ્યો હોય તો તે) લખેલા દર પ્રમાણે હુકમનામાની તારીખ સુધીના વ્યાજનું તથા ખરચને બદલે જે રકમ અગાઉથી ઠરાવવામા આવે તે સુદ્ધાતનુ હુકમનામુ મેળવાને વાદી હકકદાર થશે, પરતુ ખરચને વાસ્તે ઠરાવેલી રકમ કરતા વાદી વધારે માગે તો બીજા કામમા થાય છે તે રીતે ખરચનો આકડો નક્કી કરીને તે સુદ્ધાતનુ હુકમનામુ મેળવવાને વાદી હકદાર થશે, અને તે હુકમનામુ લાગલુંજ બજાવી શકશે

૩ (૧) પ્રતિવાદી અરજ કરે એટલે કોર્ટ સોમનનામુ કરવામા આવ્યેથી હાજર થઈને ફરિયાદમા બચાવ કરવાની રજા આપવી, સદરહુ સોમનનામામા જે ઉપરથી માલીકને મોબદલો સાબિત કરવાની ફરજ પડે એવી કઇ હકીકતો અથવા અરજીની પુષ્ટીમા કોર્ટને બસ લાગે એવી બીજી હકીકતો જણાઈ આવવી જોઇએ

(૩) બચાવ કરવાની રજા, બીનસરતે અથવા કોર્ટમા પૈસા ભરવાની બાબતમા, જામીનની બાબતમાં મુદ્દા તૈયાર કરીને નોધવાની બાબતમા કોર્ટને યોગ્ય લાગે તે શરતો કરીને આપવાનો અખત્યાર છે

૪ હુકમનામુ થયા પછી વિશેષ પ્રસંગ હોય તો હુકમનામુ રદ કરવાને અને જરૂર પડે તો બજાવવાનું કામ બધ રાખવાને અથવા રદ કરવાને કોર્ટ મુખત્યાર છે, અને સમન પ્રમાણે હાજર થઇને ફરિયાદનો જવાબ કરવાની પ્રતીવાદીને રજા આપવાનુ કોર્ટને વાજબી લાગે તો, કોર્ટને યોગ્ય લાગે તે શરતોથી, તે રજા આપવાને કોર્ટ મુખત્યાર છે

૫ આ ઓર્ડર પ્રમાણે ચાલતા કોઇ કામમા, જે બીલ, હુડી અથવા ચીઠી ઉપર ફરિયાદનો આધાર હોય તે લાગલીજ કોર્ટના કોઇ અમલદારની પાસે રાખવાનો હુકમ કરવાને, તથા વળી તે કામના ખરચને વાસ્તે વાદી જામીન આપે ત્યા સુધી બધુ કામ બધ રાખવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૬ બીલ ઓફ અકસચેન્જ અથવા વાયદાચીઠી નકારવાથી, તેના માલેકનો તે બીલ અથવા ચીઠીની રકમ લેવા સારૂ આ ઓર્ડર પ્રમાણે જે ઇલાજ ચાલે તે ઇલાજ, તે ન કરવાને લીધે તે નકાર્યા બદલ અથવા ભરણુ ન કર્યાબદલ નોધ કરાવવામા અથવા બીજી રીતે તેને જે ખરચ લાગ્યો હોય તે ખર્ચ લેવાને ચાલશે

૭ આ ઓર્ડરમા જે ઠરાવ કરેલા છે તે સિવાય, સાધારણ રીત પ્રમાણે કરેલી ફરિયાદોમા કામ ચલાવવાની જે રીત છે તેજ આ ઓર્ડર પ્રમાણે કરેલી ફરિયાદોમા કામ ચલાવવાની રીત સમજવી.

ઓર્ડર ૩૮ મો.

ફેંસલો થતાં પહેલાં પકડવા તથા જપ્તી કરવા વિશે.

ફેંસલો થતા પહેલાં પકડવાનું

૧ ૧૬ મી કલમની રકમો (અ) થી (ડ) સુધીમા લખેલા પ્રકારની ફરિયાદ સિવાયની બીજી કોઇ ફરિયાદમા કામ ચાલતા કોઇ પણ વખતે સોગનનામાથી અથવા બીજી રીતે કોર્ટની ખાત્રી થાય કે —

(અ) વાદીને ઢીલ થાય એ હેતુથી, અથવા કોર્ટની કોઇ પ્રોસેસ ટાળવાના હેતુથી અથવા પોતાના ઉપર જે હુકમનામુ થાય તે બજતા હરકત પડે કે ઢીલ થાય એ હેતુથી, (૧) પ્રતિવાદી સંતાઇ પેઠો છે અથવા તેણે કોર્ટની હકુમતની સ્થાનિક હદ છોડી છે, અથવા (૨) પ્રતિવાદી સતાઇ પેસવાનો છે અથવા કોર્ટની હકુમતની સ્થાનિક હદ છોડવાનો છે, અથવા (૩) પ્રતિવાદીએ પોતાની બધી કે થોડી ઘણી મિલકત કોઇને વેચી કે આપી દીધી છે અથવા કોર્ટની હકુમતની સ્થાનિક હદમાથી ખસેડી છે, અથવા (બ) પ્રતિવાદી એવા પ્રસંગોમા બ્રિટીશ ઇંડીયા છોડવાનો છે કે તે ઉપરથી ફરિયાદમા પ્રતીવાદી ઉપર જે હુકમનામુ થાય તે બજાવવામા વાદીને હરકત કે ઢીલ પડશે અથવા પડે એવો વાજબી સભવ રહે છે, ત્યારે હાજર થવા માટે જામીન પ્રતીવાદીએ શા માટે ન આપવા તેનુ કારણુ બતાવવા સારૂ પ્રતીવાદીને પકડવાનુ તથા કોર્ટની રૂબરૂ આણુવાનુ વારટ કાઢવાને કોર્ટ મુખત્યાર છે, પણ એવુ ઠરાવ્યુ છે કે વાદીનો દાવો પુરો કરવાને જે રકમ પુરતી છે એમ વારટમા લખ્યુ હોય તે રકમ એવુ વારટ બજાવનારા અમલદારને પ્રતિવાદી આપે તો તેને પકડવો નહિ, અને એવી રકમ એવી ફરીયાદનો નીકાલ થાય અથવા કોર્ટનો બીજો હુકમ થાય ત્યા સુધી કોર્ટે અનામત રકમ તરીક પોતાની પાસે રાખવી

૨ (૧) તે કારણુ પ્રતિવાદી ન બતાવે ત્યારે કોર્ટ તેને એવો હુકમ કરવો કે, તમારા ઉપરનો દાવો અદા થવાને બસ થાય એટલા પૈસા અથવા બીજી મીલકત તમે કોર્ટમા અનામત રાખો અથવા ફરીયાદ ચાલે છે ત્યા સુધી અને ફરીયાદમા તમારા ઉપર જે હુકમનામુ થાય તે બજી રહે અથવા પતી રહે ત્યા સુધી કોઇ પણ વખતે તમને બોલાવવામા આવે ત્યારે હાજર થવાના તમે જામીન આપો, અથવા તે કોર્ટે ઉપરની કાનુનના વિશેષ ઠરાવની રૂયે જે રકમ પ્રતિવાદીએ આપી હોય તે રકમના સંબધમા પોતાને યોગ્ય લાગે એવો હુકમ કરવો (૨) પ્રતીવાદીને હાજર કરવાને થયેલા દરેક જામીને એવી રીતે લખી આપવુ કે, જો પ્રતીવાદી તે રીતે હાજર નહી થાય તો ફરીઆદમા જે રકમ આપવાનો પ્રતીવાદીને હુકમ થશે તે રકમ હુ આપીશ

૩ (૧) પ્રતીવાદીને હાજર કરવાને થએલો જામીન જે કોર્ટમા પોતે જામીન થયો હોય તે કોર્ટને કોઈ પણ વખતે પોતાની જવાબદારી રદ કરવાની અરજ કરી શકે (૨) આવી અરજ થાય ત્યારે કોર્ટે પ્રતીવાદીને હાજર થવાનો સમન કરવો, અથવા કોર્ટ પોતાને યોગ્ય લાગે તો પહેલેથીજ તેને પકડવાનુ વારટ કાઢવાને મુખત્યાર છે (૩) એવા સમન અથવા વારટ પ્રમાણે પ્રતીવાદી હાજર થાય એટલે, અથવા પોતપોતાની ખુશીથી આવીને હાજર થાય ત્યારે કોર્ટે જામીનને ફરમાવવુ કે તમે જામીનમાથી છુટા થયા છો અને નવો જામીન લાવવાને પ્રતિવાદીને કહેવુ

૪ કાનુન ૨ અથવા કાનુન ૩ પ્રમાણેનો કોઈ હુકમ પ્રતીવાદી માન્ય ન કરે ત્યારે ફરીઆદનો નીકાલ થતા સુધી અથવા પ્રતીવાદી વીરૂદ્ધ હુકમનામુ કરવામા આવ્યુ હોય ત્યારે તે હુકમનામુ ભરપાઇ થાય ત્યા સુધી પ્રતિવાદીને દિવાની તુરગમા મોકલવાને કોર્ટ મુખત્યાર છે, પરતુ આ કાનુન પ્રમાણે કોઈ સખસને ગમે તેમ હોય તોએ ૭ માસ કરતા જાસ્તી મુદત તુરગમા અટકાવી રાખવો નહિ, અથવા ફરીયાદના વિષયની રકમ કે કિંમત પચાસ રૂપીયા કરતા વધારે ન હોય તો છ અઠવાડીયા કરતા વધારે મુદત અટકાવી રાખવો નહિ વળી એવુ પણ ઠરાવ્યુ છે કે, કોઇ સખસે એવા હુકમ પ્રમાણે ચાલ્યા પછી તેને આ કાનુન પ્રમાણે તુરગમા અટકાવી રાખવો નહી

ફેંસલો થતા પહેલાં જપ્તી કરવાનું

૫ (૧) કોઇપણ ફરીયાદ ચાલતા કોઇ પણ વખતે સોગનનામાથી અથવા બીજી રીતે કોર્ટની ખાત્રી થાય કે, પોતાના ઉપર જે હુકમનામુ થાય તે બજાવવામા હરકત અથવા ઢીલ થાય એ ઇરાદાથી પ્રતીવાદી

(અ) પોતાની બધી અથવા થોડી ઘણી મિલકતની વ્યવસ્થા કરવાનો છે, અથવા (બ) કોર્ટની હકુમતની સ્થાનિક હદની બાર પોતાની સઘળી થેડીઘણી મિલકત ખસેડવાની છે, ત્યારે તે મિલકત અથવા તેની કિંમત અથવા હુકમનામુ પુરૂ કરવા જેટલો તેનો ભાગ માગવામા આવે ત્યારે હાજર કરીને કોર્ટની વ્યવસ્થા તળે મુકવા સારૂ તે હુકમમા લખેલી રકમના જામીન કોર્ટ ફરમાવે તે મુદતની દરમીયાન આપવાનુ અથવા તેણે જામીન શા સારૂ ન આપવા તેનુ હાજર થઈને કારણુ બતાવવાનુ પ્રતીવાદીને ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે (૨) કોર્ટ બીજી રીતે ન ફરમાવે તો, જપ્ત કરવાની મીલકત અને તેની અટકળે કિંમત વાદીએ જણાવવી જોઈએ (૩) આ પ્રમાણે લખેલી મિલકત પૈકી તમામ મિલકત અથવા તેનો કાઈ ભાગ શરતથી જપ્ત કરવાનુ હુકમમા ફરમાવવાને પણ કોર્ટ મુખત્યાર છે

૬ [૧) કોર્ટે ઠરાવેલી મુદતમા પ્રતિવાદી ફરમાવેલા જામીન ન આપે અથવા પોતે જામીન શા સારૂ ન આપવા તેનુ તે કારણુ ન બતાવે, ત્યારે લખેલી મિલકત અથવા ફરિયાદમા જે હુકમનામુ થાય તે પુરૂ કરવાને બસ જણાય તેટલો તે મિલકતનો ભાગ જપ્ત કરવાનુ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે

(૨) પ્રતિવાદી તેવુ કારણુ બતાવે અથવા ફરમાવેલા જામીન આપે, ત્યારે જે લખેલી મીલકત અથવા તેનો કઇ ભાગ જપ્ત થયો હોય તો કોર્ટે તે જપ્તી ઉઠાવવાનો હુકમ કરવો અથવા પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરવો

૭ બીજી રીતે સ્પષ્ટ ઠરાવ્યુ હોય તે સિવાયને પ્રસગે જપ્તી કરવી તે હુકમનામુ બજાવવામા મિલકત જપ્ત કરવાની જે રીત કહેલી છે તે રીત કરવી

૮ ફેસલો થતા પહેલા જપ્ત થએલી મીલકત ઉપર કઇ દાવો કરવામા આવે ત્યારે તેની તજવીજ, પૈસા બાબતનુ હુકમનામુ બજાવવામા જપ્ત થએલી મિલકત ઉપરના દાવાની તજવીજને વાસ્તે આમા પાછળ જે રીત ફરમાવી છે તે રીતે કરવી

૯ ફેસલો થતા પહેલા જપ્તી કરવાનો હુકમ કર્યો હોય ત્યારે ફરમાવેલા જામીન તથા જપ્તીના ખરચના જામીન પ્રતિવાદી આપે ત્યારે અથવા ફરિયાદ કાઢી નાખવામા આવે ત્યારે કોર્ટે જપ્તી દુર કરવાના હુકમ કરવો

૧૦ ફેસલો થતા પહેલાની જપ્તીથી, ફરિયાદમા પક્ષકાર ન હોય તે સખસોના જપ્તી પહેલાના જે હક હોય તેને હરકત થશે નહિ, તથા પ્રતીવાદી વિરૂદ્ધ હુકમનામુ ધારણ કરનાર સખસને તે હુકમનામુ બજાવવામા વ જપ્તીમાની મિલકત વેચવાની દરખાસ્ત કરવાને પણ પ્રતીબંધ થશે નહિ

૧૧ આ ઓર્ડરના ઠરાવોને આધારે મિલકત જપ્તીમા હોય, અને વાદીની તરફમા પાછળથી હુકમનામુ થાય, ત્યારે તે હુકમનામુ બજાવવા દરખાસ્ત કરવામા આવેથી તે મિલકત ફરી જપ્ત કરવાની અરજી કરવાની જરૂર નથી

૧૨ ખેડુતના કબજામા હોય એવી ખેતીવાડીને લગતી કાંઇપણુ ઉપજ જપ્ત કરવાસારૂ અરજ કરવાનો આ ઓર્ડર માહેના કોઈપણુ ઠરાવ ઉપરથી વાદીને અધિકાર પ્રાપ્ત થાય છે એમ અથવા એવી ઉપજ જપ્ત કરવાને અથવા હાજર કરવાને ફરમાવવાનો કોર્ટને અધિકાર મળે છે એમ સમજવુ નહિ

ઓર્ડર ૩૯ મો.

કામચલાઉ તાકીદ અને દરમ્યાનના હુકમ વિશે

કામચલાઉ તાકીદ.

૧ કોઇ પણુ ફરિયાદમા સોગનનામાથી અથવા બીજી રીતે એવુ સાબિત થાય કે —

(અ) ફરિયાદનો કોઇ પક્ષકાર ફરિયાદમાની કોઈ પણુ તકરારી મિલકતનો નાશ કરશે અથવા તેને કંઇ નુકશાન કરશે અથવા તો કોઇને આપી દેશે અથવા એકાદા હુકમનામાની બજાવણીમા તે ગેરવાજબી રીતે વેચાશે એવી દેહશત છે, અથવા (બ) પોતાના લેહેણુદારોને દગો દેવાને ઇરાદે પ્રતીવાદીએ પોતાની મિલકત ખસેડવાની અથવા વ્યવસ્થા કરી નાખવાની બીક બતાવી છે, અથવા તેમ કરવાના વિચારમા તે છે, ત્યારે હુકમ કરીને કોર્ટ એવી કામચલાઉ તાકીદ આપે કે તારે તે કૃત્ય કરવુ નહી અથવા તે

ફરિયાદનો નિકાલ થતા સુધી અથવા બીજો હુકમ થતા સુધી તે મિલકતનો નાશ થતો હોય તે તેને નુકશાન થતું હોય તે, તે બીજાને આપી દેવાતી હોય તે વેચાતી હોય તે, ખસેડાતી હોય તે, અથવા તેની વ્યવસ્થા થતી હોય તે બધ રાખવાને તથા અટકાવવાને સારૂ પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૨ (૧) કબર તોડવાથી અથવા કોઈપણ જાતની બીજી નુકશાની કરવાથી પ્રતિવાદીને અટકાવવાની ફરીયાદ હોય તેમા નુકશાનીનો બદલો માગ્યો હોય કે નહિ તોપણ ફરિયાદ કર્યા પછી કોઈપણ વખતે ફેસલો થતા પહેલા કે ફેસલો થયા પછી, પ્રતિવાદીએ જેને માટે ફરિયાદ કરી હોય તે કરાર તોડવો નહિ અથવા હોય તે નુકશાન કરવુ નહિ, અથવા તેજ કરારમાથી ઉત્પન્ન થતું અથવા તેજ મિલકત કે હક સંબંધી તેવી જાતનુ કઇ નુકશાન કરવુ નહિ, કે કઇ કરાર તોડવો નહિ એવી પ્રતિવાદીને અટકાવવાની કામચલાઉ તાકીદ કરવા સારૂ કોર્ટને અરજ કરવાને વાદી મુખત્યાર છે.

(૨) તે તાકીદ કેટલી મુદત સુધી અમલમા રાખવી તે વિશે, હિસાબ રાખવા વિશે, જામીન આપવા વિશે, અને બીજી બાબત વિશે પોતાને યોગ્ય લાગે તેવી શરતો કરીને તે તાકીદ હુકમ કરી આપવાને કોર્ટ મુખત્યાર છે (૩) એવી કોઈપણ સરત ન માનવામા આવે અથવા તેનો ભગ કરવામા આવે તો, તાકીદનો હુકમ કરનારી કોઇ એવી રીતે ન માનનાર અથવા ભગ કરનાર સખસની મિલકત જપ્ત કરવાનો હુકમ કરવાને તેમજ એવા સખસને છ મહીનાથી વધારે નહી એવી કોઇ મુદત સુધી દીવાની તુરગમા રાખવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે, પણ જો દરમીયાન તે કોર્ટ તેને છોડી મુકવાનો હુકમ કરે તો તેમ કરવુ (૪) આ કાનુન પ્રમાણે કરેલી કોઇ જપ્તી એક વરસ કરતા વધારે મુદત સુધી અમલમા રહેશે નહિ એક વરસની આખરે એવુ વર્તન તથા કસુર ચાલુ હોય તો જપ્ત કરેલી મીલકત વેચી શકાશે અને જે ઉપજે તેમાથી પોતાને યોગ્ય લાગે તેટલી બદલાની રકમ અપાવવાને કોર્ટ મુખત્યાર છે અને જો કઈ બાકી રહે તો તે મળવાનો જેને હક હોય તેને કોર્ટે આપવી

૩ તાકીદનો હુકમ આપ્યા પહેલા હમેશા તાકીદની અરજ વિશેની નોટીસ વિરૂદ્ધ પક્ષકારને આપવાનુ કોર્ટે ફરમાવવુ પરતુ ઢીલ થવાથી તાકીદ આપવાનો હેતુ ધુળ મળશે એમ જણાય તો તેવી નોટીસ આપવાની જરૂર નથી

૪ તાકીદના હુકમથી જે કોઇ પક્ષકાર નારાજી હોય તેની તે વિશેની અરજી ઉપરથી, તાકીદનો કોઇ પણ હુકમ કાઢી લેવાને, તેમા ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને કોર્ટ મુખત્યાર છે

૫ કોરપોરેશનને આપેલી તાકીદ તે કોરપોરેશનને બધનકારક છે એટલુજ નહીં પણ તે કોરપોરેશનના કે કપનીના જે મેબરોના અને અમલદારોના જાતીનુ કામ અટકાવવાનુ તે તાકીદમા માગ્યુ હોય તે બધા મેબરોને તથા અમલદારોને પણ તે બધનકારક છે

દરમ્યાનના હુકમ

૬ કોઈ ફરિયાદના વિષયની અથવા એવી ફરીયાદમા ફેસલો થતા પહેલા જપ્ત કરેલી, કોઈપણ જગમ મીલકત જલદી અને સ્વભાવિક રીતે પોતાની મેળે બગડી જાય, એવી હોય અથવા જે બીજા કોઇ પણ વાજબી અને પુરતા કારણને લીધે તાબડતોબ વેચવાનુ સ્પષ્ટ દેખાતું હોય તો, ફરિયાદના કોઇ પક્ષકારની અરજ ઉપરથી તે વેચવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે અને તે હુકમમા જે સખસનુ નામ લખ્યુ હોય તે સખસે કોર્ટને યોગ્ય લાગે તે રીતે અને તેવી સરતોથી તે વેચવી

૭ [૧] ફરિયાદના કોઇપણ પક્ષકારની અરજ ઉપરથી અને પોતાને યોગ્ય લાગે તે સરતોથી નીચે પ્રમાણે કરવાને, એટલે—

(અ) તે ફરિયાદનો વિષય હોય એવી અથવા જે બાબત તેમા કોઈપણ તકરાર ઉઠે એમ હોય તેવી કોઇ મિલકત અટકાવી રાખવાનો, સાચવી રાખવાનો અથવા નજરે જોવાનો હુકમ કરવાને, (બ) તે ફરિયાદના બીજા કોઈ પક્ષકારના કબજામા કઇ જમીન અથવા ઇમારત હોય તે જમીન ઉપર અથવા ઇમારતમા સદરહુ તમામ કારણ સારૂ અથવા તે પૈકી કોઇ કારણ સારૂ કોઈ સખસને જવાનો અખત્યાર આપવાને, અને (ક) સદરહુ તમામ કારણ સારૂ અથવા તે પૈકી કોઈ કારણ સારૂ, પુર્ણ માહીતી અથવા

પુરાવો મળે એટલા માટે જરૂર અથવા યોગ્ય જણાય તેવા કંઇ નમુના લેવાનો અથવા કંઇ અવલોકન કરવાનો અથવા પ્રયોગ કરવાનો અખત્યાર આપવાને કોર્ટ મુખત્યાર છે (૨) પ્રોસેસ બજાવવા વિશે કહેલા છે તે ઠરાવો પ્રસંગ પ્રમાણે જરૂર હોય તે ફેરફાર કરીને, આ કાનુન પ્રમાણે જવાનો અખત્યાર આપેલા સખસોને લાગુ પડશે

૮ (૧) ફરિયાદ માંડ્યા પછી કોઇપણ વખતે પ્રતિવાદીને નોટીસ આપીને કાનુન ૬ અથવા કાનુન ૭ પ્રમાણે હુકમ કરાવવાની અરજ કરવાને વાદી મુખત્યાર છે

(૨) તેવો હુકમ મેળવવાને વાસ્તે પ્રતિવાદીએ અરજ કરવાની હોય તો, (અરજદાર) હાજર થયા પછી કોઇપણ વખતે વાદીને લેખી નોટીસ આપીને તે અરજ કરવાને પ્રતિવાદી મુખત્યાર છે

૯ સરકારમા મેહેસુલ ભરનારી જમીન વિશે અથવા જમીન ઉપરના વેચાય એવા સત્તા-પ્રકાર વિશે ફરિયાદ હોય અને જેના કબજામા તે જમીન અથવા સત્તા-પ્રકાર હોય તે સખસ સરકારનું મેહેસુલ અથવા સત્તા-પ્રકારના માલેકની ચઢેલી સાથ જે હોય તે આપવાને ચુકે અને તેને લીધે તે જમીન અથવા સત્તા-પ્રકાર વેચવાનો હુકમ થાય ત્યારે, તે જમીનમાના અથવા સત્તા-પ્રકારમાના હક્ક સંબધનો દાવો રાખતો હોય એવો ફરીયાદનો બીજો કોઈ પણ પક્ષકાર વેચાણ પહેલાનું ચઢેલુ મેહેસુલ અથવા સાથ આપે એટલે (કોર્ટની નજરમા આવે તો જામીન લેઇને અથવા વગર જામીને) તે જમીનનો અથવા સત્તા-પ્રકારનો કબજો તેને લાગલોજ આપી શકાય, અને આ પ્રમાણે ભરેલી રકમ કોર્ટને યોગ્ય લાગે તે દરના વ્યાજ સુદ્ધાત કસુર કરનારે આપવી એમ પોતાના હુકમનામામા ઠરાવવાને, અથવા ફરીયાદમા હુકમનામુ થાય તેમા કંઈ હીસાબ નક્કી કરવાનુ ફરમાવવામા આવે તો હિસાબમા આ પ્રમાણે ભરેલી રકમ કોર્ટ ફરમાવે તે દરથી વ્યાજ સુદ્ધા મજરે મળવાને કોર્ટ મુખત્યાર છે

૧૦. પૈસા વિશે અથવા સ્વાધીન કરી શકાય એવી બીજી કોઇ વસ્તુ વિશે ફરિયાદ હોય, અને ફરીયાદનો કોઇ પક્ષકાર કબુલ કરે કે,-કોઇ બીજા સખસની વતી ટ્રસ્ટી દાખલ મારી પાસે તે પૈસા અથવા વસ્તુ છે, અથવા તે કોઇ બીજા સખસની છે કે તે બીજા સખસની લેહેણી છે ત્યારે,-કોર્ટ ત્યાર પછી બીજો હુકમ કરે તેને પાત્ર તે કોર્ટમા અનામત મુકવાનો અથવા જામીન લેઇને કે વગર જામીને છેવટ કહેલા સખસને આપવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે,

---

ઓર્ડર ૪૦ મો.

વસુલદારની નીમણુંક

૧ (૧) જ્યારે કોર્ટને વાજબી તથા સગવડ ભરેલુ જણાય ત્યારે કોર્ટ હુકમ કરીને.—

(અ) કોઇ પણ મીલકતનો વસુલદાર હુકમનામુ થયા પહેલા અથવા પછી નીમવાને, (બ) જે સખસના કબજામા અથવા હવાલામા તે મિલકત હોય તેની પાસેથી તે કબજો અથવા હવાલો લઇ લેવાને, (ક) તે વસુલદારના કબજામા, હવાલામા અથવા વહિવટમા સોપવાને, અને (ડ) ફરીયાદ આણવા વીશે ફરીયાદનો જવાબ કરવા વિશે, તથા મિલકતના પૈસા કરવા વિશે, વહિવટ વીશે, રક્ષણ કરવા વીશે, સાચવી રાખવા વિશે, અને સુધારવા વીશે, તથા તે મિલકતનુ ભાડુ અને ઉત્પન્ન વસુલ કરવા વીશે, તથા તે ભાડુ અને ઉત્પન્ન કામે લગાડવા તથા ખરચવા વિશે, તથા લખેલા દસ્તાવેજો કરી આપવા વીશે, માલેકને પોતાને જે અખત્યાર હોય તે અથવા તે પઇકી કાર્ટને યોગ્ય લાગે તે અખત્યાર તે વસુલદારને આપવાને મુખત્યાર છે (૨) મિલકત જેના કબજામા અથવા હવાલામા હોય તેનો કબજો અથવા હવાલો લેઇ લેવાનો ફરીયાદના કોઇ પણ પક્ષકારને હાલ હકક ન હોય તો તેની પાસેથી કબજો અથવા હવાલો લેઇ લેવાને આ કાનુનની કોઇ વાતથી કોર્ટને અખત્યાર મળતો નથી

૨ વસુલદારને મહેનતાણા બદલ આપવાની રકમ સામાન્ય અથવા વિશેષ હુકમ કરી નક્કી કરવાને કોર્ટ મુખત્યાર છે

૩. એ પ્રમાણે નીમેલા પ્રત્યેક વસુલદારે -(અ) તે મિલકત બાબત તેના હાથમા જે આવે તેનો બરોબર હિસાબ આપવા સારૂ (કોર્ટ જામીન લે તો) કોર્ટને યોગ્ય લાગે તેવા જામીન આપવા, (બ) કોર્ટ ફરમાવે

તે તે મુદતે અને તેવા નમુનામા પોતાનો હિસાબ સાદર કરવો, (ક) પોતાની પાસે જે બાકી લેહેણી નીકળે તે કોર્ટ ફરમાવે તે રીતે આપવી અને (ડ) પોતાની જાણી જોઇને કરેલી કસુરથી અથવા મોટી ગફલતને લીધે મિલકતને જે નુકશાન થાય તેનો જવાબદાર થશે જ્યારે વસુલદાર.—

૪ (અ) કોર્ટ ફરમાવે તેવી મુદતે તથા તેવા નમુના પ્રમાણે પોતાનો હિસાબ આપવાને ચુકે, અથવા [બ] પોતાની પાસે બાકી લેહેણી રકમ નીકળે તે કોર્ટ ફરમાવે તે રીતે આપવાને ચુકે અથવા (ક) જાણી જોઇને કરેલી કસુરથી અથવા ભારી ગફલતથી મીલકતને નુકશાન કરે, ત્યારે કોર્ટે તેની મીલકત જપ્ત કરીને વેચવાનો હુકમ કરવાને મુખત્યાર છે, અને તેની ઉપજેલી રકમ, તેની પાસે નીકળતી રકમ અથવા તેણે એવી રીતે કરેલ નુકસાન ભરી લેવામા વાપરવાને તે મુખત્યાર છે, અને (કઇ) બાકી વધે તો તે વસુલદારને આપવુ જોઇએ

૫ તે મીલકત સરકારને મેહેસુલ ભરનારી જમીન હોય, અથવા જે જમીનનુ મેહેસુલ આપી દીધેલુ કે છોડી દીધેલુ હોય એવી જમીન હોય, અને કોર્ટની નજરમા એમ આવે કે કલેકટરે વહિવટ કરવાથી લાગતાવળગતા લોકોને ફાયદો થશે ત્યારે કલેકટરને તેની સમતીથી તે મીલકતનો વસુલદાર નીમવાને કોર્ટ મુખત્યાર છે

ઓર્ડર ૪૧ મો.

અવલ હુકમનામા ઉપરની અપીલો વિશે

૧ અપીલ કરવી તે યાદીના રૂપમા કરવી અને તે ઉપર અપેલેન્ટે અથવા તેના પ્લીડરે સહી કરવી, અને તે કોર્ટને અથવા કોરટ આ અર્થે નીમે તે અમલદારને આપવી, અને જે હુકમનામા ઉપર અપીલ કરી હોય તે હુકમનામાની નકલ તથા [અપીલ કોર્ટ ચલાવી ન લે તો] જે ફેસલા ઉપર તે હુકમનામુ આધાર રાખતું હોય તે ફેસલાની નકલ તે યાદીની સાથે જોડવી તે યાદમા જે હુકમનામા ઉપર અપીલ કરવાની હોય તે હુકમનામા ઉપર હરક્ત લેવાના કારણો સક્ષેપમા ક્લમવાર લખવા, તેમા કઇ દલીલ અથવા હકીકત લખવી નહી, અને તે કારણો ઉપર અનુક્રમે નબર પાડવા

૨ અપીલની યાદીમા લખ્યુ ન હોય એવુ હરકત લેવાનુ બાજુ કોઇ કારણ કોર્ટની રજા વગર અપીલ કરનારે કાઢવુ નહી, અથવા બીજી કોઇ હરકત લેવાના કારણની પુષ્ટીમા તેનુ કઇ સાભળવુ નહી પરતુ અપીલનો નીકાલ કરવામા અપીલની યાદીમા લખ્યા હોય અથવા આ કાનુન પ્રમાણે કોર્ટની રજાથી લીધા હોય તે સિવાયના બીજા કારણનો વિચાર કરવાની અપીલ કોર્ટને મનાઈ નથી, પણ એવુ ઠરાવ્યુ છે કે, અપીલ કરનારે જે કારણ લખ્યુ ન હોય તે કારણ ઉપર મુકદમો લઢવાથી નુકશાન પામેલા પક્ષકારને પુરતી તક ન મળી હોય તો, કોર્ટે તેવા કારણ ઉપર પોતાના ફેસલાનો આધાર રાખવો નહી

૩ (૧) પાછળ બતાવી તે રીતે અપીલનો યાદી લખી ન હોય ત્યારે તે નામજુર થઇ શકે, અથવા કોર્ટ ઠરાવે તે મુદતમા દુરસ્ત કરવા સારૂ અપીલ કરનારને પાછી અપાય, અથવા ત્યાને ત્યા તેજ વખતે તે દુરસ્ત થઇ શકે (૨) કોઇ યાદ કોર્ટ નામજુર કરે ત્યારે તે નામજુર કરવાના સબબ કોર્ટે લખવા [૩] અપીલની યાદ દુરસ્ત કરવામા આવે ત્યારે, જડજે અથવા આ કામ સારૂ જડજ નીમે તે અમલદારે તે દુરસ્તી ઉપર પોતાની આખી અથવા ટુકી સહી કરવી

૪ કોઇ ફરીયાદમા એક કરતા વધારે વાદીઓ અથવા પ્રતીવાદીઓ હોય, અને જે હુકમનામા ઉપર અપીલ કરવામા આવી હોય તે હુકમનામુ બધા વાદીઓને અથવા બધા પ્રતીવાદીઓને લાગુ પડે એવા કોઇ કારણ ઉપરથી આપ્યુ હોય ત્યારે વાદીઓમાથી અથવા પ્રતીવાદીઓમાથી ગમે તે એક જણ આખા હુકમનામા ઉપર અપીલ કરવાને મુખત્યાર છે અને પછી બધા વાદીઓના કે પ્રતીવાદીઓના, જેના હોય તેના લાભમા તે હુકમનામુ ફેરવવાને અથવા તેમા ઓછુવત્તુ કરવાને અપીલ કોર્ટ મુખત્યાર છે

ચલાવેલું કામ અને બજાવણીનું કામ બંધ રાખવા બાબત

૫ (૧) અપીલ કરલામા આવે એટલે તે ઉપરથી " હુકમનામા ઉપર અથવા હુકમ ઉપર અપીલ કરવામા આવી હોય તે હુકમનામા અથવા હુકમની રૂયે ચાલેલુ કામ, અપીલ કોર્ટ ફરમાવે તેથી

વખારે પ્રમાણમા બંધ થશે નહી તેમજ હુકમનામા ઉપર અપીલ કરવામા આવી હોય તેટલાજ કારણ ઉપરથી તે હુકમનામુ બજાવવાનુ કામ બંધ થશે નહી, પરતુ પુરતું કારણ હોય તો એવા હુકમનામાની બજાવણીનું કામ બધ રાખવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

(૨) જેના ઉપર અપીલ થઈ શકે તેવા હુકમનામાની તેના ઉપર અપીલ કરવાની ઠરાવેલી મુદત વીત્યા અગાઉ, બજાવણી બધ રાખવાની અરજ કરવામા આવે, ત્યારે હુકમનામુ કરનારી કોર્ટ પુરતા કારણ બતાવવામા આવે તો બજાવવાનુ કામ બધ રાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે

(૩) હુકમ કરનારી કોર્ટની નીચે પ્રમાણે એટલે (અ) હુકમ નહી કરવામા આવે તો બજાવવાનુ કામ બધ રાખવાની અરજ કરનાર પક્ષકારને ખરેખરૂ નુકસાન થાય તેમ છે, (બ) અરજ કરવામા ગેરવાજબી ઢીલ કરેલી નથી, અને (ક) જે હુકમનામુ અથવા હુકમ અરજ કરનારને આખરે બધનકારક થાય તે હુકમનામુ અથવા હુકમ બરાબર રીતે પુરો કરી આપવાને તે અરજદારે તારણ આપેલુ છે, એવી ખાત્રી થયા વગર પેટા કાનુન ૧ અથવા પેટા કાનુન ૨ પ્રમાણે બજાવણીનુ કામ બધ કરવાનો હુકમ કરવો નહી

(૪) પેટા કાનુન (૩) મા ગમે તે ઠરાવ હોય તે છતા, સદરહુ કોર્ટ અરજની સુનાવણી પુરી થાય ત્યા સુધી બજાવણીનુ કામ બધ કરવાનો એકતરફી હુકમ કરી શકે

૬ (૧) જે હુકમનામાના ઉપર અપીલ ચાલુ હોય તે હુકમનામુ બજાવવાનો હુકમ કરવામા આવે ત્યારે હુકમનામુ કરનારી કોર્ટને અપેલેન્ટ પુરતું કારણ બતાવે તો, હુકમનામુ બજાવવામા જે મિલકત લેવામા આવે અથવા લેવામા આવી હોય તે પાછી આપવાને, અથવા તે મિલકતની કિમત આપવાને, અને અપીલ કોર્ટથી હુકમનામુ અથવા હુકમ થાય તે બરોબર રીતે પુરો કરવાને તારણ આપવાનુ હુકમનામુ કરનારી કોર્ટે ફરમાવવુ અથવા તેવા કારણ ઉપરથી હુકમનામુ કરનારી કોર્ટને તેવુ તારણ લેવાનું ફરમાવવાને અપીલ કોર્ટ મુખત્યાર છે, (૨) હુકમનામું બજાવવામા અથવા સ્થાવર મિલકત વેચવાનો હુકમ કર્યો હોય, અને તે હુકમનામા ઉપર અપીલ ચાલુ હોય ત્યારે હુકમનામાના દેણદારે એવો હુકમ કરનારી કોર્ટને અરજ કરવાથી, તારણ આપવા વિશેની અથવા બીજી રીતની હુકમનામુ કરનારી કોર્ટને યોગ્ય લાગે તેવી સરતો કરીને અપીલનો નિકાલ થતા સુધી વેચાણ બધ રાખવુ

૭ કાનુનો ૫ તથા ૬ મા કહેલુ છે તેવુ તારણ હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કાઉન્સીલ પાસેથી અથવા કોઇ સરકારી અમલદારે કંઇ કામ પોતાના હોદ્દાને લીધે કર્યું છે એમ કહીને તે કામબદલ તેના ઉપર ફરિયાદ કરી હોય, ત્યારે (ફરિયાદનો જવાબ કરવાનુ સરકારે માથે લીધુ હોય તો) તે અમલદાર પાસેથી માગવુ નહીં

૮ જ્યારે એકાદી અપીલ હુકમનામા ઉપર નહી પણ એવા હુકમનામાની બજાવણીમા કરેલા હુકમ ઉપર કરવામા આવે અથવા કરી હોય તે પ્રસગે કાનુનો ૫ તથા ૬ ઉપરથી આપેલા અધિકાર ચલાવી શકાસે

અપીલ મંજુર થયા પછી કામ ચલાવવાની રીત

૯ (૧ અપીલની યાદ, મજુર કરવામા આવે એટલે અપીલ કોર્ટે અથવા કોર્ટના યોગ્ય અમલદારે તેના ઉપર અપીલ આપ્યાની તારીખનો શેરો કરવો, અને અપીલ નોધવા સારૂ એક ચોપડી રાખી તે ચોપડીમા તે અપીલ નોધવી (૨) તે ચોપડીને અપીલનુ રજીસ્ટર કહેવુ

૧૦ (૧) રેસ્પોન્ડન્ટને હાજર થઇને જવાબ આપવાનુ ફરમાવતા પહેલા અથવા ત્યારપછી રેસ્પોન્ડન્ટની અરજ ઉપરથી અપીલ કોર્ટની નજરમા આવે તો, અપીલના ખરચના અથવા અવલ ફરિયાદના ખરચના અથવા તે બન્નેના ખરચના અપેલેન્ટ પાસેથી જામીન માગવાને અપીલ કોર્ટ મુખત્યાર છે, પરતુ કોઇ કામમા અપેલેન્ટ બ્રિટીશ ઈંડીયાની બહાર રહેતો હોય અને જે મિલકત (જો ન હોય તો તે) બાબત અપીલ હોય તે સિવાય તેની કંઇ પુરતી સ્થાવર મિલકત બ્રિટિશ ઇંડીયામા ન હોય, તો તે કામમા હમેશ કોર્ટે ખરચના જામીન માગવા.

(૨) કોર્ટ હુકમ કરે તેટલી મુદતમા તે જામીન આપવામા ન આવે ત્યારે, કોર્ટે તે અપીલ ના મજુર કરવી

૧૧ અપેલેન્ટ કોર્ટ તે કામના કાગળપત્ર મગાવવાનું દુરસ્ત ધારે તો તે મગાવ્યા પછી અને અપેલેન્ટ અથવા તેનો પ્લીડર કહે તે સાભળવાની મુદત ઠરાવ્યા પછી અને તે મુદ્તે હાજર થાય તો તે પ્રમાણે તેનુ કહેવુ સાભળ્યા પછી અપીલ કોર્ટને યોગ્ય લાગે તો, જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોર્ટને તે અપીલ વિશેની નોટીસ મોકલ્યા વગર અને રેસ્પોન્ડન્ટને અથવા તેના પ્લીડરને નોટીસ પહોચાડયા વગર, તે અપીલ કાઢી નાખવાને મુખત્યાર છે

(૨) ઠરાવેલે દિવસે અથવા સુનાવણી જે બીજા દિવસ ઉપર મુ તવી રહે તે દિવસે અપીલની સુનાવણી પોકારવામા આવે ત્યારે અપેલેન્ટ હાજર ન હોય તો કોર્ટને અપીલ કાઢી નાખવાનો હુકમ કરવાનો અધિકાર છે, (૩) આ કાનુન મુજબ અપીલ કાઢી નાખ્યાનો ઠરાવ જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થશે તે કોર્ટને લખી જણાવવો જોઇએ

૧૨ (૧) કાનુન ૧૧ પ્રમાણે અપેલેન્ટ કોર્ટ અપીલ કાઢી ન નાખે તો તે અપેલેન્ટ કોર્ટે અપીલ સાભળવાનો એક દિવસ મુકરર કરવો

(૨) કોર્ટમા ચાલુકામ કેટલુ છે રેસ્પોન્ડન્ટને રહેવાનુ ઠેકાણુ કેટલુ દુર છે, અને અપીલની નોટીસ પહોચાડવાને કટલી મુદત લાગશે તે ઉપર વિચાર કરીને તે દિવસ એવો ઠરાવવો કે જેથી તે દિવસે હાજર થઇને અપીલનો જવાબ આપવાને રેસ્પોન્ડન્ટ પુરતો વખત મળે

૧૩ (૧) અપીલ કાનુન ૧૧ પ્રમાણે કાઢી નાખવામા આવી ન હોય ત્યારે જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોર્ટને, તે અપીલ વિશેની નોટીસ એપેલેન્ટ કોર્ટે મોકલવી

(૨) જે કોર્ટના દફતર એપલન્ટ કોર્ટમા રખાતા નથી તે કોર્ટના હુકમનામા ઉપર અપીલ હોય ત્યારે જે કોર્ટને તે નોટીસ મળે તે કોર્ટ બની શકે તેટલી ઝડપથી તે ફોરયાદમાના બધા જરૂરી કાગળો અથવા અપેલેન્ટ કોર્ટે નામ દઇને મગાવેલા કાગળો મોકલી દેવા

(૩) જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોર્ટમાના કોઇ કાગળોની નકલ કરી રાખવા એમાથી કોઇ પક્ષકાર માગતો હોય તો, તે કાગળોના નામ સુદ્ધાત તે કોર્ટને લખેલી અરજ કરવાને તે મુખત્યાર છે, અને તેવા કાગળોની નકલો તે અરજદારને ખર્ચે કરીને તેને આપવી

૧૪ (૧) ૧૩ મી કાનુન પ્રમાણે ઠરાવેલા દિવસના નોટીસ અપેલેન્ટ કોર્ટના મકાનમા ચોડવી અને તેની એક નોટીસ અપેલેન્ટ કોર્ટે જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોર્ટને મોકલવી અને હાજર થઈને જવાબ દેવા સારૂ પ્રતિવાદીને સમન પહોચાડવા વિશે જે રીત કહી છે તે રીત તે નોટીસ રેસ્પોન્ડેન્ટને અથવા અપીલ કોર્ટમાના તેના પ્લીડરને પહોચાડવી અને તે સમનને તથા તે પહોચાડવા સબધી કામને લાગુ પડે તેવા બધા ઠરાવો આ નોટીસ પહોચાડવા સબધી કામને લાગુ પડશે.

[૨] જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોર્ટને નોટીસ મોકલ્યાને બદલે ઉપર કહેલા નિયમ પ્રમાણે અપીલ કોર્ટ પોતે રેસ્પોન્ડેન્ટને અથવા તેના પ્લીડરને તે નોટીસ પહોચાડવાને મુખત્યાર છે

૧૫ રેસ્પોન્ડેન્ટની નોટીસમા એવુ જણાવવુ કે જો તમે સદરહુ પ્રમાણે ઠરાવેલે દિવસે અપીલ કોર્ટમા હાજર નહી થાઓ તો અપીલ એક તરફી સાભળવામા આવશે

સુનાવણી વખતે કામ ચલાવવાની રીત

૧૬ (૧)સદરહુ પ્રમાણે ઠરાવેલા દિવસે અથવા બીજા જે દિવસ ઉપર સુનાવણી મુલતવી રાખી હોય તે દિવસે અપીલની તરફેણમા અપેલેન્ટ જે કહે તે સાભળવુ

(૨) પછી કોર્ટ એકદમ અપીલ કહાડી ન નાખે તો તે અપીલની વિરૂદ્ધ રેસ્પોન્ડેન્ટ જે કહે તે સાભળવુ જોઇએ, અને એવી બાબતમા અપેલેન્ટને આપવાનો હક પ્રાપ્ત થશે

૧૭ (૧) સદરહુ પ્રમાણે ઠરાવેલે દિવસે અથવા બીજા જે દિવસ ઉપર સુનાવણી મુલતવી રાખી હોય

તે દિવસે અપેલેન્ટ જાતે અથવા પોતાના પ્લીડર મારફતે અપીલની સુનાવણી પોકારવામા આવે ત્યારે હાજર ન થાય ત્યારે અપીલ કાઢી નાખવાનો હુકમ કરવાનો કોર્ટને અધિકાર છે

(૨) અપેલેન્ટ હાજર થાય અને રેસ્પોન્ડેન્ટ હાજર ન થાય ત્યારે તેની ગેરહાજરીમા અપીલ સાભળવી

૧૮ સદરહુ પ્રમાણે ઠરાવેલે દિવસે અથવા બીજા જે દિવસ ઉપર સુનાવણી મુલતવી રાખી હોય તે દિવસે એવુ માલમ પડે કે, કોર્ટ ઠરાવેલી મુદ્દતમા નોટીસ પહોચાડવાને જોઇએ તે ખરચની રકમ અપેલેન્ટે ભરી નહી એટલા માટે રેસ્પોન્ડેન્ટને નોટીસ પહોચી નથી, ત્યારે અપીલ કાઢી નાખવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે, પરતુ એવુ ઠરાવ્યુ છે કે રેસ્પોન્ડેન્ટને નોટીસ ન પહોચાડી હોય તોએ, સદરહુ પમાણે અપીલની સુનાવણીને વાસ્તે ઠરાવેલે દિવસે સુનાવણી પોકારવામા આવે ત્યારે જો રેસ્પોન્ડેન્ટ હાજર થાય તો ઉપર પ્રમાણે હુકમ કરવો નહી

૧૯. કાનુન ૧૧ ની પેટા કાનુન (૨) અથવા કાનુન ૧૭ અથવા કાનુન ૧૮ પ્રમાણે કોઈ અપીલ કાઢી નાખવામા આવે ત્યારે તે અપીલ ફરી ફાઇલ ઉપર લેવા સારૂ અપેલેન્ટ કોર્ટને અરજ કરવાને અપેલેન્ટ મુખત્યાર છે, અને જો એવુ સાબિત કરવામા આવે કે, અપીલ સુનાવણીને વાસ્તે નિકળી તે વખતે કાઇ પુરતા સબબને લીધે અપેલેન્ટથી હાજર રહેવાયુ નહિ અથવા સદરહુ પ્રમાણે જોઇએ તે રકમ ભરાઇ નહી ત્યારે ખરચની અથવા બીજી બાબતમા જે સરતો તેના ઉપર નાખવી કોર્ટને યોગ્ય લાગે તે શરતોથી અપીલ ફરી ફાઇલ ઉપર લેવાને કોર્ટ મુખત્યાર છે

૨૦ સુનાવણી વખતે કોર્ટને એવુ જણાય કે જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઇ છે તે કોર્ટમા કોઇ સખસ ફરિયાદનો પક્ષકાર હતો, પણ અપીલમા તેને પક્ષકાર કર્યો નથી, અને અપીલના નિવેડામા તેનો સબધ છે ત્યારે આગળનો કાઇ દિવસ ઠરાવીને તે દિવસ ઉપર સુનાવણી મુલતવી રાખવાને અને તે સખસને રેસ્પોન્ડેન્ટ કરવાનુ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે

૨૧ અપીલની એકતરફી સુનાવણી થઇને રેસ્પોન્ડન્ટ વિરૂદ્ધ ફેસલો કહી સભળાવ્યો હોય ત્યારે તે અપીલ ફરી સાભળવા સારૂ અપેલેન્ટ કોર્ટને અરજ કરવાને રેસ્પોન્ડેન્ટ મુખત્યાર છે અને નોટીસ યોગ્ય રીતે પહોચાડી ન હતી અથવા અપીલ સુનાવણીને વાસ્તે નિકળી તે વખતે કોઈ પુરતા સબબને લીધે પોતાથી હાજર રહેવાયુ નહિ, એમ કોર્ટની ખાત્રી રેસ્પોન્ડેન્ટ કરી આપે તો ખરચની અથવા બીજી બાબતમા જે શરતો તેના ઉપર નાખવી કોર્ટને યોગ્ય લાગે તે શરતોથી અપીલ ફરી સાભળવાને કોર્ટ મુખત્યાર છે

૨૨ (૧) રેસ્પોન્ડેન્ટે હુકમનામાના કોઇ ભાગ ઉપર અપીલ કરી ન હોય તોએ સુનાવણી વખતે નીચલી કોર્ટમા તેના વિરૂદ્ધ ઠરાવ કર્યો હોય તેવા કોઈ પણ કારણ ઉપર હુકમનામાનુ તે પ્રતિપાદન કરે એટલુંજ નહિ પણ અપીલ કરીને હુકમનામામા જે વિરૂદ્ધ હરકત તે લઈ શકયો હોત તે હરકત લેવાને તે મુખત્યાર છે, પરતુ અપીલની સુનાવણીને વાસ્તે ઠરાવેલા દિવસની નોટીસ તેને અથવા તેના પ્લીડરને જે દિવસે પહોચાડી હશે તે દિવસથી એક મહિનાની અંદર અથવા અપેલેન્ટ કોર્ટ જે વધારે મુદત આપવાનુ યોગ્ય ધારે તે મુદ્દતની અદર તે હરકત તેણે અપેલેન્ટ કોર્ટમા ફાઇલ કરી હોવી જોઇએ

(૨) તે વિરૂદ્ધ હરકત લેવી તે યાદીના રૂપમા લેવી અને કાનુન ૧ મા અપીલની યાદીના નમુના તથા મજકુર વિશે જે ઠરાવો છે તે તેનો લાગુ પડશે (૩) એવી તકરારથી જેને વાધો હોય એવા પક્ષકારે અથવા તેના પ્લીડરે તેની નકલ મળ્યાની આપેલી લેખી પહોચ સદરહુ હરકતની સાથે રિસ્પોન્ડન્ટ ફાઇલ ન કરે તો અપેલેન્ટ કોર્ટે એવી હરકત ફાઇલ કરવામા આવ્યા પછી બનતી તાકીદે તેની એક નકલ એવા પક્ષકારને અથવા તેના પ્લીડરને રિસ્પોન્ડન્ટને ખરચે પહોચાડાવવી

(૪) જે મુકદમામા કોઇ પણ રિસ્પોન્ડેન્ટે આ કાનુન મુજબ હરકતની યાદ ફાઇલ કરી હોય તે મુકદમામા અપીલ પાછી ખેચી લેવામા આવે અથવા કસુરને લીધે કાઢી નાખવામા આવે ત્યારે, આ પ્રમાણે બને તોપણ એવી રીતે ફાઈલ કરેલી સદરહુ હરકત કોર્ટ યોગ્ય ધારે એવી નોટીસ બીજા પક્ષકારોને આપ્યા પછી તે સાભળવાનો તથા તેનો નિકાલ કરવાનો અધિકાર છે (૪) નાદારની અપીલો સબધી ઠરાવો આ કાનુન મુજબની હરકતને લાગુ પાડી શકાય તેટલે સુધી તે તેને લાગુ પડશે

૨૩ જે કોર્ટના હુકમનામાના ઉપર અપીલ થઇ હોય તે કોર્ટે કંઈ પ્રારભની બાબત ઉપરથી ફરિયાદનો નિકાલ કર્યો હોય, અને તે હુકમનામુ અપીલમા રદ થાય ત્યારે, અપીલ કોર્ટે પોતાને યોગ્ય જણાયેથી હુકમ કરીને તે કામ પાછુ મોકલવાને મુખત્યાર છે અને આ પ્રમાણે પાછા મોકલેલા કોઇ કામમા અમુક એક અથવા વધારે મુદ્દાની ચોકસી કરવી એમ ફરમાવવાને પણ મુખત્યાર છે, અને તેણે પોતે કરેલા ફેસલા તથા હુકમના નકલ જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોર્ટને મોકલવી અને એવુ ફરમાવવુ કે દિવાની ફરિયાદોના રજીસ્ટરમા તે ફરિયાદનો જે મુળ નબર પડ્યો હોય, તે નબર પર તેને પાછી દાખલ કરીને તેનો નીકાલ કરવા સારૂ તજવીજ કરવી અને મુળ ફેંસલા વખતે કોઇ પુરાવો દાખલ થયો હોય તો તે સઘળા વાજબી અપવાદોને પાત્ર તે પાછા મોકલેલા કામના ફેંસલામા પુરાવો ગણાશે

૨૪ જે અપીલ કોર્ટને ફેસલો કહી સભળાવવાને વાસ્તે દફતરમા પડેલો પુરાવો બસ હોય ત્યારે જરૂર હોય તો મુદ્દા કરી ઠરાવીને અપીલ કોર્ટે તે ફરિયાદનો આખરનો નિર્ણય કરવો, પછી જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ કરી હોય તે કોર્ટે જે કારણ ઉપરથી ફેસલો કરે તે કરતા જુદાજ કારણ ઉપરથી બધો ફેસલો આપ્યો હોય તેની ચિતા નથી

૨૫ જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઈ હોય તે કોર્ટે કોઇ મુદ્દો કાઢવા અથવા તેનો તપાસ કરવો અથવા હકીકતની કોઈ તકરારનો નિર્ણય કરવો છોડી દીધો હોય અને ગુણદોષ ઉપરથી ફરિયાદનો ખરો નિકાલ કરવા સારૂ તે મુદ્દો કાઢવો અથવા તેનો તપાસ કરવો અથવા હકીકતની તકરારનો નિર્ણય કરવો અગત્યનો છે એમ અપીલ કોર્ટને લાગે ત્યારે જરૂર જણાય તો ચોકસીને વાસ્તે મુદ્દા કાઢવાને તથા જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોર્ટ તરફ ચોકસી સારૂ તે મુદ્દા મોકલવાને અપીલ કોર્ટ મુખત્યાર છે અને આવે પ્રસગે જરૂર હોય તે જાસ્તી પુરાવો લેવાને તે કોર્ટને ફરમાવવુ અને તે કોર્ટે તે મુદ્દાની ચોકસી કરી અને અપીલ કોર્ટને તે પુરાવો તથા તે મુદ્દા ઉપરનો ઠરાવ તથા તેના કારણો મોકલવા

૨૬ (૧) તે ઠરાવ તથા પુરાવો તે ફરિયાદના દફતરનો ભાગ ગણાશે, અને એમાનો ગમે તે પક્ષકાર અપીલ કોર્ટ ઠરાવે તે મુદતમા, તે ઠરાવ ઉપરની પોતાની હરકતોની યાદ આપવાને મુખત્યાર છે (૨) તે યાદ આપવાને વાસ્તે એવી રીતે ઠરાવેલી મુદત વીત્યા પછી અપીલ કોર્ટે અપીલનો નિર્ણય કરવો

૨૭. (૧) અપીલના પક્ષકારોને અપીલ કોર્ટમા મોઢાનો કે દસ્તાવેજી જાસ્તી પુરાવો હાજર કરવાનો હક્ક નથી, પરતુ (અ) જે પુરાવો લેવો જોઇએ તે લેવાને, જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોર્ટે ના કહી હોય તો, અથવા (બ) ફેસલો પોતાથી આપી શકાય તેટલા માટે કોઇ પાકા કારણને લીધે તે પુરાવો હાજર કરવા દેવાને અથવા તે દસ્તાવેજ લેવાને અથવા સાક્ષીની જુબાની લેવા દેવાને અપીલ કોર્ટ મુખત્યાર છે (૨) અપીલ કોર્ટ જાસ્તી પુરાવો લે ત્યારે તે લવાના કારણ તે કોર્ટે પોતાના દફતરમા લખવા

૨૮ જ્યારે જાસ્તી પુરાવો લેવાની રજા આપવામા આવે ત્યારે અપીલ કોર્ટે પોતે તે પુરાવો લે, અથવા જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોર્ટને કે બીજી કોઇ તાબાની કોર્ટને એવુ ફરમાવે કે તમારે એવો પુરાવો લેવો અને તે લેવાય એટલે અપીલ કોર્ટને મોકલવો

૨૯ જાસ્તી પુરાવો લેવાને ફરમાવવામા આવે અથવા રજા આપવામા આવે ત્યારે જે બાબતો વીશે પુરાવો લેવાનો હોય તે બાબતો સ્પષ્ટ રીતે અપીલ કોર્ટે જણાવવી, અને તે જણાવેલી બાબતો પોતાના દફતરમા લખવી

અપીલના ફેંસલા વિશે

૩૦ અપીલ કોર્ટે પક્ષકારોનુ કહેવુ સાભળીને, તથા મુકદમામા કોઇપણ કાગળ, (પછી તે અપીલમાનો હોય અથવા જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઈ હોય તે કોર્ટમાનો હોય તે જોવાની જરૂર જણાય તો તે જોઇને, ખુલ્લી કોર્ટમા તેજ વખતે અથવા કોઇ આગળને દીવસે ફેસલો કહી સભળાવવો, કોઇ આગળને દીવસે કહી સભળાવે તો તે દીવસની નોટીસ પક્ષકારને અથવા તેમના પ્લીડરોને આપવી

૩૧ અપીલ કોર્ટનો ફેસલો લખેલો હોવો જોઇએ અને તેમા નીચેની વીગતો લખવી.--

(અ) નીર્ણય કરવાની બાબતો (બ) તે ઉપરનો ઠરાવ, (ક) તે ઠરાવના કારણો, અને [ડ] જે હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે હુકમનામુ રદ કર્યું હોય અથવા તેમા ફેરફાર કર્યો હોય ત્યારે, અપેલેન્ટને શી દાદ મળવાનો હકક છે તે, અને ફેંસલો કહી સંભળાવતી વખતે જે તારીખે તે કહી સંભળાવ્યો હોય તે તારીખ નાખીને તેના ઉપર જડજે અથવા તે ફેસલા સાથે મળતા આવતા હોય તે જડજોએ સહી કરવી

૩૨ જે કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોર્ટનું હુકમનામુ કાયમ રાખવાનો, તેમા ફેરફાર કરવાનો, અથવા તે રદ કરવાનો ફેસલો થઇ શકે, અથવા અપીલમા કેવા નમુનાનુ હુકમનામુ કરવુ, કે અપીલમા કેવા પ્રકારનો હુકમ કરવો એ વીશે અપીલના પક્ષકારો એકમત થાય તો, તે પ્રમાણે હુકમનામું અથવા હુકમ કરવાને અપીલ કોર્ટ મુખત્યાર છે

૩૩ અપીલ કોર્ટને જે કોઇ પણ હુકમનામુ અથવા હુકમ કરવો જોઇતો હતો તે હુકમનામુ અથવા હુકમ કરવાનો હક છે તેમજ મુકદમાની હકીકત પ્રમાણે જે બીજું હુકમનામુ અથવા હુકમ કરવો જોઇએ તે કરવાનો પણ અધિકાર છે, અને એવી અપીલ એવા હુકમનામાના કાઇ ભાગના સબંધમા હોય તોપણ આ અધિકાર ચલાવવાનો અખત્યાર છે, અને તે અધિકાર કોઇ પણ રીસ્પોન્ડન્ટે અથવા પક્ષકારે કાઇ પણ અપીલ અથવા હરકત દાખલ કરી ન હોય તો પણ તેના લાભમા ચલાવવાનો અખત્યાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે જે કોર્ટના હુકમનામાપર અપીલ થઇ હોય તે કોર્ટે જે હરકતને લીધે એવો હુકમ કરવાનુ છોડી દીધુ હોય અથવા ના કહી હોય તે હરકતને અનુસાર અપીલ કોર્ટે કલમ ૩૫ અ મુજબ કોઇપણ હુકમ કરવો નહિ.

દ્રષ્ટાંત—ક્ષ અથવા હ પાસેથી લેણા નીકળતા પૈસાની રકમ માટે અ દાવો કરે છે, અને તે બન્ને સામે માડેલી ફરીયાદમા ક્ષ સામે હુકમનામુ મેળવે છે ક્ષ અપીલ કરે છે, અને અ તથા હ રીસ્પોન્ડન્ટ છે. અપીલ કોર્ટ ક્ષ ના લાભમા ઠરાવ કરે છે, તેને હ ની સામા હુકમનામુ કરવાનો અધીકાર છે

૩૪ અપીલ એક કરતા વધારે જડજોએ સાભળી હોય ત્યારે, કોર્ટના ફેસલાથી કોઇ જડજનો મત જુદો પડે તો અપીલમા શો હુકમ અથવા નીકાલ કરવાનો તેના મનમા આવે છે, એ તેણે લખવુ, અને તે બાબતના કારણ લખવાને તે મુખત્યાર છે

અપીલમાં હુકમનામા વિશે

૩૫. (૧) જે તારીખે ફેસલો કહી સભળાવ્યો હોય તે તારીખ અપીલના હુકમનામામા લખવી

(૨) અપીલનો નબર અને અપેલેન્ટ તથા રેસ્પોન્ડેન્ટના નામ ને વર્ણન હુકમનામામા લખવા, અને જે દાદ અપાવી હોય તે અથવા અપીલનો જે બીજો નિર્ણય કર્યો હોય તે તેમા સ્પષ્ટ રીતે લખવે

(૩) વળી અપીલમા કેટલો ખરચ થએલો છે તે, તથા તે ખરચ અને ફરીયાદનો ખરચ કાણે અથવા કઇ મીલકતમાથી શા પ્રમાણમા આપવો તે પણ હુકમનામામા લખવુ

(૪) જે જડજ અથવા જડજોએ હુકમનામુ કર્યું હોય તે જડજ અથવા જડજોએ તેના ઉપર સહી કરીને તારીખ નાખવી, પરતુ એક કરતા વધારે જડજો હોય અને તેમનામાં મતભેદ પડે, ત્યારે કોર્ટના ફેસલાથી જે જડજનો અભીપ્રાય જુદો હોય તેણે હુકમનામા ઉપર સહી કરવાની કઇ જરૂર નથી

૩૬ પક્ષકારો અપીલ કોર્ટને અરજ કરે તો તેમને ખરચે, અપીલમા થએલા ફેસલાની અને હુકમનામાની તેમના ખરાપણા વીષેની સહી સુધાતની નકલો તેમને આપવી

૩૭ ફેસલાની અને હુકમનામાની એક નકલ ઉપર અપીલ કોર્ટના અથવા તે કોર્ટ આ કામને વાસ્તે નીમે તે અમલદારની તેના ખરાપણા વિષે સહી લેઇને તે નકલ જે હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે હુકમનામુ કરનારી કોર્ટને મોકલવી, અને તે ફરિયાદના અસલ કામ સાથે દાખલ કરવી, અને દિવાની ફરિયાદના રજીસ્ટરમા અપીલ કોર્ટનો ફેસલો નોધવો

ઓર્ડર ૪૨ મો.

અપીલનાં હુકમનામાં ઉપરની અપીલ વિશે

૧ ૪૧ મા ઓર્ડરની કાનુનો લાગુ પડે તેટલે સુધી અપીલમા થયેલા હુકમનામા ઉપરની અપીલોને લાગુ પડશે એમ સમજવુ

ઓર્ડર ૪૩ મો.

હુકમો ઉપરની અપીલો વિશે

૧ ૧૦૪ થી કલમના ઠરાવ પ્રમાણે, નીચેના હુકમો ઉપર અપીલ ચાલશે એટલે—

(અ) યોગ્ય કોર્ટમા આપવા સારૂ ફરિયાદ અરજી પાછી આપવા વિશેનો ૭ મા ઓર્ડરની ૧૦ મી કાનુન પ્રમાણે કરેલો હુકમ, (બ) પક્ષકાર વિરૂદ્ધ ફેસલો કહી સભળાવતા ૮ મા ઓર્ડરની ૧૦ મી કાનુન પ્રમાણે કરેલો હુકમ (ક) ફરિયાદ કાઢી નાખ્યાનો હુકમ રદ કરવાનો હુકમ ફરમાવવા સારૂ (અપીલ થાય એવા કામોમા) કરેલી અરજ નામંજુર કરવાનો ઓર્ડર ૯ ની કાનુન ૯ પ્રમાણે કરેલો હુકમ (ક) ફરિયાદ કાઢી નાખ્યાનો હુકમ રદ કરવાના હુકમ ફરમાવવા સારૂ (અપીલ થાય એવા કામોમા) કરેલી અરજ નામંજુર કરવાનો ઓર્ડર ૯ ની કાનુન ૯ પ્રમાણે કરેલો હુકમ, (ડ) એકતરફી કરેલુ હુકમનામુ રદ કરવાનો હુકમ ફરમાવવા સારૂ (અપીલ થાય એવા કામમા) કરેલી અરજી નામંજુર કરવાનો ઓર્ડર ૯ ની કાનુન ૧૩ મુજબ કરેલો હુકમ, (ઇ) પક્ષકાર વિરૂદ્ધ ફેસલો કહી સભળાવતા ૧૦ મા ઓર્ડરની ૪ થી કાનુન પ્રમાણે કરેલો હુકમ, (ફ) ૧૧ મા ઓર્ડરની ૨૧ મી કાનુન મુજબ કરેલો હુકમ (ગ) મિલકત જપ્ત કરવા બાબત ૧૬ મા ઓર્ડરની કાનુન ૧૦ પ્રમાણે કરેલો હુકમ (હ) પક્ષકાર વિરૂદ્ધ ફેસલો કહી સભળાવતા ૧૬ મા ઓર્ડરની ૨૦ મી કાનુન મુજબ કરેલો હુકમ, (આઇ) કોઇ ખતના અથવા શેરના ખરડામા લીધેલી હરકતો ઉપરથી ૨૧ મા ઓર્ડરની કાનુન ૩૪ પ્રમાણે કરેલો હુકમ, (જે) વેચાણ રદ કરવા બાબત અથવા રદ કરવાની ના કહેવા બાબત ૨૧ મા ઓર્ડરની ૭૨ મી અથવા ૯૨ મી કાનુન પ્રમાણે કરેલો હુકમ, (કે) દાવો બંધ પડયાનો અથવા કાઢી નાખ્યાના હુકમ રદ કરવાની ના કહેવા બાબત ૨૨ મા ઓર્ડરની ૯ મી કાનુન પ્રમાણે કરેલો હુકમ, (એલ) રજા આપવા બાબત અથવા રજા આપવાની ના પાડવા બાબત ૨૨ મા ઓર્ડરની ૧૦ મી કાનુન પ્રમાણે કરેલો હુકમ, (એમ) કબુલત, તોડજોડ અથવા ભરપાઇની નોંધ કરવાનો અથવા નોંધ કરવાની ના કહેવાનો ૨૩ મા ઓર્ડરની ૩ જી કાનુન પ્રમાણે કરેલો હુકમ (એન) ફરિયાદ કાઢી નાખ્યાનુ રદ કરવાનો હુકમ મળવા સારૂ (અપીલ થાય તેવા કામમા) કરેલી અરજી નામંજુર કરવાનો ૨૫ મા ઓર્ડરની ૨ જી કાનુન પ્રમાણે કરેલો હુકમ, (ઓ) ગીરોના પૈસા ભરવાની મુદત વધારવાની ના કહેવાનો ૩૪ મા ઓર્ડરની ૩ જી અથવા ૮ મી કાનુન પ્રમાણે કરેલો હુકમ, (પી) ઇન્ટરપ્લીડરની ફરિયાદોમા ૩૫ મા ઓર્ડરની કાનુનો ૩, ૪ અથવા ૬ પ્રમાણે કરેલો હુકમ (કયુ) ૩૮ મા ઓર્ડરની કાનુન ૨, ૩ અથવા ૬ પ્રમાણે કરેલો હુકમ, [આર] ૩૯ મા ઓર્ડરની કાનુન ૧, ૨, ૪ અથવા ૧૦ પ્રમાણે કરેલો હુકમ, (એસ) ૪૦ મા ઓર્ડરની કાનુન ૧ અથવા ૪ પ્રમાણે કરેલો હુકમ [ટી] ૪૧ મા ઓર્ડરની ૧૯ મી કાનુન પ્રમાણે અપીલ ફરી ફાઇલ ઉપર લેવાની અથવા ૪૧ મા ઓર્ડરની કાનુન ૨૧ પ્રમાણે અપીલ ફરી સાંભળવાની ના કહેવાનો હુકમ, (યુ) અપીલ કોર્ટના હુકમનામા ઉપર અપીલ થઈ શકે એમ હોય તે પ્રસંગે મુકદમો પાછો મોકલવા વિશે ૪૧ મા ઓર્ડરની ૨૩ મી કાનુન પ્રમાણે કરેલો હુકમ, (વી) હૈ કોર્ટ સિવાય બીજી કોઇ કોર્ટે સર્ટિફીકેટ આપવાની ના કહેવાનો ૪૫ મા ઓર્ડરની ૬ ઠી કાનુન પ્રમાણે કરેલો હુકમ, (ડબલ્યુ) ૪૭ મા ઓર્ડરની ૪ થી કાનુન પ્રમાણે ફરી તપાસ કરવાની અરજી મંજુર કરવાનો હુકમ

૨ ૪૧ મા ઓર્ડરની કાનુનો, લાગુ પડે તેટલે સુધી હુકમો ઉપરની અપીલોને લાગુ પડશે એમ સમજવુ

ઓર્ડર ૪૪ મો.

નાદારીમાં અપીલ કરવા વિશે

૧ અપીલ કરવાનો જે કોઈ સખસને હક્ક હોય, અને અપીલની અરજીને વાસ્તે જે ફી જોઈએ તે આપવાની જેને તાકાત ન હોય તે સખસ અપીલની યાદી સાથે અરજી આપી શકે, અને એવી અરજી રજુ કરવાની બાબત સુદ્ધા સઘળી બાબતોમા, જે ઠરાવો નાદારે કરવાની ફરિયાદમા લાગુ પડે છે તે ઠરાવો લાગુ પડી શકે તેટલે સુધી તેમને અનુસરીને, તેને નાદારીમા અપીલ કરવાની રજા આપી શકાય પરંતુ તે અરજ અને જે હુકમનામા તથા ફેસલા ઉપર અપીલ કરી હોય તે હુકમનામુ અને ફેસલો વાચવાથી જો કોર્ટની નજરમા એમ આવે કે—જે હુકમનામા ઉપર અપીલ કરી છે તે હુકમનામુ કાયદાથી કે કોઈ કાયદા જેટલો બળવાન હોય એવા રિવાજથી ઉલટુ અથવા બીજી રીતે ભૂલ કરેલુ કે ગેરવાજબી છે એમ ધારવાનુ કંઈ કારણ જણાતું નથી, તો કોર્ટે તે અરજ નામંજુર કરવી

૨ અરજદારની નાદારી વિશેની તજવીજ અપીલ કોર્ટ કરે અથવા કોર્ટના ઠરાવ ઉપર અપીલ થઈ હોય તે કોર્ટના હુકમ ઉપરથી કરે પરંતુ જે કોર્ટમા હુકમનામા ઉપર અપીલ થઈ હોય તો, અપીલ તે કોર્ટમા અરજદારને નાદાર તરીકે ફરિયાદ અથવા અપીલ કરવા દીધી હોય તો, અપીલ કોર્ટને નાદારી વિશેની તજવીજ કરવાનુ ફરમાવવા સારૂ વિશેષ કારણ જણાયા વિના તેની નાદારી બાબતની ફરી તજવીજ કરવાની કંઈ જરૂર નથી

-

ઓર્ડર ૪૫ મો.

મલિક મુઆઝમ ઇન કૌન્સિલને કરવાની અપીલો વિશે

૧ આ ઓર્ડરમા વિષયમા અથવા પૂર્વાપર સંબંધમા કંઈ વિરૂદ્ધ ન હોય તો, 'હુકમનામુ' એ શબ્દમા હુકમનો સમાવેશ થાય છે

૨ મલીક મુઆઝમ ઇન કોન્સિલને અપીલ કરવાની જેની ઇચ્છા હોય તેણે જે કોર્ટના હુકમનામા ઉપર તે નાખુશી બતાવતો હોય તે કોર્ટને અરજી આપીને અરજી કરવી

૩ (૩) પ્રત્યેક અરજીમા અપીલના કારણો લખવા, તથા કલમ ૧૧૦ મા કહ્યા છે તે પ્રમાણે મુકદમાની રકમ, કિંમત કે પ્રકાર છે એવુ અથવા બીજી રીતે તે મુકદમો મલીમ મુઆઝમ ઇન કૌન્સિલને અપીલ કરવા લાયક છે એવુ સર્ટિફીકેટ માગવુ

(૨) આવી અરજી મળે એટલે, સદરહુ પ્રમાણે સર્ટિફીકેટ શા માટે ન આપવુ તેનું કારણ બતાવવા સારૂ સામા પક્ષકાર ઉપર કોર્ટે નોટીસ બજાવવા સારૂ હુકમ કરવો જોઇએ

૪ કિંમત અંકવાના કામસારૂ, જે ફરિયાદોમા નક્કી કરવાની તકરારો વાસ્તવિક રીતે તેની તેજ હોય અને જેનો નીકાલ તેના તેજ ફેસલામા થયો હોય તે ફરિયાદો એકત્ર કરી શકાય, પણ જો ફરિયાદોનો નિકાલ જુદા જુદા ફેસલાથી થયો હોય તે ફરિયાદોમા નીકાલ કરવાની તકરારો વાસ્તવિક રીતે તેની તેજ હોય તોપણ તે એકત્ર કરી શકાય નહિ

૫ અવલ કોર્ટમાની ફરિયાદના વિષયની રકમ અથવા કિંમત બાબત અથવા મલિક મુઆઝમ ઇન કૌન્સિલને કરવાની અપીલના તકરારી વિષયની રકમ અથવા કિંમત બાબત પક્ષકારો વચ્ચે વાધો ઉઠે તો ૨ જી કાનુનની રૂયે જે કોર્ટને સર્ટિફીકટ માટે અરજી કરી હોય તે કોર્ટ પોતાને યોગ્ય લાગે તો, એવો વાધો અવલ કોર્ટને રિપોર્ટ કરવા સારૂ લખી મોકલવાને મુખત્યાર છે અને તે અવલ કોર્ટે એવી રકમ અથવા કિંમત ઠરાવવા સારૂ કામ ચલાવવુ અને તેણે પોતાનો રિપોર્ટ તથા પોતે નોંધેલો પુરાવો લખી મોકલનાર કોર્ટને મોકલવો

૬ જ્યારે એવુ સર્ટિફીકેટ આપવાની ના કહેવામા આવે ત્યારે તે કાઢી નાંખવી

૭ (૧) જ્યારે સર્ટિફીકેટ આપવામા આવે ત્યારે જે હુકમનામા બાબત તકરાર હોય તે હુકમનામાની તારીખથી નેવુ દિવસ અથવા કારણ બતાવેથી ૬૦ દિવસ કરતા વધુ ન હોય તેવી કોર્ટ આપે તે વધુ મુદત

અથવા સરટિફિકેટ આપવામા આવે ત્યાંથી છ અઠવાડીયા, એ બેમાથી જે તારીખ છેલી આવે તેની અદર અરજદારે —

(અ) રૈસ્પોડેન્ટના ખરચને વાસ્તે નગદમા અથવા સરકારી સીકયુરીટીઓમા જામીન આપવા, તથા (બ) નાચેના ચાર પ્રકારના કાગળો સિવાય, એટલે, (૧) મલીક મુઆઝમ ઈન કાઊન્સલના જે હુકમ તે વખતે અમલમા હોય હુકમમા જે પદ્ધતિના દસ્તાવેજો બાતલ કરવાનુ ફરમાવ્યુ હોય તે દસ્તાવેજો, (૨) જે કાગળો બાતલ કરવાને પક્ષકારો એકમત થાય તે કાગળો, [૩) કોરટે તે કામને સારૂ અખત્યાર આપેલા અમલદારને જે હિસાબ અને હિસાબના ભાગો જરૂર વગરના લાગે, અને પક્ષકારોએ જે મુદ્દામ સાતીલ કરવાને માગ્યા ન હોય તે તે હિસાબ તથા હિસાબના ભાગે અને (૪) હાઇકોર્ટ બાતલ કરવાનુ ફરમાવે તેવા બાજા દસ્તાવેજો એ સિવાય ફરિયાદના બવા દફતરનો તરજુમો કરવા સારૂ, તેની નકલ ઉતારી લેવા સારૂ, અનુક્રમણિકા કરવા સારૂ, અને એક ખરી નકલ મલીકમુઆઝમ ઈન કાઊન્સલને મોકલવા સારૂ ખરચવાને જે રકમ જોઇએ તે અનામત મુકવી

પણ એવુ ઠરાવ્યુ છે કે સરટીફીકેટ આપતી વખતે કોર્ટ હાજર થનાર કોઇપણ સામા પક્ષકારને સાંભળ્યા પછી, વિશેષ અગવડોના કારણસર, બીજા કોઇપણ પ્રકારના જામીન પુરા પાડવાનુ ફરમાવવાને મુખત્યાર છે

વળી વધુ એવુ ઠરાવ્યુ છે કે એવા જામીનના પ્રકારના સબધમા તકરાર ઉઠાવવા સારૂ સામા પક્ષકારને કાઇ મોકુફી આપવામા આવશે નહિ

(૨) ઉપર બાતલ કર્યા છે તે સિવાયના દફતરના કાગળોની નકલ હિંદુસ્તાનમા છપાવવાનુ અરજદાર પસદ કરે ત્યારે, પહેલી પેટા કાનુનમા કહેલી મુદતની દરમ્યાન, તે નકલ છાપવાના ખરચ આપવા સારૂ જે રકમ જોઇએ તે પણ તેણે અનામત મુકવી

૮ કોર્ટને સતોષ થાય તેવી રીતે એવા જામીન આપવાનુ કામ પુરૂ થાય અને રકમ અનામત મુકાઈ રહે ત્યારે કોર્ટ—

(અ) અપીલ મજુર કરી છે એમ ઠરાવવુ, [બ] તે બાબતની નોટીસ રૈસ્પોન્ડેન્ટને આપવી, (ક) ઉપર બાતલ કર્યા છે તે સિવાયમા દફતરની ખરી નકલ, કોર્ટનો શિક્કો કરીને મલીક મુઆઝમ ઇન કાઉન્સિલને મોકલવી અને (ડ) ફરિયાદના કોઈ કાગળોની ખરાપણાની સહી સુદ્ધાતની એક અથવા વધારે નકલોને વાસ્તે ગમે તે પક્ષકાર અરજ કરે, અને તે તઇયાર કરવાનો વાજબી ખરચ આપે તો તે નકલો તેને આપવી

૯ ઉપર પ્રમાણે જે કોઇ જામીનને કબુલ કર્યો હોય તે અપીલ મજુર કર્યા પહેલા કોઇપણ વખતે કારણ દેખાડવામા આવે તો, રદ કરવાને તથા તે વિશે વધારે હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૯ (અ) સામા પક્ષકારને અથવા જવાબદારને નોટીસ બજાવવી જોઇએ અથવા આપવી જોઇએ એવુ ફરમાવનારા આ કાનુનોમાના હુકમનામા સાથે ફરિયાદ કરવામા આવી હોય તે કોર્ટમા દાવાની સુનાવણી વખતે અથવા સદરહુ કોર્ટના હુકમનામા પછીના ચાલેલા કોઇપણ વખતે સામો પક્ષકાર અથવા જવાબદાર હાજર થયો ન હોય તે દાવામા કોઇપણ મરણ પામેલા સામા જવાબદારના કાયદેસર પ્રતિનિધિપર નોટીસ બજાવવી જોઇએ અથવા તેને એવી નોટીસ આપવી જોઇએ એમ ફરમાવ્યુ છે એમ ગણવુ નહિ

પણ એવુ ઠરાવ્યુ છે કે કાનુન ૩ ની પેટા કાનુન (૨) તથા કાનુન ૮ મુજબની નોટીસો જે જીલ્લાના જડજની કોર્ટમા મુકદમો અસલ લાવવામા આવ્યો હતો તે કોર્ટના કોઇ પ્રસિદ્ધ ભાગમા તેને ચોટાડીને તથા કોર્ટ ફરમાવે તેવા વર્ત્તમાન પત્રોમા પ્રસિદ્ધ કરીને આપવામા આવશે એમ ગણવુ

૧૦ અપીલ મજુર કર્યા પછી, પરતુ સદરહુ બાતલ કર્યા સિવાયના દફતરની નકલ મલીક મુઆઝમ ઇન કાઊન્સલને મોકલ્યા પહેલા કોઇપણ વખતે, તે જામીન અપૂર્ણ માલમ પડે, અથવા સદરહુ બાતલ કર્યા સિવાયના દફતરનો તરજુમો કરવા સારૂ, તે ઉતારી લેવા સારૂ, છાપવા સારૂ, તેની અનુક્રમણિકા કરવા સારૂ, અથવા નકલ મોકલવા સારૂ જાસ્તી રકમ ભરવી જોઇતી હોય, ત્યારે કોરટ ઠરાવે તે

મુદતમા બીજો અને પુરતો જામીન આપવા અથવા તે મુદતમા જોઇતી રકમ ભરવા અપેલેન્ટને હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૧૧ તે હુકમ માન્ય કરવામા અપેલેન્ટ કસુર કરશે, ત્યારે કામ ચાલતું બંધ થશે અને તે બાબતમા તેમા મલીક મુઆઝમ ઇન કૌન્સિલનો હુકમ થયા વગર અપીલનુ કામ આગળ ચાલશે નહી અને તેની દરમ્યાન જે હુકમનામા ઉપર અપીલ કરવામા આવી હશે તેની બજાવણી બધ રહેશે નહિ

૧૨ ઉપર બાતલ કરી છે તે સિવાયની દફતરની નકલ મલીક મુઆઝમ ઇન કૌન્સિલને મોકલી ચુકયા પછી અપેલેન્ટે કાનુન ૭ પ્રમાણે અનામત મુકેલી રકમમાથી કઇ બાકી રહી હોય તો તે અપેલેન્ટ પાછી લેવાને મુખત્યાર છે

૧૩, (૧) કોઇ અપીલ મજુર કરવાની સર્ટિફીકેટ આપી હોય તે છતાએ કોર્ટ બીજી રીતે ન ફરમાવે તો જે હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે હુકમનામુ બીનસરતે બજાવવુ

(૨) ફરિયાદમા જેનો હિતસબધ હોય તે પક્ષકાર કઇ વિશેષ કારણ બતાવે અથવા બીજી રીતે કોર્ટને કઇ કારણ જણાય ત્યારે, પોતાને યોગ્ય લાગે તો નીચે પ્રમાણે કરવાને, એટલે—

(અ) કોઇ તકરારી જગમ મિલકત અથવા તેનો કઇ ભાગ અટકાવી રાખવાને અથવા [બ] અપીલમા મલીક મુઆઝમ ઇન કાઉન્સિલ જે હુકમ કરે તે પ્રમાણે બરોબર રીતે વતવા સારૂ, કોર્ટને યોગ્ય લાગે તેવા રેસ્પોન્ડેન્ટની પાસેથી જામીન લેઈ ને જે હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે હુકમનામુ બજાવવાની રજા આપવાને અથવા (ક) જેના ઉપર અપીલ થઈ હોય તે હુકમનામા પ્રમાણે અથવા અપીલમા મલીક મુઆઝમ ઇન કાઉન્સિલ જે હુકમ કરે તે પ્રમાણે બરોબર રીતે વર્તવા સારૂ કોર્ટને યોગ્ય લાગે તેવા અપેલેન્ટ પાસેથી જામીન લેઈને જેના ઉપર અપીલ થઇ હોય તે હુકમનામુ બજાવવુ બધ રાખવાને અથવા (ડ) કોર્ટની મદદ માગનાર કોઇ પક્ષકાર ઉપર વસુલદાર નીમીને અથવા બીજી રીતે પોતાને યોગ્ય લાગે તેવી સરતો ઠરાવવાને અથવા અપીલના વિષય સબધી બીજા હુકમો ફરમાવવાને મુખત્યાર છે

૧૪ (૧) અપીલ ચાલુ હોય તેવામા કોઈ પણ વખતે એમાથી કોઇ પણ પક્ષકારે ઉપર પ્રમાણે આપેલા જામીન પુરતા નથી એમ માલમ પડે ત્યારે બીજા પક્ષકારની અરજ ઉપરથી જાસ્તી જામીન માગવાને કોર્ટ મુખત્યાર છે (૨) કોર્ટ માગે તેવા જાસ્તી જામીન આપવામા કસુર થાય ત્યારે,—

(અ) જો મુળ જામીન અપેલેન્ટે આપેલા હોય તો અપેલેન્ટે જાણે તે જામીન આપ્યો ન હોય એ રીતે રેસ્પોન્ડેન્ટની અરજ ઉપરથી જેના ઉપર અપીલ થઈ હોય તે હુકમનામુ બજાવવાનો હુકમ કાઢવાને કોર્ટ મુખત્યાર છે (બ) જો મુળ જામીન રેસ્પોન્ડેન્ટે આપેલા હોય તો હુકમનામાની બધી આગળ ચાલતી બજાવણી બની શકે તેટલી અટકાવવી, અને જે જામીન પુરતા નથી એમ માલમ પડે તે આપતી વખતે પક્ષકારો પોતે જે સ્થિતમા હતા તે સ્થિતિમા તેમને લાવવા, અથવા અપીલના વિષય સંબંધી પોતાને યોગ્ય લાગે તેવી રીતે ફરમાવવુ

૧૫ (૧) મલીકમુઆઝમ ઇન કાઉન્સિલનો કોઈ હુકમ બજાવવાની જેની ઇચ્છા હોય તેણે જે કોર્ટની મારફત મલીક મુઆઝમને અપીલ કરી હોય તે કોર્ટને અરજી આપીને દરખાસ્ત કરવી અને તે અરજીની સાથે અપીલમા જે હુકમનામુ અથવા હુકમ કરેલો હોય અને જે બજાવવાનો હોય તેની ખરાપણા વિષે સહી સીક્કાતની નકલ સામીલ કરવી

(૨) તે કોર્ટે માલીક મુઆઝમનો હુકમ જે પહેલા હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે હુકમનામુ કરનારી કોર્ટને મોકલવો અથવા મલીક મુઆઝમ પોતાના તે હુકમમા ફરમાવે તેવી બીજી કોર્ટને મોકલવો અને [એમાથી ગમે તે પક્ષકારની અરજ ઉપરથી] તે હુકમ બજાવવાની જરૂર હોય તેવા હુકમો કરવા અને જે કોર્ટને સદરહુ ઉપર કહ્યા પ્રમાણે મોકલ્યો હોય તેણે પોતે કરેલા અસલ હુકમનામા બજાવવામા જે રીત તથા ઠરાવો લાગુ પડે છે તે રીત તથા ઠરાવો પ્રમાણે તે હુકમ બજાવવો.

(૩) તે હુકમમા બ્રિટીશ ચલણી નાણામા આપવાને ઠરાવેલી કઇ રકમ હિંદુસ્તાનમા આવવાની હોય ત્યારે વિલાયત સરકારની તથા હિંદુસ્તાન સરકારની નાણા સંબંધી લેણદેણ બરાબર કરવા સારૂ

મલીક મુઆઝમની તીજોરીના લાર્ડસ કમીશનરોના અનુમતથી હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઈન કાઉન્સિલે સદરહુ હુકમ થયાની તારીખે વટાવનો જે દર ઠરાવ્યો હોય તે આપવાની રકમની ગણત્રી કરવી

(૪) મલીક મુઆજમ ઇન કાઉન્સીલ બીજી રીતે ફરમાવે તે સિવાય જે દાવામા જે કોર્ટના હુકમ-નામા સામે ફરીયાદ કરવામા આવી હોય તે કોર્ટમા દાવાની સુનાવણી વખતે અથવા સદરહુ કોર્ટના હુકમનામા પછી ચાલેલા કોઇ પણ કામ વખતે સામો પક્ષકાર અથવા જવાબદાર હાજર થયો ન હોય તે દાવામા કોઇ પણ મરણ પામેલા પક્ષકારના અથવા મરણ પામેલા જવાબદારના કાયદેસર પ્રતિનીધ પર કોઇ નોટીસ બજાવવામા આવી નથી અથવા તેને એવી નોટીસ આપવામા આવી નથી એ કારણથી મલીક મુઆજમ ઇન કાઉન્સીલના કોઇ પણ હુકમનો અમલ થતો અટકશે એમ ગણવુ નહિ પણ સદરહુ સખસનુ મરણ થયુ તે પહેલા એવો હુકમ કરવામા આવ્યો હતો એવી રીતે તેનો અમલ થશે અને તે અમલમા આવશે

૧૬ મલીક મુઆઝમ ઇન કાઉન્સિલનો હુકમ જે કોર્ટ બજાવે તે બજાવણી સબંધી કરેલા હુકમ ઉપર તે કોર્ટ પોતાના હુકમનામા બજાવવા બાબત જે હુકમો કરે તેના ઉપર જે રીતે અપીલ ચાલે અને જે નિયમો લાગુ પડે તેજ રીતે અને તેજ નિયમો પ્રમાણે અપીલ ચાલશે

ઓર્ડર ૪૬ મો.

હકીક્ત લખી મોકલવા વિશે.

૧ જે ફરીયાદમા અથવા અપીલમા હુકમનામા ઉપર અપીલ ન હોય તે ફરિયાદની અથવા અપીલની સુનાવણી વખતે અથવા તે પહેલા અથવા તેવુ કોઇ હુકમનામુ બજાવતી વખતે કાયદા સંબંધી અથવા કાયદા પ્રમાણે અમલ થતા રીવાજ સબંધી કઇ તકરાર નીકળે અને તે બાબત ફરિયાદની અથવા અપી-લની ચોકસી કરનારી કોર્ટને અથવા હુકમનામુ બજાવનારી કોર્ટને વાજબી શકા ઉત્પન્ન થાય ત્યારે પોતાની મેળે અથવા કોઇ પક્ષકારની અરજ ઉપરથી તે મુકદમાની હકીક્ત તથા તેમા જે બાબત શકા ઉત્પન્ન થઇ હોય તે બાબત લખી કાઢીને તે બાબત ઉપરના અભિપ્રાય સુદ્ધાત હાઇકોર્ટનો ઠરાવ થવા સારૂ તે મોકલવાને કોર્ટ મુખત્યાર છે

૨ સદરહુ પ્રમાણે હાઇકોર્ટને લખી મોકલ્યુ હોય તે છતાએ મુકદ્દમાનુ કામ બંધ રાખવાને અગર આગળ ચલાવાને કોર્ટ મુખત્યાર છે અને જે બાબત હાઇકોર્ટને લખી મોકલી હોત તે બાબત હાઇકોર્ટનો અભિપ્રાય લખાઇ આવશે તે પ્રમાણે હુકમનામુ અથવા હુકમ કરશે એવી સરતથી કોઇ હુકમનામુ અથવા હુકમ કરવાને પણ કોર્ટ મુખત્યાર છે, પરતુ જે મુકદમામા સદરહુ પ્રમાણે લખી મોકલ્યુ હોય તેમા લખી મોકલેલી બાબત વિષે હાઇકોર્ટની ફેસલાની નકલ આવે નહી ત્યાસુધી હુકમનામુ અથવા હુકમ બજાવવો નહી

૩ પક્ષકારો હાજર થઇને પોતાનુ કહેવુ સાભળવાની ઇચ્છા બતાવે તો હાઇકોર્ટે તેમનું કહેવુ સાભ-ળીને સદરહુ પ્રમાણે પુછેલી વાતનો ઠરાવ કરવો અને લખી મોકલનાર કોર્ટને પોતાના ફેસલાની એક નકલ રજીસ્ટ્રારની સહીથી મોકલવી અને તે કોર્ટે તે નકલ મળે એટલે હાઇકોર્ટના ઠરાવને અનુસરીને તે કામનો નિકાલ કરવો

૪ હાઇકોર્ટના ઠરાવ સારૂ મુકદમો મોકલવાને લીધે જો કઇ ખર્ચ થાય તો તે મુકદમાનો ખરચ ગણાશે

૫ ૧ લી કાનુન પ્રમાણે હાઇકોર્ટને કોઇ મુકદમો લખી મોકલ્યો હોય ત્યારે તે મુકદમો દુરસ્ત કરવા સારૂ પાછો મોકલવાને હાઇકોર્ટ મુખત્યાર છે અને જે મુકદમામાથી હાઇકોર્ટને લખી મોકલવાની બાબત નિકળી તે મુકદમામા લખી મોકનનારી કોર્ટે કઇ હુકમનામુ અથવા હુકમ કર્યો હોય તેમા ફેરફાર કરવાને તે રદ કરવાને અથવા કાઢી નાખવાને તથા પોતાને યોગ્ય લાગે તેવા હુકમ કરવાને હાઇકોર્ટ મુખત્યાર છે

૬ (૧) જે કોર્ટમા ફરીયાદ કરી હોય તે કોર્ટને તે ફરિયાદ કોઇ સ્મૉલકાઝ કોર્ટથી સાભળી શકાય એવી છે કે નહી એ વિશે ફેસલો આપ્યાની અગાઉ કોઇ પણ વખતે શકા ઉત્પન્ન થાય ત્યારે તે

કોર્ટ તે ફરિયાદના સ્વરૂપ સબંધી શકાના પોતાના કારણોની વિગત સાથે તે કામનુ દફતર હાઇકોર્ટને મોકલવાને મુખત્યાર છે (૨) એવુ દફતગ તથા કાગ્ણોની વિગત આવેથી હાઇકોર્ટ તે કોર્ટને હુકમ કરી એમ ફરમાવવા મુખત્યાર છે કે તેણે તે ફરિયાદનું કામ આગળ ચલાવવુ અથવા બીજી ફલાણી કાર્ટ તે ફરિયાદ સાભળવાને યોગ્ય છે એવુ પોતાના હુકમમા જાહેર કરે તે કાર્ટમા સદરહુ ફરિયાદ અરજી રજુ કગ્વા સારૂ પાછી આપવી

૭ (૧) અમુક ફરિયાદ સ્મોલકાજ કાર્ટથી સાભળી શકાય એવી છે અથવા એવી રાતે સાભળી શકાય એવી નથી એમ પોતાના તાબામાથી કાઇ કોર્ટ ભુલથી ઠગવ્યાને લીધે તેને કાયદા પ્રમાણે સોપવમા આવેલી હકુમત ચલાવી નથી અથવા એવી રીતે સોપવામા ન આવેલી હકુમત ચલાવી છે એવી ડિસ્ટ્રિકટ કોર્ટની ખાત્રી થાય ત્યારે તે ડિસ્ટ્રિકટ કોર્ટ તે ફરિયાદના સ્વરૂપ સબધી સદરહુ તાબાની કોર્ટનો વિચાગ ભુલ ભરેલો ગણવાના પોતાના કારણોની વિગત સાથે ને કામનું દફતર હાઇકોર્ટને મોકલવા મુખત્યાર છે અને કોઇ પક્ષકાર માગે તો તેણે તેમ કગ્વુ જ જોઇએ

(૨) એવુ દફતર તથા કારણોની વીગત આવેથી હાઇકોર્ટ તે મુકદમા સંબંધી પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવા મુખત્યાગ છે (૩) આ કલમ પ્રમાણે હાઇકોર્ટને લખી મોકલેલા હરકોઇ મુકદમામા, હુકમનામા પછી ચલાવેલા કોઇ પણ કામના સબધમા હકીકત જોતા પોતાને યોગ્ય અને વાજબી લાગે તેવો હુકમ કરવા હાઇકોર્ટ મુખત્યાગ છે (૪) આ કાનુનના કારણો માટે ડિસ્ટ્રીકટ કોર્ટ પોતાના તાબાની કોર્ટ પાસે દફતગ અથવા ખબગ માગે તે તેણે આપવી જોઇએ

ઓર્ડર ૪૭ મો.

(ફેસલાની) ફરી તપાસ વિશે.

૧ (૧) કોઈ સખસની નજરમા એમ આવે કે—

(અ) જે હુકમનામા અથવા હુકમ ઉપગ અપીલ કરવાની છુટ હોય, પણ તેવી અપીલ ન કરી હોય તેવા હુકમ અથવા હુકમનામાથી, (બ) જેના ઉપર અપીલ કરવાને છુટ ન હોય તેવા હુકમનામામા અથવા હુકમથી, અથવા (ક) સ્માલકાજ કોર્ટે અભિપ્રાય સારૂ મોકલ્યા ઉપરથી કરેલા ફેસલાથી, મને બરોબર ઇનસાફ મળ્યો નથી, તથા હુકમનામુ કે હુકમ કરતી વખતે યોગ્ય મહેનત કર્યા છતા એ માગ જાણવામા નહોતો તે, અથવા મારાથી હાજગ ન થઈ શકાયુ તે નવો અને અગત્યનો પુરાવો અથવા મજકુર જડી આવ્યો છે તે કારણથી અથવા બીજા કોઇ પુગતા કાગણથી પોતાના ઉપર હુકમનામુ કે હુકમ થએલો હોય તેની ફરી તપાસ કરાવવાની જેની ઇચ્છા હોય તે સખસ, હુકમનામુ અથવા હુકમ કરનારી કોર્ટને ફેસલાની ફરી તપાસને વાસ્તે અરજ કરવાને મુખત્યાર છે

(૨) કોઇ એક પક્ષકારે હુકમનામા ઉપગ કરેલી અપીલ ચાલુ હોય તે છતાએ તે હુકમનામા અથવા હુકમ ઉપર પોતે અપીલ કરી ન હોય તેવો બીજા કોઇ પક્ષકાગ ફેસલાની ફરી તપાસ સારૂ અરજ કગ્વાને મુખત્યાગ છે, પરતુ સદરહુ અપીલના કારણ અપીલ કરનારને તથા આ અરજ કરનાગને સામાન્ય હોય અથવા ફરી તપાસની અરજ કગ્નાર રેસ્પોન્ડેન્ટ હોય અને તેની જે મજકુરને લીધે તે ફરી તપાસની અગ્જ કરે છે તે અપીલ કોર્ટને ને બતાવી શકે એમ હોય તો, તે પ્રમાણે ફરી તપાસની અરજ ન થઇ શકે

૨ (૧) લી કાનુનમા કહ્યા પ્રમાણે નવો તથા અગત્યનો મજકુર કે પુગવો જડયાના સબબ સિવાય અથવા હુકમનામુ જોતાજ કઇ હસ્તદોષની અથવા ગણીતની દેખાઇતી ભુલ જણાયાના સબબ સિવાય બીજા કોઇ સબબથી, હાઈકોર્ટ સિવાયની બીજી કોઇ કોર્ટના હુકમનામા અથયા હુકમની ફેર તપાસણીની અગ્જ, જે જડજે એવુ હુકમનામુ કર્યું હોય અગર હુકમ કર્યો હોય તે જડજને કરી શકાય, પણ જે જડજે એવુ હુકમનામુ અથવા હુકમ કર્યો હોય તેણે ૪ થી કાનુનની પેટા કાનુન (૨) ના વિશેષ ઠરાવ (અ) મુજબ નોટીસ કાઢવાનો હુકમ) કર્યો હોય તો, એવી અરજનો નીકાલ તેની જગ્યાએ આવનાર બીજાને કરવાનો અધીકાગ છે (૩) અપીલ તૈયાર કરવાના નમુના વિષેના ઠરાવો પ્રસગ પ્રમાણે જરૂર હોય તેમ ફેરફાર સહિત ફરી તપાસવાની અરજોને લાગુ પડશે

૪ (૧) ફરી તપાસ કરવાનું પુરતું કારણ નથી એમ કોર્ટની નજરમા આવે, ત્યારે કોર્ટે તે અરજ નામંજુર કરવી (૨) કોર્ટનો અભિપ્રાય એમ થાય કે ફરી તપાસની અરજ મંજુર કરવી જોઇએ ત્યારે તેણે તે મંજુર કરવી પરંતુ (અ) જે હુકમનામાની અથવા હુકમની ફરી તપાસ સારૂ અરજ થઇ હોય તે હુકમનામાની પુષ્ટિમા સામા પક્ષકારને જે કહેવાનું હોય તે હાજર થઇને કહેવા સારૂ તેને પ્રથમ નોટીસ આપ્યા વગર તે અરજ મંજુર કરવી નહી તથા (બ) હુકમનામું અથવા હુકમ કરતી વખતે મારા જાણવામા ન હોતો અથવા હું આપી શકું તેમ નહોતો તેવો નવો પુરાવો અથવા મજકુર જડી આવ્યો છે એવો સબબ લગાડીને ફરી તપાસની અરજ કરી હોય તો, તે સબબની ખરેખરી સાબીતી વગર તે અરજ મંજુર કરવી નહી

૫ જે હુકમનામાની અથવા હુકમની ફરી તપાસ કરવાની અરજ કરી હોય, તે હુકમનામું અથવા હુકમ કરનાર જડજ અથવા જડજો, અથવા તેમાનો કોઈ જડજ ફરી તપાસની અરજ કોર્ટમા આપતી વખતે તેજ કોર્ટમા હોય, અને તે અરજ આપ્યા પછીના લાગલાજ છ માસની મુદત સુધીમા ગેરહાજરી અથવા બીજા કારણથી અરજીમા બતાવેલા હુકમનામા અથવા હુકમ ઉપર વિચાર કરવાને તેને અથવા તેમને અડચણ ન હોય તો, તે જડજે અથવા જડજોએ અથવા તેમાના કોઇએ તે અરજ સાભળવી અને કોર્ટમા બીજા કોઇ જડજે અથવા જડજોએ તે સાભળવી નહી

૬ (૧) એક કરતા વધારે જડજો ફરી તપાસની અરજ સાભળે અને કોર્ટના મત સરખા વહેંચાઇ જાય તો તે અરજ નામંજુર કરવી (૨) એક તરફ વધારે મત પ્રમાણે ઠરાવ કરવો

૭ [૧] અરજ નામંજુર કરવાના કોર્ટના કામ ઉપર અપીલ ચાલશે નહીં, પરંતુ તે અરજ મંજુર કરવાના હુકમ સામે નીચેના કારણોથી હરકત લેઇ શકાશે તે એ કે—

(અ) તે અરજ ૨ જી કાનુનના ઠરાવથી ઉલટી છે (બ) તે અરજ ૪ થી કાનુનના ઠરાવથી ઉલટી છે, અથવા [ક) ફરી તપાસની અરજ કરવાને વાસ્તે ઠરાવેલી મુદત વીતી ગયા પછી અને પુરતા કારણ વગર તે કરી છે, એવી હરકત, અરજ મંજુર કરવાના હુકમ ઉપર એકદમ અપીલ કરીને અથવા ફિર્યાદમા જે છેવટનું હુકમનામું અથવા હુકમ થાય તેના ઉપરની અપીલ દરમ્યાન લઇ શકાય

(૨) અરજદારે હાજર થવામા કસુર કરવાને લીધે અરજ નામંજુર કરી હોય ત્યારે, નામંજુર કરેલી અરજ પછી ફાઇલ ઉપર લેવાનો હુકમ કરવા સારૂ અરજ કરવાને તે અરજદાર મુખત્યાર છે, અને તે અરજ સુનાવણીને વાસ્તે નીકળી તે વખતે કોઇ પુરતા કારણને લીધે હાજર થઇ શકાયું નહી એમ કોર્ટના સંતોષપૂર્વક સાબિત થાય ત્યારે— ખરચ અને બીજી બાબતને વાસ્તે પોતાને યોગ્ય લાગે તેવી સરતો કરીને તે અરજી પાછી ફાઇલ ઉપર લેવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે, અને તે અરજની સુનાવણીનો એક દીવસ તેણે નીમવો [૩) મજકુર અરજની લેખી નોટીસ સામા પક્ષકારને પહોચાડ્યા વગર (૨) જી પેટા કાનુન પ્રમાણે હુકમ કરવો નહી

૮ ફરી તપાસની અરજ મંજુર કરવામા આવે એટલે, તે બાબતની નોધ રજીસ્ટરમા લખવી અને પછી મુકદમાની લાગલીજ ફરી ચોકસી કરવાને અથવા ફરી ચોકશી કરવા વિશે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૯ ફરી તપાસવાની અરજ ઉપરથી કરેલા હુકમની અથવા ફરી તપાસ ઉપરથી કરેલા હુકમનામા અથવા હુકમની ફરી તપાસ કરવાની અરજને લાગશે નહિ

ઓર્ડર ૪૮ મો.

પરચુરણ

૧ (૧) આ કાયદા પ્રમાણે કાઢેલી પ્રત્યેક પ્રોસેસ, કોર્ટ બીજી રીતે ન ફરમાવે તો, જે પક્ષકારની વતી તે કાઢેલી હોય તે પક્ષકારને ખરચે પોચાડવામા આવશે (૨) પહોચાડવાને વાસ્તે જે કોર્ટ ફી લાગવી જોઇએ તે પ્રોસેસ નિકળ્યા પહેલા કોર્ટ નીમે તે વખતની અંદર આપવી જોઇએ

૨ જે હુકમો નોટીસો તથા બીજા દસ્તાવેજો કોઈ પણ સબબને આ કાયદા પ્રમાણે આપવાના

અથવા પહોચાડવાના હોય તે હુકમો, નોટીસો અને બીજા દસ્તાવેજો સમન પહોચાડવાને માટે કહેલી છે તે રીતે પહોચાડવા

૩ પુરવણીમા આપેલા નમુના પ્રત્યેક મુકદમાની હકીકત પ્રમાણે જોઈએ તેવો ફેરફાર કરીને, જે કામમા ઉપયોગમા લેવાનુ તેમા કહેલુ છે તે કામમા વાપરવા

ઓડર ૪૯ મો.

સનદી હાઇકોર્ટો વિશે

૧ પોતાની અવલ દીવાની હકુમત ચલાવતા અને લગ્ન સંબંધી મૃત્યુપત્ર સબંધી અને મૃત્યુપત્ર ન કરનારા મૈયત સંબંધી હકુમત ચલાવતા, પ્રતિવાદીઓ ઉપરના સમન, બજાવણીના વારટ (રિટ) અને રેસ્પોન્ડન્ટને નોટીશો સિવાય બીજી હાઇકોર્ટે કાઢેલી, દસ્તાવેજ હાજર કરવાની નોટીસો, સાક્ષી સમન અને બીજી હરેક ન્યાયના કામની પ્રોસેસ, ફરિયાદના અટર્ની અથવા તેણે રાખેના સખસો અથવા હાઇકોર્ટ કઇ નિયમ કે હુકમ કરીને ફરમાવે તેવા બીજા સખસો પહોચાડી શકે

૨ સનદી હાઇકોર્ટોએ પુરાવો લેવા બાબત અથવા ફેસલા તથા હુકમ દફતરમા લખવા બાબત આ કાયદો અમલમા આવતી વખતે જે કાનુનો અમલમા હોય તેમને આ પરિશિષ્ટમાના કોઇ પણ મજકુર ઉપરથી બાધ આવે છે અથવા બીજી રીતે તેમને હરકત આવે છે એમ સમજવુ નહિ

૩ કોઇ પણ સનદી હાઇકોર્ટને પોતાની સાધારણ અથવા અસાધારણ અવલ દિવાની હકુમત ચલાવતા નીચેની કાનુનો લાગુ પડશે નહી —[૧] ૭ મા ઓર્ડરની કાનુન ૧૦, તથા કાનુન ૧૧, ની રૂકમો (બ) તથા (ક), (૨) ૧૦ મા ઓર્ડરની કાનુન ૩, (૩) ૧૬ મા ઓર્ડરની કાનુન ૨, [૪] ૧૮ મા ઓર્ડરની કાનુનો ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, (પુરાવો લેવાની રીત બાબત હોય તેટલે સુધી), (૫) ૨૦ મા ઓર્ડરની કાનુનો ૧ થી ૮, અને [૬] ૩૩ મા ઓર્ડરની કાનન ૭ (યાદી કરવા), બાબત હોય તેટલે સુધી), અને ઓર્ડર ૪૧ ની કાનુન ૩૫, એવી પણ હાઇકોર્ટ પોતાની અપીલ સબંધી હકુમત ચલાવતી હોય ત્યારે તેને લાગુ પડશે નહી

ઓર્ડર ૫૦ મો.

પ્રોવિન્શિયલ સ્માલકાઝ કોર્ટો વિશે

૧ નીચે લખેલા ઠરાવો સને ૧૮૮૭ ના પ્રોવિન્શિયલ સ્માલકોઝ કોર્ટો બાબતના આકટની રૂયે સ્થાપેલી કોર્ટોનો અથવા સદરહુ આકટની રૂયે સ્માલકોઝ કોર્ટની હકુમત ચલાવનારી કોર્ટોને લાગુ પડશે નહી એટલે —

(અ) આ પરિશિષ્ટમાનો જેટલો ભાગ—

(૧) સ્માલકાઝ કોર્ટની હકુમતમાથી બાતલ કરેલી ફરિયાદોને અથવા એવી ફરિયાદોમાના હુકમનામાની બજાવણીને, (૨) સ્થાવર મિલકત સામેના હુકમનામાની બજાવણીને અથવા પત્યારાની મિલકતમાના ભાગીદારના હિત સબધને,

(૩) મુદ્દા ઠરાવવાની બાબતને લાગુ હોય તેટલો ભાગ, અને (બ) નીચે લખેલી કાનુનો તથા હુકમે, એટલે—ઓર્ડર ૨, કાનુન ૧ (ફારયાદ તઇયાર કરવા વિશે], ઓર્ડર ૧૦, કાનુન ૩ (પક્ષકારોની જુબાનીનુ દફતર), ઓર્ડર ૧૫ (ફેસલો તાબડતોબ કહી સભળાવવા બાબત ૪ થી કાનુનમા ઠરાવ છે તે બાદ કરીને), ઓર્ડર ૧૮ કાનુનો ૫ થી ૧૨ (પુરાવા વિશે), ઓર્ડર ૪૧ થી ૪૫ (અપીલ વિશે)

ઓડર ૫૧ મો.

પ્રેસિડેન્સી સ્માલકાઝ કોર્ટો વિશે.

૧ ૫ મા ઓર્ડરની ૨૨ મી તથા ૨૩ મી કાનુનોમા, ૨૧ મા ઓર્ડરની કાનુનો ૪ તથા ૭ મા, અને ૨૬ મા ઓર્ડરની ૪ થી કાનુનમા, અને સન ૧૮૮૨ ના પ્રેસિડેન્સી સ્માલકાઝ કોર્ટો બાબતના આકટમા ઠરાવ્યુ છે તે શિવાયને પ્રસગે, આ પરિશિષ્ટ, કલકત્તા, મદ્રાસ તથા મુબઇ શેહેરોમા સ્થાપેલા કોઇપણ સ્માલકાઝ કોર્ટમાની કોઇ પણ ફરિયાદ અથવા કામને લાગુ પડશે નહિ

સીવીલ પ્રોસીજર કોડનું પરિશિષ્ટ.

કલેકટરોએ હુકમનામાં બજાવવા વિશે.

૧ હુકમનામાની બજાવણીનુ કામ કલેકટરને ૬૮ મી કલમની રૂએ મોકલ્યુ હોય ત્યારે કલેકટરે

(અ) હુકમનામાની રકમ ઉભી કરવા સારૂ હુકમનામાના દેણદારને બની શકે તેટલા માટે સ્થાવર મિલકતનુ વેચાણ તહકુબ રાખવામા આવે ત્યારે કોર્ટ જે રીતે કામ ચલાવત તે રીતે કામ ચલાવવાને અથવા (બ) વેચવાનો હુકમ થયેલી તમામ મિલકતનુ કે તેનો કાઇ ભાગ હમેશને વાસ્તે કે કાઇ મુદતને વાસ્તે પ્રીમીયમ લેઇને ભાડે આપીને અથવા ગીરો મુકીને હુકમનામાની રકમ ઉભી કરવાને, અથવા (ક) વેચવાને હુકમ કરેલી મિલકત અથવા જરૂર હોય તેટલો તેનો ભાગ વેચવાને મુખત્યાર છે

૨ સ્થાવર મિલકતને વિશેષ રીતે લાગુ હોય તે કરારને લીધે જે હુકમનામામા તે મિલકત વેચવાનુ ફરમાવ્યુ હોય તેવુ હુકમનામુ નહિ પણ પૈસા બાબતનુ હુકમનામુ હોય, એવુ અને તે પુરૂ કરવામા કોર્ટે સ્થાવર મિલકત વેચવાનો હુકમ કર્યો હોય, એવુ હુકમનામુ બજાવવાનુ કામ સદરહુ પ્રમાણે મોકલ્યુ હોય ત્યારે, કલેકટરને જરૂર જણાય તેવી ચોકસી કર્યા પછી, હુકમનામાના દેણદારની કામમા આવે તેવી તમામ સ્થાવર મિલકત વેચ્યા વગર તેની સઘળી જવાબદારી પતી જસે એમ માનવાનુ તેને [કલેકટરને] કારણ હોય તો, આ આકટમા આગળ ઠરાવ્યા પ્રમાણે કામ ચલાવવાને કલેકટર મુખત્યાર છે

૩ (૧) પારેગ્રાફ (૨) મા કહેલા પ્રકારના કોઈ પણ પ્રસગે કલેકટરે નોટીસ પ્રસિદ્ધ કરીને તે પ્રમાણે ચાલવાને તે નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૬૦ દિવસની મુદત આપવી, અને તેમા જણાવવુ કે

(અ) હુકમનામાના દેણદાર ઉપરના પૈસા આપવા બાબતનુ જે હુકમનામુ તેની સ્થાવર મિલકત વેચીને બજાવી શકાય એવુ હોય, અને તે પ્રમાણે બજાવવાને જે હુકમનામાવાળાની મરજી હોય તેવા પ્રત્યેક હુકમનામાવાળાએ, તથા પૈસા આપવા બાબતના જે હુકમનામાની બજાવણીમા તે મિલકત વેચવાનુ કામ ચાલુ હોય તેવા પ્રત્યેક હુકમનામાવાળાએ હુકમનામાની નકલ તથા તે હુકમનામા ઉપરથી વસુલ કરવા જોગ રકમ કટલી છે તે બતાવનારૂ તે કરનારી અથવા બજાવનારી કોર્ટનુ સર્ટિફીકેટ પોતાની (કલેકટરની) રૂબરૂ હાજર કરવુ, (બ) સદરહુ મિલકત ઉપર કઇ દાવો હોય એવા પ્રત્યેક સખસે તે દાવાની હકીકત કલેકટરને આપવી, તથા તેના પુરાવામા કઇ દસ્તાવેજ હોય તો તે હાજર કરવા

(૨) જે કોર્ટે વેચવાનો અસલ હુકમ કર્યો હોય તે કોર્ટના મકાનના કોઈ પ્રસિદ્ધ ભાગમા તથા કલેકટરને યોગ્ય લાગે તેવી બીજી જગાઓએ (જો કોઇ હોય તો) ચોઢીને સદરહુ નોટીસ પ્રસિદ્ધ કરવી અને એવા કોઇ હુકમનામાવાળાનુ અથવા દાવો કરનારનુ ઠેકાણુ જાણીતું હોય, ત્યારે સદરહુ નોટીસની નકલ તેને ટપાલ રસ્તે અથવા બીજી રીતે મોકલવી

૪ (૧) સદરહુ મુદત પુરી થયે, હુકમનામાના દેણદારની અને હુકમનામાવાળા અથવા દાવો કરનારા (હોય તો તે)ની કાઇ કહેવાની ઇચ્છા હોય તે સાભળી લેવા સારૂ, અને સદરહુ હુકમનામા તથા દાવાનુ તથા હુકમનામાના દેણદારની સ્થાવર મિલકતનુ સ્વરૂપ અને મર્યાદા બાબત પોતાની માહિતી કરી લેવા સારૂ જરૂર હોય તેવી ચોકસી ચલાવવાને કલેકટરે એક દિવસ નીમવો, અને તે સુનાવણી તથા ચોકસી વખતે મુલતવી રાખવાને તે મુખત્યાર છે

(૨) કલેકટરને જાહેર કરેલા કોઇ હુકમનામા અથવા દાવા માટે હુકમનામાની દેણદારીના જવાબદારીના ખરાપણા અથવા મર્યાદા બાબત, અથવા સદરહુ હુકમનામાની કે દાવાની પરસ્પર અગ્રતા બાબત, અથવા સદરહુ હુકમનામા કે દાવા પુરા કરવામા એવી કોઇ મિલકતની જવાબદારી બાબત તકરાર ન હોય ત્યારે, કલેકટરે એક યાદી તઇયાર કરી તે યાદીમા સદરહુ પ્રકારના હુકમનામા પુરા પાડવા સારૂ વસુલ કરવાની રકમ, ક્યા અનુક્રમમા તે હુકમનામા તથા દાવા પુરા કરવાના છે, તે, અને તે કારણસારૂ કામમા આવે તેવી સ્થાવર મિલકત જણાવવી જોઇએ

(૩) સદરહુ પ્રકારની કાઇ તકરાર ઉત્પન્ન થાય ત્યારે, તે વિશેની યાદી તથા તે સબધી પોતાનો અભિપ્રાય લખીને કલેકટરે તે તકરાર, વેચાણ કરવાનો હુકમ અમલ કરનારી કોર્ટને મોકલવો અને લખી મોકલ્યુ હોય તેનો જવાબ આવતા સુધી તે તકરારના વિષયસબધી કામ મુલતવી રાખવુ, અને તકરારનો વિષય પોતાની હકુમતમાહેનો હોય તો કોર્ટે તેનો નિકાલ કરવો, અથવા તકરારનો નિકાલ કરવા સારૂ તે

કામ અખત્યારવાળી કોર્ટમા મોકલવુ, અને આખરનો ઠરાવ થાય તે કલેક્ટરને જણાવવો, પછી કલેક્ટરે તે ઠરાવ મુજબ ઉપર ઠરાવ્યા પ્રમાણે યાદી તઇયાર કરવી

૫ પારેગ્રાફ ૩ તથા ૪ મા ફરમાવેલી નોટીસ પોતે કહાડવાને બદલે તથા તેમા ફરમાવેલી ચોકસી પોતે કરવાને બદલે, પોતાને ખબર હોય અથવા પોતાની ઓફીસના કાગળપત્રોમાથી દેખાઇ આવે તેટલી હુકમનામાના દેણદારની તથા સ્થાવર મિલકતની સ્થિતિ લખીને એક યાદી તૈયાર કરી તે યાદી ડિસ્ટ્રિક્ટ કોર્ટને મોકલવાનો કલેક્ટરને અધિકાર છે, અને પછી તે કોર્ટે પારેગ્રાફ ૩ તથા ૪ મા ફરમાવેલી નોટીસ કરવી, ચોકસી ચલાવવી અને યાદી તઇયાર કરવી, અને તે યાદી કલેક્ટરને મોકલવી

૬ પારેગ્રાફ ૪ અથવા ૫ મુજબ ઉત્પન્ન થનારી કાઇ તકરારનો કોર્ટે કરેલો કાઇ ઠરાવ તે બાહેના પક્ષકારોની વચ્ચે, હુકમનામા પ્રમાણે અમલમા આવશે, અને હુકમનામા પ્રમાણેજ તેની ઉપર અપીલ કરી શકાશે

૭ (૧) પારેગ્રાફ ૪ તથા ૫ મા ઠરાવ્યા પ્રમાણે વસુલ કરવાની રકમનો અને કામમા આવવા જોગ મિલકતનો નિર્ણય કર્યા પછી કલેક્ટરને નીચે પ્રમાણે કરવાનો એટલે—

(અ) કામમા આવવા જોગ હોય તેવી તમામ મિલકત વેચ્યા શિવાય સદરહુ રકમ વસુલ થાય એમ નથી એવુ જણાય, તો તે મિલકત વેચવાનો, કામે લગાડવાનો અથવા (બ) હુકમનામામા કઇ વ્યાજ અપાવ્યુ હોય તો હુકમનામા પ્રમાણે વ્યાજ સુદ્ધા, અને હુકમનામામા વ્યાજ અપાવ્યુ ન હોય ત્યારે તે બાબતમા પોતાને વાજબી જણાય તે દર પ્રમાણે વ્યાજ (જો હોય તો તે સુદ્ધા, સદરહુ રકમ સદરહુ પ્રમાણે વેચાણ કર્યા વગર વસુલ કરી શકાશે એવુ જણાય તો વેચાણ બાબત અસલ હુકમ થયો હોય તો પણ સદરહુ રકમ અને વ્યાજ હેઠળ લખેલી રીતે, એટલે—

[૧] સદરહુ તમામ મિલકત અથવા તેનો કાઇ ભાગ પ્રીમિયમ લઇ, હમેશને વાસ્તે અથવા કઇ મુદ્દતને વાસ્તે ભાડે આપીને, અથવા [૨] તે તમામ મિલકત અથવા તેનો કાઇ ભાગ ગીરો મુકીને, અથવા (૩) તે મિલકતમાથી થોડી વેચીને અથવા (૪) વેચાણના હુકમની તારીખથી વીસ વરસ કરતા વધારે ન હોય એટલી મુદ્દત સુધી તે તમામ મિલકત અથવા તેનો કાઇ ભાગ ઇજારે આપીને કે પોતે તેનો વહિવટ કરીને અથવા બીજા પાસે તે કરાવીને, અથવા (૫) સદરહુ પ્રકારો પઇકી એક પ્રકારે થોડી અને બીજા એક અથવા વધારે પ્રકારે થોડી તજવીજ કરીને ઉભુ કરવાનો, અધીકાર છે

(૩) તે તમામ મિલકતનો અથવા તેના કાઇ ભાગનો આ કલમ પ્રમાણે વહિવટ કરવાસારૂ તે મિલકતના ધણીના બધા અધિકાર ચલાવવાને કલેક્ટર મુખત્યાર છે

(૩) કામમા આવવા જોગ મિલકત અથવા તેનો કાઇ ભાગ વધારે કિંમતે વેચાય એવુ કરવા સારૂ અથવા ભાડે કે વહિવટમા આપવાના કામને વધારે યોગ્ય કરવા સારૂ, અથવા તે ઉપરનો બોજો પતાવવા માટે જે વેચાણ કરવાનુ હોય તે વેચાણમાથી તેને બચાવવા સારૂ કોઇ પણ બોજાવાળાને જે દાવો આપવાનો થયો હોય તેનો ફડચો કરવાનો અથવા રકમ દેણી થઇ હોય કે ન હોય તે પણ કોઇ બોજાવાળાની દાવાની તોડજોડ કરવાનો, અને એવો ફડચો અથવા તોડજોડ કરવા માટે નાણાની ત્રેવડ કરવા સારૂ પોતાને બસ લાગે તેટલો તે મિલકતનો ભાગ ગીરો મુકવાનો, ભાડે આપવાનો, અથવા વેચી નાખવાનો કલેક્ટરને અખત્યાર છે અને આ રકમ પ્રમાણે જે બોજાની તજવીજ કલેક્ટર કરવા ઇચ્છતો હોય એવા બોજા ઉપરની લેણી રકમ વિષે કાઇ તકરાર ઉત્પન્ન થાય તો, પોતાના નામથી અથવા હુકમનામાના દેણદારના નામથી, હિસાબ લેવાની ફરિયાદ યોગ્ય કોર્ટમા કરવાનો, અથવા સદરહુ તકરારનો નિકાલ થવા સારૂ તે દરએક પક્ષકારે નીમેલા એક એક લવાદ એવા બે લવાદોને અથવા એવા લવાદો નીમે તે સરપચને સોપવાનું કબુલ કરવાનો તેને અખત્યાર છે

(૪) આ પારેગ્રાફ પ્રમાણે કામ ચલાવતી વખતે, સ્થાનિક સરકાર આ કાયદાને અનુસરીને આ બાબત વખતે વખતે જે કાનુનો કરે તે કાનુનો પ્રમાણે કલેક્ટરે ચાલવુ જોઇએ

૮ ૭ મા પારેગ્રાફ પ્રમાણે ભાડાનો વ્યવહાર અથવા વહિવટ પુરો થયા પછી વસુલ કરવાની રકમ ઉત્પન્ન થઇ ન હોય, ત્યારે કલેક્ટરે તે વાત હુકમનામાના દેણદારને અથવા જેને હકસબબ હોત તેવા તેના વારસ વકીલને લખી જણાવવી અને તેમા એવુ પણ જણાવવુ કે આ નોટીસની તારીખથી છ અઠવાડિયાની અંદર સદરહુ રકમ પુરી થવાને જરૂર હોય તેટલી બાકીની રકમ કલેક્ટરને નહિ ભરે તો સદરહુ માલ મિલકત અથવા તે રકમ પુરી થાય તેટલો તે મિલકતનો ભાગ વેચવાનુ કામ કલેક્ટર ચલાવશે, અને સદરહુ છ અઠવાડિયા પુરા થઈ ગયા છતા સદરહુ બાકીની રકમ આપી ન હોય તો તે મિલકત અથવા તેનો ભાગ કલેક્ટરે સદરહુ પ્રમાણે વેચવો.

૯ (૧) આ પરિશિષ્ટના ઠરાવ પ્રમાણે પોતાને આપેલો અખત્યાર ચલાવતા તથા તેમા કહેલા કર્તવ્ય બજાવતા કલેકટરના હાથમા આવેલા સઘળા પૈસાનો તથા તેને થયેલા સઘળા ખરચનો હિસાબ તેણે વેચાણનો અમલ હુકમ કરનારી કોર્ટને વખતે વખતે આપવો, અને બાકીની રકમ કોર્ટ હુકમ કરે તે પ્રમાણે વ્યવસ્થા કરવા સારૂ તેણે પોતાની પાસે રાખવી

(૨) આ ખરચમા સદરહુ મિલકત અથવા તેના કંઇ ભાગ બાબત વખતે વખતે સરકારને જે કરજ અને જવાબદારી દેણી હશે તે, સદરહુ મિલકત અથવા તેના ભાગ બાબત વરિષ્ટ ધારણ કરનારને જે ગણોત (જો હોય તો) વખતે દેવુ હશે તે, અને કલેકટર તે પ્રમાણે ફરમાવે તો તેણે સાહેદોને બોલાવ્યા હશે તેઓનો ખરચ આ સઘળુ આવે છે એમ સમજવુ

(૩) સદરહુ બાકી રહેલી કોર્ટે હેઠળ લખ્યા પ્રમાણે એટલે—

(અ) સદરહુ મિલકતની ઉપજમાથી, હુકમનામાના દેણદારના કુટુંબના જે માણસોને [જો હોય તો] પોતાના ગુજારા સારૂ કાંઇ મળવાનો હક હોય તેઓ માહેના દરેકની બાબતમા કોર્ટને યોગ્ય લાગે તે રકમ આપીને તેઓના ગુજરાનની તજવીજ કરવામા અને [બ] કલેકટરે પારેગ્રાફ ૧ પ્રમાણે કામ ચલાવ્યુ હોય ત્યારે, જે અવલ હુકમનામાની બજાવણીમા સ્થાવર મિલકત વેચવાનો હુકમ કર્યો હતો તે હુકમનામુ પુરૂં કરવામા અથવા, ૭૩ મી કલમ પ્રમાણે કોર્ટ હુકમ કરે તે બીજા કામમા અથવા (ક) ૨ પ્રમાણે કલેકટરે કામ ચલાવ્યુ હોય ત્યારે—

(૧) સદરહુ મિલકત ઉપરના બોજાઓનુ વ્યાજ કમી કરવામા (૨) હુકમનામાના દેણદારના ગુજરાનનુ બીજુ પુરતું સાધન ન હોય ત્યારે કોર્ટને યોગ્ય લાગે તે રકમ તેના ગુજરાન માટે આપવામા અને (૩) મૂળ હુકમનામાવાળાના તથા સદરહુ નોટીસ પ્રમાણે જે ચાલ્યા હોય અને જે રકમ વસુલ કરવાનો હુકમ કર્યો હોય તે રકમમા જેઓના દાવા ગણ્યા હોય, એવા બીજા કોઈ હુકમનામાવાળાઓના દાવા કાળા પ્રમાણે આપવામા કામે લગાડવી

(૪ સદરહુ હુકમ જે હુકમનામાવાળાઓએ મેળવ્યો હોય તેઓનુ પત્યા પહેલા બીજા કોઈ પૈસા આપવા બાબતના હુકમનામાવાળાને સદરહુ મિલકતમાથી અથવા સીલક રકમમાથી કાંઈ પણ મળવાનો હક નથી અને કાંઇ બાકી રહી હોય તો તે હુકમનામાના દેણદારને અથવા કોર્ટ ફરમાવે તે બીજા સખસને આપવી

૧૦ આ પરીશીષ્ટના ઠરાવ પ્રમાણે કલેકટર કોઈ મીલકત વેચે ત્યારે, તેણે સદરહુ મીલકતના પોતાને યોગ્ય લાગે તેવા એક અથવા વધારે લાટ (ભાગ) કરીને તે જાહેર લીલામ કરીને વેચવી તથા તેને—

(અ) દરેક લાટ જેથી ઓછી કીમતે વેચવો નહિ, તેની વ્યાજબી કીમત ઠરાવવાનો, (બ) મીલકતની વ્યાજબી કીમત મેળવવા સારૂ જ્યારે વેચાણ મુલતવી રાખવાની તેને જરૂર જણાય ત્યારે તે મુલતવી રાખવાના પોતાના કારણ દફતરમા લખી મુકીને તે વેચાણ યોગ્ય મુદત સુધી મુલતવી રાખવાનો (ક) વેચવા કાઢેલી મીલકત ખરીદ કરી લઇ પોતાને યોગ્ય લાગે તે જાહેર લીલામથી અથવા ખાનગી કરારથી ફરી વેચવાનો અખત્યાર છે

૧૧ (૧) હુકમનામાના દેણદારની સ્થાવર મીલકતના અથવા તેના કાંઇ પણ ભાગના સબંધમા પારેગ્રાફ ૧ થી ૧૦ ઉપરથી કલેકટરને મળેલો અધિકાર તે ચલાવી શકે ત્યા સુધી અથવા તેમા કહેલા કામ તે બજાવી શકે ત્યા સુધી કલેકટરની લખેલી પરવાનગી શીવાય સદરહુ મીલકત અથવા તેનો કાંઇ ભાગ ગીરો મુકવાને અથવા તેની ઉપર બોજો નાખવાને અથવા તે પટે આપવાને અથવા બીજાને આપવાને હુકમનામાના દેણદાર અથવા તેના હક સબંધવાળા વારસ વકીલને અધિકાર નથી, તેમજ સદરહુ મિલકત ઉપર અથવા તેના કાંઇ ભાગ ઉપર પૈસા આપવા બાબતના હુકમનામાની બજાવણીમા કોઇ દિવાની કોર્ટે પ્રોસેસ કાઢવી નહિ

(૩) આ પારેગ્રાફના ઠરાવથી બાદ થતો હોય એવા જે હુકમનામાનો બજાવણીને (કાયદાની) જે મુદત લાગુ હશે તે મુદત ગણતી વખતે સદરહુ ઠરાવને લીધે જે ઇલાજ થોડી મુદત સુધી હુકમનામાવાળાથી ચલાવી શકાશે નહિ તે ઇલાજના સબંધમા ઉપર કહેલી મુદત બાદ કરવી

૧૨ જે મિલકતનુ વેચાણ કરવા વિશે હુકમ થયો હોય તે મિલકત એક કરતા વધારે ડિસ્ટ્રિકટમા હોય ત્યારે પારેગ્રાફ ૧ થી ૧૦ મા કલેકટરને આપેલા અધિકાર તથા સોપેલા કામ સ્થાનિક સરકાર સામાન્ય નિયમ કરીને અથવા વિષેષ હુકમ કરીને વખતે વખતે ફરમાવે તે પ્રમાણે સદરહુ ડિસ્ટ્રિકટના કલેકટરો પઇકી એક કલેકટરે ચલાવવા અને બજાવવા

૧૨ પક્ષકાર તથા સાહેદોને હાજર થવાની તથા દસ્તાવેજ રજુ કરવાની ફરજ પાડવાનો અધિકાર દિવાની કોર્ટને છે તે પારેગ્રાફ ૧ થી ૧૦ મા આપેલો અધિકાર ચલાવતી વખતે કલેકટરને છે

મુદત બાબતનો આક્ટ.

(સને ૧૯૦૮ નો આક્ટ નંબર ૯ મો.)

ફરિયાદ કરવાની મુદત ઠરાવવા બાબતનો તથા બીજાં કારણો બાબતનો આક્ટ એકત્ર કરીને સુધારવા બાબતનો આક્ટ.

જે અર્થે ફરીયાદ કરવાની તથા કોર્ટને અપીલ કરવાની તથા કેટલીએક અરજીઓ કરવાની મુદત ઠરાવવા બાબતનો કાયદો સુધારવો તથા એકત્ર કરવો યોગ્ય છે, તથા જે અર્થે કબજા ઉપરથી ઇઝમેંટનુ તથા બીજી માલમિલકતનુ ધણીપણુ સપાદન કરવા બાબતની કાનુનો કરવી યોગ્ય છે, તે અર્થે આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે —

ભાગ ૧ લો.

પ્રથમ નિયમો

૧ (૧) આ આક્ટને "સને ૧૯૦૮ નો હિંદુસ્તાનનો મુદત બાબતનો આક્ટ" કહેવો,

(૨) તે આખા બ્રિટીશ હિંદુસ્તાનને લાગુ છે, અને

(૩) આ કલમ અને ૩૧ મી કલમ તાબડતોબ અમલમા આવશે આ આક્ટનો બાકીનો ભાગ સને ૧૯૦૯ ના જાનેવારી મહીનાની ૧ લી તારીખે અમલમા આવશે

૨ આ આક્ટમા વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો—

(૧) "અરજદાર" આ શબ્દમા જે, કોઇપણ માણસની તરફથી અથવા જે કોઇપણ માણસની મારફતે અરજદારને અરજી કરવાનો હક પ્રાપ્ત થાય છે તે માણસનો સમાસ થાય છે

(૨) "બીલઓફ એકસચેન્જ" આ શબ્દમા હુંડીનો તથા ચેકનો સમાસ થાય છે

(૩) "બોંડ" (ખત) આ શબ્દમા હેઠળ લખેલા દસ્તાવેજનો સમાસ થાય છે એટલે ફલાણું એક નિર્દિષ્ટ કરેલુ કૃત્ય પ્રસંગ પ્રમાણે કરવામા આવે અથવા ન કરવામા આવે તો જવાબદારી રદ થશે એવી શરતે જે દસ્તાવેજ ઉપરથી કોઇ માણસ બીજા માણસને નાણું આપવાની જવાબદારી લે તે દસ્તાવેજનો સમાસ થાય છે

"પ્રતિવાદી" એ શબ્દમા જે કોઇપણ માણસની તરફથી અથવા જે કોઇપણ માણસની મારફતે પોતાની ઉપર ફરિયાદ થવાની પાત્રતા પ્રતિવાદીને પ્રાપ્ત થાય છે તે માણસોનો સમાસ થાય છે

(૫) "ઇઝમેન્ટ" આ શબ્દમા કરાર ઉપરથી ઉત્પન્ન થનારા એવા જે હક ઉપરથી બીજાની જમીનમાથી માટી અથવા જમીનમા ઉગનારા અથવા તેને ચોટેલા અથવા તેની ઉપર રહેનારા કોઇ પદાર્થ લઇ જવાનો અને પોતાના કામમા લગાડવાનો અધિકાર કોઇ માણસને પ્રાપ્ત થાય છે તે હકનો સમાવેશ થાય છે

(૬) "પારકો મુલક" આ શબ્દનો અર્થ બ્રિટિશ હિંદુસ્તાન શિવાય બીજો કોઇ મુલક એવો સમજવો

(૭) "શુદ્ધબુદ્ધિથી" જે કાંઇ કૃત્ય યોગ્ય રીતે સભાળીને અને ધ્યાન રાખીને કર્યું નહિ હોય તે "શુદ્ધબુદ્ધિથી" કર્યું છે એમ સમજવુ નહિ

(૮) 'વાદી" આ શબ્દમા, જે કોઇ માણસની તરફથી અથવા જે કોઇ માણસની મારફતે ફરિયાદ કરવાનો હક વાદીને પ્રાપ્ત થાય છે તે માણસોનો પણ સમાસ થાય છે

[૯] "વાયદાચિઠી" આ શબ્દનો અર્થ જે કોઇ દસ્તાવેજ ઉપરથી તે દસ્તાવેજ કરી આપનાર, પૈસાની નિર્દિષ્ટ કરેલી રકમ તે દસ્તાવેજમા ઠરાવેલે વખતે અથવા માગે ત્યારે અથવા તે દસ્તાવેજ દેખાડે એટલે આપવાનુ પૂર્ણ પણે કબુલ કરે છે તે દસ્તાવેજ એમ સમજવો

(૧૦) " ફરિયાદ " આ શબ્દમા અપીલનો અથવા અરજીનો સમાસ થતો નથી

(૧૧) " ટ્રસ્ટી " (એટલે જુમ્મેદાર) આ શબ્દમા બીનામીદાર, અથવા જે ગીરવી રાખનારનો બોજો ગીરવીનુ નાણુ આપ્યા પછી પણ રહ્યો હોય તે ગીરવી રાખનાર, અથવા જે અપકૃત્ય કરનારનો હક નહિ હોય ને કબજો હોય તે અપકૃત્ય કરનારનો સમાસ થતો નથી

ભાગ ૨ જો.

ફરિયાદો તથા અપીલો અને અરજીઓ કરવાની મુદત

૩ ફરિયાદ કરવાની, અપીલ કરવાની અને અરજી કરવાની જે મુદત ૧ લા પરિશિષ્ટમા કહી છે તે મુદત વીતી ગયા પછી જે ફરિયાદ અપીલ અને અરજી કરવામા આવશે તે દરેક મુદત વીતી ગઇ છે અને જવાબ આપ્યો નહિ હોય તો પણ, ૪ થી ૨૫ સુધીની (બન્ને સુદ્ધા) કલમોના ઠરાવોને પાત્ર કહાડી નાખવી જોઇએ

ખુલાસો—અનિવારણ પ્રસગે યોગ્ય અમલદારને ફરિયાદ અરજી આપી એટલે ફરિયાદ કરી એવુ થાય છે નાદારની બાબતમા, નાદારીમા ફરિયાદ કરવાની પરવાનગી મળવા બાબતની તેણે અરજી કરી એટલે તેણે ફરિયાદ કરી એવુ થાય છે અને જે કપનીનું કામકાજ કોર્ટની મારફત આટોપવામા આવતું હોય તે કપનીના ઉપર દાવો હોય, તે પ્રસગે દાવો કરનારે પોતાનો દાવો ઓફિશિયલ લિક્વિડેટરને પ્રથમ મોકલ્યો તે વખતે તેણે ફરિયાદ કરી એવુ થાય છે

૪ કોઇ ફરિયાદ સારૂ અપીલ સારૂ અથવા અરજી સારૂ કહેલી મુદત જે દિવસે કોર્ટ બધ હોય તે દિવસે પુરી થતી હોય ત્યારે, તે ફરિયાદ અથવા અપીલ અથવા અરજી, જે દિવસે કોર્ટ પાછી ઉઘાડે તે દિવસે કરવાનો અધિકાર છે

૫ કોઇ પણ અપીલ, અથવા ફેસલાની ફરી તપાસ સારૂ અથવા અપીલ કરવાની પરવાનગી મળવા સારૂ કોઇ પણ અરજી, અથવા તે વખતે અમલમા હોય એવા કોઇ પણ કાયદા ઉપરથી અથવા તેની રૂએ આ કલમ જે કોઇ પણ બીજી અરજીને લાગુ કરવામા આવે તે અરજી, તેના સબધમા જે મુદત કહી છે તે મુદતની અદર નહિ કર્યાનુ પુરતું કારણ હતું એવી અપેલેટ અથવા અરજદાર કોર્ટની ખાત્રી કરે ત્યારે તેવી મુદત પછી પણ તે અપીલ અથવા અરજી મજુર કરવાનો અધિકાર છે

ખુલાસો—ઠરાવેલી મુદત નક્કી કરવામા અથવા ગણવામા અપીલ કરનારની અથવા અરજદારની હાઇકોર્ટના કોઇ પણ હુકમને લીધે અગર વહિવટને લીધે અગર ફેસલાને લીધે ગેરસમજુત થઇ હતી એ વાત, આ કલમના અર્થ મુજબ પુરતું કારણ છે એમ માનવાને હરકત નથી

૬ (૧) ફરિયાદ કરવાનો અથવા હુકમનામાની બજાવણી સારૂ અરજી કરવાનો હક્ક હોય તે માણસ જે વખતથી મુદત ગણવાની હોય તે વખતે સગીર અથવા ચળી ગએલો અથવા દિવાનો હોય ત્યારે તેને તે નાલાયકી દુર થયા પછી ૧ લા પરિશિષ્ટના ૩ જા આસનમા તેના સબધમા કહેલા વખતથી જે મુદત બીજે પ્રસંગે આપવામા આવત તેટલી મુદતમા તે ફરિયાદ અથવા અરજી કરવાનો અધિકાર છે

(૨) જે વખતથી મુદત ગણવાની હોય તે વખતે તેને સદરહુ પ્રકારની બે નાલાયકી હોય ત્યારે અથવા તેની નાલાયકી દુર થયાની અગાઉ તેને બીજી કોઈ નાલાયકી આવી હોય ત્યારે, તેને તે બેઉ નાલાયકી દુર થયા પછી સદરહુ પ્રમાણે ઠરાવેલા વખતથી જે મુદત બીજે પ્રસગે આપવામા આવત તેટલી મુદતમા તે ફરિયાદ કરવાનો અથવા તે અરજી કરવાનો અધિકાર છે

(૩) એવા સખસના મરણ સુધી સદરહુ નાલાયકી ચાલુ રહે ત્યારે, તેના કાયદાસર વારસ વકીલને, તેના મરણ પછી સદરહુ પ્રમાણે ઠરાવેલા વખતથી જે મુદત બીજે પ્રસંગે આપવામા આવી હોત તેટલી મુદતમા તે ફરિયાદ કરવાનો અધિકાર છે

[૪] સદરહુ મરણની તારીખે એવા વારસ વકીલને સદરહુ પ્રકારની કાઇ નાલાયકી હોય ત્યારે પેટા કલમ (૧) તથા (૨) ના નિયમો લાગુ પડશે એમ સમજવુ.

દ્રષ્ટાંતો—(અ) હોડીના ભાડા બાબત ફરિયાદ કરવાનો હક અને તે ન્હાની ઉમરમાં હોય ત્યારે પ્રાપ્ત થાય છે સદરહુ પ્રમાણે હક પ્રાપ્ત થયા પછી ચાર વરસે તે ઉમરમા આવે છે ઉમરમા આવ્યાની તારીખથી ત્રણ વરસની અંદર ગમે તે વખતે પોતાની ફરિયાદ કરવાનો તેને અધિકાર છે [બ] ઝ ને તેની ન્હાની ઉમ્મરમા ફરિયાદ કરવાનો હક પ્રાપ્ત થાય છે, તે હક પ્રાપ્ત થયા પછી પણ પોતાની ન્હાની ઉમરમાજ ઝ ગાડો થાય છે જે તારીખે ઝ નુ ગાડાપણુ જાય તથા ન્હાની ઉમર પુરી થાય તે તારીખથી તેના સબંધમા મુદ્દત શરૂ થાય છે (ક) ક્ષ ને તેની ન્હાની ઉમરમા ફરિયાદ કરવાનો હક પ્રાપ્ત થાય છે તે ઉમરમા આવતા અગાઉ મરણ પામે છે તથા તેનો સ્થાનાપન્ન તેની ન્હાની ઉમરનો છોકરો ય થાય છે ય ઉમરમા આવ્યાની તારીખથી તેના સંબધમા મુદ્દત શરૂ થાય છે

૭ સામાયીક રીતે ફરિયાદ કરવાનો અથવા હુકમનામાની બજાવણી કરવા સારૂ અરજી કરવાનો હક હોય એવા કેટલાક માણસોમાના કોઇ એકને સદરહુ પ્રકારની કોઇ નાલાયકી હોય અને સદરહુ પ્રકારના માણસના અનુમત વગર ફારગતી અપાતી હોય ત્યારે તે સવળાના સબંધમા મુદ્દત ચાલુ થાય છે એવુ સમજવુ પણ સદરહુ પ્રકારની ફારગતી અપાતી નહિ હોય ત્યારે, બીજાઓના અનુમત વગર સદરહુ પ્રકારની ફારગતી આપી શકવાને તેઓ પૈકી એક લાયક થાય ત્યાસુધી અથવા સદરહુ નાલાયકી દુર થાય ત્યાસુધી તેઓ પૈકી કોઇના સબધમા પણ મુદ્દત ચાલુ થતી નથી.

દ્રષ્ટાંતો—(અ) અ એક પેઢીનુ કરજ કરે છે તે પેઢીના બ ક તથા ડ ભાગીઆ છે, બ ગાડો છે તથા ક ન્હાની ઉમરનો છે બ તથા ક ના અનુમત વગર ડ તે કરજની ફારગતી આપી શકે છે, બ તથા ક તથા ડ ના સબધમા મુદ્દત ચાલુ થાય છે (બ] અ એક પેઢીનું કરજ કરે છે તે પેઢીના ઈ, ફ તથા ગ ભાગીઆ છે, ઇ તથા ફ ગાડા તથા ગ નાની ઉમરનો છે, છ અથવા ક નું, ગાડાપણુ જાય ત્યા સુધી અથવા ગ ઉમરમા આવે ત્યાસુધી તેઓ પૈકી કોઇના સબધમા મુદ્દત ચાલુ થતી નથી.

૮ ૬ ઠી અથવા ૭ મી કલમના કોઇ ઠરાવ અગ્રક્રિયાધિકારના હક અમલમા લાવવા બાબતની ફરિયાદોને લાગુ નથી અથવા તે કલમના કોઇ પણ ઠરાવ ઉપરથી નાલાયકી દુર થાય ત્યારથી અથવા જે માણસને નાલાયકી હતી તે માણસ મરણ પામે ત્યારથી જે મુદતમા કોઇ પણ ફરિયાદ કરવી જોઇએ અથવા અરજી કરવી જોઇએ તે મુદ્દત ત્રણ વરસ કરતા વધારે વધે છે એવુ સમજવુ નહિ

(અ) અ નાની ઉમરનો હોય ત્યારે મૃત્યુલેખાપિતદાન બાબત ફરિયાદ કરવાનો હક તેને પ્રાપ્ત થાય છે તે હક પ્રાપ્ત થયા પછી અગીયાર વરસે તે ઉમરમા આવે છે, અ ને સામાન્ય કાયદા પ્રમાણે ફરિયાદ કરવા સારૂ માત્ર એકજ વરસ રહ્યુ છે, પણ ૬ ઠી કલમ પ્રમાણે તથા આ કલમ પ્રમાણે તેને બીજા બે વરસ આપવામા આવશે એટલે કે તે ઉમ્મરમા આવ્યાની તારીખથી જે મુદતમા તેને ફરિયાદ કરવાનો અધિકાર છે તે મુદ્દત એકદર ત્રણ વરસની થાય છે (બ) વંશપરપરાનો હોદ્દો મળવા સારૂ ફરિયાદ કરવાનો હક અ ને પ્રાપ્ત થાય છે, તે વખતે તે ગાડો છે તે હક પ્રાપ્ત થયા પછી છ વરસે અ નુ ગાડાપણુ દુર થઇને તે ઠેકાણે આવે છે અ નુ ગાડાપણુ ગયાની તારીખથી જે મુદતમા તે ફરિયાદ કરી શકે છે તે મુદ્દત સાધારણ કાયદા રૂયે તેને છ વરસની છે, તે મુદ્દત ૬ ઠી કલમની સાથે આ કલમ વાચતા તે ઉપરથી વધતી નથી (ક) ખેડુતની પાસથી કબજો મળવા સારૂ જમીનદાર તરીક ફરિયાદ કરવાનો હક અ ને પ્રાપ્ત થાય છે તે વખતે તે દિવાનો છે તે હકક પ્રાપ્ત થયા પછી અ ત્રણ વરસે મરણ પામે છે અને મરણની તારીખ સુધી તેનુ દિવાનાપણુ રહે છે, અ ના મરણની તારીખથી જે મુદતમા અ ના હક સબધનો વારસ વકીલ ફરિયાદ કરી શકે તે મુદ્દત સાધારણ કાયદાની રૂયે નવ વરસની છે તે મુદ્દત વારસ વકીલની પાસે વારસ વકીલપણુ આવ્યુ ત્યારે તે પોતે નાલાયકીમા હોય તે સિવાયને પ્રસગે ૬ ઠી કલમની સાથે આ કલમ વાચતા તે ઉપરથી વધતી નથી

૯ મુદ્દત એકવાર ચાલુ થઇ ત્યાર પછી ફરિયાદ કરવાની નાલાયકી અથવા અસમર્થપણુ આવ્યાથી તે બંધ પડતી નથી, પણ એવુ ઠરાવ્યુ છે કે, લેણદારની ઇસ્ટેટનો મરણોત્તર વહિવટ ચલાવવાની સનદ તેના દેણદારને આપી હોય ત્યારે, એવો વહિવટ ચાલુ હશે ત્યાસુધી, તે કરજ વસુલ કરવા સારૂ ફરિયાદ કરવાની જે મુદ્દત કહી છે તે મુદ્દત ચાલુ રહેવાનુ મોકુફ રહેશે

૧૦ આ આકટમા આગળ ગમે તે ઠરાવ્યુ હોય તોપણ કાઇ વિશેષ કારણ સારૂ કોઇ માણસની પાસે માલમિલકત ટ્રસ્ટમા આવી હોય તે માણસ ઉપર અથવા તેના કાયદાસર વારસ વડીલો ઉપર અથવા આસૈનીઓ ઉપર (જે કિમતદાર મોબદલા બદલ અસૈનીઓ નહિ હોય) તેના અથવા તેઓના હાથમાંથી તે માલમિલકત અથવા તેની ઉપજ, લેવા માટ, અથવા એવી માલમિલકતનો અથવા ઉપજનો હિસાબ લેવા સારૂ ફરિયાદ કરવાને ગમે તેટલી મુદત થઇ ગઈ હોય તો પણ હરકત થતી નથી એમ સમજવુ

૧૧ (૧) પારકા મુલકમા થયલા કરારો ઉપરથી બ્રિટિશ હિંદુસ્તાનમા ફરિયાદો કરવામા આવે તેઓને આ આકટમાના મુદત બાબતના નિયમ લાગુ છે

(૨) પારકા મુલકમા થયલા કરાર ઉપરથી બ્રિટીશ હિંદુસ્તાનમા જે ફરિયાદ કરવામા આવે તે ફરિયાદના જવાબમા તે પારકા મુલકના મુદતના નિયમની હરકત, હેઠળ લખ્યા પ્રમાણે હકીકત ન હોય તો ચાલશે નહી એટલે કે, તે નિયમ ઉપરથી તે કરાર નહિ સરખો થયો નાહ હોય તો, તે નિયમમા કહેલી મુદત દરમ્યાન પક્ષકારો તે મુલકમા સ્થાઇક રહ્યા નહિ હોય તો, તે નિયમની હરકત ચાલશે નહિ

ભાગ ૩ જો.

મુદત ગણવા બાબત

૧૨ (૧) હરકોઇ ફરિયાદ અપીલ અથવા અરજી કરવાની જે મુદત કહી હોય તે ગણતી વખતે જે દહાડાથી તે ગણવાની હોય તે દહાડો બાદ કરવો

(૨) અપીલ કરવાની તથા અપીલ કરવાની પરવાનગી બાબત અરજી કરવાની તથા ફેસલાની ફરી તપાસ સારૂ અરજી કરવાની જે મુદત કહી છે તે મુદત ગણતી વખતે જે ફેસલા બાબત તકરાર હોય તે ફેસલો જે દિવસે કહી સભળાવ્યો હોય તે દીવસ અને જે હુકમનામા ઉપર અથવા શિક્ષાના ઠરાવ ઉપર અથવા હુકમ ઉપર અપીલ હોય અથવા જે હુકમનામાની અથવા શીક્ષાના ઠરાવની અથવા હુકમની ફરી તપાસ થવી જોઇએ એવી માગણી હોય તે હુકમનામાની અથવા શિક્ષાના ઠરાવની અથવા હુકમની નકલ મળવા સારૂ જેટલી મુદતની જરૂર હોય તેટલી મુદત બાદ કરવી

(૩) હુકમનામા ઉપર અપીલ હોય અથવા હુકમનામાની ફરી તપાસ થવી જોઇએ એવી માગણી હોય ત્યારે જે ફેસલા ઉપરથી તે હુકમનામુ કયુ હોય તે ફેસલાની નકલ મળવા સારૂ જેટલી મુદતની જરૂર હોય તેટલી મુદત પણ બાદ કરવી

(૪) નિવાડો [પંચનો) રદ કરવા સારૂ અરજી કરવાની જે મુદત કહી છે તે ગણતી વખતે (પંચના) નિવાડાની નકલ મળવા સારૂ જેટલી મુદતની જરૂર હોય તેટલી મુદત બાદ કરવી

૧૩ હરકોઇ ફરિયાદ કરવાની જે મુદત કહી હોય તે ગણતી વખતે પ્રતિવાદી જેટલી મુદત સુધી બ્રિટીશ હિંદુસ્તાનમાથી તથા બ્રિટીશ હિંદુસ્તાન બહારનો જે મુલક સરકારના અમલ હેઠળ હોય તે મુલકમાથી ગેરહાજર હોય તેટલી મુદત બાદ કરવી

૧૪ (૧) હરકોઇ ફરીયાદ કરવાની જે મુદત કહી હોય તે ગણતી વખતે, વાદી અવલ કોર્ટમા અથવા અપીલ કોર્ટમા તેજ પ્રતિવાદી ઉપર બીજી દીવાની ફરિયાદ યોગ્ય તત્પરતાથી ચલાવતો હોય તે ફરિયાદને જેટલી મુદત લાગુ હોય તેટલી મુદત હેઠળ લખ્યા પ્રમાણે હકીકત હોય તો બાદ કરવી, એટલે ઉપર કહેલી તે બીજી ફરિયાદ ફરિયાદના જે કારણ ઉપરથી પહેલી ફરિયાદ કરી હોય તેજ કારણ ઉપરથી કરી હોય તથા હકુમત ન હોવાને લીધે અથવા તેવા પ્રકારના બીજા કારણોને લીધે જે કોર્ટથી તે ફરિયાદ ધ્યાનમા લઇ શકાતી ન હોય તેવી કોર્ટમા પ્રમાણિકપણે તે ફરિયાદ ચલાવી હોય તો તે મુદત બાદ કરવી

(૨) કોઇ અરજી કરવાની જે મુદત કહી હોય તે મુદત ગણતી વખતે અરજદાર અવલ કોર્ટમા અથવા અપીલ કોર્ટમા તેજ ન્યાય મળવા સારૂ તેજ પક્ષકાર ઉપર જેટલી મુદત સુધી બીજુ દીવાની કામ યોગ્ય તત્પરતાથી ચલાવતો હોય તેટલી મુદત તે બીજુ કામ હકુમતમા ખામી હોવાને લીધે અથવા તેવા પ્રકારના બીજા કારણને લીધે જે કોર્ટથી ચલાવી શકાય નહી એવી કોર્ટમા પ્રમાણિકપણે ચલાવતો હોય ત્યારે બાદ કરવી

ખુલાસો ૧—જેટલી મુદત સુધી આગળની ફરિયાદ અથવા અરજી ચાલુ હતી તે મુદત બાદ અરજીનુ કામ પુરૂ થયુ તે દિવસ એ બેઉ દિવસ ગણવા

ખુલાસો ૨—આ કલમના કારણ સારૂ અપીલ સામે હરકત લેનારો વાદી અથવા અરજદાર કામ ચલાવતો હતો એમ ગણવુ જોઇએ

ખુલાસો ૩—આ કલમના કારણ સારૂ ખોટી રીતે પક્ષકારો અથવા ફરિયાદના કારણો સામેલ કર્યાં હોય એ હકુમતસા ખામી હોવા પ્રકારનાજ કારણ છે એમ ગણવુ જોઇએ

૧૫ (૧) કોઇ ફરિયાદ કરવાની અથવા હુકમનામુ બજાવવાની દરખાસ્ત કરવાની મુદત કહી હોય તે ગણતી, વખતે તે ફરિયાદ કરવાનુ અથવા હુકમનામુ બજાવવાનુ કામ જે તાકીદ ઉપરથી અથવા હુકમ ઉપરથી બંધ રહ્યુ હોય તે તાકીદ અથવા હુકમ જેટલી મુદત સુધી ચાલુ રહેશે તેટલી મુદત તથા જે દિવસે તે તાકીદ અથવા હુકમ કર્યો હોય તે દીવસ તથા જે દીવસે તે તાકીદ અથવા તે હુકમ રદ કર્યો હોય તે દીવસ બાદ કરવો

[૨] તે તે વખતે અમલમા હોય એવા કોઇપણ કાયદાના ઠરાવ ઉપરથી જેવી નોટીસ આપવામા આવી હોય એવી કોઈ પણ ફરિયાદ કરવાની જે મુદત ઠરાવી હોય તે ગણતી વખતે તે નોટીસની મુદત બાદ કરવી

૧૬ હુકમનામુ બજાવવા સારૂ કરેલા વેચાણમા જે ખરીદદાર હોય તેને કબજો મેળવવાની ફરીયાદ કરવી પડે તે ફરીઆદ બાબત જે મુદત કહી હોય તે મુદત ગણતી વખતે તે વેચાણ રદ કરવા બાબતનુ કામ જેટલી મુદત સુધી ચલાવવામા આવ્યું હોય તેટલી મુદત બાદ કરવી

૧૭ (૧) જે અમુક માણસ જીવતો હોત તેને ફરીયાદ કરવાનો અથવા અરજી કરવાનો હક હોત તે માણસ તેવો હકક પ્રાપ્ત થયા પહેલા મરણ પામે ત્યારે ફરીયાદ અથવા તે અરજી કરવાની મુદત, તે મરનારનો કોઈ કાયદેસર વારસ વકીલ તે ફરીયાદ અથવા તે અરજી કરવાને લાયક થાય ત્યારથી ગણવી

(૨) અમુક માણસ જીવતો હોત તો તેની ઉપર ફરીયાદ કરવાનો અથવા અરજી કરવાનો જેને હક્ક પ્રાપ્ત થયો હોત તે માણસ તેવો હક પ્રાપ્ત થયા પહેલા મરણ પામે તો તે ફરીયાદ અથવા અરજી કરવાની મુદત વાદી જેની ઉપર એવી ફરિયાદ અથવા અરજી કરી શકે એવો કાંઇ તે મૈયતનો કાયદાસર વારસ વકીલ જે વખતે થાય તે વખતથી ગણવી

(૩) અગ્રાક્રયાધિકાર અમલમા આણવા બાબતના અથવા સ્થાવર મિલકતનો અથવા વંશપરંપગના હોદ્દાનો કબજો મળવા બાબતના ફરિયાદોને પેટા કલમ (૧) તથા (૨) નો કોઇ ઠરાવ લાગુ નથી.

૧૮ કોઇ માણસને ફરિયાદ કરવાનો અથવા અરજી કરવાનો હક્ક હોય ને તેને તે હકક હોવાનુ કપટથી માલમ પડવા દીધુ નહિ હોય અથવા જે અધિકાર ઉપરથી તે હકક હોય તે અધિકાર તેને કપટથી માલમ પડવા દીધો નહિ હોય ત્યારે અથવા સદરહુ પ્રકારનો હકક સાબીત કરવાને જે દસ્તાવેજની જરૂર હોય તે દસ્તાવેજ તેનાથી કપટથી સતાડ્યો હોય ત્યારે હેઠળ લખેલા માણસો ઉપર એટલે (અ) જે માણસે કપટ કર્યું હોય, અથવા કપટ કરવામા જેણે મદદ કરી હોય તે માણસ અથવા માણસ ઉપર અથવા (બ) તે માણસના સબંધથી જે કોઇ માણસ અપ્રમાણિકપણે તથા કીમતી બદલો આપ્યા શિવાય બીજી રીતે દાવો કરતો હોય તે માણસ ઉપર ફરિયાદ કરવાની અથવા અરજી કરવાની મુદત ગણવી તે એવા કપટથી જે માણસને નુકશાન થયુ હોય તે માણસને કપટ પહેલવહેલુ જ્યારે સમજાયુ હોય, તે વખતથી અથવા સંતાડેલા દસ્તાવેજની બાબતમા તે દસ્તાવેજ હાજર કરવાનુ અથવા હાજર કરાવવાનુ સાધન તેને પ્રથમ જ્યારે પ્રાપ્ત થયુ હોય તે વખતથી ગણવી

૧૯ (૧) કોઇ માલમિલકત બાબત અથવા હક્ક બાબત કોઇ પણ ફરીયાદ અથવા કોઇ પણ અરજી કરવાની જે મુદત કહી હોય તે મુદત પુરી થવાની અગાઉ તે માલમિલકત બાબતની અથવા હક્ક બાબતની જવાબદારીનુ અંગીકરણ લખવામા આવેલુ હોય ને તે માલમિલકત બાબત અથવા હક્ક બાબત જે આસામી ઉપર દાવો હોય તે માણસે અથવા જે માણસના સંબંધથી તેને અધીકાર અથવા જવાબદારી પ્રાપ્ત થઇ

હોય તે માણસે તે લેખ ઉપર સહી કરી હોય ત્યારે અંગીકરણના લેખ ઉપર જે વખતે સદરહુ પ્રમાણે સહી થઇ તે વખતથી નવી મુદ્દત ગણવી

(૨) અંગીકરણના લેખ ઉપર તારીખ ભરી ન હોય ત્યારે, કઇ વખતે તે લેખ ઉપર સહી થઈ એ બાબત મ્હોડાનો પુરાવો આપવાનો અધિકાર છે, પણ સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના આક્ટના ઠરાવોને પાત્ર તે લેખમાના મજકુર બાબત મ્હોડાનો પુરાવો લેવો નહિ

ખુલાસો ૧—અંગીકરણના લેખમા, માલમીલકતનો અથવા હક્કનો બરોબર પ્રકાર લખેલો નહિ હોય, અથવા અવેજ આપવાનો સ્વાધીન કરવાનો, પુરો કરવાનો અથવા ઉપભોગ કરવાનો વખત હજુ આવ્યો નથી એવુ તેમા લખ્યુ હોય અથવા અવેજ આપવાની, સ્વાધીન કરવાની, પુરો કરવાની અથવા ઉપભોગ કરવા દેવાની ના તેમા હોય, અથવા માંડી રકમ મજરે લેવાનો દાવો તેમા સામેલ કર્યો હોય તે છતા અથવા માલમિલકત ઉપર અથવા હક્ક ઉપર જે માણસનો અધીકાર હોય તે માણસ સિવાય બીજા માણસના નામનો તે લેખ હોય તો પણ તે અંગીકરણનો લેખ આ કલમના કારણ સારૂ પુરતો છે એમ સમજવાને હરકત નથી

ખુલાસો ૨—આ કલમના કારણ સારૂ "સહી કરી" આ શબ્દોનો અર્થ, જાતે અથવા આ બાબતમા યોગ્ય રીતે અધીકાર આપેલા મુખત્યાર મારફત સહી કરી એવો સમજવો

ખુલાસો ૩—આ કલમના કારણ સારૂ, હુકમનામાની અથવા હુકમની બજાવણી થવા સારૂ કરેલી અરજી હક્ક બાબતની અરજી છે એમ સમજવુ

૨૦ (૧) કરજનુ અથવા મૃત્યુલેખાર્પિત દાનનુ વ્યાજ ઠરાવેલી મુદ્દત પુરી થયા પહેલા, તે કરજ આપેલા મૃત્યુલેખાર્પિત દાન આપવાને જે માણસ પાત્ર હોય તેણે અથવા આ બાબત યોગ્ય રીતે અધીકાર આપેલા મુખત્યારે વ્યાજ એવુ સમજીને આપ્યુ હોય ત્યારે અથવા કરજના મુદ્દલનો ભાગ, ઠરાવેલી મુદ્દત પુરી થયા પહેલા દેણદારે અથવા આ બાબત યોગ્ય રીતે અધીકાર આપેલા તેના મુખત્યારે આપ્યો હોય ત્યારે નવી મુદ્દત અવેજ આપ્યો તે વખતથી ગણવી, પણ એવુ ઠરાવ્યુ છે કે, કરજના મુદ્દલનો ભાગ આપ્યો હોય તે પ્રસગે, અવેજ આપ્યાની વાત અવેજ આપનારા માણસના ખુદના હાથના લેખ ઉપરથી દેખાઇ આવવી જોઇએ

(૨) ગીરવી મુકેલી જમીન ગીરવી રાખનારના કબજામા હોય ત્યારે તે જમીનનું ભાડુ અથવા ઉપજ પહોચી હોય તે પેટા કલમ (૧) ના કારણ સારૂ અવેજ આપ્યા પ્રમાણે સમજવી

ખુલાસો—કરજ આ શબ્દમા કોર્ટના હુકમનામાની રૂયે અથવા હુકમની રૂયે અદા કરવાના પૈસાનો સમાસ થાય છે

૨૧ (૧) ૧૯ મી તથા ૨૦ મી કલમોમા "યોગ્ય રીતે અધિકાર આપેલો મુખત્યાર" આ સજ્ઞામા નાલાયકીવાળા સખસની બાબતમા તેના કાયદેસર પાલન કરનારનો કમીટીનો અથવા મેનેજરનો અથવા એવા પાલન કરનારે કમીટીએ અથવા મેનેજરે અંગીકરણના લેખ ઉપર સહી કરવા માટે અથવા પૈસા આપવા માટે યોગ્ય રીતે અધીકાર આપેલા મુખત્યારનો સમાસ થાય છે

(૨) કેટલા એક સામાયીક કરાર કરનારાઓ પૈકી અથવા ભાગીઆઓ પૈકી અથવા મૃત્યુપત્ર ચલાવનારાઓ પૈકી અથવા ગીરવી રાખનારાઓ પૈકી એક આસામી હેઠળ લખેલા સબબથી એટલે તેઓ પૈકી બીજા કોઇ એકે અથવા અધીકે અથવા તેઓ પછીથી બીજા કોઇ એકના અથવા અધીકના મુખત્યારે અંગીકરણના લેખ ઉપર સહી કરી અથવા અવેજ આપ્યો હોય એટલાજ કારણ ઉપરથી સદરહુ કલમના કોઇ ઠરાવ ઉપરથી પાત્ર થાય છે એમ સમજવુ નહિ

૨૨ (૧) ફરિયાદ માંડયા પછી વાદી અથવા પ્રતીવાદી બદલીને નવો દાખલ કર્યો હોય અથવા કોઇ નવા વાદી અથવા પ્રતીવાદીને સામેલ કર્યો હોય ત્યારે તેની બાબતમા તે ફરીયાદ તેને જે વખતે સદરહુ પ્રમાણે પક્ષકાર કર્યો હોય તે વખતથી થઇ એવુ સમજવુ

(૨) ફરિયાદ ચાલુ હોય તે વખતે કોઇ હિતમબધ અસાઇન કર્યાને લીધે અથવા પ્રાપ્ત થયાને લીધે જ્યારે પક્ષકારને સામેલ કર્યો હોય અથવા બદલીને નવો દાખલ કર્યો હોય ત્યારે અથવા વાદીને પ્રતીવાદી કર્યો

હોય અથવા પ્રતીવાદીને વાદી કર્યો હોય ત્યારે તે પ્રસગોને પેટા કલમ (૧) નો મજકુર લાગુ પડશે નહિ.

૨૩ કરાર તોડવાનુ કૃત્ય સતત ચાલુ હોય તે પ્રસગે અને કરાર ઉપર અવલબીત ન હોય એવુ નુકશાન કરવાનુ કૃત્ય સતત ચાલુ હોય તે પ્રસગે, જે મુદત દરમિયાન કરાર તોડવાનુ કૃત્ય અથવા નુકશાન કરવાનુ કૃત્ય (પ્રસગ પ્રમાણે જેમ હોય તેમ) ચાલુ હોય તે મુદતની દરેક ક્ષણે નવી મુદત શરૂ થાય છે

૨૪ જે કૃત્યથી, કાઇ વિશેષ નુકશાન વસ્તુત. થયા વગર ફરિયાદનુ કારણ ઉત્પન્ન થતુ નથી એવા કૃત્ય બાબત નુકશાનનો બદલો મળવા વિશેની ફરિયાદ હોય તે પ્રસગે જે વખતે સદરહુ નુકશાન થયુ હોય તે વખતથી મુદત ગણવી

દ્રષ્ટાંત—અ. એક ખેતરની ઉપલી સપાટીનો ધણી છે બ એ ખેતરની જમીનના નીચલા પડનો ધણી છે બ ખેતરની સપાટીને કઇ પણ પ્રત્યક્ષ દેખીતુ નુકશાન કર્યા વગર તે જમીનમાથી કોયલા ખોદી કાઢે છે, પણ છેલ્લે સરવાળે સપાટી નીચે બેસી જાય છે, અ એ બ ઉપર કરવાની ફરિયાદને પ્રસગે સપાટી નીચે બેસી ગયાની તારીખથી મુદત શરૂ થાય છે

૨૫ આ આકટના કારણ સારૂ સઘળા દસ્તાવેજો ગ્રિગોરિયન કયાલેન્ડરને ઉદ્દેશીને કર્યા છે એમ સમજવુ

દ્રષ્ટાંતો—(અ) એક હિદુ ફકત દેશી મિતી નાખીને ચાર મહિને અવેજ આપીશ એવી વાયદા-ચિઠી લખી આપે છે તે ચીઠી ઉપરથી ફરિયાદ કરવાની મુદત તે મિતીથી ગ્રિગોરીયન કયાલેન્ડરના કાલ-માન પ્રમાણે ગણેલા ચાર મહીના પુરા થાય તે વખતથી શરૂ થાય છે (બ) એક હિદુ ફકત દેશી મિતી નાખીને એક વરસમા નાણુ પાછુ આપીશ એવુ ખત લખી આપે છે તે ખત ઉપરથી ફરિયાદ કરવાની મુદત તે મિતીથી ગ્રિગોરિયન કયાલેન્ડરના કાલમાન પ્રમાણે ગણેલું એક વરસ જે વખતે પુરૂ થાય તે વખતથી શરૂ થાય છે

ભાગ ૪ થો.

કબજા ઉપરથી ધણીપણું પ્રાપ્ત થવું

૨૬ (૧) કોઇ ઇમારતમા તથા ઇમારતને સારૂ અજવાળુ અથવા હવા આવવી તથા તેનો ઉપયોગ થવો આ વાતનો ઉપભોગ ઇઝમેન્ટ તરીકે તથા હકક તરીકે ખાડો પડયા વગર વીસ વરસ સુધી વગર હરકતે ઇમારત સાથે કર્યો હોય ત્યારે અને હરકોઇ માર્ગનો અથવા પાણીના ઘાટનો (પાણી જવાના માર્ગનો) અથવા કોઇ પાણી વાપરવાનો અથવા બીજા કાઇ ઇઝમેન્ટનો (તે વિધિપક્ષે હોય કે નિષેધપક્ષે હોય) ઉપભોગ, તે બાબત દાવો કરનારા કોઇ માણસે ઇઝમેન્ટ તરીકે તથા હકક તરીકે ખાડો પડયા વગર વીસ વરસ સુધી વગર હરકતે તથા ઉઘાડી રીતે કર્યો હોય ત્યારે, સદરહુ પ્રમાણે અજવાળુ અથવા હવા આવવી તથા તેનો ઉપયોગ થવો એ બાબતનો હકક અથવા સદરહુ પ્રકારના માર્ગનો અથવા પાણીના પાટનો અથવા પાણી વાપરવાનો અથવા બીજા ઇઝમેન્ટનો હકક અનિર્બધ તથા અપરિહાર્ય થશે એમ સમજવુ

ઉપર વીસ વીસ વરસની મુદતો કહી છે તેમાની દરેક મુદત, જે દાવાને તે મુદત લાગુ હશે તે દાવા બાબતની જે ફરિયાદમા તકરાર હશે તે ફરિયાદ કર્યાની અગાઉના બે વરસની અદર પુરી થનારી મુદત છે એમ સમજવુ

(૨) પેટા કલમ (૧) ની રૂયે જે મિલકત ઉપર હક પ્રાપ્ત કર્યો હોય તે મિલકત સરકારની હોય ત્યારે, તે પેટા-કલમમા " વીસ વરસ " આ શબ્દોને બદલે " સાઠ વરસ " આ શબ્દો દાખલ કર્યા હોય તે પ્રમાણે તે પેટા કલમ વાચવી

ખુલાસો - દાવો કરનાર શિવાય બીજા કોઇ માણસના કૃત્યથી હરકત થઇ હોય તે કારણથી કબજો અથવા ઉપભોગ ખરેખાત બંધ પાડયા વગર અને તે હરકત બાબતની તથા તે હરકત કરનારા અથવા કરવી અધિકાર આપનારા માણસ બાબતની ખબર દાવો કરનારને પડયા પછી એક વરસ

સુધી તે હરકત ખમ્યા વગર અથવા કબુલ કર્યા વગર કોઈ પણ કૃત્ય આ કલમના અર્થ પ્રમાણે ખાડો છે એમ સમજવુ નહિ

દૃષ્ટાંતો—(અ) માર્ગના હક્કને હરકત કર્યા બાબત સન ૧૯૧૧ ના વરસમા ફરિયાદ થઇ છે પ્રતિવાદી હરકત કબુલ કરે છે, પણ માર્ગનો હક્ક કબુલ કરતો નથી, વાદી એવુ સાબિત કરે છે કે, તેણે ઇઝમેંટ તરીકે તથા હક્ક તરીકે તે હક્ક બાબતના અધિકારનો દાવો કરીને તે હક્કનો ઉપભોગ, સન ૧૮૯૦ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખથી સન ૧૯૧૦ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખ સુધી ખાડો પડયા વગર બિન હરકતે તથા ઉઘાડી રીતે કર્યો છે વાદીને હુકમનામુ મળવાનો હક છે (બ) તેવીજ એક ફરિયાદમા વાદી સાબીત કરે છે કે તે હક્કનો મે વીસ વરસ સુધી વગર હરકતે તથા ઉઘાડી રીતે ઉપભોગ કર્યો છે અને પ્રતિવાદી એવુ સાબિત કરે છે કે તે હક્કનો ઉપભોગ કરવા સારૂ વાદીએ વીસ વરસની અંદર એક પ્રસંગે મ્હારી પરવાનગી માગી હતી, તે ફરિયાદ કહાડી નાખવી જોઇએ

૨૭ કોઇ ઇઝમેંટ જે કોઇપણ જમીન ઉપર અથવા પાણી ઉપર અથવા જે કોઈ પણ જમીનમાથી અથવા પાણીમાથી ભોગવાતુ હોય અથવા મળતું હોય તે જમીન અથવા પાણી હયાતી સુધીના હક સબધ ઉપરથી અથવા હક્ક સંબંધ આપ્યા પછીની તારીખથી ત્રણ વરસ કરતા વધુ મુદ્દતના હક સબધ ઉપરથી ધારણ કરેલું હોય ત્યારે, સદરહુ પ્રકારનો હક્ક સબધ અથવા મુદ્દત ચાલુ હોય ત્યારે જેટલા વખત સુધી સદરહુ પ્રકારના ઇઝમેંટનો ઉપભોગ થયો હોય તેટનો વખત વીસ વરસની મુદ્દતમાથી હેઠળ લખેલે પ્રસગે બાદ કરવો, એટલે કે, સદરહુ પ્રકારનો હક્કસબધ અથવા મુદ્દત પુરી થયા પછી તે જમીન ઉપર અથવા પાણી ઉપર જે માણસનો અધિકાર હોય તે માણસે તે હક્ક સંબધ અથવા મુદ્દત પુરી થયા પછી ત્રણ વરસમા તે દાવા બાબત તકરાર કરી હોય તો બાદ કરવો

દૃષ્ટાંત—બ ની જમીનમાથી જવાનો મને હક્ક છે એવુ સ્થાપિત થવા બાબત અ ફરિયાદ કરે છે, મે પચીસ વરસ સુધી તે હક ભોગવ્યો છે એવુ અ સાબિત કરે છે, પણ તે પચીસ વરસ માહેના દસ વરસ સુધી ક નામની એક હિંદુ વિધવાનો તે જમીન ઉપર હયાતી લગી હક સબધ હતો અને ક મરણ પામ્યા પછી બ નો તે જમીન ઉપર હક પ્રાપ્ત થયો અને ક મરણ પામ્યા પછી બે વરસની અંદર અ ના તે હક્ક સબધના દાવા બાબત મે તકરાર કરી એવુ બ સાબિત કરે છે ત્યારે આ ફરિયાદ કાહાડી નાખવી જોઇએ, કારણ આ કલમના ઠરાવ પ્રમાણે અ એ પદર વરસ સુધીજ ઉપભોગ કર્યાની વાત સાબિત કરી છે

૨૮ કોઇ માલમિલકતનો કબજો લેવા સારૂ કોઇ માણસને ફરિયાદ કરવી હોય તેની મુદ્દત આ આક્ટ ઉપરથી ઠરાવી છે તે મુદ્દત પુરી થયા પછી તે માલમિલકત ઉપરનો તેનો હક નહિ સરખો થઇ જાય છે એવુ સમજવુ

ભાગ ૫ મો.

કાયમ રાખવા બાબત તથા રદ કરવા બાબત

૨૯ (૧) આ આક્ટના કોઇપણ ઠરાવ ઉપરથી સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના કરાર બાબતના આક્ટ ની કલમ ૨૫ ને બાધ આવે છે એમ સમજવુ નહિ

(૨) જ્યારે કોઇપણ ફરિયાદ, અપીલ અથવા અરજી માટે પહેલા પરિશિષ્ટથી ઠરાવેલી મુદ્દત સિવાય બીજી મુદ્દત કોઇપણ ખાસ અથવા સ્થાનિક કાયદાથી ઠરાવવામા આવે, ત્યારે તે પરિશિષ્ટમા તેને માટે તેવી મુદ્દત ઠરાવી હોય તે પ્રમાણે કલમ ૩ ના ઠરાવો લાગુ પડશે અને કોઇપણ ફરીયાદ અપીલ અથવા અરજી માટે કોઇપણ ખાસ અથવા સ્થાનિક કાયદાથી ઠરાવેલી કોઈપણ મુદ્દત નક્કી કરવાના કારણ સારૂ—

(અ) કલમ ૪, કલમો ૯ થી ૧૮ તથા કલમ ૨૨ માના ઠરાવો એવા ખાસ સ્થાનિક કાયદાથી તેઓ સ્પષ્ટ રીતે માતલ કરવામા આવ્યા ન હોય તેટલા અને તેટલે સુધીજ ફકત લાગુ પડશે: અને

(બ) આ આક્ટના બાકીના ઠરાવો લાગુ પડશે નહિ

(૩) આ આક્ટનો કોઇપણ ઠરાવ હિંદુસ્તાનના તલાક બાબતના આક્ટ પ્રમાણે કરેલી ફરિયાદને લાગુ છે એમ સમજવું નહિ.

[૪] ૨૬ મી તથા ૨૭ મી કલમો અને ૨ જી કલમમાની ' ઇઝમેંટ ' ની વ્યાખ્યા સન ૧૮૮૨ નો હિંદુસ્તાનનો ઇઝમેંટનો આક્ટ વિદ્યમાનકાળે જે મુલકોને લાગુ હોય તેમા ઉત્પન્ન થનારા મુકદ્દમાઓને લાગુ છે એમ સમજવું નહી

૩૦ આ આક્ટમા ગમે તે કહ્યું હોય તોપણ કાંઇ પણ ફરિયાદ કરવાની આ આક્ટમા કહેલી મુદ્દત સન ૧૮૭૭ ના હિંદુસ્તાનના મુદ્દત બાબતના આક્ટમા કહેલી મુદ્દત કરતા ઓછી હોય તે ફરિયાદ, આ આક્ટ પસાર થયા પછીના બે વરસની અંદર અથવા સન ૧૮૭૭ ના હિંદુસ્તાનના મુદ્દત બાબતના આક્ટમા એવી ફરિયાદ કરવા સારૂ કહેલી મુદ્દતની અંદર, એટલે એમાની જે મુદ્દત પહેલી પુરી થતી હોય તે મુદ્દતની અંદર કરવાનો અધિકાર છે.

૩૧ (૧) આ આક્ટમા અથવા સન ૧૮૭૭ ના હિંદુસ્તાનના મુદ્દત બાબતના આક્ટમા ગમે તે કહ્યું હોય તોપણ, બીજા પરિશિષ્ટમા કહેલા મુલકોમા ગીરવી રાખનારે ગીરો છોડાવવાનો હક રદ કરવા સારૂ કરવાની ફરિયાદ અથવા વેચાણ કરવા સારૂ કરવાની ફરિયાદ આ આક્ટ પસાર થયા પછીના બે વરસની અંદર અથવા જે નાણા બાબત તારણ આપ્યું હોય તે નાણા લહેણા થાય તે તારીખથી સાઠ વર્ષની અંદર, એટલે એમાની જે મુદ્દત પહેલી પુરી થતી હોય તે મુદ્દતની અંદર કરવાનો અધિકાર છે, અને સદરહુ મુલકોમા સાઠ વર્ષની મુદ્દતની અંદર કરેલી તથા આ આક્ટની પાસ થયાની તારીખે અવલ કોર્ટમા અથવા અપીલ કોર્ટમા ચાલુ હોય એવી કોઇપણ ફરિયાદ બાર વરસની મુદ્દતના સબબથી કહાડી નાખવી નહિ

(૨) અગાઉ કહેલા મુલકોમા ગીરો છોડવવાનો હક રદ કરવા બાબતનો અથવા વેચાણ કરવા બાબતનો ગીરો રાખનારનો દાવો સન ૧૯૦૭ ના જુલાઇ મહિનાની ૨૨ મી તારીખ પછી તથા આ આક્ટ પસાર થયા પહેલા, ૧૨ વરસની મુદ્દત ઉપરથી સઘળો અથવા થોડો અવલકોર્ટમા અથવા અપીલ કોર્ટમા કહાડી નાખ્યો હોય અથવા તે કોર્ટમાથી ખેચી લીધો હોય તે દાવો જે કોર્ટે, તે કહાડી નાખ્યો હશે અથવા જે કોર્ટમાથી તે ખેચી લીધો હશે તે કોર્ટને લેખી અરજ કરેથી તે મુકદ્દમો પાછો ફાઇલ ઉપર લેવાનો અધિકાર છે, માત્ર એટલુંજ કે એવી અરજ આ આક્ટ પસાર થયાની તારીખથી છ મહિનાના અંદર કરવી જોઇએ, અને તે મુકદ્દમો એવી રીતે પાછો ફાઇલ ઉપર લીધા પછી પેટા કલમ (૧) ના ઠરાવો તેને લાગુ પડશે

૩૨. ત્રીજા પરીશીષ્ટમા કહેલા કાયદા તે પરીશીષ્ટના ૪ થા આસનમા નિર્દિષ્ટ કર્યું છે તેટલે સુધી રદ કર્યા છે

પહેલું પરિશિષ્ટ.

પહેલો ભાગ ફરિયાદો

આ આક્ટ મુજબ ફરિયાદો કેટલી મુદ્દતની અંદર કરવી તે મુદ્દતો તથા જે વખતથી મુદ્દત ચાલુ થાય છે તે વખત નીચે પ્રમાણે ઠરાવ્યો છે

વિભાગ ૧ લો.

નિચેની ફરિયાદો કરવાની મુદ્દત ત્રીસ દિવસની ઠરાવી છે.

૧ પડતર જમીન ઉપરના દાવાના સન ૧૮૬૩ ના આક્ટ પ્રમાણે રેવન્યુ બોર્ડે કરેલા નિવેડા બાબત તકરાર કરવા સારૂ—નિવેડાની નોટીસ વાદીને આપવામા આવે ત્યારથી મુદ્દત ગણવી

વિભાગ ૨ જો.

નીચેની ફરિયાદો કરવાની મુદ્દત નેવું દિવસની ઠરાવી છે

૨. બ્રિટિશ ઇંડિઆમા કોઇ આક્ટ ચાલુ હોય તે વખતે તે આક્ટ પ્રમાણે ફલાણું કૃત્ય છે એમ

કહેતા હોય, તે કૃત્ય કર્યા બદલ અથવા ન કર્યા બદલ નુકશાનનો બદલો મળવા સારૂ,–કૃત્ય અથવા કસુર કરવામા આવે ત્યારથી મુદત ગણવી

વિભાગ ૩ જો.

નીચેની ફરિયાદો કરવાની મુદત છ મહિનાની ઠરાવી છે

૩ સન ૧૮૭૭ ના વિશેષ ન્યાયના આકટની ૮ મી કલમ પ્રમાણે સ્થાવર મિલકતનો કબજો પાછો લેવા બાબત–કબજા લઇ લેવામા આવે ત્યારથી મુદત ગણવી

૪ કામ કરનારા અને તેઓને કામે રાખનારની તકરારો પડે તે બાબતના સન ૧૮૬૦ ના આકટની ૧ લી કલમ પ્રમાણે–જે પગાર બાબત કે ભાડા બાબત દાવો હોય તે પગાર અથવા ભાડુ અથવા કિંમત આપવાની થાય ત્યારથી મુદત ગણવી

૫ દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂયે સંક્ષિપ્ત રીતે કામ ચલાવવુ હોય ત્યારે, કરજ આપવાનુ થાય ત્યારથી અથવા મિલકત પાછી લેવાની હોય ત્યારથી મુદત ગણવી

વિભાગ ૪ થો.

નીચેની ફરિયાદો કરવાની મુદત એક વરસની ઠરાવી છે

૬ દંડ બાબત, અથવા ગુન્હેગારી બાબત કોઇ સ્ટાટુટ પ્રમાણે અથવા આકટ પ્રમાણે, પેટાની કાનુન પ્રમાણે–દંડનો અથવા ગુન્હેગારીનો પેચ આવે ત્યારથી મુદત ગણવી

૭ વગના ચાકરના અથવા કારીગરના અથવા મજુરના પગાર બાબત જે વિષે આ પરિશીષ્ટના ૪ થા આર્ટિકલમા ઠરાવ કરેલા નહિ હોય તે વિષે—પગાર જ્યારથી દેવો થાય ત્યારથી મુદત ગણવી

૮ હોટેલના, ટાવરના, અથવા લોજીંગ હાઉસના કીપરે ખાવાપીવાની જણસ આપવામા આવે ત્યારથી મુદત ગણવી

૯ રહેવાના ભાડા બાબત—ભાડુ આપવાનું થાય ત્યારથી મુદત ગણવી,

૧૦ અગ્રક્રિયાધિકાર (એટલે મંજાના કરતા પહેલા ખરિદ કરવાનો અધિકાર) અમલમા લાવવા.–

ખરીદદાર વેચેલી મિલકતનો કબજો લે ત્યારથી અથવા વેચાણનો દસ્તાવેજ નોધવામા આવે ત્યારથી મુદત ગણવી

૧૧ જે માણસ વિરૂદ્ધ નીચેનો કોઇ પણ હુકમ થયો હોય તેણે હુકમ માહેની માલમિલકત ઉપર પોતાનો હક સાબીત કરવા સારૂ હુકમની તારીખથી મુદત ગણવી

(૧) હુકમનામાની બજાવણીથી જપ્ત કરેલી મીલકતના સંબધમા જે હરકત લીધી હોય તેની બાબત સી, પ્રો કોડ મુજબ કાઢેલો હુકમ, અને (૨) પ્રેસીડેન્સી સ્માલકોઝ કોર્ટસ આકટની ૨૮ મી કલમની રૂયે કાઢેલો હુકમ

૧૧ અ સ્થાવર મીલકતનો કબજો મેળવવાનુ હુકમનામુ ધારણ કરનારે, અથવા ખરીદદારે તે મીલકતનો કબજો સોપવામા કરેલા પ્રતિબધ બાબતની અરજી ઉપર કરેલા હુકમ વિરૂદ્ધ, ને હુકમમા જણાવેલી મિલકત ઉપર પોતાનો હાલના કબજાનો હક સાબીત કરવા સારૂ કોઈ સખસે કરેલી–હુકમની તારીખથી મુદત ગણવી

૧૨ હેઠળ લખેલા પૈકી કોઈ વેચાણ રદ કરવા બાબતની––

अ દીવાની કોર્ટનુ હુકમનામુ બજાવવા સારૂ કરેલુ વેચાણ

ब કલેકટરના કે બીજા રેવન્યુ ઓફીસરના હુકમનામા પ્રમાણે અથવા હુકમ પ્રમાણે કરેલુ વેચાણ.

क સરકારની મહેસુલની ચઢેલી બાકી બાબત અથવા સદરહુ પ્રકારની ચઢેલી બાકી પ્રમાણે વસુલ કરવા જોગ કોઈ માગણી બાબત કરેલુ વેચાણ,

ड ભાડાની ચાલુ બાકી બાબત પટણી તાલુકાનુ કરેલુ વેચાણ—વેચાણ કાયમ ગણવામા આવે ત્યારથી મુદત ગણવી

૧૩ ફરિયાદ સિવાય બીજા કોઇ ચલાવેલા કામમાંનો દિવાની કોર્ટનો ફેસલો અથવા હુકમ ફેરવવા કે રદ્દ કરવા બાબત—આખરના ફેસલાની કે હુકમની તારીખથી મુદત ગણવી

૧૪ સરકારી અમલદારે પોતાના હુદ્દાના સબબથી કાઇ કૃત્ય અથવ હુકમ કર્યો હોય તે કૃત્ય અથવા હુકમ રદ કરવા બાબત—તે કૃત્યની અથવા હુકમની તારીખથી મુદત ગણવી

૧૫ સરકારી મહેસુલની ચઢેલી બાકી બાબત રેવન્યુ ઓફીસરે કાઇ સ્થાવર મિલકતની જપ્તી, કરી હશે કે તે બીજાને કરી આપી હશે તે રદ્દ કરવા સરકાર ઉપર કરવાની—જપ્તી કે પટો કરવામા આવે ત્યારથી મુદત ગણવી,

૧૬. મહેસુલની ચઢેલી બાકી બાબત કે તે પ્રમાણે વસુલ થઇ શકે તેવા બીજા લેણા બાબત રેવન્યુ અધિકારીએ કરેલા દાવાનો નિકાલ કરવા સારૂ તકરાર કરીને પૈસા આપ્યા હોય તો પાછા લેવા સરકાર ઉપર કરવાની,—નાણું ભરવામા આવે ત્યારથી મુદત ગણવી

૧૭ સાર્વજનિક કામ સારૂ જમીન લીધી હોય તેનો બદલો મળવા સારૂ સરકાર ઉપર કરવાની.—બદલાની રકમ ઠરાવ્યાની તારીખથી મુદત ગણવી

૧૮ જમીન લેવાનુ કામ પુરૂ થયુ નહિ હોય ત્યારે બદલા બાબત તેવીજ ફરિઆદ, ના કબજા તારીખથી મુદત ગણવી

૧૯ ખોટી રીતે કેદ કર્યા બાબતનો બદલો મળવા બાબતની,—કેદ પુરી થાય ત્યારથી મુદત ગણવી

૨૦ સન ૧૮૫૫ ના કાયદેસર વારસ વકીલોએ કરવાની ફરિયાદ બાબતના આકટ પ્રમાણે એકઝીક્યુટરોએ, આડામેનીસ્ટ્રેટરોએ અથવા વારસ વકીલોએ કરવાની,—મરણની તારીખથી મુદત ગણવી

૨૧ પ્રાણઘાતક, આકસ્માત બાબતના આકટ પ્રમાણે વારસ વકીલોએ, એકઝીક્યુટરોએ, અને આડમિનીસ્ટ્રેટરોએ કરવાની,—મરણ પામેલા માણસના મરણની તારીખથી મુદત ગણવી

૨૨ શરીરને થયલા બીજા કાઇ નુકશાન બાબતનો બદલો મળવા સારૂ નુકશાન કરવામા આવે ત્યારથી મુદત ગણવી

૨૩ અદાવતથી ફોજદારીમા કામ ચલાવ્યુ હોય તે બાબતના નુકશાનનો બદલો મળવા સારૂ—વાદી બીનતકસીરવાર છે એવો ઠરાવ થાય ત્યારથી અથવા ફરીઆદીનો બીજી રીતે છેડો આવે ત્યારથી મુદત ગણવી

૨૪ લાઇબલ બાબત (આબરૂ લેનારો મજકુર પ્રસિદ્ધ કર્યા બાબત) નુકશાનનો બદલો મળવા સારૂ,—લાઇબલ પ્રસિદ્ધ કરવામા આવે ત્યારથી મુદત ગણવી

૨૫ આબરૂ લેનારો મજકુર બોલ્યા બાબત નુકશાનનો બદલો મળવા સારૂ;—તે શબ્દ બોલવામા આવે ત્યારથી અથવા તેથી નુકશાન થાય ત્યારથી મુદત ગણવી

૨૬ વાદીના ચાકરને અથવા છોકરીને પીટવ્યાથી ચાકરીનું નુકશાન થયા બાબતનો બદલો મળવા સારૂ,—નુકશાન થાય ત્યારથી મુદત ગણવી

૨૭ વાદીની સાથે કરેલો કરાર તોડવાને કોઇ માણસને પ્રવૃત્ત કરવા બાબત બદલો મળવા સારૂ,—કરાર તોડયાની તારીખથી મુદત ગણવી

૨૮ કાયદા વિરૂદ્ધ અથવા ગેરરીતની, અથવા વધારે જગમ માલની જપ્તી કર્યા બાબતનો બદલો મળવા સારૂ, જપ્તીની તારીખથી મુદત ગણવી

૨૯ કાયદાસર પ્રોબેટ ઉપરથી જગમ માલ ગેરવ્યાજબી રીતે કબજ કર્યા બાબતનો બદલો મળવા સારૂ,—કબજ કર્યાની તારીખથી મુદત ગણથી

૩૦ માલ ખોવા બાબત, કે તેને નુકશાન કર્યા બાબતનો બદલો મળવા સારૂ હુડીભાડાવાળા ઉપર,—માલ ખોવાય, અથવા તેને નુકશાન લાગે ત્યારથી મુદત ગણવી

૩૧ માલ ન પહોચ્યા બાબત પહોચાડવામાં ઢીલ કર્યા બાબતનો બદલો મળવા સારૂ હુડીભાડા વાળા ઉપર—માલ જ્યારે પહોચાડવો જોઇતો હતો ત્યારથી મુદત ગણવી

વિભાગ ૫ મો.

નીચેની ફરિયાદો નીચે કહેલા વખતથી બે વરસની મુદતની અંદર કરવી

૩૨ કોઈ વિશેષ કારણ સારૂ માલનો ઉપયોગ કરવો હોય તે માલ બીજા કામમા વાપરે તો તેની ઉપર,—બીજા કામમા માલ વાપર્યાની વાત પહેલ વહેલી જણાય ત્યારથી મુદત ગણવી

૩૩–૪૩–૩૫ સન ૧૮૫૫ ના કાયદેસર વારસ વગેરેએ કરવાની ફરિયાદ બાબતના આક્ટ પ્રમાણે એક્સિક્યુટરની ઉપર, અથવા આડમિનિસ્ટ્રેટર કે રેપ્રિઝેનટેટીવ ઉપર કરવાની–અપકૃતિ કરવામા આવે ત્યારથી.

૩૬ જે વાત કરવાને લાગુ નહિ હોય તથા જે વિષે આ આક્ટમા ખસુસ ઠરાવ કર્યો નહિ હોય એવુ કોઈ ગેરકાયદેસર કૃત્ય કરવા બાબતના કે કાઇ કાયદાસર કૃત્ય અયોગ્ય રીતે કરવા બાબતના કે જે કરવાની અવસ્ય હોય તે વર્જ કરવા બાબતના બદલા બાબત, તે વાત બને ત્યારથી મુદત ગણવી

વિભાગ ૬ ઠો.

નીચેની ફરિયાદો નીચે લખેલા વખતથી ત્રણ વરસની મુદતની અંદર કરી શકાશે

૩૭–૩૮ માર્ગને અથવા પાણીના પાટને અટકાવ કર્યા બાબતના કે પાણીના પાટને બીજી તરફ વળ્યા બાબતના નુકસાનનો બદલો મળવા સારૂ,—અટકાવ કર્યાની તારીખથી મુદત ગણવી

૩૯ સ્થાવર મિલક્ત ઉપર અતિક્રમણ કર્યા બાબતના નુકસાનનો બદલો મળવા સારૂ,—અતિક્રમણ કરવાની તારીખથી મુદત ગણવી

૪૦ કોપીરાઇટનો (ગ્રંથ સ્વામીત્વનો) હક્ક અથવા કાઇ અનન્યગ્રહણાધિકાર તોડવા બાબતના નુકસાનનો બદલો મળવા સારૂ,—તોડવાની તારીખથી

વ્યર્થ નુકશાન (મિલકતનુ) કરવાનો પ્રતિબધ કરવા બાબત,—નુકસાન થવાનો પ્રારભ થાય ત્યારથી મુદત ગણવી

૪૨ ગેરવ્યાજબી રીતે મળેલી તાકીદ ઉપરથી નુકશાન થયુ હોય તે બાબતનો બદલો મળવા સારૂ,—તાકીદ બધ થાય ત્યારથી મુદત ગણવી

૪૩ જે માણસને એક્ઝીક્યુટરે કે આડમિનિસ્ટ્રેટરે વસીઅતનામામા લખેલુ દાન આપ્યુ હોય ત્યારે ૩૨૦ તથા ૩૨૧ મી કલમ પ્રમાણે કરવાની અથવા ૧૮૮૧ ના પ્રોબેટના આક્ટના ૧૩૯ મી કે ૧૪૦ મી કલમ પ્રમાણે કરવાની,–દાન આપ્યાની તારીખથી મુદત ગણવી

૪૪ પોતાના પાલન કરનારા (વાલી) એ કરેલી મિલકતની તબદીલ રદ કરવા બાબત જે વોર્ડ (સગીર) પુખ્ત ઉમરમા આવ્યો હોય તેણે કરવાની, તે પુખ્ત ઉમરમા આવે ત્યારથી મુદત ગણવી,

૪૭ ક્રીમીનલ પ્રોસીજર કોડના ૧૨ મા બાબ પ્રમાણે અથવા સન ૧૯૦૬ ના મામલતદાર કોર્ટના એક્ટ પ્રમાણે કરેલા હુકમ પ્રમાણે જેને જરૂર હોય તેણે તે હુકમમા લખેલી મિલકત પાછી લેવા બાબતની કામના આખરના હુકમની તારીખથી મુદત ગણવી

૪૮–૪૯ જે વિશેષ જગમ માલ ખોવાયો હશે, ચોરીથી મેળવ્યો હશે, જેનો બદદાનતથી ખોટો ઉપયોગ કર્યો હશે અથવા તેનુ રૂપાતર કર્યુ હશે ત વિશે અથવા બીજા વિશેષ જગમ માલ સારૂ કે તે ગેરવ્યાજબી અટકાવી રાખવા બાબતના નુકશાનનો બદલો મળવા સારૂ — અટકાવી રાખનારનો કબજો ગેરકાયદેસર થાય ત્યારથી મુદત ગણવી

૫૦ જનાવરના, વાહનના, હોડીના અથવા ઘરગતુ સામાનના ભાડા બાબત,–ભાડુ આપવાનુ થાય ત્યારથી મુદત ગણવી

૫૧ માલ સ્વાધીન કરવો હોય તેને પેટે નાણુ આપ્યુ હોય તેની બાકી બાબત –માલ આપવો જોઇએ ત્યારથી મુદત ગણવી

૫૨–૫૩ વેચેલા કે સ્વાધીન કરેલા માલની કિમત બાબત, જ્યારે નાણુ આપવાની મુદત ઠરાવી નહી હોય તો માલ આપ્યાની તારીખથી અને તે નાણુ આપવાની મુદત જ્યારે પુરી થયા પછી આપવાનુ હોય તો નાણુ આપવાની મુદત જ્યારે પુરી થાય ત્યારથી ગણવી

૫૫ વાદીએ પ્રતિવાદીને વેચેલા ઝાડની અથવા ઉછરતા પાકના કિંમત બાબત નાણુ ક્યારે આપવુ તેની મુદ્દત ઠરાવી ન હોય તો, વેચાણની તારીખથી મુદ્દત ગણવી.

૫૬ પ્રતિવાદીના કહેવાથી વાદીએ કરેલા કામની કિંમત બાબત–નાણુ ક્યારે આપવુ તેની મુદ્દત ઠરાવી ન હોય તો, કામ કરવામા આવે ત્યારથી ગણવી

૫૭ નાણુ ધીર્યું હોય તે બાબત નાણુ લેવાનુ હોય તે બાબત–નાણુ ધીરવામા આવ્યુ ત્યારથી મુદ્દત ગણવી.

૫૮ નાણુ ધીરનારે નાણા બાબત ચેક આપ્યો હોય ત્યારે,—તેવી જ ફરિયાદ,–ચેકનુ નાણુ આપવામા આવ્યુ ત્યારથી મુદ્દત ગણવી

૫૯ નાણુ માગે ત્યારે આપવુ એવી કબુલતથી નાણુ ધીર્યું હોય તે બાબત–નાણુ ધીરવામા આવ્યુ ત્યારથી મુદ્દત ગણવી

૬૦ નાણુ માગે ત્યારે આપવાનુ થશે એવી કબુલતથી નાણુ મુકયુ હોય, તેમજ ધરાકનુ નાણુ તેના સાહુકારના હાથમા એવી રીતે આપવા લાયક હોય તે બાબત;–ઉઘરાણી કરી હોય ત્યારથી મુદ્દત ગણવી.

૬૧ પ્રતિવાદીની વતી રૂપીઆ ભર્યા હોય તે બાબત–વાદીને રૂપીઆ મળવાના હોય તે રૂપીઆ બાબત નાણુ આપ્યુ હોય ત્યારથી મુદ્દત ગણવી

૬૩ પ્રતીવાદી પાસે વાદીનુ નાણુ લેણુ હોય તેના વ્યાજના રૂપિઆ મળવાના હોય તો તે બાબત;–વ્યાજ આપવાનુ થાય ત્યારથી મુદ્દત ગણવી

૬૪ વાદી પ્રતીવાદીની વચ્ચે નક્કી થએલા હિસાબ ઉપરથી પ્રતાવાદીની પાસે વાદીના રૂપીઆ લેણા નિકળ્યા હોય તે બાબત વાદીને રૂપીઆ મળવાના હોય તે બાબત પ્રતીવાદીએ કે તેના મુખત્યારે સહી કરેલા લેખ ઉપરથી હિસાબ નકકી થાય ત્યારથી, પણ કરજ આગળ ફલાણી વખતે વાળવુ એવી તેજ વખતે લખેલી કબુલત થઇને તેની ઉપર સહી થઇ હોય તો તે વખત આવે ત્યારથી મુદ્દત ગણવી

૬૫ નિર્દિષ્ટ કરેલે વખતે કે નિર્દિષ્ટ કરેલી અનિશ્ચિત વાત બને ત્યારે કોઈ વાત કરવાનો કરાર હોય તે તોડયા બાબતના નુકસાનના બદલા સારૂ —વખત આવે ત્યારથી કે વાત બને ત્યારથી મુદ્દત ગણવી.

૬૬–૬૭ જે સિંગલ બાડમા નાણુ આપવા બાબત દિવસ નિર્દિષ્ટ કર્યો હોય તે ઉપરથી નિર્દિષ્ટ કરેલા દિવસથી અને દિવસ નિર્દિષ્ટ કર્યો નહિ હોય તો બાડ કરી આપ્યાની તારીખથી મુદ્દત ગણવી

૬૮ જે બાડમા સરત હોય તે બાડ ઉપરથી—સરત તોડવામા આવે ત્યારથી મુદ્દત ગણવી

૭૧ ફલાણી વિશેષ જગાએ અવેજ આપવાને સીકારેલા બીલ ઓફ એકસચેજ ઉપરથી:–તે જગાએ તે બીલ દેખાડવામા આવે ત્યારથી મુદ્દત ગણવી

૭૭ ફોરેન બીલ ન ઠર્યાને લીધે પ્રોટેસ્ટ કરીને નોટીસ આપી હોય તે ન કરેલા ફોરેન બીલ ઉપરથી,–નોટીસ આપવામા આવે ત્યારથી મુદ્દત ગણવી

૭૮ નહિ સ્વીકારીને જે બિલ ઓફ એકસચેજ ન કર્યું હોય તે બીલ જેણે લખ્યુ હોય તેની ઉપર જેને અવેજ મળવાનો હોય તે સીકારવાની ના કહ્યાની તારીખથી મુદ્દત ગણવી

૮૧ જામીને મુખ્ય દેણદાર ઉપર કરવાની–જામીન લેણદારને અવેજ આપે ત્યારથી મુદ્દત ગણવી

૮૨, એક જામીને સામાયીક જામીન ઉપર કરવાની;–પોતાના હિસ્સા કરતા વધારે અવેજ આપે ત્યારથી મુદ્દત ગણવી.

૮૪ અટર્નિએ, અથવા વકીલે ફરિઆદના અથવા વિશેષ કામના પોતાના ખર્ચ બાબત કરવાની, ખર્ચ ક્યારે આપવો તેવી કબુલત ન થઇ હોય તો;–સદરહુ અટર્નિ વકીલ ફરિઆદ કે કામ ચલાવવાનું બંધ કરે ત્યારથી

૮૫ માહોમાહે ઉપાડ તથા ચાલુ ખાતા ઉપરથી બાકી દેવી હોય તે બાબતની ફરિઆદ,–જ્યારે પક્ષકારોની દરમિઆન માહોમાહે ઉઘરાણી થઇ હોય ત્યારે કબુલ કરેલી, કે સાબીત કરેલી છેલ્લી રકમ જે વરસમા ખાતામા દાખલ કરેલી હશે તે વરસની આખરથી સદરહુ વરસ ખાતામા હોય તે પ્રમાણે ગણવુ.

૮૬ જે રકમનો વિમો ઉતરાવ્યો હોય તે રકમ મરણનો કે નુકસાન થવાનો પુરાવો વિમાવાળાને આપ્યા પછી કે પહોચ્યા પછી તાબડતોબ આપવી પડતી હશે ત્યારે વિમાના ખત ઉપરથી—મરણનો કે નુકસાનનો પુરાવો વિમાવાળાને આપ્યો હોય ત્યારથી મુદત ગણવી

૮૮ હિસાબ લેવા સારૂ આડતિઆ ઉપર.—હિસાબ આપવાની ના કહે ત્યારથી કે આડત બંધ થાય ત્યારથી

૯૦ ગફલત બાબત કે ગેરચાલ બાબત મુખ્યે મુખત્યાર ઉપર કરવાની બીજી ફરિઆદ—ગફલતની કે ગેરચાલની વાદીને ખબર પડે ત્યારથી

૯૧, જે દસ્તાવેજ બાબત બીજી રીતનો ઠરાવ કરેલો નહિ હોય તે રદ કરવા કે બાતલ કરવા બાબત; તે રદ કરવાનો ને બાતલ કરવાનો અધિકાર જે વાત ઉપરથી વાદીને પ્રાપ્ત થાય તે વાતની તેને ખબર પડે ત્યારથી,

૯૨ જે દસ્તાવેજ આપ્યો, અથવા નોંધાવ્યો તે દસ્તાવેજ ખોટો બનાવટનો છે એવુ સાબિત થવા સારૂ—આપ્યાની કે નોંધાવ્યાની વાદીને ખબર પડે ત્યારથી

૯૪ વાદી દીવાનો હોય ત્યારે જે માલમિલકત તેણે બીજાને કરી આપી હોય તે માલમિલકત બાબત વાદી દીવાનો હતો તે ઠેકાણે આવ્યા પછી,—તેને માલમિલકત બીજાને કરી આપ્યાની ખબર પડે ત્યારથી,

૯૫ કપટથી મેળવેલુ હુકમનામુ રદ કરવા બાબત, અથવા કપટની કે, ચુકના સબબથી બીજો ન્યાય મળવા સારૂ—જે માણસને નુકસાન થયુ હોય તેને તે કપટ, કે ચુક માલમ પડે ત્યારથી

૯૬ ચુકના સબબથી ન્યાય મળવા સારૂ—ચુક વાદીને માલુમ પડે ત્યારથી

૯૭ જે વિદ્યમાન બદલા સારૂ નાણું આપ્યુ હોય તે બદલો આગળ જતા ડુબ્યો હોય તો તે નાણા બાબત.—બદલા ડુબ્યાની તારીખથી

૯૮ ટ્રસ્ટ તોડયાથી થયેલુ નુકશાન મરનાર ટ્રસ્ટીના કુલ એકદર ઇસ્ટેટમાથી ભરી લેવા બાબત, નુકસાન થયાની તારીખથી

૧૦૦ મરનાર ટ્રસ્ટીની ઉપર ફાળાનો દાવો અમલમા લાવવા બાબત, સામાયીક ટ્રસ્ટીએ કરવાની—ફાળો માગવાનો હક્ક પ્રાપ્ત થાય ત્યારથી

૧૦૧. દરિઆપારના લોકોના પગાર બાબત, જે સફર બદલ પગાર મળવાનો હોય તે સફરની આખરથી

૧૦૨. જે પગાર બાબત આ પરિશીસ્ટમા ખસુસ બીજી રીતે ઠરાવ કર્યો નહિ હોય તે પગાર બાબત તે પગાર જ્યારે દેવાનો થાય ત્યારથી

૧૦૩ (મુઅજ્જલ બાબત) એટલે તુરત માગી લેવાય તેવી મેહેર બાબત મુસલમાને કરવાની, મહેર આપવાની ના કહેવામા આવે કે લગ્ન તુટે ત્યારથી

૧૦૫ ગીરવી રાખનારને વધારે ઉપજ પહોચી હોય તે, ગીરવી નાણુ આપ્યા પછી પાછી લેવા બાબત ગીરવી મુકનારે કરવાની,—ગીરવી મુકેલી મિલકતનો કબજો ગીરવી મુકનાર પાછો લે ત્યારથી

૧૦૬ બંધ થએલા પત્યાળાના નફાના હિસાબ બાબત તથા હિસ્સા બાબત કરવાની— બંધ થયાની તારીખથી

૧૦૭ અવિભક્ત કુટુંબના સામાયિક ઇસ્ટેટના વહિવટદારે તે ઇસ્ટેટ ખાતે નાણુ આપ્યુ હોય તે નફા લેવા સારૂ તે વહીવટદારે કરવાની,—નાણુ આપ્યાની તારીખથી

૧૦૮ પટે રાખનારે પટાની સરત વિરૂદ્ધ ઝાડ કાપ્યા હોય તેની કીમત બાબત પટો આપનારાએ કરવાની,—ઝાડ કાપ્યા હોય ત્યારથી

૧૦૯ વાદીની સ્થાવર મિલકતની ઉપજ પ્રતીવાદીએ અન્યાયથી લીધી હોય તે ઉપજ બાબત,—ઉપજ લેવામા આવશે

૧૧૦, ભાડાની ચઢેલી બાકી બાબત,—ચઢેલી બાકી દેવી થાય ત્યારથી, ખરીદીનુ નાણુ દેવુ રહેલુ હોય તેમને આપવા સારૂ સ્થાવર મિલકત વેચનારે કરવાની,—વેચાણ પુરૂ કરવા ઠરાવેલા વખતથી અથવા તે કબુલાત કર્યાની તારીખથી,

૧૧૨ કોઇ સ્ટાટયુટ પ્રમાણે નોંધેલી કંપનીના કૉલ બાબત,—કૉલ આપવાનો થાય ત્યારથી

૧૧૩ કરાર વિશેષ રીતે પુરો કરવા બાબત, તે પુરો કરવાની ના કહે ત્યારથી

૧૧૪ કરાર રદ કરવા સારૂ, તે રદ કરવાનો હક જે વાત ઉપરથી વાદીને પ્રાપ્ત થયો હોય તે વાત તેને પ્રથમ માલમ પડે ત્યારથી

૧૧૫. જે સ્પષ્ટ અથવા ગર્ભિત અર્થનો કરાર લખેલો કે નોંધેલો નહિ હોય તે કરાર તોડવા બાબતના નુકસાનના બદલા સારૂ, કરાર તોડવામા આવે ત્યારથી

વિભાગ ૭ મો.

નીચેની ફરિઆદો નીચે કહેલા વખતથી છ વરસની મુદતની અંદર ચાલી શકશે.

૧૧૬ લખેલો કરાર નોંધેલો હોય તે તોડવા બાબતના નુકશાનના બદલા સારૂ, તે વ્યાજ વગર નોંધેલા કરાર ઉપરથી ફરીઆદીની મુદત ચાલુ થાય ત્યારથી

૧૧૮ દત્તવિધાન થયાનુ કહેવામા આવતું હોય, તે રદ બાતલ છે અથવા ખરેખર તે કદી થયુજ નથી એવુ ઠાપીત કરી લેવા સારૂ, દત્તવિધાન થયાનુ કહેવામા આવતું હોય તેની વાદીને ખબર પડે ત્યારથી.

૧૧૯ દત્તવિધાન કાયદાસર છે એવુ ઠાપિત કરી લેવા સારૂ—દત્તક છોકરાને દત્તકપણાના સબબથી જે હક હશે તે હકને હરકત થાય ત્યારથી

વિભાગ ૮ મો.

નીચેની ફરિયાદોની મુદત નીચે બતાવેલા વખતથી બાર વરસની ઠરાવી છે

૧૨૧ બ્રિટીશ ઇંડિઆમા કરાવી લીધેલા ફેસલા ઉપરથી, અથવા સુચરકા ઉપરથી, કરવાની:—ફેસલાના અથવા સુચરકાની તારીખથી,

૧૨૩ વસિઅતનામુ કરનારાએ, વસિઅતનામુ કરીને આપેલા દાવા બાબત, અથવા શેષ ધનના હિસ્સા બાબત અથવા વાસઅતનામુ કર્યા વગર કોઇ મરણ પામ્યુ હોય તેની માલમિલકતની વહેચણના હિસ્સા બાબત,—મૃત્યુ લેખાર્પિત દાન અથવા હિસ્સો આપવાનો અથવા સ્વાધિન કરવાનો થાય ત્યારથી.

૧૨૪ વંશપરપરાના હુદ્દાના કબજા સારૂ,—વાદીનો વિરોધપૂર્વક હુદ્દાનો કબજો પ્રતીવાદી લે ત્યારથી.

૧૨૫ કોઈ હિંદુ અથવા મુસલમાન સ્ત્રી ફરીઆદ કરવાની તારીખે મરણ પામે તો જમીનનો કબજો જે હિંદુ અથવા મુસલમાનને પ્રાપ્ત થાય, તેણે તે સ્ત્રીએ જમીન બીજાને કરી આપી હોય તો તે કરી આપવાનુ તે જીવતી છે ત્યાસુધી, અથવા તે પાછી લગ્ન કરે ત્યા સુધી કાયમ રહે અને ત્યાર પછી રદ છે એવુ ઠાપિત થવા સારૂ કરવાની ફરીઆદ,—બીજાને કરી આપ્યાની તારીખથી

૧૨૬ વડીલોપાર્જીત મીલકત બાપે બીજાને કરી આપી હોય તે કરી આપવાનુ રદ કરવા સારૂ—મિતાક્ષરાના નિયમ જે હિંદુને લાગુ હોય તે હિંદુએ કરવાની,—મિલકત જેને કરી આપી હશે તે, તેનો કબજો લે ત્યારથી

૧૨૭, અવિભક્ત કુટુંબની મિલકતમાંથી જે માણસને બાતલ કર્યું હશે, તે માણસે તે મીલકતમાના હિસ્સાનો હક અમલમા લાવવા સારૂ કરવાની,—બાતલ કર્યાની વાત વાદીને માલમ પડે ત્યારથી.

૧૨૮ અન્નવસ્ત્રની ચઢેલી બાકી બાબત હિંદુએ કરવાની,—ચઢેલી બાકી આપવાની થાય ત્યારથી.

૧૨૯ અન્ન વસ્ત્ર બાબતનો હક ઠાપીત થવા સારૂ હિંદુએ કરવાની,—હક નથી એવુ કહેવામા આવે ત્યારથી.

૧૩૦. વસુલમાફીની જમીન પાછી લેવા સારૂ, અથવા તેની ઉપર આકાર બેસાડવા સારૂ; જમીન પાછી લેવાનો અથવા આકાર બેસાડવાનો હક પ્રથમ પ્રાપ્ત થાય ત્યારથી.

૧૩૧ મુદ્દતે મુદ્દતે જે હક પાછો મળવાનો હોય તે સાબીત કરવા બાબતની,—તે હકનો ઉપભોગ કરવાની વાદીને પ્રથમ ના કહેવામા આવે ત્યારથી

૧૩૨ જે નાણાનો ચાર્જ સ્થાવર મીલકત ઉપર હશે તે નાણુ અપાવવા બાબતની,—જે નાણાં બાબત ફરીયાદ હોય તે નાણુ આપવાનુ થાય ત્યારથી.

૧૩૫ ગીરવી મૂકેલી સ્થાવર મીલકતનો કબજો લેવા સારૂ ગીરવી રાખનારે બાદશાહી સનદ ઉપરથી સ્થાપેલી નહિ હોય તેવી કોર્ટમા કરવાની ફરીયાદ,—કબજા બાબતનો ગીરવી મુકનારનો હક જ્યારે પુરો થાય ત્યારથી

૧૩૬ સ્થાવર મિલકત ઘરમેળે વેચી તે તારીખે તે મિલકતનો કબજો વેચનાર પાસે નહિ હોય ત્યારે જેણે ઘર મેળે વેચાતી લીધી હોય તેણે તે મિલકતના કબજા સારૂ કરવાની—વેચનારને કબજો લેવાનો હક જ્યારે પહેલવહેલો પ્રાપ્ત થાય ત્યારથી

૧૩૭ હુકમનામુ બજવવા સારૂ કરેલા વેચાણની તારીખે હુકમનામાના દેણદારનો કબજો નહી હોય ત્યારે તે વેચાણમાથી ખરીદનારે કરવાની તેવીજ ફરીયાદ,—દેણદારને કબજા બાબત જ્યારે પહેલવહેલો હક પ્રાપ્ત થાય ત્યારથી

૧૩૯ ખેડુત પાસેથી કબજો પાછો લેવા સારૂ જમીનદારે કરવાની,—ઉપયોગ કરવાનો અધિકાર પુરો થાય ત્યારથી

૧૪૧ કોઇ હિંદુ અથવા મુસલમાન સ્ત્રી મરણ પામી હોય ત્યારે સ્થાવર મીલકતના કબજા બાબત જે હિંદુને અથવા મુસલમાનને હક હોય તેણે કરવાની તેવીજ ફરીયાદ,—તે સ્ત્રી મરણ પામે ત્યારથી

૧૪૨ સ્થાવર મીલકતનો કબજો વાદીની પાસેથી લઇ લીધો હોય અથવા તેણે છોડયો હોય, તે મીલકતના કબજા સારૂ,—તે કબજો લઇ લેવાની કે છોડી દેવાની તારીખથી

વિભાગ ૯ મો.

નીચેની ફરિયાદો કરવાની મુદ્દત નીચે લખેલા વખતથી ત્રીસ વરસની ઠરાવી છે

૧૪૫ જંગમ માલ અનામત મૂક્યો હોય, અથવા ગીરવી મુકયો હોય, તે પાછો લેવા બાબત તે અનામત રાખનાર ઉપર, અથવા ગીરવી રાખનાર ઉપર કરવાની,—તે અનામત મુકયાની તારીખથી

૧૪૬ ગીરવી મુકેલી સ્થાવર મિલકતનો કબજો ગીરવી મુકનારની પાસેથી લેવા સારૂ, ગીરવી રાખનારાએ બાદશાહી સનદ ઉપરથી સ્થાપેલી કોર્ટમા કરવાના,—ગીરો મીલકતના કરજ બાબત મુદ્દલને કે વ્યાજને પેટે છેલવેલુ કાઇ ભરવામા આવ્યુ ત્યારથી

૧૪૬ અ જે કોઇ સ્થાનિક અધિકારી પાસેથી સાર્વજનીક સ્ટ્રીટ કે રસ્તાનો કબજો લઇ લીધો હોય તે અધિકારીએ કરવાની,—કબજો લઈ લીધાની તારીખથી

વિભાગ ૧૦ મો.

નીચેની ફરિયાદો નીચે કહેલા વખતથી સાઠ વરસની ઠરાવી છે.

૧૪૭ ગીરવી મુકનારનો ગીરો છોડવવાનો હક રદ કરવા સારૂ અથવા વેચાણ સારૂ ગીરવી રાખનારે કરવાની,—ગીરોને આધારે ધીરેલુ નાણુ જ્યારે આપવાનુ થાય ત્યારથી.

૧૪૮ ગીરવી મુકેલી સ્થાવર મિલકતનો કબજો છોડાવવા સારૂ અથવા પાછો લેવા સારૂ ગીરવી રાખનાર ઉપર કરવાની—કબજો છોડાવવાનો અથવા પાછો લેવાનો હક પ્રાપ્ત થાય ત્યારથી

૧૪૯ ઇંડીઆના સેક્રેટરી ઓફ સ્ટેટ ઇન કૌન્સિલો અથવા એઓની તરફથી કરવાની કોઇ ફરીઆદ.—ખાનગી માણસે કરવાની તેવીજ ફરીયાદ બાબત,—આ આકટ ઉપરથી મુદ્દત ચાલુ થાય ત્યારથી.

બીજો ભાગ.

અપીલો.

નીચેની અપીલો કરવાની મુદત તેની સામે બતાવેલા વખતમાં કરવી.

૧૫૦ સેશન જડજે કરેલા મોતની શિક્ષાના ઠરાવ ઉપર સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કરવાની,—શિક્ષા ઠરાવની તારીખથી **સાત દીવસમાં**

૧૫૦ અ સને ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ ૪૪૩ મુજબનો દાવો સ્વીકારવાની ના પાડવાના ઠરાવ ઉપર તેજ કાયદા પ્રમાણેની—ઠરાવની તારીખથી સાત દિવસ

૧૫૧ કલકતા, મદ્રાસ અને મુંબઈની હાઈકોર્ટે ઈન્સાફની પૈકી કોઈ હાઈકોર્ટે પંજાબની મુખ્ય કોર્ટે, અને લોઅર બરમાની મુખ્ય કોર્ટે અવલ ફરીયાદ લેવાની પોતાની હકુમત ચલાવીને કરેલા હુકમનામા ઉપર અથવા હુકમ ઉપર કરવાની;—હુકમનામાની અથવા હુકમની તારીખથી વીસ દિવસમા

૧૫૨, સને ૧૯૦૮ ના દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે ડીસ્ટ્રીકટ જડજને કરવાની જે હુકમનામા કે હુકમ ઉપર અપીલ હોય તે હુકમનામાની કે હુકમની તારીખથી **ત્રીસદીવસમાં**

૧૫૩ મલિક મુઆઝમ ઇન કૌસિલને અપીલ કરવાની પરવાનગી આપવાની તાબાની કોર્ટના કજીઆના હુકમ ઉપર હાઈકોર્ટને તેજ કાયદાની કલમ પ્રમાણે કરવાની—તે હુકમની તારીખથી **ત્રીસ દિવસમાં**

૧૫૪ હાઈકોર્ટ સિવાય બીજી કોઈ કોર્ટને સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કરવાની, શિક્ષાના ઠરાવની તારીખથી **ત્રીસદિવસમાં**

૧૫૭ બીનતકસીર છે એવા ઠરાવના ફેસલા ઉપર સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કરવાની,—ફેસલાની તારીખથી **છ મહિનામાં**

ત્રીજો ભાગ.

અરજીઓ

નીચેની અરજીઓ તેની સામે ઠરાવેલી મુદતમાં કરવી

૧૫૮. પંચનો નિવેડો રદ કરવા બાબત સન ૧૯૦૮ ના સી પ્રો કોડ પ્રમાણે કરવાની;—પંચનો નિવેડો કોર્ટમા ગુજારવામા આવે ત્યારથી દશ દીવસમા

૧૫૯ તેમજ કાયદાની ૧૫૮ (૨) (ક) મા જણાવ્યા પ્રમાણે જ્યારે સંક્ષિપ્ત કામ ચલાવી શકાય એવા દાવામા હાજર થઇને જવાબ કરવાની પરવાનગી મળવા સારૂ કરવાની,—સમન બજાવવામા આવે ત્યારથી દશ દિવસમા

૧૬૦ અરજી સુનાવણી સારૂ નીકળી ત્યારે અરજદાર ગેરહાજર હોવાથી નામંજુર કરેલી ફરી તપાસની અરજી, ફરીથી ફાઇલ ઉપર લેવા સારૂ તેજ કાયદા પ્રમાણે હુકમ થવા સારૂ કરવાની—અરજી નામંજુર કરવામા આવે ત્યારથી **પંદર દીવસમાં**

૧૬૧ જીલ્લા સ્માલકોઝ કોર્ટ, અથવા તે કોર્ટની હકુમત ભોગવતી કોર્ટ તે હકુમત બજાવતી હોય ત્યારે તે કોર્ટે કરેલો ફેસલો ફરી તપાસવા સારૂ કરવાની,—હુકમની તારીખથી **પંદર દિવસમાં**

૧૬૩ કસુરને લીધે કે ખર્ચને સારૂ તારણ નહિ આપ્યાને લીધે (ફરીયાદ વિગેરે) કહાડી નાખી હોય તે કહાડી નાખ્યાનો હુકમ રદ કરવા સારૂ હુકમ થવા બાબત વાદીએ કરવાની કહાડી નાખ્યાની તારીખથી **ત્રીસ દિવસમાં**

૧૬૫. એકતરફી થયેલો ફેસલો ફેસલો રદ કરવાનો હુકમ થવા સારૂ પ્રતીવાદીએ કરવાની હુકમનામું તારીખથી, અથવા સમન્સ યોગ્ય રીતે બજાવ્યો નહી હોય તો અરજદારની હુકમનામાની ખબર મળે ત્યારથી **ત્રીસ દીવસમાં.**

૧૬૫ સ્થાવર મિલકતનો કબજો જે માણસની પાસેથી લઇ લીધો હોય, અને જે હુકમનામાવાળાના, કે તે વેચાણના ખરીદનારના કબજે મળવાના હક બાબત જે માણસ તકરાર કરતો હોય તેણે સને ૧૯૦૮ ના સી, પ્રો કોડ પ્રમાણે કરવાની,-કબજો લઇ લીધાની તારીખથી **ત્રીસ દીવસમાં**

૧૬૬ હુકમનામુ બજાવવા સારૂ વેચાણ કીધુ હોય તે સી પ્રો કોડ પ્રમાણે રદ કરવા સારૂ,-વેચાણની તારીખથી **ત્રીસ દીવસમાં**

૧૬૭ જે સ્થાવર મિલકત બાબત હુકમનામુ થયુ હોય અથવા જે હુકમનામુ બજાવવા સારૂ તે વેચી હશે તેનો કબજો આપવાને હરકત અથવા અટકાવ કર્યા બાબત--હરકત અથવા અટકાવની તારીખથી **ત્રીસ દીવસમાં**

૧૬૮ આગળ કામ ચલાવવામા આવ્યુ નહિ હોય તેથી અપીલ કાઢી નાખી હોય તે પાછી લેવા બાબત,-કહાડી નાખ્યાની તારીખથી **ત્રીસ દીવસમાં**

૧૬૯ અપીલની એકતરફી ચોકસી કરી હોવ તેની ફરી ચોકસી થવા સારૂ કરવાની,--અપીલના હુકમનામાની તારીખથી **ત્રીસ દીવસમાં**

૧૭૦ નાદારીમા અપીલ કરવાની પરવાનગી કરવા સારૂ, જે હુકમનામા ઉપર અપીલ કરવાની હોય તે હુકમનામાની **તારીખથી ત્રીસ દીવસમાં**

૧૭૧ ફરિયાદ અથવા અપીલ બધ થયાનો હુકમ રદ કરવા સારૂ,--સને ૧૯૦૮ ના સી પ્રો૦ કોડ પ્રમાણે કરવાની,—બધ થયાના હુકમની તારીખથી **સાઠ દિવસમાં**

૧૭૨ ફરિયાદ અથવા અપીલ કાઢી નાખ્યાનો હુકમ રદ કરવા સારૂ,--સી પ્રો કોડ પ્રમાણે, એસાઇનીએ નાદાર વાદીના રીસીવરે, અપેક્ષેટે કરવાની,--

૧૭૩ બીજે પ્રસગે ફેસલાની ફરી તપાસ થવા સારૂ--હુકમની તારીખથી **નેવું દીવસમાં**

૧૭૪ હુકમનામાની રકમ હપતે હપતે આપવા બાબત;—હુકમનામાની તારીખથી **છ મહિનામાં**

૧૭૬ સીવીલ પ્રોસીજર કોડ પ્રમાણે મૈયતવાદીના કે મૈયત રીસ્પોન્ડન્ટના કાયદેસર વારસ વકીલને પક્ષકાર તરીકે દાખલ કરવાની,—મરણની તારીખથી **નેવું દીવસમાં**

૧૭૭ સી પ્રો કોડ પ્રમાણે મૈયત પ્રતિવાદીના કે મૈયત રીસ્પોન્ડન્ટના કાયદેસર વારસને પક્ષકાર કરવાની મરણની તારીખથી **છ મહિનામાં**

૧૭૮ લવાદને સોપેલી કોઇ ફરિઆદનો નિવેડો કોર્ટમા કેઇલ કરવા સારૂ કરવાની,--પચના નિવેડાની તારીખથી છ મહિનામા

૧૭૯ સી, પ્રો કોડ પ્રમાણે સરટીફીકેટ મેળવવાની ખાયેસ રાખનાર સખસે મલીક મુઆઝમ ઇન કોસિલને કરવાની-હુકમનામાની તારીખથી નેવુ દિવસમા

૧૮૧ જે અરજીઓ બાબત મુદ્દત ઠરાવી નહિ હોય તે અરજીઓ, અરજી કરવાનો હક પ્રાપ્ત થાય ત્યારથી ત્રણ વરસમા,

૧૮૨ કોઇપણ દિવાની કોર્ટનું હુકમનામુ અથવા હુકમ જે બાબત ૧૮૩ મા નબરમા ઠરાવ કરેલો નથી અથવા સી પ્રો કોડમા ઠરાવ કરેલો નથી તે હુકમનામુ અથવા હુકમ બજાવવા સારૂ કરવાની,—તારીખથી ત્રણ વરસમા અથવા હુકમનામાની નકલ નોંધી હોય ત્યારે **છ વરસમાં**

૧૮૩, બાદશાહી સનદ ઉપરથી સ્થાપેલી કોઇ કોર્ટે પોતાની અસલ અવલ સાધારણ દીવાની હકુમત ચલાવીને કરેલો કાઇ ફેસલો, અથવા હુકમનામુ અથવા હુકમ અથવા મલિકા મુઆઝમ ઇન કાઉન્સિલનો હુકમ અમલમા લાવવા બાબત કરવાની—ફેસલો અથવા હુકમનામુ, અથવા હુકમ અમલમા અણાવવાનો હાલનો હક જે માણસથી છોડી દેવાતો હોય તે માણસને તે હક પ્રાપ્ત થાય ત્યારથી **બારવરસ.**

પરિશિષ્ટ ૨ જું.

(કા ૩૩ જુઓ) મદ્રાસ ઇલાકો, મુબઇ ઇલાકો, ફોર્ટ વિલિયમના ઇલાકામાના બગાળ ડીવીઝનમાં સબલપુરનો જીલ્લો, આગ્રા તથા આઉધના સયુક્ત પ્રાત બ્રહ્મદેશ, મધ્યપ્રાત, અજમેર અને મેરવાડા.

હિંદુસ્તાનનો વારસા બાબતનો કાયદો.

સન ૧૮૬૫ નો ૧૦ મો

વસાઅતનામુ કર્યા વગર ક કરીને ગુજરી જનાર માણુસોના વારસા બાબત નિયમો ઠરાવવાનો આ કાયદાનો હેતુ છે,

૨ આ બંગાળા ઇલાકાના મુલર મધ્યે અને મુબઇ તથા મદ્રાસની હાઈકાર્ટની અસલ દીવાની ફરિઆદ લેવાની હકુમતની હદમા હિંદુ, જૈન, સીખ, અથવા બોધ વસિઅતનામા, કરે તેને આ આકટ લાગુ છે

૩ બંગાળા ઇલાકાની બહાર તથા મુંબઇ અને મદ્રાસ શહેર બહાર સદરહુ પ્રકારના વસીઅતનામા, તે મુલકની હદમાની સ્થાવર મિલકતના હશે તેને જે કલમો લાગુ છે તેમાની કેટલીક નીચે આપી છે

૪૬ સગીર કે ગાડો ન હોય એવો કોઇ માણુસ, પોતાની મીલકતની બ્યવસ્થા વીલ કરીને કરી શકે છે

કોઇપણુ વીલ દગલબાજીથી, જોરજુલમથી, કે આજીજીથી મેળવેલુ હોય તો તે નિરર્થક છે

૪૯ કોઈપણુ વીલ ગમે તે વખતે રદ કરી શકાય છે તેમજ બદલી પણુ શકાય છે,

૫૦ વસિઅતનામુ કરનાર માણુસે વસિઅતનામા ઉપર પોતાની સહી અથવા બીજી કાંઈ નીશાની કરવી જોઇએ અથવા તે ભણેલો ન હોય તો તેના કહેવાથી તેની હાજરીમા તેની વતી બીજા કોઇ માણુસે સહી કરવી જોઇએ, તેમ વસિઅતનામા ઉપર બે કે વધારે સાહેદોએ સાખ કરવી જોઇએ, સદરહુ સાખ કરનાર સાહેદોએ, વસીઅતનામુ કરનારને સહી અથવા બીજી કાઇ નિશાની કરતા, અથવા બીજાની પાસે સહી કરાવતા, નજરે જોવું જોઇએ, અને વસીઅતનામુ કરનાર સખસની રૂબરૂ દરેક સાહેદીએ પોતાના સાખ કરવી જોઇએ

હિંદુ ધર્મશાસ્ત્ર (હિંદુ લૉ.)

આ શાસ્ત્રમા નીચે પ્રમાણે વિષયોનુ વર્ણન કરેલુ છે ૧ લગ્ન ૨ દત્તક ૩ નગીર ઉમ્મર ૪ મીલકત ૫ ઉત્તરાધિકાર ૬ સ્ત્રી ધન ૭ દાયવિભાગ અને પગ્ચુરણુ નીષય

ઉપરના વિષયોની તકરારનો નીવેડો આ શાસ્ત્રને આધારે થાય છે

લગ્ન બાબત.

એટલે સ્ત્રી પુરૂષનું જોડાવુ સ્ત્રી પુરૂષના જોડાયા પછી બે અગનુ એક અગ થાય છે, લગ્ન કરવુ એ શાસ્ત્ર પ્રમાણે ઘણુજ જરૂરનુ છે જો કોઇ પુરૂષ વાઢો (કુવારો) રહે તો ધર્મશાસ્ત્ર પ્રમાણે તે ધર્મક્રિયા કરી શકતો નથી તેથી મિલકતના હક સબધમા લગ્નનો વિષય પ્રથમ ઉપયોગનો છે લગ્નની આઠ જાતી છે ૧ બ્રહ્મ, ૨ દેવ ૩ આર્ષ, ૪ પ્રજાપત્ય, ૫ અસુર, ૬ ગાધર્વ, ૭ રાક્ષસ, અને ૮ પિશાચ

[૧] જ્યારે બધો ખર્ચ કન્યાના પિતાને ખમવાનો હોય છે ત્યારે તે જાતીના લગ્નને બ્રહ્મ જાતીનુ લગ્ન કહે છે (૨) જ્યારે વિપ્ર હોમ કરતો હોય ત્યારે તેને કન્યા આપવામા આવે અને લગ્ન થાય તેને દેવલગ્ન કહે છે (૩) જ્યારે ગાય અને બળદના બદલામા કન્યા આપી લગ્ન કરવામા આવે ત્યારે તે આર્ષ લગ્ન કહેવાય છે (૪) સતાન પ્રાપ્તિના હેતુથી પ્રજાપ્રત્ય જાતીનુ લગ્ન કરવામા આવે છે [૫] અસુર જાતીનુ લગ્ન કન્યાના બાપને શુલ્ક (પૈસા) આપી કરવામા આવે છે, શાસ્ત્ર પ્રમાણે કન્યાને વેચવુ એ દોષ ભરેલુ છે (૬) સ્વયંવર લગ્ન તે ગાધર્વજાતીનુ લગ્ન ગણાય છે (૭) કન્યાને જોરજુલમથી પકડી જઇ લગ્ન કરવામા આવે તેને રાક્ષસ જાતીનુ લગ્ન કહે છે (૮) રાત્રીના વખતે કન્યાને શયનગૃહમાથી ચોરી લઇ જઇ પછીથી તેની જોડે લગ્ન કરવામા આવે તેને પિશાચ લગ્ન કહે છે

[૧] હાલમા બે જાતના એટલે બ્રહ્મ ને અસુર જાતના લગ્ન કાયદેસર ગણાય છે ગંધર્વ લગ્ન વિષે જુદા જુદા ઇલાકામા જુદો જુદો મત છે બગાળામા તે કાયદેસર ગણાય છે મદ્રાસમા જો તે લગ્ન અમુક ક્રીયાઓ સાથે કરવામા આવે તો કાયદેસર ગણાય છે અને અલ્હાબાદમા તે કાઇ પણ રીતે કાયદેસર ગણાતુ નથી મુબાઇમા કઇ ચોકસ જણાતુ નથી, એટલે મુખ્ય બે જાતના લગ્ન હાલમા ચાલે છે એવો નીયમ નથી કે સારા માણસો ફકત બ્રહ્મ વિવાહથીજ પરણી શકે, અને શુદ્ર લોકો અસુર વિવાહથી પરણી શકે, ગમે તેવી જાતનો માણસ આ બે પૈકી કોઇ પણ જાતના લગ્નથી પરણી શકે છે, પરતુ કાયદાનુ અનુમાન એવુ છે કે સારા લોકોનો વિવાહ બ્રહ્મલગ્નથી થયેલો હશે અને શુદ્ર લોકોનો વિવાહ અસુર લગ્નથી થયો હશે.

લગ્ન થતા પહેલા વિવાહ એટલે લગ્નનો કરાર કરવામા આવે છે તે જો વરનો બાપ કે કન્યાનો બાપ વિવાહ તોડે તો તેની જવાબદારી કટવી હોવી જોઇએ લગ્નનો કરાર એટલે વિવાહનો અમલ કોર્ટ કરાવી શકતી નથી [જેમ કે ધારો કે કન્યાના બાપે વિવાહ તોડયો વરનો બાપ કન્યાના બાપ ઉપર તેની છોડીનુ વિવાહના કરાર પ્રમાણે લગ્ન કરાવવા દાવો કરે આવા દાવામા પોતે કોઇ કોઇ પણ રીતે મદદ કરી શકે નહી] પરતુ જો કોઈ માણસ વિવાહનો કરાર તોડે તો, તેવા માણસ ઉપર નુકસાનીનો દાવો બીજી તરફનો માણસ કરે તો આવા કેસમા કોર્ટ વાતનો કરાર તોડયો તેની નુકસાની અપાવી શકે

વિવાહના કરાર જો કાઇ પણ યોગ્ય કારણ સારૂ તોડવામા આવ્યો હોય, જેવા કે મરણ, રાડવો, ન મટે એવો રોગ, તો બન્ને પક્ષકારો વચ્ચે જે કાઇ જણસો વીગેરે આપવામા આવ્યુ હોય તે જેણે આપ્યુ હોય તે પાછુ લઇ શકે છે

આ ઉપર બતાવેલી કલમો અસુર લગ્નને લાગુ પડતી નથી અસુર લગ્નમા વરનો બાપ કે કન્યાનો બાપ કઇ પણુ પોતાના લાભને વાસ્તે લે છે અસુર લગ્નનો કરાર ઉપર નુકશાનીનો દાવો લાવી શકાય નહી, અસુર લગ્નમા જે કઇ પણુ પૈસા આપવાનો કરાર કર્યો હોય તે પઇસા જો સામાવાળો ના આપતો હોય તો તે વિષે દાવો ચાલે નહિ વળી જો પૈસા આપી દીધા હોય તો તે પાછા લેવા પણુ દાવો ચાલે નહિ.

કન્યાને તેનો બાપ, દાદો, ભાઈ, કાકો, મામો, પુરૂષ જાતીના પીત્રાઇઓ, અને જો આવા સગા યા તો તેની મા એકના અભાવે બીજા એમ અનુક્રમે પરણાવી શકે છે જો પુખ્ત ઉમર થતા સુધીમા કન્યાને પરણાવવામા ન આવે તો પછી તે કન્યા ત્રણુ વર્ષ સુધી સબુર ખમી પોતાને માટે વર પસદ કરવાને લાયક થાય છે વરને પોતાની પરણેત સ્રીને તાબે લેવાનો હક જ્યા સુધી તે કન્યા પુખ્ત ઉમરની ન થઇ હોય ત્યા સુધી નથી. પણુ વર પોતાની સ્રી સગીર હોય તો પણુ તેનો કબજો કન્યાના લાભને વાસ્તે માગી શકે.

કાયદાસર ખોડ, અસાધ્ય રોગ કે બીજી સગાઇને લીધે અથવા કન્યાના મરણુને લીધે લગ્ન કરવામા ન આવે, તો તેણીને પ્યારને માટે જે બક્ષીસ આપી હોય તે પાછી લેવાનો તેના ધણીને હક છે

લગ્નની બે ક્રિયા છે ૧ પાણીગ્રહણુ અને ૨ લગ્નની પરિપૂર્ણુતા, વિવાહ એ બરોબર અને પૂર્ણ થયેલુ લગ્ન ગણુવુ ન જોઇએ પાણીગ્રહણુ લગ્ન થયાની બરોબર છે, પ્રથમ પુનર્લગ્ન કરવાની મનાઇ હતી પણુ હવે સને ૧૮૫૬ ના ૧૫ મા આક્ટ પ્રમાણે છુટ છે લગ્ન કરતી વખતે જે ક્રિયાઓ કરવામા આવે છે તેમા મુખ્ય ક્રિયા સપ્તપદી એટલે કે વર કન્યાએ પાણી ગ્રહણુ (હાથ ઝાલી) કરી મગળ ફેરા ફરવા તે છે, લગ્નની સંપૂર્ણુતા ફક્ત કન્યાદાન કરવુ, કબુલ રાખવુ, અને સપ્તપદી નામની ક્રિયા કરવી તેજ છે, ત્યાર પછી લગ્નનો કરાર ન ભાગે તુટે તેવો થઈ જાય છે, જો ધણી નીચ જાતનો છે એમ માલમ પડે, અને ગર્ભાધાન નમની ક્રિયા કરવામા ન આવી હોય તો કન્યા પ્રાયશ્ચિત કરે એટલે તેને પુનર્લગ્ન કરવાની છુટ છે જો સ્રી નીચ જાતની માલમ પડે તો ધણીએ પ્રાયશ્ચિત કરવુ જોઇએ અને તેણીને ખોરાકી આપી જુદી કહાડવી જોઇએ, લગ્નની વખતે તે કન્યાના બાપ તરફથી વરને જે દાન મળે છે તે તેની સ્વોપાર્જીત મિલકત છે અને તેજ પ્રમાણે લગ્નની વખતે કન્યાને દાન મળે છે તે તેનુ સ્રીધન છે

પુરૂષે પોતાની સ્ત્રીને જે કઇ બક્ષીસ કરી દીધુ હોય તેજ સ્રીધન થઈ શકે છે જો પુરૂષે તેની સ્રીને કઇ પણુ જણુસ ભાવ બક્ષીસ કરેલુ ન હોય ને તે મરી જાય તો તે મિલકત સ્રીનુ સ્ત્રીધન થઇ શકતી નથી પણુ તે તેના વારસોને જાય છે સ્ત્રી પુખ્ત ઉમ્મરની થાય ત્યા સુધી પોતાના મા બાપના કુટુબમા રહી શકે છે

વર કન્યા પરણ્યા પછી કદાપી વરનુ મોત થાય તો કન્યાને રડાપો આવે છે, અને તેણીનો વારસનો હક અથવા તેણીના ધણીના કુટુબના માણુસો પાસેથી ભરણુપોષણુ લેવાનો હક થાય છે પણુ ધણી વિભક્ત હોય અને પોતાના ધણીને પુત્ર ન હોય તો તે સ્રીને પોતાના ધણીના વારસ તરીકે વારસો લેવાનો હક થાય છે પરતુ હીદુશાસ્ત્ર પ્રમાણે લગ્ન તોડી શકાતું નથી, પરતુ જો નાતના રીવાજ હોય તો તોડી શકાય છે તેથી બીજો સવાલ એ ઉઠશે કે લગ્ન તોડવાનો ધારો કાયદેસર ગણુાશે કે કેમ, કોન્ટ્રાકટ એકટની કલમ ૨૯ પ્રમાણે જે છુટા છેડા, વર અને વહુ બન્નેની સમતિથી થાય છે તેજ કાયદેસર ગણુાય છે ન્યાતનુ પચ કે, ધણી, વર અને વહુ બન્નેની સંમતિ વગર લગ્ના છુટા છેડા કરી શકાતા નથી

જો કોઇ સ્રી બદચાલ ચાલતી હોય તેને કાઇપણુ ભરણુપોષણુ આપવાને ધણી કે તેના સગા બધાયલા નથી ભરણુપોષણુ લેવાનો હક અને પતિના મરણુ પછી વારસ થવાનો હક જો તેની બદચાલ માફ કરવામા ના આવી હોય તો તેના પતિવ્રતા ઉપર આધાર રાખે છે, ધણીને જારની પાસેથી પોતાની સ્ત્રીની બદચાલને માટે નુકશાન લેવાનો હક નથી

લગ્નનો કરાર પાળવાને દરેક જણુ બધાયલા છે, લગ્ન એ ભાગે તુટે નહિ એવો કરાર છે જ્ઞાતિ એક હોય તો પણુ સગા સગાની અદર કોઇ પુરૂષ પોતાની માના ચાર પેઢી સુધીના સગાઓની અને

પોતાની છઠી પહેડીના બાપ તરફના વડીલોની વંશજ સ્ત્રીને પરણી શકતો નથી, નાતના ધારા પ્રમાણે કાકા ભાઇ, બેન અને તેઓના વંશજોના સાથે લગ્ન થઇ શકતું નથી કોઇ પુરૂષ પોતાની મા વડીઆઇ, સાસુ, ઓરમાન મા, ઓરમાન વડીઆઇ, દીકરી, દીકરીની અથવા દીકરાની દીકરી, દીકરાની વહુ, આગળીઆટ છોકરી, બેન, દુધ બેન ભત્રીજી, માશી, ફોઈ, મામી, કાકી અને પોતાને ઉછેરનારા એઓને પરણી શકતો નથી.

લગ્નની ક્રિયા, માગશર, માહા, ફાગણ, વૈશાખ, જેઠ અને અસાડ માસમા થઇ શકે છે, સીંહસ્ત વર્ષમા એટલે બારે વર્ષે એક વર્ષ આવે છે તે તેમા લગ્ન કરવાની મનાઇ છે, દત્તક છોકરો લગ્નની બાબતમા અને સગાઇની બાબતમા જન્મેલા છોકરાના જેવોજ છે કારણ તે પોતાના નવા કુટુંબમા તેમજ પોતાના પ્રથમના કુટુંબમા પણ પરણી શકતો નથી શાસ્ત્ર પ્રમાણે સ્ત્રીના ગુન્હાના મહત્વ મુજબ તેને શિક્ષા કરવાની પોતાના ધણીને છુટ છે હિંદુશાસ્ત્ર પ્રમાણે યોગ્ય કારણસર ધણી સ્ત્રીને શીક્ષા કરી શકે છે પણ આ નિયમ કાયદાઓના આધારે નથી હાલમા સ્ત્રી જો સગીર હોય અને ધણીના રક્ષણ નીચે રહેતી હોય તો તેને સુધારવાને માટે જેમ શિક્ષક કે બાપ નિશાળીઆને તેમજ છોકરાને, તેમજ છોકરાને, તેમને સુધારવાને શિક્ષા કરી શકે છે તેમ તે શિક્ષા કરી શકે, જો પુખ્ત ઉમરની સ્ત્રી થઇ હોય તો ધણીને તેને શિક્ષા કરવાનો હક નથી. ભારે જારકર્મની બાબતમા સ્ત્રીને ઘરમાથી બહાર કાઢી તેનો ત્યાગ કરી શકાય સ્ત્રી જાતે કોઇ દિવસ સ્વતંત્ર નથી, તેના બાળપણામા તેના બાપના તાબામા, યુવાનીમા પોતાના પતિના તાબામા, પતિ ન હોય તો છોકરાના, અને છોકરો ન હોય તો જે પુરૂષોની પાસેથી તેનો ભરણપોષણ લેવાનો હક છે તે માણસના તાબામા અને તે ન હોય તો રાજાના તાબામા છે સ્ત્રીનુ કામ ઘરની વ્યવસ્થા કરવાનુ, રસોઇ તૈયાર કરવાનુ તથા છોકરાઓનુ પાલણ પોષણ કરવાનુ છે, સ્ત્રીની ફરજ કે પતિવ્રતા હોવુ જોઇએ

પ્રથમ પરણેલી સ્ત્રી પાટની કહેવાય છે અને પોતાના ધણીના મરણ પછી દત્તક વિગેરે ક્રિયા કરવાનો હક તેનો છે, તે કુટુંબમા આગેવાન કહેવાવ છે

જો દંપતિમાથી કોઇને નાત બહાર મુકવામા આવે તો દંપતિ સમાગમ બંધ પડે છે (નાત બહાર મુકવાથી વારસાનો હક જતો નથી) જો ધણીને નાત બહાર મુકવામા આવે તો તેની સ્ત્રીને પોતાની મિલકત લઇ જુદા રહેવાનો હક છે, બદચાલ સિવાય જુદા થવાના બીજા કારણો છે તે નિચે પ્રમાણે,–પુરૂષ કે સ્ત્રીના કબજાના દાવાને નિચેના કારણોથી બચાવ થઇ શકે છે (૧) ધર્મનો ફેરફાર, (૨) મારઝુડ (૩) મીસકોન્ડકટ—એટલે ધણીની સ્ત્રી પ્રત્યે એવી વર્તણુક હોય કે વ્યાજબી રીતે કોઇ સાધારણ માણસને પણ યોગ્ય લાગે નહિ (૪) રાડવો, (૫) અસાધ્ય રોગ, (૬) ન્યાત બહાર પણ આવા કેસમા કોર્ટ એવુ હુકમનામુ કરી શકે જો ધણી ન્યાતમા પેસે તો તેને સ્ત્રીનો કબજો મળે એટલે આવી સરતે કોર્ટ હુકમનામુ કરી આપે.

પણ આ બાબતમા એક વાત ધ્યાનમા રાખવાની છે પ્રતિવાદી વાદીની ખોડ વાદીના દાવાના બચાવમા બતાવી શકે પણ પ્રતિવાદી પોતાનીજ ખોડ વાદીના દાવાના બચાવમા બતાવી શકે નહિ, જેમકે એક પુરૂષે સ્ત્રી કબજે લેવા દાવો કર્યો તેમા સ્ત્રીએ કહ્યું કે તેને એવો રોગ છે કે જો તેનો ધણી સંભોગ કરે તો ધણીને રોગ થાય તેમ છે પણ કોર્ટે એવો ઠરાવ કર્યો કે તે ધણીને જોવાનુ છે અને સ્ત્રીને જોવાનું નથી આવા કેસમા સ્ત્રી કંઇ બચાવ કરી શકે નહિ

વધારે સ્ત્રી કરવાનો ચાલ—સ્ત્રી વંધ્યા હોય અથવા દશ વર્ષ સુધી પુત્રીને જ જન્મ આપતી હોય, અથવા કાંઈ અસાધ્ય રોગો થયો હોય, અથવા ધણી ખરચાળુ, ભુંડી નુકસાનકારક કે છાટકી હોય તો અથવા સ્ત્રીની મમતી હોય તો પુરૂષને ફરી લગ્ન કરવાનો સંપુર્ણ હક છે સ્પષ્ટ રીતે ક્ષુદ્ર જાતિમા સ્ત્રીના છાટકાપણાથી પુરૂષને ફરીથી લગ્ન કરવાનો સંપુર્ણ હક છે, જ્યારે સ્ત્રી તરફથી પોતાના ધણીને ફરી લગ્ન કરવાની સંમતિ આપવામા આવે ત્યારે તેનો પતિ સ્ત્રી ધનની સાથે પુનલર્ગ્નના ખર્ચની બરાબર બદલો આપવાને બંધાયલો છે, આવા બદલાને માટે સ્ત્રી દાવો આણી શકે છે, પરંતુ આવી વખતે સ્ત્રીની બદચાલ તે સારો બચાવ છે, બ્રાહ્મણને ચાર, ક્ષત્રીને ત્રણ, વાણીઆને બે અને એક શુદ્રને એક સ્ત્રી પરણવાને માટે શાસ્ત્રમા ઠરાવ છે હાલમા તો એક સ્ત્રી ઉપર બીજી સ્ત્રી લાવવાનો ચાલ વધી પડ્યો છે, કંસારાની ન્યાતમા જો જોર જુલમથી છુટા છેડા વૈરી મેળવી શકતી હોય અથવા તો ન્યાતમા અરજ કરવાથી પંચ લોકો

બૈરીને છુટી કરી શકતા હોય તો તે રીવાજ કાયદાસર નથી તેથી છુટા છેડા રદ બાતલ છે કારણ કે ધણીની અને બૈરીની બંનેની મરજી સિવાય છુટાછેડા થઇ શકતા નથી

હિંદુ શાસ્ત્રની અંદર છેડાછુટકા કરવાનો કાંઇ ઠરાવ નથી, પણ હાલમા કેટલીએક નીચ જાતીમા એટલે, કણબી, કાછીઆ વિગેરેમા છેડાછુટકા થઇ શકે છે અને છેડાછુટકા થયા પછી એ લોકો નાતરે જાય છે

વિધવા પોતાના ધણીની મરણ ક્રીયા એટલે શ્રાદ્ધ, વિગેરે જો મરનારને પુત્ર, પૌત્ર, ભાઇ અથવા ભત્રીજો ન હોય તો તે કરી શકે છે વિધવા સ્ત્રીએ ધર્મક્રીયા કરવી, શિયલવ્રત પાળવુ બ્રાહ્મણ જમાડવા દાન આપવુ અને બધી જાતનો વીકાર કાઢી નાખી તિર્થયાત્રા કરવી વિધવા સ્ત્રી પોતાનો ધણી મરી જાય તે વખતે જો ખરાબ કામ કરતી હોય તો તેને વારસો મળી શકતો નથી પણ વારસો મળ્યા કેડે જો સ્ત્રી ખરાબ કામ કરતી હોય તો તેને મળેલો વારસો કોઇ લઇ શકતું નથી

સ્ત્રીને નાત બહાર મુકવાથી તેના વારસોને કોઇ પણ રીતનો બાધ નડી શકતો નથી, ફક્ત ખરાબ ચાલ તેજ તેના વારસા મળતી વખતે નુકસાન કરતા નીવડે છે વિવાહનો કરાર તોડયા બાબત તે છોકરાના બાપ પાસેથી નુકશાની કોર્ટ અપાવશે ધણી જીવતો છતા હાજર નહિ હોવાના કારણથી કુટુંબના નિર્વાહ સારૂ યોગ્ય કારણસર સ્ત્રીએ કરેલુ કરજ ધણી અથવા દીકરાએ આપવુ પણ ગેરવ્યાજબી હોય તો આપવુ નહિ

દત્તક બાબત

દત્તક કરવાનો હેતુ—દત્તક લેવાથી માબાપ નરકમા જતા બચે છે, દત્તક છોકરો અથવા તેના વંશજો તેઓને માટે મરણ ક્રીયા, સુતક અને શ્રાદ્ધ શપીંડદાન કરે તેથી તેઓને ભવિષ્યમા સુખ પ્રાપ્ત થાય છે, અને આ દુનિયામા દત્તક થનાર છોકરાના દાન કરવાથી, બ્રાહ્મણને જમાડવાથી, યાત્રાઓ કરવાથી અને બીજા સુકામ કરવાથી, દત્તક માબાપનું સુનામ રહે છે, તે દત્તક લેવાનો હેતુ છે ત્રણ, દહક, કૃત્રિમ, દ્વામુસ્યાન આ ચાર દત્તકની જાતિ છે હાલમા ફક્ત દત્તક અમલમા છે ભત્રીજાનું દ્વામુસ્યાન દત્તક મંજુર છે, બીજા સખસનુ મંજુર નથી

પ્રથમ સપીંડ તથા સગો હોય તેને દત્તક લેવો, તેમા ભાઇનો છોકરો પ્રથમ ગણેલો છે તેને અભાવે સપીંડ સગોત્ર અને તેને અભાવે અસપીંડ સગોત્ર અને તેને અભાવે અસગોત્ર સપીંડ, પરંતુ એવુ જરૂરનુ નથી કે ભાઇનો છોકરો હોય એટલે બીજા કોઈ પણ સગપણ સગપણ વગરનાને દત્તક લેનારો દત્તક ન લઇ શકે, બેનનો છોકરો તથા છોકરીનો છોકરો દત્તક લઇ શકાતા નથી, પણ કેટલીક જ્ઞાતિઓમા જ્ઞાતિઓના રિવાજથી બેનના છોકરા તથા છોકરીના છોકરાને દત્તક લઇ શકાય છે કાયદાનો તત્વ એવો છે કે દત્તક લેનાર જે છોકરાને દત્તક લેવાનો હોય તે છોકરાની માની કુવારી અવસ્થામા તેને પરણી શકે તેમ હોય તો તેવા છોકરાને દત્તક લઇ શકાય જ્યેષ્ટપુત્રને પણ દત્તક આપી શકાય છે, કાકો, મામો, ભાઇ એઓને દત્તક લેવા નહિ, સાળાને દત્તક લઇ શકાય છે દત્તક થનારા એકજ જ્ઞાતીનો હોવો જોઇએ અને એકજ જ્ઞાતિના ન હોય તો તે દત્તક લેનારનો વારસ થઇ શકશે નથી પણ ફક્ત તેને ભરણુ પોષણ લેવાનો હક છે દત્તક છોકરાની વધારેમા વધારે ઉમ્મર પાચ વર્ષની કહેલી છે, પણ ગમે તેટલી ઉમ્મર હોય તો પણ દત્તક થઇ શકે એવુ કેટલાકનુ માનવુ છે જે સખસ પરણેલો હોય અગર કુવારો હોય અને જો તેને સતતા ન હોય તો બીજાનો દત્તક છોકરો લઇ શકે છે એકનો એક છોકરો દત્તક લઇ શકાય છે અનાથ છોકરાને અને માબાપ વગરના છોકરાને દત્તક લઇ શકાતો નથી, અનૌરસ છોકરો દત્તક આપી શકાતો નથી, પરંતુ જો દત્તક છોકરાના ફાયદાને માટે હોય તો દત્તક આપવાને અડચણ નથી

નિચેના માણસોને દત્તક લઈ શકે છે

માણસ કે તેની સંમતિથી તેની સ્ત્રી

હવે માણસમા કોણ

(૧) હીંદુ જૈન પણ દત્તક લઈ શકે (૨) છોકરા, છોકરાના છોકરા, છોકરાના છોકરાના છોકરા વગરના દત્તક લઇ શકે (૩) કુવારો પણ લઇ શકે (૪) ગર્ભવન્તી બાવાઓ લઈ શકે. (૫) સગીર કે

જેને સમજણી ઉમર આવી હોય તે અને (૬) જેને વારસો મળવાનો હક નથી એવા કેટલાક રોગવાળા માણસો દત્તક લઇ શકે

સ્ત્રી–ધણીના જીવતા સ્ત્રીએ દત્તક લેવા માટે ધણીની મરજી મેળવવી જોઇએ ધણીના મરી ગયા પછી સ્ત્રી દત્તક લઇ શકે, પણ ખાસ ધણીએ પ્રતિબંધ ના કર્યો હોય તો લઇ શકે જો ધણીએ અમુક છોકરાને દત્તક લેવાનુ કહ્યુ હોય તો પણ સ્ત્રી બીજા છોકરાને બતાવેલો છોકરો મળી શકતો ના હોય તો દત્તક લઈ શકે પણ જો ખાસ ધણીએ કહ્યુ કે અમુક છોકરો દત્તક લેવો અને બીજો ના લેવો તો તેજ છોકરો લઇ શકાય અને બીજો લઇ શકાય નહી

નીચેની સ્ત્રીઓને દત્તક લેવાનો અધિકાર છે

(૧) સગીર સ્ત્રી જો પોતાના ધણીએ સત્તા આપી હોય તો

(૨) સગીર સ્ત્રી પોતાના ધણીની સત્તા ના હોય તો પુખ્ત ઉમરના થતાસુધી દત્તક લઇ શકતી નથી

(૩) મોટી ઉમરની સ્ત્રી જો કે તેનો ધણી મરી ગયો ત્યારે સગીર હતો તો પણ

(૪) વ્યભિચારી સ્ત્રી લઇ શકતી નથી પણ જો તે શુદ્ધ થાય તો લઇ શકે

(૫) સ્ત્રી શોકમા હોય ત્યારે એટલે ધણીનુ મડદુ ઘરમા પડ્યુ હોય તે વખતે

(૬) માથાના વાળ મુડાયા પહેલા પણ સ્ત્રી દત્તક લઇ શકે છે,

(૭) બીજી સ્ત્રીઓ હોય તો નીચેના અનુક્રમ પ્રમાણે લઇ શકે

(૧) જો ધણીની ખાસ સત્તા એકને હોય તો તે સત્તાવાળી સ્ત્રી બીજીની મરજી હો કે ના હો તો પણ દત્તક લઇ શકે (૨) જો સત્તા ધણીએ બધાને આપી હોય તો મોટી વહુ લઇ શકે અને જો તે ના કહેલી હોય તો નાની દત્તક લઇ શકે (૩) જો સત્તા કોઇ પણ રીતે ના આપી હોય તો મોટી સ્ત્રી એકલી કરી શકે નાની સ્ત્રી મોટીની મરજી વગર કરી શકે નાહ પણ જો મોટી સ્ત્રી ખરાબ ચાલ ચાલતી હોય તો નાની સ્ત્રી કરી શકે

(૮) એકત્ર કુટુબમા જો ધણી ગુજરી ગયો હોય તો સસરાની કે દીયર જેઠની મરજી વગર સ્ત્રી દત્તક લઈ શકતી નથી

(૯) નાતરે ગએલી સ્ત્રીને દત્તક લેવાની સત્તા નથી

કિસબણનો ધધો ચલાવનાર સ્ત્રી, છોકરીને દત્તક લઇ શકે છે

નિચેના માણસોને દત્તક આપી શકે

બાપ અને તેની મરજીથી મા

બાપ.—

(૧) બાપ સ્ત્રીની મરજી વગર દત્તક આપી શકે, દાદો, ભાઇ કે કોઈ બીજાને દત્તક આપવાની સત્તા નથી.

(૨) બાપ મુસલમાન થાય તો પણ દત્તક આપવાની સત્તા છે

મા.—

(૧) બાપના જીવતા તેની મરજીથી દત્તક આપી શકે

(૨) બાપના મરણ બાદ જો બાપે ચોખી ના કહી ના હોય તો મા દત્તક આપી શકે

(૩) જો પોતાના ધણીએ સત્તા આપેલી હોય તો નાતરે ગયેલી સ્ત્રીને પોતાના પહેલા ધણીનો છોકરો દત્તક આપવાનો હક્ક છે વળી મુબઈ હાઇકોર્ટનો હાલનો અભિપ્રાય એવો છે કે સત્તા ના હોય તો પણ હક્ક છે

નિચેના માણસોને દત્તક લઇ શકાય.

[૧) એકજ જાતનો

(૧) એક જાતનો પણ જુદા તડનો હોય તો પણ લઇ શકાય

(૩] પરણેલો લઇ શકાય

(૪) એકનો એક છોકરો લઈ શકાય

(૫) મા કે બાપ વાળો

(૬) છોકરો જે દત્તક લે તેના કરતા નાનો હો કે મોટો હો તો પણ ચાલે

(૭) છોકરો દત્તક માના કરતા નાનો હો કે મોટો હો તો પણ ચાલે

(૮) છોકરાની માને કુવારી અવસ્થામા દત્તક લેનારો પુરૂષ કે જો દત્તક લેનારી સ્ત્રી હોય તો તેનો ધણી પરણી શકે તેમ ના હોય તો તેને દત્તક લઇ શકાય નહી પણ આ નીયમ હમણા સાધારણ રીતે બધા કેસોમા લાગુ પડતો નથી હાલમા આ નીયમ ફકત છોડીનો છોકરો, બેનનો છોકરો માસીનો છોકરો એટલાનેજ માટે લાગુ પાડેલો છે બીજાઓને માટે લાગુ પાડતા નથી, એટલે આ નિયમ અમુક કેસ વગર નકામો છે કેટલીક ન્યાતોમા બેનનો ને છોડીનો છોકરો દત્તક લેવાનો રીવાજ છે,

દત્તક લેવામાં નીચેની ક્રીયા થવી જોઇએ

(૧) આપવુ ને લેવુ

(૨) દત્ત હોમ, બ્રાહ્મણ, ક્ષત્રી ને વૈશ્યમા જરૂરનો છે

(૩) લેખી કરારની જરૂર નથી

(૪) શુદ્રમા દત્ત હોમની જરૂર નથી

(૫) પણ જો એક ગામમા દત્તક લેનાર અને દત્તક છોકરો હોય તો દત્ત હોમની કોઇ પણ જોતીમા જરૂર નથી

સ્વાભાવિક કુટુંબ સંબંધ તથા દત્તક છોકરાના હક અને ધર્મ

દત્તક થનારો છોકરો જે કુટુંબમા જન્મ્યો હોય તે કુટુંબમાથી બાતલ થઈ વારસાના તમામ હક ખોઇ દત્તક લેનારના કુટુંબમા જાણે જન્મ્યો હોય એમ ગણાય છે અને ઔરસ પુત્રની માફક વારસા ઉપરના સરવે હક દત્તક લેનારના કુટુંબમા તેને પ્રાપ્ત થાય છે સ્વાભાવિક અને દત્તક કુટુંબના શાસ્ત્રની મનાઇ કરેલા સગામા દત્તક છોકરાનુ લગ્ન થઇ શકતું નથી તેમજ દત્તક થયા પછી તેને પુત્ર નહિ હોય તો પોતાના તથા દત્તક કુટુંબના સખસો જાણે તેજ કુટુંબમા જન્મેલ ન હોય તે પ્રમાણે પ્રતિબંધ કરેલા સખસોનો દત્તક થનાર લઇ શકતો નથી દત્તક થયા પછી દત્તક નહિ થયો હોત ને જે સખસોને શાસ્ત્રથી દત્તક લેવાનું પ્રતિબંધ થાત તેઓને પણ દત્તક લઇ શકતો નથી દત્તક થયા પછી કાંઇ પણ કારણને લીધે તેનું દત્તક વિધાન રદ થાય તો તેનો પોતાના જનક કુટુંબમા વારસા ઉપર કાંઇ હક રહેતો નથી, પણ દત્તક કુટુંબમાથી તેને ભરણપોષણ મળે છે પણ સર ગ્રેડી સાહેબના મત પ્રમાણે તેના સ્વભાવિક જનક કુટુંબમા વારસા ઇત્યાદીના હક જતા નથી, દત્તક લીધા પછી પુત્ર જન્મે તો મિલકતમાથી તે આરસ પુત્રને જેટલુ મળે તેનો ચોથો હિસ્સો દત્તક પુત્રને મળે છે શુદ્ર જાતીમા દત્તક લીધેલા છોકરાના અને પાછળથી જન્મેલા છોકરાના દત્તક હક સરખા છે

જો દત્તક છોકરો બાપની મિલકતનો વારસ થયો હોય અને પછી પોતે નિર્વંશ મરી જાય તો તે મિલકતના વારસ તેના દત્તક બાપના સ્વાભાવિક વારસો થાય છે પોતાનો સગો બાપ પણ વારસ થતો નથી, અને જો પોત પોતાની વિધવા સ્ત્રી પણ મુકયા સિવાય મરી જાય તો પોતાની દત્તક મા વારસ થાય છે એક વખત દત્ત વિધાન થયુ એટલે ફરીને રદ થઇ શકતું નથી જ્યારે દત્ત વિધાન તેત્રીસ વર્ષ સુધી કબુલ રાખવામા આવે તો એમ અનુમાન થાય છે કે દત્તક છોકરાને દત્તક આપવાને લાયક માણસની સમતિ મેળવવામા આવી છે

સગીર ઉમર

હિંદુશાસ્ત્રનો સાધારણ નિયમ એવો છે ક સતરમુ વરસ બેસે અને સોળમુ વરસ પુરૂ થાય એટલે તે સખસ પુખ્ત ઉમ્મરનો થયો એમ કહેવાય પણ સવાલ ઉઠશે ક જો બાપ કે મા કે સગીરમાથી કોઇ પણ ધર્મ (પોતાનો) ધારી પારકા ધર્મનો આશ્રય લે તો વાલીપણાનો હક મળે છે તે નીચેથી જણાશે —

૧ બાપ—બાપનો ધર્મ તેજ છોકરાનો ધર્મ, તેથી જો બાપ ક્રીશ્ચીયન કે મુસલમાન થઈ જાય પણ મા મુળ ધર્મમાજ રહી હોય તોપણ બાપ પોતાના છોકરાને પોતાની સાથે લઇ શકે છે. માપનો જે ધર્મ

હોય તેજ ધર્મ કાયદા પ્રમાણે છોકરાને ધારી શકાય, તો તેથી કરીને આવા કેસમા માનો કઇ પણ હક હોતો નથી, પરંતુ બાપ વટલાઇ ગયા પછી પોતાના છોકરાને ઘણા વરસ મુળ ધર્મમા રહેવા દે એટલે પોતાના હીંદુ ભાઇ ભાડુમા રહેવા દે તો બાપનો છોકરા ઉપર કઇ હક ચાલતો નથી વળી જો બાપ ખરાબ ધંધો કરતો હોય તો પણ તેને છોકરાનું વાલીપણુ લેવાનો હક નથી

૨ મા—મા ધર્મ ભ્રષ્ટ થાય તો તેને છોકરા ઉપર કઇ અધિકાર નથી. કારણ કે ઉપર બતાવ્યા પ્રમાણે બાપનો ધર્મ તે છોકરાનો ધર્મ અને એમ કરીને મુળ ધર્મમા રહેલા છોકરાને માને પોતાની સાથે રાખવાનો હક નથી, પણ જો છોકરા માની સાથે વટલાયા પછી ઘણા વખત રહ્યા હોય અને ત્યા રહીને નવા ધર્મના બીજ તેઓના મગજમા ઉતરેલા હોય તો આવા છોકરાને તેઓની મા પાસેથી છોકરાના હીંદુ સગા લઇ શકતા નથી,

૩ છોકરો—છોકરા ઉપર મા બાપની સત્તા છે, અને તેથી જો છોકરૂ વટલાઇ ગયુ હોય તો પણ તેના ઉપર તેના માબાપોનો હક છે, તેથી જો કોઈ છોકરૂ ક્રીશ્ચીયન થઇ ગયુ હોય તો તેને તાબે લેવા માબાપ દાવો કરી શકે છે પણ નીચે બતાવેલા સંજોગોમા છોકરાના હીંદુ સગાઓને કબજાની દાદ મળી શક્તી નથી

(अ) મા કે બાપ વેશ્યાનો અગર ખરાબ ધંધો કરતા હોય (ब) છોકરૂં ધર્મ ફેર કર્યા પછી ભણી હુશીઆર થતું હોય અને નવા ધર્મના તત્વો બરોબર મનમા ઠસી ગયા હોય અને નવા ધર્મમા રહેવાથી તેને વધારે ફાયદો ભવિષ્યમા થાય એવો હોય તો, (क) જો છોકરાની વય પુખ્ત ઉમરની થઇ ગઇ હોય તો ત્યાર પછી મા બાપને કાઇ દાદ મળી શકે નહી

સગીર ઉમ્મર.

હિંદુસ્તાનનો પુખ્ત ઉમરનો સન ૧૮૭૫ નો ૯ મો આકટ

આ આકટ લગ્ન, પહેરામણી, તલાક અને દત્તકની બાબતમા લાગુ નથી તેમ "રાણી સાહેબ" ની રૈયતની કોઇ પણ જાતિના રીવાજોને તથા ધર્મ અથવા ધર્મની ક્રિયાઓને આ આકટ લાગુ નથી

૩ જે સગીર ઉમરનો સખસ કોર્ટ ઓફ વોર્ડસની હકુમતમા હોય તે સખસ જ્યારે પુરી એકવીશ વર્ષની ઉમ્મરનો થાય ત્યારે તે મોટી ઉમ્મરનો છે એમ સમજવુ બીજો કોઇ પણ સખસ.—બ્રિટીશ ઇંડીઆમા રહેનાર જ્યારે તેમની ઉમ્મર પુરી અઢાર વર્ષની થાય છે ત્યારે તેઓ પુખ્ત ઉમ્મરના થાય છે એમ સમજવુ

૪ ઉમ્મર ગણવામા જન્મનો આખો દિવસ ગણવો,

* * * * * *

જ્યારે છોકરાનો બાપ જીવતો હોય ત્યારે તેનો વાલી તેનો બાપ થઇ શકે, અને બાપ ગુજરેલો અથવા ગાડછાને લીધે નાલાયક હોય તો તેની મા થઇ શકે છે ઓરમાન મા પણ સમજવી, તેના કાકાના તથા ભાઇના કરતા માને વાલી થવાનો સારો હક છે મા ન હોય તો તેનો મોટા ભાઇ, મોટો ભાઇ ન હોય તો, તેના બાપના સગાઓ અને બાપના સગાઓ ન હોય તો તેની માના સગાઓ વાલી થઇ શકે છે દુરના સગાઓ કરતા પાસેના સગાઓનો વધારે હક છે છેવટે કોઇ સગો ન હોય તો રાજા, તેનો પાલણ-કર્તા, અને મીલકતનો રક્ષણ કર્તા થઇ શકે છે, વાલી ઠરાવવાનો હક રાજાને છે

સ્ત્રીઓ—કોઇ પણ સ્ત્રી જ્યા સુધી પરણેલી નથી ત્યા સુધી ગમે તો તે સગીર ઉમરની હોય યા પુખ્ત ઉમરની હોય તો પણ તે પોતાના બાપના તાબામા છે, અને બાપ ન હોય તો બાપના નજીકના સગાઓના તાબામા છે, તેના લગ્ન પછી પોતાના ધણીના તાબામા છે, ધણી ન હોય તો પોતાના પુત્ર, પુત્ર ન હોય તો પૌત્ર, પૌત્ર ન હોય તો પરપૌત્ર, અને તે બધા ન હોય તો, પોતાના ધણીના વારસોના અને જ્યારે ધણી તરફનુ કોઇ સગુ ન હોય તો પોતાના બાપ તરફના સગાઓના તાબામા છે, કોઇ ન હોય તો રાજા તેની સભાળ લે છે, ગમે તેવી જાતની સ્ત્રીને કરાર કરવાનો હક છે પણ તેની જવાબદારી કેટલી છે તે જોવાનુ છે

હક અને જવાબદારી—સગીર ઉમરનો સખસ મોટી ઉમ્મરનો થાય ત્યા સુધી પોતાના વાલીની પાસેથી હીસાબ લેવાને લાયક નથી, તે કરાર અથવા કાયદેસર કોન્ટ્રાક્ટ કરી શકતો નથી, તેને કેળવણીને સારૂ અથવા જરૂરીઆત કામને માટે પૈસા ધીરવામા આવ્યા હોય તો તેને માટે સગીર જાતે નહિ પણ તેની મીલકત જવાબદાર છે. તે ખાનગી અપકૃત્ય જેમકે અતિક્રમણ, પ્રવેશ અને હુમલા કરે તેને માટે તે જવાબદાર છે સગીર ઉમરના સખસે બક્ષીસ આપી હોય તો તે મંજુર છે

મિલકત બાબત.

મિલકતની જાતિ— (૧) આઠ છે, વડીલોપાર્જીત અથવા પીત્રાર્જીતા એટલે જે મિલકત બાપ અથવા દાદાએ મેળવેલી હોય અને વારસાના હકથી માલીક મેળવે છે તે

૨ સ્વોપાર્જીત, જે મિલકત પોતાની મહેનતથી, અને વડીલોપાર્જીત મિલકતની મદદ સિવાય પોતે મેળવે છે તે, જેવી કે જ્ઞાનથી પ્રાપ્ત કરેલી, મિત્રે આપેલી, લગ્નથી મેળવેલી, બરદાસ્ત કરવાથી પ્રાપ્ત કરેલી અને રણસંગ્રામ, નોકરી, વ્યાપાર, ખેતીવાડી અને દ્યુતમા સંપાદન કરેલી મિલકત

૩ સ્થાવર મિલકત આ શબ્દમા જમીનનો, ઇમારતનો અને જમીનની ઉપજના વર્ષાશન, વેચાણ, બક્ષીસ, અથવા જાથુ પટાથી મળેલા જાથુ હકનો સમાવેશ થાય છે, જાથુ હક મળવાની દસ્તુરાઇ જેને નિર્બંધ કહે છે તેનો પણ સમાવેશ થાય છે

૪ જંગમ મિલકત—સ્થાવર મિલકત સિવાયની બીજી સઘળી મિલકત ગીરો અને અમુક મુદતના પાટા અને જે ઉપજ જંગલી જનાવર, પક્ષીઓ ઇત્યાદીને જાથુ મિલકતની સાથે સંબંધ છે તેનો પણ સમાવેશ થાય છે

૫ સ્ત્રી ધન–એટલે સ્ત્રીની ખાસ મિલકત એ વિશે આગળ કહેવામા આવશે

૬. દેવ દ્રવ્ય–દેવસ્થાનની મિલકત.

૭ વિભક્ત અથવા ઇલાયદી મિલકત પોતાને મળેલી હોય અને પોતાના સહભાગીઓને જેનો ભાગ મળવાનો હક ન હોય તે મિલકત

૮ અવિભક્ત અથવા કુટુંબી જે મિલકત મજીઆરી છે તે

મિલકત ઉપર ત્રણ જાતીના બોજા છે ૧ વ્યાજબી દેવુ મૃત્યુ લેખાર્પિત દાન, ૨ માસીઓ, છમાસી. વરસી, લગ્ન, અને ઉપનય ઇત્યાદી ક્રીયાઓ, અને ૩ ભરણપોષણના હકદારોને માટે ભરણપોષણ, વારસો અમુક બોજાની સાથે મળે છે

હિંદુના વારસોને કરજમાંથી છોડાવવા બાબતનો આકટ.

સન ૧૮૮૬ નો આકટ ૭ મો.

૧. કોઇ માણસ મરનાર હિંદુનો છોકરો, અથવા છોકરાનો છોકરો હોય તેટલાજ સબબથી તેની ઉપર તે મરનાર હિંદુના કરજ બાબત ફરીઆદ ચાલશે એમ સમજવુ નહિ

૨–૩. તેમ મરનાર માણસની માલમિલકત મળી હોય તે ધણી, છોકરો અથવા છોકરાનો છોકરો કે વારસ છે એટલાજ સબબથી તે માલ મિલકતની રકમ કરતા, તે ધણીને પોતાના બાપદાદાના વત્તા કરજનો જવાબ દેવો પડતો નથી.

૪. જે માણસ હિંદુ વિધવાની સાથે પરણે છે તેને તે લગ્નના સબબથી તેણીના પહેલા અથવા હરકોઇ આગલા મરનાર ધણીના કરજનો જવાબ દેવો પડતો નથી

૫ અવિભક્ત હિંદુકુટુંબના એક માણસે કાંઇ કરજ જાણે અવિભક્ત કુટુંબેજ કર્યું હોય તેવી રીતે કર્યું હોય તો, તે કરજ કર્યાની વખતે અવિભક્ત કુટુંબનુ જે માણસ જન્મ્યું નહિ હોય અથવા એકવીસ

વર્ષ કરતા ઓછી ઉમ્મરનુ હોય તે માણસને જાતે તે કરજ વાળવુ પડશે નહિ

મરનાર હિંદુની મીલકત—તેના દેવા પેટે એટલે બધે સુધી સાનમા નથી કે તેના વારસ ત્રાહિત સખસને તે આપી શકે નહિ કોઈ સખસની વિધવા પોતાના પતિના કરજને માટે જવાબદાર **નથી,** જો તેનો પતિ કાંઇ આસ્થા મુકી મરી ગયો હોય તો, તેણીના ગુજરાનને સારૂ રહે કે ન રહે તો પણ દેવુ પ્રથમ આપવુ જોઇએ બધા વારસોને આ નિયમ લાગુ છે, આવભક્ત કુટુંબના દેવાને માટે કુટુંબનો વહિવટ કરનાર સખસ જવાબદાર છે પણ તે કુટુંબના બીજા સખસોની સાથે જવાબદાર છે જેના કબજામા મરનારની મિલકત આવે છે તે માણસ મરનારના કરજ સારૂ પ્રથમ જવાબદાર થાય છે જરૂરી કામને સારૂ જો સ્ત્રી દેવુ કરે તો, તેને માટે તેનો ધણી જવાબદાર છે વિધવા સ્ત્રીએ જે કાઇ કરજ કર્યું હોય તે કરજને માટે જેનો વારસો જવાબદાર નથી જો જરૂરીઆત કામને સારૂ એટલે કે ભરણપોષણ તથા પોતાના ધણીનુ દેવુ આપવાને માટે કરજ કહાડવામા આવ્યુ હોય તો તેઓ જવાબદાર છે વિધવા સ્ત્રીનો ફક્ત જીદગી પર્યંત સુધીનો હક્ક જે મિલકત પોતાના ધણીના વારસમા લે છે તે ઉપર છે જનોઈ દેવાને સારૂ અને કુવારા (છોકરા અથવા છોકરી)ઓને પરણાવવાને સારૂ જે ખર્ચ કરવામા આવે પણ મજીઆરી મિલકત ઉપર બોજો છે

ભરણપોષણ માટે

સ્ત્રી,—પરણી ત્યારથી ભરણપોષણનો હક છે પુખ્ત ઉમરની થાય ત્યા સુધી તેને પીયર રહેવાનો હક છે છતા તે ભરણપોષણ માગી શકે છે

તેણે પતિવ્રતા રહેવુ જોઇએ—અને જો ના રહે તો ભરણપોષણનો હક નથી જો કોઇ પણ યોગ્ય કારણ વગર ધણીથી જુદી રહે તો પણ તેને તેનો હક નથી, ધણી પોતાની સ્ત્રીને પોતે ગરીબ હો કે પૈસાદાર હો તો પણ પાળવાને બધાયલો છે સ્ત્રી પોતાના ધણીની સમતિથી બદચાલ ચાલતી હોય, અગર બદચાલની માફી મળી હોય તો પતિ તે સ્ત્રીને પાળવા બધાયલો છે

મા,— તે પતિવ્રતા હોવી જોઇએ, છોકરો ગરીબ હો કે પૈસાદાર હો તો પણ માને પાળવી જોઈએ સવાલ ઉઠે કે બાપ જીવતો હોય ત્યારે માને પાળવાને છોકરો બધાયલો છે કે કેમ ? પણ એતો ચોક્કસ છે કે મા રાડયા પછી તેને પાળવાનો બોજો છોકરાને માથે પડે છે

બાપ,—ઘરડા બાપને પાળવાનો બોજો છોકરા ઉપર પડે છે છોકરો ગરીબ કે પૈસાદાર હોય પણ પાળવાને બધાયલો છે

બેન,—લગ્ન ના થયુ હોય ત્યા સુધી ભાઇ પાળવાને બધાયલો છે કે કેમ ? જો બાપ તરફથી મીલકત મળેલી હોય તો તેને પાળવી જોઇએ, અને જો ના મળેલી હોય તો ભાઇ ઉપર કાઇ બોજો નથી જો બાપની મીલકત ઘણીજ થોડી હોય તો બેન ફક્ત લગ્ન થતા સુધીનુ ભરણપોષણ અને લગ્નનુ ખર્ચ માગી શકે, પણ જો મીલકત થોડી હોય તો ફક્ત ભરણપોષણ અને લગ્નના ખરચ બદલ વધારામા વધારે તે આખી મિલકતનો ચોથો ભાગ માગી શક

છોડી,—મીલકત હો કે ના હો તો પણ લગ્ન થતા સુધી બાપ છોડીને પાળવાને બધાયલો છે, ધારો કે છોડી પરણાવ્યા પછી રાડી તો રાડયા પછી તેને ખોરાકી પોષાકી માટે પોતાના બાપ ઉપર અથવા તો બાપની મિલકત ખાનગ ઉપર કાઇ પણ ભરણપોષણનો હક છે કે કેમ તે બાબત મુબઇ ઇલાકામા એવો ઠરાવ કરવામા આવ્યો છે કે તને તે બાબત કઇ પણ હક નથી છોડી પવિત્ર કે અપવિત્ર એ સવાલ ઉઠતો નથી

છોકરાની વહુ,—જો છોકરા વહુ મુકીને મરી ગયો હોય તો તેની સ્ત્રીને ભરણપોષણને કેટલો હક છે —જો સ્ત્રીનો ધણી મજીયારી મીલકત મુકીને મરી ગયો હોય તો સસરો પાળવાને બધાયલો છે, પણ જો બધી મિલકત સસરાની જાતની રળેલી હોય અને તેમા તેનો છોકરાનો કઈ પણ હક ના હોય તો તેની સ્ત્રીનો કઈ પણ હક ભરણપોષણ માટે નથી પણ વડીલોપાર્જીત મીલકત સસરાના હાથમા હોય તો તે પાળવાને બધાયલો છે પણ જો સસરો મરી જાય અને તેની પોતાની રળેલી મીલકત તેના વારસોના હાથમા જાય તો તે વારસો ઉપર વિધવા સ્ત્રીનો હક છે પણ તેણે પ્રતીવ્રતા રહેવુ જોઇએ

બીજી કોઈ કુટુંબની સ્ત્રી—મજીયારી મિલકત મુકીને પોતાનો ધણી મરી ગયો હોય તો હક છે નહિ તો હક નથી

રાખનાં છોકરાં—શુદ્રમા તે બીજા છોકરાઓ સાથે ભાગ લે છે પણ ઉચી ન્યાતોમા તો તેને ફક્ત ભરણપોષણનો હક છે પણ રાખના છોકરાના છોકરાનો કઇ હક નથી.

રાખની છોડી—કઈ પણ જાતનો હક નથી

છોકરો—બાપ છોકરાને પાળવાને બધાયલો છે પણ આ બધન છોકરો પુખ્ત ઉમરનો થાય ત્યા સુધીનુ છે

કુટુંબના મુખ્યે—તેના આખા કુકુબનું ભરણપોષણ કરવુ એ તેની ફરજ છે અને તે એક કુટુબી મીલકત ઉપર બોજો છે, પોતાની સ્ત્રીનુ અને પોતાની સંતતીનુ તેણે ફકત ભરણપોષણ કરવુ, એટલુ જ નહિ પણ પોતાના બાપનુ, પોતાના બાપની વિધવાનુ વહુવાનુ, વડીબાઇનુ, કુવારી બેનનુ, વિધવા બેનનુ, અનૌરસ પુત્રનુ, અને તેની માનુ, અને જે સખસ કાયદેસર વારસો લેવાને ના લાયક છે તે સખસોનુ તથા તેમની વિધવા સ્ત્રીઓ અને છોકરીઓનુ પોષણ કરવાને પોતે બધાયલો છે જે સગીર ઉમ્મરની સ્ત્રી પોતાના પીયરમા રહેતી હોય તેનુ પણ ભરણપોષણ કરવાને માટે તે બધાયલો છે જો કોઇ સ્ત્રી પોતાના ધણીના વ્યાજબી કારણસર જુદી રહે તો, તેના ધણીએ તેનુ ભરણપોષણ કરવુ જોઇએ, તેણીના મરણ પછી કુટુબના ફડમાથી ભરણપોષણ લેવાનો હક છે, પરતુ તેની સારી ચાલ હોવી જોઇએ હિંદુ વિધવાનો પોતાના ધણીની જે જમીન પોતાના છોકરાને વારસામા આવેલી હોય તે જમીનમાથી ભરણ પોષણ લેવાનો હક છે અને આ હક હુકમનામાની બજાવણીમા અથવા બીજી રીતે વેચી શકાતો નથી ક્રી પ્રો કોડ પ્રમાણે કોઇ પણ સ્ત્રીને માટે ભરણપોષણ કરવાનો હુકમ કર્યો હોય અને પાછળથી તેનો ધણી જો એમ સાબીત કરી આપે કે સ્ત્રી છીનાળુ કરે છે તો માજીસ્ટ્રેટ તે હુકમ રદ કરી શકે છે ભરણપોષણ એટલે ખોરાકી, પોષાકી અને રહેવાને માટે આપેલુ ઘર સમજવુ બાપ મુઆ પછી છોકરાઓ જુદા પડે તો તેઓએ માનો સરખો હિંસ્સો પાડવો

પરહસ્ત દાન.

બાપે પોતાના છોકરાની સાથે વહેચણ કરેલી ન હોય તો જે સ્થાવર મિલકત વડિલોપાર્જીત હોય તેનુ પણ છોકરાઓની મમતિ સિવાય પરહસ્ત દાન બાપ કરી શકતો નથી છોકરા ન હોય તો છોકરાના છોકરાની સમતિની જરૂર છે, અને છોકરાના છોકરા ન હોય તો તેમના છોકરાની સમતિની જરૂર છે, બાપ જગમ મિલકત ગમે તો તે વડીલો પાર્જીત હોય યા સ્વોપાર્જીત હોય તો પણ તેનુ અને પોતાની સ્વોપાર્જીત મીલકતનુ છોકરાઓની સમતિ સિવાય ફક્ત જરૂરની બાબતમા જેમકે ફરજના કામ હેતની બક્ષીસો, કુટુબનુ ભરણપોષણ, દુઃખમાથી છુટવા વીગેરે બાબતમા તેનુ પરહસ્ત દાન કરી શકે છે હેતની બક્ષીસો કોઇ મિલકતના પ્રમાણમા જોઇએ, કોઇ સખસને સંતતી ન હોય એટલે તે પુત્ર પૌત્ર અને પરપૌત્ર ન હોય તો સ્થાવર મીલકતનુ પણ બીજા વારસોની સંમાત સિવાય પણ તે પરહસ્ત દાન કરી શકે છે હિંદુ સખસ વીલ અથવા બક્ષીસ પત્ર પણ કરી શકે છે. બીજા છોકરાના લાભમા વડીલોપાર્જીત મીલકતનુ વીલ થઈ શકતુ નથી પણ, પણ સ્વોપાર્જીત મીલકતનુ વીલ એક છોકરાના લાભમા પણ થઇ શકે વડીલોપાર્જીત મીલકત વીલથી અથવા બક્ષીસથી પોતાના છોકરાને વારસમાથી બાતલ કરી બાપ આપી શકતો નથી, જે મિલકતનુ કોઈ હિંદુ સખસ પરહસ્ત દાન કરી શકે છે તેજ મીલકતનુ તે વીલ કરી શકે છે, હિંદુશાસ્ત્રમા વીલ કરવાનો અધિકાર આપેલો નથી, કારણ કે હિંદુશાસ્ત્રમા દૂરના દુર સગાઓ વારસ થઇ શકે છે, હિંદુ શાસ્ત્રના નિયમ વિરૂદ્ધ વીલ કરવામા આવ્યુ હોય તો તે નામજુર છે જેટલે દરજ્જે હિંદુ સખસ બક્ષીસ કરી શકે છે તેટલા દરજ્જા સુધી હિંદુ સખસ વીલ પણ કરી શકે છે કોઇ હિંદુ સખસ પોતાના એક છોકરાને વધારે, અને બીજા છોકરાને ઓછી વડીલોપાર્જીત મિલકત આપી શકતો નથી અને વહેચણ કરતી વખતે છોકરાઓમા ભીન્નતા રાખવી નહિ, અને કોઇ છોકરાને પુરતું કારણ ન છતા ભાગમાથી બાતલ કરવો નહિ જ્યારે મરનારને પુત્ર ન હોય તો તેની વિધવા સ્ત્રી

વારસ થાય છે પણ તેણીનો ફકત તેમા જીવતા સુધીનો હક સબધ છે પણ મરનારના ફાયદાને માટે, અથવા જરૂરી ગુજરાનને માટે કુટુબની આબરૂ સાચવવાને માટે અને આફતની વખતે કુટુબને માટે તે મિલકતનુ વેચાણ, ગીરો અથવા દાન કરી શકે છે નહિ તો તેણીને તે મિલકત બક્ષીસ, ગીરો કે વેચાણ કરવાનો બીલકુલ હક નથી કોઇ હિદુ વિધવાને તેના ધણીએ તેની હયાતીમા સ્થાવર મિલકત આપી હોય, અને તે તેના સ્વાધીનમાનું સ્ત્રીધન થતું હોય, તોપણુ તેને તે પરહસ્તગત કરવાને અધિકાર નથી, વશપરંપરા ગોરપદુ જો પોતાના પછી થનાર સખસોને વેચાણ આપવામા આવ્યુ હોય તો તે મજુર રાખવા લાયક છે ગાડા માણુસો, સગીર ઉમ્મરના માણુસો, ઘડપણુ, રોગ, ધમકી, કામ (પ્યાર) અથવા ધિક્કાર વિગેરે મનોવિકારના દાબથી નાલાયકી ઉત્પન્ન થતી હોય તેવા સખસો પરહસ્ત દાન કરવાને નાલાયક છે હિદુ વિધવા સ્ત્રીને વડીલોપાર્જીત ઘરમા રહેવાનો હક છે, તેમાથી તેને કોઇ કાઢી શકે નહિ

ઉત્તરાધિકાર

કોઈ હિદુ સખસ મજીઆરામા મરી જાય તો સ્વોપાર્જીત મિલક્ત સિવાય મજીઆરી મિલકત તેના બાકીના પાછળ રહેનાર અવિભક્ત કુટુબના સખસોને મળે છે જો છોકરા હોય તો પાછળ રહેનાર અવિભક્ત સખસોને વારસો મળે છે જો કોઇ સ્ત્રીનો ધણી અવિભક્ત મરી જાય તો તે સ્ત્રીના ફક્ત ભરપોષણ લેવાનો હક છે, મૃત્યુથી વારસો ઉત્પન્ન થાય છે મોતના બે વર્ગ છે ૧ જાણીતું, અને ૨ અનુમાની જ્યારે કોઇ માલિકની ધણી મુદ્દત સુધી ખબર સાભળી યા તેની ભાળ લાગી ન હોય, અથવા પોતાની ખુશીથી સસાર ત્યાગ કરી વેરાગી થાય તેના મોત વિષે અનુમાન થાય છે, મરણુ અનુમાન તે માણુસની ઉમ્મરના પ્રમાણુ ઉપર આધાર ગખે છે કોઇ પણ માણુસની સાત વરસ સુધી બીલકુલ ભાળ લાગી ન હોય તો તેના મરણુ અનુમાન થાય છે

વારસા બાબત

માલીકના મુઆપછી તેના રક્ત સબધ અને સગપણુના સબધથી બીજા માણુસોને તેની મિલકત મળે છે તે મિલકતનો વારસો કહે છે મિલકત ઉપર પ્રમાણે જે સખસને મળે તે વારસ કહેવાય છે વારસાના હક સબંધ છ પ્રકારના છે લોહીના સગા, દત્તક સબધ, લગ્ન સબધ, ગુરૂસબધ, કોઇ મડળીના માણુસોનો પરસ્પર સબધ, અને રાજા રઇયતનો સબધ, મરનારની પછવાડે જે માણુસને પિન્ડ મુકવાનો અધિકાર છે, તેનો પ્રથમ હક વારસા ઉપર ગણુવામા આવ્યો છે

વારસો લેવાને અયોગ્ય પુરૂષો–નપુષક, ફાતડાઓ, આધળા, લગડો લુલો, મુગો કોઇપણ ઇદ્રિયની ખામીવાળો યા અસાધ્ય રોગથી પીડીત, કોહોડીઓ વિગેરે, ગાડો, બ્રાહ્મણુ, ક્ષત્રી, અને વૈશ્યના અનૌરસ પુત્રો, વ્યભીચારી અને કુકર્મી વિધવાઓ, નૈષ્ટિક બ્રહ્મચારી અથવા સન્યાસી, અશક્તતા હોવાને લીધે જેને વારસો મળવાને પ્રતિબધ છે તેનો હિસ્સા જે માણુસને મળે તેણે તેનુ પોષણુ કરવુ, પણુ પતિત, સન્યાસી, ભ્રષ્ટ તથા તેના છોકરાનુ પોષણુ કરવુ નહિ નાલાયક પુરૂષોના નીષ્કલકી છોકરાઓ પોતાનો હિસ્સો લઇ શકે છે વડીલોપાર્જીત મિલકતનો આવા માણુસના ઓરસ છોકરાઓ પણુ ભાગ લઈ શકે છે, ખુની માણુસ જે માણુસનુ ખુન કરે તેનો વારસા લઇ શકે નહિ

ઉત્તરાધિકાર—હિદુ વારસાના ત્રણુ વર્ગ છે, ૧ સપિડ, સમાનોદક અને બધુ સપીડના બે વર્ગ છે, પાસેના અને દુરના સપીડ સાધારણુ રીતે એક લોહીની સાધારણુ ઉત્પતિ તે ઉતરતી તથા ચઢતી અને પડખાની ૭ પેઢી સુધીના સબધી સપીડ ગણુાય છે કોઇ એકાદા પુર્વજથી સબધનુ સામાન્ય લોહી ગણુાતુ હોય તે પ્રથમ વર્ગના સપીડ ગણુાય છે, અને જેઓ ફક્ત પિન્ડદાનથીજ મરનારની સાથે સબધી છે તેઓ બીજા વર્ગના સપીડો છે, ચોથી પેઢીવાળો વારસને પિડ પાણી આપી શકે છે પરતુ પાચમાને એ બાબત સબધ નથી મરનારની ત્રણુ ઉતરતી અને પડખાની બે પહેડીનાનો સમાવેશ પાસેના અથવા પહેલા વર્ગના સપીન્ડમા થય છે એકજ વડીલથી ઉતરેલા છ પેઢીમાના સગાઓ પિડદાન કરી શકે છે મરનારની સાત પેઢાના સગાને દશ દહાડાનુ સુતક આવે જે ચૌદ પેઢીની અદરનો સગો હોય તો સાડાત્રણુ દહાડાનું સુતક આવે છે અને એકવીશ પેઢી ઉપરાતનો સગો હોય તો ફક્ત સ્નાન આવે છે, શ્રાદ્ધક્રિયા કરવાનો અધિ

કાર નિર્ણયસીંધુ પ્રમાણે પુત્રના અભાવે નીચે લખેલા સખસોને છે —પૌત્ર પરપાત્ર, દત્તક પુત્ર, વિધવા, ભાઇ, ભત્રીજા, બાપ, મા, બેન, બેનનો છોકરો અને બીજા ગોત્રસપિન્ડ અને છેવટે પુરોહિત અથવા આચાર્યને છે, શ્રાદ્ધ ક્રિયા કરવાના ઉપર વારસાનો હક આધાર રાખતો નથી

પહેલા વર્ગના સપિંડ—(૧) પુત્ર, પૌત્રી, પરપુત્ર, વિધવા, પુત્રી, દોહીત્રી મા, બાપ, ભાઇભત્રીજો, બાપની મા, બેન, બાપનો બાપ અને સાવકા ભાઇ, કાકા, કાકાના છોકરા, બાપના બાપની મા, બેન, બાપનો બાપ અને સાવકા ભાઈના છોકરા, કાકાનો કાકો અને કાકાના કાકાનો છોકરો ઉપર કહેલા સપીન્ડ અનુક્રમ વારસ થાય છે, જેમકે પુત્રના અભાવે પૌત્ર પૌત્રના અભાવે પરપૌત્ર, ઇત્યાદી જ્યા સુધી પહેલા વર્ગના સપીડ હોય ત્યાસુધી બીજા વર્ગના સપીડ વારસ થઇ શકતા નથી

બીજા વર્ગના સપીંડ— મરનારની સીધી છઠ્ઠી પેઢી સુધીના વડીલો અને વંશજો અને તેઓની છઠી પેઢી સુધીના પડખાના પુરૂષો બીજા વર્ગના સપિન્ડમા આવે છે દુરના સગા કરતા પાસેના સગાનો પ્રથમ હક વારસો લેવાનો છે બીજી પેઢીના પીત્રાઇ હોય ત્યા સુધી પીત્રાઇને વારસો મળતો નથી.

સમનોદક:—આમા સપીડ પછી છઠ્ઠી પેઢી સુધીના સીધા પુરૂષ વંશજો તથા વડીલો અને તેઓના છઠ્ઠી પેઢી સુધીનો પડખાના મર્દ સખસો આવી જાય છે, જે માણસો ખાત્રીપુર્વક બતાવી શકે કે અમે એકજ પુર્વજથી ઉતરેલા છીએ તેઓનો પણ સમાનોદકમા સમાસ થાય છે સપીડ ન હોય તો સમાનોદકને વારસા મળે છે

બંધુ.—જે સબધીઓ ભિન્ન ગોત્રમાથી ઉત્પન્ન થયેલા હોય અને જેઓ મરનારના કુળના સપીડ નહિ હોય પરતુ પીડદાનથી જોડાયલા હોય તેઓને બધુ કહે છે સમનોદક ન હોય તે વિભક્ત પુરૂષની મિલકત બધુ એટલે ભિન્ન ગોત્ર સપીડને મળે છે બધુના ત્રણ વર્ગ છે પહેલા વર્ગને આત્મબધુ કહે છે એમા ફોઇના છોકરા, માશીના છોકરા, અને મામાના છોકરા આવી જાય છે બીજા વર્ગને પિતૃ બધુ કહે છે, એમા બાપની ફોઈના છોકરા, બાપની માશીના છોકરા, અને બાપના મામાના છોકરા આવી જાય છે. ત્રીજા વર્ગના માતૃબધુ કહે છે અને એમા માની ફોઈના છોકરા, માની માશીના છોકરા, અને માના મામાના છોકરા આવી જાય છે અને જે ગોત્રજ નથી એવા બધા સુપીન્ડો પણ બધુ તરીકે વારસો લઇ શકે છે એ લોકો મરનારના નજીકપણા પ્રમાણે વારસાના અધિકારી થાય છે

ઉપર જે વારસનો અનુક્રમ બતાવ્યો છે તે એક બીજાના અભાવે વારસ થાય. કોઇ સખસને વારસામા મિલકત મળે એટલે પછી તેના પોતાના વંશમા તે મિલકત ઉતરે છે

અવિભક્તના કુટુંબના વારસ—હિંદુઓના વારસોમા પ્રથમ વારસ તેના ઓરસ પુત્ર છે અને ઔરસ પુત્ર ન હોય તો દત્તક પુત્ર તેનો વારસ થાય છે પુત્ર એ શબ્દમા પૌત્ર અને પરપૌત્રનો સમાવેશ થાય છે પરપૌત્રનો પુત્ર પરપાત્રની માફક વારસ થઈ શકતો નથી પુત્ર એસે પરપૌત્ર થઙ દીઠ વારસો લે છે. જે છોકરાઓ બાપથી જુદા હોય તેઓને છોડી દઇ તે સાથે રહેલા હોય તેઓને અગર જે જુદા રહેલા હોય તે પછી જેઓ જન્મેલા હોય તેઓને વારસો મળે છે ઉપર કહેલા વંશ જો ન હોય તો અવિભક્તિની મીલકત તેના સહભાગીઆઓને જાય છે, ભાઇઓમાથી કોઇનો વંશ જાય અથવા કોઇ ગોસાઇ થઈ જાય તો તેની બૈરીના સ્ત્રીધન સિવાયની તમામ મિલકત તેના બીજા ભાઇઓને તેવાનો હક છે બાપના ખર્ચે છોકરાને ભણાવવામા આવ્યો હોય તો તેની મેળવેલી મિલકત ગણાય નહી

વિધવાને ફક્ત ભરપોષણ લેવાનો હક તે

અવિભક્ત કુટુબ વિશે વધારે હકીકત દાય વિભાગમા વિભાગમા આવશે ત્યા જોવી

સંસૃષ્ટિ—એકવાર વિભાગ પાડી જુદા થઇ પોતાની મિલકત બીજા સાથે સમાયીક રાખી હોય, અથવા મિલકત નહિ હોય તો, દ્રવ્ય મળે તે એકઠુ રાખવાનો જે વારસોએ નિશ્ચય કર્યો હોય તેઓ સસૃષ્ટિ કહેવાય છે બાપ, ભાઇ, કાકા અને ભત્રિજાઓ સાથે સસૃષ્ટ થઇ શકાય સસૃષ્ટિ થયા પછી એક જણ મરણ પામે તો તેની મિલકત પુત્ર, પૌત્ર અને પરપૌત્રને અને તેના અભાવે બીજા સંસૃષ્ટિ ભાગીદારને મળે છે પણ મરનારની વિધવા વારસ થતી નથી. વીધવાઓને ફક્ત ખોરાકી મળે છે.

શુદ્ર જ્ઞાતિ સીવાય અનૌરસ પુત્રનો જો કે તેને ભરણપોષણ લેવાનો હક છે તો પણ વારસો લેવાનો હક નથી

વડીલોની મર્ણક્રીયા, કરવામા છોકરીના છોકરાઓ, છોકરાઓ જેવા ગણાય છે મરનાર વડીલની સાથે દોહિત્રનો છોકરાના છોકરા જેવો મર્ણની ક્રિયા કરવાનો સબધ છે, તેથી તેઓને વારસો લેવાનો પણ હક છે છોકરાના છોકરાઓ માથા દીઠ વારશો લે છે છોકરીના છોકરાના છોકરાઓ હિદુશાસ્ત્ર પ્રમાણે વારસ નથી. છોકરીઓમા પ્રથમ કુવારી છોકરીઓ વારસ થાય છે, તેના અભાવે પરણેલી પણ ગરીબ છોડી, અને તેના અભાવે વિધવા પુત્રીઓ વારસ થાય છોડીનો સધન છોડી કરતા વારસો લેવાનો પહેલો હક છે દોહિત્રી વારસ થઇ શકતી નથી દોહિત્રના અભાવે દોહિત્રના વશજોના ઉત્તરાધિકાર બધ પડે છે પુત્ર, પરપૌત્ર, સ્ત્રી, છોકરી, દોહિત્ર અને માબાપને અભાવે મરનારની મિલકત તેના સગા ભાઇને મળે છે, સગા ભાઇના અભાવે મરનારની મિલકત ભત્રીજાને મળે છે અને તે બધાના અભાવે બાપની મા વારસ થાય છે બાપની મા પછી બેન લે છે આત્મબધુ, માત્ર બધુ ઇત્યાદીના અભાવે મરનારની મીલકત આચાર્યને લેવાનો અધિકાર છે, અને તેના અભાવે શિષ્યને લેવાનો અધિકાર છે

ગોસાઇ, યતિ અથવા નૈષ્ટક બ્રહ્મચારીના વારસો ગુરૂ, સદ્ગુણી ચેલો, ધર્મ ભાઇ અથવા ગુરૂનો બીજો ચેલો અનુક્રમે થાય છે,

જૈન—શ્રી પુજ પાસેથી ધન નીકળે તો તેના માલેક સઘ છે

નાનકશાહની મિલકત તેના ગુરૂ અગર ચેલાને લેવાનો અધિકાર છે વેરાગીના વારસ બાબત તેઓના પથના રીવાજ પ્રમાણે થવુ જોઇએ

સ્ત્રીધનબાબત

સ્ત્રીધન—એટલે જે ધન ઉપર કેવળ સ્ત્રીનુ હિત રહેલુ છે તે ધનને સ્ત્રીધન કહે છે તેની જાતિ–૧ બાપે આપેલુ ૨ માએ આપેલુ, ૩ ધણીએ સ્વતત્ર આપેલુ, ૪ ભાઇએ આપેલુ, ૫ વિવાહ વખતે મળેલુ ૬ બીજુ લગ્ન કરતી વખતે પહેલી સ્ત્રીને ધણી જે આપે છે તે, ૭ કન્યાને સાસરે લઇ જતી વખતે મળે તે, ૮ લગ્ન થયા પછી ધણીને ઘેર કિવા માહરામા ભાઈ પાસેથી તથા માબાપ અથવા સગાઓ પાસેથી મળેલુ, ૯ સાસુ સસરાએ પ્રીતિથી આપેલુ, ૧૦ સુલ લઇને કન્યા આપવામા આવે છે તે, ૧૧ થયા પછી જે આપવામા આવે છે તે, ૧૨ લગ્ન વખતે એક આસને બેસે છે તે વારે જે મળ્યુ હોય તે, તેમજ કાકા માશી, વગેરેએ લગ્ન સમયે હોમ કરતી વખતે જે આપેલુ હોય તે, અને જે મિલકત સ્ત્રીને પોતાના બાપ તરફથી લગ્ન થયા પછી મળે છે તે તેણીની ખાસ મિલકત છે હિદુ સ્ત્રીના શરીર ઉપર જે ઘરેણા હોય તે તેણીનુ સ્ત્રીધન છે

સ્ત્રીધન ઉપર વારસનો હક

સ્ત્રીધનના વારસામા બે જાત છે એક મિતાક્ષરા પ્રમાણે અને બીજો મયુખ પ્રમાણે, મુબઈ તળ અને આખા ગુજરાતમા મયુખ પ્રમાણે ચાલે છે અને રત્નાગીરી, મહારાષ્ટ્ર અને ઉતર કોકણમા મિતાક્ષરા પ્રમાણે ચાલે છે મિતાક્ષરા પ્રમાણે નીચે પ્રમાણે—સ્ત્રીના મરણ ઉપર તેનુ સ્ત્રીધન તેણીની છોકરીને જાય છે, છોકરીના મરણ પછી બીજી મિલકતની માફક તે છોકરીના વારસને જાય છે, આવી મિલકત જો કોઇ કુવારી સ્ત્રી મુકી મરી ગઇ હોય તો તે મીલકતના વારસ તેણીના ભાઈ, બાપ, અને તેણીની મા અનુક્રમે વારસ થાય છે છોકરીઓ વગેરે ન હોય તો વારસનો હક તેઓના સબધથી છોકરાઓને જાય છે છોકરીઓ અને તેની પ્રજાના અભાવે છોકરીઓ, છોકરાના છોકરાઓ ઇત્યાદિ વારસ થાય છે પ્રજાના અભાવે એટલે છોકરી અથવા બીજો કોઇ ત્રણ પેઢીએ પુત્ર પૌત્ર ન હોય તો વારસાના નિયમ આ છે--- એટલે બ્રહ્મ, અથવા દેવ, આર્ય અને પ્રજાપત્ય એ નિર્દોષ વિધીથી જે સ્ત્રીનુ લગ્ન થયેલુ હોય તે સ્ત્રી નિર્વંશ મરી ગઇ હોય તો તેની મીલકત તેના ધણીને પહોચે છે, પણ તેણીની પ્રજા હોય તો તેણીની પ્રજાને તે પહોચે છે જો અસુર અથવા બીજા અયોગ્ય લગ્ન વિધીથી લગ્ન થયુ હશે તો તેનુ ધન જો તે નીર્વંશ મરે તો મા તથા બાપને મળે છે એમા બાપ કરતા માનુ અધીષ્ટપણુ છે માબાપના અભાવે માબાપના પાસેના સગાઓ વારસ થાય છે ધણી અને માબાપના અભાવે વારસાનો અનુક્રમ, સાથી, માસી,

કાકી, કોઈ, સાસુ અને જેઠાણીને પહોચે છે સુલ્ક (છોકરીને પરણાવતી વખતે જે પૈસા લેવામા આવે છે તે) અથવા ફી જે છે, તે સગા ભાઈને પહોચે છે સ્ત્રીધન જંગમ હો કિવા સ્થાવર હો તો પણ તેનુ દાન, વેચાણ અથવા બક્ષીસ આપવાને સ્ત્રીને પૂર્ણ અધિકાર છે જે સ્ત્રીને પોતાના ધણીની તરફથી કે પોતાના છોકરા તરફથી જે કાઈ સ્થાવર મીલકત મળેલી હોય તે સ્થાવર મિલકતનુ પરહસ્ત દાન કરવાને તેણીને અધિકાર નથી ફક્ત તેણીના જન્મ સુધી ઉપયોગ કરવાને અધિકાર છે, ધણીને બહુજ સંકટ વખત સિવાય પોતાની સ્ત્રીનુ સ્ત્રીધન વાપરવાનો બીલકુલક હક નથી

મયુખ પ્રમાણે નીચે પ્રમાણે છે,–તેમા ત્રણ જુદી જુદી જાત પ્રમાણે ત્રણ જાતના વારસાના નિયમો છે

૧ લગ્ન વખતની બક્ષીસોના વારસો મિતાક્ષરા પ્રમાણે છે

૨ લગ્ન પહેલા અને લગ્ન પછી ગમે ત્યારે સગા તરફથી બક્ષીસમા મળેલી મીલકતના વારસો નીચે પ્રમાણે —

છોકરા, છોકરી, (કુવારી સાથે), છોકરા પરણેલી છોકરી, જે વિધવા નથી તે સાથે, છોકરાના છોકરાના છોકરા અને તે બધા અભાવે મીતાક્ષરા પ્રમાણે વારસો પહોચે છે

૩ ઉપર રકમ (૧) તથા (૨) મા બતાવ્યા વગરની તમામ મિલકત જેવી કે બાપ તરફથી વારસામા મળેલી, જાતની રળેલી, ભરણપોષણ માટે મળેલી વીગેરેનો વારસો નીચે પ્રમાણે પહોચે છે

છોકરો, છોકરાનો છોકરો, છોકરાના છોકરાનો છોકરો છોડી, છોડીનો છોકરો, અને તે બધાના અભાવે મિતાક્ષરા પ્રમાણે વારસો પહોચે છે

હાલમા જે બ્રાહ્મણ વીગેરેની ન્યાતોમા પણ આપવાનો રીવાજ છે તે પરંતુ પ્રમુખના પહેલા કલામ પ્રમાણે વારસામા જાય છે. તે કોઇ પણ રીતે સુલ્ક કહી શકાશે નહી

દાય વિભાગ

હિંદુશાસ્ત્રમા અવિભક્ત કુટુબની બાબતમા એક અનુમાન છે કે કુટુબની બધી મિલકત અવિભક્ત છે અને આવી મિલકતનો કાઈ ભાગ અલાયદી પોતાની મિલકત છે, એમ સ્થાપન કરવાનો બોજો જે સખસ દાવો રાખતો હોય તેને શિર છે, મિલકતની વ્યવસ્થા ત્રણ રીતે થાય છે —૧ વિભાગથી, ૨, પરહસ્તદાન અથવા બક્ષીસથી, અને ૩ વિલથી આ વિભાગમા વિભાગ વિશે કહેવામા આવશે,

એકત્ર રહેતુ કુટુંબ—એકત્ર કુટુબ અવિભક્ત યા સંષ્ટિ હોય છે અવિભક્ત કુટુબમા મુળ પુરુષ અને તેના વંશજો તથા મુળ પુરુષથી ઉતરેલા વંશજો ઔરસ એક પીડના અથવા કાયદાસર દત્તક લીધેલા પુત્રો હોવા જોઇએ, પણ શુદ્રોમા અનૌરસ પુત્રો ઔરસ પુત્રના હક જેવા સરખા હકના માલીક છે, ત્રણ પેઢી સુધીજ એકત્ર રહેનાર અને કુટુબનો વડીલ અથવા અમુક શાખાના મુળ પુરુષથી વંશનો હક પહોચે છે, ફક્ત મરદોનેજ ભાઇઓ ભાઇના પુરા હિસ્સા મળી શકે છે પણ ધણી ધણીઆણી, મા, દાદી અને છોકરાનો વારસો લેવાનો ગુપ્ત એટલે અપૂર્વ હક રહેલો છે તે, વિભાગ થયેથી અમલ પકડે છે, જો કોઈ સગો ભાઇ અવિભક્ત મરી જાય તો તેનો ભાગ તેના પુત્રને આપવો, એકત્ર સ્થિતિનો નાશ અવિભક્ત મિલકતની વહેચણી કરી દરેક સહવારસ પોતાનો મુકરર કરેલો હિસ્સો લે એટલે થાય છે, વહેચણી કરતી વખતે બાપના અથવા બીજા વડીલના કરજના વિભાગ લેણદારોની અનુમતિથી પાડવા જોઇએ વહેચણ થયા પછી કરેલા કરજ અને બોજાઓ જે સખસો કરજ કરે છે અને બીજાઓ માથે લે છે તેજ સખસોને બંધનકારક છે, દીકરા, દીકરાના દીકરાઓ અને તેઓના દીકરાઓ વડીલોપાર્જીત અવિભક્ત મીલકતમા બાપ પાસેથી જો વ્યાજબી કારણ હોય અથવા બાપની ઇચ્છા હોય તો ભાગ લઇ શકે છે

વિભાગ—જો વહેચણી કરતી વખતે મા ગર્ભવતી હોય તો જ્યા સુધી તેને પ્રસવ થાય ત્યા સુધી વહેચણી મોકુફ રાખવી. પણ ખબર ન હોય અને વહેચણ કરતી વખતે ગર્ભસ્થાની અંદર હોય એવા છોકરાનો પછીથી જન્મ થાય તો, તે છોકરાનો હિસ્સો પોતે પોતાના ભાઇઓ પાસેથી જાણે વહેંચણી કરતી વખતે જન્મેલો હતો તે પ્રમાણે તે પોતાનો હિસ્સો પુરો કરાવી લઇ શકે છે પણ જો છોકરાની હયાતી વહેંચણ કરતી વખતે ગર્ભસ્થાનમા ન હોય અને પછીથી જન્મે તો તેનો બાપના હીસ્સામાથી ભાગ લેવાનો

હક છે અથવા જે ભાઇઓ બાપની સાથે સંસૃષ્ટ થયેલા છે તેઓની સાથે તે ભાગ લે છે જ્યારે પછીથી જન્મેલા કે સંતુષ્ટ થયેલા છોકરાઓ ન હોય ત્યારે વીભક્ત થયેલા છોકરાઓ બાપના હિસ્સાના વારસ થાય છે

નાતગની ઓરતથી જે છોકરા થયા હોય તે ન્યાતના રીવાજ પ્રમાણે ઓરસ છે, અને તે વારસાના હક અને હિસ્સાની બાબતમા લગ્ન થયેલા છોકરા બરાબર છે.

એકત્ર મિલકતમાથી સહવારસાનો વારસાના વિભાગ લેવાના હક વિશે વિભાગ માગવાનો હક ફક્ત જેઓ વારસ છે તેમને છે સ્ત્રીઓને ભરણપોષણ લેવાનો હક છે તેથી તેઓ એકત્ર મિલકતમાથી હિસ્સો માગી શકતી નથી

વહેચણ એકવાર કરવામા આવે એટલે તે આખરની છે

વિભાગ કરવાની રીત—વડીલોપાર્જીત જંગમ યા સ્થાવર મિલકતની વહેચણી બરોબર એક સરખી હોવી જોઇએ બાપને બમણો હિસ્સો લેવાનો હક નથી

યજમાનવૃતીના વારસા વિશે કંઇ હિંદુ લો પ્રમાણે બીજી મીલકતના વારસા કરતા ભેદ નથી બીજી મીલક્તની પેઠે એ પણ કાયદામા મુકરર કરેલા વારસો લે છે

સ્વપારજીત મીલકતની બાબતમા માનિતી સ્ત્રીના છોકરાને વધારે અને બીજાઓને ઓછુ અથવા એક વહાલા છોકરાને વધારે અને અળખામણા છોકરાઓને ઓછુ એવી રીતે વહેચણી કરવાને કોઇ હિંદુ સખસને અધિકાર નથી છોકરાઓ પોતાની માના પ્રમાણ સિવાય એટલે કે ગમે તો એક માના છોકરા હોય યા ન હોય તોપણ તેઓને માથાદીઠ હિસ્સો મળે છે, તેઓના હિસ્સા માતૃ ભાગ પ્રમાણે થતા નથી, છોકરાઓ સિવાય બીજા સહવારસો થડ દીઠ વારસો લે છે એટલે કે જેની તરફથી તેઓ દાવો ગખે છે તેનો હિસ્સો લે છે જુદા જુદા ભાઇઓની અંદર તેઓના બાપના પ્રમાણે વહેચણી થાય છે

વિભાગ કરવાનો કાળ—વડીલોપાર્જીત મિલકતના વિભાગ પાડવાના ચાર કાળ ઠરાવ્યા છે. (૧) વિભાગ પાડવાની પિતાની ઇચ્છા હોય ત્યારે, (૨) પિતા જીવતા છતા સંતતી થવાની આશા ન હોય અને માને સ્ત્રી ધર્મ આવતો બંધ થયો હોય ત્યારે પિતા ખુશી નહિ છતા પણ પુત્રની ઇચ્છાથી, (૩) માને સ્ત્રી ધર્મ આવતો હોય અને પિતાની ઇચ્છા વિભાગ પાડવાની ન હોય અન મિલકત ઉડાવી દેતો હોય અથવા તે અસાધ્ય રોગથી પીડીત હોય તો પુત્રની ઇચ્છાથી અને (૪) પિતાના મરણ પછી વડીલોપાર્જીત મિલકતની વહેચણી માની અનુમતિ સિવાય મુબઇમા થઇ શકે છે બાપ અને દીકરા વડીલની તરફથી નિયમસર મળેલા ઘર અને જમીનમા સરખા હીસ્સેદાર છે પણ જે ધન બાપે પોતે મેળવેલુ છે તે ધનમા જો બાપ નાખુશ હોય તો છોકરાઓ પોતાના હકથી હીસ્સો લેવાને નાલાયક છે વડીલોપાર્જીત મિલકતની વહેચણી કરવાને પિતામહની સામે દાવો આણી શકાય નહિ, જો બાપ જીવતો હોય તો,

વિભાજ્ય અને અવિભાજ્ય મિલકત--અવિભક્ત કુટુંબમાની મીલકતમાથી ખર્ચ કરી તથા ગુજરાન ચલાવી મેળવેલુ વિદ્યાદાન, મેળવનારના મરણ પછી કુટુંબની મિલકત ગણાય છે, અને તે મીલ-કત ઉપર તેની વિધવાનો હક્ક નહિ પહોચતા કુટુંબના ભાગીદારોને મળે છે

વિદ્યા ધન નીચે પ્રમાણે છે--(૧) તકરારી બાબતનો માહોમાહે નિકાલ કરવાથી મળેલુ ઇનામ, (૨) વિદ્યાભ્યાસ કરાવવામા મળેલુ ઇનામ યા દ્રવ્ય (૩) ગોરપદામા મળેલુ દ્રવ્ય, (૪) એકાદી વિદ્યા સંબંધી વાદવીવાદમા નીકળેલા સવાલનો જવાબ સંતોષકારક પુરો કરી આપવાથી મળેલુ દ્રવ્ય, (૫) કોઇ પણ વાક્યના શબ્દાર્થનો વહેમ દુર કરી આપવાથી મળેલુ દ્રવ્ય, (૬) પોતાની વિદ્વતાની પ્રસીદ્ધ થવાથી મળેલુ દ્રવ્ય, (૭) એકાદી વખતે વીદ્વતા સરખાવવામા મળેલુ દ્રવ્ય, (૮] શ્રેષ્ટ રીતે વચકથી મળેલુ દ્રવ્ય, (૯) કળા કૌશલ્ય હોશિયારીમાં મળેલુ દ્રવ્ય, (૧૦) અને અમુક પ્રકારના ખેલમા જીતવાથી, યા સ્તુતીપાત્ર રમતથી મળેલુ ઇનામ તથા—

યુદ્ધમા જીત મેળવ્યાથી તેની બહાદુરીને યોગ્ય જે ઇનામ મળ્યુ હોય તે, તથા યુદ્ધ થયા પછી અથવા પહેલા લુટમા મળેલી મીલક્ત તે મેળવનારનુ સૌર્યધન કહેવાય છે માટે તે વિભાગથી બાતલ છે, પણ જ્યારે સૌર્યધન મજીઆરી મીલકતના સાધનથી જેમકે રથ, શાસ્ત્ર વડે–વીગેરેથી પ્રાપ્ત કર્યું હોય તો તેના ભાગ

પાડી શકાય છે સૌર્યધન મેળવનારને એ હીસ્સા મળે છે, અવીભાજ્ય દ્રવ્યની વ્યવસ્થા એવી રીતે કે બધા ભાગીઆઓને ઘણામા ઘણો ફાયદો મળી શકે

રસ્તા,- માર્ગ કુવા. ટાકા બીક વિગેરે બધાઓએ ભજીયારા રાખવા, યજમાનવૃતી અથવા વતનની ઉપજ વહેચી લેવી, અથવા વારા ફરતી ચલાવવી પુજા અને બળીદાનની જગાએ, વિભાજ્ય ન હોવાથી ભાગીઆઓએ જુદા થયા પછી તેના વારા બાધી પુજા કરવી જો દેવની એક મુર્તિ હોય તો જ્યેષ્ઠ પુત્રને લેવા દેવી ઘણી મૂર્તિઓ હોય તો મુખ્ય દેવ જેષ્ટ પુત્રે રાખવા બાકીના વહેચી લેવા દેવ ખર્ચ માટે કાઇ મીલકત કહાડી મુકી હોય તો બધા સખસે વારા ફરતી પુજા કરી તેનુ ઉત્પન્ન લેવુ ચોપડીઓ, હથીઆર અને હુન્નરના ઓજાર રાચરચીલા વીગેરે જે સખસો સારી રીતે તેનો ઉપયોગ કરી શકે તે સખસો ઘણુ કરીને લે છે, ને બાકી મીલકતના બીજા ભાગ લે છે રાજ્ય અને પ્રાચીન જમીનદારી વડીલ છોકરાને લેવાનો હક છે અને તેના વીભાગ થઇ શકતા નથી, પણ નાના છોકરાઓને ભરણપોષણ લેવાનો હક છે. અને કુટુબના મહેલમા અથવા બીજે ઠેકાણે રહેવાનો તેઓનો હક તે એમ જણાય છે કુટુબની આબરૂ પ્રતીષ્ઠા રાખવાને માટે ખસુસ કરીને જમીન આપવામા આવી હોય તે તથા સરકારે જે જમીન આપેલી હોય તે વડીલ છોકરાને મળે છે લગ્ન સમયે જે માણસને તેની સ્ત્રીની સાથે જે કાંઇ બક્ષીસ મળી હોય તે માણસની જોડે એકત્ર મીલકતમાથી લગ્નનુ ખર્ચ કરવામા આવ્યુ હોય તો પણ તેની સ્વતત્ર માલીકીની છે, તેમજ લગ્ન સમયે અસુર લગ્નમા જે વરકન્યાના બાપને અથવા તેના સગાને બક્ષીસ આપી હોય તે પણ અવીભાજ્ય મીલકત છે

જે વસ્ત્રને હમેશા ધારણ કરતો હોય, જે ઘરેણાનો હમેશા પહેરતો હોય, જે વાહન ઉપર હમેશા બેસતો હોય, તે વસ્ત્ર, તે અલકાર, અને તે વાહન તેનીજ પાસે રહેવા દેવુ પણ તે કમજાસ્તી કીમતના હોય તો વહેચી લેવા, જાનવર વીગેરે ન્યુનાધીક હોવાને લીધે વીભાગ પાડવામા હરકત હોય તો, વડીલ ભાઇ પાસે રહેવા દેવા પણ જે માણસો જાનવર વેચવાથી નીર્વાહ ચલાવતા હોય તેઓએ વીભાગ પાડી લેવા કુવા વીગેરે જળાશય ન્યુનાધીક હોય તો તેના વીભાગ કરવા નહી પણ સર્વ ભાગીદારે અનુક્રમે ઉપયોગ લેવો, પીતાના વસ્ત્ર આદી જે હોય તે તેના શ્રાધ સરાવનાર બ્રાહ્મણને આપી દેવા રાધેલુ અન્ન, ઘર, જમીન અને જમીન ઉપર આવવા જવાના રસ્તા અથવા બીજી જે વસ્તુ ધર્માર્થે સકલ્પ કરી હોય તેના પણ વીભાગ પાડવા નહી સ્ત્રીઓ (સહવારસની સ્ત્રીઓ) ના વીભાગ થઇ શકતા નથી

નીચે લખેલી મીલકત—વીભાજ્ય છે, ૧ દક્ષીણ મહારાષ્ટ્ર દેશમા ઇનામી મીલકત, ૨ મુબાઇમા વતન, ૩ એકત્ર પ્રાપ્ત કરેલી જાગીર, ૪ ટોડાગ્રાસ, ૫ સ્વતત્ર મીલકત નહી પણ ઇલાયદા રહી પેદા કરેલી મીલકત, ૬ રાજાની ખાનગી મીલકત, ૭ જે જગમ યા સ્થાવર મીલકત કુટુબી મીલકતના ઉપયોગથી મેળવેલી હશે ૮ તે, કુટુબી મીલકતથી ખરીદ કરેલી કાઇ મીલકત ૯ ધાર્મીક કામને માટે જે જમીન આપેલી હોય તેનો વહીવટ વહેચી શકાય તે, તે જમીનના વીભાગ થઇ શકતા નથી તે જમીન વેચી શકાતી પણ નથી, ખર્ચ ખુટણ કહાડતા જે કાઇ બચે તેના વીભાગ થઇ શકે છે, ૧૦ કીમતવાન લુગડા લત્તા જેવા કે તરવાર વીગેરે શુભ અવસરે પહેરવાના પોષાક, ઘરેણાગાઠા વીગેરે ભઝીયારા છે, ૧૧ કુટુબની આબરૂ પ્રતીષ્ટા રાખવાને માટે જે જમીન આપવામા આવી હોય તેમાથી જમીન વીગેરે ખરીદ કરવામા આવે તેના વિભાગ થઇ શકે છે ૧૨ વર્ષાસન જે સખસને મળ્યુ હોય તેના છોકરાઓ વચ્ચે તે વર્ષાસનના વિભાગ થઇ શકે છે ૧૩ જે મીલકત સ્થાવર યા જગમ કુટુબની મીલકત મદદ સીવાય કોઇ સહવારસે મેળવેલી હોય તો તે તે મીલકત તેજ સહવારસની છે, અને તેના ભાઇઓને અથવા બીજા સહવારસનો કાઇ હક નથી ૧૪ દોસ્તદાર તરફથી જે કાઇ બક્ષીસ મળી હોય તે બક્ષીસ મેળવનારની સ્વતત્ર માલકીની મીલકત છે

વિભાગ વિષેનો પુરાવો—વિભકતપણુ સાબિત કરવાને માટે ફારગતીની જરૂર નથી બીજા કોઇ પણ મજકુરની પેઠે વિભાગ પણ સાબિત કરાય પણ લખેલી ફારગતી થયેલી હોય તો તે બહુ સરસ પુરાવો છે વહેચણના દસ્તાવેજમા દર્શાવ્યા પ્રમાણે હરેક હિસ્સેદારને પોતાનો જુદો કબજો મળ્યો નથી

ત્યા સુધી ફક્ત તે દસ્તાવેજ ઉપરથી કુટુબ વિભકત છે એમ સમજવુ નહિ હિદુ કુટુબની પ્રથમ સ્થિતિ એકત્ર છે એમ અનુમાન થાય છે આવુ અનુમાન સહવારસોના જુદા જુદા કૃત્ય બતાવવાથી રદ થઇ શકે છે જુદી જુદી રસોઇ થઇ જુદુ જમણ થતુ હોય તો તેથી કરીને વિભાગ થયા તેવુ સાબિત થતું નથી જો ભાઇઓ અવિભક્ત હોય તો રાડીલી વહુને મિલકતમાથી અન્ન મળશે એકત્ર ખાવાથી અભિક્ત-પણાની નિર્ણયકારક સાબિતી નથી જેઓની પેદાશ ખર્ચ અને દોલત જુદા જુદા છે અને જેઓ એક એકમા આપ લે કરી વેપાર કરે છે તે નિસશય વિભકત કહેવાય ધણી સ્ત્રી બાપ અને છોકરો વિભાગ થયા પહેલા એક બીજાને માટે જામીન લઈ શકતા નથી જ્યારે ખરેખર વિભાગ કરવામા આવે ત્યારે ધાર્મિક ફરજો પણ દરેકને માટે જુદી જુદી થાય છે કુટુબની એકત્ર મિલકતમા પ્રત્યેક જણનો જુદો જુદો કબજો હોવાને લીધે તેઓ જુદા છે લાગલાગટ દશ વર્ષ સુધીનો કબજો હશે તો વિભાગનો પુરાવો થઇ ચુકયો એમ સમજવુ ઉપજના વિભાગ પાડવાથી કુટુબનું વિભક્તપણુ થઈ શકતું નથી અવિભકત ભાઇની નિપુત્ર વિધવા પોતાના ધણીનો હિસ્સો લેઇ શકતી નથી તેમજ જુની બાયડીની છોડી પોતાના પિતાના ભાગ પડાવી શકતી નથી જે માણસ મિલકત વિભકત છે એમ કહે તેને શીર તે સાબિત કરવાનો બોજો છે

પરચુરણ.

સાધારણ હિદુ શાસ્ત્રના વારસાના નિયમથી જુદો કુટુબનો રીવાજ સ્થાપન કરવાને તે (રીવાજ) ઘણો જુનો અને અચળ છે એમ સાબેત કરવાની જરૂર છે સારી રીતે સ્થાપન્ન થયેલા રીવાજનો અમલ કાયદા જેટલો છે કોઇ હિદુ કુટુબમા અમુક વારસનો નિયમ છે એમ સાબેત થયેલુ હોય અને તે પુરાતન એક સરખો અને વ્યાજબી છે અને હિદુશાસ્ત્રના મુખ્ય મુળતત્વોની વિરૂદ્ધ નથી તે ધ્યાનમા લેવાને ના કહેવી ન જોઇએ કુટુબની જાગીર વડીલ છોકરાને ઉતરે અને તેના નાના અને બીજા છોકરા-ઓને ફક્ત ભરણપોષણનોજ હક રહે એ રીવાજને કદી પુષ્ટી આપી શકાય નહી મુબઇ ઇલાકાના ઠાકોર અને સરકારોમા ચાલતા આવા રીવાજને જુદો નિયમ લાગુ પડશે

બક્ષીસ

કુટુબનુ પોષણ કરતા બાકી રહે તે મિલકત બક્ષીસ થઇ શકે જે સખસો કાયદાસર થવાને શરીરની કીવા મનની અશકતતા ધરાવતો હોય તેમને બક્ષીસ આપવાને પ્રતિબધ છે વિધવાએ બક્ષીસ આપી હોય તો તેમા વાલીની સમત્તિની જરૂર જણાય છે

મુસલમાની શરેહ.

મુસલમાની લોકોનો દિવાની કાયદો હિંદુઓની પેઠે બેશક ધર્મને લગતો છે કાયદાના બે મોટા શાખા સંપ્રદાય છે એક સુની અને બીજો શિયા સુનીનો મત હિંદુસ્તાનના ઘણા ભાગમા ચાલે છે, અને શિયાનો પંથ લખનોરમા ચાલે છે

વારસા બાબતમાં—સ્થાવર અને જંગમ અથવા બાપ દાદાની અને આપ કમાઇની મિલકતમા કાંઈ ભેદ નથી, શ્રેષ્ટત્વના કારણથી કાંઈ જેષ્ટ હક મળતો નથી મીલકતનો વારસો લેવામાથી બાયડીઓને બાતલ કરવામા આવી નથી તેમ મિલકતપર સ્વાધીન કરવાનો સંપુર્ણ અખત્યાર છે કોઇ માણસની મિલકત તેના મુઆ પછી તેના હયાત વારસોને મળે છે પણ પ્રતિનીધીત્વનો હક ચાલતો નથી કેમકે નજદીકના સગા હોય તો દુરના સગા વારસામાથી બાતલ થાય છે વારસોમાથી કોઇ પણ કાઇ અર્થ માટે પોતાના ભાગના વારસા ઉપરથી હાથ ઉઠાવી શકે છે તોપણ વહેચણ કરતી વખતે તેને વારસામા ગણવો જોઇએ, નહિ તો બીજા ભાગીદારના હિસ્સામા ફેર પડે અનોરસ સંતતિને તેમની મા અને મા બણીના સગા તરફથીજ વારસો મળી શકે છે વારસાનો જન્મ થવોજ જોઇએ એમ નથી, પણ જે સખસને વારસો લેવાનો તે દાવો કરે છે તેના મરણ પહેલા જો તે ગર્ભમા હોય, અને પછી જીવતો જન્મ્યો હોય, તો કાયદા સંબધી કાર્યને માટે બસ છે સમાન પાયરીના સ્ત્રી અને પુરૂષને જ્યારે સંઘાતે વારસો મળે છે ત્યારે સ્ત્રીનો ભાગ પુરૂષના ભાગ કરતા અડધો છે આ નિયમ આગળીયાટ ભાઇઓ અને બેનોની (જેમની મા એક અને બાપ જુદા જુદા) બાબતમા લાગુ પડતો નથી બાકી બીજી સર્વ બાબતમા લાગુ પડે છે મનુષ્ય વધ થવાથી વારસો મળવાનો અટકાવ થાય છે વહેચણ થાય નહિ ત્યા લગી મિલકત મરનારની ગણાય છે. તેથી તેના મુઆ પછી તેમા કાઇ વધારો થાય તો એ મિલકનો ભાગ ગણાય છે

સુનિના મત પ્રમાણે ઉત્તરાધિકાર.

ગુજરી ગયેલા સખસની મિલકતનો વારસો લેવાને સાત હકદાર છે, ૧ કાયદાસર હિસ્સેદાર, ૨ શેષાધિકારી, ૩ દુરના સગા, ૪ કરારથી ઠરાવેલો ઉત્તરાધિકારી, ૫ માની લીધેલો સગો, સર્વસ્વમૃતદાન ગ્રાહી, ૭ સરકાર.

૧ કાયદાસર હિસ્સેદાર—એટલે ગુજરી ગયેલાના અમુક સગાઓ જેઓને વાસ્તે કાયદામા કેટલાક મુકરર ભાગ ઠરાવેલા છે તે

૨ શેષાધિકારી—એટલે કાયદાસર હિસ્સદારના હક પતાવ્યા પછી બાકી રહેલી મિલકત લેવાને મરનાર જે બીજા સગાનો હક પહોચે છે તેમને શેષાધિકારી કહે છે.

૩ દુરનાં સગાં—એટલે જેઓ કાયદાસર વારસ નથી અને શેષાધિકારી પણ નથી એવા ગુજરનારના સર્વ સગાને દુરના સગા કહે છે.

૪ કરારથી ઠરાવેલો ઉત્તરાધિકાર—એટલે આ ત્રણ વર્ગના સગા ન હોય તો વારસા કરારથી ઠરાવેલા ઉત્તરાધિકારીને મળે છે તે

૫ માની લીધેલો સગો—એટલે કાઇ પરાયો માણસ જે પોતાના સગા જેવો છે એવુ ગુજરનારે માન્યુ હોય અને એ રીતનુ તેનુ માનવુ પાછળથી કદી ફર્યું ન હોય એવો સખસ ઉત્તરાધિકારી થાય છે.

૬. સર્વસ્વ મૃતદાનગ્રાહી—એટલે જેને ગુજરનારે પોતાની બધી મિલકતનુ વસિઆતનામાથી દાન આપ્યુ હોય તે છે પણ મરનારના સગામાથી કોઇ પણ જીવતું હોય તો મરનાર આવુ દાન કરી શકતો નથી

૭ સરકાર દાખલ થવું—એટલે ઉપર લખેલા સખસોમાનો કોઈ પણ ન હોય તો મિલકત સરકાર દાખલ થાય છે

૧ કાયદાસર હિસ્સેદાર.

આ હિસ્સેદાર (મરનારના સગા) બાર છે તેમા પુરૂષ ચાર અને સ્ત્રીઓ આઠ છે તેમા પુરૂષ વર્ગમા—૧ બાપ, ૨ ખરો દાદો, ૩ આગળીયાટ ભાઈ, અને ૪ વર, સ્રીયોમા—૧ દીકરી, ૨ દીકરી ગમે તેટલી ઉતરતી પેઢીયે, ૩ સગી બેન, ૪ હોરમાન બહેન, ૫ આગળીયાટ બેન, ૬ મા, ૭ ખરી દાદી અને, ૮ વહુ,

તમામ હિસ્સેદારોને એકજ વખતે મવાતે હિસ્સા મળતા નથી, બાપ, મા, વર, વહુ અને દીકરીઓને હમેશા કાઇ પણ ભાગ મળવાનો હક છે બાકીના સાત હિસ્સેદાર પોતાના કરતા ગુજરનારના વધારે પાસેના સગાની હયાતીના વારસામાથી બીલકુલ અથવા થોડા બાતલ થવાને પાત્ર છે માની હયાતીના કારણુથી આગળીયાટ ભાઇ અને બેન વારસોમાથી બાતન થતા નથી. બાતલ થવાનો આ નીયમ સેષાધિકારીઓને પણ લાગુ પડે છે કાયદાસર હિસ્સેદારનો જે હિસ્સા ઉપર હક પહોચે છે તે નીચે મુજબ

હિસ્સા આ પ્રમાણે હોય છે, ૧/૨, ૧/૪, ૧/૮, ૨/૩, ૧/૩, અને ૧/૬,

૧ વરને જો મરનાર બાયડીને છોકરા અથવા દીકરીઓના છોકરા ગમે તેટવી ઉતરતી પેઢીના હોય તો ૧/૪, અને જો બીલકુલ ન હોય તો ૧/૨ મળે છે.

૨ **વહુને**—જો મરનાર ધણીને છોકરા, અથવા છોકરાના છોકરા ગમે તેટલી ઉતરતી પેઢીના હોય તો ૧/૮, અને જો બીલકુલ ન હાય તો ૧/૪ હિસો મળે છે, જો એક કરતા વધારે વહુ હોય તો તેમણે સર્વે ઠરાવેલો હિસ્સો સરખે ભાગે વહેચી લેવો જોઇએ

દીકરીઓને—જો મરનાર સખસને દીકરા ન હોય તો, એક દીકરીને ૧/૨, અન બે અથવા વધારે દીકરીઓ વચ્ચે ૨/૩,

૪ **દીકરાની દીકરીઓ**—જો મરનાર સખસને દીકરીઓ અને દીકરાના દીકરા ન હોય તો દીકરાની દીકરીઓને, દીકરીઓ માફક વારસો મળે છે એટલે એક દીકરીને ૧/૨, અને બે અથવા વધારે દીકરીઓ હોય તો ૨/૩ જો દીકરા અથવા દીકરાના દીકરા ન હોય, પરતુ માત્ર એક દીકરી હોય તો, દીકરીની દીકરાને ૧/૬, ભાગ, જે બે અથવા વધારે દીકરીઓ લેત તેમાથી ૧/૨ ભાગ જે એ એક દીકરી લેશે તે બાદ કરતા જે રહે તેટલો હિસ્સો મળશે, એટલે ૧/૬, દીકરાના દાકરા સાથે તેઓ શેષાધિકારી થાય છે જો એક કરતા વધારે દીકરીઓ હોય તો દીકરાની દાકરીને કાઇ મળતું નથી.

૫ **બાપને**—જો મરનારને દીકરા અથવા દીકરાના દીકરા ગમે તેટલી ઉતરતી પેઢીના હોય તો ૧/૬ પણ દીકરા વિગેરે ન હોય તો બાપ શેષાધિકારી થાય છે

૬ **માને**—જો મરનારને છોકરૂ હોય અથવા દીકરીનુ છોકરૂ ગમે તેટલી ઉતરતી પેઢીનુ હોય અથવા બે કે વધારે ભાઇઓ અને બહેનો હોય પછી તેઓ પુર્ણ રકતના હોય અથવા અર્ધ રકતના હોય તો ૧/૬ પણ જ્યારે ધણી અથવા ઓરત અને માબાપ સુદ્ધીને કોઇ ગુજરી ગયુ હોય ત્યારે ઓરત, અથવા ધણીના હિસ્સા આપ્યા પછી જે બાકી રહે તેનો ૧/૩ માને મળે છે બીજી બધી બાબતમા પણ ૧/૩ મળે છે ઓરમાન મા કાયદામા મા ગણાતી નથી

૭ **ખરો દાદો**—મરનારને બાપ ન હોય અને જે હકીકત છતા બાપને વારસો મળે છે તેવીજ હકીકત હોય ત્યારે ખરા દાદાને બાપનો હિસ્સો મળે છે એટલે ૧/૬ હિસ્સો મળે છે.

૮ **ખરી દાદી**—મરનારને મા ન હોય તો તેને ૧/૬ મળે છે માની હયાતીના કારણુથી બાપની મા અને માની માને વારસો મળતો નથી, પણ બાપની હયાતીના કારણુથી તો માત્ર બાપની મા વારસામાથી બાતલ થાય છે

૯ **સગી બેનો**—મરનારને છોકરા અથવા દીકરાના છોકરા ગમે તેટલી ઉતરતી પેઢાના અને બાપ અથવા ખરો દાદો અને સગો ભાઇ, એઓ ન હોય ત્યારે સગી બેનોને દીકરીઓની પેઠે મળે છે, એટલે એક બેન હોય તો તેને ૧/૨, બે અથવા વધારે બેનો હોય તો તેઓ વચ્ચે ૨/૩ ભાઈઓ સાથે સગી બેનો શેષાધિકારી થાય છે

૧૦ **ઓરમન બેનો**—મરનારને સગી બેનો ન હોય અને જે હકીકત છતાં સગી બેનોને વારસો

મળે છે તેની હકીકત હોય ત્યારે તેમને સગી બેનનો હિસ્સો મળે છે, એટલે એક ઓરમાન બેન હોય તો તેને ૧/૨, અને બે અથવા વધારે ઓરમાન બેનો હોય તો તેઓ વચ્ચે ૨/૩, પરતુ જો એક સગી બેન હોય તો ૨/૩ માથી ૧/૨ બાદ કરતા જે બાકી રહે તેટલો હિસ્સો તેમને મળે છે એકલે ૧/૬.

૧૧ આંગળીઆટ ભાઇઓ અને બ્હેનો—મરનારને છોકરા ન હોય અથવા છોકરાના છોકરા ગમે તેટલી ઉતરતી પેઢીના ન હોય, અને બાપ અને ખરો દાદો ન હોય, ત્યારે જો એક હોય તો ૧/૬ અને બે અથવા વધારે હોય તો ૧/૩ મળે છે, આ વર્ગના હિસ્સેદારોમા સ્ત્રી પુરૂષમા ભેદ ગણ્યા વગર પુરૂષને સ્ત્રીના જેટલુજ મળે છે

N B બધા હિસ્સેદારોને, હીસ્સાનો સરવાળો એક કરતા વધી જાય તો બધામાથી પ્રમાણસર કમી થાય

૧૨ શેષાધિકારી—શેષાધિકારી બે પ્રકારના છે એક સગાઈથી અને એક વિશેષ કારણથી સગાઇથી થયેલા શેષાધિકારીના ત્રણ વર્ગ થઇ શકે, ૧ પોતાનાજ હકથી ૨ જેઓ બીજાની સાથે શેષાધિકારી થાય છે તે, અને બીજા કોઇના હકથી થયેલા,

પહેલા વર્ગમા ગુજરનારની સાથેના જેના સગપણથી ઓળમા કોઇ બાયડી આવી જતી નથી, એવો હરેક પુરૂષ આવે છે તેમના પણ વળી ત્રણ વિભાગ થઈ શકે, ૧ ઉતરતી પેઢીના, ૨ ચઢતી પેઢીના, ૩ શાખા સબંધી, ઉતરતી પેઢીના ગુણાધિકારી, એઓ શેજરનારના સીધાવંશની નર જાતીની પ્રજા છે, એટલે દીકરો, દીકરાનો દીકરો, દીકરાના દીકરાનો દીકરો, ઇત્યાદી ગમે તેટલી ઉતરતી પેઢીના, જ્યા લગી પાસેની પેઢીમા કોઇ હોય ત્યા લગી દુરની પેઢીવાળાનો હક પહોચતો નથી, ચઢતી પેઢીના, શેષાધિકારી, એઓ ગુજરનારના બાપ બાજુના પુર્વજો છે એટલે બાપ, દાદો, દાદાનો બાપ ઇત્યાદી જ્યા સુધી પાસેની પેઢીવાળો હોય ત્યા લગી દુરની પેઢીવાળાનો હક પહોચતો નથી.

શાખા સંબંધીમાં—પ્રથમ બાપની પ્રજા આવે છે, એટલે મરનારના ભાઈ ઓ અને તેમ ના દીકરા ગમે તેટલી ઉતરતી પેઢીના, પછી દાદાની સતતિ આવે છે, એટલે મરનારના કાકા અને તેમના દીકરા આધામા આધી પેઢીના ત્યાર પછી દાદાના બાપની સંતતી અને તેમના દીકરા ગમે તેટલી ઉતરતી પેઢીના આવે છે અને એ રીતે તેથી આઘેના પુર્વજો વિષે સમજવુ, છેક પાસેના સગાનો હક તેથી દુરના સગા કરતા પહેલા પહોચે છે અને સરખા પાયરીવાળામા અર્ધરક્તના સગા કરતા પુર્ણ રકતના સગાનો હક અધિક પહોચે છે

સગાઇના કારણથી થયેલા બીજા વર્ગમા શેષાધિકારી એઓ અમુક સ્ત્રીયો છે, કે જેમને પોતાના સરખી પાયરીના પુરૂષો ન હોય ત્યારે કાયદાસર હિસ્સો લેવાનો હક છે તોપણ તેઓ એવા પુરૂષો હોય ત્યારે તેમની સાથે શેષાધિકારી થાય છે દીકરીઓ દીકરાની દીકરીઓ, સગી બ્હેનો અને ઓરમાન બેનો એ આ પ્રકારના શેષાધિકારી થાય છે,

ગુજરનારની એક અથવા વધારે દીકરીઓની હયાતીમા તેની બેનો ત્રીજા વર્ગના શેષાધિકારીમા આવેછે

કોઈ છોડાવેલો ગુલામ મરી જાય અને તેની પાછળ નર જાતિનો કોઇ શેષાધિકારી ન હોય તો તે ગુલામનો મુકત કરનાર અથવા મુકત કરનારી વિશેષ કારણથી શેષાધિકારી થાય છે, સાથી કે મરનારના હિસ્સેદારને તેમજ નારી જાતિની શેષાધિકારીને આવી બાબતમા વારસો મળતો નથી

૩ દુરનાં સગાં—કાયદાસર હિસ્સેદાર અને શેષાધિકારીમાનુ કોઇ પણ ન હોય તો વારસો દુરના સગાને મળે છે, તેના ચાર વર્ગ થઇ શકે, ૧ દીકરીઓના અને દીકરાની દીકરીઓના છોકરા ગમે તેટલી ઉતરતી પેઢીના, પછી તેઓ પુરૂષ હો કે સ્ત્રી હો, ૨ ખોટા દાદા અને ખોટી દાદી ગમે તેટલી ચઢતી પેઢીયે, ૩ સગી અને આગળીઆટ તથા ઓરમાન બેનના છોકરા અને ભાઇ દાકરીઓ ગમે તેટલી ઉતરતી પેઢીની અને આંગળીઆટ ભાઈના દીકરા. ૪ બાપની બેનો, આગ્યાળીટ કાકા, અને મામા તથા માશીઓ તથા તેમના છોકરા

આ વર્ગમાના દરેક વર્ગવાળા પોતાનાથી ઉતરતા વર્ગવાળાને વારસામાથી બાતલ કરે છે, દરેક વર્ગવાળા સખસોમાથી વારસો લેવાનો વધારે હક કોનો છે તે સબંધી ધોરણ આ પ્રમાણે છે, ૧ પાસેના

સગા હોય ત્યા લગી દુરના સગાનું પહોચતું નથી ૨ વરસ નથી એવા કોઇ શખસના હકથી દાવો રાખનો હોય તેઓના કરતા કોઈ વારસની તરફથી દાવો રાખનારનો હક અધિકાર ગણાય છે

૩ પૂર્ણ રક્તવાળા સગા હોય તો અર્ધ રકતવાળા સગા વારસામાથી બાતલ થાય છે ૪ પુરૂષની તરફથી વારસાનો હક રાખનારને સ્ત્રીની તરફથી હક રાખનારા કરતા બમણું મળે છે ૫ માની બાજુથી વારસાનો દાવો રાખનાર કરતા બાપની ભણીથી વારસાનો દાવો રાખનારને બમણું મળે છે ૬ વારસાનો દાવો રાખનારમા નરનારીના ભેદને લીધે તેમના વારસો લેવાના હકમા કે તેમના હિસ્સાના વિસ્તારમા કાઇ ન્યુનાધિક થતું નથી

પરચુરણ—જે શખસની ભાળ લાગતી ન હોય એવા માણસની મિલકત ૯૦ વર્ષ લગી અનામત રહેવા દેવી, બે અથવા વધારે સખસો એકજ વખત ગુજરી જાય અને પ્રથમ કોણ ગુજરી ગયુ તે નક્કી થતું ન હોય તો સર્વે એકજ વખતે ગુજરી ગયા અને મરનારની પાછળ જે જીવતા રહ્યા તેમનો તેનો વારસો એવી રીતે વહેચી આપવો જોઇએ કે મુળ માલીકની સાથે જે વચલા વારસો ગુજરી ગયા તે જાણે જન્મ્યાજ નહોતા

શિયા સંપ્રદાય

આ મત પ્રમાણે ઉત્તરાધિકારની વ્યવસ્થા કરવાના ત્રણ ધોરણ છે ૧ લગ્ન, ૨ રકત સંબંધ, અને ૩ વિલ. લગ્નના કારણથી થયેલા વારસ વર અને વહુ છે તેઓ બધી બાબતોમા સુની લોકની પેઠે પોતાના હિસ્સા લે છે એક લોહીના વારસ ન હોય તો વહુની તમામ મીલકત તેનો વર લે છે પણ એવીજ હકીકત હોય ત્યારે વહુનો તો માત્ર પોતાના કાયદાસર હિસ્સા ઉપર હક પહોચે છે અને શેષ ધન સરકારમા જાય છે

૨ એક લોહિના વારસના ચાર વરસ થઇ શકે **પહેલા** વર્ગમા બે ભાગ છે ૧ માબાપ અને ૨ છોકરા અને છોકરાના છોકરા ગમે તેટલી ઉતરતી પેઢીના **બીજા** વર્ગમા પણ બે ભાગ છે ૧ માબાપના બાપ, તેમના માબાપ અને બીજા પૂર્વજો ગમે તેટલી ચઢતી પેઢીના, અને ૨ ભાઇઓ અને બેનો અને તેમના વંશજ ગમે તેટલી ઉતરતી પેઢીના **ત્રીજા** વર્ગમા કાકા અને મામા, ફોઇઓ અને માસીઓ અને ગમે તેટલી આઘી પેઢીના તેમના વંશજ આવે છે **ચોથા** વર્ગમા બાપના અને માના કાકા અને મામા, ફોઇઓ અને માસીયો અને ગમે તેટલી ઉતરતી પેઢીના તેમજ વંશજ આવે છે **આ ચાર** વર્ગોમાનો પ્રત્યેક પોતાનાથી ઉતરતી પેઢીને વારસામાથી બાતલ કરે છે પરંતુ વર્ગના એક ભાગથી બીજો ભાગ બાતલ થતો નથી **સરખી પાયરીના** સગામા પૂર્ણ રકતના સગા હોય તો અર્દ્ધરકતના સગાનુ કાઇ પહોચતું નથી **વારસો** અથવા તેઓ જેની તરફથી વારસના કારણથી તે દાવો કરે છે, તે માણસો નરનારી હોવાના કારણથી, સુનીવાળા સંપ્રદાયમા ભેદ રાખવામા આવે છે તેવો ભેદ શિયા સંપ્રદાયમા રાખવામા આવતો નથી **પ્રત્યેક વર્ગમાં** પાસેનો સગો પોતાનાથી વેગળાના સગાને વારસામાથી બાતલ કરે છે **કાયદેસર** હીસ્સેદારો સુની લોકના પ્રમાણેજ છે

વીલ

પુખ્ત ઉમ્મરનો માણસ કોઈ પણ માણસના લાભમા વીલ કરી શકે છે પણ તે માણસ હયાતીમા હોવો જોઇએ બક્ષીસમા જેમ હયાતી, બક્ષીસ કરતી વખતે જોવાની છે, તેમ આ બાબતમા હયાતી વીલ કરનારના મરણ વખતે જોવાની છે

વીલ કરનારની પાસે કબજો હોવાની આ કેસમા ખાસ જરૂર નથી

જેના લાભમા વીલ કરવામા આવ્યુ હોય તેણે તે વીલના લાભ ગ્રહણ કરવા જોઇએ પણ જો આ માણસ કઇ હા, અગર ના કહેતો હોય નહિ તો, અનુમાનજ થશે કે તેણે તે સ્વિકાર્યું છે

બક્ષીસની પેઠે જીંદગી પર્યંતની મીલકત વીલથી લઇ શકાતી નથી આખી મીલકત આપી શકાય પારકા માણસના લાભમા વીલ હોય તો ⅓ મળે પણ વારસો કબુલ કરે તો આખુ મળે, પણ જો વીલ વારસના લાભનુ હોય તો વારસને બીલકુલ મળતું નથી પણ જો બીજા વારસો હા કહે તો તે આખુ લે, સુસાનો નિયમ આમા લાગુ પડતો નથી, સુસાના નિયમ માટે જુઓ બક્ષીસ

ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ લાગુ પડતો નથી તેથી મુસલમાની સરેહ પ્રમાણે બક્ષીસ થઇ શકે પુખ્ત ઉમરનો માણુસ એટલે ૧૮ વારસનો અને કોઇ બતાવેલા કેસમા

૨૧ (પુખ્ત ઉમ્મરનો કાયદો) વરસનો માણુસ

જીવતા માણુસને અથવા ગર્ભમા હોય તેને, બક્ષીસ આપી શકે છે નીચેની મિલકત બક્ષીસ આપી શકાય.

હયાતીમા હોય તે મીલક્ત

જે મીલકતની કીમત થઈ શકતી હોય તેવી અમુક મીલકત,

જે મીલકત બક્ષીસ આપનારના કબજામા હોય તે, કારણુ કે બક્ષીસ આપતી વખતે કબજો આપવામા આવે છે પણુ જે મીલકતનો કબજો હોઇજ શકે નહિ તેમા કબજાની જરૂર નથી

બક્ષીસ આપનારે નીચે પ્રમાણે કરવુ જોઇએ,—

બક્ષીસ લેનારને અથવા તો તે સગીર હોય તો તેના વાલીને કબજો આપવો જોઇએ

પણુ જો તે પોતાની સ્ત્રી હોય તો પોતે રાખે તેમા કઇ વાધો નથી જો વાલી પોતાના હાથ નીચેના સગીરને આપે અને પોતે કબજો રાખે તો વાધો નહી

જો બક્ષીસ આપનારના કઇ પણુ મીલકત બક્ષીસ આપેલી મીલકત ઉપર હોય તો બક્ષીસ કાયદેસર ગણાતુ નથી

બક્ષીસ લેનારે બક્ષીસનું ગ્રહણુ કરવુ જોઇએ

બક્ષીસમા નીચેના હક પેદા કરી શકાય,—

જીદગી પર્યંતના હકનું બક્ષીસ થઇ શકતુ નથી એટલે કે अ માણુસ પોતાની મીલકત બ માણસને જીવતા સુધી ભોગવવા આપે અને પછી ब ના મરણુ બાદ क ને લેવાનુ બક્ષીસ કરે તો તે ખોટુ છે આવા કેસમા ब માણુસ સપુર્ણ મીલકત લઇ લે છે

મીલકત જુદી કરીને આપવી જોઇએ જો એક મીલકત બે જણાને સઇયારી આપે તો તે ખોટુ અથવા તો अ માણુસ પોતાનો વગર વહેચાયલો ભાગ કોઇને આપે તો તે ખોટુ અમુક ચોક્સ કરેલો ભાગ બક્ષીસમા આપવો જોઇએ, આ નિયમના અપવાદ નીચે પ્રમાણે

(૧) મોટી જમીનદારીમા જેમા વહેચણુ થઇ શકતી નથી, પણુ જમીનની આવક ફક્ત ખવાય છે (૯) વીલમા (૩) વકફમા, (૪) જ્યારે બક્ષીસ લેનારો તેજ મીલકતમા ભાગીઓ હોય તો (૫) જો વગર વહે-ચાયલી મીલકતનો પછીથી વેચીને બક્ષીસ લેનારો કબજો લે તો, આ નિયમને મુસાનો નીયમ કહે છે

બક્ષીસ બધી મીલકતનુ થઇ શકે—પણુ મરણુ વખતની બક્ષીસ વીલથી આપેલી મીલકત જેવી છે પણુ મરણુ વખત કોને કહેવો એ સવાલ ઉઠશે જે માણુસને મનમા મોતનુ ભય આવી ગયુ હોય અને આવી સ્થીતીમા જો કઇ બક્ષીસ કરે તો તે મરણુ વખતની બક્ષીસ કહેવાય પણુ માણુસ હમેશા માંદો રહેતો હોય અને આવો માણુસ બક્ષીસ કરે તો કઇ નહી કારણુ કે હમેશા માદા રહેનારને મરણુનો ભય છે એવુ કહી શકાય નહી પણુ હમેશના મદવાડ કરતા કરતા કઇ વધ્યુ હોય, એવા સજોગોમા કહે તો, મરણુ વખતની બક્ષીસ કહેવાય

ધર્માદય

[૧] મુસલમાની સરેહ પ્રમાણે આને (વકફ) કહે છે વકફમા નીમેલા નીયમો લાગુ પડે છે [૧] વકફ એટલે દેવની સેવાને અર્થે કાંઇ મિલકત અર્પણુ કરવી. (૨) વકફ નિચેનો માણુસ કરી શકે;--પુખ્ત ઉમરનો માણુસ (પુખ્ત ઉમરના કાયદા પ્રમાણે) મુસલમાની સરેહ પ્રમાણે પાકી ઉમરનો માણુસ પણુ હાલમા પુખ્ત ઉમરનો કાયદો લાગુ પડે છે નિચેની મિલકત વકફ તરીકે આપી શકાય છે,—(૩) સ્થાવર મીલકત, વકફ હંમેશને માટે રહેવાનું છે તેથી જગમ મીલકતનું વકફ થઇ શકતું નથી, પણુ હાલમા પૈસાનું વકફ કરાવવા દેવામા આવે છે તેમ છતા પણુ કેટલીક વસ્તુઓ જેનો જલદીથી નાશ થાય તેમ છે તેનુ વકફ થઇ શકતું નથી (૪) વકફની ક્રીયામા અમુક શબ્દોની કાંઇ જરૂર નથી, પણુ શબ્દોમાથી એવો અર્થ નીકળવો જોઇએ કે ફલાણી મીલકત મુસલમાની સરેહ પ્રમાણેના ધર્માદાના કામો માટે બક્ષીસ કર-

વામા આવી છે (૫) નીચેના કામો માટે વાકફ થઇ શકે,—જે ધર્માદા કામો હમેશા ટકે એવા હોય તેને માટે જે કામો મુસલમાની સાહેબથી ધર્માદા ગણાય તેવા જેવા કે, ગરીબ માટે જાત્રા માટે (લોકોને) લગ્ન લોકોના દેવલ માટે, કોઇ મોટા માણુસની મસીદ ઉપર આવી રીતે (૬) વાકફ કરનારે તેણે વકફ કરતી વખતે કબજો વિગેરે આપી દેવુ જાઇએ અને પોતે કઈ પણ હક રાખવો જોઈએ નહિ (૭) વાકફ કઇ પણ સરત વગરનો કરવો જોઇએ, (૮) નવા વાકફ એકટ પ્રમાણે વાકેફ કરનાર પોતાને ને પોતાના વશજોનો વહીવટનો હક રાખી શકે

ધર્માદા ધન—બીજી મિલકત માટે બદલામા આપી શકાય નહી, પણ આ બદલામા ધર્માદા ધનના કાયદાની વાત હોય, અને રાજકર્તાનો અનુમત હોય તો એ પ્રમાણે થઈ શકે ધર્માદા ધનના ઉધાડા કાયદા સિવાય તે ત્રણ વરસ કરતા વધારે મુદતને માટે ઇજારે આપી શકાતું નથી, અર્પણ કરનારી ધારણના તાત્પર્ય પ્રમાણે સદા અમલ કરવો જોઇએ વશજોના ગુજરાનને માટે આપેલા ધર્માદયમાથી જે લાભ ઉત્પન્ન થાય તે એ વશજો વચ્ચે સરખે ભાગે વહેચી આપવો જોઇએ ધર્માદા ધનના ધર્મ કામના તપાસ રાખનારની જગો સ્ત્રીને મળી શકતી નથી, પરતુ તે વ્યવહારીક કામની તપાસ રાખનારી થઇ શકે

કરાર વિષે.

દેવુ અને ગીરો—વારસો પોતાના વડીલોના દેવાને સારૂ માત્ર તેમણે મિલકત મુકી હોય તેટલે દરજ્જે જવાબદાર પોતાના લેણદારોને નુકસાન થાય એવી રીતે પોતાના મરણ વખતે પોતાની મિલકત વસિયતનામાથી અથવા બીજી રીતે પરહસ્તગત કરી શકતો નથી

લેણદારો હોય તો પણ, કાઈપણ માણુસ પોતાની મીલકત વેચાણ અથવા ગીરો મુકી શકે છે આવા કેસમા લેણદારોનો ફક્ત ઉપાય એટલોજ છે કે તેઓએ એવુ સાબીત કરવુ જોઇએ કે તેઓના દેવાદારે પોતાની મીલકત લેણદારોમાથી ઉગારવા માટે બીનઅવેજે ગીરો અથવા વેચાણ કરી શકે છે અથવા તે જો અવેજ આપવામા આવ્યો હોય તો પણ વેચાણ ગીરો રાખનારે લેણદારોને ઠગવા વાસ્તે રોકડા પૈસા આપી દેવાદારને નસાડી મુકયો છે (ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ કલમ ૫૩)

દેવાદાર વીલ કરે તો લેણદારો પોતાના લેણા પઇસા વીલથી લેનાર પાસેથી વસુલ કરી શકે છે

દેવાદાર બક્ષીસ કરે તો લેણદારો પોતાના લેણા પઇસા બક્ષીસ કરેલી મીલકતથી વસુલ કરી શકે છે પણ આ હકનો ઉપયોગ કરવાને માટે એવુ સાબીત કરવુ જોઇએ કે બક્ષીસ કરતી વખતે બક્ષીસ કરનારની પાસે પોતાના લેણદારોને આપવા જેટલી મીલકત હતી નહી

દેવાદાર મરી ગયા પછી જો તેના છોકરાઓ અથવા વારસો મીલકતનો કબજો કરી મીલકત વેચી ખાય તો લેણદારોનો તે મિલકત વેચાતી રાખવા ઉપર કઇ પણ હક નથી પણ જો વેચાણ રાખનારા વારસોનો અભિપ્રાય લેણદારોને ઠગવાનો છે એવુ જાણીને વેચાણ રાખે તો તેઓ લેણદારોને પઇસા આપવા બંધાયલા છે—કલમ ૩૯ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ

૧ મરતી વખતે કબુલ કરેલા કરજ કરતા તન્દુરસ્તીના સમયમા કાઢેલુ કરજ પ્રથમ ચુકવી આપવુ જોઇએ હુડી સીકારાયી એટલે જેની પાસે હુડી હોય તેને લખનાર જવાબદાર નથી મ્હોડાના કરારની રૂઇનો દાવો લેખત દસ્તાવેજથી મજબુત કરેલા દાવાના જેટલોજ વજનદાર છે વ્યાજ લેવામા કાયદામા મનાઇ છે પણ આ પ્રતીબધ હાલની કાયદા બાધનારી સભાએ રદ કર્યા જેવો છે

સંસારનાં સગાંવહાલાં.

લગ્ન અને માબાપ—લગ્નના કરારમા માગણી અને કબુલત અવશ્ય જોઇએ લગનની સરતો—કરાર કરનાર પક્ષકારોમા સાર નરતાની સમજણ, તેઓની પુર્વાવસ્થા, અને સ્વતત્રતા, પહેલી સરત પાળવામા આવી ન હોય એટલે પક્ષકારોમા સારાનરસાની સમજણ ન હોય તો લગ્નનો કરાર ધર મુળથી જ રદ છે, જો પાછલી બે સરતો પાળવામા આવી ન હોય તો એ કરાર રદ થઇ શકે એવો છે, પણ કરાર કરનાર પક્ષકારના વાલી અથવા મુરબ્બીની સમ્મતિ હોય તો હરકત નથી, વળી એવી એક સરત છે કે સ્ત્રીમા કાયદાસર અયોગ્યતા ન જોઇએ, દરેક પક્ષકારે બીજાનો કરાર જાણવો જોઇએ, એ કરારમા

સાક્ષી જોઇએ, અને માગણી અને સ્વિકાર એક જ વખતે અને એકજ જગ્યાએ થવા જોઇએ, લગ્નના કરારની વ્યવહારિક અસર એ થાય છે કે વહુને મહેર ખોરાકી પોશાકી અને રહેઠાણનો હક મળે છે, અને તેથી એ પક્ષકારોની વચ્ચે સગાઇની મના કરેલી પાયરી અને વારસના પરસ્પર હક ઉત્પન્ન થાય છે સ્વતંત્ર માણસ ચાર બાયડીઓ કરી શકે, પણ ગુલામ બેજ કરી શકે, કોઇ પુરૂષ પોતાની મા, વડીઆઇ, સાસુ, ઓરમન મા, ઓરમાન વડીઆઇ દીકરાની અથવા દીકરીની દીકરી, દીકરાની વહુ, આગળીઆટ છોકરી, બહેન, દુધબહેન, ભત્રીજી, માશી ફોઇ, મામી કાકી અને પોતાને ઉછેરનારી એઓને પરણી શકતો નથી વળી જે બે ઓરતો વચ્ચે અન્યોઅન્ય પણ એવુ સગપણ થતું હોય કે જો તેમાથી એક પુરૂષ હોત તો તેઓનુ એક બીજા સાથે લગ્ન થઇ શકત નહિ, એવી બે ઓરતોને કોઇ પુરૂષ એકજ વખતે પરણે તો તે કાયદાસર નથી, કોઇ મનુષ્ય પોતાના ગુલામ સાથે લગ્ન કરી શકતો નથી ખ્રિસ્તી, યાહુદી, અને બીજા ધર્મના સખસો જેઓ એક ઇશ્વરને માનતા હોય તેઓની સાથે મુસલમાન સગાઇ કરી શકે, પરણવાનો કરાર મ્હોડાનો અથવા દસ્તાવેજી ગમે તેવો હોય તો પણ તે કરારની રૂયે પરણવાની જરૂર પાડી શકાતી નથી કરાર તોડવામા આવે તો લગ્નની બક્ષીસ અથવા તે બદલ જે કાઇ આપવામા આવ્યુ હોય તે પાછુ આપવુ જોઇએ, ધણી કે વહુ એક બીજાના સામે કબજાનો દાવો કરે તો બચાવ આ છે, (૧) ધાતકીપણુ (૨) મીસકોન્ડક્ટ, લગ્નના કરાર પ્રમાણે ના ચાલતા ઘણીજ ખરાબ વર્તણુક રાખે, (૩) વરવહુ વચ્ચે છેટા રહેવાનો કરાર થયો હોય તો, (૪) તલાક, (૫) ધર્મ ભેદ, (૬) જો મહેર આપી ના હોય તો ઉપરના કારણોથી બચાવ થઈ શકે કોઇ સ્ત્રીપુરૂષ ઘણા દિવસ લાગટ વરવહુ પેઠે એકઠા રહ્યાનુ સાબિત થાય તો, તેઓનુ લગ્ન થયુ એવુ અનુમાન સાક્ષીઓ વગર કરવામા આવશે નહિ તથાપિ સઘળા લગ્ન વખતે સાક્ષીઓ હાજર રાખવાની જરૂર છે કોઈ યુવાવસ્થામા આવેલી સ્ત્રી પોતાની નજરમા આવે તેની સાથે પોતાનુ લગ્ન કરવાનો કરાર કરી શકે છે અને જો એ જોડુ સરખુ હોય તો વાલીને વચમા પડવાનો હક નથી જો એ જોડુ સરખુ ન હોય તો એ લગ્ન રદ કરવા સારૂ વચમા પડવાનો વાલીનો હક છે, યુવાવસ્થામા આવેલી નથી એવી કોઇ સ્ત્રી પોતાના વાલીની સમ્મતિ વગર પોતાનુ લગ્ન કરવાનો કરાર કાયદા પ્રમાણે કરી શકતી નથી, અને એ કરાર વાલીની સમતી હોય તોજ મજુર ગણાય, પરતુ સદરહુ બન્ને બાબતોમા વાલીએ સતાનનો જન્મ થતા પહેલા વચમા પડવુ જોઇએ, કોઈ બાળકને માટે તેના બાપે અથવા દાદાએ કરેલો લગ્નનો કરાર મજુર અને બધનકારક છે, અને તે બાળક પાકી ઉમરે પહોચેથી તે કરાર રદ કરવા ચહાય તો તે તેમ કરી શકતું નથી, પરતુ જો એવો કરાર બીજા કોઇ વાલીએ કર્યો હોય તો જે બાળકને વિશે તે કરાર કરવામા આવ્યો હોય તે બાળક પોતે પાકી ઉમરનુ થયેથી એ લગ્ન રદ કરી શકે છે તથાપિ એટલો વિલબ ન થવો જોઇએ કે જેથી બાળકે એ કરાર કબુલ કર્યો હોય એવુ સમજાય, જ્યા બાપ તરફનો વાલી ન હોય ત્યા મા તરફના સગા બાળકનુ લગ્ન કરે અને મા તરફનો વાલી ન હોય તો તેમને ઠેકાણે સરકાર એ કામ કરે, મહેર લગ્નના કરાર સાથેજ વળગેલી છે મહેર બે જાતની છે (૧) લગ્ન થતી વખતે આપવાની, (૨) તલાક વખતે અથવા તો બન્નેમાથી એકના મરણ વખતે, મહેર લગ્ન સપૂર્ણ થયેથી લેણી થાય છે, અથવા બન્નેમાથી એક પક્ષકારનુ મરણ થયેથી અથવા તલાક આપેથી વહેમથી થાય છે, જ્યારે મહેરનો આકડો નક્કી ઠરાવ્યો ન હોય ત્યારે તે સ્ત્રીના બાપના કુળના સ્ત્રીઓને જે મહેર મળી હોય તેની સરાસરી કાઢતા જે આકડો આવે, તેટલી મહેર મળવાનો તેનો હક છે રક્ત સંબધના કારણથી જે કાઇ વાતની મના કરવામા આવી છે તે વાતની ઉછેરના કારણથી પણ મના કરવામા આવી છે પણ લગ્નની બાબતમા અપવાદ છે, જેમકે, કોઇ પુરૂષ પોતાની બહેનની દુધમાને અથવા પોતાના દુધદીકરાની બહેનને, અથવા પોતાના દુધભાઇની બહેનને પરણા શકે, કોઇ ધણી પોતાની સ્ત્રીની કાઇ કુચાલ વગર અથવા કાઇ કારણ બતાવ્યા વગર તેને તલાક આપી શકે પરતુ તલાક ફેરવી ન શકાય એવી થતા પહેલા તલાક ત્રણ વખત આવવી જોઇએ, અને દરેક વખતની વચમા એક માસની મુદ્દત ાવવી જોઈએ, અને આ વચલી મુદ્દતમા ધણી તે સ્ત્રીને ખુલ્લી રીતે અથવા ગર્ભિત રીતે પાછી સગ્રહ તો તલાકનો અમલ થાય નહી કોઇ ધણી પોતાની બાયડીને ત્રણ વખત ફેરવી ન શકાય એવી રીતે તલાક આપ્યા પછી તેની સાથે પતિ ભાવે રહી શકતો નથી પરતુ તે સ્ત્રી કોઇ બીજા

સખસને પરણે અને મોત અથવા તલાકના કારણથી તેનાથી જુદી પડે તો, તે સ્ત્રી અને તેનો આગલો ભર્થાર દંપતિ ભાવે રહી શકે, પણ જો તે સ્ત્રી આગલા ધણીથી માત્ર એક કે બે તલાકથી જુદી પડી હોય તો ફરી મેળવવા સારૂ સદરહુ રીતે કરવાની જરૂર નથી જો કોઇ ધણી પોતાના મરણાવસરે પોતાની સ્ત્રીને તલાક આપે, અને તે સ્ત્રી પોતાનુ ફરી લગ્ન કર્યાં પહેલા જ મુદત લગી તપાસ ઉપર રહેવાને બંધાયલી છે તે મુદત વીત્યા પહેલા જો તે ધણી ગુજરી જાય તો વારસો લેવાનો તે સ્ત્રીનો હક છે, તલાક આપેલી સ્ત્રી તપાસ ઉપર હોય તે મુદતમા ખોરાકી પોશાકી અને રેહાણ મળવાનો સ્ત્રીનો હક છે ધણીએ એવી પ્રતિજ્ઞા લીધી હોય કે, મારે મારી સ્ત્રીથી અલગ રહેવુ, અને ચાર માસની મુદત લગી તે પ્રતિજ્ઞા તુટી ન હોય તો ફેરવી ન શકાય તેવી તલાક આપ્યા બરોબર છે વહુ પોતાના ધણીની સમ્મતિ હોય તે લગ્નના બંધનમાથી તેની પાસેથી પોતાનો છુટકો ખરીદ કરવાને મુખત્યાર છે ધણી પોતાની ઓરત વ્યભિચારીણી છે એવુ કહી તેને તજવી એવા સોગન ખાય અને તે વખતે એ ઓરતના ગર્ભમા જે છોકરૂ હોય તે વિષે તે એવીજ રીતે કહે કે એ છોકરૂ મારા પેટનુ નથી તો તે છોકરૂ અનૌરસ છે એમ ગણશે ધણી નામરદ છે એવુ સાબિત થયુ હોય, તો તે વાત ઓરતે તલાક લેવાનો કરેલો દાવો કબુલ કરવાનો વળી એક લગ્ન થયા પછી ૭ મહિને જે છોકરૂ અવતર્યુ હોય તે તમામ કાર્યને માટે વરનુ છોકરૂ ગણાય છે તેમજ ધણીના મરણ પછી અથવા તલાક આપ્યા પછી બે વરસની અંદર જન્મેલુ છોકરૂ પણ એ ધણીનું છોકરૂ ગણાય છે. કોઇ સખસની લુડીને પેટે અવતરેલુ પહેલુ છોકરૂ તે સખસનુ છોકરૂ ગણાય છે પરંતુ જો તે સખસ બાપ થવાનો દાવો કર્યા પછી જો એની એજ સ્ત્રીને બીજુ છોકરૂ થાય, અને તે સખસ એ બાળકનો હુ બાપ છુ એવુ કહે નહિ તો પણ બીજા બાળકનો તે બાપ છે, એવુ સાબિત ગણવામા આવશે જો કોઇ માણસ એવુ કબુલ કરે કે ફલાણો સખસ મારો દીકરો છે અને તેમની વચ્ચે આવુ સગપણ હોય એ વાત અશક્ય છે એવુ ખુલ્લી રીતે કશાથી જણાતું ન હોય તો તે બાપ છે એવુ નક્કી ગણવામા આવશે

વાલીપણા વિષે—પુરૂષ અને સ્ત્રી બેઉની બાબતમા કાચી ઉમ્મર સોળમુ વર્ષ પુરૂ થતા સુધી ગણાય છે, પણ જો યુવાવસ્થામા ચિન્હ વહેલા નજરે પડે તો ત્યારથી પાકી ઉમ્મર ગણાય કોર્ટ ઓફ વોર્ડસની સંભાળ નીચેના બાળકની બાબતમા કાચી ઉમ્મર અઢારમુ વર્ષ પુરૂ થતા લગી ચાલે છે **વાલી** બે પ્રકારના છે સ્વાભાવિક, અને વસિઅતનામાથી ઠરાવેલા **વળી વાલીના** બીજા બે ભેદ છે (૧) નજીકના અને [૨] દુરના, નજીકના વાલીમા બાપ, દાદો, તેઓનુ વસીઅતનામુ અમલમા લાવનાર અને એ વસીઅતનામુ અમલમા લાવનારનુ વસીઅતનામુ અમલમા લાવનાર એઓ છે તેમનુ વાલીપણુ તેમની સંભાળ નિચેના બાળકની કેળવણી અને લગ્ન સંબધી બાબતોમાજ ચાલે છે **વધારે વજીકના** વાલીઓની સતા તેમની સંભાળ બાળકને ફાયદો થાય એવા કામ માટે તે બાળકની મિલકત ઉપર છે, આવા વાલી ન હોય તો આ સતા વેગળાના વાલીને મળતી નથી, પણ કાજકર્તાને મળે છે, **માની તરફનાં** સગા એ સઉથી ઉતરતા દરજ્જાના વાલી ગણાય છે, લગ્ન અને કેળવણીની બાબતોમા તેમા તેમના વાલીપણાનો હક માત્ર જ્યારે બાપ તરફના સગા અથવા મા ન હોય ત્યારે જ ચાલે છે, દીકરો સાત વર્ષનો થતા લગી, અને દીકરી સ્ત્રી ધર્મમા આવતા લગી તેમની રક્ષાનો માને હક છે, મા પરાયા માણસને પરણે તો તેનો સદરહુ હક જતો રહે છે, પણ તે પાછી વિધવા થયેથી એ હક તેને પાછો મળે છે, તે કોઇ પાસેના સગા સાથે પરણે તો તેના વાલીપણાના હક જતા નથી **બાપની** તરફના સગાને બાળકની મીલકતનો વારસો લેવાનો જેમ નજદીકનો હક તે પ્રમાણે તેઓને એ બાળકની કેળવણી અને તેના લગ્ન બાબતોમા વાલીપણાનો હક મળે છે, કોઇ વાલીએ પોતાની સંભાળ નીચેના બાલકના પોષણ અથવા કેળવણી માટે જરૂરિઆત કરજ કાઢયો હોય તે બાળકે પોતે પાકી ઉમરનો થયેથી વાળી આપવુ જોઇએ બાળક બક્ષીસ લઈ શકે છે બાળકની સ્થાવર મિલકત સંબધી વાલીના કાર્ય બાળકની ઉપર બધનકારક નથી, પરંતુ જો તે કાર્ય જરૂરિઆત અર્થના હોય અથવા બાળકના ફાયદા માટે હોય તો, બાળકના ઉપર બંધનકારક છે બાળકની જંગમ મીલકત સંબધી વાલીના કાર્ય બાળક ઉપર બધનકારક છે પણ જો તે કાર્યમાં દેખીતો કાઇ દગો ન હોય તો, બાળકો બીજાની મિલકત અથવા લાભને જાણી જોઈ ને નુકશાન અથવા હાની કરે તો તેઓ દિવાની કાયદાની રૂઇએ જવાબદાર છે

સફીલનો હક.

(પ્રીએમ્પશન)

એક મીલકત વેચાતી હોય તે કોઇક માણસ રાખે, મીલકતના પાડોસીઓને તે મીલકત ઘણીજ ફાયદાકારક હોય પણ તેનો ધણી તેને તેમને વેચાતી આપતો ના હોય આવા સંજોગોમા પાડોશીને સદ્દરહુ વેચાણ થયેલી મીલકત વેચાણ રાખનારની પાસેથી તેની વેચાણ કીમત આપી પાછી લેવાનો હક છે કયા સંજોગોમા આવો હક પ્રાપ્ત થાય છે, તે જોવાનુ છે,

સફીલદારી

(૧) મુસલમાનોને આ કાયદો લાગુ પડે છે, વળી કેટલીક જગાએ હિંદુઓને પણ લાગુ પડે છે, જેથી જ્યા આગળ હિંદુઓમા આવા હકનો રીવાજ પડયો હોય ત્યા આગળ આવો હક હિંદુઓ ભોગવી શકે છે ગુજરાતમા હિંદુઓમા આવો રીવાજ છે

(૨) નિચેના માણસો સફીલનો દાવો લાવી શકે—

अ મીલકતનો ભાગીદાર ब વેચાણ થયેલી મિલકતનો કાઇ પણ બોજો પોતાની મીલકત ઉપર હોય તે અથવા તો પોતાની મીલકતનો કંઈ પણ બોજો વેચાણ થયેથી મીલકત ઉપર હોય તેને અથવા તો બંને મિલકતોને કોઇપણ મિલકત ઉપર સમાન હક હોય તેને क પાડોશી अ વાળાનો પહેલો હક ब વાળો अ વાળો હક ભોગવવાને ઇચ્છા રાખતો ના હોય તો અને त વાળો જો अ વાળો, અને ब વાળો હક ભોગવવાને ઇચ્છતા ના હોય તો

(૩) રકમ (૨) મા બતાવેલો માણસ જે મિલકતના અંગથી વેચાણ થયેલી મિલકત ઉપર સફીલદારીનો હક માગે છે તે માણસ તે મિલકતનો માલીક હોવો જોઇએ ગીરોદાર, ભાડુઆત હક ભોગવી શકે નહિ

(૪) સફીલનો હક વેચાણ થાય ત્યારે ભોગવાય એટલે પાડોશીની જમીન અથવા જે જમીનમા ભાગીદાર હોય અને તે જમીન જ્યારે વેચાણ થતી હોય ત્યારેજ આવો હક પ્રાપ્ત થાય છે

(૫) આવો હક ભોગવવાને નિચે પ્રમાણેના ક્રિયાઓ કરવી

अ વેચાણ થયાની ખબર પડી કે તરતજ એકદમ વગર વિલંબે જે માસણ સફીલનો હક ભોગવતો હોય તેણે બોલવુ જોઇએ કે વેચાણ થયેલી મિલકત ઉપર મારો સફીલનો હક છે અને તે રાખવાને હુ ખુશી છુ.

(ब) ઉપર પ્રમાણે વેચાણ થવાની ખબર મળ્યા પછી તરતજ આપી માગણી કર્યા પછી વ્યાજબી વખતે તેજ માણસે સાક્ષીઓ બોલાવી વેચાણ થયેલી મિલકત ઉપર અથવા તો વેચાણ રાખનારને ઘેર અથવા તો વેચાણ આપનારને ઘેર બીજી માગણી કરવી જોઇએ કે " વેચાણ થયેલી મિલકત ઉપર મારો સફીલનો હક છે અને તે મિલકત જેટલી રૂપીએ વેચાણ રખાઈ હોય તેટલા રૂપીઆ આપી રાખવા હુ ખુશી છુ આવી રીતની પહેલી માગણી મે કરી છે આ બાબત સાક્ષીઓને સરત રાખવા

(૬) ઉપર બતાવેલી માગણી હક ભોગવવા ઇચ્છનાર માણસ જાતે અથવા તો તેનો મુખત્યાર પણ કરી શકે

(૭) માગણીઓ પ્રમાણે જો માગણીઓ કરનારને વેચાણ કરનારને વેચાણ રાખનારે પાછુ ના આપે તો તેને દાવો કરવો પડે છે એ દાવાને ૧૨ માસની મુદત છે, તે મુદત વેચાણ રાખનારે કબજો લીધો હોય ત્યાથી ચાલે છે.

(૮) સફીલનો હક મોટી જમીનદારીઓમા લાગુ પડતો નથી

(૯) વેચાણ થયેલી બધી મિલકત ઉપર સફીલનો હક ભોગવવો જોઇએ, કોઇ માણસ વેચાણ થયલી મિલકત પૈકી કોઇ અમુક ભાગ ઉપર સફીલનો હક ભોગવી શકાય નહી

(૧૦) જો વેચાણ દસ્તાવેજમા ખરી કીમત ના લખતા વધારીને ખોટી કિંમત લખી હોય તે કિંમત આપી હક ભોગવવાનો હક છે

હિંદુસ્તાનનો સ્ટાંપ એકટ.

સન ૧૮૯૯ નો આકટ નંબર ૨ જો.

ઉદ્દેશ—ખોટા દસ્તાવેજ થતા અટકાવવા માટે સરકારથી દસ્તાવેજ લખવાના કાગળો પુરા પાડવા અને અને તે બદલ યોગ્ય લાગત લેવાને નિચે પ્રમાણે ઠરાવ્યુ છે

૧ આ આકટ આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ છે સને ૧૯૨૨ ના એપ્રીલથી ચાર વર્ષ માટે લાગુ રહેશે

૨ બીલ ઓફ એકસચેન્જ, એ શબ્દોમા હુંડી વીગેરેનો સમાવેશ થાય છે 'લીસ' આ શબ્દમા પટાનો, કરારનો અને કબુલાયતનો સમાસ થાય છે, 'બાડ' (ખત)—એ શબ્દમા જે લેખ ઉપરથી એક માણસ બીજા કોઇ માણસને પઇસા, અનાજ વિગેરે આપવાની જવાબદારી પોતાને માથે એવી સરતે લે કે પ્રસંગ પ્રમાણે અમુક નિર્દિષ્ટ કરેલુ કામ કરવામા આવે, અથવા ન આવે તો તે જવાબદારી રદ થશે એ લેખનો સમાવેશ થાય છે,

૧૪ એક સ્ટામ્પ ઉપર એકજ લેખ જોઇએ

૧૭ ડયુટી પડવા જોગ લેખ ઉપર તે કરી આપતી વખતે સ્ટામ્પ મારવો

૨૯ આડમિનિસ્ટ્રેશન બાડ, ગીરો મુકવા બદલ કબુલત, બાડ, ડિબેન્ચર, વધારે બોજો, ગીરોખત, વાયદાચીઠી, ફારગતી, જામીનખત અને વ્યવસ્થા પત્રની બાબતમા લેખ લખનારે, કરનાર અથવા કરી આપનાર માણસે સ્ટામ્પ ડયુટી આપવી, અને વીમાની પોલીસીને પ્રસંગે—(વીમો ઉતારનારે પોલીસી આપનારે, લીસના સામા લેખને પ્રસંગે લીસ આપનારે, અદલાબદલીના લેખને પ્રસંગે, સરખે હિસ્સે, વહેંચણના લેખને પ્રસંગે તે લેખના પક્ષકારોએ અને વેચાણના સરટીફીકેટને પ્રસંગે—તે સરટીફીકેટ જે મિલકત સબંધી હશે તે મિલકતના ખરીદનારે ડયુટી આપવી જોઇએ,

૩૦, વીસ રૂપિઆ કરતા વધારે રકમની પહોચ, હુંડી, ચેક, કે જંગમ મિલકત લેનાર સખસે તેની ઉપર સ્ટામ્પ ચોઢવો જોઇએ

૩૩ પોલીસ અમલદાર સિવાય જે સરકારી અમલદાર પાસે યોગ્ય સ્ટામ્પ વગરના લેખ રજુ કરવામા આવે તો, તેણે અટકાવી રાખવો જોઇએ

૩૫ યોગ્ય સ્ટામ્પવાળા નહિ હોય એવા લેખ પુરાવામા લેવા નહિ, તેમ તે ઉપરથી કામ ચલાવવુ નહિ અથવા તે નોધવા નહિ, પણ જે ડયુટી પડવા જોગ હોય તે ડયુટી આપે તથા પાચ રૂપિઆ દંડ આપે અથવા ડયુટીની રકમની દશગણી રકમ પાચ રૂપિઆ કરતા વધારે થતી હોય તો, તે ડયુટીની દશગણી જેટલી રકમ આપવામા આવે એટલે તે પુરાવામા લેઇ શકાશે, વગર સ્ટામ્પની પહોચ બદલ તે પહોચ આપનાર એક રૂપિઆનો દંડ ભરે તે પુરાવામા લઇ શકાશે

૩૮—૩૩મી કલમ પ્રમાણે યોગ્ય સ્ટામ્પ વગરનો અટકાવી રાખેલો લેખ અટકાવી રાખનાર અમલદારે કલેકટર પાસે મોકલવો

૪૦ જ્યારે ૩૮ મી કલમ પ્રમાણે અટકાવી રાખેલો લેખ કલેકટર ઉપર આવે ત્યારે તેણે તે લેખ જેટલી ડયુટી પડવા જોગ હોય તે ડયુટીની રકમ, અને પાચ રૂપિઆ દંડ અથવા યોગ્ય ડયુટીની રકમની દશગણી રકમ એ બેમાથી જે વધારે હોય તે રકમ આપવાને ફરમાવવુ

૪૧ જ્યારે અકસ્માતથી, ચુકથી કે ઘણીજ જરૂરીના સબબથી યોગ્ય સ્ટામ્પ માર્યા નહિ હોય, ત્યારે તે બાબત એક વરસની અંદર કલેકટરને જાહેર કરવુ

૪૯ અમુક કારણોસર બગડેલા સ્ટાપનો અવેજ પાછો આપવાને કલેકટરને અધિકાર છે

૫૦ એવા બગડેલા સ્ટાપનો અવેજ પાછો લેવા માટે બગડેલા લેખની તારીખ પછી ૭ મહિનાની અંદર કલેકટરને અરજી કરવી જોઇએ

૫૩ બગડેલા સ્ટામ્પનો અવેજ પાછો લેવાની અરજી ઉપરથી કલેકટરે ચોકશી કરી તેટલીજ કીમતના બીજા સ્ટામ્પ અથવા તો દરેક રૂપીએ એક આનો કમીશન કાપી લઇને બાકીના પૈસા આપવા હુકમ કરવો

હિંદુસ્તાનનો સ્ટાંપ એકટ.

પરિશિષ્ટ ૧ લું

લેખ ઉપર સ્ટામ્પ ડયુટી.

કયા દસ્તાવેજ અથવા લેખ ઉપર કેટલી ડયુટી જોઇએ તે નીચેના કોષ્ટકમાં જોવાથી જડી આવશે

લેખનો પ્રકાર	સ્ટાંપ ડયુટી	
૧ **પહોંચ**—વીસ રૂપીઆ કરતા વધારે રકમના અથવા કીમતના કરજની (પેઢીવાળાની તપાસ બુક સિવાય બીજી) કોઇ પણ બુકમા અથવા જુદા કાગળ ઉપર દેણુદાર અથવા દેણુદાર તરફથી લખેલી અથવા સહી કરેલી હશે અને તે બુક અથવા કાગળ દેણુદારના કબજામા રાખ્યો હશે ત્યારે માત્ર તે પહોચમા તે કરજ આપવાનો કોઈપણુ વાયદો અથવા વ્યાજ આપવા બદલ અથવા કોઇપણુ માલ અથવા બીજી મીલકત સ્વાધીન કરવા બદલ કોઇપણુ મજકુર હોવો જોઇએ નહી	એક આનો (હાલ પોષ્ટની ટીકીટ વાપરવાને મંજુર થયુ છે	
૨ **આડમિનિસ્ટ્રેશન બાંડ** (માલમિલકતો વહીવટ કરવા વિષેનુ ખત) એમા સન ૧૮૬૫ ના હિંદુસ્થાનના વારસા બાબતના આકટની ૨૬૬ મી કલમ મુજબ, સન ૧૮૭૩ ના સરકારી સેવીંગ્સબેંકના આકટની ૬ ઠી કલમ મુજબ, સન ૧૮૮૧ ના પ્રોબેટ બાબતના અથવા વહિવટ ચલાવવા બાબતના આકટની ૭૮ મી કલમ મુજબ અથવા સન ૧૮૮૯ ના વારસાના સર્ટીફીકેટના આકટની ૯ મી અથવા ૧૦ મી કલમ મુજબ આપેલા બાડનો સમાવેશ થાય છે		
અ રકમ ૧૦૦૦ રૂપિઆ કરતા વધારે નહિં હોય ત્યારે	પાચ રૂપિયા	દસ રૂપીયા
બીજે કોઇપણુ પ્રસંગે	પાચ રૂપિયા	દસ રૂપીયા
૩ **દત્તકપત્ર**—એટલે જેમા દત્તવીધાનની નોધ અથવા જેના ઉપરથી દત્તક લેવાનો અધિકાર (આપ્યો) હોય અથવા આપ્યાનુ જણાતુ હોય એવો (મૃત્યુપત્ર સિવાયનો બીજો) કોઇપણુ લેખ	દસ રૂપીયા	વીસ રૂપીયા
૩ **એડવોકેટ**—એડવોકેટ દાખલ નોધ જુઓ (નં ૩૦)		
૪ **એફિડેવિટ**—એમા સમ ખાવાને બદલે પ્રતીજ્ઞા અથવા એકરાર કરવાનો કાયદા ઉપરથી અધિકાર હોય તે સખસોએ કરેલી પ્રતીજ્ઞા અથવા એકરારનો સમાવેશ થાય છે	એક રૂપીઓ	બે રૂપીયા
માફી—નીચેનો એફીડેવીટ અથવા લેખી કરાર જ્યારે, (અ) હિંદુસ્તાનનો લસ્કરી આઇન પ્રમાણે નામ દાખલ થવાની સરત તરીકે કર્યો હશે ત્યારે (બ) પ્રત્યક્ષ કોઇ પણુ કોર્ટમા અથવા કોઇ પણુ કોર્ટના અમલદાર આગળ દાખલ અથવા ઉપયોગ કરવાના કારણુ સારૂ કર્યો હસે ત્યારે અથવા (ક) કોઇપણુ માણુસ કોઇપણુ પેન્સન અથવા ધર્માદા નેમણુક લેવાને શક્તિવાન થાય તેટલાજ કારણુ સારૂ કર્યો હશે ત્યારે સ્ટામ્પ ડ્યુટીની માફી છે.		

૫ કબુલાત અથવા કબુલાતની યાદી.	બે આના. ચાર આના.
અ કોઇ પણ બીલ ઓફ એક્સચેજના વેચાણ સબધી હશે તો	એક આનો બે આના
(અ) કોઇ પણ સરકારી સિક્યુરિટીના અથવા સસ્થાપિત કપની માહેના અથવા બીજા એ વ્યક્તિભૂતમડળી માહેના શેરના વેચાણ સબધી હશે ત્યારે.	
(બ) બાબત બીજી રીતનો ઠરાવ કર્યો ન હોય તો	આઠ આના, એક રૂપીઓ
નીચેની કબુલાત અથવા કબુલાતની યાદીને સ્ટામ્પ ડ્યુટીની માફી છે (અ) માલ અથવા વેપારની જણસના જ ફક્ત વેચાણ બાબત અથવા વેચાણ સબધી હશે, અને તે ૪૩ મા નબર પ્રમાણે ડ્યુટી પડવા જોગ ચીઠી અથવા યાદી નહિ હશે તે, (બ) કોઇપણ લોન સારૂ અથવા લોન સબધી હિદુસ્તાન સરકારને આપેલા ટેડરના નમુના પ્રમાણે કરી હશે તે, (ક) સન ૧૮૭૪ ના યુરોપિઅન વેગ્રનસી આક્ટની ૧૭ મી કલમ પ્રમાણે કરેલી હોય તે	
લીસ કરી આપવા વિષેની કબુલત લીસ જુઓ (ન ૩૫)	
૬ રાસ્તગીરો—(ઇક્વિટેબલ માર્ટગેજ) દાખલ કબુલાત, એટલે સત્તાધિકારના ખતો, (ટાયટલ ડીડ) અથવા બીજુ કીમતી તારણ અનામત રાખીને અથવા જગમ મિલક્ત રાખીને ધીરેલા નાણા પાછા મળવાના બંદોબસ્ત સારૂ કરેલી કબુલાત દર્શાવનારો કોઇપણ લેખ—	
(અ) જ્યારે એવા નાણા તે લેખની તારીખથી ત્રણ મહિના કરતા વધારે હોય, પણ એક વર્ષ કરતા વધારે ન હોય, એવી મુદતે પાછા આપવાના હોય ત્યારે	તેટલીજ રકમના બિલ ઓફ એક્સચેજ (ન ૧૩ બ) ઉપર જે ડ્યુટી પડે છે તે
(બ) જ્યારે એવા નાણા તે લેખની તારીખથી ત્રણ મહિના કરતા વધારે મુદતે પાછા આપવાના ન હોય ત્યારે .	તેટલીજ રકમના બીલ ઓફ એક્સચેજ (ન ૧૩ બ) ઉપર પડનારી ડ્યુટીની અરધી ડ્યુટી,
માફી—ગીરો ખત નિચે આપેલી માફી જુઓ (ન ૪૦)	
૭ અધિકાર ચલાવીને કરેલું એપોઇન્ટમેંટ, તે પછી ટ્રસ્ટીઓ હોય અથવા સ્થાવર કે જગમ મિલક્તનુ હોય અને મૃત્યુપત્ર નહિ હોય એવા કોઇ પણ લેખથી કર્યું ત્યારે અ ટ્રસ્ટીઓની	
(બ) જગમ અથવા સ્થાવર મિલકત	પદર રૂપીયા, ત્રીસ રૂપીયા
૮ આકારેલી કીમત, ફરિઆદ ચાલતી હોય તે દરમિઆન કોર્ટના હુકમ મુજબ આકારવાની તે સિવાય બીજી રીતે—	
(અ) રકમ ૧૦૦૦ રૂપીઆ કરતા વધારે ન હોય ત્યારે	એવી રકમના બાડ પર (ન) ૧૫) જેટલી ડ્યુટી પડે છે, તેટલી
(બ) બીજે કોઇપણ પ્રસગે	પાચ રૂપીયા દશ રૂપીયા .
નીચેની કીંમતને માફી છે—(અ) જે કિમત માત્ર એકજ પક્ષકારની માહિતી સારૂ આકારેલી હોય અને જે કબુલાતને લીધે અથવા કાયદાના અમલને લીધે પક્ષકારોને કોઈ પણ રીતે માન્ય કરવાની જરૂર ન હોય તે	
(બ) જમીનદારને ગણોત તરીકે આપવાની રકમ ઠરાવવા સારૂ પાકની આકારેલી કીમતને સ્ટામ્પડ્યુટી માફી છે	
૯ અપ્રેંટીસશિપડીડ (શિખવા સારૂ રહેવાના કરાર બદલનુ ખત) એમા કોઇ પણ પેશો, ધધો અથવા કામ શિખવા સારૂ કોઇ પણ ધણીના હાથ નિચે મૂકેલા કોઈ પણ અપ્રેન્ટિસ (શિખાઉ) કારકુન અથવા	

નોકરી ચાકરી સબંધી અથવા તેનો શિખવવા સંબધી આર્ટીકલ્સ ઓફ ક્લાર્ક શિપ (ન ૧૧) નહિ હોય એવા દરેક લેખનો સમાવેશ થાય છે	પાચ રૂપિયા — દસ રૂપીયા
માફી—જે અપ્રેંટિસશિપનો લેખ સન ૧૮૫૦ ના અપ્રેન્ટિસ આકટ મુજબ માજીસ્ટ્રેટે કરી આપ્યો હશે, અથવા જે ઉપરથી કોઇપણ માણસને કોઇપણ સાર્વજનિક ધર્માદા સંસ્થાએ અથવા તેના પૈસાને ખર્ચે અપ્રેન્ટસ રાખ્યો હશે તેને સ્ટામ્પ ડયુટી માફ છે	
૧૦ કંપનીની આર્ટીકલ્સ ઓફ એસોસિએશન	પચીસ રૂપીઆ
અ કંપની પાસે શેરનુ ભંડોળ નહી હોય, અથવા નામનુ શેરનુ ભંડોળ ૨૫૦૦ કરતા વધુ ન હોય ત્યારે	પચીસ રૂપીયા
બ નામનુ શેરનુ ભંડોળ ૨૫૦૦ કરતા વધુ તે ૧૦,૦૦,૦૦ કરતા વધુ ન હોય તો.	પચાસ રૂપીયા.
ક ભંડોળ એક લાખ કરતા વધુ હોય ત્યારે	એકસો રૂપીયા
માફી—નફા વાસ્તે ન સ્થાપેલી તથા સન ૧૮૮૨ ના હિંદુસ્તાનના કંપનીના આકટની ૨૬ મી કલમ મુજબ રજીસ્ટર કરેલી કોઇ પણ એસોશિએશનની આર્ટિકલ્સને સ્ટાપડયુટી માફ છે	
કંપનીનું મેમોરેન્ડમ ઓફ એસોસિએશન (ન ૩૯) પણ જુઓ,	
૧૧ આર્ટીકલ્સ ઓફ કલાર્કશિપ અથવા કરાર— જે ઉપરથી કોઇ સખસ કોઇ પણ હાઇકોર્ટમા એટર્નિ દાખલ રજુ થવા સારૂ કલાર્કનુ કામ કરવાને પ્રથમ બંધાય છે તે	બસો પચાસ રૂપીયા
અસૈનમેંટ—પ્રસંગ પ્રમાણે, કન્વેયન્સ (ન ૨૩) તબદીલ (ન ૬૨) અને લીસની તબદીલી (ન, ૬૩) જુઓ	
આટર્ની—અટર્ની દાખલ નોધ (ન ૩૦) તથા મુખત્યારનામુ ન. ૪૮ જુઓ.	
દત્તક લેવાનો અધિકાર પત્ર—દત્તક (ન ૩) જુઓ	
૧૨ નિવાડો એટલે ફૈસલો—ચાલતી હોય તે દરમિઆન કોર્ટના હુકમથી પ્રકરણ સોપવામા આવે છે તે સિવાય બીજીરીતે પ્રકરણ સોપવામા આવ્યાથી, વિભાગ કરવા વિષેનો હુકમ ફરમાવવા બાબતનો નિવાડો ન હોય એવો લવાદે અથવા સરપંચે કરેલો કોઇ પણ લેખી ઠરાવ	એટલીજ રકમના બોંડ ઉપર (ન ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી, } વધુમા વધુ ૨૦ રૂપીયા પાંચ રૂપીઆ,
માફી—સન ૧૮૭૩ ના મુબાઇના ડિસ્ટ્રિકટ મ્યુનિસીપલ આકટની ૮૧ મી કલમ મુજબનો, અથવા સન ૧૮૭૪ ના મુબઇના વશપરપરાના હોદ્દાઓ બાબતની આકટની ૧૮ મી કલમ મુજબના નિવાડાને સ્ટામ્પ ડયુટીની માફી છે	
૧૩ બીલ ઓફ એક્સચેંજ, હુંડી અને પ્રોમેસરી નોટ— (કલમ ૨) (૨) તથા (૩) મા વ્યાખ્યા કર્યા પ્રમાણેનુ બાંડ ન હોય એવું, અથવા બેંકનોટ અથવા ચલણી નોટ —	
(અ) માગે કે તરત પગાર કરવાનુ હોય ત્યારે,	એક આનો,
(બ) માગે કે તરત નહિ પણ બીજી રીતે પગાર કરવાનું હોય, પણ તેની તારીખથી આપવા તે દેખાડયા પછી એક વર્ષ કરતાં વધારે ન હોય, એટલી મુદતે પગાર કરવાનુ હોય ત્યારે,--	

				એકજ લખ્યું હોય તો	બંને સેટ લખ્યા હોય તો તે સેટ-ના દરેક ભાગ ઉપર	ત્રણે સેટ લખ્યો હોય તો તે સેટના દરેક ભાગ ઉપર.
બીલની અથવા નોટની રકમ ૨૦૦ રૂપીઆ કરતા વધારે ન હોય તો				૦—૩—૦	૦—૨—૦	૦—૧—૦
તે ૨૦૦ રૂ કરતા વધારે હોય,		પણ ૪૦૦ રૂ કરતા વધારે નહી હોય તો,		૦—૬—૦	૦—૩—૦	૦—૨—૦
તે ૪૦૦	,,	૬૦૦		૦—૯—૦	૦—૫—૦	૦—૩—૦
તે ૬૦૦	,	૧૦૦૦	,,	૦—૧૫—૦	૦—૮—૦	૦—૫—૦
તે ૧૦૦૦	,,	૧૨૦૦	,	૧—૨—૦	૦—૯—૦	૦—૬—૦
તે ૧૨૦૦	,,	૧૬૦૦	,,	૧—૮—૦	૦—૧૨—૦	૦—૮—૦
તે ૧૬૦૦	,,	૨૫૦૦	,,	૨—૪—૦	૧—૨—૦	૦—૧૨—૦
તે ૨૫૦૦	,,	૫૦૦૦	,,	૪—૮—૦	૨—૪—૦	૧—૮—૦
તે ૫૦૦૦	,,	૭૫૦૦	,,	૬—૧૨—૦	૩—૬—૦	૨—૦—૦
તે ૭૫૦૦	,,	૧૦૦૦૦	,,	૯—૦—૦	૪—૮—૦	૩—૦—૦
તે ૧૦,૦૦૦	,,	૧૫,૦૦૦	,	૧૩—૮—૦	૬—૧૨—૦	૪—૮—૦
તે ૧૫,૦૦૦	,,	૨૦,૦૦૦	,,	૧૮—૦—૦	૯—૦—૦	૬—૦—૦
તે ૨૦,૦૦૦	,,	૨૫,૦૦૦	,	૨૨—૮—૦	૧૧—૪—૦	૭—૮—૦
તે ૨૫,૦૦૦	,	૩૦,૦૦૦	,,	૨૭—૦—૦	૧૩—૮—૦	૯—૦—૦
અને ૩૦૦૦૦ રૂપિઆ ઉપરના દર ૧૦,૦૦૦ રૂપીએ અથવા ૧૦,૦૦૦ રૂપીઆના ભાગે				૯—૦—૦	૪—૮—૦	૩—૦—૦

(ક) તારીખ પછી અથવા જોયા પછી એક વર્ષ કરતા વધારે મુદતે પગાર કરવાનું હોય ત્યારે	તે રકમના બોડ ઉપર (નં) ૧૫ જેટલી ડયુટી પડે છે તેટલી
૧૪ બિલ ઓફ લેડિંગ (એમા બિલ ઓફ લેડિગનો સમાવેશ થાય છે) ટીપ જો બીલ ઓફ લેડિગ કટકે કટકે લખ્યુ હશે તો તે બદલનો યોગ્ય સ્ટામ્પ સેટમાના દરેક ભાગ ઉપર હોવા જોઇએ	ચાર આના, આઠ આના જો બીલ ઓફ લેડિંગ કટકે કટકે લખ્યુ હોય તો તે બદલ સ્ટાપ સેટમાના દરેક ભાગ ઉપર હોવો જોઇએ
માફી— (અ) જ્યારે બીલ ઓફ લેડિંગમા લખેલો માલ સન ૧૮૮૯ ના હિંદુસ્તાનના બંદરો બાબતના આક્ટમા કરેલી વ્યાખ્યા પ્રમાણેના કોઇ પણ બંદરની હદ માહેની બીજી કોઇ પણ જગાએ સ્વાધિન કરવાનો હશે ત્યારે તે	

(બ) જ્યારે બીલ ઓફ લેડિગ બ્રિટિશ હિદુસ્તાનની બહાર કર્યું હશે અને બ્રિટિશ હિદુસ્તાનમા સ્વાધીન કરવાની મિલકત બાબતનુ હશે ત્યારે તે

માફી

માફી

૧૫ બાંડ [કલમ ૨ (૫) મા વ્યાખ્યા કર્યા પ્રમાણેનુ] ડિબેચર (નબર ૨૭) ન હોય એવુ, તથા જે બાબત આ આકટમા અથવા સન ૧૮૭૦ ના કોર્ટ ફીના આકટમા બીજી રીતે ઠરાવ કર્યો ન હોય એવુ,—

તે ૨૦૦ રૂ કરતા વધારે હોય પણ	૩૦૦	કરતા વધારે ન હોયતો	એક રૂપીઓ આઠ આના.
તે ૩૦૦ કીતો	૪૦૦	કીતો	બે રૂપીયા.
તે ૪૦૦ કીતો	૫૦૦	કીતો	બે રૂપીઓ આઠ આના
તે ૫૦૦ કીતો	૬૦૦	કીતો	ત્રણ રૂપીઆ
તે ૬૦૦ કીતો	૭૦૦	કીતો	ત્રણ રૂપીયા આઠ આના
તે ૭૦૦ કીતો	૮૦૦	કીતો	ચાર રૂપીયા
તે ૮૦૦ કીતો	૯૦૦	કીતો	ચાર રૂપીઆ આઠ આના
તે ૯૦૦ કીતો	૧૦૦૦	કીતો	પાચ રૂપીઆ.
તે ૧૦૦૦૦ કીતો	ઉપરના ૫૦૦ રૂપીયા કે તેના ભાગે		બે રૂપીઆ આઠ આના

માફી જ્યારે બાંડ—(અ) સન ૧૮૭૬ ના બગાળાના ઇરીગેશન બાબતના આકટની નીમણુક મુજબ કરેલી કાનુનો પ્રમાણે નિમેલા મુખીઓ તે આકટ પ્રમાણે પોતાનુ કર્તવ્ય કર્મ યોગ્ય રીતે કરવા સારૂ કર્યુ હોય ત્યારે તે

માફી

(બ) કોઇ પણ માણસે ધર્મના દવાખાના અથવા હોસ્પિટલ અથવા લોકોપયોગી બીજા કોમે પણ કામ સારૂ ખાનગી ઉઘરાણુની સ્થાનિક ઉપજ દરદ મહીને અમુક રકમ કરતા કમી થશે નહિ એવી હામી આપવા સારૂ કર્યું હોય ત્યારે તે

માફી

૧૬ બાટનરી બાંડ—એટલે સમુદ્રમા જનારા વહાણનો માસ્તર પોતાનુ વહાણ સહીસલામત રાખી શકે એટલા માટે અથવા તે આગળ સફરે જઇ શકે એટલા માટે તે વહાણના તારણ ઉપર જે લેખ ઉપરથી પઇસા કરજે કહાડે તે લેખ

તેટલીજ રકમ બદલના બાંડ ઉપર (ન, ૧૫) જેટલી ડ્યુટી પડે છે તેટલી

૧૭ રદ કરવાનો લેખ—અગાઉ કરી આપેલો કોઇ પણ લેખ જે ઉપરથી રદ કર્યો હોય તે સુદ્ધા, જો તે ઉપર સાખ કરી હોય તથા તે બાબત બીજી રીતે ઠરાવ કર્યો ન હોય તો

પાચ રૂપીયા

ફારગતી (ન ૫૫) વ્યવસ્થા પત્ર રદ કરવાનો લેખ (ન ૫૮ બ) લીસ છોડી દેવાનો દસ્તાવેજ (નં, ૬૧) ટ્રસ્ટ રદ કરવાનો લેખ (ન, ૬૪ બ) પણ જુઓ,

૧૮ **વેચાણનો દાખલો** (જુદા જુદા લાટમા હરાજ કરીને વેચેલી દરેક મિલકત બાબતનો) દીવાની અથવા રેવન્યુ કોર્ટે અથવા કલેક્ટરે અથવા બીજા કોઇ રેવન્યુ આફીસર જાહેર લીલામ કરીને વેચેલી કોઇ પણ મિલકતના ખરીદદારને આપેલો	
(અ) ખરીદીની રકમ ૧૦ રૂપીઆ કરતા વધારે ન હોય ત્યારે	બે આના-ચાર આના
(બ) „ ૧૦ રૂપીયા કરતા વધારે હોય પણ ૨૫ રૂપિઆથી વધારે ન હોય ત્યારે	ચાર આના-આઠ આના
(ક) બીજે કોઇ પ્રસગે.	ખરિદીના પૈસાની રકમ જેટલા અવેજ બદલના કન્વયન્સ ઉપર (ન ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી.
૧૯ **દાખલો અથવા બીજો દસ્તાવેજ**—તેના ધારણ કરનારનો અથવા કોઇ પણ માણસનો, કોઇ પણ સસ્થાપિત કપની માહેના અથવા બીજી એક વ્યક્તિ ભૂત મડળી માહેના અથવા કોઇ સસ્થાપિત મડળીના અથવા બીજી એક વ્યક્તિ ભૂત મડળીના કોઇ પણ શેરો વિષે રિક્રપવિષે (ભંડોળના ભાગના દાખલા વિષે) અથવા સ્ટોક (ભંડોળ) વિષે હક અથવા સત્તાધિકાર છે એવે અથવા એવી કપની માહેના અથવા મડળી માહેના અથવા એવી કપનીના અથવા મડળીના શેરોનો રિક્રપનો અથવા સ્ટોકનો ધણી થવાનો હક અથવા સત્તાધિકારી છે એવુ દર્શાવનારો	બે આના
શેરોનો લેટર ઓફ એલોટમેન્ટ (ન-૩૬) પણ જુઓ	
૨૦ **ચાર્ટર પારટી**, એટલે વહાણ અથવા તેનો કોઇ પણ નિર્દિષ્ટ કરેલો મુખ્ય ભાગનો ગ્માડનારાં (ચાર્ટર રત્ના) નિર્દિષ્ટ કરેલા કારણ સારૂ જે લેખ ઉપરથી નોરે આપ્યો હશે તે લેખ (પાગડ બાધીને લઇ જનારી આગબોટ ભાડે લેવાની કબુલાત મિવાય પછી તેમા શિક્ષા બદલ ઠગાવ હોય અથવા ન હોય	એક રૂપિયો -બે રૂપિયા
૨૧ **ચેક** (કલમ ૨ (૭) મા વ્યાખ્યા કયા પ્રમાણેનો	એક આનો,
૨૨ **તોડ જોડનુ ખત**, એટલે જે લેખ કોઇ દેણદારે કરી આપ્યો હોય અને જે ઉપરથી તે પોતાની મિલકત પોતાના લેણદારના હિત સારૂ કબ્જે કરી આપે છે, અથવા જે ઉપરથી તે લેણદારોના લેણાની તોડજોડનો અવેજ અથવા વહેચણી તેઓને મળવાનો બદોબસ્ત કરવામા આવે છે, અથવા તે દેણદારનુ કામ ઇન્સ્પેક્ટરોની દેખરેખ હેઠળ અથવા લેટર્સ પ્રમાણે તેના લેણદારોના હિત સારૂ ચલાવવા વિષે જે ઉપરથી ઠગવેલુ હોય છે તે લેખ	દશ રૂપિઆ-વીસરૂપીયા

કન્વેયન્સ—કલમ (૧૦) મા વ્યાખ્યા કર્યા પ્રકારનું), જે બદલ ૬૨ મા નબર મુજબ ડયુટી કહી હોય અથવા માફી આપી હોય એવી તબદીલી ન હોય એવુ.—	
એવા કન્વેયન્સના અવેજની જે રકમ અથવા કિંમત તેમા લખી હોય તે ૫૦ રૂપિયા કરતા વધારે ન હોય તો,	આઠ આના
તે ૨૦૦ રૂ કરતા વધારે હોય પણ ૩૦૦ રૂ. કરતા વધારે ન હોય તો	ત્રણ રૂપિયા-ચાર રૂપીઆ
,, ૩૦૦ ,, ૪૦૦ ,,	ચાર રૂપીઆ-છ રૂપીઆ,
,, ૪૦૦ ,, ૫૦૦ ,,	પાચ રૂપીઆ- સાડાસાત રૂ
,, ૫૦૦ ,, ૬૦૦ ,,	છ રૂપિઆ-નવ રૂપિયા
,, ૬૦૦ ,, ૭૦૦ ,,	સાત રૂપિઆ-સાડાદસ રૂપિયા
,, ૭૦૦ ,, ૮૦૦ ,,	આઠ રૂપિયા-બાર રૂપિયા
,, ૮૦૦ ,, ૯૦૦ ,,	નવ રૂપિયા-સાડાતેર રૂપિયા
,, ૯૦૦ ,, ૧૦૦૦ ,,	દશ રૂપિઆ-પંદર રૂપિયા
અને ૧૦૦૦ રૂપિયા ઉપરના દર ૫૦૦ રૂપિયા અથવા તેના કોઇ પણ ભાગે	પાચ રૂપીઆ-સાડાસાત રૂપીયા
માફી—સન ૧૮૬૭ ના હિંદુસ્તાનના ગ્રંથ સ્વામીત્વ બાબતના (કોપીરાઇટના) આકટની ૫ મી કલમ મુજબ મજકુર દાખલ કરીને ગ્રંથ સ્વામીત્વ સોપી દેવાનો લેખ	માફી
સહ પંત્યાળાનુ ખત પત્યાળુ [નં ૪૬ જુઓ]	
૨૧ નકલ અથવા ઉતારો—જે ખરી નકલ અથવા ઉતારો હોવા બદલ કોઇ પણ સરકારી અમલદારે અથવા તેના હુકમ ઉપરથી સહી કરી હોય અને જે કોર્ટની ફીનો જે કાયદો વિદ્યમાનકાળે અમલમા હોય તે કાયદા મુજબ ફી પડવા જોગ નહિ હશે તે	
(૧) જો તેનો અસલ ડયુટી પડવા જોગ નહિ હશે' અથવા તે ઉપર પડવા જોગ ડયુટી એક રૂપીયા કરતા વધારે નહિ હશે તો	આઠ આના-એક રૂપીઆ
(૨) બીજે કોઈ પ્રસગે	એક રૂપીઓ-બે રૂપીઆ
૨૫ સામો લેખ અથવા ડુપ્લિકેટ, ડયુટી પડવા જોગ હશે એવા અને જે બાબત યોગ્ય ડયુટી આપી હશે એવા કોઇ પણ લેખનો,--	
(અ) અસલ લેખ ઉપર જે ડયુટી પડવા જોગ હોય તે એક રૂપિયા કરતા વધારે ન હોય તો	અસલ લેખ ઉપર જેટલી ડયુટી પડવા જોગ હશે તેટલી ડયુટી
(બ) બીજે કોઈ પણ પ્રસંગે	એક રૂપિઓ-બે રૂપિઆ
માફી—ખેડુતને આપેલા જે કોઇ પણ લીસની ડયુટી માફ હશે તેનો સામો લેખ	
૨૬ કસ્ટમ્સબાંડ (અ) રકમ ૧૦૦૦ રૂપિયા કરતા વધારે ન હોય ત્યારે	એટલીજ રકમના બાંડ ઉપર (નં ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી ડયુટી
(બ) બીજે કોઇ પણ પ્રસગે,	પાચ રૂપીઆ દશ રૂપીઆ.

૨૭ ડીબેંચર (ગીરો બાબત હોય અથવા ન હોય) જે બજારમા વેચવા લાયક સીક્યુરીટી હોય અને જે શેરો લખીને અથવા તબદીલનો જુદો લેખ કરીને સ્વાધીન કરીને તબદીલ કરવા જોગ હોય તે | તેટલીજ રકમના બાંડ ઉપર (ન ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી

ખુલાસો--ડિબેન્ચર આ શબ્દમા ડિબેંચરને જોડેલા કોઇ પણ વ્યાજના કુપનોનો સમાવેશ થાય છે પણ ડયુટી આકારતી વખતે આવા કુપનોની રકમ ગણવી નહિ

માફી—જે નોધેલા ગીરો ખત ઉપર તેની રૂયે કહાડવાના ડિબેંચરોની પુરી રકમ બદલ યોગ્ય સ્ટામ્પ હોય તથા જેને યોગે કોઇ સસ્થાપિત કપની અથવા એક વ્યક્તિ ભૂત મડળી ડિબેંચરો ધારણ કરનારાઓના હિત સારૂ પોતાની મીલકત સર્વાંશે અથવા કોઇ અશે ટ્રસ્ટીઓને સ્વાધિન કરે છે તે ગીરો ખતના મજકુર પ્રમાણે તે કરજ કાઢનારી કપનીએ અથવા મડળીએ કહાડેલુ ડિબેંચર પણ એવુ ઠરાવ્યુ છે કે એવા કહાડેલા ડીબેંચનો સદરહુ ગીરો ખતના મજકુર પ્રમાણે કહાડેલા છે એવુ નિર્દિષ્ટ કરેલું હોવુ જોઇએ

વળી બાંડ (નં ૧૫) તથા કલમો ૮ અને ૫૫ જુઓ

કોઈ પણ ટ્રસ્ટ બાબત ઝાપત ટ્રસ્ટ (ન ૬૪) જુઓ

૨૮ માલ બાબતનો ડિલીવરી ઓડર એટલે કોઈ પણ ગોદીમા અથવા બદરમા હોય તેઓ અથવા જે વખારમા માલ ભાડે ભરી રાખવામા આવે છે, તે વખારમા હોય તેવો અથવા કોઇ પણ ડકા ઉપર હોય તેવો માલ લેવાને હક જે લેખ ધારણ કરનારને મળે છે, અને જે ઉપર તે માલ ઉપરનું સ્વામિત્વ વેચવાના અથવા તબદીલ કરવાના પ્રસગે તે માલના મલેકે અથવા તેની તરફથી સહી કરી હશે એવા લેખ તે માલની કિમત વીસ રૂપીઆ કરત વધારે હોય ત્યારે | એક આનો

સત્તાધિકારના ખત (ટાઇટલ) ડીડસ) અનામત મુકવાનો દસ્તાવેજ ગસ્તગીરો બાબત કબુલાત (ન ૬) જુઓ. પંચાયુ તોડવાનો લેખ--પત્યાળુ (ન, ૩૬) જુઓ,

૨૯ છુટાછેડા બાબતનો લેખ—એટલે જે લેખ ઉપરથી કોઇ પણ માણુસ પોતાનો વિવાહ સબધ તોડે છે તે | એક રૂપીઓ-બે રૂપીયા

સ્ત્રી ધન બાબત લેખ, વ્યવસ્થા પત્ર (ન ૫૮) જુઓ

ડુપ્લિકેટ—સામો લેખ ન ૨૫) જુઓ

૩૦ કોઇ પણ હાઇ કોર્ટની યાદીમા આડવોકેટ વકીલ અથવા આટર્ની તરીકે કરેલી નોધ,

(અ) આડવોકેટ અથવા વકીલની બાબતમા, | પાચસો રૂપીઆ

(બ) આટર્નીની બાબતમા | બસો પચાસરૂપીઆ-પાચસો રૂ

માફી—કોઈ હાઇ કોર્ટની યાદીમા જેનુ નામ અગાઉ દાખલ થયુ હોય તેની એવા આડવોકેટ, વકીલ અથવા આટર્ની તરીકે કોઇ પણ હાઇકોર્ટની યાદીમા કરેલી નોધ,

શસ્તગીરો—રાસ્તગીરો દાખલ કબુલાત (નં ૬) જુઓ.

૩૧ મિલકત અદલા બદલ કરવાનો લેખ

તે લેખમાં વત્તામાં વત્તી કીમતની જે મીલકત લખી હશે તેની કીમતના જેટલા અવેજના કન્વેયન્સ ઉપર (ન ૨૩ જેટલી ડયુટી પડે છે તેટલી,

ઉતારો—નકલ (ન ૨૪) જુઓ

૩૨—વધારે બોજા બદલનો લેખ એટલે ગીરો મીલકત ઉપર વધારે બોજો નાખવા વિશેનો કોઇ પણ લેખ

(અ) જ્યારે અસલ ગીરો ૪૦ મા નંબરની (અ) રકમમા કહેલા પ્રકારનું (એટલે કબજા સાથેનું) હશે ત્યારે

તે લેખ ઉપરથી નાખેલા વધારે બોજાની રકમ જેટલા અવેજના કન્વેયન્સ ઉપર (ન ૨૩) જેટલી

(બ) જ્યારે એવુ ગીરો ૪૦ મા નંબરની (બ)રકમમા કહેલા પ્રકારનું એટલે કબજા સિવાયનુ) હશે ત્યારે

(૧) વધારે બોજા બદલનો લેખ કરી આપતી વખતે મીલકતનો કબજો તે લેખ મુજબ આપ્યો હોય અથવા આપવાનુ કબુલ કર્યું હોય તો,

એવા બોજાની (અસલ ગીરો તથા અગાઉના કોઇ વધારે બોજા સુધી) એકંદર રકમ જેટલા અવેજના કન્વેયન્સ ઉપર (ન. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી ડયુટીમાથી તે અસલ ગીરો ઉપર તથા વધારે બોજા ઉપર અગાઉથીજ આપેલી ડયુટી બાદ કરીને જે રહે તે.

(૨) કબજો ઉપર કહ્યા પ્રમાણે આપ્યો ન હોય તો,

તે લેખ ઉપરથી નાખેલા વધારેના બોજાની રકમના બાંડ ઉપર (ન ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી,

૩૩ બક્ષીસ પત્ર—વ્યવસ્થા પત્ર (ન, ૫૮) અથવા મૃત્યુ પત્ર અથવા તબદીલી (ન, ૬૨) ન હોય એવુ

તે લેખમા લખેલી કીમત જેટલા અવેજના કન્વેયન્સ ઉપર (ન ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી,

ભાડે રાખવા બદલ કબુલત અથવા નોકરી બદલ કબુલાત-કબુલાત (ન, ૫) જુઓ

૩૪ ઇન્ડેમનીટીબાંડ

તેટલીજ રકમના જામીન ખત ઉપર (ન ૫૭) જેટલી ડયુટી પડે છે તેટલી

ઈન્સપેકટરશિપ ડીડ તોડ જોડનું ખત (ન ૨૨) જુઓ,

વિમો-વિમાની પોલીસી (ન, ૪૭) જુઓ

૩૫ લીસ અથા, અંદર લીસનો અથવા પેટા લીસનો તથા ભાગે અથવા પેટા ભાડે આપવાની કોઇ પણ કબુલાતનો સમાવેશ થાય છે,-

[અ] તે લીસ ઉપરથી ભાડું ઠરાવ્યુ હશે અને કાઇ પણ પ્રિમિયમ આપ્યુ અથવા સ્વાધિન કર્યું ન હશે ત્યારે,

(૧) તે લીસ એક વર્ષ કરતાં ઓછી મુદતનુ છે એમ દેખાતું હશે ત્યારે,

તે લીસ મુજબ તે રકમ આપવાના અથવા સ્વાધીન કરવાની હોય તે સઘળી રકમ બદલના બાંડ ઉપર (નં, ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.

(૨) તે લીસ એક વર્ષ કરતા ઓછી નહિ પણ ત્રણ વર્ષ કરતા વધારે નહિ એવી મુદતનું દેખાતું હશે ત્યારે.

ઠરાવેલા સરકારી વાર્ષીક ભાડાની રકમ અથવા કીમત બદલના બાડ ઉપર (નં ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી

(૩) તે લીસ ત્રણ વર્ષ કરતા વધારે મુદતનું દેખાતું હશે ત્યારે

ઠરાવેલા સરકારી વાર્ષીક ભાડાની રકમ જેટલા અવેજ બદલના કન્વેયન્સ ઉપર (ન ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી,

(૪) તે લીસ કોઇ પણ નિયમીત મુદતનુ દેખાતું ન હોય ત્યારે

જો લીસ પહેલા દશ વર્ષ સુધી ચાલે તો તે માટે જે સરકારી વાર્ષિક ભાડુ આપવામા અથવા સ્વાધીન કરવામા આવે તેની રકમ જેટલા, અથવા કિંમત જેટલા અવેજ માટેના કન્વેયન્સ ઉપર (ન ૨૩) જેટલી ડયુટી છે તેટલી

(૫) તે લીસ હમેશનુ દેખાતું હોય ત્યારે

તે ઠીમના પહેલા પચાસ વર્ષ બદલ જે ભાડું આપવામા અથવા સ્વાધીન કરવામા આવે તેની સઘળી રકમના એક પચમાસ જેટલી અવેજ બદલના કન્વેયન્સ ઉપર (ન ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી

(ખ) ફાઇન અથવા પ્રિમિયમ સારૂ અથવા ધીરેલા પૈસા સારૂ લીસ આપ્યુ હશે અને ભાડા બદલ ઠરાવ લખ્યો નહિ હશે ત્યારે,

તે લીસમા તે ફાઈનની અથવા પ્રિમીયમની અથવા ધીરેલા પૈસાની રકમ અથવા કીમત લખી હશે તેટલી રકમ અથવા કીમત જેટલા અવેજ માટેની કન્વેયન્સ ઉપર (ન ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી એવુ કાઈન અથવા પ્રીમીયમની અથવા કીમત જેટલા અવેજ માટેના કન્વેયન્સ ઉપર (ન ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી

(ક) ફાઇન અથવા પ્રિમિયમ સારૂ અથવા પૈસા સારૂ લીસ આપ્યુ હશે અને વળી તેમા ભાડા બદલ ઠરાવ લખ્યો હશે ત્યારે

એવું ફાઇન અથવા પ્રામીઅમ અથવા એવા પૈસા આપ્યા ન હોય અથવા સ્વાધીન કર્યા ન હોય તો તે લીસ ઉપર જે ડયુટી પડે તે અને તે ઉપરાત તે લીસમા ફાઇનની અથવા પ્રીમીઅમની અથવા પૈસાની જે રકમ અથવા કીમત લખી રહી તેટલી રકમ અથવા કિમત જેટલા અવેજ માટેના કન્વેય-ન્સનો તે (ન. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી, પણ એવું ઠરાવ્યુ છે કી મત પ્રમાણે લીસ ઉપર જે સ્ટામ્પની જરૂર હોય, તેટલો સ્ટામ્પ લીસ કરી આપવા વીષેની કબુલાતને માર્યો હસે અને તે કબુ-લાત પ્રમાણે પછીથી તે લાસ કરી આપવામાં આ-વ્યુ હશે, ત્યારે તે લીસ ઉપરની ડયુટી આઠ આનાથી વધારે હોવી જોઇએ નહિ,

માફી (અ) આ કોઇ પણ ખેડુતની બાબતમાં તથા ખેતીના કારણ સારૂં કાંઇ પણ ફાઇન અથવા પ્રિમિઅમ આપ્યા સિવાય અથવા સ્વાધિન કર્યા સિવાય કરી આપેલુ લીસ (એમાં ખાવાના અથવા પીવાના પદાર્થ ઉત્પન્ન કરવા બાબતના ઝાડના લીસનો સમાવેશ થાય છે) જ્યારે નિયમિત મુદ્દત લખી હોય અને તે મુદ્દત એક વર્ષથી વધારે ન હોય ત્યારે, અથવા જ્યારે ઠરાવેલુ સરકારી વાર્ષિક ભાડુ સો રૂપિઆ કરતા વધારે ન હોય ત્યારે	માફી
(બ) સન ૧૮૬૫ ના બંગાદેશના માછલી મારવાની જગા બાબતના આક્ટ મુજબ અથવા સન ૧૮૮૯ ના ઉતર બંગાદેશના જમીન તથા મહેસુલ બાબતના કાયદા મુજબ આપેલુ માછલી મારવાની જગાનુ લીમ	માફી
૩૬ લેટર ઓફ એલોટમેન્ટ—(શેરો વહેંચી આપવાનુ પત્ર) કોઇ પણ કંપની માહેના અથવા કર વધારેલી કંપની માહેના સેરોનો અથવા કોઇપણ કંપનીએ કહાડવાના લોન બાબતના શેરોનો	બે આના
દાખલો—અથવા બીજો દસ્તાવેજ (નં ૧૯) જુઓ.	
૩૭ ભલામણ પત્ર—એટલે જે કોઇ લેખ ઉપરથી એક માણસ બીજા માણસને, જે માણસ સારૂ તે લેખ લખ્યો હશે તેને ઉધાર આપવાનો અધિકાર આપે છે તે લેખ.	બે આના
લેટર ઓફ ગ્યારંટી—કબુલાત (નં ૫) જુઓ	
૩૮ લેટર ઓફ લાઇસિન્સ—એટલે લેણદારે પોતાના માગણા અમુક મુદ્દત સુધી મોકુફ રાખવા અને દેણદારને પોતાની નજરમા આવે તેમ તેનું કામ ચાલવવા દેવુ એવી રીતની દેણદાર અને તેના લેણદાર વચ્ચે થયેલી કોઇ પણ કબુલાત	દશ રૂપીઆ
૩૯ કંપનીનું મેમોરેન્ડમ ઓફ એસોસીએશન.	
(અ) તેની સાથે સન ૧૯૧૩ ના હિંદુસ્તાનના કંપનીના આક્ટની ૧૭ મી કલમ મુજબ આપેલી આર્ટિકલ્સ ઓફ એસોસિએશન હોય તો.	પંદર રૂપીઆ—ત્રીસ રૂપીઆ
(બ) તેની સાથે તે આર્ટિકલ્સ ન હોય તો,	ચાલીસ રૂપીઆ—એંશી રૂપીઆ
(અ) તે ખતમા લખેલી મિલકતનો અથવા તે મિલકતનો કોઇ પણ ભાગનો કબજા ગીરો મુકનારે આપ્યો હશે અથવા આપવાની કબુલાત કરી હશે ત્યારે	તે ખતની રકમ જેટલા અવેજના કન્વેયન્સ (નં ૨૩) ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી *
(બ) તે કરતી વખતે સદરહુ પ્રમાણે કબજો આપ્યો ન હોય અથવા આપવાની કબુલાત કરી ન હોય ત્યારે	તે ખતની રકમના બોંડ (નં. ૧૫) ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી,

ખુલાસો—જે કોઇ ગીરો રાખનારને ભાડુ વસુલ કરવા સારૂ મુખત્યારનામુ અથવા ગીરો મુકેલી મીલકતનુ અથવા તેના ભાગનુ લીસ આપતો હોય તે આ નબરના અર્થ મુજબ કબજો આપે છે એમ સમજવુ

(ક) તે ખત પેટા તારણ અથવા મદદગારી તારણ અથવા વધારે તારણ અથવા બદલે આપેલુ તારણ હોય અથવા તે સદરહુ કારણ સારૂ વિશેષ બંદોબસ્ત કરવાના હેતુથી કરેલુ હોય અને મુખ્ય અથવા મુળ તારણ ખત ઉપર યોગ્ય સ્ટામ્પ લગાડેલો હોય ત્યારે—

૧૦૦ રૂપીઆ કરતા વધારે નહી હોય એવી દરેક રકમે	આઠ આના—એક રૂપીયો
અને ૧૦૦૦ રૂપીઆ ઉપરાત દર ૧૦૦૦ રૂપીએ અથવા તેના ભાગે	આઠ આના—એક રૂપીયો

માફી—(૧) સન ૧૮૮૩ ના જમીન સુધારવા બાબતના કરજના આકટ મુજબ અથવા સન ૧૮૮૪ ના ખેડુતોને કરજ આપવા બાબતના આકટ મુજબ તગાવી લેનાર માણસોએ અથવા તે માણસોના જામીનોએ તે તગાવી ફેડવા સારૂ તારણ દાખલ કરી આપેલો લેખ — માફી

(૨) બીલ ઓફ એકસચેન્જ સાથે હોય એવો લેટર ઓફ હેપાસીકેશન — માફી

(૩) માલ ગીરો મુકવાનો લેખ તે ઉપર સાખ કરી ન હોય તો — માફી

૧૪ પાકનુ ગીરો ખત—એમા કોઈ પાક ગીરો મુકીને પછી તે પાક એ પ્રમાણે ગીરો મુકતી વખતે વિદ્યમાન હોય કે નહિ, એવા ગીરો ઉપર ધીરેલુ કરજ અદા કરવાની બંદોબસ્ત સારૂ કરેલી કબુલાત દર્શાવનાર કોઈ પણ લેખનો સમાવેશ થાય છે—

(અ) કરજ ધીરેલુ નાણુ તે લેખની તારીખથી ત્રણ મહિના કરતા વધારે નહિ હોય એવી મુદતની અંદર પાછુ આપવાનુ હોય ત્યારે—

૨૦૦ રૂપિઆ કરતા વધારે નહિ એવી દરેક રકમ ઉપર	એક આનો—બે આના
અને ૨૦૦ રૂપિઆ કરતા વધારે હોય એવી દર ૨૦૦ રૂપીઆની રકમે અથવા તેના ભાગે	એક આનો—બે આના

(બ) એવુ કરજે ધીરેલુ નાણુ તે લેખની તારીખથી ત્રણ મહિના કરતા વધારે પણ એક વર્ષ કરતા વધારે ન હોય એવી મુદતની અંદર પાછુ આપવાનુ હોય ત્યારે—

૧૦૦ રૂપિઆ કરતા વધારે નહિ હોય એવી દરેક રકમે,	બે આના—ચાર આના
અને ૧૦૦ રૂપિઆ કરતા વધારે હોય એવી દર ૧૦૦ રૂપિઆની રકમે અથવા તેના ભાગે	બે આના—ચાર આના

૪૨ નોટીસ પબ્લિકના લખાણુ—એટલે પોતાના હોદ્દાનુ કામ કરતી વખતે નોટીરી પબ્લિકે અથવા નોટીરી પબ્લિક તરીકે કાયદેસર રીતે કામ કરનાર બીજા કોઇ પણ માણસે કરેલો અથવા સહી કરેલો પ્રોટેસ્ટ [ન ૫૦] ન હોય એવો કોઇ પણ લેખ શેરો, ચીઠી, સાખ, દાખલો અથવા નોધ. — એક રૂપિયો—બે રૂપીયા

૪૩ ચીઠી અથવા ચાઠી—દલાલે અથવા એજન્ટે પોતાના મુખ્યને ખાતે વીસ રૂપીઆ કરતા વધારે કિંમતનો કોઇ પણ માલ — બે આના—ચાર આના

વીસ રૂપીઆ કરતા વધારે કીમતનો કોઇ પણ સ્ટોક અથવા બજારમા વેચવા જેમ સિક્યુરીટી — સ્ટોક કે સિકયુરીટીની કીમતના દર ૧૦,૦૦૦ રુપીઆ કે તેના ભાગ ઉપર એક આનો વધુ દસ રૂપીયા સુધી

૪૪ નોટ ઓફ પ્રોટેસ્ટ— વહાણના માસ્તરે કરેલી ..	
વહાણના માસ્તરે કરેલો પ્રોટેસ્ટ [ન ૫૧] જુઓ	આઠ આના—એક રૂપીઓ
પૈસા આપવાનો હુકમ—બિલ ઓફ એકસચેંજ (ન ૧૩)જુઓ	
૪૫ વહેંચણનો લેખ—(કલમ ૨ (૧૫) મા વ્યાખ્યા કરેલા પ્રકારનો)	મિલકતમાથી જુદા કરેલા હિસ્સા અથવા હિસ્સાઓની કિંમતની રકમના બાંડ (ન ૧૫ જેટલી ડયુટી પડે છે તેટલી
૪૬ પંત્યાળુ—(અ) પત્યાળાનો લેખ—	
(૧) પત્યાળાની થાપણ ૫૦૦ રૂપિઆ કરતા વધારે ન હોય ત્યારે	બે રૂપીઆ આઠઆના—પાચ રૂ
(૨) બીજે કોઇ પણ પ્રસંગે	દશ રૂપીઆ—વીસ રૂપીઆ
(બ) પત્યાળુ તોડવાનો લેખ	પાચ રૂપીઆ—દસ રૂપીઆ
૪૭ વિમાની પૉલીસી—(અ) સમુદ્રનો વિમો [કલમ ૭ જુઓ)—	
(૧) કોઇ પણ સફર બાબત અથવા સફર ઉપર —	
(૧) સલામતી અથવા અવેજ તે પૉલીસી ઉપરથી વીમો ઉતારેલી રકમ ઉપર સેકડે બે આનાના અથવા ⅛ દર કરતા વધારે ન હોય ત્યારે	એક આનો
(૨) કોઇ પણ બાબતમા તે પાલીસી ઉપરથી વિમો ઉતારેલી રકમના દર હજાર રૂપીઆની પુરી રકમ બદલ અને હજાર રૂપીઆના કોઇ પણ ભાગ બદલ	બે આના
(૨) **મુદત બાબત**—(૩) તે પાલીસી ઉપરથી વિમો ઉતારેલી રકમના દર હજાર રૂપીઆની પુરી રકમ બદલ અને હજાર રૂપીઆના કોઇ પણ ભાગ બદલ,—	
વિમો ૭ મહિના કરતા વધારે ન હોય એવી કોઇ પણ મુદતનો ઉતાર્યો હોય ત્યારે	બે આના
વિમો ૭ મહિના કરતા વધારે અને બાર મહીના કરતા વધારે નહિં હોય એવી મુદતનો ઉતાર્યો હોય ત્યારે	ચાર આના
(બ) આગનો વીમો (૧) અસલ પાલીસીની બાબતમા,—૧૦૦૦ રૂપીઆ કરતા વધારે ન હોય એવી વીમો ઉતારેલા દરેક રકમે, અને તેમજ ૧૦૦૦ રૂપિઆ ઉપરના દર ૧૦૦૦ રૂપિયે અથવા તેના કોઇ પણ ભાગે—	
(૧) મુદત એક મહિના કરતા વધારે ન હોય ત્યારે	બે આના
(૨) મુદત એક મહિના કરતા વધારે પણ ત્રણ મહિના કરતા વધારે ન હોય ત્યારે	ત્રણ આના
[૩] મુદત ત્રણ મહિના કરતા વધારે, પણ ૭ મહિના કરતા વધારે ન હોય ત્યારે.	ચાર આના

(૪) મુદત ૭ મહિના કરતા વધારે હોય ત્યારે	૭ આના
(૨) જે પોલીસી ૭ મહિનાની અથવા તે કરતા કાંઇ પણ ઓછી મુદતની આપેલી હોઇને જે બદલ અને તે અગાઉ નવી કરી આપી હોય તો તે બદલ પોલીસી પ્રથમથીજ ૭ મહિના કરતા વધારે મુદતની આપી હોત તો જેટલી ડયુટી પડવા જોગ હોત તેટલી ડયુટી અગાઉથી આપી નહિ હોય એવી પાલીસી ચાલુ રાખવા સારૂ નવી કરી આપવા બાબત	એવી નવી કરી આપેલી પાલીસી જે રકમની અને જે મુદતની હોય તે રકમ અને મુદતની અસલ પાલીસી બાબત જેટલી ડયુટી આપવી પડત તેટલી ડયુટી
(ક) અકસ્માત તથા મંદવાડ બાબતનો વિમો	
(અ) રેલ્વે ઉપરના અકસ્માત બાબત ફક્ત એકવાર મુસાફરી માટે ચાલનારો	એક આનો
માફી—કોઈ પણ રેલ્વેમા વચલા અથવા ત્રીજા વર્ગમા પ્રવાસ કરનારા ઉતારૂના સબંધમા ઉતાર્યો હોય ત્યારે	માફી
(બ) બીજે કોઈ પણ પ્રસંગે કોઇ પણ એકજ અકસ્માત અથવા મંદવાડ બાબત આપવાની વતામા વત્તી રકમ ૧૦૦૦ રૂપિયાથી વધારે ન હોય તો તે બાબત, અને તેમજ એવી રકમ ૧૦૦૦ રૂપિઆ કરતા વધારે હોય તો, દર ૧૦૦૦ રૂપીઆ બાબત અથવા તેના ભાગ બાબત,	
[ડ] જીંદગીનો વીમો અથવા જે બદલ સ્પષ્ટપણે ઠરાવ કર્યો નથી એવો બીજો વીમો, આ નંબરના (ઇ) ભાગમા કહ્યા છે તેવા ફરીથી ઉતારેલા વીમા સિવાય	
૧૦૦૦ રૂપીઆ કરતા વધારે નહિ હોય એવી વીમો ઉતારેલી દરેક રકમ બદલ અને તેમજ ૧૦૦૦ રૂપીઆ ઉપર વીમો ઉતારેલા દર ૧૦૦૦ રૂપીઆ બદલ અથવા તેના ભાગ બદલ—	
[૧] એકજ પ્રત હોય ત્યારે	૭ આના
(૨] બે પ્રતો હોય તો દરેક બદલ	ત્રણ આના
માફી—પોસ્ટ ખાતાની જીંદગીના વીમા બાબત હિંદુસ્તાન સરકારના અધિકારની રૂએ કરેલી કાનુનો મુજબ હિંદુસ્તાનના પોસ્ટ ઓફીસના ડાયરેકટર જનરલે આપેલી જીંદગીના વામાની પાલીસી	માફી
ઇ—સમુદ્રના વિમાની પાલીસી અથવા આગના વીમાની પાલીસી જે વિમાની કંપનીએ આપી હોય તે કંપની, અસલ વિમા ઉપરથી ઉતારેલી રકમનો અમુક ભાગ તે વિમાના સબંધમા આપવાની હામી અથવા જામીનગીરી તરીકે બીજા કોઇપણ કંપની સાથે ફરીથી વીમો ઉતરાવે ત્યારે	અસલ વિમાના સબંધમા આપવાની ડયુટીની ¼ ડ્યુટી, પણ તે એક આનાથી ઓછી અથવા એક રૂપીયાથી વધારે હોવી જોઇએ નહી
સાધારણ માફી—વિમાની પાલીસી આપવા વિશેનો લેટર ઓફ કવર અથવા એન્ગેજમેંટ, પરંતુ એવુ ઠરાવ્યુ છે કે તે પાલીસી માટે આ આકટમા જે સ્ટામ્પ કહ્યો છે તે સ્ટામ્પ લેટર અથવા એન્ગેજમેંટ ઉપર હોય, સિવાય તે ઉપરથી કંઇપણ દાવો કરી શકાશે નહિ તેમજ તેમા લખેલી પાલીસી આપવાની ફરજ પાડવા સિવાય બીજા કોઇપણ કારણસાર તે ચાલશે નહી	
૪૮ **મુખત્યારનામું**—કલમ ૨ (૨૧) મા વ્યાખ્યા કરેલા પ્રકારનુ પ્રાકસી (નં ૨૫ નં) હોય તે—	

(અ) એકજ વ્યવહારના સબંધમા એક અથવા વધારે દસ્તાવેજ નોધાવવાનાજ કેવળ કારણુ સારૂ, અથવા એવા એક કે વધારે દસ્તાવેજ કરી આપવાનુ કબુલ કરવાના કારણુ સારૂ કર્યું હશે ત્યારે	આઠ આના—એક રૂપીયો
(બ) સન ૧૮૮૨ ના પ્રેસીડેન્સી સ્મોલકોઝ કોર્ટ એક્ટ મુજબ ફરિયાદોમા અથવા ચલાવેલા કામમા જોઇતુ હશે ત્યારે	આઠ આના—એક રૂપીયો
[ક] રકમ (અ) મા કહેલી બાબત સિવાય બીજા એકજ વ્યવહારમા કામ કરવા સારૂ એક અથવા વધારે માણુસને તે ઉપરથી અધિકાર આપવાનો હશે ત્યારે	એક રૂપિઓ—બે રૂપીયા
[ડ] એક કરતા વધારે વ્યવહારમા અથવા સામાન્યત એકામતે અથવા પ્રત્યેકને કામ કરવા સારૂ પાચ કરતા વધારે નહિ એટલા માણુસોને તે ઉપરથી અધિકાર આપવાનો હશે ત્યારે	પાચ રૂપીઆ—દસ રૂપીઆ
(ઇ) એક કરતા વધારે વ્યવહારમા અથવા સામાન્યત એકાજતે એકામતે અથવા પ્રત્યેકને કામ કરવા સારૂ પાચ કરતા વધારે પણુ દસ કરતા વધારે નહી એટલા માણુસોને તે ઉપરથી અધિકાર આપવાનો હશે ત્યારે	દશ રૂપીઆ—વીસ રૂપીઆ
(ફ) તે અવેજ સારુ આપ્યું હશે તથા તે ઉપરથી કોઇપણુ સ્થાવર મિલકત વેચવાનો અધિકાર અટર્નિને આપવાનો હશે ત્યારે	તે અવેજની રકમના કન્વેયન્સ ઉપર [ન ૨૩] જેટલી ડ્યુટી પડે છે તેટલી
(જ) બીજે કોઇ પણુ પ્રસંગે	અધિકાર આપેલા દરેક માણુસ દીઠ એક રૂપીઓ
ખુલાસો—એકજ પેઢીના એક કરતા વધારે માણુસો આ નબરના કારણુ સારૂ એકજ માણુસ છે એમ સમજવુ	
વાયદા ચીઠી—(કલમ (૨) (૨૨)મા વ્યાખ્યા કરેલા પ્રકારની)	એક આનો બે આના
(અ) માગે એટલે અવેજ આપવા જોગ હોય ત્યારે	
૧ રકમ અથવા કીમત ૨૫૦ રૂપિયા કરતા વધારે નહિ હોય ત્યારે	
(૨) રકમ અથવા કીમત ૨૫૦ રૂપિયા કરતા વધારે હોય પણુ ૧૦૦૦ થી વધુ ન હોય ત્યારે	માગે ત્યારે અવેજ આપવો એ સિવાય બીજી રીતે અવેજ આપવા જોગ બીલ ઓફ એકસચેન્જ (ન ૧૩ બ) ઉપર જેટલી ડ્યુટી પડે છે તેટલી
૫૦ બીલનું અથવા ચીઠીનું પ્રોટેસ્ટ,–એટલે બીલ ઓફ એકસચેન્જ અથવા વાયદા ચીઠ્ઠી સીકારવાની ના કહેવા બદલ નોટરી પબ્લીકે અથવા નોટરી પબ્લિક તરીકે કાયદાસર રીતે કામ કરનાર બીજા કોઇ માણુસે કરેલો કોઇપણુ લેખી એકરાર	એક રૂપીઓ—બે રૂપીઆ
૫૧ વહાણુના માસ્તરનું પ્રોટેસ્ટ–એટલે તોટાના હિસાબની વ્યવસ્થા થવાના અથવા સરકારી ગણુત્રી થવાના હેતુથી તેણે તે વહાણુની સફરની વિગતનો જે કોઇપણુ એકરાર લખ્યો હોય તે અને વહાણુમા માલ ન ચઢાવ્યા બાબત અથવા વહાણુમાથી માલ ન ઉતાર્યા બાબત ચાર્ટરર અથવા કન્સેની વિરૂદ્ધ તેણે જે એકરાર કર્યો હશે તે, જ્યારે એવા એકરાર ઉપર નોટરી પબ્લિકે અથવા નોટરી પબ્લિક તરીકે કાયદાસર રીતે કામ કરનાર બીજા માણુસે સાખ કરી હશે અથવા દાખલો લખ્યો હશે ત્યારે	એક રૂપીઓ—બે રૂપીઆ
વહાણુના માસ્તરે કહેલી નોટ ઓફ પ્રોટેસ્ટ (ન ૪૪ પણુ જુઓ	
૫૨ પ્રોકસી—(મત આપવાનો અધિકાર પત્ર) જીલ્લા અથવા સ્થાનિક બોર્ડના અથવા મ્યુનિસિપલ કમીશનરોની મડળીના સભાસદોની કોઇ	

પણ એક ચુંટણીમાં, અથવા (અ) જે સંસ્થાપિત અથવા એક વ્યક્તિ ભૂત મંડળીના સ્ટાકના અથવા ફંડના શેર કર્યા હશે અને તે તબદીલ કરી આપતા હશે તેના સભાસદોની, (બ) સ્થાનિક અધિકારીઓની અથવા (ક) કોઇ પણ સંસ્થાના પ્રોપ્રાએટરોની (માલીકોની) અથવા સભાસદોની અથવા તેના ફંડોના વર્ગણીદારોની કોઇ પણ એક સભામાં માન આપવાનો અધિકાર કોઇ પણ માણસને આપવા વિષેના — બે આના

૫૩ પહોંચ જે કંઇ પણ નાણાની અથવા બીજી મિલકતની રકમ અથવા કિંમત વીસ રૂપીઆ કરતા વધારે હોય તેની — એક આનો

માફી પહોંચ (અ) યોગ્ય સ્ટાંપવાળા, અથવા ત્રીજી કલમ માહેના વિશેષ ઠરાવ મુજબ માફી હોય એવા (સરકારની તરફથી કરી આપેલા લેખ) કોઇ પણ લેખમાં લખેલા અવેજના પૈસા પહોંચ્યાનું અથવા તે લેખમાં લખેલા કોઇ પણ મુદલ પૈસા, વ્યાજ અથવા વર્ષાસન અથવા મુદતે, મુદતે આપવાનો બીજો અવેજ પહોંચ્યાનું કબુલ કરવા બાબતની તે લેખની પાછળ અથવા તે લેખમાં લખેલી, . — માફી

(બ) અવેજ વગર કાંઇ પણ પઇસા આપ્યા બદલના, — માફી

(ક) સરકારી મહેસુલનો આકાર ઠરાવ્યો હોય એવી જમીન બાબત અથવા (મદ્રાસ અને મુંબઇ ઇલાકામાં) ઇનામી જમીન બાબત ખેડુતોએ કંઇ પણ ગણોત આપ્યા બદલની, — માફી

(ડ) મલિકા મુઆઝમના લશ્કર માહેના અથવા મલિકા મુઆઝમના હિંદુસ્તાનના લશ્કર મહિના બીન સનદી અમલદારો અથવા સીપાઇઓ જ્યારે તેઓ અમલદાર દાખલ અથવા સિપાઇ દાખલ ચાકરી કરતા હશે ત્યારે તેઓએ અથવા પોલિસ સ્વારોએ (મૈન્ડેટ પોલીસ કોન્સ્ટેબલોએ) પગાર અથવા નિમણુંક પહોંચ્યા બદલ આપેલી . — માફી

(ઇ)ફીમીલી સર્ટીફીકેટો ધારણ કરનારાઓએ આપેલી માત્ર એવા પ્રસંગે પહોંચમાની રકમ જે માણસના પગારમાથી અથવા નિમણુંકમાથી સોંપી આપી હશે તે માણસ સદરહુ બે લશ્કરો પૈકી કોઇ પણ એક લશ્કરનો બિનસનદી અમલદાર હશે અથવા સિપાઇ હશે અને સદરહુ પ્રકારના સબંધવી ચાકરી કરતો હશે — માફી

(ફ) જે માણસોને સદરહુ પ્રકારની બિનસનદી અમલદારો અથવા સીપાઇઓ તરીકે તેમની ચાકરી બાબત પેન્સન અથવા નિમણુંક મળતા હશે અને જેઓ બીજા કાંઇ પણ સબંધવી પ્રકારની ચાકરી કરતા નહિ હશે તેમણે તે પેન્સન બદલ અથવા નિમણુંક બદલ આપેલી — માફી

(ગ) પોતે વસુલ કરેલી જમીનમહેસુલ બદલ અથવા કર બદલ મુખીએ અથવા અમલદારે આપેલી — માફી

(હ) કોઇ પણ પેઢીવાળા પાસે પૈસા અથવા પૈસાની સિકયુરીટી અનામત મુકી હોય અને તેનો હિસાબ આપવાનો હોય તે પૈસા બદલ અથવા સિકયુરીટી બદલ આપેલી — માફી

પરંતુ એવુ ઠરાવ્યુ છે કે જે માણસને તે પૈસાનો અથવા સિકયુરીટીનો હિસાબ આપવાનો તે માણસ સિવાય બીજા કોઇ માણસ પાસેથી અથવા કોઇ માણસને હાથે તે પઇસા અથવા સિકયુરીટી પહોંચ્યા એવુ તે પહોંચમાં લખેલુ ન હોવુ જોઇએ .. — માફી

વળી એવુ ઠરાવ્યુ છે કે આ માફી કોઇ પણ સંસ્થાપિત કંપની અથવા બીજી એક વ્યક્તિભૂત મંડળીના અથવા તેવી જે કંપની અથવા મંડળી સ્થાપન કરવાનુ યોજ્યુ હોય અથવા ઇરાદો કર્યો હોય તેના શેર વહેંચી આપવાના પત્ર બદલ અથવા પત્ર ઉપરથી, અથવા તેના સ્કિમના અથવા શેરના કોલ બાબત, અથવા જે ડિબેંચર, બજારમા વેચવા જોગ સિક્યુરિટી હોય તે બાબત ભરેલી અથવા અનામત મુકેલી રકમની પહોચને અથવા પાવતીને લાગુ નથી	
૫૪ ગીરો મુકેલી મિલકતનું રીકન્વેયન્સ—(અ) જે અવેજને માટે મિલકત ગીરો મુકી હશે તે ૧૦૦૦ રૂપીઆ કરતા વધારે ન હોય તો	રીકન્વેયન્સમા જે અવેજ લખ્યો હશે તેટલા અવેજની રકમના કન્વેયન્સ (નં ૨૩) ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી
[બ] બીજે કોઈ પ્રસંગે	દસ રૂપીઆ
૫૫ ફારગતી—એટલે જે કોઇ પણ લેખ ઉપરથી કોઇ માણસ બીજા માણસ ઉપરના અથવા કોઈ પણ નિર્દિષ્ટ કરેલી મિલકત ઉપરના દાવા છોડી દે છે તે—(અ) દાવાની રકમ અથવા કિમત ૧૦૦૦ રૂપિઆથી વધારે ન હોય તો	ફારગતીમા એવી જે રકમ અથવા કીમત લખી હશે તેના બાંડ (નં ૧૫) ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી
(બ) બીજે કોઈ પણ પ્રસંગે	પાચ રૂપિઆ દસ રૂપિઆ
૫૬ રેસ્પાંડેન્સિયા બાંડ—એટલે વહાણ ઉપર ચઢાવેલા અથવા ચઢાવવાના માલ ઉપર કરજે કાઢેલા પૈસા બાબત જે ઉપરથી બંદોબસ્ત કર્યો હશે અને તે માલ જે બંદરે આખર હોય તે બંદરને પહોચે તો તે પૈસા પાછા આપવાનો જેમા ઠરાવ હોય તેવો કોઇ પણ લેખ	તે કરજ કાઢેલી રકમના બાંડ ઉપર [નં ૧૫] જેટલી ડયુટી પડે છે તેટલી,
કોઇ પણ ટ્રસ્ટ અથવા વ્યવસ્થા પત્ર રદ્દ કરવાનો લેખ—વ્યવસ્થા પત્ર (નં ૫૮) ટ્રસ્ટ (નં ૬૪) જુઓ	
૫૭ જામીનખત અથવા ગીરો ખત—કોઇ પણ હોદ્દાનુ કામ યોગ્ય રીતે કરવા વિષેના અથવા હોદ્દાના સબબથી જે પૈસા અથવા બીજી મિલકત મળે તેનો હિસાબ આપવા વિષેના તારણ તરીકે કરી આપ્યુ હશે તે, અથવા કરારની યોગ્ય બજાવણી થવા સારૂ જામીને કરી આપ્યું હશે તે,—	
(અ) રકમ ૧૦૦૦, રૂપિઆ કરતા વધારે ન હોય ત્યારે	તે રકમના બાંડ (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી
(બ) બીજે કોઇ પણ પ્રસંગે	પાચ રૂપિઆ–દસ રૂપિઆ
માફી—બાંડ અથવા બીજો લેખ—(અ) સન ૧૮૭૬ ના બંગાળાના ઇરીગેશન આક્ટની ૯૯ મી કલમ મુજબ કરેલી કાનુનો પ્રમાણે નિમેલા મુખીઓએ તે આક્ટ પ્રમાણેનુ પોતાનુ કામ યોગ્ય રીતે કરવા સારૂ કર્યો હોય ત્યારે	માફી
(બ) ધર્મના દવાખાના અથવા હોસપિટલ અથવા લોકઉપયોગી બીજી કોઇ પણ સંસ્થા સારૂ ખાનગી ઉઘરાણાની સ્થાનિક ઉપજ દરમહિને અમુક રકમ કરતા કમી થશે નહી એવી હામી આપવા સારૂ કોઇ પણ માણસે કર્યો હોય ત્યારે.	માફી

(ક) સન ૧૮૭૯ ના મુબઈના ઇરિગેશન આકટની ૭૦ મી કલમ મુજબ મુંબઈના ગવર્નર ઇન કૌંસિલે કરેલી કાનુનો પૈકી કાનુન નંબર (અ) ની રૂએ કર્યો હોય ત્યારે	માફી
(ઠ) સન ૧૮૮૩ ના જમીનના સુધારા બાબતના કરજના આકટ મુજબ તગાવી લેનાર સખસોએ અથવા તે માણસોના જામીનોએ સદરહુ તગાવીનો અવેજ પાછો આપવા સારૂ તારણ બદલ કર્યો હોય ત્યારે	માફી
(ઈ) કોઇ પણ હોદ્દાનુ કામ યોગ્ય રીતે બજાવવા સારૂ અથવા તે હોદ્દાના સબબથી જે પૈસા અથવા બીજી મિલકત મળે તેનો યોગ્ય રીતે હિસાબ આપવા સારૂ સરકારી અમલદારોએ અથવા તેમના જામીનોએ કર્યો હોય ત્યારે	માફી
૫૮ વ્યવસ્થા પત્ર (અ)—વ્યવસ્થા પત્રનો લેખ (સ્ત્રી ધન બાબતના ખત સુદ્ધા)	એવા પત્રમા લખ્યા મુજબ વ્યવસ્થા કરેલી મિલકતના રકમ અથવા કિંમત જેટલા અવેજના બાંડ ઉપર (ન ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી પણ એવુ ઠરાવ્યુ છે કે વ્યવસ્થા કરવાની કબુલાત ઉપર જેટલો સ્ટાંપ વ્યવસ્થાપત્ર ઉપર જોઇએ તેટલો સ્ટામ્પ માર્યો હોય અને એવી કબુલાત મુજબ ઉપરથી વ્યવસ્થાપત્ર તૈયાર કર્યુ હોય ત્યારે એવા પત્ર ઉપરની ડયુટી આઠ આનાથી વધારે હોવી ન જોઇએ
માફી—[અ] મુસલમાનો વચ્ચે થયેલા લગ્નને પ્રસંગે કરી આપેલુ મહેરનુ ખત	માફી
(બ) હલદશ, એટલે જેમા કોઈ પણ કિંમત નિર્દિષ્ટ કરેલી ન હોય તથા જે બદલ ૧૦ રૂપિયા ડયુટી જારી હોય એવા ધર્મ સબંધી કારણો સારૂ બ્રહ્મદેશ માહેના કોઇ બૌદ્ધ ધર્મવાળાએ કરી આપેલુ સ્થાવર મિલકતનુ કોઇ પણ વ્યવસ્થા પત્ર	માફી
(બ) વ્યવસ્થાપત્ર રદ કરવાનો લેખ	રદ કરવાના લેખમા સંબંધ વાળી મિલકતની જે રકમ અથવા કીમત લખી હોય તેટલા અવેજના બાંડ [ન ૧૫] ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી, પણ તે દશ રૂપીઆ કરતા વધારે ન જોઇએ.
ટ્રસ્ટ (ન ૬૪) પણ જુઓ,	
૫૯ શાહજોગ શેર વારંટ—સન ૧૮૮૨ ના હિંદુસ્તાનના કંપ- નીના આકટ મુજબ કહાડેલા	એવા વારંટમા નિર્દિષ્ટ કરેલા શેરોની નોમિનલ રકમ જેટલા અવેજના કન્વેયન્સ [ન, ૨૩) ઉપર જેટલી ડયુટી પડે તેનાથી દોઢ ગણી ડયુટી
માફી—સન ૧૮૮૨ ના હિંદુસ્તાનના કંપની આકટની ૩૦ મી	

કલમને અનુસ રીતે કોઇ કંપનીએ કહાડેલા જે ભેગ્વાગ ટો સદરહુ ડયુટીની તોડ જોડ તરીકે હેઠળ લખેલી રકમ સ્ટામ્પ રેવન્યુના કલેકટરને આપવામા આવેથીજ માત્ર અમલમા આવવાના હોય તે,—

(અ) કંપનીની ભરાયેલી સઘળી થાપણુ ઉપર સેકડે દોઢ ટકો, અથવા

(બ) જે કોઇ પણુ કંપનીએ સદરહુ ડયુટી અથવા તોડજોડની રકમ પુરેપુરી ભરી હોય, તે કંપની પાછળથી સદરહુ ભરાયલી થાપણુમા વધારે શેર વાર'ટો કહાડીને વધારો કરે તો આ પ્રમાણે વધારેલી થાપણુ ઉપર સેકડે દોઢ ટકો

સ્ક્રિપ દાખલો (ન ૧૯) જુઓ

૬૦ શિપીંગ ઓર્ડર માલ કોઇ પણુ વહાણુ ઉપર લઇ જવાનો અથવા લઇ જવા સંબંધી — એક આનો

૬૧ લીસ છોડી દેવાનો દસ્તાવેજ—(અ) તે લીસ ઉપર પડવા જોગ ડયુટી પાચ રૂપિઆ કરતા વધારે ન હોય ત્યારે — તે લીસ ઉપર જેટલી ડયુટી પડવા જોગ હશે તેટલી ડયુટી

(બ) બીજે કોઇપણુ પ્રસંગે — પાચ રૂપિઆ

માફી—લીસ છોડી દેવાનો દસ્તાવેજ, જ્યારે તે લીસ ઉપર ડયુટી માફ કરી હશે ત્યારે —

૬૨ તબદીલી—(અવેજ સહિત અથવા અવેજ વગર) (અ) કોઇપણુ સંસ્થાપિત કંપની માહેના અથવા બીજી કોઇ એક વ્યક્તિભુત મંડળી માહેના શેરોની — શેરની કીમત જેટલા અવેજના કન્વેયન્સ (ન ૨૩) ઉપર પડવા જોગ ડયુટીની એક દ્વિતયાશ ડયુટી

(બ) ૮ મી કલમમા જે ડિબેચરોના સંબંધમા ઠરાવ કર્યો છે તે ડિબેચરો સિવાય, બજારમા વેચવા જોગ સિકયુરિટીવાળા બીજા ડિબેચરોની પછી તે ડિબેચર અથવા ડયુટી પડવા જોગ હોય અથવા ન હોય — ડિબેચરના મુખ્ય પૃષ્ટ ઉપર લખેલી રકમ જેટલા અવેજના કન્વેયન્સ (ન ૨૩) ઉપર પડવા જાગ ડયુટીની એક દ્વિતિયાશ ડયુટી

(ક) જે બદલ બાડ, ખત અથવા વીમાની પાલિસી ઉપરથી બંદોબસ્ત કર્યો હોય એવા હિત સંબંધની,—

(૧) એવા બાડની ગીરો ખતની, અથવા પાલિસીની ડયુટી પાચ રૂપિઆ કરતા વધારે ન હોય તો. — તે બાડ, ગીરો ખત અથવા વિમાની પાલીસી ઉપર પડવા જોગ ડયુટી

(૨) બીજે કોઇપણુ પ્રસંગે · — પાચ રૂપીઆ. દસ રૂપીઆ.

(ડ) સન ૧૮૭૪ ના એડમિનિસ્ટ્રેટર જનરલના આકટની ૩૧ મી કલમ મુજબ કોઇ પણુ મિલકતની — દશ રૂપીઆ

(ઇ) એક ટ્રસ્ટી પાસેથી બીજા ટ્રસ્ટીને, અથવા ટ્રસ્ટી પાસેથી બેનીફીશયરી (હિતાધિકારી) ને અવેજ વગર કરેલી કોઇ પણુ ટ્રસ્ટની મિલકતની . .. — પાચ રૂપીઆ, અથવા આ નંબરથી (અ થી (ક) સુધી ની રકમો ઉપરથી જે ઓછી રકમ પડવા જોગ હોય તે

માફી—શેરો લખીને કરેલી તબદીલી—

(અ) બિલ ઓફ એકસચેંજ, ચેક અથવા વાયદા ચીઠ્ઠીની... — માફી

(બ) બાબિલ ઓફ્ લેડીંગ, ડિલિવરી ઓર્ડર, માલ બદલના વારંટ, અથવા માલ ઉપરના સત્તાધિકારના બીજા વેપાર સબંધી દસ્તાવેજની .	માફી
[ક] વિમાની પાલીસીની	માફી
(ડ) હિંદુસ્તાન સરકારની સિકયુરિટીઓની ...	માફી
કલમ ૮ પણ જુઓ.	
૬૩ **લીસની તબદીલી**—એસાઇન્મેટથી કરેલી હોય અને પેટા-લીસથી કરેલી ન હોય એવી	તબદીલીના અવેજની જે રકમ હોય તે રકમ જેટલા અવેજના કન્વેયન્સ ન ૨૩ ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી
માફી—જેના ઉપર ડયુટી માફ હોય એવા કોઇપણ લીસની તબદીલી	માફી
૬૪ ટ્રસ્ટ—(અ) કોઇપણ મિલકતના અથવા મિલકત સબંધી ટ્રસ્ટનું સ્થાપન, મૃત્યુપત્ર ન હોય એવા કોઇપણ લખાણ ઉપરથી કરેલું	હીત સબધવાળી મિલકતની જે રકમ અથવા કિંમત તે લેખમા લખી હોય તેના જેટલા અવેજના (બાડ ન ૧૫ ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી પણ તે પદર રૂપીયાથી વધારે ન જોઇએ
(બ) કોઇપણ મિલકતનું અથવા મિલકત સબંધી ટ્રસ્ટ, મૃત્યુપત્ર ન હોય એવા કોઇપણ લખાણ-ઉપરથી રદ કરવુ	હીત સબધવાળી મીલકતની જે રકમ અથવા કિમત તે લેખમા લખી હોય તેના અવેજના બાડ (ન ૧૫)ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી પણ તે દસ રૂપીઆ કરતા વધારે ન જાઇએ
વ્યવસ્થાપત્ર (ન ૮) જુઓ	
આકારેલી કીમત (ન, ૮ જુઓ)	
વકિલ— વકીલ તરીકે નોધ (ન ૩૦) જુઓ	
૬૫ **માલ બાબતનું વારંટ**—એટલે જે કોઇપણ લેખ ઉપરથી, તેના નામથી લખેલા માણસનો અથવા તેના અસૈનોનો અથવા તે ધારણ કરનારાનો, કોઇપણ ગોદીમા અથવા વખારમા અથવા ડકા ઉપર હશે એવા કોઇપણ માલ ઉપર સ્વામિત્વનો હક છે એમ દેખાતું હોય તે લેખ, ઉપર, સદરહુ માલ જે માણસના તાબામા હશે તે માણસે અથવા તે માણસની તરફથી સહી કરેલી હોવી જોઇએ અથવા દાખલો લખેલો હોવો જોઇએ	ચાર આના.—આઠ આના

ટોર્ટ યાને અપકૃત્ય શાસ્ત્ર

અપકૃત્ય—એ શબ્દ એટલે-અપ એટલે નઠારૂં અને કૃત્ય એટલે કામ, ખરાબ કામ કાયદા વિરૂદ્ધ જે કૃત્ય કરવાથી કે કાયદેસર જે કૃત્ય કરવાની ફરજ હોય તે ન કરવાથી બીજા માણસના સ્થાપિત હક્કોનું ઉલ્લંઘન થાય કે તેને નુકસાન થાય તો તેવુ કૃત્ય કરનાર કે ન કરનાર પોતાની વર્તણુકનું જે સ્વાભાવિક અને કાયદેસર પરિણામ થાય તેને માટે જવાબદાર છે, અને એવી જવાબદારી જે કૃત્ય કરવાથી ઉત્પન્ન થાય છે તે કૃત્યને 'અપકૃત્ય' કહે છે કોઇની મિલકતનો શરીરનો સ્વતંત્રતાનો કે આબરૂના હકનુ ઉલ્લંઘન જે માણુસ કરે તો તે કૃત્ય અપકૃત્ય સમજવુ

મુળતત્વ—એ શબ્દમા બીજાના હકનુ ઉલ્લંઘન કરનાર દરેક માણુસ પોતાના કૃત્ય કે કસુરથી નિપજતા સ્વાભાવિક કે કાયદેસર પરીણામને માટે જવાબદાર છે

ઇજા અને નુકસાન એ બે વસ્તુ અપકૃત્યમાં હોય છે ઇજા થયેલીજ હોવી જોઇએ, અને નુકશાન ઘણે ભાગે હાજરજ હોય છે ઇજા વગર માત્ર નુકસાન માટે દાવો ચાલી શકતો નથી. પરંતુ નુકશાન વગર માત્ર ઇજા માટે દાવો ચાલી શકે છે કેમકે ઇજા શબ્દ નુકસાનનો ભાવાર્થ બતાવે છે જો કાઇ હકનું ઉલ્લંઘન થાય તો કાયદો નુકસાનનુ અનુમાન કરી શકે છે, કારણ કે ઇજા એટલે સ્થાપિત હકનુ ઉલ્લંઘન એવો અર્થ છે ફોજદારી ગુન્હામા ગેર કાયદેસર કૃત્ય અને સાર્વજનિક નુકસાન હોય છે જ્યારે અપકૃત્યમા ગેરકાયદેસર કૃત્ય અને ખાનગી સખસોને નુકશાન થયેલું હોય છે ફોજદારી ગુન્હાથી જનસમુહને હાનિ પહોચે છે અને સંસારની વ્યવસ્થામા ભંગાણ પડે છે જેથી તેવા ગુન્હા આખી પ્રજા વિરૂદ્ધ માનવામા આવે છે અને એવા ગુન્હાને સાર્વજનિક અપરાધ પણ કહે છે અને તેથી સઘળી પ્રજાને કાઇ નુકસાન ભરી અપાતું નથી તેથી ગુન્હાનો અટકાવ થાય એવી પીનલકોડમા શિક્ષા ઠરાવેલી છે અપકૃત્યમા દીવાની કોર્ટથી નુકસાન આપવામા આવે છે જે ગુન્હામા જ્યારે કોઈ માણુસને ખાનગી નુકસાન થાય છે ત્યારે તે કૃત્ય ગુન્હો અને અપકૃત્ય બન્ને થાય છે એટલે એતો ગુન્હાને માટે ફોજદારી અને દીવાની બંને ઇલાજો લઇ શકાય છે જેમકે ચોરી, વ્યથા તથા લોકાપકારકકૃત્ય એવા ગુન્હામા બંને ઇલાજ લઇ શકાય છે.

અપકૃત્યમા તે કરનારનો ઇરાદો કે હેતુ જોવામા આવતો નથી માત્ર પરિણામ ઉપરથી તેનું અનુમાન કરવામા આવે છે.

ઘણે ભાગે નુકસાની મેળવવાના દીવાની દાવા બે પ્રકારના હોય છે. (૧) કરાર તોડવાથી ઉત્પન્ન થતા દાવા અને (૨) અપકૃત્યથી ઉત્પન્ન થતા દાવા

માત્ર કરાર તોડવાથી આવા દાવાઓ ઉત્પન્ન થતા નથી પરંતુ કોઈએ કોઇને ઇજા નહી કરવી જોઇએ એવો એક નિતીનો મુખ્ય નિયમ છે, અને તેને તોડવાથી પણુ આવા અપકૃત્યના દાવા ઉત્પન્ન થઇ શકે છે આવા કૃત્યને ' ટોર્ટ ' કહે છે

જે કામમા સ્પષ્ટ વચન આપ્યુ હોય અને તે ઉપરથી કાયદેસર જવાબદારી ઉત્પન્ન થતી હોય તો તેવા કામમા કરાર તોડવાનો દાવો કરી શકાય છે, પરંતુ જે કામમા આપેલી હકીકતથી અમુક કામ કરવાને દુનીઆદારીના સર્વમાન્ય નિયમો કે વિશેષ કાયદાથી ફરજ ઉત્પન્ન થતી હોય તેવા કામમા અપકૃત્યનો દાવો કરવો જોઇએ

કરારમા સ્પષ્ટ વચન આપેલું હોય છે અને અપકૃત્યમા વચન હોતું પણુ નથી અને હોય છે તો ગર્ભિત હોય છે.

કરારના કાયદાની ૧૧ મી કલમથી સગીર કરાર કરવાને નાલાયક છે અને જો તેમ છતા પણુ તેણે કરાર કર્યો હોય તો તે તેને માટે જવાબદાર થઇ શકતો નથી, પરંતુ અપકૃત્ય માટે—જેમકે હુમલો, આબરૂવિરૂદ્ધ લખાણુ કરવું વીગેરે માટે સગીર નુકશાન આપવાને માટે જવાબદાર થઇ શકે છે.

અપકૃત્યના નીચે પ્રમાણે તેની જાતી અને ગુણ પ્રમાણે ત્રણ વર્ગ થઇ શકે છે

જેમકે (૧) જે કૃત્ય કે કસુરથી કાયદેસર હકનુ ઉલ્લઘન થાય તેવા કૃત્ય કે કસુર, [૨) સાર્વજનિક ફરજ અદા કરવામા કસુરથી ઉત્પન્ન થતા અપકૃત્ય પણુ તેવી કસુરથી વિશેષ નુકસાન થયેલું હોવુ જોઇએ છે (૩) ખાનગી ફરજ અદા કરવામા કસુરથી ઉત્પન્ન થતા અપકૃત્ય, આ વર્ગમા વિશેષ નુકસાનની જરૂર નથી, કેમકે કાયદો નુકસાનનુ અનુમાન કરી શકે છે

પ્રથમ વર્ગના અપકૃત્ય નીચે પ્રમાણે છે

૧ શારીરિક અપકૃત્ય, ૨ ગેરકાયદે કેદ કે અટકાવ કરવો કે પકડવુ, ૩ દ્વેશપૂર્વક અપરાધી ઠરાવવું. ૪ દ્વેશપૂર્વક પકડવુ ૫ આબરૂવિરૂદ્ધ લખાણુ, ૬ નિંદા ૭ સાર્વજનિક હોદ્દાને માટે ચુંટણી વખતે મત આપવાનો અધિકાર ૮ તેવા હોદ્દાને માટે ચુંટણીમા ઉમેદવાર થવાનો હક ૯ હોદ્દા કે પદ્વીના હકનુ ઉલ્લઘન, ૧૦ વિરૂદ્ધ કબ્જો ૧૧ ગેરકાયદે પ્રવેશ, ૧૨ માલકી હકની નિંદા ૧૩ ટ્રેડમાર્કના હકનું ઉલ્લઘન ૧૪ ગ્રથસ્વામીત્વના હકનુ ઉલ્લઘન, ૧૫ નવી શોધના હકનુ ઉલ્લઘન ૧૬ ખાનગી કાગળ પત્રોના સ્વામિત્વનુ ઉલ્લઘન ૧૭ નામના સ્વામીત્વ હકનુ ઉલ્લઘન, ૧૮ સબધથી પ્રાપ્ત થએલા હકનુ ઉલ્લઘન ૧૯ પારકા માલનો બીગાડ કે ગેરઉપયોગ અને ૨૦ દ્વેશપૂર્વક ફોજદારી ફરીઆદ-એ સર્વે પહેલા વર્ગના અપકૃત્ય છે જેમકે-

૧ શારીરિક અપકૃત્ય એટલો હુમલો કરવો કે માર મારવો જેમકે બીજાના ઉપર લાકડી કે હથિયાર ફેંકવુ, પાણી રેડવુ, ધુળ નાખવી બીજાના ઉપર થુકવુ, વીગેરેનો સમાવેશ થાય છે

પરતુ-વિદ્યાર્થી કે નાની ઉમ્મરના છોકરાને સુધારવાના હેતુથી સાધારણુ શિક્ષા કરે, ધોલ મારે કે ધીમેથી સોટી મારે તે કાઇ અપકૃત્ય નથી

મનુષ્યવધ એ પણુ અપકૃત્ય છે જ્યારે કોઇ સખસ કે કપનીની ગફલતથી, કસુરથી કે ગેરકાયદેસર કૃત્યથી બીજા સખસનુ મૃત્યુ થયુ હોય તો તે મરનાર માણુસની સ્ત્રી, ધણી, મા બાપ કે તેના છોકરા નુકસાનીનો દાવો લાવી શકે જે ઇજાથી મૃત્યુ થયુ હોય તે ઇજા એવી હોવી જોઇએ કે તેને માટે મરનાર જીવતો હોય તો પોતે પણુ દાવો લાવી શકે આવા દાવા મૃત્યુ થયા પછી બાર મહીનાની અદર ચાલી શકે છે

૨ ગેરકાયદે કેદ, અટકાવ કે પકડવુ એટલે, વારટ વિના કોઇ માણુસને અટકાવમા રાખવો, સરીયામ રસ્તામા બળ વાપરીને કોઇ માણુસને રોકી રાખવો, વારટ પાસે રાખ્યા વિના પકડે કે પકડયા પછી વારટ માગ્યા છતા બતાવે નહી તો તે પકડનાર જવાબદાર થાય છે કોઇ માણુસ ક ને બદલે ખ ને તે ક છે એમ કહી પકડાવે તો તે જવાબદાર છે. કોઈ માજીસ્ટ્રેટ કારકુન પાસે જુબાનીઓ લેવરાવે અને તે આધારે આરોપીને સજા કરે તો તે જવાબદાર છે, અધિકારીની રૂએ કરેલુ કામ જો શુદ્ધબુદ્ધિથી કર્યું હોય તો તે અપકૃત્ય નથી, જે કોઇ જડજ માજીસ્ટ્રેટ કે કલેકટર કઈ કામ યોગ્ય સભાળ અને શુદ્ધબુદ્ધિથી એટલે યોગ્ય અક્કલ, સભાળ અને સાવચેતીથી જે કામ કરે તેના ઉપર દીવાની રાહે ઇલાજ ચાલી શકતો નથી

૩ દ્વેષપુર્વક અપરાધી ઠરાવવુ--શુદ્ધબુદ્ધિથી હોવા છતા પણુ જો કાઇ ભૂલ થઇ હોય તો તેથી જડજ જવાબદાર થતો નથી

૪ દ્વેપપૂર્વક પકડવુ—આમા ઇરાદો કે હેતુ હોવો જાઇએ દ્વેપ બે પ્રકારના છે—એક કાયદા પૂર્વક કે જેમા ગેરકાયદે કૃત્ય ઇરાદાપૂર્વક કે વ્યાજબી કારણુ કે બહાના વિના કરવામા આવે છે અને બીજુ વાસ્તવિક દ્વેશ કે જેમા પોતાની જાતની ઇર્ષ્યા હોય છે

૫ આબરૂ વિરૂધ્ધ લખાણુ--એટલે કાઇ અસત્ય, અને આબરૂ જાય એવો મજકુર છાપીને લખીને ચીન્હ કરીને, ક છબી ચીતરીને પ્રસિદ્ધ કરવામા આવે, અને તેથી તેના ઉપર ધિક્કાર કટાળો ઉત્પન્ન થાય કે લોકોમા હાસી થાય એવુ કાઇ કૃત્ય આવા દાવામા-દાવા અરજીમા જે શબ્દો નુકસાનકારક હોય તે બતાવવા જોઇએ તેમ લખાણુ ગર્ભિત હોય તો દ્વેષપૂર્વક કરેલુ છે એવુ સાબિત થવુ જોઇએ. પ્રસિદ્ધ

કરનાર કઈ લખાણુ પોતાના હાથમાથી બીજાને આપે અને તે ઉપરથી પોતાની સત્તા ખુવે એટલે તે લખાણુ પ્રસિદ્ધ થયું એમ જાણવુ

૬ નિંદા—એટલે મોઢેથી ગાળ દેવી, કે કોઈની આબરૂને હાનિકારક શબ્દો બોલવા તે પણ જો વાસ્તવિક નુકસાન થયુ હોય તો જવાબદારી ઉત્પન્ન થાય છે દ્રષ્ટાંત–ફલાણો માણસ અમુક ચોરી કરનાર છે ફલાણો વેપારી જુઠા કાટલા અને ગજ રાખે છે કોઇ અમુક વૈદ ઉંટવૈદ છે એવુ કહેવુ, અમુક વકીલે કે બારીસ્ટરે પોતાના અસીલને ઠગ્યા છે કોઇ ધર્માચાર્ય અનીતિવાન છે, અમુક સરકારી નોકર લાચ લે છે વિગેરે કહેવાથી કહેનાર માણસની જવાબદારી ઉત્પન્ન થાય છે, પણ તુ ચોર છે, ધુતારો કે અનીતિવાન છે એમ કહેવાથી ખાસ નુકશાન સાબીત કર્યા સીવાય જવાબદારી ઉત્પન્ન થતી નથી

૭ સાર્વજનિક હોદ્દાને માટે ચુટણી વખતે મત આપવાનો અધિકાર છે

૮ તેવા હોદ્દાને માટે ચુટણીમા ઉમેદવાર થવાનો હક જો મત લેનાર અધિકારી દ્વેષપૂર્વક એમાના કોઇ પણ હક્નું ઉલઘન કરે તો તે જવાબદાર થાય છે

૯ હોદ્દાને પદ્વિના હક્નુ ઉલઘન જેમકે ગામગોર, ગ્રામોપાધ્યાય, કુળગુરૂ, કુળ શુકલ, ગામ જોશી વીગેરેના લાગાઓ, જે કોઇ બીજો સખસ કામ કરીને લઇ જાય તેના ઉપર, તે કુળગોર વીગેરેના દાવા ચાલી શકે આવા દાવા માત્ર નુકસાની મેળવવા માટે થઇ શકે છે, પણ તેવા કામ કરતા રોકવાનો દાવો ચાલી શકતો નથી કેમકે કોઇની મરજી વિરૂદ્ધ અમુક માણુસ પાસેજ કામ કરાવવું એવી કોઇને ફરજ પાડી શકાતી નથી

૧૦ વિરૂધ કબજો—એટલે અ એક જમીનના ટુકડાનો હકદાર માલીક છે, પણ તે જમીન બાર વર્ષ ઉપરાત બ ના કબજા વહીવટમા આવી હોય અને અ ને કાઇપણ ભાડુ બાર વર્ષ સુધીમા બ એ આપ્યુ ન હોય અગર અ એ કાંઈ માલીકી હક ભોગવ્યો ન હોય અને બ એ અ ના માલકી વીરૂદ્ધ વર્તન ચલાવ્યુ હોય તો બ વિરૂદ્ધ કબજાના હકથી તે જમીનનો માલીક થઇ જાય છે માટે હકદાર માલીકનો કબજો તોડવાની તારીખથી બાર વર્ષની મુદતમા હકદાર માલીકે દાવો કરવો જોઇએ દાવાદારે પોતાના હક્ના લેખ ઉપર આધાર રાખવો જોઇએ, પ્રતિવાદીના હકના નબળાપણા ઉપર આધાર રાખવો નહિ ભાડુત પાસેથી કબજો લેવાનો દાવો કરવામા આવે, ત્યારે વાદીએ માલકી હક સાબીત કરવાની જરૂર નથી કેમકે આપનારનો માલીકી હક નહોતો એવી ભાડુત તકરાર ઉઠાવી શકતો નથી

૧૧ ગેરકાયદેસર પ્રવેશ—કબજાના હકના ઉલ્લઘનથી ગેરકાયદે પ્રવેશ થઇ શકે છે જેમકે કબજેદારની ગેરહાજરીમા કોઇ સખસ તેની જમીનનો કબજો કરી બેસે, તો તે વાતની મુળ કબજેદારને ખબર ન પડે ત્યા સુધી પ્રવેશ કરનારનો કબજો ગણાતો નથી, કેમકે કબજેદારને ખબર થતા સુધી તેના હકને બાધ આવતો નથી તેમજ ગેરકાયદે પ્રવેશ કરનારનો કબજો ગણાતો નથી, કેમકે ખરો કબજેદાર તેને ખસેડી શકે છે પરતુ ખરો કબજેદાર સુસ્ત થઇને બેસી રહે તો પછી કાયદેસર ઈલાજ લીધા સીવાય તે પ્રવેશ કરનારને ખસેડી શકાતો નથી, તેમજ કોઇ સખસે ગેરકાયદેસર પ્રવેશ કરેલો હોય, ને પછી ખરો હકદાર પ્રવેશ કરે, તો તે મુળ કબજેદાર ગણાય છે જો તે ગેરકાયદે પ્રવેશ કરનાર પોતાનો કબજો રાખી રહે તો તેની વિરૂદ્ધ તે દાવો લાવી શકે છે, અને ગેરકાયદે પ્રવેશ બદલ નુકશાની મેળવી શકે છે કબજો એટલે–જે સખસના વહીવટમા જમીન હોય અને તેવી તાત્કાલીક વ્યવસ્થા કરવાની તેને સત્તા હોય, અને તેથી બીજાના અધિકારને પ્રતિબંધ થતો હોય, તો તે જમીન તે સખસના કબજામા છે એમ સમજવુ હદની ભીત, અથવા બે જમીન વચ્ચેની દીવાલ જેની જમીન ઉપર બાધેલી હોય તેની માલીકીની ગણાય છે જો બંનેની જમીન ઉપર બાધેલી હોય તો તે બનેની માલીકીની હોઇ શકે છે. વાડામા જે ઝાડો હોય તે પણ જેની માલીકીની વાડ હોય તેની માલીકીના ગણાય છે એક પાડોશીના ઝાડના મૂળ બીજા પાડોશીની જમીનમા જાય તો એ મૂળ તે કાઢી નાખી શકે છે એક પાડોશીના ઝાડની ડાળીઓ બીજા પાડોશીની જમીનમા જઇને તેને વણુછો લગાડે તો એ ડાળીઓ તે કાપી શકે છે પરંતુ વીસ વર્સ ઉપરાતથી તેવી ડાળીઓ પડતી હશે તો તે કાપી શકે નહી

ચાલુ પ્રવેશ થાય તો તે અટકાવવાને તાકીદ હુકમ મેળવવાનો દાવો લાવી શકાય છે પથ્થરના ઢગલા કરવા, થાભલા દાટવા, લોઢાની પાટી જડવી એના કૃત્યથી ચાલુ ગેરકાયદેસર પ્રવેશ થઈ શકે છે

સહકબજેદારોમાનો એક જમીનમાથી માટી ખોદી જાય તો તેના ઉપર બીજો ગેરકાયદે પ્રવેશનો દાવો લાવી શકે છે મજીઆરી જમીનમા બીજા ભાગીદારોની સમ્મતિ સિવાય એક ભાગીદાર ઘર બાધે તો અસલ સ્થિતિમા તે જમીન રાખવાનો બીજો ભાગીદાર દાવો કરી શકે છે મિલકતને કાયમનુ નુકસાન થયું હોય તો માલીક હકદાર દાવો લાવી શકે છે પરવાનગીથી પ્રવેશ કરવામા આવે તો દાવો ચાલી શકે નહિ નીચેના દ્રષ્ટાતોમા પ્રવેશ માટે કાયદેસર પરવાનગી સમજવી જેમકે અ લેણુ પૈસાની ઉઘરાણી સારૂ કે દેવા પૈસા આપવા સારૂ બાહુત મીલકતને નુકશાન કરતો હોય તો તે જોવા સારૂ મુળ માલીકને પ્રવેશ કરવાનો, (ક) ભાડાની મુદ્દત પુરી થયા પછી મૂળ માલીકને પ્રવેશ કરવાનો [ડ] ઉપદ્રવ ઓછો કરવાને માટે કે (ઇ) ભારે ગુન્હો થતો અટકાવવાને માટે, કે (ફ) ભયમાથી જીવનુ જોખમ અટકાવવાને માટે કે (હ) પાડોશીના ખેતરમા પોતાનુ ઝાડ ઉથલી પડે તો તે લેવા જવાને પ્રવેશ કરવો તે કાયદેસર પરવાનગી સમજવી

૧૨ માલીકી હકની નીદા એટલે મીલકતમાના બીજાના હકને નુકશાનકારક જુઠી અને દ્વેષ ભરેલી બીના પ્રસિદ્ધ કરવી તે

૧૩ ટ્રેડમાર્કના હકનુ ઉલઘન એટલે અમુક ચિન્હ કે નિશાનવાળો માલ અ નો બનાવેલો છે એવી શાખ બધાઇ ગઇ હોય અને બ તેવુ ચિન્હ કે નિશાન પોતાનો માલ બ નો બનાવેલો છે એમ જાણી લોકો લે, એવા હેતુથી વાપરે ત્યારે બએ અના હક્નુ ઉલઘન કર્યું એમ સમજવુ

૧૪ ગ્રથ સ્વામિત્વના હકનુ ઉલઘન-કોપીરાઇટના આકટ મુજબ ગ્રથકર્તા કે પ્રસિદ્ધકર્ત્તાનેજ અમુક મુદ્દત સુધી પોતાના ગ્રથની નકલો છપાવવાનો ને વેચવાનો હક મળે છે, તે હક્નું ઉલઘન તે ગ્રથની નકલ કરવાથી કે તત્વ કાઢી લઇ બીજો ગ્રથ બનાવી મૂળ ગ્રથ નકામો પડી જવાથી કે તેમજ પુસ્તક્નુ નામ તેજ પાડવાથી થાય છે એમ સમજવુ

૧૫ **નવી શોધના હકનું ઉલંઘન**– એટલે પોતે કરેલી શોધ અમુક મુદ્દત સુધી વાપરવાનો હક પેટટના કાયદાથી મળે છે તે હકનુ ઉલઘન કે તે શોધની નકલ કરવાથી તેને મળતી શોધ કરવાથી કે તે શોધનુ જે ધોરણ હોય તેનો ઉપયોગ કરવાથી થાય છે

૧૬ ખાનગી કાગળ પત્રોના સ્વામિત્વના હકનુ ઉલઘન–ગ્રથ જ્યા સુધી પ્રસિદ્ધ ન થયો હોય ત્યા સુધી તેની માલકી ગ્રથ લખનારની છે, અને તે પોતાના ઉપયોગ સારૂ રાખી મુકવો કે બીજાને બતાવવો એ તેની મરજીની વાત છે, તેથી લેખી ગ્રથો માલીકની પરવાનગી વગર પ્રસિદ્ધ કરવાથી અપકૃત્ય થાય છે કોઈના ઉપર ખાનગી પત્ર લખ્યો હોય તે પણ લખનારની માલકીનો ગણાય છે જેના ઉપર લખ્યો હોય તેને તે પ્રસિદ્ધ કરવાની છુટ નથી પ્રસિદ્ધ કરવાથી અપકૃત્ય થાય છે

૧૭ નામના સ્વામિત્વના હકનુ ઉલઘન–અમુક પુસ્તક એક પ્રખ્યાત ગ્રથકારનુ બનાવેલુ ન છતા તે તેનુ બનાવેલુ છે એમ કહીને કોઇ વેચે તો તે વેચનારે અપકૃત્ય કર્યું એમ સમજવુ કોઇ આબરૂદાર કે પૈસાદાર માણસ અમુક કપનીનો ડીરેકટર ન હોય છતા તે, તેનો ડાયરેકટર છે એમ પ્રસિદ્ધ કરવુ તે પણ અપકૃત્ય છે

૧૮ સબધથી પ્રાપ્ત થએલા હકોનુ ઉલઘન–જેમકે અ અને બ ની વચ્ચે થએલા કરારમા ક દ્વેષ-પૂર્વક બ ને સમજાવી કરાર તોડાવે તો તેથી અ ને નુકસાન થાય તે માટે ક એ અપકૃત્ય કર્યું એમ સમજવુ વળી અ જાણી જોઇને કે દગાદાપુર્વક બ ચાકરને નસાડી મૂકે કે પોતે રાખીને શેઠ અને ચાકરના સબધમા ભગાણ પાડે, અને તેથી શેઠને નુકશાન થાય તો અ અપકૃત્યનો બદલો આપવાને જવાબદાર થાય છે એમ સમજવુ

૧૯ પારકા માલનો બીગાડ કે ગેરઉપયોગ—એટલે કોઇના કુતરા, ઢોર વીગેરે પાળેલા જનાવરને માર મારવાથી આ અપકૃત્ય થાય છે તેમ દુધમા પાણી મેળવવામા આવે તોપણ અપકૃત્ય થાય છે.

૨૦ દ્વેષપૂર્વક ફોજદારી ફરીઆદ—માત્ર લેણું વસુલ કરવાના ઇરાદાથી કંઇ પણ વાજબી કારણ સીવાય, ફોજદારી ફરિઆદ કરવી એ અપકૃત્ય છે પરંતુ ખરા ગુન્હેગારની વિરૂદ્ધ ફરીઆદ સ્પષ્ટ દ્વેષથી કર્યા છતા તે અપકૃત્ય નથી.

બીજા વર્ગનાં અપકૃત્ય

વિશેષ નુકશાન થાય એવી જનસમૂહ પ્રત્યે ફરજનુ ઉલ્લંઘન જેવા કે

૧ સાર્વજનિક રસ્તાના રીપેરમા કસુર થવાથી થતાં અપકૃત્ય

૨ જંગલી કે પાળેલા પ્રાણીને રાખવામા કસુર કરવાથી અપકૃત્ય થાય છે, જેમકે કોઇ માણસ કરડ-કણો કુતરો પોતાના ઘરના આવવાના રસ્તામા એવી રીતે રાખે કે ત્યા દીવસના કાયદેસર કામ સારૂ આવ-નારને તે કરડે, તો તે કુતરાનો માલીક જવાદાર થાય છે પરંતુ માલીક પોતાના મકાનના રક્ષણ સારૂ રાત્રીએ પોતાના મકાનમા કુતરાને છુટો મુકવાને માટે મુખત્યાર છે

૩ સ્થાવર મિલકતના ઉપભોગમા કસુર થવાથી થતા અપકૃત્યો—જેવા કે જમીનના માલીકે તેને એવી રીતે વાપરવાથી કે તેથી બીજાને નુકસાન ન થાય. એવો ન્યાયશાસ્ત્રનો ધોરી નિયમ છે જેમકે અ પોતાની જમીનમા ગંદકીનુ પાણી ભરી મૂકે ને તેથી પાડોશીની આરોગ્યતાને હાની પહોચે તો અ જવા-બદાર થાય છે વળી ક જો પોતાની જમીનમા પાડોશીને ઇજા થાય તેવો ધંધો ચલાવે ને તેથી ઇજા થાય તો તે જવાબદાર થાય છે વળી બ નુ ઘર પડવા સરખુ થયુ છે તે જાણ્યા છતાં જો બ તે ઘર ભાડે આપે અને અ જાણીને તે રાખે અને ઘર પડી જાય અને ક ને વાગે તો ન અને અ બન્ને જવાબદાર છે

૪ વિશેષ કાયદાથી ઉત્પન્ન થતી સાર્વજનિક ફરજ અદા કરવામા કસુરથી થતા અપકૃત્ય—રેલ્વે, ટેલી-ગ્રાફ પોસ્ટના કાયદા, મ્યુનીસીપાલીટી કે લોકલબોર્ડના આકટોમા બતાવેલી ફરજો કે જવાબદારી અદા કરવામા કસુર કરવી તે

૫ સાર્વજનીક ઉપદ્રવ દ્રષ્ટાંત—સાર્વજનીક રસ્તા ઉપર કોઈ કારખાનામાથી ઉપદ્રવકારક ધુમાડો કાઢવો સાર્વજનીક રસ્તામા ખાઇ ખોદવી, વહાણોની આવજા કરી શકે એવી સાર્વજનિક નદીમા વહાણ આડુ રાખી અટકાવ કરવો તે

ઉપદ્રવ એટલે કોઇને દુઃખ થાય, અગવડ થાય કે નુકસાન થાય એવુ કૃત્ય કરવુ તે, ઉપદ્રવ, બે પ્રકારના છે, એક સાર્વજનિક એટલે જેઓને સબંધ હોય તેવા બધા લોકોને જે ઉપદ્રવથી નુકસાન થાય તે. સાર્વજનિક ફરજમા કસુર કરવાથી સાર્વજનિક ઉપદ્રવ થાય છે, અને ખાનગી ઉપદ્રવ ખાનગી ફરજમા કસુર કરવાથી થાય છે સાર્વજનિક ઉપદ્રવનો સામાન્ય ઇલાજ ફોજદારી ફરીઆદ છે પરંતુ તેથી જો કોઇને વિશેષ નુકશાન થાય તો તેનો દિવાની દાવો પણ ચાલી શકે ગમે તેટલી મુદતથી સાર્વજનિક ઉપદ્રવ જારૂ હોય છતા લાંબી મુદતને લીધે તે કાયદેસર થઇ શકતો નથી

૬ કબજે લેવાનો અધિકાર ગેરકાયદે વાપરવો ઢોર અતિક્રમણ કરે કે નુકશાન કરે તો તમામ ડબામા પુરવાનો અધિકાર ડબા એક્ટ જેને નુકશાન થયુ હોય તેને આપે છે, પણ તે અધિકાર ગેરકાયદે વાપરવામા આવે તો અપકૃત્ય થયુ કહેવાય પોતાની જમીનમા ચરતા કે નુકસાન કરતા ઢોરને પકડી ડબામા લઈ જવાનો હક છે પણ તેને ઇજા કરવાનો કોઇને હક નથી ઇજા કરે તો ઇજા કરનાર અપકૃત્યનો જવાબદાર થઈ શકે ત્રાહીતની જમીનમા ચરતા ઢોર ડબામા પુરનાર જવાબદાર થાય છે

ત્રીજા વર્ગનાં અપકૃત્ય

ખાનગી ફરજ અદા કરવામાં કસુર કરવાથી કોઇને વિશેષ નુકસાન થાય તે બાબત

૧ ધંધાદારી માણસોની કસુરથી ઉત્પન્ન થતાં અપકૃત્ય—વૈદ કે ડાકટરોની પોતાના દરદીના સબંધમા યોગ્ય ચતુરાઇ વાપરવાની તેની યોગ્ય સંભાળ રાખવાની ફરજ છે પણ જો તેઓથી એવી ચતુ-રાઈ કે સંભાળના અભાવથી કે કસુરથી કોઇને નુકસાન થાય તો તેણે અપકૃત્ય કર્યું એમ સમજવું

તેમના નોકરો યોગ્ય ચતુરાઇવાળા હોવા જોઇએ તેમની ફરજ છે કે યોગ્ય સંભાળ, ખબરદારી કે અગમચેતી રાખવી એ ફરજમા કસુર કરવાથી ઉતારૂઓને નુકસાન થાય તો તેઓ જવાબદાર થાય છે વાહનદારો ભાડુ આપનાર બધા ઉતારૂને જો તેમની ગાડીમા જગા હોય તો બેસાડવાને બધાયલા છે, પરંતુ શકવાળા માણસને બેસાડવાની તે ના કહી શકે છે

૩ સબંધના કારણથી ઉત્પન્ન થતી ખાનગી ફરજમા કસુર થવાથી થયેલા અપકૃત્ય—ચાકરોની સલામતી માટે તમામ વ્યાજબી સાવચેતી રાખવાની શેઠની ફરજ છે, તેમા જો તે કસુર કરે અને તેથી જો ચાકરને ઇજા થાય તો શેઠ જવાબદાર થાય છે તેવીજ રીતે ગૃહસ્થ અને મેમાનનો સંબધ છે ગૃહસ્થની ફરજ છે કે તેણે મેમાનની યોગ્ય સંભાળ રાખવી જોઇએ

૪ **હાનીકારક ખોરાક વેચવાથી ઉત્પન્ન થતાં અપકૃત્ય**—વેપારી જો હાનીકારક ખોરાક વેચે અને તેથી કોઇ ગ્રાહકને ઇજા થાય તો તે વેપારી જવાબદાર થાય છે

૫ **ઠગાઇથી ઉત્પન્ન થતાં અપકૃત્ય**—જેમકે કપટથી અ એક ભરેલી બંદુક, બ તે વાપરવાનો છે એમ જાણ્યા છતા તે ભરેલી છે, એવી ખબર આપ્યા વગર તેને વેચે, અને તેથી તે બંધુક ફુટે અને બ ના છોકરાને ઇજા થાય તો અ જવાબદાર થાય છે

૬ કોઇપણ વસ્તુ મફત આપનારની કે ઉછીતી આપનારની, મફત કે ઉછીતી આપેલી ચીજમા કઇ ખામી હોય તેની ખબર કરવાની ફરજ છે

એક તોફાની ઘોડો તેની ખરાબ ટેવની ખબર આપ્યા વગર જો કોઈ બ ને ભાડે કે મફત વાપરવાને આપે અને તે ઇજા કરે તો તે માણસ જવાબદાર છે

૭ ખાનગી ઉપદ્રવ–કોઇ કૃત્ય એવુ હોય કે તેવા માત્ર પાસે રહેનારાઓને ઇજા થાય, પણ દુર રહેનારાઓને ઇજા ન થાય, પણ વખતે આનંદ ઉત્પન્ન થાય એવુ કોઇ કૃત્ય તે ખાનગી ઉપદ્રવ સમજવો

દ્રષ્ટાંત—ચુનાની ભઠ્ઠી કરવી, ચમારની કુડીઓ કરવી, કુંભારનો નીભાડો બાળવો, જાજરૂ કે ખાળકુવો કરવાથી કોઇના રહેવાના ઘરમા દુર્ગંધ પેસે ને તેથી તે ઘર રહેવાને નાલાયક થાય, કે રહેવાના ઘરની પાસે ઈટો કે ચુનો બાળવામા આવે તેનો ધુમાડો તેમા પેસે ને તેથી તે ઘર રહેવાને નાલાયક થાય, તેમજ ઘાંટા પાડીને ગાયન કરવુ તે પણ પાડોશીને ઉપદ્રવ કરનાર છે રાત્રે ઘર આગળ રણશીંગુ ફુકવુ કે બીજો ઘોઘાટ કરવો કે ગાયન કરીને, દારૂખાનુ ફોડીને ઘોઘાટ કરતા લોકોનું ટોળુ એકુ કરવુ, તે સઘળા ખાનગી ઉપદ્રવો ગણાય છે,

વીસ વર્ષની મુદ્દત સુધી ઉપદ્રવ જારૂ રહ્યો હોય તો તે કરવાનો હક છે વીસ વર્ષની અંદરનો ઉપદ્રવ બંધ કરી શકાય છે

૮ **પાણીના હકનું ઉલ્લંઘન**—જેની જમીનમા થઇને પાણી જતું હોય તેને તે પોતાના કોઇ પણ વાજબી ઉપયોગમા લેવાનો હક છે પરંતુ તેવો હક તેની ઉપરવાળા કે નીચેવાળાઓને પણ છે તેને હરકત થાય તેવી રીતે વાપરવાથી અપકૃત્ય થાય છે, પાણીમા કોઇને માલકી હક નથી, જમીનના કબજા પ્રમાણે તે ઉપરના પાણીનો હક પ્રાપ્ત થાય છે

૯ **ટેકાના હકનું ઉલ્લંઘન**—ક પોતાની જમીનમા બની જમીનની એટલી નજીક ખાડો ખોદે કે બ ની જમીન તેમા તુટી પડે તો ક અપકૃત્ય કરે છે તેવીજ રીતે ક પોતાની જમીનમા પોતાના પાડોશી બની જમીનની છેક રાડમા એક કુવો ખોદે છે બ પણ પોતાની જમીનમા કુવો ખોદે છે, તેથી કના કુવાનું પાણી સુકાઈ જાય છે તો તેમા કનો બના ઉપર દાવો ચાલી શકે નહી

સપાટીનો માલીક જમીન ખેડાવે એ એનો વાજબી ધંધો કહેવાય, પરંતુ ખેડાણને માટે જરૂર હોય તે કરતા અધિક ખેદીને તેમા મોટા બાકોરા પાડે તો તે અપકૃત્ય કરે છે

સપાટીનો માલીક સપાટી એટલી બધી ખસેડે કે નીચેની જમીનમા પાણી ભરાઇ જાય તો તે અપકૃત્ય કરે છે જ્યારે જમીનનો માલીક જમીનની સપાટીનો હક પોતે રાખી સપાટી નીચેની જમીન બીજાને આપે ત્યારે ઉપર લખેલા બે અપકૃત્યો બને છે

ક ને એક બીજાના ટેકાની જરૂર પડે એવા બે ઘર જોડા જોડ છે. ક તેમાથી એક ઘર બ ને વેચાણ આપે છે, બન્ને માલીકોને અરસ્પરસ ટેકાનો હક રહે છે

એક માણસ નબળુ ઘર બાધીને પાડોશીની ઇમારતના ટેકાનો હક મેળવી શકતો નથી, પરતુ પાટડી, મોભ કે એવુ બીજું કઈ સાહિત્ય પાડોશીની દીવાલમા ટેકા રાખ઼ મુક્યુ હોય તો યોગ્ય મુદ્દતના ઉપભોગથી તે રાખવાનો હક પ્રાપ્ત થાય છે

૧૦ ઉપભોગના હકનુ ઉલ્લંઘન––જેમકે કોઇ મકાનના લાભ સારૂ હવા કે અજવાળાનો હક પ્રાપ્ત થાય તે, તથા રસ્તા કે પાણીના વહનનો હક એ ભોગવટાના હક છે જમીનની ઉપરની બાજુએથી હવા કે અજવાળુ લેવાનો જમાનના માલીકનો હક છે, પરતુ પાડોશીની મિલકતમા થઇને હવા કે અજવાળું પછી તેનો વાસ્તવિક અટકાવ થાય એવી રીતે તે જમીન ઉપર ઇમારત બાધી શકાય નહીં અથવા બીજુ કઇ કૃત્ય થઇ શકે નહી

ભોગવટાનો હક પ્રાપ્ત થવાના સાધનો નીચે પ્રમાણે છે,––આપવાથી, કરારથી, યોગ્ય મુદ્દતના ઉપભોગથી, અને કાયદાસર અનુમાનથી એ અનુમાન બે રીતે ઉત્પન્ન થાય છે એક અગત્યના કારણથી અને બીજું મિલકત છુટી પડવાના કારણથી.

અ પોતાની જમીન ઉપર આવવાની બને રજા આપે એ પરવાનગી છે પણ તે હરકોઇ વખતે રદ કરી શકે છે પોતાની જમીન ઉપર કઈ કૃત્ય કરવાની, કે તે ઉપર આવી આરપાર પાણીનુ વહન કાઢવાની, કે તે ઉપર થઇ જવાની બને અ રજા આપે તો તે આપેલો હક છે

પરવાનગીથી કાઇ હક પ્રાપ્ત થતો નથી માલકી હક બદલાતો નથી કે કાઇ ફેરફાર થતો નથી, ફાયદો એ કે, પરવાનગીથી કરેલું કૃત્ય કાયદેસર ગણાય છે આવી પરવાનગી કરકોઇ વખતે રદ થઇ શકે છે આપેલા હકથી કાઇ લાભ પ્રાપ્ત થાય છે એમા પરવાનગીનો સમાસ થાય છે આપેલો હક રદ થઇ શકતો નથી.

અને એક ખાનગી રસ્તા ઉપર થઇ જવાનો ભોગવટાનો હક પ્રાપ્ત થયો છે તેથી તે રસ્તો દુરસ્ત રાખવાની તેની ફરજ છે તે રસ્તો બગડે તો અ બાજુની જમીન ઉપર થઈ જઇ શકતો નથી, કેમકે તે તેણે દુરસ્ત રાખવો જોઇતો હતો.

સાર્વજનિક રસ્તો બગડે તો લોકો, પાસેની ગમે તે બાજુની જમીન ઉપર થઇ જઇ શકે છે, કારણ કે તેમનો જવાનો હક ભોગવટાનો હક કહેવાતો નથી ને તેઓની તે રસ્તો દુરસ્ત રાખવાની ફરજ નથી

અના ખેતરમા થઇ બને જવાની માત્ર પગથી છે તો બથી તે રસ્તે ગાડી લઈ જઇ શકાય નહી

અમુક મુદ્દતે કે અમુક મોસમમા કે અમુક મેળાને દહાડે રસ્તો વાપરવાનો હોય તો તેથી બીજી રીતે તે રસ્તો વાપરી શકાય નહી ભોગવટાના હકના ઉલ્લંઘન માટે નુકસાની લેવાનો તથા કાયમ તાકીદ માગવાનો કે બેમાથી ગમે તે પ્રકારનો દાવા લાવી શકાય છે

૧૧ ચતુરાઇની ખામીથી ઉત્પન્ન થતાં અપકૃત્ય—એક સુતાર એક ઘર બાધવાનુ માથે રાખે, તે બાધવામા એવી કસુર કરે, કે યોગ્ય સંભાળ કે ચતુરાઈ વાપરે નહી કે તેથી ઘર ભયકર સ્થિતિનુ થાય તો સુતાર જવાબદાર થાય છે

૧૨ ભાડુતના અપકૃત્યનો બીગાડમા સમાસ થાય છે જેમકે ભાડુત જો ઘરની એકાદ બારી બંધ કરે તો તે જવાબદાર થાય છે ભાડુતની મિલકત અને ભાડે રાખેલા મિલકત જોડાજોડ હોય તો બન્નેની હદ જુદી જુદી રાખવી જોઇએ, ન રાખે તો ભાડુત જવાબદાર થાય છે

૧૩ કસુરથી ઉત્પન્ન થતાં અપકૃત્ય—ન્યાયશાસ્ત્રનો ધોરી નિયમ છે કે, દરેક માણસે પોતાની મિલકત એવી વાપરવી, કે ભોગવવી કે જેથી બીજા માણસને કે બીજાની મિલકતને ઇજા થાય નહી, દરેક માણસને પોતાની મિલકત ઉપર પાણી કે અગ્નિ રાખવાનો હક છે, પરતુ તે હક ભોગવવામા કસુર કરવાથી તે પાણી કે અગ્નિ બીજાની મિલકતમાં પસારીને નુકશાન કરે તો તે કસુર કરનાર જવાબદાર થાય છે.

દ્રષ્ટાંત—ક પોતાનું ઘર કસુરથી સળગાવે અને તે અગ્નિ તેના પાડોસીના ઘરમા પસારીને નુકસાન કરે તો તે જવાબદાર છે. બહુજ પવન હોવા છતાં કોઇ ખેડુત પોતાના ખેતરમા દેવતા સળગાવે ને તે

દેવતા ઉડીને પાડોશીના ખેતરમા નુકશાન કરે તો તે જવાબદાર છે જો કોઇ પોતાની જમીનમા કાયદેસર અધિકાર વગર વરાળ યત્ર રાખે ને તેમાથી તણખા ઉડીને પાડોશીની મિલ્કતને નુકશાન થાય તો તે જવાબદાર છે

૧૪ નિક્ષેપના સબધના અપકૃત્ય બાબત, અનામત ચીજો—કઇ પણ બદલા વગર મુળ ઠરાવ પ્રમાણે જ્યારે જરૂર પડે ત્યારે નિક્ષેપતાને કે બીજા સખસને પાછી આપવા જે રીત રાખી હોય તે અનામત ચીજ કહેવાય છે ઉછીતી ચીજ—ઉછીતી લેનારે પોતાના ઉપયોગ સારૂ ચીજ માગી લીધી હોય, તેના ઉપયોગના બદલામા કશુ આપવાનુ ન હોય અને લીધેલી ચીજ પાછી આપવાની હોય ત્યારે તે ઉછીતી લીધેલી ચીજ કહેવાય છે

બદલો—ઉછીતી લીધેલી અને બદલો લીધેલી ચીજમા ફેર છે બદલામા વાપરવા આપેલી ચીજ વપરાઇ જાય એવી હોય છે તે લેનાર તેની તે ચીજ પાછી આપતો નથી, પણ તેટલીજ કીમતની બીજી ચીજ પાછી આપે છે

ધરેણીઆ ચીજો—દેવુ આપવાની કે વચન પુરૂં કરવાની જામીની સારૂ આપેલી ચીજ ધરેણીઆ ચીજ કહેવાય છે ધરેણે મુક્યા પછી તે માલ ઉપર મારો હક નથી એમ કહી, દેવુ આપ્યા સિવાય તે માલ તે પાછો મેળવી શકતો નથી. ધરેણે મુકેલા માલમા વધારો થાય તે પણ ધરેણેજ ગણાય છે ધરેણે મુકેલી ચીજ વાપરી શકાય છે પરતુ વાપરવાથી બગડે એમ હોય તો તે વાપરી શકાતી નથી અને વાપરવાથી જે નુકશાન થાય તેની જવાબદારી વાપરનારને શીર પડે છે ધરેણે મુકયાની તારીખથી ત્રીસ વર્ષમા તે ચીજ પાછી લેવા દાવો કરવો જોઈએ વચ્ચે કબુલત થઇ હોય, તો કબુલતની તારીખથી નવી મુદ્દત ગણાય છે

મફત કામ કરવામા જવાબદારી ઉત્પન્ન થાય છે,

દ્રષ્ટાત—ક ને અમુક વખતે હુડી સ્વીકારવા પોતાના શાહુકારને પૈસા મોકલવાના છે તે પૈસા એક કાગળ સાથે પહોચાડવા બ ને સોપે છે બ તે પ્રમાણે વખતસર પહોચાડતો નથી તેથી નુકશાન થાય છે બ નુકશાનને માટે ક ને જવાબદાર થાય છે (૧) એક કપનીનો વહિવટ મફત કરવાનું ક કબુલ કરે છે તેના વહીવટમા કસુર થવાથી ભાગીદારને નુકસાન થાય તો ક જવાબદાર છે

સાર્વજનિક વીશીવાળા ભાડુ લઇ માલ કબજે રાખનારા છે, દારૂનું પીઠુ, કોફી ગૃહ, ભોજનગૃહ, ખાનગી વીશી કે ધર્મશાળાઓ એ સાર્વજનિક વીશી નથી જો મેમાનનો માલ સાર્વજનીક વીશીમાથી જાય અને વીશીવાળાની કસુર ન હોય તો પણ તે જવાબદાર થાય છે

૧૫ ઠગાઇથી ઉત્પન્ન થતા અપકૃત્ય–કરાર એકટની કલમ ૧૭, ૧૮ તથા ૧૦૫ થી ૧૧૮ જુવો એક ઝવેરી એક પથ્થરને હીરો કહી વેચે તો તે જવાબદાર છે (૨) જાહેરખબરમા જે ખરી હકીકત લખવી જોઇએ તે ન લખી હોય ને તેથી કોઇને નુકશાન થાય તો તે માટે જવાબદારી ઉત્પન્ન થાય છે

૧૬ સરકારી અમલદારના કપટ કે કસુરથી ઉત્પન્ન થતા અપકૃત્ય—કોર્ટના હુકમ અમલમા લાવનાર દરેક અમલદાર તે હુકમો યોગ્ય રીતે લાવવા બધાયલો છે, એટલે તેની ફરજ છે એ ફરજ અદા કરવામા કસુર કરે તો તે અમલદાર જવાબદાર થાય છે

૧૭ વકીલની ફરજ અદા કરવામા કસુરથી થતા અપકૃત્ય—જો કોઇ વકીલ પોતાના અસીલનો દાવો બીનકાળજી કે બીનમાહીતીથી ચલાવે તો તે જવાબદાર છે એક વકીલ પોતાના અસીલને બરાબર સમજ પાડયા વગર અસાધારણ કબૂલ કરવા દે તો તે જવાબદાર છે પોતાના અસીલની જે હકીકત વકીલના જાણવામા આવી હોય તે તેની વિરૂદ્ધ વાપરે તો તેની પાસેથી નુકસાની લઈ શકાય છે વકીલે સામાન્ય તત્પરતા, ધધાનુ સાધારણ જ્ઞાન તથા ચતુરાઇ વાપરવી જોઇએ

વકીલો સંબંધી રેગ્યુલેશન.

૪૭-૪૭ જે સખસો વકીલાત કરવાને લાયક જણાય તેમને કોર્ટમા વકીલાતનો ધંધો કરવાની સનંદ આપવામા આવશે

૫૦ વકીલાતનામુ રજુ કર્યાં સિવાય વકીલને કોઈ દાવામા દાખલ થવા દેવો ન જોઇએ. જે પક્ષકાર વકીલને રોકે તેણે રીટેઇનિગ ફીના આઠ આના આપવા જોઇએ અને તે બદલ વકીલે તેને પોંચ આપવી જોઇએ આ પ્રમાણે ફી લીધા પછી જે કોઈ વકીલ સામા પક્ષકારનો વકીલ થાય, કે કામ કરવાને ના પાડે, કે કસુર કરે તો તેનો પાચસે રૂપીઆ સુધી દડ થશે જો દાવાની રકમ અઢીસો રૂપીઆથી ઓછી હોય તો, દાવાની રકમથી બમણા રૂપીઆ દડ થશે, અને ગભીર હકીકત હશે તો તેને વકીલાત કરતો બંધ કરવામા આવશે. જે કોર્ટમા દાવો હોય તે કોર્ટ વકીલને ઉપલી કસુર માટે દડ કરી શકશે.

૫૧. વકીલે, પોતાના અસીલ તરફથી જે હિસાબના કાગળો, કે દસ્તાવેજો મળે તેની લેખી પહોચ આપવી અને તેવા કાગળો જ્યારે અસીલ માગે ત્યારે પાછા આપવા જો નહી આપે તો તેનો રૂ ૧૦૦ સુધી દડ થશે

૫૨ વાદી કે પ્રતીવાદી તરફથી દાવાનુ કામ ચલાવવા માટે, હુકમનામું થતા સુધી અને હુકમનામુ થયા પછી તે ભરપાઈ થાય ત્યા સુધીના કામ માટે વકીલને નીચે પ્રમાણે ફી મળી શકે છે

દાવાની રકમ બે હજારથી વધારે ન હોય તો સેકડે ત્રણ ટકા, અને બે હજારની ઉપર અને દસ હજારની અદર સુધીને માટે સેકડે બે ટકા ફી લેવી દસ હજારની ઉપર અને વીસ હજારની અદર હોય તો સેકડે ૧ ટકો, અને વીસ હજાર ઉપરની રકમ માટે સેકડે અડધો ટકો ફી મળશે અપીલના કામમા પણ ઉપર મુજબ ફી લેવાને તેનો હક છે, ઉપરની ફી કરતા કાઇ ઓછાવત્તી ફી લેવાના ખાસ ઠરાવને આથી કાઇ બાધ આવતો નથી

૫૩ એકથી વધુ વકીલ રોકી શકાય ખરા, પણ એકજ વકીલની ફી કોર્ટ અપાવી શકે છે અસીલ કોર્ટને લેખી અરજી કરીને વકીલાતનામુ પાછુ લઇ શકે પરતુ વકીલે તેના અસીલની સમ્મતિ વગર કે કોર્ટની ખાસ પરવાનગી વગર કામ કરતા બધ થવુ ન જોઇએ

૫૪ વકીલથી જો માદગી કે કોઇ બીજા કારણસર કોર્ટમા હાજર ન થવાય તો તેણે તેની લેખી ખબર કોર્ટને આપવી જોઇએ આ પ્રમાણે લેખી ખબર આપ્યા વગર ગેરહાજર રહેનાર વકીલને સો રૂપીઆ સુધી દડ થશે વકીલ રાજીનામુ આપે, બરતરફ થાય કે ગુજરી જાય તો કોર્ટે યોગ્ય લાગે ત્યા સુધી કામ ચલાવવાનુ મુલતવી રાખવુ

છેક અણીના વખતે વકીલ કામ ઉપાડી મુકે, કે અસીલ પોતાનુ કામ ચલાવી ન શકે કે અવેજી ન મૂકી શકે તો ઇન્સાફની ખાતર કામ મુલતવી રાખવુ

કોઇ વકીલ ફોજદારી ગુન્હાનો તકસીરવાન ઠરે, ખરાબ ચાલનો નીકળે કે પોતાની ફરજ બજાવવામા કસુર કરે તો તે અમુક વખતને માટે કે કાયમને માટે બધ થવાને પાત્ર થશે

૫૬ કોઈપણ વકીલના કૃત્યથી કોઇ પક્ષકારને કાઇ નુકસાન થાય તો તે પક્ષકાર વકીલ સામે નુકસાનીનો દાવો લાવી શકે છે

મૈયત માણસનું લેણું વસુલ કરવા સર્ટીફીકેટ લેવા બાબતનો કાયદો

વારસાના સંબધમા કરજ વસુલ કરવાનુ કામ સરળ કરવા બાબત તથા મૈયત માણસના વારસ વકીલને કરજ ભરનારા પક્ષકારોનુ રક્ષણ કરવુ જે અર્થે યોગ્ય છે તે અર્થે નીચે પ્રમાણે ઠરાવ્યુ છે

૪ પ્રોબેટ અથવા વહીવટ ચલાવવાની સનદ અથવા ૧૮૭૪ ના આડમીનીસ્ટ્રેશન જનરલ આક્ટની ૩૬ તથા ૩૭ મી કલમની રૂયે આપેલા સર્ટીફીકેટ, અથવા રદ થયેલા કોઇ કાયદાની રૂયે આપેલુ અથવા ૧૮૨૭ ના ૮ મા કાયદાની રૂયે આપેલુ સર્ટીફીકેટ રજુ કર્યા વગર મૈયત માણસનુ લેણુ વસુલ કરવા બાબતની અરજી કોઇપણ કોર્ટ સાભળવી નહી, અને હુકમનામું કરવું નહિ.

૫ સર્ટીફીકેટ આપવાની હકુમત ડીસ્ટ્રીકટ કોર્ટને છે

૬ સરટીફીકેટ માટેની અરજીમા મૈયત માણસના મરણની વેળા, તેની રહેવાની જગા, તેના કુટુંબ તથા બીજા પાસેના સગાવહાલાના નામ અને ઠેકાણા, જે હકથી પોતે દાવો કરતો હોય તે હક, સરટીફીકેટ આપવામા હરકત નથી એવો મજકુર, અને કરજ તથા સિકયુરીટી માટે અરજી કરી હોય તે કરજ તથા સિકયુરિટીઓ, એટલી હકીકત આપવી જોઇએ

૭ આવી અરજી આવ્યા ઉપરથી લાગતાવળગતાને નોટીસ આપી નીમેલી તારીખે કામ ચલાવીને અરજદારનો હક સાબિત થાય તો તેને સરટીફીકેટ આપવાનો કોર્ટે હુકમ કરવો જોઇએ

૯ જે માણસને સરટીફીકેટ આપવામા આવે તેની પાસેથી સરટીફીકેટ આપતા પહેલા તારણ માગવાને કોર્ટ મુખત્યાર છે

૧૪ માગેલા સરટીફીકેટ બદલ કોર્ટ ફી સ્ટેમ્પની આપવાની ફી જેટલી રકમ અરજી સાથે અનામત મુકવી જોઇએ

૧૫ આ આકટની રૂએ આપેલુ સરટીફીકેટ આખા બ્રીટીશ ઇન્ડીઆમા ચાલશે

૧૮ સરટીફીકેટ દગલબાજીથી મેળવ્યુ હશે તો હકુમત વાળી કોર્ટે તે રદ કરવુ

૧૯ સરટીફીકેટ આપવાનો ડીસ્ટ્રીકટ કોર્ટ ઇન્કાર કરે તો હાઇકોર્ટમા અપીલ ચાલશે.

૨૨ ગેરકાયદેસર સરટીફીકેટ ધારણ કરનારને શુદ્ધબુદ્ધિથી નાણા આપ્યા હોય તો કાયદેસર છે

સગીરની જાત અને મિલકતના વાલી નીમવા બાબતનો કાયદો.

હિંદુસ્તાનનો સન ૧૮૯૦ નો આકટ ૮ મો.

આ આકટ મુજબ સગીરની જાત અને મીલકતના વાલી નીમવા બાબત નીચે પ્રમાણે ઠરાવ્યું છે

૫ રાણીની વિલાયતી રૈયતની બાબતમા વાલી નીમવાનો અધિકાર બાપ અને માને છે

૭ વાલીપણા વિષે હુકમ કરવાને કોર્ટને અધિકાર છે

૮ સગીરના વાલી થવાની ઇચ્છા રાખનાર તેના સગાની કે મીત્રની, અથવા જે પ્રદેશમા સગીર રહેતો હોય તે ડીસ્ટ્રીકટના કલેકટરની અરજી આવ્યા સિવાય ઉપરની કલમ પ્રમાણે હુકમ કરવો નહિ

૯ અરજી લેવાનો અધિકાર તે સગીર જે ડીસ્ટ્રીકટ કોર્ટની હદમા રહેતો હોય તે ડીસ્ટ્રીકટ કોર્ટને છે

૧૦ અરજીમા સગીરનુ નામ, જાતી, ધર્મ, જન્મની તારીખ, રહેવાનુ ઠેકાણુ, સગીર સ્ત્રી હોય તો તે પરણેલી છે કે કેમ અને છે તો તેના ધણીનું નામ, ઉમર, સગીરની મોલકતનું વર્ણન તથા કીમત અને તે કોના કબજામા છે તે, તેના નજદીકના સગાનું નામ-ઠેકાણુ, અને પોતાને વાલી તરીકે નીમવાનો જે આધાર હોય તે વિગેરે બાબતો લખી નીચે સહી કરી એકરાર કરવો

૧૧ અરજી દાખલ કર્યા પછી કોર્ટે સુનાવણીને દિવસે નક્કી કરી લાગતાવળગતાને નોટીસ આપવી તથા પ્રસિદ્ધ કરવી

૧૨ સગીરને રજુ કરવા બાબત તથા દરમીઆન તેની જાત તથા મીલકતના રક્ષણ સારૂ હુકમ કરવાનો કોર્ટને અધિકાર છે

૧૩ હુકમ કરતા પહેલા પુરાવો સાભળવો જોઇએ

૧૫ એકથી વધારે સહવાલી નીમવા અગર ઠરાવવાને કોર્ટ મુખત્યાર છે, તેમ સગીરના જાતના અને મિલકતના જુદા જુદા વાલી નીમવાનો અથવા ઠરાવવાનો અધિકાર છે

૧૬ કોર્ટની હકુમત બહારની મીલકત માટે, વાલી નીમવા અથવા ઠરાવવા બાબતના હુકમની દાખલાવાળી નકલ રજુ કરેથી તેને યોગ્ય રીતે નીમ્યો છે એમ ગણીને હુકમ અમલમા લાવવો

૧૭ વાલી નીમવામા કોર્ટે વાલીની ચાલ ચલગત, તથા સગીર સાથેના તેના સગપણ બાબત તરફ લક્ષ આપવુ

૧૮ કલેકટરને તેના હુદ્દાની રૂએ વાલી નીમ્યો હોય અગર ઠરાવ્યો હોય ત્યારે, તે હુકમ ઉપરથી વિદ્યમાનકાળે સદરહુ હુદ્દા ઉપર જે સખસ હોય તેને વાલી તરીકે કામ કરવાનો અધિકાર છે

૧૯ કોર્ટ ઓફ વોર્ડસની દેખરેખ નીચે જે સગીરની મીલકત હોય તેની મીલકતનો વાલી તેમજ તેની જાતનો વાલી નીમવાને કોર્ટ ઓફ વોર્ડઝ લાયક હોય તે સગીરની અને પરણેલી સગીર સ્ત્રીનો ધણી વાલી થવાને લાયક હોય તો તે સગીરની જાતનો વાલી નીમવાને કોર્ટને અધિકાર પ્રાપ્ત થતો નથી.

૨૧ કોઇ પણ સગીર પોતાના સ્ત્રી અગર બાળક સિવાય કોઇ પણ સગીરનો વાલી થઈ શકશે નહિ

૨૨ વાલીનું મહેનતાણુ ઠરાવવાને કોર્ટને અધિકાર છે

૨૪ વાર્ડની જાતના વાલીએ વાર્ડની રખવાળી કરવી જોઇએ તેમજ તેના ભરણપોષણ, તંદુરસ્તી, અને કેળવણી તરફ લક્ષ આપવુ જોઇએ

૨૫ વાર્ડ પોતાની જાતના વાલીની રખવાળીમાથી જતો રહે, તો તેને પોતાના વાલીની રખવાળીમા પાછા જવાનો હુકમ કરવાનો કોર્ટને અધિકાર છે

૨૬ કોર્ટે નીમેલા વાલીએ કોર્ટની પરવાનગી સિવાય કોર્ટની હકુમતની હદ બહાર વાર્ડને લઇ જવો નહી

૨૭ વાર્ડની મિલકતના વાલીને મિલકતની વસુલાત, સરક્ષણ અને હીત સબધી જે જે કૃત્ય કરવાને વ્યાજબી લાગે તે તે કૃત્ય કરવાનો અધિકાર છે

૨૮ વાલીને વસીઅતનામાથી અગર બીજા દસ્તાવેજથી નીમ્યો હોય તે પ્રસંગે વાર્ડની સ્થાવર મિલકત ગીરો મુકવાનો અથવા તે ઉપર બોજો નાખવાનો, અથવા વેચાણથી, બક્ષીસથી કે મોબદલાથી બીજાને નામે કરી આપવાનો સદરહુ વાલીનો અધિકાર સદરહુ દસ્તાવેજની મર્યાદાને પાત્ર રહેશે

૨૯ પણ કલેકટર કે વસીઅતનામાથી નીમેલા વાલી સિવાય બીજા સખસને કોર્ટે વાર્ડનો મીલકતનો વાલી નીમ્યો હોય તો, તેણે કોર્ટની પરવાનગી મેળવ્યા સીવાય પોતાના વાર્ડની સ્થાવર મીલકતનો કાઇ પણ ભાગ ગીરો, વેચાણ કે બક્ષીસ આપવો નહિ, તેમ તે ઉપર બોજો નાખવો નહિ અથવા બીજાને નામે કરી આપવો નહિ, અથવા પાચ વર્ષથી વધારે મુદત સુધી તે મીલકતનો કાઇ પણ ભાગ પટે આપવો નહિ

૩૦ ઉપલી બે કલમો વિરૂદ્ધ મીલકત બીજાને નામે કરી આપવી હોય ત્યારે બીજા જે સખસને તેથી નુકશાન થયુ હોય તેની અરજ ઉપરથી તે વ્યવસ્થા રદ થવાને પાત્ર છે એમ સમજવુ

૩૧ ૨૯ મી કલમ મુજબ કાઇ પણ કૃત્ય કરવાની પરવાનગી જરૂરના પ્રસગ સિવાય, અથવા વાર્ડને દેખીતો ફાયદો થતો હોય તે સિવાય બીજે પ્રસંગે આપવી નહિ.

૩૨ વોર્ડની મીલકતનો વહીવટ ચલાવતા કોર્ટનો મત પુછવાનો હક કોર્ટે નીમેલા વાલીને છે મીલકતનો વાલી કોર્ટે નીમ્યો હોય ત્યારે તેણે કોર્ટ માગે તો એક ખત ફરમાવવામા આવે તે પ્રમાણે જામીનો સાથે અગર તે વગર લખી આપવુ અને તેમા વાર્ડની મીલકતનો બરાબર હીસાબ આપવાની કબુલત કરવી જોઇએ, અને પોતાને નીમે તે તારીખથી છ મહિનાની અદર વાર્ડની મીલકત જે પોતાને મળી હોય તેનું એક પત્રક કોર્ટને આપવુ જોઇએ.

૩૯ પોતાના ટ્રસ્ટનો ગેરઉપયોગ કરવા માટે કસુર કરવા બદલ, વાર્ડની સભાળ લેવામા ગફલત કરવા બદલ. દેવાળુ કાઢવા બદલ, અથવા વાલીપણુ બધ પડવાથી, વાલીને દુર કરવાનો કોર્ટને અધિકાર છે

૪૦ વાલી પોતાના હુદ્દાનુ રાજીનામુ આપેથી તેને છુટો કરવો

૪૧ મરણ પામેલા, છુટા કરેલા અથવા દુર કરેલા વાલીની જગાએ બીજો વાલી નીમવાનો કોર્ટને અધિકાર છે

૪૪ કોર્ટે નીમેલો વાલી ૨૬ મી કલમ વિરૂદ્ધ વાર્ડને કોર્ટની હકુમતની હદમાથી ખસેડશે તો એક હજાર રૂપીઆ સુધી દડ અથવા છ મહીના સુધી દીવાની તુરગમા કેદની શિક્ષાને પાત્ર થશે

૪૫ જેના હવાલામા સગીર હોય તે સગીરને ૧૨ મી કલમ પ્રમાણે હાજર કરવાને, અથવા તેનો ૨૫ મી કલમ પ્રમાણે વાલીની રખવાળીમા પાછા જવાને ફરજ પાડવામા કસુર કરે અથવા ૩૪ મી કલમ

મુજબ પત્રક આપવામા અથવા હીસાબ બતાવવામા કસુર કરે અથવા પોતાની પાસે નીકળતું લેણુ કોર્ટમા ભરવાને કસુર કરે અથવા વાલીપણુ બધ થવાથી હીસાબ અથવા મીલક્ત સ્વાધીન કરવામાં કસુર કરે તો સદરહુ સખસ કોર્ટના હુકમથી ૧૦૦ રૂપીઆ સુધી દડને પાત્ર થશે અને જ્યા સુધી હુકમ ન માને ત્યા સુધી દરેક દીવસનો દશ રૂપીઆ સુધી દડ આપવાને પાત્ર થશે દડની રકમ પાચસોથી વધારે થવી ન જોઇએ અને તેમ કરવાને જ્યા સુધી કબુલ ન કરે ત્યા સુધી તે દિવાની તુરગમા રહેવાને પાત્ર થશે

૪૭ ડીસ્ત્રીકટ કોર્ટે વાલી નીમવા બાબત અથવા નીમવાની ના પાડવા બાબત ૭ મી કા મુજબ વાર્ડને વાલીની રખવારીમા પાછા જવા ફરમાવવા બાબત ૨૫ મી કલમ મુજબ, ૨૬ મી કલમ મુજબ કોર્ટની હકુમતની બહાર વાર્ડને ખસેડવાની પરવાનગી ન આપવા બાબત, ૨૮ મી અથવા ૨૯ મી કલમ મુજબ કોઇ કામ કરવાને વાલીને પરવાનગી ન આપવા બાબત, વાલીને દુર કરવા બાબત ૩૯ મી કલમ મુજબ, ૪૯ મી કલમ મુજબ વાલીને છુટો કરવાની ના પાડવા બાબત, અને ૪૪ મી અથવા ૪૫ મી કલમ મુજબ શિક્ષા કરવા બાબત હુકમ કર્યો હશે ત્યારે તે હુકમ ઉપર હાઇકોર્ટમા અપીલ ચાલશે

મુંબઇનો કોર્ટ ઓફ વોર્ડસ આકટ.

સન ૧૯૦૫ નો આકટ નંબર ૧.

૩ ૧૨ મી કલમના ઠરાવોને પાત્ર, કમીશનર કોર્ટ ઓફ વોર્ડસ છે એમ સમજવુ પણ ગવર્નર ઇન કાઉન્સિલ કમીશનરને બદલે કોઇ ખાસ અમલદારની કોર્ટ ઓફ વોર્ડસ તરીકે નીમણુક કરવાને મુખત્યાર છે

૪ ના લાયક થયેલા જમીન ધારણુ કરનારની મીલકતની દેખરેખ ગવર્નર ઇન કાઉન્સીલની પ્રથમ સમતી લઇને કોર્ટ ઓફ વોર્ડસે પોતાને સ્વાધીન લેવી

૫ સગીર, ડીસ્ત્રીકટ કોર્ટે જે સ્ત્રીઓને પોતાની મીલકતનો કારભાર કરવાને નાલાયક ઠરાવી હોય તે સ્ત્રીઓ, જે સખસ શારીરિક કે માનસિક ખોડને લીધે, અશકતતાને લીધે, અથવા જે ટેવથી તેમની મિલકતને ઇજા થવાનો સભવ હોય એવી ટેવને લીધે પોતાની મીલકતનો વહીવટ કરવાને નાલાયક છે એમ ડીસ્ટ્રીકટ કોર્ટ ઠરાવે તે સખસો, અને દિવાની કોર્ટ ઠરાવે તે ગાડા સખસો, ૪ થી કલમના કારણુ સારૂ નાલાયક છે એમ સમજવુ

૬ જ્યારે સરકારી અમલદારને વાલી નીમવામા આવે ત્યારે તેણે તે વાત કોર્ટ ઓફ વાર્ડસને જાહેર કરવી, અને પછી તે કોર્ટે તે સગીરની મીલકતની દેખરેખ ગવર્નર ઇન કાઉન્સીલને અગાઉથી સમતિ લઇને પોતાને સ્વાધીન લેવી

૭ સરકારી અમલદાર સિવાય બીજા જે સખસને વસીઅતનામાની રૂએ અથવા બીજી રીતે વાલી નીમવામા આવ્યો હોય તે પ્રસગે ડીસ્ટ્રીકટકોર્ટની સમતી વગર સગીરની જાતની તથા મિલકતની દેખરેખ કોર્ટ ઓફ વાર્ડસે પોતાને સ્વાધિન લેવી નહિ.

૮ અવિભકત હિદુ કુટુબના સઘળા ભાગીદારો નાલાયક હોય તો મિલકતની દેખરેખ કમીશનર લઈ શકે છે

૯ ગવર્નર ઇન કાઉન્સીલ જમીન ધારણુ કરનારની અરજી ઉપરથી કોર્ટ ઓફ વાર્ડસને દેખરેખ સ્વાધિન લેવાનુ ફરમાવવાને મુખત્યાર છે

૧૦ જ્યારે કલેકટરને એવી ખબર મળે કે ૫ મી કલમ મુજબ અમુક જમીન ધારણુ કરનાર, અથવા તે મરી જવાથી તેનો વારસ નાલાયક થયો છે ત્યારે તેણે ડીસ્ટ્રીકટ કોર્ટને તેની મીલકત કોર્ટ ઓફ વાર્ડસને તાબે લઇને રક્ષણ કરવા સારૂ હુકમ કરવાને અરજી કરવી, તે ઉપરથી ડીસ્ત્રીકટ કોર્ટે પોતાને યોગ્ય લાગે તેવો કોર્ટ ઓફ વાર્ડસને હુકમ કરવો

૧૧ જ્યારે ૫ મી કલમ પ્રમાણે નાલાયક થયેલા જમીન ધારણ કરનારની મિલકત ઉપર દેખરેખ રાખવાનુ કામ કોર્ટ ઓફ વાર્ડસ પોતાને સ્વાધિન લે ત્યારે તેની જાત ઉપર દેખરેખ રાખવાનુ કામ ગવર્નર ઈન કાઉન્સીલની મજુરી લઇને પોતાને સ્વાધન લેવાનો અધિકાર છે

૧૩ દેખરેખ સ્વાધિન લીધાની વાત તથા મજુરીની તારીખ ગેઝીટમા પ્રસિદ્ધ કરવી, એવી દેખરેખ સરકારના વાર્ડની સઘળી મિલકત ઉપર રાખવી જોઈએ.

૧૪ સરકારના વાર્ડ સામે જેમના દાવા હોય તેમને ૭ મહીનાની અદર તે દાવા રજુ કરવા સારુ; એક નોટીસ ગેઝીટમા પ્રસિદ્ધ કરવી

૧૫ દાવાની પુરેપુરી વીગત તથા દસ્તાવેજ રજુ કરવાનુ દાવાદારને ફરમાવવાને કોર્ટ ઓફ વાર્ડસને અધિકાર છે

૧૬ સદરહુ દાવાની તપાસ ચલાવી કોર્ટ ઓફ વાર્ડસને નીકાલ કરવો

૧૮ સરકારના વોર્ડનું કરજ તથા દેવુ, એટલું બધુ વધી ગયુ હોય કે તેમાથી મુકત થવા સરખુ ન હોય તો તેની જાત તથા મીલકત ઉપરની કોર્ટ ઓફ વોડસની દેખરેખ કહાડી નાખવામા આવશે

૧૯ કોર્ટ ઓફ વોર્ડસની ગવર્નર ઇન કાઉન્સિલની મજુરી લઇને પોતાનો અધિકાર કલેક્ટરને અથવા આસીસ્ટટ કે ડેપ્યુટી કલેક્ટરને સોપેલા અધિકાર પાછા ખેચી લેવાને મુખત્યાર છે, અને તેઓ પોતાને મળેલા અધિકાર મહાલકરીનાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા મુલકી અમલદાર મારફત ચલાવવાને મુખત્યાર છે

૨૦ કોર્ટ ઓફ વોર્ડસ મેનેજર નીમવાને મુખત્યાર છે

૨૧ આ દરેક મનેજર અથવા બીજો નોકર હિદુસ્તાનના ફોજદારી કાયદાનો ૯ મા ભાગના અર્થ પ્રમાણે સરકારી નોકર છે એમ સમજવુ સદરહુ મેનેજરોએ જમીન સહીત તારણ આપવુ જોઇએ

૨૨ કોર્ટ ઓફ વાર્ડસને વાર્ડની જાતની સભાળ લેવા સારૂ વાલી નીમવાનો અધિકાર છે

૨૩ મિલકતની યોગ્ય સભાળ તથા વહીવટ સારૂ સઘળુ કામ કરવાનો અધિકાર છે.

૨૪ વોર્ડની રખવાળી, રહેઠાણ તથા સગીર હોય તો તેના શિક્ષણ બાબત યોગ્ય હુકમ કરવાને કમિશનર મુખત્યાર છે

૨૫ વોર્ડના તથા તેના કુટુબના ખર્ચની રકમ કેટલી આપવી તે કોર્ટ ઓફ વાર્ડસે ઠરાવવી

૨૬ કોર્ટ ઓફ વાર્ડસે અથવા મેનેજરે વાર્ડની મીલકતનો વહીવટ પ્રમાણીક પણે જાતે તે પોતાની હોય તે પ્રમાણે કરવા.

૨૭ કોર્ટ ઓફ વોર્ડસ તે વોર્ડના હિતાર્થે સરકારના વાર્ડની સઘળી અથવા થોડી મીલકત ગીરો અથવા ગણોતે આપવાને કે તેનો કોઇ પણ ભાગ વેચવાને કે અદલાબદલી કરવાને મુખત્યાર છે દશ વર્ષ સુધીના ગણોતપટા માટે મજુરીની જરૂર નથી, પણ સ્થાવર મીલકતના ગીરો વેચાણ માટે ગવર્નર ઈન કાઉન્સીલની મજુરી જોઇએ મિલકતના ૪ થા ભાગથી વધારે વેચાણ કે અદલાબદલી કરવો નહિ.

૨૮ કોર્ટ ઓફ વાર્ડસ જે માણસનો કબજો કરવાનો હક પુરો થયો હોય તેને લેન્ડ રેવન્યુ કોડની ૨૬૨ મી કલમ મુજબ કહાડી મુકવાને મુખત્યાર છે

૨૯ પોતાની દેખરેખ હેઠળની મીલકતની ગણોતની ચડેલી બાકી કલેકટરના હુકમની રૂયે જમીન મહેસુલની ચડેલી બાકી વસુલ કરવાને કોટ ઓફ વાર્ડસને અધિકાર છે

૩૦ દેખરેખ હેઠળની મીલકત ચ્હડી ગયેલી જમીન મહેસુલની બાકી માટે વેચી શકાશે નહિ

૩૧ વાર્ડની સામેની ફરીઆદ નોટીસ આપ્યા પછી બે મહિનાની અદર દીવાની કોર્ટમા આણવી નહિ.

૩૨ સરકારના વોર્ડોએ કરવાની અથવા તેમની સામે કરવામા આવે તે ફરીઆદમા કોર્ટ ઓફ વોર્ડસ અથવા તેનો મેનેજર ઇષ્ટમિત્ર અથવા વાલી થઇ શકે

૩૪ સરકારના વોર્ડ ઉપરની પ્રોસેસો ઇષ્ટમિત્ર અથવા વાલી ઉપર બજાવવી

૩૫ કોર્ટ ઓફ વોર્ડની ઉપર પ્રોસેસો ઇષ્ટમિત્ર અથવા વાલીએ વોર્ડની વતી ફરીઆદ કરવી નહિ

૩૭ કોર્ટ ઓફ વોર્ડસની સમતિ શિવાય સરકારનો વોર્ડ પોતાની મીલકત ઉપર કોઇ પણ બોજો ઉત્પન્ન કરવાને નાલાયક છે.

૩૮ સરકારના વોર્ડ કોઈ પણ વસીઅતનામુ સરકારની સંમતિ સીવાય કરવુ નહિ

૩૯ જે મિલકત દેવામાથી મુકત થઇ હોય તેની દેખરેખ કોર્ટ ઓફ વોર્ડસે પાછી ખેચી લેવી તેમ ૫ મી કલમ પ્રમાણે એવો નાલાયક થયેલો સખસ પોતાની મીલકતનો વહીવટ કરવાને લાયક થાય કે તરત કોર્ટ ઓફ વોર્ડસે પોતાની દેખરેખ પાછી ખેચી લેવી પણ ૫ મી કલમ પ્રમાણે એવો નાલાયક થયેલો સખસ પોતાની મીલકત પાછી મળે ત્યાર પછી કલેકટરની સંમત લીધા વગર એવી મીલકત ઉપર કંઈ પણ બોજો પોતાની હયાતી કરતા વધારે મુદત સુધી ઉત્પન્ન કરવાને લાયક થશે નહિ

૪૧ એવી દેખરેખ પાછી ખેચી લેતા પહેલા સગીરની જાત તથા મીલકતનો વાલી નીમવા તે કોર્ટ ઓફ વોર્ડસને અધિકાર છે

૪૨ દેખરેખ પાછી ખેચી લીધાની વાત ગેઝીટમા પ્રસિદ્ધ કરવી

૪૩ આ આકટની રૂએ ડીસ્ટ્રીકટ કોર્ટે કરેલા હુકમ સિવાયના દરેક હુકમ ઉપર અપીલ ચાલશે

સ્મોલકોઝ કોર્ટ આકટ.

સને ૧૮૮૭ નો આકટ નંબર ૯ (ઇંડીઆ)

૧૫ આગળ બીજા પરિશિષ્ટમા બતાવેલી ફરિયાદો સિવાય સઘળી દીવાની ફરિયાદો જેની કીમત પાચસે રૂપીઆથી વધારે ન હોય તેવી ફરીયાદો સ્માલકોઝ કોર્ટથી સાભળી શકાશે ૧ હજાર રૂપીઆથી વધારે ન હોય એવી ફરિયાદો સાભળવાનો અધિકાર સ્થાનિક સરકાર તે કોર્ટને આપી શકે છે

૧૬. સ્માલકોઝ કોર્ટથી સાભળી શકાય તેવી ફરિયાદોનો ઇન્સાફ તે કોર્ટની હદમા બીજી કોઈ પણ કોર્ટે કરવો નહિ

૧૭ આ આકટમા ઠરાવ્યુ હોય તે સિવાય સ્માલકોઝ કોર્ટે આ આકટના ઠરાવો પ્રમાણે કરેલું હુકમનામુ અથવા હુકમ આખરનો છે એમ સમજવુ

પરિશિષ્ટ ૨

સ્માલકોઝ કોર્ટને નીચે લખેલી ફરિયાદો સાભળવાનો અધિકાર નથી

૧ સરકારે, કોર્ટે કે કોઇ સરકારી અમલદારે પોતાના હુદ્દાનુ કામ બજાવતા કાંઇ કૃત્ય કર્યું હોય તે સબંધી ફરીઆદ

૨ સ્થાવર મીલકતનો કબજો લેવા વહેચણ કરવા, ગીરો હક છોડાવવા, ભાડુ આકારવા, વસુલ કરવા અને બીજા કોઇ હક નક્કી કરવાની ફરીયાદો

૩ વંશપરપરાના હુદ્દાના હક્ક સબંધના કબજા બાબત, તેમજ તેની નીમણુંક આપવાની ફરીયાદો.

૪ ૧૮૭૦ ના જમીન લેવા બાબતના આકટ મુજબ આપેલા નુકશાનીના બદલામાથી તેનો કોઇ પણ ભાગ વસુલ કરવા બાબત

૫ કરાર પુરો કરવા અથવા રદ કરવા બાબતની, દસ્તાવેજ દુરસ્ત કરવા કે છેકી નાખવા બાબત

૬ તાકીદ મેળવવા બાબત

૭ ટ્રસ્ટ બાબત

૮ સ્થાપીત કરવાનુ હુકમનામુ મેળવવા બાબત

૯ કોર્ટે કે રેવન્યુ અધિકારીએ કરેલી જપ્તી, વેચાણ કે ગીરો વીગેરે રદ કરવા બાબત

૧૦ દિવાના વાદીએ બીજાને નામે કરી આપેલી મિલકત બાબત

૧૧ નિવેડા બાબત–તકરાર કરવા સારૂ

૧૨ પરરાજ્યના ફેસલા ઉપર અથવા બ્રિટીશ ઇંડીઆમા મેળવેલા ફેસલા ઉપર

૧૩ સી પ્રો કોડની ૭૩ મી કલમ પ્રમાણે અયોગ્ય રીતે વહેચી આપેલો અવેજ પાછો મળવા બાબત

૧૪ મૃત્યુપત્ર કે વહીવટ ચલાવનારે વસીઅતનામાની રૂએ આપેલું દાન કે અવેજ પાછો અપાવવા બાબત

૧૫ મરનાર માણસની માલમીલકત બાબત.

૧૬ પત્નાળા બાબત.

૧૭ મીલકતનો હિસાબ લેવા બાબત અને વહિવટ કરવા બાબત.

૧૮ વીમાના ખત ઉપર આપેલું પ્રીમીઅમ પાછુ લેવા સારૂ

૧૯ નુકશાનીનો બદલો મળવા બાબત

૨૦ મહેર બાબત મુસલમાને કરવાની ફરીઆદ

૨૧ લગ્નના હક પાછા મળવા, બાયડી પાછી લેવા, છુટાછેડા કરવા અને સગીરના કબજા બાબત.

૨૨ ખોરાકી પોષાકી બાબત

૨૩ જમીન મહેસુલની બાકી વિગેરે આપવાની ફરીયાદ

૨૪ કુટુંબના હીસાબે આપેલી રકમમાંથી ફાળો મળવાની ફરીઆદ

૨૫ ગીરો મિલકત છોડાવવા સારૂ આપેલા પૈસાના સંબંધમા ફાળો મળવા બાબત.

૨૬ જમીન મહેસુલની બાકી બાબત રેવન્યુ અધિકારીએ કરેલા દાવાનો નીકાલ કરવા સારૂ તકરાર કરીને પૈસા આપ્યા હોય તે પાછા લેવા બાબત સરકાર ઉપર ફરીઆદ

૨૭ કાયદેસર જે ફરિઆદ સાંભળવાની મના હોય એવી તમામ ફરીયાદો

વારસાનું સરટીફીકેટ લેવા બાબતનો એકટ.

સને ૧૮૨૭ નો આકટ ૮ મો (મુંબાઇ)

૧ મરનાર માણસનો કોઇ વારસ હોય અને તકરાર ન હોય તો તેણે જીલ્લા કોર્ટની રજા લીધા વગર મરનારની મીલકતનો વહીવટ કરવો

૨ પણ બે કે ત્રણ માણસ તે મીલકત ઉપર હક રાખતા હોય તો લોકોને વિશ્વાસ આવવા સારૂ ડીસ્ટ્રીકટ કોર્ટને સરટીફીકેટ લેવા અરજ કરવી, કોર્ટે અરજી લીધા પછી એક મુદત ઠરાવી તે બાબતનું જાહેરનામું કાઢવુ

૩ મુદતે તપાસ ચલાવી કોઇને તકરાર ન હોય તો સરટીફીકેટ આપવુ

૪ પણ જો કોઇ સરટીફીકેટ ન આપવાનુ કારણ મુદતે બતાવે અને તે સાબાત થાય તો સરટીફીકેટ આપવુ નહિ

૫ સરટીફીકેટ આપતા પહેલા મૃત્યુપત્ર ખરૂ કરવુ, પછી કોરટે તે મૃત્યુ પત્રની પીઠ ઉપર સરટી-ફીકેટ લખવુ.

૭ જેને સરટીફીકેટ આપ્યું હોય તેજ વારસ સમજવો

૯ મરનારની મિલકતના ઘણા વારસ હોય તો વારસ નક્કી થતા સુધી કોરટે વહિવટ કરનાર ઠરાવવો.

૧૦ કોઇ માણસ મૃત્યુપત્ર કર્યાં વગર મરી ગયો હોય અને તેનો વારસ કોણ છે તે જણાતું ન હોય તો કોરટે વહીવટ કરનાર ઠરાવવો, અને તે બાબત જાહેરનામુ કાઢવુ અને જો કોઇ માણસ હાજર થઇ પોતે વારસ છે એવુ સાબીત કરે તો, વહીવટ કર્યાનો ખર્ચ મજરે લઇ મીલકત તેને હવાલે કરવાનો હુકમ કરવો

ટીકા—વારસાનું સરટીફીકેટ સગીરને આપી શકાતું નથી.

હીંદુ વિધવાના પુનર્લગ્ન બાબતનો એકટ. (ઇંડિઆ)

સન ૧૮૫૬ નો ૧૫ મો.

૧ હિંદુમા લગ્ન થયા પછી કોઇ સ્ત્રી ફરીથી લગ્ન (પુનર્લગ્ન) કરે તો તે કાયદા વિરૂદ્ધ છે, તથા તે લગ્નથી ઉત્પન્ન થએલી પ્રજા અનૌરસ છે એમ સમજવુ નહિ

૨ કોઇ વિધવાનુ ગુજરાન ચાલવા વગેરેનો પોતાના મૈયત ધણીની માલમીલકત ઉપરનો તેનો તમામ હક તે મરી જાય અને જે પ્રમાણે બંધ થાય તેવીજ રીતે તેનુ પુનર્લગ્ન થયુ એટલે બધ થશે, અને મરનારના બીજા જે સગાનો હક પહોચતો હશે તે તે મિલકતનો ધણી થશે

૩ મરનાર માણસની વિધવા સ્ત્રી પુનર્લગ્ન કરે અને તેના છોકરાનુ પાલણ પોષણ કરવા સારૂ કોઇને નીમ્યો ન હોય તો, તેમનુ પાલણ પોષણ કરવા સારૂ યોગ્ય માણસ નીમવાને ડીસ્ટ્રીક્ટ કોર્ટને અરજી કરવાનો, તેના મરનાર ધણીના બાપને, વડવાને, માને, બાપની માને અથવા હરકોઇ કુટુબીને છે, અને તે ઉપરથી તેનો વાલી નીમવાને કોર્ટને અધિકાર છે

૪ કોઇ વિધવા સ્ત્રી સતાન રહિત હોય તે સબબથી તેના ધણીની માલ મીલકત ઉપર તેનો દાવો ચાલશે નહિ

૫ પાછલી કલમમા ઠરાવ છે તે સિવાય કોઇ વિધવા સ્ત્રીનો કોઇ માલ મિલકત ઉપર દાવો હશે તો તેનો પુનર્વિવાહ થયાના સબબથી ડુબશે નહિ અને તેનું પહેલીવારનુ લગ્ન હોત તો વારસા બાબત તેનો જેવો હક ચાલત તેવોજ હક ચાલશે

૬ પ્રથમનુ લગ્ન જે શબ્દોના ઉચ્ચારથી કે વિધીથી, કરારથી કાયદેસર ગણાય છે તેજ શબ્દોના ઉચ્ચાર અથવા વિધિ અથવા કરાર હીંદુ વિધવાના લગ્ન સમયે કર્યાથી તે પુનર્વિંવાહ કાયદેસર થાય છે એમ સમજવુ

૭ પુનર્વિંવાહ કરનારી વિધવા સ્ત્રી સગીર હોય અને તેનો પોતાનો પહેલો વર સાથે સમાગમ ન થયો હોય તો તે સ્ત્રીએ પોતાના પિતા કે માતા વગેરે નજીકના કુટુબીની અનુમતિ વગર પુનર્વિવાહ કરવો નહિ, અને કરશે તો તે રદ કરવાને તેમજ તેવાને જાણી જોઇને જે મદદ કરશે તેને એક વર્ષ સુધીની કેદની અથવા દડની અથવા એ બેઉની શીક્ષા કરવાને ઇન્સાફની કોર્ટને અધિકાર છે પણ વરની સાથે સમાગમ થયા પછી લગ્ન રદ થશે નહિ. સ્ત્રી પુખ્ત ઉમરની હોય અને તેનો વરની સાથે સમાગમ થયો હોય તો તેનો પુનર્વિવાહ કાયદાસર થવાને તેનીજ અનુમતી બસ છે એમ સમજવુ

પારસી લોકોનાં લગ્ન તથા તલાક બાબતનો કાયદો.

સને ૧૮૬૫ નો આક્ટ ૧૫ મો. [ઇંડીઆ]

૨ અધ્યારૂ એ શબ્દમા દસ્તુરનો તથા મોબેદનો સમાસ થાય છે

પારસી લોકોનાં લગ્ન બાબત.

૩ આ આક્ટ ચાલુ થયા પછી જે લગ્ન થાય તે હકદાર ગણવા પણ જે લગ્ન લોહીના ખેશીપણાના તથા લગ્નના ખેશીપણાના સબબને લીધે વરવહુને બીજા સાથે સગપણ હોય તો તે લગ્ન તેમજ લગ્ન કરાવનાર અધ્યારૂ સિવાય બીજા બે પારસી સાક્ષીઓની હજુરમા તે અધ્યારૂએ પારસીઓમા ચાલતી "આશિર્વાદ" ની ક્રીયા કરીને લગ્ન કરાવ્યા નહિ હોય તો તે લગ્ન, અને જે જરથોસ્તી પુરૂષ અથવા સ્ત્રીની ઉમર ૨૧ વર્ષથી ઓછી હોય ત્યારે તેઓના બાપ અથવા વાલીની પરવાનગી મેળવ્યા સિવાય તેઓના લગ્ન થાય તો તે હકદાર ગણવા નહિ.

૪ કોઈ પારસીએ પોતાની ઓરતની હયાતીમા અથવા પારસણે પોતાના ખાવદની હયાતીમા કોર્ટના ઠરાવથી તલાક મેળવ્યા વગર લગ્ન કરવા નહી, કરશે તો તે રદ બાતલ છે

૫ અને ઉપલી કલમ વિરૂદ્ધ જે સખસ લગ્ન કરશે તેને ઇ૦ પી૦ કો૦ કા૦ ૪૯૩ મી અને ૪૯૫ મી કલમ મુજબ શિક્ષા થશે.

૬ લગ્ન થયા પછી તાબડતોબ અધ્યારૂએ તે બાબતનો એક દાખલો આપવો.

૮ તે દાખલા ઉપર તે અધ્યારૂએ તથા ધણીધણીઆણીએ અને તે સગીર હોય તો તેમના વાલીએ

અને લગ્ન વખતે હાજર હોય તે બે સાક્ષીઓએ પોતાની સહીઓ કરવી, પછી તે અધ્યારૂએ તે દાખલો બે રૂપીઆ ફી સાથે તે ઠેકાણાના રજીસ્ટ્રાર પાસે મોકલવો, રજીસ્ટ્રારે તે દાખલો નોધવો અને લગ્નની નોધ સરવે લોકોને જોવા સારૂ ઉઘાડી રાખવી અને જે ધણી તેની નકલ માગે તેને બે રૂપીઆ ફીના લઇને નકલ આપવી.

૯ ૪ થી કલમ વિરૂદ્ધ જે અધ્યારૂ જાણી જોઇને લગ્ન કરાવશે તેને છ મહીના સુધી આસાનકેદની અથવા બસે રૂપિયા સુધી દંડની અથવા એ બેઉ શિક્ષા થશે.

૧૦ છઠી કલમમા કહેલી વાતો કરવાની અધ્યારૂ ગફલત કરશે તો તેને ત્રણ મહીના સુધી આસાન કેદની અથવા સો રૂપિઆ સુધી દંડની અથવા એ બેઉ શિક્ષા થશે

૧૧ આવા દાખલા ઉપર જે બીજા માણસો સહી તથા સાહેદી નહિ કરશે, તો તેઓને એવા દરેક ગુનહા બદલ સો રૂપીઆ સુધી દંડ થશે

૧૨. સદરહુ દાખલો જે માણસ જાણી બુજીને ખોટો કરી આપશે અથવા તે ઉપર સહી કે સાહેદી કરશે તેને ઇ પી. કોડની ૩૬૬ મી કલમ મુજબ શિક્ષા થશે

૧૩. કોઇ રજીસ્ટ્રાર ૭ મી કલમ પ્રમાણે દાખલો નોધવાને ચુકશે તો તેને એક વર્ષ સુધી આસાન કેદની અથવા એક હજાર રૂપિઆ સુધી દંડની અથવા એ બેઉની શિક્ષા થશે

૧૪ કોઈ માણસ સદરહુ રજીષ્ટરનો કાંઈ ભાગ સંતાડશે, નાશ કરશે અથવા બદદાનતથી તેમા ફેરફાર કરશે તો તેને બેમાના ગમે તે પ્રકારની બે વર્ષ સુધીની કેદની અને જો તે રજીસ્ટર હશે તો તેને પાંચ વર્ષ સુધીની કેદની અને પાચસે રૂપિયા સુધીની દંડની શિક્ષા થશે

લગ્ન બાબતના મુકદમાની કોર્ટ વિષે.

૧૫ આ આક્ટ પ્રમાણે મુકદમાની તજવીજ કરવા સારૂ કલકત્તા, મદ્રાસ અને મુબઇ એ દરેક ઇલાકાના મુખ્ય શહેરમાથી અકેકી વિશેષ કોર્ટ સ્થાપવી,

૧૬ અને તેને પારસી લોકોના લગ્ન બાબતના મુકદમાની મુખ્ય કોર્ટ કહેવી, હાઇકોર્ટના ચીફ જસ્ટીસે અથવા તે કોર્ટના બીજા જે જડજને નીમે તે જડજે તે કોર્ટના જડજનુ કામ ચલાવવુ, અને ઇનસાફ કરવામા ૧૧ પ્રતિનિધીની મદદ મળશે,

૧૭ ઇલાકાના મુખ્ય શહેરો સિવાય જે ઠેકાણે ઉપર કહ્યા પ્રમાણે જે કોર્ટો સ્થાપી હોય તેને જીલ્લા કોર્ટ કહેવી, અને સદરહુ ઠેકાણે અસલ દીવાની ફરીઆદ લેવાની હકુમતવાળી મુખ્ય કોર્ટનો જે જડજ હોય તેજ એ કોર્ટનો જડજ છે એમ સમજવુ, તેનો ઇન્સાફ કરવામા સાત પ્રતિનિધીની મદદ મળશે

૨૧. આ આક્ટના કારણ સારૂ પ્રતિનિધી નીમવા તે પારસી હોવા જોઇએ અને હાઇકોર્ટના મામુલ હકૂમતની સ્થળ સીમામા તેઓની સંખ્યા ત્રીશ કરતા વધારે નહી જોઇએ અને બહારના જીલ્લામા વીસ કરવા વધારે નહી જોઇએ.

૨૨ પ્રતિનિધીની નીમણુક હયાતી સુધી કરવી, પણ જો તે મરણ પામે, હુદ્દાનુ રાજીનામુ આપે, નાલાયક થાય અથવા તેના ઉપર કોઇ ફોજદારી ગુન્હો સાબીત થાય તો તેની જગાએ બીજા કોઇ પારસીને પ્રતિનિધી નીમવાનો અધિકાર સરકારને છે

૨૩ આ પ્રતિનિધીઓને ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે સરકારી નોકર સમજવા.

૨૪. ૧૬ મી અને ૧૭ મી કલમ પ્રમાણે પ્રતિનિધી પસંદ કરવા. અને ૨૧ મી કલમ પ્રમાણે નીમેલા પ્રતિનીધીઓમાથી જડજના હુકમ મુજબ પાળી પ્રમાણે નીમવા

૨૬ પ્રતીવાદી જે કોર્ટની હદમા રહેતો હોય તે કોર્ટને ફરીઆદ કરવી, અને જો તે બ્રિટીશ ઇંડીઆમાથી ગયો હોય તો છેવટે જે ઠેકાણે તે રહેતો હોય તે ઠેકાણાની કોર્ટમા, તે ફરીઆદ કરવી.

લગ્ન બાબતના મુકદમા વિષે.

૨૭ કોઇ પારસી અથવા પારસેણ લગ્નની વખતે દીવાની અથવા ગાંડાની અવસ્થામાં હતી અને હજુ તે જારી છે એ બાત સાબીત થયેથી લગ્ન રદ બાતલ કે નિરર્થક ઠરાવવાનો અખત્યાર છે, પણ લગ્નનો પ્રતિવાદી દીવાનો છે એ વાદીએ જાણ્યામાં હોય તો આ કલમ પ્રમાણે ફરીઆદ કરવી નહિ.

૨૮ વળી હરકોઇ સ્વાભાવિક કારણને લીધે જે લગ્નની પુર્ણતા થઇ શકતી નહી હોય તો તે લગ્ન ફરીઆદ કર્યેથી રદ બાતલ ઠરાવવાનો અધિકાર છે

૨૯ કોઇ પુરૂષ પોતાની સ્ત્રીથી અથવા સ્ત્રી પોતાના પુરૂષથી સાત વર્ષની મુદત સુધી લાગલાગટ દુર ગેરહાજર રહે અને ત્યાસુધી તેમની હયાતી વિષે કશી ખબર ન મળે તો તે પુરૂષ અથવા સ્ત્રીની દરખાસ્તથી તેના લગ્ન ભાગવાનો અધિકાર છે

૩૦ લગ્ન થયા પછી પોતાની ઓરતની બદફેલીના સબબથી તલાક મળવાને પુરૂષ ફરીઆદ કરી શકે છે, અને લગ્ન થયા પછી પરણેલી અથવા વગર પરણેલી સ્ત્રી જે વેશ્યા નહિ હોય તેની સાથે છીનાળુ કરવાની અથવા જીવતી બાયડી ઉપર બીજી બાયડી કરીને તેની સાથે બદફેલી કરવાની અથવા બદફેલી કરીને ધાતકીપણાથી તેને મારકુટ કરવાની, અથવા બદફેલી કરી બે વર્ષ અથવા તેથી વધારે મુદત જાણી જોઇને તેને તજી મૂકવાની, અથવા જબરદસ્તીથી તેની સાથે સભોગ કરવાની, અથવા સૃષ્ટીક્રમ વિરૂદ્ધ સંભોગ કરવાની તકસીરમા પોતાનો ધણી આવ્યો છે એવા સબબથી હરકોઇ સ્ત્રીને પોતાના લગ્ન ભાગીને તલાક મળવા ફરીઆદ કરવાને અધિકાર છે જે માણસની સાથે બદફેલી (છીનાળુ) કર્યાનું કહેતા હોય તેને સહ પ્રતીવાદી, વાદીએ કરવો અને ધણીએ ફરીઆદી કરી હોય તે બદફેલી કરનાર ફરીઆદીનો સઘળો અથવા થોડો ઘણો ખર્ચ આપવો એવો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

૩૧ જો ખાવદ પોતાની ઓરતની સાથે ધાતકીપણાથી ચાલ ચલાવે, માર મારે, મરદની ચાલને લીધે તેનો જાન ધાસ્તીમા રહે, તેના શરીરને ઇજા પહોચે, એવી તે ધાસ્તી રાખતી હોય, અથવા તેનો ખાવદ હરકોઇ વેશ્યાને ઉઘાડી રીતે પોતાની ઓરતના ઘરમા લાવે, અને રાખે તો તે ઓરતને ઇન્સાફની રીતે જુદી રહેવાનો દાવો કરવાનો હક છે

૩૨ આવી ફરીઆદમા કોર્ટની ખાત્રી થાય કે ફરીઆદમા લખેલી બીના ખરી છે, તથા તેમા જણાવેલા અપરાધ માફ કીધો નથી અને તે મરદ તથા ઓરત સપ કરીને તલાક લેવા આવ્યા નથી, અરજદારે તે અપરાધ દરગુજર કીધી નથી, અને તે અપરાધમા અરજદાર સામેલ નથી અને ફરીઆદી કરવામા કોઇ અણઘટતી અથવા વગર કારણની ઢીલ થઇ નથી અને તે અરજીનુ માગવુ કબુલ નહી રાખવાનો કાઇ વ્યાજબી સબબ નથી એવુ હોય તો કોર્ટે તલાક આપવાનો અથવા ઈન્સાફની રીતે જુદા પડીને રહેવાનો હુકમ કરવો નહિ તો કરવો નહિ.

૩૩ મુકદમાનો નિકાલ થતા સુધી જુદી રહેલી ઓરતના ગુજરાનને સારૂ તેના ખાવીદની પાસે તે ઓરતને દરમાસે અથવા દર અઠવાડીએ તેની ઉપજના ⅕ લગી લવાજમો અપાવવાને કોર્ટ મુખત્યાર છે

૩૪ જુદી રહેલી ઓરતના ગુજરાનને સારૂ એક રકમે અથવા દર માસે તેની હયાતી સુધીના લવાજમ આપવાનો બંદોબસ્ત કરવાને તેના ખાવદને હુકમ કરવાને અને જરૂર હોય તે સઘળા માણસો પાસે યોગ્ય દસ્તાવેજ લખાવી લેવાને કોર્ટ મુખત્યાર છે ખાવદ હુકમ નહિ માનશે તો તે ઉપર નુકશાનીબાબત તે ઓરતની ફરીઆદો ચાલશે

૩૫, ઓરતના ગુજરાનના લવાજમો ઓરતને અથવા તેના ટ્રસ્ટીને આપવા એમ ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે

૩૬ જ્યારે ધણીએ પોતાની ઓરતને અગર ઓરતે પોતાના ધણીને તજી દીધો હોય, અને વ્યાજબી સબબ વગર તેઓ અરસપરસ ધણીધણીઆણી માફક રહ્યા નહિ હોય ત્યારે તે ધણી અથવા ઓરત એક બીજા ઉપર પોતાની સાથે ઓરત અથવા ધણી તરીકે રહેવાને ફરીઆદ કરી શકે છે, અને અરજ નામંજુર કરવાને વ્યાજબી કારણ ન હોય તો કોર્ટે તે ઓરત તથા મરદને એક બીજા સાથે રહેવાનુ હુકમનામું કરવુ. જેની ઉપર હુકમનામુ થયુ હશે તે હુકમનામુ નહિ માનશે તો તેને એક મહિના સુધી આસાન કેદની અથવા બસે રૂપીઆ સુધી દડની અથવા એ બેઉની શિક્ષા થશે

૩૭, જ્યારે ધણી સોળ વરસની અંદરની ઉમરનો હોય અથવા ઓરત ચૌદ વરસની અંદરની ઉમ્મરની હોય ત્યારે લગ્ન અથવા લગ્નમાથી જે કરાર નીકળે તે અમલમા લાવવાની ફરીઆદી કરવી નહી.

૩૮. બન્ને પક્ષકારની ઇચ્છા હોય તો બારણા બીડીને ફરીઆદીનો ઇન્સાફ કરવો.

૩૯ પારસી લોકોના લગ્ન બાબતના મુકદમામા મુખ્ય કોર્ટમા ઇન્સાફનુ કામ ચાલતુ હોય તે પ્રસગે નવ કરતા ઓછા નહિ તેટલા અને જીલ્લાકોર્ટમા તે વખતે છ કરતા ઓછા નહિ તેટલા પ્રતિનીધિ હાજર હોય તો બીજા પ્રતિનીધિની ગેરહાજરી સબબ ઇન્સાફનુ કામ રદબાતલ થશે નહિ

૪૦ ફરીઆદ અરજી તથા અપીલ ઉપર બત્રીસ રૂપીઆનો સ્ટામ્પ જોઇએ, અને બીજા જે દસ્તાવેજ તથા લેખ પુરાવામા આપવા હોય તે ઉપર સ્ટાપ એકટ પ્રમાણે ફી જોઇએ

૪૧ કાયદા બાબત તથા કામ ચલાવવાની રીત બાબત વાધો પડે તેનો નિકાલ જડજે કરવો, પણ બનેલી હકીકત પરથી ફેસલો કરવો હોય તો જે પ્રતિનીધીઓ ઇન્સાફના કામ દરમીયાન આખો વખત હાજર હોય તેઓમાના ઘણા જણાના અનુમત પ્રમાણે કરવો

૪૨, મુખ્ય કોર્ટનો અથવા જીલ્લા કોર્ટનો ચુકાદો કાયદા અથવા રિવાજ વિરૂદ્ધ થયો છે, અથવા કોઇ મુખ્ય બાબતની ભુલ યા ખામીને લીધે ચુકાદો કરવામા ચુક પડી છે એ સબબથી તે ચુકાદા ઉપર ફેસલાની તારીખથી ત્રણ મહિનાની અંદર હાઇકોર્ટમા અપીલ ચાલશે બીજા સબબથી ચાલશે નહિ.

૪૩ અપીલની મુદત પુરી થઈ હોય, અને અપીલ કરી નહી હોય, અથવા અપીલ કહાડી નાખી હોય અથવા લગ્ન ભાગવાનુ અપીલના ફેસલામા ઠરાવ્યુ હોય તો તે પક્ષકાર મરી ગયો હોત તો આગલા લગ્ન ભાગ્યા હોત તે પ્રમાણે તેને ફરીથી પોતાના લગ્ન કરવાની છુટ છે તે પહેલા નથી

૪૪ મુકદમો ચાલુ હોય ત્યા સુધી અને આખરનુ હુકમનામુ થયા પછી પક્ષકારના સગીર છોકરાની સભાળ બાબત, ગુજરાન બાબત, તથા વિધ્યાભ્યાસ બાબત પોતાને યોગ્ય જણાય તેવો હુકમનામામા ઠરાવ કરવાને કોર્ટને અધિકાર છે

૪૫ જે ફરીઆદમા ઓરતની બદફેલીને લીધે તલાક આપવાનુ કે ઈન્સાફની રીતે જુદા પાડવાનુ હુકમનામુ કોર્ટ કરે તે ફરીઆદથી લગ્નથી થયેલા છોકરાઓના ફાયદા સારૂ ઓરતની માલ મીલકત અથવા તેનો કાંઈ ભાગ નીમી આપવાનો કોર્ટને અધિકાર છે.

૪૬ આકટ પ્રમાણે ગુન્હાનો ઇન્સાફ માજીસ્ટ્રેટે કરવો.

૧૮ આ આકટ પ્રમાણે કરેલો દડ જપ્તી કરીને વસુલ કરવો

૪૯ ગુન્હેગાર દડ ન આપે અને જોઇએ તેટલી માલ મિલકત જપ્તીમા ન જડે તો તેને કેદમા રાખવો

વસીયતનામું કર્યા સિવાય મરનાર પારસીઓના વારસા બાબતનો કાયદો.

સને ૧૮૬૫ નો આકટ ૨૧ મો. (ઇંડીઆ)

૧ જે પારસી વસીઅતનામુ કર્યા વગર મરણ પામે તેની માલમીલકત તેની વિધવા સ્ત્રી અને છોકરાને વહેચી આપવી તેમા દરેક છોકરાને વિધવાના ભાગ કરતા બમણો ભાગ મળે એવી રીતે વહેચવી.

૨ અને કોઇ પારસણ વસીયતનામુ કર્યા વગર મરણ પામે તો તેણીની માલ મિલકત તેણીના રંડાયલા ધણીને તથા છોકરાને એવી રીતે વહેચી આપવી કે રંડાયલા ધણીને દરેક છોકરાના ભાગ કરતા બમણો ભાગ મળે

૩. કોઇ પારસી વસીયતનામું કર્યા વગર મરણ પામે અને તેની વિધવા સ્ત્રી નહિ હોય તો તેની મિલકત એવી રીતે વહેચી આપવી કે દરેક છોકરાને દરેક છોકરીના ભાગ કરતા ચોગણો ભાગ મળે

૪ કોઇ પારસણ વસિયતનામુ કર્યા વગર મરણ પામે અને તેનો રંડાયલો ધણી નહિ હોય તો તેની માલ મિલકત છોકરાઓને સરખે ભાગે વહેચી આપવી.

૫ કોઇ પારસી અગર પારસણ વસિઅતનામુ કર્યા વગર મરણ પામે ત્યારે તેની હયાતીમા જે છોકરો અથવા છોકરી મરી ગઇ હોય તો તે મરનાર છોકરા અથવા છોકરી હયાત હોત અને વારસ તરીકે તેનો હિસ્સો પહોચત તે હિસ્સો તે મરનાર છોકરા અથવા છોકરીના ફરજદોને તથા રંડાયલા ધણીને અથવા વિધવાને પહોચે

૬ વસિઅતનામુ કર્યા વગર કોઇ પારસી અથવા પારસણ મરણ પામે તેની વિધવા સ્ત્રી અથવા તેનો રંડાયેલો ધણી હોય પણ સીધા વારસ એટલે તેની ઓલાદથી ઉતરતા વારસ નહી હોય ત્યારે તે મરનારમા મા અને બાપ જીવતા હોય તો તે બે જણને અથવા તેમાથી એક જણ મરી ગયુ હોય તો બીજાને, તેની માલ મિલકતમાથી અરધો ભાગ મળે, તેમા તે બાપને માના કરતા બમણો ભાગ મળે અને અર્ધો ભાગ તે વિધવા અથવા રંડાયલા ધણીને મળે, પણ તેના મા અને બાપ મરણની વખતે હયાત ન હોય તો તેના બાપની તરફના જે સગા (૧ લા પરિશીષ્ટમા લખેલે અનુક્રમે) હોય તેઓને મા બાપ જીવતા હોય અને જે અરધો ભાગ મળત તે અરધો ભાગ મળશે પુરૂષ અને સ્ત્રી સરખી પદવીના સગા હોય તો દરેક પુરૂષને સ્ત્રીના કરતા બમણો ભાગ મળશે બાપના સગા તરફના સગા નહી હોય તો મરનારની વિધવા સ્ત્રીને અથવા રંડાયલા ધણીને સઘળી માલ મિલકત મળે

૭ વસિઅતનામુ કર્યા વગર મરનાર પારસી અથવા પારસણની માલ મિલકત જો તેની વિધવા સ્ત્રી તથા તેનો રંડાયેલો ધણી નહી હોય અને સિધા વારસ (એટલે તેની ઓલાદથી ઉતરેલા વારસ) પણ નહિ હોય તો બીજા પરીશીષ્ટમા લખેલા અનુક્રમ પ્રમાણે જે નજીકનો સગો હોય તેને સઘળી માલ મિલકત મળે સગપણમા સ્ત્રી અને પુરૂષ સરખી પદવીના હોય તો પુરૂષને સ્ત્રી કરતા બમણો ભાગ મળશે, સદરહુ પરિશીષ્ટમા જેનુ પહેલુ નામ હોય તેને પ્રથમ મળે, તે નહી હોય તો બીજા નામવાળાને એમ એકના અભાવે બીજાને અનુક્રમે મળે

૮ વારસા બાબત સન ૧૮૬૫ નો ૧૦ મો આકટ છે તેનો ત્રીજો ભાગ, ૨૫ મી કલમ સિવાય બાકીનો ચોથો ભાગ, સઘળો પાચમો ભાગ, અને ૪૩ કલમ પારસીઓને લાગુ નથી

પહેલું પરિશીષ્ટ.

૧ ભાઇઓ તથા બેનો, મરનારના છોકરા, ગુજરી જનારની હયાતીમા તેમાથી કોઈ મરી ગયુ હોય તો તેઓના સીધા વારસ (તેઓની ઉતરતી ઓલાદ) ૨ બપાવો અને બપાઇ ૩ બપાવાના છોકરા છોકરીઓ, ગુજરી જનારની હયાતીમા તેમાથી જો કોઇ મરી ગયુ હોય તો તેઓના સીધા વારસ ૪ બપાવાનો બાપ અને બપાવાની મા ૫ બપાવાના બાપના છોકરા તથા છોકરીઓ અને ગુજરી જનારની હયાતીમા જો કોઈ મરણ પામ્યુ હોય તો તેઓના સીધા વારસ

બીજું પરિશીષ્ટ.

૧ બાપ અને મા ૨ ભાઇઓ અને બહેનો, ૩ બપાવો અને બપાઇ ૪ બપાવાના છોકરા ૫ બપાવાનો બાપ અને મા ૬ બપાવાના બાપના છોકરા, ૭ માના પેટના (એટલે મા એક અને બાપ જુદો) ભાઇઓ તથા બેનો ૮ મમાવો અને મમાઇ ૯ તેમના છોકરા, ૧૦ દીકરાની વિધવા. ૧૧ ભાઇની વિધવા ૧૨ બપાવાના દીકરાની વિધવા, ૧૩ મામાના દીકરાની વિધવા ૧૪ મરનારની ગુજરી ગયેલી છોકરીઓના ખાવદ જો-(ન -૧૦-૧૧ ૧૨-૧૩-૧૪), સ્ત્રીઓ તેમ પુરૂષે ગુજરનારની મરણ વખતે બીજી વારના લગ્ન કર્યા નહી હોય તો, ૧૫, મમાવાનો બાપ અને મા, (૧૬), તેના છોકરા ૧૭ બપાઇનો બાપ અને મા (૧૮) બપાઇના બાપના છોકરા ન ૨-૪-૬-૭-૯-૧૬ અને ૧૮ મા લખેલા માણસો ગુજરનારની હયાતીમા મરી ગયા હોય તો તેમના પછી તેઓના સીધા વારસ (એટલે તેઓની ઉતરતી ઓલાદ) ને તેમના પછી વારસો મળે

કોર્ટ ફીનો આકટ. (ઇંડીઆ)

સન ૧૮૭૦ નો આકટ ૭ મો.

૧ આ આકટ આખા બ્રિટીશ ઇંડીયાને લાગુ પડે છે

૭ આ આકટ પ્રમાણે હેઠળ લખ્યા પ્રમાણે ફી ગણવી,—

૧ પૈસા બાબતની ફરીયાદીમા જેટલા રૂપીઆનો દાવો કર્યો હોય તેટલી રકમ પ્રમાણે ફી ગણવી

૨ ગુજરાન બાબતની તથા આન્યુઇટી બાબતના દાવામા એક વર્ષના જેટલા રૂપીઆનો દાવો કર્યો હોય તેથી દશ ગણી રકમ ઉપર ફી ગણવી,

૩ જગમ માલ મિલકત બાબત, અવિભક્ત કુટુંબની માલ મિલકત બાબત, હિસ્સા સબંધી હક અમલમા લાવવા બાબત, તાકીદ થવા બાબત, ઇઝમેંટ બાબત, અને હીસાબ બાબતની ફરીઆદીમા જે કીમત અરજીમા લખી હોય તે રકમ પ્રમાણે ફી લેવી

૪ દાવાનો વિષય જમીન હોય તો તે જમીનનુ જે મહેસુલ વરસો વરસ સરકારમા આવતું હોય તેથી દશગણી રકમ ઉપર ફી લેવી, પણ મહેસુલની માફી હોય તો તે જમીનમા અરજી આપ્યા તારીખના અગાઉના વારસે જે એન ઉપજ આવી હોય તેથી ૫ંદરગણી રકમ ઉપર ફી ગણવી મુબઈ ઇલાકા બાબત જમીનની કીમત નીચે પ્રમાણે સમજવી. ત્રસ વરસ સુધીની મુદતને ઠરાવે જમીન રાખીને કમાલ દર પ્રમાણે સરકાર ભરતા હોય તો ધારાની રકમથી દસગણી રકમ ઉપર, પણ ધારાના કાયમ ઠરાવે ત્રીસ વર્ષ કરતા વધારે મુદતને ઠરાવે જમીન રાખીને કમાલ દર પ્રમાણે સરકાર ધારો ભરતા હોય તો ધારાની રકમથી વીસ ગણી રકમ ઉપર ફી લેવી, દાવાનો વિષય ઘર કે વાડી હોય તો તેની બજાર કીમત ઉપર ફી લેવી, ઘરેણે મુકેલુ છોડાવવા અથવા રદ કરવાની ફરીઆદમા ગીરોની કીમત પ્રમાણે ફી સમજવી, કરાર પુરો કરાવવાની ફરીઆદમા કરારનામામા લખેલી કીમત પ્રમાણે તથા માલ મિલકતની રકમ પ્રમાણે ફી ગણવી

નીચે લખેલા દસ્તાવેજો બાબત ફી બેસશે નહિ;—

૧ મુલકીખાતામા ચાકરીએ નહિ હોય એવા લશ્કરી અમલદારે લખી આપેલુ મુખ્તીઆરનામુ

૨ મુકદમાની પહેલી રજુઆત પછી કોર્ટે માગેલી લેખી હકીકત ઉપર

૩ ગામના મુનસફોને આપેલી ફરીઆદ અરજી

૪ વિલનો, પ્રોબેટ તથા લેટર્સ ઓફ આડમનીસ્ટ્રેશન અને ૧ લા પરીશીષ્ટના ૧૨ મા નબરમા કહેલો દાખલો જેમા લખેલી મિલકત રૂ ૧૦૦૦ ઉપર નહી હોય ત્યારે

૫ જમીન ઉપર ધારો બેસાડવા સંબંધી હરકાઇ બાબતમા તથા તે ઉપરનો હક સબધ ઠરાવવાની બાબતમા ઠરાવ કરનારા રેવન્યુ આફીસરને અરજી આપી હોય તે ઠરાવ આખરનો મજુર થયા પહેલા આપસે તો

૬ સરકારનુ પાણી ખેતીવાડીના કામ સારૂ મળવા બાબત અરજી

૭ વતી જમીન ખેડવાની પરવાનગી બાબતની અથવા જમીન મુકી દેવા બાબતની અરજી

૮ જમીન મુકી દેવા બાબતની અથવા ભાડુ વધારવા બાબતની નોટીસ પહોચાડવાની અરજી

૯ સાહેદી પુરાવા કે દસ્તાવેજ હાજર કરવા સારૂ હાજર થવા બાબત સાહેદને સમન કરવાની પહેલવહેલી આફીડેવીટ કે દરખાસ્ત નહી હોય તેવો કોઈ પુરાવાનો કાગળ હાજર કરવા કે ફાઇલ કરવા બાબત પહેલવહેલી અરજી

૧૦ સાહેદી પુરાવા કે દસ્તાવેજ હાજર કરવા સારૂ, હાજર થવા બાબત સાહેદને સમન કરવાની પહેલવહેલી આફીડેવીટ કે દરખાસ્ત નહી હોય તેવો કોઈ પુરાવાનો કાગળ હાજર કરવા કે ફાઇલ કરવા બાબત પહેલવહેલી અરજી

૧૧ ફોજદારી કામમા હાજર જામીન ખત, તથા ફરીઆદી કરવાનો કે સાહેદી પુરાવાના કે જાતે હાજર થવાના કે બીજા કશા બાબતના મુચરકા.

૧૨ હરકોઇ ગુન્હા બાબત પોલીસ અમલદારને, મુખીઓને અને ગામની પોલીસની આગળ અરજી કે ફરીઆદ કરવી હોય ત્યારે

૧૩ કેદીની કે બીજુ જે માણસ કેદમા કે કોર્ટના અટકાવમા હોય તેની અરજી

૧૪ ઈ પી કોડમા બ્યાન કરેલા સરકારી નોકરોની, મ્યુનીસીપાલ ખાતાના અમલદારોની, રેલવે કંપનીના અમલદારોની અને નોકરોની ફરીઆદ

૧૫ સરકારી રાન (જંગલ) ના ઇમારતી લાકડા કાપવાની રજા મળવાની કે એવા રજા બાબત બીજી કોઈ અરજી કરવી હોય ત્યારે

૧૬ સરકારની પાસે રૂપીઆ લેણા હોય તે મળવા બાબતની અરજી.

૧૭ ચોકીદારી પટ્ટીના ઠરાવ બાબત કે મ્યુનીસીપલ કર બાબત અપીલ કરવી હોય તેની અરજી

૧૮ સાર્વજનિક કામ સારૂ મિલકત લેવા બાબત કાયદેસર નુકસાનનુ વળતર મળવા સારૂ કરવાની

૨૫ આ આકટ મુજબ ફી લેવાની તે સ્ટામ્પવડે વસુલ કરવી

૩૧ જે ગુન્હાને વાસ્તે પોલીસ અમલદારો વગર વારંટે પકડવાને મુખત્યાર છે તે ગુન્હા સિવાય બીજા ગુન્હાની ફરીઆદીની અરજીમા ફોજદારી કોર્ટોને કરેલી અરજીઓ બાબત જે ફી આપી હોય તે પાછી આપવી

૩૪ નીચેના દસ્તાવેજોને સરકારના ખાસ ઠરાવથી માફી છે—નકામા સ્ટેમ્પ કાગળની કીમત પાછી મળવા બાબતની અરજી, સરકારી વખારમાથી મીઠુ ખરીદ કરવાની અરજી, જમીનદાર અથવા ખેડુત પ્રતબંધી થતી હોય ત્યારે તે દફતરના કાગળોની નકલ માગે તો તે સુલેહ રાખવા બદલ જામીન ખત સહી શીક્કા વગરની નકલો તગાવી મળવાની અરજી, વારંટ કેસના જજમેન્ટની કે જ્યુરીને કહી સંભળાવેલા તહોમત નામાની નકલ, કેદી કેદમા હોય તો સમન કેસના જજમેંટની નકલ ક્રી પ્રો કોડ પ્રમાણે ઓરત તથા બાળકના ગુજરાન બાબતના હુકમની નકલ, ફોજદારી કેસમા તહોમતનામાની નકલ, રજીસ્ટર કરવા આપેલો દસ્તાવેજ પાછો લેવાની અરજી, ચાલુ કામમા સરકારી વકીલો, કે પોલીસ અમલદાર નકલો માગે તે નકલો, કોર્ટમા હાજર કરેલા દસ્તાવેજો પાછા મળવા બાબતની અરજી, જમીન ખેડવા રાખવા માટેની અરજી, આકાર ઠરેલી જમીન ન લેવા માટેની અરજી, કમીટ કરેલા કેસમા સાક્ષીદારોની યાદીની નકલ મળવા કરેલી અરજી

સ્ટામ્પ વેચવા સંબધી, તથા વેચનારને મહેનતાણુ આપવા બાબતની કાનુનો કરવાની સરકારને અધિકાર છે જે સ્ટાપ વેચનારો આ કલમ પ્રમાણે કરેલી કાનુનો તોડશે, તેમજ વગર નીમેલો જે સખસ સ્ટામ્પ વેચશે તેને છ મહિના સુધી કેદની, અથવા પાચસો રૂપિઆ સુધી દંડની અથવા એ બંનેની શિક્ષા થશે

પરીશીષ્ટ ૧ લું કિંમત પ્રમાણે ફી બેસશે તે.

દીવાની અથવા રેવન્યુ કોર્ટમા આપવાની ફરીઆદની અરજી અથવા અપીલની યાદી બાબત.—

દીવાની રકમ કે આકેલી કીમત રૂા, ૫ ઉપર નહિ હોય તો છ આના

દાવાની કીમત રૂા ૫ ઉપર હોય ત્યારે રૂ ૧૦૦ સુધી, ઉપરના દર પાચ રૂપિએ કે તેના ભાગે છ આના

,,	રૂ ૧૦૦	,,	રૂ, ૫૦૦	,,	દર દશ રૂપિયે,	,, કે તેના, ભાગે બાર આના
,,	રૂ ૫૦૦	,,	રૂ. ૧૦૦૦	,,	દર દસ	,, એક રૂપીઓ બે આના
,,	રૂ. ૧૦૦૦	,,	રૂ ૫૦૦૦	,,	દર સો	,, રૂપીઆ સાડા સાત
,	રૂ ૫૦૦૦	,,	રૂ ૧૦૦૦૦	,,	દર બસો પચાસ	,, રૂપીઆ પંદર
,,	રૂ ૧૦૦૦૦	,,	રૂ ૨૦૦૦૦	,,	દર પાચસો	,, રૂપીઆ સાડીબાવીસ
,,	રૂ ૨૦૦૦૦	,,	રૂ ૩૦૦૦૦	,,	દર હજાર	,, ત્રીસ રૂપીઆ
,,	રૂ, ૩૦૦૦૦	,	રૂ ૫૦૦૦૦	,,	દર બે હજાર	,, ત્રીસ

,, રૂ ૫૦૦૦૦ ઉપર હોય ત્યારે ઉપરના દર પાચ હજાર રૂપીએ કે તેના ભાગે ત્રીસ રૂપીઆ ઉપર પ્રમાણે વધારામા વધારે છ હજાર રૂપીઆ ફી બેસશે

૪ ફેસલાની ફરી તપાસ કરવાની અરજી હુકમનામાની તારીખથી નેવુમે દહાડે અથવા ત્યાર પછી આપી હોય તો ઉપલા કોષ્ટક પ્રમાણે ફી લેવી જોઇએ

૫ પણ નેવુમા દહાડા પહેલા આપી હોય તો ઉપરની ફીથી અડધી ફી ગણવી.

૬ જે ફેસલો અથવા હુકમ હુકમનામુ નહી હોય તેની નકલ બાબત સદરહુ ફેસલો હાઈ કોર્ટ સીવાય બીજી દીવાની કે રેવન્યુ કોર્ટે કર્યો હોય ત્યારે

અ દાવાની રકમ પચાસ રૂપીઆ કે તેથી ઓછી હોય તો આઠ આના બ સદરહુ રકમ પચાસ રૂપિઆ ઉપર હોય તો એક રૂપીયો ક સદરહુ ફેસલો હાઇકોર્ટે કર્યો હોય તો બે રૂપીઆ.

૭ સદરહુ ફેસલો હુકમનામુ હોય કે હુકમનામા સરખો ચાલતો હોય ત્યારે

અ દાવાની રકમ પચાસ રૂપીઆ હોય કે તેથી ઓછી હોય તો એક રૂપિયો બ અને પચાસ રૂપિઆ ઉપર હોય તો બે રૂપીઆ, સદરહુ હુકમનામુ હાઇ કોર્ટે કર્યુ હોય તો ચાર રૂપીઆ

૮ જે દસ્તાવેજ ઉપર સ્ટામ્પ એકટ મુજબ સ્ટામ્પ બેસતો હોય તે દસ્તાવેજ કહાડી લઈને તેની જગાએ તેની નકલ મૂકે તો

અ અસલ દસ્તાવેજનો સ્ટામ્પ આઠ આના ઉપર નહી હોય ત્યારે દસ્તાવેજ ઉપર જેટલો કર બેઠો હોય તેટલી ફી. બ બીજે હરકોઇ પ્રસંગે એક રૂપીઓ

૯ હિસાબની, પત્રકની અથવા રીપોર્ટની કે તેવા પ્રકારના કાગળની નકલ કે જેને માટે આ આકટમા બીજી રીતે ઠરાવ કીધો નથી તેવી દીવાની, ફોજદારી કે મુલકી કોર્ટમાથી લેવી હોય ત્યારે દર ત્રણસો સાઠ શબ્દોએ અથવા તેના હર કઇ ભાગે આઠ આના

૧૦ બંગાળાના સન ૧૮૫૮ ના ૪૦ મા આકટ મુજબ કે મુંબઈના સને ૧૮૬૪ ના ૨૦ મા આકટ પ્રમાણે નાની ઉમ્મરના છોકરાઓની તથા તેઓની માલ મીલકતનો વહીવટ કરવા સારૂ આપેલો દાખલો—જો તેની કીમત પાચશો રૂપીઆ ઉપર નહી હોય તો પાચ રૂપિઆ, પણ પાચસે ઉપર પણ એકહજાર ઉપર નહી હોય તો—દશ રૂપિઆ અને એક હજાર રૂપીઆ ઉપરના દર એક હજાર રૂપીઆ કે તેના ભાગે પાચ રૂપિઆ

૧૧ * વિલનો, પ્રોબેટ અથવા લેટર્સ ઓફ આડમિનિસ્ટ્રેશન તેને વીલ જોડેલું હોય કે ન હોય તો—જે માલ મિલકત બાબત દાખલો આપ્યો હોય તેની રકમ એક હજાર રૂપીઆ ઉપર હોય તો પાચ હજાર સુધીની રકમ ઉપર દર સેકડે બે ટકા

તે મિલકતની કિંમત પાચ હજાર કરતા વધુ હોય તો દસ હજાર રૂપિયા સુધીની રકમ ઉપર સેકડે અઢી ટકા
તે રકમ દસ હજાર કરતા વધારે હોય તો પચાસ હજાર સુધીની રકમ ઉપર સેકડે ત્રણ ટકા
તે રકમ પચાસ હજારથી વધુ હોય તો એક લાખ રૂપિયા સુધીની ,, સાડાત્રણ ટકા
તે રકમ એક લાખ કરતા વધુ હોય તો દોઢ લાખ ,, ચાર ટકા
તે રકમ દોઢ લાખ કરતા વધુ હોય તો બે લાખ ,, સાડાચાર ટકા
તે રકમ બે લાખ કરતા વધુ હોય તો અઢી લાખ ,, પાંચ ટકા
તે રકમ અઢી લાખ ,, ત્રણ લાખ ,, સાડાપાચ ટકા
તે રકમ ત્રણ લાખ ,, ચાર લાખ ,, છ ટકા
તે રકમ ચાર લાખ ,, પાચ લાખ ,, સાડા છ ટકા
તે રકમ પાચ લાખ ,, વધારાની રકમના ભાગ ઉપર સેકડે સાત ટકા

પણ જે મિલકત માટે વારસાના સરટીફીકેટના કાયદાની રૂયે સરટીફીકેટ આપવામા આવ્યુ હોય ત્યારપછી તેજ મિલકત બાબત પ્રોબેટ કે લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન આપવામા આવે ત્યારે તે આપતી

* વીલ એટલે હરકોઇ સાવધ માણસે મૃત્યુપત્ર કરીને કાયદેસર રીતે તે ઉપર સહી તથા સાક્ષી કરાવીને પ્રસિદ્ધ કરે છે તે મૃત્યુપત્ર, પ્રોબેટ—એટલે વિલ વગેરે કોરટમા સાબિત કરીને તે પ્રમાણે મરનાર માણસની મીલકતનો વહીવટ કરવા સારૂ અધિકાર પત્ર મળે છે તે, લેટર્સ ઓફ આડમિનિસ્ટ્રેશન એટલે-મરનારની મીલકતનો વહિવટ કરવા સારૂ કોર્ટમાથી અધિકાર પત્ર મળે છે તે

વખતે જે ફી ભરવી પડે તેમાથી સદરહુ સરટીફીકેટ આપતી વખતે જે રકમ ભરી હોય તે બાદ કરવી.

૧૨ સને ૧૮૮૯ ના વારસાના સરટીફીકેટ આકટની ૮ મી કલમની રૂયે આપેલું સ ટીફીકેટ આકેલી કીમત ઉપર પ્રોબેટના સબધમા આર્ટીકલ ૧૧ પ્રમાણેની ફી અને તે આકટની ૧૦ મી કલમની રૂયે જે સરટીફીકેટ જે કરજ કે સીકયુરીટીને લાગુ કર્યું હોય તે કરજ ઉપર આકેલી કિંમત ઉપર આ ફી કરતા દોઢી ફી લેવી

૧૨ અ સને ૧૮૨૭ ના મુબાઈના ૮ મા રેગ્યુલેશન પ્રમાણે આપેલું સર્ટીફીકેટ જે મિલ્કત સબધી તે સરટીફીકેટ આપ્યુ હોય તેની રકમ ઉપર જેટલી ફી પ્રોબેટને માટે (આર્ટિકલ ૧૧) આપવી પડતી હોય તેટલી

ફરીયાદી કરતી વખતે લેવાની કિંમત પ્રમાણે ફીના દરનું કોષ્ટક

દાવાની રકમ રૂપીયા ૦ કરતા વધુ પણુ રૂ ૫ થી વધુ ન હોય તો ૦—૬—૦

રૂ ૧૦૦ સુધી દર પાચ રૂપિયે ૦—૬—૦

રૂ ૧૦૦ ઉપર ૭—૮—૦

રૂ ૫૦૦ સુધી દર રૂ ૧૦ ઉપર ૦—૧૨—૦

રૂ ૫૦૦ ઉપર ૩૭—૮—૦

રૂ ૫૦૦ ઉપર પણુ રૂ ૧૦૦૦ ની અદર દર રૂ ૨૦ ઉપર ૩ ૧-૨-૦

રૂ ૧૦૦૦ ઉપર ૭૩—૧૨—૦

રૂ ૧૦૦૦ ઉપર પણુ ૫૦૦૦ ની અદર દાવા માટે દર સેકડે રૂ ૭—૮—૦

રૂ ૫૦૦૦ ઉપર રૂ ૩૯૩—૧૨—૦

રૂ ૫૦૦૦ ઉપર પણુ ૧૦૦૦૦ ની અદર દર રૂ ૨૫૦ ની
રકમ ઉપર રૂ ૧૫—૦—૦ લેખે

રૂ ૧૦૦૦૦ ઉપર ૬૯૩—૧૨—૦

રૂ ૧૦૦૦૦ ઉપર પણુ ૨૦૦૦૦ ની અદર દર રૂ ૫૦૦ માટે રૂ ૨૨—૮—૦

રૂ ૨૦૦૦૦ ઉપર ૧૧૪૩—૧૨—૦

રૂ ૨૦૦૦૦ ઉપર પણુ રૂ ૩૦૦૦૦ ની અદર દર એક હજારે રૂ ૩૦—૦—

રૂ ૩૦૦૦૦ ઉપર રૂ ૧૪૪૩-૧૨-૦

રૂ ૩૦૦૦૦ ઉપર પણુ ૫૦૦૦૦ ની અદર દર રૂ બે હજારે રૂ ૩૦-૦

રૂ ૫૦૦૦૦ ઉપર ૧૭૪૩-૧૨-૦

રૂ પચાસ હજાર ઉપર પણુ એક લાખની અદર દર પાચ હજારે રૂ ૩૦

રૂપીઆ એક લાખ ઉપર દર પાચ હજારે રૂ ૩૦—૦—૦

આ એકટ પ્રમાણે વધારેમા વધારે ફી રૂ ૬૦૦૦—સુધી લેવી

પરિશીષ્ટ ૨ જુ.

મુકરર કરેલી ફી

૧ અરજી—અ નીચેની અરજીઓ ઉપર બે આનાની કોર્ટ ફી ટીકીટ જોઇએ

અ કસ્ટમ ખાતાના અમલદારની અથવા માજીસ્ટ્રેટની હજુરમા, સરકારની સાથે વહેવાર રાખનારા માણસને, તે વ્યવહારની સાથે સબધ રાખતા વિષયની અરજી કરવી હોય ત્યારે, જે જમીનના ધારાનો ઠરાવ થોડી મુદતને વાસ્તે કીધો હોય તે જમીન સરકારની સાથે કબુલત કરીને જેણે રાખી હોય તેણે રેવન્યુ અમલદારને તે બાબત કરવાની અરજી, કોઇ જગાનુ જતન તથા સુધરાઈ કરવા બાબત મ્યુનિસીપલ કમીશનરને કરવાની અરજી, ૫૦ રૂપીઆથી ઓછી રકમની કે કીમતની ફરીઆદી (સાક્ષની) રેવન્યુ કલેકટરને કે મતાદારને આપવી હશે ત્યારે, દિવાની ફોજદારી કે રેવન્યુ કોર્ટમા, ફેસલાની હુકમનામાની, હુકમની, કે કોર્ટના બીજા દસ્તાવેજની નકલ સારૂ સદરહુ કોર્ટમા આપવાની અરજી,

બ નીચેની અરજીઓ ઉપર આઠ આનાની કોર્ટ ફી ટીકીટ જોઇએ

પોલીસ અમલદારો જે ગુન્હાને વાસ્તે વગર વારંટે પકડવાને મુખત્યાર છે, તે ગુન્હા શીવાય બીજા કોઇ ગુન્હાની ફરીઆદ બાબત અરજી કોઇ ફોજદારી કોર્ટમા આપવી હશે ત્યારે દીવાની ફોજદારી કે રેવન્યુ કોર્ટમા અરજી આપી હશે તે બાબત આ આકટમા બીજી રીતે ઠરાવ કર્યો નહિ હશે ત્યારે મહેસુલ કે ભાડુ (ગણોત) અનામત મુકયુ હશે ત્યારે જમીનદારે ખેડુતને નુકશાનનુ વળતર કેટલુ આપવુ તે કોર્ટે ઠરાવવા બાબત આપવાની અરજી

અ કમીશનરને આપવાની અરજી ઉપર બે રૂપીઆની અને ૪ હાઇકોર્ટમા આપવાની અરજી ઉપર ચાર રૂપીઆની ફી જોઇએ

૨ નાદારીમા ફરીઆદ કરવાની પરવાનગી બાબતની અરજી ઉપર આઠ આના

૩ નાદારીમા અપીલ કરવાની પરવાનગી બાબતની અરજી જો ડીસ્ટ્રીકટ કોર્ટમા આપવી હશે તો એક રૂપીઓ, અને કમીશનરને કે હાઇકોર્ટને આપવી હશે ત્યારે બે રૂપિઆ

નીચેની અરજી ઉપર આઠ આનાની ફી જોઇએ

૪ સન ૧૯૦૬ ના એક્ટ ૨ મુજબ કબજા બાબતની મામલતદાર કોર્ટને આપવાની અરજી અથવા અપીલની યાદી

૫ તેમજ કબજા ભોગવટાનો હક સાબીત કરવાની અથવા ખોટો કરવા બાબતની ફરીયાદીની અરજી કે અપીલની યાદી

૬ ફોજદારી કે દીવાની કામ ચલાવવાની રીત બાબતના એકટ મુજબ, કોર્ટને કે માજીસ્ટ્રેટને આપેલું જામીન ખત અથવા દસ્તાવેજ–એક રૂપીઓ,

૭ તલાક આપવા બાબતની કાયદેસર કબુલાત એક રૂપીઓ,

૮ ઇનકમટેક્સ એકટ પ્રમાણે ઠરાવેલા આકડા બાબત હરકત લેવાની અરજી.

૯ ઇનકમટેક્ષ એકટ મુજબ અપીલ કરવી હોય તો તે અપીલની ઉપર એક રૂપીઓ ફી જોઇએ

૧૦ મુખ્તીઆરનામુ અથવા વકીલાતનામુ, એક રૂપીયો

અ હાઇકોર્ટ સિવાય બીજી કોઈ દિવાની, ફોજદારી કે રેવન્યુ કોર્ટમા હરકોઇ મુકદમો ચલાવવા સારૂ આપવુ હશે ત્યારે, એક રૂપીયો બ કમિશનરને આપવુ હોયતો–બે રૂપીઆ, ક અને હાઇકોર્ટમા કે ચીફ કમીશનરની હજુરમા આપવુ હશે તો ત્રણ રૂપીઆની ફી જોઇએ

૧૧ ફરીઆદી નામંજુર કરવાના હુકમ કે હુકમનામા ઉપર અપીલ નહી હોય તે અપીલની યાદી,– હાઇકોર્ટ સિવાય બીજી કોઈ રેવન્યુ કોર્ટમા આપવી હશે તો આઠ આના, અને હાઇકોર્ટને કે ચીફ કમીશનરને આપવી હશે તો બે રૂપીઆ ફી જોઇએ

નીચેની અરજી ઉપર દસ રૂપીઆ ફી જોઇએ

૧૨ કાવિઅન (એટલે પ્રોબેટ કે લેટર્સ ઓફ આડમિનીસ્ટ્રેશન નહી આપવા બાબતની અરજી) દસ રૂપીઆ

૧૪ એતદ્દેશીય લોકો પોતાનો ધર્મ મુકી પારકા ધર્મમા જાય તેઓના લગ્ન ભાગવા બાબતના એકટ પ્રમાણે કરેલી ફરીઆદીની અરજી દસ રૂપિયા

૧૫ બાયડી કબજે લેવાની ફરીઆદીની અરજી કે અપીલની યાદી પાંચ રૂપીયા

૧૭ નીચેની અરજીઓ ઉપર પંદર રૂપીઆનો સ્ટામ્પ જોઇએ

(૧) બાદશાહી સનદ ઉપરથી સ્થાપી નહી હોય તેવી દીવાની કે રેવન્યુ કોર્ટનો સક્ષેપ રીતે કરેલો ફેંસલો ફેરવવાની કે રદ કરવા બાબતની પંદર રૂપીયા

(૨) જેનું મહેસુલ સરકારમા આવતું હોય તે ઇસ્ટેટોના ધણીઓના નામોની નોંધ રજીષ્ટરમાથી ફેરવવા બાબત કે રદ કરવા બાબતની.

(૩) જેમા હક ઠરાવવાનું હુકમનામુ કે હુકમ કરાવી લેવાની ફરીયાદ હોય તે (૪) દુમાલો રદ કરવા બાબતની (૫) હુકમનામુ કે પંચનો ફેસલો રદ કરવા બાબતની, અરજીઓ ઉપર પંદર રૂપિયાની ફી જોઇએ.

૧૮ અરજી

(અ) દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાના બીજા પરીશિષ્ટના ૧૭ મા નબરના પારેગ્રાફની રૂએ દસ રૂપિયા

(બ) વારસા બાબતના કે પ્રોબેટ બાબતના કે વહીવટ ચલાવવા બાબતના કાયદાની રૂએ પ્રોબેટ કે વહીવટ ચલાવવાની સનદ માટેની કે તે રદ કરવા બાબતની અરજી

જ્યારે ઇસ્ટેટની રકમ બે હજાર રૂપિયા કરતા વધુ નહોય તો બે રૂપિયા

જ્યારે તે રકમ બે હજાર કરતા વધુ પણ પાચ હજાર કરતા વધુ નહોય તો પાચ રૂપીયા

(ક) સને ૧૮૮૯ ના વારસાના સરટીફીકેટ લેવા બાબતના આકટ કે ૧૮૨૭ ના મુબઈ ના ૮ મા રેગ્યુલેશનની રૂએ સરટીફીકેટ માટેની–જ્યારે તે રકમ પાચહજાર કરતા વધુ થાય ત્યારે દસ રૂપિયા

(ડ) અરજી કરનાર કલેકટર હોય તે સિવાયના પ્રસગે સને ૧૮૯૦ ના વાલી કે વોર્ડ બાબતના આકટની રૂએ સગીરના વાલીની નીમણુક માટેની એકાદા સખસને એવા વાલી તરીકે જાહેર કરવા માટેની કે વાલીમાથી દૂર કરવા માટેની દસ રૂપિયા

(ઈ) સને ૧૮૮૨ ના હિદુસ્તાનના ટ્રસ્ટ આકટની કલમ ૩૪–૭૨–૭૩–કે ૭૪ ની રૂએ અભિપ્રાય કે સલાહ માટેની ટ્રસ્ટમાથી દૂર કરવા માટેની કે નવા ટ્રસ્ટીની નિમણુક માટેની દસ રૂપીયા

(ફ) સને ૧૯૧૩ ના કપની એકટની ૧૬૬ મી કલમ રૂએ કપનીનુ કામકાજ આટોપીને બધ કરવા માટેની દસ રૂપીયા

(ગ) સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ઓર્ડર ન. ૨૧ ની ૫૮ મી કાનુન મુજબ જપ્ત કરેલી મિલકત બાબતના દાવાને લગતી–જ્યારે આકેલી કિમત પાચસો થી વધારે હોય તો દસ રૂપિયા

૧૯ સને ૧૯૦૮ ના હિદુસ્તાનના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂએ કોર્ટના અભિપ્રાય સારૂ જેમા તકરાર લખી હોય એવો લેખી કરાર વીસ રૂપિયા

૨૦ સને ૧૮૬૯ ના તલાક આપવા બાબતના આકટની ૪૪ મી કલમની રૂએ અરજી કરવી હોય તે અરજી સિવાય તે આકટ પ્રમાણે કરવાની દરેક અરજી અને તેજ આકટની ૫૫ મી કલમ પ્રમાણે જે અપીલ કરવી હોય તે દરેક અપીલની યાદી ત્રીસ રૂપિયા

૨૧ પારસી લોકોના લગ્ન તથા તલાક બાબતના એકટ મુજબ કરવાની ફરીઆદીની અરજી કે અપીલની યાદી ઉપર ત્રીસ રૂપીઆ ફી જોઇએ

પ્રોસેસ ફી– દિવાની, ફોજદારી કે રેવન્યુ કામમા સમન, વારટ કે નોટીસ બજાવવા સારૂ જે રકમ આપવી પડે છે તેને પ્રોસેસ ફી કહે છે પ્રોસેસ ન બજે ને ફરી પ્રોસેસ કાઢવી પડે તો અડધી ફી, નીમેલે દીવસે કોર્ટ હાજર ન હોય તો ફરી પ્રોસેસ આપવી નહિ

દિવાની કામ માટે નીચે પ્રમાણે ફી લેવી

અ સમન્સ, નોટીસ, અને જાહેરનામા માટે નીચે પ્રમાણે ફી બેસસે

દાવાની રકમ કે આકેલી કીમત રૂ ૫ કરતા વધારે ન હોય તો ૩ ૦—૬—૦

રૂ ૫	થી વધુ પણ	રૂ ૧૦	થી વધુ નહોય તો	,,	૦—૬—૦
રૂ ૧૦	,,	રૂ ૧૫	,,	,,	૦–૧૨—૦
રૂ. ૧૫	,,	રૂ ૨૦	,,	,,	૧—૨—૦
,, ૨૦	ની ઉપર હોય અને	, ૨૫	ની અદર હોય તો	,,	૧—૮—૦
,, ૨૫	,,	,, ૧૦૦	,, દર પાચ રૂપીયે	,,	૦—૬—૦
, ૧૦૦	,,	,, ૫૦૦	,, દર દસ રૂપિયે	,,	૦–૧૨—૦
,, ૫૦૦	,,	,,૧૦૦૦	,, દર રૂપિયા વીસ ઉપર	,,	૧—૨—૦
,, ૧૦૦૦	,,	,,૫૦૦૦	,, દર સેકડે	,,	૭—૮—૦
, ૫૦૦૦ ની ઉપર હોય તો		,,	,, દર સેકડે રૂપિયા	,,	૩–૧૨—૦

જે દાવામા રૂ ૫ કોર્ટ ફી બેસે તે દાવામા . . ,, ૦—૬—૦
જેમા રૂ ૧૦ કોર્ટ ફી બેસે તેમા ,, ૦–૧૨—૦

વ પકડવાના વારટમા, મનાઇ હુકમમા અને જપ્તીના હુકમ માટે ઉપરની ફીથી બમણી સમજવી. ક દરેક સમન્સ તથા નોટીસ બદલ ત્રણ આના અને તે બજ્યા સિવાય પાછી આવે તો ફરી બજાવવા માટે બે આના ત્રણ દીવસથી વધારે દીવસ બેલીફ રોકવાનો હોય તો વધારાના દિવસનો પગાર પડશે

ફોજદારી કામમાં—પોલીસ અખત્યારીના ગુન્હા બાબત ફી આપવી નાહ લગ્ન સબંધી, આબરૂ લેવા સંબધી, અને કરાગ તોડવા સબધીના ગુન્હા માટે, દરેક સમન્સ કે નોટીસ માટે ચાર આના, પકડવાના વારટ માટે અને નાશી ગયેલા ગુન્હેગાર માટે જાહેરનામુ કાહાડવા માટે તેમજ જપ્તીના વારટ માટે એક રૂપિઓ ફી આપવી પડશે બીજા ગુન્હાઓ માટે ઉપરની ફીનો ચોથો ભાગ સમજવો સરકારી નોકરોએ પોતાની નોકરીની રૂએ કરેલી ફરીયાદ ઉપર ફી આપવી નહિ

રેવન્યુ કામ માટે—દરેક સમન્સ અગર નોટીસ બદલ ત્રણ આના, અને વારટ માટે છ આના.

પરચુરણ કામનાં—દસ્તાવેજના ખરાપણા માટે માજીસ્ટ્રેટ સહી કરી આપે તો કોર્ટ ફી ટીકીટ નો એક રૂપિઓ, અને મુખત્યારના ખરાપણા માટે–હાઇકોર્ટના નાજર સહી કરે તો આઠ આના, અને સબોર્ડીનેટ કે ડીસ્ટ્રીક્ટ કોર્ટના નાજર સહી કરે તો ચાર આના, રોકડ ફી, અને તેટલોજ કોર્ટ ફી સ્ટામ્પ આપવો પડે, એફીડેવીટ માટે ઉપર પ્રમાણે કોર્ટ ફી ટીકીટ તથા રોકડ ફી આપવી પડશે—

દિવાની તેમજ રેવન્યુ કામ માટે સાક્ષીઓનું ભથ્થું—નીચે પ્રમાણે રોકડુ કોર્ટમા આપવુ–

દરક સાહેદ માટે—યુરોપીયન અથવા ઇષ્ટ ઇંડિઅનને દર માઇલે છ આના પ્રમાણે ગાડી ભાડુ અને દરરોજના ખોરાકીના રૂ ૨–૮–૦ આપવા પટેલ, વ્યાપારી, વકીલ અને એવાજ બીજા જે ઉંચ વર્ગના સાહેદ હોય તેને દરરોજના આઠ આનાથી એક રૂપીઆ સુધી, સરકારી નોકર અને કારીગર અને એવાજ બીજા લોકોને દરરોજના છ આના, ખેડુત અને ખાનગી નોકરોને દરરોજના ચાર આના, ઉપગત રેલવેનો તથા જવા આવવાનો બીજો વાજબી ખર્ચ આપવો

દિવાની કદમા કોઇ દેણુદારને મોકલવો પડે તો તેને ખોરાકીના—જો તે યુરોપિઅન હોય તો–દરરોજના રૂ ૧ થી તે રૂ ૧–૮–૦ સુધી, યુરોઝીઅન કે પોર્ટુગીઝ હોય તો–દગરોજ આઠ આનાથી એક રૂપિઆ સુધી અને બીજા લોકોને દરરોજ ત્રણ આનાથી બાર આના સુધી આપવા જોઇએ

ફોજદારી કામમાં—યુરોપિઅન અને ઇષ્ટ ઇન્ડિઅન સાહેદને દર માઇલે છ આના, ગાડીભાડાના તથા ખોરાકીના દરરોજના રૂ ૨–૬ ૦ સુધી, પટલ, વેપારી, વકીલ અને તેવા દરજ્જાના બીજા ઉંચા વર્ગના લોકોને દરરોજના ખોરાકીના છ આના અને મુસાફરી ખર્ચ જુદો, ખેડુ તથા બીજા ખાનગી લોકોને દરરોજના ખોરાકીના ચાર આના અને મુસાફરી ખર્ચ જુદા

સેશન કોર્ટમા કામ ચાલી શકે તેવા જામીન લેઈ શકાય તેવા અને જામીન લઇ શકાય તેવા, મુકદ્દમામા અને કોઇ અમલદારના હુકમથી ચાલેલા કામમા કોર્ટને વ્યાજબી લાગે તો ઉપર પ્રમાણે મુસાફરી તથા ભથ્થાનો ખર્ચ સરકાર તરફથી આપવો

દિવાની તથા ફોજદારી કામમા તેમજ મામલતદાર એક્ટ મુજબ ચલાવેલા કબજાના કામમા નકલ ફી તથા મુકાબલ ફી નીચે મુજબ આપવી

નકલ ફી	મુકાબલ ફી
અંગ્રેજી નકલમા દર ૨૫ શબ્દે તથા તેના ભાગે છ પાઇ	દર સો શબ્દે તથા તેના
દેશીભાષામા દર ૩૩ ,, ,, ,,	ભાગે અડધો આનો

મુલકી કામમાં—દર સો શબ્દે તથા તેના ભાગે એક આનો નકલ ફી તથા અરધો આનો મુકાબલ ફી આપવી

કોર્ટમાં સમ ખાવા બાબતનો એકટ.

હિંદુસ્તાનનો સન ૧૮૭૩ નો એકટ ૧૦ મો.

૧ આ આકટ બ્રિટિશ ઇંડિઆને લાગુ છે (બીજી કલમ રદ થઇ છે)

૩ આ આકટનો કોઇ પણ ઠગવ કોર્ટ માર્શલથી ચાલેલા કામને લાગુ નથી

૪ જે કોર્ટોને અથવા માણસોને કાયદેસર જુબાની લેવાનો અધિકાર છે તે કોર્ટો અથવા માણસો સમ ખવડાવવાને અથવા પ્રતિજ્ઞા કરાવવાને મુખત્યાર છે

૫ જે કોર્ટને જુબાની લેવાનો કે પુરાવો લેવાનો અધિકાર છે તે કોર્ટમા કાયદા પ્રમાણે જુબાની આપતા સઘળા સાહેદોએ, સાહેદોની જુબાની તરજુમો કરીને સમજાવનારાએ, અને જુરરોએ જુબાની આપતી વખતે સમ ખાવા જોઇએ, ફોજદારી કામમા તહોમતદારને સમ ખવરાવવાની જરૂર છે એમ સમજવુ નહીં

૬ સાહેદ હિંદુ અથવા મુસલમાન હોય અને સમ ખાવાને હરકત હોય તો તેણે સમ ખાવાને બદલે પ્રતિજ્ઞા કરવી, બીજે પ્રસંગે તેણે સમ ખાવા

૭ હાઇકોર્ટ જે રીતે ઠરાવે તે રીતે સમ ખવડાવવા કે પ્રતિજ્ઞા કરાવવી

૮ જે જાતનો અથવા પંથનો હોય અને તે જાતના તથા પંથના લોકોને જે તરેહનો સમ ખાવાનો વહીવટ હોય તે તરેહના સમ ખવરાવવા તથા પ્રતિજ્ઞા કરાવવી

૯ કોઇ પક્ષકાર કહેશે કે સામાવાળો અથવા ફલાણો સાહેદ ૮ મી કલમ પ્રમાણે સમ ખાશે તો તે જે કહેશે તે મારે કબુલ છે, ત્યારે તે સમ તમે ખાશો કે નહિ એવુ સામાવાળાને અથવા સાહેદને પુછવાને કોર્ટ મુખત્યાર છે

૧૦ જો તે પક્ષકાર કે સાહેદ સમ ખાવાનું કબુલ કરે તો તેને સમ ખવરાવવા

૧૧ મ્હારે કબુલ છે એ રીતે જે માણસે કહ્યુ હોય તે માણસ બાબત તે જુબાની નક્કી પુરાવો છે

૧૨ સમ ખાવાની ના કહે તો જબરજસ્તીથી સમ ખવરાવવા નહિ

૧૩ સમ ખવડાવ્યા નહી હોય અથવા કાંઇ ગેરચાલ થઇ હોય તેથી ચાલેલુ કામ અને જુબાની કામમા નહી આવશે એવુ સમજવુ નહિ

૧૪ પુરાવો આપતી વખતે જુબાની આપનાર માણસને સાચેસાચુ બોલવાની જરૂર છે

હિંદુસ્તાનનો કરારનો આકટ.

(સન ૧૮૭૨ નો આકટ ૯ મો.)

૨ કોઇ વસ્તુ કરવાની કે ન કરવાની ખુશી જણાવવી તેને **સુચના** કહે છે, સુચના કરે તે **વચન આપનાર** અને સુચના સ્વિકારે તે **વચન લેનાર** સમજવો જે કબુલત કાયદાના જોરથી અમલમા લાવી શકાય છે તેને કરાર કહે છે

૧૦ કરાર કરવાને લાયક હોય એવા પક્ષકારોની રાજીખુશીથી આપેલી સમતિથી કરેલી કબુલતોને કરાર સમજવા

૧૧ લાયક ઉમ્મરે પહોચેલા, સાવધ બુદ્ધિવાળા અને કાયદેસર અશક્તતા ન હોય તેવા સર્વ સખસો કરાર કરવાને લાયક છે

૧૯ કપટથી આપેલી સમતીથી થયેલી કબુલતો નિરર્થક થવા યોગ્ય છે ગેરવ્યાજબી દાબના યોગે કરી લીધેલા કરાર રદ કરવા યોગ્ય થાય છે

૨૦ હકીકત વિષે બને પક્ષકારોની ચુક થઇ હોય તો તે કબુલતો નિરર્થક છે

૨૧ કાયદા વિષેની ચુકને લીધે કરાર નિરર્થક થતો નથી

૨૨ હકીકત વિષે કરારના એક પક્ષકારની ચુક થઇ હોય તો માત્ર તેજ કારણથી કરાર નિરર્થક થતો નથી

૨૩ કોઇ કબુલતનો અવેજ કિવા ઉદ્દેશ નીચે લખ્યા મુજબનો ન હોય તો તે કાયદાસર છે કાયદામા મનાઇ કરી હોય તેવો, જેમા કપટ હોય તેવો જે બીજા સખસના શરીરને કીવા મિલકતને હાની કર્તા હોય, અને જે કોર્ટ અનીતિનો અથવા રાજ્યનીતિ વિરૂદ્ધ ગણતી હોય તેવો અવેજ કીવા ઉદ્દેશ ગેરકાયદે છે

૨૪ અવેજ તથા ઉદ્દેશ કાઇ ભાગે ગેરકાયદે હોય તે કબુલાત નિરર્થક છે

૨૫ અવેજ સિવાયની કબુલત નિરર્થક છે, પણ તે લખેલી તથા નોધેલી હોય તો કાઇ વસ્તુ કરી હોય, તેનો બદલો આપવાનુ વચન હોય તો મુદતના કાયદાથી રદ થયેલુ કરજ આપવાનુ વચન હોય તો, તે કબુલાત કરાર થાય છે અને તે નિરર્થક થતી નથી

૨૬ કાચી ઉમ્મરના સખસો સિવાય બીજા સખસોના લગ્નમા હરરકત કર્તા કબુલતો નિરર્થક છે

૨૭ વેપારમા હરકત કર્તા કબુલતો નિરર્થક છે

૨૯ કાયદા મુજબ કામ ચલાવવામા હરકત કર્તા કબુલતનો અર્થ નક્કી કરી શકાય નહી તેવી કબુલતો નિરર્થક છે

૩૦ અને સરત તરીકે કરેલી કબુલતો નિરર્થક છે પણ ઘોડાની સરતમા જીતેલા ઇનામ આપવાની કબુલત ગેરકાયદે નથી

૪૦ કરારના પક્ષકારોએ પોતપોતાના વચનો પુરા કરવા જોઇએ વચન આપનારે વચન પુરૂ કરવુ જોઇએ

૪૬ વચન પુરૂ કરવાનો વખત નીમ્યો ન હોય તો એવુ વચન યોગ્ય મુદતમા પુરૂ થવુ જોઇએ.

૫૧ પરસ્પર વચન લેનાર પોતાનુ વચન પુરૂ કરવાને તૈયાર તથા રાજી ન હોય તો વચન આપનારને પોતાનુ વચન પુરૂ કરવાની ફરજ નથી

૫૬ અશક્ય કૃત્ય કરવાની કબુલત નિરર્થક છે

આપેલા પૈસા ક્યા ઉપયોગમાં લેવા તે બાબત

૫૯ દેણદાર સખશ કાંઈ રકમ આપતી વખતે તે ફલાણુ કરજ પેટે મજરે લેવી, એવુ સ્પષ્ટ જણાવે તો તે રકમ તે કરજને પેટે મજરે લેવી જોઇએ.

૬૦ ક્યા કરજને પેટે રકમ મજરે લેવી એવુ દેણદારે જણાવ્યુ ન હોય તો આપેલી રકમ સાહુકારે પોતાને યોગ્ય લાગે તે કરજને પેટે મજરે લેવી

૬૧ આપેલી રકમ કોઇ અમુક કરજને પેટે બેમાથી એક પક્ષકારે મજરે પકડી ન હોય તો તે રકમ કરજો ને પેટે મજરે લેવી.

જે કરાર પુરો કરવાની જરૂર નથી તે વિષે

૬૨ જે કરાર બદલ્યા હોય, રદ કર્યા હોય, કે જેમા ફેરફાર કર્યો હોય તે કરારો પુરા કરવાની જરૂર નથી

૬૩ વચન લેનાર વચન પુરૂ કરવાની વાત માડીવાળી શકે છે

૬૫ નિરર્થક કબુલત અથવા નિરર્થક થયલા કરારની રૂએ જે સખસને કાઇ ફાયદો થયો હોય, તે સખસે તે ફાયદો જેની પાસેથી મળ્યો હોય તેને પાછો આપવો

૬૭ વચન પુરૂ કરવાને જે યોગ્ય સાધન જોઇએ તે આપવામા વચન લેનાર ગફલત કરે, તો તેને લીધે જેટલુ વચન પુરૂ થવાનુ રહ્યુ હોય તેટલુ પુરૂ કરવાની માફી થઇ એમ સમજવુ

કરારથી ઉત્પન્ન થયેલા સંબંધો જેવા બીજા કેટલાએક સંબંધો વિષે

૬૮ કરાર કરવાને જે અશક્ત છે તેને કિવા તેના તરફથી બીજા કોઇને ખોરાકી પોશાકીની જરૂરી જણસો કોઇ બીજો સખસ પુરી પાડે તો, તેની કીમત તેને સદરહુ અશક્ત સખસની મિલકતમાથી મળવાનો તેને હક છે

૬૯ એક સખસે આપવાના પૈસા બીજા સખસ તે વાતમા પોતાનો સબધ હોવાથી આપે તો તે આપનારને પૈસા પાછા મળવાનો હક છે

૭૦ જ્યારે એક સખસ બીજા સખસને કાઇ વસ્તુ આપે, પરતુ તે પ્રમાણે મફત આપવુ એવો તેનો ઇરાદો ન હોય, અને બીજા સખસે તે આપેલી વસ્તુનો ઉપયોગ લીધો હોય, ત્યારે તે બીજા સખસે તેનો

બદલો પહેલા સખસને ભરી આપવો અથવા આપેલી વસ્તુ તેને પાછી આપવી.

૭૧ કોઇ સખસને બીજા કોઇનો કાઇ માલ જડે અને તે પોતાના હવાલામા લે તો નિક્ષેપીના ઉપર જે જવાબદારી છે તે જવાબદારી તેના ઉપર છે

૭૨ કોઇ સખસને ચુકથી અગર સખતીના કારણોથી પૈસા અગર કાઇ વસ્તુ આપવામા આવી હોય તે સખસે તે પૈસા અગર તે વસ્તુ પાછી આપવી જોઇએ

કરાર તોડયાના પરિણામ વિશે.

૭૩ કરાર તોડયાથી ઉત્પન્ન થયેલો ટોટો કિંવા નુકસાનનો બદલો કરાર તોડનાર પાસેથી મળવાનો હક છે.

૭૪ કરાર તોડયો તો અમુક રકમ આપવી એવુ જે કરારમા ઠરાવ્યુ હોય તે કરાર તોડયાથી નુકશાનીનો બદલો ઠરાવેલી રકમથી વધારે ન હોય તેટલો તેને મળવાનો હક છે

૭૫ વ્યાજબી રીતે કરાર બધ પાડનાર પક્ષકારને નુકશાનીનો બદલો ભરી લેવાનો હક છે

માલના વેચાણ બાબત બાબ ૭ મો.

વેચેલા માલ ઉપર માલકી ક્યારે ઉત્પન્ન થાય છે

૭૬ માલ એટલે જંગમ મિલકત

૭૭ વેચાણ એટલે કીમતના બદલામા મિલકત આપવી તે

૭૮ કાઈ કીમતે કોઈ મુકરર કરેલા માલની કીમત આપવામા, તથા સ્વીકારી, અને તેની સાથે કીમત આપ્યાથી, કે માલ સ્વાધિન કર્યાથી ક બાનુ આપ્યાથી વેચાણ થાય છે

૭૯ જે વસ્તુ મુકરર કરવાની, બનાવવાની કે પુરી કરવાની હોય તે વસ્તુ વેચવાનો કરાર થયો હોય, ત્યારે તે વસ્તુ મુકરર કરવામા આવે, બનાવવામા આવે કે પુરી કરવામા આવે ત્યા સુધી ખરીદદારને તે વસ્તુ પ્રાપ્ત થતી નથી

૮૪ વેચનાર માલ પસદ કરીને કાઢે તો માલ મુકરર થયો એમ સમજવુ

૮૫ જંગમ મિલકત સ્થાવર મિલકત જોડે વેચી હોય ત્યારે સ્થાવર મિલકત ઉપર હક પ્રાપ્ત થાય તે પહેલા જંગમ માલ ઉપરનુ સ્વામિત્વ ઉત્પન્ન થતું નથી

૮૬ જ્યારે માલ ઉપર ખરીદદારની માલકી થઇ હોય ત્યારે તે માલ નાશ થયાથી કે તેને નુકસાન થયાથી કાઇ ટોટો થાય તો તે ખરીદદારે ખમવો જોઇએ

૮૯ કરારથી કીમત ઠરી ન હોય તો તે કોર્ટને યોગ્ય દેખાય તે કીમત ખરીદદારે આપવી

સ્વાધીન કરવું

૯૦ વેચેલો માલ ખરીદદારના કબજામા જવાથી સ્વાધીન કરી શકાય છે

૯૩ ખરીદદાર વિનતી કરે ત્યા સુધી માલ સ્વાધિન કરવાની ફરજ વેચનારને નથી

૯૪ વેચતી વખતે માલ જે ઠેકાણે હોય તે ઠેકાણે સ્વાધિન કરવો

વેચનારનું લીયન

૯૫ વેચેલો માલ વેચનારના કબજામા જ્યા સુધી રહે અને તેની કીમત આપવાની બાકી હોય ત્યા સુધી વેચનારનુ તે માલ ઉપર લીયન છે

૯૬ કીમત પાછળથી આપવાની હોય પણ સ્વાધિન કરવાનો વખત ન નીમ્યો હોય તો વેચનારનો લીયન નથી, માલ સ્વાધીન કર્યાની પહેલા ખરીદદાર નાદાર થાય તો વેચનાર કીમતને માટે માલ અટકાવી શકે છે

૯૭ ઠરાવેલે વખતે કીમત ન મળે તો, વેચનાર કીમતને માટે માલ અટકાવી શકે છે

માલ રસ્તામાં જતાં રોકવા બાબત

૯૯ જો ખરીદદાર નાદાર થાય અને માલની કીમત પોતાને પહોચી ન હોય તો, વેચનાર માલ ખરીદદાર તરફ જતા રસ્તામા રોકી શકે છે

૧૦૧ ખરીદદાર માલ વેચી બીજાને સ્વાધિન કરે ત્યા સુધી રોકવાનો હક જારી રહે છે

૧૦૬ માલ રોકયાથી વેચનારને તેની કીમત આપવામા આવે ત્યા સુધી માલ રાખવાનો તેનો હક થાય છે.

ફરી વેચાણ

૧૦૭ ખરીદદારે કરાર પુરો ન કર્યાથી, વેચનાર ખરીદારને પ્રથમ ખબર આપી તે માલ ફરી વેચી શકે છે, અને તેમા ટોટો આવે તો પ્રથમના ખરીદદારે ભરી આપવો જોઇએ પણ નફા ઉપર ખરીદદારનો હક નથી.

૧૦૮ વેચનારનો પોતાના માલ ઉપર જે હક હોય તેથી વધારે હક તે માલ ખરીદનારને તે આપી શકતો નથી

૧૦૯ વેચનારનો હક કાયદેસર નહી હોવાને લીધે ખરીદદારના હાથમાથી વેચેલી વસ્તુ પાછી જાય તો ખરીદનારને તેથી જે ટોટો થાય તેને જવાબદાર વેચનાર છે

ખાત્રી

૧૧૦ માલ સારો છે, તથા અમુક જાતનો છે એવી ગર્ભિત ખાત્રી ધંધાના રીવાજ વડે સાબિત કરી શકાય છે

૧૧૧ ખાવાનો પદાર્થ સારો છે એવી ગર્ભિત ખાત્રી આપી શકાય

૧૧૨ નમુનો બતાવીને માલ વેચ્યો હોય તો નમુના પ્રમાણે સઘળો માલ છે, એવી ગર્ભિત ખાત્રી આપી સમજવી

૧૧૩ અમુક નામનો માલ કહીને વેચ્યો હોય તો તેજ નામનો માલ તે છે એવી ગર્ભિત ખાત્રી આપી સમજવી

૧૧૪ જ્યારે માલ કોઈ જણાવેલા કામને સારૂ મગાવ્યો હોય, ત્યારે આપેલો માલ તે કામને માટે ઉપયોગમા આવે એવો છે એવી ગર્ભિત ખાત્રી કર્યાનું સમજવુ

૧૧૫ પ્રસિદ્ધ તથા મુકરર કરેલી જાતનો માલ વેચ્યાથી ખાત્રી આપી સમજવી નહી

૧૧૬ કપટ ન હોય તો તથા જાત વિષે સ્પષ્ટ ખાત્રી આપવામા આવી ન હોય તો તેમાની છુપી ખામીઓ વિશે વેચનાર જવાબદાર નથી

૧૧૭ ખાત્રી આપીને માલ વેચ્યો હોય, અને પાછી ખાત્રી તોડયાથી ખરીદનારને જે નુકસાન થાય તેનો બદલો વેચનારે ભરી આપવો જોઇએ

૧૧૮ જે માલ મુકરર નથી તે બદલ આપેલી ખાત્રી તુટે તો ખરીદનાર તે માલ ના લેવાને મુખત્યાર છે

પરચુરણ

૧૧૯ મગાવેલા માલ સાથે ન મગાવેલો માલ મોકલે તો ખરીદદાર મોકલેલો માલ સ્વીકારવાની ના કહી શકે છે

૧૨૦ ખરીદદાર માલ સ્વીકારવાની ગેરવ્યાજબી રીતે ના કહે તો વેચાણનો કરાર તેણે તોડયો એમ સમજવુ.

૧૨૨ લીલામથી જથાબંધ માલ વેચવામા આવે તે ઉપર જેને છેલ્લી માગણીએ આપવામા આવે તેની માલીકી થાય છે

૧૨૩ હરાજીમા વેચનારે કીમત વધારવા સારૂ બનાવટી માગણીઓ આપરી હોય તો ખરીદદારની ઇચ્છા ઉપરથી વેચાણ નિરર્થક થાય છે

હામિ તથા જામીનગીરી.

૧૨૪ જે કરાર ઉપરથી એક પક્ષકારની વર્તણુકથી બીજા પક્ષકારને ટોટો આવે તેથી તેને બચાવવાનું વચન આપે તે કરારને હામીને કરાર કહે છે

૧૨૫ હામી જેને આપી હોય તેના ઉપર દાવો થાય તો તેને દાવાના ખર્ચ સાથે નુકસાની મળવાનો હક છે.

૧૨૬ કોઇ ત્રાહીત સખસ પોતાનુ વચન કીવા જવાબદારી પુરી કરવામા કસુર કરે તો તે પુરી કરવાના કરારને જામીનગીરીનો કરાર સમજવો.

૧૨૮ કરારમા બીજી રીતનો ઠરાવ ન હોય તો જામીનની જવાબદારી મુખ્ય દેણદારની જવાબદારી જેટલીજ છે

૧૨૯ જે જામીનગીરી કેટલાક અનુક્રમવાર કાર્યોને લાગુ હોય તેને સ્થીર જામીનગીરી કહે છે

૧૩૧ જામીન મરણ પામ્યાથી સ્થિર જામીનગીરી રદ થાય છે

૧૩૩ કરારમાની સરતોમા ફેરફાર થવાથી જામીન છુટો થાય છે

૧૩૪ મુખ્ય દેણદાર છુટયો અથવા મોકળો થયો તો જામીન મુક્ત થાય છે

૧૩૫ માગનાર મુખ્ય દેણદાર સાથે ફડચો કરે અથવા તેને મુદત આપે અથવા દાવો ન આણવાનુ વચન આપે તો જામીન છુટો થાય છે

૧૩૬ મુખ્ય દેણદારને મુદત આપવાનો કરાર ત્રીજા સખસ જોડે કર્યો હોય તો જામીન છુટો થતો નથી

૧૩૭ માગનાર દાવો માડવાની ખામોશ રાખે તેથી જામીન છુટો થતો નથી

૧૩૮ કેટલાએક સહ જામીનોમાના એકને છુટો કર્યો તો બીજા છુટા થતા નથી

૧૪૦ જામીને રૂપિઆ આપ્યા વગર કામ પુરૂ કર્યું તો માગનારના દેણદાર ઉપર જે હકો હોય તે હકો જામીનને પ્રાપ્ત થાય છે

૧૪૧ માગનારને કરજની ખાત્રી સારૂ મિલકત વીગેરે જે હોય તેનો ફાયદો મળવાનો જામીનનો હક છે

૧૪૨-૧૪૩ ગેરસમજુતી કરીને કે કોઇ વાત છુપાવી રાખીને મેળવેલી જામીનગીરી વ્યર્થ છે

૧૪૫ જામીનને ટોટાથી બચાવવા સારૂ દેણદારનુ ગર્ભિત વચન હોય છે એમ સમજવુ

૧૪૬ સહ જામીનો સરખે ભાગે જવાબદાર છે.

૧૪૭ જો સહ જામીનોએ જુદી જુદી રકમ આપવાની જવાબદારી લીધી હોય તો તેઓ પોતપોતાની જવાબદારીની હદ સુધી સરખે ભાગે રૂપિઆ આપવાને જવાબદાર છે

નિક્ષેપ વિષે.

૧૪૮ જ્યારે એક સખસ કાઇ માલ કોઇ કામ સારૂ બીજા સખસને સ્વાધિન કરે અને તે એવા કરારથી કે કામ મજકુર પુર્ણ થાય એટલે તે માલ પાછો આપવો, અથવા સ્વાધિન કરનારના હુકમ પ્રમાણે તેની બીજી રીતે વ્યવસ્થા કરવી, ત્યારે એ પ્રમાણે માલ સ્વાધિન કરવો તેને નિક્ષેપ કહે છે, જે માલ સ્વાધિન કરે તેને નિક્ષેપતા કહે છે, અને જેને માલ સ્વાધિન કરવામા આવે તેને નિક્ષેપી કહે છે

૧૪૯ કોઇ માલ નિક્ષેપતાના અથવા તેના તરફથી બીજા કોઇ સખસના કબજામા આપવાથી માલ સ્વાધીન કરી શકાય છે,

૧૫૦ નિક્ષિપ્ત માલમા જે ખામી હોય તે જણાવવાનુ કામ નિક્ષેપ્તાનું છે, અને પ્રકટ ન કરે તો તેથી નિક્ષેપીને જે નુકસાન થાય તેનો તે જવાબદાર છે જો માલ ભાડાના સારૂ નિક્ષેપમા આપ્યો હોય તો સદરહુ પ્રકારના નુકસાનનો જવાબદાર છે

૧૫૧ નિક્ષેપીએ પોતાના માલના જેટલી નિક્ષેપમા આવેલા માલની સંભાળ લેવી જોઇએ

૧૫૨ નિક્ષેપીએ કલમ ૧૫૧ મા કહ્યા જેટલી સંભાળ લીવી હોય ત્યારે નિક્ષેપ વસ્તુ ખોવાઈ જાય કીવા તેનો નાશ થાય કીવા તે બગડે તેનો નિક્ષેપ જવાબદાર નથી

૧૫૩ સરત વિરૂદ્ધ નિક્ષેપીએ કૃત્ય કર્યું હોત તો, નિક્ષેપનો કરાર રદ થાય છે

૧૫૪ નિક્ષેપ્ત માલનો વગર અધિકારે ઉપયોગ કરે તો તેથી માલને જે નુકસાન થાય તેનો બદલો નિક્ષેપતાને મળવાનો હક છે

૧૫૬ નિક્ષેપ્તાની સમતિ સિવાય તેનો માલ નિક્ષેપીએ પોતાના માલ સાથે ભેળ્યો હોય, પણ જુદો કરી શકાય એવો હોય તો તે જુદો પાડવાનુ ખર્ચ તથા તેથી નુકસાન થાય તે નિક્ષેપીએ ભોગવવુ

૧૫૭ અને જુદો પડાતો ન હોય તો માલ ગુમ થયાનો બદલો નિક્ષેપીએ ભરી આપવો

૧૫૯ વાપરવા સારૂ જ્યારે કોઇએ કાઇ વસ્તુ મફત ધીરી હોય ત્યારે ધીરનાર સખસ ગમે તે વખતે

તે પાછી માગી શકે છે પછી તે નિમેલા વખત સુધી કે નિમેલા કામ માટે ધીરી હોય તેની ચિંતા નહી પણ નીમેલા વખતની પહેલા પાછા આપ્યાથી નફા કરતા ટોટો તેને વધારે થાય તો, તે જાસ્તી ટોટો ધીરનાર સખસે ભરી આપવો

૧૬૦ વખત પુરો થવાથી અથવા કામ પુરૂ થયાથી નિક્ષીપ્ત માલ પાછો આપવો જોઇએ

૧૬૧ જો યોગ્ય વખતે માલ પાછો આપવામા ન આવે તો

૧૬૨ તે મુદ્દત પછી તે માલ ખોવાઇ જાય કે નાશ થાય તેનો નિક્ષેપ્તા જવાબદાર છે. નિક્ષેપ મફત કર્યો હોય તો તેની સમાપ્તી મર્ણથી થાય છે

૧૬૩ નિક્ષિપ્ત માલથી વધારો થયો હોય અથવા નફો થયો હોય તે નિક્ષેપ્તાને મળવાનો હક છે

૧૬૬ જે નિક્ષેપ્તાનો હક ન હોય તેના સ્વાધિનમા નિક્ષેપી શુદ્ધબુદ્ધિથી માલ પાછો આપે તો તે બાબત નિક્ષેપી જવાબદાર નથી

૧૬૭ નીક્ષીપ્ત માલ ઉપર ત્રીજા માણુસનો હક હોય તો તે સખસ તે બાબત કોર્ટને અરજ કરી શકે છે

૧૬૮ જે સખસને કાઇ માલ જડે તે સખસે તે માલ સભાળીને રાખવામા તથા ધણીની શોધ કરવામા પોતાની ખુશીથી મહેનત લીધી હોય, તથા ખર્ચ કર્યો હોય તેનો બદલો મળવાને માલીક ઉપર દાવો માડવાનો તેનો હક નથી પણ એવો બદલો મળે ત્યા સુધી તેને તે માલ માલીક વિરૂદ્ધ અટકાવી રાખવાનો હક છે, પણ ખોવાયેલો માલ પાછો લાવી આપવા બદલ કાઇ ઇનામ આપવાનું કહ્યુ હોય તો તે ઇનામ સારૂ દાવો માડી શકે છે, અને ઇનામ મળતા સુધી તે માલ અટકાવી શકે છે

૧૬૯ હમેશ વેચવામા આવતી હોય એવી વસ્તુ જડે, ત્યારે માલીક મળતો ન હોય તો અથવા કાયદેસર થયેલો ખર્ચ માલીક આપતો ન હોય તો તે સખસ વસ્તુ મજકુર વેચી શકે છે પરતુ જો તે વસ્તુનો નાશ થવાની કે તેની કીમતમા ઘટાડો થવાની ધાસ્તી હોય અથવા તે વસ્તુના સબધમા તે વસ્તુના કુ જેટલો કાયદેસર ખર્ચ તે વસ્તુ જડનારને થયો હોય તો તે સદરહુ મુજબ વેચી શકે છે

૧૭૧ પેઢીવાળા, ફેકટરો ડકાવાળા, એટરનીઓ અને વિમાદલાલો એકદર હીસાબની બાકીની ખાત્રી સારૂ નિક્ષેપમા આપેલો માલ અટકાવી શકે છે

ઘરેણે આપેલી વસ્તુનો નિક્ષેપ

૧૭૨ કોઇ કર્જ અદા કરવાના અથવા કોઈ વચન પુરૂ કરવાના તારણ દાખલ કઈ માલનો નિક્ષેપ કર્યો હોય તે નિક્ષેપને ઘરેણે કહે છે, એવા પ્રકારના નિક્ષેપ્તને ઘરેણે આપનાર અને નિક્ષેપીને ઘરેણે લેનાર કહે છે

૧૭૩ ઘરેણે લેનાર ઘરેણે મુકેલો માલ કરજ વાળી લેવાને માટે કીવા વચન પુરૂ કરવા માટે, કરજના વ્યાજને માટે અને તે જાળવી રાખવા જે જરૂરી ખર્ચ લાગે તેને માટે અટકાવી શકે છે

૧૭૪ જે કર્જને માટે માલ ઘરેણે મૂકયો હોય તે સિવાયના બીજા કર્જ અથવા વચનને સારૂ ઘરેણે લેનાર માલ અટકાવી શકતો નથી

૧૭૫ ઘરેણે લેનારને જે વિશેષ ખર્ચ કરવો પડયો હોય તે ભરી લેવાનો તેનો હક છે

૧૭૬ કરજ અદા કરવામા કે વચન પુરૂ કરવામા ઘરેણે મુકનાર કસુર કરે તો ઘરેણે લેનાર દાવો માડી શકે છે તથા ઘરેણે મુકેલો માલ અટકાવી શકે છે, અથવા ઘરેણે મુકનારને વેચાણને યોગ્ય ખબર આપીને તે માલ વેચી શકે છે, વેચાણમા જે પઇસા લેણા હોય તેથી કમી પઇસા ઉપજે તો બાકીના પૈસા આપવાને ઘરેણે મુકનાર પાત્ર છે, અને કરજ કરતા વધારે ઉપજે તો ફાજલ આકડો ઘરેણે મુકનારને આપી દેવો

૧૭૭ નીમેલે વખતે ઘરેણે આપનાર કર્જ અદા ન કરે કીવા વચન પુરૂ ન કરે, તો પણ મુદત ગયા પછી વેચાણ થતા પહેલા તે માલ છોડાવી શકે છે

૧૭૮ જેના કબજામા માલ અથવા માલ ઉપરના હકના દસ્તાવેજ હોય તેણે તે ઘરેણે મુકયા હોય તો તે કાયદેસર છે

૧૭૯ જ્યારે ઘરેણે મુકનારનો હક અમુક મર્યાદા સુધીનોજ હોય ત્યારે તે હક જેટલુ ઘરેણે મુકી શકાય

આડતીઆની નીમણુંક તથા તેના અધિકાર બાબત —

૧૮૨ કોઇ બીજા સખસને સારૂ કાઇ પણ કૃત્ય કરવા સારૂ, અથવા ત્રીજા સખસો સાથેના વ્યવહારમા કોઇ બીજા સખસના પ્રતિનિધી દાખલ કામ ચલાવવા સારૂ નીમેલા સખસને આડતીઓ સમજવો, જેને સારૂ કૃત્ય કરવામા આવે તેને મુખ્ય કહેવો

૧૮૩ પાકી ઉમરે પહોચેલો અને સાવધ મનુષ્ય આડતીઓ નીમી શકે,

૧૮૪ તેમ પાકી ઉમરે પહોચેલો સાવધ બુદ્ધિનો આડતીઓ થઇ શકે

૧૮૫ આડત ઉત્પન્ન કરવા સારૂ અવેજની જરૂર નથી

૧૮૬ આડતીઆનો અખત્યાર સ્પષ્ટ કીવા ગર્ભિત હોઇ શકે છે

૧૮૭ બોલેલા અથવા લખેલા શબ્દોથી જે અખત્યાર આપવામા આવે તેને સ્પષ્ટ અખત્યાર કહેવો

૧૮૮ જો આડતીઆને એકાદ કૃત્ય કરવાનો કીવા કોઇ ધધો ચલાવવાનો અખત્યાર હોય તો તે કૃત્ય કીવા ધધો ચલાવવા જે કાયદેસર કામ કરવાની જરૂર હોય તે સર્વે કરવાનો તેને અધિકાર છે

૧૮૯ અણુચિતવ્યા તાકીદના કામમા સાધારણ સમજણવાળુ માણુસ ખુદ પોતાના કામમા તેવીજ બીના હોવાથી જે કૃત્ય કરે તે સર્વે કૃત્ય પોતાના મુખ્ય ટોટામાથી બચાવવા સારૂ કરવાનો અધિકાર આડતીઆને છે

૧૯૦ જે કૃત્ય આડતીઆએ પોતે જાતે કરવાનુ માથે લીધુ હોય તે કરવાને બીજા સખસને તે નીમી શકતો નથી પરતુ વેપારના સાધારણ રીવાજ પ્રમાણે પેટા આડતીઓ નીમી શકાતો હોય તો તે આડતીઓ તે પ્રમાણે બીજા સખસને નીમી શકે છે

૧૯૨ યોગ્ય રીતે નીમેલો હોય એવો આડતીઓ મુખ્યનો પ્રતિનિધી છે પેટા આડતીઓ જે કૃત્ય કરે તેનો આડતીઓ મુખ્યનો જવાબદાર છે,

૧૯૬ કોઇ એક સખસ બીજા સખસને સારૂ તેના અધિકાર સિવાય કાઇ કૃત્ય કરે તો તે બહાલ રાખવાને તે બીજો સખસ મુખત્યાર છે

૧૯૮ કાયદેસર બહાલી આપવાને માટે માહિતી અવશ્ય જોઇએ

અખત્યાર રદ કરવા વિષે

૨૦૧ મુખ્ય પોતાને આપેલો અખત્યાર રદ કરવાથી, આડતીઆએ આડતનુ કામ છોડી દીધાથી, આડતનુ કામ પુરૂ થયાથી, મુખ્ય તથા આડતીઆ મધ્યેથી એક જણ મર્ણ પામ્યાથી, કે અસાવધ બુદ્ધિનો થવાથી, કાયદેસર મુખ્ય નાદાર ઠરેથી આડતની સમાપ્તિ થાય છે

૨૦૨ જે વસ્તુ વિષે આડત છે તે વસ્તુમા આડતીઆનો ફાયદા ગેરફાયદાનો સબધ હોય ત્યારે સ્પષ્ટ કરાર ન હોય તો તે સબધને નુકસાન પહોચે એવી રીતે આડત મજકુર સમાપ્ત કરી શકાતી નથી

૨૦૩ આડતીઆને આપેલો અધિકાર પોતે જવાબદારીથી બધાય એવી રીતે વાપરવામા આવ્યો હોય તે પહેલા ગમે તે વખતે સદરહુ અધીકાર મુખ્ય રદ કરી શકે છે

૨૦૫ ઠરાવેલી મુદત પહેલા પુરતા કારણ સિવાય મુખ્ય આડત રદ કરે તો મુખ્યે અને આડતીઓ પુરતા કારણ સિવાય આડતનુ કામ છોડી દે તો આડતીઆએ નુકસાનનો બદલો ભરી આપવો જોઇએ

૨૦૬ ઉપર પ્રમાણે આડત મુખ્ય રદ કરે અગર આડતીઓ છોડી દે તો તેણે તે વિશેની ખબર એક બીજાને આપવી જોઇએ

૨૦૮ આડતીઆને સબધે તથા ત્રીજા સખસોને સબધે આડતીઆનો અખત્યાર સમાપ્ત કર્યાની વાત તેઓના જાણવામા આવે ત્યાસુધી અખત્યાર સમાપ્ત થયો એમ જાણવુ નહી

૨૧૦ આડતીઆનો અખત્યાર સમાપ્ત થયો એટલે તેણે નીમેલા સર્વે પેટા આડતીઆની અખત્યાર સમાપ્ત છે

૨૧૧ મુખ્યના હુકમ પ્રમાણે આડતીઆએ પોતાનુ કામ ચલાવવુ, અને હુકમ હોય તો તેવા પ્રકારનુ

કામ ચલાવવાને જે રીવાજ હોય તે રીવાજ પ્રમાણે ચાલવુ જો તે બીજી રીતે ચાલે અને ટોટો થાય તો તેણે મુખ્યને ભરી આપવો

૨૧૨ આડતીઆએ પોતાનુ કામ ચલાવવામા યોગ્ય ઉદ્યમ રાખવો, અને કુશળતા વાપરવી

૨૧૩ મુખ્ય હિસાબ માગે ત્યારે આડતીઆએ હીસાબ આપવા.

૨૧૪ મુશ્કેલીના કામોમા આડતીઆએ પોતાના મુખ્યને હકીકત લખવી, કહેવી એ તેની ફરજ છે

૨૧૫ જ્યારે આડતીઓ મુખ્યની સમતિ સીવાય આડતના કામમા ખુદ પોતાની તરફથી કાઈ ધંધો કરે ત્યારે તેમા જો એવુ માલમ પડે કે તેણે મુદ્દાની વાત બદદાનતથી છુપાવી છે, અથવા તે ધંધામા ગેરફાયદો થયો છે, તો મુખ્યને તે કાર્ય નામજુર કરવાને અખત્યાર છે

૨૧૬ મુખ્યના જાણ્યા વિના આડતીઆએ આડતના કામમા પોતાના તરફથી ધંધો કર્યો તો તેથી જે નફો થાય તે માગવાનો મુખ્યને હક છે

૨૧૭ મુખ્યને સારૂ આવેલી રકમોમાથી, પોતાના લેણા પૈસા અથવા પોતાનુ મહેનતાણુ કાપી રાખવાનો આડતીઆને હક છે

૨૧૮ મુખ્યને ખાતે જમા થયલા પૈસા આડતીઆએ તેને આપવા એ તેની ફરજ છે

૨૨૦ જે કામમા આડતીઆએ ગેરવર્તણુક કરી હોય તે કામમા તેને મહેનતાણુ મળવાનો હક નથી

૨૨૧ પોતાની લેણી રકમો મળે ત્યા સુધી મુખ્યનો માલ તથા કાગળપત્રો અટકાવી રાખવાનો આડતીઆને હક છે

૨૨૨ આડતીઆએ કરેલા કાયદેસર કૃત્યનો પરિણામમા તેને ટોટો થાય તો તે મુખ્યે ભરી આપવો જોઇએ

૨૨૪ કાઇ ગુન્હાનુ કૃત્ય કરવા સારૂ આડતીઓ નીમ્યો હોય તો તે પ્રસગે નીમનાર સખસ નુકસાનીનો જવાબદાર નથી

૨૨૫ મુખ્યની ગફલતને લીધે આડતીઆને હાની થાય તો તે બાબત નુકસાનનો બદલો મુખ્યે આડતીઆને ભરી આપવો જોઇએ

ત્રીજા સખસો સાથે કરેલા કરારો ઉપર આડતની અસર

૨૨૬ આડતીઆએ કરેલા કરારોને તથા કૃત્યોને તે જાણે મુખ્યે પોતેજ કર્યો હોય તેજ પ્રમાણે અમલમા આણી શકાય છે તથા પરિણામ કાયદેસર તેવાજ થાય છે

૨૨૭ જો આડતીઓ પોતાના અધિકાર બહાર કામ કરે તો અખત્યાર જેટલોજ ભાગ તે તથા તેનો મુખ્ય એ બેઉને સબધે ફરજ ઉત્પન્ન કર્તા થાય છે

૨૨૮ આડતીઆએ જે પોતાના અધિકાર બહાર કર્યુ હોય તે જો જુદુ ન પડાય તો તે કૃત્ય કબુલ રાખવાની મુખ્યને ફરજ નથી

૨૩૦ આડતીઆને મુખ્યને માટે કરેલા કરારો આડતીઓ ખુદ જાતે અમલમા લાવી શકતો નથી અને તેથી તે પોતે જાતે બધાતો પણ નથી

૨૩૧ આડતીઆએ કરાર કર્યો પણ કરાર કરનાર આડતીઓ છે એવુ તે કરારનો બીજો પક્ષકાર ન જાણતો હોય તોતે કરાર તેનો મુખ્ય પુરો કરાવી શકે છે

૨૩૨ આડતીઆને મુખ્ય સમજીને તેની સાથે કરેલો કરાર તેનો મુખ્ય પુરો કરાવી શકે છે

૨૩૩ જ્યારે આડતીઆ પોતે જાતે જવાબદાર હોય ત્યારે તેની સાથે ધંધો કરનાર સખસ ખુદ તે આડતીઆને અથવા તેના મુખ્યને અથવા તે બનેને જવાબદાર કરી શકે છે,

૨૩૫ પોતે બીજા સખસનો આડતીઓ છે એવુ કોઈ ત્રીજા સખસને ખોટુ સમજાવીને તેની સાથે કાઇ કૃત્ય કરે તેમા ત્રીજા સખસને કાઈ ટોટો થાય તો તેનો જવાબદાર તે મિથ્યા આડતીઓ છે,

૨૩૬ પોતે આડતીઓ છે, એવુ ખોટુ કહીને જે સખસ કરારમા પક્ષકાર થાય તે સખસને કરાર પુરો કરાવવાનો હક નથી

૨૩૭ આડતીઆએ વગર અધિકારે કરેલા કૃત્યો અધિકારથી કર્યા છે. એવી ધારણા મુખ્યે ઉત્પન્ન કરી હોય તો તે કૃત્યોનો મુખ્ય જવાબદાર છે

૨૩૮ મુખ્યનુ કામ ચલાવવાને આડતાઓએ ગેરસમજુતી કે કપટ કર્યુ હોય તો તેનુ પરિણામ તે જાણે મુખ્યે કીધા હોય તેજ પ્રમાણે થાય છે

પત્યાળા વિષે

૨૩૯ જે સખસોએ પોતાની મિલકત, અથવા મહેનત અથવા કુશળતા કાઇ ઉદ્યોગમા એકત્ર કરવાની તથા તેથી જે નફા ઉત્પન્ન થાય તે પોતપોતામા વહેચી લેવાની કબુલત કરી હોય, તે સખશો મધ્યે જે સબધ છે તે સબધને પત્યાળુ સમજવુ

૨૪૦ જે સખસોએ પરસ્પર પત્યાળુ કર્યુ હોય તે સખસોને એકદર પેઢી એવુ નામ આપ્યુ છે કર્જ આપનારાએ વ્યાજ મળવા કે નફાનો ભાગ મળવાના કરારથી કર્જ આપ્યુ હોય તો તે ઉપરથી તે પત્યાળો થતો નથી

૨૪૧ પત્યાળામાથી છુટો પાડનાર પત્યાળાએ અથવા મરનાર પત્યાળાના પ્રતિનીધીએ કાઇ મિલકત પત્યાળાના કામમા વાપરવા સારૂ રહેવા દીધી હોય તો તેણે કર્જ ધીર્યુ એવુ સમજવુ

૨૪૨ નોકરને અથવા આડતીઆને નફામાથી હિસ્સા તરીકે મહેનતાણુ આપ્યુ હોય તો તેથી તે પત્યાળો થતો નથી

૨૪૩ મરનાર પત્યાળાની વિધવાને અગર બચ્ચાને નફામાથી વરસાસન મળતુ હોય તો તેથી તેઓ પત્યાળા થતા નથી

૨૪૪ ગુડ–વીલ વેચનાર સખસને નફામા કાઇ ભાગ મળતો હોય તો તેથી તે પત્યાળો થતો નથી

૨૪૫ કોઇ સખસ પોતે અમુક પેઢીનો પત્યાળો છે, એવી ધારણ બીજાના મનમા ઉત્પન્ન કરે તો તે સખસ બીજા સખસને તે પેઢીના પત્યાળા તરીકે જવાબદાર છે એમ સમજવુ

૨૪૬ કોઇ સખસ પોતે પત્યાળો છે એવી સમજુતી બીજાને કરવા દે તે ત્રીજા સખસોને તે પત્યાળા તરીકે જવાબદાર છે

૨૪૭ પત્યાળો સગીર હોય તો તે જાતે જવાબદાર નથી પરતુ તેનો હિસ્સો જવાબદાર છે.

૨૪૮ સગીર પત્યાળો ઉમરે પહોચ્યાથી પત્યાળાથી જવાબદારીને પાત્ર છે

૨૪૯ પત્યાળાના કરજ બાબત એવા દરેક સખસ જવાબદાર છે

૨૫૦ એક પત્યાળાની ગફલતને લીધે અથવા કપટને લીધે ત્રીજા સખસને નુકસાન થાય તો તે બદલ પ્રત્યેક પત્યાળો તેનો જવાબદાર છે

૨૫૨ જે કરારથી પત્યાળાના હકો તથા જવાબદારી ઠરેલી હોય તે કરાર સર્વેની સમતિથી રદ કરી શકાય છે તથા ફેરવી શકાય છે

૨૫૩ જુદી રીતે કરાવ ન હોય તો પત્યાળાઓના પોતપોતાના હકો નીચે લખેલા નીયમોથી ઠરાવવામા આવશે પત્યાળામા લીખેલી મિલકતના સર્વે માલીક છે, ધધામા નફો તોટો થાય તો સરખે હીસ્સે વેચી લેવાનો, દરેક, પત્યાળા તે ધધાનો વહીવટ કરવામા સામીલ થવાનો અને તેનુ કામ ઉદ્યમ રાખીને કરવાનો હક છે

૨૫૪ કોઈ પત્યાળાએ દાવો કર્યા પછી ઉપરથી નીચે લખેલે પ્રસગે કોઇ પત્યાળુ ભાગી શકે છે જ્યારે કોઇ પત્યાળો અભાવધ બુદ્ધિનો થાય, કોઇ પત્યાળો કાયદેસર નાદાર ઠરાવવામા આવ્યો હોય કોઈ પત્યાળાનો નફા તોટાનો સબધ કાયદા મુજબ ત્રીજા સખસ પાસે જતો હોય, કોઇ પત્યાળો કરાર મુજબ, પોતાને ભાગ જે કરવાનુ હોય તે કરવાને અશકત થાય, કોઈ પત્યાળો કામકાજમા ભારે ગેરવર્તણુક કર્યા નો તકસીરવાર હોય, અને પત્યાળાનો ધધો ચલાવ્યાથી માત્ર ટોટોજ થતો હોય ત્યારે

૨૫૫ જે ધધા વિશે પત્યાળુ કર્યુ હોય તે ધધો કરવાની કાયદેસર મનાઇ થાય તો પત્યાળુ ભાગી પડે છે

૨૫૬ જે મુદતને માટે પત્યાળુ કર્યુ હોય તે મુદત થઇ ગયા પછી પત્યાળુ ચાલ્યુ રાખ્યુ તો પત્યાળાઓના હકો અને ફરજો મુદત પુરી થતી વખતે જેવી હતી તેવીજ કાયમ રહે

૨૫૭ પત્યાળાઓને સર્વોત્કૃષ્ટ ફાયદો થાય એવી રીતે ધધો ચલાવવો, તથા પરસ્પર ન્યાયથી તથા

ઇમાનદારીથી વર્તવુ પત્યાળા સબંધીની સપૂર્ણ હકીકત તથા ખરા હિસાબ હરકોઈ પત્યાળાને આપવા એ તેઓની ફરજ છે

૨૫૮ જે પત્યાળા સબધીના કાર્યમા થયેલા લાભનો હિસાબ પેઢીને આપવો જોઇએ

૨૫૯ જે પત્યાળો સમતિ સિવાય પેઢીના ધધા જોડે સ્પર્ધાવાળો બીજો ધધો કરે તે પત્યાળાએ તેમા મેળવેલો નફો પેઢીને આપવો જોઇએ

૨૬૧ કોઇ પત્યાળો મરણ પામ્યા પછી જવાબદારી ઉત્પન્ન થઇ તો તેને વાસ્તે મરનારની મિલકત જવાબદાર નથી

૨૬૩ પત્યાળો ભાગ્યા પછી પત્યાળાઓના હક અને ફરજો કાયમ રહે છે

૨૬૫ પત્યાળુ સમાપ્ત થયા પછી પેઢીનો ધધો આટોપીને બધ કરવા સારૂ તથા પેઢીનુ કરજ અદા કરવાની તજવીજ કરવા સારૂ, તથા જે ફાજલ રહે તે વહેચી આપવા સારૂ પ્રત્યેક પત્યાળો ડીસ્ટ્રીકટ કોર્ટને અરજ કરી શકે છે

દસ્તાવેજો નોંધવા બાબતનો કાયદો એકત્ર કરવાનો આકટ.

સને ૧૯૦૮ ને. હિંદુસ્તાનનો નોધવા બાબતનો આકટ.

ભાગ ૧ લો—પ્રારંભનો વિષય

૧ આ આકટને હિદુસ્તાનનો નોધવા બાબતનો આકટ કહેવો

૨ સ્થાનિક સરકાર ગવર્નર ઇન કાઉન્સીલની અગાઉથી મજુરી લઇને જે ડીસ્ટ્રીકટોને અથવા પ્રદેશને આ આકટ લાગુ નથી એવુ ઠરાવશે તે સિવાય આખા બ્રિટીશ હિદુસ્તાનને લાગુ છે (૩) તે સન ૧૯૦૯ ના જાનેવારી મહિનાની ૧ લી તારીખે અમલમા આવશે

ભાગ ૨ જો—નોંધવાના એસ્ટાબ્લિશમેંટ બાબત

૩ સ્થાનિક સરકારે પોતાના તાબાના મુલકને સારૂ ઇન્સ્પેકટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન એ નામનો એક અમલદાર નીમવો

૪ સિધ પ્રાતને સારૂ બ્રાચ ઇન્સ્પેકટર જનરલ એ નામનો અમલદાર નીમવો

૫ આ આકટના કારણુ સારૂ સ્થાનિક સરકારે ડીસ્ટ્રીકટો તથા સબ ડીસ્ટ્રીકટો કરવી તથા તેની હદ ઠરાવવી

૬ સ્થાનિક સરકાર સદરહુ ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રારની અને સબ ડીસ્ટ્રીકટના સબ રજીસ્ટ્રાર તરીકે પોતાને યોગ્ય જણાય તે માણસોને નીમવાને મુખત્યાર છે

૭ (૧) સ્થાનિક સરકારે દરેક ડિસ્ટ્રીકટમા રજીસ્ટ્રારની અને સબ ડીસ્ટ્રીકટમા સબ રજીસ્ટ્રારની કચેરીઓ કહાડવી (૨) સબ રજીસ્ટ્રારની કચેરી રજીસ્ટ્રારની કચેરી સાથે જોડી દેવાને સરકાર મુખત્યાર છે

૮ નોધવાની કચેરીઓના ઇન્સ્પેકટરો નીમવાને સરકારને અધિકાર છે

૯ દરેક લશ્કરી છાવણી આ આકટના કારણ સારૂ સબ ડિસ્ટ્રીકટ અથવા ડીસ્ટીકટ હોઈ શકશે અને કેન્ટોન્ટમેટ માજીસ્ટ્રેટ પ્રસગ પ્રમાણે સબ રજીસ્ટ્રાર અથવા રજીસ્ટાર છે એવુ સમજવુ

૧૦ જે ડીસ્ટ્રીકટમા ઇલાકાનું મુખ્ય શહેર હોય તે ડિસ્ટ્રીકટના રજીસ્ટ્રારની ગેરહાજરી હોય અથવા તેની જગા થોડી મુદ્દત સુધી ખાલી પડે ત્યારે જે માણસને ઇન્સ્પેકટર જનરલ નીમશે ત્યારે તે, તે જગા સ્થાનિક સરકાર ભરી નાખે નહિ ત્યા સુધી રજીસ્ટ્રાર છે એવુ સમજવુ

૧૧ રજીસ્ટ્રાર પોતાની કચેરી મુકીને પોતાના ડિસ્ટ્રીકટમા કામગીરી ઉપર જાય ત્યારે તેના ગેરહાજરીમા કામ કરવા સારૂ પોતાની ડિસ્ટ્રીકટમાના હરકોઈ સબ રજીસ્ટ્રારને અથવા બીજા માણસને નીમવાને મુખત્યાર છે

૧૨ ૧૦ મી ૧૧ મી અને ૧૨ મી કલમ પ્રમાણે કરેલી નીમણુકો બાબત ઇન્સ્પેક્ટર જનરલે સ્થાનિક સરકારને રીપોર્ટ કરવો (૩ ' અ. આક્ટના ઠરાવ પ્રમાણે નીમેલા હરકોઇ માણસને કામ ઉપરથી સસ્પેન્ડ કરવાનો અથવા દુર કરવાનો અથવા બરતરફ કરવાનો અને તેની જગા ઉપર બીજો માણસ નીમવાનો સ્થાનિક સરકારને અધિકાર છે

૧૪ નોધવાના અમલદારોના મહેનતાણા ઠરાવવાનો તથા તેઓના એસ્ટાબ્લિશમેંટ રાખવાની પરવાનગી આપવાનો સ્થાનિક સરકારને અધિકાર છે

૧૫ રજીસ્ટ્રારોએ તથા સબ રજીસ્ટ્રારોએ શિક્કો વાપરવો

૧૬ રજીસ્ટર બુકો તથા આગમા બળે નહિ તેવી પેટીઓ સ્થાનિક સરકાર નોધનારા દરેક અમલદારની કચેરી વાસ્તે પુરી પાડશે

ભાગ ૩ જો.

નોંધવા લાયક દસ્તાવેજો

૧૭ હેઠળ લખેલા દસ્તાવેજો નોધવવાજ જોઇએ

अ સ્થાવર મિલકતના બક્ષીસ પત્રો બ મરણોત્તર વ્યવસ્થા કરવા બાબતના નહિ હોય એવા ० બીજા લેખો ઉપરથી હરકોઇ સ્થાવર મિલકતમા સો રૂપિઆની તથા તે કરતા વધારે રૂપીઆની કીમતનો હક અથવા દાવો અથવા હિત સમંધ હમણા ઉત્પન્ન થતો હોય કે આગળ ઉત્પન્ન થવાનો હો અથવા હમણા જ્ઞાપિત થતો હોય કે આગળ જ્ઞાપિત થવાનો હોય, અથવા હમણા બીજાને કરી આપવામા આવતો હોય, કે આગળ બીજાને કરી આપવામા આવવાનો હોય અથવા તે હમણા નહિ સરખો થ જતો હોય કે આગળ નહિ સરખો થઇ જવાનો હોય તે લેણો, પછી તે હકનો અથવા દાવાનો અથવા હિત સબંધનો હક પહોચ્યો હોય કે નૈમિત્તીક હોય તે વાતની ચિંતા નથી क સદરહુ પ્રકારનો કોઇ પણ હક , દાવો અથવા સબંધ ઉત્પન્ન થવા બાબત જ્ઞાપિત થવા બાબત, બીજાને કરી આપવા બાબત અથવા તેની હદ બધાવવા બાબત તે અથવા તે નહિ સરખો થવા બાબત મોબદલાનો અવેજ પહોચ્યા અથવા આપ્યાનુ મરણોત્તર વ્યવસ્થા કરવા બાબતમા નહિ હોય તેવા જે લેખોમા કબુલ કર્યું હોય લેખો અને ड વરસોવરસના એક વરસ કરતા વત્તી મુદતના અથવા વરસ દહાડાનુ ભાડુ ઠરાવીને કરેલ સ્થાવર મિલકતના પટા, પણ એવુ ઠરાવ્યુ છે કે જે પટા કર્યા હોય તેની મુદત પાચ વરસ કરતા વત્તી નહિ હોય અને જેમા ઠરાવેલુ વરસનુ ભાડુ પચાસ રૂપીઆ કરતા વધતું નહિ હોય તે પટાને આ કલમનો ઉપરનો ભાગ લાગુ નથી એવુ સ્થાનિક સરકારી ગેઝેટમા હુકમ છપાવીને ઠરાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે

(૨) પેટા કલમ (૧) ની ब અને क રકમનો કોઇ પણ ઠરાવ હેઠળ લખેલા દસ્તાવેજોને લાગુ નથી એટલે કે

(૧) હરકોઇ તોડ જોડના ખતને (૨) હરકોઈ જોઇન્ટ સ્ટોક કંપનીના શેરો (ભાગ) બાબતના કોઇ પણ દસ્તાવેજને (૩) જે કોઇ પણ ડિબેંચર એવી કોઇ કંપનીએ કહાડયુ હશે અને જેના ઉપરથી તેના ધારણ કરનારને સદરહુ કંપનીએ કોઇ નોધેલા દસ્તાવેજ ઉપરથી પોતાની સઘળી સ્થાવર મિલકત અથવા તેનો કંઈ ભાગ ધરેણે આપ્યો હશે તે નોધેલા દસ્તાવેજ ઉપરથી મળેલા તારણ બાબત હક પ્રાપ્ત થાય તે સિવાય, બીજી કોઈ રીતે સ્થાવર મિલકત ઉપર કાઇ પણ હક દાવો અથવા હીતસબંધ ઉત્પન્ન થતો ન હોય તે ડિબેંચર (૪) સદરહુ કંપનીએ આપેલા ડિબેંચર ઉપર લખેલા શેરાને અથવા બીજાને નામ ઉપર ચઢાવી આપવાના લેખને અથવા (૫) જે કોઇ દસ્તાવેજ ઉપરથીજ સ્થાવર મિલકત ઉપર અથવા સ્થાવર મિલકતમા સો રૂપિયાની તથા તેથી વધારે કીમતનો કાઇ હક દાવો અથવા હિતસબંધ ઉત્પન્ન થતો નહિ હોય, અથવા જ્ઞાપિત થતો નહિ હોય પણ જો ઉપરથી માત્ર હેઠળ લખ્યા પ્રમાણેનો હક ઉત્પન્ન થતો હોય, એટલે જે બીજો કોઈ દસ્તાવેજ કરવામા આવે ત્યારે તે ઉપરથી સદરહુ પ્રકારનો કોઇ હક દાવો અથવા હિતસબંધ ઉત્પન્ન થાય તેની મર્યાદા થાય અથવા તે નહી જેવો થાય તે દસ્તાવેજ મળવાનો માત્ર હક ઉત્પન્ન થતો હોય તે દસ્તાવેજને અથવા, (૬) કોર્ટના હુકમનામા અથવા હુકમને અને નિવેડા

અથવા, (૭) સ્થાવર મિલકત બાબત સરકારે આપેલી કોઇ પણ સનદને અથવા. (૮) રેવન્યુ ઓફીસરેએ કરેલી વહેચણના કોઇપણ લેખને અથવા (૯-૧૦) ૧૮૮૩ ના જમીન સુધારવા બાબતના તથા ૧૮૮૪ ના ખેડુતોને કરજ આપવા વીશેના આક્ટ પ્રમાણે કરજ ધીરવા બાબતના કોઇ પણ હુકમને અથવા તેની સાથે હામી સારૂ આપેલા કોઇ પણ લેખને (૧૧) કોઈ પણ ગીરોના દસ્તાવેજ ઉપર ગીરોની આખી રકમ અથવા તેનો કાઇ ભાગ આપ્યાનુ કબુલ કરવાના કોઇ શેરાને અને કોઇ ગીરોની રૂયે લેણા થતા નાણા આપ્યાની બીજી કોઇ એવી રસીદ કે જે ઉપરથી ગીરો બધ પડતું ન હોય તે રસીદને અથવા, દીવાની અથવા મુલકી અમલદારે જાહેરલીલામથી વેચેલી કોઇ પણ મિલકતના ખરીદદારને આપેલા વેચાણના દાખલાને લાગુ નથી

૩ છોકરો દત્તક લેવા બાબત અધિકાર આપનારા જે પત્રો સને ૧૮૭૨ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખ પછી કરી આપ્યા હશે તે અને એવો અધિકાર વસિઅતનામા ઉપરથી આપ્યો નહિ હશે ત્યારે તે પત્રો પણ નોધાવવા જોઈએ

૧૮ આ કલમમા હેઠળ લખેલા દસ્તાવેજોમાનો હરકોઈ દસ્તાવેજ જોઇએ તો (મરજી હોય તો) આ આક્ટ પ્રમાણે નોધાવવો

अ બક્ષીસપત્ર અને વસિઅતનામા સિવાય બીજા જે લેખ ઉપરથી કોઇ સ્થાવર મીલકત ઉપર અથવા મિલકતમા સો રૂપીઆ કરતા ઓછી કીમતનો હક દાવો અથવા હિતસબંધ હમણા ઉત્પન્ન થતો હોય કે આગળ ઉત્પન્ન થવાનો હોય અથવા તે હમણા નહિ સરખો થઇ જતો હોય કે આગળ નહિ સરખો થઇ જવાનો હોય તે બીજા લખો પછી તે હકનો દાવાનો અથવા હિત સબધનો હક પહોચ્યો હોય કે નૈમિત્તિક હોય તે વાતની ચિંતા નથી ब સદરહુ પ્રકારનો કોઇ પણ હક, દાવો અથવા હિતસબધ ઉત્પન્ન થયા બાબત અથવા નહિ સરખો થયા બાબત મોબદલાનો અવેજ પહોચ્યાનુ અથવા આપ્યાનું જે લેખોમા કબુલ કર્યું હોય તે લેખો क ઘણામા ઘણી એક વરસની મુદતના સ્થાવર મિલકતના પટા, અને જે પટાને ૧૭ મી કલમ ઉપરથી માફી આપી છે તે પટા ड જગમ માલમિલકત ઉપર અથવા માલ મિલકતમા કાઇ પણ હક દાવો અથવા હિતસબધ જે લેખો ઉપરથી ઉત્પન્ન થતો હોય કે તે નહિ સરખો થઇ જતો હોય તે લેખો इ વસીઅતનામા અને फ જે બીજા દસ્તાવેજો ૧૭ મી કલમ પ્રમાણે નોધાવવાની જરૂર ન હોય તે સઘળા દસ્તાવેજો

૧૯ જે ભાષા નોધનારો અમલદાર સમજતો નહિ હોય એને જે ડિસ્ટ્રીક્ટની સામાન્ય ભાષામા ન હોય તે ભાષાના દસ્તાવેજની ખરી નકલ ડીસ્ટ્રીક્ટની ભાષામા રજુ ન કરે તો તે અમલદારે તે દસ્તાવેજ નોધવાની ના કહેવી

૨૦ જે દસ્તાવેજોમા અતર ઓળ હોય અથવા કોરી જગા મુકી હોય અથવા ચહેર્યું હોય અથવા ફેરફાર કર્યો હોય તે ઉપર સહી નહી કરે તો, નોધનાર અમલદાર તે દસ્તાવેજ નોધવાની ના કહેવાને મુખત્યાર છે અને તે ચહેર્યા બાબત એવા અમલદારે રજીસ્ટરમા ટીપ કરવી

૨૧ દસ્તાવેજમા મિલકતનુ વર્ણન ઘરોના નબર અને તેની લાગોલગના નબરનું વર્ણન તે મિલકત ઓળખાય તેવુ હોવુ જોઇએ

૨૨ ઘરો તથા જમીનોનું વર્ણન સરકારી નકસાનો અથવા સર્વેનો દાખલો આપીને લખવુ

ભાગ ૪ થો.

નોંધવા સારૂ આણી આપવાની મુદત

૨૩ વસીઅતનામા સિવાયનો ઓજો દસ્તાવેજ જે તારીખે થયો હોય તે તારીખથી ચાર મહિનાની અદર નોધવા સારૂ યોગ્ય અમલદારની પાસે તે આણી આપવામા નહિ આવે તો તે નોધવા સારૂ લેવો નહિ

૨૪ દસ્તાવેજ નોધવા સારૂ જે મુદત આ આક્ટમા પાછળ કહી છે તે પુરી થતા સુધી કંઈજ જરૂરીના કારણને લીધે કોઇ દસ્તાવેજ નોધવા સારૂ આણી આપવામા આવ્યો નહિ હોય તો તે આણી આપતા ઘણામાં ઘણા ચાર મહિના કરતા વત્તી વાર લાગી નહિ હોય, તે પ્રસંગે રજીસ્ટ્રાર એવો હુકમ કરવામે મુખ-

ત્યાર છે કે નોંધાવાની યોગ્ય ફીથી ઘણામા ઘણો દશગણો દંડ આપવામા આવે તો તે દસ્તાવેજ અથવા તે નકલ નોંધવા સારૂ લેવી સદરહુ પ્રકારની અરજી સબ રજીસ્ટારને ત્યા લઇ જઇને આપવાનો અધિકાર છે અને તેણે પોતે જે રજીસ્ટારના તાબામા હોય તે રજીસ્ટાર ઉપર તાબડતોબ મોકલવી

૨૬ બ્રિટીશ હિંદુસ્તાનની બહાર કરી આપેલા દસ્તાવેજો આ આકટમા કહેલી મુદતની અંદર નોંધવા સારૂ આપ્યો નહિ હોય ત્યારે નોંધનાર અમલદારની ખાત્રી થાય કે તે લેખ સદરહુ પ્રમાણે કરી આપ્યો છે અને તે લેખ બ્રિટિશ હિંદુસ્તાનમા આવી પહોંચ્યા પછી ચાર મહિનાની અંદર નોંધવાને આણી આપ્યો છે તો તે અમલદારને નોંધવાની યોગ્ય ફી આપવામા આવેથી તે દસ્તાવેજ નોંધવા સારૂ લેવાનો અધિકાર છે

૨૭ વસિઅતનામુ ગમે તે વખતે નોંધવા સારૂ આણી આપવાનો અથવા આ આકટમા આગળ કહેલી રીતે અનામત રાખવાનો અધિકાર છે

ભાગ ૫ મો.

નોંધવાની જગા બાબત.

૨૮ જમીન બાબતનો દસ્તાવેજ તે જે મિલકત બાબતનો હોય તે મિલકત અથવા તેનો કાંઇ ભાગ જે સબ રજીસ્ટારના સબ ડિસ્ટ્રિકટમા હોય તે સબ રજીસ્ટારની કચેરીમા નોંધવા સારૂ આણી આપવાનો અધિકાર છે

૩૦ (૧) પોતાના તાબાના સબરજીસ્ટ્રારને દસ્તાવેજ નોંધવાનો અધિકાર છે, તે દસ્તાવેજ નજરમા આવે તો લઇને નોંધવાનો અધિકાર રજીસ્ટ્રારને છે (૨) ૨૮ મી કલમમા કહેલા પ્રકારનો હરકોઈ દસ્તાવેજ જે મિલકત બાબતનો હોય તે મિલકત બ્રિટિશ હિંદુસ્તાનના ગમે તે ભાગમા હોય તો પણ તે વાત ઉપર નજર ન રાખતા, જે ડિસ્ટ્રિકટમા ઇલાકાનું મુખ્ય શહેર હોય તે ડિસ્ટ્રિકટનો રજીસ્ટ્રાર તથા લાહોર ડિસ્ટ્રિકટનો રજીસ્ટ્રાર તે દસ્તાવેજ લઇને નોંધવાને મુખત્યાર છે

૩૧ રહેવાની ખાનગી જગાએ જઇને દસ્તાવેજ નોંધવા સારૂ લેવાને અથવા અનામત રાખવા સારૂ લેવાને જે અમલદારને અધિકાર આપ્યો હોય તે અમલદાર તેમ કરવાને મુખત્યાર છે

ભાગ છ ઠો.

નોંધવા સારૂ દસ્તાવેજ આણી આપવા બાબત

૩૧ દસ્તાવેજ નધાવવા સારૂ હેઠળ લખેલા માણસોએ આણી આપવો, એટલે કે,

અ તે દસ્તાવેજ કરી આપનારા માણસે અથવા તે દસ્તાવેજ ઉપરથી જે માણસ દાવો કરતો હોય તે માણસે બ તે માણસના વારસ વકીલે અથવા એસૈને અથવા ક તે માણસના અથવા વારસ વકીલના જે મુખત્યારને યોગ્ય રીતે અધિકાર આપ્યો હોય તે મુખત્યારે,

૩૩ ૩૨ મી કલમમા કહેલા કારણ સારૂ જે મુખત્યારનામા ઉપર તેના ખરાપણા બાબત રજીસ્ટારે, સબરજીસ્ટારે માજીસ્ટ્રેટે, પબ્લિક નોટેરી, જડજે અથવા કોન્સિલે, સહી કરી હોય તે મુખત્યારનામા કબુલ કરવામા આવશે

૩૪ નોંધનાર અમલદારે દસ્તાવેજ કરી આપનારા માણસો દસ્તાવેજ નોંધવા સારૂ જે મુદત આ આકટમા કહી છે તે મુદતની અંદર નોંધનારા અમલદારની આગળ હાજર થાય નહિ તો નોંધવો નહિ, પણ ઘણાજ જરૂરના કારણને લીધે કે અનિવાર્ય અકસ્માતને લીધે હાજર નહિ થાય અને ઘણામા ઘણી ચાર મહિના કરતા વત્તી વાર લાગી નહિ હોય તો ૨૫ મી કલમ પ્રમાણે લેવાના દંડ ઉપરાંત વળી નોંધવાની યોગ્ય ફી થી ઘણામા ઘણો દશગણો દંડ લઇને તે દસ્તાવેજ નોંધવાનો હુકમ કરવાનો અધિકાર છે

ભાગ ૭ મો

દસ્તાવેજ કરી આપનારા માણસો તથા સાહેદો હાજર થાય તેમ કરવા બાબત

૩૬ દસ્તાવેજ કરી આપનારને અથવા સાહેદને હાજર કરવાની ઇચ્છા બતાવવામા આવે ત્યારે નોંધનારા અમલદારે સરકાર હુકમ કરે તે અમલદારને તે માણસના ઉપર સમન્સ કાઢીને હાજર થવાને ફરમાવવુ

૩૭ સદરહુ અમલદારે તે માણુસને હાજર કરવાનો સમન્સ કરવો

૩૮ જે માણુસ શરીરે અશક્ત હોય જે દિવાની અથવા ફોજદારી પ્રોસેસ ઉપરથી તુરગમા હોય, અને જેને કોર્ટમા હાજર થવાની કાયદેસર માફી હોય, તે માણુસને નોધવાની કચેરીમા હાજર થવાનુ ફરમાવવુ નહિ એવી બાબતમા નોધનારા અમલદારે તેવા માણુસને ઘેર અથવા તુરગમા હોય તો ત્યા જઈને જુબાની લેવી અથવા કમિશન કાઢવુ

ભાગ ૮ મો.

વસિઅતનામાં તથા દત્તક લેવાના અધિકાર પત્રો આણી આપવા બાબત

૪૦ (૧) વસિઅતનામુ કરનારને, અથવા તેના મરણ પછી હુ મૃત્યુપત્ર ચલાવનારો છુ એ રીતે જે માણુસ તેના ઉપર દાવો કરતો હોય તેને અને દત્તક લેવાનો અધિકારપત્ર કરી આપનારને અને તે મરણ પામ્યા પછી જેને તે કરી આપ્યુ હોય તેને અથવા દત્તપુત્રને તે નોધવા સારૂ સબરજીસ્ટ્રારને ત્યા આણી આપવાનો અધિકાર છે

૪૧ અને તે વસિઅતનામુ કરી આપનારા એકજ કે અધિકાર પત્ર કરી આપનારાએ જ કરી આપ્યું છે એવી નોધનારા અમલદારની ખાત્રી થાય તો તેણે નોધવુ

ભાગ ૯ મો.

વસિઅતનામા અનામત મુકવા બાબત.

૪૨ વસિઅતનામુ કરનારો પોતાના વસિઅતનામાનો મ્હોરબધ લખોટો કરીને તથા તેની ઉપર પોતાનુ તથા પોતાના મુખત્યાર હોય તો તેનુ નામ તથા તે દસ્તાવેજનો પ્રકાર લખીને, તે વસિઅતનામુ હરકોઈ રજીસ્ટ્રારને ત્યા પોતાની જાતે અથવા યોગ્ય રીતે અનામત મુકવાને મુખત્યાર છે

૪૪ ૪૨ મી કલમ પ્રમાણે અનામત મુકેલો મહોરબધ લખોટો પાછો લેવા વસીઅતનામુ કરનારો અરજી કરે તો તે પાછો આપવો

ભાગ ૧૦ મો

નોંધાવવાના તથા નહિ નોંધાવવાના ફળ બાબત

૪૭ નોધેલો દસ્તાવેજ નોધાવ્યો નહિ હોત તો જે તારીખથી ચાલુ થતે તે તારીખથી ચાલુ થશે

૪૮ મિલકત બાબતના નોધેલા દસ્તાવેજોની આગળ તેજ મિલકત બાબતની બીજી મ્હોડાની કબુલત હોય તો તે રદ પડશે

૪૯ જે દસ્તાવેજ ૧૭ મી કલમ પ્રમાણે નોધાવવોજ જોઇએ તે દસ્તાવેજ આ આકટના ઠરાવ પ્રમાણે નોધાવ્યો નહિ હોય તો—

અ તે દસ્તાવેજ તેમા લખેલી કોઇ સ્થાવર મિલકતને લાગુ થશે નહિ બ અથવા તે દસ્તાવેજ ઉપરથી દત્તક લેવાનો કાઇ પણ અધિકાર મળશે નહિ ક તે દસ્તાવજ જે વ્યવહાર સદરહુ માલમિલકતને લાગુ હોય અથવા જે ઉપરથી સદરહુ અધિકાર મળતો હોય તે વ્યવહારના પુરાવામા લેવામા આવશે નહિ

૫૦ જમીન બાબતના નોધાવેલા દરેક દસ્તાવેજોની આગળ તેજ મિલકત બાબત નોધાવ્યા વગરના બીજા જે દસ્તાવેજ હશે તે રદ થશે

ભાગ ૧૧ મો.

નોંધનારા અમલદારોનાં કર્તવ્ય કર્મો તથા અધિકાર બાબત

૫૨ નોધનારા અમલદારે, નોધવા સારૂ આણી આપેલા દસ્તાવેજ ઉપર આણી આપ્યાની તારીખ વખત તથા જગા લખવી અને નોધવા સારૂ આણી આપનારની સહી લેવી અને એ આણી આપનારને તે દસ્તાવેજની પહોચ આપવી

૫૭ નોધનારા અમલદારોએ કેટલીક બુકો તથા અનુક્રમણીકા યોગ્ય ફી આપેથી જોવા દેવી, તથા તે મજકુરની દાખલાવાળી નકલો આપવી

૬૮ દરેક સબ રજીસ્ટ્રારે રજીસ્ટ્રારની દેખરેખ હેઠળ રહીને તેના નિબંધ પ્રમાણે કામ ચલાવવા

૬૯ ઇન્સ્પેકટર જનરલને નોધવાની કચેરીઓની તપાસ રાખવાનો તથા કાનુનો કરવાનો અધિકાર છે.

ભાગ ૧૨ મો.

નોંધવાની ના કહેવા બાબત

૭૧ મિલકત પોતાના સબ ડીસ્ટ્રીકટમા નથી એ સબબ સિવાય બીજા સબબથી સબરજીસ્ટ્રાર દસ્તાવેજ નોંધવાની ના કહે તો તેણે ના કહેવાનો હુકમ કરે તો તેના સબબો દફતરમા લખી મુકવા અને "નોંધવાની ના કહી" આ શબ્દો તે દસ્તાવેજ ઉપર લખવા અને તેની નકલ દસ્તાવેજ કરી આપનાર અરજી કરીને માગે તો તેને મફત આપવી

૭૨ દસ્તાવેજ કરી આપ્યાના ના કહેવાના સબબ સિવાય બીજા સબબ ઉપરથી તે નોંધવાની ના કહેવાના સબ રજીસ્ટારના હુકમ ઉપર તે હુકમની તારીખથી ત્રીસ દીવસની અંદર રજીસ્ટારને ત્યા અપીલ થઇ શકે

૭૭ જો રજીસ્ટાર, દસ્તાવેજ નોંધવાની ના કહે તો હુકમનામુ થયા પછી ત્રીસ દીવસની અંદર દીવાની કોર્ટમા ફરીઆદ થઇ શકે

ભાગ ૧૪ મો.

શિક્ષા બાબત

૮૧ જો કોઇ નોંધનારા અમલદારે નુકસાન કરવાના ઇરાદાથી અશુદ્ધ રીતે દસ્તાવેજની પછાડી શેરો લખ્યો હશે અથવા તેની નકલ કરી હશે અથવા તેનો તરજુમો કર્યો હશે અથવા તે નોંધ્યો હશે તો તેને સાત વરસ સુધીની કેદની શીક્ષા થશે અથવા દડ બન્ને થશે

૮૨ જે કોઇ માણસ આ આકટ પ્રમાણે કોઇ અમલદાર કામ ચલાવતો હશે તેની આગળ ખોટો મજકુર કહેશે, ખોટી નકલ અથવા ખોટો તરજુમો આપશે અથવા હુ ફલાણો છુ એ રીતે ખોટુ કહેશે અને આ આકટમા જે બદલ શીક્ષા ઠરાવી છે તેવી કોઇ વાતમા મદદ કરશે તેને ઘણામા ઘણા સાત વરસની કેદની શીક્ષા અથવા દડ અથવા એ બેઉ શીક્ષા થશે

૮૪ નોંધનારા અમલદારો સરકારી નોકર છે એવુ સમજવુ

ભાગ ૧૫ મો. પરચુરણ.

૮૫ (વસિઆતનામા સિવાય) દસ્તાવેજો, પાછા માગવામા આવ્યા વગર બે વરસ કરતા વત્તી મુદત સુધી નોંધવાની કોઈ પણ કચેરીમા પડી રહેશે તેનો નાશ કરવાનો અધિકાર છે

૮૭ કોઇપણ નોંધનારા અમલદારે પોતાના હુદ્દાના સબબથી કાઇ વાત શુદ્ધબુદ્ધિથી કરી હોય અથવા કરવાની ના કહી હોય તે બાબત તેની ઉપર ફરિયાદ અથવા દાવો થવાને તે અમલદાર પાત્ર થશે નહિ

૮૮ સરકારી અમલદારોએ અથવા કેટલાએક સરકારી અધિકારીઓએ કરી આપેલા દસ્તાવેજો નોંધવા સારૂ પોતાની જાતે નોંધવાની કચેરીમા હાજર થવાની તેમને જરૂર નથી એમ સમજવુ

૮૯ સન ૧૮૮૩ ના તથા સન ૧૮૮૪ ના આકટ મુજબ તગાવી આપી હશે તે બદલ તારણમા આપેલી મિલકત બાબતનુ તારણ ખત તથા ૧૯૦૮ ના દિવાની કાયદા પ્રમાણે સર્ટીફીકેટ આપનારી દરેક કોર્ટ તે સર્ટીફીકેટની નકલ તથા જાહેર લીલામથી વેચેલી મિલકત ખરીદનારને વેચાણનો દાખલો આપનાર દરેક મુલકી અમલદારે તે દાખલાની નકલ તે મિલકત જે નોંધનારના હકુમતની હદમા હોય તે અમલદારને મોકલવી અને તે અમલદારે તે નકલ પોતાની બુક નબર ૧ મા ફાઇલ કરવી જોઇએ

૯૦ હેઠળ લખેલા દસ્તાવેજોમાનો કોઇ દસ્તાવેજ અથવા નકશાઓમાનો કોઈ નકશો નોંધવાની જરૂર નથી

અ જમીન મહેસુલનો ઠરાવ કરવાનુ કામ કરનાર અમલદારે જે દસ્તાવેજો આપ્યા હોય અને તે દસ્તાવેજો ત ઠરાવના દફતરના ભાગ હોય તે દસ્તાવેજો બ કોઈ પણ જમીનનુ માપણી કરવાનુ કામ સરકારની તરફથી કરનાર હરકોઇ અમલદારે જે દસ્તાવેજો અથવા નકશો આપ્યો હોય અને તે માપણીના દફતરના ભાગ હોય તો તે ક પટવારીઓ અથવા ગામનુ દફતર તૈયાર કરનાર અમલદાર જે દસ્તાવેજ મુદતે મુદતે મુલકી કચેરીમા ફાઇલ કરે છે તે ड સનદો તથા ઇનામપત્રો અને જમીન અથવા જમીન ઉપરનો હક નબંધ સરકારે કરી આપ્યો હોય તેવા મજકુરના દસ્તાવેજો, ई ખાતેદારોએ ખાતાનુ રાજીનામુ આપવા બાબત આપેલી નોટીસો પણ સદરહુ દસ્તાવેજો નોંધેલા છે એમ સમજવુ

દસ્તાવેજો નોંધવાની તથા શોધવાની તથા નકલ કરવાની ફી બાબત

દસ્તાવેજમા લખેલી રકમ અથવા હિસાબની એકંદર કિંમત રૂ ૫૦ થી વધારે હોય તો ૦—૪—૦

રકમ રૂ ૫૦	થી વધારે પણ, પણ	રૂ ૧૦૦	ની અંદર હોય તો	રૂ ૦—૮—૦
,, રૂ ૧૦૦	,,	રૂ ૨૦૦	,,	રૂા ૧—૦—૦
,, રૂ ૨૦૦	,,	રૂ ૪૦૦	,,	રૂ ૨—૦—૦
,, રૂ ૪૦૦	,	રૂ ૬૦૦	,	રૂ ૩—૦—૦
, રૂ. ૬૦૦	,,	રૂ ૧૦૦૦	,,	રૂ ૪—૦—૦
,, રૂ ૧૦૦૦	,,	રૂ ૧૫૦૦	,,	રૂ ૫—૦—૦
,, રૂ. ૧૫૦૦	,	રૂ ૨૦૦૦	,,	રૂ. ૬—૦—૦
,, રૂ ૨૦૦૦	,,	રૂ ૩૦૦૦	,,	રૂ ૭—૦—૦
,, રૂ ૩૦૦૦	,,	રૂ. ૪૦૦૦	,,	રૂ. ૧૦—૦—૦
,, રૂ ૪૦૦૦	,	રૂ ૫૦૦૦	,,	રૂ ૧૨—૦—૦
,, રૂ ૫૦૦૦	,,	રૂ ૭૫૦૦	,,	રૂ ૧૪—૦—૦
,, રૂ ૭૫૦૦	,,	રૂ ૧૦૦૦૦	,,	રૂ. ૧૬—૦—૦
,, રૂ ૧૦,૦૦૦	,,	રૂ ૧૫,૦૦૦	,,	રૂ ૧૮—૦—૦
,, રૂ ૧૫,૦૦૦	,,	રૂ ૨૦,૦૦૦	,,	રૂ. ૨૦—૦—૦

રૂ. ૨૦૦૦૦ ઉપરના દર એક હજારે અથવા એક હજારના કોઇ પણ ભાગ ઉપર રૂ ૧—૦—૦ નોંધેલા દસ્તાવેજ બાબત અવેજ પહોંચ્યાની પાવતી નોંધવા માટે, જો તે દસ્તાવેજ નોંધવાની ફી રૂ ૨—૦—૦ થી વધારે ન હોય તો રૂ ૨—૦—૦ અને વધારે હોય તો પણ રૂ ૨—૦—૦ ફી પડશે

મુખ્તીઆરનામાની વસિઅતનામા નોંધવાની અને મહોરબંધ વસિઅતનામુ અનામત મુકવાની તથા ઉઘાડી જોવાના તથા પાછો લેવાની દરેક બદલ રૂ ૨—૦—૦ ફી પડશે

૨ **દસ્તાવેજો** શોધવા બાબત—શોધવાની કે કાગળ જોવાની ફી દર વરસ બદલ રૂ ૧—૦—૦ લેવામા આવશે

૩ નકલ કરવાની ફી બાબત, નકલ કરવાની, તથા નકલ આપવાની ફી દર મો શબ્દે રૂ ૦—૨—૬ અને નકશાની નકલ હોય તો ૦—૮—૦ ફી બેસે

૪ **પરચુણ—કમિશન** કાઢવા બાબત—મંદવાડને લીધે હાજર ન થવાય તો પોતાના મુકામપર લઇ જવાની ફી રૂ ૫—૦—૦ અને બીજે પ્રસંગે રૂ ૧૦—૦—૦ ફી બેસે

ભાષાંતર કરવા બદલ રૂ ૨—૦—૦ **મુખ્તીઆરનામા ઉપર સહી સિક્કો કરવા બદલ** • **વિશેષ** મુખ્તીઆરનામા ઉપર રૂ ૧—૦—૦ કુલ મુખતીઆરનામા ઉપર રૂ ૨—૦—૦, સમન્સ માટે રૂ ૧—૦—૦ અને વારંટ માટે રૂ ૧—૦—૦ ફી બેસે

નોંધેલા દસ્તાવેજ મુદતસર લઇ ન જાય તો તે સંભાળી રાખવાની ફી, ત્રીજા મહિનાના દરેક દિવસ બદલ રૂ, ૦—૧—૦, ચોથા મહીનાના દરેક દિવસ બદલ રૂ ૨—૦—૦ પણ વધારેમા વધારે રૂ ૫ થી વધારે ફી લઇ શકાય નહિ

એકજ મિલકતના બે દસ્તાવેજમા પહેલો લખાયલા દસ્તાવેજનો હક બીજા કરતા અગ્રેહ્ય છે પછી તે પેલો દસ્તાવેજ બીજા પછી રજીસ્ટર થયો હોય કે પહેલા તોપણ

વહેંચણ કરવા બાબતનો કાયદો.

[સન ૧૮૯૩ નો આક્ટ નંબર ૪ થો.]

૧ આ આક્ટ આખા બ્રિટીશ ઇંડીયાને લાગુ છે

૨ વહેચણ બાબતની ફરીઆદમા મિલકતના ભાગ પાડવાનો હુકમ કરવાને બદલે કોર્ટને યોગ્ય લાગશે તો તે વેચીને તેની કીમત વેચી આપવાને કોર્ટ મુખ્તીઆર છે

૩ કોઇ હિસ્સેદાર હિસ્સો ખરીદ કરવાની પરવાનગી મળવા, અરજી કરે તો તેને હિસ્સો આંકેલી કીમત આપવાથી વેચવો વધારે હિસ્સેદારો માગણી કરનાર હોય તો આંકેલી કીમત કરતા જે વધારે કીમત આપવાનુ કહે તેને વેચવા

૪ રહેવાના ઘરનો હિસ્સો જેને નામે ચઢાવી આપેલ હશે તે વહેચણ કરવા ફરીઆદ માડે તે વખતે તે કુટુંબનો હીસ્સદાર તે હીસ્સો ખરીદ કરવાને કબુલ કરે તો કોર્ટ આંકેલી કીમત આપેથી તેને વેચવો

૮ બીજા પ્રસંગે વેચાણ કરવુ તે સીવીલ પ્રોસીજરમા જે રીત ઠરાવી છે તે રીતે કરવુ

ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ

(મિલકત તબદીલ કરવા બાબતનો કાયદો.)

(સને ૧૮૮૨ નો આક્ટ નંબર ૪ થો.)

૧ આ આક્ટ મુંબઇ ઇલાકાને તા ૧ જાનેવારી ૧૮૯૩ ના રોજથી લાગુ થયો છે અને પંજાબ તથા બ્રિટીશ બ્રહ્મદેશ સિવાય બાકીના સઘળા બ્રિટીશ ઇંડિઆને લાગુ છે પણ તે સરકારી ઇનામોને લાગુ નથી, આ આક્ટની કલમ ૫૪ પેરા ૨--૩ તથા કા ૫૯--૧૦૭ તથા ૧૨૩ એ કલમોનો અમલ ઉપરની તારીખથી મુંબઇ ઇલાકાને લાગુ છે

૩ ' સ્થાવર મિલકત " એ શબ્દોના ઉભા ઇમારતી લાકડાના ઝાડ તુલ અથવા ઉગતા ઘાસનો સમાસ થાય છે

૪ કરાર સંબંધી આ આક્ટના ઠરાવ કરાર બાબતના આક્ટનો ભાગ છે એવુ સમજવુ અને આ આક્ટની કા ૫૪ પેરેગ્રાફ ૨--૩ તથા કા ૫૦, ૧૦૭ અને ૧૨૩ એ કલમો નોંધવા બાબતના એક્ટની પુરવણી કલમો છે એમ સમજવુ,

મિલક્ત તબદીલ કરી આપવા બાબત.

પછી તે જંગમ હોય કે સ્થાવર,

૫ મિલકત તબદિલ કરી આપવી એટલે જે કૃત્યથી કોઇ પણ જીવતો સખસ વિદ્યમાન કાળે અથવા ભવિષ્યમા બીજા કોઇ અથવા અનેક જીવતા સખસોને અથવા પોતાને તથા બીજા એક અથવા અનેક જીવતા સખસોને મિલકત આપતો હશે તે કૃત્ય એવો થાય છે

૬ કાયદેસર રીતે જુદી રીતે ઠરાવ્યુ હોય તે સિવાયને પ્રસંગે કોઇ પણ જાતની મિલકત તબદીલ કરી આપવાનો અધિકાર છે પણ નીચની મિલકત તબદીલ કરી આપી શકાતી નથી

અ કેક નજીકના વારસને કાર્ય ઇસ્ટેટ પ્રાપ્ત થવાનો સંભવિત હક કોઇ સગાને તેના કુટુંબીના મરણ પછી વસીઅતનામા ઉપરથી વારસો મળવાનો હક, અથવા એવોજ બીજો સંભવિત હક બ પાછળની સરતનો ભંગ કર્યા બદલ મિલકત પાછી મળવાનો કેવળ હક, તે મિલકતના ધણી સિવાય બીજા કોઇ પણ સખસને કરી અપાતો નથી, ક કોઇ મુખાધિકાર પ્રધાન સ્થળથી જુદો ડ ફકત ધણીએ જાતે ભોગવવાના કોઇ પણ મિલકતમાનો હિત સબંધ ઇ દગલબાજી બદલ અથવા ગેરકાયદેસર રીતે હાની કર્યા બાબત લો મળવાની ફરીઆદી કરવાનો કેવળ હક ફ કોઇ પણ સરકારી હુદ્દો તથા સરકારી નોકરને

પગાર, તે લેણા થયા હશે તે પહેલા કે પછી ગ લશ્કરી તથા સીવીલ પેન્શનરોને કરી આપેલી નિમણુકો તથા રાજકીય કારણ સારૂ કરી આપેલા પેન્શન ह મિલકત તબદિલ કરી આપવાનુ કામ (૧) હિત સબધના સ્વરૂપને પ્રતિકુળ હશે તેટલે સુધી (૨) અથવા કાઇ ગેરવ્યાજબી કારણ સારૂ, (૩) અથવા જેને મિલકત તબદીલ કરી આપવાનુ ગેરકાયદેસર હશે તેવા સખસની તરફથી કરી શકાતુ નથી (આઇ) તબદિલ કરી ન શકાય એવો ભોગવટાનો હક જેને હોય એવા ખેડુતને પટે રાખનારને કે ઇજારદારને પોતાનો હિતસબધ બીજાને આપવાનો અધિકાર નથી

૭ જે સખસ કરાર કરવાને યોગ્ય હોઇને તબદિલ કરી શકાય એવી મિલકતના ધણી હોય, અથવા એવી પારકી મીલકતની વ્યવસ્થા કરવાનો જેને અધિકાર હોય તે સખસને, મિલકત તબદીલ કરી આપવાનો અધિકાર છે

૮ મિલકત તબદીલ કર્યાથી તે મિલકતમાનો સઘળો હિતસબધ મિલકત જેને તબદીલ કરી આપી હશે તેને તરતજ પ્રાપ્ત થાય છે,

૯ લેખ થવોજ જોઇએ એવો જે બાબતોમા કાયદાનો સ્પષ્ટ ઠરાવ નહિ હોય તે બાબતોમા મિલકત લેખ સિવાય તબદીલ કરી આપવાને હરકત નથી.

૧૨ નાદાર થયેથી અથવા હિતસબધ બીજાને આપી દેવાની કોશીશ કરેથી હિતસબંધ જતો રહેશે એવી સરતે કોઇ મિલકત તબદીલ કરી આપી હોય તો એવી શરત નિરર્થક છે એમ સમજવુ

૨૨ તબદીલ આપતી વખતે એકાદા વર્ગના જે સખસો અમુક ઉમ્મરે પહોચે તેને માટે હિતસબધ ઉત્પન્ન કર્યો હોય તો તે વર્ગમાના ઉમ્મરે ન પહોચેના સખસોને તે હિસાબ મબલ નિર્દિષ્ટ થતો નથી

૨૪ નિર્દિષ્ટ ન કરેલા વખતે ફલાણા સખસોમાથી જે જીવતા હોય તેમને હિતસબંધ પ્રાપ્ત થાય એવી સરત હોય તો તે હિતસબધ બંધ પડતી વખતે હયાત હોય એવા સખસોને મળશે

૨૫ ઉત્પન્ન કર આપેલો હિતસબધ કોઇ બોલી ઉપર આધાર નાખતો હોય અને તે બોલી પુરી કરવી અશક્ય હોય અથવા પુરી કરવાની કાયદામા મના હોય તો તે હિતસબધ નિરૂપયોગી થાય છે

૩૫ મિલકત તબદીલ કરી આપવાનો અધિકાર ન હોય તે સખસ તે મિલકત તબદીલ કરી આપી અને તેજ કામમા તે મિલકતના ધણીને કાંઈ પણ ફાયદો કરી આપે ત્યારે તે ધણીએ તે કામ મજુર કરવુ અથવા નામજુર કરવુ

૩૭ વિભાગ થયા પછી કર્તવ્યતાનો ફાયદો હિસ્સા પ્રમાણે વહેચી આપવો

સ્થાવર મિલકત તબદીલ કરી આપવા બાબત

૩૮ જેનો પ્રકાર બદલાયા કરે એવી અમુક હકીકત હોય તોજ જે સખસને સ્થાવર મીલકતની વ્યવસ્થા કરવાનો અધિકાર હશે તે સખસ એવી હકીકત છે એમ કહીને તેવી મીલકત અવેજ લઇને તબદીલ કરી આપે તે પ્રસગે, તબદીલ કરી લેનાર તેવી હકીકત હોવા વિષે પોતાની ખાત્રી થવા સારૂ યોગ્ય કાળજી રાખીને શુદ્ધબુદ્ધિથી ચાલ્યો હોય તો તેવી હકીકત હતી એવુ, એક તરફથી તબદીલ કરી લેનાર બીજી તરફથી તબદીલ કરી આપનાર તથા તબદીલ કરી આપવામા જેનો સબધ હોય તે સખસો, એઓની વચમા સમજાશે

૩૯ સ્થાવર મિલકતના ઉત્પન્નમાથી, ત્રીજા સખસને ગુજરાન મેળવવાનો, માબાપની હયાતીમા અગાઉથી જે પૈસા મળે છે તે મળવાનો, અથવા લગ્નનો ખર્ચ મળવાનો હક હોય, અને તેવા હક ડુબાડવાના ઇરાદાથી તે મિલકત તબદીલ કરી આપવામા આવી હોય તે પ્રસગે, તે મિલકત તબદીલ કરી લેનારને તે ઇરાદાની ખબર હશે તો, અથવા તે મિલકત અવેજ લઇને તબદીલ કરી આપી હશે તો, તે હક તેની વિરૂદ્ધ અમલમા લાવવાનો અધિકાર છે પણ તે મિલકત અવેજ લઇને તબદીલ કરી આપી હશે, અને તેને તે હકની ખબર નહી હશે તો, તે હક તેની વિરૂદ્ધ અથવા તેના કબજામાની તે મિલકત વિરૂદ્ધ અમલમા લાવવાનો અધિકાર નથી

૪૧ સ્થાવર મિલકતમા જે સખસોનો હિતસબધ હોય તે સખસોની સમતિથી કોઈ સખસ તે મિલકતનો દેખીતો ધણી હોય અને તે સખસ તે મિલકત કાઇ અવેજ લઇને તબદીલ કરી આપે ત્યારે તે તબદીલ કરી આપનારને તબદીલ કરી આપવાનો અધિકાર નહોતો એ સબબ ઉપરથી તે નિરર્થક થવા

યોગ્ય છે એમ સમજવુ નહિ માત્ર જેને મિલકત તબદીલ કરી આપી હશે તેણે તબદીલ કરી આપનારને તે કામ કરવાનો અધિકાર હોવા બાબત પોતાની ખાત્રી કરવા સારૂ યોગ્ય કાળજીથી શુદ્ધબુદ્ધિથી વર્તવુ જોઇએ

૪૨ જ્યારે કોઈ સખસ સ્થાવર મિલકત તબદીલ કરી આપે પણ તે તબદીલ કરી આપવાનુ કામ રદ કરવાનો અધિકાર પોતે રાખે, અને પછી તે મિલકત કાંઇ અવેજ લઇને બીજા કોઇ સખસને તબદીલ કરી આપે ત્યારે તે બીજા સખસને તબદીલ કરી આપવાના કામનો અમલ તે સખસના લાભમા થઇને અગાઉનુ તબદીલ કરી આપવાનુ કામ સદરહુ રાખેલા અધિકારના પ્રમાણમા રદ થાય છે એમ સમજવુ

૪૩ અધિકાર વગરનો સખસ કાંઇ અવેજ લઇને મિલકત તબદીલ કરી આપે તે પ્રસંગે, તે મિલકત તબદીલ કરી લેનારની મરજીમા આવે તો, તે તબદીલ કરી આપનારને સદરહુ કરાર ચાલુ હોય તે મુદ્દતમા કોઈ પણ વખતે તે મિલકતમા જે કાંઇ સબંધ પ્રાપ્ત થાય તે ઉપર તે તબદીલ કરી આપવાના કામનો અમલ કરી શકશે આવે પ્રસંગે અવેજ આપીને તબદીલ કરી લેનારના હકને બાધ આવે છે એમ સમજવુ નહિ.

૪૪ સ્થાવર મિલકતના બે અથવા વધારે સહમાલીકોમાનો જે કોઇ એક માલીક તે મિલકતમાનો પોતાનો હિસ્સો અથવા કાંઇ પણ હિતસબંધ તબદીલ કરી આપ્યો હોય ત્યારે, તબદીલ કરી લેનારને એવી બાબતમા તે મિલકતનો મજીઆરો કબજો મળવાનો હક, અથવા તેનો બીજો સામાઇક કે અશત ભોગવટો કરવાનો હક તથા તેની વહેચણ કરાવવાનો હક તબદીલ કરી આપવાની તારીખ તે હિસ્સાને જે સરતો તથા જવાબદારીઓ લાગુ હશે તેને પાત્ર રહીને તે હક તેને પણ થશે અવિભક્ત કુટુબની માલકીના એકાદા રહેવાના ઘરનો કાંઇ હિસ્સો જેને તબદીલ કરી આપ્યો હોય તે સખસને કુટુબનો આસામી ન હોય ત્યારે, આ કલમના કાંઈ ઠરાવ ઉપરથી તે સખસને તે ઘરનો મજીઆરો કબજો મળવાનો, કે બીજો સામાઇક કે અશત ભોગવટો કરવાનો હક પ્રાપ્ત થાય છે એવુ સમજવુ નહિ

૪૫ બે અથવા વધારે સખસોને અવેજ લઇને મિલકત એકઠી તબદીલ કરી આપવામા આવે ત્યારે, તે સખસો તે મજીઆરા પૈસામા જેટ જેટલો હિતસબંધ હશે તેના સરખોજ હીત સબંધ તે મિલકતમા મળવો જોઇએ

૪૭ મજીઆરી મિલકતમાનો હિસ્સો સહમાલીકો તબદીલ કરી આપે અને તે કામ પોતાના હિસ્સા પૈકી અમુક હિસ્સાના સબંધમા અમલમા આવશે એમ નિર્દિષ્ટ ન કરે ત્યારે, તે તબદીલ કરી આપનારાઓની વચમા તે કામ તેમના હીસ્સાના પ્રમાણમા આવશે

૪૮ કોઇ સખસ એકજ સ્થાવરમિલકત જુદે જુદે વખતે તબદીલ કરી આપીને તે ઉપર જુદા જુદા હક ઉત્પન્ન કરતો હોય, અને તે બધાનો પુરેપુરી રીતે સાથે અમલ કરી શકાય નહી ત્યારે તે મિલકત જેમને અગાઉ તબદીલ કરી આપી હશે તેઓ કાંઇ વિશેષ સરતથી બધાયા ન હોય તે પ્રસંગે તેઓના હકને અગ્રેસર ગણવો

૪૯ અવેજ લઇને તબદીલ કરી આપેલી મિલકતનો, તબદીલ કરી આપવાની તારીખે આગનો વિમો ઉતરાવ્યો હોય ત્યારે, તેનો નાશ થાય તો તે મિલકત તબદીલ કરી લેનાર સખસ, મિલકત તબદીલ કરી આપનારને પાલીસી ઉપરથી જે પૈસા મળે, તે સઘળા તે મિલકતને અગાઉની સ્થિતીમા લાવવા સારૂ વાપરવાની ફરજ પાડી શકે છે

૫૦ જે સખસ પાસેથી કોઈ સખસે શુદ્ધબુદ્ધિથી કાંઈ સ્થાવર મિલકત ધારણ કરી હશે તે સખસને તે વાપરણ કરનારા સખસે તે મિલકતનુ ભાડુ અથવા ઉત્પન્ન શુદ્ધ બુદ્ધિથી આપ્યુ હોય તો, સદરહુ પ્રમાણે તે સખસને ભાડુ કે ઉત્પન્ન લેવાનો હક ન હતો એવુ પાછળથી માલમ પડે તો પણ તેને ભાડુ કે ઉત્પન્ન ફરીથી આપવુ નહિ પડે

૫૧ કાંઈ સ્થાવર મિલકત જેને તબદીલ કરી આપી હશે તે સખસ તે મિલકત ઉપર પોતાનો પૂર્ણ હક છે એમ સમજીને શુદ્ધ બુદ્ધિથી તેમા કાંઇ સુધારો કરે, અને પછી તેના કરતા વધારે મજબુત હકવાળો કોઇ સખસ તેને ત્યાથી કાઢી મુકે ત્યારે તબદીલ કરી લેનાર સખસ તે સુધારાની કીંમતનો અડસટો પોતાને

આપવાની, અથવા તે મજરે ન લેતા કાઢી મુકનારનો તે મીલકતમાનો હિતસબધ બજાર ભાવે પોતાને વેચાતો આપવાની તે કાઢી મુકનારને ફરજ પાડી શકે છે.

૫૨ બ્રિટીશ ઇંડિઆમા અધિકારવાળી, અથવા બ્રિટીશ ઇંડિઆની બહાર ગવર્નર જનરલ ઇન-કૌસિલે સ્થાપેલી કોઇ પણ કોર્ટમા કોઇ પણ સ્થાવર મિલકતના હકના સંબંધમા તકરાર હોય એવી એકાદી તકરારી ફરીઆદ ચાલતી હશે તે દરમિઆન તે ફરીઆદના કોઇ પણ પક્ષકારે તે ફરીઆદમા જે હુકમનામુ કરવામા આવે તે ઉપરથી તે મિલકતના બીજા કોઈ પક્ષકારના ઉત્પન્ન થનારા હકને બાધ આવે એવી રીતે, કોર્ટે અધિકાર આપ્યા સિવાય તે મિલકત તબદીલ કરી આપવી નહિ, અથવા તેની બીજી રીતે વ્યવસ્થા કરવી નહિ.

૫૩ તબદીલ કરી આપવાનું કામ, તે મિલકત અવેજ આપીને પહેલા કે પછી તબદીલ કરી લેનાર સખસને, અથવા સહમાલીકોને કે તે મિલકતમા જેનો હિતસબધ હોય એવા બીજા સખસોને ઠગવાના ઇરાદાથી, તબદીલ કરી આપનાર સખસના લેહેણદારોને ડુબાવવાના, કે નાણુ આપતા વિલબ લગાડવાના ઇરાદાથી કરવામા આવે ત્યારે, તે કામ આ પ્રમાણે ઠગાયલા કે ડુબાડેલા કે જેને નાણુ મળતા વિલબ થયો હોય એવા કોઇ પણ સખસની ઇચ્છા ઉપરથી નિરર્થક થવા યોગ્ય છે તે મીલકત અવેજ સીવાય કે છેક થોડો અવેજ લઇને તબદીલ કરી આપી હોય તે પ્રસગે તે કામ સદરહુ ઇરાદાથી કર્યું એવુ અનુમાન કરવુ, પણ શુદ્ધબુદ્ધિથી અવેજ આપીને જે સખસે તે મિલકત તબદીલ કરી લીધી હશે તે સખસના હકને આ કલમના કોઇ ઠરાવ ઉપરથી બાધ આવે છે એમ સમજવુ નહિ

સ્થાવર મિલકતના વેચાણ બાબત.

૫૪ વેચાણ એટલે આપેલા અથવા આપવાને કબુલ કરેલી અથવા અશત આપેલી કે આપવાને કીમતના બદલામા માલિકી તબદીલ કરી આપવી તે સો રૂપિઆનો તથા તેના કરતા વધારે કીમતની સ્પૃસ્ય સ્થાવર મિલકતની બાબતમા, અથવા ઉત્તરાધિકારના હકની અથવા બીજી અસ્પૃસ્ય વસ્તુની બાબતમા, એવી રીતે તબદીલ કરી આપવાનુ કામ ફક્ત નોધેલા દસ્તાવેજથીજ કરવાનો અધીકાર છે સો રૂપીઆથી ઓછી કીમતની સ્પૃસ્ય સ્થાવર મિલકત નોધેલા દસ્તાવેજ ઉપરથી, અથવા સ્વાધિન કરીને તબદીલ કરી આપવાનો અધિકાર છે વેચનાર તે મિલકતનો કબજો ખરીદનારને આપે ત્યારે તે મીલકત સ્વાધીન કરવામા આવી છે એમ સમજવુ. વેચાણનો કરાર છે કે તે ઉપરથી તે વેચાણ પક્ષકારોએ એકમેકની સાથે નક્કી કરેલી શરતો મુજબ થવુ જોઇએ, ફક્ત એવા કરાર ઉપરથીજ તેમા હીતસબધ કે તેના ઉપર બોજો ઉત્પન્ન થતો નથી

૫૬ કોઇ મિલકત ઉપર એક સામાઇક બોજો હોય અને તેમાની એક મિલકત વેચી નાખવામા આવે ત્યારે ઉલટો કરાર ન હોય તો ખરીદનારને તે બોજો વેચનારથી વિરૂદ્ધ, તે બીજી મિલકતમાથી જેટલે સુધી અદા કરી શકાય તેટલે સુધી તેમાથી અદા કરવાનો હક છે

સ્થાવર મિલકત ગીરો મુકવા બાબત

૫૮ ગીરો એટલે કરજે આપેલા પઇસા અદા કરવાનુ કામ સુરક્ષીત કરવા સારૂ અમુક સ્થાવર મિલકતમાંનો એકાદો હીતસબધ તબદીલ કરી આપવાનું કામ એવા તબદીલ કરી આપનારને ગીરો મુકનાર કહેવો, અને તબદીલ કરી લેનારને ગીરો રાખનાર કહેવો, જ્યારે ગીરો મુકનાર મીલકતનો કબજો સ્વાધીન કરી આપ્યા વગર ગીરોની રકમ આપવા ખુદ પોતે બધાય, અને કરાર પ્રમાણે આપવામા કસુર કરે તો તે મિલકતથી ગીરોની રકમ વસુલ કરી લેવા કબુલ કરે ત્યારે તે ગીરોને સાદુ ગીરો કહેવુ જ્યારે ગીરો મુકનાર ગીરો મુકેલી મીલકત એવી સરતે દેખીતી વેચાણ આપે કે, ગીરોની રકમ અમુક તારીખ પછી આપવામા કસુર કરે તો તે વેચાણ નક્કી થશે, અથવા ગીરોની રકમ અદા કરવામા આવે તો તે વેચાણ રદ થશે, અથવા તે ખરીદનારે વેચનારને તે મીલકત તબદીલ કરી આપવી ત્યારે તે કામને વેચાણની સરતે કરેલું ગીરો કહેવુ. જ્યારે ગીરો મુકેલી મિલકતનો કબજો સ્વાધિન કરીને ગીરોની રકમ અદા કરતા સુધી તે મિલકતનું ભાડુ કે ઉત્પન્ન વ્યાજને બદલે કે ગીરોની રકમને પેટે તેણે લેવુ એવો અખ્તીઆર આપે ત્યારે તે ગીરોને ભોગવટા ગીરો કહેવુ. જ્યારે ગીરોની રકમ અમુક તારીખે આપવાને બધાઇને

મિલકત પુર્ણપણે તબદીલ કરી આપે, પણ એવી સરત કરે કે કબુલ કર્યા પ્રમાણે ગીરોની રકમ અદા કર્યા પછી તેણે તે મિલકત ગીરો મુકનારને પાછી તબદીલ કરી આપવી ત્યારે તે કામને ઇંગ્રેજી રીતનું ગીરો કહેવુ

૫૯ સુરક્ષિત કરવાની મુદ્દલ રકમ રૂ, ૧૦૦, અથવા તેથી વધારે હોય ત્યારે ગીરો મુકનારની સહી હોય તથા નિદાન બે સાક્ષીઓની સાખ હોય એવો નોંધેલો દસ્તાવેજ લખી આપીને માત્ર ગીરો કરી શકાય છે સુરક્ષિત કરવાની મુદ્દલ રકમ રૂ ૧૦૦ કરતા ઓછી હોય ત્યારે કાતો ઉપર કહ્યા પ્રમાણે સહી સાખવાળો દસ્તાવેજ લખી આપીને અથવા સાદુ ગીરો હોય તે સિવાયને પ્રસગે મિલકત સ્વાધિન કરી આપીને ગીરો કરી શકાય છે કલકત્તા, મદ્રાસ, મુબઇ, કરાચી, તથા રગુન એ શહેરમા, સ્થાવર મિલકત ઉપરના હક સબધી દસ્તાવેજ તે ઉપર તારણ ઉત્પન્ન કરવાના ઇરાદાથી કોઇ પણ લેણદારને અથવા તેના એજટને સ્વાધીન કરી આપીને કરેલુ ગીરો આ કલમના કોઇ પણ ઠરાવ ઉપરથી ગેર કાયદેસર થાય છે એમ સમજવુ નહિ

ગીરો મુકનારના હક તથા જવાબદારી.

૬૦ ગીરો મુકનાર ગીરોની રકમ યોગ્ય વખતે તથા યોગ્ય જગાએ ભરવા માડે એટલે તેણે ગીરો ખત પોતાને સ્વાધિન કરવાને, ગીરો મિલકતનો કબજો સ્વાધિન કરી લેવાને, પોતાને ખર્ચે ગીરોની મિલકત પોતાને કે પોતે કહે તો બીજાને તબદીલ કરી લેવાને, અથવા ગીરો રાખનારને તબદીલ કરી આપેલો કોઇ પણ હક રહ્યો નથી એવો લેખ કરી લેવાને અધિકાર છે

૬૬ મિલકતના ભાડા તથા ઉત્પન્નમાથી ગીરોની રકમ વસુલ કરી લેવાનો ગીરો રાખનારને અધિકાર આપ્યો હશે ત્યારે ગીરોની રકમ વસુલ કરી લેવામા આવે એટલે, અથવા ભાડા અને ઉત્પન્નથી મુદ્દલ પૈસા ઉપરનુ વ્યાજ વસુલ કરી લેવાનો ગીરો રાખનારને અધિકાર આપ્યો હશે તે પ્રસગે રકમ ભરવાને મુદ્દત ઠરાવી હશે તો તે મુદ્દત પુરી થયા પછી મુદ્દલ રકમ ભરે ત્યારે તેને, તે મિલકત પાછી પોતાને કબજે લેવાનો અધિકાર છે

૬૬ ગીરો મુકનાર પાસે કબજે હોય તે દરમિઆન તેની તરફથી તે મિલકત બગડવા દેવા બાબત તે ગીરો રાખનારો જવાબદાર નથી

ગીરો રાખનારના હક તથા જવાબદારી.

૬૭ ઉલટો કરાર ન હોય ત્યારે ગીરો રાખનારને, ગીરોની રકમ લેણી થયા પછી, ગીરો મીલકત છોડાવવા બાબત હુકમનામુ થયાની અગાઉ, અથવા ગીરોની રકમ ભર્યાની અગાઉ કાઇ પણ વખતે ગીરો મુકનારનો મીલકત છોડાવવાનો હક બધ પાડવાનો હુકમ અથવા મિલકત વેચવાનો હુકમ કોર્ટ પાસેથી મેળવવાનો હક છે

૭૦ ગીરોની તારીખ પછી ગીરો મીલકતમા કાઇ વધારો થાય તો તે ઉપર ગીરો રાખનારનો હક છે

૭૨ ગીરો રાખનારની પાસે કબજે હોય ત્યારે તેને, તેનો યોગ્ય રીતે વહીવટ કરવા સારૂ અને તેનુ ભાડુ અને ઉત્પન્ન વસુલ કરવા સારૂ, મીલકત નાશ પામતી, દડમા જતી અથવા વેચાતી અટકાવવા સારૂ, તે ઉપરના ગીરો મુકનારના હકને ટેકો આપવા સારૂ, ગીરો મુકનાર વિરૂદ્ધ તે મિલકત ઉપરનો પોતાનો હક સાબિત કરવા સારૂ, અને ગીરો મિલકતના નોકરી આપવા લાયક પટા હશે ત્યારે, તે પટો તાજો કરી લેવા સારૂ જેટલા પઇસા ખરચવાની જરૂર હોય તેટલા પઇસા ખરચવાનો અધિકાર છે, અને ઉલટો કરાર ન હોય તો ખર્ચેલા પૈસા મુદ્દલ રકમમા મેળવીને તે ઉપર તે મુદ્દલ રકમના વ્યાજના દરે અથવા દર ઠરાવ્યો નહી હોય તો દરસાલ દર સેકડે નવ ટકા પ્રમાણે વ્યાજ લેવાનો અધિકાર છે

૭૪ અગાઉના ગીરો રાખનારનુ લેહેણુ આપવાનો પછવાડેના ગીરો રાખનારનો હક છે

૭૬ ગીરો રાખનારની પાસે કબજે હોય ત્યારે તેણે તે મિલકત પોતાની હોય તેમ વહિવટ કરવો,

અને તેનુ ભાડુ તથા ઉત્પન્ન વસુલ કરવુ ઉત્પન્નમાથી સરકાર મહેસુલ ભરવુ, મિલકતની મરામત કરાવવી તેનો નાશ થાય તેવુ કૃત્ય કરવુ નહિ, પોતે ખર્ચેલી રકમનો હિસાબ રાખવો, ગીરો મુકનાર લેણી થએલી રકમ આપે એટલે તેને ગીરો મીલકતમાથી જે પૈસા મળ્યા હશે તેનો હિસાબ આપવો

કોર્ટમાં અનામત મુકવા બાબત.

૮૮ મુદ્દલ રકમ ભરવાની મુદત થયા પછી, ગીરો મુકનારને ગીરો બદલ લેણા પૈસા કોર્ટમા અનામત મુકવાને અધિકાર છે, કોર્ટે તે બાબતની ગીરો રાખનારને નોટીસ આપવી, ને ત્યાર પછી ગીરો રાખનારને ગીરો ખત કોર્ટમા અનામત મુકીને પઈસા લેવાનો અધિકાર છે, અનામત મુકેલુ ખત કોર્ટે ગીરો મુકનારને આપવુ

૮૪ ગીરોની રકમ આપવા માગ્યાની તારીખથી અથવા કોર્ટમા અનામત મુકયાની તારીખથી મુદ્દલ રકમ ઉપરનુ વ્યાજ ચઢતુ બધ થશે

ગીરો છોડાવવાનો હક રદ કરાવવા બાબત તથા વેચાણ કરાવવા બાબત.

ગીરો મીલકતમા હિત સબધ હોય એવા સઘળા આસામીઓને આ બાબ મુજબની ફરીઆદમા પક્ષકારો તરીકે દાખલ કરવા

૮૬ ગીરો છોડવવાના હક રદ કરાવવા બાબતની ફરીઆદમા કરેલા હુકમનામામા, ગીરો સબધી મુદ્દલ વ્યાજ, વિગેરે જે રકમ દેવી નીકળે તે રકમ કોર્ટમા જણાવ્યાની તારીખથી છ મહિનાની અદર જે તારીખ કોર્ટ ઠરાવે તે તારીખે પ્રતીવાદી વાદીને અથવા કોર્ટમા ભરે એટલે વાદીએ તે મીલકત સબંધી જે દસ્તાવેજ પોતાની પાસે હોય તે પ્રતીવાદીને આપવો, અને તે મિલકત વાદીએ ઉત્પન્ન કરેલા બોજા વગર, પ્રતીવાદીને તબદીલ કરી આપવી, અને જો તે રકમ નીમેલે દીવસે અથવા તેની અગાઉ પ્રતીવાદી ભરશે નહિ તો તે મીલકત છોડાવવાનો પ્રતીવાદીનો સર્વ પ્રકારનો હક બીલકુલ જતો રહેશે, એવુ ફરમાવવુ જોઈએ

૮૭ દેવી થયેલી રકમ ભરવામા આવે તો મિલકત પ્રતીવાદીના કબજામા અપાવવી એવી રકમ ન ભરે તો કોર્ટે ગીરો છોડાવવાનો હક રદ કરવા બાબતનો પકો હુકમ કરવો, અને ગીરો મિલકત વાદીના કબજામા અપાવવી

૮૮ અથવા નજરમા આવે તો તે વેચીને તેમાથી વાદીના પઈસા અપાવીને જે કાઇ વધે તે રકમ પ્રતીવાદીને આપવી

૯૦ વેચેલી મિલકતમાથી વાદીની રકમ વસુલ કરતા બાકી રહે તો તે, બીજી રીતે વસુલ કરવા કોર્ટે હુકમ કરવો

ગીરો છોડાવવા બાબત

૯૧ ગીરો મુકનાર સિવાય હેઠળ લખેલા સખસોને ગીરો છોડાવવાનો હક છે (૧) ગીરો મીલકત ઉપર જેનો હીતસબધ કે બોજો હોય તે સખસો, [૨] ગીરોની રકમ ભરવા જે જામીન થયો હોય તે સખસ, (૩) સગીર કે ગાડા માણસનો વાલી ગીરો મુકનારના હુકમનામાના લેણદારે તે મિલકત જપ્ત કરીને બજાવણી કરી હશે તે લેણદાર, ગીરો મિલકત વેચાવવા બાબત હુકનામુ મેળવ્યુ હશે તે લેણદાર

૯૨ ગીરો છોડાવવાની ફરીઆદમા–હુકમનામુ કરીને ગીરોની રકમ તથા ખર્ચ મળી દેવી રકમ કેટલી નીકળે તે ઠરાવીને, તે દેવી રકમ કોર્ટમા જણાવ્યાની તારીખથી છ મહિનાની અદર જે તારીખ કોર્ટ ઠરાવે તે તારીખે તે રકમ વાદી પ્રતીવાદીને આપે કે કોર્ટમા ભરે એટલે પ્રતિવાદીએ તે મિલકત સંબંધી તમામ દસ્તાવેજ વાદીને આપવા અને મિલકત બોજારહિત પ્રતિવાદીએ વાદીને પાછી તબદીલ કરી આપવી, અને નીમેલી તારીખે એવી રકમ ભરવામા ન આવે તો (સાદુ કે ભોગવટાનુ ગીરો ન હોય તો) તે મિલકત છોડાવી લેવાની વાદીના હક બીલકુલ જતો રહેશે અથવા તે મિલકત વેચવાનો કોર્ટ હુકમ કરવો

૯૩ સદરહુ રકમ તથા ખર્ચ ભરવામા આવે એટલે મિલકત વાદીના કબજામા આપવી

૯૫ કેટલાએક સહગીરો મુકનારાઓમાંનો એક જણ (ગીરો મિલકત છોડાવી તેનો કબજો મેળવે ત્યારે તેના બાકીના) સહગીરો મુકનારાઓમાના દરેકના તે મિલકતમાના હિસ્સા ઉપર, તે દરેકને ઉપર કહ્યા પ્રમાણે ગીરો છોડવવાના કામમા યોગ્ય રીતે થયેલા ખર્ચમા જેટલો ભાગ આપવાનો હશે, તેટલો બોજો રહેશે.

૯૬ અગાઉના ગીરેનો બોજો હોય તો કોર્ટને અગાઉના ગીરો રાખનારની સમત્તિથી, તે મિલકત સદરહુ ગીરોના બોજા વગર વેચવાનો હુકમ કરવાનો અખત્યાર છે

૯૯ કોઇ ગીરો રાખનારનાર જ્યારે કોઇ દાવાની ભરપાઈ કરવા બાબતના હુકમનામાની બજાવણીમા ગીરો મિલકત જપ્ત કરે ત્યારે, ૬૭ મી કલમ મુજબ ફરીઆદ કર્યા સિવાય બીજી રીતે તે મિલકત વેચાવવાનો હક પ્રાપ્ત થસે નહી.

સ્થાવર મિલકતના પટા બાબત

૧૦૫ સ્થાવર મિલકતના પટો એટલે–મીલકતનો ભોગવટો કરવાનો હક નિર્દીષ્ટ કરેલી મુદત સુધી અથવા હમેશને માટે હેઠળ લખેલા અવેજના બદલામા તબદીલ કરી આપવુ તે, આપેલી કે આપવાને કબુલ કરેલી કીમતના બદલામા, મુદતે મુદતે અથવા ઠરાવેલા પ્રસંગે આપવાના પૈસાના બદલામા પાકના હિસ્સાના બદલામા, નોકરીના બદલામા, અથવા આપવાની કોઇ કીમતી વસ્તુના બદલામા તબદીલ કરી આપવુ તે

૧૦૭ વર્ષ વર્ષ સુધી ચાલવાનો અથવા એક વર્ષથી વધારે મુદત સુધી ચાલવાનો, અથવા જેમા વાર્ષિક ભાડુ ઠરાવ્યુ હોય એવો સ્થાવર મીલકતનો પટો માત્ર કોઇ નોધેલો દસ્તાવેજ કરી આપીનેજ કરી શકાય છે, સ્થાવર મિલકતના બીજા સર્વ પટા નોધેલા દસ્તાવેજથી અથવા મોઢાની કબુલત કરીને તથા કબજો આપીને કરવાને અધિકાર છે

અદલાબદલી બાબત

૧૧૮ જ્યારે બે આસામી એક બીજાને એક વસ્તુની માલકી બીજી વસ્તુની માલકી બદલ તબદીલ કરી આપે અને તે બેમાની કોઈ પણ વસ્તુ કેવળ નાણુ ન હોય અથવા બંને વસ્તુ કેવળ નાણુ ન હોય ત્યારે તે કામને " અદલા બદલી " કહેવી અદલાબદલી પુર્ણ કરવા માટે મીલકત તબદીલ કરી આપવાનુ કામ, માત્ર એવી મીલકત વેચાણ કરીને તબદીલ કરી આપવા બાબત ઠરાવેલી રીતેજ કરી શકાશે

૧૧૯ અદલાબદલીમા મળેલી વસ્તુનો કબજો જેની પાસેથી છીનવી લેવામા આવ્યો હોય તેને નુકશાન ભરી લેવાનો અથવા આપેલી વસ્તુ પાછી મળવાનો હક છે

૧૨૧ નાણાની અદલાબદલી કરવામા આવે ત્યારે તે કૃત્ય ઉપરથી દરેક પક્ષકાર પોતે આપેલુ નાણુ ખરૂ હોવાની ખાત્રી આપે છે એમ સમજવુ

બક્ષીસ બાબત

૧૨૨—બક્ષીસ એટલે એક સખસે બીજા કોઇ સખસને રાજીખુશીથી તથા કાઇ પણ અવેજ લીધા વગર અમુક વિદ્યમાન સ્થાવર અથવા જગમમીલકત તબદીલ કરી આપવી તે, માત્ર તે મીલકત તેણે સ્વિકારવી જોઇએ, સદરહુ મિલકતનો સ્વિકાર બક્ષીસ આપનાર જીવતો હોય તથા તે મિલકત આપવાને શક્તિવાન હોય ત્યારે કરવો જોઇએ, બક્ષીસ લેનાર સખસ બક્ષીસ સ્વિકાર્યા અગાઉ મરી જાય તો તે બક્ષીસ નિરર્થક છે

૧૨૩ સ્થાવર મિલકતની બક્ષીસ કરવાનુ કારણુ સારૂ તે મિલકત, જેની ઉપર બક્ષીસ આપનારે પોતે સહી કરી હોય અથવા તેની તરફથી સહી થઈ હોય અને જેની ઉપર નિદાન બે સખસોએ સાખ કરી હોય એવા નોધેલા દસ્તાવેજ ઉપરથી તબદીલ કરી આપવી જોઇએ જગમમીલકતની બક્ષીસ તે મીલકત સદરહુ પ્રમાણે નોધેલા તથા સહી કરેલા દસ્તાવેજથી, અથવા મીલકત સ્વાધીન કરીને તબદીલ કરી આપવાનો અધિકાર છે વેચેલો માલ જેવી રીતે સ્વાધીન કરવાનો અખત્યાર છે, તેવીજ રીતે સદરહુ મીલકત પણ સ્વાધીન કરવાનો અખત્યાર છે

૧૨૪ વિદ્યમાન હોય તથા હવે પછી ઉત્પન્ન થવાની હોય એવી મિલકતની બક્ષીસ પાછલી જાતની મીલકતના સબધમા નિરર્થક છે

૧૨૬ બક્ષીસ આપનાર તથા લેનાર સખસો વચ્ચે, આપનારની મરજી ઉપર આધાર રાખતી ન હોય એવી કોઇ પણ નિર્દીષ્ટ કરેલી વાત બને તો તે બક્ષીસ તહકુબ રહેશે અથવા રદ થશે એવી કબુલત

કરવાને મુખત્યાર છે, કોઇ બક્ષીસ ફક્ત બક્ષીસ આપનારની મરજીથી સઘળી અથવા અશત રદ કરી શકાશે એવી કબુલાત પક્ષકારો કરે તો તે બક્ષીસ પ્રસગ પ્રમાણે સઘળી અથવા અશત. નિરર્થક છે એમ સમજવું તે કરાર જે બાબતોમા રદ કરી શકાય છે, તે બાબતો પૈકી અવેજ ન હોવાની અથવા પ્રાપ્ત નહિ થવાની બાબત સિવાય બીજી હરકોઇ બાબતોમા બક્ષીસ રદ કરવાનો અધિકાર છે

૧૨૮ બક્ષીસ આપનારની સઘળી મીલકત બક્ષીસ આપી હોય, ત્યારે તે આપતી વખતે આપનારને જે કાઇ કરજ હોય તે સઘળુ કરજ, તે બક્ષીસમા આપેલી મીલકતના પ્રમાણમા બક્ષીસ લેનાર સખસ જાતે આપવાને જવાબદાર છે એમ સમજવુ

૧૨૯. આ બાબતના કોઇ પણ ઠરાવ અતકાળ વખતે આપેલી જગમમિલકતની બક્ષીસને લાગુ પડશે નહિ, અને એવા કોઇ પણ ઠરાવ ઉપરથી મુસલમાની શરેહની કોઇ પણ કાનુનને અથવા ૧૨૩ મી કલમમા ઠરાવ્યુ છે, તે સિવાયને પ્રસગે, હીદુ અથવા બુદ્ધ લોકોના કાયદાની કોઇ પણ કાનુનને બાધ આવે છે, એમ સમજવુ નહિ

જે દાવા બાબત ફરિયાદ ચાલી શકે તે દાવો તબદીલ કરી આપવા બાબત

૧૩૦ જે દાવા બાબત ફરિયાદ ચાલી શકે તેવો દાવો તબદીલ કરી આપનારાએ લેખી દસ્તાવેજ દ્વારાએ તબદીલ કરી શકાશે જે દાવા બાબત ફરિઆદ ચાલી શકે તેવો દાવો તબદીલ કરી લેનારને તબદીલ કરી આપનારની સમતી લીધા વગર તે દાવાના સબધમા ફરિઆદ કરવાનો અધિકાર છે

૧૩૧ તેવા દાવાની નોટીસ લેવી જોઇએ

૧૩૨ ફરિઆદ ચાલી શકે એવો દાવો જેને તબદીલ કરી આપ્યો હોય તેણે તે દાવો તબદીલ કર્યાની તારીખે તબદીલ કરનાર તેના સબધમા જે જવાબદારીને તથા હકને પાત્ર થશે તે સર્વને પાત્ર તે દાવો લેવો જોઇએ

૧૩૫ જે દાવા બાબત ફરિયાદ ચાલી શકે તે દાવો વેચવામા આવે તો જેના ઉપર તે દાવો હોય તેણે ખરીદદારને, તે દાવાની કીમત તથા વેચાણનુ ખર્ચ અને જે દીવસે ખરીદદારે તે કીમત આપી હશે તે દીવસથી તે કીમતનુ વ્યાજ આપ્યુ એટલે તે પૂર્ણ છુટો થશે

૧૩૬ ન્યાયની કોઇ પણ કોર્ટ સાથે તેનો સબધ હોય એવા કોઇ પણ માણસે કાયદાની હીમાયતીએ અથવા અમલદારે, જે દાવા બાબત ફરીઆદ ચાલી શકે તેવો કોઇ દાવો ખરીદ કરવો નહી

૧૩૭ ઉપરની કલમોના મજકુર સ્ટોકને શેરોને અથવા ડીબેન્ચરોને અથવા જે દસ્તાવેજો કાયદેસર વેચાય એવા હોય તેમને અથવા માલ ઉપરના સત્તાધિકારના કોઇ પણ દસ્તાવેજને લાગુ પડશે નહિ

પ્રોબેટ તથા વહિવટ ચલાવવાની સનંદો આપવા બાબતનો આકટ.

[સને ૧૮૮૧ નો આકટ ૫ મો]

ઉદ્દેશ—જે પ્રકરણોને સને ૧૮૬૫ નો હિદુસ્તાનનો વારસા બાબતનો આકટ લાગુ નથી તે પ્રકરણોમા મૈયત માણસની માલમિલકતને મૃત્યુપત્રોના પ્રોબેટો અને વહીવટ ચલાવવા બાબતની સનદ આપવાનો ઠરાવ કરવો યોગ્ય છે, વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે

૧ આ આકટ આખા બ્રિટીશ ઇંડિઆને લાગુ છે

૬ મૈયત માણસનુ મૃત્યુપત્ર ચલાવનારો અથવા વહીવટ ચલાવનારો સઘળા કામમા તેનો કાયદાસર વારસ વકીલ છે, તથા સઘળી માલમિલકત તેના હાથમા આવશે

૮ વસિઆતનામુ કરીને જેને મૃત્યુપત્ર ચલાવનારો નિમ્યો હશે તેનેજ પ્રોબેટ આપશે

૯-૧૦ જે માણસની નાની ઉમર હોય અથવા જેની અક્કલ ન હોય એવા કોઇ માણસને પ્રોબેટ તથા વહીવટ ચલાવવાની સનદ આપશે નહિ

૧૧ મૃત્યુપત્ર ચલાવનારામાથી જે જીવતો રહ્યો હોય તે વારસ વકીલ થાય છે

૧૩–૧૪ પ્રોબેટ તથા વહીવટ કરવાની સનદ જ્યારે આપી હશે ત્યારે જે તારીખથી તે વસીઅતનામુ કરનારો મરી ગયો તે તારીખથી તે વસીઅતનામુ ચાલુ થયુ એવુ ઠરે છે અને વહીવટ કરનારને સનદ ઉપરથી મરનારના સઘળા હક મળશે

૩૮ કોર્ટમા મુકદ્દમો ચાલતો હોય ત્યા સુધી વહીવટ ચલાવવાની સનદ આપવી નહિ

૫૧ પ્રોબેટ તથા વહીવટ ચલાવવાની સનદ આપવાનો તથા રદ કરવાનો ડીસ્ટ્રીકટ જડજને અધિકાર છે

૫૨ બિનતકરારના પ્રકરણોમા આ કામ ચલાવવા સારૂ ડીસ્ટ્રીકટ જડજને ડેલીગેટ નીમવાનો અધિકાર છે

૫૮ પ્રોબેટ તથા વહીવટ ચલાવવાની સનદ આપવાનો ડેલીગેટને પણ અધિકાર છે પ્રોબેટ અથવા વહીવટ ચલાવવાની સનદ આપી હોય તે ઈલાકામા ગમે તે ઠેકાણે તે મરનારની માલમિલકત ઉપર ચાલશે

૫૯ પણ તે માલમિલકતની કીમત દશ હજાર રૂપીઆથી વધારે ન હોય તો તે ડીસ્ટ્રીકટ જડજે કે હાઇકોર્ટે આપેલ પ્રોબેટો અથવા વહીવટ ચલાવનારી સનદો આખા બ્રિટીશ ઈંડીઆમા અમલમા આવશે

૬૧ પ્રોબેટ અથવા વહીવટ ચલાવવાની સનદ માગવાની અરજી યોગ્ય રીતે કરી હોય અને તે ઉપર ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ હોય તો પ્રોબેટ અથવા વહીવટ ચલાવવાની સનદ આપવાને તે અરજી બરાબર છે

૬૨ પ્રોબેટ માગવાની અરજી અંગ્રેજી કે દેશી ભાષામા કરવી અને તેની સાથે વસિઅતનામુ જોડવુ તથા અરજીમા હેઠળ લખેલી વાતો લખવી વસિઅતનામુ કરનારના મરણની વેળા, બાપેલો દસ્તાવેજ તેનુ છેલ્લુ વસિઅતનામુ તથા માલમિલકતનુ વ્યવસ્થાપત્ર છે, અથવા જેવી બાબત હોય તેવી લખવી તે ઉપર સહી સાખ બરોબર થઇ છે, અને અરજદારના હાથમા કેટલી માલમિલકત આવવાનો સંભવ છે અને જ્યારે પ્રોબેટ માગવા બાબત હોય ત્યારે વસિઅતનામામા નિમેલા મૃત્યુપત્ર ચલાવનારો હુજ અરજદાર છુ વળી અરજી ડિસ્ટ્રીકટ જડજને કરી હોય ત્યારે મૈયત ગુજરી ગયો ત્યારે તેની રહેવાની કાયમ જગા અથવા કાઇ માલમિલકત તે જડજની હકુમતની હદની અંદર હતી અને તે અરજી ડીસ્ટ્રીકટ ડેલીગેટને કરી હોય ત્યારે મૈયત ગુજરી ગયો ત્યારે તે સદરહુ ડેલીગેટની હકુમતની હદમા રહેતો હતો એવો મજકુર લખવો જોઇએ

૬૬ પ્રોબેટ અથવા વહીવટ ચલાવવાની સનદ માગવાની અરજી ઉપર સહી તથા ખરાપણાની પ્રતિજ્ઞા જોઇએ

૬૭ પ્રોબેટ લેવાની અરજી હોય તો વાસઅતનામાના સાહેદોમાથી કોઇ સાહેદે તે અરજીના ખરાપણા બાબત પ્રાતજ્ઞા કરવી જોઇએ

૮૬ ડિસ્ટ્રિક્ટ જડજના હુકમ ઉપર હાઇકાર્ટમા અપીલ થઇ શકે

૯૦ મરનારની મિલકતનો વહિવટ કરવાનો મૃત્યુપત્ર ચલાવનારને અથવા વહિવટ ચલાવનારને અધિકાર છે

૯૭ મરનારની ઉત્તરક્રિયા તેની માલ મિલકતમાથી મૃત્યુપત્ર ચલાવનારે કરવી જોઇએ

૧૦૦ મરનારની મિલકત તથા લેણુ વહીવટ ચલાવનારે ઉઘરાવીને એકઠુ કરવુ

૧૦૧ થી ૧૦૪ તેમાથી તેની ક્રીયા ખર્ચનુ, મંદવાડનુ, ખાવા પીવાનુ, પ્રોબેટ કે સનદ મેળવવાનુ અને ખર્ચનુ કરજ આપવુ જોઇએ અને ત્યાર પછી સર્વે કરજ આપવા જોઇએ

૧૪૬ મૃત્યુપત્ર ચલાવનારો અથવા વહીવટ ચલાવનારો માલમિલકતનુ નુકસાન કરશે તે બાબતનુ જોખમ તેને શિર છે

ઈઝમેન્ટ એક્ટ.

(સને ૧૮૮૨ નો આક્ટ.)

(સુખાધિકાર બાબતનો કાયદો

૧ આ આક્ટને સુખાધિકાર બાબતનો કાયદો કહેવો, તે મુબાઇ ઈલાકાને લાગુ છે

૨ આ આક્ટથી નીચેના હકમા કમતરતા થશે નહિ નદીઓ, નાળા તથા તળાવના પાણીના કે નહેરમા કે બીજા કોઇ બાધકામમા વહેતા, જમાવ કરેલા કે રાખેલા કે વહેચેલા પાણીના જમાવનો તે રાખવાનો કે તેની વહેચણીનો બંદોબસ્ત કરવાનો સરકારનો કોઇ હક (આ સ્થાવર મિલકત કે કોઇ સાપ્રદાયક કોઇ બીજો હક જે સરકારને અથવા તમામ લોકોને અથવા કોઇ સખસને હોય તે, (ક) આ આક્ટ અમલમા આવતા પહેલા જે હક પ્રાપ્ત થયો હોય કે ઉત્પન્ન થયો હોય તે

૩ મુદ્દતના આક્ટની કા ૨૬ ને ૨૭ સબધી કરેલા સઘળા ઉલ્લેખો જે મુલકમા આ આક્ટ લાગુ પડે છે તે મુલકમા આ આક્ટની ૧૫ ને ૧૬ મી સંબધી કરેલા છે એમ વાચવુ

૪ સુખાધિકાર—એટલે કોઇ જમીનના માલીકને કે કબજેદારને, માલીક કે કબજેદાર તરીકે તે જમીનના હિતકર ઉપભોગને માટે, પોતાની ન હોય એવી બીજી કોઇ જમીનમા કે તે ઉપર કે તે સંબધી કઈ કૃત્ય કરવાનો કે કૃત્ય જારી રાખવાનો કે કઇ કૃત્ય થતું અટકાવવાનો કે અટકાવ જારી રાખવાનો જે હક હોય તેને સુખાધિકાર કહે છે

પ્રધાન અને ગૌણ સ્થળ તથા પ્રધાન અને ગૌણપતિ--એ શબ્દમા જે જમીનના હિતકર ઉપભોગને માટે સદરહુ હક હોય તે જમીન પ્રધાન સ્થળ કહેવાય છે અને તેનો માલીક અથવા કબજેદાર ગૌણપતિ કહેવાય છે

ખુલાસો—જમીન એ શબ્દમા પૃથ્વીને નિરતર વળગેલી વસ્તુનો હિતકર ઉપભોગ-એમા સભવિત સગવડ કે દુરનો લાભ એનો સમાસ થાય છે

દ્રષ્ટાંત--(અ) અ ને અમુક ઘરના માલીક તરીકે, તે ઘરના હિતકર ઉપભોગને માટે, પોતાના પાડોશી બ ની જમીન ઉપર થઇને તે ઘરમા જવા આવવાના માર્ગનો હક છે આ સુખાધિકાર છે

૫ સુખાધિકાર સતત તથા તુટક તેમ દશ્ય કે અદશ્ય હોય છે, મનુષ્ય કૃત્ય વગર જેનો વહીવટ જારી રહે છે તે સતત સુખાધિકાર છે અને જેનો વહીવટ કરવામા મનુષ્ય કૃત્યની જરૂર પડે છે તે તુટક સુખાધિકાર છે જેના અસ્તિત્વની કોઇ કાયમની નિશાની ન હોય એને તે તપાસતા જણાઇ આવે તે દશ્ય સુખાધિકાર છે, અને જેની તે પ્રમાણે નિશાની હોતી નથી તે અદશ્ય સુખાધિકાર છે

દ્રષ્ટાંત--(અ) પોતાના પાડોશી બ ની તરફથી હરકત થયા વગર બારીઓમાથી અજવાળુ લેવાનો હક અ ના ઘરની સાથે રહેલો છે, આ સતત સુખાધિકાર છે, (બ) બ ની જમીન ઉપર થઇને જવા આવવાના માર્ગનો હક અ ના ઘરની સાથે રહેલો છે, આ તુટક સુખાધિકાર છે, (ક) બ ની જમીનમા થઇને નળવાટે પોતાની જમીનમા પાણી લાવવાનો અને મોરી વાટે પાણી કાઢવાનો હક અ ની જમીન સાથે રહેલો છે આ દશ્ય સુખાધિકાર છે કારણ કે તે જોઇ શકાય છે (ડ) બ ને પોતાની જમીન ઉપર ઇમારત બાધતા અટકાવવાનો હક અ ના ઘરની સાથે રહેલો છે, આ અદશ્ય સુખાધિકાર છે

૬ સુખાધિકાર નિરતરનો.કે કેટલાક વર્ષ સુધીનો કે બીજી કોઇ નિયમિત મુદ્દત સુધીનો હોઇ શકે, કે નિયમિત વખતે તેમા અટકાવ થાય એવો હોઈ શકે, કે અમુક વખતે કે અમુક સ્થળે, અમુક કલાકની દરમ્યાન, કે કોઇ વિશેષ કારણસારૂ તેનો વહીવટ કરાય એવો હોઇ શકે, કે કોઇ નિર્દિષ્ટ કરેલો બનાવ કે કૃત્ય બને કે ન બને તે શરૂ થાય કે નિરર્થક થાય એવી શરતવાળો હોઇ શકે

૭ નીચે કહેલા હરકોઇ હકના પ્રતિબધરૂપ એટલે હરકત કર્તા સુખાધિકાર છે.

(અ) સ્થાવર મિલ્કતના પ્રત્યેક માલીકનો, તે મિલ્કતનો કે તેની તમામ પેદાશનો કે તેમા થએલ

વધારાનો ઉપભોગ કરવાનો કે ને આપી દેવાનો આખો હક, (બ) સ્થાવર મિલકતના પ્રત્યેક માલીકનો તે મિલકતની સ્થિતિથી નીપજતા સ્વાભાવિક લાભનો બીજાની હરકત વગર ઉપયોગ કરવાનો હક

૮ જે સ્થળ ઉપર જવાબદારી ગખવાની હોય તે સ્થળમાનો પોતાનો હકસબધ કોઇ પણ સખસ જે પ્રસગે અને જેટલો બીજાને આપી શકે તે પ્રસગે અને તેટલે સુધી સુખાધિકાર સ્થાપવાને તે મુખત્યાર છે

દ્દષ્ટાંત—ભરાયા વગરની ૨૦ વરસની મુદતની પટાની રૂએ બ ની જમીનનો અ ગણોતદાર છે, અને પટા પ્રમાણે પોતાનો હક મંબધ બીજાને આપવાનો તેનો અખત્યાર છે, પટો રહે ત્યાસુધી અથવા તે કરતા કઇ થોડી મુદત સુધી કાયમ રહે એવો સુખાધિકાર તે જમીન ઉપર સ્થાપવાને અ મુખત્યાર છે

૯ આઠમી કલમના ઠરાવોને અનુસરીને, ગૌણુસ્થળ ઉપરના ચાલુ સુખાધિકારનો ઉપયોગ કમી ના થાય, એવી રીતે ગૌણુ સ્થળ ઉપર સુખાધિકાર સ્થાપવાને ગૌણુપતિ મુખત્યાર છે, પરતુ સદરહુ ઉપયોગ જેથી કમી થાય તેવો સુખાધિકાર પ્રધાન પતિની સમતિ વગર ગૌણુ સ્થળ ઉપર તે સ્થાપી શકતો નથી

દ્દષ્ટાંત— અ ને પોતાના ઘરના સબધમા બ ની જમાન ઉપર થઇને જવા આવવાનો માર્ગનો હક છે પડોશના ખેતરના માલીક તરીકે ક ને તે માર્ગ ઉપર ઉગેલા ઘાસમા પોતાના ઢોર ચગાવવાનો હક આપવાને બ મુખત્યાર છે, પરતુ તેથી અ ના જવા આવવાના માર્ગના હકમા હરકત થતી ન હોય તો

૧૦ આઠમી કલમને અનુસરીને પટે લેનારના હક કમી ન થાય તેવો કોઇપણ સુખાધિકાર પટે આપેલી મિલકત ઉપર સ્થાપવાને પટે આપનાર મુખત્યાર છે, તથા જેથી તારણુ પુરતું અપુરતુ ન થાય એવો કોઇ સુખાધિકાર ગીરો આપેલી મિલકત ઉપર સ્થાપવાને ગીરો આપનાર મુખત્યાર છે પરતુ જે સુખાધિકારનો અમલ પટો પુરો થયેથી કે ગીરો છુટેથી થાય એવા સુખાધિકાર સિવાયનો બીજો કોઇ સુખાધિકાર પટે લેનારની કે ગીરો રાખનારની સમતી વગર પટે આપનાર કે ગીરો આપનાર તે મિલકત ઉપર સ્થાપી શકતો નથી

ખુલાસો—ગીરોની રૂએ વિદ્યમાન કાળે જે રકમ લેણી હોય તે રકમથી ઉ ઘણી વધારે ગીરો આપેલી મિલકતની કીમત ન હોય કે તે મિલકત ઇમારત હોય ત્યારે, ૨ ગણી વધારે ન હોય તો આ કલમના અથ પ્રમાણે તે તારણુ અપુરતું છે

૧૧ પટે રાખનાર કે જેને બીજા સખસથી હક પ્રાપ્ત થયો હોય તે સખસ પોતે પાસે રાખેલી મીલકત ઉપર પોતાનો હક સબધનો અત આવ્યા પછી અમલ થાય એવો, અથવા પેટે આપનાર કે વરીષ્ટ માલીકનો હક કમી થાય એવો સુખાધિકાર સ્થાપી શકતો નથી

૧૨ જે સ્થાવર મિલકતના હિતકર ભોગને માટે હક ઉત્પન્ન કર્યો હોય, તે મિલકતનો માલીક અથવા તેના તરફથી તે મિલકત જેના કબજામા હોય તે સખસ સુખાધિકાર મેળવી શકે છે, સ્થાવર મિલકતનો પટે રાખનાર પોતાની સ્થાવર મિલકતના હિતકર ઉપભોગને માટે પોતાના પટામાથી મિલકતમા કે તે મિલકત ઉપર સુખાધિકાર મેળવી શકતો નથી

૧૩ કોઇ પણ સખસ બીજા સખસને સ્થાવર મિલકત આપે કે મૃત્યુપત્રમા લખી આપે ત્યારે (અ) જે વિષય આપ્યો હોય તેના હિતકર ઉપભોગને માટે તે આપનારની બીજી સ્થાવર મિલકતમાના સુખાધિકારની આવશ્યકતા હોય તો જેને આપ્યો હોય તે સખસ તે સુખાધિકારનો હકદાર થાય છે તેમજ (બ) સદરહુ સુખાધિકાર દ્રશ્ય અને સતત હોય, તથા આપ લે કે મૃતલેખાર્પિતદાન અમલમાં આવતી વખતે એ વિષયનો જેવી રીતે ઉપભોગ થતો હોય તેવી રીતે તેનો ઉપભોગ કરવાને તે સુખાધિકારની આવશ્યકતા હોય ત્યારે ભિન્ન ઇરાદો દર્શાવ્યો ન હોય કે તે ગર્ભિત રીતે અવશ્ય જણાતો ન હોય તો જેને વિષય આપ્યો હોય તે અથવા મૃત્યુલેખમા આપવાનો ઠરાવ હોય તે સખસ સદરહુ સુખાધિકારનો હકદાર થાય છે (ક) આપનારની કે મૃત્યુપત્ર કરનારની બીજી સ્થાવર મિલકતના ઉપભોગને માટે, જે વિષય આપ્યો હોય કે મૃત્યુપત્રમા લખી આપ્યો હોય તે વિષયમાના સુખાધિકારની તદ્દન આવશ્યકતા હોય તો આપનાર કે મૃત્યુપત્ર કરનારનો કાયદેસર વારસ વહીલ તે સુખાધિકારનો હકદાર થાય છે તેમજ ઘણા સખસોની સામાયિક મિલકતની વહેચણી થાય ત્યારે તેનામા કોઇ એક એકના હિસ્સા ઉપરનો સુખાધિકાર, તે પૈકી કોઈ બીજાના હિસ્સાના ઉપભોગને માટે તદ્દન આવશ્યકતાનો હોય, તો તે સુખાધિકારનો તે બીજો હકદાર થાય છે

કાયદાના અમલથી સ્થાવર મિલ્કત મળે ત્યારે જેની પાસેથી તે જેને મળે તે સખસો આ કલમના કારણુ સારૂ અનુક્રમે આપનાર અને લેનાર ગણવા

દૃષ્ટાંત—વેચતી વખતે ફક્ત ખેતીવાડીના કામમા વપરાતું ખેતર બ ને અ વેચે છે પાસેની અ ની જમીન ઉપર થઇને ગયા સિવાય, અથવા કોઈ પરાયાની જમીન ઉપર પ્રવેશ કર્યા સિવાય તે જમીનમા જવાય તેમ નથી ફક્ત ખેતીવાડીના કામ સારૂ અ ની પાસેની જમીન ઉપર થઇને વેચેલા ખેતરમા જવા આવવાના માર્ગનો હક બ ને છે

૧૪ ઉપરની કલમ પ્રમાણે આવશ્યકતાના માર્ગનો હક ઉત્પન્ન થાય ત્યારે, પ્રસંગ પ્રમાણે, આપનારને મૃત્યુપત્ર કરનારના કાયદેસર વારસ વકીલને અથવા જે હિસ્સા ઉપર હક ભોગવાતો હોય તે હિસ્સાના માલીકને માર્ગે કાઢી આપવાનો હક છે, પરતુ તે માર્ગે પ્રધાનપતિને વાજબી રીતે અનુકુળ પડતો હોવો જોઇએ સદરહુ પ્રમાણે માર્ગ કાઢી આપવાનો જે સખસને હક છે, તે તેમ કરવાને ના કહે કે ચુકે, તો પ્રધાનપતિ તે માર્ગ કાઢવાને મુખત્યાર છે

૧૫ કોઇ ઇમારતમા તથા ઇમારતોને માટે અજવાળુ કે, હવા આવવાનો તથા તે ઉપયોગમા લેવાનો ઉપભોગ તે ઇમારતની સાથે, સુખાધિકાર તરીકે અને ખાડો પડયા વગર વીસ વરસ સુધી વગર હરકતે કર્યો હોય ત્યારે તથા કોઇ સખસની કૃત્રિમ દબાણુવાળી જમીનને કે તે જમીનને વળગેલી વસ્તુઓને કે કોઇ બીજા સખસના જમીનનો કે તે જમીનને વળગેલી વસ્તુઓનો આધાર સુખાધિકાર તરીકે અને ખાડો પડયા વગર ત્રીસ વરસ સુધી વગર હરકતે મળ્યો હોય ત્યારે, તથા માર્ગના હકને કે બીજા કોઇ સુખાધિકારનો દાવો રાખનાર સખસે તે માર્ગનો હક કે બીજા કોઇ સુખાધિકાર, સુખાધિકાર તરીકે અને હકથી ખાડો પડયા વગર વીસ વરસ સુધી વગર હરકતે અને ખુલ્લી રીતે ભોગવ્યો હોય ત્યારે, સદરહુ પ્રમાણે હવા કે અજવાળુ આવવાનો કે તે ઉપભોગમા લેવાનો હક, આધારનો હક કે બીજો સુખાધિકાર પૂર્ણ થશે

સદરહુ વીસ વરસની પ્રત્યેક મુદત જે, ફરીઆદના કામમા તે મુદતવાળા દાવા વિષે તકરાર ચાલે તે ફરીઆદ મડાતા પહેલાના બે વરસની અંદર પુરી થનારી મુદત છે એમ સમજવુ

ખુલાસો ૧ લો—જે મિલ્કત ઉપર હક ચલાવવાનો દાવો કર્યો હોય, તે મિલ્કતના માલીકની અથવા કબજાદારની સાથેના કરારની રૂએ ઉપભોગ કર્યો હોય, તેવા કરાર ઉપરથી એ સ્પષ્ટ હોય કે તે હક સુખાધિકાર તરીકે આપ્યો નથી આવા સુખાધિકાર તરીકે આપ્યો હોય તો, કોઈ નિયમિત મુદતને માટે તે આપેલો છે અથવા અમુક સરત પુરી પડયાથી તે બધ થાય, એવી સરતે આપેલો છે તો તે ઉપભોગ આ કલમના અર્થ પ્રમાણે ઉપભોગ ગણવો નહિ

ખુલાસો ૨ જો—દાવો કરનાર સિવાયના બીજા કોઇ સખસના કૃત્યથી થયેલી હરકતને લીધે ઉપભોગ ખરેખર બધ થયો ન હોય, તથા તે હરકતની અને હરકત કરનાર સખસની અથવા તે કરવાને અખત્યાર આપનાર સખસની ખબર દાવો કરનારને થયા પછી એક વરસ સુધી તે હરકત ખમી ના હોય અથવા માન્ય કરી ન હોય, તો આ કલમના અર્થ પ્રમાણે ખાડો પડયો છે એમ સમજવુ.

ખુલાસો ૩ જો—પ્રધાનપતિ અને ગૌણુપતિ વચ્ચેના કરારની રૂએ ઉપભોગ બંધ રહે તેથી આ કલમના અર્થ પ્રમાણે ખાડો પડયો છે એમ સમજવુ

ખુલાસો ૪ થો—પાણીમા બગાડ કરવાના સુખાધિકારની બાબતમા, તે બગાડ દીસી આવે તેમ ગૌણુસ્થળને પહેલવહેલો હાનિકારક થાય ત્યારથી સદરહુ વીસ વરસની મુદત શરૂ થાય છે

જે મિલકત ઉપર હક ચલાવવાનો દાવો આ કલમ મુજબ કર્યો હોય, તે મિલકત સરકારની હોય ત્યારે ' વીસ વરસ ' એ શબ્દોને બદલે ' સાઠ વરસ ' એ શબ્દો જાણે દાખલ કર્યાં હોય એવી રીતે આ કલમ વાચવી

૧૬ પણુ એવુ ઠરાવ્યું છે કે જે જમીન અથવા પાણી ઉપર કે તે થકી કોઇ સુખાધિકાર ભોગવ્યો હોય, કે મળ્યો હોય, તે જમીન અથવા પાણી હયાતી સુધીના હકસબધની રૂએ કે તેને લીધે, અથવા તે આપ્યાની તારીખથી ત્રણુ વરસ કરતા વધારે મુદત સુધીના હક સબંધની રૂએ કે તેને લીધે કબજામાં

હોય, ત્યારે તે હક સબંધ અથવા મુદ્દત જારી હોય તે દરમ્યાન જેટલા વખત સુધી તે સુખાધિકારનો ઉપભોગ કર્યો હોય, તેટલો વખત સદરહુ છેવટ કહેલી વીસ વરસની મુદ્દત ગણવામા બાદ કરવો, પરંતુ તે હક સબંધ અથવા મુદ્દત પુરી થયા પછી જે સખસને સદરહુ જમીન અથવા પાણીનો હક મળે તે સખસે તે હક સબંધ અથવા મુદ્દત પુરી થયા પછીના લાગલા ત્રણ વરસમા તે અધિકારના દાવા બાબત હરકત કરી હોય તો સદરહુ પ્રમાણે વખત બાદ કરવો

દ્રષ્ટાંત--બ ની જમીન ઉપર થઈને જવાઆવવાના માર્ગનો મને હક છે એમ ઠરાવવા સારૂ **અ** ફરીઆદ કરે છે, અને તે સાબીત કરે છે કે, પચીસ વરસ સુધી તે હક મે ભોગવ્યો છે, પણ બ એવુ બતાવે છે કે, તે પચીસ વરસમાના દસ વરસ સુધી ક ને તે જમીનમા હયાતી સુધીનો હક સબંધ હતો, તથા ક ના મરણ પછી હુ તે જમીનનો હકદાર થયો તથા ક ના મરણ પછી બે વરસમા તે હક સબંધી **અ** ના દાવા બદ્દલ મે તકરાર કરી હતી આ ફરીઆદ કાઢી નાખવી જોઈએ, કારણ કે આ કલમના ઠરાવ પ્રમાણે પંદર વરસ સુધીજ ઉપભોગ કર્યાની વાત **અ** એ સાબીત કરી છે

૧૭ પંદરમી કલમ પ્રમાણે મેળવેલા સુખાધિકાર પ્રાચીન ભોગવટાથી મેળવેલા કહેવાય છે અને તેમને પ્રાચીન ભોગવટાના હક એવુ નામ આપવામા આવે છે. નીચેના કોઈ પણ હક સદરહુ પ્રમાણે મેળવી શકાતા નથી --

અ હકનો વિષય બિલકુલ, કે તે હક પ્રાપ્ત થાય તો જે મિલકત ઉપર જવાબદારી પડે તે મિલકત બિલકુલ નાશ થાય, એવી રીતનો હક (બ) ઉઘાડી જમીનમા અજવાળુ અને હવા ખુલ્લી રીતે અથવા જવાનો હક (ક) વહેળામાં વ્હેતું ન હોય કે ખાબોચીયા કે તળાવમા હંમેશને માટે જવા થયેલુ ન હોય, એવા સપાટી ઉપરના પાણીનો હક (ડ) કોઈ નિશ્ચિત વાટે જતું ન હોય એવા જમીન નીચેના પાણીનો હક

૧૮ સુખાધિકાર સ્થાનિક રીવાજથી પ્રાપ્ત થઈ શકે છે આવા સુખાધિકાર સંપ્રદાયીક સુખાધીકાર કહેવાય છે

દ્રષ્ટાંત--કોઈ ઘરનો માલીક કે કબજેદાર પોતાના પાડોશીના ખાનગી ભાગનો મલાજો તુટે એવી રીતે પોતાના ઘરમા નવી બારી મૂકી શકે નહિ, એવો કોઈ શહેરનો સંપ્રદાય છે તે શહેરમા બ ના ઘરની જોડે **અ** ઘર બાધે છે આથી **અ** ઘરનો જે ભાગ સાધારણ રીતે જોવામા આવતો નથી તે ભાગ ઉપર નજર પડે એમ બ પોતાના ઘરમા નવી બારીઓ મૂકે નહિ, એવો સુખાધિકાર **અ**ને પ્રાપ્ત થાય છે તથા **અ** ના ઘરની બાબતમા તેવોજ સુખાધિકાર બ ને પ્રાપ્ત થાય છે

૧૯ પક્ષકારોના કૃત્યથી કે કાયદાના અમલથી પ્રધાન સ્થળ બીજાને આપવામા આવે કે બીજાને મળે, ત્યારે વિરૂદ્ધ ઇરાદો જણાતો ન હોય તો તે આપ લેથી અથવા મળવાથી, જે સખસને તે સ્થળ આપ્યુ હોય કે મળ્યુ હોય તેને સુખાધિકાર પ્રાપ્ત થયો છે એમ સમજવુ

દ્રષ્ટાત—**અ** ની પાસે જમીન છે તે જમીનની સાથે જવા આવવાનો માર્ગનો હક રહેલો છે **અ** તે જમીન **ઝ** ને ૨૦ વરસને માટે પટે આપે છે પટો કાયમ રહે ત્યા સુધી જવાઆવવાના માર્ગનો હક બને અથા તેના કાયદેસર વારસ વકીલને પ્રાપ્ત થાય છે

૨૦ ગૌણસ્થળ સબધી પ્રધાનપતિ અને ગૌણપતિની દરમ્યાનમા કોઈ કારણથી કે જે લેખ કે હુકમનામામા હવાલો આપેલો સુખાધિકાર સ્થાપન કર્યો હોય તેવો કોઈ લેખ કે હુકમનામુ હોય તો તેમાના ઠરાવતી કલમ ૨૨ થી તે ૩૧ સુધીમા કહેલા નિયમો પ્રતીબધમા રહે છે અને કોઈ સાંપ્રદાયિક સુખાધિકારને લગતી કઈ બાબત આ નિયમોથી વિરૂદ્ધ હોય ત્યારે કલમ ૨૧ થી ૩૧ સુધીમા કહેલા નિયમો પ્રતિબધમા રહે તે અને કોઈ સાંપ્રદાયીક સુખાધિકારને લગતી કઈ બાબત આ નિયમોથી વિરૂદ્ધ હોય ત્યારે કલમ ૨૧ થી ૩૧ સુધીમા કહેલી કોઈ વાત તે બાબતને લાગુ પડશે નહી

૨૧ પ્રધાનસ્થળના ઉપભોગની સાથે સબધ ન હોય એવા કોઈ કારણ સારૂ સુખાધિકારનો વહીવટ કરવો ન જોઈએ

દ્રષ્ટાત-તે [**અ**) અને **ય** ખેતરના માલીક તરીકે બની જમીન ઉપર થઈને **ય** મા જવા આવવાના માર્ગનો હક છે **ય**ની પેલી તરફ **અ**નું બીજુ ખેતર **ઝ** છે **ય**ના હિતકર ઉપભોગને માટે **ઝ**ના હિતકર

ઉપભોગની જરૂર નથી ત્યાં જવા આવવાને માટે તેણે તે સુખાધિકારનો વહિવટ કરવો ન જોઇએ (બ) અને અમુક ઘરના માલીક તરીકે, તે ઘરમા જવા આવવાના માર્ગનો હક છે તે ઘરમા જવા આવવા માટે તે રસ્તાનો વહીવટ ફક્ત આજ નહિ પણ તેના કુટુંબના માણસો, તેના પરોણા, તેને ત્યાના ઉતારૂ તેના નોકર તેને ત્યા કામ કરવા આવનાર માણસો, તેને મળવા આવનાર માણસો તથા તેના ગ્રાહક એ બધા કરી શકે કેમકે પ્રધાન સ્થળના ઉપભોગની સાથે સબંધ રાખતું આ કારણ છે તેમજ જો અ તે ઘર ભાડે આપે તો, ભાડુ વસુલ કરવા સારૂ તથા ઘરની મરામત કરેલી છે કે નહી તે જોવા સારૂ માર્ગના હકનો તે વહીવટ કરી શકે

૨૨ ગૌણપતિને ઓછામા ઓછો ભારે પડે એવી રીતે પ્રધાનપતિએ પોતાના હકનો અમલ કરવો જોઇએ અને પ્રધાનપતિને નુકશાન થયા વગર ગૌણસ્થળના નિયમિત ભાગમા સુખાધિકાર વપરાઇ શકે છે ત્યારે ગૌણપતિ કહે તો, તે પ્રમાણે નિયમિત ભાગમા તે હક વાપરવો

દ્રષ્ટાંત—(અ) અને બ ના ખેતરમા થઇને જવા આવવાના માર્ગનો હક છે અ એ ગમે તે એક છેડાથી માર્ગમા પેસવુ જોઈએ, પણ વચ્ચેની કોઈ જગ્યાએથી તેણે પેસવુ ન જોઇએ

૨૩ બાવીસમી કલમના ઠરાવો અનુસાર સુખાધિકારનો ઉપભોગ કરવાનો પ્રકાર અને જગા વખતે વખતે બદલવાને પ્રધાનપતિ મુખત્યાર છે પરંતુ તે બદલવાથી ગૌણસ્થળ ઉપર કંઇ વધારે બોજો પડતો હોય તો તે બદલાય નહી

અપવાદ—માર્ગના હકવાળો પ્રધાનપતિ પોતાનો માર્ગ જે તરફ હોય તે બદલવાથી ગૌણસ્થળ ઉપર કંઇ વધારે બોજો પડતો હોય તો પણ મરજીમા આવે તેમ પોતાના માર્ગની દીશા બદલી શકતો નથી

દ્રષ્ટાંત—અને પોતાના ઘરના નેવાનુ વરસાદનુ પાણી બ ની જમીનમા પાડવાનો હક છે જો નેવા વધારવાથી બની જમીન ઉપર તે વધારે બોજો નાખે તો તે નેવા, વધારવાનો હક નથી

૨૪ સુખાધિકારનો પુરેપુરો ઉપભોગ સુરક્ષીત રાખવા સારૂ જે જે કૃત્યોની જરૂર હોય, તે તમામ કરવાનો ગૌણપતિ ઉપર પ્રધાનપતિનો હક છે, પરંતુ તે કૃત્યો એવે વખતે ને એવી રીતે કરવા જોઈએ કે જેથી પ્રધાનપતિને હાનિ ન થતા ગૌણપતિને જેમ બને તેમ ઓછી અગવડ થાય, અને તે કૃત્ય કરવાથી ગૌણસ્થળને કાંઇ નુકસાન થાય તો તે પ્રધાનપતિએ બને તેટલુ મરામત કરીને આપવુ જોઇએ

સુખાધિકારનો પુરેપુરો ઉપભોગ સુરક્ષિત રાખવા સારૂ જે કૃત્યોની જરૂર હોય તે કૃત્યો કરવાનો હક તે સહાયકારી હક છે,

૨૫ સુખાધિકારીનો વહિવટ કરવા સારૂ કે તે જાળવી રાખવા સારૂ જરૂર હોય તેવા બાંધકામ કરવાનુ, મરામત કરવાનુ કે બીજું કાંઇ કૃત્ય કરવાનુ જે ખર્ચ થાય તે પ્રધાનપતિએ કરવુ જોઇએ

૨૬ કોઈ હસ્તકૃત કામવડે સુખાધિકારીનો ઉપભોગ કરવાનો હોય ત્યારે તે કામની મરામત ન કરવાને લીધે ગૌણસ્થળને જે કાંઇ નુકશાન થાય તે ભરી આપવાને પ્રધાનપતિ જવાબદાર છે

૨૭ પ્રધાન સ્થળના હિતને માટે કાંઇ પણ કૃત્ય કરવાને ગૌણપતિ બંધાયલો નથી તથા સુખાધિકારના ઉપભોગમા હરકત ન થાય એવી કોઇ પણ રીતે ગૌણસ્થળનો વહિવટ કરવાનો પ્રધાનપતિ વિરૂદ્ધ તેને હક છે પરંતુ સુખાધિકારને પ્રતિબંધ થાય એવુ કે જેથી તેનો અમલ કરવામા ઓછી સુગમતા થાય એવુ કંઈ કૃત્ય તેણે કરવુ ન જોઇએ

દ્રષ્ટાંત—અને એક ઘરના માલીક તરીકે બ ની જમીનમા થઈને પાણી તથા ખાળની દુરગંધી કહાડવાનો હક છે પાણી જવાનો રસ્તો સાફ કરવાને અથવા મોરી ઘસીને ચોખ્ખી કરવાને ગૌણપતિ તરીકે બ બંધાયલો નથી

૨૮ સુખાધિકારની મર્યાદા કે તેના ઉપભોગ કરવાના પ્રકાર વિષે નીચેના ઠરાવો અમલમા આવશે

જેમકે આવશ્યકતાનો સુખાધિકાર તે સ્થાપન થતી વખતે જે આવશ્યકતા હોય તેની સાથે સમવ્યાપક છે બીજા કાંઇ સુખાધિકારની મર્યાદા અને તેનો ઉપભોગ કરવાનો પ્રકાર નક્કી કરવા તે, પક્ષકારોનો સંભવિત ઇરાદો કે જે હેતુને માટે હક સ્થાપન કે સંપાદન કર્યો હોય તે હેતુ જોઇને નક્કી કરવા સહરહુ

ઇરાદા વિષે તથા હેતુ વિષે પુરાવો ન હોય તો—(અ) એક જાતના માર્ગના હકમા બીજી કોઇ જાતના માર્ગના હકનો સમાવેશ થતો નથી, (બ) કોઇ બારીમા, બારણામા કે બીજા દ્વારમા થઇને અજવાળુ કે હવા આવવાનો હક, લખતથી કે મૃત્યુપત્રથી સ્થાપવામા આવ્યો હોય તો તે લખત કરતી વખતે કે મૃત્યુપત્ર કરનાર ગુજરી જાય તે વખતે તે દ્વારમા જેટલુ અજવાળુ કે હવા દાખલ થઈ શકે તેટલી તે હકની મર્યાદા સમજવી (ક) કોઇ બારીમા, બારણામા કે બીજા દ્વારમા થઇને અજવાળુ કે હવા આવવાનો હક પ્રાચીન ભોગવટાથી મળ્યો હોય તો જે હેતુને માટે તે હક વપરાતો હોય તે બાજુ પર રાખીને, જે મુદ્દતના ભોગવટાથી હક મળવાનુ કાયદામા ઠરાવ્યુ હોય તે તમામ મુદ્દતમા તે દ્વારમા જેટલુ અજવાળુ કે હવા આવવાનો પરિપાઠ હોય તેટલી તે હકની મર્યાદા સમજવી (ડ) હવા કે પાણી બગાડવાનો હક પ્રાચીન ભોગવટાથી મળ્યો હોય, તો જેટલી મુદ્દત સુધી વહીવટ કરવાથી હક ઉત્પન્ન થયો હોય તે મુદ્દતની શરૂઆત વખતે બગાડની જે મર્યાદા હોય તે હકની મર્યાદા સમજવી (ઇ) પ્રાચીન ભોગવટાના બીજા દરેક હકની મર્યાદા કે તેનો ઉપભોગ કરવાનો જે પરિપાઠ હોય તે ઉપરથી નક્કી કરવો

૨૯ પ્રધાન સ્થળમા ફેરફાર કરીને કે વધારો કરીને પ્રધાનપતિ સુખાધિકાર વસ્તુત વધારી શકતો નથી પ્રધાન સ્થળના વધઘટના પ્રમાણમા સુખાધિકારની વધઘટ થાય એવી રીતે સુખાધિકાર આપ્યો હોય અથવા મૃત્યુપત્રમા ઠરાવ્યો હોય ત્યારે પાણીની જગાએ, કાદવ, કચરો જામીને જમીન થવાથી પ્રધાન સ્થળમા વધારો થાય તો તે પ્રમાણમા સુખાધિકાર વધે છે અને પાણી જમીન ઉપર થઇને જવાથી પ્રધાન સ્થળમા ઘટાડો થાય તો તે પ્રમાણમા સુખાધિકારી ઘટે છે સદરહુ જણાવેલા પ્રસંગે પ્રધાન સ્થળથી કે ગૌણ-સ્થળની મર્યાદામા કંઇ ફેરફાર થવાથી સુખાધિકારમા કાંઇ ઓછુ વધતું થતુ નથી

૩૦ પ્રધાન સ્થળ બે કે વધારે સખસોની વચ્ચે વહેચાઇ જાય તો, પ્રત્યેક હિસ્સાની સાથે સુખાધિકાર જોડાએલા રહે છે, પણ ગૌણસ્થળ વસ્તુત બોજો વધે એવી રીતે જોડાતો નથી પરંતુ એવુ ઠરાવ્યુ છે કે, કાંઇ લેખથી, હુકમનામાથી, કે મુલકી કામોથી વિભાગ પડયા હોય તો તે લેખના હુકમનામાના કે મુલકી કામના ઠરાવની સાથે તથા પ્રાચીન ભોગવટાના હકની બાબતમા જે મુદ્દતના ભોગવટાથી હક મળવાનુ કાયદામા ઠરાવ્યુ હોય તે મુદ્દતમાના વહિવટની સાથે બેસતો આવે એવી રીતે તે જોડાએલો હોવો જોઇએ

૩૧ સુખાધિકારનો વહીવટ હદથી વધારે કરવામા આવે તો, ગૌણપતિને બીજા જે ઇલાજ કરવાનો હક હોય તેને હાનિ ન પહોચતા ગૌણપતિ વહીવટમા હરકત કરવાને મુખત્યાર છે, પણ તે હરકત ફક્ત ગૌણસ્થળ ઉપર કરવી જોઇએ એથી એવુ ઠરાવ્યુ છે કે, હરકત કરવાથી સુખાધિકારના કાયદેસર ઉપભોગને નડતર થતું હોય તે વહિવટમા હરકત થઇ શકે નહિ

દ્રષ્ટાંત—છ ફુટ લાબી અને ચાર ફુટ પહોળી એવી ચાર બારીઓમા બ ની જમીન ઉપર થઇને અજવાળુ આવવાના ખુલ્લા માર્ગનો અ ને હક છે તે બારીઓની સંખ્યા તથા કદ અ વધારે છે જુની બારીઓમા અજવાળુ આવવાના માર્ગને હરકત કર્યા વગર નવી બારીઓમા અજવાળુ આવવાના માર્ગને હરકત કરવી અશક્ય છે હદથી વધારે આ વહીવટમા બ હરકત કરી શકતો નથી

૩૨ પ્રધાન સ્થળના માલીકને કે કબજેદારને બીજા કોઈ સખસે હરકત કર્યા વગર સુખાધિકારનો ઉપભોગ કરવાનો હક છે

દ્રષ્ટાંત—અ ને ઘરના માલીક તરીકે, બ ની જમીન ઉપર થઇને જવા આવવાના માર્ગનો હક છે, ક ગેરકાયદેસર બ ની જમીનમા પ્રવેશ કરે છે અને અ ના માર્ગના હકમા હરકત કરે છે, પ્રવેશ બદલ નહિ પણ હરકત કર્યા બદલ ક ના ઉપર નુકશાનીની ફરીઆદ અ કરી શકે

૩૩ સુખાધિકારીમા અથવા તેના કંઇ સહાયકારી હકમા હરકત બદલ પ્રધાન સ્થળમાના કંઇ હક સંબંધનો માલીક અથવા તે સ્થળનો કબજાદાર નુકશાની ભરી લેવાની ફરીઆદ માંડવાને મુખત્યાર છે, પરંતુ તે હરકતથી વાદીને વાસ્તવિક નુકશાન થયુ હોય તો

ખુલાસો—૧ લો—જે કૃત્યથી સુખાધિકારના પુરાવામા બાધ આવીને અથવા પ્રધાન સ્થળની કીમત વસ્તુત ઘટી જઇને વાદીને નુકસાન થવાનો સંભવ હોય એવુ કોઇ પણ કૃત્ય કરવુ તે આ કલમના અર્થ પ્રમાણે વાસ્તવિક નુકસાન છે

ખુ ૨ જો—જે સુખાધિકારમા હરકત થઇ હોય તે ઘરની બારીઓ વિગેરે દ્વાર એ અજવાળુ આવવાના ખુલ્લા માર્ગનો હક હોય ત્યારે પહેલા ખુલાસામા આવી ન જાય એવુ અથવા વાદીના દૈહિક સુખમા ભારે નડતર ન કરે એવુ અથવા ફરિયાદ માડયા પહેલા જે હિતકારક રીતે પોતાનો હમેશનો ધધો તે ચલાવતો હતો તે રીતે પ્રધાન સ્થળમા ચલાવવાને અટકાવ થાય એવુ કઇ પણ નુકસાન આ કલમના અર્થ પ્રમાણે વાસ્તવિક નથી,

ખુ ૩ જો—જે સુખાધિકારમા હરકત થઈ હોય તે ઘરની બારીઓ વિગેરે દ્વારા આવવાની હવાના ખુલ્લા માર્ગનો હક હોય ત્યારે, કઇ નુકસાન વાદીની તદુરસ્તીને હાનીકારક ન હોય પણ તેના દૈહિક સુખમા ભારે નડતર કર્તા હોય તો તે આ કલમના અર્થ પ્રમાણે વાસ્તવિક નુકશાન છે

દ્રષ્ટાત—જે રસ્તા ઉપર થઇને ક ના ભાડુત તરીકે બ ને જવા આવવાના માર્ગનો હક છે, તે રસ્તામા અ કાયમની અડચણ નાખે છે, ક ને આ વાસ્તવિક નુકશાન છે કેમકે બ પછી મળવાના તેના સુખાધિકારના હકના પુરાવાને તેથી બાધ આવી શકે, (બ) અ ને એક ઘરના માલીક તરીકે, બ ના ઘરની એક બાજુએ ચાલીને જવાનો હક છે જમીનથી આશરે દશ ફુટ ઉપર રસ્તામા પડે તથા પગે ચાલીને જનારાઓને તે રસ્તો વાપરવામા કઇ અગવડ ન થાય એવી રીતે (બ) ઓસરી બાધે છે અને આ વાસ્તવીક નુકસાન નથી

૩૪ જે આધારનો પ્રધાનપતિને હક હોય તે આધારના સાધના દુર કરવાથી, વાસ્તવિક નુકસાન ખરેખર રીતે થાય નહી તો અને ત્યા સુધી નુકસાન ભરી લેવાનો હક ઉત્પન્ન થતો નથી

૩૫ વિશેષ ન્યાયના આકટની ૫૨ થી ૫૭ મી કલમના ઠરાવોને અનુસરીને (અ) સુખાધિકારમા ખરેખર હરકત થઇ હોય તો, તે હરકત બદલ ૩૨ થી ૩૬ પ્રમાણે નુકસાન મેળવી શકાય એમ હોય ત્યારે, અને (બ) હરકત કરવાની ફક્ત ધમકી આપી હોય અથવા કરવાનો ફક્ત ઇરાદો હોય તો જે કૃત્ય કરવાની ધમકી આપી હોય અથવા જે ઇરાદો હોય તે કૃત્ય કરવામા આવે તો, સુખાધિકારમા જરૂર હરકત પાડવાની એમ હોય, ત્યારે તે સુખાધિકારમા થતી હરકત બધ કરવાની તાકીદ આપી શકાય

૩૬ ચોવીસમી કલમમા ઠરાવ કરેલા છે તે છતા પણ સુખાધિકારમા થએલી અન્યાય ભરેલી હરકત પ્રધાનપતિ પોતે દુર કરી શકતો નથી

૩૭ જે સખસે સુખાધિકાર સ્થાપ્યો હોય તે સખસને સુખાધિકાર સ્થાપન્ન થયાની પહલા બનેલા કારણને લીધે ગૌણસ્થળમા કાઇ પણ હક ન રહે ત્યારે તે સુખાધિકાર નષ્ટ થાય છે

અપવાદ—દશમી કલમ પ્રમાણે ગીરો આપનારે કાયદેસર રીતે સ્થાપેલા સુખાધિકારને આ કલમમા કહેલી કઇ વાત લાગુ પડતી નથી

૩૮ પ્રધાન પતિ સ્પષ્ટ રીતે કે ગર્ભિત રીતે ગૌણપતિને સુખાધિકારથી છુટો કરે ત્યારે તે સુખાધિકાર નષ્ટ થાય છે જે પ્રસંગે અને જેટલા પુરતું પ્રધાન સ્થળ, પ્રધાનપતિ બીજાને આપી શકે તે પ્રસંગે તેટલાજ પુરતો તેનો છુટકો થઇ શકે છે ગૌણસ્થળના માત્ર ભાગ પુરતો સુખાધિકાર છોડી શકાય છે

ખુલાસો ૧—નીચેને પ્રસગે સુખાધિકાર ગર્ભિત રીતે છોડેલો ગણાય છે—

અ સુખાધિકારનો હવે પછીનો ઉપભોગ બધ થાય એમ જેનુ અવશ્ય પરિણામ નીપજે એવુ કઇં કઇ કાયમનુ કૃત્ય ગૌણસ્થળ ઉપર કરવાનો સ્પષ્ટ અખ્તીયાર પ્રધાનપતિ આપે અને તે અખ્તીઆરની રૂએ તે કૃત્ય કરવામા આવે ત્યારે, (બ) પ્રધાન સ્થળમા કાઇ કાયમનો ફેરફાર એવી તરેહના કર્યો હોય કે જેથી હવે પછી સુખાધિકારનો ઉપભોગ કરતા બંધ થવાનો પ્રધાનપતિનો ઇરાદો જણાઇ આવે ત્યારે

ખુલાસો ૨—સુખાધિકારનો માત્ર વહીવટ ન કર્યો હોય તેટલા ઉપરથી તે કલમના અર્થ પ્રમાણે ગર્ભિત રીતે છોડી દીધેલો ગણાતો નથી

દ્રષ્ટાંત—અ, બ, તથા ક એક ઘરના સહમાલીક છે તે ઘરને એક સુખાધીકાર જોડાએલો છે બ તથા ક ની સમતિ વગર અ સુખાધીકાર છોડી દે છે આ છુટકો ફક્ત અ તથા તેના કાયદેસર વારસ વકીલની વિરૂદ્ધ અમલમા આવી શકે છે. (બ) બને પોતાના ઘરના હિતકર ઉપભોગને માટે અ ની જમીન ઉપરનો સુખાધિકાર અ આપે છે, બ તે ઘર ક ને લખી આપે છે પછી તે સુખાધીકાર છોડી દેવાનુ

બ જણાવે છે આ છુટકો નકામો છે (ક) બ ના ચોકમા પોતાના નેવા પાડવાનો હક અ ને છે નેવા પાડવામા નડતર થાય એટલી ઉચાઇ સુધી, તે ચોક ઉપર ચણતર કરવાને બ ને અ સ્પષ્ટ અખ્તીઆર આપે છે બ તે પ્રમાણે ચણતર કરે છે આથી જેટલુ નડતર થાય તેટલા પુરતો અ નો સુખાધીકાર નષ્ટ થાય છે

૩૦ સુખાધિકાર રદ કરવાનો અખત્યાર રાખ્યો હોય તે વાપરીને ગૌણપતિ તે રદ કરે ત્યારે તે સુખાધિકાર નષ્ટ થાય છે

૪૦ નિયમિત મુદતને માટે સુખાધિકાર સ્થાપ્યો હોય અથવા કોઇ નિર્દિષ્ટ કરેલુ કૃત્ય બને તો તે નિરર્થક થાય એવી સરતથી સુખાધિકાર સપાદન કર્યો હોય ત્યારે તે મુદત વિતે અથવા શરત પુરી પડે એટલે તે સુખાધિકાર નષ્ટ થાય છે

૪૧ આવસ્યકતાનો સુખાધિકાર આવસ્યકતાનો અંત આવ્યાથી નષ્ટ થાય છે

દૃષ્ટાંત—અ બ ને એક ખેતર આપે છે ક ની પાસેની જમીન ઉપર થઇને ગયા વગર તે ખેતરમા જવાય તેવુ નથી પછીથી તે જમીનના જે ભાગ ઉપર થઇને પોતાના ખેતરમા જઇ શકાય તેવો કઈ ભાગ બ ખરીદ કરે છે, અ ની જમીન ઉપર થઇને જવા આવવાનો જે હક બ એ સપાદન કર્યો હતો તે નષ્ટ થાય છે

૪૨ કોઈ પણ વખતે અને કોઇ પણ પ્રસગે સુખાધિકાર પ્રધાનપતિને લાભદાયક ન થાય ત્યારે તે નષ્ટ થાય છે

૪૩ પ્રધાન સ્થળમા કરેલા કાયમના કોઇ ફેરફારથી ગૌણસ્થળ ઉપર બોજો વસ્તુત વધતો હોય અને સુખાધિકારના કાયદેસર ઉપભોગમા નડતર નાખ્યા વગર ગૌણપતિથી તે ઘટાડી શકાતો હોય ત્યારે તે સુખાધિકાર નષ્ટ થાય છે પરતુ નીચેને પ્રસગે તેમ થતું નથી

(અ) પ્રધાન સ્થળના હિતકર ઉપભોગને માટે ગમે તેટલી હદ સુધી સુખાધિકારનો વહીવટ કરવો એવો ઇરાદો હોય તે, (બ) તે ફેરફારથી ગૌણપતિને જે હાની થાય તે એટલી ક્ષુલ્લક હોય કે કોઇ વિચારવાન સખસ તે વિષે ખેદ ન કરે તો, અથવા (ક) તે સુખાધિકાર આવસ્યકતાનો સુખાધિકાર હોય તો,

જે સુખાધિકારથી પ્રધાન સ્થળને આધાર મળવાનો હક પ્રધાનપતિને પ્રાપ્ત થયો હોય તેવા સુખાધિકારને આ કલમ માહેનો કાઇ પણ મજકુર લાગુ પડે છે એમ સમજવુ નહિ

૪૪ પ્રધાનપતિથી પોતાનો હક વધારે વાર ભોગવી શકાય નહી એવી રીતે વરીષ્ટ સત્તાથી ગૌણસ્થળમા કાયમનો ફેરફાર થાય ત્યારે તે સુખાધિકાર નષ્ટ થાય છે, પરતુ વરીષ્ટ સત્તાથી આવસ્યકતાનો જવા આવવાનો માર્ગ નષ્ટ થાય તો, ગૌણસ્થળ ઉપર થઇને જવા આવવાનો બીજા માર્ગનો હક પ્રધાનપતિને તથા તે માર્ગને ચૌદમી કલમના ઠરાવોને લાગુ છે

દૃષ્ટાંત—અ ની જમીનમા થઇને વહેતી નદીમા માછલા પકડવાનો હક બ ને અમુક માલકી તરીકે અ આપે છે નદી પોતાનો પ્રવાહ કાયમનો બદલી ક ની જમીનમા થઇને વહે છે બ નો સુખાધિકાર નષ્ટ થાય છે

(બ) અ ને જે વાટ જવા આવવાના માર્ગનો હક છે, તે વાટે જવાનુ ધરતીકપથી હમેશને માટે બધ થઇ જાય છે અ નો હક નષ્ટ થાય છે

૪૫ પ્રધાન સ્થળ અને ગૌણ સ્થળ એ બેમાથી એક છેક નાશ પામે એટલે સુખાધિકાર નષ્ટ થાય છે

દૃષ્ટાંત—સમુદ્રકાઠે ઉચા ખડકની તળેટી આગળ થઇને જતા રસ્તા ઉપર જવા આવવાના માર્ગનો હક અ ને છે સમુદ્ર આગળ વધી આવવાથી રસ્તો હમેશને માટે ધોવાઇ જાય છે અ નો સુખાધિકાર નષ્ટ થાય છે

૪૬ તમામ પ્રધાન સ્થળ તથા તમામ ગૌણ સ્થળની પુર્ણ માલકી એક સખસને મળે તો સુખાધિકાર નષ્ટ થાય છે

દૃષ્ટાંત—અ ને એક ઘરના માલીક તરીકે બ ના ખેતરમા થઇને જવા આવવાના માર્ગનો હક છે અ પોતાનુ ઘર તથા બ પોતાનુ ખેતર ક ને ગીરો આપે છે પછી એ બને ગીરો છોડાવવાના હક ક રદ કરે છે, તેમ કરીને ઘર તથા ખેતર એ બનેનો પોતે પુરો માલીક થાય છે

च ના રસ્તા ઉપર થઇને જવા આવવાના માર્ગનો अ ને હક છે એ રસ્તો क સાર્વજનિક ઉપ-યોગમા આપે છે अના માર્ગનો હક નષ્ટ થતો નથી

૪૭ ખાડો પાડયા વગર વીસ વરસ સુધી સુખાધિકાર તરીકે તેનો ઉપભોગ બીલકુલ બધ રહે એટલે સતત સુખાધિકાર નષ્ટ થાય છે, તેટલીજ મુદત સુધી સુખાધિકાર તરીકે તુટક સુખાધિકારનો ઉપભોગ ન કર્યો હોય, ત્યારે તે તુટક સુખાધિકાર નષ્ટ થાય છે આ મુદત ગણવાની તે, સતત સુખાધિકારની બાબતમા ગૌણપતિને તેનો ઉપભોગ કરવામા જે દિવસે હરકત કરી હોય તે દિવસથી, અથવા પ્રધાનપતિએ તેનો ઉપભોગ કરવાનુ જે દિવસથી અશક્ય કર્યુ હોય તે દિવસથી ગણવી, અને તુટક સુખાધિકારની, તો પ્રધાન-પતિ તરીકે કોઇ સખસે છેક છેલ્લો જે દિવસે ઉપભોગ કર્યો હોય તે દિવસથી ગણવી

પણ એવુ ઠરાવ્યુ છે કે તુટક સુખાધિકારની બાબતમા જો પ્રધાનપતિ તે સુખાધિકાર રાખવાના પોતાના ઇરાદાનો એકરાર સદરહુ મુદતની અદર નોધણીના આકટ મુજબ નોધાવે તો તે નોધણીની તારીખથી વીસ વર્ષની મુદત વીતે ત્યાસુધી તે સુખાધિકાર નષ્ટ થશે નહિ, કોઇ સુખાધિકારનો ઉપભોગ કાયદા પ્રમાણે ફકત અમુક જગાએ અથવા અમુક વખતે અથવા અમુક કલાકોની વચ્ચે અથવા કોઇ ખાસ હેતુને માટે કરી શકાય એમ હોય ત્યારે સદરહુ મુદતની દરમ્યાન બીજી જગાએ અથવા બીજે વખતે કે બીજા કલાકોની વચ્ચે કે બીજા કોઇ હેતુને માટે તેનો ઉપભોગ કરવાથી આ કલમ પ્રમાણે તે નષ્ટ થતો બધ રહેતો નથી સદરહુ મુદતની દરમ્યાન ગૌણ સ્થળનો કબજો કોઇની પાસે નહોતો એ વાતથી કે સુખાધીકાર ભોગવી શકાય એમ નહોતુ એ વાતથી, કે સુખાધીકારના સહાયકારી હકનો ઉપભોગ કર્યો હતો એ વાતથી અથવા સુખાધિકારના અસ્તિત્વની માહતી પ્રધાનપતીને નહોતી એ વાતથી, અથવા તે પ્રમાણે કરવાના પોતાના હકના અજાણપણામા તેણે તે ભોગવ્યો હતો એ વાતથી, આ કલમ પ્રમાણે સુખાધિકાર નષ્ટ થતો બધ રહેતો નથી

આ કલમ પ્રમાણે નીચેને પ્રસંગે પણ સુખાધિકાર નષ્ટ થતો નથી (અ) પ્રધાનપતી તથા ગૌણપતીની દરમ્યાનમા કરારની રૂએ સુખાધિકારનો ઉપભોગ બધ રાખ્યો હોય ત્યારે, (બ) પ્રધાન સ્થળ સહમાલીકો ના કબજામા હોય અને સહમાલીકોમાનો કોઇ એક સદરહુ મુદતમા તે સુખાધિકારનો ઉપભોગ કરે ત્યારે, (ક)સુખાધીકાર આવશ્યકતાનો સુખાધીકાર હોય ત્યારે

એકજ સ્થળના લાભને માટે અનુક્રમે ઘણા સ્થળો ઉપર જવા આવવાના માર્ગનો હક હોય, અને તે માર્ગ એક બીજાને લગતા હોય તો તે હક, આ કલમના કારણ સારૂ એકજ સુખાધિકાર ગણવો

દ્રષ્ટાંત—રાજ્યમાથી क्ष તથા ज्ञ સ્થળ ઉપર થઇને તથા તેમની દરમ્યાન य સ્થળ ઉપર થઇને પોતાના પોતાને ઘેર જવા આવવાના માર્ગનો હક अ ને પોતાના ઘરની સાથે રહેલો છે વીસ વરસ વિત્યા પહેલા क्ष ઉપર થઇને જવા આવવાના માર્ગના પોતાના હકનો अ વહિવટ કરે છે, य તથા ज्ञ ઉપર થઇને જવા આવવાના માર્ગના તેના હક નષ્ટ થતા નથી

૪૮ સુખાધીકાર નષ્ટ થાય એટલે તેને સહાયકારી હક હોય તો તે પણ નષ્ટ થાય છે

દ્રષ્ટાંત—ख ના કુવામાથી પાણી કાઢવાનો क ને સુખાધીકાર છે, ख ની જમીન ઉપર થઇને તે કુવે જવા આવવાના માર્ગનો સહાયકારી હક क ને છે, કા, ૪૭ પ્રમાણે પાણી કહાડવાનો હક નષ્ટ થાય છે અને જવા આવવાના માર્ગનો હક નષ્ટ થાય છે

૪૯ ગૌણ સ્થળમાના નિયમીત હક સબધને માટે તે સ્થળનો કબજો લેવાનો હક પ્રધાનપતીને થાય છે ત્યારે, અથવા પ્રધાન સ્થળમાના નિયમીત હક સબધને માટે તે સ્થળનો કબજો લેવાના હક ગૌણપતીને થાય ત્યારે સુખાધિકાર મોકુફ રહે છે

૫૦ સુખાધીકાર જારી રાખો એમ કહેવાનો ગૌણપતિને હક નથી તથા છવીસમી કલમમા ઠરાવ કર્યા છે છતા પણ, સુખાધીકાર નષ્ટ થવાને લીધે અથવા મોકુફ રહેવાને લીધે ગૌણસ્થળને થતા નુકશાનમાથી બચાવવાને બહુ ખર્ચ કર્યા વગર ગૌણપતિને શકિતવાન થાય એવી રીતની નોટીસ પ્રધાનપતિએ ગૌણપતિને આપી હોય તો, તે નુકશાન ભરી લેવાનો ગૌણપતિને હક નથી સદરહુ નોટીસ ન આપી હોય તો સદરહુ પ્રમાણે નષ્ટ થવાને લીધે અથવા મોકુફ રહેવાને લીધે ગૌણસ્થળને જે નુકસાન થાય તે ભરી લેવાનો ગૌણપતિને હક છે.

દૃષ્ટાન્ત—**અ** સુખાધિકારનો વહીવટ કરતા **બ**ના વહેળાનુ પાણી પોતાના કેનાલ (નહેર) મા વાળે છે ઘણા વરસ સુધી તે વલણ જારી રહે છે અને તે મુદતની દરમીઆન તે વહેળાની તળેટીનો થોડો ભાગ પુરાઇ જાય છે પછી **અ** પોતાનો સુખાધીકાર છોડી દે છે અને વહેળા પ્રથમના માર્ગમા આણે છે આને લીધે **બ**ની જમીન ઉપર પાણી ફરી વળે છે, એ રેલથી થયેલુ નુકશાન ભરી લેવાની **અ** ઉપર **બ** ફરીયાદ કરે છે તેમા એવુ સાબીત થયુ છે કે, સુખાધિકાર છોડી દેવાના પોતાના ઇરાદાની **અ** એ **બ**ને એક માસ પહેલા નોટીસ આપી હતી અને બહુ ખર્ચ કર્યા વગર નુકશાન અટકાવવાને **બ** શક્તિવાન થાય એ માટે તે નોટીસ પુરતી હતી, તો ફરીયાદ કાઢી નાખવી જોઇએ

૫૧ નસ્ટ થયેલુ સ્થળ વીસ વરસ વીત્યા પહેલા, કાદવ કચરો જામવાથી પહેલાના જેવુ થાય ત્યારે તે નસ્ટ થયેલુ સ્થળ ગોણ ઇમારત હોય અને વીસ વરસ વીત્યા પહેલા તેજ જમીન ઉપર તે ઇમારત ફરી બાધવામા આવે ત્યારે, અને જ્યા નષ્ટ થયેલુ સ્થળ પ્રધાન ઇમારત હોય અને વીસ વરસ વીત્યા પહેલા, ગૌણ સ્થળ ઉપર વધારે બોજો ન પડે એવી રીતે, તેજ જગ્યાએ તે ઇમારત ફરી બાધવામા આવે ત્યારે, પીસતાળીસમી કલમ પ્રમાણે નસ્ટ થયેલો સુખાધિકાર સજીવન થાય છે છેતાળીસમી કલમ પ્રમાણે નષ્ટ થએલા સુખાધિકાર, જે દેણગીથી અથવા મૃતલેખ દાનથી એકત્ર માલીકી થઇ હોય તે યોગ્ય અધિકારવાળી કોર્ટના હુકમનામાથી રદ થાય એટલે સજીવન થાય છે તેજ કલમ પ્રમાણે નષ્ટ થએલો આવશ્યકતાનો સુખાધિકાર બીજા કોઇ કારણને લીધે એકત્ર માલીકી બધ થાય એટલે સજીવન થાય છે, મોકુફ રહેલો સુખાધિકાર સુડતાળીસમી કલમ પ્રમાણે તે અધિકાર નષ્ટ થયા પહેલા મોકુફ રહેવાનુ કારણ દુર થાય તો સજીવન થાય છે

દૃષ્ટાંત—**બ**ના ખેતરમા થઇને પોતાના ખેતરમા જવા આવવાના માર્ગનો હક **અ** ને તે ખેતરના પુર્ણ માલીક તરીકે છે **બ** ની પાસેથી વીસ વરસને માટે તે ખેતર **અ** પટે રાખે છે તેમા **અ** જ્યા સુધી તે ખેતરનો પટે રાખનાર રહે ત્યા સુધી સુખાધિકાર મોકુફ રહે છે પણ **અ** તે પટ **ક** ને આપે કે **બ**ને પાછો સોપે એટલે માગનો હક સજીવન થાય છે

૫૨ કોઇ સખસ પોતાની સ્થાવર મિલકતમા અથવા સ્થાવર મિલકત ઉપર કઇ કૃત્ય કરવાનો અથવા ચાલુ રાખવાનો હક બીજા કોઇને કે બીજા સખસો પૈકી મુકરર સખ્યાને આપે, અને તે હક ન હોય તો તે કૃત્ય ગેર કાયદેસર થાય એમ હોય તથા તે હક સુખાધિકાર ન થતો હોય કે મિલકતમાનો કાઇ હક સબધ ન થતો હોય ત્યારે તે હક પરવાનો કહેવાય છે

૫૩ જે મિલકતનો પરવાનો લાગુ હોય તેમાનો પોતાનો હક સબધ બીજે કોઇ સખસ જે પ્રસંગે અને જેટલો બીજાને આપી શકે તે પ્રસગે તેટલે સુધીનો પરવાનો આપવાને તે મુખત્યાર છે,

૫૪ પરવાનો આપવાનો સ્પષ્ટ શબ્દોથી અથવા આપનારની વર્તણુક ઉપરથી જણાઇ આવે એમ ગર્ભિત રીતે આપી શકાય તથા સુખાધિકાર ઉત્પન્ન કરવાની મતલબનો જે કરાર, તે કારણ સારૂ અનુપયોગી હોય તે પરવાનો ઉત્પન્ન કરવાના ઉપયોગમા આવી શકે

૫૫ કોઈ પણ હક સબધનો ઉપભોગ કરવા માટે, અથવા કોઇ હકનો વહીવટ કરવા માટે જે જે પરવાનાની આવશ્યતા હોય તે બધા તે હક સબધમા અથવા હકમા ગર્ભિત રીતે આવી જાય છે, આવા પરવાના સહાયકારી પરવાના કહેવાય છે

દૃષ્ટાંત—**અ** પોતાની જમીન ઉપર ઉગતા ઝાડ **બ** ને વેચે છે તે જમીન ઉપર થઇને ઝાડ ઉપાડી લાવવાને **બ** હકદાર છે,

૫૬ જુદો ઇરાદો જણાવ્યો ન હોય અથવા ગર્ભિત રીતે અવશ્ય જણાતો ન હોય તો સાર્વજનિક ગમ્મતની જગાએ હાજર રહેવાનો પરવાનો પરવાનાદાર બીજાને આપવાને મુખત્યાર છે, પરતુ સદરહુ પ્રસગ સિવાય પરવાનાદારથી બીજાને આપી શકાય નહી અથવા તેના નોકરોથી કે તેના આડતીયાથી તે પરવાનાનો ઉપયોગ કરી શકાય નહી

દૃષ્ટાંત—**બ** ની મરજીમા આવે ત્યારે **અ** ના ખેતરમા થઇને ચાલવાનો હક **બ** ને **અ** આપે છે. **બ** ની કોઇ સ્થાવરમિલ્કતની સાથે તે હક જોડાએલો નથી, તે હક **બ** થી બીજાને આપી શકાય નહી

(બ) સરકારી જમીન ઉપર થોડી મુદ્દતને માટે છાપરા બાધીને તે વાપરવાનો પરવાનો સરકાર બ ને આપે છે, સ્પષ્ટ રીતે વિરૂદ્ધ ઠરાવ ન હોય તો બ ના નોકર તે જમીન ઉપર છાપરા બાધવા સારૂ જઇ અને બાધી શકે અને તેનો ઉપયોગ કરી શકે

૫૭ પરવાનો જે મીલકતને લાગુ હોય તે મિલકતમા પરવાનાદારની જાતને અથવા મિલકતને જોખમ ભરેલી થઇ પડે એવી કઇ ખોડખાપણ હોય અને તેની પરવાનો આપનારને માહીતી હોય, તથા પરવાનાદારને માહીતી ન હોય ત્યારે તેવી ખોડખાપણ પરવાનાદારને જણાવવાને પરવાનો આપનાર બધાયલો છે

૫૮ પરવાનો જે મિલકતને લાગુ હોય તે મિલકત પરવાનાદારની જાતને અથવા મિલકતને જોખમ ભરેલી થઇ પડે એવુ કઇ કૃત્ય ન કરવાનો આપનાર બંધાયેલો છે

૫૯ પરવાનો જે મિલકતને લાગુ હોય તે મિલકત આપનારો બીજાને આપી દે, ત્યારે તે લેનારો સખસ તે મિલકત લેનાર તરીકે તે પરવાનાથી બંધાતો નથી

૬૦ પરવાનો આપનાર માણસ પરવાનો રદ કરવાને મુખત્યાર છે પરતુ નીચેને પ્રસંગે તે પરવાનો રદ કરી શકાતો નથી

આ પરવાનાની સાથે મિલકત આપી હોય, અને તે મિલકત આપ્યાની વાત અમલમા હોય તો, બ પરવાનાની રૂએ પરવાનાદારે કાયમનુ કઇ કામ કર્યુ હોય અને તે કરવામા ખર્ચ કર્યુ હોય તો

૬૧ સ્પષ્ટ રીતે ગર્ભિત રીતે પરવાનો રદ થઈ શકે છે

દષ્ટાત—(અ) અ નામનો એક ખેતરનો માલીક પોતાના ખેતરમા થઇને જતો રસ્તો વાપરવાનો પરવાનો બ ને આપે છે પછી પરવાનો રદ કરવાના ઇરાદાથી રસ્તા ઉપરના દરવાજે તે તાળુ મારે છે, તો તેથી પરવાનો રદ થાય છે (બ) અ પોતાના ખેતરમા ઘાસની ગજી કરવાને બને પરવાનો આપે છે, પણ પછી અ તે ખેતર ક ને ગણોતે કે વેચાણ આપે તો તે પરવાનો રદ થાય છે

૬૨ નીચેને પ્રસગે પરવાનો રદ થયેલો ગણાશે અ જે મિલકતને પરવાનો લાગુ હોય તે મિલકત-માનો પરવાનો આપ્યા પહેલા બધ થતો હોય તો, (બ) પરવાનાદાર સ્પષ્ટરીતે કે ગર્ભીત રીતે, પરવાનો આપનાર કે તેના વારસ વકીલને પરવાનાથી મુકત કરે તો, (ક) કોઈ નિયમીત મુદતને માટે કે અમુક કૃત્ય બને તો પરવાનો નિરર્થક થાય એવી સરતે પરવાનો આપ્યો હોય તો તે મુદત વીતે કે સરત પુરી થયે પરવાનો બંધ પડે છે (ડ) જે મિલકતને પરવાનો લાગુ હોય, તે મિલકત નાશ થાય, કે વરીષ્ટ સત્તાથી તેમા કાયમનો ફેરફાર થાય કે જેથી પરવાનાદાર પોતાનો હક વધારે વખત વાપરી શકે નહી ત્યારે, (ઇ) પરવાનો જે મિલ-કતને લાગુ હોય તે મિલકતની પુર્ણ માલીકીનો હક પરવાનાદારને મળે ત્યારે (ફ) કોઈ નક્કી કરેલા હેતુને માટે પરવાનો આપ્યો હોય અને તે હેતુ પાર પડે કે છોડી દેવામા આવે કે અશક્ય થાય ત્યારે, (ગ) કોઇ ખાસ હોદ્દો, નિમણુક કે સ્વરૂપ ધરાવનાર તરીકે પરવાનો આપ્યો હોય તો તે હોદ્દો નિમણુક કે સ્વરૂપનુ અસ્તિત્વ બંધ થાય ત્યારે, (આઇ) સહાયકારી પરવાનાની બાબતમા જે હકસબધ, કે હકની મદદને માટે તે હોય તો તે હકસબધ કે હકનુ અસ્તિત્વ બંધ થાય ત્યારે પરવાનો બધ પડે છે

૬૩ પરવાનો રદ કરવામા આવે ત્યારે પરવાનો જે મિલકતને લાગુ હોય તે મિલકત છોડી દેવાની તથા તે મિલકત ઉપર જે માલ મુકવાની તેને રજા મળી હોય ને લઈ લેવાની વ્યાજબી મુદત મળવાનો પરવાનાદારને હક છે,

૬૪ પરવાનો જો કઇ મોબદલાને માટે આપવામા આવ્યો હોય, અને જે હકને માટે પરવાનાદારે કરાર કર્યો હોય તે હકનો પરવાનાની રૂએ પુરેપુરો વહીવટ કર્યા પહેલા પરવાનાદારની પોતાની કઇ કસુર વગર પરવાનો આપનારની પાસેથી નુકશાની ભરી લેવાનો તેને હક છે

કોર્ટોના વિશેષ અધિકાર બાબતનો કાયદો.

(મુંબાઇનો સને ૧૮૨૭ નો રેગ્યુલેશન ૨ જો.)

ન્યાત સંબંધી

૨૧ કોઇ પણ કોર્ટ નાતના સવાલોમા દરમીયાનગીરી કરશે નહી પરંતુ કોઇપણ માણસને કે ન્યાતને આબરૂનું નુકસાન થતું હોય એવા કૃત્યને માટે નુકસાનીનો દાવો દાખલ કરી શકાશે અને તેનો ઇન્સાફ કરવાને કોર્ટને હરકત નથી.

ન્યાતના સંબંધમાં--ન્યાતને માટે રાધવાના વાસણોનો ઉપયોગ કરવા દેવાના દાવાનો, ગેરવાજબી રીતે લગ્ન પ્રસંગે લગ્નની ફી, પાન કે નાળીએર લીધા હોય તે બદલ હકદારે આણેલા દાવાનો, ખતીબ કે ઉપદેશકના હોદાના હક સબંધી દાવા, ન્યાતે અમુક જગાએ સ્થાપન કરેલી મૂર્ત્તિની પૂજા કરવાના હક બાબતના દાવા, ન્યાતના માગી લઇ ગયેલા ગધવાના વાસણો પાછા લેવા બાબતના દાવાનો સમાસ થતો નથી મુસલમાનોને આ કલમ લાગુ નથી

વળી ન્યાતના સવાલમા—ન્યાતમાથી જુદા પડેલા માણસો ન્યાતની મિલકતમાથી પોતાનો હિસ્સો લેવાનો દાવો કરે તો, તે દાવાનો, નાતના હોદા (ન્યાત પટેલ જેવા) ને લગતા, તે હોદાની ફરજો બજાવવાના કે તે હોદાના સબબથી મળતા માનઅકરામના દાવાનો, ન્યાત બહાર મુકેલા માણસને ન્યાતમા પાછા દાખલ કરવા સંબધી દાવાનો, લગ્ન વખતે ન્યાત રીવાજ પ્રમાણે પચને આપેલા પૈસાની વ્યવસ્થા કરવા સારૂ ન્યાતના પટેલ કે પચના કોઇ માણસ ઉપર કરેલા દાવાનો સમાસ થાય છે

દેણાની સાબીતી બાબત કાયદો.

મુંબાઇનો સને ૧૮૨૭ નો ૫ મો

૯ ખાતાની પુરેપુરી રકમ મળી નથી એ સાબીત કરવાનો બોજો પ્રતિવાદીને માથ છે

૧૪ દેણદાર સાબીત કરે કે તેણે લેણદારને લેણી રકમ પુરેપુરી કે થોડી ઘણી આપવા માડી હતી તો તે આપવા માંડેલી રકમ ઉપર વ્યાજ ચઢતું બંધ થશે

૧૫ જે મિલકત મુદ્દલ કે વ્યાજને માટે ગીરો મુકી હોય તે મિલ્કત દેણાને માટે જવાબદાર છે મિલ્કતમાથી થતો નફો વ્યાજ પેટે ગણી શકાય છે દીવાની કોર્ટમા દાવો કરીને ગીરો મિલ્કત ગમે તે પક્ષકાર વેચાવીને દેણુ પતાવા શકે છે દેણા કરતા કીમત વધારે ઉપજે તો તે વધારાની રકમ તેના માલીકને આપવી જોઇએ

વિશેષ ન્યાય આપવા બાબતનો કાયદો.

૧ વાદીએ માગેલી સ્થાવર કે જગમ મિલકતનો કબજો અપાવવો (૨) પ્રતીવાદીએ કરેલા કરારને પુરો કરાવવો (૩) જે કામ ન કરવાનો પ્રતીવાદીએ કરાર કર્યો હોય, તે કામ શરૂ કરે તો તે ન કરવાનો મનાઇ હુકમ કરવો, (૪) અવેજ વગર કે બીજી રીતે પક્ષકારો નાહક, જેવા કે ઇઝમેટનો, દસ્તાવેજ રદ કરાવવાનો, અને (૫) રીસીવરની નીમણુક કરવાનો, આ પાચ પ્રકારના દીવાની કોર્ટ વિશેષ ન્યાય આપી શકે છે

મુસલમાનોનો વકફ કાયદેસર ઠરાવવા બાબતનો આકટ.

[સન ૧૯૧૩ નો ૬ ઠો.]

૧ (૧) આ આકટને સને ૧૯૧૩ નો મુસલમાનોનો વકફ કાયદેસર ઠરાવવા બાબતનો આકટ કહેવો
[૨] તે આખા બ્રિટીશ હિંદુસ્તાનને લાગુ છે

૨ 'વકફ' એટલે મુસલમાન ધર્મ પાળનારા સખસે મુસલમાન કાયદાની રૂયે ધાર્મિક, પવિત્ર અથવા ધર્માદા ગણાતા કોઇ પણ કારણ માટે, કોઇ પણ મિલકત કાયમને માટે અર્પણ કરવી એવો થાય છે

'હનફી મુસલમાન' એટલે મુસલમાન ધર્મ પાળનારો જે સખસ મુસલમાન કાયદાના હનફી પંથના ફરમાન કે મત પ્રમાણે ચાલતો હોય તે,

૩ મુસલમાન ધર્મ પાળનાર કોઇ સખસ મુસલમાન કાયદાની રૂયે હોય તેવો વકફ બીજા કારણો સાથે નીચેના કારણ માટે કરશે તો તે કાયદાસર થશે

અ પોતાના કુટુંબના, પોતાના છોકરાના અથવા પોતાના વંશજોના સર્વંત કે અંશત. ભરણપોષણ તથા ગુજરાન માટે, અને (બ) વકફ કરનાર હનફી મુસલમાન હોય તે પ્રસંગે, અર્પણ કરેલી મિલકતના ભાડા અને નફામાથી પોતાની હયાતીમા પોતાનાજ ગુજરાન તથ ભરણ પોષણ માટે કે પોતાનુ કરજ ફેડવા માટે પણ એવુ ઠરાવ્યુ છે કે, આવી બાબતોમા આખરનો લાભ ખાસ રીતે કે ગર્ભિત રીતે, ગરીબ લોકોને માટે અથવા મુસલમાન કાયદાની રૂયે ધાર્મિક કે પવિત્ર કે મર્યાદા ગણાતા બીજા કોઇ કાયમના કામ માટે રાખી મુકેલો હોવો જોઇએ

૪ આવો કોઇ પણ વકફ, તેમા ગરીબ લોકોને સારૂ અથવા કાયમના કોઇ બીજા ધાર્મિક પવિત્ર કે ધર્માદા કામ સારૂ મુકેલો લાભ વકફ કરનારનું કુટુબ છોકરા અથવા વંશજો નાબુદ થાય ત્યા સુધી મુલતવી રાખવાનાજ માત્ર કારણસર ગેરકાયદેસર થયેલો ગણાશે નહિ.

૫ આ આકટના કોઇ પણ ઠરાવથી કોઇ પેણ ચોક્સ વર્ગ અથવા પંથના મુસલમાનોમાના કોઇ પણ સ્થાનિક કે પ્રચલીત રિવાજ અથવા રસમને બાધ આવશે નહિ

હીંદુસ્તાનનો ટ્રસ્ટ તથા ટ્રસ્ટીઓ બાબતનો કાયદો.

(સને ૧૮૮૨ નો ૨ જો)

૧ આ આકટને ટ્રસ્ટ એકટ કહેવો

૨ 'ટ્રસ્ટ' એ શબ્દમા જે ફરજ મિલકતના સ્વામિત્વ સાથે જોડેલી હોય, અને જે બીજા કોઈના હિતને માટે કે બીજા કોઈના કે માલીકના હીતને માટે, કે માલેક ઉપર રાખેલા કે તેણે કબુલ કરેલા વિ-શ્વાસ ઉપરથી કે તેણે જણાવીને કબુલ કરેલા વિશ્વાસથી ઉત્પન્ન થઇ હોય તે, એટલે વિશ્વાસ ઉપરથી ઉત્પન્ન થયેલી ફરજ એનુ નામ ટ્રસ્ટ સમજવુ

'ટ્રસ્ટ કરનાર'--જે સખસ એવો વિશ્વામ રાખે કે જણાવે તે, 'ટ્રસ્ટી'-એ શબ્દમા જે સખસ એવો વિશ્વાસ કબુલ કરે તે 'હીતાધિકારી' જે સખસના હિતને માટે એવો વિશ્વાસ કબુલ કર્યો હોય તે, 'ટ્રસ્ટ મિલકત'--એટલે ટ્રસ્ટનો જે વિષય તે, એટલે જે વસ્તુના સબધમા ટ્રસ્ટી થયો હોય તે વસ્તુ 'વિશ્વાસ-ઘાત' એટલે આ કાયદાથી ટ્રસ્ટીને માથે તેવા ટ્રસ્ટી તરીકે નાખેલી કાઇ ફરજ તોડવી તે

આ આકટ, વકફ સબધી મુસલમાની શરેહના નિયમોને, અવિભક્ત કુટુબના માણસોનો પરસ્પર સબધ લોક સપ્રદાયના કાયદાથી કે તેમની જાતને લાગુ હોય એવા કાયદાથી નક્કી કરેલો હોય તેને, સાર્વજનીક કે ખાનગી ધર્માદા દાન કે દયાદાનને આ આકટ લાગુ નથી

૩ કોઇ પણ કાયદેસર હેતુને માટે ટ્રસ્ટ ઉત્પન્ન કરી શકાય છે નીચેના હેતુ કાયદેસર છે.

(૧) જેથી કાયદામા મનાઇ કરી ન હોય (૨) કાયદાનો ઠરાવ વ્યર્થ થઇ ન પડે તેવો કોઇ માન્ય કરેલો ઠરાવ, (૩) કપટ ન હોય તે (૪) જે બીજાને હાનીકર્ત્તા ન હોય તે, અને (૫) જેને કોર્ટ રાજનીતિ વિરૂદ્ધ કે અનીતિનો ગણુતી ન હોય તે

૪ જે ટ્રસ્ટનો હેતુ ગેરકાયદેસર તે ટ્રસ્ટ નિરર્થક છે

૫ સ્થાવર મિલકત સબંધી ટ્રસ્ટ, ત્રસ્ટ કરનારની કે ટ્રસ્ટીની સહીવાળા નોંધેલા દસ્તાવેજથી કરવુ જોઇએ જગમ મિલકત સબધી ટ્રસ્ટ નોંધેલા દસ્તાવેજથી અથવા મિલકતનું ધણીપણુ ટ્રસ્ટીને આપી દઇને કરવુ જોઇએ

૬ ટ્રસ્ટ કરનાર વ્યાજબી નિશ્ચિન્તપણાથી (૧] શબ્દ કે કૃતવડે ટ્રસ્ટ ઉત્પન્ન કરવાનો પોતાનો ઈરાદો (૨) ટ્રસ્ટનો હેતુ (૩) હિતાધિકારી, (૪) ટ્રસ્ટની મિલકત બતાવે તથા (૫) ટ્રસ્ટમા મિલકત તબદીલ કરી આપે ત્યારે ત્રસ્ટ ઉત્પન્ન થાય છે

૭ (૧) કરાર કરવાને લાયક હોય તેવો સખસ અને સગીર કે તેની તરફથી કોઇ સખસ ડીસ્ટ્રીકટ કોર્ટની પરવાનગીથી ટ્રસ્ટ ઉત્પન્ન કરી શકે છે

૮ ટ્રસ્ટનો વિષય કોઇ ચાલુ હિતસબધ ન હોવો જોઇએ પરતુ હિતાધિકારીને તબદીલ કરી શકાય તેવી મિલકત હોવી જોઇએ

૯ મિલકત ધારણુ કરી શકે એવો કોઈ પણુ સખસ હિતાધીકારી થઈ શકે છે હિતાધીકારી પોતાનો હક સબધ ટ્રસ્ટને લખીને ત્યાગ કરી શકે છે

૧૦ મિલકત ધારણુ કરી શકે એવા કોઇ પણુ સખસ ટ્રસ્ટી થઇ શકે છે, પણુ જે ટ્રસ્ટમા મરજીમા આવે તે પ્રમાણે કરવાનુ હોય તેની બાબતમા એવો સખસ કરાર કરવાને લાયક ન હોય તો તે ટ્રસ્ટનો અમલ કરી શકાતો નથી કોઇ પણુ સખસ ત્રસ્ટ સ્વીકારવાને બધાયલો નથી શબ્દોથી કે કૃત્યથી ટ્રસ્ટ સ્વીકારાય છે યોજેલા ત્રસ્ટી, ટ્રસ્ટ સ્વીકારવાને બદલે તેનો હક યોગ્ય મુદતમા કરવાને મુખત્યાર છે એ કે વધારે સહત્રસ્ટીઓમાનો એક ત્રસ્ટી હક ત્યાગ કરે તે, તેથી ત્રસ્ટની મિલકત બીજાઓને મળે છે.

૧૧ ત્રસ્ટનો હેતુ તથા ત્રસ્ટ કરનારે કરેલા આજ્ઞાઓ પાળવાને ત્રસ્ટી બધાયલો છે, પરતુ હીતાધિકારીને ખુલ્લી રીતે નુકશાનકારક હોય એવી કોઇ આજ્ઞા પાળવાની જરૂર નથી.

૧૨ ત્રસ્એ ત્રસ્ટની મિલકતની સ્થિતી વિશે તાકીદથી માહીતગાર થવુ જોઇએ ત્રસ્ટની મિલકત પોતાના નામ ઉપર તબદીલ કરાવી લેવી જોઇએ અને અપૂર્તા કે જોખમ ભરેલા તારણુ ઉપર રોકેલા ત્રસ્ટના પૈસા ઉપાડી લેવા જોઇએ

૧૩ ત્રસ્ટની મિલકત જાળવી રાખવાને માટે ત્રસ્ટીએ વાજબી ફરીઆદો ચલાવવી જોઇએ તથા જવાબ આપવા જોઇએ અને જરૂર લાગે તેવા બીજા ઇલાજો લેવા જોઇએ

૧૪ ત્રસ્ટીએ હીતાધિકારીથી વિરૂદ્ધ સત્તાધિકાર, પોતાને કે બીજાને માટે ઉભો કરવો ન જોઇએ

૧૫ ત્રસ્ટીએ પોતાની મિલકતની માફકજ ત્રસ્ટની મિલકતની સભાળ રાખવી જોઇએ

૧૬ ત્રસ્ટીએ બગડી જાય તેવી મિલકતને બદલીને કાયમનો કે તત્કાળ લાભ મળે એવા પ્રકારની કરવી જોઇએ

૧૭ ત્રસ્ટીએ નિષ્પક્ષપાતપણે ચાલવુ જોઇએ, અને મિલકતને થતી હાની અટકાવવા જોઇએ, તથા હિસાબ બરોબર અને ચોખ્ખો ગખવો જોઇએ

૧૮ ત્રસ્ટીએ મિલકત કેટલી છે ને કેવી સ્થિતિમા છે તેની હિતાધિકારીને, તેની માગણી ઉપરથી પૂર્ણ કે બરોબર માહિતી આપવી જોઇએ,

૨૦ ત્રસ્ટીએ, ત્રસ્ટના પૈસા સરકારી સિક્યુરીટીઆમા, ગેરન્ટીડ રેલવેના શેરોમા કે ડીબેન્ચરોમા કે મ્યુનીસીપલ ડીબેન્ચરોમા કે કોઇ સ્થાવર મિલકતના પહેલા ગીરોમા કે હાઈકોર્ટે અધિકાર આપ્યો હોય તેવી કોઇ બીજી સિક્યુરીટીઓમા રોકવા જોઇએ

ત્રસ્ટી વિશ્વાસઘાત કરે ત્યારે નુકશાન ભરી આપવાને અને પૈસા રોકવામા અયોગ્ય ઢીલ કરે તો તે માટે જવાબદાર છે

'૨૩ જે કોઇ ટ્રસ્ટી—(૧) તેણે પોતે વ્યાજ લીધુ હોય ત્યારે, (૨) પૈસા આપવામા અયોગ્ય ઢીલ કરી હોય ત્યાર વ્યાજ લેવુ જોઇતુ હતું છતા ન લાધુ ત્યારે વ્યાજ લીધુ છે એમ અનુમાન કરાય ત્યારે સેંકડે છ ટકા લેખે સાદા વ્યાજ બદલ હિસાબ આપવાને, પૈસા રોકવામા કે વ્યાજ કે નફાનો ફાળો વસુલ કરવાના ચુક કરે ત્યારે, મિલકત કે તેનુ ઉપત્પન્ન વેપાર રોજગારમા કામે લગાડે ત્યારે તે પોતે વ્યાજ આપવાને પાત્ર છે

૨૪ કોઇ પણ ટ્રસ્ટી જવાબદારીને પેટે બી મિલકતની વ્યવસ્થાનો નફો થયો હોય તો, તે મજરે લઇ શકતો નથી

૨૬ કોઇ પણ ટ્રસ્ટી પોતાના પહેલા થઇ ગયેલા ટ્રસ્ટીની કસુર બદલ જવાબદાર નથી તેમ સહ-ટ્રસ્ટીએ વિશ્વાસઘાત કર્યો હોય તો તે બદલ બીજો ટ્રસ્ટી જવાબદાર થતો નથી

૨૭ જ્યારે સહટ્રસ્ટીઓ સાથે મળીને વિશ્વાસઘાત કરે, ત્યારે પ્રત્યેક ટ્રસ્ટી થએલા નુકશાનને માટે હિતાધિકારીના જવાબદાર થાય છે

૨૮ જ્યારે કોઈ હિતાધિકારી ટ્રસ્ટીને ખબર આપ્યા વગર કાઇ મિલકત બીજાને આપે કે સ્વાધિન કરે, ત્યારે ટ્રસ્ટી એવી મિલકતને માટે જવાબદાર છે

૨૯ જ્યારે હિતાધીકારીનો હક સબંધ સરકાર દાખલ થાય ત્યારે સરકાર ફરમાવે તેવા સખસના હીતને માટે તે હકસબંધ ધારણ કરવાને તે ટ્રસ્ટી બંધાએલો છે

૩૦ ટ્રસ્ટીઓને ટ્રસ્ટના લેખના ઠરાવોને અનુસરીને જે પૈસા સ્ટોક, ફંડ કે સેક્યુરીટીઓ પોતપોતાને ખરેખર મળે, તેનોજ તેણે હિસાબ આપવો પડશે અને તેમાનો ટ્રસ્ટી બીજાને માટે જવાબદાર થશે નહિ

૩૧–૩૫ ટ્રસ્ટનો લેખ તથા ટ્રસ્ટની મિલકત સબંધી જેટલા દસ્તાવેજ હોય તેટલા પોતાના કબ-જામા રાખવાનો ટ્રસ્ટનો અમલ કરવામા યોગ્ય રીતે કરેલુ તમામ ખર્ચ વાળી લેવાનો કે આપવાનો, હિતાધિકારીની ભુલથી વધારે રકમ અપાઇ હોય તો તે ભરી લેવાનો, વિશ્વાસઘાતથી જેને લાભ મળ્યો હોય તેની પાસેથી નુકશાન ભરી લેવાનો, ટ્રસ્ટની મિલકતની વ્યવસ્થા કરવામા કોર્ટનો અભિપ્રાય, સલાહ કે હુકમ લેવાનો પોતે કરેલા વહીવટનો હિસાબ તપાસરાવી નક્કી કરવાનો અને હિતકારીનુ કાઇ લેણું નીક-ળતું ન હોય તો, તે મતલબનો લેખ લખાવી લેવાનો ટ્રસ્ટીનો હક છે

૩૬—૪૫ ટ્રસ્ટના લેખમા અધિકાર આપ્યા ઉપરાત ટ્રસ્ટની મિલકત વસુલ કરવા, સાચવવા કે ગુજરાન માટે યોગ્ય કૃત્ય કરવાનો, ટ્રસ્ટની મિલકત એક વર્ષને માટે પટે આપવાનો, વેચવાનો અધિકાર આપ્યો હોય તો, જાહેર લીલામ કરીને કે લોટ કરીને કે ખાનગી કરારથી વેચવાનો ખાસ સરતોથી વેચવાનો વેચાતી લેવાનો કે ફરી વેચવાનો, વેચાણુ કે ખરીદી પોતાની નજરમા આવે તે વખતે કરવાનો વેચેલી મિલકત બીજાને નામે કરી આપવાનો વીસમી કલમમા કહેલી કોઇ સીક્યુરીટીમા પૈસા રોકવાનો પ્રકાર બદલવાનો સગીરને માટે ટ્રસ્ટ કરેલુ હોય ત્યારે, તે મીલકતની ઉપજ સગીરના ગુજરાન કે કેળવણી સારૂ કે ધર્મભક્તિના કે તેના લગ્ન કે ઉત્તરક્રિયાના વાજબી ખર્ચ સારૂ વાપરવાનો કે સગીરનો જો બીજો કોઇ વાલી હોય તો તેને આપવાનો, મીલકતનુ ઉત્પન્ન સગીરના ઉપર મુજબના ખર્ચ માટે પુરતું ન હોય તો ડીસ્ટ્રીક્ટ કોર્ટની પરવાનગી લઇને તેની તમામ મિલકત કે તેનો ભાગ સગીરના ગુજરાન કે કેળવણી સારૂ વેચવાનો, પહોચ લખી આપવાનો, કરજ કે મીલકત બાબત તોડજોડ કરવાનો, ઘણા ટ્રસ્ટીઓમાનો એકાદ ટ્રસ્ટી હક ત્યાગ કરે કે ગુજરી જાય તો બાકીનાએ ઉપર મુજબ અધિકાર ચલાવવાનો ટ્રસ્ટ અમલમા લાવવાનુ હુકમનામુ થયુ હોય ત્યારે હુકમનામાને અનુસરીને ટ્રસ્ટીએ ચાલવાનો એ સર્વે અધિકારો ટ્રસ્ટીઓને છે

૪૬ જે ટ્રસ્ટીએ ટ્રસ્ટ સ્વિકાર્યું હોય, તે પછીથી તેનો ત્યાગ કરી શકતો નથી, પણ અવલ હકુમતનો મુખ્ય દીવાની કોર્ટની પરવાનગીથી હિતાધિકારી કરાર કરવાને લાયક થાય તો તેની સમ્મતિથી, કે ટ્રસ્ટના લેખમા ખાસ અખત્યાર આપ્યો હોય તો તેથી ટ્રસ્ટનો ત્યાગ કરી શકાય છે

૪૭ ત્રસ્ટી પોતાનુ કામ કોઇ સહત્રસ્ટીને કે પરાયા સખસને સોપી શકતો નથી, પણ ત્રસ્ટના લેખમા તે પ્રમાણે સોપવાનો ઠરાવ હોય તો, તેમ હમેશની રીતે કામ ચલાવવાની સોપણી કરી હોય તો, સોપણી જરૂરની હોય તો અને કરાર કરવાને લાયક હિતાધીકારીએ સોપણી કરવાની સમ્મતિ આપી હોય તો તે પ્રસગે તે પોતાનું કામ બીજાને સોપી શકે છે

૪૮ ત્રસ્ટીઓ એક કરતા વધારે હોય તો, બધાએ મળીને ત્રસ્ટ અમલમા લાવવુ

૪૯ નજરમા આવે તેમ કરવાનો ત્રસ્ટીને આપેલો અધિકાર તે વાજબી રીતે કે શુદ્ધબુદ્ધિથી ન વાપરતો હોય તો મુખ્ય દીવાની કોર્ટ તે અધિકાર ઉપર નિર્બંધ રાખવાને મુખત્યાર છે

૫૦ ત્રસ્ટ લેખમા ફરમાવ્યુ હોય તે સિવાય ત્રસ્ટી ત્રસ્ટ અમલમા લાવવાની મહેનત કે વખતનો બદલો માગી શકતો નથી

૫૧ પોતાના લાભ સારૂ ત્રસ્ટની મીલકત ત્રસ્ટી વાપરી શકતો નથી

૫૨ વેચાણ કરવા માટેનો ત્રસ્ટી કે તેનો આડતીઓ ત્રસ્ટની મિલકત ખરીદી શકતો નથી

૫૩ ત્રસ્ટી હિતાધીકારીનો હકસબધ પરવાનગી વગર ખરીદ કરી શકતો નથી ખરીદ કરવા માટેનો ત્રસ્ટી પોતાને માટે ખરીદ કરી શકતો નથી કે ગીરો પટે રાખી શકતો નથી

૫૪ સહત્રસ્ટીઓ પોતાનામાના કોઈને ગીરો ઉપર કે, અગ ઉધાર ત્રસ્ટના પૈસા ધીરી શકતા નથી

૫૫—૫૬ હિતાધિકારીના નીચે પ્રમાણે હક છે. એટલે ત્રસ્ટની મીલકતના ભાડા અને ઉત્પન્ન ઉપર ત્રસ્ટ કરનારના ઇરાદાનો વીશેષ રીતે અમલ કરાવવાનો, ત્રસ્ટની મીલકત પોતાને કે બીજાને તબદીલ કરાવવાનો, ત્રસ્ટનો લેખ, હિસાબ કે બીજા કાગળ જોવાના અને તેની નકલ લેવાનો, પોતાનો હિત સબધ તબદીલ કરી આપવાનો, ત્રસ્ટ અમલમા લાવવાની ફરીઆદ કરવાનો, યોગ્ય ત્રસ્ટીઓ પાસે યોગ્ય રીતે ત્રસ્ટનો વહીવટ કરાવવાનો, નાલાયક ત્રસ્ટીને દુર કરીને તેની જગાએ નવો ત્રસ્ટી નીમવાનો, ફરીયાદ માડવાને, ત્રસ્ટીને તેનુ કામ કરવાની ફરજ પાડવાનો તથા વિશ્વાસઘાત કરતા અટકાવવાનો, ત્રસ્ટીએ ખોટી રીતે ત્રસ્ટની મિલકત ખરીદ કરી હોય તો તે પાછી તબદીલ કરાવવાનો, ત્રીજા સખસોના હાથમા ગયેલી મીલકત બદલ ફરીયાદ માડવાનો, ત્રસ્ટની મિલકત બદલીને જે મિલકત કરી હોય તે લેવાનો અને મિલકતની ખોટી રીતે પોતાની મિલકત સાથે થતી સેળભેળ કરે ત્યારે પોતાની લેણી રકમ બદલ તમામ ફન્ડ ઉપર બોજો રાખવાનો અધિકાર છે

૬૦ ત્રસ્ટનો વહીવટ કરવામા પૈસા લઈને કબજામા રાખવા પડતા હોય તો ત્રસ્ટીઓની સખ્યા ઓછામા ઓછી બેની હોવી જોઇએ

૬૫ ત્રસ્ટની ખબર વગર અવેજ આપીને શુદ્ધ બુદ્ધિથી જેણે મિલકત તબદીલ કરી લીધી હોય તે મીલકતના સબંધમા હિતાધિકારીને કાંઈ હક પ્રાપ્ત થતો નથી,

૬૬ ત્રસ્ટની મીલકત વેચીને તે પછી પોતેજ તે મિલકતનો કોઈ ત્રસ્ટી માલીક થાય ત્યારે, તે મિલકત ફરીથી ત્રસ્ટને પાત્ર છે

૬૭ જે પત્યાળાઓને વિશ્વાસઘાતની ખબર હોય તેઓ તે વિશ્વાસઘાત માટે એકમતે એકાજ તે હિતાધિકારીઓ જવાબદાર થાય છે

૬૮ ઘણા હિતાધકારીઓમાના કોઇ એક (૧) વિશ્વાસઘાત કરવામા સામીલ થાય, વિશ્વાસઘાતથી જાણી જોઇને કાંઈ લાભ મેળવે, વિશ્વાસઘાત છુપાવે, ત્રસ્ટીને ઠગીને વિશ્વાસઘાત કરવા લલચાવે, ત્યારે તે હિતાધિકારી વિશ્વાસઘાતથી થએલુ નુકશાન આપવાને જવાબદાર છે અને નુકશાન ન આપે ત્યા સુધી તેનો તમામ હિતસબધ અટકાવી રાખવાનો બીજા હિતાધીકારીઓનો હક છે.

૬૯ હિતાધિકારીના હક અને જવાબદારી મિલકત તબદીલ કરી લેનારને પ્રાપ્ત થાય છે.

૭૦ ટ્રસ્ટીનો હોદ્દો મરણ થવાથી કે તે દુર થવાથી ખાલી થાય છે તેમજ ટ્રસ્ટ નષ્ટ થવાથી કામ પુરૂ થવાથી ત્રસ્ટના લેખમા ઠરાવેલા સાધનોથી નવો ટ્રસ્ટી નીમવાથી પોતાની કે હિતાધિકારીની સમ્મતિથી, કોર્ટથી ત્રસ્ટી પોતાના હોદ્દા ઉપરથી દૂર થઇ શકે છે

૭૩ ત્રસ્ટ દૂર થવાને માટે દિવાની કોર્ટને અરજી કરવાને મુખત્યાર છે ત્રસ્ટી મરી જાય કે કામ કરવા નાલાયક કે અશક્ત થાય તો તેની જગાએ નવો ત્રસ્ટી નીમવાનો બીજા ત્રસ્ટીઓને અધિકાર છે, અને એવી નવી નીમણૂક બદલીને અને તે ઉપર સહી કરીને કરવી

૭૪ ટ્રસ્ટીની કોઇ જગા ખાલી પડે કે ત્રસ્ટી નાલાયક થાય કે નવો ટ્રસ્ટી નીમવાનુ અશક્ય માલુમ પડે તો હિતાધીકારી ફરીયાદ માંડયા વગર નવો ટ્રસ્ટી નીમવા દેવાની કોર્ટને અરજી કરી શકે છે

૭૭ હેઠળ લખેલે પ્રસંગે ત્રસ્ટ ન થાય એ જેમ કે (અ) તેનો હેતુ પુર્ણપણે પુરો થાય ત્યારે (બ) તેનો હેતુ ગેરકાયદેશર થાય ત્યારે (ક) હેતુ પુર્ણ થવાને અશક્ય થાય ત્યારે, (ડ) સ્પષ્ટપણે રદ કર્યું હોય ત્યારે અવ મ્રત્યુપત્ર ઉપરથી ઉત્પન્ન કરેલુ ટ્રસ્ટ, મૃત્યુપત્ર કરનારની ખુશીમા આવે ત્યારે રદ કરી શકે છે

૭૮ બીજે પ્રસંગે ત્રસ્ટ નીચેને પ્રસંગે નષ્ટ કરી શકાય છે (અ) હિતાધિકારીની સમ્મતિથી (બ) ત્રસ્ટ કરનારે લેખથી તે રદ કરવાની સત્તા રાખી હોય તો તે સત્તાના અમલથી (ક) કરજ આપવા ત્રસ્ટ કર્યું હોય, અને તે લેણદારોને તે જણાવ્યુ ન હોય તો ટ્રસ્ટ કરનારની ખુશીમા આવે ત્યારે રદ કરી શકે છે.

હિંદુઓએ મિલ્કતની વ્યવસ્થા કરવા બાબતનો આકટ.

સને ૧૯૧૬ નો આકટ નંબર ૧૫ મો.

૧ આ આકટને ૧૯૧૬ નો હિંદુઓએ મિલકતની વ્યવસ્થા કરવા બાબતનો એકટ કહેવો તે પ્રથમ મદ્રાસ ઇલાકા સિવાય આખા હિન્દુસ્તાનને લાગુ છે

૨ આ આકટમા નિર્દિષ્ટ કરેલા નિબંધો ને ઠરાવોને પાત્ર રહીને, કોઇ પણ હિંદુએ કરેલી મિલકતની કોઇ પણ વ્યવસ્થા, પછી તે જીવતા માણસો વચ્ચે તબદીલીથી કરેલી વ્યવસ્થા કે વસીઅતનામાથી કરેલી વ્યવસ્થા હોય તે જે સખસના લાભ માટે કરવામા આવી હોય તે સખસ તે તારીખે જન્મેલો ન હતો એટલાજ માત્ર કારણસર રદ ગણાશે નહિ

૩ બીજી કલમા જણાવેલા નિબંધો તથા સરતો હેઠળ પ્રમાણે છે, એટલે કે—

(અ)જીવતા માણસો વચ્ચે તબદીલીથી કરેલી વ્યવસ્થાની બાબતમા, મિલકત તબદીલ કરવાના આકટની કા, ૧૩, ૧૪ તથા ૨૦ મા આપેલા છે તે, અને (બ) વસીઅતનામાથી કરેલી વ્યવસ્થાની બાબતમા સને ૧૮૮૫ ના હિંદુસ્તાનના વારસા બાબતના આકટની કા, ૧૦૦ તથા ૧૦૧ આપેલા છે તે

૪ જ્યારે મિલકતની કોઈ વ્યવસ્થા ૩ જી કલમમા ઉલ્લેખ કરેલા કોઇપણ નિર્બંધને લીધે નિરૂપયોગી થાય ત્યારે એવી અગાઉની વ્યવસ્થા પછી અથવા તે નિરૂપયોગી થયા પછી જે કોઇપણ વ્યવસ્થાનો અમલ કરવાનું ધાર્યું હોય એવી વ્યવસ્થા પણ નિરોપયોગી થશે.

૫ જ્યારે ગવર્નર જનરલ ઇન કૌંસિલનો એવો અભિપ્રાય હોય કે ખોજાકોમ આ આકટના ઠરાવો પોતાને લાગુ પાડવાને ઇચ્છે છે તો ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને એવુ જાહેર કરવાને મુખત્યાર છે

નાદારીનો કાયદો.

સને ૧૯૨૦નો આકટ નંબર ૫ મો.

૧. (૧) આ આકટને સને ૧૯૨૦ નો ઇલાકાનો નાદારીનો આકટ કહેવો

(૨) તે શેડયુલ્ડ ડિસ્ટ્રિકટો સિવાય, આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે

૨ (૧) આ આકટમા, વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો,—

(અ) " લેણદાર " એ શબ્દમા હુકમનામુ ધારણ કરનારનો સમાવેશ થાય છે. દેવુ એ શબ્દમા હુકમનામાના દેવાનો સમાવેશ થાય છે અને " દેણદાર " એ શબ્દમા હુકમનામાના દેણદારનો સમાવેશ થાય છે

(બ) "ડિસ્ટ્રિકટ કોર્ટ" એ સજ્ઞાનો અર્થ, ઇલાકાના મુખ્ય શહેરોની અને રંગુન શહેરની વિદ્યમાનકાળે જે સ્થાનિક હદ હોય તે હદની બહારના કોઇપણ પ્રદેશમા જેને અસલ હકુમત હોય એવી મુખ્ય દિવાની કોર્ટ, એવો થાય છે, (ક) " ઠગાવેલુ " એ શબ્દનો અર્થ, આ આકટ મુજબની કાનુનોથી ઠરાવેલું, એવો થાય છે, (ડ) " મિલકત " એ શબ્દમા જે મિલકતની અથવા જે મિલકતના ઉત્પન્નની કોઇપણ સખસને પોતાના ફાયદા માટે વ્યવસ્થા કરવાનો અધિકાર હોય તે મિલકતનો સમાવેશ થાય છે (ઇ) " તારણવાળો લેણદાર " એ સજ્ઞામા, દેણદાર પાસેથી પોતાના લેણા નીકળતા દેવા માટે તારણ તરીકે દેણદારની મિલકત અથવા તેના કોઇપણ ભાગ ઉપર ગીરો, બોજો અથવા દાવો ધરાવનાર સખસ, એવો થાય છે, અને (ફ) ' મિલકતની તબદીલી " એ સજ્ઞામા મિલકતમાના કોઇપણ હિતસબધની તબદીલીનો તથા મિલકત ઉપર કોઇપણ બોજો ઉત્પન્ન કરવા વ્યવહારનો સમાવેશ થાય છે

(૨) આ આકટમા વાપરેલા તથા સને ૧૯૦૮ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદામા વ્યાખ્યા કરેલા અને આમા અત્યાર પહેલા વ્યાખ્યા કરી ન હોય તેવા શબ્દો તથા વાકયોનો અર્થ, સદરહુ કાયદાથી અનુક્રમે તેમનો જે અર્થ થાય છે તે અર્થ થાય છે એમ સમજવુ

ભાગ ૧ લો.

કોર્ટનુ બંધારણ તથા તેના અધિકારો

૩ (૧) ડિસ્ટ્રિકટ કોર્ટો આ આકટ મુજબ હકુમત ચલાવનારી કોર્ટો છે, એમ સમજવુ પણ એવુ ઠરાવ્યુ છે કે સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝીટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને, ડિસ્ટ્રિકટ કોર્ટના તાબામાની કોઈપણ વર્ગના દાવામા હકુમત ચલાવવાનો અધિકાર આપવાને મુખત્યાર છે, અને એવી રીતે અધિકાર મળેલી કોઇપણ કોર્ટને, પોતાની હકુમતની સ્થાનિક હદની અદર આ આકટની રૂએ ડિસ્ટ્રિકટ કોર્ટની સાથેજ હકુમત છે એમ સમજવુ.

(૨) આ આકટના કારણો સારૂ, સ્મોલકોજ કોર્ટ ડિસ્ટ્રિકટ કોર્ટના તાબા હેઠળ છે એમ સમજવુ

૪ (૧) આ આકટના ઠગાવેલાને પાત્ર, કોર્ટ, પોતાના અધિકાર હેઠળ આવતી નાદારીને લગતી કોઇ પણ બાબતમા, ઉભા થતા, અથવા બેસી કોઇપણ બાબતમા પુર્ણ ન્યાય કરવા સારૂ અથવા મિલકતની પુરેપુરી વહેચણી કરવા સારૂ, જેમનો નિકાલ કરવાનું યોગ્ય અથવા જરૂરનુ છે એમ પોતાને લાગે એવા હક અથવા અગ્રતાને લગતા અથવા બીજા કોઇપણ પ્રકારના સઘળા સવાલોનો તેમજ કાયદા અથવા હકીકતને લગતા બીજા સઘળા સવાલોનો નિકાલ કરવાને પુર્ણપણે મુખત્યાર છે

(૨) આ આકટના ઠગાવેલાને પાત્ર, અને વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઈપણ કાયદામા ગમે તે મજકુર હોય તે છતા એવા દરેક નિકાલ એક તરફથી દેણદાર તથા દેણદારની મિલકતને માટે અને બીજી તરફથી તેની સામેના સઘળા હકદારો અને તેમની અથવા તેમનામાના કોઇ દાગ અથવા અન્વયે હક ધરાવતા સઘળા સખસોને સઘળા કારણો સારૂ છેવટનો અને બધનકર્તા ગણાશે

(૩) જ્યારે કોર્ટને, પેટા-કલમ (૧) મા ઉલ્લેખ કરેલા પ્રકારના કોઇપણ સવાલનો નિકાલ કરવાનું યોગ્ય અથવા જરૂરનુ જણાય નહીં, પણ કોર્ટને એમ માનવાને કારણ હોય કે દેણદાર કાંઈ મિલકતમા વેચી શકાય એવો હિતસબધ ધરાવે છે ત્યારે, કોર્ટ, વધુ તપાસ કર્યા વગર, પોતાને યોગ્ય લાગે તેવી રીતે અને તેવી શરતોને પાત્ર, એવો હિતસબધ વેચવાને મુખત્યાર છે

૫ (૧) આ આકટના ઠરાવોને પાત્ર, કોર્ટને આ આકટની રૂએ ચલાવેલા કામની બાબતમા અસલ દિવાની હકુમત ચલાવવાને તેને જે અધિકારો છે તથા જે રીત તે અનુસરે છે તેજ અધિકારો તેને છે, અને તેજ રીત તે અનુસરશે એમ ગણવુ

(૨) ઉપર જણાવ્યુ છે તેને પાત્ર, હાઇકોર્ટો તથા ડિસ્ટ્રિકટ કોર્ટોને, તેમના તાબા હેઠળની કોર્ટોમા આ આ આકટની રૂએ ચલાવેલા કામની બાબતમા, દિવાની મુકદ્દમાની બાબતમા અનુક્રમે તેમને જે અધિકારો છે

તથા જે રીત તેઓ અનુસરે છે તેજ અધિકારો છે તથા તેજ રીત તેઓ અનુસરશે એમ ગણવું.

ભાગ ૨ જો.

નાદારીનુ કૃત્ય કર્યું હોય ત્યારથી તે મુક્ત થવો હોય ત્યાંસુધી ચલાવેલાં કામ

નાદારીનાં કૃત્યો

૬, દેણદાર નીચેને દરેક પ્રસંગે નાદારીનુ કૃત્ય કરે છે એમ સમજવુ, એટલે કે—

(અ) જો, તે બ્રિટિશ હિંદુસ્તાનમા અથવા બીજે ઠેકાણે, પોતાની સઘળી મિલકત અથવા મોટે ભાગે પોતાની સઘળી મિલકત સામાન્ય રીતે પોતાના લેણદારોના ફાયદા માટે ત્રીજા સખસને તબદીલ કરીઆપે તો,

(બ) જો, તે બ્રિટિશ હિંદુસ્તાનમા અથવા બીજે ઠેકાણે, પોતાની મિલકત અથવા તેનો કોઇપણ ભાગ પોતાના લેણદારોના પૈસા ડુબાવવા અથવા તે આપવામા વિલંબ કરવાના ઇરાદાથી તબદીલ કરી આપે તો,

(ક) જો, તે બ્રિટિશ હિંદુસ્તાનમા અથવા બીજે ઠેકાણે, પોતાની મિલકત અથવા તેનો કોઇપણ ભાગ એવી રીતે તબદીલ કરી આપે કે તે તબદીલી, જો તેને નાદાર ઠરાવવામા આવે તો, આ આકટ ઉપરથી અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઇપણ કાયદા ઉપરથી દગલબાજી ભરેલી રીતે પસંદ કરવા જેવી હોવાથી, ગેર કાયદેસર થાય તો,

(ડ) જો તે પોતાના લેણદારોના પૈસા ડુબાવવાના અથવા તે આપવામા વિલંબ કરવાના ઇરાદાથી—

(૧] બ્રિટિશ હિંદુસ્તાનમાથી જતો રહે અથવા તેની બહાર રહે તો,

(૨) પોતાના રહેવાના ઘરમાથી અથવા હમેશની વેપારની જગ્યાએથી જતો રહે અથવા બીજી રીતે ગેરહાજર રહેતો,

(૩) પોતાના લેણદારોને પોતાની સાથે વાતચીત ચલાવવાના સાધનો ન રહે એટલા સારૂ ભરાઇબેસે તો,

(ઇ) જો કોઇપણ કોર્ટના પૈસા આપવાના હુકમનામાની બજાવણીમા તેની કોઇપણ મિલકત વેચાઇ હોયતો,

(ફ) જો આ આકટના ઠરાવોની રૂએ તે નાદાર ઠરવા સારૂ અરજી કરે તો,

(ગ) જો પોતાના લેણદારોમાના કોઇને નોટીસ આપે કે પોતાનુ દેવુ આપવાનુ તેણે બંધ કર્યું છે અથવા બંધ કરવાનો છે તો, અથવા

(હ) જો કોઇપણ કોર્ટના પૈસા આપવાના હુકમનામાની બજાવણીમા, તેને કેદ કરવામા આવે તો,

ખુલાસો—આ કલમના કારણો સારૂ મુખત્યારનુ કૃત્ય મુખ્યનુ કૃત્ય છે એમ સમજવુ

અરજી.

૭ આ આકટમા નિર્દિષ્ટ કરેલી શરતોને પાત્ર, જો કોઇ દેણદાર નાદારીનુ કૃત્ય કરે તો, કોઇપણ લેણદાર અથવા સદરહુ દેણદાર નાદારીની અરજી કરવાને મુખત્યાર છે, અને એવી અરજી આવે એટલે તેને નાદાર ઠરાવવાનો હુકમ (જેને હવે પછી નાદારીનો હુકમ કહ્યો તે) કરવાને કોર્ટ મુખત્યાર છે

ખુલાસો—સદરહુ દેણદાર નાદારની અરજી કરે એટલે તેનુ તે કૃત્ય આ કલમના અર્થ મુજબ નાદારીનુ કૃત્ય છે એમ સમજવુ અને એવી અરજી આવે એટલે કોર્ટને નાદાર ઠરાવવાનો હુકમ કરવાનો અધિકાર છે,

૮. કોઇપણ કોરપોરેશન વિરૂદ્ધ અથવા જો કોઇપણ એસોસિએશન અથવા કંપની વિદ્યમાનકાળ અમલમા હોય તેવા કાઇપણ કાયદાની રૂએ નોંધાવવામા આવી હોય તે એસોસિએશન અથવા કંપની વિરૂદ્ધ નાદારીને લગતી અરજી કરવી નહી

૯ (૧) લેણદારને દેણદાર વિરૂદ્ધ નીચે પ્રમાણે હકીકત ન હોય તો નાદારીની અરજી કરવાનો હક નથી એટલે

(અ) સદરહુ દેણદારને સદરહુ લેણદારનુ જે દેવુ હોય તેની રકમ અથવા એક કરતા વધારે લેણદારો સદરહુ અરજીમા સામેલ થાય તો એવા સઘળા લેણદારોનુ જે એકંદર દેવુ હોય તેની રકમ રૂ ૫૦૦] ન હોય તો, અને(બ) સદરહુ દેવાની રકમ લાબડતોબ અથવા અમુક ચોકકસ વખતે આપવાની ઠરાવો કરીને ઠરાવેલી રકમ ન હોય તો, અને

(ક) નાદારીના જે કૃત્યને આધારે સદરહુ અરજી કરી હોય ને કૃત્ય અરજી રજુ કર્યાની તારીખ આગાઉના ત્રણ મહિનાની અંદર થયુ ન હોય તો

(૨) જો સદરહુ અરજી કરનાર લેણદાર તારણવાળો લેણદાર હોય તો, તેણે પોતાની અરજીમા કાતો તે દેણદારને નાદાર ઠગવવામા આવે તો તે [બધા] લેણદારોના ફાયદા સારૂ પોતાનુ તારણ આપી દેવાને ખુશી છે તે વાત લખવી જોઇએ અથવા તેવા તારણની અડસટ્ટે કિમત લખવી જોઇએ તે પોતાની અરજીમા તારણની અડસટ્ટે કિમત લખે તે પ્રસગે તેને તે અડસટ્ટે લખેલી કિમત તેના લેણામાથી બાદ કરીને બાકી જે ગકમ રહે તેટલી રકમ પુરતો જાણે તે તાગણ વગરનો લહેણદાગ હોય એવી રીતના અરજદાગ લહેણદાર તરીકે દાખલ કરવાનો અધિકાર છે

૧૦ (૧) દેણદાગને, પોતે પોતાનુ દેવુ આપવાને અશકત ન હોય તો અને નીચે પ્રમાણેની હકીકત ન હોય તો, નાદારીની અરજી કરવાનો હક નથી, એટલે કે—

(અ) તેનુ કરજ રૂ ૫૦૦) જેટલુ ન હોય તો, અથવા

(બ) કોઈપણ કોર્ટના પૈસા આપવાના હુકમનામાની બજાવણીમા તેને પકડયો ન હોય અથવા કેદ કર્યો ન હોય તો, અથવા

(ક) એવા હુકનામાની બજાવણીમા તેની મિલકત જપ્ત કરવાનો હુકમ કગ્વામા આવીને તે અમલમા હોય નહી તો

(૨) જે કોઇ દેણદાગની બાબતમા આ આકટની રૂયે કરેલો નાદારીનો હુકમ, અગ્જી ન કરવાથી અથવા મુકત થવાની અરજીના સબધમા આગળ કામ ન લીધાથી, રદ કરવામા આવ્યો હોય તે દેણદારને જે કોર્ટે નાદારીનો હુકમ ગદ કર્યો હોય તે કોર્ટની પરવાનગી સિવાય નાદારીની અરજી કરવાનો હક નથી દેણદાર પ્રસગ પ્રમાણે અરજી કરવાને અથવા મુકત થવાની અગ્જીના સબધમા આગળ કામ લેવાને વાજબી કારણને લીધે અટકયો હતો, અથવા જે અરજી ઉપરથી નાદારીનો હુકમ કરવામા આવ્યો હોય તે અરજીમા જણાવેલી હકીકતોથી વસ્તુત જુદી હકીકતો સદરહુ અરજીમા જણાવી છે એમ ખાતરી થયા સિવાય એવી કોર્ટ પરવાનગી આપશે નહી

૧૧ નાદારીની દરેક અરજી, દેણદાર સાધારણ રીતે જે સ્થાનિક પ્રદેશમા રહેતો હોય અથવા ધધો ચલાવતો હોય અથવા કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય તે પ્રદેશમા, અથવા જો તેને પકડવામા આવ્યો હોય અથવા કેદ કરવામા આવ્યો હોય તો, જ્યા તે કેદ હોય ત્યા, આ આકટની રૂયે જે કોર્ટ હુકમ ચલાવતી હોય તે કોર્ટને કરવી જોઇએ

પણ એવુ ઠગવ્યુ છે કે, જે કોર્ટે અરજી સાભળી હોય તે કોર્ટમા અરજી ગજુ કરવાની જગા સબધી વાધો સૌથી વહેલામા વહેલી તકે લેવામા આવ્યો હોય અને પરિણામે ન્યાય મળ્યો ન હોય તે સિવાય કોઇપણ " એપેલેટ " અથવા " રીવીઝનલ " કોર્ટ એવો વાધો ઉઠાવા દેશે નહી

૧૨ નાદારીની દરેક અરજી લેખી હોવી જોઇએ અને સને ૧૯૦૮ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદામા ફરીયાદ અરજી ઉપગ સહી કરવાના તથા તેના ખરાપણા બાબતનો દાખલો લખવાના જે નિયમો ઠરાવ્યા છે તે પ્રમાણે તે ઉપગ સહી કરવી જોઇએ તથા તેના ખરાપણા બાબતનો દાખલો લખવોજોઇએ

૧૩ (૧) દેણદારે કરેલી નાદાગીની દરેક અરજીમા નીચેની બાબતો લખવી જોઇએ એટલે—

(અ) દેણદાર પોતાનુ દેવુ આપવા અશકત છે એ વાત,

(બ) હ જે જગાએ હગ્હમેશ ગ્હેતો હોય અથવા ધધો ચલાવતો હોય અથવા કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય તે જગા, અથવા તેને પકડવામા આવ્યો હોય અથવા તુરગમા કેદ કરવામા આવ્યો હોય તો, તે જે જગાએ કેદમા હોય તે જગા

(ક) જે કોર્ટના (જો હોય તો) હુકમથી તેને પકડયો હોય અથવા કેદ કરવામા આવ્યો હોય, અથવા, જે કોર્ટે તેની મિલકત જપ્ત કગ્વા સારૂ હુકમ કર્યો હોય તે કોર્ટનુ નામ તેમજ જે હુકમનામાના સબધમા એવો હુકમ કર્યો હોય તે હુકમનામાની વિગત

(ડ) તેના ઉપર પૈસા સબધી જે દાવા હોય તે બધાની રકમ તથા વિગત, તેમજ તે જાણતો હોય તેટલે સુધી અથવા યોગ્ય સભાળ અને મહેનત ચલાવીને તેનાથી જેટલે સુધી નક્કી થઇ શકે તેટલે

સુધી તેના લેણુદારોના નામ તથા ઠેકાણુ. (બ) તેની સઘળી મિલકત એકંદર કેટલી છે તે તથા તેની વિગત તેમજ—

(૧) જે મિલકત પૈસા સિવાયની હોય તેની કિંમતની વિગતવાર લખેલી ખાસ હકીકત (૨) એવી કાઇપણ મિલકત કયે એક અથવા વધારે ઠેકાણે મળી આવશે તે, અને (૩) સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂયે અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કોઇપણ કાયદાની રૂયે હુકમનામાની બજાવણીમા જપ્ત થઇને વેચાણુ થવાની પાત્રતામાથી બાતલ હોય એવી (તેના હિસાબના ચોપડા ન હોય તેવી જે વિગતોનો સમાવેશ થતો હોય તે સિવાયની તેની સદરહુ પ્રકારની સઘળી મિલકત, કોર્ટની નજરમા આવે તે પ્રમાણે તેની વ્યવસ્થા થવા સારૂ કોર્ટને આપવાની તેની મરજી છે એવો એકરાર —

(ક) દેણુદારે અગાઉ કોઇપણુ વખતે નાદાર ઠરાવવા સારૂ અરજી કરી છે કે કેમ તે બાબતની હકીકત અને (એવી અરજી દાખલ કરાવી હોય તે પ્રસંગે —

(૧) જો એવી અરજી કાઢી નાખવામા આવી હોય તો તે કાઢી નાખવાના કરણો, અથવા

(૨) જો દેણુદાર નાદાર ઠરાવવામા આવ્યો હોય તો, તે નાદારીનો કાઇ પણુ અગાઉનો હુકમ રદ્દ કરવામા આવ્યો છે કેમ, તે હકીકત તથા નાદારીને લગતી હુકમા વિગત તથા જો તેમ કરવામા આવ્યું હોય તો, તેના કારણો,

(૨) એક અથવા વધારે લેણુદારે કરેલી દરેક નાદારીની અરજીમા પેટા–કલમ (૧) ની રકમ (બ) મા જણાવેલી સદરહુ દેણુદાર સબંધી વિગતો લખવી જોઇએ તેમજ, તેમા નીચેની બાબતો પણુ જણાવવી જોઇએ–

(અ) એવા દેણુદારે કરેલુ નાદારીનુ કૃત્ય તથા તે જે તારીખે કર્યું હોય તે તારીખ, અને (બ) એવા દેણુદાર ઉપર તેના અથવા તેમના પૈસા સબંધી દાવા અથવા દાવાઓ હોય તેની અથવા તેમની રકમ તથા વિગત

૧૪ દેણુદારે અથવા લેણુદારે રજુ કરેલી કોઇપણુ અરજી કોર્ટની પરવાનગી વગર પાછી ખેંચી લેવી નહી.

૧૫ જ્યારે એકજ દેણુદાર વિરૂદ્ધ બે અથવા વધારે નાદારીની અરજીઓ રજુ કરવામા આવે અથવા સામાઇક દેણુદારો વિરૂદ્ધ જુદી જુદી અરજીઓ રજુ કરવામા આવે ત્યારે, કોર્ટ પોતાને યોગ્ય લાગે તેવી શરતોએ તે અરજીઓ સબંધી કામ અથવા તેમાની કાઇપણુ અરજી સંબધી કામ એકત્ર કરવાને મુખત્યાર છે

૧૬ જ્યારે અરજદાર પોતાની અરજીના સબધમા યોગ્ય રીતની મહેનત લઇને કામ ચલાવે નહી ત્યારે કોર્ટને બદલે અરજી કરનાર લેણુદારના સબધમા, આ આકટ પ્રમાણે દેણુદારનુ જેટલી રકમનુ દેવુ હોવુ જોઇએ તેટલી રકમનુ દેવુ બીજા જે કાઇ પણ લેણુદારનું હોય તે લેણુદારનુ નામ અરજદાર તરીકે દાખલ કરવાનો અધિકાર છે

૧૭ જે દેણુદારે અથવા દેણુદારની વિરૂદ્ધ નાદારીની અરજી કરવામા આવી હોય તે મરણુ પામે તો, કોર્ટ બીજી રીતે ફરમાવે તે સિવાયને પ્રસંગે એવી અરજીનુ કામ, દેણુદારની મિલકત મેળવવા અને વહેંચવા માટે જરૂરનુ હોય તેટલે સુધી આગળ ચલાવવુ જોઇએ

૧૮ ફરિઆદ અરજી દાખલ કરવાની બાબતમા સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદામા ઠરાવેલી રીત લાગુ પાડી શકાય તેટલે સુધી નાદારીની અરજીઓની બાબતમા અનુસરવામા આવશે

૧૯ (૧) જ્યારે નાદારીની અરજી દાખલ કરવામા આવે ત્યારે કોર્ટે હુકમ કરીને અરજીની સુનાવણી કરવાનો એક દિવસ નક્કી કરવો

(૨) પેટા—કલમ (૧) મુજબના હુકમની નોટીસ દેણુદારોને ઠરાવવામા આવે તેવી રીતે આપવી જોઇએ

(૩) જ્યારે દેણુદાર અરજદાર ન હોય ત્યારે, પેટા–કલમ (૧) મુજબના હુકમની નોટિસ સમન બજાવવાસારૂ જે રીત ઠરાવી છે તે પ્રમાણે તેના ઉપર બજાવવી.

૨૦ અરજી દાખલ કરવાનો હુકમ કરતી વખતે કોર્ટ દેણુદારની મિલકતનો અથવા તેના કોઇ પણુ

ભાગનો વચગાળેનો વસુલદાર નિમવાને મુખત્યાર છે, અને જ્યારે દેણદાર અરજદાર હોય ત્યારે સાધારણત. તેણે તેમ કરવુ, અને તે મિલકતનો અથવા તેના કોઇ પણ ભાગનો તાબડતોબ કબજો લેવાનું તેને ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે, અને તે ઉપરથી તે વચગાળેના વસુલદારને સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂયે નિમાયલા વસુલદારને જે અધિકાર આપી શકાય તેમાના કોર્ટ ઠરાવે તેવા અધિકાર પ્રાપ્ત થશે એમ સમજવુ જો વચગાળેનો વસુલદાર આવી રીતે નિમવામા આવ્યો ન હોય તો, કોર્ટ, નાદારીનો હુકમ કરવામા આવે તે પહેલા ત્યાર પછીના કોઇપણ વખતે એવી નિમણુક કરવાને મુખત્યાર છે અને આ પેટા-કલમના ઠરાવો તે પ્રમાણે લાગુ પડશે

૨૧ અરજી દાખલ કરવાનો હુકમ કરતી વખતે અથવા ત્યારપછી ઠરાવ કરતા પહેલા કોઇપણ વખતે, કોર્ટ, પોતાની મેળે અથવા લેણદારની અરજી ઉપરથી નીચેના હુકમમાનો એક અથવા વધારે હુકમ કરવાને મુખત્યાર છે—

(૧) સદરહુ અરજીના સબધમા આખરનો હુકમ કરવામા આવે ત્યાસુધી દેણદારે હાજર રહેવા માટે યોગ્ય તારણ આપવુ એવો હુકમ કરવાને અને તે એવુ તારણ ન આપે તો તેને દિવાની તુરગમા અટકાવી રાખવો એમ ફરમાવવાને,

(૨) સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂયે અથવા વિદ્યમાનકાળે અમલમા હોય એવા બીજા કાઇ પણ કાયદાની રૂયે હુકમનામાની બજાવણીમા જપ્ત થઇને વેચાણ થવાની પાત્રતામાથી બાતલ કરી હોય એવી (દેણદારના હિસાબની ચોપડા ન હોય તે) વિગતો સિવાયની સદરહુ દેણદારની કબજામા અથવા નિર્બંધ હેઠળ હોય એવી સઘળી મિલકત અથવા તેનો કોઇ પણ ભાગ પ્રત્યક્ષ પકડીને જપ્ત કરવાનો હુકમ કરવાને,

• (૩) સદરહુ દેણદારને પકડવા સારૂ જામીન સાથનુ અથવા જામીન વગરનું વારટ કાઢવાનો હુકમ કરવાને અને સદરહુ અરજીનો નિકાલ થાય ત્યા સુધી તેને દિવાની તુરગમા કેદ કરવો અથવા તારણ સબધી યોગ્ય અને જરૂરની હોય એવી શરતોએ તેને છુટો કરવો એમ ફરમાવવાને, પણ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ દેણદાર પોતાના લેણદારના પૈસા ડુબાવવા સારૂ અથવા તે આપવામા વિલબ કરવા સારૂ અથવા કોર્ટની કોઇ પ્રોસેસ ટાળવા સારૂ,—

(૧) નાસી ગયો છે અથવા કોર્ટની હકુમતની સ્થાનિક હદમાથી જતો રહ્યો છે અથવા નાસી જવાની અથવા એવી હદમાથી જતા રહેવાની તૈયારીમા છે અથવા તેની હદની બહાર રહે છે, અથવા

(૨) પોતાના લેણદારોને સુનાવણી દરમિયાન કામમા આવવાનો સભવ હોય એવા કોઇ દસ્તાવેજ અથવા ઉપર કહેલી વિગતો સિવાયની પોતાની કોઇપણ મિલકતનો કોઈ પણ ભાગ જણાવ્યો નથી અથવા છુપાવ્યો છે, તેનો નાશ કર્યો છે, તે તબદીલ કરવાની અથવા એવી હદમાથી ખસેડયો છે અથવા તે છુપાવવાની તેનો નાશ કરવાની, તે તબદીલ કરવાની અથવા એવી હદમાથી ખસેડવાની તૈયારીમા છે,

એવી કોર્ટની ખાતરી થાય નહી ત્યા સુધી, રકમ (૨) અથવા રકમ (૩) મુજબનો હુકમ કરવો નહી

૨૨ અરજી દાખલ કરવાનો હુકમ કરવામા આવે એટલે દેણદારે સઘળા હિસાબના ચોપડા રજુ કરવા જોઇએ તથા ત્યારપછી કોઇપણ વખતે કોર્ટ અથવા વસુલદાર માગે તે પ્રમાણે અથવા ઠરાવવામા આવ્યુ હોય તે પ્રમાણે, પોતાની મિલકત યાદીઓ અને પોતાના લેણદારોની તથા દેવાદારોની અને તેઓની પાસે તથા તેઓનુ લેણુ દેવુ કેટલુ છે તેને યાદીઓ આપવી જોઇએ, પોતાની મિલકત અથવા પોતાના લેણદારોના સબધમા પોતાની તપાસ કરાવવા દેવી જોઇએ, વખતે વખતે કોર્ટની આગળ અથવા વસુલદારની આગળ હાજર થવુ જોઇએ, લેખો કરવા જોઇએ અને સામાન્યત પોતાના મિલકતના સબધમા એવા સઘળા કામો તથા કૃત્યો કરવા જોઇએ

૨૩, (૧] અરજી દાખલ કરવાનો હુકમ કરવામા આવે એટલે અથવા નાદાર ઠરાવ્યા પહેલા ત્યાર પછીના કોઇ પણ વખતે કોર્ટ, પૈસા આપવા માટેના હુકમનામાની બજાવણીમા તેને પકડવામા આવ્યો હોય અથવા તુરગમા કેદ કરવામા આવ્યો હોય તો, યોગ્ય તથા જરૂર જણાય તેવા કારણુની શરતથી તેને છુટો કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે

(૨) આ કલમની રૂએ છુટો કર્યો હોય એવા કોઇપણ સખસને ફરીથી પકડવાનો તથા જે હવાલામાથી તેને છુટો કર્યો હોય તે હવાલામા સોપવાનો કોઈપણ વખતે હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે

(૩) આ કલમની રૂએ હુકમ કરતી વખતે કોર્ટે તે માટેના પોતાના કારણો લખી રાખવા

૨૪, (૧) અરજીની સુનાવણી કરવા સારૂ નિમેલે દિવસે અથવા ત્યારપછીના જે દિવસ ઉપર સુનાવણી મુલતવી રહે તે દિવસે કોર્ટે નીચેની બાબતનો પુરાવો માગવો એટલે કે—

(અ) પ્રસગ પ્રમાણે લેણદારને અથવા દેણદારને અરજી રજુ કરવાનો અધિકાર છે

પણ એવુ ઠરાવ્યુ છે કે દેણદાર અરજદાર હોય તે પ્રસગે, પોતાનુ દેવુ આપવાને તે અશક્ત છે એમ પુરવાર કરવા સારૂ, તેણે, તે માનવા માટે પ્રથમ દર્શનિય પુરાવો છે એમ કોર્ટની ખાત્રી થાય એવા પુરાવાજ પુરા પાડવા પડશે, અને કોર્ટ જો એવી રીતે તેની ખાતરી થાય તો અને જ્યારે એમ ખાતરી થાય ત્યારે તે ઉપર વધુ પુરાવો સાભળવાને બધાયલી નથી

(બ) લેણદારની અરજી ઉપરથી દેણદાર હાજર ન થાય તો, અરજી દાખલ કરવાના હુકમની નોટીસ તેના ઉપર બજાવવામા આવી છે, અને (ક) દેણદારે જે નાદારીનુ કૃત્ય કર્યાનુ કહેવામા આવતુ હોય તે તેણે કીધુ છે

(૨) કોર્ટે દેણદાર હાજર હોય તો તેની વર્તણુક, લેવડદેવડ તથા મિલકત બાબત તેની જુબાની જે, લેણદારો એવી સુનાવણી વખતે હાજર થયા હોય તેમની સમક્ષ લેવી, અને એવા લેણદારોને એવા દેણદારને સદરહુ જુબાનીનો સબધમા સવાલ પુછવાનો હક છે

(૩) કોર્ટે પુરતુ કારણ બતાવવામા આવે તો, તે અરજીનો યોગ્ય નિકાલ કરવા સારૂ પોતાને જરૂર જણાય એવો કોઇપણ પુરાવો રજુ કરવા સારૂ દેણદારને અથવા કોઇપણ લેણદારને મુદત આપવી

(૪) જડજે દેણદારની જુબાનીની મતલબનુ ટીપણુ તથા આપવામા આવેલી કોઇપણ મોઢાની જુબાનીનુ ટીપણુ રાખવુ અને તે ટીપણુ લખી રાખવુ અને તે ટીપણુ તે મુકદ્દમામા સામેલ કરવુ જોઇએ

૨૫ (૧) લેણદારે રજુ કરેલી અરજીને પ્રસગે, જ્યારે અરજી રજુ કરવાના તેના હકની અથવા અરજી દાખલ કરવાના હુકમની નોટિસ દેણદાર ઉપર બજાવ્યાની, અથવા કહેવાતા નાદારીના કૃત્યની સાબિતી વિષે કોર્ટની ખાતરી થાય નહી ત્યારે, અથવા દેણદાર પોતાનુ દેવુ આપી શકે એમ છે એવી અથવા બીજા કોઈ પણ પુરતા કારણને લીધે કોઇપણ હુકમ કરવો નહી એવી તે કોર્ટની ખાત્રી કરે, ત્યારે કોર્ટે તે અરજી કાઢી નાખવી

(૨) દેણદારે અરજી રજુ કરી હોય તે પ્રસગે, અરજી રજુ કરવાના તેના હક વિશેની કોર્ટની ખાત્રી થાય નહી તો, કોર્ટે તે અરજી કાઢી નાખવી

૨૬ (૧) કલમ ૨૫ ની પેટા-કલમ (૧)ની રૂએ લેણદારે રજુ કરેલી અરજી કાઢી નાખવામા આવે, અને કોર્ટની ખાત્રી થાય કે તે નજીવી અથવા ત્રાસદાયક હતી, ત્યારે, તે અરજીથી અને તેના સબધમા કામ ચલાવવાથી દેણદારને જે ખર્ચ અથવા નુકશાન થયુ હોય તેના બદલામા પોતાને યોગ્ય જણાય એટલી એક હજાર સુધીની રકમ એવા લેણદારે દેણદારને આપવી એવો, દેણદારની અરજી ઉપરથી, ઠરાવ કરવાને કોર્ટ મુખત્યાર છે અને એવી રકમ જાણે દડ હોય એવી રીતે વસુલ કરી શકાશે

(૨) આ કલમ પ્રમાણે બદલો આપેથી તે અરજી બાબત અને તેના સબધમા કામ ચલાવ્યા બાબત, નુકસાનીનો બદલો લેવાની કોઇપણ ફરીયાદ ચાલશે નહી

નાદારીનો હુકમ

૨૭ (૧) કોર્ટ સદરહુ અરજી કાઢી નાખે નહી તો, તેણે નાદારીનો હુકમ કરવો અને દેણદારે પોતાના છુટકારા માટે કઇ મુદત સુધીમા અરજી કરવી તે જણાવવુ

(૨) કોર્ટને પુરતું કારણ બતાવવામા આવે તો, જે મુદત સુધીમા દેણદારે પોતાના છુટકારા માટે અરજી કરવી તે મુદત વધારવાનો અખત્યાર છે અને તેવે પ્રસગે પોતાને યોગ્ય લાગે તેવી રીતે સદરહુ હુકમની નોટીસ તેણે પ્રસિદ્ધ કરવી

૨૮ (૧) નાદારીનો હુકમ કર્યાથી નાદારે, પોતાની મિલકત મેળવી આપવામા તથા તેની આવક પોતાના લેણદારોને વહેચી આપવામા પોતાથી બનતી મદદ કરવી

(૨) નાદારીનો હુકમ કર્યાથી, નાદારની સઘળી મિલકત સદરહુ કોર્ટને અથવા હવે પછી ઠરાવ્યુ છે તે પ્રમાણે વસુલદારને પ્રાપ્ત થશે, અને તે લેણદારો વચ્ચે વહેચી શકાશે, અને ત્યાર પછી, આ આક્ટમા ઠરાવ્યુ છે તે શિવાય, પ્રસંગે, જે લેણદારનો સદરહુ નાદાર આ આક્ટની રૂએ સાબિત કરી શકાય એવા કોઇપણ દેવાના સબધમા દેણદાર હશે તે લેણદારને, કોર્ટની પરવાનગી વગર અને કોર્ટ ઠરાવે તે સરતોને અનુસર્યા વગર સદરહુ દેવાના સબધમા સદરહુ નાદારની મિલકત ઉપર નાદારીનુ કામ ચલાવતું હશે તે દરમિઆન કાઇપણ ઇલાજ કરવાનો હક રહેશે નહી, અથવા તેની વિરૂદ્ધ કોઇપણ ફરિયાદ અથવા બીજુ કાયદેસર કામ ચલાવી શકાશે નહી

(૩) પેટા–કલમ (૨)ના કારણો સારૂ, સદરહુ હુકમ જે અરજી ઉપરથી કર્યો હોય તે અરજી રજુ કર્યાની તારીખે, જે માલ એવા માલના ખરા ધણીની સમતિ તથા રજાથી નાદારના ધધા અથવા રોજગારમા નાદારના કબજામા, હુકમમા અથવા વ્યવસ્થા હેઠળ એવા સજોગોમા હોય કે તે નાદાર તેનો ધણી છે એમ દેખાય તે સઘળો માલ તે નાદારની મિલકત છે એમ સમજવુ

(૪) નાદારીનો ઠરાવ થયાની તારીખ પછી તથા નાદારનો છુટકારો થાય તે અગાઉ નાદાર સપાદન કરે અથવા તેને મળે તે સઘળી મિલકત કોર્ટને અથવા વસુલદારને તાબડતોબ પ્રાપ્ત થશે અને પેટા–કલમ (૨) ના ઠરાવો તે બાબત લાગુ પડશે

(૫) આ કલમના કારણો સારૂ નાદારની મિલકતમા સને ૧૯૦૮ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા અથવા વિદ્યમાન કાળે અમલમા હોય એવા બીજા કોઈપણ કાયદાની રૂએ હુકમનામાની બજાવણીમા જપ્તિ તથા વેચાણની જવાબદારીમાથી મુક્ત કરેલી (હિસાબના ચોપડા ન હોય એવી) કોઈપણ મિલકતનો સમાવેશ થતો નથી

(૬) તારણ વાળા કોઇપણ લેણદારને આ કલમ પસાર કરવામા આવી ન હોત તો પોતાના તારણના પૈસા વસુલ કરવાનો તથા તેની વ્યવસ્થા કરવાનો જેવી રીતે હક મળે તેવીજ રીતે પોતાના તારણના પૈસા વસુલ કરવાના અથવા તેની બીજી વ્યવસ્થા કરવાના તેના અધિકારને આ કલમના કોઇપણ ઠરાવ ઉપરથી બાધ આવે છે એમ સમજવુ નહી

(૭) નાદાર ઠરાવવાનો હુકમ જે અરજી ઉપરથી કરવામા આવ્યો હોય તે અરજી જે તારીખે કરી હોય તે તારીખથી તેનો સબધ છે અને તે તારીખથી અમલમા આવ્યો છે એમ સમજવુ

૨૯ જે કોર્ટમા મુકદમો અથવા બીજુ કામ દેણદાર વિરૂદ્ધ ચાલુ હોય તે કોર્ટે, આ આક્ટની રૂએ તેની વિરૂદ્ધ નાદારીનો હુકમ થયો છે એવુ પુરવાર કરી આપવામા આવે એટલે, તે કામ ચલાવવાનું બધ કરવુ અથવા પોતે ઠરાવે તેવી શરતોએ તે ચાલવા દેવુ

૩૦ નાદારીના હુકમની નોટિસ, સ્થાનિક સરકારી ગેઝેટમા તથા ઠરાવવામા આવે તેવી બીજી રીતે પ્રસિદ્ધ કરવી જોઇએ અને તેમા નાદારનુ નામ, ઠેકાણુ, તથા વર્ણન, નાદાર ઠરાવ્યાની તારીખ, દેણદાર પોતાના છુટકારા સારૂ કઇ મુદત સુધીમા અરજી કરી શકે તે તથા જે કોર્ટે નાદાર ઠરાવ્યો હોય તે કોર્ટનુ નામ લખવુ જોઇએ

નાદારીના હુકમ પછી કામ ચલાવાની રીત

૩૧ (૧) જે કોઇપણ નાદારની બાબતમા નાદારીનો હુકમ કરવામા આવ્યો હોય તે નાદાર બચાવ સારૂ કોર્ટને અરજી કરવાને મુખત્યાર છે અને કોર્ટ એવી અરજી ઉપરથી નાદારને ન પકડવા વિષે અથવા ન અટકાવી રાખવા વિષે હુકમ કરવાને મુખત્યાર છે

(૨) બચાવનો હુકમ કોર્ટને યોગ્ય લાગે તે પ્રમાણે દેણદારના સઘળા દેવાના સબધમા અથવા તમાના કોઇપણ દેવાના સબધમા લાગુ પડી શકશે અને તે કોર્ટ ફરમાવે તે વખતે તથા તેટલી મુદત

સુધી શરૂ થઈ શકશે તથા અમલમા રહી શકશે અને કોર્ટને યોગ્ય લાગે તે પ્રમાણે તે રદ કરી શકાશે અથવા નવો કરી આપી શકાશે

(૩) બચાવનો હુકમ જે કોઇપણ દેવાના સબધમા હોય તે દેવા સારૂ પકડાવામાથી અથવા તુરગમા અટકાવમા રહેવાથી નાદારનો તે હુકમ પરથી બચાવ થશે, અને તે હુકમની શરત વિરૂદ્ધ કેદમા પકડેલા અથવા અટકાવી રાખેલા કોઈપણ નાદારને પોતાનો છુટકારો કરાવવાનો હક્ક છે એમ સમજવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે એવો કોઇપણ હુકમ અથવા નાદારીનો ઠરાવ રદ કરવામા આવે એટલે કોઇપણ લેણદારનો હક્કને બાધ આવે એવી રીતે, એવા હુકમનો અમલ થાય છે એમ સમજવુ નહી

(૪) કોઇપણ લેણદારને હાજર થઇને બચાવનો હુકમ આપવાની સામે થવાનો હક્ક છે

૩૨ નાદારીનો હુકમ કર્યા પછી કોઇપણ વખતે કોઇ લેણદાર અથવા વસુલદારની અરજી ઉપરથી કોર્ટને એમ માનવાને કારણ હોય કે આ આકટથી અથવા તેની રૂએ તેના ઉપર નાખવામા આવ્યુ હોય અથવા આવે એવી જવાબદારી ટાળવાના ઇરાદાથી સદરહુ લેણદાર તેની હકુમતની સ્થાનિક હદમાથી નાસી ગયો છે, અથવા ચાલી ગયો છે તો તે કોર્ટ તેને પકડવા સારૂ વારટ કાઢવાને મુખત્યાર છે, અને ત્યા હાજર થાય એટલે અથવા તેને લાવવામા આવે એટલે, એવા ઇરાદાથી તે નાસી ગયો હતો અથવા ચાલી ગયો હતો એમ તેની ખાતરી થાય તો, યોગ્ય અથવા જરૂરના જણાય એવા તારણની શરતોથી તેના છુટ-કારાનો હુકમ કરવાને તે મુખત્યાર છે, અથવા એવુ તારણ આપવામા આવે નહી તો ત્રણ મહિના સુધીની મુદ્દત માટે દિવાની જેલમા અટકાવી ગખવાનુ ફરમાવવાને તે મુખત્યાર છે

૩૩ (૧) આ આકટની રૂએ નાદારીનો હુકમ કરવામા આવ્યો હોય ત્યારે આ આકટની રૂએ સાબિત થઇ શકે એવા દેવાના સબધમા નાદારના પોતે લેણદારો છે એવુ કહેનારા સઘળા સખસોએ પોત પોતાની લેહેણી રકમનો તથા વિગતનો પુરાવો રજુ કરીને પોતાના લેહેણા સાબિત કરવા સારૂ પુરાવો આપવો, અને સદરહુ કોર્ટે હુકમ કરીને નક્કી કરવુ કે એવા દેવાના સબધમા અનુક્રમે કયા સખસોએ નાદારના લેણદાર તરીકે પોતાનો દાવો સાબિત કર્યો છે તથા તે કેટલી રકમ બાબત સાબિત કર્યો છે અને પછી સદરહુ કોર્ટે એવા સખસોની તથા દેવાની એક યાદી તૈયાર કરવી

પણ એવુ છે કે જો સદરહુ કોર્ટની નજરમા એમ આવે કે એવા કોઇપણ દેવાની રકમ યોગ્ય રીતે નક્કી કરી શકાય એમ નથી તો, તે કોર્ટ તેવી મતલબનો હુકમ કરવાનું મુખત્યાર છે અને ત્યારપછી તેવુ દેવુ તે યાદીમા દાખલ કરવામા આવશે નહી

(૨) એવી દરેક યાદીની એક નકલ કોર્ટના મકાનમા ચોટાડી રાખવી જોઇએ

(૩) નાદારનો કોઇપણ લેણદાર, નાદારનો છુટકારો કરવામા આવે તે પહેલા કોઇપણ વખતે, પોતાના લેહેણાનો પુરાવો રજુ કરવાને અને આ આકટની રૂએ સાબિત થઇ શકે એવા અને યાદીમા દાખલ કર્યા ન હોય એવા કોઇપણ દેવાના સબંધમા પોતાનું નામ લેણદાર તરીકે સદરહુ યાદીમા દાખલ કરવાનો હુકમ કર-વાને કોર્ટને અરજી કરવાને મુખત્યાર છે અને સદરહુ કોર્ટે, સદરહુ નાદાર ઉપર તથા જે લેણદારોએ પોતાનુ લેહેણુ સાબિત કર્યું હોય તેવા બીજા લેણદારો ઉપર નોટીસ બજાવવી અને તેમની કાઇ તકરાર હોય તો તે સાભળીને સદરહુ અરજી મજુર કરવી અથવા નામજુર કરવી

૩૪ (૧) જે દેવાની કિમતનો વાસ્તવિક રીતે અડસટ્ટો કાઢી શકાય એમ ન હોય એ સબબથી યાદીમા દાખલ નહી કર્યો હોય તે દેવા, અને કરાર અથવા વિશ્વાસઘાતને લીધે ઉત્પન્ન થાય તે સિવાયની બીજી નહી પતાવેલી નુકસાની જેવી માગણીઓ આ આકટની રૂએ સાબિત થઇ શકશે નહી

(૨) પેટા-કલમ (૧) મા ઠરાવ્યુ છે તે સિવાયને પ્રસંગે, દેણદાર નાદાર છે એવો ઠરાવ કરતી વખતે જે આપવાને તે પાત્ર હોય અથવા એવી રીતે નાદાર કર્યાની તારીખ અગાઉ લીધેલી કાઇપણ જવાબદારીને લીધે તેનો છુટકારો થાય તે પહેલા તે પાત્ર થાય તે સઘળા હાલના અથવા ભવિષ્યના, નિશ્ચિત અથવા અનિશ્ચિત દેવા તથા જવાબદારીઓ આ આકટની રૂએ સાબિત થઈ શકે એવા દેવા છે એમ સમજવુ

નાદારીનો હુકમ રદ કરવા બાબત

૩૫ જ્યારે કોર્ટને એમ લાગે કે દેણદારને નાદાર ઠરાવવો જોઇતો ન હોતો ત્યારે અથવા જ્યારે

કોર્ટની ખાતરી થાય એવી રીતે સાબિત કરવામા આવે કે નાદારનુ દેવું પુરેપુરૂ ભરી દેવામા આવ્યુ છે ત્યારે, કોર્ટ દેણદારની અથવા હિતસબધવાળા બીજા કોઈપણ સખસની અરજ ઉપરથી લેખી હુકમ કરીને નાદારીનો હુકમ રદ કરવાને મુખત્યાર છે

૩૬ નાદારીનો હુકમ થયો હોય એવી કોઇપણ બાબતમા, એવો હુકમ કરનારી કોર્ટને એવુ પુરવાર કરી આપવામા આવે કે તેજ દેણદાર વિરૂદ્ધ બીજી કોર્ટમા નાદારીનુ કામ ચાલુ છે અને દેણદારની મિલકતની વહેચણી એવી બીજી કોર્ટ વધારે સગવડ ભરેલી રીતે કરી શકે એમ છે તો, તે પહેલી કોર્ટ નાદારીનો હુકમ રદ્દ કરવાને અથવા તેને લગતુ કામ બધ કરવાને મુખત્યાર છે

૩૭ (૧) જ્યારે નાદારીનો હુકમ રદ્દ કરવામા આવે ત્યારે, કોર્ટ અથવા વસુલદારે કરેલા મિલકતના સઘળા વેચાણ તથા નિકાલ અને યોગ્ય રીતે કરેલા ભરણા અને તે વખત સુધી કરેલા સઘળા કામો કાયદેસર ગણાશે, પણ ઉપર કહ્યુ છે તેને પાત્ર, જે દેણદારને નાદાર ઠરાવવામા આવ્યો હોય તેની મિલકત કોર્ટ નીમે એવા શખસને પ્રાપ્ત થશે અથવા એવી નિમણુક ન કરવામા તો, તે મિલકતમા એકાદા જે દેણદારનો હકક અથવા હિતસબધ હોય તેટલે સુધી, તે મિલકત કોર્ટ લેખી હુકમ કરીને ઠરાવે તેવી (જો કાઇ હોય તો તે) શરતોએ, તે દેણદારને પાછી પ્રાપ્ત થશે

(૨) નાદારીનો હુકમ રદ્દ કરવાના દરેક હુકમની નોટિસ સ્થાનિક સરકારી ગેઝેટમા તથા ઠરાવવામા આવે તેવી બીજી રીતે પ્રસિદ્ધ કરવી જોઇએ

તોડજોડ તથા ગોઠવણની યોજના

૩૮ (૧) જ્યારે કોર્ટ દેણદાર, નાદારીનો હુકમ થયા પછી, પોતાના દેવાની પતાવટ સારૂ તોડજોડ કરવાની દરખાસ્ત રજુ કરે અથવા પોતાની લેવડદેવડની ગોઠવણ બાબત યોજના કરવા માટે દરખાસ્ત રજુ કરે ત્યારે, કોર્ટ તે દરખાસ્ત ઉપર વિચાર કરવા સારૂ એક તારીખ ઠરાવવી, અને ઠરાવવામા આવે તેવી રીતે સઘળા લેણદારોને એક નોટિસ આપવી,

(૨) જો સદરહુ દરખાસ્તનો વિચાર કર્યા પછી તેમનુ લહેણુ સાબિત થયુ હોય અને જેઓ જાતે અથવા વકીલ મારફત હાજર હોય એવા લેણદારોમાનો મોટો અથવા ૩/૪ જેટલી રકમ માગનારો ભાગ સદરહુ દરખાસ્ત કબુલ કરવાને ઠરાવ કરે તો, તે સદરહુ લેણદારોએ યોગ્ય રીતે કબુલ કરી છે એમ સમજવુ,

(૩) સદરહુ દેણદાર, સદરહુ મીટીંગ વખતે, સદરહુ દરખાસ્તમા ફેરફાર કરવાને મુખત્યાર છે માત્ર એવો ફેરફાર સદરહુ કોર્ટના મત પ્રમાણે એકદર સઘળા લેણદારોને લાભકારક હોવો જોઇએ

(૪) જો વસુલદાર નિમાયો હોય તો તેનો રિપોર્ટ સાભળ્યા પછી કોઇપણ લેણદાર અથવા તેમના વતી જે હરકતો લીધી હોય અથવા લેવામા આવી હોય તે હરકતોનો વિચાર કર્યા પછી કોર્ટનો એવો અભિપ્રાય થાય કે સદરહુ દરખાસ્તની શરતો વાસ્તવીક નથી અથવા તેથી એકદર સઘળા લેણદારોને લાભ થાય એમ નથી તો, કોર્ટે તે દરખાસ્ત નામજુર કરવી

(૫) જે કોઇપણ વાતો સાબિત થયાથી કોર્ટને દેણદારનો છુટકારો કરવાની ના પાડવાના, તહકુબ કરવાની અથવા તે બાબત શરતો કરવાની ફરજ પડે તે વાતો સાબિત થાય તો, કોર્ટે તે દરખાસ્ત નામજુર કરવી, પણ જો દેણદારની માલ મિલકતની સામે સાબત કરી શકાય એવા તારણ વગરના સઘળા દેવામા ઓછામા ઓછા રૂપિયે ૭ આના આપવા માટે વાસ્તવિક તારણ તેમા આપ્યુ હોય તો, તે નામજુર કરવી નહી

(૬) નાદારની મિલકતની વહેચણી કરતી વખતે જે દેવા બીજા સઘળા દેવાની અગાઉ આપવાનો હુકમ થયા હશે તે દેવા તેની રીતે આપવાનો જેમા ઠરાવ નહી હોય એવી તોડજોડ અથવા યોજના કોર્ટે મજુર કરવી નહી

(૭) બીજી કોઇપણ બાબતમા કોર્ટને દરખાસ્ત મજુર કરવાનો અથવા ના મજુર કરવાનો અધિકાર છે.

૩૯, જો કોર્ટ સદરહુ દરખાસ્ત મજુર કરે તો, તેની શરતો કોર્ટના હુકમમા લખવી અને કોર્ટે એક યાદી ૩૩મી કલમના ઠરાવો અનુસાર તૈયાર કરવી, નાદારીનો હુકમ રદ કરવો, અને ૩૭મી કલમના ઠરાવો લાગુ પડશે અને સદરહુ યાદીમા જે દેવા લખ્યા હોય તેટલાના સબંધમા તેમા લખેલા સઘળા લેણદારોને તે તોડજોડ અથવા યોજના બધનકારક થશે.

૪૦ સદરહુ તોડજોડ અથવા યોજના પ્રમાણે લેહેણું થાય એવો કોઇપણ હફતો આપવામાં કસુર થાય તો, અથવા, કોર્ટને એમ લાગે કે અયોગ્ય દીલ અથવા અન્યાય થયા વગર તે તોડજોડનુ અથવા યોજનાનું કામ આગળ ચાલે એમ નથી અથવા કોર્ટની મંજુરી દગલબાજીથી મેળવામા આવી હતી તો સદરહુ કોર્ટ પોતાને યોગ્ય લાગે તો, સદરહુ દેણદારને નાદાર ઠરાવવાને અથવા તોડજોડ અથવા યોજના રદ કરવાને મુખત્યાર છે, પણ સદરહુ તોડજોડ અથવા યોજનાની રૂયે અથવા તેને અનુસરીને જે કાઇ તબદીલી અથવા તારણ યોગ્ય રીતે થયુ હશે તેના કાયદેસરપણાને અથવા તેની રૂયે જે કાઇ કૃત્ય યોગ્ય રીતે થયું હશે તેના કાયદેસરપણાને બાધ આવશે નહી જ્યારે આ પેટા-કલમની રૂયે કોઇ દેણકાગને ફરીથી નાદાર ઠરાવવામા આવ્યો હશે ત્યારે, એવો નાદારીનો ઠરાવ થયાની તારીખની અગાઉ જે દેવા થયા હશે તે જો બીજી રીતે સાબિત કરી શકાય એવા હશે તો તે નાદારીમા સાબિત કરી શકાશે

છુટકારો

૪૧ (૧) દેણદાર નાદારીના હુકમ પછી કોઇપણ વખતે છુટકારાના હુકમ સારૂ, કોર્ટને અરજી કરવાને મુખત્યાર છે, અને કોર્ટ નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર તેણે તેમ કરવુ, અને કોર્ટે, એવી અરજીની તથા તે વિરૂદ્ધ જે કાઇ હરકત લેવામા આવે તેની સુનાવણી સારૂ એક દીવસ ઠરાવીને તેની નોટિસ ઠરાવવામા આવે તેવી રીતે પ્રસિદ્ધ કરવી

[૨] આ કલમના ઠરાવોને પાત્ર, કોર્ટ, કોઇપણ લેણદારની હરકતો, અથવા વસુલદાર નિમવામા આવ્યો હોય તે પ્રસગે, વસુલદાગ્ના રિપોર્ટ, ઉપર વિચાર કર્યા પછી,--

(અ) છુટકારો કરવાનો પાકો હુકમ કગ્વાને અથવા કરવાની ના કહેવાને, અથવા (બ) સદરહુ હુકમનો અમલ ઠરાવેલી મુદત સુધી તહકુબ રાખવાને, અથવા (ક) નાદારને જે કોઇપણ પેદાશ અથવા આવક પાછળથી મળે એમ હોય તે બાબત અથવા તે પાછળથી સપાદન કરે તે મિલકત બાબત શરતો કરીને તેમને પાત્ર છુટકારો કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે

૪૨ (૧) નીચેની કાઇપણ વાત એટલે--

(અ) નાદારની મિલકત તેના તારણ વગરના કરજની રકમના રૂપિયે આઠ આના જેટલી કિંમતની નથી એ વાત માત્ર જો તે કોર્ટની એવી ખાતરી કરી આપે કે તેની મિલકત તેના તારણ વગરના કરજની રકમના રૂપિયે આઠ આના જેટલી કિંમતની નથી એ વાત જે સજોગો માટે તે વાજબી રીતે જોખમદાર ન ગણાય તે સજોગોને લીધે ઉમજ થઈ છે તો જુદી વાત છે (બ) નાદાર પોતે જે ધધો ચલાવવા હોય તે ધધામા જે ચોપડા સાધારણ અને વાજબી રીતે ગ્ખાતા હોય અને જે ઉપગ્થી તેની નાદારીની અગાઉના ત્રણ વર્ષની અદરની તેની ધધાને લગતી લેવડદેવડ તથા નાણા સબધી સ્થિતિ પુરતી રીતે માલમ પડી આવે તેવા ચોપડા તેણે રાખ્યા નથી એ વાત, (ક) નાદાર પોતે નાદાર છે એમ જાણ્યા પછી પોતાને ધધો ચાલુ રાખ્યો છે એ વાત, (ડ) નાદારે આ આકટની રૂયે સાબિત થાય એવુ કાઇપણ દેવુ કરતી વખતે પોતે તે દેવુ આપવાને શક્તિમાન થશે એમ આશા રાખવાનુ (આ બાબત સાબીત કરવાનો બોજો તેને માથે રહેશે) કાંઇપણ વાસ્તવિક અથવા સભવિત કારણ હોવા સિવાય એવુ દેવુ કર્યું છે એ વાત (ઇ) નાદારે પોતાની મિલકત ખોઇ દેવા માટે અથવા પોતાનુ કરજ અદા કરવા સારૂ મિલકત ઓછી થવા માટે સંતોષકારક કારણ બતાવવામા કસુર કરી છે એ વાત (ફ) નાદાર, વગર વિચારેલો અને જોખમ ભરેલો સટ્ટો કરીને અથવા ગેરવાજબી ઉડાઉપણાથી ગુજરાન ચલાવીને, અથવા જુગાર રમીને, અથવા પોતાના ધધા રોજગારના કામમા શિક્ષાણીય ગફલત કરીને નાદાર થયો છે અથવા નાદાર થવામા તેણે મદદ મેળવી છે એ વાત; (ગ) નાદારે સદરહુ અરજી કર્યાની તારીખ પહેલાના ત્રણ મહિનાની અંદર, પોતાનું દેવુ લેણુ થતુ જાય તેમ તેમ આપવાને શક્તિમાન ન હોવાથી પોતાના લેણદારોમાના અમુક લેણદારને અયોગ્ય રીતે પ્રથમ પૈસા આપ્યા છે એ વાત, (હ) નાદારને અગાઉ કોઇપણ વખતે નાદાર ઠરાવવામા આવ્યો હતો અથવા તેણે પોતાના લેણદારોની સાથે તોડજોડ અથવા ગોઠવણ કરી હતી એ વાત, (આઇ) નાદારે પોતાની મિલકત અથવા તેનો કાઇપણ ભાગ સતાડ્યો છે અથવા ખસેડ્યો છે અથવા તે બીજા કોઇપણ દગા બદલ અથવા દગાથી વિશ્વાસઘાત કરવા બદલ તકસીરવાન થયો છે એ વાત;

૭૫–

સાબિત થયેથી કોર્ટ ૪૧ મી કલમ મુજબ છુટકારાનો પાકો હુકમ કરવાની ના કહેવી

આ કલમના કારણો સારૂ, વસુલદારનો રિપોર્ટ પુરાવો છે એમ ગણવુ, અને કોર્ટ એવા રિપોર્ટમાને કોઇપણ મજકુર ખરો છે એમ અનુમાન કરવાને મુખત્યાર છે

(૩) નાદારનો છુટકારો કરવાનુ તહકુબ રાખવાનો અધિકાર અને એવો છુટકારો અમુક શરતોએ કરવાનો અધિકાર સાથે ચલાવી શકાય

૪૩ (૧) નાદારના છુટકારા માટેની અરજીની સુનાવણી સારૂ સદરહુ પ્રમાણે નિમેલે દિવસે અથવા કોર્ટ ફરમાવે તેવા તે પછીનાં દિવસે દેણદાર હાજર ન થાય, અથવા કોર્ટ ઠરાવે તે વખતની અંદર દેણદાર છુટકારાનો હુકમ મળવા માટે, અરજી ન કરે, તો સદરહુ નાદારીનો ઠરાવ રદ કરવામા આવશે અને કલમ ૩૭ ના ઠરાવો તે પ્રમાણે લાગુ પડશે

(૨) જ્યારે દેણદારને આ આકટના ઠરાવોની રૂએ પહેરામાથી છુટો કર્યો હોય અને નાદારીનો હુકમ પેટા–કલમ (૧) ની રૂએ રદ્દ કરવામા આવ્યો હોય ત્યારે, કોર્ટને એમ લાગે તો દેણદારને પાછો પહેરામા મોકલવાનુ ફરમાવવાને મુખત્યાર છે, અને તુરંગ ઉપરનો અમલદાર કે જેના પહેરામા તેને એવી રીતે પાછો મોકલવામા આવે તેણે એવા પાછા મોકલવાના હુકમ પ્રમાણે એવા દેણદારને પોતાના પહેરામા લેવો જોઇએ અને તે ઉપરથી એવા દેણદારનો સદરહુ પ્રમાણે છુટકારો કરતી વખતે તેની જાતના સબંધમા જે પ્રોસેસો અમલમા હોય તે સઘળી, જાણે એવો હુકમ કરવામા આવ્યો ન હોય તે પ્રમાણે, તેની સામે હજી પણ અમલમાજ છે એમ સમજવુ

૪૪ છુટકારો કરવાના હુકમ ઉપરથી નાદાર—(અ) સરકારને આપવાના દેવામાથી (બ) જેમા તેનો હાથ હોય એવા દગાથી અથવા તેવા દગાવાળા વિશ્વાસઘાતથી કરેલા કોઇપણ દેવા અથવા જવાબદારીમાથી, (ક) જેમા તેનો હાથ હોય એવા કોઇપણ દગાથી જે કોઇપણ દેવામાથી અથવા જવાબદારીમાથી તો છુટો થયો હોય તે દેવા અથવા જવાબદારીમાથી, (ડ) સને ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૪૮૮ કલમ મુજબ ગુજરાન માટે કરેલા હુકમ મુજબની કોઇપણ જવાબદારીમાથી મુકત થશે નહી

(૨) પેટા–કલમ (૧) મા ઠરાવ્યુ છે તે સિવાયને પ્રસંગે, છુટકારો કરવાના હુકમ ઉપરથી, યાદીમા દાખલ કરેલા સઘળા દેવામાથી નાદાર મુકત થશે નહી

(૩) જે કોઇ સખસ અરજી રજુ કર્યાની તારીખે નાદાર સાથે ભાગીઓ હોય અથવા સહ–ટ્રસ્ટી હોય અથવા એકઠો બધાયલો હોય અથવા જેણે એકઠો કરાર કર્યો હોય તે સખસ અથવા જે કોઇ તેનો જામીન હોય તે સખસ છુટકારો કરવાના હુકમ ઉપરથી મુકત થશે નહી

ભાગ ૩ જો. મિલકતનો વહિવટ.

દેવાની સાબિતી કરવાની રીત

૪૫ લેણદાર દેણદારને નાદાર ઠરાવવામા આવે તે વખતે આપવાનુ ન હોય એવુ દેવુ જાણે તેજ વખતે આપવાનુ દેવુ હોય તેવી રીતે સાબિત કરવાને મુખત્યાર છે, અને તેને બીજા લેણદારો જેટલોજ ફાળો મળવાનો અધિકાર છે, માત્ર તે ફાળામાથી, એવો ફાળો જાહેર કરવામા આવે ત્યારથી એવુ દેવુ જે શરતોએ કર્યુ હોય તે શરતો પ્રમાણે તે જે તારીખે આપવાનુ થાય તે તારીખ સુધીનુ દર વર્ષે દર સેંકડે છ ટકા લેખે ગણીને જે વ્યાજ થાય તે બધ કરવુ જાઇએ

૪૬ જ્યારે દેણદારની અને આ આકટની રૂએ દેવુ સાબિત કરનારા અથવા કરવાનો દાવો કરનારા લેણદારની વચ્ચે લેવડદેવડ હોય ત્યારે એવી અરસપરસની લેવડદેવડના સબધમા એક પક્ષકારને બીજા પક્ષકારનું કેટલુ લેણુ છે તેનો હિસાબ લેવો, અને એકબીજાનુ જે દેવુ લેણુ નીકળે તે મજરે આપીને હિસાબની જે બાકી રહે તેજ માત્ર એક પક્ષકાર બીજા પાસેથી માગી શકશે અને તેજ માત્ર આપવામા આવશે, વધારે માગી શકાશે નહિ અથવા આપવામા આવશે નહિ,

૪૭. [૧] જ્યારે તારણવાળો લેણદાર પોતાના તારણના પૈસા વસુલ કરે ત્યારે, વસુલ થયેલી નકકી રકમ બાદ કરીને બાકી પોતાનુ જેટલુ લેણુ રહ્યુ હોય તે સાબિત કરવાના મુખત્યાર છે.

(૨) જ્યારે તારણવાળો લેણદાર, લેણદારોના સામાન્ય ફાયદા સારૂ પોતાનુ તારણ આપી દે ત્યારે, તે પોતાનું બધુ લેણુ સાબિત કરવાને મુખત્યાર છે (૩) જ્યારે તારણવાળો લેણદાર પોતાના તારણના પૈસા વસુલ કરે નહિ અથવા પોતાનુ તારણ આપી દે નહિ ત્યારે, પોટાનું લેણું યાદીમા દાખલ કરાવવાનો તેને હક પ્રાપ્ત થાય તે પહેલા તેણે, પોતાના તારણની સાબિતીમા, તારણની વિગત, અને પોતે તેની કેટલી કિંમત આકારે છે તે જણાવવુ જોઇએ, અને એવી આકારેલી કિંમત બાદ જતા તેનું જે બાકી લેણુ રહે તેના સબંધમા માત્ર તેનો ફાળો મળવાનો હક રહેશે [૪] જ્યારે તારણની કિંમત સદરહુ પ્રમાણે આકારી હોય ત્યારે કોર્ટ તારણના પૈસા વસુલ કરવામા આવે તે પહેલા કોઇપણ વખતે આકારેલી કિંમત લેણદારને આપીને તે તારણ છોડાવવાને મુખત્યાર છે [૫] જ્યારે લેણદાર પોતાનુ તારણ આકાર્યા પછી તેના પૈસા વસુલ કરે ત્યારે વસુલ કરેલી નક્કી રકમ, લેણદારે અગાઉ આકારેલી કોઇપણ આકારણીની રકમને બદલે દાખલ કરવી, અને તે રકમ લેણદારે સગળી બાબતોમા કિંમતથી સુધારેલી આકારણી તરીકે ગણવી (૬)

જ્યારે તારણવાળો લેણદાર આ કલમના ઠરાવો પ્રમાણે ચાલે નહિ ત્યારે, તેને કોઈપણ ફાળામાથી કાઇપણ હિસ્સો મળવાનો હક રહેશે નહિ

૪૮ (૧) જે કોઇપણ દેવા અથવા ચોક્કસ રકમ ઉપર વ્યાજ ઠરાવ્યુ ન હોય અથવા કબુલ કરવામા આવ્યુ ન હોય અને જે લેણદારને નાદાર ઠરાવવમા આવ્યો હોય તે વખતે લેણુ થઈ ગયુ હોય અને જે આ આક્ટની રૂએ સાબિત થાય એવુ હોય તે દેવા અથવા રકમ ઉપર લેણદાર-(અ) જો એવુ દેવુ અથવા રકમ લેખી દસ્તાવેજની રૂએ અમુક વખતે આપવાનુ હોય અથવા આપવાની હોય તો, એવુ દેવુ અથવા રકમ જે વખતે આપવાનુ અથવા આપવાની હોય તે વખતથી નાદારીના ઠરાવની તારીખ સુધી અથવા,

(બ) જો એવુ દેવુ અથવા રકમ બીજી રીતે આપવાનું અથવા આપવાની હોય તો માગણી કર્યાની તારીખથી તે પૈસા ચુકવવામા આવે ત્યા સુધીનુ વ્યાજ લેવામા આવશે એવી નોટીસ દેણદારને આપીને લેખી માગણી કરી હોય તે વખતથી તે નાદારીના ઠરાવાની તારીખ સુધી દર વર્ષે દર સેકડે વધારેમા વધારે છ ટકા લેખે વ્યાજ સાબિત કરવાને મુખત્યાર છે

(૨) જ્યારે આ આક્ટની રૂએ કાઇ દેવુ સાબિત થયુ હોય અને તે દેવાની અદર વ્યાજનો અથવા વ્યાજને બદલે કાઇપણ પૈસાના મો બદલાનો સમાસ થતો હોય ત્યારે ફાળાના કારણસાર આવુ વ્યાજ અથવા મો બદલો, સઘળા સાબિત થયેલા દેવા પુરી રીતે અપાઇ રહ્યા પછી લેણદારની ઇસ્ટેટમાથી જે કોઇપણ વ્યાજનો વધારે દર લેવાનો દેણદારનો હક હોય તે હકને બાધ આવ્યા વગર, વધારેમા વધારે દર વર્ષે દર સેકડે છ ટકા લેખે ગણવામા આવશે

૪૯ (૧) આ આક્ટ મુજબ દેવુ સાબિત કરવુ હોય તો, દેવુ સાચુ છે એવુ સોગનનામુ કોર્ટને આપીને અથવા ટપાલ મારફત રજીસ્ટર પત્રમા મોકલીને દેવુ સાબીત કરવાનો અધિકાર છે

(૨) સદરહુ સોગનનામામા દેવાની વિગત બતાવનારો હિસાબ લખવો જોઇએ અથવા એવા હિસાબ ઉપર હવાલો આપવો જોઇએ અને સદરહુ દેવુ ક્યા દસ્તાવેજો (વોચરો)થી સાબિત કરી શકાશે તે લખવુ જોઇએ, સદરહુ કોર્ટ એવા દસ્તાવેજ કોઈપણ વખત માગવાને મુખત્યાર છે

૫૦ (૧) જ્યારે વસુલદારને એમ લાગે કે અમુક દેવુ યાદીમા અયોગ્ય રીતે દાખલ કર્યું છે ત્યારે કોર્ટે તે વસુલદારની અરજી ઉપરથી અને લેણદારને નોટિસ આપ્યાપછી તથા પોતાને યોગ્ય જણાય એવી તપાસ કર્યા પછી એવા દેવા બાબતની નોધ કહાડી નાખવાને અથવા એવા દેવાની રકમ ઓછી કરવાને મુખત્યાર છે

(૨) વળી કોર્ટે વસુલદાર નીમવામા આવ્યો ન હોય તે પ્રસગે, અથવા વસુલદાર વચ્ચે પાડવાની ના પાડે તે પ્રસગે લેણદારની અરજ ઉપરથી, અથવા તોડતોડની બાબતમા અથવા કાઇ યોજનાની બાબતમા દેણદારની અરજ ઉપરથી એવી તપાસ કર્યા પછી એવી નોધ કહાડી નાખવાને અથવા દેવાની રકમ ઓછી કરવાને મુખત્યાર છે

પછીની લેવડદેવડ ઉપર નાદારીની અસર

૫૧ (૧) જ્યારે લેણદારની મિલકત ઉપર હુકમનામાની બજાવણી થઈ હોય ત્યારે, (નાદારીની)

અરજી દાખલ કરવાના હુકમની તારીખ પહેલા બજાવણીમા વેચાણ કરીને અથવા બીજી રીતે વસુલ કરી હોય તે માલમત્તા (એસ્ટેટ) સિવાયની બાબતમા કોઇપણ સખસને વસુલદારની વિરૂદ્ધ બજાવણીનો કાઇપણ લાભ પ્રાપ્ત થસે નહિ

(૨) જે મિલકત ઉપર હુકમનામુ બજાવવામા આવ્યુ હોય તે મિલકત સબધી તારણવાળા લેણદારના હકને આ કલમના કોઇપણ ઠરાવ ઉપરથી બાધ આવશે નહિ

(૩) જે કોઇપણ સખસ બજાવણીમા થયેલા વેચાણમા લેણદારની કોઇપણ મિલકત શુદ્ધબુદ્ધિથી ખરીદ કરે તે સખસને સઘળી બાબતોમા વસુલદાર વિરૂદ્ધ નિર્વિવાદ હક પ્રાપ્ત થશે

પર (૧) હુકમનામાની બજાવનીમા વેચવા જોગ હોય એવી કોઇ દેણદારની મિલકત ઉપર હુકમનામાની બજાવણી થઇ હોય અને તે મિલકત વેચાય તે પહેલા હુકમનામુ બજાવનારી કોર્ટને એવી નોટિસ આપવામા આવી હોય કે સદરહુ દેણદારની સામે અથવા દેણદાર તરફની નાદારી માટેની અરજી દાખલ કરવામા આવી છે, ત્યારે સદરહુ કોર્ટે અરજી કરવામા આવેથી, તે મિલકત કોર્ટના કબજામા હોય તો વસુલદારને સ્વાધીન કરવાનો હુકમ કરવો પણ એવી રીતે સ્વાધીન કરેલી મિલકત ઉપર જે મુકદમામા હુકમનામુ કરવામા આવ્યુ હોય તેનો તથા બજાવણીના ખરચનો પ્રથમ બોજો રહેશે અને સદરહુ વસુલદાર એવો બોજો ફેડવા સારૂ તે મિલકત અથવા તેનો જોઇએ તેટલો ભાગ વેચવાને મુખત્યાર છે

પ૩ જે કોઇપણ વ્યવસ્થા લગ્નની પહેલા અને લગ્નના અવેજમા કરી હોય અથવા જે કોઇપણ ખરીદદાર અથવા બોજાવાળાના લાભમા શુદ્ધબુદ્ધિથ. તથા કિમતી અવેજ લઇને કરી હોય તે વ્યવસ્થા સિવાયની મિલકતની બાજી કોઈપણ વ્યવસ્થા જો તે વ્યવસ્થા કરનાર એવી વ્યવસ્થા કર્યા પછી બે વર્ષની અદર નાદાર કરે તો વસુલદારની વિરૂદ્ધ ગેરકાયદેસર ગણાશે અને તે રદ કરવાનો કોર્ટને અધિકાર છે

પ૪ (૧) જે કોઈપણ સખસ પોતાનુ કરજ પાકતુ જાય તેમ તેમ પોતાના પૈસામાથી આપવાને અશક્ત હોય તે સખસે કોઈપણ લેણદારને બીજા લેણદારના કરતા અગેસરતા આપવાના ઈરાદાથી તે લેણદારને નામે કરી આપેલી મિલકતની દરેક તબદીલ અથવા તેણે આપેલી દરેક રકમ માથે લીધેલી દરેક જવાબદારી તથા લીધેલુ અથવા લેવા દિધેલુ દરેક ન્યાયનું કામ, એવા સખશે એવી વાતો કર્યાની તારીખથી ત્રણ મહિનાની અદર અરજી કરવામા આવેથી જો તે સખસ નાદાર ઠરે તો વસુલદાર વિરૂધ્ધ કપટનું તથા ગેરકાયદેસર છે એમ ગણવુ અને તે કોર્ટે રદ કરવુ

[૨] જે કોઈપણ સખસે નાદારના લેણદારની મારફત અથવા તેની તરફથી પોતાનો હક શુધ્ધબુધ્ધિથી અને કિમત અવેજ આપીને પ્રાપ્ત કર્યા હશે તે સખસના હકને આ કલમના કોઇપણ ઠરાવ ઉપરથી બાધ આવશે નહિ

પપ નાદારીનુ બજાવણી ઉપર જે પરિણામ થાય છે તે સબધી તથા ચોક્કસ વ્યવસ્થા અને અગ્રેસરતા લેખ રદ થવા સબધી આ આકટના ઉપરના ઠરાવોને પાત્ર (અ) નાદારે પોતાના લેણદારોમાના કોઇપણ લેણદારને જે રકમ ભરી હોય તેને, (બ) નાદારને જે કાઇપણ રકમ આપી હોય અથવા જે કાઇ માલ સ્વાધીન કર્યા હોય તેને, (ક) નાદારે કિમતી અવેજ લઇને જે કાઇપણ તબદીલી કરી આપી હોય તેને અથવા (ડ) નાદારે અથવા નાદારની સાથે કિમતી અવેજ લઇને જે કાઇપણ કરાર અથવા લેવડદેવડ કરી હોય તેને,

આ આકટના કોઇપણ ઠરાવ ઉપરથી નાદારીની બાબતમા બાધ આવે છે, એમ સમજવુ નહી

પણ અવુ ઠરાવ્યુ છે કે એવી કાઇપણ લેવડદેવડ (નાદાર) ઠરાવવાના હુકમની તારીખ પહેલા થવી જોઇએ અને સદરહુ લેવડદેવડ જે શખસની સાથે થાય તેને સદરહુ લેણદાર તરફથી અથવા તેની સામે નાદારીની કોઇપણ અરજી રજુ કરાવ્યાની તે વખતે ખબર હોવી જોઇએ નહિ

મિલકત લેવા બાબત

પ૬ (૧) કોર્ટ નાદારીનો હુકમ કરતી વખતે અથવા ત્યાર પછી કોઇપણ વખતે, નાદારની મિલકતનો વસુલદાર નીમવાને મુખત્યાર છે, અને ત્યાર પછી એવી મિલકત એવા વસુલદારને પ્રાપ્ત થશે

(૨) ઠરાવવામા આવે તેવી શરતોને પાત્ર, કોર્ટ—

(અ) વસુલદારને એવી મિલકતના સંબંધમા જે કાઇ મળે તે બાબતનો યોગ્ય હિસાબ આપવા માટે, પોતાને યોગ્ય લાગે તેવા જામીન આપવાનું તેને ફરમાવવાને, અને (બ) નાદારની માલ મિલકતમાથી વસુલદારને તેની મહેનત બદલ આપવાનુ મહેનતાણુ, સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને, ઠરાવવાને, મુખત્યાર છે (૩) જ્યારે કોર્ટ વસુલદાર નિમે ત્યારે ઉપર કહ્યા પ્રકારની કોઇ પણ મિલકત જે સખસના કબજામા અથવા હવાલામા હોય તેની પાસેથી અથવા હવાલો લઈ લેવાને મુખત્યાર છે.

પણ એવુ ઠરાવ્યુ છે કે જે સખસના કબજામાથી અથવા હવાલામાથી નાદારને મિલકત લઇ લેવાનો હાલ અધિકાર ન હોય તે સખસની પાસેથી તેવી મિલકતનો કબજો અથવા વહિવટ લઈ લેવાનો આ કલમમાના કોઇપણ ઠરાવ ઉપરથી કોર્ટને અધિકાર મળે છે એમ સમજવુ નહિ

(૪) આ કલમની રૂએ નીમાયલો વસુલદાર–(અ) કોર્ટ ફરમાવે તેવી મુદ્દતે અને તેવા નમુનામા પોતાના હિસાબ રજુ કરવાને ચુકે, અથવા (બ) સદરહુ હિસાબ પ્રમાણે પોતાની પાસે જે બાકી લહેણી નિકળે તે કોર્ટ ફરમાવે તે રીતે આપવાને ચુકે, અથવા [ક] પોતાની જાણીજોઇને કરેલી કસુરથી અથવા બારે ગફલતથી તે મિલકતને નુકસાન કરે, ત્યારે કોર્ટ તેની મિલકત જપ્ત કરીને વેચવાનો હુકમ કરવાને મુખત્યાર છે, અને તે વેચાણના જે પૈસા આવે, તે તેની પાસે જે બાકી લહેણી નીકળતી માલમ પડે તે વસુલ કરવામા અથવા તેણે સદરહુ પ્રમાણે કરેલુ નુકસાન ભરી દેવામા વાપરવાને મુખત્યાર છે

(૫) આ કલમના ઠરાવો બની શકે તેટલે સુધી કલમ ૨૦ મુજબ નિમાયલા ઇન્ટરિમ વસુલદારોને લાગુ પડશે

૫૭ (૧) સ્થાનિક સરકાર પોતાને યોગ્ય લાગે એવા સખસોને પોતે ઠરાવે એવી સ્થાનિક હદની અંદર આ આક્ટ મુજબ વસુલદારો નીમવાને મુખત્યાર છે, આવા વસુલદારોને " ઓફિશિયલ રિસીવરો " કહેવા

(૨) આ આક્ટ મુજબ હકુમત હોય એવી કોઈ પણ કોર્ટની હકુમતની હદની અંદરના સ્થાનિક પ્રદેશ માટે કોઈ પણ ઓફિશિયલ રિસીવર સદરહુ પ્રમાણે નીમવામા આવ્યો હોય તે પ્રસગે, તે કોર્ટ વિશેષ કારણસર બીજી રીતે ફરમાવે તે સિવાય, એવી કોર્ટે વસુલદાર અથવા ઇન્ટરિમ વસુલદાર નીમવા માટે કરેલા દરેક હુકમના કારણ સારૂ તે વસુલદાર છે એમ સમજવુ

(૩) ઓફિશિયલ રિસીવરની નોકરીના સંબધમા ૧૮ મી કલમની પેટા–કલમ (૨) ની રકમ (બ) ની રૂએ આપવાની કોઇપણ રકમ સ્થાનિક સરકાર ઠરાવે તેવા ફડ ખાતે જમે કરવી.

[૪] દરેક ઓફિશિયલ રીસીવરને સ્થાનિક સરકાર આ અર્થે ઠરાવે તેટલું મહેનતાણુ સદરહુ ફડમાથી અથવા બીજી રીતે મળશે, અને એવી રીતે ઠરાવેલા મહેનતાણા ઉપરાત તેને ઓફિશિયલ રિસીવર તરીકે બીજુ કાઇપણ મહેનતાણુ મળશે નહિ

૫૮ વસુલદાર નીમવામા ન આવે તે પ્રસગે, કોર્ટને આ આક્ટ મુજબના વસુલદારના સઘળા હક મળશે તથા તે આક્ટ મુજબના વસુલદારના સઘળા અધિકાર ચલાવી શકશે

૫૯ આ આક્ટના ઠરાવોને પાત્ર, સદરહુ વસુલદારે, બનતી તાકીદે, દેણદારની મિલકત વસુલ કરવી અને લેણદારોને જે ફાળો મળવાનો હક હોય તે તેમને વહેચી આપવો, અને સદરહુ કારણ સારૂ તે નીચે પ્રમાણે કારવાને મુખત્યાર છે, એટલે (અ) નાદારની સઘળી મિલકત અથવા તેનો કોઈપણ ભાગ વેચવાને, [બ] પોતાને મળેલા કોઇપણ પૈસા માટે પહોચ આપવાને, અને એવો વસુલદાર, કોર્ટના પરવાનગીથી નીચેની સઘળી અથવા કોઇપણ બાબત કરવાને મુખત્યાર છે, એટલે -(ક) નાદારનો ધધો ફાયદાકારક રીતે સંકેલી લેવા સારૂ જેટલે સુધી હોય તેટલે સુધી તે ચલાવવાને,

(ડ) નાદારની મિલકતને લગતી કોઇ પણ ફરિયાદ અથવા બીજુ કાયદાસર કામ માડવાને, તેમા બચાવ કરવાને અથવા તે ચાલુ રાખવાને, (ઇ) કોર્ટ મજુર કરે તેવુ કોઇપણ કામ ચલાવવા સારૂ અથવા કોઇપણ ધધો કરવાસારૂ પ્લીડર અથવા બીજો મુખત્યાર રાખવાને, (ફ) નાદારની કોઇપણ મિલકતના વેચાણના અવેજ તરીકે ભવિષ્યમા આપવાની પૈસાની રકમ, તારણ વિગેરેની બાબતમા કોર્ટને યોગ્ય લાગે એવી શરતોને પાત્ર લેવાને, (ગ) નાદારનુ દેવુ આપવા માટે પૈસાની રકમ ઉભી કરવા સારૂ, તેની મિલકતનો કોઇ

પણ ભાગ ગીરો મુકવાને અથવા સાનગીરો મુકવાને, (હ) કોઇપણ તકરાર લવાદીપર સોપવાને, તથા સઘળા દેણાની, દાવાઓની અને જવાબદારીઓની કબુલ કરવામા આવે એવી શરતે, તોડજોડ કરવાને, (આઇ) જે મિલકતનું વેચાણ તેના વિશેષ પ્રકારને લીધે અથવા બીજા ખાસ પ્રસગોને લીધે તરત અથવા ફાયદાકારક રીતે થઇ શકે એમ ન હોય તે મિલકત તેની અડસટે કાઢેલી કિંમત પ્રમાણે તેના વિદ્યમાન રૂપમા લેણદારોને વહેચી આપવાને

૬૦ (૧) જે કોઇપણ સ્થાનિક પ્રદેશમા, સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૬૮ મી કલમ પ્રમાણે ઠરાવ કરેલો હોય ને તે ઠરાવ અમલમા હોય તેવા સ્થાનિક પ્રદેશમા, સરકારને મહેસુલમા ભરતી હોય આથવા ખેતીવાડીના કામ સારૂ ધારણ કરી હોય અથવા ગણોતે આપી હોય એવી સ્થાવર મિલકતનુ વેચાણ વસુલદારે કરવુ નહી, પણ નાદારની બીજી મિલકતના પૈસા ઉપર અવ્યા પછી, કોર્ટ—

(અ) મળી ચુકેલી રકમ બાદ કરતા આ આકટની રૂયે સાબિત કરેલા દેવા આપવાને બાકી કેટલી રકમ જોઇશે તે, (બ) નાદારની કેટલી સ્થાવર મિલકત વેચ્યા વગરની રહી છે તે, અને (ક) તેના ઉપર કાઇ બોજા છે કે કમ તે નકકી કરવુ, અને ઉપર લખેલી વિગતની યાદી કલેકટરને મોકલવી, ત્યાર પછી કલેકટરે સદરહુ કાયદાના ત્રીજા પરિશિષ્ના ૨ થી ૧૦ સુધીના પારિગ્રાફ ઉપરથી મળેલા અધિકારો ચલાવીને તથા તે પારેગ્રાફના ઠરાવો લાગુ હોય તેટલે સુધી તેઓને અનુસરીને, એ પ્રમાણે જોઇતી હોય તે રકમ ઉભી કરવા માડવી, અને આ પ્રમાણે અધિકાર ચલાવ્યાથી તેના હાથમા જે રકમો આવે તે સઘળી રકમો કોર્ટનો હુકમ આવે તે પ્રમાણે વ્યવસ્થા થવા સારૂ પોતાની પાસે રાખવી

(૨) સ્થાવર મિલકત ઉપરના હુકમનામા અથવા હુકમોની બજાવણી અટકાવનારા અથવા મર્યાદિત કરનારા વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇ પુણ કાયદાના ઠરાવોને આ આકટના કોઇ પણ ઠરાવ ઉપરથી બાધ આવે છે એમ સમજવુ નહિ, અને એવા કોઇ પણ ઠરાવો આ આકટની રૂયે કરેલો નાદારીનો ઠરાવ જાણે એવુ હુકમનામુ અથવા હુકમ હોય એવી રીતે તેનો અમલ થવા સારૂ તેને લાગુ પડશે

મિલકતની વહેંચણી

૬૧ (૧) નાદારની મિલકતની વહેચણીમા, નીચેની રકમો બીજા બધા દેવાની પહેલા આપવી જોઇએ —

(અ) માલક મુઆઝમનુ અથવા કોઈ સ્થાનિક અધિકારીનુ જે દેવુ હોય તે સઘળુ દેવુ, તથા (બ) કોઈપણ કારકુને અથવા નોકરે અથવા મજુરે નાદારીની અરજી થયાની તારીખ પહેલા ચાર મહિનાની અંદર નાદારની કરેલી નોકરી બાબત વધારેમા વધારે ૨૦ રૂપિયા જેટલો પગાર અથવા મજુરી

(૨) નાદારની મિલકત, પેટા–કલમ (૧) મા કહેલા દેવા આપવાને પુરતી હોય તો તે દેવા એકમેકના સબધમા સરખા ગણવા જોઇએ, અને તે પુરેપુરા આપવા જોઇએ, પણ જો તે મિલકત તેમ કરવાને પુરતી ન હોય તો, તે, તે એકમેકના સબધમા ઘટાડવા જોઇએ

(૩) વહિવટના અથવા બીજી રીતના ખરચ સારૂ જરૂરની રકમો રાખીને, નાદારની મિલકત પેટા–કલમ (૧) મા કહેલા દેવા પુરેપુરા આપવાને જેટલે સુધી પુરતી હોય તેટલે સુધી, તે દેવા તાબડતોબ આપવા જોઇએ

(૪) ભાગીઆઓની બાબતમા, પત્યાળાની મિલકત પ્રથમત પત્યાળાની દેવાની ભરપાઇ કરવામા વાપરવી જોઇએ, અને દરેક ભાગીઆની જુદી મિલકત પ્રથમત તેના જુદા દેવાની ભરપાઇ કરવામા વાપરવી જોઇએ ભાગીઆઓની જુદી મિલકતમાથી કાઇ વધારો રહે ત્યારે, તેને પત્યાળાની મિલકતનો ભાગ ગણવો જોઇએ અને જ્યારે પત્યાળાની મિલકતમાથી કાઇ વધારો રહે ત્યારે પત્યાળાની મિલકતમા દરેક ભાગીઆનો જે હક અથવા હિતસબંધ હોય તેના પ્રમાણમા તેને દરેકની જુદી મિલકતનો ભાગ ગણવો જોઇએ

(૫) આ આકટના ઠરાવોને પાત્ર યાદીમ દાખલ થયેલા સઘળા દેવામા તેની રકમના પ્રમાણમા ફાળે પડતા અને નિષ્પક્ષપાતે આપવા જોઇએ. (૬) ઉપર કહેલા દેવાની ભરપાઇ કર્યા પછી કાઇ વધારો રહે ત્યારે તે વધારો, લેણદારને જે તારીખે નાદાર ઠરાવવાનો હુકમ કર્યો હોય તે તારીખથી, યાદીમા દાખલ થયેલા

સઘળા દેવાપર દર વર્ષે દર સેકડે છ ટકા લેખે વ્યાજ આપવામા વાપરવો જોઇએ

૬૨ (૧) ફાળો ગણતી વખતે વસુલદારે—(અ) જે દેવાં આ આકટની રૂએ સાબિત કરી શકાય એમ હોય અને જે નાદારના કહેવા ઉપરથી અથવા બીજી રીતથી એટલે બધે દુર રહેનાર સખસોના હોય કે જે સખસો પત્રવ્યવહારના સાધારણ ક્રમ પ્રમાણે પોતાની સાબિતી રજુ કરવા સારૂ પુરતો વખત મળ્યો ન હોય તે દેવા બાબત, [બ] આ આકટની રૂએ સાબિત થઇ શકે એવા જે દેવા બાબતના દાવા તે વખત સુધી નક્કી કરવામા ન હોય તેવા દેવા બાબત, (ક) વાધો લીધેલી સાબિતી અથવા દાવા બાબત, અને (ડ) ઈસ્ટેટનો વહિવટ કરવાના અથવા બીજી રીતના જરૂરના ખર્ચ બાબત બંદોબસ્ત કરવા સારૂ પોતાના હાથમા જોઈતી હોય તેટલી માલમત્તા રહેવા દેવી જોઇએ

(૨) પેટા-કલમ (૧) ના ઠરાવોને અનુસરીને, પોતાના હાથમાના સઘળા પૈસા ફાળા પ્રમાણે વહેચી આપવા જોઇએ

૬૩ કોઇપણ ફાળો અથવા ફાળા જાહેર કરવામા આવે તે પહેલા જે કોઇપણ લેણદારે પોતાનુ લેણુ સાબિત કર્યું નહિ હોય તેને વસુલદારના હાથમા વિદ્યમાન કાળે એવા કોઈપણ પૈસા ભવિષ્યમા કોઇપણ ફાળો અથવા ફાળા આપવામા વાપરવામા આવે તે પહેલા તેને તે પૈસામાથી ન મળ્યો હોય એવો કોઇપણ ફાળો અથવા ફાળા માનવાનો હક થશે, પણ તેનુ લેણુ સાબિત ન થાય તે પહેલા જાહેર કરેલા કોઇપણ ફાળાની વહેચણીમા, પોતાને કાઇ મળ્યું નથી એ કારણને લીધે ફેરફાર કરવાનો તેને હક નથી

૬૪ જ્યારે વસુલદારે નાદારની સઘળી મિલકતના પૈસા વસુલ કર્યાં હોય અથવા વસુલદારી નકામી લબાવ્યા વગર કોર્ટના અભિપ્રાય પ્રમાણે તેનો જેટલો ભાગ વસુલ કરી શકાય એમ હોય તેટલો વસુલ કર્યો હોય ત્યારે, તેણે છેલ્લો ફાળો વસુલ કરવો, પણ એમ કરતા પહેલા તેણે, જે સખસોએ પોતે લેણદાર હોવાનો દાવો કર્યો હોય પણ જેમનો દાવો સાબિત થયો ન હોય તે સઘળા સખસોને ઠરાવેલી રીતે નોટીસ એવી આપવી કે તે નોટીસમા ફરમાવેલી મુદતની અંદર જો તેઓ પોતાના હક સાબિત કરશે નહિ તો તેમના લેણા ઉપર ધ્યાન ન આપતા તે આખરની વહેચણી જાહેર કરશે એવી રીતે ઠરાવેલી મુદત પુરી થયા પછી અથવા એવા કોઇપણ દાવા કરનારની અરજી ઉપરથી કોર્ટ તેને પોતાનો દાવો સાબિત કરવા સારૂ જે વધારે મુદત આપે તે પુરી થયા પછી, બીજા કોઇપણ સખસના દાવા ઉપર ધ્યાન ન આપતા નાદારની મિલકત યાદીમા લખેલા લેણદારો વચ્ચે વહેચી આપવી

૬૫ ફાળાને સારૂ વસુલદાર સામે કોઇપણ ફરિયાદ ચલાવી શકાશે નહિ, પણ જ્યારે કોઇપણ ફાળો આપવાની વસુલદાર ના કહે ત્યારે, કોર્ટ, યાદીમા લખેલા કોઇપણ લેણદારની અરજી ઉપરથી તે આપવાનુ તેને ફરમાવવાને અને જેટલા વખત સુધી, તે આપવામા આવ્યો ન હોય તેટલા વખતનુ વ્યાજ તથા અરજીનો ખરચ તેના ખીસામાથી આપવાનું તેને ફરમાવવાને મુખત્યાર છે

૬૬ (૧) કોર્ટ પોતે ફરમાવે તેવી રીતે તેથા તેવી શરતોએ, નાદારની મિલકતના અથવા તેના કોઇપણ ભાગના વહિવટ પર દેખરેખ રાખવા સારૂ, અથવા નાદારની મિલકતના અથવા તેના કોઇપણ ભાગના વહિવટ પર દેખરેખ રાખવા સારૂ, અથવા નાદારનો જો કાઇ ધધો હોય તો તે લેણદારના હિત માટે ચલાવવા સારૂ, અને તે મિલકની વ્યવસ્થા કરવામા કોઇપણ બીજી રીતે મદદ કરવા સારૂ તે નાદારને નિમવાને મુખત્યાર છે

(૨) કોર્ટ વખતો વખત, નાદારની મિલકતમાથી, નાદારના પોતાના તથા તેના કુટુબના પોષણ સારૂ, અથવા મિલકત સંકેલી લેવામા તેને રાખ્યો હોય તો તેની નોકરીના બદલામા, પોતાને યોગ્ય લાગે એવુ લવાજમ નાદારને આપવાને મુખત્યાર છે પણ આવુ કોઇપણ લવાજમ કોઈપણ વખતે ઘટાડવાને અથવા તે બંધ કરવાને કોર્ટ મુખત્યાર છે

૬૭ નાદારના લેણદારોને આ આકટમા ઠરાવ્યુ છે તે પ્રમાણે વ્યાજ સાથે પુરેપુરી રકમ આપ્યા પછી તથા આ આકટની રૂએ ચલાવેલા કામના તમામ ખર્ચ ખરાજત આપ્યા પછી જે કાંઇ બાકી રહે તે લેવાનો નાદારને હક છે

વસુલદાર સામે કોર્ટને અપીલ

૬૮ જો નાદારને અથવા કોઇપણ લેણુદારને અથવા બીજા કોઇપણુ સખસને વસુલદારના કોઇપણુ કૃત્યથી અથવા નિકાલથી નુકસાન થયુ હોય તો તેને કોર્ટને અરજી કરવાને અધિકાર છે અને કોર્ટ એવા તકરારી કૃત્ય અથવા નિકાલ કાયમ ગખવાને, રદ કરવાને અથવા તેમા ફેરફાર કરવાને તથા પોતાને વાજબી લાગે એવા હુકમ કરવાને મુખત્યાર છે

પણુ એવુ ઠરાવ્યુ છે કે આ કલમ મુજબની કોઇપણુ અરજી જે હુકમ અથવા નિકાલ ઉપર અપીલ કરી હોય તે હુકમ અથવા નીકાલ જે તારીખે થયો હોયે તે તારીખથી એકવીસ દિવસ વિત્યા બાદ લેવી નહિ

ભાગ ૪ થો. શિક્ષાઓ.

૬૯ નાદારીનો હુકમ કર્યા પહેલા અથવા તે પછી, જો કોઇ દેણુદાર—

[અ] ૨૨ મી કલમથી તેના ઉપર નાખેલી ફરજ અદા કરવાનુ, અથવા આકટની રૂયે પોતાના લેણુદારોને વહેચી શકાય એવી, તથા વિદ્યમાનકાળે તેના કબજામા અથવા અકુંબા હોય એવી પોતાની મિલકતના કોઇપણુ ભાગનો કબજો, કોર્ટને અથવા તેનો કબજો લેવાની કોર્ટે સત્તા આપી હોય તેવા કોઇપણુ બીજા સખસને આપવાની જાણીબુઝીને કસુર કરે, અથવા

[બ] પોતાના કામકાજની સ્થિતિ છુપાવવાના અથવા આકટના હેતુ પાર ન પાડવાના ઇરાદાથી, દગલબાજીથી—

(૧) આ આકટની રૂયે તપાસ થવાને પાત્ર હોય એવા પોતાના કામકાજ સબધી કોઇપણુ દસ્તાવેજનો નાશ કર્યો હોય અથવા તે હાજર કરવામા બીજી રીતે ગરજીખુશીથી અટકાવ કર્યો હોય અથવા તે જાણી જોઇને હાજર કર્યો ન હોય, અથવા

(૨) ખોટા ચોપડા રાખ્યા હોય અથવા રખાવ્યા હોય, અથવા (૩) આ આકટની રૂયે તપાસ થવાને પાત્ર હોય એવા પોતાના કામકાજ સબધી કોઇપણુ દસ્તાવેજમા ખોટી નોધો કરી હોય અથવા નોધો બિલકુલ કરી ન હોય અથવા તે જાણીજોઇને બદલી હોય, અથવા ખોટી કરી હોય, અથવા

પોતાના લહેણુદારોમા વહેચી આપવાની રકમ ઘટાડવાના અથવા સદરહુ લેણુદારોમાના કોઇપણુ લેણુદારે અયોગ્ય અગ્રતા આપવાના હેતુથી, દગલબાજીથી,—

(૧) પોતાનુ લ્હેણુ થયેલુ અથવા પોતે આપવાનુ કાઇપણ દેવુ આપ્યુ હોય અથવા છુપાવ્યુ હોય, અથવા (૨) કાઇપણુ જાતની પોતાની મિલકતનો કોઇપણુ ભાગ ખસેડયો હોય, તેના ઉપર બોજો નાખ્યો હોય તે ગીરો મુકયો હોય અથવા સતાડયો હોય

(૨) કોઇપણુ જાતની પોતાની મિલકતનો કોઇપણુ ભાગ ખસેડયો હોય, તેના ઉપર બોજો નાખ્યો હોય તે ગીરો મુકયો હોય અથવા સતાડયો હોય,

તો તેના ઉપર કોર્ટ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી એક વર્ષથી વધારે ન હોય એટલી મુદ્દત સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે

૭૦ (૧) જ્યારે કાર્ટની એમ ખાતરી થાય કે કલમ ૬૯ મા જણાવેલા કોઇપણુ ગુન્હા વિશે તપાસ કરવાનુ કારણુ છે, ત્યારે તમારી સામે એક અથવા વધારે તહોમતનામા શા માટે વધારે કરવા નહી તેનુ કારણુ બતાવે એવા મજકુરની એક નોટિસ દેણુદાર ઉપર સમનો બજાવવા માટે સને ૧૮૯૮ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામા ઠરાવેલી રીતે બજાવવાનુ કોર્ટે ફરમાવવુ

(૨) સદરહુ નોટીસમા ગુન્હાનો સાર લખલો જોઇએ, અને એકજ નોટીસમા ગમે તેટલા ગુન્હા લખવાનો અધિકાર છે

(૩) એવી નોટીસની તથા તેની રૂયે તૈયાર કરેલા કોઇપણુ તોહમતનામાની સુનાવણી વખતે, કોર્ટે બનતા સુધી વારટના મુકદમાનો માજિસ્ટ્રેટે ઇન્સાફ કરતી વખતે સને ૧૮૯૮ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૨૧મા બાબતમા કામ ચલાવવાની જે રીત ઠરાવી છે તે રીતે કામ ચલાવવુ જોઇએ અને હાઇ કોર્ટ તથા સેશન કાર્ટ આગળના ઇન્સાફ સબધી સદરહુ કાયદાના ૨૩ બાબમાના કોઇપણુ ઠરાવ એવા ઇન્સાફને લાગુ પડશે નહી

(૪) આ આકટ મુજબના ગમે તેટલા ગુન્હા બાબત એકજ વખતે તહોમત મુકવાનો અધિકાર છે પણ એવું ઠરાવ્યું છે કે એકજ નાદારીના કામમા આ કલમ મુજબ કરેલા ગુન્હાઓ માટે એકંદર બે વર્ષ કરતા વધુ કેદની શિક્ષા કોઇપણ દેણદારને કરવી નહિ

(૫) કોર્ટ, ૬૯મી કલમ મુજબના ગુન્હામા પોતે તપાસ કરવાને બદલે, હકુમત ધરાવતા સૌથી નજદીકના પહેલા વર્ગના માજિસ્ટ્રેટને લખીને તેની ફરિયાદ કરવાને મુખત્યાર છે અને સદરહુ માજિસ્ટ્રેટે સને ૧૮૯૮ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામા જે રીત ઠરાવી છે તે રીતે સદરહુ ફરિયાદના સંબંધમા કામ લેવુ પણ એવુ ઠરાવ્યુ છે કે ફરિયાદીને તપાસવાની જરૂર હોવી જોઇએ નહિ

૭૧ જે પ્રસંગે કોઇ નાદાર ૬૦ મી કલમમા નિર્દિષ્ટ કરેલા ગુન્હાઓમાના કોઇપણ ગુન્હાના સંબંધમા તકસીરવાન હોય તે પ્રસંગે, તેનો છુટકારો કરવામા આવ્યો છે અથવા તોડજોડ અથવા તો કાંઈ વ્યવસ્થા બાબતની યોજના કબુલ કરવામા આવી છે અથવા મંજુર કરવામા આવી છે એ સબબને લીધે તે ગુન્હા માટે તેના ઉપર આગળ કામ ચલાવી શકાશે નહિ એમ સમજવુ નહિ

૭૨. (૧) છુટકારો નહિ થયેલો જે કોઇ નાદાર પોતે છુટકારો થયા વગરનો નાદાર છે એમ કોઈપણ સખસને ખબર કર્યા વગર એવા સખસની પાસેથી ૫૦ રૂપિયા સુધીની અથવા વધારે રકમ ઉધાર લેશે તો માજિસ્ટ્રેટ આગળ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી તેને છ મહિના સુધીની કેદની અથવા દંડની અથવા એ બેઉ શિક્ષા થશે

(૨) જે પ્રસંગે કોર્ટને એમ માનવાને કારણ હોય કે છુટકારો ન પામેલા કોઈ નાદારે પેટા-કલમ [૧)મા જણાવેલો ગુન્હો કર્યો છે તે પ્રસંગે, કોર્ટ, જરૂરની હોય તેવી કોઇ પ્રાથમિક તપાસ કરીને સૌથી નજદીકના પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ આગળ ઇન્સાફ થવા સારૂ તે બાબત મોકલવાને મુખત્યાર છે, અને તોહમતદારને પેહેરામા મોકલવાને અથવા તો એવા માજીસ્ટ્રેટ આગળ હાજર થવા માટેનુ પુરતું તારણ લેવાને મુખત્યાર છે, અને સદરહુ ઇન્સાફ વખતે હાજર થવા તથા પુરાવો આપવા સારૂ કોઇપણ સખસના હાથ મુચલકા લેવાને મુખત્યાર છે

૭૩ (૧) જ્યારે કોઈપણ દેણદારને આ આકટની રૂયે નાદાર ઠરાવવામા આવ્યો હોય અથવા ફરીથી પાછો નાદાર ઠરાવવામા આવ્યો હોય ત્યારે તે આ કલમના ઠરાવોને પાત્ર—

(અ) માજિસ્ટ્રેટ તરીકે નિમાવાને અથવા કામ કરવાને, (બ) કોઇપણ સ્થાનિક અધિકારીના કોઇપણ ઓદ્દાપર જ્યારે એવા ઓદ્દાની નિમણુક ચુટણીથી થતી હોય ત્યારે ચુટી કાડવાને, અથવા જે કોઇપણ ઓદ્દા માટે પગાર આપવામા આવતો ન હોય તેવો ઓદ્દો ધારણ કરવાને અથવા તેનો અમલ ચલાવવાને, અને (ક) કોઇપણ સ્થાનિક અધિકારીના સભ્ય તરીકે ચુટી કહાડવાને અથવા બેસવાને અથવા મત આપવાને લાયક ગણાશે નહી,

(૨) આ કલમ મુજબ નાદાર જે અયોગ્યતાને પાત્ર છે, તે અયોગ્યતા,—

(અ) ૩૫મી કલમ મુજબ નાદારીના હુકમ રદ કરવામા આવ્યો હોય તો, અથવા (બ) તેને કોર્ટ છુટકારાનો હુકમ, પછી તે સંપુર્ણ હોય યા શરતોવાળો હોય તે, તથા તે છુટનારની સાથે તેના તરફથી કાઇપણ ગેરવ્યવસ્થા વિના દુર્ભાગ્યને લીધે તે નાદાર થયો હતો એવુ પ્રમાણપત્ર આપે તો, દુર થશે અને બંધ થયેલી ગણાશે

(૩) કોર્ટ પોતાને યોગ્ય લાગે તો એવુ પ્રમાણપત્ર આપવાને અથવા આપવાની ના પાડવાને મુખત્યાર છે, પણ ના પાડવાનો કોઇપણ હુકમ અપીલને પાત્ર રહેશે.

ભાગ ૫ મો.

સંક્ષિપ્ત વહિવટ

૭૪. જ્યારે દેણદારે કોઈ અરજી કરી હોય અથવા દેણદારની વિરૂદ્ધ કરવામા આવી હોય ત્યારે, જો કોર્ટની સોગનનામા ઉપરથી અથવા બીજી રીતે એવી ખાતરી થાય કે સદરહુ દેણદારની મિલકતની કિંમત પાચસો રૂપિયા કરતા વધારે થાય તેમ નથી, તો કોર્ટને એવો હુકમ કરવાનો અધિકાર છે કે, એવા દેણ-

દારની મિલકતનો સંક્ષિપ્ત રીતે વહીવટ કરવો અને તે ઉપરથી, આ આક્ટના ઠરાવો હેઠળના સુધારાને પાત્ર થશે, એટલે કે —

(૧) કોર્ટ બીજી રીતે ફરમાવે તે સિવાય આ આક્ટની રૂએ આપવાની કોઈ પણ નોટીસ સ્થાનિક સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવામા આવશે નહી,

(૨) દેણદારની અરજી દાખલ થયેથી સદરહુ દેણદારની મિલકત વસુલદાર તરીકે કોર્ટના કબજામા રહેશે, (૩) અરજીની સુનાવણી વખતે કોર્ટ દેણદારના દેવા તથા તેની મિલકત વિશે તપાસ કરશે તથા લેખી હુકમ કાઢીને તે નક્કી કરશે, અને ૩૩ મી કલમના ઠરાવની રૂએ યાદી તઈયાર કરવાની જરૂર રહેશે નહી

(૪) દેણદારની મિલકત બને તેટલી વાજબી ત્વરાથી મેળવવામા આવશે, અને ત્યાર પછી, તેની વહેચણી, એકજ હપ્તે કરવાનુ બની શકે એમ હોય તો, એકજ હપ્તે કરવામા આવશે (૫) દેણદાર નાદારીના હુકમના ૭ મહિનાની અંદર પોતાના છુટકારા માટે અરજી કરવી જોઈએ,

(૬) ખર્ચ બચાવવાના તથા કામ ચલાવવા બાબતની રીત સહેલી કરવાના ઈરાદાથી ઠરાવવામા આવે તેવા બીજા ફેરફારો,

પણ એવુ ઠરાવ્યુ છે કે, કોર્ટ કોઈપણ વખતે એવુ ફરમાવવાને મુખત્યાર છે કે, આ આક્ટમા ઠરાવેલી સાધારણ કામ ચલાવવાની રીત દેણદારની મિલકતના સબંધમા અનુસરવામા આવશે અને ત્યારબાદ સદરહુ આક્ટનો તે પ્રમાણે અમલ થશે

ભાગ ૬ ઠો.

અપીલો

૭૫ (૧) ડિસ્ટ્રીક્ટ કોર્ટની તાબાની કોર્ટે નાદારી હકુમત ચલાવતા જે ચુકાદો આપ્યો હોય અથવા જે હુકમ કર્યો હોય તેથી જે દેણદારને વસુલદારને અથવા બીજા કોઈ પણ સખસને નુકસાન થયુ હોય તે ડિસ્ટ્રીક્ટ કોર્ટને અપીલ કરવાને મુખત્યાર છે અને તે ડિસ્ટ્રીક્ટ કોર્ટે એવી અપીલમા કરેલો હુકમ આખરનો છે એમ સમજવુ

પણ એવુ ઠરાવ્યુ છે કે ડિસ્ટ્રીક્ટ કોર્ટે અપીલમા કરેલા હુકમ કાયદા પ્રમાણે હતો એવી પોતાની ખાતરી કરવા સારૂ હાઈ કોર્ટે સદરહુ મુકદમાના કાગળો મંગાવવાને અને તેના સબંધમા પોતાને યોગ્ય લાગે એવો હુકમ કરવાને મુખત્યાર છે

પણ વધુ એવુ ઠરાવ્યુ છે કે, ૪ થી કલમની રૂએ કોઈ પણ તાબાની કોર્ટના ચુકાદા ઉપર અપીલ કર્યા પછી ડિસ્ટ્રીક્ટ કોર્ટના ચુકાદાથી જેને નુકસાન થયું હોય એવો સખસ સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ ૧૦૦ ની પેટા–કલમ (૧) મા જણાવેલા કારણોમાના કોઈપણ કારણો સર હાઈ કોર્ટને અપીલ કરવાને મુખત્યાર છે

(૨) તાબાની કોર્ટે કરેલા હુકમ ઉપર કરેલી અપીલમા નહી પણ બીજી રીતે, પરિશિષ્ટ ૧ લા નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આપેલા ડિસ્ટ્રીક્ટ કોર્ટના કોઈ પણ ચુકાદા અથવા કરેલા કોઈ પણ હુકમથી જેને નુકસાન થયુ હોય એવો કોઈ પણ સખસ હાઈ કોર્ટને અપીલ કરવાને મુખત્યાર છે

(૩) તાબાની કોર્ટે કરેલા હુકમ ઉપરની અપીલમા કરેલા હુકમ સિવાયના ડિસ્ટ્રીક્ટ કોર્ટના બીજા કોઈપણ હુકમથી જેને નુકસાન થયુ હોય એવો કોઈ પણ સખસ ડિસ્ટ્રીક્ટ કોર્ટની રજાથી હાઈ કોર્ટને અપીલ કરવાને મુખત્યાર છે

(૪) આ કલમની રૂએ ડિસ્ટ્રીક્ટ કોર્ટને અથવા હાઈ કોર્ટને કરવાની અપીલની મુદત અનુક્રમે ૩૦ તથા ૯૦ દીવસ છે એમ સમજવુ

ભાગ ૭ મો.

પરચુરણ

૭૬ આ આક્ટની રૂએ ચાલતા કોઈપણ કામનો ખરચ તથા દેણદારને દિવાની કેદખાનામા અટકાવી રાખવાનો ખરચ, આ આક્ટની રૂએ કરેલી કોઈ પણ કાનુનોને પાત્ર, એવુ કામ જે કોર્ટમા ચાલતુ હોય તે કોર્ટની મુનસફી ઉપર રહેશે

૭૭ નાદારીમાં હકુમત હોય એવી સઘળી કોર્ટોએ અને તેવી કોર્ટોના અમલદારોએ અનુક્રમે નાદારીની સઘળી બાબતોમાં એક બીજાને મદદ કરવી અને એક બીજાને સહાય કરવી, અને જે કોર્ટ એવી કોર્ટોમાંથી કોઇ પણ કોર્ટની મદદ માગે તે કોર્ટે કરેલા હુકમ એવા હુકમમા લખેલી બાબતોના સંબંધમા જે, અથવા જે કોર્ટમે એવો હુકમ કર્યો હોય તે કોર્ટ એવીજ બાબતોમાં પોતપોતાની હકુમતમા જે અધિકાર ચલાવી શકે તેજ અધિકાર ચલાવી શકે તેજ અધિકાર ચલાવવાને તે બીજી કોર્ટને પુરતો છે એમ સમજવુ

૭૮ (૧) સને ૧૯૦૮ ના હિંદુસ્તાનના મુદત બાબતના આકટની કલમ ૫ તથા ૧૨ ના ઠરાવો આ આકટ મુજબની અપીલો તથા અરજીઓને લાગુ પડશે; અને સદરહુ કલમ ૧૨ ના કારણ સારૂ, ૪ થી કલમ મુજબનો ચુકાદો હુકમનામુ હોય એમ સમજવુ

(૨) જે પ્રસંગે આ આકટની રૂયે નાદારીનો કોઇ હુકમ રદ કરવામા આવ્યો હોય તે પ્રસંગે, (કલમ ૨૮ ની પેટા-કલમ (૨) મુજબ (જેના સંબંધમા કોર્ટની રજા મેળવવામાં આવી હોય એવા દાવા તથા અરજી સિવાયના બીજા) હુકમનામાની બજવણી માટે, આ આકટ પ્રમાણે નાદારીનો હુકમ ન કરવામાં આવ્યો હોત તો, જે કોઇ પણ દાવો અથવા અરજી કરવામા આવી હોત તે દાવા અથવા અરજીના સબંધમા ઠરાવેલી મુદતનો વખત ગણવામા, નાદારીના હુકમની તારીખથી તે સદરહુ હુકમ રદ થયાની તારીખ સુધીના દિવસો બાતલ કરવા

પણ એવું ઠરાવ્યું છે કે આ કલમમાનો કોઇપણ મજકુર સાબિત થઇ શકે એવા કોઇ પણ આ આકટ મુજબ સાબિત થયુ ન હોય એવા દેવાના સબંધના દાવા અરજીને લાગુ પડશે નહિ.

૭૯ (૧) કલકત્તાની હાઇ કોર્ટ ગવર્નર જનરલ ઇન કાઉન્સિલની, અને કોઇ પણ હાઇ કોર્ટ સ્થાનિક સરકારની; અગાઉથી મંજુરી લઇને, આ આકટના ઠરાવો અમલમા આણવા સારૂ કાનુનો કરવાને મુખત્યાર છે

(૨) વિશેષ કરીને અને ઉપર લખેલા અધિકારની સામાન્ય વ્યાપ્તીને બાધ ન આવે એવી રીતે, એવી કાનુનોમા નીચેની વાતો બાબત ઠરાવ કરવાનો અધિકાર છે, એટલે.—

(અ) (ઓફિશિયલ રીસિવર સિવાયના) વસુલદારો નીમવા બાબત તથા તેમને લવાજમ આપવા બાબત, સઘળા વસુલદારના હિસાબ તપાસવા બાબત તથા એવી તપાસણીના ખરચ બાબત, (બ) લેણદારોની મિટીંગ બાબત

(ક) લેણદાર કોઇ પેઢી હોય ત્યારે કામ ચલાવવાની રીત ઠરાવવા બાબત, અને (ડ) જેમનો વહીવટ સંક્ષિપ્ત રીતે કરવા જોગ હોય એવી ઇસ્ટેટની બાબતમા કામ ચલાવવાની રીત ઠરાવવા બાબત

(૩) આ કલમની રૂયે કરેલા સઘળા કાનુનો, પ્રસંગ પ્રમાણે ઇંડિયા ગેઝેટમા અથવા સ્થાનિક સરકારી ગેઝેટમા પ્રસિદ્ધ કરવા, અને તે એવી રીતે પ્રસિદ્ધ થાય એટલે જાણે, તે આ આકટમા દાખલ કરી હોય તેવી રીતે તેમનો અમલ થશે

૮૦ (૧) કોઇ કોર્ટ, સદરહુ પ્રમાણે મંજુરી મેળવીને જે કોઇ પણ બાબતમા આ આકટ ઉપરથી પોતાને હકુમત મળી હોય તે બાબતમા ઓફિશિયલ રીસીવરને, સદરહુ કોર્ટના હુકમોને પાત્ર નીચેના સઘળા અથવા કોઇ પણ અધિકાર છે એમ વખતે વખતે ફરમાવવાને મુખત્યાર છે

(અ) નાદારીની અરજીઓ સાભળવાનો, દેણદારની જબાની લેવાનો અને નાદારીના હુકમ કરવાનો, (બ) યાદીઓ તૈયાર કરવાનો અને લેણદારોના પુરાવા લેવાનો અથવા લેવાની ના પાડવાનો, (ક) છુટકારો કરવાના હુકમ કરવાનો, (ડ) તોડજોડ અથવા ગોઠવણીની યોજનાઓ મંજુર કરવાનો,

(ઇ) જરૂરની કોઇપણ બાબતમા વચગાળેનો હુકમ કરવાનો (ફ) કોઇપણ તકરાર વગરની અથવા એક તરફી અરજી સાભળવાનો તથા નિકાલ કરવાનો

(૨) ૬૮ મી કલમમા ઠરાવ્યા પ્રમાણેની સદરહુ કોર્ટને અપીલ કરવામા હકને પાત્ર ઓફિશિયલ રીસીવરે સદરહુ અધિકાર ચલાવીને કરેલો કોઇપણ હુકમ અથવા કરેલું કોઇપણ કૃત્ય સદરહુ કોર્ટનો હુકમ છે અથવા કૃત્ય છે એમ સમજવુ

૮૧ કોઇપણ સ્થાનિક સરકાર, ગવર્નર જનરલ ઇન કૌન્સીલની અગાઉથી મજુરી લઇને તથા સ્થાનિક સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિધ્ધ કરીને એવુ જાહેર કરવાને મુખત્યાર છે કે, એવી સ્થાનિક સરકાર જેનો વહિવટ કરતી હશે તે મુલકના કોઇપણ ભાગમા જેમને હકુમત હોય એવી કોર્ટમા અથવા કોર્ટોમા ચાલતા નાદારીના કામમા પરિશિષ્ટ ૨મા નિર્દિષ્ટ કરેલા આ આકટના કોઇપણ ઠરાવો લાગુ પડશે નહિ.

૮૨ આ આકટમાનો કોઈપણ મજકુર

(અ) સને ૧૯૦૯ ઇલાકાના મુખ્ય શહેરોનો નાદારીના આકટને અથવા સને ૧૯૦૦ ના દક્ષિણ બ્રહ્મદેશની કોર્ટોના આકટની કલમ ૮ ને બાધ કરશે નહિ અથવા

(બ) સને ૧૮૭૯ના દખણમાના ખેડુતોને મદદ કરવા બાબતના આકટનો ૪થો બાબ જે બાબતોને લાગુ પડે છે તે બાબતોને લાગુ પડશે નહિ

૮૩ (૧) પરિશિષ્ટ ૩ જામા લખેલા કાયદા તેના ચોથા આસનમા લખ્યુ છે તેટલે સુધી આ ઉપરથી રદ કર્યા છે

(૨) આ આકટની શરૂઆત વખતે અમલમા હોય એવા કોઇપણ કાયદામા અથવા લેખમા સને ૧૮૭૭ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાના અથવા સને ૧૮૮૨ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૨૦ ના બાબ (નાદાર હુકમનામાના દેણદાર બાબત) ઉપર અથવા તેમાના કોઈપણ એક બાબની કોઇપણ કલમ ઉપર હવાલો આપેલો હોય તો તે હવાલો, આ આકટ ઉપર અથવા તેની તેને મળતી કલમ ઉપર આપેલો છે એમ બનતા સુધી અર્થ કરવો

ધર્માદા તથા ધાર્મિક ટ્રસ્ટો બાબતનો કાયદો.

સને ૧૯૨૦ નો આકટ નંબર ૧૪ મો

૧ (૧) આ આકટને સને ૧૯૨૦ નો ધર્માદા તથા ધાર્મિક ટ્રસ્ટો બાબતનો આકટ કહેવો

[૨] તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે

પણ એવુ ઠરાવ્યુ કે, ગવર્નર જનરલ ઇન્ કાઉન્સિલ, ઇન્ડિયા ગેઝેટમા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને એવુ ફરમાવવાને મુખત્યાર છે કે, આ આકટ, અથવા તેનો નિર્દિષ્ટ કરેલો કોઇ પણ ભાગ, કોઇ નિર્દિષ્ટ કરેલા પ્રાત અથવા પ્રદેશને અથવા કોઈ નિર્દિષ્ટ કરેલા ટ્રસ્ટ અથવા ટ્રસ્ટોના વર્ગને લાગુ પડશે નહી

૨ આ આકટમા, વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબધ ઉપરથી કાઇપણ બાધ ન આવતો, "કોર્ટ" એ સજ્ઞાનો અર્થ ડિસ્ટ્રીકટ જડજની કોર્ટ અથવા સ્થાનિક સરકારે અધિકાર આપ્યો હોય તેવી બીજી કોર્ટ એવો થયો છે અને તેમા સાધારણ અવલ દિવાની હકુમત ચલાવતી હોય તે હાઇકોર્ટનો સમાવેશ થાય છે

૩ આ આકટમા હવે પછી ઠરાવ્યુ છે તે સિવાય, ધર્માદા અથવા ધાર્મિક પ્રકારના સાર્વજનિક કામો સારૂ ઉત્પન્ન કરેલા અથવા વિદ્યમાન હોય એવા કાઇપણ ઉક્ત અથવા અર્થસિદ્ધ ટ્રસ્ટમા હિતસબધ હોય એવા કોઈપણ સખસ, જે કોર્ટની હકુમત નીચેની સ્થાનિક હદમા તે ટ્રસ્ટના વિષયની કોઇપણ ખરેખરો ભાગ આવ્યો હોય તે કોર્ટને હેઠળની સઘળી અથવા કોઇપણ સુચનાવાળો હુકમ મેળવવા સારૂ અરજી કરવાને મુખત્યાર છે એટલે કે—

(૧) અરજી કરનાર સખસને ટ્રસ્ટ કેવા પ્રકારનુ છે તે તથા તેના હેતુઓ, તથા ટ્રસ્ટનો વિષય કેટલી કિમ્મતનો છે, તે કેવી સ્થિતિમા છે, તેનો વહીવટ કેવી રીતે થાય છે તથા તેનો શો ઉપયોગ થાય છે તે, તથા તેની આવકની કેટલી છે, તે અથવા આમાની કોઇપણ બાબતોને લગતી હકીકતો કોર્ટની મારફતે પુરી પાડવાનુ ટ્રસ્ટીને ફરમાવનારો, તથા

(૨) ટ્રસ્ટના હિસાબ તપાસવા તથા ઓડિટ કરાવવા જોઇએ એમ ફરમાવનારો

પણ એવું ઠરાવ્યું છે કે કોઈપણ સખસે, અરજીની તારીખ પહેલા ત્રણ વર્ષ કરતા વધારે મુદતને લગતા હિસાબની બાબતમા એવો કાઇ પણ હુકમ મેળવવા માટે અરજી કરવી નહી

૪ (૧) અરજી કરનાર સખસ ટ્રસ્ટમા કેવી રીતે હિતસબધ ધરાવવાનો દાવો કરે છે તે અરજીમા બતાવવું જોઇએ, અને તેમા પોતે જે વિગતો તથા ઓડિટ મેળવવા માગતો હોય તે, બની શકે તેટલા નિર્દિષ્ટ કરવા જોઇએ

(૨) અરજી લખી હોવી જોઇએ અને સન ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂએ ફરિયાદ અરજી ઉપર સહી કરવા તથા તે ખરી હોવાનો દાખલો મળવા માટે ઠરાવેલી રીત ઉપર સહી કરવી જોઇએ તથા તે ખરી હોવાનો દાખલો લખવો જોઇએ

૫ (૧) કલમ ૩ ની રૂએની અરજી મળેથી પોતાને જરૂરનો લાગે તેવો પુરાવો લીધા પછી તથા જરૂરની લાગે તેવી તપાસ કર્યા પછી કોર્ટનો એવો મત થાય કે જે ટ્રસ્ટને લગતી અરજી કરવામા આવી છે તે ટ્રસ્ટ આકટ લાગુ પડતો હોય એવું ટ્રસ્ટ છે અને તેમા અરજી કરનાર હિતસબધ ધરાવે છે તો, તેણે અરજીની સુનાવણી માટે તારીખ નક્કી કરવી તથા ટ્રસ્ટી અને જે બીજા કોઇપણ સખસને તેના મત પ્રમાણે, અરજીની નોટીસ આપવી જોઇએ તે સખસ ઉપર અરજીની નકલ તથા એવી નક્કી કરેલી તારીખની નોટીસ મોકલાવવી જોઇએ

(૨) અરજીની સુનાવણી માટે નક્કી કરેલી તારીખે, અથવા ત્યારપછીની જે બીજી કોઇ પણ તારીખ પર સુનાવણી મુલતવી રાખવામા આવે તે તારીખે, કોર્ટ અરજી કરારનારનું તથા જો ટ્રસ્ટી હાજર થયો હોય તો તેનું, અને જે કોઇપણ બીજો સખસ નોટીસની રૂએ હાજર થયો હોય તેનું, અથવા જે સખસનું કહેવું સાભળવું જોઇએ એમ કોર્ટ માનતી હોય તેનું કહેવું સાભળવા માડવું, અને પોતાને યોગ્ય લાગે તેવી બીજી, તપાસો જો કોઈ કરવાની હોય તો તે) કરવી ટ્રસ્ટી પહેલી સુનાવણી વખતે અથવા કોર્ટ રજા આપે તે વખતની અદર પોતાના દાવાની લેખી કેફીયત રજુ કરવાને મુખત્યાર છે, અને કોર્ટ જો એમ ફરમાવે તો તેણે તેમ કરવું જોઇયે જો તે લેખી કેફીયત રજુ કરે તો, સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂએ પ્લીડીગ ઉપર સહી કરવા તથા તે ખરૂ હોવાનો દાખલો લખવા માટે ઠરાવેલી રીત પ્રમાણે સદરહુ કેફીયત ઉપર સહી કરવી જોઇએ તથા તે ખરી હોવાનો દાખલો લખવો જોઇએ

(૩) જો કોઇપણ સખસ અરજીની સુનાવણી વખતે હાજર થાય અને ટ્રસ્ટ હોવાનો ઇનકાર કરે અથવા જેને આ આકટ લાગુ પડતો હોય એવું ટ્રસ્ટ હોવાને તે ઇન્કાર કરે અને તેવી મતલબનું જાહેર કરાવવા માટે તથા બીજી કોઇ યોગ્ય દાદ માટે ત્રણ મહિનાની અદર દાવો માડવાનું માથે લે તો કોર્ટે કામ ચલાવવાનું અટકાવવાનો હુકમ કરવો, અને સદરહુ દાવો એવી રીતે માડવામા આવ્યો હોય તો, તેનો છેવટનો નિર્ણય થાય નહી ત્યાસુધી તે કામ ચલાવવાનુ અટકાવી રાખવું

(૪) જો ઉપર પ્રમાણેનું કાઈ માથે લેવામા આવ્યુ ન હોય તો અથવા જો ત્રણ મહિનાની મુદત પુરી થયા પછી, એવો કોઈપણ દાવો માડવામા ન આવ્યો હોય તો કોર્ટ તે સવાલનો પોતે નિર્ણય કરવો

(૫) પેટા-કલમ (૨) મા જે તપાસ વિશે ઠરાવ કરવામા આવ્યો છે તે તપાસ પુરી થયેથી કોર્ટે સદરહુ અરજી કાઢી નાખવી અથવા પોતાને યોગ્ય લાગે તેવા બીજા હુકમો કરવા

પણ એવું ઠરાવ્યુ છે કે, પેટા કલમ (૩) ના ઠરાવોની રૂએ દાવો માડયો હોય ત્યારે, તેમાના છેલ્લા નિર્ણયથી વિરૂદ્ધ હોય એવા કાઈપણ હુકમ કોર્ટે કરવા નહી

(૬) આ કલમમા ઠરાવ્યું છે તે સિવાય, કોર્ટે, અરજી કરનાર તથા ટ્રસ્ટની વિરૂદ્ધના હકનો દાવો કરનાર કોઇ પણ સખસ વચ્ચેના હકના કોઇ પણ સવાલ બાબતનો ઇન્સાફ કરવો નહી અથવા તેનો નિર્ણય કરવો નહી

૬ જો કોઇ પણ ટ્રસ્ટી વાજબી કારણ સિવાય, કલમ ૫ ની પેટા-કલમ (૫) ની રૂએ કરેલા કોઇ પણ હુકમ મુજબ ન વર્તે તો, એવો ટ્રસ્ટી વિદ્યમાનકાળે અમલમા હોય એવા કોઇ પણ કાયદાની રૂએ બીજા જે કોઇ પણ દડ અથવા જવાબદારીને પાત્ર થાય તે દડ અથવા જવાબદારીને બાધ આવ્યા સિવાય,

તેણે ટ્રસ્ટનો ભંગ કરીને સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની ૯૨ મી કલમના ઠરાવો અન્વયેના દાવા માટે કારણ આપેલું ગણાશે; અને એવો કોઇપણ દાવો, એવી રીતે ન વર્તવા ઉપર આધાર રાખતો હોય તેટલે સુધી, એડવોકેટ જનરલની અગાઉથી સંમતિ લીધા સિવાય માંડવાનો અધિકાર છે.

૭ (૧) આ આક્ટમા હવે પછી ઠરાવ્યુ છે તે સિવાય, ધર્માદા અથવા ધાર્મિક પ્રકારના સાર્વજનિક કારણો સારૂ ઉત્પન્ન કરેલા અથવા વિદ્યમાન હોય એવા કોઇ પણ ઉક્ત અથવા અર્થસિદ્ધ ટ્રસ્ટનો ટ્રસ્ટી, જે કોર્ટની હકુમત નીચેની સ્થાનિક હદમા ટ્રસ્ટના વિષયનો કોઇ પણ ખરેખરો ભાગ આવ્યો હોય તે કોર્ટને, ટ્રસ્ટની મિલકતની વ્યવસ્થા અથવા વહિવટને લગતા કોઇ પણ સવાલ ઉપર તે કોર્ટના અભિપ્રાય, સલાહ અથવા સુચના માટે અરજી કરવાને મુખત્યાર છે અને કોર્ટે, તે ઉપર પ્રસંગ પ્રમાણે, પોતાનો અભિપ્રાય, સલાહ અથવા સુચના આપવી જોઇએ;

પણ એવુ ઠરાવ્યુ છે કે કોર્ટે, સંક્ષિપ્ત રીતે નિકાલ માટે યોગ્ય નથી એમ પોતાને લાગે તેવા કોઇપણ સવાલ ઉપર એવો અભિપ્રાય, સલાહ અથવા સુચના આપવાને પોતે બંધાયલી છે એમ સમજવુ નહીં

(૨) પેટા–કલમ (૧) ની રૂયે કરેલી અરજી ઉપર કોર્ટ તાબડતોબ પોતાનો અભિપ્રાય, સલાહ અથવા સુચના આપવાને અથવા અરજીની સુનાવણી માટે તારીખ ઠરાવવાને મુખત્યાર છે, અને તે ટ્રસ્ટમા હિતસંબંધ ધરાવતા હોય તેવા પોતાને યોગ્ય જણાય તે સખસો ઉપર અરજીની નકલ તથા એવી રીતે નક્કી કરેલી તારીખથી નોટિસ મોકલવાનુ, અથવા જાણ થવા માટે, પોતાને યોગ્ય લાગે તેવી રીતે પ્રસિદ્ધ કરાવવાનુ ફરમાવવાને મુખત્યાર છે

(૩) પેટા–કલમ (૨) ની રૂયે ઠરાવેલી કોઇપણ તારીખે અથવા ત્યારપછી જે કોઇપણ તારીખે સુનાવણી મુલતવી રાખવામા આવી હોય તે તારીખે, કોર્ટે કાઇપણ અભિપ્રાય, સલાહ અથવા સુચના આપ્યા પહેલાં સદરહુ અરજીના સંબંધમા હાજર થનારા સઘળા સખસોને જે કહેવાનુ હોય તે કહી સંભળાવવાની વાજબી તેણે તક આપવી

(૪) પેટા–કલમ [૧] અન્વયેની અરજીમા ટ્રસ્ટને લગતી કોઇપણ બાબતની હકીકત શુદ્ધિબુદ્ધિથી જણાવનાર તથા તે ઉપર કોર્ટે આપેલા અભિપ્રાય, સલાહ અથવા સુચના પ્રમાણે કામ કરનાર કોઇપણ ટ્રસ્ટીએ, જે બાબતમા અરજી કરવામા આવી તે બાબતમા, તેની પોતાની જવાબદારી હોય તેટલે સુધી, એવા ટ્રસ્ટી તરીકે પોતાની ફરજો બજાવી છે, એમ ગણાશે

૮ આ આક્ટના ઉપર જણાવેલા ઠરાવોની રૂયે જણાવેલા કોઇપણ અરજીના તથા તેને આનુષંગિક તથા તેના સંબંધમા ચાલેલા સઘળા કામનો ખરચ તથા ચાર્જ કોર્ટની મુનસફીપર રહેશે અને જે ટ્રસ્ટના સંબંધમા અરજી કરવામા આવી હોય તે ટ્રસ્ટના મિલકત અથવા આમદાનીમાથી સઘળો ખરચ તથા તેવા કોઇપણ ભાગ અદા કરવાનુ અથવા તેને યોગ્ય લાગે તેવી રીતે તથા તેવા સખસોએ ખમવાનુ તથા આપવાનુ ફરમાવવાને તે મુખત્યાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે (અરજી કરનાર સિવાયના) જે કોઇપણ અરજીની નોટિસ મળી ન હોય તથા જેને પોતાનુ કહેવુ સંભળાવવાની વાજબી તક આપવામા આવી ન હોય તે સખસની સામે આવો હુકમ કરવો નહી

૯ આ આક્ટના ઉપર જણાવેલા ઠરાવોની રૂયે કોઇપણ ટ્રસ્ટના સંબંધમા કરેલી અરજી હેઠળના કાઇપણ સંજોગમા સ્વીકારવામા આવશે નહી, એટલે કે—

(અ) જો સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૯૨ મી કલમની રૂયે માંડેલા દાવો પ્રસ્તુત ટ્રસ્ટના સંબંધમા ચાલુ હોય તો, (બ) જો ટ્રસ્ટની મિલકત ટ્રેઝરર ઓફ ચેરિટેબલ એનડાઉમેન્ટસ, એડમિનિસ્ટ્રેટર–જનરલ, ઓફિશિયલ ટ્રસ્ટી અથવા સને ૧૮૬૦ ના સોસાયટીઓ નોંધવા બાબતના આક્ટની રૂયે નોંધેલી કોઇ પણ સોસાયટીના કબજામા આપવામા આવી હોય તો, અથવા (ક) જો ટ્રસ્ટની મિલકતના વહિવટ માટેની યોજના, લાયક હકુમત ધરાવનારી કોઇ પણ કોર્ટે અથવા કોઇ પણ કાયદાના ઠરાવોની રૂયે કામ કરનાર બીજા કોઇ પણ અધિકારીએ નક્કી કરેલી અથવા પસંદ કરેલી હોય તો

૧૦ (૧) સને ૧૮૬૩ ના ધર્માદા દાન બાબતના આક્ટની કલમ ૧૪ અથવા સને ૧૯૦૮ ના

દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ ૯૨ ની રૂએ માંડેલા કોઇ પણ દાવામા કોર્ટ, વાદી અરજી કરેથી તથા પ્રતિવાદીનુ કહેવુ સાભળ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, સાર્વજનિક હિતને માટે આવો હુકમ જરૂર છે તેની ખાતરી થાય તો, એવો દાવો માડવામા તથા ચલાવવામા વાદીને થયેલા અથવા થવાની સભવ હોય તેવા કોઇ પણ ખરચ માટે તારણ પુરૂ પાડવાનુ અથવા જે ટ્રસ્ટના સબધમા દાવો હોય તે ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેના કબજામાના કોઇ પણ નાણામાથી, એવો ખરચ સઘળો અથવા અશત અદા કરવા સારૂ કોર્ટને યોગ્ય લાગે તે રકમ અનામત મુકવાનું પ્રતિવાદીને ફરમાવવાને મુખત્યાર છે

(૨) જ્યારે પેટા-કલમ (૧) ની રૂએ કરેલા કોઇ પણ હુકમ મુજબ કાઇપણ નાણુ અનામત મુકવામા આવ્યુ હોય ત્યારે કોર્ટ દાવો ચલાવવા સારૂ વાદીને એવી રકમ સઘળી અથવા અશત સોંપી દેવાને મુખત્યાર છે વાદીને એવી રકમ સોંપી દેવા પહેલા, કોર્ટ, જો તે પાછી રીફડ આપવાનો હુકમ કરે તો, તે રીફડ કરવી સારૂ વાદી પાસેથી તારણ લેવુ

૧૧ (૧) (અ) સોગનનામાથી કોઈ વાત સાબિત કરવાને, (બ) કોઇ પણ સખસને હાજર થવાની ફરજ પાડવાને તથા કસમ ઉપર તેને તપાસવાને, (ક) લેખો રજુ કરવાની ફરજ પાડવાને, અને (ડ) કમિશનો કાઢવાને,

લગતા સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ઠરાવો આ આકટની રૂએના સઘળા કામકાજોને લાગુ પડશે, અને સમન્સો બજાવવાને લગતા ઠરાવો, તેની રૂએની નોટિસો બજાવવાને લાગુ પડશે

(૨) હુકમનામા બજાવવાને લગતા સદરહુ કાયદાના ઠરાવો, લાગુ પાડી શકાય તેટલે સુધી, આ આકટની રૂએના હુકમો બજાવવા સારૂ લાગુ પડશે

૧૨ આ આકટની રૂએ કરેલા કોઈ પણ હુકમ અથવા આપેલા કોઇપણ અભિપ્રાય, સલાહ અથવા સુચના સામે અપીલ ચાલશે નહી

ભાગ ૪ થો.

ફોજદારી, રેવન્યુ અને દિવાની કોર્ટમાં કરવાની અરજીઓ જવાબો અને દસ્તાવેજોના નમુના.

દસ્તાવેજ અને અરજીઓ લખનારે ધ્યાનમાં રાખવાની સુચના.

દસ્તાવેજ લખનારે વેચાણ, ગીરો, બક્ષીસ, કે કોઇપણ દસ્તાવેજ ઉપર પુરતી કિંમતનો સ્ટાપ હોવો જોઇએ, દરેક દસ્તાવેજ ઉપર કેટલો સ્ટાપ જોઇએ તે આ પુસ્તકમા આપેના સ્ટાપ એકટમા જોઇ ખાત્રી કરવી તથા રજીસ્ટર કરાવવા માટે " દસ્તાવેજો નોધવાનો કાયદો " જોવો કોઇ પણ દસ્તાવેજ લખતા પહેલા તે જે કીમતનો દસ્તાવેજ લખવાનો હોય તેના પુરતી કીમતના સ્ટાપવાળો દસ્તાવેજ છે કે કેમ તે જોઇ પછી દસ્તાવેજ લખવાની શરૂઆત કરવી

દસ્તાવેજની છાપની નીચે ચાર પાચ આગળ જગ્યા સબ રજીસ્ટરના શેરા માટે કોરી રાખી પછી તળેથી દસ્તાવેજ લખવાની શરૂઆત કરવી દસ્તાવેજ ટુકામા તમામ મતલબ આવી જાય તેમ ચોખા અને સારા અક્ષરોથી લખવો, લાવેલા દસ્તાવેજ ઉપર પુરૂ ન લખી શકાય તો, જોડે જાડા સારા કાગળ ઉપર સાધણુ લખવુ અને તે દસ્તાવેજ સાથે દોરાથી સાધી લેવો

દસ્તાવેજમા બીલકલ છેકાવુ ન જોઇએ માટે બરોબર કાળજી રાખી લખવો છતા કદાચ છેકાય તો દસ્તાવેજ લખી રહ્યા પછી તળે કઈ લીટીમા કયા શબ્દો છેકાય છે તે નીચે લખવુ જોઇએ,

દસ્તાવેજ લખી રહ્યા પછી ડાબી બાજુએ દસ્તાવેજ લખી આપનારનુ મતુ કરાવવુ, ને જમણી બાજુએ લખનારે લખીતગ કરી સાખ કરી તથા બે ચાર સારા માણસોની સાખો કરાવવી લખનારે દસ્તાવેજ લખી આપનારને પુરેપુરો વાચી સભળાવવો અને મીલકતનુ વર્ણન તથા હક તેના કહેવા મુજબ લખવા

દસ્તાવેજ લખનારે સ્ટામ્પ એકટ અને રજીસ્ટ્રેશન એકટ વાચી તે ઉપર લખી નાખવુ

વીલ અને ગણુવત કોળા કાગળ ઉપર લખાય છે તેને માટે સ્ટાપની જરૂર નથી

અરજીઓ લખનારને સુચના.

અરજીઓ કોળા કાગળ ઉપર સારા અક્ષરે ટુકમા સમજાય તેમ લખવી દરેક અરજી ઉપર કેટલી કોર્ટ ફી ટીકીટ જોઈએ તે કોર્ટ ફી એકટમા જોઇને તે પ્રમાણે અરજી ઉપર ટીકીટો ચોટાડવી

ઉપર ટીકીટ ચોટાડવાની જગ્યા કોરી રાખી પછી નીચેની અરજીઓ લખવાની શરૂઆત કરવી દરેક અરજીમા લખનારે લખીતગ કરવાની જરૂર નથી

ફોજદારી અરજીઓ-મેજીસ્ટ્રેટને કરવાની અરજી.

(મથાળુ)—મહેરબાન ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ સાહેબ. ______________

તાલુકે

ફરીઆદી (નામ અ—બ) જાત—ઉમ્મર—ધંધો-રહેવાસી

તોહમતદાર (નામ ક—ડ) જાત – ઉમ્મર—ધંધો—રહેવાસી

ફોજદારી ફરીઆદ—ઇંડીઅન પીનલકોડ કલમ મુજબ

હુ ફરીઆદી (નામ) અરજ કરૂ છુ કે તહોમતદારે મારી સાથે (જે બીના બની હોય તેની

વીગત જણાવવી) અમુક વર્તણુક ચલાવી તેથી મારી તેના ઉપર પીનલકોડની કલમ મુજબ ફરીઆદ છે

મારા સાક્ષીઓ નીચે પ્રમાણે છે તેમને સમન કરી બોલાવી તોહોમતદાર ઉપર કામ ચલાવી શિક્ષા કરવા અરજ છે.

સાહેદના નામ તથા ઠેકાણા નીચે લખવા

તારીખ સહી (ફરીઆદીએ સહી કરવી)

મહેરબાન ફર્સ્ટક્લાસ માજીસ્ટ્રેટ સાહેબ.

મુ

ફરીઆદી	નામ,	જાત,	ઉમ્મર,	ધંધો	રહેવાસી
તહોમતદાર	નામ,	જાત,	ઉમ્મર,	ધંધો	રહેવાસી

ફોજદારી ફરીઆદ-ઇડીઅન પીનલકોડ કલમ મુજબ

હુ ફરીઆદણ બાઇ અ બ તે તહોમતદાર ક ડ ની ધણીઆણી અરજ કરૂ છુ કે, મારૂં લગ્ન તહોમતદાર ક ડ સાથે મારા બાપે ચાર વર્ષ ઉપર કર્યું છે તહોમતદાર આજ બે વર્ષથી મને તેડતો નથી અને હુ ત્યા જઉ છુ તો મને મારે છે, અને કહાડી મૂકે છે તે મને બોલાવતો નથી તેમ અન્ન વસ્ત્ર પણ આપતો નથી. હાલ તે એક વર્ષ ઉપર બીજી કન્યા વેરે પરણ્યો છે જેથી તે મને તેડતો નથી તહોમતદાર અમુક ગામે અમુક વસ્તુનો વેપાર કરી વર્ષે દિવસે અમુક રકમ કમાય છે (અથવા નોકરી કરતો હોય તો તે લખી તેની કમાણી જણાવવી) માટે હુ અરજ કરૂ છુ કે આપ સાહેબ તેના ઉપર કાયદેસર કામ ચલાવી મને દર મહીને રૂ ૧૫ કે ૨૦ અગર જે આપ સાહેબને યોગ્ય લાગે તે રકમ તે મારા ધણી તહોમતદાર ક ડ પાસે મને મારા અન્ન વસ્ત્રને માટે દર મહીને અપાવવાનો હુકમ કરવા અરજ છે

મારા સાક્ષી નીચે પ્રમાણે છે.

સાક્ષીઓના નામ ને ઠેકાણા લખવા

તારીખ **સહી—ફરીઆદણની**

મહેરબાન સેકન્ડ ક્લાસ માજીસ્ટ્રેટ સાહેબ

તાલુકે

ફરીઆદી	અ બ	નામ	જાત	ઉમ્મર	ધંધો	રહેવાસી
તહોમતદાર	ક ડ	નામ	જાત	ઉમ્મર	ધંધો	રહેવાસી.

ફોજદારી ફરીઆદ-ઈંડીઅન પીનલકોડની કલમ મુજબ

હુ ફરીઆદી અ બ અરજ કરૂં છુ કે તહોમતવાળાએ મારી સાથે આવી વર્તણુક ચલાવી છે (જેવી હકીકત બની હોય તે લખવી) માટે મારી તેની સામે અમુક ગુન્હાની ફરીઆદ પીનલકોડ કલમ પ્રમાણે છે માટે મારા નીચે જણાવેલા સાક્ષીઓને સમન કરી બોલાવીને કામ ચલાવશો ને તહોમતદારને શીક્ષા કરવા અરજ છે

સાક્ષીઓના નામ ને ઠેકાણા લખવા

તારીખ **ફરીઆદીની સહી.**

મહેરબાન ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટ સાહેબ.

તાલુકે ________

ફરીઆદી	નામ	જાત	ઉમ્મર	ધંધો	રહેવાસી
તહોમતદાર	નામ	જાત	ઉમ્મર	ધંધો	રહેવાસી

ફોજદારી ફરીઆદ ઈંડીઅન પીનલકોડ કલમ મુજબ

હુ ફરીઆદી અરજ કરૂ છુ કે તારીખ ના રોજ હુ મારા ઘર આગળ બેઠો હતો તે વખતે તહોમતદારે ત્યા આવીને મને કહ્યુ કે તમે રસ્તામા કચરો કેમ નાખો છો અને અમને અડચણ કરો છો, મે કહ્યુ કે કચરો નાખ્યો છે, આવુ જુઠુ શુ બોલો છો ? તે ઉપરથી તહોમતદારે મને મા બેન સમાણી ગાળો ભાડી, અને હું કહેવા ગયો ત્યા તો તેણે મને ગડદાપાટુનો માર માર્યો પણ એવામા બીજા માણસોએ વચ્ચે પડીને મને છોડાવ્યો માટે મારી તહોમતવાળા ઉપર તિરસ્કારની તથા વ્યથાની ફરીઆદ છે તે વાત મારા નીચેના સાક્ષીઓથી સાબીત થશે તેમને હુ નં. ૧–૨ ને મુદતે રજુ કરીશ બાકીનાને સમન કરી બોલાવી કામ ચલાવીને તહોમતદારને શિક્ષા કરવા અરજ છે

<u>સમન કરવાના સાક્ષીનાં નામ અને ઠેકાણાં</u> તેમને સમન કરશો

<u>રજુ કરવાના સાક્ષીનાં નામ અને ઠેકાણાં</u> મુદતે હુ રજુ કરીશ

તારીખ ફરીઆદીની સહી ________

સુચના—ફોજદારી અરજીમા—જે મેજીસ્ટ્રેટને ફરીઆદ કરવી હોય તેનું મથાળુ ઉપર મુજબ કરવુ તળે ફરીઆદીનુ નામ-ઠામ લખવુ તે નીચે તહોમતદારનુ લખવુ પછી " હુ ફરીઆદી અરજ કરૂ છુ કે, આમ લખી જે હકીકત બની હોય તે ટુકામા મુદ્દાસર જણાવવી કે તહોમતદારે મારી સાથે આવી વર્તણુક ચલાવી માટે મારી તેના ઉપર અમુક ગુન્હાની ફરીઆદ છે, જે પછી સાક્ષીઓના નામ જણાવી તેમને સમન કરવા કે રજુ કરવાના છે તે જણાવી તળે તારીખ નાખી ફરીઆદીએ સહી કરવી

કૉગ્નીઝેબલ ગુન્હાની ફરીઆદ પોલીસ થાણાના અમલદારને થઇ શકે છે અને નૉનકૉગ્નીઝેબલ ગુન્હાની ફરીઆદ પરભારી માજીસ્ટ્રેટ પાસે થઈ શકે છે કૉગ્નીઝેબલ અને નૉન કૉગ્નીઝેબલ ગુન્હાની સમજણ માટે ક્રીમીનલ પ્રોસીજરકોડ, પીનલકોડ અને ડીસ્ટ્રીકટ પોલીસ એકટ વાચી જોવા

રેવન્યુ વિષયને લગતી ફરિયાદો.

કલેકટરને કે મામલતદારને કરવાની ફરીઆદો.

મથાળુ નંબર ૧

મહેરબાન કલેકટર સાહેબ બહાદુર.

જીલ્લે ________

સાહેબની જીનાબમા મોજે (ગામ) તાલુકે (નામ) ના રહેવાસી (નામ) ની સલામ સાથે અરજ કરવાની કે—

(અહી હકીકત લખવી ને જે દાદ માગવી હોય તે જણાવવી. અને નીચે અરજદારે સહી કરવી. વધુ માટે જમીનદારે કે ખેડુતે કાઇજમીન મહેસુલ સબંધી કે જમીન સબંધી અરજી આપવી હોય તે સબધી લેન્ડ રેવન્યુ કોડ જોવો)

નંબર ૨.

મહેરબાન મામલતદાર સાહેબ.
તાલુકે

સાહેબની જીનાબમા મોજે (નામ) તાલુકે [નામ] નો રહેવાસી [નામ] અરજ કરૂ છુ કે—

આ પછી અહી અરજીની મતલબ ટુકમા લખવી
તળે તારીખ નાખીને સહી કરવી

નંબર ૩ (કબજા માટે અરજી)

મહેરબાન મામલતદાર સાહેબ.
તાલુકે,

વાદીનું નામ, ઉમ્મર, ધર્મ, જાત, ધધો તથા રહેવાનુ ઠેકાણુ
પ્રતીવાદીનુ નામ, ઉમ્મર, ધર્મ, જાત, ધધો, તથા રહેવાનુ ઠેકાણુ.

હુ વાદી દાવો કરૂ છુ કે--મારી મિલકત (અહી જે મિલકતનો કબજો અથવા જે તાકીદ આપવાની હશે તેનો પ્રકાર લખવો)

જે તારીખે ફરીયાદનુ કારણુ ઉત્પન્ન થયુ હોય તે, જે હકીકત ઉપરથી ફરિયાદનુ કારણુ ઉત્પન્ન થયુ હોય તે તારીખ, અને વાદીના દસ્તાવેજ હોય તો તેની અથવા તેના સાહેદો હોય તો તેની યાદી તથા દરેક સાહેદ શો શો પુરાવો આપે તે, તથા તેમને સમન્સ કરવાના છે કે વાદીએ હાજર કરવાના છે તે લખવુ તે પછી તારીખ લખીને વાદીએ સહી કરવી

આમા પ્રતિવાદી પાસેથી જે મિલકતનો કબજો લેવો હોય તેનુ વર્ણન પ્રથમ લખી પછી તે મિલકત પ્રતિવાદી પાસે ક્યારે અને કેવી રીતે ગઇ તેની હકીકત સાથે તારીખ લખી ટુકમા અરજી લખવી, તળે સાહેદોના નામ લખી સહી ને તારીખ નાખી અરજી આપવી

નંબર ૪ સાંથ કે ગણોત માટેની અરજી

મહેરબાન મામલતદાર સાહેબની કોર્ટમાં
તાલુકે

વરીષ્ટ ધારણુ કરનાર (વાદી) નામ ઉમ્મર, જાત, ધધો ને રહેવાસી
વિરૂદ્ધ
કનિષ્ટ ધારણુ કરનાર-પ્રતિવાદી નામ ઉમ્મર, જાત, ધધો ને રહેવાસી

સાંથ કે ગણોત વસુલ કરવાનો દાવો રૂ

હુ મોજે તાલુકે નો રહેવાસી [નામ) અરજ કરૂ છુ કે મોજે (ગામ) મા મારી ખેતીની જમીન સરવે નબર એકર આકાર વાળી મજકુર ગામના (પ્રતિવાદીનુ નામ) હોય કે મોકબુલાતથી આપી હોય તે હકીકત લખવી) આ સાથના રૂપીઆ કનીષ્ટ ધારણુ કરનારે ચાલુ સાલની મુદત ગયા છતા હજુ સુધી આપ્યા નથી, ને માગવા જઉ છુ તો આપતોજ નથી. માટે તેની ઉપર કામ ચલાવીને તે રૂપીઆ વસુલ કરી આપવાનો હુકમ કરવાની મહેરબાની કરશો આ જમીનનુ મહેસુલ મે ભરી દીધું છે દાવાની સાબીતી માટે ગણુવત મુદતે રજુ કરીશ તથા મારા નીચેના સાક્ષીઓને સમન કરી બોલાવશો જેથી મારો દાવો સાબીત થશે

પ્રતિવાદી ઉપર કહાડવાની નોટીસ ફી તથા સાક્ષી ભથ્થાની રકમ રૂ રજુ કરૂ છુ તેમજ રેકર્ડના પત્રક ઉપરથી તલાટી પાસે લીધેલી નકલ આ સાથે રજુ કરૂ છુ

તારીખ—

વરિષ્ઠ ધારણુ કરનારની સહી કરવી

સુચના —દાવો જ્યારે રૂ ૫૦) ની અંદરનો હોય તો એક આનાની કોર્ટફી ટીકીટ અને રૂ ૫૦ ની ઉપર હોય તો આઠ આનાની કોર્ટફી ટીકીટ અરજી ઉપર મથાળે ચોઢવી જોઇએ

આ અરજી ટપાલ માર્ગે પણ મોકલી શકાય છે વધુ માટે લેન્ડ રેવન્યુ કોડની ક ૮૭ જોવી આવી અરજી તા ૩૧ જુલાઇ અગાઉ મામલતદારને મોકલવી જોઇએ

નંબર ૫

(ઇન્કમટેક્ષ માફ કરાવા કે ઓછો કરાવવાની અરજી)

મહેરબાન આસિસ્ટંટ ઇન્કમટેક્ષ કલેકટર સાહેબ ઇન્ચાર્જ ડીવીઝન.

જીલ્લે

સાહેબની જનાબમા મોજે તાલુકે નો રહેવાસી અ બ.

(નામ) ની અરજ કે,—

માગ ઉપર સને એપ્રીલની ૧ લી તારીખે શરૂ થતા વરસને માટે ઇન્કમટેક્ષ રૂ નો આકારવામા આવ્યો છે

છેલ્લા માર્ચની ૩૧ મી તારીખે પુરા થતા વર્ષને માટે અમુક ધધા કે વેપારમા અમુક અમુક મારી આવક અને ઉત્પન્ન થએલો નફો રૂ, હતો

આ આવક અને નફો બાર મહીનાની અંદર થયો છે ઉપરનાં વરસમા મારે બીજી કાઇ આવક કે નફો નહોતો માટે હું અરજ કરૂ છુ કે તેના ઉપર જે કર આકાર્યો છે તેમા ઘટાડો કરી મારી આવક ને નફાના પ્રમાણમા કર આકારવો અથવા તે આવક કરને પાત્ર નથી માટે મારા ઉપર આકારેલો કર માફ કરવા અરજ છે

તારીખ સહી ____________________

હું અ બ ઉપલી અરજીમા જણાવેલો અરજદાર એકરાર કરૂ છુ કે, તે અરજીમા જે લખ્યુ છે તે મારા જાણવા અને માનવા પ્રમાણે સાચુ છે તારીખ

સહી ____________________

સુચના —આવી અરજી ઇન્કમટેક્ષ ઠરાવ્યાની તારીખથી એક માસની અંદર તાલુકાના આસીસ્ટંટ કે ડીપોટી કલેકટરને અથવા અમદાવાદ, ખેડા કે સુરત જેવા શહેરમા ઇન્કમટેક્ષ કમિશનરને કે ઇન્કમટેક્ષ કલેકટરને કરવી (વધુ માટે ઇન્કમટેક્ષ એક્ટ જોવો)

દીવાની–અરજીઓના નમુના.

નબર ૧ *

ધીરેલા પૈસા વિશે.

બોરસદના મે સે ક. સબજડજ સા. ની કોર્ટમાં

દીવાની ફરીઆદ નંબર.

અ, બ, રહેનાર ... વાદિ,

વિરૂદ્ધ

ક, ડ રહેનાર .. . પ્રતિવાદી

દાવો રૂ૦

હું અ, બ ઉપર કહેલો વાદી જણાવું છુ કે —

૧ તારીખ માહે સને ૧૯ રોજ મે રૂ, પ્રતિવાદીને ધીર્યા તે તારીખ માહે સને રોજ પાછા આપવાના હતા

* નોટ —બીજા સઘળા નમુના માટે નંબર ૧ મુજબ મથાળુ કરવુ જોઇએ

૨ પ્રતિવાદીએ તારીખ માહે સને ૧૯ રોજ રૂા આપ્યા છે તે સિવાય તેણે કઇ આપ્યુ નથી

(મુદ્દતનો કોઇ કાયદો લાગુ કરવાની માફી વાદી માગતો હોય તો લખવુ કે —

૩ તારીખ માહે સને થી તારીખ માહે સને સુધી હું વાદી નાની ઉમરનો (અથવા દિવાનો) હતો,

૪ (દાવાનુ કારણ ક્યારે ઉત્પન્ન થયુ તે અને કોર્ટની હકુમત છે તે વાત લખવી)

૫ ફરિયાદના વિષયની કિંમત હકુમતના કારણ સારૂ રૂપિઆ અને કોર્ટફીના કારણ સારૂ રૂપિયા છે

૬. તારીખ માહે સને ૧૯ થી દર સેંકડે ટકા પ્રમાણે વ્યાજ સહિત રૂા મળવાનો વાદી દાવો કરે છે

નબર ૨

વધારે આપેલા પૈસા.

હું અ બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે —

૧ તારીખ માહે સને ૧૯ ના રોજ આને તોલા પ્રમાણે શુદ્ધ રૂપાના પાસલા મે ખરીદ કરવાનો અને પ્રતિવાદીએ વેચવાનો કરાર કર્યો

૨ મે એક ઇ, ફ પાસે તે પાસલાની પરિક્ષા બદલ પ્રતિવાદીએ તેને પૈસા આપ્યા, અને સદરહુ ઇ ફ એ એવુ કહ્યુ કે તે પાસલામાંનો દરેક પાસલો ૧,૦૦૦ તોલા શુદ્ધ રૂપાનો છે અને તેથી કરીને મે પ્રતિવાદીને તે પાસલાના રૂપિઆ આપ્યા

૩ પાસલામાના દરેક પાસલામા માત્ર ૧,૨૦૦ તોલા શુદ્ધ રૂપુ હતું અને આ બાબતની મને પૈસા આપતી વખતે ખબર નહોતી

૪ આ રીતે વધારે અપાએલી કિંમતની રકમ પ્રતિવાદીએ પાછી આપી નથી

(અહિયા નમુના નંબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાને' મજકુર લખવો તથા જે દાદ માગવી હોય તે લખવી)

નબર ૩

મુકરર કિંમતે માલ વેચીને સ્વાધીન કર્યો હોય તે બદલ.

હુ, અ બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે—

૧ તારીખ માહે સને ૧૯ ના રોજ ઇ ફ એ પ્રતિવાદીને (સો પીપ ઘોટના અથવા આ સાથે જોડેલી યાદમા કહેલો સામાન અથવા પરચુરણ સામાન) વેચીને સ્વાધીન કર્યો

૨, તે માલ બદલ તે સ્વાધીન કરવામા આવે એટલે (અથવા તારીખ માહે સને રોજ ફરીયાદ દાખલ કર્યા પહેલાનો કાઇ દિવસ) રૂ. આપવાનુ પ્રતિવાદીએ વચન આપ્યું

૩, તેણે તે રકમ આપી નથી

૪ તારીખ માહે સન ૧૯ રોજ ઇ ક મરણ પામ્યા, તેણે પોતાની છેવટના મૃત્યુપત્ર ઉપરથી પોતાના ભાઇને એટલે મને મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યો છે.

[અહીયા નમુના નબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો,]

૭ ઈ ફ નો મૃત્યુપત્ર ચલાવનાર તરીકે હુ વાદી દાદ માગુ છુ (દાદ માગવી હોય ને લખવી)

નબર ૪

વાજબી કિંમતે માલ વેચીને સ્વાધીન કર્યો હોય તે બદલ.

હું, અ. બ , ઉપર કહેલો વાદી જણાવુ છુ કે'—

૧ તારીખ માહે સને ૧૯ રોજ [ઘર સણગારનો પરચુરણ સામાન] મે

પ્રતિવાદીને વેચ્યો અને સ્વાધીન કર્યો પણ કિમત વિશે કઇ સ્પષ્ટ કરાર કરવામા આવેલો નથી
૨ તે સામાનની વાજબી કિમત રૂ હતી
(અહીયા નમુના નબર ૧ ના ૪ તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી)

નબર ૫

વાજબી કિંમતે કામ કર્યા બદલ

હુ અ બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે,–
૧ મા તારીખ માહે સને ૧૯ અને તારીખ માહે સને ૧૯ ની દરમ્યાન, મે પ્રતિવાદીના કહેવાથી પ્રતિવાદીને સારૂ (નાના પ્રકારના ચિત્ર (ડ્રાઇગ્સ), નકશા (ડીઝાઇન) અને આકૃતિઓ તૈયાર કર્યાં છે) પરતુ તે કામને વાસ્તે આપવાના રકમ વિષેનો કઇ સ્પષ્ટ કરાર થયો નથી
૨ તે કરવાની વાજબી કિમત રૂ હતી
તે પ્રતીવાદીએ તે આપેલી નથી
(અહિયા નમુના નબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી)

નબર ૬

ઉપભોગ તથા કબજા વિષે

મૈયત ક્ષ, ય. નુ મૃત્યુપત્ર ચલાવનાર હુ, અ બ, ઉપર કહેલો વાદી જણાવુ છુ કે,–
૧, પ્રતિવાદીએ સદરહુ ક્ષ ય ની રજાથી તારીખ માહે સને ૧૯ થી તારીખ માહે સને ૧૯ પર્યંત (મહેલ્લાનુ ઘર નબર) ઉપભોગમા લીધુ અને સદરહુ મકાનના ઉપભોગને બદલે શુ આપવુ તેનો કરાર થયો નથી
૨ સદરહુ મકાનની સદરહુ મુદ્દત પર્યંત ઉપભોગ કરવાની વાજબી કિમત રૂા૦ થાય છે
૪ પ્રતિવાદીએ તે આપ્યા નથી,
(નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો)
૬ સદરહુ ક્ષ ય ના મૃત્યુપત્ર ચલાવનાર તરીકે હું વાદી દાદ માગુ છુ કે (જે દાદ માગી હોય તે લખવી)

નબર ૭

ભાડું લેવા વિષે જામીન ઉપરની

હુ, અ બ, ઉપર કહેલો વાદી જણાવુ છુ કે,—
૧ તારીખ માહે સને ૧૯ રોજ દર વરસ રૂા૦ ભાડુ ઠરાવીને અને તે ભાડુ (દર મહિને) આપવુ એવો કરાર કરીને વરસની બોલીએ [મહેલ્લામા નબરનુ ઘર) મારી પાસેથી એક ઇ ફ એ ભાડે રાખ્યુ
૨ સદરહુ ઘર તેની હદ સુધીત સદરહુ ઈ ફ ને ભાડે આપ્યુ, તેના બદલામા પ્રતિવાદીએ એવો કરાર કર્યો કે, સદરહુ ભાડુ બરોબર વખતો વખત મળશે એ બાબતનો હુ જામીન થાઉ છુ,
૩ સન ૧૯ ના માસનુ ભાડુ રૂા થયુ તે આપ્યુ નથી
(કરારનામાની સરત પ્રમાણે જામીનને નોટીસ આપવાની હોય તો, વધારવુ કે –
૪ સદરહુ ભાડુ મને પહોચ્યુ નથી એ બાબતની તારીખ માહે સને ૧૯ રોજ મે પ્રતીવાદીને નોટીસ આપી અને ભાડુ માગ્યુ

૪ તે પ્રતીવાદીએ આપ્યુ નથી

(અહિયા નમુના નબર ૧ ના ૪ થા તથા ૬ મા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી)

નબર ૮

જમીન ખરીદ કરવાનો કરાર તોડયા બદ્દલ.

હુ અ, બ, ઉપર કહેલો વાદી જણાવુ છુ કે —

૧ તારીખ માહે સને ૧૯ રોજ મે અને પ્રતીવાદીએ એક કરારનામુ કર્યું જે અસલ દસ્તાવેજ આ સાથે જોડયો છે, (અથવા તારીખ માહે સન ૧૯ રોજ, મે અને પ્રતિવાદીએ અરસપરસ એવી કબુલાયત કરી કે ગામમા ચાલીસ વીઘા જમીન રૂ૦ માટે મારે પ્રતીવાદીને વેચવી અને પ્રતીવાદીએ તે મારી પાસેથી ખરીદ કરવી)

૨ તારીખ માહે સને ૧૯ રોજ સદરહુ મિલકતનો હુ કુલ માલીક હોવાથી (અને તે મિલકત ઉપર કઇ બોજો નથી એમ પ્રતિવાદીને જણાવ્યુ હતું તે પ્રમાણે તે ઉપર કઇ બોજો ન હોવાથી) પ્રતીવાદી નક્કી કરેલી રકમ આપે એટલે જોઇએ તેવુ તે મિલકતનુ તબદીલી પત્ર કરી આપુ છુ એમ તે વખતે તેને કહ્યુ (અથવા પુરતો દસ્તાવેજ કરી આપીને તે મિલકત પ્રતીવાદીને તબદીલ કરી આપવાને હુ તઇયાર તથા ખુશી હતો હજી તેમ કરવા તઇયાર તથા ખુશી છુ અને ખરીદી લે એમ મે તેને કહ્યુ)

૩ પ્રતીવાદીએ તે રકમ આપી નથી,

અહિયા નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી)

નબર ૯

વેચેલો સામાન સ્વાધીન ન કર્યા બદ્દલ.

હુ અ, બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે,--

૧ તારીખ માહે સન ૧૯ રોજ મે અને પ્રતિવાદીએ અરસપરસ એવો ઠરાવ કર્યો કે પ્રતિવાદીએ (આટાના ૧૦૦ પીપ તારીખ માહે સને ૧૯ રોજ) મારે સ્વાધીન કરવા, અને તે સ્વાધીન થાય એટલે તેની કિમતના મારે રૂ૦ પ્રતીવાદીને આપવા.

૨ (સદરહુ તારીખે સદરહુ સામાન તે સ્વાધીન કરે તો સદરહુ રકમ આપવાને હુ તૈયાર અને ખુશી હતો તથા તે લે એમ મે પ્રતીવાદીને કહ્યુ

૩ પ્રતીવાદીએ તે માલ સ્વાધીન કર્યો નથી તેથી કરીને તે સ્વાધીન થવાથી મને જ નફો મળત તે મારો ગયો

(અહિયા નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી)

નબર ૧૦

ગેરવાજબી રીતે નોકરીમાંથી કહાડી મુકવા બદ્દલ

હુ અ બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે,-

૧ તારીખ માહે સને ૧૯ રોજ મારી અને પ્રતિવાદી વચ્ચે અરસપરસ એવો કરાર થયો છે કે, મારે હિસાબ રાખનાર તરીકે અથવા મુકાદમ તરીકે અથવા જે હોય તે) તરીકે પ્રતીવાદીની નોકરી કરવી અને પ્રતિવાદીએ મને તે તરીકે (એક વરસ) ની મુદ્દત સુધી નોકર રાખવો અને મારી નોકરી બદલ મને (માહને) રૂ૦ આપવા

૨ તારીખ માહે સને ૧૯૨ રોજ હુ સદરહુ પ્રમાણે પ્રતિવાદીની નોકરીમા દાખલ થયો અને સદરહુ વરસની બાકીની મુદતમા તે નોકરી જારી રાખવાને હુ ત્યારથીજ અને હાલ પણ તૈયાર તથા રાજી છુ અને તેની પ્રતિવાદીને હમેશા ખબર છે

૩ તારીખ માહે સને ૧૯૨ રોજ પ્રતિવાદીએ ગેરવાજબી રીતે મને નોકરીમાથી રજા આપી, અને સરદહુ તરીકે મને નોકરી કરવા દીધી નહી અથવા મારી નોકરી બદલ પગાર આપવાની ના કહી

(અહિયા નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી)

નબર ૧૧

નોકરી કરવાનો કરાર તોડયા બદલ

હુ અ બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે,—

૧ તારીખ માહે સને ૧૯૨ રોજ મારી અને પ્રતિવાદી વચ્ચે અરસપરસ એવો કરાર થયો કે મારે પ્રતિવાદીને (વગ્ગ) રૂ૦ મેહેનતાણુ આપીને નોકરીમા રાખવો અને પ્રતિવાદીએ મારી (કારીગર) તરીકે [એક વરસ] ની મુદત સુધી નોકરી કરવી

૨ સદરહુ કરારનો પોતાનો ભાગ પુરો કરવાને હુ હમેશ તૈયાર અને રાજી છુ (અને તારીખ માહે સને ૧૯ રોજ તે પ્રમાણે કરવાને મે કહ્યુ)

૩ પ્રતિવાદી ઉપર કહેલી તારીખે (મારી) નોકરીમા (દાખલ થયો) પણ પછીથી તારીખ માહે સને ૧૯ રોજ તેણે સદરહુ પ્રમાણે (મારી) નોકરી કરવાને ના કહ્યુ

અહિયા નમુના નંબર ૧ ના, ૪ થા, ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી)

નબર ૧૨

ભાડુતે માલિક ઉપર કરવાની, વિશેષ નુકશાન થયું હોય તે સુદ્ધાંત.

હુ અ. બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે–તે

૧ તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીએ રજીસ્ટર દસ્તાવેજથી (મેહેલ્લામા નબર નુ ઘર) વરસની મુદત સુધી ભાડે આપ્યુ તેમા મારી સાથે એવો કરાર હતો કે, મારે અને મારા કાયદેસર વારસ વહીલોએ તે ઘરનો સદરહુ મુદત સુધી સ્વસ્થપણે કબજો ભોગવવો

૨ આ ફરીઆદ ચલાવવાનો મારો હક થવા માટે જે જે વાતો બનવાની જરૂર છે તે બધી પુરી પડી છે તથા બની છે.

૩ સદરહુ મુદતમા તારીખ માહે રોજ એક ઇ ફ જે સદરહુ ઘરનો કાયદેસર માલીક હતો તેણે મને તે ઘરમાથી કાયદેસર રીતે કાઢયો અને હજીએ તે મને તે ઘરનો કબજો આપતો નથી.

૪ તેથી કરીને મને [સદરહુ જગાએ દરજીનો ધંધો જારી રાખવામા હરકત પડી, ત્યાથી નીકળવામા રૂ૦ ખરચ લાગ્યો અને તે નીકળવાથી ગ હ તથા ચ જે ની મારી ઘરાકી ગઇ)

અહિયા નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો, અને જે દાદ માગી હોય તે લખવી)

નબર ૧૩

દગાથી મિલકત મેળવ્યા બદલ

હુ અ બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે—

૧ તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીને અમુક સામાન વેચવાનુ મને મન

થાય એટલા માટે તેણે મને એમ સમજાવ્યું કે (હું એટલે પ્રતિવાદી–દાર છું અને મારી બધી જવાબદારી જતા રૂ   નો આસામી છું)

૨ તે ઉપરથી રૂ   ની કિમતનો (સુકો માલ) પ્રતિવાદીને વેચવાનું (તથા સ્વાધીન કરવાનું) મને મન થયું

૩ સદરહુ સમજાવેલી વાતો ખોટી હતી [અથવા ખોટાપણાની વિશેષ વાતો હોય તે લખવી) અને તે ખોટી છે એમ પ્રતિવાદીને તે વખતે માલમ હતું

૪ સદરહુ માલની કિંમત પ્રતીવાદીએ આપી નથી (અથવા જો માલ સ્વાધીન ન કર્યો હોય તો) સદરહુ માલ તૈયાર કરીને વહાણમાં ચઢાવતા અને તે પાછો આણતા (મને રૂ   ખરચ લાગ્યો છે.)

ન ૧૪

દગાબાજીથી બીજા સખસને ઉધાર અપાવ્યા બદલ.

હું અ બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે–

૧ તારીખ   માહે   સને ૧૮   ના રોજ પ્રતિવાદીએ મને એમ સમજાવ્યું કે, એક ઇ ફ. દાર છે, અને તેની સાખ સારી છે, તથા તેની બધી જવાબદારી જતા તે રૂ   નો આસામી છે, (અથવા ઇ ફ તે વખતે જવાબદારીવાળી નોકરીમાં છે તથા તે, સારી હાલતમાં છે, અને નિર્ભયપણે તેની સાખ ઉપર તેને માલ ધીરી શકાય તેવો છે)

૨ તે ઉપરથી ઈ ફ ને રૂ   કિમતના (ચોખા) (મહિના ઉધારે) વેચવાને મારૂ મન થયું

૩ સદરહુ સમજાવેલી વાતો ખોટી હતી અને તે ખોટી છે, એમ પ્રતિવાદી તે વખતે જાણતો હતો, અને મને ઠગવાના તથા દગો કરવાના હેતુથી (અથવા મને ઠગવાને અને નુકસાન કરવાને) તેણે એ વાતો સમજાવી હતી

૪ ઇ ફ એ (સદરહુ માલની કિંમત સદરહુ ઉધારની મુદત વીતી તોએ આપી નહી, અથવા) સદરહુ ચોખાની કિમત આપી નથી, અને મને તેનું પુરેપુરૂ નુકસાન થયું

અહિયા નમુના નંબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો, તથા જે દાદ માગી હોય તે પણ લખવી

ન ૧૫

વાદીની જમીનનું પાણી ગંદુ કર્યા બદલ.

હું, અ બ ઉપર કહેલો વાદી જણાવું છું કે

૧   મા,   નામની અમુક જમીનનો તથા તે જમીનમાના કુવાના તથા તે કુવામાના પાણીનો કબજો ભેગવટો હાલ મારો છે તથા હેઠળ કહેલી બધી વખતે હતો, તથા સદરહુ કુવાનો અને કુવામાના સદરહુ પાણીનો ઉપયોગ અને લાભ લેવાનો હક્ક મારો હતો તથા તે કુવામા પાણીની આવક થવાને જે કઇ પાણીના ઝરા અને વેહેળા વહીને કુવામા આવતા હતા ને ઝરા તથા વેહેળાનું પાણી ગંદુ ન કરતા અથવા ન બગાડતા વહેતુ રખાવવાનો હક મારો હતો

૨ તારીખ   માહે   સને ૧૮   રોજ પ્રતિવાદીએ સદરહુ કુવો તથા તેમાનું સદરહુ પાણી તથા કુવામા વહી આવતા સદરહુ પાણીના ઝરા અને વહેળા ગેરવાજબી રીતે ગંદા કર્યા તથા બગાડ્યા

૩ આ કારણને લીધે સદરહુ કુવાનું તે પાણી મેલુ થયું તથા ઘરના અને બીજા જરૂરી કામને સારૂ બીનઉપયોગી થયું,તથા સદરહુ કુવાનો અને પાણીનો ઉપયોગ અને લાભ હું અને મારૂ કુટુંબ લેતા બંધ પડ્યા

(અહિયા નમુના નંબર ૧ ના, ૪ થા તથા પાચમા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે પણ લખવી.)

નબર ૧૬

અપકારક કારખાનું ચલાવ્યા બદલ.

હું અ બ કહેલો વાદી જણાવુ છુ કે—

૧ માની નામની અમુક જમીન માગ કબજામા છે અને હેઠળ કહેલી બધી વખતે મારા કબજામા હતી

૨ તારીખ માહે સને ૧૯ થી આજસુધી ધાતુનો કચરો ગાળવાનુ કાઇ કારખાનુ પ્રતિવાદીએ ચલાવ્યુ છે તેમાથી ખરાબ અને રોગકારક ધુમાડો અને બીજી વરાળો તથા અપકારક પદાર્થ મોટા જથ્થામા પ્રતિવાદીએ ગેરવ્યાજબી રીતે કાઢયા તે ધુમાડો, વગળ પદાર્થ સદરહુ જમીન ઉપર અને તે જમીનપર પ્રસર્યા અને હવા બગાડી તથા જમીનની સપાટી ઉપર ઠર્યા

૩ તેથી કરીને સદરહુ જમીન ઉપર મારા ઝાડ, વાડ, ચાર અને પાક ઉગતો, તેને નુકસાન થયુ અને કિંમતમા તે ઉતરી ગયા તથા તે જમીનમા માગ જે ઢોર અને જીવધન હતુ તે રોગી થઇને તેમાથી કેટલાક તો ઝેર લાગીને મરી ગયા

૪ તે કારણને લીધે, સદરહુ જમીનમા એમ ન હોત તો હુ જે રીતે મારા ઢોર અને મેઢા ચગવત તે રીતે, મારાથી ચરાવી શકાયુ નહી, તથા ત્યાથી મારા ઢોર, મેઢા અને ખેતીના જનાવર મારે લઈ જવા પડયા, તથા તેવી જમીન ન હોત ત્યારે તેનો જેવો લાભકારક અને આરોગ્યકારક ઉપયોગ ને ઉપભોગ હુ લેત તેવો લઇ શકયો નહી,

(અહિયા નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫ મા, પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે પણ લખવી)

નબર ૧૭

રસ્તાનો હક અટકાવ્યા બદલ.

હુ અ બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે—

૧ (ગામમાનુ એક ઘર) મારા કબજામા છે, અને હેઠળ કહેલે વખતે તે મારા કબજામા હતુ

૨ મારે પોતાને તથા મારા નોકરોને (વાહન સહીત અથવા પગે) વારસના કોઇ પણ વખતે સદરહુ (ઘરમા) થી અમુક ખેતરમા થઇને સાર્વજનિક રાજમાર્ગ ઉપર જવાના તથા તે રાજમાર્ગમાથી સદરહુ ખેતરમા થઇ સદરહુ ઘરમા પાછા આવવાના રસ્તાનો મારો હક હતો

૩ તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીએ સદરહુ રસ્તો ગેરવાજબી રીતે અટકાવ્યો તેથી કરીને તે રસ્તે (વાહન સુધાત અથવા પગે અથવા કોઇપણ રીતે) હુ જઈ શકયો નહી (અને ત્યારથી આજ સુધી તે રસ્તો ગેરવાજબી રીતે અટકાવ્યો છે)

૪ [કઇ વિશેષ નુકસાન થયુ હોય તો તે લખવુ]

(અહિયા નમુના નબર ૧ના, ૪થા તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે પણ લખવી)

નબર ૧૮

રાજમાર્ગ અટકાવ્યા બદલ.

૧ થી સુધી જતા સાર્વજનિક રાજમાર્ગમા અટકાવ થાય એ રીતે તે રસ્તામા પ્રતિવાદીએ ગેરવાજબી રીતે ખાઇ ખોદીને માટી તથા પથરાનો ઢગલો કર્યો,

૨ તેથી કરીને સદરહુ ધોરી રસ્તે કાયદેસર રીતે જતા હુ સદરહુ માટી ને પથરા ઉપર (અથવા સદરહુ ખાઇમા) પડયો અને મારો હાથ ભાગ્યો અને ઘણુ દુઃખ ભોગવ્યુ તથા લાબી મુદત સુધી મારો ધધો ચલાવાયો નહી અને વૈદને બોલાવીને ઔષધોપચાર કરવામા ખરચ થયો

(અહિયા નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી

નબર ૧૯

નીકથી જમીનને પાણી પાવા સારૂ પાણી લેવાના હકનો અટકાવ કર્યા બદલ.

હુ અ બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે—

૧ ઠેકાણાની વગેરે અમુક જમીન મારા કબજામા છે અને હેઠળ નિર્દિષ્ટ કરેલે વખતે તે મારા કબજામા હતી અને તે જમીનને નીકથી પાણી પાવા સારૂ અમુક વેહેળા- માથી કઇ પાણી લેઇને તે ઉપયોગમા લેવાનો મારો હક છે

૨ તારીખ માહે રોજ પ્રતિવાદીએ સદરહુ વેહેળાનુ પાણી ગેર- વાજબી રીતે અટકાવીને તથા તે બીજી તરફ વાળીને, સદરહુ લખ્યા પ્રમાણે સદરહુ વેહેળામા પાણી લઇને તેનો મને ઉપયોગ કરવા દીધો નથી

(અહિયા નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા દાદ માગી હોય તે લખવી,)

નબર ૨૦

આગગાડીના રસ્તા ઉપર ગફ્લતથી થએલી ઇજા બદલ.

હુ અ બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે,—

૧ તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીઓ, જે ભાડુ આપે તે બધા મુસાફરોને તથા એ બે ઠેકાણા વચ્ચે લેઈ જનાર હતા

૨ તે દિવસ સદરહુ આગગાડીના રસ્તા ઉપરની પ્રતિવાદીઓની ગાડીઓમાની એક ગાડીમા હુ ઊતારૂ હતો

૩ હું તે પ્રમાણે ઊતારૂ હતો તેવામા સદરહુ રસ્તા ઉપર આગળ (અથવા સ્ટેશન પાસે અથવા અને એ સ્ટેશનની વચ્ચે) પ્રતિવાદીઓના નોકરોની ગફ્લત અને અપ્રવીણતાને લીધે ગાડીઓ સામસામી અથડાઇ તેથી કરીને મને ઘણી ઇજા થઇ (મારો પગ ભાગી ગયો, માથુ ફુટયુ વગેરે, અને કઈ વિશેષ નુકસાન થયુ હોય તો તે લખવુ જેમકે,—) અને વઇદને બોલાવીને ઔષધોપચાર કરવામા ખરચ થયો તથા (વેચનાર) તરીકે મારો પહેલાનો ધધો ચલાવવાને હુ નિરતરનો અશક્ત થયો

(નમુના નબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે પણ લખવી) (અથવા આ રીતે,–૨, તે દિવસે પ્રતિવાદીઓના અગગાડીઓના રસ્તા ઉપર કાયદેસર રીતે ચાલીને હું બીજી તરફ જતો હતો તે વખતે તે રસ્તા ઉપર અને તે રસ્તે તેમણે પોતાના નોકરોને હાથે એક એન્જીન (વરાળયત્ર) અને તેને જોડેલી ગાડીઓની હાર એવા ગફ્લતથી અને અપ્રવીણતથી ચલાવી અને હાથમા રાખી કે તે એન્જીન અને હાર મારા ઉપર આવી પડીને અથડાઈ તેથી કરીને વિગેરે, પારેગ્રાફ ૩ મા લખ્યા પ્રમાણે)

ન ૨૧

ગફ્લતથી હાંકવાને લીધે થએલી ઇજા બદલ.

હુ, અ, બ, ઉપર કહેલો વાદી જણાવુ છુ કે,—

૧ હુ વાદી મોચી છુ અને ઠેકાણે ધધો કરૂ છુ પ્રતિવાદી નો વેપારી છે

૨ તા સન ૧૯ ને રોજ સાજના ત્રણ વાગ્યાને સુમારે કલકત્તા શેહેરમા ચોરગીને રસ્તે દક્ષિણ તરફ હુ ચાલતો હતો, મીડલટન નામની ગલી વટાવીને પેલી તરફ જવાની મને જરૂર પડી તે ગલી ચોરગીને કાટખુણો કરીને મળે છે આ ગલી હુ વટાવતો હતો તેવામા અને તેની પેલી તરફ ફૂટેસબધી પગ રસ્તા ઉપર જઇ પહોચુ તેટલામા પ્રતિવાદીની બે ઘોડા જોડેલી ગાડી જે નોકરોના હાથમા

અને હવાલામા હતી તે મીડલટન ગલીમાથી ચોગ ગી ઉપર ગફલતથી એકાએક, ચેતાવ્યા વગર, ઉતાવળા અને ભયકર વેગથી ફરી તે ગાડીનો દાડો (પૈડ઼) મને લાગ્યો અને તેથી હુ નીચે પડયો અને ઘોડાઓને પગ તળે હુ ઘણો છુદાયો

૩ ધક્કો લાગવાથી પાડવાથી અને અને ચગદવાથી મારો ડાબો હાથ ભાગ્યો, અને મારે પડખે, બરડે, અદર હુ જખ્મ થયો અને મને ઇજા થઈ અને તેથી કરીને હુ ચાર માસ માદો ને વેદનામા રહ્યો, તથા મારો ધધો ચલાવી શકયો નહી, અને ઔષધોપચારનો તથા બીજો ખરચ થયો અને મારો ધંધો તથા નફો બુડયો

(અહિયા ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે પણ લખવી

નબર ૨૨

અદાલતથી કામ ચલાવ્યા બાબત.

હુ, અ બ ઉપર કહેલો વાદી ઉપર જણાવુ છુ કે—

૧ તારીખ માહે સને ૧૯ રોજ (સદરહુ શહેરના માજિસ્ટ્રેટ અથવા જે હોય તે,) પાસેથી ના આરોપ માટ પકડવાનુ વારટ પ્રતિવાદીએ કઢાવ્યુ, અને તે ઉપરથી મને પકડયો, અને (દીવસ અથવા કલાક) કેદમા ગખ્યો (અને છુટો થવા સારૂ રૂ૦ ના મે જામીન આપ્યા)

૨ પ્રતિવાદીએ તે કામ અદાવતથી અને વાજબી અથવા સભવિત કારણ કર્યું છે

૩ તારીખ માહે સને ૧૯ રોજ સદરહુ માજીસ્રેટે પ્રતિવાદીની ફરિયાદ કાઢી નાખી અને મને નિર્દોષ ઠરાવ્યો

૪ જેમના નામ માહિત નથી એવા ઘણા સખસો સદરહુ પકડવાની વાત સાભળીને તથા હુ ગુન્હેગાર છુ એમ ધારીને, મારી સાથે ધધો કરતા બધ થયા છે અથવા સદરહુ પકડવાને લીધે, એક ઇ ફ ના કારકુન તરીકેની મારી જગા ગઈ અથવા તે કારણને લીધે મે શારિરીક અને માનસિક વેદના ભોગવી અને મારો કામધધો થઈ શકયો નહિ તથા મારી સાખને ધક્કો પહોચ્યો તથા સદરહુ કેદખાનામાથી છુટો થવામા અને સદરહુ આરોપની ફરીઆદ સામે મારો બચાવ કરવામા મને ખરચ લાગ્યો

(નમુના નબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો તથા જે દાદ માગેલી હોય તે પણ લખવી

નબર ૨૩

જંગમ માલ ગેરવાજબી રીતે અટકાવી રાખ્યા બદલ

હુ અ, બ, ઉપરથી કહેલો વાદી જણાવુ છુ કે—

૧ તારીખ માહે સને ૧૯ રોજ આ સાથે જોડેલી યાદીમા કહેલો માલ (અથવા માલનુ વર્ણન લખવુ) મારી માલીકીનો હતો અથવા કબજો લેવાનો હક બતાવનારી હકીકતો જણાવવી) તેની અડસટે કિમત રૂા હતી,

૨ તે દિવસથી આ ફરિયાદ શરૂ થઇ ત્યા સુધી પ્રતિવાદીએ તે માલ મને ન આપતા અટકાવી રાખ્યો

૩ ફરિયાદ શરૂ થયા પહેલા એટલે તારીખ માહે સને ૧૯ રોજ મે પ્રતિવાદી પાસેથી તે માલ માગ્યો પણ તેણે તે સ્વાધીન કરવાની ના કહી

(નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫મા પારેગ્રાફનો મજકુર લખવો)

૬. મારી માગણી નીચે પ્રમાણે છે —
(૧) સદરહુ માલનો કબજો અપાવો અથવા તે કબજો ન મળે તો રૂ૦ અપાવો
(૨) તે માલ અટકાવી રાખ્યો માટે નુકસાનીના રૂ૦ અપાવો

યાદી

નંબર ૨૪

ચુકના સબબથી કરાર રદ કરવા બાબત

હુ અ, બ, ઉપર કહેલો વાદી જણાવુ છુ કે

૧ તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીએ મને એમ જણાવ્યુ કે, આ મારી [પ્રતીવાદીની] માલકીનો એક જમીનનો ટુકડો છે તે (દશ વીઘા) છે,

૨ તે ઉપરથી સદરહુ કહેલુ ખરૂ માનીને સદરહુ ટુકડો રૂ૦ માટે ખરીદ કરવાનુ મને મન થયુ, અને કરારનામા ઉપર સહી કરી, તેની અમલ આ સાથે જોડી છે, પરતુ તે જમીન મને તબદીલ કરી આપી નથી

૩, તારી માહે સને ૧૯ રોજ તે ખરીદીની રકમને પેટે રૂ૦ મે પ્રતીવાદીને આપ્યા,

૪ સદરહુ જમીનનો ટુકડા ખરેખર ફક્ત (પાચ વિઘા) છે

(નમુના નબર ૪ થા, તથા ૫ મા પારેગ્રાફ પ્રમાણે મજકુર લખવો)

હુ નીચે પ્રમાણે માગણી કરૂ છુ—

(૧) રૂ૦ તથા તારીખ માહે સને ૧૯ થી વ્યાજ અપાવો

(૨) સદરહુ ખરીદીનો કરાર પાછો સ્વાધિન કરાવીને તે રદ કરવો

નબર ૨૫

અપકારક કૃત્ય કરતાં અટકાવવાની તાકીદ બદલ

હુ અ બ, કહેલો વાદી જણાવુ છુ કે—

૧(કલકત્તામા મેહેલ્લામા નબર ના ઘરનો) હુ સપુર્ણ માલીક છુ અને નીચે લખેલે બધે વખતે હતો,

૩ તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીએ પોતાના સદરહુ ટુકડા ઉપર કસાઇખાનુ બાધ્યુ અને હજી તે ચાલુ રાખે છે અને તે દીવસથી હાલ સુધી ત્યા હમેશા ઢોર આણીને મરાવ્યા છે, (અને લોહી તથા નાખી દેવાનુ અને કોહેલુ માસ તે મહેલ્લામા માગ સદરહુ ઘરની સામે નખાવેલુ છે)

(૪ સદરહુ કારણને લીધે સદરહુ ઘર છોડવાની મને જરૂર પડી છે અને તે ભાડુ અપાતુ નથી)

(નમુના નબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો)

૭ પ્રતિવાદી જાસ્તી અપકારક કૃત્ય ન કરે અથવા કરવા દે નહિ માટે પ્રતિવાદીને તાકીદ આપીને અટકાવવાની મારી માગણી

નબર ૨૬

જંગમ માલ નાશ કરવાની દહેશત આપી હોય તે પાછો લેવા બદલ તથા તાકીદ આપવા બદલ

હુ અ, બ, ઉપર કહેલો વાદી જણાવુ છુ કે—

૧. (એક નામાકીત ચીતારાએ કાઢેલી મારા વડવાની તસવીર) મારી માલીકીની છે અને નીચે

કહેલે બધે વખતે હતી અને તેવી બીજી તસવીર હસ્તિમા નથી અથવા પેસામા કિમત આકી શકાય એવી જાતની તે મિલકત નથી એમ બતાવનારી જે હકિકતો હોય તે લખવી)

૨ તારીખ માહે સને ૧૯ રોજ તે સુરક્ષિત રાખવા સારૂ મે પ્રતિવાદીને આપી

૩ તારીખ માહે સને ૧૯ રોજ મે પ્રતિવાદી પાસેથી માગી અને તે રાખી મુકવા સારૂ જે વાજબી ખરચ થયો હોય તે એમ કહ્યુ

૪ પ્રતીવાદી તે મારે સ્વાધીન કરવાને ના પાડે છે અને મને એવી દહેશત આપે છે કે, જો સ્વાધીન કરવાનુ કહીશ તો તે હુ છુપાવીશ કોઇને આપી દેઈશ કકડા કરી નાખીશ, અથવા તેને નુકશાન કરીશ

૫ (સદરહુ તસવીર) જાય તો પૈસાની રકમ આપવાથી મને પુરો બદલો મળવાનો નહી

૬ નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો)

૭ મારી માગણી નીચે પ્રમાણે છે—

૧ પ્રતિવાદીને તાકીદ આપીને તેને સદરહુ (તસ્વીર) કોઇને આપી દેતા નુકશાન કરતા, અથવા છુપાવતા અટકાવવો

૨ તેની પાસેથી મને તે પાછી અપાવવી

નબર ૨૭

ઇન્ટર પ્લીડર

હુ અ બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે—

૧ નીચે કહેલા હક્ક જે તારીખે જણાવવામા આવ્યા તે પહેલા ગ હ એ (મિલકતનુ વર્ણન કરવુ) મારી પાસે સુરક્ષિત રાખવા સારૂ મુકી

૨ (ગ હ એ તે મને લખી આપે તે એમ કહીને, તે આધારે) પ્રતીવાદી ક ડ તેના ઉપર હક્ક જણાવે છે

૩ [પ્રતિવાદી ઈ ફ ને તે આપવી એવો સદરહુ ગ હ નો હુકમ છે તે ઉપરથી) પ્રતિવાદી ઇ ફ પણ તે ઉપર હક્ક જણાવે છે

૪ પ્રતિવાદીઓના પોતપોતાના હકો વિષે મને કઇ માલમ નથી

૪ ખરચ અને બોજા સિવાય સદરહુ મિલકત ઉપર મારો કઇ હક્ક નથી, અને કોર્ટ ફરમાવશે તે આપવા હુ તૈયાર અને રાજી છુ

૬ એમાથી કોઇ પ્રતિવાદી સાથે મિલાપી થઇને આ ફર્યાદ આણી નથી

(નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો]

૭ મારી માગણી નીચે પ્રમાણે છે --

(૧) પ્રતિવાદીઓને તાકીદ આપીને તે મિલકત વિષે મારા ઉપર કઇ કામ ચલાવતા અટકાવવા

(૨) સદરહુ મિલકત ઉપરના તેમના દાવા વિશે માહે માહે વાદ ચલાવવાનુ તેમને કહેવુ

(૩) તે વાદ ચાલે ત્યા સુધી સદરહુ મિલકત લેવાનો કોઇ સખસને અખત્યાર આપવો.

(૪) તે સખસને [મિલકત) સ્વાધીન કર્યા પછી તે સબધી બન્ને પ્રતિવાદીઓની બધી જવાબદારીમાથી મને મુકત કરવો

નબર ૨૮

(મૈયતની મિલકતનો) વહિવટ થવા સારૂ લેણદારે પોતાની તથા બીજા લેણદારોની વતી કરવાની

હુ અ મ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે--

૧ મૈયત ઇ ફ રહેનાર નો મરી ગયો તે વખતે તેની પાસે મારી (અહી લેહે-

ણાનુ સ્વરૂપ લખવુ તથા ક ઘ જામીનગીરી હોય તો તે લખવી)—રકમ લેહેણી હતી, અને હજી તેની ઇસ્ટેટ ઉપર લેહેણી છે

૨ સદરહુ ઇ ફ તારીખ માહે સને ૧૯ રોજ અથવા તે અરસામા મરી ગયો તેણે તારીખ માહે સને ૧૯ ને રોજ પોતાનુ છેલ્લુ મૃત્યુપત્ર કરીને ક ડ ને તે મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યો (અથવા પોતાની ઇસ્ટેટ જુમ્મા (ટ્રસ્ટ) મા મુકીને તેની મૃત્યુપત્રથી વ્યવસ્થા કરી વગેરે, અથવા મૃત્યુપત્ર કર્યા વગર મુઓ, જે પ્રમાણે હોય તે પ્રમાણે લખવુ),

૩ સદરહુ ક ડ એ તે મૃત્યુપત્ર સાબીત કર્યું (અથવા વહિવટપત્ર તેને મળ્યુ, વગેરે)

૪ સદરહુ ઈ ફ ની જંગમ મિલકત (અને સ્થાવર મિલકત અથવા સ્થાવર મિલકતની ઉપજ) પ્રતિવાદીએ પોતે કબજે કરી છે, અને મારૂ સદરહુ લેહેણું મને આપ્યુ નથી

(નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો)

૭ મારી એવી માગણી છે કે મૈયત ઈ ફ ની જગમ (અને સ્થાવર) મિલકતનો હિસાબ લેવો, અને કોર્ટના હુકમનામા પ્રમાણે તેનો વહિવટ કરવો

નબર ૨૯.

વિશેષ મૃત્યુ લેખાર્પિતદાન લેનારે મૈયતની મિલકતના વહિવટ બદલ કરવાના

(નમુના ૪૧ મા આ પ્રમાણે ફેરફાર કરવો)—

(પહેલો પારેગ્રાફ છોડી દેવો અને બીજો પારેગ્રાફ શરૂ કરવો)

નો રહેનાર મૈયત ઇ ફ તા માહે સને ૧૯ રોજ અથવા તે અરસામા મરી ગયો તેણે પોતાનું છેલ્લુ મૃત્યુપત્ર તારીખ માહે સને ૧૯ ને રોજ કરીને ક ડ ને મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યો અને તે મૃત્યુપત્રથી મને (આ ઠેકાણે વિશેષ મૃત્યુલેખાર્પિતદાન હોય તે લખવુ) આપ્યુ

પારેગ્રાફ ૪ ને ઠેકાણે લખવુ કે—

ઇ ફ ની જગમ મિલકત પ્રતિવાદીના કબજામા છે, અને બીજી વસ્તુઓની સાથે સદરહુ (આ ઠેકાણે મૃત્યુપત્રથી જે વિશેષ આપી હોય તેનુ નામ લખવુ) પણ તેના કબજામા છે

પારેગ્રાફ ૭ ની શરૂઆતમા જે લખ્યુ છે તેને ઠેકાણે લખવુ કે—

મારી એવી માગણી છે કે, સદરહુ (આ ઠેકાણે મૃત્યુપત્રથી જે વિશેષ આપી હોય તેનું નામ લખવુ) મને આપવાનો પ્રતિવાદીને હુકમ કરો, અથવા વિગેરે

નબર ૩૦

મૃત્યુપત્રમાં જેને પૈસાની રકમી આપવાનું લખ્યું હોય તેણે મૈયતની મિલકતના વહિવટ બદલ કરવાની

(નમુના ૪૧ મા આ પ્રમાણે ફેરફાર કરવો)—

(પારેગ્રાફ ૧ છોડી દેવો અને પારેગ્રાફ ૨ ને બદલે લખવુ કે)

નો રહેનાર મૈયત ઇ ફ તા માહે સને ૧૯ રોજ અગર તે અરસામા મરી ગયો તેણે પોતાનું છેલ્લુ મૃત્યુપત્ર તારીખ માહે સને ૧૯ ને રોજ કરીને ક ડ ને તે મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યો, અને તે મૃત્યુપત્રમા મને ૩૦ આપવા ઠરાવ્યા છે

પારેગ્રાફ ૪ મા " લેહેણુ " ને બદલે " મૃત્યુલેખાર્પિતદાન " એમ લખવુ

બીજો નમુનો

હુ ઈ ફ, ઉપર કહેલો વાદી જણાવુ છુ કે—

૧ અ બ રહેનાર ક નો તારીખ ને રોજ મૈયત થયો તેણે તારીખ માહે સને ૧૯ રોજ પોતાનું છેલ્લુ મૃત્યુપત્ર કરીને પ્રતિવાદીને તથા મ. ન (જે મૃત્યુપત્ર કરનારની

હયાતીમાજ મરણ પામ્યો તે) ને મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યા, અને પોતાની સ્થાવર અથવા જગમ જે હોય તે મિલકત પોતાના મૃત્યુપત્ર ચલાવનારાઓ પાસે ટ્રસ્ટી દાખલ રાખવાનુ મૃત્યુપત્રમા લખ્યુ એવી રીતે કે તેનુ ભાડુ અને ઉત્પન્ન મારી હયાતી સુધી મને આપવુ, અને મારા ગુજર્યા પછી મારો કોઇ છોકરો ૨૧ વરસની ઉમરે ન પહોચે, અથવા છોકરી તેટલી ઉમરે ન પહોચે કે તેનુ લગ્ન ન થાય એમ બને તો,—ઉપર કહ્યુ તે પ્રમાણે સતતી વગર હુ મરણ પામુ તે વખતે, તે મૃત્યુપત્ર કરનાર મૃત્યુપત્ર કર્યા વગર ગુજરી ગયો હોત તો મૃત્યુપત્ર કરનારનો કાયદેસર વારસ જે કોઇ થાત તેને પોતાની સ્થાવર મિલકત આપવા સારૂ, અને મૃત્યુપત્ર કરનારનો છેક નજીકનો સગો જે કોઇ થાત તેને પોતાની જગમ મિલકત આપવા સારૂ તે ટ્રસ્ટીઓના જુમ્મામા છે એમ સમજવુ,

૨ અને મૃત્યુપત્ર પ્રતિવાદીએ તારીખ માહે સન ૧૮ રોજ સાબિત કર્યું મારૂ લગ્ન થયુ નથી

મૃત્યુપત્ર કરનાર પોતાના મરણ વખતે સ્થાવર જગમ મિલકતનો માલીક હતો, પ્રતીવાદીએ સ્થાવર મિલકતનુ ભાડુ લેવા માડ્યું, અને જગમ મિલકત પોતાના કબ્જામા લીધી, તેણે સ્થાવર મિલકતનો કઇ ભાગ વેચ્યો છે

(નમુના નબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો)

વાદી નીચે પ્રમાણે માગણી કરે છે,--

(૧) અ બ ની સ્થાવર મિલકતનો વહીવટ આ કોર્ટ મારફતે કરવો, અને તેમ કરવા સારૂ બધા યોગ્ય હુકમો કરવા અને હિસાબ લેવો

(૨) મુકદમાના સ્વરૂપ પ્રમાણે જે બીજી અથવા વધારે દાદ જોઇએ તે આપવી

નબર ૩૬

જુમ્મા (ટ્રસ્ટ) નું કામ કરવા બદલ.

હુ, અ બ, ઉપર કહેલો વાદી જણાવુ છુ કે—

૧ પ્રતિવાદીના બાપ અને મા ઇ, ફ, તથા ગ, હ, એમનુ લગ્ન થયુ તે વખતે તા માહે સન ૧૯ રોજ અથા તે સુમારમા ઠરાવપત્ર (સેટલમેન્ટ કર્યું તેમા [અથવા પ્રતિવાદી ક ડ. ના અને ઇ, ફ, ના બીજા લહેણદારોના હિત સારૂ ઇ. ફ, ની ઇસ્ટેટ અને માલમતા તબદીલ કરી આપવાનો દસ્તાવેજ કર્યો તેમા) નીમેલા ટ્રસ્ટીઓ પઇકી હુ એક ટ્રસ્ટી છુ

૨ સદરહુ ટ્રસ્ટીના કામનો બોજો મે અ, બ, એ પોતાના ધર ઉપર લીધો તે, અને ઉપર કહેલા દસ્તાવેજથી જે સ્થાવર જગમ મીલકત આપી તેનો [અથવા તેના ઉત્પન્નનો) કબજો મારી પાસે છે,

૩ ઉપર કહેલા દસ્તાવેજને આધારે મારો હિતસબધ છે એમ ક ડ કહે છે

(નમુના નબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો)

૬ સદરહુ સ્થાવર મિલકતના તમામ ભાડાનો તથા ઉપજનો (અને સદરહુ સ્થાવર મિલકતના કે તે પૈકી કંઈ ભાગના વેચાણના ઉત્પન્નનો અથવા જગમ માલનો અથવા તે જગમ માલના કે તેના ભાગના વેચાણના ઉત્પન્નનો, અથવા સદરહુ ટ્રસ્ટનુ કામ કરવામા ટ્રસ્ટી તરીકે મને જે ઉત્પન્ન મળ્યુ તેનો) હિસાબ આપવાની મારી ઇચ્છા છે, મારી અરજ એ છે કે ક, ડ ની સમક્ષ અને સદરહુ ટ્રસ્ટના સંબધમા સોપેલી ઇસ્ટેટના વહીવટમા તેમનુ હિત છે એમ કોર્ટ ફરમાવે તે બધા સખસોની સમક્ષ સદરહુ કામનો કોર્ટ હિસાબ લેવો, અને સદરહુ પ્રતીવાદી ક ડ ના હિત સારૂ અને સદરહુ પ્રમાણે જેમનુ હિત હોય તે બીજા સખસોના હિતસારૂ સદરહુ ઇસ્ટેટનો વહીવટ કોર્ટ મારફતે થવો જોઇએ, અથવા ક ડ એ તે વિરૂદ્ધ સારૂ કારણ બતાવવુ

"તાજા કલમ,'—હિતધિકારીની ફરિયાદ હોય ત્યારે, મૃત્યુલેખાર્પીતદાન લેનારે ઠરવાથી ફરિયાદમા પ્રસંગ પ્રમાણે જરૂરનો ફેરફાર કરીને તે નમુના પ્રમાણે ફરિઆદ અરજી તઇયાર કરવા

નબર ૩૨

ગીરો છોડાવવાનો હક બંધ કરવાની અથવા વેચવાની.

હુ અ, બ, ઉપર કહેલો વાદી જણાવુ છુ કે—

૧ પ્રતિવાદીની જમીનનો વાદી ગીરો રાખનાર છે

૨ ગીરોની વિગત નીચે પ્રમાણે છે,—

(અ) તારીખ, (બ) ગીરો મુકનાર તથા રાખનારના નામ, (ક) કેટલી રકમમા ગીરો, (ડ) વ્યાજનો દર, (ઇ) ગીરોની મિલકત, (ફ) હમણા લેણી થએલી રકમ, [ગ] જો વાદીનો સત્તાધિકાર બીજા પાસેથી પ્રાપ્ત થએલો અધિકાર હોય તો તે તબદીલીથી અથવા પ્રાપ્તીથી તે દાવો કરતો હોય તે ટુકમા લખવુ

(જો વાદી પાસે કબજાગીરો હોય તો લખવુ કે)

૩ વાદીએ તારીખ માહે સને ૧૯ રોજ ગીરો મિલકતનો કબજો લીધો અને તે વખતથી તે કબજાગીરો રાખનાર તરીકે હીસાબ આપવાને તઇયાર છે

(નમુના નબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો]

૬ વાદીની માગણી નીચે પ્રમાણે છે,—

(૧) પૈસા અપાવો અથવા તેમ ન થાય તો (વેચાણ કરો અથવા) ગીરો છોડાવવાનો હક બધ કરો (અને કબજો આપવો)

(ઓર્ડર ૩૪, કાનુન ૬ લાગુ હોય તે પ્રસગે)

(૨) વેચાણની ઉપજ વાદીને આપવાની રકમની ભરપાઇ થવા જેટલી નથી એમ માલમ પડે તો, વાદીને બાકીની રકમ બદલ હુકમનામુ થવા માટે અરજ કરવાની છુટ આપવી

નબર ૩૩

ગીરો છોડાવવાની

હુ અ, બ, ઉપર કહેલો વાદી જણાવુ છુ કે,—

૧ વાદી જમીન ગીરો આપનાર છે તથા પ્રતિવાદી તે જમીન ગીરો લેનાર છે

૨ ગીરોની વિગત નચે પ્રમાણે છે,—

(અ) તારીખ, (બ) ગીરો આપનાર તથા ગીરો લેનારના નામ, (ક) જેટલી રકમમા ગીરો. [ડ] વ્યાજનો દર, (ઇ) ગીરોની મિલકત, (ફ) જો વાદીનો સત્તાધિકાર બીજા પાસેથી પ્રાપ્ત થયેલો સત્તાધિકાર હોય તો જે તબદીલીથી અથવા પ્રાપ્તિથી તે દાવો કરતો હોય તે ટુકમા લખવુ

(જો પ્રતિવાદી પાસે કબજા ગીરો હોય તો લખવુ કે)

૭ પ્રતિવાદીએ ગીરો મિલકતનો કબજો લીધો છે [અથવા તેને ભાડુ કે ગણોત મળ્યુ છે]

(નમુના નબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો)

૬ વાદી સદરહુ મિલકત છોડવવાની અને તે તેને નામે પાછી ચઢાવવાની (અને તેનો કબજો અપાવવાની) માગણી કરે છે

નબર ૩૪

કરાર વિશેષ રીતે પુરો કરવા વિષે [નંબર ૧]

હુ અ બ, ઉપર કહેલો વાદી જણાવુ છુ કે- -

૧ તારીખ માહે સને ૧૯ રોજના અને સદરહુ પ્રતિવાદી ક ડ એ સહી કરેલા કરારનામામા તેણે એવો કરાર કર્યો છે કે, તે કરારનામામા વર્ણન કરેલી અને હવાલે આપેલી અમુક સ્થાવર મિલકત તેણે રૂ૦ માટે મારી પાસેથી ખરીદ કરવી (અથવા મને વેચવી.)

૨ સદરહુ પ્રતીવાદીને, સદરહુ કરારમા તેના ભાગનુ જે વિશેષ રીતે કરવાનુ છે તે પુરૂ કરી આપવા મે કહ્યુ, પણ તે પ્રમાણે તેણે કર્યુ નથી

૩ હુ, વાદી, તે કરારનામાનો મારો ભાગ વિશેષ રીતે પુરો કરવાને પ્રથમથી અને હજીએ તઇયાર તથા રાજી છુ અને તે વાતની પ્રતિવાદીને ખબર થયેલી છે

(નમુના નબર ૧ ના ૪થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો)

૬ મારી એવી માગણી છે કે, સદરહુ પ્રતિવાદીને સદરહુ કરાર વિશેષ રીતે પુરો કરવાનો, અને સદરહુ મિલકતનો મને પુર્ણ કબજો આપવાને જરૂર હોય તે બધા કૃત્ય કરવાનો (અથવા સદરહુ મિલકતની તબદીલી તથા કબજો લેવાનો) અને ફરીયાદનો ખરચ આપવાનો હુકમ કરો

નબર ૩૫

પંત્યાળું.

હુ અ બ ઉપર કહેલો વાદી જણાવુ છુ કે—

૧ હુ અને સદરહુ પ્રતિવાદી ક ડ ગયા વરસથી (અથવા મહિનાથી) પત્યાળાની અમુક કલમો લખેલી છે તે પ્રમાણે (અથવા દસ્તાવેજ પ્રમાણે અથવા મોઢાની કબુલાત પ્રમાણે) એકઠો ધધો ચલાવીએ છીએ

૨ આ પ્રમાણે ભાગીદાર તરીકે મારી અને પ્રતીવાદીની વચે ઘણી તરેહના ટટા અને વાધા ઉત્પન્ન થયા છે, તેથી કરી ભાગીદારોને ફાયદો થાય એવી રીતે પત્યાળામા સદરહુ ધધો ચલાવવાનુ અશકય થયુ છે

[અથવા પ્રતિવાદીએ પત્યાળાની કલમો નીચે પ્રમાણે તોડી છે,—

* * * * *

(નમુના નબર ૧ ના, ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો)

૫ મારી નીચે પ્રમાણે માગણી છે,—

(૧) પત્યાળુ તોડી નાખવુ,

(૨) હિસાબ લેવો,

(૩) વસુલદાર નિમવા

"તાજા કલમ"—(કોઇ પત્યાળુ સકેલીને બધ કરવાની ફરીયાદમા પત્યાળુ તોડી નાખવાની માગણી ન લખવી, પણ તે બદલે એક પારેગ્રાફ મુકીને તેમા તે પત્યાળુ તુટયાની હકીકત જણાવવી)

ડીસ્ટ્રીકટ જડજ કોર્ટમાં કરવાના દાવા કે અરજીઓના નમુના.

અમદાવાદના ડીસ્ટ્રીકટ જડજ સાહેબની કોર્ટમાં

નબર ૧

મૈયતનું લેણુ વસુલ કરવા સરટીફીકેટ લેવા બાબત

(સને ૧૮૯૯ ના એકટ ૭ મુજબ)

*અરજી નબર સને ૧૯૦૩

---

* અરજી ઉપર કોર્ટ ફી સ્ટેપ રૂ૦ ૫૦ની અંદરની કીમતના લહેણા બદલ એક આનાનો કોર્ટ ફી સ્ટાપ રૂ૦ ૫૦) અને તે ઉપરની કીમતના લહેણા બદલ આઠ આનાની કોર્ટ ફી ટીકીટ ઉપર અરજી કરવી જોઇએ અરજી સાથે સેકડે બે રૂપીઆ મુજબ અનામત મુકી પડે છે, હાલમા આવી અરજ સબ જજને લેવાનો કેટલેક ઠેકાણે અધિકાર આપેલો હોય છે.

અરજદાર અ જાત ઉ ધંધો રહેવાશી
મહુમ ક ના લેહેણાના સરટીફીકેટની બાબતમા હું અરજદાર અ જણાવું છું કે,
૧ ક તા ૨૫-૪-૨૫ ને રોજે મરણ પામ્યો છે
૨ મરણ વખતે મહુમ કનું સાધારણ રહેવાનું ઠેકાણું એટલે આ કોર્ટની હકુમતમા હતું તેમજ તેમની મીલકત પણ આ કોર્ટની હકુમતમા છે, અને તેઓ વગર વશીયત કરવે ગુજરી ગયા છે

* * * * *

૪ હું અરજદાર મરનારનો છોકરો થાઉં છું, અને તેથી આ અરજી મે કરી છે
૫ આ અરજીને સદરહુ કાયદાની કલમ ૧ ની પેટા કલમ ૪ અથવા બીજી કોઇ કલમ કીવા કાયદાનો બાધ આવતો નથી.—
૬ લહેણાની વિગત.—

લહેણું.

અનુક્રમ નંબર	દેવાદારનું નામ	સરટીફીકેટ માટે આપેલી અરજીની તારીખે વ્યાજ સુદ્ધાત લહેણી રકમ	લહેણું નિર્ણય કરવા માટે કંઇ લખત થયું હોય તો તેનો પ્રકાર તથા તારીખ
૧	અ.	રૂ. ૫૨૫—૦—૦	સને ૧૯૫૪ ના માહા વદ ૨ ની મીતીના સામા દસ્કતની રૂએ

સીક્યુરીટીઓ (એટલે કીંમતી દસ્તાવેજો.)

અનુક્રમ નંબર	પ્રકાર			સરટીફીકેટ માટે આપેલી અરજીની તારીખે કીમતી દસ્તાવેજનો બજાર ભાવ
	જે નંબર અથવા અક્ષરથી કીમતી દસ્તાવેજ ઓળખાતો હોય તે	કીંમતી દસ્તાવેજનું ટૂંકું નામ અથવા વર્ગ	કીંમતી દસ્તાવેજની રકમ અથવા મુળ કીંમત	
૧	૩૮૬૬ થી ૩૮૭૩	રગુન આઇસ બજાર કુંપની લીમીટેડના શેર ૮	દરેક શેર ૧ ના રૂ ૨૫) લેખે	દરેક શેર ૧ ના રૂ ૧૫૦)

૭ આ અરજીની પુષ્ટિમા આ બરોબર આ અરજીમા લખેલી હકીકતથી જાણકાર એવા એ બે સદ્દગૃહસ્થોની એફીડેવીટ રજુ કરી છે
૮ માટે હું અરજદાર દાદ માગું છું કે—
(અ) અરજીમા લખ્યા મુજબના લહેણાનું સરટીફીકેટ કાયદા અન્વયે મને મળવાનો હુકમ ફરમાવશો
(બ) આ કામની હકીકતમા બીજી અથવા જે કાંઇ દાદ કોર્ટને લાગે તે અપાવો
તા૦

અરજદારની સહી ————————

એકરાર આગળ અરજી મુજબ

અરજદારની સહી ————————

અમદાવાદના ડીસ્ટ્રીક્ટ જડજ સાહેબની કોર્ટમાં.

નબર ૨

દીવાની સખસોની મીલકત તથા વાલી તથા બાબત.

(સન ૧૯૧૨ ના આક્ટ ૪ મુજબ)

અરજી નબર સને ૧૯

દીવાની ક તથા બ ની જાત તથા મીલકતના બાબતમા,—

અરજદાર અ

હુ અરજદાર મજકુર જણાવુ છુ કે,—

૧, આ કોર્ટની હકુમતમા મોજે બાદા પ્રા ચોર્યાશીમા ક તથા બ બે ભાઇઓ કણબી જ્ઞાતીના છે તેઓ પાસે આ કોર્ટની હકુમતમા કેટલીક સ્થાવર અને જગમ મીલકત છે, તેઓ દીવાના છે અને પોતાની મીલકતનો વહીવટ કરી શકે એવા નથી સ્થાવર મીલકતમા જમીન રૂ ૯૧૫) ની છે તથા ઘર વીગેરે છે તથા જગમ માલ રૂ, ૪૨૦ નો છે

૨ સદરહુ દીવાનાનો હુ કાકા થાઉ છુ તેથી આ અરજી મે કરી છે

૩ દીવાના મજકુર નજદીકના સગા નીચે મુજબ છે,

* * * *

૪ માટે મારી અરજ એવી છે કે સદરહુ દીવાના અ તથા બ દીવાના છે અને પોતાની મીલકતનો વહીવટ કરી શકે એવા નથી એમ ઠરાવ કરી હમારો ખરચ અપાવો તથા તેની મીલકત હમારા કબજામા લેવા હુકમ ફરમાવો કે તે મીલકતનો વહીવટદાર તથા દીવાના મજકુર જાતનો વાલી હમારા તરફથી નીમવામા આવે

સહી ——————

તા૦

એકરાર આગલી અરજી મુજબ

સહી ——————

અમદાવાદ ડીસ્ટ્રીક્ટ જડજ સાહેબની કોર્ટમાં

નબર ૩

વારસા બાબત.

(સને ૧૮૬૫ ના એક્ટ ૪૦ મુજબ)

*અરજી નબર સને ૧૯

અરજદાર

બ જાતના પારસી ઉ વ૨ન ની ધધો રહેવાશી,

હુ બ અરજદાર મજકુર નમ્રતાપૂર્વક જણાવુ છુ કે—

૧ મારી મા અગર બાપ (જે સગપણ હોય તે) આ કોર્ટની હકુમતમા મોજે વેજુ તાલુકે ચોર્યાસી જીલ્લે સુરતમા પોતાના રહેવાના મકાનમા તા માહે સને ૧૯૦૩ ને રોજ વસીયતનામુ કર્યા વિના ગુજરી ગયા છે (વસીઅતનામુ કર્યુ હોય તો તેમ લખવુ)

ગઇ

---

* પારસી હોય ત્યારે સને ૧૮૬૫ ના એક્ટ ૧૦ મુજબ અરજી ગણાય અને પારસી સિવાય મુસલમાન તેમજ વાણીઆ, બ્રાહ્મણો વીગેરે હોય તો સને ૧૮૮૧ના એક્ટ ૫ મુજબ અરજી ગણાય, અરજીની ઇબારત એકજ સમજવી—

૨ મરનારના કુટુંબના યા બીજા નજદીકના સગાના નામ તથા ઠેકાણા નીચે મુજબ

* * * *

૩, હુ અરજદાર મરનારનો વડો છોકરો (જે સગપણ હોય તે) થાઉ છુ, મરનારના બીજા તમામ સગા મને વહીવટની સનદ મળે તેમા રાજી છે (રાજી ના હોય તો તેમ લખવુ)

૪ મરનારની સ્થાવર જંગમ મીલકતની જુદી યાદી આ સાથે રજુ કરી છે તે સિવાય મરનારની બીજી કાઇ માલ મીલકત મારે હાથ આવવાનો સંભવ નથી (યાદી ના હોય તો તેમ લખવુ)

૫ ઉપલી હકીકતમા હુ અરજદાર દાદ માગુ છુ કે મરનારની મીલકતની વહીવટની સનદ મને આપવાનો હુકમ ફરમાવશો (જો વીલ ન કર્યું હોય તો લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન આપવાનો હુકમ કરશો તેમ લખવુ)

તા૦ માહે સને ૧૯૦૩

અરજદારની સહી ————————

હું અરજદાર મેં મજકુર એકરાર કરૂ છુ કે આ અરજીમા લખેલા મજકુર મારા જાણ્યા પ્રમાણે સાચો છે તા૦ સદર

અરજદારની સહી ————————

અમદાવાદ ડીસ્ટ્રીક્ટ જડજ સાહેબની કોર્ટમાં

નંબર ૪

સગીરની મીલકત તથા જાતના વાલી નીમવા બાબત

(સને ૧૮૯૦ ના આક્ટ ૮ મુજબ)

અરજી નંબર સને ૧૯૦૩

અરજદાર અ " જાતના " ઉ, આસરે વરસ ધંધો ઠેકાણુ

સગીર બ ની જાત તથા મીલકતના વાલી નીમવા બાબત.—

હું અરજદાર મજકુરની નમ્રતાપૂર્વક અરજ એ છે જે

૧ મરનાર ક સુરતમા સને ૧૯૦૩ ના ડીસેમ્બર મહીનાની તા૦ ને રોજ નીચે લખેલા સગીર છોકરાને મુકી મરણ પામેલા

૨ સગીરનુ નામ જાત ધર્મ જન્મની તારીખ અને રહેવાનુ ઠેકાણુ

૨ સગીરના બાપ ક નીચે મુજબની મીલકત મુકી ગુજરી ગયા છે

મીલકતની વિગત (લખવી)

૪ સગીરના નજદીકના સગા નીચે પ્રમાણે

* * * *

૫, કાયદા પ્રમાણે અધિકારવાળા કોઇપણ સખમે સગીરની જાત અથવા માલ મિલકતના વાલી તરીકેની કાઇની નીમણુક કીધી નથી તેમ સગીર મજકુર જાત તથા માલ મીલકતના વાલી નીમવાને કોઇ પણ માણસે કોઇ દીવસ કઇ અરજ કરવામા આવી નથી

૬ હુ અરજદાર સગીર મજકુરનો સગો ભાઇ થાઉ (જે સગપણ હોય તે બતાવવુ) અને સગીર મજકુરનુ હીત જળવાય તેવી અને સમાધાનીથી વહેચણ થઇ શકે અને મીલકતને ખરચના બોજામા ઉતરવુ પડે નહી એવા કારણોથી (જે પ્રકારનુ અરજી કરવાનુ કારણ હોય તે લખવુ) બધા વારસોની સંમતીથી સગીર મજકુરની માલ મીલકત તથા જાતના વાલી નીમાવાને આ અરજી કરી છે માટે તે પ્રમાણે સગીરની જાત તથા મીલકતનો વાલી મને નીમવાનો હુકમ કરશો

તા૦ માહે સને ૧૯ સહી ————————

એકરાર આગળ અરજી મુજબ

તા૦ સદર સહી ————————

અમદાવાદ ડીસ્ટ્રીકટ જડજ સાહેબની કોર્ટમાં

નંબર ૫

જુમ્મો (ટ્રસ્ટ ડીડ) રદ કરવા બાબત

(સને ૧૮૮૨ ના એકટ ૨ મુજબ,)

* અરજી નંબર–સને ૧૯૦૩

અરજદાર અ જાતના શ્રાવક ઉમર આસરે, વરસ—ની ધધો રહેવાશી

હુ અ અરજદાર મજકુર નમ્રતાપુર્વક જણાવુ છુ કે

૧ મરનાર મારા ધણી (સગપણ જે હોય તે બતાવવુ) બ અને ક નામના બે ભાઇઓ એકત્ર હીંદુ કુટુબના સખસો હતા તેઓ રહેવામા, ખાવાપીવામા તથા ધધા રોજગારમા સર્વ વાતે એકત્ર હતા તેમાથી બ મારા ધણી ક ની પહેલા પોતાની પાછળ બે છોકરા મુકી તા૦ ને રોજ અથવા તે અરસામા ગુજરી ગયા છે

૨ મારા ધણી બ ત્યાર બાદ પોતાની પાછળ એક છોકરો મુકીને ગુજરી ગયા છે, ત્યાર બાદ સરકાર દરબાર ન ચઢતા હમારા એકત્ર કુટુંબની મીલકત હમે ઘરમેળે વહેચી લીધી તે વખતે મારા છોકરાને હીસ્સે આવેલી મીલકત સચવાય તે સારૂ મારે એક ટ્રસ્ટડીડ કરવુ તે ઉપરથી તેજ તારીખે એક રજીસ્ટર્ડ ટ્રસ્ટડીડ મે કીધુ અને તે વખતે ક ઇ એ રહેવાશી નાને ત્રસ્ટીઓ નીમી તે ત્રસ્ટ ડીડમા નીચે મુજબ ના ઠરાવો કીધા

* * *

૩ ઉપલી સરતો મુજબ સદરહુ ત્રસ્ટીઓ વર્તતા નથી અને તેઓ તદ્દન નાલાયક જણાય છે અને હવે તેમને વધારે વાર ત્રસ્ટીમા રાખવા એ તદ્દન સગીરના હીતને જોખમ ભરેલુ છે

૪ ઉપલી તમામ હકીકતમા હુ અરજદાર મજકુર નમ્રતાપુર્વક જણાવુ છુ કે,—

(૧) સદરહુ ત્રસ્ટડીડ કાયદા વિરૂદ્ધ તથા સગીરના હીતને જોખમ ભરેલુ હોવાથી તે રદ છે એવો ઠરાવ કરો

(૨) સદરહુ ત્રસ્ટીઓ સગીરના ઇસ્ટેટનો ત્રસ્ટી તરીકે કામ કરવાને તદન નાલાયક છે એવો ઠરાવ કરી તેને દુર કરવાનો હુકમ ફરમાવશો

(૩) અથવા કોર્ટની નજરમા જે બીજી વાજબી દાદ અપાવની મુનાશબ લાગે તે અપાવો —

તા૦

અરજદારની સહી ______________________

એકરાર—(આગળની અરજી મુજબ)

અરજદારની સહી ______________________

દીવાની કોર્ટમાં કરેલા દાવા કે અરજીઓના પ્રતીવાદીએ જવાબ આપવાના નમુના–લેખી કેફીયત.

સામાન્ય જવાબ

૧ ' કબુલ કરવા બદલ "—પ્રતિવાદી નાકબુલ કરે છે કે (હકીકત લખવી)

પ્રતીવાદી કબુલ કરતો નથી કે (હકીકત લખવી)

પ્રતીવાદી કબુલ કરે છે કે–પણ કહે છે કે

૨ " વાંધો ઉઠાવ્યા બદલ "—પ્રતિવાદી પેઢીમા પ્રતીવાદી પોતે ભાગીદાર હોવાનુ નાકબુલ કરે છે

જે કરાર થયો એમ કહેવુ હોય તે કરાર કર્યાનુ અથવા વાદી સાથે કાઇ પણ કરાર કર્યાનુ પ્રતિવાદી નાકબુલ કરે છે

---

* હિંદુસ્થાનના ત્રસ્ટ એકટની કલમ ૭૪ મુજબ

વાદી કહે છે તે પ્રમાણે વાદી સાથે કરાર કર્યાનુ અથવા તેના સાથે બીલકુલ કરાર કર્યાનુ પ્રતિવાદી નાકબુલ કરે છે

પ્રતિવાદી માલમતા છે એમ કબુલ કરે છે પણ વાદીનો દાવો કબુલ કરતો નથી

ફરીયાદ અરજીમા લખેલો માલ અથવા તેમાનો કાઇ માલ વાદીએ પ્રતિવાદીને વેચ્યાનુ પ્રતિવાદી નાકબુલ કરે છે

૩ " મુદત "--સન ૧૯૦૮ ના હિંદુસ્તાનના મુદત બાબતના આકટના ૧ લા પરીશીષ્ટથી આર્ટિકલ અથવા આર્ટિકલો ની રૂએ ફરીયાદને મુદતની હરકત છે

૪ " હકુમત "--કોર્ટને ફરીયાદની ચોકસી કરવાનો અધીકાર નથી કારણ કે (કારણો લખવા)

જે દાવાનુ કારણ છે એમ કહેવુ છે તે પતાવવા સારૂ તારીખ માહે સને રોજ પ્રતિવાદીએ વાદીને એક હીરાની વીંટી આપી અને તે વાદીએ સ્વીકારી

૪ " નાદારી "--પ્રતિવાદી કાયદાથી નાદાર ઠર્યો છે

ફરીયાદ માડયાની પહેલા વાદી કાયદાથી નાદાર ઠર્યો અને ફરીયાદ માડવાનો હક વસુલદારને પ્રાપ્ત થયો

૫ " સગીરપણુ "--જે કરાર થયો છે એમ કહેવુ છે તે કરાર કરતી વખતે પ્રતિવાદી સગીર હતો

૬ " કોર્ટમા પૈસા ભર્યા બાબત "-પ્રતિવાદીએ, સઘળા દાવા માટે (અથવા માગેલા પૈસાનો ભાગ રૂપીયા માટે અથવા જેમ હોય તેમ) કોર્ટમા રૂપીઆ ભર્યા છે અને તેનુ એમ કહેવુ છે કે આ રકમ વાદીનો દાવો (અથવા ઉપર લખેના ભાગ) અદા કરવાને બસ છે

૭ ' વચન પુરૂ કરવાનુ વર્જ કરવુ "--જે વચન આપ્યુ છે એમ કહેવુ કે તે વચન તારીખ માહે રોજે વર્જ કરવામા આવ્યુ હતું

૮ "કરાર રદ કરવા બાબત"--વાદી અને પ્રતિવાદીની વચ્ચે કબુલાતથી કરાર રદ થયો હતો

૯ " નિર્ણિત વાત "--(કઇ ફરીયાદમાના તે લખવી) હુકમનામાને લીધે વાદીના દાવાને હરકત આવે છે

૧૦ " પ્રતિબધ "-(જે કહેવાના સંબધમા પ્રતિબંધ માગવામા આવ્યો હોય તે લખવુ) નુ ખરાપણુ નાકબુલ કરવાને વાદીને પ્રતીબંધ છે કારણ જે હકીકત ઉપર પ્રતીબધ ઉત્પન્ન થયાનો આધાર રાખવામા આવતો હોય તે હકીકત લખવી]

૧૧ " ફરીયાદ માડયા પછીના જવાબ કરવાના મુદ્દા "--ફરીયાદ કર્યા પછી એટલે તારીખ માહે રોજ (હકીકત લખવી)

નબર ૧

માલ વેચ્યા તથા સ્વાધિન કર્યા બદલની ફરીયાદનો જવાબ

૧ પ્રતિવાદીએ મજકુર માલ મગાવ્યો નહોતો

૨ પ્રતિવાદીને મજકુર માલ સ્વાધીન કરવામા આવ્યો નહોતો

૩ તેની કિંમત રૂ નહોતી

(અથવા)

૪ } ૧
૫ } ૨ સિવાયને માટે } ૨ પ્રમાણે
૬ } ૩

૭ પ્રતિવાદીએ (અથવા પ્રતિવાદીના મુખત્યાર અ બ એ) વાદીને (અથવા તેના મુખત્યાર ક ડ ને) ફરીયાદ માડયા પહેલા તારીખ માહે સને ૧૯ રોજ દાવાની રકમ આપી દઇને દાવો અદા કર્યો છે

૮ પ્રતિવાદીએ વાદીને ફરિયાદ માંડયા પછી તારીખ માહે સને ૧૯ ને રોજ દાવાની રકમ આપી દઇને દાવો અદા કર્યો છે

નંબર ૨

ખત ઉપરની ફરિયાદનો જવાબ

૧ મજકુર ખત પ્રતિવાદીનુ નથી

૨ પ્રતિવાદીએ વાદીને ખતની સરત પ્રમાણેના દિવસે નાણા આપ્યા છે

૩ પ્રતિવાદીએ વાદીને ખતમા લખેલા દિવસે ફરિયાદ માંડયા પહેલા ખતમા લખેલી મુદ્દલ રકમ વ્યાજ સહિત આપી દીધી છે

નંબર ૩

હામીદાર ઉપરની ફરિયાદનો જવાબ.

૧ ફરિયાદ માંડયા પહેલા મુખ્યે નાણા આપી દઈ દાવો અદા કર્યો છે

૨ વાદીએ એક બંધનકારક કબુલાતની રૂએ મુખ્યને મુદત આપવાથી પ્રતિવાદી જવાબદારીથી મુક્ત થયો છે

નંબર ૪

કરજ બાબતની કોઇ પણ ફરિયાદનો જવાબ.

૧ દાવાની રકમમાથી રૂા ૨૦૦, વાદીને પ્રતિવાદીએ વેચેલા તથા સ્વાધીન કરેલા માલ બદલ વાળી લેવાનો પ્રતિવાદીનો હક છે

વિગત નીચે પ્રમાણે—

તા ૨૫ મી જાનેવારી ૧૯૦૭	રૂા	૧૫૦
તા ૧ લી ફેબ્રુવારી ૧૯૦૭	રૂા	૫૦
	કુલે રૂા	૨૦૦

૨ સદરહુ સઘળી રકમ (અથવા દાવાની રકમનો ભાગ, રૂ) ફરીયાદ પહેલા પ્રતિવાદીએ આપવા માંડી હતી અને તે રકમ કોર્ટમા આપી છે

નંબર ૫

બેદરકારીથી હંકાર્યાથી ઇજા માટેની ફરિયાદનો જવાબ,

૧ ફરિઆદ અરજીમા જણાવેલી ગાડી પ્રતિવાદીની હોવાનુ તથા તે ગાડી પ્રતિવાદીના નોકરોના હવાલામા અથવા નિર્બંધ હેઠળ હોવાનુ પ્રતિવાદી નાકબુલ કરે છે સદરહુ ગાડી કલકત્તાની સ્ટ્રીટમા રહેનારા, ભાડુતી ઘોડાનો તબેલો રાખનારા જેઓને પ્રતિવાદીએ પોતાને ગાડી ઘોડા પુરા પાડવાનુ સોપ્યુ છે તેઓને છે અને જે માણસના હવાલા તથા નિર્બંધ હેઠળ સદરહુ ગાડી હતી તે માણસ સદરહુ નો નોકર હતો

૨ સદરહુ ગાડી મીડલટન સ્ટ્રીટ ઉપરથી બેદરકારીથી એકદમ અથવા ચેતવણી આપ્યા વગર અથવા ઝડપવાળી અથવા ભયકર ગતિથી વાળેલી હોવાનુ પ્રતિવાદી કબુલ કરતો નથી

૩ પ્રતિવાદી કહે છે કે જો વાદીએ વાજબી સભાળ તથા બાહોશી રાખી હોય તો તે ગાડીને

પોતા તરફ આવતી જોઇ શકત અને જોઇ શકયો હોત અને તેની સાથે અથડાત નહી અને અથડાઇ શકત નહી

૪ ફરીઆદ અરજીના ત્રીજા પારેગ્રાફમા લખેલી બાબતો પ્રતિવાદી કબુલ કરતો નથી

નંબર ૬

નુકસાન કરવા માટેની સઘળી ફરિયાદોનો જવાબ,

૧ જે જે કાર્યો (અથવા બાબતો) ની ફરીઆદ કરવામા આવી હોય તેનો ઇનકાર

નંબર ૭

માલ અટકાવી રાખવા માટેની ફરીયાદનો જવાબ,

૧ સદરહુ માલ વાદીની માલકીનો ન હતો

૨ સદરહુ માલ જે લીયન માટે હકદાર હતો તે લીયન બાબત અટકાવી રાખવામા આવ્યો હતો, વિગત નીચે પ્રમાણે,

તા ૩ જી મે ૧૯૦૭ દાવો કરેલો માલ દિલ્હીથી કલકત્તા લઈ જવા માટે,–૪૫ મણ દર મણે રૂા ૨ લેખે રૂા

ન ૮

ગ્રંથસ્વામીત્વનો હક તોડવા બદલ ફરિયાદનો જવાબ

૧ વાદી ગ્રંથકર્તા (એસાઇની વિગેરે) નથી

૨ સદરહુ પુસ્તક રજીષ્ટર થએલુ નથી,

૩ પ્રતીવાદીએ હક તોડયો નથી

નંબર ૯

માલપરની નિશાનીનો હક તોડવા બદલ ફરિયાદનો જવાબ,

૧ સદરહુ ટ્રેડમાર્ક વાદીની નથી

૨ સદરહુ નીશાની ટ્રેડમાર્ક નથી

૩ પ્રતિવાદીએ હક તોડયો નથી,

નંબર ૧૦

અપકારક કૃત્યો સંબંધી ફરીયાદોનો જવાબ,

૧ વાદીનો પ્રકાશનો ઉપભોગ અસલના વખતનો નથી (અથવા તેના બીજા કહેવાતા લાબા ભોગવટાથી મળેલા હક નાકબુલ કરવા)

૨ પ્રતીવાદીની ઇમારતોથી વાદીના પ્રકાશને વાસ્તવીક રીતે અટકાવ થશે નહી,

૩ પ્રતીવાદી અથવા તેના નોકરો પાણી બગાડતા હોવાનુ (અથવા જે માટે ફરીઆદ કરી હોય તે કરવાનું) પ્રતીવાદી નાકબુલ કરે છે,

(જે માટે ફરીઆદ કરવામા આવી છે તે કરવાનો પ્રતીવાદીનો હક લાબા ભોગવટાથી મળેલો હોય અથવા બીજી કોઇ રીતે મળેલો હોય તો તેણે તેમ લખવુ અને તે હકના આધારો એટલે કે લાબા ભોગવટા અથવા બક્ષીસ અથવા બીજું શુ તે લખવુ)

૪ વાદી અધકીત મીલ બને માટે ગુન્હેગાર છે તેની વીગત નીચે પ્રમાણે,

સને ૧૮૭૦ મા વાદીની મીલ ચાલુ થઇ

સને ૧૮૭૧ મા વાદીએ કબજો લીધો.

સને ૧૮૮૩ મા પહેલી વખત ફરીયાદ કરી

૫, વાદીના નુકસાની માટેના દાવાના સબંધમા પ્રતિવાદી ઉપલા બચાવના મુદ્દા ઉપર આધાર રાખશે અને તે કહે છે કે જે કાર્યોની ફરીયાદ કરવામા આવી છે તે કાર્યોથી વાદીને કાંઈ નુકશાન થયુ નથી (જો બીજા મુદ્દા ઉપર આધાર રાખવાનો હોય તો તે લખવા જોઇએ જેવા કે થઇ ગએલા નુકશાન માટે મુદતની હરકત)

નબર ૧૧

ગીરો છોડાવવાનો હક બંધ કરવાની ફરીયાદનો જવાબ

૧ પ્રતિવાદીએ ગીરો ખત કરી આપ્યુ નથી

૨ વાદીને ગીરો તબદીલ કરી આપ્યુ નથી (જો એક કરતા વધારે તબદીલી થયાનુ કહેવુ હોય તો જે નાકબુલ કરી હોય તે લખવુ)

૩ સને ૧૯૦૮ ના હિંદુસ્તાનના મુદત બાબતના એકટના બીજા પરિશિષ્ટના આર્ટીકલ ૩૫ે ફરીયાદને મુદતની હરકત છે

૪ હેઠળ પ્રમાણે પૈસા ભરવામા આવ્યા છે, એટલે,—

(તારીખ લખવી) ———,	૧,૦૦૦
(તારીખ લખવી) ———,	૫૦૦

૫. વાદીએ તારીખ ના રોજ કબજો લીધો છે અને ત્યારથી તે ભાડુ લે છે

૬ વાદીએ તારીખ માહે ના રોજ કરજ આપી દીધુ

૭ તારીખ માહે ના દસ્તાવેજથી પ્રતિવાદીએ અ બ. ને પોતાનો સઘળો હિતસબંધ તબદીલ કરી આપ્યો છે

ન ૧૨

ગીરો છોડાવવાની ફરીયાદનો જવાબ

૧ સન ૧૯૦૮ ના હિંદુસ્તાનના મુદત બાબતના આકટના બીજા પરિશિષ્ટની આર્ટીકલ ની રૂયે વાદીના ગીરો છોડાવવાના હકને મુદતની હરકત છે

વાદીએ મિલકતમાનો સઘળો હિતસબધ અ, બ ને તબદીલ કરી આપ્યો છે

૩ પ્રતિવાદીએ, તારીખ માહે ને રોજ કરેલા દસ્તાવેજથી ગીરોથી લીધેલા કરજ ઉપરનો તથા ગીરોની મિલકત ઉપરનો પોતાનો સઘળો હિતસબધ અ, બ ને તબદીલ કરી આપ્યો છે

૪ પ્રતિવાદીએ ગીરો મિલકતનો કબજો લીધો નથી અથવા તેનુ ભાડુ પણ લીધુ નથી

જો થોડી મુદત સુધી પોતાનો કબજો હતો એમ પ્રતિવાદી કબુલ કરતો હોય તો તે મુદત તેણે લખવી અને તે કબુલ કરતો હોય તે પછીની મુદતનો કબજો તેણે નાકબુલ કરવો)

નબર ૧૩

વિશેષ રીતે કરાર પુરો કરવાની ફરીયાદનો જવાબ

૧ પ્રતિવાદીએ કબુલાયત કરી નથી

૨ અ બ પ્રતિવાદીનો આડતીઓ ન હતો (જો વાદીનુ કહેવુ એવુ હોય તો)

૩ વાદીએ હેઠળની સરતો પુરી કરી નથી — (સરતો).

૪ પ્રતિવાદીએ અશરત પુરી કરવાની જે વાત (વિષે કહેવુ હોય તે વાત) કરી નથી

૫ હેઠળ લખેલી બાબતના કારણને લીધે, વેચાણ કરવાની મિલકત ઉપર વાદીનો હક એવી તરેહનો નથી કે પ્રતિવાદી તે સ્વીકારવાને બધાયલા હોય (શા વાસ્તે તે લખવુ,)

૬ હેઠળની બાબતના સબધમા કબુલાયત અનિશ્ચિત છે (બાબત લખવી)

૭ (અથવા) વાદી ઢીલ કર્યા બદલ ગુન્હેગાર છે

૮ (અથવા) વાદી કપટ અથવા ગેરસમજ કર્યા બદલ ગુન્હેગાર છે

૯ (અથવા) કબુલત ગેરવાજબી છે

૧૦, (અથવા) કબુલત ભુલથી કરવામા આવી હતી

૧૧ (૭), (૮), (૯), (૧૦) (અથવા જે હોય તે) સબધી હેઠળ લખેલી હકીકત છે

૧૨ વેચાણની ૧૧ મી સરતની રૂયે અથવા એક બીજાની સમતિથી) કબુલાયત રદ્દ કરી હતી

(જે બાબતમા નુકસાની માગી હાય અને પોતે નુકસાની ભરી આપવાને જવાબદાર નથી એમ પ્રતિવાદી કહે તે બાબતમા તેને કબુલાયત અથવા જે કરારનુ ઉલ્લઘન કર્યાનુ કહેવુ હોય તે નાકબુલ કરવુ જોઇયે, અથવા જવાબ ઉત્તરપક્ષના જે મુદ્દા ઉપર તેનો આધાર હોય તે બતાવવો જોઇએ, એટલે હિદુસ્તાનનો મુદ્દતનો કાયદો, અધિકાર તથા ભરપાઇ ફારગતી, કપટ ઇત્યાદી બતાવવા જોઇએ)

નબર ૧૪

મૃત્યુલેખાર્પીત નાણાનું દાન લેનારે મૈયતની મિલકતના વહિવટ બાબત કરેલી ફરીઆદનો જવાબ.

૧ અ બ ના મૃત્યુપત્રમા કગ્નો બોજો હતો, તે મરણ પામ્યો ત્યારે નાદાર હતો, તેના મરણ વખતે કેટલીક સ્થાવર મિલકત ઉપર તેનો હક હતો, તે મિલકત પ્રતિવાદીએ વેચી અને તેના રૂ નક્કી ઉપજ્યા મૈયત પાસે કેટલીક જગમ મિલકત હતી જે પ્રતિવાદીએ વસુલ કીધી અને જેના રૂ નક્કી ઉપજ્યા

૨ તે સઘળી રકમો તથા સ્થાવર મિલકતના ભાડાની રકમ રૂ ઉપજી તે પ્રતિવાદીએ ઉત્તરક્રિયા તથા મૃત્યુપત્ર સબધી ખર્ચ તથા મૈયતના કેટલાએક કરજ આપવામા વાપરી

૩ પ્રતિવાદીએ હિસાબ તૈયાર કર્યો અને તેની એક નકલ તારીખ માહે સને ૧૯ રોજ વાદીએ મોકલી અને વાદીએ કહ્યુ કે જો આ ઓચરીયા જોઇને હિસાબ મેળવવો હોય તો તે જોવાની તેને છુટ છે પણ વાદીએ પ્રતિવાદીની માગણીનો લાભ લેવા ના પાડી.

૪ પ્રતિવાદી અરજ કરે છે કે વાદીએ આ ફરિયાદનુ ખરચ આપવુ જોઇએ

નબર ૧૫

કાયદા પ્રમાણે રીતસર મૃત્યુપત્રનો પ્રોબેટ

મૈયતનુ સદરહુ મૃત્યુપત્ર અને કોડીસીલ સને ૧૯૬૫ ના હિદુસ્તાનના વારસા બાબતના આકટ (અથવા સને ૧૯૭૦ ના હિદુ મૃત્યુપત્રના આકટ) પ્રમાણે બરાબર કરવામા આવ્યુ હતું નહિ,

૨ જે વખતે સદરહુ મૃત્યુપત્ર અને કાડીસીલ અનુક્રમે કરવામા આવેલા જણાય છે તે વખતે મૈયતના મનની, યાદદાસ્તી તથા સમજની શક્તિ બરાબર નહોતી

૩ વાદી (અને તેની સાથે કામ કરનારા બીજાઓ જેમના નામ હાલ પ્રતિવાદીને જણાયા નથી તેઓ) ની અયોગ્ય લાગવાથી સદરહુ મૃત્યુપત્ર અને કોડીસીલ કરાવી લેવામા આવ્યા હતા

૪ સદરહુ મૃત્યુપત્ર અને કોડીસલ દગાથી કરાવી લેવામા આવ્યુ હતું, અને તે દગો, પ્રતિવાદીની હાલની માહિતી પ્રમાણે (દગાનુ રૂપ લખવુ) હતો

૫ સદરહુ મૃત્યુપત્ર અને કોડીસલ કરવામા આવ્યા તે વખતે તેમા લખેલી બાબતોથી (અથવા પ્રસગ પ્રમાણે સદરહુ મૃત્યુપત્રના શેષ ભાગના મૃત્યુપત્ર લેખાર્પિતદાન બાબતની કલમ) મૈયત મજકુરથી મઇયત અજાણ હતો અને તેણે તે પસદ કરી નહોતી

૬ મૈયતે પોતાનુ તારીખ ૧ લી જાનેવારી ૧૮૭૩ નુ ખરૂ મૃત્યુપત્ર કરેલુ છે, અને તે વડે પ્રતિવાદીને તેનો કુલ મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યા છે

પ્રતિવાદીની માગણી નીચે પ્રમાણે છે—

(૧) વાદીએ રજુ કરેલા સદરહુ મૃત્યુપત્ર તથા કોડીસીલ કોર્ટે ખોટા ઠરાવવા

(૨) મૈયતના તારીખ ૧ લી જાનેવારી સને ૧૮૭૩ ના મૃત્યુપત્રની કોર્ટે કાયદા પ્રમાણે રીતસર પ્રોબેટ આપવી

અપીલની યાદ.

(ઓ ૪૧, કા ૧)

હુ સદરહુ સને ૧૯ ની ફરીઆદ નંબર મા ના તારીખ માહે સન ૧૯ ના હુકમનામાના ઉપરની કોર્ટને નીચેના કારણોથી અપીલ કરૂ છું. તે એ કે—

(હકીકત ને કારણો લખવા)

દરખાસ્ત (ઓ. ૨૧, ક ૧૧) દરખાસ્તનો નમુનો

હુ હુકમનામાવાળો નીચે વર્ણન કરેલા હુકમનામાની બજાવણી માટે દરખાસ્ત કરૂ છુ

ફરીયાદીનો નંબર	પક્ષકારોના નામ	હુકમનામાની તારીખ	હુકમનામા ઉપર અપીલ થઇ છે કે કેમ	ભરણુ અથવા તોડ કાંઇ થયેલા હોય તો	આગળ કાંઇ દરખાસ્ત કરી હોય તો તે, તેની તારીખ અને પરિણામ સહિત	હુકમનામા ઉપરની વ્યાજ સહીત લેણી રકમ અથવા તેમા આપેલી બીજી દાદ કોઈ સાંસામાન વીગતો સહીત	ખરચ કાંઇ અપાવેલો હોય તો તેની રકમ.	કોની સામે બજાવવુ	કોર્ટની મદદ કઇ રીતે લેવા માગે છે તે
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
સને ૧૮૯૮ નો ૭૮૯	અ બ વાદી ક. ડ પ્રતિવાદી	૧૧ મી અકટોબર ૧૮૯૭	નહિ	કાંઇ નહિ	તારીખ ૪ માર્ચ સન ૧૮૯૯ ની દરખાસ્ત ઉપરથી રૂ ૭૨–૪–૦ દાખલ કર્યા	મુદ્દલ રૂ ૩૧૪–૮–૨ [હુકમનામાની તારીખથી વસુલ થયા સુધીનુ દર વરસે દર સેકડે છ ટકા પ્રમાણે વ્યાજ]	હુકમનામામા અપાવેલો રૂ ૪૭—૧૦—૪ ત્યાર પછી થએલો રૂ ૮—૨—૦ કુલ રૂ ૫૫—૧૨—૦	પ્રતિવાદી ક ડ સામે.	(જ્યારે જંગમ મીલકતની જપ્તી અને વેચાણ કરાવવાનુ હોય ત્યારે) હુ અરજ કરૂ છુ કે કુલ રકમ રૂ. (ભરવાની તારીખ ૫ સુધી મુદ્દલ રકમ ઉપર વ્યાજ સહિત અને આ બજાવણી લેવાનો ખરચ, સાથે જોડેલી યાદી પ્રમાણેની પ્રતિવાદીને જંગમ મિલકતની જપ્તી અને વેચાણ કરીને વસુલ કરવા તથા મને આપવા (જ્યારે સ્થાવર મીલકતની જપ્તી અને વેચાણ કરાવવાનુ હોય ત્યારે હુ અરજ કરૂ છુ કે કુલ રકમ રૂ (ભરવાની તારીખ ૫ સુધી મુદ્દલ રકમ ઉપર વ્યાજ સહિત) અને આ બજાવણી લેવાનો ખરચ, આ અરજીની નીચે નિર્દિષ્ટ કરેલી પ્રતિવાદીની સ્થાવર મિલકતની જપ્તી કરી તથા તેનુ વેચાણ કરી વસુલ કરવા તથા મને આપવા

હુ જણાવુ છુ કે અંદર જે લખ્યુ તે મારા સંપુર્ણ જાણ્યા તથા માન્યા પ્રમાણે ખરૂ છે

સહી હુકમનામુ ધરાવનાર

તારીખ માહે સને ૧૯૧

નબર ૨

નાદારીમાં અપીલ કરવાની અરજી

(ઓ. ૪૪ કા ૧)

ઉપર કહેલો હુ

આ સાથેના ઉપરની ફરીયાદમા થએલા હુકમનામા સામે અપીલ કરવાની રજા આપવામા આવે

મારી માલકીની સઘળી જગમ અને સ્થાવર મીલકતની તેની અટકળે કિમત સહીત પુરેપુરી અને ખરી યાદ આ સાથે જોડવામા આવી છે

તારીખ માહે સને ૧૯ (સહી)

તા ક જ્યારે વાદીએ અરજી કરી હોય ત્યારે અવલ કોર્ટમા નાદાર તરીકે ફરીયાદ કરવાની તેણે અરજ કરી હતી કે કેમ અને તેને તેમ કરવાની રજા મળી હતી કે કેમ તે લખવુ

ઠરાવવાના મુદ્દાના સંબંધમાં એકમત થવાનું પક્ષકારોનું કરારનામું

[ઓ ૧૪, કા ૬]

અમે ઉપલી ફરિયાદના પક્ષકારો અમારી વચ્ચે ઠરાવવાના હકીકતની (અથવા કાયદાની) બાબત ાવષે એકમત થયા છીએ પણ સદરહુ ફરીયાદમા એકઝીબીટ તરીકે ફાઇલ કરેલા, તારીખ માહે સને ૧૯૧૬ ના ખત ઉપર કરેલા દાવાને મુદતના કાયદાની હરકત આવે છે કે નહી એ બાબતમા અમારી વચ્ચે મતભેદ છે (અથતા જે બાબત ઉપર મતભેદ હોય તે લખવી) માટે અમે પોતપોતાને માટે કરાર કરીએ છીએ કે જો કોર્ટ આ બાબતનો ચુકાદો નકારમા (અથવા હકારમા કરશે તો હુ સદરહુ ને રૂપીયા ની રકમ (અથવા તે ખત ઉપર કોર્ટ લેણી ઠરાવશે તેટલી રકમ] આપીશ અને હુ સદરહુ સદરહુ ખત ઉપરના મારા દાવાની સપુર્ણ ભરપાઇ તરીકે સદરહુ રૂપીયા ની રકમ (અથવા કોર્ટ લેણી ઠરાવે તેટલી રકમ] સ્વીકારીશ (અથવા એવા ચુકાદા ઉપરથી હુ સદરહુ વિગેરે વિગેરે કરીશ અથવા નહી કરૂં)

સાક્ષીઓ વાદી

૧ પ્રતિવાદી

૨

તારીખ માહે સને

કમીશન માટેની અરજીનો પત્ર

(ઓ ૨૬ કા ૫)

(મથાળુ —ની કોટના પ્રેસિડટ તથા જડજો વિગેરે જેમ હોય તેમ)

ની કોર્ટના હાલ ફરીયાદ ચાલે છે અને ને કામમા અ બ વાદી અને ક ડ પ્રતીવાદી છે અને સદરહુ કામમા વાદી એવો દાવો કરે છે કે

[દાવાનો સાર લખવો)

અને સદરહુ કોર્ટને એવુ જણાવવામા આવ્યુ છે કે ન્યાયની ખાતર તથા પક્ષકારો વચ્ચે જે તકરારી બાબત છે તેના યોગ્ય નિકાલની ખાતર એવી બાબતો વિષે નીચેના સખસોની સોગન ઉપર જુબાની લેવાની જરૂર છે એટલે

ઈ ફ રહેવાસી

ગ , રહેવાસી

અને આઇ જે રહેવાસી

અને એવુ દેખાય છે કે સદરહુ સાહેદો આપની નામદાર કોર્ટની હકુમતની અદર રહે છે વાસ્તે હું સદરહુ કોર્ટનો

આપને અરજ કરવાની રજા લઉ છુ અને આ ઉપરથી અરજ કરૂં છુ કે ઉપરના કારણ સારૂ અને સદરહુ કોર્ટને મદદ મળે તે સારૂ આપ સદરહુ ના પ્રેસીડટ તથા જડજો તરીકે અથવા આપમાના એક અથવા વધારે જણાઓએ સદરહુ સાહેદોને (તથા સદરહુ વાદી તથા પ્રતીવાદીના મુખત્યારો આપને, નમ્ર લેખી વિનતી કરીને જે બીજા સાહેદોને સમન કરીને બોલાવવાનુ કહે તેમને) આપ નામો તથા તે વખતે તથા જગાએ આપના એક અથવા વધારે જણાની રૂબરૂ અથવા સાહેદોની જુબાની લેવા સારૂ આપની કોર્ટની કામ ચલાવવાની રીત પ્રમાણે જે બીજા સખસોને અધિકાર હોય તેમની રૂબરૂ હાજર રહેવાને સમન કરશો અને આ વિનતી પત્રની સાથે જે સવાલનામુ છે તે પ્રમાણે (અથવા મ્હોડેથી) સદરહુ બાબતો વિષે તેમની જુબાની સદરહુ વાદી તથા પ્રતિવાદીના મુખત્યારોની સમક્ષ અથવા તેમનામા જે આસામીઓ યોગ્ય નોટીસ પછી એવી જુબાની વખતે હાજર હોય તેમની સમક્ષ લેવડાવશો

અને હુ વળી એવી વિનતી કરૂ છુ કે આપ સદરહુ સાહેદોના જવાબ લખાવી લેશો, અને એવી જુબાની વખતે જે ચોપડાઓ પત્રો, કાગળો તથા દસ્તાવેજો રજુ કરવામા આવ્યા હોય તે ઓળખાવવા માટે તેમના ઉપર યોગ્ય નીશાની કરાવશો, અને વળી આપને એવી વિનતી કરૂ છુ કે એવી જુબાનીના ખરાપણા વિશે તેના ઉપર આપની ન્યાયસભાના શિક્કાથી શિક્કો કરાવશો, અથવા આપની કામ ચલાવવાની રીતને અનુસરતી હોય એવી બીજી રીતે તેના ઉપર નિશાની કરાવશો અને તે જુબાની તથા બીજા સાહેદોની જુબાની લેવા સારૂ કાંઇ પણ લેખી અરજી કરવામા આવે તો તે સુદ્ધા સદરહુ કોર્ટને પાછી મોકલજો

"ટીકા"—જો સદરહુ અરજી પર મુલકની કોર્ટને મોકલવામા આવી હોય તો ઉપરની છેલ્લી લીટીમા ' સદરહુ કોર્ટને " એ શબ્દોની પહેલા " મલિકા મુઆઝમના સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ફોરેન ઓફીસ મારફત ' એ શબ્દો ઉમેરવા અને તે શબ્દોની પછી " રવાના થવા સારૂ " એ શબ્દો ઉમેરવા

દસ્તાવેજના નમુના.

વેચાણ ખતનો નમુનો.

વેચાણ ખત રૂપીઆ નું

૧ દરેક દસ્તાવેજમા મથાળુ આ પ્રમાણે કરવુ

સવત ના (મહીનો) સુદ (તિથી) ને વાર તારીખ માહે સને ને દીને મોજે તાલુકે ના રહેનાર નામ જાત ધધો ઉમ્મર (લખવા) જોગ એક ગામ વાસ્તે ૧ (નામ, જાત, ધધો, ઉમ્મર લખવા)

ઉપર પ્રમાણે મથાળુ કરી નીચે પ્રમાણે વેચાણ દસ્તાવેજમા હકીકત લખવી

જમીન અમોએ તમારી પાસેથી રૂ આજ રોજ લઇ અને તેના અવેજમા ઘર કે જમીન જે વેચાણ આવી હોય તેની વિગત તથા કયા મહેલ્લામા કે ક્યા આવી તે લખવુ પછી) ડીસ્ત્રીકટ અમદાવાદ સબ ડીસ્ત્રીકટ (તાલુકો) ના મોજે (ગામ) મા છે તે તમને વેચાણ આપ્યુ છે તના ખુટની વિગત—(અહી ઘર હોય તો તેથી પૂર્વ પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણે કોના ઘર છે રાજ માર્ગ આવ્યો છે તે લખવુ ને જમીન હોય તો કોના ખેતરો આવ્યા છે તે લખવુ) તે પછી પહોળાઇ, લબાઇના ગજ અને જમીન હોય તો સર્વે નબર, એકર અને આકાર કે સનદીયા હોય તો

સલામી, લખવી અને ઘરનુ વેચાણુ હોય તો એ ઘર જમીન, અમલા, ઇમારત, કાચા કુવા, ટાકા, ચોક પરસાળ કે રવેશ સાથે તમોને ચાદો સુરજ તપે ત્યા સુધી વેચાણુ આપ્યુ છે, તે તેમા તમો વસો, વસાવો કે ભાડે ગીરો, વેચાણ, કે બક્ષીસ કરો કે મન ફાવે તેવી રીતે તેનો ભોગવટો કરો તે સર્વ વાતે તમે માલીક છો (એમ લખવુ) કરા સહીઆરા છે કે આગવા, પાણી કઇ તરફ પડે છે જવાનો હક કયા થઇને છે વિગેરે તમામ હકો લખવા (પણુ જમીન હોય તો) તેમાના તમામ ઝાડ બીડ તથા તેને લગતા તમામ હક સાથે તમોને જાવેચદ્ર દીવાકરો વેચાણુ આપી છે તેનો ભોગવટો તમો વ શપર પરા કરો, ખેડો, ખેડાવો, પડતર રાખો કે ગીરો કે બક્ષીસ કરો એ સર્વ વાતના તમો મુખત્યાર છો અને આજથી તે [ઘર કે જમીન] અમારા કબજામાથી છોડીને તમારા કબજામા આપી છે તે ઘર કે જમીન અમારા બાપ દાદાના માલકી કબજા ભોગવટાનુ (અથવા જો કોઇ પાસે વેચાણુ રાખ્યુ હોય તો તે અમુક પાસે અમે વેચાણુ રાખેલુ તેના વેચાણુ ખત તમને સોપીએ છીએ] (આવુ લખવુ) તે અમે તમોને વેચાણુ આપ્યુ છે એ ઘર કે જમીન ઉપર કોઇનો કોઈ પણુ પ્રકારનો હક દાવો નથી ને તદન ન જોખમી તમોને વેચાણુ આપી છે, તેમ છતા જો કોઇ હક દાવો કે હેલો હરકત કરે તો તેના અમે તથા અમારા વાલી વારસો જવાબદાર છીએ અને તે અમારા ખર્ચે દુર કરી આપીએ સહી, આ વેચાણુ ખત અમે અમારી રાજીખુશીથી અને અક્કલ હોશીયારીથી કરી આપ્યુ છે તે કબુલ મ જુર છે સહી

અત્ર ________ મતુ તત્ર ________ શાખ

(લખી આપનારે મતું કરવુ) ખત લખનારે લખીતગ અને બીજા બે ત્રણુની શાખો કરવવી

---

૨ કબજાગીરો ખત રૂ નુ

મથાળુ ૧ લા નમુનામા બતાવ્યા પ્રમાણે કરવુ પછી

જત અમોએ તમારી પાસેથી નગદ રોકડા રૂ અકે લીધા તેના અવેજમા અમારૂ (ઘર કે જમીન જે હોય તે) અમદાવાદ ડીસ્ત્રીકટ એક (જીલ્લો) સબડીસ્ત્રીકટ વીરમગામ (તાલુકે)ના ગામ મોજે (ગામ) મા છે તે તમોને કબજાગીરો આપી છે તેની વિગત તેના ખુટ નીચે પ્રમાણે [ચારે દિશાના ખુટ લખવા

ઉપર લખેલી મીલકત ઘર કે જમીન જે હોય તે જણાવવુ તમોને ગીરો આપી છે રૂપીઆનુ વ્યાજ નહી ને ગીરો વાળી જમીનની સાથ નહી, કે ઘર હોય તો ઘરનુ ભાડુ નહી આપે રૂપીએ ઘર કે જમીન છુટે તે લખવુ, જો અમુક વર્ષની બાધણી કરી હોય તો, " તેની બાધણી વર્ષ ની કરી છે, તે પછી અમે રૂપીઆ આપીને તે મિલકત છોડાવીએ " એવુ લખવુ

આ મિલકત ઉપર કોઇનો હક દાવો નથી તેમ કોઇ બીજી જગ્યાએ તે ગીરો કે કાઇ બીજા બોજામા નથી, તેમ છતા કોઇ હકદાવો કરે તો તેનો જવાબ અમો દઇએ આજથી તમોને આ (મીલકત) નો કબજો સોપવામા આવ્યો છે જેથી તમારે એનો વહીવટ તમારી મરજીમા આવે તે માફક કરવો અગર બીજા કોઇ પાસે કરાવો કે સાથે કે ભાડે આપો તે સર્વ વાતે તમે મુખત્યાર છો આ દસ્તાવેજ અમે અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોશિયારીથી ને ત દુરસ્તામા લખી આપ્યો છે તે અમોને તથા અમારા વારસોને કબુલ મ જુર છે,

૧ અત્ર ________ મતુ ૧ અત્ર ________ સાખ

લખી આપનારે મતું કરવુ ખત લખનારે લખીતગ કરવુ તથા બીજા સાક્ષીઓએ સાખ કરવી

સાનગીરો ખત

કબજાગીરો માફકજ લખવુ પણ તેમા કબજાગીરો છે ત્યા સાનગીરો લખવુ અને જ્યા મિલકત તમારે કબજે સોપી છે ત્યા—આ મિલકત તમને રૂપીયા-પેટે સાનમા લખી આપી છે અને મિલકત અમારે કબજે રાખી છે એવુ લખવુ

આડગીરો ખત

પોતાને ત્યા કોઇ મિલકત ગીરો હોય અને તે બીજાને ત્યા પાછી જ્યારે મુકવામા આવે તે આડગીરો કહેવાય છે તે દસ્તાવેજ માટે ઉપરના મથાળા પ્રમાણે મથાળુ કરી પછી " જત આજરોજ રૂ　　અકે　　રોકડા લીધા છે તેના અવેજમા ખેતર કે જમીન અમોએ ફલાણા માણસ પાસેથી રૂ　　મા ગીરો રાખેલી તે તમારે ત્યા આડગીરો મુકી છે એવુ લખવુ ને તળે મિલકતનુ વર્ણન મુળ ગીરો દસ્તાવેજ પ્રમાણે લખવુ ને તેનો દસ્તાવેજ તમારે સ્વાધીન કર્યો છે અમે રૂપીઆ આપી તે મિલકત છોડાવીશુ વિગેરે હકીકત લખવી "

ગીરો હક વેચાણનો દસ્તાવેજ

મથાળુ ૧ લા નબરના ખત પ્રમાણે કરી નીચે પ્રમાણે લખવુ

" જત અમોએ તમારી પાસેથી આજરોજ રૂ　　　અકે પુરા કલદાર રોકડા લીધા છે એના અવેજમા અમોએ (જેના પાસેથી રાખ્યુ હોય તેનુ નામ) પાસેથી ઘર કે જમીન રૂપીયા　　અકે　　માટે સવત　　તારીખ　　માહે　　સને　　ના રોજ કબજા ભોગવટા સાથે ગીરો રાખેલુ તે તમને ગીરોહક વેચાણ આપ્યુ છે (પછી તે મીલકતનુ ખુટ તથા વર્ણન લખવુ) તે મિલકત અમોએ જે સરતોએ ગીરો રાખી છે તે તમામ શરતોએ અમારો ગીરો હક વેચાણ આપ્યો છે માટે હવેથી તે મિલકતથી તમો હક તરીકે વહીવટ કરવાને મુખત્યાર છે તે દસ્તાવેજ અમે અમારી રાજી ખુશીથી કરી આપ્યો છે તે અમારે તથા અમારા વાલી વારસોને કબુલ મજુર છે તે સહી

અત્રે ________________ મતુ　　અત્ર ________________ સાખ

લખી આપનારનુ મતું　　　　સાક્ષીઓની તથા લખીતગવાળાની સાખ

વીલ.

વીલ યાને વસીયતનામુ

સવત　　ના (મહીનો સુદ કે વદ અને તિથી તથા વાર)　　તારીખ　　માહે　　સને　　ને દીને હુ (નામ　　　　જાતે　　　　ઉમ્મર-ધધો　　　　રહેવાસી　　તાલુકે　　　　નો જત મારી વૃદ્ધાવસ્થા થવાથી અને હાલ મારી તબીયત સારી રહેતી નહી હોવાથી તેમજ હવે મારી ક્ષણભગુર દેહનો મને ભરૂસો નથી માટે મારી તદુરસ્તી અને હયાતીમા શુદ્ધિ અને સાવધાનીમા હુ મારી તમામ સ્થાવર જગમ મીલકતનુ વીલ યાને વસીયતનામ નીચે પ્રમાણે કરૂ છુ

મારી સ્થાવર મિલકત નીચે પ્રમાણે છે

(અહી ઘર, જમીન વીગેરે જે મીલકત હોય તે કયા આવી, તેના ખુટ તથા હક વીગેરે લખવુ ઘર હોય તો મહેલો તથા લબાઇ પહોળાઇ અને જમીન હોય તો સર્વે નબર અને એકર, આકાર જણાવવા અને એક પછી એક એમ પેરા પાડી તમામ મિલકતનુ વર્ણન આપવુ)

પછી મારી જગમ મીલકત—ઘરનુ ગચરચીલુ, વાસણ કુસણ દાણા, ફરનીચર વીગેરે તમામ બતાવવુ

ઉપર જણાવેલી મીલકતનો હુ મારી હયાતી સુધી મારો મનગમતો ઉપભોગ કરવાને તથા તેની આવક ખાવાને મુખત્યાર છુ અને મારો દેહ છોડયા પછી મારી તે તમામ મિલકત (મારી દીકરી કે દીકરા પીત્રાઇ જેને આપવી હોય તેનુ નામ ઉમ્મર ઠેકાણુ વીગેરે લખવુ) ને મળે તે માટે હુ તેને હકદાર

ઠરાવુ છે તેમાથી મારા ક્રિયા ખર્ચમા રૂ અંક ધમાદામા વાપરે અને બીજી તમામ મિલકતનો તેને મન ફાવે તેવો ઉપભોગ કરવા આ વસીયતનામુ મે મારી રાજીખુશીથી તથા અક્કલ હોશીયારીથી ને બીનકેફથી તથા તદુરસ્તીમા તથા સાવધગીરીમા કર્યું છે તે સહી

અત્ર ________ મતુ અત્ર ________ સાખ

બક્ષીસ પત્ર.

સવત ના (મહીનો સુદ કે વદ, તિથી અને વાર) તા માહે સને અંગ્રેજી દીને તાલુકે મોજે ના રહેવાસી (નામ જાતે ઉમ્મર ધધો) જોગ લી નામ ઉમ્મર ધધો એક ગામ વાસ્તે વ, જત તમો મારી પાસે ઘણા વખતથી રહો છો, અને મારા સેવા ચાકરી કરો છો અને તેથી મારી તમારા ઉપર અને તમારી મારા ઉપર ઘણીજ પ્રીતી હોવાથી હુ તમારા ઉપર ખુશી થઇ મારી મિલકત

(જે મિલકત બક્ષીસ આપવી હોય તેનુ વર્ણન, ક્યાથી આવી, કેટલી ખુટ વગેરે લખવુ

ઉપર બતાવેલી મારી મિલકત હુ તમને આ દસ્તાવેજથી બક્ષીસ આપુ છુ અને આજથી તમારા કબજા સ્વાધિનમા સોપુ છુ અને તે મિલકત તમે મારા આપ્યા મુજબ બક્ષીસ તરીકે આજથી સ્વિકારી છે માટે હવે એ મિલકતનો હુ આજ સુધી જેવો માલીક હતો તેવાજ તમે આજ રોજથી તેના માલીક થયા છો જેથી તે મિલકતનો તમે તમારે મન ફાવે તેમ ઉપભોગ કરવાને વ્યવસ્થા કરવાને મુખત્યાર છો આ દસ્તાવેજ મે મારી રાજી ખુશીથી તથા બીન કેફ અને શુદ્ધ બુદ્ધિથી લખી આપ્યો છે તે મારે કબુલ મજુર છે

અત્ર ________ મતુ અત્ર ________ સાખ

બક્ષીસ આપનારનુ મતુ ૧ સાક્ષીઓની સાખ

વારસ સગીર હોય ત્યારે ટ્રસ્ટીઓ નીમવાનો દસ્તાવેજ

સવત (માસ તિથી, વાર) તારીખ માહે સને અગ્રેજી દને હુ નામ જાત ઉમર ધધો રહેવાસી (ગામ) તાલુકે નો જાહેર કરૂ છુ કે હાલ હુ વૃદ્ધ થયો છુ તથા મારૂ શરીર માદુ રહે છે, અને મારી ઓરત હજુ નાની ઉમ્મરની હોવાથી તેમજ મારી મીલકતની સભાળ રાખા સકે તેવી નથી તેમજ મારો પુત્ર નામે હાલ ઉમરનો સગીર છે જેથી મારી મિલકતની સભાળ મારી હયાતીમા અને હયાતી પછી છોકરો નામે લાયક ઉમરનો થાય ત્યા સુધી બરોબર રહે અને મિલકત બરબાદ થાય નહિ તેને માટે મારી મીલકતનો ટ્રસ્ટ ડીડનો આ દસ્તાવેજ કરૂ છુ અને તેની વ્યવસ્થા નીચે પ્રમાણે ઠરાવ કરૂ છુ

૧ મારી સ્થાવર મીલકત આશરે રૂા ની નીચે પ્રમાણે છે,

(અહી સ્થાવર મીલકતનુ વર્ણન લખવુ)

૨ જગમ મીલકત આશરે રૂ ની છે તેનુ વર્ણન

અહી જગમ મીલકતનુ વર્ણન લખવુ, જેમા કોઇ રૂપીયા રોકડા કોઇને ધીર્યા હોય કે બેકમા હોય તેનુ વ્યાજ લેવાનુ હોય તેવા રકમો બતાવવી

ઉપર પ્રકારની મારી સ્થાવર અને જગમમિલકતની વ્યવસ્થા કરવાને માટે મારા નીચે મુજબના મારા ભરૂસાવાળા મિત્રો અને ગૃહસ્થોને ટ્રસ્ટીઓ તરીકે તેમની સમતિ લઇને નીમ્યા છે.

ટ્રસ્ટીઓના નામ, જાત ,ઉમ્મર ધધો તથા રહેવાસી વીગેરે હકીકત એક પછી એક નામવાર લખવી

ઉપર જણાવેલી મિલકત મે મારા ટ્રસ્ટીઓના કબજામા સ્વાધિન કરીને આજે સોપી છે માટે

તે મિલકતની ઉપજ સારી આવે અને તેની વ્યવસ્થા ઉત્તમ રીતે કરે એ મુજબ મારા ટ્રસ્ટીઓએ તેની વ્યવસ્થા કરવા જોઇયે છે તેનું જે ઉત્પન્ન આવે તેમાથી મારા સ્ત્રી તથા છોકરા તથા કુટુંબના અન્ન-વસ્ત્ર અને ભરણપોષણને માટે દર વર્ષે રૂ અંકે આપવા અને જે ઉત્પન્ન વધે તે રકમમાથી નવી જમીનો ખરીદવી કે તે રૂપીયા બેંકમા મૂકવા અને મારી વાર્ષિક આવકની વધે તેવી વ્યવસ્થા કરવી તે ઉપરાત મારા છોકરાઓનો વિદ્યાભ્યાસ કરવા તથા તેમને ઉંચી કેળવણી આપવા માટે વર્ષે દિવસે જે ખર્ચ થાય તે મારી મિલકતની ઉપજમાથી આપવો અને જો કાંઇ લગ્ન કે મરણનું પ્રસ્તુત આવે તો તેનું ખર્ચ તેમાથી કરવુ

જ્યારે મારો છોકરો લાયક ઉમ્મરનો થાય ત્યારે ઉપર જણાવેલી મારી મિલકત અને તેમા જે વધારો થયો હોય તો તેની આવક સાથે તેને કબજે સોપવો અને ટ્રસ્ટીઓએ પછીથી પોતાની વ્યવસ્થા કરવાનો સઘળો હક તેને સોપી દઇ પોતાનો હક ઉઠાવી દેવો

અત્ર ________________ મતુ અત્ર ________________ સાખ

સુચના—જો કોઈ વારસ ન હોય ને મિલકત ધર્માદામા વાપરવા ટ્રસ્ટીઓ નીમવા હોય તો તેવુ લખવુ અને ' તેમણે મિલકતના ઉત્પન્નમાથી અમુક અમુક કામમા દર વર્ષે ધર્માદા ખર્ચ કરવુ વીગેરે જણાવવુ

દત્તક પત્ર.

સવત (માસ, તિથી વાર) તારીખ માહે મને ને દીને તમો (જેને દત્તક લેવો હોય તેના બાપનુ નામ, ઉમ્મર, જાત, ધધો, રહેવાસી) જોગ લી

(દત્તક લેનારનું નામ, જાત, ઉમ્મર, ધધો, ને રહેવાસી) જત અમારે પુત્રની સતતિ નથી અને તમો મારા નજદીકના (સગા) જે સગાઇ હોય તે લખવી) થાવ છો તો મારી ઇચ્છા મારા વશની વૃદ્ધિ સારૂ તમારા પુત્ર નામે ને દત્તક લેવાની છે અને તે પ્રમાણે મે તેને દત્તક લેવાનો નક્કી ઠરાવ કરી દીધો છે જે તમે પણ તે પ્રમાણે તમારા પુત્ર નામે ને મને દત્તક આપ-વાને માટે કબુલ થયા છો, તેથી આજરોજ શાસ્ત્રાનુસાર દત્તવિધાનની ક્રિયા કરવી તમોએ તમારા પુત્ર ને મને દત્તક આપ્યો છે અને મે તેને આજથી મારા દત્તક તરીકે સ્વિકાર્યો છે આ દત્તકનો લેખ અમે અમારી રાજીખુશીથી તથા અક્કલ હોશીયારીથી કર્યો છે તે મારે કબુલ મજુર છે સહી

અત્ર ________________ મતુ તત્ર ________________ સાખ

ભાડા ચીઠી

મથાળુ પહેલા નમુના પ્રમાણે કરવુ તે પછી જત અમોએ તમારી પાસેથી ઘર ૧ મહેલ્લા મા આવેલુ મ્યુનીસીપલ નબર વાળુ ઓરડા, પરસાળનો ચોક તથા ત્રણે માળા સુદ્ધા આજ રોજથી ભાડે રાખ્યુ છે તેના ભાડાના બાર માસના (કે એક માસના હોય તો તે લખવુ) રૂ, અકે ઠરાવ્યા છે તે તમને દર વર્ષે (કે દર ચઢે માસે–જેવી સગત હોય તે લખવી) આપીએ

તેનુ મ્યુનીસીપાલટેક્ષ તમારે માથે છે તથા સચગમણી અમારે માથે ને નળીઆ તમારે આપવા (અહી જે જે સન્તો કરી હોય તે લખવી)

આ ભાડા ચીઠીની મુદત વર્ષ ૧ ની કરી છે તે અમો મવત ના (મહીનો–તિથી–ને વાર) ના રોજ મઝકુરકતે ઘર તમારે કબજે સોપીએ [અહી જો ત્રણ વર્ષની કે પચ વર્ષની જે મુદત માટે ભાડે રાખ્યુ હોય તે મુદત લખવી)

આ ભાડા ચીઠી અમે અમારી રાજી ખુશીથી લખી આપી આજરોજથી ઘર ભાડે રાખ્યુ છે તે અમારે કબુલ મજુર છે

અત્ર ——————— મતુ અત્ર ——— ——— સાખ

(ભાડે રાખનારનુ મતુ) (સાક્ષીઓ કરાવવી)

ગણુવતપટો.

સવત ના (માસ, તિથી, વાર) તા માહે સને અગ્રેજી દીને (જમીનદારનુ નામ—જાત, ઉમ્મર રહેવાસી અને તાલુકો) જોગ લી૦ (રાખનારનુ નામ, જાત, ઉમ્મર, રહેવાસી, તાલુકો) જત લખી આપુ છુ કે મે તમારૂ ખેતર ૧ સર્વે નબર—એકર—આકારનું

[કયા આવેલુ છે તે તથા ખેતરનુ નામ લખવુ] આજરોજથી સવત ની ફસલ માટે ખેડવા સારૂ રાખ્યુ છે તેના વર્ષ ૧ ની સાથના રૂ. અકે ઠરાવીને સાથે રાખ્યુ છે તેની મુદત [જે મુદત માટે સાથે રાખ્યુ હોય તે લખવી, વર્ષ, ત્રણ વર્ષ કે પાચ વર્ષ) વર્ષ ૧ ની ઠરાવી છે જે પુરી થયે સવત ના વૈશાખ સુદ ૩ ના રોજ ખેતર તમારે કબજે સોપીએ અને તેમા અમે કાઇ તકરાર કે વાધો ઉઠાવીએ નહિ તેની સાથના રૂપીઆ સરકારના બે હપ્તા પ્રમાણે આપીએ તે ન આપીએ તો તમે ખેતરના પાકમાથી વાળી લ્યો અથવા મારી બીજી મિલકતમાથી કાયદેસર ઇલાજો લઇ વસુલ કરો તેમા અમો હરકત કરીએ નહીં આ જમીનનો સરકાર ધારો તમારે ભરવો, તેમા આવેલા ઝાડ બીડને અમો સાચવીએ ને એમા અમો કાઈ હક દાવો કરીએ નહી તેમ ઝાડના ફળો ઉપયોગ તમારે કરવો, આ જમીન અમે બીજાને પેટા ગણે તે ખેડવા આપીશુ નહી આ જમીન ખેડીએ, કે ન ખેડીએ અથવા પડતર રહેશે કે પાકે કે ન પાકે તોપણ ઉપર પ્રમાણે તમોને સાથના રૂપીઆ આપવા અમે કબુલ છીએ

આ ગણુવત મે મારી રાજી ખુશીથી લખી આપ્યુ છે તે અમારે કબુલ મજુર છે

અત્ર ——————— મતુ અત્ર ——————— સાખ

છેડા છુટકાની ફારગતી યાને તલ્લાકનામું.

સવત (માસ, તિથી, વાર) તારીખ માહે સને ને અગ્રેજી દીને તમો બાઇ ની દીકરી રહેવાસી મોજે તાલુકાની જોગ લી નામ ગામ તાલુકા ના, જત તમો મારા ધણીઆણી થાવ છો, પણ આજ કાલ કરતા ઘણા લાબા વખતથી આપણુ બન્ને વચ્ચે અણબનાવ ચાલતો આવે છે અને એક બીજાના મન ઉચા થએલા છે જેથી આપણો ધણી ધણીઆણી તરીકેનો સબધ (પાચ કે દસ] વર્ષથી સુલેહ ભરેલી રીતે ચાલતો નથી, અને તેથી આપણે બનેએ આજરોજ અદરે અદર સમજીને આપણા લગ્નની ગાઠ આજથી છોડી છે અને તેથી હવે તમો બીજો ધણી કરો કે ન કરો તે તમારી મરજી ઉપર છે તેમજ હુ હવે બીજીવાર લગ્ન કરૂ કે ન કરૂ તેમા તમે હવે હરકત ઉઠાવો નહી આપણા લગ્ન સબધી જે આપ લે થઇ હતી તે ઉપરથી આજરોજ મને રૂ અકે તમારા બાપ પાસેથી તમે અપાવીને આ ફારગતી કરી છે જેથી હવે આપણે એક બીજાએ, એક બીજા ઉપરનો હક ઉઠાવી દીધો છે, અને તેની છુટાછેડાની ફારગતી યાને તલ્લાકનામુ કર્યું છે તે આપણે બન્નેને કબુલ મજુર છે તે સહી આ ફારગતી મે મારી રાજી ખુશીથી અને સાવધપણાથી લખી આપી છે.

——————— સહી ——————— સાખ

વહેંચણનો દસ્તાવેજ

સવત (માસ તિથી, વાર,) તારીખ માહે સને અગ્રેજી દીને જત અમો (વહેચણ કરનારના નામ, ઉમ્મર, ધધો, જાત અને રહેવાસી) ચારે ભાઇ આજ સુધી એકત્ર કુટુબમા હતા તે રાજીખુશીથી આજરોજથી જુદા પડી, અમારી તમામ

સ્થાવર અને જગમ મિલકતની સહીઆરી જે મિલકત હતી તેની વહેચણુ કરીએ છીએ અને તે નીચે પ્રમાણે-

અમો નામ—(મોટા ભાઇનુ નામ)

ના ભાગમા નીચે પ્રમાણે સ્થાવર અને જગમ મિલકત આવી છે

* * * *

આ પછી દરેક ભાઇનુ નામ લખી તળે તેના ભાગમા જે મિલકત આવી હોય તે જણાવવી

* * * *

આ સિવાય આપણા બાપ જે વૃદ્ધ ઉમ્મરના છે તેમના ભરણુપોષણને માટે નીચેની મિલકત સહીઆરી રહેવા દઇ તેમના કબજામા સોપી છે તેની વિગત નિચે (મિલકતનુ વર્ણન)

* * * *

આ મિલકત આપણા પિતા આપણા ચારેમાથી જેના ભેગા રહે તેના કબજામા રહે અને તેનુ તે ઉત્પન્ન તથા તેમનુ ભરણુપોષણુ કરે પણ જુદા રહે તો પિતાજીના કબજામા રહે ને તેનુ તે ઉત્પન્ન ખાય, પણ તેમની જીદગી બાદ તે મિલકત ચારે જણે વહેચી લેવી તથા તેમનુ ક્રિયાખર્ચ ચારે જણાએ સહીઆરૂ કરવુ

ઉપરે પ્રમાણે આપણે ચારે ભાઇઓના ભાગમા જે જે મિલકત આવી છે તે સર્વ આપણે પોતપોતાને કબજે લીધા છે અને હવેથી જેનાથી જેના ભાગમા જે મિલકત આવી છે તેના ઉપર તેનો સપૂર્ણ કબજો અને માલીકી છે વળી આપણે દેવાના રૂ અકે છે તે સરખે હીસ્સે ચારે જણાએ આપવા, તથા લેણુ રૂ અકે છે તે જેમ જેમ વસુલ થાય તેમ તેમ સરખે હીસ્સે વહેચી લેવુ

આ વહેચણુ પત્ર આપણે ચારે ભાઇઓએ રાજી ખુશીથી અને સપીતે કર્યું છે જે આપણે સર્વેને કબુલ મજુર છે

અત્ર ______ ______ __________ મતુ તત્ર __________ ______ સાખ

ચારે ભાઇઓએ મતા કરવા. ચાર સારા માણસોની સાખો કરાવવી.

—o-o—

ભાગીદારીનો કરાર.

સવત (માસ તિથિ વાર) તા માહે સને ના અગ્રેજી દીને જત અમો

(દરેક ભાગીઆઓના નામ, ઉમ્મર, જાત ધધો ને રહેવાસી લખવા,)

ચારે જણાએ (જે વેપાર કે પેઢી કરવાની હોય તેનુ નામ) નો વેપાર ચારે ભાગદારી કરી સહીયારો કરવો આજ રોજથી શરૂ કર્યો છે તેની સરતો નીચે પ્રમાણે ઠરાવી છે (અહી વેપારની, તેના ઉત્પન્નની મુડીની, મહેનતની વીગેરે જે જે સરતો ઠરાવી હોય તે તથા દુકાનનુ નામ કેવુ આપવુ, વહીવટ કોણે કરવો, અને નફો થાય તે કેવી રીતે વહેચવો તથા કાનો કેટલો ભાગ તે સર્વ સરતો અહી લખવી,

ઉપર પ્રમાણેની સરતો આપણે બધાએ કબુલ કરીને આજરોજથી તે ધધો શરૂ કર્યો છે તે આપણે સર્વેને કબુલ મજુર છે

અત્ર મતુ તત્ર __________ સાખ

ભાગીદારની સહીઓ સાખો

મીલકત ઉપરથી હક ઉઠાવવાની ફારગતી

(સવત માસ, તીથી વાર) તારીખ માહે સને ના અંગ્રેજી દીને (જેને લખી આપ્યુ હોય તેનુ નામ, ઉમ્મર, જાત ધધો ને રહેવાસી) જોગ લી (લખી આપનારનું નામ, જાત, ધધો, ઉમ્મર, રહેવાસી) જત આપણી સ્થાવર અને જગમ મીલકત જે સહીઆરી છે (અથવા દુકાન હોય તો લખવુ કે આપણે અમુક ધંધાની દુકાન કરી હતી, તેનો નફો તોટો આજ સુધી આપણે વહેચ્યુ નથી) તેમા આજથી મારા ભાગ પેટે રૂ અકે ઉચક રકમ (અથવા જે મીલકત કે માલ ઉચક મળ્યો હોય તે જણાવવુ) આજ દીને તમે મને આપી છે અને તે લઇ મે તે સહીઆરી મીલકતમાથી મારો હક યાને ભાગ ઉઠાવી દીધો છે આજથી હવે તમો જે સહીયારી મીલકત હતી તેના સ્વતત્ર માલીક થયા છો હવે અમારો તે મીલકતમા ભાગ કે કાઇ હક રહ્યો નથી અને હક સબધ તેમાથી ઉઠાવી લીધા બાબતની આ ફારગતી લખી આપી છે તે અમારે કબુલ મજુર છે આ ફારગતી મે મારી રાજી ખુશીથી ને શુદ્ધબુદ્ધિથી લખી આપી છે તે સહી

અત્ર ________ મતુ તત્ર ________ સાખ

હક ઉઠાવી લેનારેનુ મતું સાખ કરાવવી

કરજ ખત.

(નમુના નબર ૧ મા બતાવ્યા પ્રમાણે મથાળુ કરી નીચે લખવુ કે,—)

જતા અમોએ તમારી પાસેથી આજ રોજ રૂ અક રોકડા કલદાર લીધા છે તે તમો માગો ત્યારે દેવા એ રૂપીઆનુ વ્યાજ દર વરસે, દર સેકડે ટકા પ્રમાણે દીવાળી બાકી ઠરાવ્યુ છે, તે પ્રમાણે આપીએ, આ ખત અમે અમારી રાજી ખુશીથી ઉપર પ્રમાણે રોકડા રૂપીયા લઇને લખી આપ્યુ છે તે અમારે તથા અમારા વારસોને કબુલ મજુર છે

અત્ર ________ મતુ તત્ર ________ સાખ

કુલ મુખત્યાર પત્ર

હુ (નામ, જાત, ધધો, ઉમ્મર, રહેવાસી મોજે તાલુકે) ને। આ લેખ ઉપરથી તમો (નામ, જાત, ધધો, ઉમ્મર, રહેવાસી) ને મારે સારૂ તથા મારે નામે, મારા તરફથી (જો એકજ બાબતમા મુખત્યાર નીમ્યા હોય તે જે કામ માટે મુખત્યાર નીમ્યા હોય તે કામ લખવુ અને તમામ કામ માટે કુલ મુખત્યાર નીમ્યા હોય તો) કોઇપણ ફોજદારી કે દીવાની ફરીઆદ કે દાવાના કામમા, ફીવા અપીલના કામમા કે કોઇપણ ઇન્સાફી કામમા, હાજર રહેવા ફરીઆદ કે દાવા કરવા કે તેના જવાબો આપવા કે માગ વતી સહીઓ કરવા કે કાગળપત્રો, કે હુંડીપત્રી લખવા, આપવા કે લેવા તથા મારા તરફથી દસ્તાવેજ કરાવવા નોધાવવા કે લખી આપવા કે બીજા કોઇપણ કામ જે હુ જાતે કરી શકુ તે સર્વે અથવા જે કામ કરવાનો મને અધિકાર હોય તે સઘળા કામો કરવા માટે તમને મે મારા ખરા અને ભરૂસાદાર મુખત્યાર પસદ કરી અને નીમ્યા છે આ વાતની સાક્ષીને સરૂ મે મારે હાથે આજ તારીખ માહે સને તથા સવત માસ, તીથી વારને રોજ મારી સહી કરી છે

(સહી) ________

સાખ

સમાપ્ત.

કાયદાના શિક્ષક સંબંધી વિદ્વાનોના અભિપ્રાયો.

વડોદરા રાજ્યના વરીષ્ટ કોર્ટના—હાઇકોર્ટ જડજ સાહેબ પણ હાલ **નાયબ દિવાન સાહેબ મે રા બા. ગોવીંદભાઈ હાથીભાઈ દેસાઈ બી, એ એલ, એલ, બી. લખે છે કે.—**

ગ રા જેઠાલાલ દેવશંકર દવે કૃત " કાયદાનો શિક્ષક " એ નામના પુસ્તકની પહેલી આવૃત્તિ મારા જોવામા આવી હતી તેમ હાલમા નવીન આવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે તે પણ મારા જોવામા આવી છે આ પુસ્તક દરેક માણસને કાયદાની સાધારણ રીતે વ્યવહારોપયોગી માહીતી મેળવવાનુ એક સાધન પુરૂ પાડે એવુ છે અને તેથી તે દરેક જણે પોતાના ઘરમા રાખવા જેવુ છે એકજ પુસ્તકમા દીવાની, ફોજદારી તથા મુનકી સબધી તમામ માહીતી મળે એવુ **ગુજરાતી ભાષામાં આ એકજ પુસ્તક છે** અને સાધારણ બાબતોમા વકીલને ઘેર જવાની તસ્દી ન લેતા દરેક માણસ જરૂરની કાયદા સબધી માહીતી મેળવી શકે એવુ ઉપયોગી છે

ભરૂચના મે ડીસ્ટીકટ અને સેસન્સ જડજ સાહેબ મે ચીમનલાલ એન મહેતા, એમ, એ, એલ એલ બી લખે છે કે –તમારૂ પુસ્તક કાયદાનો શિક્ષક મળ્યુ તેમા તમામ ઉપયોગી કાયદાઓનો સમાવેશ કરેલો છે તેમા હિંદુ અને મુસલમાન લો પણ છે જેથી ગુજરાતી જાણનાર વર્ગ માટે તમે એક લાબા વખતની ખોટ પુરી પાડી અને મહત્વનુ કાર્ય કર્યુ છે તે પુસ્તક ગુજરાતી જાણનારા વકીલો, માજીસ્ટ્રેટો રેવન્યુ ઓફીસરો અને જડજોને અને કાયદાના અભ્યાસીઓને ઘણુંજ ઉપયોગી થઈ પડશે, એટલુજ નહિ પણ તે પુસ્તક એટલુ બધુ ઉપયોગી છે કે તેને રેફરન્સ માટે દરેક કાયદા જાણનાર માણસે પોતાના ટેબલ ઉપર દરરોજ રાખવુજ જોઇએ હું **તમારા આ** કાર્યમા તમને ફતેહ મળે તેવુ ઇચ્છુ છુ

મુંબાઈ હાઈકોર્ટના વડાજડજ નામદાર લલ્લુભાઇ આશારામ શાહ, એમ એ એલ એલ બી લખે છે કે—તમારૂ પુસ્તક મળ્યુ છે તે પુસ્તકમા ઘણા નાના તથા મોટા ગુજરાતી કાયદાઓનો સમાવેશ કરેલો જણાય છે, અને આવો સગ્રહ અગ્રેજી નહી જાણનાર કાયદાના કોઇ ગુજરાતી વિદ્યાર્થિને ઉપયોગી થાય તે સ્વાભાવિક છે

મુબાઇ સ્મોલકોઝ કોર્ટના વડા જડજ નામદાર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી લખે છે કે– કાયદાનો શિક્ષક એ નામનુ પુસ્તક મળ્યુ છે અગ્રેજીથી અજાણ એવા ગુજરાતી માણસને એ પુસ્તક ઉપયોગી થઇ પડવાનો સભવ છે, અને હુ ધારૂ છુ કે ગુજરાત તથા કાઠીઆવાડના દેશી રાજ્યોમા એનો લાભ સારો લેવાશે અને લેવાવો જોઇએ

સુરતના મે. ડીસ્ટ્રીકટ ડેપ્યુટી કલેકટર અને સબડોવીઝનલ ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ સાહેબ મે રા બા નારાયણભાઇ લલ્લુભાઇ દેશાઇ લખે છે કે સદરહુ પુસ્તકમા લગભગ ઘણાખરા કાયદાઓનો સમાવેશ કર્યો છે, કાયદો કહે છે કે દરેક માણસે દરેક કાયદાથી સજ્ઞાન હોવુ જોઇએ અને કાયદાનુ અજ્ઞાન બતાવી શિક્ષામાથી બચી જઇ શકાતુ નથી, તો આ પુસ્તક યુવાન અને વૃદ્ધ, સધન અને નિર્ધન સર્વને ઘણુજ ઉપયોગી છે, અને તેનો દરેક માણસે સત્કાર કરવો જોઇએ કાયદાનો અભ્યાસ કરનાર અગર પરીક્ષા આપવા જનારને તો એ ખાસ ઉપયોગી છે કેમકે એ પુસ્તક હાથમા હોય તો બીજુ જોવા અગર શોધવાનો શ્રમ બચે, અને જેથી તેને બને તેમ વિશેષ ઉપયોગી કરવા મી જેઠાલાલે કઈ શ્રમ કરવો બાકી રાખ્યો નથી એકદર આ પુસ્તક ઘરમા રાખવા યોગ્ય છે કેમકે કોઈ એકજ વખતમા એના ખર્ચેલા નાણા વળી જાય એમ છે ? તેનુ ઉદાહરણ હુ મારૂ પોતાનુજ આપીશ હુ રજા ઉપર હતો અને એક કાયદાની મ્હને જરૂર જણાઇ ત્યારે આ પુસ્તક જોતા તેમાથી તે મળી આવ્યો શ્રમના અને કદના પ્રમાણમા કિમત પણ ઓછી છે

લુણાવાડાના મે દિવાન સાહેબ રાવબહાદુર હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા લખે છે કે,— ' **કાયદાનો શિક્ષક** " એ નામનુ પુસ્તક વાચી જોતા હાલના સુધરેલા જમાનાના વધતા જતા વ્યવહારથી હમેશના ઉપયોગમા આવતા ફોજદારી દીવાની અને મુલકી કાયદાઓનો સમાવેશ કરી રચાયેલુ

પુસ્તક સાધારણ માણસોને પોતપોતાના હક્કો તથા ફરજો સમજવામા તેમજ પરીક્ષા આપવા જનાર ઉમેદવારોને કાયદાઓનું જ્ઞાન મેળવવામા ઉપયોગી થઇ પડશે અને તેથી જે ઉદેશથી આ પુસ્તક લખવામા આવ્યુ છે તે ઉદેશ ઘણે દરજ્જે પાર પડી શકશે એમ હુ ધરૂ છુ

મુંબઇ ગવર્નમેન્ટના ઓરીએન્ટલ ટ્રાન્સલેટર સાહેબ અને હાલ રિટાયર્ડ કલેકટર સાહેબ મે' ખાનબહાદુર સૈયદ સમસુદીન સૈયદમીયાં કાદરી સાહેબ લખે છે કે

પ્રિયભાઈ જેઠાલાલ તમારૂ પુસ્તક નામે **કાયદાનો શિક્ષક** ઘણુજ ઉત્તમ બનાવેલુ છે તેમા ઘણા ઉપયોગી વિષયોનો સમાવેશ કરેલો છે મ્હને આશા છે કે આ પુસ્તક કાયદાનો અભ્યાસ કરનારને તેમજ જે લોકો અંગ્રેજી જાણતા નથી તેઓમા લોકપ્રિય થઈ પડશે તેની ગુજરાતી ભાષા પણ સાદી અને સમજાય તેવી સરસ છે)

અમદાવાદના ડીસ્ટ્રીકટ ડેપ્યુટી કલેકટર પણ હાલ અમદાવાદ મ્યુનીસી.પાલીટીના ચીફ એકઝીકયુટીવ ઓફીસર સાહેબ મે નર્મદાશંકર દેવશંકર મહેતા બી એ-લખે છે કે—

શ્રી જેઠાલાલ કૃત ' કાયદાનો શિક્ષક ' એ નામનું પુસ્તક કે જેમા કાયદાઓ અને રૂલોનો સમાવેશ કર્યો છે, તે તમામ ગુજરાતી જાણનારા મુખત્યારો તથા રેવન્યુ, દિવાની અને પોલીસ ખાતાના સઘળા સરકારી નોકરોને ઘણુજ ઉપયોગી થઇ પડશે અને તેમા અત્યાર સુધીના સુધારા વધારા દાખલ કરેલા છે તેના કાગળો ટાઇપો અને બાંધણી વીગેરે વખાણવા લાયક છે અને મને ખાત્રી છે કે આપણા હાલના જમાનાના ગુજરાતી જાણનારા બુદ્ધશાળી વર્ગની તે ઘણા લાંબા વખતની ખોટ પૂરી પાડશે

વાંકાનેર રાજ્યના મે દિવાન સાહેબ,-રા. બા નાથાભાઇ અવિચલદાસ દેશાઇ લખે છે કે—રા રા જેઠાલાલ દેવશંકર દવેએ પ્રસિદ્ધ કરેલુ **' કાયદાનો શિક્ષક '** એ નામનુ પુસ્તક મે જોયુ છે, તે બહુ ઉપયોગી છે, સાધારણ વ્યવહારમા વારવાર જાણવા જોવાની જરૂર પડે તેવા કાયદા તેમા સગ્રહેલા છે એ પુસ્તક ગુજરાતી ભાષાના જાણનારાને અને તેમા મુખ્યત્વે કરીને રેવન્યુ ખાતાના નોકરો અને તે ખાતા સાથે સબધ રાખનારને બહુજ ઉપયોગી થાય તેવુ છે કેટલાક કાયદાની ગુજરાતી પ્રતો જરૂર વખતે મેળવવામા પડતી મૂશ્કેલી આ પુસ્તકથી દુર થાય છે રા જેઠાલાલનો પ્રયાસ સ્તુતિપાત્ર છે સગ્રહેલા કાયદાનો સમુહ જોતા પુસ્તકની કિમત જુજ છે

ખેડા જીલ્લાના મે ડાસ્ટ્રીકટ ડીપોટી કલેકટર સાહેબ અને ફર્સ્ટકલાસ સબડીવીઝનલ માજીસ્ટ્રેટ સાહેબ બહાદુર મે રા બા દુર્ગેશ્વર નટવરજી ત્રિવેદી બી એ લખે છે કે-**આપને અત્યત હર્ષપૂર્વક જણાવવાનુ રહે છે કે આપે એક અપૂર્વ લોકહિતાર્થ ધર્મ બજાવ્યો છે,** કાયદાનુ અજ્ઞાન બચાવમા નહિ ચાલે એટલુજ કહીને રાજ્ય બેસી રહેલુ છે છતા તે અજ્ઞાનને દુર કરવાનુ સરલ અને કિમત ઉપર નજર રહેતા સુલભ એવુ સાધન તો આ તમેજ પ્રથમ પુરૂ પાડયુ છે કાયદાઓના અનત રાશીઓ ભારે કિમતના બોજા તળે દબાઇ રહેલા તેમજ સામાન્ય રીતે સર્વને જેનો ઘણો ઉપયોગ થાય નહિ તેવા વિષયો સાથે ખીચડીમા સેળભેળ થઇ ગયેલા છતા વિવિધ સ્થળે ભિન્ન ભિન્ન રૂપે વેગયલા છે આપણા વેદના રાશીની આવીજ સ્થિતી હતી. વેદ અનત છે તેમાથી વિવિધ પાત્રોના ઉપયોગમા આવે તેવા ભાગોને સુક્ષ્મ વિવેક બુદ્ધિથી તારવી કહાડી એકત્ર કરી શ્રી વ્યાસભગવાને ચતુર્વેદરૂપે સહિતાઓ કરી છે, તેવીજ રીતે ખરી મહેનત, આગ્રહ અને ઉદાર બુદ્ધિથી કાયદાઓના સમુદ્રમાથી મથન કરીને **' કાયદાનો શિક્ષક '** એ નામથી ઓળખાતું અમૃત તમે ઘણીજ જુજ કિમતે જન સમુહની સેવા માટે રજુ કરી શકયા છો તે માટે તમને ધન્યવાદ ઘટે છે કાયદાના અજ્ઞાન રૂપી વિષથી દુર રહેવા ઇચ્છનાર દરેક કુટુબમા અનિવાર્ય સાધન રહેવા માટે તેનો અવતાર હોવો જોઇએ

સુરતથી હાઇકોર્ટ વકીલ પણ હાલ સબજડજ સાહેબ શ્રી પ્રલ્હાદ ચદ્રશેખર દિવાનજી એમ એ એલ એલ. બી લખે છે કે,-સદરહુ પુસ્તકમા તમોએ ઘણા શ્રમથી ફોજદારી, રેવન્યુ, દિવાની તથા **કેટલાક પરચુરણ** કાયદાનો સમુહ એકત્ર છપાવી પ્રસિદ્ધ કર્યો છે અને તે ઘણીજ જુજ કિમતમા

ગુજરાતના પ્રજા વર્ગમાના જીજ્ઞાસુઓને લાભ આપવાનુ બીડુ ઝડપ્યુ છે એ ઘણુ આનંદદાયક તથા ઉત્તેજનને લાયક છે કેવળ કાયદાઓના જ્ઞાનની જરૂર ધરાવતા ફોજદારી, દિવાની, આબકારી વિગેરે કોર્ટોના વકીલ, કારકુન, મુખત્યાર વર્ગ વગેરેને એ ઉપયોગી થઇ પડશે એટલુજ નહિ પણ સામાન્ય પ્રજાજનોને તે પોતાના હકો તથા ફરજોનુ જ્ઞાન પ્રાપ્ત કરવા રૂપી થોડે ખર્ચે સારો લાભ આપી શકશે એવુ મારૂ ધારવુ થાય છે

અમદાવાદથી મી લક્ષ્મીશંકર કે દવે બેરીસ્ટર-અટ-લો લખે છે કે,—'**કાયદાનો શિક્ષક**' એ નામનુ પુસ્તક મે વાચ્યુ છે કાયદાનુ જ્ઞાન દરેક માણસે પ્રાપ્ત કરવુ જોઇએ અને તે મેળવવાનુ આ પુસ્તક ખાસ સાધન છે આ પુસ્તકનો દરેક માણસ લાભ લે એવા હેતુથી તેની કિંમત પણ ઘણી જુજ રાખેલી છે તેમા ફોજદારી, રેવન્યુ, દિવાની અને પરચુરણ મળી ૯૫ કાયદાઓનો સમાવેશ કર્યો છે કે જેમા લગભગ તમામ કાયદા આવી જાય છે જો તે તમામ કાયદા જુદા જુદા ખરીદવા જાય તો ઘણીજ કીમત બેસે તેમ છે મને આશા છે કે આ પુસ્તક દરેક માણસને ઘણુજ ઉપયોગી થઇ પડશે અને જેથી તેનો બહોળો ફેલાવો થશે આવા પુસ્તકની ખોટ હતી તે હવે પુરી પડી છે અને કેટલાક ગુજરાતી કાયદા પૈસા ખર્ચતા પણ મળતા નહોતા તેથી પડતી અડચણો હવે આ પુસ્તકથી દુર થઇ છે

પ્રાંતીજ સ્ટેટના મે ન્યાયધિશ સાહેબ દોલતરામ વજેરામ બુચ બી એ એલ એલ બી. લખે છે કે—"કાયદાનો શિક્ષક" એ નામનું પુસ્તક મે વાચ્યુ છે તેમા દિવાની ફોજદારી, અને બીજા અનેક પરચુરણ કાયદાઓનો સંગ્રહ કરવામા કર્તાએ ખરેખર ઘણી મહેનત લીધેલી છે સીવીલ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડ અને પીનલકોડ વિગેરે મુળ કાયદાઓ એકવાર વાચી ગયા પછી આ ગ્રંથ બેચસાર વિગેરેને એક ડાઇજેસ્ટ રૂપે સારી રીતે ઉપયોગી થશે એમ મારૂ માનવુ છે આ સાહસમા કર્તાને દરેક જાતની ફતેહ ઇચ્છુ છુ

ખેડાજીલ્લાના મે. કલેકટર સાહેબ બહાદુરના ચીટનીસ મે. રા. સા. લાલભાઇ અંબારામ લખે છે કે આપનુ પુસ્તક ધારેલી ખોટ પુરી પાડે છે

મુબાઇથી એક પ્રખ્યાત ગ્રંથકાર મી. કહાનજી ધર્મસિહ લખે છે કે—આપના તરફથી કાયદાનો શિક્ષક નામે આપે દીર્ઘકાલ પર્યંત કરેલા શ્રમનુ પરીણામ રૂપ પુસ્તક જોતા પરમ સંતોષ થયો આપે આ પુસ્તક રચી અજ્ઞાનતાને લીધે કાયદાનો ભોગ થઇ પડતા લોકો પર અને ખાસ કરી ઇંગ્રેજી નહિ જાણનાર સ્વદેશી પ્રજા ઉપર મોટો ઉપકાર કર્યો છે વ્યવહાર માર્ગે વિચારનારને આ પુસ્તક એક કિંમતી સાધન રૂપ થઈ પડશે એમ હુ ધારૂ છુ અને આપના શ્રમની નિરંતર અભિવૃદ્ધિ ઇચ્છુ છુ, આ પુસ્તકની વધુ એક પ્રત અવકાશે મોકલશો

શ્રીમંત મહા રાઉલજી શ્રી દિપસીંગજી સાહેબ સ્વસ્થાન માલપુરથી લખે છે કે—આપના તરફથી 'કાયદાનો શિક્ષક' નામનુ પુસ્તક વી પી થી આવ્યુ તે પહોચ્યુ છે આ પુસ્તક ઘણુજ ઉપયોગી હોવાથી તેમાનુ એક બીજુ પુસ્તક અમારે સીરનામે વી પી થી મોકલશો

ત્રિકાળદર્શક દર્પણ અને પ્રેતાવાહનવિદ્યા.

આ પુસ્તક માટે સજ્જનો શુ કહે છે ?

કચ્છઅંજારથી વલભજી ભાણજી લખે છે કે આપનુ **ત્રીકાળ** દર્શક દર્પણ પુસ્તક મળ્યુ વાચી ઘણોજ આનંદ થયો છે તેમા ઘણીજ ઉપયોગી બાબતનો સમાવેશ કરેલો છે અને તેથી આપનો આભાર માનુ છુ

અબરામાથી કાળીદાસ કીકાભાઇ લખે છે કે આપનુ **ત્રીકાળ દર્શકદર્પણ** પુસ્તક ખરીદવાથી મને ઘણોજ ફાયદો થયો છે

મુબાઇથી ભુરાભાઇ કાળીદાસ લખે છે કે આપનુ **ત્રીકાળદર્શક** દર્પણ પુસ્તક ઘણુજ ઉપયોગી છે દરેકે દરેક કુટુમ્બે રાખવા યોગ્ય છે એ પુસ્તક પ્રકટ કરવાના તમારા શ્રમને માટે ધન્યવાદ આપવો ઘટે છે

કીમત રૂ ૫-૦-૦

ભાગ્યોદય ઑફીસ—**અમદાવાદ.**

નવી આવૃત્તિ સને ૧૯૨૫ સુધીના સુધારા વધારા સાથે તૈયાર છે.

તમારે અસહકારી થવુ હોય તો પણ તમામ કાયદાનું જ્ઞાન પ્રાપ્ત કરવુ જોઇએ, કોર્ટ કચેરીના કામ કરવા હોય, દાવા ફરીયાદો કરવાની રીત જાણવી હોય તો પણ તમામ કાયદાઓ છુટા ખરીદવાથી ઘણું ખરચ થાય છે, તેથી જુજ કીંમતમાં તમામ કાયદાઓનું જ્ઞાન મેળવવુ હોયતો આજેજ

કાયદાનો શિક્ષક

અને

ફોજદારી રેવન્યુ અને દીવાની કાયદાનું જુથ.

(૧૯૨૫ સુધીના સુધારા વધારા સાથેની ચોથી આવૃત્તિ)

મંગાવો આ પુસ્તક વિદ્વાનોમાં, અમલદારોમા અને જનસમાજમા એટલુ બધુ લોકપ્રિય થઇ પડયું છે કે તેની થોડાજ વખતમા ત્રણ આવૃત્તિ ખપી ગઇ છે કોર્ટ કચેરીનું કામ કરનારા વકીલો, કોર્ટ સાથે વાર-વાર કામ પડતું હોય તેવા માણસો તો તેને હમેશા પોતાની પાસે રાખે છે કારણ કે તેમાં ફોજદારી દીવાની અને મુલ્કી તમામ કાયદાઓનો સમાવેશ કરેલો છે

ધારાસભાના મેમ્બરો, કલેકટરો, દેશી રાજ્યના દીવાનો, બરીસ્ટરો, માજીસ્ટ્રેટો અને જડજો તો કહે છે કે આ પુસ્તક દરેક માણસે પોતાના હિતની ખાતર હમેશા પાસ રાખવુ જોઇએ. આ પુસ્તક પાસે હશે તો કોઇ પણ અન્યાયી અમલદારની બીક નહીં રહે, વકીલોને ઘેર ધક્કા ખાવા નહીં જવુ પડે. તેની અંદર નીચે પ્રમાણે ફોજદારી, દીવાની ને રેવન્યુ કાયદાઓ સને ૧૯૨૫ સુધીના સુધારા વધારા સાથે છે

આ પુસ્તકમાં આપેલા કાયદા છુટા છુટા ખરીદવાથી બસો ઉપરાંત રૂપીઆ ખર્ચ થાય તેમ છે છતાં કેટલાક કાયદા તો ગુજરાતીમા મળતા નથી. આ પુસ્તકમા અનેક કાયદાઓ છે જેમા પીનલકોડ પ્રોસીજર કોડ જેવા અનેક કાયદાની સાત આઠ રૂપીઆ કીંમત હોય છે તો આતો તમામ કાયદા જેમા કેટલાક પીનલકોડ જેવા તો વળી અગત્યની ટીકા સાથે છે તેની કિંમત માત્ર રૂ ૧૫—-—૦ અને પોષ્ટેજ રૂ ૧-૦-૦ રાખેલ છે, જેના સબંધમા હજારો અભીપ્રાયોમાંથી માત્ર જુજ વાંચો.

મુંબાઈ સ્મોલકોઝ કોર્ટના વડા જડજ નામદાર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી લખે છે કે—કાયદાનો શિક્ષક એ નામનું પુસ્તક મળ્યુ છે. અંગ્રેજીથી અજાણ એવા ગુજરાતી માણસને એ પુસ્તક ઉપયોગી થઇ પડવાનો સંભવ છે, અને હું ધારૂં છુ કે ગુજરાત તથા કાઠીયાવાડનાં દેશી રાજ્યોમાં એનો લાભ સારો લેવાશે અને લેવાવો જોઇએ

ફોજદારી કાયદા

ક્રીમીનલ પ્રોસીજરકોડ—

પુરેપુરો અગત્યની ટીકા સાથે
ઇન્ડીઅન પીનલકોડ
પુરેપુરો અગત્યની ટીકા સાથે
ડીસ્ટ્રીકટ પોલીસ એકટ—
ડબા એકટ
વીલેજ પોલીસ એકટ
રેલવેનો એકટ
બાર થનારા પદાર્થોનો એકટ
વર્તમાનપત્રોનો એકટ
હનીકારક મંડળીઓનો એકટ
જુગારનો એકટ
હુલ્લડનો એકટ, ઝેરી જણસોનો
કાટલાં તથા ભરતના માપનો
રૂમાં ભેળસેળ ન થવાનો એકટ

હથીઆરનો કાયદો
કારીગર ને મજુરનો કાયદો
જનાવર તરફ ઘાતકીપણાનો એકટ
ટ્રામવેનો કાયદો
બજારો ને મેળાનો કાયદો
વેપારનીઠગલબાજીથીનીશાનાનો કાયદો
પ્રેસ એકટ
તમાકુનો એકટ
યુરોપીયન વેગ્રનસી એકટ
લશ્કરના કુચથી થતા નુકશાનનો કા.
વૈદકીય ડીગ્રીઓનો કાયદો
સેનીટરી એકટ
છાપવાનાપ્રેસોનો ને વર્તમાનપત્રોનોકા.
ગુન્હેગારોને સ્વાધીન કરવાનો કા,

મીઠાનો કાયદો
તારનો એકટ
પોસ્ટનો એકટ
અફીણનો એકટ
સરકારી છુપી વાતોનો એકટ
આબકારી એકટ
મ્યુનિસીપાલ એકટ
જંગલી પક્ષીના રક્ષણનો કાયદો
પુરાવાનો કાયદો
ગાંડાપણાનો એકટ
કારખાનાનો એકટ
ઘોડદોડના સરતોનો કાયદો
જંગલી પક્ષીના શીકારનો એકટ
દીવાસળીઓનો એકટ

વીમા કંપનીનો કાયદો
વૈદ્યોનો એક્ટ
ગુન્હા કરનારી જાતોનો એક્ટ
પેટંટ તથા નમુનાનો એક્ટ
હીંદુસ્તાનના રક્ષણનો એક્ટ
કોપીરાઇટનો કાયદો
કંપનીનો એક્ટ
રાજદ્વારી કેદીનો કાયદો

દીવાની કોર્ટના કાયદાઓ, સીવીલ પ્રોસીજર કોડ (પુરેપુરો) મોટરનો એક્ટ

મુદતનો કાયદો
હીંદુ લૉ
મુસલમાની સરેહ
કોર્ટફીનો એક્ટ
સ્ટામ્પડયુટીનો કાયદો
કરારનો કાયદો
રજીસ્ટ્રેશન એક્ટ
ટ્રાન્સફર ઓફ પ્રોપરટી એક્ટ
ટોર્ટ શાસ્ત્ર
ઇઝમેન્ટનો એક્ટ, ટ્રસ્ટ એક્ટ
મઇયતનું લેણુ વસુલ કરવાનો કા.
સગીરના વાલી નીમવાનો એક્ટ
રીલીફ એગ્રીકલચર એક્ટ
સ્મોલ'કઝ કોર્ટોનો એક્ટ
વારસાનું સર્ટીફીકેટ લેવાનો એક્ટ
હિંદુ વિધવાના પુનર્લગ્નનો કા
પારસીઓના લગ્નનો કાયદો
કોર્ટમાં સમ ખાવાનો કા.
વહેંચણ કરવાનો એક્ટ
પ્રોબેટ તથા વહીવટની સનદનો
નાદારીનો કાયદો
મુસલમાનોને વકફ કરવાનો કા.
હિન્દુની મિલકતની વ્યવસ્થાનો કા
દસ્તાવેજોના નમુના
ફોજદારીકોર્ટમાં કરવાની અરજીઓના તે દિવાની કોર્ટમાં કરવાના દાવા રેવન્યુકોર્ટમા કરવાની અરજીઓના નમુના અને તેના જવાબો, અપીલોના નમુના
રેવન્યુ અને મુલકી કાયદાઓ
લેન્ડ રેવન્યુકોડ
(પુરેપુરો અગત્યની નોટ સાથે)
લેન્ડરેવન્યુકોડની રૂલો
માપણીની રૂલ
સરવર્ઇની રૂલ
મામલતદારની કોરટનો એક્ટ
નરવાનો કાયદો
તાલુકદારોનો કાયદો
તોડા ગીરાસનો કાયદો
કાગળના ચલણી નાણાંનો એક્ટ
અધીકારીઓને નાણુ ધીરવાનો કા.
સરકારી નોકરોની વરતણુંકનો કા
તગાવીનો કાયદો
લોકલફંડનો કાયદો
ઇનકમટેક્ષ એક્ટ
મતાદારોની એક્ટ
બંદરો બાબતનો એક્ટ
વહાણનો એક્ટ
સુતરાઉ માલઉપર જકાતનો કા
જળમાર્ગની કસ્ટમનીડયુટીનો એક્ટ
જંગલનો કાયદો
ઇરીગેશન એક્ટ
શીતળા કાઢવાનો એક્ટ

વડોદરા રાજ્યના વરીષ્ટ કોર્ટના—હાઇકોર્ટ જડજ સાહેબ, મે. રા. બા. ગોવીંદભાઇ હાથીભાઇ દેસાઇ બી. એ. એલ. એલ. બી. લખે છે કે—

રા. રા. જેઠાલાલ દેવશંકર દવે કૃત "કાયદાનો શિક્ષક" એ નામના પુસ્તકની પેહેલી આવૃત્તિ મારા જાવામાં આવી હતી તેમ હાલમા નવીન આવૃત્તિ પ્રસિદ્ધ થઇ છે. તે પણ મારા જોવામા આવી છે આ પુસ્તક દરેક માણસને કાયદાની સાધારણ રીતે વ્યવહારપયોગી માહીતી મેળવવાનું એક સાધન પુરૂ પાડે એવુ છે, અને તેથી તે દરેક જણે પોતાના ઘરમા રાખવા જેવુ છે. એકજ પુસ્તકમા દિવાની ફોજદારી તથા મુલકી સબંધી તમામ માહીતી મળે એવુ ગુજરાતી ભાષામા આ એકજ પુસ્તક છે, અને સાધારણ બાબતોમા વકીલને ઘેર જવાની તસ્દી ન લેતા દરેક માણસ જરૂરની કાયદા સબંધી માહિતી મેળવી શકે એવુ ઉપયોગી છે.

સુરતના મે. ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ જડજ મે ચિમનલાલ એન મહેતા, એમ. એ એલ એલ. બી. લખે છે કે—તમારૂં પુસ્તક કાયદાનો શિક્ષક મળ્યું તેમા તમામ ઉપયોગી કાયદાઓનો સમાવેશ કરેલો છે તેમાં હીંદુ અને મુસલમાન લૉ પણ છે જેથી ગુજરાતી જાણનાર વર્ગ માટે તમે એક લાંબા વખતની ખોટ પુરી પાડી અને મહત્વનુ કાર્ય કર્યુ છે તે પુસ્તક ગુજરાતી જાણનારા વકીલો, માજીસ્ટ્રેટો રેવન્યુ ઓફીસરો અને જડજોને અને કાયદાના અભ્યાસીઓને ઘણુજ ઉપયોગી થઇ પડશે, એટલુંજ નહી પણ તે પુસ્તક એટલુ બધુ ઉપયોગી છે કે તેને રેફરન્સ માટે દરેક કાયદા જાણનાર માણસે પોતાના ટેબલ ઉપર દરરોજ રાખવુજ જોઇએ હું તમારા આ કાર્યમાં તમને ફતેહ મળે તેવુ ઇચ્છુ છે

પુસ્તક તૈયાર છે માટે તાકીદે મગાવી લેવુ કી, રૂ ૧૫-૦

ભાગ્યોદય ઓફીસ—અમદાવાદ.

ધર્મિષ્ટ સ્ત્રી પુરુષોએ અવશ્ય વાંચી મનન કરવા યોગ્ય અનેક ધર્મનાં ગુપ્ત રહસ્યોને દર્શાવનાર

स्वधर्मनिष्ठ दैवीजीवन

અને ધર્મનિષ્ટ મહાન્ પુરૂષોનાં જીવનવૃત. (પ્રથમ ગ્રંથ)

આ પુસ્તક દરેક ધર્મિષ્ટ સ્ત્રી પુરુષે વાચી મનન કરવા યોગ્ય છે તેમા વેદ, શાસ્ત્ર, પુરાણ અનેક ધાર્મિક ગ્રથોના આધારે ધર્મના મુળતત્વો, સનાતન ધર્મનું સ્વરૂપ, વર્ણાશ્રમ ધર્મનું રહસ્ય, જૈન, હિંદુ, બુદ્ધ, ખ્રિસ્તિ, મુસલમાન અને પારસીઓના ધર્મના રહસ્યો, સર્વ ધર્મના રહસ્યોનો સમાવેશ છે

આ પુસ્તકમા અત્યાર સુધીમાં થઇ ગયેલા ઇશ્વરના ૨૪ અવતારોના જીવન ચરીત્રો, અત્યાર સુધીમાં થઇ ગયેલા ધર્મ સસ્થાપકોના વિસ્તૃત જીવન ચરિત્રો, મહાપુરુષો, યોગીઓ તત્વનિષ્ટો, દૈવીપુરુષો ભક્તો અને મહાત્માઓના જીવનચરિત્રોનો સમાવેશ કર્યો છે આ પુસ્તક વાચવાથી મનુષ્ય ધર્મિષ્ટ બને છે. ધર્મ સસ્થાપક મહાપુરુષોના જીવનચરિત્રો વાચી પવિત્ર જીવન ગાળે છે, અનેક ધર્મના રહસ્યને સમજી પોતાના ધર્મનુ પાલન કરી અન્યના ધર્મને નિદતો નથી

આ એકજ પુસ્તકથી તમે જુદા જુદા ધર્મના સ્વરૂપના જુદા જુદા ધર્મસસ્થાપક મહાપુરષના જીવનના જ્ઞાનને મેળવી શકશો. બાળકો ધર્મિષ્ટ થશે, સ્ત્રીઓ પવિત્ર જીવન ગાળશે અને પુરુષો ધર્માચરણમાં પ્રીતિવાળા થશે.

આ પુસ્તક વિદ્વાનોમા ઘણું પ્રિય થઇ પડ્યુ છે. તમે આજેજ મગાવો.

આ પુસ્તકની અંદર નીચે પ્રમાણે વિષયો છે.

આ પુસ્તકમાં હિદુ ધર્મનુ રહસ્ય, ધર્મનિષ્ટ જીવન, ધર્મ રહસ્ય, વેદધર્મ રહસ્ય, અવતાર રહસ્ય, વેદની ઉત્પત્તિ, બ્રહ્માની સૃષ્ટિ– તે ઉપરાંત વર્ણધર્માનુસારનુ જીવન, વર્ણાશ્રમ ધર્મ, ચાર જાતિના ધર્મ, ચાર આશ્રમ ધર્મ, બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, બ્રાહ્મણ ધર્મ, વાનપ્રસ્થાશ્રમ ધર્મ, સન્યાસાશ્રમ, પરમહંસ ધર્મ, ઉપરાંત—૧ વરાહ અવતાર, ૨ હિરણ્યાક્ષનો સહાર, ૩ નારદ જીવન, ૪ નરનારાયણ જીવન, ૫ મનુ અને ૬ શતરૂપા, ૭ કર્દમ મુનિ, ૮ કપિલ દેવ, ૯ ગુરુ દત્તાત્રય, ૧૦ યજ્ઞાવતાર, ૧૧ પ્રિયવ્રત જીવન, ૧૨ આગ્નિધરાજા, ૧૩ નાભિરાજા, ૧૪ શ્રી ઋષભદેવ, ૧૫ ભરત મુનિ, ૧૬ જડભરત, ૧૭ ધ્રુવ ૧૮ વેનરાજા, ૧૯ પૃથુરાજા, ૨૦ શ્રી હંસ ભગવાન. ૨૧ શ્રી હરિ, ૨૨ મત્સ્યાવતાર, ૨૩ કૂર્માવતાર, ૨૪ ધન્વતરી, ૨૫ મોહિની અવતાર, ૨૬ શ્રી નૃસિહાવતાર, ૨૭ હિરણ્યકશિપુ, ૨૮ પ્રલ્હાદ ચરિત્ર, ૨૯ વામનાવતાર, ૩૦ પરશુરામ, ૩૧ ચદ્ર, ૩૨ પુરુરવા, ૩૩ ઋચિક ઋષિ, અને સત્યવતી, ૩૫ સહસ્ત્રાર્જુન ૩૬ ભગવાન વેદવ્યાસ, ૩૭ શ્રી રામચદ્રજી, ૩૮ રાવણ, ૩૯ વિભિષણ, ૪૦ તાટકા, ૪૧ અહલ્યા, ૪૨ શ્રી વાલ્મિકી ઋષિ, ૪૩ શ્રવણ, ૪૪ શરભગ, ૪૫ જટાયુ, ૪૬ માયા મૃગ, ૪૭ શબરી ચરિત્ર, ૪૮ સુગ્રીવ, ૪૯ વાલી ૫૦ હનુમાનજી, ૫૧ કુભકર્ણ, ૫૨, મેઘનાદ, ૫૩ લવણાસુર વધ, ૫૪ શ્રી ૫૫ કૃષ્ણભગવાન, ૫૬ કસ, ૫૭ પુતના, ૫૮ નદ અને ૫૯ યશોદા, ૬૦ વત્સાસુર, ૬૧ અઘાસુર, ૬૨ ધેનકાસુર, ૬૩ પ્રલંબાસુર, ૬૪ કુબ્જા, ૬૫ મુચુકુન્દ, ૬૬ રૂક્ષ્મણી, ૬૭ શબરાસુર, ૬૮ જાબુવતી ૬૯ સત્યભામા, ૭૦ નરકાસુર, ૭૧, બાણાસુર, ૭૨ અનિરુદ્ધ, ૭૩ ઉષા, ૭૪ નૃગરાજા, ૭૫ પૌન્ડ્રક, વાસુદેવ, ૭૬ સાંબ, ૭૭ જરાસંધ વધ, ૭૮ શિશુપાલ વધ, ૭૯ શાલ્વ, ૮૦ સુદામા ચરિત્ર, ૮૧ શ્રી બળદેવજી, ૮૨ શ્રી બુદ્ધદેવ, ૮૩ શ્રી કુમારીલ ભટ્ટાચાર્ય, ૮૪ શ્રી આદ્ય શંકરાચાય, ૮૫ શ્રી રામાનુજાચાર્ય, ૮૬ શ્રી મધ્વાચાર્ય, ૮૭ શ્રી વલ્લભાચાર્ય ૮૮ વિઠ્ઠલનાથજી, ૮૯ ગારાંગ પ્રભુ, ૯૦ ચૈતન્ય ૯૧ શ્રી સહજાનદ સ્વામી, ૯૨ દયાનદ સરસ્વતી, ૯૩ શ્રીમન્નૃસિહાચાર્યજી, ૯૪ કબીરસાહેબ. ૯૫ શીખ-ગુરૂ નાનક, ૯૬ મહાત્મા દાદુદયાલ, ૯૭ બસવ, પ્રણામી મત સ્થાપક દેવચંદજી, ૯૯ પ્રાણનાથજી, ૧૦૦ ભગવાન પાતજલી, ૧૦૧ ગુરુ મત્સ્યેદ્રનાથ ૧૦૨ ગોરખનાથ. ૧૦૩ મહાત્મા ભર્તૃહરિ, ૧૦૪ બ્રહસ્પતિ, ૧૦૫ શુક્રાચાય, ૧૦૬ કશ્યપમુનિ, ૧૦૭ ગાતમ,. ૧૦૮ અગસ્ત્ય, ૧૦૯ વશિષ્ટ, ૧૧૦ વિશ્વામિત્ર, ૧૧૧ યાજ્ઞવલ્ક્ય, ૧૧૨ જનક વિદેહી ૧૧૩ દીલિપ ૧૧૪ ભરત, ૧૧૫ અંબરિષ ૧૧૬ રઘુરાય, ૧૧૭ વિક્રમ, ૧૧૮ ભોજ ૧૧૯ માન્ધાતા ૧૨૦ હરિશ્ચદ્ર ૧૨૦ સગર ૧૨૧ જૈનધર્મ સ્થાપક અર્હંત ૧૨૨ શ્રી મહા-

૪ વીર સ્વામી ૧૨૩ શ્રી જીસસક્રાઇસ્ટ ૧૨૪ હજરત મહંમદ પૈગંબર ૧૨૫ મહાત્મા જરથોસ્ત ૧૨૬ ભક્ત તુલસીદાસ ૧૨૭ નરસિંહ મહેતા ૧૨૮ સુરદાસ, ૧૨૯ નામદેવ ૧૩૦ શ્રી જ્ઞાનેશ્વર મહારાજ, ૧૩૧ વિઠ્ઠલ પંત ૧૩૨ નિવૃત્તિનાથ, ૧૩૩ તુકારામ, ૧૩૪ એકનાથજી, ૧૩૫ શ્રી સમર્થ રામદાસ સ્વામી, ૧૩૬ રામ કૃષ્ણ પરમહંસ, ૧૩૭ વિવેકાનંદ, ૧૩૮ ગાડ સ્વામી, ૧૩૯ વિશુદ્ધાનંદ સરસ્વતી, ૧૪૦ ભાસ્કરાનંદ સરસ્વતી, ૧૪૧ તૈલંગ સ્વામી—વગેરે ધર્મસંસ્થાપક ૧૫૦ મહા પુરુષોના જીવન ચરિત્રોનો નવ ભાગ અને નેવુ પ્રકરણમાં સમાવેશ છે દરેક ધર્મિષ્ટ સ્ત્રી પુરુષે આ પુસ્તકનુ મનન કરવુ જોઇએ જાડા એન્ટીક કાગળ પાકુ પુઠુ પાન ૮૦૦ કીંમત રૂ ૬—૦—૦

આ પુસ્તક માટે વિદ્વાનો શું કહે છે ?

રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી અમદાવાદ ટ્રેનિંગ કોલેજના રિટાયર્ડ પ્રિન્સિપાલ સાહેબ સુરતથી લખે છે સ્વધર્મનિષ્ઠ દૈવીજીવન એ દળદાર પુસ્તકમા ગ્રંથકર્ત્તાએ પૌરાણિક પુરુષોના જીવન ચરિત્રો, વિષ્ણુના અવતારોનું વર્ણન સારી રીતે આપ્યુ છે, તેમજ શ્રીમચ્છંકરાચાર્ય, કબીર, જ્ઞાનદેવ, નામંતીર્થ, રામતીર્થ. વિવેકાનંદ આદિ દૈવી પુરુષોના જીવનનું ચિત્ર દર્શાવેલું છે. ધાર્મિક પુરુષોને આ પુસ્તક બહુ ઉપયોગી થઇ પડશે

રા સા. મગનલાલ મોહનલાલ ગાંધી બી. એ. ખેડા જીલ્લાના ડી. ડી કલેક્ટર સાહેબ લખે છે. આપનુ સ્વધર્મનિષ્ટ દૈવીજીવન પુસ્તક વાચી આનંદ થયો છે હિંદના મોટા મોટા ધર્મિષ્ટ ને દૈવીપુરૂષો પુરાતની અને હાલના જમાનાના થઇ ગયા તેમના ઇતિહાસિક વર્ણન આપે આપ્યા છે તેમના દૈવિકૃત્યોનો સંગ્રહ આપે બતાવ્યો છે, તે વાચી કોઇપણ વિચારશીલ પુરુષને નિવૃત્તિ માર્ગનો રસ્તો જડે તો કાંઇ વિશેષ નથી આવા પુસ્તકની એક લાંબા વખતની ખોટ આપે પુરી પાડી છે આપનુ પુસ્તક સનાતન ધર્મને પુષ્ટિ આપનારૂં છે, આશા છે કે તેનો બહોળો ઉપયોગ થશે.

શ્રીયુત કાશિકરામ વિઘ્નહરરામ મહેતા બી એ. ભાવનગર રાજ્યના માજી વિદ્યાધિકારી સાહેબ અને સ્વધર્મ જાગૃતિ માસિકના તંત્રી—સ્વધર્મ જાગૃતિમા લખે છે સ્વધર્મનિષ્ટ દૈવીજીવન એ ઉપયોગી મોટુ પુસ્તક દસ ભાગ અને ૯૧ પ્રકરણમા લખાયલુ છે પાશ્ચાત્ય કેળવણીની એક સહારક અસર એ થઇ છે કે. આપણા વિદ્યાર્થીઓ ઇશુખ્રિસ્તના જીવનના અનેક બનાવોની માહિતી ધરાવે છે પણ વશિષ્ટ, વિશ્વામિત્ર, જનક વિદેહી, જ્ઞાનદેવ આદિ મહા પુરૂષો સબંધી તેમનુ જ્ઞાન મોટા આંબળા જેવુ વર્તુલાકાર છે. આ પુસ્તકમાં હિંદુધર્મ, ઇશ્વરાવતારો, ધર્માચાર્યો, સિદ્ધ યોગી પુરુષો, ધર્મનિષ્ટ ઋષિ મુનિયો, ધર્મિષ્ટ રાજપુરુષો, જુદા જુદા ધર્મ સંસ્થાપકો, ધર્મિષ્ટ ભક્તો, વર્ત્તમાન જમાનાના સિદ્ધ પુરુષો, ચાલુ જમાનાના મહાપુરૂષોનાં જીવનનો આ પુસ્તકમા સમાવેશ છે શ્રીયુત જેઠાલાલનો આ સંગ્રહ જિજ્ઞાસુઓને આવશ્યક જ્ઞાન આપે છે એટલુ જ નહિ પરંતુ જાતિયતા જાળવી રાખવામા એક ઉપયોગી સાધન છે

વડોદરા હાઇકોર્ટના જડજ સાહેબ રા બા. ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ લખે છે આપનુ નવુ પુસ્તક સ્વધર્મનિષ્ટ દૈવીજીવન મળ્યુ કાયદાનો શિક્ષક, હિંદુસ્તાનની તીર્થયાત્રા, ધનવાન, સ્ત્રી હિતશિક્ષક વગેરે તથા હાલનુ સ્વધર્મનિષ્ટ દૈવીજીવન એ પ્રમાણે મોટા મોટા વિદ્વતા ભરેલા ગ્રંથો ઉપરા ઉપરી બહાર પાડવાને આપને વખત શી રીતે મળતો હશે તે વિચાર કરૂ છુ તો મને ઘણું આશ્ચર્ય થાય છે આપ ખરેખર અજબ શક્તિ તથા બુદ્ધિ ધરાવતા હોવા જોઇએ. સ્વધર્મનિષ્ટ જીવન મે વાચ્યુ તે ઉપરથી તે પુસ્તક મને ઘણું ઉપયોગી લાગે છે તેમા આપે મહાત્માના જીવનચરીત્રો તથા પ્રસીદ્ધ મહાપુરુષોના જીવન ચરિત્રો એકજ ઠેકાણે મેળવી આપવાની ગોઠવણ કરી છે તેથી વાચક વર્ગને બોધ લેવા લાયક નરરત્નોના જીવન ચરિત્રો જુજ ખર્ચે વાચી લાભ લેવાનુ આ પુસ્તક સાધન થયુ છે, તે માટે આપને ધન્યવાદ ઘટે છે આ પુસ્તક દરેક કુટુંબમા તથા દરેક પુસ્તકાલયમા અવશ્ય હોવુ જોઇએ આશા છે કે તેનો બહોળો ફેલાવો થશે

શરીર મન અને આત્માની ઉન્નતિ કરાવનાર તત્ત્વજ્ઞાનના વિષયો ચર્ચતુ ઉત્તમ માસીક

ભાગ્યોદય

આ માસીકમા, શરીર, મન અને આત્માને ઉન્નતિમા સ્થાપનાર ઉત્તમ વિષયો આવે છે જેમાં અધ્યાત્મજ્ઞાન, મહાપુરૂષોના ચરીત્રો, બોધક નવનકથાઓ, વૈદકના ઘરગતુ ઉપાયો, સ્ત્રી ઉપયોગી લેખોનો સમાવેશ થાય છે વાર્ષિક લવાજમ રૂ ૩—૦—૦ નમુનો મફત,

જેઠાલાલ દેવશંકર દવે ભાગ્યોદય ઓફીસ,—અમદાવાદ

હિંદુસ્તાનની તીર્થયાત્રા

અને

યાત્રાળુઓ તથા મુસાફરોનો ભોમીયો

આ પુસ્તકની અંદર હિંદુ, જૈનો, બુદ્ધ અને મુસલમાનોના તમામ જાત્રાના ધામોનુ સંપૂર્ણ વર્ણન, દરેક સ્થળે જવાના માર્ગ દરેક સ્થળના જાત્રાના સ્થાન, તેનુ શાસ્ત્રિય મહાત્મ્ય, જોવા લાયક સ્થળો વિગેરે સંપૂર્ણ હકીકત છે

દરેક જાત્રાળુએ તેમજ મુસાફરી કરનારાએ આ પુસ્તક પોતાની પાસે રાખવુ જોઇએ તેને જ્યા જવુ હશે ત્યા જવાનો રસ્તો, ત્યાં કયાં ઉતરવુ, ત્યા શુ શુ જાત્રા કરવા યોગ્ય ધામ છે કે શુ શુ જોવા લાયક સ્થળ છે, તેનુ શાસ્ત્રિય મહાત્મ્ય અને ઇતિહાસીક માહિતી વિગેરે સંપૂર્ણ હકીકત આ પુસ્તકમા આવી જાય છે

આ પુસ્તક મુંબાઇ સરકારના કેળવણી ખાતાએ શાળાઓ અને લાયબ્રેરીઓ માટે મંજુર કર્યું છે તેમ આ પુસ્તક વડોદરા રાજ્યની લાયબ્રેરીઓ માટે મંજુર થયુ છે

આ પુસ્તક ગુજરાતના લગભગ તમામ વિદ્વાનોએ એકે અવાજે વખાણ્યુ છે, આ પુસ્તક પાસે રાખી જાત્રા કરવા જવાથી તેમજ વેપાર અર્થે મુસાફરી કરવાથી ઘણી અગવડો દૂર થશે, ઘણુ જાણવાનુ, ને જોવાનુ જણાવશે.

તેની અંદર આખા હિંદુસ્તાનમા આવેલા હિંદુઓના લગભગ ૧૫૦ ઉપરાત યાત્રાનાં ધામો ૮૫૦ જોવા લાયક સ્થળોની સંપૂર્ણ માહિતિ છે આ પુસ્તક પાસે રાખવાથી જ્યા જવુ હશે ત્યા જવાશે ને જે જોવુ હશે તે જોવાશે, કોઇને કશુ પૂછવુ નહિ પડે તેથા અજમેર, જયપુર, કાશી, હરદ્વાર. મથુરા, અયોધ્યા ગયાજી, પ્રયાગ, પંજાબ, સિંધ, કલકત્તા, નાગપુર ઉજ્જન, શ્રીનાથજી, પુસ્કરજી, જગન્નાથજી સેતબંધુ રામેશ્વર, શ્રીરંગજી, કાંચી, દ્વારકા વિગેરે યાત્રાના તમામ ધામોનુ સંપૂર્ણ વર્ણન છે,

તે દેવસ્થાનની જાત્રા કરી પછી બીજી જાત્રા કરવા માટે કયે રસ્તે જવાથી સુગમ પડે, તેનુ ભાડુ રેલ્વે સ્ટેશનોનાં નામ, વચ્ચે ઉતરવા લાયક સ્થળ હોય તો તેનુ નામ અને વર્ણન બધુ વિસ્તાર સાથે આપેલુ છે એટલે યાત્રા કરવા જનાર આ પુસ્તક પાસે રાખશે તો હિંદુસ્તાનમાં ગમે ત્યા વગર પૂછે જઇ શકશે અને ત્યાં દરેક યાત્રાનાં દેવસ્થાનની સારી રીતે યાત્રા કરી શકશે એટલું જ નહિ પણ તે તે સ્થાનોનુ શાસ્ત્રાનુસાર માહાત્મ્ય જાણી શકશે. તે દેવસ્થાન કોણે સ્થાપ્યુ તેનુ મહાત્મ્ય કયા કારણથી આટલુ વધ્યુ છે. તેની યાત્રા કરવાનું ફળ શુ વિગેરે જાણી શકશે.

જેની અંદર આબુરોડ, અંબાજી અજમેર, પુષ્કર તિર્થ, હીંગળાજમાતા, ઉદેપુર, જોધપુર, બિકાનેર, જેસલમીર, શ્રીનાથદ્વારા, કાંકરોલી, ઉજ્જન, ઓંકારેશ્વર, ઇંદોર, મથુરાં, આગ્રા, દીલ્હી, હરદ્વાર, લાહોર, અમરતસર, પંઝાબ, બદ્રિકેદારનાથ, શ્રીનગર–કાશ્મીર, લખના અયોધ્યા, કાશી, ગયા, સમેતશિખર, વૈજનાથ મહાદેવ, કલકત્તા, જગન્નાથપુરી, મદ્રાસ, શ્રી સેતબંધુરામેશ્વર, શ્રીરંગજી, શિવકાંચી, વિષ્ણુકાંચી, સાક્ષીગોપાળ, કોચીન, હુબલી, નાસક, ત્ર્યંબક, પુના, મુબાઇ, ચાણોદ, શુક્લતિર્થ, ડાકોર, દ્વારકાં, પ્રભાસ પાટણ, ગીરનારપર્વત, પાલીતાણા વિગેરે યાત્રાના સ્થળોનું વર્ણન, ત્યા શુ શુ યાત્રા કરવાનુ ધામ છે, શુ જોવા લાયક જગ્યાઓ છે, વેપારની કઇ કઇ ચીજો છે, ત્યાં ઉતરવાની શી વ્યવસ્થા છે, ગાડી કયા બદલાય છે વિગેરે ઉપયોગી સંપૂર્ણ માહિતીનો આ પુસ્તકમા સમાવેશ છે

જેમાં–કાશી, જગન્નાથપુરી, બદ્રીનાથ કેદારેશ્વર, શ્રી સેતબંધુરામેશ્વર, અને દ્વારકાં એ ચારે ધામની યાત્રા, કાશી, કાંચિ, (શિવકાંચી અને વિષ્ણુકાંચી) અવંતિકા, (ઉજજન) અયોધ્યા, મથુરા માયા, (હરદ્વાર) અને દ્વારકા એ સાતપુરી, ત્ર્યંબકેશ્વર, ધુષ્મેશ્વર, ઓંકારેશ્વર, મહાકાળેશ્વર, સોમનાથ, કેદારેશ્વર, વિશ્વેશ્વર, વૈજનાથ, નાગેશ, મલિકાર્જુન, રામેશ્વર અને ભીમાશંકર એ બાર જ્યોતિર્લિંગો, શંકરાચાર્યોના ચાર મઠો, શ્રીવૈષ્ણવોની યાત્રાનાં સ્થળો, કેશરીયાજી પાલીતાણા, સમેતશિખર, શેત્રુંજય, ગીરનાર, પાલીતાણા વિગેરે જૈનોનાં યાત્રાના સ્થળો તેમ જ અજમેર વિગેરે સ્થળનાં મુસલમાનોનાં યાત્રાના અને પારસીઓનાં ઉદવાડા વિગેરે સ્થળોનુ વર્ણન છે

૬ દરેક માણસે આ ઉપયોગી પુસ્તકને પાસે રાખવાની જરૂર છે જેની અંદરથી યાત્રાનાં સ્થળોનુ વર્ણન, ત્યા જોવા લાયક સ્થળો, જવા આવવાની સગવડ, ઉતરવાની સગવડ, વિગેરે શુ છે વેપારની કઇ કઇ વસ્તુઓ બને છે તેની હકીકત આપવામાં આવી છે, યાત્રાના સ્થળો ઉપરાંત હિંદુસ્તાનના બીજા ઘણા મુબાઇ, મદ્રાસ, કલકત્તા વિગેરે જોવા લાયક સ્થળો, વેપારના સ્થળો, વિગેર શહેરોની પણ હકીકત આપેલી છે તેથી આ પસ્તક ઘણુંજ ઉપયોગી થઇ પડશે જાત્રા કરવા જનારને તો આ પુસ્તક ખાસ પાસે રાખવા લાયક છે વળી યાત્રા કરવા લાયક સ્થળો, દેવો, તેની ઐતિહાસીક માહિતી અને તે તે દેવો સબધી પુરાણો અને શાસ્ત્રોમાં કેવુ મહાત્મ્ય છે તે વાંચવાથી પોતાના દેવાતિર્થોમા શ્રદ્ધા ઉત્પન્ન થવાની થોડી નકલો જ છે માટે તુરત મગાવી લવુ, કી, રૂ, ૭—૦

વડોદરા હાઇકોર્ટના ચીફ જસ્ટીસ રા. બા. ગોવિંદભાઇ હાથીભાઇ દેશાઇ-બી.એ એલ એલ બી લખે છે કે હિન્દુસ્તાનની તીર્થયાત્રાનુ મોટુ અને સુશોભીત છપાઇ તથા બાધણીવાળુ પુસ્તક હું ઘણી ખુશીથી વાંચી ગયો છુ, આવા એક જાત્રાળુના ભોમીયા તરીકે ગરજ સારે એવા પુસ્તકની દેશી ભાષામાં ખોટ હતી તે આપે પૂરી પાડી છે રેલ્વે, રસ્તા વિગેરેની માહિતી સપુર્ણ છે એટલુ જ નહી પણ દરેક તિર્થસ્થાનનુ વર્ણન જોવા લાયક જગાનો ઇતિહાસ એ વગેરે બાબતોની માહિતી પણ જોઇએ તેટલી સપૂણ સરળ તથા વિગતવાર છે

મુબાઇ સ્મોલકોઝ કોર્ડના વડા જડજ સાહેબ શ્રીયુત કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ, એ. એલ અલ. બી, લખે છે કે હિદુસ્તાનની તીર્થયાત્રાનુ પુસ્તક દરેક રીતે ઉપયોગી થાય એવુ છે વાચતાં ઘણોજ રસ પડે છે જરૂરી ખબર બધી જ એમાથી મળી આવે છે વળી ચિત્રોને લીધે એની શોભા વધી છે એમા નકશો હોવાથી એની કદર ઘણીજ થવી જોઇએ, ગુજરાતીમા અત્યાર સુધી તિર્થયાત્રાના જે પુસ્તકો બહાર પડયા છે તેમા તમારૂ પુસ્તક પહેલી પક્તિમા મૂકવા લાયક છે

સુરતથી રાવબહાદુર કમળાશકર પ્રાણશકર ત્રીવેદી બી એ. રીટાયડ પ્રીન્સીપાલ પ્રેમચદ રાય ચદ ટ્રેનીગ કોલેજ અમદાવાદ એઓ સાહેબ લખે છે કે.

"રા જેઠાલાલ દેવશકર દવે કૃત હિદુસ્તાનની તીથયાત્રા આ પુસ્તક વાચી મને ઘણોજ આનદ થયો છે, યાત્રાના વર્ણનના ઘણા પુસ્તકો પ્રસિદ્ધ થયા છે પરતુ આવુ દરેક જાતની હકીકતથી ભરેલુ એકે પુસ્તક મારા જોવામા આવ્યુ નથી, આ પુસ્તકમા હિદુસ્તાનના તમામ યાત્રાના સ્થળોની સંપૂર્ણ માહીતી આપેલી છે દરેક સ્થળનુ મહાત્મ્ય તેમજ ત્યા જે જે જોવા લાયક હોય તે તેમજ ત્યા જવાના માર્ગ વગેરે બધી બાબતનુ સપૂર્ણ વર્ણન છે, યાત્રાના સ્થળો ઉપરાત મોટા મોટાં શહેરોની પણ ઘણી જાણવા લાયક હકીકત એમા આપેલી છે, આથી આ પુસ્તક ભાવક સ્ત્રીપુરુષોને તેમ જ અન્ય સામાન્ય વાચકને બહુ ઉપયોગી થઇ પડે એવુ છે ક્ષણિક વિનોદ થાય એવા પુસ્તકો ઘણા ગ્યાય છે, પરતુ ઉપયોગી પુસ્તકો વિરલ છે આવુ ઉપયોગી પુસ્તક પ્રસિદ્ધ કરી તમે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે ને વાચક વર્ગપર મોટો ઉપકાર કર્યો છે પુસ્તકને અતે નામિલ ભાષાના શબ્દો આપ્યા છે, તે યાત્રાળુઓને બહુ ઉપયોગી થઇ પડશે નકશો પણ ઉપકારક થશે

સ્વરાજ્યને લગતાં રાષ્ટ્રીય પુસ્તકો

महात्मा गांधजि

અને હિંદના નરરત્નો

આ પુસ્તકની અદર મહાત્મા મોહનદાસ કરમચદ ગાંધીજીનુ વિસ્તારથી જીવનચરિત્ર છે, ઉપરાંત દેશના આગેવાન નેતાઓ લો મા તિલક, અરવિન્દઘોષ સરરવિન્દ્રનાથ ટાગોર, સર ફીરોજશાહ મેહેતા, દેશબધુ ચિત્તરજનદાસ મોતીલાલ નેહેરૂ, પડીત માલવીયા, દાદાભાઇ નવરોજજી વિગેરેનાં જીવનચરિત્રો નો સગ્રહ છે સ્વરાજ્ય પ્રાપ્તિ માટે દેશનેતાઓના ચરીત્રનુ મનન કરી ઉત્તમ ગુણોને ધારણ કરવા જોઇએ ગ્લેઝ જાડા કાગળ પાકુ પુઠુ ગાધીજી અને તીલકના ફોટા સાથે કી રૂ ૧–૮

સર રવિન્દ્રનાથ ટાગોર કૃત નવલકથા.

વહુ ઠકુરાણી

આ ઉપયોગી ઉત્તમ બોધક નવલ કથા જેમા પોતને મદદ કરનાર સ્ત્રીના કામ, પ્રેમ અને આનદથી વિજય, આધ્યાત્મિક જીવન, પ્રપચીઓની ખટપટ વિગેરે રસમય વિષયો છે કી. રૂ ૧

જેઠાલાલ દેવશકર દવે વ્યવસ્થાપક ભાગ્યોદય—અમદાવાદ

ધન કમાવાના ઉત્તમોત્તમ ઉપાયો જાણવા માટે જે વડે હજારો મનુષ્યો ધંધે વળગી પસાદાર થઇ ગયા છે એવુ ઉપયોગી પુસ્તક.

ધનવાન

અને

પૈસાદાર થવાના ઉપાય (ચોથી આવૃત્તિ)

આ પુસ્તક આજેજ મગાવો તમે ગમે તે ધંધો કરતા હશો તો પણ તે તમારા ધંધાને વધારવા મદદ કરશે, તમે ધંધો શો કરવો તેની મુઝવણમા હશો તો તે વખતે તમને આ પુસ્તક હજારો ઉદ્યોગો પ્રત્યક્ષ બતાવી દેઇ તમને પસાદાર બનવાના માર્ગે વાળશે નોકરી કરનારને આ પુસ્તક પસો પેદા કરાવનાર ઉપયોગી માર્ગ બતાવશે

પૈસા કાને ખોટા લાગે? આ પુસ્તક એટલું બધુ લોકપ્રિય થઇ પડયુ છે કે તેની ચાર ચાર આવૃત્તિમા આઠથી દમ હજાર નકલો વેચાઇ ગઈ આ પુસ્તકનો અભ્યાસ કરી ઘણા ગરીબો પસાદાર થયા છે, તેમના આવેલા પત્રોથી ખત્રી થઈ છે, તમે જરૂર આ પુસ્તક મગાવી તેનો ઉપયોગ કરશો તો પછી નાણા ભીડ નહિ રહે તેમાનો એકાદ પ્રયોગ હાથ કરી લેશો તો જરૂર તમે જેવી સ્થિતિમા હશો તેવી સ્થિતમાં પણ પસાદાર થઇ શકશો

આ પુસ્તકની અંદર એવા પ્રયોગો છે કે જેમાના એક એક પ્રયોગ અન્યને બતાવવા માટે પ્રોફેસરોએ વીસ વીસ હજાર રૂપિયા લીધા છે કેમીસ્ટોએ એવા પ્રયોગો । હક વીસ વીસ હજારમાં વેચ્યા છે. તમે એવા હજારો પ્રયોગો આ પુસ્તકમા જોશે. વળી તે પ્રયોગો બીન ખર્ચાળ ને ઘેર બનાવી શકો તેવા, વળી તેમાંથી હજારો રૂપિયા તમારા કામ ધંધા ઉપરાત કમાઇ શકો તેવા છે

આ પુસ્તકની થોડાજ વખતમા ચાર ચાર આવૃત્તિયો થઇ છે આ પુસ્તકમાથી ઘણાએ ચોરીઓ કરી ભળતા નામ આપી નકલીયા પુસ્તકો વેચવાનો લોભ કરવા માંડયો છે પણ સર્વ પુસ્તકો આ મહાસાગરરૂપ પુસ્તકમાં સમાઇ જાય છે

આ પુસ્તક ઘરમા હશે તો તમારી પ્રજા પણ ઉદ્યોગી થશે. વેપારની અનેક ગહન ગુંચોનો ઉકેલ તમે આ પુસ્તકમાં જોશો

જો તમે ઘણા ઘણા ધંધા કરવા છતાં પણ દમડી દેખતા ન હો, વેપાર ધંધા કે બીજા ઉદ્યોગમા ધારેલો લાભ ન થતો હોય, ખેતીમા વીસ પચીસ ઘણુ પકવવાની ઇચ્છા હોય, હુન્નરકળાનું સર્વોત્તમ જ્ઞાન મેળવી કળાકુશળ બનવુ હોય, કોઇ પણ ધંધાની સાથે હજારો રૂપિયા સહેલાઈથી કમાઇ શકાય એવી શોધોને શીખવાની ઇચ્છા હોય, અને આજ જન્મમા લાખો અને કરોડો ધનના સ્વામી બનવુ હોય તો આજે જ આ પુસ્તક મગાવી ઉપયોગ કરજો આ પુસ્તકના ઉપયોગીપણાના હજારો સરટીફીકેટ મળ્યા છે તેની અંદર તેર ભાગમાં ૧૬૦ પ્રકરણોમા તમામ પ્રકારના જ્ઞાનનો, શોધોનો અને કળાઓનો ક્રમવાર સમાવેશ કરવામા આવ્યો છે. કી. રૂ ૧૦

ભાગ ૧ લો—ધનનુ મહત્વ જેમા ૨૦ પ્રકરણ છે ભાગ ૨ જો—જેમા ૩૦ પ્રકરણ છે. જેમાં ધનવાન થવાને કેવી યોગ્યતા પ્રાપ્ત કરવી તે છે ભાગ ૩ જો—ધંધાની શોધ અને કયા ધંધાથી ધનવાન થવાય છે તે, ભાગ ૪ થો—જુદા જુદા પ્રકારની નોકરી કેવી રીતે પ્રાપ્ત કરવી (ભાગ ૫ મો વેપાર ધનવાન થઇ શકાય તેવા અનેક જાતના વેપારો, ભાગ ૬ ઠો ખેતી—જમીનનો કસ શી રીતે વધારવો. ખાતર કયા પ્રકારનું કઇ જમીનમાં કેટલું નાખવુ વિગેરે ઉપરાત વરસાદ, પાણીની તંગાશ શી રીતે પુરી પાડવી. જુદી જુદી જાતના અનાજ તથા મરી મસાલા વિગેરેનું વાવેતર કયારે કેવી રીતે કરવુ કે જેથી પેદાશ દર વરસ કરતાં દસ કે વીસ ઘણી વધી શકે વિગેરે ભાગ ૭ મો—ખનીજ પદાર્થોથી ધનની વૃદ્ધિ—સોનું, રૂપુ વિગેરે ધાતુ સબંધી પ્રયોગો ભાગ ૮ મો ઝવેરાતનો વેપાર. ભાગ ૯ મો-હુન્નર ઉદ્યોગ—તેમાં તમામ પ્રકારના રંગ બનાવવાની રીત, રંગો રસાયનિક રીતે બનાવવાની કળા, કાગળ બનાવવાનો ઉદ્યોગ, કાચનો ઉદ્યોગ, સાબુ બનાવવા, મિણબત્તી બનાવવાની ક્રીયા, ફોટોગ્રાફર બનાવવાનો ધંધો, સીમેન્ટ બનાવવાની ક્રિયા, વાર્નિશ શાહી, બટનો, દીવાસળીઓ-સોનુ અને રૂપુ બનાવવાના ૪૦ પ્રયોગો

૮ વીજળીની બૅટરી બનાવવી. ગીલેટ કરવાની સોનેરી અને રૂપેરી ભૂકી બનાવવાની રીત, વિગેરે ત્રણ હજાર ઘેર બની શકે તેવા હુન્નર ઉદ્યોગો કે જેમાનો માત્ર એક જ હુન્નર હાથ કરી ધંધો કરનાર દર માસે હજારો રૂપિયા કમાઇ શકે છે. ભાગ ૧૦ ઇંગ્લીશ દવાઓ—એસેન્સ, અર્ક ટીંચર, પેટટ દવાઓ, સારસા પરીલા, કોલેરા મીક્ચર, સીરપ હાઇપોફોસ્ફાઇટ ઓફ લાઇમ, ક્લોરો ફોર્મ, લાઇમ જ્યુસ વીગેરે અનેક પેટટ દવાઓ બનાવવાના નુસ્ખા ઘણા ખર્ચે મેળવી બહાર પાડ્યા છે ભાગ ૧૧ આયુર્વેદીય દવાઓ—ક્વાથો, ચુર્ણો, ગોળીઓ, આસવો, ભષ્મો રસો, વિગેરે અનેક દેશી દવાઓ બનાવવાના નુસ્ખાઓ, ભાગ ૧૨ ધનવાન બનાવનાર આધ્યાત્મક ઉપાયો બધા હુન્નરો જો અહી લખીયે તો પુસ્તક જેવડી જાહેર ખબર થઇ જાય તેમ છે

ભાગ ૧૩ અનેક ગરીબમાથી ધનવાન થયેલાના જીવનચરીત્રો વિગેરે ધનવાન બનાવનાર હજારો પ્રયોગોનો આ પુસ્તકમાં સગ્રહ છે તમામ ભાગ એકજ પુસ્તકમા છે કી રૂ ૧૦

તેનો લાભ લેનાર શુ કહે છે.

ઠાંસાના હેડ માસ્તર ભગવાનજી ભાણજી લખે છે કે—પુસ્તક મનુષ્યને ઘણુજ ઉપયોગી છે જે માણસ તેનો ઉપયોગ કરે તે ધનવાન થયા વગર રહે જ નહિ, આમાથી મે પાંચ સાત હુન્નરની અજમાયસ લીધી જેમા હું ઘણોજ ફતેહમદ થયો છુ ને આપનો આભાર માનું છુ ધનવાન તે ધનવાન જ છે આ પુસ્તક ખરીદવાને દરેક માણસને ભલામણ છે

લુણાવાડાથી અબ્દેઅલી તઇબઅલી લખે છે કે આપનું ધનવાન નામનુ પુસ્તક વી પી થી મગાવ્યુ હતુ ને તેમાથી બે ચાર હુન્નરની તરાઇ કરી છે તો તમારા લખ્યા પ્રમાણે ધનવાન થઇ શકાય તેમ છે, અને તેનાથી જરૂર લાભ મેળવી શકાય છે આ પુસ્તકની તારીફ વધુ કરવાને અશક્ત છુ આ પુસ્તક તૈયાર કર્યું છે તેની મહેનત તેમ ખર્ચ તો ઘણો થયો હશે પરતુ તેની દરકાર ન કરતા તેની કીંમત નજીવી જ રાખી છે, તે વીચાર કરવા જેવુ છે હુ આ પુસ્તકથી ઘણોજ ખુશી થયો છુ અને દુવા છે કે આપની ઉમેદ પુરી થાય અને સર્વ બધુઓ આ પુસ્તક ખરીદ કરે અને ધનવાન થાય એ મારી અરજ છે, ધનવાન પુસ્તક ખરીદવા માટે મારા મીત્રમડળને ભલામણ કરીશ

કીંગાલી—(યુગાન્ડા) થી એચ૦ એમ૦ બાકી લખે છે કે આપનું ધનવાન પુસ્તક મળ્યુ આનદ સાથે વાચ્યુ છે. ખરેખર આ પુસ્તક વખાણવા લાયક છે અને સર્વને માફક આવે એવી શૈલીમા લખ્યુ છે એટલું જ નહિ પણ તેમાં વદકશાસ્ત્રનુ જ્ઞાન, કેટલાક હુન્નરના પ્રયોગો, બીમારીના ઇલાજો, ધનવાન થવાના ઉપાયો વીગેરે રજુ કરી આપે એક અગત્યની ખોટ દુર કરી છે તે માટે મારાથી પ્રશસા કર્યા વગર રહેવાતુ નથી હુ સ્વદેશ બધુઓને ભલામણ કરૂ છુ કે એક વખત ધનવાન પુસ્તક ખરીદ કરી તેના લાભને મેળવો. કી રૂ ૧૦

श्रीमद् शंकराचार्य

અને શંકરદિગ્વિજય

શ્રી આદ્યશકરાચાર્યનું વિસ્તૃત જીવનચરિત્ર જેમા—શ્રીશકરાચાર્યે કરેલા દિગ્વિજયના વિસ્તાર સહિત હકીકત આપેલી છે, આ પુસ્તકમા શ્રીમદ્શકરાચાર્યનો જન્મ, બાલ્યવયમા કીધેલો વિદ્યાભ્યાસ, નાની ઉમ્મરે લીધેલો સન્યાસ, કુમારીલભટ્ટનુ જીવન, પડિત મડનમિશ્રનો કરેલો પરાજય, મડનમિશ્રના પત્ની દેવી સરસ્વતી સાથે વાદવિવાદ, સ્વામીજીએ કામશાસ્ત્રમા પ્રવીણતા મેળવવા માટે સૂક્ષ્મદેહે અમરીષ રાજાના દેહમા કરેલો પ્રવેશ, ત્યા કરેલા રાજ્ય વ્યવસ્થા સાથે કામશાસ્ત્રોમા પ્રવિણતા મેળવી પાછા મૂળદેહમા આવી વાદમાં કરેલો સરસ્વતીનો પરાજય, પદ્મપાદાદિ શિષ્યોનાં વર્ણન, ત્રોટકાચાર્યને યોગબળથી આપેલુ વિદ્યાદાન, કપાલિકને પોતાનુ શરીર વધ કરવા માટે આપવુ અનેક પાખડ મતમતાનરોનો કરેલો પરાજય, તેમની સાથે કરેલા વાદવિવાદનું રહસ્ય, તેમના ચાર પટ્ટ શિષ્યોનાં વર્ણન, તેમણે કરેલી વેદ ધર્મની ઉન્નતિ, માતાના સ્મરણથી માતા પાસે આકાશ માર્ગે થઇ જવુ, માતાનું સાન્ત્વન, પરબ્રહ્મમા શાંતિ વિગેરે શ્રીમદ્ આદ્યશકરાચાર્યનું સપૂર્ણ જીવનચરિત્ર છે, ૩૦૦ ઉપરાંત કી. રૂ ૪. પાકુંપુઠું.

જેઠાલાલ દેવશંકર દવે. અધિપતિ ભાગ્યોદય અમદાવાદ.